यंत ॥

સર્વના ગુરૂ શ્રી કૃષ્ણ પરમાત્માને નમસ્કાર કરીને શીરૂઆત કરૂં છું.

અધ્યાય ૧ લો.—જેના થકી જન્માદી છે એટલે ઉત્પત્તી—સ્થીતી—અને લય થાય છે. જે અન્વયે કરીને સર્વને વીશે વ્યાપેલ છે. જે અર્થમાત્ર, એટલે સર્વ દ્વૈત પ્રપંચથી જુદા પ્રકારના છે. સ્વય પ્રકાશ અને જ્ઞાન સ્વરૂપ છે. આદીકવી બ્રહ્માના હૃદયમાં જેણે વેદને પ્રેરયા છે. વીદ્વાનો પણ જેની બાબતમાં મોહ પામે છે. અને જેની અંદર ત્રણે ગુણો વડે ઉત્પન્ન થનારો આ સર્ગ, એટલે સ્થાવર જંગમ આદી સઘળું જગત જુઠું એટલે ખુલેજ નહીં હોવા છતાં, તેજ—પાણી—અને કાચાદીક મૃતીકાની પેઠેજ; સાચા સરખું માત્ર દેખવામાં આવે છે. તથા જે પોતે પોતાથીજ માયાને ટાળી નાંખનાર છે. તે સત્ય અને પરમ તત્વનું હું (વેદવ્યાસ) ધ્યાન કરૂં છું. ॥ ૧ ॥ મહામુની નારાયણ રૂશીએ પ્રથમ પ્રકટ કરેલું આ શ્રીમદ ભાગવત વેદ વ્યાસે પાછળથી વીસ્તારથી કરેલું છે. તેમાં ફળની ઇચ્છા રૂપી કપટને કાઢી નાંખીને નીરમત્સરવાળા સત્પુરૂશોનો પરમ ધર્મ નીરૂપણ કર્યો છે, તથા ત્રણે તાપ (અધીભુત—અધ્યાત્મ—અધીદૈવ) ને મુળમાંથી ઉખેડી નાંખનાર કલ્યાણકારી વાસ્તવીક વસ્તુ પરમ આત્મ તત્વનું દર્શન થાય છે. બીજાં શાસ્ત્રો થકી તો ઇશ્વર કાળે કરીને ઓળખાય અગર ના પણ ઓળખાય. અને આ શ્રીમદ ભાગવત સાંભળવાની ઇચ્છાવાળા સુકૃતીવાન પુરૂશોને તો તુર્તજ અને તેજ ક્ષણે એ તત્વ ઓળખાય છેજ. ॥ ૨ ॥ વેદરૂપ કલ્પવૃક્ષના અમૃતરસથી ભરેલા અને શુકના મુખ થકી પૃથ્વી ઉપર પડેલા આ ભાગવત નામના રસમય ફળનું, હે રસીક અને ભાવીક લોકો તમે વારંવાર પાન કરો. ॥ ૩ ॥ વીશ્નુંના નૈમીશારણ્ય નામના ક્ષેત્રમાં શૌનકાદીક રૂશીઓએ હજારો વરસ સુધી ચાલે એવો સત્ર (એટલે જ્ઞાન ચરચા કરવાનો યજ્ઞ) આરંભ્યો હતો. ॥ ૪ ॥ એક દીવસે સવારમાં એ મુનીઓએ અગ્નીમાં હોમ હવનાદીક કર્યા પછી, આસન ઉપર બેઠેલા અને સત્કાર પામેલા સુતને આદર સહીત આ પ્રમાણે પુછયું. ॥ ૫ ॥—શૌનક—હે પાપ રહીત સુત, તમે ઇતીહાસો સહીત પુરાણો અને ધર્મશાસ્ત્રોનો

श्रीकृष्णपरमात्मनेनमः॥ जन्माद्यस्ययतोऽन्वयादितरतश्चार्थेष्वभिज्ञः स्वराट्तेनेब्रह्महृदायआदिकवयेमुह्यंतियत्सूरयः॥ तेजोवारिमृदांय थाविनिमयोयत्रत्रिसर्गोमृषाधाम्नास्वेनसदानिरस्तकुहकंसत्यंपरंधीमहि॥१॥ धर्मःप्रोज्झितकैतवोऽत्रपरमोनिर्मत्सराणांसतांवेद्यंवास्तव मत्रवस्तुशिवदंतापत्रयोन्मूलनम्॥ श्रीमद्भागवतेमहामुनिकृतेकिंवापरैरीश्वरःसद्योहृद्यवरुध्यतेऽत्रकृतिभिःशुश्रूषुभिस्तत्क्षणात्॥२॥ नि गमकल्पतरोर्गलितंफलंशुकमुखादमृतद्रवसंयुतम्॥ पिबतभागवतंरसमालयंमुहुरहोरसिकाभुविभावुकाः॥३॥ नैमिशेऽनिमिषक्षेत्रेऋषयः शौनकादयः॥ सत्रंस्वर्गायलोकायसहस्रसममासत॥४॥ तएकदातुमुनयःप्रातर्हुतहुताग्नयः॥ सत्कृतंसूतमासीनंपप्रच्छुरिदमादरात् ॥५॥ ऋषयऊचुः॥ त्वयाखलुपुराणानिसेतिहासानिचानघ॥ आख्यातान्यप्यधीतानिधर्मशास्त्राणियान्युत॥६॥ यानिवेदविदां श्रेष्ठोभगवान्बादरायणः॥ अन्येचमुनयःसूतपरावरविदोविदुः॥७॥ वेत्थत्वंसौम्यतत्सर्वंतत्त्वतस्तदनुग्रहात्॥ ब्रूयुःस्निग्धस्यशिष्य स्यगुरवोगुह्यमप्युत॥८॥ तत्रतत्रांजसायुष्मन्भवतायद्विनिश्चितं॥ पुंसामेकांततःश्रेयस्तन्नःशंसितुमर्हसि॥९॥ प्रायेणाल्पायुषः सभ्यकलावस्मिन्युगेजनाः॥ मंदाःसुमंदमतयोमंदभाग्याह्युपद्रुताः॥१०॥ भूरीणिभूरिकर्माणिश्रोतव्यानिविभागशः॥ अतःसाधोऽ त्रयत्सारंसमुद्धृत्यमनीषया॥ ब्रूहिनःश्रद्दधानानांयेनात्मासंप्रसीदति॥११॥ सूतजानासिभद्रंतेभगवान्सात्वतांपतिः॥ देवक्यांवसुदे वस्यजातोयस्यचिकीर्षया॥१२॥ तन्नःशुश्रूषमाणानामर्हस्यंगानुवर्णितुं॥ यस्यावतारोभूतानांक्षेमायचभवायच॥१३॥ आपन्नः संसृतिंघोरांयन्नामविवशोगृणन्॥ ततःसद्योविमुच्येतयद्बिभेतिस्वयंभयं॥१४॥ यत्पादसंश्रयाःसूतमुनयःप्रशमायनाः॥ सद्यःपुनं त्युपस्पृष्टाःस्वर्धुन्यापोऽनुसेवया॥१५॥ कोवाभगवतस्तस्यपुण्यश्लोकेड्यकर्मणः॥ शुद्धिकामोनशृणुयाद्यशःकलिमलापहं॥१६॥

પણ અભ્યાસ કરેલો છે. અને તેગનાં આખ્યાન પણ કર્યાં છે. ॥ ૬ ॥ કે જેઓને વેદને જાણનારાઓમાં શ્રેષ્ટ ભગવાન વેદ વ્યાસ તથા પર અને અવરને જાણનારા બીજા મુનીઓ પણ જાણે છે. ॥ ૭ ॥ અને હે સૌમ્ય, એ વ્યાસ વીગેરે રૂશીઓના અનુગ્રહથી તમે પણ તે સઘળાંને તત્વ સહીત જાણો છો. કેમકે જે છાનામાં છાનું હોય તે પણ ગુરૂઓ પોતાના પ્રીતીવાળા શીષ્યોને કહે છે. ॥ ૮ ॥ તે તે સઘળાં શાસ્ત્રઆદીકમાંથી મનુષ્યોને એકાંતીક કલ્યાણને ઉતાવળેજ આપે એવું, આપે જે કાંઇ વીશેશે કરીને નીશ્ચય કરેલ હોય, તે અમારી પાસે કહેવાને તમે યોગ્ય છો. ॥ ૯ ॥ હે સભ્ય, આ કલીયુગમાં મનુષ્યો વીશેશે કરીને થોડા આયુષ્યવાળા,—મંદ એટલે થોડું કામ કરી શકે એવા—બુદ્ધી વીનાના—ભાગ્ય વીનાના—અને રોગાદીકથી ઉપદ્રવ પામેલા હોય છે. ॥ ૧૦ ॥ હે સાધુસુત, અહીંયાં કાર્યો કરવાનાં ઘણાં ઘણાં છે. અને જુદાં જુદાં સાંભળવાનાં પણ ઘણાં છે. એટલા માટે જેના થકી મન પ્રસન્ન થાય એવી સાર વસ્તુને તે સઘળાંમાંથી બુદ્ધીવડે શોધી શોધીને શ્રદ્ધાવાળા એવા અમને તમે કહો. ॥ ૧૧ ॥ હે સુત તમારૂં કલ્યાણ થાઓ. સાત્વતોના પતી ભગવાન વસુદેવ થકી દેવકીને વીશે જન્મીને તેમણે કરેલાં કર્મો આદીકને તમે જાણોછોજ. ॥ ૧૨ ॥ હે અંગ, તે સઘળું સેવા કરનારા અમો આગળ વર્ણન કરવાને તમે યોગ્ય છો. એ ભગવાનનો અવતાર પ્રાણી આદીકનાં કલ્યાણને માટે અને વૃદ્ધીને માટેજ છે. ॥ ૧૩ ॥ જેના થકી ભય એટલે મૃત્યુ પોતે પણ બીહે છે. એવા ભગવાનનું નામ ભયંકર સંસારને પામેલા મનુષ્યો પરવશ અવસ્થામાં (એટલે મરણ સમયે) લે, તો તે થકી તેઓ તુર્તજ મુક્ત થઇ જાય છે. ॥ ૧૪ ॥ હે સુત શાંતીવાળા અને ભગવતના ચરણનાજ આશ્રયવાળા મુનીઓ તો માત્ર સ્પર્શ કરવા થકીજ તુર્ત પવીત્ર કરે છે. પણ ગંગાજીનું જળ તો ઘણા વખત સુધી વારંવાર સેવન કરીએ ત્યારેજ પવીત્ર કરે છે. ॥ ૧૫ ॥ એટલા માટે પવીત્ર કીર્તીવાળાઓએ વખાણેલ કર્મોવાળા ભગવાનના, કલીના મેલને નાશ કરનારા યશને, શુદ્ધીની કામના વાળો કયો પુરૂશ નહીં સાંભળે. ॥ ૧૬ ॥

લીલાવડે કળારૂપે અવતાર ધરનાર એ ભગવાનનાં ઉદાર કર્મો જે નારદજી આદીએ ગાયેલ છે તે અમો શ્રદ્ધાવાળાઓને તમે કહી સંભળાવો. ॥ ૧૭ ॥ હે બુદ્ધીમાન સુત, ઇશ્વર હરીભગવાને પોતાની માયાથી પોતાની ઇચ્છા પ્રમાણે અવતાર ધરીને કરેલી લીલાઓની શુભ કથા અમને કહો. ॥ ૧૮ ॥ રસને જાણનારાઓને જે બોલે બોલે સ્વાદીષ્ટ લાગે છે, એવાં ઉત્તમ શ્લોક ભગવાનનાં પરાક્રમોને સાંભળતાં અમને તૃપ્તી થતી નથી. ॥ ૧૯ ॥ માટે છાની રીતે કપટથી મનુષ્ય થયેલા રામ સહીત કેશવ ભગવાને, મનુષ્યાદીકથી ન બની શકે એવાં જે પરાક્રમો કરેલાં હોય તે સર્વ કહો. ॥ ૨૦ ॥ કલીયુગને આવેલો જાણીને આ ભગવાનના ક્ષેત્રમાં અમે લાંબા કાળનો સત્ર કરવાવડે હરીભગવાનની કથા કરવાનો વખત મેળવીને બેઠેલાછીએ. ॥ ૨૧ ॥ પુરૂષોના સત્વને હરનાર દુસ્તર કલીને તરીજવાની ઇચ્છાવાળા અમોને, સમુદ્રની અંદર વાહાણ ચલાવનારો ગ-ળવાની પેઠે, તમને અમારી આગળ વીધાતાએ દેખાડેલા છે. ॥ ૨૨ ॥ તો ધર્મનું રક્ષણ કરનાર—બ્રાહ્મણોને માનનાર—અને યોગેશ્વર એવા કૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા પછી હાલમાં ધર્મ કોને શરણ ગયો છે. તે પણ કહો. ॥ ૨૩ ॥ ઇતી શ્રી૦ ભા૦ પ્ર૦ સ્કંધનો પેહેલો અ૦ સંપુર્ણ. ॥ ૧ ॥

અધ્યાય ૨ જો.—વ્યાસ—એ પ્રમાણેના પ્રશ્નથી રાજી થયેલા રોમહર્ષણના પુત્ર સુતે, તે બ્રાહ્મણોના વચનને માન આપીને તેમને ઉત્તર દેવાનો આરંભ કર્યો. ॥ ૧ ॥—**સુત—**સઘળા પ્રકારનાં કર્મો કરવાથકી મુક્ત થયેલા શુકમુની એકલાજ ચાલી નીકળતાં વીરહથી વ્યાકુળ થયેલા વેદવ્યાસે "હે પુત્ર" એમ ઉંચે સ્વરે જ્યારે સાદ કર્યો. ત્યારે શુકમય થયેલાં ઝાડોએ તેમને સામો અવાજ દીધો હતો. એવા સર્વ પ્રાણી પદાર્થ વીગેરેના હૃદયરૂપ શુકમુનીને મારા પ્રણામ છે. ॥ ૨ ॥ સંસારમાં પડેલા મનુષ્યોને આ અંધકારમય

तस्यकर्माण्युदाराणिपरिगीतानिसूरिभिः ॥ ब्रूहिनःश्रद्दधानानांलीलयादधतःकलाः ॥ १७ ॥ अथाख्याहिहरेर्धीमन्नवतारकथाःशुभाः॥ लीलाविदधतःस्वैरमीश्वरस्यात्ममायया ॥ १८ ॥ वयंतुनवितृप्यामउत्तमश्लोकविक्रमे ॥ यच्छृण्वतांरसज्ञानास्वादु[illegible]दुपदेपदे ॥ १९ ॥ कृतवान्किलवीर्याणिसहरामेणकेशवः ॥ अतिमर्त्यानिभगवान्गूढःकपट[illegible]नुषः ॥ २० ॥ कलिमागतमाज्ञायक्षेत्रेऽस्मिन्वैष्णवेवयं ॥ आसीनादीर्घसत्रेणकथायांसक्षणाहरेः ॥ २१ ॥ त्वंनःसंदर्शितोधात्रादुस्तरंनिस्तितीर्षतां ॥ कलिंसत्वहरंपुंसांकर्णधारइवार्णवं ॥२२॥ ब्रूहियोगेश्वरेकृष्णेब्रह्मण्येधर्मवर्मणि ॥ स्वांकाष्ठामधुनोपेतेधर्मःकंशरणंगतः ॥ २३ ॥ इतिश्रीभागवतेमहापुराणेप्रथमस्कंधेनैमिषेयोपाख्यानेप्रथमोऽध्यायः ॥ १ ॥ ॥ व्यासउवाच ॥ इतिसंप्रश्नसंहृष्टोविप्राणांरौमहर्षणिः ॥ प्रतिपूज्यवचस्तेषांप्रवक्तुमुपचक्रमे ॥ १ ॥ सूतउवा[illegible] ॥ यंप्रव्रजंतमनुपेतमपेतकृत्यंद्वैपायनोविरहकातरआजुहाव ॥ पुत्रेतितन्मयतयातर[illegible]ोऽभिनेदुस्तंसर्वभूतहृदयंमुनिमानतोऽस्मि ॥ २ ॥ यःस्वानुभावमखि[illegible]श्रुतिसारमेकमध्यात्मदीपमतितितीर्षतांतमोंधं ॥ संसारिणांकरुण[illegible]हपुराणगुह्यंतंव्याससूनुमुपयामिगुरुंमुनीनां ॥ ३ ॥ नारायणंनमस्कृत्यनरंचैवनरोत्तमं ॥ देवींसरस्वतींचैवततोजयमुदीरये[illegible] ॥ ४ ॥ मुनयःसाधुपृष्टोऽहंभवद्भिर्लोकमंगलं ॥ यत्कृतःकृष्णसंप्रश्नोयेनात्मासुप्रसीदति ॥ ५ ॥ सवैपुंसांपरोधर्मोयतोभक्तिरधोक्षजे ॥ अहैतुक्यप्रतिहतायथात्मासंप्रसीदति ६॥ वासुदेवेभगवतिभक्तियोगःप्रयोजितः ॥ जनयत्याशुवैराग्यंज्ञानंयत्तदहैतुकं ॥ ७ ॥ धर्मःस्वनुष्ठितःपुंसांविष्वक्सेनकथासुयः ॥ नोत्पादयेद्यदिरतिंश्रमएवहिकेवलं ॥ ८ ॥ धर्मस्यह्यापवर्ग्यस्यनार्थोऽर्थायोपकल्पते ॥ नार्थस्यधर्मैकांतस्यकामोलाभायहिस्मृतः ॥ ९ ॥ कामस्यनेंद्रियप्रीतिर्लाभोजीवेतयावता ॥ जीवस्यतत्त्वजिज्ञासानार्थोयश्चेहकर्मभिः ॥ १० ॥ वदंतितत्तत्त्वविदस्तत्त्वंयज्ज्ञानमद्वयं ॥ ब्रह्मेतिपरमात्मेतिभगवानितिशब्द्यते ॥ ११ ॥ तच्छ्रद्दधानामुनयोज्ञानवैराग्ययुक्तया ॥ पश्यंत्यात्मनिचात्मानंभक्त्याश्रुतगृहीतया ॥ १२ ॥

સંસાર તરવાને સારૂં વ્યાસ પુત્ર શુકદેવે, પુરાણો મધ્યે ગુપ્ત એવું—સર્વ શ્રુતીઓના સારરૂપ—જેના સમાન બીજું નથી એવું—પોતાના પ્રભાવે કરીને એકજ અને આત્મ સ્વરૂપને દીવાની પેઠે દેખાડનારૂં, આ ભાગવત પુરાણ દયા કરીને કહેલું છે. તે શ્રેષ્ટ મુનીને હું શરણે જાઉંછું. ॥ ૩ ॥ નરોમાં ઉત્તમ એવા નરનારાયણને અને દેવી સરસ્વતીને પણ નમસ્કાર કરૂંછું. કે જેથી જય મળે ॥ ૪ ॥ હે મુનીઓ, તમોએ શ્રી કૃષ્ણ સંબંધી પ્રશ્ન, કે જેથી લોક માત્રનું મંગળ થાય છે. એવું મને ઘણું સારૂં પુછ્યું છે. તેથી મારૂં મન ઘણું પ્રસન્ન થયું છે. ॥ ૫ ॥ જે થકી અધોક્ષજ ભગવાનને વીશે ફલના અનુસંધાન વીનાની દ્રઢભક્તી ઉત્પન્ન થાય, તેજ પુરૂશોનો પરમ ધર્મ છે. અને તેનાથીજ મન સારી રીતે પ્રસન્ન થાય છે. ॥ ૬ ॥ વાસુદેવ ભગવાનને વીશે થયેલો ફળના અનુસંધાન વીનાનો ભક્તીયોગ ઉતાવળોજ વૈરાગ્યને અને જ્ઞાનને ઉત્પન્ન કરે છે ॥ ૭ ॥ જ્યારે મનુષ્યોએ આ આચરેલો ધર્મ વીશ્વકસેન ભગવાનની કથાઓને વીશે પ્રીતી ઉત્પન્ન કરી શકતો નથી. ત્યારે તેનો કેવળ શ્રમ માત્રજ છે. ॥ ૮ ॥ મોક્ષને આપે એવા ધર્મનું ફળ ધનાદીક હોવાનું કહેલું નથી. અને એવા ધર્મને માટેજ ઉપયોગી ધનાદીકવડે મેળવવાનું ફળ કામ ભોગાદીક હોવાનું પણ (મહાત્માઓએ) કહેલ નથી. ॥ ૯ ॥ કામ ભોગાદીક વડે મેળવવાનો લાભ ઇંદ્રીયોને પ્રસન્ન કરવી એ નથી. પણ માત્ર જીવવું એટલોજ છે. અને જીવવાવડે મેળવવાનો લાભ અહીંયાં કર્મો કરીને ધનાદીક મેળવવાં એ નથી. પણ તત્વજ્ઞાન મેળવવાને ઇચ્છવું એમ છે. ॥ ૧૦ ॥ અને એ બ્રહ્મ—પરમાત્મા—અને ભગવાન વીગેરે નામોથી કહેવાતા અદ્વય જ્ઞાનનેજ, તત્વો જાણનારા પુરૂશો "તત્વ" કહે છે. ॥ ૧૧ ॥ એ તત્વને શ્રદ્ધાવાળા મુનીઓ શ્રવણવડે ગ્રહણ કરેલી જ્ઞાન અને વૈરાગ્ય યુક્ત ભક્તી થકી પોતે પોતાનામાંજ જુએ છે. ॥ ૧૨ ॥

હે ઉત્તમ બ્રાહ્મણો, એટલા માટે મનુષ્યોએ વર્ણ અને આશ્રમોના વીભાગ સહીત સારી રીતે આચરેલા ધર્મનું ફળ હરીભગવાનને પ્રસન્ન કરવા એજ છે. ॥૧૩॥ એટલા માટે સાત્વતોના પતી ભગવાનનું એક ચીત્તથી હમેશાંજ શ્રવણ કરો—કીર્તન કરો—ધ્યાન કરો—અને પુજન કરો ॥ ૧૪ ॥ વીવેકી પુરૂશો જેના ધ્યાનરૂપ તરવારને પકડીને કર્મોની ગાંઠો રૂપી બંધનને કાપી નાંખે છે. તે ભગવાનની કથાઓને વીશે પ્રીતી કોણ ન કરે. ॥ ૧૫ ॥ હે બ્રાહ્મણો, પવીત્ર તીર્થમાં રેહેવાથી અને મહાત્મા પુરૂશોની સેવા કરવાથી નમ્રતાવાળા અને શ્રદ્ધાવાન પુરૂષોને વાસુદેવ ભગવાનની કથાઓને વીશે રૂચી ઉત્પન્ન થાય છે. ॥ ૧૬ ॥ અને તેથીજ સત્પુરૂશોના સુહ્રદ તથા પવીત્ર શ્રવણ અને કીર્તનવાળા શ્રીકૃષ્ણ ભગવાન પોતાની કથાઓ સાંભળનારાઓના હ્રદયમાં વસીને તેમનાં પાપોને ધોઇ નાંખે છે. ॥ ૧૭ ॥ અને એ રીતે હમેશાં ભગવતી એટલે મહાત્માઓની સેવાવડે તેમનાં પાપો નહીં સરખાં થઇ જઇને તેમને ઉત્તમ શ્લોક ભગવાનને વીશે નૈષ્ટીકી ભક્તી ઉત્પન્ન થાય છે. ॥ ૧૮ ॥ અને ત્યારેજ રજોગુણ અને તમો ગુણથી થનારા કામ અને લોભ આદી થકી મન વીંધાઇ નહીં જતાં પ્રસન્ન થતું થકું સત્વ ગુણને વીશે સ્થીર થાય છે. ॥ ૧૯ ॥ એવી રીતે પ્રસન્ન મન સહીત ભગવાનની ભક્તીના યોગથી સર્વ સંગથી મુક્ત થયેલા પુરૂશને ભગવત તત્વનું વીજ્ઞાન ઉત્પન્ન થાય છે. ॥ ૨૦ ॥ અને એ રીતે આત્મ તત્વ ઇશ્વરનું જ્ઞાન થવાથી તેનાં કર્મો માત્ર ક્ષીણ થઇ જાય છે. હ્રદયની ગ્રંથીઓ (અહંતા અને મમતા અથવા હું અને મારૂં) ભેદાઇ જાય છે. તથા સર્વ સંશયો છેદાઇ જાય છે. ॥ ૨૧ ॥ એટલા માટેજ મનને પ્રસન્ન કરનારી વાસુદેવ ભગવાનની પરમ ભક્તી વીદ્વાન પુરૂશો હમેશાં આનંદ સહીત કર્યા કરે છે. ॥ ૨૨ ॥ સત્વ—રજ—અને તમ એ ગુણો પ્રકૃતીના છે. તેઓ થકી એકજ પરમ પુરૂશ ભગવાન હરી—

अतःपुंभिर्द्विजश्रेष्ठावर्णाश्रमविभागशः ॥ स्वनुष्ठितस्यधर्मस्यसंसिद्धिर्हरितोषणं ॥ १३ ॥ तस्मादेकेनमनसाभगवान्सात्वतांपतिः ॥ श्रोतव्यःकीर्तितव्यश्चध्येयःपूज्यश्चनित्यदा ॥ १४ ॥ यदनुध्यासिनायुक्ताःकर्मग्रंथिनिबंधनं ॥ छिंदंतिकोविदास्तस्यकोनकुर्यात्कथारतिं ॥ १५ ॥ शुश्रूषोःश्रद्दधानस्यवासुदेवकथारुचिः ॥ स्यान्महत्सेवयाविप्राःपुण्यतीर्थनिषेवणात् ॥ १६ ॥ शृण्वतांस्वकथांकृष्णःपुण्यश्रवणकीर्त्तनः ॥ हृद्यंतस्थोह्यभद्राणिविधुनोतिसुहृत्सतां ॥ १७ ॥ नष्टप्रायेष्वभद्रेषुनित्यंभागवतसेवया ॥ भगवत्युत्तमश्लोकेभक्तिर्भवतिनैष्ठिकी ॥ १८ ॥ तदारजस्तमोभावाःकामलोभादयश्चये ॥ चेतएतैरनाविद्धंस्थितंसत्वेप्रसीदति ॥ १९ ॥ एवंप्रसन्नमनसोभगवद्भक्तियोगतः ॥ भगवत्तत्वविज्ञानंमुक्तसंगस्यजायते ॥ २० ॥ भिद्यतेहृदयग्रंथिश्छिद्यंतेसर्वसंशयाः ॥ क्षीयतेचास्यकर्माणिदृष्टएवात्मनीश्वरे ॥ २१ ॥ अतोवैकवयोनित्यंभक्तिंपरमयामुदा ॥ वासुदेवेभगवतिकुर्वंत्यात्मप्रसादनीं ॥ २२ ॥ सत्वंरजस्तमइतिप्रकृतेर्गुणास्तैर्युक्तःपरःपुरुषएकइहास्यधत्ते ॥ स्थित्यादयेहरिविरिंचिहरेतिसंज्ञाःश्रेयांसितत्रखलुसत्वतनोर्नृणांस्युः ॥ २३ ॥ पार्थिवाद्दारुणोधूमस्तस्मादग्निस्त्रयीमयः ॥ तमसस्तुरजस्तस्मात्सत्वंयद्ब्रह्मदर्शनं ॥ २४ ॥ भेजिरेमुनयोऽथाग्रेभगवंतमधोक्षजं ॥ सत्वंविशुद्धंक्षेमायकल्पंतेयेनुतानिह ॥ २५ ॥ मुमुक्षवोघोररूपान्हित्वाभूतपतीनथ ॥ नारायणकलाःशांताभजंतिह्यनसूयवः ॥ २६ ॥ रजस्तमःप्रकृतयःसमशीलाभजंतिवै ॥ पितृभूतप्रजेशादीन्श्रियैश्वर्यप्रजेप्सवः ॥ २७ ॥ वासुदेवपरावेदावासुदेवपरामखाः ॥ वासुदेवपरायोगावासुदेवपराःक्रियाः ॥ २८ ॥ वासुदेवपरंज्ञानंवासुदेवपरंतपः ॥ वासुदेवपरोधर्मोवासुदेवपरागतिः ॥ २९ ॥ सएवेदंससर्जाग्रेभगवानात्ममायया ॥ सदसद्रूपयाचासौगुणमय्याऽगुणोविभुः ॥ ३० ॥ तयाविलसितेष्वेषुगुणेषुगुणवानिव ॥ अंतःप्रविष्टआभातिविज्ञानेनविजृंभितः ॥ ३१ ॥ यथाह्यवहितोवन्हिर्दारुष्वेकःस्वयोनिषु ॥ नानेवभातिविश्वात्माभूतेषुचतथापुमान् ॥ ३२ ॥

વીરીંચી—અને હર એ નામોવાળા થઇને જગતની સ્થીતી—ઉત્પતી અને લય કરે છે. તેમાં પણ સત્વ ગુણી હરી ભગવાનનું સ્વરૂપ મનુષ્યોને મોક્ષ આપનાર છે. ॥ ૨૩ ॥ લાકડાંમાંથી દારૂણ ધુમાડો થાય છે. અને તેમાંથી ત્રણુવેદમય અગ્ની ઉત્પન્ન થાય છે. તેવીજ રીતે તમો ગુણમાંથી રજોગુણ ઉત્પન્ન થાય છે. અને રજોગુણમાંથી જે થકી બ્રહ્મનું દર્શન થાય છે એવો, સત્વ ગુણ ઉત્પન્ન થાય છે. ॥ ૨૪ ॥ અને તેથીજ પુર્વકાળના મુનીઓ અધોક્ષજ ભગવાનના અતી શુદ્ધ અને સત્વગુણી સ્વરૂપનેજ કલ્યાણને માટે ભજતા હતા. માટે તેમને અનુસરનારાઓ પણ અહીંયાં કલ્યાણનેજ પામશે. ॥ ૨૫ ॥ મુમુક્ષુ પુરૂશો (મોક્ષને ઇચ્છનારાઓ) ઘોર રૂપવાળા ભુતપતી (સદાશીવ) આદીની નીંદા નહીં કરતાં, અને તેમને નહીં ભજતાં નારાયણ ભગવાનની શાંત કળાને (એટલે સત્વગુણી અવતારોને) જ ભજે છે. ॥ ૨૬ ॥ પણ રજોગુણી અને તમોગુણી પ્રકૃતીવાળાઓ તો, લક્ષ્મી ઐશ્વર્ય અને પ્રજાની ઇચ્છા રાખીને, તેમના સરખાજ શીળવાળા પીતૃના અને ભુતોના પતીઓને તથા પ્રજાપતીઓનેજ પુજે છે. ॥ ૨૭ ॥ વેદો વાસુદેવ રૂપ છે. યજ્ઞો વાસુદેવ રૂપ છે. યોગ વાસુદેવ રૂપ છે. અને ક્રીયાઓ પણ વાસુદેવ રૂપ છે. ॥ ૨૮ ॥ જ્ઞાન વાસુદેવ રૂપ છે. તપ વાસુદેવ રૂપ છે. ધર્મ વાસુદેવ રૂપ છે. અને ગતીઓ પણ વાસુદેવ રૂપજ છે. ॥ ૨૯ ॥ એજ સમર્થ અને નીર્ગુણ વાસુદેવ ભગવાને પોતાની ગુણોમય તથા સત અને અસત રૂપી માયા વડે આ જગતને પ્રથમ પેહેલું સરજ્યું છે. ॥ ૩૦ ॥ એ માયાવડે બનેલા સર્વે ગુણોને વીશે (એટલે દ્વૈત પ્રપંચ માત્રને વીશે) વીજ્ઞાન એટલે ચૈતન્ય સ્વરૂપથી અંદર પેઠેલા હોઇને શોભવાથી, એજ વાસુદેવ ભગવાન ગુણોવાળા હોવાની પેઠે દેખાય છે. ॥ ૩૧ ॥ જેમ અગ્ની એકજ છતાં તેનાં ઉત્પત્તી સ્થાન લાકડાંઓમાં રેહેવાથી અનેક પ્રકારનો જોવામાં આવે છે. તેવીજ

રીતે પુરૂષરૂપ વીશ્વાત્મા ભગવાન પણ પ્રાણી આદીકને વીશે રેહેવાથી અનેક પ્રકારના દેખવામાં આવે છે. ॥ ૩૨ ॥ અને પોતે નીર્માણ કરેલાં પ્રાણીઓ આદીને વીશે રહેલાએ હરી ભગવાનજ ત્રણ ગુણો થકી મુક્ત પાંચ મહાભુતની સુક્ષ્મ માત્રાઓ—ઇંદ્રીયો—અને મન આદી ઇંદ્રીયોના દેવતાઓવડે, તેના તેના વીષયોને ભોગવે છે. ॥ ૩૩ ॥ તથા એમ લોક માત્રનું રક્ષણ કરનારા ભગવાન લીલાવડે દેવ—પશુ—પક્ષી—અને મનુષ્યો આદીને વીશેજ ત્રગુણી અવતારો ધરીને લોકનું પાલન પણ કરે છે. ॥૩૪॥ ઇ૦ ભા૦ પ્ર૦ સ્કં૦ બી૦ અ૦ સં૦ ॥૨॥

અધ્યાય ૩ જો.—સુત—એ ભગવાને પહેલ વેહેલી લોકની સ્રષ્ટી કરવાની ઇચ્છાથી સોળ કળાથી સંપુર્ણ મહા પુરૂષનું આદી સ્વરૂપ ધારણ કર્યું ॥ ૧ ॥ એ યોગ નીદ્રા કરીને જળને વીશે સુતેલા મહાપુરૂષ ભગવાનના નાભી હ્રદયથકી કમળ ઉત્પન્ન થઇને તે કમળને વિશે પ્રજાપતીઓના સ્વામી બ્રહ્મા ઉત્પન્ન થયા. ॥ ૨ ॥ એ અતી શુદ્ધ અને સત્વ સત્વમય મહાપુરૂષ ભગવાનના સ્વરૂપના અવયવ રૂપ સ્થાનોને વીશે લોકના વીસ્તારની કલ્પના થઇ છે. ॥ ૩ ॥ એ સ્વરૂપનેજ અજ્ઞાન રહીત આંખ્યો વાળા યોગીઓ હજારો પગ-સાથળ-હાથ-અને મોઢાં વાળું તથા હજારો માથાં, કાન, આંખ્યો, અને નાકવાળું, તેમજ હજારો મુગટ, વસ્ત્ર અને કુંડળોથી શોભતું અદ્ભુત સરખું જુએ છે. ॥ ૪ ॥ અને ભગવાનનું એ વીકાર રહીત સ્વરૂપજ એના અંશના અંશ વડે સરજાતા દેવ, પશુ, પક્ષી, અને મનુષ્ય આદીના અનેક અવતારોનું ઉત્પતી સ્થાન તથા લય થવાનું સ્થાન પણ છે. ॥ ૫ ॥ એ ભગવાનેજ આ રીતે એક અવતારથી સનતકુમાર રૂપે બ્રહ્મા થકી ઉત્પન્ન થઇને કોઇથી ન બની શકે એવા અખંડીત બ્રહ્મચર્યવતનું આચરણ કરેલું છે. ॥ ૬ ॥ બીજે અવતારે તેજ યજ્ઞના ઇશ્વર ભગવાને જગતનું રક્ષણ કરવા સારૂં વરાહનું રૂપ ધરીને રસાતળમાં જતી રહેલી પૃથ્વીનો

असौगुणमयैर्भावैर्भूतसूक्ष्मेंद्रियात्मभिः ॥ स्वनिर्मितेषुनिर्विष्टोभुंक्तेभूतेषुतद्गुणान् ॥ ३३ ॥ भावयत्येषसत्वेनलोकान्वैलोकभावनः ॥ लीलावतारानुरतोदेवतिर्यङ्नरादिषु ॥ ३४ ॥ इतिश्रीभागवतेमहापुराणेप्रथमस्कंधेद्वितीयोऽध्यायः ॥ २ ॥ ॥ सूतउवाच ॥ जगृहे पौरुषंरूपंभगवान्महदादिभिः ॥ संभूतंषोडशकलमादौलोकसिसृक्षया ॥ १ ॥ यस्यांभसिशयानस्ययोगनिद्रांवितन्वतः ॥ नाभिह्रदांबुजादासीद्ब्रह्माविश्वसृजांपतिः ॥ २ ॥ यस्यावयवसंस्थानैःकल्पितोलोकविस्तरः ॥ तद्वैभगवतोरूपंविशुद्धंसत्वमूर्जितं ॥ ३ ॥ पश्यंत्यदोरूपमदभ्रचक्षुषासहस्रपादोरुभुजाननाद्भुतं ॥ सहस्रमूर्द्धश्रवणाक्षिनासिकंसहस्रमौल्यंबरकुंडलोल्लसत् ॥ ४ ॥ एतन्नानावताराणांनिधानंबीजमव्ययं ॥ यस्यांशांशेनसृज्यंतेदेवतिर्यङ्नरादयः ॥ ५ ॥ सएवप्रथमंदेवःकौमारंसर्गमास्थितः ॥ चचारदुश्चरंब्रह्माब्रह्मचर्यमखंडितं ॥ ६ ॥ द्वितीयंतुभवायास्यरसातलगतांमहीम् ॥ उद्धरिष्यन्नुपादत्तयज्ञेशःसौकरंवपुः ॥ ७ ॥ तृतीयमृषिसर्गंचदेवर्षित्वमुपेत्यसः ॥ तंत्रंसात्वतमाचष्टनैष्कर्म्यंकर्मणांयतः ॥ ८ ॥ तुर्येधर्मकलासर्गेनरनारायणावृषी ॥ भूत्वात्मोपशमोपेतमकरोद्दुश्चरंतपः ॥ ९ ॥ पंचमःकपिलोनामसिद्धेशःकालविप्लुतम् ॥ प्रोवाचासुरयेसांख्यंतत्वग्रामविनिर्णयम् ॥ १० ॥ षष्ठेअत्रेरपत्यत्वंवृतःप्राप्तोऽनसूयया ॥ आन्वीक्षिकीमलर्कायप्रह्लादादिभ्यऊचिवान् ॥ ११ ॥ ततःसप्तमआकूत्यांरुचेर्यज्ञोऽभ्यजायत ॥ सयामाद्यैःसुरगणैरपात्स्वायंभुवांतरम् ॥ १२ ॥ अष्टमेमेरुदेव्यांतुनाभेर्जातउरुक्रमः ॥ दर्शयन्वर्त्मधीराणांसर्वाश्रमनमस्कृतम् ॥ १३ ॥ ऋषिभिर्याचितोभेजेनवमंपार्थिवंवपुः ॥ दुग्धेमामोषधीर्विप्रास्तेनायंसउशत्तमः ॥ १४ ॥ रूपंसजगृहेमात्स्यंचाक्षुषोदधिसंप्लवे ॥ नाव्यारोप्यमहीमय्यामपाद्वैवस्वतंमनुम् ॥ १५ ॥ सुरासुराणामुदधिंमथ्नतांमंदराचलं ॥ दध्रेकमठरूपेणपृष्ठएकादशेविभुः ॥ १६ ॥ धान्वंतरंद्वादशमंत्रयोदशममेवच ॥ अपाययत्सुरानन्यान्मोहिन्यामोहयन्स्त्रिया ॥ १७ ॥

ઉદ્ધાર કરીને તેને સ્થાપન કરી હતી. ॥ ૭ ॥ ત્રીજે અવતારે નારદરૂશી રૂપે થઇને જેથી કર્મોનું નીષ્કામપણું થાય છે. એવું શાસ્ત્ર ભક્ત લોકોને શીખવ્યું. ॥ ૮ ॥ ચોથા અવતારે ધર્મથકી નર નારાયણ રૂશી રૂપે કળા અવતાર ધરીને કોઇથી ન થઇ શકે એવું અને અત્યંત ઉપશમ એટલે શાંતી આપનારૂં તપ કર્યું ॥ ૯ ॥ પાંચમે અવતારે સીદ્ધ લોકોના ઇશ્વર કપીલ નામે થઇને તત્વોની સંખ્યાનો નીર્ણય કરનારૂં સાંખ્ય શાસ્ત્ર જે કાળે કરીને નાશ પામી ગયું હતું. તે આસુરી નામના બ્રાહ્મણને શીખવ્યું. ॥ ૧૦ ॥ છઠે અવતારે અત્રી રૂશી અને તેમની સ્ત્રી અનુસુયાએ વરદાન માગ્યા પ્રમાણે તેમના પુત્ર (ગુરૂ દત્તાત્રય) થઇને અલર્કને તથા પ્રહ્લાદ આદીને આન્વીક્ષીકી એટલે આત્મવીદ્યાનો ઉપદેશ કર્યો હતો. ॥ ૧૧ ॥ પછી સાતમે અવતારે રૂચી રૂશી થકી આકુતીને વીશે અવતરેલા હરી ભગવાને યામ આદી દેવતાઓ સહીત થઇને તે પોતાના મન્વંતરનું પાલન કર્યું. ॥ ૧૨ ॥ આઠમે અવતારે નાભી રાજા થકી મેરૂ દેવીને વીશે ઉરૂક્રમ (રૂશભ દેવ) ભગવાન જન્મીને સર્વ આશ્રમોએ નમસ્કાર કરેલો ધીર પુરૂષોનો માર્ગ (એટલે પરમ હંસનો ધર્મ) આચરી દેખાડયો. ॥ ૧૩ ॥ હે વીપ્રો, નવમે અવતારે રૂશીઓની માગણી ઉપરથી ઉત્તમ એવું રાજાનું શરીર ધારણ કરીને પૃથુરાજા રૂપે થઇ આ પૃથ્વી થકી ઓષધીઓને દોહી. ॥ ૧૪ ॥ ચાક્ષુસ મન્વંતરમાં જળ પ્રલય થયો ત્યારે મત્સ્યનું રૂપ ધારણ કરીને પૃથ્વી રૂપી વહાણ ઉપર બેસારીને વૈવસ્વત મનુનું રક્ષણ કર્યું. ॥ ૧૫ ॥ દેવતાઓ અને અસુરો સમુદ્ર મંથન કરતાં એ સમર્થ ભગવાને અગીયારમા અવતારથી કાચબાનું રૂપ ધારણ કરીને મંદરાચળને પીઠ ઉપર ધારણ કર્યો. ॥ ૧૬ ॥ બારમો અવતાર ધન્વંતરીનો થયો. તે સમયેજ તેરમો અવતાર મોહીની સ્વરૂપ સ્ત્રીનો ધારણ કરીને અસુરોને મોહ પમાડી દેવતાઓને અમૃત પાયું. ॥ ૧૭ ॥

ચૌદમો નૃસીંહ અવતાર ધારણ કરીને વધી ગયેલા દૈત્યના રાજાને (હીરણ્ય કશીપુને) છાતીને વીશેથી નખ વડે, સાદડી બનાવનાર સરકટને ચીરે તેમ ચીરી નાંખ્યો. ॥ ૧૮ ॥ પંદરમે અવતારે વામન સ્વરૂપ કરીને બળી રાજાના યજ્ઞમાં ગયા અને ત્રણ પદ (પગલાં)ની માગણી કરવા વડે (ઇંદ્રાદીકને) ત્રણે લોકનું રાજ્ય પાછું લાવી આપ્યું. ॥ ૧૯ ॥ સોળમે અવતારે (પરશુરામ રૂપે થઈ) બ્રાહ્મણોનો દ્રોહ કરનારા રાજાઓને જોઈ કોપ પામીને એકવીસવાર નક્ષત્રી પૃથ્વી કરી. ॥ ૨૦ ॥ પછી સત્તરમે અવતારે પરાશર રૂશી થકી સત્યવતીને વીશે (વેદવ્યાસ રૂપે) જન્મીને અલ્પ બુદ્ધીવાળા પુરૂષોને દેખી વેદ નામના વૃક્ષની શાખાઓ કરી. ॥ ૨૧ ॥ અઢારમે અવતારે (રામચંદ્રજી રૂપે) રાજાપણું પામીને દેવતાઓનાં કાર્ય કરવાની ઇચ્છાથી સમુદ્રનો નીગ્રહ કર્યો, અને બીજાં પણ મોટાં પરાક્રમો કર્યા. ॥ ૨૨ ॥ ઓગણીસમા અને વીસમા અવતારે વૃષ્ણી કુળમાં રામ અને કૃષ્ણ એ નામોવાળા ભગવાને થઈને પૃથ્વીનો ભાર ઉતાર્યો. ॥ ૨૩ ॥ પછી કળીયુગ પ્રવૃત્ત થયા કેડે દેવતાઓનો દ્વેષ કરનારાઓ (અસુરો) ને મોહ ઉપજાવવાને માટે કીકટ એટલે ગયા પ્રદેશમાં અંજનના પુત્ર બુદ્ધ એવા નામથી ભગવાન ઉત્પન્ન થશે. ॥ ૨૪ ॥ ને પછી યુગની સંધ્યાને વખતે એટલે કળીયુગને અંતે રાજાઓ ચોર સરખા થઈ જશે ત્યારે કલ્કી નામના જગતપતી ભગવાન "વીષ્ણુયશા" નામના બ્રાહ્મણ થકી ઉત્પન્ન થશે. ॥ ૨૫ ॥ હે બ્રાહ્મણો સર્વ સત્વના નીધી રૂપ એ હરી ભગવાન થકી અસંખ્ય અવતારો, નહીં ખુટે એવા મહા સરોવરમાંથી જેમ હજારો નદીઓ પ્રકટ થાય તેમ થયા કરે છે. ॥ ૨૬ ॥ રૂશીઓ, મનુઓ, દેવતાઓ, અને મહા બળવાળા મનુના પુત્રો તથા તેવીજ રીતે પ્રજાપતીઓ સહીત સર્વે, હરી ભગવાનના કળા અવતારોજ છે. ॥ ૨૭ ॥ એ સઘળા અંશ અને કળા અવતારોમાં કૃષ્ણ એવા પુરૂષ ભગવાન પોતેજ, અસુરો થકી વ્યાકુળ થયેલા લોકનું, યુગો યુગને વીશે રક્ષણ કરે છે. ॥ ૨૮ ॥ જે પુરૂષ એકાગ્રચીતે સવાર સાંજ ભગવાનના એ ગુપ્ત જન્મોનું ભક્તી સહીત કીર્તન કરે છે તે દુઃખોના

चतुर्दशंनारसिंहंबिभ्रद्दैत्येंद्रमूर्जितं ॥ ददारकरजैर्वक्षस्येरकांकटकृद्यथा ॥ १८ ॥ पंचदशंवामनकंकृत्वागादध्वरंबलेः ॥ पदत्रयंयाचमानःप्रत्यादित्सुस्त्रिविष्टपं ॥ १९ ॥ अवतारेषोडशमेपश्यन्ब्रह्मद्रुहोनृपान् ॥ त्रिःसप्तकृत्वःकुपितोनिःक्षत्रामकरोन्महीं ॥ २० ॥ ततःसप्तदशेजातःसत्यवत्यांपराशरात् ॥ चक्रेवेदतरोःशाखादृष्ट्वापुंसोऽल्पमेधसः ॥ २१ ॥ नरदेवत्वमापन्नःसुरकार्यचिकीर्षया ॥ समुद्रनिग्रहादीनिचक्रेवीर्याण्यतःपरं ॥ २२ ॥ एकोनविंशेविंशतिमेवृष्णिषुप्राप्यजन्मनी ॥ रामकृष्णावितिभुवोभगवानहरद्भरं ॥ २३ ॥ ततःकलौसंप्रवृत्तेसंमोहायसुरद्विषां ॥ बुद्धोनाम्नाऽजनसुतःकीकटेषुभविष्यति ॥ २४ ॥ अथासौयुगसंध्यायांदस्युप्रायेषुराजसु ॥ जनितविष्णुयशसोनाम्नाकल्किर्जगत्पतिः ॥ २५ ॥ अवताराह्यसंख्येयाहरेःसत्वनिधेर्द्विजाः ॥ यथाऽविदासिनःकुल्याःसरसःस्युःसहस्रशः ॥ २६ ॥ ऋषयोमनवोदेवामनुपुत्रामहौजसः ॥ कलाःसर्वेहरेरेवसप्रजापतयस्तथा ॥ २७ ॥ एतेचांशकलाःपुंसःकृष्णस्तुभगवान्स्वयं ॥ इंद्रारिव्याकुलंलोकंमृडयंतियुगेयुगे ॥ २८ ॥ जन्मगुह्यंभगवतोयएतत्प्रयतोनरः ॥ सायंप्रातर्गृणन्भक्त्यादुःखग्रामाद्विमुच्यते ॥२९॥ एतद्रूपंभगवतोह्यरूपस्यचिदात्मनः ॥ मायागुणैर्विरचितंमहदादिभिरात्मनि ॥ ३० ॥ यथानभसिमेघौघोरेणुर्वापार्थिवोऽनिले ॥ एवंद्रष्टरिदृश्यत्वमारोपितमबुद्धिभिः ॥ ३१ ॥ अतःपरंयदव्यक्तमव्यूढगुणव्यूहितं ॥ अदृष्टाश्रुतवस्तुत्वात्सजीवोयत्पुनर्भवः ॥ ३२ ॥ यत्रेमेसदसद्रूपेप्रतिषिद्धेस्वसंविदा ॥ अविद्ययात्मनिकृतेइतितद्ब्रह्मदर्शनं ॥ ३३ ॥ यद्येषोपरतादेवीमायावैशारदीमतिः ॥ संपन्नएवेतिविदुर्महिम्निस्वेमहीयते ॥ ३४ ॥ एवंजन्मानिकर्माणिह्यकर्तुरजनस्यच ॥ वर्णयंतिस्मकवयोवेदगुह्यानिहृत्पतेः ॥ ३५ ॥ सवाइदंविश्वममोघलीलःसृजत्यवत्यत्तिनसज्जतेऽस्मिन् ॥ भूतेषुचांतर्हितआत्मतंत्रःषाड्वर्गिकंजिघ्रतिषड्गुणेशः ॥ ३६ ॥

સમુદાય થકી મુકાઈ જાય છે. ॥ ૨૯ ॥ રૂપ રહીત અને ચૈતન્યમય આત્મા ભગવાનનાં મહતત્વ આદીના સ્વભાવવાળાં એ સઘળાં સ્વરૂપો એટલે સ્થુળ શરીરો માયાના ગુણો વડે રચાયલાં છે. ॥ ૩૦ ॥ જેમ બુદ્ધી વીનાના લોકો વાદળાંનેજ આકાશ, અને ઉડતી પૃથ્વીની રજનેજ પવન કહે છે. તેવી રીતે દેખવામાં આવતી વસ્તુઓ (એટલે એ સ્થુળ શરીરો રૂપે) નહીં દેખવામાં આવતા દ્રષ્ટારૂપ ચૈતન્ય મય અને રૂપ રહીત આત્મા ભગવાન થયેલાનું બુદ્ધી વીનાનાઓએ આરોપીત કર્યું છે. (એટલે માનેલું છે.) ॥ ૩૧ ॥ વળી એ સ્થુળ શરીરોથી જુદા પ્રકારનું દેખાતું નથી એવું અવયવાદીક વીનાનું અને ગુણો થકી બનેલું બીજું એક સુક્ષ્મ શરીર છે. જે વસ્તુ રૂપે ન હોવાથી જોવામાં કે સાંભળવામાં પણ નહીં આવવા છતાં, તે થકીજ જીવને પુનર્ભવ એટલે ફરી કરીને જન્મવાનું થાય છે. ॥ ૩૨ ॥ આ બંને સત અને અસત શરીરો (એટલે દેખવામાં આવતું સ્થુળ શરીર, અને નહીં દેખવામાં આવતું સુક્ષ્મ શરીર) નો નીષેધ, એ બન્ને, અવીદ્યા થકી આત્માને વીશે, આરોપ કરાયલાનું જાણવા વડે થાય છે. ત્યારે એ જીવને, પરબ્રહ્મ અથવા આત્મતત્વ ભગવાન ઓળખાય છે. ॥ ૩૩ ॥ અને જ્યારે એ પ્રકારની માયાદેવી, વૈશારદી એટલે એ આત્મજ્ઞાનની બુદ્ધિ થકી સંપન્ન થવા વડે ઉપરામ પામી જાય છે. ત્યારેજ એ રીતે જાણનારો જીવ પોતાના આત્મ સ્વરૂપના મહીમાને વીશે શોભે છે. ॥ ૩૪ ॥ એ પ્રમાણે અકર્તા અને જન્મ રહીત અંતર્યામી ઇશ્વર ભગવાનનાં વેદને વીશે છાનાં (એટલે નહીં કહેલાં ગુપ્ત રાખેલાં) જન્મો અને કર્મો વીગેરે વીદ્વાન પુરૂષોએ અજ્ઞાનીઓનું ભલું ઇચ્છીને વર્ણન કરેલ છે. ॥ ૩૫ ॥ વળી તેજ અમોઘ લીલાવાળા છ ઇંદ્રીયોના ઇશ્વર સ્વતંત્ર ભગવાન આ વીશ્વને સર્જે છે—પાળે છે—અને સંહાર કરે છે. તથા સર્વ પ્રાણી આદીના અંતરને

વીશે રહીને છ ઉર્મીયોના વીરાપોને પણ ગ્રહણ કરે છે. ॥ ૩૬ ॥ નટની કૃતીને અગ્નાનીઓ જેમ જાણતા નથી. તેમ વાણી અને મન થકી નામ અને રૂપનો વીસ્તાર કરતા ૩। એ ભગવાનની લીલાને તર્ક આદીક કરવામાં ગમે તેટલો હુશીયાર પણ, કુબુદ્ધીવાળો મનુષ્ય જાણી શકતો નથી. ॥ ૩૭ ॥ પણ જે મનુષ્યો કપટ રહીત અને અનુકુળ વૃત્તીથકી સર્વકાળ એ ભગવાનના ચરણ કમળની સુગંધને સેવનાર છે તેઓજ એ અનંત પરાક્રમો વાળા, અને હાથમાં ચક્ર ધરનાર, પરમપુરૂષ, મુગતત્વ રૂપ આત્મ ભગવાનના પદને જાણે છે. ॥ ૩૮ ॥ એટલા માટે જે લોકો અખીલ લોકના નાથ અને સર્વના આત્મારૂપ વાસુદેવ ભગવાનને વીશે આ પ્રકારનો મનથકીજ ભાવ રાખે. તેઓને ધન્ય છે. અને એથકી તેમને જન્મ મરણના કેશ થતા નથી. ॥ ૩૯ ॥ ઉત્તમ શ્લોક ભગવાનના ચરીત્રવાળું, આ વેદ અને પરબ્રહ્મ ભગવાને માન્ય કરેલું ભાગવત નામનું પુરાણ ભગવાન વેદ વ્યાસે કર્યું છે. ॥ ૪૦ ॥ અને તે અની ધન્ય તથા કલ્યાણના મોટા સ્થાન રૂપ, અને સર્વ વેદ તથા ઇતીહાસમાંથી સાર સાર ગ્રહણ કરીને બનાવેલું પુરાણ, તેમણે લોકના કલ્યાણને માટે આત્મગ્નાનીઓમાં શ્રેષ્ઠ પોતાના પુત્ર શુકદેવજીને ભણાવ્યું. ॥ ૪૧ ॥ અને તે શુકદેવજીએ ગંગાજીને કાંઠે "અનશન વ્રત" લેઈને એટલે અન્ન જળનો ત્યાગ કરીને બેઠેલા, તથા મોટા રૂશીઓએથી વીંટાએલા પરીક્ષીત રાજાને સંભળાવ્યું. ॥ ૪૨ ॥ ધર્મ અને ગ્નાન આદી સહીત શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા પછી કલીયુગમાં દ્રષ્ટીહીન થએલા લોકોને માટે આ ભાગવત પુરાણ રૂપી સુર્ય હમણાંજ ઉદય પામેલ છે. ॥ ૪૩ ॥ હે બ્રાહ્મણો ઘણા તેજવાળા બ્રહ્મરૂશી શુકદેવજીએ કહેતાં મેં પણ ત્યાં બેશીને તેમના અનુગ્રહથીજ સાંભળેલું છે. તે જેવી રીતે હું ભણ્યો. તેવું તથા મારી બુદ્ધી પ્રમાણે હું તમોને સંભળાવીશ. ॥૪૪॥ ઇ० શ્રી० ભા० પ્ર० સ્કં० ત્રી० અ० સં० ॥૩॥

नचास्यकश्चिन्निपुणेनधातुरवैतिजंतुःकुमनीषऊती ॥ नामानिरूपाणिमनोवचोभिःसंतन्वतोनटचर्यामिवाज्ञः ॥ ३७ ॥ सवेदधातुःपदवींपरस्यदुरंतवीर्यस्यरथांगपाणेः ॥ योमाययासंततयाऽनुवृत्त्याभजेततत्पादसरोजगंधं ॥ ३८ ॥ अथेहधन्याभगवंतइत्थंयद्वासुदेवेऽखिललोकनाथे ॥ कुर्वंतिसर्वात्मकमात्मभावंनयत्रभूयःपरिवर्त्तउग्रः ॥ ३९ ॥ इदंभागवतंनामपुराणंब्रह्मसम्मितं ॥ उत्तमश्लोकचरितंचकारभगवानृषिः ॥ ४० ॥ निःश्रेयसायलोकस्यधन्यंस्वस्त्ययनंमहत् ॥ तदिदंग्राहयामाससुतमात्मवतांवरं ॥ सर्ववेदेतिहासानांसारंसारंसमुद्धृतं ॥ ४१ ॥ सतुसंश्रावयामासमहाराजंपरीक्षितं ॥ प्रायोपविष्टंगंगायांपरीतंपरमर्षिभिः ॥ ४२ ॥ कृष्णेस्वधामोपगतेधर्मज्ञानादिभिःसह ॥ कलौनष्टदृशामेषपुराणार्कोऽधुनोदितः ॥ ४३ ॥ तत्रकीर्त्तयतोविप्राविप्रर्षेर्भूरितेजसः ॥ अहंचाध्यगमंतत्रनिविष्टस्तदनुग्रहात् ॥ सोऽहंवःश्रावयिष्यामियथाऽधीतंयथामति ॥ ४४ ॥ इतिश्रीभागवतेमहापुराणेप्रथमस्कंधेतृतीयोऽध्यायः ॥ ३ ॥ व्यास उवाच ॥ इतिब्रुवाणंसंस्तूयमुनीनांदीर्घसत्रिणाम् ॥ वृद्धःकुलपतिःसूतंबव्हृचःशौनकोऽब्रवीत् ॥ १ ॥ शौनकउवाच ॥ सूतसूतमहाभागवदनोवदतांवर ॥ कथाभागवतींपुण्यांयदाहभगवाञ्छुकः ॥ २ ॥ कस्मिन्युगेप्रवृत्तेयंस्थानेवाकेनहेतुना ॥ कुतःसंचोदितःकृष्णःकृतवान्संहितांमुनिः ॥ ३ ॥ तस्यपुत्रोमहायोगीसमदृङ्निर्विकल्पकः ॥ एकांतमतिरुन्निद्रोगूढोमूढइवेयते ॥ ४ ॥ दृष्ट्वानुयांतमृषिमात्मजमप्यनग्नंदेव्योह्रियापरिदधुर्नसुतस्यचित्रम् ॥ तद्वीक्ष्यपृच्छतिमुनौजगदुस्तवास्तिस्त्रीपुंभिदानतुसुतस्यविविक्तदृष्टेः ॥ ५ ॥ कथमालक्षितःपौरैःसंप्राप्तःकुरुजांगलान् ॥ उन्मत्तमूकजडवद्विचरन्गजसाव्हये ॥ ६ ॥ कथंवापांडवेयस्यराजर्षेर्मुनिनासह ॥ संवादःसमभूत्तातयत्रैषासात्वतीश्रुतिः ॥ ७ ॥ सगोदोहनमात्रंहिगृहेषुगृहमेधिनाम् ॥ अवेक्षतेमहाभागस्तीर्थीकुर्वंस्तदाश्रमम् ॥ ८ ॥ अभिमन्युसुतंसूतप्राहुर्भागवतोत्तमम् ॥ तस्यजन्ममहाश्चर्यंकर्माणिचगृणीहिनः ॥ ९ ॥

અધ્યાય ૪ થો.—વ્યાસ—એ રીતે બોલતા સુતનાં વખાણ કરીને ઘણા લાંબા કાળનો સત્ર કરનારાએ મુનીઓમાંના વૃદ્ધ—અને સર્વમાં મુખ્ય રૂગ્વેદી શૌનકરૂશી બોલ્યા કે. ॥ ૧ ॥—શૌનક—હે બોલનારાઓમાં શ્રેષ્ઠ ભાગ્યશાળી સુત, ભગવાન શુકે કલ્યાણકારી ભાગવતની જે કથા કહી છે. તે અમને કહો. ॥ ૨ ॥ આ સંહીતા શા હેતુથી ક્યા સ્થાનમાં--અને ક્યા યુગને વીશે પ્રવૃત થઇ. અને વ્યાસમુનીએ તે કોની પ્રેરણાથી કરી. ॥ ૩ ॥ તેમના પુત્ર મહાયોગી—સમદ્રષ્ટીવાળા—વીકલ્પ રહીત—એક બ્રહ્મને વીશે બુદ્ધીવાળા—અને માયારૂપી નીંદ્રા નાશ પામવાથી અપ્રકટ અને મુઢના સરખા જણાતા. ॥ ૪ ॥ અને નાગી અપ્સરાઓએ, વ્યાસજીને પોતાના પુત્રની પાછળ આવતા દેખીને વસ્ત્રો પેહેર્યાં, પરંતુ શુકદેવને દેખીને પહેર્યા નહીં. એ નવાઇ જેવું દેખીને વ્યાસે કારણ પુછતાં તે સ્ત્રીઓએ કહ્યું કે, આ સ્ત્રી અને આ પુરૂશ એવો ભેદ તમારા પુત્રની પવીત્ર દ્રષ્ટીમાં નથી અને તે તમારામાં છે, એવા. ॥ ૫ ॥ તે ઉન્મત અને જડની પેઠે ફરનાર છતાં કુરૂ અને જાંગલ દેશમાં થઇને હસ્તીના પુરમાં કેમ આવ્યા. તથા નગરના લોકોએ તેમને કેમ ઓળખ્યા. ॥ ૬ ॥ અને હે તાત, પાંડવોના પુત્ર પરીક્ષીતની સાથે, એ મુનીનો અને તેમનો સંવાદ કે જેમાં આ ભાગવતની સંહીતા છે. તે કેવે પ્રકારે થયો. કે જે મુની ગૃહસ્થાશ્રમીઓને ઘેર માત્ર દોહતા જેટલો વખત પણ, તે સ્થાનને પવીત્ર કરવાના હેતુથીજ થોભે છે તે સર્વ કહો. ॥ ૭ ॥ હે સુત, તેમણે અભીમન્યુના પુત્ર પરીક્ષીતને જે આ ઉત્તમ ભાગવત સંભળાવ્યું. તેનાં આશ્ચર્યકારક જન્મ અને કર્મો પણ અમને કહી સંભળાવો. ॥૮॥

અને પાંડવોના માનને વધારનાર એ, ચક્રવર્તીની લક્ષ્મીનો અનાદર કરીને તથા "અનશન" વ્રત ધારણ કરીને ક્યા હેતુથી ગંગાને કાંઠે બેઠા હતા. અને જેના ચરણ પાદની આગળ દ્રવ્ય મુકીને શત્રુઓ પોતાના ભલાને સારૂં નમતા હતા. એવા એ સુરવીર તથા જુવાન રાજાએ ન તજી શકાય એવી રાજ્યલક્ષ્મીનો પોતાના પ્રાણ સહીત, ત્યાગ કરવાની કેમ ઇચ્છા કરી. ॥ ૧૦–૧૧ ॥ વળી ઉત્તમ શ્લોક ભગવાનને પરાયણ મનુષ્યો પોતાના સ્વાર્થને માટે જીવતા નથી. પણ પ્રાણીઓના કલ્યાણને અર્થે–તેમનો ઉત્કર્ષ થવાને માટેજ જીવે છે. તો બીજાઓને આશ્રય આપનારૂં પોતાનું શરીર હોવાનું જાણ્યા છતાં, પરીક્ષીતે તે શરીરને કેમ છોડી દીધું. ॥ ૧૨ ॥ એ સર્વે અમે જે જે પુછ્યું તે સઘળું અમને તમે કહી સંભળાવો. કારણ વેદ સીવાય સઘળાં શાસ્ત્રોને વીશે આપ નીપુણ હોવાનું અમે માનીયે છીએ. ॥ ૧૩ ॥—સૂત—યુગના ફેરામાં ત્રીજો એટલે દ્વાપર યુગ બેઠા પછી પરાશરરૂશી થકી વાસવી (સત્યવતી) ને વીશે હરી ભગવાનના કળા રૂપ યોગી વ્યાસનો જન્મ થયો હતો. ॥ ૧૪ ॥ એ વ્યાસ મુની કોઇ એક દીવસે સુર્યોદય થતાં સરસ્વતી નદીને કીનારે એકાંત સ્થળમાં પવીત્ર જળનો સ્પર્શ કરીને બેઠા હતા. ॥ ૧૫ ॥ પર અને અવરને એટલે ભુત ભવીષ્યને જાણનાર, તે રૂશીએ અમોઘ દૃટીથી નહીં દેખવામાં આવતા કાળના વેગથી યુગે યુગે, યુગના ધર્મોમાં થઇ જતા ફેરફારને–શરીરો આદીક ભૌતીક પદાર્થોની શક્તીના તેથી થતા ઘટાડાને—અને શ્રદ્ધા વીનાનાં—સત્વ વીનાનાં,–મંદ બુદ્ધી વાળાં,–ઓછા આયુષ્યવાળાં,–તથા દુર્ભાગી મનુષ્યોને, પોતાની દીવ્ય દૃષ્ટીથી જોઇને, સર્વે વર્ણો અને આશ્રમોના હીતનો વીચાર કરયો. ॥ ૧૬—૧૭—૧૮ ॥ લોકને કરવાનું, વેદમાં કહેલું અને શુદ્ધ કર્મ ચાતુર્હોત્રને જાણીને તે વડે યજ્ઞ કરવાનું ચાલું રાખવા સારૂં એક વેદને ચાર પ્રકારનો કર્યો. ॥ ૧૯ ॥ એટલે વેદનો ઉદ્ધાર કરીને રૂગ્–યજુ

ससम्राट्कस्यवाहेतोःपांडूनांमानवर्धनः ॥ प्रायोपविष्टोगंगायामनादृत्याधिराट्श्रियम् ॥ १० ॥ नमंतियत्पादनिकेतमात्मनःशिवायहा नीयधनानिशत्रवः ॥ कथंसवीरःश्रियमंगदुस्त्यजांयुवैषतोत्स्रष्टुमहोसहासुभिः ॥११॥शिवायलोकस्यभवायभूतयेयउत्तमश्लोकपरायणा जनाः ॥ जीवंतिनात्मार्थमसौपराश्रयंमुमोचनिर्विद्यकुतःकलेवरं ॥ १२ ॥ तत्सर्वंनःसमाचक्ष्वपृष्टोयदिहकिंचन ॥ मन्येत्वांविषयेवाचां स्नातमन्यत्रछांदसात् ॥ १३ ॥ सूतउवाच ॥ द्वापरेसमनुप्राप्तेतृतीयेयुगपर्यये ॥ जातःपराशराद्योगीवासव्यांकलयाहरेः ॥ १४ ॥ सकदाचित्सरस्वत्याउपस्पृश्यजलंशुचि ॥ विविक्तदेशआसीनउदितेरविमंडले ॥ १५ ॥ परावरज्ञःसऋषिःकालेनाव्यक्तरंहसा ॥ युगधर्मव्यतिकरंप्राप्तंभुवियुगेयुगे ॥ १६ ॥ भौतिकानांचभावानांशक्तिह्रासंचतत्कृतं ॥ अश्रद्दधानान्निःसत्वान्दुर्मेधान्ह्रसितायुषः ॥ १७ ॥ दुर्भगांश्चजनान्वीक्ष्यमुनिर्दिव्येनचक्षुषा ॥ सर्ववर्णाश्रमाणांयद्दध्यौहितममोघदृक् ॥ १८ ॥ चातुर्होत्रंकर्मशुद्धंप्रजानांवीक्ष्यवैदिकं ॥ व्यदधाद्यज्ञसंतत्यैवेदमेकंचतुर्विधं ॥ १९ ॥ ऋग्यजुःसामाथर्वाख्यावेदाश्चत्वारउद्धृताः ॥ इतिहासपुराणांचपंचमोवेदउच्यते ॥ २० ॥ तत्रर्ग्वेदधरःपैलःसामगोजैमिनिःकविः ॥ वैशंपायनएवैकोनिष्णातोयजुषामुत ॥२१॥ अथर्वांगिरसामासीत्सुमंतुर्दारुणोमुनिः॥ इतिहासपुराणानांपितामेरोमहर्षणः ॥ २२ ॥ तएतऋषयोवेदंस्वंस्वंव्यस्यन्ननेकधा ॥ शिष्यैःप्रशिष्यैस्तच्छिष्यैर्वेदास्तेशाखिनोऽभवन् ॥ २३ ॥ तएववेदादुर्मेधैर्धार्यंतेपुरुषैर्यथा ॥ एवंचकारभगवान्व्यासःकृपणवत्सलः ॥ २४ ॥ स्त्रीशूद्रद्विजबंधूनांत्रयीनश्रुतिगोचरा ॥ कर्मश्रेयसिमूढानांश्रेयएवंभवेदिह ॥ इतिभारतमाख्यानंकृपयामुनिनाकृतं ॥ २५ ॥ एवंप्रवृत्तस्यसदाभूतानांश्रेयसिद्विजाः ॥ सर्वात्मकेनापियदानातुष्यद्धृदयंततः ॥ २६ ॥ नातिप्रसीदद्धृदयःसरस्वत्यास्तटेशुचौ ॥ वितर्कयन्विविक्तस्थइदंचोवाचधर्मवित् ॥ २७ ॥ धृतव्रतेनहिमयाछंदांसिगुरवोऽग्नयः ॥ मानितानिर्व्यलीकेनगृहीतंचानुशासनं ॥ २८ ॥ भारतव्यपदेशेनह्याम्नायार्थश्चदर्शितः ॥ दृश्यतेयत्रधर्मादिस्त्रीशूद्रादिभिरप्युत ॥ २९ ॥

–શામ–અને અથર્વણ એ રીતે ચાર કર્યા—તથા ઇતીહાસ અને પુરાણ એ પાંચમો વેદજ કહેવાય છે. ॥ ૨૦ ॥ તેમાં રૂગ વેદને ધરનારા પૈલરૂશી થયા. શામ વેદની પાર વીદ્વાન જૈમીની રૂષી ગયા. અને એકલા વૈશંપાયન રૂષી યજુર વેદમાં નીપુણ થયા. ॥ ૨૧ ॥ અંગીરાઓમાંથી સુમંતુ નામના અતી તીક્ષ્ણ મુની અથર્વ વેદમાં, અને મારા પીતા રોમહર્ષણ ઇતીહાસ અને પુરાણોમાં નીપુણ થયા હતા. ॥ ૨૨ ॥ એ બધા રૂશીઓએ પોત પોતાનો વેદ અનેક પ્રકારથી વીભાગો કરીને શીષ્યો—પ્રશીષ્યો—અને તેના શીષ્યોને શીખવતાં વેદ અનેક શાખાઓ વાળો થયો છે. ॥ ૨૩ ॥ એમ થવાથી થોડી બુદ્ધીવાળા પુરૂશોથી પણ વેદને ધારણ કરી શકાય એવું, રાંક જનો ઉપર દયા કરનાર વેદ વ્યાસે કર્યું. ॥ ૨૪ ॥ અને સ્રીઓ—શુદ્રો—અને દ્વીજ બંધુઓ એમની દૃદ્ગીયો, વેદની શ્રુતીઓમાં પ્રવર્ત્તી શકે એમ ન હોવાથી, એ થોડી બુદ્ધીવાળાંઓનું કલ્યાણ અહીંયાં આ રીતેજ થશે, એમ તેમના કલ્યાણનો વીચાર કરીને વ્યાસ મુનીએ તેમની ઉપર કૃપા કરી ભારતનું આખ્યાન કર્યું. ॥ ૨૫ ॥ હે દ્વીજો સર્વને વીશે આત્મા ભગવાન રહેલા છે. એવાં પ્રાણીઓ આદીકના કલ્યાણમાં આ રીતે સર્વ કાળ પ્રવૃતીવાળા એ વ્યાસમુની રહેતા છતાં પણ જ્યારે તેમનું હૃદય સંતોષ પામ્યું નહીં. ત્યારે તે ધર્મને જાણનારાએ, તર્ક વીતર્ક કરતાં, સરસ્વતીના પવીત્ર કીનારા ઉપર એકાંતમાં બેશીને કચવાયલા મનથી આ રીતે કહ્યું કે ॥ ૨૬—૨૭ ॥ મેં વ્રત ધારી એ વેદને—ગુરૂને—અને અગ્નીને નીષ્કપટપણે માન્યા છે. અને તેમની આજ્ઞાઓને ઉઠાવી છે. ॥ ૨૮ ॥ અને જેમાંથી

ઓએ—શુદ્રો—અને તેમના સરખાજ બીજાએ પણ પોતાના ધર્મોને ન્હુએ છે. એવું ભારત બનાવ્યા વડે વેદનો અર્થ પણ દેખાડી દીધો છે, ॥ ૨૯ ॥ પણ બ્રહ્મ તેજ વાળાઓમાં શ્રેષ્ટ એવો મારો દેહમાં રહેલો સમર્થ આત્મા પોતે પોતાથીજ અસંપન્ન સરખો જણાય છે. ॥ ૩૦ ॥ પરમહંસોને અને અચ્યુત ભગવાનને પણ જે પ્રીય છે, એવા ભાગવત ધર્મો શું મેં ઘણેકરી કરીને વર્ણન કરેલા નથી. ॥ ૩૧ ॥ એ પ્રમાણે પોતાને શુન્ય સરખા માનતા અને ખેદ પામતા એ કૃષ્ણ મુનીના પ્રથમ વર્ણન કરેલા આશ્રમને વીશે નારદ મુની પધાર્યા. ॥ ૩૨ ॥ દેવતાઓએ પુજેલા નારદ મુનીને આવ્યા જાણીને વેદ વ્યાસે સામાજવું આદી સત્કાર કર્યા પછી વીધી સહીત તેમનું પુજન કર્યું. ॥ ૩૩ ॥ ઈ૦ શ્રી૦ ભા૦ પ્ર૦ સ્કં૦ ચો૦ અ૦ સં૦ ॥૪॥

અધ્યાય. ૫ મો.—સૂત.—પછી તે સુખથી બેઠેલા—સેવા પામેલા—મોટા યશવાળા અને હાથમાં વીણાવાળા—દેવ ઋષી નારદે હસતા હોય તેમ વીપ્ર ઋષી વ્યાસજીને કહ્યું કે ॥ ૧ ॥—નારદ—હે મહાભાગ, પરાશરના પુત્ર, તમારો શરીરમાં રહેલો આત્મા, મન અને બુદ્ધી વડે પરીપુર્ણ સંતોષ પામેલો છે કે કેમ. ॥ ૨ ॥ તમારે જે જાણવાનું છે તે પણ તો તમે સારી રીતે સંપન્ન થયેલા છોજ. કેમકે સર્વ પ્રકારના અર્થથી પરીપુર્ણ એવું અદભુત અને મોટું ભારત તમે કરેલું છે. ॥ ૩ ॥ અને હે સમર્થ, જે સનાતન બ્રહ્મ જાણવાનું, તેને તો તમે જાણ્યું છેજ અને અભ્યાસ પણ કર્યો છે. ॥ ૪ ॥—વ્યાસ—આપે જે જે કહ્યું તે સઘળું મારે વીશે છે. તોપણ મારૂં મન સંતોષ પામતું નથી, માટે તેના નહીં જણાતા કારણ વીશે, બ્રહ્માના શરીરથી ઉત્પન્ન થયેલા અને અગાધ જ્ઞાનવાળા આપનેજ અમે પુછીએ છીએ. ॥ ૫ ॥ પર અને અવરના ઇશ્વર (એટલે પ્રકૃતીઓ રૂપ કારણો અને પદાર્થાદીક રૂપ કાર્યોના નીયામક) પુરાણ પુરૂષ ભગવાન ગુણોથકી અસંગ રહીને વિશ્વને સ્રજે છે—પાળે છે—અને નાશ કરે છે. તેમને તમે ઉપાસેલા હોવાથી સઘળી ગુપ્ત વાતો તો આપ જાણો છોજ ॥ ૬ ॥ આપ સુર્યની પેઠે ત્રીલોકીમાં પ્રાણીઓનાં શરીરોની બાહાર ફરોછો

अथापिबतमेदैह्योह्यात्माचैवात्मनाविभुः ॥ असंपन्नइवाभातिब्रह्मवर्चस्यसत्तमः ॥ ३० ॥ किंवाभागवताधर्मानप्रायेणनिरूपिताः ॥ प्रि याःपरमहंसानांतएवह्यच्युतप्रियाः ॥ ३१ ॥ तस्यैवंखिलमात्मानंमन्यमानस्यखिद्यतः ॥ कृष्णस्यनारदोऽभ्यागादाश्रमंप्रागुदाहृतं ॥ ३२ ॥ तमभिज्ञायसहसाप्रत्युत्थायागतंमुनिः ॥ पूजयामासविधिवन्नारदंसुरपूजितं ॥ ३३ ॥ इतिश्रीभागवतेमहापुराणेप्रथमस्कंधे चतुर्थोऽध्यायः ॥ ४ ॥ ॥ सूतउवाच ॥ अथतंसुखमासीनउपासीनंबृहच्छ्रवाः ॥ देवर्षिःप्राहविप्रर्षिंवीणापाणिःस्मयन्निव ॥ १ ॥ ॥ नारदउवाच ॥ पाराशर्यमहाभागभवतःकच्चिदात्मना ॥ परितुष्यतिशारीरआत्मामानसएववा ॥ २ ॥ जिज्ञासितंसुसंपन्नमपिते महदद्भुतं ॥ कृतवान्भारतंयत्त्वंसर्वार्थपरिबृंहितं ॥ ३ ॥ जिज्ञासितमधीतंचयत्तद्ब्रह्मसनातनं ॥ अथापिशोचस्यात्मानमकृतार्थइवप्रभो ॥ ४ ॥ व्यासउवाच ॥ अस्त्येवमेसर्वमिदंत्वयोक्तंतथापिनात्मापरितुष्यतेमे ॥ तन्मूलमव्यक्तमगाधबोधंपृच्छामहेत्वात्मभवात्मभूतं ॥ ५ ॥ सर्वंभवान्वेदसमस्तगुह्यमुपासितोयत्पुरुषःपुराणः ॥ परावरेशोमनसैवविश्वंसृजत्यवत्यत्तिगुणैरसंगः ॥ ६ ॥ त्वंपर्यटन्नर्कइव त्रिलोकीमंतश्चरोवायुरिवात्मसाक्षी ॥ परावरेब्रह्मणिधर्मतोव्रतैःस्नातस्यमेन्यूनमलंविचक्ष्व ॥ ७ ॥ नारदउवाच ॥ भवताऽनुदितप्रायं यशोभगवतोऽमलं ॥ येनैवासौनतुष्येतमन्येतद्दर्शनंखिलं ॥ ८ ॥ यथाधर्मादयश्चार्थामुनिवर्यानुकीर्तिताः ॥ नतथावासुदेवस्यमहिमाह्य नुवर्णितः ॥ ९ ॥ नयद्वचश्चित्रपदंहरेर्यशोजगत्पवित्रंप्रगृणीतकर्हिचित् ॥ तद्वायसंतीर्थमुशंतिमानसानयत्रहंसानिरमंत्युशिक्क्षयाः ॥ १० ॥ तद्वाग्विसर्गोजनताघविप्लवोयस्मिन्प्रतिश्लोकमबद्धवत्यपि ॥ नामान्यनंतस्ययशोऽंकितानियच्छृण्वंतिगायंतिगृणंतिसाधवः ॥ ११ ॥ नैष्कर्म्यमप्यच्युतभाववर्जितंनशोभतेज्ञानमलंनिरंजनं ॥ कुतःपुनःशश्वदभद्रमीश्वरेनचार्पितंकर्मयदप्यकारणं ॥ १२ ॥ अ थोमहाभागभवानमोघदृक्शुचिश्रवाःसत्यरतोधृतव्रतः ॥ उरुक्रमस्याखिलबंधमुक्तयेसमाधिनाऽनुस्मरतद्विचेष्टितं ॥ १३ ॥

અને વાયુની પેઠે તેની અંદર પણ ફરનારા હોવાથી તેમના મનની વૃતીઓને જાણનારા છો, તેથી ધર્મો એટલે યોગાદીક વડે, પર અને અવરને વીશે રહેલા પરબ્રહ્મના પારને પામેલા, તથા અધ્યયનાદીક વ્રતોવડે વેદના પારને પામેલા તમોમાં જે કાંઇ ન્યુનતા હોય તે આપ કહી સંભળાવો. ॥ ૭ ॥—નારદ—ધર્માદીક તથા અર્થાદીકને તમે જેવી રીતે વર્ણવ્યા છે. તેવી રીતે વાસુદેવ ભગવાનના મહીમાને વર્ણવેલ નથી અને ભગવાનના નીર્મળ યશને તો તમે નહીં કહ્યા સરખોજ કહ્યો છે. (અર્થાત સંક્ષેપમાત્ર કોઇ કોઇ ઠેકાણેજ તે વીશે બોલ્યા છો) એથી કરીને તમને સંતોષ નહીં થતાં, તમે શુન્ય સરખા થયેલા દેખાવાનું હું માનું છું. ॥ ૮ ॥ જગતને પવીત્ર કરનારા હરી ભગવાનના યશને નહીં ગાનારા એવા હરકોઇ વીચીત્ર પદવાળા વાક્ય રૂપી, કાગડાઓને પ્રીતી થવાના સ્થાનક રૂપ તે " કાક તીર્થમાં " સત્વગુણી મનરૂપી માનસ સરોવરમાં રહેનારા હરી ભગવાનને વીશે પ્રીતીવાળા ભક્તો હંસો, પોતાના સ્થાનકનો નાશ થઇ ગયા છતાં પણ, કદીએ રમનાજ નથી ॥ ૯ ૧૦ ॥ પણ માણસોના પાપના ઢગલાને બાળી નાંખે તેજ વાણીનો વીસર્ગ અને વાક્યનું બોલવું છે. જેમાં પ્રત્યેક સ્થળે શ્લોક શ્લોકને વીશે બંધ બેસતા આવે એવા શબ્દો નથી હોતા પણ અનંત ભગવાનના યશથી ચીન્હ થયેલાં નામોજ હોય છે. તેને સાધુ પુરૂષો ગાય છે—સાંભળે છે—અને સંભળાવે છે. ॥ ૧૧ ॥ નીર્મળ અને ઉપાધી વીનાનું અને નીવૃતીપર જ્ઞાન પણ, જો અચ્યુત ભગવાનની ભક્તી રહીત હોય તો તે શોભતું નથી. તો પછી ઇશ્વરને અર્પણ કર્યા વીનાનાં નીરંતર અ કલ્યાણ રૂપ કામ્ય અને આ કામ્ય કર્મો તો ક્યાંથીજ શોભે. ॥ ૧૨ ॥ હે મહા ભાગ એટલા માટે અમોઘ દ્રષ્ટીવાળા—પવીત્ર યશવાળા—સત્યમાં પ્રીતીવાળા—અને વ્રતોને ધારણ કરનારા, તમે ઉરૂ ક્રમ ભગવાનની લીલાઓને સમાધી

ને ચાર કરીને, સર્વ જગતના બંધનને મટાડવાને અર્થે, વર્ણન કરો. ॥ ૧૩ ॥ એ સીવાયની બીજી કોઇ પણ બાબતનું વર્ણન કરવાને ઇચ્છનારની, ભેદ દ્રષ્ટી વાળા નામો અને રૂપોનું વર્ણન કરવાથી ખરાબ થયેલી મતી, વાયુથી હીલોળે ચડેલા વહાણની પેઠે, કોઇ પણ ઠેકાણે અને કદીએ સ્થીર થતી નથી. ॥ ૧૪ ॥ આપણે મારગે ચાલનારા લોકો કામ્ય કર્મોને વીશે સ્વભાવથીજ પ્રીતીવાળા છે. તેઓ જેનાં વચનોને ધર્મ કરીને માને છે. તેજ આપે ધર્મનાં કર્તા તરીકે, તેજ નીંદીત કામ્ય કર્મો કરવાને તેમને ઉપદેશ કર્યો છે. એ આપનો મોટો અન્યાય છે. અને તે થકી તેમનું નીવારણ થવાનું મનાતું નથી. ॥ ૧૫ ॥ એટલા માટે સમર્થ—અનંત—અને અપાર તથા ગુણોને વીશે પ્રવર્તમાન થવા છતાં તેમને વીશે આશક્તી વીનાના, ભગવાનની લીલાઓને, નીવૃતીથી અને સુખે કરીને તમો વીચીક્ષણ હોવાથી જાણવાને સમર્થ છો. માટે તેનું આપ વર્ણન કરો. ॥ ૧૬ ॥ સ્વધર્મનો ત્યાગ કરીને હરી ભગવાનના ચરણ કમળનું ભજન કરનારો જો કદાચ યોગ પરી-પકવ થતા પેહેલાં, યોગ થકી ભ્રષ્ટ થાય તોપણ તેનું કોઇ પ્રકારે અકલ્યાણ થતું નથી. ત્યારે સ્વધર્મનું ફક્ત આચરણ કરનારાઓને, તે થકી શો લાભ થાય છે. (અર્થાત તેમને કાંઇજ વધું ફળ નથી.) ॥ ૧૭ ॥ એ-ટલા માટે ઉપર અને હેઠે ભટકતા બ્રહ્માથી માંડીને સ્થાવર પર્યંત સર્વને જે મળી શકતું નથી. એવું હરી ભ-ગવાનના ચરણ કમળનું ભજન કરવાના હેતુને માટેજ ડાહ્યા પુરૂશોએ પ્રયત્ન કરવો જોઇએ. સુખાદીકતો દુઃખ-ની પેઠેજ ગંભીર વેગવાળા કાળથી સર્વત્ર એટલે સર્વે જન્મોમાં મળેછેજ ॥ ૧૮ ॥ હે વ્યાસજી, મુકુંદ ભગ-વાનને સેવનારો પુરૂશ, જેમ બીજાઓ જન્મ મરણ પામે છે, તેમ કદી પણ સંસારને પામતો નથી. કેમકે મુકુંદ ભગવાનના ચરણારવીંદના સ્પર્શને સંભારતો, અને તેના રસને ગ્રહણ કરતો પુરૂશ, ફરીથી તેને તજવાને ઇચ્છતોજ નથી. ॥ ૧૯ ॥ આ વીશ્વ એટલે દ્વૈત માત્ર ભગવાનથી જુદું હોય એમ જણાતા છતાં, જેનામાં એની ઉત્પત્તી—સ્થીતી—અને લય છે. એવા ભગવાન રૂપજ તે સઘળું છે. એમ તમે પોતે જાણોછોજ. છતાં

ततोऽन्यथाकिंचनयाद्विव[क्ष]तःपृथग्दृशस्तत्कृतरूपनामभिः॥नकुत्रचित्क्वापिचदुःस्थितामतिर्लभेतवाताहतनौरिवास्पदं ॥१४॥ जुगुप्सितं
धर्म[कृ]तेऽनुशासतःस्वभावरक्तस्यम[हा]न्व्यतिक्रमः॥ यद्वाक्यतोधर्मइतीतरःस्थितोनमन्यतेतस्यनिवारणंजनः॥१५॥विचक्ष[णो]ऽस्यार्हतिवे
दितुंविभोरनंतपारस्यनि[वृ]त्तितःसुखं॥ प्रवर्त्तमानस्यगुणैरनात्मनस्ततोभवान्दर्शयचेष्टितंविभोः ॥१६॥त्यक्त्वास्वधर्मंचरणांबुजंहरेर्भजन्न
पक्वोऽथपतेत्ततो[य]दि॥ यत्रक्ववाऽभद्रमभूदमुष्यकिंकोवाऽर्थआप्तोभजतांस्वधर्मतः ॥१७॥ तस्यैवहेतोःप्रयतेतकोविदोनलभ्यतेयद्भ्रमतामु
पर्यधः॥तल्लभ्यतेदुःखवदन्यतःसुखंकालेनसर्वत्रगभीररंहसा॥१८॥नवैजनोजातुकथंचनाव्रजेन्मुकुंदसेव्यन्यवदंगसंसृतिम् ॥ [स्म]रन्मुकुं
[दांघ्र्युपगूहनंपुनर्विहातुमिच्छेन्नरसग्रहो]जनः ॥१९॥ इदंहिविश्वंभगवानिवेतरोयतोजगत्[स्था]ननिरोधसंभवाः॥तद्धिस्वयंवेदभवांस्तथाऽपिवे
प्रादेशमात्रंभवतःप्रदर्शितं ॥२०॥त्वमात्मनात्मानमवेत्यमोघदृक्परस्यपुंसःपरमात्मनःकलां॥ अजंप्रजातंजगतःशिवायतन्महानुभावा
भ्युदयोधिगण्यतां॥२१॥इदंहिपुं[सस्तपसः]श्रुतस्यवास्विष्टस्यसूक्तस्यचबुद्धिदत्तयोः॥अविच्युतोर्थःकविभिर्निरूपितोयदुत्तम[श्लोक]गुणानुव
र्णनं॥२२॥अहंपुराऽतीतभवेऽभवंमुनेदास्यास्तुकस्याश्चनवेदवादिनां॥ निरूपितोबालकएवयोगिनांशुश्रूषणे[प्रावृ]षिनिर्विविक्षतां॥२३॥तेम
[य्य]पेताखिलचापलेऽर्भकेदांतेधृतक्रिडनकेऽनुवर्तिनि ॥चक्रुःकृपांयद्यपितुल्यदर्शनाःशुश्रूषमाणेमुनयोऽल्पभाषिणि॥२४॥उच्छि[ष्ट]लेपाननु
मोदितोद्विजैःसकृत्स्मभुंजेतदपास्तकि[ल्]बिषः॥एवंप्रवृत्तस्यविशुद्धचेतसस्तद्धर्मएवात्मरुचिःप्रजायते॥२५॥ तत्रान्वहंकृष्णकथाःप्रगाय[ता]
[मनु]ग्रहे[णा]शृणवंमनो[ह]राः॥ ताःश्रद्धयामेऽनुपदंविशृण्वतःप्रियश्रवस्यंगममाभवद्रुचिः ॥२६॥तस्मिंस्तदालब्धरुचेर्महामुनेप्रियश्रवस्यस्ख
लितामतिर्मम ॥ ययाहमेतत्सदसत्स्वमाययापश्येमयिब्रह्मणिकल्पितंपरे ॥२७॥ इत्थंशरत्प्रावृषिकावृतूहरेर्विशृण्वतोमेनुसवंयशोमलं॥
संकीर्त्यमानंमुनिभिर्महात्मभिर्भक्तिःप्रवृत्तात्मरजस्तमोपहा ॥२८॥ तस्यैवंमेऽनुरक्तस्यप्रश्रितस्यहतैनसः॥ श्रद्दधानस्यबालस्यदांतस्या

પણ મેં તમને સેહેજ અંકુર તરીકે કાંઇક કહ્યું છે. ॥ ૨૦ ॥ હે અમોઘ દ્રષ્ટીવાળા, તમે તમારા આત્માનેજ, જગતના કલ્યાણને માટે અજન્મા અને પરમાત્મા પરમ પુરૂશોત્તમ ભગવાનની કળારૂપે અવતરેલો પોતાની બુ-દ્ધીથી જાણો. અને એ મોટા પ્રભાવવાળા ભગવાનનાં પરાક્રમોને વર્ણવો. ॥ ૨૧ ॥ ઉત્તમ શ્લોક ભગવાનના ગુણોનું વર્ણન કરવું. એજ પુરૂશને તપનું અને બુદ્ધીએ આપેલા શાસ્ત્ર શ્રવણ તથા મન ગમતાં વાક્યો જોડવા આદીનું નાશ ન પામે એવું ફળ હોવાનું કવીઓએ કહેલું છે. ॥ ૨૨ ॥ હે મુની પ્રથમ થઇ ગયેલા જન્મ-માં હું કોઇ એક વેદવાદી બ્રાહ્મણની દાસીનો પુત્ર હતો. ત્યાં બાળક અવસ્થામાંજ મને ચોમાસું ગાળવાને ઇચ્છતા યોગીઓની સેવામાં રાખ્યો હતો. ॥ ૨૩ ॥ તે મુનીઓ સમદર્શી હોવા છતાં પણ, બાળકપણાની સર્વ ચપળતા જતી રહેલા—જીતેંદ્રીય—રમવાનાં સાધનો તજેલા—અનુકુળ વર્તનારા—થોડું બોલનારા—અને સેવા કરનારા, હું ઉપર તેઓ કૃપા રાખતા હતા. ॥ ૨૪ ॥ તે બ્રાહ્મણોએ હા કહેવાથી વાસણોમાં ચોંટી રહે-લા તેમના છાંડેલા અન્નને જમવાથી, મારાં સઘળાં પાપ બળી ગયાં. અને એવી રીતે મારી શુદ્ધ અંતઃકરણથી તેમની સેવા કરવાથી મને તેમના ધર્મને વીશે (એટલે ભગવત ભજનમાં) રૂચી ઉત્પન્ન થઇ. ॥ ૨૫ ॥ હે અંગ, ત્યાં દરરોજ કૃષ્ણ ભગવાનની મનોહર કથાઓ ગવાતી હતી, તે તેમના અનુગ્રહથી હું સાંભળતો હતો. તે કથાઓ શ્રદ્ધા સહીત પદેપદ મેં સાંભળવા થકી મને જેનું શ્રવણ પ્રીય છે એવા ભગવાનને વીશે રૂચી થઇ ॥ ૨૬ ॥ હે મહામુની તેમાં મને રૂચી થવાથી તે વખતેજ પ્રીય શ્રવણવાળા ભગવાનને વીશે મારી દ્રઢ બુ-દ્ધી થઇ. કે જેથી પરબ્રહ્મ ભગવાનને વીશેજ સત અને અસતરૂપ એટલે જોવામાં આવતું અને નથી દેખાતું એવું આ જગત માયાવડેજ કલ્પાયલાનું મને જણાવા લાગ્યું. ॥ ૨૭ ॥ આ રીતે મહાત્મા મુનીઓએ ગવાતા હરી ભગવાનના નીર્મળ યશને શરદ અને વરસાઋતુમાં દરરોજ સવારે—બપોરે—અને સાંજે એમ ત્રણેકાળ સાંભળવા થકી બુદ્ધીના રજોગુણ તથા તમો ગુણને મટાડનારી ભક્તી મને પ્રાપ્ત થઇ. ॥ ૨૮ ॥ એ પ્રકારથી

તેમના પ્રીતી પાત્ર—વીનયવાન—પાપ રહીત—શ્રદ્ધાવાન—બાળક—અને જીતેંદ્રીય—તથા ચાકર, એવા મને, તે દીન દયાળું અને જવાની ઇચ્છાવાળા મુનીઓએ દયા કરીને છાનામાં છાનું, અને સાક્ષાત ભગવાને પોતે ઉપદેશ કરેલું જ્ઞાન કહી સંભળાવ્યું. ॥ ૨૯ ૩૦ ॥ એ પ્રકારે જેથી ભગવાનના પદને પમાય છે. તે સૃષ્ટી કરતા વાસુદેવ ભગવાનની માયાના આ રીતના પ્રભાવને મેં જાણ્યો. ॥ ૩૧ ॥ હે બ્રાહ્મણ, ત્રણેતાપ (અધીભુત—અધીદૈવ—અને અધ્યાત્મ) ના ઔષધરૂપ, પરબ્રહ્મ ઇશ્વર ભગવાનને અર્પણ કરાવવું મારૂં એ રીતનું કર્મ મેં તમને કહી સંભળાવ્યું. ॥ ૩૨ ॥ હે સારાં વ્રતવાળા, પ્રાણીઓને જે પદાર્થાદીકથી રોગ થયો હોય. તેજ પદાર્થાદીક, જો ચીકીત્સા કર્યા વીનાનાં, એટલે તેની અંદર બીજી વસ્તુની મેળવણી વીગેરે કરીને સુદ્ધ કરેલ ન હોય તો તે, એ રોગને મટાડી શકતાં નથી. તેવીજ રીતે મનુષ્યોના સર્વે ક્રીયા યોગો (એટલે યજ્ઞ, પુન્ય, આદીક સઘળા પ્રકારનાં કર્મો.) જન્મ મરણને આપનારાંજ છે. પણ તેજ કર્મોની જો પરમાત્માને અર્પણ કરવા રૂપ શુદ્ધી કરવામાં આવે તો, તે જન્મ મરણનો નાશ કરનારાં થઇ શકે છે. ॥ ૩૩—૩૪ ॥ ભગવાનને પ્રસન્ન કરવાને માટે જે કર્મો અહીંયાં કરવામાં આવે છે. તેઓ થકી ભગવાનને આધીન એવું જ્ઞાન ભક્તી યોગ સહીત ઉત્પન્ન થાય છે. ॥ ૩૫ ॥ એટલા માટે ભગવાને ઉપદેશ કર્યા પ્રમાણે (એટલે ભગવાનને અર્પણ કરેલાં) કર્મો, સંપુર્ણ રીતે કરનારા પુરૂષો કૃષ્ણ ભગવાનનાં નામોનું અને ગુણોનુંજ કીર્તન અને સ્મરણ કર્યા કરે છે. ॥ ૩૬ ॥ વાસુદેવ—પ્રધુમ્ન—અનીરૂદ્ધ—અને સંકર્ષણ વીગેરે નામો વાળા તમે ભગવાનને બુદ્ધીપુર્વક નમસ્કાર છે. ॥ ૩૭ ॥ મંત્ર મુર્તી અને આકૃતી વીનાના યજ્ઞ પુરૂષ ભગવાનને, એ પ્રમાણેની મુર્તીઓ વાળાં નામોથી જે પુજે છે તે પુરૂષ, સર્વને જાણનારો એટલે ઉત્તમ જ્ઞાનવાન થાય છે.॥ ૩૮ ॥ હે બ્રાહ્મણ, કેશવ ભગવાને ઉપદેશ કર્યા પ્રમાણેનુંજ, મારૂં આ પ્રમાણેનું આચરણ જોવાથી તેમણે મને જ્ઞાન—ઐશ્વર્ય—અને પોતાને વીશે પ્રીતી, એ સઘળું આપ્યું. ॥ ૩૯ ॥ તમે પણ બહુ શ્રુત અને અજ્ઞાન રહીત છો.

नुचरस्यच ॥२९॥ ज्ञानंगुह्यतमंयत्तत्साक्षाद्भगवतोदितं॥अन्ववोचन्गमिष्यंतःकृपयादीनवत्सलाः ॥३०॥ येनैवाहंभगवतोवासुदेवस्यवे
धसः ॥ मायानुभावमविदंयेनगच्छंतितत्पदं ॥३१॥ एतत्संसूचितंब्रह्मंस्तापत्रयचिकित्सितं॥यदीश्वरेभगवतिकर्मब्रह्मणिभावितं ॥३२॥
आमयोयश्चभूतानांजायतेयेनसुव्रत ॥ तदेवह्यामयंद्रव्यंनपुनातिचिकित्सितं ॥३३॥ एवंनृणांक्रियायोगाःसर्वेसंसृतिहेतवः॥तएवात्मवि
नाशायकल्पंतेकल्पितापरे ॥३४॥ यदत्रक्रियतेकर्मभगवत्परितोषणं॥ ज्ञानंयत्तदधीनंहिभक्तियोगसमन्वितं ॥३५॥ कुर्वाणायत्रकर्माणिभ
गवच्छिक्षयाऽसकृत्॥गृणंतिगुणनामानिकृष्णास्यानुस्मरंतिच ॥३६॥नमोभगवतेतुभ्यंवासुदेवायधीमहि ॥ प्रद्युम्नायानिरुद्धायनमःसंकर्ष
णायच ॥३७॥ इतिमूर्त्यभिधानेनमंत्रमूर्तिममूर्तिकं ॥ यजतेयज्ञपुरुषंससम्यग्दर्शनःपुमान् ॥३८॥ इमंस्वनिगमंब्रह्मन्नवेत्यमदनुष्ठितं ॥
आदान्मेज्ञानमैश्वर्यंस्वस्मिन्भावंचकेशवः ॥ ३९॥ त्वमप्यदभ्रश्रुतविश्रुतंविभोःसमाप्यतेयेनविदांबुभुत्सितं ॥ आख्याहिदुःखैर्मुहुरर्दि
तात्मनांसंक्लेशनिर्वाणमुशंतिनान्यथा ॥४०॥ इतिश्रीभागवतेमहापुराणेप्रथमस्कंधेव्यासनारदसंवादेपंचमोऽध्यायः ॥५॥ सूतउवाच ॥
एवंनिशम्यभगवान्देवर्षेर्जन्मकर्मच॥भूयःपप्रच्छतंब्रह्मन्व्यासःसत्यवतीसुतः॥१॥ व्यासउवाच भिक्षुभिर्विप्रवसितेविज्ञानादेष्टृभिस्तव॥
वर्त्तमानोवयस्याद्येततःकिमकरोद्भवान् ॥ २ ॥ स्वायंभुवकयावृत्त्यावर्तितंतेपरंवयः ॥कथंचेदमुदस्राक्षीःकालेप्राप्तेकलेवरं ॥३॥ प्राक्कल्प
विषयामेतांस्मृतिंतेसुरसत्तम ॥नह्येपव्यवधात्कालएपसर्वनिराकृतिः ॥४॥ नारदउवाच भिक्षुभिर्विप्रवसितेविज्ञानादेष्टृभिर्मम॥वर्त्तमानो
वयस्याद्येततएतदकारषं ॥५॥ एकात्मजामेजननीयोपिन्मूढाचकिंकरी ॥ मय्यात्मजेऽनन्यगतौचक्रेस्नेहानुबंधनं ॥६॥ साऽस्वतंत्रानकल्पा
सीद्योगक्षेमंममेच्छती ॥ ईशस्यहिवशेलोकोयोपादारुमयीयथा॥७॥अहंचतद्ब्रह्मकुलऊपिवांस्तदवेक्षया ॥ दिग्देशकालाव्युत्पन्नोबालकः
पंचहायनः ॥८॥ एकदानिर्गतांगेहाद्दुहंतींनिशिगांपथि ॥ सर्पोऽदशत्पदास्पृष्टःकृपणांकालचोदितः ॥९॥ तदातदहमीशस्यभक्तानांशम

માટે દુઃખથી વારંવાર પીડાતા પુરૂષોના ક્લેશોનો નાશ, જેના વીના બીજા કશાથી થતો નથી. એવા સમર્થ ભગવાનના વીખ્યાત યશને વર્ણવો. કે વીદ્વાન પુરૂષોને તે ઉપરાંત બીજું કાંઇ ઇચ્છવાનું રહેતું નથી. ॥ ૪૦ ॥ ઇતી શ્રી૦ ભા૦ પ્ર૦ સ્કંધે પાંચમો અધ્યાય સંપુર્ણ. ॥ ૫ ॥

અધ્યાય ૬ ઠો.—સૂત—હે બ્રાહ્મણ, એ રીતે ભગવાન દેવ રૂષીનો જન્મ તથા કર્મ સાંભળીને સત્યવતીના પુત્ર વ્યાસે તેમને ફરીથી પુછ્યું કે. ॥ ૧ ॥—વ્યાસ—તમને જ્ઞાનનો ઉપદેશ કરનારા સંન્યાસીઓ દુર દેશ ગયા. ત્યારે બાળક અવસ્થાને ભોગવતા તમોએ પછીથી શું કર્યું. ॥ ૨ ॥ હે બ્રહ્માના પુત્ર, તે પછીની અવસ્થામાં તમે કેવી રીતની આજીવીકાવડે ગુજરાન ચલાવ્યું. અને કાળ આવ્યો ત્યારે તમારા એ શરીરનો ત્યાગ કેવી રીતે કર્યો. ॥ ૩ ॥ અને હે દેવતાઓ થકી ઉત્તમ આ પુર્વ કલ્પના સંબંધી તમારી સ્મૃતી સર્વનો નાશ કરનારા કાળ થકી કેમ નાશ પામી નથી. ॥ ૪ ॥—નારદ—મને જ્ઞાન આપનારા સંન્યાસીઓ દુર દેશ ગયા પછી, પહેલી એટલે બાળક અવસ્થામાં રહેલા મે પાછળથી નીચે પ્રમાણે કર્યું હતું. ॥ ૫ ॥ એક પુત્રવાળી—સ્ત્રી—મુઢ—દાસી—અને બીજા શરણ વીનાની મારી મા, હું દીકરાને વીશેજ સ્નેહના બંધનથી, બંધાઇ ગઇ હતી. ॥ ૬ ॥ લાકડાની પુતળીઓની પેઠે લોકો ઇશ્વરને વશ હોવાથી, અસ્વતંત્ર એવી તે પોતે ઇચ્છા કરવા છતાં પણ મારૂં કુશળ ક્ષેમ કરી શકતી નહોતી. ॥ ૭ ॥ અને પાંચ વરસનો—બાળક—તથા દીશાઓ, દેશ, અને કાળ થકી અજાણ્યો એવો હું પણ તેની નજર તળે રહેતો હતો. ॥ ૮ ॥ એક દીવસે રાતની વખતે મારી મા ગાય દોહોવાને ઘરમાંથી નીકળી. ત્યાં માર્ગમાં પગથી દબાયલો સાપ કાળની પ્રેરણાથી તે બીચારીને કરડ્યો. ॥ ૯ ॥ ત્યારે ભક્ત જનોની શાંતીને ઇચ્છનાર ભગવાનનો એ મારા ઉપર અ-

તુષ્ટ થયેલો મેં માન્યો. અને હું ઉત્તર દીશા તરફ ચાલી નીકળ્યો. ॥ ૧૦ ॥ ત્યાં સમૃદ્ધીવાળા દેશો—ગામો
વ્રજ એટલે નેહડા—આકર એટલે ખાણોવાળાં ગામો, ખેડુનાં ગામ—પર્વતની તળાટીનાં ગામો—વાડીઓ વન
ઉપવન. ॥ ૧૧ ॥ ચીત્ર વીચીત્ર ધાતુઓવાળા પર્વતો—હાથીઓએ ભાગી નાંખેલી ડાળોવાળાં ઝાડો—સુંદર પાણી
વાળાં જળાશયો—અને રંગ બેરંગી પક્ષીઓ અને ભમરાઓએ ગાયન કરાતાં તથા દેવતાઓએ શેવેલાં તળા-
વોને, હું એકલોજ ઓળંગી ગયો. તે પછી નકુર અને પોલા વાંસથી, તથા ઘાસનાં થડીઓ, ડાભ અને પોલા
વાંસ થકી જેમાં પેસી પણ ન શકાય એવું, અતી ઘાડું અને ભયંકર; સાપ, ઘુડ, અને શીયાળીઆં વીગેરેને
રમવાના સ્થાનરૂપ એક મોટું અને ઘોર વન મેં દીઠું ॥ ૧૨—૧૩ ॥ ૧૪ ॥ હું ભુખ્યો તરસ્યો અને શરીર
તથા ઇંદ્રીયો થકી થાકેલો થયો હતો. તેથી નદીના એક ગુન્હામાં નાહ્યો અને પાંણી પીધું. ને પાણીના રૂપ-
શથી થાક રહીત થયો. ॥ ૧૫ ॥ અને એ નીર્જન વનમાં પીંપળાના થડ પાસે બેસીને બુદ્ધીવડે હૃદયમાં રૂ-
હેલા આત્માનું જે રીતે સાંભળેલું હતું, તે રીતે ચીંતવન કરવા લાગ્યો, ॥ ૧૬ ॥ ત્યારે પ્રીતીવડે વશ કરેલા
મનમાં હરી ભગવાનના ચરણ કમળનું ધ્યાન કરવાથી ઉત્કંઠાને લીધે આંખ્યોમાં આંસુ આવી ગયેલા મારા
હૃદયને વીશે ધીમેથી એ હરી ભગવાન પ્રકટ થયા. ॥ ૧૭ ॥ તેથી હે મુની, પ્રેમના અત્યંત ભારથી શરીરે
રોમાંચીત થયેલા—ઘણી નીવૃત્તી પામેલા—અને અતી આનંદમાં ડુબેલા મને; જોનાર અને જોવાની વસ્તુ, એ બે
વાનાં જુદાં દેખવામાં આવ્યાં નહીં. (અર્થાત એક પરમાત્મા સીવાય બીજું કાંઇજ દેખાયું નહીં.) ॥ ૧૮ ॥
અને મનને ગમે એવું તથા શોકને મટાડનારૂં ભગવાનનું સ્વરૂપ દેખીને વીકળપણાથી ચીત ભમી ગયેલાની
પેઠે હું ઉભો થયો. ॥ ૧૯ ॥ પછી ફરીથી જોવાને સારૂં મનને હૃદયમાં સ્થીર કરીને મેં જોવા માંડયું, પણ
જ્યારે દેખવા પામ્યો નહીં, ત્યારે તૃપ્તી નહીં પામેલો હું આતુર સરખો થઇ ગયો. ॥ ૨૦ ॥ એ રીતે મ-
નુષ્ય વીનાના સ્થાનમાં યત્ન કરનારા મને, શોક શમાવવાની પેઠે ગંભીર અને સુંદર વચનથી આકાશ વાણીએ

भीप्सतः॥अनुग्र ंमन्यमानःप्रातिष्ठंदिशमुत्तरां ॥१०॥ स्फीताञ्जनपदांस्त त्रपुरग्रामव्रजाकरान् ॥ खेटखर्वटवाटीश्चवनान्युपवनानिच
॥११॥चित्रधातुविचित्राद्रीनिभभग्नभुजद्रुमान् ॥जलाशयान्शिवजलान्नलिनीःसुरसेविताः ॥१२ ॥ चित्रस्वनैःपत्ररथैर्विभ्रमद्भ्रमरश्रियः
नलवेणुशरस्तंबकुशकीचकगह्वरं॥१३॥ एकएवातियातोऽहमद्राक्षंविपिनंमहत् ॥घोरंप्रतिभयाकारंव्यालोलूकशिवाजिरं ॥१४॥ परिश्रांतें
[illegible]भुक्षितः॥स्नात्वापीत्वाह्रदेनद्याउपस्पृष्टोगतश्रमः ॥१५॥ तस्मिन्निर्मनुजेऽरण्येपिप्पलोपस्थआस्थितः॥आत्मनात्मा
नमात्मस्थंयथाश्रुतमचिंतयं ॥१६॥ ध्यायतश्चरणांभोजंभावनिर्जितचेतसा ॥औत्कंठ्याश्रुकलाक्ष[illegible]नैर्हरिः ॥१७॥ प्रेमाति
भरनिर्भिन्नपुलकांगोऽतिनिर्वृतः ॥ आनंदसंप्लवेलीनोनापश्यमुभयंमुने ॥१८॥ रूपंभगवतोयत्तन्मनःकांतंशुचाऽपहं ॥अपश्यन्स[illegible]सोत्तस्थे
वैक्लव्यादुर्मनाइव ॥१९॥ दिदृक्षुस्तद्[illegible]भूयःप्रणिधायमनोहृदि॥वीक्षमाणोऽपिनापश्यमवि[illegible]इवातुरः ॥२०॥ [illegible]वंयतंतंविजनेमामाहागो
चरोगिरां ॥गंभीरश्लक्ष्णयावाचाशुचःप्रशमयन्निव ॥२१॥ हंतास्मिन्जन्मनिभवान्नमांद्रष्टुमिहार्हति ॥अविपक्वकषायाणां[illegible] दुर्शोऽहंकुयो
गिनां ॥२२॥ सकृद्यद्दर्शितंरूपमेतत्कामायतेऽनघ ॥मत्कामःशनकैःसाधुःसर्वान्मुंचतिहृच्छयान् ॥२३॥ सत्सेवयादीर्घयातेजातामयिदृढा
मतिः॥ हित्वाऽवद्यमिमंलोकंगंतामज्जनतामसि ॥२४॥ मतिर्मयिनिबद्धेयंनविपद्येतकर्हिचित् ॥ प्रजासर्गनिरोधेऽपिस्मृतिश्चमद[illegible]ग्रहात्
॥२५॥ एतावदुक्त्वोपरराम तन्महद्भूतंनभोलिंगमलिंगमीश्वरं॥अहंचतस्मैमहतांमहीयसेशीर्ष्णाऽवनामंविदधेऽनुकंपितः ॥२६॥ नामान्य
नंतस्यहतत्रपःपठन्गुह्यानिभद्राणिकृतानिचस्मरन् ॥ गांपर्यटंस्तुष्टमना गतस्पृ[illegible]ःकालंप्रतीक्ष[illegible]मदोविमत्सरः॥२७॥ ए[illegible]कृष्णमतर्[illegible]
न्नसक्तस्यामलात्मनः ॥ कालःप्रादुरभूत्कालेविद्युत्सौदामनीयथा ॥२८॥ प्रयुज्यमानेमयितांशुद्धांभागवतींतनुं ॥आरब्ध[illegible]र्मनिर्वाणोन्य
पतत्पांचभौतिकः ॥२९॥ कल्पांतइदमादायशयानेऽम्भस्युदन्वतः ॥शिशयिषोरनु[illegible]प्राणंविविशेऽतरहंविभोः ॥३०॥ सहस्रयुगपर्यंतउत्था

કહ્યું કે. ॥ ૨૧ ॥ આ જન્મમાં તું મને જોવાને યોગ્ય થનાર નથી. કેમકે જેગના કામ ક્રોધ આદીક કશાય
એટલે મેલ નાશ પામ્યા નથી. એવા કાચા યોગીઓને મારૂં દર્શન થવું અશકય છે. હે પાપ રહીત મારૂં આ
સ્વરૂપ મારે વિષે તને પ્રીતી થવા સારૂં, મેં તને એકવાર દેખાડયું છે. કેમકે હે સાધુ, મારે વીશે પ્રીતી થવાથી
હૃદયના સર્વે દોશો ધીમે ધીમે મટી જાય છે. ॥ ૨૩ ॥ સત્પુરૂશોની સેવા ઘણો વખત કરવાથી તને મારે
વીશે દ્રઢ બુદ્ધી ઉત્પન્ન થઇ છે. તેથીજ તું આ અયોગ્ય શરીર છોડી દીધા પછી મારા પાર્શદપણાને પા-
મીશ.॥ ૨૪ ॥ મારે વીશે બંધાયલી તારી આ બુદ્ધી કદી પણ નાશ પામશે નહીં. અને મારા અનુગ્રહથી તને
જગતની સ્થીતી—ઉત્પત્તી—અને લય થવા છતાં પણ કદી સ્મૃતીનો નાશ નહીં થાય." ॥ ૨૫ ॥ આકૃતી
કે નીશાની વીનાનું ઇશ્વર ભગવાનનું તે મોટું આકાશ સ્વરૂપ એટલું બોલીને શાંત થયું. અને મેં પણ તે
મોટામાં મોટા સ્વરૂપને પ્રીતી સહીત માથાવડે નમસ્કાર કરયા. ॥ ૨૬ ॥ તે પછી હું મદ અને મત્સર
વીનાનો—મૃત્યુકાળની વાટ જોતો—સ્પૃહા વીનાનો—અને સંતોસી મનનો થઇને અને લાજ મુકીને એ
અનંત ભગવાનનાં ગુહ્ય અને કલ્યાણકારી નામો તથા કર્મોનું સ્મરણ અને કીર્તન કરતો કરતો પૃથ્વી ઉપર
ફરવા લાગ્યો. ॥ ૨૭ ॥ હે બ્રાહ્મણ એ રીતના શ્રી કૃશ્ણ ભગવાનમાં ચીત્તવાળા—આશક્તી વીનાના—અને
નીર્મળ મનવાળા મને સમય થયે વીજળીની પેઠે મૃત્યુકાળ પ્રાપ્ત થયો. ॥ ૨૮ ॥ ત્યારે શુદ્ધ ભગવાનના શ-
રીરમાં હું મળી જઇને, આ પ્રારબ્ધ કર્મથી ઉત્પન્ન થયેલ પાંચ ભુતનો દેહ પડી ગયો. ॥ ૨૯ ॥ પછી ક-
લ્પને અંતે ત્રીલોકીને લેઇને સમુદ્રના જળમાં શેશનાગના ઉપર શયન કરવાને ઇચ્છતા નારાયણ ભગવાનના
પાછા પેસતા શ્વાસની સાથે હું તેમની અંદર પેસી ગયો હતો. ॥ ૩૦ ॥ તે હજારો યુગોને અંતે, આ વી-
શ્વને ફરીથી ઉત્પન્ન કરવાની ઇચ્છા થવાથી મરીચી આદી લેઇને રૂશીઓ ઇંદ્રીયો થકી ઉત્પન્ન થયા. તેમની
સાથેજ હું પણ ઉત્પન્ન થયો છું. ॥ ૩૧ ॥ અને વીશ્નુ ભગવાનના મોટા અનુગ્રહવડે હું અખંડીત બ્રહ્મચર્ય

મન રાખી, કોઇપણ ઠેકાણે મતી નહીં અટકતાં આ ત્રીલોકીની અંદર અને બહાર ફરવા કરૂંછું. ॥ ૩૨ ॥ અને પરબ્રહ્મના શબ્દથી ઝણુકાર પામેલી, તથા ભગવાને આપેલી, આ વીણાને વગાડીને હરી ભગવાનની કથાઓનું ગાયન કરતો કરતો હું ફરતો ફરૂંછું. ॥ ૩૩ ॥ તેથી પગની અંદર તીર્થો રહેલા, તથા શ્રવણ કરવાને પ્રીય ભગવાન, પોતાનાં પરાક્રમોને ગાનારા, મેં બોલાવેલાની પેઠે ઉતાવળાજ મારા હૃદયની અંદર આવીને દર્શન આપે છે. ॥ ૩૪ ॥ એટલે આ જગતને વીશે ભોગની ઇચ્છાથી વારંવાર આતુર ચીત્ત થનારા મનુષ્યો આદીને આ સંસાર સમુદ્રને વીશે નાવ રૂપ, હરી ભગવાનનાં ચરીત્રોનું વર્ણનજ, દેખવામાં આવે છે. ॥ ૩૫ ॥ કામ અને લોભાદીકથી વારંવાર હણાઇ જતું મન મુકુંદ ભગવાનની સેવાથી જેવું શાંત થાય છે. તેવું યમ નીયમ આદીથી, અને યોગ માર્ગથી પણ શાંત થતું નથી. ॥ ૩૬ ॥ હે પાપ રહીત, મારા જન્મ કર્મના રહસ્ય વીશે તમે મને જે પુછ્યું હતું. તે સઘળુંજ તમને સંતોસ થાય એવી રીતે મે કહી દેખાડયું છે. ॥ ૩૭ ॥—સૂત—એ રીતે ભગવાન નારદમુની વ્યાસને સંભળાવીને તેમની રજા લેઇ વીણા વગાડતા કોઇ પણ અમુક ઠેકાણે જવાના નીશ્ચય વીનાજ ચાલ્યા ગયા. ॥ ૩૮ ॥ અહો દેવ રૂશી નારદજીને ધન્ય છે. કે જે સારંગ ધનુષ્યને ધરનારા ભગવાનનાં ચરીત્રોનું ગાન કરતા અને રાજી થતા થકા આ આ-આતુર જગતને રમાડે છે. ॥ ૩૯ ॥ ઇતીશ્રી० ભા० પ્ર० સ્કંધનો છઠો અ० સંપુર્ણ. ॥ ૬ ॥

અધ્યાય ૭ મો.—શૌનક—હે સુત નારદજીનો અભીપ્રાય સાંભળ્યા પછી સમર્થ અને ભાગ્યશાળી બાદરાયણે તેમના ગયા પછી શું કર્યું. ॥ ૧ ॥ —સૂત—બ્રાહ્મણોનો આશ્રય કરેલી સરસ્વતી નદીને પશ્ચીમ કાંઠે, સત્રની વૃદ્ધી કરે તેવો તેમનો એક આશ્રમ છે. તેને રૂશીઓ "શમ્યા પ્રાસ" કહેછે. ॥ ૨ ॥

येदंसिसृक्षतः ॥मरीचिमिश्राऋषयःप्राणेभ्योऽहंचजज्ञिरे ॥३१॥ अंतर्बहिश्चलोकांस्त्रीन्पर्येम्यस्कंदितव्रतः ॥ अनुग्रहान्म ॥विष्णोरविघा तगतिःक्वचित् ॥३२॥ देवदत्तामिमांवीणांस्वरब्रह्मविभूषितां ॥ मूर्च्छयित्वा रिकथांगायन्नश्चराम्य ॥३३॥ प्रगायतःस्ववीर्याणितीर्थ पादःप्रियश्रवाः ॥आ तइवमेशीघ्रंदर्शनंयातिचेतसि ॥३४॥ एत गातुर [illegible] ॥ भवसिंधुप्लवोदृष्टोहरिचर्यानुव र्णनं ॥३५॥ यमादिभिर्योगपथैःकामलोभहतोमुहुः ॥ मुकुंदसेवयायद्वत्तथात्माऽद्धानशाम्यति ॥३६॥ सर्वंतदिदमाख्यातंयत्पृष्टोऽहंत्वया नघ ॥ जन्मकर्मरहस्यंमेभवतश्चात्मतोषणं ॥३७॥ सूतउवाच ॥ एवंसंभाष्यभगवान्नारदो [illegible] ॥आमंत्र्यवीणांरणयन्ययौय [illegible] कोमुनिः ॥३८॥अहोदेवर्षिर्धन्योऽयंयत्कीर्तिंशार्ङ्गधन्वनः ॥गा [illegible] तु ॥३९॥ इतिश्रीभागवतेमहा राणेप्रथम स्कंधव्यासनारदसंवादे षष्ठोऽध्यायः ॥६॥ शौनकउवाच निर्गतेनारदेसूतभगवान्बा रायणः ॥ श्रुतवांस्तदभिप्रेतंततःकिमकरोद्विभुः ॥१॥ सूतउवाच ब्र नद्यांसरस्वत्यामाश्रमःपश्चिमेतटे ॥शम्याप्रासइतिप्रोक्तऋषीणांसत्रव नः ॥२॥ तस्मि आश्रमेव्यासोबदरीखंडमंडिते॥ आसीनो पउपस्पृश्यप्रणिदध्यौमनःस्वयं ॥ ३ ॥ भक्तियोगेनमनसिसम्य प्रणिहितेमले ॥अपश्यत्पुरुषं [illegible] श्रयां॥४॥ यया संमोहितोजीवआत्मानंत्रिगुणात्मकं ॥ परोऽपिमनुतेऽनर्थंतत्कृतंचाभिपद्यते ॥५॥ अनर्थोपशमं क्षाद्भक्तियोगमधोक्षजे ॥ लोकस्याजा नतोविद्वांश्चक्रेसात्वतसं तां ॥६ ॥ यस्यांवैश्रूयमाणायां ष्णेपरमपूरुषे ॥ भक्तिरुत्पद्यतेपुंसःशोकमोहजराप ॥७॥ससं तांभागवतींकृ ता [illegible] त्मजं ॥ शुकमध्यापयामासनिवृत्तिनिरतंमुनिः ॥८॥ शौनकउवाच सवैनिवृत्तिनिरतःसर्वत्रोपेक्षकोमुनिः॥कस्यवा तीमे तामा रामःसमभ्यसत्॥९॥ तउवाच आत्मारामाश्चमुनयोनिर्ग्रंथाअप्युरुक्रमे ॥ कुर्वत्यहैतु भक्तिमित्थंभूतगुणोहरिः ॥१०॥ हरेर्गु णाक्षिप्तमतिर्भगवान्बादरायणिः ॥ अध्यगान्महदाख्यानंनित्यंविष्णुजनप्रियः ॥११॥ परीक्षितोऽथराजर्षेर्जन्मकर्मविलापनं॥ संस्थांचपां डुपुत्राणांवक्ष्येकृष्णकथोदयं ॥१२॥ यदामृधेकौरवसृंजयानांवीरेष्वथोवीरगतिंगतेषु ॥ वृकोदराविद्धगदाभिमर्शभग्नोरुदंडेधृतराष्ट्रपुत्रे१३

પછી એ બોરડીઓના વનથી શોભીતા પોતાના આશ્રમને વીશે જળનો સ્પર્શ કરીને બેઠેલા, વેદવ્યાસે પોતાના મનને એકાગ્ર કર્યું. ॥ ૩ ॥ એટલે ભક્તી યોગથી સંપુર્ણ રીતે નીશ્ચલ અને નીર્મળ થયેલા મનમાં પ્રથમ પુરૂષ ભગવાનને અને પછી તેના આશ્રયે રેહેનારી માયાને પણ જોઇ. ॥ ૪ ॥ કે જે માયાથી મોહ પામનારો જીવ પોતે તે થકી પર છતાં પોતાને ગુણોવાળો માનેછે. અને તે વડે ઉત્પન્ન થતા અનર્થોને પામેછે. ॥ ૫ ॥ તે પછી એ અનર્થોને ટાળી નાખનારા સાક્ષાત અધોક્ષજ ભગવાનને વીશેના ભક્તી યોગને પણ જોઇને; એમણે અજ્ઞાની લોકોનું ભલું થવા સારૂં આ સાત્વત સંહીતા એટલે શ્રીમદ ભાગવત કર્યું. ॥ ૬ ॥ કે જેનું શ્રવણ માત્ર થયેથી સાંભળનારા પુરૂષને શોક, મોહ, અને જરાને મટાડનારી પરમ પુરૂષ કૃષ્ણ ભગવાનને વીશે ભક્તી ઉત્પન્ન થાય છે. ॥ ૭ ॥ એ વ્યાસ મુનીએ તે સંહીતા કર્યા પછી શોધન કરીને નીવૃતીમાં પ્રીતીવાળા પોતાના પુત્ર શુકદેવજીને તે ભણાવી. ॥ ૮ ॥ —શૌનક—નીવૃતીમાં પ્રીતીવાળા—સર્વમાં ઉપેક્ષા કરનારા—અને આત્મારામ—છતાં એવડી મોટી સંહીતાનો અભ્યાસ એ મુનીએ શા કારણ માટે કર્યો. ॥ ૯ ॥ —સૂત—અહંકાર અને મમતા રૂપ ગ્રંથીઓ વીનાના આત્મારામ મુનીઓ પણ ઉરૂક્રમ ભગવાનને વીશે નીષ્કામભક્તી કરતા આવેલા છેજ. અને હરી ભગવાન પોતે પણ એવા ગુણોવાળાજ છે. ॥ ૧૦ ॥ અને વૈષ્ણવ એટલે સાધુ તથા ભક્ત જનને હમેશાં પ્રીય એવા આ મોટા આખ્યાનનો અભ્યાસ ભાગ્યશાળી શુકદેવજીએ પણ હરી ભગવાનના ગુણોમાં તેમની બુદ્ધી ખેંચાવાને લીધેજ કર્યો છે. ॥ ૧૧ ॥ હવે કૃષ્ણ ભગવાનની કથાનો જે રીતે ઉદય થાય તે રીતે પરીક્ષીતનો જન્મ, કર્મ અને મૃત્યુ, તથા પાંડુ રાજાના પુત્રોનું સ્વર્ગે રોહણ એ સઘળું હું તમોને કહુંછું. ॥ ૧૨ ॥ યુદ્ધમાં કૌરવ અને પાંડવોના

જુગ્મ યોદ્ધાઓ મરણ પામ્યા પછી જ્યારે ભીમે નાંખેલી ગદાથી દુર્યોધનના સાથળ ભાંગી ગયા.. ॥ ૧૩ ॥ ત્યારે પોતાના સ્વામીનું પ્રીય આ રીતે થશે. એમ ધારીને દ્રોણ પુત્ર અશ્વત્થામાએ દ્રૌપદીના સુતેલા પુત્રોનાં માથાં કાપી નાંખ્યાં. એ તેના ભુંડા અને નીંદીત કર્મને લોકો ધીઃકારે છે. ॥ ૧૪ ॥ પોતાના બાળક પુત્રોનું મરણ સાંભળીને અતીશે તપી ગયેલાં અને આંસુથી ભરાયલી આંખ્યોવાળાં તેઓની મા દ્રૌપદી, જ્યારે સહન ન થઇ શકે એવું રોવા લાગ્યાં. ત્યારે તેમનું સાંત્વન કરીને અર્જુને કહ્યું કે ॥ ૧૫ ॥ હે કલ્યાણી, હું એ બ્રહ્મ બંધુ આતતાયીનું માથું ગાંડીવ થકી મુકાયલાં બાણોથી હરી લાવું. એટલે તેના ઉપર બેસીને બળી ગયેલા પુત્રો વાળી તું, સ્નાન કરજે. અને તારાં શોકનાં આંસુ હું ત્યારેજ લોહીશ. ॥ ૧૬ ॥ એ પ્રમાણે મનોહર અને વીચીત્ર વચનોથી પ્રીયાનું સાંત્વન કરીને, અચ્યુત ભગવાન જેના મીત્ર અને સારથી છે એવો કવચ પેહેરેલો—ઉગ્ર ધનુષ્યવાળો—હનુમાનના ચીન્હવાળી રથની ધજાવાળો—તે અર્જુન ગુરૂ પુત્રની પાછળ રથમાં બેસીને દો-ડ્યો. ॥ ૧૭ ॥ રથવડે પાછળ દોડ્યા આવતા અર્જુનને આઘેથી દેખીને બાળહત્યા કરનારો અને દીન હૃદયવાળો, તે અશ્વત્થામા પ્રાણ બચાવવાની ઇચ્છાથી પૃથ્વી ઉપર જેટલું દોડી શકાયું તેટલું, જેમ રૂદ્રનાં ભયથી બ્રહ્મા નાઠા હતા. તેમ નાઠો. ॥ ૧૮ ॥ જ્યારે તેના ઘોડા થાકી ગયા. અને પોતાનું રક્ષણ કરનાર કોઇ નહોવાનું તેને જણાયું. ત્યારે તે બ્રાહ્મણના પુત્રે પોતાનું રક્ષણ કરનાર બ્રહ્માસ્ત્રને માન્યું ॥ ૧૯ ॥ પોતે જો કે તેને પાછું વાળવાનું જાણતો નહોતો તો પણ પ્રાણ સંકટ આવ્યાથી તેણે આચમન લઇ ધ્યાન ધ-રીને એ બ્રહ્માસ્ત્રને સાંધ્યું. ॥ ૨૦ ॥ એટલે તે અસ્ત્રમાંથી સર્વ દીશાઓમાં પ્રકટ થયેલ તીક્ષ્ણ તેજ દેખીને પોતાને પ્રાણ સંકટ આવેલું જાણી જીષ્ણું એટલે અર્જુને, વીશ્નુ એટલે શ્રી કૃષ્ણને આ પ્રમાણે કહ્યું. ॥ ૨૧ ॥ —અર્જુન—હે કૃષ્ણ, હે કૃષ્ણ, હે મહાભાગ, તમે એકલાજ ભક્તોનું કલ્યાણ કરનારા અને આ સંસાર થકી બળનારાઓના મોક્ષ રૂપ છો. ॥ ૨૨ ॥ અને તમેજ આદી પુરૂશ અને માયાથી પર સાક્ષાત ઇશ્વર

भर्तुःप्रियंद्रौणिरितिस्मपश्यन्कृष्णासुतानांस्वपतांशिरांसि ॥ उपाहरद्विप्रियमेवतस्यजुगुप्सितंकर्मविगर्हयंति ॥ १४ ॥ माताशि
शूनांनिधनंसुतानांनिशम्यघोरंपरितप्यमाना ॥ तदाऽरुदद्बाष्पकलाकुलाक्षीतांसांत्वयन्नाहकिरीटमाली॥१५॥ तदाशुचस्तेप्रमृजामिभद्रे
यद्ब्रह्मबंधोःशिरआततायिनः ॥गांडीवमुक्तैर्विशिखैरुपाहरेत्वाक्रम्ययत्स्नास्यसिदग्धपुत्रा॥१६॥इतिप्रियांवल्गुविचित्रजल्पैःससांत्वयित्वा
ऽच्युतमित्रसूतः ॥ अन्वाद्रवद्दंशितउग्रधन्वाकपिध्वजोगुरुपुत्रंरथेन॥१७॥ तमापतंतंसविलक्ष्यदूरात्कुमारहोद्विग्नमनारथेन॥ पराद्रवत्प्रा
णपरीप्सुरुर्व्यांयावद्गमंरुद्रभयाद्यथाकः ॥१८॥यदाशरणमात्मानमैक्षतश्रांतवाजिनं ॥ अस्त्रंब्रह्मशिरोमेनआत्मत्राणंद्विजात्मजः ॥१९॥
अथोपस्पृश्यसलिलंसंदधेतत्समाहितः॥अजानन्नुपसंहारंप्राणकृच्छ्रउपस्थिते ॥२०॥ततःप्रादुष्कृतंतेजःप्रचंडंसर्वतोदिशं॥प्राणापदमभि
प्रेक्ष्यविष्णुंजिष्णुरुवाच ॥२१॥ अर्जुनउवाच कृष्णकृष्णमहाभागभक्तानामभयंकर ॥ त्वमेकोदह्यमानानामपवर्गोऽसिसंसृतेः॥२२॥ त्व
माद्यःपुरुषःसाक्षादीश्वरःप्रकृतेःपरः ॥ मायांव्युदस्यचिच्छक्त्याकैवल्येस्थितआत्मनि ॥२३॥सएवजीवलोकस्यमायामोहितचेतसः ॥ वि
धत्सेस्वेनवीर्येणश्रेयोधर्मादिलक्षणं ॥२४॥ यथाऽयंचावतारस्तेभुवोभारजिहीर्षया ॥ स्वानांचानन्यभावानामनुध्यानायचासकृत् ॥ २५॥
किमिदंस्वित्कुतोवेतिदेवदेवनवेद्म्यहम् ॥ सर्वतोमुखमायातितेजःपरमदारुणं ॥२६॥ श्रीभगवानुवाच वेत्थेदंद्रोणपुत्रस्यब्राह्ममस्त्रंप्रदर्शि
तं॥ नैवासौवेदसंहारंप्राणबाधउपस्थिते ॥ २७॥ नह्यस्यान्यतमंकिंचिदस्त्रंप्रत्यवकर्शनं॥ जह्यस्त्रतेजउन्नद्धमस्त्रज्ञोह्यस्त्रतेजसा ॥ २८॥
सूतउवाच श्रुत्वाभगवताप्रोक्तंफाल्गुनःपरवीरहा ॥ स्पृष्ट्वाऽपस्तंपरिक्रम्यब्राह्मंब्राह्मायसंदधे ॥२९॥संहत्यान्योऽन्यमुभयोस्तेजसीशरसं
वृते॥आवृत्यरोदसीखंचववृधातेऽर्कवन्हिवत् ॥३०॥ दृष्ट्वास्त्रतेजस्तुतयोस्त्रींल्लोकान्प्रदहन्महत्॥ दह्यमानाःप्रजाःसर्वाःसांवर्त्तकममंसत
॥३१॥ प्रजोपप्लवमालक्ष्यलोकव्यतिकरंचतं॥ मतंचवासुदेवस्यसंजहारार्जुनोद्वयं ॥३२॥ ततआसाद्यतरसादारुणंगौतमीसुतं॥ बबंधाम

છો. તથા ચીત શક્તીથી માયાનો પરાભવ કરીને આત્માને કૈવલ્ય એટલે મોક્ષને વીશે સ્થાપન કરનારા છો. ॥ ૨૩ ॥ અને આ લોકને વીશે માયાવડે મોહ પામેલા ચીત્તવાળા જીવોને ધર્મ આદી લક્ષણોવાળું કલ્યાણ પોતાના પ્રભાવથીજ આપનારા પણ તમેજ છો. ॥ ૨૪ ॥ આપનો આ અવતાર પૃથ્વીનો ભાર ઉતારવાને માટે અને અનન્ય ભાવવાળા પોતાના ભક્તોને સંપુર્ણપણે ધ્યાન કરવાને વાસ્તેજ છે. ॥ ૨૫ ॥ હે દેવના પણ દેવ, આ ચારે તરફથી આવતું અતી દારૂણ તેજ શું છે. અને ક્યાંથી આવે છે. તે હું જાણતો નથી. ॥ ૨૬ ॥ —શ્રી ભગવાન—આ દ્રોણ પુત્રે મુકેલું બ્રહ્માસ્ત્ર છે એમ જાણો, પ્રાણ સંકટ આવ્યાથી એણે તે મુક્યું છે. પણ એને પાછું વાળવાનું તે જાણતો નથી. ॥ ૨૭ ॥ તેને પાછું વાળવાને બીજું કોઇ પણ અસ્ત્ર છેજ નહીં. માટે અસ્ત્ર વીદ્યાને જાણનારા તમે અતી ઉગ્ર એ બ્રહ્માસ્ત્રને, બ્રહ્માસ્ત્રના તેજ વડેજ હરી-લ્યો. ॥ ૨૮ ॥ —સુત—પારકા યોદ્ધાઓને મારનારા એ અર્જુને, ભગવાને કહેલું સાંભળી લેઇને ભગવાનની પરકમા કરીને, જળનો સ્પર્શ કરી, એ બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્રનેજ સાંધ્યું. ॥ ૨૯ ॥ બાણવડે વીંટાયલું એ બેઉ અસ્ત્રોનું તેજ પરસ્પર એકઠું થઇને પૃથ્વી આકાશ અને અંતરીક્ષને પુરીને સુર્ય અને અગ્નીની પેઠે વધવા લાગ્યું. ॥ ૩૦ ॥ ત્રણે લોકને બાળતા એવા તે બેઉ અસ્ત્રોના મોટા તેજને જોઇને, બળવા લાગેલી પ્રજાઓએ એને પ્રલયનો અગ્ની માન્યો. ॥ ૩૧ ॥ પછી લોકનો અને પ્રજાઓનો નાશ થતો જોઇને, અને વાસુદેવ ભગવાનનો અભીપ્રાય જાણીને અર્જુને તે બેઉ અસ્ત્રોને ખેંચી લીધાં. ॥ ૩૨ ॥ પછી દારૂણ અશ્વ-ત્થામાને રાતાં નેત્ર વાળા અર્જુને પહોંચી જઇને પકડી લઇ ક્રોધથી જેમ પશુને બાંધે તેમ તેને દોરીથી બાંધ્યો. ॥ ૩૩ ॥ શત્રુને દોરીથી બાંધીને પોતાની છાવણીમાં લેઇ જવાનાં કોપેલા કમળ નેત્ર ભગવાને અર્જુનને

કહ્યું કે. ॥ ૩૪ ॥ હે પૃથાપુત્ર અર્જુન, એ બ્રહ્મ બંધુનું રક્ષણ કરવાને તું યોગ્ય નથી. એણે નિરપરાધ સુતેલા બાળકોને રાત્રીમાં મારેલા છે. માટે એને તમે મારી નાંખો. ॥ ૩૫ ॥ નીશો કરવાથી ભાન ગયેલા મત્ત-સાવધાન નહોય તે પ્રમત્ત—વાયુથી કે ભુતાદીકથી ગાંડો થયેલો ઉન્મત્ત—સુતેલો—બાળક—સ્ત્રી—જડ—શરણાગત—યુદ્ધમાં રથ ભાગી ગયેલો વીરથ—અને બીહેલો, એવા શત્રુને; ધર્મને જાણનારાઓ મારતા નથી. ॥ ૩૬ ॥ જે નીર્દય અને ખળપુરૂષ, બીજાના પ્રાણ લેઈને પોતાના પ્રાણનું પોષણ કરે છે. તેની એ દોષે કરીને અધોગતી થાય છે. તેથી તેવાઓનો વધ કરવો એજ તેમનું કલ્યાણ છે. ॥ ૩૭ ॥ વળી મારા સાંભળતાં તમે પાંચાળી આગળ પ્રતીજ્ઞા કરી છે કે "હે માનીની, તમારા પુત્રોને મારનારનું માથું હું લેઈ આવીશ." ॥ ૩૮ ॥ અને હે વીર, એના કુળમાં એ ધુળ સરખા એ પોતાના સ્વામી દુર્યોધનનું પણ ભુંડું કર્યું છે, માટે આતતાયી અને પોતાના બંધુને હણનારા એ પાપીને મારી નાંખો" ॥ ૩૯ ॥ એ પ્રમાણે શ્રી કૃષ્ણે અર્જુનને તેની ધર્મ સંબંધી પરીક્ષા જોવા માટે કહ્યું. પરંતુ પોતાના પુત્રોને મારનારો હોવા છતાં પણ તે મહાત્મા ગુરુનો પુત્ર હોવાથી તેને મારવાની ઇચ્છા અર્જુને કરી નહીં. ॥ ૪૦ ॥ પછી ગોવીંદ ભગવાન જેના પ્રીય તથા સારથી છે એવા અર્જુને તેને છાવણીમાં લેઇ આવીને પોતાના મરી ગયેલા પુત્રોનો શોક કરતી પ્રીયાની પાસે રજુ કર્યો. ॥ ૪૧ ॥ ત્યારે એવી રીતે આણેલા—પશુની પેઠે દોરીથી બાંધેલા—ભુંડું કામ કરવાથી નીચું મોઢું કરેલા—અને અપકાર કરનારા એ ગુરૂપુત્રને જોઇને, સારા સ્વભાવવાળાં દ્રૌપદી દયાથી તેને પગે લાગ્યાં. ॥ ૪૨ ॥ અને એ રીતે તેને બાંધીને લઇ આવવાનું ન સહન કરી શકતાં એ સતીએ કહ્યું કે "એને મુકોદો, બ્રાહ્મણ તો હમેશાં ગુરૂ એટલે માનવા લાયકજ છે. ॥ ૪૩ ॥ જેના અનુગ્રહથી રહસ્ય સહીત ધનુર્વેદ અને ઘણાં અસ્ત્રો, તેમને મુકવાની અને પાછાં વાળી લેવાની વીધી સહીત તમે શીખ્યા છો. તેજ ભગવાન દ્રોણગુરૂ આ તેમના પુત્ર રૂપે છે. અને આ વીરપુત્રને જન્મ આપનારાં કૃપાના કારણથીજ તેમના અરધા દેહરૂપ, તેમનાં

पेताश्वाक्षःपशुंरशनयायथा ॥३३॥ शिबिरायनिनीषंतंदाम्नाबद्ध्वारिपुंबलात् ॥ प्राहार्जुनंप्रकुपितोभगवानंबुजेक्षणः ॥३४॥ मैनंपार्थार्हसि त्रातुंब्रह्मबंधुमिमंजहि ॥ योऽसावनागसःसुप्तानवधीन्निशिबालकान् ॥३५॥ मत्तंप्रमत्तमुन्मत्तंसुप्तंबालंस्त्रियंजडं ॥ प्रपन्नंविरथंभीतंनरिपुंहं-तिधर्मवित् ॥३६॥ स्वप्राणान्यःपरप्राणैःप्रपुष्णात्यघृणःखलः ॥ तद्वधस्तस्यहिश्रेयोयद्दोषाद्यात्यधःपुमान् ॥३७॥ प्रतिश्रुतंचभवतापांचा-ल्यैशृण्वतोमम ॥ आहरिष्येशिरस्तस्ययस्तेमानिनिपुत्रहा ॥३८॥ तदसौवध्यतांपापआततताय्यात्मबंधुहा ॥ भर्तुश्चविप्रियंवीरकृतवान्कुल-पांसनः ॥३९॥ एवंपरीक्षताधर्मंपार्थःकृष्णेनचोदितः ॥ नैच्छद्धंतुंगुरुसुतंयद्यप्यात्महनंमहान् ॥४०॥ अथोपेत्यस्वशिबिरंगोविंदप्रियसा-रथिः ॥ न्यवेदयत्तंप्रियायैशोचंत्याआत्मजान्हतान् ॥४१॥ तथाहृतंपशुवत्पाशबद्धमवाङ्मुखंकर्मजुगुप्सितेन ॥ निरीक्ष्यकृष्णाऽपकृतंगु-रोःसुतंवामस्वभावाकृपयाननामच ॥४२॥ उवाचचासहंत्यस्यबंधनानयनंसती ॥ मुच्यतांमुच्यतामेषब्राह्मणोनितरांगुरुः ॥४३॥ सरहस्यो धनुर्वेदःसविसर्गोपसंयमः ॥ अस्त्रग्रामश्चभवताशिक्षितोयदनुग्रहात् ॥४४॥ सएषभगवान्द्रोणःप्रजारूपेणवर्तते ॥ तस्यात्मनोऽर्धंपत्न्यास्ते नान्वगाद्वीरसूःकृपी ॥४५॥ तद्धर्मज्ञमहाभागभवद्भिर्गौरवंकुलं ॥ वृजिनंनार्हतिप्राप्तुंपूज्यंवंद्यमभीक्ष्णशः ॥४६॥ मारोदीदस्यजननीगौ-तमीपतिदेवता ॥ यथाहंमृतवत्सार्तारोदिम्यश्रुमुखीमुहुः ॥४७॥ यैःकोपितंब्रह्मकुलंराजन्यैरकृतात्मभिः ॥ तत्कुलंप्रदहत्याशुसानुबंधंशु-चार्पितं ॥४८॥ सूतउवाच धर्म्यंन्याय्यंसकरुणंनिर्व्यलीकंसमंमहत् ॥ राजाधर्मसुतोराज्ञ्याःप्रत्यनंदद्वचोद्विजाः ॥४९॥ नकुलःसहदेवश्च युयुधानोधनंजयः ॥ भगवान्देवकीपुत्रोयेचान्येयाश्चयोषितः ॥५०॥ तत्राहामर्षितोभीमस्तस्यश्रेयान्वधःस्मृतः ॥ नभर्तुर्नात्मनश्चार्थेयोऽ-हन्सुप्तान्शिशून्वृथा ॥५१॥ निशम्यभीमगदितंद्रौपद्याश्चचतुर्भुजः ॥ आलोक्यवदनंसख्युरिदमाहहसन्निव ॥५२॥ श्रीभगवानुवाच ॥ ब्रह्मबंधुर्नहंतव्यआततायीवधार्हणः ॥ मयैवोभयमाम्नातंपरिपाह्यनुशासनं ॥५३॥ कुरुप्रतिश्रुतंसत्यंयत्तत्सांत्वयताप्रियां ॥ प्रियंचभीमसे-नस्यपांचाल्यामह्यमेवच ॥५४॥ सूतउवाच अर्जुनःसहसाज्ञायहरेर्हार्दमथासिना ॥ मणिंजहारमूर्धन्यंद्विजस्यसहमूर्धजं ॥५५॥ विमुच्य

સ્ત્રી કૃપી તેમની પાછળ સતી થયાં નથી. ॥ ૪૪—૪૫ ॥ માટે હે ધર્મને જાણનાર, હે મહાભાગ, ક્ષણેક્ષણે પુજા કરવા યોગ્ય અને નમવા યોગ્ય ગુરૂનું કુળ, આપણાથી દુઃખ પામવાને યોગ્ય નથી. ॥ ૪૬ ॥ છોકરાઓ મરી જવાથી આતુર થયેલી હું આંસુવાળે મોઢે વારંવાર રોઉછું તેવી રીતે આની મા પતીવ્રતા ગૌતમી રોવાં ન જોઇએ. ॥ ૪૭ ॥ જે રાજાઓ અવીચારથી બ્રાહ્મણના કુળને કોપાવે છે. તેમનાં કુળો શોકે વ્યાપ્ત થઇને પરીવાર સહીત ઉતાવળાંજ બળી જાય છે. ॥ ૪૮ ॥—સૂત—દ્રુપતીનાં એ વચન, હે બ્રાહ્મણો, ધર્મવાળાં—ન્યાયવાળાં—દયાવાળાં—સાચાં—સરળ—અને મહાત્મવાળાં હતાં. તેનાં ધર્મપુત્ર યુધીષ્ટીર રાજાએ—નકુળે—સહદેવે—સાત્યકીએ—અર્જુને—તથા દેવકીપુત્ર ભગવાને—અને બીજાં પણ સ્ત્રીઓ વીગેરે જે ત્યાં હતાં, તે સર્વેએ વખાણ કર્યા. ॥ ૪૯—૫૦ ॥ ત્યારે ગુસ્સો કરીને ભીમ બોલ્યા કે "જેણે પોતાના ભલા માટે નહીં, તેમજ પોતાના સ્વામીના ભલા માટે પણ નહીં. એમ સુતેલા બાળકોને નાહક મારી નાંખ્યા છે. તેનો તો વધ કરવો એજ તેનું કલ્યાણ કહેવાય છે. ॥ ૫૧ ॥ પછી ચતુર્ભુજ ભગવાન ભીમનું અને દ્રૌપતીનું બોલવું સાંભળીને, તથા પોતાના મીત્ર અર્જુનની પ્રતીજ્ઞાનો વીચાર કરીને હસતા હોય તેમ આ રીતે બોલ્યા. ॥ ૫૨ ॥ **શ્રી ભગવાન**—' બ્રહ્મ બંધુને હણવો નહીં. ' અને ' આતતાયી વધ કરવાને યોગ્ય છે ' એ બંને આજ્ઞાઓ શાસ્ત્રોને વીશે, મેં પોતેજ કરેલી છે. માટે તે બેઉનું પ્રતીપાલન કરો. ॥ ૫૩ ॥ પ્રીયાનું સાંત્વન કરતાં તમે જે પ્રતીજ્ઞા કરી છે. તે પણ સત્ય કરો. અને ભીમસેન—પાંચાળી—તથા હું એ ત્રણેનું પ્રીય એટલે મન ગમતું કરો. ॥ ૫૪ ॥—સૂત—તેવી ભગવાનનો અભીપ્રાય જાણી જઇને, અર્જુને તુરત અશ્વત્થામાના માથાનો મણી શીખા સહીત તરવારવડે કાપી લીધો ॥ ૫૫ ॥ અને કાંતી તથા માથાના મણીથી રહીત થયેલા—તથા બાળહત્યાથી

બાંખા ગએલા, તેને દોરીના બંધન થકી છુટો કરીને, છાવણીમાંથી કાઢી મુકયો. ॥ ૫૬ ॥ મુંડણ કરવું—દ્રવ્યહરી લેવું—અને સ્થાનમાંથી કાઢી મુકવો. એટલોજ બ્રહ્મ બંધુઓનો વધ છે. બીજો દેહસંબંધી વધ તેમને માટે નથી. ॥ ૫૭ ॥ પછી પુત્રોના શોકથી આતુર થયેલા સર્વ પાંડવોએ દ્રુપતી સહીત, મરી ગયેલાં પોતાનાંઓનું જે કાંઇ ઉપર કાર્ય કરવા યોગ્ય હતું તે કર્યું.॥ ૫૮ ॥ઇતી શ્રી૦ ભા૦ પ્ર૦ સ્કંધનો સાતમો અધ્યાય સંપુર્ણ ॥ ૭ ॥

અધ્યાય ૮ મો—સુત—તે પછી જળની ઇચ્છા કરનારાં પોતાનાં મુએલાંઓને, દાબાં જળી આપવા સારૂ સ્ત્રીઓને આગળ કરીને શ્રીકૃષ્ણ સહીત સર્વે જ્યાં ગંગાજી ઉપર ગયાં. ॥ ૧ ॥ અને સઘળાંએ વારંવાર અત્યંત વીલાપ કરીને અને દાબાંજળી આપીને હરીભગવાનના ચરણ કમળની રજથી પવીત્ર થયેલી એ ગંગાના જળમાં સ્નાન કર્યું. ॥ ૨ ॥ તે ઠેકાણે નાના ભાઇઓ સહીત બેઠેલા યુધીષ્ટીરને—ધૃતરાષ્ટ્રને—અને પુત્રોના શોકથી આતુર થયેલાં ગાંધારી—કુંતી—અને દ્રુપતીને—તથા એ સઘળાં મરણ પામેલાં સંબંધીઓએ શોકમાં નાંખેલાંને, મુનીઓ સહીત માધવ ભગવાને; પ્રાણીઓને વીશે ફેરવી ન શકાય એવી કાળની ગતી દેખાડીને તેઓનું સાંત્વન કર્યું. ॥ ૩–૪ ॥ કચસ્પર્શથી આયુષ્યક્ષય થઇ ગયેલા દુષ્ટ રાજાઓનો નાશ કરાવીને ધુતારાઓ દુર્યોધનાદીકે હરી લીધેલું પોતાનું રાજ્ય અજાત શત્રુને ભગવાને પાછું અપાવ્યું. ॥ ૫ ॥ અને ઉત્તમ સામગ્રીઓથી તેમની પાસે ત્રણ અશ્વમેધ યજ્ઞ કરાવીને, તેમનો ઇંદ્રના સરખો પાવન યશ દીશાઓમાં વીસ્તાર્યો. ॥ ૬ ॥ હે બ્રાહ્મણો પછી પાંડવોની રજા માગીને ઉદ્ધવ અને સાત્યકી સહીત ભગવાન વ્યાસ આદી વીપ્રોની આમણ સામણ પુજા કરી કરાવીને, દ્વારકાં જવાની ઇચ્છાથી રથમાં બેસે છે. એટલામાં ભયથી વીહ્વળ થયેલી ઉત્તરા દોડતી ત્યાં આવી. ॥ ૭–૮ ॥ અને બોલી કે " હે દેવનાદેવ, જગતપતી, અને મહાયોગી, ર-

रशनाबद्धंबालहत्याहतप्रभं ॥ तेजसामणिनाहीनंशिबिरा[illegible]रयापयत् ॥५६ ॥ वपनंद्रविणादानंस्थानान्निर्यापणंतथा एषहिब्रह्मबंधूनांवधो नान्योऽस्तिदैहिकः ॥५७॥ पुत्रशोकातुराःसर्वेपांडवाःसहकृष्णया ॥स्वानांमृतानांयत्कृत्यंचक्रुर्निर्हरणादिकं ॥५८॥ इतिश्रीभागवतमहापुराणेप्रथमस्कंधेद्रौणिनिग्र[illegible]नामसप्तमोध्यायः ॥७॥ सूतउवाच ॥अथतेसंपरेतानांस्वानामुदकमिच्छतां॥ दातुंसकृष्णागंगायांपुरस्कृत्ययथुःस्त्रियः ॥१॥ तेनिनायोद[illegible]आप्लुता[illegible]रिपादाब्जरजःपूतसरिज्जले ॥२॥ तत्रासीनं[illegible]रुपतिंधृतराष्ट्रंसहानुजं ॥गांधारींपुत्रशोकार्त्तांपृथां[illegible]ष्णांचमाधवः ॥३॥सांत्वयामासमुनिभिर्हतबंधूञ्शुचाऽर्पितान् ॥ भूतेषुकालस्यगतिंदर्शयन्नप्रतिक्रियां ॥४ ॥ साधयित्वा जातशत्रोःस्वराज्यंकितवैर्हृतं ॥ घातयित्वाऽसतोराज्ञःकचस्पर्शक्षतायुषः ॥५॥ याजयित्वाऽश्वमेधैस्तंत्रिभिरुत्तमकल्पकैः ॥ तद्यशःपावनंदिक्षुशतमन्योरिवातनोत् ॥ ६॥ आमंत्र्यपांडुपुत्रांश्चशैनेयोद्धवसंयुतः द्वैपायनादिभिर्विप्रैःपूजितैःप्रतिपूजितः ॥७॥ गंतुंकृतमति[illegible]द्वारकां[illegible]तः ॥ उपलेभेऽभिधावंतीमुत्तरांभयविह्वलाम् ॥८॥ पाहिपा[illegible]महायोगिन्देवदेवजगत्पते ॥ नान्यंत्वदभयंपश्येयत्रमृत्युःपरस्परम् ॥९ ॥ अभिद्र[illegible]तिमामीशशरस्तप्तायसो[illegible]भो ॥ कामंदहतु[illegible]थमामेगर्भोनिपात्यताम् ॥१०॥ सूतउवाच उपधार्यवचस्तस्याभगवान्भक्तवत्सलः ॥ अपांडवमिदं[illegible]बुध्यत ॥११ ॥ तर्ह्येवाथमुनिश्रेष्ठ[illegible]पंचसायकान् ॥ आत्मनोभिमुखान्दीप्तानालक्ष्यास्त्राण्युपाददुः ॥१२ ॥ व्यसनंवीक्ष्यतत्तेषामनन्यविषयात्मनां ॥ सुद[illegible]नारक्षांव्यधाद्विभुः ॥१३॥ अंतस्थःसर्वभूतानामात्मायोगेश्वरोहरिः ॥ स्वमायया[illegible]णोद्गर्भंवैराट्याःकुरुतंतवे ॥१४॥ यद्यप्यस्त्रंब्रह्मशिरस्त्वमोघंचाप्रतिक्रियं ॥ वैष्णवंतेजआसाद्यसमशाम्यद्भृगूद्वह॥१५॥ मामंस्थाह्येतदाश्चर्यंसर्वाश्चर्यमयेऽच्युते ॥ यइदंमाययादेव्यासृज्यत्यवतिहंत्यजः ॥१६ ॥ ब्र[illegible]तेजोविनिमुक्तैरात्मजैःसहकृष्णया॥प्रयाणाभिमुखंकृष्णमिदमाहपृथासती॥१७॥ कुंत्युवाच नमस्येपुरुषंत्वाद्यमीश्वरंप्रकृतेःपरं ॥ अलक्ष्यंसर्वभूतानामंतर्बहिरवस्थितं ॥१८॥ मायाजवनिकाच्छन्नमज्ञाधोक्षजम[illegible]यम् ॥ नलक्ष्यसेमूढ[illegible]शानटोनाट्यधरोयथा ॥ १९ ॥ तथापरमहंसानांमुनी

ક્ષણ કરોઃ રક્ષણ કરોઃ જ્યાં પરસ્પર એક બીજાનું મૃત્યુ થાય છે. ત્યાં તમારા વીનો બીજે ઠેકાણે હું અભય દેખતી નથી. ॥ ૯ ॥ હે સમર્થ તપેલું, લોઢાના શસ્ત્રવાળું બાણ, સામું દોડતું આવે છે. તે મને ભલે બાળી નાંખે. પણ મારા ગર્ભને ન પાડે એમ કરો. " ॥ ૧૦ ॥ ઉત્તરાનું એ વચન સાંભળીને ભક્ત વત્સલ ભગવાને, દ્રોણપુત્ર અશ્વત્થામાએ ન પાંડવી પૃથ્વી કરવાને નાંખેલું આ અસ્ત્રછે એમ જાણ્યું. ॥ ૧૧ ॥ અને હે મુનીશ્રેષ્ટ, પોતાની સામે આવતાં પાંચ તેજસ્વી બાણોને જોઇને પાંડવોએ પણ પોતાનાં હથીઆરો ઉપાડયાં. ॥ ૧૨ ॥ પોતા સીવાય બીજામાં જેમનું ચીત્ત નથી. એવા પાંડવોનું દુઃખ જોઇને સમર્થ ભગવાને પોતાના અસ્ત્ર સુદર્શનવડે તેમનું રક્ષણ કર્યું. ॥ ૧૩ ॥ અને સર્વ ભુતની અંદર આત્મા રૂપે રહેલા યોગેશ્વરહરી ભગવાને કુરૂ કુળનો તાંતણો એટલે વંશ ચાલુ રાખવા સારૂં ઉત્તરાના ગર્ભને પોતાની માયાવડે વીંટી લીધો ॥૧૪॥ હે શૌનક, બ્રહ્માસ્ત્ર અમોઘ, અને તેની સામે બીજો ઉપાયજ થાય નહીં એવું છતાં પણ વૈષ્ણવી તેજ સુદર્શનને પામીને તે અસ્ત્ર સમી ગયું ॥૧૫॥ સર્વ આશ્ચર્ય મય અચ્યુત ભગવાન જે આ જગતને પોતાની માયા દેવીવડે. સરજેછે પાળેછે. અને લય પણ કરેછે. તેમની બાબતમાં એ રીતે થવામાં કાંઇ આશ્ચર્ય માનવું નહીં. ॥ ૧૬ ॥ પછી પ્રયાણ કરવાને તૈયાર થયેલા કૃષ્ણ ભગવાનને બ્રહ્માસ્ત્રથી મુકાયલા પોતાના પુત્રો અને કૃષ્ણા સહીત, કુંતાજીએ આ પ્રમાણે કહ્યું. ॥ ૧૭ ॥—કુંતાજી—આદી પુરૂષ—પ્રકૃતીથીપર—સર્વ ભુતની અંદર અને બહાર રહેલા દેખાનારા—ઇશ્વર—અધોક્ષજ અને અવ્યય ભગવાન આપ માયાથી ઢંકાવાને લીધે જેવી રીતે નાટક કરનારાઓ નાટકના પાત્રમાં જ્યારે વેશ લે છે ત્યારે અજાણ્યાઓથી ઓળખાતા નથી. તેવીજ રીતે આપ પણ અજ્ઞાનીઓથી જાણી શકાતા નથી. એવા આપને હું નમુંછું. ॥ ૧૮–૧૯ ॥ ભક્તી યોગના વીધાનને અર્થે, નીર્મળ

મનવાળા અને પરમહંસ મુનીઓ પણ એજ રીતે આપને નહીં ઓળખી શકવાથી માત્ર વગર ઓળખે પ્રણામજ કરે છે. તો સ્ત્રી જાતીની હું તો તમને ક્યાંથીજ ઓળખી શકું. ॥ ૨૦ ॥ મારે કૃષ્ણ—વસુદેવના પુત્ર—દેવકીનાપુત્ર—નંદ નામના ગોપના કુંવર—અને ગોવીંદ એવા આપને હું નમુંછું. ॥ ૨૧ ॥ કમળ જેવી નાભીમાં છે— કમળની જેને માળા છે.—કમળ સરખી આંખ્યો છે.—અને કમળ જેવાં પગમાં છે. એવા આપને હું નમુંછું. ॥ ૨૨ ॥ હે હૃષીકેશ, ખળ કંસે, ઘણા કાળ સુધી કેદમાં રાખેલાં, અને શોક કરતાં દેવકીને જેમ આપે છોડાવ્યાં છે તેમજ હે સમર્થનાથ પુત્રો સહીત મને પણ ઘણી ઘણી વીપતોમાંથી તમેજ છોડાવી છે. ॥ ૨૩ ॥ ઝેરથી—મોટા અગ્નીથી—રાક્ષસોના મેળાપ થકી—અસત એટલે દગલબાજીથી જુગાર રમનારી સભાથકી—વનવાસનાં દુખો થકી—પ્રત્યેક રણ સંગ્રામમાં અનેક મહારથીઓનાં અસ્ત્રોથકી—અને અશ્વથામાના આ અસ્ત્રથકી પણ આપેજ અમારું રક્ષણ કર્યું છે. ॥ ૨૪ ॥ જે થવાથકી પુનર્ભવનું દર્શનજ ન થાય એવું આપનું દર્શન અમને જ્યારે જ્યારે વીપદ હોય છે. ત્યારે ત્યારે થાય છે. માટે અમને હમેશાં વીપદજ હોજો. ॥ ૨૫ ॥ અકીંચન પુરૂશોનાજ જાણવામાં આવો. એવા આપનું નામ લેવાને પણ સારા કુળમાં જન્મ—ઐશ્વર્ય—શાસ્ત્રાધ્યયન—અને લક્ષ્મી એમના મદથી છકેલાઓ યોગ્ય નથી. ॥ ૨૬ ॥ નીષ્કામ ભક્તોના ધનરૂપ—ગુણોની વૃત્તીઓથકી નીવૃત્તીવાળા—આત્મારામ અને શાંત—તથા મોક્ષના પતી—એવા આપને હું નમુંછું. ॥ ૨૭ ॥ હું આપને, કાળ રૂપથી સર્વને નીયમમાં રાખનારા અથવા રૂદ્રમુર્તી—આદી અંત વીનાના—સમર્થ—સર્વત્ર સમપણે વર્તનારા—અને પ્રાણીઓમાં જેના થકી કલી એટલે કજીઓ થાય છે. તે રૂપ માનુંછું. ॥ ૨૮ ॥ જેને કોઇ પ્રીતીપાત્ર કીંવા દ્વેશ પાત્ર નથી. છતાં જેને વીશે પુરૂશોને વીશમ બુદ્ધી થાય છે. એવા આપ ભગવાને મનુષ્ય રૂપથી કરેલું ચરીત્ર, આશ્ચર્ય સરખું અને ભ્રમ ઉત્પન કરનાર હોવાથી તેને કોઇજ જાણી શકતું નથી. ॥ ૨૯ ॥ હે અજન્મા—અકર્તા—આત્મા—અને વીશ્વાત્મા એવા આપ ભગ-

नाममलात्मनां ॥ भक्तियोगविधानार्थंकथंपश्येमहिस्त्रियः ॥२०॥ कृष्णायवासुदेवायदेवकीनंदनाय च ॥ नंदगोपकुमारायगोविंदायनमो नमः ॥२१॥ नमःपंकजनाभाय नमःपंकजमालिने ॥ नमःपंकजनेत्रायनमस्तेपंकजांघ्रये ॥२२॥ यथाहृषीकेशखलेन देवकीकंसेनरुद्धाऽतिचिरंशुचार्पिता ॥ विमोचिताऽहंचसहात्मजाविभोत्वयैवनाथेनमुहुर्विपद्गणात् ॥२३॥ विषान्महाग्नेःपुरुषाददर्शनादसत्सभायावनवासकृच्छ्रतः ॥ मृधेमृधेऽनेकमहारथास्त्रतोद्रौण्यस्त्रतश्चास्महरेऽभिरक्षिताः ॥२४॥ विपदःसंतुनःशश्वत्तत्रतत्रजगद्गुरो ॥ भवतोदर्शनंयत्स्यादपुनर्भवदर्शनं ॥२५॥ जन्मैश्वर्यश्रुतश्रीभिरेधमानमदःपुमान् ॥ नैवार्हत्यभिधातुं वैत्वामकिंचनगोचरं ॥२६॥ नमोऽकिंचनवित्तायनिवृत्तगुणवृत्तये ॥ आत्मारामायशांतायकैवल्यपतयेनमः ॥२७॥ मन्येत्वांकालमीशानमनादिनिधनंविभुं ॥ समंचरंतंसर्वत्रभूतानांयन्मिथःकलिः ॥२८॥ नवेदकश्चिद्भगवंश्चिकीर्षितंतवेहमानस्यनृणांविडंबनं ॥ नयस्यकश्चिद्दयितोऽस्तिकर्हिचिद्द्वेष्यश्चयस्मिन्विषमामतिर्नृणाम् ॥ २९ ॥ जन्मकर्मचविश्वात्मन्नजस्याकर्तुरात्मनः ॥ तिर्यङ्नृषिषुयादस्सुतदत्यंतविडंबनं ॥३०॥ गोप्याददेत्वयिकृतागसिदामतावद्यातेदशाऽश्रुकलिलांजनसंभ्रमाक्षं ॥ वक्त्रंनिनीयभयभावनयास्थितस्यसामांविमोहयतिभीरपियद्बिभेति ॥३१॥ केचिदाहुरजंजातंपुण्यश्लोकस्यकीर्तये ॥ यदोःप्रियस्यान्ववायेमलयस्येवचंदनं ॥३२॥ अपरेवसुदेवस्यदेवक्यांयाचितोऽभ्यगात् ॥ अजस्त्वमस्यक्षेमायवधायचसुरद्विषां ॥३३॥ भारावतरणायान्येभुवोनावइवोदधौ ॥ सीदंत्याभूरिभारेणजातोह्यात्मभुवाऽर्थितः ॥३४॥ भवेस्मिन्क्लिश्यमानानामविद्याकामकर्मभिः ॥ श्रवणस्मरणार्हाणिकरिष्यन्निंतिकेचन ॥३५॥ शृण्वंतिगायंतिगृणंत्यभीक्ष्णशःस्मरंतिनंदंतितवेहितंजनाः ॥ तएवपश्यंत्यचिरेणतावकं भवप्रवाहोपरमंपदांबुजं ॥३६॥ अप्यद्यनस्त्वंस्वकृतेहितप्रभोजिहाससिस्वित्सुहृदोऽनुजीविनः ॥ येषांनचान्यद्भवतःपदांबुजात्परायणंराजसुयोजितांहसां ॥३७॥ केवयंनामरूपाभ्यांयदुभिःसहपांडवाः ॥ भवतोऽदर्शनंयर्हिहृषीकाणामिवेशितुः ॥३८॥ नेयंशोभिष्यतेतत्रयथेदानींगदा

વાનના રૂશી—નર—પશુ—પક્ષી—અને માછલાં આદીને વીશે જન્મ થવા, અને કર્મો કરવાં એતો અત્યંત આશ્ચર્ય રૂપ છે. ॥ ૩૦ ॥ જેનાથી ભય એટલે મૃત્યુ પણ બીહે છે. તેવા આપ માતાનો અપરાધ કરવાથી ગોપી યશોદાએ જ્યારે બાંધવાને માટે દોરડું લીધું. ત્યારે ભયની ભાવના દેખાડીને આંસુથી આંજણ ધોવાયલી અને ભયભીત થયેલી આંખ્યોથી મોઢું નીચું કરી રહ્યા. એ આપની દશા થકી મને મોહ થાય છે. ॥ ૩૧ ॥ જેમ મલયાચળને વીશે ચંદન વૃક્ષ પેદા થાય, તેમ પ્રીય અને પુણ્યશ્લોક ભક્તોની કીર્તીનો ફેલાવો કરવા સારૂં આપ અજન્મા ભગવાનને યદુના વંશને વીશે જન્મ લીધેલાનું કેટલા એકો કહે છે. ॥ ૩૨ ॥ બીજાઓ કહે છે કે વસુદેવ અને દેવકીજીની પુર્વ જન્મની યાચનાથી આ જગતનું કલ્યાણ કરવાસારૂં અને દેવતાઓનો દ્વેશ કરનારા દૈત્યોનો નાશ કરવાસારૂં, આપ અજન્મા ભગવાન વસુદેવથકી દેવકીને વીશે અવતર્યા છો ॥ ૩૩ ॥ વળી બીજાઓ કહે છે કે દરીયાને વીશે નાવ રૂપે રહેલી પૃથ્વી ઘણા ભારથી દુઃખી થતાં બ્રહ્માએ પ્રાર્થના કરવાથી પૃથ્વીનો ભાર ઉતારવાનેસારૂં આપ જન્મ્યાછો. ॥ ૩૪ ॥ કેટલા એકો કહે છે કે અવીદ્યાનો આશ્રય કરીને કામના સહીત કર્મો કરવાવડે આ સંસારમાં પડીને કલેશ પામનારાઓએ સ્મરણ અને શ્રવણ કરવાયોગ્ય કર્મો કરવા સારૂંજ આપ ભગવાનનો આજન્મ થયેલો છે. ॥ ૩૫ ॥ જે મનુષ્યો તમારી લીલાઓજ વારંવાર સાંભળે છે-ગાય છે-સંભળાવે છે—સ્મરણ કરે છે અને વખાણે છે—તેઓ સંસારના પ્રવાહને મટાડનારાં આપનાં સુંદર ચરણ કમળને થોડી વારમાંજ પામે છે. ॥ ૩૬ ॥ હે પ્રભુ, આપના ચરણકમળ વીના બીજા આશ્રય વીનાનાં—અને આપે સ્વઇચ્છા પ્રમાણે કરીને બીજા રાજાઓને વીશે અપરાધ કરવામાં યોજેલાં—તથા સુહૃદ અને અનુજીવી, એવાં અમોને શું આપ તજી દેશો. ॥ ૩૭ ॥ આત્મા વીનાનાં જેમ ઇંદ્રીયાદીક હોય, તેમ આપનું અદર્શન થાય છે ત્યારે, નામો અને રૂપોવાળા પાંડવો સહીત યાદવો કોણ માત્રજ છે. ॥ ૩૮ ॥ હે ગદાને ધરનારા ભગવાન આપના વજ્ર-શંખ-અને ચક્રની નીશાનીવાળાં પગલાંથી અંકીત થયેલી પૃથ્વી હાલ

તેવી શોભે છે. તેવી આપ પધારી ગયા પછી શોભશે નહીં. ॥ ૩૯ ॥ આ સમૃદ્ધીવાળા દેશો—સારી પાકેલી ઔષધીઓ—લતાઓ—વનો—પર્વતો—અને નદીઓ તથા સમુદ્રો એ સર્વે આપની નજર થકીજ વૃદ્ધી પામે છે. ॥ ૪૦ ॥ હે વીશ્વેશ, હે વીશ્વાત્મન—હે વીશ્વમુર્ત્તી, પોતાના એવા યાદવો અને પાંડવો વીશેના મારા આ સ્નેહ પાશને આપ છેદી નાંખો ॥ ૪૧ ॥ હે મધુપતી ભગવાન ગંગાજી જેમ સમુદ્રને વીશે જાય છે તેમ મારી મતી સંપુર્ણરીતે અનન્ય વીશયા થઇને આપને વીશેજ પ્રવેશ કરો. ॥ ૪૨॥ હે કૃષ્ણ—અર્જુનના મીત્ર—વૃષ્ણીકુળમાં શ્રેષ્ટ—પૃથ્વીનો દ્રોહ કરનારા રાજાઓના વંશને બાળનારા—અક્ષીણ પ્રભાવવાળા—ગોવીંદ—ગાય બ્રાંહ્મણો, અને દેવતા આદીની પીડાને હરવા સારૂં અવતરેલા—યોગેશ્વર—અને અખીલ બ્રહ્માંડના ગુરૂ આપ ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥ ૪૩ ॥—સુત—કુંતાજીએ એ પ્રમાણે સુંદર વચનોથી સંપુર્ણ યશ ગવાયલા વૈકુંઠભગવાન માયાથકી મોહ ઉત્પન્ન કરતા હોય તેમ મંદમંદ હસ્યા. ॥ ૪૪ ॥ અને તમે સધળું ખરૂં કહોછો એમ અંગીકાર કરીને સ્ત્રી જનોની રજા લઇને પછી પોતાના પુર દ્વારકાં તરફ જવાનું કરતાં રાજા યુધીષ્ટીરે પ્રેમવડે પાછા વાળવાથી ભગવાન હસ્તીનાપુરમાં આવ્યા. ॥ ૪૫ ॥ પછી હે વીપ્રો, અદભુત કર્મોવાળા શ્રી કૃષ્ણ ભગવાને તથા વ્યાસાદીક રૂશીઓએ ઇતીહાસાદીકથી બોધ કર્યા છતાં પણ ઇશ્વરની ચેષ્ટાને નહીં જાણનારા, શોક વ્યાપેલા, અને સ્નેહ અને મોહને વશ થવાથી અવીવેકી મનવાળા, ધર્મપુત્ર યુધીષ્ઠીરે, સુહ્રદોનો વધ થયા બદલની ચીંતાથકી કહ્યું કે. ॥ ૪૬–૪૭ ॥ અહો દુષ્ટ એવો હું તેના હૃદયને વીશે દ્રઢ થએલા અજ્ઞાનને તો જુઓ. કે જેણે પારકા એવા આ દેહને અર્થે ઘણી અક્ષૌહીણી સેનાઓને હણી નાંખી ॥ ૪૮ ॥ બાળકો—બ્રાહ્મણો—સગાઓ—મીત્રો—પીતૃઓ—ભાઇઓ—અને ગુરૂઓનો દ્રોહ કરનારા મારો હજારોહજાર વરસો સુધી નરકમાંથી છુટકો થનાર નથી. ॥ ૪૯॥ પ્રજાનું રક્ષણ કરવા માટે ધર્મ યુદ્ધમાં રાજાએ શત્રુનો વધ કરવો એ પ્રકારનું શાશન વચન મારા બોધને માટે કલ્પાતું નથી. (અર્થાત પ્રજાનું રક્ષણ કરવા સારૂ આ યુદ્ધ

घर ॥ त्वत्पदैरंकिताभाति स्वलक्षणविलक्षितैः ॥३९॥ इमेजनपदाःस्वृद्धाःसुपक्वौषधिवीरुधः ॥वनाद्रिनद्युदन्वंतो ह्येधंतेतववीक्षितैः॥४०
अथविश्वेशविश्वात्मन् विश्वमूर्त्ते स्वकेषुमे ॥ स्नेहपाशमिमंछिंधिदृढंपांडुषु वृष्णिषु ॥४१॥ त्वयिमेऽनन्यविषयामतिर्मधुपतेऽसकृत् ॥ रतिमुद्व
हतादद्धागंगेवौघमुदन्वति ॥४२॥ श्रीकृष्णकृष्णसखवृष्ण्यृषभावनिध्रुग्राजन्यवंशदहनानपवर्गवीर्य ॥ गोविंदगोद्विजसुरार्तिहरावतारयो
गेश्वराखिलगुरोभगवन्नमस्ते ॥४३॥ सूतउवाच पृथयेत्थंकलपदैःपरिणूताखिलोदयः ॥ मंदंजहासवैकुंठोमोहयन्निवमायया ॥४४॥ता
बाढमित्युपामंत्र्यप्रविश्यगजसाह्वयं ॥ स्त्रियश्चस्वपुरंयास्यन्प्रेम्णाराज्ञानिवारितः ॥४५॥ व्यासाद्यैरीश्वरेहाज्ञैःकृष्णेनाद्भुतकर्मणा ॥ प्रबो
धितोऽपीतिहासैर्नाबुध्यतशुचार्पितः ॥४६॥ आहराजाधर्मसुतश्चिंतयन्सुहृदांवधम् ॥ प्राकृतेनात्मनाविप्राःस्नेहमोहवशंगतः ॥४७॥ अ
होमेपश्यताज्ञानंहृदिरूढंदुरात्मनः ॥ पारक्यस्यैवदेहस्यबह्व्योमेऽक्षौहिणीर्हताः ॥४८॥ बालद्विजसुहृन्मित्रपितृभ्रातृगुरुद्रुहः ॥ नमेस्या
न्निरयान्मोक्षोह्यपिवर्षायुतायुतैः ॥४९॥नैनोराज्ञःप्रजाभर्तुर्धर्मयुद्धेवधोद्विषाम् ॥ इतिमेनतुबोधायकल्पतेशासनंवचः ॥५०॥ स्त्रीणांमद्ध
तबंधूनांद्रोहोयोऽसाविहोत्थितः ॥ कर्मभिर्गृहमेधीयैर्नाहंकल्पोव्यपोहितुम् ॥५१॥ यथापंकेनपंकांभःसुरयावासुराकृतम् ॥ भूतहत्यांतथै
वैकांनयज्ञैर्मार्ष्टुमर्हति ॥५२॥ इतिश्रीभागवतेमहापुराणेप्रथमस्कंधेकुंतीस्तुतियुधिष्ठिरानुतापोनामाष्टमोऽध्यायः ॥८॥ सूत उवाच इति
भीतःप्रजाद्रोहात्सर्वधर्मविवित्सया ॥ ततोविनशनंप्रागाद्यत्रदेवव्रतोऽपतत् ॥१॥ तदातेभ्रातरःसर्वेसदश्वैःस्वर्णभूषितैः ॥ अन्वगच्छन्रथै
र्विप्राव्यासधौम्यादयस्तथा ॥२॥ भगवानपिविप्रर्षेरथेनसधनंजयः॥ सतैर्व्यरोचतनृपःकुवेरइवगुह्यकैः ॥३॥ दृष्ट्वानिपतितंभूमौदिवश्च्यु
तमिवामरम् ॥ प्रणेमुःपांडवाभीष्मंसानुगाःसहचक्रिणा ॥४॥ तत्रब्रह्मर्षयःसर्वेदेवर्षयश्चसत्तम ।राजर्षयश्चतत्रासन्द्रष्टुंभरतपुंगवम् ॥५॥
पर्वतोनारदोधौम्योभगवान्बादरायणः ॥ बृहदश्वोभरद्वाजःसशिष्योरेणुकासुतः ॥६॥ वसिष्ठइंद्रप्रमदस्त्रितोगृत्समदोऽसितः ॥ कक्षीवान्
गौतमोऽत्रिश्चकौशिकोऽथसुदर्शनः ॥७॥ अन्येचमुनयोब्रह्मन्ब्रह्मरातादयोमलाः ॥ शिष्यैरुपेताआजग्मुःकश्यपांगिरसादयः॥८॥ तान्स

થયેલું નથી.) ॥ ૫૦ ॥ મેં જેના બાંધવો મારી નાંખ્યા છે. એવી સ્ત્રીઓ વીગેરેનો જે આ દ્રોહ થયો છે. તે મટાડવાને ગૃહસ્થાશ્રમનાં કર્મો વડે હું સમર્થ થનાર નથી. ॥ ૫૧ ॥ જેમ ગારાવાળું પાણી ગારાવડેજ શુદ્ધ થતું નથી. અને મદીરાથી થયેલ દોશ મદીરાવડેજ મટાડી શકાતો નથી. તેમ વગર સમજણથી થયેલી પ્રાણીઓની હીંસાના પાપને, જાણી જોઇને પ્રાણીઓની હીંસા કરવાનું જેમાં આવે છે એવા યજ્ઞોવડે પ્રાણીઓની હત્યા કરીનેજ મટાડવાને યોગ્ય થવાતું નથીજ. ॥ ૫૨ ॥ ઇતીશ્રી૦ ભા૦ પ્ર૦ સ્કંધનો આઠમો અધ્યાય સંપુર્ણ ॥ ૮ ॥

અધ્યાય ૯ મો—સુત—એ પ્રમાણે પ્રજાના દ્રોહવડે ભય પામેલા યુધીષ્ટર રાજા, પછીથી કુરૂક્ષેત્રમાં જ્યાં ભીશ્મપીતામહ પડયા હતા. ત્યાં સર્વે પ્રકારના ધર્મો પુછવા સારૂં ગયા ॥ ૧ ॥ હે બ્રાહ્મણો, તે વખતેજ તેની પાછળ તેના ભાઇઓ તથા વ્યાસ અને ધૌમ્યઆદી રૂશીઓ સુવર્ણથી શણગારેલા અને સારા ઘોડા જોડેલા રથોમાં બેસીને ત્યાં ગયા. ॥ ૨ ॥ હે વીપ્ર રૂશી, અને ભગવાન કૃષ્ણ પણ ધનંજય સહીત રથમાં બેશીને ત્યાં ગયા. ત્યારે યક્ષો થકી કુબેર શોભવાની પેઠે યુધીષ્ટર રાજા તે બધાઓથી શોભવા લાગ્યા. ॥ ૩ ॥ સ્વર્ગમાંથી પડેલા દેવ સરખા એ ભીષ્મને પૃથ્વી ઉપર સુતેલા જોઇને ચક્રને ધરનારા કૃષ્ણ ભગવાન, અને પાછળ આવનારાઓ સહીત પાંડવો તેમને પગે લાગ્યા. ॥ ૪ ॥ હે શૌનક, તે ઠેકાણે બ્રહ્મરૂશીઓ—દેવરૂશી—અને રાજરૂશીઓ સર્વે, ભરત કુળમાં શ્રેષ્ટ ભીષ્મને જોવા સારૂં તુર્તજ ત્યાં આવ્યા. ॥ ૫ ॥ પર્વત—નારદ—ધૌમ્ય— વેદવ્યાસ—બૃહદશ્વ—ભરદ્વાજ—શીષ્યો સહીત પરશુરામ ॥ ૬ ॥ વસીષ્ટ—ઇંદ્રપ્રમદ—ત્રીત—ગૃત્સમદ—અસીત—કક્ષીવાન—ગૌતમ—અત્રી—કૌશીક—અને સુદર્શન ॥ ૭ ॥ નીર્મળ મનવાળા શુકદેવ આદી બીજા મુનીઓ તથા શીષ્યો સહીત કશ્યપ અને બૃહસ્પતી વીગેરે રૂશીઓ ત્યાં એકઠા થયા. ॥ ૮ ॥ તે સ-

ધણા મહાત્માઓને મળેલા એવા દેશ—કાળ—અને તેમના વીભાગો આદીને સમજનારા, અને વસુઓમાં મુખ્ય તથા ધર્મજ્ઞ, એવા ભીષ્મે તે સર્વની પુજા કરી. ॥ ૯ ॥ તેમજ માયાવડે મનુષ્ય દેહ ધરનારા શ્રી કૃષ્ણ ભગવાન કે જે હૃદયમાં રહ્યા થકા પાસે બેઠા હતા. એ જગતના ઇશ્વરની પણ, તેમના પ્રભાવને જાણ- નારા ભીષ્મે પુજા કરી. ॥ ૧૦ ॥ પછી વીનય અને સ્નેહથી ભરેલા—તથા પાસે બેઠેલા પાંડવોને સ્નેહના આંસુથી આંધળી થયેલી આંખો વાળા ભીષ્મ તે બોલ્યા કે. ॥ ૧૧ ॥—ભીષ્મ—અરે ધર્મ પુત્ર યુધીષ્ટીર, તમે, બ્રાહ્મણો—ધર્મ—અને અચ્યુત ભગવાનના આશ્રયવાળા છો. માટે દુઃખ વડે જીવવાને યોગ્ય નથી. છતાં દુઃખી થતા જીવો છો એટલે દુઃખના દીવસો કાઢો છો. એ મોટા અન્યાયની અને ખેદની વાત છે. ॥ ૧૨ ॥ અતીરથ પાંડુરાજા મરણ પામ્યા પછી છોકરાંવાળી પૃથા વહુ, અને તેમનાં નાનાં બાળકો, તમારાં કામોથી બહુ વારંવાર ઘણા ઘણા કલેશોને પામેલાં છે. ॥ ૧૩ ॥ તમો સર્વનું જે જે અપ્રીય થયું છે તે વાદળાં જેમ વાયુને વશ વરતે છે. તેમ લોકપાળો સહીત સર્વ લોક જેના વશમાં છે. તેના કાળથકીજ થયેલું હું માનું છું. ॥ ૧૪ ॥ જે ઠેકાણે ધર્મ પુત્ર યુધીષ્ટીર રાજા, ગદાધારી ભીમસેન, ગાંડીવ ધનુષ્ય અને અસ્ત્રોને ધરનારા અર્જુન, અને સુહૃદ સાક્ષાત શ્રી કૃષ્ણ ભગવાન હોય, ત્યાં વીપત્તી કેમજ હોય. ॥ ૧૫ ॥ હે યુધીષ્ટર રાજા, આ કૃષ્ણ ભગવાનના કરતવ્યને કોઇ પુરૂષો જાણી શકતા નથી. અને તે જાણવાની ઇચ્છા કરવા વાળા વીદ્વાનો પણ મોહ પામી ગયેલા છે. ॥૧૬॥ એટલા માટે હે ભરતશ્રેષ્ઠ, હે નાથ હે પ્રભુ, (યુધીષ્ટીર,) આ જગત દૈવને આધીન છે એવા નીશ્ચયથી તેના કરેલાનેજ અનુસરીને અનાથ એવી પ્રજાનું તમે રક્ષણ કરો. ॥ ૧૭ ॥ અને એજ આદી પુરૂષ નારાયણ—સાક્ષાત ભગવાન લોકોને માયા થકી મોહ ઉપજાવતા થકા યાદવોને વીશે છાની રીતે વીચરે છે. ॥ ૧૮ ॥ હે રાજા, એમના અતીછાના પ્રભાવને ભગવાન સદાશીવ, દેવરૂષી નારદ અને સાક્ષાત ભગવાન કપીલ દેવજી જાણે છે. ॥ ૧૯ ॥ જેને તમે મામાના પુત્ર—પ્રીય—મીત્ર—અને ઉત્તમ

मतान्म.।भागानुपलभ्यवसूत्तमः ॥पूजयामासधर्मज्ञोदेशकालविभागवित् ॥९॥ [illegible]त्प्रभावज्ञआसीनंजगदीश्वरम् ॥ हृदिस्थंपूजयामासमाययोपात्तविग्रहं ॥१०॥ पांडुपुत्रानुपासीनान्प्रश्रयप्रेमसंगतान् ॥ अभ्याच[illegible]नुरागास्त्रैरंधीभूतेनचक्षुषा ॥११॥ अहोकष्टम[illegible]ऽन्याय्यंयघूयंधर्मनंदनाः ॥ जीवितुंनार्हथक्लिष्टंविप्रधर्माच्युताश्रयाः ॥१२॥ [illegible]स्थितेऽतिरथेपांडौपृथाबालप्रजावधूः॥ युष्मत्कृतेबहून्क्लेशान्प्राप्तातोकवतीमु[illegible]ः ॥१३॥ सर्वकालकृतंमन्ये भवतांचयदप्रियं॥ सपालोयद्वशेलोकोवायोरिवघनावलिः ॥१४॥ यत्रधर्मसुतोराजा[illegible]दापाणिर्वृकोद[illegible]ः॥कृष्णोऽस्त्रीगांडी[illegible]सुहृत्कृष्ण[illegible]तोविपत्॥१५॥ नह्यस्यकर्हि[illegible]राजन्पुमन्वेदविधित्सितं ॥यद्विजि[illegible]ासयायुक्तामुह्यंतिकवयोपि[illegible] ॥१६॥ तस्मादिदंदैव[illegible] भरतर्षभ ॥ तस्यानुविहितोऽनाथानाथपाहिप्रजाःप्रभो ॥१७॥ एषवैभगवान्साक्षादाद्यो नारा[illegible]णःपुमान् ॥ मो[illegible]यन्मायथालोकंगूढश्चरतिवृष्णिषु ॥१८॥ अस्यानुभावंभगवान्वेदगुह्यतमंशिवः ॥ देवर्षिर्नारदःसाक्षाद्भगवान्कपिलो[illegible]प ॥ १९ ॥ यंमन्यसे[illegible]तुलेयंप्रियंमित्रंसुहृत्तमं ॥ अकरोःसचिवंदूतंसौहृदादथसारथिं ॥२०॥ सर्वात्मनःसमदृशोह्यद्वयस्यान[illegible]कृतेः ॥ तत्[illegible]मतिवैषम्यंनिरवद्यस्यनकचित् ॥२१॥ त[illegible] कांतमक्तेषुपश्यभूपानुकंपितं ॥ यन्मेऽसूं[illegible]जतःसाक्षात्कृष्णोदर्शनमागतः ॥२२॥ भक्त्यावेश्यमनोयस्मिन्वाचायन्नामकीर्त्तयन् ॥ [illegible]जन्कलेवरंयोगीमुच्य[illegible]भिः ॥२३॥ सदेवदेवोभगवान्प्रतीक्षतांकलेवरंयावदिदं[illegible]नोम्यहं ॥प्रसन्न[illegible]सारुणलोचनोल्लसन्मुखा[illegible]ध्यान[illegible]श्चतुर्भुजः ॥२४॥ सूत[illegible] युधिष्ठिरस्तदाकर्ण्यशयानं[illegible]रे ॥ अ[illegible]च्छद्विविधान्धर्मानृषीणांचानुशृण्वतां ॥२५ ॥ [illegible]भावविहितान्यथावर्णंयथाश्रमं ॥ वैराग्यरागोपाधिभ्यामाम्नातोभयलक्षणान् ॥२६॥ दानधर्मान्राजधर्मान्मोक्षधर्मान्विभागशः ॥ स्त्रीधर्मान्भगव[illegible]ः ॥२७॥ धर्मार्थकाममोक्षांश्चसहो[illegible] ॥ नानाख्यानेतिहासेषुवर्णयामासतत्त्ववित् ॥२८॥ धर्मंप्रवदतस्तस्यसकालःप्रत्युपस्थितः॥ योयोगिनश्छंदमृत्योर्वांछि

સુહૃદ માનો છો. અને જેને સુહૃદપણાથી મંત્રી—દુત—અને સારથી પણ કર્યા છે. તે સર્વાત્મા—સમદ્રષ્ટી—અદ્વ—અહંકાર રહીત—સમદેશ વીનાના ભગવાનને તો, તે તે કામો વડે થનારી વીસમ બુદ્ધી કદી પણ થતી નથી. ॥ ૨૦ ॥ ૨૧ ॥ તોપણ હે યુધીષ્ટીર રાજા, પોતાના એકાંતીક ભકતોના ઉપર તેમની કેટલી બધી દયા છે, તે જુઓ. મને પ્રાણ ત્યાગ કરવાના સમયે દર્શન આપવાને સારૂંજ, એ સાક્ષાત કૃષ્ણ ભગવાન અહીંયાં પધારેલા છે. ॥ ૨૨ ॥ યોગી પુરૂષો શરીરનો ત્યાગ કરતી વખતે ભકતી ભાવથકી મનને: અને નામાદીકનું કીર્તન કરવા વડે વાણીને; જે ભગવાનને વીશે પેસાડી દેવાવડે, કામનાઓ અને કર્મોથકી મુકત થઇ જાય છે. ॥ ૨૩ ॥ એવા, એ ધ્યાન કરવાના વીશય રૂપ—ચતુર્ભુજ—અને પ્રસન્ન હાસ્ય યુક્ત તથા રાતી આંખો વડે શોભતા મુખકમળ વાળા—દેવના દેવ—કૃષ્ણ ભગવાન, જ્યાં સુધી આ શરીરને હું છોડી દઉં, ત્યાં સુધી આ ઠેકાણેજ થોભજો. ॥ ૨૪ ॥—સૂત—એ પ્રમાણે સાંભળ્યા પછી રૂશીઓ વીગેરેના સાંભળતાં યુધીષ્ટીરે નાના પ્રકારના ધર્મો વીશેના પ્રશ્નો બાણશય્યા ઉપર સુતેલા ભીષ્મ પીતામહને પુછ્યા. ॥ ૨૫ ॥ અને હે શૌનકમુની, તત્વને જાણનારા ભીષ્મે પણ નાના પ્રકારના ઇતીહાસો અને આખ્યાનોથી મનુષ્યોના સ્વભાવો વડે કરીને નીર્માણ થયેલા વર્ણો તથા આશ્રમોના ધર્મો—વૈરાગ્ય તથા રાગ રૂપ ઉપાધીથી જણાતા નીવૃતી અને પ્રવૃતીરૂપ લક્ષણોવાળા દાન ધર્મ, રાજ ધર્મ, અને વીભાગો સહીત મોક્ષ ધર્મ—સ્ત્રી ધર્મ—ભાગવત ધર્મ એટલે ભક્ત અને સાધુ વીગેરે વૈશ્નવોનો ધર્મ, એ સઘળું તથા ઉપાયો સહીત ધર્મ—અર્થ—કામ અને મોક્ષ એ સર્વે પણ જે જે પ્રકારે છે. તે તે પ્રકારે સમાસ એટલે સંક્ષેપથી અને વ્યાસયોગ એટલે વીસ્તારથી વર્ણન કરી બતાવ્યું. ॥ ૨૬-૨૭-૨૮ ॥ એ રીતના ધર્મો કહેતાં કહેતાં "સ્વચ્છંદ મૃત્યુ" યો-

ગીઓને ઇચ્છીત એવો ઉતરાયણનો કાળ તેમને પ્રાપ્ત થયો. ॥ ૨૯ ॥ ત્યારે હજારો રથીઓનું પાલન કરનારા ભીષ્મે પોતાની વાણી બંધ કરીને, અને આંખ્યો મીંચીને, પાસે બેઠેલા ચતુર્ભુજવાને પીળાં વસ્ત્રોથી શોભતા એવા શ્રી કૃષ્ણ ભગવાનને વીશે પોતાનું સંગ રહીત મન ધારણ કર્યું. એટલે પેસાડયું. ॥૩૦॥ અને શુદ્ધ ધારણા વડે પાપ માત્ર નાશ પામેલા—ભગવાનના દર્શનથી હથીઆરો સંબંધી પરીશ્રમ મટેલા—અને સર્વ ઇંદ્રીયાદીકનો ભ્રમ નીવૃત્ત થયેલા એ ભીષ્મ પીતામહે દેહ ત્યાગ કરતી વખતે જનાર્દન ભગવાનની આ પ્રમાણે સ્તુતી કરી. ॥ ૩૧॥ ભીષ્મ—જે ભગવાન પોતાના પરમાનંદ સ્વરૂપને પ્રાપ્ત થયેલ છે. છતાં કોઇ વખતે વીહાર કરવાની ઇચ્છાથી પ્રકૃતી એટલે માયાને પ્રાપ્ત થાય છે. જેથી આ સંસારનો પ્રવાહ ચાલ્યા કરે છે. એવા યાદવોમાં શ્રેષ્ઠ સમર્થ કૃષ્ણ ભગવાનને વીશે હું મારી તૃષ્ણા રહીત મતીને અર્પણ કરૂંછું ॥ ૩૨ ॥ ત્રણ લોકમાં સુંદર—તમાલ વર્ણ-વાળા—સુર્યના કીરણો સરખાં પીળાં વસ્ત્રો ધરનારા—કેશના સમુહથી ઘેરાયલા મુખવાળા સરીરને ધારણ

કરનારા—અને અર્જુનના મીત્ર શ્રી કૃષ્ણ ભગવાનમાં મારી નીષ્કામ પ્રીતી રેહેજો. ॥૩૩॥ યુદ્ધને વીશે ઘોડાની ખરીઓની રજવડે ભરાયલા, અને ઉડતા વાળથી વીખરાઇ ગયેલા પરશેવાના બીંદુઓથી શોભતા મુખવાળા—મારા તીક્ષ્ણ બાણોથી ચામડી વીંધાઇ ગયેલા, શ્રી કૃષ્ણ ભગવાનને વીશે મારૂં મન રેહેજો. ॥૩૪॥ પોતાના મીત્ર અર્જુનનાં વચનો સાંભળીને તુર્તજ પોતાના અને શત્રુઓના સૈન્યના મધ્યમાં રથને રાખીને ઉભા રહેલા—અને જોવા માત્રથીજ શત્રુ સેનાના લડવઇઆઓના આયુષ્યને હરીલેનારા—અર્જુનના મીત્ર એ શ્રી કૃષ્ણ ભગવાનમાંજ મારી પ્રીતી રેહેજો. ॥ ૩૫ ॥ તૈયાર થએલા સેનાના મુખને જોવાથી, દોષબુદ્ધીથી સ્વજનોનો વધ થવાનું સમજીને, તે થકી નીવૃત્ત થયેલા અર્જુનની કુમતીને આત્મવીદ્યાના ઉપદેશવડે હરનારા શ્રી કૃષ્ણ પરમાત્માના ચરણમાં મારી પ્રીતી થજો. ॥ ૩૬ ॥ પોતાના નીયમનો ત્યાગ કરીને મારી પ્રતીજ્ઞાને અધીક અને ખરી કરવાને અર્થે, રથમાં બેઠા હતા ત્યાંથી ઉતરીને, રથનું ચક્ર હાથમાં ધારણ કરી

तत्र [illegible] ॥२९॥ तदोपसंहृत्यगिरःसहस्रणीर्विमुक्तसंगंमनआदिपूरुषे ॥कृष्णेलसत्पीतपटेचतुर्भुजेपुरःस्थितेऽमीलितदृग्व्यधारयत्
॥३०॥ वि[illegible]घश्रमः ॥ निवृत्तसर्वेंद्रियवृत्तिवि[illegible]मस्तुष्टावजन्यं[illegible]नं ॥३१॥ भी
[illegible]उवाच इतिमांतरुपकल्पितावितृष्णाभगवतिसात्वत[illegible]गवेविभूम्नि ॥ स्वसु[illegible]विहर्तुं प्रकृतिमुपेयुषियद्भवप्रवाहः ॥३२॥ त्रि
भुवन[illegible]लवर्णंरविकरगौरवरांबरंदधाने ॥ वपुर[illegible]ककुलावृताननाब्जंविजयसखेरतिरस्तुमेनवद्या ॥३३॥ युधितुरगरजोविधूम्रवि
ष्वक्[illegible]लितश्रमवार्यल[illegible]तास्ये ॥ ममनिशित[illegible]रैर्विभिद्यमानत्वचिविलसत्कवचेऽस्तुकृष्णआत्मा ॥३४॥ सपदिसखिवचोनिशम्यमध्ये
निजपरयो[illegible]रथंनिवेश्य॥ स्थितवतिपरसैनि[illegible]थसखेरतिर्ममास्तु ॥३५॥ व्यव[illegible]तिपृतना[illegible]स्यंनिरीक्ष्यस्वजनवधा
द्वि[illegible] ॥ कुमतिम[illegible]रदात्मविद्यया[illegible]श्चरणरतिः[illegible]त चमेऽस्तु ॥३६॥ स्वनिगममप[illegible]यमत्प्रति[illegible]मृतमधिककर्तुमवप्लुतो
रथस्थः ॥ धृत[illegible]यपाञ्चलद्गुर्हरिरिवहंतुमिभंगतोत्तरीयः ॥ ३७॥ शितविशिख[illegible]क्षतजपरि[illegible]आततायिनो मे ॥
प्रसभमभिससारमद्वधार्थंसभवतुमेभगवान्गतिर्मुकुंदः ॥३८॥ विजयरथकुटुंबआत्ततोत्रे धृत[illegible]श्मिनितच्छ्रियेक्षणीये ॥ भगवतिरति
[illegible]निरीक्ष्य[illegible]ताःस्वरूपं ॥३९॥ ल[illegible]गतिविलासवल्गु[illegible]सप्रणयनिरीक्षणक[illegible]मानाः ॥ [illegible]उन्म
दांधाः[illegible]पवध्वः ॥४०॥ मुनि[illegible]पवयसंकुलेऽन्तःसदसियुधिष्ठिरराजसूयएषां॥ अर्हणमुपपेदईक्षणीयोममदृशिगो
चरएषआविरात्मा ॥४१॥ तमिममहमज[illegible]दधिष्ठितमात्मकल्पित[illegible]नां ॥ प्रति[illegible]शमिवनैकधार्कमेकंसमधिगतोस्मिविधू
तभेदमोहः ॥४२॥ सूतउवाच [illegible]एवंभगवतिमनोवाग्दृष्टिवृत्तिभिः ॥ आत्मन्[illegible]वेश्यसोऽन्तःश्वासउपारमत् ॥४३॥ संपद्यमान
माज्ञायभीष्मंब्रह्मणिनिष्कले॥ सर्वेबभूवुस्ते तूष्णीं[illegible]विदिनात्यये ॥४४॥ तत्र[illegible]दुंदुभयोनेदुर्देवमानववादिताः शशंसुःसाधवोराज्ञांखात्पे

(પોતાને વીશે રહેલા ત્રણ ભુવનના ભારથી) પૃથ્વીને ચલાયમાન કરતા થકા, પોતાનું ઉતરીય વસ્ત્ર પડતું નાંખીને, સીંહ જેમ હાથીને મારવાને દોડે તેમ; હાથમાં ધનુષ્યબાણ લઇને મારવાને ઉભેલો હું, તેનાં તીક્ષ્ણ બાણોથી હણાયલા—કવચ વીખાઇ ગયેલા—અને જખમોમાંથી નીકળતા લોહીથી ખરડાઇ ગયેલા—એવા જે ભગવાન મને મારવાને સામા દોડી આવ્યા હતા. તે મુકુંદ ભગવાન મારી ગતીરૂપ થજો. ॥ ૩૭-૩૮ ॥ અર્જુનના રથનું રક્ષણ કરનારા—હાથમાં ચાબખો ઝાલેલા—હાથમાં ઘોડાની રાશો રાખવાથી શોભતા—અને જેને જોવાથી યુદ્ધમાં મુએલાઓ તેના સરખાજ સ્વરૂપને પામેલા છે. એવા એ ભગવાનને વીશેજ, મરવાને તૈયાર થયેલા હુંની પ્રીતી હોજો. ॥ ૩૯ ॥ સુંદર ગતી, વીલાસ, મનોહર હસવું, અને પ્રેમથી જોવું, એવડે ઘણા માનને પામેલી—અને ભગવાને કરેલાં કામોનું અનુકરણ કરવા આદીથી ઉન્મત્ત અને અંધ સરખી થયેલી વ્રજની ગોપીઓ તેનાજ સ્વરૂપને પામી ગઇ છે. તે ભગવાનમાંજ મારી પ્રીતી થજો. ॥ ૪૦ ॥ યુ-ધીષ્ટીરના રાજસુયયજ્ઞમાં મુનીગણો અને ઉત્તમ રાજાઓથી ભરાયલી સભા મધ્યે મુનીગણોએ, શું રૂપ! શો મહીમા! એ રીતે આશ્ચર્યપુર્વક જોઇને કહેવાયલા જે ભગવાન અગ્રપુજાને પામ્યા હતા. તેજ ભગવાન મારી નજર આગળ આવીને ઉભેલા છે. ॥ ૪૧ ॥ જેની ભેદ દૃષ્ટી એટલે દ્વૈતભાવ અને મોહ ટળી ગયા છે. એવો હું, એ અજન્મા અને સર્વ દેહધારીઓના અંતરને વીશે આત્મારૂપે રહેલા—અને સુર્ય એક છતાં જળથી ભરેલાં પાત્રાદીકના ભેદથી અનેક રૂપે દેખાય છે તેમ, અનેક રૂપે જણાતા એ ભગવાનને વીશે હું પ્રાપ્ત થાઉંછું. ॥ ૪૨ ॥ સૂત—એવી રીતે મન—વાણી—અને દૃષ્ટીની વૃત્તીઓથી શ્રી કૃષ્ણભગવાનને વીશે બુદ્ધી-વડે ચીતને પેસારીને એ ભીષ્મપીતામહનો છેવટનો શ્વાસ બંધ થયો. (અર્થાત્ મરણ પામ્યા.) ॥ ૪૩ ॥ ઉપાધી વીનાના પરબ્રહ્મને ભીષ્મ પામેલાનું જાણીને, દીવસ આથમતાં જેમ પક્ષીઓ ચુપ થઇ જાય છે. તેમ સર્વે કોઇ બોલતા બંધ થઇ ગયા. ॥ ૪૪ ॥ તે ઠેકાણે દેવનાં અને મનુષ્યોનાં નગારાં વાગ્યાં. આકાશમાંથી

ફુલના વરસાદ વરસ્યા. તથા સુત રાજાઓ આદીએ તેમનાં વખાણ કર્યાં. ॥ ૪૫ ॥ હે શૌનક, એ મરણ પામેલા ભીષ્મનાં દાહક્રીયા આદી સંસ્કાર કરાવીને યુધીષ્ટીર રાજાએ થોડી વાર શોક કરયો. ॥ ૪૬ ॥ અને પ્રસન્ન થયેલા મુનીઓએ શ્રી કૃષ્ણ ભગવાનની તેમનાં છાનાં નામોથી સ્તુતી કરી. અને તેમનું ધ્યાન કરતા કરતા પોતપોતાના આશ્રમોમાં પાછા ગયા. ॥ ૪૭ ॥ પછી કૃષ્ણ સહીત યુધીષ્ટીરે હસ્તીનાપુરમાં જઇને પોતાના કાકા ધૃતરાષ્ટ્રનું અને તાપ પામેલાં ગાંધારીનું સાંત્વન કરયું. ॥ ૪૮ ॥ અને તેમની તથા વાસુદેવ ભગવાનની સમ્મતીથી બાપદાદાથી ચાલતું આવેલું રાજ્ય ધર્મ પ્રમાણે ચલાવ્યું. ॥ ઇતી શ્રી૦ ભા૦ પ્ર૦ સ્કંધનો નવમો અધ્યાય સંપુર્ણ. ॥ ૯ ॥

અધ્યાય ૧૦ મો.—શૌનક—વૈભવ જેને ગમતા નથી—અને ધર્મવાળાઓમાં ઉત્તમ એવા યુધીષ્ટીર, પોતાના ધનની સ્પર્ધા કરનારા, તથા હથીઆરો ઉપાડીને સામા મારવાને આવનારાઓને મારીને, પાછળથી રાજ્ય ચલાવવાને માટે કેમ પ્રવૃત્ત થયા. ॥ ૧ ॥ સુત—ઇશ્વર હરીભગવાન પોતેજ, યુધીષ્ટીરને તેમના પોતાના રાજ્ય ઉપર સ્થાપન કરીને અને કુરૂનો વંશ દાવાગ્નીથી બળી જતો હતો, તેને પાછો અંકુરીત કરીને પ્રસન્ન થયા છે. (અર્થાત ભગવાનની ઇચ્છા તેવી હોવાથીજ એમ બનેલું છે. યુધીષ્ટીરે કાંઇ કરયું નથી.) ॥ ૨ ॥ તેથીજ ભ્રમ માત્રનો નાશ કરનારા અને વીજ્ઞાનને વીશે પ્રવૃત્તી કરનારા જે ધર્મો અચ્યુત ભગવાને પોતેજ કહેલા છે. તે ભીષ્મપીતામહના મુખથી સાંભળીને પોતાના નાનાભાઇઓએ સેવા કરાતા, અને અજીત ભગવાનના આશ્રયવાળા એ યુધીષ્ટીર રાજાએ સમુદ્ર પર્યંત પૃથ્વીનું શાસન કર્યું છે. ॥૩॥ તેમના (સમયમાં) રાજ્યમાં વરસાદ જ્યારે જોઇયે ત્યારે વરસતો. જે જે વસ્તુ જોઇએ તે પૃથ્વી આપતી ને મોટા આઉવાળી ગાયો હર્ષવડે વ્રજને એટલે તેમના સ્થાનકોને દુધવડે ભરી દેતી. ॥૪॥ નદીઓ—સમુદ્રો—અને વનસ્પતી, ઔાષધીઓ, તથા વેલો સહીત પર્વતો, એ બધાંજ સર્વઋતુને વીશે પોતપોતાનાં ફળોની જ્યારે જ્યારે લોકો

तुःपुष्प[illegible]ष्टयः॥४५॥ तस्यनिर्हरणादीनिसंपरेतस्यमार्गव ॥ युधिष्ठिरःकारयित[illegible]ःखितोभवत् ॥ ४६॥ तुष्टुवुमुनयो[illegible]ष्टाःकृष्णंतद्गुह्यनामभिः ॥ ततस्तकृष्ण[illegible]स्वाश्रमान्प्रययुःपुनः ॥४७॥ ततोयुधिष्ठिरोगत्वासहकृष्णो[illegible]। पितरंसांत्वयामासगांधारीं[illegible]स्विनीं ॥४८॥ पित्राचानु[illegible]वानुमोदितः ॥ चकारराज्यंधर्मेणपितृपैताम[illegible]विभुः ॥४९॥ इतिश्रीभागव[illegible]महापुराणेप्रथमस्कंधे युधि[illegible]रराज्यप्रलंभोनामनवमोऽध्यायः ॥ ९ ॥ शौनकउवाच हत्वास्वंरिक्थस्पृधआततायिनोयुधिष्ठिरोधर्मभृतांवरिष्ठः ॥ सहानुजैःप्रत्यवरुद्धभोजनः कथंप्रवृत्तःकिमकारषीत्ततः ॥ १॥ [illegible]तउवाच वंशंकुरोर्वंशदवाग्निनिर्हतंसंरोहयित्वाभवभावनो[illegible]रिः ॥ निवेशयित्वानिजराज्य[illegible]श्वरोयुधिष्ठिरंप्रीतमनाब[illegible]वह ॥२ ॥ नि[illegible]म्यभीष्मोक्तमथाच्युतोक्तंप्रवृत्तविज्ञानविधूतविभ्रमः ॥ शशासगामिंद्रइवाजिताश्रयः परि[illegible]पांत[illegible]तः ॥३ ॥ [illegible]न्यःसर्वकामदुघामही ॥ सिषिचुःस्मव्रजान्गावःपयसोधस्वतीर्मुदा ॥४॥ नद्यःसमुद्रागिरयःसवनस्प[illegible]ः ॥ फलंत्योषधयःसर्वाःकाममन्वृतुतस्यवै ॥५॥नाधयोव्याधयःक्लेशादैवभूतात्महेतवः ॥ [illegible]वभवन्जंतूनां राज्ञि[illegible]चित् ॥६॥ उषित्वा[illegible]स्तिनपुरेमासान्कतिपया[illegible]रिः॥ सुहृदां[illegible]पस्व[illegible]श्वप्रियकाम्यया ॥७॥ आमंत्र्यचाभ्यनुज्ञातःपरिष्वज्याभिवाद्यतं ॥ आरुरोहरथंकैश्चित्प[illegible]ष्वक्तोऽभिवादितः ॥८॥ सुभद्राद्रो[illegible]विराटतनयातथा ॥ गांधारीधृतरा[illegible]श्चयुयुत्सुर्गौतमो[illegible] ॥९॥ वृकोदरश्चधौम्यश्च[illegible]त्स्यसुतादयः ॥ नसेहिरेविमुह्यंतोविरहंशार्ङ्गधन्वनः ॥१० ॥ सत्संगान्मुक्तदुःसंगोहातुंनोत्सहतेबुधः ॥[illegible]॥११॥ तस्मिन्न्यस्तधियःपार्थाःसहेरन्विरहंकथम्॥ दर्शनस्पर्शसंलापशयनासनभोजनैः ॥१२॥ सर्वेतेऽ[illegible]द्रुतचेतसः॥ वीक्षंतःस्नेहसंबद्धाविचे[illegible]स्तत्रतत्रह ॥१३॥ न्यरुंधन्नुद्गलद्बाष्पमौत्कंठ्या[illegible]वकीसुत ॥ निर्यात्यगारान्नोऽभद्रमितिस्याद्बांधवस्त्रियः ॥१४॥ मृदंगशंखभेर्यश्चपणवानकगोमुखाः ॥ धुंधुर्यान[illegible]नेदुर्दुंदुभयस्तथा ॥१५॥ प्रासाद

ઇચ્છા કરે ત્યારે આપતાં હતાં. ॥ ૫ ॥ એ અજાત શત્રુના રાજ્યમાં કોઇ પણ પ્રાણીઓને આધી—વ્યાધી તથા દૈવ—ભુત અને આત્મા એટલે પોતાનો દેહ, એઓ થકી થનારા કલેશો થતા નહતા. ॥ ૬ ॥ પોતાના સુહૃદોનો શોક મટાડવાને, અને બેન સુભદ્રાનું પ્રીય કરવાને હરીભગવાન કેટલાક મહીના સુધી હસ્તીનાપુરમાંજ રહ્યા. ॥ ૭ ॥ પછી તે સઘળાંને ભેટીને, અભીવંદન કરીને, તથા આજ્ઞા લેઇને, અને કોઇ પ્રેઇને આસીર્વાદ વીગેરે આપીને, પછી પોતાને કેટલાએક પગે લાગે છે. અને કેટલાએક મળે છે. એવી રીતે દ્વારકાં જવાને સારૂં ભગવાન રથમાં બેઠા. ॥ ૮ ॥ ત્યારે સુભદ્રા—દ્રુપતી—કુંતાજી—ઉત્તરા—ગાંધારી—ધૃતરાષ્ટ્ર—યુયુત્સુ—કૃપાચાર્ય—નકુલ—સહદેવ—ભીમ—ધૌમ્ય—અને સત્યવતી આદી સ્ત્રીઓ વીગેરે મોહ પામતાં થકાં શારંગ ધનુષને ધરનાર કૃષ્ણભગવાનના વીરહને સહન કરી શકયાં નહીં. ॥ ૯-૧૦ ॥ કેમકે સત્સંગવડે કુસંગથકી મુક્ત થયેલ. બુદ્ધીમાન પુરૂષો, સત્પુરૂષોએ ગાયેલા ભગવાનના મનોહર યશને એકવાર પણ સાંભળ્યા પછી તેને છોડી શકતા નથી. ॥ ૧૧ ॥ તો એજ ભગવાનને વીશે; જોવું—સ્પર્શ કરવો—બોલવું—સુવું—બેસવું—અને જમવું આદી, સાથે કરવા થકી, બુદ્ધીને ધારણ કરનારા પૃથાના પુત્રો તો, તેમના વીરહને કેમજ સહન કરી શકે. ॥ ૧૨ ॥ એ ભગવાનને વીશેજ સ્નેહે કરીને ચીત્ત દોડવાથી મટકું મારયા વીનાની આંખ્યોથી જોતા, તે પાંડવો ફક્ત ભેટ આદીક લેઇ આવવા પુરતાજ આઘા ખસતા હતા. ॥ ૧૩ ॥ અને ભાઇઓ આદીની સ્ત્રીઓ, ઘરમાંથી કૃષ્ણ ભગવાન સીધાવતાં ઉત્સાહને લીધે આંખમાંથી ખરી પડતાં આંસુઓને માત્ર અમંગળ ન થવા દેવાનેજ રોકી રાખતાં હતાં. ॥ ૧૪ ॥ મૃદંગ—શંખ—ભેરી—ઢોલ—નગારાં—ગોમુખ—ધુંધરી—આનક—અને ઘંટા આદીક વાજાંઓ અને નોબતો વાગતી હતી. ॥ ૧૫ ॥ અને પ્રેમ, લાજ, અને હાસ્ય સહીત નજરવાળી કુરૂ કુળની સ્ત્રીઓ મેહેલોની અટારીઓ ઉપર ચઢીને ભગવાનના ઉપર ફુલનો વરસાદ વરસાવતી હતી. ॥ ૧૬ ॥ પ્રીય અર્જુને પોતાને અતી પ્રીય ભગવાનના ઉપર મોતીની

વરસીથી શોભતું સોનાની દાંડીવાળું છત્ર ધર્યું હતું. ॥ ૧૭ ॥ અને ઉદ્ધવ તથા સાત્યકીએ લીધેલાં બે અદભુત ચામરોથી પણ ઢોળાતા અને રસ્તાને વીશે ઉપરથી ફુલનો વરસાદ થતા મધુપતી ભગવાન શોભતા હતા. ॥ ૧૮ ॥ નીર્ગુણ હોવા છતાં માયાવડે સગુણ મનુષ્ય રૂપ થયેલા ભગવાન કૃષ્ણને બ્રાહ્મણો યોગ્ય અને અયોગ્ય સાચી આશીશો આપતા સંભળાતા હતા. ॥ ૧૯ ॥ અને ઉત્તમ શ્લોક ભગવાનમાં ચીતવાળી એ કૌરવના નગરની સ્ત્રીઓ સર્વના કાનને ગમે એવું બોલતી હતી કે. ॥ ૨૦ ॥ પુર્વે બ્રહ્માની રાત્રીને સમયે, જગતના આત્મા ઇશ્વરે, ગુણોવાળી પ્રકૃતી (શક્તી) ને પોતાને વીશે સુવાડીને લીન કરી હતી, ત્યારે જે એક અને અવીશેશ આત્મા રૂપે શેશ રહ્યા હતા, તેજ પુરાતન પુરૂશ ભગવાન આ શ્રી કૃષ્ણ છે. ॥ ૨૧ ॥ અને એજ વેદ આદી શાસ્ત્રોને કરનાર ઇશ્વર ફરીથી પોતાના પરાક્રમથીજ, પોતામાં રહેલી (માયા) પ્રકૃતીને આગ્ના કરવાથી, તે માયા, નામ અને રૂપ વગરનામાંથી, નામ અને રૂપ વીગેરે આપેલ સૃષ્ટી કરવાને માટે પ્રવર્તે છે. ॥ ૨૨ ॥ ઇંદ્રીઓને જીતનારા અને પ્રાણને વશ કરનારા સત્પુરૂશો ભક્તીવડે નીર્મળ થયેલી બુદ્ધીથી જેના સ્વરૂપને જાણે છે. તેજ આ શ્રી કૃષ્ણ છે. અને બુદ્ધીને પણ નીર્મળ કરવાને એજ યોગ્ય છે. ॥ ૨૩ ॥ અને હે સખીઓ, જેની સતકથાઓને, વેદમાં અને તેનાં રહસ્ય રૂપ સત શાસ્ત્રોમાં, ગાયેલી છે. તથા લીલાથી જગતને જે ઉત્પન્ન કરે છે—પાળે છે—અને સંહાર કરે છે. છતાં તેમાં લેપાતા નથી. તેજ આ શ્રી કૃષ્ણ છે. ॥ ૨૪ ॥ જ્યારે તમો ગુણી બુદ્ધીવાળા રાજાઓ અધર્મ વડે જીવનારા થાય છે. ત્યારે એ ભગવાનજ પ્રભુના—સત્ય—રૂત—દયા—અને યશ, એમની વૃદ્ધી કરવાને સારૂં યુગ યુગને વીશે સત્વ ગુણી સ્વરૂપોને ધારણ કરે છે. ॥ ૨૫ ॥ આ પુરૂષોમાં ઉતમ અને લક્ષ્મીપતી ભગવાને પોતાના જન્મ વડે કરીને યદુના કુળને, અને ફરવા વડે કરીને

शिखरारूढाः [illegible]र्यांविदृक्षया॥ ववृषुःकुसुमैःकृष्णप्रेमव्रीडा[illegible]तेक्षणाः ॥१६॥ सितातपत्रंजग्राह[illegible]कादामावेभूषितं ॥रत्नदंडंगुडाकेशः
प्रियःप्रियतमस्य ॥१७॥ उद्धवःसात्यकिश्चैवव्यजनेपरमाद्भुते ॥ विकार्यमाणःकुसुमैरेजेमधुपतिःपथि ॥१८॥ अश्रूयंताशिषःसत्यास्त
त्र[illegible]जरिताः॥ [illegible]नुरूपाश्चनिर्गुण[illegible]नः॥१९॥अन्योन्यमासीत्[illegible]ल्पउत्त[illegible]श्लोकचेतसाम् ॥ कौरवे[illegible]श्रुतिम
नोहरः॥२०॥ [illegible]षःपुरातनोयएकआसीदविशेषआत्मनि॥अग्रेगुणेभ्योजगदात्मनीश्वरेनिमीलितात्मन्निशि[illegible]शक्तिषु॥२१॥
सएवभूयोनिजवीर्यचोदितांस्वजीवमायांप्रकृतिंसिसृक्षतीं ॥अनामरूपात्मनेरूपनामनीविधित्समानोऽनुससारशास्त्र[illegible] ॥२२॥ सवाअयं
यत्पदमत्रसूरयोजितेंद्रियानिर्जितमातरिश्वनः ॥ पश्यंति[illegible]न्वेषसत्त्वंपरिमार्ष्टुम[illegible]ति ॥२३॥ सवा[illegible]नुगीत
सत्कथोवेदेषुगुह्येषुचगुह्यवादिभिः ॥ यएक[illegible]शोजग[illegible]ते ॥२४॥ यदाह्यधर्मेणतमोधियोनृपाजीवंति
तत्रैष[illegible]सत्वतःकिल॥ [illegible]त्यमृतंदयांयशोभवा[illegible]पाणिद[illegible] ॥२५॥अहोअलंश्लाघ्यतमंयदोःकुलंअहोअलंपुण्यतमंमधोर्वनं
॥ यदेषपुंसामृषभःश्रियःप्रियःस्वजन्मनाचंक्रमणेनचांचति ॥२६॥ अहोबतस्वर्यशसस्तिरस्करीकुशस्थलीपुण्ययशस्करीभुवः ॥ पश्यंति
नित्यंयदनुग्रहेषितस्मितावलोकंस्वपतिं[illegible]जाः ॥२७ ॥ नूनंव्रतस्नान[illegible]तादिनेश्वरःसमर्चितोह्यस्यगृहीतपाणिभिः ॥ पिबंतियाःसख्य
धरामृतं[illegible]व्रजस्त्रियःसंमुमुहुर्यदाशयाः ॥ २८॥ यावीर्यशुल्केनहृताःस्वयंवरप्रमथ्यचैद्यप्रमुखान्[illegible]शुष्मिणः ॥प्रद्यु[illegible]ऽप
राश्चाहृताभौमवधेसहस्रशः ॥२९॥एताःपरंस्त्रीत्वमपास्तपेश[illegible]धुकुर्वते ॥पा[illegible]लोचनःपतिर्नजात्वपैत्या
हृतिभिर्हृदिस्पृशन् ॥३०॥ एवंविधागदंतीनांसगिरःपुरयोषितां॥निरीक्षणेनाभिनंदन्सस्मितेनययौहरिः ॥३१॥अजातशत्रुःपृतनांगोपी
थायमधुद्विषः॥परेभ्यःशंकितःस्नेहात्प्रायुंक्तचतुरंगिणीम् ॥३२॥अथदूरागतान्शौरिः[illegible]विरहातुरा[illegible] ॥ सन्निवर्त्यदृढंस्निग्धान्प्रा
यात्स्वनगरींप्रियैः ॥३३॥ कुरुजांगलपांचालान्शूरसेनान्सयामुनान् ॥ब्रह्मावर्तंकुरुक्षेत्रंमत्स्यान्सारस्वतानथ ॥३४॥मरुधन्वमातेक्रम्[illegible] सौ

મધુ વનને માન આપ્યું છે. તેથી યદુ કુળ અતી વખાણને યોગ્ય અને મધુવન અતી પવીત્ર થયું છે. ॥ ૨૬ ॥ અહો સ્વર્ગના યશનો પણ તીરસ્કાર કરનારી આ દ્વારકાંપુરી પૃથ્વીને પવીત્ર યશવાળી કરનારી છે, કે જ્યાંની પ્રજા પોતાના પતી શ્રી કૃષ્ણ ભગવાનને અને તેમનાં અનુગ્રહ કરવાની ઇચ્છાવાળા હાસ્ય યુક્ત અવલોકનને નીત્ય જુએ છે. ॥ ૨૭ ॥ હે સખીઓ આનો હાથ ઝાલનારી પત્નીઓ, જેઓ તેના અધરામૃતને વારંવાર પીએ છે. કે જેને સારૂં વ્રજની સ્ત્રીઓ મોહ પામી હતી, એવી એની એ પત્નીઓએ ખચીત વ્રત—સ્નાન અને યજ્ઞાદીક વડે ઇશ્વરનું સારી રીતે પુજન કર્યું હશેજ. ॥ ૨૮ ॥ સ્વયંવરોને વીશે પ્રભાવ રૂપી પણથી શીશુપાળાદી જબરા રાજાઓને જીતીને હરણ કરી લાવેલી પ્રદ્યુમ્ન—સાંબ— અને અંબની માતાઓઆદી બીજીઓ હજારો જે ભૌમાસુરના વધને પ્રસંગે લાવેલી છે. ॥ ૨૯ ॥ જેઓના પતી કમળ નેત્ર આ શ્રી કૃષ્ણ ભાષણ વડે હૃદયને આનંદ આપતા થકા તેમના ઘરમાંથી કદી પણ બહાર જતા નથી, એવી ને સ્ત્રીઓ સ્વતંત્રતા રહીત અને પવીત્રતા વીનાના સ્ત્રીપણાને પણ શોભાવે છે. ॥ ૩૦ ॥ એવી રીતની વાણી બોલતી તે શેહેરની સ્ત્રીઓને હાસ્ય સહીત સામે જોવા વડે આનંદ આપતા હરી ભગવાન ત્યાં થકી નીકળ્યા. ॥ ૩૧ ॥ પારકાઓની શંકાથી રક્ષણ કરવાને સારૂં યુધીષ્ટીરે સ્નેહથી ચતુરંગીણી સેના સંગાથે મોકલી. ॥ ૩૨ ॥ વીરહથી આતુર થયેલા અને ઘણે દુર સુધી વળાવાને આવેલાએ દૃઢ સ્નેહવાળા પાંડવોને ભગવાને પાછા વાળીને, પોતાના પ્રીય ઉદ્ધવ તથા સાત્યકીની સાથે, પોતે પોતાની નગરી દ્વારકાંમાં પધાર્યા. ॥ ૩૩ ॥ હે શૌનક, કુરૂ—જાંગલ—પંચાળ—યમુનાના કાંઠાના દેશ શુદ્ધાં શુર શેન—બ્રહ્મા વર્ત—કુરૂક્ષેત્ર—મત્સ્ય—સારસ્વત—મરૂધન્વ—સૌવીર—અને આભીર એ દેશોને ઓળંગીને થોડા થાકેલા ઘોડાથી, એ સમર્થ ભગવાન આનર્ત

(ઓખામંડળ) દેશમાં પહોંચ્યા. ॥૩૪-૩૫॥ ઠેકાણે ઠેકાણેથી ભેટો લેતા લેતા એ હરી ભગવાન, સુર્ય પશ્ચીમ દીશામાં જતી વખતે એટલે સંધ્યાકાળે દ્વારકાંમાં પધાર્યા. ॥૩૬॥ ઇતીશ્રી૦ભા૦પ્ર૦સ્કંધનો દશમો અ.સં. ॥૧૦॥

અધ્યાય ૧૧ મો.—સુત.—સમૃદ્ધીવાળા આનર્ત દેશમાં આવી, પોતાના દેશના લોકના ખેદ મટાડવાની પેઠે ભગવાને પાંચ જન્ય નામનો મોટો શંખ વગાડયો. ॥ ૧ ॥ તે વખતે ઉરૂક્રમ ભગવાનના હસ્ત કમળને વીશે વગાડાતો ધોળા પેટાળવાળો, અને તેગના હોઠની રતાશ વડે રાતો જણાતો, એ પાંચ જન્ય શંખ કમળના જથામાં બોલતા હંસ જેવો શોભતો હતો. ॥ ૨ ॥ જગતના ભય મૃત્યુને પણ ભય પમાડનારો તે શંખનાદ સાંભળીને પોતાના સ્વામીનાં દર્શન કરવામાં પ્રીતીવાળી સઘળી પ્રજા સામી ગઇ. ॥ ૩ ॥ આત્મારામ અને પોતાના સ્વરૂપના લાભથીજ હમેશાં પુર્ણ કામ ભગવાનની આગળ, સુર્ય નારાયણની સામે જેમ દીવો કરવામાં આવે તેમ આદર વડે ભેટો લાવીને જેમનાં મન પ્રસન્ન થયાં એવા તે લોકો, બાળકો જેમ પોતાનું રક્ષણ કરનાર અને અતી સુહ્રદ એવાં મા બાપોની આગળ બોલે તેમ ગદગદ વાણીથી બોલ્યા કે. ॥ ૪-૫ ॥ હે નાથ, કલ્યાણને ઇચ્છનારાઓનું પરમ શરણરૂપ આપનું ચરણ કમળ, કે જેને વીશે બીજાઓનો પ્રભુ કાળ, પોતાની સત્તા ચલાવી શકતો નથી. અને જેને બ્રહ્મા—તેમના પુત્રો—તથા ઇંદ્રાદીક દેવતાઓએ પુજેલ છે. તેને અમો નમીએ છીએ. ॥ ૬ ॥ જેને વીશે અમારી વૃત્તીઓ જવાથી અમે કૃતાર્થ થયા છીએ, અને જે વીશ્વને ઉત્પન્ન કરનારા તથા અમારા માતા—સુહ્રદ—પતી—પીતા—ઉત્તમ ગુરૂ—અને પરમ દૈવત છો તેજ અમારૂં કલ્યાણ કરનારા થાઓ. ॥ ૭ ॥ પ્રેમ હાસ્ય અને મધુરતા સહીત જોતા મોઢા વડે સર્વ અંગોમાં સુંદર તથા જેનું દર્શન દેવતાઓને પણ દુર્લભ છે. એવું આપનું સ્વરૂપ અમને દેખાડવા વડે આપેજ અમને સનાથ કર્યા છે. ॥ ૮ ॥ હે કમળ સરખી આંખોવાળા અચ્યુત ભગવાન, જ્યારે સુહ્રદોને જોવાની ઇચ્છાથી આપ હસ્તીનાપુર અને મથુરાં વીગેરે ઠેકાણે પધારો છો, ત્યારે જેમ

वीराभीरयोःपरान् ॥ आनर्त्तान्भार्गवोपागाच्छ्रांतवाहोमनाग्विभुः॥३५॥ तत्रतत्र [illegible]तत्रत्यैर्हरिः[illegible]॥ सायं[illegible]श्चाद्गवि ष्टोगांगतस्तन् ॥३६॥ इतिश्रीभागवतेम[illegible]पुराणेप्रथमस्कंधेदशमोऽध्यायः ॥१०॥ सूतउवाच आनर्त्तान्सउपव्रजस्वृद्धान्जनपदान्स्वकान् ॥[illegible]॥१॥सउच्चकाशेधवलोदरोदरोऽप्युरुक्रमस्याधरशोणशोणिमा॥दाध्मायमानःकरकंजसंपुटेयथाऽब्जखंडेकल[illegible]ः ॥२॥तमुपश्रुत्यनिनदंजगद्भयभयावहम् ॥प्रत्युद्ययुःप्रजाःसर्वाभर्तृदर्शनलालसाः॥३॥ तत्रोपनीतबल[illegible]रवेर्दीपमिवा[illegible]ताः ॥ आत्मारामंपूर्णकामंनिजलाभेननित्यदा॥४॥ प्रीत्युत्फुल्लमुखाःप्रोचुर्हर्षगद्गदयागिरा ॥ पितरंसर्वसुहृदमवितारमिवार्भकाः ॥५॥ नताःस्मतेनाथस[illegible]ङ्घ्रिपंकजंविरिंचवैरिंच्यसु[illegible]रेंद्रवंदितं ॥परायणंक्षेममि[illegible]च्छतांपरंनयत्रकालःप्रभवेत्परःप्रभुः ॥६॥भवायनस्त्वंभवविश्व[illegible]भावनत्वमेवमाताथसुहृत्पतिःपिता ॥ त्वंसद्गुरुर्नःपरमंचदैवतंयस्यानुवृत्त्याकृतिनोबभूविम॥७॥अहोसनाथाभवतास्मयद्वयंत्रैविष्टपानामपिदूरदर्शनं ॥ प्रेमस्मितस्निग्धनिरीक्षणाननंपश्येमरूपंतवसर्वसौभगं ॥८॥ यर्ह्यंबुजाक्षापससारभोभवाकुरून्मधून्वाथसुहृद्दिदृक्षया ॥ तत्राब्दकोटिप्रतिमःक्षणोभवेद्रविंविनाऽक्ष्णोरिवनस्तवाच्युत॥९॥इतिचोदीरितावाचःप्रजानांभक्तवत्सलः ॥शृण्वा[illegible]ऽनुग्रहंदृष्ट्यावितन्[illegible]॥१०॥मधुभोजदशार्हार्ह[illegible]कुरांधकवृष्णिभिः ॥ आत्मतुल्यबलैर्गुप्तांनागैर्भोगवतीमिव ॥११॥ सर्वर्तुसर्वविभवपुण्यवृक्षलताश्रमैः॥उद्यानोपवनारामैर्वृतपद्माकरश्रियं॥१२॥ [illegible]तोरणां॥ चित्र[illegible]ध्वजपताका[illegible]ग्रैरंतःप्रतिहतातपां॥१३॥ संमार्जितमहामार्गरथ्यापणकचत्वरां ॥ सिक्तांगंधजलैरुप्तांफलपुष्पाक्षतांकुरैः॥१४॥ द्वारिद्वारिगृहाणांचदध्यक्षतफलेक्षुभिः ॥अलंकृतांपूर्णकुंभैर्बलिभिर्धूपदीपकैः ॥१५॥[illegible]मनाः॥अक्रूरश्चोग्रसेनश्चरामश्चाद्भुतविक्रमः ॥१६॥ प्रद्युम्न[illegible]श्चारुदेष्णश्चसांबोजांबवती[illegible]तः ॥ प्रहर्षवेगोच्छ्वसितशयनासनभोजनाः ॥१७॥वारणेंद्रंपुरस्कृत्यब्राह्मणैःससुमंगलैः ॥ शंखतूर्यनिनादेनब्रह्मघोषेणचादृताः॥ प्रत्यु[illegible]ग्मूर्थैर्हृष्टाःप्रण[illegible]सा ॥१८॥वारमुख्याश्च[illegible]नोत्सुकाः॥ल[illegible]कुंडल[illegible]निर्भातकपोलवदनश्रियः॥१९॥

સુર્ય વીના આંખની થાય, તેમ આપ વીનાનો એક ક્ષણ પણ અમને કરોડો વરસો જેટલો થઇ જાય છે. ॥૯॥ એ પ્રકારની પ્રજાના લોકોમાં બોલાતી વાણીને સાંભળતા ભક્તવત્સળ ભગવાન આદર વાળી દ્રષ્ટીથી અનુગ્રહ કરતા થકા દ્વારકાંમાં પધાર્યા. ॥ ૧૦ ॥ જેનું રક્ષણ; ભોગવતી નગરીનું રક્ષણ, નાગ લોકોથી થવાની પેઠે, પોતાના સરખાજ બળવાળા મધુ-ભોજ-દાશાર્હ-કુકુર-અંધક-વૃષ્ણી-અને અર્હ એ કુળોના યાદવો થકી થતું હતું. ॥ ૧૧ ॥ જે સર્વે રૂતુઓમાં, સર્વ જાતનાં ફુલો વીગેરેની શોભાવાળાં સુંદર ઝાડો, અને વેલીઓના મંડપોવાળાં સ્થાનો-વાડીઓ-બગીચા-અને બાગો થકી ઘેરાયલાં તળાવોવડે શોભી રહી હતી. ॥૧૨॥ તથા દરવાજાઓનાં અને ઘરોનાં બારણાંઓમાં ઉત્સાહથી તોરણો, અને વચેના ભાગમાં તડકો મટીને છાયા થાય એવી વીચીત્ર પ્રકારની ધજાઓ આગળના ભાગે બાંધી દીધી હતી. ॥ ૧૩ ॥ અને રાજમારગો-ગલીઓ-બજારો-અને ચોવટાં અથવા ચકલાંના રસ્તાઓને વાળીને અને ઉપર સુગંધીદાર પાણી છાંટીને, તે ઉપર ફુલ-ફળ-અક્ષત-અને અંકુર વેરી દીધા હતા. ॥ ૧૪ ॥ તથા ઘેરઘેર અને બારણેબારણે દહીં-અક્ષત-ફળ-અને શેરડીથી તથા ધુપ-દીપ-બળીદાન-અને પાણી ભરેલા માટીના ઘડાઓ મુકી દેઇને શોભા કરી હતી. ॥ ૧૫ ॥ મોટા બળવાળા વસુદેવ-અક્રુર-ઉગ્રસેન-અદભુત પરાક્રમવાળા બળરામ-પ્રદ્યુમ્ન-ચારૂદેષ્ણ-અને જાંબવતીના પુત્ર સાંબ, એઓ વીગેરે પ્રીય ભગવાન આવેલાનું સાંભળીને હર્ષનો વેગ વધી જવાથી સુવાનું-બેસવાનું-અને ખાવાનું પડતું નાખીને શ્વાસ ભર્યા ઉતાવળથી હાથણીને શણગારીને આગળ કરી, શંખ-તુરી-આદી વાજાં વગડાવતા તથા બ્રાહ્મણો પાસે વેદના મંત્રોના સુમંગળ શબ્દો કરાવતા, રથમાં બેશીને આદર આપતા સામે આવ્યા. ॥ ૧૬-૧૭-૧૮ ॥ અને હાલતાં કુંડળો તથા કપાળવડે શોભતા મોઢા-

[illegible] સેંકડો ગ્રણીકાઓ પણ દર્શનની ઉત્કંઠાથી વાહનોમાં બેશીને સામી ગઈઓ. ॥ ૧૯ ॥ નટ—નાચનારા—[illegible]—ગંધર્વ—પુરાણાદીક કહેનારા સુત—વંશાવળી વાંચનારા વૈવંધ્યા ભાટ તેજમાગધ—અને પ્રસંગને અનુસરીને [illegible] તે બંદીજન—વીગેરે લોકો ઉત્તમ શ્લોક ભગવાનનાં અદ્ભુત ચરીત્રોને ગાતા હતા. ॥ ૨૦ ॥ [illegible] ભગવાને ત્યાં આવેલા બંધુવર્ગને અને શેહેરના માણુસોને યથાવીધી મળીને સર્વનું સન્માન કર્યું. ॥ ૨૧ ॥ કોઇને પ્રણામથી—કોઇને વાણીથી—કોઇને બાથમાં ઘાલી મળીને—કોઇની સાથે હાથ મેળવીને—કોઇની સાથે ધીરેથી હસીને—અને કોઇના સામું જોઇને; તથા ચાંડાળ આદીકને પણ જેની તેની યોગ્યતા પ્રમાણે દાન વીગેરે આપીને ભગવાને સતકાર કર્યો. ॥ ૨૨ ॥ અને બ્રાહ્મણોએ—ગુરૂઓએ—વૃદ્ધોએ—સ્ત્રીઓએ અને બંદીજનોએ આપેલી આશીષોને સ્વીકારીને ભગવાન દ્વારીકાંમાં પેઠા. ॥ ૨૩ ॥ હે શૌનક શ્રીકૃષ્ણભગવાન રાજમાર્ગમાં થઇને જતા હતા ત્યારે તેમને જોવાના મોટા ઉત્સાહથી દ્વારકાંની કુળવાન સ્ત્રીઓ ઘરોની અગાસીઓ ઉપર ચઢીને જોતી હતી. ॥ ૨૪ ॥ શોભાના સ્થાનકરૂપ અંગોવાળા—છાતીને વીશે લક્ષ્મીને રાખનારા—જોનારાઓને પાનપાત્ર મુખવાળા—લોકપાળ રૂપી ભુજાઓવાળા—તથા જેના ચરણને વીશે ભક્ત જનોનો વાસ છે. એવા એ અચ્યુત ભગવાનને જોવામાં, હમેશાંના જોનારા દ્વારકાંના લોકો પણ તૃપ્તી પામતા નહતા. ॥ ૨૫—૨૬ ॥ વરસાદ જેમ સુર્ય—ચંદ્ર—મેઘ ધનુષ્ય—અને વીજળી થકી શોભે, તેવી રીતે ઉપર ધરાયલા ધોલા છત્ર અને ચામરોથી—રસ્તામાં વધાવાના ફુલોના વરસાદથી અને પીળાં વસ્ત્રો તથા વનમાળા થકી ભગવાન કૃષ્ણ શોભતા હતા. ॥ ૨૭ ॥ પોતાના ઘરમાં પ્રવેશ કરતાં દેવકી પ્રમુખ સાતે માતાઓને આનંદથી પગે લાગ્યા. અને ભેટયા. ॥ ૨૮ ॥ અને હરખથી વીહ્વળ થયેલાં મનવાળી તથા સ્તનોમાંથી ઝરતાં દુધવાળી તે માતાઓએ પુત્રને ખોળામાં બેસારીને આંખ્યોમાંથી પડતાં આંસુઓથી તેમને નવરાવી દીધા. ॥ ૨૯ ॥ પછી સર્વ ભોગને માટે જેના સરખુ ઉત્તમ બીજું છેજ નહીં, એવા પોતાની સોલહજાર સ્ત્રીઓવાળા પોતાના ઘરમાં ભગવાન પધાર્યા.

नटनर्त[illegible]गंधर्वाः [illegible]तमागधवंदि[illegible]नः॥ गायंतिचोत्त[illegible]श्लोकचरितान्यद्भुता[illegible] ॥२०॥ भगवांस्तत्रबंधूनांपौराणामनिवर्त्तिनां ॥यथाविध्युपसंगम्यसर्वेषांमानमा[illegible]धे ॥२१॥प्रह्वाभिवादना[illegible]षकर[illegible]र्शस्मितेक्षणैः ॥ आश्वास्यचाश्वपाकेभ्योवरैश्चाभिमतैर्विभुः॥२२॥ [illegible]गुरुभिर्विप्रैःसदारैःस्थविरैरपि ॥ आशीभि[illegible]ज्यमानोन्यैर्वंदिभिश्चाविशत्पुरं॥२३॥ राजमार्गंगते[illegible]ष्णेद्वारकायाःकुलस्त्रियः॥हर्म्याण्यारुरुहुर्विप्रतदीक्षण[illegible]त्सवाः ॥२४॥ नित्यंनिरीक्षमाणानांयदपिद्वारकौकसां ॥ नवितृप्यंति[illegible]दृशःश्रियोधामांगमच्युतं ॥२५॥ श्रियोनिवासोयस्योरःपानपा[illegible]खंदृशां॥बाहवोलोकपालानांसारंगाणांपदां[illegible] ॥२६॥ सितातपत्रव्यजनैरुपस्[illegible]तःप्र[illegible]नवर्षैरभिवर्षितःपथि॥ पिशंगवासावनमालयाबभौघनोयथाऽर्कोडुपचापवै[illegible]तैः ॥२७॥प्रविष्टस्तुगृहंपित्रोःपरिष्वक्तःस्वमा[illegible]भिः ॥ ववंदेशिरसासप्तदेवकीप्रमुखामुदा ॥२८॥ [illegible]पुत्रमंकमा[illegible]राः॥हर्षविह्वलितात्मानःसिषिचुर्नेत्रजैर्जलैः॥२९॥ अथावि[illegible]त्स्वभवनंसर्वकाममनुत्तमं॥ प्रासादायत्रपत्नीनां[illegible]त्राणिचषोडश॥३०॥पत्न्यःपतिंप्रोष्यगृहानुपागतंविलोक्यसंजातमनोमहोत्सवाः॥[illegible]क्ति[illegible] ॥३१॥ तमात्मजैर्दृ[illegible]भिरंतरात्मनादुरंतभावाःपरिरेभिरेपतिम् ॥ निरुद्धमप्यास्रव[illegible]बुनेत्रयोर्विलज्जतीनां[illegible]वर्य[illegible]त ॥३२॥ यद्यप्यसौपा[illegible]गतोर[illegible]गतस्तथापितस्यांघ्रियुगंनवंनवं॥ पदेपदेकाविरमेततत्पदा[illegible]नजहातिकर्हिचित् ॥३३॥ एवंनृपाणां[illegible]क्षौहिणीभिःपरिवृत्ततेजसां ॥विधायवैरंश्वसनोयथाऽनलंमिथोवधेनोपर[illegible]निरायुधः ॥३४॥ सएषनरलोकेस्मि[illegible]वतीणः[illegible]॥ रेमेस्त्रीरत्न[illegible]टस्थोभगवान्प्रा[illegible]तोयथा ॥३५॥ उद्दामभावपिशुनामलवल्गुहासव्रीडाऽवलोकनिहतो[illegible] ॥ संमुह्यचापमजहात्प्रमदोत्तमास्तायस्येंद्रियंविमथितुंकुहकैर्नशेकुः ॥३६ ॥ तमयंमन्यतेलो[illegible]सङ्गमपिसंगिनम् ॥ आत्मौपम्येनमनुजंव्यापृण्वानंयतोबुधः ॥३७॥ एतदीशनमीशस्यप्र[illegible]तिस्थोपितद्गुणैः॥नयुज्यतेसदात्मस्थैर्यथाबुद्धिस्तदाश्रया ॥३८॥तंमेनिरेऽबलामूढाःस्त्रै

॥ ૩૦ ॥ ત્યારે દુર દેશથી આવેલા સ્વામીને ઘરમાં આવેલા જોઇ, મનને વીશે મોટા ઉત્સાહવાળી તે દેહ અને અંતઃકરણના ભાવવાળી સ્ત્રીઓ લાજવાળી આંખ્ય અને મોઢાથી તત્કાળ ઉભી થઇઓ. ॥ ૩૧ ॥ દુર છતાં ભાવે કરીને બુદ્ધીથી—દ્રષ્ટીથી—અને પછી બાળકોથી એટલે છોકરાંને મોકલીને, એમ ગંભીરતાથી તે સ્ત્રીઓ પતીને મળીઓ. અને તેમણે રોકવા છતાં પણ વીકળતાથી તે લાજવાળી સ્ત્રીઓની આંખ્યોમાંથી આંસુનાં ટીપાં પડયાં. ॥ ૩૨ ॥ લક્ષ્મી અતી ચંચળ હોવા છતાં પણ જેને કદીએ છોડતી નથી. એવાં વખતોવખત નવીન સરખાં લાગનારાં ભગવાનનાં ચરણ કમળની પાસેજ તે સ્ત્રીઓ રાત દીવસ રેહેવા છતાં પણ વીરામ પામી શકતી નહોતી. ॥ ૩૨ ॥ જે ભગવાન પોતે હથીયાર ધારણ કર્યા વીનાજ, ઘણી અક્ષૌહીણી સેનાઓ સહીત પૃથ્વી ઉપર ભાર રૂપે જન્મેલા અને મોટા પ્રભાવવાળા રાજાઓમાં, વનની અંદર પવનથી ઉત્પન્ન થયેલા દાવાનળની પેઠે, માંહો માંહે વૈર ઉત્પન્ન કરાવવા વડે, તે સઘળાઓનો વધ કરીને વીરામ પામ્યા હતા.

॥ ૩૪ ॥ તેજ કૃષ્ણ ભગવાન આ મનુષ્ય લોકને વીશે પોતાની માયાથી અવતરીને એ ઉત્તમ સ્ત્રીઓમાં બીજા પ્રાકૃત માણુસોની પેઠે રમતા દેખાતા હતા. ॥ ૩૫ ॥ પરંતુ જે ઉત્તમ સ્ત્રીઓનાં લાજ સહીત જોવાથી—અને પોતાના અભીપ્રાયને જણાવનારાં નીર્મળ હસવા આદીકથી જીતાઇ ગયેલા ભગવાન સદાશીવે પણ મોહ પામી શરમાઇ જઇને, પોતાનું પીનાક ધનુષ્ય નાંખી દીધું હતું. તેવી અનેક સ્ત્રીઓ, એજ પ્રકારના હાવભાવ આદી સઘળું કરવા છતાં પણ, એ શ્રી કૃષ્ણ ભગવાનની ઇંદ્રીયોને ક્ષોભ પમાડવાને સમર્થ થઇ શકી નથી. ॥ ૩૬ ॥ એ રીતના શ્રીકૃષ્ણ ભગવાન સંગરહીત છતાં તેમના સર્વ વ્યાપકપણાથી અજાણ્યા કેટલાએક અજ્ઞાની લોકો, તેમને સંગવાળા તથા પોતાના સરખાજ માણુસ માનેછે. ॥ ૩૭ ॥ અસત એવા દેહને વીશે રહેલો અબુદ્ધીવાળો આત્મા (અવીદ્યાથકી યુક્ત અને અનાદી કાળથી બદ્ધ આત્મા જે જીવ કહેવાય છે તે) જેમ દેહાદીક ગુણોના આશ્રયવાળો થાય છે. તેમજ પ્રકૃતી એટલે દેહાદીકને વીશે રહેલા છતાં પણ, તે

દેહાદીકના મુખોને વીશે આશ્રયવાળા ન થવું એટલીજ ઇશ્વરની (વીધાથકી મુક્ત અનાદી કાળથી મુક્ત સમર્થ આત્મા, જેને ઇશ્વર કહેછે તેની) ઇશ્વરતા છે. ॥ ૩૮ ॥ એવા ઇશ્વર ભગવાન કૃષ્ણના પ્રમાણને એટલે મહીમાને નહીં જાણનારી તે મુઢ અબળા સ્ત્રીઓએ, પોત પોતાની બુદ્ધી પ્રમાણે તેમને, ભર્તાર–સ્ત્રીવશ–અને એકાંતમાં તેમની ઇચ્છા મુજબ વર્તનારા માન્યા હતા. ॥ ૩૯ ॥ ઇતી શ્રી. ભા.પ્ર. સ્કંધનો અગીયારમો અ. સં. ॥૧૧॥

અધ્યાય ૧૨ મો.—શૌનક—અશ્વસ્થામાએ મુકેલા તીક્ષ્ણ તેજવાળા બ્રહ્માસ્ત્રથી ઉત્તરાનો નાશ પામેલો ગર્ભ ભગવાને ફરીથી જીવતો કર્યો. ॥ ૧ ॥ તે મહા બુદ્ધીવાન પરીક્ષીત રાજાનાં જન્મ તથા કર્મો વીગેરે અમને કહો. અને તેમનું મૃત્યુ જે પ્રકારે થયું હોય. તથા જે ગતીને તે પામ્યા હોય તે પણ કહો. ॥ ૨ ॥ તેમજ શુકદેવજીથકી તેમને જે જ્ઞાન મળ્યું. તે પણ સાંભળવાને શ્રદ્ધાવાળા અમો ઇચ્છીએ છીએ. માટે આપ મરજી પ્રમાણે તે સઘળું અમને કહી સંભળાવો. ॥ ૩ ॥ —સૂત—શ્રી કૃષ્ણભગવાનના ચરણ કમળની સેવાથી સર્વ કામનાઓથી નીસ્પૃહ થયેલા યુધીષ્ટીર રાજા પીતાની પેઠે પ્રજાને ખુશી રાખીને, તેનું પાલન કરતા હતા. ॥ ૪ ॥ હે બ્રાહ્મણો સંપત્તી–યજ્ઞો–સ્ત્રીઓ–ભાઇઓ–પૃથ્વી–જંબુ દીપનું અધીપતીપણું અને સ્વર્ગ સુધી પહોંચેલો યશ, એ સઘળું દેવતાઓએ પણ ઇચ્છવા યોગ્ય તેને હતું. છતાં પણ જેમ ભુખ્યા માણસને અન્ન વીના બીજા માળા, ચંદન, આદી પદાર્થનું પ્રયોજન હોતું નથી. તેમ તેમનું મન મુકુંદ ભગવાનમાંજ લાગેલું હોવાથી તે સર્વ તેને મન નહીં હોવા સરખુંજ હતું. ॥ ૫–૬ ॥ હે શૌનક, માતાના ગર્ભમાં રહેલા અને બ્રહ્માસ્ત્રના તેજથી બળતા એ વીર પુરૂષે; ઝળકતા સોનાનો મુકુટ પેહેરેલા–સુંદર રૂપવાળા–વીજળી સરખાં વસ્ત્રોને ધારણ કરેલા–લાંબા અને શોભતા ચાર હાથવાળા–ચોખા સોનાનાં કુંડળોવાળા–રાતી આંખોવાળા–પોતાની ચારે કોર હાથમાંની ગદાને આકાશમાંના ઉંબાડીયાની પેઠે વારંવાર ફેરવતા–સુર્ય જેમ ઝાકળને ટાળી નાંખે તેમ પોતાની ગદાથી બ્રહ્માસ્ત્રના તેજને ટાળી નાંખતા નીર્મળ અને અંગુઠા જેવડા કોઇ

पंचानु[illegible]ः॥ अप्रमाणविदोभर्त्तुरीश्वरंमतयोयथा॥३९॥ इतिश्रीभागवतेमहापुराणेप्रथमस्कंधेश्रीकृष्णद्वारकाप्रवेशोनामैकादशोध्यायः॥११॥ शौनकउवाच॥ अश्वत्थाम्नोपसृष्टेनब्रह्मशीर्ष्णोरुतेजसा॥ उत्तराया[illegible]तोगर्भईशेनाजीवितःपुनः॥१॥ तस्यजन्ममहा[illegible]ः कर्माणिचश्रेणीहिनः॥ निधनंचयथैवासीत्सप्रेत्यगत[illegible]या॥२॥तदिदंश्रोतुमिच्छामिगदितुंयदिमन्यसे॥ ब्रूहिनःश्रद्दधानानांयस्य ज्ञानमदाच्छुकः॥३॥ सूतउवाच अपीपलद्धर्मराजःपितृवद्रंजयन्प्रजाः॥ निस्पृहःसर्व[illegible]ःकृष्णपा[illegible]ब्जसेवया॥४॥ संपदःक्रतवोविप्रामा[illegible]लरोका[illegible]॥ जंबुद्वीपाधिपत्यंचयशश्चत्रिदिवंगतं॥५॥ किंतेकामाःसुरस्पार्हामुकुंदमनसोद्विजाः॥ अधिजह्रुर्मुदंराज्ञःक्षुधितस्ययथेतरे॥६॥ मातुर्गर्भगतोवीरःसतदाभृगुनंदन॥ ददर्शपुरुषंकंचिद्दह्यमानोऽस्त्रतेजसा॥७॥अंगुष्ठमात्रममलंस्फुरत्पुरटमौलिनम्॥अपीच्यदर्शनं[illegible]घनंतडि[illegible]समच्युतं॥८॥ श्रीमद्दीर्घचतुर्बाहुंतप्तकांचनकुंडलम्॥क्षतजाक्षंगदापाणिमात्मनःसर्वतोदिश[illegible]॥परिभ्रमंतमुल्कामांभ्रामयंतंगदां[illegible]ः॥९॥ अस्त्रतेजःस्वगदयानीहारमिवगोपतिः॥विधमंतंसन्निकर्षेपर्यैक्षतकइत्यसौ॥१०॥वि[illegible]यतदमेयात्माभगवान्धर्मगुप्विभुः॥मिषतो[illegible]शमास्यस्यतत्रैवांतर्दधेहरिः॥११॥ततः[illegible]कैसानुकूलग्रहोदये॥ जज्ञेवंशधरःपांडोर्भूयःपांडुरिवौजसा॥१२॥ तस्यप्रीतमनाराजाविप्रैर्धौम्यकृपादिभिः॥जातककारयामास वाचयित्वाचमंगलं॥१३॥ हिरण्यंगां[illegible]ग्रामान्हस्त्यश्वान्नृपतिर्वरान्॥प्रा[illegible]चान्नंविप्रेभ्यः[illegible]जातीर्थेसतीर्थवित्॥१४॥ तम्[illegible]ब्राह्मणा[illegible]ष्टाराजानंप्रश्रयान्वितं॥एषह्यस्मिन्प्रजातंतौ[illegible]रूणांपौरवर्षभ॥१५॥दैवेनाप्र[illegible]संस्थाम्[illegible]पेयुषि॥ रातोवो[illegible]विष्णु[illegible]विष्णुना॥१६॥ तस्मान्नाम्नाविष्णुरातइतिलोकेबृहच्छ्रवाः॥ भविष्य[illegible]महाभागवतोमहान्॥१७॥ युधिष्ठिरउवाच अप्येषवंश्यान्[illegible]पुण्यश्लोकान्म[illegible]त्मनः॥ अनुवर्तिता[illegible]यशसासाधुवादेनसत्तमाः॥१८॥ब्राह्मणाऊ[illegible]ःपार्थप्रजाऽवितासाक्षादिक्ष्वाकुरिवमानवः॥[illegible]ण्यःसत्यसंधश्चरामोदाशरथिर्यथा॥१९॥एषदाताशरण्यश्चयथा

પુરૂષને નજરમાંજ દેખીને તે કોણ હશે એવો તર્ક કર્યો. ॥ ૭–૮–૯–૧૦ ॥ પછી એ પ્રમાણમાં ન આવી શકે તેવા અને ધર્મનું રક્ષણ કરનારા સમર્થ હરી ભગવાન, તે બ્રહ્માસ્ત્રનો નાશ કરીને દસ માસના એ ગર્ભના દેખતાંજ ત્યાં થકી અંતર્ધ્યાન થયા. ॥ ૧૧ ॥ પાછળથી સારાં ફળો આપનારા, અને અનુકુળ સર્વે ગ્રહોનો ઉદય હતો. ત્યારે, તેજમાં બીજા પાંડુ રાજા જેવા, પાંડવોના વંશને ધારણ કરનારા પરીક્ષીત રાજા જન્મ્યા. ॥ ૧૨ ॥ પ્રસન્ન મનવાળા યુધીષ્ટીર રાજાએ ધૌમ્ય અને કૃપ આદી બ્રાહ્મણો વીગેરેને સોનું–ગાયો–પૃથ્વી ગામો–સારા હાથી–ઘોડા–અને ઉત્તમ પ્રકારનાં અન્ન વીગેરેનાં દાન આપ્યાં. ॥ ૧૪ ॥ વીનયવાન યુધીષ્ટીરને તે બ્રાહ્મણોએ રાજી થઇને કહ્યું કે, હે પુરૂવંશમાં શ્રેષ્ટ, આ શુદ્ધ પુરૂવંશની પ્રજાનો તંતુ, ન ફેરવી શકાય એવા દૈવથી તુટી જતાં, પાલન કરવાનોજ જેનો સ્વભાવ છે. એવા વીશ્નુભગવાને આપના ઉપર અનુગ્રહ કરવાને માટે આપને આ પુત્ર આપેલો છે. ॥ ૧૫–૧૬ ॥ માટે આ લોકને વીશે તે વીશ્નુ રાત એવા નામવાળો–મોટા યશવાળો–મોટા ગુણોવાળો–અને ભગવદ ભક્ત થશે. એમાં સંશય નહીં. ॥ ૧૭ ॥ —યુધિષ્ઠિર— હે બ્રાહ્મણો સારી કીર્ત્તીથી અને વાહવાહના પોકારથી અમારા વંશના પુણ્ય શ્લોક મહાત્મા રાજરૂશીઓ જેમ વરતેલા છે. તેમ વરતે એવો આ પુત્ર થશે કે કેમ. ॥ ૧૮ ॥ —બ્રાહ્મણો—હે પૃથાપુત્ર, પ્રજાનું રક્ષણ કરવામાં એ સાક્ષાત મનુના પુત્ર ઇક્ષ્વાકુ જેવો થશે. બ્રાહ્મણોને માનનાર અને સત્ય પ્રતીજ્ઞાવાળો દાશરથી રામના સરખો થશે. દાન આપવામાં અને શરણાગતનું રક્ષણ કરવામાં ઉશીનર દેશના રાજા શીબીના સરખો થશે. યજ્ઞ કરનારાઓમાં પોતાના વંશના યશને વધારનાર દૌષ્યંતી ભરતના સરખો થશે. ધનુષ્ય ધરનારાઓમાં અગ્રણી બેઉ અર્જુનો (સહસ્રાર્જુન અને પૃથા પુત્ર અર્જુન) ના સરખો થશે. તથા અગ્ની સરખો દુર્ધર્ષ–સમુદ્ર સરખો દુસ્તર–સીંહ સરખો પરાક્રમી–પૃથ્વી સરખો ક્ષમાવાન–સેવન કરવાને સારૂ હીમાલય પર્વત સમાન–પોતાના પીતૃઓના જેવો સહન શીળ–બ્રહ્મા સરખો સમદ્રષ્ટી–સદાશીવ જેવો પ્રસન્ન થનાર–લક્ષ્મીના સ્થાનક

ભગવાન વીશ્નુ સરખો સર્વ પ્રાણીઓનો આશ્રયદાતા–સર્વ સદ્ગુણો અને મહાત્મ્યમાં શ્રીકૃષ્ણ સરખો–રંતી દેવના જેવો ઉદાર–યયાતી જેવો ધાર્મીક–બલીરાજા સરખો ધૈર્યવાન–પ્રહ્લાદ સરખો કૃષ્ણ ભગવાનને વીશે સાચો આગ્રહ રાખનાર–અને અશ્વ મેધ યજ્ઞોને કરનારો–વૃદ્ધોની ઉપાસના કરનારો–રાજરૂશીઓને જન્મ આપનારો–અવળે માર્ગે ચાલનારાઓને શીક્ષા કરનારો–અને પૃથ્વી તથા ધર્મના કાર્યને માટે કલીનો નીગ્રહ કરનારો, તમારો આ પૌત્ર થશે. ॥ ૧૯–૨૦–૨૧–૨૨–૨૩–૨૪–૨૫–૨૬ ॥ અને બ્રાહ્મણના પુત્રે મોકલેલા તક્ષક નાગના નામ થકી પોતાનું મૃત્યુ થવાનું સાંભળીને તે સર્વ સંગનો ત્યાગ કરીને હરીભગવાનના ચરણનું સેવન કરશે. ॥ ૨૭ ॥ હે રાજા વ્યાસના પુત્ર શુકદેવજીથકી તે આત્મજ્ઞાન પામીને, આ દેહને ગંગાજીને કીનારે છોડી દેઈ, સાક્ષાત નીર્ભયપદને પામશે. ॥ ૨૮ ॥ જાત કર્મને જાણનારા બ્રાહ્મણો રાજા યુધીષ્ટીરને એ પ્રમાણે કહીને, તથા પોતાની ઇચ્છા પ્રમાણે ધનાદીક પામીને, પોતપોતાને ઘેર ગયા. ॥ ૨૯ ॥ અને જેને ગર્ભમાં જોયેલા હતા. તેનું ધ્યાન અહીંના નરોને વીશે, તે આ હશે કે નહીં. એમ પરીક્ષાવડે કરવાથી એ સમર્થ રાજપુત્ર "પરીક્ષીત" એવા નામથી લોકોમાં વીખ્યાત થયા છે. ॥ ૩૦ ॥ દીવસે દીવસે કળાઓવડે જેમ અજવાળી પક્ષનો ચંદ્રમા પુરાતો જાય તેમ યુધીષ્ટીર આદી પીતૃઓ થકી ચોસઠે કળાઓવડે પુરાતો તે રોજરોજ વધવા લાગ્યો. ॥ ૩૧ ॥ તે પછી જ્ઞાતી દ્રોહને એટલે પોતાના બંધુઓ વીગેરે યુદ્ધમાં મરાયલાનું પાપ મટાડવાને માટે (શુદ્ધ દ્રવ્યથી) અશ્વમેધ યજ્ઞ કરવાને સારૂં કર અને દંડ સીવાયનું દ્રવ્ય પોતાની પાસે ન હોવાથી રાજા યુધીષ્ટીર ચીંતામાં પડયા. ॥ ૩૨ ॥ તે અભીપ્રાય જાણી લેઇને અચ્યુત ભગવાને પ્રેરણા કરવાથી અર્જુન અને ભીમ વીગેરે ભાઇઓ ઉત્તર દીશામાંથી ઘણું ધન લેઇ આવ્યા. ॥ ૪૩ ॥ એટલે જ્ઞાતીદ્રોહ મટાડવાની બી-

औशीनरःशिबिः ॥यशोवितनितास्वानांदौष्यंतिरिवयज्वनाम् ॥२०॥ धन्विनामग्रणीरेषतुल्यश्चार्जुनयोर्द्वयोः ॥हुताशइवदुर्धर्षःसमुद्रइव
दुस्तरः ॥२१॥ मृगेंद्रइवविक्रांतोनिषेव्योहिमवानिव॥ तितिक्षुर्वसुधेवासौसहिष्णुःपितराविव॥२२॥ पितामहसमःसाम्येप्रसादेगिरिशोप
मः॥आश्रयःसर्वभूतानांयथादेवोरमाश्रयः॥२३॥सर्वसद्गुणमाहात्म्यएषकृष्णमनुव्रतः॥ रंतिदेवइवोदारोययातिरिवधार्मिकः॥२४॥ धृत्या
बलिसमः कृष्णे प्रह्लादइवसद्ग्रहः ॥ आहर्तैषोऽश्वमेधानां वृद्धानांपर्युपासकः॥२५॥राजर्षीणांजनयिता शास्ताचोत्पथगामिनाम् ॥निग्रहीता
कलेरेषभुवोधर्मस्यकारणात् ॥२६॥ तक्षकादात्मनोमृत्युंद्विजपुत्रोपसर्जितात् ॥ प्रपत्स्यतउपश्रुत्यमुक्तसंगःपदंहरेः ॥२७॥ जिज्ञासिता
त्मयाथात्म्योमुनेर्व्याससुतादसौ॥हित्वेदंनृपगंगायांयास्यत्यद्धाऽकुतोभयम् ॥२८॥ इतिराज्ञउपादिश्यविप्राजातककोविदाः॥ लब्धोपचि
तयःसर्वेप्रतिजग्मुःस्वकान्गृहान् ॥२९ ॥ सएषलोकविख्यातःपरीक्षिदितियत्प्रभुः ॥ गर्भदृष्टमनुध्यायन्परीक्षेतनरेष्विह ॥३०॥स राजपु
त्रोववृधेआशुशुक्लइवोडुपः ॥ आपूर्यमाणःपितृभिःकाष्ठाभिरिवसोऽन्वहम् ॥३१॥यक्ष्यमाणोऽश्वमेधेनज्ञातिद्रोहजिहासया॥राजाऽलब्ध
धनोदध्यावन्यत्रकरदंडयोः ॥३२ ॥ तदभिप्रेतमालक्ष्यभ्रातरोच्युतचोदिताः ॥धनंप्रहीणमाजह्रुरुदीच्यांदिशिभूरिशः ॥३३॥तेनसंभृत
संभारोधर्मपुत्रोयुधिष्ठिरः॥ वाजिमेधैस्त्रिभिर्भीतोयज्ञैःसमयजद्धरिं ॥३४॥ इ०भा०म०प्र०परीक्षिज्जन्माद्युत्कर्षोनामद्वादशोऽध्यायः १२
॥ सूतउवाच विदुरस्तीर्थयात्रायांमैत्रेयादात्मनोगतिं ॥ज्ञात्वाऽगाद्धास्तिनपुरंतयावाप्तविवित्सितः ॥१॥यावतःकृतवान्प्रश्नान्क्षत्ता कौषा
रवाग्रतः॥ जातैकभक्तिर्गोविंदेतेभ्यश्चोपरराम ह ॥२॥ तंबंधुमागतंदृष्ट्वाधर्मपुत्रःसहानुजः ॥धृतराष्ट्रोयुयुत्सुश्चसूतःशारद्वतःपृथा ॥३॥गां
धारीद्रौपदीब्रह्मन्सुभद्राचोत्तराकृपी॥ अन्याश्चजामयःपांडोर्ज्ञातयःससुताःस्त्रियः॥ प्रत्युज्जग्मुःप्रहर्षेणप्राणंतन्वइवागतं ॥४॥अभिसंगम्य
विधिवत्परिष्वंगाभिवादनैः॥मुमुचुःप्रेमबाष्पौघंविरहौत्कंठ्यकातराः॥५॥ राजातमर्हयांचक्रेकृतासनपरिग्रहं ॥ तंभुक्तवंतमासीनंविश्रांतं
सुखमासने॥ प्रश्रयावनतोराजाप्राहतेपांचशृण्वतां ॥६॥ युधिष्ठिरउवाच अपिस्मरथनोयुष्मत्पक्षच्छायासमेधितान् ॥ विपद्गणाद्विषाग्न्या

હીકથી યુધીષ્ટીર રાજાએ એ દ્રવ્ય થકી સર્વ સામગ્રીઓ તૈયાર કરાવીને ત્રણવાર અશ્વ મેધ યજ્ઞ કરીને હરીભગવાનનું પુજન કર્યું. ॥ ૩૪ ॥ ઇતીશ્રી. ભા. પ્ર. સ્કંધનો બારમો અધ્યાય સંપુર્ણ. ॥ ૧૨ ॥

અધ્યાય ૧૩ મો.–સૂત–તીર્થ યાત્રામાં વીદુરે મૈત્રેય રૂશીથકી આત્મ જ્ઞાન મેળવ્યા પછી, સંબંધીઓને જોવાની ઇચ્છાથી તે હસ્તીનાપુરમાં ગયા. ॥ ૧ ॥ અને એ વીદુરે મૈત્રેય મુનીને પુછેલા ઘણા પ્રશ્નોમાંથી થોડાનાજ ઉત્તરો સાંભળવાથી તેમને ગોવીંદ ભગવાનને વીશે દૃઢ ભક્તી ઉત્પન્ન થવાથી તેટલા વડેજ, એટલે બાકીનાઓના ઉત્તર સાંભળ્યા વીનાજ, એ વીદુર સાંભળવાથકી નીવૃત્તી પામ્યા. ॥ ૨ ॥ હે બ્રાહ્મણો પોતાના બંધુ વીદુરજીને આવેલા સાંભળીને, પોતાના નાના ભાઇઓ સહીત યુધીષ્ટીર–ધૃતરાષ્ટ્ર–યુયુત્સુ–સંજય–કૃપાચાર્ય–કુંતાજી–ગાંધારી–દ્રુપદી–સુભદ્રા–ઉત્તરા–દ્રોણાચાર્યની સ્ત્રી કૃપી–અને બીજા ભાઇઓ તથા પાંડુ રાજાના સંબંધીઓ તેમના દીકરા અને સ્ત્રીઓ સહીત, પ્રાણ આવવાથી શરીરના અવયવો ઉભા થવાની પેઠે હર્ષ વડે તેમની સામે ગયા. ॥ ૩–૪ ॥ અને વીધી સહીત અંગો અંગ ભેટીને તથા અભીવંદન કરવા વીગેરેથી એક બીજાને મળીને વીરહથી થયેલી ઉત્કંઠાથી પરવશ થઇ તેઓ પ્રેમથી આંસુ પાડવા લાગ્યા. ॥ ૫ ॥ અને યુધીષ્ટીર રાજાએ આસન આપી તેમનું પુજન કર્યા પછી, એ વીદુરજી જમીને સારા આસન ઉપર બેશી વીશ્રાંતી લેતા હતા. ત્યારે બધાંના સાંભળતાં નમ્ર થયેલા યુધીષ્ટીરે તેમને પુછ્યું કે ॥ ૬ ॥–**યુધિષ્ઠિર–હે** વીદુરજી આપની પાંખો વડે વધેલા અમને તમે સંભારો છો કે નહીં. ઝેર અને અગ્ની આદી વીપતીઓમાંથી આપેજ

માતા સહીત અમોને મુકાવ્યા છે. ॥ ૭ ॥ પૃથ્વી ઉપરનાં કયાં કયાં મુખ્ય તીર્થોનું સેવન કરતા આપ આ ભુમંડળમાં ફરતાં કઇ રીતની આજીવીકાથી ગુજરાન ચલાવતા હતા. ॥ ૮ ॥ હે સમર્થ વીદુરજી, તમારા પોતાના સરખા પવીત્ર થયેલા ભગવદ ભક્તોજ, પોતાના અંતરમાં રહેલા, ગદાને ધરનારા ભગવાન વડે તીર્થોને પવીત્ર કરે છે. ॥ ૯ ॥ હે તાત, અમારા સુહ્રુદ–બાંધવ–અને શ્રી કૃષ્ણ ભગવાન જેમના દેવતા છે એવા યાદવો પોતાના નગર દ્વારકાંને વીશે સુખમાં છે કે કેમ? તે તમે દીઠું અગર સાંભળ્યું હોય તેમ કહો. ॥ ૧૦ ॥ ધર્મ રાજાએ એ પ્રમાણે પુછવાથી, યદુ કુળના નાશ વીના બીજું બધું જેમ બન્યું હતું. તેમ અનુક્રમથી તે બધું કહી સંભળાવ્યું. ॥ ૧૧ ॥ પણ પોતે દયાવાન હોવાથી દુઃખી થયેલ એોને પોતે ન જોઇ શકવાના કારણથી, એવ ઇચ્છાથી થયેલ છતાં ન સહન થઇ શકે એવી યદુ કુળના નાશની વાત તેમણે કહી નહીં. ॥ ૧૨ ॥ પછી મોટા ભાઇ ધૃતરાષ્ટ્રનું હીત કરવાની ઇચ્છાથી સર્વેને પ્રીતી ઉપજાવતા એ વીદુરજી. દેવતાના સરખાં સુખ અને સત્કાર પામીને કેટલોક વખત ત્યાંજ રહ્યા. ॥ ૧૩ ॥ જ્યાં સુધી (માંડવ્ય રૂષીના) શાપ વડે યમ રાજા સો વરસ સુધીના શુદ્રપણાને પામીને, વીદુરજી રૂપે અવતરેલા હતા ત્યાં સુધી પાપીઓને, જેને જેવો ઘટે તેવો દંડ અર્યમા આપતા હતા. ॥ ૧૪ ॥ અને રાજ્ય પામેલા યુધીષ્ટીર રાજા, કુળને ધારણ કરનારા પૌત્ર પરીક્ષીતને જોઇને, લોક પાળોની પેઠે શોભા પામેલા પોતાના ભાઇઓની સાથે આનંદથી રહેતા હતા. ॥ ૧૫ ॥ એ રીતે ઘરને વીશે આશક્તીવાળા અને ઘર સંબંધી કામોને વીશે ગાફલ થયેલા તે પાંડવોનો અતી મોટો અને પરમ દુસ્તર કાળ નહીં જણાય તેમ ચાલ્યો ગયો. ॥ ૧૬ ॥ વીદુરે તે જાણીને ધૃતરાષ્ટ્રને કહ્યું કે "હે રાજા હવે ભય આવે છે તેને જાણો અને ઘરમાંથી ઉતાવળા નીકળો. ॥ ૧૭ ॥ હે સમર્થ ધૃતરાષ્ટ્ર, અહીંયાં કોઇ પણ ઠેકાણે, અને કદી પણ જેનો સામો ઉપાય હોજ નહીં. એવો ભગવાન કાળ (એટલે મૃત્યુ અગર દુઃખનો સમય) આપણ સર્વને હમણાંજ પ્રાપ્ત થયો છે. ॥ ૧૮ ॥ એને પામીને મનુષ્યો પોતાને પ્રીયતમ

देमोचितायत्समातृकाः ॥७॥कयावृत्त्यावर्तितंवश्चरद्भिःक्षितिमंडलं॥ तीर्थानिक्षेत्रमुख्यानिसेवितानीहभूतले ॥८॥ भवद्विधाभागवतास्तीर्थभूताःस्वयंविभो॥ तीर्थीकुर्वंतितीर्थानिस्वांतस्थेनगदाभृता ॥९॥ अपिनःसुहृदस्तातबांधवाःकृष्णदेवताः॥ दृष्टाःश्रुतावायदवःस्वपुर्यांसुखमासते॥१०॥ इत्युक्तोधर्मराजेनसर्वंतत्समवर्णयत्॥ यथाऽनुभूतंक्रमशोविनायदुकुलक्षयं ॥११॥नन्वप्रियंदुर्विषहंनृणांस्वयमुपस्थितं॥ नावेदयत्सकरुणोदुःखितान्द्रष्टुमक्षमः॥१२॥ कंचित्कालमथावात्सीत्सत्कृतोदेववत्सुखं ॥ भ्रातुर्ज्येष्ठस्यश्रेयस्कृत्सर्वेषांप्रीतिमावहन् ॥१३॥ अबिभ्रदर्यमादंडंयथावदघकारिषु॥ यावद्दधारशूद्रत्वंशापाद्वर्षशतंयमः॥१४॥ युधिष्ठिरोलब्धराज्योदृष्ट्वापौत्रंकुलंधरं॥ भ्रातृभिर्लोकपालाभैर्मुमुदेपरयाश्रिया ॥१५॥ एवंगृहेषुसक्तानांप्रमत्तानांतदीहया॥ अत्यक्रामदविज्ञातःकालःपरमदुस्तरः ॥१६॥विदुरस्तदभिप्रेत्यधृतराष्ट्रमभाषत॥ राजन्निर्गम्यतांशीघ्रंपश्येदंभयमागतं ॥१७॥ प्रतिक्रियानयस्येहकुतश्चित्कर्हिचित्प्रभो ॥ सएवभगवान्कालःसर्वेषांनःसमागतः ॥१८॥ येनचैवाभिपन्नोयंप्राणैःप्रियतमैरपि॥ जनःसद्योवियुज्येतकिमुतान्यैर्धनादिभिः ॥१९॥ पितृभ्रातृसुहृत्पुत्राहतास्तेविगतंवयः॥आत्माचजरयाग्रस्तःपरगेहमुपाससे ॥२०॥ अहोमहीयसीजंतोर्जीविताशायथाभवान् ॥भीमेनावर्जितंपिंडमादत्तेगृहपालवत् ॥२१॥अग्निर्निसृष्टोदत्तश्चगरोदाराश्चदूषिताः॥ हृतंक्षेत्रंधनंयेषांतद्दत्तैरसुभिःकियत्॥२२॥ तस्यापितवदेहोयंकृपणस्यजिजीविषोः ॥परैत्यनिच्छतोजीर्णोजरयावाससीइव ॥२३॥ गतस्वार्थमिमंदेहंविरक्तोमुक्तबंधनः॥ अविज्ञातगतिर्जह्यात्सवैधीरउदाहृतः॥२४॥ यःस्वकात्परतोवेहजातनिर्वेदआत्मवान् ॥ हृदिकृत्वाहरिंगेहात्प्रव्रजेत्सनरोत्तमः ॥२५॥ अथोदीचींदिशंयातुस्वैरज्ञातगतिर्भवान् ॥ इतोऽर्वाक्प्रायशःकालःपुंसांगुणविकर्षणः ॥२६॥एवंराजाविदुरेणानुजेनप्रज्ञाचक्षुर्बोधितोह्याजमीढः॥ छित्वास्वेषुस्नेहपाशान्द्रढिम्नो निश्चक्रामभ्रातृसंदर्शिताध्वा ॥२७॥ पतिंप्रयांतंसुबलस्यपुत्रीपतिव्रताचानुजगामसाध्वी॥हिमालयंन्यस्तदंडप्रहर्षंमनस्विनामिवसत्संप्रहारः॥२८॥ अजातशत्रुःकृतमैत्रोहुता

એવા પ્રાણ થકી પણ તુર્તજ છુટા પડે છે. તો બીજાં ધનાદીક એટલે ધન–સ્ત્રી–પુત્ર–ઘર–ક્ષેત્ર–અને પશુ વીગેરેનું તો કહેવુંજ શું. ॥ ૧૯ ॥ તમારા પીતૃઓ–ભાઇઓ–સુહ્રદો–અને પુત્રો નાશ પામી ગયા છે. તમારૂં આયુષ્ય જતું રહ્યું છે. અને તમારો દેહ જરા પણાથી ઘેરાયો છે. તો પણ પારકે ઘેર તમે રહેલા છો. ॥ ૨૦ ॥ અહો, પ્રાણીઓને જીવવાની આશા ઘણી બળવાન છે. કે જેથી કરીને ભીમસેને આપેલા અન્નને તમે કુતરાની પેઠે ભક્ષણ કરો છો. ॥ ૨૧ અગ્ની નાંખ્યો–ઝેર આપ્યું–સ્ત્રીઓનું અપમાન કર્યું–અને ક્ષેત્ર અને ધન હરી લીધાં–એવા પાંડવોથી અપાયેલા અન્નથી ટકી રહેલા પ્રાણથી તમારે શું કરવાનું છે. ॥ ૨૨ ॥ રાંક–જીવવાને ઇચ્છતા–અને મરવાને નહીં ઇચ્છતા–એવા જે તમે, તેનો આ દેહ જુના લુગડા સરખો, જરા અવસ્થાથી જીર્ણ થઇ ગયો છે. ॥ ૨૩ ॥ વૈરાગ્ય પામેલો–બંધનો થકી મુક્ત થયેલો–અને જેની ગતી જાણવામાં આવતી નથી એવો જે પુરૂષ, આ સ્વાર્થ રહીત દેહને તજી દે છે. તેજ ધીર કહેવાય છે. ॥ ૨૪ ॥ અહીયાં પોતાની મેળે અથવા બીજાના ઉપદેશથી, નીર્વેદ એટલે વૈરાગ્ય પેદા થયેથી હરી ભગવાનને હ્રદયમાં ધારણ કરીને જે કોઇ દેહ ધારી એટલે મનુષ્યાદીક, ઘરમાંથી ચાલી નીકળે, તેજ ઉત્તમ પુરૂષ કહેવાય છે. ॥ ૨૫ ॥ હવે બીજા કોઇને–ખબર ન પડે તેવી રીતે તમે ઉત્તર દીશામાં ચાલ્યા જાઓ. પાછળથી ઘણું કરીને કળયુગ, પુરૂશોનાં ધૈર્ય–દયાઆદી સદગુણોનો નાશ કરનારો કાળ આવે છે." ॥ ૨૬ ॥ એ પ્રમાણે પોતાના નાના ભાઇ વીદુરે, બોધ કરવાથી બુદ્ધી રૂપી ચક્ષુ વાળા એટલે આંખ્યે થકી અંધ, એ ધૃતરાષ્ટ્ર પોતાનાંઓને વીશે સ્નેહથી દ્રઢ થયેલા પાશને છેદી નાંખીને, ભાઇએ દેખાડેલા માર્ગને વીશે ચાલી નીકળ્યો. ॥ ૨૭ ॥ પતીવ્રતા અને સાધ્વી સુબળ રાજાની પુત્રી ગાંધારી પણ, પતી ચાલી નીકળતાં તેમની પાછળજ, મનસ્વીઓને યુદ્ધને વીશે પડતા પ્રહારો જેમ હર્ષને વધારનારા થાય છે. તેમ ન્યસ્ત દંડ એટલે પ્રાણીઓને અભય આપનારા સંન્યાસીઓને હર્ષ વધારનારા હીમાલય પર્વતમાં ગયાં. ॥ ૨૮ ॥ પછી યુધીષ્ટીરે સંધ્યા વંદનઆદી નીત્ય કર્મ

કરી, અગ્નીમાં હોમ કરી, બ્રાહ્મણોનો, તલ–ગાય–પૃથ્વી–અને સુવર્ણઆદી આપવા થકી સત્કાર કર્યા પછી, ગુરૂને એટલે વડીલોને વંદન કરવા સારૂં ઘરમાં પેસતાં ધૃતરાષ્ટ્ર–વીદુર–કે ગંધારીને દીઠાં નહીં. ॥ ૨૯ ॥ તેથી ઉદ્વેગ પામીને તેમણે ત્યાં બેઠેલા સંજયને પુછયું કે. " આંખ્યો વીનાના અને વૃદ્ધ મારા કાકા ધૃતરાષ્ટ્ર ક્યાં ગયા. ॥ ૩૦ ॥ અને પુત્રો મરી જવાથી દુઃખી થયેલાં માતા ગાંધારી તથા સુહૃદ વીદુર પણ ક્યાં ગયા. કરેલા ઉપકારને નહીં જાણનાર મારાં પાપની આ શંકાથી, એ બંધુઓ મરી ગયેલા અને દુઃખી થયેલા કાકા ધૃતરાષ્ટ્ર ભાર્યા સહીત ગંગાજીમાં પડયા કે શું. ॥ ૩૧ ॥ અમારા પીતા પાંડુ રાજા મરણ પામ્યા પછી અમો બાળક સર્વેનું દુઃખ વેઠીને રક્ષણ કરનાર એ અમારા વડીલો અહીંયાંથી ક્યાં જતા રહ્યા. ॥ ૩૨ ॥ સૂત–ત્યારે દયા અને સ્નેહના વીકળપણાથી અતી પીડીત થયેલો સંજય પોતાના ધણી ધૃતરાષ્ટ્રને નહીં દેખીને, મનું રોકાઈ જતાં કાંઈ ઉત્તર આપી શકયો નહીં. ॥૩૩॥ પછી બુદ્ધી થકી મનને ધારણ આપીને અને હાથ વડે આંસુ લોહી નાંખીને ધૃતરાષ્ટ્રના ચરણનું સ્મરણ કરતો તે યુધીષ્ટીર પ્રત્યે બોલ્યો કે. ॥ ૩૪ ॥ –સંજય– હે કુળનંદન, તમારા પીતૃઓના અને ગાંધારીના ઠરાવને હું જાણતો નથી. હે મહા બાહો, તે મહાત્માઓએ મને પણ છેતર્યો છે. ॥ ૩૫ ॥ એટલામાંજ તુંબરૂરૂષી સહીત ભગવાન નારદ મુની ત્યાં આવવાથી પોતાના નાના ભાઈઓ સહીત ઉભા થઈને તેમને માન આપી પગે લાગીને તેમણે આ પ્રમાણે પુછયું. ॥ ૩૬ ॥ –યુધિષ્ઠિર–હે ભગવાન મારા પીતૃ ધૃતરાષ્ટ્ર અને વીદુર તથા પુત્રો મરી જવાથી આતુર થયેલાં અને તપી થયેલાં ગાંધારી ક્યાં ગયાં. તે હું જાણતો નથી. આ સંસારરૂપી અપાર સમુદ્રમાં તેના પારને દેખાડનારા કર્ણધાર એટલે વહાણ ચલાવનાર સુકાની અથવા નાવીક આપજ છો. ॥ ૩૭ ॥ મુનીઓમાં શ્રેષ્ઠ નારદજી બોલ્યા કે " હે રાજા જગત ઈશ્વરને આધીન છે. માટે કોઈને માટે શોક કરશો નહીં. ॥ ૩૮ ॥ એવે લોકપાળો સુદ્ધાં લોકો બળી આપેછે. તેજ ઈશ્વર પ્રાણીઓને ભેગાં કરનારા અને જુદાં પાડનારા પણ છે. ॥ ૩૯ ॥

द्विर्विप्रान्नत्वातिलगोभूमिरुक्मैः ॥ गृहंप्रविष्टोगुरुवंदनायनचापश्यत्पितरौसौबलींच॥२९॥ तत्रसंजयमासीनंपप्रच्छोद्विग्नमानसः ॥गावल्गणक्कनस्तातोवृद्धोहीनश्चनेत्रयोः ॥३०॥ अंबाचहतपुत्रार्त्तापितृव्यःक्कगतःसुहृत् ॥अपिमय्यकृतप्रज्ञेहतबंधुःसभार्यया॥ आशंसमानःशमलंगंगायांदुःखितोपतत् ॥३१॥ पितर्युपरतेपांडौसर्वान्नःसुहृदःशिशून् ॥ अरक्षतांव्यसनतःपितृव्यौक्कगतावितः ॥३२॥ सूतउवाच कृपयास्नेहवैक्लव्यात्सूतोविरहकर्शितः ॥ आत्मेश्वरमचक्षाणोनप्रत्याहातिपीडितः ॥३३॥विमृज्याश्रूणिपाणिभ्यांविष्टभ्यात्मानमात्मना ॥ अजातशत्रुंप्रत्यूचप्रभोःपादावनुस्मरन् ॥३४॥संजयउवाच नाहंवेदव्यवसितंपित्रोर्वःकुलनंदन ॥ गांधार्यावामहाबाहोमुषितोऽस्मिमहात्मभिः ॥३५॥अथाजगामभगवान्नारदःसहतुंबुरुः॥प्रत्युत्थायाभिवाद्याहसानुजोऽभ्यर्चयन्निव॥३६॥ युधिष्ठिरउवाच नाहंवेदगतिंपित्रोर्भगवन्क्कगतावितः॥ अंबावाहतपुत्रार्त्ताक्कगतावतपस्विनी ॥ कर्णधारइवापारेभगवान्पारदर्शकः ॥३७॥ अथाबभाषेभगवान्नारदोमुनिसत्तमः॥ माकंचनशुचोराजन्यदीश्वरवशंजगत् ॥३८॥ लोकाःसपालायस्येमेवहंतिबलिमीशितुः॥ससंयुनक्तिभूतानिसएववियुनक्तिच॥३९॥ यथागावोनसिप्रोतास्तंत्यांबद्धाःस्वदामभिः ॥ वाक्तंत्यांनामभिर्बद्धावहंतिबलिमीशितुः॥४०॥ यथाक्रीडोपस्कराणांसंयोगविगमाविह ॥ इच्छयाक्रीडितुःस्यातांतथैवेशेच्छयानृणां ॥४१॥ यन्मन्यसेध्रुवंलोकमध्रुवंवानचोभयं॥ सर्वथानहिशोच्यास्तेस्नेहादन्यत्रमोहजात् ॥४२॥तस्माज्जह्यंगवैक्लव्यमज्ञानकृतमात्मनः॥कथंत्वनाथाःकृपणावर्त्तेरंस्त्वनमाश्रिताः ॥४३॥कालकर्मगुणाधीनोदेहोऽयंपांचभौतिकः ॥ कथमन्यांस्तुगोपायेत्सर्पग्रस्तोयथापरं ॥४४॥ अहस्तानिसहस्तानामपदानिचतुष्पदां॥ फल्गूनितत्रमहतांजीवोजीवस्यजीवनं॥४५॥तदिदंभगवान्राजन्नेकआत्मात्मनांस्वदृक् ॥ अंतरोऽनंतरोभातिपश्यतंमाययोरुधा॥४६॥ सोऽयमद्यमहाराजभगवान्भूतभावनः॥ कालरूपोऽवतीर्णोऽस्यामभवायसुरद्विषां॥४७॥ निष्पादितंदेवकृत्यमवशेषंप्रतीक्षते ॥ तावद्यूयमवेक्षध्वंभवेद्यावदिहेश्वरः ॥४८॥ धृतराष्ट्रःसहभ्रात्रागांधार्याचस्वभार्यया॥ दक्षिणेनहिमवतऋषीणामाश्रमंगतः॥४९॥ स्त्रोतोभिःसप्तभिर्यावैस्वर्धुनीसप्तधाव्यधात् ॥सप्तानांप्रीतये[illegible]सप्तस्त्रोतःप्रच

નાકમાં નાથ નાંખેલા અને તાંતણાઓના દોરડાથી બંધાયલા લોકો ઈશ્વરને બળી આપેછે. એટલે તેની (શાસ્ત્રની) આજ્ઞાઓને માને છે. ॥ ૪૦ ॥ રમવાનાં રમકડાંનું ભેગું થવું અને જુદું થવું એ રમનારની ઈચ્છા પ્રમાણે થાય છે. તેમ ભગવાનની ઈચ્છાને આધીન માણસો છે. ॥ ૪૧ ॥ આ જગતને નીત્ય–અનીત્ય–અથવા નીત્ય અને અનીત્ય બંને, એમ ગમે તે રીતે માનીએ, તોપણ શોક થવાનું કારણ મોહ થકી ઉપજેલા સ્નેહ સીવાય સર્વથા બીજું કાંઈજ છે નહીં. ॥ ૪૨ ॥ હે અંગ રાંક અને અનાથ એઓ મારા વીના કેવે પ્રકારે આજીવીકા ચલાવી શકશે. એવા અજ્ઞાનથી થયેલા વીકળપણાનો તમે ત્યાગ કરો. ॥ ૪૩ ॥ કાળ કર્મ–અને ગુણોને આધીન તથા પાંચ ભુતથકી બનેલો આ દેહ પોતેજ કાળરૂપી સાપે કરડાયલો છતાં તે બીજાનું રક્ષણ કેવી રીતે કરી શકનાર છે. ॥ ૪૪ ॥ વગર હાથવાળાએ હાથવાળાઓનું અન્ન છે. વગર પગવાળાઓ ચાર પગવાળાઓનું અન્ન છે. નાના પ્રાણીઓ મોટા પ્રાણીઓનું અન્ન છે. એ રીતે પ્રાણીઓજ પ્રાણીઓનું જીવન એટલે ખાવાનું છે. ॥ ૪૫ ॥ હે રાજા એકજ ભગવાન આત્મારૂપથી તથા સાક્ષીરૂપથી આ જગતમાં પ્રાણીઓમાં અને ભોગ્ય પદાર્થાદીકમાં, તેમની અંદર તથા બહાર રહેલ છતાં માયાથકી અનેક પ્રકારના જણાય છે. તે ભગવાનને તમે ઓળખો. ॥ ૪૬ ॥ હે મોટા રાજા; પ્રાણીઓને ઉપજ કરનારા એજ કાળ સ્વરૂપ ભગવાન દૈત્યોનો નાશ કરવાને સારૂં હાલમાં પૃથ્વી ઉપર અવતરેલા છે. ॥ ૪૭ ॥ તે દેવતાઓનું કાર્ય સંપાદન કરીને અવશેષ (રહેલ યદુકુળનો નાશ કરવાનું) આટોપતા સુધી ભગવાન રાહ જોતા અહીંયાં રહેલા છે. ત્યાં સુધીમાં જેજે થાય તે તમે જુઓ. ॥ ૪૮ ॥ ધૃતરાષ્ટ્ર; તેમનાં સ્ત્રી ગાંધારી અને ભાઈ વીદુર સહીત હીમાલયની દક્ષિણમાં રૂષીઓના આશ્રમને વીશે ગયા છે. ॥ ૪૯ ॥ જ્યાં સપ્ત રૂશીઓને રાજી કરવા

સારૂં ગંગાજી સાત ભાગ કરીને સાત પ્રવાહરૂપથી વેહે છે. તેથી એ આશ્રમનું નામ " સપ્તશ્રોત " કેહેવાય છે. ॥ ૫૦ ॥ અને ત્યાં તેઓ અનુસવન તીર્થમાં નાહીને અને વીધી પ્રમાણે અગ્નીનો હોમ કરીને કામનાઓને છોડી દેઈ શાંત મનથી માત્ર પાણીનોજ આહાર કરીને રેહેછે. ॥ ૫૧ ॥ તથા તે આસન અને શ્વાસને જીતેલા—છ ઈંદ્રીયોને વશ કરેલા—ભગવાનને વીશે ભાવવાળા—તથા રજ—તમ—અને સત્વ ગુણના મેલથી રહીત એટલે નીર્મળ થયા છે. ॥ ૫૨ ॥ અને તેમણે પ્રાપ્ત કરેલા વીજ્ઞાનને ક્ષેત્રજ્ઞ આત્મામાં, એટલે દેહમાં રહેલા આત્મામાં નાંખીને, તથા તે આત્માને પણ જેમ મહદાકાશની અંદર ઘટાકાશને નાંખી દેવામાં આવે તેમ સર્વના આધાર અને વ્યાપક પરબ્રહ્મ આત્મામાં નાંખી દીધો છે. ॥ ૫૩ ॥ જેથી માયાના ગુણો થકી ઉત્પન્ન થનારી વાસનાઓ નાશ પામેલા—ઈંદ્રીયો અને અંતઃકરણને જીતેલા—અને સર્વ પ્રકારના આહાર થકી નીવૃત્ત થયેલા એવા તે; સઘળાં કર્મોનો ત્યાગ કરીને પર્વત સરખા સ્થીર થઇ એકજ ઠેકાણે બેઠેલા છે. તેમને અંતરાય કરનારા તમારે થવું ન જોઈએ. ॥ ૫૪ ॥ કેમકે આજથી પાંચમે દીવસે તે પોતાનું શરીર છોડી દેશે. અને તે શરીર બળીને રાખોડી થઈ જશે. ॥ ૫૫ ॥ ત્યારે બહાર બેઠેલાં પતીવ્રતા અને સાધ્વી ગાંધારી પણ પતીનો દેહ પર્ણકુટી સહીત અગ્નીથી બળતો દેખીને તેમાં પ્રવેશ કરશે. ॥ ૫૬ ॥ હે કુરૂનંદન એ આશ્ચર્ય જોઈને હર્ષ તથા શોક પામેલા વીદુરજી પણ તીર્થ કરવાને ચાલ્યા જશે. ॥ ૫૭ ॥ આ રીતે કહીને નારદમુની તુંબરૂ સહીત સ્વર્ગ લોકમાં ચાલ્યા ગયા. પછી તેમનાં વચનોને મનમાં રાખીને યુધીષ્ઠીરે શોકનો ત્યાગ કર્યો. ॥ ૫૮ ॥ ઇતીશ્રી. ભા. પ્ર. સ્કંધનો તેરમો અધ્યાય સંપુર્ણ ॥ ૧૩ ॥

અધ્યાય ૧૪ મો. —સૂત—પવીત્ર કીર્તીવાળા શ્રીકૃષ્ણ ભગવાનના ચેષ્ટીતને જાણવાને અને સબંધીઓને જોવાને સારૂં અર્જુન દ્વારકાં ગયા હતા. ॥ ૧ ॥ કેટલાક માસ વીતી ગયા છતાં અર્જુન પાછા આવ્યા નહીં. ને કુરૂકુળમાં ઉત્તમ યુધીષ્ઠીર ભયંકર ઉત્પાત દેખવા લાગ્યા. ॥ ૨ ॥ રૂતુના ધર્મો ફરી ગયેલી કાળની ગતી

क्षते ॥५०॥ स्नातानुसवनंतस्मिन्[त्रिका]लाचाग्नीन्यथाविधि ॥ अब्भक्षउपशांतात्मासआस्तेविगतैषणः ॥५१॥ जितासनोजितश्वासःप्रत्याहृ
तषडिंद्रियः॥ हरिभावनयाध्वस्तरजःसत्वतमोमलः॥५२॥वि[ज्ञा]नात्मनिसंयोज्यक्षेत्रज्ञेप्रविलाप्यतम् ॥ ब्रह्मण्यात्मानमाधारेघटांबरमिवां
बरे॥५३॥ ध्वस्तमायागुणोदर्कोनिरुद्धकरणाशयः ॥ निवर्तिताखिलाहारआस्तेस्थाणुरिवाच[ल]ः॥तस्यांतरायोमैवाभूःसंन्यस्ताखिलकर्मणः
॥५४॥ सवाअद्यतनाद्राजन्परतःपंचमेहनि॥ कलेवरंहास्यतिस्वंतच्चभस्मीभविष्यति॥५५॥दह्यमानेऽग्निभिर्देहेपत्युःपत्नीसहोटजे ॥बहिः
स्थितापतिंसाध्वीतमग्निमनुवेक्ष्यति ॥५६॥विदुरस्तुतदाश्चर्यंनिशम्यकुरुनंदन॥ हर्षशोकयुतस्तस्मा[द्ग]तातीर्थनिषेवकः॥५७॥ इ[त्यु]क्त्वाथारु
हत्स्वर्गंनारदःसहतुंबुरुः ॥ युधि[ष्ठि]रोवचस्तस्यहृदिकृत्वाऽजहाच्छुच॥५८॥ इतिश्रीभागवतेमहापुराणेप्रथमस्कंधेत्रयोदशोऽध्यायः॥१३॥
सूतउवाच संप्रस्थितेद्वारकायांजिष्णौबंधुदिदृक्षया॥ [ज्ञा]तुंचपुण्यश्लोकस्य[कृ]ष्णस्यचविचेष्टितं ॥१॥ [व्यतीताः कतिचिन्मासास्त]दानायात
तोर्जुनः॥ ददर्शघोररूपाणिनिमित्तानिकुरूद्वहः॥२॥कालस्यचगतिंरौद्रांविपर्यस्तर्तुधर्मणः॥ पापीयसींनृणांवार्तांक्रोधलोभानृतात्मनां ॥जि
ह्मप्रायंव्यवहृतंशाठ्यमिश्रंचसौहृदम् ॥ पितृमातृसुहृद्भ्रातृदंपतीनांचकल्कनं॥४॥ निमित्तान्यत्यरिष्टानिकालेत्वनुगतेनृणां॥ लोभाद्यध
र्मप्रकृतिंदृष्ट्वोवाचानुजंनृपः॥५॥ युधि[ष्ठि]रउवाच संप्रेषितोद्वारकायांजिष्णुर्बंधुदिदृक्षया ॥ [ज्ञा]तुंचपुण्यश्लोकस्यकृष्णस्यचविचेष्टितं ॥६ ॥
गताःसप्ताधुनामासाभीमसेनतवानुजः॥नायातिकस्यवाहेतोर्नाहंवेदेदमंजसा ॥७॥ अपिदेवर्षिणादिष्टः[सका]लोऽयमुपस्थितः॥ यदात्मनो
ऽगमाक्रीडंभगवानुत्सिसृक्षति ॥८॥ यस्मान्नःसंपदोराज्यंदाराःप्राणाःकुलंप्रजाः ॥ आसन्सपत्नविजयोलोकाश्चयदनुग्रहात् ॥९॥ पश्यो
त्पा[तान्नरव्या]घ्रदिव्यान्भौमान्सदैहिकान् ॥ दारुणान्[शं]सतोऽदूराद्भयंनोबुद्धिमोहनं ॥१०॥ऊर्वक्षिबाहवोमह्यंस्फुरंत्यंगपुनःपुनः ॥वेपथुश्चा
पिहृदयेआराद्दास्यंतिविप्रियं ॥११॥ शिवैषोद्यंतमादित्यमभिरौत्यनलानना॥ मामंगसारमेयोऽयमभिरौतिह्यभीरुवत् ॥१२॥शस्ताःकुर्वंति
मां[सव्यं]दक्षिणंपशवोऽपरे॥ वाहांश्चपुरुषव्याघ्रलक्षयेरुदतोमम॥१३॥ मृत्युदूतःकपोतोऽयमुलूकःकंपयन्मनः॥ प्रत्युलूकश्चकुह्वानैरनिद्रौ

થઇ ગઇ. માણસોની આજીવીકા પાપવાળી તથા લોભ, જુઠ, અને ક્રોધ ભરેલી થઇ. ॥ ૩ ॥ આપ લેનો વ્યવહાર વીશેષે કરીને કપટવાળો અને સ્નેહીપણું શઠતાથી મીશ્ર થયેલું જણાયું. તથા બાપ—મા—સગાં—ભાઇઓ—અને ધણી ધણીઆણી એમનામાં કજીયા થવા લાગ્યા. ॥ ૪ ॥ એ રીતનાં અતીશે ખરાબ કાળનાં નીશાનીઓને અને લોભ આદીથી અધર્મવાળી થયેલી માણસોની પ્રકૃતીને જોઇને, રાજા યુધીષ્ઠીરે પોતાના નાના ભાઇ ભીમસેનને કહ્યું કે. ॥ ૫ ॥ —યુધિષ્ઠિર—હે ભીમસેન તમારા નાના ભાઇ અર્જુનને બંધુઓને જોવા સારૂં તથા પવીત્ર કીર્તીવાળા કૃષ્ણ ભગવાનના ચેષ્ટીતને જાણવા સારૂં દ્વારકાં મોકલેલા છે તેમને ગયાને હમણાં સાત માસ થયા છતાં હજુ સુધી શા કારણથી પાછા આવતા નથી. તે હું સેહેલથી જાણી શકતો નથી. ॥ ૬–૭ ॥ જેના અનુગ્રહથી આપણને સંપતી રાજ્ય—સ્ત્રીઓ—પ્રાણ—કુળ—છોકરાં—શત્રુઓ થકી વીજય—અને સ્વર્ગાદીક લોક પણ મળેલ છે. તે કૃષ્ણ ભગવાન ક્રીડા કરવાના સાધનરૂપ મનુષ્ય શરીર છોડી દેવાનો દેવરશી નારદે કહેલો કાળ આવ્યો કે શું. ! ॥ ૮–૯ ॥ હે નરવ્યાઘ્ર આકાશના—પૃથ્વીના—અને શરીરના, આપણી બુદ્ધીને મોહ પમાડનારા તથા નજીકમાંજ ભય હોવાનું સુચવનારા દારૂણ ઉત્પાતો થાય છે તેને તમે જુઓ. ॥ ૧૦ ॥ મારો સાથળ આંખ અને હાથ વારંવાર ફરકે છે. અને હૃદયને વીશે કંપ થાય છે. તે જલદીજ ભુંડું કરશે. ॥ ૧૧ ॥ હે અંગ, મોઢામાંથી દેવતા ઝરતી શીયાળી, ઉગતા સુર્ય સામી રૂવે છે. વખણાયલાં ગાયઆદી પ્રાણીઓ મારે ડાબે પડખે ઉતરે છે. આ કુતરો ભય વગરનો થઇ મારા સામો આવીને રૂએ છે. અને બીજાં ગધેડાં આદી પશુઓ જમણે પડખે ઉતરે છે. તથા મારાં ઘોડા બળદઆદી વાહનનાં જનાવરો પણ રોતાં જણાય છે. ॥ ૧૨–૧૩ ॥ મોતને સુચવનારો હોલો અને આ ઘુવડ, એ ઓ મનને કં-

પાડે છે. અને નીંદ્રા વગરનું તથા તેની સામું બોલતું બીજું ઘુઅડ પોતાના કઠોર શબ્દથી જગતને શુન્ય ક-
રવાની ઇચ્છા કરે છે. ॥ ૧૪ ॥ દીશાઓ ઝાંખી થઇ છે. સુર્યને ફરતાં તેજનાં કુંડાળાં થાય છે. અને વરસાદ
વીનાજ કડાકા થઇને વીજળી પડે છે. ॥ ૧૫ ॥ ઝીણી ધુળથી અંધકાર કરતો કઠોર વાયુ વાય છે. અને સુ-
આમણું લોહી, વાદળાંઓ ચોતરફ વરસાવે છે. ॥ ૧૬ ॥ સુર્ય તેજ વીનાનો દેખાય છે. આકાશમાં ગ્રહોનું
એક બીજા સાથે યુદ્ધ થાય છે. અને ભુત ગણોથી ભરાઇ ગયેલાં આકાશ અને પૃથ્વી, સારી પેઠે બળતાં
હોય એમ જણાય છે. ॥ ૧૭ ॥ નદીઓ કુન્ડાઓ-તળાવો-અને મનુષ્યોનાં મન ક્ષોભ પામે છે. ઘી થકી
અગ્ની પ્રકાશતો નથી એવો આ કાળ શું દેખાડે છે. ? ॥ ૧૮ ॥ વાછરડાં ધાવતાં નથી. અને તેમની માતાઓ
દુઝતી નથી. વ્રજને વીશે ગાયો આંખ્યોમાં આંસુ લાવીને રૂએ છે. અને સાંઢ હરખ પામતા નથી. ॥ ૧૯ ॥
દેવની મુરતીઓ રોતી-પરશેવા વાળી-અને હાલતી જણાય છે. અને આ દેશો-ગામો-શેહેરો-વાડીઓ-ખાણો

અને આશ્રમો શોભા વીનાનાં અને આનંદ રહીત થઇને, આપણને કયા દુઃખને સુચવે છે. ॥ ૨૦ ॥ એ
બધા મોટા ઉત્પાતોથી હું માનું છું કે, શોભાગ્ય હણાઇ ગયેલી પૃથ્વી, બીજાનામાં હોય નહીં એવી શોભાવાળા
કૃષ્ણ ભગવાનના ચરણ કમળથી રહીત થઇ છે. ? ॥ ૨૧ ॥ સુત—હે બ્રાહ્મણો એ રીતના ઉત્પાતો દેખવાથી
તેમના મનમાં આ રીતની ચીંતાઓ થઇ હતી. એટલામાંજ દ્વારકાંથી અર્જુન પાછા આવ્યા. ॥ ૨૨ ॥
તેમને આતુર થયેલા-નીચું મોઢું કરેલા-કમળ જેવી આંખ્યોમાંથી આંસુ પાડતા-તેજ વીનાના-શોકયુક્ત મન
વાળા-તથા પ્રથમના કરતાં જુદીજ રીતે પગમાં પડેલા, જોઇને, યુધીષ્ટીરે નારદજીએ કહેલાં વચનો યાદ કરીને,
સંબંધીઓના મધ્યમાં પોતાના નાના ભાઇ અર્જુનને કહ્યું કે. ॥ ૨૩-૨૪ ॥—યુધિષ્ઠિર—દ્વારકાંમાં મધુ-ભો-
જ-દાશાર્હ-અર્હ-સાત્વત-અંધક-અને વૃષ્ણી વગેરે કુળોના, આપણા સંબંધી યાદવો સુખમાં છે કે કેમ. ॥ ૨૫ ॥
માનને યોગ્ય માના બાપ શુરશેન કુશળ છે, ? અને નાના ભાઇઓ સહીત મામા વસુદેવ કુશળ છે. ॥ ૨૬ ॥

शून्यमिच्छतः ॥१४॥धूम्रादिशःपरिधयःकंपतेभूःसहाद्रिभिः ॥निर्घातश्चमहानासीत्साकंचस्तनयित्नुभिः ॥१५॥ वायुर्वातिखरस्पर्शोरज
साविसृजंस्तमः ॥ अ[illegible]र्षतिजलदाबीभत्समिवसर्वतः ॥१६॥ सूर्यंहतप्रभंपश्यग्रहमर्दंमिथोदिवि ॥ ससंकुलैर्भूतगणैर्ज्वलितेइवरोदसी
॥१७॥ नद्योनदाश्चक्षुभिताःसरांसिचमनांसिच॥ नज्वलत्यग्निराज्येनकालोयंकिंविधास्यति॥१८॥ नपिबंतिस्त[illegible]ंवत्सानदुह्यंतिचमातरः
॥ रुदंत्यश्रुमुखागावोनहृष्यंत्यृषभाव्रजे॥१९॥दैवतानिरुदंतीवास्विद्यंतिह्युच्चलंतिच॥ इमेजनपदाग्रामाःपुरोद्यानाकराश्रमाः॥ भ्रष्टश्रियो
निरानं[illegible]ाःकिमघंदर्शयंतिनः॥२०॥मन्यएतैर्महोत्पातैर्नूनंभगवतःपदैः॥ अनन्यपुरुषश्रीभिर्हीनाभूर्हतसौभगा॥२१॥ इतिचिंतयतस्तस्यदृ
ष्टारि[illegible]चेतसा॥ राज्ञःप्रत्यागमद्ब्रह्मन्यदुपुर्याःकपिध्वजः ॥२२॥ तंपादयोर्निपतित[illegible]मयथापूर्वमातुरं॥अ[illegible]नमा[illegible]दुन्मुंचंतंनयनाब्ज
यो॥२३॥ विलोक्योद्विग्नहृदयोविच्छायमनुजंनृपः ॥ पृच्छतिस्मसुहृन्मध्येसंस्मरन्नारदेरितं॥२४॥ युधिष्ठिरउवाच क[illegible]पुर्यानःस्व
जनाः[illegible]मासत॥ मधुभोजदशार्हार्हसात्वतांधकवृष्णयः॥२५॥शूरोमातामहःकच्चित्स्वस्त्यास्तेवाऽथमारिषः॥मातुलःसानुजःकच्चित्कुश
ल्यानकदुंदुभिः॥२६॥ सप्तस्वसारस्तत्पत्न्योमातु[illegible]न्यःसहात्मजाः॥आसते[illegible]ःक्षेमंदेवकीप्रमुखाःस्वयं॥२७॥ कच्चिद्राजा[illegible]कोजीव
त्यसत्पुत्रोऽस्यचानुजः॥हृदीकःससुतोऽक्रूरोजं[illegible]तगदसारणाः॥२८॥ आसतेकुशलंक[illegible]॥ कच्चिदास्तेसुखंरामोभगवा
न्सात्वतांप्रभुः॥२९॥ प्रद्युम्नःसर्ववृष्णीनांसुखमास्तेमहारथः ॥गंभीररयोऽनिरुद्धोवर्धतेभगवानुत ॥३०॥ सुषेणश्चारुदेष्णश्च सांबोजांबव
तीसुतः॥ अन्येचकार्ष्णिप्रवराःसपुत्राऋषभादयः॥३१॥ तथैवानुचराःशौरेःश्रुतदेवोद्धवादयः ॥ सुनंद[illegible]र्षिण्यायेचान्येसात्वतर्षभाः
॥३२॥अपिस्वस्त्यासते[illegible]कृष्णभुजाश्रयाः॥ अपिस्मरतिकुशलमस्माकंब[illegible]सौहृदाः॥३३॥भगवानपिगोविंदोब्रह्मण्योभक्तवत्सलः॥
क[illegible]पुरेसुधर्मायांसुखमास्तेसुहृद्वृतः॥३४॥ मंगलायचलोकानांक्षेमायचभवायच॥ आस्तेयदुकुलांभोधावाद्योऽनंतसखःपुमान् ॥३५॥य

માગાની સાત બેહેનો અને જેમાં દેવકી મુખ્ય છે એવી સ્ત્રીઓ, તેમના પુત્રો તથા વહુઓ સહીત કુશળ છે
કે કેમ. ? ॥ ૨૭ ॥ દુષ્ટ પુત્ર કંસના પીતા ઉગ્રસેન, તેમના નાના ભાઇ દેવક, પોતાના પુત્ર કૃતવર્મા સહીત
હૃદીક-તથા અક્રુર-જયંત-ગદ-અને સારણ એ બધાઓ સુખે જીવે છે કે કેમ. ? ॥ ૨૮ ॥ એઓ અને બીજા
શત્રુ જીત આદી કુશળ છે. ? અને સાત્વતોના પ્રભુ બળ રામ સુખમાં છે કે કેમ. ? ॥ ૨૯ ॥ સર્વ વૃષ્ણી
કુળના મહારથી પ્રદ્યુમ્ન સુખમાં છે. ? અને યુદ્ધમાં મોટા વેગવાળા અનીરૂદ્ધ પ્રસન્ન છે કે કેમ. ॥૩૦॥ સુસેણ
ચારૂ દેષ્ણ-જાંબવતીના પુત્ર સાંબ-અને જેમાં રૂશભ મુખ્ય છે એવા બીજા પણ કૃષ્ણના પુત્રો, તેમના પુત્રો,
સહીત કુશળ છે કે કેમ. ? ॥ ૩૧ ॥ તેમજ શ્રુત દેવ અને ઉદ્ધવ આદી ભગવાનના અનુચરો અને જેમાં
સુનંદ તથા નંદ મુખ્ય છે એવા બીજા શ્રેષ્ટ સાત્વતો કુશળ છે. ॥ ૩૨ ॥ રામ અને કૃષ્ણની ભુજાઓના આ-
શ્રય વાળા, અને જેમણે આપણી સાથે સ્નેહ બાંધેલો છે. એવા તેઓ સર્વે કુશળ છે ? તથા આપણું કુશળ

ઇચ્છે છે કેમ. ? ॥ ૩૩ ॥ અને સ્નેહીઓએ વીંટાયલા-બ્રાહ્મણોને માનનારા, અને ભક્તોના ઉપર દયા કર-
નારા ગોવીંદ ભગવાન દ્વારકાંમાં સુધર્મા સભાને વીશે સુખમાં છે ? ॥ ૩૪ ॥ વળી જે ભગવાનના બાહુ દંડથી
રક્ષણ કરાયલી દ્વારકાંપુરીમાં માન પામેલા યાદવો વૈકુંઠ નાથના પાર્શદોની પેઠે અતી આનંદથી વસે છે. જે
ભગવાનના ચરણ કમળની સેવા રૂપ મુખ્ય કર્મથી સત્યભામા આદી સોળ હજાર સ્ત્રીઓ, યુધને વીશે દેવતા-
ઓને જીતીને લેઇ આવેલા; ઇંદ્રાણીને યોગ્ય એવા પારી જાત આદીકને ભોગવે છે. અને જે ભગવાનના બાહુ
દંડના પ્રભાવથીજ જીવનારા અને ચારે કોરેથી ભય વીનાના બળવાન યાદવો બળાત્કારથી ભેટ કરાવવી દેવ-
તાઓને યોગ્ય સુધર્મા સભામાં પગવડે ફરે છે. તથા બળદેવજી જેના સહાય છે, એવા આદી પુરૂશ કૃષ્ણ
ભગવાન, લોકોનું કલ્યાણ કરવા માટે-રક્ષણ કરવા માટે-અને તેમની વૃદ્ધી કરવા માટે-યદુ કુળ રૂપ સમુદ્રને
વીશે સુખમાં વસે છે કે કેમ. ? ॥ ૩૫-૩૬-૩૭-૩૮ ॥ હે તાત, તમે પોતે સારી પેઠે છો કે ? મને તમે

તેજ રહીત કેમ થાઓ છો? શું ત્યાં થએલ સ્ત્રી? તેથી માન ન મળ્યું કે કોઈએ અવજ્ઞા કરી છે? ॥ ૩૯ ॥ કે અર્થીને આપવાની પ્રતીજ્ઞા કર્યા છતાં, તેને તે આપી શક્યા નથી? કે અમંગળ શબ્દોથી અભાવયુક્ત અનાદર થયો છે? ॥ ૪૦ ॥ અથવા તમે શરણ દાતા છતાં, શરણે આવેલ બ્રાહ્મણ બાળક, ગાય, વૃદ્ધ, રોગી અને સ્ત્રી કીંવા બીજા કોઈ પ્રાણી, એમનો ત્યાગ કરેલ છે? ॥ ૪૧ ॥ અથવા કોઈ અગમ્ય સ્ત્રીની પાસે કીંવા ગમ્ય છતાં અસત્કાર કરનારી સ્ત્રીની પાસે ગયા છો? અથવા માર્ગમાં તમારાથી ઉત્તમ નહીં, તેમ અસમાનનો પણ નહીં એવા થકી પરાજય પામ્યા છો? ॥ ૪૨ ॥ અથવા પ્રથમ જમાડવાને યોગ્ય વૃદ્ધ અને બાળકો આદીને જમાડયા પહેલાં તમે જમી લીધું છે? અથવા નીંદાયુક્ત અને જેની ક્ષમા થઈ શકે નહીં એવું કોઈ કામ કર્યું છે? ॥ ૪૩ ॥ અથવા શું મારા અતી વાહાલા અને હૃદય સરખા ભાઈ શ્રી કૃષ્ણથી હું હમેશને માટે રહીત થયો છું? જેથી મને શુન્ય જેવો માનો છો? કેમ કે તે વીના બીજા કશા થકી તમને આવી પીડા થવી ઘટતી નથી. ॥૪૪॥ ઇતીશ્રી૦ભા૦પ્ર૦સ્કંધનો ચૌદમો અ. સં. ॥૧૪॥

અધ્યાય ૧૫ મો. સુત—એ રીતે કૃષ્ણના મીત્ર અર્જુનના દુર્બળ થએલા રૂપ જોઈને રાજા યુધીષ્ટરે, શ્રી કૃષ્ણ ભગવાનનો વીયોગ થવાની શંકા ઉપજાવનારી નાના પ્રકારની કલ્પનાઓ કરી ॥૧॥ ત્યારે શોકે કરીને હૃદય કમળ સુકાઈ ગયેલા અને કાંતી રહીત થએલા તથા કૃષ્ણ ભગવાનનુંજ ધ્યાન કરતા અર્જુન પ્રતીઉત્તર આપવાને શક્તીમાન થયા નહીં. ॥૨॥ પણ પછીથી, કૃષ્ણ ભગવાન દ્રષ્ટીથી દુર થવાથી વધેલા પ્રેમના ઉભરાવડે વ્યાકુળ થએલા અર્જુન દુઃખે કરી શોકને અટકાવીને, પોતાનું હીતેચ્છુપણું કરેલાને અને કરેલા ઉપકારોને તથા સુહૃદપણાને સંભારીને ગદગદ વાણીથી પોતાના મોટા ભાઈ યુધીષ્ટીર પ્રત્યે બોલ્યા

द्बाहुदंडगुप्तायांस्वपुर्यांयदवोऽर्चिताः ॥क्रीडंतिपरमानंदंमहापौरुषिकाइव ॥३६॥ यत्पादशुश्रूषणमुख्य कर्मणासत्यादयोद्व्यष्टसहस्त्रयोषितः ॥ निर्जित्यसंख्येत्रिदशांस्तदाशिषोहरंतिवज्रायुधवल्लभोचिताः ॥३७॥ यद्बाहुदंडाभ्युदयानुजीविनोयदुप्रवीराह्यकुतोभयामुहुः॥अधिक्रमंत्यंघ्रिभिराहृतांबलात्सभांसुधर्मांसुरसत्तमोचितां ॥३८॥ कच्चित्तेऽनामयंतातभ्रष्टतेजाविभासिमे ॥अलब्धमानोऽवज्ञातःकिंवाततवचिरोषितः॥३९॥ कच्चिन्नाभिहतोऽभावैःशब्दादिभिरमंगलैः ॥ नद[illegible]र्थिभ्यआशयाय[illegible]तिश्रुतं॥४०॥कच्चित्त्वंब्राह्मणंबालंगां[illegible]रोगिणां स्त्रियं॥ शरणोपसृतंसत्त्वंनात्याक्षीःशरणप्रदः ॥४१॥ कच्चित्त्वंनागमोऽगम्यांगम्यांवाऽसत्कृतांस्त्रियम् ॥ पराजितोवाथभवान्नोत्तमैर्नासमैः पथि ॥४२॥ अपिस्वित्पर्यभुंक्थास्त्वंसंभोज्यान्वृद्धबालकान् ॥ जुगुप्सितंकर्मकिंचित्कृतवान्नयदक्षमम् ॥४३॥कच्चित्प्रेष्ठतमेनाथहृदयेनात्मबंधुना॥ शून्योऽस्मिरहितोनित्यंमन्यसेतेऽन्यथानरुक् ॥४४॥ इतिश्रीभागवतेम[illegible]पुराणेप्रथमस्कंधेयुधिष्ठिरवितर्के[illegible]चतुर्दशोऽध्यायः ॥१४॥ सूतउवाच एवंकृष्णसखःकृष्णोभ्रात्राराज्ञाविकल्पितः॥ नानाशंकास्पदंरूपंकृष्णविश्लेषकर्शितः ॥१॥ शोकेनशुष्यद्वदनहृत्सरोजोहतप्रभः॥ विभुंतमेवानुध्यायन्नाशक्नोत्प्रतिभाषितुं॥२॥ कृच्छ्रेणसंस्तभ्यशुचःपाणिनामृज्यनेत्रयोः ॥ परोक्षेण[illegible]प्रणयौत्कंठ्यकातरः॥३॥ सख्यंमैत्रींसौहृदंचसारथ्यादिषुसंस्मरन् ॥[illegible]पमग्रजमित्याहबाष्पगद्गदयागिरा॥४॥ अर्जुनउवाच वंचितोहंमहाराज[illegible]रिण बं[illegible] ॥येनमेऽपहृतंतेजोदेवविस्मापनंम[illegible]त्॥५॥यस्यक्षणवियोगेनलोकोह्यप्रियदर्शनः॥उक्थेनरहितोह्येषमृतकःप्रोच्यतेयथा॥६॥यत्संश्रयाद्द्रुपदग[illegible]मुपागतानांराज्ञांस्वयंवरमुखेस्मरदुर्मदानाम्॥तेजोहृतंखलुमयाऽभिहतश्चमत्स्यःसज्जीकृतेनधनुषाऽधिगताचकृष्णा॥७॥ यत्संनिधावहमुखांडवमग्नयेदामिंद्रं[illegible]सामरगणंतरसाविजित्य॥लब्धासभामयकृताद्भुतशिल्पमायादिग्भ्योऽहरन्नृपतयोबलिम[illegible]रेते ॥८॥ [illegible]नृपा[illegible]रोंऽघ्रिमहन्मखार्थेआर्योऽनुजस्तवगजायुतसत्त्ववीर्यः ॥ तेनाहृताःप्रमथनाथमखायभूपा[illegible]चितास्तदनय[illegible]बलिमध्वरेते ॥९॥ पत्न्यास्तवाधिमखक्लृप्तमहाभिषेकश्लाघिष्ठचारुकबरंकितवैःसभायाम् ॥स्पृष्टंविकीर्यपदयोःपतिताश्रुमुख्यायस्तास्त्रियोऽकृतहतेश

કે. ॥૩-૪॥—**અર્જુન**—હે મહારાજ, બંધુ રૂપ હરી ભગવાને મને છેતર્યો છે. અને તેથીજ, દેવતાઓને પણ વીસ્મય પમાડનારૂં મારૂં મોટું તેજ નાશ પામ્યું છે. ॥૫॥ જેમ પ્રાણથી રહીત થએલો દેહ મડદું કહેવાય છે. તેમ એમના એક ક્ષણના વીયોગથી, આ આખું જગત મને અપ્રીય લાગે છે. ॥૬॥ દ્રુપદરાજાને ઘેર આવેલા, કામદેવથી મદી ગયેલા રાજાઓનું તેજ, જે ભગવાનના આશ્રયથી મેં હરી લીધું હતું. અને ચડાવેલા ધનુષથી મત્સ્ય વેધ કરીને દ્રૌપદીને મેળવ્યાં હતાં. ॥૭॥ અને જેના આશ્રયથી મેં અગ્નીને ખાંડવ વન આપ્યું. અને દેવતાઓ સહીત ઇંદ્રને જીતીને મય દાનવે રચેલી અદભુત કારીગરીવાળી સભા મેળવી. તથા તમારા રજસુય યજ્ઞમાં સર્વ દીશાઓમાંથી રાજાઓ ભેટો લઈને આવ્યા હતા. ॥૮॥ જેના તેજથી હજારો હાથીના બળવાળા તમારાથી નાના અને મારા મોટા ભાઈ ભીમસેને, જેના પગમાં રાજાઓ મસ્તક નમાવતા હતા એવા જરાસંઘને જીત્યો. કે જેણે મહાભૈરવનો યજ્ઞ કરવાને પુરી રાખેલા રાજાઓ છુટવાથી, તેઓ આપના રાજસુય યજ્ઞમાં સામગ્રીઓ લઈને આવ્યા હતા. ॥૯॥ તમારા રાજસુયના મોટા અભીષેકથી અતી વખાણવા લાયેક સુંદર, દ્રુપતીના કેશપાશને સભા વચે દુષ્ટ દુઃશાસ્નાદીકે ઉકેલી નાંખીને ખેંચતાં, સ્મરણ માત્રથી પધારેલા, અને તેમના ચરણમાં આંસુથી ભીંજાયલા મુખથી દ્રુપતી નમતાં, તે દુષ્ટોની સ્ત્રીઓને જેણે કેશ વીનાની એટલે વીધવા કરી હતી. ॥૧૦॥ દશ હજાર શીષ્યો સહીત, સર્વથી આગળ જમનારા દુર્વાસા મુનીને દુશ્મન દુર્યોધનાદીકે મોકલવાથી વનમાં થયેલ અપાર દુઃખની વખતે જેણે આવીને, બાકી રહેલ શાક ખાઈને, આપણું રક્ષણ કર્યું. કે જેથી પાણીમાં નહાતા દુર્વાસા આદી મુનીઓએ ત્રણે લોકને તૃપ્ત થયેલા માન્યા હતા. ॥૧૧॥ હે ભાઈ જેના તેજથી યુદ્ધને વીશે આશ્ચર્ય પમાડેલા પાર્વતી સહીત ભગ-

વાન સદાશીવે પોતાનું " પાશુપત " નામનું અસ્ત્ર મને આપ્યું. અને બીજા લોકપાળોએ પણ પોતાનાં અસ્ત્રો આપ્યાં. તથા હું આજ આ શરીરથી સ્વર્ગને વીશે અરધું ઈંદ્રાસન પામ્યો હતો. તેથીજ હું સ્વર્ગમાં ફરતા-શના ગાંડીવ ધનુષ્યના ચીન્હોવાળા, અને એ ભગવાનેજ બળવાળા કરેલા "હાથનો" ઈંદ્ર સહીત દેવતાઓએ દૈત્યોનો નાશ કરવા સારૂં આશ્રય કર્યો હતો, એવો હું એ સમર્થ પુરૂશ શ્રીકૃષ્ણ થકી છેતરાયો છું.॥૧૨-૧૩॥ અને એમના બંધુપણા રૂપ સહાયથી અનંત અને અપાર કૌરવોની સેના રૂપ દુસ્તર સમુદ્રને હું એક રથ વ-ડેજ તરી ગયો હતો. અને તેમણે હરણ કરેલું, ગાયોનું ધણ પાછું વાળી લાવ્યો હતો. તથા કૌરવ સેનાના મુખીઓના માથાના શણગાર-તેજ યુક્ત અને મણીવાળાં પાઘડીઓ-મુકુટ અને વસ્ત્રો આદી ઘણું દ્રવ્ય લેઈ આવ્યો હતો. ॥૧૪॥ વળી હે યુધીષ્ટીર રાજા, ઉત્તમ રાજાઓના રથોના સમુદાવડે શોભતા ભીષ્મ-કર્ણ-દ્રોણ અને શલ્યની સેનામાં જે ભગવાને મારા સારથી રૂપથી આગળ ચાલનારા થઈને દ્રષ્ટીવડેજ તે સેનાના મુ-ખીઓનાં આયુષ્ય-મન-બળ-અને શસ્ત્રો આદીનું કુશળપણું હરી લીધું હતું. ॥૧૫॥ તથા જેમની ભુજાઓમાં રેહેવાથીજ, દ્રોણ-ભીષ્મ-કર્ણ-અશ્વસ્થામા-સુશર્મા-જયદ્રથ-અને બાલ્હીક આદીએ નાંખેલાં અમોઘ અસ્ત્રો; પ્રલ્હાદને અસુરોનાં અસ્ત્રો સ્પર્શ ન કરી શકવાની પેઠે, મને પણ બાધ કરી શક્યાં નથી. ॥૧૬॥ એવા એ ભગવાનના જે ચરણ કમળને મોક્ષની ઇચ્છાથી ઉત્તમ પુરૂષો સેવે છે. તે મોક્ષને આપનારા ઇશ્વર પાસેથી મેં દુષ્ટ બુદ્ધીથી સારથીપણું કરાવ્યું છે. અને ઘોડા થાકી જવાથી રથ ઉપરથી હું જ્યારે હેઠે ઉતરયો હતો. ત્યારે શત્રુઓ રથમાં બેઠેલા છતાં પણ, એ ભગવાનના પ્રભાવથીજ મુઢ બુદ્ધીવાળા થઈને મને પ્રહાર કરી શક્યા નથી. ॥૧૭॥ હે નરદેવ, ગંભીર-સુંદર-તથા હાસ્યવાળાંએ માધવ ભગવાનનાં પ્રસંગે, પ્રસંગે, હે પાર્થ,

विमुक्तकेशाः॥१०॥ योनोजुगोपवनमेत्यदुरंतकृच्छ्राद्दुर्वाससोऽरिविहितादयुताग्रभुग्यः ॥ शाकान्नशिष्टमुपयुज्ययतास्त्रिलोकींतृप्तामममंस्त
सलिलेविनिमग्नसंघः॥११॥ यत्तेजसाथभगवान्युधिशूलपाणिर्विस्मापितःसगिरिजोऽस्त्रमदान्निजंमे ॥ अन्येपिचाहममुनैवकलेवरेणप्राप्तो
महेंद्रभवनेमहदासनार्धम् ॥१२॥तत्रैवमेविहरतोभुजदंडयुग्मंगांडीवलक्षणमरातिवधायदेवाः ॥ सेंद्राःश्रितायदनुभावितमाजमीढतेनाहम
द्यमुषितःपुरुषेणभूम्ना ॥१३॥यद्बांधवःकुरुबलाब्धिमनंतपारमेकोरथेनततरेऽहमतीर्यसत्त्वम्॥प्रत्याहृतंबहुधनंचमयापरेषांतेजस्पदंमणि
मयंचहृतंशिरोभ्यः॥१४॥योभीष्मकर्णगुरुशल्यचमूष्वदभ्रराजन्यवर्यरथमंडलमंडितासु ॥ अग्रेचरोममविभोरथयूथपानामायुर्मनांसिचदृ
शासहओजआर्च्छत् ॥१५॥ यद्दोःषुमाप्रणिहितंगुरुभीष्मकर्णद्रौणित्रिगर्तशल्यसैंधवबाल्हिकाद्यैः ॥ अस्त्राण्यमोघमहिमानिनिरूपितानि
नोपस्पृशुर्नृहरिदासमिवासुराणि ॥१६॥सौत्येवृतःकुमतिनात्मदईश्वरोमेयत्पादपद्ममभवायभजंतिभव्याः॥ मांश्रांतवाहमरयोरथिनोभुवि
ष्ठंनप्राहरन्यदनुभावनिरस्तचित्ताः॥१७॥नर्माण्युदाररुचिरस्मितशोभितानिहेपार्थहेऽर्जुनसखेकुरुनंदनेति ॥ संजल्पितानिनरदेवहृदिस्पृ
शानिस्मर्तुर्लुठंतिहृदयंमममाधवस्य॥१८॥ शय्यासनाटनविकत्थनभोजनादिष्वैक्याद्वयस्यऋतवानितिविप्रलब्धः॥ सख्युःसखेवपितृव
त्तनयस्यसर्वंसेहेमहान्महितयाकुमतेरघंमे॥१९॥सोऽहंनृपेंद्ररहितःपुरुषोत्तमेनसख्याप्रियेणसुहृदाहृदयेनशून्यः॥ अध्वन्युरुक्रमपरिग्र
हमंगरक्षन्गोपैरसद्भिरबलेवविनिर्जितोऽस्मि॥२०॥ तद्वैधनुस्तइषवःसरथोहयास्तेसोऽहंरथीनृपतयोयतआनमंति ॥सर्वंक्षणेनतदभूदसदीश
रिक्तंभस्मन्हुतंकुहकराद्धमिवोप्तमूष्याम् ॥२१॥ राजंस्त्वयाऽभिपृष्टानांसुहृदांनःसुहृत्पुरे॥विप्रशापविमूढानांनिघ्नतांमुष्टिभिर्मिथः॥२२॥
वारुणींमदिरांपीत्वामदोन्मथितचेतसाम् ॥अजानतामिवान्योन्यंचतुःपंचावशेषिताः॥२३॥ प्रायेणैतद्भगवतईश्वरस्यविचेष्टितं ॥ मिथोनि
घ्नंतिभूतानिभावयंतिचयन्मिथः ॥२४॥ जलौकसांजलेयद्वन्महांतोऽदंत्यणीयसः॥ दुर्बलान्बलिनोराजन्महांतोबलिनोमिथः ॥२५॥एवंब
लिष्ठैर्यदुभिर्महद्भिरितरान्विभुः ॥यदून्यदुभिरन्योन्यंभूभारान्सजहारह॥२६॥ देशकालार्थयुक्तानिहृत्तापोपशमानिच॥हरंतिस्मरताश्चित्तं

હે અર્જુન, હે સખા, હે કુરૂનંદન. ઈત્યાદીક મધુર મનોહર અને મશ્કરીનાં વચનોનું સ્મરણ થતાં, તે મારા હૃદયને વ્યગ્ર કરે છે. ॥૧૮॥ સુવું-બેસવું-ફરવું-વાત કરવી-અને જમવું આદી કામોમાં બંને સાથેજ હોવાનું થતાં, કદી તેમ ન બને ત્યારે " હે વયસ્ય, તમારામાં સમતા ઘણી છે. " એમ હું મશ્કરીમાં કહેતો ત્યારે જેમ મીત્ર મીત્રનું, અને પીતા પુત્રનું સહન કરે, તેમ દુષ્ટ બુદ્ધીથી થતા મારા સર્વે અપરાધોને, તે પોતાની મોટાઈથીજ સહન કરતા હતા. ।. ૧૯ ॥ હે નૃપેંદ્ર, એવાતે સુહૃદ-પ્રીય-મીત્ર,-અને પુરૂશોતમ થકી રહીત થવાથી હું હૃદયથી સુન્યકાર થઈ ગયો છું. અને હે અંગ, ભગવાનની સ્ત્રીઓ આદીની સંભાળ કરીને લેઈ આવતાં માર્ગમાં દુષ્ટ ગોવાળીઆઓએ બળ વગરની સ્ત્રીની પેઠે મારો પરાજય પણ કરેલો છે. ॥૨૦॥ ગાંડીવ ધનુષ્ય-બાણો-રથ-ઘોડા-અને હુંરથી કે જેને રાજાઓ નમતા હતા. એ સર્વે તેનું તેજ છે. પણ એક ભગવાન વીના ક્ષણ માત્રમાં તે બધુંજ, રાખોડીમાં હોમેલા ઘીની પેઠે, અસત્ એટલે મીથ્યા થઈ ગયું છે. ॥૨૧॥ હે રાજા, તમે પુછોછો તે દ્વારકાંમાંના આપણા સુહૃદો બ્રાહ્મણના શ્રાપથી મુઢ થઈ જઈને, વા-રૂણી નામની મદીરા પીવાથી મદોન્મત અને ચીતભ્રમ થઈ ગયા હતા. અને પછી એક બીજાને ઓળખા-ણુજ ન હોય. તેમ અન્યો અન્ય, સામા સામી મુઠીઓ આદીથી લડીને મરી જતાં માત્ર ચાર પાંચજ અ-વશેષ રહ્યા છે. ॥૨૨-૨૩॥ વીશેશે કરીને એ કામ ઇશ્વર કૃષ્ણ ભગવાનનુંજ કરેલું છે. કેમકે પ્રાણીઓથી પ્રાણીઓને માંહો માંહે ઉત્પન્ન કરવાનું, અને પ્રાણીઓથીજ પ્રાણીઓનો નાશ કરવાનું પણ, એમના થકીજ થાય છે. ॥૨૪॥ હે રાજા, જળને વીશે જળચર પ્રાણીઓ, જેમ દુર્બળને બળવાન, અને મોટાઓને બીજા બળવાન મારે છે. અને નાનાઓને મોટાઓ ખાઈ જાય છે. તેજ રીતે એ સમર્થ ભગવાનેજ યાદવોને માંહો-

માંહે અન્યો અન્ય, બળવાનોને મોટા બળવાનો પાસે મરાવીને પૃથ્વીનો ભાર ઉતાર્યો છે. ॥૨૬॥ એ ગોવીંદ ભગવાને મને કહેલાં દેશ કાળને અનુકુળ-અર્થવાળાં-અને ત્રણે તાપને મટાડીને શાંતી પમાડનારાં-વચનોને સંભારવા થકી મને ખેદ થાય છે. ॥૨૭॥ એ પ્રમાણે અતી ગાઢ પ્રેમથી શ્રી કૃષ્ણના ચરણ કમળનું ચીંતવન કરવાવડે અર્જુનની મતી શાંત અને નીર્મળ થઈ ગઈ. ॥૨૮॥ અને એ વાસુદેવ ભગવાનના ચરણ કમળના ધ્યાનથી પોશણ થયેલી ભક્તીનો વેગ વધીને અર્જુનની બુદ્ધીના કામ-ક્રોધ આદી સર્વ દોષ નાશ પામી ગયા. ॥૨૯॥ અને રણસંગ્રામમાં ભગવાને કહેલું જ્ઞાન ઘણો કાળ વીતવાથી, તથા તમો ગુણી કર્મોનું સેવન થવાથી, ઢંકાઈ ગયું હતું. તે ફરીથી શીખ્યા સરખું થયું. ॥૩૦॥ તેથી દ્વૈતનો સંશય છોડાઈ જઈને, નીર્ગુણ બ્રહ્મને વીશે પ્રકૃતી લીન થઈ ગઈ. તથા લીંગ દેહનો નાશ થવાથી પુન જન્મ મટી ગયો. અને આત્મ જ્ઞાનની પ્રાપ્તી થવાથી શોક માત્ર મટી ગયો. ॥૩૧॥ પછી ભગવાન સ્વધામ પધાર્યાનું અને યદુકુળ નાશ પામ્યાનું સાંભળવાથી સ્થીર ચીત્તવાળા યુધીષ્ટીરે સ્વર્ગનો માર્ગ લેવાનો નીશ્ચય કર્યો. ॥૩૨॥ માતા કુંતાજી અર્જુનના કહેવા થકી યદુકુળનો નાશ અને ભગવાનની ગતી સાંભળીને એકાંત ભક્તીથી અધોક્ષજ ભગવાનને વીશે ચીત્ત જોડી, જન્મ મરણથી રહીત થયાં. ॥૩૩॥ જે શરીર થકી પૃથ્વીનો ભાર ઉતાર્યો. તે શરીરને પણ, જેમ કાંટો કાઢવાને સારૂં લીધેલા કાંટાની પેઠે બીજાં શરીરોના સમાનજ ગણીને ભગવાને તેને તજી દીધું. ॥૩૪॥ અને તે રીતેજ નટની પેઠે મત્સ્ય વીગેરેનાં રૂપો ધારણ કરનારાએ ભગવાન, તેને ધારણ કરેલાં રૂપોથી કરવાનાં કામો કર્યા પછી, તે તે શરીરોનો પણ ત્યાગજ કરે છે. ॥૩૫॥ સાંભળવા યોગ્ય કથાઓવાળા મુકુંદ ભગવાને જ્યારે મનુષ્ય શરીરનો ત્યાગ કર્યો, ત્યારેજ અજ્ઞાન મનવાળાઓને અધર્મમાં પ્રીતી કરાવનારો કળીયુગ આવવાની શીરૂઆત થઈ છે. ॥૩૬॥ પછીથી અધર્મની સેનારૂપ લોભ-જુઠ-કપટ-અને હીંસા આદીકને શેહેરોમાં-દેશમાં-અને ઘરોમાં તથા માણસોનાં શરીરોમાં ઉત્પન્ન થતાં દેખીને, તે થકી કળીયુગનો

गोविंदाभिहितानिमे ॥२७॥ चिंतयतो जिष्णोः कृष्णपादसरोरुहं ॥ सौहार्देनातिगाढेन शांतासीद्विमलामतिः ॥२८॥ वासुदेवांघ्र्यनुध्यान परिबृंहितरंहसा ॥ भक्त्यानिर्मथिताशेषकषायधिषणोऽर्जुनः ॥२९॥ गीतंभगवताज्ञानंयत्तत्संग्राममूर्धनि ॥ कालकर्मतमोरुद्धंपुनरध्यगमत्प्रभुः ॥३०॥ विशोको ब्रह्मसंपत्त्यासंछिन्नद्वैतसंशयः ॥ लीनप्रकृतिनैर्गुण्यादलिंगत्वादसंभवः ॥३१॥ निशम्यभगवन्मार्गंसंस्थांयदुकुलस्यच ॥ स्वःपथाय मतिंचक्रेनिभृतात्मायुधिष्ठिरः ॥३२॥ पृथाप्यनुश्रुत्य धनंजयोदितं नाशंयदूनांभगवद्गतिंचतां ॥ एकांतभक्त्याभगवत्यधोक्षजे निवेशितात्मोपरराम संसृतेः ॥३३॥ ययाऽहरद्भुवोभारंतांतनुंविजहावजः ॥ कंटकं कंटकेनेव द्वयंचापीशितुःसमं ॥३४॥ यथामत्स्यादिरूपाणि धत्तेजह्याद्यथानटः ॥ भूभारःक्षपितोयेनजहौतच्चकलेवरं ॥३५॥ यदामुकुंदोभगवानिमांमहींजहौस्वतन्वाश्रवणीयसत्कथः ॥ तदाहरेवाप्रतिबुद्धचेतसामधर्महेतुःकलिरन्ववर्त्तत ॥३६॥ युधिष्ठिरस्तत्परिसर्पणंबुधः पुरे च राष्ट्रे च गृहे तथात्मनि ॥ विभाव्यलोभानृतजिह्महिंसनाद्यधर्मचक्रंगमनायपर्यधात् ॥३७॥ स्वराट्पौत्रंविनयिनमात्मनःसुसमंगुणैः ॥ तोयनीव्याःपतिंभूमेरभ्यषिंचद्गजाह्वये ॥३८॥ मथुरायांतथावज्रं शूरसेनपतिंततः ॥ प्राजापत्यांनिरूप्येष्टिमग्नीनपिबदीश्वरः ॥३९॥ विसृज्यतत्रतत्सर्वंदुकूलवलयादिकम् ॥ निर्ममोनिरहंकारःसंछिन्नाशेषबंधनः ॥४०॥ वाचंजुहावमनसितत्प्राणइतरेचतम् ॥ मृत्यावपानंसोत्सर्गंतंपंचत्वेह्यजोहवीत् ॥४१॥ त्रित्वेहुत्वाथपंचत्वंतच्चैकत्वेऽजुहोन्मुनिः ॥ सर्वमात्मन्यजुहवीद्ब्रह्मण्यात्मानमव्यये ॥४२॥ चीरवासानिराहारोबद्धवाङ्मुक्तमूर्धजः ॥ दर्शयन्नात्मनोरूपंजडोन्मत्तपिशाचवत् ॥४३॥ अनवेक्षमाणोनिरगादशृण्वन्बधिरोयथा ॥ उदीचींप्रविवेशाशांगतपूर्वांमहात्मभिः ॥ हृदिब्रह्मपरंध्यायन्नावर्त्ततयतोगतः ॥४४॥ सर्वे तमनुनिर्जग्मुर्भ्रातरःकृतनिश्चयाः ॥ कलिनाऽधर्ममित्रेणदृष्ट्वास्पृष्टाःप्रजाभुवि ॥४५॥ तेसाधुकृतसर्वार्थाज्ञात्वात्यंतिकमात्मनः ॥ मनसाधारयामासुर्वैकुंठचरणांबुजं ॥४६॥ तद्ध्यानोद्रिक्तयाभक्त्याविशुद्धधिषणाःपर ॥ तस्मिन्नारायणपदेएकांतमतयोगतिं ॥४७॥ अवापुर्दुरवापांते

પ્રવેશ થયેલો જાણી, યુધીષ્ટીર આદીએ ચાલી નીકળવાનો વેશ ધારણ કર્યો. ॥૩૭॥ અને વીનયવાન તથા પોતાના સરખાજ ગુણોવાળા પૌત્ર પરીક્ષીતના ઉપર પૃથ્વીપતી પણાનો ભાર મુકીને તેનો હસ્તીના પુરમાં રાજ્યાભીશેક કર્યો. ॥૩૮॥ તથા મથુરાંને વીશે અનીરૂદ્ધના પુત્ર વજ્રને શુરસેન દેશનો રાજા કર્યો. તે પછી પ્રજાપતીની ઇષ્ટી કરીને તે સમર્થ. અગ્નીને પીઈ ગયા. (અર્થાત હોમ કરવાના અગ્ની આદીનું પોતાના આત્માને વીશે સ્થાપન કરીને પછી તેનો ત્યાગ કર્યો.) ॥૩૯॥ અને તે ઠેકાણેજ સર્વ વસ્ત્રો, અને કડાં આદીકનો ત્યાગ કરીને મમતા અને અહંકાર રહીત થઈને, તથા તમામ બંધનોને છેદી નાંખી, ઇંદ્રીયોનો મનને વીશે, મનનો પ્રાણમાં, પ્રાણવાયુનો અપાન વાયુમાં, ક્રીયા સહીત અપાનનો મૃત્યુમાં, મૃત્યુનો પંચ મહાભુતમાં, પંચ મહાભુતનો ત્રણ ગુણોમાં, ત્રણ ગુણોનો એક પ્રકૃતી અથવા માયામાં, અને એ સર્વ આરોપનું મુળ અવીદ્યા પ્રકૃતીનો આત્મા અને આત્મા એવા વ્યાપક બ્રહ્મને વીશે મુની એવા એ યુધીષ્ટીરે લય કરી નાંખ્યો. ॥૪૦-૪૧-૪૨॥ પછીથી તે ફાટેલ વસ્ત્રોવાળા, આહારને તજેલા, વાણી નહીં બોલતા, છુટા વાળ મુકેલા, જડ ઉન્મત્ત, અને પીશાચ સરખું પોતાનું રૂપ દેખાડતા, બેહેરાની પેઠે કોઈનું નહીં સાંભળતા, કોઈની વાટ નહીં જોતા, અને હૃદયમાં પરમાત્માનુંજ ધ્યાન કરતા, જ્યાં પુર્વના મહાત્માઓ ગયેલા છે. તે ઉત્તર દીશામાં ચાલ્યા ગયા. કે જ્યાં ગયેલાઓ ફરીથી પાછા આવતાજ નથી. ॥૪૩-૪૪॥ અને અધર્મના મીત્ર કળીએ પૃથ્વીને સ્પર્શ કરેલો દેખીને તેના સર્વે ભાઈઓ પણ નીશ્ચય વાળા થઈને તેની પાછળ ચાલ્યાજ ગયા. ॥૪૫॥ અને ધર્માદી પુરૂશાર્થનું રૂડી રીતે સાધન કરેલાએ પાંડવોએ ભગવાનના ચરણ કમળનેજ શરણરૂપ માનીને તેનું ધ્યાન કર્યું. ॥૪૬॥ તેથી એ ધ્યાનવડે વધેલી ભકતીથી શુદ્ધ બુદ્ધી અને રજોગુણ રહીત અંતઃકરણ થયેલા તે પાંડવો શ્રીકૃષ્ણ ભગવાનના ચરણમાં એકાગ્ર બુદ્ધી કરવાવડે, દુષ્ટ અને વીશયાદીકને વીશે આ સક્તી વાળા લોકો જેને પામી શકતા નથી એવી પરમ ગતીને પામ્યા. ॥૪૭-૪૮॥ અને આત્મજ્ઞાની વીદુર પણ પ્રભા-

ષમાં શરીરનો ત્યાગ કરીને પોતાનું ચીત્ત કૃષ્ણ ભગવાનમાં જોડી પીતૃઓ મરણ પછી પોતાના લોકમાં ગયા. ॥૪૯॥ તેમજ દ્રૌપદી પોતાના પતી પાંડવોને અપેક્ષા રહીત થયેલા જાણીને, પોતાથીજ વાસુદેવ ભગવાન વીશે એકાંત મતી કરીને, તે પણ ભગવાનના પદને પામ્યાં. ॥૫૦॥ જે પુરૂષ શ્રદ્ધા સહીત, આ કલ્યાણકારી તથા પવીત્ર, ભગવાનના પ્રીય પાંડવોનુ સ્વર્ગ રોહણનું આખ્યાન સાંભળશે, તેને ઇશ્વર ભગવાનમાં ભક્તી ઉત્પન્ન થશે. તથા તે સીદ્ધીને પામશે. ॥૫૧॥ ઇતી શ્રી. ભા. પ્ર. સ્કંધનો પંદરમો અધ્યાય સંપુર્ણ. ॥૧૫॥

અધ્યાય ૧૬ મો.—સૂત—પછી હે વીપ્રો, જન્મ કાળે સમયે જાત કર્મમાં કુશળ પુરૂશોએ કહ્યા પ્રમાણેના મોટા ગુણોવાળા મહા ભગવતી પરીક્ષીત રાજા, ઉત્તમ બ્રાહ્મણોની સલાહથી પૃથ્વીનું પાલન કરવા લાગ્યા. ॥૧॥ તેમણે વૈરાટના પુત્ર ઉત્તરની પુત્રી ઇરાવતીને પરણીને તેમાં જન્મેજય આદી ચાર પુત્રો ઉત્પન્ન કર્યા. ॥૨॥ પછીથી તેમણે જેમાં દેવતાઓ પ્રત્યક્ષ દર્શન આપતા હતા. એવા ઘણી દક્ષીણાવાળા ત્રણ અશ્વમેધ યજ્ઞો ગંગા કીનારે કૃપા ચાર્યને ગુરૂ કરીને કર્યા. ॥૩॥ કોઇ વખતે એ પરીક્ષીત રાજા દીગવીજય કરવાને નીકળતાં શુદ્ર—રાજાનાં ચીન્હો ધારણ કરેલા, અને ગાયના જોડાને પગવતે મારતા કળીયુગને તેમણે બળે કરીને પકડયો હતો. ॥૪॥ —શૌનક—પરીક્ષીત રાજાએ દીગ્વીજય કરતાં કલીયુગને શા હેતુથી પકડયો હતો. અને તે શુદ્ર છતાં રાજાનાં ચીન્હો ધારણ કરનારો, જે ગાયના જોડાને પગવતે મારતો હતો. તે કોણ હતો. ॥૫॥ હે મહા ભાગ સુત, જે થકી આયુષ્યનો ખોટી રીતે ઉપયોગ થાય છે એવી નકામી બીજી વાતોનું કાંઇજ પ્રયોજન નથી. માટે ભગવાનના ચરણકમળના રસને ઇચ્છનારા સત્પુરૂશો જેને ઇચ્છે એવી કૃષ્ણ કથા જેમાં આવતી હોય તેવી એ વાત આપ અમને કહો. ॥૬॥ હે અંગ, મરણ ધર્મવાળાં મનુષ્યોનું આયુષ્ય

असद्भिर्विषयात्मभिः॥ विधूतकल्मषाःस्थानंविरजेनात्मनैवहि॥४८॥विदुरोपिपरित्यज्यप्रभासेदेहमात्मवान्॥कृष्णावेशेनतच्चित्तःपितृभिः स्वक्षयंययौ॥४९॥ द्रौपदीचतदाज्ञायपतीनामनपेक्षतां॥वासुदेवेभगवति[illegible]कांतमतिरापतं॥५०॥यःश्रद्धयैतद्भगवत्प्रियाणांपांडोःसुताना [illegible]याणं॥शृणोत्यलंस्वस्त्ययनंपवित्रंलब्ध्वाहरौभ[illegible]मुपैतिसिद्धिं ॥५१॥ इ०भा०म०प्र० पांडवस्वर्गारोहणंनामपंचदशोऽध्यायः ॥१५॥ सू[illegible]उवाच॥ ततःपरीक्षिद्विजवर्यशिक्षयामहींमहाभागवतःशशासह॥यथाहिसूत्यामभिजातकोविदाःसमादिशन्विप्रमहद्गुणस्तथा ॥१॥ [illegible]उत्तरस्यतनयामुपयेमइरावतीं॥ जनमेजयादींश्चतुरस्तस्यामुत्पादयन्सुतान्॥२॥ आजहाराश्वमेधांस्त्रीन्गंगायांभूरिदक्षिणान् ॥ शारद्वतंगुरुं[illegible]वायत्राक्षगोचराः ॥ ३ ॥ निजग्रा[illegible]जसावीरः[illegible]जयेक्वचित् ॥ नृपलिंगधरंशूद्रंघ्नंतंगो[illegible] ॥ ४ ॥ [illegible] ॥ कस्यहेतोर्निजग्राहकलिंदिग्विजयेनृपः ॥ नृदेवचिन्हधृक्शूद्रःकोऽसौगांयःपदाऽहनत् ॥ ५ ॥ तत्कथ्यतांमहाभागयदिकृष्णकथाश्रयं ॥ अथवाऽस्यपदांभोजम[illegible]रंदलिहांसतां ॥ किमन्यैरसदालापैरायुषोयदसद्व्ययः ॥६ ॥ क्षुद्रायुषांनृणामंगमर्त्यानामृतमिच्छतां ॥ इहोपहूतोभगवा[illegible]त्युःशामित्रकर्मणि ॥ ७ ॥ नकश्चिन्म्रियतेतावद्यावदास्तइ[illegible]तकः ॥ एतदर्थंहिभगवानाहूतःपरमर्षिभिः॥ अहोनृलोकेपीयेतहरिलीलाऽमृतंवचः॥८॥मंदस्यमंदप्रज्ञस्यवयोमंदायुषश्चवै॥ निद्रयाह्रियतेनक्तंदिवाच[illegible]र्थकर्मभिः॥९॥ सूत[illegible]वाच [illegible]कुरुजांग[illegible]विष्टंनि[illegible]वर्त्तिते ॥निशम्यवार्त्तामनति[illegible]यांततःशरासनंसंयुगशौंडिरादद्दे॥१०॥ स्वलंकृतं [illegible]जितं यंमृगेंद्रध्वजमाश्रितःपुरात्॥रतोरथाश्वद्विपपत्तियुक्तयास्वसेनयादिग्विजयायनिर्गतः॥११॥ भद्राश्वंकेतुमालंचभारतंचोत्तरान्कुरून्॥ किंपुरुषादीनिवर्षाणि[illegible]लिं॥१२॥ तत्रतत्रोपशृण्वानःस्वपूर्वेषांमहात्मनां॥ प्रगीयमानंचयशःकृष्णमाहात्म्यसूचकं ॥१३॥ आत्मानंचपरित्रातमश्वत्थाम्नोऽस्त्रतेजसः॥ स्नेहंचवृष्णिपार्थानांतेषांभक्तिंचकेशवे ॥१४॥ तेभ्यःपरमसंतुष्टःप्रीत्युज्जृंभितलोचनः॥ महाधनानिवासांसिददौ[illegible]राब्महामनाः ॥१५॥ सारथ्यपारषदसेवनसख्यदौत्यवीरासनानुगमनस्तवनप्रणामं॥ स्निग्धेषुपांडुषुजगत्प्रणतिंचविष्णोर्भक्तिंकरोतिनृपतिश्च[illegible]रणारविंदे ॥१६॥तस्यैवं[illegible]पूर्वेषां[illegible]तिमन्वहं॥नातिदूरेकिलाश्चर्यंयदासीत्तन्निबोधमे

અલ્પ છતાં અમૃતને ઇચ્છનારા ભાગ્યશાળી પરમ રૂશીઓએ અહીંયાંને માટે એટલે આ સ્થળે થતા સત્રમાં મળેલા સર્વને માટે, યજ્ઞનો પશુ મારવાના કામમાંજ મૃત્યુને રોકેલ છે. જેથી તેમણે રોકેલો એ અંતક જ્યાં સુધી એ કામમાં લાગેલોછે. ત્યાં સુધી (એટલે હજારો વરસનો આ સત્ર પુરો થતા સુધી) આ સ્થાનમાં હરીભગવાનની લીલાની કથાઓ રૂપી અમૃતને પીનારાઓમાંથી કોઇપણ મરી જશે નહીં. ॥૭-૮॥ થોડા આયુષ્યવાળા —મંદ—અને મંદબુદ્ધીના પુરૂશનું વય, રાત્રીમાં ઉંઘથી, અને દીવસમાં વ્યર્થ કામોમાં વહી જાયછે. ॥૯॥ —સૂત— પોતાની સેનાથી થતા રક્ષણ નીચેના કુરૂ અને જાંગળ દેશમાં કલીએ પ્રવેશ કર્યાની, યુદ્ધના સંબંધની પોતાના મનને અતી પ્રીય એવી વાત પરીક્ષીત રાજાએ સાંભળી ત્યારે તેણે ધનુષ્ય બાણ ધારણ કર્યા. ॥૧૦॥ અને રથ—ઘોડા —હાથી તથા પાયદળ વાળી પોતાની સેના સહીત સુશોભીત કાળા ઘોડા જોડેલા અને સીંહના ચીન્હનીધજા વાળા રથ ઉપર બેસીને દીગ્વીજય કરવાને માટે તે રાજા નગર બહાર નીકળ્યા. ॥૧૧॥ તથા ભદ્રાશ્વ—કેતુમાળ—ભારત—ઉત્તર કુરૂ—અને કીં પુરૂશ,આદી દેશોને જીતીને ત્યાંના રાજાઓ પાસેથી કર લીધા. ॥૧૨॥ અને તે તે ઠેકાણે પોતાના મહાત્મા પુર્વજોને શ્રીકૃષ્ણ ભગવાનના મહાત્મને સુચવનારો યશ ગવાતો હતો તે સાંભળ્યો. ॥૧૩॥ તથા અશ્વસ્થામાના બ્રહ્માસ્ત્રથકી પોતાનું ભગવાને રક્ષણ કરવાનું, અને વૃષ્ણી કુળ વાળાઓનો પાંડવોની સાથેનો સ્નેહ, તથા પાંડવોની કેશવ ભગવાનને વીશેની ભક્તી વીગેરે સાંભળ્યું. ॥૧૪॥ તેથી પરમસંતોશ પામેલા અને પ્રીતીથી પ્રફુલીત થએલા નેત્રવાલા પરીક્ષીત રાજાએ ઉદાર મનથી ઘણાં કીમતી વસ્ત્રો તથા હાર તે લોકોને આપ્યાં. ॥૧૫॥ જેને જગત નમેછે. તે ભગવાને પોતા ઉપર સ્નીગ્ધ ભક્તી સાથે સ્નેહભાવ વાળા પાંડવોનું સારથીપણું—પારશદપણું—સેવા—સખાપણું—દુતપણું—વીરાસન, અનુગમન, સ્તવન—અને પ્રણામ વીગેરે પણ કરવાનું સાંભળીને પરી-

શીત રાજાને એ શ્રીકૃષ્ણ ભગવાનના ચરણારવીંદને વીશે ભક્તી ઉત્પન્ન થઇ. ॥૧૬॥ તેવામાંજ, એ હમેશાં પુર્વ જેની આજ્ઞાથીજ નીભાવ કરનાર પરીક્ષીત રાજાની નજીકમાં એક આશ્ચર્ય થયું. તે મારા થકી સાંભળો. ॥૧૭॥ એક પગથી ચાલતા ધર્મ રૂપી બળદે, પાસે આવેલી, વીખુટી પડેલી માની પેઠે આંસુવાળા મુખવાળી, તથા નીસ્તેજ થએલી પૃથ્વીરૂપી ગાયને પુછ્યું કે. ॥૧૮॥ હે કલ્યાણી, તું શરીરે કુશળ છે.? તારી કાંતી ઉતરાઇ ગઇછે. મોં કરમાઇ ગયું છે. તેથી અંતરમાં કાંઇ દુઃખ થતું હોય એમ જણાય છે. અથવા હે મા, દુર રહેલા કોઇ સંબંધીનો તને શોક થાય છે. ॥૧૯॥ મારા બીજા પગ ભાગી જવાથી એક પગવાળો હું થયો છું તેનો, તને શુદ્રો ભોગવશે તેનો, દેવતાઓને યજ્ઞ ભાગ મળશે નહીં તેનો, અમર વરસાદ નહીં વરસવાથી પીડાતી પ્રજાનો તું શોક કરેછે કે કેમ? ॥૨૦॥ હે પૃથ્વી, સ્ત્રીઓ અને બાળકોનું રક્ષણ નહીં થવાનો, પીડાયલાઓને રાક્ષસોની પેઠે પીડનારાઓનો, અથવા નઠારાં કર્મો કરનારા બ્રાહ્મણોના કુળમાં રહેલી વેદવાણીનો, અગર બ્રાહ્મણોને નહીં માનનારા રાજા કુળાદીકમાં નોકર થઇ રહેલા ઉંચા કુળના દ્વીજોનો તું શોક કરે છે કે શું? ॥૨૧॥ અથવા કળીયુગે સ્પર્શ કરેલા નીચ ક્ષત્રીઓનો, તેમણે ઉજડ પાડેલા દેશોનો, અથવા અહીં તહીં એમ મર્યાદા તજીને અમર્યાદપણે ખાવું–પીવું–લુગડાં પેહેરવાં–નહાવું–અને મૈથુન કરવું–આદી કર્મો કરનારા લોક સમુહનો તું શોક કરેછે કે શું.? ॥૨૨॥ અથવા હે મા, હે પૃથ્વી, તારા ઉપર થએલા અતીશય ભારને ઉતારવાને અવતરેલા કૃષ્ણ ભગવાન સ્વધામ જવાથી તેમણે તજેલી તું, મોક્ષથી પણ અધીક એવાં તેમનાં કર્મોનું સ્મરણ કરેછે કે શું.? ॥૨૩॥ હે વસુંધરા, હે અંબ, દેવતાઓએ પણ પુજન કરવાને યોગ્ય તારૂં સુંદરપણું, બળવાનોમાં બળવાન કાળે કેવી રીતે હરી લીધું, કે જેથી તું દુર્બળી થઇ છે. તો તારી અપની પીડાનું જે કારણ હોય તેમને કહીદે. ॥૨૪॥–પૃથ્વી–હે ધર્મ,તમે મને જેકાંઇ પુછોછો. તે સર્વ ચારપગવડે વર્ત્તનારા અને લોકોને સુખ કરનારા તમે જાણોછોજ. ॥૨૫॥ સત્ય–શૌચ–દયા–ક્ષમા–ત્યાગ–સંતોષ–આર્જવ–શમ–દમ–તપ–સમદ્રષ્ટી–તીતીક્ષા ઉપરતી–શાસ્ત્રવણ–આત્મજ્ઞાન–વૈરાગ્ય–ઐશ્વર્ય–શૌર્ય–તેજ–બળ–સ્મૃતી–સ્વતંત્રતા–કુશળતા–કાંતી–ધૈર્ય–નમ્રતા–પ્રભાવ–વીનય–સુશીલપણું–મનનુંબળ–ઇંદ્રીયોનુંબળ–ભાગ્ય–ગંભીરતા–સ્થીરતા–આસ્તીકપણું–કીર્તી–અને નીરભીમાનપણું, એટલા ગુણો તથા બીજાપણ, જેની ઇચ્છા મોક્ષને ઇચ્છનારાઓ કરે છે તે, ભગવાનને વીશે હમેશાં રહેલા છે. અને ત્યાંથી કદીપણ દુરથતા નથી, એવા ગુણોના પાત્ર, અને લક્ષ્મીના નીવાસ રૂપ ભગવાન થકી હમણાં હું રહીત થઇછું, તેનો એટલે મારો પોતાનો, તથા પાપી કળીયુગે દ્રષ્ટી કરેલા લોકનો, હું શોક કરૂંછું. ॥૨૬–૨૭–૨૮–૨૯–૩૦॥ એ રીતે મારો પોતાનો, દેવતાઓમાં ઉત્તમ આપ ધર્મનો–દેવ, પીતૃ, રૂશીઓ, અને સત્પુરૂશોનો–તથા સર્વ વર્ણ અને આશ્રમોનો, હું શોક કરૂંછું. ॥૩૧॥ પોતાની સામું જુએ એવી ઇચ્છાથી બ્રહ્મા આદી દેવતાઓએ ઘણા કાળ સુધી જેનું તપ કર્યું હતું. તે લક્ષ્મીજી પોતાના નીવાસ સ્થાન કમળના વનને તજીને ભગવાનના જે ચરણની નીર્મળ શોભાને સેવે છે. તે, કમળ–વજ્ર–અને અંકુશ–આદી ચીન્હોવાળા ભગવાનના સુંદર ચરણ કમળથી શોભતી હું તેમના થકીજ સમૃદ્ધી પામીને ત્રણે લોકથી અધીક દીપતી હતી. પણ છેવટે મને એ સુખનો ગર્વ થવાથી ભગવાને મારો ત્યાગ કરેલો છે. તેથી પણ હું શોક કરૂંછું. ॥૩૨–૩૩॥ મારા ઉપર ભાર રૂપ થનારી સો અક્ષૌહીણી અસુરવંશી રાજાઓની સેનાઓનો જે સ્વતંત્ર ભગવાને નાશ કર્યો છે. તથા ત્રણ પગ ભાગી જવાથી દુઃખથકી પીડાતા આપને ચારે પગે સંપુર્ણ કરવાને સારૂં જેણે યાદવોમાં સુંદર શરીર ધારણ કર્યું હતું. અને પ્રેમ સહીત દ્રષ્ટી–સુંદર હાસ્યથી–તથા વચનોથી

॥१७॥ धर्मःपदैकेनचरन्विच्छायामुपलभ्यगां॥ पृच्छतिस्माश्रुवदनांविवत्सामिवमातरं॥१८॥ कच्चिद्भद्रेनामयमात्मनस्तेविच्छायासिम्लायतेषन्मुखेन॥ आलक्षयेभवतीमंतराधिंदूरेबंधुंशोचसिकंचनांब ॥१९॥ पादैर्न्यूनंशोचसिमैकपादमात्मानंवावृषलैर्भोक्ष्यमाणं ॥ अथोसुरादीन्हतयज्ञभागान्प्रजाउतस्विन्मघवत्यवर्षति ॥२०॥अरक्ष्यमाणास्त्रियउर्विबालाः शोचस्यथोपुरुषादैरिवार्त्तान् ॥ वाचंदेवींब्रह्मकुलेकुकर्मण्यब्रह्मण्येराजकुलेकुलाग्र्यान् ॥२१॥ किंक्षत्रबंधून्कलिनोपसृष्टान्राष्ट्राणिवातैरवरोपितानि॥ इतस्ततोवाऽशनपानवासःस्नानव्यवायान्मुखजीवलोकं ॥२२॥यद्वांऽबतेभूरिभरावतारकृतावतारस्यहरेर्धरित्रि॥अंतर्हितस्यस्मरतीविसृष्टाकर्माणिनिर्वाणविलंबितानि ॥२३॥ इदंममाचक्ष्वतवाधिमूलंवसुंधरेयेनविकर्शितासि॥कालेनवातेबलिनांबलीयसासुरार्चितंकिंहतमद्यसौभगम॥२४॥ धरण्युवाच भवान्हिवेदतत्सर्वंयन्मांधर्मानुपृच्छसि॥चतुर्भिर्वर्त्तसेयेनपादैर्लोकसुखावहैः ॥२५॥ सत्यंशौचंदयाक्षांतिस्त्यागःसंतोषआर्जवं ॥ शमोदमस्तपःसाम्यंतितिक्षोपरतिःश्रुतं॥२६॥ ज्ञानंविरक्तिरैश्वर्यंशौर्यंतेजोबलंस्मृतिः॥स्वातंत्र्यंकौशलंकांतिर्धैर्यंमार्दवमेवच ॥२७॥प्रागल्भ्यंप्रश्रयःशीलंसहओजोबलंभगः॥ गांभीर्यंस्थैर्यमास्तिक्यंकीर्तिर्मानोऽनहंकृतिः॥२८॥ एतेचान्येचभगवन्नित्यायत्रमहागुणाः॥प्रार्थ्यामहत्त्वमिच्छद्भिर्नवियंतिस्मकर्हिचित् ॥२९॥ तेनाहंगुणपात्रेणश्रीनिवासेनसांप्रतं॥ शोचामिरहितंलोकंपाप्मनाकलिनेक्षितं ॥३०॥ आत्मानंचानुशोचामिभवंतंचामरोत्तमं॥ देवान्पितॄनृषीन्साधून्सर्वान्वर्णांस्तथाश्रमान् ॥३१॥ ब्रह्मादयोबहुतिथंयदपांगमोक्षकामास्तपःसमचरन्भगवत्प्रपन्ना ॥ साश्रीःस्ववासमरविंदवनंविहाययत्पादसौभगमलंभजतेऽनुरक्ता ॥३२॥ तस्याहमब्जकुलिशांकुशकेतुकेतैःश्रीमत्पदैर्भगवतःसमलंकृतांगी॥त्रीनत्यरोचउपलभ्यततोविभूतिंलोकान्समांव्यसृजदुत्स्मयतींतदंते ॥३३॥योवैममातिभरमासुरवंशराज्ञामक्षौहिणीशतमपानुदात्मतंत्रः ॥ त्वांदुःस्थमूनपदमात्मनिपौरुषेणसंपादयन्यदुषुरम्यमबिभ्रदंगं ॥३४॥ कावासहेतविरहंपुरुषोत्तमस्यप्रेमावलोकरुचिरस्मितवल्गुजल्पैः॥ स्थैयसमानमहरन्मधुमानिनीनांरोमोत्सवोममयदंघ्रिविटंकितायाः॥३५॥ तयोरेवंकथयतोःपृथिवीधर्मयोस्तदा।परीक्षिन्ना

મધુ કુંજની સ્ત્રીઓનાં માન તથા ધીરજને જે હરી લેતા હતા તથા જેના ચરણ કમળની શોભીતી છાપથી મારા અંગનાં રૂવાડાં ઉભાં થતા હતાં. એવા પુરૂષોત્તમ ભગવાનનો વીરહ કોણ સ્ત્રી સહન કરી શકે. ॥૩૪-૩૫॥ એ રીતે પૃથ્વી અને ધર્મ બે જણાં વાતો કરતાં હતાં ત્યાં, ઉગમણી દીશામાં વેહેતી સરસ્વતી નદીને કીનારે તેઓની પાસે પરીક્ષીત રાજા આવી પહોચ્યો. ॥૩૬॥ ઇતી શ્રી૦ ભા૦ પ્ર૦ સ્કંધનો સોળમો અધ્યાય સંપુર્ણ. ॥૧૬॥

અધ્યાય ૧૭ મો.—સૂત—તે ઠેકાણે રાજાનાં ચીન્હો ધારણ કરેલો કોઇ શુદ્ર, હાથમાં લાકડી લેઇને અનાથ સરખાં એ ગાય અને બળદના જોડાને મારતો હતો. તેથી એ એક પગથી ધ્રુજતા-શુદ્રના મારથી બીહીતા-અને દુઃખથી મુતરી દેતા, એ કમળ સરખા ધોળા ધર્મ રૂપી બળદને; તથા વાછડા વીનાની-આંસુવાળા મોઢાવાળી-દુબળી થઇ ગયેલી-ખડની ઇચ્છા કરતી-ધર્મને સંપાદન કરનારી-ગરીબડી અને શુદ્રે પગથી મારવાથી પીડાયલી પૃથ્વી રૂપી ગાયને; દેખીને એ સોનેરી સાહીત્ય વાળા રથમાં બેઠેલા અને ધનુષ્ય બાણ ચઢાવેલા પરીક્ષીત રાજાએ મેઘનાદ જેવી ગંભીર વાણીથી, એ રાજ્ય ચીન્હ ધારણ કરેલા શુદ્ર હતીને પુછ્યું કે. ॥૧-૨-૩-૪-૫॥ શોક કરવા લાયક અને વધ થવાને યોગ્ય એવો તું કોણ છે. ? કે જે, ગાંડીવ ધનુષ્યને ધરનારા અર્જુન સહીત કૃષ્ણ ભગવાન દુર જવાથી આ નીરપરાધીઓને એકાંતમાં મારે છે. ॥૬॥ અને તમે કમળના કંદ સરખા ધોળા-અને બીજા પગ કપાઇ જવાથી એક પગે ચાલતા બળદ રૂપે દેવ જેવા લાગો છો. તેથી અમને ખેદ થાય છે. ॥૭॥ પુરૂ વંશમાં જન્મેલા રાજાઓના ભુજ દંડથી સુરક્ષીત થયેલા આ પૃથ્વી તળ ઉપર તમો વીના બીજા કોઇ પણ પ્રાણીને શોકનાં આંસુ પડતાં નહીં હોય. ? ॥૮॥ હે સુરભીની પુત્રી (ગાય), તમે શોક ન કરો. તમને શુદ્ર થકી થતું ભય દુર થઇ જાઓ. હે માતા, તમે રૂઓ નહીં. ખળ પુરૂષોને શીક્ષા કરનારો હું છું. ત્યાં સુધી તો તમારૂં કલ્યાણજ છે. ॥૯॥ હે સાધ્વી, જેના રાજ્યમાં અસાધુ પુરૂષો થકી સર્વ પ્રજાને ત્રાસ થાય છે. તે કેવી વસ્તુઓવડે મત થયેલા રાજાનું આયુષ્ય-કીર્તી-ભાગ્ય-અને પરલોક નાશ પામે છે. ॥૧૦॥

मराजर्षिःप्राप्तःप्राचींसरस्वतीं ॥३६॥ इतिश्रीभागवतेमहापुराणेप्रथमस्कंधेपृथ्वीधर्मसंवादोनामषोडशोऽध्यायः ॥१६॥ सूतउवाच तत्र गोमिथुनंराजाहन्यमानमनाथवत् ॥दंडहस्तंचवृषलंददृशेनृपलांछनं ॥१॥ वृषंमृणालधवलंमेहंतमिवबिभ्यतम् ॥ वेपमानंपदैकेनसीदंतं शूद्रताडितम् ॥२॥ गांचधर्मदुघांदीनांभृशंशूद्रपदाहताम् ॥ विवत्सांसाश्रुवदनांक्षामांयवसमिच्छतीम् ॥३॥ पप्रच्छरथमारूढःकार्तस्वरपरिच्छदं॥मेघगंभीरयावाचासमारोपितकार्मुकः ॥४॥कस्त्वंमच्छरणेलोकेबलाद्धंस्यबलान्बली॥ नरदेवोऽसिवेषेणनटवत्कर्मणाऽद्विजः॥५॥कस्त्वंकृष्णेगतेदूरंसहगांडीवधन्वना ॥ शोच्योऽस्यशोच्यान्रहसिप्रहरन्वधमर्हसि ॥६॥ त्वंवामृणालधवलःपादैर्न्यूनःपदाचरन्॥ वृषरूपेण किंकश्चिद्देवोनःपरिखेदयन् ॥७॥ नजातुकौरवेंद्राणांदोर्दंडपरिरंभिते॥ भूतलेऽनुपतंत्यस्मिन्विनातेप्राणिनांशुचः॥८॥ मासौरभेयानुशुचोव्येतुतेवृषलाद्भयं॥ मारोदीरंबभद्रंतेखलानांमयिशास्तरि॥९॥ यस्यराष्ट्रेप्रजाःसर्वास्त्रस्यंतेसाध्व्यसाधुभिः॥ तस्यमत्तस्यनश्यंतिकीर्तिरायुर्भगोगतिः॥१०॥ एषराज्ञांपरोधर्मोह्यार्तानामार्तिनिग्रहः ॥ अतएनंवधिष्यामिभूतद्रुहमसत्तमं॥११॥कोऽवृश्चत्तवपादांस्त्रीन्सौरभेयचतुष्पद ॥ माभूवंस्त्वादृशाराष्ट्रेराज्ञांकृष्णानुवर्तिनां॥१२॥आख्याहिवृषभद्रंवःसाधूनामकृतागसां ॥ आत्मवैरूप्यकर्तारंपार्थानांकीर्तिदूषणं॥जनेऽनागस्यघंयुंजन्सर्वतोऽस्यमहद्भयं ॥१३॥ अनागःस्विहभूतेषुयआगस्कृन्निरंकुशः॥आहर्तास्मिभुजंसाक्षादमर्त्यस्यापिसांगदं॥१४॥राज्ञोहिपरमोधर्मःस्वधर्मस्थानुपालनं ॥ शासतोऽन्यान्यथाशास्त्रमनापद्युत्पथानिह॥१५॥ धर्मउवाच एतद्वःपांडवेयानांयुक्तमार्ताभयंवचः॥ येषांगुणगणैःकृष्णोदौत्यादौभगवान्कृतः॥१६॥नवयंक्लेशबीजानियतःस्युःपुरुषर्षभ॥ पुरुषंतंविजानीमोवाक्यभेदविमोहिताः॥१७॥केचिद्विकल्पवसनाआहुरात्मानमात्मना॥ दैवमन्येऽपरेकर्मस्वभावमपरेप्रभुं॥१८॥ अप्रतर्क्यादनिर्देश्यादितिकेष्वपिनिश्चयः ॥अत्रानुरूपंराजर्षेविमृशस्वमनीषया ॥१९॥ एवंधर्मेप्रवदतिससम्राड्द्विजसत्तम॥समाहितेनमनसाविखेदःपर्यचष्टत॥२०॥धर्मंब्रवीषिधर्मज्ञधर्मोऽसिवृषरू

દુઃખીઆરાઓનાં દુઃખો મટાડવાં એજ રાજાઓનો ઉત્તમ ધર્મ છે. એટલા માટે પ્રાણીઓનો દ્રોહ કરનારા આ દુષ્ટનો હું હમણાંજ વધ કરૂં છું. ॥૧૧॥ હે સુરભીના પુત્ર, તમે ચાર પગવાળાના ત્રણ પગ કોણે કાપી નાંખ્યા. ભગવદ ભક્ત રાજાઓના રાજ્યમાં તમારા સરખા દુઃખી કોઇ થાઓમાં. ॥૧૨॥ હે બળદ તમારૂં ભલું થાઓ. પાંડવોની કીર્તીને દુષણ લગાડનાર અને નીરપરાધીઓનો અપરાધ કરીને તમારૂં રૂપ બેડોળ કરનાર કોણ છે તેમને કહો. લોકનું ભુંડું નહીં કરનારનું ભુંડું કરનારાને મારૂં ભય સર્વ દીશાઓમાં છેજ. ॥૧૩॥ આ લોકમાં નીરપરાધી પ્રાણીનો નીરંકુશપણે અપરાધ કરનારા દેવતા સુધાંતનો, બાજુબંધ સહીત હાથ, હું કાપી નાંખુછું. ॥૧૪॥ સ્વધર્મમાં રેહેનારાઓનું પાલન કરવું. અને આપતકાળ સીવાયને વખતે સ્વધર્મનો ત્યાગ કરનારાઓનું શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે શાસન કરવું. એજ રાજાઓનો પરમ ધર્મ કહેવાય છે. ॥૧૫॥—ધર્મ—તમે પાંડવ વંશી રાજાના આ વચનો, દુઃખીઓને અભય દેનારાં, અને યોગ્યજ છે. અને ભગવાન કૃષ્ણે, પણ તેમના એ ગુણોને લીધેજ તેમનું દુતપણું આદી કરેલ છે. ॥૧૬॥ હે પુરૂષ રૂષભ, અમને થનારા કલેશનાં બીજ, જેના થકી થાય છે. તે પુરૂષને, બહુ શાસ્ત્રોનાં બહુ મત હોવા રૂપ વાક્ય ભેદથી મોહ થવાને લીધે, અમે જાણતા નથી. ॥૧૭॥ કેટલાક વીકલ્પ એટલે દ્વૈતને સત્ય માનનારાઓ કહે છે કે, 'પોતાને દુઃખ થવાનું કારણ પોતેજ છે.' બીજાઓ (જ્યોતીશી વીગેરે) તેનું કારણ દૈવને કહે છે. બીજાઓ (મીમાંશક વીગેરે) કર્મને કારણ કહે છે. અને બીજાઓ (ચાર્વાક વીગેરે) સ્વભાવને કારણ માને છે. ॥૧૮॥ અને કેટલા એકોનો નીશ્ચય એવો છે કે જે તર્કમાં અને નીર્દેશ કરવામાં પણ આવી શકતું નથી. એવું તત્વ (પરમાત્મા-પરબ્રહ્મ-અથવા આત્મતત્વ) છે. તેજ તેનું કારણ છે. માટે હે રાજરૂષી, તમે તમારી બુદ્ધી થકીજ, આ ઠેકાણે જે ખરૂં કારણ હોય, તેનો વીચાર કરો. ॥૧૯॥—સૂત—હે ઉત્તમ દ્વીજ, આ પ્રમાણે ધર્મે કહેવાથી એ ચક્રવર્તી પરીક્ષીતે ખેદ રહીત થઇને એકાગ્રમનથી વીચાર કરતાં જાણ્યું કે. ॥૨૦॥ બળદનું રૂપ ધારણ કરેલા તમે

ધર્મછો. અને ધર્મને જાણનારા હોવાથી ધર્મ પ્રમાણેજ બોલો છો. કેમકે અધર્મ કરનારાને મળવાનુંજ સ્થાન અધર્મ સુચવનારને, એટલે ધર્મ રહીત બોલનારને પણ મળે છે. ॥૨૧॥ અથવા ભગવાનની માયાની ગતીને લીધે, પ્રાણીઓનાં મન અને વાણી આદી ગતીતજ પહોંચી શકતાં નથી. એ નીશ્ચીત છે ॥૨૨॥ તપ–સૌચ–દયા–અને સત્ય એ રીતના તમારા ચાર પગમાંના પ્રથમના ત્રણ, અધર્મના અંશ, સ્મય–સંગ અને મદ થકી ભાગી ગયેલાનું કહેવાય છે. ॥૨૩॥ અને હે ધર્મ, હમણાં તમે જે થકી હાલી ચાલી શકોછો તે તમારા સત્ય નામના પગને પણ અધર્મ થકી વધી ગયેલ જુઠવડે, કાપી લેવાને, કલી ઇચ્છા કરે છે. ॥૨૪॥ ભગવાને ભાર ઉતારેલી તથા પોતાની ચરણકમળની છાપ વડે મંગળ કરેલી પૃથ્વી પણ, ભગવાન તેનો ત્યાગ કરીને જવાથી એક અભાગીણી સ્ત્રીની પેઠે આંખોમાં આંસુ લાવીને પોતાને શુદ્રો અને અબ્રહ્મણ્ય તથા નામનાજ કહેવા-

તા રાજાઓ ભોગવશે એમ જાણી શોક કરે છે. ॥૨૫–૨૬॥ એ રીતે ધર્મ અને પૃથ્વીનું સાંત્વન કર્યા પછી મહારથી પરીક્ષીતે, અધર્મના હેતુ કલીના ઉપર પોતાની તીખી ધારવાળી તરવાર ઉગામી. ॥૨૭॥ તેથી તેમ-નો મારી નાંખવાનો અભીપ્રાય જાણવાથી ભયથી વીવ્હળ થઇને કલીએ રાજ્ય ચીન્હો તજી દીધાં. અને પરી-ક્ષીતના ચરણમાં માથું મુકીને શરણ થયો. ॥૨૮॥ કલીને પોતાના પગમાં પડેલો જોઇને–દીનવત્સલ–શરણે જવાને યોગ્ય–અને શુભ યશવાળા–એ પરીક્ષીતે, તેને માર્યો નહીં. અને હસીને બોલ્યા કે ॥૨૯॥–પરીક્ષિત–અર્જુનના યશને ધારણ કરનારાઓની આગળ હાથ જોડનારાઓને લગાર પણ ભય હોયજ નહીં. માટે તું અધર્મના બંધુ કલીએ, મારા રાજ્યમાં કદીપણ, રેહેવું નહીં. ॥૩૦॥ જ્યારે રાજાના શરીરમાં તું હોય. ત્યારે લોભ–જુઠ–ચોરી–ખળતા–સ્વધર્મનો ત્યાગ–અલક્ષ્મી–કપટ–કલહ–અને દંભ–એ વીગેરે અધર્મની સેનાની પણ

पधृक्॥ यदधर्मकृतःस्थानंसूचकस्यापितद्भवेत् ॥२१॥ अथवादेवमायायानूनंगतिरगोचरा॥चेतसोवचसश्चापिभूतानामितिनिश्चयः २२
तपःशौचंदयासत्यमितिपादाःप्रकीर्तिताः॥ अधर्मांशैस्त्रयोभग्नाःस्मयसंगमदैस्तव॥२३॥ इदानींधर्मपादस्तेसत्यंनिर्वर्तयेद्यतः ॥ तंजिघृक्ष
त्यधर्मोऽयमनृतेनैधितःकलिः ॥२४॥ इयंचभूर्भगव[illegible]तान्यासितोरुभरासती॥ श्रीमद्भिस्तत्पदन्यासैःसर्वतःकृतकौतुका॥२५॥ शोचत्यश्रु
कलासाध्वीदु[illegible]धुना॥अब्रह्मण्यनृपव्याजाःशूद्राभोक्ष्यंतिमामिति॥२६॥ इतिधर्मंमहींचैवसांत्वयित्वाम[illegible]रथः ॥ नि[illegible]मादृदे
खड्गंकलयेऽधर्महेतवे॥२७॥ तंजिघांसुमभिप्रेत्यविहायनृपलांछनं॥ तत्पादमूलंशिरसासमगाद्भयवि[illegible]लः ॥२८॥ पतितंपादयोर्वीक्ष्यकृप
यादीनवत्सलः॥ शरण्योनावधीत्श्लोक्यआहचेदं[illegible]सन्निव ॥२९॥ राजोवाच नतेगुडाकेशयशोधराणांबद्धांजलेर्वैभयमस्तिकिंचित्॥ न
वर्तित[illegible]भवताकथंचनक्षेत्रमदी[illegible]धर्मबंधुः॥३०॥ त्वांवर्त[illegible]नंनरदेवदेहेष्वनुप्रवृत्तोऽयमधर्मपूगः ॥लोभोऽनृतंचौर्यमनार्यमं[illegible]ज्येष्ठाच
मायाकल[illegible]श्चदंभः॥३१॥ नवर्तितव्यंतदधर्मबंधोधर्मेण[illegible]वर्तितव्ये॥ ब्रह्मावर्तेयत्रयजंतिय[illegible]र्यज्ञेश्वरंयज्ञवितानविज्ञाः॥३२॥ यस्मि
न्हरिर्भगवानिज्यमानइज्या[illegible]र्तिर्यजतांशंतनोति॥कामानमोघान्स्थिरजंगमानामंतर्ब[illegible]र्वायुरिवैषआत्मा॥३३॥ [illegible]वाच परीक्षितैवमा
दिष्टःसकलि[illegible]जातवेपथुः॥ तमुद्यतासिमा[illegible]दंडपाणिमिवोद्यतम् ॥३४॥ [illegible]सार्वभौमतवा[illegible]या॥ लक्षयतत्रत[illegible]त्वामा
त[illegible]नं॥३५॥ तन्मेधर्मभृतांश्रेष्ठस्थानंनिर्देष्टुमर्हसि॥यत्रैवनियतोवत्स्येआतिष्ठंस्तेऽनुशासनं ॥३६॥ सूतउवा[illegible] अभ्यर्थितस्तदात
स्मै[illegible]दै॥ द्यूतंपानंस्त्रियःसूनायत्राधर्मश्चतुर्विधः॥३७॥ पुनश्चयाचमानायजातरूपमदात्प्रभुः॥ ततोऽनृतंमदंकामंरजोवैरंच
पंचमम् ॥३८॥अमूनिपंचस्थानानित्यधर्मप्रभवःकलिः॥ औत्तरेयेणदत्तानिन्यवसत्तन्निदेशकृत्॥३९॥अथैतानिनसेवेतबुभूषुःपुरुषःक्वचि
त्॥विशेषतोधर्मशीलोराजालोकपतिर्गुरुः॥४०॥ वृषस्यनष्टांस्त्रीन्पादांस्तपःशौचंदयामिति॥प्रतिसंदधआश्वास्यमहींचसमवर्धयत्॥४१॥
सए[illegible]स्तेआसनंपार्थिवोचितं ॥ पितामहेनोपन्यस्तंराज्ञारण्यंवि[illegible]क्षता ॥४२॥ आस्तेऽधुनासराजर्षिःकौरवेंद्रश्रियोल्लसन् ॥

તેમાં પ્રવૃતી થાયછે. ॥૩૧॥ માટે જ્યાં યજ્ઞના વીધીને જાણનારાઓ યજ્ઞેશ્વર ભગવાનનું પુજન યજ્ઞોવડે કરેછે. તથા બ્રહ્મ અને ધર્મ વસેછે. તે બ્રહ્માવર્તમાં, અધર્મના બંધુ તુ કલીએ વસવું નહીં. ॥૩૨॥ કે જ્યાં સ્થાવર અને જંગમોના અંતરમાં તથા બહાર, વાયુની પેઠે આત્મ સ્વરૂપથી રહેલા, અને પુજન કરવા યોગ્ય હરી ભ-ગવાન, તેમનું આરાધન કરનારાઓના મનોર્થને પુરેછે. તથા શાંતી આપેછે. ॥૩૩॥—સૂત—પરીક્ષીતે એ રીતે આજ્ઞા કરવાથી કંપી ગયેલો કલી, યમની પેઠે તરવાર ઉગામીને ઉભેલા તે રાજા પ્રત્યે બોલ્યો કે. ॥૩૪॥ હે સાર્વભૌમ રાજા, તમને ઠેક ઠેકાણે ધનુષ્ય બાણ ઉગામીને ઉભેલા જોતો હું, તમે "ના" કહેલે ઠેકાણે નહીં રહું. પણ હે ધર્મનું રક્ષણ કરનારાઓમાં શ્રેષ્ઠ રાજા, તમે મારે રેહેવાનું સ્થાન મુકરર કરી આપો. કે જ્યાં હું તમારી આજ્ઞા પ્રમાણે નીયમીત થઇને વસુ." ॥૩૫–૩૬॥ કલીના માગવાથી એટાણે તેને જ્યાં ચાર પ્રકારના

અધર્મ જુગાર–મદીરાપાન–સ્ત્રીસંગ–અને પ્રાણી આદીકની હીંસા–(એટલે અસત્ય–મદ–કામ–અને રજ અથવા સ્વાદ) રહેલાં છે એવાં. એ ચાર સ્થાન આપ્યાં. ॥૩૭॥ પછી તેણે ફરીવાર માગ-વાથી રાજાએ તેને સોનું આપ્યું. તેથી કરીને જુઠ–મદ–કામ–રજ–અને પાંચમું વેર એટલાં તેને વીસે રહેલા છે. ॥૩૮॥ આ રીતે પરીક્ષીતે આપેલાં એ પાંચ સ્થાનમાં અધર્મથી ઉત્પન્ન થનારો કલી, તેમની આજ્ઞાથી રહ્યો. ॥૩૯॥ એટલા માટે પોતાની ચડતીને ઇચ્છનારા પુરૂશોએ એ પાંચ વસ્તુનું સેવન કરવું નહીં. અને ધર્મશીલ મનુષ્યોએ–લોકના પતીરાજાએ–અને ગુરૂઓએતો વીશેશ કરીને તેમનું સેવન નજકરવું. ॥૪૦॥ પછી એ બળદ રૂપ ધર્મના ભાગી ગયેલા પગ, તપ, શૌચ–અને દયા, સાંધી લઇને, તેની તથા પૃથ્વીની આશ્વાસના કરીને પરી-ક્ષીતે તેમને સુખી કર્યાં. ॥૪૧॥ એ મોટા ભાગ્યવાળા, કૌરવોની લક્ષ્મીથી શોભતા, મોટા યશવાળા, અને

ચક્રવર્તી પરીક્ષીત રાજા, તેમના દાદાએ વનમાં જતી વખત આપેલી હસ્તીનાપુરની રાજ્યગાદી ઉપર હમણાં સુધી બીરાજતા હતા. ॥૪૨-૪૩॥ પૃથ્વીનું પાલન કરનારા જે રાજાના સમયમાં તમે આસત્રની દીક્ષા લીધીછે. તે અભીમન્યુના પુત્ર પરીક્ષીતનો આવો પ્રભાવ છે.॥૪૪॥ઇતીશ્રી૦ભા૦પ્ર૦સ્કંધનો સત્તરમો અ. સંપુર્ણ॥૧૭॥

અધ્યાય ૧૮ મો.—સૂત-જે માના ઉદરમાં અશ્વત્થામાના અસ્ત્રથી બળ્યા છતાં અદ્ભુત પરાક્રમવાળા શ્રી કૃષ્ણના અનુગ્રહથી મુવા નહી. ॥૧॥ અને બ્રાહ્મણના કોપથી થયેલા તક્ષક રૂપ મૃત્યુના મહા ભય થકી પણ, ભગવાનમાં મન લગાડવાથી મોહ પામ્યા નહી. ॥૨॥ એવા અજીત ભગવાનના સ્વરૂપને જાણનારા શુકદેવજીના શીષ્ય પરીક્ષીત રાજાએ, સર્વેમાંથી આશક્તી મુકીને, ગંગા કાંઠે કલેવરને તજી દીધું. ॥૩॥ એમ જેઓ ઉત્તમ શ્લોક ભગવાનનું તથા તેમની કથાઓ રૂપ અમૃતનું સેવન કરે છે. તેમને તથા ભગવાનના ચરણ કમળનું સ્મરણ કરનારાઓને અંતકાળે સંભ્રમ એટલે મોહ થતો નથી. ॥૪॥ અભીમન્યુના પુત્ર ચક્રવર્તી મહારાજા પરીક્ષીત જ્યાં સુધી પૃથ્વી ઉપર રાજ્ય કરતા હતા. ત્યાં સુધી કલીનો પ્રવેશ થયે થયા છતાં તે પરાભવ કરી શક્યો નહોતો ॥૫॥ કૃષ્ણ ભગવાને આ પૃથ્વીનો ત્યાગ કર્યો છે. તે વખતે અને તેજ દીવસથી અધર્મથી પેદા થનાર કલી અહીંયાં આવેલો છે. ॥૬॥ કલીયુગમાં પુણ્યને ઉત્પન્ન કરનારાં કર્મો ઉતાવળાંજ, એટલે સંકલ્પ કરવા થકીજ ફળ આપનારાં થાય છે. અને પાપને ઉત્પન્ન કરનારાં કર્મો તો, તે પાપ યુક્ત કર્મ કરયા પછીજ ફળ આપનારાં થાય છે. એટલા માટે ભમરાની પેઠે સાર વસ્તુને ગ્રહણ કરનારા એ ચક્રવર્તી રાજાએ કલીનો દ્વેશ કર્યો નથી. ॥૭॥ અસાવધાન માણસોને વીશે નહારની પેઠે સાવધાનપણે વર્તનારા, અને ધીર પુરૂશોથી બીહીનારા, તથા ધીરજ વીનાનાઓને વીશે શુરવીર એ કલી થકી શું થાય છે ? ॥૮॥ હે રૂશીઓ તમે મને પુછેલું વાસુદેવ ભગવાનની કથાવાળું પરીક્ષીતના સંબંધનું આ પવીત્ર આખ્યાન મેં તમને કહ્યું. ॥૯॥ કીર્તન કરવા યોગ્ય અને ઘણાં કર્મોવાળા ભગવાનના ગુણો અને પ-

राजा[illegible]येमहाभागश्चक्रवर्तीबृहच्छ्रवाः॥४३॥इत्थंभूतानुभावोयमभिमन्युसुतोनृपः॥ यस्यपालयतः[illegible]यदीक्षिताः ॥४४॥ इ० भा० प्र० कलिनि[illegible]नामसप्त[illegible]शोऽध्यायः॥१७॥ सूतउवाच योवैद्रौण्यस्त्रविप्लुष्टोनमातुरुदरेमृतः॥ अनुग्रहाद्भगवतःकृष्णस्याद्भुतकर्मणः ॥१॥ ब्रह्मकोपोत्थितायस्तु तक्षकात्प्राणविप्लवात् ॥नसंमुमोहोरुभया[illegible]गवत्यर्पिताशयः॥२॥ उत्सृज्यसर्वतःसंगंविज्ञाताजितसंस्थितिः ॥ वैयासके[illegible]शिष्योगंगायां[illegible]॥३॥ नोत्तमश्लोकवार्तानांजुषतां[illegible]मृतम् ॥ स्यात्संभ्रमोऽतका[illegible]त्पदांबुजं ॥ ४॥ तावत्कालिर्नप्रभवेत्प्रविष्टोऽपीहसर्वतः ॥ यावदीशोमहानुर्व्यामाभिमन्यवएकराट् ॥५॥यस्मिन्नहनियर्ह्येवभगवानुत्ससर्जगाम् ॥तदैवेहानुवृत्तोऽसावधर्मप्रभवःकलिः॥६॥ नानुद्वेष्टिक[illegible]कु ॥कु[illegible]सिध्यंतिनेतराणिकृतानिय[illegible] ॥७॥ किंनुबालेषुशूरेणकलिनाधीरभीरुणा॥ अप्रमत्तःप्रमत्तेषुयोवृकोनृषुवर्तते॥८॥ उपवर्णितमेतद्वःपुण्यंपारीक्षितंमया॥ वासुदेवकथोपेतमाख्यानंयदपृच्छत ॥९॥ याया:कथाभगवतःक[illegible]: ॥ गुणकर्माश्रयाःपुंभिःसंसेव्या[illegible]बुभूषुभिः ॥१०॥ ऋषयऊचुः सूतजीवसमाःसौम्यशाश्वतीर्विशदंयशः॥ यस्त्वंशंससि[illegible]स्यमर्त्यानाममृतं[illegible]नः॥११॥ कर्म[illegible]नाश्वासेधूमधूम्रात्मनांभवान्॥ आपाययतिगोविंदपादपद्मासवंमधु॥१२॥ तुलयामलवेनापिनस्वर्गंनापुनर्भवं॥ भगवत्संगिसंगस्यमर्त्यानां[illegible]: ॥१३॥ कोनाम[illegible]विद्रसवित्कथायांमहत्तमैकांतपरायणस्य ॥ नांतंगुणानामगुणस्यजग्मुर्योगेश्वरायेभवपाद्म[illegible]: ॥१४॥ तन्नोभवान्वैभगवत्प्रधानोमहत्तमैकांतपरायणस्य॥ हरेरुदा[illegible]विशुद्धंशुश्रूषतांनोवितनोतुविद्वन् ॥१५॥ सवैमहाभागवतःपरीक्षिद्येनापवर्गाख्यमदभ्रबुद्धिः॥ ज्ञानेनवैयासकिशब्दितेनभेजेखगेंद्रध्वजपादमूलं॥१६॥तन्नःपरंपुण्यमसं[illegible]तार्थमा[illegible]ख्यानमत्यद्भुतयोगनि[illegible]॥आख्याह्यनंताचरितोपपन्नंपारीक्षितंभागवताभिरामं ॥१७॥ सूतउवाच अहोवयंजन्मभृतोऽद्यहास्मवृद्धानु[illegible]विलोमजाताः॥दौ[illegible]मार्धिंविधुनोतिशीघ्रंमहत्तमानामभिधानयोगः॥१८॥ कुतः

રાક્રમો સંબંધી સઘળીજ, કથાઓ, પોતાનું રૂડું ઇચ્છનારા પુરૂશોએ સેવન કરવા યોગ્ય છે. ॥૧૦॥-શૌનક-હે સૌમ્ય, તમારૂં આયુષ્ય વધો કે આમારા જેવા માણસોના જન્મ મરણને મટાડનાર શ્રી કૃષ્ણ ભગવાનના નીર્મળ યશ તમે સંભળાવો છો. ॥૧૧॥ જેમાં કર્મફળોની બાબતનો વીશ્વાસ આવતો નથી. એવા આ યજ્ઞાદીક કર્મોમાં, ધુમાડાવડે ઝાંખા થઇ ગયેલા અમોને, તમે ગોવીંદ ભગવાનના ચરણ કમળનો મધુર રસ પાઓ છો. ॥૧૨॥ ભગવદ ભક્તોના એક પળ માત્રના સમાગમની બરાબર, સ્વર્ગ અને મોક્ષ પણ, તોળી જોતાં થતાં નથી. ત્યારે માણસોનાં બીજાં સુખ સ્ત્રી-પુત્ર-ઘર-ક્ષેત્ર-અને રાજ્યાદીકની તો ગણત્રીજ શાની હોય ? ॥૧૩॥ ગુણોના સંગ રહીત ભગવાનના અનંત ગુણોના પારને શીવ બ્રહ્માદીક યોગેશ્વરો પણ પામી શકતા નથી. એવા મહાત્માઓના અસાધારણ આશ્રય રૂપ ભગવાનની કથાઓ થકી તેના રસને જાણનારો કયો પુરૂશ તૃપ્તી પામે. ॥૧૪॥ હે વીદ્વાન સુત, ભગવદ ભક્તોમાં તમે મુખ્ય છો, માટે મહાન પુરૂશોના એકાંતીક આશ્રય એવા હરી ભગવાનના શુદ્ધ અને ઉદાર ચરીત્રોને, સાંભળવાને ઇચ્છનારા અમોને, તમે વીસ્તારથી કહો. ॥૧૫॥ વ્યાસ પુત્ર શુકદેવે, અંતરાય રહીત બુદ્ધીવાળા, અને મોટા ભગવતી પરીક્ષીત રાજાને જે જ્ઞાન કહેવા થકી એ પરીક્ષીત મોક્ષ રૂપ અને ગરૂડવાળી ધજાવાળા ભગવાનનાં ચરણ કમળને પામી ગયા. એવું ભગવાનના ભક્તોને પ્રીય-ભગવાનનાં અનંત ચરીત્રોથી ભરેલું-પરમ પવીત્ર-અને યોગ નીષ્ઠાનો અતી અદ્ભુત અર્થ જેમાં સઘળો ખુલ્લો કર્યો છે. તેવું પરીક્ષીતવાળું આખ્યાન એટલે શ્રી મદ ભાગવત અમને કહી સંભળાવો. ॥૧૬-૧૭॥-સૂત-અહો અમે પ્રતીલોમજ છતાં પણ, વૃદ્ધ પુરૂશોએ આદર કરવા થકી સફળ જન્મ થયા છીએ. મહાત્માઓ સાથે સંભાશણ થવાનો પ્રસંગ; નીચા કુળમાં ઉત્પન્ન થવા સંબંધી મનમાં ઉત્પન્ન થતી પીડાને મટાડનારો થાય છે. ॥૧૮॥ ત્યારે અનંત શક્તીઓવાળા-મોટા ગુણોવાળા-આદી અંતવીનાના-અને મહાન પુરૂસોના એકાંતીક આશ્રય, એવા ભગવાનનાં નામોનું કીર્તન કરવાવડે, એવી મનોવ્યથા મટે,

એમાં તો કહેવુંજ શું ? ॥૧૮॥ એટલે, લક્ષ્મીજી, પોતાને ઇચ્છનારા બીજા દેવો આદીને તજીને, પોતાને નહીં ઇચ્છનારા જે ભગવાનની ચરણરજને સેવે છે. તેમના થકી ગુણોમાં અધીક અથવા બરાબર બીજું કોઇજ નથી; એટલુંજ કહેવું બસ છે. ॥૨૦॥ વળી બ્રહ્માએ પુજનને માટે, જેના ચરણ ઉપર નાંખેલું પાણી (ગંગાજી) શંકર સહીત આખા જગતને પવીત્ર કરે છે. એવા મુકુંદ ભગવાન વીના ભગવત પદના અર્થવાળો આ લોકમાં બીજો કોણ હોય ? ॥૨૧॥ જેને વીશે પ્રીતીવાળા ધીર પુરુષો, સુદપણાથી દેહાદીકને વીશે, બાંધેલા મમત્વાદીક સંગને એકદમજ તજીને, જેમાં અહીંસા અને ઉપશમ રહેલ છે. એવી પરમહંસની છેવટની દશાને પામે છે. ॥૨૨॥ હે બ્રાહ્મણો તમે પુછેલો તેથી, પક્ષીઓ જેમ પોતાની શક્તીના પ્રમાણમાં આકાશમાં ઉડે છે. તેવી રીતે વીષ્ણુ ભગવાનની ગતીનું વર્ણન કરવામાં હું જેટલે સુધી પહોંચી શકીશ, તેટલું તમારી આગળ કહીશ. ॥૨૩॥ કોઇ દીવસે ધનુષ્ય ચઢાવીને વનમાં શીકારે ગયેલા પરીક્ષીત રાજા, હરણો આદીકની પાછળ દોડતાં થાકી જઇને ભુખ્યા અને તરસ્યા થયા. ॥૨૪॥ ને પાણીનું સ્થાન શોધતાં, તે એક આશ્રમમાં પેઠા. ત્યાં શાંત અને આંખ્યો મીંચીને બેઠેલા–ઇંદ્રીય, પ્રાણ, મન, અને બુદ્ધીનો નીગ્રહ કરીને વીરામ પામેલા–જાગ્રત આદી ત્રણ અવસ્થાઓથી પર, ચોથી સમાધી અવસ્થાને પામેલા–બ્રહ્મરુપ અને નીર્વીકાર થયેલા–છુટી ગયેલી જટાવાળા–અને રૂરૂમૃગનું ચામડું ઓઢેલા, શમીક મુનીને દીઠા. અને પાણી વીના તાળવું સુકાઇ જવાથી, તેજ સ્થીતીમાં પાણી માગ્યું. ॥૨૫–૨૬–૨૭ પણ બેસવાને માટે જગ્યા અને આસન, તથા અર્ઘ્ય અને પ્રીય વચન આદી થકી પણ સત્કાર નહીં પામવાથી, પોતાનું અપમાન થયું માનીને, રાજાને ક્રોધ ઉત્પન્ન થયો. ॥ ૨૮ ॥ અને હે શૈનક, ભુખ અને તરસ આદીથી પીડાયલા રાજાને આગળ કોઇ પણ વખતે નહીં થયેલો એવો ગુસ્સો અને મત્સર એકાએક એ બ્રાહ્મણના ઉપર થયો. ॥૨૯॥ એટલે તેથી એક મુએલો સાપ ધનુષ્યની અણીથી ઉપાડીને એ શમીક મુનીના ગળામાં

पुनः [illegible]मतस्यम[illegible]समैकांतपरायणस्य॥योऽनंतशक्तिर्भग[illegible]तोमहद्गुणत्वाद्यमनंतमाहुः॥१९॥एतावतालंननुसूचितेनगुणैर[illegible]नतिशायनस्य ॥ हित्वेतरान्प्रार्थयतोविभूतिर्यस्यांघ्रिरेणुंजुषतेऽनभीप्सोः॥२०॥ अथापियत्पादनखावसृष्टंजगद्विरिंचोपहृता[illegible]र्णांभः॥ से[illegible]त्यन्यतमोमुकुंदात्कोनामलोकेभगवत्पदार्थः ॥२१॥ [illegible]त्रानुरक्ताःसहसैवधीराव्यपोह्यदेहादिषुसंगमूढं॥ व्रजंतितत्पारम[illegible]स्यमंत्यंयस्मिन्न[illegible]सोपशमःस्वधर्मः ॥२२॥ अहंहिपृष्टोऽर्यमणोभवद्भिराचक्षआत्मावगमोऽत्रयावान्॥नभःपतंत्यात्मसमंतपत्त्रिणस्तथासमंविष्णुगतिंविपश्चितः ॥२३॥एकदाध[illegible]यांवने॥मृगाननुगतःश्रांतःक्षुधितस्त[illegible]षितोभृशं॥२४॥ जलाशयमचक्षाणःप्रविवेशतमाश्रमं॥ ददर्श[illegible]शांतंमीलितलोचनं ॥२५॥ [illegible]द्रियप्राणमनोबुद्धिमुपारतं॥ स्थानत्रयात्परंप्राप्तंब्रह्मभूतमविक्रियं ॥२६॥ वि[illegible]कीर्णजटाच्छन्नंरौरवेणाजिनेनच ॥ विशुष्यत्तालुरुदकंतथाभूतमयाचत॥२७॥ अलब्धतृणभूम्यादि[illegible]प्राप्तार्घसूनृतः॥अवज्ञातमिवात्मानंमन्यमानश्चुकोपह॥२८॥अभूतपूर्वःसहसाक्षुत्तृड्भ्यामर्दितात्मनः॥ ब्रा[illegible]णंप्रत्यभूद्ब्र[illegible] ॥२९॥ सतुब्रह्मऋषेरंसेगतासुमुरगंरुषा॥ विनिर्गच्छन्धनुष्कोट्यानिधायपुरमागमत् ॥३०॥ एषकिं[illegible]मीलितेक्षणः ॥ [illegible]समाधिराहोस्वित्किंनुस्यात्क्षत्रबंधुभिः॥३१॥तस्यपुत्रोऽतितेजस्वीवि[illegible]रन्बालकोऽर्भकैः॥ राज्ञाघंप्रापितंतातंश्रुत्वातत्रेदमब्रवीत् ॥३२ ॥अहोअधर्मःपालानांपी[illegible] ॥ स्वामिन्यघंपहासानांद्वारपालानांशुनामिव॥३३॥ब्राह्मणैःक्षत्रबंधुर्हिद्वारपालोनिरूपितः ॥ [illegible]सभांडभोक्तुमर्हति॥३४॥ कृष्णेगतेभगवतिशास्तर्युत्पथगामिनां॥ तद्भिन्नसे[illegible]नद्याहंशास्मिपश्यतमेबलं॥३५॥इत्युक्त्वारोषता[illegible]क्षोवयस्यानृषिबाल[illegible]नू॥कौशिक्यापउपस्पृश्यवाग्वज्रंविससर्जह॥३६॥ इतिलंघितमर्यादंतक्षकःसप्तमेऽहनि॥दंक्ष्यतिस्म कुलांगारं[illegible]मेततद्रुहं ३७ ततोऽभ्येत्याश्रमंबालोगलेसर्पकलेवरं ॥ पितरंवीक्ष्यदुःखार्त्तोमुक्तकंठोरुरोदह॥३८॥ सवाआंगिरसोब्रह्मन्श्रुत्वासुतविलापनं॥उन्मील्य

નાંખ્યો. અને પછી પરીક્ષીત રાજા તે આશ્રમમાંથી બહાર નીકળી પોતાના નગર તરફ ચાલતા થયા. ॥૩૦॥ એ ઋશી ઇંદ્રીઓને વશ કરીને તથા આંખ્યો મીંચીને ખરેખરા સમાધીમાં બેઠા છે. કે, આ નીચ ક્ષત્રી શું કરનાર છે, એમ ધારીને ખોટી સમાધી કરેલી છે; તે જાણવાસારૂં તેણે એ રીતે કર્યું. ॥૩૧॥ પછી બીજા બાળક ભેળા રમતા એ શમીક ઋશીના અતી તેજસ્વી બાળક શ્રૃંગીએ પોતાના બાપને રાજા થકી અપકાર થયેલાનું સાંભળીને તે ઠેકાણેજ કહ્યું કે. ॥૩૨॥ અહો પુષ્ટ થયેલ અને કાગડા જેવા રાજાનો અધર્મ બારણામાં રાખેલો કુતરો અગર દાસ જેમ પોતાનાજ સ્વામીનું બુરું કરે તેના સરખો છે. ॥૩૩॥ નીચ ક્ષત્રીઓને બ્રાહ્મણોએજ દ્વારપાળ નીમેલાછે. તેઓ બ્રાહ્મણોના ઘરમાં જઇને તેમના ઠામમાંથી ખાવાને યોગ્ય શી રીતે થઇ શકે.? ॥૩૪॥ પોતાનો ધર્મ તજીને અવળે મારગે ચાલનારાઓને શીક્ષા કરનારા કૃષ્ણ ભગવાન સ્વધામ ગયા પછી એ પ્રમાણે રાજા મર્યાદા તોડનારાઓને શીક્ષા હુંજ કરૂંછું. હે બાળકો મારૂં બળ જુઓ. ॥૩૫॥ એ પ્રમાણે પોતાના સરખા બાળકોને કહીને, તેણે લાલચોળ આંખ્યો કરી કૌસીકી નદીનું પાણી હાથમાં લેઇને વાણીરૂપ વજ્ર નાંખ્યું. ॥૩૬॥ એટલે બોલ્યો કે "આ રીતે મર્યાદાનું ઉલ્લંઘન કરનારો–કુળમાં અંગારા સરખો અને મારા પીતાનો દ્રોહ કરનારો જે છે તેને આજથી સાતમે દીવસે તક્ષક નાગ કરડશે. ॥૩૭॥ પછીથી તે બાળક આશ્રમમાં આવીને પીતાના ગળામાં મુએલો સાપ દેખીને અતી દુઃખી થઇ મોટે ઘાંટે રડવા લાગ્યો. ॥૩૮॥ હે શૈનક, પછી અંગીરાના પુત્ર શમીકે, પુત્રનો વીલાપ સાંભળવાથી ધીમે ધીમે આંખ્યો ઉઘાડતાં પોતાના ગળામાં મુએલો સાપ દીઠો. ॥૩૯॥ તેને ફેંકી દઇને પુત્રને કહ્યું કે હે બાળક તું શા માટે રૂવેછે. કોઇએ તારો અપકાર કરેલોછે? ત્યારે તેણે બધું કહી સંભળાવ્યું. ॥ ૪૦ ॥ તેથી શ્રાપને યોગ્ય નહીં. "એવા રાજાને શ્રાપ દીધેલાનું જાણીને તે બ્રાહ્મણે પુત્રને વખાણ્યો નહીં" અને કહ્યું કે, "અરે અજ્ઞાન તેં ખરેખરૂં મોટું કષ્ટકારી પાપ કર્યું. થોડાક અપરાધને માટે ઘણો મોટો દંડ આપ્યો. ॥ ૪૧ ॥ હે જ્ઞાની ગુદીના, જેના ઉગ્રતેજથી રક્ષણ

પામેલી પ્રજાઓ ભય રહીત થઇને કલ્યાણને મેળવેછે. તેવા પરમાત્માનું સ્વરૂપ, દેવતાઇ રાજાને બીજા માણસોની બરાબરીનોજ ગણ્યો, એ યોગ્ય થયું નહીં. ॥ ૪૨ ॥ હે અંગ, હાથમાં ચક્રને ધરનારા વીશ્નુ રૂપ, નરદેવ નામની એ શક્તી, જ્યારે અદૃશ્ય થાય છે. ત્યારે અનેક ચોરો થકી ભરપુર અને રક્ષક વીનાના ગાડરના ટોળાની પેઠે લોકો ક્ષણવારમાંજ નાશ પામે છે. ॥ ૪૩ ॥ જેમનો નાથ એટલે રાજા, નાશ પામ્યો હોય. તેવા લોકો, જેમાં ચોર ઘણા વધે છે. એવા તેઓ એક બીજાને મારી નાંખે—ગાળો દે—અને સ્રીઓ, ધન, અને ઢોર વીગેરે લેઇલે, એમ ભય થઇને પૃથ્વી ઉપર લુંટફાટ ચાલે; તે સઘળાનું પાપ, આજ આપણા માથા ઉપર તે લીધું છે. ॥૪૪॥ આમ થાય છે. ત્યારે વર્ણ—આશ્રમ—અને આચારવાળો વૈદીક આર્ય ધર્મ નાશ પામે છે. જેથી અર્થ અને કામમાંજ મનવાળા પુરૂશોનો કુતરાં અને વાંદરાની પેઠે વર્ણસંકર થાય છે. ॥૪૫॥

માટે એ ધર્મની રક્ષા કરનારો ચક્રવર્તી—યશસ્વી—સાક્ષાત ભગવાનનો મહા ભક્ત—અશ્વમેધ યજ્ઞ કરનારો—ભુખ, તરસ, અને થાકથી પીડાએલો—અને દીન પરીક્ષીત રાજા આપણા શ્રાપને યોગ્ય નથી. ॥૪૬॥ ભગવાનના ભક્તો (સામો શ્રાપ દેવા વીગેરેથી) સમર્થ હોવા છતાં કોઇ તેમનો તીરસ્કાર કરે, છળ કરે, શ્રાપ આપે, સામું કાંઇ ફેંકે અથવા માર મારે વીગેરે દુઃખ દે તો પણ સામાનું અનીષ્ટ કરતા નથીજ. એટલા માટે આ કાચી બુદ્ધીવાળા બાળકે તેમના નીષ્પાપ દાસને વીશે જે આ પાપ કર્યું છે. તેની સર્વાત્મા ભગવાન ક્ષમા કરવાને યોગ્ય છે. ॥૪૭–૪૮॥ એ પ્રકારથી તે મહામુની શમીકે પોતાને વીશે રાજાએ કરેલા અપરાધને નહીં સંભારતાં, પોતાના પુત્રે કરેલા પાપને માટે, પરીતાપ કર્યો. ॥૪૯॥ આત્મા, સુખ દુઃખ આદી જોડાના પદાર્થોવાળા દ્વંદ્વરૂપી ગુણોના આશ્રયથી રહીત છે. માટે સાધુ પુરૂશોને બીજાઓ દ્વંદ્વને વીશે જોડે છે. તો પણ

शनकैर्नेत्रेदृष्ट्वास्वांसेमृतोरगं॥३९॥ विसृज्यपुत्रंपप्रच्छवत्सकस्माद्विरोदिषि॥ केनवातेप्रतिकृतमित्युक्तःसन्यवेदयत् ॥४०॥निशम्यशप्तमतदर्हंनरेंद्रंसब्राह्मणोनात्मजमभ्यनंदत् ॥ अहोबतांहोमहदद्यतेकृतंस्वल्पीयसिद्रोहउरुर्दमोधृतः॥४१॥ नवैनृभिर्नरदेवंपराख्यंसंमातुमर्हस्यविपक्व[illegible]॥यत्तेजसा[illegible]विषहेणगुप्ताविंदंतिभद्राण्यकुतोभयाःप्रजाः ॥४२॥ अलक्ष्यमाणेनरदेवनाम्निरथांगपाणावयमंगलोकः॥तदाहिचौरप्र[illegible]रोविनंक्ष्यत्यरक्ष्यमाणोऽविवरूथवत्क्षणात् ॥४३॥ तदद्यनःपापमुपैत्यनन्वयंयन्नष्टनाथस्यवसोर्विलुंपका[illegible] ॥परस्परंघ्नंतिशपंतिवृंजंतेपशून्स्त्रियोऽर्थान्पुरुदस्यवोजनाः ॥४४॥ तदार्यधर्मश्चविलीयतेनृणांवर्णाश्रमाचारयुतस्त्रयीमयः ॥ ततोऽर्थकामाभिनिवेशितात्मनांशुनांकपीनामिववर्णसंकरः ॥४५॥ धर्मपालोनरपतिःसतुसम्राट्बृहच्छ्रवाः॥ साक्षान्महाभागवतोराजर्षिर्हयमेधयाट् ॥क्षुत्तृट्श्रमयुतोदीनो[illegible]पम[illegible]ति॥४६॥ अपापेषुस्वभृत्येषु[illegible]बुद्धिना॥ पापंकृतंतद्भगवान्सर्वात्माक्षंतुमर्हति ॥४७॥ तिरस्कृताविप्रलब्धाःशप्ताःक्षिप्ताहताअपिवा॥ नास्यतत्प्रतिकुर्वंतितद्भक्ताःप्रभवोऽपिहि॥४८॥इतिपुत्रकृताघेनसोऽनुतप्तोमहामुनिः॥ स्वयंविप्रकृतोराज्ञानैवाघंतदचिंतयत् ॥४९॥प्रायशःसाधवोलोकेपरैर्द्वंद्वेषुयोजिताः॥नव्यथंतिनहृष्यंतियतआत्माऽगुणाश्रयः ॥५०॥इ०भा०म०प्र०विप्रशापोपलंभनंनामाष्टादशोऽध्यायः ॥१८॥ सूतउवाच महीपतिस्त्वथतत्कर्मगर्ह्यंविचिंतयन्नात्मकृतंसुदुर्मनाः ॥ अहोमयानीचमनार्यवत्कृतंनिरागसिब्रह्मणिगूढतेजसि ॥१॥ ध्रुवंततोमेकृतदेव[illegible]लनाद्दुरत्ययंव्यसनंनातिदीर्घात् ॥तदस्तुकामंत्वघनिष्कृतायमेयथानकुर्यांपुनरेवमद्धा॥२॥अद्यैवराज्यंबलमृद्धकोशंप्रकोपितब्रह्मकुलानलोमे॥ दहत्वभद्रस्यपुनर्नमेभूत्पापीयसीधीर्द्विजदेवगोभ्यः ॥३॥ सचिंतयन्नित्थमथाशृणोद्यथामुनेःसुतोक्तोनिर्ऋतिस्तक्षकाख्यः ॥सासाधुमेनेनचिरेणतक्षकानलंप्रसक्तस्यविरक्तिकारणं॥४॥ अथोविहायेमममुं[illegible]तोहेयतया[illegible]त् ॥ कृष्णांघ्रिसेवामधिमन्यमानउपाविशत्प्रायममर्त्यनद्यां ॥५॥ यावैलसच्छ्रीतुलसीविमिश्रकृष्णांघ्रिरेण्वभ्यधिकांबुनेत्री ॥ पुनातिलोकानुभयत्रसेश[illegible]स्तांनसेवेतमरिष्यमाणः॥६॥ इतिव्यवच्छिद्यसपांडवेयःप्रायोपवेशंप्रतिविष्णुपद्याम् ॥दध्यौमुकुंदां[illegible]नन्य

તેઓ આ લોકમાં ઘણું કરીને હર્ષ અગર શોક કરતા નથી. અને વ્યથા પણ પામતા નથી. ॥૫૦॥ ઇતી શ્રી. ભા. પ્ર. સ્કંધનો ૧૮ મો અધ્યાય સંપુર્ણ. ॥૧૮॥

અધ્યાય. ૧૯ મો.—સૂત—અંહીયાં પરીક્ષીત રાજાને પોતાથી થઇ ગયેલા કામનો પશ્ચાતાપ થવા લાગ્યો કે, અરે અપરાધ વીનાના, અને ગુઢ તેજવાળા બ્રાહ્મણનું, અનાર્ય અને નીચ પુરૂસની પેઠે મેં ભુંડું કર્યું છે. ॥૧॥ મેં ઇશ્વરની અવજ્ઞા કરી છે. મારા ઉપર કોઇ મોટી આપત્તી અવશ્ય કરીને ટુંકા વખતમાંજ આવવી જોઇએ. મારા પાપના નીવારણ માટે, તેમ ભલે થાઓ. કે જેથી ફરીને હું તેવું કામ નકરૂં. ॥૨॥ કોપેલા બ્રાહ્મણના કુળ રૂપ અગ્ની, મારા રાજ્યને—મારા લશ્કરને—અને ધનથી ભરેલા ભંડારને પણ આજેજ બાલે બાળી નાંખે. કે જેથી ફરીવાર હું બ્રાહ્મણ—દેવ—અને ગાયોના ઉપર પાપ બુદ્ધી કરૂં નહીં. ॥૩॥ એ રીતે પરીતાપ

કરતા હતા. ત્યાંજ મુની પુત્રના કહેવા પ્રમાણે, પોતાનુ મૃત્યુ તક્ષક નામથી થવાનું સાંભળીને, એ તક્ષકના ઝેર રૂપી અગ્નીને, પોતે આશક્તી વાળાને તુર્તજ વૈરાગ્ય ઉત્પન્ન કરનાર માનીને, તેમણે એ સારૂં થયેલું માન્યું. ॥૪॥ પછી કૃષ્ણ ભગવાનના ચરણની શેવાનેજ અધીક પુરૂશાર્થ રૂપ માનનાર તે રાજા, આ લોક તથા પરલોકની ઇચ્છાને તજીને ભગવત સંબંધી વીચાર અને ભજન કરવા સારૂં ઉત્તમ શરણ રૂપ ગંગાજીને કીનારે જઇને બેઠા. ॥૫॥ જે ગંગાજી તુળશીની સાથે મીશ્ર થયેલી કૃષ્ણ ભગવાનના ચરણની રજથી થયેલા સર્વોત્તમ અને શોભીતા પાણીને વેહે છે. તથા લોક પાળો સહીત સર્વ લોકોને પાવન કરે છે. તેનુ સેવન, મરવાને તૈયાર એવો કયો પુરૂશ ન કરે. ? ॥૬॥ એ રીતનો નીશ્ચય કરીને પરીક્ષીત રાજાએ સર્વ સંગથી મુક્ત થઇને—મુનીવ્રત રાખી—તથા અનશનવ્રત (પ્રાયેઃ પવેશ, અથવા અન્ન જળ ન લેવાનો નીયમ) ધારણ કરીને,

ગંગાજીને કાંઠે બેશી, અનન્ય ભાવથી મુકુંદ ભગવાનના ચરણનું ધ્યાન કર્યું. ॥૭॥ ત્યારે ત્રણે લોકને પવીત્ર કરનારા મુનીઓ શીષ્યો સહીત તે સ્થળે આવ્યા. કારણ સત્પુરૂષો ઘણું કરીને તીર્થોમાં જવાના મીશથી પોતેજ તીર્થોને પાવન કરેછે. ॥૮॥ અત્રી-વસીષ્ટ-ચ્યવન- શરદ્વાન-અરીષ્ટનેમી- ભૃગુ-અંગીરા-પરાશર-વીશ્વામીત્ર પરશુરામ-ઉતથ્ય-ઇંદ્રપ્રમદ, ઇધ્મવાહ-મેધાતીથી-દેવળ, આર્ષ્ટીશેણ-ભારદ્વાજ-ગૌતમ-પીપ્પળાદ-મૈત્રેય-ઔર્વ-કવશ-અગસ્ત્ય-વેદવ્યાસ-અને ભગવાન નારદ તથા બીજા અરૂણાદી જુદા જુદા કુળોમાં ઉત્પન્ન થયેલા. રૂશીઓ, તથા દેવરૂશી અને રાજરૂશીઓ ત્યાં ભેગા થયા. તે સર્વનું પરીક્ષીત રાજાએ માથાવડે પ્રણામ કરીને પુજન કર્યું. ॥૯-૧૦-૧૧॥ પછી સુખથી બેઠેલા તેઓને ફરીથી પ્રણામ કરીને શુદ્ધ મનવાળા પરીક્ષીતે તેમની સામે હાથ જોડી ઉભા રહીને પોતાની ધારણા જણાવી આગ્રહ કરી કે. ॥૧૨॥ -પરીક્ષિત-હે અનુગ્રહ કરવાના સ્વભાવવાળા મહાત્માઓ, તમે મારા ઉપર અનુગ્રહ કરવાથી ક્ષત્રીઓમાં હું ધન્ય છું. કેમકે નીંદીત કર્મ કરનારાં રાજકુળો બ્રાહ્મણોએ પગ ધોઇને ફેંકી દીધેલા પાણીથી પણ દુર રહેવાને યોગ્ય છે. ॥૧૩॥ જેને વીશે આશક્તી થવા થકી પુરૂષને તુર્તજ સંસારરૂપી ભયની પ્રાપ્તી થાય છે. એવા ઘરને વીશે હમેશાં આશક્ત ચીત્તવાળો અને પાપી એવા મને, પર અને અવરના ઇશ (એટલે મહાભુતાદીક પ્રકૃતીઓના અને કાર્યરૂપે બનેલા પદાર્થાદીકના ઇશ્વર) ભગવાન, બ્રાહ્મણના શ્રાપના નીમીત્તથી નીર્વેદ એટલે વૈરાગ્ય થવાનું કારણ થયા છે. ॥૧૪॥ હે બ્રાહ્મણો, હું ભગવાનમાં ચીત્ત રાખીને ગંગાજીને અને તમારે શરણે આવ્યો છું. એમ જાણીને મારી પાસે બ્રાહ્મણનો મોકલેલો તક્ષક નાગ આવીને મને કરડે ત્યાં સુધી, વીશ્નુ ભગવાનની કથાઓ તમે ગાઓ. ॥૧૫॥ અને હવે પછી મારો જન્મ જ્યાં જ્યાં થાય ત્યાં સર્વત્ર, અનંત ભગવાનને વીશે પ્રીતી કરવાનો

मावोमुनिव्रतोमुक्तसमस्तसंगः ॥७॥ तत्रोपजग्मुर्भुवनंपुनानामहानुभावामुनयःसशिष्याः ॥ प्रायेणतीर्थाभिगमापदेशैःस्वयंहितीर्थानिपु
नंतिसंतः॥८॥ अत्रिर्वसिष्ठश्च्यवनःशरद्वानरिष्टनेमिर्भृगुरंगिराश्च॥ पराशरोगाधिसुतोऽथरामउतथ्यइंद्रप्रमदेध्मवाहौ ॥९॥ मेधातिथिर्देव
लआर्ष्टिषेणोभारद्वाजोगौतमःपिप्पलादः॥ मैत्रेयऔर्वःकवषःकुंभयोनिर्द्वैपायनोभगवान्नारदश्च ॥१०॥ अन्येचदेवर्षिब्रह्मर्षिवर्याराजर्षि
वर्याअरुणादयश्च ॥ नानार्षेयप्रवरान्समेतानभ्यर्च्यराजाशिरसाववंदे॥११॥ सुखोपविष्टेष्वथतेषुभूयःकृतप्रणामःस्वचिकीर्षितंयत्॥विज्ञाप
यामासविविक्तचेताउपस्थितोऽग्रेभिगृहीतपाणिः॥१२॥ राजोवाच अहोवयंधन्यतमानृपाणांमहत्तमानुग्रहणीयशीलाः॥राज्ञांकुलंब्राह्मणपा
दशौचाद्दूराद्विसृष्टंबतगर्ह्यकर्म॥१३॥ तस्यैवमेऽघस्यपरावरेशोव्यासक्तचित्तस्यगृहेष्वभीक्ष्णम् ॥ निर्वेदमूलोद्विजशापरूपोयत्रप्रसक्तो
भयमाशुधत्ते ॥१४॥ तंमोपयातंप्रतियंतुविप्रागंगाचदेवीधृतचित्तमीशे॥द्विजोपसृष्टःकुहकस्तक्षकोवादशत्वलंगायतविष्णुगाथाः॥१५॥पु
नश्चभूयाद्भगवत्यनंतेरतिःप्रसंगश्चतदाश्रयेषु॥महत्सुयांयामुपयामिसृष्टिंमैत्र्यस्तुसर्वत्रनमोद्विजेभ्यः॥१६॥इतिस्मराजाध्यवसाययुक्तःप्रा
चीनमूलेषुकुशेषुधीरः॥ उदङ्मुखोदक्षिणकूलआस्तेसमुद्रपत्न्याःस्वसुतन्यस्तभारः ॥१७॥ एवंचतस्मिन्नरदेवदेवेप्रायोपविष्टेदिविदेवसं
घाः॥प्रशस्यभूमौव्यकिरन्प्रसूनैर्मुदामुहुर्दुंदुभयश्चनेदुः ॥१८॥ महर्षयोवैसमुपागतायेप्रशस्यसाध्वित्यनुमोदमानाः॥ऊचुःप्रजानुग्रहशील
साराःयदुत्तमश्लोकगुणाभिरूपाः ॥१९॥ नवाइदंराजर्षिवर्यचित्रंभवत्सुकृष्णंसमनुव्रतेषु॥ येऽध्यासनंराजकिरीटजुष्टंसद्योजहुर्भगवत्पार्श्व
कामाः॥२०॥सर्वेवयंतावदिहास्महेऽथकलेवरंयावदसौविहाय॥लोकंपरंविरजस्कंविशोकंयास्यत्ययंभागवतप्रधानः॥२१॥आश्रुत्यतदृषि
गणवचःपरीक्षित्समंमधुच्युद्गुरुचाव्यलीकम् ॥आभाषतैनानभिनंद्ययुक्तान्शुश्रूषमाणश्चरितानिविष्णोः॥२२॥ समागताःसर्वतएवसर्वेवेदा
यथामूर्तिधराह्मिपृष्ठे॥नेहाथनामुत्रचकश्चनार्थऋतेपरानुग्रहमात्मशीलम् ॥२३॥ततश्चवःपृच्छ्यमिमंविपृच्छेविश्रभ्यविप्राइतिकृत्यतायाम् ॥
सर्वात्मनाम्रियमाणैश्चकृत्यंशुद्धंचतत्रामृशताभियुक्ताः॥२४॥ तत्राभवद्भगवान्व्यासपुत्रोयदृच्छयागामटमानोऽनपेक्षः॥अलक्ष्यलिंगोनिज

અને મહાત્મા ભગવદ ભક્તો સાથે મૈત્રી કરવાનોજ પ્રસંગ મને મળજો. ॥૧૬॥-સુત-આવા નીશ્ચયથી એ ધીરજવાન રાજા, રાજ્ય ભાર પુત્રના ઉપર નાંખીને ગંગાને દક્ષીણ કીનારે ઉગમણી દીશામાં અગ્ર ભાગ રાખીને પાથરેલા દર્ભ ઉપર ઉત્તરાદે મુખે બેઠા. ॥૧૭॥ એ રીતે અનશન વ્રત લેઇ પૃથ્વી ઉપર બેઠેલા રાજાના ઉપર રાજી થયેલા દેવતાઓએ વારંવાર વખાણ કરીને ફુલનો વરસાદ વરસાવ્યો. તથા દુંદભી વગાડયાં. ॥૧૮॥ અને ઉત્તમ શ્લોક ભગવાનના સરખાજ ગુણો તથારૂપવાળા અને લોકના ઉપર અનુગ્રહ કરવાનો સ્વભાવ એજ જેમનું બળ છે. એવા ત્યાં એકઠા થયેલા મહાન રૂશીઓએ પણ તેમાં સંમતી આપી અને સારૂં કર્યું એમ કહીને બોલ્યા કે. ॥૧૯॥ "હે મોટા રાજા, જેણે ભગવાનની સંનીધીની કામનાથી મહારાજાઓએ શેવેલી રાજગાદીને [illegible]માંજ છોડી દીધી છે. એવા ભગવાનના ભક્ત તમે આ રીતે કહો તેમાં કશી નવાઇ નથી. ॥૨૦॥ અને ભગવદ ભક્તોમાં મુખ્ય આપ આ શરીરને તજીને રજોગુણ તથા શોક રહીત પરમલોકને પામશો. ત્યાં સુધી અમે સર્વ અહીંયાંજ રહીશું." ॥૨૧॥ આ રીતનું રૂશીઓનું, સરખું-અર્થવડે ગુરૂ અને ગંભીર-અમૃત રૂપી મધુને ઝરતું-કપટ રહીત-અને યથાર્થ વચન, વીશ્નુ ભગવાનનાં ચરીત્રો સાંભળવાની ઇચ્છાવાળા પરીક્ષીતે સાંભળીને, તેમનાં વખાણ કરવા સાથે નમસ્કાર કરીને તે બોલ્યો કે. ॥૨૨॥ "આપ સર્વ, પૃથ્વી ઉપર મુર્તી ધારી વેદો સમાન એકઠા થયા છો. જેઓને બીજાઓના ઉપર અનુગ્રહ કરવાના સ્વભાવ સીવાય, બીજું કાંઇજ આ લોકને માટે અગર પરલોક માટે કરતવ્ય નથી. ॥૨૩॥ એટલા માટે હે બ્રાહ્મણો,હું વીશ્વાસ સહીત તમને પુછું છું કે, મરીજવાને તૈયાર એવા મનુષ્યોએ, સર્વ ભાવવડે કરીને કરવાનું શુદ્ધ કર્મ શું છે? અને તે કેવે પ્રકારે કરવાનું છે? તેનો તમે બધા એક મતથી વીચાર કરો." ॥૨૪॥ એટલામાં

જેનો વર્ણ અને આશ્રમ જણાતો નથી—આત્મ સ્વરૂપના લાભથી તૃપ્ત—સ્ત્રીઓ અને બાળકોથી વીંટાયલા—અવધુત વેશી એટલે વસ્ત્ર રહીત—અને અપેક્ષા વીનાના, ભગવાન વ્યાસના પુત્ર શુકદેવજી, પૃથ્વી ઉપર ફરતા ફરતા ત્યાં યદ્દરછાથી આવ્યા. ॥૨૫॥ સોળ વર્ષના જણાતા—હાથ, પગ, ઝાંઘ, ભુજા, ખભા, અને કપાળ એ અંગોથી સુકુમાર—પહોળી આંખ, ઉપડતું નાક, સરખા કાન, સુંદર ભમરોવાળું મુખ, અને સંખની પેઠે ત્રણ રેખાવાળા સુંદર ગળાથી શોભતા. ॥૨૬॥ માંસથી છાતીનાં હાડકાં અને હાંસડી પુરાઇ ગયેલા—ગોળ ડુંટીવાળા—સુંદર વલીઓ પડેલા પેટવાળા—દીશાઓ રૂપી વસ્ત્રવાળા—છુટા અને વાંકડા વાળવાળા—અને ગોઠણ સુધી લાંબા હાથવાળા એ શુકદેવની શામ મુરતી દેવના સરખી લાગતી હતી. અને સર્વકાળ સુંદર અવસ્થાવાળી શરીરની શોભાથી, તથા મધુર મધુર હસવાથી સ્ત્રીઓના મનને તે ગમતા હતા. એવા છુપા તેજવાળા તેમને તેમનાં લક્ષણોને જાણનારા મુનીઓએ ઓળખીને, સર્વેએ પોતાનાં આસનો ઉપરથી ઉઠી ઉભા થઇને સામા જઇ માન આપ્યું. ॥૨૭–૨૮॥ અને પુજનના પદાર્થોવડે તેમનું પુજન પરીક્ષીતે માથું નમાવીને કર્યું. એટલે તે મોટા આસન ઉપર બેઠા. પછી અજ્ઞાની બાળકો અને સ્ત્રીઓ ત્યાંથી જતાં રહ્યાં. ॥૨૯॥ અને બ્રહ્મરૂશી—દેવરૂશી—અને રાજરૂશીઓના સમુદાયથી વીંટાયલા તે મહાત્મા શુકદેવ; ગ્રહ—નક્ષત્ર—અને તારાથી વીંટાયલા ચંદ્રની પેઠે શોભવા લાગ્યા. ॥૩૦॥ શાંત—બેઠેલા—અને અકુંઠીત મતીવાળા શુકદેવને, ભાગવદ ભક્ત પરીક્ષીતે હાથ જોડી—માથું નમાવી પ્રણામ કરી—પાસે જઇને સાવધાનપણે, સાચા મનથી પુછ્યું કે. ॥૩૧॥ "હે બ્રાહ્મણ, અતીથી રૂપે પધારીને આપે અમને પવીત્ર કરયા. તેથી અમે નીચ ક્ષત્રી છતાં, આજે, સત્પુરૂશોએ સેવવા યોગ્ય થયા છીએ. ॥૩૨॥ જેના સ્મરણથીજ માણસોનાં ઘરો પવીત્ર થાય છે. ત્યારે દર્શન—સ્પર્શ—આ-

लक्[illegible]लिर्वालैर्वधूतवेषः ॥२५॥ [illegible]सुकुमारपादकरोरुबा[illegible]सकपोलगात्रं ॥ चार्वायताक्षो[illegible]सतुल्यकर्णसुभ्र्वाननंकंबुसुजात कंठम् ॥२६॥निगूढजत्रु[illegible]थुतुंगवक्षसमावर्त्तनाभिंवलिवल्गूदरंच ॥ दिगंबरंवक्त्रविकीर्णके[illegible]प्रलंबबा[illegible]स्वमरोत्तमाभं॥२७॥ श्यामंसदाऽपीच्यवयोंऽगलक्ष्म्यास्त्रीणांमनो[illegible]रुचिरस्मितेन॥ प्रत्युत्थितास्तेमुनयःस्वासनेभ्यस्तल्लक्षणज्ञाअपिगूढवर्चसम्॥२८॥सविष्णुरातोतिथय आगतायतस्मैसपर्यां[illegible] ॥ ततोनिवृत्ताह्यबुधाःस्त्रियोर्भकाम[illegible]सनेसोपविवेशपूजितः ॥२९॥ ससंवृतस्तत्रम[illegible]यसांब्रह्मर्षिराजर्षिदेवर्षिसंघैः॥व्यरोचतालंभगवान्यथेंदुर्ग्रहर्क्षतारानिकरैःपरीतः ॥३०॥ प्रशांतमासीनमकुंठमेधसंमुनिंनृपोभागवतोऽभ्युपेत्य॥प्रणम्यमूर्ध्नाऽवहितःकृतांजलिर्नत्वागिरासूनृतयान्वपृच्छत्॥३१॥अहोअद्यवयंब्रह्मन्सत्सेव्याःक्षत्रबंधवः ॥ कृपयाऽतिथिरूपेणभवद्भिस्तीर्थकाःकृताः॥३२॥[illegible]सांसद्यःशुद्ध्यंतिवैगृहाः ॥ किंपुनर्दर्शनस्पर्शपादशौचासनादिभिः॥३३॥ सान्निध्यात्तेमहायोगिन्पातकानि महांत्यपि॥सद्योनश्यांतिवैपुं[illegible]विष्णोरिव[illegible]तर[illegible] ॥३४॥ अपिमेभगवान्प्रीतःकृष्णःप[illegible]तप्रि[illegible]पैतृष्वस्रेयप्रीत्यर्थं[illegible]त्तबांधवः ॥३५॥ अन्यथातेऽव्यक्तग[illegible]कथंनृणां॥ नितरां[illegible]यमाणानांसंसिद्धस्यवनीयसः॥३६॥ अतः[illegible]च्छामिसंसिद्धिंयोगिनांपरमंगुरुं॥पुरुषस्येहयत्कार्यंम्रियमाणस्य[illegible] ॥३७॥ यच्छ्रोतव्यमथोजाप्यंयत्कर्तव्यंनृभिःप्रभो॥स्मर्तव्यंभजनीयंवाब्रूहियद्वाविपर्ययं॥३८॥ नूनंभगवतोब्रह्मन्गृहेषुगृहमेधिनां ॥ नलक्ष्यतेह्यवस्थानमपिगोदोहनंक्वचित्॥३९॥ सूतउवाच एवमाभाषितःपृष्टः[illegible]श्लक्ष्णयागिरा ॥ प्रत्यभाषतधर्मज्ञोभगवान्बादरायणिः॥४०॥ इतिश्रीभा०म०अष्टादशसा[illegible]यांपारमहं[illegible]हितायांप्रथमस्कंधे[illegible]कोनविंशोऽध्यायः ॥ १९ ॥ समाप्तोयंप्रथमस्कंधः ॥ १ ॥ श्रीकृष्णार्पणमस्तु ॥

સન—અને પગ ધોઇને આચમન લેવા આદીથી થાય તેમાં તો કહેવુંજ શું? ॥૩૩॥ હે મોટા યોગી વીશ્નુની સન્નીધીથી જેમ દૈત્યો નાશ પામે છે. તેમજ આપની સન્નીધીથી મોટાં પાપો નાશ પામે છે. ॥૩૪॥ પાંડવો જેને પ્રીય છે, એવા ભગવાનેજ મારા ઉપર કૃપા કરી છે. અને પોતાના ફોઇના દીકરાઓનું પ્રીય કરવા સારૂં તેઓના પૌત્ર (હું)નું પણ બંધુ કાર્ય કર્યું છે. ॥૩૫॥ જો ભગવાનની કૃપા મારા ઉપર નહોત તો. તમે સીદ્ધ થયેલા—વનમાં રેહેનારા—અવ્યક્ત ગતીવાળા—અને બીજા પુરૂશોને જેનાં દર્શન થતાં નથી, એવા આપનાં દર્શન છેક મરવાને ટાણે મને કયાંથી થાય? ॥૩૬॥ માટે યોગીઓના પરમગુરૂ એવા આપને હું પુછુંછું કે, "આ લોકમાં મરી જવાને તૈયાર એવા પુરૂશે, પોતાની સીદ્ધીને અર્થે સર્વથા કયું કાર્ય કરવાનું છે. એટલે જે કાંઇ કરવાનું—સાંભળવાનું—સ્મરણ કરવાનું—જપ કરવાનું—કે ભજન કરવાનું, એ વીગેરે મનુષ્યોએ જે જે કરવાનું હોય, અથવા વર્જ્ય કરવાનું, (એટલે જે જે કરવાને વારેલું) હોય, તે સર્વ; સમર્થ એવા આપ મને કહો. ॥૩૭–૩૮॥ ભગવાન એવા આપની સ્થીતી ગૃહસ્થીઓના ઘરોમાં ગાય દોહોવાય એટલીવાર પણ ક્વચીતજ જોવામાં આવે છે." ॥૩૯॥ પરીક્ષીત રાજાએ જ્યારે મધુર વાણીથી આ રીતનું પ્રશ્ન પુછ્યું.ત્યારે ધર્મને જાણનારા, વેદવ્યાસના પુત્ર ભગવાન શુકદેવે તેમને પ્રતીઉત્તર આપ્યો. (તે બીજા સ્કંધમાં કહેવાશે.) ॥૪૦॥ ઇતી શ્રીમદ ભા૦ પ્ર૦ સ્કંધે ઓગણીસમો અધ્યાય સંપુર્ણ. ॥૧૯॥ ઇતી પ્રથમ સ્કંધ સમાપ્ત. ॥૧॥

તા. ૬ ઠી એપ્રીલ સને ૧૮૯૮ સંવત ૧૯૫૪ ના ચૈત્ર સુદી ૧૫ ને વાર મંગળ. બે વાગે. મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં હરીકસનદાસ શેઠની પોળમાં ઘર નંબર. ૫૨૩. કર્તા મહામુની કૃષ્ણ. ગુજરાતીમાં ભગવત પ્રેરીત લખનાર દાસાનુદાસ ગીરધરલાલ અમરતલાલ વ્યાસ.—શ્રીકૃષ્ણાર્પણ મસ્તુ. ॥—

॥ इति श्रीमद्भागवते प्रथमस्कंधः समाप्यते ॥

॥ अथ श्रीमद्भागवते द्वितीयस्कंध प्रारभ्यते ॥

સ્કંધ ૨ જો—"શ્રીકૃષ્ણ પરમાત્મા જગદ્‌ગુરૂવે નમઃ ।।" અધ્યાય ૧ લો.—શ્રીશુક—હે રાજા તમે કરેલા આ પ્રશ્ન, આત્મજ્ઞાનીઓએ સ્વીકારેલા, લોકોને કલ્યાણકારી, તથા શ્રવણાદીક વીશયોમાં શ્રેષ્ટ હોવાથી અતી ઉત્તમ છે. ॥ ૧ ॥ હે રાજાધીરાજ, આત્મ તત્વને નહીં જાણનારા, અને ઘરમાં રહેલા ગૃહસ્થાશ્રમીઓનું આયુષ્ય રાત્રીને વીશે, ઉંઘ અગર સ્રીસંગમાં જતું રહે છે. અને દીવસનો વખત ધન મેળવવાના ઉદ્યોગમાં હીંવા કુટુંબનું ભરણપોષણ કરવામાં વહી જાય છે. અને મનુષ્યોએ શ્રવણાદીક કરવાનાં તો હજારો છે. ॥ ૨–૩ ॥ દેહ—સંતાન—અને સ્રી આદી પોતાનો પરીવાર અસત્ હોઇને તેમનો નાશ થતાં પોતે દેખેછે. તો પણ તેઓને વીશે આશક્તીવાળો તે ચેતતો નથી. ॥ ૪ ॥ એટલા માટે હે ભારત, અભય એટલે મોક્ષને ઇચ્છનારાએ, સર્વના આત્મા અને ઇશ્વર હરી ભગવાનના ગુણો—કર્મો—અને નામોનું, શ્રવણ, કીર્તન, અને સ્મરણજ કરવું જોઇએ. ॥ ૪ ॥ અંતકાળે નારાયણ ભગવાનનું સ્મરણ આવવું, એટલુંજ પુરૂશે સ્વધર્મમાં નીષ્ટા રાખવાનું—સાંખ્યનું—અને પોતાને મોટામાં મોટુ ફળ જન્મ પામી મેળવવાનું છે. ॥ ૬ ॥ હે રાજા વીધી અને નીશેધથકી નીવૃત્તી પામેલા અને નીર્ગુણમાં આસ્થાવાળા મુનીઓ પણ ઘણું કરીને હરી ભગવાનના ગુણોનું કીર્તન કરવામાં આનંદ માનેછે. ॥ ૭ ॥ આ વેદે સ્વીકારેલું ભાગવત નામનું પુરાણ દ્વાપરયુગના આરંભમાં પીતાજી વેદવ્યાસ પાસેથી હું ભણ્યોછું. ॥ ૮ ॥ હે રાજરૂશી હું નીર્ગુણ બ્રહ્મમાં સ્થીતીવાળો હોવા છતાં ઉત્તમ શ્લોક ભગવાનની લીલાઓને વીશે મારૂં મન ખેંચાવાથી આ આખ્યાન ભણ્યો છું. અને તું ભગવાનનો ભક્ત છે. માટે શ્રદ્ધા રાખવાથી મુકુંદ ભગવાનને વીશે મતી થાય એવું એ ભાગવત હું તને કહીશ. ॥ ૯–૧૦ ॥ હે રાજા હરીભગવાનનાં નામોનું કીર્તન કરવું. એજ મોક્ષને ઇચ્છનારા વૈરાગ્ય પામેલાઓને તથા યોગીઓને પણ ઇચ્છીત ફળ આપનારૂં છે. એવો નીર્ણય થયેલો છે. ॥ ૧૧ ॥ અહીંયાં નહીં સમજતા ગાફળ માણસને ઘણાં વરસો થકી પણ શું લાભ છે. પણ જેથી કલ્યાણને માટે યત્ન કરી શકાય

नमोभगवतेवासुदेवाय श्रीशुकउवाच वरीयानेषतेप्रश्नःकृतोलोकहितंनृप॥ आत्मवित्संमतःपुंसांश्रोतव्यादिषुयःपरः॥१॥ श्रोतव्यादि निराजेंद्रनृणांसंतिस[illegible]स्रशः ॥ अपश्यतामात्मतत्त्वंगृहेषुगृहमेधिनां॥२॥ निद्रया[illegible]ायेनचवावयः ॥ दिवाचार्थे[illegible]याराजन्कुटुंबभरणेनवा॥३॥देहापत्यकलत्रादिष्वात्मसैन्येष्वसत्स्वपि ॥[illegible]त्तानिधनंपश्यन्नपिनपश्यति ॥४॥ तस्माद्भारतसर्वात्माभगवान्हरिरीश्वरः॥श्रोतव्यःकीर्तितव्यश्च[illegible]श्चेच्छताऽभयं॥५॥ एतावान्सांख्ययोगाभ्यांस्वधर्मपरिनिष्ठया ॥जन्मलाभःपरःपुंसामंतेनारायणस्मृतिः॥६॥[illegible]जन्निवृत्ताविधिषेधतः ॥नैर्गुण्यस्थारमंतेस्मगुणानुकथनेहरेः॥७॥इदंभागवतंनामपुराणंब्रह्मसंमितं॥ अधीतवान्द्वापरादौपितुर्द्वैपायनादहं ॥८॥ परिनिष्ठितोपिनैर्गुण्येउत्तमश्लोकलीलया॥गृ[illegible]तचेताराजर्षेआख्यानंयदधीतवान् ॥९॥ तदहंतेऽभिधास्यामिम[illegible]पौरुषिकोभवान्॥यस्यश्रद्दधतामाशुस्यान्मुकुंदेमतिःसती॥१०॥ [illegible]तन्निर्विद्यमानानामिच्छतामकुतोभयं ॥ योगिनांनृपनिर्णीतंहरेर्नामानुकीर्तनं॥११॥[illegible]भिःपरोक्षैर्हायनैरिह॥वरंमुहूर्तंविदितंघटेतश्रेयसेयतः॥१२॥खट्वांगोनामराजर्षिर्ज्ञात्वेयत्तामिहायुषः ॥मुहूर्ता[illegible]भयंहरिं ॥१३॥तवाप्येतर्हिकौरव्यसप्ताहंजीवितावधिः॥उपकल्पयतत्सर्वंतावद्यत्सांपरायिकं ॥१४॥ अंतकालेतुपुरुषआगतेगतसाध्वसः॥छिंद्यादसंग[illegible]देहेऽनुयेचतं १५गृहात्प्रव्रजितोधीरःपुण्यती[illegible]प्लुतः॥शुचौविविक्तआसीनोविधिवत्कल्पितासने॥१६॥ अभ्यसेन्मनसाशुद्धंत्रिवृद्ब्रह्माक्षरंपरं॥ मनोयच्छेज्जितश्वासोब्रह्मबीजमविस्मरन् ॥१७॥ नियच्छेद्विषयेभ्योऽक्षान्मनसाबुद्धिसारथिः॥मनःकर्मभिराक्षिप्तंशुभार्थेधारयेद्धिया ॥१८॥ तत्रैकावयवंध्यायेदव्युच्छिन्नेनचेतसा॥मनोनिर्विषयंयुक्त्वाततःकिंचननस्मरेत् ॥पदंतत्परमंविष्णोर्मनोयत्रप्रसीदति॥१९॥ रजस्तमोभ्यामाक्षिप्तंविमूढंमनआत्मनः॥यच्छेद्धारणयाधीरोहंतियातत्कृतंमलं॥२०॥ यतःसंधार्यमाणायांयोगिनोभक्तिलक्षणः॥ आशुसंपद्यतेयोगआश्रयंभद्रमीक्षतः॥२१॥ राजोवाच यथासंधार्यतेब्रह्मन्धारणायत्रसंमता ॥

એવો સમજ્યા પછીનો એક મુહુર્ત એટલે બેઘડી પણ અતી ઉત્તમ કહેવાય છે. ॥૧૨॥ કેમકે ખટવાંગ નામનો રાજા આ લોકમાં પોતાના આયુષ્યની વાર્તા જાણ્યા પછી એક મુહુર્તમાંજ સર્વનો ત્યાગ કરીને હરી ભગવાનના અભય એટલે મોક્ષપદને પામ્યો હતો. ॥૧૩॥ માટે હે પરીક્ષીત તારે જીવવાની અવધ હવે સાત દીવસની છે. તેટલામાંજ પરલોકનું સર્વ સાધન તું પણ સંપાદન કરી લે. ॥૧૪॥ જ્યારે અંતકાળ પાસે આવે, ત્યારે પુરૂશે ભય રહીત થઇને દેહ અને તેની પાછળ લાગેલાં સ્રીપુત્રાદીકને વીશેની સ્પૃહાને અસંગ એટલે વૈરાગ્ય શસ્રથી કાપી નાંખવી જોઇએ. ॥૧૫॥ પછી તે ધીર પુરૂશે ઘરમાંથી નીકળીને પવીત્ર તીર્થમાં નાહી, શુદ્ધ અને એકાંત જગાએ, યોગ્ય આસનની કલ્પના કરીને ત્યાં જઇને બેસવું. ॥૧૬॥ અને ત્યાં અ–ઉ–મ, એ ત્રણ માત્રાવાળા ઓંકારનો જપ કરવો. તથા એ પ્રણવ એટલે ઓંકારને નહીં વીસારતાં પ્રાણાયામથી મનનો નીરોધ કરવો ॥૧૭॥ તથા ઇંદ્રીયોને પાછીવાળીને બુદ્ધીની સહાયથી તેમનો મનને વીશે નીગ્રહ કરવો. અને કર્મવાસનાઓથી ખેંચાયલા મનને પણ બુદ્ધીવડેજ ભગવાનના સ્વરૂપને વીશે ધારણ કરવું. ॥૧૮॥ અને ભગવાનના સ્વરૂપના એક એક અવયવનું અને તે પછી આખા સ્વરૂપનું મનવડેજ ધ્યાન કરવું. એ રીતે મનને નીર્વીશય કરીને પછી કશાનુંજ સ્મરણ કરવું નહીં. જે સ્વરૂપને વીશે મન પ્રસન્ન થાય છે. તેજ પરમ પુરૂશ વીશ્નુનું પદ એટલે પરમાર્થ સ્વરૂપ છે. ॥૧૯॥ ધીર પુરૂશે રજો ગુણ અને તમો ગુણથી ખેંચાઇ ગયેલા પોતાના મનને, એ રીતે ધારણા કરીને વશ કરવું. કે જેથી એ રજો ગુણ અને તમો ગુણરૂપી મેળ નાશ પામી જાય છે. ॥૨૦॥ કલ્યાણને ઇચ્છનારા યોગીનો ભક્તીના લક્ષણવાળો યોગ એવી ધારણાની વૃતી થકી થોડા વખતમાંજ સીદ્ધ થાય છે. ॥૨૧॥ —પરીક્ષિત—હે બ્રાહ્મણ ચીત્તની ધારણા કેવા પ્રકારની કોના સરખી અને કોના વીશે કરવી? કે જે થકી પુરૂશના મનના મેળોને તે ટાળી નાંખેછે. ॥૨૨॥ —શ્રીશુક—આસન—શ્વાસ—સંગ—અને ઇંદ્રીયો એમને જીતીને બુદ્ધીવડે ભગવાનના સ્થુળરૂપ એટલે વૈરાટ સ્વરૂપને વીશેજ મનની

ધારણા કરી. ॥૨૩॥ મહાપુરૂષ ભગવાનનો વીરાટ દેહ, એ સ્થુળમાં સ્થુળ એટલે મોટામાં મોટું સ્વરૂપ છે. જેમાં; થયેલું, થવાનું–અને હાલ થાય છે તે, એ રીતે સઘળું વીશ્વ રહેલું દેખાય છે. ॥૨૪॥ એવું પૃથ્વી–જળ–વાયુ–આકાશ–અહંકાર–અને મહતત્વ એ રીતનાં પ્રકૃતીનાં સાત આવરણોવાળું મહાપુરૂષ ભગવાનનું વૈરાટ અથવા બ્રહ્માંડરૂપ શરીર, એ ધારણાનો વીષય છે. ॥૨૫॥ તે સ્વરૂપના ચરણના મુળમાં પાતાળ, પાની અને પ્રપદને વીશે રસાતળ–ઘુંટીને વીશે મહાતળ–અને જંઘાને વીશે તળાતળ તથા અતળ હોવાનું કહેવાય છે. ॥૨૬॥ એ વીશ્વ સ્વરૂપના બે ગુંઠણોમાં સુતળ–સાથળમાં વીતળ અને અતળ છે. તથા મહાતળ એટલે પૃથ્વીને તેની નાભીની નીચેના પ્રદેશમાં હોવાનું, તેમજ તેની નાભીરૂપ તળાવને ઠેકાણે આકાશ હોવાનું કહેવાય છે. ॥૨૭॥ તેના ઉરસ્થળ એટલે છાતીમાં સ્વર્ગ લોક, ડોકમાં મહર્લોક, મુખમાં જનલોક, કપાળમાં તપલોક, અને હજારો માથાંવાળા તે આદી પુરૂષના માથામાં સત્ય લોક હોવાનું કહેછે. ॥૨૮॥ ઇંદ્ર આદી દેવતાઓ તેની ભુજાઓ છે. દીશાઓ કાનનાં ગોલક છે. અને શબ્દ એ કર્ણ ઇંદ્રીય. છે તે મહાપુરૂષની નાશીકા અશ્વીની કુમાર અને ઘ્રાણ ઇંદ્રીય ગંધ છે. અને પ્રજ્વલીત અગ્ની એ તેનું મુખ છે. ॥૨૯॥ અંતરીક્ષ તે આંખો છે. ને સુર્ય તે ચક્ષુ ઇંદ્રીય છે. રાત્રી દીવસ એ ભગવાનની પાપણો છે. અને એ ભગવાનની ભમર હલવાને ઠેકાણે બ્રહ્માનું સ્થાન છે. તેનું તાળવું તે જળ છે. અને રસ એ તેની જીભ છે. ॥૩૦॥ વેદ એ મહાપુરૂષનુ બ્રહ્મરંધ્ર છે. યમ તેની દાઢો છે. સ્નેહ તેના દાંત છે. મનુષ્યોને મોહ ઉપજાવનારી માયાએ તેનું હસવું છે. અને અપાર સૃષ્ટી એ તેનો કટાક્ષ છે. ॥૩૧॥ લાજ એ તેનો ઉપલો હોઠ છે. લોભ એ નીચેનો હોઠ છે. ધર્મ તેના સ્તન છે. અધર્મ તેનો વાંસો છે. પ્રજાપતી તેની મેઢ્ર ઇંદ્રી છે. મીત્રાવરૂણ તેના વૃષણ છે. સમુદ્ર તેનું પેટ છે. અને

यादृशीवाहरेदाशुपुरुषस्यमनोमलं॥२२॥ श्रीशुकउवाच जितासनोजितश्वासोजितसंगोजितेंद्रियः॥ स्थूलेभगवतोरूपेमनःसंधारयेद्धिया ॥२३॥ [illegible]स्यदेहोऽयंस्थविष्ठश्वस्थवीयसां॥यत्रेदंदृश्यतेविश्वंभूतंभव्यंभवच्चसत् ॥२४॥आंडकोशेशरीरेस्मिन्सप्तावरणसंयुते ॥ वैराजःपुरुषोयोऽसौभगवान्धारणाश्रयः॥२५॥पातालमेतस्यहिपादमू[illegible]तिपार्ष्णिप्रपदेरसातलं॥महातलंविश्वसृजाथगु[illegible]तलातलंवैपुरु[illegible]घे॥२६॥ द्वेजानुनीसुतलंविश्वमूर्तेरूरुद्वयंवितलंचातलंच॥ महीतलंतज्जघनंमहीपतेनभस्तलंनाभिसरोगृणंति ॥२७॥ उरस्थलंज्योतिरनीकमस्यग्रीवामहर्वदनंवैजनोऽस्य ॥ तपोरराटींविदुरादिपुंसःसत्यंतुशीर्षाणिसहस्रशीर्ष्णः ॥२८॥ इंद्रादयोबाहवआहुरुस्राःकर्णौदिशःश्रोत्रम[illegible]स्यशब्दः॥ नासत्यद[illegible]स्यनासेघ्राणोऽस्यगंधोमुखमग्निरिद्धः॥२९॥ द्यौरक्षिणीचक्षुरभूत्पतंगःपक्ष्माणिविष्णोरहनीउभेचा॥तद्भ्रूविजृंभः[illegible]धिष्ण्यमापोऽस्यतालूरसएवजिह्वा ॥३०॥छंदांस्यनंतस्यशिरोगृणंतिदंष्ट्रायमःस्नेहकलाद्विजानि॥ हासोजनोन्मादकरीचमायादुरंतसर्गोयदपांगमोक्षः ॥३१॥ व्रीडोत्तरोष्ठोऽधरएवलोभोधर्मःस्तनोऽधर्मपथोऽस्यपृष्ठः॥कस्तस्यमेढ्रं[illegible]षणौचमित्रौकुक्षिःसमुद्रागिरयोऽस्थिसंघाः॥३२॥ नद्योऽ[illegible]यनाड्योथतनूरुहाणिमहीरुहाविश्वतनोर्नृपेंद्र॥अनंतवीर्यःश्वसितमातरिश्वागतिर्वयःकर्मगुणप्रवाहः३३ ईशस्यकेशान्विदुरंबुवाहान्वासस्तुसंध्यांकुरुवर्यभूम्नः ॥ अव्यक्तमाहु[illegible]श्चसचंद्रमाःसर्वविकारकोशः॥३४॥विज्ञानशक्तिंमहिमामनं[illegible]त्मनोऽतःकरणंगिरित्रम ॥अश्वाश्वतर्युष्ट्रगजानखानिसर्वेमृगाःपशवःश्रोणिदेशे ॥३५॥ वयांसितद्व्याकरणंविचित्रंमनुर्मनीषामनुजोनिवासः॥गंधर्वविद्याधरचारणाप्सरः[illegible]तीरसुरानीकवीर्यः ॥३६॥ ब्रह्माननंक्षत्रभुजोमहात्माविडूरुरंघ्रिश्रित[illegible]ष्णवर्णः ॥ नानाभिधाभी[illegible]गणोपपन्नोद्रव्यात्मकःकर्मवितानयोगः॥३७॥ [illegible]यानसावाश्वरविग्र[illegible]स्ययःसन्निवेशःकथितोमयाते॥ संधार्यतेऽस्मिन्वपुषिस्थविष्ठेमनः[illegible]बुध्या[illegible]स्तिकिंचित् ॥३८॥ ससर्वधीवृत्त्यनुभूतसर्वआत्मायथास्वप्नजनेक्षितैकः॥ तंसत्यमानंदनिधिंभजेतनान्यत्रसज्जेद्यत आत्मपातः ॥३९॥ इतिश्रीभागवतेमहापुराणेद्वितीयस्कंधेमहापुरुषसंस्थानुवर्णनेप्रथमोऽध्यायः॥१॥ श्रीशुकउवाच एवंपुराधारणयात्म

પર્વતો તેનાં હાડકાં છે. ॥૩૨॥ હે રાજા નદીઓ એ તેની નાડીઓ છે. વૃક્ષો તેનાં રૂવાડાં છે. અનંત પરાક્રમવાળો વાયુ તેનો શ્વાસ છે. કાળ તેની ગતી છે. અને ગુણોનો પ્રવાહ એટલે જન્મ મરણરૂપ સંસાર તેની ક્રીડા છે. ॥૩૩॥ હે કુરૂ શ્રેષ્ઠ મેઘ તેના વાળ છે. સંધ્યાકાળ તેનું વસ્ત્ર છે. પ્રધાન તેનું હૃદય છે. અને ચંદ્રમા સર્વે વીકારના સ્થાનરૂપ તેનું મન છે. ॥૩૪॥ વીજ્ઞાન શક્તી તેનો મહીમા છે. રૂદ્ર એ સર્વાત્માનું અંતઃકરણ છે. ઘોડા–ખચર–ઉંટ અને હાથી એ તેના નખ છે. અને સર્વે મૃગો તથા પશુઓ તેની કેડનો પાછલો ભાગ છે ॥૩૫॥ પક્ષીઓ તેની વીચીત્ર કારીગીરીની કુશળતા છે. મનુ એ તેની બુદ્ધી છે. માણસો તેનું નીવાસ સ્થાન છે. ગાંધર્વ–વીદ્યાધર–ચારણ–અને અપ્સરાઓ એ તેનો સ્વર કહેવાય છે. અને અસુરો તેની સ્મૃતી છે. ॥૩૬॥ બ્રાહ્મણો તેનું મુખ છે. ક્ષત્રીઓ ભુજા, વૈશ્ય સાથળ, તથા કાળા રંગના શુદ્રો એ તેના પગ છે, અને જુદા જુદા નામો વાળા દેવતાઓના ગણો સહીત દ્રવ્યાત્મક યજ્ઞ ક્રીયાઓ તે વીરાટ પુરૂષ ભગવાનનું આવશ્યક કર્મ છે. ॥૩૭॥ એ રીતના એ મહા પુરૂષ ભગવાનના અવયવાદીક જે મેં કહ્યા છે તે તો ફક્ત કહેવા માત્ર અને કલ્પીત છે પણ એ વીરાટ પુરૂષ વીનાનું કાંઇજ નથી. (એટલે તે સ્વરૂપની બહાર કશું પણ છેજ નહીં.) એવી રીતની એ મોટામાં મોટા મહા પુરૂષ ભગવાનના વીરાટ સ્વરૂપની ધારણા, મન અને બુદ્ધી વડે કરવી જોઇએ. ॥૩૮॥ એટલા માટે સ્વપ્નની ત્રણે અવસ્થાઓના એકજ દૃષ્ટાની પેઠે, સર્વ પ્રાણીઆદીની બુદ્ધીની વૃત્તીઓથી સાક્ષી રૂપે જોનાર–આત્મા–સત્ય–અને આનંદના સમુદ્ર રૂપ એ અંતર્યામી ભગવાનનેજ ભજો. કે જેથી દ્વૈતને સાચું માનવાપણું થઇને, બીજામાં આશક્તી થવા વડે થતો, આત્મ પાત (સંસારમાં પડવાનું) થવા પામે નહીં. ॥૩૯॥ ઇત્તી શ્રી૦ ભા૦ બી૦ સ્કંધનો ૧ લો અ. સં ॥૧॥

અધ્યાય ૨ જો. પુર્વે બ્રહ્માએ એ ધારણા વડેજ ભગવાનને પ્રસન્ન કરીને પોતાની, પ્રલય વખતે નાશ પામી ગયેલી સ્મૃતીને પાછી મેળવી હતી, અને પછીથી એ અમોઘ દ્રષ્ટી વાળા બ્રહ્માએ એ નીશ્ચયાત્મક બુદ્ધીથી પ્રથમના સરખીજ વીશ્વની રચના કરી હતી. ॥૧॥ જેઓ શબ્દ બ્રહ્મ એટલે વેદમાં જણાવેલાં અર્થ વીનાનાં સ્વર્ગાદીક નામોનું ધ્યાન કરે છે, તેઓ સ્વપ્નમાં વાસના થકી દેખાતા પદાર્થાદીકની પેઠે તે તે માયામય અર્થોને (એટલે સ્વર્ગાદીકને) નહીં દેખતાં અહીંયાં સંસારના માર્ગમાંજ ભટક્યા કરે છે. ॥૨॥ એટલા માટે વીદ્વાન પુરૂષો, જેટલા થકી માત્ર પ્રાણ રેહે છે, તેટલાજ પદાર્થાદીક મેળવવા સારૂં નીશ્ચય વાળી બુદ્ધીથી અને આળસ તજીને યત્ન કરે છે. તથા તેવા પદાર્થો પણ જે જે બીજી રીતે તૈયારજ મળી આવવા જેવું હોય, તેમને મેળવવાની ઇચ્છાથી તેઓ પરીશ્રમ એટલે યત્ન કરતાજ નથી. ॥૩॥ (સુવાને માટે) પૃથ્વી તૈયાર મળે છે. તો પથારીને સારૂં પ્રયાસ શા માટે કરવો, (માથા નીચે મુકવાને) પોતાના હાથ તૈયાર છે. તો પછી ઓશીકાનું શું પ્રયોજન છે. (અન્નાદીક લેવાને) પોતાનો ખોબો તૈયાર છે. તો અનેક વાસણોનું શું કામ છે, અને (શરીર ઢાંકવાને) દીશાઓ તથા વલ્કલાદી તૈયાર છે. તો સુતરઆદીનાં વસ્ત્રોનું શું કામ છે. ॥૪॥ માર્ગમાં શું ચીથરાં પડ્યાં નથી ? બીજાઓનું પોશણ કરનાર ઝાડો શું ભીક્ષા નથી આપતાં ? નદીઓ શું સુકાઇ ગઇ છે ? અને ગુફાઓ રોકાઇ ગઇ છે ? તેમજ શરણાંગતનું રક્ષણ અજીત ભગવાન શું નથી કરતા ? કે ધનના દુષ્ટ મદથી આંધળા થયેલા શ્રીમંતોની ઉપાસના, તે સર્વને માટે વીદ્વાનોને કરવી પડે છે? ॥૫॥ એટલા માટે સ્વતઃસીદ્ધ–આત્મા–સર્વ અર્થો થકી પ્રીય–અનંત–અને સંસારના હેતુ રૂપ અજ્ઞાનથી બનેલાં લીંગ શરીરો જેને વીશે લય પામે છે એવા, ભગવાનના એ સુક્ષ્મ સ્વરૂપનો નીશ્ચય કરીને ભગવાનને ભજે. અને તેમને વીશેજ પોતાના મનને સ્થીર કરો. ॥૬॥ વૈતરણીમાં એટલે સંસારમાં પડીને પોતાનાં કર્મો થકી ઉત્પન્ન થતા પરીતાપોને ભોગવનારા લોકોને દેખવા છતાં, એ પરમાત્માનું ચીંતવન કરવાનો અનાદર કરીને,

योनिर्नष्टां[illegible]तिंप्र[illegible]तुष्टात् ॥ तथाससर्जेदममोघदृष्टिर्यथाऽप्ययात्प्राग्व्यवसायबुद्धिः॥१॥ शाब्दस्यहिब्रह्मणएषपंथायन्ना[illegible]मिर्ध्यायतिधीरपार्थैः॥ परिभ्रमंस्तत्रनविंदतेऽर्थान्मायामयेवासनयाशयानः॥२॥ अतःकविर्नामसुयावदर्थःस्यादप्रमत्तोव्यवसायबुद्धिः॥ सिद्धेऽन्यथाऽर्थेनयतेततत्रपरिश्रमंतत्रसमीक्षमाणः॥३॥ सत्यांक्षितौकिंकशिपोःप्रयासैर्बाहौस्वसि[illegible]ह्युपबर्हणैःकिम् ॥ सत्यंजलौकिंपुरुधाऽन्नपात्र्यादि[illegible]सति[illegible]दुकूलैः॥४॥ चीराणिकिंपथिनसंतिदिशंतिभिक्षांनैवांघ्रिपाःपरभृतःसरितोऽप्यशुष्यन्॥ रुद्धागुहाःकिमजितोऽवतिनोपसन्नान्कस्मा[illegible]जंतिकवयोधनदुर्मदांधान् ॥५॥ एवंस्वचित्तेस्वत[illegible]सिद्धआत्माप्रियोऽर्थो[illegible]नंतः॥ तंनिर्वृतोनियतार्थोभजेतसंसारहेतूपरमश्चयत्र ॥६॥ कस्तांत्वनादृत्यपरानुचिंतामृतेपशूनसतींनामयुंज्यात्॥पश्यन्जनंपतितंवैतरण्यांस्वकर्मजान्परितापान्जुषाणं ॥७॥ केचित्स्वदेहांतर्हृदयावकाशेप्रा[illegible]शमात्रंपुरुषंवसंतं ॥ चतुर्भुजंकंजरथांगशंखगदाधरंधा[illegible]णयास्मरंति ॥८॥ प्रसन्नवक्त्रंनलिनायतेक्षणं[illegible]पिशंगवाससं ॥ लसन्महारत्न[illegible]स्फुरन्महारत्नकिरीटकुंडलं ॥९॥ उन्निद्रहृत्पंकजकर्णिकालययोगेश्वरास्थापितपादपल्लवं ॥ श्रीलक्ष्मणंकौस्तुभरत्नकंधरमम्लान[illegible]म्यावन[illegible]मालयाचितं ॥१०॥ विभूषितंमेखलयांगु[illegible]र्महाधनैर्नूपुरकं[illegible]दिभिः ॥ स्निग्धामलाकुंचितनीलकुंतलैर्विरोचमानाननहासपेशलं ॥११॥ अदीनलीलाहसितेक्षणोल्लसद्भ्रूभंगसंसूचितभूर्यनुग्रहं ॥ ईक्षे[illegible]मयमेनमीश्वरंयावन्मनोधारणयावतिष्ठते॥१२॥ एकैकशोऽगानिधियानुभावयेत्पादादियावद्धसितंगदाभृतः॥ जितंजितंस्थानमपोह्यधारयेत्परंपरंशुद्ध्यतिधीर्यथायथा॥१३॥ यावन्नजायेतपरावरेऽस्मिन्विश्वेश्वरेद्रष्टरिभक्तियोगः ॥ तावत्स्थवीयःपुरुषस्यरूपंक्रियावसानेप्रयतःस्मरेत॥१४॥ स्थिरंसुखंचासनमाश्रितो[illegible]दाजि[illegible]सुरिममंगलो[illegible]॥कालेचदेशेचमनोनसज्जयेत्प्राणंनियच्छेन्मनसाजितासुः ॥१५॥ मनःस्वबुद्ध्यामलयानियम्यक्षेत्रज्ञएतांनिनयेत्तमात्मनि॥ आत्मानमात्मन्यवरुध्यधीरोलब्धोपशांतिर्विरमेतकृत्यात् ॥१६॥नय

અસત્ પદાર્થાદીકને વીશે આસક્તીવાળો થનાર, પશુ વીના બીજો કોણ હોય. ? ॥૭॥ (હવે ૭ શ્લોકથી ધારણા કરવાનું સુક્ષ્મ સ્વરૂપ બતાવે છે.) કેટલાએક (વીદ્વાનો) ધારણા વડે; પોતાના શરીરમાંજ હૃદયાકાશની અંદર વસનારા અંગુઠાના ટેરવા જેવડા–ચાર ભુજવાળા–કમળ, ચક્ર, શંખ, અને ગદાને ધરનારા–પ્રસન્ન મુખ વાળા–કમળ જેવી આંખ્યો વાળા–કદંબના તાંતણા સરખાં પીળાં વસ્ત્રો વાળા–મોટા રત્નો સહીત સોનેરી બાજુબંધથી શોભતા, મોટાં રત્નો વાળાં મુકુટ અને કુંડળોથી પ્રકાશતા–ઉઘડેલા કમળ સરખા હૃદય રૂપી સ્થાનને વીશે યોગેશ્વરોએ જેના ચરણ પલ્લવને સ્થાપન કરેલ છે એવા–લક્ષ્મીના ચીન્હ વાળા–ગળામાં કૌસતુભ નામના રત્નને ધરેલા–નહીં કરમાય એવી વનમાળા પેહેરેલા–ઘણા મુલનો કંદોરો, વીંટીઓ, ઝાંઝર અને કડાંથી શણગરાયલા–સુંવાળા, નીર્મળ, અણીયાળા, અને કાળા વાળના ગુચ્છ થકી શોભતા–સુંદર રીતે હસવાથી અને ઉદાર હાસ્ય સહીત લીલા વડે નજર ફેંકવાથી શોભતા–તથા પોતાનું ચીંતવન કરનારા ભક્તાદીકના ઉપર અનુગ્રહ કરવાનું પોતાની હાલતી ભમરો વડે સુચવનાર–એ પુરૂશ ભગવાનના સ્વરૂપનું, જ્યાં સુધી એવી ધારણા વીશે મન સ્થીર થાય. ત્યાં સુધી સ્મરણ કર્યાજ કરે છે. ॥૮–૯–૧૦–૧૧–૧૨॥ અને એ ગદા ધારી ભગવાનના સ્વરૂપના એક અંગની ધારણા, બુદ્ધીને વીશે શુદ્ધ રીતે બરાબર થઇ શકે, ત્યારે બીજા અંગની ધારણા કરવી. એમ પગથી માંડીને હસવા સુધીના દરેક અંગનું ધ્યાન બુદ્ધીની શુદ્ધીને માટે કરવું જોઇએ. ॥૧૩॥ પણ જ્યાં સુધી પર (એટલે મહા ભુતો વીગેરે કારણો) અને અવર (એટલે કાર્ય રૂપે બનેલા સર્વ પ્રાણી પદાર્થાદીક) વડે બનેલા આ વીશ્વના ઇશ્વર અને અંતર્યામી ભગવાનને વીશે, ભક્તી યોગ ઉત્પન્ન ન થાય. (એટલે ઉપરના ૮ થી ૧૩ સુધી શ્લોકમાં કહેલા સુક્ષ્મ સ્વરૂપને વીશે મનને ધારણ ન કરી શકાય) ત્યાં સુધી તો એ મહા પુરૂષ ભગવાનના (પ્રથમ કહેલા) દેખવામાં આવતા, મોટામાં મોટા વૈરાટ સ્વરૂપનુંજ સ્મરણ, બીજાં કામોમાંથી વખત મેળવીને પ્રયત્ન સહીત કરવાનું છે. ॥૧૪॥ (એ રીતે કોનું

ધ્યાન કરવું તે કહીને હવે દેહ ત્યાગ કરવાને ઇચ્છનારા યોગીએ દેહ ત્યાગ કરવાની રીતી અને પરમાત્માના પદને પામવાની બે પ્રકારની ગતીઓ કહે છે.) હે રાજા, સ્થીર અને સુખ યુક્ત આસને બેઠેલા અને ઉપર પ્રમાણેની ધારણા વડે યત્ન કરનારા થઈને, જ્યારે આ લોક તજવાની ઇચ્છા થાય, ત્યારે તેણે સ્થાન અને કાળ આદીની પવીત્રતા વીગેરેમાં મન નહીં ઘાલતાં, પ્રાણ વાયુનો નીગ્રહ કરવા વડે (એટલે પ્રાણાયામના અભ્યાસથી) ઇંદ્રીયો તથા મનને જીતવાં. ॥૧૫॥ અને એ રીતે નીયમમાં આણેલા મનને પોતેજ નીર્મળ બુદ્ધીથી ક્ષેત્રજ્ઞ આત્માને વીશે (એટલે દેહમાં રહેલા આત્મામાં) નાંખી દેવું. તથા ધીર પુરૂષે સર્વ પ્રકારનાં કર્મો થકી વીરામ પામી, તે દેહમાં રહેનાર આત્માને પણ પછીથી, પરમ અને સર્વ વ્યાપક આત્મામાં નાંખી દઈને તેમાંજ શાંત થવું. ॥૧૬॥ જ્યાં દેવતાઓનો અંત આણનારા કાળની પણ પ્રભુતા નથી તો પછી જગતના ઇશ્વર દેવતાઓની તો ગણત્રીજ શી? તથા સત્વ–રજ અને તમ એ ગુણો અને તેમનાથી થતા વીકારો તેમજ મહાન (એટલે મહત્તત્વ અથવા સુત્ર) અને પ્રધાન (એટલે પ્રકૃતી–માયા અથવા શક્તી) એમની પણ પ્રભુતા નથી. ॥૧૭॥ વેદમાં નેતી–નેતી, એમ કહીને સર્વ અનાત્મ વસ્તુનો ત્યાગ કરી, જેને શેષ રાખેલ છે.

તથા વૈષ્ણવો એટલે ભક્ત અને સાધુ આદી પુરૂષો, દૈરાત્મ્યને (એટલે સર્વ અનાત્મ વસ્તુની આસક્તીને) તજી દઈને, અનન્ય સૌહૃદ થકી પગે પગે પોતાના હૃદયને વીશે સ્થાપન કરવાને યોગ્ય જેને માને છે. તેજ એ પરમાત્માનું પદ (એટલે પરમ અને સર્વ વ્યાપક આત્મ તત્વ) છે. ॥ ૧૮ ॥ આ પ્રકારના નીશ્ચય વાળો અને વીજ્ઞાન દ્રષ્ટીના બળથી વાસનામય લીંગશરીર નાશ પામેલો મુની, દૈન્ય ભાવ થકી વીરામ પામી જાયછે. ॥ ૧૮½ ॥ (હવે દેહ ત્યાગનો પ્રકાર કહેછે.) યોગીએ પોતાનું મળદ્વાર (ગુદા) પગની પાનીથી બંધ કરીને, તથા પ્રાણ વાયુને જીતીને, તેને છ ચક્રને મારગે ઉપર ઉપરના સ્થાનમાં લેઇ જવો. ॥૧૯॥ એટલે નાભીમાં (મણીપુર ચક્રમાં) રહેલા પવનને હૃદયમાં લઇ આવી, ત્યાંથી ઉદાન (અપાન, વાયુની ગતી રોકીને તેને ગળાની નીચેના ભાગમાં (વીશુદ્ધી ચક્રમાં) લેઇ આવવો, અને ત્યાંથી એ મનસ્વી મુનીએ બુદ્ધીના અનુસંધાનથી ધીમે ધીમે તાળવાના મુળમાં લેઇ આવવો. ॥ ૨૦ ॥ ત્યાંથી બે ભમરોની વચ્ચે (આજ્ઞા ચક્રમાં) લેઇ આવવો. અને સાતે દ્વાર (એટલે બે કાનનાં છીદ્ર, બે નાકનાં છીદ્ર, બે આંખનાં છીદ્ર, અને એક મોઢું) બંધ રાખીને અપેક્ષા રહીત થઇ, અરધા મુહુર્ત સુધી ત્યાં સ્થીર થવું. અને તે પછી, બ્રહ્મરંધ્ર એટલે

त्रकालोऽनिमिषांपरःप्रभुःकुतोनुदेवाजगतांयईशिरे॥नयत्रसत्वंनरज [illegible]मश्चनवैविकारोनमहान्प्रधानं॥१७॥परंपदंवैष्णवमामनंतितद्य न्नेतिनेतीत्यतदुत्सिसृक्षवः॥ विसृज्यदौरात्म्यमनन्यसौहृदाहृदोपगुह्यार्हपदंपदेपदे ॥१८॥ इत्थंमुनिस्तूपरमेद्व्यवस्थितोविज्ञानदृग्वीर्यसु रंधिताशयः॥स्वपार्ष्णिनापीड्यगुदंततोऽनिलंस्थानेषुषट्सून्नमयेज्जितक्लमः॥१९॥ नाभ्यांस्थितंहृद्यधिरोप्यतस्मा[illegible]दानगत्योरसितंनयेन्मु निः॥ ततोऽनुसंधायधियामनस्वीस्वतालुमूलंशनकैर्नयेत ॥२०॥ तस्मा[illegible]वोरंतरमुन्नयेतनिरुद्धसप्तायतनोऽनपेक्षः॥ स्थित्वामुहूर्तार्धमकुं ठदृष्टिर्निर्भिद्यमूर्धन्विसृजेत्परंगतः ॥२१॥ यदिप्रयास्यन्नृप[illegible]वैहायसानामुतयद्विहारम् ॥अष्टाधिपत्यंगुणसन्निवायेसहैवगच्छेन्म नसेंद्रियैश्च॥२२॥योगेश्वराणांगतिमाहुरंतर्बहिस्त्रिलोक्याःपवनांतरात्मनाम् ॥ नकर्मभिस्तांगतिमाप्नुवंतिविद्यातपोयोगसमाधिभाजाम् ॥२३॥ वैश्वानरंयातिविहायसागतःसुषुम्नयाब्रह्मपथेनशोचिषा॥ विधूतकल्कोथहरेरुदस्तात्प्रयातिचक्रंनृपशैशुमारम् ॥२४॥ तद्विश्वना भिंत्वतिवर्त्यविष्णोरणीयसाविरजेनात्मनैकः॥ नमस्कृतंब्रह्मविदामुपैतिकल्पायुषोयद्विबुधारमंते॥२५॥ अथोअनंतस्यमुखानलेनदंदह्यमा नंसनिरीक्ष्यविश्वं ॥ निर्यातिसिद्धेश्वरजुष्टधिष्ण्यंयद्द्वैपरार्ध्यंतदुपारमेष्ठ्यं॥२६॥ नयत्रशोकोनजरानमृत्युर्नार्तिर्नचोद्वेगऋतेकुतश्चित्॥ य च्चित्ततोदःकृपयाऽनिदंविदांदुरंतदुःखप्रभवानुदर्शनात् ॥२७॥ ततोविशेषंप्रतिपद्यनिर्भयस्तेनात्मनापोऽनलमूर्तिरत्वरन्॥ ज्योतिर्मयोवा युमुपेत्यकालेवाय्वात्मनाखंबृहदात्मलिंगं ॥२८॥ घ्राणेनगंधंरसतेनवैरसंरूपंचदृष्ट्याश्वसनंत्वचैव ॥ श्रोत्रेणचोपेत्यनभोगुणत्वंप्राणेनचाकू तिमुपैतियोगी॥२९॥सभूतसूक्ष्मेंद्रियसन्निकर्षंमनोमयंदेवमयंविकार्यं॥संसाद्यगत्यासहतेनयातिविज्ञानतत्त्वंगुणसन्निरोधं ॥३०॥ तेनात्म

તાળવું ભેદીને દેહનો ત્યાગ કરી પરમ ગતીને પામવું. ॥ ૨૧ ॥ (એ રીતે એકદમ ગતી થવાનો પ્રકાર કહીને હવે દશ શ્લોકથી, અનુક્રમથી ગતી થવાનો પ્રકાર કહેછે.) હે રાજા. આ શરીર તજ્યા પછી બ્રહ્માના લોકમાં જવાની અથવા અષ્ટ મહા સીદ્ધીઓ વાળા સીદ્ધ લોકોના સ્થાનમાં વીહાર કરવા સારૂ જવાની ઇચ્છા હોય, તેણે મન અને ઇંદ્રીયો સહીત (એટલે લીંગ શરીરથી) તે સ્થાનમાં જવું. ॥ ૨૨ ॥ વીદ્યા–તપ–યોગ અને સમાધીનું સેવન કરનાર અને પવન સરખા લીંગ શરીર વાળા એ યોગેશ્વરોની ગતી ત્રીલોકીની અંદર અને બહાર પણ હોવાનું કહેવાય છે. તેમને મળવાની એ ગતી કર્મો કરવા પડે પમાય એવી નથી. ॥ ૨૩ ॥ હે રાજા, એ રીતે બ્રહ્મ માર્ગથી આકાશમાં પ્રકાશીત સુશુમ્ણા નાડીને માર્ગે ગયેલો તે યોગી, પ્રથમ વૈશ્વાનર એટલે અગ્ની સ્વરૂપ, દેવતા રૂપે થઇને પછીથી મેલ રહીત થયેલો તે. ઉપર હરી ભગવાનના શીશુમાર ચક્રમાં જાય છે. (એટલે સુર્યથી માંડીને ધ્રુવ પર્યંત યોજના પ્રમાણે તારા આદીકના રૂપે થાય છે) ॥ ૨૪ ॥ પછી એ વીશ્વની નાભી રૂપ વીશ્નુના સીસુમાર ચક્રને ઓળંગીને, બીજાઓએ નમસ્કાર કરેલા–સ્વભાવથીજ નીર્મળ–એકજ–અને જ્યાં કલ્પ જેવડા આયુષ્ય વાળા વીશેષ બુદ્ધીમાનો (ભૃગુઆદી) આનંદથી રહેછે. એવા બ્રહ્માને

જાણનારાઓના સ્થાનક (મહર્લોક) ને પામે છે. ॥ ૨૫ ॥ પછી અનંત એટલે સંકર્ષણ ભગવાનના મુખથી નીકળતા અગ્નીથી તે જ્યારે વીશ્વને બળતું દેખે છે. ત્યારે ત્યાં થકી ઉપર, સીદ્ધેશ્વરોએ સેવેલા–અને બે પરાર્ધ વરસોના આયુષ્ય વાળા બ્રહ્મના સ્થાનમાં જાય છે. ॥ ૨૬ ॥ ત્યાં શોક નથી–જરા નથી–મૃત્યુ નથી–દુખો નથી–અને ઉદ્વેગ પણ, ફક્ત અજ્ઞાનીઓને સંસાર થવા વડે અનંત દુઃખો થતાં, જોવાથી મનમાં દયા ઉત્પન્ન થવા વડે જે થાય છે, તે વીના, બીજો કોઇ રીતનો થતો નથી. ॥ ૨૭ ॥ તે પછી એ યોગી અનુક્રમથી પૃથ્વી–જળ–તેજ–અને વાયુ રૂપ થઇને જેના તેના ભોગ ભોગવ્યા પછી ધીમેથી પરમાત્માના સ્વરૂપને જણાવનારા આકાશ રૂપે થાય છે. ॥૨૮ ॥ અને તે પછી એ યોગી ઘ્રાણ ઇંદ્રીય દ્વારથી ગંધને–જીભ ઇંદ્રીય દ્વારથી રસને– દ્રષ્ટી વડે રૂપને–ત્વચા વડે સ્પર્શને–શ્રોત્ર ઇંદ્રીયથી શબ્દને–અને તે તે કર્મેંદ્રીયવડે, કર્મ ઇંદ્રીઓની ક્રીઆઓને પામેછે. એટલે તે તે રૂપે થાય છે. ॥ ૨૯ ॥ ત્યાર પછી તે યોગી સુક્ષ્મ પાંચ મહા ભુતોના લય સ્થાન તામસ અહંકારને–મન આદી ઇંદ્રીયોના લય સ્થાન રાજસ અહંકારને–અને ઇંદ્રીયોના દેવતાઓના લય સ્થાન સાત્વીક અથવા વૈકારીક અહંકારને પામે છે એટલે તેને રૂપે થાય છે. અને તે પછી એ ત્રણે

પ્રકારના અહંકારથી યુક્ત વીજ્ઞાન તત્વ એટલે સુત્ર અથવા મહતત્વ રૂપે થઇને પછીથી સર્વે ગુણોનો જેમાં લયછે એવા શાંત અને આનંદમય (સર્વ વ્યાપક) આત્મ તત્વને વીશે, પોતે છેલીવારે પ્રાપ્ત થઇને આનંદ સ્વરૂપ થાય છે. ॥ ૩૦ ॥ હે રાજા, એ રીતની ભાગવતી ગતીને જે પામે છે. તેમને ફરીવાર અહીંયાં જન્મ મરણ થતું નથી. ॥ ૩૧ ॥ હે રાજા, પુર્વે બ્રહ્માએ આરાધન કરીને પુછવાથી વાસુદેવ ભગવાને તેમને કહેલી–સનાતન–અને વેદમાં કહેલી આ યોગીયોની એ પ્રકારની ગતીઓ. તમારા પુછવાથી મેં તમને કહી સંભળાવી. ॥૩૨॥ ભગવાન નીર્વીકાર બ્રહ્માએ પણ, એકાગ્ર બુદ્ધીથી સંપુર્ણ રીતે વેદને ત્રણવાર વીચારીને નીશ્ચય કરેલો છે કે, ભગવાનને વીશે જેથી પોતાને ભક્તી ઉત્પન્ન થાય છે. તે વાસુદેવ ભગવાનને વીશેના ભક્તીયોગ સીવાય, બીજો કોઇપણ કલ્યાણ આપનારો માર્ગ, સંસારમાં જન્મ મરણ પામનારાઓને માટે છેજ નહીં. ॥૩૩–૩૪॥ બુદ્ધી આદીક થકી દ્રશ્ય પદાર્થને જોવાથી તેનો દ્રષ્ટા જુદો હોવાની કલ્પના જેમ થાયછે. તેમ સર્વ ભુતને વીશે રહેલા આત્મા રૂપ હરી ભગવાન પણ લક્ષણોથી અને અનુમાનોથી જણાવામાં આવેછે. ॥૩૫॥ એટલા માટે હે રાજા, સર્વના આત્મા હરી ભગવાનનું એટલે તેમનાં ગુણ–કર્મ–અને નામો આદીકનું સર્વત્ર અને સર્વદા, સ્મરણ કીર્તન અને શ્રવણ મનુષ્યોએ કરવુંજ જોઇએ. ॥૩૬॥ વીશયાદીક થકી ભમડેલા મનને શુદ્ધ કરનાર આ ભગવાનની કથા રૂપી અમૃતને, કાન રૂપ પડીઆથી પીવાવડે, ભગવાનને વીશેજ મન વાળા સંતો, એ ભગવાનના ચરણ કમળની પાસેજ (અર્થાત તેમાંજ) વાસ કરેછે. ॥૩૭॥ ઇતી શ્રી૦ ભા૦ શ્રી૦ સ્કં૦ બીજો અધ્યાય સંપુર્ણ. ॥૨॥

અધ્યાય. ૩ જો—શ્રીશુક—મનુષ્યોમાં મરી જવાને તૈયાર એવા બુદ્ધીમાન પુરૂશોએ જે જે કરવાનું છે. તે બદલ તમે મને પુછવાથી મે તમને આ રીતે બધું કહી સંભળાવ્યું. ॥૧॥ મનુષ્યો, જેમને બ્રહ્મ તેજની ઇચ્છા હોયછે તેઓ, વાણીના પતી બ્રહ્માને પુજે છે. ઇંદ્રીઓની શક્તીની કામના વાળાઓ ઇંદ્રને પુજે છે. અને સંતાનોની કામના વાળાઓ માયા દેવી એટલે શક્તી અથવા દુર્ગાને,–તેજની ઇચ્છા વાળાઓ અગ્નીને–ધનની કામના વાળાઓ વસુ દેવતાઓને,–અને પરાક્રમની કામના વાળાઓ પરાક્રમી રૂદ્ર દેવતાઓને પુજે છે. ॥૩॥

नात्मानमुपैतिशांतमानंदमानंदमयोऽवसाने॥ एतांगतिंभागवतींगतोयःसवैपुनर्नेहविषज्जतेऽग॥३१॥ एतेसृतीतेनृपवेदगीतेत्वयाभिपृष्टेह सनातनेच॥येवैपुराब्रह्मणआहपृष्टआराधितोभगवान्वासुदेवः ॥३२॥नह्यतोऽन्यःशिवःपंथाविशतःसंसृताविह॥ वासुदेवेभगवतिभक्तियो गोयतोभवेत्॥३३॥ भगवान्ब्रह्मकार्त्स्न्येनत्रिरन्वीक्ष्यमनीषया ॥ तदध्यवस्यत्कूटस्थोरतिरात्मन्यतोभवेत्॥३४॥ भगवान्सर्वभूतेषुलक्षि तःस्वात्मनाहरिः॥दृश्यैर्बुद्ध्यादिभिर्द्रष्टालक्षणैरनुमापकैः॥३५॥तस्मात्सर्वात्मनाराजन्हरिःसर्वत्रसर्वदा ॥श्रोतव्यःकीर्तितव्यश्चस्मर्तव्योभ गवान्नृणां॥३६॥ पिबंतियेभगवतआत्मनःसतांकथामृतंश्रवणपुटेषुसंभृतं॥पुनंतितेविषयविदूषिताशयंव्रजंतितच्चरणसरोरु[illegible]ांतिकं ॥३७ इ०भा०म०द्वि०पुरुषसंस्थावर्णनंनामद्वितीयोऽध्यायः॥२॥ श्रीशुकउवाच एवमेतन्निगदितंपृष्टवान्यद्भवान्मम॥ नृणांयन्म्रियमाणानांम नुष्येषुमनीषिणां॥१॥ ब्रह्मवर्चसकामस्तुयजेतब्रह्मणस्पतिं॥इंद्रमिंदि[illegible]कामःप्रजापतीन् ॥२॥देवींमायांतुश्रीकामस्तेजस्का मोविभावसुं॥ वसुकामोवसूनरुद्रान्वीर्यकामोथवीर्यवान्॥३॥ अन्नाद्यकामस्त्वदितिंस्वर्गकामोदितेसुतान्॥विश्वान्देवान्राज्यकामःसाध्या नूसंसाधकोविशां॥४॥आयुःकामोश्विनौदेवौपुष्टिकामइलांयजेत् ॥ प्रतिष्ठाकामःपुरुषोरोदसीलोकमातरौ॥रूपाभिकामोगंधर्वान्स्त्रीकामो प्सरउर्वशीं॥आधिपत्यकामःसर्वेषांयजेतपरमेष्ठिनं ॥६॥ यज्ञंयजेद्यशःकामःकोशकामःप्रचेतसं॥ विद्याकामस्तुगिरिशंदांपत्यार्थउमांस तीं॥७॥ धर्मार्थउत्तमश्लोकंतंतुंतन्वन्पितृन्यजेत्॥रक्षाकामःपुण्यजनानोजस्कामोमरुद्गणान् ॥८॥ राज्यकामोमनून्देवान्निर्ऋतिंत्वभिचर न्यजेत् ॥कामकामोयजेत्सोमंमकामःपुरुषंपरं॥९॥ अकामःसर्वकामोवामोक्षकामउदारधीः॥तीव्रेणभक्तियोगेनयजेतपुरुषंपरं॥१०॥ एता वानेवयजतामिहनिःश्रेयसोदयः॥ भगवत्यचलोभावोयद्भागवतसंगतः॥११॥ ज्ञानंयदाप्रतिनिवृत्तगुणोर्मिचक्रमात्मप्रसादउतयत्रगुणे

અન્નાદીકની કામના વાળાઓ અદીતીને—સ્વર્ગની કામના વાળાઓ દીતીના પુત્ર દેવતાઓને—રાજ્યની કામના વાળાઓ વીશ્વેદેવાઓને—અને વસ્તીને સ્વાધીન કરવાની કામના વાળાઓ સાધ્ય દેવતાઓને પુજે છે. ॥૪॥ આયુષ્યની કામના વાળાઓ બે અશ્વીની કુમારોને–પુષ્ટીની કામના વાળાઓ પૃથ્વી દેવીને–અને પ્રતીષ્ટાની કામના વાળા પુરૂશો લોકની માતાઓ રૂપ ધાવા પૃથ્વી (એટલે અંત્રીક્ષ સહીત પૃથ્વી)ને પુજેછે. ॥૫॥ રૂપની કામનાવાળાઓ ગંધર્વોને–સ્ત્રીની કામનાવાળાઓ ઉર્વસી અપ્સરાને–અને સર્વના અધીપતીપણાની કામનાવાળાઓ પરમેષ્ટી બ્રહ્માને પુજે છે. ॥૬॥ યશની કામનાવાળાઓ યજ્ઞના ઇશ્વર ભગવાનને–ભંડારની કામનાવાળાઓ વરૂણદેવને–વીદ્યાની કામનાવાળાઓ સદાશીવને–અને દંપતી સુખની ઇચ્છાવાળાઓ સતી ઉમીયાજીને પુજે છે. ॥૭॥ ધર્મની કામનાવાળાઓ ઉત્તમ કીરતીવાળા ભગવાનને–વંશ વૃદ્ધીની કામનાવાળાઓ પીતૃઓને–રક્ષણની ઇચ્છાવાળાઓ યક્ષોને–અને બળની ઇચ્છાવાળાઓ મરૂતગણોને એટલે ઓગણપચાસ વાયુઓને પુજે છે. ॥૮॥ રાજ્યની ઇચ્છાવાળાઓ મનુઓને અને દેવતાઓને પુજે છે. શત્રુઆદીક બીજાઓને મારવા કે દુઃખ દેવાની ઇચ્છાવાળાઓ રાક્ષસોને–ભોગાદીકની ઇચ્છાવાળાઓ ચંદ્રમાને–અને વૈરાગ્યની ઇચ્છાવાળાઓ પરમ પુરૂશ ભગવાનને પુજે છે ॥૯॥ તેમજ સર્વ પ્રકારની કામનાઓની ઇચ્છા રહીત, અથવા મોક્ષનીજ કામનાવાળા, મોટા બુદ્ધીમાન પુરૂશો, તીવ્ર ભક્તીયોગવડે એ પરમ પુરૂશ ભગવાનનુંજ પુજન કરેછે. ॥૧૦॥ એટલા એટલા દેવતા આદીકનું એ પ્રકારથી પુજન કરવાવડે અહીંયાં મનુષ્યોને મુખ્ય શ્રેય પામવાનું એટલુંજ છે કે, તેમને ભગવદ્ ભક્તોનો સમાગમ થઇને ભગવાનને વીશે અચળ ભાવ એટલે ભક્તી ઉત્પન્ન થાય ॥૧૧॥ ત્યારે એવા હરી ભગવાનની સુંદર કથાઓને વીશે પ્રીતીવાળો નહીં થતાં જેને વીશે રાગ અને દ્વેશ વીગેરે દોશોના સમુદાય વીનાનું જ્ઞાન રહેલું છે, મનને પ્રસન્ન કરે એવો વૈરાગ્ય રહેલ છે, અને મુક્ત લોકો જેનો સ્વીકાર કરેછે, એવા ભક્તીયોગના માર્ગથકી નીવૃત કોણજ થાય ? ॥૧૨॥ –શૌનક–એટલું કહેલું સાંભળ્યા પછી ભરતવંશમાં શ્રેષ્ટ પરીક્ષીત રાજાએ વ્યાસમુનીના વીદ્વાન પુત્ર શુકદેવજીને ફરીવાર બીજું શું પુછ્યું. ? ॥૧૩॥ હે વીદ્વાન સુત, એ સર્વ સાંભળવાની ઇચ્છાવાળા અમને કહેવાને તમે યોગ્ય છો. કેમકે સત્પુરૂશોની

સભાઓમાં હરીભગવાનની કથાઓના ઉદયવાળી વારતાઓ હમેશાંજ થાય છે. ॥૧૮॥ મહારથી પરીક્ષીત રાજા બાળકપણામાં રમવાનાં રમકડાંથી પણ, કૃશ્ન ભગવાનની લીલાઓની રમતનેજ રમનારા ભગવદ્ ભક્ત હતા. ॥૧૫॥ અને વ્યાસના પુત્ર શુકદેવજી પણ વાસુદેવ ભગવાનને પરાયણજ હતા, તેથી એ સત્પુરૂશોના સમાગમમાં ભગવાનના ઉદાર ગુણો વારંવાર ગવાયેલાજ હોવા જોઇએ, ॥૧૬॥ કેમકે એ ઉત્તમ શ્લોક ભગવાનની કથાઓમાં ઉપયોગ કરેલા વખત શીવાયનું મનુશ્યોનું સઘળું આયુશ્ય, ભગવાન સુર્ય ઉગવા અને આથમવાવડે હરણ કરેછે, ॥૧૭॥ ઝાડો શું નથી જીવતાં–ધમણો શું શ્વાસ નથી લેતી–અને ગામમાં રેહેનારાં તથા બીજાં પશુઓ શું આહાર નથી કરતાં ? ॥૧૮॥ જેને પોતાના કાનના માર્ગથી ગદાગ્રજ ભગવાનનું નામ પ્રાપ્ત થતું નથી. તે કુતરાં–ભુંડ–વગડ–ઉંટ–અને ગધેડા સરખો "પુરૂશપશુ" કહેવાય છે. ॥૧૯॥ હે સુત ઉરૂક્રમ ભગવાનનાં પરાક્રમોને જે પુરૂશ પોતાના કાનરૂપ પડીઆથી વારંવાર પાન કરતો નથી. તેના કાન દર સમાન છે. અને દુષ્ટ જીભ ઉરૂક્રમ ભગવાનની કથાઓનું વારંવાર ગાન કરતી નથી. તે જીભ દેડકાની જીભના સરખી છે. ॥૨૦॥ સુંદર પાઘડી અને મુકુટ આદીથકી શણગારેલું માથું મુકુંદ ભગવાનને નમતું નથી તો તે તો માત્ર ભારરૂપજ છે. સોનાનાં કડાં થકી શણગારેલા હાથ જો હરી ભગવાનની શેવા કરતા નથી. તો તે હાથ મુડદાના હાથના સરખાજ છે. ॥૨૧॥ માણસની જે આંખ્યો વીશ્નુ ભગવાનનાં સ્વરૂપોને (સુર્યાદી અગીયાર પ્રકારનાં છે તેને) નીરખતી નથી તે આંખ્યો મોર પીંછમાંના ચાંદલા જેવી છે. અને હરીભગવાનનાં ક્ષેત્રોને વીશે ચાલી જતા નથી, તે મનુશ્યોના પગ ઝાડના થડ સમાન છે. ॥૨૨॥ જે માણસ આખા જન્મારામાં ભગવાનની ચરણરજને પ્રાપ્ત થતો નથી, તે જીવતાંજ મુએલો છે. અને વીશ્નુ ભગવાનનાં ચરણમાં

ध्वसंगः॥कैवल्यसंमतपथस्त्वथभक्तियोगःकोनिर्वृतोहरिकथासुरतिंनकुर्यात्॥१२॥ शौनकउवाच इत्यभिव्याहृतंराजानिशम्यभरतर्षभः कि मन्यत्पृष्टवान्भूयोवैयासकिमृषिंकविं॥१३॥ एतच्छुश्रूषतांविद्वन्सूतनोऽर्हसिभाषितुं॥कथाहरिकथोदर्काःसतांस्युःसदसिध्रुवं॥१४॥ सवै भागवतोराजापांडवेयोमहारथः ॥ बालक्रीडनकैःक्रीडन्कृष्णक्रीडांयआददे॥१५॥वैयासकिश्चभगवान्वासुदेवपरायणः॥ उरुगायगुणोदाराःसतांस्युर्हिसमागमे॥१६॥आयुर्हरतिवैपुंसामुद्यन्नस्तंचयन्नसौ॥तस्यर्तेयत्क्षणोनीतउत्तमश्लोकवार्तया॥१७॥तरवःकिंनजीवंतिभस्त्राः किंनश्वसंत्युत॥नखादंतिनमेहंतिकिंग्रामपशवोऽपरे॥१८॥ श्वविड्वराहोष्ट्रखरैःसंस्तुतःपुरुषःपशुः ॥ नयत्कर्णपथोपेतोजातुनामगदाग्रजः ॥१९॥ बिलेबतोरुक्रमविक्रमान्येनशृण्वतःकर्णपुटेनरस्य॥जिव्हाऽसतीदार्दुरिकेवसूतनचोपगायत्युरुगायगाथाः॥२०॥ भारःपरंपट्टकिरीटजुष्टमप्युत्तमांगंननमेन्मुकुंदं॥ शावौकरौनोकुरुतःसपर्यांहरेर्लसत्कांचनकंकणौवा॥२१॥ बर्हायितेतेनयनेनराणांलिंगानिविष्णोर्ननिरीक्षतोयै॥ पादौनृणांतौद्रुमजन्मभाजौक्षेत्राणिनानुव्रजतोहरेर्यौ ॥२२॥ जीवञ्छवोभागवतांघ्रिरेणुंनजातुमर्त्योभिलभेतयस्तु॥ श्रीविष्णुपद्या मनुजस्तुलस्याःश्वसञ्छवोयस्तुनवेदगंधं ॥२३॥ तदश्मसारंहृदयंबतेदंयद्गृह्यमाणैर्हरिनामधेयैः॥ नविक्रियेताथयदाविकारोनेत्रेजलंगात्ररुहेषुहर्षः॥२४॥ अथाभिधेह्यंगमनोनुकूलंप्रभाषसेभागवतप्रधानः॥यदाहवैयासकिरात्मविद्याविशारदोनृपतिंसाधुपृष्टः ॥२५॥ इ०भा० म०द्वि०तृतीयोऽध्यायः ॥३॥ सूतउवाच वैयासकेरितिवचस्तत्त्वनिश्चयमात्मनः॥उपधार्यमतिंकृष्णेऔत्तरेयःसतींव्यधात् ॥१॥आत्मजायासुतागारपशुद्रविणबंधुषु॥ राज्येचाविकलेनित्यंविरूढांममतांजहौ॥२॥ पप्रच्छचेममेवार्थंयन्मांपृच्छथसत्तमाः॥ कृष्णानुभावश्रवणेश्रद्धानोमहामनाः॥३॥ संस्थांविज्ञायसंन्यस्यकर्मत्रैवर्गिकंचयत् ॥वासुदेवेभगवतिआत्मभावंदृढंगतः॥४॥राजोवाच समीचीनंवचोब्रह्मन्सर्वज्ञस्यतवानघ॥तमोविशीर्यतेमह्यंहरेःकथयतःकथां॥५॥ भूयएवविवित्सामिभगवानात्ममायया॥यथेदंसृजतेविश्वंदुर्विभाव्यमधीश्वरैः ६ यथागोपायतिविश्वंयथासंयच्छतेपुनः ॥ यांयांशक्तिमुपाश्रित्यपुरुशक्तिःपरःपुमान्॥ आत्मानंक्रीडयन्क्रीडन्करोतिविकरोतिच॥७॥ नूनं

રહેલી તુળસીના ગંધનો જે સુગંધ લેતો નથી. તે શ્વાસોશ્વાસ લેતાં છતાં પણ મુડદાના સરખોજ છે. ॥૨૩॥ હરી ભગવાનનાં નામોને ઉચારવા થકી અને તેમનું ધ્યાન કરવા થકી જેના શરીરનાં રૂવાડાં ઉભાં ન થાય. આંખ્યોમાં આંસુ ન આવે, અને હ્રદય વીકાર ન પામે અને ગળગળું થાય નહીં. તે પુરૂશને પથર સરખા હ્રદયનો જાણવો. ॥૨૪॥ હે સુત, તમે અમારા મનને અનુકુળ લાગે, એવું બાલણ કરોછો. તો ભગવદ્ ભક્તોમાં મુખ્ય પરીક્ષીત રાજાએ સારા પ્રશ્ન પુછવાથી આત્મ વીધામાં કુશળ શુકદેવજીએ જે રીતે કહ્યું હોય. તે સઘળું તમે અમને કહી સંભળાવો. ॥૨૫॥ ઇતીશ્રી. ભા. બી. સ્કંધનો ત્રીજો અધ્યાય સંપુર્ણ. ॥૩॥

અધ્યાય ૪ થો. –સુત–એ રીતનું શુકદેવજીનું આત્મ તત્વના નીશ્ચયવાળું વચન સાંભળીને પરીક્ષીત રાજાએ કૃશ્નુ ભગવાનને વીશે દ્રઢમતી કરી. ॥૧॥ અને ઘણા કાળની દ્રઢ થઇ ગયેલી પોતાના દેહ–સ્ત્રી–પુત્ર–ઘર–પશુ–દ્રવ્ય અને બંધુઓ વીગેરેની તથા આખા રાજ્યને વીશેની મમતાને તજી દીધી. ॥૨॥ અને હે શૌનક વીગેરે મુનીઓ, તમો મને જે પુછો છો, તેવાજ અર્થનું, કૃશ્નુ ભગવાનનો મહીમા સાંભળવામાં શ્રદ્ધાવાળા–મોટા મનના–મરણું કાળ નજીક આવ્યાનું જાણેલા–ધર્મ, અર્થ, અને કામ એ ત્રીવર્ગી કર્મોનો ત્યાગ કરેલા–અને વાસુદેવ ભગવાનને વીશે દ્રઢ ભાવ થયેલા–પરીક્ષીત રાજાએ પણ પુછયું હતું કે, ॥૩–૪॥–પરીક્ષીત–હે સર્વજ્ઞ અને નીષ્પાપ બ્રાહ્મણ, હરી ભગવાનની કથાઓ કહેવા રૂપ આપનાં શોભન કરેલાં વચનોથી મારૂં અજ્ઞાન નાશ પામી જાય છે. ॥૫॥ હવે ઘણી શકતીઓવાળા પરમ પુરૂશ ભગવાન પોતાને વીશેજ, ક્રીડા કરવા રૂપ, અને તેનોજ નાશ કરવા રૂપ રમત, મોટા અધીશ્વરો (બ્રહ્માદીક) ને જાણવાને પણ અશક્ય, એવી પોતાની માયા વડે, (એટલે કઇ કઇ શકતીઓનો આશ્રય કરીને) કેવા પ્રકારથી આ વીશ્વને

કેપણ કરે છે. કેવા પ્રકારથી પાલન કરે છે. અને પછીથી તેનો કેવા પ્રકારે નાશ કરે છે. એ સઘળું જાણવાને હું ઇચ્છુછું. ॥૯–ઓ હે બ્રાહ્મણ અદભુત કર્મ કરનારા, હરી ભગવાનનું એ ચેષ્ટીત, વીદ્વાનોને પણ સમજવાને ખચીત અશક્ય સરખું લાગે છે. ॥૮॥ એ એકજ ભગવાન પ્રકૃતીના તમામ ગુણોને એકી વખતેજ ધારણ કરીને, કીંવા જુદે જુદે વખતે, એક એક ગુણ ધારણ કરીને, જન્મો લેઇ અનેક કર્મો કરે છે. તે પણ જે રીતિ હોય તે રીતે કહો. ॥૯॥ આપ, શબ્દ બ્રહ્મ એટલે વેદમાં, અને પર બ્રહ્મ એટલે આત્મ તત્વ વીચારમાં, પણ પારને પામેલા છો. માટે જેમ હોય તેમ, મારા એ પુછેલાના ઉત્તર, ભગવાન એવા આપ આપો. ॥૧૦॥–સુત–એ પ્રમાણે હરી ભગવાનના ગુણોનું વર્ણન કરવાને પરીક્ષીત રાજાએ, પ્રેરણા કર્યાથી, હૃષીકેશ ભગવાનનું સ્મરણ કરીને, શુકદેવજીએ ઉત્તર આપવાનો આરંભ કર્યો. ॥૧૧॥–શ્રીશુક–ઉત્પતી–સ્થીતી–અને સંહાર કરનારા થવા રૂપ, ત્રણ પ્રકારની (એટલે રજ–સત્વ–અને તમ) શક્તીઓને ધારણ કરનારા–

પ્રાણીઓના અંતરને વીશે રહીને તેમનું પોષણ કરનારા–કર્મો આદીકથી જાણવામાં નહીં આવતા–સત–અને પરમ પુરૂષ ભગવાનને હું ફરી વાર નમસ્કાર કરૂં છું ॥૧૨॥ સત્પુરૂશોનાં દુઃખોને છેદનારા–સત્પુરૂશોનાં જન્મ મરણને મટાડનારા—અખીલ બ્રહ્માંડના સત્વ રૂપ—તથા પરમ હંસના આશ્રમને વીશે સ્થીતી પામેલા પુરૂશોએ વારંવાર શોધન કરવાની વસ્તુ (આત્મ સ્વરૂપ) ને થોડી વારમાંજ પાછી આપનારા, એ ભગવાનને હું વારંવાર નમસ્કાર કરૂંછું. ॥૧૩॥ ભક્તોના પાળક—કાચા યોગીઓને વારંવાર દ્રષ્ટીથી ઘણા દુર જતા રેહેનારા—તથા જેનાથી અધીક અને બરાબર કોઇજ નહોવાથી પોતાનાજ સ્વરૂપમાં રમનારા, ભગવાનને હું વારંવાર નમુંછું. ॥૧૪॥ જેનું કીર્તન–સ્મરણ–દર્શન–વંદન–શ્રવણ–અને પુજન લોકોના પાપને તુર્તજ ધોઇ નાંખેછે. એવા કલ્યાણ કારી યશવાળા ભગવાનને હું નમસ્કાર કરૂંછું ॥૧૫॥ વીવેકી પુરૂશો જેના ચરણનું શરણ લેવાથી, આ લોક તથા પરલોક બંનેની કામના થવા રૂપ આશક્તીને મ-

[illegible] [illegible]न्हरेर [illegible]तकर्मणः॥ दुर्विभाव्यमिवाभातिकविभिश्चापिचे[illegible]॥८॥ यथागुणांस्तुप्रकृतेर्युगपत्क्रमशोपिवा॥विभर्तिभूरिशस्त्वेकः कु[illegible]न्मा[illegible]मिः॥९॥ विचिकित्सितमेतन्मेब्रवीतुभगवान्य[illegible]॥शाब्दे[illegible]परे[illegible]भवा[illegible]॥१०॥ सू[illegible] उवाच इत्युपामंत्रितोरा[illegible]गुणानु[illegible]॥११॥ [illegible] नमःपरस्मैपुरुषायभूयसे[illegible]द्भवस्थाननिरोधलीलया[illegible]॥१२॥ भूयोनमःसद्वृजिनच्छिदेसतामसंभवायाखिलसत्वमूर्तये॥ पुंसां[illegible]पा[illegible]त्यजाश्रमंथ्यव[illegible]॥१३॥ नमो[illegible]ऽसत्पभायसात्वतांविदूरका[illegible]यमुहुःकुयोगिनां॥ निरस्तसाम्यातिशयेनराधसास्वधामनिब्र[illegible]मतेनमः ॥१४॥यत्कीर्तनंयत्स्मरणंयदीक्षणंयद्वं[illegible]वणंयदर्हणं॥ लोकस्यसद्योविधुनोतिकल्मषंतस्मैसुभद्रश्रव[illegible]॥१५॥ वि[illegible]णो[illegible]सादनात्संग[illegible]ऽपरात्मनः॥विंदंतिहिब्रह्मगतिंगतक्लमास्तस्मै[illegible]भद्रश्रवसेनमोनमः॥१६॥तपस्विनोदानपरा[illegible]स्विनोमनस्विनोमंत्रविदः[illegible]॥ [illegible]तेविना[illegible]तस्मैसु[illegible]भद्रश्रवसेनमोनमः॥१७॥किरातहूणांध्रपुलिंदपुल्कसा आभीरकंका[illegible]यवनाःखसा[illegible]॥ येऽन्येचपापाय[illegible]पाश्रयाश्रयाःशुध्यंतितस्मै[illegible]वेनमः॥१८॥सएषआत्मात्मवतामधीश्वरस्त्रयीमयोधर्ममय[illegible]स्तपोमयः॥ गतव्यलीकैरज[illegible]करा[illegible]विर्वितर्क्यलिंगोभगवान्प्रसीदतां॥१९॥ श्रियःपतिर्य[illegible]पतिःप्रजापतिर्धियांपतिर्लोकपति[illegible]रापतिः॥ [illegible]तिर्गतिश्चांधक[illegible]ष्णिसात्वतांप्रसीदतां[illegible]पतिः॥२०॥ यदं[illegible]तयाधियानुपश्यंति[illegible]तत्त्वमात्मनः॥ वदंतिचैतत्कवयोयथारुचंसमेमुकुंदोभगवान्प्रसीदतां॥२१॥प्रचोदितायेनपुरा[illegible]स्वतीवितन्वताजस्यसतींस्मृतिंहृदि॥ स्वलक्षणाप्रा[illegible]रभूत्किलास्यतःसमेऋषीणामृषभःप्रसीदतां ॥२२॥भूतैर्महद्भिर्यइमाःपुरोविभुर्निर्मायशेतेयदमूषुपूरुषः॥भुंक्तेगुणान्षोडशषोडशात्मकःसोऽलंकृषीष्टभगवान्वचांसिमे ॥२३॥ नमस्तस्मैभग[illegible]॥ पपुर्ज्ञानमयंसौम्यायन्मुखांबुरुहासवं ॥२४॥

નથી તજી, દોશ રહીત થઇને, પરબ્રહ્મના પદને પામે છે. તે કલ્યાણ કારી યશવાળા ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૧૬॥ તપસ્વીઓ–દાતાઓ–યશસ્વીઓ–મનસ્વીઓ,–મંત્રવીદ એટલે વેદના મંત્રોને જાણનારાઓ–અને સારા આચાર વાળાઓ, પોતાનાં કર્મો જેને અર્પણ કરયા વીના સુખ પામતા નથી. તે કલ્યાણ કારી યશવાળા ભગવાનને હું નમુંછું. ॥૧૭॥ કીરાત (ભીલ)–હુણ–આંધ્ર–પુલીંદ–પુલ્કસ (ચાંડાળ)–આભીર (આહેર) કંક–યવન–તથા ખસ, અને બીજા પાપીઓ પણ જેનો આશ્રય કરવા થકી શુદ્ધ થાયછે. તે સમર્થ ભગવાનને હું નમું છું. ॥૧૮॥ આત્મતત્વને જાણનારના આત્મા–અધીશ્વર–ત્રણવેદમય–ધર્મમય–તપોમય–તથા જેનું સ્વરૂપ બ્રહ્મા અને શંકરઆદી નીષ્કપટ ભક્તોના પણ જાણવામાં આવતું નથી. તે ભગવાન મને પ્રસન્ન થજો. ॥ ૧૯ ॥ લક્ષ્મીના પતી–યજ્ઞના પતી–પ્રજાપતી–બુદ્ધીની વૃત્તીઓના પતી–લોકના પતી–પૃથ્વીના પતી–અંધક, વૃષ્ણી, અને સાત્વતોના પતી અને ગતી રૂપ–અને સત્પુરૂષોના પતી ભગવાન મને પ્રસન્ન થજો. ॥૨૦॥

જેના ચરણ ધ્યાનરૂપ સમાધીથી નીર્મળ થયેલ બુદ્ધી વડે તત્વને જાણનારાઓ પોતાને વીશેજ જેને જુએ છે તથા જ્ઞાનવાન પુરૂશો પોત પોતાની રૂચી પ્રમાણે જેના સ્વરૂપને વર્ણવે છે. તે મુકુંદ ભગવાન મને પ્રસન્ન થજો. ॥૨૧॥ પુર્વે બ્રહ્માના હૃદયમાં સૃષ્ટી કરવાની સારી સ્મૃતીને આપનારા–અને જેની પ્રેરણાથી સરસ્વતી પોતાનાં લક્ષણો સહીત બ્રહ્માને વીશે ઉત્પન્ન થઇ હતી. તે રૂશીઓમાં ઉત્તમ નરનારાયણ ભગવાન મને પ્રસન્ન થજો. ॥૨૨॥ જે સમર્થ પુરૂશ ભગવાન, મહા ભુતો વડે આ અનેક શરીરોને નીર્માણ કરીને તેમને વીશે રહેલા સોળ ગુણોને (એટલે પાંચ મહા ભુતો તથા અગીયાર ઇંદ્રીયો: એમના વીશયોને) ભોગવે છે, તે સોળ કળા વાળા ભગવાન મારી વાણીને શણગાર વાળી કરજો. ॥૨૩॥ જેના મુખ કમળમાંથી નીકળેલા જ્ઞાન મય રસને. મહા બુદ્ધી શાળી ભક્ત જનો પીએ છે. તે વાસુદેવ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥૨૪॥ હે રાજા તમે પુછો છો તે રીતેજ, નારદના પુછવાથી વેદ ગર્ભ બ્રહ્માએ, પોતાને સાક્ષાત હરી ભગવાને

કથા પ્રમાણે જે કંઈ બતાવ્યું હતું. તે હું તમને કહું છું. ॥૨૫॥ શ્રી ભાગવતમાં બીજા સ્કંધનો ચોથો અધ્યાય ॥૪॥

અધ્યાય ૫ મો.–નારદ–હે દેવના દેવ, અને પ્રાણી માત્રને ઉત્પન્ન કરનારા, તથા પુર્વજ, હું આપને નમસ્કાર કરું છું. જેથી આત્મતત્વનું દર્શન થાય, તે જ્ઞાનને જાણનારા પણ આપજ છો. ॥૧॥ હે સમર્થ, આ જગતનું રૂપ કેવું છે? તે કોને આશ્રયે રહેલું છે? તે શામાંથી ઉત્પન્ન થયું છે? તે શામાં લય પામે છે? તે કોને આધીન છે? અને તેનું તત્વ શું છે? એ સઘળું આપ તત્વે કરીને મને કહો. ॥૨॥ હાથમાં રાખેલા આંબળાની પેઠે આ વીશ્વને વીશેશે કરીને જાણનારા આપ સમર્થ, ભુત–ભવીષ્ય–અને વર્તમાન એટલે થયું–થશે અને થાય છે એ સર્વને જાણો છો. ॥૩॥ આપને જ્ઞાન આપનારો કોણ છે? અને આશ્રય કોનો છે? તથા આપ કોને વશ છો? અને આપ કોના સરખા છો? તથા કરોળીઓ જેમ પોતાનું જાળું બનાવે છે. તેમ એકલા આપ પોતાની શક્તીથી પાંચ મહા ભુતવડે, પોતાનામાંજ સર્વ પ્રાણીઓ આદીકને સર્જો છો. તથા તેમનો પરાભવ નહીં થતો હોતાં, અને પોતાને જરા પણ થાક નહીં લાગતાં, પાછા સંહાર કરીને, તે સઘળાનું પાલન કરો છો. ॥૪–૫॥ હે સમર્થ, નામ–રૂપ–અને ગુણોવાળી, તથા સત્–અસત્,–અને સત્ અસત્ થકી અન્ય, એવી કોઈપણ વસ્તુ થયેલી આપના થકી જુદી, અને આપના કરતાં શ્રેષ્ટ, અથવા બરાબર હોય એમ હું જાણતો નથી. ॥૬॥ એમ છતાં આપે પણ એકાગ્ર બુદ્ધી કરીને આચરેલું કઠણ તપ કોનું હતું? તે થકી મને ખેદ અને શંકા થવાથી હું આપને પુછું છું. ॥૭॥ હે સર્વજ્ઞ અને સર્વના ઇશ્વર, મારા પ્રશ્નનું, આપ એવી રીતે સમાધાન કરો. કે જેથી હું એ સઘળી વાત બરાબર રીતે સમજી શકું. ॥૮॥–**બ્રહ્મા**–હે પુત્ર, હે સૌમ્ય, સર્વના ઉપર સંપુર્ણ દયા કરવા માટે આ તારું પુછવું છે, કે જેથી ભગવાનના પરાક્રમો જોવાને હું પ્રેરાયો છું. ॥૯॥ જેના થકી મારો આટલો પ્રભાવ છે તેને તે જ્યાં સુધી જાણ્યો નથી. ત્યાં સુધી તું મને આ રીતે કહે છે. જે તારા જાણ્યા પ્રમાણે કહે છે, માટે તારું એ કહેવું ખોટું નથી. ॥૧૦॥ એજ પો-

एतदेवात्मभूराजन्नारदायवि च्छते॥ वेदगर्भोऽभ्यधात्साक्षाद्यदाहहरिरात्मनः॥२५॥ इ०भा०म०द्वि०चतुर्थोध्यायः ॥४॥ नारदउवाच देवदेवनमस्तेस्तुभूतभावनपूर्वज॥ तद्विजानीहियज्ज्ञानमात्मतत्त्वनिदर्शनं॥१॥ यद्रूपंयदधिष्ठानंयतःसृष्टमिदंप्रभो॥ यत्संस्थंयत्परंयच्चतत्तत्त्वंवदतत्त्वतः॥२॥ सर्वंह्येतद्भवान्वेदभूतभव्यभवत्प्रभुः॥ करामलकवद्विश्वंविज्ञानावसितंतव॥३॥ यद्विज्ञानोयदाधारोयत्परस्त्वंयदात्मकः॥ एकःसृजसिभूतानिभूतैरेवात्ममायया॥४॥ आत्मन्भावयसेतानिनपराभावयन्स्वयं॥आत्मशक्तिमवष्टभ्यऊर्णनाभिरिवाक्लमः॥५॥ नाहंवेदपरंह्यस्मिन्नापरंनसमंविभो॥ नामरूपगुणैर्भाव्यंसदसत्किंचिदन्यतः॥६॥ सभवानचरद्घोरंयत्तपःसुसमाहितः॥तेनखेदयसेनस्त्वंपराशंकांचयच्छसि॥७॥ एतन्मेपृच्छतःसर्वंसर्वज्ञसकलेश्वर ॥ विजानीहियथैवेदमहंबुध्येऽनुशासितः ॥८॥ ब्रह्मा० सम्यक्कारुणिकस्येदंवत्सतेविचिकित्सितं॥ यदहंचोदितःसौम्यभगवद्वीर्यदर्शने॥९॥ नानृतंतवतच्चापियथामांप्रब्रवीषिभो॥ अविज्ञायपरंमत्तएतावत्त्वंयतोहिमे॥१०॥ येनस्वरोचिषाविश्वंरोचितंरोचयाम्यहं ॥ यथाऽर्कोग्निर्यथासोमोयथर्क्षग्रहतारकाः॥११॥तस्मैनमोभगवतेवासुदेवायधीमहि॥ यन्माययादुर्जययामांवदन्तिजगद्गुरुं॥१२॥ विलज्जमानयायस्यस्थातुमीक्षापथेऽमुया॥ विमोहिताविकत्थंतेममाहमितिदुर्धियः॥१३॥द्रव्यंकर्मचकालश्चस्वभावोजीवएवच॥ वासुदेवात्परोब्रह्मन्नचान्योऽर्थोस्तितत्त्वतः ॥१४॥ नारायणपरावेदादेवानारायणांगजाः॥नारायणपरालोकानारायणपरामखाः॥१५॥ नारायणपरोयोगोनारायणपरंतपः॥ नारायणपरंज्ञानंनारायणपरागतिः ॥१६॥ तस्यापिद्रष्टुरीशस्यकूटस्थस्याखिलात्मनः॥सृज्यंसृजामिसृष्टोहमीक्षयैवाभिचोदितः॥१७॥ सत्त्वंरजस्तमइतिनिर्गुणस्यगुणास्त्रयः ॥ स्थितिसर्गनिरोधेषुगृहीतामाययाविभोः॥१८॥कार्यकारणकर्तृत्वेद्रव्यज्ञानक्रियाश्रयाः॥बध्नंतिनित्यदामुक्तंमायिनंपुरुषंगुणाः॥१९॥ सएषभगवाँल्लिंगैस्त्रिभिरेभिरधोक्षजः॥ स्वलक्षितगतिर्ब्रह्मन्सर्वेषांममचेश्वरः॥२०॥कालंकर्मस्वभावंचमायेशोमाययास्वया॥ आत्मन्यदृच्छयाप्राप्तंविबुभूषुरुपाददे ॥२१॥ कालाद्गुण

તાના પ્રકાશવડે સુર્ય–અગ્ની–ચંદ્રમા–નક્ષત્રો–ગ્રહો અને તારાઓ આદીની પેઠે પ્રકાશીત કરેલા આ વીશ્વને, હું પાછળથી પ્રકાશ કરનારો છું. ॥૧૧॥ જેની દુર્જય માયા થકી લોકો મને "જગદ્ગુરૂ" કહે છે, એવા વાસુદેવ ભગવાનને હું બુદ્ધી પુર્વક નમસ્કાર કરું છું. ॥૧૨॥ પોતાનું કપટ જાણનારા ભગવાનની સામે, નજરે પડવાને પણ જે શરમાય છે એવી માયા થકી મોહ પામેલા દુષ્ટ બુદ્ધીવાળા મનુષ્યોજ "હું અને મારું" એમ બોલે છે. ॥૧૩॥ હે નારદ, દ્રવ્યો એટલે પદાર્થો–કર્મો–કાળ–સ્વભાવ–અને જીવ (એટલે દેહમાં રહેલ અવીદ્યા યુક્ત આત્મા) એ સર્વે, તત્વે કરીને વાસુદેવ ભગવાનથી, અન્ય વસ્તુ રૂપે નથી. ॥૧૪॥ વેદ નારાયણ સ્વરૂપ છે. દેવતાઓ નારાયણના અંગોથી થયા છે. લોક નારાયણ રૂપ છે. અને યજ્ઞો પણ નારાયણ રૂપજ છે. ॥૧૫॥ યોગ એ નારાયણ રૂપ છે. તપ નારાયણ રૂપ છે. જ્ઞાન નારાયણ રૂપ છે. અને ગતી એટલે મોક્ષાદીક પણ નારાયણ રૂપજ છે. ॥૧૬॥ તથા ઇશ્વર સર્વના અંતર્યામી અને કુટસ્થ ભગવાને અજવાળા જગતને તેનો સરજેલો હું કેવળ તેની દ્રષ્ટીની પ્રેરણાવડેજ સરજુ છું, ॥૧૭॥ સમર્થ નીર્ગુણ ભગવાને ઉત્પતી સ્થીતી અને લય કરવાને માટે રજ સત્વ અને તમ એ ત્રણ ગુણોને માયાવડે ગ્રહણ કરેલા છે ॥૧૮॥ દ્રવ્યો એટલે મહા ભુતો વીગેરે કાર્યો, જ્ઞાન એટલે ઇંદ્રીયો આદી કારણો કીંવા સાધનો, અને ઇંદ્રીઓ આદી વડે થતી ક્રીયાઓના કર્તા તેને ઇંદ્રીઓના દેવતાઓ, એ સર્વેને વીશે; માયાના ગુણો, નીત્ય મુક્ત પુરૂષને (દેહમાં રહેલા આત્મા અથવા ક્ષેત્રજ્ઞને) પોતાપણું એટલે અહંતા મમતા કરાવીને બંધન પમાડેછે. ॥૧૯॥ હે બ્રાહ્મણ એ ત્રણ ગુણોથકી બંધન પામનારાઓને છોડવનારા અને પોતેજ પોતાની ગતીરૂપ જોનારા જે ભગવાન છે. તેજ સર્વના અને મારા પણ ઇશ્વર છે. (એટલે હું તેમને આધીન છું.) ॥૨૦॥ એ માયાના પણ ઇશ્વરને પોતાને ઘણાં રૂપો વાળા થવાની ઇચ્છા થતાં યદ્રચ્છાથી પ્રાપ્ત થયેલાં કાળ–કર્મ—અને સ્વભાવને, તેમણે પોતાની માયા વડે ગ્રહણ કર્યા. ॥૨૧॥ એ પુરૂષ ભગવાનના આધાર વાળાં તેઓમાંના, કાળ વડે

ગુણોનો વીકાર થયો. અને કર્મ તથા સ્વભાવ થકી તેનો પરીણામ થવા રૂપે મહતત્વ જન્મ પામ્યું. ॥૨૨॥ પછી એ મહતત્વ, વધી ગયેલા રજો ગુણ અને સત્વ ગુણથી વીકાર પામીને તેમાંથી દ્રવ્ય-જ્ઞાન-અને ક્રીયાના સ્વભાવ વાળો તથા તમો ગુણની પ્રધાનતાવાળો એક પદાર્થ (જેને ત્રણ પ્રકારો વાળો અહંકાર કહે છે તે) ઉત્પન્ન થયો. ॥ ૨૩ ॥ તે અહંકાર કહેવાય છે. હે નારદ તે અહંકાર પણ વીકાર પામીને, જ્ઞાન શકતી વાળો વૈકારીક અથવા સાત્વીક-ક્રીયા શકતી વાળો રાજસ અથવા તૈજસ-અને દ્રવ્ય શકતી વાળો તામસ, એ રીતે ત્રણ ભેદ વાળો થયો, ॥૨૪॥ તેમાંનો તામસ અહંકાર વીકાર પામીને તેમાંથી આકાશ થયું. એ આકાશ તત્વનું સુક્ષ્મ સ્વરૂપ એટલે માત્રા, અને ગુણ, દ્રષ્ટા અને દ્રશ્યને જણાવનારી નીશાની રૂપ "શબ્દ" છે. ॥૨૫॥ પછી એ આકાશ વીકાર પામીને તેમાંથી ઇંદ્રીયોનું બળ-મનનું બળ-શરીર બળ-અને પ્રાણને ધારણ કરનારો તથા પોતાના "સ્પર્શ" ગુણ વાળો વાયુ ઉત્પન્ન થયો. અને કારણના ગુણો કાર્યમાં આવવાને લીધે તેમાં આકાશનો ગુણ "શબ્દ" પણ આવ્યો. ॥૨૬॥ તે વાયુનો પણ કાળ-કર્મ-અને સ્વભાવ થકીજ વીકાર થઇને તેમાંથી પોતાના "રૂપ" ગુણ વાળું તેજ ઉત્પન્ન થયું. અને "શબ્દ" તથા "સ્પર્શ" એ ગુણો તેમાં આકાશ અને વાયુના આવ્યા. ॥૨૬॥ પછી તેજનો વીકાર થઇને તેમાંથી પોતાના "રસ" ગુણ વાળું પાણી ઉત્પન્ન થયું. અને "રૂપ," "સ્પર્શ," અને "શબ્દ" એ ગુણો તેમાં આકાશ અને વાયુ ના આવ્યા, ॥૨૭॥ પછી તેજનો વીકાર થઇને તેમાંથી પોતાના "રસ" ગુણ વાળું પાણી ઉત્પન્ન થયું. અને "રૂપ," "સ્પર્શ," અને "શબ્દ" એ ગુણો તેજ-વાયુ-અને આકાશના તેમાં આવ્યા. ॥૨૮॥ તે પછી પાણી વીકાર પામીને તેમાંથી પોતાના "ગંધ" ગુણ વાળી પૃથ્વી ઉત્પન્ન થઇ. અને "રસ-રૂપ-સ્પર્શ-અને શબ્દ" એ ગુણો, પાણી-તેજ-વાયુ-અને આકાશના, તેમાં આવ્યા. ॥૨૯॥-તેમજ વૈકારીક અહંકાર થકી મન અને ચંદ્ર-દીશાઓ-વાયુ-સુર્ય-વરૂણ-અશ્વીનીકુમાર-અગ્ની-ઇંદ્ર-ઉપેંદ્ર એટલે વીશ્નુ-અને મીત્ર, એ દશ ઇંદ્રીયોના દેવતાઓ

व्यतिकरःपरिणामःस्वभावतः॥कर्मणोजन्ममहतःपुरुषाधिष्ठितादभूत् ॥२२॥ महतस्तुविकुर्वाणादजःसत्वोपबृंहितात् ॥तमःप्रधानस्त्वभव
द्द्रव्यज्ञानक्रियात्मकः॥२३॥सोऽहंकारइतिप्रोक्तोविकुर्वन्समभूत्त्रिधा ॥वैकारिकस्तैजसश्चतामसश्चेतियद्भिदा ॥ द्रव्यशक्तिःक्रियाशक्तिर्ज्ञान
शक्तिरितिप्रभो॥२४॥तामसादपिभूतादेर्विकुर्वाणादभून्नभः॥ तस्यमात्रागुणःशब्दोलिंगंयद्द्रष्टृदृश्ययोः॥२५॥ नभसोऽथविकुर्वाणादभूत्स्प
र्शगुणोऽनिलः॥ परान्वयाच्छब्दवांश्चप्राणओजःसहोबलं ॥२६॥ वायोरपिविकुर्वाणात्कालकर्मस्वभावतः॥ उदपद्यततेजोवैरूपवत्स्पर्शश
ब्दवत् ॥२७॥ तेजसस्तुविकुर्वाणादासीदंभोरसात्मकं॥रूपवत्स्पर्शवच्चांभोघोषवच्चपरान्वयात् ॥२८॥विशेषस्तुविकुर्वाणादंभसोगंधवान
भूत् ॥परान्वयाद्रसस्पर्शशब्दरूपगुणान्वितः॥२९॥ वैकारिकान्मनोजज्ञेदेवावैकारिकादश ॥ दिग्वातार्कप्रचेतोऽश्विवह्नीन्द्रोपेंद्रमित्रकाः
॥३०॥ तैजसात्तुविकुर्वाणादिंद्रियाणिदशाभवन् ॥ ज्ञानशक्तिःक्रियाशक्तिर्बुद्धिःप्राणस्तुतैजसौ ॥ श्रोत्रंत्वग्घ्राणदृग्जिह्वावाग्दोर्मेढ्रांघ्रिपा
यवः ॥३१॥ यदैतेऽसंगताभावाभूतेंद्रियमनोगुणाः॥यदायतननिर्माणेनशेकुर्ब्रह्मवित्तम॥३२॥ तदासंहत्यचान्योन्यंभगवच्छक्तिचोदिताः॥
सदसत्त्वमुपादायचोभयंससृजुर्ह्यदः ॥३३॥ वर्षपूगसहस्रांतेतदंडमुदकेशयं॥ कालकर्मस्वभावस्थोजीवोजीवमजीवयत् ॥३४॥सएवपुरु
षस्तस्मादंडंनिर्भिद्यनिर्गतः॥ सहस्रोर्वंघ्रिबाह्वक्षःसहस्राननशीर्षवान्॥३५॥ यस्येहावयवैर्लोकान्कल्पयंतिमनीषिणः॥ कट्यादिभिरधः
सप्तसप्तोर्ध्वंजघनादिभिः॥३६॥ पुरुषस्यमुखंब्रह्मक्षत्रमेतस्यबाहवः ॥ऊर्वोर्वैश्योभगवतःपद्भ्यांशूद्रोऽभ्यजायत ॥३७॥ भूर्लोकःकल्पितःपद्भ्यां
भुवर्लोकोऽस्यनाभितः॥ हृदास्वर्लोकउरसामहर्लोकोमहात्मनः॥३८॥ ग्रीवायांजनलोकश्चतपोलोकस्तनद्वयात् ॥ मूर्धभिःसत्यलोकस्तुब्र
ह्मलोकःसनातनः॥३९॥ तत्कट्यांचातलंक्लृप्तमूरुभ्यांवितलंविभोः ॥जानुभ्यांसुतलंशुद्धंजंघाभ्यांतुतलातलं॥४०॥ महातलंतुगुल्फाभ्यांप्र
पदाभ्यांरसातलं॥ पातालंपादतलतइतिलोकमयःपुमान् ॥४१॥भूर्लोकःकल्पितःपद्भ्यांभुवर्लोकोऽस्यनाभितः ॥ स्वर्लोकःकल्पितोमूर्ध्ना इति

ઉત્પન્ન થયા. ॥૩૦॥ તથા તૈજસ એટલે રાજસ અહંકાર વીકાર પામીને તેમાંથી જ્ઞાન શક્તી વાળી દસ ઇંદ્રીઓ થઇઓ. તથા બુદ્ધી અને પ્રાણ પણ એ રાજસ અહંકાર થકીજ થયા. ॥૩૧॥ (એટલી પ્રકૃતીનાં કારણો રૂપ સત્ અથવા કારણ સૃષ્ટી કહેવાય છે. તે કહ્યા પછી અસત્ અથવા કાર્ય સૃષ્ટી એટલે એ કારણો વડે ઉત્પન્ન થનારા પ્રાણી પદાર્થાદીક વીગેરેની સૃષ્ટી થવાનો પ્રકાર હવે કહે છે) હે બ્રહ્મજ્ઞાનીઓમાં ઉત્તમ નારદ, જ્યારે એ મહા ભુતો-ઇંદ્રીયો-અને મન તથા ઇંદ્રીયોના દેવતાઓઆદી (કારણો), આશ્રય (એટલે શરીર) ને નીર્માણ કરવાને જુદાં જુદાં શક્તીમાન ન થયાં, ત્યારે ભગવાનની શકતી (માયા) ની પ્રેરણા પામીને, તેઓએ એક બીજા સાથે મળીને, સત્ (લીંગ શરીર, અને અસત્ (સ્થુળ શરીર) એવું બંને પ્રકારો વાળું આશ્રય (એટલે શરીર અથવા ઇંડુ) પાણીને વીશે ઉત્પન્ન કર્યું. ॥૩૨-૩૩॥ હજારો વરસ સુધી જળની અંદર તે નીર્જીવ એટલે ચેતન રહીત શરીર અથવા ઇંડુ, પડી રહ્યા પછી, કાળ-કર્મ-અને સ્વભાવનો આશ્રય કરીનેજ, આત્મા ભગવાને તેને જીવતું એટલે સચેતન કર્યું. ॥૩૪॥ ત્યારે તે ઇંડાને ફોડીને તેમાંથી જે, હજારો સાથળો-પગ-હાથ-આંખો-મોઢાં અને માથાં વાળા નીકળ્યા, તેજ આ પુરૂષ ભગવાન છે. ॥૩૫॥ જેના અવયવોને વીશે કેડથી નીચેના ભાગમાં સાત પાતાળ આદીક લોકની, અને ઉપરના જઘન આદી ભાગોમાં સાત પૃથ્વી આદી લોકની વીદ્વાનો કલ્પના કરે છે. ॥૩૬॥ એ પુરૂષ ભગવાનના મુખથી બ્રાહ્મણો, હાથથી ક્ષત્રીઓ, ઉરૂથી વૈશ્યો, અને પગ થકી શુદ્રો જન્મ પામેલા છે. ॥૩૭॥ એ મહાત્મા ભગવાનના પગને વીશે ભુલોકની,-નાભીમાં ભુવર લોકની, હૃદયમાં સ્વર્ગ લોકની, અને છાતીમાં મહર્લોકની કલ્પના થયેલી છે. ॥૩૮॥ તેના ગળામાં જન લોકની, બેસ્તનોમાં તપ લોકની, અને માથાને વીશે સત્ય લોક-બ્રહ્મ લોક-અને સનાતન એટલે વૈકુંઠ લોકની કલ્પના થયેલ છે. ॥૩૯॥ તેની કેડને વીશે અતળની, ઉરૂમાં વીતળની, જાનુ એટલે ગુંઠણમાં શુદ્ધ સુતળની, જાંઘમાં તળાતળની, ઘુંટીમાં મહા તળની, ચરણના ફણામાં રસાતળની, અને પગના

તળીઆમાં પાતાળની કલ્પના થયેલી છે. એ રીતે એ પુરૂશ ભગવાન ચૌદે લોક મય છે. ॥૪૦-૪૧॥ અથવા તેના પગને વીશે ભુલોક, નાભીને વીશે ભુવર્લોક, અને માથાને વીશે સ્વર્ગ લોક એ રીતે (ત્રણે) લોકની કલ્પના થયેલાનું પણ કહેવાય છે. ॥૪૨॥ ઈતીશ્રી૦ ભા૦ બી૦ સ્કં૦ પાંચમો અધ્યાય સંપુર્ણ. ॥૫॥

અધ્યાય ૬ ઠો.–બ્રહ્મા–એ વીરાટ ભગવાનનું મુખ વાણીનું, તથા વાણીના દેવ અગ્નીનું ઉત્પત્તી સ્થાન છે. તથા આદી સપ્ત ધાતુ, ગાયત્રી વીગેરે છંદોનું ઉત્પત્તી સ્થાન છે. હવ્ય (એટલે દેવતાઓનું અન્ન), કવ્ય (એટલે પીતૃઓનું અન્ન), અને અમૃત (એટલે દેવ તથા પીતૃઓને આપતાં વધેલું અન્ન) એમનું અને મધુર આદી છ રસોનું ઉત્પત્તી સ્થાન તેની જીભ છે ॥૧॥ તેની નાસીકા સર્વના પ્રાણ તથા વાયુનું, અને ઘ્રાણ ઈંદ્રી અશ્વીનીકુમારનું અને સામાન્ય તથા વીશેષ ઔષધી એ પ્રકારની ઉત્તમ ગંધનું ઉત્પત્તી સ્થાન છે. ॥૨॥ તેની નેત્ર ઈંદ્રીમાંથી સર્વ પ્રકારનાં તેજ અને રૂપની તથા નેત્રની કીકીમાંથી સુર્ય અને આકાશની ઉત્પત્તી થઇ છે. કાનમાંથી દીશાઓ અને તીર્થોની તથા શ્રોત્ર ઈંદ્રી થકી આકાશની તન્માત્રા શબ્દની ઉત્પત્તી થઇ છે. અને તેનું શરીર સર્વ વસ્તુના સારની અને સુંદરતાની જન્મ ભુમી છે. ॥૩॥ તેની ત્વચામાંથી સ્પર્શ ગુણ, વાયુ, અને સર્વ યજ્ઞો થયેલા છે, તેનાં રૂવાડાં થકી જેણે કરીને યજ્ઞ સીદ્ધ થાય છે એવી ઉદ્ભીજ જાતીઓ એટલે ઝાડો આદી થયેલ છે. ॥૪॥ તેના વાળ મેઘનું–દાઢી વીજળીનું–અને નખ પથરો તથા લોઢાનું ઉત્પત્તી સ્થાન છે. અને તેના હાથ વીશેશે કરીને સર્વનું સારૂં કરનારા લોક પાળ દેવતાઓનું ઉત્પત્તી સ્થાન છે. ॥૫॥ એ હરી ભગવાનનું પરાક્રમ, ભુલોક–ભુવર્લોક–અને સ્વર્ગ લોક એમના કલ્યાણનું શરણ સ્થાન છે. અને તેના ચરણ સર્વ કામનાઓનું તથા વરદાનોનું સ્થાન છે. ॥૬॥ જળ–વીર્ય–સૃષ્ટી–મેઘ–અને પ્રજાપતીઓ, એમનું ઉત્પત્તી સ્થાન તેનું લીંગ છે. તથા તેમાં રહેલી ઉપસ્થ ઈંદ્રીય એ સંભોગ જન્ય સુખનું સ્થાન છે. ॥૭॥ હે નારદ, તેની પાયુ ઈંદ્રીય, યમદેવ–મીત્ર દેવ–અને મલોત્સર્ગ એમનું ઉત્પત્તી સ્થાન છે. અને એ ઈંદ્રીયને રેહેવાની જગા ગુદા, હીંસા–અલક્ષ્મી–મૃત્યુ–તથા નરકનું સ્થાન છે. ॥૮॥ તેનો વાંસો પરાભવ–અજ્ઞાન–અને અધર્મનું સ્થાન છે. નાડીઓ, નદીઓનું સ્થાન છે. અને હાડકાંનો સમુહ, પર્વતોનું ઉત્પત્તી સ્થાન છે. ॥૯॥ પ્રધાનનું,

वालोकक्कल्पना ॥४२॥ इ०भा०म०द्वि०पंचमोऽध्यायः ॥५॥ ब्रह्मा० वाचांवन्हेर्मुखंक्षेत्रंछंदसांसप्तधातवः ॥ हव्यकव्यामृतान्नानांजिव्हा सर्वरसस्यच ॥१॥ सर्वासूनांचवायोश्चतन्नासेपरमायने॥अश्विनौ[illegible]दयोः॥२॥ रूपाणांतेजसांचक्षुर्दिवःसूर्यस्य[illegible] क्षिणी॥ [illegible]तीर्थानांश्रोत्रमाकाशशब्दयोः॥ तद्गात्रंवस्तुसाराणांसौभगस्यचभाजनं ॥३॥ त्वगस्यस्पर्शवायोश्चसर्वमेधस्यचैव हि॥ रोमाण्युद्भिज्जजातीनांयैर्वायज्ञस्तुसंभृतः॥४॥केशश्मश्रु नखान्यस्यशिलालोहाभ्रविद्युतां॥बाहवोलोकपालानांप्रायशःक्षेमकर्मणां ५ विक्रमोभूर्भुवःस्वश्चक्षेमस्यशरणस्यच॥ सर्वकामवरस्यापिहरेश्चरणआस्पदं॥६॥ अपांवीर्यस्यसर्गस्यपर्जन्यस्यप्रजापतेः॥ पुंसःशिश्नउपस्थस्तुप्रजात्यानंदनिर्वृतेः ॥७॥ पायुर्यमस्यमित्रस्यपरिमोक्षस्यनारद॥ हिंसायानिर्ऋतेर्मृत्योर्निरयस्यगुदःस्मृतः॥८॥पराभूतेरधर्मस्यतमसश्चापिपश्चिमः॥ नाड्योनदनदीनांतुगोत्राणामस्थिसंहतिः॥९॥अव्यक्तरससिंधूनां[illegible]तानांनि[illegible]नस्यच ॥ उदरंविदितंपुंसोहृदयंमनसःपदं॥१०॥ धर्मस्यममतुभ्यंचकुमाराणांभवस्यच॥वि[illegible]नस्यचसत्वस्यपरस्यात्मापरायणं॥११॥अहंभवान्भवश्चैवतइमेमुनयोऽग्रजाः॥सुरासुरनरानागाःखगामृगसरीसृपा ॥१२॥ गंधर्वाप्सरसोयक्षारक्षोभूतगणोरगाः॥पशवःपितरःसिद्धाविद्याध्राश्चारणाद्रुमाः ॥१३॥ अन्येच विविधाजीवाजलस्थलनभौकसः ॥ ग्रहर्क्षकेतवस्तारास्तडितःस्तनयित्नवः॥१४॥सर्वंपुरुषएवेदंभूतंभव्यंभवच्चयत् ॥ तेनेदमावृतंविश्वंवितस्तिमधितिष्ठति ॥१५॥ स्वधिष्ण्यंप्रतपन्प्राणोबहिश्चप्रतपत्यसौ॥ एवंविराजंप्रतपंस्तपत्यंतर्बहिःपुमान् ॥सोऽमृतस्याभयस्येशोमर्त्यमन्नंयदत्यगात् ॥१६॥महिमैषततोब्रह्मन्पुरुषस्यदुरत्ययः॥ पादेषुसर्वभूतानिपुंसःस्थितिपदोविदुः ॥१७॥ अमृतंक्षेममभयंत्रिमूर्ध्नोधायिमूर्धसु॥पादास्त्रयोबहिश्चासन्नप्रजानांयआश्रमाः॥ अंतस्त्रिलोक्यास्त्वपरागृहमेधोऽबृहद्व्रतः॥१८॥सृतीविचक्रमेविष्वङ्साशनानशनेउभे॥यद

અન્નાદીકના રસનું, અને સમુદ્રનું તથા પ્રાણી માત્રના લયનું સ્થાનક તેનું પેટ છે. અને તેનું હૃદય, મનનું સ્થાન છે. એમ વીદ્વાનો કહે છે. ॥૧૦॥ તેમજ ધર્મનું–મારૂં–તારૂં–કુમારોનું–શીવનું–વીજ્ઞાનનું–અને સત્વનું સ્થાનક એ પુરૂશ ભગવાનનું ચીત છે. ॥૧૧॥ હું, તું, શીવ, તેમજ તમારાથી પ્રથમ ઉત્પન્ન થયેલા સનકાદીક, મરીચી આદી ઋશીઓ, દેવતાઓ, અસુરો, માણસો, નાગ, પંખી, મૃગો, પેટે ચાલનારા પ્રાણીઓ, ગંધર્વો, અપ્સરાઓ, યક્ષો, રાક્ષસો, ભુતગણો, ઉરગ એટલે સાપ, પશુઓ, પીતૃઓ, સીદ્ધ, વીદ્યાધરો, ચારણ, ઝાડો, અને બીજાં જુદાં જુદાં પ્રકારના જળ–સ્થળ–અને આકાશને વીશે વીચરનારા પ્રાણીઓ, ગ્રહો, નક્ષત્રો, કેતુઓ, તારાઓ, વીજળી અને મેઘ, તથા જે થયું છે–થાય છે–અને થવાનું છે તેઃ એ રીતનું સઘળું જગત (એટલે દૃશ્ય પ્રપંચ માત્ર) એ પુરૂશ ભગવાન રૂપજ છે એમ જાણો. અને એનાથીજ આખું વીશ્વ વ્યાપેલું છે. તથા એ પુરૂશ ભગવાનજ આખા વીશ્વને પ્રકાશ કરનારા છે અને વીશ્વરૂપે તે પોતેજ થયેલ છે. ॥૧૨–૧૩–૧૪–૧૫॥ સુર્ય જેમ પોતાના સ્થાનને, અને બહાર બીજે પણ પ્રકાશે છે. તેમ એ વીરાટ પુરૂશ ભગવાન પણ પોતાને વીશે અને બહાર પ્રકાશ કરે છે. તે અમૃત અને અભયના ઈશ્વર છે. અને મૃત્યુ ધર્મવાળા (મનુષ્યો)ને ભોગવવાનું જે કર્મફળ, તે તેમના થકી દુર છે. (એટલે કર્મફળ તેમને ભોગવવાનું નથી.) ॥૧૬॥ હે બ્રાહ્મણ, જેના ચરણ આદી અવયવો, સર્વ ભુત એટલે પ્રાણી પદાર્થાદીક સર્વ કોઈનું રેહેવાનું સ્થાનક હોવાનું વીદ્વાનો જાણે છે. તે પુરૂશ ભગવાનનો મહીમા, આ પ્રમાણે અપાર અને અંત વીનાનો છે. ॥૧૭॥ ભુલોક–ભુવર્લોક–અને સ્વર્ગલોક, એ ત્રીલોકીની ઉપર, એટલે ભગવાનના મસ્તકને વીશે રહેલા એવા જન–તપ–અને સત્યલોકમાં, જ્યાં અમૃત–ક્ષેમ–અને અભય રહેલ છે, તેમાં બ્રહ્મચારી–વાનપ્રસ્થ–અને સંન્યાસ આશ્રમ વાળાઓ જાય છે. અને નૈશ્ટીક બ્રહ્મચારી વીગેરે નહીં થતાં જેઓ ગૃહસ્થાશ્રમીજ રહેલા છે, તેઓ તો આ ત્રીલોકીની અંદરજ રેહે છે. ॥૧૮॥ બેઉ પ્રકારના દેહનો (એટલે સ્થુળ અને સુક્ષ્મ દેહનો) આશ્રય કરનારા પુરૂશની, તે અવીદ્યાયુક્ત થઇ કર્મ ફળોને ખાવા થકી, થવાની એક પ્રકારની; અને વીદ્યાયુક્ત રહીને કર્મ ફળોને નહીં ખાવા થકી થવાની બીજા પ્રકારની: એમ બે પ્રકારની ગતીઓ છે. (અર્થાત એ અવીદ્યા યુક્ત થયેલ, કર્મ

કોને ખાનારો દેહમાં રહેલો આત્મા જીવ કહેવાય છે. અને તેની ઉપરના ૧૮ મા શ્લોક પ્રમાણે ગતી થાય છે. તથા બીજો વીદ્યા થકી મુક્ત રહીને કર્મફળોને નહીં ખાનારો દેહમાં રહેલો આત્મા "ઇશ્વર" કહેવાયછે. અને તે સર્વ કાળ મુક્તજ છે. અને તે પરમાત્માનો અંશ અવતાર કહેવાયછે. અને તે અંશઅવતારો થકીજ જ્ઞાનની પ્રાપ્તી જીવોને થાય છે. જેથી તે ઇશ્વર, જીવને પણ પોતાના સમાન એટલે ઇશ્વર બનાવે છે. અને ત્યારેજ જીવોનો મોક્ષ થવાનું કહેવાય છે. અવતાર થઇ ગયા પછી પણ, તેમણે પોતે કહેલું જ્ઞાન પરંપરાથી જીવોને પ્રાપ્ત થવાથી તેઓ મુક્ત થાય છે ખરા. પણ ઘણો કાળ વહી જવાથી તે જ્ઞાન પ્રથમના જેવું નહીં રેહેતાં માણસો વીગેરે પોતાના સ્વભાવને મળતો તેનો અર્થ કરીને બગાડી દેતાં, જીવોને મુક્ત થવાનું સાધન રેહેતું નથી ત્યારે ફરીથી જ્ઞાન આપવાને માટે અને, બીજાં પણ ભક્તોનું રક્ષણ અને દુષ્ટઓનો નીગ્રહ વીગેરે કામો કરવા સારૂં, ભગવાનનો ફરીથી અવતાર થાય છે. એ રીતે યુગે યુગે થયાં કરે છે. એમ ભગવાન શામાટે કરે છે? અને દેહમાં રહેલો આત્મા અવીધા યુક્ત થઇને કર્મ ફળોને ખાનારો શા માટે થાય છે? એ સવાલોના જવાબ; ભગવાન સૃષ્ટી શામાટે કરે છે, પાળે છે, અને વળી નાશ કરે છે. એ સવાલના જવાબની પેઠેજ; ઇશ્વર અને ઇશ્વરનાં કૃત્યો અતર્ક્ય હોવાથી માણસોનાં મન-બુદ્ધી-અને વાણી તેમાં પહોચી શકતાં નથી. તેથી જાણવા સમજવા બહાર હોવાથી આપી શકાય તેવા નથી.) ॥૧૯॥ મહાભુત-ઇંદ્રીઓ-અને ગુણોના સ્વરૂપ ભુત, એ ઇંડામાંથી વીરાટ પુરૂશનું શરીર એટલે વીશ્વરૂપ ઉત્પન્ન થયેલ છે. જે આખા વીશ્વને વીશે, સુર્ય કીરણોથકી પ્રકાશવાની પેઠે, સંપુર્ણપણે વ્યાપેલ વસ્તુ થકી સર્વત્ર પ્રકાશે છે. ॥૨૦॥ એ મહાત્માના નાભી કમળથકી, હું જ્યારે ઉત્પન્ન થયો, ત્યારે યજ્ઞની સામગ્રી, એ પુરૂશ ભગવાનના અવયવો વીના, બીજી કાંઇ પણ મને જોવામાં ન આવી. ॥૨૧॥ પછી યજ્ઞના પશુઓ-યજ્ઞસ્થંભ-દાભ-યજ્ઞભુમી-ઘણા ગુણો વાળો કાળ-પાત્ર આદી વસ્તુઓ-જવ આદીક ઔશધીઓ-ઘી વીગેરે ચીકાશવાળા પદાર્થ-મધુર વીગેરે છ રસ-લોઢું વીગેરે ધાતુઓ-માટી-જળ-ઋક, યજુ, અને શામ એ વેદો-હોતા, અધ્વર્યુ વીગેરેથી થવાનું ચાતુર્હોત્ર વીગેરે કર્મ-જ્યોતીષ્ટોમ વીગેરે યજ્ઞનાં નામો-સ્વાહા, વશટ વીગેરે મંત્રો-દક્ષીણાઓ-વ્રતો-દેવતાઓનો ક્રમ-બોધ્યાયન વીગેરે એ કહેલ કલ્પ એટલે પદ્ધતીઓ-સંકલ્પ-તંત્ર એટલે કર્મ કરવાના પ્રકારો-વીશ્નુક્રમાદી ગતીઓ-દેવતાઓનાં ધ્યાન-પ્રાયશ્ચીતો-તથા ઇશ્વરાર્પણ બુદ્ધીથી કર્મો કરવા રૂપ સમર્પણ-એ સઘળી યજ્ઞની

वि[illegible]चपुरुषस्तूभयाश्रयः ॥१९॥ यस्मादंडंविराट्जज्ञेभूतेंद्रियगुणात्मकः॥तद्द्रव्यमत्यगाद्विश्वंगोभिःसूर्यइवातपन्॥२०॥यदास्य नाभ्यान्नलिनाद[illegible]त्मनः॥ नाविदंयज्ञसंभारान्पुरुषावयवादृते॥२१॥ तेषुयज्ञस्यपशवःसवनस्पतयःकुशाः ॥इदंचदे[illegible] श्चोरुगुणान्वितः ॥२२॥ वस्तुन्योषधयःस्नेहारसलोहमृदोजलं॥ऋचोयजूंषिसामानिचातुर्होत्रंचसत्तम॥२३॥नामधेयानिमंत्राश्चदक्षिणाश्च [illegible]तानिच॥ देवतानुक्रमःकल्पःसंकल्पस्तंत्रमेवच॥२४॥ गतयोमतयश्चैवप्रायश्चित्तंसमर्पणं ॥पुरुषावयवैरेतेसंभाराःसंभृतामया॥२५॥इति संभृतसंभारःपुरुषावयवैरहं॥तमेवपुरुषंयज्ञंतेनैवायजमीश्वरं ॥२६॥ ततस्तेभ्रातर मेप्रजानांपतयोनव ॥ अयजन्व्यक्तमव्यक्तंपुरुषंसुसमाहिताः॥२७॥ ततश्चमनवःकाले [illegible]जिरेऋषयोऽपरे॥पितरोविबुधादैत्यामनुष्याःक्रतुभिर्विभुं॥२८॥न[illegible] भगवतितदिदंविश्वमाहितं॥गृही[illegible]गुणःसर्गादावगुणःस्वतः॥२९॥ सृजा[illegible] तन्नियुक्तोऽ[illegible]रातितद्वशः॥विश्वंपुरुषरूपेणपरिपातित्रि[illegible]क्तिधृक् ॥३०॥ इतितेऽभिहितंतातयथे[illegible]सि ॥ नान्यद्भगवतःकिंचिद्भाव्यंसदसदात्मकं ॥३१॥ नभारतीमेंगमृषोपलक्ष्यतेनवैक्कचिन्मेमनसो[illegible]गतिः॥ नमे हृषीकाणिप[illegible]त्यसत्पथेयन्मे[illegible]दौत्कंठ्यवताधृतोहरिः॥३२॥ सोऽहंसमाम्नायमयस्तपोमयः[illegible]नामभिवंदितःपतिः॥ आस्थाययोगं निपुणंसमाहितस्तंनाध्यगच्छंयतआत्मसंभवः॥३३॥ नतोस्म्यहंतच्चरणंसमीयुषांभवच्छिदंस्वस्त्य[illegible]लं॥ योह्यात्ममायाविभवंस्मपर्यगाद्यथानभःस्वांतमथापरेकुतः॥३४॥नाहंनयूयंयदृतांगतिंविदुर्नवामदेवःकिमुत[illegible]ः॥ तन्माययामोहितबुद्धयस्त्विदंविनिर्मितंचात्मसमंचचक्ष्महे॥३५॥यस्यावतारकर्माणिगायंतिह्यस्मदादयः॥नयंविदंतितत्त्वेनतस्मैभगव[illegible]ः॥३६॥ सएषआद्यःपुरुषःकल्पेकल्पेसृज

સામગ્રીઓ, તે પુરૂશ ભગવાનના અવયવો થકીજ મેં સંપાદન કરી. ॥૨૨-૨૩-૨૪-૨૫॥ અને એ રીતે પુરૂશ ભગવાનના અવયવો થકી મેળવેલી યજ્ઞની તે સાગ્રીઓ થકી, તેજ યજ્ઞ પુરૂશ ઇશ્વરનું મેં પુજન કર્યું હતું, ॥૨૬॥ પછી તમારા ભાઇઓ, આ નવ પ્રજા પતીઓએ પણ, એકાગ્ર બુદ્ધી વડે, એ વ્યક્ત (એટલે દેવતાઓ રૂપે દેખવામાં આવતા) અને અવ્યક્ત (એટલે નીર્ગુણ અને નીરાકાર હોવાથી નહીં જોવામાં આવતા), પુરૂશ ભગવાનનું પુજન કર્યું હતું. ॥૨૭॥ અને તે પછી કાંઇક વખત ગયા કેડે મનુઓએ-બીજા રૂશીઓએ-પીતૃઓએ-દેવોએ-દૈત્યોએ-અને મનુષ્યોએ પણ યજ્ઞો કરીને, એ સમર્થ ભગવાનનુંજ પુજન કર્યું હતું. ॥૨૮॥ એ નારાયણ ભગવાનને વીશેજ આ વીશ્વ વ્યાપીને રહેલું છે. અને તે પોતે નીર્ગુણ હોવા છતાં, માયાને ગ્રહણ કરવા વડે અનેક ગુણો વાળા થઇને, ઉત્પત્તી-સ્થીતી-અને લય વીગેરે કરનારા થાય છે. ॥૨૯॥ તેની આજ્ઞાને અનુસરીને હું વીશ્વની ઉત્પત્તી કરૂં છું. હર એટલે સદાશીવ તેને વશ રહીનેજ એ વીશ્વનો સંહાર કરે છે. અને વીશ્નુ રૂપે તે પોતેજ આ વીશ્વનું પાળન કરે છે. એ રીતે ત્રણે શક્તીઓને ધરનારા એ પુરૂશ ભગવાનજ છે. ॥૩૦॥ એ રીતે સત્ (મહા ભુતાદીક) અને અસત્ (દ્રશ્ય માત્ર) રૂપે જે કાંઇ થયેલ છે તે સઘળું એ ભગવાન થકી જુદું નથી. હે તાત, તમે મને જે જે પુછયું હતું તે બધુંજ, મેં તમને એ રીતે કહ્યું. ॥ ૩૧ ॥ એ ભગવાનને મેં ઉત્કંઠા સહીત, મારા હ્રદયને વીશે ધારણ કરેલા છે. તેથી મારી વાણી મીથ્યા થતી નથી. (એટલે મારૂં વચન સીદ્ધ થાય છે. અને નહીં થવા સરખું મારી વાણીથી બોલાતુંજ નથી.) મારા મનની ગતી પણ મીથ્યા થતી નથી. (એટલે મારો સંકલ્પ સીદ્ધ થાય છે.) અને મારી ઇંદ્રીયો પણ અવળે મારગે પ્રવર્તતી નથી. ॥૩૨॥ એવો વેદમય-તપોમય-અને પ્રજાપતીઓએ નમસ્કાર કરેલો તથા તેઓનો સ્વામી હું પણ, મને જન્મ આપનારાને જ્યારે જાણી શકયો નહીં, ત્યારે એકાગ્ર બુદ્ધીથી યોગ ધારણા કરીને મેં તેજ ભગવાનનું ધ્યાન કર્યું હતું. ॥૩૩॥ શરણે આવનારનાં જન્મ મરણને મટાડનારા-કલ્યાણના આશ્રય સ્થાનરૂપ-સુંદર તથા મંગળરૂપ-તથા અનંતપણાથી આકાશ પોતાના અંતને નહીં જાણવાની પેઠે પોતાની માયાના વૈભવના અંતને જે પોતે પણ જાણી શકતા નથી-એવા તે ભગવાનના ચરણને વીશે હું નમસ્કાર કરૂંછું. ॥૩૪॥ હું, તું, તથા સદાશીવ પણ તેની ખરી ગતીને જાણતા નથી. તો આ જગતમાં નીર્માણ થયેલા ભગવાનની માયાથી મોહ પામેલી બુદ્ધીવાળા, અને પોતાના

સરજોજ તેને સમજનારા બીજા દેવતાઓ વીગેરે તો તેને કેમજ જાણી શકે ! ॥૩૫॥ એ રીતે તે તત્વ સહીત જાણી શકાતા નથી. માટેજ તેના અવતારોને અને કર્મોને આપણ વીગેરે ગાઇએ છીએ. તે ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૩૬॥ એજ અજન્મા અને આદ્ય પુરૂશ ભગવાન પ્રત્યેક કલ્પને વીશે પોતે પોતાને પોતામાંજ અને પોતા વડેજ સરજેછે પાળેછે. અને સંહાર પણ કરેછે. ॥૩૭॥ હે નારદ અતી શુદ્ધ–કેવળ–જ્ઞાનમય–સર્વથકી જુદા પ્રકારના–સર્વમાં વ્યાપી રહેલા–સત્ય–પુર્ણ–આદી અંત રહીત–નીર્ગુણ–નીત્ય–અને અદ્વય, એવા ભગવાનને શાંત થએલ મન, બુદ્ધી, અને ઇંદ્રીઓવાળા મુનીઓ જાણેછે. પણ જ્યારે કુતર્કથકી, તેમનાં મન બુદ્ધી અને ઇંદ્રીઓ, પરાભવ પામેછે. ત્યારે ભગવાન તેમને દેખાતા નથી. ॥૩૮–૩૯॥ કાળરૂપે–સ્વભાવરૂપે–સત એટલે મહાભુતો આદીરૂપે–અસત એટલે દ્રવ્ય પદાર્થાદીકરૂપે–મન એટલે ચારે પ્રકારના અંતઃકરણરૂપે–દ્રવ્યોરૂપે–વીકારોરૂપે–ગુણોરૂપે–ઇંદ્રીઓરૂપે–વીરાટ એટલે વીશ્વરૂપે–સ્વરાટ એટલે વીશ્વને પ્રકાશીત કરનારા પદાર્થરૂપે–સ્થાવરોરૂપે–અને જંગમોરૂપે પણ એ મહાત્મા આદીઅવતાર પરમપુરૂશજ છે. ॥૪૦॥ હું (બ્રહ્મા) સદાશીવ–યજ્ઞ–આ દક્ષ આદી પ્રજાપતીઓ–તમે વગેરે મુનીઓ–સ્વર્ગના અધીપતીઓ–અંતરીક્ષ લોકના અધીપતીઓ–મનુષ્ય લોકના અધીપતીઓ–અને પાતાળના અધીપતીઓ–ગંધર્વ, વીદ્યાધર, અને ચારણોના સ્વામીઓ–યક્ષ, રાક્ષસો, સાપ, અને નાગ લોકના અધીપતીઓ–મોટા મોટા રૂશીઓ–પીતૃ, દૈત્ય, સીદ્ધ, અને દાનવોના અધીપતીઓ–પ્રેત, પીશાચ, ભુત, કુષ્માંડ, જળજંતુ, પશુ, તથા પક્ષીઓના સ્વામીઓ વીગેરે જેજે કાંઇ સર્વે લોક માત્રને વીશે ઐશ્વર્યવાળુ–મોટમવાળુ–મનની, શરીરની, અને ઇંદ્રીઓની શક્તીવાળુ–રૂપવાળુ અને રૂપ વીનાનું હોય છે તે સર્વ એ પરમ તત્વ ભગવાનનાંજ સ્વરૂપ છે. (અર્થાત સર્વ કોઇ ભગવાનની વીભુતીઓ અથવા ભગવાનનાંજ સ્વરૂપો છે.) ॥ ૪૧–૪૨–૪૩ ॥ એ મહાત્મા પુરૂશ ભગવાનના સુંદર લીલાઓવાળા અવતારોમાંના જેને જેને રૂશીઓએ મુખ્ય માનેલા છે, તેવા અને શ્રવણ કરવાથકી કાનવા દોશને

त्यजः॥ आत्मात्मन्यात्मनात्मानंसंयच्छतिचपातिच॥३७॥ विशुद्धंकेवलंज्ञानंप्रत्यक्सम्यगवस्थितं ॥ सत्यंपूर्णमनाद्यंतंनिर्गुणंनित्यमद्वयं ॥३८॥ऋषेविदंतिमुनयःप्रशांतात्मेंद्रियाशयाः॥यदातदेवासत्तर्कैस्तिरोधीयेतविप्लुतं॥३९॥आद्योऽवतारःपुरुषःपरस्यकालःस्वभावःसदसन्मनश्च॥द्रव्यंविकारोगुणइंद्रियाणिविराट्स्वराट्स्थास्नुचरिष्णुभूम्नः॥४०॥ अहंभवोयज्ञइमेप्रजेशादक्षादयोयेभवदादयश्च ॥ स्वर्लोकपालाःखगलोकपालानृलोकपालास्तललोकपालाः॥४१॥ गंधर्वविद्याधरचारणेशायेयक्षरक्षोरगनागनाथाः॥ येवा[illegible]षीणामृषभाःपितॄणांदैत्येंद्रसिद्धेश्वरदानवेंद्राः॥ अन्येचयेप्रेतपिशाचभूतकूष्मांडयादोमृगपक्ष्यधीशाः॥४२॥ यत्किंचलोकेभगवन्महस्वदोजःसहस्वद्बलवत्क्षमावत् ॥ श्रीन्ह्रीविभूत्यात्मवदद्भुतार्णतत्त्वंपरंरूपवदस्वरूपं॥४३॥ प्राधान्यतोयानृषआमनंतिलीलावतारान्पुरुषस्यभूम्नः ॥ आपीयतांकर्णकषायशोषाननुक्रमिष्येतइमान्सुपेशान्॥४४॥ इ०भा०म०द्वि०षष्ठोऽध्यायः॥६॥ ब्रह्मोवाच यत्रोद्यतःक्षितितलोद्धरणायबिभ्रत्क्रौडींतनुंसकलयज्ञमयीमनंतः॥ अंतर्महार्णवउपागतमादिदैत्यंतंदंष्ट्रयादि[illegible]धरोददार॥१॥ जातोरुचेरजनयत्सुयमान्सुयज्ञआकूतिसूनुरमरानथदक्षिणायां॥लोकत्रयस्यमहतीमहरद्यदार्तिंस्वायंभुवेनमनुनाहरिरित्यनुक्तः ॥२॥ जज्ञेचकर्दमगृहेद्विजदेवहूत्यांस्त्रीभिःसमंनवभिरात्मगतिंस्वमात्रे॥ ऊचेययात्मशमलंगुणसंगपंकमस्मिन्विधूयकपिलस्यगतिंप्रपेदे ॥३॥ अत्रेरपत्यमभिकांक्षतआहतुष्टोदत्तोमयाहमितियद्भगवान्सदत्तः॥ यत्पादपंकजपरागपवित्रदेहायोगर्द्धिमापुरुभयींयदुहैहयाद्याः॥४ ॥ तप्तंतपोविविधलोकसिसृक्षयामेआदौसनात्स्वतपसःसचतुःसनोऽभूत् ॥ प्राक्कल्पसंप्लवविनष्टमिहात्मतत्त्वंसम्यग्जगादमुनयोयदचक्षतात्मन् ॥५॥ धर्मस्यदक्षदुहितर्यजनि[illegible]मूर्त्यांनारायणोनरइतिस्वतपःप्रभावः॥ दृष्ट्वात्मनोभगवतोनियमावलोपंदेव्यस्त्वनंगपृतनाघटितुंनशेकुः ॥६॥ कामंदहंतिकृतिनोननुरोषदृष्ट्यारोषंदहंतमुतते नदहंत्यसह्यं ॥ सोऽयंयदंतरमलंनिविशन्बिभेतिकामःकथंनुपुनरस्यमनःश्रयेत ॥७॥विद्धःसपत्न्युदितपत्रिभिरंतिराज्ञोबालोपिसन्नुपग

મટાડનારા અવતારો હું તમને એક પછી એક એમ કહુંછું, ॥૪૪॥ ઇતીશ્રી. ભા. બી. સ્કં૦ છ૦ અ૦ સં૦ ॥૬॥

અધ્યાય ૭ મો.–બ્રહ્મા–સર્વ યજ્ઞમય અને અનંત ભગવાન વરાહનું શરીર ધારણ કરીને પૃથ્વીના તળનો ઉદ્ધાર કરવાને જ્યારે તૈયાર થયા. ત્યારે વજ્રધારી ઇંદ્ર પર્વતને ચીરી નાંખે તેમ મહા સમુદ્રમાં સામે આવેલા આદી દૈત્ય હીરણ્યાક્ષને તેમણે દાઢોવડે ચીરી નાખ્યો. ॥૧॥ રૂચી રૂશીથકી આકુતીને વીશે જન્મેલા યજ્ઞ ભગવાને તેમની દક્ષીણા નામની સ્ત્રીમાં સુયમ નામના દેવોને ઉત્પન્ન કરીને, તેઓ સહીત થઇ ત્રણે લોકનું મોટું દુઃખ મટાડયું. ત્યારે સ્વયંભુમનુએ તેમને "હરી" એવા નામથી બોલાવ્યા. ॥૨॥ હે નારદ કર્દમ રૂશીના ઘરમાં દેવહુતીથકી કપીલ દેવ નામથી જન્મીને તેમણે પોતાની નવ બેહેનો સહીત માતા દેવહુતીને શુદ્ધ આત્મ જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. કે જે થકી તે પોતાની બુદ્ધીના દોશ એટલે મેળરૂપ આશક્તીને ધોઇ નાંખીને આ જન્મમાંજ કપીલ દેવની ગતીને એટલે મોક્ષને પામ્યાં હતાં. ॥૩॥ એ ભગવાનેજ તુસમાન થઇને પુત્રની કામનાવાળા અત્રી રૂશીને કહ્યું કે "હું પોતેજ તમને અપાયો." તેથી તેમને ઘેર જન્મેલા ભગવાનનું "દત્ત" એવું નામ પડયું હતું. તેમના ચરણ કમળની રજથી પવીત્ર થયેલા દેહવાળા યદુ અને હૈહય એટલે સહસ્ત્રાર્જુન આદી, આ લોક તથા પરલોક બેઉની સીદ્ધીને આપનાર યોગ સંપતીને પામ્યા હતા ॥૪॥ મેં વીવીધ પ્રકારની સૃષ્ટી કરવાની ઇચ્છાથી તપ કરવાથકી પ્રકટ થયેલા, આદીમાં "સન" શબ્દવાળા સનત્કુમાર–સનક–સનંદન–અને સનાતન એવા ચાર રૂશીઓને ભગવાને સ્વરૂપ ધારી થઇને પુર્વ કલ્પના પ્રલય વખતે નાશ પામેલ આત્મજ્ઞાન સંપુર્ણ રીતે કહ્યું હતું. ॥૫॥ દક્ષની દીકરી અને ધર્મની સ્ત્રી મુર્તીથકી તપના અસાધારણ પ્રભાવવાળા નર નારાયણ રૂશીરૂપે ભગવાન અવતર્યા હતા. તેમણે મન થકી ઉત્પન કરેલી અપ્સરાઓને જોઇને, કામદેવની સેનારૂપ ઇંદ્રે મોકલેલી અપ્સરાઓ આદી, ભગવાન નર નારાયણના નીયમનો ભંગ કરવાને સમર્થ થઇ શકી નહોતી. ॥૬॥ ક્રોધવાળી દ્રષ્ટીથકી કામને તો શ્રી રૂદ્ર વીગેરે બાળી શકે છે.

પણ પોતાનેજ બાળનાર અસહ્ય ક્રોધને તેઓ બાળી શકતા નથી. એવો ક્રોધ પણ જેમના નીર્મળ મનમાં પેસવાને બીહે છે. તો તેમના મનની અંદર કામ તો કેમજ પેશી શકે ? ॥૭॥ ઉતાનપાદ રાજાના દેખતાં, તેમના બાળક પુત્ર ધ્રુવજીને, ઓરમાન માયે કહેલાં વચનોરૂપી બાણોથી વીંધાયલા તે, બાળક હોવા છતાં તપ કરવાને ગયા, ત્યાં સ્તુતી કરવાથી સ્વરૂપધારી થઈ પ્રસન્ન થઈને, ભગવાને તેમને દીવ્યગતી આપી. જે ગતીની ઉપર રહેલા ભૃગુ આદી, અને નીચે રહેલા સપ્તરૂશી મુનીઓ પણ વખાણ કરેછે ॥૮॥ વેદથી ઉલટે મારગે ચાલેલા, અને બ્રાહ્મણોના શ્રાપરૂપી વજ્રથી પરાક્રમ અને ભાગ્ય નાશ પામેલા, વેન રાજાને નરકમાં પડવા તારવાને માટે, ભગવાને તેના પુત્રરૂપે પૃથુરાજા અવતરીને પૃથ્વીને દોહી અને, પૃથ્વીથકી અન્નાદીક સર્વ દ્રવ્યો ઉત્પન્ન કર્યા હતાં. ॥૯॥ નાભી રાજાથકી સુદેવી અથવા મેરૂદેવીના પુત્ર થઈને રૂશભદેવજી ભગવાને સમદ્રષ્ટીથી, જડના સરખી યોગ ચર્યાનું આચરણ કીધું હતું. જેને રૂશીઓ સ્વસ્થ, શાંતી આપનાર અને સર્વ સંગથકી આશક્તી મટાડનાર તથા પરમ હંસની દશાનું સ્થાનક માને છે. ॥૧૦॥ મારા યજ્ઞમાં સોના સ-રખી કાંતીવાળા–વેદમુર્તી–યજ્ઞમુર્તી–સર્વ દેવતાઓરૂપ અને સાક્ષાત યજ્ઞપુરૂશ હયગ્રીવ ભગવાન ઉત્પન્ન થયા હતા જેના નાકમાંથી શ્વાસ નીકળતાં મનોહર વેદ વાણી પ્રકટ થઈ છે. ॥૧૧॥ પૃથ્વી સ્વરૂપ અને સર્વ જીવ સમુહના આશ્રય મત્સ્ય સ્વરૂપ ભગવાનનાં દર્શન વૈવસ્વત મનુને પાછલા યુગના અંતે એટલે પ્રલય વખતે થયાં હતાં. તેમણે પ્રલયના જળમાં, મારા મુખમાંથી ભયથકી નીકળી ગયેલા, વેદો પાછા લઈ આવીને તે પ્રલયના જળ-માંજ વીહાર કર્યો હતો. ॥૧૨॥ અમૃત મેળવવા સારૂં દેવ તથા દાનવના અધીપતીઓ ક્ષીર સમુદ્રનું મથન કરતા હતા. ત્યારે એ આદી દેવ ભગવાને કાચબાના શરીરથી મંદરાચળ પર્વતને પોતાની પીઠ ઉપર ધારણ કરીને, તેના ફરવા વડે પોતાને ખંજવાળ મટવાથી નીંદ્રા લેવાનો વખત મળ્યાનું માન્યું હતું. ॥૧૩॥ દેવતા-ઓનું મોટું ભય નીવારણ કરવાને: ચંચળ ભવાં–મોટી દાઢો–તથા ભયાનક મુખવાળા નૃસીંહ રૂપ ધરનારા

तस्तपसेवनानि॥ तस्माअदाद्ध्रुवगतिंगृणतेप्रसन्नोदिव्याःस्तुवंतिमुनयोयदुपर्यधस्तात्॥८॥यद्वेनमुत्पथगतंद्विजवाक्यवज्रविप्लुष्टपौरुषभगं
निरयेपतंतं ॥ त्रात्वाऽर्थितोजगतिपुत्रपदंचलेभेदुग्धावसूनिवसुधासकलानियेन॥९॥ नाभेरसावृषभआससुदेविसूनुर्योवैचचारसमदृक्‌ज
डयोगचर्यां॥ यत्पारम [illegible]स्यमृषयःपदमामनंतिस्वस्थःप्रशांतकरणःपरिमुक्तसंगः॥१०॥ सत्रेममासभगवान्हयशीरषाऽथोसाक्षात्सयज्ञपुरु
षस्तपनीयवर्णः॥ छंदोमयोमखमयोऽखिलदेवतात्मावाचोबभूवुरुशतीःश्वसतोऽस्यनस्तः ॥११॥ मत्स्योयुगांतसमयेमनुनोपलब्धःक्षोणीम
योनिखिलजीवनिकायकेतः॥विस्रंसितानुरुभयेसलिलेमुखान्मेआदायतत्रविजहारहवेदमार्गान्॥१२॥क्षीरोदधावमरदानवयूथपानामुन्म
थ्नताममृतलब्धयआदिदेवः॥ पृष्ठेनकच्छपवपुर्विदधारगोत्रंनिद्राक्षणोद्रिपरिवर्तकषाणकंडूः॥१३॥त्रैविष्टपोरुभयहासन्नृसिंहरूपंकृत्वाभ्र
म[illegible]। दैत्येंद्रमाशुगदयाऽभिपतंतमारादूरौनिपात्यविददारनखैःस्फुरंतं॥१४॥अंतःसरस्युरुबलनपदमृ[illegible]तोग्रा[illegible]णयूथप
तिरंबुजहस्तआर्तः॥आहेदमादिपुरुषाखिललोकनाथतीर्थश्रवःश्रवणमंगलनामधेय॥१५॥श्रुत्वाहरिस्तंशरणार्थिनमप्रमेयश्चक्रायुधःपतग
राजभुजाधिरूढः ॥ चक्रेणनक्रवदनंविनिपाटयतस्माद्धस्तेप्रगृह्यभगवान्कृपयोज्जहार ॥१६॥ ज्याय[illegible]न्गुणैरवरजोऽप्यदितेःसुता[illegible]
न्विचक्रमइमान्यदथाधियज्ञः॥ क्ष्मांवामनेनजगृहेत्रिपदच्छलेनयाञ्चामृतेपथिचरन्प्रभुभिर्नचाल्यः ॥१७॥ नार्थोबलेरयमुरुक्रमपादशौ
चमापःशिखांधृतवतोविबुधाधिपत्यं ॥ योवैप्रतिश्रुतमृतेनाचिकीर्षदन्यदात्मानमंगशिरसाहरयेऽभिमेने ॥१८॥ तुभ्यंचनारदभृशंभगवा
न्विवृद्धभावेनसाधुपरितुष्टउवाचयोगं ॥ ज्ञानंचभाग[illegible]सतत्त्वदीपंयद्वासुदेवशरणाविदुरंजसैव॥१९॥ चक्रंचदिक्ष्वविहतंदशसुस्वते
जोमन्वंतरेषुमनुवंशधरोबिभर्ति॥ दुष्टेषुराजसुदमंव्यदधात्स्वकीर्तिंसत्येत्रिपृष्ठउशतींप्रथयंश्चरित्रैः॥२०॥ धन्वंतरिश्चभगवान्स्वयमेवकी
र्तिर्नाम्नानृणांपुरुरुजांरुजआशुहंति ॥ यज्ञेचभागममृतायुरवावरुंधआयुश्चवेदमनुशास्त्यवतीर्यलोक ॥२१॥ क्षत्रंक्षयायविधिनोपभृतंम

ભગવાને, સામે ગદા લેઈને ઉતાવળથી આવતા દૈત્યના રાજા હીરણ્ય કશીપુને પોતાના સાથળ ઉપર નાંખીને નખવતે ચીરી નાંખ્યો હતો. ॥૧૪॥ એક ટોળાના મુખી હાથીને, કોઈ સરોવરને વીશે મહા બળવાન ઝુડે, જ્યારે પકડયો. ત્યારે ઉંચી કરેલી સુંઢમાં કમળ ઝાલીને એ પીડાયલા હાથીએ "હે આદી પુરૂશ, હે સર્વ લોકના નીયંતા, હે પવીત્ર યશવાળા, તથા કાનને આનંદ આપનારાં નામોવાળા હરી ભગવાન" એ રીતે બો-લવાથી, તે વચન સાંભળીને, કળી શકાય નહીં એવા સ્વરૂપ વાળા–ગરૂડના ખભા ઉપર બેઠેલા–અને હાથમાં ચક્ર ધરેલા ભગવાને ત્યાં પધારીને, તે ઝુડનું મોઢું, ચક્રવતે ચીરીને, પોતાનું રક્ષણ થવાને ઇચ્છતા તે હાથીને, દયા લાવીને સુંઢ પકડી, જળની બહાર કાઢયો હતો. ॥૧૫–૧૬॥ સમર્થ પુરૂશો પણ, ધર્મ માર્ગે ચાલનારા-ઓને "યાચના" વીના બીજા ઉપાયથી ચલાયમાન કરી શકતા નથી એમ બતાવવા સારૂં એ યજ્ઞ પુરૂશ ભગવાને, અદીતીના દીકરાઓમાં સઉથી નાના, પણ ગુણે કરીને મોટા એવા વામન રૂપે થઈને, ત્રણ પદ (પગલાં) જમીનની ભીખ માગવાનો છળ કરીને, તેટલામાંજ ત્રણે લોકને માપી લેઈને, બળીરાજાની સઘળી પૃથ્વી લેઈ લીધી હતી. ॥૧૭॥ હે નારદ, બળી રાજાએ, એ ઉરૂક્રમ ભગવાનના પગ ધોયાનું જળ પોતાના માથા ઉપર ચઢાવ્યું. અને પોતાનું બોલ્યું પાળવા શીવાય બીજી રીતે કરવાને નહીં ઇચ્છાથી, ગુરૂ શુક્રાચાર્યે તેને વાર્યો તથા તેમના કહેવા મુજબ બીજી રીતે ન કરવાથી તેમણે શ્રાપ પણ દીધો. છતાં ભગવાનનું ત્રીજું પગલું પુરૂં કરવાને માટે, જેણે પોતાનું માથું પણ ભગવાનને અર્પણ કર્યું. તેને ઇંદ્રપદ લેવાની મતલબ હોયજ નહીં. ॥૧૮॥ હે નારદ, તમારી વૃદ્ધી પામેલી ભક્તી વડે પ્રસન્ન થયેલા ભગવાને હંસના રૂપથી તમને યોગનો અને આત્મ તત્વનો પ્રકાશ કરનારા ભાગવત નામના જ્ઞાનનો ઉપદેશ કર્યો હતો. કે જે જ્ઞાન કેવળ ભગવાન-નાજ આશ્રય વાળા ભક્ત લોકોને વગર પરીશ્રમે અને થોડા વખતમાંજ પ્રાપ્ત થઈ શકે છે. ॥૧૯॥ એ ભ-ગવાન સઘળા મન્વંતરોમાં મનુના વંશને ધારણ કરનારા મનુ રૂપે થઈને દશે દીશાઓમાં અટકે નહીં એવા

પોતાના ચક્ર (સેના અથવા આજ્ઞા) ને ધારણ કરે છે, અને દુષ્ટ રાજાઓને દંડ આપીને પોતાનાં ચરીત્રો વડે સત્ય લોક પર્યંત સુંદર કીર્તીનો વીસ્તાર કરે છે. ॥૨૦॥ માત્ર પોતાનું નામ લેવાથીજ અનેક રોગ થકી પીડાતા માણસોના રોગને તુર્ત મટાડનારા—અને પોતેજ કીર્તી રૂપ એવા ધન્વંતરી ભગવાને, યજ્ઞમાં મળતો બંધ થયેલો પોતાનો ભાગ ફરીથી મેળવ્યો. તથા લોકને વીશે આયુર્વેદને પ્રસીદ્ધ કર્યો. ॥૨૧॥ દૈવ યોગથી ઉત્પન્ન થયેલા અને ઉગ્ર પરાક્રમ વાળા મહાત્મા પરશુરામ ભગવાને, બ્રાહ્મણોનો દ્વેશ કરનારા—વેદ માર્ગને છોડી અવળે માર્ગે ચાલનારા—નરકનાં દુઃખોને ભોગવવાને ઇચ્છનારા—અને પૃથ્વી ઉપર કાંટા સમાન થયેલા ક્ષત્રીઓનો નાશ, તીખી અને લાંબી ધાર વાળી ફરસીથી કરીને એકવીસ વાર તેમને જડ મુળમાંથી ઉખેડી નાંખ્યા હતા. ॥૨૨॥ અમારા ઉપર કૃપા કરવામાં પ્રસન્ન—અને માયાના ઈશ્વર ભગવાન રામ ચંદ્રજીએ, પોતાની કળાથી અવતરીને, પીતાની આજ્ઞા પાળીઃ પોતાની સ્ત્રી સીતા તથા અનુજ લક્ષ્મણ સહીત પોતે વનમાં ગયા હતા. જ્યાં દસ માથાં વાળો રાવણ, તેમની સાથે વીરોધ કરીને નાશ પામ્યો હતો. ॥૨૩॥ ત્યારે ભ-યથી કંપતા—અને સીતાના ઘણા દીવસના વીયોગથી વધેલા ક્રોધ વડે થયેલી શોષણ કરનારી દ્રષ્ટીથી તપી ગયેલા મગર—સાપ—અને ગ્રાહ વીગેરે જળ જંતુઓ વાળા, સમુદ્રે મહાદેવની પેઠે દુશ્મનનું પુર બાળવાની ઇચ્છા વાળા એ ભગવાનને તુર્તજ માર્ગ આપ્યો હતો. ॥૨૪॥ ઇંદ્રના વાહન ઐરાવતના દાંત જેને અથડાવાથી ભાંગી પડયા હતા એવી છાતી વાળા—દીશાઓને પાળનારા—ઓનું હરણ કરનારા—અને સેનાને વીશે ધનુષ્ય ચડાવીને ઘણા ગર્વથી ફરનારા રાવણનું હાસ્ય, એ રામ ચંદ્રજી ભગવાને, તેના પ્રાણ સહીત એક ક્ષણ વારમાં હરી લીધું હતુ. ॥૨૫॥ એજ ભગવાન દૈત્યોની સેનાના ભારથી પીડાતી પૃથ્વીનો ક્લેશ મટાડવાને માટે પોતાની કળા સાથે કૃષ્ણાવતાર ધરીને, માણસોના સમજવામાં ન આવે, એ રીતના પોતાના મહીમાને સુચવનારાં અનેક કર્મો કરશે. ॥૨૬॥ છેક બાળક અવસ્થામાં પુતનાના પ્રાણનું હરણ કરવું—ત્રણ માસની વયે પગ વડે ગાડું ઉંધું વાળવું—આકાશની સાથે વાતો કરતાં બે ઝાડનાં ઝાડોને ગુંડણીએ ચાલતાં ચાલતાં મુળ-માંથી ઉખેડી નાંખવાં—એ બીજા કોઇથી ન થઇ શકે એવાં કામો છે. ॥૨૭॥ એ ભગવાન વ્રજનાં પશુઓ

हात्मावब्रह्मध्रुगुज्झितपथंनरकार्तिलिप्सु ॥ उद्धंत्यसाववनिकंटकमुग्रवीर्यस्त्रिःसप्तकृत्वउरुधारपरश्वधेन॥२२॥ अस्मत्प्रसादसुमुखःकलया
कलेशइक्ष्वाकुवंशअवतीर्यगुरोर्निदेशे॥ तिष्ठन्वनंसदयितानुजआविवेशयस्मिन्विरुध्यदशकंधरआर्तिमार्च्छत् ॥२३॥ यस्माअदादुदधिरू
ढभयांगवेपोमार्गंसपद्यरिपुरंहरवद्दिधक्षोः ॥ दूरेसुहृन्मथितरोषसुशोणदृष्ट्यातातप्यमानमकरोरगनक्रचक्रः॥२४॥ वक्षस्थलस्पर्शरुग्णम
हेंद्रवाहदंतैर्विडंबितककुब्जुषऊढहासं॥ सद्योऽसुभिःसहविनेष्यतिदारहर्तुर्विस्फूर्जितैर्धनुषउच्चरतोऽधिसैन्ये ॥२५॥ भूमेःसुरेतरवरूथविम
र्दितायाःक्लेशव्ययायकलयासितकृष्णकेशः॥जातःकरिष्यतिजनानुपलक्ष्यमार्गःकर्माणिचात्ममहिमोपनिबंधनानि ॥२६॥ तोकेनजीवहर
णंयदुलूकिकायास्त्रैमासिकस्यचपदाशकटोऽपवृत्तः॥यद्रिंखतांऽतरगतेनदिविस्पृशोर्वाउन्मूलनंत्वितरथाऽर्जुनयोर्नभाव्यं ॥२७॥ यद्वैव्रजेव्र
जपशून्विषतोयपीथान्पालांस्त्वजीवयदनुग्रहदृष्टिवृष्ट्या॥ तच्छुद्धयेऽतिविषवीर्यविलोलजिह्वमुच्चाटयिष्यदुरगंविहरन्ह्रदेन्यां॥२८॥ त
त्कर्मदिव्यमिवयन्निशिनिःशयानंदावाग्निनाशुचिवनेपरिदह्यमाने॥ उन्नेष्यतिव्रजमतोऽवसितांतकालंनेत्रेपिधाप्यसबलोऽनधिगम्यवीर्यः
॥२९॥ गृण्हीतयद्यदुपबंधममुष्यमाताशुल्बंसुतस्यनतुतत्तदमुष्यमाति॥ यज्जृंभतोऽस्यवदनेभुवनानिगोपीसंवीक्ष्यशंकितमनाःप्रतिबोधि
ताऽसीत ॥३०॥ नंदंचमोक्ष्यतिभयाद्वरुणस्यपाशाद्गोपान्बिलेषुपिहितान्मयसूनुनाह ॥ अह्न्यापृतंनिशिशयानमतिश्रमेणलोकंविकुंठमुप
नेष्यतिगोकुलंस्म॥३१॥ गोपैर्मखेप्रतिहतेव्रजविप्लवायदेवेऽभिवर्षतिपशून्कृपयारिरक्षुः ॥ धर्तोच्छिलींध्रमिवसप्तदिनानिसप्तवर्षोमहीध्रम
नघैककरेसलीलं॥३२॥ क्रीडन्वनेनिशिनिशाकररश्मिगौर्यांरासोन्मुखःकलपदायतमूर्च्छितेन॥उद्दीपितस्मररुजांव्रजभृद्वधूनांहर्तुर्हरिष्यति
शिरोधनदानुगस्य ॥३३॥ येचप्रलंबखरदर्दुरकेश्यरिष्टमल्लेभकंसयवनाःकुजपौंड्रकाद्याः॥अन्येचशाल्वकपिबल्वलदंतवक्त्रसप्तोक्षशंबरवि

તથા ગોવાળીઆઓને યમુનાં નદીના ધરાનું ઝેરી પાણી પીઇને મરી જવાથકી કૃપા દ્રષ્ટી રૂપ અમૃતની વૃષ્ટી વડે જીવાડશે. તથા તે ધરાને ઝેર વીનાનો કરવા માટે તેમાં વીહાર કરીને, અતી ચંચળ અને તીક્ષ્ણ ઝેર વાળી જીભ વાળા કાળી નાગને ત્યાંથી બહાર કાઢી મુકશે. ॥૨૮॥ અને દેવના સરખું કામ કરનારા તથા અકળીત પરાક્રમ વાળા એ બળદેવ સહીત કૃષ્ણ ભગવાન રાત્રીની વખતે યમુનાંને કાંઠે વનમાં સુઇ ગએલાં વ્રજ વાસીઓને, દાવાગ્નીથી બળવા માંડતાં, તેમને આંખ્યો મીંચાવી દેઇને વ્રજમાં પહોંચાડી દેશે. ॥૨૦॥ માતા યશોદાજી પોતાના સુત શ્રી કૃષ્ણને બાંધવાને સારૂં જેટલાં જેટલાં દામણાં લેશે, તે સઘળાંજ પુરાં નહીં થાય, અને તેમના બગાસું ખાતા મુખમાં ત્રણે લોકને દેખીને યશોદાજીના મનમાં પ્રથમ શંકા થઇને પછી બોધ પ્રાપ્ત થશે. (એટલે તેમની પ્રભુતાનું જ્ઞાન થશે.) ॥૩૦॥ તેમજ વરૂણના પાશથી થયેલા ભય થકી નંદરાયને છોડાવશે. ભોમાસુરે ગુફામાં પુરેલા ગોવાળીઆઓને મુકાવશે. દીવસની મેહેનતથી થાકીને રાત્રીને વીશે ઉંઘી ગયેલા ગોકુળને એટલે વ્રજ વાસીઓને વૈકુંઠમાં લેઇ જશે. ॥૩૧॥ ગોવાળીઆઓથી ઇંદ્રના યજ્ઞનો ભંગ થવાથી, વ્રજનો નાશ કરવા માટે ઇંદ્ર ઘણી વૃષ્ટી કરશે ત્યારે, સાત વરસના એ શ્રી કૃષ્ણ કૃપા વડે પશુઓનું રક્ષણ કરવા સારૂં, લીલાથી સાત દીવસ સુધી એકજ હાથે, બીલાડાની બાળીની પેઠે, કોઇને કાંઇ પણ દુઃખ નહીં થવા દેતાં ગોવર્ધન પર્વતને તોળી રાખશે. ॥૩૨॥ ચંદ્રમાના કીરણો વાળી નીર્મળ રાત્રીમાં વનને વીશે રમતા એ શ્રી કૃષ્ણ ભગવાનનાં રાસ રમણ કરવાના હેતુથી પોતે કરેલાં મનોહર પદવાળા તથા લાંબી મુર્ચ્છના યુક્ત વાંસળીના ગાયનથી કામરૂપી રોગ વ્યાપેલાં ગોપી જનોને હરી જનારા કુબેરના ચાકર શંખ ચુડનું માથું તેઉ પોતે જઇને કાપી નાંખશે. ॥૩૩॥ પ્રલંબ—ખર—બક—કેશી—અને અરીષ્ટ એ દૈત્યો અને ચાણુર વીગેરે મલ્લો—કુવલયા પીડ હાથી—કંસ કાળયવન—નરકાસુર—પૌંડ્રક અને શાલ્વ આદી રાજાઓ તથા બીજા દ્વીવીદ—બલ્વળ—દંતવક્ર—સાત સાંઢ—શંબરાસુર—અને રૂક્મી વીગેરેને તથા ધનુષ્યને ધરનારા અને યુદ્ધના રણમાં પોતે પોતાનેજ વખાણનારા કાંબોજ—મત્સ્ય—કુરૂ—કેકય—અને સંજય આદી દેશોના રાજાઓ; એ બ-હાને બળદેવ—ભીમ—અને અર્જુન આદી નામોવાળા થઇને એ હરી ભગવાનજ મારશે. અને તે સઘળાઓ,

શકેને પણ ન પ્રાપ્ત એવા; અને નીર્મળ, ભગવાનના લોક વૈકુંઠમાં જશે. ॥૩૪-૩૫॥ એક પછી એક એમ ત્રણ યુગરૂપ કાળ વહી જવાથી પાછળ થનારાં થોડા આયુષ્યવાળાં અને ટુંકી બુદ્ધીવાળાં મનુષ્યોથી અનંત અને અપાર એવા વેદને જાણવાનું બની શકવાનું નથી. એમ જાણીને ભગવાન વેદવ્યાસ સત્યવતી થકી અવતરીને વેદરૂપી વૃક્ષના જુદી જુદી શાખાઓરૂપ વીભાગો કરશે. ॥૩૬॥ પછી વેદ માર્ગે ચાલનારા લોકોને મય દાનવે રચી આપેલી અદૃશ્ય અને વેગવાળી ત્રણ પુરીઓમાં રહીને, પીડા કરનારા દૈત્યોની બુદ્ધીને લોભ તથા મોહ ઉત્પન્ન કરે એવો વેશ ધારણ કરીને બુદ્ધાવતાર ભગવાન તેઓને બહુબહુ ઉપધર્મોનો એટલે પાખંડ ધર્મોનો ઉપદેશ આપશે. ॥૩૭॥ અને છેવટે જ્યારે સત્પુરૂશોના ઘરોમાં હરી કથા થશે નહીં, દ્વીજજનો પાખંડ ધર્મી થશે, શુદ્રો રાજા થશે, અને સ્વાહા સ્વધા અને વષટકારવાળી વાણી બોલાશે નહીં, ત્યારે કલીયુગને અંતે સર્વનું શાસન કરનારા કલકી ભગવાન અવતરશે, ॥૩૮॥ ઉત્પતી થવાને સમયે, એટલે સૃષ્ટી થવાની શીરૂઆતમાં, તપ-હું (બ્રહ્મા)-રૂશીઓ-અને નવ પ્રજાપતીઓ એટલાં; સ્થીતી કાળમાં ધર્મ-વીશ્નુ-દેવતાઓ અને રાજાઓ એટલાં; તથા સૃષ્ટીનો અંત થવા સમયે એટલે પ્રલય કાળે, અધર્મ-હર એટલે રૂદ્ર-સાપ-અને દૈત્યો એટલાં; એ સર્વે, સર્વ શક્તીમાન પુરૂશ ભગવાનની માયાની વીભુતીઓ રૂપ છે. ॥૩૯॥ પોતાનાજ ચરણના વેગથી કંપેલો સત્ય લોક તેના સ્થાનકથકી પડી જતાં જે ત્રીવીક્રમ એટલે વામન ભગવાને સ્થીર રાખ્યો હતો, તે વીશ્નુ ભગવાનનાં પરાક્રમોની ગણતરી કરવાને કોઇ પૃથ્વીના રજકણોને ગણનારો વીદ્વાન પણ સમર્થ થઇ શકનાર નથી. ॥૪૦॥ જેના ગુણોનું ગાન હજારો મુખોવડે આદી દેવ શેશજી પોતે આજ સુધી કરેછે, છતાં પારને પામતા નથી. એવા એ પુરૂશ ભગવાનના માયાબળના અંતને હું તથા તારા અગ્રજે આ મુનીઓ પણ જાણતા નથી, તો બીજાઓ તો ક્યાંથીજ જાણે. ॥૪૧॥ પણ કુતરાં અને શીયાળીઆંનાં ભક્ષરૂપ આ શરીરને વીશે "હું અને મારૂં" એવી બુદ્ધી વીનાના તથા નીષ્કપટપણે એ અનંત ભગવાનના ચરણોનો આશ્રય સર્વાત્મ ભાવથી લેનારા એવા પુરૂશોના ઉપર એ ભગવાનજ જ્યારે દયા કરેછે, ત્યારે તે થકીજ દુસ્તર દેવમાયાને તેઓ તરી જાય છે. ॥૪૨॥ હે નારદ એ પરમાત્માની યોગ માયાને, હું-અને તમે-શીવ-પ્રહ્લાદ-સ્વાયંભુમનું-મનુની સ્ત્રી શતરૂપા-તેમનાં છોકરાં (પ્રીયવ્રત-ઉત્તાનપાદ-દેવહુતી-પ્રસુતી અને આકુતી.) પ્રાચીન બર્હી-રૂભુ-અંગરાજા-ધ્રુવ-ઈક્ષ્વાકુ-પુરૂરવા-મુચકુંદ-વીદેહરાજા-ગાધી-રઘુ-અંબરીશ-સગર-ગય-નહુશ વીગેરે-માંધાતા-અલર્ક-શતધન્વા-અનુ-રંતીદેવ-ભીષ્મ-બલીરાજા-અમુર્તરય-દીલીપ-સૌભરીરૂશી-ઉતંક-શીબી-દેવળ-પીપ્પલાદ-સારસ્વત-ઉદ્ધવ-પરાશર-ભુરીશેણ-અને બીજા વીભીશણ-હનુમાન-શુકદેવ-અર્જુન-આર્ષ્ટીશેણ-વીદુર-અને શ્રુતદેવ વીગેરે મહાત્માઓ જાણે છે. ॥૪૩-૪૪॥ સ્ત્રીઓ-શુદ્રો-અને હુણ તથા શબર આદી પાપાચરણવાળા જીવો અને તીર્યગ એટલે પશુ પક્ષીઓ વીગેરે સર્વે જે અદ્ભુત પરાક્રમવાળા ભગવાનનો આશ્રય કરવાનાં શીળવાળા અને સારી ધારણાવાળા હોય તો, તેઓ પણ ભગવાનની માયાને જાણેછે. તથા તેના પારને પણ પામેછે. ॥૪૬॥ જે, સર્વદા શાંત-ભયરહીત-જ્ઞાનઘન-શુદ્ધ સમ-અને સતરૂપ પ્રકૃતીનાં મહા ભુતો વીગેરે કારણોથી તથા અસત્ એટલે કાર્ય રૂપ પદાર્થાદીકથી જુદા પ્રકારનું છે. તથા જેને વીશે વાણીની પ્રવૃતી થતી નથી-તથા જેના સામે ઉભી રહેવાને માયા પણ લજાય છે. એવું એ "આત્મતત્વ" છે. ॥૪૭॥ અને તેજ સર્વ કાળ સુખરૂપ તથા શોક રહીત એવું પરમ પુરૂશ ભગવાનનું પદ અથવા બ્રહ્મ કહેવાયછે. જેને વીશે યતી લોકો પોતાના મનને સંપુર્ણપણે સ્થીર કરેછે. તથા પછીથી જેમ ખાણમાં ખોદનારો મજુર પોતે રાજા થવા પછી ખોદવાનાં સાધનો (કોદાળી વીગેરે) ને છોડી દે તેમ, તેઓ પોતાને અભેદ જ્ઞાન થવાનાં એ સર્વ સાધનોને તજી નાંખેછે. ॥૪૮॥ વળી એજ સમર્થ ભગવાન સર્વ કર્મ ફળોના આપનાર છે. કેમકે સઘળા પ્રાણી પદાર્થાદીકને પોતાના સ્વભાવથકી થતાં કર્મો મુકરર કરી આપવાનું પણ તેમનાથીજ થયેલ હોવાનું પ્રસીદ્ધપણે કહેવાય છે. અને (પ્રાણી આદીકના) દેહ તેમના મુળતત્વો એટલે મહા ભુતોરૂપ

दूरथरुक्मिमुख्याः ॥३४॥ येवामृधेसमितिशालिनआत्तचापाःकांबोजमत्स्यकुरुकैकयसृंजयाद्याः ॥ यास्यंत्यदर्शनमलंबलभीमपार्थव्या
जाव्हयेनहरिणानिलयंतदीयं ॥३५॥ कालेनमीलितधियामव[illegible]श्यनृणांस्तोकायुषांस्वनिगमोबतदूरदारः॥ आविर्हितस्त्वनुयुगंसहिसत्यव
त्यांवेदद्रुमंवट[illegible]शोऽवि भजिष्यतिस्म॥३६॥ देवद्विषांनिगमवर्त्मनिनिष्ठितानांपूर्भिर्मयेनविहिताभिरदृश्यतूर्भिः ॥ लोकान्घ्नतांमतिविमोह
मतिप्रलोभंवेषंविधायबहुभाष्यतऔपधर्म्यं॥३७॥ यर्ह्यालयेष्वपिसतांनहरेःकथाःस्युःपाखंडिनोद्विजजनावृषलानृदेवाः॥ स्वहास्वधावष
ड्डितिस्मगिरोनयत्रशास्ताभविष्यतिकलेर्भगवान्युगांते ॥३८॥ सर्गेतपोहमृषयोनवयेप्रजेशाःस्थानेचधर्ममखमन्वमरावनीशाः ॥ अंतेत्वध
र्महरमन्युवशासुराद्यामायाविभूतयइमाःपुरुशक्तिभाजः ॥३९॥ विष्णोर्नुवीर्यगणनांकतमोऽर्हतीहयःपार्थिवान्यपिकविर्विममेरजांसि ॥
चस्कंभयःस्वरहसास्खलतात्रिपृष्ठंयस्मात्त्रिसाम्यसदनादुरुकंपयानं ॥४०॥ नांतंविद[illegible]हममीमुनयो[illegible]जास्तेमायाबलस्यपुरुषस्यकुतो
ऽपरेये ॥ गायन्गुणान्दश[illegible]आदिदेवःशेषोऽधुनापिसमवस्यतिनास्यपारं॥४१॥ येषांसएवभगवान्दययेदनंतःसर्वात्मनाऽश्रितपदोय
दिनिर्व्यलीकं॥ तेदुस्तरामतितरंतिचदेवमायांनैषांममाहमितिधीःश्वशृ[illegible]लभक्ष्ये ॥४२॥ वेदाहमंगपरमस्यहियोगमायांयूयंभवश्चभगवा
नथदैत्यवर्यः॥पत्नीमनोःसचमनुश्चतदात्मजाश्चप्राचीनबर्हिऋभुरंगउतध्रुवश्च॥४३॥ इक्ष्वाकुरैलमुचुकुंदविदेहगाधीरघ्वंबरीषसगरागय
नाहुषाद्याः॥ मांधात्रलर्कशतधन्वनुरंतिदेवदेवव्रतोबलिरमूर्तरयोदिलीपः॥४४॥ सौभर्युतंकशिबिदेवलपिप्पलादसारस्वतोद्धवपराशरभू
रिषेणाः॥येऽन्येविभीषणहनूमदुपेंद्रदत्तपार्थार्ष्टिषेणविदुरश्रुतदेववर्याः॥४५ तेवैविदंत्यतितरंतिचदेवमायांस्त्रीशूद्रहूणशबराअपिपापजीवाः
॥ यद्यद्भुतक्रमपरायणशीलशिक्षास्तिर्यग्जनाअपिकिमुशुभधारणाये ॥४६॥ शश्वत्प्रशांतमभयंप्रतिबोधमात्रंशुद्धंसमंसदसतःपरमात्म
तत्त्वं ॥ शब्दोनयत्रपुरुकारकवान्क्रियाऽर्थोमायापरैत्यभिमुखेचविल[illegible] ॥४७॥ तद्वैपदंभगवतःपरमस्यपुंसोब्रह्मेतियद्विदुरजस्रसुखं

થયાને સારૂં જ્યારે વીખાઇ જાય છે. ત્યારે જે આકાશની પેઠે વીખાતો નથી, તેજ એ અજન્મા પુરૂશ ભ-
ગવાન (એટલે આત્મતત્વ) છે. ॥૪૯॥ હે નારદ, એ રીતે ટુંકામાં મેં તમને કહ્યું છે કે વીશ્વને ઉત્પન્ન
કરનાર એ હરી ભગવાનથકી જુદું એવું સત (મહાભુતાદીક) અને અસત (દશ્ય પદાર્થાદીક) કશુંજ છે
નહીં. (અર્થાત એ સઘળું હરી ભગવાન મય છે) ॥૫૦॥ ભગવાનની વીભુતીરૂપ આ ભાગવત નામનું પુ-
રાણ ભગવાને પોતેજ મને આ રીતે સંક્ષેપથી કહેલું છે. તો સર્વના આત્મા અને અખીલ બ્રહ્માંડના આધાર
એ હરી ભગવાનને વીશે મનુષ્યોને જેથી ભક્તી ઉત્પન્ન થાય. એવો સંકલ્પ રાખીને તમે વીસ્તાર કરીને તેનુ
વર્ણન કરજો. ॥૫૧-૫૨॥ કેમકે જે કોઇ એ ઇશ્વરની માયાને શ્રદ્ધા સહીત હમેશાં શ્રવણ કરેછે-વર્ણન કરે છે-
અને તેમાં સમ્મતી આપે છે. તે પોતે માયાથકી મોહ પામતો નથી. ॥૫૩॥ ઇ૦શ્રી૦ભા૦બી૦રકં૦સા૦અ૦સં૦॥૭॥
અધ્યાય ૮ મો.-પરીક્ષિત-હે બ્રાહ્મણ અને વેદ જાણનારાઓમાં શ્રેષ્ટ સુકદેવજી. નીર્ગુણ બ્રહ્મના

(માયાને ગ્રહણ કરવાથકી લાગુ થયેલા) ગુણો આદીકનું વર્ણન કરવાને પ્રેરાયલા દેવના સરખા દેખાવવાળા
નારદજીએ અદભુત પરાક્રમોવાળા હરીભગવાનની લોકને મંગળકારી કથાઓ જેની જેની પાસે જેવી રીતે કહી
હોય તે સર્વ તત્વ સહીત જાણવાને હું ઇચ્છુંછું. માટે હે મહા ભાગ તે સર્વ મને કહો. કે જેથી સર્વના
આત્મા કૃષ્ણ ભગવાનને વીશે, સંગ રહીત કરેલા મનને હું લગાડી દેઇને, પછી શરીરને તજી દેઉં. ॥૧-૨-૩॥
કેમકે પોતાની લીલાઓને શ્રદ્ધા સહીત હમેશાં સાંભળનારા તથા વર્ણન કરનારાઓના હૃદયને વીશે, એ ભ-
ગવાન થોડા કાળમાંજ વસે છે. ॥૪॥ અને તે પોતાનાઓના હૃદય કમળને વીશે કાનના છીદ્રમાં થઇને પેઠેલા
કૃષ્ણ ભગવાન શરદ રૂતુના પાણીની પેઠે તેમનાં પાપને ધોઇ નાંખેછે, ॥૫॥ પછી તે પાપથકી ધોવાયલો પુ-
રૂશ સર્વ પ્રકારના કલેશોથકી મુક્ત થઇને, પંથ કરીને આવેલો માણસ જેમ પોતાના સ્થાનને તજે નહીં તેમ
કૃષ્ણ ભગવાનના ચરણ મુળને તજતો નથી. ॥૬॥ હે બ્રાહ્મણ પાંચ મહાભુતોનાસંબંધ વીનાના આત્માને,

विशोकं ॥सध्र्यङ्नियम्ययतयोयमकर्तहेतिंजत्युःस्वराडिवनिपानखनित्रमिंद्रः ॥४८॥ सश्रेयसामपिविभुर्भगवान्यतोऽस्यभावस्वभावविहितस्यसतःप्रसिद्धिः॥ देहेस्वधातुविगमेऽनुविशीर्यमाणेव्योमेवतत्रपुरुषोनविशीर्यतेजः॥४९॥ सोऽयंतेभिहितस्तातभगवान्विश्वभावनः॥ समासेनहरेर्नान्यदन्यस्मात्सदसच्चयत् ॥५०॥ इदंभागवतंनामयन्मेभगवतोदितं॥ संग्रहोऽयंविभूतीनांत्वमेतद्विपुलीकुरु ॥५१॥ यथाहरौभगवतिनृणांभक्तिर्भविष्यति॥ सर्वात्मन्यखिलाधारेइतिसंकल्प्यवर्णय॥५२॥ मायांवर्णयतोऽमुष्यईश्वरस्यानुमोदतः॥ शृण्वतःश्रद्धयानित्यंमाययात्मानमुह्यति ॥५३॥ इ०भा०म०द्वि०ब्रह्मनारदसंवादेसप्तमोऽध्यायः ॥७॥ राजोवाच ब्रह्मणाचोदितोब्रह्मन्गुणाख्यानेगुणस्यच॥यस्मैयस्मैयथाप्राहनारदोदेवदर्शनः॥१॥ एतद्वेदितुमिच्छामितत्त्वंवेदविदांवर॥ हरेरद्भुतवीर्यस्यकथालोकसुमंगलाः ॥२॥ कथयस्वमहाभागयथाऽहमखिलात्मनि॥ कृष्णेनिवेश्यनिःसंगंमनस्त्यक्ष्येकलेवरं॥३॥ शृण्वतःश्रद्धयानित्यंगृणतश्चस्वचेष्टितं ॥ कालेननातिदीर्घेणभगवान्विशतेहृदि॥४॥ प्रविष्टःकर्णरंध्रेणस्वानांभावसरोरुहं॥धुनोतिशमलंकृष्णःसलिलस्ययथाशरत्॥५॥ धौतात्मापुरुषःकृष्णपादमूलंनमुंचति॥ मुक्तसर्वपरिक्लेशःपांथःस्वशरणंयथा॥६॥यदधातुमतोब्रह्मन्देहारंभोऽस्यधातुभिः॥यदृच्छयाहेतुनावाभवंतोजानतेयथा ॥७॥आसीद्यदुदरात्पद्मंलोकसंस्थानलक्षणं॥ यावानयंवैपुरुषइयत्तावयवैःपृथक्॥ तावानसावितिप्रोक्तःसंस्थावयववानिव॥८॥अजःसृजतिभूतानिभूतात्मापदनुग्रहात्॥ ददृशेयेनतद्रूपंनाभिपद्मसमुद्भवः॥९॥ सचापियत्रपुरुषोविश्वस्थित्युद्भवाप्ययः॥ मुक्त्वात्ममायांमायेशःशेतेसर्वगुहाशयः॥१०॥ पुरुषावयवैर्लोकाःसपालाःपूर्वकल्पिताः॥ लोकैरमुष्यावयवाःसपालैरितिशुश्रुम॥११॥ यावान्कल्पोविकल्पोवायथाकालोऽनुमीयते॥ भूतभव्यभवच्छब्दआयुर्मानंचयत्सतः ॥१२॥ कालस्यानुगतिर्यातुलक्ष्यतेऽण्वीबृहत्यपि॥ यावत्यःकर्मगतयोयादृशीर्द्विजसत्तम १३ यांतिकर्मसमावायोयथायेनोपगृह्यते ॥ गुणानांगुणिनांचैवपरिणाममभीप्सतां ॥१४॥ भूपातालककुब्व्योमग्रहनक्षत्रभूभृतां ॥ सरि

પાંચ મહાભુતોથી થયેલા દેહ સાથેનો સંબંધ, યદચ્છાથીજ થાય છે કે કોઇ કારણવડે થાય છે. તે જેવી રીતે
તમારા જાણવામાં હોય તે રીતે કહો. ॥૭॥ અને સાધારણ પુરૂશોના અવયવોના જેટલાજ જુદા જુદા અ-
વયવોની પતા વાળું તથા લોક માત્રના સ્થાનરૂપ કમળ પણ તે પુરૂશ ભગવાનના ઉદર થકીજ થયેલાનું કહે-
વાય છે. ॥૮॥ તથા એ સર્વ પ્રાણી પદાર્થના આત્મા ભગવાનના નાભી કમળથકી ઉત્પન્ન થયેલા બ્રહ્મા પણ
તેમના અનુગ્રહવડેજ એ ભગવાનના સ્વરૂપને જાણે છે. અને પ્રાણી પદાર્થાદીકને સરજે છે. ॥૯॥ વળી જેને
વીશે વિશ્વની સ્થીતી-ઉત્પત્તી-અને લય પણ થાય છે. તે માયાના ઇશ્વર પુરૂશ ભગવાન પોતાની માયાથી મુક્ત
રહીને સર્વના અંતરને વીશે રહેલા છે. ॥૧૦॥ પુરૂશ ભગવાનના અવયવોથકી લોકપાળો સહીત લોકની પુર્વે
કલ્પના થયેલી છે. એમ, તથા લોકપાળો સહીત લોકવડે તે પુરૂશ ભગવાનના અવયવોની કલ્પના થયેલી છે.
એમ પણ સાંભળવામાં આવે છે. (અર્થાત એ સર્વે બાબતમાં નીશ્ચય કેવી રીતે છે તે કહો.) ॥૧૧॥ કલ્પ

કેવડો છે. વીકલ્પ કેવડો છે. કાળનું અનુમાન એટલે માપ કેવી રીતે કરેછે. ભુત-ભવીશ્ય-અને વર્તમાન કેવી
રીતે કહેવાય છે. અને ચૈતન્યવાળાં મનુષ્યો-દેવતાઓ-અને પીતૃઓ વીગેરેના આયુષ્યનું પ્રમાણ કેટકેટલું છે.
॥૧૨॥ હે ઉત્તમ દ્વીજ, કાળની સુક્ષ્મ તથા મોટી ગતી કેવી રીતે જાણવામાં આવેછે. અને કર્મની ગતીઓ
(એટલે કર્મવડે મળવાના સ્થાનાદી) કેટલી અને કેવી રીતની છે. ॥૧૩॥ ગુણોને (એટલે કર્મોના પરીણા-
મોને) પામનારા ગુણીઓ (એટલે દેહીઓ) ક્યાં ક્યાં કર્મોવડે, ક્યાં ક્યાં શરીરોને કેવી રીતે પામે છે. તે
પણ કહો. ॥૧૪॥ પૃથ્વી-પાતાળ-દીશાઓ-આકાશ ગ્રહો-નક્ષત્રો-પર્વતો-નદીઓ-સમુદ્રો અને દ્વીપો એ સ-
ર્વની તથા તેમની અંદર રેહેનારાઓની ઉત્પત્તી કેવી રીતે થાય છે. ॥૧૫॥ આ બ્રહ્માંડનું બહારથી તથા અંદ-
રથી પ્રમાણ-મહાત્માઓનાં ચરીત્રો-વર્ણો અને આશ્રમો-હરીભગવાનના અવતારોનાં જેમાં અત્યંત આશ્ચર્ય
હોય તેવાં ચરીત્રો-યુગો અને યુગનાં પ્રમાણો-અને યુગ યુગ વીશેના ધર્મો-એ સર્વે બાબતોમાં જે રીતે ની-

ક્ષય કરેલ હોય તે રીતે કહો. ॥૧૬–૧૭॥ માણસોના સર્વના સાધારણ ધર્મો–જેના તેના વીશેસ ધર્મ સહીત જે રીતે હોય તે રીતે કહો. તેમજ વેપારી વર્ગના અને રાજાઓના ધર્મો, તથા આપત કાળને વીશે તે સઘળાઓની આજીવીકાઓ, એ સર્વ કહો. ॥૧૮॥ તત્વોની સંખ્યા–તેમનાં લક્ષણો–અને એ પ્રમાણેની સંખ્યા કરવાનાં કારણો કહો. ભગવાનનાં પુજનનો વીધી, અને અધ્યાત્મીક યોગનો વીધી પણ કહો. ॥૧૯॥ યોગેશ્વરોની ઐશ્વર્યની ગતીઓ (એટલે તેમને મળવાની સીદ્ધીઓ) કહો, યોગીઓ લીંગ શરીરનો નાશ કેવી રીતે કરે છે, તે કહો. અને વેદ–ઉપવેદ–ધર્મ–ઇતીહાસ અને પુરાણો વીશે પણ કહો. ॥૨૦॥ સર્વ પ્રાણી આદીની ઉત્પતી–સ્થીતી–અને નાશ વીશે પણ કહો. ઇષ્ટ (એટલે યજ્ઞાદીક) કર્મોનો, અને પુર્ત (એટલે સદાવ્રત–પરબ–ધર્મશાળા–વાવ્ય–કુવા આદી બંધાવવાનાં) કર્મોનો, અને ત્રીવર્ગ (એટલે ધર્મ–અર્થ–અને કામ) ના સંબંધનાં કામ્ય કર્મોનો વીધી, જે રીતે હોય તે રીતે કહો. ॥૨૧॥ નારાયણ ભગવાનને વીશે પ્રલય વખતે સુઇ ગયેલાઓની ફરીથી ઉત્પત્તી કેવી રીતે થાય છે તે કહો. પાખંડ ધર્મની ઉત્પત્તી કેવી રીતે થાય છે તે કહો. આત્માના વાસ્તવીક સ્વરૂપને, તથા તેના બંધ અને મોક્ષની વ્યવસ્થાને કહો. ॥૨૨॥ સ્વતંત્ર ભગવાન પોતાની માયાવડે ક્રીડા કેવી રીતે કરે છે.અને વળી તે માયાને તજી દેઇને, એ સમર્થ ભગવાન સાક્ષીની પેઠે અલગ કેવી રીતે રેહેછે, તે પણ કહો. ॥૨૩॥ હે મહામુની મેં પુછેલું એ સર્વ તથા બીજું પણ, શરણ આવેલા મને તત્વ સહીત, અને અનુક્રમે કહી સંભળાવવાને આપ ભગવાન યોગ્ય છો. ॥૨૪॥ આ લોકના અને પરલોકના સંબંધમાં આચરણ કરવાની બાબતમાં પુર્વજોના પણ પુર્વજ ભગવાન સ્વયંભુ પરમેષ્ટીએ જેજે કરેલું છે, તેજ પ્રમાણરૂપ છે. ॥૨૫॥ હે બ્રાહ્મણ, હું અચ્યુત ભગવાનની કથારૂપ અમૃતનું પાન કરવાથી, મારી ઇંદ્રીયો આદી, અનસન વ્રતથકી, અને કોપેલા બ્રાહ્મણના (ભય) થકી પણ, ભગવાન સીવાય બીજે ઠેકાણે જતીજ નથી. ॥૨૬॥ –સુત–પરીક્ષીત રાજાએ, આ રીતે સત્પુરૂશોના પતી ભગવાનની કથા

ऽसमुद्रद्वीपानांसंभवश्चैतदोकसां॥१५॥ प्रमाणमंडकोशस्यबाह्याभ्यंतरभेदतः॥ महतांचानुचरितंवर्णाश्रमविनिश्चयः॥१६॥अवतारानुचरितंयदाश्चर्यतमं ॰रेः॥ युगानियुगमानंचधर्मोयश्चयुगेयुगे ॥१७॥ नृणांसाधारणोधर्मःसविशेषश्चयादृशः॥ श्रेणीनांराजर्षीणांचधर्मःकृच्छ्रेषुजीवतां॥१८॥ तत्त्वानांपरिसंख्यानंलक्षणंहेतुलक्षणं॥ पुरुषाराधनविधिर्योगस्याध्यात्मिकस्यच ॥१९॥ योगेश्वरैश्वर्यगतिर्लिंगभंगस्तुयोगिनां॥ वेदोपवेदधर्माणामितिहासपुराणयोः॥२०॥संप्लवःसर्वभूतानांविक्रमःप्रतिसंक्रमः॥इष्टापूर्तस्यकाम्यानांत्रिवर्गस्यचयोविधिः॥२१॥ यश्चानुशायिनांसर्गःपाखंडस्यचसंभवः॥आत्मनोबंधमोक्षौचव्यवस्थानंस्वरूपतः॥२२॥यथाऽत्मतंत्रोभगवान्विक्रीडत्यात्ममायया॥ विसृज्यवायथामायामुदास्तेसाक्षिवद्विभुः॥२३॥ सर्वमेतच्चभगवन्पृच्छतेमेनुऽपूर्वशः॥तत्त्वतोऽर्हस्युदाहर्तुंप्रपन्नायमहामुने॥२४॥ अत्रप्रमाणंभगवान्परमेष्ठीयथात्मभूः॥ परेचेहानुतिष्ठंतिपूर्वेषांपूर्वजैःकृतं॥२५॥ नमेऽसवःपरायंतिब्रह्मन्ननशनादमी॥ पिबतोऽच्युतपीयूषमन्यत्रकुपितांद्विजात्॥२६॥ सूतउवाच सउपामंत्रितोराज्ञाकथायामितिसत्पतेः॥ ब्रह्मरातोभृशंप्रीतोविष्णुरातेनसंसदि ॥२७॥ प्राहभागवतंनामपुराणंब्रह्मसंमितं॥ ब्रह्मणेभगवत्प्रोक्तंब्र॰कल्पउपागते॥२८॥ यद्यत्परीक्षिदृषभःपांडूनामनुपृच्छति ॥ आनुपूर्व्येणतत्सर्वमाख्यातुमुपचक्रमे ॥२९॥ इ०भा०म०द्वि०प्रश्नविधिर्नामाष्टमोऽध्यायः॥८॥ श्रीशुकउवाच आत्ममाया॰तेराजन्परस्यानुभवात्मनः॥ नघटेतार्थसंबंधःस्वप्नद्रष्टुरिवांजसा ॥१॥ बहुरूप॰वाभातिमाययाबहुरूपया॥ रममाणोगुणेष्वस्याममा॰मितिमन्यते॥२॥ यर्हिवावमहिम्निस्वेपरस्मिन्कालमाययोः॥ रमतगतसंमो॰त्स्यक्त्वोदास्तेतदोभयं॥३॥आत्मतत्त्वविशुद्ध्यर्थंयदाहभगवानृतं॥ ब्रह्मणेदर्शय॰रूपमव्यलीकव्रतादृतः॥४॥सआदिदेवोजगतांपरोगुरुःस्वधिष्ण्यमास्थायसिसृक्षयैक्षत ॥ तांनाध्य[illegible]मत्रसंमतांप्रपंचनिर्माणविधिर्यायाभवेत् ॥५॥ स[illegible]द्व्यक्षरमेकदांऽभस्युपाशृणोद्द्विर्गदितंवचोविभुः ॥ स्पर्शेषुयत्षोडशमेकविंशंनिष्किंचनानांनृप[illegible]विदुः ॥६॥ निशम्यतद्वक्तृदिदृक्षयादिशोविलो

કેહવાને માટે પ્રેરણા કરાયલા શુકદેવજીએ ઘણા પ્રસન્ન થઇને અને પરીક્ષીતનાં વખાણ કરીને, પછી વેદે માન્ય કરેલું અને પરબ્રહ્મને પ્રીય એવું ભાગવત નામનું પુરાણ (ચતુર્શ્લોકી), જે બ્રહ્મકલ્પમાં બ્રહ્માને, ભગવાને પોતેજ કહ્યું હતું, તે (વીસ્તારથી) કહી સંભળાવ્યું. ॥ ૨૭–૨૮ ॥ અને પછીથી એ પાંડવોના કુળમાં શ્રેષ્ટ પરીક્ષીતે, જેજે પુછેલું છે. તે સર્વનું એક પછી એક વ્યાખ્યાન કરવા લાગ્યા. ॥૨૯॥ ઇતી શ્રી૦ ભા૦ બીજા સ્કંધનો આઠમો અધ્યાય સંપુર્ણ. ॥ ૮ ॥

અધ્યાય ૯ મો.–શ્રીશુક–હે રાજા, પરમાત્માના સ્વરૂપના અનુભવવાળા (દેહમાં રહેલા) આત્માને અર્થોનો (એટલે દશ્ય પદાર્થ દેહાદીકનો) સંબંધ ખરૂ જોતાં, સ્વપ્ન જોવાની પેઠે થવાનું, ભગવાનની માયા સીવાય બીજી રીતે ઘટતુંજ નથી. ॥૧॥ એ ઘણાં રૂપોવાળી માયાથકી તે આત્મા, ઘણાં રૂપોવાળો હોય એમ દેખાય છે. અને માયાના ગુણોને વીશે રમવાવડે, તે " હું અને મારૂં " એમ માનેછે. એટલે દેહાદીકને વીશે અહંકાર અને સ્ત્રી પુત્રાદીકને વીશે મમતા કરેછે. ॥૨॥ પણ જ્યારે " હું અને મારૂં " એ બેઉનો ત્યાગ કરીને, સઘળા થકી ઉદાસ સરખો અને મોહ રહીત થઇ, કામ તથા માયાથકી પર એવા પોતાના આત્મસ્વરૂપને વીશેજ રમે છે. ત્યારેજ તે આત્મસ્વરૂપના મહીમાવડે શોભેછે. ॥૩॥ અને બ્રહ્માએ પણ પોતાની વીશુદ્ધીને અર્થે, નીષ્કપટ વ્રતાદીક આદરવડે જ્યારે તપ કર્યું. ત્યારેજ ભગવાને તેમને પોતાનું ખરૂં સ્વરૂપ એટલે આત્મતત્વ કહી દેખાડ્યું હતું. ॥૪॥ પોતાના સ્થાનક (એટલે લોકરૂપ કમળ) ઉપર બેઠેલા અને સૃષ્ટી કરવાની ઇચ્છાવાળા, જગતના પરમગુરૂ તથા આદી દેવ બ્રહ્માએ, આ દશ્ય પ્રપંચ યોગ્ય રીતે નીર્માણ કરવાના વીધી એટલે ઉપાયનો વીચાર કરતાં, તે જ્યારે ન જડયો ત્યારે, બ્રહ્મા ચીંતા કરવા લાગ્યા. તે વખતે હે રાજા, નીષ્કીંચન લોકોના ધનરૂપ કેહેવાતા સમર્થ ભગવાને, પાણીમાંથી કહેલા, સ્પર્શ અક્ષરોમાંના સોળમા (ત) અને એકવીસમા (પ.) એવા બે અક્ષરોવાળું (તપ), એવું વચન તેમણે એકવાર સાંભળ્યું. ॥૫–૬॥ એ સાંભળ્યા પછી એ બોલનારાને જાણવાની

ઇચ્છાથી દીશાઓમાં જોતાં છતાં જ્યારે બીજું કોઇને ન દીઠા ત્યારે પોતાના આસન ઉપર સ્થીર થઇને વી-
ચાર કરતાં એ "તપ" તેજ પોતાના હીતરૂપ માનીને, તેને વીશે મન લગાડીને, તે તપ કરવા લાગ્યા. ॥૭॥
અને તે અમોઘ દર્શનવાળા એટલે સફળ જ્ઞાનવાન તથા તપ કરનારાઓમાં શ્રેષ્ટ, બ્રહ્માએ એકાગ્ર વૃત્તીથી
અને મન-પ્રાણ-જ્ઞાનેંદ્રીયો તથા કર્મેંદ્રીયોને જીતીને સર્વે લોકને તપાવનારૂં તપ, દેવતાઓનાં હજારો વરસો
સુધી કર્યું. ॥૮॥ ત્યારે તેથી પ્રસન્ન થયેલા ભગવાને તેમને; જેના કરતાં બીજો કોઇ પણ લોક ઉત્તમ નથી-
જ્યાં કલેશ, મોહ, અને ભય નથી-જેની પોતાના સરખાજ દેવતાઓ સ્તુતી કરે છે-જ્યાં રજોગુણ, તમોગુણ
અને તે બંનેથી મીશ્ર થયેલો સત્વગુણ પણ નથી-જ્યાં કાળનું પરાક્રમ ચાલતું નથી.-જ્યાં માયા અને તેના
કાર્યરૂપ રાગ અને લોભાદીક નથી-જ્યાં ભગવાનના ભક્તોજ વસે છે-જે દેવતાઓ તથા અસુરો થકી પણ
પુજનીક છે-અને જ્યાં સ્વચ્છ, શ્યામ, કમળ સરખી આંખ્યોવાળા, પીતાંબરધારી, સુંદર, સુકુમાર, ચાર હા-
થવાળા, અતી ઉત્તમ મણીથી જડેલાં પદક નામનાં ઘરેણાં ગળામાં ઘાલેલા, પરવાળાં વૈદુર્યમણી અને કમ-
ળનાદંડ જેવી કાંતીવાળા, અને ગળામાં માળાઓ કાનમાં કુંડળ અને માથા ઉપર શોભતા મુકુટોવાળા, પા-
ર્ષદો રહેલા છે-ચારેકોર મહાત્માઓનાં પ્રકાશીત વીમાનોની હારોથકી જે શોભે છે-મેઘ સહીત વીજળીયો
શોભતા આકાશની પેઠે દેવતાઓની ઉત્તમ સ્ત્રીઓની કાંતીથી જે શોભે છે-અને જ્યાં સ્વરૂપધારી લક્ષ્મીજી
પોતેજ અનેક વૈભવો સહીત ભગવાનના ચરણની શેવા કરતાં, ભમરાઓ તેમના યશ ગાવાથી, પોતે પણ
પ્રીય ભગવાનનાં કાર્યોનું ગાન કરતાં હોય એવાં જણાય છે-એવો પોતાનો વૈકુંઠ લોક દેખાડયો. ॥૧૦-૧૧-
૧૨-૧૩॥ તે સમયે એ બ્રહ્માજીએ: સર્વ ભક્ત જનોના પતી-લક્ષ્મીપતી-યજ્ઞપતી-અને જગપતી-તથા સુનંદ,
નંદ, પ્રબળ, અને અર્હણઆદી પોતાના મુખ્ય પાર્ષદોથકી શેવા કરાતા-ભક્તોના ઉપર અનુગ્રહ કરવાને ત-
ત્પર-અમૃત સરખી દ્રષ્ટીવાળા-મનોહર હાસ્ય તથા રાતી આંખ્યોથી શોભતા મુખકમળવાળા-મુકુટ અને કું-

**क्यतत्रान्यदपश्यमानः॥स्वधिष्ण्यमास्थायविमृश्यतद्धितंतपस्युपादिष्टइवादधेमनः॥७॥दिव्यंसहस्राब्दममोघदर्शनोजितानिलात्माविजि
तोभयेंद्रियः॥ अतप्यतस्माखिललोकतापनंतपस्तपीयांस्तपतांसमाहितः ॥८॥ तस्मैस्वलोकंभगवान्सभाजितःसंदर्शयामासपरंनयत्परं॥
व्यपेतसंक्लेशविमोहसाध्वसंस्वदृष्टवद्भिर्विबुधैरभिष्टुतं॥९॥ प्रवर्ततेयत्रनरजस्तमस्तयोः सत्त्वंचमिश्रंनचकालविक्रमः॥नयत्रमायाकिमुता
परेहरेरनुव्रतायत्रसुरासुरार्चिताः॥१०॥ श्यामावदाताःशतपत्रलोचनाःपिशंगवस्त्राःसुरुचःसुपेशसः ॥ सर्वेचतुर्बा ्वउन्मिषन्मणिप्रवेक
निष्काभरणाःसुवर्चसः ॥ प्रवालवैदूर्यमृणालवर्चसःपरिस्फुरत्कुंडलमौलिमालिनः॥११॥ भ्राजिष्णुभिर्यःपरितोविराजतेलसद्विमानावलि
भिर्महात्मनां॥दि ोतमानःप्रमदोत्तमाद्युभिःसविद्युदभ्रावलिभिर्यथानभः ॥१२॥ श्रीर्यत्ररूपिण्युरुगायपादयोःकरोतिमानंबहुधाविभूति
भिः॥ प्रेंखंश्रितायाकुसुमाकरानुगैर्विगीयमानाप्रियकर्मगायती ॥१३॥ ददर्शतत्राखिलसात्वतांपतिंश्रियःपतिंयज्ञपतिंजगत्पतिं॥ सुनंद
नंदप्रबलार्हणादिभिःस्वपार्षदमुख्यैःपरिसेवितंविभुं॥१४॥ भृत्यप्रसादाभिमुखंदृ ृ सवंप्रसन्नहासारुणलोचनाननं ॥ किरीटिनंकुंडलिनंच
तुर्भुजंपीतांबरंवक्षसिलक्षितंश्रिया॥१५॥ अध्यर्हणीयासनमास्थितंपरंवृतंचतुःषोडशपंचशक्तिभिः ॥ युक्तंभगैःस्वैरितरत्रचाध्रुवैःस्वएवधा
मन्रममाणमीश्वरं ॥१६॥ तद्दर्शनाल्हादपरिप्लुतांतरोहृष्यत्तनुःप्रेमभराश्रुलोचनः॥ ननामपादांबुजमस्यविश्वसृग्यत्पारमहंस्येनपथाऽधि
गम्यते॥१७॥तंप्रीयमाणंसमुपस्थितंतदाप्रजाविसर्गेनिजशासनार्हणं॥ब[illegible]षत्स्मितशोचिषागिराप्रियःप्रियंप्रीतमनाःकरेस्पृशन् १८
श्रीभगवानुवाच त्वयाऽहंतोषितःसम्यग्वेदगर्भसिसृक्षया॥ चिरंभृतेनतपसादुस्तोषःकूटयोगिनां ॥१९॥ वरंवरयभद्रंतेवरेशंमाऽभिवांछि
तं॥ ब्रह्मन्श्रेयःपरिश्रामःपुंसोमद्दर्शनावधिः॥२०॥ मनीषितानुभावोऽयंममलोकावलोकनं ॥ यदुपश्रुत्यरहसिचकर्थपरमंतपः ॥२१॥ प्र
त्यादिष्टंमयातत्रत्वयिकर्मविमोहिते ॥ तपोमेहृदयंसाक्षादात्माऽहंतपसोनघ॥२२॥ सृजामितपसैवेदंग्रसामितपसापुनः॥ बिभर्मितपसावि**

ડળધારી-ચાર હાથવાળા-પીતાંબરધારી-હૃદયમાં લક્ષ્મીના ચીન્હવાળા-ઉત્તમ સીંહાસન ઉપર બીરાજેલા-ચાર,
સોળ, અને પાંચ મળીને પચીશ શક્તીઓથી વીંટાયલા-પોતાને વીશે રેહેનાર ધ્રુવ ઐશ્વર્ય અને બીજા એ-
ગીઓમાં રેહેનાર અધ્રુવ ઐશ્વર્યો થકી મુક્ત-અને પોતાનાજ સ્વરૂપને વીશે રમનારા એવા તે ઇશ્વર ભગવા-
નને પ્રત્યક્ષ દીઠા. ॥૧૪-૧૫-૧૬॥ ત્યારે દર્શનથી થયેલા આનંદવડે વ્યાપેલા હૃદયવાળા-ઉભાં થયેલાં રૂવાડાં-
વાળા-પ્રેમથી આંખ્યોમાં આંસુ આવેલા-અને જગતને સરજનારા એ બ્રહ્મા, પરમહંસોના માર્ગથીજ પામી
શકાય એવા ભગવાનના ચરણકમળમાં નમ્યા. ॥૧૭॥ પછીથી પ્રજાની સૃષ્ટી કરવા સારૂં, પોતાથી ઉપદેશ પા-
મવાને યોગ્ય-રાજી થયેલા-તથા પાસે ઉભેલા પ્રીય બ્રહ્માને પોતાના હાથનો સ્પર્શ કરીને, પ્રીય ભગવાને પ્રસન્ન
ચીત્તથી અને મંદ હાસ્ય સહીત શુશોભીત વાણી થકી તેમને કહ્યું કે. ॥૧૮॥-શ્રી ભગવાન-હે વેદગર્ભ,
કપટી યોગીઓ થકી પ્રસન્ન ન થાઉં એવા મને, તમે સૃષ્ટી કરવાની ઇચ્છાથી લાંબા કાળ સુધી તપ ક-
રીને સંપુર્ણ પ્રસન્ન કર્યો છે. ॥૧૯॥ હે બ્રહ્મા, વરદાનોના ઇશ્વર હું પાસેથી, તમે મનવાંછીત શુભ વરદાનો
માગીલ્યો. કેમકે પુરૂષોને શ્રેયને માટે પરીશ્રમ કરવાનો અવધી મારા દર્શન પર્યંતનોજ છે ॥૨૦॥ મેં ગુપ્ત
રીતે કહેલું સાંભળીને, તમે પરમ તપ કરવા થકીજ, મારા આ વૈકુંઠ લોકનું દર્શન થવા રૂપ તમને ઇચ્છીત
ફળ મળ્યું છે. ॥૨૧॥ હે અનઘ, કર્મ કરવામાં તમને મોહ થયો. ત્યારે મેંજ તમને એ પ્રમાણે કહ્યું હતું.
તપ એ મારૂં હૃદય છે. અને સાક્ષાત હું તપનો આત્માછું. ॥૨૨॥ તપવડેજ હું જગતને સરજુંછું. પછી તપ
થકીજ સંહાર કરૂંછું. તથા એ વીશ્વનું પોશણ પણ તપ થકીજ કરૂંછું. એ રીતે અતી કઠીન તપ એજ મારૂં
સત્વ છે. ॥૨૩॥-બ્રહ્મા-સર્વ પ્રાણી આદીના અંતરને વીશે અધ્યક્ષપણાથી વસેલા આપ ભગવાન, આવરણ
રહીત વીશેશ જ્ઞાન વડે, તેમણે (સર્વ પ્રાણી આદીએ) કરવા ધારેલાને જાણોછોજ. ॥૨૪॥ તોપણ હે નાથ,
યાચના કરનારા મને, આપ એટલું આપવાની કૃપા કરો કે, જેથી પર (મહાગુણાદીક) અને અપર (દૃશ્ય

પદાર્થાદીક), એવાં સઘળાં રૂપોને વીશે રહેલા, રૂપરહીત આપને હું બરાબર રીતે જાણી શકું. ॥૨૫॥ હે માધવ, અમોઘ સંકલ્પવાળા આપ પોતાનીજ માયાના યોગથી નાના પ્રકારની શક્તીઓવાળાં સ્વરૂપો ધારણ કરીને (એટલે સત્વગુણથી વીશ્નુ–રજો ગુણથી બ્રહ્મા–અને તમો ગુણથી રૂદ્ર થઇને) પોતેજ, પોતાને પાલન કરવાની–ઉત્પન્ન કરવાની–અને નાશ કરવાની ક્રીયાઓ, કરોળીઓ જેમ કરે છે તેમ કરોછો. એ સંબંધની બુદ્ધી મારામાં તમે મુકો. ॥૨૬–૨૭॥ કે જેથી આપના અનુગ્રહવડે હું, આપે આપેલા ઉપદેશને અનુસરીને આળસ રહીત થઇ, પ્રજાઓની સ્રષ્ટી આદી કરવા છતાં બંધનને ન પામું. ॥૨૮॥ હે ઇશ, તમેજ કરેલી પ્રજાઓની સઘળા પ્રાણી પદાર્થાદીકના (ઉતમ–મધ્યમ–અને કનીષ્ટ આદી) વીભાગો જ્યાં સુધી હું કરી રહું, ત્યાં સુધી, આપે મુકરર કરી આપેલું, આ કામ કરવામાં મને વીકળતા ન થાય; અને કર્તાપણાના અભીમાનરૂપ જબરો મદ પણ ન થાય, એટલું મીત્ર મીત્રને આપે તેમ આપ મને આપો. ॥૨૯॥–શ્રીભગવાન–મારૂં પરમ ગુહ્યજ્ઞાન, વીજ્ઞાન સહીત, અને તેના રહસ્ય તથા અંગો વીગેરે સુદ્ધાં હું કહુંછું તે તમે ગ્રહણ કરો. ॥૩૦॥ એટલે તમારા ઉપર મારો અનુગ્રહ થવાથી હું જે પ્રકારનો છું, મારો પ્રભાવ જે રીતનો છે, અને જેવાં જેવાં રૂપ તથા ગુણોને હું ધારણ કરનારો અને કર્મો વીગેરે કરનારો છું તે તે સઘળા પ્રકારોનું તત્વ સહીત વીજ્ઞાન તમને થશે. ॥૩૧॥ (ચતુર્શ્લોકી ભાગવત હવે કહે છે.) "અમુકાળે જ્યારે બીજું કાંઇજ નહોતું, ત્યારે સત (મહાભુતાદીક) અને અસત (દ્રશ્ય પદાર્થાદીક), થકી પર એવો હું એકલોજ હતો. પાછળથી જ્યારે આ જગત છે, ત્યારે પણ (તે સઘળાઓના રૂપથી) હું એકલોજ છું. અને છેવટે જે કાંઇ શેશ રહેનાર છે, તેપણ હું એકલોજ છું. ॥૩૨॥ આભાસવડે જણાવાની પેઠે, અને અંધારામાં લાગે છે તેમ, વસ્તુ રૂપે ખરૂં નહીં હોવા છતાં જેની પ્રતીતી થાય છે. (એટલે ખરૂં માનવામાં આવે છે) અને વસ્તુ રૂપે ખરૂં હોવા છતાં જેની પ્રતીતી થતી નથી. (એટલે ખરૂં મનાતુ નથી.) તેનેજ મારી પોતાની માયા જાણજો. ॥૩૩॥

श्चंवीर्यमेदुश्चरंतपः॥२३॥ ब्रह्मोवाच भगवन्सर्वभूतानामध्यक्षोवस्थितोगुहां॥ वेदह्यप्रतिरुद्धेन प्रज्ञानेनाचिकीर्षितं ॥२४॥ तथाऽपिनाथमानस्यनाथनाथयनाथितं ॥ परावरेयथारूपेजानीयांतेस्वरूपिणः॥२५॥यथात्ममायायोगेननानाशक्त्युपबृंहितं ॥ विलुंपन्विसृजन्गृण्हन्बिभ्रदात्मानमात्मना॥२६॥ क्रीडस्यमोघसं ल्पऊर्णनाभिर्यथोर्णुते॥तथातद्विषयांधेहिमनीषांमयिमाधव॥२७॥ भगवच्छिक्षितमहंकरवाणिह्यतंद्रितः॥नेहमानःप्रजासर्गंबध्येयंत्वदनुग्रहात्॥२८॥ यावत्सखास [illegible] तेकृतःप्रजाविसर्गेविभजामिभोजनं ॥ अविक्लवस्तेपरिकर्मणिस्थितोमामेसमुन्नद्धमदोऽजमानिनः॥२९॥ श्रीभगवानुवाच ज्ञानंपरमगुह्यंमेयद्विज्ञानसमन्वितं॥सरहस्यंतदंगंचगृहाणगदितंमया ॥३० यावानहंयथाभावोयद्रूपगुणकर्मकः ॥ तथैवतत्त्वविज्ञानमस्तुतेमदनुग्रहात्॥३१॥ अहमेवासमेवाग्रेनान्यद्यत्सदसत्परं ॥ पश्चादहंयदेतच्चयोऽवशिष्येतसोस्म्यहं॥३२॥ ऋतेऽर्थंयत्प्रतीयेतनप्रतीयेतचात्मनि ॥तद्विद्यादात्मनोमायांयथाभासोयथातमः॥३३॥यथामहांतिभूतानिभूतेषूच्चावचेष्वनु॥प्रविष्टान्यप्रविष्टानितथातेषुनतेष्वहं॥३४॥ एतावदेवजिज्ञास्यंतत्त्वजिज्ञासुनात्मनः॥अन्वयव्यतिरेकाभ्यांयत्स्यात्सर्वत्रसर्वदा॥३५॥ एतन्मतंसमातिष्ठपरमेणसमाधिना ॥ भवान् ल्पविकल्पेषुनविमुह्यतिकर्हिचित्॥३६॥ श्रीशुकउवाच संप्रदिश्यैवमजनोजनानांपरमेष्ठिनं॥ पश्यतस्तस्यतद्रूपमात्मनोन्यरुणद्धरिः ॥३७॥ अंतर्हितेंद्रियार्थायहरयेविहितांजलिः॥सर्वभूतमयोविश्वंससर्जेदंसपूर्ववत् ॥३८॥ प्रजापतिर्धर्मपतिरेकदानियमान्यमान् ॥भद्रंप्रजानामन्विच्छन्नातिष्ठत्स्वार्थकाम्यया॥३९॥ तंनारदःप्रियतमोरिक्थादानामनुव्रतः शुश्रूषमाणःशीलेनप्रश्रयेणदमेनच॥४०॥ मायांविविदिषन्विष्णोर्मायेशस्यम ामतिः॥महाभागवतोराजन्पितरंपर्यतोषयत्॥४१॥तुष्टंनिशम्यपितरंलोकानांप्रपितामहं ॥ देवर्षिःपरिपप्रच्छभवान्यन्माऽनुपृ तिि४२तस्माइदंभागवतंपुराणंदशलक्षणं॥प्रोक्तंभगवताप्राहप्रीतःपुत्रायभूतकृत् ॥४३॥नारदःप्राहमुनयेसरस्वत्यास्तटेनृप॥ ध्यायतेब्रह्मपरमंव्यासायामिततेजसे॥४४॥ यदुताहंत्वयापृष्टोवैराजात्पुरुषादि

જેમ ઉંચા નીંચા પ્રાણી પદાર્થાદીક, ભુતમાત્રને વીશે, મહાભુતો પાછળથી પેઠેલાં નહીં છતાં, પ્રથમથીજ પેઠેલાં છે. તે રીતેજ, એ સઘળાંઓને વીશે, હું પાછળથી પેઠેલો નહીંછતાં પ્રથમથીજ રહેલો છું. ॥૩૪॥ તત્વજ્ઞાનની જીજ્ઞાસા રાખનારાઓએ, જાણવાનું એટલુંજ છે કે અન્વય (એટલે સામટું આખા જથાને માટે જે બોલવું તે) અને વ્યતીરેક (એટલે તે જથાના અંગોને માટે જુદું જુદું પ્રત્યેકને સારૂં જે કહેવું તે.) એ બેઉ પ્રકારોથી આ વીશ્વને માટે વીચાર કરતાં, તેને વીશે જે સર્વત્ર અને સર્વ કાળ રહેલ છે, તે એક આત્મ તત્વ વીના બીજું કાંઇજ કોઇ સ્થળે અને કદીપણ છેજ નહીં." ॥૩૫॥ મારા આ મતને વીશે, મનની એકાગ્રતા કરીને તમે, સ્થીર થશો, એટલે કલ્પ તથા વીકલ્પને વીશે, કદીએ પણ તમને મોહ થશે નહીં. ॥૩૬॥–શ્રીશુક–મનુષ્યાદીક સર્વના સ્વામી ભગવાને એ અજન બ્રહ્માને આ પ્રમાણે ઉપદેશ આપીને, તેમના દેખતાંજ એ હરી ભગવાને પોતાનું સ્વરૂપ અંતર્ધ્યાન કર્યું. ॥૩૭॥ પછી પ્રત્યક્ષ સ્વરૂપથી અંતર્ધ્યાન થયેલા સર્વ ભુતમય હરી ભગવાનને નમસ્કાર કરીને, બ્રહ્માએ આ વીશ્વને પ્રથમની પેઠેજ સરજ્યું. ॥૩૮॥ ત્યારકેડે એ પ્રજાઓના પતી અને ધર્મના પતી બ્રહ્માજી, પ્રજાઓનું કલ્યાણ કરવાનું ઇચ્છીને પોતાની એ કામના સીદ્ધ કરવાસારૂં કેટલાક કાળ સુધી યમ અને નીયમો આદીક પાળ્યા કરતા હતા. ॥૩૯॥ ત્યારે હે રાજા, પીતાને, બીજા પુત્રોથકી અતી પ્રીય, આજ્ઞાકારી, સેવા કરનારા, માયાઓના ઇશ્વર વીશ્નુની માયાને જાણવાની ઇચ્છાવાળા, ઘણા બુદ્ધીશાળી, અને મહા ભગવદભક્ત, એવા નારદજીએ પોતાના શીળ–વીનેક–અને ઇંદ્રીયદમન વડે પીતાજીને (બ્રહ્માને) પ્રસન્ન કર્યા. ॥૪૦–૪૧॥ પછી એ લોક માત્રના પ્રપીતામહ અને પોતાના પીતા–બ્રહ્માને પ્રસન્ન થયેલા જોઇને દેવરૂશી નારદજીએ તેમને તું મને હાલ જે પુછેછે. તેજ પુછ્યું હતું. ॥૪૨॥ તેથી પોતાને ભગવાને કહેલું આ ભાગવત નામનું દસ લક્ષણોવાળું પુરાણ, તેમણે પ્રીતીથકી પોતાના પુત્ર નારદને કહ્યું હતું. ॥૪૩॥ હે રાજા, પછી નારદજીએ, સરસ્વતીને કીનારે પરબ્રહ્મનું ધ્યાન કરતા અને અમીત તેજવાળા વેદવ્યાસ મુનીને

તે કહી સંભળાવ્યું હતું. (અને વેદવ્યાસ પાસેથી તે, હું શીખ્યો છું.) ॥૪૪॥ વીરાટ પુરૂષથકી આ જગત કેવા પ્રકારથી ઉત્પન્ન થયું છે તે, તથા તમે મને પુછેલાં બીજાં સઘળાં પ્રશ્નો બાદલ તે જેજે રીતે છે, તેતે રીતે સઘળું સંપુર્ણપણે હું તમને કહી સંભળાવીશ.॥૪૫॥ ઈતીશ્રીભા૦બીજા સ્કંધનો નવમો અધ્યાય સંપુર્ણ. ૯

અધ્યાય ૧૦ મો.-શ્રીશુક-આની (ભાગવતની) અંદર સર્ગ-વીસર્ગ-સ્થીતી-પોશણ-ઉતી-મન્વંતર-ઇશાનુકથા-નીરોધ-મુક્તી,-અને આશ્રય. એ દસ વીશયો છે. ॥૧॥ તેમાંનો દસમો વીશય "આશ્રય" એટલે પરમાત્માનું, યથાર્થ જ્ઞાન થવા માટે મહાત્માઓ બીજા નવ વીશયોનું (આની બાબમાં) વેદની શ્રુતીઓવડે, અને (આખ્યાન બાબમાં) અર્થના તાત્પર્યવડે વર્ણન કરેછે. ॥૨॥ (દ્વાદશ સ્કંધના ૭ મા અધ્યાયમાં આ વીશય ખુલાસેથી સમજાવેલો છે.) પાંચ મહાભુત-તેની તન્માત્રાઓ-ઈંદ્રીઓ-તેમના દેવતાઓ અને ગોલકો-અને બુદ્ધી (એટલે મન-બુદ્ધી-ચીત-અને અહંકાર એ ચારે પ્રકારનું અંતઃકરણ) એટલાં વાનાંના એટલે પ્રકૃતીનાં કાર્યોના જન્મ થવાને "સર્ગ" કહેછે. અને પુરૂશ ભગવાનથી થયેલા ગુણોની વીશમતાવાળા, મહાભુતો વીગેરે થકી અનેક સ્થાવર જંગમાદી બ્રહ્મા પર્યંત સર્વ સૃષ્ટીને "વીસર્ગ" કહેલ છે. ॥૩॥ સરજેલા પદાર્થાદીકની મર્યાદામાં રાખવા વીગેરેના વૈકુંઠ ભગવાનના મહીમાને "સ્થીતી" કહેછે. ભગવાનનો ભક્તાદીકના ઉપર જે અનુગ્રહ થાય છે તે "પોશણ" કહેવાય છે. મનુઓના ઉત્તમ ધર્મને તથા તેમના સમયને "મન્વંતરો" કહેછે. અને કર્મ વાસના તે "ઉતી" કહેવાય છે. ॥૪॥ હરીભગવાનના અવતારોનાં અને તેમને અનુસરનારા એટલે ભક્તાદીક પુરૂશોનાં નાના પ્રકારનાં આખ્યાનોથી વૃદ્ધી પામેલાં ચરીત્રોને "ઇશાનું કથા" કહે છે. ॥૫॥ એ ભગવાનનું પોતાનું સર્વ શક્તીઓ સહીત સુઈ જવું (એટલે વીશ્વનો પ્રકૃતીઓ સહીત પ્રલય થવો, તેને "નીરોધ" અથવા સંસ્થા કહેછે. અને જે યથાર્થ નથી એવા (માની લીધેલા) રૂપનો ત્યાગ કરીને પોતાના ખરા સ્વરૂપને વીશે સ્થીતી થવી. (એટલે આત્મ સ્વરૂપનું તત્વજ્ઞાન પ્રાપ્ત થવું.) તે "મુક્તી" કહેવાય છે. ॥૬॥ આ વીશ્વનો આભાસ થવાનું, અને નીરોધ થવાનું, જેને વીશે થતું જણાય છે. તેજ પરમ-બ્રહ્મ-અને પરમાત્મા આદી નામોથી બોલાતાર "આશ્રય" છે. ॥૭॥ આશ્રય સ્વરૂપ આ પુરૂશ ભગવાનને, જેવકી; ચાક્ષુ વસ્તુ આદી હોવાનું, જણાય છે તે, એટલે સર્વ ઈંદ્રીઓ, "અધ્યાત્મીક" છે. અને તે વસ્તુ આદીક અમુક પ્રકારનું અને આવું છે એ જ્ઞાન જે વડે થાય છે તે, એટલે ઈંદ્રીયોના સર્વ દેવતાઓ, "અધીદૈવીક" છે. તથા તેઓને રહેવાનાં જે સ્થલો-

दं॥ यथासीत्तदुपाख्यास्येप्रश्नानन्यांश्चकृत्स्नशः ॥४५॥ इ०भा०म०द्वि०नवमोऽध्यायः॥९॥ श्रीशुकउवाच अत्रसर्गोविसर्गश्चस्थानंपोषणमूतयः॥ मन्वंतरेशानुकथानिरोधोमुक्तिराश्रयः ॥१॥ दशमस्यविशुद्ध्यर्थंनवानामिहलक्षणं॥ वर्णयंतिमहात्मानःश्रुतेनार्थेनचांजसा २ भूतमात्रेंद्रियधियांजन्मसर्गउदाहृतः ॥ ब्रह्मणोगुणवैषम्याद्विसर्गःपौरुषःस्मृतः॥३॥ स्थितिर्वैकुंठविजयःपोषणंतदनुग्रहः ॥ मन्वंतराणिसद्धर्मऊतयःकर्मवासनाः॥४॥ अवतारानुचरितंहरेश्चास्यानुवर्तिनां॥ पुंसामीशकथाःप्रोक्तानानाख्यानोपबृंहिताः ॥५॥ निरोधोऽस्यानुशयनमात्मनःसहशक्तिभिः॥ मुक्तिर्हित्वाऽन्यथारूपंस्वरूपेणव्यवस्थितिः ॥६॥आभासश्चनिरोधश्चयतश्चाध्यवसीयते ॥ सआश्रयःपरंब्रह्मपरमात्मेतिशब्द्यते॥७॥ योऽध्यात्मिकोयंपुरुषःसोऽसावेवाधिदैविकः ॥ यस्तत्रोभयविच्छेदःसस्मृतोह्याधिभौतिकः॥८॥एकमेकतराभावेयदानोपलभामहे॥ त्रितयंतत्रयोवेदसआत्मास्वाश्रयाश्रयः ॥९॥ पुरुषोऽडंविनिर्भिद्ययदाऽसौसविनिर्गतः ॥ आत्मनोऽयनमन्विच्छन्नपोऽस्राक्षीच्छुचिःशुचीः॥१०॥ तास्ववात्सीत्स्वसृष्टासुसहस्रपरिवत्सरान् ॥ तेननारायणोनामयदापःपुरुषोद्भवाः॥११॥ द्रव्यंकर्मचकालश्चस्वभावोजीवएवच॥ यदनुग्रहतःसंतिनसंतियदुपेक्षया॥१२॥ एकोनानात्वमन्विच्छन्योगतल्पात्समुत्थितः ॥ वीर्यंहिरण्मयंदेवोमाययाव्यसृजत्त्रिधा॥१३॥ अधिदैवमथाध्यात्ममधिभूतमितिप्रभुः॥ अथैकंपौरुषंवीर्यंत्रिधाभिद्यततच्छृणु॥१४॥ अंतःशरीरआकाशात्पुरुषस्यविचेष्टतः ॥ ओजःसहोबलंजज्ञेततःप्राणोमहानसुः॥१५॥अनुप्राणंतियंप्राणाःप्राणंतंसर्वजंतुषु॥ अपानंतमपानंतिनरदेवमिवानुगाः॥१६॥ प्राणेनक्षिपताक्षुत्तृडंतराजायतेप्रभोः॥ पिपासतोजक्षतश्चप्राङ्मुखंनिरभिद्यत॥१७॥ मुखतस्तालुनिर्भिन्नंजिव्हातत्रोपजायते॥ ततोनानारसोजज्ञेजि

ને વીશે એ પુરૂશ ભગવાનને, એ બંને પ્રકારો પૈકી કોઇપણ પ્રકારનું જ્ઞાન થતું નથી તે, ઈંદ્રીયોનાં ગોલકોને "અધીભૌતીક" કહેલ છે. ॥૮॥ એ ત્રણે વાનાં સાથે હોય છે ત્યારેજ એટલે એક બીજાનો આશ્રય પામીનેજ, તેઓ પોત પોતાનું કાર્ય કરવાને શક્તીમાન થાયછે. પણ ત્રણમાંનું એક ન હોય તો બાકીનાં બે અથવા એક એક જુદું હોઇને પણ કાર્ય કરવાને શક્તીમાન થતાં નથી. અને એ ત્રણેને જાણનારા અને સર્વના આશ્રય રૂપ પરમાત્મા તો સ્વાશ્રય એટલે બીજાના આશ્રયની જરૂરીયાત નહીં રાખતાં પોતેજ કાર્ય કરવાને સમર્થ છે.॥૯॥ એ વીરાટ પુરૂશ ભગવાન જ્યારે ઈંડાને ફોડીને બહાર નીકળ્યા. ત્યારે પોતાને સ્થાન પ્રાપ્ત થવા સારૂં પવીત્ર એવા તેમણે, પવીત્ર એવું જળ ઉત્પન્ન કર્યું. ॥૧૦॥ એ પોતે સરજેલા જળની અંદર હજારો વરસ સુધી રહેવા થકી તેમનું "નારાયણ" એવું નામ પડેલું છે. ॥૧૧॥ એ ભગવાનના અનુગ્રહ થકીજ દ્રવ્ય-કર્મ-કાળ-સ્વભાવ-અને જીવ (એટલે લીંગ શરીર) એ સઘળાં પોત પોતાનાં કાર્ય કરવાને સમર્થ થાયછે, અને તે પોતે ઉપેક્ષા કરેછે ત્યારે સમર્થ થતાં નથી. ॥૧૨॥ એકજ હતા એવા એ સમર્થ દેવે, પોતે ઘણા પ્રકારના થવાની ઇચ્છાવડે, પોતાની યોગ નીંદ્રામાંથી ઉઠીને, પોતાના તેજોમય સત્વને માયાવડે, અધીદૈવ-અધ્યાત્મ-અને અધીભુત એ રીતના ત્રણ પ્રકારોવાળું કેવી રીતે કર્યું તે સાંભળો. ॥૧૩-૧૪॥ તે પુરૂશ ભગવાનના શરીરની અંદરના આકાશમાં વીકાર થઇને તેમાંથી ઓજ (ઈંદ્રીયોની શક્તી)-સહ (મનની શક્તી)-અને બળ (શરીરની શક્તી) એ ઉત્પન્ન થયાં. ને તે થકી તે મહાત્મા વીરાટ ભગવાનના પ્રાણ અને ઈંદ્રાયાદીક એ સર્વ ત્રણ ત્રણ પ્રકારેવાળાં થયાં. ॥૧૫॥ એ વીરાટ ભગવાનની ઈંદ્રીયાદીકની ક્રીયાઓ થવાની સાથેજ સર્વ કોઇની ઈંદ્રીયોની ક્રીયાઓ પણ, રાજાની પાછળ પાછળ તેના નોકર ચાકરોની ક્રીયા થાય તે રીતેજ થયા કરેછે. અને એમની ક્રીયાઓ બંધ પડવાની પાછળ, સર્વ પ્રાણીઓની ઈંદ્રીયાદીકની ક્રીયાઓ પણ બંધ પડી જાય છે. ॥૧૬॥ એ રીતે ઈંદ્રીયાદીકની ક્રીયા થવા વડે તે વીરાટ ભગવાનના અંતરમાં ભુખ અને તરસ ઉત્પન્ન થયાં. પછી ખાવાને અને પીવાને ઇચ્છતા તે વીરાટ ભગવાનના શરીરને પ્રથમ મોઢું થયું. ॥૧૭॥ અને મોઢાને વીશે તાળવું થયું. તેમાં જીભ ઈંદ્રીય ઉત્પન્ન થઇ. તે પછી અનેક પ્રકારના રસ, એ વીશય ઉત્પ-

ન થયો, કે જે એ જીભના દેવતા વરૂણ થકી જાણવામાં આવે છે. ॥૧૮॥ પછી બોલવાને ઇચ્છતા તે વીરાટ પુરૂષને મોઢાને વીશે વાણી ઇંદ્રી–તેનાં અગ્ની દેવતા–અને બોલવું એ વીશય પણ ઉત્પન્ન થયો, જેને જળની સાથે ઘણા કાળનો વીરોધ થયેલો છે. ॥૧૯॥ પછી તે વીરાટ પુરૂષને શ્વાસ લેવાની અને ગંધ જાણવાની ઇચ્છા થતાં, તેને નાસીકા ફુટી. ત્યાં ગંધને વેહેનારો વાયુ દેવતા થયો, ને ઘ્રાણ ઇંદ્રીય થઇ, તથા ગંધ વીશય થયો. ॥૨૦॥ જ્યારે તેને પોતાને તથા લોકને જોવાની ઇચ્છા થઇ ત્યારે તેને આંખો થઇ. તેના સુર્ય દેવતા, ચક્ષુ ઇંદ્રીય, અને રૂપ વીશય થયો છે. ॥૨૧॥ તેને વેદ વીગેરેનો બોધ સાંભળવાની ઇચ્છા થઇ ત્યારે બે કાન થયા. તેમાં દીશાઓ દેવતા, શ્રોત્ર ઇંદ્રીય, અને શબ્દ વીશય થયો. ॥૨૨॥ તેને વસ્તુઓનું કોમળપણું ને કઠીણપણું, તથા ભારે–હલકું–અને ગરમ ટાઢું–જાણવાની ઇચ્છા થઇ, ત્યારે ત્વચા ઉત્પન્ન થઇ. તેમાં રૂવાડાં ઇંદ્રીય અને વનસ્પતી દેવતા થયા. તેમાં અંદરનો અને બહારનો વાયુ પણ દેવતા કહેવાય છે અને તેયથી ગૃહણ થનારો સ્પર્શ વીશય છે. ॥૨૪॥ વીરાટને ચાલવાની ઇચ્છા થતાં બે પગ થયા. તેમાં વીશ્નુ દેવતા, ચલન એ ઇંદ્રીય, અને મેળવવાની વસ્તુ એ વીશય થયો. ॥૨૫॥ તેને પ્રજા ઉત્પન્ન કરવાની અને આનંદ રૂપ અમૃતની ઇચ્છા થતાં શીશ્ન ઉત્પન્ન થયું. તેમાં ઉપસ્થ ઇંદ્રીય, કામ અથવા પ્રજાપતી દેવતા, અને કામીઓને પ્રીય એવો મીથુન વીશય થયો. ॥૨૬॥ પછી જ્યારે અન્નાદિકના મળને તજવાની તેને ઇચ્છા થઇ ત્યારે ગુદા ઉત્પન્ન થઇ. તેમાં પાયુ ઇંદ્રીય, મીત્ર દેવતા, અને તે બેઉના આધારવાળો ઉત્સર્ગ એ વીશય થયો. ॥૨૭॥ તેને એક શરીર છોડીને બીજા શરીરમાં જવાની ઇચ્છા થઇ. ત્યારે તેને ડુંટી ઉત્પન્ન થઇ ત્યાં અપાન ઇંદ્રીય, મૃત્યુ દેવતા, અને તે બેના આશ્રય વાળું જુદું કરવું એ વીશય થયો. ॥૨૮॥ તેને ખાવા પીવાની ઇચ્છા થતાં પેટ–આંતરડાં–અને નાડીઓ થઇ. નદીઓ નાડીના, અને સમુદ્ર પેટના દેવતા થયા. અને તેમની આશ્રય રૂપ, તુષ્ટી અને પુષ્ટી એ વીશય થયો. ॥૨૯॥ તેને પોતાની માયાનું ધ્યાન કરવાની ઇચ્છા થતાં હૃદય ઉત્પન્ન થયું,

ए.यायोधिगम्यते॥१८॥ विवक्षोर्मुखतोभूम्नोवन्हिर्वाग्व्याहृतंतयोः॥ जलेवैतस्यसुचिरंनिरोधःसमजायत ॥१९॥ नासिकेनिरभिद्येतांदोधूयतिनभस्वति॥ तत्रवायुर्गंधवहोघ्राणोनसिजिघृक्षतः ॥२०॥ यदात्मनिनिरालोकमात्मानंचदिदृक्षतः ॥ निर्भिन्नेह्यक्षिणीतस्यज्योतिश्चक्षुर्गुणग्रहः॥२१॥ बोध्यमानस्यऋषिभिरात्मनस्तज्जिघृक्षतः॥कर्णौचनिरभिद्येतांदिशःश्रोत्रंगुणग्रहः ॥२२॥ वस्तुनोमृदुकाठिन्यलघुगुर्वोष्णशीततां॥ जिघृक्षतस्त्वङ्निर्भिन्नातस्यांलोममहीरुहाः॥तत्रचांतर्बहिर्वातस्त्वचालब्धगुणोवृतः ॥२३॥ हस्तौरुरुहतुस्तस्यनानाकर्मचिकीर्षया॥ तयोस्तुबलमिंद्रश्चआदानमुभयाश्रयं॥२४॥ गतिंजिगीषतःपादौरुरुहातेऽभिकामिकां ॥ पद्भ्यांयज्ञःस्वयंहव्यंकर्मभिःक्रियतेनृभिः ॥२५॥ निरभिद्यतशिश्नोवैप्रजानंदामृतार्थिनः ॥ उपस्थआसीत्कामानांप्रियंतदुभयाश्रयं ॥२६॥ उत्सिसृक्षोर्धातुमलंनिरभिद्यतवैगुदं॥ ततःपायुस्ततोमित्रउत्सर्गउभयाश्रयः॥२७॥ आसिसृप्सोःपुरःपुर्यानाभिद्वारमपानतः॥ तत्रापानस्ततोमृत्युःपृथक्त्वमुभयाश्रयं २८ आदित्सोरन्नपानानामासन्कुक्ष्यंत्रनाडयः॥ नद्यःसमुद्राश्चतयोस्तुष्टिःपुष्टिस्तदाश्रये ॥२९॥ निदिध्यासोरात्ममायांहृदयंनिरभिद्यत॥ ततोमनस्ततश्चंद्रःसंकल्पःकामएवच॥३०॥त्वक्चर्ममांसरुधिरमेदोमज्जाऽस्थिधातवः॥ भूम्यप्तेजोमयाःसप्तप्राणोव्योमांबुवायुभिः ॥३१॥ गुणात्मकानींद्रियाणिभूतादिप्रभवागुणाः ॥ मनःसर्वविकारात्माबुद्धिर्विज्ञानरूपिणी॥३२॥ एतद्भगवतोरूपंस्थूलंतेव्याहृतंमया ॥ मह्यादिभिश्चावरणैरष्टभिर्बहिरावृतं॥३३॥ अतःपरंसूक्ष्मतममव्यक्तंनिर्विशेषणं॥ अनादिमध्यनिधनंनित्यंवाङ्मनसःपरं॥३४॥अमुनीभगवद्रूपेमयातेअनुवर्णिते॥ उभेअपिनगृण्हंतिमायासृष्टेविपश्चितः ॥३५॥ सवाच्यवाचकतयाभगवान्ब्रह्मरूपधृक् ॥ नामरूपक्रियाधत्तेसकर्माकर्मकःपरः॥३६॥ प्रजापतीन्मनून्देवानृषीन्पितृगणान्पृथक्॥सिद्धचारणगंधर्वान्विद्याध्रासुरगुह्यकान् ॥३७॥ किन्नराप्सरसोनागान्सर्पान्किंपुरुषोरगान् ॥ मातृरक्षःपिशाचांश्चप्रेतभूतविनायकान्॥३८॥ कूश्मांडोन्मादवेतालान्यातुधानान्ग्रहानपि॥खगान्मृगान्पशून्वृक्षान्गिरीन्नृ

અને તેમાં મન થઇને ચંદ્રમા દેવતા, તથા સંકલ્પ અને કામના વીગેરે વીશય થયા. ॥૩૦॥ પછી પૃથ્વી જળ અને તેજ એ ત્રણ થકી થનારી સાત ધાતુઓઃ ત્વચા એટલે રૂવાં, ચામડી, માંસ, લોહી, મેદ એટલે ચરબી, મજ્જા એટલે નસો, અને હાડકાં એ થયાં છે. પ્રાણ વાયુ એ, આકાશ જળ અને વાયુ એ ત્રણને આધારે રહે છે. ઇંદ્રીયો તેના વીશયોમાં પ્રીતીવાળી છે. વીશયો અહંકાર થકી ઉત્પન્ન થયેલ છે. સર્વ વીકારોનું સ્થાન મનછે. અને બુદ્ધી જેવું જણાય તેવો નીશ્ચય કરનારી છે. ॥ ૩૧–૩૨ ॥ એ રીતે પૃથ્વી આદી આઠ આવરણો વડે બહારથી વીંટાયલું ભગવાનનું સ્થુળ સ્વરૂપ મેં તમને કહ્યું. ॥૩૩॥ એનાથકી જુદા પ્રકારનું–અતીસુક્ષ્મ દેખવામાં ન આવે એવું–વીકાર રહીત–આદી, મધ્ય, ને અંત રહીત–નીત્ય–અને જેને વીશે વાણી અને મનનો પ્રવેશ થતો નથી–એવું બીજું સ્વરૂપ (લીંગ શરીરરૂપ) છે. ॥ ૩૪ ॥ મેં તમારી પાસે વર્ણન કરેલાં ભગવાનનાં આ બે સ્વરૂપ માયા થકી ઉત્પન્ન થયેલાં હોવાથી જ્ઞાની પુરૂષો, તેમનો સ્વીકાર કરતા નથી ॥૩૫॥ જે પોતે અકર્તા છતાં માયાને અંગીકાર કરવાથી તેવડે કાર્ય કરે છે અને સર્વેથકી પર છે એવા એ પરબ્રહ્મ ભગવાન પોતેજ, વાચક અને વાચ્ય રૂપે, સર્વેનામો–રૂપો–અને ક્રીયાઓ આદી સઘળાં રૂપે થાયછે. ॥૩૬॥ હે રાજા, પ્રજાપતીઓ, મનુઓ, દેવો, રૂશીઓ, પીતૃગણો, સીદ્ધ, ચારણ, ગાંધર્વ, વીદ્યાધર, અસુર, યક્ષ, કીન્નર, અપ્સરાઓ, નાગ, સાપ, કીંપુરૂષ, ઉરગ, માતૃગણ, રાક્ષસ, પીશાચ, પ્રેત, ભુત, વીનાયક, કુષ્માંડ, ઉન્માદ, વૈતાળ, યાતુધાન, ગ્રહો, પક્ષીઓ, મૃગો, પશુઓ, ઝાડો, પર્વતો, પેટે ચાલનારા પ્રાણીઓ, તેમજ બીજાં જળચર થળચર અને આકાશચર પ્રાણીઓ જે સ્થાવર અને જંગમ એવા બે ભેદવાળાં તથા જરાયુજ અંડજ–સ્વેદજ અને ઉદ્ભીજ એવા ચાર ભેદવાળાછે. તે બધાંના અવતારો પામવા રૂપ જુદી જુદી ગતીઓ પુરૂષને, શુભ અશુભ અને તે બેના મીશ્રપણાવાળાં કર્મો કરવાથકી પ્રાપ્ત થાય છે. ॥૩૭–૩૮–૩૯–૪૦॥ સત્વગુણી કર્મો કરનારાઓ દેવતા આદીની ગતીને પામે છે. રજોગુણી કર્મો વાળા મનુષ્ય આદીની ગતીને પામે છે. અને

તમોગુણી કર્મો વાળાઓ નારકી ગતીને પામે છે. તેઓમાં પણ હે રાજન, એક એક પ્રકારની ગતીના (ગુણોના ઠર્માં જાતની પણાવડે) ત્રણ ત્રણ ભેદ થાય છે. અને એક ગુણ બીજા બે ગુણોના કરતાં બળવત્તર થાય છે. ત્યારે બળવત્તર થનારો ગુણ બાકીના બે ગુણોના સ્વભાવનો નાશ કરી નાંખે છે. ॥૪૧॥ એ ભગવાનજ ધાતા એટલે બ્રહ્માના રૂપથી જગતને સ્થાપન કરે છે. અને ધર્મ એટલે વીશ્નુના રૂપથી પશુ–પક્ષી–મનુષ્ય–અને દેવતાઓ આદીમાં અવતરીને વીશ્વનું પોશણ કરેછે. ॥૪૨॥ પછી વાયુથી જેમ વાદળાંનો નાશ થાય છે તેમ, કાળે કરીને એજ આત્મા ભગવાન પોતે સર્જેલા આ જગતને પ્રલયના અગ્નીના સ્વરૂપથી તથા રૂદ્રના રૂપથી પોતેજ પાછું નાશ કરી નાંખે છે. ॥૪૩॥ ઉત્તમમાં ઉત્તમ ઐશ્વર્યવાળા ભગવાનનું આ પ્રકારે, મેં વર્ણન કર્યું છે. પણ જ્ઞાનવાન પુરૂષો, એ પરમ પુરૂષ ભગવાનને એ પ્રકારે જાણવાને યોગ્ય નથી. (અર્થાત આ સઘળું માયાને ગ્રહણ કરીને વર્ણન થાયછે માટે ખરૂં સ્વરૂપ તે નથી.) ॥૪૪॥ પરમાત્માને જન્મો અને કર્મો આદી નહીં હોવાછતાં કેહેવામાં આવે છે તે માત્ર, તેને વીશે માયાવડે આરોપ કરેલા કર્તા પણા આદીનો નીશેધ સીદ્ધ કરવાને માટેજ કહેવાયછે.॥૪૫॥એ થઇ ગયેલો કલ્પ બ્રહ્મકલ્પ કહેવાય છે. અનેએનો વીકલ્પ પણ એજ નામનો છે તેથી એ બેઉને માટે બ્રહ્મા, અને પકૃતીનો સર્ગ, તથા વીકૃતીનો વીસર્ગ, એ ત્રણેરતાં એનાં એજ છે.

पसरीसृपान्॥३९॥ द्विविधाश्चतुर्विधायेऽन्येजलस्थलनभौकसः॥ कुशलाकुशलामिश्राःकर्मणांगतयस्त्विमाः ॥४०॥ सत्वंरजस्तमइतिति स्रःसुरनृनारकाः॥ तत्राप्येकैकशोराजन्भिद्यंतेगतयस्त्रिधा॥यदैकैकतरोऽन्याभ्यांस्वभावउपहन्यते॥४१॥ सएवेदंजगद्धाताभगवान्धर्म रूपधृक्॥ पुष्णातिस्थापयन्विश्वंतिर्यङ्नरसुरात्मभिः॥४२॥ततःकालाग्निरुद्रात्मायत्सृष्टमिदमात्मनः॥ सन्नियच्छतिकालेनघनानीकमि वानिलः॥४३॥ इत्थंभावेनकथितोभगवान्भगवत्तमः॥नेत्थंभावेनहिपरंद्रष्टुमर्हंतिसूरयः॥४४॥ नास्यकर्मणिजन्मादौपरस्यानुविधीयते ॥ कर्तृत्वप्रतिषेधार्थंमाययारोपितंहितत् ॥४५॥ अयंतुब्रह्मणःकल्पःसविकल्पउदाहृतः॥ विधिःसाधारणोयत्रसर्गाःप्राकृतवैकृताः ॥४६॥ प रिमाणंचकालस्यकल्पलक्षणविग्रहं ॥ यथापुरस्ताद्व्याख्यास्येपाद्मंकल्पमथोशृणु ॥४७॥ शौनकउवाच यदाहनोभवान्सूतक्षत्ताभागवतो त्तमः॥ चचारतीर्थानिभुवस्त्यक्त्वाबंधून्सुदुस्त्यजान् ॥४८॥ कुत्रकौषारवेस्तस्यसंवादोऽध्यात्मसंश्रितः ॥ यद्वासभगवांस्तस्मैपृष्टस्तत्त्वमुवा चह॥४९॥ब्रूहिनस्तदिदंसौम्यविदुरस्यविचेष्टितं॥बंधुत्यागनिमित्तंचतथैवागतवान्पुनः॥५०॥ सूतउवाच राज्ञापरीक्षितापृष्टोयदवोचन्म हामुनिः॥ तद्वोऽभिधास्येशृणुतराज्ञःप्रश्नानुसारतः ॥५१॥ इतिश्रीभागवतेमहापुराणेद्वितीयस्कंधेऽष्टादशसाहस्र्यांसंहितायांपुरुषसंस्था नुवर्णनंनामदशमोऽध्यायः ॥ १० ॥ ॥ द्वितीयस्कंधःसमाप्तः ॥

॥૪૬॥ કાળનું પરીમાણ વીગેરે, તથા કલ્પનું લક્ષણ, અને તેના વીભાગો વીગેરે જે રીતે છે તે રીતે હું તમને પાછળથી કહીશ. હવે હમણાં ચાલતા પાદ્મકલ્પ વીશે કહુછું તે સાંભળજો. ॥૪૭॥ –શૌનક–હે સુત, તમે કહ્યું તેમ, ન તજી શકાય એવા બંધુઓનો ત્યાગ કરીને ભગવદ ભક્તોમાં ઉત્તમ વીદુરજી પૃથ્વી ઉપરનાં તીર્થોમાં ફરતા ફરતા હતા, ત્યારે તેમની સાથે, ભગવાન મૈત્રેય રૂશીનો જ્ઞાન સંબંધી સંવાદ કયે સ્થળે થયો. અને વીદુરે પુછવાથી મૈત્રેયે, તેમને કેવું તત્વ કહી સંભળાવ્યું. ॥૪૮––૪૯॥ હે સૌમ્ય, વીદુરજીએ બંધુઓનો ત્યાગ શા માટે કર્યો. અને વળી તે ફરીથી પાછા શા સારૂં આવ્યા. એ બધું વીદુરનું ચરીત્ર મને આપ કહો. ॥૫૦॥ –સુત–તમે મને જે પુછોછો તેટલુંજ પરીક્ષીતે મહામુની શુકદેવજીને પુછવાથી, તે રાજાના પ્રશ્નોના ઉત્તર અનુક્રમથી, સુકદેવજીએ જે રીતે કહેલ છે. તે રીતે તમે પણ મારાથકી સાંભળો. ॥૫૧॥ ઇતીશ્રી० ભા० બીજા સ્કંધનો દશમો અધ્યાય સંપુર્ણ. ॥૧૦॥ ઇતી બીજો સ્કંધ સમાપ્ત. ॥૨॥

તા. ૮ મી મેએ સને ૧૮૯૮ સંવત ૧૯૫૪ ના વૈશાક વદી ૨ ને વાર રવી. સાંજે ૭ વાગે. મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં હરીકૃસ્નદાસ શેઠની પોળમાં ઘર નંબર. ૫૨૩. કર્ત્તા. મહામુની કૃષ્ણ. ગુજરાતીમાં ભાગવત પ્રેરીત લખનાર દાસાનુદાસ ગીરધરલાલ અમરતલાલ વ્યાયા. શ્રી કૃશ્ણાર્પણ મસ્તુ. ॥૯

॥ इति श्रीमद्भागवते द्वितीयस्कंध समाप्तं ॥

॥ अथ श्रीमद्भागवते तृतीयस्कंध प्रारभ्यते ॥

“શ્રી કૃષ્ણ પરમાત્મા જગદ્ગુરૂવે નમઃ ॥ ” અધ્યાય ૧ લો.—શ્રીશુક—અખીલ બ્રહ્માંડના ઇશ્વર શ્રીકૃષ્ણ ભગવાન જે, તમારા પુર્વજો પાંડવોના, મંત્રી અને દુત થયા હતા. અને જેમણે પુરૂવંશના રાજા (દુર્યોધન) ના સમૃદ્ધી વાળા ઘરને તજીને, જે ઘરને પોતાનું ગણી તેમાં પ્રવેશ કર્યો હતો. તેજ ઘરને તજીને, ચાલી નીકળેલા વીદુરજીએ, તમે પુછોછો તેતુંજ અને તેટલુંજ ભગવાન મૈત્રેયને પુછયું હતું. ॥૧-૨॥-પરીક્ષિત—હે પ્રભો, ભગવાન મૈત્રેયની સાથે વીદુરનો સમાગમ કયે વખતે અને કઇ જગાએ થયો હતો. તે અમારી પાસે વર્ણન કરો. ॥૩॥ કેમકે શ્રેષ્ટ મૈત્રેય પ્રત્યે, નીર્મળ અંતઃકરણવાળા વીદુરે કરેલો, અને સાધુ પુરૂષોએ વખાણેલો પ્રશ્ન, અર્થના થોડા ઉદયવાળો નહીં હોય.॥૪॥—સુત—બહુ શ્રુત મહારૂશી શુકદેવજીને પરીક્ષીતે આ રીતે પુછતાં, ‘તમે સાંભળો’ એમ તેમણે પ્રસન્ન મનથી કહ્યું. ॥૫॥—શ્રીશુક—દૃષ્ટી હીન ધૃતરાષ્ટ્ર રાજાએ જ્યારે પોતાના અસાધુ પુત્રોનું પોશણ કરતાં, નાના ભાઇ પાંડુના બંધુઓ વીનાના પુત્રોને, અધર્મ કરી લાખના ઘરને વીશે બાળ્યા. ॥૬॥ આંખોમાંથી પડતાં આંસુઓથી છાતી ઉપરના કુમકુમને ધોઇ નાંખતી યુધીષ્ટીરની વહુ દ્રુપતીના માથાના વાળ સભા વચ્ચે ખેંચવાનું નીંદા થવા જેવું કર્મ કરતાં પોતાના પુત્ર દુર્યોધનને જ્યારે વાર્યો નહીં. ॥૭॥ તથા દ્યુતને વીશે અધર્મ વડે જીતાએલા યુધીષ્ટીરે ઠરાવ પ્રમાણે વનમાં જઇ આવ્યા પછી, કેવળ સત્યનોજ આશ્રય કરીને, પોતાનો ભાગ માગતાં, તમોગુણી બુદ્ધીવાળા ધૃતરાષ્ટ્રે, એ અજાતશત્રુને જ્યારે ભાગ ન આપ્યો.॥૮॥તેમજ યુધીષ્ટીરના મોકલવાથી જગત ગુરૂ કૃષ્ણે, સભા વચ્ચે સત્પુરૂશોને અમૃત સરખાં લાગે એવાં કહેલાં વચનોને, એ બાકી રહેલું પુણ્ય પરવારેલા ધૃતરાષ્ટ્રે, જ્યારે નમાન્યાં. ॥૯॥ અને મસલહત પુછવાને, પોતાના નાના ભાઇ, મંત્ર જાણનારાઓમાં શ્રેષ્ટ વીદુરને, જ્યારે પોતાના ઘરમાં બોલાવ્યા. ત્યારે વીદુરે ધૃતરાષ્ટ્રને જે વચનો કહ્યાં, તેને મંત્રને જાણનારાઓ “વીદુરવાક્ય” અથવા “વીદુર નીતી” કહે છે. તે નીચે પ્રમાણે છે. ॥ ૧૦ ॥ “જેને સારૂ ભીમસેનરૂપી સાપ ક્રોધથી પોતાના

श्रीगणेशायनमः श्रीशुकउवाच एवमेतत्पुरापृष्टोमैत्रेयोभगवान्किल॥ क्षत्त्रावनंप्रविष्टेनत्यक्त्वास्वगृ ,मृद्धिमत् ॥१॥ यद्वाअयंमंत्रकृद्वोभगवानखिलेश्वरः॥ पौरवेंद्रगृहं ि.त्वाप्रविवेशात्मसा ्तं॥२॥ राजोवाच कुत्रक्षत्तुर्भगवतामैत्रेयेणाससंगमः॥ कदावास ,संवादएतद्वर्णयनःप्रभो॥३॥ नह्यल्पार्थोदयस्तस्याव्े रस्यामलात्म नः ॥तस्मिन्वरीयसिप्रश्नःसाधुवादोपबृंहितः॥४॥ सूतउवाच सएवमृषिवर्योऽयंपृष्टोराज्ञापरीक्षिता॥प्रत्या तंसबहुवित्प्रीतात्माश्रूयतामिति॥५॥ श्रीशुकउवाच यदातुराजास्वसुतानसाधून्पुष्णन्नधर्मेणविनष्टदृष्टिः॥ भ्रातुर्यविष्ठस्यसुतान्विबं न्प्रवेश्यलाक्षाभवनेददाह॥६॥ यदासभायांकुरुदेवदेव्याःकेशाभिमर्शंसुतकर्मगर्ह्यं वार यामासनृपःस्नुषायाःस्वास्रैर्हरंत्याःकुच कुं मानि॥७॥ द्यूतेत्वधर्मेणजितस्यसाधोःसत्यावलंबस्य वनागतस्य॥ नयाचतोऽदात्समयेनद ।यंतमोजुषाणोयदजातशत्रोः॥८॥ यदाचपार्थप्रहितःसभायांजगद्गुरुर्यानिजगादकृष्णः ॥ नतानिपुंसाममृतायनानिराजोरुमेनेक्षतपुण्यलेशः ॥९॥ यदोपहूतोभवनंप्रविष्टोमंत्रायपृष्टःकिलपूर्वजेन॥ अथा तन्मंत्रदृशांवरीया यन्मंत्रिणोवैदुरिकंवदंति॥१०॥ अजातशत्रोःप्रतियच्छदायंतितिक्षतोदुर्विषहंतवागः ॥ स ानुजायत्रवृकोदराहिःश्वस रुषायत्त्वम्लं बिभेषि ॥११॥ पार्थांस्तुदेवोभगवान्मुकुंदोगृहीतवान्सक्षितिदेवदेवः॥ आस्तेस्वपुर्यांयदुदेवदेवोविनिर्जिता ेषनृदेवदेवः ॥१२॥ सएषदोषःपुरुषद्विडास्तेगृहान्प्रविष्टोयमपत्यमत्या ॥ पुष्णासिकृष्णाद्विमुखोगतश्रीस्त्यजाश्वशैवंकुलकौशलाय ॥१३॥ इत्यूचिवांस्तत्रसुयो नेनप्र ोपस्फुरिताधरेण॥ असत्कृतःसत्स्पृ ,णीयशीलःक्षत्तासकर्णानुजसौबलेन ॥१४॥ कएनमत्रोपजुहावजिह्मंदास्याःसुतंयद्बलिनैवपुष्टः ॥ तस्मिन्प्रतीपःपरकृत्यआस्तेनिर्वास्यतामाशुपुराच्छ्वसानः॥१५॥सइत्थमत्युल्बणकर्णबाणैर्भ्रातुःपरोमर्म सुताडितोऽपि॥ स्वयंधनुर्द्वारिनि यमायांगतव्यथोऽयादुरुमानयानः ॥१६॥ सनिर्गतःकौरवपुण्यलब्धोगजाह्वयात्तीर्थपदःपदानि॥ अन्वाक्रमत्पुण्यचिकीर्षयोर्व्यांस्वधिष्ठितोयानिसहस्रमूर्तिः॥१७॥ पुरेषुपुण्यो वनाद्रिकुंजेष्वपंकतोयेषुसरित्सरस्सु। अनंतलिं

નાના ભાઇઓ સહીત ફુંફાડા નાંખ્યા કરે છે, જેથી તમે ઘણાજ બીહો છો; એવા ન સહન થવા જેવા તમારા અપરાધોને અજાત શત્રુ રાજાએ સહન કરેલા છેઃ માટે તેમને વીભાગ આપો. ॥૧૧॥ પૃથ્વીના તમામ રાજાઓને તથા દેવતાઓને જેમણે જીત્યા છે એવા યાદવોના દેવ શ્રી કૃષ્ણ, બ્રાહ્મણો અને દેવતાઓ સહીત પોતાના નગર દ્વારકાંમાં વસે છે; તે મુકુંદ ભગવાને પૃથાના પુત્રોને પોતાનાજ ગણેલા છે. ॥૧૨॥ જેને પુત્ર બુદ્ધીથી તમે પોસો છો તે કૃષ્ણનો દ્વેશ કરનાર અને અવળો ચાલનાર દુર્યોધન તમારા ઘરમાં મુર્ત્તીમાન થએલો દોશ પેઠેલો છે. માટે એ પાપ રૂપ અને કલ્યાણ નાશ પામેલાનો, આખા કુળના ભલાને સારૂં તમે તુર્તજ ત્યાગ કરો.” ॥૧૩॥ સત્પુરૂશોએ ઇચ્છવા લાયક આચરણ વાળા વીદુરે એ પ્રમાણે કહેતાં, વધી ગએલા ક્રોધથી નીચેનો હોઠ ફરકાવતા, કર્ણ—દુશાસન—અને શકુની સહીત દુર્યોધને તેમનો તીરસ્કાર કર્યો અને કહ્યું કે. ॥૧૪॥ ” કપટી—દાસીપુત્ર—અને મારૂં અન્ન ખાઇને પુષ્ટ થયા છતાં મારાથી અવળો ચાલનારા, અને દુશ્મનોનું કામ કરી દેનારા, આને અહીંયાં કોણે બોલાવેલો છે. એને જીવતોજ (એટલે પોતાના પ્રાણ સીવાય બીજું કાંઇ લેઇ જવા ન પામે તેમ) નગરની બહાર ઉતાવળોજ કાઢી મુકો. ॥૧૫॥ એવી રીતનાં ગર્ભસ્થાનને ભેદનારાં પોતાના ભાઇ ધૃતરાષ્ટ્રની સમીપમાંજ બોલેલાં અતી તીક્ષ્ણ વચનો રૂપી બાણો વીદુરના કાનમાં સુસરાં પેશી ગયાં. ત્યારે એ સર્વ માયાનું મહાત્મ્ય છે એમ માની, પોતાનું ધનુષ્ય, તે બારણા વચ્ચેજ નાંખી દેઇને, દુખ રહીત થઇ વીદુર ત્યાંથીજ ચાલતા થયા. ॥૧૬॥ પછી હસ્તીનાપુરમાંથી નીકળેલા કૌરવોના પુણ્યોના ફળ રૂપ એ વીદુર, જ્યાં અનેક સ્વરૂપથી હરી ભગવાન રહેલા છે એવા હરી ભગવાનનાં તીર્થોમાં પુણ્ય કરવાની ઇચ્છાથી પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. ॥૧૭॥ અને તે એકલાજ, નગરો—પવીત્ર ઉપવનો—પર્વતો—કુંજ—નીર્મળ જળવાળી નદીઓ અને તળાવો—તથા બીજાં અનંત ભગવાનનાં સ્વરૂપોથી શોભા પામેલાં સ્થાનોમાં તીર્થ કરવા માટે ગયા. ॥૧૮॥ પવીત્ર તથા ઉચીત આજીવીકા વાળા—તીર્થ તીર્થને વીશે નાહેલા—ધરતી ઉપર

સુતારા-નાહવાનું, ધોવું, વસ્ત્રો, અને ઘરેણાં આદી શરીરના શણગાર વીનાના-અને અવધુતના વેશવાળા હોવાથી બંધુઓ પોતાનાઓ પણ ઓળખી શકતા નથી એવા, એ વીદુર પૃથ્વી ઉપર ફરતાં, હરી ભગવાનને પ્રસન્ન કરવાને વ્રતો કરતા હતા. ॥૧૯॥ એ રીતે ફરતા ફરતા જેટલા વખતમાં તે પ્રભાસમાં આવ્યા, તેટલામાં તો અજીત ભગવાનના કરવાથી, એકલા યુધીષ્ટીરરાજ ઉપર શ્વેત છત્ર ધરાતું થયું હતું. અને પૃથ્વી ઉપર તેનીજ સેના તથા આજ્ઞા ફરતી હતી. ॥૨૦॥ વાંસથી ઉત્પન્ન થયેલા અગ્નીથી આખું વન બળી જવાની પેઠે, માંહોમાંહેની અદેખાઈથી સુહૃદ કૌરવોનો નાશ થયાનું સાંભળીને, શોક કરતા વીદુરજી મુંગે મોઢેજ, પશ્ચીમમાં વેહેનારી સરસ્વતીને કાંઠે કાંઠે ત્યાં થકી ચાલ્યા ગયા. ॥૨૧॥ અને ત્રીત, ઉશના (શુક્રાચાર્ય), મનુ, પૃથુ, અગ્ની, અસીત, વાયુ, સુદાસ, ગાય, કાર્તીક સ્વામી, અને શ્રાદ્ધ દેવ, એ નામોવાળાં અગીયાર તીર્થોમાં; અને બીજાં વીષ્ણુનાં આયુધો ચક્રાદીકથી શણગાર પામેલાં મંદીરોવાળાં, જેના દરશનથીજ શ્રીકૃષ્ણ ભગવાનનું સ્મરણ આવે છે એવાં બ્રાહ્મણો અને દેવતાઓએ કરેલાં, અનેક તીર્થોમાં તે ફર્યા. ॥૨૨-૨૩॥ અને તે પછી રીદ્ધીવાળા સોરઠ-સૌવીર-મત્સ્ય-કુરૂ-અને જાંગળ એ દેશોને ઓળંગીને યમુનાજીને કાંઠે આવ્યા. ત્યારે ભગવદ ભક્ત ઓદ્ધવજીને પણ, તેમણે ત્યાં આવેલા દીઠા. ॥૨૪॥ એ વાસુદેવ ભગવાનના પ્રખ્યાત દાસ, ઘણા શાંત, અને પુર્વ જન્મના બૃહસ્પતીના શીષ્ય ઉદ્ધવને નમીને તથા બાથમાં ઘાલી ભેટીને, તેમણે કૃષ્ણ ભગવાનના તથા તેમના પુત્ર પુત્રાદીકના કુશળ સમાચાર પુછ્યા કે. ॥ ૨૫ ॥ "પોતાના નાભી કમળથી થયેલા બ્રહ્માની પ્રાર્થનાથી અહીંયાં અવતરેલા પુરાણ પુરૂશ રામ અને કૃષ્ણ, પૃથ્વીનું તથા સર્વનું કુશળ કરીને, હવે ફુરસદ પામેલા, સુરસેનના ઘરમાં કુશળ છે? ॥૨૬॥ હે અંગ, ઉદાર વસુદેવ, જે પોતાની

गैःसमलंकृतेषुचचारतीर्थायतनेष्वनन्यः॥१८॥ गांपर्यटन्मेध्यविविक्तवृत्तिःसदाप्लुतोऽधःशयनोऽवधूतः ॥ अलक्षितःस्वैरवधूतवेषोव्रतानिचेरेहरितोषणानि ॥१९॥ इत्थंव्रजन्भारतमेववर्षं कालेनयावद्गतवान्प्रभासं॥तावच्छशासक्षितिमेकचक्रामेकातपत्रामजितेनपार्थः २० तत्राथशुश्रावसुहृद्विनष्टिंवनंयथावेणुजवन्हिसंश्रयं ॥ संस्पर्धयादग्धमथानुशोचन्सरस्वतींप्रत्यगियायतूष्णीं॥२१॥ तस्यांत्रितस्योशनसोमनोश्चपृथोरथाग्नेरसितस्यवायोः ॥ तीर्थंसुदासस्यगवांगुहस्यच्छ्राद्धदेवस्यसआसिषेवे॥२२॥ अन्यानिचेहद्विजदेवदेवैःकृतानिनानायतनानिविष्णोः॥ प्रत्यंगमुख्यांकितमंदिराणियद्दर्शनात्कृष्णमनुस्मरंति॥२३॥ ततस्त्वतिव्रज्यसुराष्ट्रमृद्धं सौवीरमत्स्यान्कुरुजांगलांश्च॥ कालेनतावद्यमुनामुपेत्यतत्रोद्धवंभागवतंददर्श ॥२४॥ सवासुदेवानुचरंप्रशांतंबृहस्पतेःप्राक्तनयंप्रतीतं॥आलिंग्यगाढंप्रणयेनभद्रंस्वानामपृच्छद्भगवत्प्रजानां॥२५॥ कच्चित्पुराणौपुरुषौस्वनाभ्यपाद्मानुवृत्त्येहकिलावतीर्णौ ॥ आसातउर्व्याःकुशलंविधायकृतक्षणौकुशलंशूरगेहे ॥२६॥ कच्चित्कुरूणांपरमःसुहृन्नोभामःसआस्तेसुखमंगशौरिः॥योवैस्वसॄणांपितृवद्ददातिवरान्वदान्योवरतर्पणेन॥२७॥ कच्चिद्वरूथाधिपतिर्यदूनांप्रद्युम्नआस्तेसुखमंगवीरः ॥ यंरुक्मिणीभगवतोभिलेभेआराध्यविप्रान्स्मरमादिसर्गे ॥२८॥ कच्चित्सुखंसात्वतवृष्णिभोजदाशार्हकाणामधिपःसआस्ते॥ यमभ्यषिंचच्छतपत्रनेत्रोनृपासनाशांपरिहृत्यदूरात् ॥२९॥कच्चिद्धरेःसौम्यसुतःसदृक्षआस्तेऽग्रणीरथिनांसाधुसांबः ॥ असूतयंजांबवतीव्रताढ्यादेवंगुहंयोंऽबिकयाधृतोऽग्रे॥३०॥ क्षेमंसकच्चिद्युयुधानआस्तेयःफाल्गुनाल्लब्धधनूरहस्यः ॥ लेभेंऽजसाधोक्षजसेवयैवगतिंतदीयांयतिभिर्दुरापां॥३१॥ कच्चिद्बुधःस्वस्त्यनमीवआस्तेश्वफल्कपुत्रोभगवत्प्रपन्नः॥ यःकृष्णपादांकितमार्गपांसुष्वचेष्टतप्रेमविभिन्नधैर्यः ॥३२॥ कच्चिच्छिवंदेवकभोजपुत्र्याविष्णुप्रजायाइवदेवमातुः॥यावैस्वगर्भेणदधारदेवंत्रयीयथायज्ञवितानमर्थं॥३३॥ अपिस्विदास्तेभगवान्सुखंवोयःसात्वतांकामदुघोनिरुद्धः ॥ यमामनंतिस्महशब्दयोनिंमनोमयंसत्वतुरीयतत्त्वं॥३४॥ अपिस्विदन्येचनिजात्मदैवमनन्यवृत्त्यासमनुव्रतायें॥ हृदीकसत्यात्मजचारुदेष्णगदादयःस्वस्तिचरंतिसौम्य॥३५॥ अपिस्वदोर्भ्यांविजयाच्युताभ्यांधर्मेणधर्मःपरिपा

ભેટોતે, તેમના પતીઓને પણ પ્રસન્ન કરવાની સાથે, પીતાની પેઠે ઘણું ધન આપેછે, તે અમારા પરમસ્નેહી સુખીછે. ॥૨૭॥ પુર્વે કામદેવના અવતાર અને બ્રાહ્મણોની સેવાથી રૂકમણી જેને ભગવાન થકી પામ્યાંછે, તે યાદવોના સેનાપતી શુરવીર પ્રદ્યુમ્ન સુખીછે? ॥૨૮॥ રાજ્યાસનની આશાને ઘણા કાળથી તજેલા સાત્વત, વૃષ્ણી, ભોજ અને દાશાર્હ કુળોના અધીપતી, જેને ભગવાન કૃષ્ણેજ અભીશેક કર્યોછે તે ઉગ્રસેન સુખમાં છે? ॥૨૯॥ હે સૌમ્ય, વ્રતવાળાં જાંબવતીથી જન્મેલા, ભગવાનના પુત્ર અને તેમના જેવાજ દેખાવ વાળા, તથા પુર્વે કાર્તીકસ્વામી રૂપે પાર્વતીથી ધારણ કરાયલા, રથીઓમાં અગ્રણી સાંબ સાંબની શી ખબર છે? ॥૩૦॥ અર્જુન પાસેથી ધનુરવીદ્યાનું રહસ્ય શીખેલા, અને ભગવાનની સેવા વડે, યોગીઓને પણ ન મળે એવી મતીને પામેલા સાત્યકી શાહ્‍ક કુશળ છે? ॥૩૧॥ પ્રેમને લીધે ધૈર્ય જતું રેહેતાં જે ભગવાનના ચરણના ચીન્હવાળી માર્ગની રજમાં આળોટયા હતા તે, પાપરહીત-જ્ઞાનવાન-અને ભગવાનને શરણ થયેલા-શ્વફલ્કના પુત્ર અક્રુર કુશળ છે? ॥૩૨॥ જેમ ત્રણવેદ યજ્ઞના વીસ્તારના અર્થને ધારણ કરે છે. તેમ ભગવાનને જેણે ગર્ભમાં ધારણ કર્યા હતા એવાં, જેના પુત્ર કૃષ્ણભગવાન છે તે અદીતી સરખાં ભોજવંશી દેવકનાં પુત્રી દેવકીજી કુશળ છે? ॥૩૩॥ ભક્તોના મનોરથોને પુરનારા, અને વેદે મનોમય સત્વ એટલે ચોથા તત્વરૂપ માનેલા, ભગવાન અનીરૂદ્ધ સુખી છે. ? ॥૩૪॥ અને હે સૌમ્ય. બીજા હ્રદીક, સત્યભામાના દીકરાઓ ચારૂદેષ્ણ તથા ગદ આદીક, પોતાના દેવ શ્રીકૃષ્ણને અનન્ય ભાવથી અનુસરીને વર્તનારા કુશળ છે કે ? ॥૩૫॥ બારે વીજયથી મળેલ ચક્રવર્તીની લક્ષ્મીથી જે યુધીષ્ટીરની સભામાં દુર્યોધનને તાપ થયો હતો. તે ધર્મરાજા પોતાની બે ભુજા તુલ્ય અર્જુન અને અચ્યુત ભગવાન,ના આશ્રય વડે, ધર્મ મર્યાદામાં રહીને પ્રજાનું પાલન કરે છે કે કેમ. ? ॥૩૬॥ અને

અપરાધ કરનાર તરફ અતીશય ક્રોધી તથા સાપની પેઠે ફુંફાડા મારનારા, તેમજ વીચીત્ર પ્રકારે ગદા ફેરવનારા ભીમસેન, જેના પગના ધબકારાને રણભુમી પણ સહન કરી શકતી નહોતી તે સુખી છે. ? ॥૩૭॥ અને આખરથી કીરાત બનેલા તથા નહીં ઓળખાયલા શીવને જેણે બાણોના સમુદાયથી ઢાંકીદેઈને પ્રસન્ન કર્યા હતા, તે રથના જુથપોનું રક્ષણ કરનાર-ગાંડીવ ધનુષ્યને ધરનારા-યશસ્વી અર્જુન પોતાના દુશ્મનોનો નાશ કરીને હવે શું કરે છે. ? ॥૩૮॥ પૃથાના યુધીષ્ટીર આદી પુત્રોથી, આંખ્યોની પાપણોની પેઠે રક્ષણ કરાયેલા સહદેવ અને નકુલ, ગરૂડે ઇંદ્ર પાસેથી અમૃત લેઈલેવાની પેઠે, પોતાના શત્રુઓ પાસેથી યુદ્ધને વીશે, પોતાની મીલકત રૂપીરાજ્યને પાછું મેળવીને ખુશીથી ક્રીડા કરે છે કે કેમ. ? ॥૩૯॥ જે વીર પુરૂશે ફક્ત એકજ ધનુષ્ય અને રથ વડે ત્રણ વાર દીગ્વીજય કર્યો હતો. તે મોટા રાજરૂશી પાંડુ વીનાનાં પૃથા, જે ફક્ત પુત્રોને અર્થેજ જીવે છે, તે શું કરે છે. ? ॥૪૦॥ હે સૌમ્ય, જેણે પોતાના મુએલા ભાઈનો, તેના છોકરાઓને દુઃખ દેઈને દ્રોહ કર્યો છે. અને સુહ્રદ એવા મને પણ, પોતાના પુત્રોને અનુસરીને, નગરમાંથી બહાર કાઢી મુક્યો છે. તે નરકમાં પડતા ધ્રુતરાષ્ટ્રનો મને શોક થાય છે. ॥૪૧॥ અને પુરૂશોની વૃત્તીને મનુષ્ય સરખાં પોતાનાં આચરણોથી ભમાવતા હરી ભગવાનની કૃપાથી તેમના મહીમાનું ચીંતવન કરતો હું, વીસ્મય રહીત થઈને, મને કોઈ ન ઓળખે તે રીતે પૃથ્વી ઉપર ફરૂં છું. ॥૪૨॥ એ વીગેરે કૌરવોના અપરાધની ઉપેક્ષા, શરણાંગતની પીડાને હરવાની ઇચ્છાવાળા ભગવાને જે કરી છે તે માત્ર, વીદ્યા-ધન-અને કુળના મદવડે માતેલા, અને સેનાઓ વડે વારંવાર પૃથ્વીને ચલાયમાન કરતા, અવળે માર્ગે ચાલનારા સઘળા રાજાઓનો નાશ કરવાને માટેજ કરી છે. ॥૪૩॥ એ, ગુણો થકી પર-અજન્મા-અને અકર્ત્તા ઇશ્વરને દેહનો યોગ (એટલે જન્મ), અને કર્મો કરવા પણું, અવળે માર્ગે ચાલનારાઓનો નાશ કરવાને, અને મનુષ્યોને કર્મો કરતાં શીખવવાને માટેજ થયા સીવાય, બીજે કોઇ પ્રકારે થવાને ઘટતું નથી. ॥૪૪॥ હે સખા, પવીત્ર કીર્તીવાળા અને અજન્મા છતાં શરણે

तिसेतुं ॥ दुर्योधनोऽतप्यतयत्सभायांसाम्राज्यलक्ष्म्याविजयानुवृत्त्या॥३६॥किंवाकृताघेष्वघमत्यमर्षीभीमोऽहिवद्दीर्घतमंव्यमुंचत्॥यस्यां
घ्रिपा[illegible]रण[illegible]र्नसे[illegible]मार्गंगदायाश्चरतोविचित्रं॥३७॥कच्चिद्यशोधारथयूथपानांगांडीव[illegible]न्वोपरतारिरास्ते॥अलक्षितोयच्छर[illegible]मायाकि
रातोगिरि[illegible]स्तुतोष॥३८॥ [illegible]तनयौपृथायाःपार्थैर्वृतौपक्ष्मभिरक्षिणीव ॥ रेमातउद्दायमृधेस्वरिक्थंपरात्सुपर्णाविववज्रिवक्रात्
॥३९॥ अ[illegible]पृथाऽपिध्रियतेऽर्भकार्थेराजर्षिवर्येणविनाऽपितेन ॥ यस्त्वेकवीरोऽधिरथोविजिग्येधनुर्द्वितीयःककुभश्चतस्रः ॥४०॥ सौम्या
नुशोचेतमधःपतंतंभ्रात्रेपरेतायविदुद्रुहेयः॥निर्यापितोयेनसुहृत्स्वपुर्याअहंस्वपुत्रान्समनुव्रतेन ॥४१॥ सोऽहंहरेर्मर्त्यविडंबनेनदृशोनृणां
चालयतोविधातुः॥ नान्योपलक्ष्यःपदवींप्रसादाच्चरामिपश्यन्गतविस्मयोऽत्र॥४२॥ नूनंनृपाणांत्रिमदोत्पथानांमहींमुहुश्चालयतांचमूभिः
॥ वधात्प्रपन्नार्तिजिहीर्षयेशोऽप्युपैक्षताघंभगवान्कुरूणां॥४३॥ अजस्यजन्मोत्पथनाशनायकर्माण्यकर्तुर्ग्रहणायपुंसां ॥ नन्वन्यथाकोऽर्ह
तिदेहयोगंपरोगुणानामुतकर्मतंत्रं॥४४॥ तस्यप्रपन्नाखिललोकपानामवस्थितानामनुशासनेस्वे॥ अर्थायजातस्ययदुष्वजस्यवार्तांसखेकी
र्तयतीर्थकीर्तेः॥४५॥ इ०भा०म०तृ०विदुरोद्धवसंवादेप्रथमोऽध्यायः॥१॥ श्रीशुकउवाच इतिभागवतःपृष्टःक्षत्त्रावार्तांप्रियाश्रयां॥ प्रति
वक्तुंनचोत्सेहऔत्कंठ्यात्स्मारितेश्वरः॥१॥ यःपंचहायनोमात्राप्रातराशाययाचितः॥ तन्नैच्छद्रचयन्यस्यसपर्यांबाललीलया॥२॥ सकथं
सेवयातस्यकालेनजरसंगतः॥ पृष्टोवार्तांप्रतिब्रूयाद्भर्तुःपादावनुस्मरन्॥३॥ समुहूर्तमभूत्तूष्णींकृष्णांघ्रिसुधयाभृशं ॥ तीव्रेणभक्तियोगेन
निमग्नःसाधुनिर्वृतः॥४॥ पुलकोद्भिन्नसर्वांगोमुंच[illegible]लद्दृशाशुचः॥ पूर्णार्थोलक्षितस्तेनस्नेहप्रसरसंप्लुतः॥५॥ शनकैर्भगवल्लोकान्नृलोकंपु
नरागतः॥ विमृज्यनेत्रेविदुरंप्रत्याहोद्धवउत्स्मयन् ॥६॥ उद्धवउवाच कृष्णद्युमणिनिम्लोचेगीर्णेष्वजगरेणह॥किंपुनःकुशलंब्रूयांगतश्रीषु
गृहेष्वहं॥७॥ दुर्भगोबतलोकोयंयदवोनितरामपि॥ येसंवसंतोनविदुर्हरिंमीनाइवोडुपं ॥८॥ इंगितज्ञाःपुरुप्रौढाएकारामाश्चसात्वताः ॥ सा

આવેલા લોકપાળોને, તથા પોતે કરેલી આજ્ઞાઓ પ્રમાણે ચાલનારા બીજાઓ (ભક્તાદીક) ને, અર્થે યાદવોમાં અવતરેલા કૃશ્ણભગવાન વીગેરેના સમાચાર, મને તમે કહો. ॥૪૫॥ ઇ૦શ્રી૦ભા૦ત્રી૦સ્કંધનો પેહેલો અધ્યાય સંપુર્ણ. ॥૧॥

અધ્યાય. ૨ જો—શ્રીશુક—એ રીતે પોતાના પ્રીય સંબંધીઓના સમાચાર વીદુરે ભગવદ ભક્ત ઉધવજીને પુછતાં, તેમને ઉત્કંઠા સાથે ભગવાનનું સ્મરણ આવવાથી તે ઉત્તરજ આપી શકયા નહીં ॥૧॥ જે ઉધવ પાંચ વરસના બાળક હતા ત્યારે પણ ભગવાનની બાળલીલાનીજ રમત રમતા હતા. અને સવારમાં જમવાને સારૂં મા, તેમને બોલાવતાં ત્યારે જમવાને પણ જવાની ઇચ્છા કરતા નહોતા. ॥૨॥ તે હાલ ભગવાનનીજ સેવામાં કાળ જવાથી વૃદ્ધ થયેલા. તથા એ વીશ્નુભગવાનનાજ ચરણનું સ્મરણ કરતા, ઉધવજી, તેમને પુછાયલી એ વાતોના જવાબ શી રીતે આપી શકે. ? ॥૩॥ તો પણ એક મુહુર્ત અબોલયા રહી, પછીથી તીવ્ર ભક્તી યોગથી શ્રીકૃશ્નના ચરણામૃતમાં નીમગ્ન થઇ જઇને સંપુર્ણ નીવૃંતી પામ્યા. ॥૪॥ તે વખતે તેમનાં સર્વ અંગોના રૂવાડાં ઉભાં થયાં આંખ્યો મીચાઇ જઇને આંસુ વેહેવા લાગ્યાં. અને સ્નેહના પુરમાં ડુબી જવાથી તે ઉધ્ધવ કૃતાર્થ જેવા જણાવા લાગ્યા. ॥૫॥ પછી ધીમે ધીમે ભગવાનના લોકમાંથી આ લોકમાં આવીને (એટલે મરી જઇને પાછા જીવતા થયેલાની પેઠે) તેમણે પોતાની આંખ્યો લોહી નાંખીને વીસ્મય પામી વીદુરને કહ્યું કે. ॥૬॥ —ઉધ્ધવ—કાળરૂપ અજગરે ગળવાથી શ્રીકૃષ્ણ નામનો સુર્ય આથમ્યા પછી શોભા રહીત થયેલ અમો યાદવોનાં ઘરોનું કુશળ હું હવે કેવી રીતે કહી શકું ? ॥૭॥ આ લોક દુર્ભાગી છે. અને યાદવો તો બીજાઓના કરતાં પણ વધારે દુર્ભાગીયા છે. કારણ સમુદ્રમાં ચંદ્રમાની સાથે વસતાં માંછલાની પેઠે, તેઓ તેમની સાથે રહેલા છતાં પણ ઓળખી શકયા નથી. ॥૮॥ સર્વ ગુનને વીશે રહેલા એ ભગવાનને; એક બીજાના મનની વાતને જાણનારા અત્યંત પ્રૌઢ બુદ્ધીવાળા અને એકજ સ્થળે રેહેનારા, સર્વ મોટામોટા યાદવોએ પણ તેમને, " પોતાના સરખા તે નથી " એટલુંજ જાણ્યું હતું. (અર્થાત પરમાત્મા હોવાનું જાણ્યું નહોતું.) ॥૯॥ અસત એવાં ઘર અને

ધનાદીકનો આશ્રય કરનારા તે યાદવો, અને બીજાઓ પણ; જેમને ભગવાનની માયાએ સ્પર્શ કરેલો હતો. તેવાઓનાં વચનોથી, જેમણે પોતાનું મન ભગવાનમાંજ લગાડેલું હતું એવા યોદ્ધા (હું સરખા) નીજ બુદ્ધીને મોહ થયેલો નથી. (અર્થાત ઘણાખરા બધાજ મોહ પામ્યા હતા.) ॥૧૦॥ મનુષ્યોની આંખ્યોના અનુપમ વીશય રૂપ પોતાના સ્વરૂપને, અત્યાર સુધી દેખાડીને, અલ્પ તપ વાળા માણસોની આંખ્યો તૃપ્ત થતા પેહેલાંજ ભગવાને તેને હમણાં અંતર્ધ્યાન કર્યું છે. ॥૧૧॥ પોતાની યોગમાયાનું બળ દેખાડનારા ભગવાને, મનુષ્ય લીલાને માટે યોગ્ય-વીસ્મય પમાડે એવું-સૌભાગ્યની સીમારૂપ-અને ઘરેણાંઓને પણ શોભાવનારૂં તથા સર્વથી પર એવું પોતાનું સ્વરૂપ કરેલું હતું. ॥૧૨॥ એટલે ધર્મ રાજાના રાજસુય યજ્ઞમાં, આંખ્યોને આનંદ આપનાર એ રૂપ જોઇને, બ્રહ્માની સૃષ્ટી રચવાની સંપુર્ણ કુશળતા એ સ્વરૂપ કરવામાં વપરાયલાનું ત્રણે લોકોએ માન્યું હતું. ॥૧૩॥ તથા જે (સ્વરૂપ) ના હસને મોટે પ્રીતી યુક્ત જોવા વડે માન પામેલી વ્રજની સ્રીઓ, તેમની ચીત્ત વૃત્તીઓ ખેંચાવાથી, ઘરનાં સર્વ કામકાજ પડતાં મુકીને, સામી આવી ઉભી રહીને જોયાંજ કરતી હતીઓ. ॥૧૪॥ એજ, પર (મહાતત્વાદીક) અને અવર (દશ્ય પદાર્થાદીક) ના ઇશ્વર કૃષ્ણ ભગવાન, પોતે અજન્મા છતાં; પોતાનાં શાંત સ્વરૂપો (દેવાદીક) ને, પોતાનાં બીજાં સ્વરૂપો (દૈત્યો આદી) થકી પીડા થવાથી દયાળુપણાથી, લાકડાંમાંથી અગ્ની પ્રકટ થવાની પેઠે, પોતાનાજ મોટા અંશથી જન્મેલા હતા. ॥૧૫॥ એ અનંત પરાક્રમવાળા અજન્મા ભગવાનનો, વસુદેવના ઘરમાં જન્મ-વ્રજને વીશે વાસ-અને દુશ્મનોનો ભય લાગવાની પેઠે પોતાની પુરી મથુરાંમાંથી ભાગી જવું, વીગેરે ચમત્કારીક ચરીત્રોથી મને ખેદ થાય છે. ॥૧૬॥ તથા, "હે પીતા, હે માતા, કંસથી ઘણો ભય પામેલા અમો થકી, તમારી સેવા થઇ શકી નથી, તેની ક્ષમા કરીને પ્રસન્ન થાઓ" એ રીતે માબાપના ચરણમાં પડીને કહેલાનું સ્મરણ આવતાં મારૂં ચીત ખેદ પામે છે. ॥૧૭॥ એવા પોતાની કાળ રૂપ ભમર હાલવાથી પૃથ્વીનો ભાર ઉતારનારા ભગવાનની ચરણ

तताम्रृषभंसर्वेभूतावासममंसत॥९॥ देवस्यमाययास्पृष्टायेचान्यदसदाश्रिताः॥ भ्राम्यतेधीर्नतद्वाक्यैरात्मन्युप्तात्मनोहरौ॥१०॥ प्रदर्श्या तप्त[illegible]पसामवि[illegible]त्तदृशांनृणां॥[illegible]यस्तुस्वबिंबंलोकलोचनं॥११॥यन्मर्त्यलीलौपयिकंस्वयोगमायाबलंदर्शयतागृहीतं॥विस्माप नं[illegible]सौभगर्द्धेःपरंपदंभूषणभूषणांगं१२ यद्धर्मसूनोर्बतराजसूयेनिरीक्ष्य[illegible]यनंत्रिलोकः॥कार्त्स्न्येनचाद्ये[illegible]गतंविधातुरर्वाक्सृ तौकौशलमित्यमन्यत॥१३॥ यस्यानुरागप्लुतहासरासलीलाऽवलोकप्रतिलब्धमानाः॥ व्रजस्त्रियोदृग्भिरनुप्रवृत्तधियोवतस्थुः[illegible] षाः॥१४॥ स्वशांतरूपेष्वितरैःस्वरूपैरभ्यर्द्यमानेष्वनुकंपितात्मा॥परावरेशोमहदंशयुक्तोह्यजोऽपिजातोभगवान्यथाग्निः॥१५॥ मांखेदयत्ये तदजस्यजन्मविडंबनंयद्वसुदेवगेहे ॥ व्रजेचवासोऽरिभयादिवस्वयंपुराद्व्यवात्सीद्यदनंतवीर्यः॥१६॥दुनोतिचेतःस्मरतोममैतद्यदाहपादा वभिवंद्यपित्रोः॥ ता[illegible]ऽकृतनिष्कृतीनां॥१७॥ कोवाअमुष्यांघ्रिसरोजरेणुंविस्मर्तुमीशीतपुमान्विजिघ्रन्॥ यो[illegible]विटपे[illegible]भूमेर्भारं[illegible]तांतेनातेरश्वकार॥१८॥ दृष्टाभवद्भिर्ननुराजसूये चैद्यस्य[illegible]ण्णांद्विषतोपिसिद्धिः ॥ यांयोगिनःसंस्पृहयंतिसम्य कृयोगेनकस्तद्विरहंसहेत ॥१९॥ तथैवचान्येनरलोकवीरायआहवेकृष्णमुखारविंदं ॥ नेत्रैःपिबंतोनयनाभिरामंपार्थास्त्रपूताःपदमापुरस्य ॥२०॥ स्वयंत्वसाम्यातिशयस्त्र्यधीशः[illegible]राज्यलक्ष्म्या[illegible]समस्तकामः॥ [illegible]द्भिश्चिरलोकपालैःकिरीटकोट्येडितपादपीठः॥२१॥तत्त [illegible]पेमलं[illegible]तान्नोविग्लापयत्यंगयदु[illegible]नं॥ तिष्ठन्निषण्णंपरमेष्ठिधिष्ण्येन्यबोधयद्देवनिधारयेति ॥२२॥ अहोबकीयंस्तनकालकूटंजि घांसयाऽपाययदप्यसाध्वी॥ लेभेगतिंधात्र्युचितांततोऽन्यंकंवादयालुंशरणंव्रजेम॥२३॥मन्येऽसुरान्भागवतांस्त्र्यधीशेसंरंभमार्गाभिनिवि ष्टचित्तान्॥ यसं[illegible]ऽचक्षततार्क्ष्य[illegible]त्रमंसमुनाभायुधमापतंतं॥२४॥ वसुदेवस्यदेवक्यांजातोभोजेंद्रबंधने॥ चिकीर्षुर्भगवान[illegible]ःशमजेना भियाचितः॥२५॥ ततोनंदव्रजमितःपित्राकंसाद्विबिभ्यता॥एकादश[illegible]वगूढार्चिःसबलोऽवसत् ॥२६॥ परीतोवत्सपैर्वत्सांश्चारयन्

રજને સેવનારો કયો પુરૂશ તેમને ભુલી જાય? ॥૧૮॥ સંપુર્ણ યોગ કરનારા યોગીઓ પણ ઇચ્છા કરે એવી સીદ્ધીને કૃષ્ણનો દ્વેશ કરનારો ચેદીનો રાજા શીશુપાળ પામી ગયેલાનું તો રાજસુયયજ્ઞમાં તમે પણ જોયું છેજ. એવા ભગવાનના વીરહને કોણ સહન કરી શકે. ॥૧૯॥ અને તેજ રીતે, અર્જુનનાં અસ્રોથી નીષ્પાપ થઇને, સર્વની આંખ્યોને આનંદ આપનારા કૃષ્ણના મુખારવિંદનું, પોતાની આંખ્યોથી પાન કરનારા બીજા વીરપુરૂશો પણ ભગવાનના પદનેજ પામ્યા છે. ॥૨૦॥ અને જેના સમાન અથવા વધુ કોઇ નથી-કેવળ આનંદ સ્વરૂપ-પોતાના સ્વરૂપની સંપત્તીથીજ પુર્ણ કામ-તથા જુનાકાળથી લોકપાળોએ; જેના પાદપીઠને પોતાના મુકુટની અણીઓવડે સ્પર્શ કરી માથાં નમાવીને કર આપેલ છે એવા ભગવાન, રાજ્યાસન ઉપર બેઠેલા ઉગ્રસેનની પાસે દાસની પેઠે ઉભા રહી વીનતી કરે કે, "હે દેવ અમને આજ્ઞા કરો," આ રીતનું તેમનું દાસપણું, એ સર્વ અમો તેમના દાસ લોકોને બહુજ ખેદ ઉપજાવે છે. ॥૨૧-૨૨॥ દુષ્ટ પુતનાએ તેમને મારવાની ઇચ્છાથી સ્તન ઉપર ચોપડેલું ઝેર પાયા છતાં, માને યોગ્ય ગતીને તે પામી ગઇ છે. તો તેમના થકી બીજા કયા દયાળુને અમે શરણે જઇએ. ॥૨૩॥ અને યુદ્ધને વીશે ગરૂડના ખભા ઉપર બેશીને, ચક્રને ધરનાર એ ભગવાનને, જેઓએ પોતાની સામે દોડી આવતા જોયા હતા. તે, ત્રણે લોકના ઇશ્વર કૃષ્ણને વીશે, ક્રોધના માર્ગથી પોતાનાં ચીત પેસાડનારા અસુરોને પણ, તેમના ભક્તો સરખાજ માનવા જોઇએ. ॥૨૪॥ પૃથ્વીનું દુઃખ મટાડવા સારૂં બ્રહ્માએ યાચના કરવાથી ભગવાન, વસુદેવની સ્રી દેવકીને વીશે કંસના બંદીખાનામાં જન્મ્યા હતા. ॥૨૫॥ પછી ત્યાંથી, કંસ થકી બીહીતેલા પીતા વસુદેવથી નંદના વ્રજમાં લેઇ જવાયલા તે, અગીયાર વરસ સુધી છુપા ઐશ્વર્યથી બળરામ સહીત ત્યાંજ રહ્યા હતા. ॥૨૬॥ ત્યાં શબ્દ કરતાં પક્ષીઓથી ભરેલાં ઝાડોવાળાં યમુનાના કાંઠા ઉપરનાં વનોમાં; ગોવાળીઆઓથી વીંટાયલા-વાછડાંચારતા-અને વ્રજવાસીઓને જોવા યોગ્ય સીંહનાં બચ્ચાંની પેઠે જોનારા, એ સમર્થ રામ અને કૃષ્ણ, બાળકની પેઠે રોતા હોય

અને હસતા હોય એવી રીતની કુમાર અવસ્થાની ચેષ્ટાઓ દેખાડીને લીલાઓ કરી હતી. ॥૨૭–૨૮॥ પછીથી એ ભગવાનેજ ધોળા અને શોભીતા બળદ તથા ગાયોના ધણને ચરાવતાં વેણું નાદ કરીને પાછળ આવનારા ગોવાળીઆઓને રમાડ્યા હતા. ॥૨૯॥ અને કંસે મોકલવાથી આવેલા માયાથી મરજી પ્રમાણે રૂપ ધરનાર દૈત્યોનો નાશ, બાળકનાં રમકડાંની પેઠે, રમતાંજ કરી નાંખ્યો હતો. ॥૩૦॥ તથા ઝેરી પાણી પીવાથી મરી ગયેલાં ગાયો આદીને જીવતાં કરીને, કાળી નામનો નીગ્રહ કરી, મુળ સ્થીતીમાં આણેલું તે પાણી તેમને અવંને પાયું હતું. ॥૩૧॥ તેમજ ગોપરાજ નંદજીના ઘણા વધેલા દ્રવ્યનો સારો ઉપયોગ કરાવવાની ઇચ્છાથી, ઉત્તમ બ્રાહ્મણોથકી નંદરાયજી પાસે "ગોસવ" નામનો યજ્ઞ કરાવ્યો હતો. ॥૩૨॥ તેથી માનભંગ થયેલા ઇંદ્રે કોપ કરીને, અતી વરસાદ વરસાવતાં, ઘણું ગભરાયલા વ્રજનું ભલું કરવાને અનુગ્રહ કરી, લીલાથી ગોવર્ધન પર્વતને છત્રીની પેઠે ધરી રાખીને તેમનું રક્ષણ કર્યું હતું. ॥૩૩॥ તેમજ શરદરતુની રાત્રીના આગલા ભાગમાં, ચંદ્રના કીરણોથી શોભતી ચાંદનીમાં, સ્ત્રીઓના મંડળને શોભાવના અને તેઓને માન આપતા ભગવાન સુંદર શબ્દોવાળા ગાયનવડે રાસલીલા કરી રમ્યા હતા. ॥૩૪॥ ઇતી શ્રી૦ ભા૦ ત્રી૦ સ્કંધનો બીજો અધ્યાય સંપુર્ણ. ॥ ૨ ॥

અધ્યાય ૩ જો.–ઉદ્ધવ–પોતાનાં માબાપને સુખ આપવા સારૂં વ્રજમાંથી મથુરાંમાં આવેલા રામ સહીત કૃષ્ણે, મંચઉપરથી પોતાના શત્રુઓના અધીપતી કંસને જોરથી હેઠળ પાડીને, તે મરી ગયેલાને જમીન ઉપર તાણ્યો હતો. ॥૧॥ પછી સાંદીપન રૂશીએ, વીસ્તાર સહીત સંપુર્ણ વેદ એકજવાર બોલી દેખાડવાથી ભણી જઇને, તેમણે ગુરૂદક્ષણામાં વરદાન માગવાથી, તેમના મરી ગયેલા પુત્રને, પાંચ જન્યનું પેટ ચીરીને લાવી આપ્યો હતો. ॥૨॥ તે પછી લક્ષ્મીજીના સરખી ભીષ્મક રાજાની દીકરી રૂકમીણીએ ઇચ્છા કરીને બોલાવવાથી, ગરૂડની પેઠે જોનારાઓના માથા ઉપર પગ મુકીને (એટલે જીતીને) ગાંધર્વ રૂતીથી હરણ કરીને પોતાના ભાગ રૂપ તેને લેઇ આવ્યા હતા ॥૩॥ તેમજ સ્વયંવરમાં વગર નાથેલા સાત ગોધાઓનું દમન કરીને નગ્નજીતી (સત્યા) ને પરણ્યા. તેથી માનભંગ થયેલા છતાં ઇચ્છા કરનારા મુંઢ અને શસ્ત્રધારી રાજાઓને, પોતે અક્ષત રહી, શસ્ત્રોવડે માર્યા હતા. ॥૪॥ વળી જ્યારે એ સમર્થે પોતાની પ્રીયાનું પ્રીય કરવા માટે, સ્ત્રી વશની પેઠે, પારી જાતકનું ઝાડ સતભામાને માટે ઉખેડી આણ્યું. ત્યારે સ્ત્રીનો ક્રીડામૃગ ઇંદ્ર, ક્રોધથી આંધળો થઇ પોતાના ગણો સહીત લડવાને દોડી આવ્યો હતો. ॥૫॥ પછીથી શરીરવડે આકાશને ગળી જતા પોતાના પુત્ર ભૌમાસુરને યુદ્ધમાં ભગવાને ચક્રવડે મારેલો દેખી, પૃથ્વીએ પ્રાર્થના કરવાથી, તેના દીકરા ભગદત્તને બાકી રહેલું રાજ્ય આપી તેના રણવાસમાં ભગવાન ગયા હતા. ॥૬॥ ત્યાં ભૌમાસુરે હરણ કરીને આણેલી રાજાઓની કન્યાઓ, દીનબંધુ ભગવાનને જોઇને ઉભી થઇ. અને હર્ષ-લાજ–અને પ્રીતીવડે થયેલી પ્રેરણાથી જોવા લાગતાં, ભગવાને તેમનો સ્વીકાર કર્યો. ॥૭॥ તથા તેને સ્ત્રીને યોગ્ય એવું ભગવાને રૂપ ધારણ કરીને એકજ મુહુર્તે, તે બધી સ્ત્રીઓનું ઘર વીનાજ વીધી પુર્વક પાણી ગ્રહણ કર્યું. ॥૮॥ અને માયાનો વીસ્તાર કરવા માટે તે દરેક સ્ત્રીમાં પોતાના સરખાજ સર્વ ગુણો વાળા દશ દશ પુત્રો ઉત્પન્ન કર્યા. ॥૯॥ તેમજ સેનાઓ વડે શેહેરને ઘેરી લેનારા, કાળયવન–જરાસંધ–અને શાલ્વઆદીને પોતેજ મારી નંખાવીને પોતાના પુરૂષોને દીવ્ય યશ અપાવ્યો. ॥૧૦॥ અને શંબરાસુર–દ્વીવીદ–બાણાસુર–મુરદૈત્ય–બલ્વળ–તથા બીજા દંતવક્ર આદીનો વધ કર્યો. તથા કેટલાકને મરાવી નંખાવ્યા. ॥૧૧॥ તથા તમારા ભાઇઓના પુત્રોના (પાંડવો અને કૌરવોના) પક્ષોમાં મળેલા, કુરૂક્ષેત્રને વીશે આવનારા રાજાઓ જેઓ સૈન્યો વડે પૃથ્વીને કંપાવતા હતા. તેમને પણ ભગવાનેજ મરાવી નંખાવ્યા. ॥૧૨॥ પછી, કર્ણ–દુશાસન–તથા શકુનીની ખરાબ મસલહતના પરીણામ રૂપે, લક્ષ્મી તથા આયુષ્ય નાશ પામેલા દુર્યોધનને, ઉરૂ ભાંગી જવાથી અનુચરો સહીત પૃથ્વી ઉપર સુતેલો જોઇને પણ, ભગવાન આનંદ પામ્યા નહીં. ॥૧૩॥

व्य… रा द्विभुः॥ य… … जसंकुलितांघ्रिपे॥२७॥ कौमारींदर्शयंश्चेष्टांप्रेक्षणीयांव्रजौकसां ॥ रुदन्निवहसन्मुग्धबालसिंहावलोकनः ॥२८॥ सएवगोधनंलक्ष्म्यानिकेतंसितगोवृषं ॥चारयन्ननुगान्गोपान्रणद्वेणुररीरमत्॥२९॥ प्रयुक्तान्भोजराजेनमायिनःकामरूपिणः॥ लीलयाव्यनुदत्तांस्तान्बालःक्रीडनकानिव॥३०॥विपन्नान्विषपानेनविगृह्यभुजगाधिपं॥ उत्थाप्यापाययद्गावस्तत्तोयंप्रकृतिस्थितं ३१ अयाजयद्गोसवेनगोपराजंद्विजोत्तमैः ॥ वित्तस्यचोरुभारस्याचिकीर्षन्सव्ययंविभुः॥३२॥ वर्षतींद्रेव्रजःकोपाद्भग्नमानेऽतिविह्वलः॥ गोत्रलीलातपत्रेणत्रातोभद्रानुगृण्हता॥३३॥शरच्छशिकरैर्मृष्टंमानयन्रजनीमुखं॥ गायन्कलपदंरेमेस्त्रीणांमंडलमंडनः ॥३४॥इ०मा०म०तृ०द्वितीयोऽध्यायः॥२॥ … ततःसआगत्यपुरंस्वपित्रोश्चिकीर्षयाशंबलदेवसंयुतः॥निपात्यतुंगाद्रिपुयूथनाथं हतंव्यकर्षद्व्यसुमोजसोर्व्यां १॥ सांदीपनःसकृत्प्रोक्तंब्रह्माधीत्यसविस्तरं ॥ तस्मैप्रादाद्वरंपुत्रंमृतंपंचजनोदरात् ॥२॥ समाहुताभीष्मककन्ययायेश्रियःसवर्णेनबुभूषयैषां ॥ गांधर्ववृत्त्यामिषतांस्वभागंजह्रेपदंमूर्ध्निदधत्सुपर्णः॥३॥ककुद्मतोविद्धनसोदमित्वास्वयंवरेनाग्नजितीमुवाह॥ तद्भग्नमानानपिगृध्यतोऽज्ञाञ्जघ्नेऽक्षतःशस्त्रभृतःस्वशस्त्रैः॥४॥ प्रियंप्रभुर्ग्राम्यइवप्रियायाविधित्सुरार्च्छद्द्युतरुंयदर्थे ॥ वज्र्याद्रवत्तंसगणोरुषांऽधःक्रीडामृगोनूनमयंवधूनां॥५॥ सुतंमृधेखंवपुषाग्रसंतंदृष्ट्वासुनाभोन्मथितंधरित्र्या ॥ आमंत्रितस्तत्तनयायशेषंदत्वातदंतःपुरमाविवेश ॥६॥ तत्राहृतास्तानरदेवकन्याःकुजेनदृष्ट्वाहरिमार्तबंधुं ॥ उत्थायसद्योजगृहुःप्रहर्षव्रीडानुरागप्रहितावलोकैः ॥७॥ आसांमुहूर्तएकस्मिन्नानागारेषुयोषितां ॥ सविधंजगृहेपाणीननुरूपःस्वमायया॥८॥तास्वपत्यान्यजनयदात्मतुल्यानिसर्वतः॥ एकैकस्यांदशदशप्रकृतेर्विबुभूषया॥९॥ कालमागधशाल्वादीननीकैरुंधतःपुरं ॥ अजीघनत्स्वयंदिव्यंस्वपुंसांतेजआदिशत्॥१०॥ शंबरंद्विविदंबाणंमुरंबल्वलमेवच॥ अन्यांश्चदंतवक्रादीनवधीत्कांश्चघातयत् ॥११॥अथतेभ्रातृपुत्राणांपक्षयोःपतितान्नृपान्॥ चचालभूःकुरुक्षेत्रंयेषामापततांबलैः॥१२॥सकर्णदुःशासनसौबला

ને વીચાર કર્યો કે, જ્યાં સુધી મારા અંશ પ્રદ્યુમ્નાદીક સહીત યાદવોનું ન સહન થવા જેવું સૈન્ય સલામત રહેલું છે ત્યાં સુધી, દ્રોણ–ભીષ્મ–અર્જુન–અને ભીમનાં નીમીત્તથી અઢાર અક્ષૌહીણી મરાવાવડે પૃથ્વીનો ઉતારેલો ભાર કાંઇજ ગણતીમાં નથી. ॥૧૪॥ માટે મારા કરવાથીજ તેઓ મદીરાપીને તેના મદથી રાતી આંખ્યો વાળાથઇ, માંહો માંહે વીવાદ કરીને પોતા પોતામાંજ એક બીજા સાથે લડીને મરી જશે. એ વીના તેમના વધનો બીજો ઉપાય છેજ નહીં. ॥૧૫॥ એવો વીચાર કરી ધર્મ પુત્ર યુધીષ્ટીરને તેના રાજ્ય ઉપર બેસાડીને સુહૃદોને આનંદ પમાડ્યો. તથા તે પછી સાધુ પુરૂષોનો માર્ગ ભગવાને આચરણ કરી દેખાડ્યો. ॥૧૬॥ પછી પુરૂ રાજાના વંશને, સાધુ અભીમન્યુ એ ઉત્તરાને વીશે મુક્યો હતો. (એટલે ગર્ભ રાખ્યો હતો.) તે અશ્વત્થામાના અસ્ત્રથી નાશ પામતાં ભગવાને તેને ફરીથી જીવતો કરીને બચાવ્યો. ॥૧૭॥ ભગવાને ધર્મ પુત્ર યુધીષ્ઠીરને ત્રણ અશ્વમેધ યજ્ઞો કરાવ્યા. અને તેમણે કૃષ્ણની આજ્ઞાને અનુસરીને પોતાના ભાઇઓ સહીત પૃથ્વીનું રક્ષણ કરીને સુખો ભોગવ્યાં. ॥૧૮॥ અને વીશ્વના આત્મા ભગવાને પણ, લોકના અને વેદના માર્ગને અનુસરીને, સાંખ્યની આસ્થાવડે, આશક્તી રહીત થઇને દ્વારકાંને વીશે ભોગ ભોગવ્યા. ॥૧૯॥ અને સ્નેહયુક્ત તથા હાસ્યયુક્ત જોવાવડે–અમૃત જેવી વાણીથી–અને નીર્દોશ આચરણોથી એ લક્ષ્મીના સ્થાન રૂપ શરીરવડે આ લોકને, પરલોકને, અને યાદવોને પણ સારી પેઠે રમાડ્યા. અને રાત્રીને વીશે અવસર પામીને, ક્ષણ સૌહૃદથી (એટલે આશક્તી રહીત રહીને) સ્ત્રીઓની સાથે પણ રમ્યા. ॥૨૦–૨૧॥ એવી રીતે રમતાં ઘણાં વરસો વીતવાથી, ગૃહસ્થાશ્રમનાં કામોમાં, તેમને પણ વૈરાગ્ય થયો. ॥૨૨॥ તો પછી એ યોગેશ્વર ભગવાનને અનુસરનારો અને પ્રારબ્ધને આધીન, એવો કયો પુરૂષ, દૈવને સ્વાધીન એવાં સુખ ભોગના

नांकुमंत्रपाकेनहृताश्रियायुषं ॥ सुयोधनंसानुचरंशयानंभग्नोरुमुर्व्यांनननंदपश्यन्॥१३॥कियान्भुवोऽयंक्षपितोरुभारोयद्द्रोणभीष्मार्जुनभी
ममूलैः॥ अष्टादशाक्षौहिणिकोमदंशैरास्तेबलंदुर्विषहंयदूनां॥१४॥ मिथोयदैषांभवितावि‌वादोमध्वामदाताम्रविलोचनानां ॥ नैषांवधोपा
यइयानतोन्योमय्युद्यतेंतर्दधतेस्वयंस्म ॥१५॥ एवंसंचिन्त्यभगवान्स्वराज्येस्थाप्यधर्मजंनंदयामाससुहृदःसाधुनांवर्त्मदर्शयन्॥१६॥उत्त
रायांधृतःपूरोर्वंशःसाध्वभिमन्युना॥ सवैद्रौण्यस्त्रसंछिन्नःपुनर्भगवताधृतः॥१७॥ अयाजयद्धर्मसुतमश्वमेधैस्त्रिभिर्विभुः ॥ सोपिक्ष्मामनुजैः
रक्षन्रेमेकृष्णमनुव्रतः ॥१८॥ भगवानपिविश्वात्मालोकवेदपथानुगः॥ कामान्सिषेवेद्वार्वत्यामसक्तःसांख्यमास्थितः ॥१९॥ स्निग्धस्मिता
वलोकेनवाचापीयूषकल्पया ॥ चरित्रेणानवद्येनश्रीनिकेतेनचात्मना॥२०॥ इमंलोकममुंचैवरमयन्सुतरांयदून् ॥रेमेक्षणदयादत्तक्षणस्त्री
क्षणसौहृदः॥२१॥ तस्यैवंरममाणस्यसंवत्सरगणान्बहून् ॥गृहमेधेषुयोगेषुविरागःसमजायत ॥२२॥ दैवाधीनेषुकामेषुदैवाधीनःस्वयंपु
मान्॥ कोविस्रंभेतयोगेनयोगेश्वरमनुव्रतः॥२३॥ पुर्यांकदाचित्क्रीडद्भिर्यदुभोजकुमारकैः॥ कोपितामुनयःशेपुर्भगवन्मतकोविदाः॥२४॥
ततःकतिपयैर्मासैर्वृष्णिभोजांधकादयः॥ययुःप्रभासंसंहृष्टारथैर्देवविमोहिताः॥२५॥ तत्रस्नात्वापितॄन्देवानृषींश्चैवतदंभसा॥तर्पयित्वाथवि
प्रेभ्योगावोबहुगुणाददुः॥२६॥ हिरण्यंरजतंशय्यांवासांस्यजिनकंबलान् ॥यानंरथानिभान्कन्याधरांवृत्तिकरीमपि॥२७॥ अन्नंचोरुरसंते
भ्योदत्वाभगवदर्पणं ॥ गोविप्रार्थासवःशूराःप्रणेमुर्भुविमूर्धभिः॥२८॥ इ०भा०म०तृ०विदुरोद्धवसंवादेतृतीयोऽध्यायः ॥३॥ उद्धवउवा
अथतेतदनुज्ञाताभुक्त्वापीत्वाचवारुणीं ॥ तयाविभ्रंशितज्ञानादुरुक्तैर्मर्मपस्पृशुः॥१॥ तेषांमैरेयदोषेणविषमीकृतचेतसां॥ निम्लोचतिरवा
वासीद्वेणूनामिवमर्दनं॥२॥भगवान्स्वात्ममायायागतिंतामवलोक्यसः॥ सरस्वतीमुपस्पृश्यवृक्षमूलमुपाविशत्॥३॥ अहंप्रोक्तोभगवता प्र
पन्नार्तिहारिणा॥ बदरींत्वंप्रयाहीतिस्वकुलंसंजिहीर्षुणा ॥४॥ अथापितदभिप्रेतंजानन्नहमरिंदम॥पृष्ठतोऽन्वगमंभर्तुःपादविश्लेषणाक्षमः
॥५॥ अद्राक्षमेकमासीनंविचिन्वन्दयितंपतिं॥ श्रीनिकेतंसरस्वत्यांकृतकेतमकेतनं॥६॥ श्यामावदातंविरजंप्रशांतारुणलोचनं॥ दोर्भिश्चतु

સાધનોમાં વીશ્વાસ રાખે. ॥૨૩॥ પછી દ્વારકાંમાં રમતા યદુ અને ભોજકુળના બાળકોએ કોઇવાર કોપાવેલા અને ભગવાનના અભીપ્રાયને જાણનારા બ્રાહ્મણોએ તેઓને શ્રાપ દીધો. ॥૨૪॥ ત્યાર પછી કેટલેક મહીને ભગવાનની માયાથી મોહ પામેલા એ વૃષ્ણી, ભોજ, અને અંધકઆદી કુળોના યાદવો રથો જોડી જોડીને આનંદથી પ્રભાસમાં ગયા. ॥૨૫॥ ત્યાં જઇ નાહીને પીતૃ–રૂશીઓ–અને દેવતાઓનું તર્પણ કર્યા પછી બ્રાહ્મણોને ઘણા ગુણોવાળી ગાયો આપી. ॥૨૬॥ તથા, ગાયો અને બ્રાહ્મણોને અર્થેજ જેમના પ્રાણ છે એવા શુરવીર યાદવોએ શ્રીકૃષ્ણાર્પણ કરીને સોનું–રૂપું–શઈયા–લુગડાં–મૃગચર્મ–કામળા–વાહન–રથ–હાથી–કન્યાઓ–અને આજીવીકા ચાલે એવી ધરતી તથા ઘણા રસવાળું અન્ન તે બ્રાહ્મણોને આપીને, તેમને માથાં નમાવી પ્રણામ કર્યા. ॥૨૭–૨૮॥ ઇતીશ્રી૰ ભા૰ ત્રીજા સ્કંધનો ત્રીજો અધ્યાય સંપુર્ણ. ॥૩॥

અધ્યાય ૪ થો—ઉદ્ધવ—પછીથી તેમણે બ્રાહ્મણોની આજ્ઞા લઇ જમીને વારૂણી નામની મદીરા પીધી. તેથી જ્ઞાન નાશ પામેલા તેઓ દુષ્ટ વચનો વડે એક બીજાના મર્મને વીંધવા લાગ્યા. ॥૧॥ મદીરાના દોશથી ભમીગયેલાં મનવાળા તેઓ, સુર્ય અસ્ત થવા ટાણે, વાંસનું વન એક બીજા સાથે અથડી ને બળી જવાની પેઠે, માંહો માંહે લડીને મરી ગયા. ॥૨॥ ત્યારે ભગવાન પોતે, પોતાની માયાના વીલાસ રૂપ, તેમની આવી ગતી જોઇને, સરસ્વતીના જળનું આચમન લેઇને ઝાડને થડે જઇને બેઠા. ॥૩॥ પોતાના કુળનો નાશ કરવાની ઇચ્છાવાળા, એ શરણાંગતોના દુઃખને મટાડનાર ભગવાને મને તો બદરીકાશ્રમમાં જવાનું પ્રથમજ કહેલું હતું. ॥૪॥ પણ તેમનો એ અભીપ્રાય જાણેલો હું, તેમના ચરણનો વીયોગ નહીં સહન કરી શકવાથી પાછળ પાછળજ ગયો હતો. ॥૫॥ અને એ અતીદયાળુને હું શોધતો હતો, ત્યારે એ બીજાના આશ્રય રહીત

શોભીતા સ્થાનક રૂપ-ઘનશ્યામ-રજે ગુણ રહીત-શુદ્ધ સત્વ સ્વરૂપ-શાંત-રાતી આંખ્યોવાળા- ચાર હાથ વડે પ્રભાત અને પીતાંબર ધારી ભગવાન, સરસ્વતીને કાંઠે એકાંતમાં એકલાજ ઉભેલા અને નહીં કરમાયલા બાળ પીંપળાને વાંસે ટેકો દઈને, તથા ડાબી સાથળ ઉપર જમણો પગ ચઢાવીને, એકલાજ બેઠેલા જોવામાં આવ્યા. ॥૬-૭-૮॥ એટલામાંજ મહાભાગવતી દ્વૈપાયન મુનીના સખા અને સુહૃદ-તથા સીદ્ધ થયેલા (મૈત્રેય મુની,) લોકને વીશે ફરતા ફરતા યદ્દચ્છાથી ત્યાં આવી ચઢ્યા. ॥૯॥ ત્યારે એ, આનંદ અને ભાવ સહીત આદરવડે નમેલા પ્રીતીવાન મુનીના સાંભળતાંજ, મારો શ્રમ મટાડવાને પ્રેમ અને હાસ્ય યુક્ત મારા તરફ જોઈને મુકુંદ ભગવાન બોલ્યા કે ॥૧૦॥ હે વસુ, (ઉદ્ધવ પુર્વ જન્મે વસુ હતા.) તમારા મનની અંદરના ઇચ્છીતને હું જાણું છું. અને તે બીજાઓને તો મળવાને અશક્ય હોવા છતાં; પુર્વે તમે પ્રજાપતીઓ અને વસુઓના સત્રમાં મારી સીદ્ધીનીજ કામનાથી, મારૂં પુજન કર્યુ છે, માટે હું તમને તે આપું છું ॥૧૧॥ તમે

નીર્મળ વૃતીથી મને આ મનુષ્ય શરીર એકાંતમાં છોડી દેતાં જુઓછો તે ઘણું સારૂં થયું છે. જે થકી મારા અનુગ્રહથી તમારો આ અવતાર છેલ્લોજ થશે. (અર્થાત હવે તમને જન્મ મરણ નહીં થાય.) ॥ ૧૨ ॥ પુર્વે સૃષ્ટીની શીરૂઆતમાં મારા નાભી કમળમાં ઉત્પંન્ન થયેલા બ્રહ્માને મેં કહેલું મારા મહીમાના પ્રકાશવાળું “ પરમ જ્ઞાન ” જેને વીદ્વાનો “ ભાગવત ” કહે છે. તે હું તમને આપુ છુ. ॥૧૩॥ એ પરમ પુરૂશ ભગવાને એમ આદર સહીત કહેવાથી, તેમના ક્ષણે ક્ષણે અનુગ્રહનું પાત્ર હું હાથ જોડીને, સ્ને-હને લીધે રૂવાડાં ઉભાં થઈને આંખ્યોમાંથી આંસુ ચાલ્યાં જતાં, અને વચમાં વચમાં અક્ષરો પડી જતાં જતાં બોલ્યો કે. ॥૧૪॥ “ હે ઇશ્વર આપના ચરણકમળના આશ્રય વાળાઓને, અહીંયાંના ચારે પ્રકારના અર્થો (ધર્મ-અર્થ-કામ-અને મોક્ષ) માંનો કોઇપણ ઘણો દુર્લભ એટલે ન મળે તેમ નથી. તોપણ હે મહાત્મા હું, આપના ચરણકમળની સેવાને વીશેજ ઉત્સુકતાવાળો હોવાથી-તે ચારેમાંથી એકેને માગતો નથી. ॥૧૫॥ તો-

र्भिर्विदितंपीतकौशांबरेणच॥७॥ वामऊरावधिश्रित्यदक्षिणांघ्रिसरोरुहं॥ अपाश्रिताऽर्भकाश्वत्थमकृशंत्यक्तपिप्पलं॥८॥ तस्मिन्महाभाग
वतोद्वैपायनसुहृत्सखः॥ लोकाननुचरन्सिद्धआससादयदृच्छया॥९॥ तस्यानुरक्तस्यमुनेर्मुकुंदःप्रमोदभावानतकंधरस्य ॥ आशृण्वतोमाम
[illegible]रागहासससमीक्षयाविश्रमयन्नुवाच॥१०॥ श्रीभगवानुवाच वेदाहमंतर्मनसीप्सितंतेददामियत्तद्दुरवापमन्यैः॥ सत्रेपुराविश्वसृजांवसूनाम
[illegible]कामेनवसोत्वयेष्टः॥११॥सएषभावश्चरमोभवानामासादितस्तेमदनुग्रहोयत् ॥ यन्मांनृलोकान्रहउत्[illegible] जंतंदिष्टयाददृश्वान्विशदानु
वृत्त्या॥१२॥ पुरामयाप्रोक्तमजायनाभ्येपद्मेनिषण्णायममादिसर्गे॥ ज्ञानंपरंमन्महिमावभासंयत्[illegible]रयोभागवतंवदंति॥१३॥ इत्यादृतोक्तः
परमस्यपुंसःप्रतीक्षणानुग्रहभाजनोऽहं॥ स्नेहोत्थरोमास्खलिताक्षरस्तंमुंचन्शुचःप्रांजलिराबभाषे॥१४॥कोन्वीशतेपादसरोजभाजांसुदु
र्लभोऽर्थेषुचतुर्ष्वपीह ॥ तथापिनाहंप्रवृणोमिभूमन्भवत्पदांभोजनिषेवणोत्सुकः॥१५॥कर्माण्यनीहस्यभवोऽभवस्यतेदुर्गाश्रयोऽथारिभया
त्पलायनं॥ [illegible]लात्मनायत्प्रमदायुताश्रयःस्वात्मन्रतेःखिद्यतिधीर्विदामिह॥१६॥ मंत्रेषुमांवाउपहूययत्त्वमकुंठिताखंडसदात्मबोधः॥पृच्छेः
प्रभोमुग्धइवाप्रमत्तस्तन्नोमनोमोहयतीवदेव ॥१७॥ ज्ञानंपरंस्वात्मरहःप्रकाशंप्रोवाचकस्मैभगवान्समग्रं॥ अपिक्षमंनोग्रहणायभर्तर्वदां
जसायद्वृजिनंतरेम॥१८॥ इत्यावेदितहार्दायमह्यंसभगवान्परः॥ आदिदेशारविंदाक्षआत्मनःपरमांस्थितिं ॥१९॥ सएवमाराधितपादती
र्थादधीततत्त्वात्मविबोधमार्गः॥ प्रणम्यपादौपरिवृत्त्यदेवमिहागतोऽहंविरहातुरात्मा॥२०॥ सोहंतद्दर्शनाल्हादवियोगार्तियुतःप्रभो॥गमि
ष्येदयितंतस्यबदर्याश्रममंडलं॥२१॥ यत्रनारायणोदेवोनरश्चभगवानृषिः॥ मृदुतीव्रंतपोदीर्घंतेपातेलोकभावनौ॥२२॥ श्रीशुकउवाच इ
त्युद्धवादुपाकर्ण्यसुहृदांदुःसहंवधं॥ ज्ञानेनाशमयत्क्षत्ताशोकमुत्पतितंबुधः॥२३॥ सतंमहाभागवतंव्रजंतंकौरवर्षभः॥विश्रंभादभ्यधत्तेदं
मुख्यंकृष्णपरिग्रहे ॥२४॥ विदुरउवाच ज्ञानंपरंस्वात्मरहःप्रकाशंयदाहयोगेश्वरईश्वरस्ते॥ वक्तुंभवान्नोऽर्हतियद्धिविष्णोर्भृत्याःस्वभृत्या

પણ, આપ અજન્માનો જન્મ થવો-આપ કાળસ્વરૂપનું દુશ્મનોના ભયથી નાસી જવું અને દુર્ગ (સમુદ્રમાં બાંધેલ દ્વારકાં)નો આશ્રય લેવો-અને આપ આત્મસ્વરૂપમાંજ પ્રીતીવાળાએ હજારો સ્ત્રીઓનો આશ્રય કરવો. એ વીગેરે અકર્તાનાં કર્મોને વીશે, વીદ્વાનોની બુદ્ધી પણ ખેદ પામે છે. ॥૧૬॥ તેમજ આપ સમર્થ ભગવાન, અકુંઠીત-સાચા-અને અખંડીત આત્મજ્ઞાનવાળા હોવા છતાં, મસલહતને વીશે મને બોલાવીને, અજ્ઞાનની પેઠે પુછીને, અમારાં મનને મોહ પમાડવાની પેઠે સાવધાનપણાથી કરતા હતા. ॥૧૭॥ માટે આપ ભગવાને બ્રહ્માને કહેલું પોતાના આત્મ તત્વના રહસ્યને પ્રકાશ કરનારૂં પરમ જ્ઞાન સઘળુંજ, જો અમે ગ્રહણ કરવાને યોગ્ય હોઈએ તો, સ્વામી (અમારૂં પોશણ કરનારા) એવા આપ ઉતાવળાજ કહો, જેથી અમે સંસારને તરી જઈએ. ॥૧૮॥ એ રીતે અભીપ્રાય જણાવેલા મને, તે કમળનેત્ર પરમાત્મા ભગવાને, આત્મસ્વરૂપની પરમ સ્થીતીનો ઉપદેશ કર્યો. ॥૧૯॥ તે પછી ચરણમાં તીર્થોવાળા એ ભગવાનનું આ રીતે આરાધન કરવાવડે, તેમનાથી આત્મ

તત્વનું જ્ઞાન થવાના ઉપાયને જાણીને, તેમના ચરણમાં પ્રણામ અને પરક્રમા કરી, વીરહથી આતુર થયેલા મનવાળો હું અહીંયાં આવેલો છું ॥૨૦॥ હે સમર્થ, આ રીતે તેમના દર્શનના સુખના વીયોગથી પીડીત થ-યેલો હું, તેમના પ્યારા બદરી આશ્રમના ક્ષેત્રમાં જઈશ. ॥૨૧॥ જ્યાં લોકનું પાલન કરનારા નર અને નારા-યણ રૂશી ભગવાન મૃદુ (કોઈને ઇજા ન થાય એવું), તીવ્ર (કોઈથી ન થઈ શકે એવું.), અને દીર્ઘ (ઘણો કાળ પહોંચે એવું), તપ આચરે છે. ॥૨૨॥-શ્રીશુક-એ રીતે, ન સહન થઈ શકે એવો સુહૃદોનો વધ થવાનું ઉદ્ધવથકી સાંભળવાથી, ઉત્પન્ન થયેલા શોકને બુદ્ધીમાન વીદુરે જ્ઞાનવડેજ શમાવ્યો. ॥૨૩॥ અને પછી ત્યાંથી ચાલી નીકળતા એ મહા ભગવતી તથા કૃષ્ણના ભક્તોમાં મુખ્ય ઉદ્ધવજીને કૌરવોમાં મુખ્ય વીદુરે વીશ્વાસ લાવીને આ રીતે પુછ્યું કે. ॥૨૪॥-વિદુર-યોગેશ્વરોના ઇશ્વર ભગવાને તમને કહેલું પોતાના આત્મ તત્વના રહસ્યને પ્રકાશ કરનારૂં પરમ જ્ઞાન, અમને કહેવાને આપ યોગ્ય છો. કેમકે વીશ્નુ ભગવાનના સેવકો (ભક્તો)

પોતાના (ભગવાનના) ભક્તોનાં કાર્ય કરવાને સારૂંજ ફરે છે. ॥૨૫॥-ઉદ્ધવ-તમને એ તત્વ જ્ઞાન આપવાને માટે સાક્ષાત ભગવાને મનુષ્ય શરીર તજતી વખતે મારા સમક્ષમાંજ મૈત્રેય મુનીને આજ્ઞા કરેલી છે. તેથી તમે તેમનું આરાધન કરજો. ॥૨૬॥-શ્રીશુક-એ રીતે ઉધવજી યમુનાને કાંઠે એક રાત્રી ક્ષણની પેઠે, વીશ્વરૂપ ભગવાનના ગુણોની કથાઓરૂપ અમૃતવડે મોટા પરીતાપને મટાડવામાં વીદુરની સાથે ગાળીને, ત્યાંથી ચાલી નીકળ્યા. ॥૨૭॥-પરીક્ષિત-જ્યારે મોટા રથીઓના સરદારોના સરદારમાં પણ મુખ્ય એવા વૃષ્ણી અને ભોજ કુળના યાદવો મૃત્યુને પામ્યા, તથા ત્રણે લોકના અધીશ્વર હરી ભગવાને પણ મનુષ્ય શરીરના સ્વરૂપને તજી દીધું, ત્યારે એ ઉદ્ધવજીજ કેમ અવશેષ રહ્યા. ॥૨૮॥-શ્રીશુક-અમોઘ સંકલ્પવાળા કાળસ્વરૂપ ભગવાને, બ્રાહ્મણના શાપના બહાનાથી પોતાના કુળનો નાશ કર્યા કેડે નકી વીચાર કર્યો કે, હું આ શરીરને તજીશ ત્યારે મારો આશ્રય કરીને રહેલા (એટલે મારામાંના) જ્ઞાનને પાછળથી ધારણ કરવાને યોગ્ય, બુધ્ધીવાનોમાં શ્રેષ્ટ એવા એક ઉધ્ધવજીજ છે. અને તે, ગુણોથકી પરાભવ નહીં પામનારા સમર્થ ઉદ્ધવ, મારાથકી જરાપણ કમી નથી. માટે મારાથકી રહીત થયેલા લોકને વીશે, એ મારૂં જ્ઞાન મનુષ્યોને ગ્રહણ કરાવવાને સારૂં તેગણે તે પાછળ રેહેવુંજ. (તેથી ભગવાનની ઇચ્છાથીજ તે એકલા બચેલા હતા.) ॥૨૯-૩૦-૩૧॥ અને ઉપર કહ્યા પ્રમાણે ત્રણે લોકના ગુરૂ અને શબ્દ (વેદ)ના ઉત્પત્તીસ્થાન ભગવાનથકી ઉપદેશ પામેલા ઉધ્ધવજીએ બદ્રી આશ્રમમાં જઇને, પછી એકાગ્ર ચીતથી હરીભગવાનનું પુજન કર્યું. ॥૩૨॥ અને વીદુર પણ, એ, ક્રીડાને માટે શરીરને ધારણ કરનારા અને વખાણવા યોગ્ય કર્મો કરનારા કૃષ્ણ પરમાત્માનો, ધીર પુરૂશોના ધૈર્યને વધારનારો અને બીજા પશુ જેવી વીકળ બુદ્ધીવાળાઓથી નાજ બની શકે એવો, મનુષ્ય શરીરનો ત્યાગ, સાંભળીને અને કૃષ્ણ ભગવાને પોતાને પણ મનથી યાદ કરેલાનું જાણીને, ભગવતી ઉદ્ધવજીના ગયા પછી (તે વીદુર) પ્રેમથી વીવ્હલ થઇને રોઇ પડયા. ॥૩૩-૩૪-૩૫॥ હે ભરત રાજા, પછી યમુના કાંઠેથી નીકળેલા વીદુરજી કેટલેક

र्थंकृतश्चरंति॥२५॥उद्धवउवाच ननुतेतत्त्वसंराध्यऋषिःकौपारवोंऽतिमे॥ साक्षाद्भगवतादिष्टोमर्त्यलोकंजिहासता॥२६॥ श्रीशुकउवाच इ
तिसहविदुरेणविश्वमूर्तेर्गुणकथयासुधयाप्लावितोरुतापः॥ क्षणमिवपुलिनेयमस्वसुस्तांसमुषितऔपगविर्निशांततोऽगात्॥२७॥ राजोवाच
निधनमुपगतेषुवृष्णिभोजेष्वधिरथयूथपयूथपेषुमुख्यः॥ सतुकथमवशिष्टउद्धवोयद्धरिरपितत्यजआकृतिंत्र्यधीशः॥ २८॥ श्रीशुकउवाच
ब्रह्मशापापदेशेनकालेनामोघवांछितः॥ संहृत्यस्वकुलंनूनंत्यक्ष्यन्देहमचिंतयत्॥२९॥ अस्माल्लोकादुपरतेमयिज्ञानंमदाश्रयं॥ अर्हत्युद्धव
एवाद्धासंप्रत्यात्मवतांवरः॥३०॥ नोद्धवोऽण्वपिमन्न्यूनोयद्गुणैर्नार्दितःप्रभुः॥ अतोमद्वयुनंलोकंग्राहयन्निहतिष्ठतु॥३१॥एवंत्रिलोकगुरुणा
संदिष्टःशब्दयोनिना॥ बदर्याश्रममासाद्यहरिमीजेसमाधिना॥३२॥ विदुरोऽप्युद्धवाच्छ्रुत्वाकृष्णस्यपरमात्मनः॥ क्रीडयोपात्तदेहस्यकर्मा
णिश्लाघितानिच॥३३॥ देहन्यासंचतस्यैवंधीराणांधैर्यवर्धनं॥ अन्येषांदुष्करतरंपशूनांविक्लवात्मनां॥३४॥ आत्मानंचकुरुश्रेष्ठकृष्णेनमन
सेक्षितं॥ ध्यायन्गतेभागवतेरुरोदप्रेमविव्हलः॥३५॥ कालिंद्याःकतिभिःसिद्धअहोभिर्भरतर्षभ॥प्रापद्यतस्वःसरितंयत्रमित्रासुतोमुनिः
॥३६॥ इ०भा०म०तृ०विदुरोद्धवसंवादेचतुर्थोऽध्यायः॥४॥ श्रीशुकउवाच द्वारिद्युनद्याऋषभःकुरूणांमैत्रेयमासीनमगाधबोधं॥ क्षत्तोप
सृत्याच्युतभावशुद्धःपप्रच्छसौशील्यगुणाभितृप्तः॥१॥ विदुरउवाच सुखायकर्माणिकरोतिलोकोनतैःसुखंवाऽन्यदुपारमंवा॥ विंदेतभूयस्त
तएवदुःखंयदत्रयुक्तंभगवान्वदेन्नः॥२॥ जनस्यकृष्णाद्विमुखस्यदैवादधर्मशीलस्यसुदुःखितस्य॥ अनुग्रहायेहचरंतिनूनंभूतानिभव्यानिज
नार्दनस्य॥३॥ तत्साधुवर्यादिशवर्त्मशंनःसंराधितोभगवान्येनपुंसां॥ हृदिस्थितोयच्छतिभक्तिपूतेज्ञानंसतत्त्वाधिगमंपुराणं॥४॥ करोति
कर्माणिकृतावतारोयान्यात्मतंत्रोभगवांस्त्र्यधीशः॥यथाससर्जाग्रइदंनिरीहःसंस्थाप्यवृत्तिंजगतोविधत्ते॥५॥ यथापुनःस्वेखइदंनिवेश्यशे
तेगुहायांसनिवृत्तवृत्तिः॥ योगेश्वराधीश्वरएकएतदनुप्रविष्टोबहुधायथासीत्॥६॥ क्रीडन्विधत्तेद्विजगोसुराणांक्षेमायकर्माण्यवतारभेदैः॥

દહાડે જ્યાં સીદ્ધ પુરૂષ મૈત્રેય મુની હતા. તે ગંગાજીને કાંઠે પહોચ્યા. ॥૩૬॥ ઇતી શ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો ચોથો અધ્યાય સંપુર્ણ. ॥ ૪ ॥

અધ્યાય ૫ મો.-શ્રીશુક-અચ્યુત ભગવાનના ભક્તીભાવથી શુદ્ધ થયેલા, અને કૌરવોમાં શ્રેષ્ટ વીદુરે, હરદ્વારને વીશે રહેલા, અને અગાધ જ્ઞાનવાળા મૈત્રેય મુનીની પાસે જઇને તેમના સુશીળપણાઆદી ગુણોથી સંતોષ પામીને તેમને પુછ્યું કે. ॥૧॥-વિદુર-સુખની ઇચ્છાથીજ લોકો કર્મો કરે છે. પણ તેઓ સુખને અથવા દુઃખની નીવૃત્તીને પામતા નથી. અને ફરી ફરીને દુઃખનેજ પામ્યા કરે છે. માટે એ બદલ અમારે કરવા યોગ્ય શું (કર્મો) છે તે આપ ભગવાને અમને કહેવું જોઇએ. ॥૨॥ પુર્વ કર્મના યોગથી અધર્મના શીળવાળા-કૃષ્ણ ભગવાનથી વીમુખ-અને અતીશય દુખ પામનારા લોકોના ઉપર અનુગ્રહ કરવાને માટેજ, હાલ સુધીમાં થયેલા છે તે, તથા હવે પછી થશે તે, જનાર્દન ભગવાનના પુરૂશો (ભક્તો) આ લોકને વીશે વીચરે છે. ॥૩॥ હે સાધુવર્ય, શાંતીને આપનારો એવો માર્ગ મને બતાવો કે જેવડે આરાધના કરાયલા, પુરૂશોના ભક્તીવડે પવીત્ર થયેલા મનમાં રહેલા ભગવાન, જેથી તત્વ સહીત પુરાતન જ્ઞાનની પ્રાપ્તી થાય એવી કૃપા કરે. ॥૪॥ આત્મતંત્ર અને ત્રણે લોકના ઇશ્વર ભગવાન, અવતારો ધરીને કેવાં કેવાં કર્મો કરે છે. જેમણે આ જગતને પેહેલ વેહેલું, પોતે કાંઇ નહીં કરતા છતાં, ઉત્પન્ન કર્યું છે-સ્થાપન કર્યું છે- અને લોકોની આજીવીકા પણ મુકરર કરી આપી છે. ॥૫॥ યોગેશ્વરોના પણ અધીશ્વર એવા એ એકજ ભગવાન, વીશ્વને વીશે પ્રવેશ કરવાથી ઘણા પ્રકારના સરખા થયેલા છે. ને પોતાના હૃદયાકાશને વીશે જગતને પાછું પેસારી દેઇને, બધી વૃત્તીઓથકી નીવૃત્ત થઇને શયન કેવી રીતે કરે છે. ॥૬॥ બ્રાહ્મણો-દેવતાઓ-અને ગાયોના ભલાને માટે જુદા જુદા અવતારો ધરીને ક્રીડા કરતા, એ પવીત્ર કીર્તીવાળાઓના મુકુટ રૂપ ભગવાનનાં અમૃત સરખાં ચરીત્રોને સાંભળતાં અમારૂં મન તૃપ્ત થતાંજ નથી. ॥૭॥ હે શ્રેષ્ટ બ્રાહ્મણ, જેને વીશે

જુદા જુદા કર્મોના અધીકારો સહીત, સર્વ પ્રાણીઓના સમુદાયોના ભેદ દેખવામાં આવે છે તે, લોકપાળો સહીત લોકની; અને લોકાલોક પર્વતની બહારના પ્રદેશની પણ, જેણે નાના પ્રકારનાં તત્વોના ભેદવડે કલ્પના કરેલી છે તે, અને આત્મયોની અને વીશ્વને ઉત્પન્ન કરનારા નારાયણ ભગવાને પ્રજાઓના સ્વભાવ–કર્મ–રૂપ અને નામોના ભેદ કેવી રીતે કરેલા છે? તે સઘળું આપ અમારી પાસે વર્ણન કરો. ॥૮–૯॥ હે ભગવાન, પર અને અવરના (એટલે વર્ણ અને આશ્રમવાળા તથા તે વીનાનાઓના) ધર્મો, વેદ વ્યાસના મુખ થકી વારંવાર સાંભળવાથી, કૃશ કૃષ્ણ કથાના અમૃતના ઓઘ સોવાય એ તુચ્છ સુખ આપનારાંને સાંભળવા થકી, અમે તૃપ્ત થયેલા છૈએ. ॥૧૦॥ તમારા સત્રમાં નારદજી વીગેરેથી વખાણાયલું, એ તીર્થપાદ ભગવાનનું નામ, કે જે; પુરૂષના હૃદયમાં તેના કાનના માર્ગથી જતાંજ, તેમને જેથી સંસાર થાય છે તેવા ઘરને વીશેની પ્રીતીને તે કાપી નાંખે છે. તે (નામને) સાંભળવા થકી કોણ તૃપ્તી પામે. ॥૧૧॥ ભગવાનના ગુણોનું વર્ણન કરવાને ઇચ્છનારા, આપના મીત્ર કૃષ્ણ મુનીએ ભારત બનાવેલું છે. જેમાં ગ્રામ્ય સુખોના વર્ણનવડે કરીને મનુષ્યોની મતી, હરી ભગવાનની કથાઓને વીશે ખેંચેલી છે. ॥૧૨॥ અને શ્રદ્ધાવાળા પુરૂશની મતીનું હરીભગવાનની કથાઓને વીશેનું ખેંચાણ, વધતુ જતાં, તેને બીજા સર્વ વીશયોમાં વૈરાગ્ય ઉત્પન્ન કરીને, હરી ભગવાનના ચરણનું નીરંતર સ્મરણ થવાને વીશે સ્થીર જે કરે છે તેથી તેનાં સઘળાં દુખો ઉતાવળેજ નાશ પામે છે. ॥૧૩॥ જે પાપીઓનું આયુષ્ય, મીથ્યા વાદવીવાદ કરવામાં, વૃથા જવા આવવામાં, અને વૃથા સ્મરણ કરવામાંજ ભગવાન એવા કાળ ક્ષીણ કરી નાંખેછે. એવા હરીકથા થકી વીમુખ, અને શોક કરવાને યોગ્ય પુરૂશોએ પણ શોક કરવા લાયક અજ્ઞાનીઓનો મને શોક થાય છે. ॥૧૪॥ માટે હે દુખીઆઓનું ભલુ કરનારા મૈત્રેય મુની, ફુલોમાંથી સાર ખેંચી લેવાની પેઠે, સારી કથાઓમાંથી સાર સાર–અને નેવાઓને શાંતીજ આપનારી–હરી ભગવાનની કથાઓ, અમારૂં ભલુ કરવા સારૂં, વીણી કાઢીને, એ તીર્થ કીર્તી ભગવાનના જ-

मनोन [illegible] प्यत्वापशृण्व [illegible] :सुश्लोकमौलेश्चरितामृतानि ७ यैस्तत्वभेदैरधिलोकनाथोलोकानलोकान्स [illegible] लोकपाला [illegible] ॥ अचीक्लृपद्यत्र [illegible]
सर्वसत्वनिकायभेदो ऽधिकृतःप्रतीतः ॥८॥ यन [illegible] आत्मकर्मरूपाभिधानांचभिदांव्यधत्त ॥ नारायणोविश्वसृगा [illegible] योनिरे [illegible] नोवण
र्याविप्रवर्य ॥९॥ परावरेषांभगवन्व्रतानिश्रुतानिमेव्यासमुखादभीक्ष्णं ॥ अतृप्नुमक्षुल्लसुखाव [illegible] नांतेषामृते [illegible] ष्णकथामृतौघात् १० कस्तृप्नुया
त्तीर्थपदोऽभिधानात् [illegible] त्रेषुवःसूरिभिरीड्यमानात् ॥ यः [illegible] र्णनाडींपुरुषस्ययातोभवप्रदांगेहरतिंछिनत्ति ॥११॥ मुनिर्विवक्षुर्भगवद्गुणानांसखा
पितेभारतमाहकृष्णः ॥ यस्मिन्नृणां [illegible] तिर्गृहीतानुहरेःकथायां ॥१२॥ साश्रद्दधानस्य [illegible] मानाविरागमन्यत्र [illegible] रोतिपुंसः
॥ हरेःपदानुस्मृतिनि [illegible] तस्यसमस्तदुःखात्ययमाशुधत्ते ॥१३॥ ताञ्शोच्यशोच्यानविदोनुशोचे [illegible] रेःकथायांविमुखानघेन ॥ क्षिणोतिदेवो
निमिष [illegible] वादगतिस्मृतीनां ॥१४॥ तदस्यकौषारवशर्मदातुर्हरेःकथामेवकथासुसारं ॥ उद्धृत्यपुष्पेभ्य [illegible] वार्तबंधोशिवायनः
कीर्तयतीर्थकीर्तेः ॥१५॥ सविश्वजन्मस्थि [illegible] तिसंयमार्थे [illegible] तावतारःप्रगृहीतशक्तिः ॥ चकारकर्माण्यतिपूरुषाणियानीश्वरःकीर्तयतानिमर्त्य
॥१६॥ श्रीशुकउवाच सएवंभगवान् [illegible] ष्टःक्षत्त्राकौषारविर्मुनिः ॥ पुंसांनिःश्रेयसार्थेनतमाहबहुमानयन् ॥१७॥ मैत्रेयउवाच सा [illegible] पृष्टंत्वया
[illegible] न्सा [illegible] नुगृण्हता ॥ कीर्तिंवित [illegible] तालोकेआत्मनोऽधोक्षजात्मनः ॥१८॥ नैतच्चित्रंत्वयिक्षत्तर्बादरायणवीर्यजे ॥ गृहीतोऽनन्यभावे
नयत्त्वया [illegible] रिरीश्वरः ॥१९॥ मांडव्या [illegible] नोयमः ॥ भ्रातुःक्षेत्रेभुजिष्यायांजातः [illegible] ॥२०॥ भवान्भग [illegible] नि
त्यंसंमतःसानुगस्यच ॥ यस्यज्ञानोपदेशा [illegible] ॥२१॥ अथतेभगवल्लीलायोगमायोपबृंहिताः ॥ विश्वस्थित्युद्भ [illegible]
र्णयाम्यनुपूर्वशः ॥२२॥ भगवानेकआसेदमग्रआत्मात्मनांविभुः ॥ आत्मेच्छानुग [illegible] वात्मा [illegible] त्युपलक्षणः ॥२३॥ सवाएषतदाद्रष्टानाप
श्यद्दृश्यमेकराट् ॥ मेनेसंतमिवात्मानंसुप्तशक्तिरसुप्तदृक् ॥२४॥ साव एतस्यसंद्रष्टुःशक्तिःसदसदात्मिका ॥ मायानाममहाभागययेदंनिर्ममे

સતે વર્ણવો. ॥૧૫॥ અને તે ઇશ્વર ભગવાને, જગતની ઉત્પતી–સ્થીતી–અને નાશ કરવાને માટે શક્તી (માયા) ને ગ્રહણ કરીને, અવતારો ધરી, પુરૂશો થકી ન બની શકે એવાં જે જે કામો કર્યાં હોય તે મને કહી સંભળાવો. ॥૧૬॥–શ્રીશુક–વીદુરે મનુષ્યોના ભલાને અર્થે, ભગવાન મૈત્રેય મુનીને એ રીતે પુછ્યું, ત્યારે તેમણે તેમને ઘણુ માન આપીને કહ્યું કે. ॥૧૭॥—મૈત્રેય—હે સાધુ, અધોક્ષજ ભગવાનમાં મનવાળા સાધુ પુરૂશોના ઉપર અનુગ્રહ કરનારૂં, અને તમારી પોતાની કીર્તીનો લોકમાં પ્રકાશ કરનારૂં, તમે ઉત્તમ પ્રશ્ન પુછ્યું. ॥૧૮॥ જેણે અનન્ય ભાવથી હરી ભગવાનને ગ્રહણ કરેલા છે. તે બાદરાયણના વીર્યથી ઉત્પન્ન થયેલા આપને વીશે તેમાં કાંઇજ નવાઇ જેવું નથી. ॥૧૯॥ પ્રજાને નીયમમાં રાખનારા ભગવાન યમ, માંડવ્ય રૂશીના શાપથી, સત્યવતીના પુત્ર (વ્યાસ) થકી તેમના ભાઇની સ્ત્રી કરીને રાખેલી દાશીને વીશે જન્મેલાછો. તે આપ, ભગવાનને, તેમના પાર્શદો સરખા મહા પ્રીય હોવાથી, ભગવાનેજ સ્વધામ પધારતી વખતે, તમને જ્ઞાન આપવાની, મને આજ્ઞા કરેલી છે. ॥૨૦–૨૧॥ તેથી વીશ્વની સ્થીતી–ઉત્પત્તી–અને લય થવાના સંબંધની ભગવાનની યોગમાયાના વીસ્તારવાળી લીલાઓનું હું એક પછી એક એમ તમારી પાસે વર્ણન કરૂં છું. ॥૨૨॥ સમર્થ ભગવાન પેહેલાંપેહેલા પોતે પોતા થકી એકજ હતા. તેમણે પોતાની ઇચ્છા પોતાને નાના પ્રકારના થવાની કરી. ॥૨૩॥ જેની બીજી બધી શકતીઓ લય પામી છે પણ એક જોવાની શકતી લય પામી નથી. એવા એ દ્રષ્ટા એકરાટે (સર્વના અધીપતીએ) જ્યારે દશ્ય પદાર્થ કાંઇ પણ દીઠો નહીં. ત્યારે પોતાને પણ અસત્ એટલે નહીં હોવા સરખોજ માન્યો. ॥૨૪॥ હે મહાભાગ (વીદુર) જેવડે સમર્થ ભગવાને આ જગતનું નીર્માણ કર્યું, તે, તેની જોવા વીગેરેની સત અને અસતના સ્વભાવવાળી શક્તીનું નામ “માયા” છે. ॥૨૫॥ પુરૂશ રૂપ થયેલા, ઘણા પરાક્રમવાળા અધોક્ષજ ભગવાને ગુણમયી માયા (પ્રકૃતી)ને વીશે કાળની શક્તીવડે વીર્ય (ચૈતન્ય) મુક્યું. ॥૨૬॥ તેથી કાળની પ્રેરણાવડે, એ માયામાંથી, વીજ્ઞાન સ્વરૂપ–અંધકાર (અજ્ઞાન) નો

નાશ કરનારૂં–અને પોતાના દેહમાં રહેલા વીશ્વને પ્રકાશ કરનારૂં મહત્તત્વ (સર્વ વ્યાપક આત્મતત્વ) ઉત્પન્ન થયું.॥૨૭॥ પછી એ અંશ (ચૈતન્ય), ગુણો, અને કાળ થકી બનેલું (એટલે તેઓ રૂપ) મહત્તત્વ પણ, ભગવાનની નજર થવાથીજ, પોતામાં રહેલા વીશ્વને અજવાની ઈચ્છાવાળું થઈને, તે પોતે વીકાર પામ્યું. ॥૨૮॥ એટલે એ મહત્તત્વ વીકાર પામવાથી, કાર્ય–કરણ–અને કર્તાના સ્વભાવોવાળુ–(એટલે મહાભુત–ઈંદ્રીયો–અને મન વીગેરે ઈંદ્રીયોના દેવતાઓ મય,) એવું અહંકાર ઉત્પન્ન થયું. ॥૨૯॥ એ વૈકારીક (સાત્વીક), તૈજસ (રાજસ), અને તામસ એમ ત્રણ રીભાગોવાળું અહંકાર વીકાર પામીને, વૈકારીક થકી; જેથી ઈંદ્રીયોના અર્થો એટલે વીશયોનું જ્ઞાન થાય છે એવા, મન તથા ઈંદ્રીયોના દસ દેવતાઓ ઉત્પન્ન થયા. ॥૩૦॥ અને તૈજસ થકી (પાંચ) જ્ઞાનેંદ્રીયો તથા પાંચ કર્મેંદ્રીઓ ઉત્પન્ન થઈઓ. ને તામસ થકી પાંચ મહાભુતો અને તેમનાં સુક્ષ્મરૂપ એટલે તેમની પાંચ તન્માત્રાઓ પણ થયઓ. તેઓમાં પ્રથમ આકાશ તેની તન્માત્રા શબ્દ સહીત થયું. ॥૩૧॥ એ કાળ–(માયા) ગુણો,–અને (અંશ) ચૈતન્ય, પછીજ બનેલા આકાશે, ભગવાનનીજ નજર થવાથી, પોતામાંથી ઉત્પન્ન થયેલા સ્પર્શ ગુણને વીકાર પમાડીને વાયુ ઉત્પન્ન કરયો. ॥૩૨॥ અને આકાશ સહીત એ અત્યંત બળવાન વાયુમાં વીકાર થઈને રૂપ તન્માત્રા ઉત્પન્ન થઇ, જેમાંથી લોક માત્રને પ્રકાશ કરનારૂં તેજ ઉત્પન્ન થયું. ॥૩૩॥ એ કાળ (માયા) ગુણો, અને (અંશ) ચૈતન્ય એમના યોગવાળા વાયુ સહીત તેજમાં પણ પરમાત્માની નજર થવાથીજ, વીકાર થઈને, રસ ગુણવાળું જળ ઉત્પન્ન થયું. ॥૩૪॥ તેમજ એ કાળ–માયા (ગુણો,–અને (અંશ) ચૈતન્ય એમના યોગવાળા તેજ સહીત જળમાં પણ પરબ્રહ્મની નજર થવાથીજ વીકાર થઈને [illegible] ગુણવાળી પૃથ્વી ઉત્પન્ન થઇ.॥૩૫॥ આકાશ વીગેરે મહાભુતો એક પછી એક થયેલાંમાં, પ્રથમના મહાભુતોના સંસર્ગ વડે, પ્રથમનાંના ગુણો પણ આવેલાનું જોવામાં આવે છે. (એટલે આકાશમાં શબ્દ; વાયુમાં સ્પર્શ અને શબ્દ; તેજમાં રૂપ, સ્પર્શ અને શબ્દ; જળમાં રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ; તથા પૃથ્વીમાં ગંધ, રસ, રૂપ, સ્પર્શ અને શબ્દ એ રીતે ગુણો

विभुः॥२५॥ कालवृत्त्यातु[illegible]यांगुणमय्यामधोक्षजः॥पुरुषेणात्मभूतेनवीर्यमाधत्तवीर्यवान्॥२६॥ततोऽभवन्महत्तत्वमव्यक्तात्कालचोदितात्॥ [illegible]त्मदेहस्थंविश्वंव्यंजंस्तमोनुदः॥२७॥ सोप्यंशगुणकालात्माभगवद्दृष्टिगोचरः॥ आत्मानंव्यकरोदात्माविश्वस्यास्यसिसृक्षया॥२८॥ महत्तत्वाद्विकुर्वाणादहंतत्व[illegible]त॥ कार्यकारणकर्त्रात्माभूतेंद्रियमनोमयः॥२९॥ वैकारिकस्तैजसश्चतामसश्चेत्यहंत्रिधा॥ अहंतत्वाद्विकुर्वाणान्मनोवैकारिकादभूत्॥३०॥ वै[illegible]श्चयेदेवाअर्थाभि[illegible]जनंयतः॥ तैजसानींद्रियाण्येवज्ञानकर्ममयानिच॥तामसोभूतसूक्ष्मादिर्यतः[illegible]॥३१॥ कालमायांशयोगेनभगवद्वीक्षितंनभः॥ नभसोऽनु[illegible]तंस्पर्शंविकुर्वन्निर्ममेनिलं॥३२॥अ[illegible]लोऽपिविकुर्वाणोनभ[illegible]बलान्वितः॥ [illegible]सर्जरू[illegible]ज्योतिर्लोक[illegible]॥३३॥ अनिलेनान्वितंज्योतिर्वि[illegible]॥आधत्तांभोरसम[illegible]लमायांशयोगतः॥३४॥ ज्योतिषांभोनुसंसृष्टंविकुर्वन्ब्रह्मवीक्षितं॥महींगंधगुणामाधात्कालमायांशयोगतः॥३५॥ भूतानांनभआदी[illegible]वरावरं॥ तेषांपरानुसंसर्गाद्यथासंख्यंगुणान्विदुः॥३६॥ एतेदेवाःकलाविष्णोःकालमायांशलिंगिनः ॥ नानात्वात्स्व[illegible]याऽनीशाःप्रोचुःप्रांजलयोविभुं॥३७॥ देवाउचुः नमामतेदेवपदारविंदंप्रपन्नतापोपशमातपत्रं॥ [illegible]तायतयोंजसोरुसंसारदुःखंबहिरुत्क्षिपंति॥३८॥ धातर्यदस्मिन्भवईशजीवास्तापत्रयेणोपहतानशर्म॥ आत्मन्लभंतेभगवंस्तवांघ्रिच्छायांसविद्यामतआश्रयेम॥३९॥ मार्गंतियत्तेनु[illegible]नीडश्छंदःसुपर्णैर्ऋषयोविविक्ते ॥ तस्याघमर्षोदसरिद्वर[illegible]ःपदंपदंतीर्थपदःप्रपन्नाः ॥४०॥ यच्छ्रद्धयाश्रुतवत्याचभक्त्यासं[illegible]ज्यमानेहृदयेऽवधाय ॥ [illegible]बलेनधीराव्रजेमतत्तेऽघ्रिसरोजपीठं॥४१॥ विश्वस्यजन्म[illegible]पदानुजंते॥ व्रजेमसर्वेशरणंयदीशस्मृतंप्रयच्छत्यभयंस्वपुंसां॥४२॥यत्सानुबंधेऽसतिदेहगेहेममाहमित्यूढदुराग्रहाणां॥पुंसांसुदूरंवसतो[illegible]तेभगव[illegible]पदाब्जं॥४३॥ तान्वाअ[illegible]वृत्तिभिरक्षिभिर्येपरा[illegible]तांतर्मनसःपरेश॥ अथोनपश्यंत्युरुगायनूनंयेतपद[illegible]न्याः॥४४॥

છે. ॥૩૬॥ પછી વીશ્નુ ભગવાનની કળાઓરૂપ એ સઘળા (એટલે દસ ઈંદ્રીયોના દેવતાઓ–દસઈંદ્રીયો–પાંચમહાભુતો–પાંચ તન્માત્રાઓ–અને સત્વ, રજ, ને તમ એ ત્રણ માયાના ગુણોવાળું અહંતત્વ ગણીને તેત્રીસ.) દેવો; કાળ–(માયા) ગુણો–અને (અંશ) ચૈતન્ય–એમના સ્વભાવોવાળાં અનેક પ્રકારનાં જુદાં જુદાં કાર્ય કરનારા હોવાથી, જ્યારે પોત પોતાનું કાર્ય કરવાને શક્તીમાન ન થયા, ત્યારે તેઓએ સમર્થ ભગવાનને હાથ જોડીને કહ્યું કે. ॥૩૭॥–દેવો–હે ભગવાન, શરણે આવનારાઓના તાપને છત્રની પેઠે સમાવનારૂં આપનું ચરણારવીંદ, જેના મુળમાં નીવાસ કરનારા યતી લોકો, અનેક પ્રકારનાં સંસારનાં દુઃખોને સેહેજમાંજ દુર કરી નાંખે છે. તેને અમે નમીએ છીએ. ॥૩૮॥ હે ધાતા, ઇશ્વર, સંસારમાં ત્રણ તાપ (અધ્યાત્મ–અધી ભુત–અને અધી દૈવ) થકી પીડાતા પ્રાણીઓ, મનને વીશે શાંતી પામતાજ નથી. તે શાંતી આપ ભગવાનના ચરણકમળની છાયામાં જણાય છે, માટે અમે તેનો આશ્રય કરીએ છીએ. ॥૩૯॥ જેના પગ ધોયાનું જળ, પાપને મટાડનારી ઉત્તમ નદી (ગંગાજી) થયેલ છે. તે તીર્થપાદ ભગવાનના પદને ગોતના ગોતતા વૈરાગ્યવાન રૂશીઓ, આપના મુખ કમળ રૂપ વેદ નામના માળાને વીશે, પક્ષીઓની પેઠે વીરામ પામે છે. એવા આપને અમે શરણ છઇએ. ॥૪૦॥ ધીર પુરૂશો, જ્ઞાન અને વૈરાગ્યના બળથી, શ્રદ્ધા અને શ્રવણવાળી ભક્તીવડે શુદ્ધ કરેલા મનમાં જેનુ ધ્યાન કરે છે. તે આપના ચરણ કમળનું અમે શરણું લેઇએ છીએ. ॥૪૧॥ જે ઇશ્વર પોતાના ભક્તોને સ્મરણ માત્રથીજ અભય આપે છે અને જે વીશ્વની ઉત્પત્તી–અને નાશને અર્થે અવતારો લેછે, તેમના ચરણકમળના શરણમાં અમે સર્વે જઇએછીએ. ॥૪૨॥ દેહ–ઘર–અને તેની સાથે લાગેલાં સ્ત્રી–પુત્ર–ધનાદીકને વીશે "હું અને મારૂં" એવો મોટો દુરાગ્રહ રાખનારા પુરૂશોનાં શરીરોમાંજ આપ હોવા છતાં તેમનાથી ઘણા દુર રહોછો. એવા આપ ભગવાનના ચરણકમળને અમે ભજીએ છીએ. ॥૪૩॥ અસત્ વૃત્તીઓવાળી ઈંદ્રીયોથી ખેંચાઈ ગયેલા મનવાળાઓ તો, જેગને વીશે આપના ચરણ સ્થાપન થયેલ છે તેવા ભક્તોથી ઉત્કૃષ્ટ રીતે ઘણું ગવાતા આપ પરમાત્મા ઇશ્વરના

તરફ ભગીતજ જોતા પણ નથી. ॥૪૪॥ અને હે ભગવાન, વૈરાગ્યવડે શુદ્ધ થયેલા અંતઃકરણ વાળાઓ તો, આપની કથાઓ રૂપ અમૃતનું પાન કરવાવડે વધેલી ભક્તીથી, સાર વસ્તુ રૂપ જ્ઞાનને ઉતાવળાજ પામીને વૈંકુંઠમાં જાય છે. ॥૪૫॥ તેમજ કેટલાક બીજા ધીર પુરૂશો પણ, આત્મ સમાધી અને યોગના બળે કરીને, બળવાન પ્રકૃતી (માયા)ને જીતીને, પુરૂશ એવા આપ ભગવાનને વીશે પ્રવેશ કરે છે. પણ તેઓને પરીશ્રમ ઘણો પડે છે. એવો પરીશ્રમ આપની શેવા આદી કરનારાઓને પડતો નથી. ॥૪૬॥ એટલા માટે હે આદી પુરૂશ, લોકને સરજવાની ઇચ્છાથી આપનાથી સરજાયલા અમો ત્રણ ગુણોના સ્વભાવ વાળા દેવતાઓ, સર્વ પોત પોતાનાં નોખ નોખાં કર્મો કરવા વાળા હોવાથી, અને તે કર્મ આપને સમર્પણ નહીં કરવાથી, કર્મ કરવાને શક્તીવાન થતા નથી. ॥૪૭॥ હે અજન્મા, આપજ દેવતાઓના (અમારા) અને પછીથી થનારાંઓના પણ કુટસ્થ અને આદી પુરૂશ છો. અને આપે, જ્ઞાન વાનેજ, ગુણો તથા કર્મોને ઉત્પન્ન કરનારી આપની માયા શક્તીને વીશે રેત (એટલે ચૈતન રૂપી વીર્ય) મુકેલું છે. માટે અમે સર્વે ભોગ ભોગવતાં અને અન્નાદીક ખાતાં છતાં તે સર્વનું આપને અર્પણ કરી શકીએ, તથા લોક (એટલે મનુષ્યાદીક) પણ પોતે ભોગ ભોગવવાની અને અન્નાદીક ખાવાની સાથે, અમને બળીદાનો આપવા રૂપ અમારી મારફતથી આપને તે સર્વનું અર્પણ કરે. એમ કરીઆપો. ॥૪૮–૪૯॥ એટલા માટે હે ભગવાન, અહંતત્વ આદી લઇને અમે સર્વે (કારણ રૂપ દેવો) જે કામો કરવાને માટે ઉત્પન્ન થયેલા છીએ. તે આપ પોતે જાણોજછો. માટે તે તે કર્મ કરવાની અમને શક્તી આપવાનો આપ અમારા ઉપર અનુગ્રહ કરો. ॥૫૦॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રી૦ સ્કં૦ નો પાંચમો અધ્યાયસંપુર્ણ.॥૫॥

અધ્યાય ૬ ઠો.–મૈત્રેય–એ રીતે લોકને ઉત્પન્ન કરવાની પોતાની શક્તીઓ રૂપ એ ત્રેત્રીશ તત્વોના (દેવો) ગણોને ઉત્પન્ન થઇને પડી રહેલા, અને એકઠા નહીં થતા જ્યારે જોયા ત્યારે સર્વના ગતીરૂપ ઇશ્વરે પોતાની કાળ નામની મોટા પરાક્રમવાળી દીવ્ય શક્તીને ધારણ કરીને તે સઘળાં તત્વોમાં એકી વખતેજ પ્રવેશ કર્યો.

[illegible]सुधायाः प्रवृद्ध[illegible] ॥ वैराग्यसारंप्रतिलभ्यबोधंयथांऽजसान्वीयुरकुंठधिष्ण्यं ॥४५॥ तथाऽपरेचात्मस[illegible] [illegible]र्तिंबलिष्ठां॥ तामेवधीराःपुरुषंविशंतितेषांश्रमःस्यान्नतुसेवयाते॥४६॥ तत्त[illegible]लोकासे[illegible] [illegible]शत्मभिःस्म॥ सर्वेवियुक्ताःस्वविहारतंत्रंनशक्नुमस्तत्प्रतिहर्तवेते॥४७॥ यावद्बलिंतेऽजहराम कालेयथाव[illegible]मयत्रा॥ यथोभयेषांत मेहिलोकाबलिं[illegible]रतोऽन्नमदन्त्यनू[illegible]॥४८॥ त्वंनःसुराणामसि[illegible] आद्यःपुरुषःपुराणः॥ [illegible] कविमाद[illegible]ऽजः॥४९॥ततो[illegible]यदर्थंबभूविमात्मन्करवामकिंते॥ त्वंनःस्वचक्षुःपरिदे[illegible]शक्त्यादेव[illegible]॥५०॥ इ० मा० म० तृ० पंचमोऽध्यायः॥५॥ [illegible]षिरुवाच [illegible]नांसतीनामसमत्यस[illegible]॥ प्रसु[illegible]लोकतंत्राणांनि[illegible]॥१॥ कालसंज्ञांतदादेवींबिभ्रच्छक्तिमुरुक्रमः त्रयोविंशतितत्त्वानांगणंयुगपदाविशत् ॥२॥ सोनुप्रविष्टोभगवांश्चे[illegible]रूपेणतंगणं॥भिन्नं[illegible]योजयामास सुप्तंकर्मप्रबोधयन् ॥३॥ प्रबुद्धकर्मादैवेनत्रयोविंशतिकोगणः॥ प्रेरितोऽजनयत्स्वाभिर्मात्राभिरधिपूरुषं॥४॥ [illegible] [illegible]यांवि[illegible]गणः॥ चुक्षोभान्योऽन्यमासाद्ययस्मिँल्लोकाश्चराचराः ॥५॥ हिरण्मयःसपुरुषःस[illegible]परिवत्सरान्॥ आंडकोश[illegible] सत्वोपर्व[illegible]तः॥६॥ सवैविश्वसृजांगर्भोदेवकर्मात्मशक्तिमान्॥विबभाजात्मना[illegible]नमेक[illegible]दशधात्रिधा॥७॥ एष[illegible]षसत्वानामात्मांशःपरमात्मनः॥ आद्योवतारोयत्रासौभूतग्रामोविभाव्यते ॥८॥ साध्यात्मःसाधिदैवश्चसाधिभूतइतित्रिधा॥ विराट्प्राणोदशविधएकधाहृदयेन च॥९॥ स्मरन्विश्वसृजामीशोविज्ञापितमधोक्षजः ॥ विराजमतपत्स्वेनतजसैषांवि[illegible]त्तये॥१०॥ अथतस्याभितप्तस्यकतिचायतनानिह ॥ निरभिद्यंतदेवानांतानि[illegible]गदतःशृणु॥११॥ तस्याग्निरास्यंनिर्भिन्नंलोकपालोऽविशत्पदं॥ वाचा[illegible]शेनवक्तव्यंययासौप्रतिपद्यते ॥१२॥निर्भिन्नंतालुवरुणोलोकपालोऽविशद्धरेः॥ जिह्वयांऽशेनचरसंययासौप्रतिपद्यते॥१३॥ निर्भिन्नेअश्विनौना[illegible]विष्णोराविशतांपदं॥ घ्राणेनांशे

॥૧–૨॥ એ રીતે સુતેલા અને ભીન્ન ભીન્ન રહેલા તે ગણોની અંદર ભગવાને પેસીને, તેઓને એકઠા કર્યા. તથા પોતપોતાનાં કર્મો કરવાનું જ્ઞાન આપ્યું. ॥૩॥ એ કર્મ કરવાનું જ્ઞાન પામેલાં ત્રેત્રીસ તત્વોએ અને તેમની તન્માત્રાઓએ દેવ (ઇશ્વર)થી પ્રેરણા પામીને, એક બીજામાં મળીને, જેમાં સ્થાવર જંગમ લોક રહેલા છે, તેવા અધીપુરૂશ (વૈરાટ પુરૂશ)ને ઉત્પન્ન કર્યો. ॥૪–૫॥ પછી એ સર્વ તત્વોથી થયેલો સુવર્ણમય અંડકોશ (ઇંડુ)રૂપ એ પુરૂશ દેહ હજારો વરસ સુધી પાણીમાં પડી રહ્યો. ॥૬॥ જેમાં વીશ્વની સૃષ્ટી રહેલ છે એવો તે ગર્ભ દેવ-(જ્ઞાન થવાની) કર્મ (ક્રીયા કરવાની) અને આત્મ (શરીર થવાની) શક્તી વડે કરીને એક પ્રકારે–દસ પ્રકારે –અને ત્રણ પ્રકારે, પોતે પોતાથીજ વીભાગોવાળો થયો. ॥૭॥ એ આદી અવતાર પરમાત્મા (વીરાટ પુરૂશ), જેને વીશે પ્રાણી પદાર્થ વીગેરેના સમુદાયો થયા કરે છે. તેજ સઘળાં પ્રાણી વીગેરેનાં શરીરોમાં અંશ રૂપે રહેલા છે. ॥૮॥ એ વીરાટ પુરૂશ; અધ્યાત્મ,–અધીભુત–અને અધી દૈવ એમ ત્રણ પ્રકારના; દશ પ્રાણ (પ્રાણ–અપાન–સમાન–ઉદાન–વ્યાન–નાગ,–કુર્મ–કૃકલ–દેવદત્ત–અને ધનંજય) વડે દશ પ્રકારના; અને એક હૃદય વડે કરીને એક પ્રકારના થયેલા છે. ॥૯॥ પછી તે વીરાટમાં રહેલા અધોક્ષજ ભગવાને વીશ્વને સરજનારા (ત્રેત્રીસ ગણો અથવા દેવો)ની વીજ્ઞાપનાને ધ્યાનમાં લાવીને, તેમની વૃત્તીઓ સીદ્ધ થવા સારૂં, પોતાના તેજ વડેજ વીચાર કર્યો. ॥૧૦॥હવે એવો વીચાર કરેલા તે વીરાટમાં,એ દેવતાઓનાં કાર્યો થવાને માટે જે જે સ્થાનો ઉત્પન્ન થયાં તે મારા કહેવાથી તમે સાંભળો ॥૧૧॥ તેને ઉત્પન્ન થયેલા મોઢામાં, લોકપાલ અગ્ની દેવ પોતાની, ભાષણના વીશ્યને પામવાની શક્તી વાણી ઇંદ્રીય સહીત અંશે કરીને રહ્યા. ॥૧૨॥ તે વીરાટને થયેલા તાલવામાં લોકપાલ વરૂણ દેવ પોતાની રસ વીશયને પામવાની શક્તી જીભ ઇંદ્રીય સહીત અંશ વડે રહ્યા. ॥૧૩॥ પછી વીરાટને થયેલાં બે નસકોરાંમાં અશ્વીની કુમાર દેવ, પોતાની ગંધ વીશયને પામવાની શક્તી ઘ્રાણ ઇંદ્રીય સહીત અંશથકી રહ્યા. ॥૧૪॥ વીરાટને ઉત્પન્ન થયેલી બે આંખોમાં લોકપાલ સુર્ય દેવ, પોતાની રૂપ વીશયને પામવાની શક્તી ચક્ષુ ઇંદ્રીય સહીત અંશવડે રહ્યા.

॥૧૫॥ વીરાટને ઉત્પન્ન થયેલી ચામડીમાં લોકપાળ વાયુ દેવ, પોતાની સ્પર્શ વીશયને પામવાની શક્તી પ્રાણ(શ્વાસોશ્વાસ) ઇંદ્રીય સહીત અંશવડે રહ્યા. ॥૧૬॥ વીરાટને ઉત્પન્ન થયેલા બે કાનમાં લોકપાળ દીશાદેવ, પોતાની શબ્દ વીશયને પામવાની શક્તી શ્રોત્ર ઇંદ્રીય સહીત અંશવડે રહ્યા. ॥૧૭॥ વીરાટને ઉત્પન્ન થયેલ ત્વચામાં લોકપાળ ઔશધી દેવ પોતાની અરજ વીશયને પામવાની શક્તી રુવાડાં ઇંદ્રીય સહીત અંશવડે રહ્યા. ॥૧૮॥ તેને મેંઢ્ર (લીંગ) ઉત્પન્ન થયેલામાં, લોકપાળ પ્રજાપતી દેવ, પોતાની આનંદ વીશયને પામવાની શક્તી રેત (વીર્ય) ઇંદ્રીય સહીત અંશવડે રહ્યા. ॥૧૯॥ પછી વીરાટને, ઉત્પન્ન થયેલ ગુદામાં લોકપાળ મીત્ર દેવ, પોતાની મળત્યાગના વીશયને પામવાની શક્તી પાયુ ઇંદ્રીય સહીત અંશે કરીને રહ્યા. ॥૨૦॥ પછી તેને ઉત્પન્ન થયેલા બે હાથમાં લોકપાળ ઇંદ્ર દેવ, પોતાની આપવું લેવું વીગેરે આજીવીકા વીશયને પામવાની શક્તી વાર્તા ઇંદ્રીય સહીત અંશવડે રહ્યા. ॥ ૨૧ ॥ તેને ઉત્પન્ન થયેલા બે પગમાં લોકપાળ વીશ્નુદેવ, પોતાની મેળવવાની વસ્તુ મેળવવાના વીશયને પામવાની શક્તી વાર્તા ઇંદ્રીય સહીત પોતાના અંશવડે કરીને રહ્યા. ॥૨૨॥ પછી તેને ઉત્પન્ન થયેલા હૃદયમાં લોકપાળ ચંદ્રમા દેવ, પોતાની વીક્રીયા (સંકલ્પ-વીકલ્પ) થવાના વીશયને પામવાની શક્તી મન ઇંદ્રીય સહીત અંશવડે રહ્યા. ॥૨૩॥ પછી તેને ઉત્પન્ન થયેલ પોતાપણાની બુદ્ધીને વીશે. લોકપાળ રુદ્ર દેવ, પોતાની કર્તાપણાના વીશયને પામવાની કર્મરુ ઇંદ્રીય સહીત અંશવડે કરીને રહ્યા. ॥૨૪॥ અને છેવટે વીરાટને ઉત્પન્ન થયેલા સત્વ (અંતઃકરણ) ને વીશે, લોકપાળ મહતત્વ દેવ, પોતાની વીજ્ઞાન વીશયને પામવાની શક્તી ચીત ઇંદ્રીય સહીત અંશવડે પેસીને રહ્યા. ॥૨૫॥ (એ રીતે ચૌદ શ્લોકથી અધ્યાત્માદીક ત્રણ ત્રણ ભેદ કહીને, હવે ત્રણ લોકની ઉત્પતીનો પ્રકાર ત્રણ શ્લોકથી કહે છે.) એ વીરાટના મસ્તક થકી સ્વર્ગ, પગથકી પૃથ્વી, અને નાભીથકી આકાશ ઉત્પન્ન થયાં કે જેમને વીશે ગુણોની વૃતીઓવાળા દેવ આદીક રહેલા જોવામાં આવે છે ॥૨૬॥ સત્વ ગુણ અત્યંત વધારે હોવાવાળા દેવતાઓ સ્વર્ગમાં રેહેછે, અને રજોગુણના સ્વભાવવડે મનુષ્યો

नगंधस्यप्रतिपत्तिर्यतोभवेत् ॥१४॥ निर्भिन्ने अक्षिणी त्वष्टा लोकपाल ऽविशद्विभोः॥ चक्षुषांऽशेनरूपाणांप्रतिपत्तिर्यतोभवेत् ॥१५॥ निर्भिन्नान्यस्यचर्माणिलोकपालोनिलोऽविशत्॥प्राणेनांशेनसंस्पर्शंयेनासौप्रतिपद्यते॥१६॥ कर्णावस्यविनिर्भिन्नौधिष्ण्यंस्वंविविशुर्दिशः॥श्रोत्रेणांशेन शब्दस्य सिद्धिंयेन प्रपद्यते॥१७॥ त्वचमस्यविनिर्भिन्नांविविशुर्धिष्ण्यमोषधीः॥ अंशेनरोमभिःकंडूंयैरसौप्रतिपद्यते॥१८॥ मेढ्रंतस्यविनिर्भिन्नं स्वधिष्ण्यंकउपाविशत्॥ रेतसांशेनयेनासावानंदंप्रतिपद्यते॥१९॥ गुदंपुंसोविनिर्भिन्नंमित्रोलोकेशआविशत्॥ पायुनांशेनयेनासौविसर्गंप्रतिपद्यते ॥२०॥ हस्तावस्यविनिर्भिन्नाविंद्रःस्वःपतिराविशत्॥ वार्तयांऽशेनपुरुषोययावृत्तिंप्रपद्यते ॥२१॥ पादावस्यविनिर्भिन्नौलोकेशोविष्णुराविशत्॥ गत्यास्वांशेनपुरुषोययाप्राप्यंप्रपद्यते ॥२२॥हृदयंचास्यनिर्भिन्नंचंद्रमाधिष्ण्यमाविशत्॥ मनसांशेनयेनासौविक्रियांप्रतिपद्यते ॥२३॥ आत्मानंचास्यनिर्भिन्नमभिमानोविशत्पदं॥ कर्मणांशेनयेनासौकर्तव्यंप्रतिपद्यते ॥२४॥ सत्वंचास्यविनिर्भिन्नंमहान्धिष्ण्यमुपाविशत् ॥ चित्तेनांशेनयेनासौविज्ञानंप्रतिपद्यते॥२५॥ शीर्ष्णोऽस्यद्यौर्धरापद्भ्यांखंनाभेरुदपद्यत॥ गुणानांवृत्तयोयेषु प्रतीयंतेसुरादयः॥२६॥ आत्यंतिकेनसत्वेनदिवंदेवाःप्रपेदिरे॥धरांरजःस्वभावेन पणयोयेचतानन ॥२७॥ तार्तीयेनस्वभावेनभगवन्नाभिमाश्रिताः॥उभयोरंतरंव्योमयेरुद्रपार्षदांगणाः॥२८॥ मुखतोऽवर्ततब्रह्मपुरुषस्यकुरूद्वह ॥ यस्तून्मुखत्वाद्वर्णानांमुख्योऽभूद्ब्राह्मणोगुरुः॥२९॥ बाह्वोभ्योऽवर्ततक्षत्रं क्षत्रियस्तदनुव्रतः ॥ योजातस्त्रायतेवर्णान्पौरुषःकंटकक्षतात्॥३०॥ विशोऽवर्तंततस्योर्वोर्लोकवृत्तिकरीर्विभोः॥वैश्यस्तदुद्भवोवार्तान्नृणांयःसमवर्तयत् ॥३१॥ पद्भ्यांभगवतोजज्ञेशुश्रूषाधर्मसिद्धये ॥ तस्यांजातःपुराशूद्रोयद्वृत्त्यातुष्यते हरिः॥३२॥एतेवर्णाःस्वधर्मेणयजंतिस्वगुरुंहरिं॥ श्रद्धयात्मविशुद्ध्यर्थंयज्जाताःसहवृत्तिभिः॥३३॥ एतत्क्षत्तर्भगवतोदैवकर्मात्मरूपिणः॥कःश्रद्दध्यादुपाकर्तुं योगमायाबलोदयं॥३४॥ अथापि कीर्तयाम्यंगयथामतियथाश्रुतं ॥ कीर्तिंहरेःस्वांसत्कर्तुंगिरमन्याभिधाऽसतीं ॥३५॥ एकांतलाभंवचसोनुपुंसांसु

તથા તેમની પાછળ લાગેલાં પશુ-પક્ષી વીગેરે પૃથ્વી ઉપર રેહેછે. ॥૨૭॥ તથા તમોગુણી સ્વભાવવડે રુદ્રના પાર્શદ મંડળ વીગેરે, તે બેની વચેના, ભગવાનની નાભીરૂપ અંતરીક્ષને વીશે રેહેછે. ॥૨૮॥ હે કુરૂકુળમાં ઉત્તમ, એ વીરાટ પુરૂશના મુખથકી ઉત્પન્ન થયેલ બ્રાહ્મણ જાતી, પોતાના મુખવડે (એટલે જ્ઞાનનો ઉપદેશ આપવા અને વૈદીક કર્મો કરાવવા વડેજ) આજીવીકા મેળવનાર હોવાથી સઘળી વર્ણોમાં મુખ્ય અને શ્રેષ્ટ થઇ છે. ॥૨૯॥ તેના હાથથકી ઉત્પન્ન થયેલ ક્ષત્રીય અને તેમની પાછળ જીવનારાઓ, બીજી વર્ણોનું ચોર આદી કાંટા જેવા પુરૂશોથકી રક્ષણ કરવારૂપ પોતાના બાહુ બળરૂપ આજીવીકાથી જીવનારા છે. ॥૩૦॥ તે વીરાટ ભગવાનની ઉરૂથકી ઉત્પન્ન થયેલી, લોકને આજીવીકાના પદાર્થો ઉત્પન્ન કરી આપનારી વૈશ્યજાતી, પોતાના ઉરૂવડેજ વાર્તાની (બેડ-ગાય આદી ઢોર પાળવાં-વેચવું સાટવું-અને વ્યાજ ખાવું, એ ચાર પ્રકારની) આજીવીકા મેળવીને જીવેછે. ॥૩૧॥ તે ભગવાનના પગથકી પુર્વે ઉત્પન્ન થયેલી શુદ્ર જાતીને પોતાની આજીવીકા સેવા ધર્મવડે મેળવવાની છે. કે જે વૃતીવડે હરી ભગવાન (તેમના ઉપર) પ્રસન્ન થાય છે. ॥૩૨॥ આ રીતની વર્ણો જેના થકી પોતપોતાની વૃતીઓ સહીત પોતે ઉત્પન્ન થયેલ છે એવા પોતાના ગુરૂ હરી ભગવાનનું, શ્રદ્ધા સહીત સ્વધર્મ પાળવાં રૂપ પુજન, પોતાની શુદ્ધીને અર્થેજ કરેછે. ॥૩૩॥ હે વીદુર એ રીતના દૈવ-કર્મ-અને આત્મ (સ્વભાવ) રૂપી યોગમાયાના બળના ઉદયવાળા ભગવાનનું સંપુર્ણ વર્ણન કરવાની તો ઇચ્છા પણ કોઇથી કરી શકાય એમ નથીજ. ॥૩૪॥ તો પણ હે અંગ, બીજું બીજું બોલવા થકી ખરાબ થયેલી મારી વાણીની શુદ્ધી કરવાને માટેજ, હું મારી બુદ્ધી પ્રમાણે તથા મેં જેટલું સાંભળેલું છે તે પ્રમાણે, એ હરી ભગવાનના યશનું વર્ણન કરીશ. ॥૩૫॥ કેમકે પવીત્ર કીર્તીવાળાઓના મુકુટરૂપ ભગવાનના ગુણાનુવાદ ગાવામાં પોતાની વાણીને અર્પણ કરવી, અને વીદ્વાનોએ ગાયેલી અમૃત સમાન ભગવત કથાઓમાં પોતાના કાનને અર્પણ કરવા. એટલોજ મોટામાં મોટો લાભ પુરૂશોને હોવાનું કહેવાય છે. ॥૩૬॥ હે વત્સ

(वीदुर), आदी करी ब्रह्माजी पण, जेमवडे परीपक्व थयेली पोताની बुद्धीथी, आत्म समाधी हजारो व-रसो सुधी करवा छतां, भगवानना महीमाने शुं पोतानी मेळे जाणी शक्या हता ? (अर्थात ते जाणी शक्या नहोता–तो बीजो तो क्यांथीज जाणे.) ॥३७॥ ए रीतनी, मायावीओने पण मोह पमाडनारी भगवाननी पोतानी मायाना आश्रयवडे करीने, पोतानी ईच्छा प्रमाणे वर्त्तणुक करनारा भगवान पोते पण पोताना स्वरूपने बराबर आमज छे एम जाणता नथी. तो पछी बीजाओनुं तो कहेवुंज शुं ? ॥३८॥ एटला माटे जेने पहोंच्या वीनाज वाणी–मन–अने अहंकार तथा आ बीजा देवताओ पण पाछा वळे छे. ते भगवा-नने नमस्कार होजो. ॥३९॥ इती श्रीमद्भा० त्रीजा स्कंधनो छठो अध्याय संपुर्ण. ॥६॥

अध्याय ७ मो.—श्रीशुक—ए रीते बोलेला मैत्रेय मुनी प्रत्ये, तेमने प्रसन्न करता थका द्वैपायनना पुत्र बुद्धिमान वीदुर बोल्या के. ॥१॥—विदुर–हे ब्राह्मण, चैतन्य स्वरूप–अवीकारी–अने नीर्गुण भगवानने वीशे लीलाथी पण गुणोनी अने क्रीयाओनी योजना केवी रीते थई शके ? ॥२॥ ए स्वस्वरूपने वीशेज तृप्त–असंग–अने अद्वीतीय (भगवान)ने बाळकनी पेठे बीजाओ साथे रमवानी ईच्छा, अगर पोतानीज रमवानो उद्यम केवे प्रकारे होय. ॥३॥ जे भगवान पोतानी गुणमयी माया थकी वीश्वने सर्जे छे. तेनावडेज वीश्वनी स्थीती राखे छे. अने वळी फरीथी तेणे करीनेज वीश्वनो नाश पण करे छे. एवा, अने देशवडे (स्थानांत-रथी), काळवडे (वखतना फेरफारथी), अने अवस्थावडे (संगादीक तथा उंच नींचपणा वीगेरेथी), तेमज पोतानी मेळे पोताथीज अगर बीजानाथी पण जेना आत्मज्ञाननो कदी पण लोप थतो नथी. तेवा भग-वान) केवी रीते मायाने वीशेज योजाय छे. ? ॥ ४–५ ॥ अने ज्यारे एकज भगवान सघळां शरीरोने वीशे रहेला छे त्यारे तेमनेज, कर्मोवडे थनारा क्लेशो अने दुर्भाग्य थवानुं केवा रीते थाय छे. ? ॥६॥ हे समर्थ वीद्वान,एटली वातोना ज्ञान संबंधी संकटथी मारुं मन खेद पामेछे.माटे अमारा मनना ए मोटा दोषने आप मटाडी

श्लोकमौलेर्गुणवादमा. ॥ श्रुतेश्चविद्वद्भिरुपाकृतायांकथासुधायामुपसंप्रयोगं॥३६॥ आत्मनोवसितोवत्समहिमाकविनादिना॥ संवत्सरस हस्त्रांतधियायोगविपकया ॥३७ ॥ अतोभगवतोमायामायिनामपिमोहिनी॥ यत्स्वयंचात्मवर्त्मात्मानवेदकिमुतापरे ॥३८॥ यतो प्राप्य निवर्ततेवाचश्चमनसासह॥ अहंचान्यइमेदेवास्तस्मैभगवतेनमः३९इ०भा०म०तृ० षष्टोऽध्यायः॥६॥ श्रीशुकउवाच एवंब्रुवाणंमैत्रेयंद्वै पायनसुतो बुधः॥ प्रीणयन्निवभारत्याविदुरःप्रत्यभाषत ॥१॥ विदुरउवाच ब्रह्मन्कथंभगवतश्चिन्मात्रस्याविकारिणः ॥ लीलयाचापियु ज्येरन्निर्गुणस्यगुणाःक्रियाः ॥२॥ क्रीडायामुद्यमोऽर्भस्यकामश्चिक्रीडिषाऽन्यतः॥ स्वतस्तृप्तस्यचकथंनिवृत्तस्यसदान्यतः॥३॥अस्राक्षीद्भ गवान्विश्वंगुणमय्यात्ममायया ॥ तयासंस्थापयत्येतद्भूयःप्रत्यभिधास्यति॥४॥ देशतःकालतोयोऽसाववस्थातःस्वतोऽन्यतः॥ अविलुप्ताव बोधात्मासयुज्येताजयाकथं॥५॥ भगवानेकएवैकःसर्वक्षेत्रेष्ववस्थितः॥ अमुष्यदुर्भगत्वंवाक्लेशोवाकर्मभिःकुतः॥६॥ एतस्मिन्मेमनोविद्व न्खिद्यतेज्ञानसंकटे ॥ तन्नःपराणुदविभोकश्मलंमानसंमहत् ॥७॥श्रीशुकउवाच सइत्थंचोदितःक्षत्रातत्त्वजिज्ञासुनामुनिः॥प्रत्याहभग वच्चित्तःस्मयन्निवगतस्मयः॥८॥मैत्रेयउवाच सेयंभगवतोमायायन्नयेनविरुध्यते। ईश्वरस्यविमुक्तस्यकार्पण्यमुतबंधनं॥९॥ यदर्थेनविना ऽमुष्यपुंसआत्मविपर्ययः॥प्रतीयतउपद्रष्टुःस्वशिरश्छेदनादिकः॥ १०यथाजलेचंद्रमसःकंपादिस्तत्कृतोगुणः॥ दृश्यतेऽसन्नपिद्रष्टुरात्मनोऽ नात्मनोगुणः॥११॥ सवैनिवृत्तिधर्मेणवासुदेवानुकंपया॥ भगवद्भक्तियोगेनतिरोधत्तेशनैरिह ॥१२॥ यदेंद्रियोपरामोथद्रष्ट्रात्मनिपरेहरौ ॥ विलीयंतेतदाक्लेशाःसंसुप्तस्येवकृत्स्नशः॥१३॥ अशेषसंक्लेशशमंविधत्तेगुणानुवादश्रवणंमुरारेः॥ कुतःपुनस्तच्चरणारविंदपरागसेवारतिरा त्मलब्धा॥१४॥विदुरउवाच संछिन्नःसंशयोमह्यंतवसूक्तासिनाविभो॥ उभयत्रापिभगवन्मनोमेसंप्रधावति ॥१५॥ साध्वेतद्व्याहृतंविद्वन्ना त्ममायायनंहरेः॥ आभात्यपार्थंनिर्मूलंविश्वमूलंनयद्बहिः॥१६॥ यश्चमूढतमोलोकेयश्चबुद्धेःपरंगतः॥ तावुभौसुखमेधेतेक्लिश्यत्यंतरितोज

दीओ. ॥७॥ श्रीशुक–ए रीते तत्वने जाणवानी ईच्छावाळा वीदुरे पुछेला भगवानमां चीत्तवाळा अने मोटाई रहीत मुनी मैत्रेये, मोटाई बताववानी पेठे उत्तर आप्यो के. ॥८॥–मैत्रेय–तर्कथी वीरुद्ध जनारी (एटले तर्क करवा वडे अवळुं समजाय एवी) भगवाननी माया छे अने ते थकीज, समर्थ अने मुक्त एवा (देहमां रहेला, आत्माने, रांकपणुं अने बंधन थयेलानुं देखाय छे. ॥९॥ पुरुशने खरी रीते आत्म घात (एटले जन्म मरण थवानुं) न होवा छतां, जेनीरीने पोतानो शीरच्छेद आदी थयानुं मनावानी पेठे, ते पण मनाय छे. ॥ १० ॥ जेम पाणीमांना चंद्रने वीशे, कंप आदीक जळना गुणो नहीं होवा छतां जणाय छे. तेमज द्रष्टा एवा आत्माने वीशे, अनात्म देहादीकना गुणो पण नहीं होवा छतांज देखाय छे. ॥ ११ ॥ ते जणावानुं, वासुदेव भगवाननी दया वडे, नीवृत्ती धर्मना आचरणथी अने भगवाननी भक्तीना योगथी धीमे धीमे नाश पामी जाय छे. ॥१२॥ ज्यारे द्रष्टा अने आत्मा एवा हरी परमात्माने वीशे इं-द्रीयो उपराम (शांती) पामे छे. त्यारे उंघी गयेला माणसनी पेठे पुरुशना सघळा क्लेशो नाश पामी जाय छे. ॥१३॥ मुरारी भगवानना गुणानुवादना श्रवणथकीज सघळा क्लेशोनी शांती थाय छे. त्यारे तेज भगवा-नना चरणारवींदनी रजनुं सेवन करवामां जेनुं मन प्रीतीवाळुं थयेलुं होय तेने माटे तो पुछवानुंज शुं ? (अर्थात तेना क्लेशो तो मटया वीना केमज रहे.) ॥१४॥–विदुर–हे समर्थ मैत्रेय, आपनी वाणी रूप तरवारथी मारो संशय छेदाई गयो छे. हवे मारुं मन बेउ बाबतमां (एटले अखंडीत ज्ञानवाळा आत्माने अवीद्यानो संबंध थवानुं अने ते थकी पछीथी निवृती थवानुं केवी रीते मानवामां आवे छे तेमां) सारी रीते प्रवेश करी शके छे. ॥१५॥ हे वीद्वान, ए सघळुं नीर्मुळ अने अर्थ वीनानुं (मीथ्या) होवा छतां, ह-री भगवान पोतानी मायानो आश्रय करवा वडेज, तेवो आभास थाय छे. केमके वीश्वनुं मुळ तेनी बहार नथी. ॥१६॥ आ लोकने वीशे जेओ अती मुढ छे, तथा जेनी बुद्धीमां परमात्मा जणाया छे (एटले जे

જ્ઞાની છે) તે બેકે સુખથી ઊંઘે છે. અને વચમાંના લોકોજ કલેશ પામનારા છે. ॥ ૧૭ ॥ અનાત્મ (જડ) પદાર્થાદીક દેહઆદી લોકને સર્વનો અર્થ વડે અભાવ, એટલે ખરી રીતે તે નહીં હોવાનો નીશ્ચય તો મને થઇ ગયો છે. પણ તેનું પ્રતીત થવાપણું એટલે તે દેખાવાપણું રહેલું છે. તેને પણ હું આપના ચરણની સેવાવડે દુર કરીસજ. ॥૧૮॥ જે સેવાવડે, દુઃખોનો નાશ કરનારા કુટસ્થ–અને મધુ દૈત્યે જેમનો દ્વેશ કર્યો હતો એવા ભગવાનના ચરણને વીશે તીવ્ર ભક્તી ઉત્પન્ન થાય છે. ॥૧૯॥ અને જ્યાં દેવના દેવ જનાર્દન ભગવાન હમેશાં ગવાયા કરે છે એવા (આપના સરખા) વૈકુંઠ ભગવાનના માર્ગમાં ચાલનારા ભક્તોની સેવા અલ્પ તપવાળાઓ (માસ સરખા) ને મળવી ઘણીજ કઠણ છે. ॥ ૨૦ ॥ હવે ત્રણ શ્લોકથી મૈત્રેયે કહેલુંજ કહીને પછી અધ્યાયની સમાપ્તી સુધી વીદુરજી બીજા પ્રશ્નો પુછે છે. પેહેલા વેહેલાં, મહતત્વ આદીને, તેમના વીકારો સહીત અનુક્રમે ઉત્પન્ન કરીને, તેઓ થકી વીરાટ ઉત્પન્ન કરી, તેમાં સમર્થ ભગવાન પ્રવેશ કરી રહેલા છે. ॥૨૧॥ જેને વીશે જોઇયે તેટલા અવકાશથી આ લોકો સહીત આખુ વીશ્વ, રહેલું છે એવા તે આદી પુરૂશ, હજારો પગ, ઉરૂ, અને હાથવાળા હોવાનું કહેવાય છે. ॥૨૨॥ આપે કહેલ, જેને વીશે દશ પ્રકારના પ્રાણ છે. અને ઇંદ્રીયોના અર્થો સહીત ઇંદ્રીયાદીકવડે જે ત્રણ પ્રકારના (અધ્યાત્મ અધીભુત–અને અધીદેવ વડે) છે તથા વર્ણો જેના થકી થયેલા છે તે (ભગવાનની વીભુતીઓ (એટલે વીભૂત સૃષ્ટી) આપ અમને કહો. ॥૨૩॥ કે જેની વીચીત્ર આકૃતીવાળી પ્રજાઓથી અને તેના પુત્રો, પૌત્રો, પ્રપૌત્રો અને ગોત્રજોથી આ જગત ભરાઇ ગયેલું છે. ॥૨૪॥ પ્રજાપતીઓના પતી (બ્રહ્માએ,) કેટલા પ્રજાપતીઓની, સર્ગોની, અનુસર્ગોની, અને મનુઓની તથા મન્વંતરોના અધીપતીઓની કલ્પના કરેલી છે, તે કહો. ॥૨૫॥ હે મૈત્રેય, એ મનુઓના વંશો, તે વંશોમાં થયેલા રાજાઓનાં ચરીત્રોઃ અને પૃથ્વીની ઉપર તથા નીચેના લોકની અને ભુલોકની જગાઓનાં પ્રમાણ એ કહો. તથા પશુ પક્ષી–મનુષ્ય–દેવતાઓ–અને પેટ

नः॥१७॥ अर्थाभावंविनिश्चित्यप्रतीतस्यापिनात्मनः॥ तांचापियुष्मच्चरणसेवयाऽहंपराणुदे ॥१८॥ यत्सेवयाभगवतःकूटस्थस्यमधुद्विषः ॥ रतिरासोभवेत्तीव्रःपादयोर्व्यसनार्दनः॥१९॥ दुरापाह्यल्पतपसःसेवावैकुंठवर्त्मसु॥ यत्रोपगीयतेनित्यंदेवदेवोजनार्दनः ॥२०॥ सृष्ट्वाग्रेमहदादीनिसविकाराण्यनुक्रमात्॥तेभ्योविराजमुद्धृत्यतमनुप्राविशद्विभुः॥२१॥ यमाहुराद्यंपुरुषंसहस्रांघ्र्यूरुबाहुकं॥ यत्रविश्वइमेलोकाःसविकाशंसमासते॥२२॥ यस्मिन्दशविधःप्राणःसेंद्रियार्थेंद्रियस्त्रिवृत्॥ त्वयेरितोयतोवर्णास्तद्विभूतीर्वदस्वनः ॥२३॥ यत्रपुत्रैश्चपौत्रैश्चनप्तृभिः सहगोत्रजैः॥प्रजाविचित्राकृतयआसन्याभिरिदंततं॥२४॥प्रजापतीनांसपतिश्चक्लृपेकान्प्रजापतीन्॥सर्गांश्चैवानुसर्गांश्चमनून्मन्वंतराधिपान्॥२५॥ एतेषामपिवंशांश्चवंश्यानुचरितानिच॥उपर्यधश्चयेलोकाभूमेर्मित्रात्मजासते ॥२६॥ तेषांसंस्थांप्रमाणंचभूर्लोकस्यचवर्णय ॥ तिर्यङ्मानुषदेवानांसरीसृपपतत्त्रिणां॥ वदनःसर्गसंव्यूहंगार्भस्वेदद्विजोद्भिदां॥२७॥ गुणावतारैर्विश्वस्यसर्गस्थित्यप्ययाश्रयं॥ सृजतःश्रीनिवासस्यव्याचक्ष्वोदारविक्रमं ॥२८॥ वर्णाश्रमविभागांश्चरूपशीलस्वभावतः॥ ऋषीणांजन्मकर्मादिवेदस्यचविकर्षणं॥२९॥ यज्ञस्यचवितानानियोगस्यचपथःप्रभो ॥ नैष्कर्म्यस्यचसांख्यस्यतंत्रंवाभगवत्स्मृतं॥३०॥ पाखंडपथवैषम्यंप्रतिलोमनिवेशनं ॥ जीवस्यगतयोयाश्चयावतीर्गुणकर्मजाः ॥३१॥ धर्मार्थकाममोक्षाणांनिमित्तान्यविरोधतः॥ वार्तायादंडनीतेश्चश्रुतस्यचविधिंपृथक्॥३२॥ श्राद्धस्यचविधिंब्रह्मन्पितृणांसर्गमेवच॥ग्रहनक्षत्रताराणांकालावयवसंस्थितिं॥३३॥दानस्यतपसोवापियच्चेष्टापूर्तयोःफलं॥ प्रवासस्थस्ययोधर्मोयश्चपुंसउतापदि ॥३४॥ येनवाभगवांस्तुष्येद्धर्मयोनिर्जनार्दनःसंप्रसीदतिवायेषामेतदाख्याहिचानघ ३५ अनुव्रतानांशिष्याणांपुत्राणांचद्विजोत्तम ॥अनापृष्टमपिब्रूयुर्गुरवोदीनवत्सलाः॥३६॥तत्त्वानांभगवंस्तेषांकतिधाप्रतिसंक्रमः॥ तत्रेमंकउपासीरन्क उस्विदनुशेरते॥३७॥ पुरुषस्यसंस्थानं स्वरूपंवापरस्यच॥ज्ञानंचनैगमंयत्तद्गुरुशिष्यप्रयोजनं॥ निमित्तानिचतस्येहप्रोक्तान्यनघसूरिभिः ॥३८॥ स्वतोज्ञानंकुतःपुंसांभ

ચાલનારા પ્રાણીઓ વીગેરેની સૃષ્ટી; અને તેમના અંડજ, સ્વેદજ, જરાયુજ, અને ઉદભીજ એ વીભાગો વીશે પણ અમારી પાસે કહો. ॥૨૬–૨૭॥ અને વીશ્વની ઉત્પત્તી સ્થીતી અને લયના આશ્રય રૂપ ગુણો વડે (બ્રહ્મા–વીશ્નુ–અને રૂદ્ર) એવા અવતારો ધરનારા, લક્ષ્મીના સ્થાનક રૂપ એ ભગવાનનાં ઉદાર પરાક્રમોનું વર્ણન કરો. ॥૨૮॥ સ્વભાવ અને આચરણ વડે થતા વર્ણ અને આશ્રમોના વીભાગો તેમની નીશાંનીઓ સહીત કહો, ઋષીઓના જન્મ અને કર્મો તથા વેદના વીભાગો પણ કહો. ॥૨૯॥ હે સમર્થ, યજ્ઞના વીસ્તાર, યોગના માર્ગ, અને ભગવાને કહેલ સાંખ્ય અને નીષ્કામ કર્મો કરવાનાં શાસ્ત્રો વીશે પણ કહો. ॥૩૦॥ પાખંડ મત વાળાઓની અવળાઇ, પ્રતીલોમ જાતીઓ થવાના પ્રકાર, અને ગુણો તથા કર્મો વડે ઉત્પન્ન થતી જીવની જેટલી ગતીઓ હોય તે સર્વ કહો. ॥૩૧॥ ધર્મ–અર્થ–કામ–અને મોક્ષ એમનાં એક બીજાને વીરોધ ન કરે એવાં નીમીતો, વાર્તા એટલે વૈશ્યની આજીવીકાઓ, અને દંડનીતી એટલે ક્ષત્રીઓની આજીવીકાઓ અને ધર્મો, તથા શાસ્ત્રશ્રવણ કરવાનો વીધી, એ સર્વ પ્રથક પ્રથક કહો. ॥૩૨॥ શ્રાધનો વીધી, પીતૃઓની સૃષ્ટી, ગ્રહ–નક્ષત્ર–અને તારાઓની કાળચક્રમાં ગોઠવણ, એ પણ કહો. ॥૩૩॥ દાનનું–તપનું–ઇષ્ટ કર્મો કરવાનું–અને પુર્ત એટલે વાવકુવા ધર્મશાળા સદાવ્રત અને પરબ આદી કરાવવાનું ફળ કહો. તથા પ્રવાસમાં રહેલાઓના અને આપદામાં આવી પડેલા પુરૂશોના ધર્મો કહો. ॥૩૪॥ તેમજ હે અનઘ, ધર્મયોની જનાર્દન ભગવાન કેવે પ્રકારે ચાલવાથી અને કેવા પુરૂશોના ઉપર પ્રસન્ન થાય છે તે મને કહી સંભળાવો. ॥૩૫॥ હે ઉત્તમ દ્વીજ, રાંક ઉપર પ્રીતી કરનારા ગુરૂઓનો, આજ્ઞાકારી શીષ્યોને અને પુત્રોને વગર પુછેલું પણ કેહેછેજ. માટે દરેક પ્રલય વખતે કેટકેટલાં તત્વો નાશ પામે છે, અને જ્યારે ભગવાન જળમાં પોઢે છે ત્યારે તેઓમાંનાં કેટલાં તત્વો તેમની ઉપાસના કરતાં, તેમની પાસે રહે છે. તે કહો. ॥૩૬–૩૭॥ તથા પરમાત્માના સ્વરૂપમાં પુરૂષનું (દેહમાં રહેલા આત્માનું) ભળી જવું થવા બદલ શાસ્ત્રમાં બતાવેલું જ્ઞાન કહો. અને ગુરૂ

અને ફળનું પ્રયોજન કહેવાની સાથે તેનું જ્ઞાન થવાનાં જે સાધનો નીષ્પાપ જ્ઞાનવાન પુરૂષોએ કહેલાં હોય તે પણ કહો. ॥૩૮॥ અને પુરૂષને પોતાથીજ, વૈરાગ્ય–ભક્તી–અને જ્ઞાન કેવી રીતે થાય છે, અથવા નથી થતું; હરી ભગવાનનાં કર્મોને જાણવાની ઇચ્છાથી, હું અજ્ઞાની અને માયાથકી દષ્ટી નાશ પામેલાએ પુછેલા એ પ્રશ્નોના ઉત્તર આપ મીત્ર ભાવથકી આપો. ॥૩૯॥ કેમકે હે નીષ્પાપ, સઘળાં વેદ–યજ્ઞો–તપ–અને દાનો ભગવાને પણ; જીવને અભય આપવાના સોળમા ભાગની બરાબરી કરી શકતાં નથીજ. ॥૪૦॥–શ્રીશુક–કુરૂઓમાં શ્રેષ્ટ વીદુરે, મુનીઓમાં શ્રેષ્ટ મૈત્રેયને એ રીતના પ્રશ્નો કરવાથી પુછવાથી, હર્ષ વધેલા, અને ભગવાનની કથા કહેવાને પ્રેરાયલા મૈત્રેય મુની હસવાની પેઠે બોલ્યા કે. ॥૪૧॥ ઇતી૦ભા૦ત્રી૦સ્કં૦સાતમો અ૦સં૦ ॥ ૭ ॥

અધ્યાય ૮ મો.—મૈત્રેય—જે વંશમાં, ભગવતીઓમાં મુખ્ય–લોકનું પાલન કરનારા–અને અજીત ભગવાનના યશની સાંકળને ક્ષણે ક્ષણે નવી કરનારા તમે ઉત્પન્ન થયા છો, તે પુરૂ રાજાનો વંશ સત્પુરૂષોએ સેવવાને યોગ્ય છે. ॥૧॥ સાક્ષાત ભગવાન (સંકર્ષણે) સનત્કુમારોને કહેલું ભાગવત નામનું પુરાણ, ક્ષુદ્ર સુખોની ઇચ્છાથી મોટા દુઃખોમાં પડનારા મનુષ્યોનો તે થકી છુટકો થવાને માટે, હું તમારી આગળ કહુંછું. ॥૨॥ પાતાળ લોકમાં બીરાજેલા–પ્રતીબંધ રહીત જ્ઞાનવાળા–અને પતીની કામનાવાળી નાગ કન્યાઓએ પ્રેમ સહીત પુજનના અનેક સરસામાનવડે પુજેલા આદી દેવ ભગવાન સંકર્ષણના પાદ પીઠને, ગંગાજીના જળથી ભીંજાયલા પોતાની જટાના સમુદાયોવડે; પરમાત્માના તત્વને જાણવાની ઇચ્છાવાળા સનત્કુમારાદી (ચાર) મુનીઓએ, સ્પર્શ અને પ્રણામ કરીને પ્રેમથી ગળગળો સાદ થઇ જતાં, વચે વચે પડી જતા અક્ષરોવાળી વાણીથી સ્તુતી કરીને પુછવાથી; તે પોતે પોતાનેજ આશ્રયે રહેલા–વાસુદેવ નામવાળા–પરમાનંદ રૂપ–અને ધ્યાનવડે અનુભવ કરતા પોતે, પોતાનીજ બહુ ઉત્કર્ષવડે પુજા કરતા. અત્યંત સમર્થ સંકર્ષણ ભગવાને એ કુમારોને જ્ઞાન આપવાની ઇચ્છાથી પોતાની કમળ જેવી આંખ્યો ઉઘાડીને, એ નીવૃતી ધર્મમાં રહેલાઓને આ

त्रिर्वैराग्यमेववा॥ एतान्मेपृच्छतःप्रश्नान्हरेःकर्मविवित्सया॥ ब्रूहिमेऽज्ञस्यमित्रत्वादजयानष्टचक्षुषः॥३९॥ सर्वेवेदाश्चयज्ञाश्चतपोदाना निचानघ॥ जीवाभ[illegible]कुर्वीरन्कलामपि ॥४०॥ श्रीशुकउवाच स[illegible]त्थमा[illegible]ष्टपुराणकल्पःकुरुप्रधानेनमुनिप्रधानः॥ प्रवृद्ध[illegible]र्षोभ गवत्कथायांसंचोदितस्तंप्रहसन्निवा[illegible]॥४१॥इ०भा०म०तृ०सप्तमोऽध्यायः॥७॥ मैत्रेयउवाच सत्सेवनीयोबतपूरुवंशोयल्लोकपालोभग वत्प्रधानः॥ बभूविथेहाजितकीर्तिमालांपदेप[illegible]क्ष्णं॥१॥ सोहंनृणांक्षुल्लसुखाययदुःखंमहद्गतानांविरमायतस्य॥प्रवर्तयेभागवतं पुराणंयदा[illegible]साक्षाद्भगवान्[illegible]षि[illegible]यः ॥२॥ आ[illegible]भगवं[illegible]माद्यंसंकर्षणंदेवमकुंठसत्वं ॥ विवित्सवस्तत्त्वमतःपरस्यकुमारमुख्यामुनयोऽ न्वपृच्छन् ॥३॥ स्वमेवधिष्ण्यंबहुमानयंतंयंवासुदेवाभिधमामनंति॥ प्रत्यग्धृताक्ष[illegible]तंविबुधोदयाय॥४॥ स्वर्धुन्युदा र्द्रैःस्वजटाकलापैरुपस्पृशंतश्चरणोपधानं॥ पद्मंयदर्चंत्यहिराजकन्याःसप्रे[illegible]नानाबलिभिर्वरार्थाः ॥५॥ मुहुर्गृणंतोवचसाऽनुर[illegible]दे नास्यकृतानितज्ज्ञाः॥ किरीटसाहस्रमणिप्रवेकप्रद्योतितोद्दामफणास[illegible]स्रं॥६॥ प्रोक्तंकिलैतद्भगवत्तमेननिवृत्तिधर्माभिरतायतेन॥सनत्कु मारायसचाहपृष्टःसांख्यायनायांगधृतव्रताय ॥७॥ सांख्यायनःपारमहंस्यमुख्योविवक्षमाणोभगवद्विभूतीः ॥ जगादसोऽस्मद्गुरवेऽन्विता यपराशरायाथ[illegible]स्पतेश्च ॥८॥ प्रोवाचमह्यंसदयालुरुक्तोमुनिःपुलस्त्येनपुराणमा[illegible]॥ सोऽहंतवैतत्कथयामिवत्सश्रद्धालवेनित्यमनुव्रताय ॥९॥ उदाप्लुतंविश्वमिदंतदासीद्यन्निद्रयाऽमीलितदृङ्न्यमीलयत्॥अहींद्रतल्पेऽधिशयानएकःकृतक्षणः[illegible]रतौनिरिहः॥१०॥ सोऽतःश रीरेऽर्पितभूतसूक्ष्मःकालात्मिकांशक्तिमुदीरयाणः ॥ उवासतस्मिन्सलिलेपदेस्वेयथानलोदारुणिरुद्धवीर्यः ॥११॥ चतुर्युगानांचसहस्रम प्सुस्वपन्स्वयोदी[illegible]शक्त्या ॥ कालाख्ययासादितकर्मतंत्रोलोकानपीतान्ददृशेस्वदेहे॥१२॥ तस्यार्थसूक्ष्माभिनिविष्टदृष्टेरंतर्गतोऽ र्थोरजसातनीयान् ॥ गुणेनकालानुगतेनविद्धःसूष्यंस्तदाऽभिद्यतनाभिदेशात्॥१३॥ सपद्मकोशःसहसोदतिष्ठत्कालेनकर्मप्रतिबोधनेन

ભાગવત કહી સંભળાવ્યું હતું. અને પછીથી તેમણે, વ્રતધારી સાંખ્યાયન રૂશીના પુછવાથી તેમને કહી સંભળાવેલું હતું. ॥૩–૪–૫–૬–૭॥ પછી તે ભાગવત્ ભગવાનની વીભુતીઓનું વર્ણન કરવાની ઇચ્છાવાળા અને પરમહંસના ધર્મોપાળનારાઓમાં શ્રેષ્ટ સાંખ્યાયને, તેમને અનુસરનારા અમારા ગુરૂ પરાશરને અને બૃહસ્પતીને કહ્યું. ॥૮॥ હે વત્સ (વીદુર), પછી એ દયાળું પરાશર જેમને મહામુની પુલસ્ત્યે, શ્રેષ્ટ પુરાણ વક્તા કહેલ છે, તેમણે, મને કહ્યું હતું, તેજ ભાગવત હું, મને નીત્ય અનુસરનારા અને શ્રદ્ધાવાન એવા તમને કહુંછું. ॥૯॥ પ્રલયના જળમાં આ વીશ્વ બુડેલું હતું ત્યારે (ચૈતન્ય શક્તીવડે) જોવાની શક્તી નહીં નાશ પામેલા–શેશનાગ રૂપ શઇયા ઉપર પોઢેલા–સ્વરૂપને વીશે આનંદ માણતા–ક્રીયા રહીત–અને એકજ એવા ભગવાન સમય જાણીને પોતાની આંખ્યો મીંચીને નીંદ્રા કરવા લાગ્યા. ॥૧૦॥ અને પોતાનું પરાક્રમ ઢાંકીને લાકડાંને વીશે રહેલા અગ્નીની પેઠે, પોતાની કાળ શક્તીને પ્રેરણા કરીને પાંચ મહા ભુતોના સુક્ષ્મ રૂપ (શબ્દ–સ્પર્શ–રૂપ–રસ–અને ગંધ)ને પોતાના શરીરની અંદર ધારણ કરીને તે ભગવાન પ્રલયના જળમાં પોતાના સ્થાનને વીશે રહ્યા. ॥૧૧॥ ચારે યુગો હજારવાર જતા સુધી જળમાં નીંદ્રા કરીને પોતાની પ્રકાશ પામેલી કાળ શક્તીવડે કર્મ કરવાનું સાધન મેળવતાંજ તેમણે પોતાના દેહને વીશે સર્વ લોકને જોયા. ॥૧૨॥ પછી તેમાં રહેલા સુક્ષ્મ અર્થ (શબ્દ–સ્પર્શ–રૂપ–રસ–ને ગંધ) તરફ ભગવાનની નજર થતાં, ક્રમે કરીને રજો ગુણવડે તેમનો વીકાર થઇને, તે વીકાર પામેલો પદાર્થ, ભગવાનની નાભીને ભેદીને ઉપર નીકળ્યો. ॥૧૩॥ એટલે તે, આત્મા (ભગવાન) થકી ઉત્પન્ન થનાર–પોતાના તેજથી વીશાળ જળને સુર્યની પેઠે પ્રકાશીત કરનાર–અને કર્મ કરવાના જ્ઞાનવાળું "કમળકોશ," ક્રમે કરીને એકાએક ઉપર નીકળી આવ્યું. ॥૧૪॥ એ લોક રૂપી કમળમાં તે વીશ્નુ ભગવાનજ પ્રવેશ કરી રહેવાથી, તેની અંદર સર્વે ગુણો (એટલે પ્રકૃતીનાં કારણરૂપ તત્વો, અને સર્વદશ્ય માત્ર.) ભાસમાન થાય છે.અને તે કમળમાં બ્રહ્મા પોતાથીજ ઉત્પન્ન થવાથી, તે "સ્વયંભુવ" કહેવાય છે.॥૧૫॥

તે કમળની કર્ણીમાં બેઠેલા બ્રહ્માએ લોકને નહીં દેખવાથી આકાશમાં સર્વ દીશામાં નજર ફેરવતાં દરેક દીશા તરફ એક, એમ તેમને ચાર મુખ થયાં. ॥૧૬॥ પ્રલયના વાયુથી, મોટાં મોટાં મોજાંઓ આવતા તે પાણીમાં, પાણીનાજ આશ્રયવાળા કમળ ઉપર બેઠેલા (બ્રહ્મા) એ, વીચાર કરતા છતાં પોતાના તેમજ (જે-નાથી પોતે થયા છે તે) આદી દેવના તત્વને બરાબર જાણ્યું નહીં. ॥૧૭॥ (ત્યારે વીચાર્યું. કે) આ કમળમાં બેઠેલો હું કોણ છું? પાણીમાં બીજી વસ્તુ વીના આ કમળ ક્યાંથી થયું? આની નીચે જેમાં આ કમળ થયેલ છે તે સત વસ્તુ, કોઇ પણ પ્રાચીન હોતી જોઇએ! ॥ ૧૮ ॥ હે વીદુર, એવું વીચારીને તે કમળના નાળની માંહેના છીદ્રને માર્ગે, તેનું મુળ શોધવાને બ્રહ્મા નીચે નીચે ગયા. અને પોતે ક્યાંથી ઉત્પન્ન થયા તેનો, એ અપાર અંધકારમાં શોધ કરતાં કરતાં તેમને; જેથી દેહ ધારી (મનુષ્યો અને દેવો આદી)ના આયુષ્ય ક્ષીણ થઇ જઇને તેઓને ભય (એટલે મૃત્યુ) ની પ્રાપ્તી થાય છે. એટલો (સો વરસનો) ઘણો મોટો, અને અજન્મા ભગવાનના હથીયાર (સુદર્શન ચક્ર) રૂપ કાળ વીતી ગયો. તોપણ તે તેને જાણી શક્યા નહીં. ॥૧૯-૨૦॥ ત્યારે પોતાની ઇચ્છા પાર નહીં પડેલા એ બ્રહ્મા, ત્યાંથી પાછા ફરીને, પોતાને મુળ ઠેકાણે (કમળના ઉપરને ભાગે) આવીને ફરીથી બેઠા. અને ધીમે ધીમે શ્વાસને જીતીને તથા શાંત મન કરીને, સમાધીવડે યોગ કરવા લાગ્યા. ॥૨૧॥ અને પુરૂષના આયુષ્ય જેટલો કાળ (એટલે સો વરસ) એ બ્રહ્માએ યોગ કર્યો ત્યારે તેમને પોતાના હૃદયને વીશે, આગલ જોવામાં નહીં આવેલું એવું ભગવાનનું સ્વરૂપ જોવામાં આવ્યું અને તેનું જ્ઞાન પણ થયું. ॥૨૨॥ (તે સ્વરૂપ એવું હતું કે.) કમળની નાડી જેવા ધોળા શેશનાગ રૂપી પલંગ, જે હજારો ફણો ઉપરના મણીઓથી, મહા પ્રલયના જળના અંધકારને મટાડીને પ્રકાશ કરતો હતો. અને તેના ઉપર એક પુરૂશ સુતેલો હતો. ॥૨૩॥ તે પુરૂશ સંધ્યાનાં વાદળાં સરખાં વસ્ત્રો પેહેરેલાં, રત્નો-જળધારા-ઓ-ષધીઓ-અને ફુલોની વનમાળા ધારણ કરેલો, વાંસ અને ઝાડો રૂપ હાથ પગવાળો, તથા સોનાના શીખરો-

॥ स्वरोचिपातत्सलिलविशालंविद्योतयन्नर्कइवात्मयोनिः ॥१४॥ तल्लोकपद्मंसएवविष्णुःप्रावीविशत्सर्वगुणावभास ॥ तस्मिन्स्वयंवेदम योविधातास्वयंभुवंयंस्मवदंतिसोऽभूत् ॥१५॥ तस्यांसचांभोरुहकर्णिकायामवस्थितोलोकमपश्यमानः ॥ परिक्रमन्व्योम्निविवृत्तनेत्रश्चत्वा रिलेभे [illegible]दिशंमुखानि ॥१६॥ तस्माद्युगांतश्वसनावघूर्णजलोर्मिचक्रात्सलिला[illegible]रूढः ॥ अपाश्रितःकंजमुलो[illegible]तत्त्वंनात्मानमद्धाऽविददादि देवः ॥१७॥ कएषयोऽसावहमब्जपृष्ठएतत्कुतोवाऽब्जमनन्यदप्सु ॥ अस्तिह्यधस्तादिहकिंचनैतदधिष्ठितंयत्रसतानुभाव्यं ॥१८॥ सइत्थमुद्वी क्ष्यतदब्जनालनाडीभिरंतर्जलमाविवेश ॥ नार्वाग्गतस्तत्खरनालनालनाभिंविचिन्वंस्तदविंदताजः ॥१९॥ तमस्यपारेविदुरात्मसर्गंविचिन्व तोऽभूत्सुम[illegible]त्रिणेमिः ॥ योदेहभाजांभयमीरयाणःपरिक्षिणोत्यायुरजस्यहेतिः ॥२०॥ ततोनिवृत्तोऽप्रतिलब्धकामःस्वधिष्ण्यमासाद्यपु नःसदेवः ॥ शनैर्जितश्वासनि[illegible]त्तचित्तोन्यषीददारूढसमाधियोगः ॥२१॥ कालेनसोऽजःपुरुषायुषाऽभिप्रवृत्तयोगेनविरूढबोधः ॥ स्वयंतद ंतर्हृदयेऽवभातमपश्यतापश्यतयन्नपूर्वं ॥२२॥ मृणालगौरायतशेषभोगपर्यंकएकंपुरुषंशयानं ॥ फणातपत्रायुत[illegible]र्धरत्नद्युभिर्हतध्वांतयुगां ततोये ॥२३॥ प्रेक्षांक्षिपंतं[illegible]रितोपलाद्रेःसंध्याभ्रनीवेरुरुरुक्ममूर्ध्नः ॥ रत्नोद[illegible]नमस्यवनस्रजोवेणुभुजांघ्रिपांघ्रेः ॥२४॥ आयाम तोविस्तरतः[illegible]दे[illegible]नलोकत्रयसंग्रहेण ॥ विचित्रदिव्याभरणांशुकानांकृतश्रियाऽपाश्रितवेषदेहं ॥२५॥ पुंसांस्व[illegible]गमायविविक्तमार्गैर [illegible]घांघ्रिपद्मं ॥ प्र[illegible]पयानर्खे[illegible]मयूखभिन्नांगुलिचारुपत्रं ॥२६॥ [illegible]खेनलोकार्तिहरास्मितेनपरिस्फुरत्कुंड[illegible]डितेन ॥ शोणा यितेनाधरबिंबभासाप्रत्यर्हयंतंसुनसेनसुभ्र्वा ॥२७॥ क[illegible]बकिंजल्कपिशंगवाससास्वलंकृतंमेखलयानितंबे ॥ हारेणचानंतधनेनवत्सश्रीव त्सवक्षस्थलवल्लभेन ॥२८॥ परार्ध्यकेयूरमणिप्रवेकपर्यस्तदोर्दंडस[illegible]स्रशाखं ॥ अ[illegible]क्तमूलंभुवनांघ्रिपेंद्रमहींद्रभोगैरधिवीतवल्शं ॥२९॥ चरा चर[illegible]भगवन्म[illegible]ध्रिमहींद्रबंधुं सलिलोपगूढं ॥ किरीटसाहस्रहिरण्यशृंगमाविर्भवत्कौस्तुभरत्नगर्भं ॥३०॥ निर्वीतमाम्नायमधुव्रतश्रिया

[illegible] મંડલ મણીના પર્વતને પણ શોભામાં ધીક્કારતો હોય એવો જણાતો હતો. ॥૨૪॥ અને ત્રણે લોકના નીવાસ રૂપ, વીવીધ પ્રકારનાં દીવ્ય ઘરેણાં અને વસ્ત્રોને શોભા આપતો, શણગારેલો, તથા વીસ્તારમાં તે આટલોજ છે એમ કહી શકાય નહીં એવો તેનો દેહ હતો. ॥૨૫॥ તથા શુદ્ધ ધર્મ માર્ગવડે પોતાની કામનાઓને માટે અર્ચન કરતા પુરૂશોને કામદુધા સમાન, અને નખરૂપ ચંદ્રમાની કીરણોવાળી સુંદર આંગળીઓરૂપ પાંદડાંવાળા પોતાના ચરણકમળનું દર્શન કૃપાવડે તે કરાવતા જણાતા હતા. ॥૨૬॥ તેમજ હાલતાં કુંડલોથી શોભતા, હસતા મુખથી લોકની પીડાને હરી લેતા, ઘોલા જેવાં લાલ હોઠથી શોભાયમાન, અને સુંદર નાક તથા સુંદર ભમરોથી, સેવા કરનારાઓને માન આપતા હોય એવા જણાતા હતા. ॥૨૭॥ વળી હે વત્સ, કમળના તાં-તણા જેવાં પીતાંબરથી, કેડની નીચેના ભાગમાં રહેલી કટીમેખળાથી, અને જેમાં શ્રીવત્સનું ચીન્હ છે એવી પોતાની છાતીને પ્રીય રહેલા અત્યંત પ્રીય તથા અમુલ્ય હારથી શોભતા હતા. ॥૨૮॥ અને અમુલ્ય બાજુ-બંધ તથા ઉત્તમ મણીઓથી શોભતી ભુજાઓરૂપ હજારો ડાળીઓ વાળા, તથા શેશનાગની ફણાઓથી વીં-ટાયલા હજારો ખભાઓરૂપ મોટી ડાળોવાળા, એ ત્રણે ભુવનોનાં વૃક્ષોના રાજા (કલ્પવૃક્ષ) સમાન ભગવાન રૂપી ઝાડનું મુળ અવ્યક્ત હતું, એટલે જોવામાં આવતું નહોતું. ॥૨૯॥ તથા સ્થાવર જંગમ જગતને રેહેવાના સ્થાનરૂપ, અને પૃથ્વીને ધારણ કરનારા સર્પરાજ ભગવાન શેશજીના બંધુ તથા છાના રહીને લીલાઓ કરનારા તેમણે, સોનાના શીખરોવાળા હજારો મુકુટો સરખા એક કૌસ્તુભમણીને ધારણ કરેલો હતો. ॥ ૩૦ ॥ તેમજ વેદરૂપ ભમરાઓથી શોભા પામેલી પોતાનીજ કીરતીરૂપ વનમાળા જેમણે પેહેરેલી હતી. એવા એ હરીભ-ગવાનના પદને વીશે, સુર્ય-ચંદ્ર-વાયુ-અને અગ્નીઆદીની પણ ગતી નહોતી. તથા જેની ગતી ત્રણે લોકમાં કોઇ ઠેકાણે અટકતી નથી એવું સુદર્શનચક્ર પણ તેમાં નહીં પેસી શકતાં, તેની બહારજ ચારે તરફ આંટા દેતુ રહેલું હતું. ॥૩૧॥ (એ રીતનું સ્વરૂપ દીઠા પછી) જગતના વીધાતા બ્રહ્માએ લોકની સૃષ્ટી કરવાનો વી-

માટે કરતાં તે વખતે, તેમણે ભગવાનના નાભીરૂપ તળાવથકી ઉત્પન્ન થયેલું કમળ–પોતાનો દેહ–પાણી–વાયુ–અને આકાશ એટલાં સીવાય બીજું કાંઇજ દીઠું નહીં. ॥૩૨॥ ત્યારે, રજોગુણી–કર્મના બીજવાળા અને પ્રજાને ઉત્પન્ન કરવાની ઇચ્છાવાળા બ્રહ્માએ, એટલી વસ્તુજ જોઇને, લોકની સૃષ્ટી કરવાનો ઉપાય પોતાને નહીં જણાવાથી, લોકસૃષ્ટી કરવાને માટે, સ્તુતી કરવાને યોગ્ય એવા ભગવાનમાં ચીત્ત લગાડીને તેમની નીચે પ્રમાણે સ્તુતી કરી. ॥૩૩॥ ઇતી શ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો આઠમો અધ્યાય સંપુર્ણ ॥૮॥

અધ્યાય. ૯ મો—બ્રહ્મા—ઘણો કાળ ઉપાસના કરવાથી મે આજેજ આપ ભગવાનને જાણ્યા છે. દેહધારીઓ આપના સ્વરૂપને નથી જાણતા એ દોશ છે. જે કાંઇ જોવામાં આવે છે તે (દૃશ્યમાત્ર) શુદ્ધ એકલે સત્ય નથી. પણ માયાથી ગુણોનો વિકાર થવા વડે આપજ ઘણાં રૂપે દેખાઓ છો. ॥૧॥ જેના નાભી કમળરૂપ સ્થાનમાંથી હું ઉત્પન્ન થયોછું. તે, સર્વ કાળ તમોગુણ રહીત–કેવળ જ્ઞાનરસના ઉદયવાળું–અને સંકડો અવતારોના બીજરૂપ, આ આદીઅવતાર સ્વરૂપ આપે સત્પુરૂશોના ઉપર અનુગ્રહ કરવાને માટેજ ધારણ કરેલું છે. ॥૨॥ આપના અનીવાર્ય તેજવાળા–આનંદમય–વીકલ્પ રહીત–જગતને ઉત્પન્ન કરનાર–જગત જેની અંદર રહેલ છે એવા–અને પાંચ મહાભુત તથા ઇંદ્રિયાદીકના કારણરૂપ–એવા આત્મસ્વરૂપથી જુદુ બીજુ કાંઇજ મારા જોવામાં આવતું નથી. માટે હું તેનોજ આશ્રય લઉંછું. ॥૩॥ આપ જગતના લોકનું કલ્યાણ કરનારાએજ, ઉપાસના કરનાર એવા હુંનું ભલું કરવાને સારૂંજ મને ધ્યાનમાં દર્શન આપ્યું હતું. માટે આપ ભગવાનને હું વારંવાર નમસ્કાર કરૂંછું. જેઓ આપને વીશે આદર કરતા નથી. તેઓ અસતના પ્રસંગે કરીને નરકમાં પડનારા છે. ॥૪॥ પરમ ભક્તીથકી આપ ભગવાનના ચરણને શ્રવણ કરનારા, અને વેદની શ્રુતીઓરૂપ વાયુએ પાસે લેઇ આવેલ આપના ચરણકમળની સુગંધને, કાનના છીદ્રોવડે અનુભવનારા, એવા પોતાના ભક્તોના હૃદયકમળમાંથી આપ દુર થતાજ નથી. ॥૫॥ અભય આપનારા આપના ચરણને, જ્યાં સુધી લોક

स्वकीर्तिमय्यावनमालया . रिं ॥सूर्येंदुवाय्वग्न्ययमंत्रिधामभिःपरिक्रमत्प्राधनिकैर्दुरासदं॥३१॥ तर्ह्येवतन्नाभिसरःसरोजमात्मानमंभःश्व
.नंवियच्च॥ ददर्शे वोजगतोविधातानातःपरंलोकविसर्गदृष्टिः॥३२॥ सकर्मबीजंर. सोपरक्तःप्रजाःसिसृक्षन्नियदेवदृष्ट्वा॥ अस्तौद्विसर्गा
भिमुखस्तमोड्यम. कवर्त्मन्य भिवेशितात्मा॥३३॥ इ०भा०म०तृ०अष्टमोऽध्यायः॥८॥ ब्रह्मोवाच ज्ञातोऽसिमेऽद्यसु. . नुदेहभाजांन
.यतेभगवतोगतिरित्यव.॥ नान्यत्त्वदस्तिभगवन्नपितन्नशुद्धंमायागुणव्यांतकराद्यदु. र्विभासि॥१॥ रू. . .धरसोदयेनशश्वन्नि
वृत्ततमसःसदनुग्रहाय॥आदौगृहीतमवतारशतैकबीजंयन्नाभिपद्मभवनादहमाविरासं॥२॥ नातःपरंपरमयद्भवतःस्वरूपमानंदमात्रमविक
ल्पमविद्धवर्चः॥ पश्यामिविश्वसृजमेकमविश्वमात्मन्भूतेंद्रियात्मकमदस्तउपाश्रितोस्मि॥३॥ तद्वाइदंभुवन. गलमंगलायध्यानेस्मनोदर्शि
तंतउपा .कानां ॥ तस्मैनमोभगवतेऽनुविधेमतुभ्यंयोनादृतोनरकभाग्भिरसत्प्रसंगैः॥४॥ येतुत्वदी. चरणांबुजकोशगंधंजिघ्रंतिकर्णविव
रैःश्रुतिवातनीतं॥ भक्त्यागृ .तचरणःपरयाचतेषांनापैषिनाथहृदयांबुरुहात्स्वपुंसां॥५॥तावद्भयंद्रविणगेहसुहृन्निमित्तंशोकःस्पृहापरिभवो
विपुलश्चलोभः ॥ तावन्ममेत्यसदवग्र .आर्तिमूलपावन्नतेंऽघ्रिमभयंप्रवृणीतलोकः ॥६॥ दैवेनतेहतधियोभवतःप्रसंगात्सर्वाशुभोपशमना
द्विमुखें. . . ॥ कुर्वंतिकामसुखलेशलवायदीनालोभाभिभूतमनसोऽकुशलानिशश्वत् ॥७॥ क्षु.तृट्त्रिधातुभिरिमामुहुरर्द्यमानाःशीतोष्ण
वातवर्षैरितरेतराच्च ॥ कामाग्निनाच्युतरुषाचसुदुर्भरेणसंपश्यतोमनउरुक्रमसीदतेमे ॥८॥ यावत्पृथक्त्वमिदमात्मनइंद्रियार्थमायाबलंभग
वतोजनईशपश्येत्॥ तावन्नसंसृतिरसौप्रतिसंक्रमेतव्यर्थाऽपिदुःखनिवहंवहतीक्रियार्था ॥९॥ अन्ह्यापृततार्तकरणानिशिनिःश. नानानाम
नोरथधियाक्षणभग्ननिद्राः॥दैवाहतार्थरचनाऋषयोऽपिदेवयुष्मत्प्रसंगविमुखाइहसंसरंति॥१०॥त्वंभावयोगपरिभावितहृत्सरोजआस्सेश्रु
तेक्षितपथोननुनाथपुंसां॥ यद्यद्धियातउरुगायविभावयंतितत्तद्वपुःप्रणयसेसदनुग्रहाय॥११॥ नातिप्रसीदतितथोपचितोपचारैराराधितःसु

પ્રાપ્ત થતા નથી. ત્યાં સુધીજ તેમને, ઘર–ધન–અને સંબંધીઓ વીગેરે અસતને વીશે "મારાપણા" નો, દુઃખોને ઉત્પન્ન કરનારો અને જુઠો આગ્રહ બંધાએલો રહીને, તેઓના નીમીતે ભય–શોક–કામના–પરાભવ–અને અત્યંત લોભ એ બધુંજ થયાં કરે છે. ॥૬॥ દૈવથી હણાયલી બુદ્ધિવાળા અને સર્વ અશુભને મટાડનારા આપના પ્રસંગથકી વીમુખ ઇંદ્રીયોવાળા. રાંક અને લોભથી પરાભવ પામેલા મનવાળા એ લોકો, કામનાવાળાં કીંચીત સુખને મેળવવા સારૂંજ હમેશાં પાપ કર્મો કર્યા કરે છે. ॥૭॥ હે ઉરૂક્રમ ભગવાન, ભુખ તરસથી વાત પીત અને કફ એ ત્રણ ધાતુઓથી, ટાઢ–તડકો–વાયુ–અને વરસાદથી, એકબીજા સાથે લઢીમરવાથી, કોઇ રીતે શાંત ન થનાર કામાગ્નીથી, નરોકાય એવા ક્રોધથી, અને કદીએ પુર્ણ ન થાય એવા લોભથી, પીડાતી પ્રજાઓને જોઇને મારૂં મન ખેદ પામે છે. ॥૮॥ હે ઇશ્વર, ઇંદ્રીયોના અર્થરૂપ આ જગતનું, આત્મતત્વ થકી જુદાપણું, આપ ભગવાનની માયાના બળથી જ્યાં સુધી લોકો દેખે છે. ત્યાં સુધી, કર્મ ફળો આપનારો અને દુખ દેનારો, સંસાર ખરૂં જોતાં મીથ્યા હોવા છતાં પણ, તેમનો મટતો નથી. ॥૯॥ દીવસે ઇંદ્રીયોના વીશયોમાં અથડાનારા–રાત્રે ઉંઘમાં નાના પ્રકારના મનોર્થવાળી બુદ્ધીથી પળે પળે જાગી ઉઠનારા–અને ધનસંપાદન કરવાના ઉદ્યોગની રચનાઓ દૈવે નાશ કરી નાંખેલા–એવા આપના પ્રસંગથકી વીમુખ, દેવતા અને રૂશીઓ વીગેરેને પણ અહીં સંસાર થયાંજ કરે છે. ॥૧૦॥ હે ભગવાન, પુરૂશોના ભક્તિ યોગથી પવીત્ર થયેલાં હૃદય કમળમાં, શ્રવણના માર્ગથી જણાનારા આપ વસો છો. અને સત્પુરૂશોના ઉપર અનુગ્રહ કરવાને માટે, આ ઘણો યશ ગવાતા ભગવાનના જેવા જેવા સ્વરૂપની તેઓ બુદ્ધિવડે ધારણા કરે છે તેવાં તેવાં સ્વરૂપો આપ ત્યોછો. ॥૧૧॥ આપ સર્વ પ્રાણીઓના અંતરને વીશે આત્મ સ્વરૂપથી રેહેનારા ભગવાન, કોમળ અંતઃકરણવાળાઓએ કરેલી સર્વ પ્રાણીઓ ઉપરની દયાથી જેવા અત્યંત પ્રસન્ન થાઓ છો તેવા, કામનાઓથી બંધાયલા હૃદયવાળા દેવતાઓ વીગેરે એ મોટા મોટા અને યોગ્ય ઉપચારો સહીત આરાધન કરવા

ધણી પણ પ્રસન્ન થતા નથી. ॥૧૨॥ તેથી, પુરૂષોએ આપ ભગવાનનું આરાધન કરવારૂપ યજ્ઞ-દાન-ઉગ્ર-તપ-અને વ્રતોનું આચરણ તથા સત્ ક્રીયાઓ વીગેરે અહીંયાં કરવાનાં વીવીધ પ્રકારનાં ધર્મ કાર્યો સઘળાંજ, કદી પણ આપ ભગવાનને અર્પણ કર્યાં વીના કરવાં ન જોઇએ. ॥૧૩॥ સર્વદા પોતાના સ્વરૂપના પ્રકાશવડે, મોહથી થનારા ભેદને (દ્વૈતદ્રષ્ટીને) દુર કરનારા; જ્ઞાનસ્વરૂપ; અને વીશ્વની સ્થીતી-ઉત્પત્તી-અને લયમાં લીલાના નીમીતથી ક્રીડા કરનારા: આપ ઇશ્વર ભગવાનને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૧૪॥ જેનાં અવતારો-ગુણો અને કર્મો, ને સુચવનારાં નામોને, પ્રાણ જતી વખતે પરવશ અવસ્થામાં લેનારાઓ, પોતાનાં અનેક જનમનાં પાપોને મટાડીદઇને તુર્ત આપના આવરણ રહીત અને સત્ય સ્વરૂપને પામી જાય છે. એવા અજન્મા ભગવાનને અમે શરણે જઇએ છીએ. ॥૧૫॥ જેનું મુળ પોતેજ એક (ભગવાન) છે. અને જેની ઉત્પત્તી-નાશ અને સ્થીતીના કારણ માટે હું (બ્રહ્મા), રૂદ્ર, અને વીશ્નુ, એવી જેને ત્રણ મોટી ડાળો ફુટીને તેમાંથી ઘણી ડાળીઓ (મનુઓ-દેવતાઓ વીગરે) ફુટેલી છે. એવા "જગતવ્રક્ષ" રૂપ આપ ભગવાનને હું નમુંછું. ॥૧૬॥ વીકર્મ (એટલે શાસ્ત્રે મના કરેલાં કર્મો) ને વીશે પ્રીતીવાળા લોકો, આપેજ કહેલા આપના અર્ચનને માટે નીષ્કામ કર્મો કરવામાં આળસુ હોય છે. એટલામાંજ તેઓના જીવીતની આશાને, બળવાન કાળ રૂપ આપ, અહીંયાંજ કાપી નાંખોછો તે ભગવાનને મારા નમસ્કાર છે. ॥૧૭॥ સર્વ લોકે નમસ્કાર કરેલા સ્થાન (સત્યલોક)ને પામેલો, અને બે પરાર્ધના આયુષ્યવાળો હું પણ જેનાથી બીહુંછું તથા જેને પામવાને સારૂં મેં ઘણાં વરસો સુધી તપ કર્યું છે. તે આ યજ્ઞ સ્વરૂપ ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૧૮॥ જે પશુપક્ષી આદી-મનુષ્ય-અને દેવતાઓ વીગેરેનાં શરીરોમાં પોતાની

रगणैर्हृदिबद्धकामैः॥ यत्सर्वभूतदययासदलभ्ययैकोनानाजनेष्ववहितःसुहृदंतरात्मा॥१२॥ पुंसामतोविविधकर्मभिरध्वराद्यैर्दानेनचोग्रतपसाव्रतचर्ययाच॥ आराधनंभगवतस्तवसत्क्रियार्थोधर्मोऽर्पितःकर्हिचिद्ध्रियतेनयत्र॥१३॥ शश्वत्स्वरूपमहसैवनिपीतभेदमोहायबोधधिषणायनमःपरस्मै॥ विश्वोद्भवस्थितिलयेषुनिमित्तलीलारासायतेनमइदं कृमेश्वराय ॥१४॥ यस्यावतारगुणकर्मविडंबनानिनामानियेऽसुविगमेविवशागृणंति॥ तेनैकजन्मशमलंसहसैवहित्वासंयांत्यपावृतमृतंतमजंप्रपद्ये ॥१५॥ योवाअहंचगिरिशश्चविभुःस्वयंचस्थित्युद्भवप्रलयहेतवआत्ममूलं॥ भित्वात्रिपाद्ववृधएकउरुप्ररोहस्तस्मैनमोभगवतेभुवनद्रुमाय॥१६॥लोकोविकर्मनिरतःकुशलेप्रमत्तःकर्मण्ययंत्वदुदितेभवदर्चनेस्वे ॥ यस्तावदस्यबलवानिहजीविताशांसद्यश्छिनत्त्यनिमिषायनमोऽस्तुतस्मै॥१७॥ यस्माद्बिभेम्यहमपिद्विपरार्धधिष्ण्यमध्यासितःसकललोकनमस्कृतंयत्॥ तेपेतपोबहुसवोऽवरुरुत्समानस्तस्मैनमोभगवतेऽधिमखायतुभ्यं॥१८॥ तिर्यङ्मनुष्यविबुधादिषुजीवयोनिष्वात्मेच्छयात्मकृतसेतुपरीप्सयायः ॥ रेमेनिरस्तरतिरप्यवरुद्धदेहस्तस्मैनमोभगवतेपुरुषोत्तमाय॥१९॥ योऽविद्ययाऽनुपहतोऽपिदशार्धवृत्त्यानिद्रामुवाहजठरीकृतलोकयात्रः ॥ अंतर्जलेहिकशिपुस्पर्शानुकूलांभीमोर्मिमालिनिजनस्यसुखंविवृण्वन्॥२०॥ यन्नाभिपद्मभवनादहमासमीड्यलोकत्रयोपकरणोयदनुग्रहेण ॥ तस्मैनमस्तउदरस्थभवाययोगनिद्रावसानविकसन्नलिनेक्षणाय ॥२१॥ सोऽयंसमस्तजगतांसुहृदेकआत्मासत्वेनयन्मृडयतेभगवान्भगेन॥तेनैवमेदृशमनुस्पृशताद्यथाऽहंस्रक्ष्यामिपूर्ववदिदंप्रणतप्रियोऽसौ ॥२२॥ एषप्रपन्नवरदोरमयात्मशक्त्यायद्यत्करिष्यतिगृहीतगुणावतारः ॥ तस्मिन्स्वविक्रममिदंसृजतोऽपिचेतोयुंजीतकर्मशमलंचयथाविजह्यां ॥२३॥ नाभिह्रदादिहसतोऽम्भसियस्यपुंसोविज्ञानशक्तिरहमासमनंतशक्तेः॥ रूपंविचित्रमिदमस्यविवृण्वतोमेमारीरिषीष्टनिगमस्यगिरांविसर्गः॥२४॥ सोऽसावदभ्रकरुणोभगवान्विवृद्धप्रेमस्मितेननयनांबुरुहंविजृंभन् ॥ उत्थायविश्वविजयायचनोविषादंमाध्व्यागिरापनयतात्पुरुषःपुराणः ॥२५॥ मैत्रेयउवाच स्वसंभवंनिशाम्यैवंतपोविद्यासमाधिभिः॥ यावन्मनोवचस्तुत्वाविररामसखिन्नवत् ॥२६॥ अथाभिप्रेतमन्वीक्ष्यब्रह्म

ઇચ્છાથીજ, પોતે કરેલી ધર્મ મર્યાદાનું રક્ષણ કરવા સારૂં અવતાર લેઇને, તેમાં આશક્તી રહીત રહીને રમણ કરેછે. તે પુરૂષોત્તમ ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૧૯॥ અવીદ્યા અને પાંચ વૃતીઓના સંબંધ વીનાના અને મોટા તરંગોવાળા પ્રલયના જળમાં સુખરૂપ સ્પર્શવાળી શેષનાગરૂપી શય્યામાં, પોતાના ઉદરને વીશે લોક વીગેરે સર્વને ધારણ કરીને, લોકોને નીંદ્રાનું સુખ જણાવવા સારૂં પોતે નીંદ્રા કરેલા-તથા જેના અનુગ્રહથી ત્રણે લોકનો ઉપકાર કરનારો હું તેમના નાભી કમળરૂપી સ્થાનમાં ઉત્પન્ન થયોછું. તથા જે, પોતાની યોગ નીંદ્રા પુરી થતાં, પોતાના ઉદરમાં રહેલ સર્વને જન્મ આપવાને, માટે પોતાની કમળ સરખી આંખ્યો ઉઘાડેછે. એવા ભગવાનને મારા નમસ્કાર છે. ॥૨૦-૨૧॥ સમસ્ત જગતના સુહૃદ-આત્મા-એકજ-અને પ્રણામ કરનારાઓ જેને પ્રીય છે એવા ભગવાન જે, સત્વ (જ્ઞાન) અને ભગ (ઐશ્વર્ય) વડે સર્વેનું રક્ષણ કરેછે. તેજ સત્વ અને ઐશ્વર્યથી મને પ્રથમના જેવી સૃષ્ટી કરવાની બુદ્ધી દેખાડો. ॥૨૨॥ હે શરણાંગતોને વરદાનો દેનારા ભગવાન, આપ પોતાની શક્તી (માયા) વડે ગુણોવાળા થઇને અવતારો લેઇ જેજે લીલાઓ કરશો. તેતે આપનાં પરાક્રમોને વીશે, હું જગતને સરજતાં છતાં પણ, મારૂં ચીત્ત લાગે, એમ આપ કરી આપો. કે જેથી મારા એ કર્મ કરવા બાદલના દોશો નાશ પામે. ॥૨૩॥ અને અનંત શક્તી તથા સત્ વસ્તુ એવા આપ પુરૂશ ભગવાનના, નાભી હ્રદથકી ઉત્પન્ન થએલ હું નીર્વેદ વાણીના વીસર્ગરૂપ વીજ્ઞાન શક્તીનો નાશ, આ જગતરૂપ આપના વીચીત્ર શરીરનો વીસ્તાર કરવામાં ના થાય એમ કરો. ॥૨૪॥ અને આપ અત્યંત દયાળુ પુરૂષપુરાણ ભગવાન વધેલા પ્રેમથી હસીને, પોતાની કમળસરખી આંખ્યોને આ વીશ્વને ઉત્પન્ન કરવાના કામમાં વીજય આપવા સારૂં ઉઘાડો અને અમને થએલા ખેદને પોતાની મધુર વાણીવડે મટાડો. ॥૨૫॥

-મૈત્રેય-એ પ્રકારે તપ-વીદ્યા-અને સમાધીવડે જ્યાં સુધી મન અને વાણી પહોંચ્યાં, ત્યાં સુધી બ્રહ્મા સ્તુતી કરીને પછી ખીન્ન જેવા થઇને અટકી ગયા. ॥૨૬॥ ત્યાર પછી લોકને સરજવાના કામમાં, મનની અંદર ખેદ પામેલા બ્રહ્માના અભીપ્રાયને જાણીને, પ્રલયનું જળ દેખવાથી ખેદ પામનારા બ્રહ્મા પ્રત્યે મધુસુદન ભગવાને તેમનું દુઃખ સમાવવાની પેઠે અગાધ (ગંભીર) વચન કહ્યું કે. ॥૨૭-૨૮॥ -શ્રીભગવાન-હે વેદ ગર્ભ, (બ્રહ્મા), આળસુ ન થતાં સૃષ્ટી કરવાને ઉદ્યોગી થાઓ. તમે જેને માટે પ્રાર્થના કરોછો. તેતો મેં પ્રથમથીજ સંપાદન કરેલું છે. ॥૨૯॥ હે બ્રહ્મા, તમે ફરીવાર તપ કરો. એટલે તેથી તથા મારા આશ્રયવાળી વીદ્યાથી, તમે તમારા હૃદયની અંદરજ આવરણ રહીત લોકમાત્રને દેખશો. ॥૩૦॥ પછી એકાગ્ર ચીતવાળી ભક્તીથી મુક્ત થયેલા તમે બ્રહ્મા, પોતાને વીશે તેમજ લોકને વીશે મને દેખશો. તેમજ મારા વીશે લોકને અને તમને પોતાને પણ જોશો. ॥૩૧॥ લોકો જ્યારે સર્વ પ્રાણી પદાર્થાદીકને વીશે, લાકડામાં અગ્ની રહેલાની પેઠે, મને રહેલો જુએ છે. ત્યારેજ તેઓના સર્વ પાપોનો નાશ થાયછે. ॥૩૨॥ જ્યારે લોકો, ભુત (પાંચમહાભુત), ઈંદ્રીયો-ગુણો (સત્વ-રજ-નેતમ), અને આશયો (ઈંદ્રીયોના વીશયો, અથવા મન-બુદ્ધી-ચીત-અને અહંકાર) એ સઘળાં થકી રહીત એટલે જુદાજ પ્રકારનું મારા આત્મ સ્વરૂપના તત્વને જાણેછે. ત્યારેજ તેઓ મોક્ષને પામેછે. ॥૩૩॥ નાના પ્રકારનાં કર્મોનાં વીસ્તારોવાળી બહુ બહુ પ્રજાઓને તમે સરજશો છતાં પણ મારા અનુગ્રહથી હવે તમારા મનમાં ખેદ નહીં થાય. (અર્થાત હવે તમને મોહ નહીં થાય.) ॥૩૪॥ હે આદી રૂશી (બ્રહ્મા), જેનું મન મારે વીશે બંધાયલું (લાગેલું) છે. એવા તમને, તમે પ્રજાઓને સરજતા છતાં પણ, પાપી રજોગુણ બંધન કરશે નહીં. ॥૩૫॥ બીજા દેહ ધારીઓને જાણવાને દુર્લભ એવા મને, તમે ભુત-ઈંદ્રીય-ગુણો-અને આશયો થકી જુદા પ્રકારનો માનવા વડે, યુક્ત થયેલા હોવાથી આજ મને તમે જાણ્યો છે. ॥૩૬॥ મારૂં શોધન કરવાને માટે તમે પાણીમાં કમળની નાડીને રસ્તે મુળનો શોધ કર્યા પછી, તમે

णोमधुसूदनः॥ विषण्णचेतसंतेनकल्पव्यतिकरांभसा॥२७॥ लोकसंस्थानविज्ञानआत्मनःपरिखिद्यतः॥ तमाहागाधयावाचाकश्मलंशमयन्निव॥२८॥ श्रीभगवानुवाच मावेदगर्भगास्तंद्रींसर्गउद्यममावह॥ तन्मयापादितंह्यग्रेयन्मांप्रार्थयतेभवान्॥२९॥ भूयस्त्वंतपआतिष्ठ विद्यांचैवमदाश्रयां॥ ताभ्यामंतर्हृदिब्रह्मन् लोकान्द्रक्ष्यस्यपावृतान्॥३०॥ ततआत्मनिलोकेचभक्तियुक्तःसमाहितः॥ द्रष्टासिमांततंब्रह्मन् मयिलोकांस्त्वमात्मनः॥३१॥ यदातुसर्वभूतेषुदारुष्वग्निमिवस्थितं॥ प्रतिचक्षीतमांलोकोजह्यात्तर्ह्येवकश्मलं॥३२॥ यदारहितमात्मानंभूतेंद्रियगुणाशयैः॥ स्वरूपेणमयोपेतंपश्यन्स्वाराज्यमृच्छति॥३३॥ नानाकर्मवितानेनप्रजाबह्वीःसिसृक्षतः॥ नात्मावसीदत्यस्मिंस्तेवर्षीयान्मदनुग्रहः॥३४॥ ऋषिमाद्यंनबध्नातिपापीयांस्त्वांरजोगुणः॥ यन्मनोमयिनिर्बद्धंप्रजाःसंसृजतोपिऽते॥३५॥ ज्ञातोऽहंभवतात्वद्यदुर्विज्ञेयोऽपिदेहिनां॥ यन्मांत्वंमन्यसेयुक्तंभूतेंद्रियगुणात्मभिः॥३६॥ तुभ्यंमद्विचिकित्सायामात्मामेदर्शितोबहिः॥ नालेनसलिलेमूलंपुष्करस्यविचिन्वतः॥३७॥ यच्चकर्थांगमत्स्तोत्रंमत्कथाऽभ्युदयांकितं॥ यद्वातपसितेनिष्ठासएषमदनुग्रहः॥३८॥ प्रीतोऽहमस्तुभद्रंतेलोकानांविजयेच्छया॥ यदस्तौषीर्गुणमयंनिर्गुणंमानुवर्णयन्॥३९॥ यएतेनपुमान्नित्यंस्तुत्वास्तोत्रेणमांभजेत्॥ तस्याशुसंप्रसीदेयंसर्वकामवरेश्वरः ४० पूर्तेनतपसायज्ञैर्दानैर्योगसमाधिना॥ राद्धंनिःश्रेयसंपुंसांमत्प्रीतिस्तत्त्वविन्मतं॥४१॥ अहमात्मात्मनांधातःप्रेष्ठःसन्प्रेयसामपि॥ अतोमयिरतिंकुर्याद्देहादिर्यत्कृतेप्रियः॥४२॥ सर्ववेदमयेनेदमात्मनात्मात्मयोनिना॥ प्रजाःसृजयथापूर्वंयाश्चमय्यनुशेरते॥४३॥ मैत्रेयउवाच तस्मा एवंजगत्स्रष्ट्रेप्रधानपुरुषेश्वरः॥व्यज्येदंस्वेनरूपेणकंजनाभस्तिरोदधे॥४४॥ इ०भा०म०तृ०पद्मोद्भवेविदुरमैत्रेयसंवादेनवमोऽध्यायः ९

विदुरउवाच अंतर्हितेभगवतिब्रह्मालोकपितामहः॥प्रजाःससर्जकतिधादैहिकीर्मानसीर्विभुः॥१॥ येचमेभगवन्पृष्टास्त्वय्यर्थाबहुवित्तम॥ तान्वदस्वानुपूर्व्येणछिंधिनःसर्वसंशयान्॥२॥ सूतउवाच एवंसंचोदितस्तेनक्षत्त्राकौषारवोमुनिः॥ प्रीतःप्रत्याहतान्प्रश्नान्हृदिस्थानथमा

મારા અભ્યુદય (પરાક્રમો)થી છાપ વાગેલી મારી કથાઓ વડે, મારી સ્તુતી કરી, તેથીજ તમને તપમાં નીષ્ઠા થવારૂપ મારો, એ અનુગ્રહ થયો હતો. અને હવે તો મેં તમને મારૂં સ્વરૂપ બહાર પણ દેખાડયું છે. ॥૩૭-૩૮॥ તમે લોકને સરજવામાં વીજય પામવાની ઇચ્છાથી મારા સગુણ અને નીર્ગુણ સ્વરૂપોનું વર્ણન કરવારૂપ સ્તુતી કરવાથી હું તમારા ઉપર પ્રસન્ન થયોછું. તેથી તમારૂં ભલું થશે. ॥૩૯॥ જે પુરૂષ આ સ્તોત્ર (સ્તુતીના શ્લોક) વડે સ્તુતી કરીને હમેશાં મને ભજશે. તેના ઉપર, સર્વ ઇચ્છીત વરદાનો આપનારો ઇશ્વર હું થોડા કાળમાંજ પ્રસન્ન થઇશ.॥૪૦॥ પુર્તં (એટલે વાવ કુવા-પરબ-સદાવ્રત અને ધર્મશાળા આદી કરાવવાં.)-તપ-દાન-યોગ-સમાધી-અને યજ્ઞ વીગેરે થકી પુરૂશને મેળવવાનું કલ્યાણ. "મને પ્રસન્ન કરવો" એટલુંજ હોવાનું, તત્વને જાણનારાઓનું મત છે. ॥૪૧॥ હે બ્રહ્મા, હું અત્યંત પ્રીયથકી પણ પ્રીય એવો સર્વ પ્રાણી આદીકનો આત્મા છું. અને તેને લીધેજ દેહાદીક પ્રીય લાગેછે. માટે મારે વીશેજ તમે પ્રીતી કરો. ॥૪૨॥ માટે મારાથકી ઉત્પન્ન થયેલા હે સર્વ વેદમય બ્રહ્મા, તમે પોતે પોતાથીજ મારામાં સુઇ ગયેલી આ જગતરૂપ પ્રજાઓને, પેહેલાંની પેઠે "ઉત્પન્ન કરો. ॥૪૩॥ એ રીતે શ્રેષ્ટ પુરૂશ અને ઇશ્વર એવા કમળનાભ ભગવાન જગતને સરજવાનો બ્રહ્માને ઉપાય બતાવીને, પોતાના એ સ્વરૂપથી અંતર્ધ્યાન થયા. ॥૪૪॥ ઇતી શ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો નવમો અધ્યાય સંપુર્ણ. ॥૯॥

અધ્યાય. ૧૦ મો—વિદુર—ભગવાન અંતર્ધ્યાન થયા પછી લોકના પીતામહ સમર્થ બ્રહ્માએ, મનથકી અને શરીર થકી એમ કેટ કેટલા પ્રકારની પ્રજાઓ ઉત્પન્ન કરી. ॥ ૧ ॥ તે, તથા ઘણું જાણનારા આપ ભગવાનને મેં જેજે બાબતો પુછેલ છે તે સર્વ, એક પછી એક કહીને મારા સર્વ સંશયોને આપ કાપી નાંખો. ॥ ૨ ॥--સૂત—હે શૌનક, વીદુરે એ રીતે પુછેલા મૈત્રેય મુની પ્રસન્ન થઇને, પોતાના હૃદયમાં રાખેલા તે પ્રશ્નો બદલ ઉત્તર આપવા લાગ્યા કે. ॥ ૩ ॥—મૈત્રેય—બ્રહ્માએ પણ, બુદ્ધી વડે મ-

ન્ની એકાગ્રતા કરીને, અજન્મા ભગવાને કહ્યા પ્રમાણે દેવતાઓનાં સો વરસો સુધી તપ કર્યું. ॥ ૪ ॥ પછીથી, એ કમળમાં પેદા થયેલા અને તેમાંજ બેઠેલા તેમણે, કાળના પરાક્રમથી થયેલા વાયુ વડે, પાણીને અને કમળને ડોલતાં દીઠાં. ॥ ૫ ॥ ત્યારે તપ વડે પોતામાં રહેલ જ્ઞાન શક્તી વધવાથી, એ વીશેષ વધેલા વીજ્ઞાનના બળવડે બ્રહ્મા, પાણી સહીત વાયુને પીઇ ગયા. ॥ ૬ ॥ પછી જેમાં પોતે બેઠા હતા તે કમળને આકાશમાં વ્યાપેલું જોઇને, પુર્વે લીન થયેલા લોકની હું એ વડે કલ્પના કરીશ. એ રીતે તેમણે વીચાર્યું. ॥ ૭ ॥ પછી ભગવાને કર્મ કરવાને પ્રેરેલા બ્રહ્માએ તે કમળ કોશમાં પેશીને, ઘણા પ્રકારે વીભાગો થવા લાયક તે એક કમળના ત્રણ પ્રકારથી અને ચૌદ પ્રકારથી (એટલે ત્રણ લોકમાં અને ચૌદ લોકમાં) વીભાગો કર્યા. ॥ ૮ ॥ જીવ લોકને (એટલે સકામ કર્મ કરનારાઓને) કર્મફળ ભોગવવાની ભુમીઓ એટલીજ હોવાનું કહેવાયલું છે. અને નીષ્કામ ધર્મવાળાઓની ભુમી પરમેશ્વરના લોક (એટલે વૈકુંઠ આદી) કહેવાય છે. ॥ ૯ ॥—વિદુર—હે સમર્થ બ્રાહ્મણ, ઘણાં રૂપો વાળા અને અદ્ભુત કર્મો કરનારા હરીભગવાનના કાળ નામના સ્વરૂપનાં લક્ષણો જે રીતે હોય તે રીતે આપ અમને કહો. ॥ ૧૦ ॥—મૈત્રેય—નીર્વીશેષ આકાર વાળા (એટલે આકાર રહીત), અપ્રતીષ્ઠીત (એટલે નહીં સ્થાપન કરેલા, અર્થાત આદી અને અંત વીનાના), તથા મહતત્વાદીક ગુણોને વીકાર પમાડનારા,—એવા કાળનેજ ઉપાદાન (મુળ) કારણ કરીને પુરૂષ ભગવાને લીલા (માયા) થી પોતે પોતાને સરજ્યા. (અર્થાત કાળવડે કરીને પોતે વીશ્વરૂપે થયા) ॥૧૧॥ એમ વીશ્વ ભગવાનની માયા થકી પરબ્રહ્મને વીશેજ (તન્માત્રાઓવડે) સુક્ષ્મ રૂપથી વીશ્વ સ્થાપન થયેલું હતું. તેને નહીં દેખાય એવા સ્વરૂપવાળા ઇશ્વર કાળે દેખવામાં સ્પષ્ટ આવે એવું કરેલું છે. ॥૧૨॥ આ જગત હાલ જેવું છે. તેવુંજ પેહેલાં પણ હતું. અને પછી પણ એવુંજ અને આના સરખુંજ હશે તેની પ્રાકૃત અને વૈકૃત એમ નવ પ્રકારની સૃષ્ટી એટલે સર્ગ છે. ॥૧૩॥ અને તેના; કાળથી થનો નીત્ય,—દ્રવ્યો (અ-

गेव॥३॥ मैत्रेयउवाच विरिंचोपितथाचक्रेदिव्यंवर्षशतंतपः ॥ आत्मन्यात्मानमावेश्ययदाहभगवानजः॥४॥ तद्विलोक्याब्जसंभूतोवायुना यदधिष्ठितः॥ पद्ममंभश्चतत्कालकृतवीर्येणकंपितं॥५॥तपसाह्येधमानेनवि[illegible]याचात्मसंस्थया॥ विवृद्धविज्ञानबलोन्यपाद्वायुं सहांभसा॥६ तद्विलोक्य वियद्व्यापिपुष्करंयदधिष्ठितं॥अनेनलोकान्प्राग्लीनान्कल्पिताऽस्मीत्यचिंतयत् ॥७॥ पद्मकोशंतदाविश्यभगवत्कर्मचोदितः ॥ एकंव्यभांक्षीदुरुधात्रिधाभाव्यंद्विसप्तधा॥८॥एतावान्जीवलोकस्यसंस्थाभेदःसमाहृतः ॥ धर्मस्यह्यनिमित्तस्यविपाकःपरमेष्ठ्यसौ ॥९॥ विदुरउवाच यदात्थबहुरूपस्यहरेरद्भुतकर्मणः॥कालाख्यंलक्षणंब्रह्मन्यथावर्णयनःप्रभो ॥१०॥ मैत्रेयउवाच गुणव्यतिकराकारोनिर्विशेषोऽप्रतिष्ठितः॥ पुरुषस्तदुपादानमात्मानंलीलयाऽसृजत् ॥११॥ विश्वंवैब्रह्मतन्मात्रंसंस्थितंविष्णुमायया॥ ईश्वरेणपरिच्छिन्नंकालेनाव्यक्तमूर्तिना॥१२॥ यथेदानींतथाऽग्रेचपश्चादप्येतदीदृशं॥ सर्गोनवविधस्तस्यप्राकृतोवैकृतस्तुयः॥१३॥ कालद्रव्यगुणैरस्यत्रिविधःप्रतिसंक्रमः॥ आद्यस्तुमहतःसर्गोगुणवैषम्यमात्मनः॥१४॥ द्वितीयस्त्वहमोयत्रद्रव्यज्ञानक्रियोदयः ॥ भूतसर्गस्तृतीयस्तुतन्मात्रोद्रव्यशक्तिमान् ॥१५॥ चतुर्थऐंद्रियःसर्गोयस्तुज्ञानक्रियात्मकः॥ वैकारिकोदेवसर्गःपंचमोयन्मयंमनः॥१६॥ षष्ठस्तुतमसःसर्गोयस्त्वबुद्धिकृतःप्रभो ॥ षडिमेप्राकृताःसर्गावैकृतानपिमेशृणु॥१७॥ रजोभाजोभगवतोलीलेयंहरिमेधसः सप्तमोमुख्यसर्गस्तुषड्विधस्तस्थुषांचयः॥१८॥ वनस्पत्यौषधि[illegible]त्वक्सारवीरुधोद्रुमाः॥उत्स्रोतसस्तमःप्राया अंतस्पर्शाविशेषिणः॥१९॥ तिरश्चामष्टमःसर्गःसोऽष्टाविंशतिधामतः॥ अविदोभूरितमसोघ्राणज्ञाहृद्यवेदिनः॥२०॥ गौरजोमहिषःकृष्णःसूकरोगवयोरुरुः॥ द्विशफाःपशवश्चेमेअविरुष्ट्रश्चसत्तम ॥२१॥ खरोऽश्वोऽश्वतरोगौरःशरभश्चमरीयथा॥ एतेचैकशफाःक्षत्तःशृणुपंचनखान्पशून्॥२२॥ श्वासृगालोवृकोव्याघ्रोमार्जारःशशशल्लकौ॥ सिंहःकपिर्गजःकूर्मोगोधाचमकरादयः॥२३॥ कंकगृध्रवटश्येनभासभल्लूकबर्हिणः॥ हंससारसचक्राह्वकाकोलूकादयःखगाः ॥२४॥ अर्वाक्स्रोतस्तुनवमःक्षत्तरे

ની આદી) થી થતો નૈમીત્તીક,—અને ગુણો (પ્રકૃતીનાં કારણો) થી થતો પ્રાકૃતીક,—એ રીતે ત્રણ પ્રકારના પ્રલયો થાય છે. તેની (જગતની) પ્રથમ સૃષ્ટી (એટલે સર્ગ), ગુણોના વીશમ સ્વભાવવાળું મહત્તત્વ થયેલું છે. ॥૧૪॥ પછી દ્રવ્ય—ક્રીયા—અને જ્ઞાન શક્તીવાળું અહંતત્વ થયું તે બીજો સર્ગ છે. અને તે પછી દ્રવ્ય શક્તીવાળી તન્માત્રાઓ (શબ્દ—સ્પર્શ—રૂપ—રસ—ને ગંધ) સહીત મહાભુતો (આકાશ—વાયુ—તેજ—જળ—અને પૃથ્વી) ની સૃષ્ટી થઇ તે ત્રીજો સર્ગ છે. ॥૧૫॥ તે પછી જ્ઞાન અને ક્રીયા થવાના સ્વભાવવાળી ઇંદ્રિયો (પાંચકર્મેંદ્રીયો અને પાંચ જ્ઞાનેંદ્રીયો) ની સૃષ્ટી થઇ તે ચોથો સર્ગ છે. અને વૈકારીક દેવતાઓ (ઇંદ્રીયોના દેવતાઓ, તથા મન ઉત્પન્ન થયું એ પાંચમો સર્ગ છે. ॥૧૬॥ હે વીદુર, જે થકી અબુદ્ધી થાય છે તે છઠી તામસ એટલે પાંચ પ્રકારની અવીદ્યાની (તમ—મોહ—મહામોહ—તામીસ્ર—અને અંધ તામીસ્ર) ની સૃષ્ટી થઇ તે છઠો સર્ગ છે. એ રીતના છ પ્રાકૃત સર્ગ કહ્યા. હવે વૈકૃત સર્ગોને પણ મારા થકી સાંભળો. ॥૧૭॥ હરીને વીશે બુદ્ધીવાળા, રજોગુણી બ્રહ્માજીની લીલારૂપ, મુખ્ય (એટલે વનસ્પતી આદીની) સૃષ્ટી છ પ્રકારની થઇ, તે સાતમો સર્ગ છે. ॥૧૮॥ એ વનસ્પતી—ઔશધી—લતા—ત્વકસાર—વીરૂધ—અને—વૃક્ષ, એમ છ પ્રકારવાળી સૃષ્ટી, ઉપર એટલે ઉંચા આહાર અને સંચારવાળી—ઘણે ભાગે જ્ઞાન વીનાની—સ્પષ્ટ ચૈતન્ય નહીં જણાતી—અંદરથી સ્પર્શને જાણનારી—તથા ઘણા ભેદવાળી છે. ॥૧૯॥ તીર્યંચ એટલે પશુ પક્ષી આદીનો આઠમો સર્ગ છે. અને તે અઠાવીસ પ્રકારની કહેવાય છે. તેઓ અજ્ઞાની—ઘણા તમોગુણવાળા—સુંઘવા વડે જાણનારા—અને અંતરજ્ઞાન વીનાના છે. ॥૨૦॥ હે સત્તમ, બળદ—બકરો—પાડો—કાળીઆર હરણ—સુવર—રોઝ,—રૂરૂ નામનો મૃગ—ગાડર—અને ઉંટ એ નવ પ્રકારનાં બે ખરીવાળાં પશુઓ છે. ॥૨૧॥ ગધેડો—ઘોડો—ખચર—ગૌરમૃગ—શરભ—અને ચમરી એ છપ્રકારનાં એક ખરીવાળાં છે. હે વીદુર, હવે પાંચ નખવાળાં પશુઓ કહું છું, તે સાંભળો. ॥૨૨॥ કુતરો—શીયાળ—નહાર—વાઘ—બીલાડો—સસલો—શેંડાઇ—સીંહ—વાંદરો—હાથી—કાચબો—ને ગોધો એ રીતે બાર (મગરને

[illegible] અતીલ ઉપર રહેનારાં પ્રાણીઓના પ્રકારો છે. તથા મગર આદીક (જળચર પ્રાણી મળીને) [illegible] પ્રાણીઓના પ્રકારો છે. ॥૨૩॥ કંકપક્ષી–ગીધ–વટ–સીંચાણો (બાજ)–ભાસ (કુકડો)–[illegible]–મોર–હંસ–સારસ–ચકવાક–કામડો–અને ઘુવડ આદી પક્ષીઓ છે. ॥૨૪॥ હે વીદુર, પૃથ્વીના ઉપરજ આહાર તથા સંચાર કરનારી, અધીક રજોગુણી, કર્મો કરવાના સ્વભાવવાળી, અને દુખને વીશેજ સુખ માનનારી એકજ પ્રકારવાળી, મનુષ્યોની નવમી સૃષ્ટી છે. ॥૨૫॥ હે સત્તમ એ રીતની ત્રણ પ્રકારની (વનસ્પતી–તીર્યંચ–અને મનુષ્ય) વૈકૃત સૃષ્ટીઓ છે. અને પ્રથમ કહેવાયલા વૈકારીક દેવતાઓની, બેઉનાં એટલે પ્રાકૃત તથા વૈકૃત સર્ગનાં સ્વભાવોવાળી હોવાથી બંનેમાં ગણાય છે. ॥૨૬॥ એ દેવતાઓની સૃષ્ટી આઠ પ્રકારની છે. દેવ–પીતૃ–અસુર–ગાંધર્વ, અને અપ્સરાઓ–સીદ્ધ, ચારણ, ને વીદ્યાધરો–યક્ષ અને રાક્ષસો–ભુત, પ્રેત, અને પીશાચો–કીન્નર–અને કીંપુરૂષાદી–એ રીતે દેવતાઓના સુદ્ધાં ગણતાં બ્રહ્માના કરેલા દસે સર્ગો, મેં તમને કહી સંભળાવ્યા. ॥૨૭–૨૮॥ હવે હું વંશો તથા મન્વંતરો વીશે કહીશ. એ પ્રમાણે કલ્પની શીરૂઆતમાં, અમોઘ સંકલ્પવાળા હરીભગવાન રજોગુણવડે બ્રહ્મારૂપે થઇને પોતે, પોતાને, પોતાવડેજ ઉત્પન્ન કરેછે. ॥૨૯–૩૦॥ ઇતી શ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો દશમો અધ્યાય સંપુર્ણ. ॥૧૦॥

અધ્યાય. ૧૧ મો.—મૈત્રેય—સત થકી જુદું વીશેશ એટલે અસત તત્વ, અનેક વીભાગો એકઠા થયેલાનું સર્વદા જોવામાં આવે છે. તેનો નાનામાં નાનો વીભાગ તે પરમાણું કહેવાય છે. જેઓ ઘણા ભેગા થયેલામાં એકપણાનો માણસોને ભ્રમ થાય છે. ॥૧॥ સર્વ પદાર્થાદીકનાં સ્વરૂપો અને સ્થીતીઓ પરમાણુઓથીજ થાય છે. અને આ અવીશેશ–સર્વ કાળનું અને પરમ મોટું જગત પણ તેઓનો એક મોટો સમુદાય છે. ॥૨॥ હે વીદુર, સ્થુળ કે સુક્ષ્મ પરીમાણવાળો પદાર્થ જેટલો અવકાશ રોકે છે. તેટલા અવકાશમાં સુર્યને ભોગવવાની દેખાતી ગતી ઉપરથી નહીં દેખાતા ભગવાન કાળની જુકતીનું (માપનું) અનુમાન કરવામાં આવે છે. ॥૩॥ પરમાણું જેટલી જગાને સુર્ય નારાયણ ભોગવે તે "પરમાણુકાળ" અને વીશેષ (વધારે વધારે) જગાને ભોગવે તે મહાન કાળ કહેવાય છે. ॥૪॥ બે પરમાણુનો એક "અણુ", અને ત્રણ અણુનો "ત્રસ-

कविधोनृणां॥ रजोऽधिकाःकर्मपरादुःखेच[illegible] खमानिनः॥२५॥ वैकृतास्त्रयएवैतेदेवसर्गश्चसत्तम॥ वैकारिकस्तुयःप्रोक्तःकौमारस्तूभयात्मकः ॥२६॥ देवसर्गश्चाष्टविधोविबुधाःपितरोऽसुराः॥ गंधर्वाऽप्सरसःसिद्धायक्षरक्षांसिचारणाः॥२७॥ भूतप्रेतपिशाचाश्चविद्याध्राःकिन्नराद् यः॥ [illegible]सर्गास्तेविश्व[illegible]कृताः ॥२८॥ अतःपरंप्रवक्ष्यामिवंशान्मन्वंतराणिच ॥ [illegible]रजःप्लुतःस्त्रष्टाकल्पादिष्वात्मभूर्हरिः ॥२९॥ [illegible]जत्यमोघसंकल्पआत्मैवात्मान[illegible]त्मना ॥३०॥ इ०भा०म०तृ०दशमोऽध्यायः॥१०॥ मैत्रेयउवाच॥ चरमःस[illegible]शेषाणामनेक संयुतःसदा ॥ परमाणुःसविज्ञेयोनृणामैक्यभ्रमोयतः॥१॥ सतएवपदार्थस्यस्वरूपावस्थितस्ययत्॥ कैवल्यं परममहानविशेषोनेरंतरः॥२॥ [illegible]तःसौक्ष्म्येस्थौल्येच[illegible]॥ संस्थानभुक्त्याभगवानव्यको[illegible]कभुग्विभुः॥३॥ सकालःपर[illegible]योभुंक्तेपरमाणुतां॥ ततो वि[illegible]षभुग[illegible]परमोमहान् ॥४॥ अणुर्द्वौपरमाणूस्यात्त्रसरेणुस्त्रयःस्मृतः॥ जालार्करश्म्यवगतःखमेवानुपतन्नगात् ॥५॥ त्रसरेणु [illegible]ःकालः सत्रुटिःस्मृतःशतभागस्तुवेधःस्यात्तैस्त्रिभिस्तुलवःस्मृतः॥६॥ निमेषस्त्रिलवोज्ञेयआम्नात[illegible]ःक्षणः॥ क्षणान्पंचवि दुःकाष्ठांलघुतादशपंचच ॥७॥ लघूनिवैसमाम्नातादशपंचचनाडिका॥ [illegible]मुहूर्तःप्रहरःषड्यामःसप्तवा[illegible]णां॥८॥ द्वादशार्धपलोन्मानंच तुर्भिश्चतुरंगुलैः॥ स्वर्णमाषैःकृतच्छिद्रंयावत्प्रस्थजलप्लुतं ॥९॥ यामाश्चत्वारश्चत्वारोम[illegible]नामहनीउभे॥ पक्षः[illegible]शुक्लःकृष्णश्चमान द॥१०॥ तयोःसमुच्चयोमासःपितॄणांतदहर्निशं ॥ द्वौतावृतुःषडयनंदक्षिणंचोत्तरंदिवि॥११॥ अयनेचाहनीप्राहुर्वत्सरोद्वादशस्मृतः॥ संव त्सरशतं[illegible]णांपरमायुर्निरूपितं॥१२॥ ग्रहर्क्षताराचक्रस्थःपरमाण्वादिनाजग[illegible] ॥ संवत्सरावसानेनपर्येत्यनिमिषोविभुः॥१३॥ संवत्सरःपरि वत्सरइडावत्सरएवच॥ अनुवत्सरोवत्सरश्चविदुरैवंप्रभाष्यते॥१४॥ यःसृज्यशक्तिमुरुधोच्छ्वसयन्स्वशक्त्यापुंसोभ्रमायदिविधावतिभूतभे

રેણુ" થાય છે. તે ત્રસરેણું, જાળીયામાંથી ધરતી ઉપર પ્રકાશ આવતાં કીરણોની હલકાઇને લીધે આકાશમાં ઉડતો જોવામાં આવે છે. ॥૫॥ ત્રણ ત્રસરેણુને ભોગવનારા કાળને "ત્રુટી" કહે છે. સો ત્રુટીનો એક "વેધ" થાય છે. અને ત્રણ વેધનો એક "લવ" થાય છે. ॥૬॥ ત્રણ લવનો એક "નીમેશ" કહેવાય છે. ત્રણ નીમેશનો એક "ક્ષણ" થાય છે. પાંચ ક્ષણની એક "કાષ્ટ" થાય છે. ને પંદર કાષ્ટાનો એક "લઘુ" થાય છે. ॥૭॥ પંદર લઘુની એક "નાડી" અથવા "ઘડી" થાય છે. બે ઘડીનો એક "મુહુર્ત" અને છ અથવા સાત ઘડીનો એક "યામ" અથવા "પહોર" થાય છે. ॥૮॥ એક પ્રસ્થ પાણી માય એવડું, છ પલ વજનનું ધાતુનું વાસણ કરીને તેમાં, ચાર માસા સોનાની ચાર આંગળ લાંબી સરખી કરેલી શળી વતે, તળીએ છીદ્ર પાડવું. અને તે વાસણ પાણીમાં તરતું મુકેથી. તે જેટલી વારમાં પાણીથી ભરાઇને ડુબીજાય, તેટલી વારને એક ઘડી કહે છે. ॥૯॥ માણસોનો દીવસ અને રાત્રી ચાર ચાર પહોરની છે. હે વીદુર, અજવાળીઉ અને અંધારીઉ એવાં બે પંદર પંદર દીવસનાં પખવાડીયાં છે. ॥૧૦॥

તે બંને પખવાડીયાં મળીને માસ થાય છે. અને તે પીતૃઓનો દીવસ રાત છે. બે માસની એક રૂતુ કહેવાય છે. એવી છ રૂતુના બે અયન, દક્ષીણાયન અને ઉત્તરાયન થાય છે. ॥૧૧॥ ઉત્તરાયણ એ દેવતાઓનો દીવસ, અને દક્ષીણાયન તે દેવતાઓની રાત્રી છે. તેટલાનું એટલે બારમાસ–છ રૂતુ–અને બે અયનનું વરસ કહેવાય છે. માણસોનું પરમ આયુષ્ય સો વરસનું નીર્માણ કરેલું છે. ॥૧૨॥ ગ્રહો, નક્ષત્રો, અને તારાઓના ચક્રમાં રહેલા ભગવાન કાળ (સુર્ય), સંવત્સર (બારમાસ) જેટલા વખતમાં પરમાણુથી માંડીને આખા જગતને ફરી રેહે છે. ॥૧૩॥ હે વીદુર, સંવત્સર–પરીવત્સર–ઇડાવત્સર–અનુવત્સર–અને વત્સર, એ રીતનાં વરસનાં પાંચ નામો કહેવાય છે. ॥૧૪॥ સરજવાની શક્તીઓને બહુ પ્રકારે પ્રેરનારા–પોતાની શક્તીવડે પુરૂશોના ભ્રમનો (દેહાદીકને વીશેની આશક્તીનો, તેમનાં આયુષ્યને હરવાવડે) નાશ કરનારા–અને સકામ પુરૂશોએ કરેલા યજ્ઞાદીકનાં બળીદાનોને ગ્રહણ કરનારા કાળ નામથી કહેવાતા પાંચ વત્સર રૂપ ભગવાન સુર્ય, ઉતાવળા વેગથી આકાશમાં ફરે છે. ॥૧૫॥–વિદુર–પીતૃ, દેવ, અને મનુષ્યોનુ પરમ આયુશ્ય તો તમે એ રીતે કહ્યુ હવે ત્રી-

લોકીની બહાર જે ગ્યાની લોકો છે તેમનું પરમ આયુષ્ય જે રીતે હોય તે રીતે કહો. ॥૧૫॥ હે ભગવાન મૈત્રેય, ખચીત તમે ભગવાન કાળની ગતીને જાણનારા છો. કારણ યોગથી આવરણ રહીત થએલી દ્રષ્ટીથી ધીરપુરૂષો વીશ્વને જાણેછે. ॥૧૬॥-મૈત્રેય-અવધાન એટલે સંધ્યા તથા સંધ્યાંશ સહીત, સત-ત્રેતા-દ્વાપર-અને કળી એ ચારે યુગો મળીને દેવતાઓનાં બારહજાર વરસો થવાનું કહેલ છે. ॥૧૮॥ ચાર-ત્રણ-બે-અને એક, એમ અનુક્રમથી દેવતાનાં હજાર વરસો સત આદીક યુગોનાં, અને તે તે અંકથી બમણા સેંકડા જેટલાં તેમની સંધ્યા તથા સંધ્યાંશનાં વરસો છે. ॥૧૯॥ એ રીતના સેંકડાથી સંખ્યાવાળા સંધ્યા અને સંધ્યાંશની વચેનો કાળ તે યુગ કહેવાય છે. તે યુગેયુગના ધર્મો જુદા જુદા છે. ॥૨૦॥ મનુષ્યોનો ધર્મ સતયુગમાં ચારે પાયે સંપુર્ણ હોય છે. અને તે પછી પ્રત્યેક યુગે વધતા જતા અધર્મને લીધે ધર્મનો એક એક પાદ (એટલે કે) ઓછો થતો જાય છે. ॥૨૧॥ ચાર યુગની એક ચોકડી એવી હજાર ચોકડી જેટલો, ત્રીલોકીની બહાર બ્રહ્માનો એક દીવસ થાય છે અને તેવડીજ તેમની રાત્રી પણ છે. જ્યારે બ્રહ્મા સુઇ જાય છે. ॥૨૨॥ બ્રહ્માની રાત્રી થયા પછી લોકનો કલ્પ શીરૂ થાય છે. તે બ્રહ્માના દીવસ જેટલો રેહે છે. ને તેટલામાં ચૌદ મનુઓ થાય છે. ॥૨૩॥ દરેક મનુ ઇકોતેર ચોકડી કરતાં કાંઇક અધીક વખત સુધી રેહે છે. અને દરેક મન્વંતરમાં મનુના વંશજો, રૂશીઓ, અને દેવતાઓ તથા ઇંદ્ર અને તેને અનુસરનારા ગંધર્વાદીક પણ જુદા જુદા થાય છે. ॥૨૪॥ ત્રીલોકીનું આવર્તન થનારી એ બ્રહ્માના દીવસ દીવસ (ના કલ્પ) ની સૃષ્ટી છે. જેમાં કર્મોવડે કરીને પશુ પક્ષી, મનુષ્ય, પીતૃ, અને દેવતાઓની ઉત્પત્તી થાય છે.॥૨૫॥મન્વંતરોને વીશે,ભગવાન મનુ આદી પોતાનાં સ્વરૂપોને વીશે અવતારો ધરીને અત્યંત પરાક્રમોવડે આ વીશ્વને પાળેછે.॥૨૬॥પછી બ્રહ્માનો દીવસ

दः॥ कालाख्ययागुणमयंक्रतुभिर्वितन्वंस्तस्मैबलिंहरतवत्सरपंचकाय॥१५॥ विदुरउवाच पितृदेवमनुष्याणामायुःपरमिदंस्मृतं॥परेषांगतिमाचक्ष्वयेस्युःकल्पाद्बहिर्विदः॥१६॥ भगवान्वेदकालस्यगतिंभगवतोननु॥ विश्वंविचक्षतेधीरायोगराद्धेनचक्षुषा ॥१७॥ मैत्रेयउवाच कृतंत्रेताद्वापरंचकलिश्चेतिचतुर्युगं ॥ दिव्यैर्द्वादशभिर्वर्षैःसावधानंनिरूपितं॥१८॥ चत्वारित्रीणिद्वेचैकंकृतादिषुयथाक्रमं॥ संख्यातानिसहस्राणिद्विगुणानिशतानिच॥१९॥ संध्यांशयोरंतरेणयःकालःशतसंख्ययोः॥ तमेवाहुर्युगंतज्ज्ञायत्रधर्मोविधीयते ॥२०॥ धर्मश्चतुष्पान्मनुजान्कृतेसमनुवर्तते ॥ सएवान्येष्वधर्मेणव्येतिपादेनवर्धता॥२१॥ त्रिलोक्यायुगसाहस्रंबहिराब्रह्मणोदिनं॥ तावत्येवनिशातातयन्निमीलतिविश्वसृक्॥२२॥ निशाऽवसानआरब्धोलोककल्पोऽनुवर्तते॥यावद्दिनंभगवतोमनून्भुंजंश्चतुर्दश॥२३॥ स्वंस्वंकालंमनुर्भुंक्तेसाधिकांह्येकसप्ततिं॥ मन्वंतरेषुमनवस्तद्वंशाऋषयःसुराः ॥ भवंतिचैवयुगपत्सुरेशाश्चानुयेचतान्॥२४॥ एषदैनंदिनःसर्गोब्राह्मस्त्रैलोक्यवर्तनः ॥ तिर्यङ्नृपितृदेवानांसंभवोयत्रकर्मभिः॥२५॥मन्वंतरेषुभगवान्बिभ्रत्सत्वंस्वमूर्तिभिः॥ मन्वादिभिरिदंविश्वमवत्युदितपौरुषः ॥२६॥ तमोमात्रामुपादायप्रतिसंरुद्धविक्रमः कालेनानुगताशेषआस्तेतूष्णींदिनात्यये॥२७॥ तमेवान्वपिधीयंतेलोकाभूरादयस्त्रयः॥निशायामनुवृत्तायांनिर्मुक्तशशिभास्करं॥२८॥ त्रिलोक्यांदह्यमानायांशक्त्यासंकर्षणाग्निना॥ यांत्यूष्मणामहर्लोकाज्जनंभृग्वादयोर्दिताः॥२९॥ तावत्त्रिभुवनंसद्यःकल्पांतैधितसिंधवः ॥ प्लावयंत्युत्कटाटोपचंडवातेरितोर्मयः॥३०॥ अंतःसतस्मिन्सलिलआस्तेऽनंतासनोहरिः॥योगनिद्रानिमीलाक्षःस्तूयमानोजनालयैः॥३१॥ एवंविधैरहोरात्रैःकालगत्योपलक्षितैः॥ अपक्षितमिवास्यापिपरमायुर्वयःशतं॥३२॥ यदर्धमायुषस्तस्यपरार्धमभिधीयते॥ पूर्वःपरार्धोऽपक्रांतोह्यपरोऽद्यप्रवर्तते॥३३॥पूर्वस्यादौपरार्धस्यब्राह्मोनाममहानभूत्॥ कल्पोयत्राभवद्ब्रह्माशब्दब्रह्मेतियंविदुः॥३४॥ तस्यैवचांतेकल्पोऽभूद्यंपाद्ममभिचक्षते॥यद्धरेर्नाभिसरसआसील्लोकसरोरुहं॥३५॥ अयंतुकथितःकल्पोद्वितीयस्यापिभारत॥ वाराहइतिविख्यातोयत्रासीत्सूकरोहरिः ॥३६॥ कालोयंद्विपरार्धाख्योनिमेषउपचर्यते॥ अव्याकृतस्यानंतस्यअनादेर्जगदात्मनः ॥३७॥

પુરો થવાના સુમારમાં પોતાનું પરાક્રમ પોતાના તમોગુણી સ્વરૂપો (રૂદ્ર અને અસુરો) માં ધારણ કરીને, તે સકી સર્વનો અંત એટલે નાશ કરીને પોતે શાંત થઇ રેહે છે. ॥૨૭॥ ત્યારે સુર્ય અને ચંદ્ર વીનાની એ બ્રહ્માની રાત્રીમાં ભુલોક અને પાતાળ તથા સ્વર્ગ કાંઇજ દેખાતાં નથી. ॥૨૮॥ અને સંકર્ષણના અગ્નીની શક્તીથી ત્રીલોકી બળવા માંડતાં, તેની ગરમીથી દુખી થતા ભૃગુ આદી મહર લોકમાંથી જન લોકમાં જાય છે. ॥૨૯॥ એટલામાં કલ્પને અંતે વધેલા, અને ઉછળતા પવન અને ઝડીથી મોટાં મોજાં આવતા સમુદ્રો રેલીને ત્રીલોકીને બોળી દે છે. ॥૩૦॥ એટલે તે પાણીમાં શેષ નામની શય્યા ઉપર હરી ભગવાન યોગનીદ્રા કરીને પોઢે છે, અને જન લોક વાસીઓ તેમની સ્તુતી કરે છે. ॥૩૧॥ એ રીતનાજ ગતી નહીં જોવામાં આવતા, રાત્રી દીવસરૂપ કાળથી, એ બ્રહ્માનું સો વરસોનું મોટું આયુષ્ય પણ પુરૂ થઇ જાય છે. ॥૩૨॥ તેમના અરધા આયુષ્યને પરાર્ધ કહે છે. પેહેલું પરાર્ધ પુરૂ થયું છે. અને હાલમાં બીજું પરાર્ધ ચાલે છે. ॥૩૩॥ જેમાં શબ્દ બ્રહ્મ નામના બ્રહ્મા થયા હતા તે પેહેલો સીરૂઆતમાં થયેલો કલ્પ, બ્રહ્મકલ્પ નામથી કહેવાય છે. ॥૩૪॥ અને તે બ્રહ્માનો કાળ (એક પરાર્ધનો વીકલ્પ) પુરો થયા પછી, જેમાં હરી ભગવાનના નાભી સરોવરમાંથી લોકરૂપી કમળ ઉત્પન્ન થયું હતું. તે બીજા બ્રહ્માના કલ્પને, પાદ્મકલ્પ કહે છે. ॥૩૫॥ હે વીદુર, જેમાં હરી ભગવાને વરાહનું સ્વરૂપ ધર્યું હતું. એવા આ બીજા બ્રહ્માના સમયને, (વીકલ્પને) વારાહ નામનો વીખ્યાત કલ્પ થયેલાનું કહે છે. ॥ ૩૬ ॥ અવ્યાકૃત-અનંત-અનાદી-અને જગતના આત્મા એવા ભગવાનના એક નીમેષની બરાબર એ બે પરાર્ધનો કાળ કહેવાય છે. ॥૩૭॥ દેહ અથવા ઘરાદીકને વીશે અભીમાન કરનારાઓનો ઇશ્વર એ પરમાણુથી માંડીને બે પરાર્ધ સુધીનો કાળ, પણ પ્રભુ ભગવાનનો આશ્રય કરનારાઓના ઉપર

પોતાની પ્રશંસા બતાવી શકતો નથી. ॥૩૮॥ સોળ (દશ ઇંદ્રીયો–એક મન–અને પાંચ મહાભુતોએ) વીકાર સહીત મુળ અને બીજાં કરોડો અંડના સ્થાનરૂપ તથા અહંકારથી વીશેશ આદી (ગંધ–રસ–રૂપ–સ્પર્શ–શબ્દ–અહંકાર–અને મહત્તત્વ) એક એકથી દસ દસ ઘણાં મોટાં આવરણોથી વીંટાયલું આ પંચાશ કોટી (જોજન) ના વીસ્તારવાળું અંડકોશ; જેની અંદર એક પરમાણુંની પેઠે પ્રવેશ કરીને રહેલું છે એવું તે, સાક્ષાત પરમપુરૂશ મહાત્મા વીશ્નુનું, અને સર્વ કારણોના પણ કારણ અક્ષર બ્રહ્મનું, પરમધામ કહેવાય છે. ॥ ૩૯–૪૦–૪૧ ॥ ઇતીશ્રીમદ ભા૦ ત્રી૦ સ્કંધનો અગીયારમો અધ્યાય સંપુર્ણ. ॥૧૧॥

અધ્યાય ૧૨ મો.—મૈત્રેય—હે વીદુર, કાળનામના પરમાત્માના મહીમાનું મેં તમારી પાસે વર્ણન કર્યું. હવે બ્રહ્માએ (વૈકૃત) સૃષ્ટી કેવી રીતે કરી, તે મારાથી સાંભળો. ॥૧॥ આદી કરતા બ્રહ્માએ પેહેલાં અંધતામીસ્ર–તામીસ્ર–મહા મોહ–મોહ–અને તમ એ અજ્ઞાન વૃત્તીઓરૂપ (પાંચ પર્વ અવીધા) સૃષ્ટી સર્જી હતી. ॥ ૨ ॥ એ પાપરૂપ સૃષ્ટી દેખીને તેમણે પોતે સારૂં કરેલાનું માન્યું નહીં. પછી ભગવાનના ધ્યાનવડે પવીત્ર કરેલા મનવડે બીજી સૃષ્ટી, સનક–સનંદન–સનાતન–અને સનતકુમાર એ અરખલીત વીર્યવાળા (એટલે અખંડ બ્રહ્મચારી) અને નીષ્ક્રીય મુનીઓની કરી.॥૩–૪॥ પછી એ પુત્રોને બ્રહ્માએ કહ્યું કે, “હે બાળકો તમે પ્રજા ઉત્પન્ન કરો.” ત્યારે તેઓ વાસુદેવ ભગવાનને પરાયણ અને મોક્ષ ધર્મનું આચરણ કરનારા હોવાથી, તેમણે પ્રજા ઉત્પન્ન કરવાની ઇચ્છા કરી નહીં. ॥૫॥ એ રીતે પોતાની શીખામણ દીકરાઓએ ન માન્યાનું તેમને ધ્યાન થવાથી ન સહન થાય એવો ક્રોધ તેમને થયો. અને તેને તેમણે રોકી રાખવા માંડયો. ॥૬॥ બુદ્ધીવડે રોકવા છતાં પણ, બ્રહ્માની ભમરોના મધ્યમાંથી, તે ક્રોધ, અશમાની અને રાતા રંગનો કુમારરૂપે તુરતજ જન્મ્યો. ॥૭॥ દેવતાઓ

कालोऽयंपरमाण्वादिर्द्विपरार्धांतईश्वरः॥ नैवेशितुंप्रभुर्भूम्नईश्वरोधाममानिनां॥३८॥विकारैःसहितोयुक्तैर्विशेषादिभिरावृतः॥ आंडकोशो ब[illegible]रियंपंचा[illegible]त्कोटिविस्तृतः॥३९॥ दशोत्तराधिकैर्यत्रप्रविष्टःपरमाणुवत्॥ लक्ष्यतेऽतर्गताश्चान्येकोटिशो [illegible]ंडराशयः॥४०॥ तदाहुरक्षरं ब्रह्मसर्वकारणकारणं॥ विष्णोर्धामपरंसाक्षात्पुरुषस्यमहात्मनः॥४१॥ इ०मा०म०तृ०एकादशोऽध्यायः॥११॥ मैत्रेय० इतितेवर्णितःक्षत्तः काल[illegible]ख्यःपरमात्मनः॥महिमावेदगर्भोऽथयथाऽस्राक्षीन्निबोधमे॥१॥ ससर्जाग्रेऽधतामिस्रमथतामिस्रमादिकृत्॥महामोहंचमो[illegible]चतमश्चा ज्ञानवृत्तयः॥२॥ दृष्ट्वापापीयसींसृष्टिंनात्मानंबह्वमन्यतभगव[illegible]नपूतेनमनसाऽन्यांततोऽसृजत्॥३॥ सनकंचसनंदंचसनातनमथात्मभूः ॥ सनत्कुमारंचमुनीन्निष्क्रियानूर्ध्वरेतसः॥४॥ तान्बभाषेस्वभूःपुत्रान्प्रजाःसृजतपुत्रकाः॥ तन्नैच्छन्मोक्षधर्माणोवासुदेवपरायणाः॥५॥ सो ऽवध्यातःसुतैरेवंप्रत्याख्यातानुशासनैः॥ क्रोधंदुर्विषहंजातंनियं[illegible]मुपचक्रमे॥६॥ धियानिगृ[illegible]माणोऽपिभ्रुवोर्मध्यात्प्रजापतेः॥ सद्योऽजाय तत[illegible]न्युःकुमारोनीललोहितः॥७॥सवैरुरोददेवानांपूर्वजो[illegible]वः॥ नामानिकुरुमेधातःस्थानानिचजगद्गुरो॥८॥इति[illegible]ः पाद्मो भगवानुपरिपालयन्॥ अभ्यधाद्भद्रयावाचामारोदीस्तत्करोमिते॥९॥ यदरोदीःसुरश्रेष्ठसोद्वेगइवबालकः॥ ततस्त्वामभिधास्यंतिनाम्नारु द्रइतिप्रजाः॥१०॥ हृदिंद्रियाण्यसुर्व्योमवायुरग्निर्जलंमही॥ सूर्यश्चंद्रस्तपश्चैवस्थानान्यग्रेकृतानिते॥११॥ मन्युर्मनुर्महिनसोम[illegible]ञ्छिवःऋ तुध्वजः॥ उग्ररेताभवःकालोवामदेवोधृतव्रतः॥१२॥ धीर्वृत्तिरुशनोमाचनियुत्सर्पिरिलांऽबिका॥ इरावतीसुधादीक्षारुद्राण्योरुद्रतेस्त्रियः ॥१३॥ गृहाणैतानिनामानिस्थानानिचसयोषणः॥ एभिःसृजप्रजाबह्वीःप्रजानामसियत्पतिः॥१४॥ इत्यादिष्टःसगुरुणा[illegible]गवान्नीललो[illegible] तः॥ सत्वाकृतिस्वभा[illegible]समाःप्रजाः॥१५॥ रुद्राणांरुद्रसृष्टानांसमंताद्ग्रसतांजगत्॥निशाम्यासंख्यशोयूथान्प्रजापतिरशंकत॥१६॥ अलंप्रजाभिःसृष्टाभि[illegible]ःसुरोत्तम॥ मयासहदहंतीभिर्दिशश्चक्षुर्भिरुल्बणैः॥१७॥ तपआतिष्ठभद्रंतेसर्वभूतसुखावहं॥ तपसैवयथा पूर्वंस्रष्टाविश्वमिदंभवान्॥१८॥ तपसैवपरंज्योतिर्भगवंतमधोक्षजं॥ सर्वभूतगुहावासमंजसाविंदतेपुमान्॥१९॥ मैत्रेय० एवमात्मभुवादि

થકી પ્રથમ જન્મેલા એ ભગવાન સદાશીવે રોવા લાગીને જગદગુરૂ બ્રહ્માને કહ્યું કે. “મારાં નામ તથા સ્થાન મુકરર કરો.” ॥૮॥ તેના એ વચનનો બ્રહ્માએ સ્વીકાર કરીને સુંદર વાણીથી જવાબ આપ્યો કે. “તું રોમાં, હું તારાં નામો અને સ્થાનો મુકરર કરૂં છું.” ॥૯॥ હે ઉત્તમ દેવ, બાળકની પેઠે ઉદ્વેગ સહીત તું રોયો માટે પ્રજાઓ તને “રૂદ્ર” એવા નામથી કહેશે. ॥૧૦॥ હૃદય–ઇંદ્રીયો–પ્રાણ–આકાશ–વાયુ–અગ્ની,–જળ–પૃથ્વી–સુર્ય–ચંદ્ર–અને તપ, એટલાં તમારાં સ્થાન મેં પ્રથમથીજ કરેલાં છે. ॥૧૧॥ મન્યુ–મનુ–મહીનસ–મહાન–શીવ–ઋતુધ્વજ–ઉગ્રરેતા–ભવ–કાલ–વામદેવ–અને ધૃતવ્રત એટલાં તમારાં નામો છે. ॥૧૨॥ ધી–વૃત્તી–ઉશના–ઉમા નીયુત–સર્પી,–ઇલા–અંબીકા–ઇરાવતી.–સુધા–અને દીક્ષા–એટલી તમારી સ્ત્રીઓ છે. ॥૧૩॥ એ રીતનાં નામો સ્થાનો–તથા સ્ત્રીઓને ગ્રહણ કરીને, તમે પ્રજાપતી થઇ, તેઓ થકી ઘણી પ્રજાને સરજો. ॥૧૪॥ એ પ્રમાણે ભગવાન ગુરૂ (બ્રહ્મા)એ આજ્ઞા કરવાથી તે “નીલ લોહીત” સદાશીવે પોતાની આકૃતી–સ્વભાવ અને સત્વે કરીને પોતાના સરખીજ પ્રજાને ઉત્પન્ન કરી. ॥૧૫॥ રૂદ્રે (સદાશીવે) ઉત્પન્ન કરેલ અસંખ્ય રૂદ્રગણોના સમુદાયોને, ચારેકોરેથી જગતને ગળી જવાની ઇચ્છા કરતા દેખીને બ્રહ્માને ભય ઉત્પન્ન થયું. ॥૧૬॥ (અને તે બોલ્યા કે) હે ઉત્તમ દેવ (શીવ), હું સહીત સર્વ દીશાઓને ઉગ્ર દૃષ્ટીથી બાળતી આ સરખી પ્રજાઓ ઉત્પન્ન કરવાનું, આટલેથીજ તમે બસ કરો. ॥૧૭॥ અને સર્વ પ્રાણીઓને સુખ ઉત્પન્ન કરનારૂં સુંદર તપ તમે કરો. એટલે એ તપ થકી પણ, આ વીશ્વની અપુર્વ સૃષ્ટી તમે કરી શકશો. ॥૧૮॥ તથા તપવડે કરીનેજ, પરમજ્યોતી સ્વરૂપ તથા સર્વ પ્રાણીમાત્રના અંતરમાં રહેલા અધોક્ષજ ભગવાનને, પુરૂશ ઉતાવળોજ પામે છે. ॥૧૯॥ મૈત્રેય–એ રીતે બ્રહ્માએ કરેલી આજ્ઞાનો સ્વીકાર કરી, તેમને પરદક્ષણા કરીને તથા રજા લેઇને, શીવ તપ

કરવા સારૂ વનમાં ગયા. ॥૨૦॥ પછી સૃષ્ટી કરવાનું ધ્યાન કરતા બ્રહ્માએ, ભગવાનની શક્તી થકી યુક્ત તથા લોકને ઉત્પન્ન કરવાના હેતુરૂપ, મરીચી-અત્રી-અંગીરા,-પુલસ્ત્ય-પુલહ-ક્રતુ,-ભૃગુ-વસીષ્ટ-દક્ષ, અને દશમા નારદ, એ દશ પુત્રોને ઉત્પન્ન કરયા. ॥૨૧-૨૨॥ બ્રહ્માના ખોળામાંથી નારદ થયા. અંગુઠાથી દક્ષ-પ્રાણથી વસીષ્ટ-ત્વચાથી ભૃગુ-હાથથી ક્રતુ-નાભી થકી પુલહ-કાનથી પુલસ્ત્ય-મુખથી અંગીરા-નેત્રથી અત્રી-અને મન થકી મરીચી ઉત્પન્ન થયા. ॥૨૩-૨૪॥ જમણા સ્તન થકી ધર્મ થયા. જેમના થકી ભગવાન નારાયણ પોતે ઉત્પન્ન થયેલ છે. તથા વાંસા થકી અધર્મ થયો. જેના થકી લોક માત્રને ભય કરનારો મૃત્યુ ઉત્પન્ન થયેલ છે. ॥૨૫॥ તેમના હૃદયથી કામ-ભમરેથી ક્રોધ-નીચલા હોઠથી લોભ-મુખથી વાણી-ઉપસ્થ થકી સમુદ્રો-અને ગુદા થકી પાપનો આશ્રય કરનારો નીરૂતી ઉત્પન્ન થયેલ છે. ॥૨૬॥ એ સમર્થ બ્રહ્માની છાયાથી દેવહુતીના સ્વામી કર્દમમુની થયેલા છે. આ રીતે વીશ્વને કરનારા (બ્રહ્મા)ના દેહથી અને મન થકી જગત જન્મેલ છે.

॥૨૭॥ હે વીદુર, અમે એવું સાંભળ્યું છે કે, પોતાની જુવાન અને મનનું હરણ કરનારી દીકરી વાણી (સરસ્વતી), પોતાને વીશે કામનાવાળી નહી હોવા છતાં, બ્રહ્માજી તેને વીશે સકામ થયા હતા. ॥૨૮॥ ત્યારે મરીચી આદી લેઇને મુની દીકરાઓએ, તેમને અધર્મમાં મતી કરતા જોઇને, ભરોંસાથી કહ્યું હતું કે. ॥૨૯॥ હે સમર્થ (બ્રહ્મા), પોતાનાજ અંગથી ઉત્પન્ન થયેલી હોવાથી અગમ્ય, એવી દીકરીની પાસે આપ જવાછો. એવું કામ પુર્વે કોઇએ કર્યું નથી. હાલ કોઇ કરતું નથી. અને હવે પછી બીજાઓ કરશે પણ નહીં. ॥ ૩૦ ॥ હે જગતના ગુરૂ, જેઓનાં આચરણ પ્રમાણે આચરણ કરવામાં લોકો પોતાનું કલ્યાણ માને છે તેવા તેજવાન પુરૂશોને પણ આવું કામ સારી કીર્તી કરનારૂં નથીજ. ॥ ૩૧ ॥ એટલા માટે અમે ભગવાનને નમસ્કાર કરીએ છીએ, કે જેણે શરીરોમાં સ્થાપન થઇને પોતાના પ્રકાશથી આ વીશ્વને પ્રકાશીત કરેલું છે. માટે ધર્મનું રક્ષણ કરવાને તેજ યોગ્ય છે. ॥ ૩૨ ॥ પોતાની સામે પુત્રોને એ રીતે બોલતા સાંભળવાથી

ष्टःपरिक्रम्यगिरांपतिं॥ [illegible]शतपसेवनं॥२०॥ अथाभिध्यायतःसर्गंदशपुत्राःप्रजज्ञिरे ॥ भगवच्छक्तियुक्तस्यलोकसंता
नहेतवः॥२१॥ मरीचिरत्र्यंगिरसौपुलस्त्यःपुलहःक्रतुः॥ [illegible]श्चदशमस्तत्रनारदः ॥२२॥ उत्संगान्नारदोजज्ञेदक्षोऽंगुष्ठात्स्वयं
भुवः॥ प्राणाद्वसिष्ठःसंजातोभृगुस्त्वचिकरात्क्रतुः॥२३॥पुलहोनाभितोजज्ञेपुलस्त्यःकर्णयोर्ऋषिः ॥ अंगिरामुखतोऽक्ष्णोऽत्रिर्मरीचिर्मन
सोऽभवत्॥२४॥ धर्मस्तनाद्दक्षिणतो[illegible]रायणःस्वयं॥ अधर्मःपृष्ठतोयस्मान्मृत्युर्लोकभयंकरः॥२५॥ हृदिकामोभ्रुवःक्रोधोलोभश्चाधर
दच्छदात्॥ आस्याद्वाक्सिंधवोमेढ्रान्निर्ऋतिःपायोरघाश्रयः ॥२६ ॥ छायायाःकर्दमोजज्ञेदेवहूत्याःपतिःप्रभुः॥ मनसोदेहतश्चेदंजज्ञेविश्व
कृताजगत् ॥२७॥ वाचंदुहितरंतन्वींस्वयंभूर्हरतीमनः ॥ अकामांचकमेक्षत्तःसकामइतिनःश्रुतं ॥२८॥ तमधर्मेकृतमतिंविलोक्यपितरंसु
ताः॥ मरीचिमुख्यामुनयोविश्रंभात्प्रत्यबोधयन्॥२९॥ नैतत्पूर्वैः[illegible]चापरे॥ यत्त्वंदुहितरंगच्छेरनिगृह्यांगजंप्रभुः ॥३०॥
तेजीयसामपि [illegible]तन्नसुश्लोक्यंजगद्गुरो॥ यद्वृत्तमनुतिष्ठन्वैलोकःक्षेमायकल्पते॥३१॥ तस्मैनमोभगवतेयइदंस्वेनरोचिषा॥ आत्मस्थंव्यंजया
माससधर्मंपातुमर्हति ॥३२॥ सइत्थंगृणतः[illegible]॥ प्रजापतिपतिस्तन्वंतत्याजव्रीडितस्तदा ॥३३॥ तांदिशोजगृहुर्घो
रांनीहारंयद्विदुस्तमः॥ कदाचिद्ध्यायतःस्रष्टुर्वेद[illegible]श्चतुर्मुखा ॥कथंस्रक्ष्याम्य[illegible]लोकान्समवेतान्यथापुरा॥३४॥ चातु[illegible]र्त्रंकर्म[illegible]त्रमुपव
दनयैःसह॥ धर्मस्यपा[illegible]श्चत्वारस्तथैवाश्रमवृत्तयः॥३५॥ विदुर० सर्वविश्वसृजामीशोवेदादीन्मुखतोऽसृजत्॥ यद्यद्येना[illegible]जद्देवस्तन्मे
हितपोधन ॥३६॥ मैत्रेय० ऋग्यजुः[illegible]भिर्मुखैः॥ शस्त्रमिज्यांस्तुतिस्तोमंप्रायश्चित्तंव्यधात्क्रमात्॥३७॥आयुर्वेदंध
नुर्वेदंगांधर्ववेद[illegible]॥स्थापत्यंचासृजद्वेदंक्रमात्पूर्वादिभिर्मुखैः॥३८॥ इतिहासपुराणानिपंचमंवेदमीश्वरः॥ सर्वेभ्यएववक्त्रेभ्यःस[illegible]जेसर्व
दर्शनः॥३९॥ षोडश्युक्थौपूर्ववक्त्रात्पुरीष्यग्निष्टुतावथ॥आप्तोर्यामातिरात्रौचवाजपेयंसगोसवं॥४०॥वेद्यादानंतपःसत्यंधर्मस्येतिपदानिच

લજ્જાએલા બ્રહ્માએ પોતાના એ શરીરનો તે વખતેજ ત્યાગ કર્યો. તે ઘોર શરીરને દીશાઓએ લીધું. ને તેથી ઝાકળ અને અંધારૂ થયાં. ॥ ૩૩ ॥ પ્રથમ હતા તેવા સમસ્ત લોકને હું શી રીતે સરજુ, એવો કોઇ વખતે વીચાર કરતા બ્રહ્માના ચારે મુખમાંથી વેદ ઉત્પન્ન થયા, ॥૩૪॥ તેમજ ચાતુર્હોત્ર આદી કર્મો કરવાનું જ્ઞાન, ન્યાય સહીત ઉપવેદનાં શાસ્ત્રો, તથા આશ્રમો અને વર્ણો આદીની ચાર ચાર પ્રકારની વૃતીઓ (આજીવીકાઓ) વાળો ચાર પાયાનો ધર્મ એ બધું તેમના એ મુખો થકીજ થયેલ છે. ॥૩૫॥—વિદુર—હે તપસ્વી મૈત્રેય, વીશ્વસર્જકોના ઇશ્વર (બ્રહ્મા)એ વેદ વીગેરેને પોતાના મુખથી સરજવાની પેઠેજ તેમણે બીજું જે જે, જેણે કરીને સરજ્યા જે રીતનું સરજ્યું હોય તે રીતનું મને કહો. ॥૩૬॥—મૈત્રેય—બ્રહ્માએજ, ઋગ-યજુ-સામ-અને અથર્વ એ વેદો તથા શસ્ત્ર (હોતાનું કર્મ)-ઇજ્યા (અધ્વર્યુનું કર્મ)-સ્તુતી (ઉદ્ગાતાનું કર્મ)-અને સ્તોમ તથા પ્રાયશ્ચીત (એ બ્રહ્માનાં કર્મ) એ સર્વ પોતાના પુર્વાદી મુખ થકીજ અનુક્રમે સરજ્યાં છે.॥૩૭॥

આયુર્વેદ-ધનુર્વેદ-ગાંધર્વવેદ-અને શીલ્પવેદ (એટલે વીશ્વકર્માનું શાસ્ત્ર) એ ઉપવેદોને પણ પુર્વાદી મુખ થકીજ ક્રમ પ્રમાણે સરજ્યાં છે. ॥૩૮॥ અને ઇતીહાસ તથા પુરાણોનો પાંચમો ઉપવેદ પણ એ સર્વજ્ઞ અને ઇશ્વર બ્રહ્માએ પોતાનાં ચારે મુખ થકી સરજ્યો છે.॥૩૯॥ અને તેમણેજ ષોડસી અને ઉકથ,-આપ્તોર્યામ અને અતીરાત્ર,-પુરીસી અને અગ્નીષ્ટોમ,-વાજપેય અને ગોસવ, એ યજ્ઞોને પણ પોતાના પુર્વાદી મુખોવડેજ અનુક્રમથી સરજેલા છે. ॥૪૦॥ વીદ્યા (જ્ઞાન)-દાન (દયા)-તપ-અને સત્ય, એ પ્રકારના ચાર પાયાવાળો ચારે આશ્રમોનો તેમની વૃત્તીઓ સાથેનો ધર્મ પણ બ્રહ્માએ પોતાનાં સર્વે મુખો થકીજ કહેલોછે. ॥૪૧॥ સાવીત્રી (જનોઇ દીધા પછી ત્રણ દીવસનું વ્રત)-પ્રાજાપત્ય (એક વરસનું વ્રત)-બ્રાહ્મ (ભણી રેહેતા સુધીનું વ્રત)-અને બૃહત (આયુષ્ય પર્યંતનું વ્રત, નૈષ્ટીક) એ ચાર બ્રહ્મચર્યના પ્રકારો છે. તેમજ વાર્તા (ખેડ-ઢોર પાળવાં-વેપારું સાટવું-અને અયાચ્યું ખાવું. એ વડે નીભાવ કરવો)-સંચય (ભીખ માગીને-ભણાવીને-યજ્ઞ વગાદીક કર્મ કરાવીને મળેલા ધન-

એ સંચય કરીને તે વડે ગુજરાન ચલાવવું.) શાલીન (વગર માગ્યે મરજીથી આવી મળેલાથીજ નીભાવ કરવો.) અને શીલ-ઉંચ્છ (ખેતરમાં પડ્યા મુકેલા અથવા વેપારીની દુકાનમાં વાસીદામાં કાઢી નાંખેલા દાણા રોજરોજ વીણી લાવીને તે વડે ગુજરાન ચલાવવું.) એ ચાર પ્રકારની આજીવીકાવાળા ગૃહસ્થો છે. ॥ ૪૨ ॥ વૈખાનસ (વગર ખેડે ઉત્પન્ન થએલ અનાજ વગેરે ખાનારા)-વાલખીલ્ય (નવું અન્ન મળેથી જુનું બીજાને આપી દેનારા) ઔદુંબર (સવારમાં ઉઠતાં દેખવામાં આવે તે દીશામાં જતાં જે મળે તેજ ખાનારા)-અને ફેનપ (પાકીને અથવા સુકાઇને ખરી પડેલફળ, પાંદડા વીગેરે ખાનારા, એ ચાર પ્રકારની આજીવીકાવાળા) એટલા વાનપ્રસ્થ આશ્રમીઓ છે. તથા કુટીચક (સંન્યાસીને ઉચીત કર્મો કરનારા)-બહુદક (જ્ઞાન મેળવવાને મુખ્ય ગણી, ગૌણપણે કર્મોને કરનારા) હંસ (કેવળજ્ઞાન મેળવવામાં લક્ષ રાખીને કર્મો કરવા તરફ ધ્યાન નહીં રાખનારા)-અને નીષ્ક્રીય (તત્વજ્ઞાનની નીષ્ઠાવડે સર્વ કર્મોને તજેલા) એ ચાર પ્રકારના સંન્યાસી પણ છે ॥૪૩॥ એ રીતેજ આન્વીક્ષીકી (મોક્ષ ઉપયોગી અને તત્વજ્ઞાનની)-ત્રયી (ધર્મસંપાદન કરવાની અને ત્રણ વેદ સંબંધી)-વાર્તા (કામના અને સુખ ભોગ સંપાદન કરવાની અને લૌકીક તથા શાસ્ત્ર સંબંધીની)-અને દંડનીતી (ધન સંપાદન કરવાની લોકો વીગેરેને વશમાં કેવી રીતે રાખવા એ વીગરેની લૌકીક તથા શાસ્ત્રોક્ત) આ ચારે પ્રકારની વીદ્યાઓ તથા ચારે વ્યાહ્રતીઓ (ભુઃ-ભુવઃ-સ્વઃ-મહઃ) તેમજ પ્રણવ એટલે ઓંકાર, એ સર્વ તેમના હ્રદય થકી થયેલ છે. ॥૪૪॥ સમર્થ બ્રહ્માના રૂવાડાં થકી ઉષ્ણીકછંદ-ત્વચાથકી ગાયત્રીછંદ-માંસ થકી ત્રીષ્ટુપછંદ-સ્નાયુથકી અનુષ્ટુપછંદ-અસ્તીમાંથી જગતીછંદ-મજ્જા થકી પંક્તીછંદ-તથા પ્રાણથકી બૃહતીછંદ થયેલ છે. સ્પર્શ (ક થી મ સુધીના) અક્ષરો બ્રહ્માનો જીવ, અને સ્વરો (અ, આ વીગેરે સોળ) અક્ષરો તેમનો દેહ કહેવાય છે. ॥ ૪૫-૪૬ ॥ ઉષ્મા (શ-ષ-સ-હ) અક્ષરો તેમની ઇંદ્રીયો, અને અંતસ્થ ય-ર-લ-વ) અક્ષરો તેમનું બળ છે. તથા સાત સ્વર એટલે રાગ, પ્રજાપતી બ્રહ્માની રમતથી થયેલા છે. ॥૪૭॥ હે તાત, ઉપર કહી ગયા તે રીતે બ્રહ્માએ છોડી

॥ आश्रमांश्चयथासंख्यमसृजत्सहवृत्तिभिः॥४१॥ सावित्रंप्राजापत्यंचब्रा[illegible]ंचाथबृहत्तथा॥ वार्तासंचयशालीनशिलोंछइतिवैगृहे॥४२॥ वैखान[illegible]वालखिल्यौदुंबराःफेनपावने॥न्यासेकुटीचकःपूर्वंबह्वोदोहंसनिष्क्रियौ॥४३॥ आन्वीक्षिकीत्र[illegible] एवंव्याहृतयश्चासन्प्रणवोह्यस्यदह्रतः ॥४४॥ तस्योष्णिगासील्लोमभ्योगा[illegible]विभोः॥त्रिष्टुप्मांसात्स्नुतो[illegible]नुष्टुब्जगत्यस्थ्नः[illegible]जापतेः॥४५ मज्जायाःपंक्तिरुत्पन्ना[illegible]हतीप्राणतोऽभवत्॥ स्पर्शस्तस्याभवज्जीवःस्वरोदेहउदाहृतः॥४६॥ ऊष्माणमिंद्रियाण्याहुरंत[illegible]बलमात्मनः॥ स्वराःसप्तविहारेणभवंतिस्मप्रजापतेः॥४७॥ शब्दब्रह्मात्मनस्तस्यव्यक्ताव्यक्तात्मनःपरः॥ ब्रह्मावभातिविततोनानाशक्त्युपबृंहितः॥ ततोऽपरा[illegible] ॥४८॥ ऋषीणांभूरिवीर्याणामपिसर्गमविस्तृतं॥ ज्ञात्वातद्धृदयेभूयश्चिंतयामासकौरव॥४९॥अहोअद्भुतमेतन्मे व्या[illegible]तस्यापिनित्यदा॥ नह्येधंतेप्रजानूनंदैवम[illegible]विघातकं॥५०॥ एवंयुक्तकृतस्तस्यदैवंचावेक्षतस्तदा॥कस्यरूपमभूद्द्वेधायत्कायमभिचक्षते ॥५१॥ ताभ्यांरूपविभागाभ्यांमिथुनंसमपद्यत॥ यस्तुतत्रपुमान्सोऽभून्मनुःस्वायंभुवःस्वराट् ॥५२॥ स्त्रीयासीच्छतरूपा[illegible]हिष्यस्यम[illegible]त्मनः॥ तदामिथुनधर्मेणप्रजाह्येधांबभूविरे॥५३॥सचापिशतरूपायांपंचापत्यान्यजीजनत् ॥ प्रियव्रतोत्तानपादौतिस्रःकन्याश्चभारत ॥५४॥ आकूतिर्देवहूतिश्चप्रसूतिरितिसत्तम ॥ आकूतिंरुचयेप्रादात्कर्दमायतुमध्यमां ॥ दक्षायादात्प्रसूतिंचयतआपूरितंजगत् ॥५५॥ इ० भा० म० तृ० द्वादशोऽध्यायः॥१२॥ श्रीशुक० निशम्य[illegible]मुनेःपुण्यतमांनृप॥ भूयःपप्र[illegible]कौरव्योवासुदेवकथादृतः ॥१॥ विदुर० सवैस्वायंभुवःसम्राट्प्रियःपुत्रःस्वयंभुवः॥ प्रतिलभ्यप्रियांपत्नींकिंचकारततोमुने॥२॥ चरितंतस्यराजर्षेरादिराजस्यसत्तम॥ब्रूहिमेश्रद्दधानायविष्वक्सेनाश्रयोह्यसौ ॥३॥ श्रुतस्यपुंसांसुचिरश्रमस्यनन्वंजसासूरिभिरीडितोऽर्थः॥तत्तद्गुणानुश्रवणंमुकुंदपादारविंदंहृदयेषुयेषां॥४॥ श्रीशुक० इतिब्रुवाणंविदुरंविनीतंसहस्रशीर्ष्णश्चरणोपधानं ॥ प्रहृष्टरोमाभगवत्कथायांप्रणीयमानोमुनिरभ्यचष्ट॥५॥ मैत्रेय० यदास्वभा

દીધેલું શરીર નીહાર અને અંધારૂં થઇ ગયું. તે પછી "શબ્દ બ્રહ્મ" રૂપી શરીર જે વ્યક્ત (ઉંકારાદીક રૂપે) અને અવ્યક્ત (પ્રધાન થકીપર હોવાથી જણાતું નથી તે) છે. અને અનેક શક્તીઓથી વૃદ્ધી પામેલું પ્રકાશે છે. તે વડે સૃષ્ટી કરવાનું તેમણે મન કર્યું. ॥૪૮॥ પછી હે વીદુર, રૂશીઓ ઘણા વીર્યવાન હોવા છતાં પણ વીસ્તારવાળી સૃષ્ટી થતી નથી એમ જાણીને બ્રહ્મા મનમાં ફરીથી વીચાર કરવા લાગ્યા કે. ॥૪૯॥ અરે હું નીત્ય સૃષ્ટી કરવાના કામમાં મંડ્યો રહું છું. છતાં પ્રજા વધતી નથી. માટે નક્કી એ કામમાં દૈવજ આડું આવનારૂં છે.॥૫૦॥ એવા વીચારથી યુક્ત થઇને તે દૈવની વાટ જોવા લાગ્યા. ત્યારે બ્રહ્માનું શરીર એક હતું તેનાં બે થઇ ગયાં. જે "કાય" એ નામથી કહેવાય છે. ॥૫૧॥ તે બે વીભાગ થયેલ શરીરનું એક જોડેલું (સ્ત્રી-પુરૂશ) થયું. તેમાં જે પુરૂશ હતો તે "સ્વાયંભુ મનું" ચક્રવતી-થયા. ॥૫૨॥ અને સ્ત્રી હતી તે એ મહાત્માની શતરૂપા નામની રાણી થઇ, અને ત્યારથી મીથુન ધર્મવડે પ્રજાનો વધારો થયો. ॥૫૩॥ હે શ્રેષ્ટ વીદુર, એ શતરૂપામાં મનુએ, પ્રીયવ્રત-ઉત્તાનપાદ-અને ત્રણ કન્યાઓ આકુતી-દેવહુતી-અને પ્રસુતી એ રીતે પાંચ સંતાનો ઉત્પન્ન કર્યાં તેમાંની આકુતી, રૂચી રૂશીને આપી હતી. વચલી દેવહુતી કર્દમ મુનીને, અને પ્રસુતી દક્ષને આપી હતી. જેમના થકી આ જગત ભરાઇ ગયેલું છે.॥૫૪-૫૫॥ ઇ૦ શ્રી૦ ભા૦ ત્રી૦ સ્કં૦ ભા૦ અ૦ સંપુર્ણ. ॥૧૨॥

અધ્યાય. ૧૩ મો—શ્રીશુક—હે પરીક્ષીત, મૈત્રેયની અતીપવીત્ર વાણી સાંભળીને વાસુદેવ ભગવાનની કથામાં પ્રીતીવાળા વીદુરે ફરીથી પુછ્યું કે. ॥૧॥—વિદુર—હે મુની, બ્રહ્માના પ્રીયપુત્ર ચક્રવતી સ્વાયંભુ મનુએ, પ્રીય સ્ત્રી શતરૂપાને પામીને પછી શું કર્યું. ॥૨॥ હેસત્તમ, વીશ્વકસેન ભગવાનના ભક્ત, એ આદી રાજા સ્વાયંભુ મનુનું ચરીત્ર હું શ્રદ્ધાવાળાને કહો. ॥૩॥ મેહેનત લેઇને શાસ્ત્ર શ્રવણ કરવાનું પ્રયોજન વીદ્વાનોએ એટલુંજ કહ્યું છે કે જેમના હ્રદયમાં ભગવાનનું ચરણારવીંદ છે. એવા ભક્તજનોએ ગાયન કરેલા, ભગવાનના ગુણોનું શ્રવણ જેથી થાય. ॥૪॥—શ્રીશુક—એ રીતે બોલતા વીનયવાન અને જેમના ખોળામાં ભગવાને પોતાના પગ

પસારેલા હતા. એવા વીદુરને, ભગવાનની કથા કહેવાની પ્રેરણા થવાથી રૂવાડાં ઉભાં થયેલા મૈત્રેય મુનીએ આ રીતે કહ્યું કે. ॥૫॥—મૈત્રેય—સ્વાયંભુ મનુ પોતાની સ્ત્રી સહીત જનમતાંજ, તેમણે બ્રહ્માને પ્રણામ કરી હાથ જોડીને કહ્યું કે. ॥૬॥ આપ એકજ, પ્રાણી માત્રના જન્મ આપનારા તથા આજીવીકા આપનારા પીતા છો. તોપણ આપની પ્રજા અમોએ, આપની શેવા કેવે પ્રકારે કરવી. તે આપ દરશાવો. હે સ્તુતીને યોગ્ય, અમે આપને નમીએ છીએ. અમારી શક્તી મુજબનું અમને કામ બતાવો. કે જે કરવાથી આ લોકમાં યશ, અને પરલોકમાં મોક્ષ અમને મળે. ॥૭-૮॥—બ્રહ્મા—હે ચક્રવતી રાજા, તમે નીષ્કપટ મનથી "મને કામ બતાવો" એમ કહ્યું છે. તેથી હું તમો બંનેના ઉપર પ્રસન્ન થયો છું. તમારૂં ભલું થશે. ॥૯॥ હે વીર, પોતાની શક્તી મુજબ, અને આળસ અને અદેખાઈનો ત્યાગ કરીને તથા આદર સહીત ગુરૂઓ એટલે પીતા આદીની આજ્ઞાને માનવી. એટલોજ તેમણે કરેલા ઉપકારોનો બદલો સંતાનોએ વાળવાનો છે. ॥૧૦॥ માટે તમો, હવે આ તમારી શતરૂપા રાણીથકી તમારા પોતાનાજ ગુણો સરખા ગુણોવાળાં છોકરાં ઉત્પન્ન કરો—ધર્મવડે પૃથ્વીનું અનુસાશન (રાજ્ય) કરો—અને યજ્ઞોવડે પુરૂષ ભગવાનનું પુજન કરો. ॥૧૧॥ હે રાજા, પ્રજાનું રક્ષણ કરવું, એજ મારી મોટી શેવા છે. અને તેથીજ પ્રજાઓનું પોશણ કરનારા હ્રશીકેશ ભગવાન પાછળથી તમારા ઉપર પ્રસન્ન થશે. ॥૧૨॥ જેઓના ઉપર યજ્ઞ સ્વરૂપ જનાર્દન ભગવાન તુશમાન થતા નથી, તે પોતે પોતાનોજ અનાદર કરનારાઓનો સઘળો શ્રમ ફોકટમાં જાય છે. ॥૧૩॥—મનુ—હે પાપનો નાશ કરનારા ભગવાન, હું આપની આજ્ઞા પ્રમાણે કરીશ. પણ પ્રજાને માટે અને મારે માટે અહીંયાં સ્થાનને માટે સમર્થ એવા આપ વીચાર કરો. ॥૧૪॥ સર્વ પ્રાણીઓના સ્થાનરૂપ પૃથ્વી તો મહા જળમાં બુડેલી છે. માટે એ પૃથ્વી દેવીને બહાર લાવવાનો યત્ન આપ ભગવાન કરો. ॥૧૫॥—મૈત્રેય—બ્રહ્માએ પૃથ્વીને એ રીતેજ પાણીમાં ડુબેલી જોઈને, "હું એને કેવી રીતે બહાર લાવું" એમ તેમણે ઘણીવાર સુધી બુદ્ધીવડે વીચાર કર્યો કે. ॥ ૧૬ ॥

…यासाकंजातःस्वायंभुवोमनुः ॥ प्रांजलिःप्रणतश्चेदंवेदगर्भमभाषत॥६॥ त्वमेकःसर्वभूतानांजन्मकृद्वृत्तिदःपिता ॥ अथापिनःप्रजानांतेशु
श्रूषाकेनवाभवेत्॥७॥ तद्विधेहिनमस्तुभ्यंकर्मस्वीड्यात्मशक्तिषु॥ यत्कृत्वेहयशोविष्वगमुत्रचभवेद्गतिः॥८॥ ब्रह्मा॰प्रीतस्तुभ्यमहंतातस्व
स्तिस्ताद्वांक्षितीश्वर॥ यन्निर्व्यलीकेनहृदाशाधिमेत्यात्मनाऽर्पितं॥९॥ एतावत्यात्मजैर्वीरकार्याह्यपचितिर्गुरौ॥शक्त्याऽप्रमत्तैर्गृह्येतसादरंगत
मत्सरैः॥१०॥ सत्वमस्यामपत्यानिसदृशान्यात्मनोगुणैः॥ उत्पाद्यशासधर्मेणगांयज्ञैःपुरुषंयज॥११॥परंशुश्रूषणंमह्यंस्यात्प्रजारक्षयानृप॥
भगवांस्तेप्रजाभर्तुर्हृषीकेशोनुतुष्यति॥१२॥ येषांनतुष्टोभगवान्यज्ञलिंगोजनार्दनः॥ तेषांश्रमोह्यपार्थाययदात्मानादृतःस्वयं॥१३॥मनु॰
आदेशेहंभगवतोवर्तेयामीवसूदन॥ स्थानंत्विहानुजानीहिप्रजानांममचप्रभो॥१४॥ यदोकःसर्वसत्वानांमहीमग्नामहांऽभसि ॥ अस्याउद्धर
णेयत्नो [illegible]विधीयतां॥१५॥ मैत्रेय॰परमेष्ठीत्वपांमध्येतथासन्नामवेक्ष्यगां॥ कथमेनांसमुन्नेष्यइतिदध्यौधियाचिरं॥१६॥ सृजतोमेक्षि
तिर्वार्भिःप्लाव्यमानारसांगता॥ अथात्रकिमनुष्ठेयमस्माभिःसर्गयोजितैः॥१७॥ यस्याहंहृदयादासंसईशोविदधातुमे॥इत्यभिध्यायतोनासा
विवरात्स[illegible]साऽनघ॥ वराहतोकोनिरगादंगुष्ठपरिमाणकः ॥१८॥ तस्याभिपश्यतःस्वस्थःक्षणेनकिलभारत॥ गजमात्रःप्रववृधेतदद्भुतम
भून्महत् ॥१९॥ मरीचिप्रमुखैर्विप्रैःकुमारैर्मनुनासह ॥ दृष्ट्वातत्सौकरंरूपंतर्कयामासचित्रधा ॥२०॥ किमेतत्सौकरव्याजंसत्वंदिव्यम[illegible]
तं॥ [illegible]बताश्चर्यमिदं[illegible]मेविनिःसृतं ॥२१॥ दृष्टोऽगुष्ठशिरोमात्रःक्षणाद्गंडशिलासमः॥ अपिस्विद्भगवानेषयज्ञोमेखेदयन्मनः॥२२॥
इतिमीमांसतस्तस्यब्रह्मणःसहसूनुभिः ॥ भगवान्यज्ञपुरुषोजगर्जागेंद्रसन्निभः॥२३॥ ब्रह्माणंहर्षयामासहरिस्तांश्चद्विजोत्तमान्॥स्वगर्जिते
नककुभःप्रतिस्वनयताविभुः॥२४॥निशम्यतेघर्घरितंस्वखेदक्षयिष्णुमायामयसूकरस्य॥ जनस्तपःसत्यनिवासिनस्तेत्रिभिःपवित्रैर्मुनयो[illegible]
णन्स्म॥२५॥ तेषांसतांवेदवितानमूर्तिर्ब्रह्मावधार्यात्मगुणानुवादं॥ विनद्यभूयोविबुधोदयायगजेंद्रलीलोजलमावि[illegible]श ॥२६॥ उत्क्षिप्तवालः

પાણીએ બોળી નાંખેલી પુથ્વી રસાતળમાં ગઈ છે. તેને બહાર લેઈ આવવાને સારૂ અમો સૃષ્ટીને ઉત્પન્ન કરનારાએ શી રીતે કરવું જોઈએ. ॥૧૭॥ મારૂં એ કામ પણ, જેના હૃદયથકી હું ઉત્પન્ન થયેલો છું તે ભગવાનજ પાર પાડશે." એમ ચીંતવન કરતાંજ, હે અનઘ, એક અંગુઠાના ટેરવા જેવડું વરાહનું બચ્ચું, તેમના નસકોરામાંથી એકાએક બહાર નીકળ્યું. ॥૧૮॥ હે ભારત, તેઓ સ્વસ્થપણે જોતાં જોતાંમાં તો તે હાથી જેવડું વધી ગયું. એ મોટું આશ્ચર્ય થયું. ॥૧૯॥ ત્યારે મરીચી આદી રૂશીઓ—સનતકુમારો—અને મનુ એ સર્વે જણા સહીત બ્રહ્મા પણ, તે વરાહનું રૂપ જોઈને અનેક પ્રકારે તર્ક કરવા લાગ્યા કે. ॥૨૦॥ અહો, મારા નસકોરામાંથી નીકળેલું વરાહ સ્વરૂપનું આ દીવ્ય પ્રાણી કોણ હશે. આતો ખચીત આશ્ચર્ય કહેવાય. ॥૨૧॥ તે અંગુઠાના ટેરવા જેટલું હતું. ને ક્ષણવારમાં મોટી શીલા જેવડું દેખાય છે. એથી શું યજ્ઞ ભગવાન મારા મનને ખેદ ઉપજાવતા હશે. ॥૨૨॥ એ રીતે, પોતાના પુત્રો સહીત બ્રહ્મા વીચાર કરતાંજ, ભગવાન યજ્ઞ પુરૂશે મોટા પર્વત જેવડા દેખાઈને ગર્જના કરી. ॥૨૩॥ અને એ રીતે, દીશાઓમાંથી સામો પડઘા(પડછંદો)બોલવાની સાથે સમર્થ હરી ભગવાને પોતાની ગર્જનાથી એ બ્રહ્માને અને ઉત્તમ દ્વીજોને હર્ષ પમાડ્યો. ॥૨૪॥ ત્યારે એ જન—તપ—અને સત્ય લોકના વાસી મુનીઓએ પોતાના ખેદને મટાડનારી માયામય વરાહ સ્વરૂપની ગર્જના સાંભળીને ત્રણે વેદના પવીત્ર મંત્રોવડે તેમની સ્તુતી કરી. ॥૨૫॥ એટલે એ સત્પુરૂશોએ ઉચ્ચારેલા વેદના મંત્રોવડે ગવાતા પોતાના ગુણાનુવાદને સાંભળીને, ભગવાને દેવતાઓના ઉદયને માટે ફરીથી ગર્જના કરી. અને હાથીના સરખી રમત કરતા કરતા તે જળમાં પેઠા. ॥૨૬॥ તે વખતે, આકાશ તરફ ઉંચુ પુછડું કરીને ફરતા—કઠણ અંગોવાળા—કેશ વાળીને ધણધણાવતા—કઠણ રૂવાડાંવાળી ચામડીવાળા—ધોળી ડાઢવાળા—ખરીવડે વાદળાંને ખસેડતા અને પ્રકાશીત દ્રષ્ટીવાળા—તથા પૃથ્વીને ધારણ કરનારા—એ ભગવાન ઘણું શોભતા હતા. ॥૨૭॥ અને વરાહ સ્વરૂપવાળા તે યજ્ઞ ભગવાન નાકથી સુંધીને પૃથ્વીને શોધતા તથા વીકરાળ દાઢોવાળા છતાં પ્રેમવાળી નજરથી

સ્તુતી કરનારા બ્રાહ્મણોને જોતા, જળની અંદર પેઠા. ॥૨૮॥ વજ્રના પર્વત સરખા અંગના વેગસહીત પડવાથી પોતાનું પેટ ચીરાઇ જવાની પેઠે, સમુદ્ર રાડો (બુમો) પાડીને તથા મોજારૂપ પોતાના હાથ લાંબા કરીને "હે યજ્ઞેશ્વર મારૂં રક્ષણ કરો" એમ ગર્જના કરવા લાગ્યો. ॥૨૯॥ પછી અપાર પાણીનો પાર આણતા યજ્ઞ, ભગવાન સજાયા સરખી ધારવાળી પોતાની ખરીથી પાણી કાપતા કાપતા સમુદ્રમાં જતાં રસાતળને વીશે. સર્વે જીવોના આધારરૂપ, તથા પેહેલાં પોતે સુઇ જતી વખતે, પોતેજ જેને ધારણ કરી હતી. તે પૃથ્વીને દીઠી. ॥૩૦॥ પછી રસાતળમાં બુડેલી પૃથ્વીને પોતાની દાઢઉપર ધારણ કરીને બાહાર લાવતા હતા. તે ટાણે અતી તીવ્ર ક્રોધથી બળતા સુદર્શન જેવા, અને ગદા સહીત સામે દોડયા આવતા, તથા સામી ગદા ફેંકતા અસહ્ય પરાક્રમવાળા દૈત્ય (હીરણ્યાક્ષ) ને, પાણીની અંદરજ, સીંહે હાથીને મારવાની પેઠે લીલા માત્રમાં મારીને, ગેરૂવાળી ધરતી ખોદવાથી મોટો હાથી શોભવાની પેઠે, ભગવાન, એ દૈત્યના લોહીથી થયેલા કાદવવાળા મોઢા અને ગંડસ્થળથી શોભવા લાગ્યા. ॥૩૧-૩૨॥ હે વીદુર, તમાલ વર્ણના ભગવાને પોતાની ધોળી દાઢની અણીથી હાથીના જેવી લીલાથી પૃથ્વીને ઉપર લેઇ આવતી દેખીને, બ્રહ્મા આદી લેઇને રૂશીઓએ, હાથ જોડી વેદના મંત્રોવડે ભગવાનની સ્તુતી કરીકે. ॥૩૩॥—રૂશીઓ—ત્રણ વેદરૂપ શરીરવાળા, યજ્ઞને ઉત્પન્ન કરનારા, અને પોતાના શરીરને ધમધમાવનારા, જયજયકાર પામેલા અજીત ભગવાનને અમે નમીએ છીએ. તથા રૂવાડાંનાં છીદ્રોમાં યજ્ઞો રહેલા, અને પ્રયોજનને માટે વરાહનુ રૂપ ધરનારા ભગવાનને અમે નમીએ છીએ. ॥૩૪॥ હે દેવ, દુષ્ટ બુદ્ધીવાળાઓને ન દેખાય એવા આપના યજ્ઞાત્મક સ્વરૂપની ચામડીમાં (ગાયત્રી આદી) છંદો, રૂવાડાંમાં દાભ, આંખ્યોમાં ઘી, અને પગની અંદર ચાતુર્હોત્ર કર્મ રહેલ છે. ॥૩૫॥ મોઢાના આગલા ભાગમાં સ્રુચ, બે નસકોરાંમાં સ્રુવ (સરવો), પેટમાં ઈડા (એટલે યજ્ઞનો શેશ ભાગ ભક્ષણ કરવાનું ઠામ) કાનનાં છીદ્રોમાં ચમસ (શોમરસ ભરવાનાં પાત્રો), મુખના અંદરના ભાગમાં પ્રાશીત્ર (બ્રહ્માનો ભાગ મુકવાનું ઠામ), મુખની

स्वचरःकठोरःसटाविधुन्वन्खररोमशत्वक्॥ खुराहताभ्रःसितदंष्ट्रईक्षाज्योतिर्बभासेभगवान्महीध्रः ॥२७॥ घ्राणेनपृथ्व्याःपदवींविजिघ्रन्
क्रोडापदेशःस्वयमध्वरांगः॥करालदंष्ट्रोऽप्यकरालदृग्भ्यामुद्वीक्ष्यविप्रान्गृणतोविशत्कं॥२८॥ सवज्रकूटांगनिपातवेगविशीर्णकुक्षिस्तन
यन्नुदन्वान्॥ उत्सृष्टदीर्घोर्मिभुजैरिवार्तश्चुक्रोशयज्ञेश्वरपाहिमेति॥२९॥ खुरैःक्षुरप्रैर्दरयंस्तदापउत्पारपारंत्रिपरूरसायां॥ ददर्शगांतत्रसुषु
प्सुरग्रेयांजीवधानींस्वयमभ्यधत्त॥३०॥ स्वदंष्ट्रयोद्धृत्यमहींनिमग्नांसउत्थितःसंरुरुचेरसायाः ॥ तत्रापिदैत्यंगदयापतंतं[illegible]नाभसंदीपितती
व्रमन्युःजघानरुंधानमसह्यविक्रमं लीलयेभंमृगराडिवांभसि ॥३१॥तद्रक्तपंकांकितगंडतुंडोयथागजेंद्रोजगतींविभिंदन्॥३२॥ तमालनी[illegible]
सितदंतकोट्याक्ष्मामुत्क्षिपंतंगज[illegible]लीलयांऽग॥प्रज्ञायबद्धांजलयोऽनुवाकैर्विरिंचिमुख्याउपतस्थुरीशं॥३३॥ ऋषय० जितंजितंतेऽजितयज्ञ
भावनत्रयींतनूंस्वांपरिधुन्वतेनमः॥ यद्रोमगर्तेषुनिलिल्युरध्वरास्तस्मैनमःकारणसूकरायते॥३४॥रूपंतवैतन्ननुदुस्कृतात्मनांदुर्दर्शनंदेवयद
ध्वरात्मकं॥ छंदांसियस्यत्वचिबर्हिरोमस्वाज्यंदृशित्वंघ्रिषुचातुर्होत्रं ॥३५॥ स्रुक्तुंडआसीत्स्रुवईशनासयोरिडोदरेचमसाःकर्णरंध्रे॥ प्राशि
त्रमास्येग्रसनेग्रहास्तुतेयच्चर्वणंतेभगवन्नग्निहोत्रं ॥३६ ॥ दीक्षाऽनुजन्मोपसदःशिरोधरंत्वंप्रायणीयोदयनीयदंष्ट्रः॥ जिह्वाप्रवर्ग्यस्तवशीर्ष
कंकतोःसभ्यावसथ्यंचितयोऽसवोहिते॥३७॥ सोमस्तुरेतःसवनान्यवस्थितिःसंस्थाविभेदास्तवदेवधातवः॥ सत्राणिसर्वाणिशरीरसंधिस्त्वं
सर्वयज्ञक्रतुरिष्टिबंधनः ॥३८॥ मनोनमस्तेऽखिलमंत्रदेवताद[illegible]तवेक्रियात्मने॥ वैराग्यभ[illegible]त्यात्मजयानुभावितज्ञानायविद्यागुरवे
नमोनमः॥३९॥ दंष्ट्राग्रकोट्याभगवंस्त्वयाधृताविराजतेभूधरभूःसभूधरा॥ यथावनान्निःसरतोदताधृतामतंगजेंद्रस्यसपत्रपद्मिनी ॥४०॥
त्रयीमयंरूपमिदंचसौकरंभूमंडलेनाथदताधृतेनते॥ चकास्तिशृंगोढघनेनभूयसाकुलाचलेंद्रस्ययथैवविभ्रमः॥४१॥ संस्थापयैनांजगतांस
तस्थुषांलो[illegible]ायपत्नीमसिमातरंपिता॥ विधेमचास्यैनमसासहत्वयायस्यांस्वतेजोऽग्निमिवारणावधाः ॥४२॥ कःश्रद्दधीतान्यतमस्तवप्रभो

ગાંહેના છીદ્રોમાં ગ્રહ નામનાં સોમરસનાં પાત્રોછે. અને આપ ભગવાનનું ચાવવું એ અગ્નીહોત્રછે. ॥૩૬॥ આપનો વારંવાર થતો જન્મ એ દીક્ષા નામની ઇષ્ટી છે. ઉપસદ નામની ઇષ્ટી કંઠ છે. પ્રાયણીય અને ઉદયનીય એ બે ઇષ્ટી દાઢો છે. મહાવીર ઇષ્ટી જીભ છે. સભ્ય (હોમ વીનાનો) અને અવસથ્ય (ઉપાસનાવાળો) એ પ્રકારના ક્રતુ આપનું માથુ છે. અને ચીતય (ઇંષ્ટકાચયનો) એ આપના પ્રાણ છે. ॥૩૭॥ સોમરસ આપનું વીર્ય છે. સવનો એ અવસ્થાઓ છે. યજ્ઞોના સાત ભેદ તે આપની સાત ધાતુઓ છે. સર્વે સત્રો આપના શરીરના સાંધા છે. સર્વે યજ્ઞો—ક્રતુઓ—અને ઇષ્ટીઓ એ બંધનો છે. ॥ ૩૮ ॥ સગગ્રમંત્ર દેવતા અને દ્રવ્યોરૂપ, સર્વે ક્રતુઓરૂપ, અને ક્રીયાઓરૂપ, આપને અમે નમીએ છીએ. તથા વૈરાગ્ય—ભક્તી—અને ચીત્તની એકાગ્રતાથી અનુભવમાં આવતા જ્ઞાનસ્વરૂપ, અને આત્મજ્ઞાન આપનાર ગુરૂ એવા આપને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૩૯॥ હે ભુધર (પૃથ્વીને ધારણ કરનારા), હે ભગવાન, પાણીમાંથી નીકળતાં આપે દાઢના અગ્રભાગની અણી ઉપર ધારણ કરેલી પર્વતો સહીત પૃથ્વી, જેમ પાણીમાંથી નીકળતા મદોન્મત્ત હાથીએ, દાંતમાં ધારણ કરેલી પાંદડાં સહીત કમળીની નીપેઠે શોભતી હતી. ॥ ૪૦ ॥ આપે દાંતવડે ધારણ કરેલ પૃથ્વીમંડળ થકી, આ ત્રણ વેદરૂપ આપનું વરાહસ્વરૂપ જેમ શીખર ઉપર રહેલા મોટા મેઘથી કુલાચલ પર્વતનો વીલાસ શોભે તેમ શોભે છે. ॥૪૧॥ હે પીતા, લોકપાળ સહીત જગતને રેહેવાના સ્થાનસારૂં તેઓની માતા અને આપની પત્નીરૂપ પૃથ્વીને સ્થાપન કરો. અરણીમાં અગ્ની રેહેવાની પેઠે આપે પોતાનુંજ તેજ (વીર્ય અથવા ધારણશક્તી) તેમાં નાખેલ છે. તેથી આપ સહીત તેને અમે નમીએ છીએ. ॥૪૨॥ હે પ્રભુ, આપ વીના: રસાતળમાં ગયેલી પૃથ્વીને ઉપર લેઇ આવવાનું કામ કરવાની ઇચ્છાપણ બીજો કોણ કરી શકે એમ છે, પણ આપ વીશ્વને વીસ્મય પમાડનારા, માયાનો આશ્રય કરીને આ અતી વીસ્મયવાળા જગતને ઉત્પન્ન કરોછો તેમના વીશે, આ કાંઇ વીસ્મય કહેવા સરખું નથીજ. ॥૪૩॥ હે, ઇશ્વર એવા આપે પોતાનું વેદરૂપ શરીર ધુણાવીને કેશવાળી

ઝટકવાથી ઉડાડેલા પવીત્ર પાણીના છાંટાઓથી છંટાવાવડે અમે જન-તપ-અને સત્ય લોકવાસીઓ ધણુંજ પાવન થએલા છૈએ. ॥૪૪॥ અપાર કર્મોવાળા આપનાં કર્મોની ગણત્રી કરવાને જે ઇચ્છા કરે. તેની બુદ્ધી ખરેખર ભ્રષ્ટ થયેલ જાણવી જોઇએ. એવા જે ભગવાનની યોગમાયાના ગુણોના યોગથી આખું વીશ્વ મોહ પામેલું છે, તે ભગવાન અમને અને સર્વને શાંતી આપો. ॥૪૫॥—મૈત્રેય—વેદવાદી મુનીઓએ એ રીતે સ્તુતી કરતાં, પૃથ્વીના રક્ષક ભગવાને, જેના ઉપર પોતાની ખરીઓ હતી તે જળ ઉપર પૃથ્વીને મુકી. ॥૪૬॥ એ રીતે વીશ્વકસેન હરી ભગવાને, બ્રહ્માને, રસાતળમાં ગયેલ પૃથ્વી લીલા માત્રમાં લાવી આપીને, પાણી ઉપર સ્થાપન કરીને, પોતે ત્યાંથી પધારી ગયા. ॥૪૭॥ માયાથી સ્વરૂપ ધરેલા એ યજ્ઞ સ્વરૂપ હરી ભગવાનની, વર્ણન કરવા યોગ્ય કથાઓનું, જે કોઇ ભક્તી સહીત શ્રવણ કરશે અગર સંભળાવશે, તેના ઉપર જનાર્દન ભગવાન પ્રસન્ન થશે. અને તુર્તજ તેના હૃદયમાં વાસ કરશે. ॥૪૮॥ અને સર્વ ઇચ્છાઓ પરીપુર્ણ કરનારા એ હરી ભગવાન પ્રસન્ન થયેથી તેમને કોઇ વસ્તુ મળવી દુર્લભ રહેતી નથી. વીશયાદીક ક્ષણીક સુખની જેઓ ઇચ્છાજ કરતા નથી, તેવા એ અનન્ય ભાવથી અંતર્યામી ભગવાનને ભજનારાઓને તો ભગવાન પોતાની પરમ ગતીજ આપે છે. ॥૪૯॥ એવા ભગવાનને, તેમની જન્મ મરણને ટાળનારી પુર્વ કાળની કથાઓરૂપ અમૃતને કાનરૂપ પડીઆવડે, પીધા પછી પુરૂશાર્થના સારને જાણનારો જે પશુ જેવો હોય ને વીનાનો બીજો આ લોકનો કયો પુરૂશ તજી શકે ! ॥૫૦॥ ઇતીશ્રી० ભા०ત્રીજા સ્કં०તેરમો અ० સંપુર્ણ. ॥૧૩॥

અધ્યાય. ૧૪ મો.—શ્રીશુક—કારણ સારૂં વરાહનું રૂપ ધરનારા હરીભગવાનની મૈત્રેય રૂશીએ વર્ણન કરેલી કથા સાંભળવાથી અતી તૃપ્ત નહીં થયેલા વ્રતધારી વીદુરે હાથ જોડીને ફરીથી પુછ્યું કે. ॥૧॥

रसांगतायाभुवउद्बिवर्हणं॥ नविस्मयोऽसौत्वयिविश्वविस्मयेयोमाययेदंससृजेतिविस्मयं॥४३॥ विधुन्वतावेदमयंनिजंवपुर्जनस्तपःसत्यनिवासिनोवयं ॥ सटाशिखोद्धूतशिवांबुबिंदुभिर्विमृज्यमानाभृशमीशपाविता॥४४॥ सवैबतभ्रष्टमतिस्तवैषतेयःकर्मणांपारमपारकर्मणः॥यद्योगमायागुणयोगमोहितंविश्वंसमस्तंभगवन्विधेहिशं॥४५॥ मैत्रेय० इत्युपस्थीयमानस्तैर्मुनिभिर्ब्रह्मवादिभिः॥सलिलेस्वखुराक्रांतउपाधत्तावितावनिं॥४६॥ सइत्थंभगवानुर्वींविष्वक्सेनः प्रजापतिः॥ रसायालीलयोन्नीतामप्सुन्यस्यययौहरिः॥४७॥यएवमेतांहरिमेधसोहरेःकथांसुभद्रांकथनीयमायिनः ॥ शृण्वीतभक्त्याश्रवयेतवोशतींजनार्दनोऽस्याशु[illegible]दिप्रसीदति॥४८॥तस्मिन्प्रसन्नेसकलाशिषांप्रभौकिंदुर्लभंताभिरलं[illegible]त्मभिः॥अनन्यदृष्ट्याभजतांगुहाशयःस्वयंविधत्तेस्वगतिंपरःपरां॥४९॥ कोनामलोकेपुरुषार्थसारवित्पुराकथानांभगवत्कथासुधां॥ आपीयकर्णांजलिभिर्भवापहामहोविरज्येतविनानरेतरं॥५०॥ इ०भा०म०तृ०[illegible]करूपानुवर्णने त्रयोदशोऽध्यायः ॥१३॥ श्रीशुक० निशम्यकौषारविणोपवर्णितांहरेःकथांकारणसूकरात्मनः॥पुनःसपप्रच्छतमुद्यतांजलिर्नचातितृप्तोविदुरोधृतव्रतः॥१॥ विदुर०तेनैवतुमुनिश्रेष्ठ[illegible]रिणायज्ञमूर्तिना॥आदिदैत्योहिरण्याक्षो[illegible]तइत्यनुशुश्रुम॥२॥ तस्यचोद्धरतःक्षोणींस्वदं[illegible]ग्रेणलीलया॥ दैत्यराजस्यचब्रह्मन्कस्माद्धेतोरभून्मृधः॥३॥ मैत्रेय०साधुवीरत्वयापृष्टमवतारकथांहरेः॥ यत्त्वंपृच्छसिमर्त्यानांमृत्युपाशविशातनीं॥४॥ ययोत्तानपदःपुत्रोमुनिनागीतयाऽर्भकः॥मृत्योःकृत्वैवमूर्ध्न्यंघ्रिमारुरोहहरेःपदं ॥५॥ अथात्रापीतिहासोऽयंश्रुतोमेवर्णितःपुरा ब्रह्मणादेवदेवेनदेवानामनुपृच्छतां ॥६॥ दितिर्दाक्षायणीक्षत्तर्मारीचंकश्यपंपतिं॥ अपत्यकामाचकमेसंध्यायांहृच्छयार्दिता॥७॥ इष्ट्वाऽग्निजिह्वंपयसापुरुषंयजुषांपतिं॥निम्लोचत्यर्कआसीनमग्न्यागारेसमाहितं॥८॥ दिति०एष[illegible]विद्वन्कामआत्तशरासनः दुनोतिदीनांविक्रम्यरंभामिवमतंगजः ॥९॥ तद्भवान्द[illegible]मानायांसपत्नीनांसमृद्धिभिः॥ प्रजावतीनांभद्रंतेमय्यायुंक्तामनुग्रहं॥१०॥ भर्तर्याप्तोरुमानानांलोकानाविशतेयशः॥ पतिर्भवद्विधोयासांप्रजयाननुजायते ॥११॥ पुरापितानोभगवान्दक्षोदुहितृवत्सलः॥ कंवृणीतवरंवत्साइत्यपृच्छतनःपृथक्॥१२॥ सविदित्वात्मजानां

—વિદુર—હે મુની શ્રેષ્ઠ, યજ્ઞ મુર્તી હરીભગવાનથી આદી દૈત્ય હીરણ્યાક્ષ મુવેલાનું અમે સાંભળેલું છે. ॥૨॥ તો હે બ્રાહ્મણ, લીલાથી પોતાની દાઢની અણી ઉપર પૃથ્વીને ધારણ કરીને, તેને બહાર લેઇ આવતાં, દૈત્યોના રાજા હીરણ્યાક્ષ સાથે તેમને યુદ્ધ શા માટે થયું તે કહો. ॥૩॥—મૈત્રેય—હે વીર, મનુષ્યોને મૃત્યુના પાશ થકી છોડાવનાર હરીભગવાનના અવતારની કથા સંબંધી તમારૂં આ પ્રશ્ન ઉત્તમ છે. ॥૪॥ જે કથાનું ગાયન નારદમુનીએ ઉત્તાનપાદ રાજાના બાળક પુત્ર ધ્રુવની આગળ કરવાથી, તે ધ્રુવ, મૃત્યુના માથા ઉપર પગ મુકીને ઉપર ઉપર ઠેઠ હરીભગવાનના પદમાં ગયો છે. ॥ ૫ ॥ તમે પુછોછો તે આખ્યાનોજ, દેવતાઓના પુછવાથી દેવતાઓના દેવ બ્રહ્માએ પુર્વે વર્ણન કરેલો, ઇતીહાસ મારા સાંભળવામાં આ રીતે આવેલો છે કે. ॥૬॥ હે વીદુર, સંતાનની ઇચ્છાવાળાં અને કામ થકી પીડાયલાં દક્ષની પુત્રી દીતીએ; સંધ્યાકાળે સુર્ય અસ્ત થતી વેળા, અગ્ની રાખવાના ઘરમાં દુધવડે યજ્ઞ પુરૂશ ભગવાનનો હોમ અગ્નીમાં કરીને એકાગ્રચીતથી બેઠેલા પોતાના પતી (કશ્યપ મુની) ને જોઇને તેમને કહ્યું કે. ॥૭-૮॥ હે વીદ્વાન હાથમાં બાણ લીધેલો આ કામદેવ મદોન્મત્ત હાથી કેળને પીડવાની પેઠે, રાંક હુંને તમારે સારૂં બળાત્કારથી પીડે છે. ॥૯॥ સંતાનો વાળી શોક્યોની સમૃદ્ધીથી બળતી-અને અનુગ્રહ કરવાને યોગ્ય એવી હુંનું આપ કલ્યાણ કરો. ॥૧૦॥ આપના સરખા પતી થકી, પતીના જેવીજ પ્રજા જેને ઉત્પન્ન થાય છે. તે ભર્તારથકી ઘણું માન પામેલી સ્ત્રીનો યશ, લોકને વીશે વીસ્તરે છે. ॥૧૧॥ જેમને પુત્રીઓ વહાલી છે એવા અમારા પીતા ભગવાન દક્ષે પુર્વે અમોને દરેકને જુદું જુદું પુછ્યું હતું કે. "તમે કયા વરને વરવાને ઇચ્છોછો. ॥૧૨॥ ત્યારે અમો સંતાનોને ઉત્પન્ન કરવાને ઇચ્છનારીઓનો અભીપ્રાય જાણીને, જેમનાં શીળ અને આચાર મળતાં આવ્યાં એવી તેર કન્યાઓ

તેમણે આપને અર્પણ કરેલ છે. ॥૧૩॥ એટલામાટે, દુખીઆઓનું જેની પાસે જવું નીષ્ફળ થતું નથી. એવા મહાપુરૂષ અને મહાત્મા તથા કમળજેવી આંખ્યોવાળા આપ, મારી કામના પુર્ણ કરીને મારૂં ભલું કરો." ॥૧૪॥ ત્યારે હે વીર (વીદુર), વધેલા કામરૂપી દોસથી રાંક બનીને ઘણું બોલતી, તેને, કસ્યપ મુનીએ સમજુતીની સાથે વચન કહ્યું કે. ॥૧૫॥ "હે ભીરૂ, જેની તું ઇચ્છા કરે છે. તે તારૂં પ્રીય હું કરીશ, જેના થકી ત્રી વર્ગની (ધર્મ-અર્થ-અને કામની) સીદ્ધી થાય છે. એવી પોતાની સ્ત્રીનું ઇચ્છીત કોણ ન કરે. ॥૧૬॥ બીજા આશ્રમ વાળાઓને તેમજ પોતાને પણ સ્ત્રી વાળો પુરૂષ, દુખોના સમુદ્ર થકી વહાણવડે જગના સમુદ્રને તરી જવાની પેઠે, તારી શકે છે. ॥૧૭॥ અને જેને હે માનવી, કલ્યાણને ઇચ્છનારા પુરૂષો પોતાનું અર્ધાંગ કહે છે. તથા ઘર સંબંધી સઘળો ભાર જેના ઉપર નાંખી દેઇને પુરૂષ નીશ્ચીંત થઇને ફરે છે. ॥૧૮॥ તથા બીજા આશ્રમવાળાઓથી ન જીતાય એવા ઇંદ્રીયોરૂપી શત્રુઓને; કીલ્લાવાળા રાજાનું ચોરો આદીથી સેઇજમાં રક્ષણ થવાની પેઠે, અમો (સ્ત્રીના આશ્રયવાળાઓ) જીતી શકીએ છીએ. ॥૧૯॥ એવી ઘરધણીઆણી, તું જેવીના ઉપકારોનો બદલો તો, આખા આયુષ્યે કરીને પણ હું અથવા બીજાઓ, જેઓ ગુણને જાણનારા છે તેઓ વાળી શકે એમ નથીજ. ॥૨૦॥ તોપણ તું એક મુહુર્ત જેટલો વખત માત્ર ભાગવી જા, કે જેથી લોકો મારી નીંદા ન કરે. અને પ્રજા ઉત્પન્ન કરવાનો તારો મનોરથ હું સંપુર્ણ રીતે પુરો કરીશ ॥૨૧॥ ભયંકર દેખાવવાળા ભુતોના ઇશ્વર મહાદેવના ભયંકર ભુત ગણોને ફરવાની આ અતી ભયંકર વેળા છે. ॥૨૨॥ હે સાધ્વી, આ સંધ્યાકાળના સમયે, પ્રાણીઓને ઉત્પન્ન કરનાર અને ભુતોના ઇશ્વર મહાદેવ, ભુતગણોથી વીંટાઇને બળદ ઉપર બેશી ફર્યા કરે છે. ॥૨૩॥ સ્મશાનમાં વંટોળીયા વાયુથી ઉડેલી ધુળથી ધુસર જેવો થઇ ગયેલો-વીખરાઇ ગયેલો-અને તેજસ્વી જેનો માથાના વાળનો સમુહ છે. અને નીર્મળ અને સોના સરખો જેમનો દેહ રાખોડી ચોળેલો છે. એવા તમારા જેઠ (સ્વામીના મોટા ભાઇ.) મહાદેવ પોતાનાં ત્રણ (સુર્ય-ચંદ્ર-

मे भावसंतानभावनः॥त्रयोदशाद[illegible]तासांयास्तशीलमनु[illegible]ताः॥१३॥ अयमेकुरुकल्याणकामंकंजवि[illegible]चन॥ आर्तोपसर्पणंभू[illegible]न्ममोघंहि
न[illegible]थासे॥१४॥ इतितांवीरमारीचःकृपणांबहुभाषिणीं॥ प्रत्याहानुनयन्वाचाप्र[illegible]द्धानंगकश्मलां॥१५॥ एषतेऽहंविधास्यामिप्रियंभीरुयदि
च्छसि॥ तस्याःकामंनकःकुर्यात्सिद्धिस्त्रैवर्गिकीयतः॥१६॥ सर्वाश्रमानुपादायस्वाश्रमेणकलत्रवान्॥व्यसनार्णवमत्येतिजलयानैर्यथाऽर्णवं
॥१७॥ या[illegible]स्मनोह्यर्धंश्रेयस्कामस्यमानिनि॥ यस्यांस्वधुरमध्यस्यपुमांश्चरतिविज्वरः॥१८॥ यामाश्रित्येंद्रियारातीन्दुर्जयानितराश्र
मैः॥ वयंजयेम[illegible]लाभिर्दस्यून्दुर्गपतिर्यथा॥१९॥ नवयंप्रभवस्तांत्वामनुकर्तुंगृहेश्वरि॥ अप्यायुषावाकार्त्स्न्येनयेचान्येगुणगृध्नवः॥२०॥अ
थापिकाममेतंतेप्रजात्यैकरवाण्यलं॥ यथामांनातिवोचंतिमुहूर्तंप्रतिपालय॥२१॥ एषाघोरतमावेलाघोराणांघोरदर्शना॥ चरंतियस्यांभू
तानिभूते[illegible]॥२२॥ एतस्यांसा[illegible]संध्यायांभगवान्भूतभावनः॥ परीतोभू[illegible]पार्षद्भि[illegible]तिभूतराट्॥२३॥ श्[illegible]शानचक्रानल
[illegible]लिधूम्रावकीर्णवि[illegible]तजटाकलापः॥ भस्मावगु[illegible]मलरुक्मदेहोदेवस्त्रिभिःपश्यतिदेवरस्ते॥२४॥ नयस्यलोकेस्वजनःपरोवानात्याद्दतेनो
तकश्चिद्विगर्ह्यः॥ [illegible]शास्महेऽजांव्रतभुक्तभोगां॥२५॥ यस्यानवद्याचरितंमनीषिणोगृणंत्यविद्यापटलंबिभित्सवः॥
निरस्तसाम्यातिश[illegible]ऽपियस्त्वयंपिशाचचर्यामचरद्गतिःसतां॥२६॥ हसंतियस्याचरितंहिदुर्भगाःस्वात्मन्रतस्याविदुषःसमीहितं॥ यैर्वस्त्र
माल्याभरणानुलेपनैःश्वभोजनंस्वात्मतयोपला[illegible]तं॥२७॥ ब्रह्मादयोयत्कृतसेतुपालायत्कारणंविश्वमिदंचमाया॥ आज्ञाकरीतस्यपिशाच
चर्याअहो[illegible]नं॥२८॥ मैत्रेय० सैवंसंविदितेभर्त्रामन्मथोन्मथितेंद्रिया॥ जग्रा[illegible]वासोब्र[illegible]र्षेर्वृषलीवगतत्रपा॥२९॥ सवि
दित्वाऽथभार्यायास्तंनिर्बंधंविकर्मणि॥ नत्वादिष्टायर[illegible]सितया[illegible]॥३०॥ अथोपस्पृश्यसलिलंप्राणानायम्यवाग्यतः॥ ध्यायन्
जजापविरजंब्रह्मज्योतिःसनातनं॥३१॥ दितिस्तुव्रीडितातेनकर्मावद्येनभारत॥ उपसंगम्यविप्रर्षिमधोमुख्यभ्यभाषत॥३२॥दिति० नमे

ને અગ્ની એ) નેત્રથકી જુએ છે. ॥૨૪॥ જેમને કોઇ; પારકું પોતાનું, અથવા અતી આદર કરવા લાયક કે નીંદા કરવાને લાયક નથીજ. તથા જેમણે ભોગ ભોગવીને પોતાના ચરણથી દુર કરેલી વીભુતીઓ (અણીમા આદી સીદ્ધીઓ)ને અમો, વ્રતાદીકનું આચરણ કરીને ઇચ્છીએ છીએ. ॥૨૫॥ તથા પોતાનો અવીદ્યારૂપી અંધાર પછેડો (પડદો) ભેદવાની ઇચ્છાવાળા વીદ્વાન પુરૂષો, જેનાં શુદ્ધ આચરણોની સ્તુતી કરે છે. અને જેની બરોબર અથવા અધીક કોઇજ નથી. એવા સત્પુરૂષોની ગતીરૂપ મહાદેવજી પીશાચના જેવું આચરણ રાખે છે. ॥૨૬॥ એ પોતાના આત્મ આનંદમાં પ્રીતીવાળાં મહાદેવજીના નીશ્ચીત અભીપ્રાયને નહીં જાણનારા અભાગીયા લોકો જેઓ, કુતરાં આદીના ભક્ષરૂપ પોતાના દેહને, વસ્ત્ર-માળા-ઘરેણાં-અને ચંદનાદીકથકી લડાવ્યા કરે છે. તેઓજ એ મહાદેવના આચરણને હસે છે. ॥૨૭॥ બ્રહ્મા આદી જેની કરેલી ધર્મ મર્યાદાને પાળે છે, અને જગતના કારણરૂપ માયા તથા જગત જેની આજ્ઞામાં વરતે છે. એવા મહાદેવનું આચરણ પીશાચ જેવું દેખવામાં આવે છે. એ જોતાં ખરેજ મહાન પુરૂષોનાં આચરણો આશ્ચર્યકારક છે." ॥૨૮॥ પતીએ એ રીતે સમજાવવા છતાં, કામથી વ્યાકુળ થયેલ ઇંદ્રીઓવાળાં દીતીએ, લાજ તજીને વેશ્યાની પેઠે એ બ્રહ્મરૂષી કસ્યપનું વસ્ત્ર પકડયું. ॥૨૯॥ ત્યારે કસ્યપ મુનીએ તે સ્ત્રીનો ખોટા કામમાં આગ્રહ જાણી, દેવને (ભાવીને) નમસ્કાર કરીને, તેની સાથે એકાંતમાં જઇ તેની ઇચ્છા પુર્ણ કરી. ॥૩૦॥ પછી તેમણે જળનો સ્પર્શ કરીને, પ્રાણ વાયુ તથા વાણીને નીયમીત કરીને, સનાતન-શુદ્ધ-અને જ્યોતીરૂપ પરબ્રહ્મનો જપ કરીને ભગવાનનું ધ્યાન કર્યું. ॥૩૧॥ ત્યારે હે ભારત, પોતાના એ નીંદ્યા થવા લાયક કામથી શરમાઇ ગયેલાં દીતી, વીપ્રરૂષી કસ્યપ પાસે આવીને નીચું મોહું કરીને બોલ્યાં કે. ॥૩૨॥ "હે બ્રાહ્મણ મેં જેનો અપરાધ કર્યો છે. તે રૂદ્રગણોના સ્વામી, અને પ્રાણી માત્રના રૂક્ષક એટલે બહુ બળવાન, શીવ મારા ગર્ભનો વધ કરશોમાં. ॥૩૩॥ એ મહાદેવને-ઉગ્રને-રૂદ્રને-મીઢુશને-શીવને-સાધુ પુરૂષોને માટે દંડનો ત્યાગ કરેલાને-દુષ્ટ પુરૂષોને માટે દંડ ધારીને-

તથા ગન્યુ એટલે ક્રોધ મુર્તીને-હું નમસ્કાર કરૂં છું. ॥૩૪॥ એ મારા જમાઈ અને સતીના પતી, ઘણોજ અનુગ્રહ કરવાવાળા ભગવાન મહાદેવ, હું પારાધીએ પણ દયા કરવાને યોગ્ય સ્ત્રી જાતીના ઉપર પ્રસન્ન થજો." ॥૩૫॥ પ્રજાપતી કશ્યપે સંધ્યાકાળનું કર્મ કરી રહ્યા પછી, પોતાનાં સંતાનનું આ લોક તથા પરલોકમાં ભલું થવાની ઇચ્છાવાળાં અને ધ્રુજતાં સ્ત્રી દીતીને કહ્યું કે. ॥૩૬॥ "હે પાપીણી અને ક્રોધી સ્ત્રી, તમે અપવીત્ર મનથી, ખરાબ મુહુર્તમાં મારી આજ્ઞાનું ઉલંઘન કર્યું. અને મહાદેવનો પણ મોટો અપરાધ કર્યો છે. જેથી તમારા ઉદરને વીશે બે પાપી અને અધમ પુત્રો ઉપન્ન થશે. અને તેઓ લોકપાળ સહીત ત્રણે લોકને વારંવાર દુઃખ દેનારા થશે. ॥૩૭-૩૮॥ રાંક અને અપરાધ નહીં કરનારા પ્રાણીઓનો તેઓ નાશ કરશે. અને બળાત્કારે સ્ત્રીઓનું હરણ પણ કરશે. ત્યારે મહાત્માઓનો તેમના ઉપર કોપ થશે. ॥૩૯॥ અને લોકોનું રક્ષણ કરનારા વીશ્વેશ્વર ભગવાન અવતાર ધરીને ક્રોધવડે; વજ્રધારી ઇંદ્ર પર્વતોને હણી નાખે તેમ તારા પુત્રોને તે હણી નાંખશે." ॥૪૦॥ દિતિ—હે વીભો, સાક્ષાત ભગવાનના ઉદાર હાથને વીશે રહેલા સુદર્શન ચક્રથી મારા પુત્રોનો વધ ભલે થાઓ. પણ ક્રોધ પામેલા બ્રાહ્મણોથી થશોમાં. ॥૪૧॥ કેમકે પ્રાણીઓને ભય આપનારા, બ્રાહ્મણોના શાપરૂપ દંડથી બળી ગયેલા પુરૂશોના ઉપર, તેઓ જે જે યોનીઓમાં જાય છે. ત્યાં ત્યાંનાં નરકમાં પડેલાં પ્રાણીઓ પણ દયા કરતાં નથી. ॥૪૨॥ કશ્યપ—તમે પછીથી પણ તુર્તજ ભગવાન સદાશીવને અને મને, આદર સહીત ઘણું માન આપીને, પોતે કરેલા કામથી તાપ પામીને શોક અને પસ્તાવો કરવારૂપ વીવેકને પામ્યાં છો. માટે તમારા પુત્રોના પુત્રોમાંનો એક સત્પુરૂશોમાં વખાણને યોગ્ય થશે. અને ભગવાનના જેવા તેના શુદ્ધ યશને લોકો ગાશે. ॥૪૩-૪૪॥ જેમ ભેળવાળું સોનું તાપના યોગથી શુદ્ધ થાય છે. તેમ એના

गर्भमिमंब्रह्मन्भूतानामृषभोऽवधीत् ॥ रुद्रःपतिर्हिभूतानांयस्याकरवमंहसं॥३३॥ नमोरुद्रायमहतेदेवायोग्रायमीढुषे॥ शिवायन्यस्तदंडाय [illegible]दंडायमन्यवे॥३४॥ सनःप्रसीदतांभामोभगवानुर्वनुग्रहः॥ व्याधस्याप्यनुकंप्यानांस्त्रीणांदेवःसतीपतिः ॥३५॥ मैत्रेय० स्वसर्गस्याशिषंलोक्यामाशासानांप्रवेपतीं॥निवृत्तसंध्यानियमोभार्यामाहप्रजापतिः३६ कश्यप० अप्रायत्यादात्मनस्तेदोषान्मौहूर्तिकादुत॥मन्निदेश[illegible]तिहेलनात्॥३७॥ भविष्यतस्तवाभद्रावभद्रेजाठराधमौ॥ लोकान्सपालांस्त्रींश्चंडिमुहुराक्रंदयिष्यतः॥३८॥प्राणिनां [illegible]न्यमानानांदीनानामकृतागसां ॥ स्त्रीणांनिगृह्यमाणानांकोपितेषुमहात्मसु॥३९॥ तदाविश्वेश्वरःक्रुद्धोभगवांल्लोकभावनः ॥ हनिष्यत्यवतीर्यासौयथाद्रीन्[illegible]क्॥४०॥ दिति० वधंभगवतासाक्षात्सुनाभोदारबा[illegible]॥ आशासेपुत्रयोर्मह्यंमा[illegible]द्भेमो॥४१॥ नब्रह्मद[illegible]भयदस्यच॥नारकाश्चानुगृण्हंतियांयांयोनिमसौगतः॥४२॥ कश्यप०कृतशोकानुतापेन[illegible]ःप्रत्यवमर्शनात्॥ भग[illegible]वत्युरुमाना[illegible]भवेमय्यपिचादरात् ॥४३॥ पुत्रस्यैवतुपुत्राणांभवितैकःसतांमतः॥ गास्यंतियद्यशःशुद्धंभगवद्यशसासमं॥४४॥ योगैर्हेमेवदुर्वर्णंभावयिष्यंतिसाधवः॥ निर्वैरादिभिरात्मानंयच्छीलमनुवर्तितुं ॥४५॥ यत्प्रसादादिदंविश्वंप्रसीदतियदात्मकं॥सस्वदृग्भगवान्यस्यतोष्यते[illegible]न्यपादृशा॥४६॥सवैमहाभागवतोमहात्मामहानुभावोमहतांमहिष्ठः॥प्रवृद्धभक्त्याह्यनुभाविताशयेनिवेश्यवैकुंठमिमंविहास्यति॥४७॥ ज[illegible]ट[illegible]लिखरागुणाकरोहृष्टःपरर्ध्याव्यथितोदुःखितेषु॥ अभू[illegible]तःशोकहर्तानैदाघिकंतापमिवोडुराजः ॥४८॥ अंतर्बहिश्चामलम[illegible]नुगृहीतरूपं॥ पौत्रस्तवश्रीललनाललामंद्रष्टा[illegible]त्कुडलमंडिताननं॥४९॥ मैत्रेय०श्रुत्वाभागवतंपौत्रममुमोदतदितिर्भृशं॥ पुत्रयोश्चवधंकृष्ण॥[illegible]सीन्महा[illegible]ः ॥५०॥ इ०भा०म०तृ०दितिकश्यपसं[illegible]दे[illegible]दशोऽध्यायः॥१४॥ मैत्रेय० [illegible]जापत्यंतुतत्तेज[illegible] तेजोहनंदितिः॥ द[illegible]वर्ष[illegible]मानासुरार्दनात्॥१॥ लोकेतेन[illegible]पालाहतौजसः ॥ न्यवेदयन्विश्वसृजेध्वांत[illegible]ति[illegible]॥२॥ देवा०त[illegible]शो॥न[illegible]व्यक्तंभगवतःकालेनास्पृष्टवर्त्मनः॥३॥देवदेवजगद्धातर्लोकनाथशि[illegible]॥

સરખું પોતાનું શીળ કરવાને સાધુ પુરૂશો નીર્વૈર આદી ઉપાયોથી પોતાના આત્માનું શોધન કરશે. ॥૪૫॥ ભગવાન જેને વીશે રહેલા છે. એવું આ વીશ્વ, જેના પ્રસાદ વડે કરીને પ્રસન્ન થાય છે. તે સાક્ષીરૂપ ભગવાન, તેની અનન્યભાવવાળી, સર્વમાં ભગવાનને જોવારૂપ, દ્રષ્ટીથી તેની ઉપર પ્રસન્ન થશે. ॥૪૬॥ એ મહા ભગવતી-મહાનુભાવ-મહાત્મા-અને મહા પુરૂશોમાં શ્રેષ્ટ, તમારો પૌત્ર, વધેલી ભક્તીથી શુદ્ધ કરેલા, પોતાના ચીત્તમાં વૈકુંઠ ભગવાનને સ્થાપન કરીને, દેહાદીક વીશેના અહંપણાને તજી દેશે. ॥૪૭॥ એ વીશય સુખોની લાલચ વીનાનો-શીળવાળાં આચરણવાળો-સદ્ગુણોનો ભંડાર-પારકી રીદ્ધી જોઇને રાજી થનારો-દુખીઆંરાઓને જોવાથી દુઃખી થનારો-અને ઉનાળામાં તાપને મટાડનારા ચંદ્રમાના સરખો, જગતના શોકને હરણ કરનારો થશે. ॥૪૮॥ અને એ તમારો પૌત્ર, ભક્ત જનોની ઇચ્છા પ્રમાણે રૂપોને ધરનારા-લક્ષ્મીજીનાં ઘરેણાંઓને પણ શોભાવનારા-અને હાલતાં કુંડળોથી શોભતા મુખવાળા-અને કમળ જેવી આંખ્યોવાળા ભગવાનને પોતાના અંતરને વીશે તેમજ બહાર પણ દેખનારો થશે. ॥૪૯॥ મૈત્રેય—પોતાના પુત્રોનો વધ કૃષ્ણ ભગવાનથી થવાનું જાણીને, તથા પૌત્ર ભગવતી થવાનું સાંભળીને, મોટા મનવાળાં દીતી, ઘણુંજ પ્રસન્ન થયાં. ॥૫૦॥ ઇતીશ્રી० ભા० ત્રીજા સ્કંધનો ચૌદમો અધ્યાય સંપુર્ણ. ॥૫૧॥

અધ્યાય ૧૫ મો.—મૈત્રેય—દેવતાઓને પીડા થવાની શંકાથી, પારકાના તેજને નાશ કરનારૂં કશ્યપનું વીર્ય, દીતીએ સો વરસ સુધી ધરી રાખ્યું. (અર્થાત જન્મ ન આપ્યો.) ॥૧॥ તે થકી લોકપાળો સહીત લોક તેજ રહીત થઇ જવાથી તેઓએ (દેવતાઓ આદીએ) બ્રહ્મા પાસે જઇને દીશાઓ પ્રકાશ રહીત થયેલાનું જાહેર કર્યું. ॥૨॥—દેવતાઓ-હે વીભો જે થકી અમને ઘણો ઉદ્વેગ થયો છે તે અંધકાર વીશે આપ જાણોજ

છે. કાળની અસર જેના જ્ઞાનને થતી નથી. એવા આપ ભગવાનથી કાંઇ પણ અજાણ્યું નથીજ. ॥૩॥ હે દેવતા દેવ, જગતને ધારણ કરનારા, લોકપાળોના શીરોમણી, આપજ સર્વે જડ અને ચૈતન્ય પ્રાણી આદીના ભાવાભાવને જાણનારા છો. ॥૪॥ વીજ્ઞાનના બળવાળા—માયાવડે શરીરોને ધારણ કરનારા—ગુણોના ભેદને ગ્રહણ કરનારા—અને જેનું ઉત્પત્તી સ્થાન જણાતું નથી એવા આપ બ્રહ્માને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૫॥ જે આત્મ સ્વરૂપથી સત (જંગમ) અને અસત (સ્થાવર) શરીરોવાળા ભુવનોને વીશે ઓત પ્રોત છે તેવા આપને, જેઓ, પોતાના ચીત્તને શોધન કરનારા—પોતાના શ્વાસ, ચીત, અને ઇંદ્રીયોને જીતવાવડે પરીપકવ યોગ કરનારા—અને અનન્ય ભાવથી ભક્તી વડે આપને ભજનારા—હોવાથી આપનો પ્રસાદ (પ્રસન્નતા)મેળવનારા છે તેમનો કોઇ સ્થળે પરાભવ થતોજ નથી. ॥૬–૭॥ જેની વેદ રૂપ વાણીમાં સર્વ પ્રજાઓ, દોરીઓથી બંધાયલા બળદોની પેઠે આધીન રહીને, આજ્ઞાઓ પ્રમાણે ચાલવા રૂપ બળીદાનો આપ્યા કરે છે. તે પ્રાણરૂપ આપને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૮॥ હે મહાત્મા, અંધકારથી લેપાઇ ગયેલા કર્મોવાળા, અમો ઉપર નીર્મળ અને દયાવાળી નજરથી જોઇને અમને શાંતી આપવાને આપ યોગ્ય છો. ॥૯॥ હે દેવ, કશ્યપે મુકેલા વીર્ય રૂપ આ ગર્ભ, લાકડામાં અગ્ની વધવાની પેઠે સર્વ દીશાઓમાં અંધકાર ફેલાવતો વધતો જાય છે. ॥૧૦॥—મૈત્રેય—ત્યારે હે મોટા હાથવાળા વીદુર, શબ્દ ગોચર ભગવાન બ્રહ્માએ હસીને, દેવતાઓને રાજી કરવાને સુંદર વાણી કહી કે. ॥૧૧॥—બ્રહ્મા—મારા માનસ પુત્રો, તમારા મોટા ભાઇઓ સનકાદીક, લોકો લોકને વીશે સ્પૃહા વીનાના થઇને આકાશ માર્ગે ફરે છે. ॥૧૨॥ તેઓ એક વખતે શુદ્ધ આત્મ સ્વરૂપ, વૈકુંઠ ભગવાનના સ્થાન સર્વ લોકે નમસ્કાર કરેલા વૈકુંઠ લોકમાં ગયા. ॥૧૩॥ જ્યાં નીષ્કામ ધર્મ વડે ભગવાનનું આરાધન કરનારા અને ભગવાનના સરખાજ સ્વરૂપવાળા સર્વ પુરૂષો વસે છે. ॥૧૪॥ જ્યાં જેના વેદ રૂપી સ્વરૂપમાંજ ઇંદ્રીયોની પ્રવૃતી થઇ શકે છે. એવા આદી પુરૂષ ભગવાન, શુદ્ધ સત્વ ગુણી શરીર ધરી રહીને પોતાનાઓનું રક્ષણ કરે

परेषामपरेषांत्वंभूतानामसिभाववित् ॥४॥ नमोविज्ञानवीर्यायमाययेदमुपेयुषे॥ गृहीतगुणभेदायनमस्तेव्यक्तयोनये ॥५॥ येत्वानन्येनभावे
नभावयंत्यात्मभावनं॥ आत्मनिप्रोतभुवनंपरंसदसदात्मकं॥६॥तेषांसुपक्वयोगानांजितश्वासेंद्रियात्मनां ॥ लब्धयुष्मत्प्रसादानांनकुतश्चि
त्पराभवः॥७॥ यस्यवाचाप्रजाःसर्वागावस्तंत्येवयंत्रिताः॥ हरंतिबलिमायत्तास्तस्मैमुख्यायतेनमः॥८॥ सत्वंविधत्स्वशंभूमंस्तमसालुप्तकर्म
णां॥ अदभ्रदययादृष्ट्या आपन्नानर्हसीक्षितुं॥९॥एषदेवदितेर्गर्भओजःकाश्यपमर्पितं॥ दिशस्तिमिरयन्सर्वावर्धतेऽग्निरिवैधसि१० मैत्रेय०
सप्रहस्यमहाबाहोभगवान्शब्दगोचरः ॥ प्रत्याचष्टात्मभूर्देवान्प्रीणन्रुचिरयागिरा॥११॥ब्रह्मा०मानसामेसुतायुष्मत्पूर्वजाःसनकादयः
॥ चेरुर्विहायसालोकाल्लोकेषुविगतस्पृहाः ॥१२॥ तएकदाभगवतोवैकुंठस्यामलात्मनः॥ ययुर्वैकुंठनिलयंसर्वलोकनमस्कृतं॥१३॥ वसंति
यत्रपुरुषाःसर्वेवैकुंठमूर्तयः ॥ येऽनिमित्तनिमित्तेनधर्मेणाराधयन्हरिं॥१४॥ यत्रचाद्यःपुमानास्तेभगवान्शब्दगोचरः॥ सत्वंविष्टभ्यविरजं
स्वानांनोमृडयन्वृषः॥१५॥ यत्रनैश्रेयसंनामवनंकामदुघैर्द्रुमैः॥ सर्वर्तुश्रीभिर्विभ्राजत्कैवल्यमिवमूर्तिमत् ॥१६॥ वैमानिकाःसललनाश्च
रितानियत्र गायंतिलोकशमलक्षपणानिभर्तुः॥ अंतर्जलेऽनुविकसन्मधुमाधवीनांगंधेनखंडितधियोऽप्यनिलंक्षिपंतः॥१७॥ पारावतान्यभृ
तसारसचक्रवाकदात्यूहहंसशुकतित्तिरिबर्हिणांयः ॥ कोलाहलोविरमतेऽचिरमात्रमुच्चैर्भृंगाधिपेहरिकथामिवगायमाने ॥१८॥ मंदारकुंद
कुरबोत्पलचंपकार्णपुन्नागनागबकुलांबुजपारिजाताः॥ गंधेऽर्चितेतुलसिकाभरणेनतस्यायस्मिंस्तपःसुमनसोबहुमानयंति ॥१९॥ यत्संकुलं
हरिपदानतिमात्रदृष्टैर्वैदूर्यमारकतहेममयैर्विमानैः ॥ येषांबृहत्कटितटाःस्मितशोभिमुख्यःकृष्णात्मनांनरजआदधुरुत्स्मयाद्यैः ॥२०॥ श्री
रूपिणीक्वणयतीचरणारविंदंलीलांबुजेनहरिसद्मनिमुक्तदोषा॥ संलक्ष्यतेस्फटिककुड्यउपेतहेम्निसंमार्जतीवयदनुग्रहणेऽन्ययत्नः ॥२१॥
वापीषुविद्रुमतटास्वमलामृतासु प्रेष्यान्वितानिजवनेतुलसीभिरीशं अभ्यर्चतीस्वलकमुन्नसमीक्ष्यवक्त्रमुच्छेषितंभगवतेत्यमतांगयच्छ्रीः

છે. ॥૧૫॥ જ્યાં સર્વ રૂતુઓના ફળ તથા ફુલોની સમૃદ્ધીવાળાં, તથા સર્વ ઇચ્છાઓને પુર્ણ કરનારાં વૃક્ષોથી રળીઆમણું, અને મુર્તીમાન મોક્ષ સુખના જેવો આનંદ આપનારૂં "નૈશ્રેયસ" નામનું વન છે. ॥૧૬॥ પાણીમાં ખીલતી વસંતરૂતુમાં થનારી "વાસંતી" નામની રસવાળી વેળના, મનોવૃત્તીને ખેંચનારા પવનનો પણ અનાદર કરનારાં વીમાનોમાં બેસી ફરનારાં સ્ત્રી પુરૂષનાં જોડાં ત્યાં, લોકોનાં પાપને ટાળનારા વીશ્વંભર ભગવાનનાં ચરીત્રોને ગાયા કરે છે. ॥૧૭॥ જ્યાં ઉંચે સ્વરે ભગવાનની કથાઓના જેવું ભમરાઓ ગાયન કરે છે. ત્યારે પારેવાં—કોયલ—સારસ—ચક્રવાક—બપૈયા—હંસ—તેતર—અને મોર આદી પંખીઓનો કલાહોલ (શોરબકોર) ક્ષણ માત્ર શાંત થઇ જાય છે. ॥૧૮॥ જ્યાં શણગાર તરીકે ભગવાને અંગીકાર કરેલી તુળશીના તપને, સુગંધીદાર ફુલોવાળાં મંદાર—પારીજાતક—ડોલર—ચંદન વૃક્ષ—રાત્રીએ તથા દીવસે ખીલનાર કમળો—ચંપો—અર્ણ—અને નાગ કેસર આદી ઝાડો, શ્રેષ્ટ માને છે. ॥૧૯॥ એ વૈકુંઠ લોકમાં ખીચોખીચ ભરાયલાં, વૈદુર્યમણી અને મર્કતમણીથી જડેલાં સુવર્ણમય વીમાનો છે. તથા જેને માત્ર ભગવાનના પદને પામનારાઓજ જોઇ શકે છે. અને જ્યાં કેહેડની પાતળીના મોટા ભાગવાળી તથા ધીમેજ મનોહર હસતા મુખવાળી સ્ત્રીઓ, તેઇને તેઓ હાંસીનાં વચનોથી પણ, કૃષ્ણ ભગવાનમાં ચીત્તવાળાઓને કામ ઉત્પન્ન કરી શકતીઓ નથી. ॥૨૦॥ અને જ્યાં જેના અનુગ્રહની બીજા બ્રહ્માઆદી દેવતાઓ પણ ઇચ્છા કરે છે તે લક્ષ્મીજી પોતાના ચંચળતા વીગેરે દોષનો ત્યાગ કરીને, એ હરી ભગવાનના મંદીરની સ્પટીક મણી જડેલી સુવર્ણની ભીંતોને લીલાથી કમળ વડે વાસીદું વાળતાં જેવામાં આવે છે. ॥૨૧॥ તથા લક્ષ્મી વનમાં સખીઓથી વીંટાયલાં લક્ષ્મી, તુલશી વડે ભગવાનની પુજા કરે છે. તે સમયે પરવાળાના કાંઠાવાળી અને નીર્મળ પાણી ભરેલી—વાવ્યોમાં, સુંદર વાળ તથા ઉપડતા નાકવાળાં તે, પોતાના મુખનો પડછાયો પડેલો જોઇને ભગવાને પોતાના મુખનું ચુંબન કરેલાનું માને છે. ॥૨૨॥ એવા વૈકુંઠ લોકમાં; ભગવાનની લીલા આદી કથાઓને તજીને સાર વગરની—બુદ્ધીને ભ્રષ્ટ કરનારી—અને સાં

ભળનારાને અશરણ નરકમાં નાંખનારી કામ સંબંધીનીજ વાતો સાંભળનારા ખીચારા નીર્ભાગી લોકો જઈ શકતા નથી. ॥૨૩॥ તેમજ જેની અમે પણ પ્રશંસા કરીએ છીએ, તેવો, તથા ધર્મ સહીત અને તત્ત્વ સહીત આત્મજ્ઞાન મેળવી શકાય એવો મનુષ્ય જન્મ પામીને, જેઓ ભગવાનની માયાથી મોહમાં પડીને, ભગવાનનું આરાધન નથી કરતા. તેવા લોકો પણ એ વૈકુંઠ લોકમાં જઈ શકતા નથી. ॥૨૪॥ પણ જેઓનું શીલ પ્રશંસા યોગ્ય છે—જેઓ એકઠા થઈને માંહોમાંહે પ્રીતીવડે ભગવાનના યશની કથાઓ કરવામાં આકુળ વ્યાકુળ થઈને, જેઓને આંખ્યોમાં આંસુ આવી જઈને રૂવાડાં ઉભા થઈ જાય છે, તેવા અને શ્રેષ્ટ દેવ ભગવાનની સેવામાં મનવાળાઓ, કે જેમનાથી યમરાજા અને તેમના દુતો પણ દુર રહે છે. તેવા ભક્તજનોજ એ વૈકુંઠ લોકમાં જાય છે ॥૨૫॥ એ રીતના લોક માત્ર વંદન કરવા યોગ્ય—દીવ્ય—અને જ્યાં જગતના ગુરૂ હરી ભગવાન વસે છે. તે અલૌકીક અને વીચીત્ર પ્રકારના દેવતાઓનાં વીમાનોની શોભાવાળા અપુર્વ વૈકુંઠ લોકને, પોતાની યોગ શક્તીના બળવડે, પામીને સનકાદીક મુનીઓ ઘણો આનંદ પામ્યા. ॥૨૬॥ પણ તેની શોભા જોવામાં આશક્ત નહી થયેલા તે મુનીઓ તેની છ દેહડીઓ ઓળંગીને સાતમી દેહડીએ ગયા. ત્યાં બે સરખી અવસ્થાવાળા હાથમાં ગદાઓ ધારણ કરેલા—ઉત્તમ બાજુબંધ, કુંડળ, તથા મુકુટવડે સુંદર વેષવાળા—ચાર ભુજાઓની વચમાં રાખેલી મત્ત ભમરાઓવાળી માળાઓથી શુશોભીત—અને વાંકી ભ્રમર, ચડેલાં નસકોરાં તથા રાતા નેત્રોવડે મુખ ઉપર કાંઈક ક્રોધની નીશાની જણાતા—બે દેવોને તેમણે દીઠા. ॥ ૨૭-૨૮ ॥ સર્વત્ર જેમની ગતીને કોઈજ રોકતું નથી. એવા તે અતીશય દ્રષ્ટીવાળા મુનીઓ શંકા રહીત થઈને વીચરતા હતા. તેથી અહીંયાં પણ પ્રથમની છ દેહેલીઓની પેઠેજ, તે બંને દ્વારપાળોના દેખતાં, અને તેમને પુછયા વીનાજ, વજ્રનાં કમાડો વાળી સાતમી દેહડીમાં પેઠા. ॥૨૯॥ ત્યારે અતી વૃદ્ધ છતાં પાંચ વરસના જણાતા—આત્મ તત્ત્વને જાણનારા—અને નગ્ન તથા રોકવાને યોગ્ય નહીં—એવા ચારે કુમારોને; ભગવાનના

॥२२॥ यन्नव्रजंत्यघभिदोरचनानुवादाच्छृण्वंतियेऽन्यविषयाःकुकथामतिघ्नीः ॥ यास्तुश्रुताहतभगैर्नृभिरात्तसारास्तांस्ता[illegible]क्षिपंत्यशरणेषु तमःसुहंत॥२३॥ येऽभ्यर्थितामपिचनो[illegible]गतिंप्रपन्नाज्ज्ञानंचतत्त्वविषयंसहधर्मयत्र ॥ नाराधनंभगवतोवितरंत्यमुष्यसंमोहितावितताबत मायया ते ॥२४॥ यच्चव्रजंत्यनिमिषामृषभानु[illegible]दूरयमा[illegible]परिनिःस्पृहणीयशीलाः ॥ भर्तुर्मिथःमुयशसःकथनानुरागवैक्लव्यबाष्पकल पापुलकीकृतांगाः ॥२५॥ तद्विश्वगुर्वधिकृतंभुवनैकवंद्यंदिव्यंविचित्रविबुधाग्र्यविमानशोचिः ॥ आपुःपरांमुदमपूर्वमुपेत्ययोगमायाबलेन मुनयस्तदथोविकुंठं ॥२६॥ तस्मिन्नतीत्यमुनयःषडसज्जमानाःकक्षाःसमानवयसावथसप्तमायां॥देवावचक्षतगृहीतगदौपरार्ध्यकेयूरकुंडल किरीटविटंकवेषौ ॥२७॥ मत्तद्विरेफवनमालिकयानिवीतौविन्य[illegible]याऽसितचतुष्टयबाहुमध्ये ॥ वक्रंभ्रुवाकुटिलयास्फुटनिर्गमाभ्यांरक्तेक्षणे नचमनाग्भसंदधानौ॥२८॥ द्वार्येतयोर्निविविशुर्मिषतोर[illegible]थापुरटवज्रकपाटिकायाः ॥ सर्वत्रते विषमयामुनयःस्वदृष्ट्याविश्वंच रंत्यविहताविगताभिशंकाः ॥२९॥ तान्वीक्ष्यवातरशनांश्चतुरःकुमारान्वृद्धान्[illegible]शार्धवयसोविदितात्मतत्त्वान् ॥ वेत्रेणचास्खलयतामतद[illegible] णांस्तौतेजोविहस्यभगवत्प्रतिकूलशीलौ॥३०॥ ताभ्यांमिषत्स्वनिमिषेषुनिषिध्यमानाःस्वर्हत्तमाह्यपिहरेःप्रति[illegible]रपाभ्यां ॥ ऊचुःसुहृत्तमदि दृक्षितभंगईषत्कामानुजेनसहसातउपप्लुताक्षाः॥३१॥ मुनयऊचुःकोवामिहैत्यभगवत्परिचर्ययोच्चैस्तद्धर्मिणांनिवसतांविषमःस्वभावः ॥ त स्मिन्प्र[illegible]ांतपुरुषेगतविग्रहेवांकोवात्मवत्कुहकयोःपरिशंकनीयः॥३२॥ नह्यंतरंभगवतीहसमस्तकुक्षावात्मानमात्मनिनभोनभसीवधीराः ॥ पश्यंतियवयुवयोःसुरलिंगिनोःकिंव्युत्पादितंत्युदरभेदिभयंपतोऽस्य॥३३॥[illegible]मस्यविकुंठभर्तुःकर्तुंप्रकृष्टमिहधीमहिमंदधी भ्यां ॥ लोकानितोव्रजतमंतरभावदृष्ट्यापापीयसस्त्रयइमेरिपवोऽस्ययत्र॥३४॥ तेषामिरितमुभाववधार्यघोरंतंब्रह्मदंडमनिवारणमस्त्रपूगैः ॥ सद्योहरेर[illegible]वरुबिभ्यतस्तत्पादग्रहावपततामतिकातरेण॥३५॥भूयादघोनिभगवद्भिरकारिदंडोयोनौहरेतसुर[illegible]लनमप्यशेषं॥ मावोऽ

ભાળથી વીરૂદ્ધ શીળવાળા એ બે જણાએ પોતાની છડી વતે રોકીને તેમના તેજની હાંસી કરી. ॥૩૦॥ ઉત્તમ પુજાને યોગ્ય તે મુનીઓને, ભગવાનના આ બે દ્વારપાળોએ, દેવતાઓના દેખતાં અટકાવવાથી, અતી સુહૃદ ભગવાનને જોવાની તેમની કામના ભંગ થઈને, કામના અનુજ (નહાનાભાઈ) ક્રોધ થકી તેમની આંખ્યોમાં (કેદી નહીં થયેલ એવો) વીકાર (દૈવની પ્રેરણાથી) થયો. અને તેઓ બોલ્યા કે. ॥૩૧॥—કુમારો— ભગવાનની ઉત્તમ સેવા કરવાવડે આ વૈકુંઠલોકમાં વસનારા, ભગવાનના સરખાજ સ્વભાવવાળાઓમાં, એ પુર્ણ—શાંત—અને દ્રોહને તજેલા—પુરૂષ ભગવાનના સ્વભાવથી ઉલટા સ્વભાવવાળા—પોતા જેવાજ બીજાઓને પણ કપટી હોવાની શંકા કરનારા—અને અવળે મારગે ચાલનારા—એવા અહીંયાં તમો કોણ છો. ॥૩૨॥ ધીર ભગવતીઓ, આખું જગત ભગવાનના ઉદરમાં; મહદાકાશમાં ઘટાકાશ રહેવાની પેઠે, રહેલું જાણે છે. અને તેથી પોતાને એ થકી જુદા દેખતા નથી. ત્યારે અહીંયાં રહેલા, અને ભગવાનનો વેશ ધારણ કરેલા, તમો બે જણા, જેનાથી ભયની ઉત્પત્તી થાય છે એવી (અમો ભગવાનના ઉદરની બાહાર જુદા હોવાની) ભેદ દ્રષ્ટી કેમ કરોછો. ॥૩૩॥ માટે પરમપુરૂષ ભગવાનના તમો બેઉ મંદબુદ્ધી વાળા અનુચરોનું, અહીંયા સારૂં કેમ થાય તેનો વીચાર કરવો જોઈએ. (એમ કહી વીચાર કરીને તેઓ બોલ્યા કે) તમો ભેદ દ્રષ્ટીવાળા પાપીઓ, આ વૈકુંઠ લોકમાંથી નીકળીને, જ્યાં ભેદ દ્રષ્ટીથી ઉત્પન્ન થનારા ત્રણ શત્રુઓ કામ—ક્રોધ—અને લોભ છે, એવા મૃત્યુ લોકમાં જાઓ. ॥૩૪॥ અસ્ત્રોના સમુદાય થકી પણ જેનું નીવારણ ન થાય, એવા બ્રહ્મદંડરૂપ, તેઓનું એ પ્રકારનું ભયંકર બોલવું સાંભળીને, હરીભગવાનના તે બંને અનુચરો ઘણા બીન્હા. અને અતી રાંકપણાથી તે મુનીઓના ચરણમાં પડી, તેમના પગ પકડીને બોલ્યા કે. ॥૩૫॥ અમો અપરાધીઓ, ભગવદ ભક્તોનો અપરાધ ફરીથી ન કરીએ એવો, તથા ભગવાનની આજ્ઞા ભંગ થવાના પાપને પુરેપુરૂ મટાડનારો એવો આ દંડ, આપ અમોને ભલે આપો. પણ અમને થતા આ કીંચીત પસ્તાવાને લીધે, અમો જેજે અ-

ચિત્તમાં જ્યાંએ ત્યાં ત્યાં ભગવાનના સ્મરણનો નાશ કરનારો મોહ અમને ન થાય એવો અનુગ્રહ કરો. ॥૩૬॥ તેજ સમયે પોતાના અનુચરોએ સત્પુરૂશોનું અતીક્રમણ કરેલાનું જાણીને, આર્ય પુરૂશોના હૃદયમાં વસનારા કમળનાભ ભગવાન, પરમહંસ મુનીઓએ શોધેલા પોતાના બે ચરણોથી ચાલીને લક્ષ્મીજી સુદ્ધાં, મુનીઓ રોકાયા હતા તે સ્થળે પધાર્યા. ॥૩૭॥ હંસ સરખા ધોળા પંખાઓના સુખ આપનારા પવનથી ઝુલતી, અને ધોળા છત્રરૂપ ચંદ્રને ફરતી, મોતીની શેરોરૂપ કીરણોમાંથી જેની ઉપર પાણીના છાંટા પડે છે, પોતાના દ્વારપાળો તથા સનકાદીક મુનીઓ ઉપર કૃપા કરવામાં જેનું મુખ પ્રસન્ન છે, જે ઇચ્છવા યોગ્ય ગુણોનું સ્થાન છે. પ્રેમવાળી દ્રષ્ટીથી ભક્તોને જે સુખ આપે છે. પોતાની શ્યામ તથા પહોળી છાતીમાં શોભતાં લક્ષ્મીજીવડે ભુલોકથી તપલોક સુધીના સાત લોકની ઉપર શીરોમણીની પેઠે રહેલા પોતાના ધામ વૈકુંઠ લોકને જે શોભાવે છે. મોટા નીતંબ ઉપર શોભતા કંદોરાવડે તથા ભમરાઓથી શબ્દવતી વનમાળાવડે જે શોભે છે, સુંદર કાંડાઓમાં જેને કડાં શોભે છે, ગરૂડના ખભા ઉપર જેણે એક હાથ મુકેલો છે, અને બીજે હાથે કમળ ફેરવે છે. પોતાની કાંતીથી વીજળીને પણ હઠાવનારાં કુંડળોને પણ શોભાવનારા ગાલવાળું તથા ઉપડતા નાકવાળું જેનું મુખ છે. મણી જડીત જેનો મુકુટ છે, ભુજાઓની વચમાં રહેલો અમુલ્ય હાર તથા કંઠમાં ગ્રહેલો કૌસ્તુભમણી જેને શોભે છે, અને જેને વીશે ભક્તોએ "ભગવાનના રૂપ આગળ લક્ષ્મીનો ગર્વ ગળી ગયો" એવો મનમાં તર્ક કર્યો છે, જેના સૌંદર્યનો પાર નથી, જે મારે માટે–સદાશીવને માટે–અને તમો દેવતાઓને માટે પોતાની મુર્તી પ્રકટ કરે છે. તથા પોતાના સેવકોએ ચાલવામાં ઉપયોગી પાવડીઓ અને છત્ર આદી સામાન જેને અર્પણ કરેલ છે, એવા સમાધીમાં ધ્યાન કરવા યોગ્ય પ્રત્યક્ષ પધારેલા ભગવાનનાં મુનીઓએ દર્શન કર્યા, તથા દર્શનથી તૃપ્તી ન થવાથી આનંદવડે માથાથી પ્રણામ પણ કર્યા. ॥૩૮–૩૯–૪૦–૪૧–૪૨॥ તે કમળજેવી આંખોવાળા ભગવાનના ચરણકમળના નખના કીરણો સાથે મળેલા તુળશીના ગંધવાળા વાયુએ, નાકનાં છીદ્ર-

नुतापकलयाभगवत्स्मृतिघ्नोमोहोभवेदिहतुनौव्रजतोरधोऽधः ॥३६॥ एवंतदेवभगवानरविंदनाभःस्वानांविबुध्यसदतिक्रममार्यहृद्यः ॥ तस्मिन्ययौपरमहंसमहामुनीनामन्वेषणीयचरणौचलयन् सहश्रीः ॥३७॥ तंत्वागतंप्रतिहृतौपयिकंस्वपुंभिस्तेऽचक्षताक्षविषयंस्वसमाधिभाग्यं॥ हंसश्रियोर्व्यजनयोःशिववायुलोलच्छुभ्रातपत्रशशिकेसरशीकराबुं ॥३८॥ कृत्स्नप्रसादसुमुखंस्पृहणीयधामस्नेहावलोककलयाहृदिसंस्पृशंतं॥ श्यामेपृथावुरसिशोभितयाश्रियास्वश्चूडामणिंसुभगयंतमिवात्मधिष्ण्यं॥३९॥ पीतांशुकेपृथुनितंबिनिविस्फुरंत्याकांच्याऽलिभिर्विरुतयावनमालयाच॥वल्गुप्रकोष्ठवलयंविनतासुतांसेविन्यस्तहस्तमितरेणधुनानमब्जं ॥४०॥ विद्युत्क्षिपन्मकरकुंडलमंडनार्हगंडस्थलोन्नसमुखंमणिमत्किरीटं॥ दोर्दंडखंडविवरेहरतापराध्र्यहारेणकंधरगतेनचकौस्तुभेन॥४१॥अत्रोपसृष्टमितिचोत्स्मितमिंदिरायाःस्वानांधियाविरचितंबहुसौष्ठवाढ्यं॥ मह्यंभवस्यभवतांचभजंतमंगंनेमुर्निरीक्ष्यनवितृप्तदृशोमुदाकैः॥४२॥तस्यारविंदनयनस्यपदारविंदकिंजल्कमिश्रतुलसीमकरंदवायुः॥ अंतर्गतःस्वविवरेणचकारतेषांसंक्षोभमक्षरजुषामपिचित्ततन्वोः॥४३॥ तेवाअमुष्यवदनासितपद्मकोशमुद्वीक्ष्यसुंदरतराधरकुंदहासं॥ लब्धाशिषःपुनरवेक्ष्यतदीयमंघ्रिद्वंद्वंनखारुणमणिश्रयणंनिदध्युः॥४४॥ पुंसांगतिंमृगयतामिहयोगमार्गैर्ध्यानास्पदंबहुमतंनयनाभिरामं ॥ पौंस्नंवपुर्दर्शयानमनन्यसिद्धैरौत्पत्तिकैःसमगृणन्युतमष्टभोगैः॥४५॥ कुमारा०योंऽतर्हितोहृदिगतोऽपिदुरात्मनांत्वंसोऽद्यैवनोनयनमूलमनंतराद्धः॥ यर्ह्येवकर्णविवरेणगुहांगतोनःपित्रानुवर्णितरहाभवदुद्भवेन॥४६॥ तंत्वांविदामभगवन्परमात्मतत्त्वंसत्वेनसंप्रतिरतिंरचयंतमेषां॥ यत्तेऽनुतापविदितैर्दृढभक्तियोगैरुद्ग्रंथयोहृदिविदुर्मुनयोविरागाः ॥४७॥ नात्यंतिकंविगणयंत्यपितेप्रसादंकिंत्वन्यदर्पितभयंभ्रुवउन्नयैस्ते॥ येंऽगत्वदंघ्रिशरणाभवतःकथायाःकीर्तन्यतीर्थयशसःकुशलारसज्ञाः ॥४८॥ कामंभवःस्ववृजिनैर्निरयेषुनःस्ताच्चेतोऽलिवद्यदिनुतेपदयोरमेत॥ वाचश्चनस्तुलसिवद्यदितेंऽघ्रिशोभाःपूर्येततेगुणगणैर्यदिकर्णरंध्रः॥४९॥ प्रादुश्चकर्थयदिदंपुरुहूतरूपं

વાટે અંતરમાં પ્રવેશ કરવાથી, તે મુનીઓ ઇંદ્રીય સુખને ભોગવનારા નહીં હોવા છતાં પણ, તેમનાં શરીર અને મન અતી આનંદથી વીકારવાળાં થઇને શરીરનાં રૂવાડાં ઉભાં થઇ ગયાં. ॥૪૩–૪૪॥ યોગ માર્ગવડે આત્મ સ્વરૂપને શોધનારા પુરૂશોની ગતીરૂપ તથા ધ્યાનના વીશયરૂપ, બહુ માન પામેલ, આંખ્યોને આનંદ આપનારૂં તથા આઠ પ્રકારની ઉત્પત્તીક અને અનન્ય સીદ્ધીઓવાળું આ પુરૂશ શરીર જોઇને તે મુનીઓ સ્તુતી કરવા લાગ્યા કે. ॥૪૫॥ –કુમારો–હે અનંત, દુષ્ટ બુદ્ધીવાળાઓના અંતરમાં પેસીને છુપાઇ રહેલા આપનું વર્ણન, જ્યારે આપના થકીજ ઉત્પન્ન થયેલ અમારા પીતા બ્રહ્માએ અમારી આગળ કર્યું હતું. ત્યારથી અમારા અંતરમાં તો આપ રહેલા છો. પણ હમણાં અમારી આંખ્યોની આગળ આવેલા છો. ॥૪૬॥ સેવાથી મળેલા દ્રઢ ભક્તીયોગથી હૃદયની ગાંઠો છુટી જાઇને, વીશયાદીકમાં પ્રીતીરહીત થયેલા મુનીઓના જાણવામાં આવનારા તથા પ્રતીક્ષણે શુદ્ધ સત્વગુણી શરીરોથી ભક્તોના ઉપર પ્રસન્ન થનારા, પરમ આત્મ તત્વ રૂપ, આપ ભગવાનને અમે જાણ્યા છે. ॥૪૭॥ હે ભગવાન, કીર્તન કરવાને યોગ્ય અને પવીત્ર યશવાળા આપના ચરણ કમળનો આશ્રય કરનારા ભક્તોમાં આપની કથાઓના રસને સમજનારા મહાત્માઓ; આપના મોક્ષરૂપ પ્રસાદને પણ ગણતીમાં લેખતા નથી, તો આપની ભમર કરડી થવાથી ભય ઉત્પન્ન થનારા ઇંદ્રાદીક પદને તો તેઓ લેખતેજ શાના. ॥૪૮॥ આપના ચરણમાં તુળસી આદીના ગંધથી રમતા ભમરાઓની પેઠે અમારૂં ચીત રમે, અને તુળશીની પેઠે અમારી વાણી આપના ચરણમાંજ શોભે, તથા અમારા કાનનાં છીદ્રો આપના ગુણોવડે પુરાય એમ થાય તો પછી અમે અમારાં પાપ કર્મોવડે નીચ યોનીને વીશે ભલે જન્મ પામીએ. ॥૪૯॥ અજીતેંદ્રીય લોકોની આગળ પ્રકટ નહીં થનારા અને વીપુલ યશવાળા આપ ભગવાને પોતાનું સ્વરૂપ આ રીતે અમોને પ્રત્યક્ષ કર્યું છે. જેથી અમારી દ્રષ્ટીને અત્યંત નીરૃતી મળી છે. એટલાજ માટે આપ ભગવાનના આ સ્વરૂપને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૫૦॥ ઇતીશ્રી. ભા. ત્રીજા સ્કં. ૧૫ અ० સંપુર્ણ. ॥૨૫॥

અધ્યાય. ૧૬ મો—બ્રહ્મા—યોગ ધર્મવાળા મુનીઓએ આ રીતે સ્તુતી કરવાથી તેમનાં વચનોની પ્રસંશા કરીને એ વૈકુંઠવાસી ભગવાન બોલ્યા કે. ॥૧॥—શ્રીભગવાન—આ મારા બે પાર્ષદો જય અને વીજયે, તમારૂં ઘણું અતીક્રમણ કરીને, મારૂં અપ્રીય કર્યું છે. ॥૨॥ તેથી એ મારૂં હેલન (આજ્ઞાભંગ કરવાવડે અપમાન) કરનારા તેઓને, મને અનુસરનારા તમો મુનીઓએ આપેલો દંડ મારી સંમતી પ્રમાણેનોજ છે. ॥૩॥ ચાકરે કરેલા અપરાધને માટે, લોકો જેનું નામ તે અપરાધની સાથે બોલે છે. તે (ચાકરના માલીક)ની કીર્તી, એ ખરાબ વાત થકી, ચામડી ઉપર થયેલા કોઢ આદીથી તેનું રૂપ હણાવાની પેઠે હણાઇ જાય છે. માટે આ મારા અનુચરોએ કરેલું ખરાબ કામ, મારા પોતાથીજ થયેલું માનીને, મારાપરમ દૈવતરૂપ તમે બ્રાહ્મણો આજે મારા ઉપર પ્રસન્ન થાઓ (અર્થાત્ મને ક્ષમા કરો.) ॥૪-૫॥ જેના નીર્મળ યશ રૂપ અમૃતનું કાનવડે પાન થવાથી, ચાંડાળ આદી લઇને આખું જગત પવીત્ર થાય છે. એવો વીકુંઠ "એટલે જેની શક્તી કદીએ અને કોઇ પણ ઠેકાણે કુંઠી થતી નથી, એવી શ્રેષ્ઠ અને પવીત્ર કીર્તી, હું તમો બ્રાહ્મણો થકીજ પામેલો છું. માટે તમારા થકી પ્રતીકુળ વર્તવાળા મારા પોતાના હાથને પણ હું કાપીજ નાંખુંછું. ॥૬॥ મારા ચરણ કમળની પવીત્ર રજને, આખા જગતનાં પાપોનો નાશ તુર્તજ કરી નાંખવાનું જે શીળ એટલે સામર્થ્ય પ્રાપ્ત થયેલું છે, તથા, જેની જરા પણ દ્રષ્ટી પોતા તરફ થવા સારૂં બીજા બ્રહ્મા આદી દેવો નીયમોને ધારણ કરે છે. એવી લક્ષ્મી, હું વીરક્ત છતાં પણ મને છોડતીજ નથી; એ સર્વ તમો બ્રાહ્મણોની સેવાનુંજ ફળ છે. ॥૭॥ કર્મફળોનું મારે વીશે અર્પણ કરનારા બ્રાહ્મણોનાં મુખમાં જતા, અન્નાદીકના ઘી ટપકતા પ્રત્યેક કોળીયા થકી જેવો હું તૃપ્ત થાઉંછું. તેવો યજમાને યજ્ઞને વીશે અગ્નીમાં હોમેલ ચરૂ પુરોડાસ આદી બળીદાન, અગ્નીદ્વારથી ખાવા થકી, તૃપ્ત થતો નથી. ॥૮॥ જેનું ચરણોદક શંકર સહીત સર્વ લોકને પવીત્ર કરે છે એવો, તથા અખંડ અને કોઇ ઠેકાણે પરાભવ ન પામે એવી યોગ માયાની વીભુતીવાળો હું, બ્રાહ્મણોની નીર્મળ ચરણરજને મુકુટ ઉપર

तेनेशनिर्वृतिमवापुरलंदृशोनः॥ तस्माइदंभगवतेनमइद्विधेमयोनात्मनांदुरुदयोभगवान्प्रतीतः ॥५०॥ इ०भा०म०तृ०पंचदशोऽध्यायः ॥१५॥ ब्रह्मा० इतितद्गृणतांतेषांमुनीनांयोगधर्मिणां॥प्रतिनंद्यजगादेदंविकुंठनिलयोविभुः॥१॥ श्रीभग० एतौतौपार्षदौमह्यंजयोविजय एवच॥ कदर्थीकृत्यमांयद्वोबह्वक्रातामतिक्रमं॥२॥यस्त्वेतयोर्धृतोदंडोभवद्भिर्मामनुव्रतैः॥ सएवानुमतोस्माभिर्मुनयोदेवहेलनात् ॥३॥ तद्वः प्रसादयाम्यद्यब्रह्मदैवंपरंहिमे॥ तद्धीत्यात्मकृतंमन्येपत्स्वपुंभिरसत्कृताः॥४॥ यन्नामानिचगृण्हातिलोकोभृत्येकृतागसि॥सोऽसाधुवादस्तत्कीर्तिंहंतित्वचमिवामयः ॥५॥ यस्यामृतामलयशःश्रवणावगाहःसद्यःपुनातिजगदाश्वपचाद्विकुंठः ॥ सोऽहंभवद्भ्यउपलब्धसुतीर्थकीर्तिश्छिंद्यांस्वबाहुमपिवःप्रतिकूलवृत्तिं॥६॥ यत्सेवयाचरणपद्मपवित्ररेणुंसद्यःक्षताखिलमलंप्रतिलब्धशीलं ॥ नश्रीर्विरक्तमपिमांविजहातियस्याःप्रेक्षालवार्थ इतरेनियमान्वहंति॥७॥ नाहंतथाऽद्मियजमानहविर्वितानेश्च्योतद्घृतप्लुतमदन्हुतभुङ्मुखेन॥ यद्ब्राह्मणस्यमुखतश्चरतोऽनुघासंतुष्टस्यमय्यवहितैर्निजकर्मपाकैः ॥८॥ येषांबिभर्म्यहमखंडविकुंठयोगमायाविभूतिरमलांघ्रिरजःकिरीटैः॥विप्रांस्तुकोनविषहेतयदर्हणांभःसद्यःपुनातिसहचंद्रललामलोकान्॥९॥ येमेतनूर्द्विजवरान्दुहतीर्मदीयाभूतान्यलब्धशरणानिचभेदबुद्ध्या॥द्रक्ष्यंत्यघक्षतदृशोह्यहिमन्यवस्तान्गृध्रारुषाममकुषंत्यधिदंडनेतुः॥१०॥ येब्राह्मणान्मयिधियाक्षिपतोऽर्चयंतस्तुष्यद्धृदःस्मितसुधोक्षितपद्मवक्त्राः॥ वाण्याऽनुरागकलयात्मजवद्गृणंतःसंबोधयंत्यहमिवाहमुपाहृतस्तैः ॥११॥ तन्मेस्वभर्तुरवसायमलक्षमाणौयुष्मद्व्यतिक्रमगतिंप्रतिपद्यसद्यः ॥ भूयोममांतिकमितांतदनुग्रहोमेयत्कल्पतामचिरतोभृतयोर्विवासः ॥१२॥ ब्रह्मा० अथतस्योशतींदेवीमृषिकुल्यांसरस्वतीं ॥ नास्वाद्यमन्युदष्टानांतेषामात्माऽप्यतृप्यत ॥१३॥ सतींव्यादायशृण्वंतोलघ्वींगुर्वर्थगह्वरां॥ विगाह्यागाधगंभीरांनविदुस्तच्चिकीर्षितं॥१४॥ तेयोगमाययारब्धपारमेष्ठ्यमहोदयं॥ प्रोचुःप्रांजलयोविप्राःप्रहृष्टाःक्षुभितत्वचः॥१५॥ ऋषय०नवयंभगवन्विद्मस्तवदेवचिकीर्षितं॥ कृतोमेऽनुग्रहश्चेतियद

ધારણ કરૂંછું. એવા બ્રાહ્મણોનું કોણ સહન ન કરે. ॥૯॥ બ્રાહ્મણો—ગાયો—મારા ભક્તો—પ્રાણીઓ—અને જેઓને બીજો આશરો નથી એવાઓ—એ સર્વ મારૂંજ સ્વરૂપ છે. (શરીર છે.) તેઓને ભેદ દ્રષ્ટીવડે મારાથી જુદા જોનારા, પોતાનાં પાપવડે દ્રષ્ટી નાશ પામેલા લોકોને, યમના દુતોરૂપ, સાપ જેવા ક્રોધી ગીધપક્ષીઓ ક્રોધ કરી કરીને કોચે છે. ॥૧૦॥ કઠોર વચન બોલતા બ્રાહ્મણોને, મારા સમાન ગણીને, પ્રસન્ન મનથી અને હસતે મોઢે મીઠાં વચનો બોલીને તેમનું જે પુજનાદીક કરે છે—અને મને જેમ સંબોધન આપે તેમ સંબોધન આપીને પુત્રની પેઠે મધુર વાણીથી જેઓ તેમની સ્તુતી કરે છે. તેવા પુરૂષો થકી હું વશ થયેલોછું. ॥૧૧॥ એવા બ્રાહ્મણોનો અપરાધ, મારા બે અનુચરોએ તેમના સ્વામી (હું) નો અભીપ્રાય લક્ષમાં નહીં રાખતાં તમારૂં અતીક્રમણ કરીને કરવાથી, તેઓ હમણાંજ તેના ફળને પામેલા છે. પણ હવે તેઓનો વીવાસ થોડા કાળનો થઇને, તે મને જલદી ફરીથી મારી પાસે વેહેલા આવે એમ કરવાનો મારા ઉપર અનુગ્રહ કરવાનો વીચાર તમો કરો. ॥૧૨॥—બ્રહ્મા—એ રીતની ભગવાનની પ્રીય–દીવ્ય–અને મંત્રોના પ્રવાહ રૂપ વાણીનો સ્વાદ, તે મધુર હોવા છતાં પણ, સનકાદીક મુનીઓ ક્રોધ રૂપી સાપે કરડેલા હોવાથી ન લેઇ શકવાથી, તેઓ તે થકી તૃપ્તી પામ્યા નહીં. ॥૧૩॥ અને એ થોડા અક્ષરો વાળી—ઘણા અર્થવાળી—અર્થના ગંભીરપણાથી તેમાં પ્રવેશ ન થઇ શકે એવી—પાર ન જણાય એવી—અને મોટાઇને સુચવનારી વાણી, કાન દેઇને સાંભળીને તેનો વીચાર કરવા લાગ્યા છતાં પણ, તેવડે ભગવાને શું કરવાને ધાર્યું છે તે તેઓ જાણી શક્યા નહીં. ॥૧૪॥ પછી આનંદવડે રોમાંચીત થયેલા તે બ્રાહ્મણો, યોગ માયાથી મળેલા મહાન ઐશ્વર્યવાળા ભગવાન પ્રત્યે હાથ જોડીને બોલ્યા કે. ॥૧૫॥—કુમારો—હે અધ્યક્ષ, આપ પોતાના ઉપર અમોએ અનુગ્રહ કરવાનું કહો છો. તેથી હે દેવ, હે ભગવાન, તમે શું કરવાને ધાર્યું છે તે અમો જાણી શકતા નથી. ॥૧૬॥ હે પ્રભુ, બ્રાહ્મણોને માનનારાઓનું અને આપનું દૈવત બ્રાહ્મણો છે, તે રીતેજ હે દેવ, બ્રાહ્મણોનું અને દેવતાઓનું દૈવત તથા આત્મા (સત્વ)

આપ ભગવાનજ છો. ॥૧૭॥ સનાતન ધર્મ આપ થકીજ ઉત્પન્ન થાય છે. અને તેનું રક્ષણ પણ આપજ અવતારાદીકથી કરો છો. એ રીતે ધર્મનું પરમ ગુહ્ય અને વીકલ્પ રહીત સ્વરૂપ આપ પોતેજ છો.॥૧૮॥ નીશ્ચેને પામેલા યોગીઓ જેના અનુગ્રહથી મૃત્યુને સેહેજમાં તરી જાય છે. એવા આપના ઉપર બીજા (અમ સરખા) ઓ થકી અનુગ્રહ કેવે પ્રકારે થઇ શકે. ॥૧૯॥ ભાગ્યશાળી પુરૂશોએ અર્પણ કરેલી તુળશીની નવી માળાના સ્થાન રૂપ આપના ચરણની શેવા ભમરાઓના અધીપતી (મુખ્ય ભમરા) ની માફક; જેની ચરણ રજને બીજા ધનની ઇચ્છાવાળાઓ પોતાને માથે ચડાવે છે એવાં લક્ષ્મીજી, વખતો વખત કરે છે. અને આપના વક્ષસ્થળને વીશે રહી, શોભીને, શુદ્ધ આચરણોથી તે આપને અનુસરે છે. છતાં પણ પરમ ભગવતી તુળશીના સરખો આદર, આપ તેગને આપતા નથી. એવા ભાગ્યના ભંડારરૂપ આપને, બ્રાહ્મણોના ચરણની પવીત્ર રજ કેવી રીતે શુદ્ધ કરી શકે છે? ॥૨૦-૨૧॥ એટલા માટે, આપ ધર્મ સ્વરૂપ ભગવાન ત્રણ (સત-ત્રેતા-ને દ્વાપર) યુગને વીશે, પોતાના ત્રણ પગ તપ-શૌચ-અને દાન અથવા દયાવડે આ ચરાચર જગતનું પાલન કરો છો. તેથી એ ત્રણ પગનો ઘાત કરનારા, અમારા રજો ગુણ તથા તમો ગુણનો, ઉત્તમ દયાના સ્વરૂપવાળા સત્વગુણવડેજ આપ નાશ કરી નાંખો. ॥૨૨॥ મોટા પુરૂશોનાં આચરણને, પ્રમાણ તરીકે માનીને, તેવાં આચરણોનેજ લોકો ગ્રહણ કરેછે. માટે આપેજ રક્ષણ કરવાને યોગ્ય ઉત્તમ બ્રાહ્મણોના કુળનું રક્ષણ જો આપ સાચી અને મીઠી વાણીથી, અને પુજન આદીકથકી કરો નહીં તો આપનોજ પ્રવર્તાવેલો વેદ માર્ગ ખચીતજ નાશ પામી જાય. ॥૨૩॥ પણ વેદ માર્ગનો નાશ થવામાં આપનો મત નહોવાથીજ આપ, પોતાની શક્તી એટલે માયાને ગ્રહણ કરીને અવતારાદીક ધરવાવડે, ધર્મના શત્રુઓને ઉખેડી નાંખીને, લોકનું રક્ષણ અને ધર્મનું સ્થાપન કરોછો. એવા સર્વ સત્વોવાળા-વીશ્વનું પોશણ કરનારા-અને સર્વના અધીપતી-આપે બ્રાહ્મણો તરફ નમ્રપણું દેખાડવાથી આપના તેજમાં ન્યુનતા થતી નથી. પણ એવો વીનોદ

ध्यक्षःप्रभाषसे॥१६॥ ब्रह्मण्यस्यपरंदैवंब्राह्मणाःकिलतेप्रभो ॥ विप्राणांदेवदेवानांभगवानात्मदैवतं ॥१७॥ त्वत्तःसनातनोधर्मोरक्ष्यतेतनुभिस्तव॥ धर्मस्यप म [illegible]ोनिर्विकल्पोभवान्मतः॥१८॥ तरंतिह्यंजसामृत्युंनिवृत्तायदनुग्रहात्॥योगिनःसभवान्किंस्विदनुगृह्येतपत्परैः ॥१९॥ यंवैविभूतिरुपयात्यनुवेलमन्यैरर्थार्थिभिःस्वशिरसा [illegible]तपादरेणुः॥ धन्यार्पितांघ्रितुलसीनवधामदाम्नोलोकंमधुव्रतपतेरिवकामयामा॥२०॥ यस्तांविविक्तचरितैरनुवर्तमानांनात्याद्रियत्परमभागवतप्रसंगः ॥ सत्वं [illegible]जानुपथपुण्यरजःपुनीतःश्रीवत्सलक्ष्मकिमगाभगभाजनस्त्वं॥२१॥ धर्मस्यतेभगवतस्त्रियुगत्रिभिःस्वैःपद्भिश्चराचरमिदंद्विजदेवतार्थं ॥ नूनंभृतंतदभिघातिरजस्तमश्चसत्वेननोवरदयातनुवानिरस्य ॥२२॥ नत्वंद्विजोत्तमकुलंयदिहात्मगोपंगोप्तावृषःस्वर्हणेनससूनृतेन ॥ तर्ह्येवनंक्ष्यतिशिवस्तवदेवपंथालोकोऽग्र[illegible]ष्यदृषभस्यहितत्प्रमाणं॥२३॥ तत्तेऽनभी[illegible]निधेर्विधित्सोःक्षेमंजनायनिजशक्तिभिरुद्धृतारेः॥नैतावताऽधिपतेर्बतविश्वभर्तुस्तेजःक्षतं[illegible]त्ववनतस्यसतेविनोदः॥२४॥ यंवाऽनयोर्दममधीशभवान्विधत्तेवृत्तिंनुवातदनुमन्महिनिर्व्यलीकं॥ अस्मासुवायउचिताध्रियतांसदंडोयेनागसौवयमयुंक्ष्महिकिल्बिषेण॥२५॥ श्रीभग० एतौसुरेतरगतिंप्रतिपद्यसद्यःसंरंभसंभृतसमाध्यनुबद्धयोगौभूयःसकाशमुपयास्यतआशुयोवःशापोम[illegible]तदवैतविप्राः ॥२६॥ ब्रह्मा०अथतेमुनयोदृष्ट्वानयनानंदभाजनं॥ वैकुंठंतदधिष्ठानंविकुंठंचस्वयंप्रभं ॥२७॥ भगवंतंपरिक्रम्यप्रणिपत्यानुमान्य च॥प्रतिजग्मुःप्रमुदिताःशंसंतोवैष्णवींश्रियं॥२८॥भगवाननुगावाहयातंमाभैष्टमस्तुशं॥ ब्रह्मतेजःसमर्थोऽपिहंतुंनेच्छेमतंतुमे॥२९॥ मयिसंरंभयोगेननिस्तीर्यब्रह्महेलनं॥ प्रले[illegible]ष्यतांनेकाशमेकालेनाल्पीयसा[illegible]ः ॥३०॥ द्वास्थावादिश्यभगवान्विमानश्रेणिभूषणं॥ सर्वातिशययालक्ष्म्याजुष्टंस्वंधिष्ण्यमाविशत्॥३१॥तौतुगीर्वाणऋषभौदुस्तराद्धरिलोकतः ॥ हतश्रियौब्रह्मशापादभूतांविगतस्मयौ॥३२॥ तदाविकुंठधिषणात्तयोर्निपतमानयोः ॥ हाहाकारोमहानासीद्विमानाग्र्येषुपुत्रकाः ॥३३॥ तावेवह्यधुनाप्राप्तौपार्षदप्रवरौहरेः॥

કરવાવડે આપે એ પ્રકારથી માત્ર ધર્મનું રક્ષણજ કરેલું છે. ॥૨૪॥ અને ઇશ્વર એવા આપ જો એ દ્વારપાળોને બીજો દંડ આપવા ધારતા હો, અથવા તેમના ઉપર કાંઇક અધીક રેહેમ કરવા ઇચ્છતા હો, તો અમો નીષ્કપટ ભાવથી તેમ કરવામાં અનુમતી આપીએ છીએ. અથવા તેઓ નીરપરાધી હોવા છતાં પાપ બુદ્ધીથી અમે તેમને દંડ આપેલાનું આપ ધારો. તો અમારે માટે પણ આપને જેમ ઉચીત લાગે તેમ આપ વીચાર કરો. ॥૨૫॥-શ્રી ભગવાન-હે વીપ્રો, તમારા નીમીત્તથી, મેંજ તેઓને આ શ્રાપ આપેલો છે એમ તમે જાણો. અને એ બેઉ જણાઓ હમણાં અસુરગતીને પામીને તથા સંપૂર્ણ ક્રોધયુક્ત સમાધીયોગ દૃઢ કરીને ઉતાવળાજ મારી પાસે પાછા આવશે. (અર્થાત તમારો આમાં જરા પણ દોશ નથી. એમ જાણો.) ॥૨૬॥-બ્રહ્મા-પછી સનકાદીક મુનીઓ, એ નેત્રોને આનંદ આપનારા સ્વયંપ્રકાશ વૈકુંઠલોકને જોઇને, અને ભગવાનનાં દર્શન, પ્રણામ, અને પરક્રમા કરીને તેમની રજા લેઇ, તે વૈશ્નવી વૈભવનાં વખાણ કરતા કરતા ત્યાંથી ચાલ્યા ગયા. ॥૨૭-૨૮॥ તે પછી પોતાના બે અનુચરો જય વીજયને ભગવાને કહ્યું કે, તમે ભય પામશો નહીં. તમારૂં ભલું થશે. બ્રાહ્મણોનો શ્રાપ મીથ્યા કરવાને હું સમર્થ છતાં પણ મેં તેમ કર્યું નથી. કારણ મારી ઇચ્છા એવીજ હતી. ॥૨૯॥ મારે વીશે વૈરભાવયુક્ત ક્રોધથી યોગ કરવાવડે, બ્રાહ્મણોનું હેલન (અવગણના) કરવાના પાપને મટાડીને, થોડા કાળમાંજ તમે ફરીથી મારા સમીપમાં પાછા આવશો. ॥૩૦॥ એ રીતે દ્વારપાળોને સમજાવી કરીને, વીમાનોના જુથથી શણગારેલા, અને સર્વ જાતના અતીશય વૈભવથી શોભતા પોતાના મંદીર (સ્થાન) માં ભગવાને પ્રવેશ કર્યો. ॥૩૧॥ અને એ બેઉ શ્રેષ્ટ દેવતાઓ જય-વીજય, અનીવાર્ય બ્રાહ્મણોના શ્રાપથી ગર્વરહીત અને શોભા વીનાના થઇને વૈકુંઠ લોકમાંથી પડ્યા. ॥૩૨॥ હે પુત્રો, તે બે જણાને વૈકુંઠમાંથી વીમાનોની આગળ થઇને પડતાં મોટો હાહાકાર થયો. ॥૩૩॥ હરી ભગવાનના એ બંને મુખ્ય પાર્શદો, હમણાં દીતીના જઠરને વીશે (ગર્ભમાં) કશ્યપરૂશીએ મુકેલા ઉગ્રતેજરૂપે પ્રાપ્ત થયેલા છે. ॥૩૪॥

એ રીતે ભગવાનના કરવાથીજ, એ બે અસુરોના તેજવડે હાલમાં તમારૂં તેજ ક્ષીણ થઇ ગયું છે. ॥૩૪॥ માટે વીશ્વની ઉત્પતી-સ્થીતી-અને લયના કારણરૂપ, તથા જેની યોગમાયાના પારને યોગેશ્વરો પણ પામી શકતા નથી એવા આદીપુરૂષ ભગવાન તમારૂં ભલું કરવાનો વીચાર કરશેજ. એ ત્રણે લોકના ઇશ્વરે જે કાંઇ કરવાને ધાર્યું હશે. તે બાબતમાં આપણે કાંઇ પણ કરવું તે અર્થ વીનાનું અને નકામુંજ છે. ॥૩૬॥ ઇતી શ્રી० ભા० ત્રીજા સ્કંધનો સોળમો અધ્યાય સંપુર્ણ. ॥૧૬॥

અધ્યાય ૧૭ મો.—મૈત્રેય—બ્રહ્માના કહેવાથી શંકાનું કારણ મટાડીને સર્વ દેવતાઓ ત્યાંથી પાછા ફરી સ્વર્ગલોકમાં ગયા. ॥૧॥ પછી પોતાના સ્વામીના કહેવાવડે સંતાનો થકી શંકા પામેલાં, સાધવી દીતીએ, પુરેપુરાં સો વરસે બે પુત્રોને જણ્યા. ॥૨॥ તેમના જન્મ વખતે પૃથ્વી-આકાશ-અને અંતરીક્ષમાં, લોકને ઘણો ભય ઉત્પન્ન કરે, એવા ઘણા ઉત્પાતો થયા. ॥૩॥ પર્વતો સહીત પૃથ્વી ચલાયમાન થઇ. સર્વ દીશાઓ બળવા લાગી. ઉલ્કા સહીત વજ્રપાત થયા. અને દુખને સુચવનારા ધુમકેતુઓ ઉગ્યા. ॥૪॥ વંટોળીયારૂપી સેનાવાળો અને ધુળરૂપી ધજાવાળો-મોટા વૃક્ષોને મુળસહીત ઉખેડી નાંખનારો-અને નખમીશકાય એવા સ્પર્શવાળો વાયુ વારંવાર વાવા લાગ્યો. ॥૫॥ હસતી હોય એવી વીજળીઓવાળાં વાદળાંની ઘટાથી, આકાશમાં અંધકાર થવાથી, ગ્રહો અને તારાઓનાં સ્થાન પણ ન સમજાય એવું થઇ જઇને તેઓ દેખાતા બંધ થયા. ॥૬॥ અને સમુદ્રપણ અંદરથી વીકારવાળો થઇને, ઉદાસ સરખો તથા ઉછાળા અને ઘુમો મારતો દેખાયો. તેમજ સુકાઇ ગયેલ કમળોવાળાં જળાશયો અને નદીઓ પણ ઉછાળા મારતાં જણાયાં. ॥૭॥ રાહુ સહીત સુર્ય ચંદ્રને ફરતાં વારંવાર કુંડાળાં થવા લાગ્યાં. વાદળાં વીનાજ ગર્જનાઓ થવા લાગી. અને પર્વતની ગુફાઓમાંથી રથ ચાલવાના સરખો અવાજ થતો જણાયો. ॥૮॥ વળી તે વખતે ગામડાંઓમાં, મોઢામાંથી બળતા અગ્નીની જ્વાળાઓ કાઢતી ફ્યાઉડીઓ, શીયાળ અને ઘુડના શબ્દ સાથે અમંગળ સાદ કાઢતી હતી. ॥ ૯ ॥ જ્યાં ત્યાં ડોક ઉંચી કરીને ગાતાં હોય એવી રીતે કુતરાં વીવીધ પ્રકારે ભસતાં હતાં. ॥૧૦॥ હે વીદુર પોતાની ખરી કઠોર ખરીને પૃથ્વી ઉપર પછાડતાં ઉન્મત્ત ગધેડાં, ભુંકતાં ભુંકતાં ટોળાબંધ આમતેમ દોડતાં હતાં ॥૧૧॥ ગધેડાંના રેવાથી ત્રાસ પામેલાં પક્ષીઓ માળામાંથી પડી જતાં હતાં. તથા વગડામાં અને નેસડામાં પશુઓને છાણ અને મુત્ર થઇ જતાં હતાં. ॥૧૨॥ ત્રાસને લીધે ગાયોને દોહતાં લોહી નીકળતું હતુ. વાદળાંઓ પરૂને વરસાવતાં હતાં. દેવતાઓની મુરતીઓ રોતી દેખાતી હતી. અને પવન વીનાજ ઝાડો પડી જતાં હતાં.॥૧૩॥ પુણ્ય ગ્રહો (ગુરૂ-શુક્ર-બુધ-અને ચંદ્ર) એમને દુષ્ટ ગ્રહો (મંગળ-શની-રવી આદી) ઓલંગતા હતા. અને તેઓ અવળી ગતીથી ચાલતા હતા તથા પરસ્પરમાં યુદ્ધ કરતા હતા. ॥૧૪॥ એ અને બીજા મોટા ઉત્પાતોને જોઇને, તેના તત્વને નહી જાણતી પ્રજાઓએ બીનાને વીશ્વનો પ્રલય થવાનુંજ માન્યું. ॥૧૫॥ પછી પોતાના પરાક્રમને દેખાડ ॥ તે બંને આદી દૈત્યો, તુર્તજ પથર જેવા કઠણ શરીરોથી પર્વતની પેઠે વધવા લાગ્યા. ॥૧૬॥ સોનાના મુકુટો અણીઓથી આકાશને સ્પર્શ કરતા-દીશાઓનો રોધ કરતા-હાથે પેહેરેલાં ઘરેણાંથી શોભતા-પગલે પગલે પગવડે પૃથ્વીને કંપાવતા-અને સારી કટીમેખળાઓવાળી કમરોવાળા તે બેઉ દૈત્યો, સુર્ય નારાયણને પણ ઓળંગીને આગળ જઇ તે સ્થળે ઘોભ્યા. ॥૧૭॥ પ્રજાપતી કશ્યપે તેઓનાં નામો પાડ્યાં. તે જોડલામાંનો જે પોતાના શરીરથી પ્રથમ ઉત્પન્ન થયો તે "હીરણ્યકશીપુ", અને જન્મતી વખતે જે આગળ નીકળ્યો તે હીરણ્યાક્ષ, એ નામોથકી તેઓ લોકને વીશે જણાયલા છે. ॥૧૮॥ પછી લોક પાળો સહીત ત્રીલોકીમાં કોઇથકી મૃત્યુ નહીં થવાનું બ્રહ્માથકી

दितेर्जठरनिर्विष्टंकाश्यपंतेजउल्बणं ॥३४॥ तयोरसुरयोरद्यतेजसायमयोर्हिवः॥ आक्षिप्तंतेजएतर्हिभगवांस्तद्विधित्सति॥३५॥विश्वस्ययः स्थितिलयोद्भवहेतुराद्योयोगेश्वरैरपिदुरत्ययोगमायः॥ क्षेमंविधास्यतिसनोभगवांस्त्र्यधीशस्तत्रास्मदीयविमृशेनकियानिहार्थः॥३६॥ इ०भा०म०तृ०षोडशोऽध्यायः ॥१६॥ मैत्रेय० निशम्यात्मभुवागीतंकारणंशंकयोज्झिताः॥ ततःसर्वेन्यवर्तंतत्रिदिवायदिवौकसः ॥१॥ दितिस्तुभर्तुरादेशादपत्यपरिशंकिनी॥ पूर्णेवर्षशतेसाध्वीपुत्रौप्रसुषुवेयमौ॥२॥ उत्पाताबहवस्तत्रनिपेतुर्जायमानयोः॥ दिविभुव्यंतरिक्षेच लोकस्योरुभयावहाः॥३॥सहाचला भुवश्चेलुर्दिशःसर्वाःप्रजज्वलुः॥सोल्काश्चाशनयःपेतुःकेतवश्चार्तिहेतवः ४ ववौवायुःसुदुःस्पर्शःफूत्कारा नीरयन्मुहुः॥ उन्मूलयन्नगपतीन्वात्यानीकोरजोध्वजः ॥५॥ उद्धसत्तडिदंभोदघटयानष्टभागणे ॥ व्योम्निप्रविष्टतमसानस्मव्यादृश्यतेपदं ॥६॥ चुक्रोशविमनावार्धिरुदूर्मिःक्षुभितोदरः॥ सोदपानाश्चसरितश्चुक्षुभुःशुष्कपंकजाः॥७॥ मुहुःपरिधयोऽभूवन्सराह्वोःशशिसूर्ययोः॥ निर्घातारथनिर्ह्रादाविवरेभ्यःप्रजज्ञिरे ॥८॥ अंतर्ग्रामेषुमुखतोवमंत्योवन्हिमुल्बणं॥ सृगालोलूकटंकारैःप्रणेदुरशिवंशिवाः ॥९॥ संगीतवद्रोदनवदुन्नमय्यशिरोधरां॥ व्यमुंचन्विविधावाचोग्रामसिंहास्ततस्ततः॥१०॥ खराश्चकर्कशैःक्षत्तःखुरैर्घ्नंतोधरातलं॥ खार्काररभसामत्ताःपर्यधावन्वरूथशः॥११॥ रुदंतोरासभत्रस्तानीडादुदपतन्खगाः॥घोषेऽरण्ये चपशवःशकृन्मूत्रमकुर्वत॥१२॥गावोऽत्रसन्नसृग्दोहास्तोयदाःपूयवर्षिणः॥ व्यरुदन्देवलिंगानिद्रुमाःपेतुर्विनाऽनिलं॥१३॥ ग्रहान्पुण्यतमानन्येभगणांश्चापिदीपिताः॥अतिचेरुर्वक्रगत्यायुयुधुश्चपरस्परं॥१४॥ दृष्ट्वाऽन्यांश्चमहोत्पातानतत्तत्त्वविदःप्रजाः॥ ब्रह्मपुत्रानृतेभीतामेनिरेविश्वसंप्लवं॥१५॥ तावादिदैत्यौसहसाव्यज्यमानात्मपौरुषौ॥ ववृधातेऽश्मसारेणकायेनाद्रिपतीइव ॥१६॥ दिविस्पृशौहेमकिरीटकोटिभिर्निरुद्धकाष्ठौस्फुरदंगदाभुजौ॥ गांकंपयंतौचरणैःपदेपदेकट्या सुकांच्याऽर्कमतीत्यतस्थतुः॥१७॥ प्रजापतिर्नामतयोरकार्षीद्यःप्राक्स्वदेहाद्यमयोरजायत॥ तंवैहिरण्यकशिपुंविदुःप्रजायंतंहिरण्याक्षमसूतसा[illegible]तः॥१८॥चक्रेहिरण्यकशिपुर्दोर्भ्यांब्रह्मवरेणच ॥वशेसपालाल्लोकांस्त्रीनकुतोमृत्युरुद्धतः ॥१९॥ हिरण्याक्षोऽनुजस्तस्यप्रियःप्रीति

વર્ધાન પામીને ઉદ્ધત બનીને હીરણ્યકશીપુએ પોતાની ભુજાથકીજ તેમને(લોકપાળો સહીત સર્વ લોકને)પોતાના વશમાં આણ્યા. ॥૧૯॥ અને રોજ રોજ તેનું હીત અને પ્રીય કરનારો તેનો નાનો ભાઈ હીરણ્યાક્ષ હાથમાં ગદા લેઈને યુદ્ધની ઇચ્છાથી સ્વર્ગમાં ગયો. ॥૨૦॥ ત્યારે તે અસહ્ય વેગવાળા-સોનાનાં ઝાંઝરોને ખણુ ખણાવતા-વૈજયંતી માળા પેહેરેલા-ખભા ઉપર મોટી ગદા રાખવાથી શોભતા-શૌર્ય, વીર્ય એટલે બળ, અને બ્રહ્માના વરદાનથી ગર્વીષ્ટ, નીરંકુશ, અને નીર્ભય થયેલા- એવાને જોઇને ભય પામી, ગરૂડના ત્રાસથી સાપો સંતાઈ જવાની પેઠે, દેવતાઓ સંતાઇ ગયા. ॥૨૧-૨૨॥ એટલે તે દૈત્યોના રાજાએ, પોતાના મોટા પરાક્રમવડે, ઇંદ્ર સહીત દેવતાઓના ગણોને નપુંસકની પેઠે સંતાઇ ગયેલા જોઇને મોટી ગર્જના કરી. ॥૨૩॥ પછી ત્યાંથી પાછો વ-ળીને, ગંભીર તથા મોટો અવાજ કરનારા સમુદ્રની અંદર ઉન્મત્ત હાથીની પેઠે, એ મહા બળવાળો ક્રીડા કરવા સારૂં પેઠો. ॥૨૪॥ તેમાં તેના પેસવાથી વરૂણના સૈનીકો મોટા જળચર મગરમચ્છ વીગેરે યાદો ગણો

તેણે નહીં માર્યા છતાં પણ, તેના તેજથીજ પરાભવ પામીને, તેની સન્નીધીથીજ ભય પામી જઈને ઘણે દૂર આઘા દોડી ગયા. ॥૨૫॥ પવનથી ઉછળેલા મોજાંઓને પોતાની લોહમય ગદાથી વારંવાર કાપતો તે મહા બ-ળીઓ ઘણાં વરસો સુધી સમુદ્રમાં ફર્યો. અને પછીથી હે વીદુર, તે, વરૂણની પુરી વીભાવરીમાં ગયો. ॥૨૬॥ ત્યાં પાતાળ લોકને પાલન કરનારા જળચરોના સ્વામી વરૂણ દેવને મળીને, નીચની પેઠે નમી જરા મોઢું મલકાવીને મશ્કરીમાં બોલ્યો કે, "હે અધીરાજ, મને આપ યુદ્ધ આપો." ॥૨૭॥ આપતો મોટી કીર્તીવાળા લોકપાળોના અધીપતી, અને દુર્મદ તથા પોતાને શુરવીર માનનારાઓના પરાક્રમને નાશ કરનારા છો. વળી તમે, દૈત્ય અને દાનવો સહીત તમામ લોકને જીતીને, પુર્વે રાજસુય નામનો યજ્ઞ કરી ભગવાનનું યજન પણ કરેલ છે. ॥૨૮॥ મદોન્મત્ત થયેલા શત્રુએ, એ રીતે ઘણી મશ્કરી કરી, ત્યારે ભગવાન વરૂણે પોતાને ઉત્પન્ન થયેલા ક્રોધને પોતાની બુદ્ધી થકીજ સમાવીને જવાબ આપ્યો કે, ઘરડા થવાથી અમારાં અંગો તો હવે

कृदन्वहं॥ गदापाणिर्दिवंयातोयुयुत्सुर्मृगयन्रणं॥२०॥ तंवीक्ष्यदुःसहजवंरणत्काञ्चननूपुरं॥वैजयंत्यास्रजाजुष्टमंसन्यस्तमहागदं ॥२१॥
मनोवीर्यवरोत्सिक्तमसृण्यमकुतोभयं ॥ भीतानिलिल्यिरेदेवास्तार्क्ष्यत्रस्ताइवाहयः॥२२॥ सर्वेतिरोहितान्दृष्ट्वामहसास्वेनदैत्यराट् ॥ सेंद्रा
न्देवगणान्क्षीबानपश्यन्व्यनदद्भृशं॥२३॥ ततोनिवृत्तःक्रीडिष्यन्गंभीरंभीमनिःस्वनं॥विजगाहेमहासत्वोवार्धिंमत्तइवद्विपः॥२४॥॥तस्मि
न्प्रविष्टेवरुणस्यसैनिकायादोगणाःसन्नधियःससाध्वसाः॥ अहन्यमानाअपितस्यवर्चसाप्रधर्षितादूरतरंप्रदुद्रुवुः॥२५॥ सवर्षपूगानुदधौ
महाबलश्चरन्महोर्मीन्श्वसनेरितान्मुहुः॥ मौर्व्याऽभिजघ्नेगदयाविभावरीमासेदिवांस्तातपुरींप्रचेतसः॥२६॥ तत्रोपलभ्यासुरलोकपालकं
यादोगणानामृषभंप्रचेतसं ॥ स्मयन्प्रलब्धुंप्रणिपत्यनीचवज्जगाददेह्यधिराजसंयुगं॥२७॥ त्वंलोकपालोऽधिपतिर्बृहच्छ्रवावीर्यापहोदु
र्मदवीरमानिनां ॥ विजित्यलोकेऽखिलदैत्यदानवान्यद्राजसूयेनपुरायजत्प्रभो ॥२८॥ सएवमुत्सिक्तमदेनविद्विषादृढंप्रलब्धोभगवानपांप
तिः॥ रोषंसमुत्थंशमयन्स्वयाधियाव्यवोचदंगोपशमंगतावयं॥२९॥ पश्यामिनान्यंपुरुषात्पुरातनाद्यःसंयुगेत्वांरणमार्गकोविदं ॥ आरा
धयिष्यत्यसुरर्षभेहितंमनस्विनोयंगृणतेभवादृशाः॥३०॥ तंवीरमारादभिपद्यविस्मयःशयिष्यसेवीरशयेश्वभिर्वृतः ॥ यस्त्वद्विधानामसतां
प्रशांतयेरूपाणिधत्तेसदनुग्रहेच्छया ॥३१॥ इ०भा०म०तृ०हिरण्याक्षदिग्विजयेसप्तदशोऽध्यायः॥१७॥ मैत्रेय०तदेवमाकर्ण्यजलेशभा
षितंमहामनास्तद्विगणय्यदुर्मदः॥ हरेर्विदित्वागतिमंगनारदाद्रसातलंनिर्विविशेत्वरान्वितः ॥१॥ ददर्शतत्राभिजितंधराधरंप्रोन्नीयमाना
वनिमग्रदंष्ट्रया ॥ मुष्णंतमक्ष्णास्वरुचोऽरुणश्रियाजहासचाहोवनगोचरोमृगः ॥२॥ आहैनमेह्यज्ञमहींविमुंचनोरसौकसांविश्वसृजेयमर्पि
ता॥ नस्वस्तियास्यनयाममेक्षतःसुराधमासादितसूकराकृते ॥३॥ त्वंनःसपत्नैरभवायकिंभृतोयोमाययाहंत्यसुरान्परोक्षजित्॥ त्वांयोगमा
याबलमल्पपौरुषंसंस्थाप्यमूढप्रमृजेसुहृच्छुचः ॥४॥ त्वयिसंस्थितेगदयाशीर्णशीर्षण्यस्मद्भुजच्युतयायेचतुभ्यं॥ बलिंहरंत्यृषयोयेचदेवाः

ઉપશમને પામેલાં છે. ॥૨૯॥ માટે હે દૈત્યોના રૂશભ, યુદ્ધના પ્રકારોમાં કુશળ એવા તમને, દંદ યુદ્ધની તમારી ઇચ્છાને પુર્ણ કરનાર; પુરાતન પુરૂશ ભગવાન, જેમનું તમારા સરખા મનસ્વી પુરૂશો, પોતાની ઇચ્છા પુર્ણ કરવા માટે આરાધન અને સ્તુતી કરેછે. તે વીના બીજા કોઇને હું હવડાં દેખતો નથી. ॥૩૦॥ જે વીર પુ-રૂશને પામીને તુર્તજ તમે ગર્વ રહીત થઇને તથા કુતરાંઓથી વીંટાઇને વીરશય્યામાં (રણભુમીમાં) સુઇ જશો. કે જે ભગવાન સત્પુરૂશોના ઉપર અનુગ્રહ કરવાની અને તમારા સરખા અસત પુરૂશોનો નાશ કર-વાની ઇચ્છાથીજ દેવ-તીર્યગ-અને નર આદીકને વીશે અવતારો લેવા વડે સ્વરૂપોને ધારણ કરેછે. ॥૩૧॥ ઇતી શ્રી૰ ભા૦ ત્રીજા સ્કંધનો સતરમો અધ્યાય સંપુર્ણ. ॥૧૭॥

અધ્યાય ૧૮ મો.-મૈત્રેય-આ પ્રમાણે વરૂણે કહેલું સાંભળ્યા છતાં, અતી છકેલા અને મોટા મનવાળા તેણે, તે નહીં ગણકારતાં નારદજી થકી ભગવાનની ગતી જાણીને ત્વરા સહીત રસાતળમાં પ્રવેશ કર્યો. ॥૧॥

ત્યાં રતાશની શોભાવાળી આંખ્યથી પોતાને ઝાંખો પાડતા-જય પામેલા-પૃથ્વીને ધારણ કરનારા-અને આ-ગલી દાઢની અણીથકી પૃથ્વીને ઉપર લેઇ આવતા વરાહ ભગવાનને દેખીને તે મશ્કરીમાં બોલ્યો કે, "આતો વનમાં ફરનારો મૃગ છે.॥૨॥ હે અજ્ઞ, વીશ્વને સરજનારા બ્રહ્માએ રસાતળમાં રેહેનારાઓને આપેલી પૃથ્વીને તું છોડી દે. હે વરાહની આકૃતી ધરનાર અધમ દેવ, તું મારા દેખતાં પૃથ્વી સહીત કુશળ જઇ શકે એમ નથી. ॥૩॥ હે મુઢ, તું જે માયાના બળવાળો અને અલ્પ પુરૂશાર્થવાળો છતાં, કપટ થકીજ અસુરોનો પ-રોક્ષ નાશ કરનારો છે, તેને અમારા શત્રુઓએ જાણે મરવાને માટેજ ઉછેર્યો હોય તેમ, તને મારીને હું મારા સંબંધીઓના શોકને મટાડીશ. ॥૪॥ અને મારા હાથથી છુટેલી ગદાથી માથું છુંદાઇ જઇને તું મુવો, એટલે તને બળીદાન આપનારા દેવતાઓ તથા રૂશીઓ પોતાની મેળેજ મુળ વીનાના થઇ જશે." ॥૫॥ એ રીતનાં શત્રુનાં વચનરૂપી બાણોથી દુખ પામેલા વરાહ ભગવાન, પોતાની દાઢ ઉપર રહેલી પૃથ્વીને ભય પામેલી જો-

ઘને, ભુડથકી પીડાયલો હાથી હાથણી સહીત તળાવમાંથી બહાર નીકળવાની પેઠે, પાણીની અંદરથી બહાર નીકળ્યા. ॥૬॥ ત્યારે હાથીની પાછળ મગરમચ્છ દોડવાની પેઠે, પાણીમાંથી નીકળતા વરાહ ભગવાનની પાછળ દોડીને તે, સોના સરખા પીળા વાળવાળો–ભયંકર દાઢોવાળો–અને વજ્ર જેવી ગરજના કરતો હીરણ્યાક્ષ બોલ્યો કે, "લાજ તજેલા અસત પુરૂશોને નીંદા થવા યોગ્ય કયું કામ હશે." ॥૭॥ એટલી વારમાં બ્રહ્માએ સ્તુતી કરાતા અને દેવતાઓએ ફુલથી વધાવાતા વરાહ ભગવાને, હીરણ્યાક્ષના દેખતાંજ પાણીની સપાટી ઉપર પૃથ્વીને મુકીને તેમાં પોતાનું સત્વ એટલે આધાર શક્તી મુકી. ॥૮॥ પછી પોતાની પાછળ લાગેલા સોનાનાં ઘરેણાંવાળા–મોટી ગદાવાળા–સોનાના નકશીદાર કવચવાળા–અને નઠારાં વચનોથી વારંવાર મર્મસ્થાનોને ભેદતા, એ હીરણ્યાક્ષ પ્રત્યે, વરાહ ભગવાન અત્યંત ક્રોધીને હસવાની પેઠે બોલ્યા કે. ॥૯॥ –શ્રીભગવાન–હે અભદ્ર, તારૂં કહેવું ખરૂંજ છે. અમે વનમાં નહીં ફરનારા મૃગજ છૈએ, અને તારા સરખા ગ્રામ્ય સીંહ (કુતરા) ને શોધીએ છીએ. મૃત્યુના પાશ મુક્ત વીરપુરૂશો, તારા સરખાના આવા બડબડાટને ગણકારતાજ નથી. ॥૧૦॥ રસાતળમાં રેહેનારાઓની થાપણનું હરણ કરનારા અમે, લાજ વીનાના અને તારી ગદાએ નસાડેલા છતાં પણ તારી સામે ઉભેલા છીએ. કેમકે તું બળવાનની સાથે વેર ઉત્પન્ન કરીને, બીજે કોઇ ઠેકાણે જઇને ઉભા રેહેવાની જગા અમે જોતા નથી. ॥૧૧॥ તું પાયદળ તથા રથોના યુથપોના પતીઓનો પણ પતી છે. માટે ઉતાવળોજ અમારો પરાભવ કરવાનો યત્ન કરય. અને અમને મારીને તારા પોતાનાઓના શોકને મટાડ, કેમકે પોતે કરેલી પ્રતીજ્ઞાને અસભ્ય પુરૂશોજ પરીપુર્ણ કરતા નથી. ॥૧૨॥ —મૈત્રેય—એવી રીતે વરાહ ભગવાને ઘણો તીરસ્કાર અને મશ્કરી કરવાથી, મોટો સાપ રમાડવાથી ક્રોધ પામવાની પેઠે, હીરણ્યાક્ષને અતીશય ક્રોધ ઉત્પન્ન

स्वयंसर्वेनभविष्यंत्यमूलाः ॥५॥ सतुद्यमानोऽरिदुरुक्ततोमैर्दंष्ट्राग्रगांगामुपलक्ष्यभीतां ॥ तोदंमृषन्निरगादंबुमध्याद्ग्राहाहतःसकरेणुर्यथेभः ॥६॥ तंनिःसरंतंसलिलादनुद्रुतोहिरण्यकेशोद्विरदंयथाझषः ॥ करालदंष्ट्रोऽशनिनिःस्वनोऽब्रवीद्गतह्रियांकिंत्वसतांविगर्हितं ॥७॥ सगामुदस्तात्सलिलस्यगोचरेविन्यस्यतस्यामदधात्स्वसत्वं ॥ अभिष्टुतोविश्वसृजाप्रसूनैरापूर्यमाणोविबुधैःपश्यतोरेः॥८॥ परानुषक्तंतपनीयोपकल्पंमहागदंकांचनचित्रदंशं॥ मर्माण्यभीक्ष्णंप्रतुदंतंदुरुक्तैःप्रचंडमन्युःप्रहसंस्तंबभाषे॥९॥ श्रीभग०सत्यंवयंभोवनगोचरामृगायुष्मद्विधान्मृगयेग्रामसिंहान्॥ नमृत्युपाशैःप्रतिमुक्तस्यवीराविकत्थनंतवगृण्हंत्यभद्र ॥१०॥ एतेवयंन्यासहरारसौकसांगतह्रियोगदयाद्राविताास्ते ॥ तिष्ठामहेऽथापिकथंचिदाजौस्थेयंक्वयामोबलिनोत्पाद्यवैरं॥११॥ त्वंपद्रथानांकिलयूथपाधिपोघटस्वनोऽस्वस्तयआश्वनूहः ॥ संस्थाप्यचास्मान्प्रमृजाश्रुस्वकानांयःस्वांप्रतिज्ञांनातिपिपर्त्यसभ्यः ॥१२॥ मैत्रेय०सोऽधिक्षिप्तोभगवताप्रलब्धश्चरुषाभृशं ॥ आजहारोल्बणंक्रोधंक्रीड्यमानोऽहिराडिव ॥१३॥ सृजन्नमर्षितःश्वासान्मन्युप्रचलितेंद्रियः॥आसाद्यतरसादैत्योगदयाऽभ्यहनद्धरिं ॥१४॥ भगवांस्तुगदावेगंविसृष्टंरिपुणोरसि ॥ अवंचयत्तिरश्चीनोयोगारूढइवांतकं ॥१५॥पुनर्गदांस्वामादायभ्रामयंतमभीक्ष्णशः॥अभ्यधावद्धरिःक्रुद्धःसंरंभाद्दष्टदच्छदं॥१६॥ ततश्चगदयारातिंदक्षिणस्यांभ्रुविप्रभुः ॥ आजघ्नेसतुतांसौम्यगदयाकोविदोऽहनत्॥१७॥ एवंगदाभ्यांगुर्वीभ्यांहर्यक्षोहरिरेवच॥जिगीषयासुसंरब्धावन्योऽन्यमभिजघ्नतुः॥१८॥तयोःस्पृधोस्तिग्मगदाहतांगयोःक्षतास्रवघ्राणविवृद्धमन्य्वोः॥ विचित्रमार्गांश्चरतोर्जिगीषयाव्यभादिलायामिवशुष्मिणोर्मृधः॥१९॥ दैत्यस्ययज्ञावयवस्यमायागृहीतवाराहतनोर्महात्मनः॥ कौरव्यमह्यांद्विषतोर्विमर्दनंदिदृक्षुरागादृषिभिर्वृतःस्वराट्॥२०॥ आसन्नशौंडीरमपेतसाध्वसंकृतप्रतीकारमहार्यविक्रमं ॥ विलक्ष्यदैत्यंभगवान्सहस्रणीर्जगादनारायणमादिसूकरं॥२१॥ ब्रह्मा०एषतेदेवदेवानामंघ्रिमूलमुपेयुषां॥ विप्राणांसौरभेयीणांभूतानामप्यनागसां ॥२२॥ आगस्कृद्भयकृद्दुष्कृदस्मद्राद्धवरोऽसुरः॥ अन्वेषन्नप्रतिरथोलोकानटतिकंटकः ॥२३॥ मैनंमायाविनंदृप्तंनिरंकुशमसत्तमं ॥ आक्रीडबालवद्देवयथाशीविषमुत्थितं

થયો. ॥૧૩॥ અને તે અત્યંત ક્રોધી–જોરથી શ્વાસોશ્વાસ લેતા–અને ક્રોધવડે ચંચળ થયેલ ઇંદ્રીયોવાળા–હીરણ્યાક્ષે વેગ સહીત પહોંચી જઇને હરીભગવાનને ગદાનો પ્રહાર કર્યો. ॥૧૪॥ વૈરીએ છાતીમાં તાકીને મારેલી ગદા થકી ભગવાન આડાતરી જઇને, યોગને વીશે સ્થીર થયેલ પુરૂશ મૃત્યુથકી બચી જવાની પેઠે, પોતે બચીગયા. ॥૧૫॥ અને ક્રોધથી હોઠ કરડતા, તથા પોતાની ગદાને વારંવાર ફેરવતા હરીભગવાન રીસ કરીને દોડયા. ॥૧૬॥ ત્યારે હે વીદુર, પોતાની જમણી ભમર ઉપર આવી પડતી પ્રભુની ગદાને, યુદ્ધમાં કુશળ હીરણ્યાક્ષે પોતાની ગદાવડે ભાગી નાંખી. ॥૧૭॥ એ રીતે મોટી ગદાઓથી વરાહ ભગવાન અને હીરણ્યાક્ષ એક બીજાને જીતવાની ઇચ્છાથી ક્રોધ કરીને પ્રહારો કરતા હતા. ॥૧૮॥ ત્યારે તેઓ સ્પૃધાવાળા–તીક્ષ્ણ ગદાઓ વાગવાથી હણાયલાં અંગોવાળા અને જખમો થયેલ જગાઓમાંથી નીકળતા લોહીની ગંધથી વધેલા ક્રોધવાળાઓ, જયની આશાની ગદાઓ ફેરવવામાં અનેક પ્રકારની યુક્તીઓ વાપરતાથકા, એક ગાયને માટે વઢતા, બે માતેલા સાંઢની પેઠે શોભતા હતા. ॥૧૯॥ તે વખતે હે વીદુર, પૃથ્વીને માટે દ્વેશ કરતા એ દૈત્યનું અને માયાથી વરાહનું શરીર ધરેલા, યજ્ઞના અવયવોવાળા મહાત્મા ભગવાનનું યુદ્ધ જોવાને પ્રીતીવડે, રૂશીઓથી વીંટાયલા બ્રહ્મા આવ્યા. ॥૨૦॥ અને એ દૈત્યને; શુરવીર–નીર્ભય–વૈર બુદ્ધીવાળો–અને અસહ્ય પરાક્રમી દેખીને તે (બ્રહ્મા), હજારો મુખ–કાન–પગ અને આંખ્યોવાળા એ નારાયણ ભગવાનઆદી વરાહ પ્રત્યે બોલ્યા કે. ॥૨૧॥–બ્રહ્મા–હે દેવ, મારાથકી વરદાન પામેલો આ દૈત્ય, પોતાના સરખા સામા લડનારાને શોધતો–આપના ચરણ મુળને પ્રાપ્ત થયેલા બ્રાહ્મણો, ગાયો, બીજાને અપકાર નહીં કરનારા પ્રાણીઓ, અને દેવતાઓનો અપરાધ કરતો–તેમને ભય ઉપજાવતો–તેમનું અનીષ્ટ કરતો–અને તેમનાં ધન, માલ, સ્ત્રીઓ, રૂની, તથા ક્ષેત્રઆદીનું હરણ વીગેરે કરતો થકો, ત્રીલોકીની અંદર

કાંટા એવો થઈને ફરે છે. ॥૨૨–૨૩॥ માટે હે દેવ, ક્ષોભ પામેલા સાપને જેમ બાળક રમાડે તેમ, એ માયાવી–અહંકારી–નીરંકુશ–અને–દુષ્ટને આપ રમાડો નહીં. ॥૨૪॥ અને હે અચ્યુત, એ ભયંકર દૈત્ય, જ્યાં સુધી પોતાની વેળા સંધ્યાકાળને પામીને, વૃદ્ધી પામ્યો નથી ત્યાં સુધીમાંજ પોતાની દેવ માયાનો આશ્રય કરીને આપ એ પાપીને મારો. ॥૨૫॥ લોકનો અંત આણે એવો અતી ઘોર સંધ્યાકાળનો વખત નજીક આવતો જાય છે, માટે હે સર્વાત્મા પ્રભુ, હાલજ દેવતાઓના જયને સંપાદન કરો. ॥૨૬॥ અભીજીત નામનો મુહુર્તીકયોગ (ઘણે ભાગે) વહી જતાં હજુ પણ રહેલો છે. તેટલામાંજ સુહૃદ એવા અમો દેવતાઓનું કલ્યાણ કરવાને માટે ન-છૂતાય એવા એ દૈત્યનો ઉતાવળેજ નાશ કરો. ॥૨૭॥ તેના નીર્માણ થયેલા મૃત્યુ રૂપ આપને, એ હીરણ્યાક્ષ પોતાની મેળેજ પ્રાપ્ત થયો છે. તે સારૂંજ થયું છે. માટે હવે આપ યુદ્ધમાં પરાક્રમ કરીને તેને મારીને લોકને શાંતી આપો. ॥૨૮॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો અઢારમો અધ્યાય સંપુર્ણ. ॥૧૮॥

અધ્યાય ૧૯ મો.–મૈત્રેય–ભગવાને, બ્રહ્માના કપટ રહીત અને અમૃત સરખાં વચનને સાંભળીને, પ્રેમ ભરેલી નજરથી સામુ જોઇ હસીને તે વચનનો સ્વીકાર કર્યો. ॥૧॥ પછી બ્રહ્માના નાક થકી ઉત્પન્ન થયેલા વરાહ ભગવાને ઠેક મારીને, પોતાની સામે નિર્ભયપણે ફરતા શત્રુની દાઢી ઉપર ગદાનો પ્રહાર કર્યો. ॥૨॥ તે ગદા ઉપર દૈત્યે પોતાની ગદાનો પ્રહાર કરવાથી ભગવાનના હાથમાંથી વછકીને ગદા હેઠે પડી ગઇ. તેથી દૈત્યનું પરાક્રમ પ્રકાશ પામીને અદ્ભુત થયું. ॥૩॥ તે વખતે એ દૈત્યને અવકાશ મળ્યા છતાં, આયુધ વીનાના વીશ્વકસેન ભગવાનને કોપાવતાં તેણે, યુદ્ધના ધર્મને માન આપીને, ભગવાનને બાધ કર્યો નહીં. ॥૪॥ ભગવાને ફેરવાતી ગદા પડી જવાથી હાહાકાર થયો. અને ભગવાને તે દૈત્યના ધર્મને માન આપીને પોતાના સુદર્શન ચક્રને સંભાર્યું ॥૫॥ ત્યારે, એ પોતાના પાર્શદોમાના મુખ્ય, એવા અધમ દીતીપુત્રની સાથે લડતાં, ચક્રને પણ વ્યગ્ર જેવું દેખીને, ભગવાનના પ્રભાવને નહીં જાણનારા દેવતાઓ વીચીત્ર પ્રકારે વચન બોલ્યા કે,

॥२४॥ नयावदेषवर्धेतस्वांबलांप्राप्यदारुणः ॥ स्वांदेवमायामास्थायतावज्ज [illegible]घमच्युत॥२५॥ एषाघोरतमासंध्यालो[illegible]भो ॥
उपसर्पतिसर्वात्मन्सुराणांजयमावह ॥२६॥ अधुनैषोऽभिजिन्नामयोगोमौहूर्तिकोह्यगात्॥ शिवायनस्त्वंसुहृदामाशुनिस्तरदुस्तरं ॥२७॥
दिष्ट्यात्वांविहितंमृत्युम[illegible]मादितःस्वयं ॥ विक्रम्यैनं[illegible]धेहत्वालोकानाधेहिशर्मणि ॥२८॥ इ०भा०म०तृ०हिरण्याक्षवधेअष्टादशोऽध्या
यः॥१८॥ मैत्रेय०अवधार्यविरिंचस्यनि[illegible]लीकामृतंवचः॥ प्रहस्यप्रेमगर्भेणतदपांगेनसोग्रहीत्॥१॥ ततःसपत्नंमुखतश्चरंतमकुतोभयं॥
जघानोत्पत्त्यगदयाहनावसुरमक्षजः ॥२॥ साहतातेनगदयाविहताभगवत्करात्॥विघूर्णिताऽपतद्रेजेतदद्भुतमिवाभवत् ॥३॥ सतदालब्ध
तीर्थोपिनबबाधेनिरायुधं ॥ मानयन्समृधेधर्मंविष्वक्सेनंप्रकोपयन्॥४॥ गदायामपविद्धायांहाहाकारेविनिर्गते॥ मानयामासतद्धर्मंसुनाभं
चास्मरद्विभुः॥५॥ तंव्यग्रचक्रंदितिपुत्राध[illegible]नस्वपार्षदमुख्येनविषज्जमानं॥चित्रावाचोऽतद्विदांखेचराणांतत्रास्मासन्स्वस्तितेमुंजहीति ६
सतंनिशाम्यात्तरथांगमग्रतोव्यवस्थितंपद्मपलाशलोचनं ॥ विलोक्य चामर्षपरिप्लुतेंद्रियोरुषास्वदंतच्छदमादशच्छ्वसन् ॥७॥ करालदंष्ट्रंच
क्षुर्भ्यांसंचक्षाणोदहन्निव॥ अभिप्लुत्यस्वगदयाहतोऽसीत्याहनद्धरिं ॥८॥ पदासव्येनतांसाधोभगवान्यज्ञसूकरः॥लीलयामिषतःशत्रोःप्रा
[illegible]सं॥९॥ आ[illegible]चायुधमादत्स्वघटस्वत्वंजिगीषसि॥इत्युक्तःसतदाभूयस्ताडयन्व्यनदद्भृशं॥१०॥तांसआपततींवीक्ष्यभगवान्सम
वस्थितः ॥ जग्राहलीलयाप्राप्तांगरुत्मानिवपन्नगीं॥११॥ स्वपौरुषेप्रति[illegible]सुरः॥नैच्छद्गदांदीयमानांहरिणाविगतप्रभः ॥१२॥
जग्राह[illegible]शिखंशूलंज्वलज्ज्वलनलोलुपं ॥ यज्ञायधृतरूपायविप्रायाभिचरन्यथा ॥१३॥ तदोजसादैत्यमहाभटार्पितंचकासदंतःखउदीर्ण
दीधिति॥ चक्रेणचिच्छेदनिशातनेमिनाहरिर्यथाताक्ष्र्यपतत्रमुज्झितं॥१४॥वृक्णेस्वशूलेबहुधारिणाहरेःप्रत्येत्यविस्तीर्णमुरोविभूतिमत्॥
प्रवृद्धरोषःसकठोरमुष्टिनानदन्प्रहृत्यांतरधीयतासुरः॥१५॥ तेनेत्थमाहतःक्षत्तर्भगवानादिसूकरः ॥ नाकंपतमनाक्क्वापिस्रजा[illegible]तइवद्वि

"આપ ભગવાનનું કુશળ થાઓ, અને એ દૈત્યને મારો." ॥૬॥ ત્યારે કમળ જેવી આંખ્યોવાળા ભગવાનને ચક્ર સહીત પાસે ઉભેલા દેખી, ક્રોધથી વ્યાકુળ ઇંદ્રીયો થયેલો તે દૈત્ય રીસથી પોતાના દાંત વડે હોઠને કરડીને, ફુંફાડા મારતો ભગવાન સામું જોવા લાગ્યો. ॥૭॥ અને ભયંકર દાઢવાળા અને બાળી નાંખતો હોય એવી આંખ્યોથી જોતા એ દૈત્યે કુદીને "તને માર્યો" એમ કહીને હરી ભગવાનને પોતાની ગદા મારી. ॥૮॥ ત્યારે યજ્ઞ સ્વરૂપ વરાહ ભગવાને, તે શત્રુએ મારેલી, વાયુવેગે આવતી ગદાને જોતાંજ લીલાથી ડાબે પગે દુર ફેંકી દીધી, અને બોલ્યા કે "હે ભલા માણસ, હજુ તું જીતવાને ઇચ્છે છે, માટે આ આયુધને ગ્રહણ કરીને ધરતો પ્ર-યત્ન કરય. એ પ્રમાણે કહેવાયલા તેણે ફરીથી તે વખતેજ પ્રહાર કર્યો, અને મોટી ગર્જના કરી. ॥૯–૧૦॥ ત્યારે સ્વસ્થતાથી ઉભેલા ભગવાને તેને આવતી દેખીને, નાગણીને ગરૂડે પકડવાની પેઠે, લીલાથી પોતાની પાસે આવતાંજ તેને પકડી લીધી. ॥૧૧॥ એટલે પોતાના પરાક્રમનો નાશ થતાં માનભંગ થયેલા અને શોભા રહીત થ-યેલા એ મોટા દૈત્યે, હરીભગવાને આપવા માંડેલી ગદાને લેવાની ફરીવાર ઇચ્છા ન કરી. ॥૧૨॥ અને ત્રણ ફણાંવાળું બળતા અગ્નીની પેઠે બાળી નાંખવાને તૈયાર ત્રીશુળ, વરાહરૂપ ધરનારા હરી ભગવાનને મારવાને, બ્રાહ્મણના ઉપર અભીચાર મંત્રનો પ્રયોગ કરવાની પેઠે, તેણે હાથમાં લીધું. ॥૧૩॥ ત્યારે એ મહા યોદ્ધાએ ફેંકેલા ઘણીકાંતીવાળા તથા આકાશમાં પ્રકાશ કરનારા તે ત્રીશુળને; ગરૂડે તજેલા પીંછાને ઇંદ્રે કાપી નાંખવાની પેઠે, હરીભગવાને તીક્ષ્ણધારવાળા ચક્રથી કાપી નાંખ્યું ॥૧૪॥ ત્યારે પોતાના ત્રીશુળના ઘણા કકડા થવાથી કોપેલા તે અસુરે પાસે આવીને, ભગવાનની પહોળી અને શોભીતી છાતીમાં પોતાની કઠોર મુઠીઓવડે પ્રહાર કર્યો. અને ગર્જના કરીને અંતર્ધ્યાન થયો. ॥૧૫॥ ત્યારે હે વીદુર, આદીસુકર ભગવાન, તેણે એ રીતે મારવાથી, ફુલની માળા વાગવાથી હાથી નહીં કંપવાની પેઠે, જરાપણ ચળાયમાન થયા નહીં. ॥૧૬॥ એટલે દૈત્યે, યોગ માયા-ના ઇશ્વર હરીભગવાનના ઉપર ઘણા પ્રકારની માયાઓ રચી, જેને જોઇને, પ્રજાઓએ ભયથી લોકનો પ્રલય

થવાનુંજ માન્યું. ॥૧૭॥ ધુળથી અંધારૂં કરી દેતો પ્રચંડવાયુ વાવા લાગ્યો. તે ગોફણમાંથી ફેંકાયલાની પેઠે દીશાઓમાંથી પથરા પડવા લાગ્યા. ॥૧૮॥ ઘણાં વાદળાં થઇને આકાશમાં તારા આદીક દેખાતા બંધ પડ્યા- અને વીજળી સહીત કડાકાઓ થઇને, પરૂ-વાળ-લોહી-મુત્ર-તથા હાડકાંનો વરસાદ થયો. ॥૧૯॥ હે વીદુર, નગ્ન-છુટા કેશ મુકેલી-અને ત્રીશુળ ધારી રાક્ષસીઓ તથા પર્વતો; નાના પ્રકારનાં આયુધોને ફેંકતાં જણાવાં. ॥૨૦॥ અને હાથમાં શસ્ત્રો ઉગામેલા યક્ષ અને રાક્ષસોના ઘણા પાળા-સવાર-રથ-અને હાથીઓ ઉપર બેસનારાઓ હીંસાને સુચવનારી વાણી બોલવા લાગ્યા. ॥૨૧॥ ત્યારે યજ્ઞ મુરતી ભગવાને, તે દૈત્યની આસુરી માયાનો નાશ કરવાની, પ્રીય સુદર્શન ચક્રને આજ્ઞા કરી. ॥૨૨॥ તે વખતે દીતીને પોતાના સ્વામીનું કહેલું સાંભરવાથી એકાએક હૃદય કંપ થઇને સ્તનોમાંથી લોહી ઝરવા લાગ્યું. ॥૨૩॥ અને પોતાની બધી માયા નાશ પામેલો દૈત્ય, સામે ઉભેલા કેશવ ભગવાનની પાસે આવીને, ક્રોધથી તેમને પોતાની છાતી વચે દાબતો દેખાયો. ॥૨૪॥ તે વખતે વજ્ર જેવી કઠોર મુઠીઓ મારતા એ દૈત્યને અધોક્ષજ ભગવાને તેના કાનના મુળમાં, ઇંદ્રે વૃત્રાસુરને મારવાની પેઠે પ્રહાર કર્યો. ॥૨૫॥ તેથી, એ વીશ્વને જીતનારો દૈત્ય, તેની આંખ્યો નીકળી પડીને, અને હાથ પગ તથા માથામાં કંપ થઇને; બધે શરીરે ફેર આવી જઇને: એ અવજ્ઞા સહીતના મારથી, પવને ઉખેડી નાંખેલા મોટા વૃક્ષની પેઠે, પડી ગયો. ॥૨૬॥ ત્યારે એ ભયંકર દાઢોવાળા-તેજ કમી નહીં થયેલા-અને હોઠ ડસેલા-દૈત્યને ભોંય ઉપર સુઇ ગયેલો (મુવેલો) જોઇને: ત્યાં આવેલા બ્રહ્મા આદી તેને વખાણીને બોલ્યા કે, આવી ગતી કોને મળે. ! ॥૨૭॥ યોગીઓ, અસત લીંગ શરીરથી મુક્ત થવાને, એકાંતમાં યોગ સમાધીવડે જેનું ધ્યાન કરે છે. તે ભગવાનના ચરણથીજ હણાયલો આ

पः॥१६॥ अथोरुधाऽसृजन्मायांयोगमायेश्वरेहरौ ॥यांविलोक्यप्रजास्त्रस्तामेनिरेऽस्योपसंयमं॥१७॥ प्रववुर्वायवश्चंडास्तमःपांसवमैरयन्
॥ दिग्भ्योनिपेतुर्ग्रावाणःक्षेपणैःप्रहिताइव ॥१८॥द्यौर्नष्टभगणाभ्रौघैःसविद्युत्स्तनयित्नुभिः॥ वर्षद्भिःपूयकेशासृग्विण्मूत्रास्थीनिचासकृत्
॥१९॥ गिरयःप्रत्यदृश्यंतनानायुधमुचोऽनघ ॥ दिग्वाससोयातुधान्यःशूलिन्योमुक्तमूर्धजाः॥२०॥बहुभिर्यक्षरक्षोभिःपत्त्यश्वरथकुंजरैः॥
आततायिभिरुत्सृष्टाहिंस्रावाचोतिवैशसाः॥२१॥प्रादुष्कृतानांमायानामासुरीणांविनाशयत् ॥ सुदर्शनास्त्रंभगवान्प्रायुंक्तदयितंत्रिपात्
॥२२॥ तदादितेःसमभवत्सहसाहृदिवेपथुः॥स्मरंत्याभर्तुरादेशंस्तनाच्चासृक्प्रसुस्रुवे॥२३॥ विनष्टासुस्वमायासुभूयश्चाव्रज्यकेशवं ॥ रुषो
पगूहमानोमुंददृशेवस्थितंबहिः ॥२४॥ तंमुष्टिभिर्विनिघ्नंतंवज्रसारैरधोक्षजः॥ करेणकर्णमूलेऽहन्यथात्वाष्ट्रंमरुत्पतिः ॥२५॥ सआहतोवि
श्वजिताह्यवज्ञयापरिभ्रमद्गात्रउदस्तलोचनः ॥ विशीर्णबाह्वंघ्रिशिरोरुहोऽपतद्यथानगेंद्रोलुलितोनभस्वता॥२६॥ क्षितौशयानंतमकुंठवर्च
संकरालदंष्ट्रंपरिदष्टदच्छदं ॥ अजादयोवीक्ष्यशशंसुरागताअहोइमांकोऽनुलभेतसंस्थितिं॥२७॥यंयोगिनोयोगसमाधिनारहोध्यायंतिलिं
गादसतोमुमुक्षया ॥ तस्यैषदैत्यापसदःपदाहतोमुखंप्रपश्यंस्तनुमुत्ससर्जह॥२८॥ एतौतौपार्षदावस्यशापाद्यातावसद्गतिं ॥ पुनःकतिपयैः
स्थानंप्रपत्स्येतेहजन्मभिः ॥२९॥ देवा०नमोनमस्तेऽखिलयज्ञतंतवेस्थितौगृहीतामलसत्त्वमूर्तये॥ दिष्ट्याहतोऽयंजगतामरुंतुदस्त्वत्पादभ
क्त्यावयमीशनिर्वृताः॥३०॥ मैत्रेय०एवंहिरण्याक्षमसह्यविक्रमंससादयित्वाहरिरादिसूकरः॥ जगामलोकंस्वमखंडितोत्सवंसमीडितःपुष्क
रविष्टरादिभिः ॥३१॥ मयायथानूक्तमवादितेहरेःकृतावतारस्यसुमित्रचेष्टितं॥यथाहिरण्याक्षउदारविक्रमोमहामृधेक्रीडनवन्निराकृतः३२
सूत०इतिकौषारवाख्यातामाश्रुत्यभगवत्कथां ॥ क्षत्तानंदंपरंलेभेमहाभागवतोद्विज ॥३३॥ अन्येषांपुण्यश्लोकानामुद्दामयशसांसतां ॥
उपश्रुत्यभवेन्मोदःश्रीवत्सांकस्यकिंपुनः॥३४॥ योगजेंद्रंझषग्रस्तंध्यायंतंचरणांबुजं॥क्रोशंतीनांकरेणूनांकृच्छ्रतोऽमोचयद्द्रुतं॥३५ ॥ तंसुखा
राध्यमृजुभिरनन्यशरणैर्नृभिः ॥ कृतज्ञःकोनसेवेतदुराराध्यमसाधुभिः॥ ३६॥ योवैहिरण्याक्षवधेमहाद्भुतंविक्रीडितंकारणसूकरात्मनः ॥

દુષ્ટ દૈત્ય, તેમના મુખને જોતો જોતો પોતાના શરીરનો ત્યાગ કરે છે. ॥૨૮॥ ભગવાનના એ બે પારસદો શાપવડે અસદ્ગતી પામેલા છે તે એ રીતેજ કેટલાક જન્મે કરીને પાછા પોતાના સ્થાનને પામશે. ॥૨૯॥ -દેવો-હે સર્વ યજ્ઞોના કારણ તથા જગતની સ્થીતીને માટે સાત્વીક સ્વરૂપ ધારણ કરનારા, આપને અમે વારંવાર નમીએ છીએ. જગતને પીડા કરનારો દૈત્ય આ રીતે મુવો એ સારૂં થયું. અમે આપના ચરણની ભક્તીથીજ નીવૃત્તીને પામ્યા છીએ. ॥૩૦॥-મૈત્રેય-પછી બ્રહ્મા આદીએ સ્તુતી કરાયલા આદી વરાહ હરી ભગવાન એ અસહ્ય પરાક્રમવાળા હીરણ્યાક્ષને મારીને અખંડીત ઉત્સવવાળા પોતાના વૈકુંઠ લોકમાં પધાર્યા. ॥૩૧॥ હે વીદુર, ઉદાર પરાક્રમવાળા હીરણ્યાક્ષનો, મહા યુદ્ધમાં રમતની પેઠે નાશ કરવા રૂપ, વરાહનો દેહ ધરનારા હરીભગવાનનું આ ચેષ્ટીત, મેં તમને ગુરૂ મુખે સાંભળ્યા પ્રમાણે કહ્યું છે. ॥૩૨॥-સૂત-હે શૌનક, મૈત્રેય મુની થકી ભગવાનની કથા એ પ્રકારે સાંભળવાથી, મહા ભાગવતી વીદુરને પરમ આનંદ થયો. ॥૩૩॥ ઉત્તમ યશવાળા અને પવીત્ર કીર્તીવાળા બીજા સત્પુરૂશોની કથાઓ પણ સાંભળવાથી આનંદ થાય છે, તો પછી શ્રીવત્સના ચીન્હવાળા ભગવાનની બાબતમાં તો કહેવુંજ શું ! ॥૩૪॥ જે ભગવાને પોતાના ચરણારવીંદનું ધ્યાન કરનારો ગજેંદ્ર, જે મગરે પકડાયલો અને હાથણીઓ સહીત દુઃખ પામીને બુમો પાડતો હતો, તેને છોડાવ્યો હતો. ॥૩૫॥ અસાધુ પુરૂશોએ આરાધન કરવાને અશક્ય, તથા સીધે મારગે ચાલનારાઓને અને બીજા શરણ વીનાના પુરૂશોને પણ સુખથી પ્રાપ્ત થાય એવા ભગવાનને કોણ કૃતજ્ઞ પુરૂષ ન સેવે. ॥૩૬॥ હે બ્રાહ્મણો, કારણ માટે વરાહ રૂપ ધરેલા ભગવાને હીરણ્યાક્ષના વધના પ્રસંગે કરેલી આ અદ્ભુત લીલાને જે ગાય-સાંભળે-અગર અનુમોદન આપે તે. બ્રહ્મ હત્યાઆદી પાપો થકી પણ ઉતાવળેજ છુટી જાય છે. ॥૩૭॥

અને હે વીદુર, આ મોટા પુન્યવાળું—નીર્મળ—અને પ્રાણુ તથા ઇંદ્રીયાદીકને પવીત્ર કરનારૂં—તથા ધન, યશ, અને આયુષ્યની ઇચ્છા પુર્ણ કરનારૂં,—તેમજ યુદ્ધને વીશે શૌર્યને વધારનારૂં આખ્યાન સાંભળનારને, અંતે નારાયણ ભગવાનના પદની પ્રાપ્તી થાય છે. ॥૩૮॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો ઓગણીસમો અધ્યાય સંપુર્ણ. ॥૧૯॥

અધ્યાય ૨૦ મો.—શૌનક—હે સુત, સ્વાયંભુમનુએ પૃથ્વી રૂપી સ્થાનને પામ્યા પછી, પાછળથી થનારાઓ, કોને કોને, ક્યા ક્યા ઉપાયથી ઉત્પન્ન કર્યા. ॥૧॥ તથા શ્રી કૃષ્ણના એકાંતીક ભક્ત અને સુહૃદ, મહા ભગવતી, વ્યાસથી ઉત્પન્ન થયેલા, મોટાઇમાં વ્યાસ કરતાં કમી નહીં એવા—સર્વાત્મા ભગવાનના આશ્રયવાળા, કૃષ્ણને તથા તેમના ભક્તોને અનુસરનારા, તીર્થોની શેવા વડે શુદ્ધ થયેલા અને જેણે કૃષ્ણ ભગવાનને વીશે પાપ બુદ્ધીવાળા પોતાના મોટા ભાઇ (ધ્રુતરાષ્ટ્ર) ને તેના પુત્રો સુદ્ધાં તજ્યો હતો, એવા વીદુરે; તત્વને જાણનારાઓમાં શ્રેષ્ટ તથા હરી દ્વારમાં બેઠેલા મૈત્રેયને જે જે પુછ્યું હોય.॥૨–૩–૪॥ તે સર્વ એમના સંવાદમાં થયેલી હરી ભગવાનના ચરણ કમળના આશ્રય વાળી; નીર્મળ કથાઓ, ગંગાના જળની પેઠે પાપને નાશ કરનારીજ હશે. ॥૫॥ માટે એ મોટાં કામો કરનારા ભગવાનની કથાઓ આપ અમને સંભળાવો; આપનું ભલું થાઓ. રસને જાણનારો કોણ પુરૂશ હરી ભગવાનની લીલા રૂપ અમૃતનું પાન કરતાં ધરાઇ જાય. ॥૬॥ —શ્રીશુક—એ પ્રમાણે નીમીશારણ્યમાં રહેલા રૂશીઓએ, ભગવાનમાંજ મન અર્પણ કરેલા સુતને પુછ્યાં, તેમણે કહ્યું કે સાંભળો. ॥૭॥ —સૂત—માયા વડી વરાહ થયેલ હરી ભગવાને રસાતળમાંથી પૃથ્વીને ઉપર લેઇ આવતાં હીરણ્યાક્ષને અવજ્ઞા સહીત લીલા માત્રમાં માર્યાનું સાંભળી હર્ષ પામેલા વીદુરે મૈત્રેય મુનીને પુછ્યું કે. ॥૮॥—વિદુર—હે અજાણી વાતોને જાણનારા બ્રાહ્મણ, બ્રહ્માજીએ પ્રજાપતીઓને ઉત્પન્ન કર્યા પછી પ્રજાઓને સરજવાનો આરંભ કેવી રીતે કર્યો તે મને કહો.॥૯॥ મરીચીઆદી રૂશીઓ અને સ્વાયંભુ મનુ એ મણે ઉત્પન્ન થઇને બ્રહ્માની સુચના પ્રમાણે આ સ્થાવર જંગમ જગતની ઉત્પતી કેવે પ્રકારે કરી. ॥૧૦॥ તે-

शृणोतिगायत्यनुमोदतेंऽजसाविमुच्यतेब्रह्मवधादपिद्विजाः॥३७॥ एतन्महापुण्यमलंपवित्रंधन्यंयशस्यंपदमायुराशिषां ॥ प्राणेंद्रियाणांयुधिशौर्यवर्धनंनारायणोंऽतेगतिरंगशृण्वतां॥३८॥ इ०भा०म०तृ०एकोनविंशोऽध्यायः॥१९॥ शौनक०महींप्रतिष्ठामध्यस्यसौतेस्वायंभुवोमनुः॥ कान्यन्वतिष्ठद्द्वाराणिमार्गायावरजन्मनां॥१॥ क्षत्तामहाभागवतःकृष्णस्यैकांतिकःसुहृत्॥ यस्तत्याजाग्रजंकृष्णसापत्यमघवानिति॥२॥ द्वैपायनादनवरोमहित्वेतस्यदेहजः॥ सर्वात्मनाश्रितःकृष्णंतत्परांश्चाप्यनुव्रतः॥३॥ किमन्वपृच्छन्मैत्रेयंविरजास्तीर्थसेवया॥ उपगम्यकुशावर्त आसीनंतत्त्ववित्तमं॥४॥ तयोःसंवदतोःसूतप्रवृत्ताह्यमलाःकथाः॥ आपोगांगाइवाघघ्नीर्हरेःपादांबुजाश्रयाः॥५॥ तानःकीर्तयभद्रंतेकीर्तन्योदारकर्मणः॥रसज्ञःकोऽनुतृप्येतहरिलीलाऽमृतंपिबन्॥६॥ एवमुग्रश्रवाःपृष्टऋषिभिर्नैमिषायनैः॥भगवत्यर्पिताध्यात्मस्तानाहश्रूयतामिति ॥७॥ सूत०हरेर्धृतक्रोडतनोःस्वमाययानिशम्यगोरुद्धरणंरसातलात्॥लीलांहिरण्याक्षमवज्ञयाहतंसंजातहर्षोमुनिमाहभारतः॥८॥ विदुर०प्रजापतिपतिःसृष्ट्वाप्रजासर्गेप्रजापतीन्॥ किमारभतमेब्रह्मन्प्रब्रूह्यव्यक्तमार्गवित्॥९॥ येमरीच्यादयोविप्रायस्तुस्वायंभुवोमनुः॥ तेवैब्रह्मणआदेशात्कथमेतदभावयन्॥१०॥ सद्वितीयाःकिमसृजन्स्वतंत्राउतकर्मसु॥ आहोस्वित्संहताःसर्वइदंस्मसमकल्पयन्॥११॥ मैत्रेय० दैवेनदुर्वितर्क्येणपरेणानिमिषेणच॥ जातक्षोभाद्भगवतोमहानासीद्गुणत्रयात्॥१२॥ रजःप्रधानान्महतस्त्रिलिंगोदैवचोदितात्॥ जातःससर्जभूतादिर्वियदादीनिपंचशः॥१३॥ तानिचैकैकशःस्रष्टुमसमर्थानिभौतिकं॥ संहत्यदैवयोगेनहैममंडमवासृजन्॥१४॥ सोऽशयिष्टाब्धिसलिलेआंडकोशोनिरात्मकः॥ साग्रंवैवर्षसाहस्रमन्ववात्सीत्तमीश्वरः॥१५॥ तस्यनाभेरभूत्पद्मंसहस्रार्कोरुदीधिति॥ सर्वजीवनिकायौकोयत्रस्वयमभूत्स्वराट्॥१६॥सोऽनुविष्टोभगवतायःशेतेसलिलाशये॥ लोकसंस्थांयथापूर्वंनिर्ममेसंस्थयास्वया॥१७॥ ससर्जच्छायायाविद्यांपंचपर्वाणमग्रतः ॥ तामिस्रमंधतामिस्रंतमोमोहोमहातमः॥१८॥ विससर्जात्मनःकायंनाभिनंदंस्तमोमयं॥ जगृहुर्य

ઓમાંના એક સ્વતંત્રપણે, કીંવા બધાઓએ મળીને એક બીજાની સહાયતાથી આ જગતની ઉત્પતી કરી છે, અથવા સ્ત્રીઓ સહીત થઇને કરી છે? તે કહો. ॥૧૧॥—મૈત્રેય—ભગવાન કાળે,-તર્કમાં ન આવે એવા દૈવ વડે માયાને ક્ષોભ પમાડવાથી મહત્તત્વ ઉત્પન્ન થયું. અને પછી દૈવનીજ પ્રેરણાથી ત્રણ ગુણો માંહેના રજો ગુણના પ્રાધાન્યવડે એ મહતત્વ થકી ત્રણ પ્રકારવાળો અહંકાર જન્મ પામ્યો. અને એ અહંકારે આકાશાદીક પાંચ પાંચને સરજ્યાં. (એટલે પાંચ તન્માત્રાઓ–પાંચ મહા ભુતો–પાંચ જ્ઞાનેંદ્રીયો–પાંચ કર્મેંદ્રીયો–પાંચ જ્ઞાનેંદ્રીયોના દેવતાઓ–અને પાંચ કર્મેંદ્રીયોના દેવતાઓ વીગેરે.) ॥૧૩॥ તેઓ બધાં જુદાં જુદાં, ભૌતીક (એટલે સ્થાવર જંગમ જગત) ની સ્રષ્ટી કરવાને અસમર્થ હોવાથી દૈવની ઇચ્છાથીજ એકઠાં મળીને તેમણે સોના જેવા ઇંડાને ઉત્પન્ન કર્યું. ॥૧૪॥ તે આત્મા વીનાનું ઇંડું, સમુદ્રના પાણીમાં હજારો વરસ ઉપરાંત કાળ પડી રહ્યા પછી તેમાં ઇશ્વરે વાસ કર્યો. (તેમાં આત્મ તત્વનો પ્રવેશ કર્યો) ॥૧૫॥ પછી તેની નાભીમાંથી હજાર સુર્યના પ્રકાશવાળું, અને સર્વ પ્રાણીઓના સ્થાનરૂપ કમળ ઉત્પન્ન થયું. જેમાં સર્વના અધીપતી ભગવાન પોતેજ (બ્રહ્માના રૂપથી) ઉત્પન્ન થયા. ॥૧૬॥ અને તે જળના આશ્રયથી સુતેલા તથા ઇંડામાં જેણે પ્રવેશ કર્યો હતો તેજ ભગવાને (બ્રહ્માએ) પોતામાં રહેલા લોક કમને પુર્વ પ્રમાણેજ નીર્માણ કર્યા. ॥૧૭॥ તેમણે પોતાની છાયાવડે પેહેલાં તામીસ્ર–અંધતામીસ્ર–તમ–મોહ–અને મહાતમ એ પાંચ પ્રકારની અવીધા સ્રષ્ટીને સર્જી. ॥૧૮॥ પછી તે અજ્ઞાન મય શરીર પોતાને પ્રીય ન લાગવાથી બ્રહ્માએ તજી દીધું. તે ભુખ તરસને ઉત્પન્ન કરનારી રાત્રીરૂપ થઇ ગયું. તેને યક્ષ તથા રાક્ષસોએ ગ્રહણ કર્યું. ॥૧૯॥ તે ઉત્પન્ન થયેલાઓ ભુખ અને તરસ વડે, બ્રહ્માને ખાઇ જવા સારૂં તેમની પાછળ દોડ્યા. અને ભુખ તરસથી પીડાઇને બોલ્યા કે, "એનું રક્ષણ કરોમાં!" "એને ખાઇ જાઓ." ॥૨૦॥ ત્યારે ઉદ્વેગ પામેલા બ્રહ્માએ કહ્યું કે મને ખાઇ જશો-નહીં. મારૂં રક્ષણ કરો. તમો ખાઇ જવાનું કહેનારા "યક્ષો" અને રક્ષણ નહીં કરવાનું કહેનારા "રાક્ષસો"

મારા થકી ઉત્પન્ન થયેલ મારાં છોકરાંઓ છે. ॥૨૧॥ પછીથી જે દીવ્ય શરીરથી પ્રકાશીત મુખવડે દેવતાઓને સરજ્યા, તે શરીરને બ્રહ્માએ તજી દેતાં તેને, દેવતાઓએ રમવાને સારૂં લીધું. ॥૨૨॥ પછી બ્રહ્માએ પોતાની જંઘા એટલે કેડની નીચેના ભાગથી અતિલંપટ દૈત્યોને સરજ્યા. એટલે તેઓ એ પ્રકારનીજ લોલુપતાથી બ્રહ્માની પાછળ દોડયા. ॥૨૩॥ તેથી પ્રથમ તો ભગવાન બ્રહ્મા હસ્યા. પણ તે નીર્લજ્જ્ને તેમની પાછળ લાગ્યાજ રેહે-વાથી બ્રહ્માજી ક્રોધ અને ભય પામીને ઉતાવળા નાસી ગયા. ॥૨૪॥ પછી વરદાન આપનારા-શરણાગતોના દુ:ખને મટાડનારા-અને અનુગ્રહ કરવાને માટે ભક્તોની ઇચ્છા પ્રમાણે પોતાનું રૂપ દેખાડનારા એવા હરી ભગવાનની પાસે જઇને તેમણે કહ્યું કે, હે પરમાત્મા-પ્રભુ, મારૂં રક્ષણ કરો. તમારી પ્રેરણાથીજ સરજાયલી આ પાપી પ્રજા, મૈથુનની ઇચ્છાથી મારૂં અતી ક્રમણ કરેછે. ॥૨૫-૨૬॥ સર્વે લોકોમાં ક્લેશ પામનારાઓના ક્લેશને મટાડનારા આપ એકજ છો. અને તમારા ચરણનો આશ્રય નહીં કરનારાઓને ક્લેશ આપનારા પણ તમેજ છો. ॥૨૭॥ ત્યારે સર્વની મનોવૃતીને જાણનારા ભગવાને, બ્રહ્માનું રાંકપણું જોઇને તેમને તે ઘોર શ-રીરનો ત્યાગ કરવાનું કહેવાથી, બ્રહ્માએ તે શરીર છોડી દીધું. ॥૨૮॥ એટલે હે ધર્મપુત્ર વીદુર, એ મદથી વીહ્વળ નેત્રવાળી-ચરણ કમળમાં ઝાંઝર ઝમકાવતી-કટીમેખલાથી શોભના ઝીણા વસ્ત્રથી કેડ ઢાંકેલી-અન્યો અન્ય ઘસાતા, ઉંચા, અને વચમાં અંતર વીનાના સ્તનોવાળી-સુંદર દાંત તથા નાકવાળી-સ્નેહ સહીત હસવા વીગેરે લીલાથી જોતી. લાજથી પોતાના શરીરને ઢાંકતી-તથા કાળા વાળના સમુહવાળી સ્ત્રીને જોઇને એ સર્વે અસુરો મોહ પામ્યા. ॥૨૯-૩૦-૩૧॥ (અને બોલ્યા કે) આપણ કામનાવાળાઓની વચમાં, કામના વીનાની હોય તેમ ચાલી આવનારીનું, કેવું ધૈર્ય-કેવું રૂપ-અને કેવી નવી જુવાની છે. ॥૩૨॥ અને સ્ત્રીની

क्षरक्षांसिरात्रिंक्षुत्तृट्समुद्भवां ॥१९॥ क्षुत्तृड्भ्यामुपसृष्टास्तेतंजग्धुमभिदुद्रुवुः॥ मारक्षतैनंजक्षध्वमित्यूचुःक्षुत्तृडर्दिताः॥२०॥ देवस्तानाह संविग्नोमामांजक्षतरक्षत॥ अहोमेयक्षरक्षांसिप्रजायूयंबभूविथ॥२१॥ देवताःप्रभयायायादीव्यन्प्रमुखतोऽसृजत्॥ तेअहार्षुर्देवयंतोविसृष्टांतांप्रभामहः॥२२॥ देवोऽदेवान्जघनतःसृजतिस्मातिलोलुपान्॥तएनंलोलुपतयामैथुनायाभिपेदिरे॥२३॥ ततोहसन्सभगवानसुरैर्निरपत्रपैः॥ अन्वीयमानस्तरसाक्रुद्धोभीतःपराऽपतत्॥२४॥ सउपव्रज्यवरदंप्रपन्नार्तिहरंहरिं॥अनुग्रहायभक्तानामनुरूपात्मदर्शनं॥२५॥ पाहिमांपरमात्मंस्तेप्रेषणेनासृजंप्रजाः॥ ताइमायभितुंपापाउपक्रामंतिमांप्रभो॥२६॥ त्वमेकःकिललोकानांक्लिष्टानांक्लेशनाशनः॥त्वमेकःक्लेशदस्तेषामनासन्नपदांतव ॥२७॥ सोऽवधार्यास्यकार्पण्यंविविक्ताध्यात्मदर्शनः॥ विमुंचात्मतनुंघोरामित्युक्तोविमुमोचह॥२८॥ तांक्वणच्चरणांभोजांमदविह्वललोचनां॥ कांचीकलापविलसद्दुकूलच्छन्नरोधसं॥२९॥ अन्योन्याश्लेषयोत्तुंगनिरंतरपयोधरां॥ सुनासांसुद्विजांस्निग्धहासलीलावलोकनां॥३०॥ गूहंतींव्रीडयात्मानंनीलालकवरूथिनीं॥ उपलभ्यासुराधर्मसर्वेसंमुमुहुःस्त्रियं ॥३१॥ अहोरूपमहोधैर्यमहोअस्यानवंवयःमध्येकामयमानानामकामेवविसर्पति॥३२॥ वितर्कयंतोबहुधातांसंध्यांप्रमदाकृतिं॥अभिसंभाव्यविश्रंभात्पर्यपृच्छन्कुमेधसः ॥३३॥ कासिकस्यासिरंभोरुकोवाऽर्थस्तेऽत्रभामिनि ॥ रूपद्रविणपण्येनदुर्भगान्नोविबाधसे॥३४॥ यावाकाचित्त्वमबलेदिष्ट्यासंदर्शनंतव॥ उत्सुनोषीक्षमाणानांकंदुकक्रीडयामनः ॥३५॥ नैकत्रतेजयतिशालिनिपादपद्मंघ्नंत्यामुहुःकरतलेनपतत्पतंगं ॥ मध्यंविषीदतिबृहत्स्तनभारभीतंशांतेवदृष्टिरमलासुशिखासमूहः॥३६॥ इतिसायंतनींसंध्यामसुराःप्रमदायतीं॥ प्रलोभयंतींजगृहुर्मत्वामूढधियःस्त्रियं॥३७॥ प्रहस्यभावगंभीरंजिघ्रंत्यात्मानमात्मना ॥ कांत्याससर्जभगवान्गंधर्वाप्सरसांगणान्॥३८॥ विससर्जतनुंतांवैज्योत्स्नांकांतिमतींप्रियां॥तएवचाददुःप्रीत्याविश्वावसुपुरोगमाः॥३९॥ सृष्ट्वाभूतपिशाचांश्चभगवानात्मतंद्रिणा॥ दिग्वाससोमुक्तकेशान्वीक्ष्यचामीलयद्दृशौ॥४०॥ जगृहुस्तद्विसृष्टांतांजृंभणाख्यांतनुंप्रभोः ॥ निद्रामिंद्रियविक्लेदोययाभूतेषुदृश्यते॥ येनोच्छिष्टान्धर्षयंतितमुन्मादंप्रचक्षते॥४१॥ऊर्जस्वंतंमन्य

આકૃતીવાળી તે સંધ્યા બદલ અનેક રીતે તર્ક કરીને, તેને માન આપી વીવેકથી પુછવા લાગ્યા કે. ॥૩૩॥ હે કેળ સરખા ઉરૂવાળી સ્ત્રી, તું કોણ છે-કોની છે-તારારૂપ નામના દ્રવ્યના વ્યાપારવડે અમો નીર્ભાગીઓને તું પીડા કરનારી છે. ॥૩૪॥ હે અબળા તું દડાની રમતથી, જોનારા અમો સર્વનાં મનને, મથી નાંખનારી કોઇ પણ રીતની હોવા છતાં, તારૂં અમને દર્શન થયું એજ બહુ છે. ॥૩૫॥ હે વખાણને યોગ્ય સ્ત્રી, હાથના તળાથી પડી જતા દડાને વારંવાર ઉછાળતાં ચરણકમળ એક સ્થળે નહીં ચોભાવતી-સ્તનના ઘણા ભારથી અને થાક તથા ભયવડે નમેલી કેડવાળી-અને ચોટલાના વાળના સુંદર જથા સહીત નીર્મળ અને શાંત દ્રષ્ટીવાળી તું જય પામે છે. ॥૩૬॥ એ રીતે લોભ ઉપજાવતી અને સ્ત્રીના સરખું આચરણ કરતી સાયં-કાળના સ્વરૂપવાળી સંધ્યાને, એ મુઢ બુદ્ધીવાળા અસુરોએ સ્ત્રી માનીને ગ્રહણ કરી. ॥૩૭॥ પછી ગંભીર અ-ભીપ્રાયથી હસીને પોતે પોતાનેજ સુંઘતી, એવી કાંતીથી બ્રહ્માએ, ગાંધર્વ તથા અપ્સરાઓના ગણોની પ્રજાને સરજી. ॥૩૮॥ પછી એ કાંતીવાળું જ્યોતીરૂપ પ્રીય શરીર બ્રહ્માએ તજી દેવાથી, તેને વીશ્વાવસુ આદી ગંધર્વોએ પ્રીતીથી ગ્રહણ કર્યું. ॥ ૩૯ ॥ પછીથી બ્રહ્માએ પોતાના આળસ થકી ભુત અને પીશાચ આ-દીને સરજી, તેઓને નગ્ન અને છુટા વાળવાળા જોઇને પોતે આંખ્યો મીંચી ગયા. ॥૪૦॥ તેથી તે આ-ળસરૂપ શરીરને ભુત પીશાચાદીકે ગ્રહણ કર્યું. નીંદ્રા આદીને વીશે પ્રાણીઓની ઇંદ્રીયો વીગેરે પોત પોતાનુંજ કામ કરવાને અસમર્થ થાય છે, એવી અવસ્થામાં ઇંદ્રીયો વીગેરેની ક્રીયા રહીત થયેલા શરીરમાં એ ભુત પ્રીશાચાદીક પ્રવેશ કરે છે અને ભ્રાંતી ઉપજાવે છે. તેને ઉન્માદ કહેછે. ॥૪૧॥ પછી પોતાના આત્માને બ-ળવાન માનતા બ્રહ્માએ સાધ્ય તથા પીતૃ ગણોને પોતાના અદ્રશ્ય સ્વરૂપથી સરજ્યા. ॥૪૨॥ પોતાને ઉત્પન્ન

કરનારા તે અદૃશ્ય સ્વરૂપને પીતૃગણો લેઇ ગયા. જેથી સાધ્ય તથા પીતૃઓને કર્મ કરવામાં કુશળ લોકો શ્રાદ્ધાદીકમાં હવ્ય તથા કવ્ય આપેછે. ॥૪૩॥ તે પછી સીદ્ધ અને વીધાધરોને બ્રહ્માએ પોતાના તીરોધાન રૂપથી સરજ્યા. અને એ અંતર્ધ્યાન નામનું પોતાનું અદ્ભુત શરીર બ્રહ્માએ તેમને આપી દીધું. ॥૪૪॥ પછી પોતાની બુદ્ધી થકી શરીરના આભાસને જોઇને, બ્રહ્માએ તે થકી કીન્નર તથા કીંપુરૂશને સરજ્યા. ॥૪૫॥ એ શરીરને બ્રહ્માએ તજતાં તેને, બ્રહ્માના એ કર્મને, સ્ત્રી પુરૂશનાં જોડાં થઇને ગાનારાં તે કીંપુરૂશ અને કીન્નરોએ ગ્રહણ કર્યું. ॥૪૬॥ પછી બહુ ચીંતા થવાથી પોતાના શરીરને લાંબું કરીને સુતેલા બ્રહ્માએ સૃષ્ટીની વૃદ્ધી ન થવાથી ઉત્પન્ન થયેલા ક્રોધવડે તે શરીરનો ત્યાગ કર્યો. ॥૪૭॥ એટલે હે વીદુર, તે શરીરમાંથી ખરી પડેલા વાળના અહી જાતના સાપ થયા. અને લાંબું ટુંકું કરવા રૂપ હાલવાથી અતી ક્રુર એવા બીજા સાપો અને મોટી ડોક તથા ફણાઓ વાળા નાગ ઉત્પન્ન થયા. ॥૪૮॥ પછી છેવટે બ્રહ્માએ, લોકને ઉત્પન્ન કરનારા મનુને (એટલે સ્વાયંભુમનુ અને શતરૂપા નામની તેમની સ્ત્રીને) ઉત્પન્ન કરીને પોતાના આત્માને કૃતાર્થ થયેલો માન્યો. ॥૪૯॥ અને પોતાનો પુરૂશ દેહ તેમને આપ્યો. ત્યારે તેમને જોઇને પ્રથમ સરજાયલાઓએ બ્રહ્માને વખાણ્યા કે. ॥૫૦॥ "હે જગતને ઉત્પન્ન કરનારા, આપે આ કામ ઘણુંજ સારૂં કર્યું. તેમના થકી થતી ક્રીયાઓમાં, સાથે રહીને અમે અન્નાદીકના ભાગ ખાઇશું. ॥૫૧॥ અને તપ ઉપાસના–યોગ–સમાધી એ સર્વ થકી યુક્ત અને ઇંદ્રીયજીત એવી પોતાને પ્રીય રૂશીની પ્રજા તો બ્રહ્માએ (પ્રથમજ) સરજેલી હતી. ॥૫૨॥ તેમને દરેકને પોતાના શરીરના સમાધી–યોગ–તપ–ઐશ્વર્ય–ઉપાસના–અને વૈરાગ્ય, સુદ્ધાંના સઘળા અંશો પણ બ્રહ્માએ આપી દીધા. ॥૫૩॥ ઇતી શ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો વીશમો અધ્યાય સંપુર્ણ. ॥૨૦॥

मानआत्मानंभगवानजः॥ साध्यानूगणानूपितृगणानूपरोक्षेणासृजत्प्रभुः॥४२॥ तमात्मसर्गंतत्कायंपितरःप्रतिपेदिरे॥ साध्येभ्यश्चपितृभ्यश्चकवयोयद्वितन्वते ॥४३॥ सिद्धान्विद्याधरांश्चैवतिरोधानेनसोऽसृजत्॥ तेभ्योऽददात्तमात्मानमंतर्धानाख्यमद्भुतं॥४४॥ सकिन्नरान्किंपु[illegible]त्म्येनासृजत्प्रभुः ॥ मानयन्नात्मनात्मानमात्माभासंविलोकयन्॥४५॥ तेतुतज्जगृहूरूपंत्यक्तंयत्परमेष्ठिना ॥ मिथुनीभूयगायंतस्तमेवोषसिकर्मभिः ॥४६॥ देहेनवैभोगवताशयानोबहुचिंतया॥ सर्गेऽनुपचितेक्रोधादुत्ससर्जहतद्वपुः ॥४७॥ येऽहीयंतामुतःकेशाअहयस्तेंऽगजज्ञिरे॥ सर्पाःप्रसर्पतःक्रूरानागाभोगोरुकंधराः॥४८॥ सआत्मानंमन्यमानःकृतकृत्यमिवात्मभूः॥ तदामनूनससर्जांतेमनसालोकभावनान्॥४९॥ तेभ्यःसोऽत्यसृजत्स्वीयंपुरंपुरुषमात्मवान्॥तान्दृष्ट्वायेपुरासृष्टाःप्रशशंसुःप्रजापतिं॥५०॥ अहोएतज्जगत्स्रष्टःसुकृतंबततेकृतं॥ प्रतिष्ठिताःक्रियायस्मिन्साकमन्नमदामहे॥५१॥ तपसाविद्ययायुक्तोयोगेनसुसमाधिना॥ऋषीनृषिर्हृषीकेशःससर्जाभिमताःप्रजाः॥५२॥ तेभ्यश्चैकैकशःस्वस्यदे[illegible]स्यांशमदादजः ॥ यत्तत्समाधियोगर्द्धितपोविद्याविरक्तिमत् ॥५३॥ इ०भा०म०तृ०विंशतितमोऽध्यायः॥२०॥ विदुर०स्वायंभुवस्यचमनोर्वंशःपरमसंमतः॥कथ्यतांभगवान्यत्रमैथुनेनैधिरेप्रजाः ॥१॥प्रियव्रतोत्तानपादौसुतौस्वायंभुवस्यवै॥ यथाधर्मंजुगुपतुःसप्तद्वीपवतींमहीं॥२॥ तस्यवैदुहिताब्रह्मन्देवहूतीतिविश्रुता॥ पत्नीप्रजापतेरुक्ताकर्दमस्यत्वयानघ॥३॥ तस्यांसवैमहायोगीयुक्तायांयोगलक्षणैः ॥ ससर्जकतिधावीर्यंतन्मेशुश्रूषवेवद॥४॥ रुचिर्योभगवान्ब्रह्मन्दक्षोवाब्रह्मणःसुतः॥यथाससर्जभूतानिलब्ध्वाभार्यांचमानवीं ॥५॥ मैत्रेय०प्रजाःसृजेतिभगवान्कर्दमोब्रह्मणोदितः॥ सरस्वत्यांतपस्तेपेसहस्राणांसमादश ॥६॥ ततःसमाधियुक्तेनक्रियायोगेनकर्दमः॥ संप्रपेदेहरिंभक्त्याप्रपन्नवरदाशुषं ॥७॥ तावत्प्रसन्नोभगवान्पुष्कराक्षःकृतेयुगे॥ दर्श[illegible]ततःशाब्दंब्रह्मदधद्वपुः॥८॥ सतंविरजमर्काभंसितपद्मोत्पलस्त्रजं॥स्निग्धनीलालकव्रातवक्त्राब्जंविरजोंबरं॥९॥ किरीटिनंकुंडलिनंशंखचक्रगदाधरं॥श्वेतोत्पलक्रीडनकंमनःस्पर्शस्मितेक्षणं ॥१०॥ विन्यस्तचरणांभोजमंसदेशेगरुत्मतः॥ दृष्ट्वाखेऽवस्थितंवक्षःश्रियंकौस्तुभकंधरं॥११॥ जातहर्षोऽ

અધ્યાય ૨૧ મો.–વિદુર–હે ભગવાન મૈત્રેય, સ્વાયંભુ મનુનો અત્યંત વખાણવા યોગ્ય વંશ, કે જેમાં મીથુન ધર્મથી પ્રજાની વૃદ્ધી થઇ છે. તે કહો. ॥૧॥ સ્વાયંભુ મનુના પુત્રો પ્રીય વ્રત–અને ઉત્તાનપાદે સાતે દ્વીપવાળી પૃથ્વીનું કેવા ધર્મથી રક્ષણ કર્યું. તે કહો. ॥૨॥ હે પાપ રહીત બ્રાહ્મણ, સ્વાયંભુમનુની વીખ્યાત દીકરી દેવહુતી કર્દમ મુનીને આપેલાનું તમે કહ્યું છેજ. ॥૩॥ તો તે યોગનાં લક્ષણોવાળીમાં, એ મહા યોગી કર્દમે, કેટલાં સંતાન ઉત્પન્ન કર્યા તે મને કહી સંભળાવો. ॥૪॥ તથા બ્રહ્માના પુત્રો રૂચીક મુનીએ અને દક્ષ પ્રજાપતીએ પણ મનુની દીકરીઓને પરણીને પ્રાણીઓની સૃષ્ટી કેવી રીતે કરી તે કહો.॥૫॥–મૈત્રેય–ભગવાન બ્રહ્માએ "પ્રજાને ઉત્પન્ન કરો" એમ કર્દમ મુનીને કહેવાથી તેમણે સરસ્વતીને કાંઠે દસ હજાર વરસો સુધી તપ કર્યું. ॥૬॥ અને શરણાંગતોને ઉતાવળીજ શાંતી ગમે એવાં વરદાનો આપનારા હરી ભગવાનનું. એ કર્દમ મુનીએ સમાધી રહીત ક્રીયા યોગથી ભક્તી ભાવ સહીત, સારી રીતે સેવન કર્યું ॥૭॥ ત્યારે હે વીદુર, સતયુગમાં, એટલા તપથી પ્રસન્ન થયેલા શબ્દ બ્રહ્મ (એટલે વેદ સ્વરૂપ) અને કમળ જેવી આંખોવાળા ભગવાને શરીર ધારી થઇને તેમને દર્શન આપ્યું. ॥૮॥ તે વખતે, એ ધોળા કમળની માળા પેહેરેલ મુખ કમળ ઉપર ચળકતા અને શ્યામ વાળના સમુદાયવાળું–સ્વચ્છ વસ્ત્રો, કીરીટ, કુંડળ, શંખ, ચક્ર અને ગદાને ધારણ કરેલું ધોળા કમળ વડે ક્રીડા કરતું–મનને આનંદ આપનાર જેવા તથા હસવાવાળું–વક્ષ સ્થળમાં લક્ષ્મી અને ગળામાં કૌસ્તુભ ધારણ કરેલું–અને ગરૂડના ખભા ઉપર ચરણકમળ ધરેલું, સ્વરૂપ આકાશમાં ઉભેલું સુર્ય સરખા પ્રકાશથી શોભતું હતું. ॥૯–૧૦–૧૧–॥ તે દેખીને મનોર્થ સીદ્ધ થયેલા કર્દમ મુનીએ હર્ષ પામી પૃથ્વી ઉપર પડીને નમસ્કાર કર્યા. તથા ભાવવાળા મનથી હાથ જોડીને, પ્રીતી યુક્ત વાણી વડે સ્તુતી કરી કે. ॥૧૨॥–કર્દમ–

યોગને સીદ્ધ કરેલા યોગીઓ અને સત્પુરૂષો, ઘણા ઘણા જન્મો વડે સ્તુતીઆદી કરીને જેના દર્શનને ઇચ્છે છે. તે સર્વ પ્રાણીઆદી રૂપ આપનું દર્શન થવાથી આજ મારાં નેત્રોની સાફલ્યતા થઇ છે. ॥૧૩॥ સંસારરૂપ સમુદ્રને તારનારા આપના ચરણાર્વીંદની ઉપાસના જેઓ ક્ષણીક કામનાઓને માટે કરે છે. તેઓ તો માયા વડે હણાઇ ગયેલી બુદ્ધીવાળા છે. કેમકે તેવાં વીશય સુખાદીકની કામનાઓની પ્રાપ્તી તો તેમને નરકમાં પણ થાય છેજ. ॥૧૪॥ છતાં પણ, કલ્પવૃક્ષની પેઠે સર્વ ઇચ્છાઓ પુર્ણ કરનાર અને પુરૂષાર્થના મુળ રૂપ આપને શરણે આવીને હું, સમાન સીલવાળી અને ગૃહસ્થ આશ્રમને (ધર્મ-અર્થ-અને કામને) આપનારી સ્ત્રી મળવાની, દુષ્ટ વાસનાવાળી કામનાનીજ માગણી કરૂંછું. (અર્થાત હું પણ તેમના સરખોજ છું.) ॥૧૫॥ હે ધર્મ મુર્તી અને પ્રજાપતીઓના પણ ઇશ્વર, કામનાઓથી મુંઝેલા તમામ લોક, આપના (વેદ) વાણી રૂપ તાંતણાઓથી પશુઓની પેઠે બંધાઇ ગયેલા છે. તેથી હું પણ લોક પરંપરાને અનુસરીને, આપ કાળસ્વરૂપ ભગવાનને બળીદાનો આપવાને (એટલે યજ્ઞાદીક કરવા વડે દેવરૂણ, વેદાધ્યયન કરવા વડે રૂશીરૂણ, અને પુત્ર ઉત્પન્ન કરવા વડે પીતૃરૂણ, એમ ત્રણે પ્રકારનાં કરજ થકી છુટવાને) ઇચ્છુંછું. ॥૧૬॥ પણ પશુ સરખા એ લોકોને અને (હું સરખા) તેમને અનુસરનારાઓને તજીને; આપના ચરણરૂપી છત્રનો આશ્રય લેનારા, અને પરસ્પરમાં આપના ગુણોની કથાઓ રૂપી આસવનું પાન કરનારા, જેઓના ભુખ-તરસ આદી શરીર ધર્મો નાશ પામેલા છે. તેમના આયુષ્યનો; પરબ્રહ્મરૂપ ધરીમાં ફરતું-ભયંકર વેગથી સર્વ જગતને ખેંચીને દોડતું જતું-તેર (માસ) આરાવાળું-ત્રણસે સાઠ (દીવસો) અણીઓવાળું-છ (રૂતુ) પટાવાળું-અનંત (ઘડીપળ) ધારાઓવાળું-ને ત્રણ (શીઆળો-ઉનાળો-ને ચોમાસું) કુંડળીઓવાળું; આપનું કાળચક્ર, નાશ કરી શકતું નથી. ॥૧૭-૧૮॥ હે ભગવાન આપ એકજ છતાં, જગતને સ્રજવા સારૂ પોતે ગ્રહણ કરેલી માયાવડે કરોળીઆની પેઠે પોતાથીજ જગતને ઉત્પન્ન કરો છો-પાળો છો-અને ગળી પણ જાઓછો. ॥૧૯॥ હે અધીશ, એવા આપના પદની ઇચ્છા

पतन्मूर्ध्नाक्षितौलब्धमनोरथः॥ गीर्भिस्त्वभ्यगृण[illegible]दिस्वभावात्माकृतांजलिः ॥१२॥ ऋषि० जुष्टंबताद्याखिलसत्त्वराशेःसांसिद्ध्यमक्ष्णो
स्तवदर्शनान्नः॥यद्दर्शनंजन्मभिरीड्यसद्भिराश[illegible]योगिनो[illegible]॥१३॥ येमाययातेहतमेधसस्त्वत्पादारविंदंभवसिंधुपोतं ॥ उपासते
कामलवायतेषांरासीशकामान्निरयेऽपियेस्युः ॥१४॥तथासचाहंपरिवोढुकामःसमानशीलांगृहमेधधेनुं॥उपेयिवान्मूलमशेषमूलंदुराशयः
कामदुघांघ्रिपस्य॥१५॥ प्रजापतेस्तेवचसाऽधीशतंत्यालोकःकिलायंकामहतोनुबद्धः॥ अहंचलोकानुगतोवहामिबलिंचशु[illegible]निमिषायतु
भ्यं ॥१६॥ लोकांश्चलोकानुगतान्पशूंश्चहित्वाश्रितास्ते[illegible]॥ परस्परंत्वद्गुणवादसीधुपीयूषनिर्यापितदेहधर्माः ॥१७॥ नतेजराक्षभ्र
मिरायुरेषांत्रयोदशारंत्रिशतंषष्टिपर्व॥ षण्नेम्यनंतच्छदियत्त्रिणाभिकर[illegible]॥१८॥ एकःस्वयंसन्जगतःसिसृक्षया
[illegible]द्वितीययात्मन्नधियोगमायया ॥ सृजस्यदःपासिपुनर्ग्रसिष्यसेयथोर्णनाभिर्भगवान्स्वशक्तिभिः ॥१९॥ नैतद्बताधीशपदंतवेप्सितं[illegible]माय
यानस्तनुषेभूतसूक्ष्मं ॥ अनुग्रहायास्त्वपियर्हिमाययालसत्तुलस्यातनुवाविलक्षितः॥२०॥ तंत्वाऽनुभूत्योपरतक्रियार्थं[illegible]तितलोक
तंत्रं ॥ नमाम्यभीक्ष्णंनमनीयपा[illegible]वर्षं ॥२१॥ ऋषि०इत्यव्यलीकंप्रणुतोऽब्जनाभस्तमाबभाषेवचसाऽमृतेन॥सुपर्ण
पक्षोपरिरोचमानःप्रेमस्मितोद्वीक्षणविभ्रमद्भ्रूः॥२२॥ श्रीभग० विदित्वातवचैत्यंमेपुरैवसमयोजितत्॥ यदर्थमात्मनियमैस्त्वयैवाहंसमर्चि
तः॥२३॥ नवैजातुमृ[illegible]त्प्रजाध्यक्षमदर्हणं॥ भवद्विधेष्वतितरांमयिसंगृ[illegible]तात्मनां॥२४॥ [illegible]जापतेसुतःस[illegible]ण्मुनिर्विख्यातमंगलः॥
ब्रह्मावर्तेयोऽधिवसन्शास्तिसप्तार्णवांमहीं॥२५॥ सचेहविप्रराजर्षिर्महिष्याशतरूपया॥ आयास्यतिदि[illegible]क्षुस्त्वांपरश्वोधर्मकोविदः ॥२६॥
आत्मजाम[illegible]ता[illegible]र्गीवयःशीलगुणान्वितां ॥ मृगयंतींपतिंदास्यत्यनुरूपायतेप्रभो॥२७॥ समाहितंतेहृदयंयत्रेमान्परिवत्सरान्॥ सात्वांब्र
ह्मन्नृपवधूःकाममाशुभजिष्यति ॥२८॥ यातआत्मभृतंवीर्यंनवधा[illegible]सविष्यति॥वीर्येत्वदीयेऋषयआधास्यंत्यंजसा[illegible]नः॥२९॥त्वंचसम्य

નહીં કરતાં આપની માયાના વીસ્તારથી મેં જ્યારે વીશય સુખનેજ માગ્યું છે. ત્યારે આપે જે મને, આપના માયાવાળાજ તુળશીથી શોભતા સ્વરૂપનું દર્શન આપ્યું છે. તો મારા ઉપર આપે એ અનુગ્રહ પણ કરવો ઘટીત છે. ॥૨૦॥ આપ, માયાથી લોક રચનાનું આવર્તન કરનારા-જ્ઞાનવડે કર્મ ફળો થકી ઉપરતીને પામેલા-નમવા યોગ્ય ચરણકમળવાળા-અને થોડું કરનારાઓને (સકામ લોકોને કર્મફળોરૂપે-અને નીષ્કામ લોકોને ભક્તી અને સત્સંગરૂપે) ઘણુંજ, એટલે તેમની ઇચ્છા પ્રમાણે આપનારા, એવાને હું ફરી ફરીને નમસ્કાર કરૂંછું. ॥૨૧॥-શ્રીશુક-ત્યારે એ પ્રમાણે નીષ્કપટ ભાવથી સ્તુતી કરાયલા-અને ગરૂડની પાંખો ઉપર શોભતા કમળનાભ ભગવાને પ્રેમ સહીત હાસતી ભમરો સહીત સામું જોઇને અમૃત સરખી વાણીથી કર્દમ મુનીને કહ્યું કે. ॥૨૨॥-શ્રીભગવાન-જેને માટે તમે શરીરાદીકના નીયમો પાળીને મારૂં સારી રીતે અર્ચન કર્યું છે. તે તમારા ઇચ્છીતને હું જાણું છું. માટે મેં પ્રથમથીજ તેની યોજના કરી રાખી છે. ॥૨૩॥ હે કર્દમ પ્રજાપતી, તમારા સરખાઓએ એકાગ્રચીત્તથી, અને પુર્ણ રીતે મારૂં પુજન કરેલું મીથ્યા થાયજ નહીં. ॥૨૪॥ વીખ્યાત કીર્તીવાળા ચક્રવતી બ્રહ્માના પુત્ર સ્વાયંભુમનુ બ્રહ્માવર્તમાં વસીને સાતે સમુદ્રથી વીંટાયલી પૃથ્વીનું પાલન કરે છે. ॥૨૫॥ તે ધર્મને જાણનારા રાજા તેમની સ્ત્રી સતરૂપા સહીત તમને જોવાને પરમદહાડે અહીંઆં આવશે. ॥૨૬॥ અને હે પ્રભો, નીલકમળ સરખાં અંગોવાળી-શીળ, ગુણ, અને વયે કરીને ભરપુર-તથા પતીને શોધતી એવી પોતાની દીકરી, તેના સરખાજ એવા આપને તે આપશે. ॥૨૭॥ તથા જેને વીશે આટલાં વર્ષ સુધી તમારૂં ચીત લાગેલું છે તે તમારી કામનાને, હે બ્રાહ્મણ, તે રાજકુંવરી ઉતાવળેજ પુરી કરશે. ॥૨૮॥ તે તમારા વીર્ય થકી નવ કન્યાઓને જણશે. અને એ તમારી કંન્યાઓને વીશે પણ બીજા રૂશીઓ ઉતાવળાજ સંતાનોને ઉત્પન્ન કરશે. ॥૨૯॥ અને તમે પણ મારી આજ્ઞાને સંપુર્ણ રીતે પુર્ણ કરીને, તથા સર્વ કર્મોનાં ફળોને તીર્થીકૃત કરીને (એટલે મને અર્પણ કરીને), મનેજ પામશો. ॥૩૦॥ તથા પ્રાણી માત્રના ઉપર દયા કરીને અને

તેમને અભય દાન આપીને આત્મજ્ઞાન પામેલા તમે તમારા પોતાના સહીત આખા જગતને મારામાં દેખશો. તેમજ તમારા વીશે પણ મને દેખશો. ॥૩૧॥ હે મહામુની તમારી સ્રી, દેવહુતીમાં, તમારા વીર્યથી પોતાના અંશ અથવા કળાસહીત હું અવતરીને સાંખ્ય શાસ્રની સંહીતાનું વર્ણન કરીશ. ॥૩૨॥–મૈત્રેય–એ પ્રમાણે કર્દમમુનીને કહીને પ્રત્યક્ષ દેખાતા ભગવાન, સરસ્વતીએ આંટો લીધેલા બીંદુસરમાંથી તે કર્દમમુનીના દેખતાં અને પોતેજ પ્રમાણ કરેલા માર્ગથી સઘળા સીધેશ્વરોએ સ્તુતી કરાતા, તથા ગરૂડની પાંખોથી ઉચ્ચાર થતા સામવેદના મંત્રોને સાંભળતા સાંભળતા, ત્યાંથી પધારી ગયા. ॥૩૩–૩૪॥ પછી કર્દમ રૂશી, ભગવાનના ગયા કેડે, ભગવાને કહેલા સમયની વાટ જોવા લાગ્યા. ॥૩૫॥ હે વીદુર, ત્યારે સારા ધનુષ્યવાળા મનુ, સોનાના સરસામાન વાળા રથમાં બેસીને,પોતાની દીકરીને તથા સ્રીને પણ તેમાં બેસારીને, પૃથ્વી ઉપર ફરતા ફરતા, ભગવાને સુચના કરેલા દીવસેજ, શાંત વૃત્તી વાળા કર્દમ મુનીના આશ્રમમાં આવ્યા. ॥૩૬–૩૭॥ કે જે ઠેકાણે શરણ થયેલા કર્દમ મુનીના ઉપર ઘણીજ કૃપા થવાને લીધે આંસુનાં બીંદુઓ (ટીપાં) પડ્યાં હતાં. ॥૩૮॥ એ બીં-દુસર નામનું સ્થળ પવીત્ર–કલ્યાણકારી–અને મીઠા જળ વાળી નદી સરસ્વતીથી વીંટાયલું અને મોટા મોટા રૂશીઓના ગણોએ સેવેલું છે. ॥૩૯॥ તે સ્થળે પવીત્ર ઝાડો અને વેલાઓના જથાઓમાં સારાં પશુઓ અને પક્ષીઓ શબ્દ કરે છે. અને તે સર્વ રૂતુઓના ફુલોથી તથા વનની સંપત્તીથી ભરપુર હોવાથી મોટાઇ પામેલું છે. ॥૪૦॥ ત્યાં ઉન્મત થયેને પક્ષીઓના ગણો ટોકારા કરે છે. મદોન્મત ભમરાઓ ફરયા કરે છે. મદોન્મત મોર નટની પેઠે નાચે છે. અને કોયલો બોલાવવાની પેઠે ટૌકા કરી રહી છે. ॥૪૧॥ કદંબ–ચંપો–અશોક(આસોપાલવ)–કરંજ–બોલસરી–અસન–મોગરો–મંદાર–કાંટા અશેરીઆ–અને બીજાં નાના આંબા આદી ઝાડોથી

गनुष्टायनिदेशंमउशत्तमः॥मयितीर्थीकृताशेषक्रियार्थोमांप्रपत्स्यसे॥३०॥ कृत्वादयांचजीवेषुदत्वाचाभयमात्मवान्॥मय्यात्मानंसहजगद्द्र
क्ष्यस्यात्मनिचात्मनि॥३१॥ सहाहंस्वांशकलयात्वद्वीर्येणमहामुने॥ तवक्षेत्रेदेवहूत्यांप्रणेष्येतत्त्वसंहितां॥३२॥ मैत्रे०एवंतमनुभाष्याथभग
वान्प्रत्यगक्षजः॥ जगामाबिंदुसरसःसरस्वत्यापरिश्रितात्॥३३॥ निरीक्षतस्तस्ययथावशेषसिद्धेश्वराभिष्टुतसिद्धमार्गः॥ आकर्णयन्पत्रर
थेंद्रपक्षैरुच्चारितंस्तोममुदीर्णसाम॥३४॥ अथसंप्रस्थितेशुक्लेकर्दमोभगवानृषिः॥ आस्तेस्मबिंदुसरसितंकालंप्रतिपालयन्॥३५॥ मनुःस्यं
दनमास्थायशातकौंभपरिच्छदं॥आरोप्यस्वांदुहितरंसभार्यःपर्यटन्महीं॥३६॥ तस्मिन्सुधन्वन्नहनिभगवान्यत्समादिशत॥ उपायादाश्र
मपदंमुनेःशांतव्रतस्यतत् ॥३७॥ यस्मिभगवतोनेत्रान्न्यपतन्नश्रुबिंदवः॥ कृपयासंपरीतस्यप्रपन्नेऽर्पितयाभृशं॥३८॥ तद्वैबिंदुसरोनाम
सरस्वत्यापरिप्लुतं॥ पुण्यंशिवामृतजलंमहर्षिगणसेवितं॥३९॥ पुण्यद्रुमलताजालैःकूजत्पुण्यमृगद्विजैः॥सर्वर्तुफलपुष्पाढ्यंवनराजिश्रिया
ऽन्वितं॥४०॥ मत्तद्विजगणैर्घुष्टंमत्तभ्रमरविभ्रमं॥मत्तबर्हिनटाटोपमाह्वयन्मत्तकोकिलं॥४१॥ कदंबचंपकाशोककरंजबकुलासनैः॥कुंदमं
दारकुटजैश्चूतपोतैरलंकृतं॥४२॥ कारंडवैःप्लवैर्हंसैःकुररैर्जलकुक्कुटैः॥ सारसैश्चक्रवाकैश्चचकोरैर्वल्गुकूजितं॥४३॥ तथैवहरिणैःक्रोडैःश्वावि
द्गवयकुंजरैः॥ गोपुच्छैर्हरिभिर्मर्कैर्नकुलैर्नाभिभिर्वृतं॥४४॥ प्रविश्यतत्तीर्थवरमादिराजःसहात्मजः॥ ददर्शमुनिमासीनंतस्मिन्हुतहुताशनं
॥४५॥ विद्योतमानंवपुषातपस्युग्रयुजाचिरं॥ नातिक्षामंभगवतःस्निग्धापांगावलोकनात्॥४६॥ तद्व्याहृतामृतकलापीयूषश्रवणेनच॥प्रां
शुपद्मपलाशाक्षंजटिलंचीरवाससं॥ उपसंसृत्यमलिनंयथाऽर्हणमसंस्कृतं॥४७॥ अथोटजमुपायातंनृदेवंप्रणतंपुरः॥ सपर्ययापर्यगृण्हात्प्र
तिनंद्यानुरूपया॥४८॥ गृहीतार्हणमासीनंसंयतंप्रीणयन्मुनिः॥स्मरन्भगवदादेशमित्याहश्लक्ष्णयागिरा॥४९॥ नूनंचंक्रमणंदेवसतांसंर
क्षणायते॥ वधायचासतांयस्त्वंहरेःशक्तिर्हिपालिनी॥५०॥योर्केंद्वग्नींद्रवायूनांयमधर्मप्रचेतसां॥रूपाणिस्थानआधत्सेतस्मैशुक्लायतेनमः ५१
नयदारथमास्थायजैत्रंमणिगणार्पितं॥ विस्फूर्जच्चंडकोदंडोरथेनत्रासयन्नघान्॥५२॥ स्वसैन्यचरणक्षुण्णंवेपयन्मंडलंभुवः॥विकर्षन्बृहतीं

તે સોભીતું છે. ॥૪૨॥ કારંડવ–પ્લવ–હંસ–ટીટોડા–જલકુકડી–સારસ–ચક્રવાક–અને ચકોર વગેરે પક્ષીઓ સુંદર શબ્દ કરે છે. ॥૪૩॥ તેમજ હરણ–વરાહ (સુવર) સેંઢાઇ–રોઝ–હાથી–સીંહ–ગોપુછ–વાંદરાં–માંકડાં–નોળીયા–અને કસ્તુરીઆ મૃગો વીગેરેથી તે ભરેલું છે. ॥૪૪॥ તે મોટા તીર્થમાં આદી રાજાસ્વાયંભુ મનુએ પોતાની દીકરી દેવહુતી સહીત પ્રવેશ કરીને, અગ્નીમાં હોમ કરીને બેઠેલા કર્દમ મુનીને જોયા. ॥૪૫॥ અને, એ, ઘણા વખત સુધી ઉગ્રતપ કરવાથી ભગવાને સ્નેહથી જોવાવડે, અને ભગવાને ઉચારેલા અમૃતરસ સરખા ભાષણને સાંભળવાથી, અતી દુર્બળ નહીં થયેલા શરીરથી શોભીતા–કમલ જેવી આંખો વાળા–જટાધારી–જુનાં લુગડાં વાળા–તથા વગર સુદ્ધ કરેલા મણીની પેઠે મેલા દેખાતા;–કર્દમ મુનીની પાસે તે ગયા. ॥૪૬–૪૭॥ એ રીતે પોતાના આશ્રમમાં આવેલા, અને પગમાં પડેલા સ્વાયંભુ મનુ રાજાને આસીર્વાદ આપીને તથા યથાયોગ્ય પુજા આદી સાહીત્યથી, કર્દમ મુનીએ તેમનો સત્કાર કર્યો. ॥૪૮॥ પછીથી, પુજાનો સ્વીકાર કરીને બેઠેલા સાવધાન મનુને ખુસી ઉપજાવતા કર્દમ મુનીએ, ભગવાને કરેલી સુચનાનું સ્મરણ કરીને સુંદર વાણીથી તેમને આ પ્રમાણે કહ્યું. ॥૪૯॥ હે દેવ (મનુ), હરી ભગવાનની પાલન કરનારી શકતી રૂપ તમે, ખચીતજ સત્પુરૂશોના સંરક્ષણને માટે, અને દુષ્ટ પુરૂશોનો નાશ કરવાને માટેજ ફરો છો. ॥૫૦॥ જે, સુર્ય–ચંદ્ર–અગ્ની–ઇંદ્ર–વાયુ–યમ–ધર્મ–અને વરૂણનાં સ્વરૂપોને પ્રસંગોપાત ધારણ કરે છે. તે ભગવાનની શકતી રૂપ આપને હું નમસ્કાર કરૂંછું. ॥૫૧॥ હે રાજા, જો તમે ઘણા મણીઓથી જડેલા વીજય રથમાં બેસીને મોટી સેના સહીત, સેનાઓના પગથી ખોદાઇ જતા ભુમંડળને કંપાવતા, ભયંકર ધનુષના ટંકારથી, દુષ્ટ લોકને ત્રાસ ઉત્પન્ન થાય તેમ સુર્યની પેઠે રથ ઉપર બેસીને ફરો નહીં, તો તુરંત વર્ણ અને આશ્રમોના બંધન રૂપ ભગવાને રચેલી ધર્મ મર્યાદાઓનો,

ચોર વીગેરે લોકો નાશ કરી નાંખે. ॥૫૨-૫૩-૫૪॥ અને તમે રાજા નામની ભગવાનની પાલન કરનારી શક્તિ ગુપ્ત જાયતો નીરંકુશ અને લાલચુ મનુષ્યોથી અધર્મ વધી જઇને, તથા ચોર આદીકથી પીડાયુક્ત થઇને આલોક નાશ પામી જાય. ॥૫૫॥ તોપણ હે વીર, આપનું અહીંવાં પધારવું ક્યા અર્થને માટે થયું છે તે હું પુછુંછું. અને તે અર્થનો અમે નીષ્કપટ મનથી સ્વીકાર કરીશું. ॥૫૬॥ ઇતી શ્રીમદભાગવતે ત્રીતરકંધ એકવીસમો અ૦સં૦ ॥૨૧॥

અધ્યાય. ૨૨ મો.—મૈત્રેય—એ રીતે પોતાના તમામ ગુણ તથા કર્મોના ઉદયનો પ્રકાશ કરનારા એ વૈરાગ્યવાન મુની કર્દમની પાસે, ચક્રવની સ્વાયંભુ મનું લજવાતા હોય તેમ બોલ્યા કે. ॥૧॥-મનુ-તમો વેદમય-તપ, વીદ્યા, (જ્ઞાન) અને યેગથી યુક્ત-તથા જતેંદ્રીય, એવા બ્રાહ્મણોને બ્રહ્માએ વેદને પ્રવર્તાવવાને માટેજ પોતાના મુખ થકી સરજ્યા છે. ॥૨॥ અને તમારૂં રક્ષણ કરવાને સારૂં, પોતાના હજારો હાથ થકી અમો ક્ષત્રીઓને ઉત્પન્ન કરેલા છે. એટલા માટે બ્રાહ્મણો તેમનું હૃદય અને ક્ષત્રીઓ તેનું મુખ્ય અંગ (હાથ) કહેવાય છે. ॥૩॥ તેથી તે બેઉ જાતીઓ અન્યો અન્યનું તથા પોતાનું રક્ષણ કરે છે. અને અવીનાશી તથા સત (જંગમ) અને અસત (સ્થાવર) બંને રૂપી જગતના આત્મા ભગવાન, એ બંન્ને જાતીઓનું રક્ષણ કરે છે. ॥૪॥ હે ભગવાન કર્દમમુની તમે પોતેજ રક્ષણ કરનાર (ક્ષત્રી) ના ધર્મોને પ્રીતીથી કહ્યા એવા તમારા દર્શન થકીજ, મારા સર્વ સંશયો કપાઇ ગયા છે. ॥૫॥ અજીતેંદ્રીય પુરૂશોને ન થાય એવું તમારૂં દર્શન મને થયું અને તમારા ચરણથી પવીત્ર થયેલી રજ મારા માથાને અડી, તે ઘણું સારૂં થયું છે. ॥૬॥ તમારાથી મને શીખામણ મળી, એ મોટો અનુગ્રહ થયો છે. તેમજ ખુલ્લા કાનથી તમારી મનોહર વાણી મેં સાંભળી તેપણ ઘણું સારૂં થયું. ॥૭॥ તોપણ હે મુની, રાંક અને દીકરીના સ્નેહથી, મનથી દુઃખી થતા (મારી) હુંની

सेनांपर्यटस्यंशुमानिव॥५३॥ तदैवसेतवःसर्वेवर्णाश्रमनिबंधनाः ॥भगवद्रचिताराजन्भिद्रेरन्वतदस्युभिः ॥५४॥ अधर्मश्चसमेधेतलोलुपै र्व्यंकुशैर्नृभिः॥शयानेत्वयिलोकोयंदस्युग्रस्तोविनंक्ष्यति॥५५॥ अथापिपृच्छेत्वांवीरयदर्थंत्वमिहागतः ॥ तद्वयंनिर्व्यलीकेनप्रतिपद्यामहेह दा॥५६॥ इ०भा०म०तृ०एकविंशतितमोऽध्यायः ॥२१॥ मैत्रे०एवमाविष्कृताशेषगुणकर्मोदयोमुनिं॥ सव्रीडइवतंसम्राडुपारतमुवाचह ॥१॥ मनु०ब्रह्माऽसृजत्स्वमुखतोयुष्मानात्मपरीप्सया॥छंदोमयस्तपोविद्यायोगयुक्तानलंपटान् ॥२॥तत्त्राणायासृजच्चास्मान्दोःसहस्रात्स हस्रपात्॥ हृदयंतस्यहिब्रह्मक्षत्रमंगंप्रचक्षते॥३॥ अतोह्यन्योऽन्यमात्मानंब्रह्मक्षत्रंचरक्षतः॥ रक्षतिस्माव्ययोदेवःसयःसदसदात्मकः॥४॥ तवसंदर्शनादेवछिन्नामेसर्वसंशयाः ॥यस्त्वयंभगवान्प्रीत्याधर्ममाहरिरक्षिषोः॥५॥ दिष्ट्यामेभगवान्दृष्टोदुर्दर्शोयोऽकृतात्मनां॥ दिष्ट्यापाद रजःस्पृष्टंशीर्ष्णामेभवतःशिवं ॥६॥ दिष्ट्यात्वयाऽनुशास्तोहंकृतश्चानुग्रहोमहान्॥ अपावृतैःकर्णरंध्रैर्जुष्टादिष्ट्योशतीर्गिरः॥७॥ सभवान्दु हितृस्नेहपरिक्लिष्टात्मनोमम॥ श्रोतुमर्हसिदीनस्यश्रावितंकृपयामुने ॥८॥ प्रियव्रतोत्तानपदोःस्वसेयंदुहितामम ॥ अन्विच्छतिपतिंयुक्तंवयः शीलगुणादिभिः॥९॥यदातुभवतःशीलश्रुतरूपवयोगुणान् ॥अशृणोन्नारदादेषात्वय्यासीत्कृतनिश्चया॥१०॥ तत्प्रतीच्छद्विजाग्र्येमांश्रद्धयो पहृतांमया॥ सर्वात्मनाऽनुरूपांतेगृहमेधिषुकर्मसु॥११॥ उद्यतस्यहिकामस्यप्रतिवादोनशस्यते ॥ अपिनिर्मुक्तसंगस्यकामरक्तस्यकिंपुनः ॥१२॥यउद्यतमनादृत्यकीनाशमभियाचते॥ क्षीयतेतद्यशःस्फीतंमानश्चावज्ञयाहतः॥१३॥अहंत्वाऽशृणवंविद्वन्विवाहार्थंसमुद्यतं॥अतस्त्व मुपकुर्वाणःप्रत्तांप्रतिगृहाणमे ॥१४॥ ऋषि० बाढमुद्वोढुकामोऽहमप्रत्ताचतवात्मजा॥ आवयोरनुरूपोसावाद्योवैवाहिकोविधिः ॥१५॥ का मःसभूयान्नरदेवतस्याःपुत्र्याःसमाम्नायविधौप्रतीतः ॥ कएवतेतनयांनाद्रियेतस्वयैवकांत्याक्षिपतीमिवश्रियं ॥१६॥ यांहर्म्यपृष्ठेक्वणदं घ्रिशोभांविक्रीडतींकंदुकविह्वलाक्षीं॥ विश्वावसुर्न्यपतत्स्वाद्विमानाद्विलोक्यसंमोहविमूढचेताः ॥१७॥ तांप्रार्थयंतींललनाललाममसेवित श्रीचरणैरदृष्टां ॥ वत्सांमनोरुच्चपदःस्वसारंकोनानुमन्येतबुधोऽभियातां॥१८॥ अतोभजिष्येसमयेनसाध्वींयावत्तेजोबिभृयादात्मनोमे॥अ

પ્રાર્થના સાંભળવાની કૃપા કરવાને આપ યોગ્ય છો. ॥૮॥ પ્રીયવ્રત અને ઉત્તાનપાદની બેહેન અને મારી દીકરી આ દેવહુતી, વય-શીળ-અને ગુણવડે યુક્ત એવા પતીને શોધે છે. ॥૯॥ જ્યારથી નારદના કહેવાથી આપનાં શીળ-શ્રુત (શાસ્ત્રાદીકની કુશળતા)-રૂપ-વય-અને ગુણો વીશે સાંભળ્યું છે. ત્યારથી તેણે તમારે માટે નીશ્ચય કરેલો છે. ॥૧૦॥ માટે હે ઉત્તમ બ્રાહ્મણ, ગૃહસ્થાશ્રમના કર્મોમાં તમને સર્વ પ્રકારે અનુકુળ વર્તનારી તેનો, શ્રદ્ધા સહીત મારા આપવાથી આપ સ્વીકાર કરો. ॥૧૧॥ સંગથી નીર્મુક્ત થયેલાઓને પણ પોતાની મેળે પ્રાપ્ત થતી વસ્તુની ના પાડવી, એ વખાણવા યોગ્ય નથી. તોપછી કામની ઇચ્છાવાળાને માટે તો પુછવાનુંજ શું? (અર્થાત તેવાએ એમ કરવું, એ તો નીંદાપાત્ર અને દુઃખદાયકજ નીવડે છે) ॥૧૨॥ જે કોઇ આપવા આવેલાનો અનાદર કરે, અને પછી કૃપણની પાસે માગવા જાય. તેનો વધેલો યશ પણ ક્ષીણ થઇ જાય છે. અને અવજ્ઞાથી તેનું માન પણ નાશ પામે છે. ॥૧૩॥ હે વીદ્વાન મેં સાંભળ્યું છે કે, વીવાહને માટે તમે ઉદ્યોગવાળા થયેલા છો. માટે હાલ સુધી બ્રહ્મચર્ય પાળેલા તમે મારી આપેલી કન્યાનું ગ્રહણ કરો. ॥૧૪॥-**કર્દમ-હું** પરણવાની ઇચ્છાવાળોછું એ ખરી વાત છે. અને તમારી દીકરી બીજાને અપાયા વીનાની છે માટે અમારો બેઉનો આ પ્રથમ વીવાહનો વીધી, જોઇએ તેવોજ છે. ॥૧૫॥ હે રાજા, શાસ્ત્રવીધી પ્રમાણે અપાતી તમારી એ પુત્રીની કામના પુર્ણ થાઓ, જે પોતાની કાંતીથી ઘરેણાં આદીની શોભાને હઠાવેછે. એવી તમારી પુત્રીનો અનાદર કોણ કરે. ॥૧૬॥ જે વીહ્વળ આંખ્યોવાળીને અગાશી ઉપર દડાની રમત રમતાં પગમાંનાં ઝાંઝર ઝમકાવતી જોઇને, વીશ્વાવસુ ગંધર્વ મોહ પામવાથી, તે પોતાના વીમાનમાંથી પડી ગયો હતો. ॥૧૭॥ એવીઉત્તમ સ્ત્રી, અને લક્ષ્મીના ચરણ નહીં સેવનારાઓની દૃષ્ટિએ ન પડનારી મનુની દીકરી અને ઉત્તાનપાદની બેહેન પોતેજ પ્રાર્થના કરતી

ચાલી આવે, તેનો કયો સમજુ પુરૂશ સ્વીકાર ન કરે. ॥૧૮॥ માટે મારૂં પોતાનું તેજ, એ સાધવી ધારણ કરેલા સુધીજ, તેની સાથે ગૃહસ્થાશ્રમ કરવાની બોલીથી, હું તેનો સ્વીકાર કરૂં છું. અને તે પછી શુકલ એવા ભગવાને કહેલા પરમહંસોએ પાળવાના મુખ્ય અહીંસક ધર્મને (સંન્યાસને) ગ્રહણ કરવાને હું ઉત્તમ માનું છું. ॥૧૯॥ જેને વીશે આ વીચીત્ર જગત સ્થીતી કરીને રહ્યું છે. અને લય પણ તેમાંજ પામે છે. તથા જેનાથી એ જગત ઉત્પન્ન થયેલ છે. તે પ્રજાપતીઓના પણ પતી, અનંત ભગવાન મારે પ્રમાણ રૂપ છે. ॥૨૦॥—મૈત્રેય—હે વીદુર, એટલું બોલીને કર્દમમુની ચુપ રહીને ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા. એટલે મંદમંદ હસવાથી શોભતા તેમના મુખથી દેવહુતીનું ચીત્ત લલચાઇ ગયું. ॥૨૧॥ પછી મનુએ દીકરીનો તથા પોતાની સ્ત્રીનો સ્પષ્ટ અભીપ્રાય જાણીને, ગુણ સંપન્ન કર્દમમુનીને, તેમના જેવીજ પોતાની કન્યા હર્ષ સહીત આપી. ॥૨૨॥ ને મહારાણી શતરૂપાએ, તે જોડાને ઘણાં મુલ્યવાન ઘરેણાં, વસ્ત્રો, અને સર સામાન પ્રીતીવડે દાયજામાં આપ્યાં. ॥૨૩॥ યોગ્ય વરને દીકરી આપીને વ્યથા રહીત થયેલા તે ચક્રવતી મનુ ઉત્કંઠાથી પરવશ થઇ ગયા. અને દીકરીનું હાથ વતે આલીંગન કરીને, તેનો વીરહ નહીં ખમી શકવાથી, હે દીકરી—હે બાળા એમ બોલતા આંખ્યોમાંથી વારંવાર આંસુ પાડીને તે થકી દેવહુતીનો ચોટલો ભીંજવી નાંખ્યો. ॥૨૪—૨૫॥ પછી તે મનુરાજા કર્દમમુનીની રજા લેઇને, તેમની સલાહથી સ્ત્રી સહીત રથમાં બેશીને પરીવાર સુદ્ધાં, રૂશીઓને આનંદ આપનારી સરસ્વતી નદીના બંને કાંઠા ઉપરના અતી શાંત આશ્રમોની સંપતીને જોતા જોતા પોતાના દેશ બ્રહ્માવર્તમાં ગયા. ॥૨૬—૨૭॥ પોતાના રાજાને આવતા સાંભળીને બ્રહ્માવર્તની પ્રજાએ હર્ષ પામીને ગીત—સ્તુતી—અને વાજીંત્ર સહીત સામી આવી. ॥૨૮॥ ત્યાં સર્વ સંપત્તીથી ભરપુર બર્હીષ્મતી નામની નગરી છે. જ્યાં યજ્ઞ (વરાહ) ભગવાને પોતાનું શરીર ધણુધણાવતાં ખરી પડેલાં રૂવાડાંના સર્વદા લીલા લાગે એવા ડાભ અને કાંસડા થયેલા છે. જે વડે, રૂશીઓએ, યજ્ઞમાં વીઘ્ન કરનારા (રાક્ષસો આદી) નો પરાભવ કરીને યજ્ઞ પુરૂશ

तोधर्मान्पारमहंस्यमुख्यानूशुक्लप्रोक्तानूबहुमन्येऽविहिंस्त्रान् ॥१९॥ यतोऽभवद्विश्वमिदंविचित्रंसंस्थास्यतेयत्रचवावतिष्ठते॥ प्रजापतीनां पतिरेषमह्यंपरंप्रमाणंभगवाननंतः ॥२०॥ मैत्रे०सउग्रधन्वन्नियदेवाबभाषआसीच्चतूष्णीमरविंदनाभं॥ धियोपगृह्णन्स्मितशोभितेनमुखे नचेतोलुलुभेदेवहूत्याः॥२१॥ सोऽनुज्ञात्वाव्यवसितंमहिष्यादुहितुःस्फुटं॥तस्मैगुणगणाढ्यायददौतुल्यांप्रहर्षितः॥२२॥ शतरूपामहाराज्ञी पारिबर्हान्महाधनान् ॥ दंपत्योःपर्यदात्प्रीत्याभूषावासःपरिच्छदान्॥२३॥ प्रत्तांदुहितरंसम्राट्सदृक्षायगतव्यथः॥ उपागुह्यचबाहुभ्यामौ त्कंठ्योन्मथिताशयः॥२४॥ अशक्नुवंस्तद्विरहंमुंचन्बाष्पकलांमुहुः॥ आसिंचदंबवत्सेतिनेत्रोदैर्दुहितुःशिखाः॥२५॥ आमंत्र्यतंमुनिवरमनु ज्ञातःसहानुगः॥ प्रतस्थेरथमारुह्यसभार्यःस्वपुरंनृपः ॥२६॥ उभयोर्ऋषिकुल्यायाःसरस्वत्याःसुरोधसोः॥ ऋषीणामुपशांतानांपश्यन्नाश्र मसंपदः॥२७॥ तमायांतमभिप्रेत्यब्रह्मावर्त्तात्प्रजापतिं ॥ गीतसंस्तुतिवादित्रैःप्रत्यदीयुःप्रहर्षिताः॥२८॥ बर्हिष्मतीनामपुरीसर्वसंपत्सम न्विता॥ न्यपतन्यत्ररोमाणियज्ञस्यांगंविधुन्वतः॥२९॥ कुशाःकाशास्तएवासन्शश्वद्धरितवर्चसः॥ ऋषयोयैःपराभाव्ययज्ञघ्नान्यज्ञमीजि रे॥३०॥ कुशकाशमयंबर्हिरास्तीर्यभगवान्मनुः ॥ अयजद्यज्ञपुरुषंलब्धास्थानंयतोभुवं॥३१॥ बर्हिष्मतीनामविभुर्यांनिर्विश्यसमावसत् ॥ तस्यांप्रविष्टोभवनंतापत्रयविनाशनं॥सभार्यःसप्रजःकामान्बुभुजेऽन्याविरोधतः॥३२॥ संगीयमानसत्कीर्तिःसस्त्रीभिःसुरगायकैः॥प्रत्यू षेष्वनुबद्धेनहृदाशृण्वन्हरेःकथाः ॥३३ ॥ निष्णातंयोगमायासुमुनिंस्वायंभुवंमनुं॥ यदाभ्रंशयितुंभोगानशेकुर्भगवत्परं॥३४॥ अयातया मास्तस्यासन्यामाःस्वांतरयापनाः॥ शृण्वतोध्यायतोविष्णोःकुर्वतोब्रुवतःकथाः॥३५॥ सएवंस्वांतरंनिन्येयुगानामेकसप्ततिं ॥ वासुदेवप्र संगेनपरिभूतगतित्रयः ॥३६॥ शारीरामानसादिव्यावैयासेयेचमानुषाः॥ भौतिकाश्चकथंक्लेशाबाधंतेहरिसंश्रयं ॥३७॥ यःपृष्टोमुनिभिः प्राहधर्मान्नानाविधानूशुभानू ॥ नृणांवर्णाश्रमाणांचसर्वभूतहितःसदा॥३८॥ एतत्तआदिराजस्यमनोश्चरितमद्भुतं॥ वर्णितंवर्णनीयस्यत

ભગવાનનું પુજન કર્યું હતું. ॥૨૯—૩૦॥ અને તેજ ડાભ અને કાંસડાનું ઘાસ પાથરીને, પોતાને જેના થકી પૃથ્વીરૂપી સ્થાન મળ્યું છે તે યજ્ઞ પુરૂશ ભગવાનનું પુજન મનુએ પણ કર્યું છે. ॥૩૧॥ પછી એ મનુએ બર્હીષ્મતી નગરીમાં પ્રવેશ કરીને, ત્રણે તાપ (અધ્યાત્મ—અધીભુત—અને અધી દૈવ)ને મટાડનાર પોતાના ઘરમાં સ્ત્રી તથા સંતાનો સહીત રહીને, ધર્મ—અર્થ—અને મોક્ષ એ ત્રણને વીરૂદ્ધ ન આવે એવી રીતે કામને (સંસારીક સુખોને) ઘણાં વરશો સુધી ભોગવ્યાં. ॥૩૨॥ એ, મનુ રોજરોજ સવારમાં, દેવના ગવઇઆઓએ તેમની સ્ત્રીઓ સહીત થઇને ગવાતી, હરી ભગવાનની સત્કીરતીવાળી કથાઓ, એકાગ્રચીતે સાંભળતા હતા. ॥૩૩॥ તો પણ એ ભગવાનમાંજ ચીત્તવાળા અને ભગવાનની માયાના પારને પામેલા સ્વાયંભુ મનુ મુનીને, એ સર્વે ભોગ, ભગવાનના પદ થકી પાડી નાંખવાને શક્તીમાન થયા નહીં. ॥૩૪॥ અને તેમના મન્વંતરના કાળમાંનો કોઇ પણ પહોર વીશ્ણુ ભગવાનની કથાઓ, સાંભળવા વીનાનો—ધ્યાન કરવા વીનાનો—તેની રચના કરવા વીનાનો—અને તેનું મોઢેથી ઉચ્ચારણ કરવા—વીનાનો ગયોજ નથી. ॥૩૫॥ તેમણે પોતાનો મન્વંતર (ચારે યુગની ચોકડી એવી ઇકોતેર ચોકડી) એ રીતે વાસુદેવ ભગવાનના પ્રસંગવડેજ ત્રણ ગુણો (સત્વ—રજ—ને તમ) ની ગતીનો પરાભવ કરીને ગાળ્યો છે. ॥૩૬॥ હે વીદુર, હરી ભગવાનનો આશ્રય કરનારાઓને (એ મનુ સરખાઓને), શરીર—મન—દેવ—મનુષ્યો—અને પ્રાણીઓ થકી થનારાં દુખો બાધ કરવાને સમર્થ થઇ શકેજ નહીં. ॥૩૭॥ એ સ્વાયંભુ મનુએ મુનીઓના પુછવાથી સર્વ પ્રાણી માત્રનું સર્વકાળ ભલું થાય એવા, વર્ણ—આશ્રમ—અને પુરૂશોના નાના પ્રકારના શુભ ધર્મો (મનુસ્મૃતી વડે) કહેલા છે. ॥૩૮॥ આ રીતે મેં આદી રાજા સ્વાયંભુ મનુના અદભુત ચરીત્રનું વર્ણન કર્યું. હવે તેમના સંતાનોના પ્રભાવને પણ સાંભળો. ॥૩૯॥ ઇ૦ ભા૦ ત્રી૦ સ્કં૦૨૨ મો અ૦સં૦॥૨૨॥

અધ્યાય ૨૩ મો.—મૈત્રેય—માના પીતા વીદાય થયા પછી, પતીના મનની વાતને જાણી જનારી સાધવી દેવહુતી, પાર્વતીએ શંકરની ઉપાસના કરવાની પેઠે, તેમની નીત્ય નીત્ય પ્રીતી સહીત શેવા કરવા

ચાળી. ॥૧॥ અને તેણે, કામ-કપટ-દ્વેશ-દુરાચરણ-અને મદનો ત્યાગ કરીને, વીશ્વાસથી-મનની નીર્મળતાથી-માનથી-ઇંદ્રીયોંનીગ્રહથી-સેવાથી-અને મધુર વાણીથી અપ્રમતપણે હમેશાં ઉદ્યોગી થઇને, અતી તેજસ્વી કર્દમ મુનીને પ્રસન્ન કર્યા. ॥૨-૩॥ ત્યારે દૈવને પણ ફેરવી શકે એવા સ્વામી પાસેથી મોટા મનોર્થને ઇચ્છતી-સીધી રીતે અનુસરનારી-અને વ્રતોઆદી ઘણો કાળ થયાં કરવાથી શરીરે દુબળી થયેલી, તે મનુ પુત્રી દેવહુતીને, તેના ઉપર ઉત્પન્ન થયેલી દયાથી પીડાઇને કરૂણાવશ કર્દમ મુનીએ પ્રેમને લીધે ગળગળી વાણીથી કહ્યું કે. ॥૪-૫॥ હે માન આપનારી મનુની કુંવરી, વીશેશ ભક્તી સહીત ઘણી સેવાથી, હમણાં હું તારા ઉપર પ્રસન્ન થયો છું. પ્રાણીઓને અત્યંત વહાલો અને સુખ ભોગવવાને યોગ્ય એવા પોતાના દેહને પણ મારે માટે આવી રીતે અતીશય ક્ષીણ કરી નાંખવામાં તેં પાછું વાળી જોયું નથી. ॥૬॥ સ્વધર્મમાં પ્રીતીવાળા મેં, તપ-સમાધી-આત્મજ્ઞાન-અને યોગ વડે, જેથી અભય (મોક્ષ) અને અશોકની પ્રાપ્તી થાય એવા ભગવાનના પ્રસાદો (દીવ્ય ભોગાદીક) મેળવેલા છે. અને તે સર્વે મારી સેવા વડે, તમને પણ સ્વાધીનજ છે. માટે તે સર્વેને તમે દ્રષ્ટી વડે જુઓ. ॥૭॥ કાળ સ્વરૂપ ઉરૂક્રમ ભગવાનની ભમર હાલવાથી જેમના અર્થનો અને રચનાનો નાશ થઇ જાય છે. એવા ભોગ થકી શું ફળ છે ? તમે સીદ્ધ થયેલ છો. માટે પોતાના ધર્મ થકી દોહન કરેલા-અને રાજાપણા આદીનું અભીમાન રાખનારા પુરૂશોને કદીએ ન મળે, એવા આ દીવ્ય વૈભવોને તમે ભોગવો. ॥૮॥ એ પ્રમાણે બોલતા પતીને સર્વ યોગ-સર્વ પ્રકારની માયા-અને સર્વ પ્રકારની વીદ્યાને વીશે વીચક્ષણ જોઇને, તે દેવહુતી પીડાઓ રહીત થઇ ગયાં. અને તે લાજ સહીત હસતા અને ખીલેલા મોઢાથી જોઇને, વીનય તથા પ્રેમ સહીત વીહ્વળ વાણી બોલ્યાં કે. ॥ ૯ ॥—દેવહુતી—હે ઉતમ

दपत्योदयंगृणु॥३९॥ इ०भा०म०तृ०द्वाविंशतितमोऽध्यायः॥२२॥ मैत्रेय० पितृभ्यांप्रस्थितेसाध्वीपतिमिंगितकोविदा॥ नित्यंपर्यचरत्प्रीत्याभवानीवभवंप्रभुं॥१॥ विश्रंभेणात्मशौचेनगौरवेणदमेनच ॥ शुश्रूषयासौहृदेनवाचामधुरयाचभो॥२॥ विसृज्यकामंदंभंचद्वेषंलोभमघंमदं॥ अप्रमत्तोद्यतानित्यंतेजीयांसमतोषयत् ॥३॥ सवैदेवर्षिवर्यस्तांमानवींसमनुव्रतां॥ दैवाद्गरीयसःपत्युराशासानांमहाशिषः ॥४॥ कालेनभूयसाक्षामांकर्शितांव्रतचर्यया ॥ प्रेमगद्गदयावाचापीडितःकृपयाऽब्रवीत्॥५॥ तुष्टोऽहमद्यतवमानविमानदायाःशुश्रूषयापरमयापरयाचभक्त्या॥ योदेहिनामयमतीवसुहृत्स्वदेहोनावेक्षितःसमुचितःक्षपितुंमदर्थे॥६॥ येमेस्वधर्मनिरतस्यतपःसमाधिविद्यात्मयोगविजिताभगवत्प्रसादाः॥तानेवतेमदनुसेवनयाऽवरुद्धान्दृष्टिंप्रपश्यवितराम्यभयानशोकान् ॥७॥ अन्येपुनर्भगवतोभ्रुवउद्विजृंभविभ्रंशितार्थरचनाः[illegible] ॥ सिद्धाऽसिभुंक्ष्वविभवान्निजधर्मदोहान्दिव्यान्नरैर्दुरधिगान्नृप[illegible]क्रियाभिः॥८॥ एवंब्रुवाणम[illegible]बलाऽखिलयोगमायाविद्याविचक्षणमवेक्ष्यगताधिरासीत्॥ संप्रश्रयप्रणयविह्वलयागिरेषद्व्रीडाऽवलोकविलसद्धसिताननाह॥९॥ देवहूति०राद्धंबतद्विजवृषैतदमोघयोगमायाधिपेत्वयिविभोतदवैमिभर्त्तः ॥ यस्तेऽभ्यधायिसमयःसकृदंगसंगोभूयाद्गरीयसिगुणःप्रसवःसतीनां ॥१०॥ तत्रेतिकृत्यमुपशिक्षयथोपदेशंयेनैषमेकर्शितोऽतिरिरंसयात्मा॥ सिद्ध्येततेकृतमनोभवधर्षितायादीनस्तदीशभवनंसदृशंविचक्ष्व॥११॥ मैत्रेय० प्रियायाःप्रियम[illegible]योगमास्थितः ॥ विमानंकामगंक्षत्तस्तर्ह्येवाविरचीकरत्॥१२॥ सर्वकामदुघंदिव्यंसर्वरत्नसमन्वितं ॥ सर्वर्द्ध्युपचयोदर्कंमणिस्तंभैरुपस्कृतं॥१३॥ दिव्योपकरणोपेतंसर्वकालसुखावहं॥ पट्टिकाभिःपताकाभिर्विचित्राभिरलंकृतं॥१४॥स्रग्भिर्विचित्रमाल्याभिर्मंजुसिंजत्षडंघ्रिभिः॥दुकूलक्षौमकौशेयैर्नानावस्त्रैर्विराजितं १५उपर्युपरिविन्यस्तनिलयेषुपृथक्पृथक्॥ क्षिप्तैःकशिपुभिःकांतंपर्यंकव्यजनासनैः॥१६॥ तत्रतत्रविनिक्षिप्तनानाशिल्पोपशोभितं॥महामरकतस्थल्याजुष्टंविद्रुमवेदिभिः॥१७॥ द्वास्सुविद्रुमदेहल्याभातंवज्रकपाटमत्॥ शिखरेष्विंद्रनीलेषुहेमकुंभैरधिश्रितं॥१८॥ चक्षुष्मत्पद्मरागाग्र्यैर्वज्रभित्तिषुनिर्मितैः॥ जुष्टंविचित्रवैतानैर्महार्हैर्हेमतोरणैः ॥१९॥

ભગવન્, તમે અમોઘ યોગમાયાના અધીપતી હોવાથી એ બધું તમારી પાસે છેજ. તો પણ હે સમર્થ, તમે કરેલી પ્રતીજ્ઞાને હું જાણુંછું. માટે સારી રીતે અંગ સંગ થવો જોઇએ. સતી સ્ત્રીઓને પતી થકી પ્રસવ થાય, એજ મોટો લાભ કહેવાય છે. ॥ ૧૦ ॥ હે પ્રભુ, તમારા થકી ઉત્પન્ન થયેલા કામથકી પરાભવ પામેલી હું રાંકડીનો દેહ, રમણ કરવાની ઇચ્છાથી અતી દુબળો થયેલો છે. તે કામ શાસ્ત્ર આદીમાં કહ્યા પ્રમાણે, જે કામ કરવાને માટે જોઇએ તેવો સીદ્ધ થાય તેમ કરવાનો, તથા તેને સદ્રશ ઘર આદી કરવાનો વીચાર આપ કરો. ॥૧૧॥ -મૈત્રેય-ત્યારે હે વીદુર, પ્રીયાનું પ્રીય કરવાને ઇચ્છતા કર્દમ મુનીએ યોગનો આશ્રય કરીને જ્યાં ધારે ત્યાં જનારૂં એક વીમાન બનાવી દીધું. ॥૧૨॥ તે વીમાન સર્વ મનોર્થને પુરનારૂં-દીવ્ય-સર્વ રત્નોથી ભરપુર-સર્વ રીદ્ધીઓના સંચયને વધારનારૂં-મણી આદી જડેલા થાંભલાઓથી શોભતું-દીવ્ય સર સામાનવાળું-સર્વ કાળમાં સુખ આપનારૂં-વીચીત્ર પતાકાઓ અને પટીઓ આદીથી શણુગારેલું-અને ભમરાઓથી ગુંજારવ થતી વીચીત્ર ફુલોની માળાઓથી તથા નાના પ્રકારનાં રેશમી અને બીજાં વસ્ત્રોવડે શોભાયમાન હતું. ॥૧૩-૧૪-૧૫॥ તેમાં ઉપરા ઉપરી માળોમાં જુદી જુદી જાતનાં તળાઇઓ-પલંગ-વીંજણા અને આસનો નાંખેલાં હતાં. ॥૧૬॥ અને દરેક સ્થળે નોખ નોખી કારીગરીઓ કરેલી હોવાથી તે શોભતું હતું. ઇંદ્રનીલ મણીની ભુમીઓ, અને પરવાળાંની ઓટલીઓ થકી તે શણુગારેલું હતું. ॥૧૭॥ દરવાજાઓને વીશે પરવાળાંના ઉમરા અને હીરાનાં કમાડ હતાં. અને શીખરો ઇંદ્રનીલ મણીઓથી તથા સોનાના કળસોથી શોભીતાં હતાં. ॥૧૮॥ ને તેની હીરાવાળી ભીંતોમાં આગળના ભાગમાં આંખોની પેઠે માણીક જડેલાં હતાં. અને તેને વીચીત્ર પ્રકારના અમુલ્ય સોનેરી ચંદરવા તથા તોરણો લાગી

રહેલાં હતાં. ॥૧૯॥ તથા પોતાના સરખાંજ કૃત્રીમ પક્ષીઓને, પોતાના જેવાં માનીને, હંસ અને પારેવાંનાં ટોળેટોળાં, તેઓના ઉપર ચડી ચડીને બોલ્યા કરતાં હતાં. ॥૨૦॥ અને વીહાર કરવાની જગાઓ સુવાનાં સ્થાન, આરામ લેવાની જગાઓ, આંગણાં અને તેની બહારની જગાઓ જેવી જોઈએ તેવી રચાયલી હતી. તેથી તે વીમાન કર્દમને પોતાને પણ વીસ્મય પમાડે એવું હતું. ॥૨૧॥ એ રીતના તે વીમાનને દેવહુતીએ, થોડા રાજીપાથી જોવા માંડયું, ત્યારે સર્વના મનની વાતને જાણનારા કર્દમરૂષી બોલ્યા કે, ॥૨૨॥ મનુષ્યોની પ્રત્યાને પુર્ણ કરનારૂં આ તીર્થ ભગવાને કરેલું છે. માટે હે પ્રીયા, આ ધ્રુન્હાને વીશે સ્નાન કરીને પછી એ વીમાન ઉપર ચડો. ॥૨૩॥ એ પ્રમાણેના સ્વામીના વચનને ગ્રહણ કરીને, એ કમળ જેવી આંખ્યોવાળાં, દેવહુતી, રજથી મેલાં થઇ ગયેલાં લુગડાં-ચોટો વળાઇ ગયેલા વાળ- મેલથી ઢંકાઇ ગયેલું શરીર-અને બેરંગ બની ગયેલાં પોતાનાં સ્તન સહીત, પવીત્ર જળવાળી સરસ્વતી નદીથી થયેલા બીંદુસરમાં પેઠાં. ॥૨૪-૨૫॥ ત્યારે એ તળાવની અંદરના મકાનમાં બેઠેલી, કીશોર વયવાળી-અને કમળ જેવા સુગંધવાળી એકહજાર કન્યાઓ તેણે દીઠી. ॥૨૬॥ અને તેને જોઇને, તે સ્ત્રીઓ એકદમ ઉભી થઇ હાથ જોડીને બોલીઓ કે, અમે તમારી દાસીઓ છીએ. તે શું કામ કરીએ તે આજ્ઞા કરો. ॥૨૭॥ હે વીદુર, પછી નહાવાની અમુલ્ય વસ્તુઓથી તેમણે દેવહુતીને નવરાવી. અને તેને નીર્મળ અને નવાં વસ્ત્રો અમુલ્ય અને પ્રીય લાગે એવાં ચળકતાં ઘરેણાં-સર્વ ગુણોવાળાં અન્ન-તથા અમૃત સરખા પીવાના પદાર્થો આપ્યા. ॥૨૮-૨૯॥ પછી તેણે અરીસામાં જોતાં, પોતાના શરીરને સ્વચ્છ-માળા પેહેરેલું-રજ વગરનાં વસ્ત્રોવાળું-કન્યાઓએ ઘણું માન આપેલું-માથા સુદ્ધાં સ્નાન કરેલું-સઘળાં ઘરેણાંથી શોભતું, અને ગળામાં પદક તથા હાર, હાથે કંકણ, પગે સોનાનાં ઝાંઝર

हंसपारावतव्रातैस्तत्रतत्रनिकूजितं॥ कृत्रिमान्मन्यमानैःस्वानधिरुह्याधिरुह्यच॥२०॥ विहारस्थानविश्रामसंवेशप्रांगणाजिरैः ॥ यथोपजो
षंरचितैर्विस्मापनमिवात्मनः ॥२१॥ ईदृग्गृहंतत्पश्यंतींनातिप्रीतेनचेतसा॥ सर्वभूताशयाभिज्ञःप्रोवोचत्कर्दमःस्वयं॥२२॥निमज्यास्मि
न्हृदेभीरुविमानमिदमारुह ॥ इदंशुक्लकृतंतीर्थमाशिषांयापकंनृणां॥२३॥ सातद्भर्तुःसमादायवचःकुवलयेक्षणा ॥ सरजंबिभ्रतीवासोवे
णीभूतांश्चमूर्धजान्॥२४॥ अंगंचमलपंकेनसंछन्नंशवलस्तनं॥ आविवेशसरस्वत्याःसरःशिवजलाशयं॥२५॥ सांऽतःसरसिवेश्मस्थाःशता
निदशकन्यकाः॥ सर्वाःकिशोरवयसोददर्शोत्पलगंधयः ॥२६॥ तांदृष्ट्वासहसोत्थायप्रोचुःप्रांजलयःस्त्रियः॥ वयंकर्मकरीस्तुभ्यंशाधिनःक
रवामकिं॥२७॥ स्नानेनतांमहार्हेणस्नापयित्वामनस्विनीं॥ दुकूलेनिर्मलेनूत्नेददुरस्यैचमानद॥२८॥ भूषणानिपरार्ध्यानिवरीयांसिद्युमंतिच
॥अन्नंसर्वगुणोपेतंपानंचैवामृतासवं॥२९॥ अथादर्शेस्वमात्मानंस्रग्विणंविरजांबरं॥ विरजंकृतस्वस्त्ययनंकन्याभिर्बहुमानितं॥३०॥ स्नातंकृ
तशिरःस्नानंसर्वाभरणभूषितं ॥ निष्कग्रीवंवलयिनंकूजत्कांचननूपुरं॥३१॥ श्रोण्योरध्यस्तयाकांच्याकांचन्याबहुरत्नया॥ हारेणचमहार्हे
णरुचकेनचभूषितं ॥३२॥ सुदतासुभ्रुवाश्लक्ष्णस्निग्धापांगेनचक्षुषा॥ पद्मकोशस्पृधानीलैरलकैश्चलसन्मुखं॥३३॥ यदासस्मारऋषभमृ
षीणांदयितंपतिं॥ तत्रचास्तेसहस्त्रीभिर्यत्रास्तेसप्रजापतिः॥३४॥ भर्तुःपुरस्तादात्मानंस्त्रीसहस्रवृतंतदा॥निशाम्यतद्योगगतिंसंशयंप्रत्य
पद्यत ॥३५॥ सतांकृतमलस्नानांविभ्राजंतीमपूर्ववत्॥ आत्मनोबिभ्रतीरूपंसंवीतरुचिरस्तनीं ॥३६॥ विद्याधरीसहस्रेणसेव्यमानांसुवास
सं॥जातभावोविमानंतदारोहयदमित्रहन्॥३७॥ तस्मिन्नलुप्तमहिमाप्रिययाऽनुरक्तोविद्याधरीभिरुपचीर्णवपुर्विमाने॥ बभ्राजउत्कचकुमुद्ग
णवानपीच्यस्ताराभिरावृतइवोडुपतिर्नभस्थः ॥३८॥ तेनाष्टलोकपविहारकुलाचलेंद्रद्रोणीष्वनंगसखमारुतसौभगासु॥ सिद्धैर्नुतोद्युधुनिपा
तशिवस्वनासुरेमेचिरंधनदवल्ललनावरूथी॥३९॥ वैश्रंभकेसुरसनेनंदनेपुष्पभद्रके॥ मानसेचैत्ररथ्येचसरेमेरामयारतः ॥४०॥ भ्राजिष्णु
नाविमानेनकामगेनमहीयसा॥ वैमानिकानत्यशेतचरन्लोकान्यथाऽनिलः॥४१॥ किंदुरापादनंतेषांपुंसामुद्दामचेतसां ॥ यैराश्रितस्तीर्थ

કેડ ઉપર ઘણાં રત્નોવાળી સોનાની કટીમેખળા પેહેરેલું-અને શરીર ઉપર કેસરનું લેપન, તથા કપાળમાં કુમકુમનો ચાંદલો આદી સૌભાગ્ય વસ્તુઓથી શણગારેલું દીઠું. ॥૩૦-૩૧-૩૨॥ ત્યારે સુંદર દાંત-સુંદર ભમરો-સ્નેહ સહીત અણીયાળી આંખ્યથી જોતું-અને કમળના તંતુઓને હઠાવે એવા કાળા વાળના ગુચ્છ વીગેરેથી તેનું મુખ શોભતું હતું. ॥૩૩॥ પછી પોતાના પ્યારા પતી ઉત્તમ મુની કર્દમને તેણે સંભાર્યાં-જ્યાં કર્દમ મુની હતા, ત્યાં એ હજારે સ્ત્રીઓ સહીત પોતે પણ આવી પહોંચેલી જોઇ. ॥૩૪॥ તે વખતે હજાર સ્ત્રીઓથી વીંટાયલા પોતાના દેહને ભર્તારની પાસે આવેલો જોઇને, તેમની યોગ ગતીથી તે વીસ્મય પામી ગઇ. ॥૩૫॥-વીદુર,-પછી કર્દમ મુનીએ એ નહાવાથી નીર્મળ થયેલી-પ્રથમના સરખાજ પોતાના રૂપને ધારણ કરીને શોભતી-સુંદર સ્તનોને ઢાંકતી-અને હજાર વીદ્યાધરીઓએ સારાં વસ્ત્રો આદીથી શેવા કરાતી, દેવહુતીને પ્રેમથી વીમાન ઉપર ચડાવી. ॥૩૬-૩૭॥ ત્યારે એ કર્દમ મુની, પ્રીયાને વીશે પ્રીતીવાળા થઇને હજારો વીદ્યાધરીઓથી શરીર શેવાને પ્રાપ્ત થયેલા-ને સ્ત્રીઓની આંખ્યો રૂપ ઉઘડેલા કમળોવાળા અને સ્ત્રીઓરૂપ તારાઓથી વીંટાયલા અતી સુંદર ચંદ્રમા સરખા; આકાશમાં રહેલા, પોતાના મહીમાનો નાશ નહીં થવા દેતાં, શોભવા લાગ્યા. ॥૩૮॥ પછી સીદ્ધ લોકોએ વખાણ કરાતા અને સ્ત્રીઓના ટોળાવાળા કર્દમ મુની, એ વીમાનવડે, આઠે લોકપાળોનાં રમવાનાં સ્થાન રૂપ મેરૂ પર્વતની,-કામદેવને વધારનાર પવનથી પ્રીય લાગતી,-અને ગંગાજીના ધોધના કલ્યાણકારી ઘોંઘાટવાળી,-ગુફાઓમાં કુબેરની પેઠે ઘણા કાળ-સુધી રમ્યા. ॥૩૯॥ વૈશ્રંભક-સુરસેન-નંદન-અને પુષ્પભદ્રક તથા ચૈત્રરથ નામના દેવતાઓના પાંચે બગીચાઓમાં તથા માનસ સરોવરમાં પણ તે સ્ત્રીમાં પ્રીતીવાળા થઇને રમવા લાગ્યા. ॥૪૦॥ અને એ પ્રકાશીત-ધારે ત્યાં જનારા-અને

મોટા વીમાનવડે, દેવતાઓ કરતાં પણ ઘણા વધી ગએલા કર્દમ મુની, પવનની માફક લોક માત્રને વીશે ફરવા લાગ્યા. ॥૪૨॥ વ્યસનો (સંસારનાં જન્મ મરણાદીક દુખો) ને સંપુર્ણપણે મટાડનારા તીર્થપદ ભગવાનના ચરણનો આશ્રય કરનારા, તથા તેમને વીશે, ચીતની એકાગ્રતા કરનારા પુરૂશોને ન મળે એવી કઈ વસ્તુ છે ? (અર્થાત તેમને સર્વ કાંઈ મળવું સુલભજ છે.) ॥૪૩॥ એ રીતે મહા યોગી કર્દમ મુની પોતાની સ્ત્રી દેવહુતીને સઘળી પૃથ્વી અને તેના દ્વીપો સુદ્ધાંનાં ઘણાં ઘણાં આશ્ચર્ય દેખાડીને, પછી પોતાના આશ્રમમાં પાછા આવ્યા. ॥૪૪॥ રમણ કરવામાં ઉત્સાહવાળી તે મનુની દીકરીને રમાડતાં અને પોતે નવ પ્રકારના મનવાળા થઈને રમતાં એ કર્દમ મુનીનાં ઘણાં વરસો, એક મુહુર્તની પેઠે ચાલ્યાં ગયાં.॥૪૫॥ અને રતીને વધારનાર ઉત્તમ શય્યાઓવાળા તે વીમાનમાં પતીની સાથે સારી રીતે શયન કરવામાં ઘણો સમય વીતી ગયાની ખબર દેવહુતીને પણ પડી નહી.॥૪૬॥ એમ એ રીતે વીશય સુખની લાલચ કરનારા અને રમણ કરનારાં, એ યોગના પ્રભાવવાળા સ્ત્રીપુરૂશના જોડાને સોવરસનો કાળ વીતી ગયો. ॥૪૬॥ ત્યારે સર્વના સંકલ્પને જાણનારા આત્મજ્ઞાની કર્દમમુનીએ પ્રીતીવાળા થઈને, પોતાનું સ્વરૂપ, (મન) નવ પ્રકારનું કરી તેવડે દેવહુતીના શરીરમાં વીર્યને ધારણ કર્યું. ॥૪૭॥ આથી કરીને તે દેવહુતીએ ઉતાવળેજ, સર્વસુંદર અંગોવાળી તથા રાતા કમળના સુગંધવાળી નવ દીકરીઓને જણી. ॥૪૮॥ પછી કર્દમમુનીને સંન્યાસ લેવા જોઈને, મનમાં વ્યાકુળ થયા છતાં, હસતા મોઢાથી નીચું જોઈ આંખોમાંથી પડતાં આંસુનાં ટીપાંને રોકીને, મણી જેવા પગના નખથી ધરતીને ખોતરતાં ખોતરતાં દેવહુતી સુંદરવાણી બોલ્યાં કે. ॥૪૯-૫૦॥ હે ભગવાન, આપે મારી સાથે પ્રતીજ્ઞા કર્યા પ્રમાણેનું સઘળું વચન પરીપુર્ણ કર્યુ છે. તોપણ હું શરણાગતને અભયદાન આપવાને આપ યોગ્ય છો. (અર્થાત જન્મ મરણ ટળે એવો ઉપદેશ આપનાર એક પુત્રની હું માગણી કરૂં છું.) ॥૫૧॥ હે બ્રાહ્મણ તમારી દીકરીઓને પોતાના સમાન પતીઓ પોતેજ શોધવા પડશે. (તે કાર્ય આપને હાથે થવું ઘટીત છે.) અને આપ વનમાં પધારો ત્યારે મને

पदश्वरणोव्यसनात्ययः॥४२॥ प्रेक्षयित्वाभुवोगोलंपत्न्यैयावान्स्वसंस्थया॥ बव्हाश्चर्यंमहायोगीस्वाश्रमायन्यवर्तत ॥४३॥ विभज्यनवधात्मानंमानवींसुरतोत्सुकां॥रामांनिरमयन्रेमेवर्षपूगान्मुहूर्तवत्॥४४॥ तस्मिन्विमानउत्कृष्टांशय्यांरतिकरींश्रिता॥ नचाबुध्यततंकालंपत्याऽपीच्येनसंगता॥४५॥ एवंयोगानुभावेनदंपत्योरममाणयोः॥ शतंव्यतीयुःशरदःकामलालसयोर्मनाक्॥४६॥तस्यामाधत्तरेतस्तांभावयन्नात्मनात्मवित्॥ नोधाविधायरूपंस्वंसर्वसंकल्पविद्विभुः ॥४७॥ अतःसासुषुवेसद्योदेवहूतिःस्त्रियःप्रजाः॥ सर्वास्ताश्चारुसर्वांग्योलोहितोत्पलगंधयः॥४८॥ पतिंसाप्रव्रजिष्यंतंतदालक्ष्योशतीसती॥स्मयमानाविक्लवेनहृदयेनविदूयता॥४९॥ लिखंत्यधोमुखीभूमिंपदानखमणिश्रिया॥ उवाचललितांवाचंनिरुध्याश्रुकलांशनैः॥५०॥ सर्वंतद्भगवान्मह्यमुपोवाहप्रतिश्रुतं॥ अथापिमेप्रपन्नायाअभयंदातुमर्हति॥५१॥ब्रह्मन्दुहितृभिस्तुभ्यंविमृग्याःपतयःसमाः॥ कश्चित्स्यान्मेविशोकायत्वयिप्रव्रजितेवनं॥५२॥ एतावताऽलंकालेनव्यतिक्रांतेनमेप्रभो॥ इंद्रियार्थप्रसंगेनपरित्यक्तपरात्मनः॥५३॥ इंद्रियार्थेषुसज्जंत्याप्रसंगस्त्वयिमेकृतः॥ अजानंत्यापरंभावंतथाऽप्यस्त्वभयायमे ॥५४॥ संयोगःसंसृतेर्हेतुरसत्सुविहितोऽधिया॥ सएवसाधुषुकृतोनिःसंगत्वायकल्पते॥५५॥ नेहयत्कर्मधर्मायनविरागायकल्पते॥ नतीर्थपदसेवायैजीवन्नपिमृतोहिसः॥५६॥ साहंभगवतोनूनंवंचितामाययादृढं ॥ यत्त्वांविमुक्तिदंप्राप्यनमुमुक्षेयबंधनात् ॥५७॥ इ०भा०म०तृ०कापिलेयोपाख्यानेत्रयोविंशतितमोऽध्यायः॥२३॥ मैत्रेय० निर्वेदवादिनीमेवंमनोर्दुहितरंमुनिः॥ दयालुःशालिनीमाहशुक्लाभिव्याहृतंस्मरन् ॥१॥ ऋषि० माखिदोराजपुत्रीत्थमात्मानंप्रत्यनिंदिते॥ भगवांस्तेक्षरोगर्भमदूरात्संप्रपत्स्यते॥२॥ धृतव्रतासिभद्रंतेदमेननियमेनच॥ तपोद्रविणदानैश्चश्रद्धयाचेश्वरंभज॥३॥ सत्वयाराधितःशुक्लोवितन्वन्मामकंयशः॥ छेत्तातेहृदयग्रंथिमौदर्योब्रह्मभावनः॥४॥ मैत्रे०देवहूत्यपिसंदेशंगौरवेणप्रजापतेः॥ सम्यक्श्रद्धायपुरुषंकूटस्थमभजद्गुरुं॥५॥ तस्यांबहुतिथेकालेभगवान्मधुसूदनः ॥ कार्दमंवीर्यमापन्नोजज्ञेऽग्निरिवदारुणि ॥६॥

શોક રહીત કરનારૂં કોઈ જોઈએ પણ ખરૂં. (અર્થાત એક પુત્ર આપ્યા પછી જવું ઘટે છે.) ॥૫૨॥ હે પ્રભો, આટલો કાળ મેં પરમાત્માને વીસરી જઈને ઈંદ્રીયોના અર્થોના પ્રસંગમાંજ ગુમાવી નાંખ્યો છે. માટે એટલુંજ ઘણું થયું છે. ॥૫૩॥ મેં આપનો સંગ, આપનો પરમભાવ નહીં જાણીને અને કેવળ ઈંદ્રીયોના સુખને માટેજ કરેલો છે. તોપણ તે, મને અભય (મોક્ષ) આપનારો થવો જોઈએ. ॥૫૪॥ કેમકે અબુદ્ધ મનુષ્યોએ કરેલો અસત્પુરૂશોનો સંગ જન્મ મરણને આપનારો થાય છે. પણ તેજ જો સાધુ પુરૂશોનો કર્યો હોય તો તેથી નીસંગપણું એટલે વૈરાગ્યની પ્રાપ્તી થાય છે. ॥૫૫॥ આ લોકમાં જેનાં કર્મો, ધર્મને-વૈરાગ્યને-અને તીર્થપાદ ભગવાનની શેવાને પ્રાપ્ત કરનારાં નથી થતાં; તે મનુષ્ય જીવતો છતાં મુવેલા જેવોજ છે. ॥૫૬॥ ભગવાનની કઠીણ માયાથી હું પણ એ રીતેજ છેતરાઈ ગઈ છું. કેમકે મુક્તીને આપો એવા આપને પામ્યા છતાં બંધનથી છુટવાની મેં ઇચ્છા કરી નહીં. ॥૫૭॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો ત્રેવીસમો અ૦ સંપુર્ણ. ॥૨૩॥

અધ્યાય ૨૪ મો.-મૈત્રેય.-એ પ્રમાણે વૈરાગ્ય સંબંધી બોલતી, વખાણને યોગ્ય મનુની દીકરીને; દયાળુ કર્દમ મુનીએ, ભગવાને પોતાને જે કહ્યું હતું તેનું સ્મરણ લાવીને કહ્યું કે. ॥૧॥-કર્દમ-હે રાજપુત્રી, તમે પોતાના નીંદા સહીત આત્માને ખેદ પમાડશો નહીં. અવીનાશી ભગવાન થોડા કાળમાંજ તમારા ગર્ભને વીશે આવશે. ॥૨॥ વ્રતોને ધારણ કરનારાં તમોનું કલ્યાણ થાઓ. હવે તમે ઈંદ્રીયોને નીયમમાં રાખીને-નીયમાદીક પાળીને-તપ કરીને-અને દ્રવ્યાદીકનાં દાન વીગેરે કરીને શ્રદ્ધા સહીત ઈશ્વરને ભજો. ॥૩॥ એટલે તમે આરાધન કરેલા ભગવાન, મારા યશનો વીસ્તાર કરતા થકા, તમારા ઉદરથી ઉત્પન્ન થઈને, આત્માનત્વનું જ્ઞાન આપવા વડે, તમારા હ્રદયની "હું અને મારૂં" એવી ગાંઠને કાપી નાંખનારા થશે. ॥ ૪ ॥ -મૈત્રેય-પછી દેવહુતીએ પણ કર્દમ પ્રજાપતીનાં વચનોનો પુર્ણપણે અને માન સહીત આદર કરીને, એ અવીનાશી તથા જગતના ગુરૂ પુરૂશ ભગવાનને શ્રદ્ધા સહીત ભજ્યા. ॥૫॥ અને કર્દમ રૂશીના વીર્યમાં આવેલા

મધુસુદન ભગવાન કેટલીક વખત જતે, સમય પ્રાપ્ત થયેથી (નવ માસે) કાષ્ટમાંથી અગ્ની ઉત્પન્ન થવાની પેઠે દેવહુતીના ઉદર થકી જન્મ્યા. ॥૬॥ તે વખતે આકાશમાં વાજીત્ર વાગ્યાં, મેઘની વૃષ્ટી થઇ. ગાંધર્વો ગાવા લાગ્યા. અને અપ્સરાઓ આનંદથી નાચવા લાગી. ॥૭॥ દેવતાઓએ વરસાવેલાં દીવ્ય ફુલનો વરસાદ થયો. તે સર્વે દીશાઓ–જળાશયો અને માણસોનાં મન સ્વચ્છ જણાયાં. ॥૮॥ અને સરસ્વતી નદીએ આંટો લીધેલા કર્દમ મુનીના આશ્રમ સ્થાનમાં મરીચીઆદી રૂશીઓ સુધાં બ્રહ્માજી આવ્યા. ॥૯॥ પછી હે વીદુર, સાંખ્ય શાસ્ત્રનું જ્ઞાન આપવાને સત્વ ગુણી વીશ્નુના અંશથી પરબ્રહ્મ ભગવાન અવતરેલાનું જાણતા–તથા ભગવાને કરવા ધારેલાને અતી શુદ્ધ ચીત્તથી માન આપતા, બ્રહ્માએ પોતાની સર્વ ઇંદ્રીયો હર્ષ પામતાં, કર્દમ મુનીને આ રીતે કહ્યું. ॥૧૦–૧૧॥—બ્રહ્મા—હે માન આપનારા પુત્ર કર્દમ, તમે મારું માન રાખીને, નીષ્કપટપણે મારી આજ્ઞા સ્વીકારી: મને તમારે આપવાનો બદલો, આપ્યો છે. ॥૧૨॥ ગુરૂ એટલે વડીલોનાં વચનોનો, માન પુર્વક હા કહીને સ્વીકાર કરવો. એટલીજ વડીલોની શેવા પુત્રાદીકે (શીષ્યો– પુત્રીઓ–અને પૌત્ર તથા પર પૌત્રાદીકનો પણ આદી શબ્દમાં સમાસ કરેલો છે.) કરવાની છે. ॥૧૩॥ હે સત્પુત્ર, સુંદર અંગોવાળી આ તારી દીકરીઓ પોત પોતાના પ્રભાવ વડે કરીને અનેક પ્રકારે સૃષ્ટીનો વધારો કરશે. ॥૧૪॥ એટલા માટે જેની જેમાં રૂચી થાય, તથા જેનું શીળ જેની સાથે મળતું આવે, તેમ, આ મરીચી આદી મોટા રૂશીઓને, હમણાંજ તું તારી દીકરીઓ આપીને પૃથ્વીમાં યશનો વીસ્તાર કર્યે. ॥૧૫॥ હે કર્દમ મુની પ્રાણી માત્રને ઇચ્છીત પદાર્થ (અભય અથવા મોક્ષ) આપવાને સારૂં આદી પુરૂષ ભગવાને પોતાની માયાથી કપીલનો દેહ ધારણ કરેલાનું હું જાણું છું. ॥૧૬॥ હે મનુની પુત્રી, એ સોના જેવા વાળની જટાવાળા–ચરણમાં કમળના

अवादयंस्तदाव्योम्निवादित्राणिघनाघनाः ॥ गायंतितंस्मगंधर्वानृत्यंत्यप्सरसोमुदा॥७॥ पेतुःसुमनसोदिव्याःखेचरैरपवर्जिताः॥प्रसेदु
श्चदिशःसर्वाअंभांसिचमनांसिच॥८॥ तत्कर्दमाश्रमपदंसरस्वत्यापरिश्रितं॥ स्वयंभूःसाकमृषिभिर्मरीच्यादिभिरभ्ययात्॥९॥ भगवंतंप
रंब्रह्मसत्वेनांशेनशत्रुहन् ॥ तत्वसंख्यानविज्ञप्त्यैजातंविद्वानजःस्वराट्॥१०॥ सभाजयन्विशुद्धेनचेतसातच्चिकीर्षितं॥प्रहृष्यमाणैरसुभिःक
र्दमंचेदमभ्यधात्॥११॥ ब्रह्मा०त्वयामेऽपचितिस्तातकल्पितानिर्व्यलीकतः॥ यन्मेसंजगृहेवाक्यंभवान्मानदमानयन् ॥१२॥ एतावत्येव
शुश्रूषाकार्यापितरिपुत्रकैः॥ बाढमित्यनुमन्येतगौरवेणगुरोर्वचः ॥१३॥ इमादुहितरःसभ्यतववत्ससुमध्यमाः ॥ सर्गमेतंप्रभावैःस्वैर्बृंहयि
ष्यंत्यनेकधा॥१४॥ अतस्त्वमृषिमुख्येभ्योयथाशीलंयथारुचि ॥ आत्मजाःपरिदेह्यद्यविस्तृणीहियशोभुवि ॥१५॥ वेदाहमाद्यंपुरुषमवती
र्णंस्वमायया॥भूतानांशेवधिंदेहंबिभ्राणंकपिलंमुने॥१६॥ ज्ञानविज्ञानयोगेनकर्मणामुद्धरन्जटाः ॥ हिरण्यकेशःपद्माक्षःपद्ममुद्रापदांबुजः
॥१७॥ एषमानवितेगर्भंप्रविष्टःकैटभार्दनः॥अविद्यासंशयग्रंथिंछित्वागांविचरिष्यति॥१८॥ अयंसिद्धगणाधीशःसांख्याचार्यैःसुसंमतः ॥
लोकेकपिलइत्याख्यांगंतातेकीर्तिवर्धनः ॥१९॥ मैत्रेय०तावाश्वास्यजगत्स्रष्टाकुमारैःसहनारदः॥ हंसोहंसेनयानेनत्रिधामपरमंययौ २०
गतेशतधृतौक्षत्तःकर्दमस्तेनचोदितः॥ यथोदितंस्वदुहितृःप्रादाद्विश्वसृजांततः॥२१॥ मरीचयेकलांप्रादादनसूयामथात्रये ॥ श्रद्धामंगिर
सेयच्छत्पुलस्त्यायहविर्भुवं ॥२२॥ पुलहायगतिंयुक्तांक्रतवेचक्रियांसतीं॥ ख्यातिंचभृगवेयच्छद्वसिष्ठायाप्यरुंधतीं ॥२३॥ अथर्वणेऽददा
च्छांतिंययायज्ञोवितन्यते॥ विप्रर्षभान्कृतोद्वाहान्सदारान्समलालयत्॥२४॥ ततस्तऋषयःक्षत्तःकृतदारानिमंत्र्यतं ॥ प्रातिष्ठन्नंदिमापन्नाः
स्वंस्वमाश्रममंडलं॥२५॥ सचावतीर्णंत्रियुगमाज्ञायविबुधर्षभं ॥ विविक्तउपसंगम्यप्रणम्यसमभाषत॥२६॥ अहोपापच्यमानानांनिरये
स्वैरमंगलैः॥ कालेनभूयसानूनंप्रसीदंतीहदेवताः॥२७॥ बहुजन्मविपक्केनसम्यग्योगसमाधिना॥ द्रष्टुंयतंतेयतयःशून्यागारेषुयत्पदं २८
सएवभगवानद्यहेलनंनगणय्यनः ॥ गृहेषुजातोग्राम्याणांयःस्वानांपक्षपोषणः॥२९॥ स्वीयंवाक्यमृतंकर्तुमवतीर्णोऽसिमेगृहे ॥ चिकीर्षुर्भ

ચીન્હવાળા–કમળ જેવી આંખ્યોવાળા–અને કૈટભ દૈત્યને મારનારા, તારા ગર્ભમાં રહેલા કપીલ ભગવાન, જ્ઞાન અને વીજ્ઞાનના યોગથી, કર્મોને જડ મુળમાંથી ઉખેડી નાંખીને, તથા અવિદ્યા અને સંશયરૂપ ગાંઠોને કાપી નાંખીને પૃથ્વી ઉપર વીચરશે. ॥૧૭–૧૮॥ આ સાંખ્ય શાસ્ત્રના આચાર્યોએ માન્ય કરેલા સીદ્ધ પુરૂશોના અધીપતી–અને તારી કીર્તીને વધારનારા ભગવાન, લોકને વીશે કપીલ એવું નામ પામશે. ॥૧૯॥–મૈત્રેય–એ રીતે કર્દમ અને દેવહુતીની આશ્વાસના કરીને અને સનતકુમાર તથા નારદને સાથે લઇને હંસના વાહન વાળા બ્રહ્મા, ત્રીલોકી થકી ઉત્તમ પોતાના સત્યલોકમાં ગયા. ॥૨૦॥ હે વીદુર, ત્યાંથી બ્રહ્મા ગયા પછી તુરત, તેમનાથી સુચના પામેલા કર્દમ મુનીએ, બ્રહ્માએ કહ્યા પ્રમાણે પોતાની દીકરીઓ, એ પ્રજાપતીઓને આપી. ॥૨૧॥ મરીચીને કલા–અત્રીને અનસુયા–અંગીરાને શ્રદ્ધા–પુલસ્ત્યને હવીર્ભુ–પુલહને ગતી–ક્રતુને ક્રીયા–ભૃગુને ખ્યાતી–વસીષ્ટને અરૂંધતી–અને અથર્વણને શાંતી, એ રીતે આપી. કે જેઓના થકી યજ્ઞ કરી શકાય છે. એ પ્રકારે મોટા રૂશીઓના વીવાહ કરીને કર્દમે સ્ત્રીઓ સહીત તેમનો સારી રીતે સત્કાર કર્યો. ॥૨૨–૨૩–૨૪॥ હે વીદુર, પછી સ્ત્રીઓ વાળા થયેલા, અને આનંદ પામેલા તે રૂશીઓ કર્દમ પાસે રજા માગીને પોત-પોતાના આશ્રમોમાં ગયા.॥૨૫॥ પછી ઉત્તમ દેવ ભગવાનને અવતરેલા જાણી, કર્દમમુની તેમને એકાંતમાં મ-ળીને, પ્રણામ કરી બોલ્યા કે. ॥૨૬॥—કર્દમ—પોતાનાં દુષ્ટ કર્મો વડે નરકોને વીશે રંધાઇ જતા આ લો-કના ઉપર ખચીત ઘણો કાળ વીતે ત્યારે ભગવાન પ્રસન્ન થાય છે. ॥૨૭॥ બહુ જન્મો વડે પરીપક્વ થયેલા સંપુર્ણ યોગ તથા સમાધી થકી યતી લોકો, એકાંત સ્થળોમાં બેસીને, જેના પદને જોવાને યત્ન કરે છે. તે ભગવાન પોતાની હલકાઇ નહીં ગણીને, અમો ગ્રામ્ય સુખની ઇચ્છા વાળાના ઘરને વીશે જનમ્યા છો. તે

પોતાના (ભક્તાદીક)ના પક્ષનું પોષણ કરેલું છે. ॥૨૮-૨૯॥ હે ભક્તોનું માન વધારનારા ભગવાન, આપ પોતાનું વચન સત્ય કરવાને, અને જ્ઞાનનો ઉપદેશ આપવા સારૂં મારા ઘરને વીશે અવતરેલા છો. ॥૩૦॥ હે ભગવાન, તમારા સ્વજનો (ભક્તો) ને જે જે રૂપો રૂચે છે. ને તે નામ અને આકૃતીવાળાં સ્વરૂપો વાળા આપ થાઓ છો. ॥૩૧॥ તત્વને જાણવાની ઇચ્છાવાળા જ્ઞાનીઓએ જેનાં ચરણ પીઠ (પાવડીઓ) નમસ્કાર કરવાને યોગ્ય છે; તથા જે એશ્વર્ય-વૈરાગ્ય-યશ-જ્ઞાન-પરાક્રમ-અને લક્ષ્મીથી ભરપુરછો એવા આપને હું શરણુંછું. ॥૩૨॥ જે કાળ સ્વરૂપ પરમ પુરૂષ ભગવાન, પ્રધાન રૂપે-મહતત્વરૂપે- ત્રણ પ્રકારના અહંકાર રૂપે- અને લોકપાળ દેવતાઓ રૂપે થયેલ છે. તથા જે પોતાના આત્મ તત્વવડે સર્વ પ્રપંચ માત્ર (એટલે આખુ વીશ્વ) ને વીશે પ્રવેશ કરીને રહ્યા છે. તે સર્વજ્ઞ અને સર્વ શક્તીમાન કપીલ ભગવાનને હું શરણુંછું. ॥૩૩॥ હે પ્રજાઓના સ્વામી ભગવાન, આપનો જન્મ થવા વડે, હું પીતૃઓના રૂણ થકી મુક્ત થવા રૂપ, મારો મનોર્થ પુર્ણ થવાથી હવે સંન્યાસ ગ્રહણ કરીને, હૃદયને વીશે તમારૂંજ ધ્યાન કરવા વડે શોક રહીત થઇ પૃથ્વી ઉપર ફરવાને માટે આપની આજ્ઞા માગુંછું. ॥૩૪॥—શ્રીભગવાન—હે મુની, વૈદીક તથા લૌકીક કાર્યોમાં મારૂં કહ્યુંજ પ્રમાણ છે. એમ બતાવવાને માટે, અને મેં તમને કહ્યું હતું તે ખરૂં કરવાને માટે મેં આ જન્મ ધારણ કરયો છે. ॥૩૫॥ આલોક અને પરલોકની દુષ્ટ વાસનાઓથી છુટેલા તથા મોક્ષની ઇચ્છા વાળાઓને આત્મ તત્વનું જ્ઞાન થવામાં ઉપયોગી થાય એવી રીતે તત્વોની સંખ્યાનો વીવેક જણાવવાને માટે મારો આ જન્મ થયેલો છે. ॥૩૬॥ એ આત્મ તત્વનું જ્ઞાન થવાનો મારો કહેલો (મેં પ્રથમ કહેલો) માર્ગ, ઘણો કાળ વહી જવાથી, નહીં જાણી શકાય તેવો અને નાશ પામ્યા સરખો થઇ જવાથી, તેને ફરીથી પ્રવર્તાવવાને માટે મેં આદેહ ધારણ કરેલાનું તમે જાણો. ॥૩૭॥ ને સર્વ કર્મો મને અર્પણ કરીને, મારી આજ્ઞાથી, હવે તમારી ઇચ્છા થાય ત્યાં તમે જાઓ. અને જીતવાને અત્યંત કઠીણ એવા મૃત્યુને જીતીને મોક્ષને અર્થે

गवानूज्ञानंभक्तानांमानवर्धनः॥३०॥ तान्येवतेऽभिरूपाणिरूपाणिभगवंस्तव॥ यानियानिचरोचंतेस्वजनानामरूपिणः॥३१॥ त्वांसूरिभिस्तत्वबुभुत्सयाऽद्धासदाऽभिवादार्हणपादपीठं ॥ ऐश्वर्यवैराग्ययशोऽवबोधवीर्यश्रियांपूर्तमहंप्रपद्ये॥३२॥ परंप्रधानंपुरुषंमहांतंकालंकविंत्रिवृतंलोकपालं॥ आत्मानुभूत्याऽनुगतप्रपंचंस्वच्छंदशक्तिंकपिलंप्रपद्ये॥३३॥ आस्माभिपृच्छेऽद्यपतिंप्रजानांत्वयाऽवतीर्णार्णउताप्तकामः॥ परिव्रजत्पदवीमास्थितोऽहंचरिष्येत्वांहृदियुंजन्विशोकः॥३४॥ श्रीभग०मयाप्रोक्तंहिलोकस्यप्रमाणंसत्यलौकिके॥ अथाजनिमयातुभ्यंयदवोचमृतंमुने ॥३५॥ एतन्मेजन्मलोकेस्मिन्मुमुक्षूणांदुराशयात्॥ प्रसंख्यानायतत्वानांसंमतायात्मदर्शने ॥३६॥ एषआत्मपथोऽव्यक्तोनष्टःकालेनभूयसा॥ तंप्रवर्त्तयितुंदेहमिमंविद्धिमयाभृतं ॥३७॥ गच्छकामंमयाऽऽपृष्टोमयिसंन्यस्तकर्मणा ॥ जित्वासुदुर्जयंमृत्युममृतत्वायमांभज॥३८॥मामात्मानंस्वयंज्योतिःसर्वभूतगुहाशयं॥ आत्मन्येवात्मनावीक्ष्यविशोकोभयमृच्छसि॥३९॥मात्रेआध्यात्मिकींविद्यांशमनींसर्वकर्मणां॥ वितरिष्येययाचासौभयंचातितरिष्यति॥४०॥ मैत्रेय०एवंसमुदितस्तेनकपिलेनप्रजापतिः॥दक्षिणीकृत्यतं प्रीतोवनमेवजगाममह॥४१॥ व्रतंसआस्थितोमौनमात्मैकशरणोमुनिः ॥ निःसंगोव्यचरत्क्षोणीमनग्निरनिकेतनः ॥४२॥ मनोब्रह्मणियुंजानोयत्तत्सदसतःपरं॥ गुणावभासेविगुणएकभक्त्यानुभाविते ॥४३॥ निरहंकृतिर्निर्ममश्चनिर्द्वंद्वःसमदृक्स्वदृक्॥प्रत्यक्प्रशांतधीर्धीरःप्रशांतोर्मिरिवोदधिः॥४४॥ वासुदेवेभगवतिसर्वज्ञेप्रत्यगात्मनि ॥ परेणभक्तिभावेनलब्धात्मामुक्तबंधनः॥४५॥ आत्मानंसर्वभूतेषुभगवंतमवस्थितं॥अपश्यत्सर्वभूतानिभगवत्यपिचात्मनि॥४६॥ इच्छाद्वेषविहीनेनसर्वत्रसमचेतसा॥ भगवद्भक्तियुक्तेनप्राप्ताभागवतीगतिः॥४७॥ इ०भा०म०तृ०कापिलेयेचतुर्विंशतितमोऽध्यायः ॥२४॥ शौनक० कपिलस्तत्वसंख्याताभगवानात्ममायया॥जातःस्वयमजःसाक्षादात्मप्र[illegible]प्तयेनृणां ॥१॥ नह्यस्यवर्ष्मणःपुंसांवरिम्णःसर्वयोगिनां॥ विश्रुतौश्रुतदेवस्यभूरितृप्यंतिमेऽसवः॥२॥ यद्यद्विधत्तेभगवान्स्वच्छंदात्ममायया ॥

મને ભજો. ॥૩૮॥ તેમજ સર્વ પ્રાણીઓના અંતરમાં રહેલા સ્વયં પ્રકાશ મારા આત્માને, તમે બુદ્ધી વડે, પોતાને વીશેજ જુઓ એટલે શોક રહીત થઇને અભયને (મોક્ષને) પામશો. ॥૩૯॥ મારી માતા દેવહુતીને, સર્વ કર્મોને ઉખેડી નાંખનારૂં આત્મ તત્વ સબંધી જ્ઞાન હું આપીશ. કે જેથી તે ભયને (સંસારને) સંપુર્ણ રીતે તરી જશે. અને મોક્ષને પામશે. ॥૪૦॥—મૈત્રેય—પ્રજાપતી કર્દમ, એ રીતે કપીલ ભગવાનથી રાજી થઇ તેમને પ્રદક્ષીણા કરીને પછી વનમાં ચાલ્યા ગયા. ॥૪૧॥ પછી તે કર્દમ મુની, અગ્ની હોત્ર તથા ઘરનો ત્યાગ કરી, મૈનવ્રત રાખી-સંગ રહીત થઇ-તથા એક આત્માનુંજ શરણ લેઇને પૃથ્વી ઉપર ફર્યા. ॥૪૨॥ સત (પ્રકૃતીમાં કારણો, અને અસત (દશ્ય માત્ર) થકી પર-સત્વ, રજ, અને તમ ત્રણ ગુણોને વીશે દેખાતા છતાં તેઓ થકી રહીત-અને અવ્યભીચારણી ભક્તીથી અપરોક્ષ થયેલા એવા પરબ્રહ્મ ભગવાનમાં મન લગાડવા વડે અહંકાર અને મમતા રહીત, દ્વંદ્વ રહીત-અને સમદષ્ટી વાળા-ભેદ દ્રષ્ટી વીનાના-તથા વીશેષ રહીત બુદ્ધી વાળા થઇ,ને મોજાઓ શાંત થયેલા સમુદ્રના સરખા, તે ધીર પુરૂષ થઇ ગયા. ॥૪૩-૪૪॥ તેમજ સર્વના આત્મા અને સર્વને જાણનારા, વાસુદેવ ભગવાનને વીશે પરમ ભક્તી ભાવથી મનને લગાડી દેહને બંધનો થકી મુક્ત થયા. ॥૪૫॥ અને સર્વ પ્રાણી આદીકને વીશે આત્મ સ્વરૂપથી ભગવાનને રહેલાનું, તથા આત્મ સ્વરૂપ ભગવાનને વીશે સર્વ પ્રાણી આદીક રહેલાનું જોવા લાગ્યા. ॥૪૬॥ એ રીતે ભગવાનની ભક્તીવડે, એ કર્દમમુની ઇચ્છા અને દ્વેષથી રહીત થઇ, સર્વ કાળ અને સર્વ સ્થળે એક પરબ્રહ્મનેજ જોવાવાળા થઇને ભગવાનના પદને પામી ગયા. ॥૪૭॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો ચોવીસમો અધ્યાય સંપુર્ણ. ॥૨૪॥

અધ્યાય. ૨૫ મો—શૌનક—પુરૂશોને આત્મ તત્વના જ્ઞાનની પ્રાપ્તી કરાવવાને માટે, સાક્ષાત અજન્મા ભગવાને પોતાની માયાથી કપીલનો અવતાર લઇને તત્વોની ગણતીનો વીવેક બતાવેલો છે. ॥૧॥ સર્વ યોગીઓમાં શ્રેષ્ટ અને સર્વ પુરૂશોમાં ઉત્તમ, એ કપીલ ભગવાન વીશે મેં ઘણું સાંભળ્યું છે. પણ તેથી મારી

ઇંદ્રીઓ તૃપ્ત થતી નથી. ॥૨॥ માટે એ સર્વ શક્તીમાન ભગવાને પોતાની માયાથી દેહ ધરીને જે જે કીર્તન કરવા લાયક કામો કરેલાં હોય. તે તે હું શ્રદ્ધાવાનની પાસે આપ વર્ણન કરો. ॥૩॥—સૂત—એ પ્રમાણે અને તમારી પેઠેજ ભગવાન દ્વૈપાયનના મીત્ર મૈત્રેય મુનીને વીદુરજીએ પણ આત્મ તત્વનું જ્ઞાન થવાના વીષયમાં પુછ્યાથી તેમણે નીચે પ્રમાણે કહ્યું હતું. ॥૪॥—મૈત્રેય—પીતા (કર્દમ) વનમાં ગયા પછી માતા (દેવહુતી) નું પ્રીય કરવાની ઇચ્છાથી કપીલ ભગવાન, તે બીંદુસરમાંજ વાસ કરીને રહ્યા. ॥૫॥ પછી કર્મોરહિત તથા તત્વજ્ઞાનના માર્ગની છેલ્લામાં છેલ્લી વસ્તુને દેખાડનારા, તે પોતાના પુત્ર કપીલ ભગવાનને બેઠેલા જોઇને, બ્રહ્માનું વચન યાદ કરીને દેવહુતી તેમના પ્રત્યે બોલ્યાં કે. ॥૬॥ —દેવહુતી—હે મહાત્મા, દુષ્ટ ઇંદ્રીઓની કામનાથી, બીજા કશાને નહીં જાણનારી—અને ઇંદ્રીયોની લાલચોને પુરી કરતાં અઘોર નરકમાં પડતી—એવી હું આપ ભગવાનનું શરણ લેઉછું. ॥૭॥ મને ઉત્તર વયમાં આપ ભગવાનનો અનુગ્રહ થવાથી, જેના પારને પામી શકાતું નથી એવા અઘોર નરકમાંથી બહાર કાઢનાર સાચી આંખરૂપ આપ પ્રાપ્ત થયા છો. ॥૮॥ અંધકારથી આંધળા થયેલાઓને માટે સુર્યનો ઉદય થવાની પેઠે, તમોગુણી વીશયોની વાસનાથી આંધળા થયેલા લોકોને માટે ચક્ષુ રૂપ આપ આદી પુરૂષ ભગવાન ઇશ્વર પ્રકટ થયેલા છો. ॥૯॥ માટે હે દેવ, અસત પદાર્થોને વીશે "હું અને મારૂં" એવો ખોટો આગ્રહ થવા રૂપ મોહ જે આપની માયાથીજ મને થયેલોછે. તેને મટાડવાને આપજ યોગ્ય છો. ॥૧૦॥ પ્રકૃતી અને પુરૂષનાં સ્વરૂપોને જાણવાની ઇચ્છાથી હું, આપ, પોતાના ભક્તજનોના સંસારરૂપી વૃક્ષને કાપનારા કુહાડા સરખા—સર્વનાં શરણરૂપ—અને શુદ્ધ ધર્મને જાણનારાનું શરણ લેઉછું. અને નમસ્કાર કરૂંછું. ॥૧૧॥—મૈત્રેય—એ રીતના પોતાની માતાના, પુરૂશોના સર્વ સુખને વધારનાર નીર્દોશ ઇચ્છીતને જાણીને, આત્મજ્ઞાનવાળા સત્ પુરૂશોના ગતીરૂપ કપીલ ભગવાન, મનથી તેમની પ્રશંસા કરીને હસવા સહીત જોવા વડે શોભતા મુખથી બોલ્યા કે. ॥૧૨॥—શ્રીભગવાન—પુરૂશોને કલ્યાણકારી "અધ્યા-

..निमश्रद्दधानस्य [illegible] नुकीर्त्तय॥३॥ सूत०द्वैपायनसखस्त्वेवंमैत्रेयोभगवांस्तथा॥ प्राहेदंविदुरंप्रीतआन्वीक्षिक्यांप्रचोदितः॥४॥ मैत्रेय०पितरिप्रस्थितेऽरण्यंमातुःप्रियचिकीर्षया॥तस्मिन्बिंदुसरेऽवात्सीद्भगवान्कपिलःकिल॥५॥तमासीनमकर्माणंतत्त्वमार्गाग्रदर्शनं॥ स्वसुतंदेवहूत्याहधातुःसंस्मरतीवचः॥६॥ देवहूति०निर्विण्णानितरांभूमन्नसदिंद्रियतर्षणात्॥ येनसंभाव्यमानेनप्रपन्नांऽधंतमःप्रभो॥७॥ तस्यत्वंतमसोंऽधस्यदुष्पारस्याद्यपारगं॥ सच्चक्षुर्जन्मनामंतेलब्धंमेत्वदनुग्रहात्॥८॥ यआद्योभगवान्पुंसामीश्वरोवैभवान्किल॥ लोकस्य तमसांऽन्धस्यचक्षुःसूर्यइवोदितः॥९॥ अथमेदेवसंमोहमपाक्रष्टुंत्वमर्हसि॥ योऽवग्रहोऽहंममेतीत्येतस्मिन्योजितस्त्वया॥१०॥तंत्वागताऽहंशरणंशरण्यंस्वभृत्यसंसारतरोःकुठारं॥ जिज्ञासयाऽहंप्रकृतेःपूरुषस्यनमामिसद्धर्मविदांवरिष्ठं॥११॥ मैत्रेय०इतिस्वमातुर्निरवद्यमीप्सितं निशम्यपुंसामपवर्गवर्धनं॥ धियाऽभिनंद्यात्मवतांसतांगतिर्बभाषईषत्स्मितशोभिताननः॥१२॥ श्रीभग०योगआध्यात्मिकःपुंसामतोनिःश्रेयसायमे॥ अत्यंतोपरतिर्यत्रदुःखस्यचसुखस्यच॥१३॥ तमिमंतेप्रवक्ष्यामियमवोचंपुराऽनघे॥ ऋषीणांश्रोतुकामानांयोगंसर्वांगनैपुणं॥१४॥ चेतःखल्वस्यबंधायमुक्तयेचात्मनोमतं॥ गुणेषुसक्तंबंधायरतंवापुंसिमुक्तये॥१५॥ अहंममाभिमानोत्थैःकामलोभादिभिर्मलैः॥ वीतंयदामनःशुद्धमदुःखमसुखंसमं॥१६॥ तदापुरुषआत्मानंकेवलंप्रकृतेःपरं॥ निरंतरंस्वयंज्योतिरणिमानमखंडितं॥१७॥ ज्ञानवैराग्ययुक्तेनभक्तियुक्तेनचात्मना॥ परिपश्यत्युदासीनंप्रकृतिंचहतौजसं॥१८॥नयुज्यमानयाभक्त्याभगवत्यखिलात्मनि॥ सदृशोऽस्तिशिवःपंथायोगिनांब्रह्मसिद्धये॥१९॥ प्रसंगमजरंपाशमात्मनःकवयोविदुः॥ सएवसाधुषुकृतोमोक्षद्वारमपावृतं॥२०॥ तितिक्षवःकारुणिकाःसुहृदःसर्वदेहिनां॥ अजातशत्रवःशांताःसाधवःसाधुभूषणाः॥२१॥ मय्यनन्येनभावेनभक्तिंकुर्वंतियेदृढां॥ मत्कृतेत्यक्तकर्माणस्त्यक्तस्वजनबांधवाः॥२२॥ मदाश्रयाःकथामृष्टाःशृण्वंतिकथयंतिच॥ तपंतिविविधास्तापानैतान्मद्गतचेतसः॥२३॥ तएतेसाधवःसाध्विसर्वसंगविवर्जि

ત્મીકયોગ" એ છે કે. જેને વીશે સુખ તથા દુખ બેઉની અત્યંત ઉપરતી એટલે નીરપૃહપણું થાય છે. એ મારો મત છે. ॥૧૩॥ હે પાપ રહીત દેવહુતી, સાંભળવાની ઇચ્છાવાળા રૂશીઓએ પુછવાથી, એ સર્વ અંગોવડે પરીપુર્ણ યોગ મેં પુર્વે તેમને કહ્યો હતો. તેજ તમને પણ હું કહુંછું. ॥૧૪॥ ખચીત, મનજ, પુરૂશને બંધ અને મોક્ષનું કારણ છે. એવો મારો મત છે. જો તે વીશયાદીકમાં આશક્તીવાળું હોય, તો પુરૂશને બંધન કરે છે. અને આશક્તી રહીત હોય તો મોક્ષ આપે છે. ॥૧૫॥ જ્યારે અભીમાનથી ઉત્પન્ન થયેલ "હું અને મારૂં," તથા કામ—લોભ આદી દોશ મટી જાય છે. અને મન, સુખ દુખથી રહીત—શુદ્ધ—અને સમ થાય છે. ત્યારે, કેવળ—પ્રકૃતીથીપર—સ્વયંપ્રકાસ—છેલ્લામાંછેલ્લું—ઉદાસીન અને અખંડીત, એવા આત્મસ્વરૂપને, ભક્તી—જ્ઞાન—અને વૈરાગ્યથી યુક્ત કરેલા મનવડે, પુરૂશ નીરંતર દેખે છે. તથા પ્રકૃતી એટલે માયા તેને નીર્બળ થયેલી જણાય છે. ॥૧૬-૧૭-૧૮॥ અખીલ જગતના આત્મા ભગવાનમાં ભક્તી થવા જેવાનું, એના સરખો, યોગીઓને આત્મતત્વના જ્ઞાનની સીદ્ધી થવાનો માર્ગ બીજો કોઇજ નથી. ॥૧૯॥ સંગ એ તુટી ન શકે એવા પાસ (મજબુત દોરી) હોવાનું, અને તેજ સંગ જો સાધુ પુરૂશોનો કર્યો હોય તો, તે, ઉઘડી ગયેલું મોક્ષનું બારણું હોવાનું: સર્વજ્ઞ પુરૂશો કહે છે. ॥૨૦॥ સુ. દુખને સહન કરનારા—દયાળુ—સર્વ પ્રાણીના સુહ્રદ—કોઇ સાથે શત્રુવટ નહીં કરનારા—શાંત—સારાં શીળને ઘરેણાંરૂપ માનનારા—અનન્ય ભાવથી મારી દૃઢ ભક્તી કરનારા—સર્વ કર્મો મને અર્પણ કરનારા—સ્વજન અને બાંધવોને તજેલા—મારા આશ્રયવાળી મધુરકથાઓનું શ્રવણ અને કીર્તન કરનારા—અને મારે વીશેજ મન રાખનારા એવા ગુણોવાળા સાધુ પુરૂશો વીવીધ પ્રકારના તાપો થકી પણ ભયને પામતા નથી. ॥૨૧-૨૨-૨૩॥ એવી રીતે સર્વ સંગનો ત્યાગ કરનારા સાધુ પુરૂશો હોય છે. એવા સંગના દોશને હરનારા સાધુ પુરૂશોનો સંગ તો પ્રાર્થના કરીને પણ કરવો યોગ્ય છે. ॥૨૪॥ એવા સત્પુરૂશોના સંગમાં મારાં પરાક્રમોને સુચવનારી, કાન અને હૃદયના રસાયન (બળવાન ઔશધી) રૂપ કથાઓ

થયાં કરે છે. અને તે કથાઓના સેવનથી મોક્ષના માર્ગરૂપ ભગવાનને વીશે ઉતાવળીજ શ્રદ્ધા-પ્રીતી-અને ભક્તીએ અનુક્રમે ઉત્પન્ન થાય છે. ॥૨૫॥ મારી કરેલી સૃષ્ટી આદીની રચનાને જોઇને તેનું ચીંતવન કરવાથી દ્રષ્ટ એટલે આ લોક-અને (અદ્રષ્ટ) શ્રુત એટલે પરલોકનાં, વીશય સુખો થકી પુરૂષને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને પછી તેનું ચીત્ત ભક્તી કરવામાં પરાયણ જાઇને, એ ભક્તીરૂપ યોગના સેહેલા માર્ગથી, યોગ યુક્ત થવામાં યત્ન કરવા લાગે છે. ॥૨૬॥ અને પછી વૈરાગ્યથી વીશયોના સેવનમાં સુખ ન માનીને, વીશયોનું સેવન નહીં કરવાથી-જ્ઞાનથી-અને મારે વીશે કર્મ અર્પણ કરવાથી, વીગેરે પ્રકારની ભક્તી કરવાવડે આ જન્મમાંજ આત્મતત્વના પ્રત્યક્ષ જ્ઞાનને પામે છે. ॥૨૭॥—દેવહુતી—જે વડે તમારા નીર્વાણપદને હું સેહેલાઇથી પામી શકું એવી, અને હું સ્ત્રી જાતી હોવાથી જાણી શકે એવી, કેવા પ્રકારની અને કેવા પ્રકારની ભક્તી, મારે કરવા યોગ્ય છે તે કહો. ॥૨૮॥ તેમજ આપ કહી ગયા, તે ભગવાને કહેલો નીર્વાણ સ્વરૂપ અને જેથી તત્વોનું જ્ઞાન થાય એવો યોગ, કેટલાં અંગોવાળો અને કેવા સ્વરૂપનો છે. ॥૨૯॥ હે હરી ભગવાન, બોધ થવાને અતી કઠણ એવી એ સર્વ વાતને, જે પ્રકારથી સ્ત્રી જાતની અને મંદ બુદ્ધીવાળી હું તમારા અનુગ્રહથી, સુખે કરીને સમજી શકું, એવા પ્રકારથી મને સમજાવો ॥૩૦॥—મૈત્રેય—કપીલ ભગવાને માતાના અભીપ્રાયને એ રીતે જાણીને, જેના શરીરથી પોતે જન્મેલા છે. તેના ઉપર સ્નેહ ઉત્પન્ન થવાથી તેને, તત્વોનો ક્રમ સહીત વીવેક આપનારૂં સાંખ્ય-શાસ્ત્રીના પ્રકારો-અને યોગ, એ ત્રણે વાનાં કહ્યાં. ॥૩૧॥—શ્રીભગવાન—વીશયોને જાણનાર ઇંદ્રીઓ અને મન: એ સત્વગુણી સ્વરૂપ, અને એક એવા હરીભગવાનને વીશે, વગર પ્રયાસે વૃત્તી રાખનારાં થઇને માત્ર વૈદીક કર્મોજ કરે. એવી ભગવાનની સીદ્ધી કરતાં પણ શ્રેષ્ટ નીષ્કામ ભક્તી; ખાધેલા

ताः॥ संगस्तेष्वथतेप्रार्थ्यःसंगदोषहराहिते ॥२४॥ सतांप्रसंगान्ममवीर्यसंविदोभवंतिहृत्कर्णरसायनाःकथाः॥ तज्जोषणादाश्वपवर्गवर्त्म
निश्रद्धारतिर्भक्तिरनुक्रमिष्यति ॥२५॥ भक्त्यापुमान्जातविरागऐंद्रियाद्दृष्टश्रुतान्मद्रचनानुचिंतया॥ चित्तस्ययत्तोग्रहणेयोगयुक्तोयतिष्य
तेऋजुभिर्योगमार्गैः ॥२६॥ असेवयाऽयंप्रकृतेर्गुणानांज्ञानेनवैराग्यविजृंभितेन ॥ योगेनमय्यर्पितयाचभक्त्यामांप्रत्यगात्मानमिहावरुंधे
॥२७॥ देवहूति०काचित्त्वय्युचिताभक्तिःकीदृशीममगोचरा ॥ ययापदंतेनिर्वाणमंजसाऽन्वश्नवाअहं॥२८॥ योयोगोभगवद्बाणोनिर्वाणा
त्मंस्त्वयोदितः॥ कीदृशःकतिचांगानियतस्तत्त्वाववोधनं॥२९॥ तदेतन्मेविजानीहियथाऽहंमंदधीर्हरे॥ सुखंबुद्ध्येयदुर्बोधंयोषाभवदनुग्रहा
त्॥३०॥मैत्रेय०विदित्वाऽर्थंकपिलोमातुरित्थंजातस्नेहोयत्रतन्वाऽभिजातः ॥ तत्त्वाम्नायंयत्प्रवदंतिसांख्यंप्रोवाचवैभक्तिवितानयोगं ३१
श्रीभग०देवानांगुणलिंगानामानुश्रविककर्मणां॥ सत्त्वएवैकमनसोवृत्तिःस्वाभाविकीतुया ॥३२॥ अनिमित्ताभागवतीभक्तिःसिद्धेर्गरीय
सी॥ जरयत्याशुयाकोशंनिगीर्णमनलोयथा॥३३॥ नैकात्मतांमेस्पृहयंतिकेचिन्मत्पादसेवाऽभिरतामदीहाः॥ येऽन्योऽन्यतोभागवताःप्र
सज्यसभाजयंतेममपौरुषाणि ॥३४॥ पश्यंतितेमेरुचिराण्यंबसंतःप्रसन्नवक्त्रारुणलोचनानि॥रूपाणिदिव्यानिवरप्रदानिसाकंवाचंस्पृहणी
यांवदंति॥३५॥ तैर्दर्शनीयावयवैरुदारविलासहासेक्षितवामसूक्तैः॥ हृतात्मनोहृतप्राणांश्चभक्तिरनिच्छतोमेगतिमण्वीं प्रयुंक्ते॥३६॥ अथो
विभूतिंममममायाविनस्तामैश्वर्यमष्टांगमनुप्रवृत्तं ॥ श्रियंभागवतींवाऽस्पृहयंतिभद्रांपरस्यमेतेऽश्नुवतेतुलोके ॥३७॥ नकर्हिचिन्मत्पराःशां
तरूपेनंक्ष्यंतिनोमेनिमिषोलेढिहेतिः ॥ येषामहंप्रियआत्मासुतश्चसखागुरुःसुहृदोदैवमिष्टं॥३८॥ इमंलोकंतथैवामुमात्मानमुभयायिनं ॥
आत्मानमनुयेचेहयेरायःपशवोगृहाः॥३९॥ विसृज्यसर्वानन्यांश्चमामेवंविश्वतोमुखं॥ भजंत्यनन्ययाभक्त्यातान्मृत्योरतिपारये॥४०॥ ना
न्यत्रमद्भगवतःप्रधानपुरुषेश्वरात्॥ आत्मनःसर्वभूतानांभयंतीव्रंनिवर्तते॥४१॥ मद्भयाद्वातिवातोऽयंसूर्यस्तपतिमद्भयात्॥ वर्षतींद्रोदहत्य
ग्निर्मृत्युश्चरतिमद्भयात्॥४२॥ ज्ञानवैराग्ययुक्तेनभक्तियोगेनयोगिनः॥ क्षेमायपादमूलंमेप्रविशंत्यकुतोभयं ॥४३॥ एतावानेवलोकेस्मिन्पुं

અગ્નને, જઠરાગ્ની બાળીને ભસ્મ કરે છે તેમ, લીંગ શરીરને ઉતાવળીજ બાળી નાંખનારી છે. ॥૩૨-૩૩॥ મારા ચરણની શેવાને વીશે પ્રીતીવાળા અને મારે અર્થેજ કર્મો કરનારા કેટલાએક ભગવતીઓ, સાયુજ્ય મુક્તીની પણ ઇચ્છા નહી કરતાં, માંહોમાંહે એકઠા મળીને, મારાં પરાક્રમોનું કીર્તન કર્યા કરે છે. ॥૩૪॥ હે માતા, એવા સંતો; પ્રસન્ન મુખવાળાં-રાતી આંખોવાળાં-દીવ્ય વરદાન આપનાર અને મનગમતાં એવાં મારાં સ્વરૂપોને દેખે છે. અને તેઓની સાથે મનોહર વાતો કરે છે. ॥૩૫॥ એ સંતોનાં મન અને ઇંદ્રીયો; એ સ્વરૂપોના જોવા લાયક અવયવો-ઉદાર વીલાસ-હસને મોઢે અને સુંદર જોવાને વીશે ભક્તીવડે હરણ થાય છે. અને તેવાઓની ઇચ્છા નહીં છતાં પણ સુક્ષ્મમાં સુક્ષ્મ એવી ગતી (મોક્ષ) હું તેમને આપુંછું. ॥ ૩૬ ॥ અને વળી મારી માયા નાશ પામેલા તે પુણ્યવાનોને તેમની ઇચ્છા નહીં છતાં, અષ્ટાંગયોગની પાછળ આવનારી આઠ સીદ્ધીઓરૂપ વીભુતીઓ, અને મારો વૈકુંઠલોક અને એ લોકમાં ભોગવવાની ઉત્તમ સંપતીઓ પણ હું આપુંછું. ॥૩૭॥ એવાઓને હું પોતાના દેહ અને સંતાનોના જેવો-મીત્રો જેવો-ગુરૂજેવો-સુહૃદજેવો-અને ઇષ્ટદેવજેવો, પ્રીયછું. તેમજ મારા વીશે ચીત્ત રાખનારા તેવા લોકો કદીપણ મારા વૈકુંઠલોક થકી ભ્રષ્ટ થતા નથી. અને મારા સુદર્શન ચક્રરૂપ કાળ પણ તેમને કાપતો નથી. ॥૩૮॥ તથા આ લોક-પરલોક-એ બંનેમાં જનારો દેહ-દેહની પછવાડે લાગેલાં સ્ત્રી પુત્રાદીક સર્વ એમને અને બીજાંને પણ તજી દેઇને, સર્વવ્યાપક એવા મને અનન્ય ભક્તીથી જે ભજે છે. તેઓને હું મૃત્યુ થકી તારૂંછું. ॥૩૯-૪૦॥ પ્રધાન અને પુરૂશના ઇશ્વર અને સર્વ પ્રાણી આદીના આત્મા હું ભગવાનવીના બીજે કોઇ ઠેકાણે, એ મૃત્યુ અથવા સંસારરૂપ તીવ્ર ભયની નીવૃત્તી થતીજ નથી. ॥૪૧॥ આ વાયુ મારી (હું કાળસ્વરૂપની) બીકથી વાય છે.-સુર્ય મારી બીકથી

તપે છે-ઈંદ્ર વરસે છે-અગ્ની બાળે છે-અને મૃત્યુ ફરે છે-તે સર્વે મારી બીકથીજ થાય છે. ॥૪૨॥ જ્ઞાન અને વૈરાગ્યથી મુક્ત યોગીઓ, કલ્યાણને માટે ભક્તીયોગવડે, અકુતોભય એવા મારા ચરણ મુળને વીશેજ પ્રવેશ કરે છે. ॥૪૩॥ તીવ્ર ભક્તીયોગવડે મનને મારા વીશે અર્પણ કરીને, પછી તે મારે વીશેજ સ્થીર કરવું. એટલોજ આ લોકને વીશે પુરૂશને કલ્યાણને ઉદય છે. ॥૪૪॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રી૦ સ્કંધનો પચીસમો અ૦ સં૦॥૨૫॥

અધ્યાય ૨૬ મો.—શ્રી ભગવાન–હવે હું તમને તત્વોનાં જુદાં જુદાં લક્ષણો કહું છું. કે જે જાણવાથી પુરૂશ, પ્રકૃતીના ગુણોથકી મુકાય છે. ॥૧॥ અને જેના થકી હૃદયની ગાંઠો ભેદાઇ જાય, એવું પુરૂશોને કલ્યાણ આપનારૂં આત્મ તત્વનું દર્શન કરાવનાર જ્ઞાન પણ હું તમને કહું છું. ॥૨॥ પ્રકૃતી થકીપર —નીર્ગુણ—પ્રત્યેકને વીશે રહેલો—સ્વયંપ્રકાશ—અને જેનાથી આ વીશ્વ વ્યાપેલું છે એવો અનાદી આત્મા છે. અને વીશ્નુભગવાનની ગુણોમય જે સુક્ષ્મ વીભુતી છે. તે પ્રકૃતી છે. તે પ્રકૃતી અથવા માયા યદચ્છાથી લીલા કરતી કરતી પાસે આવતાં એ સમર્થ તેનો સ્વીકાર કરે છે. ॥૪॥ અને જ્ઞાનને ઢાંકી દેનારી તે પ્રકૃતીને, ગુણોવડે તેના સરખાંજ સ્વરૂપોવાળી વીચીત્ર પ્રજાઓને ઉત્પન્ન કરતી જોઇને પુરૂશ તુર્તજ તેનાથી મોહ પામે છે. ॥૫॥ એ પ્રમાણે બીજાને વીશે પોતાપણું માનવાથી પ્રકૃતીના ગુણોએ (એટલે પ્રકૃતીથી થયેલા પદાર્થો ઈંદ્રીયાદીકે) કરાતાં કર્મોને વીશે પોતાનું કર્તાપણું, પુરૂશ માનેછે. ॥૬॥ અને તેથી તે પોતે અકર્તા છતાં કર્મોના બંધનો—ઈશ્વર છતાં કર્મફળો આદી ભોગવવાની પરતંત્રતા—અને સાક્ષીપણાથી સુખરૂપ હોવા છતાં સંસાર થવો—આદી દુઃખો તેને થાય છે. ॥૭॥ આ રીતે કાર્ય (એટલે ઈંદ્રીયાદીકનાં વીશયોરૂપી કર્મો) કારણ (એટલે જે વડે કર્મો, થાય છે તે સાધનો રૂપ ઈંદ્રીયો)—અને કર્તા (એટલે તેને કર્મો કરનારા ઈંદ્રીયોના દેવતાઓ). એ સર્વ પ્રકૃતી થકી થયેલાં હોવાનું અને પ્રકૃતીથીપર એવો પુરૂશ (આત્મા) સુખ દુઃખાદીકનો ભોક્તા થવાનું, તમે જાણો. ॥૮॥ –દેવહુતિ–હે પુરૂશોત્તમ, હવે પ્રકૃતીનાં અને પુરૂશનાં (જુદાં

सांनिःश्रेयसोदयः॥ तीव्रेणभक्तियोगेनमनोमय्यर्पितंस्थिरं ॥४४॥ इ०भा०म०तृ०कापिलेयोपाख्यानेपंचविंशतितमोऽध्यायः ॥२५॥
श्रीभग० अथतेसंप्रवक्ष्यामितत्त्वानांलक्षणंपृथक्॥ यद्विदित्वाविमुच्येतपुरुषःप्राकृतैर्गुणैः॥१॥ ज्ञानंनिःश्रेयसार्थायपुरुषस्यात्मदर्शनं॥यदा
हुर्वर्णयेतत्तेहृदयग्रंथिभेदनं॥२॥ अनादिरात्मापुरुषोनिर्गुणःप्रकृतेःपरः॥ प्रत्यक्धामास्वयंज्योतिर्विश्वंयेनसमन्वितं ॥३॥ सएषप्रकृतिंसू
क्ष्मांदैवींगुणमयींविभुः ॥ यदृच्छयैवोपगतामभ्यपद्यतलीलया ॥४॥ गुणैर्विचित्राःसृजतींसरूपाःप्रकृतिंप्रजाः॥ विलोक्यमुमुहेसद्यःसइ
हज्ञानगूहया॥५॥ एवंपराभिध्यानेनकर्तृत्वंप्रकृतेःपुमान्॥कर्मसुक्रियमाणेषुगुणैरात्मनिमन्यते॥६॥तदस्यसंसृतिर्बंधःपारतंत्र्यंचतत्कृतं॥
भवत्यकर्तुरीशस्यसाक्षिणोनिर्वृतात्मनः॥७॥ कार्यकारणकर्तृत्वेकारणंप्रकृतिंविदुः॥ भोक्तृत्वेसुखदुःखानांपुरुषंप्रकृतेःपरं ॥८॥ देवहूति०
प्रकृतेःपुरुषस्यापिलक्षणंपुरुषोत्तम ॥ ब्रूहिकारणयोरस्यसदसच्चयदात्मकं॥९॥ श्रीभग० यत्तत्त्रिगुणमव्यक्तंनित्यंसदसदात्मकं॥प्रधानंप्र
कृतिंप्राहुरविशेषंविशेषवत्॥१०॥ पंचभिःपंचभिर्ब्रह्मचतुर्भिर्दशभिस्तथा॥ एतच्चतुर्विंशतिकंगणंप्राधानिकंविदुः॥११॥ महाभूतानिपंचै
वभूरापोऽग्निर्मरुन्नभः ॥ तन्मात्राणिचतावंतिगंधादीनिमतानिमे॥१२॥ इंद्रियाणिदशश्रोत्रंत्वग्दृग्रसननासिकाः॥ वाक्करौचरणौमेढ्रंपायु
र्दशमउच्यते॥१३॥ मनोबुद्धिरहंकारश्चित्तमित्यंतरात्मकं॥चतुर्धालक्ष्यतेभेदोवृत्त्यालक्षणरूपया॥१४॥ एतावानेवसंख्यातोब्रह्मणःसगु
णस्यह ॥ सन्निवेशोमयाप्रोक्तोयःकालःपंचविंशकः ॥१५॥ प्रभावंपौरुषंप्राहुःकालमेकेयतोभयं ॥ अहंकारविमूढस्यकर्तुःप्रकृतिमीयुषः
॥१६॥ प्रकृतेर्गुणसाम्यस्यनिर्विशेषस्यमानवि॥चेष्टायतःसभगवान्कालइत्युपलक्षितः॥१७॥ अंतःपुरुषरूपेणकालरूपेणयोबहिः॥ सम
न्वेत्येषसत्त्वानांभगवानात्ममायया॥१८॥ दैवात्क्षुभितधर्मिण्यांस्वस्यांयोनौपरःपुमान्॥ आधत्तवीर्यंसाऽसूतमहत्तत्त्वंहिरण्मयं॥१९॥ वि
श्वमात्मगतंव्यंजन्कूटस्थोजगदंकुरः ॥ स्वतेजसाऽपिबत्तीव्रमात्मप्रस्वापनंतमः॥२०॥ यत्तत्सत्त्वगुणंस्वच्छंशांतंभगवतःपदं॥ यदाहुर्वासु

જુદાં) લક્ષણો કહો. કે જેઓનાં સ્વરૂપોવાળાં કારણોથી આ સત અને અસત (રૂપી જગત) થયેલ છે. ॥૯॥ –શ્રી ભગવાન–જે ત્રણ ગુણોનું એકત્ર સ્વરૂપ છે, જોવા જાણવામાં ન આવે એવી છે, નીત્ય છે. અને સત (મહાભુતોઆદી કારણ રૂપી) અને અસત (દશ્યપદાર્થાદીક), રૂપ છે, તથા અવીશેશ છતાં વીશેશના સરખી જણાયછે. તે પ્રધાન અથવા પ્રકૃતી કહેવાય છે. ॥૧૦॥ પાંચ–પાંચ–ચાર અને દશ, એ રીતે ચોવીસ ગણ પ્રકૃતિના છે. એટલે મુખ્ય કાર્ય કરવાના સ્વભાવવાળાં પરબ્રહ્મનાંજ સ્વરૂપો છે એમ જાણો. ॥૧૧॥ મારા મત પ્રમાણે પૃથ્વી–જળ–અગ્ની–વાયુ–ને આકાશ એ પાંચ મહાભુતો; અને તેટલીજ–ગંધ–રસ –રૂપ–સ્પર્શ–અને શબ્દ એ પાંચ તન્માત્રાઓ; તથા કાન–ચામડી–આંખ્યો–જીભ નાક–વાણી–હાથ–પગ–લીંગ અને ગુદાએ દશ ઈંદ્રીયો; અને વૃત્તીઓનાં લક્ષણોથકી જોવામાં આવતાં મન–બુદ્ધી–અહંકાર–અને ચીત્ત એ ચાર પ્રકારોવાળું અંતઃકરણ; એટલી (ચોવીસ) સગુણ બ્રહ્મના (એટલે ગુણો સહીત થયેલા પરમાત્મા રૂપ પ્રકૃતીનાં) તત્વોના સમુદાયની સંખ્યા મેં કહેલી છે. અને કાળ એ પચીસમું તત્વ હોવાનું કેટલાએક કહેછે. ॥૧૨–૧૩–૧૪–૧૫॥ અને પ્રકૃતીના ગુણોએ કરેલાં કર્માદીકને વીશે કર્તાપણાનું અભીમાન કરનાર મુઢ લોકોને જેના થકી ભય (મૃત્યુ) થાય છે, એવા તે કાળને; કેટલાએક ભગવાનનો પ્રભાવ પણ કહેછે. ॥૧૬॥ હે મનુની પુત્રી, નીર્વીશેશ અને ત્રણે ગુણોનું સામાન્યરૂપ એવી પ્રકૃતીમાં, એ સમર્થ કાળ થકીજ વીકાર થતો જોવામાં આવે છે. ॥૧૭॥ અને એ ભગવાન પોતાની માયાથી સર્વે પ્રાણી આદીકની, અંદર પુરૂશ (આત્મા) રૂપથી અને બહાર કાળ સ્વરૂપથી વ્યાપીને રહેલા છતાં વીકાર રહીત વરતેછે. ॥૧૮॥ એ દૈવથકી વીકાર પામવાના સ્વભાવવાળાં તત્વોરૂપ યોની એટલે પ્રકૃતીને વીશે, તે થકીપર એવા પુરૂશે એટલે આત્માએ વીર્ય મુકવાથી, પ્રકૃતીએ સુવર્ણમય મહતત્વને જણ્યું. ॥૧૯॥ એ કુટસ્થ એટલે એકરૂપ અને જગતના પેહેલા અંકુરરૂપ મહતત્વ; જેમાં પોતાનો લય થયેલો હતો તે તીવ્ર અંધકારને, પોતામાં રહેલા વીશ્વનો પ્રકાશ કરવા

સારૂં, પોતાનાજ તેજવડે પીઇ ગયું. ॥૨૦॥ જેથી તે સત્વગુણી-સ્વચ્છ-શાંત-અને ભગવાનનું પદ, એવું મહતત્વ સ્વરૂપ ચીત્તનું નામ "વાસુદેવ" કહેવાય છે. ॥૨૧॥ ફીણ-તરંગ-અને માટી વીગેરેનો જોગ થવા વગરના પાણીની પેઠે, વૃતીવડે કરીને સ્વચ્છપણું-અવીકારીપણું-અને શાંતપણું એ તેનાં લક્ષણો હોવાનું કહેલ છે. ॥૨૨॥ ભગવાનના વીર્યથી ઉત્પન્ન થયેલ મહતત્વ વીકાર પામીને તેમાંથી ત્રણ પ્રકારનો ક્રીયા શક્તીવાળો "અહંકાર" ઉત્પન્ન થયો. ॥૨૩॥ એ વૈકારીક-તૈજસ-અને તામસ, અહંકારથકી મન વીગેરે ઈંદ્રીયોના દેવતાઓ-ઈંદ્રીઓ-અને મહાભુતો ઉત્પન્ન થયાં. ॥૨૪॥ એ ભુત-ઈંદ્રીય-અને મન (ઈંદ્રીઓના દેવતાઓ) એઓમય હજારો માથાંવાળો અહંકાર, સાક્ષાત પુરૂષ ભગવાનનું "અનંત" અને "સંકર્શણ" નામવાળું સ્વરૂપ કહેવાયછે. ॥૨૫॥ કર્તાપણું અને શાંતપણું, કરણપણું અને ઘોરપણું, કાર્યપણું અને મુઢપણું, એ પ્રકારનાં લક્ષણો અહંકારનાં છે. ॥૨૬॥ વૈકારીક અહંકાર વીકાર પામીને તેમાંથી "મન" નામનું તત્વ ઉત્પન્ન થયું જેને વીશે કામનાઓને ઉત્પન્ન કરનારા સંકલ્પ અને વીકલ્પ થાય છે, ॥ ૨૭ ॥ એ, ઈંદ્રીયોનું અધીપતી-યોગીઓએ ધીમે ધીમે વશમાં લાવવા સરખું-અને શરદ રૂતુના કમળ સરખું શ્યામ રંગનું મન "અનીરૂદ્ધ" નામથી જણાયલું છે. ॥ ૨૮ ॥ હે સતી. તૈજસ અહંકાર વીકાર પામીને તેમાંથી "બુદ્ધી" તત્વ ઉત્પન્ન થયું છે. પદાર્થાદીકનું સ્ફુરણ થવું—તેમનું જ્ઞાન થવું—ઈંદ્રીયોને સહાય આપવી—સંશય થવો—ખોટું સમજાવવું—નીશ્ચય કરવો—સ્મરણ થવું—અને નીંદ્રા થવી, એ રીતનાં બુદ્ધીનાં લક્ષણો તેની જુદી જુદી વૃત્તીએ કરીને કહેલાં છે. ॥૨૯-૩૦॥ તૈજસ અહંકારથી, ક્રીયા અને જ્ઞાનના વીભાગોવાળી ઈંદ્રીયો. (એટલે પાંચ કર્મ ઈંદ્રીયો અને પાંચ જ્ઞાનેંદ્રીયો)—ક્રીયા શક્તીવાળો પ્રાણ તથા વીજ્ઞાન શક્તીવાળી બુદ્ધી, એ સર્વ ઉત્પન્ન થયેલછે. ॥૩૧॥ ભગવાનના પરાક્રમ (કાળ) ની પ્રેરણાથી તામસ અહંકાર વીકાર પામીને તેમાંથી શબ્દ તન્માત્રાવાળું આકાશ ઉત્પન્ન થયું, અને શબ્દને વહન કરનારી શ્રોત્ર ઈંદ્રીય પણ થઇ. ॥૩૨॥ આકાશની તન્માત્રા શબ્દનાં

देवास्यंचित्तंतन्महदात्मकं ॥२१॥ स्वच्छत्वमविकारित्वंशांतत्वमितिचेतसः॥ वृत्तिभिर्लक्षणंप्रोक्तंयथाऽपांप्रकृतिःपरा॥२२॥ महत्तत्वाद्विकुर्वाणाद्भगवद्वीर्यसंभवात्॥ क्रियाशक्तिरहंकारस्त्रिविधःसमपद्यत॥२३॥ वैकारिकस्तैजसश्चतामसश्चयतोभवः॥ मनसश्चेंद्रियाणांचभूतानांमहतामपि॥२४॥ सहस्रशिरसंसाक्षाद्यमनंतंप्रचक्षते ॥ संकर्षणाख्यंपुरुषंभूतेंद्रियमनोमयं॥२५॥कर्तृत्वंकरणत्वंचकार्यत्वंचेतिलक्षणं॥ शांतघोरविमूढत्वमितिवास्यादहंकृतेः ॥२६॥ वैकारिकाद्विकुर्वाणान्मनस्तत्वमजायत॥ यत्संकल्पविकल्पाभ्यांवर्ततेकामसंभवः २७ यद्विदुर्ह्यनिरुद्धाख्यंहृषीकाणामधीश्वरं ॥ शारदेंदीवरश्यामंसंराध्यंयोगिभिःशनैः॥२८॥ तैजसात्तुविकुर्वाणाद्बुद्धितत्वमभूत्सति॥द्रव्यस्फुरणविज्ञानमिंद्रियाणामनुग्रहः ॥२९॥ संशयोऽथविपर्यासोनिश्चयःस्मृतिरेवच॥ स्वापइत्युच्यतेबुद्धेर्लक्षणंवृत्तितःपृथक् ॥३०॥ तैजसानींद्रियाण्येवक्रियाज्ञानविभागशः॥ प्राणस्यहिक्रियाशक्तिर्बुद्धेर्विज्ञानशक्तिता॥३१॥ तामसाच्चविकुर्वाणाद्भगवद्वीर्यचोदितात् ॥ शब्दमात्रमभूत्तस्मान्नभःश्रोत्रंचशब्दगं ॥३२॥ अर्थाश्रयत्वंशब्दस्यद्रष्टुर्लिंगत्वमेवच॥ तन्मात्रत्वंचनभसोलक्षणंकवयोविदुः॥३३॥ भूतानांछिद्रदातृत्वंबहिरंतरमेवच॥ प्राणेंद्रियात्मधिष्ण्यत्वंनभसोवृत्तिलक्षणं ॥३४॥ नभसःशब्दतन्मात्रात्कालगत्याविकुर्वतः॥स्पर्शोऽभवत्ततोवायुस्त्वक्स्पर्शस्यचसंग्रहः॥३५॥ मृदुत्वंकठिनत्वंचशैत्यमुष्णत्वमेवच॥ एतत्स्पर्शस्यस्पर्शत्वंतन्मात्रत्वंनभस्वतः ॥३६॥ चालनंव्यूहनंप्राप्तिर्नेतृत्वंद्रव्यशब्दयोः सर्वेंद्रियाणामात्मत्वंवायोःकर्माभिलक्षणं॥३७॥ वायोश्चस्पर्शतन्मात्राद्रूपंदैवेरितादभूत्॥ समुत्थितंततस्तेजश्चक्षूरूपोपलंभनं॥३८॥ द्रव्याकृतित्वंगुणताव्यक्तिसंस्थात्वमेवच॥तेजस्त्वंतेजसःसाध्विरूपमात्रस्यवृत्तयः॥३९॥ द्योतनंपचनंपानमदनंहिममर्दनं ॥ तेजसोवृत्तयस्त्वेताःशोषणंक्षुत्तृडेवच ॥४०॥ रूपमात्राद्विकुर्वाणात्तेजसोदैवचोदितात् ॥ रसमात्रमभूत्तस्मादंभोजिह्वारसग्रहः ॥४१॥ कषायोमधुरस्तिक्तःकट्वम्लइतिनैकधा॥ भौतिकानांविकारेणरसएकोविभिद्यते॥४२॥ क्लेदनंपिंडनंतृप्तिःप्राणनाप्यायनोदनं॥ तापापनोदोभू

લક્ષણો; અર્થનો આશ્રયપણું-અને દેખેલા પદાર્થાદીકની નીશાની જણાવવાપણું હોવાનું વીદ્વાનો જાણે છે. ॥૩૩॥ પ્રાણી પદાર્થઆદીકને બહાર તથા અંદર છીદ્ર આપવાપણું-અને પ્રાણ, ઈંદ્રીય તથા દેહ, એમને સ્થાન આપવાપણું, એ વૃતી ઉપરથી થયેલાં આકાશનાં લક્ષણો છે. ॥૩૪॥—આકાશની શબ્દ તન્માત્રા કાળની ગતીથી વીકાર પામીને સ્પર્શ ઉત્પન્ન થયો. અને તે થકી વાયુ, અને સ્પર્શને ગ્રહણ કરનાર ત્વચા ઈંદ્રીય ઉત્પન્ન થઇ. ॥૩૫॥ કોમળપણું-કઠીણપણું-શીતળપણું-અને નરમપણું એ વાયુની તન્માત્રા સ્પર્શનાં લક્ષણો છે. ॥૩૬॥ હલાવવા અથવા જુદા કરવાપણું-એકઠું કરવાપણું-પદાર્થાદીકને તથા શબ્દને પાસે લેઇ આવવાપણું-અને દુર લેઇ જવાપણું;-અને સર્વ ઈંદ્રીયોને બળ આપવાપણું એ વાયુનાં કર્મો વડે કરીને લક્ષણો છે. ॥૩૭॥ દૈવ (કાળ) ની પ્રેરણાથી વાયુની સ્પર્શ તન્માત્રા વીકાર પામીને તેમાંથી તેજ ઉત્પન્ન થયું. અને રૂપને ગ્રહણ કરનારી ચક્ષુ ઈંદ્રીય થઇ. ॥૩૮॥ હે સાધ્વી, પદાર્થાદીકને આકાર આપવાપણું-પદાર્થાદીકની સ્થીતી હોવાપણું-એકપણું-અને સમુદાયપણું એટલાં તેજની રૂપ તન્માત્રાનાં વૃતીએ કરીને લક્ષણો છે. ॥૩૯॥ પ્રકાશવું-પચાવવું-પીવું-ખાવું-ટાઢ મટાડવી-શોસણ કરવું-ભુખ લાગવી-અને તરસ લાગવી-એટલાં વૃતીએ કરીને તેજનાં લક્ષણો છે. ॥૪૦॥ દૈવ (કાળ) ની પ્રેરણાથી તેજની રૂપ તન્માત્રા વીકાર પામીને તેમાંથી રસ માત્રા ઉત્પન્ન થઇ. તથા તે થકી પાણી અને રસને ગ્રહણ કરનારી "જીભ" ઈંદ્રીય ઉત્પન્ન થઇ છે. ॥૪૧॥ એકજ રસ, પૃથ્વીના પદાર્થાદીક વડે વીકાર પામવાથી તુરો-મીઠો-તીખો-ખાટો-ખારો-અને કડવો એમ અનેક પ્રકારનો થયેલ છે. ॥૪૨॥ પલાળવું-પીંડો કરવો-તૃપ્તી આપવી-જીવાડવું-તરશ મટાડવી-કુણું કરવું-ફરી ફરીને નીકળવું-એટલી જળની વૃતીઓ છે. ॥૪૩॥ જળની રસ માત્રાનો દૈવની (કાળની) પ્રેરણાથી વીકાર થવાથી તેમાંથી ગંધ માત્રા ઉત્પન્ન થઇ. અને તેમાંથી પૃથ્વી, તથા ગંધને ગ્રહણ કરનારી ઘ્રાણ ઈંદ્રીય ઉત્પન્ન થઇ છે. ॥૪૪॥ એકજ ગંધના, દ્રવ્યોના અવયવોના વીશમપણા વડે કરીને, શુદ્ધ-દુર્ગંધ- સુગંધ-શાંત-અને ઉગ્ર

વીગેરે જુદા જુદા ભેદ થયેલા છે. ॥૪૫॥ પોશણ કરવાપણું–ભ્રમણ કરવાપણું–સ્થાન આપવાપણું–ધારણ ક-રવાપણું–સત્વો એટલે પ્રાણીઆદીકનું વીશેશપણું કહેતાં સ્ત્રી પુરૂશનો ભેદ બનાવવાપણું–એટલાં વૃતીએ કરીને પૃથ્વીનાં લક્ષણો છે. ॥૪૬॥ આકાશનો વીશેશ ગુણ (શબ્દ) તે શ્રોત્ર ઇંદ્રીનો વીશય કહેવાય છે અને વાયુનો વીશેશ ગુણ (સ્પર્શ) તે ત્વચા ઇંદ્રીનો વીશય જાણો. ॥૪૭॥ તેજનો વીશેશ ગુણ (રૂપ) તે ચક્ષુ ઇંદ્રીયનો વીશય કહેવાય છે. અને જળનો વીશેશ ગુણ (રસ) તે જીભ ઇંદ્રીયનો વીશય જાણો તથા પૃથ્વીનો વીશેશ ગુણ (ગંધ) તે ઘ્રાણ ઇંદ્રીયનો વીશય કહેવાય છે. ॥૪૮॥ તેથી તેથી ઉત્પન્ન થયેલાઓમાં પ્રથમનાં મુળ કારણના સ્વભાવો (ગુણો) પરંપરાની રીતે આવેલા જોવામાં આવવાના કારણથી, પૃથ્વીમાં શબ્દ–સ્પર્શ–રૂપ–અને રસ એ ચારે ગુણો, પોતાના વીશેશ ગુણ ગંધની સાથેજ આવેલા હોવાનું જોવામાં આવે છે. ॥૪૯॥

જ્યારે એટલાં મહતત્વ આદી સાત (એટલે મહતત્વ–અહંકાર–આકાશ–વાયુ–તેજ–જળ–અને પૃથ્વી) એકઠાં ન થયાં, ત્યારે કર્મ અને ગુણો સહીત થયેલા કાળે તેમનામાં (જગતની શીરૂઆતમાં) પ્રવેશ કર્યો. ॥૫૦॥ એટલે તેઓ સઘળાં એકઠાં થઇને વીકાર પામવાથી અચેતન ઇંડુ ઉત્પન્ન થયું અને તેમાં, આ વીરાટ પુરૂશ ઉત્પન્ન થયેલ છે. ॥૫૧॥ " વીશેશ " એવા નામથી કહેવાતું તે ઇંડું કે જેમાં આ લોક (ચૌદ) નો વીસ્તાર રહેલ છે તે, હરી ભગવાનનાજ સ્વરૂપને ફરતાં ક્રમે કરીને પાણીઆદીક સાતે તત્વો દશ દશ ગણાં વીંટાવલાંછે. (એટલે પૃથ્વી રૂપ તે ઇંડાની પાછળ પૃથ્વીથી દશગણું પાણી, તેની પાછળ પાણીથી દસગણું તેજ, તેની પાછળ તેજથી દસ ગણો વાયુ, તેની પાછળ વાયુથી દશગણું આકાશ, તેની પાછળ આકાશથીદસ ઘણું અહંકાર અને તેની પાછળ એટલે ફરતું અહંકારથી દસઘણું. મહતત્વ વીંટાયલું છે.) તથા તે બહારથી એટલે એ

यस्त्वमंभ[illegible]स्त्विमाः॥४३॥ रसमात्राद्विकुर्वाणादंभसोदैवचोदितात्॥ गंधमात्रमभूत्तस्मात्पृथ्वीघ्राणस्तुगंधगः॥४४॥करंभपूतिसौ
रभ्यशांतोदग्रादिभिःपृथक् ॥ द्रव्यावयववैषम्याद्गंधएकोविभिद्यते॥४५॥ भावनंब्रह्मणःस्थानं[illegible]द्विशेषणं॥ सर्वसत्त्वगुणोद्भेदःपृथि
वीवृत्तिलक्षणं ॥४६॥ नभोगुणविशेषोऽर्थोयस्यतच्छ्रोत्रमुच्यते॥वायोर्गुणविशेषोऽर्थोयस्यतत्स्पर्शनंविदुः॥४७॥ तेजोगुणविशेषोऽर्थोयस्य
तच्चक्षुरुच्यते॥ अंभोगुणविशेषोऽर्थोयस्य[illegible]विदुः॥ भूमेर्गुणविशेषोऽर्थोयस्यसघ्राणउच्यते ॥४८॥ परस्यदृश्यतेधर्मोह्यपरस्मिन्समन्व
यात् ॥ अतोविशेषोभावानांभूमावेवोपलक्ष्यते॥४९॥ एतान्यसंहत्ययदामहदादीनिसप्तवै ॥ कालकर्मगुणोपेतोजगदादिरुपाविशत् ५०
ततस्तेनानुविद्धेभ्योयुक्तेभ्योंऽडमचेतनं॥ उत्थितंपुरुषोयस्मा[illegible]दसौविराट् ॥५१॥ एतदंडंविशेषाख्यंक्रमवृद्धैर्दशोत्तरैः॥ तोयादिभिः
परिवृतंप्रधानेनावृतैर्बहिः॥ यत्रलोकवितानोऽयंरूपंभगवतोहरेः॥५२॥हिरण्मयादंडकोशादुत्थायसलिलेशयात्॥ तमाविश्यमहादेवोबहु
धानिर्बिभेदखं॥५३॥ निरभिद्यतास्यप्रथमंमुखंवाणीततोऽभवत् ॥ वाण्यावन्हिरथोनासेप्राणोतोघ्राणएतयोः॥५४॥ घ्राणाद्वायुरभिद्येताम
क्षिणीचक्षुरेतयोः॥ तस्मात्सूर्योन्यभिद्येतांकर्णौश्रोत्रंततोदिशः॥५५॥ निर्बिभेदविराजस्त्वग्रोमश्मश्र्वादयस्ततः ॥ ततओषधयश्चासन्शि
श्नंनिर्बिभिदेततः॥५६॥ रेतस्तस्मादापआसन्निरभिद्यतवैगुदं॥ गुदादपानोऽपानाच्चमृत्युर्लोकभयंकरः॥५७॥ हस्तौचनिरभिद्येतांबलंता
भ्यांततःस्वराट् ॥ पादौचनिरभिद्येतांगतिस्ताभ्यांततोहरिः ॥५८॥ नाड्योस्य निरभिद्यंतताभ्योलोहितमाभृतं ॥ नद्यस्ततःसमभवन्नुदरं
निरभिद्यत॥ क्षुत्पिपासेततःस्यातांसमुद्रस्त्वेतयोरभूत् ॥५९॥ अथास्यहृदयंभिन्नंहृदयान्मनउत्थितं ॥ मनसश्चंद्रमाजातोबुद्धिर्बुद्धेर्गिरांप
तिः ॥ अहंकारस्ततोरुद्रश्चित्तंचैत्यस्ततोऽभवत् ॥ ६० ॥ एतेह्यभ्युत्थितादेवानैवास्योत्थापनेऽशकन् ॥ [illegible]विशुःखानितमु
त्थापयितुंक्रमात् ॥ वन्हिर्वाचामुखंभेजेनोदतिष्ठत्तदाविराट् ॥ ६१ ॥ घ्राणेननासिकेवायुनोदतिष्ठत्तदाविराट् ॥ अक्षिणीचक्षुषादि
त्योनोदतिष्ठत्तदाविराट् ॥ ६२ ॥ श्रोत्रेणकर्णौचदिशो[illegible]विराट् ॥ त्वचंरोमभिरोषध्योनोदतिष्ठत्तदाविराट् ॥ ६३ ॥

બધાંને ફરતા, મહતત્વથી દશગણાં પ્રધાનથી એટલે માયા અથવા અજ્ઞાનથી વીંટાયલું છે. ॥૫૨॥ અને એ પાણીમાં પડી રહેલા સોનામય ઇંડામાં ઉત્પન થયેલા તે મોટા દેવે (પુરૂશ ભગવાને) તેમાં પ્રવેશ કર્યા પછી તેને ઘણાં પ્રકારનાં છીદ્રો કર્યા છે. ॥ ૫૩ ॥ તેને પ્રથમ મુખ થયું તેમાં વાણી ઇંદ્રીય અને અગ્ની દે-વતા રહેલ છે. પછી નાક થયું તેમાં ઘ્રાણ ઇંદ્રીય અને વાયુ દેવતા રહેલ છે. તે પછી આંખ્યો થઇ તેમાં ચક્ષુ ઇંદ્રીય અને સુર્ય દેવતા રહેલ છે. પછી કાન થયા તેમાં શ્રોત્ર ઇંદ્રીય અને દીશાઓ દેવતા રહેલ છે. ॥૫૪–૫૫॥ પછી એ વીરાટ શરીરમાં ત્વચા ઉત્પન્ન થઇ તેમાં રૂવાડાં અને મોવાળા ઇંદ્રીય તથા ઓશધી દેવતા રહેલ છે. પછી શીશ્ન ઉત્પન્ન થયું. તેમાં રેત ઇંદ્રીય અને જળ (વરૂણ) દેવતા રહેલ છે. પછી ગુદા ઉત્પન્ન થઇ. તેમાં અપાન ઇંદ્રીય અને લોકને ભય આપનાર મૃત્યુ દેવતા રહેલછે. ॥૫૬–૫૭॥ પછી તે વીરાટ

શરીરને હાથ ઉત્પન્ન થયા. તેમાં બળ ઇંદ્રીય અને ઇંદ્ર દેવતા રહેલ છે. પછી પગ થયા. તેમાં ગતી ઇંદ્રીય અને હરી એટલે વીશ્નુ દેવતા રહેલ છે. ॥૫૮॥ પછી નાડીઓ થઇ તેમાં લોહી ઇંદ્રીય અને નદીઓ દેવતા રહેલ છે. પછી પેટ થયું. તેમાં ભુખ–તરસ ઇંદ્રીય અને સમુદ્ર દેવતા રહેલ છે. ॥૫૯॥ પછી હ્રદય ઉત્પન્ન થયું તેમાં મન ઇંદ્રીય અને ચંદ્રમા દેવતા રહેલ છે. વળી તેમાંજ બુદ્ધી ઇંદ્રીય અને રૂદ્ર દેવતા, તથા ચીત ઇંદ્રીય અને ચૈત્ય (ક્ષેત્રજ્ઞ) દેવતા, એઓ પણ ઉત્પન્ન થયેલા છે. ॥૬૦॥ એ રીતે દેવતાઓ ઉત્પન્ન થવા છતાં તે વીરાટ શરીરને તેઓ ઉઠાડવાને શક્તીમાન ન થયા ત્યારે તેઓએ તેને ઉભું કરવાને માટે ક્રમે કરીને પોત પોતાનાં સ્થાનકોમાં ફરીવાર પ્રવેશ કર્યો. ॥૬૧॥ વાણી સહીત અગ્નીએ મુખમાં પ્રવેશ કર્યો પણ વીરાટ ઉઠ્યું નહીં. અને ઘ્રાણ સહીત વાયુએ નાકમાં પ્રવેશ કર્યો ત્યારે પણ વીરાટ ઉઠ્યું નહીં. ॥૬૨॥ ચક્ષુ સહીત

સુર્યે આંખ્યોમાં પ્રવેશ કર્યો પણ વીરાટ ઉઠયું નહીં. અને શ્રોત્ર સહીત દીશાઓએ કાનમાં પ્રવેશ કર્યો તોપણ વીરાટ ઉઠયું નહીં. ॥૬૩॥ રૂવાડાં સહીત ઔશધીઓએ ત્વચામાં પ્રવેશ કર્યો પણ વીરાટ ઉઠયું નહીં. અને રેત સહીત વરૂણે શીસ્નમાં પ્રવેશ કર્યો તોપણ વીરાટ ઉઠયું નહીં. ॥૬૪॥ અપાન સહીત મૃત્યુએ ગુદામાં પ્રવેશ કર્યો પણ વીરાટ ઉઠયું નહીં. અને બળ સહીત ઇંદ્રે હાથમાં પ્રવેશ કર્યો તોપણ વીરાટ ઉઠયું નહીં. ॥૬૫॥ ગતી સહીત વીશ્નુએ પગમાં પ્રવેશ કર્યો પણ વીરાટ ઉઠયું નહીં. અને લોહી સહીત નદીઓએ નાડીઓમાં પ્રવેશ કર્યો તોપણ વીરાટ ઉઠયું નહીં. ॥૬૬॥ ભુખ તરસ સહીત સમુદ્રે પેટમાં પ્રવેશ કર્યો પણ વીરાટ ઉઠયું નહીં. અને મન સહીત ચંદ્રમાએ હ્રદયમાં પ્રવેશ કર્યો તોપણ વીરાટ ઉઠયું નહીં ॥૬૭॥ બુદ્ધી સહીત બ્રહ્માએ હ્રદયમાં પ્રવેશ કર્યો પણ વીરાટ ઉઠયું નહીં. અને અહંકાર સહીત રૂદ્રે હ્રદયમાં પ્રવેશ કર્યો તોપણ વીરાટ ઉઠયું નહીં. ॥૬૮॥ પણ જ્યારે ચીત્ત સહીત ક્ષેત્રજ્ઞ હ્રદયમાં પ્રવેશ કર્યો ત્યારેજ તે વીરાટ પુરૂશ પાણીમાંથી ઉભો થયો ॥૬૯॥ જેમકે સુઈ ગયેલા પુરૂશને પ્રાણ–ઇંદ્રીયો–મન–અને બુદ્ધી એ બધાં ક્ષેત્રજ્ઞ (આત્મા) વીના પોતાના જોરથી ઉઠાડી શકતાં નથી. ॥૭૦॥ એટલા માટે યોગમાં પ્રવૃત્ત થયેલી બુદ્ધીથી જણાય એવા આત્માને, ભક્તી–જ્ઞાન–અને વૈરાગ્ય વડે, દેહાદીક થકી જુદો જાણીને, તે આત્માનુંજ તમે ચીંતવન કરો. ॥૭૧॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો છવીસમો અધ્યાય સંપુર્ણ ॥૨૬॥

અધ્યાય ૨૭ મો.—**શ્રીભગવાન**—પાણીમાં રહેલા સુર્ય (ના પ્રતીબીંબ) ની પેઠે, પ્રકૃતીને વીશે પુરૂશ રહેલો છતાં પણ, અવીકારી–અકર્તા–અને નીર્ગુણ હોવાને લીધે પ્રકૃતીના ગુણોથકી તે લેપાતો નથી. ॥૧॥ પણ જ્યારે તે હું કર્તા એમ માનીને અહંકારથી મુઢ બની, પ્રકૃતિના ગુણોમાં આસક્તીવાળો થાય છે. ત્યારે તેમના સંગવાળાં કર્મોના દોશથી પરવશ થઇને સત (દેવ આદીક), અસત (પશુ પક્ષી આદી અને ભુત પીશાચ વીગેરે), અને મીશ્ર (માણસ આદીક)ની યોનીઓમાં જન્મ પામવારૂપ સંસારની પદવીને પામેછે, અને તે (સંસાર) થકી નીવૃત્ત

रेतसाशिश्नमापस्तुनोदतिष्ठत्तदाविराट् ॥ गुदंमृत्युरपानेननोदतिष्ठत्तदाविराट् ॥ ६४ ॥ हस्ताविंद्रोबलेनैवनोदतिष्ठत्तदाविराट् ॥ विष्णुर्गत्यैवचरणौनोदतिष्ठत्तदाविराट् ॥६५॥ नाडीर्नद्योलोहितेननोदतिष्ठत्तदाविराट्॥ क्षुत्तृड्भ्यामुदरंसिंधुर्नोदतिष्ठत्तदाविराट् ॥६६॥ हृदयंमनसाचंद्रोनोदतिष्ठत्तदाविराट् ॥ बुद्ध्याब्रह्माऽपिहृदयंनोदतिष्ठत्तदाविराट् ॥रुद्रोभिमत्याहृदयंनोदतिष्ठत्तदाविराट् ॥६७॥ चित्तेनहृदयंचैत्यःक्षेत्रज्ञःप्राविशद्यदा ॥ विराट्तदैवपुरुषःसलिलादुदतिष्ठत॥६८॥ यथाप्रसुप्तंपुरुषंप्राणेंद्रियमनोधियः ॥ प्रभवंतिविनायेननोत्थापयितुमोजसा॥६९॥ तमस्मिन्प्रत्यगात्मानंधियायोगप्रवृत्तया॥भक्त्याविरक्त्याज्ञानेनविविच्यात्मनिचिंतयेत् ॥७०॥इ०भा०म०तृ०कापिलेयेतत्त्वसमाम्नायेषड्विंशतितमोध्यायः॥२६॥ श्रीभग० प्रकृतिस्थोपिपुरुषोनाज्यतेप्राकृतैर्गुणैः ॥अविकारादकर्तृत्वान्निर्गुणत्वाज्जलार्कवत् ॥१॥सएषयर्हिप्रकृतेर्गुणेष्वभिविषज्जते॥अहंक्रियाविमूढात्माकर्तास्मीत्यभिमन्यते॥२॥ तेनसंसारपदवीमवशोऽभ्येत्यनिर्वृतः॥प्रासंगिकैःकर्मदोषैःसदसन्मिश्रयोनिषु॥३॥अर्थेह्यविद्यमानेऽपिसंसृतिर्ननिवर्त्तते॥ ध्यायतोविषयानस्यस्वप्नेऽनर्थागमोयथा॥४॥ अतएवशनैश्चित्तंप्रसक्तमसतांपथि॥ भक्तियोगेनतीव्रेणविरक्त्याचनयेद्वशं॥५॥यमादिभिर्योगपथैरभ्यसञ्श्रद्धयाऽन्वितः॥ मयिभावेनसत्येनमत्कथाश्रवणेनच॥६॥ सर्वभूतसमत्वेननिर्वैरेणाप्रसंगतः॥ ब्रह्मचर्येणमौनेनस्वधर्मेणबलीयसा॥७॥ यदृच्छयोपलब्धेनसंतुष्टोमितभुङ्मुनिः॥ विविक्तशरणःशांतोमैत्रःकरुणआत्मवान् ॥८॥ सानुबंधेचदेहेऽस्मिन्नकुर्वन्नसदाग्रहं॥ ज्ञानेनदृष्टतत्त्वेनप्रकृतेःपुरुषस्यच॥९॥ निवृत्तबुद्ध्यवस्थानोदूरीभूतान्यदर्शनः॥ उपलभ्यात्मनात्मानंचक्षुषेवार्कमात्मदृक् ॥१०॥ मुक्तलिंगंसदाभासमसतिप्रतिपद्यते॥सतोबंधुमसच्चक्षुःसर्वानुस्यूतमद्वयं॥११॥ यथाजलस्थआभासःस्थलस्थेनावदृश्यते॥ स्वाभासेनतथासूर्योजलस्थेनदिविस्थितः॥१२॥ एवंत्रिवृदहंकारोभूतेंद्रियमनोमयैः॥स्वाभासैर्लक्षितोऽनेनसदाभासेनसत्यदृक्॥१३॥भूतसूक्ष्मेंद्रियमनोबुद्ध्यादिष्विहनिद्रया॥लीनेष्वसतियस्तत्रविनिद्रोनिरहंक्रियः१४

થવા પામતો નથી. ॥૨-૩॥ વીશયોનું ધ્યાન કરનારા પુરૂશને સ્વપ્ન જાુઠું હોવા છતાં પણ, તેના અનર્થો મટતા નથી, તેમજ સંસાર ખરી રીતે જોતાં વીધમાનજ નથી, તોપણ એવા પુરૂશોને તે (સંસાર)ના અનર્થો મટતાજ નથી. ॥૪॥ એટલા માટે અસત ઇંદ્રીયોના માર્ગરૂપ વીશયાદીકમાં આસક્ત થનારા મનને, વૈરાગ્ય સહીત તીવ્ર ભક્તીના યોગથી તમે ધીમે ધીમે વશમાં લાવો. ॥૫॥ યમ–નીયમ વીગેરે યોગના માર્ગોથી અને મારી કથાઓનાં શ્રવણ આદીક થકી–તથા મારામાં શ્રદ્ધા સહીત સાચો ભાવ રાખી મનને લગાડવાનો અભ્યાસ કરવાથી. ॥૬॥ તેમજ સર્વ ભુતને વીશે સમતા–નીર્વૈર–અને અસંગ રાખવાથી–બ્રહ્મચર્ય પાળવાથી–મૌન રાખવાથી–અને ઇશ્વરને અર્પણ કરીને કર્મો કરવારૂપ સ્વધર્મનું આચરણ કરવાથી. ॥૭॥ દૈવ ઇચ્છાથી મળે તેટલામાંજ સંતોશ રાખવાથી–અને નીયમીતપણે ખાવા પીવાથી; તે એકાંત રેહેનારો–શાંત–સર્વનો મીત્ર–દયાળુ–અને ધીરજવાન, મુની: ॥૮॥ આ દેહ અને તેની પાછળ લાગેલાં સ્ત્રી–પુત્ર–ઘર–ધન–અને ક્ષેત્રાદીકને વીશે અસત આગ્રહ કરવા થકી બંધ પડે છે. અને બુદ્ધીની અવસ્થાઓથી નીવૃત થઇને દ્વૈતના દર્શનને દુર કરી, પ્રકૃતી અને પુરૂશના તત્વોને જાણવારૂપ જ્ઞાન પ્રાપ્ત થવાથી પોતે પોતાથીજ; ચક્ષુ વડે સુર્યને જોવાની પેઠે, આત્મ સ્વરૂપને જુવે છે. ॥૯–૧૦॥ એટલે નીશાની આદી વીનાના–અસત પદાર્થોદીકને વીશે સત રૂપે ભાસમાન થનારા–સતના બંધુ–અને અસતના ચક્ષુરૂપ–સર્વ વ્યાપક–અને અદ્વય, એવા આત્મ તત્વને જાણે છે. ॥૧૧॥ જેમ જળમાં પડેલા સુર્યનો આભાસ, તેના થકી સ્થળ ઉપર (ભીંત વીગેરે ઉપર) પડેલા આભાસ થકી જણવામાં આવે છે, અને તે જળમાં પડેલા આભાસ થકી આકાશમાં રહેલ સુર્ય જાણવામાં આવે છે. તેવી રીતેજ ભુત–ઇંદ્રીય–અને મન રૂપ થનારા ત્રણ પ્રકારના અહંકાર થકી, સત વસ્તુ ક્ષેત્રજ્ઞ આત્મા જાણવામાં આવીને, તેના થકી સત્ય સ્વરૂપ અને સર્વ વ્યાપક પરમ આત્મ તત્વ જાણવામાં આવે છે. ॥૧૨–૧૩॥ પાંચ મહાભુત–તેમનાં સુક્ષ્મ સ્વરૂપો; શબ્દ, સ્પર્શ, રૂપ, રસ, ને ગંધ,–ઇંદ્રીયો–અને મન–

બુદ્ધી–વીગેરે સર્વ અસત્ એટલે જડ સ્વભાવવાળાંઓ, નીંદ્રાને વીશે જ્યારે લીન થઇ જાય છે; ત્યારે નીંદ્રા વીનાનો અને હીયા તથા અહંકાર રહીત જે રેહે છે, તથા દૃષ્ટા છે, અને તેનો અહંકાર નાશ થવાથી, પોતાનું ધન નાશ પામેલાની પેઠે આતુર બનીને, જે પોતે નાશ નહીં પામેલ છતાં નાશ પામેલાનું જુઠું માની લેછે, તેજ આત્મા (ક્ષેત્રજ્ઞ) છે. ॥૧૪–૧૫॥ એ રીતે વીચાર કરીને જોવાથી આત્મા (ક્ષેત્રજ્ઞ) બરાબર રીતે જાણવામાં આવે છે. અને અહંકાર તથા દ્રવ્યો સહીતની જે અવસ્થાઓ દેખાય છે તે તો એ આત્માના અનુગ્રહ વડેજ થનારીઓ છે. ॥૧૬॥ –દેવહૂતી–હે સમર્થ બ્રાહ્મણ, પ્રકૃતી અને પુરૂશ (આત્મા) બેઉ એક બીજાના અન્યોઅન્ય આશ્રયવાળાં હોવાથી અને નીત્ય હોવાથી, પ્રકૃતી કદી પણ પુરૂશને મુકતીજ નથી. ॥૧૭॥ જેમ પૃથ્વી થકી ગંધને–જળથકી રસને–તેજથકી રૂપને–વાયુથકી સ્પર્શને–અને આકાશથકી શબ્દને, જુદાં કરી શકાતાં નથી. તેમજ પુરૂશ થકી પ્રકૃતી પણ જુદી નજ થવી જોઇએ. ॥૧૮॥માટે અકર્તા એવા પુરૂશ, જેના આશ્રયથકી કર્મનાં બંધનોને પામેછે. તે પ્રકૃતી તથા પ્રકૃતીના ગુણો જ્યાં સુધી વીદ્યમાન છે, ત્યાં સુધી પુરૂશને કૈવલ્યપણું (મોક્ષ) કેમ થાય. ? ॥૧૯॥ એટલે તત્વ વીચારવડે કરીને કોઇ સમયે ઉલ્બણ એવા ભય (મરણ અથવા સંસાર થવો. તે)ની નીવૃત્તી થાય ખરી. પણ તેનાં નીમીતો (પ્રકૃતી તથા પ્રકૃતીના ગુણો) નીવૃત ન થવાને લીધે, પાછો ફરીથી સંસાર ઉત્પન્ન થવોજ જોઇયે. ॥૨૦॥ **–શ્રીભગવાન–**નીર્મળ મનથી અને નીષ્કામપણે સ્વધર્મનું આચરણ કરવાવડે–વારંવાર મારી કથા આદી સાંભળવાવડે–મારે વીશેની પુષ્ટ થયેલ તીવ્ર ભક્તીવડે–તત્વજ્ઞાને કરીને થયેલા વીજ્ઞાન સહીત બળવાન વૈરાગ્યવડે–અને તીવ્ર મનની સમાધી તથા તપ યુક્ત યોગવડે; રાત દીવસ બળ્યા કરતી, એ; પુરૂશની પ્રકૃતી, અગ્નીના ઉત્પત્તી સ્થાન અરણીની પેઠે, અહીંયાંજ ધીમે ધીમે પોતાથીજ નહીં સરખી (જોવામાં ન આવે એવી) થઇ જાય છે. ॥ ૨૧—૨૨—૨૩ ॥ અને જેના ભોગ ભોગવી લીધા છે તથા રોજ રોજ દોશ જોઇને જેનો ત્યાગ

मन्यमानस्तदात्मानमनष्टोनष्टवन्मृषा॥ नष्टेहंकरणेद्रष्टानष्टवित्तइवातुरः॥१५॥ एवंप्रत्यवमृश्यासावात्मानंप्रतिपद्यते॥साहंकारस्यद्रव्य स्ययोऽवस्थानमनुग्रहः॥१६॥ देवहूति० पुरुषंप्रकृतिर्ब्रह्मन्नविमुंचतिकर्हिचित्॥अन्योऽन्यापाश्रयत्वाच्चनित्यत्वादनयोःप्रभो॥१७॥यथा गंधस्यभूमेश्चनभावोव्यतिरेकतः अपांरसस्यचयथातथाबुद्धेःपरस्यच॥१८॥ अकर्तुःकर्मबंधोयंपुरुषस्ययदाश्रयः॥ गुणेषुसत्सुप्रकृतेःकैव ल्यंतेष्वतःकथं॥१९॥ क्वचित्तत्त्वावमर्शेननिवृत्तंभयमुल्बणं॥ अनिवृत्तनिमित्तत्वात्पुनःप्रत्यवतिष्ठते॥२०॥ श्रीभग० अनिमित्तनिमित्तेन स्वधर्मेणामलात्मना॥ तीव्रयामयिभक्त्याचश्रुतसंभृतयाचिरं॥२१॥ ज्ञानेनदृष्टतत्त्वेनवैराग्येणबलीयसा॥ तपोयुक्तेनयोगेनतीव्रेणात्मस माधिना॥२२॥ प्रकृतिःपुरुषस्येहदह्यमानात्वहर्निशं॥ तिरोभवित्रीशनकैरग्नेर्योनिरिवारणिः॥२३॥भुक्तभोगापरित्यक्तादृष्टदोषाचनित्य शः॥ नेश्वरस्याशुभंधत्तेस्वेमहिम्निस्थितस्यच॥२४॥ यथाह्यप्रतिबुद्धस्यप्रस्वापोबह्वनर्थभृत्॥सएवप्रतिबुद्धस्यनवैमोहायकल्पते॥२५॥ एवंविदिततत्वस्यप्रकृतिर्मयिमानसं॥ युंजतोनापकुरुतआत्मारामस्यकर्हिचित्॥२६॥ यदैवमध्यात्मरतःकालेनबहुजन्मना॥ सर्वत्रजातवै राग्यआब्रह्मभवनान्मुनिः॥२७॥ मद्भक्तःप्रतिबुद्धार्थोमत्प्रसादेनभूयसा॥निःश्रेयसंस्वसंस्थानंकैवल्याख्यंमदाश्रयं॥२८॥प्राप्नोतीहांजसा धीरःस्वदृशाछिन्नसंशयः॥ यद्गत्वाननिवर्त्ततयोगीलिंगाद्विनिर्गमे॥२९॥ यदानयोगोपचितासुचेतोमायासुसिद्धस्यविषज्जतेऽग॥ अनन्य हेतुष्वथमेगतिःस्यादात्यंतिकीयत्रनमृत्युहासः॥३०॥ इ०भा०म०तृ०सप्तविंशतितमोऽध्यायः॥२७॥ श्रीभग०योगस्यलक्षणंवक्ष्येसबी जस्यनृपात्मजे॥ मनोयेनैवविधिनाप्रसन्नंयातिसत्पथं॥१॥स्वधर्माचरणंशक्त्याविधर्माच्चनिवर्तनं॥दैवाल्लब्धेनसंतोषआत्मविच्चरणार्चनं २ ग्राम्यधर्मनिवृत्तिश्चमोक्षधर्मरतिस्तथा॥ मितमेध्यादनंशश्वद्विविक्तक्षेमसेवनं॥३॥ अहिंसासत्यमस्तेयंयावदर्थपरिग्रहः॥ ब्रह्मचर्यंतपःशौचं स्वाध्यायःपुरुषार्चनं॥४॥ मौनंसदासनजयःस्थैर्यंप्राणजयःशनैः॥ प्रत्याहारश्चेंद्रियाणांविषयान्मनसाहृदि॥५॥ स्वधिष्ण्यानामेकदेशेमन

કરેલો છે. એવી તે પ્રકૃતી વીદ્યમાન હોય તો પણ; પોતાના આત્મ સ્વરૂપના મહીમાને વીશે સ્થીર થયેલા, અને ઇશ્વર એટલે અપરતંત્ર (વીશયાદીકના સુખોની ઇચ્છાને આધીન નહીં થનારા) એવા પુરૂશનું કાંઇ પણ અશુભ તે કરી શકતીજ નથી. ॥૨૪॥ જેમ નહીં જાગેલાને સ્વપ્ન બહુ બહુ અનર્થ ઉત્પન્ન કરે છે. પણ જાગેલાને મોહ કેમજ કરી શકતું નથી. તે રીતેજ તત્વને જાણનારા–મારે વીશે મન રાખનારા–અને આત્મ સ્વરૂપમાં આનંદ પામનારા–પુરૂશનો; પ્રકૃતી કોઇ પણ કાળે અપકાર કરી શકતીજ નથી. ॥૨૫–૨૬॥ આ પ્રમાણે ઘણા જન્મો વડે અને ઘણા કાળ સુધી અધ્યાત્મ જ્ઞાનને વીશે પ્રીતી વાળો મુની, સર્વત્ર બ્રહ્મલોક સુધાં થકી વૈરાગ્ય પામે છે, અને ધીર તથા આત્મદર્શી થાય છે, તથા તેના સર્વે સંશયો છેદાઇ જાય છે. અને તેના લીંગ શરીરનો પણ નાશ થઇ જાય છે, વળી તે મારો ભક્ત, મારા પ્રસાદવડે, ઉતાવળો અને આ જન્મમાંજ, યથાર્થપણે મારા સ્વરૂપને જાણે છે. તથા મારા આશ્રય વાળા–મારામાંજ રહેલા–અને કૈવલ્ય એટલે મોક્ષ નામથી કહેવાતા–મારા કલ્યાણકારી પદને પામે છે. કે જ્યાં ગયેલા યોગીઓને ત્યાંથી પાછા ફરવું પડતુંજ નથી. ॥૨૭–૨૮–૨૯॥ વળી હે માતા, જ્યારે તે સીદ્ધ થયેલા યોગીનું મન યોગ વડે પ્રાપ્ત થનારી સીદ્ધીઓ આદીને વીશે આશક્ત નહીં થતાં, અનન્ય હેતુથી મારામાંજ લાગેલું રહેછે ત્યારે તે, મારી આત્યંતીક ગતીને એટલે મારા પદને પામે છે. કે જ્યાં મૃત્યુનો પણ ગર્વ ચાલતો નથી ॥૩૦॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો સત્તાવીસમો અધ્યાય સંપુર્ણ. ॥૨૭॥

અધ્યાય—૨૮ મો.—શ્રીભગવાન—હે રાજપુત્રી, હવે "સબીજ યોગ" વીશે કહુંછું કે જે વીધી સહીત કરવાથી મન પ્રશન્ન થઇને, સત માર્ગને વીશેજ પ્રવર્તે છે. ॥૧॥ શક્તી પ્રમાણે સ્વધર્મનું આચરણ–અધર્મનો ત્યાગ,–દૈવઇચ્છાથી મળેલામાંજ સંતોશ–આત્મજ્ઞાનીઓના ચરણનું સેવન ॥૨॥ ગ્રામ્ય ધર્મો થકી નીવૃત્તી–મોક્ષ ધર્મમાં પ્રીતી–મીત અને મેધ્ય અન્નાદીકનું ખાવું પીવું–અને સર્વકાળ એકાંત અને નીર્ભય સ્થા-

નનું સેવન; એટલું કરવાવડે. ॥૩॥ તથા અહીંસા-સત્ય-અસ્તેય (એટલે બીજાનું કાંઇ ન લેઇ લેવું.)-અર્થ જેટલો સંગ્રહ-બ્રહ્મચર્ય-તપ-શૌચ-શાસ્ત્રાધ્યયન-અને ભગવાનનાં સ્વરૂપો (સુર્ય, અગ્નિ, બ્રાહ્મણ, ગાય, હૃદય, વાયુ, જળ, પૃથ્વી સત્પુરૂષ, આત્મા, સર્વ પ્રાણી માત્ર) નું પુજન કરવું-॥૪॥-મૌનવ્રત-સારી રીતનું આસન જીતવું-સ્થીરતા-પ્રાણવાયુનો જય-અને મન સહીત ઇંદ્રીયોને, તેમના વીષયો થકી ધીરે ધીરે સંકોચ કરીને તેમનો હૃદયને વીશે નીગ્રહ કરવો. ॥૫॥ એ સર્વ કરવાવડે: પ્રાણવાયુની તેનાં સ્થાનો (મુળાધાર-નાભી-હૃદય-કંઠ-અને તાળું) તેમાના કોઇપણ એક સ્થાનમાં મનવડે ધારણા કરવી, તથા વૈકુંઠ ભગવાનની લીલાઓનું ધ્યાન, અને તેનુંજ ચીંતવન અને સ્થાપન મનને વીશે કરવું. ॥૬॥ એટલે આળસ રહીત થઇને એ ઉપાયો કરવાથી અને પ્રાણાયામ આદીવડે પ્રાણવાયુને જીતવાથી, દુષ્ટ અને અવળે માર્ગે જનાર મન, બુદ્ધીવડેજ ધીમે ધીમે વશ થાય છે. ॥૭॥ અને તે કરવાને સારૂં, પવીત્ર સ્થાનમાં આસનની સ્થાપના કરી, તે ઉપર સ્વસ્તીક આસનથી શરીરને સુખ થાય તેમ બેશીને, આસનજીત થઇ અભ્યાસ કરવો જોઇએ. ॥૮॥ પ્રથમ પુરક-કુંભક-અને રેચકથી, અથવા રેચક-કુંભક-અને પુરકથી, પ્રાણના માર્ગને શુદ્ધ કરવો. કે જેથી મન સ્થીર થઇને, પાછું ચંચળ થાય નહીં. ॥૯॥ વાયુ અને અગ્નીથી ધમવાવડે જેમ લોઢું આદી ધાતુઓ મેલને તજીને સુદ્ધ થાય છે. તેમ શ્વાસને જીતનાર યોગીનું મન થોડા કાળમાંજ, રજોગુણ આદી મેલથી રહીત એટલે નીર્મળ અને શાંત થાયછે. ॥૧૦॥ પ્રાણાયામથી શરીરના દોષ, વાત-પીત- અને કફને બાળી નાંખવા. અને બુદ્ધીના કીલ્બીશ ક્રોધ-લોભ-અહંકાર્યા આદીને, ધારણા વડે બાળી નાંખવા. તથા સંગથી થનાર દોષ, આશક્તી આદીને, ઇંદ્રીયો અને મનનો, હૃદયને વીશે નીગ્રહ કરવા વડે મટાડવા. તેમજ અનીશ્વર ગુણો રાગ-દ્વેષ-કામના-મોહ-મુઢપણું-અને આળસ, વીગેરેને ધ્યાન વડે બાળી નાંખવા-(પ્રાણ વાયુ સહીત મનની સ્થીરતા થવાને ધારણા કહે છે. કેટલોક વખત સુધી ધારણા સતત રહેવે ધ્યાન કહેવાય છે. અને એવી વૃતી લાંબા વખત સુધી રેહેતે સમાધી કહેવાય છે.) ॥૧૧॥ એ રીતે યોગ થકી જ્યારે સારી રીતે વશ કરેલું મન નીર્મળ થાય, ત્યારે પોતાના નાકની અણી સામી નજર રાખીને(નીચે પ્રમાણેના) ભગવાનના સ્વરૂપનું, ધ્યાન, કરવું. ॥૧૨॥ પ્રસન્ન મુખ કમળ છે, કમળના ગર્ભ સરખી લાલ આંખ્યો છે. નીલકમલના પાંદડા જેવો શ્યામ રંગ છે, અને શંખ-ચક્ર-ને ગદા ધારણ કરેલ છે. ॥૧૩॥ કમળના કેસરા સરખાં શોભતાં પીળાં વસ્ત્રો ધર્યાં છે. વક્ષસ્થળમાં શ્રીવત્સનું ચીન્હ તથા કંઠમાં ધારણ કરેલો કૌસ્તુભમણી શોભી રહ્યો છે. ॥૧૪॥ મદોન્મત ભમરાઓથી ગુંજારવ કરાતી વનમાળા પેહેરેલી છે. તથા અમુલ્ય હાર-કંકણ-કીરીટ-બાજુબંધ-અને ઝાંઝર ધારણ કરેલ છે. એવું તથા. ॥૧૫॥ કટીમેખળાથી શોભતા નીતંબ વાળું-હૃદય કમળના વીસ્તાર વાળું-અતી ઉતમ જોવા જેવું-શાંત-મન અને આંખ્યોને આનંદ આપનારૂં-ભક્તાદીકને સર્વ કાળ સુંદર દર્શન આપનારૂં-સર્વ લોકે નમસ્કાર કરેલું-કૂંટતી જુવાની વાળું-દાસલોકો ઉપર અનુગ્રહ કરવાને વ્યગ્ર થયેલું-કીર્તન કરવા યોગ્ય તીર્થરૂપ યશવાળું-અને પુણ્યશ્લોક (બળીરાજા-યુધીષ્ટીર-ભીષ્માદીક) પુરૂશોની કીર્તીને વધારનારૂં-એવાં સમગ્ર અંગોવાળું ભગવાનનું સ્વરૂપ, ઉભેલાનું-બેઠેલાનું-ચાલતાનું-સુતેલાનું અથવા અંતરમાં રહેલાનું, જ્યાં સુધી મન તેમાંથી ખસી ન જાય, ત્યાં સુધી એ જોવા યોગ્ય લીલાઓ કરનારાનું ધ્યાન, શુદ્ધ ભાવથી કરવું ॥૧૬-૧૭-૧૮-૧૯॥ અને તે મુનીનું ચીત ભગવાનનાં એ સર્વ અંગોને વીશે એકત્રપણે જ્યારે સ્થીર થયેલું અને બરાબર લાગેલું જણાય, ત્યારે પછીથી તેણે તેને ભગવાનના એક એક અંગને વીશે જોડવું ॥૨૦॥ પ્રથમ ભગવાનના ચરણારવીંદ, કે જે વજ્ર-અંકુશ-ધ્વજ-અને કમળનાં ચીન્હોથી શોભતા; લાલ, ઉપડતા, અને શોભના નખમંડળના પ્રકાશથી મહાત્મા પુરૂશોના હૃદયના અંધકારને હણી નાંખનાર છે. અને જેને પોતાથી ઉત્પન્ન થયેલ ગંગાના જળરૂપ તીર્થને માથા ઉપર ધારણ કરવાથી સદાશીવ પણ સુખી થયા છે. એવા; અને ધ્યાન કરનારાઓના મનનાં પાપોરૂપ પર્વત ઉપર, પડતા વજ્ર સમાન છે. એવા સ્વરૂપનું ધ્યાન ઘણીવારસુધી કરવું. ॥૨૧-૨૨॥ પછી અખીલ બ્રહ્માંડની માતા-અને દેવતાઓ તથા બ્રહ્મા પણ જેને નમે છે. એવાં કમળનેત્ર લક્ષ્મીજીએ પોતાની સાથળ ઉપર ધારણ કરીને સુશોભીત હસ્તકમળથી લડાવેલા એ અજન્માના બે ગોઠણનું હૃદય-

साप्राणधारणं॥ वैकुंठलीलाभिध्यानंसमाधानंतथात्मनः॥६॥एतैरन्यैश्चपथिभिर्मनोदुष्टमसत्पथं ॥ बुद्ध्यायुंजीतशनकैर्जितप्राणोह्यतंद्रितः ॥७॥ शुचौदेशेप्रतिष्ठाप्यविजितासनआसनं॥ तस्मिन्स्वस्तिसमासीनऋजुकायःसमभ्यसेत् ॥८॥ प्राणस्यशोधयेन्मार्गंपूरकुंभकरेचकैः॥ प्रतिकूलेनवाचित्तंयथास्थिरमचंचलं॥९॥मनोऽचिरात्स्याद्विरजंजितश्वासस्ययोगिनः ॥ वाय्वग्निभ्यांयथालोहंध्मातंत्यजतिवैमलं ॥१०॥ प्राणायामैर्दहेद्दोषान्धारणाभिश्चकिल्बिषान् ॥ प्रत्याहारेणसंसर्गान्ध्यानेनानीश्वरान्गुणान्॥११॥ यदामनःस्वंविरजंयोगेनसुसमाहितं काष्ठांभगवतोध्यायेत्स्वनासाग्रावलोकनः ॥१२॥ प्रसन्नवदनांभोजंपद्मगर्भारुणेक्षणं॥ नीलोत्पलदलश्यामंशंखचक्रगदाधरं॥१३॥ लसत्पंकजकिंजल्कपीतकौशेयवाससं॥ श्रीवत्सवक्षसंभ्राजत्कौस्तुभामुक्तकंधरं॥१४॥ मत्तद्विरेफकलयापरीतंवनमालया॥ परार्ध्यहारवलयकिरीटांगदनूपुरं॥१५॥ कांचीगुणोल्लसच्छ्रोणिंहृदयांभोजविष्टरं॥दर्शनीयतमंशांतंमनोनयनवर्धनं॥१६॥ अपीच्यदर्शनंशश्वत्सर्वलोकनमस्कृतं॥ संतंवयसिकैशोरेभृत्यानुग्रहकातरं॥१७॥कीर्तन्यतीर्थयशसंपुण्यश्लोकयशस्करं॥ध्यायेद्देवंसमग्रांगंयावन्नच्यवतेमनः॥१८॥स्थितंव्रजंतमासीनंशयानंवागुहाशयं॥ प्रेक्षणीयेहितंध्यायेच्छुद्धभावेनचेतसा॥१९॥ तस्मिन्लब्धपदंचित्तंसर्वावयवसंस्थितं॥ विलक्ष्यैकत्रसंयुज्यादंगेभगवतोमुनिः॥२०॥संचिंतयेद्भगवतश्चरणारविंदंवज्रांकुशध्वजसरोरुहलांछनाढ्यं ॥ उत्तुंगरक्तविलसन्नखचक्रवालज्योत्स्नाभिराहतमहद्धृदयांधकारं॥२१॥यच्छौचनिःसृतसरित्प्रवरोदकेनतीर्थेनमूर्ध्न्यधिकृतेनशिवःशिवोऽभूत्॥ ध्यातुर्मनःशमलशैलनिसृष्टवज्रंध्यायेच्चिरंभगवतश्चरणारविंदं॥२२॥जानुद्वयंजलजलोचनयाजनन्यालक्ष्म्याऽखिलस्यसुरवंदितयाविधातुः ॥ऊर्वोर्निधायकरपल्लवरोचिषायत्संलालितंहृदिविभोरभवस्यकुर्यात्॥२३॥ ऊरूसुपर्णभुजयोरधिशोभमानावोजोनिधीअतसिकाकुसुमावभासौ॥ व्यालंबिपीतवरवाससिवर्तमानकांचीकलापपरिरंभिनितंबबिंबं ॥२४॥ नाभिह्रदंभुवनकोशगुहोदरस्थंयत्रात्मयोनिधिषणाखिललोकपद्मं॥ व्यूढंहरिन्मणिवृष

માં ધ્યાન કરવું. ॥૨૩॥ પછી ગરૂડના ખભાઉપર શોભતા—ભગનાભંડારરૂપ—અનેબાળશીના ફુલસરખા પ્રકાશતા ભગવાનના સાથળોનું ધ્યાન કરવું અને તેપછી, ઘુંટી સુધી પેહેરેલા લાંબાપીતાંબર ઉપર રહેલી કટીમેખળાના ઘેરાવા સાથે શોભી રહેલ ભગવાનના નીતંબનું ધ્યાન કરવું ॥૨૪॥ પછી ભગવાનના ઉદરમાં રહેલ, સર્વે જગતના સ્થાનકરૂપ નાભી હદ, કે જેમાં બ્રહ્માના સ્થાન રૂપ લોકાત્મક કમળ ઉગ્યું હતું. તે ભગવાનની નાભીનું ધ્યાન કરવું. અને તે પછી સ્વચ્છ હારના કીરણોથી શ્વેત લાગતા, ભગવાનના નીળમણી જેવા બે સ્તનનું ધ્યાન કરવું. ॥૨૫॥ પછી ભક્તોના મનને અને નેત્રને સુખ આપનારા, તથા લક્ષ્મીજીના નીવાસ સ્થાનરૂપ ભગવાનના વક્ષસ્થળનું ધ્યાન કરવું. અને તે પછી કૈસ્તુભમણીને શોભાવનારા અને સર્વ લોકોએ નમસ્કાર કરેલા ભગવાનના કંઠનું ધ્યાન કરવું. ॥૨૬॥ પછી સમુદ્રનું મંથન કરતી વેળા મંદરાચળ ફેરવવાથી ઘસાઇને ઉજળા થયેલાં કંકણુવાળા તથા લોકપાળ દેવતાઓના નીવાસસ્થાનરૂપ ભગવાનના હાથનું ધ્યાન કરવું. અને તે પછી હજારો આરાવાળા અને અસહ્ય તેજવાળા ચક્રનું, અને ભગવાનના હસ્તકમળમાં રાજહંસની પેઠે શોભતા. શંખનું ધ્યાન કરવું. ॥૨૭॥ પછી ભગવાનને વહાલી તથા શત્રુઓના લોહીના ગારાથી ખરડાયલી કૌમુદકી ગદાનું, અને ઘણા ભમરાઓ ગુંજારવ કરતી ભગવાનની વનમાળાનું, ધ્યાન કરવું. અને તે પછી ચૈતન્યના નીર્મળ તત્વરૂપ ભગવાનના કંઠમાં રહેલા મણીનું ધ્યાન કરવું. ॥૨૮॥ પછી ચળકતા મકરાકૃતી કુંડળોથી શોભતા ગાલવાળા—સુંદર નાક અને નીર્મળ ભમરો સાથેના કપાળવાળા—અને ભમરાઓએ સેવાતાં કમળ સરખાં માંછલાંની જોડી જેવાં કુંડળોનો; પોતાની સોભાથી, પોતા ઉપરના વાંકા વાળના સમુદાયથી, અને સુંદર આંખ્યોથકી તીરસ્કાર કરનારા—;અને દાસ જનઉપર દયાળુ બુદ્ધીથી આ લોકને વીશે સ્વરૂપ ધારણ કરનારા ભગવાનના મુખારવિંદનું, આળસ તજી મનથી ધ્યાન કરવું. ॥૨૯–૩૦॥ તે પછી ભયંકર ત્રણ તાપને શમાવવાને, અધીક કૃપાથી નેત્રો થકી મુકેલા કટાક્ષ, કે જે મંદ હાસ્ય યુક્ત અને ઘણા પ્રસાદવાળો છે. તેનું અતીશય ભાવથી ઘણીવાર સુધી હૃદયમાં ધ્યાન કરવું.

स्तनयोरमुष्यध्यायेद्द्वयंविशदहारमयूखगौरं ॥२५॥ वक्षोऽधिवासमृषभस्यमहाविभूतेःपुंसांमनोनयननिर्वृतिमादधानं ॥ कंठंचकौस्तुभमणेरधिभूषणार्थंकुर्यान्मनस्यखिललोकनमस्कृतस्य ॥२६॥ बाहूंश्चमंदरगिरेःपरिवर्त्तनेननिर्णिक्तबाहुवलयानधिलोकपालान्॥ संचिंतयेद्दशशतारमसह्यतेजःशंखंचतत्करसरोरुहराजहंसं ॥२७॥ कौमोदकींभगवतोदयितांस्मरेतदिग्धामरातिभटशोणितकर्दमेन॥ मालांमधुव्रतवरूथगिरोपघुष्टांचैत्यस्यतत्त्वममलंमणिमस्यकंठे ॥२८॥ भृत्यानुकंपितधियेहगृहीतमूर्त्तेःसंचिंतयेद्भगवतोवदनारविंदं॥ यद्विस्फुरन्मकरकुंडलवल्गितेनविद्योतितामलकपोलमुदारनासं॥२९॥ यच्छ्रीनिकेतमलिभिःपरिसेव्यमानंभूत्यास्वयाकुटिलकुंतलवृंदजुष्टं॥मीनद्वयाश्रयमधिक्षिपदब्जनेत्रंध्यायेन्मनोमयमतंद्रितउल्लसद्भ्रु॥३०॥ तस्यावलोकमधिकंकृपयाऽतिघोरतापत्रयोपशमनायनिसृष्टमक्ष्णोः॥ स्निग्धस्मितानुगुणितंविपुलप्रसादंध्यायेच्चिरंविपुलभावनयागुहायां॥३१॥ हासंहरेरवनताखिललोकतीव्रशोकाश्रुसागरविशोषणमत्युदारं ॥ संमोहनायरचितंनिजमाययास्यभ्रूमंडलंमुनिकृतेमकरध्वजस्य ॥३२॥ ध्यानायनंप्रहसितंबहुलाधरोष्ठभासारुणायिततनुद्विजकुंदपंक्ति ॥ ध्यायेत्स्वदेहकुहरेऽवसितस्यविष्णोर्भक्त्यार्द्रयाऽर्पितमनानपृथग्दिदृक्षेत् ॥३३॥ एवंहरौभगवतिप्रतिलब्धभावोभक्त्याद्रवद्धृदयउत्पुलकःप्रमोदात् ॥औत्कंठ्यबाष्पकलयामुहुरर्द्यमानस्तच्चापिचित्तबडिशंशनकैर्वियुंक्ते॥३४॥ मुक्ताश्रयंयर्हिनिर्विषयंविरक्तंनिर्वाणमृच्छतिमनःसहसायथाऽर्चिः ॥ आत्मानमत्रपुरुषोऽव्यवधानमेकमन्वीक्षतेप्रतिनिवृत्तगुणप्रवाहः ॥३५॥ सोप्येतयाचरमयामनसोनिवृत्त्यातस्मिन्महिम्न्यवसितःसुखदुःखबाह्ये ॥ हेतुत्वमप्यसतिकर्त्तरिदुःखयोर्यत्स्वात्मन्विधत्तउपलब्धपरात्मकाष्ठः॥३६॥ देहंचतंनचरमःस्थितमुत्थितंवासिद्धोविपश्यतियतोऽध्यगमत्स्वरूपं॥ दैवादुपेतमथदैववशादपेतंवासोयथापरिकृतंमदिरामदांधः॥३७॥ देहोपिदैववशगःखलुकर्मयावत्स्वारंभकंप्रतिसमीक्षतएवसासुः॥ तंसप्रपंचमधिरूढसमाधियोगःस्वाप्नंपुनर्नभजतेप्रतिबुद्धवस्तुः ॥३८॥ यथापुत्राच्चवित्ताच्चपृथङ्मर्त्यःप्रतीयते

॥૩૧॥ પછી પ્રણામ કરનારા સર્વ લોકના ઘણા શોકથી થયેલા આંસુઓના સમુદ્રને સુકવી નાંખનારા, ભગવાનના અતી સુંદર મંદહાસ્યનું, ધ્યાન કરવું. અને તે પછી, મુનીઓને મોહ કરવાને પ્રવર્તેલા કામદેવને પણ મોહ ઉપજાવવાસારૂં પોતાની માયાથી રચાયલા ભગવાનની ભમરોના મંડળનું, ધ્યાન કરવું. ॥૩૨॥ પછી નીચલા હોઠની ઝાંઇ પડવાથી. ઉજળા અને મોગરાની કળીઓ સરખા દાંતની પંક્તીને રાતી દેખાડનાર, ભગવાનના અતી સુંદર અને અનાયાસે સ્ફુરણ થતા મંદહાસ્યનું પોતાના હૃદયાકાશમાં ધ્યાન કરવું. અને એવું ધ્યાન કરતાં પ્રેમરસવાળી ભક્તીથી તેમાંજ ચીત રાખીને તે વીના, બીજું કાંઇ પણ જોવાની ઇચ્છા કરવી નહીં. ॥ ૩૩ ॥ એ પ્રકારે પ્રયત્ન કરવાથી, હૃદય વારંવાર પીગળી જઇને રોમાંચીત થાય છે, ઉત્કંઠાથી આનંદનાં આંસુ આવે છે, અને માછલાની કુંડીની પેઠે મન ભગવાનમાં જોડાઇ જઇને, તેમને વીશે ભક્તીભાવ ઉત્પન્ન થાય છે. ॥ ૩૪ ॥ મન જ્યારે વીશયાદીકથી વીરક્ત, અને ધ્યાન કરવાના વીશય રહીત એટલે બીજા આશ્રય વીનાનું થાય છે. ત્યારે દીવાની જ્યોતીની પેઠે તે એકા એક નીર્વાણને પામે છે. અને ગુણોના પ્રવાહ (સુખ દુઃખાદીક) ની નીવૃત્તી થઇને, ધ્યાન કરનાર અને ધ્યાન કરવાની વસ્તુરૂપ વીભાગોથી રહીત, એકજ આત્મસ્વરૂપ પુરૂશ ભગવાનને, તે જોયા કરે છે. ॥૩૫॥ મનની એવી વૃત્તી થવાથી, સુખ અને દુઃખ બંને થકી રહીત એવા આત્મસ્વરૂપમાં નીશ્ચળવાન થયેલો—અને પરમાત્માના સ્વરૂપને પામેલો યોગી, સુખ દુઃખાદીકનું ભોક્તાપણું પોતાનામાં જુઠું માનેલાનું જાણીજઇને પછી તેઓ થકી નીવૃત્ત થાય છે. ॥ ૩૬ ॥ અને એ રીતે આત્મસ્વરૂપને પામેલો તે સીદ્ધ પુરૂશ, પોતાનો દેહ, બેઠેલાનું—ઉઠેલાનું—કીંવા દૈવઇચ્છાથી બીજે ઠેકાણે ગયેલાનું, કે ફરીથી તેજ ઠેકાણે પાછો આવેલાનું, પણ મદીરાના મદથી આંધળો થયેલો પુરૂશ પોતાનાં વસ્ત્રાદીકને નહીં જાણવાની પેઠે, જાણી શકતો નથી. ॥૩૭॥ પ્રારબ્ધ આધીન તેનો દેહ પ્રારબ્ધ કર્મ પહોંચતાસુધી ઇંદ્રીયો સહીત જીવે છે. પણ સમાધીવાળો—યોગનેવીશે સ્થીર થયેલ અને આત્મસ્વરૂપને પામેલો યોગી, આ

દૈત પ્રપંચને વીશે; ઉધમાંથી જાગેલો પુરૂષ સ્વપ્નના વીષયોમાં ફરીથી આશક્ત નહીં થવાની પેઠેજ, આશક્તીવાળો થતો નથી. ॥૩૮॥ દીકરા અને ધનાદીક થકી પોતે જુદો હોવાની ખાત્રી થાય છે. તેજ રીતે પોતાને અની લાડકા અને પોતારૂપ મનાતા દેહ થકી પણ તે જુદોજ છે. ॥૩૯॥ જેમ અગ્નીરૂપ મનાતાં બળતાં લાકડાં-તણખા-અને ધુમાડો, એમાંથી ઉત્પન્ન થનારો અગ્ની, તેઓના થકી જુદોજ છે. તે રીતેજ ભુત-ઈંદ્રીઓ-અંતકરણો-પ્રધાન-અને જીવની સંજ્ઞાવાળું લીંગશરીર એમના થકી દ્રષ્ટાઆત્મા (ક્ષેત્રજ્ઞ) જુદો છે. અને તેનાંજ ભગવાન અને બ્રહ્મ એ નામો છે. ॥૪૦-૪૧॥ સર્વ પ્રાણી પદાર્થાદીકને વીશે આત્મા રહેલ છે. અને સર્વે પ્રાણી પદાર્થાદીક આત્માને વીશેજ છે. એમ અનન્ય ભાવથી, સર્વ પ્રાણી પદાર્થાદીક વીશે મારા આત્મપણાનેજ જોવું. ॥૪૨॥ જ્યોતી (એટલે તેજ અથવા અગ્ની) પોતે એકજ હોવા છતાં, તે જેમાંથી ઉત્પન્ન થાય છે તે લાકડાં આદીને વીશે, જેમ અનેક પ્રકારનો થયેલો સરખો જોવામાં આવે છે. તેમજ પ્રકૃતી

(શરીરો) ને વીશે રહેલો આત્મા, ગુણોની વીશમતાના કારણથી અનેક પ્રકારનો થયેલા સરખો જોવામાં આવે છે. ॥૪૩॥ એટલામાટે આ સત (મહાભુતાદીક કારણ સહી) અને અસત (દશ્ય પદાર્થાદીક) સ્વરૂપવાળી, અને તાબે કરવાને માટે અતી કઠીણ એવી, ભગવાન થકીજ થયેલી પ્રકૃતીનો પરાભવ કરીને તમે આત્મસ્વરૂપને વીશેજ સ્થીર થાઓ. ॥૪૪॥ ઇતીશ્રી૦ ભાગવત૦ ત્રીજાસ્કંધનો અઠાવીસમો અધ્યાય સંપુર્ણ. ॥૨૮॥

અધ્યાય. ૨૯ મો-દેવહુતિ-મહતત્વ આદી લેઈને પ્રકૃતીઓનાં લક્ષણો સાંખ્યની રીતી પ્રમાણે આપે કહ્યાં. કે જેથી પુરૂષ ભગવાનનું પરમાર્થ સ્વરૂપ જાણવામાં આવે છે. પણ તેનું મુળ કારણ ભક્તીયોગ હોવાનું આપે કહ્યું છે. તો તે ભક્તીયોગનો માર્ગ, આપ મને વીસ્તાર સહીત કહી સંભળાવો. ॥૧-૨॥ વળી હે ભગવાન, પ્રાણીમાત્રની નાના પ્રકારની સંસૃતી લોકને વીશે કેવા પ્રકારથી થાય છે. તે પણ કહો. જેથી સર્વ વીશયાદીક થકી પુરૂષને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. ॥૩॥ તથા જેના કારણથી માણસો શુભ કર્મો કરેછે તે બ્રહ્માદીક ઇશ્વરોના પણ ઇશ્વર

॥ अप्यात्मत्वेनाभिमताद्देहादेःपुरुषस्तथा॥३९॥यथोल्मुकाद्विस्फुलिंगाद्धूमाद्वापिस्वसंभवात् ॥ अप्यात्मत्वेनाभिमतात्तदग्निःपृथगुल्मुकात् ॥४०॥ भूतेंद्रियांतःकरणात्प्रधानाज्जीवसंज्ञितात्॥आत्मातथापृथग्द्रष्टाभगवान्ब्रह्मसंज्ञितः॥४१॥ सर्वभूतेषुचात्मानंसर्वभूतानिचात्मनि॥ ईक्षेतानन्यभावेनभूतेष्विवतदात्मतां ॥४२॥ स्वयोनिषुयथाज्योतिरेकंनानाप्रतीयते॥ योनीनांगुणवैषम्यात्तथात्माप्रकृतौस्थितः ४३ तस्मादिमांस्वांप्रकृतिंदैवींसदसदात्मिकां॥दुर्विभाव्यांपराभाव्यस्वरूपेणावतिष्ठते॥४४॥ इ०भा०म०तृ०कापिलेयेसाधनानुष्ठानंनामाष्टाविंशतितमोऽध्यायः ॥२८॥ देवहूति०लक्षणंमहदादीनांप्रकृतेःपुरुषस्यच॥ स्वरूपंलक्ष्यतेऽमीषांयेनतत्पारमार्थिकं ॥१॥ यथासांख्येषुकथितंयन्मूलंतत्प्रचक्षते॥ भक्तियोगस्यमेमार्गंब्रूहिविस्तरशःप्रभो॥२॥ विरागोयेनपुरुषोभगवन्सर्वतोभवेत्॥आचक्ष्वजीवलोकस्यविविधालोकसंसृतीः॥३॥ कालस्येश्वररूपस्यपरेषांचपरस्यते॥ स्वरूपंबतकुर्वंतियद्धेतोःकुशलंजनाः ॥४॥ लोकस्यमिथ्याभिमतेरचक्षुषश्चिरंप्रसुप्तस्यतमस्यनाश्रये ॥ श्रांतस्यकर्मस्वनुविद्धयाधियात्वमाविरासीःकिलयोगभास्करः ॥५॥ मैत्रेय०इतिमातुर्वचःश्लक्ष्णंप्रतिनंद्यमहामुनिः ॥ आबभाषेकुरुश्रेष्ठप्रीतस्तांकरुणाऽर्दितः॥६॥ श्रीभग०भक्तियोगोबहुविधोमार्गैर्भामिनिभाव्यते॥स्वभावगुणमार्गेणपुंसांभावोविभिद्यते ॥७॥ अभिसंधाययद्धिंसांदंभंमात्सर्यमेववा॥ संरंभीभिन्नदृग्भावंमयिकुर्यात्सतामसः॥८॥ विषयानभिसंधाययशऐश्वर्यमेववा ॥ अर्चादावर्चयेद्योमांपृथक्भावःसराजसः ॥९॥ कर्मनिर्हारमुद्दिश्यपरस्मिन्वातदर्पणं॥ यजेद्यष्टव्यमितिवापृथग्भावःससात्विकः॥१०॥मद्गुणश्रुतिमात्रेणमयिसर्वगुहाशये॥ मनोगतिरविच्छिन्नायथागंगांऽभसोंबुधौ ॥११॥ लक्षणंभक्तियोगस्यनिर्गुणस्यत्युदाहृतं ॥ अहैतुक्यव्यवहितायाभक्तिःपुरुषोत्तमे ॥१२॥ सालोक्यसार्ष्टिसामीप्यसारूप्यैकत्वमप्युत॥ दीयमानंनगृह्णंतिविनामत्सेवनंजनाः॥१३॥ सएवभक्तियोगाख्यआत्यंतिकउदाहृतः॥ येनातिव्रज्यत्रिगुणंमद्भावायोपपद्यते॥१४॥ निषेवितेनानिमित्तेनस्वधर्मेणमहीयसा॥ क्रियायोगेनशस्तेननातिहिंस्रे

આપના કાળ સ્વરૂપ વીશે પણ કહો. ॥૪॥ કર્મોને વીશે જડાઇ ગયેલી બુદ્ધીથી થાકી ગયેલા-અને આ આશ્રય રહીત અંધકાર (દેહાદીકને પોતારૂપ માનવાપણું) માં ખોટા અભીમાનથી ઘણો કાળ થયાં સુઇ રહેલા લોકને, યોગરૂપ પ્રકાશ કરવાને માટે આપ ખરેખરા સુર્ય રૂપજ પ્રકટ થયેલા છો. ॥ ૫ ॥-મૈત્રેય-ત્યારે હે વીદુર, માતાનાં એ સુંદર વચનોનો સતકાર કરીને, દયાથી ઘેરાયલા મહામુની કપીલ દેવ, પ્રીતી સહીત બોલ્યા કે, ॥૬॥-શ્રી ભગવાન-હે માતા, પુરૂશોના સ્વભાવ-ગુણો-અને ભાવનાઓવડે ભેદ પામવાથી ભક્તીયોગ ઘણા પ્રકારોવાળો થયો છે. ॥૭॥ ફળનું અનુસંધાન રાખીને-દંભથી-અદેખાઇથી-અથવા ક્રોધથી, ભેદ દ્રષ્ટી સહીત કોઇને દુઃખ કરવાને માટે મારે વીશે જે ભક્તીયોગ કરવામાં આવેછે. તે તામસ ભક્તીયોગ છે. ॥૮॥ વીશયોની-યશની-કીર્તી ઐશ્વર્યની ઇચ્છારૂપ ફળના અનુસંધાનથી ભેદ દ્રષ્ટીસહીત અર્ચા (મુર્તી) આદીકને વીશે જે કોઇ મારૂં અર્ચન આદીક ભક્તીયોગ કરેછે. તે રાજસ ભક્તીયોગ છે. ॥૯॥ કર્મોનો નાશ કરવાના ઉદેશથી

-પરમેશ્વરને અર્થે-અગર પરમેશ્વરને અર્પણ કરીને, તથા મારૂં યજન કરવુંજ જોઇએ, એમ સમજીને ભીન્ન દ્રષ્ટી સહીતજ જે મારૂં યજન કરવારૂપ ભક્તીયોગ કરે છે તે સાત્વીક ભક્તીયોગ છે. ॥૧૦॥ જેમ ગંગાજીના જળની અખંડીત ગતી સમુદ્રને વીશે થયા કરે છે. તેમ મારા ગુણના શ્રવણ માત્રથીજ, સર્વના અંતરમાં રહેનારા મારે વીશે મનની અખંડીત ગતી થયા કરે. ॥૧૧॥ એવી પુરૂશોત્તમને વીશે હેતુ રહીત અને અવ્યવહીત એટલે ભેદદ્રષ્ટી વીનાની ભક્તી થાય. તે નીર્ગુણ ભક્તીયોગનું લક્ષણ કહેવાય છે. ॥૧૨॥ એ નીર્ગુણ ભક્તીયોગ કરનારા મનુષ્યોને હું મારી. "મારા લોકમાં રહેવાની"-"મારા સરખું ઐશ્વર્ય મળવાની"-"મારી સાથેજ રહેવાની"-"મારા સરખું સ્વરૂપ થવાની" અને "મારી સાથે મળીને એકરૂપ થવાની" ગતીઓ આપવા માંડુંછું. પણ મારી સેવા સીવાય બીજા કશાને તેઓ લેતાજ નથી. ॥૧૩॥ જેનાથકી ત્રણ ગુણોને તજીને મારા પદને પમાયછે. તેજ મારો આત્યંતીક ભક્તીયોગ કહેલ છે. ॥૧૪॥ શ્રદ્ધા આદી સહીત નીષ્કામ ધર્મનું સેવન કરવાથી-નીત્ય

નીસ, ધણી હીંસા વીનાના અને ફળના અનુસંધાનરહીત ક્રીયાયોગ કરવાથી-॥ ૧૫ ॥-મારાં સ્વરૂપો (અગીઆર પ્રકારનાં)નું દર્શન, સ્પર્શ, પુજા, સ્તુતી, અને વંદન આદી કરવાથી-પ્રાણી પદાર્થ સર્વને વીશે મારી ભાવના રાખવાથી-ધીરજ અને અસંગ રાખવાથી. ॥૧૬॥ મોટાઓને ઘણું માન આપવાથી-દીન ઉપર દયા રાખવાથી-અને સમાન સાથે મીત્ર ભાવ રાખવાથી-યમનીયમાદીક પાળવાથી-॥૧૭॥-અધ્યાત્મ જ્ઞાનવાળાં શાસ્ત્રનું શ્રવણાદીક કરવાથી-મારાં નામો વીગેરેનું કીર્તન આદી કરવાથી-આર્જવ સહીત આર્ય એટલે સત્પુરૂશોનો સંગ કરવાથી-અને અહંકાર રહીત થઇને વર્તવાથી. ॥૧૮॥ ઇત્યાદી ગુણોથકી પુરૂશનું અંતઃકરણ સારી રીતે શુદ્ધ થઇને, મારા ગુણો વીગેરેના શ્રવણ માત્રથીજ, મન મારા સ્વરૂપને વીશે લાગે છે. ॥૧૯॥ ગંધને લેઇ જનાર વાયુવડે ગંધ જેમ પોતાથીજ ઘ્રાણ ઇંદ્રીને પામેછે. તેમ ભક્તીયોગને વીશે આ રીતે પ્રીતી વાળું થયેલું, અને વીકાર રહીત મન પોતાની મેળેજ આત્મ તત્વને પ્રાપ્ત થાયછે. ॥૨૦॥ અને અંતરયામી

હું સર્વ પ્રાણી પદાર્થાદીકને વીશે સર્વકાળ રહેલો છું. તેની અવગણના કરીને મનુષ્યો મુર્તીમાંજ મારૂં પુજનાદીક કરેછે. તેતો માત્ર ચાળાં ચુંથવા જેવુંજ છે. ॥ ૨૧ ॥ સર્વ પ્રાણી માત્રને વીશે આત્મા અને ઇશ્વરરૂપથી રહેલા મને તજીને, મુઢપણાથી મુર્તીનું પુજન કરનારાંઓ તો રાખોડીમાંજ હોમનારાં છે. ॥૨૨॥ પારકા શરીરને વીશે રહેલ મારોજ, બીજા દ્રષ્ટીથી અને અભીમાનથી, દ્વેશ કરનારા તથા પ્રાણીઓ સાથે વૈર બાંધનારા એ પુરૂશોના મનને શાંતી મળતીજ નથી. ॥૨૩॥ હે પાપ રહીત માતા, પ્રાણીઓની અવગણના કરનારાઓ, અનેક પ્રકારના નાના મોટા પદાર્થોવડે, ક્રીયાઓ (યજ્ઞાદીક) કરીને મુર્તી આદીકનું પુજન વીગેરે કરવાથી હું પ્રસન્ન થતો નથીજ. ॥૨૪॥ જ્યાં સુધી પોતાના હ્રદયમાં સર્વ પ્રાણીને વીશે રહેલા હું ઇશ્વરને ન જાણે, ત્યાં સુધીજ પોતાનું સ્વધર્માચરણ કરવાની સાથે, અર્ચા (મુર્તી) આદીનું પુજન કરવાનું છે. ॥૨૫॥ જે કોઇ પોતાને અને પરાયાને વીશે જરા પણ ભેદ રાખેછે. તેવા બીજા દ્રષ્ટીવાળાઓનેજ મૃત્યુથકી અતી

णनित्यशः॥१५॥ मद्धिष्ण्यदर्शनस्पर्शपूजास्तुत्यभिवंदनैः ॥ भूतेषुमद्भावनयासत्त्वेनासंगमेनच॥१६॥ महतांबहुमानेनदीनानामनुकंपया ॥ मैत्र्याचैवात्मतुल्येषुयमेननियमेनच॥१७॥ आध्यात्मिकानुश्रवणान्नामसंकीर्तनाच्चमे॥आर्जवेनार्यसंगेननिरहंक्रिययातथा ॥१८॥ मद्धर्मणोगुणैरेतैःपरिसंशुद्धआशयः॥ पुरुषस्यांजसाऽभ्येतिश्रुतमात्रगुणंहिमां॥१९॥ यथावातरथोघ्राणमावृंक्तेगंधआशयात्॥ एवंयोगरतंचेत आत्मानमविकारियत्॥२०॥ अहंसर्वेषुभूतेषुभूतात्मावस्थितःसदा॥ तमवज्ञायमांमर्त्यःकुरुतेर्चाविडंबनं॥२१॥ योमांसर्वेषुभूतेषुसंतमात्मानमीश्वरं॥ हित्वार्चांभजतेमौढ्याद्भस्मन्येवजुहोतिसः॥२२॥ द्विषतःपरकायेमांमानिनोभिन्नदर्शिनः॥ भूतेषुबद्धवैरस्यनमनःशांतिमृच्छति ॥२३॥ अहमुच्चावचैर्द्रव्यैःक्रिययोत्पन्नयाऽनघे ॥ नैवतुष्येऽर्चितोऽर्चायांभूतग्रामावमानिनः॥२४॥ अर्चादावर्चयेत्तावदीश्वरंमांस्वकर्मकृत् ॥ यावन्नवेदस्वहृदिसर्वभूतेष्ववस्थितं ॥२५॥ आत्मनश्चपरस्यापियःकरोत्यंतरोदरं॥तस्यभिन्नदृशोमृत्युर्विदधेभयमुल्बणं॥२६॥ अथमां सर्वभूतेषुभूतात्मानंकृतालयं॥ अर्हयेद्दानमानाभ्यांमैत्र्याऽभिन्नेनचक्षुषा॥२७॥ जीवाःश्रेष्ठाह्यजीवानांततःप्राणभृतःशुभे ॥ ततःसचित्ताः प्रवरास्ततश्चेंद्रियवृत्तयः॥२८॥ तत्रापिस्पर्शवेदिभ्यःप्रवरारसवेदिनः॥ तेभ्योगंधविदःश्रेष्ठास्ततःशब्दविदोवराः॥२९॥ रूपभेदविदस्तत्र ततश्चोभयतोदतः॥ तेषांबहुपदाश्रेष्ठाश्चतुष्पादस्ततोद्विपात्॥३०॥ ततोवर्णाश्चचत्वारस्तेषांब्राह्मणउत्तमः ॥ ब्राह्मणेष्वपिवेदज्ञोह्यर्थज्ञोऽभ्यधिकस्ततः॥३१॥ अर्थज्ञात्संसयच्छेत्ताततःश्रेयान्स्वकर्मकृत्॥ मुक्तसंगस्ततोभूयानदोग्धाधर्ममात्मनः ॥३२॥ तस्मान्मय्यर्पिताशेषक्रियार्थात्मानिरंतरः॥ मय्यर्पितात्मनःपुंसोमयिसंन्यस्तकर्मणः॥३३॥ नपश्यामिपरंभूतमकर्तुःसमदर्शनात् ॥ मनसैतानिभूतानिप्रणमेद्बहुमानयन्॥ ईश्वरोजीवकलयाप्रविष्टोभगवानिति ॥३४॥ भक्तियोगश्चयोगश्चमयामानव्युदीरितः॥ ययोरेकतरेणैवपुरुषःपुरुषंव्रजेत् ॥३५॥ एतद्भगवतोरूपंब्रह्मणःपरमात्मनः॥ परंप्रधानंपुरुषंदैवंकर्मविचेष्टितं॥३६॥ रूपभेदास्पदंदिव्यंकालइत्यभिधीयते॥भूतानांमहदादीनांयतो

દારૂણ ભયની પ્રાપ્તી થયા કરેછે. ॥૨૬॥ એટલા માટે સર્વ પ્રાણી માત્રના આત્મા, અને પ્રાણી માત્રને વીશે રહેલા હુંનું (અર્થાત સર્વ પ્રાણી માત્રનું) બીજા દ્રષ્ટી તજીને, મીત્ર ભાવથી, દાન તથા માન આદીવડે પુજન કરો. ॥૨૭॥ હે માતા. અચેતન પ્રાણી (પદાર્થ) કરતાં સચેતન શ્રેષ્ટ છે. તેમનાથકી પ્રાણ વાયુની વૃત્તીવાળાઓ-તેમનાથકી ચીતની વૃત્તીવાળાઓ-અને તેમનાથકી ઇંદ્રીઓની વૃત્તીવાળાઓ શ્રેષ્ટ છે. ॥૨૮॥ તેઓથકી સ્પર્શને જાણનારા,-તેઓથકી રસને જાણનારા, તેઓથકી ગંધને જાણનારા-અને તેઓથકી શબ્દને જાણનારાઓ શ્રેષ્ટ છે. ॥૨૯॥ તેઓથકી રૂપ અને ભેદને જાણનારા-તેઓથકી બેઉ તરફ દાંતવાળા-તેઓથકી બહુ પગવાળા-તેઓથી ચાર પગવાળા-અને તેઓથકી બે પગવાળા એટલે મનુષ્યો શ્રેષ્ટ છે. ॥૩૦॥ તેઓમાં ચાર વર્ણવાળા-અને તેઓમાં બ્રાહ્મણ ઉત્તમ છે. બ્રાહ્મણોમાં પણ વેદને જાણનારા-અને તેવાઓમાં પણ અર્થને જાણનારા અધીક શ્રેષ્ટ છે. ॥૩૧॥ તે અર્થ જાણનારાઓમાં પણ સંશયને કાપનારાઓ શ્રેષ્ટ છે. તેવાઓથકી

સંગને તજેલાઓ એટલે કર્મફળની ઇચ્છા રહીત સ્વધર્માચરણ કરનારાઓ શ્રેષ્ટ છે. ॥ ૩૨ ॥ અને સર્વકર્માકર્મોનાં ફળો-અને પોતાનો દેહાદીક-એ સર્વ મને અર્પણ કરનારાઓ, તેમનાથી પણ શ્રેષ્ટ છે. એવા મારે વીશે સર્વ કર્મોને નાંખી દેનાર-સમદ્રષ્ટીવાળા-અને અકર્તા પુરૂશ કરતાં બીજા કોઇનેજ હું ઉત્તમ જાણતો નથી. માટે સર્વના નીયામક અને અંતર્યામી ભગવાનને સર્વ પ્રાણી માત્રમાં રહેલા જાણીને, પ્રાણી માત્રને એ પ્રકારે (એટલે એક એકથી અધીક ઉપર કહ્યા પ્રમાણે) બહુ બહુ માન આપીને મન સહીત પ્રણામ કરો. ॥૩૩-૩૪॥ હે મનુની પુત્રી, ભક્તીયોગ અને અષ્ટાંગ યોગ, આ રીતે બેઉ મેં તમને કહ્યા. જેમાંના એકવડે પણ પુરૂશ ભગવાન પરમાત્માને પમાય છે. ॥ ૩૫ ॥ પદાર્થોનાં રૂપ અને ભેદ થવાના કારણરૂપ—પ્રકૃતીથકી પર પરમાત્મા પુરૂશ ભગવાનનું ફર્યા કરતું સ્વરૂપ જે દૈવ કહેવાય છે તથા કર્મોની ચેષ્ટા કરનાર છે. તે સૌમ્ય સ્વરૂપનેજ કાળ નામથી પણ કહે છે. કે જેના થકી મહતત્વ આદી સર્વે, બીજા દ્રષ્ટીવાળાઓને

ભય (મૃત્યુ) ઉત્પન્ન થાય છે. ॥૩૬-૩૭॥ સર્વના આશ્રય રૂપ—વીષ્ણુ અને અધીયજ્ઞનું સ્વરૂપ કહેવાનો સમર્થ કાળ, સર્વનો સંહાર કરતા રૂપે, સર્વ પ્રાણી પદાર્થોની કને વીશે પ્રવેશ કરીને પ્રાણીઓ થકીજ પ્રાણીઓનો નાશ કરે છે. ॥૩૮॥ તેને કોઈ પ્રીય નથી—કોઈ દ્વેષ કરવા યોગ્ય નથી—ને કોઈ બાંધવ પણ નથી. તથા એ અપ્રમત પ્રભુ, પ્રમત (અણુકુલ) મનુષ્યોને વીશે પ્રવેશ કરીને તેમનો અન્ત આણનાર પણ છે. ॥૩૯॥ એની બીકથી વાયુ વાય છે. સુર્ય એનીજ બીકથી તપે છે. ઇંદ્ર એની બીકથી વરસે છે. અને તારાઓ આદીક એની બીકથી પ્રકાશે છે. ॥૪૦॥ એની બીકથીજ લતાઓ અને ઔષધીઓ સુદ્ધાં વનસ્પતીઓ પોત પોતાને સમયે ફુલ તથા ફળોને ગ્રહણ કરે છે. ॥૪૧॥ નદીઓ બીહીને વહ્યા કરે છે. અને સમુદ્ર મર્યાદા છોડીને આગળ વધતો નથી. અગ્ની પ્રદીપ્ત થાય છે. અને પર્વતો સહીત પૃથ્વી એની બીકથીજ ડુબી જતી નથી. ॥૪૨॥ એની આજ્ઞા માનીનેજ આકાશ સર્વ પ્રાણીઓને સ્થાન આપે છે અને સાત આવરણોથી વીંટાએલું મહતત્વ પોતાના દેહને વીશે (ચૌદે) લોકને ધારણ કરે છે. ॥ ૪૩ ॥ અને જેમને વશ આ ચર અચર જગત છે તે ગુણોના અભીમાની બ્રહ્મા—વીષ્ણુ—અને રૂદ્ર, દેવતાઓ દરેક યુગને વીશે સર્ગ આદીને, એ કાળની બીકથીજ કરે છે.॥૪૪॥ એવો તે અંત વીનાનો—બીજાઓનો અંત આણનાર—અનાદી—બીજાઓનો આદી અન કરનાર—અને અવ્યય એટલે ફેરફાર થકી રહીત—એવો તે કાળ પ્રાણીઓ વડેજ પ્રાણીઓના જન્મને કરતા થકો—અને પ્રાણીઓ થકીજ પ્રાણીઓના મૃત્યુ રૂપ અંતને કરવા વાળો છે. ॥૪૫॥ ઇ૦શ્રી૦ભા૦તૃ૦સ્કં૦ઓગણત્રીસમો અ૦સ૦.॥૨૯॥

અધ્યાય ૩૦ મો.—શ્રી ભગવાન—સર્વને ચળાયમાન કરનારા, એ કાળના પરાક્રમને, વાયુના પરાક્રમને નહીં જાણનાર વાદળાંઓની પેઠે, કોઈ લોક જાણતા નથી. ॥૧॥ સુખ મેળવવાને માટે માણસો દુઃખ વેઠીને જેજે અર્થ મેળવે છે, તે તે અર્થને ભગવાન કાળ નાશ કરી નાંખે છે. જેને માટે પ્રરૂષો શોક કરે છે. ॥૨॥ અને આ દેહ તથા તેની પાછળ લાગેલાં સ્ત્રી, પુત્ર, ઘર, ક્ષેત્ર અને ધનાદીક જે અધ્રુવ એટલે

भिन्नदृशांभयं॥३७॥ योंऽतःप्रविश्यभूतानिभूतैरत्त्यखिलाश्रयः॥ सविष्ण्वाख्योऽधियज्ञोऽसौकालःकलयतांप्रभुः॥३८॥ नचास्यकश्चिद्दयितोनद्वेष्योनचबांधवः॥ आविशत्यप्रमत्तोसौप्रमत्तंजनमंतकृत् ॥३९॥ यद्भयाद्वातिवातोयंसूर्यस्तपतियद्भयात् ॥ यद्भयाद्वर्षतेदेवोभगणो भातियद्भयात् ॥४०॥ यद्वनस्पतयोभीतालताश्चौषधिभिःसह॥ स्वेस्वेकालेऽभिगृण्हंतिपुष्पाणिचफलानिच ॥४१॥ स्रवंतिसरितोभीतानोत्सर्पत्युदधिर्यतः॥ अग्निरिंधेसगिरिभिर्भूर्नमज्जतियद्भयात् ॥४२॥ नभोददातिश्वसतांपदंयन्नियमाददः ॥ लोकंस्वदेहंतनुतेमहान्सप्तभिरावृतं॥४३॥ गुणाभिमानिनोदेवाःसर्गादिष्वस्ययद्भयात्॥वर्ततेऽनुयुगंयेषांवशएतच्चराचरं॥४४॥ सोऽनंतोंऽतकरःकालोऽनादिरादिकृदव्ययः॥ जनंजनेनजनयन्मारयन्मृत्युनांतकं॥४५॥ इ०भा०म०तृ०एकोनत्रिंशत्तमोऽध्यायः ॥२९॥ कपिल०तस्यैतस्यजनोनूनंनायंवेदोरुविक्रमं॥ काल्यमानोऽपिबलिनोवायोरिवघनावलिः॥१॥ यंयमर्थमुपादत्तेदुःखेनसुखहेतवे॥ तंतंधुनोतिभगवान्पुमान्शोचतियत्कृते ॥२॥ यदध्रुवस्यदेहस्यसानुबंधस्यदुर्मतिः॥ ध्रुवाणिमन्यतेमोहाद्गृहक्षेत्रवसूनिच॥३॥ जंतुर्वैभवएतस्मिन्यांयांयोनिमनुव्रजेत्॥तस्यांतस्यांसलभतेनिर्वृतिंनविरज्यते ॥४॥ नरकस्थोऽपिदेहंवैनपुमांस्त्यक्तुमिच्छति॥ नारक्यांनिर्वृतौसत्यांदेवमायाविमोहितः॥५॥ आत्मजायासुतागारपशुद्रविणबंधुषु॥ निगूढमूलहृदयआत्मानंबहुमन्यते॥६॥संदह्यमानसर्वांगएषामुद्वहनाधिना॥ करोत्यविरतंमूढोदुरितानिदुराशयः॥७॥आक्षिप्तात्मेंद्रियःस्त्रीणामसतीनांचमायया ॥ रहोरचितयालापैःशिशूनांकलभाषिणां॥८॥ गृहेषुकूटधर्मेषुदुःखतंत्रेष्वतंद्रितः ॥ कुर्वन्दुःखप्रतीकारंसुखवन्मन्यतेगृही ॥९॥ अर्थैरापादितैर्गुर्व्याहिंसयेतस्ततश्चतान्॥ पुष्णातियेषांपोषेणशेषभुग्यात्यधःस्वयं ॥१०॥ वार्तायांलुप्यमानायामारब्धायांपुनःपुनः ॥ लोभाभिभूतोनिःसत्त्वःपरार्थेकुरुतेस्पृहां॥११॥ कुटुंबभरणाकल्पोमंदभाग्योवृथोद्यमः॥ श्रियाविहीनःकृपणोध्यायन्श्वसितिमूढधीः ॥१२॥एवंस्वभरणाकल्पंतत्कलत्रादयस्तदा॥ नाद्रियंतेयथापूर्वंकीनाशाइवगोजरं ॥१३॥ तत्राप्यजातनिर्वेदोभ्रि

ચળ છે. તેમને એ દુષ્ટ બુદ્ધી વાળાઓ મોહ વડે ધ્રુવ એટલે અચળ માને છે. ॥ ૩ ॥ જંતુ (પ્રાણી) જન્મ પામતાં જે જે યોનીને વીશે જાય છે. ત્યાં ત્યાં એ સર્વ તો તેને ગમેછેજ, અને તેથીજ તે નીવૃત્તી એટલે વૈરાગ્યને પામતો નથી. ॥૪॥ નરકને વીશે પડેલો પુરૂશ પણ ભગવાનની માયાથી મોહ પામીને, તે નરકનાં સુખો થકી નીવૃત્ત નહીં થતાં, તેવા દેહને પણ તજવાને ઇચ્છતો નથી. ॥૫॥ અને તેનું મન, દેહ—સ્ત્રી—પુત્ર—ઘર—પશુ—ધન અને બંધુઓ આદીમાં દ્રઢ પણે બંધાઈ જવાથી તે પોતાનેજ કૃતાર્થ માને છે. ॥૬॥ તથા તેઓના ભરણ પોશણની ચીંતા વડે સર્વ અંગોમાં બળ્યા કરતો એ દુષ્ટ બુદ્ધી વાળો મુઢ, દુષ્ટ કરમો કરવા થકી નીવૃત્ત થતોજ નથી. ॥૭॥ કાલું કાલું અને મધુર બોલનારાં બાળકોમાં—અને એકાંતને વીશે કપટ સહીત રચના કરેલી વાણી બોલતી અસતી સ્ત્રીઓમાં—તેનું મન તથા ઇંદ્રીયો ખેંચાઈ જઈને, એ ગૃહસ્થ આશ્રમવાળો—કપટના સ્વભાવ વાળા અને જેમાં વીશેશે કરીને દુઃખજ રહેલ છે એવા ઘરમાં રહીને આળસ તજી દુઃખને મટાડવાના ઉપાયો કરવામાંજ સુખની પેઠે માની લેછે ॥૮-૯॥ એમ બીજાઓને મોટીમોટી પીડાઓ કરીને જ્યાં ત્યાંથી સંપાદન કરેલા ધન વડે તેઓનું પોશણ કરનારો અને તેઓના ખાતાં જે કાંઈ શેશ રેહે તેનેજ ખાનારો તે પછીથી નરકને વીશેજ જાયછે.॥૧૦॥ અને મેળવેલી આજીવીકાનો ફરીફરીને નાશ થઈજવાથી સત્વ રહીત થયેલો તે લોભ વડે કરીને બીજાઓના ધનને લેવાની ઇચ્છા (એટલે ચોરીઆદીક) કરે છે. ॥૧૧॥ તથા એ ભાગ્ય હીન—કુટુંબનું પોશણ કરવામાં અશક્ત થયેલો—ઉધમો વૃથા થઈ ગયેલો—શોભા રહીત—રાંક—અને મુઢ બુદ્ધી વાળો પછી લાંબા લાંબા નીશાસા મુકે છે. ॥૧૨॥ એ પ્રકારે પોતાનાંઓ (કુટુંબ) નું પોશણ કરવામાં અસમર્થ થયેલા તેનો, તેનાં સ્ત્રી પુત્રાદીક; નીચ ખેડુતોએ ઘરડા બળદને કરવાની પેઠે, પુર્વ કાળની માફક આદર કરતાં નથી, એટલે માન નહીં આપતાં તીરસ્કાર કરે છે. ॥૧૩॥ ઘરડપણા થકી કદરૂપો થયેલો—જેઓનું પોશણ પોતે કરતો તેવાઓનાથીજ પોશણ પામતો—રોગાદીકથી જઠરાગ્ની મદ પડી જઈને આહાર

અને વીહાર અલ્પ કરી શકતો—વાયુ ઉંચો અને અવળો ચાલવાથી આંખો બહાર નીકળી પડેલો—કફથકી નાડીઓ રોકાયલો—કંઠરસ્થ અને શ્વાસ વડે થાકી જતો—ગળામાં ઘુરઘુર શબ્દ થતો—અને મરવાને તૈયાર થયેલો છતાં પણ ઘરને વીશે વૈરાગ્ય નહીં પામેલો તે, અપમાન સાથે નાંખેલા ટુકડાને કુતરાની પેઠે ખાઇને જીવે છે. ॥૧૪-૧૫-૧૬॥ અને છેવટે કાળના પાશને વસ થઇને અને શોક કરતા પોતાના બંધુઓથી વીંટાઇને સુતેલો તે, બંધુઓ બોલાવતાં બોલી શકતો પણ નથી. ॥૧૭॥ એ રીતે કુટુંબના ભરણ પોશણમાંજ લાગેલા મન વાળો તે અબુદ્ધ અને અજીતેંદ્રીય પુરૂશ, પોતાનાંઓને રડતાંજ મુકીને ઘણી વેદના પામીને મરી જાય છે. ॥૧૮॥ તે સમયે આવેલા મહાભયાનક, અને ભયંકર ક્રોધવાળી નજરથી જોનારા, યમદુતોને જોઇને હૃદયમાં ત્રાસ ઉત્પન્ન થઇ, તેનાં મળ મુત્ર છુટી જાય છે. ॥૧૯॥ તેના યાતના દેહને (લીંગ શરીરને) પાશ થકી બાંધી લઇને, ગળામાં બંધ નાંખી, અપરાધીઓને રાજાના નોકરોએ લેઇ જવાવાની પેઠે, ઘણા લાંબા માર્ગમાં લઇ જાય છે. ॥૨૦॥ ત્યારે તે દુતોએ તીરસ્કારાદીક કરવાથી ભેદાઇ ગયેલા હૃદય વાળો—થરથર ધ્રુજતો—અને રસ્તામાં કુતરાંઓથી કરડાતો—તે અતી દુઃખી થઇને પોતાનાં પાપને સંભારે છે. ॥૨૧॥ વીસામાની જગો અગર પાણી વીનાના, અને સુર્ય—દાવાનળ—તથા પવનથી તપેલી રેતીવાળા માર્ગમાં, ભુખ્યા અને તરસા તેને લઇ જતાં તે અસક્તાને લીધે ચાલી શકતો નથી ત્યારે બરડામાં ચાબકા મારીને દુતો ચલાવે છે. એમ દુઃખથી તવાઇ જઇને પરાણે પરાણે ચાલતાં થાકી જવાથી જ્યાં ત્યાં મુરછા આવીને તે પડી જાય છે અને પાછો ફરીથી ઉઠીને ચાલેછે. એ રીતે તેને પાપી લોકોને લઇજવાના અંધકારવાળા માર્ગમાં થઇને યમલોકમાં લઇ જવામાં આવે છે. ॥૨૨-૨૩॥ એ નવાણું હજાર યોજનનો માર્ગ, એ અગર ત્રણ મુહુર્તમાં કાપીને લઇ જવાયલો તે, પછીથી યાતના (ખોટાં કામના ફળો તરીકે દુઃખ) ભોગવે છે. ॥૨૪॥ એટલે તેનાં અંગોને બળતણ આદીથી વીંટીને સળગાવી દેવાની—પોતે કાપેલા અગર બીજાએ કાપી આપેલા પોતાનાજ માંસને

यमाणःस्वयंभुतैः॥ जरयोपात्तवैरूप्योमरणाभिमुखोगृहे ॥१४॥ आस्तेऽवमत्योपन्यस्तंगृहपालइवाहरन्॥ आमयाव्यप्रदीप्ताग्निरल्पाहा
रोऽल्पचेष्टितः॥१५॥ वायुनोत्क्रमतोत्तारःकफसंरुद्धनाडिकः ॥ कासश्वासकृतायासःकंठेघुरघुरायते॥१६॥शयानःपरिशोचद्भिःपरिवीतः
स्वबंधुभिः॥ वाच्यमानोऽपिनब्रूतेकालपाशवशंगतः॥१७॥ एवंकुटुंबभरणेव्यापृतात्माऽजितेंद्रियः॥म्रियतेरुदतांस्वानामुरुवेदनयाऽस्तधीः
॥१८॥ यमदूतौतदाप्राप्तौभीमौसरभसेक्षणौ॥सदृष्ट्वात्रस्तहृदयःशकृन्मूत्रंविमुंचति॥१९॥यातनादेहआवृत्यपाशैर्बध्वागलेबलात्॥नयतो
दीर्घमध्वानंदंड्यंराजभटायथा॥२०॥ तयोर्निर्भिन्नहृदयस्तर्जनैर्जातवेपथुः॥ पथिश्वभिर्भक्ष्यमाणआर्तोऽघंस्वमनुस्मरन्॥२१॥ क्षुत्तृट्परी
तोऽर्कदवानलानिलैःसंतप्यमानःपथितप्तवालुके॥ कृच्छ्रेणपृष्ठेकशयाचताडितश्चलत्यशक्तोऽपिनिराश्रमोदके ॥२२॥ तत्रतत्रपतन्श्रां
तोमूर्च्छितःपुनरुत्थितः॥ यथापापीयसानीतस्तमसायमसादनं॥२३॥ योजनानांसहस्राणिनवतिंनवचाध्वनः॥ त्रिभिर्मुहूर्तैर्द्वाभ्यांवानीतः
प्राप्नोतियातनाः॥२४॥ आदीपनंस्वगात्राणांवेष्टयित्वोल्मुकादिभिः॥ आत्ममांसादनंक्वापिस्वकृत्तंपरतोऽपिवा॥२५॥ जीवतश्चांत्राभ्युद्धारः
श्वगृध्रैर्यमसादने॥ सर्पवृश्चिकदंशाद्यैर्दशद्भिश्चात्मवैशसं॥२६॥ कृंतनंचावयवशोगजादिभ्योभिदापनं॥ पातनंगिरिशृंगेभ्योरोधनंचांबुग
र्तयोः॥२७॥ यास्तामिस्रांधतामिस्रारौरवाद्याश्चयातनाः ॥ भुंक्तेनरोवानारीवामिथःसंगेननिर्मिताः॥२८॥अत्रैवनरकःस्वर्गइतिमातःप्रच
क्षते॥ यायातनावैनारक्यस्ताइहाप्युपलक्षिताः॥२९॥ एवंकुटुंबंबिभ्राणउदरंभरएववा॥ विसृज्येहोभयंप्रेत्यभुंक्तेतत्फलमीदृशं॥३०॥ एकः
प्रपद्यतेध्वांतंहित्वेदंस्वंकलेवरं॥ कुशलेतरपाथेयोभूतद्रोहेणयद्भृतं॥३१॥ दैवेनासादितंतस्यशमलंनिरयेपुमान्॥ भुंक्तेकुटुंबपोषस्यहृतवित्त
इवातुरः॥३२॥ केवलेनह्यधर्मेणकुटुंबभरणोत्सुकः॥यातिजीवोऽधतामिस्रंचपरमंतमसःपदं॥३३॥ अधस्तान्नरलोकस्ययावतीर्यातनादयः
॥ क्रमशःसमनुक्रम्यपुनरत्राव्रजेच्छुचिः॥३४॥ इ०भा०म०तृ०कापिलेयोपाख्यानेकर्मविपाकोनामत्रिंशत्तमोऽध्यायः॥३०॥ श्रीभग०

ખાવાની—કુતરા અને ગરજો આદી પસે આંતરડાઓ ખેંચી કઢાવવાની—સાપ, વીંછી આદી ડંખ મારનારા જીવોને કરડાવવાની—અંગો અંગના ટુકડા કરી નાંખવાની—હાથી આદી કને કચરી નંખાવવાની—ડુંગર આદીનાં શીખરો ઉપરથી પાડી નાંખવાની—પાણી અને ખાડાઓમાં ગુંગળાવવાની—ઇત્યાદી સંગ થકી નીર્માણ થનારી યાતનાઓ; તામીસ્ત્ર—અંધ તામીસ્ત્ર અને રૌરવ આદી નરકોને વીશે, નરને, નારીને, અથવા બંનેને સાથે પણ, ભોગવાવે છે. ॥૨૫-૨૬-૨૭-૨૮॥ હે માતા, નરકોની આ જે યાતનાઓ કહી છે. તે અહીં આ લોકમાં પણ જોવામાં આવે છે. એટલે એ રીતનાં નરકો તથા સ્વર્ગ પણ અહીંયાંજ હોવાનું કહેવાય છે. ॥૨૯॥ એ રીતે પોતાના દેહનુ તથા કુટુંબનુંજ પોશણ કરનારો પ્રાણી તે બેઉને એટલે દેહને તથા કુટુંબને અહીંયાંજ પડ્યાં મુકીને, મુવા પછી આ રીતનાં તે કર્મોનાં ફળોને ભોગવે છે. ॥૩૦॥ અને પ્રાણીઓનો દ્રોહ કરીને અગર સારા કે નઠારા માર્ગ વડે પોશણ કરેલા પોતાના શરીરને પણ અહીંયાંજ પડ્યું મુકીને તેને એકલાનેજ નરકોની યાતનાઓ ભોગવવી પડે છે. ॥૩૧॥ ત્યાં, ધન નાશ પામેલા આતુરની પેઠે, કુટુંબનુંજ પોશણ કરનાર તે પુરૂશ, દૈવ થકી પ્રાપ્ત થયેલાં, પોતાનાંજ પાપોને નરકોને વીશે ભોગવી છુટે છે. ॥૩૨॥ અને કેવળ અધર્મ વડેજ કુટુંબનું ભરણ પોશણ કરવાના ઉત્સાહવાળો પુરૂશ, કેવળ અંધકારમય અંધતામીસ્ત્ર નામના નરકમાંજ જાય છે. ॥૩૩॥ એમ તમામ જાતની યાતનાઓ ક્રમે કરીને, એક, પછી એક ભોગવ્યા પછી શુદ્ધ થઇને અહીં લોક થકી ફરીથી નર લોકમાં આવે છે. ॥૩૪॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધનો ત્રીસમો અધ્યાય સં૦ ॥૩૦॥

અધ્યાય ૩૧ મો.—શ્રી ભગવાન—પછી કર્મો પ્રમાણેનો દેહ પામવાને સારૂં દૈવની પ્રેરણાથી તે જંતુ, પુરૂશના (હરેક જાતના પ્રાણીના નરના) વીર્યના કણનો આશ્રય કરીને (તે જાતની) સ્ત્રીના ઉદરમાં પ્રવેશ કરે છે. ॥૧॥ એક રાત થયે કલલ થાય છે. પાંચ રાત્રે પરપોટો થાય છે. દસ દીવસે (મનુષ્ય જાતીમાં) કકણુ બોરી થાય છે અને (બીજી પક્ષી આદીકની જાતીઓમાં) ઈંડું થાય છે. તે પછી, એક મહીનો થયે

માથું, એ મહીને હાથ પગ વીગેરે અવયવો રૂપ અંગો, અને ત્રણ મહીને નખ, રૂવાડાં, હાડકાં, મર્મસ્થળ, લીંગ તથા બીજાં છીદ્રો ઉત્પન્ન થાય છે. ॥૨–૩॥ ચાર મહીને સાત ધાતુઓ થાય છે. પાંચ મહીને ભુખ તરસ લાગે છે. અને છ મહીને ઓર થકી વીંટાઇને જમણી કુખમાં ફરતો થાય છે. ॥૪॥ અને માએ ખા-ધેલાં, પોતાને અનુકુળ નહીં એવાં અન્ન પાન આદી થકી વધતા જતા ધાતુઓ વાળો તે, જંતુઓ ઉત્પન્ન થ-યેલા વીષ્ટા અને મુત્રના ખાડામાં પડ્યો રહે છે. ॥૫॥ ત્યાં ભુખ્યા થયેલા કીડાઓ વીગેરે બધા અંગોએ ક-રડવાથી તે અતી સુકુમાર જંતુ, પ્રતીક્ષણે ઘણું દુખ પામી પામીને વારંવાર મુર્છા પામે છે. ॥૬॥ અને કડવા–તીખા–ઉના–ખારા–લુખા–તથા ખાટા આદી માએ ખાધેલા ઉગ્ર પદાર્થોનો સ્પર્શ થવાથી, સર્વે અંગોને વીશે તેને વેદના થાય છે. ॥૭॥ ઓરથી અને તેની બહાર આંતરડાંથી વીંટાયલો તે માથાને ધારણ કરી રા-ખનાર ગરદનને વાંકો વાળીને, પડખામાં માથું રાખી ત્યાંજ પડી રેહે છે. ॥૮॥ અને પાંજરામાંના પક્ષીની પેઠે, પોતાનાં અંગોને હલાવવા ચલાવવામાં અસમર્થ એવા તેને, પાછલા સો જન્મોનાં કરેલાં કર્મોનું સ્મરણ દૈવની ઇચ્છાથી થાય છે, ને તેથી તેને કોઇ રીતે શાંતી નહીં મળતાં તે મોટા મોટા નીશ્વાસ (નીસાસા) મુકે છે. ॥૯॥ સાતમો માસ બેસતાંજ તેને આવું જ્ઞાન થાય છે. પરંતુ પ્રસવ કરાવનારા પવન વડે આમ તેમ લેઇ જવાતો–અને વીષ્ટાના કીડાના સરખો, તે માના ઉદરને વીશે એક સ્થળે રહી શકતો નથી. ॥૧૦॥ ત્યારે સાત ધાતુઓથી વીંટાયલો અને બીનેલો તે (જ્ઞાન થયેલ છે માટે) રૂષી, હાથ જોડીને વીકળ વાણીથી, પોતાને એ ઉદરને વીશે નાંખનારા ભગવાનની સ્તુતી અને યાચના કરે છે કે. ॥૧૧॥—જંતુ—શરણાગતોનું રક્ષણ કરવાની ઇચ્છાથી જગતને વીશે અવતારો ધરનારા જે છે. અને જેનાથી હું દર્ષ્ટીહીન પાપીને યોગ્ય આ ગતી મળેલી છે. તે ભગવાનના નીર્ભય અને પૃથ્વીને વીશે ચાલતા ચરણારવીંદનું હું શરણ લેઉંછું. ॥૧૨॥ અહીંયાં હું જેવી, પાંચ મહા ભુત–ઇંદ્રીયો–અને અંતઃકરણવાળી માયા (એટલે પ્રકૃતી અથવા દેહ) ને પામીને

कर्मणादैवनेत्रेणजंतुर्देहोपपत्तये ॥ स्त्रियाःप्रविष्टउदरंपुंसोरेतःकणाश्रयः॥१॥ कललंत्वेकरात्रेणपंचरात्रेणबुद्बुदं॥दशाहेनतुकर्कंधूःपेश्यं डंवाततःपरं॥२॥ मासेनतुशिरोद्वाभ्यांबाव्हंघ्र्याद्यंगविग्रहः॥ नखलोमास्थिमर्माणिलिंगच्छिद्रोद्भवस्त्रिभिः ॥३॥ चतुर्भिर्धातवःसप्तपंचभिः क्षुत्तृडुद्भवः॥ षड्भिर्जरायुणावीतःकुक्षौभ्राम्यतिदक्षिणे॥४॥मातुर्जग्धान्नपानाद्यैरेधद्धातुरसंमते॥ शेतेविण्मूत्रयोर्गर्तेसजंतुर्जंतुसंभवे ॥५॥ कृमिभिःक्षतसर्वांगसौकुमार्यात्प्रतिक्षणं ॥ मूर्च्छामाप्नोत्युरुक्लेशस्तत्रत्यैःक्षुधितैर्मुहुः॥६॥ कटुतीक्ष्णोष्णलवणरूक्षाम्लादिभिरुल्बणैः॥मा तृभुक्तैरुपस्पृष्टःसर्वांगोत्थितवेदनः ॥७॥ उल्बेनसंवृतस्तस्मिन्नंत्रैश्चबहिरावृतः॥ आस्तेकृत्वाशिरःकुक्षौभुग्नपृष्ठशिरोधरः ॥८॥ अकल्पः स्वांगचेष्टायांशकुंतइवपंजरे॥तत्रलब्धस्मृतिर्दैवात्कर्मजन्मशतोद्भवं॥ स्मरन्दीर्घमनुच्छ्वासंशर्मकिंनामविंदते॥९॥ आरभ्यसप्तमान्मासा ल्लब्धबोधोऽपिवेपितः॥नैकत्रास्तेसूतिवातैर्विष्ठाभूरिवसोदरः॥१०॥ नाथमानऋषिर्भीतःसप्तवध्रिःकृतांजलिः ॥ स्तुवीततंविक्लवयावाचाये नोदरेऽर्पितः ॥११॥ जंतु० तस्योपसन्नमवितुंजगदिच्छयात्तनानातनोर्भुविचलच्चरणारविंदं॥सोऽहंव्रजामिशरणंह्यकुतोभयंमेयेनेदृशीगतिर दर्श्यसतोऽनुरूपा ॥१२॥ यस्त्वत्रबद्धइवकर्मभिरावृतात्माभूतेंद्रियाशयमयीमवलंब्यमायां ॥ आस्तेविशुद्धमविकारमखंडबोधमातप्यमान हृदयेऽवसितंनमामि ॥१३॥ यःपंचभूतरचितेरहितःशरीरेछन्नोयथें[द्रियगु]णार्थचिदात्मकोऽहं॥ तेनाविकुंठमहिमानमृषिंतमेनंवंदेपरंप्रकृ तिपूरुषयोःपुमांसं॥१४॥ यन्माययोरुगुणकर्मनिबंधनेऽस्मिन्सांसारिकेपथिचरंस्तदभिश्रमेण ॥ नष्टस्मृतिःपुनरयंप्रवृणीतलोकंयुक्त्याक यामहदनुग्रहमंतरेण॥१५॥ ज्ञानंयदेतददधात्कतमःसदेवस्त्रैकालिकंस्थिरचरेष्वनुवर्त्तितांशः॥ तंजीवकर्मपदवीमनुवर्त्तमानास्तापत्रयोपश मनायवयंभजेम॥१६॥ देह्यन्यदेहविवरेजठराग्निनाऽसृग्विण्मूत्रकूपपतितोभृशतप्तदेहः ॥ इच्छन्नितोविवसितुंगणयन्स्वमासान्निर्वास्य त[कृ]पणधीर्भगवन्कदानु ॥१७॥ येनेदृशींगतिमसौदशमास्यईशसंग्राहितःपुरुदयेनभवादृशेन ॥ स्वेनैवतुष्यतु[कृ]तेनसदीननाथःकोनामत

કર્મો થકી ઘેરાયલો બંધાઇ ગયેલાની પેઠે રહ્યો છું, તે શુદ્ધ–નીર્વીકાર–અખંડ જ્ઞાન સ્વરૂપ–અને આ તપી ગયેલા હૃદયમાં દેખાતા–આપ (ભગવાન) ને હું નમસ્કાર કરૂંછું. ॥૧૩॥ ઇંદ્રીયો–ગુણો (અર્થો)–અંતઃકરણ–અને પાંચ મહા ભુત એ સઘળાંઓથી હું અલગ છતાં, તેઓનાથી બનેલા શરીરને વીશે, તે રૂપ થવાની પેઠે દેખાઇ ગયો છું, એવો હું–જે અખંડીત જ્ઞાનવાનનો મહીમા, એ શરીરમા રેહેવા વડે ખંડીત થતો નથી તે પ્રકૃતીધીશ્વર પુરૂષોત્તમ ભગવાનને હું નમુંછું. ॥૧૪॥ જેની માયાથી, ઘણાં કર્મો અને ગુણો વડે બંધાઇને તથા સ્મૃતીનો નાશ થઇને, આ સંસારના માર્ગમાં ફરવા વડે હું ઘણોજ થાકી ગયેછું. તે, આપ મહાત્મા ભગવાનના અનુગ્રહ સીવાય બીજા ક્યા ઉપાય થકી પાછો મુળ સ્થીતીને પામી શકુ. ? ॥૧૫॥ માટે જેના થકી આ રીતનું મને ત્રણે કાળનું જ્ઞાન પ્રાપ્ત થયું છે, તે સ્થાવર જંગમના અંતર્યામી ભગવાનનેજ, કર્મો કરતો અને જંતુનું સ્વરૂપ પામેલો હું, ત્રણ તાપને ટાળવાને માટે ભજુંછું. ॥૧૬॥ બીજા (માતા) દેહ રૂપ ગુફાને વીશે, લોહી–વીષ્ટા–અને મુત્રાદીકના કુવામાં પડેલો, તથા જઠરાગ્ની આદીથકી અત્યંત તપી ગયેલા શરીરવાળો, અને કંગાળ બુદ્ધીવાળો, હું બહાર નીકળવાની ઇચ્છાથી પોતાના મહીનાઓને ગણ્યા કરૂંછું, તેને (મને) હે ભગવાન હવે બહાર ક્યારે કાઢશો ? ॥૧૭॥ હે ઇશ્વર, દશ મહીનાના મને આવું જ્ઞાન, જે મહા દયાળુએ આપ્યું છે. તે દીનાનાથ પોતેજ પોતાના એ કૃત્યથી સંતોષ પામજો. કેમકે આપના ઉપકારોના બદલામાં આપની સામે હાથ જોડવા સીવાય બીજું કાંઇ પણ કોઇનાથી કરી શકાય તેમ નથી. ॥૧૮॥ સાત ધાતુથી વીંટાયલાં બીજાં (પશુ આદીનાં) શરીરો તો, માત્ર, પોતાના શરીરને થતાં સુખ દુઃખાદીકનેજ જા-ણનારાં છે. અને આ, દમ આદીકથી યુક્ત (મનુષ્ય) શરીરવાળો હું તો, આપ ભગવાને આપેલી શુદ્ધ વી-વેક બુદ્ધીથી, આપને મારા પોતાના અને બીજાઓના શરીરોની અંદર હૃદયમાં રહેલા–ક્ષેત્રજ્ઞ (ચૈત્ય) સ્વરૂ-પથી પ્રતીત થતા,–અને બહાર પુરાણ પુરૂશ (કાળ) રૂપથી રહેલાનું જાણુંછું. ॥૧૯॥ હે સમર્થ ભગવાન,

એ રીતે ગર્ભવાસમાં પડેલો હું બહુ બહુ દુખોને પામુંછું. તોપણ તેમાંથી નીકળીને, બહારના સંસારરૂપી અંધારા કુવામાં પડવાને ઇચ્છતોજ નથી. કે જ્યાં આપની દેવમાયાનો પસારો થવાથી દેહ અને સ્ત્રી પુત્રાદીકને વીશે મીથ્યા સ્નેહની બુદ્ધી થાયછે. અને તેથી જન્મ મરણ થવારૂપ સંસાર ચાલતોજ રહેછે.॥૨૦॥ એટલા માટે જેથી, અનેક પ્રકારે ગર્ભવાસમાં પડવાનું દુઃખ ફરીવાર મને થાય નહીં એ રીતે, હું વીકળપણા વીનાની અને અનુકુળતાવાળી મારી બુદ્ધી વડેજ વીશ્નુ ભગવનના ચરણની શેવા કરીને, સંસાર થકી, મારા આત્માનો આપવડેજ ઉદ્ધાર કરીશ. ॥૨૧॥–શ્રીભગવાન–પછી એવી મતિ કરેલા–દસ માસના–અને ગર્ભમાંજ સ્તુતી કરતા એ ઋષીને; પ્રસુતીનો પવન, પ્રસવ કરાવવાને માટે, તુર્તજ ઉંધો નાંખીને ઠેલેછે.॥૨૨॥ ત્યારે, એ રીતે ઉંધે મસ્તકે ઠેલાવાથી, આતુર થયેલો–શ્વાસ રૂંધાયલો–અને સ્મરણ નાશ પામેલો તે જંતુ, ઘણા દુખે કરીને એકાએક બહાર નીકળેછે.॥૨૩॥ પછી પૃથ્વી ઉપર લોહી અને મુત્રમાં પડેલો તે, વીષ્ટામાં ઉત્પન્ન થયેલા કીડાની

પેઠે હાલે છે. અને જ્ઞાન જતુ રહીને વીપરીત ગતી પામવાથી રોયાં કરેછે.॥૨૪॥ અને બીજાનાં મનની વાત નહીં જાણનારાં માણસોથી, પોષણ થતાં, તેને નહી જોઇતી વસ્તુ આપી મળવાથી ના કહેવાને તે શક્તીવાન થતો નથી.॥૨૫॥ તથા માખી આદી છોતડાં, અને માકણ વીગેરેથી ભગડેલા અશુદ્ધ ખાટલામાં સુવાડેલો તે, પોતાનાં અંગોને ખંજવાલવાને–બેસવાને–ઉઠવાને–અને બીજી હીલ ચાલ કરવાને માટે પણ અશક્ત હોયછે.॥૨૬॥ ને એક કીડાને બીજા કીડાઓ કરડવાની પેઠે, તે કુણી ચામડીવાળાને માંખો અને માંકણ વીગેરે બટકાં ભરવાથી દુખી થઇ જ્ઞાન રહીત થયેલો તે માત્ર રોયાજ કરેછે. એમ બાળક તથાપૌગંડ અવસ્થાનાં દુખોને તે ભોગવે છે. ॥૨૭॥ તે પછી દેહ વધવાની સાથેજ, તેને માન અને ક્રોધ વધવાને લીધે ઇચ્છીત પદાર્થાદીકની પ્રાપ્તી નહી થતી, ત્યારે અજ્ઞાન વડે ક્રોધ ઉત્પન્ન થઇને, તે કામના વાળો પુરૂશ શોકાતુર થઇને, બીજા કામના વાળા પુરૂશોની સાથે, પોતાનો નાશ થતા સુધી લડાઇઓ કરેછે. ॥૨૮॥ તે વખતે પો-

रप्रतिविनांऽजलिमस्यकुर्यात् ॥१८॥पश्यत्ययंधिषणयाननुसप्तवध्रिःशारीरकेदमशरीर्यपरःस्वदेहे॥यत्सृष्टयासतमहंपुरुषंपुराणंपश्येबहिर्हृदिचचैत्यमिवप्रतीतं ॥१९॥सोऽहंवसन्नपिविभोबहुदुःखवासंगर्भान्ननिर्जिगमिषेबहिरंधकूपे ॥यत्रोपयातमुपसर्पतिदेवमायामिथ्यामतिर्यदनुसंसृतिचक्रमेतत् ॥२०॥ तस्मादहंविगतविक्लवउद्धरिष्यआत्मानमाशुतमसःसुहृदात्मनैव ॥ भूयोयथाव्यसनमेतदनेकरंध्रंमामेभविष्यदुपसादितविष्णुपादः ॥२१॥कपिल० एवंकृतमतिर्गर्भेदशमास्यःस्तुवन्नृषिः ॥ सद्यःक्षिपत्यवाचीनंप्रसूत्यैसूतिमारुतः ॥२२॥ तेनावसृष्टःसहसाकृत्वावाक्शिरआतुरः ॥विनिष्क्रामति कृच्छ्रेणनिरुच्छ्वासोहृतस्मृतिः॥२३ ॥ पतितोभूव्यसृङ्मूत्रेविष्ठाभूरिवचेष्टते॥रोरूयतिगतेज्ञानेविपरीतांगतिंगतः॥२४ ॥परच्छंदंनविदुषापुष्यमाणोजनेनसः॥अनभिप्रेतमापन्नःप्रत्याख्यातुमनीश्वरः॥२५॥ शायितोऽशुचिपर्यंकेजंतुस्वेदजदूषिते॥नेशःकंडूयनेऽगानामासनोत्थानचेष्टते ॥२६॥तुदंत्यामत्वचंदंशामशकामत्कुणादयः ॥रुदंतंविगतज्ञानंकृमयःकृमिकंयथा॥इत्येवंशैशवंभुक्त्वादुःखंपौगंडमेवच॥२७॥अलब्धाभीप्सितोज्ञानादिद्धमन्युःशुचार्पितः॥ सहदेहेनमानेनवर्धमानेनमन्युना॥ करोतिविग्रहंकामीकामिष्वंतायचात्मनः ॥२८॥भूतैःपंचभिरारब्धेदेहेदेह्यबुधोऽसकृत्॥अहंममेत्यसद्ग्राहःकरोतिकुमतिर्मतिं॥२९॥तदर्थंकुरुतेकर्मयद्बद्धोयातिसंसृतिं॥योऽनुयातिददत्क्लेशमविद्याकर्मबंधनः॥ ३०॥यद्यसद्भिःपथिपुनःशिश्नोदरकृतोद्यमैः ॥आस्थितोरमतेजंतुस्तमोविशतिपूर्ववत्॥३१॥ सत्यंशौचंदयामौनंबुद्धिःश्रीर्ह्रीर्यशःक्षमा॥शमोदमोभगश्चेतियत्संगाद्यातिसंक्षयं॥३२॥तेष्वशांतेषुमूढेषुखंडितात्मस्वसाधुषु॥संगंनकुर्याच्छोच्येषुयोषित्क्रीडामृगेषुच ॥३३॥ नतथाऽस्यभवेन्मोहोबंधश्चान्यप्रसंगतः॥योषित्संगाद्यथापुंसोयथातत्संगिसंगतः ॥३४॥ प्रजापतिःस्वांदुहितरंदृष्ट्वातद्रूपधर्षितः ॥रोहिद्भूतांसोऽन्वधावदृक्षरूपीहतत्रपः ॥३५॥तत्सृष्टसृष्टसृष्टेषुकोन्वखंडितधीःपुमान् ॥ऋषिंनारायणमृतेयोषिन्मय्येहमायया॥ ३६॥बलंमेपश्यमायायाःस्त्रीमय्याजयिनोदिशां॥ याकरोतिपदाक्रांतान्भ्रूविजृंभेणकेवलं॥३७॥ सं

તાના પાંચ મહા ભુતથી ઉત્પન્ન થયેલા દેહને વીશે, તે અજ્ઞાની અને દુષ્ટ બુદ્ધી વાળો પ્રાણી "હું અને મારૂં" એવી અસત બુદ્ધીને સંપુર્ણ પણે ગ્રહણ કરે છે. ॥૨૯॥ અને તે દેહાદીકને અર્થે કર્મો કરતો એ પ્રાણી તે કર્મોથી બંધાઇને સંસારને પામેછે. કે જેની પાછળ આવતાં, અવીદ્યામાયાથી ઉત્પન્ન થનારા કલેશો વાળાં કર્મ બંધનો પણ તેને લાગુ થાયછે. ॥૩૦॥ ત્યાં (એટલે તે કર્મ ફળો ભોગવવાને થયેલા અવતારોમાં) પણ જો તે, દુષ્ટ (એટલે ફક્ત શીશ્ન અને ઉદરને માટેજ ઉદ્યોગ કરનારાઓના) માર્ગમાંજ ચાલે છે તો પછી ફરીવાર પણ પુર્વની પેઠેજ, તે જંતુ (પ્રાણી) નરકનેજ પામેછે. ॥ ૩૧ ॥ જેમના સંગ થકી સત્ય–શૌચ–દયા–મૌન–બુદ્ધી–શોભા–લજ્જા–યશ–ક્ષમા–શમ–દમ–અને ભાગ્ય વીગેરેનો નાશ થાય છે. એવા અશાંત–મુઢ–ખંડિત બુદ્ધીવાળા–અસાધુ–સ્ત્રીઓની પાસે મદારીના વાંદરા સરખા–તથા શોક કરવાને યોગ્ય એ લોકોનો સંગ નહીંજ કરવો જોઇએ. ॥૩૨–૩૩॥ કેમકે સ્ત્રીઓના સંગથી તથા સ્ત્રી સંગીઓના સંગથી પુરૂશને જેવો મો-

હ અને બંધન થાયછે. તેવો મોહ અને બંધન બીજા કોઇ સંગ થકી થતો નથી. ॥૩૪॥ સ્રષ્ટીને ઉત્પન્ન કરનારા બ્રહ્મા પણ પોતાની દીકરી સરસ્વતીને દેખી તેના રૂપથી કામાતુર બની, તે હરણી થઇને નાઠેલીની પાછળ લાજ મુકીને કાળીયારનું રૂપ ધરીને દોડયા હતા. ॥૩૫॥ ત્યારે બ્રહ્માએ સરજેલાથી સરજાયલા, અને તેઓ થકી પણ સરજાયલા એવા પુરૂશોમાં, જેની બુદ્ધી, એ સ્ત્રી રૂપી માયાથી ખંડીત ન થાય એવો, નર નારાયણ રૂશી શિવાય બીજો કોણજ હોય. ॥૩૬॥ સ્ત્રી રૂપી મારી માયાનું બળતો જુઓ. કે જે દીગવીજય કરનારાઓને પણ ફક્ત ભમર હલાવવા વડેજ પગની નીચે દબાવી દેછે. ॥૩૭॥ એટલા માટે એ નરકનું દ્વાર કહેવાતી સ્ત્રીનો સંગ, યોગના પારને પામવાની ઇચ્છાવાળાએ, તથા મારી શેવા વડે આત્મસ્વરૂપની પ્રાપ્તીને ઇચ્છનારાએ, કરવો નજ જોઇએ. ॥૩૮॥ અને ધીમે ધીમે પોતાના તરફ આવતી, ભમવાને નીર્માણ કરેલી સ્ત્રી રૂપ માયાને, ઘાસથી ઢંકાયલા કુવા સમાન પોતાના મૃત્યુ રૂપ જાણવી. ॥૩૯॥ તેમજ સ્ત્રીએ

પણ પતી રૂપ મારી માયા, કે જેને મોહવડે પોતેજ, ધન-સંતાન-અને ઘર આપનાર માનેલી છે. તેવા ધન-સંતાન અને ઘર રૂપ માનેલા પોતાના મૃત્યુ રૂપ પતીને, દૈવે પ્રાપ્ત કરેલા, હરણના મૃત્યુરૂપ પારાધીના ગાયન સમાન જાણવો. ॥૩૯-૪૧॥ પુરૂશ, લીંગ શરીર વડે એક શરીરમાંથી નીકળીને પછી બીજા શરીરમાં જઇ જઇને નીરંતર કર્મ ભોગવેછે અને કર્યા કરેછે. ॥૪૨॥ ભુત-ઇંદ્રીય-અને મન થકી બનેલા લીંગ શરીરથી, તેનીજ પાછળ લાગેલા સ્થુળ દેહનો તેને નીરોધ થવો તે, તેનું મરણ થવાનું; અને તે સ્થુલ શરીરની તેને પ્રાપ્તી થવાનેજ, તેનો જન્મ થવાનું કહેછે. ॥૪૩॥ એટલે પુરૂશના લીંગ શરીરનું; પાંચ મહાભુતથી બનેલા સ્થુલ દેહમાં અભીમાન બંધાઇને જ્યારે તે સ્થુલ દેહ, પદાર્થાદીકને જેવાને-સ્થાન પામવાને-અને મેળવવા આદીક ક્રીયાનું જ્ઞાન થવાને યોગ્ય થાયછે. ત્યારે તે દેહી અથવા પુરૂશનો જન્મ થયો કહેવાયછે. અને તે લીંગ શરીરે સ્થુલ દેહના અભીમાનને તજી દેવાથી, એ સ્થુલ દેહ જ્યારે એ રીતનું જ્ઞાન થવાને અયોગ્ય થાયછે ત્યારેજ પુરૂશનું પણ મરણ થયાનું કહેવાય છે. જેમ આંખ્યો વીશે, દ્રવ્યો અને દ્રવ્યોના અવયવો આદીને જોવાની શક્તીની યોગ્યતા અને અયોગ્યતા થાય છે. તે રીતેજ લીંગ શરીરનું અભીમાન સ્થુલ શરીરમાં થવાથી અને ન થવાથી, સ્થુલ દેહની પણ સુખ દુઃખાદીકને જાણવાની યોગ્યતા અને અયોગ્યતા થવાનું સમજવાનું છે. ॥૪૪-૪૫॥ એટલા માટે લીંગ શરીરની (જીવની) એ પ્રમાણેની ગતિને જાણીને, રાંકપણું-સંભ્રમ-અથવા ત્રાસ નહીં પામતાં ધીર પુરૂશે સંગ થકી મુક્ત થઇને અહીંયાં (આ લોકમાં) વીચરવું જોઇએ. ॥ ૪૬ ॥ અને એમ યોગ તથા વૈરાગ્ય યુક્ત તથા સંપુર્ણ આત્મ સ્વરૂપને દેખાડનારી બુદ્ધીવડે, માયાથી રચાયલા આ લોકમાં વીચરતાં વીચરતાં શરીરને છોડી દેવું જોઇએ. ॥૪૭॥ ઇતીશ્રી૦ ભા૦ ત્રીજા સ્કંધને એકત્રીસમો અ૦ સં૦॥૩૧॥

અધ્યાય ૩૨ મો શ્રી ભગવાન—જે પુરૂશો ગૃહસ્થ આશ્રમમાં રહીને, તે આશ્રમના ધર્મનું આચરણ કરવાવડે, તેથકી કામ અર્થ અને ધર્મ રૂપ, ત્રણે પ્રકારનાં ફળોને ગ્રહણ કરેછે. અને તેવડે ફરીથી પણ

गंनकुर्यात्प्रमदासु जातुयोगस्यपारंपरमारुरुक्षुः॥ मत्सेवयाप्रतिलब्धात्मलाभोवदंतियानिरयद्वारमस्य॥३८॥योऽपयातिशनैर्मायायोषिद्देव विनिर्मिता ॥ तामीक्षेतात्मनोमृत्युंतृणैःकूपमिवावृतं॥३९॥यामन्यतेपतिंमोहान्मन्मायामृषभायतीं॥ स्त्रीत्वंस्त्रीसंगतःप्राप्तोवित्तापत्यगृहप्रदं ॥४०॥ तामात्मनोविजानीयात्पत्यपत्यगृहात्मकं॥ दैवोपसादितंमृत्युंमृगयोर्गायनंयथा॥४१॥ देहेनजीवभूतेनलोकाल्लोकमनुव्रजन् ॥ भुंजानएवकर्माणिकरोत्यविरतंपुमान् ॥४२॥ जीवोस्यानुगतोदेहोभूतेंद्रियमनोमयः॥ तन्निरोधोस्यमरणमाविर्भावस्तुसंभवः॥४३॥ द्रव्योपलब्धिस्थानस्यद्रव्येक्षाऽयोग्यतायदा॥ तत्पंचत्वमहंमानादुत्पत्तिर्द्रव्यदर्शनं॥४४॥ यथाऽक्ष्णोर्द्रव्यावयवदर्शनायोग्यतायदा ॥तदैवचक्षुषोद्रष्टुर्द्रष्टृत्वायोग्यताऽनयोः ॥४५॥ तस्मान्नकार्यःसंत्रासोनकार्पण्यंनसंभ्रमः॥ बुध्वाजीवगतिंधीरोमुक्तसंगश्चरेदिह ॥४६॥सम्यग्दर्शनयाबुद्ध्यायोगवैराग्ययुक्तया ॥ मायाविरचितेलोकेचरेन्न्यस्यकलेवरं ॥४७॥इ०भा०म०तृ०कापिलोपाख्यानेजीवगतिरेकत्रिंशत्तमोध्यायः ३१

कपिल०अथयोगृहमेधीयान्धर्मानेवावसन्गृहे॥ काममर्थंचधर्मांश्चदोग्धिभूयःपिपर्त्तितान्॥ १॥ सचापिभगवद्धर्मात्काममूढःपराङ्मुखः ॥ यजतेक्रतुभिर्देवान्पितॄंश्चश्रद्धयान्वितः ॥२॥ तच्छ्रद्धयाक्रांतमतिःपितृदेवव्रतःपुमान्॥ गत्वाचांद्रमसंलोकंसोमपाःपुनरेष्यति॥३॥ यदाचाहींद्रशय्यायांशेतेऽनंतासनोहरिः॥ तदालोकालयंयांतितएतेगृहमेधिनां॥४॥ येस्वधर्मान्नदुह्यंतिधीराःकामार्थहेतवे॥ निःसंगान्यस्तकर्माणःप्रशांताःशुद्धचेतसः॥५॥ निवृत्तिधर्मनिरतानिर्ममानिरहंकृताः॥ स्वधर्माख्येनसत्त्वेनपरिशुद्धेनचेतसा॥६॥सूर्यद्वारेणतेयांतिपुरुषंविश्वतोमुखं॥ परावरेशंप्रकृतिमस्योत्पत्त्यंतभावनं ॥७॥ द्विपरार्द्धावसानेयःप्रलयोब्रह्मणस्तुते॥तावदध्यासतेलोकंपरस्यपरचिंतकाः॥८॥क्ष्मांऽभोनलानिलवियन्मनइंद्रियार्थभूतादिभिःपरिवृतंप्रतिसंजिहीर्षुः॥ अव्याकृतंविशतियर्हिगुणत्रयात्माकालंपराख्यमनुभूयपरःस्वयंभूः ९ एवंपरेत्यभगवंतमनुप्रविष्टायेयोगिनोजितमरुन्मनसोविरागाः॥ तेनैवसाकममृतंपुरुषंपुराणंब्रह्मप्रधानमुपयांत्यगताभिमानाः॥१०॥ अ

એજ ધર્મોનું આચરણ કર્યા કરેછે તેવાઓ ભગવત ધર્મથકી પરાંગમુખ થઇને, કામનાઓ થકી મુઢ બની, શ્રધ્ધા સહીત યજ્ઞો વીગેરે કરવાવડે દેવતાઓ અને પીતૃઓનુંજ યજન કરનારા છે. ॥૧-૨॥ તેથી તેમને વીશે શ્રદ્ધા વાળા અને જડ થયેલી બુદ્ધીવાળા તેઓ ચંદ્રમાને માર્ગે દેવ અને પીતૃઓના લોકમાં જઇને સોમ પાન કર્યા પછી પણ પાછા આ લોકમાંજ આવે છે. ॥ ૩ ॥ અને અનંત એવા હરી ભગવાન જ્યારે શેષનાગ રૂપ શય્યા ઉપર આસન કરીને પોઢે છે, ત્યારે એવા ગૃહસ્થ આશ્રમ વાળા સર્વે લોકનો પણ લય થાય છે. ॥ ૪ ॥ પરંતુ જે ધીર પુરૂશો સ્વધર્મનું આચરણ કરવા છતાં, તેમાંથી ઉત્પન્ન થતા કામ અને અર્થના હેતુ રૂપ ફળને ગ્રહણ કરતા નથી. અને સંગ રહીત થઇ, શાંત તથા શુદ્ધ અંતઃકરણથી ઇશ્વરાર્પણ કરીનેજ સ્વધર્માચરણ કરે છે-॥૫॥-નીવૃતી ધર્મમાં પ્રીતીવાળા છે-અહંકાર અને મમતાને તજ્યા છે-અને સ્વધર્માચરણ નામથી બોલાતા સત્વે કરીને જેમનાં અંતઃકરણ શુદ્ધ થયેલ છે-॥૬॥ તેવાઓતો સર્વના સ્વામી-પરીપુર્ણ-સર્વનું ઉત્પત્તી સ્થાન-તેમજ સૃષ્ટી, સ્થીતી, અને પ્રલય કરનારા-એવા પરમાત્માનેજ સુર્યના દ્વારથી પામે છે. ॥૭॥ ભગવાન બ્રહ્માની ઉપાસના કરનારાઓ બ્રહ્માનો બેપરાર્ધનો કાળ પુરો થયે બ્રહ્માના લોકનો નાશ થવા સુધીજ તેમના લોકમાં રહેછે. ॥૮॥ ત્રણ ગુણોથી યુક્ત શરીર વાળા બ્રહ્મા પણ તેમનો પર નામનો (બે પરાર્ધનો) કાળ પુરો થયેથી, પૃથ્વી જળ-તેજ-વાયુ-આકાશ-મન ઇંદ્રીયો-વીશયો અને પ્રાણીઓ આદીથી ભરેલા બ્રહ્માંડનો નાશ કરવાને ઇચ્છતા અવ્યાકૃત ભગવાનને વીશે જ્યારે પ્રવેશ કરેછે. ॥૯॥ ત્યારે, મન અને શ્વાસને જીતનારા અને રાગરહીત થયેલા પણ દેહાભીમાનને નહીં તજેલા યોગીઓ (ભૃગુવીગેરે) પણ એ બ્રહ્માની સાથેજ પુરાણ પુરૂશ ભગવાનને વીશે પ્રવેશ કરે છે. (અર્થાત તે સઘળાનો પણ લય થાય છે.) ॥૧૦॥ એટલા માટે હે માતા, સર્વપ્રાણીને હ્રદય કમળમાં સ્થાન કરીને રહેલા ભગવાન, કે જેમનો પ્રભાવ મેં તમને કહી બતાવ્યો. તેમનુંજ શરણ તમે ભાવ સહીત લ્યો.॥૧૧॥

સ્થાવર જંગમોને ઉત્પન્ન કરનારા અને પુરૂશોમાં શ્રેષ્ટ બ્રહ્મા, તથા સનત કુમાર વીગેરે સીદ્ધ પુરૂશો અને યોગીઓ પણ જેઓ નીષ્કામ કર્મો કરનારા અને ઇશ્વર ભગવાનની ઉપાસના કરનારા હોવા છતાં, ભેદ દ્રશ્ટી નહીં મેલેલા અને દેહાભીમાનવાળા છે તેઓ પોત પોતાનાં ઐશ્વર્યને ભોગવ્યા પછી મહા પ્રલય થવા ટાણે, સગુણ ઇશ્વરમાંજ એ રીતે મળી જઇને; ઇશ્વર સ્વરૂપ કાળની ગતીથી પાછી ફરીથી સ્રુશ્ટી થતી વખતે, ફરી ફરીને પ્રથમના જેવાજ ઐશ્વર્ય સહીત જન્મ પામ્યા કરે છે. ॥૧૨–૧૩–૧૪–૧૫॥ અને આ લોકમાં આસક્તાં યુક્ત મનવાળા–કર્મો કરવામાં શ્રદ્ધાવાળા–નીત્ય કર્મો સહીત સઘળાં સકામ કર્મો કરનારા–રજોગુણથી ભરેલાં મનવાળા–વીશય સુખોમાં લાગેલા–અજીતેંદ્રીય–હરરોજ પીતૃઆદીને પુજનારા–અને ઘરમાંજ ચોટી બેઠેલા, એવા પુરૂશો તો: મધુ દૈત્યે દ્વેશ કરેલા, અને ઘણું વર્ણન કરવા લાયક પરાક્રમોવાળા હરી ભગવાનની કથાઓ વીગેરેથી વીમુખ થઇને, ધર્મ–અર્થ–અને કામને વીશેજ લાગેલા રેહે છે. ॥૧૬–૧૭–૧૮॥ અને તેઓ, નશી દૈવથીજ ખરાબ થયેલાઓ, અચ્યુત ભગવાનની કથાઓ રૂપ અમૃતને તજીને, ભુંડરાં આદી વીશ્ટાનેજ ખાવાની પેઠે, અસત વારતાઓનેજ સાંભળ્યા કરે છે॥૧૯॥ એ ગર્ભાધાનથી માંડીને મરણ પર્યંતની સઘળી કીયાઓ કરનારા અને પોતાના વંશમાંજ પ્રજા રૂપે થઇને અવતરનારા સુર્ય થકી દક્ષીણ તરફના માર્ગે થઇને પીતૃ લોકમાં જાય છે. ॥૨૦॥ હે મા, ત્યાં તેમનાં પુણ્યોનો ક્ષય થયેથી, દેવતાઓએ તેમના ઐશ્વર્યાદીકને નાશ કરી નાંખ્યાથી તુર્તજ પરવશ થઇને, તેઓ પાછા આ (મૃત્યુ) લોકમાં પડે છે. ॥૨૧॥ એટલા માટે ભજવા યોગ્ય ચરણ કમળ વાળા પરમેશ્વરનેજ, તેમના ગુણો આદીકના આશ્રય વાળી ભક્તી વડે તમે સર્વ ભાવ વડે ભજો. ॥૨૨॥ કેમકે વાસુદેવ ભગવાનને વીશે કરેલો ભક્તીયોગ, વૈરાગ્યને અને જેથી આત્મ સ્વરૂપનું દર્શન થાય છે એવા જ્ઞાનને, ત્તાવળેજ ઉત્પન્ન કરે છે. ॥૨૩॥ એવા પુરૂશનું ચીત જ્યારે વીશયાદીકને વીશે, ઇંદ્રીયાદીકની વૃત્તીઓવડે, આપ્રીય અને આ અપ્રીય એવા વીશમ પણાને નહીં ગ્રહણ કરતું થઇને, સમ થાય છે,

यतंसर्वभूतानांहृत्पद्मेषु[illegible]तालयं ॥ श्रुतानुभावंशरणंव्रजभावेनभामिनि॥११॥ आद्यःस्थिरचराणांयोवेदगर्भःसहर्षिभिः ॥ योगेश्वरैःकुमाराद्यैःसिद्धैर्योगप्रवर्तकैः॥१२॥ भेददृष्ट्याऽभिमानेननिःसंगेनापिकर्मणा॥ कर्तृत्वात्सगुणंब्रह्मपुरुषेपुरुषर्षभः॥१३॥ ससंसृत्यपुनःकालेकालेनेश्वरमूर्तिना॥ जातगुणव्यतिकरेयथापूर्वंप्रजायते॥१४॥ ऐश्वर्यंपारमेष्ठ्यंचतेपिधर्मविनिर्मितं॥ निषेव्यपुनरायांतिगुणव्यतिकरेसति ॥ ॥१५॥ येत्विहासक्तमनसःकर्मसुश्रद्धयान्विताः॥ कुर्वंत्यप्रतिषिद्धानिनित्यान्यपिचकृत्स्नशः॥१६॥रजसाकुंठमनसःकामात्मानोजितेंद्रियाः ॥ पितॄन्यजंत्यनुदिनंगृहेष्वभिरताशयाः ॥१७॥ त्रैवर्गिकास्तेपुरुषाविमुखाहरिमेधसः॥ कथायांकथनीयोरुविक्रमस्यमधुद्विषः॥१८॥ नूनंदैवेनविहतायेचाच्युतकथासुधां॥ हित्वाशृण्वंत्यसद्गाथाःपुरीषमिवविड्भुजः॥१९॥ दक्षिणेनपथार्यम्णःपितृलोकंव्रजंतिते ॥ प्रजामनुप्रजायंतेश्मशानांतक्रियाकृतः॥२०॥ ततस्तेक्षीणसुकृताःपुनर्लोकमिमंसति॥ पतंतिविवशादेवैःसद्योविभ्रंशितोदयाः॥२१॥ तस्मात्त्वंसर्वभावेनभजस्वपरमेष्ठिनं॥तद्गुणाश्रययाभक्त्याभजनीयपदांबुजं॥२२॥ वासुदेवेभगवतिभक्तियोगःप्रयोजितः ॥ जनयत्याशुवैराग्यंज्ञानंयद्ब्रह्मदर्शनं॥२३॥ यदाऽस्यचित्तमर्थेषुसमेष्विंद्रियवृत्तिभिः॥ नविगृण्हातिवैषम्यंप्रियमप्रियमित्युत॥२४॥सतदैवात्मनात्मानंनिःसंगंसमदर्शनं ॥ हेयोपादेयरहितमारूढंपदमीक्षते॥२५॥ ज्ञानमात्रंपरंब्रह्मपरमात्मेश्वरःपुमान्॥ दृश्यादिभिःपृथग्भावैर्भगवानेकईयते॥२६॥एतावानेवयोगेनसमग्रेणेहयोगिनः ॥ युज्यतेभिमतोह्यर्थोयदसंगस्तुकृत्स्नशः॥२७॥ ज्ञानमेकंपराचीनैरिंद्रियैर्ब्रह्मनिर्गुणं॥अवभात्यर्थरूपेणभ्रांत्याशब्दादिधर्मिणा॥२८॥यथामहानहंरूपस्त्रिवृत्पंचविधःस्वराट्॥ एकादशविधस्तस्यवपुरंडंजगद्यतः॥२९॥ एतद्वैश्रद्धयाभक्त्यायोगाभ्यासेननित्यशः॥ समाहितात्मानिःसंगोविरक्त्यापरिपश्यति॥३०॥ इत्येतत्कथितंगुर्विज्ञानंतद्ब्रह्म[illegible]दं॥ येनानुबुद्ध्यतेतत्वंप्रकृतेःपुरुषस्यच३१ ज्ञानयोगश्चमन्निष्ठोनैर्गुण्योभक्तिलक्षणः॥द्वयोरप्येकएवार्थोभगवच्छब्दलक्षणः॥३२॥ यथेंद्रियैःपृथग्द्वारैरर्थोबहुगुणाश्रयः॥ एकोनानेय

ત્યારે તેને પોતાથીજ આત્મસ્વરૂપનું દર્શન થાય છે તથા તે (ભગવાનના પદ) માં તેની સ્થીતી પણ થાય છે. ॥૨૪–૨૫॥ જ્ઞાનમાત્ર–પરંપુરૂશ–પરમાત્મા–બ્રહ્મ–ઇશ્વર–પુરૂશ–અને એકજ એવા ભગવાનજ દ્રશ્ય આદીરૂપે (આ વીશ્વમાં જે કાંઇ જોવામાં આવે છે તે પ્રાણી–પદાર્થ–વીશયો–ઇંદ્રીયો–દેવતાઓ–મહાભુતો–અંતઃકરણો–અને મહતત્વ વીગેરે સર્વે દ્વૈતપ્રપંચમાત્ર રૂપે) નાના પ્રકારના સ્વરૂપોવાળા થયેલા જોવામાં આવેછે. ॥૨૬॥ યોગીઓને સમગ્રયોગ કરવાવડે મેળવવાનું, અને વીદ્વાનોએ માન્ય કરેલું ફળ એટલુંજછે કે, આ સર્વ દ્વૈતપ્રપંચ માત્રનો સંગ છુટી જાય. ॥૨૭॥ એકજ–નીર્ગુણ અને જ્ઞાન સ્વરૂપ પરબ્રહ્મ, બહીર્મુખ ઇંદ્રીયોથી ભ્રાંતીવડે શબ્દાદીક ધર્મવાળા જુદાજુદા પદાર્થાદીક રૂપે થયેલાનું જણાય છે. ॥૨૮॥ જેમકે ભગવાનજ, મહતત્વ રૂપથી એક પ્રકારના, અહંકારરૂપથી ત્રણ પ્રકારોવાળા, મહાભુતો રૂપે પાંચ પ્રકારો વાળા, અને ઇંદ્રીયો તથા મન રૂપે અગીયાર પ્રકારના પણ થયેલાછે. અને તેનાજ ઇંડારૂપ શરીરથી આ જગત થયેલું છે. ॥૨૯॥ એ સર્વ વાતને, શ્રદ્ધાવાન–ભક્તીવાન–નીત્ય યોગનો અભ્યાસ કરનાર–સંગરહીત થયેલ–વીરક્તી પામેલ–અને ઇંદ્રીયો તથા મનને વશ કરનાર પુરૂશોજ બરાબર રીતે જાણે છે. ॥૩૦॥ હે માતા, જેનાથકી પ્રકૃતીના તથા પુરૂશ (આત્મા) ના તત્વોને જાણવાનું બને છે. અને જેથી પરબ્રહ્મ ઓળખાય છે, એવું જ્ઞાન મે તમને આ રીતે કહ્યું. ॥૩૧॥ મારા વીશે નીષ્ટાવાળો નીર્ગુણ જ્ઞાન યોગ, અને ભક્તીના લક્ષણવાળો ભક્તી યોગ એ બેઉ એકજ અર્થવાળા (એટલે ભગવાનને પ્રાપ્ત કરવાના એકજ પ્રયોજનવાળા) હોવાનું મે ભગવાને પોતેજ, (વેદ અને શાસ્ત્ર આદી દ્વારોથી) કહેલ છે. ॥૩૨॥ પણ જેમ એકજ પદાર્થ ઇંદ્રીયોનાં જુદાં જુદાં દ્વારે કરીને જુદા જુદા ઘણા ગુણોના આશ્રયવાળો જણાય છે તેમ એકજ ભગવાન જુદા જુદા અભીપ્રાયથી બનેલાં જુદાં જુદાં શાસ્ત્રોવડે અનેક પ્રકારના ભીન્ન ભીન્ન રીતે સમજવામાંઆવે છે. ॥૩૩॥ ક્રીયાઓ, અને પુર્ત (વાવ કુવા આદી કરાવવાનાં કામો.) ક્રતુઓ–દાન–તપ–શાસ્ત્રાધ્યયન–તેમનો અર્થ સાથે વીચાર કરવો–ઇંદ્રીયો અને મનનો જય–કર્મ-

કર્મોના ત્યાગ રૂપ સંન્યાસ–અષ્ટાંગ યોગ–વીવીધ પ્રકારનો ભક્તી યોગ–પ્રવૃતી અને નીવૃતીના લક્ષણોવાળો સકામ અને નીષ્કામ ધર્મ–અને દૃઢ વૈરાગ્ય સહીત આત્મ તત્વનું જ્ઞાન, ઇત્યાદીક માર્ગો વડે કરીને સ્વયં પ્રકાશ ભગવાન નીર્ગુણ તથા સગુણ રૂપેજણવામાં આવે છે. ॥૩૪–૩૫–૩૬॥ ચારે પ્રકારના ભક્તીયોગનું સ્વરૂપ તથા નહીં જાણવામાં આવે એવો ગતીવાળો પ્રાણી આદીની અંદર વીચરનારા કાળનું સ્વરૂપ મેં તમારી પાસે કહ્યું છે. ॥૩૭॥ હે માતા અવીદ્યા યુક્ત કર્મો થકી નીર્માણ થનારી બહુ પ્રકારની, દેહી એટલે જંતુની સંસૃતીઓ, કે જેમાં પ્રવેશ કરવા થકી પોતે પોતાના સ્વરૂપનેજ જાણતો નથી. તેપણ મેં તમને કહ્યું છે. ॥૩૮॥ આ અર્થનો, ખળ પુરૂષને–નમ્રતા રહીતને–સ્તબ્ધ અને અભીમાનીને–ભીન્ન દ્રષ્ટી વાળાને–ધર્મનો ઢોંગ કરનારને–લોભીને–ગ્રહાદીકના વાસનાવાળાને–આસક્ત થયેલા મનવાળાને–અભક્તને–અને મારા ભક્તાદીકનો દ્વેષ કરનારાને, તમે કદીપણ ઉપદેશ કરશો નહીં.॥૩૯–૪૦॥ અને શ્રદ્ધાવાનને–ભક્તને–નમ્રતાવાનને–ગુણમાં દોશનો આરોપ નહીં કરનારાને–પ્રાણી માત્રની સાથે મીત્ર ભાવ રાખનારાને–બીજાઓની સેવા આદીક કરવામાં પ્રીતી વાળાને–દ્રશ્ય પદાર્થોને વીશે વૈરાગ્ય પામેલાને–શાંત ચીત્તવાળાને અને જેને પ્રીય થકી પણ પ્રીય હું જ છું. તેવાઓને તમે આનો ઉપદેશ આપજો. ॥૪૧–૪૨॥ હે માતા, જે પુરૂષ શ્રદ્ધા સહીત, મારામાં ચીત્ત રાખીને આ ઉપદેશને પુરેપુરો સાંભળશે અથવા વર્ણન કરશે. તે મારા પદનેજ અવશ્ય કરીને પામશે. ॥૪૩॥ ઇતીશ્રી० ભા० ત્રીજા સ્કંધનો બત્રીશમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૨॥

અધ્યાય. ૩૩ મો—મૈત્રેય—કર્દમમુનીની પ્યારી સ્ત્રી અને કપીલ દેવની માતા દેવહુતીનાં મોહરૂપી પડળો, એ પ્રમાણેનાં તેમના વચનો સાંભળવાથી નાશ પામવાથી એ દેવહુતીએ, એ સાંખ્ય શાસ્ત્રનો તત્વ

तेतद्भगवान्शास्त्रवर्त्मभिः॥३३॥ क्रिययाक्रतुभिर्दानैस्तपःस्वाध्यायमर्शनैः॥ आत्मेंद्रियजयेनापिसंन्यासेनचकर्मणां ॥३४॥ योगेनविविधांगेनभक्तियोगेनचैवहि ॥ धर्मेणोभयचिन्हेनयःप्रवृत्तिनिवृत्तिमान्॥३५॥ आत्मतत्वाववोधेनवैराग्येणदृढेनच ॥ ईयतेभगवानेभिःसगुणोनिर्गुणःस्वदृक् ॥३६॥ प्रावोचंभक्तियोगस्यस्वरूपंतेचतुर्विधं॥कालस्यचाव्यक्तगतेर्योऽतर्धावतिजंतुषु ॥३७॥ जीवस्यसंसृतीर्वह्वीरविद्याकर्मनिर्मिताः ॥ यास्वंगप्रविशन्नात्मानवेदगतिमात्मनः॥३८॥ नैतत्खलायोपदिशेन्नाविनीतायकर्हिचित् ॥नस्तब्धायनभिन्नायनैवधर्मध्वजायच॥३९॥ नलोलुपायोपदिशेन्नगृहारूढचेतसे॥नाभक्तायचमेजातुनमद्भक्तद्विषामपि ॥४०॥ श्रद्दधानायभक्तायविनीतायानसूयवे॥ भूतेषुकृतमैत्रायशुश्रूषाऽभिरतायच॥४१॥ बहिर्जातविरागायशांतचित्तायदीयतां॥ निर्मत्सरायशुचयेयस्याहंप्रेयसांप्रियः॥४२॥ यइदंशृणुयादंबश्रद्धयापुरुषःसकृत् ॥ योवाऽभिधत्तेमच्चित्तःसह्येतिपदवींचमे॥४३॥ इ०भा०म०तृ०द्वात्रिंशोऽध्यायः ॥३२॥ मैत्रेय०एवंनिशम्यकपिलस्यवचोजनित्रीसाकर्दमस्यदयिताकिलदेवहूतिः॥ विस्रस्तमोहपटलातमभिप्रणम्यतुष्टावतत्वविषयांकितसिद्धिभूमिं॥१॥ देवहूति०अथाप्यजोऽतःसलिलेशयानंभूतेंद्रियार्थात्ममयंवपुस्ते ॥ गुणप्रवाहंसदशेषबीजंदध्यौस्वयंयज्जठराब्जजातः॥२॥ सएवविश्वस्यभवान्विधत्तेगुणप्रवाहेणविभक्तवीर्यः ॥ सर्गाद्यनीहोवितथाभिसंधिरात्मेश्वरोऽतर्क्यसहस्रशक्तिः ॥३॥ सत्वंभृतोमेजठरेणनाथकथंनुयस्योदरएतदासीत् ॥ विश्वंयुगांतेवटपत्रएकःशेतेस्ममायाशिशुरंघ्रिपानः॥४॥ त्वंदेहतंत्रःप्रशमायपाप्मनांनिदेशभाजांचविभोविभूतये॥ यथावतारास्तवसूकरादयस्तथायमप्यात्मपथोपलब्धये॥५॥ यन्नामधेयश्रवणानुकीर्तनाद्यत्प्रह्वणाद्यत्स्मरणादपिक्वचित्॥ श्वादोऽपिसद्यःसवनायकल्पतेकुतःपुनस्तेभगवन्नदर्शनात् ॥६॥ अहोबतश्वपचोऽतोगरीयान्यज्जिह्वाग्रेवर्ततेनामतुभ्यं ॥ तेपुस्तपस्तेजुहुवुःसस्नुरार्याब्रह्मानूचुर्नामगृणंतियेते ॥७॥ तंत्वामहंब्रह्मपरंपुमांसंप्रत्यक्स्रोतस्यात्मनिसंविभाव्यं॥स्वतेजसाध्वस्तगुणप्रवाहंवंदेविष्णुंकपिलंवेदगर्भं ८ मैत्रेय०ईडितोभगवानेवंकपिलाख्यःपरःपुमान् ॥ वाचाविक्लवयेत्याहमातरंमातृवत्सलः॥९॥ कपिल०मार्गेणानेनमातस्तेसुसेव्येनोदिते

સંખ્યાનો સીદ્ધાંત કરનારા (કપીલ) ભગવાનને નમસ્કાર કરીને તેમની નીચે પ્રમાણે સ્તુતી કરી. ॥૧॥ દેવહૂતિ—આપ અજન્મા થકી ઉત્પન્ન થયેલા બ્રહ્માએ પણ, આપના ગુણોના પ્રવાહરૂપ–સર્વના બીજ રૂપ–અને જળમાં સોહેલા–તથા પાંચમહાભુત, ઇંદ્રીયો, વીશયો અને અંતઃકરણો, એ સર્વમય સ્વરૂપનું, ધ્યાનજ કરયું હતું. ॥૨॥ એજ આપ સંકલ્પ–ક્રીયા રહીત–આત્મા–ઇશ્વર–અને તર્કમાં ન આવે એવી હજારો સક્તીઓ વાળા આપ, ગુણોના પ્રવાહ વડે પોતાની શક્તીઓના વીભાગ કરીને સૃષ્ટીના આદી કાળે વીશ્વરૂપને ધારણ કરોછો. ॥૩॥ જેના ઉદરમાં આ સઘળું વીશ્વ રહેલું છે. અને પ્રલયને વખતે જે એકલાજ વડના પાંદડાંમાં સુતેલા માયાથી બાળક બનીને પોતાના અંગુઠાને ધાવતા હતા. હે નાથ, એવા આપને મેં મારા જઠરમાં કેવે પ્રકારે ધારણ કરયા હસે. ॥૪॥ પરંતુ હે પ્રભુ, જે રીતે આપના બીજા અવતારો પણ પાપીઓના નાશને માટે અને તમારી આજ્ઞા પ્રમાણે (સત્ધર્મે) ચાલનારાઓના ઉદયને માટે થયેલા છે. તે રીતેજ આત્મ જ્ઞાનની પ્રાપ્તી કરાવવાને સારૂંજ આપનું આ શરીર પણ થયેલું છે. ॥૫॥ તમારા નામાદીકનું શ્રવણ–કીર્તન–પ્રણામ–અથવા સમરણ, કોઇ વખતેજ કોઇ ચંડાળ આદીક પણ કરેતો તે તુર્તજ યજ્ઞ કરવાને યોગ્ય (દ્વીજોના સરખો) થાય છે તો પછી આપનાં દર્શન વડેતો શું જ ન થાય. ॥૬॥ એવા આપ પરબ્રહ્મ–પરમ પુરૂશ–મનની અંદર ધ્યાન કરવાને યોગ્ય–પોતાના સ્વરૂપના પ્રકાશ વડે સંસારનાં બંધનને તોડનારા–અને ગર્ભમાં વેદ રહેલા વીશ્નુ કપીલ ભગવાનને હું વંદન કરૂંછું. ॥૮॥—મૈત્રેય—ત્યારે એ પ્રમાણેની સ્તુતી સાંભળીને માતા ઉપરના સ્નેહથી વીકળ થયેલ વાણીથી એ કપીલ નામવાળા પરમપુરૂશ ભગવાને દેવહુતીને કહ્યું કે. ॥૯॥—શ્રી ભગવાન—હે માતા, સેવન કરવાને માટે સેહેલા આ મારા કહેલા માર્ગમાં ચાલવાથી તમે થોડા વખતમાંજ

પરમ પદને પામશો. ॥૧૦॥ બ્રહ્મવાદીઓએ સ્વીકારેલા આ મારા સીદ્ધાન્તને વીશે શ્રદ્ધા રાખીને આલયથી તમારે જન્મ મરણ થવાનું મટી જશે અને તમે મનેજ પામસો. જેઓ આ સીદ્ધાંતને જાણતા નથી તેઓજ મૃત્યુઆદીને પામ્યા કરે છે. ॥૧૧॥-મૈત્રેય-એ પ્રમાણે સતી અને બ્રહ્મવાદી એવી પોતાની માને (બ્રહ્મવીદ્યાનો) આત્મસ્વરૂપનો ઉપદેશ આપી તેમની રજા લઈને, કપીલ ભગવાન ત્યાંથી ચાલી નીકળ્યા. ॥૧૨॥ અને દેવહુતી, પોતાના દીકરાએ બતાવેલ યોગની રીતીથી સમાધી કરીને, સરસ્વતીને કાંઠે પોતાના આશ્રમમાંજ યોગ કરવા લાગ્યાં. ॥૧૩॥ તેથી તેમના વાંકા કેસ વારંવાર નહાવા આદીથી જટા સરખા અને પીંગળા થઈ ગયા. અને ઉગ્ર તપ કરવાથી તેનો દેહ દુર્બળ અને ફાટેલ વસ્ત્રવાળો થઈ ગયો. ॥૧૪॥ કર્દમ પ્રજાપતીના તપથી અને યોગથી થયેલું ગૃહસ્થાશ્રમ સંબંધનું પોતાનું સુખ, કે જેની દેવતાઓ પણ ઈચ્છા કરતા હતા. ॥૧૫॥ જેમાં દુધના ફીણ સરખી અને સોનાના સામાન વાળી હાથી દાંતની શય્યાઓ હતી. તથા સુકોમળ સ્પર્શવાળાં આસ્તરો સહીત સોનાનાં આસનો હતાં. ॥૧૬॥ મોટા મરકત મણીથી જડેલી સ્વચ્છ સ્ફટીક મણીની ભીંતોમાં, ઉત્તમ સ્ત્રીઓના હાથમાંના રત્નના દીવાઓ શોભી રહેલા હતા. ॥૧૭॥ અને ઘરની પાસેના બગીચામાં ઘણાં અને દેવતાઓનાં ફુલો ખીલેલાં શોભીતાં ઝાડોમાં પક્ષીઓનાં જોડાંઓ બોલતાં હતાં. અને મદોન્મત ભમરાઓ ગાયન કરી રહ્યા હતા. ॥૧૮॥ અને એવાં સ્થળોની કમળોથી સુગંધી વાન થયેલી વાવ્યોમાં કર્દમમુની પોતાને લડાવતાં, દેવતાના અનુચરો ગાયન કરવા લાગતા હતા. ॥૧૯॥ એવાં ઈંદ્રાદીકની સ્ત્રીઓએ પણ ઇચ્છવા યોગ્ય સર્વે સુખોનો, ત્યાગ કરીને બેસતાં; જોકે તેને તત્વજ્ઞાન પ્રાપ્ત થયું હતું; તો પણ; પોતાના પતી (કર્દમ) વનમાં જવાની પાછળજ પુત્રનો પણ વીયોગ થવાથી, વાછરડું ખોવાઈ ગયેલ ગાયની પેઠે દીકરાના વીરહને લીધે, પુત્રવત્સલપણાથી દુઃખ લાગવા વડે; તેનું મોઢું લગારેક શોકયુક્ત દેખાતું હતું. ॥૨૦-૨૧॥ હે વીદુર, તે પણ પોતાના પુત્ર કપીલ ભગવાનના ધ્યાનથીજ, એ પ્રકારના ઘરથકી

नमे॥ आस्थितेनपरांकाष्ठामचिराद्वरोत्स्यसि ॥१०॥ श्रद्धस्वैतन्मतंमह्यंजुष्टंयद्ब्रह्मवादिभिः॥ येनमामभवंयायामृत्युमृच्छंत्यतद्विदः ११
मैत्रेय० इतिप्रदर्श्यभगवान्सतींतामात्मनोगतिं ॥ स्वमात्राब्रह्मवादिन्याकपिलोऽनुमतोययौ॥१२॥ साचापितनयोक्तेनयोगादेशेनयोगयु
क्॥ तस्मिन्नाश्रमआपीडेसरस्वत्याःसमाहिता ॥१३॥ अभीक्ष्णावगाहकपिशान्जटिलान्कुटिलालकान्॥ आत्मानंचोग्रतपसाबिभ्रतीची
रिणंकृशं॥१४॥ प्रजापतेःकर्दमस्यतपोयोगविजृंभितं॥स्वगार्हस्थ्यमनौपम्यंप्रार्थ्यंवैमानिकैरपि ॥१५॥ पयःफेननिभाःशय्यादांतारुक्मप
रिच्छदाः॥ आसनानिचहैमानिसुस्पर्शास्तरणानिच॥१६॥ स्वच्छस्फटिककुड्येषुमहामारकतेषुच॥रत्नप्रदीपा आभांतिललनारत्नसंयुताः
॥१७॥ गृहोद्यानंकुसुमितैरम्यंबह्वमरद्रुमैः॥ कूजद्विहंगमिथुनंगायन्मत्तमधुव्रतं॥१८॥यत्रप्रतिष्ठमात्मानंविबुधानुचराजगुः॥ वाप्यामुत्पल
गंधिन्यांकर्दमेनोपलालितं॥१९॥ हित्वातदीप्सिततममप्याखंडलयोषितां॥ किंचिच्चकारवदनंपुत्रविश्लेषणातुरा॥२०॥वनंप्रव्रजितेपत्या
वपत्यविरहातुरा॥ ज्ञाततत्त्वाऽप्यभून्नष्टेवत्सेगौरिववत्सला॥२१॥तमेवध्यायतीदेवमपत्यंकपिलंहरिं॥ बभूवाचिरतोवत्सनिस्पृहातादृशेगृहे
॥२२॥ ध्यायतीभगवद्रूपंयदाहध्यानगोचरं॥ सुतःप्रसन्नवदनंसमस्तव्यस्तचिंतया॥२३॥भक्तिप्रवाहयोगेनवैराग्येणबलीयसा॥ युक्तानुष्ठा
नजातेनज्ञानेनब्रह्महेतुना॥२४॥ विशुद्धेनतदात्मानमात्मनाविश्वतोमुखं॥ स्वानुभूत्यातिरोभूतमायागुणविशेषणं ॥२५॥ ब्रह्मण्यवस्थितम
तिर्भगवत्यात्मसंश्रये॥निवृत्तजीवापत्तित्वात्क्षीणक्लेशाप्तनिर्वृतिः ॥२६॥ नित्यारूढसमाधित्वात्परावृत्तगुणभ्रमा॥नसस्मारतदात्मानंस्वप्नेदृष्ट
मिवोत्थितः॥२७॥ तद्देहःपरतःपोषोऽप्यकृशश्चाध्यसंभवात्॥ बभौमलैरवच्छन्नःसधूमइवपावकः ॥२८॥ स्वांगंतपोयोगमयंमुक्तकेशंगतां
बरं॥ दैवगुप्तंनबुबुधेवासुदेवप्रविष्टधीः॥२९॥एवंसाकपिलोक्तेनमार्गेणाचिरतःपरं॥ आत्मानंब्रह्मनिर्वाणंभगवंतमवापह ॥३०॥ तद्वीरासी
त्पुण्यातमंक्षेत्रत्रैलोक्यविश्रुतं॥नाम्नासिद्धपदंयत्रसासंसिद्धिमुपेयुषी॥३१॥ तस्यास्तद्योगविधुतमार्त्यंमर्त्यमभूत्सरित् ॥स्त्रोतसांप्रवरासौ

નીરૂહ અને વાસના રહીત થોડા કાળમાંજ તે થઈ ગયાં. ॥૨૨॥ યુક્ત કર્મો કરવાની સાથે બળવાન વૈરાગ્ય સહીત ભક્તી યોગના પ્રવાહ વડે ઉત્પન્ન થતા, પરબ્રહ્મની પ્રાપ્તીના કારણરૂપ સુદ્ધ જ્ઞાને કરીને, આત્મસ્વરૂપ-વીશ્વરૂપ-સ્વયંપ્રકાસ-માયા ગુણ થકી રહીત-અવ્યક્ત-અને સર્વના આશ્રય રૂપ પરબ્રહ્મ ભગવાનમાંજ તેમણે પોતાની મતી જોડવાથી, તેમનો લીંગદેહ (જીવપણું) નાશ પામી જઈને તેમના સર્વે ક્લેશ માત્ર મટી ગયા. અને સવ પ્રકારની ચીંતાઓને તજેલાં તે દેવહુતી, પોતાના પુત્ર કપીલ ભગવાને કહેલા પ્રસન્ન મુખવાળા, તથા ઈંદ્રીઓ આદી થકી જાણી શકાય એવા ભગવાનના સ્વરૂપનુંજ ધ્યાન કરવા લાગ્યાં. ॥૨૩-૨૪-૨૫-૨૬॥ અને નીરંતરજ સમાધીમાં સ્થીર થવા વડે, વીશયાદીક સુખોના સંબંધનો તેમનો ભ્રમ મટી ગયો. અને ઉંઘમાંથી જાગેલ માણસ સ્વપ્નના પદાર્થાદીકનું સ્મરણ નહીં કરવાની પેઠે, તેમણે પણ દેહાદીકનું સ્મરણ ફરીથી કર્યુંજ નહી. ॥૨૭॥ અને બીજાઓ થકી પોષણ થતો તેનો દેહ, તેને મનની પીડા આદીક નહીં થવાને લીધે, દુબળો નહીં થયેલો તથા મેલથી ઢંકાયલો, ધુમાડા વાળા અગ્નીના સરખો થઈ ગયો. ॥૨૮॥ તથા તે વાળ છુટા થઈ ગયેલા-વસ્ત્રો છુટી ગયેલા-અને દૈવથકી રક્ષણ થતા, તપ અને યોગમય પોતાના દેહને, તેણે વાસુદેવ ભગવાનમાંજ બુદ્ધી પ્રવેશ કરેલી હોવાથી તેમણે જાણ્યો પણ નહીં. ॥૨૯॥ એ પ્રકારે કપીલ ભગવાને કહેલા માર્ગ વડે, તે દેવહુતી થોડા કાળમાંજ પરબ્રહ્મ-આત્મા-અને નીર્વાણ બ્રહ્મ એવા ભગવાનના સ્વરૂપને પામી ગયાં. ॥૩૦॥ જે ઠેકાણે એ દેવહુતી વીરાસન લગાવીને સીદ્ધીને પામ્યાં છે. તે, ત્રણે લોકમાં અતી વીખ્યાત થયેલું પવીત્ર ક્ષેત્ર." સીદ્ધપદ " (સીદ્ધપુર) એ નામથી કહેવાય છે. ॥૩૧॥ અને યોગ વડે ધાતુઓના સઘળા મેલ નાશ પામેલું એ દેવહુતીનું મનુષ્ય શરીર; સીદ્ધીને આપનાર અને સીદ્ધ પુરૂષોએ સેવન કરેલ જળાશયોમાં ઉત્તમ સરસ્વતી નદીરૂપ થઈ ગયું. (અર્થાત સરસ્વતીમાં ગળી ગયું.) ॥૩૨॥ તથા માતાની આજ્ઞા લઈને પોતાના આશ્રમમાંથી નીકળેલા યોગી કપીલ ભગવાન પણ ઈશાન કોણની દીશામાં ચાલ્યા જતાં, તે સાં-

ષ્મના આશ્રમોમાં વધ્યનુગ્રહલાને, સમુદ્રે પુજન અને સ્થાન આપવાથી. સીદ્ધ—ચારણ ગાંધર્વ મુની અને અપ્સરાઓ આદીથી સ્તુતી કરાતા તે, ઈંદ્રીયાદીકને વશ કરીને, ત્રણે લોકને શાંતી આપે એવો યોગ કરવાની સમાધી કરીને ત્યાંજ બેઠા. ॥૩૪–૩૫॥ હે પાપરહીત વીદુર. તમારા પુછવાથી કપીલ ભગવાન અને દેવહુતીનો પવીત્ર સંવાદ મેં તમને આ રીતે કહી સંભળાવ્યો. ॥૩૬॥ આ આત્મસ્વરૂપની પ્રાપ્તી થવાના ઉપાયરૂપ કપીલમુનીનો અતીછાનો મત, કે જેથી ભગવાનમાં મતી થાય છે. તે જે કોઈ સાંભળશે, અથવા કહી સંભળાવશે તેને, ગરૂડની ધજાના ચીન્હ વાળા ભગવાનના ચરણારવીંદની પ્રાપ્તી થશે. ॥૩૭॥ ઈતીશ્રી૦ ભા૦

म्यासिद्धिदासिद्धसेविता ॥३२॥ कपिलोऽपिमहायोगीभगवान्पितुराश्रमात् ॥ मातरंसमनुज्ञाप्यप्रागुदीचींदिशंययौ॥३३॥ सिद्धचारणगंधर्वैर्मुनिभिश्चाप्सरोगणैः॥स्तूयमानःसमुद्रेणदत्तार्हणनिकेतनः ॥३४॥ आस्तेयोगंसमास्थायसांख्याचार्यैरभिष्टुतः॥ त्रयाणामपिलोकानामुपशांत्यैसमाहितः॥३५॥ एतन्निगदितंतातयत्पृष्टोऽहंतवानघ ॥ कपिलस्यचसंवादोदेवहूत्याश्चपावनः ॥३६॥ यइदमनुशृणोतियोऽभिधत्तेकपिलमुनेर्मतमात्मयोगगुह्यं॥ भगवतिकृतधीःसुपर्णकेतावुपलभतेभगवत्पदारविंदं ॥३७॥ इतिश्रीभागवतेमहापुराणेतृतीयस्कंधेकापिलेयोपाख्यानेत्रयस्त्रिंशत्तमोऽध्यायः ॥ ३३ ॥

ત્રીજા સ્કંધનો તેતરીસમો અધ્યાય સંપુર્ણ. ॥૩૩॥ ઈતી ત્રીજો સ્કંધ સમાપ્ત. ॥૩॥

તા. ૬ છી આગષ્ટ સને ૧૮૯૭ સંવત ૧૯૫૪ ના શ્રાવણ વદી ૧ ને બુધવાર બપોરે બારવાગે. મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં હરીકૃશ્નદાસ શેઠની પોળમાં ઘર નંબર ૫૨૩. કર્તા મહામુનીકૃશ્ન. ગુજરાતીમાં ભગવત પ્રેરીત લખનાર દાસાનુદાસ. ગીરધરલાલ અમરતલાલ ન્યાયા. શ્રીકૃશ્નાર્પણમસ્તુ. ॥

॥ इति श्रीमद्भागवते तृतीयस्कंध समाप्तं ॥

॥ अथ श्रीमद्भागवतं चतुर्थस्कंध प्रारभ्यते ॥

શ્રી કૃષ્ણ પરમાત્મા જગદ્ગુરવે નમઃ ।। અધ્યાય ૧ લો.—મૈત્રેય—સ્વાયંભુમનુને શતરૂપા રાણીમાં, આકુતી—દેવહુતી— અને પ્રસુતી એમ ત્રણ વીખ્યાત કન્યાઓ થઇ હતી. ॥૧॥ તેમાંની આકુતી ભાઇ વાળી હોવા છતાં પણ, તેને પ્રથમ દીકરો થાવને પોતે લેવાની બોલી કરીને શતરૂપાની સલાહથી, મનુએ તેને રુચીરૂશીને પરણાવી હતી. ॥૨॥ તેનામાં એ બ્રહ્મતેજવાળા અને ઉત્તમ સમાધી કરનારા પ્રજાપતી રૂચીએ એક જોડલું (છોકરો અને છોકરી બેનું) ઉત્પન્ન કર્યું. ॥૩॥ તેઓમાંનો પુરૂશ, સાક્ષાત વીશ્નુનો અંશ યજ્ઞસ્વરૂપ ભગવાન હતા. અને દક્ષીણા નામની સ્ત્રી હતી તે લક્ષ્મીના અંશરૂપ અને ભગવાનની પાસેથી ન જાએ એવી હતી. ॥૪॥ એ તેજસ્વી પુત્રને સ્વાયંભુમનું આનંદથી પોતાને ઘેર લાવ્યા. અને દક્ષીણાને રૂચીએ રાખી. ॥૫॥ પછી તે કામનાવાળી સ્ત્રી દક્ષીણાને એ યજ્ઞોનાપતી યજ્ઞ ભગવાન પરણ્યા. અને તે પ્રસન્ન થયેલીને વીશે પોતે પ્રસન્ન થઇને બાર દીકરાઓ ઉત્પન્ન કર્યાં. ॥૬॥ તોષ—પ્રતોષ—સંતોષ—ભદ્ર—શાંતી—ઇડસ્પતી—ઇધ્મ—કવી—વીભુ—સ્વન્હ—સુદેવ—અને રોચન એ રીતે બાર છે. ॥૭॥ સ્વાયંભુ મનુના મન્વંતરમાં; એ તુષીત નામના દેવતાઓ કહેવાય છે, મરીચી વીગેરે સાત રૂશીઓ થયા છે. અને ઇંદ્રની પદવી એ યજ્ઞ ભગવાને પોતેજ ભોગવેલી છે. ॥૮॥ તથા એ સ્વાયંભુ મનુના પ્રીયવ્રત અને ઉત્તાનપાદ નામના બે મહા તેજસ્વી પુત્રોએ અને તેઓના વંશજોએ એ મન્વંતરનું પાલન કરેલું છે. ॥૯॥ હે તાત, મનુએ પોતાની દીકરી દેવહુતી કર્દમને આપી હતી. તેની બાબતમાંનો મારા કહ્યાથી તમે ઘણું ખરૂં સાંભળી ચુક્યા છો. ॥૧૦॥ ભગવાન મનુએ બ્રહ્માના પુત્ર દક્ષને પ્રસુતી આપી હતી. તેનાથી ઉત્પન્ન થયેલી પ્રજાનો ઘણો મોટો વીસ્તાર ત્રણલોકમાં થયેલો છે. ॥૧૧॥ હવે મરીચી આદીનવ બ્રહ્મરૂશીની સ્ત્રીઓ કહેવાયલી કર્દમની દીકરીઓનાં વંશોનો વીસતાર

श्रीगणेशा[य] नमः मैत्रेय०मनोस्तुशत[रू]पायांतिस्त्रःकन्याश्चजज्ञिरे॥आकूतिर्देवहूतिश्चप्रसूतिरितिविश्रुताः ॥१॥ आकूतिंरुचयप्रादादपि
भ्रातृमतींनृपः॥ पुत्रिकाधर्ममाश्रित्यशतरूपानुमोदितः॥२॥ प्रजापतिःसभगवान्रुचिस्तस्यामजीजनत्॥ मिथुनंब्रह्मवर्चस्वीपरमेणस
माधिना॥३॥ यस्तयोःपुरुषःसाक्षाद्विष्णुर्यज्ञस्वरूपधृक्॥ यास्त्रीसादक्षिणाभूतेरंशभूताऽनपायिनी॥४॥ आनिन्येस्वगृहंपुत्र्याःपुत्रंविततरो
चिषं॥ स्वायंभुवामुदा युक्तोरुचिर्जग्राहदक्षिणां॥५॥ तांकामयानांभगवानुवाहयजुषांपतिः॥ तुष्टायांतोषमापन्नोऽजनयद्द्वादशात्मजान्॥६॥
तोषःप्रतोषःसंतोषोभद्रःशांतिरिडस्पतिः॥ इध्मःकविर्विभुःस्वन्हःसुदेवोरोचनोद्विषट्॥७॥ तुषितानामतदेवाआसन्स्वायंभुवांतरे॥ मरीचि
मिश्राऋषयोयज्ञःसुरगणेश्वरः ॥८॥ प्रियव्रतोत्तानपादौमनुपुत्रौमहौजसौ॥ तत्पुत्रपौत्रनप्तृणामनुवृत्तंतदंतरं॥९॥ देवहूतिमदात्तातकर्दमा
यात्मजांमनुः॥ तत्संबंधिश्रुतप्रायंभवतागदतोमम॥१०॥ दक्षायब्रह्मपुत्रायप्रसूतिंभगवान्मनुः॥प्रायच्छद्यत्कृतःसर्गस्त्रिलोक्यांविततोमहा
न्॥११॥ याःकर्दमसुताःप्रोक्तानवब्रह्मर्षिपत्नयः॥ तासांप्रसूतिप्रसवंप्रोच्यमानंनिबोधमे॥१२॥ पत्नीमरीचेस्तुकलासुषुवेकर्दमात्मजा॥
कश्यपंपूर्णिमानंचययोरापूरितंजगत् ॥१३॥ पूर्णिमासूतविरजंविश्वगंचपरंतप ॥ देवकुल्यांहरेःपादशौचाद्याऽभूत्सरिद्दिवः ॥१४॥ अत्रेः
पत्न्यनसूयात्रीञ्जज्ञेसुयशसःसुतान्॥ दत्तंदुर्वाससंसोममात्मेशब्रह्मसंभवान्॥१५॥ विदुर० अत्रेर्गृहेसुरश्रेष्ठाःस्थित्युत्पत्त्यंतहेतवः ॥ किं
चिच्चिकीर्षवोजाताएतदाख्याहिमेगुरो॥१६॥ मैत्रेय० ब्रह्मणानोदितःसृष्टावत्रिर्ब्रह्मविदांवरः॥सहपत्न्याययावृक्षंकुलाद्रिंतपसिस्थितः १७
तस्मिन्प्रसूनस्तबकपलाशाशोककानने॥वार्भिःस्त्रवद्भिरुद्घुष्टेनिर्विंध्यायाःसमंततः॥१८॥ प्राणायामेनसंयम्यमनोवर्षशतंमुनिः॥ अतिष्ठदे
कपादेननिर्द्वंद्वोऽनिलभोजनः॥१९॥ शरणंतंप्रपद्येऽहंयएवजगदीश्वरः॥ प्रजामात्मसमांमह्यंप्रयच्छत्वितिचिंतयन्॥२०॥ तप्यमानंत्रिभु
वनंप्राणायामैधसाऽग्निना॥ निर्गतेनमुनेर्मूर्ध्नःसमीक्ष्यप्रभवस्त्रयः ॥२१॥ अप्सरोमुनिगंधर्वसिद्धविद्याधरोरगैः॥वितायमानयशसस्तदाश्र
मपदंययुः॥२२॥ तत्प्रादुर्भावसंयोगविद्योतितमनामुनिः॥उत्तिष्ठन्नेकपादेनददर्शविबुधर्षभान्॥२३॥ प्रणम्यदंडवद्भूमावुपतस्थेऽर्हणांजलिः

મારાથકી સાંભળો. ॥૧૨॥ કર્દમની દીકરી અને મરીચીની સ્ત્રી કલાને કશ્યપ અને પુર્ણીમાં બે પુત્રો થયા; કે જેમનાથી જગત ભરપુર થઇ ગયું છે. ॥૧૩॥ હે વીદુર, પુર્ણીમાને વીરજ અને વીશ્વગ નામના બે પુત્ર થયા. અને હરીભગવાનના પગ પખાળવા આદી વડે દેવ નદી (ગંગા કહેવાય છે તે) દેવ કુલ્યા નામની કન્યા થઇ. ॥૧૪॥ અત્રીની સ્ત્રી અનસુયાએ વીશ્નુ શીવ—અને બ્રહ્માના અંશ, દત્ત, દુર્વાસા—અને ચંદ્ર એ ત્રણ મોટી કીર્તી વાળા પુત્રો જણ્યા. ॥૧૫॥—વિદુર—હે ગુરૂ, અત્રીને ઘેર ઉત્પતી—સ્થીતી અને અંતના કારણરૂપ ત્રણે ઉત્તમ દેવ શું શું કરવાને માટે જન્મ્યા હતા તે મને કહો. ॥૧૬॥—મૈત્રેય—બ્રહ્માએ પ્રજા ઉત્પન્ન કરવાનું કહેવાથી, બ્રહ્મવેત્તાઓમાં શ્રેષ્ટ અત્રીરૂશી પોતાની સ્ત્રી સહીત પર્વતમાં જઇને તપ કરવા લાગ્યા.॥૧૭॥ આસોપાલવ અને ખાખરનાં ફુલો આવેલાં ઝાડો વાળા વનમાં જ્યાં નીર્વીંધ્યા નદીનાં પાણીના વેહેવાથી ચારેતરફ઼ ઘોંઘાટ થઇ રહેલ છે એવા તે પર્વતમાં પ્રાણાયામથી મનને વશ કરીને, દ્વંદ્વ રહીત, થઇ માત્ર વાયુનું ભોજન કરીને તે મુની સો વરસ સુધી એક પગે ઉભા રહ્યા. ॥૧૮–૧૯॥ અને ચીંતવન કરવા લાગ્યા કે "જે જગતનો ઇશ્વર છે તેને હું શરણું, તે મને પોતાના સરખો પુત્ર આપો. ॥૨૦॥ ત્યારે એ મુનીના માથામાંથી, પ્રાણાયામથી પ્રદીપ્ત થઇને નીકળતા અગ્નીથી ત્રણે લોકને તાપ પામેલા જોઇને ત્રણે મોટા દેવો, અપ્સરાઓ—મુનીઓ—ગંધર્વો—સીદ્ધ—વીદ્યાધર અને નાગ લોકોથી યશ ગવાતા ગવાતા, રૂચીના આશ્રમમાં આવ્યા. ॥૨૧–૨૨॥ તેમના પ્રકટ થવાથી પ્રકાશીત થયેલ મનવાળા થયેલા તે એક પગે ઉભેલા મુનીરૂશીએ તે ઉત્તમ દેવોને દીઠા. ॥૨૩॥ ત્યારે, એ બળદ—હંસ અને ગરૂડ ઉપર બેઠેલા, પોત પોતાનાં ચીન્હો વડે ઓળખાતા દેવોની સામે લાકડીની પેઠે જમીન ઉપર પડીને તેમણે પ્રણામ તથા પુજન કર્યું. પછી હાથ જોડીને

તે ઉભા રહ્યા. ॥૨૪॥ અને દયા સહીત જોતા તથા હસતા મોઢાવાળા તે આવેલા દેવતાઓના પ્રકાશથી અંજાઇ જઇને તે મુની ફરીથી આંખ્યો મીંચી ગયા. ॥૨૫॥ પછી, એ સર્વથી મોટા દેવતાઓને વીશે પોતાનું મન લગાડીને મધુર અને સુંદર વાણીથી સ્તુતી કરવા લાગ્યા કે. ॥૨૬॥ —અત્રિ—માયાના ગુણોના વીભાગ થઇને, જગતની ઉત્પતી—સ્થીતી—અને લય કરવા સારું, યુગે યુગે અવતારો ધરનારા બ્રહ્મા વીશ્નુ અને શીવને હું પ્રણામ કરૂંછું. તમારામાંના એકનેજ મેં તો બોલાવેલ છે. ॥૨૭॥ પ્રજા પામવાને માટે મેં ઘણા તપ ઉપચારેથી જગતને વીશે એકજ ભગવાનનું ધ્યાન કરેલું છે, છતાં જેમને દેહ ધારીઓનાં મન અને ઈંદ્રીયો પહોંચી શકતાં નથી એવા તમે ત્રણે અહીંયા શાથી આવ્યા. એ આશ્ચર્યનું કારણ પ્રસન્ન થઇને તમેજ મને કહો. ॥૨૮॥ —મૈત્રેય—ત્યારે હે વીદુર, તેનું એવું બોલવું સાંભળીને ત્રણે ઉત્તમ દેવોએ હસીને સુંદર વાણીથી તેમને કહ્યું કે. ॥૨૯॥ —દેવો—હે સત્ય સંકલ્પવાળા બ્રાહ્મણ, તમે જેનું ધ્યાન ધર્યું હતું. તેજ અમો છૈએ. તમે જે પ્રકારનો સંકલ્પ કર્યો હોય. તેજ થાય. બીજી રીતે થાયજ નહીં. ॥૩૦॥ હે અત્રીરશી, તમારૂં ભલું થશે; હવે તો અમારા ત્રણેના અંશોરૂપ તમને ત્રણ જગત પ્રસીદ્ધ દીકરાઓ થશે. અને તેઓ તમારી કીર્તીને વધારશે. ॥૩૧॥—મૈત્રેય—એમ સારી રીતે પુજન વીગેરે પામેલા તે દેવતાઓના ઇશ્વરો, તેમને સંપુર્ણ ઇચ્છીત વરદાન આપીને તે સ્ત્રીપુરૂશ જોઇ રહેતાંજ ત્યાંથી પાછા વળી ગયા. ॥૩૨॥ પછી બ્રહ્માના અંશથી તેમને "ચંદ્રમા" થયા. વીશ્નુના અંશથી યોગને જાણનારા "દત્ત" થયા. અને શંકરના અંશથી "દુર્વાસા" થયા. હવે અંગીરાનો વંશ સાંભળો. ॥૩૩॥ અંગીરાની સ્ત્રી શ્રદ્ધાને સીનીવાળી—કુહુ—રાકા—અને અનુમતી એ નામોવાળી ચાર કન્યાઓ થઇ, ॥૩૪॥ અને તેમને બીજી સ્ત્રીમાં

॥ वृषहंससुपर्णस्थान्स्वैःस्वैश्चिन्हैश्चचिन्हितान्॥२४॥ कृपावलोकेनहसद्वदनेनोपलंभितान्॥ तद्रोचिषाप्रति ृतोनिमील्यपुनराक्षिणी२५ चेतस्तत्प्रवणंयुंजन्नस्तावीत्संहतांजलिः ॥ श्लक्ष्णयासूक्तयावाचासर्वलोकगरीयसः॥२६॥ अत्रि०विश्वोद्भवस्थितिलयेषुविभज्यमानैर्माया गुणैरनुयुगंविगृहीतदेहाः ॥ तेब्रह्मविष्णुगिरिशाःप्रणतोऽस्म्यहंवस्तेभ्यःकएवभवतांमइहोपहूतः ॥२७॥ एकोमयेहभगवान्विविधप्रधानै श्चित्तीकृतःप्रजननायकथंनुयूयं ॥ अत्रागतास्तनुभृतांमनसोऽपिदूराद्ब्रूतप्रसीदतमहानिहविस्मयोमे ॥२८॥ मैत्रेय०इतितस्यवचःश्रुत्वा त्रयस्तेविबुधर्षभाः॥ प्रत्याहुःश्लक्ष्णयावाचाप्रहस्यतमृषिंप्रभो ॥२९॥ देवा०यथाकृतस्तेसंकल्पोभाव्यंतेनैवनान्यथा ॥ सत्संकल्पस्यतेब्रह्म न्यद्वैध्यायतितेवयं॥३०॥ अथास्मदंशभूतास्तेआत्मजालोकविश्रुताः॥ भवितारोंऽगभद्रंतेविस्रप्स्यंतिचतेयशः॥३१॥ एवंकामवरंदत्वाप्र तिजग्मुःसुरेश्वराः॥ सभाजितस्तयोःसम्यग्दंपत्योर्मिषतोस्ततः॥३२॥ सोमोऽभूद्ब्रह्मणोंऽशेनदत्तोविष्णोस्तुयोगवित्॥दुर्वासाःशंकरस्यांशो निबोधांगिरसःप्रजाः॥३३॥श्रद्धात्वंगिरसःपत्नीचतस्रोऽसूतकन्यकाः॥ सिनीवालीकुहूराकाचतुर्थ्यनुमतिस्तथा॥३४॥तत्पुत्रावपरावास्तां ख्यातौस्वारोचिषेंऽतरे ॥ उतथ्योभगवान्साक्षाद्ब्रह्मिष्ठश्चबृहस्पतिः॥३५॥ पुलस्त्योजनयत्पत्न्यामगस्त्यंचहविर्भुवि॥सोऽन्यजन्मनिदह्राग्निर्विश्रवाश्चमहातपाः॥३६॥ तस्ययक्षपतिर्देवःकुबेरस्त्विडविडासुतः॥रावणःकुंभकर्णश्चतथाऽन्यस्यांबिभीषणः॥३७॥ पुलहस्यगतिर्भार्या त्रीनसूतसतीसुतान्॥ कर्मश्रेष्ठंवरीयांसंसहिष्णुंचमहामते॥३८॥ क्रतोरपिक्रियाभार्यावालखिल्यानसूयत॥ऋषीन्षष्टिसहस्राणिज्वलतो ब्रह्मतेजसा॥३९॥ ऊर्जायांजज्ञिरेपुत्रावसिष्ठस्यपरंतप ॥ चित्रकेतुप्रधानास्तेसप्तब्रह्मर्षयोऽमलाः॥४०॥ चित्रकेतुःसुरोचिश्चविरजामित्रए वच॥ उल्बणोवसुभृद्यानोद्युमान्शक्त्यादयोऽपरे ॥४१॥ चित्तिस्त्वथर्वणःपत्नीलेभेपुत्रंधृतव्रतं॥दध्यंञ्चमश्वशिरसंभृगोर्वंशंनिबोधमे४२ भृगुःख्यात्यांमहाभागःपत्न्यांपुत्रानजीजनत् ॥ धातारंचविधातारंश्रियंचभगवत्परां॥४३॥ आयतिंनियतिंचैवसुतेमेरुस्तयोरदात्॥ ता भ्यांतयोरभवतांमृकंडःप्राणएवच॥४४॥मार्कंडेयोमृकंडस्यप्राणाद्वेदशिरामुनिः॥ कविश्चभार्गवोयस्यभगवानुशनासुतः॥४५॥तएतेमुन

સ્વારોચીશ મનવંતરમાં પ્રખ્યાત થનારા સાક્ષાત ઉતથ્ય ભગવાન અને બ્રહ્મવેત્તા બૃહસ્પતી એ પુત્રો પણ થયા હતા. ॥૩૫॥ પુલસ્ત્ય મુનીને હવીર્ભું નામની સ્ત્રીમાં અગસ્ત કે જે બીજા જન્મમાં જઠરાગ્ની હતા તે, તથા વીશ્રવા નામના બે પુત્રો થયા. ॥૩૬॥ એ વીશ્રવાને યક્ષોના અધીપતી ઇડવીડાના દીકરા કુબેર થયા. અને બીજી સ્ત્રીમાં રાવણ—કુંભકર્ણ—અને વીભીશણ થયા. ॥૩૭॥ હે વીદુર, પુલહ રૂશીની સતી સ્ત્રી ગતીએ કર્મશ્રેષ્ટ—વરીયસ—અને સહીશ્નુ— એ ત્રણ પુત્રોને જણ્યા. ॥૩૮॥ અને ક્રતુરૂશીની ભાર્યા ક્રીયાએ બ્રહ્મતેજથી અતી પ્રકાશવાન વાલખીલ્ય નામના સાઠહજાર રૂશીઓને પ્રસવ્યા. ॥૩૯॥ હે વીદુર, વસીષ્ટની સ્ત્રી ઉર્જાએ, ચીત્રકેતુ આદી સાત નીર્મળ બ્રહ્મરૂશી પુત્રોને જણ્યા. ॥૪૦॥ ચીત્રકેતુ—સુરોચી—વીરજા—મીત્ર—ઉલ્બણ—વસુભૃધાન અને ધુમાન એ સાત, તથા બીજી સ્ત્રીમાં શક્તી આદી થયેલાછે. ॥૪૧॥ અથર્વણરૂશીની સ્ત્રી ચીતીને વ્રતધારી અને ઘોડાના માથાવાળો દધ્યંચ નામનો પુત્ર થયોછે. હવે ભૃગુના વંશને મારાથી સાંભળો. ॥૪૨॥ હે વીદુર, ભૃગુએ ખ્યાતી નામની સ્ત્રીમાં ધાતા અને વીધાતા નામના બે પુત્રો તથા ભગવાનને પરાયણ એવી શ્રી (લક્ષ્મી) નામની કંન્યાને ઉત્પન્ન કર્યાં. ॥૪૩॥ તે બંનેને મેરૂ પર્વતે પોતાની આયતી અને નીયતી નામની બે પુત્રીઓ આપી હતી. તેમનામાં તેમણે મૃકંડ તથા પ્રાણને ઉત્પન્ન કર્યા. ॥૪૪॥ મૃકંડ થકી માર્કંડેય અને પ્રાણથકી વેદશીરા નામના મુની થયા. અને ભૃગુના પુત્ર કવી નામે હતા. તેમના દીકરા ઉશનાના પુત્ર ભગવાન શુક્રાચાર્ય થયેલ છે. ॥૪૫॥ હે વીદુર, આરીતે એ મુનીઓએ પ્રજાઓ ઉત્પન્ન કરીને લોકસૃષ્ટીનો વધારો કર્યો. એ રીતના મેં તમારી પાસે કહેલા કર્દમની દીકરીઓના વંશને શ્રદ્ધા સહીત સાંભળવાથી તે પાપનો નાસ કરનાર થશે. અને અતી ઉત્તમ પણ છે.॥૪૬॥મનુની દીકરી પ્રસુતીને બ્રહ્માના પુત્ર દક્ષ પરણ્યા હતા. તેણે તેમાં નીર્મળ નેત્રવાળી સોળ કન્યાઓ

ઉત્પન્ન કરી. ॥૪૭॥ હે વીદુર, તેમાંની તેર ધર્મને–એક અગ્નીને એક સમસ્ત પીતૃઓને અને એક, જન્મ મરણ રૂપ સંસારને છેદી નાંખનારા ભવ એટલે સદાશીવને આપી હતી ॥૪૮॥ શ્રદ્ધા–મૈત્રી–દયા–શાંતી–તુષ્ટી પુષ્ટી–ક્રીયા–ઉન્નતી–બુદ્ધી–મેધા–તીતીક્ષા–હ્રી (લજ્જા)–અને મુર્તી. એ તેર ધર્મની સ્ત્રીઓ છે. ॥૪૯॥ શ્રદ્ધાને શુભ, મૈત્રીને પ્રસાદ, દયાને અભય, શાંતીને સુખ, તુષ્ટીને મોદ, પુષ્ટીને સ્મય, ક્રીયાને યોગ, ઉન્નતીને દર્પ, બુદ્ધીને અર્થ, મેધાને સ્મૃતી, તીતીક્ષાને ક્ષેમ, ને હ્રીને પ્રશ્રય, એ રીતે દીકરાઓ થયા ॥૫૦ ૫૧॥ અને મુર્તીને સર્વ ગુણોના ઉત્પત્તી સ્થાન નર નારાયણ રૂશીઓ થયા. કે જેમના જન્મ સમયે સર્વ જગતને આનંદ અને નીવૃત્તી સુખ થયું. ॥૫૨॥ મન–દીશાઓ–વાયુ–નદીઓ–અને પર્વતો સ્વચ્છ થઇ ગયાં. આકાશમાં વાજાં અને તુરીઓ વાગી. તથા ફુલના વરસાદ થયા. ॥૫૩॥ રાજી થયેલા મુનીઓએ સ્તુતી કરી. ગંધર્વ અને કીનરોએ ગાયન કર્યું. અને અપ્સરાઓ નાચવા લાગી ને મોટું મંગળ વરતાયું. તથા બ્રહ્મા આદી સર્વે દેવતાઓ પણ સ્તુતી કરવા લાગ્યા કે ॥૫૪–**દેવતાઓ**–આકાશ સરખા પોતાના સ્વરૂપને વીશે માયાથી રચેલા વીશ્વને, રૂપ અને ભેદ સહીત દેખાડવાને માટે. ધર્મના ઘરમાં મુરતી થકી આદી રૂશી નરનારાયણ પુરૂષ ભગવાન પ્રકટ થયા છે. તે પરમાત્માને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૫૫॥ જેના તત્વનુંમાત્ર અનુમાનજ થઇ શકેછે એવા,તથા સૃષ્ટીની ઉત્પત્તી–સ્થીતી–અને નાશ કરનાર લક્ષ્મીના નીવાસ સ્થાન અને નીર્મળ કમળનો પણ તીરસ્કાર કરનારા એ, ભગવાન અને સત્વ ગુણી દયાળુ દ્રષ્ટીથી, અમો દેવતાઓ થકી સ્તુતી અને પુજન કરાયલા તે બંન્ને, દેવતાઓ વીગેરેને દર્શન આપીને ગંધમાદન પર્વતમાં ગયા ॥૫૭॥ એ બેઉજ, હરીભગવાનના અંશ. પૃથ્વીનો ભાર ઉતારવા માટે કુરૂ તથા યદુનાં કુળોમાં બે કૃષ્ણ (વાસુદેવ અને અર્જુન) થઇને

यःक्षत्तर्लोकान्सर्गैरभावयन्॥ एषकर्दमदौहित्रसंतानःकथितस्तव॥ शृण्वतःश्रद्दधानस्यसद्यःपापहरःपरः॥४६॥प्रसूतिंमानवींदक्षउपये
मेह्यजात्मजः॥तस्यांससर्जदुहितॄःषोडशामललोचनाः॥४७॥ त्रयोदशाददाद्धर्मायतथैकामग्नयेविभुः॥ पितृभ्यएकांयुक्तेभ्योभवायैकांभव
च्छिदे॥४८॥ श्रद्धामैत्रीदयाशांतिस्तुष्टिःपुष्टिःक्रियोन्नतिः॥ बुद्धिर्मेधातितिक्षाह्रीर्मूर्तिर्धर्मस्यपत्नयः॥४९॥श्रद्धाऽसूतशुभंमैत्रीप्रसादमभ
यंदया॥ शांतिःसुखंमुदंतुष्टिःस्मयंपुष्टिरसूयत॥५०॥ योगंक्रियोन्नतिर्दर्पमर्थंबुद्धिरसूयत॥ मेधास्मृतिंतितिक्षातुक्षेमंह्रीःप्रश्रयंसुतं ॥५१॥
मूर्तिःसर्वगुणोत्पत्तिर्नरनारायणावृषी॥ ययोर्जन्मन्यदोविश्वमभ्यनंदत्सुनिर्वृतं॥५२॥ मनांसिककुभोवाताःप्रसेदुःसरितोऽद्रयः॥ दिव्यवाद्यं
ततूर्याणिपेतुःकुसुमवृष्टयः ॥५३॥ मुनयस्तुष्टुवुस्तुष्टाजगुर्गंधर्वकिन्नराः॥ नृत्यंतिस्मस्त्रियोदेव्यआसीत्परममंगलं॥देवाब्रह्मादयःसर्वेउपत
स्थुरभिष्टवैः॥५४॥ देवा०योमाययाविरचितंनिजयात्मनीदंखेरूपभेदमिवतत्प्रतिचक्षणाय॥एतेनधर्मसदनेऋषिमूर्तिनाद्यप्रादुश्चकारपुरुषा
यनमःपरस्मै ॥५५॥ सोऽयंस्थितिव्यतिकरोपशमायसृष्टान्सत्त्वेननःसुरगणाननुमेयतत्त्वः॥ दृश्याददभ्रकरुणेनविलोकनेनयच्छ्रीनिकेत
ममलंक्षिपतारविंदं॥५६॥ एवंसुरगणैस्तातभगवंतावभिष्टुतौ॥ लब्धावलोकैर्ययतुरर्चितौगंधमादनं॥५७॥ताविमौवैभगवतोहरेरंशावि
हागतौ॥ भारव्ययायचभुवःकृष्णौयदुकुरूद्वहौ॥५८॥ स्वाहाऽभिमानिनश्चाग्नेरात्मजांस्त्रीनजीजनत्॥ पावकंपवमानंचशुचिंचहुतभोजनं
॥५९॥ तेभ्योऽग्नयःसमभवंश्चत्वारिंशच्चपंचच॥तएवैकोनपंचाशत्साकंपितृपितामहैः ॥६०॥ वैतानिकेकर्मणियन्नामभिर्ब्रह्मवादिभिः॥
आग्नेय्यइष्टयोयज्ञेनिरूप्यंतेऽग्नयस्तुते ॥६१॥ अग्निष्वात्ताबर्हिषदःसौम्याःपितरआज्यपाः॥ साग्नयोऽनग्नयस्तेषांपत्नीदाक्षायणीस्वधा॥
॥६२॥तेभ्योदधारकन्येद्वेवयुनांधारिणींस्वधा॥ उभेतेब्रह्मवादिन्यौज्ञानविज्ञानपारगे॥६३॥ भवस्यपत्नीतुसतीभवंदेवमनुव्रता॥आत्मनःस
दृशंपुत्रंनलेभेगुणशीलतः॥६४॥पितर्यप्रतिरूपेस्वेभवायानागसेरुषा॥ अप्रौढैवात्मनात्मानमजहाद्योगसंयुता ॥६५॥ इ०भा०म०च०वि
दुरमैत्रेयसंवादेप्रथमोऽध्यायः॥१॥ विदुर०भवेशीलवतांश्रेष्ठेदक्षोदुहितृवत्सलः॥ विद्वेषमकरोत्कस्मादनादृत्यात्मजांसतीं ॥१॥ कस्तंच

અવતરયા છે. ॥૫૮॥ અગ્નીની સ્ત્રી સ્વાહાએ અગ્નીનું અભીમાન ધરાવનારા પાવક પવમાન અને શુચી એ નામોવાળા આહુતીને ખાનારા ત્રણ પુત્રોને જણ્યા. ॥૫૯॥ તેમના થકી પીસતાલીસ અગ્નીઓ થયા જેઓ તેમના પીતા અને પીતામહ સુદ્ધાં ગણતાં ઓગણપચાસ છે. ॥૬૦॥ યજ્ઞ સંબંધી કર્મો કરાવનારા બ્રહ્મવાદીઓ જેમનાં નામો લેઇને " આગ્નેયી " એ નામની ઇષ્ટીઓ કરે છે. તે સઘળાઓ અગ્ની કહેવાય છે. ॥૬૧॥ અગ્નીષ્વાત–બર્હીષદ–સૌમ્ય–અને આજ્યપ–એ નામના ચાર પીતૃઓ છે, તે સાગ્નય (જેમને અગ્નૌ કરણ થાય છે તે), અને અનગ્નય એક પ્રકારો વાળા ચારેની વચે એકજ દક્ષની પુત્રી સ્વધા સ્ત્રી છે. ॥૬૨॥ તેમણે એ સ્વધામાં, વયુનાં અને ધારીણી નામની બે, બ્રહ્મવાદી અને જ્ઞાન વીજ્ઞાનના પારને પામેલી કન્યાઓ ઉત્પન્ન કરી હતી ॥૬૩॥ અને દક્ષની પુત્રી સતી, પોતાના સરખાજ શીળ તથા ગુણોવાળા પતી સદાશીવને ભજતી હતી. તેને પુત્રજ થયો નથી. ॥૬૪॥ સદાશીવનો અપરાધ નહીં છતાં, તેમના વીરૂદ્ધ આચરણ કરનાર પોતાના પીતા દક્ષ ઉપર ક્રોધ કરીને એ સતીએ નાની વયમાંજ પોતે પોતાની મેળે યોગ કરીને પોતાનો દેહ છોડી દીધો હતો. ॥૬૫॥ ઇતી શ્રી૦ ભા૦ ચો૦ સ્કંધનો પહેલો અધ્યાય સંપુર્ણ ॥૧॥

અધ્યાય—૨ જો.—વિદુર—દીકરીઓમાં પ્રીતીવાળા દક્ષે પોતાની સતી દીકરીનો અનાદર કરીને ઉત્તમ શીળ વાળા સદાશીવનો દ્વેશ શા કારણથી કર્યો ? ॥૧॥ ચરાચર જગતના ગુરૂ–વૈરરહીત–ક્રુદ્ધાદીકથી શાંત થયેલા–આત્મારામ–અને જગતના મોટા દૈવત–એવા સદાશીવનો દક્ષે દ્વેશ શા સારૂં કર્યો. ॥૨॥ હે બ્રાહ્મણ,ન તજી શકાય એવા પ્રાણનો ત્યાગ સતીએ જે કારણ માટે કર્યો. તે સસરા જમાઇ વચેના દ્વેશ બદલ સર્વ્વાત આપ મને કહી સંભળાવો. ॥૩॥–મૈત્રેય–પેહેલાં થયેલા પ્રજાપતીઓના સત્રમાં મોટા મોટા રૂશીઓ

પરીવાર સહીત સર્વ દેવતાઓ, સર્વ મુનીઓ, અને અગ્નીઓ વીગેરે એકઠા થયા હતા. ॥૪॥ તે સમયે સુર્યની પેઠે, તેજના અને અંધકારને મટાડનાર દક્ષપ્રજાપતી આવવાથી સર્વનાં મન ખેંચાવાથી, બ્રહ્મા અને સદાશીવ શીવાય બધા સભાસદો અગ્નીઓ સુદ્ધાં પોતાનાં આસનો ઉપરથી ઉઠી ઉભા થયા. ॥૫-૬॥ ત્યારે સભાસદોથી એ રીતનો સારો સત્કાર પામીને, અને જગત ગુરૂ બ્રહ્માને પ્રણામ કરીને તથા તેમની આજ્ઞા લેઇને દક્ષ પ્રજાપતી પણ બેઠા. ॥૭॥ પછી પ્રથમથી બેઠી રહેલા સદાશીવને દેખીને, તેમનાથી આ રીતે થયેલા પોતાના અનાદરને ન ખમી સકવાથી, આડી આંખે બાળી નાંખવાની પેઠે તેમના સામું જોઇને દક્ષ બોલ્યા કે ॥૮॥ "હે દેવતાઓ અને અગ્નીઓ સહીત બ્રહ્મઋષીઓ, હું અજ્ઞાનથી અથવા અદેખાઇથી બોલતો નથી. પણ સાધુ પુરૂષોના આચરણ બદલ બોલુંછું તે સાંભળો. ॥૯॥ લોક પાળોના યશનો નાશ કરનારો આ નીલંજ છે. અને સત્પુરૂષોએ આચરવાના માર્ગને, અભીમાન વડે એણે ખોડવાળો કર્યો છે. ॥૧૦॥ મારી સાવીત્રી જેવી દીકરીનો હાથ, બ્રાહ્મણો અને અગ્નીઓની સમક્ષ એણે સાધુ પુરૂષની પેઠે ઝાલવાથી, એ મારો શીષ્ય થયો છે. ॥૧૧॥ અને હરણના બચ્ચા જેવી આંખ્યો વાળી, મારી દીકરીનો હાથ માંકડા જેવી આંખ્યો વાળા એણે ઝાલ્યો છે, છતાં, સત્કારને માટે ઉઠીને ઉભા થઇને યોગ્ય વાણી પણ ને બોલતો નથી ॥૧૨॥ શુદ્રને વેદ વાણી આપવાની પેઠે, એ ક્રીયાઓનો લોપ કરનારા-અપવીત્ર-અભીમાની-અને મર્યાદાઓનું ઉલ્લંઘન કરનારાને, મારી ઇચ્છાની વીરૂદ્ધ મારી દીકરી અપાઇ ગઇ છે. ॥૧૩॥ તમોગુણી માત્રાથી થતાં શરીરોવાળા ભુત પ્રેતાદીકનો અધીપતી-અને મદોન્મત્ત તથા મદોન્મત્ત લોકને પ્રીય, એવો આ "અશીવ" છતાં, કેહેવાતો શીવ, મુવેલાંને બાળેલાની રાખોડીમાં નાહ્ય છે, મુડદાંનાં આંતરડાં અને હાડકાંનાં ઘરેણાં પેહેરે છે. ભુત અને પ્રેતનાં

राचरगुरुंनिर्वैरं शांतविग्रहं॥ आत्मारामंकथंद्वेष्टिजगतोदैवतंमहत्॥२॥ एतदाख्याहिमेब्रह्मन्जामातुःश्वशुरस्यच॥विद्वेषस्तुयतःप्राणांस्त्यजेदुस्त्यजान्सती॥३॥ मैत्रेय०पुराविश्वसृजांसत्रेसमेताःपरमर्षयः॥ तथाऽमरगणाःसर्वेसानुगामुनयोऽग्नयः॥४॥ तत्रप्रविष्टमृषयोदृष्ट्वार्कमिवरोचिषा॥ भ्राजमानंवितिमिरंकुर्वंतंतन्महत्सदः॥५॥ उदतिष्ठन्सदस्यास्तेस्वधिष्ण्येभ्यःसहाग्नयः॥ऋतेविरिंच्यंशर्वंचतद्भासाक्षिप्तचेतसः॥६॥ सदसस्पतिभिर्दक्षोभगवान्साधुसत्कृतः॥ अजंलोकगुरुंनत्वानिषसादतदाज्ञया॥७॥ प्राङ्निषण्णंमृडंदृष्ट्वानामृष्यत्तदनादृतः॥उवाचवामंचक्षुर्भ्यामभिवीक्ष्यदहन्निव॥८॥ श्रूयतांब्रह्मर्षयोमेसहदेवाःसहाग्नयः॥ साधूनांब्रुवतोवृत्तंनाज्ञानान्नचमत्सरात्॥९॥अयंतुलोकपालानांयशोघ्नोनिरपत्रपः॥ सद्भिराचरितःपंथायेनस्तब्धेनदूषितः॥१०॥ एषमेशिष्यतांप्राप्तोयन्मेदुहितुरग्रहीत्॥पाणिंविप्राग्निमुखतःसावित्र्याइवसाधुवत्॥११॥ गृहीत्वामृगशावाक्ष्याःपाणिंमर्कटलोचनः प्रत्युत्थानाभिवादार्हेवाचाऽप्यकृतनोचितं॥१२॥ लुप्तक्रियायाशुचयेमानिनेभिन्नसेतवे॥ अनिच्छन्नप्यदांबालांशूद्रायेवोशतींगिरं॥१३॥ प्रेतावासेषुघोरेषुप्रेतैर्भूतगणैर्वृतः॥ अटत्युन्मत्तवन्नग्नोव्युप्तकेशोहसन्रुदन्॥१४॥ चिताभस्मकृतस्नानःप्रेतस्रङ्न्रस्थिभूषणः॥शिवापदेशोह्यशिवोमत्तोमत्तजनप्रियः॥ पतिःप्रमथभूतानांतमोमात्रात्मकात्मनां॥१५॥ तस्माउन्मादनाथायनष्टशौचायदुर्हृदे॥ दत्ताबतमयासाध्वीचोदितेपरमेष्ठिना॥१६॥ मैत्रेय०विनिंद्यैवंसगिरिशमप्रतीपमवस्थितं॥ दक्षोऽथापउपस्पृश्यक्रुद्धःशप्तुंप्रचक्रमे॥१७॥ अयंतुदेवयजनइंद्रोपेंद्रादिभिर्भवः सहभागंनलभतांदेवैर्देवगणाधमः॥१८॥ निषिध्यमानःससदस्यमुख्यैर्दक्षोगिरित्रायविसृज्यशापं॥ तस्माद्विनिष्क्रम्यविवृद्धमन्युर्जगामकौरव्यनिजंनिकेतनं॥१९॥ विज्ञायशापंगिरिशानुगाग्रणीर्नंदीश्वरोरोषकषायदूषितः॥ दक्षायशापंविससर्जदारुणंयेचान्वमोदंस्तदवाच्यतांद्विजाः॥२०॥यएतन्मर्त्यमुद्दिश्यभगवत्यप्रतिद्रुहि॥ द्रुह्यत्यज्ञःपृथग्दृष्टिस्तत्त्वतोविमुखोभवेत्॥२१॥ गृहेषुकूटधर्मेषुसक्तोग्राम्यसुखेच्छया॥कर्मतंत्रंवितनुतेवेदवादविपन्नधीः २२ बुद्ध्यापराभिध्यायिन्याविस्मृतात्मगतिःपशुः॥स्त्रीकामःसोऽस्त्वतितरांदक्षोबस्तमुखोचिरात २३ विद्याबुद्धिरविद्यायांकर्ममय्यामसौजडः॥

સ્મશાનમાં રહે છે. અને વાળ છુટા મુકીને હસ્યા કરતો તથા રોયા કરતો, ઉન્મત્તની પેઠે નાગો નાગો ફર્યા કરે છે. ॥૧૪-૧૫ એવા દુષ્ટ હૃદયવાળા-પવીત્રતા વીનાના-અને ઉન્માદોના અધીપતીને, બ્રહ્માના કહેવાથી મારી સાધવી દીકરી મારાથી અપાઇ છે. ॥૧૬॥-મૈત્રેય-પ્રતીકુળપણું નહી કરનારા અને બેઠી રહેલા સદાશીવની, આ પ્રમાણે ક્રોધથી નીંદા કરીને દક્ષે પાણીનો સ્પર્શ કરી શ્રાપ આપ્યો કે ॥૧૭॥ "દેવતાઓમાં અધમ આ સદાશીવને, દેવતાઓના યજ્ઞાદીકમાં ઇંદ્ર અને ઉપેંદ્રની સાથે હવેથી ભાગ મળશે નહીં." હે વીદુર, મોટા મોટા સભાસદોએ વારવા છતાં પણ ક્રોધ વધી જવાથી સદાશીવને એ રીતનો શ્રાપ આપીને દક્ષ પ્રજાપતી પોતાને ઘેર જતા રહ્યા. ॥૧૯॥ ત્યારે એ શ્રાપ સાંભળવાથી મહાદેવના મુખ્ય અનુચર નંદીશ્વરે ક્રોધ કરીને, દક્ષને અને તેને સંમતી આપનાર બ્રાહ્મણોને પણ દારૂણ શ્રાપ દીધો કે. ॥૨૦॥ "જે અજ્ઞાનીઓ ભેદ બુદ્ધીથી શરીરને ઉદ્દેશીને. સામો દ્રોહ નહીં કરનારા ભગવાન સદાશીવનો દ્રોહ કરે છે. તેઓ તત્વ થકી વીમુખ થજો. (એટલે શુદ્ધ આત્મ તત્વનું જ્ઞાન તેમને થશોમાં.) ॥૨૧॥ ગ્રામ્ય સુખોની ઇચ્છાથી અને વેદનાં (રોચક) વચનોથી બુદ્ધી બગડીને, કપટના સ્વભાવવાળા ઘરને વીશેજ આશક્તીવાળા થઇને કેવળ કર્મોનેજ તેઓ કર્યા કરજો, અને ભેદ દ્રષ્ટીવાળી બુદ્ધીથી તેમને આત્મ તત્વના જ્ઞાનની વીસ્મૃતી થજો. તથા પશુ સરખો અને સ્ત્રીને વીશે અત્યંત કામનાવાળો દક્ષ થોડા વખતમાં બોકડાના માથાવાળો થજો. ॥૨૨-૨૩॥ અને કર્મમયી બુદ્ધી વડે અજ્ઞાનનેજ જ્ઞાન માનનારા જડ દક્ષનું મન, તથા તેને અહીંયાં અનુસરનારા, જેઓ સદાશીવનું અપમાન કરનારા છે તે, સદાશીવનો દ્વેશ કરનારાઓનાં મન; સાંભળવામાં અતી મધુર ગંધવાળી છતાં માત્ર ફુલ જેવાં વેદ વાણીનાં રોચક વચનો થકી, વીકાર

પાખંડી થઈને, તેઓ મોહ પામી સંસારને એટલે જન્મ મરણને પામ્યા કરજો. ॥૨૪–૨૫॥ અને બ્રાહ્મણો. સર્વ વસ્તુને ખાનારા (એટલે ભક્ષ અભક્ષના વીચાર રહીત)–આજીવીકાને માટેજ વીદ્યા, તપ, અને વ્રતાદીકને ધારણ કરનારા–ધન, શરીર, અને ઇંદ્રીયાદીકનાં સુખોને વીશેજ આસક્તી રાખનારા–તથા અહીં તહીં ફરીને ભીખ માગનારા–એવા થજો." ॥૨૬॥ બ્રાહ્મણોના કુળને પણ, તેનાથી એ રીતનો શ્રાપ દેવાયલો સાંભળીને, મટાડ્યો મટે નહીં એવો બ્રહ્મ દંડ (શ્રાપ), ભૃગુ રૂશીએ પણ દીધો કે. "સદાશીવનું વ્રત ધારણ કરનારાઓ તથા તેમને અનુસરનારાઓ પાખંડી થઈને. સત શાસ્ત્ર થકી ઉલટા ચાલનારા થજો. ॥૨૮॥ અને પવીત્રતા વીનાના–મુઢ બુદ્ધીવાળા–અને જટા, રાખોડી, અને હાડકાં (રૂદ્રાક્ષ) ને ધારણ કરનારા,–એવા થઈને, જ્યાં દારૂ અને આસવ (કેફી પ્રવાહી પદાર્થો) દૈવત રૂપ મનાય છે. એવી સદા શીવની દીક્ષાને વીશે તેઓ જજો. ॥૨૯॥ પુરૂશોના ધર્મના સેતુને ધારણ કરનારા વેદની, અને બ્રાહ્મણોની, નીંદા કરનારા તમે પાખંડનોજ આશ્રય કરનારા થજો. ॥૩૦॥ જનાર્દન ભગવાને પ્રમાણ કરેલો એ વેદ માર્ગજ લોકોને કલ્યાણ આપનારો–અને સનાતન છે. તથા પુર્વના સતપુરૂશો પણ તે માર્ગેજ ચાલેલા છે. ॥૩૧॥ એવા અત્યંત શુદ્ધ, સનાતન–અને સતપુરૂશોએ આચરેલા વેદ ધર્મને દુશણ આપનારા તમે, જ્યાં તમારૂં દૈવત (એટલે દેવ) ભુત પ્રેતાદીકનો સ્વામી (મહાદેવ) છે, તે પાખંડ માર્ગમાં જજો." ॥૩૨॥–મૈત્રેય–ભૃગુ રૂશીએ તેમને એ રીતે શ્રાપ દેવાથી, મનથી જરાક કચવાયલા જેવા થઈને, ભગવાન સદાશીવ, પોતાના અનુચરો સુદ્ધાં ત્યાંથી ચાલી નીકળ્યા. ॥૩૩॥ અને હે વીદુર, પછી પ્રજાપતીઓ પણ, તે હજાર વરસ સુધીનો, હરી ભગવાનનું ભજન કરવાનો સત્ર પુરો કરીને, ગંગા જમુનાનાં સંગમમાં અવભૃથ સ્નાન કરી, શુદ્ધ થઈને, પોત પોતાને ઠેકાણે ગયા.

संसरंत्विहपचामुमनुशर्वावमानिनं ॥२४॥ गिरःश्रुतायाःपुष्पिण्या मधुगंधेनभूरिणा॥ मथ्नाचोन्मथितात्मानःसंमुह्यंतुहरद्विषः॥२५॥सर्वभक्षाद्विजावृत्त्यैधृतविद्यातपोव्रताः॥ वित्तदेहेंद्रियारामा याचकाविचरंत्विह॥२६॥ तस्यैवंवदतःशापंश्रुत्वाद्विजकुलायवै॥ भृगुःप्रत्यसृजच्छापं [illegible]॥२७॥ भवव्रतधरायेचयेचतान्समनुव्रताः॥ पाखंडिनस्तेभवंतुसच्छास्त्रपरिपंथिनः ॥२८॥ नष्टशौ[illegible]मूढधियोजटाभस्मास्थिधारिणः॥ विशंतुशिवदीक्षायांयत्रदैवंसुरासवं॥२९॥ ब्रह्मचब्राह्मणांश्चैवयद्यूयंपरिनिंदथ॥ सेतुंविधारणंपुंसामतःपाखंडमाश्रिताः ३०

एषएवहिलोकानांशिवःपंथाःसनातनः॥ यंपूर्वेचानुसंतस्थुर्यत्प्रमाणंजनार्दनः॥३१॥ तद्ब्रह्मपरमंशुद्धंसतांवर्त्मसनातनं ॥ विगर्ह्ययातपाखंडंदैवंवोयत्रभूतराट् ॥३२॥ मैत्रेय॰तस्यैवंवदतःशापंभृगोःसभगवान्भवः॥ निश्चक्रामततःकिंचिद्विमनाइवसानुगः॥३३॥ तेपिविश्वसृजःसत्रंसहस्रपरिवत्सरान्॥ संविधायमहे[illegible]भोहरिः॥३४॥ आप्लुत्यावभृथंयत्रगंगायमुनयान्विता॥ विरजेनात्मनासर्वेस्वंस्वंधामययुस्ततः॥३५॥ इ॰भा॰म॰च॰दक्षशापोनामद्वितीयोऽध्यायः॥२॥

मैत्रेय॰सदाविद्विषतोरेवंकालोवैध्रियमाणयोः॥जामातुःश्वशुरस्यापिसुमहानतिचक्रमे॥१॥ यदाभिषिक्तोदक्षस्तुब्रह्मणापरमेष्ठिना॥ प्रजापतीनांसर्वेषामाधिपत्येस्मयोऽभवत्॥२॥इष्ट्वासवाजपेयेनब्रह्मिष्ठानभिभूयच॥ बृहस्पतिसवंनामसमारेभेक्रतूत्तमं ॥३॥ तस्मिन्ब्रह्मर्षयःसर्वेदेवर्षिपितृदेवताः ॥ आसन्कृतस्वस्त्ययनास्तत्पत्न्यश्चसभर्तृकाः ॥४॥ तदुपश्रुत्यनभसिखेचराणांप्रजल्पतां॥ सतीदाक्षायणीदेवीपितुर्यज्ञमहोत्सवं॥५॥व्रजतीःसर्वतोदिग्भ्यउपदेववरस्त्रियः॥ विमानयानाःसप्रेष्ठानिष्ककंठीःसुवाससः॥६॥ दृष्ट्वास्वनिलयाभ्याशेलोलाक्षीर्मृष्टकुंडलाः॥ पतिंभूतपतिंदेवमौत्सुक्यादभ्यभाषत॥७॥ सत्यु॰प्रजापतेस्तेश्वशुरस्यसांप्रतंनिर्यापितोयज्ञमहोत्सवःकिल॥ वयंचतत्राभिसरामवामतेयद्यर्थिताऽमीविबुधाव्रजंतिहि॥८॥तस्मिन्भगिन्योममभर्तृभिःस्वकैर्ध्रुवंगमिष्यंतिसुहृद्दिदृक्षवः ॥ अहंचतस्मिन्भवताऽभिकामयेसहोपनीतंपरिबर्हमर्हितुं ॥९॥ तत्रस्वसॄर्मेननुभर्तृसंमितामातृष्वसॄःक्लिन्नधियंचमातरं ॥ द्रक्ष्येचिरोत्कंठमनामहर्षिभिरुन्नीयमानंचमृडाध्वरध्वजं ॥१०॥ त्वय्येतदाश्चर्यमजात्ममाययाविनिर्मितंभातिगुण

॥૩૪–૩૫॥ ઇતીશ્રી॰ ભા॰ ચો॰ સ્કંધનો બીજો અધ્યાય સંપુર્ણ. ॥૨॥

અધ્યાય ૩ જો.–મૈત્રેય–આ રીતે એ બેઉ સસરા જમાઈ સામાવડીયા થઈને તેમને દ્વેશ થયા પછી ઘણો મોટો કાળ વીતી ગયો. ॥૧॥ પછી બ્રહ્માએ જ્યારે દક્ષને સર્વ પ્રજાપતીઓના અધીપતીપણાનો અભીશેક કર્યો. ત્યારે તેને ગર્વ થયો. ॥૨॥ તેથી તેણે બ્રહ્મજ્ઞાનીઓને દબાવી દેવાને વાજપેય નામનો યજ્ઞ કર્યો. તથા બૃહસ્પતી નામનો ઉત્તમ ક્રતુ કરવાનો આરંભ કર્યો. ॥૩॥ ત્યારે તે યજ્ઞમાં આવેલા સર્વે દેવતાઓ–રૂશીઓ–તથા પીતૃઓ વીગેરેનું, અને તેમની સ્ત્રીઓનું પુજન પણ પોત પોતાના ભર્તારોની સાથેજ થતું હતું. ॥૪॥ ત્યાં આકાશ માર્ગે જનારા દેવતાઓ વીગેરેની અને મોટા મોટા ગંધર્વોની ચપળ નેત્રવાળી સ્ત્રીઓ, વીમાનોમાં બેશીને સર્વ દીશાઓમાંથી વાતો કરતી જતાં, પોતાના સ્થાનક કૈલાસમાંથી જોવાથી, દક્ષની પુત્રી સતી દેવીએ પોતાના પીતાને ઘેર યજ્ઞનો મોટો સમારંભ થયાનું સાંભળ્યું. અને પછી પોતાના સ્વામી ભુતોના અધીપતી મહાદેવ (સદાશીવ) ને ઉત્કંઠાથી કહ્યું કે. ॥૫–૬–૭॥–સતી–તમારા સસરા દક્ષ પ્રજાપતીને ત્યાં હમણાં થતા યજ્ઞના મોટા સમારંભમાં આ દેવતાઓ જાય છે. માટે હે વામદેવ. તમારી મરજી થાય તો, આપણે પણ તે સ્થળે જઈએ. ॥૮॥ ત્યાં મારી બેનો, તેમના સ્વામીઓ સહીત, સુહૃદોને જોવા સારૂ નક્કી આવશેજ, અને હું પણ તમ સહીત ત્યાં જઈને માબાપની આપેલી પેહેરામણી લેવાને ઇચ્છું છું. ॥૯॥ હે મૃડ, ભર્તારો થકી માન પામેલી મારી બેનોને, માશીને, અને પ્રેમાળ અંતઃકરણવાળી માતાને, તથા મોટા રૂશીઓએ ચલાવતા અતી ઉત્તમ યજ્ઞને હું ઘણા દીવસની ઉત્કંઠાવાળા મન થકી ત્યાં જઈને જોઈશ. ॥૧૦॥ હે અજન્મા, આ ત્રણ ગુણોમય તથા આશ્ચર્ય રૂપ આપની માયાએ નીર્માણ કરેલું જગત, આપને વીશેજ દે-

થાય છે (અર્થાત આપને આમાં કાંઇ જોવા જેવું ન લાગે) તોપણ, તત્વને નહીં જાણનારી અને સ્ત્રી જાતની રાંક એવી મને તો મારી જન્મભુમી જોવાની ઇચ્છા થાયજ.॥૧૧॥ હે જન્મમરણને મટાડનારા,–આ બીજી સ્ત્રીઓ શણગાર ધરીને તેમના સ્વામી તથા મીત્રોની સાથે ટોળે ટોળાં જાય છે તેમને જુઓ. અને હે નીલકંઠ, તે-ઓનાં ધોળાં હંસ જેવાં વીમાનોના જવાથી આકાશ શોભે છે તેને પણ જુઓ. ॥૧૨॥ સુહ્રદ–સ્વામી–ગુરૂ–અને માબાપ, એટલાને ઘેર વગર બોલાવે પણ જવાય. માટે હે મોટા દેવ, પીતાને ઘેર સમારંભ થતો સાંભળીને દીકરીનો દેહ, ચલાયમાન થયા વીના કેમ રહે. ॥૧૩॥ માટે હે ભગવાન, આપ દયાળુ છો. તેથી પ્રસન્ન થ-ઇને મારી ઇચ્છા પરીપુર્ણ કરો, આપ નીર્મળ નેત્રવાળાએ પોતાના અર્ધા દેહને વીશે મને રાખવાનો અનુગ્રહ કરેલોજ છેજ. માટે હું યાચના કરૂંછું. ॥૧૪॥–મૈત્રેય–આ રીતે પ્રીયાએ કહેવાથી, શુદ્ધ અંતઃકરણવાળાઓને પ્રીય સદા શીવે હસીને, અને દક્ષે પ્રજાપતીઓનો દેખતાં કહેલા મર્મ ભેદી વચનોને સંભારીને ઉતર આપ્યો કે. ॥૧૫॥ –સદાશીવ–હે સુંદરી, જ્યાં સુધી બંધુઓની દ્રષ્ટી દેહાભીમાન અને ક્રોધના બળવાન મદવડે દુષણવાળી થયેલી ન હોય, ત્યાં સુધીજ તેમને ઘેર વગર બોલાવે પણ જવાનું ઉચીત, કહેવાયછે. ॥૧૬॥ વીદ્યા–તપ–ધન–દેહ–વય–અને કુળ એ છ વાનાં સત્પુરૂશોને ગુણરૂપ હોવા છતાં, અસત્ પુરૂશોને દોશ રૂપજ થાયછે. અને તે થકી અભી-માન વધીને બુદ્ધી નાશ પામેલા અને આંધળા જેવા થયેલા તે દુષ્ટ લોકો મહાત્માઓના તેજને પણ દેખતા નથી, ॥૧૭॥ તેઓના જેવા અસ્થીર બુદ્ધીવાળાઓને સ્વજન સમજીને, તે; પોતાને ઘેર આવનારાઓના સામું ક્રોધવાળી આંખ્યોથી ભમરો ચઢાવીને દુષ્ટ બુદ્ધીથી જોનારાઓને ઘેર જવું જોઇતું નથી. ॥૧૮॥ એવા કુ-ટીલ બુદ્ધીવાળા સ્વજનોનાં દુષ્ટ વચનો મર્મને વીશે લાગીને હ્રદયમાં રાત દીવસ તપ્યા કરીને જેવું દુઃખ કરેછે. તેવું દુઃખ શત્રુઓએ મારેલાં અંગોને ભેદી નાંખનારાં તીક્ષ્ણ બાણોથકી પણ થતું નથી. ॥૧૯॥ હે સારી ભમરોવાળી, એતો ઉઘાડું છે કે, ઉંચી સ્થીતીવાળા દક્ષ પ્રજાપતીને દીકરીઓમાં તમે વહાલાં અને

त्रपात्मकं॥ तथाऽप्यहंयोपिदतत्त्वविच्चतेदीनादिदृक्षेभवमेभवक्षितिं॥११॥ पश्यप्रयांतीरभवान्ययोषितोऽप्यलंकृताःकांतसखावरूथशः॥ यासांव्रजद्भिःशितिकंठमंडितंनभोविमानैःकलहंसपांडुभिः॥१२॥ कथंसुताय :पितृगेहकौतुकंनिशम्यदेहःसुरवर्य नेंगते॥ अनाहुताअप्यभियंतिसौहृदंभर्तुर्गुरोर्देहकृतश्चकेतनं॥१३॥ तन्मेप्रसीदेदममर्त्यवांछितंकर्तुंभवान्कारुणिकोबतार्हति॥ त्वयात्मनोऽर्धेऽहमदभ्रचक्षुषानिरूपितामाऽनुगृहाणयाचितः॥१४॥ ऋषि०एवंगिरित्रःप्रिययाऽभिभाषितःप्रत्यभ्यधत्तप्रहसन्सुहृत्प्रियः॥ संस्मारितोमर्मभिदःकुवागिषून्यानाहकोविश्वसृजांसमक्षतः॥१५॥ श्रीभग०त्वयोदितंशोभनमेवशोभनेअनाहुताअप्यभियंतिबंधुषु॥तेयद्यनुत्पादितदोषदृष्टयोबलीयसाऽनात्म्यमदेनमन्युना॥१६॥ विद्यातपोवित्तवपुर्वयःकुलैःसतांगुणैःषड्भिरसत्तमेतरैः॥ स्मृतौहतायांभृतमानदुर्दृशस्तब्धानपश्यंतिहिधाममभूयसां॥१७॥नैतादृशानांस्वजनव्यपेक्षयागृहान्प्रतीयादनवस्थितात्मनां॥ योऽभ्यागतान्वक्रधियाऽभिचक्षतेआरोपितभ्रूभिरमर्षणाक्षिभिः॥१८॥तथाऽरिभिर्नव्यथतेशिलीमुखैःशेतेर्दितांगोहृदयेनदूयता॥ स्वानांयथावक्रधियांदुरुक्तिभिर्दिवानिशंतप्यतिमर्मताडितः॥१९॥ व्यक्तंत्वमुत्कृष्टगतेःप्रजापतेःप्रियात्मजानामसिसुभ्रुसंमता॥ अथापिमानंनपितुःप्रपत्स्यसेमदाश्रयात्कःपरितप्यतेयतः॥२०॥ पापच्यमानेनहृदातुरेंद्रियःसमृद्धिभिःपूरुषबुद्धिसाक्षिणां॥ अकल्पएषामधिरोढुमंजसापदंपरंद्वेष्टियथाऽसुराहरिं॥२१॥ प्रत्युद्गमप्रश्रयणाभिवादनंविधीयतेसाधुमिथःसुमध्यमे॥ प्राज्ञैःपरस्मैपुरुषायचेतसागुहाशयायैवनदेहमानिने॥२२॥ सत्त्वंविशुद्धंवसुदेवशब्दितंयदीयतेतत्रपुमानपावृतः॥ सत्त्वेचतस्मिन्भगवान्वासुदेवोह्यधोऽक्षजोमेनमसाविधीयते॥२३॥ तत्तेनिरीक्ष्योनपिताऽपिदेहकृद्दक्षोममद्विट्तदनुव्रताश्चये॥ योविश्वसृग्यज्ञगतंवरोरुमामनागसंदुर्वचसाऽकरोत्तिरः॥२४॥ यदिव्रजिष्यस्यतिहायमद्वचोभद्रंभवत्यानततोभविष्यति॥ संभावितस्यस्वजनात्पराभवोयदासससद्योमरणायकल्पते॥२५॥ इ०भा०म०च०उमारुद्रसंवादेतृतीयोऽध्यायः॥३॥ मैत्रेय० एतावदुक्त्वाविररामशंकरःप

માન્ય હોવા છતાં પણ, જેનાથી એ દક્ષને પરીતાપ થાયછે, એવા મારા સંબંધને લીધે, તમને પીતાથકી માન મળશે નહીં. ॥૨૦॥ સાક્ષી સ્વરૂપ અને પુરૂશ ભગવાનમાં બુદ્ધીવાળાઓની સમૃદ્ધીઓ દેખીને, મન તથા ઇં-દ્રીઓ દુખી થઇને બળતરા પામનારાઓ, તે ભગવાનમાં બુદ્ધીવાળાઓના ઉત્તમ પદને નહીં પહોંચી શકતાં; અસુરો હરી ભગવાનનો દ્વેશ કરવાની પેઠે, માત્ર તેમનો દ્વેશજ કર્યા કરેછે. ॥૨૧॥ હે સારા મધ્યભાગવાળાં, જ્ઞાનવાન સાધુ પુરૂશોમાં એક બીજાની સામે ઉભા થઇને જવાની–પ્રણામ કરવાની–અને આશીર્વાદનાં વચનો બોલવા આદી રીતભાત, જે છે તે, પરમાત્મા અંતર્યામી ભગવાન સર્વના ચીત્તમાં રહેલા છે, તેમને લેઇને છે પણ તે દેહાભીમાનને માટે નથીજ. ॥૨૨॥ વાસુદેવ નામથી કહેવાતું શુદ્ધ સત્વ, કે જેને વીશે પરમાત્મા રહેવાનું સ્પષ્ટ જોવામાં આવેછે. તેજ સત્વને વીશે, (મનમાં,) અધોક્ષજ ભગવાન વાસુદેવને મેં નમસ્કાર કરેલાજ છે. (અર્થાત હું અંતર્યામી ભગવાનને સર્વકાળ નમસ્કાર કરનારો છું તેને, કોઇ આવે ત્યારે નમસ્કાર કરવાપણું રેહેતુંજ નથી.) ॥૨૩॥ એટલા માટે હે સુંદર ઉરૂવાળાં, હું નીરપરાધ છતાં પ્રજાપતીઓના યજ્ઞમાં દુષ્ટ વચનોથી મારો તીરસ્કાર કરનાર, અને મારો દ્વેશ કરનાર દક્ષ, કે જે તમારા દેહને ઉત્પન્ન કરનાર છે. તે અને તેને અનુસરનારાઓને તમારે જોવાં પણ ન જોઇએ. ॥૨૪॥ મારા આ વચનનું ઉલંઘન કરીને તમે જશો તો, તેથી તમારૂં ભલું થશે નહીં. કેમકે સંભાવીતને જ્યારે સ્વજનોથકી પરાભવ અને અપમાન થાય છે, ત્યારે તે થકી ઝટ મરવાનુંજ પરીણામ નીપજેછે. ॥૨૫॥ઇતીશ્રી. ભા૦ ચો. સ્કંધનો ત્રીજો અધ્યાય સંપુર્ણ. ॥૩॥

અધ્યાય ૪ થો.–મૈત્રેય–એટલું બોલીને આ પ્રસંગે બેઉ પ્રકારથી પત્નીના દેહનો નાશ થવાનું જા-ણીને સદાશીવ બોલતા બંધ રહ્યા. અને સતીની સ્થીતી, સુહ્રદોને જોવાની ઇચ્છાથી ઘરમાંથી બહાર જવાની, અને સ્વામીને ગમતું નથી. માટે ઘરની અંદર પાછા જવાની, એમ બેઉ પ્રકારની એટલે નહીંઆ કે તે, એવી થઇ. ॥૧॥ સુહ્રદોને જોવાનીપોતાની ઇચ્છામાં અડચણ થવાથી કચવાઇને રોવાઇ જતાં, આંસુનાં ટીપાંઓથી વીહ્વળ થઇ ઘર

ઘેર ધ્રુજતાં સતી, જેના સરખો બીજો પુરૂશ નથી એવા સદાશીવને બાળી નાંખવાની પેઠે, ક્રોધથી જોવા લાગ્યાં. ॥૨॥ પછી શોક અને ક્રોધ વડે પીડાયલા મનથી નીસાસા મુકતાં સતી, સત્પુરૂશોને પ્રીય મહાદેવ, જેમણે પ્રેમથી પોતાનું અર્ધું શરીર આપેલ છે તેમના ઘરનો ત્યાગ મુઢપણા વાળા સ્ત્રી સ્વભાવથી કરીને, પીતાને ઘેર જવાનેચાલી નીકળ્યાં. ॥૩॥ સતીએ એકલાંજ ઉતાવળે પગલે ચાલવા માંડ્યું જેથી ખેદ પામીને, ત્રણનેત્રવાળા મહાદેવના હજારો અનુચરોએ, પાર્શદો અને યક્ષો સહીત નંદીકેશ્વર, મણીમાન, તથા મદ, આદીને આગળ કરીને, તેઓ પણ ઉતાવળાજ ગયા, ॥૪॥તેગણે સતીને નંદી ઉપર બેસાર્યાં. અને મેના,–દડો–દર્પણ–કમળ ધોળુંછત્ર–ચામર–અને માળાઆદી સહીત ગાન કરતા, અને શંખ–દુંદુભી તથા વેણું વગાડતા તેઓ ચાલ્યા. ॥૫॥ પછી, માટી–લાકડાં–લોઢું–સોનું–ડાભ–અને ચામડાં આદીનાં બનાવેલાં વાસણો વાળા અને બ્રાહ્મણોએ તથા દેવતાઓએ ચારે તરફ બેશી જઇને વેદના ઉચ્ચારોની ગર્જના થવાની સાથે યજ્ઞનું કામ ચાલતાં શોભતા યજ્ઞમાં તેઓ આવ્યા. ॥૬॥ ત્યાં પહોચતાં સતીની બેહેનોએ અને માએ પણ આનંદ પામીને, પ્રેમથી આંસું આવીને ગળગળા થયેલા કંઠથી, આદર સહીત ભેટીને સતીનો સત્કાર કરયો. પરંતુ એટલાં જણાં સીવાય બીજા કોઇએ, યજ્ઞ કરનાર દક્ષની બીકથી, અને દક્ષે માન નહીં આપવાથી તેમનો આદર સત્કાર કર્યો નહીં ॥૭॥ ત્યારે પીતા થકી અપમાન પામેલાં સતીએ, મા અને બેહેનોએ આદર સહીત આપવા માંડેલી પુજાનો–ઉત્તમ આસનનો–તથા તેમણે સહોદર પણાથી પુછેલી ખબર અંતર બદલના પ્રશ્નોનો પણ સ્વીકાર કર્યો નહીં ॥૮॥ હે વીદુર, પછી યજ્ઞના સભા સદોથી અનાદર થયેલાં સતીદેવીએ પીતા થકી, સમર્થ સદાશીવની અવગણના થયેલાનું જોઇને, અને તે યજ્ઞ રૂદ્રના ભાગ વીનાનો દેખીને, લોક માત્રને બાળી નાંખવા જેવો તેમણે ક્રોપ કર્યો. ॥૯॥ તથા એ સદાશીવનો દ્વેશ કરનારા અને કર્મમાર્ગમાં ઘણો શ્રમ લઇને અભીમાની બનેલા એવા દક્ષને મારવા સારૂં ઉભા થયેલા રૂદ્રના ગણોને, સતીએ પોતાના તેજથી રોકીને,

त्यंगनाशंह्युभयत्रचिंतयन्॥सुहृद्दिदृक्षुःपरिशंकिताभवान्निष्क्रामतीनिर्विशतीद्विधाससा॥१॥सुहृद्दिदृक्षाप्रतिघातदुर्मनाःस्नेहाद्रुदंत्यश्रुक
लाऽतिविह्वला॥ भवंभवान्यप्रतिपूरुषंरुषाप्रधक्ष्यतीवैक्षतजातवेपथुः॥२॥ ततोविनिश्वस्यसतीविहायतंशोकेनरोषेणचदूयता[..]दा॥ पित्रो
रगात्स्त्रैणविमूढधीर्गृहान्प्रेम्णात्मनोयोऽर्द्धमदात्सतांप्रियः॥३॥ तामन्वगच्छन्द्रुतविक्रमांसतीमेकांत्रिनेत्रानुचराःसहस्रशः॥सपार्षदयक्षा
मणिमन्मदादयःपुरोवृषेंद्रास्तरसागतव्यथाः॥४॥ तांसारिकाकंदुकदर्पणांबुजश्वेतातपत्रव्यजनस्रगादिभिः॥गीतायनैर्दुंदुभिशंखवेणुभि
र्वृषेंद्रमारोप्यविटंकितायययुः॥५॥ आब्रह्मघोषोर्जितयज्ञवैशसंविप्रर्षिजुष्टंविबुधैश्चसर्वशः॥ मृद्दार्वयःकांचनदर्भचर्मभिर्निसृष्टभांडंयजनंस
माविशत्॥६॥ तामागतांतत्रनकश्चनाद्रियद्विमानितांयज्ञकृतोभयाज्जनः॥ऋतेस्वसॄर्वैजननींचसादराःप्रेमाश्रुकंठ्यःपरिषस्वजुर्मुदा॥७॥
सोदर्यसंप्रश्नसमर्थवार्तयामात्राचमातृष्वसृभिश्चसादरं॥दत्तांसपर्यांवरमासनंचसानादत्तपित्राऽप्रतिनंदितासती॥८॥अरुद्रभागंतमवेक्ष्य
चाध्वरंपित्राचदेवेकृतहेलनंविभौ॥ अनादृतायज्ञसदस्यधीश्वरीचुकोपलो[..]निवधक्ष्यतीरुषा॥९॥जगर्हसाऽमर्षविपन्नयागिराशिवद्विषंधू
मपथश्रमस्मयं॥ स्वतेजसाभूतगणान्समुत्थितान्निगृह्यदेवीजगतोऽभिशृण्वतः॥१०॥ श्रीदेव्यु० नयस्यलोकेऽस्त्यतिशायनःप्रियस्तथाऽ
प्रियोदेहभृतांप्रियात्मनः॥ तस्मिन्समस्तात्मनिमुक्तवैरकेऋतेभवंतंकतमःप्रतीपयेत्॥११॥दोषान्परेषांहिगुणेष्वसाधवोगृण्हंतिकेचिन्न
भवादृशाद्विज॥ गुणांश्चफल्गून्बहुलीकरिष्णवोमहत्तमास्तेष्वविदद्भवानघं॥१२॥ नाश्चर्यमेतद्यदसत्सुसर्वदामहद्विनिंदाकुणपात्मवादिषु॥
सेर्ष्यंमहापूरुषपादपांसुभिर्निरस्ततेजस्सुतदेवशोभनं॥१३॥ यद्व्यक्षरंनामगिरेरितंनृणांसकृत्प्रसंगादघमाशुहंतितत्॥ पवित्रकीर्तिंतमलं
घ्यशासनंभवानहोद्वेष्टिशिवंशिवेतरः॥१४॥ यत्पादपद्मंमहतांमनोऽलिभिर्निषेवितंब्रह्मरसासवार्थिभिः॥ लोकस्ययद्वर्षतिचाशिषोऽर्थिन
स्तस्मैभवान्द्रुह्यतिविश्वबंधवे॥१५॥ किंवाशिवाख्यमशिवंनविदुस्त्वदन्येब्रह्मादयस्तमवकीर्यजटाःश्मशाने॥ तन्माल्यभस्मनृकपाल्यवस

પછી સર્વ સાંભળતાં તે, નીડળાપણાથી તથા ક્રોધથી દક્ષનો ધીક્કાર કરવા લાગ્યાં કે. ॥૧૦॥ –સતી–સર્વ પ્રાણી માત્રને જે પ્રીય છે. જેને કોઇ પ્રીય અથવા અપ્રીય નથી. અને જેનાથી શ્રેષ્ટ ત્રણે લોકમાં કોઇ છેજ નહીં એવા વૈર રહીત તથા સર્વના આત્મા સદાશીવથી વીરૂદ્ધ આચરણ તારા વીના બીજો કોણ કરે. ॥૧૧॥ હે દ્વીજ, કેટલાક (તું સરખા) અસાધુ પુરૂશો, બીજાઓના ગુણોમાંથી પણ દોશને ગ્રહણ કરેછે. પણ મહાત્માઓ તો બીજાઓના થોડા ગુણોને પણ ઘણા માનેછે તેવા મહાત્માને નહીં ઓળખીને તેં તેમનો અપરાધ કર્યો છે. ॥૧૨॥ મહાત્મા પુરૂશોના ચરણ રજથી તેજહીન થયેલ–અને શરીરનેજ આત્મા માનનારા અસત પુરૂશો હમેશાંજ દરેશથી મહત્પુરૂશોની નીંદા કરે, તેમાં કાંઇ આશ્ચર્ય નથી. અને એજ તેવાઓને યોગ્ય છે, ॥૧૩॥ જેનું માત્ર બે અક્ષરનું નામજ પ્રસંગોપાત કોઇ માણસ ઉચ્ચારે તો, તેટલાથીજ તેનાં સઘળાં પાપ તુર્ત નાશ પામેછે. એવા પવીત્ર કીર્તીવાળા, અને જેની આજ્ઞા કોઇ તોડતું નથી, એવા સદાશીવનો, અમંગળ રૂપ તું એકલોજ દ્વેશ કરનારો છે. ॥૧૪॥ બ્રહ્મરસરૂપ મકરંદને ઇચ્છનારા મહાત્મા પુરૂશોનાં મન રૂપી ભમરાઓ જે સકામ લોકોના મનોરથોને પુર્ણ કરનારા સદાશીવના ચરણારવીંદને સેવે છે. તે જગતબંધુ સદાશીવનો તું દ્રોહ કરે છે. ॥૧૫॥ સ્મશાનમાં જટા છુટી મુકીને તથા ત્યાંનાં હાડકા–ખોપરી–અને ખોપરીઓ ધારણ કરીને પીશાચોની સાથે વસનારાએ સદાશીવના પગથી પડેલા નીર્માલ્યને બ્રહ્મા આદીક તો માથા ઉપર ચઢાવે છે. એટલે એ શીવ કહેવાતા અશીવને જાણનારો તું વીના બીજો કોઇજ નથી. ॥૧૬॥ જ્યાં ધર્મનું રક્ષણ કરનારા ઇશ્વરની નીરંકુશ માણસો નીંદા કરતા હોય, ત્યાં જે શક્તીવાન (મારવા મરવાથી નહીં બીહીનાર) હોય તેણેતો આવું ખરાબ બોલનારની દુષ્ટ જીભનેજ બળાત્કારે કાપીનાંખવી જોઇએ. અને તેમ કરવામાં પોતાના પ્રાણ જાયતો જવાદેવા ઘટે છે. તથા જે અશક્ત (એટલે તેમ ન કરી સકે એવા) હોય, તેમણે પોતાના કાન બંધ કરીને ત્યાંથી જતા રહેવું જોઇએ એવો ધર્મ છે. ॥૧૭॥ વળી અજ્ઞાન પણાથી

ખવાઈ ગયેલા અપવીત્ર અન્ન ખાવાની શુદ્ધી, તે અન્ન ઓકી નાંખવાથી થવાનું કહેવાય છે. માટે શીતીકંઠ સદાશીવની નીંદા કરનાર તું થકી ઉત્પન્ન થયેલા આ શરીરને હવે હું રાખીશ નહીં. ॥૧૮॥ જેમ દેવતાઓની અને મનુષ્યોની ગતીઓ જુદા જુદા પ્રકારની હોય છે, (દેવતાઓ આકાશમાં અને મનુષ્યો જમીન ઉપરજ ચાલનારા છે.) તે રીતેજ પોતાના સ્વરૂપાનંદમાં રમતા મહાત્માઓની મતી વેદનાં વચનોને અનુસરીનેજ વર્તનારી હોતી નથી. તે સારૂં પરમાત્માને વીશે સ્થીતી પામેલા, અને સ્વધર્મનુંજ આચરણ કરનારા મહાત્માઓની નીંદા નહીં કરવી જોઈએ. ॥૧૯॥ બેઉ પ્રકારનાઓ એટલે રાગ વાળા અને વૈરાગ્ય વાળાઓને માટે વેદે વીવેચન કરેલ પ્રવૃત્તી કર્મ અને નીવૃત્તી કર્મ બંને સત્ય છે. અને તે બેઉ એકી વખતે એકજ કર્તાને કરવામાં વીરુદ્ધ છે એટલે તે સાથે થઈ શકતાં નથી. પણ એ રીતનાં બેઉ પ્રકારનાં કર્મો બ્રહ્મજ્ઞાનીઓને (સદાશીવ સરખાને) તો મુકેજ કરવાનાં નથી. ॥૨૦॥ હે પીતા, જેનાં કારણ અથવા હેતુઓ જોવામાં આવતાં નથી એવી, તથા આત્મ જ્ઞાનીઓએ સેવાતી અમારી પદવીઓ; ધુમ માર્ગવાળાની જે પદવીઓ યજ્ઞશાળામાંજ હોય છે. અને યજ્ઞમાં મળતા અન્નથી તૃપ્ત થનારા લોકોજ જેને વખાણે છે. તે પદવીઓને ધારણ કરનારા તમ જેવાઓનેતો હોયજ નહીં. ॥૨૧॥ સદાશીવનો અપરાધ કરનારા તારા દેહ થકી ઉત્પન્ન થયેલા આ, ખરાબ જન્મવાળા, (મારા) દેહ થકી હવે એટલાથીજ ગમ્યું છે- મહાત્માની અવગણના કરનાર કુજન, તુંના પ્રસંગથકી થયેલો જન્મ, જેને માટે મને શરમ આવે છે, તેને (તે જન્મને) ધીક્કાર છે ॥૨૨॥ જ્યારે વૃષધ્વજ ભગવાન મને, તારા ગોત્રના નામથી દાક્ષાયણી કહીને બોલે, ત્યારે હસવું-બોલવુંઆદી સઘળું બંધ પડીને મારા મનને ઘણોજ ખેદ થાય. તેસારૂં તારા અંગથી ઉત્પન્ન થયેલા શરીરને હું તજીજ દેઉં છું. ॥૨૩॥-મૈત્રેય — હે વીદુર, યજ્ઞમાંજ દક્ષને એ રીતે કહીને સતી, પીળાં વસ્ત્રો પહેરી ઉત્તર દીશામાં મુખ રાખીને બેઠાં તથા પાણીનો નીઅમ કરી જળનો સ્પર્શ કરીને આંખ્યો મીંચી યોગ કરવા લાગ્યાં. ॥૨૪॥ પછી તે અનીંદીત સતીએ

त्पिशाचैर्यैर्मूर्द्धभिर्दधतितच्चरणावसृष्टं ॥१६॥ कर्णौपिधायनिरयाद्यदकल्पईशेधर्मावितर्यसृणिभिर्नृभिरस्यमाने ॥ छिंद्यात्प्रसह्यरुशतीम
सतींप्रभुश्चेज्जिह्वामसूनपिततोविसृजेत्सधर्मः॥१७॥ अतस्तवोत्पन्नमिदंकलेवरंनधारयिष्येशितिकंठगर्हिणः ॥ जग्धस्यमोहाद्धिविशुद्धि
मंधसोजुगुप्सितस्योद्धरणंप्रचक्षते ॥१८॥ नवेदवादाननुवर्त्ततेमतिःस्वएवलोकेरमतोमहामुनेः॥यथागतिर्देवमनुष्ययोःपृथक्स्वएवधर्मेन
परंक्षिपेत्स्थितः॥१९॥ कर्मप्रवृत्तंचनिवृत्तमप्यृतंवेदेविविच्योभयलिंगमाश्रितं ॥ विरोधितद्यौगपदैककर्तरिद्वयंतथाब्रह्मणिकर्मनर्च्छति
॥२०॥मावःपदव्यःपितरस्मदास्थितायायज्ञशालासुनधूमवर्त्मभिः॥तदन्नतृप्तैरसुभृद्भिरीडिताअव्यक्तलिंगाअवधूतसेविताः॥२१॥नैते
नदेहेनहरेकृतागसोदेहोद्भवेनालमलंकुजन्मना ॥ व्रीडाममाभूत्कुजनप्रसंगतस्तज्जन्मधिग्योमहतामवद्यकृत् ॥२२॥ गोत्रंत्वदीयंभगवान्
वृषध्वजोदाक्षायणीत्याहयदासुदुर्मनाः॥ व्यपेतनर्मस्मितमाशुतद्ध्यहंव्युत्स्रक्ष्यएतत्कुणपंत्वदंगजं॥२३॥ मैत्रेय० इत्यध्वरेदक्षमनूद्यशत्रुह
न्क्षितावुदीचींनिषसादशांतवाक् ॥ स्पृष्ट्वाजलंपीतदुकूलसंवृतानिमील्यदृग्योगपथंसमाविशत् ॥२४॥ कृत्वासमानावनिलौजितासनासो
दानमुत्थाप्यचनाभिचक्रतः शनैर्हृदिस्थाप्यधियोरसिस्थितंकंठाद्भ्रुवोर्मध्यमनिंदिताऽनयत् ॥२५॥ एवंस्वदेहंमहतांमहीपसामुहुःसमा
रोपितमंकमादरात्॥जिहासतीदक्षरुषामनस्विनीदधारगात्रेष्वनिलाग्निधारणां॥२६॥ ततःस्वभर्तुश्चरणांबुजासवंजगद्गुरोश्चिंतयतीनचाप
रं॥ ददर्शदेहोहतकल्मषासतीसद्यःप्रजज्वालसमाधिजाग्निना॥२७॥ तत्पश्यतांखेभुविचाद्भुतंमहद्धाहेतिवादःसुमहानजायत॥ हंतप्रियादै
वतमस्यदेवीजहावसून्केनसतीप्रकोपिता ॥२८॥ अहोत्वनात्म्यंमहदस्यपश्यतप्रजापतेर्यस्यचराचरंप्रजाः॥ जहावसून्यद्विमतात्मजासती
मनस्विनीमानमभीक्ष्णमर्हति॥२९॥ सोऽयंदुर्मर्षहृदयोब्रह्मध्रुक्चलोकेऽपकीर्तिंमहतीमवाप्स्यति॥यदंगजांस्वांपुरुषद्विडुद्यतांनप्रत्यषेधन्मृ
तयेऽपराधतः ॥३०॥ वदत्येवंजनेसत्याद्दृष्ट्वाऽसुत्यागमद्भुतं॥दक्षंतत्पार्षदाहंतुमुदतिष्ठन्नुदायुधाः॥३१॥तेषामापततांवेगंनिशम्यभगवान्भृ

આસન જીત થઈને પ્રાણ તથા અપાન બંન્ને વાયુને નાભી ચક્રમાં એક કરયા પછી, ત્યાંથી ઉદાન વાયુને ઉઠાવીને, બુદ્ધી વડે હૃદયમાં લાવ્યાં. અને ત્યાંથી છાતીમાં લાવીને પછી ગળામાં લાવી ભમરોના ગર્ભમાં લઈ ગયાં. ॥૨૫॥ મોટાઓમાં પણ મોટા સદાશીવે વારંવાર આદર સહીત ખોળામાં બેસારેલા પોતાના દેહને દક્ષ ઉપરના ક્રોધ સારૂં તજી દેવાને માટે તે મનસ્વીની સતીએ એ પ્રમાણે પોતાનાં અંગોમાં વાયુ અને અગ્નીની ધારણા કરી. ॥૨૬॥ પછી જગતના ગુરૂ અને પોતાના ભર્તાર સદાશીવના ચરણ કમળના મકરંદના ચીંતવન શીવાય બીજું કાંઈજ તેને નહીં દેખાતાં, જેનાં પાપ માત્ર નાશ પામેલ છે એવો સતીનો દેહ તુર્તજ સમાધી થકી ઉત્પન્ન થયેલા અગ્ની વડે બળી જતો દેખાયો. ॥૨૭॥ તે અદ્ભુત જોવાથી આકાશમાં તથા પૃથ્વી ઉપર મોટો હાહાકાર થયો. ને લોકો બોલવા લાગ્યા કે, પરમ દૈવતરૂપ સદાશીવની પ્રીયા સતી દેવીએ, દક્ષે કોપવવાથી પ્રાણ તજ્યા. ॥૨૮॥ આ સ્થાવર જંગમ સઘળું જગત જેની પ્રજા (છોકરાં) છે, એવા આ દક્ષ પ્રજાપતીની મોટી બુંડાઈ જુઓ કે જેથી નીરંતર માન પામવાને યોગ્ય એવી મનસ્વીની સતી દીકરીની અવગણના થવાથી તેણે પ્રાણ તજ્યા. ॥૨૯॥ એ રીતે હૃદયની અસહનતા વાળા અને બ્રહ્મદ્રોહી એ દક્ષની મોટી અપકીર્તી પ્રસરી. જેણે મહાદેવનો દ્વેશ કરયા રૂપ, પોતાના અપરાધને માટે મરવાને તૈયાર થયેલી, પોતાના શરીરથી ઉત્પન્ન થયેલ દીકરીને પણ રોકી નહીં. ॥૩૦॥ એ રીતનો સતીનો અદ્ભુત પ્રાણ ત્યાગ જોઈને લોકો આ પ્રમાણે વાતો કરવા લાગ્યાં. એટલામાં રૂદ્રના પાર્શદો હથીઆરો ઉપાડીને દક્ષને મારવાને ઉઠયા. ॥૩૧॥ આવી પડતા પાર્શદોનો વેગ જોઈને ભગવાન ભૃગુરૂશીએ યજ્ઞમાં વીઘ્ન કરનારાઓને હણી નાંખનારા યજુર્વેદના મંત્રથી દક્ષીણાગ્નીમાં હોમ કર્યો. ॥૩૨॥ અધ્વર્યુ (ભૃગુ) એ હોમ કરવાથી તપ થકી સોમપાનને પામેલા ઋભુ નામના હજારો દેવતાઓ યજ્ઞના અગ્નીમાંથી મોટા જોરથી ઉઠયા. ॥૩૩॥ અને બ્રહ્મ તેજથી પ્રકાશતા એ ઋભુદેવતાઓએ, ભુત, પ્રેત, અને યક્ષ વીગેરે મહાદેવના પાર્શદોને બળતાં લાકડાં આદીથી મા-

ગ્યા મારતાં તેઓ ચારેકોરે દીશાઓમાં ભાગી ગયા. ॥૩૪॥ ઇતીશ્રી ભા૦ ચોથા સ્કંધનો ચોથો અ૦ સં૦॥૪॥

અધ્યાય ૫ મો—મૈત્રેય—દક્ષે અપમાન કરવાથી સતીનું મરણ થવાની અને તેના યજ્ઞના ઋભુ દેવતાઓએ પોતાના પાર્શદોનું સૈન્ય ભગાવી દીધાની વાત નારદજી થકી જાણીને સદાશીવને અપાર ક્રોધ ઉપજ્યો. ॥૧॥ ક્રોધે ભરાઇને અત્યંત હોઠને કરડેલા સદાશીવે વીજળીની જવાળા જેવી ભયંકર કાંતીવાળી પોતાની જટા ઉખેડી નાંખીને, તુરતજ ઉભા થઇ અટ્ટહાસ સહીત ગંભીર ગર્જના કરીને તે જટા ધરતી ઉપર પછાડી. ॥૨॥ એટલે તેમાંથી આકાશને સ્પર્શ કરતા મોટા શરીરવાળા—મેઘના સરખી કાંતીવાળા—ત્રણસુર્ય જેવી આંખોવાળા—વીકરાળ ડાઢોવાળા—બળતા અગ્ની જેવા વાળ વાળા—ખોપરીઓની માળા પેહેરેલા—અને અનેક પ્રકારનાં હથીઆરો ઉપાડેલા એવા "અતીકાય" અથવા "વીરભદ્ર" ઉત્પન્ન થયા.॥૩॥ તેમણે "હું શું કરૂં." એમ હાથ જોડીને કહેવાથી, ભગવાન સદાશીવે આજ્ઞા કરી કે હે મારા અંશ રૂદ્ર, તું મારા યોધ્ધાઓમાં અગ્રણી થઇને દક્ષને તેના યજ્ઞ સહીત હણી નાંખ્ય. ॥૪॥ હે વીદુર, ક્રોધ કરીને સદાશીવે એવી આજ્ઞા કરવાથી, એ વીરભદ્રે મહાદેવને પરદક્ષણા કરી, અને કોઇથી પણ અટકાવાય નહીં એવા વેગથી—પોતાનામાં બીજા મહાબળવાળાઓને પણ મારી પાડવાની શકતી માની. ॥૫॥ પછી અત્યંત ગર્જના કરતા પાર્શદો, જેની પછવાડે ચાલે છે, એવા એ વીરભદ્રે ભયંકર ગર્જના કરી. આખા જગતને મારી નાંખનારને પણ મારી નાંખે એવું ત્રીશુળ ઉપાડીને પગનાં ઝાંઝર ખુબ ખડખડે, એવી દોટ મુકી. ॥૬॥ હવે રૂત્વીજો, બીજા બ્રાહ્મણો, દક્ષ પોતે, સભાસદો, અને બ્રાહ્મણો આદીની સ્ત્રીઓ, ઉત્તર દીશામાં ધુળ ઉડતી જોઇને "આ અંધારૂં કેમ થઇ ગયું અને આ ધુળ ક્યાંથી ઉત્પન્ન થઇ એમ વીચાર કરવા લાગ્યાં અને બોલવાં કે ॥૭॥ વાયુ વાતા નથી:

गुः॥ यज्ञघ्नघ्नेनयजुषादक्षिणाग्नौजुहावह॥३२॥ अध्वर्युणाहूयमानेदेवाउत्पेतुरोजसा॥ ऋभवोनामतपसासोमंप्राप्ताःसहस्रशः॥३३॥ तैर
लातायुधैःसर्वेप्रमथाःसहगुह्यकाः॥ हन्यमानादिशोभेजुरुशद्भिर्ब्रह्मतेजसा॥३४॥ इ०भा०म०च०सतीदेहोत्सर्गोनामचतुर्थोऽध्यायः ४
मैत्रेय० भवोभवान्यानिधनंप्रजापतेरसत्कृतायाअवगम्यनारदात्स्वपार्षदसैन्यंचतदध्वरर्भुर्विद्रावितंक्रोधमपारमादधे॥१॥ क्रुद्धःसुदष्टोष्ठ
पुटःसधूर्जटिर्जटांतडिद्वह्निसटोग्ररोचिषं॥ उत्कृत्य रुद्रःसहसोत्थितोहसन्गभीरनादोविससर्ज तांभुवि॥२॥ ततोऽतिकायस्तनुवास्पृशन्दि
वंसहस्रबाहुर्घनरुक्त्रिसूर्यदृक्॥ करालदंष्ट्रोज्ज्वलदग्निमूर्धजःकपालमालीविविधोद्यतायुधः॥३॥तंकिंकरोमीतिगृणंतमाहबद्धांजलिंभगवा
न्भूतनाथः॥दक्षंसयज्ञंजहिमद्भटानांत्वमग्रणीरुद्रभटांशकोमे॥४॥आज्ञप्तएवंकुपितेनमन्युनासदेवदेवंपरिचक्रमेविभुं॥ मेनेतदात्मानमसंग
रंहसामहीयसांतातसहःसहिष्णु॥५॥ अन्वीयमानःसहरुद्रपार्षदैर्भृशंनदद्भिर्व्यनदत्सुभैरवं॥ उद्यम्यशूलंजगदंतकांतकंसंप्राद्रवद्घोषणभूष
णांघ्रिः॥६॥ अथर्त्विजोयजमानःसदस्याःककुभ्युदीच्यांप्रसमीक्ष्यरेणुं॥ तमःकिमेतत्कुतएतद्रजोऽभूदितिद्विजाद्विजपत्न्यश्चदध्युः॥७॥वा
तानवांतिनहिसंतिदस्यवःप्राचीनबर्हिर्जीवतिहोग्रदंडः॥ गावोनकल्यंतइदंकुतोरजोलोकोऽधुनाकिंप्रलयायकल्पते॥८॥ प्रसूतिमिश्राःस्त्रि
यउद्विग्नचित्ताऊचुर्विपाकोवृजिनस्यैषतस्य॥ यत्पश्यंतीनांदुहितॄणांप्रजेशःसुतांसतीमवदध्यावनागां॥९॥ यस्त्वंतकालेव्युप्तजटाकलापःस्व
शूलसूच्यर्पितदिग्गजेंद्रः॥ वितत्यनृत्यत्युदितास्त्रदोर्ध्वजानुच्चाट्टहासस्तनयित्नुभिन्नदिक्॥१०॥ अमर्षयित्वातमसह्यतेजसंमन्युप्लुतंदुर्निरी
क्ष्यंभ्रुकुट्या॥ करालदंष्ट्राभिरुदस्तभागणंस्यात्स्वस्तिकिंकोपयतोविधातुः॥११॥ बह्वेवमुद्विग्नदृशोच्यमानेजनेनदक्षस्यमखेमहात्मनः॥उ
त्पेतुरुत्पाततमाःसहस्रशोभयावहादिविभूमौचपर्यक्॥१२॥ तावत्सरुद्रानुचरैर्मखोमहान्नानायुधैर्वामनकैरुदायुधैः॥ पिंगैःपिशंगैर्मकरोद
राननैःपर्याद्रवद्भिर्विदुरान्वरुध्यत॥१३॥ केचिद्बभंजुःप्राग्वंशंपत्नीशालांतथापरे॥ सदआग्नीध्रशालांचतद्विहारंमहानसं॥१४॥ रुरुजुर्य
ज्ञपात्राणितथैकेऽग्नीननाशयन्॥कुंडेष्वमूत्रयन्केचिद्बिभिदुर्वेदिमेखलाः॥१५॥ अबाधंतमुनीनन्यएकेपत्नीरतर्जयन्॥ अपरेजगृहुर्देवान्प्र

અને ઉગ્રદંડ દેનારો પ્રાચીન બર્હીરાજા તો જીવે છે તેથી ચોરોનો કીંવા ગાયોનું હરણ થવાનો પણ સંભવ નથી: તો પછી હમણાંજ લોકનો પ્રલય કરી નાંખે એવી આ રજ ક્યાંથી ઉડે છે ॥૮॥ પ્રસુતી સહીત સ્ત્રીઓએ ઉદ્વેગ પામીને કહ્યું કે, પ્રજાપતી દક્ષે, બીજી દીકરીઓના દેખતાં નીરપરાધ સતી દીકરીનું અપમાન કર્યું છે તેના ફળ રૂપે આ દુઃખ છે. ॥૯॥ જે મહાદેવ પ્રલય કાળમાં જટાજુટ છુટો મુકીને પોતાના ત્રીશુળની અણીઓમાં મોટા હાથીઓને પરોવી હથીઆર ધરેલા હાથ રૂપ ધજાઓ ઉંચી કરી, અને અટ્ટહાસરૂપ કડાકાઓથી દીશાઓને ફોડી નાંખી, નાચ કરેછે. ॥૧૦॥ એ ન ખમી શકાય એવા તેજ વાળા, ક્રોધ વ્યાપેલી ભમરોથી અસહ્ય, અને વીકરાળ દાઢોથી તારા ગણોને પણ વીંખી નાખનાર સદાશીવને ક્રોધ ઉપજાવીને, તેવું કામ કર્યા પછી બ્રહ્મા પણ કેવી રીતે સુખે રહે. ॥૧૧॥ એ રીતે ઉદ્વેગ પામીને લોકો બહુ બહુ વાતો કરતાં—દક્ષના એ યજ્ઞમાં, આકાશ અને પૃથ્વીના હજારો ભયંકર ઉત્પાતો, ચારેકોર ઉઠવા લાગ્યા. ॥૧૨॥ હે વીદુર, એટલી વારમાંજ અનેક હથીઆરો વાળા—ઉંચા આયુધ ધરનારા—ઠીંગણા—પીંગળા—પીળા—મગર સરખાં પેટ અને મોઢાંવાળા—અને ચારે કોર દોડતા—મહારૂદ્રના અનુચરોથી એ મોટો યજ્ઞ ઘેરાઇ ગયો. ॥૧૩॥ કેટલાએક પાર્શદોએ યજ્ઞશાળાના પુર્વ પશ્ચીમના સ્થંભ ઉપરનાં લાકડાં—કેટલાકે સ્ત્રીઓનીશાળા—કેટલાકે સભા મંડપ—કેટલાકે હવીર્ધાન—કેટલાકે અગ્નીહ્રશાળા—કેટલાકે દક્ષનું ઘર—અને કેટલાકે રસોડાં ભાંગી નાંખ્યાં. ॥૧૪॥ કેટલાકે યજ્ઞનાં પાત્રો ભાગી નાંખ્યાં કેટલાકે અગ્નીનો નાશ કર્યો. કેટલાએકે અગ્નીના કુંડોમાં મુતરયા. અને કેટલાએકે વેદીઓ તથા મેખલાઓ તોડી નાંખી. ॥૧૫॥ કેટલાએકે સ્ત્રીઓનો તીરસ્કાર કરવા લાગ્યા. અને આશ્રમનો ઉપરથી કુદીને નાસી જતા દેવતાઓને બીજાઓએ પકડી લીધા, તથા બીજાઓએ

મુનીઓને હેઠી પાડયા. ॥૧૬॥ મણીમાને ભૃગુને-વીરભદ્રે દક્ષ પ્રજાપતીને-ચંડીશે પુષાદેવને-અને નંદીકેશ્વરે ભગદેવતાને-એમ પકડી પકડીને બાંધી લીધા.॥૧૭॥અને અનેક પ્રકારથી પથરાઓનો ઘણો ઘણો માર વાગવાથી સભાસદો અને દેવતાઓ સહીત સર્વ ઋત્વીજો દોડી જતા દેખાયા. ॥૧૮॥ જેણે મુછો અને દાઢી ઉપર હાથ નાંખીને સભા વચે હાંસી કરી હતી. તે, હાથમાં સરવો લઇને હોમ કરતા ભૃગુરૂશીની દાઢી અને મુંછ, ભગવાન સદાશીવના ગણ (મણીમાને) ઉખેડી નાંખ્યાં.॥૧૯॥ અને તેણેજ, જેણે દક્ષ શ્રાપ દેતાં આંખથી ઇશારત કરી હતી તે ભગદેવતાને જમીન ઉપર પાડી દેઇને ક્રોધથી તેની આંખો કાઢી લીધી. ॥૨૦॥ તથા સર્વોત્તમ સદાશીવને શ્રાપ દેવાની વખતે દાંત દેખાડીને હસ્યા હતા તે પુષાદેવના દાંત, બળભદ્રે કલીંગરાજના દાંત પાડી નાંખવાની પેઠે પાડી નાંખ્યા. ॥૨૧॥ અને દક્ષની છાતી ઉપર ચઢી બેશીને વીરભદ્રે તીક્ષ્ણ ધારવાળા હથી-આરથી તેનું માથું કાપવા માંડતાં, તેના થકી તે કાપી શકાયું નહીં. ॥૨૨॥ શસ્ત્ર અને અસ્ત્રથી જ્યારે તેની ચામડી પણ કપાઇ નહીં, ત્યારે વીરભદ્રને ઘણો વીસ્મય થઇને, એ બાબત તેણે ઘણીવાર સુધી વીચાર કર્યો. ॥૨૩॥ ત્યારે યજ્ઞને વીશે પશુને હરનારો યજ્ઞના પશુને જે રીતથી મારી નાંખે છે તે સંજ્ઞા (ગળું દબાવીને મારવાની યુક્તી) તેને સુઝી આવવાથી, આ યજ્ઞના યજમાન રૂપ પશુ દક્ષનું માથું, તેના શરીરથકી એ મુક્તીથી (એટલે ગળુ દબાવી પછીથી મરડીને) તેણે જુદુ પાડયું. ॥૨૪॥ તેના એ કામને ભુત-પ્રેત-અને પીશાચ આદીએ સારૂં થયું સારૂં થયું એમ કહીને વખાણ્યું, અને બીજાઓએ એથી ઉલટી રીતે કહ્યું. ॥૨૫॥ તે પછી ક્રોધે ભરાયલા એ વીરભદ્ર, એ દક્ષના માથાને દક્ષીણાગ્નીમાં હોમી દેઇને, અને તે યજ્ઞસ્થાન આદીને બાળી નાંખીને, કૈલાસમાં ગયા. ॥૨૬॥ ઇતીશ્રી० ભા० ચોથો સ્કંધ० પાંચમો અધ્યાય સંપુર્ણ. ॥૫॥

અધ્યાય ૬ ઠો-મૈત્રેય-પછી રૂદ્રના સૈન્યથી હારેલા, અને ત્રીશુળ-પટીશ-ખડગ-ગદા-અને મુદગર વગેરેથી સર્વ અંગોમાં ઘવાયલા, તથા ભય થકી વ્યાકુળ થયેલા સર્વે ઋત્વીક અને સભાસદો સહીત દેવતા-

त्यासन्नान्पलायितान्॥१६॥ भृगुंबबंधमणिमान्वीरभद्रः ... ॥ चंडीशःपूषणंदेवंभगंनंदीश्वरोऽग्रहीत् ॥१७॥ सर्वएवर्त्विजोदृष्ट्वासदस्याःसदिवौकसः॥ तैरर्द्यमानाःसुभृशंग्रावभिर्नैकधाऽद्रवन्॥१८॥ जुह्वतःस्रुवहस्तस्यश्मश्रूणिभगवान्भवः ॥ भृगोर्लुलुंचेसदसियोऽहसत्श्मश्रुदर्शयन्॥१९॥ भगस्यनेत्रेभगवान्पातितस्यरुषाभुवि॥उज्जहारसदस्थोऽक्ष्णायःशपंतमसूसुचत्॥२०॥ पूष्णश्चापातयद्दंतान्कालिंगस्ययथाबलः॥शप्यमानेगरिमणियोऽहसद्दर्शयन्दतः॥२१॥आक्रम्योरसिदक्षस्यशितधारेणहेतिना॥ छिंदन्नपितदुद्धर्तुंनाशक्नोत्त्र्यंबकस्तदा॥२२॥ शस्त्रैरस्त्रान्वितैरेवमनिर्भिन्नत्वचंहरः॥विस्मयंपरमापन्नोदध्यौपशुपतिश्चिरं॥२३॥ दृष्ट्वासंज्ञपनंयोगंपशूनांसपतिर्मखे॥ यजमानपशोःकस्यकायात्तेनाहरच्छिरः ॥२४॥ सा... दातेषांकर्मतत्तस्यशंसतां॥ भूतप्रेतपिशाचानामन्येषांतद्विपर्ययः ॥२५॥ जुहावैतच्छिरस्तस्मिन्दक्षिणाग्नावमर्षि ;ः ॥ तद्देवयजनंदग्ध्वाप्रातिष्ठद्गुह्यकालयं ॥२६॥ इ०भा०म०च०दक्षयज्ञविध्वंसोनामपंचमोऽध्यायः ॥ ५ ॥

मैत्रेय० अथदेवगणाःसर्वेरुद्रानीकैःपराजिताः॥ शूलपट्टिशनिस्त्रिंशगदापरिघमुद्गरैः॥१॥संछिन्नभिन्नसर्वांगाःसर्त्विक्सभ्याभयाकुलाः॥स्वयंभुवेनमः... त्वकात्स्न्येनैतन्न्यवेदयन् ॥२॥ उपलभ्यपुरैवैतद्भगवानब्जसंभवः नारायणश्चविश्वात्मानकस्याध्वरमीयतुः ॥३॥ तदाकर्ण्यविभुःप्राहतेजीयसिकृतागसि॥क्षेमायतत्रसाभूयान्नप्रायेणबुभूषतां ॥४॥ अथापियूयंकृतकिल्बिषाभवंयेबर्हिषोभागभाजंपरादुः ॥ प्रसादयध्वंपरि... क्षिप्रप्रसादंप्रगृहीतांघ्रिपद्मं॥५॥आशासानाजीवितम... रस्यलोकःसपालःकुपितेनयस्मिन् ॥ त... यथाविहीनंक्षमापयध्वं... दिविद्धंदुरुक्तैः॥६॥ नाहंनयज्ञोनचयूयमन्येयेदेहभाजोमुनयश्चतत्त्वं ॥ विदुः... माणंबलवीर्ययोर्वायस्य... तत्त्वस्यकउपायंविधित्सेत् ॥७॥ सइत्थमादिश्यसुरानजस्तैःसमन्वितःपितृभिःसप्रजेशैः॥ ययौस्वधिष्ण्यान्निलयंपुरद्विषःकैलासमद्रिप्रवरंप्रियंप्रभोः॥८॥जन्मौषधितपोमंत्रयोगसिद्धैर्नरेतरैः॥ जुष्टंकिन्नरगंधर्वैरप्सरोभिर्वृतंसदा॥९॥नानामणिमयैःशृंगैर्नानाधातुविचित्रितैः॥नानाद्रुमलतागुल्मै

ઓએ બ્રહ્મા પાસે જઇને તેમને નમસ્કાર કરી સઘળી વાત જણાવી. ॥૧-૨॥ વીશ્વાત્મા નારાયણ અને કમળમાંથી ઉત્પન્ન થનાર બ્રહ્મા, આમ થવાનું પ્રથમથી જાણીનેજ દક્ષના યજ્ઞમાં ગયેલા નહોતા.॥૩॥ પછી એ દેવતાઓ વીગેરેની હકીકત સાંભળીને બ્રહ્માએ તેમને કહ્યું કે. " અપરાધ કરનારા તેજસ્વી પુરૂશની સામે બદલો વાળવાની (એટલે સામુંપણ તેવુંજ કરવાની) ઇચ્છા કરનારાઓને તે થકી સુખ થાયજ નહીં. ॥૪॥ તોપણ યજ્ઞના ભાગાદીકમાં ભાગ પામવાને યોગ્ય સદાશીવને ભાગ નહીં આપીને તમે તેમનો અપરાધ કર્યો છે, માટે એ જલદીજ પ્રસન્ન થાય એવા, મહાદેવને શુદ્ધ અંતઃકરણથી તેમના ચરણમાં પડીને પ્રસન્ન કરો.॥૫॥ દુષ્ટ વચનો થકી હૃદયમાં વીંધાઇ ગયેલા-અને સ્ત્રી વીનાના થયેલા તથા લોક પાળો સહીત લોકના ઉપર કોપેલા એ દેવની પાસે, તમો સર્વે જીવવાની અને યજ્ઞને પાછો ચાલુ કરવાની ઇચ્છાવાળાઓ ઉતાવળાજ ક્ષમા માગો. ॥૬॥ હું-ઇંદ્ર-તમે (દેવતાઓ)-મુનીઓ વીગેરે અથવા બીજા કોઇપણ દેહધારીઓ, એ સ્વતંત્ર દેવ સદાશીવના તત્વને, અને તેમના બળ તથા શક્તીના પ્રમાણને જાણતા નથી. એટલે તેનો ઉપાય કેવી રીતે થઇ શકે. ॥૭॥ એ રીતે દેવતાઓને કહીને: દેવતા-પીતૃ-અને પ્રજાપતીઓથી વીંટાયલા બ્રહ્મા, પોતાના સ્થાન થકી નીકળીને, ત્રણ પુરને બાળનારા સદાશીવના પ્રીય અને ઉત્તમ પર્વત કૈલાસમાં ગયા. ॥૮॥ જે, જન્મ-ઓશધી-તપ-મંત્ર અને યોગથી સીદ્ધ થયેલા, દેવતાઓ-કીન્નર-ગંધર્વ-અને અપ્સરાઓનાં ટોળાં એ થકી સર્વદા શોભે છે. ॥૯॥ અનેક જાતના મણીઓ વાળાં જેનાં શીખરો છે. અનેક પ્રકારની ધાતુઓથી વીચીત્ર દેખાય છે. અને જ્યાં નાના પ્રકારનાં ઝાડો-લતાઓ અને ગુચ્છ છે. તથા જે અનેક પ્રકારનાં પશુઓ આદીથી ભરપુર છે. ॥૧૦॥ જ્યાં અનેક ગુફાઓમાં અને શીખરોમાં ઘણાં નીર્મળ ઝરણાં ઝર્યા કરે છે. તથા પોત પોતાના પ્યારાઓના સાથે વીહાર કરતી સીદ્ધ લોકોની સ્ત્રીઓને રમણ કરવાને જે અતી પ્રીયછે. ॥૧૧॥ જ્યાં મોર ટૌકારા કરે છે. મત્ત ભમરાઓ ગણગણાટ કરી રહ્યા છે. કોયલો ઊંચા સ્વરે બોલે છે.

અને બીજાં પક્ષીઓ શબ્દ કરે છે. ॥૧૨॥ તે ઇચ્છીત પદાર્થને આપનારાં ઝાડો રૂપ લાંબા હાથ વડે, પક્ષીઓને જાણે બોલાવે છે—હાથીઓ થકી જાણે ચાલે છે—અને ઝરણાં થકી જાણે બોલે છે. (એવો તે કૈલાસ દેખાય છે.) ॥૧૩॥ મંદાર—પારીજાત—દેવદાર—તમાલ—શાલ—તાડ—કોવીદાર—અસન—આંજણીયા. ॥૧૪॥ આંબા—કદંબ—નીપ—નાગ—પુંનાગ—ચંપો—પાટલ—આસોપાલવ—બોલસરી—મોગરો—કુરબક. ॥૧૫॥ સોનેરી રંગનાં કમળ—ઉત્તમ જાતોના વાંસ—કુબ્જક—માલીકા—માધવી—ફણસ—ઉંબરા—પીંપળા—પીંપર—વડ અને હીંગોરીઆ વીગેરેથી શણગારાએલો તે (કૈલાસ) શોભતો હતો. ॥૧૬॥ વળી ભુર્જ—ઔશધીઓ—સોપારી અને વાંકડી સોપારી—જાંબુ—ખજુરી—અમ્રાતક—આમ્ર—રાયણ—મહુડા—ઇંગુદી—પોલાવાંસ અને બીજી પણ વૃક્ષની અનેક જાતો થકી જે શોભે છે, તથા તલાવો આદીમાં કુમુદ—ઉત્પલ અને કલ્હાર આદી જાતોનાં ખીલેલાં કમળોમાં પક્ષીઓનાં ટોળાં શબ્દ કરવાથી તે કૈલાસ શોભાયમાન છે. ॥૧૭-૧૮-૧૯॥ હરીણ—વાંદરા—સુવર—સીંહ—રીંછ—સેળા—રોઝ—કસ્તુરીઆમૃગ—વાઘ—અને પાડા વીગેરેથી જે શોભે છે. ॥૨૦॥ કેળના વનથી વીંટાએલા કીનારાઓ વાળાં જળાશયોથી શોભતા, અને સતીએ નહાવાથી સુગંધી યુક્ત થયેલ જળ વાળી નદીએ આંટો લીધેલા, તે ભુતેશગીરીને જોઇને દેવતાઓને વીસ્મય થયો. ॥૨૧॥ ત્યાં સુગંધીક નામનું વન છે. કે જેમાં એજ નામ વાળાં કમળો થાય છે. તેને તથા સુંદર અલકાપુરીને તેઓએ જોઇ. ॥૨૨॥ અને તે પુરીની બહાર ભગવાન સદાશીવના ચરણ કમળની રજથી અતી પવીત્ર થયેલી નંદા અને અલકનંદા નામની બે નદીઓ છે. ॥૨૩॥ જેમાં હે વીદુર, રતીથી વ્યાકુળ થયેલી દેવતાઓની સ્ત્રીઓ, પોતાનાં વીમાનોમાંથી ઉતરીને ક્રીડા કરે છે. અને પુરૂશોને પાણીથી ભીંજવે છે. તથા નાહ્ય છે. ॥૨૪॥ તેમના નહાવા વડે ધોવાએલાં નવીન કુમકુમ અને

…द्रुमैः॥१०॥ नानाऽमलप्रस्रवणैर्नानाकंदरसानुभिः॥ रमणंवि[ह]रंतीनांरमणैःसिद्धयोषितां॥११॥ मयूरकेकाभिरुतंमदांधालि
[वि]मू[र्च्छि]तं॥ गायितैरक्तकंठानांकूजितैश्चपतत्रिणां॥१२॥आह्वयंतमिवोद्धस्तैर्द्विजान्कामदुघैर्द्रुमैः॥व्रजंतमिवमातंगैर्गृणंतमिवनिर्झरैः॥१३॥
मंदारैःपारिजातैश्चसरलैश्चोपशोभितं॥ तमालैःशालतालैश्चकोविदारासनार्जुनैः॥१४॥ चूतैःकदंबैर्नीपैश्चनागपुन्नागचंपकैः॥पाटलाशोक
बकुलैःकुंदैःकुरबकैरपि॥१५॥ स्वर्णार्णशतपत्रैश्चवरवेणुकजातिभिः॥ कुब्जकैर्मल्लिकाभिश्चमाधवीभिश्चमंडितं॥१६॥ पनसोदुंबराश्वत्थप्लक्ष
न्यग्रोधैर्हिंगुभिः॥ भूर्जैरोषधिभिःपूगैराजपूगैश्चजंबुभिः॥१७॥खर्जूराम्रात[क]ाम्राद्यैःप्रियालमधुकेंगुदैः॥ द्रुमजातिभिरन्यैश्चराजि[तंवेणु]
चक्रैः॥१८॥ कुमुदोत्पलकल्हारशतपत्रवनर्द्धिभिः॥ नलिनीषुकलंकूजत्खगवृंदोपशोभित॥१९॥ मृगैःशाखामृगैः[क्रोडैर्मृगे]द्रैर्ऋक्षशल्य
कैः॥ गवयैर्नाभिभिर्व्याघ्रैर्निर्जुष्टंमहिषादिभिः॥२०॥ कदलीखंडसंरुद्धनलिनीपुलिनश्रियं॥ पर्यस्तंनंदयासत्याःस्नानपुण्यतरोदया॥विलो
क्यभूतेशगिरिंविबुधाविस्मयंययुः॥२१॥ ददृशुस्तत्रतेरम्यामलकांनामवैपुरीं॥ वनंसौगंधिकंचापियत्रतन्नामपंकजं॥२२॥ नंदाचालक
नंदाचसरितौबा[ह्य]तःपुरं॥तीर्थपादपदांभोजरजसाऽतीवपावने॥२३॥ययोःसुरस्त्रियःक्षत्तरवरुह्यस्वधिष्ण्यतः॥क्रीडंतिपुंसःसिंचंत्योविगाह्य
रतिकर्शिताः॥२४॥ ययोस्तत्स्नानविभ्रष्टनवकुंकुमपिंजरं॥ वितृषोऽपिपिबंत्यंभःपाययंतोगजागजीः॥२५॥ [तारहेम]महारत्नविमानशतसं
कुलां॥जुष्टां[पुण्यजन]स्त्रीभिर्यथाखंसतडिद्घनं॥२६॥ हित्वायक्षेश्वरपुरींवनंसौगंधिकंचतत्॥ द्रुमैःकामदुघैर्हृद्यंचित्रमाल्यफलच्छदैः॥२७॥
रक्तकंठखगानीकस्वरमंडितषट्पदं॥ कलहंसकुलप्रेष्ठंखरदंडजलाशयं॥२८॥ वनकुंजरसंघृष्टहरिचंदनवायुना॥ अधिपुण्यजनस्त्रीणांमुहुरु
न्मथयन्मनः॥२९॥ वैदूर्यकृतसोपानावाप्यउत्पलमालिनीः॥प्राप्तंकिंपुरुषैर्दृष्ट्वातआराद्ददृशुर्वटं॥३०॥ सयोजनशतोत्सेधःपादोनविटपाय
तः॥ पर्यक्कृताचल[च्छा]योनिर्नीडस्तापवर्जितः॥३१॥ तस्मिन्महायोगमयेमुमुक्षुशरणंसुराः॥ददृशुःशिवमासीनंत्यक्तामर्षमिवांतकं॥३२॥
सनंदनाद्यैर्महासिद्धैःशांतैःसंशांतविग्र[हं]॥ उपास्यमानंसख्याचभर्त्रागुह्य[क]रक्षसां॥३३॥ विद्यातपोयोगपथमास्थितंतमधीश्वरं॥ चरंतं

કેસરથી રંગાએલા પાણીને, હાથીઓ તરસા નહીં હોવા છતાં પણ પીએ છે. અને હાથણીઓને પાય છે. ॥૨૫॥ વીજળી સહીત વરસાદ વાળા આકાશની પેઠે રૂપાનાં—સોનાનાં— અને મોટાં રત્નોનાં વીમાનોથી અને યક્ષોની સ્ત્રીઓથી શોભીતી તે અલકાપુરીને મુકીને, અને વીચીત્ર પ્રકારનાં ફળ—ફુલ—અને પાંદડાં વાળાં તથા મનની ઇચ્છા પુર્ણ કરનારાં ઝાડો વાળાં કોયલો આદી પક્ષીઓનાં ટોળાં તથા ભમરાઓના શબ્દથી શોભતા—ધોળા હંસોને પ્રીય એવાં કમળો વાળાં જળાસયો વાળા—અને જ્યાં વનના હાથીઓએ ઘસેલા હરીચંદન વૃક્ષોના પવનથી યક્ષોની સ્ત્રીઓનાં મન વારંવાર બહુજ કામાતુર થાય છે એવા—અને જ્યાં વૈદુર્ય મણીનાં પગથીઆં વાળી અને કમળની પંક્તીઓ વાળી વાવ્યો છે એવા—કીંપુરૂશો આદીએ સેવેલા, એ સુગંધીક વનને મુકી આગળ જતાં થોડેક દુર એક વડનું ઝાડ તે દેવતાઓ આદીએ દીઠું ॥૨૬-૨૭-૨૮-૨૯-૩૦॥ એ વડ સો યોજન ઉંચો—પુણોસો યોજનમાં તેની શાખાઓ પ્રસરેલો—તેટલામાં અચળ છાયા કરનારો—અને તાપ રહીત તથા પક્ષી આદીના માળાઓ વીનાનો છે. ॥૩૧॥ તેમાં મુમુક્ષુઓના શરણ રૂપ સદાશીવને, ક્રોધ તજીને બેઠેલા કાળ સરખા, તથા મોટી યોગચર્યા કરવાને બેઠેલા, તે દેવતાઓએ જોયા. ॥૩૨॥ શાંતી વાળા સનંદન આદી મોટા સીધ્ધો થકી, તથા તેમના સખા, અને યક્ષ તથા રાક્ષસોના સ્વામી, કુબેર થકી ઉપાસના થવાની સાથે, એ જગતના બંધુ મોટા ઇશ્વર (સદાશીવ) દયાળુપણાથી લોકોના કલ્યાણ સારૂ; વીદ્યા—તપ—અને યોગના માર્ગ વીશે એક ચીત્ત થઇને તપ કરતા હતા. ॥૩૩-૩૪॥ અને એ ભસ્મ—દંડ—જટા—મૃગચર્મ વીગેરે સંપુર્ણ તપસ્વીનાં ચીન્હોને તથા ચંદ્રની નીશાનીને પણ ધારણ કરનાર સંધ્યાકાળના વાદળાં જેવાં પ્રકાશીત અંગો વાળા સદાશીવ, પોતાના જમણા સાથળ ઉપર ડાબો પગ, અને ડાબા પગ ઉપર હાથ રાખી

કાંડામાં રૂદ્રાક્ષનો બેહેરખો પેહેરી, તર્ક મુદ્રાકરી દર્ભના આસન ઉપર બેસીને, સત્પુરૂષોના સાંભળતાં નારદે પુ- છયાથી, તેમને સનાતન બ્રહ્મ વીશે તે કહેતા હતા. ॥૩૫-૩૬-૩૭॥ તે નીર્વાણ બ્રહ્મની સમાધીમાં એક ચીત્ત થએલા, અને યોગ કક્ષા (એટલે ડાબો ગોઠણ અને શરીર સમ્પચ્ચ સારૂં મુકેલી પટડી જેને યોગ પટ પણ કહે છે તે) ને ટેકાને બેઠેલા, તે બેઠેલા મહાદેવની નીકટગ, એ લોકપાલો સહીત મુનીઓ અને દેવતાઓએ હાથ જોડીને પ્રણામ કર્યા. ॥૩૮॥ અને દેવ તથા દૈત્યોના અધીપતીઓએ વંદન કરાયલા ચરણોથી બ્રહ્માને પધારેલા દે- ખીને મહાદેવે પણ ઉભા થઇ, વામનરૂપે કશ્યપને નમવાની પેઠે, માથા વડે નમીને પ્રણામ કર્યા. ॥૩૯॥ ત્યારે મહાદેવની આજુબાજુ બેઠેલા બીજા સીધોએ તથા મોટા ઋષીઓ વીગેરે થકી પણ એ રીતેજ નમસ્કાર કરાયલા બ્રહ્માએ, હસવાની પેઠે, પોતાની પાસે પ્રણામ કરીને ઉભેલા, માથાંમાં ચંદ્રની નીશાની વાળા મહા- દેવને કહ્યું કે. ॥૪૦॥-બ્રહ્મા-જીવના પ્રાણી પદાર્થાદીક સર્વના ઉત્પતી સ્થાન અને બીજ રૂપ આપ ઇશ્વ- રને હું જાણુંછું. અને આ બધા દૃશ્યાદીકથી પર જે તમારીજ શક્તી (સ્વરૂપ) છે, તે વીકાર રહીત બ્રહ્મ કહે- વાય છે. ॥૪૧॥ અને તમેજ એ શક્તી (માયા) નો આશ્રય કરીને સ્વરૂપે ધારણ કરી; વીશ્વને સરજવાની- પાલન કરવાની-અને નાશ કરવાની-ક્રીડા કરોળીયાની પેઠે કરોછો. ॥ ૪૨ ॥ તમેજ દક્ષના નીમીતથી, ધર્મ તથા અર્થને સંપાદન કરાવવાને માટે આ યજ્ઞ કરાવ્યો હતો. અને તમારાથીજ લોકની (ધર્મ સં- બંધી) મર્યાદાઓ બંધાઇ છે; કે જેમાં નીયમો અને વ્રતો આદી ધારણ કરીને બ્રાહ્મણો શ્રદ્ધા રાખે છે. ॥૪૩॥ (આપજ) લોકને વીશે શુભ કર્મો કરનારાઓને કલ્યાણ રૂપ સ્વર્ગ, અથવા પરમ પદ (મોક્ષ) આપો છો, અને અશુભ કર્મો કરનારાઓને ભયંકર તામીસ્ર (નરક) પણ આપોછો. તો આ દક્ષને એ થકી ઉલટું કેમ

श्वसुहृदंवात्सल्याल्लोकमंगलं॥३४॥लिंगंचतापसाभीष्टंभस्मदंडजटाजिनं॥ अंगेनसंध्याऽभ्ररुचाचंद्रलेखांचबिभ्रतं ॥३५॥ उपविष्टंदर्भम य्यांब्रुव्यांब्रह्मसनातनं॥ नारदायप्रवोचंतंपृच्छतेशृण्वतांसतां॥३६॥ कृत्वोरौदक्षिणेसव्यंपादपद्मंचजानुनि॥ बाहुंप्रकोष्ठेक्षमालामासीनंत र्कमुद्रया ॥३७॥ तंब्रह्मनिर्वाणसमाधिमाश्रितंव्युपाश्रितंगिरिशंयोगकक्षां॥सलोकपालामुनयोमनूनामाद्यंमनुंप्रांजलयःप्रणेमुः॥३८॥ स तूपलभ्यागतमात्मयोनिंसुरासुरेशैरभिवंदितांघ्रिः॥ उत्थायचक्रेशिरसाभिवंदनमर्हत्तमःकस्ययथैवविष्णुः॥३९॥ तथापरेसिद्धगणामहर्षि भिर्येवैसमंतादनुनीललोहितं॥ नमस्कृतःप्राहशशांकशेखरंकृतप्रणामंप्रहसन्निवात्मभूः॥४०॥ब्रह्मा० जानेत्वामीशंविश्वस्यजगतोयोनिबी जयोः॥ शक्तेःशिवस्यचपरंयत्तद्ब्रह्मनिरंतरं॥४१॥ त्वमेवभगवन्नेतच्छिवशक्त्योःसरूपयोः॥ विश्वंसृजसिपास्यत्सिक्रीडन्नूर्णपटो यथा ॥४२॥ त्वमेवधर्मार्थदुघाभिपत्तयेदक्षेणसूत्रेणससर्जिथाध्वरं ॥ त्वयैवलोकेऽवसिताश्चसेतवोयान्ब्राह्मणाःश्रद्दधतेधृतव्रताः॥४३॥त्वंकर्मणांमंगल मंगलानांकर्तुःस्मलोकेतनुषे :परंवा॥ अमंगलानांचतमिस्रमुल्बणंविपर्ययःकेनतदेवकस्यचित् ॥४४॥ नवैसतांत्व रणार्पितात्मनांभूते षुसर्वेष्वभिपश्यतांतव॥ भूतानिचात्मन्यपृथग्दिदृक्षतांप्रायेणरोषोऽभिभवेद्यथापशुं॥४५॥ पृथग्धियःकर्मदृशोदु शयाःपरोदयेनार्पितहृ द्रुजोनिशं॥परान्दुरुक्तैर्वितुदंत्यरुंतुदास्तान्माऽवधीद्दैववधान्भवद्विधः॥४६॥ यस्मिन्यदापुष्करनाभमाययादुरत्ययास्पृष्टधियःपृथग्दृशः ॥ कुर्वंतितत्रह्यनुकंपयाकृपांनसाधवोदैवबलात्कृतेक्रमं॥४७॥ भवांस्तुपुंसःपरमस्यमाययादुरंतयास्पृष्टमतिःसमस्तदृक्॥ तयाहतात्मस्वनुक र्मचेतःस्वनुग्रहंकर्तुमिहार्हसिप्रभो॥४८॥ कुर्वध्वरस्योद्धरणंहतस्यभोत्वयाऽसमाप्तस्यमनोप्रजापतेः ॥ नयत्रभागंतवभागिनोददुःकुयाजि नोयेनमखोनिनीयते॥४९॥ जीवतायजमानोयंप्रपद्येताक्षिणीभगः॥ भृगोःश्मश्रूणिरोहंतुपूष्णोदंताश्चपूर्ववत् ॥५०॥ देवानांभग्नगात्राणा मृत्विजांचायुधाश्मभिः॥ भवताऽनुगृहीतानामाशुमन्योऽस्त्वनातुरं॥५१॥ एषतेरुद्रभागोस्तुयदुच्छिष्टोऽध्वरस्यवै॥यज्ञस्तेरुद्रभागेनकल्पता मद्ययज्ञहन् ॥५२॥ इ०भा०म०च०रुद्रसांत्वनंनामषष्ठोऽध्यायः॥६॥ मैत्रेय०इत्यजेनानुनीतेनभवेनपरितुष्यता॥ अभ्यधायिमहाबाहोप्र

આ માટે થવું જોઇએ. (અર્થાત તેમ થવું ન જોઇએ) ॥૪૪॥ તમારા ચરણમાં ચીત્ત અરપણ કરનારા-અને સર્વ પ્રાણી પદાર્થાદીકમાં તમનેજ જોનારા-તથા સર્વ પ્રાણી આદીને વીશે ભીન્ન દ્રષ્ટીથી નહીં જોનારા-એવા સત્પુરૂષોને ઘણું કરીને પશુઓ (પશુ સરખા અજ્ઞાનીઓ)ની પેઠે, ક્રોધ પરાભવ પમાડી શકતો નથીજ. ॥૪૫॥ જેઓ માટે ભેદ બુદ્ધીવાળા-કર્મોને ન જાણનારા-દુષ્ટ મનવાળા-બીજાઓની ઉન્નતી દેખીને રાત દહાડો હૃદયમાં બળનારા-અને બીજાઓને મર્મ ભેદી દુષ્ટ વચનોથી પીડા કરનારા-તથા દૈવેજ મારી મુકેલા-એવા આ લોકોને; આપ સરખાએ મારવા યોગ્ય નથી. ॥૪૬॥ ભગવાનની અપાર માયાથી બુદ્ધીનો મોહ થયેલા- અને ભીન્ન દ્રષ્ટી વાળાઓ એ જે કાંઇ-ક્યારે-તથા જે સ્થળે કરે છે; ત્યારે અને તે સ્થળે, તે કામનેજ દૈવના બળથકી થાય થયેલું સમજીને, મહાત્માઓ દયાળુપણાથી તેમના ઉપર કૃપાજ કરે છે. પણ પોતાનું પરાક્રમ બતાવતા નથી. ॥૪૭॥ માટે હે સમર્થ, આપતો પરમ પુરૂષ-માયાથી મોહ નહીં પામનાર બુદ્ધી વાળા-અને સર્વને જાણનારા છો. તેથી કર્મમાંજ ચીત્તવાળા અને બુદ્ધી વીનાના આ લોકોના ઉપર અનુગ્રહજ કરવાને યોગ્ય છો. ॥૪૮॥ હે મનો, યજ્ઞ ચલાવતાં દુષ્ટ યજ્ઞ કરનારાઓએ, ભાગ પામવાને યોગ્ય આપને, તેમાં ભાગ નહીં આપવાથી આપે નાશ કરી નાંખેલા, દક્ષ પ્રજાપતીના અસમાપ્ત રહેલા આ યજ્ઞનો આપ ઉદ્ધાર કરો. ॥૪૯॥ એ યજમાન (દક્ષ) હમણાંજ જીવતો થાય-ભગ દેવતા આંખો પામે-ભૃગુને દાઢી મુંછ ઉગે-અને પુષાદેવના દાંત પ્રથમ સરખા થાય. ॥૫૦॥ વળી હે મન્યુ, હથીઆરોથી તથા પથરોથી ઘવાયલા દેવતા- ઓનાં તથા ઋત્વીજોનાં અંગો ઉતાવળેજ આરોગ્ય થાય. એવો અનુગ્રહ કરો. ॥૫૧॥ હે યજ્ઞનો નાશ કરનારા, યજ્ઞમાં જે કાંઇ શેશ પડયું રેહેશે, તે સર્વ (તમારો) રૂદ્રનો ભાગ થશે. અને એ રીતનો ભાગ પામીને આપ હમણાંજ યજ્ઞને ચાલતો કરાવો. ॥૫૨॥ ઇતીશ્રી૦ભા૦ચો૦સ્કંધ૦છઠો અધ્યાય સંપુર્ણ. ॥૬॥

અધ્યાય. ૭ મો-મૈત્રેય-હે મોટા હાથ વાળા (વીદુર) એ પ્રમાણે પ્રાર્થના કરવાથી પ્રસન્ન થયેલા

સદાશીવ ત્યારે દક્ષીને બોલ્યા કે સાંભળો. ॥૧॥–સદાશીવ–હે બ્રહ્મા, જેઓને મેં દંડ આપ્યો છે. તેઓ ભગવાનની માયાથી પ્રકાશ પામેલા અને બાળકો (એટલે બુદ્ધી વીનાનાઓ) ના અપરાધોનું હું વર્ણન કરતો નથી. તથા તે મનમાં પણ લાવતો નથી. ॥૨॥ બળી ગયેલા માથા વાળા દક્ષને, બકરાના મોઢા વાળું માથું થશે. અને ભગદેવતા પોતાના યજ્ઞ ભાગને, મીત્રદેવતાની આંખ્યો વડે દેખશે. ॥૩॥ અને લોટ ખાનારો પુષાદેવ, યજમાન એટલે યજ્ઞ કરનારના દાંત વડે ખાશે. તથા મને શેષ ભાગ આપનારા દેવતાઓ સર્વ અંગો થકી પ્રથમના જેવા થશે. ॥૪॥ અધ્વર્યુ ભૃગુરૂશીને બકરાનાં દાઢી મુંછ ઉગશે. અને બીજાઓ જેમનાં હાથ વીગેરે અંગો નાશ થયાં હતાં તેઓ અશ્વની કુમારોની બાંહ્ય થકી, તથા પુષા દેવના હાથ થકી હાથ વીગેરેનું કામ ચલાવશે. ॥૫॥–મૈત્રેય–હે તાત, તે વખતે મહાદેવનું એ બોલવું સાંભળીને સર્વ પ્રાણીઓએ રાજી થઈને "ઠીક થયું ઠીક થયું." એમ કહ્યું. ॥૬॥ પછી મહાદેવને આમંત્રણ કરીને રૂશીઓ સહીત દેવતાઓ, પાછા યજ્ઞના સ્થાનકમાં બ્રહ્માને અને સદાશીવને સાથે લઈને આવ્યા. ॥૭॥ અને યજ્ઞના પશુનું માથું દક્ષના શરીર (ધડ) સાથે સાંધ્યું તથા ભગવાન સદાશીવે જે જે કહ્યું હતું તે તે સર્વ કર્યું. ॥૮॥ રૂદ્રની નજર પડવાથી માથું સંધાઈ ગયેલો દક્ષ, સુઈ ગયેલાની પેઠે તુર્તજ ઉઠયો. અને પ્રથમજ મહાદેવને તેણે દીઠા. ॥૯॥ તેથી એ દક્ષનુ મહાદેવનો દ્વેશ કરવા વડે બગડેલું મન, તે વખત સદાશીવને જોવા થકીજ શરદ રૂતુના જળાશય સરખું નીર્મળ થઈ ગયું. ॥૧૦॥ અને તેણે સદાશીવની સ્તુતી કરવાનું મન કર્યું. પણ મરણ પામેલી સતી દીકરીનું સ્મરણ થવાથી સ્નેહ અને ઉત્કંઠા વડે આંખ્યોમાં આંસુ આવીને તે સ્તુતી કરી શકયો નહીં. ॥૧૧॥ પછી દુઃખે કરીને મનને શાંત કરી, દક્ષ પ્રજાપતીએ નીષ્કપટ ભાવથી અને પ્રેમવડે વીકળ બુદ્ધીથી, ભગવાન સદાશીવની સ્તુતી કરીકે. ॥૧૨॥–દક્ષ–હે ભગવાન (શીવ), મેં આપનું અપમાન કર્યાથી આપે મને દંડ આપ્યો, એ પણ આપનો મારા ઉપર મોટો અનુગ્રહજ થયેલો છે. આપ અને હરી એટલે વીશ્નુ, બન્ને બ્રહ્મ બંધુઓની પણ અવજ્ઞા કરતા

हस्यश्रूयतामिति॥१॥ श्रीमहा०नाघंप्रजेशबालानांवर्णयेनानुचिंतये॥ [illegible]भिभूतानांदंडस्तत्रधृतोमया॥२॥प्रजापतेर्दग्धशीर्ष्णोभवत्वजमुखंशिरः॥ मित्रस्यचक्षुषेक्षेतभागंस्वंबर्हिषोभगः ॥३॥ पूषातुयजमानस्यदद्भिर्जक्षतुपिष्टभुक् ॥ देवाःप्रकृतसर्वांगायेमउच्छेषणंददुः ॥४॥ बाहुभ्यामश्विनोःपूष्णोहस्ताभ्यांकृतबाहवः॥भवंत्वध्वर्यवश्चान्येबस्तश्मश्रुर्भृगुर्भवेत्॥५॥ मैत्रेय०तदासर्वाणिभूतानिश्रुत्वा[illegible]दितं॥ परि[illegible]तसाधुसाध्वित्यथाब्रुवन्॥६॥ततोमीढ्वांसमामंत्र्य[illegible]साराःसहर्षिभिः॥ भूयस्तद्देवयजनंसमीढ्वद्वेधसोययुः ॥७॥ वि[illegible]हभगवान्भवः ॥ संदधुःकस्यकायेनसवनीयपशोःशिरः ॥८॥ संधीयमानेशिरसिदक्षोरुद्राभिवीक्षितः ॥ सद्यः सुप्तइवोत्तस्थौददृशेचाग्रतोमृडं ॥९॥ तदावृषध्वजद्वेषकलिलात्माप्रजापतिः॥ शिवावलोकादभवच्छरद्ध्रदइवामलः॥१०॥ भवस्तवायकृतधीर्नाशक्नोदनुर[illegible]दः ॥ औत्कंठ्याद्बाष्पकलयासंपरेतांसुतांस्मरन्॥११॥ कृच्छ्रात्संस्तभ्यचमनःप्रेमविह्वलितःसुधीः॥ शशंसनिर्व्यलीकेनभावेनेशंप्रजापतिः॥१२॥ दक्ष० भूयाननुग्रहअहोभवताकृतोमेदंडस्त्वयामयिभृतोयदपिप्रलब्धः ॥ नब्रह्मबंधुषुचवांभगवन्नवज्ञातुभ्यंहरेश्चकुतएवधृतव्रतेषु ॥१३॥ विद्यातपोव्रतधरान्मुखतःस्मवि[illegible]त्त्वमवितुंप्रथमंत्वमस्राक् ॥ तद्ब्राह्मणान्परमसर्वविपत्सुपासिपालःपशूनिवविभोप्रगृहीतदंडः ॥१४॥ योऽसौमयाऽविदिततत्त्वदृशा[illegible]भायांशतोदुरुक्तिविशिखैरगणय्यतन्मां॥अर्वाक्पतंतमर्हत्तमनिंदयाऽपात्दृष्ट्यार्द्रयासभगवान्स्वकृतेनतुष्येत्॥१५॥ मैत्रेय०क्षमाप्यैवंसमीढ्वांसंब्रह्मणाचानुमंत्रितः॥कर्मसंतानयामाससोपाध्यायर्त्विगग्निभिः १६ वैष्णवंयज्ञसंतत्यैत्रिकपालंद्विजोत्तमाः॥पुरोडाशंनिरवपन्वीरसंसर्गशुद्धये॥१७॥ अध्वर्युणात्त[illegible]विषायजमानोविशांपते ॥ धियाविशुद्धयादध्यौतथाप्रादुरभूद्धरिः॥१८॥ तदास्वप्रभयातेषांद्योतयंत्यादिशोदश॥ मुष्णंस्तेजउपानीतस्तार्क्ष्येणस्तोत्रवाजिना ॥१९॥ श्यामोहिरण्यरशनोऽर्ककिरीटजुष्टोनीलालकभ्रमरमंडितकुंडलास्यः॥ [illegible]ब्जचक्रशरचापगदाऽसिचर्मव्यग्रैर्हिरण्मयभुजैरिवकर्णिकारः ॥२०॥ वक्षस्यधि

નથી, તો હું સરખા વ્રતોને ધારણ કરનારાની તો કેમજ કરો. ॥૧૩॥ હે સમર્થ, આત્મ સ્વરૂપ બ્રહ્મનું એટલે વેદનું રક્ષણ કરવાને માટે, વીદ્યા–તપ અને વ્રતોને ધારણ કરનારા બ્રાહ્મણોને, આપે પોતેજ પોતાના મુખ થકી પ્રથમ ઉત્પન્ન કરેલા છે. અને મોટી વીપતીઓ થકી તેમનું રક્ષણ પણ પશુઓના ગોવાળની પેઠે, હાથમાં દંડ લેઈને આપજ કરો છો. ॥૧૪॥ તત્વને નહીં જાણનાર હું થકી, સભાવચે દુષ્ટ વચનોરૂપી બાણો વડે, તીરસ્કાર પામેલા આપે, મારા એ અપરાધને નહી ગણકારીને, મહાત્માની નીંદા થવાથી નરકમાં પડવા થકી કૃપા દ્રષ્ટી વડે મને બચાવેલો છે. એવા આપ, પોતાના એ કૃત્ય વડેજ પ્રસન્ન થજો. ॥૧૫॥–મૈત્રેય–એ પ્રમાણે સદાશીવની ક્ષમા માગીને, બ્રહ્માની સંમતીથી, ઉપાધ્યાઓ–રૂત્વીજો અને અગ્નીઓ સહીત દક્ષે તે યજ્ઞ ચાલતો કર્યો.॥૧૬॥અને ભુત–પ્રેતાદીકનો સંસર્ગ થયેલાની શુદ્ધી સારૂં, ત્રણ કપાલ પર રાંધેલો પુરોડાશ બ્રાહ્મણોએ વીશ્નુને ઉદ્દેશીને, યજ્ઞ ચાલતો કરવા માટે હોમ્યો. ॥૧૭॥ હે વીદુર, પછી હવી લીધેલા અધ્વર્યુની સાથે, દક્ષે શુદ્ધ બુદ્ધી વડે ધ્યાન કર્યું. એટલે ધ્યાન કરેલા સ્વરૂપથીજ હરીભગવાન પ્રકટ થયા. ॥૧૮॥ ત્યારે શામના મંત્રોના ઉચ્ચારવતી ગરૂડની પાંખો ઉપર બીરાજેલા ભગવાનના તેજથી દશે દીશાઓ પ્રકાશીત થઈ. ॥૧૯॥ શ્યામ વર્ણના–પીળાં સોનેરી વસ્ત્ર પેહેરેલા–સુર્ય જેવા મુકુટથી શોભતા–ભમરાઓ જેવા ગુચ્છાવાળા વાળની સાથે શોભતાં કુંડળો પેહેરેલા–શંખ, ચક્ર, ગદા, કમળ, ધનુષ્ય, તરવાર, અને ઢાલ ધારણ કરેલા–દાસ આદીનું રક્ષણ કરવાની ઇચ્છાથી વ્યગ્ર જણાતા–કર્ણેરના પુષ્પ જેવા સોનેરી હાથવાળા–વક્ષસ્થળમાં લક્ષ્મી અને વનમાળાને ધરેલા–ઉદાર હસવા અને જોવા વડે જગતને રમાડતા–ચંદ્રમા જેવા ધોળા છત્રથી ઉપર, અને રાજહંસ જેવાં ચામર તથા પંખાઓથી પડખાંને વીશે શોભતા–એવા ભગવાન પ્રકટ થયા. ॥૨૦–૨૧॥ત્યારે ભગવાનને પધારેલા જોઈ બ્રહ્મા–સદાશીવ–અને ઈંદ્ર આદી સર્વ દેવતાઓ એકદમ ઉભા થયા અને તેમને પગે લાગ્યા.॥૨૨॥ અને તેમના તેજથી ઝાંખા પડેલા તથા સંભ્રમ પામેલા તેઓએ કાંઈ બોલી ન

શકવાથી અધોક્ષજ ભગવાનની સામે હાથ જોડીને અને માથાં નમાવીને ઉભા રહી પ્રણામ કર્યા.॥૨૩॥ એટલે અનુગ્રહ કરવાને માટે સ્વરૂપ ધારી થયેલા એ ભગવાનના મહીમાને, બ્રહ્મા આદીની વૃત્તીઓ પહોંચી ન શકવા છતાં પણ, તેઓ પોત પોતાની શક્તી પ્રમાણે સ્તુતી કરવા લાગ્યા ॥૨૪॥ પ્રથમ, પુજા આદી સામાનનું ઉત્તમ પાત્ર લઈને દક્ષ પ્રજાપતીએ આનંદ વડે આગળ આવીને, એ સુનંદ અને નંદ આદી અનુચરોથી વીંટાયેલા-જગતને સરજનારા બ્રહ્મા આદીના પણ પરમગુરૂ-અને યજ્ઞના ઇશ્વરની, સાવધાનપણે હાથ જોડીને સ્તુતી કરી કે. ॥૨૫॥-દક્ષ-આપ, કેવળ શુદ્ધ અને સ્વતંત્ર-માયાનો પરાભવ કરેલા-બુદ્ધીની (સઘળી) અવસ્થાઓ વીનાના-ચીદાભાસ રૂપ-એક રૂપ અને મોક્ષ સ્વરૂપ ભગવાન, પોતાના અતી શુદ્ધ ધામ (પદ) ને વીશે રહેલા છો. છતાં પણ માયાનો આશ્રય કરવા વડે પુરૂષ (આત્મ) સ્વરૂપથી માયાને વીશે રહેલા જણાઓ છો, ॥૨૬॥-ઋત્વિજ-હે ઉપાધી રહીત: ભગવાન રૂદ્ર (નંદી) ના શ્રાપવડે, કર્મોને વીશે આસક્ત થયેલી બુદ્ધીથી અમો આપના તત્વને જાણતા નથી. પણ માત્ર ધર્મના ઉપલક્ષણ રૂપ, વેદે જણાવેલા અધ્વર કહેવાતા, દેવતાઓ આદીની વ્યવસ્થા વાળા આપના સ્વરૂપનેજ અમે જાણીયે છીએ.॥૨૭॥-સભાસદો-હે શરણ આપનારા ભગવાન, આ, ઘણા ક્લેશો રૂપી વીશમ જગાઓ વાળા-વીશ્રામની જગા વીનાના-દ્વંદ્વ રૂપ ખાડાઓવાળા-ખળ પુરૂષો રૂપી ઘાતકી પ્રાણીઓની ધાસ્તી વાળા-અને શોક રૂપી દાવાનળથી બળ્યા કરતા, એવા સંસારના માર્ગમાં પડેલો, વીષયો રૂપી ઝાંઝવાના જળની તૃષ્ણા વાળો-અને દેહ અને ઘરની કામનાઓનો ઘણો બોજો ઉપાડીને ચાલતો, આ અજ્ઞાનીઓનો સંઘ, આપના ચરણરૂપ મોક્ષને ક્યારે પામશે ॥૨૮॥ રૂદ્ર-હે વરદાનો દેનારા ભગવાન, વૈરાગ્યવાન મુનીઓ પણ, આપના જે ઉત્તમ ચરણને સર્વ અર્થની સીદ્ધીને માટે આદર સહીત પુજે છે. તેમાં ચીત્ત રાખનારા મને, અજ્ઞાનીઓ લોકાચારથી ભ્રષ્ટ થયાનું કહે છે. પણ આપના ઉત્તમ અનુગ્રહથીજ હું, તેમને ગણકારતો નથી. ॥૨૯॥-ભૃગુ-જેની ગહન માયાથી, આ-

श्रितवधूर्त्तनमाल्युदारहासावलोककलयारमयंश्चविश्वं ॥ पार्श्वभ्रमव्यजनचामरराजहंसःश्वेतातपत्रशशिनोपरिरज्यमानः॥२१॥ तमुपागतमालक्ष्यसर्वेसुरगणादयः॥प्रणेमुःसहसोत्थायब्रह्मेंद्रत्र्यक्षनायकाः ॥२२॥ तत्तेजसाहतरुचःसन्नजिव्हाःससाध्वसाःमूर्ध्नाधृतांजलिपुटा उपतस्थुरधोऽक्षजं॥२३॥ अप्यर्वाग्वृत्तयोयस्यमहित्वात्मभुवादयः॥ यथामतिगृणंतिस्मकृतानुग्रहविग्रहं॥२४॥ दक्षोगृहीतार्हणसादनोत्तमंयज्ञेश्वरंविश्वसृजांपरंगुरुं॥ सुनंदनंदाद्यनुगैर्वृतंमुदागृणन्प्रपेदेप्रयतःकृतांजलिः॥२५॥ दक्ष० शुद्धंस्वधाम्न्युपरताखिलबुद्ध्यवस्थंचिन्मात्रमेकमभयंप्रतिषिध्यमायां ॥ तिष्ठंस्तयैवपुरुषत्वमुपेत्यतस्यामास्तेभवानपरिशुद्धइवात्मतंत्रः॥२६॥ ऋत्विज०तत्त्वंनतेवयमनंजनरुद्रशापात्कर्मण्यवग्रहधियोभगवन्विदामः॥ धर्मोपलक्षणमिदंत्रिवृदध्वराख्यंज्ञातंयदर्थमधिदैवमदोव्यवस्थाः॥२७॥ सदस्या० उत्पत्त्यध्वन्यशरणउरुक्लेशदुर्गेंऽतकोग्रव्यालान्विष्टेविषयमृगतृष्णात्मगेहोरुभारः ॥ द्वंद्वश्वभ्रेखलमृगभयेशोकदावेऽज्ञसार्थः पादौकस्तेशरणदकदायातिकालोपसृष्टः॥२८॥ रुद्र०तववरदवरांघ्रावाशिषेहाखिलार्थेह्यपिमुनिभिरसक्तैरादरेणार्हणीये ॥ यदिरचितधियंमाविद्यलोकोपविद्धंजपतिनगणयेतत्त्वत्परानुग्रहेण ॥२९॥ भृगु० यन्मायया गहनयाऽपहृतात्मबोधाब्रह्मादयस्तनुभृतस्तमसिस्वपंतः॥ नात्मन्श्रितंतवविदंत्यधुनाऽपितत्त्वंसोयंप्रसीदतुभवान्प्रणतात्मबंधुः॥३०॥ ब्रह्मा० नैतत्स्वरूपंभवतोऽसौपदार्थभेदग्रहैःपुरुषोयावदीक्षेत॥ ज्ञानस्यचार्थस्यगुणस्यचाश्रयोमायामयाद्व्यतिरिक्तोयतस्त्वं॥३१॥ इंद्र०इदमप्यच्युतविश्वभावनंवपुरानंदकरंमनोदृशां ॥ सुरविद्विट्क्षपणैरुदायुधैर्भुजदंडैरुपपन्नमष्टभिः॥३२॥ पत्न्य०यज्ञोऽयंतवयजनायकेनसृष्टोविध्वस्तःपशुपतिनाद्यदक्षकोपात्॥तंनस्त्वंशवशयनाभशांतमेधंयज्ञात्मन्नलिनरुचादृशापुनीहि॥३३॥ ऋषय० अनन्वितंतेभगवन्विचेष्टितंयदात्मनाचरसिहिकर्मनाज्यसे॥ विभूतयेयतउपसेदुरीश्वरींनमन्यतेस्वयमनुवर्ततींभवान्॥३४॥ सिद्धा०अयंत्वत्कथामृष्टपीयूषनद्यांमनोवारणःक्लेशदावाग्निदग्धः॥ तृषार्त्तोऽवगाढोनसस्मारदावंननिष्क्रामतिब्रह्मसंपन्नवन्नः

લો જ્ઞાનનાશીને, બ્રહ્મા આદી સઘને સર્વ દેહ ધારીઓ, આ સંસાર રૂપી અંધકારને વીશે, ઉંઘતા (એટલે જ્ઞાન રહીત) પડેલા છે. અને પોતાના વીશેજ રહેલા આત્મ તત્વને હજુ સુધી જાણતા નથી. તે પ્રણામ કરનારાઓના આત્મા અને બંધુ આપ અમારા ઉપર પ્રસન્ન થજો, ॥૩૦॥ બ્રહ્મા-ઇંદ્રીયો, ઇંદ્રીયોના અર્થો, અને ઇંદ્રીયાદીકથી થતું જ્ઞાન, એ સર્વ પ્રકૃતીથી થયેલ હોવાથી, અને આપ તે સર્વ થકી અલગ્ય (જુદા અલક્ષ્ય) હોવાથી; ભેદ દર્ષ્ટીવાળા પુરૂષોના જોવામાં ઇંદ્રીયાદીક વડે જે કાંઇ શરીરો વીગેરે આવે છે. તે ખરેખરું આપનું સ્વરૂપ હોતું નથી. (યાદ રાખવું જોઇએ કે ઇંદ્રીયાદીકથી જે જોવામાં આવે છે તે શરીરો વીગેરે જડ, અને પ્રકૃતીજ છે. આત્મા ઇંદ્રીયાદીકથી જોવામાં આવતો નથી. અને બીજે ઠેકાણે પ્રાણી પદાર્થાદીક સર્વને ભગવાનનું સ્વરૂપ જાણીને તેમનો, દાન અને માનાદીક વડે સંપુર્ણ સત્કાર કરવાનું વીશેશ કરીને પ્રતીપાદન કરેલું છે. તેતો આત્માને ઉદ્દેશીનેજ છે. માટે અહીં આ શ્લોકમાં માત્ર શરીરોને ઉદ્દેશીને જે આ કહેલું છે, તે એકબીજાને બાધ કરતા થાય એમ નથીજ.)॥૩૧॥ હે અચ્યુત, જગતનું પાલન કરનાર-મન અને શરીરને આનંદ આપનાર-અને દેવતાઓનો દ્વેશ કરનારા દૈત્યોનો નાશ કરવાને માટે આઠ હાથમાં ઉગામેલાં હથીઆરોવાળું, આપનું આ સ્વરૂપજ જોવામાં આવે છે.॥૩૨॥-સ્ત્રીઓ-હે યજ્ઞ પુરૂષ, આપના પુજનને માટે દક્ષ પ્રજાપતીએ કરવા માંડેલા આ યજ્ઞનો, સદાશીવે દક્ષ ઉપરના ક્રોધવડે નાશ કરીનાંખવાથી તે, ઉત્સવ વીનાનો અને મસાણ સરખો થયેલો છે. તેને કમલીની જેવી પ્રકાશીત દ્રષ્ટીથી આપ પવીત્ર કરો. ॥૩૩॥-ઋષિઓ-સંપતી આદીને માટે બીજાઓ જેની ઉપાસના કરે છે તે, ઇશ્વરી (લક્ષ્મી) વળગતી આવવા છતાં આપ તેને આદર આપતા નથી. એવા અને કર્મોના લેપન રહીત લીલાઓ કરનારા આપ ભગવાનની ગતી ન કળી શકાય એવી છે. ॥૩૪॥-સિદ્ધો-ક્લેશો રૂપ દાવાનળથી બળતો-અને તૃષ્ણાઓ રૂપી દુ:ખોથી પીડાયલો, અમારાં મન રૂપી આ હાથી, આપની કથાઓ રૂપ ગોંસ અમૃતની નદીમાં પેસીને, બ્રહ્મ-

સંપતી (આત્મ તત્વનું જ્ઞાન) ને પામેલા થઈને તે (નદી)માંથી નીકળતો નથી. અને દાવાનળ રૂપી સંસારના ક્લેશને સંભારતો પણ નથી.॥૩૫॥—પ્રસૂતિ—હે લક્ષ્મીના નીવાસ રૂપ અને લક્ષ્મીપતી ઇશ્વર, આપ ભલે પધાર્યા. તમને નમીએ છીએ, તમે પ્રસન્ન થાઓ અને અમારૂં રક્ષણ કરો. હે અધીશ, માથા વીનાના પુરૂષના ધડની પેઠે, આપ વીના, બીજાં અંગો થકી આ યજ્ઞ શોભતો નહોતો. ॥૩૬॥—લોકપાલો—હે મહાત્મા, આપ પોતાનીજ માયા થકી પાંચ ભુતોની અંદર છઠ્ઠા દેખવામાં આવો છો. તે, દૃશ્ય માત્રને અને પોતાના સ્વરૂપને પણ જાણનારા આપને, અમે અમારી અસત ઇંદ્રીયાદીક થકી કેવી રીતે જાણી શકીએ. ॥૩૭॥ યોગેશ્વરો—હે સમર્થ, આપ વીશ્વાત્માથકી પોતાને જુદો નહીં દેખનારાના કરતાં વધારે પ્રીય, આપને કોઇજ નથી. માટે હે કૃપાળુ ઇશ્વર અનન્ય વૃત્તી વાળી ભક્તીથી આપને એ રીતે ભજનારા અમો ઉપર આપ અનુગ્રહ કરો. ॥૩૮॥ હે દૈવત રૂપ ભગવાન, પોતાની માયા વડે ભ્રમ પેદા કરવાના સ્વભાવવાળી તથા આ-પનાથીજ થયેલી અને આત્મ સ્વરૂપને વીશે ભેદ ઉત્પન્ન કરનારી (બુધી) માયા થકી જુદા પ્રકારના એવા આપ ભગવાનને અમે નંમસ્કાર કરીએ છીએ. ॥૩૯॥—બ્રહ્મા—સત્વ (પ્રાણી પદાર્થાદીક) માત્રના આશ્રય—ધર્માદીકના ઉત્પત્તીસ્થાન—નીર્ગુણ—અને જેના તત્વને હું તથા બીજાઓ પણ જાણતા નથી. એવા આપ ભગવાનને નમસ્કાર કરૂં છું. ॥૪૦॥ અગ્નિ—જેના તેજથી પ્રદીપ્ત થએલ હું સારા યજ્ઞોમાં ઘીથી ભીંજાવલું હવી દેવતાઓ આદીને પહોંચાડું છું. તે પાંચ પ્રકારના (અગ્ની હોત્ર—દર્શપુર્ણમાસ—ચાતુર્માસ્ય—પશુ—અને સોમ) અને પાંચ મંત્રો (એટ: શ્રાવય—અસ્તુ શ્રોષટ—યજ—યેયજામહે—અને વષટ) થકી પુજાતા યજ્ઞ ભગવાન ને પ્રણામ કરૂં છું ॥૪૧॥—દેવો—જે આત્મ પદને સીદ્ધ લોકો પોતાના હૃદયને વીશે શોધે છે. અને પુર્વે કલ્પને અંતે, પોતાની કરેલી વીકૃત સૃષ્ટીને પોતાના પેટમાં લેઇને, જળમાં શેશના ઉપર જે શયન કરે છે. તે, ભક્તોની રક્ષા કરનારા આદી પુરૂષજ અમારી આંખો આગળ પ્રકટ થયા છો. ॥૪૨॥—ગંધર્વો—હે મહાત્મા,

॥३५॥ यजमान्यु० स्वागतंतेप्रसीदेशतुभ्यंनमः श्रीनिवासश्रियाकांतयात्राहिनः॥ त्वामृतेऽधीशनांगैर्मखः शोभतेशीर्षहीनःकबंधोयथापुरु
ष॥३६॥ लोकपा०दृष्टःकैर्नो [illegible]भिरसद्ग्रैः स्त्वंप्रत्यग्द्रष्टादृश्यते [illegible]॥ मायाह्येषाभवदीयाहिभूमन्यस्त्वंषष्ठःपंचभिर्भासिभूतैः ३७
योगेश्वरा०प्रेयान्नतेऽन्योऽस्त्यमुतस्त्वयिप्रभोविश्वात्मनीक्षेन्नपृथग्यआत्मनः॥ अथापिभक्त्येशतयोपधावतामनन्यवृत्त्याऽनुगृह्णाणवत्स
ल॥३८॥ जगदुद्भवस्थितिलयेषुदैवतोबहुभिद्यमानगुणयात्ममायया॥रचितात्मभेदमतयेस्वसंस्थयाविनिवर्तितभ्रमगुणात्मनेनमः॥३९॥
ब्रह्मा०नमस्तेश्रितसत्त्वायधर्मादीनांचसूतये॥ निर्गुणायचयत्काष्ठांनाहंवेदापरेऽपिच॥४०॥ अग्नि०यत्तेजसाऽहंसुसमिद्धतेजाहव्यंवहेस्व
ध्वरआज्यसिक्तं॥तंयज्ञियंपंचविधंचपंचभिःस्विष्टंयजुर्भिःप्रणतोस्मियज्ञं॥४१॥ देवो० पुरकल्पापायेस्वकृतमुदरीकृत्यविकृतंत्वमेवाद्यस्त
स्मिन्[illegible]धिशयने॥पुमान्शेषेसिद्धैर्हृदिविमृशिताध्यात्मपदविःसएवाद्याक्ष्णोर्यःपथिचरसिभृत्यानवसिनः॥४२॥ गंधर्वा०अंशां
शास्तेदेवमरीच्यादयएतेब्रह्मेंद्राद्यादेवगणारुद्रपुरोगाः॥ क्रीडाभांडंविश्वमिदंयस्यचभूमंस्तस्मैनित्यंनाथनमस्तेकरवाम॥४३॥ विद्याधरा०
त्वन्माययाऽर्थमभिपद्य[illegible]ऽस्मिन्कृत्वाममाहमितिदुर्मतिरुत्पथैःस्वैः॥ क्षिप्तोप्यसद्विषयलालसआत्ममोहंयुष्मत्कथामृतनिषेवकउ[illegible]द
स्येत्॥४४॥ ब्राह्मणा०त्वं[illegible]हविस्त्वंहुताशःस्वयंत्वंहिमंत्रःसमिद्दर्भपात्राणिच॥ त्वंसदस्यर्त्विजोदंपतीदेवताअग्निहोत्रंस्वधासोमआज्यं
पशुः॥४५॥ त्वंपुरागांरसायामहासूकरोदंष्ट्रयापद्मिनींवारणेंद्रोयथा॥स्तूयमानोनदँल्लीलयायोगिभिर्व्युज्ज[illegible]र्थत्रयीगात्रयज्ञक्रतुः॥४६॥ स
प्रसीदत्वमस्माकमाकांक्षतांदर्शनंतेपरिभ्रष्टसत्कर्मणां॥ कीर्त्य[illegible]नाम्नियज्ञेशतेयज्ञविघ्नाःक्षयंयांतितस्मैनमः॥४७॥ मैत्रेय०इति
दक्षःकविर्यज्ञंभद्ररुद्राभिमर्शितं॥ कीर्त्यमानेहृषीकेशेसंनिन्येयज्ञभावने॥४८॥ भगवान्स्वेनभागेनसर्वात्मासर्वभागभुक्॥दक्षंबभाषआभा
ष्यप्रीयमाणइवानघ॥४९॥श्रीभग०अहंब्रह्माचशर्वश्चजगतःकारणंपरं॥ आत्मेश्वरउपद्रष्टास्वयंदृगविशेषणः॥५०॥ आत्ममायांसमावि

હે નાથ. બ્રહ્મા—રૂદ્ર અને ઇંદ્રઆદી દેવતાઓ અને મરીચી આદી રૂશીઓ જેના અંશના અંશ છે. અને આ જગત જેના રમકડા સરખું છે. તે ભગવાનને અમે નીરંતર નમસ્કાર કરીએ છીએ. ॥૪૩॥—વિદ્યાધરો—આ પુત્રાદીક થકી પોતાનો તીરસ્કાર થવા છતાં પણ, બુદ્ધીને મોહ કરનારા અસત વીશયોની લાલચથી અવળે માર્ગે ચાલનારો દુષ્ટ બુદ્ધીવાળો પુરૂશ, આપની માયા વડેજ, આ દેહાદીકને વીશે હું અને મારૂં કરવા રૂપ અર્થબુદ્ધીને (એટલે તેમને સાચાં માનવાની બુદ્ધીને,) પામે છે. તે જ્યારે આપની કથાઓ રૂપી અમૃતનું સેવન કરશે. ત્યારેજ તેનો એ મોહ મટશે. ॥૪૪॥—બ્રાહ્મણો—ક્રતુ રૂપે—હવી રૂપે—અગ્ની રૂપે—મંત્ર રૂપે—સમીધ રૂપે—દર્ભ રૂપે—પાત્રો રૂપે—સભાસદો રૂપે—રૂત્વીજો રૂપે—યજમાન અને તેની સ્ત્રી રૂપે—દેવતાઓ રૂપે—અગ્નીહોત્ર રૂપે—સ્વધા રૂપે—સોમરસ રૂપે—ઘી રૂપે—અને પશુ રૂપે—એમ સર્વ રૂપે તમે અને તમે પોતેજ છો. ॥૪૫॥ ત્રણ વેદ રૂપ શરીરવાળા—યજ્ઞ અને ક્રતુ રૂપ આપજ, જેમ મોટો હાથી કમળીનીને લેઇ આવે, તેમ મોટા વરાહનું રૂપ ધરીને, નાદ કરતા અને યોગીઓથી સ્તુતી કરાતા, પુર્વે રસાતળમાંથી પૃથ્વીને દાઢ ઉપર ધારણ કરીને લેઇ આવ્યાછો. ॥૪૬॥ હે યજ્ઞના ઇશ્વર, આપના નામનો માત્ર ઉચ્ચાર કરવાથીજ યજ્ઞનાં વીઘ્નો નાશ પામેછે. તે આપના દર્શનને ઇચ્છનારા અને સત્કર્મો થકી ભ્રષ્ટ થયેલા અમ લોકો ઉપર આપ પ્રસન્ન થજો. ॥૪૭॥ મૈત્રેય—હે વીદુર, યજ્ઞનું રક્ષણ કરનાર હૃષીકેશ ભગવાનની એ પ્રમાણે સ્તુતી કરતાં, દક્ષ પ્રજાપતીએ, સદાશીવે નાશ કરેલા યજ્ઞને ફરીથી ચાલતો કીધો. ॥૪૮॥ ત્યારે હે પાપરહીત વીદુર, સર્વાત્મા અને સર્વ ભોક્તા ભગવાન પોતાના ભાગથી પ્રસન્ન થઇને દક્ષને સંબોધન આપીને બોલ્યા કે ॥૪૯॥ શ્રીભગવાન—આત્મા—ઇશ્વર—ઉપદ્રષ્ટા—સ્વયં પ્રકાશ—અને ઉપાધી રહીત એવા—હું,—બ્રહ્મા, અને સદાશીવ ત્રણે જણા, જગતના પરમ કારણરૂપ છીએ.॥૫૦॥ હે દ્વીજ, હું પોતેજ પોતાની ગુણોવાળી માયાનો આશ્રય કરીને જગતને ઉપજાવવાની—પાળન કરવાની—અને નાશ કરવાની ક્રીયા કરવાને ધરૂં તેવી સંજ્ઞા (બ્રહ્મા—વીશ્નુ—ને રૂદ્રને) ધારણ કરૂં છું.॥૫૧॥ કેવળ—અદ્વીતીય—પરમાત્મા અને બ્રહ્મ

ભેગો દેવ, બ્રહ્મા-રુદ્ર-અને પ્રાણી માત્રરૂપે હોવા છતાં, અજ્ઞાનીઓ તેમાં ભેદદ્રષ્ટી વડે જુએછે. ॥૫૨॥ જેમ કોઇ પણ મનુષ્ય, હાથ અને માથું આદી પોતાનાં અંગોને વીશે પારકા પણાની બુદ્ધી કરતું નથી. તેમજ મારા ભક્તો આદી સત્પુરુષો, પ્રાણી પદાર્થાદીક સર્વને વીશે પારકાપણાની બુદ્ધી કરતા નથી. ॥૫૩॥ હે બ્રાહ્મણ, સર્વ પ્રાણીઓના આત્મારૂપ અને એક સરખાજ અમો ત્રણે (બ્રહ્મા-વીષ્નુ-અને રુદ્ર)માં જે પુરુષ ભેદાભેદ જોતો નથી, તે શાંતી એટલે મારા પદને પામેછે. ॥૫૪॥ -મૈત્રેય-એ રીતે ભગવાને શીખામણ દીધેલા દક્ષે દેવતાઓનું અને દેવતાઓના સ્વામી હરી ભગવાનનું, તેમના પોત પોતાના યજ્ઞ ભાગો આપીને બંને પ્રકારેથી પુજન કર્યું. તથા સદાશીવ (રુદ્ર)નું પણ તેમને તેમનો (શેષ રહેલ) ભાગ આપીને સાવધાન ચીત્તથી પુજન કર્યું, ને તે પછી કર્મની સમાપ્તી ઋત્વીજો આદી સહીત અવભૃથ સ્નાન કરીને કરી. ॥૫૬॥ ત્યારે દક્ષને, પોતાના પ્રભાવવડેજ સીદ્ધીઓનો મળેલીજ, હોવાથી તેને ધર્મમાં મતી રહેવાનું વરદાન આપીને દેવતાઓ સ્વર્ગમાં ગયા. ॥૫૭॥ એ રીતે પુર્વે પોતાના શરીરને તજેલાં, એ દક્ષની પુત્રી સતીએ, પાછળથી હીમાલય પર્વતની સ્ત્રી મેનાને વીશે જન્મ લીધાનું સાંભળવામાં છે. ॥૫૮॥ અને સુપ્ત થયેલી શક્તી, પુરુષ ભગવાનનેજ પામવાની પેઠે, તે અંબીકા (પાર્વતી) અનન્ય ભાવવાળાઓના ગતીરૂપ એકજ, પોતાના પ્યારા પતી સદાશીવનેજ, ફરીથી પણ પામેલાં છે. ॥૫૯॥ દક્ષના યજ્ઞનો નાશ કરનાર, ભગવાન સદાશીવનું એ કામ મેં બૃહસ્પતીના શીષ્ય ઉદ્ધવજી પાસેથી સાંભળેલું છે. ॥૬૦॥ હે કૌરવ, પવીત્ર-ઉત્તમ-યશ આપનારૂં-આયુષ્ય વધારનારૂં-અને પાપના સમુહનો નાશ કરનારૂં-ભગવાન સદાશીવનું આ ચરીત્ર, જે માણસ ભક્તીભાવથી નીત્ય ગાય અથવા સાંભળે, તેનાં સર્વે પાપ મટી જાયછે. ॥૬૧॥ ઇતીશ્રી. ભા-ચો. સ્કં. સાતમો અધ્યાય સં. ॥૭॥

श्यसोऽहंगुणमयींद्विज॥ सृजन्रक्षन्हरन्विश्वंदध्रेसंज्ञांक्रियोचितां ॥५१॥ तस्मिन्ब्रह्मण्यद्वितीयेकेवलेपरमात्मनि॥ब्रह्मरुद्रौचभूतानिभेदेना
ज्ञोऽनुपश्यति॥५२॥ यथापुमान्नस्वांगेषुशिरःपाण्यादिषुक्वचित् ॥ पारक्यबुद्धिंकुरुतेएवंभूतेषुमत्परः ॥५३॥ त्रयाणामेकभावानांयोनपश्य
तिवैभिदां॥सर्वभूतात्मनांब्रह्मन्सशांतिमधिगच्छति॥५४॥मैत्रेय०एवंभगवतादिष्टःप्रजापतिपतिर्हरिं॥ अर्चित्वाक्रतुनास्वेनदेवानुभयतोऽय
जत् ५५ रुद्रंचस्वेनभागेनह्युपाधावत्समाहितः॥कर्मणोदवसानेनसोमपानितरानपि॥ उदवस्यसहर्त्विग्भिःसस्नाववभृथंततः॥५६॥तस्मा
अप्यनुभावेनस्वेनैवावाप्तराधसे ॥ धर्मएवमतिंदत्वात्रिदशास्तेदिवंययुः॥५७॥ एवंदाक्षायणीहित्वासतीपूर्वकलेवरं॥जज्ञेहिमवतःक्षेत्रेमेना
यामितिशुश्रुम॥५८॥तमेवदयितंभूयआवृंक्तेपतिमंबिका अनन्यभावैकगतिःशक्तिःसुप्तेवपूरुषं॥५९॥एतद्भगवतःशंभोःकर्मदक्षाध्वरद्रुहः
श्रुतंभागवताच्छिष्यादुद्धवान्मेबृहस्पतेः ॥६०॥ इदंपवित्रंपरमीशचेष्टितंयशस्यमायुष्यमघौघमर्षणं ॥ योनित्यदाकर्ण्यनरोऽनुकीर्तयेद्धुनो
त्यघंकौरवभक्तिभावतः ॥६१॥ इ०भा०म०च०दक्षयज्ञसंधानोनामसप्तमोऽध्यायः ॥७॥ मैत्रेय०सनकाद्यानारदश्चऋभुर्हंसोऽरुणिर्यतिः
॥ नैतेगृहान्ब्रह्मसुताह्यावसन्नूर्ध्वरेतसः॥१॥ मृषाधर्मस्यभार्यासीद्दंभंमायांचशत्रुहन्॥ असूतमिथुनंतत्तुनिर्ऋतिर्जगृहेऽप्रजः॥२॥ तयोःस
मभवल्लोभोनिकृतिश्चमहामते॥ताभ्यांक्रोधश्चहिंसाचयद्दुरुक्तिःस्वसाकलिः॥३॥ दुरुक्तौकलिराधत्तभयंमृत्युंचसत्तम ॥ तयोश्चमिथुनंजज्ञे
यातनानिरयस्तथा॥४॥ संग्रहेणमयाख्यातःप्रतिसर्गस्तवानघ॥त्रिःश्रुत्वैतत्पुमान्पुण्यंविधुनोत्यात्मनोमलं॥५॥अथातःकीर्तयेवंशंपुण्यकी
र्तेःकुरूद्वह ॥ स्वायंभुवस्यापिमनोर्हरेरंशांशजन्मनः॥६॥ प्रियव्रतोत्तानपादौशतरूपापतेःसुतौ॥ वासुदेवस्यकलयारक्षायांजगतःस्थितौ ७
जायेउत्तानपादस्यसुनीतिःसुरुचिस्तयोः ॥ सुरुचिःप्रेयसीपत्युर्नेतरायत्सुतोध्रुवः॥८॥ एकदासुरुचेःपुत्रमंकमारोप्यलालयन्॥उत्तमंनारु
रुक्षंतंध्रुवंराजाऽभ्यनंदत॥९॥ तथाचिकीर्षमाणंतंसपत्न्यास्तनयंध्रुवं॥ सुरुचिःशृण्वतोराज्ञःसेर्ष्यमाहातिगर्विता॥१०॥नवत्सनृपतेर्धिष्ण्यं
भवानारोढुमर्हति॥ नगृहीतोमयायस्त्वंकुक्षावपिनृपात्मजः ॥११॥ बालोऽसिबतनात्मानमन्यस्त्रीगर्भसंभृतं॥ नूनंवेदभवान्यस्यदुर्लभेऽर्थेम

અધ્યાય ૮ શ્રી-મૈત્રેય--સનકાદીક, નારદ, ઋભુ, હંસ, અને અરૂણી, એટલા બ્રહ્માના પુત્રો ગૃહસ્થાશ્રમ નહીં કરતાં નૈષ્ઠીક બ્રહ્મચારીજ રહ્યા. ॥૧॥ હે શત્રુને મારનાર વીદુર, અધર્મની સ્ત્રી મૃષાને (જુઠ્ઠીને) દંભ અને માયા (કપટ) બેનું જોડલું આવ્યું. અને સંતાન વીનાના નીરૃતીએ તેમને રાખ્યાં. ॥૨॥ હે મહામતી એ બેઉના થકી લોભ અને શઠતા ઉત્પન્ન થયાં. અને તે બે થકી ક્રોધ અને હીંસા ઉત્પન્ન થયાં. અને તેમનાથકી કલી (કજીઓ) અને તેની બેન તથા સ્ત્રી દુરૂક્તી ઉત્પન્ન થયાં. ॥૩॥ હે સત્તમ, કલીએ દુરૂક્તીમાં ભય અને મૃત્યુને ઉત્પન્ન કર્યાં. અને તે બંનેથકી યાતના (તીવ્રવેદના) અને નરક એ થયાં. ॥૪॥ હે પાપ રહીત વીદુર, આ અધર્મનો વંશ મેં તમને સંક્ષેપથી કહ્યો, તેને ત્રણવાર સાંભળવાના પુન્યથી પુરુષ પોતાનાં પાપથકી શુદ્ધ થાય છે. ॥ ૫ ॥ હે કુરૂદ્વહ, હવે હરી ભગવાનના અંશના અંશથકી જન્મેલા પવીત્ર કીર્તીવાળા સ્વાયંભુ મનુનો વંશ કહુંછું. ॥૬॥ પછી મનુના પુત્રો ભગવાન વાસુદેવની કળારૂપ પ્રીયવ્રત અને ઉત્તાનપાદ એમણે જગતનું રક્ષણ કર્યું. (અર્થાત આદીપતી થયા.) ॥ ૭ ॥ ઉત્તાનપાદ રાજાની બે સ્ત્રીઓ સુરૂચી અને સુનીતી હતી. તેમાં સુરૂચી પતીને પ્યારી હતી. તથા જેના પુત્ર ધ્રુવ હતા તે બીજી સુનીતી વહાલી નહતી. ॥૮॥ એક દીવસે સુરૂચીના પુત્ર ઉત્તમને પોતાના ખોળામાં બેસાડીને રાજા રમાડતા હતા, ત્યારે ધ્રુવ ખોળામાં બેસવાને જતાં રાજાએ તેમનો સ્વીકાર કર્યો નહીં. ॥૯॥ એ પ્રમાણે થયેલું જોઇ, પોતાની શોકના દીકરા ધ્રુવને, રાજાના સાંભળતાં સુરૂચીએ અતી ગર્વથી અને ઇર્ષ્યાથી કહ્યું કે. ॥૧૦॥ -સુરૂચી-હે બાળક, તું રાજાનો પુત્ર છે, પણ મારી કુખમાં ધારણ કરાયલો નથી. માટે રાજાના આસન ઉપર (ખોળામાં) બેસવાને યોગ્ય નથી. ॥૧૧॥ તું બાળક છે તેથી પોતાને બીજી સ્ત્રીના ગર્ભમાં ધારણ કરાય-

તાની તને ખબર નથી. અને તેથીજ દુર્લભ પદાર્થની ઇચ્છા કરેછે. ॥૧૨॥ જો તને રાજાના આસનની ઇચ્છા હોય તો, તપથકી પુરૂષ ભગવાનનું આરાધન કરીને, ભગવાનના અનુગ્રહથી મારા ગર્ભમાં આવ. (એટલે અવતાર લે.) ॥૧૩॥ —મૈત્રેય—માની શોકનાં દુષ્ટ વચનોથી વીંધાઇ ગયેલો અને લાકડીએ મારેલા સાપની પેઠે ક્રોધથી ફુંફાડા મારતો, તે ધ્રુવ, નહીં બોલી શકતાં, જોયા કરતા પીતાને પડતો મુકીને, રોતોરોતો પોતાની માની કને ગયો. ॥ ૧૪ ॥ ફુંફાડા મારતા અને હોઠ ફરકતા તે બાળકને સુનીતીએ ખોળામાં લેઇને, પછી ગામના માણસોથકી શોકના બોલેલા બોલ સાંભળ્યા, તેથી તેને બહુ દુખ થયું. ॥૧૫॥ ત્યારે દાવાનળથી બળતી વેલની માફક શોકરૂપી અગ્નીથી મોઢાની શોભા કરમાઇ ગયેલી, અને શોકના બોલને વારંવાર સંભારીને આંસુડાં નીગળતી એ સુનીતી ધીરજ મુકીને વીલાપ કરવા લાગી. ॥૧૬॥ અને કષ્ટના પા-

રને નહીં દેખીને તેણે લાંબા નીસાસા મુકતાં પોતાના બાળક પુત્ર ધ્રુવને કહ્યું કે "હે તાત, બીજાઓનું ખોટું મનમાં લાવીશ નહીં. બીજાને દુઃખ દેનારાં પોતેજ તે દુખોને ભોગવેછે. (અર્થાત આપણે બીજાને દુઃખ દીધું હશે માટે દુખી છીએ.) ॥૧૭॥ હું અભાગણીના પેટમાં તું ધારણ કરાયલાની વાત સુરૂચીએ સાચી કહીછે. તું મારા દુખથી ઉછર્યો છે. અને રાજા મને આતો શું, પણ દાસી તરીકે સ્વીકારવાને પણ લજવાછે. ॥૧૮॥ માટે હે તાત, જો તું ઉત્તમની પેઠે ઉંચા આસનને ઇચ્છતો હોઉ, તો ઓરમાન માએ કહેલી પણ સાચી વાતને માનીને, અને અદેખાઇ વીનાનો થઇને, અધોક્ષજ ભગવાનના ચરણ કમળનુંજ આરાધન કર. ॥૧૯॥ મન તથા પ્રાણ વાયુને વશ કરનારા યોગીઓ જેને વંદન કરેછે એવા, અને જગતનું પાલન કરવાને સત્વગુણી શરીરોને ધારણ કરનારા એ ભગવાનના ચરણકમળનું સેવન કરીનેજ, બ્રહ્મા પણ પરમેષ્ટીના ઉંચા

नोरयः॥१२॥ तपसाराध्यपुरुषंतस्यैवानुग्रहेणमे॥ गर्भेत्वंसाधयात्मानंयदीच्छसिनृपासनं॥१३॥मैत्रेय०मातुःसपत्न्याःसुदुरुक्तिविद्धःश्वसत्रुषादंडहतोयथाऽहिः॥ हित्वामिषंतंपितरंसन्नवाचंजगाममातुःप्ररुदन्सकाशं॥१४॥ तंनिःश्वसंतंस्फुरिताधरोष्ठंसुनीतिरुत्संगउदूह्यबालं॥ निशम्यतत्पौरमुखान्नितांतंसाविव्यथेयद्गदितंसपत्न्याः॥१५॥ सोत्सृज्यधैर्यंविललापशोकदावाग्निनादावलतेवबाला ॥ वाक्यंसपत्न्याःस्मरतीसरोजश्रियादृशाबाष्पकलामुवाह ॥१६॥ दीर्घंश्वसंतीवृजिनस्यपारमपश्यतीबालकमाहबाला॥ मामंगलंतातपरेषुमंस्थाभुंक्तेजनोयत्परदुःखदस्तत् ॥१७॥ सत्यंसुरुच्याऽभिहितंभवान्मेयद्दुर्भगायाउदरेगृहीतः॥ स्तन्येनवृद्धश्वविलज्जतेयांभार्येतिवावोढुमिडस्पतिर्माम् ॥१८॥ आतिष्ठतत्तातविमत्सरस्त्वमुक्तंसमात्राऽपियदव्यलीकंआराधयाधोक्षजपादपद्मंयदीच्छसेऽध्यासनमुत्तमोयथा॥१९॥यस्यांघ्रिपद्मंपरिचर्यविश्वविभावनायात्तगुणाभिपत्तेः॥ अजोऽध्यतिष्ठत्खलुपारमेष्ठ्यंपदंजितात्मश्वसनाभिवंद्यं॥२०॥ तथामनुर्वोभगवान्पितामहोयमेकमत्यापुरुदक्षिणैर्मखैः॥ इष्ट्वाऽभिपेदेदुरवापमन्यतोभौमंसुखंदिव्यमथापवर्ग्यं॥२१॥ तमेववत्साश्रयभृत्यवत्सलंमुमुक्षुभिर्मृग्यपदाब्जपद्धतिं॥ अनन्यभावेनिजधर्मभाविमेमनस्यवस्थाप्यभजस्वपूरुषं॥२२॥ नान्यंततःपद्मपलाशलोचनाद्दुःखच्छिदंतेमृगयामिकंचन॥ योमृग्यतेहस्तगृहीतपद्मयाश्रियेतरैरंगविमृग्यमाणया॥२३॥ मैत्रेय०एवंसंजल्पितंमातुराकर्ण्यार्थागमंवचः॥संनियम्यात्मनात्मानंनिश्चक्रामपितुःपुरात्॥२४॥ नारदस्तदुपाकर्ण्यज्ञात्वातस्यचिकीर्षितं॥स्पृष्ट्वामूर्धन्यघघ्नेनपाणिनाप्राहविस्मितः॥२५॥ अहोतेजःक्षत्रियाणांमानभंगममृष्यतां॥ बालोऽप्ययंहृदाधत्तेयत्समातुरसद्वचः॥२६॥ नारद०नाधुनाऽप्यवमानंतेसन्मानंवापिपुत्रक॥ लक्षयामःकुमारस्यसक्तस्यक्रीडनादिषु॥२७॥ विकल्पेविद्यमानेऽपिनह्यसंतोषहेतवः ॥ पुंसोमोहमृतेभिन्नायल्लोकेनिजकर्मभिः॥२८॥ परितुष्येत्ततस्तातताव‌न्मात्रेणपूरुषः॥ दैवोपसादितंयावद्वीक्ष्येश्वरगतिंबुधः ॥२९॥ अथमात्रोपदिष्टेनयोगेनावरुरुत्ससि॥ यत्प्रसादंसवैपुंसांदुराराध्योमतोमम॥३०॥मुनयःपदवींयस्यनिःसंगेनोरुजन्मभिः ॥नविदुर्मृगयंतोऽपितीव्रयोगसमाधिना॥३१॥ अतोनिवर्ततामेषनिर्बंधस्तवनिष्फलः॥ यतिष्यतिभवान्काले

પદને પામેલા છે, ॥૨૦॥ તેમજ તમારા દાદા ભગવાન મનુએ પણ એક નીષ્ટાથી ઘણી દક્ષીણાઓવાળા યજ્ઞો કરવા વડેજ, બીજા કશા ઉપાયથી ન મળે એવાં પૃથ્વીનાં અને સ્વર્ગનાં દીવ્ય સુખો મેળવેલાં છે. ॥૨૧॥ હે વત્સ, મોક્ષને ઇચ્છનારાઓ જેના ચરણ કમળને શોધેછે. તે ભક્ત વત્સલ ભગવાનના માર્ગનોજ તું આશ્રય લે. અને અનન્ય ભાવથી સ્વધર્મનું આચરણ કરી શુદ્ધ કરેલા મનમાં તે પુરૂષ ભગવાનને સ્થાપન કરીને તેમનુંજ ભજન કરય. ॥૨૨॥ હે અંગ, જેને બીજાઓ શોધેછે, એવાં લક્ષ્મીજી પણ હાથમાં કમળ લેઇને જેને શોધે છે. તે ઉઘડેલાં કમળ સરખી આંખ્યોવાળા ભગવાન વીના, બીજા કોઇને તારૂં દુઃખ મટાડનારો હું જોતી નથી.॥૨૩॥—મૈત્રેય—માયે કહેલું એ રીતનું અર્થની પ્રાપ્તીવાળું વચન સાંભળીને બુદ્ધી વડે મનને વશ કરી, તે ધ્રુવ પોતાના પીતાના નગરમાંથી બહાર નીકળ્યો. ॥૨૪॥ નારદજી તે સર્વ સાંભળીને અને તેણે કરવા ધારેલાને જાણીને વીસ્મય પામ્યા, કે માન ભંગને નહીં ખમી શકનારા ક્ષત્રીઓનો પ્રભાવ

કેવો મોટો છે.? આ બાળક પણ સાવકીમાનાં દુષ્ટ વચનોને હૃદયમાં રાખે છે. પછી તેમણે સર્વ પાપોનો નાશ કરનારો પોતાનો હાથ તેના માથા ઉપર મુકીને તેને કહ્યું કે. ॥૨૫-૨૬॥—નારદ—હે પુત્ર, હમણાં કુમાર અવસ્થાવાળા અને રમતઆદીમાં લાગેલા, તારે વીશે સન્માનને તેમજ અપમાનને પણ અમે જોતા નથી. ॥૨૭॥ તોપણ જો માન અપમાન જણાતું હોય તો, તેથી પણ અસંતોશ થવાનું કારણ મનુષ્યોને મોહ (અજ્ઞાન) સીવાય બીજું નથીજ. કેમકે આ લોકમાં (સુખી થવું અને દુખી થવું આદી) જુદા જુદાપણું પોત પોતાનાં કર્મો થકીજ થયેલું છે. ॥૨૮॥ એટલા માટે હે તાત, બુદ્ધીમાન માણસે ઇશ્વરની ગતીને જાણીને, દૈવે પ્રાપ્ત કરવાથી જે કાંઇ મળે તેટલાથીજ સંતોશ રાખવો ઘટે છે. ॥૨૯॥ અને માયે ઉપદેશ કરેલા યોગના આર્ગવડે જેની કૃપા મેળવવાને તું ઇચ્છે છે. તે રીતે થવાનું મારા ધારવા પ્રમાણે તો દુરાસધ્ય એટલે નહીં બનવા જેવુંજ હુંતો માનુંછું.॥૩૦॥ કારણ, વૈરાગ્યવાળા મુનીઓ પણ ઘણા ઘણા જન્મો વડે તીવ્ર યોગ

કરવા વડે તેના પદને શોધવા છતાં, તેના એ પદને પામી શકતા નથી. ॥૩૧॥ માટે આ તારો નીશ્ચય નીષ્ફળ છે. એટલે તે થકી તું હવડાંજ નીવૃત્ત થા. અને જ્યારે (એ કરવા જેવો) કાળ પ્રાપ્ત થાય. ત્યારે તું શ્રેય થાય એવો યત્ન કરજે. ॥૩૨॥ જે કોઇ દૈવે આપેલા સુખ દુઃખથી પોતાના મનમાં સંતોષ રાખે છે. તે આ અંધકાર રૂપ સંસારના પારને પામી જાય છે. ॥૩૩॥ પોતાના થકી અધીક ગુણોવાળાને જોઇને આનંદ પામનાર–ઓછા ગુણોવાળાને જોઇને દયા લાવનાર–અને બરાબરીનાને જોઇને મીત્રતાને ઇચ્છનારો પુરૂષ અધ્યાત્માદીક તાપો થકી પરાભવ પામતો નથી. ॥૩૪॥–**ધ્રુવ**—અમારા સરખા, સુખ દુખથી નાશ પામેલી બુદ્ધીવાળા પુરૂષોને ન મળે એવો આ શાંતીનો માર્ગ આપ ભગવાને કૃપા કરીને મને દેખાડયો છે. ॥૩૫॥ તોપણ ઘોર ક્ષત્રી ધર્મમાં રહેલા–વીનયવાન–અને સુરૂચીના દુષ્ટ વચનો રૂપી બાણોથી ભેદાઇ ગયેલા–એવા મારા હૃદયમાં તે પેસતો નથી. ॥૩૬॥ માટે હે બ્રાહ્મણ, અમારા પીતા આદીક તથા બીજાઓ પણ પામેલ નથી. એવા ત્રણે ભુવનમાં ઉત્કૃષ્ટ આસન (પદ) ની ઇચ્છા કરનારા મને, તે મેળવવાનો સેહેલો માર્ગ આપ બતાવો. ॥૩૭॥ કેમકે ભગવાન બ્રહ્માના અંગ થકી ઉત્પન્ન થયેલા તમે નક્કી, જગતના હીતને અર્થેજ વીણાને વગાડતા વગાડતા; સૂર્યની માફક ફરોછો. ॥૩૮॥—**મૈત્રેય**—એ પ્રકારનું તેનું સઘળું બોલવું સાંભળવાથી નારદજીને દયા આવવાથી, તેમણે તેને પ્રીતી સહીત સદ્વાકયનો ઉપદેશ કર્યો કે. ॥૩૯॥—**નારદ**—(તારી) માએ કહેલો માર્ગજ ખરેખર કલ્યાણ આપનારો છે. માટે ભગવાન વાસુદેવનુંજ તું એકાગ્ર ચીત કરીને ભજન કરય. ॥૪૦॥ ધર્મ–અર્થ–કામ–અને મોક્ષ એ નામોથી બોલાતા પોતાના કલ્યાણની ઇચ્છા પુર્ણ થવામાં, એક હરી ભગવાનના ચરણનું સેવન કરવું, એટલો માત્રજ ઉપાય છે. ॥૪૧॥ માટે હે તાત, જ્યાં હરી

श्रेयसांसमुपस्थिते॥३२॥ यस्ययदैवविहितंसतेनसुखदुःखयोः ॥ आत्मानंतोषयन्देहीतमसःपारमृच्छति॥३३॥ गुणाधिकान्मुदंलिप्सेदनुक्रोशंगुणाधमात्॥ मैत्रींसमानादन्विच्छेन्नतापैरभिभूयते ॥३४॥ ध्रुव०सोऽयंशमोभगवतासुखदुःखहतात्मनां ॥ दर्शितःकृपयापुंसांदुर्दर्शोऽस्मद्विधैस्तुयः॥३५॥ अथापिमेविनीतस्यक्षात्रंघोरमुपेयुषः॥सुरुच्यादुर्वचोबाणैर्नभिन्नेश्रयतेहृदि ॥३६॥ पदंत्रिभुवनोत्कृष्टंजिगीषोःसाधुवर्त्ममे॥ ब्रूह्यस्मत्पितृभिर्ब्रह्मन्नन्यैरप्यनधिष्ठितं॥३७॥नूनंभवान्भगवतोयोंऽगजःपरमेष्ठिनः॥वितुदन्नटतेवीणांहितार्थंजगतोऽर्कवत् ३८ मैत्रेय०इत्युदाहृतमाकर्ण्यभगवान्नारदस्तथा ॥ प्रीतःप्रत्याहतंबालंसद्वाक्यमनुकंपया॥३९॥नारद०जनन्याभिहितःपंथाःसवैनिःश्रेयसस्यते॥भगवान्वासुदेवस्तंभजतत्प्रवणात्मना॥४०॥धर्मार्थकाममोक्षाख्यंयइच्छेच्छ्रेयआत्मनः॥ एकमेवहरेस्तत्रकारणंपादसेवनं॥४१॥ ततातगच्छभद्रंतेयमुनायास्तटंशुचि॥पुण्यंमधुवनंयत्रसान्निध्यंनित्यदाहरेः॥४२॥ स्नात्वाऽनुसवनंतस्मिन्कालिंद्याःसलिलेशिवे॥ कृत्वोचितानिनिवसन्नात्मनःकल्पितासनः॥४३॥ प्राणायामेनत्रिवृताप्राणेंद्रियमनोमलं॥ शनैर्व्युदस्याभिध्यायेन्मनसागुरुणागुरुं॥४४॥ प्रसादाभिमुखंशश्वत्प्रसन्नवदनेक्षणं॥ सुनासंसुभ्रुवंचारुकपोलंसुरसुंदरं॥४५॥तरुणंरमणीयांगमरुणोष्ठेक्षणाधरं॥प्रणताश्रयणंनृम्णंशरण्यंकरुणार्णवं॥४६॥ श्रीवत्सांकंघनश्यामंपुरुषंवनमालिनं॥ शंखचक्रगदापद्मैरभिव्यक्तचतुर्भुजं॥४७॥ किरीटिनंकुंडलिनंकेयूरवनमालिनं॥ कौस्तुभाभरणग्रीवंपीतकौशेयवाससं ॥४८॥ कांचीकलापपर्यस्तंलसत्कांचननूपुरं॥ दर्शनीयतमंशांतंमनोनयनवर्धनं ॥४९॥ पद्भ्यांनखमणिश्रेण्यांविलसद्भ्यांसमर्चतां ॥ हृत्पद्मकर्णिकाधिष्ण्यमाक्रम्यात्मन्यवस्थितं॥५०॥ स्मयमानमभिध्यायेत्सानुरागावलोकनं॥ नियतेनैकभूतेनमनसावरदर्षभं॥५१॥ एवंभगवतोरूपंसुभद्रंध्यायतोमनः ॥ निर्वृत्यापरयातूर्णंसंपन्नंननिवर्तते ॥५२॥ जप्यश्चपरमोगुह्यःश्रूयतांमेनृपात्मज॥ यंसप्तरात्रंप्रपठन्पुमान्पश्यतिखेचरान्॥५३॥ओंनमोभगवतेवासुदेवायमंत्रेणानेनदेवस्यकुर्याद्द्रव्यमयींबुधः॥सपर्यांविविधैर्द्रव्यैर्देशकालविभागवित् ॥५४॥ सलिलैःशुचिभिर्माल्यैर्वन्यैर्मूलफलादिभिः॥ शस्तांकुरांशुकैश्चार्चेत्तुलस्याप्रिययाप्रभुं॥५५॥ लब्ध्वाद्रव्यमयीमर्चां

ભગવાન સર્વ કાળ પાસેજ છે એવા યમુનાના કીનારા ઉપરના શુદ્ધ અને પવીત્ર મધુવનમાં તમે જાઓ. ॥૪૨॥ અને ત્યાં યમુનાના પવીત્ર જળમાં વખતે વખત નાહી, તથા આસન સ્થીર કરી ઉચીત કર્મો કરીને રહો. ॥૪૩॥ તથા ત્રણે પ્રકારના પ્રાણાયામથી પ્રાણ, ઇંદ્રીયો, અને મન એમના મેલરૂપ કામ, ક્રોધ, લોભ, ઇરસ્યા આદીને, ધીરે ધીરે તજીને; પ્રસન્ન મુખવાળા–સર્વ કાળ કૃપા કરવાને તત્પર નજરવાળા–સુંદર નાક, ભમરો, અને કપાળવાળા–દેવતાઓમાં શ્રેષ્ટ–જુવાન–સુંદર અંગોવાળા–રાતા હોઠ અને આંખોવાળા–નમસ્કાર કરનારાઓના આશ્રય રૂપ–સુખ કરનારા–શરણ રૂપ–દયાના સમુદ્ર–શ્રી વત્સના ચીન્હવાળા–મેઘના જેવા શ્યામ–વનમાળા પેહેરેલા–શંખ, ચક્ર, ગદા, અને કમળને ધરેલા ચાર હાથવાળા–મુકુટ અને કુંડળો પેહેરેલા–બાજુબંધ અને વનમાળા તથા કંઠમાં કૌસ્તુભમણીને ધારણ કરેલા–પીળાં રેશમી વસ્ત્ર પેહેરેલા–કટીમેખળા અને ઝાંઝરવાળા–જેવાને ઉત્તમ લાગતા–શાંત–અને મન તથા આંખોના આનંદને વધારનારા–અને નખ રૂપ મણીઓની હારોથી શોભતા ચરણારવીંદ વડે ભક્તોના હૃદય કમળની દાંડીના મધ્ય ભાગને દબાવીને ત્યાં રેહેનારા–હસતા–પ્રેમ સહીત જોતા–અને વરદાન દેનારાઓમાં મુખ્ય–એવાએ ગુરૂ થકી પણ ગુરૂ, પુરૂષ ભગવાનનું ધ્યાન મનની એકાગ્રતી કરીને કરો. ॥૪૪—૪૫–૪૬–૪૭–૪૮–૪૯–૫૦—૫૧॥ એટલે એ સુંદર સ્વરૂપના ધ્યાન વડે મનને વીશે પરમ નીવૃતી પેદા થશે. અને એ મન તેમાંથી ખસશેજ નહીં ॥૫૨॥ વળી હે રાજપુત્ર, જેનો સાત રાતો સુધી પાઠ કરવાથી માણસ દેવતાઓને જોઇ શકે છે. તે અતી છાનો જાપ, મારા થકી સાંભળો. ॥૫૩॥—**ॐ નમો ભગવતે વાસુદેવાય.**॥ આ મંત્રવડે, દેશકાળના વીભાગોને જાણનારા અને બુદ્ધીમાન થઇને, ભગવાનની દ્રવ્યમયી પુજા, પવીત્ર જળ–ફુલની માળાઓ–મુળ અને ફળો આદી વનના પદાર્થો–ધરો, અંકુર, અને ભગવાનને વહાલી તુળશી–એ આદીક મળી આવતી વસ્તુઓથી કરજે. ॥૫૪–૫૫॥ અને વનના પદાર્થોને પણ નીયમીતપણે ખાનારા તથા વાણીને નીયમમાં રાખનારા થવા વડે, શાંત અને મૌનવ્રત

પણ થઈને, તેમજ મનને વશ રાખીને, જે મળીઆવે તે દ્રવ્યોથી, મુરતી અથવા પૃથ્વી દીવા પાણી આદીને વીશે, ભગવાનનું અર્ચન કરજો, ॥૫૬॥ તથા ઉત્તમ શ્લોક ભગવાને સ્વઇચ્છાથી પોતાની અચીંત્ય માયા વડે અવતારો ધરીને કરેલાં ચરીત્રોને હૃદયમાં રાખીને, તેનું ધ્યાન કરજો. ॥૫૭॥ અને પુર્વકાળથી થતી આવેલ સર્વ પ્રકારની એ મંત્ર મુર્તી ભગવાનની પુજાઓ, એ (ઉપર કહેલો) મંત્ર બોલીનેજ તમે કરજો. ॥૫૮॥ એ પ્રમાણે નીષ્કપટપણે ભજનારા પુરૂશોના ભાવને વધારનારા અને મનને વીશે રહેલા ભગવાન, તેમની શરીર-મન-અને વાણી વડે શેવા કરવાની સાથેની ભક્તી કરવા થકી, તેવી ભક્તી કરનારાઓને, ધર્મ-અર્થ-કામ-અને મોક્ષ રૂપ ઇચ્છીત કલ્યાણ, પરીપુર્ણપણે આપેછે. ॥૫૯-૬૦॥ માટે ઇંદ્રીયોને જેમાં પ્રીતી થાય છે એવા વીશયાદીકથી વીરક્ત થઈને, એવા ભક્તી યોગ વડે વારંવાર અને નીરંતર એ ભગવાનનુંજ ભજન, મુક્તીને અર્થે સંપુર્ણ ભાવ સહીત કરજો.॥૬૧॥—મૈત્રેય—એ પ્રમાણે ઉપદેશ પામેલા તે રાજકુમાર નારદજીને પરક્રમા અને પ્રણામ કરીને, હરી ભગવાનના ચરણથી શોભતા પવીત્ર મધુવનમાં ગયા. ॥૬૨॥ અને એ ધ્રુવ તપો વનમાં ગયા પછી નારદમુનીએ ઉત્તાન પાદરાજાના અંતઃપુરમાં પ્રવેશ કર્યો. ત્યારે રાજાએ તેમનું પુજન આદી કરીને સુખથી બેસાડેલા તે મુની બોલ્યા કે ॥૬૩॥—નારદ—હે રાજા, સુકાઈ ગયેલા મોઢાથી લાંબો લાંબો શો વીચાર કરોછો. શું અર્થ સહીત ધર્મ-॥ અથવા કામની કાંઈ હાની થઈ છે કે કેમ? ॥૬૪॥—રાજા—હે બ્રાહ્મણ, મેં સ્ત્રીજીત અને નીર્દઈ, મારા મહાત્મા અને જ્ઞાની પાંચવરસના પુત્રનો તેની માસહીત અનાદર કરીને, તેને વનમાં કાઢી મેલ્યો છે. ॥૬૫॥ હે બ્રાહ્મણ, એ અનાથ અને ભુખથી કરમાઈ ગયેલા મુખકમળ વાળા તથા થાકીને સુઈ ગયેલા બાળકને, વનમાં નહારો ખાઈ જશેમાં.॥૬૬॥ વળી મારા દુષ્ટપણાને સાંભળો કે, તે પ્રેમસહીન ખોળામાં બેસવાને આવતાં, અ-

क्षित्यंब्वादिषुचार्चयेत् ॥ आभृतात्मामुनिःशांतोयतवाङ्मितवन्यभुक्॥५६॥ स्वेच्छावतारचरितैरचिंत्यनिजमायया॥ करिष्यत्युत्तमश्लो
कस्तद्ध्यायेद्धृदयंगतं॥५७॥ परिचर्याभगवतोयावत्यःपूर्वसेविताः॥ तामंत्रहृदयेनैवप्रयुंज्यान्मंत्रमूर्तये ॥५८॥ एवंकायेनमनसावचसाच
मनोगतं ॥ परिचर्यमाणोभगवान्भक्तिमत्परिचर्यया॥५९॥ पुंसाममायिनांसम्यग्भजतांभाववर्धनः॥श्रेयोदिशत्यभिमतंयद्धर्मादिषुदेहिनां
॥६०॥ विरक्तश्चेंद्रियरतौभक्तियोगेनभूयसा ॥ तंनिरंतरभावेनभजेताद्धाविमुक्तये॥६१॥ इत्युक्तस्तं परिक्रम्यप्रणम्यचनृपार्भकः॥ ययौमधु
वनंपुण्यंहरेश्चरणचर्चितं ॥६२॥ तपोवनंगतेतस्मिन्प्रविष्टोंऽतःपुरंमुनिः॥ अर्हितार्हणकोराज्ञासुखासीनउवाचतं॥६३॥ नारद०राजन्किं
ध्यायसेदीर्घंमुखेनपरिशुष्यता ॥ किंवानरिष्यतेकामोधर्मोवाऽर्थेनसंयुतः॥६४॥ राजो०सुतोमेबालकोब्रह्मन्स्त्रैणेना[illegible]रुणात्मना॥निर्वासि
तः[illegible]चवषःसहमातामहान्कविः॥६५॥अप्यनाथंवनेब्रह्मन्मास्मादंत्यर्भकंवृकाः॥ श्रांतंशयानंक्षुधितंपरिम्लानमुखांबुजं॥६६॥ अहोमेबत
दौरात्म्यंस्त्रीजितस्योपधारय॥ यो[illegible]प्रेम्णारुरुक्षंतंनाभ्यनंदमसत्तमः॥६७॥ नारद०मामाशुचःस्वतनयंदेवगुप्तंविशांपते ॥ तत्प्रभावमवि
ज्ञायप्रावृंक्तेयद्यशोजगत् ॥६८॥ सुदुष्करंकर्मकृत्वालोकपालैरपिप्रभुः॥ एष्यत्यचिरतोराजन्यशोविपुलयंस्तव॥६९॥मैत्रेय०इतिदेवर्षिणा
प्रोक्तंविश्रुत्यजगतीपतिः ॥ राजलक्ष्मीमनादृत्यपुत्रमेवान्वचिंतयत्॥७०॥ तत्राभिषिक्तःप्रयतस्तामुपोष्यविभावरीं ॥ समाहितःपर्यचरदृ
ष्यादेशेनपूरुषं ॥७१॥ त्रिरात्रांतेत्रिरात्रांतेकपित्थबदराशनः॥ आ[illegible]त्र्यनुसारेणमासंनिन्येऽर्चयन्हरिं ॥७२॥ द्वितीयंचतथामासंषष्ठेषष्ठे
ऽर्भकोदिने॥तृणपर्णादिभिःशीर्णैःकृतान्नोऽभ्यर्चयद्विभुं ॥७३॥ तृतीयंचानयन्मासंनवमेनवमेऽहनि ॥ अब्भक्षउत्तमश्लोकमुपाधावत्समा
धिना॥७४॥ चतुर्थमपिवैमासंद्वादशेद्वादशेऽहनि ॥ वायुभक्षोजितश्वासोध्यायन्देवमधारयत् ॥७५॥ पंचमेमास्यनुप्राप्तेजितश्वासोनृपात्म
जः॥ ध्यायन्ब्रह्मपदैकेनतस्थौस्थाणुरिवाचलः॥७६॥ सर्वतोमनआकृष्यहृदिभूतेंद्रियाशयं॥ ध्यायनभगवतोरूपंनाद्राक्षीत्किंचनापरं ७७
आधारंमहदादीनांप्रधानपुरुषेश्वरं॥ ब्रह्मधारयमाणस्यत्रयोलोकाश्चकंपिरे ॥७८॥ यदैकपादेनसपार्थिवार्भकस्तस्थौतदंगुष्ठनिपीडिताम

તી દુષ્ટ અને સ્ત્રીજીત એવા મેં, તેને અભીનંદન આપ્યું નહીં. ॥૬૭॥—નારદ—હે રાજા, જેનો યશ જગતમાં વીસ્તરશે એવા, અને ભગવાને રક્ષણ કરેલા, એ પોતાના પુત્રનો પ્રભાવ નહીં જાણીને, તમે તેને માટે શોક કરશો નહીં. ॥૬૮॥ હે રાજા, સમર્થ લોકપાલોથી પણ ન થઈ શકે એવું મોટું કામ કરીને, તે તમારા યશનો વીસ્તાર કરતો થોડા કાળમાંજ પાછો આવશે.॥૬૯॥—મૈત્રેય—એ પ્રમાણે નારદજીનું કહેવું સાંભળીને તે રાજા પોતાની રાજ્ય લક્ષ્મીનો અનાદર કરીને, પછીથી એ પુત્રનુંજ ચીંતવન કરવા લાગ્યો.॥૭૦॥ અને આ તરફ ધ્રુવ મધુવનમાં જઈને નાહી, તે રાત્રીનો અપવાસ કરીને, અને મન તથા ઇંદ્રીયોનો નીગ્રહ કરીને સાવધાનપણે, નારદજીએ બતાવ્યા પ્રમાણે પુરૂશ ભગવાનનું પુજન આદી કરવા માંડ્યું. ॥૭૧॥ તથા પહેલા મહીનામાં, ત્રણ ત્રણ રાત વીતેથી, શરીરનું પોશણ થવા પુરતાં બોર તથા કોઠ ખાઈને, હરીભગવાનનું અર્ચન આદી કર્યું.॥૭૨॥બીજા મહીનામાં છઠે છઠે દીવસે તે બાળકે સુકાઈને ખરી પડેલાં ખડ અને પાંદડાંનેજ ખાઈને, સમર્થ ભગવાનનું પુજન કરયું ॥૭૩॥ ત્રીજે મહીને નવમે નવમે દીવસે માત્ર પાણી પીનેજ સમાધી કરીને, ઉત્તમ શ્લોક ભગવાનનું ધ્યાન કર્યું. ॥૭૪॥ ચોથે માસે બારમે બારમે દીવસે માત્ર વાયુનો અહાર કરી સ્વાસને જીતીને, ભગવાનની ધારણા કરી.॥૭૫॥અને પાંચમો તથા તેની પછીનો છઠો માસ આવ્યો ત્યારે તે રાજકુમારે શ્વાસને જીતીને, એક પગ ઉપર પર્વતની પેઠે સ્થીર ઉભો રહીને પરબ્રહ્મનું ધ્યાન કરવા લાગ્યો.॥૭૬॥ અને સર્વે પ્રાણી પદાર્થાદીક-ઇંદ્રીયો-તથા ઇંદ્રિયોના અર્થ એટલે વીશયાદીક થકી, મનનો સંકોચ કરી મનને હૃદયને વીશે રોકી, ભગવાનના સ્વરૂપનું ધ્યાન કરવા લાગવાથી, તેણે એક ભગવાન શીવાય બીજા કશા (દ્વૈત માત્ર)ને દીઠુંજ નહીં. ॥૭૭॥ તેથી મહતત્વ આદી પ્રકૃતીઓના આધાર અને ઇશ્વર, એવા પુરૂશ બ્રહ્મનું તેણે ધ્યાન કરવા વડે, ત્રણે લોક કંપી ઉઠ્યા. ॥૭૮॥ અને જ્યારે તે રાજ પુત્ર એક પગેજ ઉભો રહ્યો, ત્યારે તેના પગના અંગુઠાથી દબાયલી પૃથ્વીનું ડાબું અને જમણું પડખું (અર્ધું) વહાણમાં ચઢાવેલા હાથી થકી વહાણ પગલે પગલે નમવાની પેઠે, ક્ષણે

હણે નમવા લાગ્યું ॥૭૯॥ તથા તે ધ્રુવે અનન્ય બુદ્ધીથી ઇંદ્રિયાદીકનાં સર્વ દ્વાર અને શ્વાસબંધ કરીને વીશ્વાત્મા ભગવાનનું ધ્યાન કરવાથી, લોકપાલો સહીત સર્વ લોકનાં શ્વાસ રોકાઇ ગયા; એટલે પીડા પામેલા તેઓ સર્વે હરી ભગવાનને શરણે ગયા ॥૮૦॥—દેવો:—હે ભગવાન આ રીતે શ્વાસ બંધ થઇ જવાનું કારણ નહીં જાણ્યું વાથી, સ્થાવર જંગમ સર્વ જગતના સ્થાન તથા શરણ રૂપ આપને અમે શરણે આવેલા છીએ, માટે આ દુઃખપણી અમારા છુટકારાનો આપ ઉપાય કરો. ॥૮૧॥—શ્રી ભગવાન—તમે ડરશો નહીં, ઉત્તાનપાદનો દીકરો ધ્રુવ, મારા વીશ્વરૂપને વીશે એકતાને પામ્યો છે. તે બાળકને હું એ મોટા તપ થકી નમૃત કરૂં છું. માટે હવે તમે સર્વ પોત પોતાને સ્થાનકે જાઓ ॥૮૨॥ ઇતી શ્રી ભા૦ સ્ક૦ ચ૦ ધ્રુવનો આઠમો અધ્યાય સંપુર્ણ. ॥૮॥

અધ્યાય. ૯ મો.—મૈત્રેય—એ રીતે ભય ગયો ગયેલા દેવતાઓ ઉરૂક્રમ ભગવાનને નમસ્કાર કરીને ગયા પછી, ભગવાન પણ ગરૂડ ઉપર બેશીને ધ્રુવને જોવા માટે મધુવનમાં ગયા. ॥૧॥ એટલે યોગવડે દ્રઢ થયેલી તીવ્ર બુદ્ધી વડે તેના હૃદયમાં પ્રકાશતુ વીજળી સરખું પ્રકાશીત સ્વરૂપ. તેમાંથી અંતર ધ્યાન થઇ જતાંને, તે ઉભેલો હતો તેની પાસેજ બહાર આવીને ઉભું રહેલું દેખાયું. ॥૨॥ ત્યારે તેમના દર્શનથી સંભ્રમ પામેલો બાળક ધ્રુવ પીઇજવાની પેઠે નજરથી જોતો—ચુંબન કરવાની પેઠે મુખ કરતો અને બેટવાની પેઠે હાથ કરતો જાણેકને, પોતાના શરીરને લાકડીની પેઠે ધરતી ઉપર પાડીને ભગવાનને પગે લાગ્યો. ॥૩॥ અને તે સ્તુતી કરવાને ઇચ્છતા છતાં કરી શકતો નથી એમ, સર્વના તથા એના પણ હૃદયમાં રહેલા ભગવાને જાણી જઇને. હાથ જોડીને ઉભેલા તે બાળકના કપાળ ઉપર પોતાનો બ્રહ્મમય શંખ અડાડ્યો. ॥૪॥ એટલે દૈવી વાણીને પામેલો તે, આત્મ તત્વનો અને તે સીધ્ધાંતનો પણ નીર્ણય જાણીને, ઘણાં વખાણ થ-

र्हि॥ ननामतत्रार्धमिभेंद्रधिष्ठितातरीवसव्येतरतःपदेपदे॥७९॥तस्मिन्नभिध्यायतिविश्वमात्मनोद्वारंनिरुध्यासुमनन्ययाधिया ॥ लोकानिरुच्छ्वासनिपीडिताभृशंसलोकपालाःशरणंययुर्हरिं॥८०॥ देवा० नैवंविदामोभगवन्प्राणरोधंचराचरस्याखिलसत्त्वधाम्नः॥विधेहितन्नोवृजिनाद्विमोक्षंप्राप्तावयंत्वांशरणंशरण्यं ॥८१॥ श्रीभग०मामैष्टबालंतपसोदुरत्ययान्निवर्तयिष्येप्रतियातस्वधाम ॥ यतोहिवःप्राणनिरोधआसीदौत्तानपादिर्मयिसंगतात्मा॥८२॥ इ०भा०म०च०ध्रुवचरितेअष्टमोऽध्यायः॥८॥ मैत्रेय० तएवमुच्छिन्नभयाउरुक्रमेकृतावनामाःप्रययुस्त्रिविष्टपं॥ सहस्रशीर्षाऽपिततोगरुत्मतामधोर्वनंभृत्यदिदृक्षयागतः॥१॥ सवैधियायोगविपाकतीव्रयाहृत्पद्मकोशेस्फुरितंतडित्प्रभं॥ तिरोहितंसहसैवोपलक्ष्यबहिःस्थितंतदवस्थंददर्श ॥२॥ तद्दर्शनेनागतसाध्वसःक्षितावंदतांगंविनमय्यदंडवत्॥दृग्भ्यांप्रपश्यन्प्रपिबन्निवार्भकश्चुंबन्निवास्येनभुजैरिवाश्लिषन्॥३॥ सतंविवक्षंतमतद्विदंहरिर्ज्ञात्वाऽस्यसर्वस्यचहृद्यवस्थितः ॥ कृतांजलिंब्रह्ममयेनकंबुनापस्पर्शबालंकृपयाकपोले॥४॥सवैतदैवप्रतिपादितांगिरंदैवींपरिज्ञातपरात्मनिर्णयः॥ तंभक्तिभावोऽभ्यगृणादसत्वरंपरिश्रुतोरुश्रवसंध्रुवक्षितिः॥५॥ ध्रुव० योंऽतःप्रविश्यममवाचमिमांप्रसुप्तांसंजीवयत्यखिलशक्तिधरःस्वधाम्ना ॥ अन्यांश्चहस्तचरणश्रवणत्वगादीन्प्राणान्नमोभगवतेपुरुषायतुभ्यं ॥६॥ एकस्त्वमेवभगवन्निदमात्मशक्त्यामायाख्ययोरुगुणयामहदाद्यशेषं॥सृष्ट्वानुविश्यपुरुषस्तदसद्गुणेषुनानेवदारुषुविभावसुवद्विभासि॥७॥ त्वद्दत्तयावयुनयेदमचष्टविश्वंसुप्तप्रबुद्धइवनाथभवत्प्रपन्नः॥ तस्यापवर्ग्यशरणंतवपादमूलंविस्मर्यतेकृतविदाकथमार्तबंधो ॥८॥ नूनंविमुष्टमतयस्तवमाययातेयेत्वांभवाप्ययविमोक्षणमन्यहेतोः॥ अर्चंतिकल्पतरुंकुणपोपभोग्यमिच्छंतियत्स्पर्शजंनिरयेऽपिनृणां ९ यानिर्वृतिस्तनुभृतांतवपादपद्मध्यानाद्भवज्जनकथाश्रवणेनवास्यात् ॥ सात्रह्मणिस्वमहिमन्यपिनाथमाभूत्किंत्वंतकासिलुलितात्पततांविमानात् ॥१०॥ भक्तिंमुहुःप्रवहतांत्वयिमेप्रसंगोभूयादनंतमहतामलाशयानां॥ येनांजसोल्बणमुरुव्यसनंभवाब्धिंनेष्येभवद्गुणकथामृतपानमत्तः ॥११॥ तेनस्मरंत्यतितरांप्रियमीशमर्त्यंयेचान्वदःसुतसुहृद्गृहवित्तदाराः॥ येत्वब्जनाभभवदीयपदारविंदसौगंध्यलुब्धहृदयेषुकृ

વાને યોગ્ય અને પ્રખ્યાત કીર્તીવાળા ભગવાનની સ્તુતી, ધીમે ધીમે કરવા લાગ્યો કે. ॥૫॥—ધ્રુવ—સર્વ શક્તીઓને ધરનારા જે અંતર્યામી ભગવાને મારી બંધ પડેલી વાણીને, તથા બીજી હાથ—પગ કાન—અને ત્વચા વીગેરે ઇંદ્રીઓને સજીવન કરેલી છે; તે આપ પુરૂશ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥૬॥ હે ભગવાન, તમારી માયા નામથી ઓળખાતી ઘણા ગુણોવાળી શક્તીથકી, મહતત્વ આદીસર્વ જગતરૂપ અસત્ પદાર્થોને વીશેરહેલા, લાકડાંમાં રહેલા અગ્નીની પેઠે નાના પ્રકારના જણાનારા આપ એકજછો. ॥૭॥ હેનાથ, તમારે શરણે આવવાથી તમે આપેલા જ્ઞાન વડેજ, બ્રહ્માને પણ ઉંઘમાંથી જાગેલાની પેઠે આવીશ્વ જોવામાં આવ્યુંહતું. માટે હે દીન દયાળ, મુક્ત લોકોના શરણરૂપ આપના ચરણાર્વીંદને, કર્યા ઉપકારને જાણનારો પુરૂશ કેવી રીતે ભુલીજાય.! (અર્થાતનજ ભુલે) ॥૮॥ જન્મ મરણ થકી છોડાવનારા અને કલ્પવૃક્ષ જેવા આપ ભગવાનનું પુજનાદીક, જેઓ, માત્ર શરીરથી ભોગવવાનાજ અને નરકાદીકમાં પણ મળે છે એવા, વીશયાદીક સુખની ઇચ્છાથી કરે છે; તેમની બુદ્ધીને આપની માયાએજ ખચીત ચોરી લીધી છે. ॥૯॥ દેહધારીઓને જે શાંતી તમારા ચરણ કમળના ધ્યાનથી અથવા તમારા જનોમાં થતી કથાઓ સાંભળવા થકી થાયછે. તે. પોતાનાજ મહીમા વડે શોભતા પરબ્રહ્મના સ્વરૂપમાં પણ મળતી નથી, તો પછી કાળે ચળાયમાન કરવાથી પડી જનારા દેવતાઓ આદીના સ્થાનમાંતો મળેજ શાની.! ॥૧૦॥ હે અનંત; મહાત્મા, અને નીર્મળ અંતઃકરણવાળા તથા આપની વારંવાર ભક્તીકરનારા સાધુ પુરૂશોની સોબત મને ફરીફરીને થયાં કરજો. કે જેથી ઉતાવળેજ, તમારા ગુણોની કથારૂપ અમૃત પીને મત્ત થયેલો હું, ઘણા દુઃખોવાળા ભયંકર સંસાર સમુદ્રનો નાશ કરીશ. ॥૧૧॥ હે પ્રીય ઇશ્વર, તમારા ચરણકમળના સુંગંધમાં લલચાઇ ગયેલાં મનવાળા સાધુ પુરૂશોની સોબત કરનારાઓ તો, દેહ અને દેહની પાછળ લાગેલાં સ્ત્રી—પુત્ર—સંબંધીઓ—ઘર—અને ધન આદીકનું સ્મરણ પણ કરતા નથી. ॥૧૨॥ હે અજન્મા ભગવાન એતો નીર્વીવાદ છે કે, મહતત્વ આદી લેઇને અનેક પશુઓ—પક્ષીઓ—ઝાડ—પર્વત—પેટે ચાલનારા પ્રાણીઓ—દે-

વ-દૈત્ય અને મનુષ્યો આદી થકી બનતા આપના મોટામાં મોટા સ્વરૂપ (વૈરાટ રૂપ) નેજ હું જાણુછું. પણ તે થકી આગળ આપના પરમ સ્વરૂપને જાણુતો નથીજ. ॥૧૩॥ કલ્પને અંતે આખા જગતને પેટમાં લેઇને, શેશના મીત્ર અને પોતાને વીશે જોતા, જે પુરૂશ ભગવાન; એ શેશના ખોળામાં પોઢયા હતા. અને જેની નાભી રૂપ ધરામાંથી થયેલા સોના જેવા પ્રકાશીત લોકમય કમળની દોડીમાં બ્રહ્મા પ્રકટ થયેલા છે. તે ભગવાનને હું પ્રણામ કરૂંછું. ॥૧૪॥ જે પોતાની અખંડીત દ્રષ્ટી થકી બુદ્ધીની અવસ્થાઓને જાણુનારા દ્રષ્ટા છે. તેજ તમો યજ્ઞસ્વરૂપ-ત્રણ લોકના સ્વામી-આદી પુરૂશ-કુટસ્થ-આત્મસ્વરૂપ-જ્ઞાનરૂપ-પરમ શુદ્ધ-અને નીત્ય મુક્ત એવા તથા એ સીવાય બીજી રીતના પણ આપ ભગવાનજછો. ॥૧૫॥ જેના થકી વીદ્યા અને અવીદ્યા આદી એક બીજાથી વીરૂદ્ધ ગતીઓવાળી ઘણી શક્તીઓ પરંતત્રપણાથી અનુક્રમે ઉત્પન્ન થયા કરે છે.

તે, જગતને ઉત્પન્ન કરનારા-એકજ-અનંત-આનંદમાત્ર-અને નીર્વીકાર આદી બ્રહ્મને હું શરણુછું. ॥૧૬॥ હે પુરૂશાર્થ મુર્તી ભગવાન, તમારા ચરણ કમળની ઇચ્છાથી ભજન કરનારાઓને, તમારૂં ચરણ કમળ એજ ખરેખરો ઇચ્છીત પદાર્થ છે. તોપણ હે આર્ય (મહાત્મા), જેમ તુર્ત વીઆએલી ગાય પોતાના વાછરડાનું રક્ષણ કરે છે. તેમ દયાથી વીકળ થઇને આપ, અમો દીન લોકોનું રક્ષણ કરોછો. ॥૧૭॥-મૈત્રેય-એ પ્રમાણે બુદ્ધીમાન ધ્રુવ થકી સાચા સંકલ્પવડે સ્તુતી કરાયલા, અને દાસજનો ઉપર દયા કરનારા ભગવાન, ધ્રુવનો સત્કાર કરીને બોલ્યા કે ॥૧૮॥-શ્રી ભગવાન-હે સારાં વ્રતોને પાળનારા રાજકુમાર, તેં જે હૃદયમાં ધારેલું છે, તે મારા જાણુવામાં છે. અને તે બીજાઓને તો મળવાને દુર્લભ છતાં, તારૂં સારૂં કરવાને માટે હું તને તે આપુંછું. ॥૧૯॥ હે ભલા ધ્રુવ, બીજાઓએ નહીં પમાયલું-પ્રકાશીત-અને અચળ સ્થીતીવાળું સ્થાનક,

तत्प्रसंगाः ॥१२॥ तिर्यङ्नगद्विजसरीसृपदेवदैत्यमर्त्यादिभिःपरिचितंसदसद्विशेषं॥ रूपंस्थविष्ठमजतेमहदाद्यनेकंनातःपरंपरमवेद्मिनय
त्रवादः॥१३॥ कल्पांतएतदखिलंजठरेणगृह्णन्शेतेपुमान्स्वदृगनंतसखस्तदंके ॥ यन्नाभिसिंधुरुहकांचनलोकपद्मगर्भेद्युमान्भगवतेप्रण
तोऽस्मितस्मै॥१४॥ त्वंनित्यमुक्तपरिशुद्धविबुद्धआत्माकूटस्थआदिपुरुषोभगवांस्त्र्यधीशः ॥ यद्बुद्ध्यवस्थितिमखंडितयास्वदृष्ट्याद्रष्टास्थिताव
धिमखो तिरिक्तआस्से ॥१५॥ यस्मिन्विरुद्धगतयोह्यनिशंपतंतिविद्यादयोविविधशक्तयआनुपूर्व्यात्॥ तद्ब्रह्मविश्वभवमेकमनंतमाद्यमानं
दमात्रमविकारमं प्रपद्ये ॥१६॥ सत्याशिषोहिभगवंस्तवपादपद्ममाशीस्तथाऽनुभजतःपुरुषार्थमूर्तेः ॥ अप्येवमार्यभगवान्परिपातिदीना
न्वाश्रेववत्सकमनुग्रहकातरोऽस्मात् ॥१७॥ मैत्रेय०अथाभिष्टुतएवंवैसत्संकल्पेनधीमता॥भृत्यानुरक्तोभगवान्प्रतिनंद्येदमब्रवीत्॥१८॥
श्रीभग०वेदाहंतेव्यवसितंहृदिराजन्यबालक॥ तत्प्रयच्छामिभद्रंतेदुरापमपिसुव्रत॥१९॥ नान्यैरधिष्ठितंभद्रयद्भ्राजिष्णुध्रुवक्षिति ॥यत्रग्र
हर्क्षताराणांज्योतिषांचक्र ाहितं॥२०॥मेढ्यांगोचक्रवत्स्थास्नुपरस्तात्कल्पवासिनां॥ धर्मोग्निःकश्यपःशुक्रोमुनयोयेवनौकसः ॥ चरंतिद
क्षिणीकृत्यभ्रमंतोयत्सतारकाः ॥२१॥ प्रस्थितेतुवनंपित्रादत्वागांधर्मसंश्रयः॥ षट्त्रिंशद्वर्षसाहस्रंरक्षितामंडलंभुवः॥२२॥ त्वद्भ्रातर्युत्तमेनष्टे
मृगयायांतुतन्मनाः ॥ अन्वेषंतीवनंयातादावाग्निंसाप्रवेक्ष्यति॥२३॥ इष्ट्वामांयज्ञहृदयंयज्ञैःपुष्कलदक्षिणैः॥ भुक्त्वाचेहाशिषःसत्या अंतेमां
संस्मरिष्यसि॥२४॥ ततोगंतासिमत्स्थानंसर्वलोकनमस्कृतं ॥ उपरिष्टादृषिभ्यस्त्वंयतोनावर्ततेगतः ॥२५॥ मैत्रेय०इत्यर्चितःसभगवान
तिदिश्यात्मनःपदं॥बालस्यपश्यतोधामस्वमगाद्गरुडध्वजः॥२६॥ सोपिसंकल्पजंविष्णोःपादसेवोपसादितं॥ प्राप्यसंकल्पनिर्वाणंनातिप्री
तोऽभ्यगात्पुरं॥२७॥ विदुर० सुदुर्लभंयत्परमंपदंहरेर्मायाविनस्तच्चरणार्चनार्जितं॥ लब्ध्वाप्यसिद्धार्थमिवैकजन्मनाकथंस्वमात्मानममन्य
तार्थवित्॥२८॥ मैत्रेय०मातुःसपत्न्यावाग्बाणैर्हृदिविद्धस्तुतान्स्मरन्॥ नैच्छन्मुक्तिपतेर्मुक्तिंतस्मात्तापमुपेयिवान्॥२९॥ ध्रुव०समाधिनानै
कभवेनयत्पदंविदुःसनंदादयऊर्ध्वरेतसः॥ मासैरहंषड्भिरमुष्यपादयोश्छायामुपेत्यापगतःपृथङ्मतिः॥३०॥ अहोबतममानात्म्यंमंदभाग्य

કે જેને વીશે ગ્રહો-નક્ષત્રો-અને તારાઓનું ચક્ર, ખાલરામાંના બળદોની પેઠે બંધાઇ રહ્યું છે. અને ધર્મ-અગ્ની કશ્યપ-શુક્ર-અને સપ્તરૂશી મુનીઓ, તારાઓ રૂપ થઇને જેની પ્રદક્ષીણા કરે છે; તથા જે કલ્પને અંતે પણ નાસ પામતું નથી.તે (મારૂં ધ્રુવપદ) હું તને આપુછું॥૨૦-૨૧॥ વળી તારા પીતા તને રાજ્ય આપીને વનમાં ગયા પછી છત્રીશ હજાર વરસો સુધી તું પૃથ્વીનું પાલન કરીશ. ॥૨૨॥ અને તારા ભાઇ ઉત્તમનો મૃગયામાં નાશ થવાથી, તેનામાં મનવાળી તારી સાવકી મા સુરૂચી, તેને શોધવાને વનમાં જવાથી તે દાવાનળમાં બળી જશે. ॥૨૩॥ તથા તું ઘણી દક્ષીણાઓવાળા યજ્ઞો કરીને, હું યજ્ઞહૃદયનું પુજન કરવાવડે આ લોકમાં લેવાનો સાચો લાભ લીધા પછી, છેવટ સુધી મારૂંજ સ્મરણ કરીશ. ॥૨૪॥ અને અંતે સર્વ લોકોએ નમસ્કાર કરેલા તથા સપ્તરશીઓથી પણ ઉપર રહેલા મારા સ્થાનને પામીશ, કે જ્યાં થકી પાછું ફરવું પડતું નથી. ॥૨૫॥-મૈત્રેય-એ રીતે પુજન પામેલા ભગવાન તે બાળકને પોતાનું પદ આપીને, તે જોઇ રહેતાંજ

પોતાના ધામમાં પધારી ગયા. ॥૨૬॥ અને તે ધ્રુવ પણ, સંકલ્પ માત્રના નીર્વાણ રૂપ વીશ્નુ ભગવાનના ચરણુની શેવાવડે, તે ભગવાનને પામ્યા છતાં, માત્ર સંકલ્પ કરેલુંજ (ઉંચામાં ઉંચું સ્થાન) મેળવીને, બહુ પ્રસન્ન નહીં થતાં, પોતાના પીતાના નગર તરફ ગયો. ॥૨૭॥-વિદુર-સકામ પુરૂશોને અતી દુર્લભ એવું હરી ભગવાનનું પરમપદ, તેમના ચરણુનું પુજન આદી કરવાવડે, એક જન્મમાંજ મેળવ્યા છતાં, અર્થને જાણુનારા ધ્રુવે, પોતાનો મનોર્થ પરીપુર્ણ નહીં થયેલાનું કેમ માન્યું. ॥૨૮॥-મૈત્રેય-માની શોકનાં વચન રૂપી બાણોથી વીંધાઇ ગયેલા, અને તેનુંજ સ્મરણ કરતા ધ્રુવે, મુક્તીના અધીપતી ભગવાન પાસેથી, મુક્તીની ઇચ્છા ન કરી; માટે તેને આ રીતનો પરીતાપ થયો. ॥૨૯॥-ધ્રુવ-સનંદનાદીક નૈષ્ટીક બ્રહ્મચારીઓ પણ સમાધીવડે, એક જન્મથી જેના પદને પામી શકતા નથી. તે ભગવાનના ચરણુને છ માસમાંજ હું પામ્યા છતાં, ભેદ દ્રષ્ટી વડે, તેની છાયામાં હું રહી શકયો નહીં. ॥૩૦॥ અરે હું મંદભાગ્યવાળાના દુષ્ટપણાને તો જુઓ, કે જન્મ

મરણને કાપનાર ભગવાનના ચરણ મુળને પામ્યા છતાં, મેં અંતવાળી વસ્તુનીજ માચના કીધી.॥૩૧॥ અને નીચે સ્ટી જનારા અસહનતાવાળા દેવતાઓએ મારી બુદ્ધીને ભ્રષ્ટ કરી નાંખવાથી હું દુષ્ટે, નારદજીના હીતકારી વચનને પણ ગ્રહણ કર્યું નહીં. ॥૩૨॥ દ્વૈત માત્ર મીથ્યા હોવા છતાં, ભગવાનની માયાથી મોહ પામી, ઉંઘી ગયેલાની પેઠે ભેદ દ્રષ્ટીથી; ભાઈને ભાઈપણાથી રહીત જાણવા રૂપ, મનના રોગથી હું તાપને પામ્યોછું.॥૩૩॥ તપ વડે પ્રસન્ન સહેજમાં ન થાય એવા, અને જન્મ મરણને મટાડનારા વીશ્વાત્મા ભગવાનને પ્રસન્ન કરીને, ભાગ્ય રહીત એવા મેં સંસારનીજ માગણી કરી છે. તેથી મેં કરેલો સર્વે યત્ન, આયુષ્ય પુરૂં થઈ રહેલાની ચીકીત્સા કરવાની પેઠેજ વ્યર્થ ગયેલછે.॥૩૪॥ કોઈ નીર્ધન મનુષ્ય ચક્રવર્તી રાજા પાસે અનાજનાં ફોતરાંની માગણી કરે, તેવી રીતે ઓછા પુણ્યવાળા મેં, મોક્ષને આપનારા ભગવાન પાસેથી માત્ર, અભીમાનજ

માગેલું છે. ॥૩૫॥–મૈત્રેય–હે તાત, મુકુંદ ભગવાનના ચરણની રજને સેવનારા અને યદ્રચ્છાથી મળે તેટલાથીજ મનને સમૃદ્ધીવાન માનનારા તમજેવા પુરૂષો તો, ભગવાનના દાસપણા સીવાય બીજા કશાને પોતા સારૂં માગેજ નહીં. ॥૩૬॥ મરી જઈને જેમ પાછો આવે તેમ રાજાએ પુત્રને આવતો સાંભળીને “હું પાપીનું ભલું કયાંથી થાય.” એમ કહીને તે સાચું માન્યું નહીં. ॥૩૭॥ પણ પાછળથી નારદના વચન ઉપર શ્રદ્ધા લાવીને આનંદ પામેલા રાજાએ વધામણીઆને પ્રીતીથી ઘણી કીંમતનો હાર આપ્યો. ॥૩૮॥ અને પુત્રને જોવાને ઉત્સુક બનેલા રાજા, સોનાના સરસામાનવાળા, અને સારા ઘોડા જોડેલા રથમાં બેસી, બ્રાહ્મણો, કુળના વૃદ્ધ પુરૂષો અને બંધુઓ સહીત, શંખ–દુંદુભી–અને વેણુના શબ્દોથી વાજતે ગાજતે અને બ્રાહ્મણોનો વેદ ઘોષ થતે, તુરતજ ગામમાંથી બહાર નીકળ્યા ॥૩૯–૪૦॥ તથા તેની સુનીતી અને સુરૂચી બેઉ રાણીઓ પણ, સોનાનાં ઘરેણાં પેહેરીને, ઉત્તમ-

स्यपश्यत॥ भवच्छिदःपादमूलंगत्वायाचेयदंतवत्॥३१॥ मतिर्विदूषितादेवैःपतद्भिरसहिष्णुभिः॥ योनारदवचस्तथ्यंनाग्राहिषमसत्तमः॥३२॥ दैवींमायामुपाश्रित्यप्रसुप्तइवभिन्नदृक्॥ तप्येद्वितीयेऽप्यसतिभ्रातृभ्रातृव्यहृद्रुजा॥३३॥ मयैतत्प्रार्थितंव्यर्थंचिकित्सेवगतायुषि॥ प्रसाद्यजगदात्मानंतपसादुःप्रसादनं॥भवच्छिदमयाचेहंभवंभाग्यविवर्जितः॥३४॥ स्वाराज्यंयच्छतोमौढ्यान्मानोमेभिक्षितोबत॥ ईश्वरात्क्षीणपुण्येनफलीकारानिवाधनः॥३५॥ मैत्रेय० नवैमुकुंदस्यपदारविंदयोरजोजुषस्तातभवादृशाजनाः॥वांछंतितद्दास्यमृतेऽर्थमात्मनोयदृच्छयालब्धमनःसमृद्धयः॥३६॥ आकर्ण्यात्मजमायांतंसंपरेत्ययथागतं॥ राजानश्रद्दधेभद्रमभद्रस्यकुतोमम॥३७॥ श्रद्धायवाक्यंदेवर्षेर्हर्षवेगेनधर्षितः॥ वार्ताहर्तुरतिप्रीतोहारंप्रादान्महाधनं॥३८॥ सदश्वंरथमारुह्यकार्तस्वरपरिष्कृतं॥ब्राह्मणैःकुलवृद्धैश्चपर्यस्तोऽमात्यबंधुभिः॥३९॥ शंखदुंदुभिनादेनब्रह्मघोषेणवेणुभिः॥ निश्चक्रामपुरात्तूर्णमात्मजाभीक्षणोत्सुकः॥४०॥ सुनीतिःसुरुचिश्चास्यमहिष्यौरुक्मभूषिते॥ आरुह्यशिबिकांसार्धमुत्तमेनाभिजग्मतुः॥४१॥ तंदृष्ट्वोपवनाभ्याशआयांतंतरसारथात्॥अवरुह्यनृपस्तूर्णमासाद्यप्रेमविह्वलः॥४२ परिरेभेंऽगजंदोर्भ्यांदीर्घोत्कंठमनाःश्वसन्॥ विष्वक्सेनांघ्रिसंस्पर्शहताशेषाघबंधनं॥४३॥ अथाजिघ्रन्मुहुर्मूर्ध्निशीतैर्नयनवारिभिः॥ स्नापयामासतनयंजातोद्दाममनोरथः॥४४॥ अभिवंद्यपितुःपादावाशीर्भिश्चाभिमंत्रितः॥ ननाममातरंशीर्ष्णासत्कृतःसज्जनाग्रणीः॥४५॥ सुरुचिस्तंसमुत्थाप्यपादावनतमर्भकं॥ परिष्वज्याहजीवेतिबाष्पगद्गदयागिरा॥४६॥ यस्यप्रसन्नोभगवान्गुणैर्मैत्र्यादिभिर्हरिः॥ तस्मैनमंतिभूतानिनिम्नमापइवस्वयं॥४७॥उत्तमश्चध्रुवश्चोभावन्योऽन्यंप्रेमविह्वलौ॥ अंगसंगादुत्पुलकावस्त्रौघंमुहुरूहतुः॥४८॥सुनीतिरस्यजननीप्राणेभ्योऽपिप्रियंसुतं॥ उपगुह्यजहावाधिंतदंगस्पर्शनिर्वृता॥४९॥ पयस्तनाभ्यांसुस्रावनेत्रजैःसलिलैःशिवैः॥ तदाभिषिच्यमानाभ्यांवीरवीरसुवोमुहुः॥५०॥ तांशशंसुर्नराराज्ञींदिष्ट्यातेपुत्रआर्तिहा॥ प्रतिलब्धश्चिरंनष्टोरक्षितामंडलंभुवः॥५१॥ अभ्यर्चितस्त्वयानूनंभगवान्प्रणतार्तिहा॥ यदनुध्यायिनोवीरामृत्युंजिग्युःसुदुर्जयं॥५२॥ लाल्यमानंजनैरेवंध्रुवंसभ्रातरंनृपः॥आरोप्यकरिणींहृष्टःस्तूयमानोविशत्पु

નાસહીત પાલખીમાં બેસી સાથી ગઈઓ ॥૪૧॥પછી ગામની બહાર એક વાડીની પાસે ધ્રુવને આવતો જોઈ, પ્રેમથકી વીહ્વળ થયેલા, અને લાંબા દીવસની ઉત્કંઠાવાળા રાજાએ, તુર્ત રથમાંથી હેઠે ઉતરીને હાંફતાં હાંફતાં પાસે જઈ,તેને પોતાના બે હાથવડે બાથ ભીડી. અને મોટા મનોર્થ ઉત્પન્ન થયેલા તે રાજાએ, ભગવાનના ચરણ સ્પર્શથી સર્વ પાપોથકી મુક્ત થયેલા ધ્રુવનું માથું વારંવાર સુંઘ્યું. અને ટાઢાં આંસુથી તેનું માથું ભરી મુક્યું. ॥૪૨–૪૩–૪૪॥ સત્કાર પામેલો અને સજ્જનોમાં મુખ્ય ધ્રુવ, પીતાના ચરણમાં પડી, તેમનો આશીર્વાદ લઈને તથા વાતચીત કરીને પછી મસ્તકવડે માતા સુરૂચીને નમ્યો. ॥૪૫॥ ત્યારે સુરૂચીએ પગમાં પડેલા તે બાળકને ઉઠાડીને તથા ભેટીને, ગદગદ વાણીથી “ચીરંજીવ” એમ કહ્યું. ॥૪૬॥ મૈત્રી વીગેરે ગુણોથી જેને હરી ભગવાન પ્રસન્ન હોય, તેને નીચી જગામાં પાણી જવાની પેઠે, પ્રાણી માત્ર પોતાની મેળેજ નમેછે. ॥૪૭॥ ઉત્તમ અને ધ્રુવ બેઉ પ્રેમથી વીહ્વળ થઈને, તેમનાં રૂવાડાં ઉભાં થઈ ગયાં, અને વારંવાર તેમને આંસુની ધારાઓ વેહેવા લાગી.

॥૪૮॥ તે પછી ધ્રુવની માતા સુનીતી પોતાના પ્રાણ કરતાં પણ પ્યારા પુત્રને છાતી સરસો દબાવીને, તેના અંગના સ્પર્શથકી દુઃખ માત્રને મટાડી દઈને નીવૃતીને પામ્યાં. ॥૪૯॥ અને તેમના ટાઢાં આંસુથકી ભીંજાતી હોતી, એ વીર પુત્રને જણનારી ધ્રુવની માતા સ્તનમાંથી, વારંવાર દુધ ઝરવા લાગ્યું. ॥૫૦॥ ત્યારે લોકો તે રાણીને કહેવા લાગ્યા કે, ઘણા દહાડા થયા ગયેલો તમારો પુત્ર, પીડાને મટાડનો થઈ પાછો આવ્યો; એ સારૂં થયું. એજ ભુમંડળનું રાજ્ય કરશે. ॥૫૧॥ જેનું ધ્યાન કરનારા ધીરજા પુરૂષો દુર્જય મૃત્યુને પણ જીતેછે. તે પ્રણામ કરનારાઓનાં દુઃખોને મટાડનારા ભગવાનને, તમે અવશ્ય પુજ્યા હશેજ. ॥૫૨॥ એવી રીતે લોકોથકી લાડ લડાવાતા ભાઈ સહીત ધ્રુવને હાથણી ઉપર બેસારીને, રાજી થતા તથા સ્તુતી કરાતા રાજા, ઉતાનપાદ પોતાના નગરમાં પધાર્યા. ॥૫૩॥ ત્યારે નગરમાં ચારે કોર મરકતમણીવાળાં તોરણો બાંધીને તથા ગાંજર સહીત કેળના સ્થંભ અને સોપારીનાં તથા તેવાંજ બીજા નાનાં નાનાં ઝાડો રોપી દઈને શોભા કરી

હતી. ॥૫૩॥ આંબાનાં પાંદડાં-વસ્ત્રો-ફુલની માળાઓ-વીગેરેથી શણગારેલા અને જળથી ભરેલા તથા ઉપર દીવા મુકેલા માટીના ઘડાઓ, પ્રત્યેક બારણાંમાં મુકી દીધા હતા.॥૫૫॥ શીખરો સહીત વીમાનોની પેઠે શોભતાં અને સોનાના સાહીત્યવાળાં ઘરો-દરવાજા-અને ઘઢ વીગેરે થકી,ચારે તરફ ભારે શોભા બની રહી હતી ॥૫૬॥ રેડેલી ડાંગર-અક્ષત-ફુલ-ફળ-ચોખા-અને બળીદાનો મુકેલાં, તથા સ્વચ્છ કરેલાં ચોવટાં-ગલીઓ-અને રાજ માર્ગો,તથા ઉંચી કરી રાખેલી જગાઓ, ઉપર ચંદનના છાંટા નાંખીને શોભા કરી હતી.॥૫૭॥ સ્થળે સ્થળે માર્ગમાં નગરની સ્ત્રીઓ ધ્રુવને જોઇને સર્શવ-અક્ષત-દર્ભ-જળ-દ્રો-ફુલ-અને ફળ અર્પણ કરીને પ્રેમથી આશીર્વાદ દેવા લાગી. અને તે સ્ત્રીઓનું સુંદર ગાયન સાંભળતાં ધ્રુવે પીતાના ઘરમાં પ્રવેશ કર્યો. ॥૫૮-૫૯॥ અને બીજાથકી ન બની શકે એવી રીતે પીતાથકી લાડ લડાવાતા ધ્રુવ, અનેક મોટા મણીઓ જડેલા તે

ઉત્તમ ઘરમાં સ્વર્ગમાં રેહેતા દેવતાની પેઠે રહ્યા. ॥૬૦॥ ત્યાં દુધના ફીણ જેવી અને સોનાના સામાનવાળી હાથીદાંતની શય્યાઓ, તથા સોનાના સાહીત્યવાળાં ઘણું કીમતી આસનો હતાં. ॥૬૧॥ અને મોટા મરકત મણીથી જડેલી સ્ફાટીક મણીની ભીંતોમાં ઉત્તમ સ્ત્રીઓનાં ચીત્રો તથા મણીના દીવાઓ શોભીરહ્યા હતા.॥૬૨॥ તથા રમણ્ય બગીચાઓમાં વીચીત્ર પ્રકારનાં દેવતાઇ ઝાડો ઉપર પક્ષીઓનાં જોડાં શબ્દ કરતાં હતાં. અને મદોન્મત ભમરાઓ ગાયન કરતા હતા. ॥૬૩॥ વૈદુર્યમણીનાં પગથીઆંવાળી અને ઉત્પલ-કુમુદ-વીગેરે જાતોનાં કમળોવાળી વાવ્યોમાં, હંસ-કારંડવ-ચક્રવાક-અને સારસ પક્ષીઓ આનંદ કરી રહ્યાં હતાં. ॥૬૪॥ પછી એ પુત્રનો અદ્ભુત પ્રભાવ જોવામાં તથા સાંભળવામાં આવવાથી ઉત્તાનપાદ રાજાને મોટો વીસ્મય ઉત્પન્ન થયો. ॥૬૫॥ અને ધ્રુવને ઉમર લાયક જુવાન થયેલા જોઇને, તથા તેના ઉપર પ્રજાની અને પ્રધાનો

रै॥५३॥ तत्रतत्रोपसंप्राप्तैर्लसन्मरकत्तोरणैः ॥ सर्वृंदैः कदलीस्तंभैःपूगपोतैश्चतद्विधैः॥५४॥ चूतपल्लववासस्त्रङ्मुक्तादामविलंबिभिः॥उप स्कृतंप्रतिद्वारमपांकुंभैःसदीपकैः॥५५॥प्राकारैर्गोपुरागारैःशातकुंभपरिच्छदैः॥ सर्वतोऽलंकृतंश्रीमद्विमानशिखरद्युभिः॥५६॥मृष्टचत्वरर थ्याट्टमार्गंचंदनचर्चितं ॥ लाजाऽक्षतैःपुष्पफलैस्तंदुलैर्बलिभिर्युतं॥५७॥ ध्रुवायपथिदृष्टायतत्रतत्रपुरस्त्रियः ॥ सिद्धार्थाक्षतदध्यंबुदूर्वापुष्प फलानिच॥५८॥ उपजव्हुःप्रयुंजानावात्सल्यादाशिषःसतीः ॥ शृण्वंस्तद्वल्गुगीतानिप्राविशद्भवनंपितुः ॥५९॥ महामणिव्रातमयेसतस्मि न्भवनोत्तमे॥लालितोनितरांपित्रान्यवसद्दिविदेववत्॥६०॥ पयःफेननिभाःशय्यादांतारुक्मपरिच्छदाः॥आसनानिमहार्हाणियत्ररौक्माउ पस्कराः॥६१॥यत्रस्फटिककुड्येषुमहामारकतेषुच॥मणिप्रदीपाआभांतिललनारत्नसंयुताः॥६२॥ उद्यानानिचरम्याणिविचित्रैरमरद्रुमैः कूजद्विहंगमिथुनैर्गायन्मत्तमधुव्रतैः ॥६३॥ वाप्योवैदूर्यसोपानाःपद्मोत्पलकुमुद्वतीः॥ हंसकारंडवकुलैर्जुष्टाश्चक्राह्वसारसैः॥६४॥ उत्तानपा दोराजर्षिःप्रभावंतनयस्यतं॥ श्रुत्वादृष्ट्वाद्भुततमंप्रपेदेविस्मयंपरं॥६५॥ वीक्ष्योढवयसंतंचप्रकृतीनांचसंमतंअनुरक्तप्रजंराजाध्रुवंचक्रेभुवः पतिं॥६६॥आत्मानंचप्रवयसमाकलय्यविशांपतिः॥वनंविरक्तःप्रातिष्ठद्विमृशन्नात्मनोगतिं ॥६७॥ इ०भा०म०च०नवमोऽध्यायः ॥ ९॥ मैत्रेय०प्रजापतेर्दुहितरंशिशुमारस्यवैध्रुवः॥उपयेमेभ्रमिंनामतत्सुतौकल्पवत्सरौ॥१॥ इलायामपिभार्यायांवायोःपुत्र्यांमहाबलः॥पुत्रमुत्क लनामानंयोषिद्रत्नमजीजनत् ॥२॥ उत्तमस्त्वकृतोद्वाहोमृगयायांबलीयसा॥ हतःपुण्यजनेनाद्रौतन्मातास्यगतिंगता॥३॥ध्रुवोभ्रातृवधंश्रुत्वा कोपामर्षशुचार्पितः ॥ जैत्रंस्यंदनमास्थायगतःपुण्यजनालयं॥४॥ गत्वोदीचींदिशंराजारुद्रानुचरसेवितां॥ ददर्शहिमवद्द्रोण्यांपुरींगुह्यकसं कुलां॥५॥ दध्मौशंखंबृहद्बाहुःखंदिशश्चानुनादयन्॥ येनोद्विग्नदृशःक्षत्तरुपदेव्योऽत्रसन्भृशं॥६॥ ततोनिष्क्रम्यबलिनउपदेवमहाभटाः॥अ सहंतस्तन्निनादमभिपेतुरुदायुधाः ॥७॥ सतानापततोवीरउग्रधन्वामहारथः॥ एकैकंयुगपत्सर्वानहन्बाणैस्त्रिभिस्त्रिभिः ॥८॥ तेवैललाट लग्नैस्तैरिषुभिःसर्वएवहि॥ मत्वानिरस्तमात्मानमाशंसन्कर्मतस्यतत्॥९॥ तेऽपिचामुममृष्यंतःपादस्पर्शमिवोरगाः॥शरैरविध्यन्युगपद्विगु

આદીની પ્રીતી જોઇને, રાજાએ તેને પૃથ્વીપતી કર્યો. (અર્થાત ગાદી ઉપર બેસાડ્યો.) ॥૬૬॥ તથા પોતાને વૃદ્ધ અવસ્થા આવેલી જોઇને વૈરાગ્ય પામી, આત્મતત્વનું શોધન કરવા સારૂં એ ઉત્તાનપાદ રાજા વનમાં ગયા. ॥૬૭॥ ઇતીશ્રી૦ ભા૦ ચો૦ સ્કંધનો નવમો અધ્યાય સંપુર્ણ. ॥૯॥

અધ્યાય ૧૦ મો-મૈત્રેય-પ્રજાપતી શીશુમારની દીકરી ભ્રમીને ધ્રુવ પરણ્યા. તેને કલ્પ અને વત્સર નામના બે પુત્રો થયા. તેની બીજી સ્ત્રી મહાબળવાન વાયુની પુત્રી ઇલાએ ઉત્કળને તથા રત્ન જેવી એક કન્યાને જન્મ આપ્યો હતો. ॥૧-૨॥ ઉત્તમનું લગ્ન થતા પેહેલાંજ, તેને મૃગયાને વીશે પર્વતની અંદર એક બળવાન યક્ષે મારી નાંખ્યો. અને તેની પાછળ તેની મા પણ મરણ પામી. ॥૩॥ ભાઇને મારી નાંખ્યાનું સાંભળીને ક્રોધ-અસહનતા અને શોકે ભરાયલા ધ્રુવે, વીજય રથમાં બેશીને યક્ષોની અલકાપુરી ઉપર ચડાઇ

કરી. ॥૪॥ અને ઉત્તર દીશામાં જતાં હીમાચળ પર્વતની ખીણમાં, રૂદ્રોના અનુચરો યક્ષોથી ભરાયલી, અને તેમને રેહેવાની તે નગરીને જોઇ. ॥૫॥ હે વીદુર, ત્યાં જઇને પરાક્રમી ધ્રુવે, આકાશ અને દીશાઓને ગજાવે એવો શંખનાદ કરવાથી, યક્ષોની સ્ત્રીઓને ઉદ્વેગ થઇને ઘણો ત્રાસ થયો. ॥૬॥ પછી તે શંખનાદને નહીં સહન કરી શકતા મહા બળવાન યક્ષો હથીઆરો ઉપાડીને યુદ્ધ કરવા માટે આવ્યા. ॥૭॥ એ લોકો આવતાંજ ઉગ્રધનુષ્યવાળા મહારથી ધ્રુવે તેઓ પ્રત્યેકને એકી વખતે ત્રણ ત્રણ બાણ માર્યાં. ॥૮॥ ત્યારે તેઓ સર્વે કપાળમા ચોટેલાં બાણોથી પોતાને હારેલા માનીને ધ્રુવના એ કામનાં વખાણ કરવા લાગ્યા. ॥૯॥ અને સાપને પગ અડાડવાની પેઠે તેઓ તેના એ કામને નહી સહન કરી શકવાથી. તેઓ દરેકે તે થકી બમણાં બમણાં એટલે છ છ બાણોથી તેને વીંધીને બદલો વાળ્યો. ॥૧૦॥ અને પછીથી રથ

તથા આવ્યા સહ્ઝાં ધ્રુવના ઉપર એ એક લાખને ત્રીસહજાર યક્ષોએ કોપ કરીને ભુંગલ-ખડગ-પ્રાસ-ત્રીશુળ-ફરસી-સાંગ-સોટીઓ-ભુશંડી-અને વીચીત્ર પુંખોવાળાં બાણોનો વરસાદ વરસાવ્યો. ॥૧૧-૧૨॥ તેથી, વરસાદમાં ડુંગર દેખાતો બંધ પડવાની પેઠે, તે ઉત્તાનપાદ રાજાનો દીકરો તે વખતે દેખવામાં ન આવ્યો. ॥૧૩॥ એટલે તે વખતે આકાશમાં ફરતા રહીને જોનારા સીદ્ધો વીગેરેમાં, આ મનુના વંશનો સુર્ય (ધ્રુવ), યક્ષોના સમુદ્રમાં પડીને નાશ પામતો જાણવાથી મોટો હાહાકાર થયો. ॥૧૪॥ અને યુદ્ધમાં પોતાના જયને પ્રકાશ કરતા યક્ષો, નાદ કરવા લાગ્યા. એટલામાં તો ઝાકળમાંથી સુર્ય નીકળવાની પેઠે, એ ધ્રુવનો રથ ઉપર નીકળી આવ્યો. ॥૧૫॥ પછી ધ્રુવે દીવ્ય ધનુષ્યનો ટંકાર કરીને શત્રુઓને ખેદ પમાડતાં, વાદળાંના જથાને વાયુએ વીખેરી નાંખવાની પેઠે, તેણે યક્ષોના અસ્ત્રોના સમુદાયને પોતાના બાણોવડે વીંખી નાખ્યો.॥૧૬॥ તથા તેના ધનુષ્યથકી છુટેલા તીક્ષ્ણબાણો, યક્ષોનાં બખતરોને ભેદીને પર્વતમાં વજ્ર પેસવાની પેઠે, તેઓનાં શરીરોમાં પેસી ગયાં. ॥૧૭॥ તેથી બાણોથી કપાઇ જતા યક્ષોનાં સુંદર કુંડળોવાળાં માથાં-સોનાના તાડસરખા સાથળો-કંકણોથી શોભતા હાથ અને હાર-બાજુબંધ-મુગટ-અને ઘણા મુલની પાઘડીઓ આદીથી ઢંકાઇ ગયેલી, તથા શુરાપુરૂષોને પ્રીય લાગે એવી થયેલી, તે યુદ્ધભુમી શોભવા લાગી. ॥૧૮-૧૯॥ ત્યારે ધ્રુવના બાણોથી અંગો કપાઇ જઇને જે યક્ષો મરતા ગયા, તે સીવાયના બાકી રહેલાઓમાંના ઘણા ખરાઓ, સીંહના પરાક્રમથી ભાગી જતા મોટા હાથીઓની પેઠે, તે યુદ્ધભુમી છોડીને ચાલ્યા ગયા. ॥૨૦॥ પછી જ્યારે એ મહા સંગ્રામમાં, હથીઆર સહીત સામે મારવાને આવતો કોઇને ધ્રુવે ન જોયો. ત્યારે તેને તેઓની નગરી અલકાપુરીને જોવાની ઇચ્છા થઇ. પણ તે, શત્રુઓની પુરીમાં ન ગયો. અને સામેવાળાઓના સામા ઉદ્યોગની આશંકાથી, તેણે પોતાના સારથી ચીત્રરથને કહ્યું કે,

णंप्रचिकीर्षवः॥१०॥ ततःपरिघनिस्त्रिंशैःप्रासशूलपरश्वधैः॥ शक्त्यृष्टिभिर्भुशुंडीभिश्चित्रवाजैःशरैरपि॥११॥अभ्यवर्षन्प्रकुपिताःसरथंसहसारथिं॥ इच्छंतस्तत्प्रतीकर्तुमयुतानित्रयोदश॥१२॥औत्तानपादिःसतदाशस्त्रवर्षेणभूरिणा॥नउपादृश्यतच्छन्नआसारेणयथागिरिः॥१३॥ हाहाकारस्तदैवासीत्सिद्धानांदिविपश्यतां॥ हतोऽयंमानवःसूर्योमग्नःपुण्यजनार्णवे॥१४॥ नदत्सुयातुधानेषुजयकाशिष्वथोमृधे॥उदतिष्ठद्रथस्तस्यनीहारादिवभास्करः॥१५॥धनुर्विस्फूर्जयन्दिव्यंद्विषतांखेदमुद्वहन्॥ अस्त्रौघंव्यधमद्बाणैर्घनानीकमिवानिलः॥१६॥ तस्यतेचापनिर्मुक्ताभित्वावर्माणिरक्षसां॥ कायानाविविशुस्तिग्मागिरीनशनयोयथा॥१७॥ भल्लैःसंछिद्यमानानांशिरोभिश्चारुकुंडलैः॥ ऊरुभिर्हेमतालाभैर्दोर्भिर्वलयवल्गुभिः॥१८॥ हारकेयूरमुकुटैरुष्णीषैश्चमहाधनैः॥ आस्तृतास्तारणभुवोरेजुर्वीरमनोहराः॥१९॥ हतावशिष्टाइतरेरणाजिराद्रक्षोगणाःक्षत्रियवर्यसायकैः॥ प्रायोविवृक्णावयवाविदुद्रुवुर्मृगेंद्रविक्रीडितयूथपाइव॥२०॥ अपश्यमानःसतदाततायिनंमहामृधेकंचनमानवोत्तमः॥ पुरींदिदृक्षन्नपिनाविशद्द्विषांनमायिनांवेदचिकीर्षितंजनः॥२१॥इतिब्रुवंश्चित्ररथःस्वसारथिंयत्तःपरेषांप्रतियोगशंकितः॥ शुश्रावशब्दंजलधेरिवेरितंनभस्वतोदिक्षुरजोऽन्वदृश्यत॥२२॥ क्षणेनाच्छादितंव्योमघनानीकेनसर्वतः॥ विस्फुरत्तडितादिक्षुत्रासयत्स्तनयित्नुना॥२३॥ ववृषूरुधिरौघासृक्पूयविण्मूत्रमेदसः॥ निपेतुर्गगनादस्यकबंधान्यग्रतोऽनघ॥२४॥ ततःखेऽदृश्यतगिरिर्निपेतुःसर्वतोदिशं॥ गदापरिघनिस्त्रिंशमुशलाःसाश्मवर्षिणः॥२५॥ अहयोऽशनिनिःश्वासावमंतोऽग्निंरुषाऽक्षिभिः॥अभिधावन्गजामत्ताःसिंहव्याघ्राश्चयूथशः॥२६॥ समुद्रऊर्मिभिर्भीमःप्लावयन्सर्वतोभुवं॥ आससादमहाह्रादःकल्पांतइवभीषणः॥२७॥ एवंविधान्यनेकानित्रासनान्यमनस्विनां॥ ससृजुस्तिग्मगतयआसुर्यामाययाऽसुराः॥२८॥ ध्रुवेप्रयुक्तामसुरैस्तांमायामतिदुस्तरां॥निशम्यतस्यमुनयःशमाशंसन्समागताः॥२९॥ मुनय०औत्तानपादेभगवांस्तवशार्ङ्गधन्वादेवःक्षिणोत्ववनतार्तिहरोविपक्षान्॥ यन्नामधेयमभिधायनिशम्यचाद्धालोकोंऽजसातरतिदुस्तरमंगमृत्युं॥३०॥ इ०भा०म०च०दशमोऽध्यायः॥१०॥ मैत्रेय०निशम्यगदतामेवमृषीणांधनुषिध्रुवः॥ संदधेऽस्त्रमुपस्पृश्ययन्ना

“એ કપટીઓના કરતબની કાંઇ ખબર પડતી નથી.” એટલામાંજ સમુદ્રમાં વાયુવડે થતા શબ્દ સરખો શબ્દ ધ્રુવને સંભળાયો. અને દીશાઓમાં રજ ઉડતી જોવામાં આવી. ॥૨૧-૨૨॥ અને ક્ષણ વારમાં વાદળાંઓના જથાથી આકાશ ઘેરાઇ ગયું, વીજળીઓ થવા લાગી અને દીશાઓમાં ત્રાસને દેવાવાળા કડાકાઓ થવા લાગ્યા. ॥૨૩॥ લોહી-કફ-વીષ્ટા-મુત્ર-પરૂ-અને મેદ આદીકના જથા વરસવા લાગ્યા. અને આકાશમાંથી માથા વીનાનાં ધડ, તેની નજીકમાં પડવા લાગ્યાં. ॥૨૪॥ તથા તે પછી ગદા-ભોગળ-ખડગ-મુશળ-અને પથરાઓને વરસાવતા સર્વે દીશાએથી પડતા પર્વતો આકાશમાં દેખવામાં આવ્યા. ॥૨૫॥ અને ક્રોધવાળી આંખોમાંથી અગ્નીની જ્વાળાઓ કાઢતા તથા વજ્રના જેવા ફુંફાડા મારતા, સાપ-મદોન્મત હાથીઓ-સીંહ-અને વાઘ ટોળાબંધ દોડતા જણાયા.॥૨૬॥ કલ્પના અંતની પેઠે ભયંકર સમુદ્ર મોટા મોટા મોજાઓથી સર્વે તરફથી પૃથ્વીને ડુબાડતો, અને મોટો શબ્દ કરતો ચઢી આવ્યો. ॥૨૭॥ એવી, બીકણ પુરૂશોને ત્રાસ ઉપજાવનારી અનેક વાતો, એ ક્રુર બુદ્ધી વાળા યક્ષોએ આસુરી માયાથી ઉત્પન્ન કરી. ॥૨૮॥ ત્યારે ધ્રુવના ઉપર એ યક્ષોએ ચલાવેલી અતી દુસ્તર માયાને જાણીને, ત્યાં આવેલા મુની લોકો બોલ્યા કે.॥૨૯॥-મુનીઓ-હે ધ્રુવ, જેનું નામ માત્ર બોલવાથી અથવા સાંભળવાથી લોકો ઉતાવળાજ દુસ્તર મૃત્યુને તરી જાય છે. એવા પ્રણામ કરનારાઓનાં દુખોને મટાડનારા, સારંગ ધનુષ્યને ધરનારા-ભગવાન તમારા શત્રુઓનો નાશ કરશે. ॥૩૦॥ ઇતી શ્રી૦ ભા૦ ચોથા સ્કંધનો દશમો અધ્યાય સંપુર્ણ. ॥૧૦॥

અધ્યાય. ૧૧ મો.—મૈત્રેય—એ રીતે ઋશીઓ બોલતાંમાંજ ધ્રુવે આચમન લેઇને પોતાના ધનુષ્યમાં નારાયણાસ્ત્રને સાંધ્યું. ॥૧॥ એટલે જ્ઞાન ઉદય થવાથી કલેશો નાસ પામવાની પેઠે, યક્ષોએ ઉત્પન્ન કરેલી સ-

મળી માયા ક્ષેણમાત્રમાંજ નાશ પામી ગઈ. ॥૨॥ અને તે નારાયણ ઋષીથી ઉત્પન્ન થયેલ અસ્ત્ર ધનુષ્યમાં જોડવાથી તેમાંથી નીકળતા સોનાના છેડાવાળા–અને હંસ સમાન ધોળા ઝુમકાની પુંખોવાળા બાણો, ભયંકર શબ્દ કરતા, વનમાં મોર પેસવાની પેઠે, શત્રુઓના સૈન્યમાં પેસીજવા લાગ્યા. ॥૩॥ ત્યારે યુદ્ધમાં તીખી ધાર વાળાં બાણોથી પીડાતા એ યક્ષો, સાપ જેમ ફણો ઉચીકરીને ગરૂડ ઉપર દોડે તેમ, કોપકરી ચારેતરફથી હથીયારો ઉપાડીને ધ્રુવના ઉપર દોડ્યા. ॥૪॥ એટલે યુદ્ધમાં ચડી આવેલા તેઓને, ધ્રુવે પોતાનાં બાણોથી તેમના હાથ સાથળો–ડોક–અને પેટ કાપી નાંખીને, પરલોકમાં મોકલી દીધા. કે જ્યાં નૈષ્ટીક બ્રહ્મચારીઓ સુર્ય મંડળને ભેદીને જાયછે. ॥૫॥ એમ વીજય રથમાં બેઠેલા ધ્રુવથકી, અપરાધ વીનાના ઘણા યક્ષો મરાતા જોઇને, ધ્રુવના દાદા સ્વાયંભુમનુ ઋષીઓ સહીત ત્યાં આવ્યા, અને દયાવડે બોલ્યા કે. ॥૬॥–મનુ–હે પુત્ર. નરકના દ્વાર રૂપ અતી ક્રોધથી પાપ બુદ્ધીવડે, તમે આટલાબધા નીરપરાધ યક્ષોને મારી નાંખ્યા; એ ઘણું થયું છે. ॥૭॥ હે તાત, સત્પુરૂશોએ ધીક્કારેલું–અપરાધ વીનાના યક્ષોને મારવાનુ આ રીતનું કર્મ, ઉત્પન્ન કરવું; તે આપણા કુળને ઉચીત નથી. ॥૮॥ હે અંગ, ભાઈ ઉપરના પ્રેમને લીધે, ભાઇનો વધ થયાનું સાંભળવાથી તપી જઇને ફક્ત એકના અપરાધ માટે તમે ઘણાઓને મારીનાંખ્યા છે. ॥૯॥ દેહને આત્મા માનીને પશુની પેઠે પ્રાણીઓનો સંહાર કરવો, એ રૂશીકેશ ભગવાનને અનુસરનારા સાધુ પુરૂશોનો માર્ગ નથી, ॥૧૦॥ પ્રાણી માત્રને વીશે રહેલા તથા આરાધન કરવાને અતી કઠીણ, એવા હરી ભગવાનનું, સર્વ પ્રાણીમાત્રને આત્મરૂપ ગણવા વડે આરાધન કરીને, વીશ્નુ ભગવાનના પરમપદને તમે પામેલાછો. ॥૧૧॥ તથા હરીભગવાનનું ધ્યાન કરોછો. અને તેમના પુરૂશો (સાધુઆદી) એ માન્ય કરેલા છો. વળી સત્પુરૂશોએ આચરવાનાં આચરણોનું આચરણ

रायणनिर्मितं॥१॥ संधीयमानएतस्मिन्मायागुह्यकानिर्मिताः ॥ क्षिप्रंविनेशुर्विदुरक्लेशाज्ञानोदयेयथा॥२॥ तस्यार्षास्त्रंधनुषिप्रयुंजतःसुवर्ण पुंखाःकलहंसवाससः ॥ विनिःसृतानिर्विविशुर्द्विषद्बलंयथावनंभीमरवाःशिखंडिनः॥३॥तैस्तिग्मधारैःप्रधनेशिलीमुखैरितस्ततःपुण्यजना उपद्रुताः ॥ तमभ्यधावन्कुपिताउदायुधाःसुपर्णमुन्नद्धफणाइवाहयः॥४॥ सतान्पृषत्कैरभिधावतोमृधेनिकृत्तबाहूरुशिरोधरोदरान्॥ निनाय लोकंपरमर्कमंडलंव्रजंतिनिर्भिद्ययमूर्ध्वरेतसः॥५॥तान्हन्यमानानभिवीक्ष्यगुह्यकाननागसश्चित्ररथेनभूरिशः ॥ औत्तानपादिंकृपयापितामहोमनुर्जगादोपगतःसहर्षिभिः॥६॥ मनु० अलंवत्सातिरोषेणतमोद्वारेणपाप्मना॥ येनपुण्यजनानेतानवधीस्त्वमनागसः ॥७॥ नास्मत्कुलोचितंतातकर्मैतत्सद्विगर्हितं ॥ वधोयदुपदेवानामारब्धस्तेऽकृतैनसां॥८॥ नन्वेकस्यापराधेनप्रसंगाद्बहवोहताः॥ भ्रातुर्वधाभितप्तेन त्वयांगभ्रातृवत्सल॥९॥ नायंमार्गोहिसाधूनांहृषीकेशानुवर्तिनां ॥ यदात्मानंपराग्गृह्यपशुवद्भूतवैशसं ॥१०॥ सर्वभूतात्मभावेनभूतावासं हरिंभवान् ॥आराध्याप दुराराध्यंविष्णोस्तत्परमंपदं॥११॥सत्वंहरेरनुध्यातस्तत्पुंसामपिसंमतः॥ कथंत्ववद्यंकृतवाननुशिक्षन्सतांव्रतं॥१२॥ तितिक्षयाकरुणयामैत्र्याचाखिलजंतुषु॥समत्वेनचसर्वात्माभगवान्संप्रसीदति॥१३॥ संप्रसन्नेभगवतिपुरुषःप्राकृतैर्गुणैः॥ विमुक्तोजीवनिर्मुक्तोब्रह्मनिर्वाणमृच्छति॥१४॥ भूतैःपंचभिरारब्धैर्योषित्पुरुषएवहि॥ तयोर्व्यवायात्संभूतिर्योषित्पुरुषयोरिह ॥१५॥ एवंप्रवर्ततेसर्गःस्थितिःसंयमएवच॥ गुणव्यतिकराद्राजन्माययापरमात्मनः॥१६॥ निमित्तमात्रंतत्रासीन्निर्गुणःपुरुषर्षभः॥ व्यक्ताव्यक्तमिदंविश्वंयत्रभ्रमतिलोहवत्॥१७॥ सखल्विदंभगवान्कालशक्त्यागुणप्रवाहेणविभक्तवीर्यः॥ करोत्यकर्तैवनिहंत्यहंताचेष्टाविभूम्नःखलुदुर्विभाव्या॥१८॥सोऽनंतोंतकरःकालोऽनादिरादिकृदव्ययः॥जनंजनेनजनयन्मारयन्मृत्युनांतकं॥१९॥ नवैस्वपक्षोऽस्यविपक्षएववापरस्यमृत्योर्विशतःसमंप्रजाः तंधावमानमनुधावंत्यनीशायथारजांस्यनिलंभूतसंघाः ॥२०॥ आयुषोऽपचयंजंतोस्तथैवोपचयंविभुः ॥ उभाभ्यांरहितःस्वस्थोदुःस्थस्यविदधात्यसौ॥२१॥ केचित्कर्मवदंत्येनंस्वभावमपरेनृप॥ एकेकालंपरेदैवंपुंसःकाममुतापरे॥२२॥ अव्यक्तस्याप्रमेयस्यनानाशक्त्युदयस्यच

કરીને પાછળ થનારાઓને સત્પુરૂશોનો માર્ગ બતાવનારા પણ તમેજછો. છતાં આ નીંદા થવાજેવું કામ તમે કેમ કરોછો. ॥૧૨॥ આખા જગતના પ્રાણીઓ સાથે તીતીક્ષા–દયા–અને મૈત્રી આદી રાખીને સમદ્રષ્ટીથી વરતવાથીજ, સર્વને વીશે આત્મારૂપે રહેલા ભગવાન પ્રસન્ન થાયછે. ॥૧૩॥ અને ભગવાન પ્રસન્ન થાય, ત્યારે પુરૂશ, પ્રકૃતીના ગુણો (વીશયાદીક) થી અને જીવપણા થકી (લીંગ શરીર અથવા દેહાભીમાન થકી) રહીત થાયછે; અને નીર્વાણ બ્રહ્મને પામે છે. ॥૧૪॥ પાંચ મહાભુતોજ એકઠાં થઇને પરીણામ પામવાથી સ્ત્રી અને પુરૂશ થાયછે, અને વળી તેઓ થકી મૈથુન વડે બીજાં સ્ત્રીઓ અને પુરૂશો આલોકમાં ઉત્પન્ન થાયછે. ॥૧૫॥ અનેએવીરીતે પરમાત્માની માયાના ગુણોનો વીકાર થવાથીજ, ઉત્પતી–સ્થીતી–અને પ્રલય વારંવાર થયાં કરેછે. ॥૧૬॥ હે પુરૂશરશભ, જેને વીશે આ વ્યક્ત (દ્રશ્યમાત્ર) અને અવ્યક્ત (મહાભુતો–ઇદ્રીયો–ઇંદ્રીયોના દેવતાઓ આદી કારણ સ્રષ્ટી) રૂપ આખું જગત લોહચુંબકની પેઠે ભમ્યા કરેછે. તે નીર્ગુણ ભગવાનજ, સર્વમાં નીમીત્ત રૂપે છે. ॥૧૭॥ જેની (લીલા) કૃતી જાણવાને માટે, નક્કી અશક્ય છે. એવા તે મહાત્મા ભગવાન, અકર્તા અને નહીં મારનાર સરખા રહીને, ગુણોના પ્રવાહે કરીને થતી જુદા જુદા પ્રકારોવાળી પોતાની કાળ શક્તીવડે, આ જગતને ઉત્પન્ન કરેછે અને નાશ પણ કરેછે. ॥૧૮॥ અને તે વીકાર રહીત અને અંતક અથવા મૃત્યુરૂપ કાળજ, પોતે અનંત હોઇને બીજાઓનો અંત આણનાર તથા પોતેઅનાદી છતાં બીજાઓનો આદી કરનારછે; તેમજ પ્રાણીઓને પ્રાણીઓથકી ઉત્પન્નકરાવવાનું, અને પ્રાણીઓ થકીજ પ્રાણીઓને મરાવી નાંખવાનું, કરનાર પણ તેજછે. ॥૧૯॥ પ્રજાઓમાં સમાનપણે વીચરનારા, અને જેને કોઇ પારકું પોતાનું નથી એવા સર્વથકી પર તથા દોડ્યાજતા મૃત્યુરૂપ કાળની પાછળ, પવનની અંદર જેમ રજ ઉડીને જાયછે તે રીતે, જથાબંધ અસમર્થ પ્રાણીઓ (પોતપોતાનાં કર્મોને વશ થઇને) દોડીને જઇ પડેછે. ॥૨૦॥ તેમજ કર્માધીન પ્રાણીઓના આયુષ્યની લંબાઇ અને ટુંકાશ, એ બંને વાતોથી રહીત અને સ્વસ્થ એવો, એ સમર્થ કાળજ કરેછે. ॥૨૧॥ હે રાજા (ધ્રુવ), કેટ-

આએકો એને (કાળ સ્વરૂપ ભગવાનને)" કર્મ કહે છે. બીજાઓ "સ્વભાવ" કહે છે. કોઇક એને "કાળ," બીજાઓ દૈવ," અને કેટલાક "પુરૂષ," તથા બીજાઓ "કામ" પણ કહેછે. ॥૨૨॥ હે તાત, એ અવ્યક્ત–અપ્રમેય–અને અનેક શક્તીઓના પ્રભાવવાળા,તથા પોતે પોતાથીજ ઉત્પન્ન થનારા ભગવાને, કરવા ધારેલાને પણ, કોઇજ બરાબર રીતે જાણી શકતું નથી. ॥૨૩॥ હે પુત્ર, આ કુબેરના અનુચરો (યક્ષો) તમારા ભાઇને મારનારા નથી. કેમકે જુદ પડે ત્યારથી તે મર્ણ પર્યંત પુરૂષને જે કાંઇ થાયછે. તે સર્વ થવામાં દૈવ (ઇશ્વર)જ કારણ છે. ॥૨૪॥ અને એજ દૈવ (ઇશ્વર) જગતને સરજે છે. પાળેછે તથા સંહાર પણ કરે છે. છતાં નીરહંકાર હોવાથી તેને, ગુણ અને કર્મોનું લેપન થતું નથી. ॥૨૫॥ એટલે એજ સર્વ પ્રાણીઓના આત્મા–સર્વના પોષણ કરનારા તથા સર્વના ઇશ્વર, પોતાની માયા શક્તીવડે પ્રાણીઓને સરજે છે–સંહાર કરેછે. અને પાળેપણ છે. ॥૨૬॥ હે તાત, નાકમાં દોરડીથી બાંધેલા બળદોની પેઠે બ્રહ્મા આદી પ્રજાપતીઓ પણ જેને બળીદાનો આપે છે. એવા જગતના મુખ્ય આશ્રયરૂપ–સર્વના આત્મા–અને જે મૃત્યુ તથા અમૃતરૂપ પણ છે. એવા દૈવનોજ આશ્રય લ્યો. ॥૨૭॥ માની શોકનાં વચનોથી મર્મ ભેદાઇ ગયેલા તમે તો, પાંચ વરસની ઉમરેજ માતાને તજીને વનમાં જઇ, તપવડે ભગવાનને નજરે જોઇને ત્રીલોકીના માથારૂપ (ધ્રુવ) પદને પામ્યાછો. ॥૨૮॥ હે અંગ, એ વીરોધ રહીત–અંતઃકરણમાં રહેલા–નીર્ગુણ–એક–અને અક્ષર, આત્મસ્વરૂપ ભગવાન, કે જેમને વીશે આ જગતરૂપ દ્વૈત પ્રપંચ જોવામાં આવે છે, તેમનુંજ તમે મુક્ત અને અંતર્દ્રષ્ટીવાળા થઇને ધ્યાન કરો. ॥૨૯॥ એટલે એ અનંત–આનંદમય–સર્વ શક્તીમાન અને અંતર્દ્રષ્ટીથી જણાતા ભગવાનની પરમ ભક્તી કરવા વડે "હું અને મારૂં" એ રૂપી અજ્ઞાનથી મજબુત થયેલી ગાંઠ, ધીરે ધીરે છુટી જશે. ॥૩૦॥ હે રાજા (ધ્રુવ) તમારૂં ભલું થાઓ. પરમ કલ્યાણને ઇચ્છનારાઓનો વેરી ક્રોધ, કે જે ઉત્પન્ન થયેલા પુરૂષ થકી લોકો અત્યંત ઉદ્વેગ પામે છે. તેના વશમાં, પોતાનું ભલું ઇચ્છનારા બુદ્ધીમાન પુરૂષે જવું ન

॥ नैवंचिर्कीर्षितंतात ॰गोवेदाथस्वसंभवं॥२३॥नचैतेपुत्रकभ्रातुर्हंतारोधनदानुगाः॥ विसर्गादानयोस्तातपुंसोदैवंहिकारणं॥२४॥ सएवविश्वंसृजतिसएवावतिहंतिच॥ अथापिह्यनहंकारान्नाज्यतेगुणकर्मभिः॥२५॥ एषभूतानिभूतात्माभूतेशोभूतभावनः॥स्वशक्त्यामाययायुक्तःसृजत्यत्तिचपातिच ॥२६॥ तमेवमृत्युममृतंतातदैवंसर्वात्मनोपेहिजगत्परायणं॥ यस्मैबलिंविश्वसृजोहरंतिगावोयथावैनसिदामयंत्रिताः॥२७॥ यःपंचवर्षोजननींत्वंविहायमातुःसपत्न्यावचसाभिन्नमर्मा॥वनंगतस्तपसाप्रत्यगक्षमाराध्यलेभेमूर्ध्निपदंत्रिलोक्याः॥२८॥ तमेनमंगात्मनिमुक्तविग्रहंव्यपाश्रितंनिर्गुणमेकमक्षरं॥ आत्मानमन्विच्छविमुक्तआत्मदृक्यस्मिन्निदंभेदमसत्प्रतीयते॥२९॥त्वंप्रत्यगात्मनितदाभगवत्यनंतआनंदमात्रउपपन्नसमस्तशक्तौ॥ भक्तिंविधायपरमांशनकैरविद्याग्रंथिंविभेत्स्यसिममाहमितिप्ररूढं॥३०॥ संयच्छरोषंभद्रंतेप्रतीपंश्रेयसांपरं॥ श्रुतेनभूयसाराजन्नगदेनयथामयं॥३१॥येनोपसृष्टात्पुरुषाल्लोकउद्विजतेभृशं॥ नबुधस्तद्वशंगच्छेदिच्छन्नभयमात्मनः॥३२॥ हेलनंगिरिशभ्रातुर्धनदस्यत्वयाकृतं॥ यज्जघ्निवान्पुण्यजनान्भ्रातृघ्नानित्यमर्षितः॥३३॥ तंप्रसादयवत्साशुसन्नत्याप्रश्रयोक्तिभिः॥ नयावन्महतांतेजःकुलंनोभिभविष्यति॥३४॥ एवंस्वायंभुवःपौत्रमनुशास्यमनुर्ध्रुवं॥ तेनाभिवंदितःसाकमृषिभिःस्वपुरंययौ ॥३५॥ इ० भा०म०च०एकादशोऽध्यायः ॥११॥ मैत्रेय० ध्रुवंनिवृत्तंप्रतिबुध्यवैशसादपेतमन्युंभगवान्धनेश्वरः॥ तत्रागतश्चारणयक्षकिन्नरैःसंस्तूयमानोभ्यवदत्कृतांजलिं ॥१॥ धनद० भोभोक्षत्रियदायादपरितुष्टोऽस्मितेऽनघ॥ यस्त्वंपितामहादेशाद्वैरंदुस्त्यजमत्यजः॥२॥ नभवानवधीद्यक्षान्नयक्षाभ्रातरंतव॥कालएवहिभूतानांप्रभुरप्ययभावयोः॥३॥अहंत्वमित्यपार्थाधीरज्ञानात्पुरुषस्यहि॥ स्वाप्नीवाभात्यतद्ध्यानाद्यया बंधविपर्ययौ॥४॥ तद्गच्छध्रुवभद्रंतेभगवंतमधोक्षजं॥सर्वभूतात्मभावेनसर्वभूतात्मविग्रहं॥५॥ भजस्वभजनीयांघ्रिमभवायभवच्छिदं॥युक्तंविरहितंशक्त्यागुणमय्यात्ममायया॥६॥ वृणीहिकामंनृपयन्मनोगतंमत्तस्त्वमौत्तानपदेविशंकितः॥ यतोवरार्होऽम्बुजनाभपादयोरनंतरंत्वां

જોઇએ. જેમ ઔષધ વડે રોગને સમાવવાની પેઠે, તેને પણ, શાસ્ત્રાદીકના ઘણા શ્રવણાદીક વડે શમાવવો જોઇએ. ॥૩૧–૩૨॥ તો, ભાઇને મારનાર જાણીને, ક્રોધથી યક્ષોને મારવાવડે તમે મહાદેવજીના મીત્ર કુબેરનો અપરાધ કર્યો છે. ॥૩૩॥ માટે હે પુત્ર, જ્યાં સુધી તે મહાત્માના તેજવડે, આપણું કુળ નાશ નથી પામ્યું, ત્યાં સુધીમાંજ, નમ્રતા અને વીનયનાં વચનોવડે ઉતાવળાજ તમે તેમને પ્રસન્ન કરો. ॥૩૪॥ એ પ્રમાણે પોતાના પૌત્ર ધ્રુવને શીખામણ આપીને, તેના થકી નમસ્કાર કરાયલા, રૂશીઓ સહીત સ્વાયંભુમનુ, પોતાના સ્થાનકે ગયા. ॥૩૫॥ ઇતી શ્રી ભા० ચો० સ્કંધનો અગીઆરમો અધ્યાય સંપુર્ણ. ॥૧૧॥

અધ્યાય ૧૨ મો.—મૈત્રેય—પછી તે સ્થળે આવેલા, અને યક્ષ–ચારણ–તથા કીન્નરોથી સ્તુતી થતા, ભગવાન ધનેશ્વર કુબેરે; હાથ જોડીને ઉભેલા ધ્રુવને ક્રોધતજી નાશ કરવાથી નીવૃત થયેલ દેખવાથી; તેમણે તેને કહ્યું કે. ॥૧॥–ધનદ–હે પાપ રહીત ક્ષત્રીપુત્ર, તમે દાદાની શીખામણથી ન તજી શકાય એવું વૈરતજ્યું. તેથી તમારા ઉપર હું પ્રસન્ન થયોછું. ॥૨॥ તમે યક્ષોને માર્યા નથી. અને તમારા ભાઇને યક્ષોએ માર્યો નથી. કેમકે પ્રાણીઓનો નાશ તથા ઉત્પતી કરવાને સમર્થ તો એકલો કાળજ છે. ॥૩॥ પુરૂષને હું અને તું રૂપ મીથ્યા બુદ્ધી અજ્ઞાન થકીજ થાય છે. કે જેના ધ્યાન થકી તેને બંધ અને મોક્ષ, સ્વપ્ન જોવાની પેઠે જણાય છે, ॥૪॥ માટે હે ધ્રુવ, તમારૂં ભલું થાઓ. અને સર્વે પ્રાણી માત્રને પોતા સમાન ગણીને, તે સર્વે જેને વીશે રહેલ છે એવા, એક અધોક્ષજ ભગવાનનુંજ તમે શરણ લ્યો. ॥૫॥ તથા ગુણોવાળી પોતાની માયા શક્તીથી યુક્ત (સગુણ) અને તે શક્તી થકી રહીત (નીર્ગુણ)–જન્મ મરણને મટાડનારા–તથા ભજવા યોગ્ય ચરણવાળા એ ભગવાનને ભજો. ॥ ૬॥ હે ઉત્તાનપાદના પુત્ર, તમે કમળનાભ ભગવાનના ચરણ થકી અંતર રહીત હોવાનું અમે સાંભળેલું છે. તેથી વરદાન પામવાને યોગ્ય છો. માટે મન વાંછીત વરદાન શંકા રહીત થઇને માગો ॥૭॥–મૈત્રેય–ત્યારે મહાભગવતી અને મોટા બુદ્ધીશાળી ધ્રુવે, તે અધ્યાચલ કુબેર પાસેથી

ગવાનમાં અચીચળ સ્મૃતી રહેવાનુંજ વરદાન માગ્યું, કે જેથી, ન તરી શકાય એવા સંસારને વગર મહેનતે તરી જવાય છે. ॥૮॥ પછી ધ્રુવને પ્રીતીવાળા મનથી તે વરદાન આપીને ઇડવીડા સુત કુબેર, ત્યાં થકી ધ્રુવના જોતાં જોતાંમાં અંતર્ધ્યાન થઇ ગયા. અને ધ્રુવ પણ પોતાના નગરમાં પાછા ગયા. ॥૯॥ અને પાછળથી તેમણે ઘણી દક્ષીણાવાળા યજ્ઞોથી, દ્રવ્યો–ક્રીયાઓ–દેવતાઓ–અને કર્મોરૂપ, તથા કર્મોનાં ફળો આપનારા, યજ્ઞેશ્વર ભગવાનનું પુજન કર્યું. ॥૧૦॥ તથા તેમને, એ ઉપાધી રહીત અચ્યુત ભગવાનની તીવ્ર ભક્તીથી, પોતામાંજ અને સર્વ પ્રાણીઓમાં પણ સર્વાત્મા અને સમર્થ ભગવાનજ દેખાવા લાગ્યા. ॥૧૧॥ અને એ રીતનો સારાં શીલવાળા–બ્રાહ્મણોને માનનારા–રાંકના ઉપર દયા કરનારા–અને ધર્મ મર્યાદાનું રક્ષણ કરનારા ધ્રુવને, પ્રજાએ પીતા સમાન માન્યો. ॥૧૨॥ અને તેણે એ રીતે, ભોગ ભોગવવા થકી પુન્યોનો નાશ કરીને, અને ભોગ નહીં ભોગવવા થકી અશુભ (પાપ) નો નાશ કરીને, છત્રીસ હજાર વરસ સુધી પૃથ્વીનું શાસન (રાજ્ય) કર્યું. ॥૧૩॥ એ રીતે ઘણાં વરસો તે મહાત્માએ, ઇંદ્રીયોને ચલાયમાન ન થવા દેતાં ત્રીવર્ગ (ધર્મ–અર્થ–અને કામ) ના ઉપયોગમાં લગાડીને, પછી રાજગાદી પુત્રને આપી દીધી. ॥૧૪॥ અને આ વીશ્વને, આત્મ સ્વરૂપની અંદર અવીદ્યા માયાયે, સ્વપ્ન અને ગંધર્વ નગરની પેઠે રચેલાનું માનીને, તથા પોતાનો દેહ–સ્ત્રી–સંતાન–સંબંધીઓ–સૈન્ય–રીદ્ધી–ભંડાર–અંતઃપુર–અને રમત ગમતની રમણ્ય જગાઓ–તથા સમુદ્રથી વીંટાયલું પૃથ્વીનું રાજ્ય, એસર્વ કાળેજ ઉત્પન્ન કરેલાનું જાણીને,તેપોતે બદરીકાશ્રમમાં ચાલ્યાગયા.॥૧૫–૧૬॥અને ત્યાં જઇ પવીત્ર જળવડે શરીરના અવયવો અને ઇંદ્રીયો આદીને શુદ્ધ કરી, આસન લગાવીને પ્રાણવાયુને જીત્યો. અને ઇંદ્રીયાદીકનો મનમાં સંકોચ કરીને ભગવાનના સ્થુળ એટલે વૈરાટ સ્વરૂપનું ધ્યાન કરવા લાગ્યા. અને પાછળથી તેનો

वपर्मगशुश्रुम॥७॥ मैत्रेय० सराजराजेनवराग चोदितोध्रुवोमहाभागवतोमहामतिः ॥ हरौसवव्रेऽचलितांस्मृतिंययातरत्ययत्नेनदुरत्ययंतमः॥८॥ तस्यप्रीतेनमनसातांदत्वैडविडासुतः ॥ पश्यतोऽतर्दधेसोऽपिस्वपुरंप्रत्यपद्यत॥९॥ अथायजतयज्ञेशंक्रतुभिर्भूरिदक्षिणैः॥ द्रव्यक्रियादेवतानांकर्मकर्मफलप्रदं ॥१०॥ सर्वात्मन्यच्युतेऽसर्वेतीव्रौघांभक्तिमुद्वहन्॥ ददर्शात्मनिभूतेषुतमेवावस्थितंविभुं॥११॥ तमेवंशीलसंपन्नंब्र ण्यंदीनवत्सलं॥ गोप्तारंधर्मसेतूनांमेनिरेपितरंप्रजाः॥१२॥षट्त्रिंशद्वर्षसाहस्रंशशासक्षितिमंडलं ॥ भोगैःपुण्यक्षयंकुर्वन्नभोगैरशुभक्षयं॥१३॥ एवंबहुसवंकालंमहात्माविचलेंद्रियः॥ त्रिवर्गौपयिकंनीत्वापुत्रायादान्नृपासनं॥१४॥ मन्यमानइदंविश्वंमायारचितमात्मनि ॥ अवि रचितंस्वप्नगंधर्वनगरोपमं॥१५॥ आत्मस्त्र्यपत्यसुहृदोबलमृद्धकोशमंतःपुरंपरिविहारभुवश्चरम्याः॥भूमंडलंजलधिमेखलमाकलय्यकालोपसृष्टमितिसप्रययौविशालां ॥१६॥ तस्यांविशुद्धकरणःशिववार्विगाह्यबध्वासनंजितमरुन्मनसाहृताक्षः ॥ स्थूलेदधारभगवत्प्रतिरूपएतद्ध्यायंस्तदव्यवहितोव्यसृजत्समाधौ॥१७॥ भक्तिंहरौभगवतिप्रवहन्नजस्रमानंदबाष्पकलयामुहुरर्द्यमानः॥ विक्लिद्यमानहृदयःपुलकाचितांगोनात्मानमस्मरदसावितिमुक्तलिंगः ॥१८॥ सददर्शविमानाग्र्यंनभसोऽवतरद्ध्रुवः॥ विभ्राजयद्दशदिशोराकापतिमिवोदितं ॥१९॥ तत्रानुदेवप्रवरौचतुर्भुजौश्यामौकिशोरावरुणांबुजेक्षणौ॥स्थिताववष्टभ्यगदांसुवाससौकिरीटहारांगदचारुकुंडलौ॥२०॥विज्ञायतावुत्तमगायकिंकरावभ्युत्थितःसाध्वसविस्मृतक्रमः ॥ ननामनामानिगृणन्मधुद्विषःपार्षत्प्रधानावितिसंहतांजलिः ॥२१॥ तंकृष्णपादाभिनिविष्टचेतसंबद्धांजलिंप्रश्रयनम्रकंधरं ॥ सुनंदनंदावुपसृत्यसस्मितंप्रत्यूचतुःपुष्करनाभसंमतौ॥२२॥सुनंदनंदावूचतुः भोभोराजन्सुभद्रंतेवाचंनोऽवहितःशृणु॥ यःपंचवर्षस्तपसाभवान्देवमतीतृपत्॥२३॥तस्याखिलजगद्धातुरावांदेवस्यशार्ङ्गिणः॥ पार्षदाविहसंप्राप्तौनेतुंत्वांभगवत्पदं॥२४॥ सुदुर्जयंविष्णुपदंजितंत्वयायत्सूरयोऽप्राप्यविचक्षतेपरं॥ आतिष्ठतच्चंद्रदिवाकरादयोग्रहर्क्षताराःपरियंतिदक्षिणं॥२५॥अनास्थितंतेपितृभिरन्यैरप्यंगकर्हिचित् ॥ आतिष्ठजगतांवंद्यंतद्विष्णोःपरमंपदं॥२६॥ एतद्विमानप्रवरउत्तमश्लोकमौलिना॥ उपस्थापितमा

પણ ત્યાગ કરીને સમાધી કરી.॥૧૭॥એમ સર્વ કાળ હરીભગવાનની ભક્તી કરવાવડે તેમને વારંવાર વ્યાકુળતાથી આનંદનાં આંસુ આવીને હૃદય ભીંજાઇ જતું તથા રૂવાડાં ઉભાં થતાં. અમે તે લીંગ શરીરથી મુક્ત થયેલાને,પોતાનો દેહ હોવાનું સ્મરણ પણ મટી જતું હતું.॥૧૮॥પછી તે ધ્રુવે, ઉગતા ચંદ્રમાની પેઠે દશે દીશાઓને પ્રકાશીત કરતું એક ઉત્તમ વીમાન આકાશમાંથી ઉતરી આવતું દીઠું. ॥૧૯॥અને તે પછી બે ઉત્તમ દેવતાઓ, ચાર ભુજવાળા–શ્યામ વર્ણના–ફુટતી જુવાનીવાળા–કમળ જેવી અને રાતી આંખ્યોવાળા–ગદાનો ટેકો દેઇને ઉભેલા–સારાં વસ્ત્રોવાળા અને સુંદર મુકુટ, હાર, બાજુબંધ, અને કુંડળો પેહેરેલાઓને પણ જોયા. ॥૨૦॥ એટલે તેમને ભગવાનના દાસ અને ઉત્તમ પાર્શદો જાણીને, હાથ જોડીને ઉભા રહેલા ધ્રુવ, એહેબાકળા થઇ જવાથી પુજન આદીના ક્રમને ભુલી જઇને, માત્ર નમસ્કાર કરી મધુદ્વીશ ભગવાનનાં નામોજ બોલવા લાગ્યા. ॥૨૧॥ ત્યારે પુષ્કર નાભ ભગવાનના પ્રીય એ બે નંદ અને સુનંદ પાર્શદોએ, તે ભગવાનમાંજ ચીતવાળા અને ડોક નમાવીને હાથ જોડી ઉભેલા ધ્રુવની પાસે જઇને, તેને હસતે મોઢે કહ્યું કે. ॥૨૨॥ –પાર્શદો–હે રાજા, તમારૂં ભલું થાઓ. તમે સાવધાન થઇને અમારૂં વચન સાંભળો કે, પાંચ વરસની ઉમરમાંજ તમે તપ કરીને જે ભગવાનને પ્રસન્ન કરેલા છે, તે આખા જગતને અને સારંગ ધનુષ્યને ધારણ કરનારા દેવના, અમે પાર્શદો છૈએ. અને તમને એ ભગવાનના પદમાં લેઇ જવાને સારૂં અહીં આવેલા છીએ. ॥૨૩–૨૪॥ મેળવવાને માટે અતી કઠીણ એવું વીશ્નુનુંપદ, કે જેને સમદ્રશીઓ પણ ન મેળવીશકવાથી માત્ર નીચે રહીનેજ જોયા કરેછે. તથા સૂર્ય–ચંદ્ર–ગ્રહો–નક્ષત્રો–અને તારાઓ જેને ફરતી પરદક્ષીણા કરેછે. તે વીશ્નુપદને તમે જીતી લીધું છે. ॥૨૫॥ માટે હે અંગ, જેને તમારા પીતૃઓ તથા બીજાઓ પણ કદી પામેલા નથી; એવા જગતે વંદન કરેલા વીશ્નુના પરમ પદને વીશે તમે રહો. ॥૨૬॥ અને ઉત્તમ શ્લોક ભગવાનના પાર્શદોએ લેઇ આવેલા આ ઉત્તમ વીમાન ઉપર તમે મોટા આયુષ્યવાળા ચઢો. ॥૨૭॥–મૈત્રેય–તે ઉરૂક્રમ ભગવાનના પ્રીય

પાર્શદોની મધુર વાણી સાંભળવાથી ધ્રુવે નાહી લેઇને નીત્યકર્મ કર્યું. અને પછી મુનીઓને પ્રણામ કરીને તે-મના આશીર્વાદ લીધા. ॥૨૮॥તેપછી વીમાનની પરદક્ષીણા તથા પુજન કરીને અને પાર્શદોને નમસ્કાર કરીને, વીમાનમાં બેસવાની ઇચ્છા કરતો તેનું સ્વરૂપ સુવર્ણમય થઇ ગયું. ॥૨૯॥ ત્યારે તે ઉત્તાનપાદના પુત્રે અંતકને આવેલો દીઠો.એટલે એ મૃત્યુને પણ માથે સ્થાન આપીને (અર્થાત તેના માથા ઉપર સ્વીકાર કરીને)તે અદ્ભુત વીમાન ઉપર ચડ્યા. ॥૩૦॥ ત્યારે દુદુંભી-મર્દંગ-અને પણવ આદી વાજાં વાગ્યાં. મુખ્ય ગંધર્વો નાચવા લા-ગ્યા-અને ફુલનો વરસાદ થયો. ॥૩૧॥ ત્યારે ધ્રુવને સ્વર્ગ લોકમાં જતાં પોતાની મા સુનીતી સાંભરી. અને વીચાર થયો કે હું તે ગરીબ માને તજીને દુર્લભ સ્વર્ગમાં જઇશું. ॥૩૨॥ તેના એવા ઇચ્છીતને પાર્શદોએ જા-ણીને, તેમણે ધ્રુવને, આગળ જતા વીમાનમાં બેસીને જતી, તેમની માને દેખાડી. ॥૩૩॥ સ્થળે સ્થળે માર્ગમાં વીમાનોમાં બેઠેલા દેવતાઓથી તેની સ્તુતી થતી હતી-અને ફુલોથી વધાવાતો હતો. એ રીતે જતાં તેણે અનુ-ક્રમે ગ્રહોને જોયા. ॥૩૪॥ તે ભગવાનના વાહન (વૈમાન) વડે ત્રીલોકીને અને મુનીઓ (સપ્તર્ષી) ને પણ પાછળ નાંખીને, તે થકી ઉપર જે પોતાના તેજવડે પ્રકાશીત હોઇને ત્રીલોકીને અને તેના બહાર પણ પ્રકાશ કરે છે: અને જેમાં, પ્રાણીઓ ઉપર દયા નહીં કરનારાઓ જઇ શકતા નથી, પણ પ્રાણી માત્રનું હમેશાં ભલું ઇચ્છનારાઓજ જાય છે: તે વીશ્નુના પદમાં ધ્રુવ ગયા. ॥૩૫-૩૬॥ એ વીશ્નુ ભગવાનના પદમાં, જેમને અચ્યુત ભગવાન પ્રીય અને બાંધવરૂપ છે, એવા શાંત-સમદ્રષ્ટીવાળા-શુદ્ધ-અને પ્રાણી માત્રને આનંદ પમાડનારાઓજ જઇશકે છે. ॥૩૭॥ એ રીતે તે ભગવાન પરાયણ ઉત્તાનપાદનો પુત્ર, ત્રણેલોકના માથા ઉપરના નીર્મળ ચુડામણી સરખો થઇને રહ્યા. ॥૩૮॥ હે વીદુર, જે જરાવાર પણ બંધ થતું નથી એવું ગંભીર વેગ-

युष्मन्नधिरोढुंत्वमर्हसि॥२७॥ मैत्रेय०निशम्यवैकुंठनियोज्यमुख्ययोर्मधुच्युतांवाचमुरुक्रमप्रियः॥कृताभिषेकःकृतनित्यमंगलोमुनीन्प्रणम्याशिषमभ्यवादयत् ॥२८॥ परीत्याभ्यर्च्यधिष्ण्याग्र्यंपार्षदावभिवंद्यच॥ इयेषतदधिष्ठातुंबिभ्रद्रूपंहिरण्मयं॥२९॥ तदोत्तानपदःपुत्रोददर्शांतकमागतं॥ मृत्योर्मूर्ध्निपदंदत्वा आरुरोहाद्भुतंगृहं॥३०॥ तदादुंदुभयोनेदुर्मृदंगपणवादयः॥गंधर्वमुख्याःप्रजगुःपेतुःकुसुमवृष्टयः ३१ सचस्वर्लोकमारोक्ष्यन्सुनीतिंजननींध्रुवः॥अन्वस्मरदगंहित्वादीनांयास्येत्रिविष्टपं॥३२॥ इतिव्यवसितंतस्यव्यवसायसुरोत्तमौ॥ दर्शयामासतुर्देवींपुरोयानेनगच्छतीं॥३३॥ तत्रतत्रप्रशंसद्भिःपथिवैमानिकैःसुरैः॥ अवकीर्यमाणोददृशेकुसुमैःक्रमशोग्रहान्॥३४॥ त्रिलोकींदेवयानेनसोऽतिव्रज्यमुनीनपि॥ परस्ताद्यद्ध्रुवगतिर्विष्णोःपदमथाभ्यगात्॥३५॥ यद्भ्राजमानंस्वरुचैवसर्वतोलोकास्त्रयोह्यनुविभ्राजंतएते॥यन्नाव्रजन्जंतुषुयेऽननुग्रहाव्रजंतिभद्राणिचरंतियेऽनिशं॥३६॥शांताःसमदृशःशुद्धाःसर्वभूतानुरंजनाः ॥ यांत्यंजसाऽच्युतपदमच्युतप्रियबांधवाः॥३७॥ इत्युत्तानपदःपुत्रोध्रुवःकृष्णपरायणः ॥ अभूत्त्रयाणांलोकानांचूडामणिरिवामलः ॥३८॥ गंभीरवेगोनिमिषंज्योतिषांचक्रमाहितं ॥यस्मिन्भ्रमतिकौरव्यमेढ्यामिवगवांगणः॥३९॥महिमानंविलोक्यास्यनारदोभगवानृषिः ॥ आतोद्यंवितुदन्श्लोकान्सत्रेऽगायत्प्रचेतसां ॥४०॥ नारद० नूनंसुनीतेःपतिदेवतायास्तपःप्रभावस्यसुतस्यतांगतिं॥दृष्ट्वाऽभ्युपायानपिवेदवादिनोनैवाधिगंतुंप्रभवंतिकिंनृपाः॥४१॥ यःपंचवर्षोगुरुदारवाक्शरैर्भिन्नेनयातोहृदयेनदूयता॥वनंमदादेशकरोऽजितंप्रभुंजिगायतद्भक्तगुणैःपराजितं ॥४२॥ यःक्षत्रबंधुर्भुवितस्याधिरूढमन्वारुरुक्षेदपिवर्षपूगैः॥ षट्पंचवर्षोयदहोभिरल्पैःप्रसाद्यवैकुंठमवापतत्पदं॥४३॥ मैत्रेय०एतत्तेऽभिहितंसर्वंयत्पृष्टोऽहमिहत्वया॥ ध्रुवस्योद्दामयशसश्चरितंसंमतंसतां ॥४४॥ धन्यंयशस्यमायुष्यंपुण्यंस्वस्त्ययनंमहत् ॥ स्वर्ग्यंध्रौव्यंसौमनस्यंप्रशस्यमघमर्षणं॥४५॥ श्रुत्वैतच्छ्रद्धयाऽभीक्ष्णमच्युतप्रियचेष्टितं ॥ भवेद्भक्तिर्भगवतिययास्यात्क्लेशसंक्षयः॥४६॥ महत्वमिच्छतांतीर्थंश्रोतुःशीलादयोगुणाः॥ यत्रतेजस्तदिच्छूनांमानोयत्रमनस्विनां॥४७॥ प्रयतःकीर्तयेत्प्रातःसमवायेद्विजन्मनां ॥ सायंचपुण्यश्लोकस्यध्रुवस्यचरितंमहत् ॥४८॥ पौर्णमा

વાળું જ્યોતીશ્ચક્ર (સુર્ય-ચંદ્ર-અને તારાઓ આદીનું પ્રકાશીત મંડળ જેને કાળચક્ર પણ કહે છે તે) એ ધ્રુવના આધારથીજ ખળાંમાંના બળદોની પેઠે ફર્યા કરે છે. ॥૩૯॥ એ ધ્રુવના મહીમાને જાણનારા ભગવાન નારદઋશીએ, પ્રચેતાઓના સત્રમાં તે બાબદ ગાયેલા શ્લોક નીચે પ્રમાણે છે. ॥૪૦॥-નારદ-પતીને ભગવાન જાણનારી સુનીતીને, પુત્રના તપના પ્રભાવથી જે ગતી મળી છે, તે ગતી વેદવાદી બ્રાહ્મણો પણ, તેઓ અનેક ઉપાયોને જાણતા છતાં પણ પામી શકતા નથી. તો બીજા રાજાઓ વીગેરે તો પામેજ ક્યાંથી. ॥૪૧॥ જેણે પાંચ વરસની ઉંમરેજ સાવકીમાનાં વચનો રૂપી બાણોથી વીંધાયલા હૃદયથી વનમાં જઇને મારા ઉપદેશ પ્રમાણે આચરણ કરી, ભક્તોના ગુણોથી પરાજય પામનારા અજીત ભગવાનને વશ કર્યા હતા. ॥૪૨॥ એ પાંચ વરસની ઉંમરનાએ છ માસના થોડા કાળમાંજ વૈકુંઠ ભગવાનને પ્રસન્ન કરીને તેમનાપદને મેળવ્યું હતું. તેની સ્થીતીને મનવડે પહોંચવાને પણ બીજા ક્ષત્રીઓને ઘણાં વરસો લાગે. ॥૪૩॥-મૈત્રેય-સત્પુરૂશોને ગમે એવું, મોટી કીર્તીવાળા ધ્રુવનું ચરીત્ર મેં તમને આ રીતે સઘળું કહ્યું. ॥૪૪॥ ધન-યશ-આયુષ્ય-પુણ્ય-સ્વર્ગ અચળ પદ-અને આનંદને આપનારૂં, પાપ માત્રનો નાશ કરનારૂં, તથા વખાણને યોગ્ય-મોટું કલ્યાણકારી, એવા આ અચ્યુત ભગવાનના પ્રીય ધ્રુવના ચરીત્રને જે વારંવાર શ્રદ્ધાસહીત સાંભળસે, તેને સર્વ ક્લેશને મટાડનારી ભગવાનમાં ભક્તી ઉત્પન્ન થશે ॥૪૫-૪૬॥અને એને સાંભળનારાઓને શીલ આદી ગુણો-મોટાઇ ઇચ્છનારાઓને મોટપ-પ્રભાવની ઇચ્છાવાળાઓને પ્રભાવ-અને મોટામન વાળાઓને માન મળશે. ॥૪૭॥ દ્વીજો એકઠા મળીને સવારે તથા સાંજે, પવીત્ર કીર્તીવાળા ધ્રુવના આ મોટા ચરીત્રનું સાવધાન પણે કીર્તન કરશે અથવા શ્રદ્ધાવાળાઓને, પુનમે-અમાવાસ્યાએ-બારશે-શ્રવણ નક્ષત્રમાં-ક્ષયદીવસે-વતીપાતે-સંક્રાંતી બદલાવાને દીવસે-અથવા રવીવારે નીષ્કામપણે ભગવાનના ચરણનો આશ્રય લેઇને સંભળાવશે, તે પોતે આત્મસ્વરૂપમાં સંતોશ વાળો થઇને સીદ્ધીને પામશે.॥૪૮-૪૯-૫૦॥ જે કોઇ સત્પુરૂશોના માર્ગનું અમૃત સરખુ આ

જ્ઞાન અજ્ઞાનીઓને આપે છે. તે દયાળુ અને ગરીબોનું ભલું કરનારાઓનાં ઉપર ભગવાન દયા કરે છે. ॥૫૧॥ હે વીદુર, વીખ્યાત અને અતી શુદ્ધ કર્મો કરનારા ધ્રુવનું ચરીત્ર મેં તમને આ રીતે કહ્યું કે જે ધ્રુવ બાળક છતાં રમવાનાં પદાર્થ અને માનું ઘર તજીને વીશ્નુભગવાનને શરણે ગયા હતા. ॥૫૨॥ ઇ૦ શ્રી૦ભા૦ચો૦ સ્કં૦ભા૦ અ.સં. ॥૧૨॥

અધ્યાય ૧૩ મો—સૂત—મૈત્રેય ઋશીએ વર્ણન કરેલ ધ્રુવ, વૈકુંઠપદમાં ગયેલાનું સાંભળવાથી અધોક્ષજ ભગવાનમાં દ્રઢભાવ પામેલા વીદુરે ફરીથી પુછ્યું કે ॥૧॥–વિદુર–હે સુવ્રત, એ પ્રચેતાઓ કોણ હતા, કોના દીકરા હતા, કોના વંશમાં થયા હતા, અને તેમનો સત્ર ક્યાં થયો હતો. ॥૨॥ અને હરી ભગવાનના પુજન આદીના વીધીનો ક્રિયા યોગ (એટલે પંચરાત્ર શાસ્ત્ર) કહેનારા, દેવના સરખા દર્શનવાળા નારદજી પણ મહા ભગવતી હતા. ॥૩॥ માટે તે ભક્તીવાન અને સ્વધર્મમાં ચાલનારા પુરૂશો (પ્રચેતાઓ) એ નારદજીના ઉપદેશ પ્રમાણેજ યજ્ઞપુરૂશ ભગવાનનું પુજન વીગેરે કર્યું હશેજ. ॥૪॥ તો હે બ્રાહ્મણ, એ સ્થળે નારદજીએ જે જે ભગવત કથાઓનું વર્ણન તેમની પાસે કર્યું હોય, તે તે સઘળું સાંભળવાની ઇચ્છાવાળા મને તમે કહો. ॥૫॥–મૈત્રેય–ધ્રુવના પુત્ર ઉત્કલે બાપ વનમાં ગયા ત્યારે રાજ્યાસનની અને ચક્રવર્તીપણાની પોતાની લક્ષ્મીની ઇચ્છા કરી નહીં. ॥૬॥ કારણ તે, જન્મ થતાંજ શાંત–સમદ્રષ્ટી–સંગ રહીત–અને સર્વને વીશે અંતરમાં રહેલા આત્માને તેમજ આત્માને વીશેજ સર્વ લોક રહેલાને જોનારો હતો. ॥૭॥ તથા અવીછીન્ન યોગરૂપ અગ્નીવડે કર્મનાબંધરૂપ તેની સઘળી વાસનાઓ બળી જઇને, તે પોતાને વીશેજ, જ્ઞાનમય–એક–આત્મા–સર્વદાઆનંદરૂપ–અને વીસ્તરતો તજેલા નીર્વાણ બ્રહ્મને ધારણ કરી રાખવાથી, આત્મા સીવાય બીજું કશું દેખતોજ નહોતો. ॥૮॥ તેથી, માર્ગમાં જતાં અજ્ઞાનીઓના જોવામાં, તેમના તરફ નજર

स्यांसिनीवाल्यांद्वादश्यांश्रवणेऽथवा॥ दिनक्षयेव्यतीपातेसंक्रमेर्केदिनेऽपिवा॥४९॥ श्रावयेच्छ्रद्दधानानांतीर्थपादपदाश्रयः॥ नेच्छंस्तत्रात्मनात्मानंसंतुष्टइतिसिद्ध्यति॥५०॥ ज्ञानमज्ञानतत्त्वाययोदद्यात्सत्पथेऽमृतं॥ कृपालोर्दीननाथस्यदेवास्तस्यानुगृण्हते॥५१॥ इदंमयातेऽभिहितंकुरूद्वहध्रुवस्यविख्यातविशुद्धकर्मणः॥ हित्वाऽर्भकःक्रीडनकानिमातुर्गृहंचविष्णुंशरणंयोजगाम॥५२॥ इ०भा०म०च०ध्रुवचरितंनामद्वादशोऽध्यायः॥१२॥ सूत०निशम्यकौषारविणोपवर्णितंध्रुवस्यवैकुंठपदाधिरोहणं॥ प्ररूढभावोभगवत्यधोऽक्षजेप्रष्टुंपुनस्तंविदुरःप्रचक्रमे॥१॥ विदुर०केतेप्रचेतसोनामकस्यापत्यानिसुव्रत॥कस्यान्ववायेप्रख्याताःकुत्रवासत्रमासते॥२॥ मन्येमहाभागवतंनारदंदेवदर्शनं॥ येनप्रोक्तःक्रियायोगःपरिचर्याविधिर्हरेः॥३॥ स्वधर्मशीलैःपुरुषैर्भगवान्यज्ञपूरुषः॥ इज्यमानोभक्तिमतानारदेनेरितःकिल॥४॥ यास्तादेवर्षिणातत्रवर्णिताभगवत्कथाः॥ मह्यंशुश्रूषवेब्रह्मन्कार्त्स्न्येनाचष्टुमर्हसि॥५॥ मैत्रेय०ध्रुवस्यचोत्कलःपुत्रःपितरिप्रस्थितेवनं॥सार्वभौमश्रियंनैच्छदधिराजासनंपितुः॥६॥ सजन्मनोपशांतात्मानिःसंगःसमदर्शनः॥ ददर्शलोकेविततमात्मानंलोकमात्मनि॥ आत्मानंब्रह्मनिर्वाणंप्रत्यस्तमितविग्रहं॥ अवबोधरसैकात्म्यमानंदमनुसंततं॥८॥ अव्यवच्छिन्नयोगाग्निदग्धकर्ममलाशयः॥स्वरूपमवरुंधानोनात्मनोऽन्यंतदैक्षत॥९॥ जडांधबधिरोन्मत्तमूकाकृतिरतन्मतिः॥ लक्षितःपथिबालानांप्रशांतार्चिरिवानलः॥१०॥मत्वातंजडमुन्मत्तंकुलवृद्धाःसमंत्रिणः॥ वत्सरंभूपतिंचक्रुर्यवीयांसंभ्रमेःसुतं॥११॥ स्वर्वीथिर्वत्सरस्येष्टाभार्याऽसूतषडात्मजान्॥ पुष्पार्णतिग्मकेतुंचइषमूर्जंवसुंजयं॥१२॥ पुष्पार्णस्यप्रभाभार्यादोषाचद्वेबभूवतुः॥ प्रातर्मध्यंदिनंसायमितिह्यासन्प्रभासुताः॥१३॥ प्रदोषोनिशीथोव्युष्टइतिदोषासुतास्त्रयः॥व्युष्टःसुतंपुष्करिण्यांसर्वतेजसमादधे॥१४॥ सचक्षुःसुतमाकूत्यांपत्न्यांमनुमवापह॥ मनोरसूतमहिषीविरजान्नड्वलासुतान्॥१५॥ पुरुंकुत्संत्रितंद्युम्नंसत्यवंतंधृतव्रतं॥ अग्निष्टोममतीरात्रंप्रद्युम्नंशिबिमुल्मुकं॥१६॥ उल्मुकोऽजनयत्पुत्रान्पुष्करिण्यांषडुत्तमान्॥ अंगंसुमनसंख्यातिंक्रतुमंगिरसंगयं॥१७॥ सुनीथांगस्ययापत्नीसुषुवेवेनमुल्बणं॥यद्दौःशील्यात्सराजर्षिर्निर्विण्णोनिरगात्पुरात्॥१८॥ यमंगशेपुःकुपितावा

નહીં કરનારો તે: જડ–અંધ–બહેરો–ઉન્મત્ત–મુગો–અને બળતું ઓલવાઇ ગયેલા અગ્ની સરખો જણાતો હતો. ॥૧૦॥ અને કુળના વૃદ્ધ પુરૂશો તથા પ્રધાનોને પણ તે જડ સરખો અને ગાંડા જેવો લાગવાથી, તેમણે, તેના થકી નાના, ભ્રમીના દીકરા વત્સરને રાજ્ય આપ્યો. ॥૧૧॥ પછી એ વત્સરની પ્રીય સ્ત્રી સ્વર્વીથીએ પુષ્પાર્ણ–તીગ્મકેતુ–ઇશ–ઉર્જ–વસુ–અને જય એ છ પુત્રોને જણ્યા. ॥૧૨॥ એ પુષ્પાર્ણને પ્રભા અને દોષા એ બે સ્ત્રીઓ હતી. તેમાંની પ્રભા થકી પ્રાતઃકાળ–મધ્યાન્હ–અને સાયંકાળ એ ત્રણ પુત્રો થયા. ॥૧૩॥ અને દોષાને પણ પ્રદોશ–નીશીથ–અને વ્યુષ્ટ એ ત્રણ પુત્રો થયા. અને વ્યુષ્ટને પુષ્કરીણીનામની સ્ત્રીમાં સર્વતેજ નામે પુત્ર થયો. ॥૧૪॥ એ સર્વતેજાએ આકુતી નામની સ્ત્રીમાં ઉત્પન્ન કરેલા પુત્ર ચક્ષુએ મનુપણું મેળવેલું છે. ॥૧૫॥ એ ચક્ષુની સ્ત્રી નડવળાને, પુરૂ–કુત્સ–ત્રીત,–દ્યુમ્ન–સત્યવાન–ધૃતવ્રત,–અગ્નીષ્ટોમ–અતીરાત્ર–પ્રદ્યુમ્ન,–શીબી–અને ઉલ્મુક નામના અગીઆર નીર્મળ પુત્રો થયા હતા. ॥૧૬॥ ઉલ્મુકને તેની સ્ત્રી પુષ્કરીણીમાં, અંગ–સુમના–ખ્યાતી–ક્રતુ–અંગીરા–અને ગય એ નામના છ ઉત્તમ પુત્રો થયા હતા. ॥૧૭॥ અંગની સ્ત્રી સુનીથાએ ક્રૂર વેનનો જન્મ આપ્યો હતો, કે જેની દુષ્ટતાથી વૈરાગ્ય પામેલા અંગરાજા પોતાના નગર થકી ભાગી ગયા હતા. ॥૧૮॥ અને હે અંગ, તે વેનને, વાણીરૂપ વજ્રવાળા મુનીઓએ કોપ કરીને શાપ દેવાથી તેના પ્રાણ નીકળી જતાં, પાછળથી તેનાજ જમણા હાથનું મંથન કરવાથી ઉત્પન્ન થયેલા, નારાયણના અંશરૂપ પૈહેલા રાજા પૃથુએ: તે કાળે રાજ્યહીનતાની અને ચોરો આદીથકી પીડાતી પ્રજાનો પૃથ્વીપતિ કરેલો હતો. ॥૧૯-૨૦॥–વિદુર–સાધુ–સારા ગુણોના ભંડાર–બ્રાહ્મણોને માનનારા–અને મહાત્મા, અંગરાજાને; જેનાથકી મન કચવાઇને તેમને ચાલ્યા જવું પડ્યું એવો દુષ્ટ પુત્ર કેમ ઉત્પન્ન થયો. ॥૨૧॥ તથા ધર્મને

જાણનારા મુનીઓને દુષ્ટ લોકોને દંડ આપવાના મતને ધારણ કરનારા રાજાના ઉપર, તેના કયા અપરાધને માટે, બ્રહ્મદંડ(શ્રાપ)નો ઉપયોગ કરવો પડયો, તે કહો.॥૨૨॥પ્રજાના પાલક(રાજાઓ),દૈવનને દુઃખ દેતા હોય તોપણ દૈવતથકી મારી નાંખવાને યોગ્ય થતા નથી, કેમકે તેઓ પોતાના તેજવડેજ લોકપાળ દેવતાઓની શકતીઓને ધારણ કરેછે.॥૨૩॥ હે બ્રાહ્મણ, તમે પર તથા અવર (એટલે પરમાત્મા અને માયા)ના તત્વને જાણનારાઓમાં શ્રેષ્ઠછો. માટે હું શ્રદ્ધાવાન તથા ભકતને, એ મુનીશ્વરના દીકરાનું સઘળું ચરીત્ર કહી સંભળાવો. ॥૨૪॥-મૈત્રેય- અંગ રાજાએ એક મોટો અશ્વમેધ યજ્ઞ કરયો હતો. તેમાં વેદવાદી બ્રાહ્મણોએ બોલાવવા છતાં દેવતાઓ જ્યારે આવ્યા નહીં. ॥૨૫॥ ત્યારે બ્રાહ્મણોએ વિસ્મય પામીને રાજાને કહ્યું કે, આપ શ્રદ્ધાથી આપેલા યજ્ઞના પદાર્થોમાં કાંઇ દોષ નથી, અને યજ્ઞકારી અમો યથા બ્રહ્મતઃ વેદમંત્રાને ભણીએ પણ દેવતાઓનો કયારે અપરાધ થયેલાનું અમારા જેવામાં આવતું નથી. છતાં પણ કર્મના સાક્ષી દેવતાઓ, પોત પોતાના ભાગને લેતા નથી. ॥૨૬-૨૭-૨૮॥-મૈત્રેય-એ રીતનું બ્રાહ્મણોનું વચન સાંભળવાથી કચવાયલા યજમાન અંગરાજાએ, બ્રાહ્મણોની આજ્ઞાથી મૌનવ્રત તજીને સભાસદોને પુછયું કે, બોલાવ્યા છતાં દેવતાઓ આવતા નથી અને ભાગ પણ લેતા નથી, તો હે સભાસદો, એવું નીંદા યુક્ત કામ મેં શું કરેલ છે તે જણાવો. ॥૨૯-૩૦॥-સભાસદો-હે રાજા તમારે આ જન્મનું તો પાપ કોઇ પણ પ્રકારનું જેવામાં આવતું નથી. પણ કદાચ પૂર્વ જન્મનું પાપ હોય. કે જેથી તમે પ્રજારહીત છો. ॥૩૧॥ એટલા માટે હે રાજા, તમે પોતે પુત્રવાન થવારૂપ કલ્યાણનું સાધન કરવા સારૂં પુત્રની કામનાથી કંઈ કરવો; એટલે યજ્ઞ ભોકતા ભગવાન તમને પુત્ર આપશે. ॥૩૨॥ જ્યારે તમે સાક્ષાત યજ્ઞ પુરૂષ હરી ભગવાનના યજ્ઞને પુત્રની કામનાથી ધારણ કરશો, ત્યારે

ग्वत्त्वामुनयःकिल॥ गतासोम्तस्यभूयस्तेममंथर्दक्षिणंकरं॥१९॥ अराजकेतदालोकेदस्युभिःपीडिताःप्रजाः ॥ जातोनारायणांशेनपृथुराद्यःक्षितीश्वरः॥२०॥ विदुर० तस्यशीलनिधेसाधोर्ब्रह्मण्यस्यमहात्मनः॥ राज्ञःकथमभूदुष्टप्रजायद्विमनाययौ॥२१॥किंवांऽहोवेनमुद्दिश्य ब्रह्मदंडमयूयुजन्॥ दंडव्रतधरेराज्ञिमुनयोधर्मकोविदाः॥२२॥नावध्येयःप्रजापालःप्रजाभिरघवानपि ॥ यदसौलोकपालानांबिभर्त्योजःस्वतेजसा॥२३॥ एतदारुयाहिमेब्रह्मन्सुनीथात्मजचेष्टितं॥ श्रद्दधानायभक्तायत्वंपरावरवित्तमः ॥२४॥ मैत्रेय० अंगोऽश्वमेधंराजर्षिराजहार महाक्रतुं॥ नाजग्मुर्देवतास्तस्मिन्नाहूताब्रह्मवादिभिः॥२५॥ तमूचुर्विस्मितास्तत्रयजमानमथर्त्विजः॥ हवींषिहूयमानानिनतेगृण्हंतिदेवताः ॥२६॥ राजन्हवींष्यदुष्टानिश्रद्धयासादितानिते॥छंदांस्ययातयामानियोजितानिधृतव्रतैः ॥२७॥ नविदामेहदेवानांहेलनंवयमण्वपि॥यन्न गृण्हंतिभागान्स्वान्येदेवाःकर्मसाक्षिणः॥२८॥ मैत्रेय०अंगोद्विजवचःश्रुत्वायजमानःसुदुर्मनाः॥ तत्प्रष्टुंव्यसृजद्वाचंसदस्यांस्तदनुज्ञया२९ नागच्छंत्याहुतादेवानगृण्हंतिग्रहानिह॥सदसस्पतयोब्रूत [illegible] याकृतं॥३०॥ सदसस्पत० नरदेवेहभवतोनाघंतावन्मनाकुस्थितं॥अस्त्येकंप्राक्तनमघंयदिहेदृक्त्वमप्रजः॥३१॥ तथासाधयभद्रंतेआत्मानंसुप्रजंनृप॥इष्टस्तेपुत्रकामस्यपु[illegible] तियज्ञभुक्॥३२॥ तथास्वभागधेयानिग्रहीष्यंतिदिवौकसः ॥ यद्यज्ञपुरुषःसाक्षादपत्यायहरिर्वृतः॥३३॥ तांस्तान्कामान्हरिर्दद्याद्यान्यान्कामयतेजनः ॥ आराधितोयथैवैषांतथापुंसांफलोदयः॥३४॥ इतिव्यवसिताविप्रास्तस्यराज्ञःप्रजातये॥पुरोडाशंनिरवपन्शिपिविष्टायविष्णवे॥३५॥तस्मात्पुरुषउत्तस्थौहेममाल्यमलांबरः॥ हिरण्मयेनपात्रेणसिद्धमादायपायसं॥३६॥ सविप्रानुमतोराजागृहीत्वांऽजलिनौदनं ॥ अवघ्रायमुदायुक्तःप्रादात्पत्न्या उदारधीः॥३७॥ सातत्पुंसवनंराज्ञीप्राश्यवैपत्युरादधे ॥ गर्भंकालउपावृत्तेकुमारंसुषुवेऽप्रजा ॥३८॥ सबालएवपुरुषोमातामहमनुव्रतः ॥ अधर्मांशोद्भवंमृत्युंतेनाभवदधार्मिकः॥३९॥सशरास[illegible] गयुर्वनगोचरः॥हंतिसाधून्मृगान्दीनान्वेनोऽसावित्यरौज्जनः॥४०॥आक्रीडेक्रीडतोबालान्वयस्यानतिदारुणः॥ प्रसह्यनिरनुक्रोशःपशुमारममारयत्॥४१॥ तंविचक्ष्यखलंपुत्रंशासनैर्विविधैर्नृपः ॥ यदानशासितुंक

એ પ્રકારે કરવાથી દેવતાઓ પણ પોત પોતાના ભાગોને લેશે. ॥૩૩॥ કેમકે માણુસો જેવી જેવી કામનાથી હરી ભગવાનનું આરાધન કરેછે, તેવી તેવી કામનાઓ હરી ભગવાન તેમને આપેછે; એટલે પુરૂષોની ઇચ્છા પ્રમાણેજ ફળનો ઉદય થાયછે. ॥૩૪॥-મૈત્રેય-પછી એ પ્રકારના નીશ્ચયવાળા બ્રાહ્મણોએ, એ રાજાને પુત્ર થવા માટે વીશ્નુનું નામ લેઇને અગ્નીમાં પુરોડાશ હોમ્યું. ॥૩૫॥ એટલે તેમાંથી સોનાની માળા, અને નીર્મળ વસ્ત્ર પેહેરેલો પુરૂશ સોનાના પાત્રમાં દુધપાક લેઇને નીકળ્યો. ॥૩૬॥ ત્યારે બ્રાહ્મણોની સલાહથી, એ મોટી બુદ્ધીવાળા રાજાએ, તે દુધપાક પોતાના હાથમાં લેઇ સુંઘીને, આનંદ સહીત પોતાની રાણીને આપ્યો. ॥૩૭॥ અને પોતાના સ્વામીના સમક્ષ એ પુત્ર આપનારો દુધપાક તે રાણીએ ખાવાથી, તેને રૂતુ કાળે ગર્ભ રહીને, દીવસ પુરા થયે દીકરો અવતર્યો. ॥૩૮॥ અને તે પુત્ર, બાળકપણાથીજ; તેની માનો બાપ મૃત્યુ કે જે અધર્મના અંશથી થએલો છે, તેને અનુસરવાથી (એટલે મોશાળ પક્ષઉપર પડવાથી) અનીતુર અને અધર્મનું આચરણ કરનારો થયો. ॥૩૯॥ અને તે ધનુષ્ય ઉપાડીને વનમાં જઇ મૃગીયા કરતાં સાધુઓને-મૃગોને-અને દીન લોકોને મારવા લાગતાં લોકોમાં પોકાર ઉઠયો કે, આતો "વેન" છે. ॥૪૦॥ તથા તે નીર્દય-અનીતિમ-અને સહન થઇ શકે નહી એવો; રમત રમતાં, પોતાના સરખી ઉમરના બાળકોને પણ ખાટકીની પેઠે મારી નાંખવા લાગ્યો. ॥૪૧॥ એ ખળ પુત્રને ઘણે પ્રકારે શીખામણ આપવા છતાં, જ્યારે તેને સમજાવવામાં પોતે અશક્ત હોવાનું અંગ રાજાએ જેયું, ત્યારે તેમનું મન ઘણુંજ કચવાઇ ગયું. ॥૪૨॥ (અને બોલ્યા કે) "જે ગૃહસ્થાશ્રમીઓ સંતાન વીનાના છે, તેમણે વીશેશે કરીને ભગવાનને પુજેલા હશે; કારણ દુષ્ટ છોકરાંથકી ઉત્પન્ન થનારાં અસહ્ય દુઃખો તેમના જેવામાં આવતાં નથી. ॥૪૩॥ માટે અપકીર્તી-મોટો અધર્મ-સર્વની સાથે વીરોધ-અને અંત વીનાની

પીડાઓ, પુરૂષોને જેનાથકી થાયછે; તથા જેને લીધેજ ઘર કેવળ દુઃખરૂપ થઈ પડેછે; એવાં છોકરાં નામથી કહેવાતા, પોતાના મોહરૂપ બંધનને કયો જ્ઞાનવાન પુરૂષ સારૂં માને. ॥૪૪-૪૫॥ તોપણ જેમનાથકી મનુષ્યોને ઘરથકી વૈરાગ્ય ઉપજ થાયછે એવાં ઘરને, કેવળ દુઃખરૂપ કરી નાંખનારાં "દુષ્ટ છોકરાંઓને; શોકને ઉત્પન્ન થવાના કારણરૂપ "સારાં છોકરાં" ઓના કરતાં હું ઉત્તમ માનુંછું. ॥૪૬॥ એ રીતે વૈરાગ્ય પામેલા અંગરાજાની ઉંઘ ઉડી ગઇ. પછી એ વેનની માને અરધી રાતને સમએ સુતેલીજ મુકીને, અને મોટી સમૃદ્ધીવાળા ઘરને પણ તજીને, લોકોના જાણવામાં ન આવે તેમ અંગરાજા ઉઠીને ચાલ્યા ગયા. ॥૪૭॥ પછી પુરોહિત (ગોર)-પ્રધાનો-અને સગાં સંબંધીઓએ તથા પ્રજાએ, પોતાના રાજાને વૈરાગ્યવાળા મનથી ચાલી નીકળેલાનું સાંભળીને, ઘણો શોક કરી વીવ્હળ થઇને; કાચા યોગીઓએ, છુપાઇ ગયેલા પુરૂષભગવાનને શોધવાની પેઠે, પૃથ્વીને વીશે તેમનો શોધ કર્યો. ॥૪૮॥ પણ હે વીદુર, જ્યારે રાજાનો પત્તો ન લાગવાથી તેમનો ઉદ્યોગ વ્યર્થ ગયો, ત્યારે તેમણે શેહેરમાં પાછા આવીને, આંસુવાળે મોઢે, ત્યાં એકઠા થયેલા રૂશીઓને નમસ્કાર કરીને, રાજાનો નાશ થયાની વાત જણાવી. ॥૪૯॥ ઇતીશ્રી૦ ભા૦ ચો૦ સ્કં. તેરમો અ. સં. ॥૧૩॥

અધ્યાય ૧૪ મો -મૈત્રેય.-ત્યારે લોકોના કલ્યાણ તરફ જોનારા ભૃગુ આદી મુનીઓએ રક્ષણ કરનારા (રાજા) વીના મનુષ્યોની પશુ સરખી સ્થીતી થયેલી જોઇને, તે વીર પુત્રની મા સુનીથાને બોલાવીને, પ્રધાનોને નહીં ગમતા વેનનો, તે બ્રહ્મવાદી બ્રાહ્મણોએ અભીશેક કરીને તેને પૃથ્વીપતી (રાજા) કર્યો. ॥૧-૨॥ એટલે અત્યંત ભયંકર શીક્ષા કરનારા વેનને રાજ્યગાદી ઉપર બેઠેલો સાંભળીને, સાપના ત્રાસથી ઉંદરો ભરાઇ જવાની પેઠે, સર્વે ચોરાદીક સંતાઇ ગયા. ॥૩॥ પછી તે, રાજાના આસન ઉપર બેઠેલો-આઠે પ્રકારની

ल्पोऽङ्गशमासीत्सुदुर्मनाः॥४२॥प्रायेणाभ्यर्चितोदेवोयेऽप्रजागृहमेधिनः॥ कदपत्यभृतंदुःखंयेनविंदंतिदुर्भरं॥४३॥ यतःपापीयसीकीर्तिरधमेश्चम [illegible]णां॥ यतोविरोधःसर्वेषांयतआधिरनंतकः ॥४४॥ कस्तंप्रजाऽपदेशंवैमोहबंधनमात्मनः ॥ पंडितोबहुमन्येतयदर्थाःक्लेशदागृहाः ॥४५॥ कदपत्यंवरंमन्येसदपत्याच्छुचांपदात्॥ निर्विद्येतगृहान्मर्त्योयत्क्लेशनिवहागृहाः ॥४६॥ एवंसनिर्विण्णमनानृपोगृहान्निशीथउत्थायमहोदयोदयात् अलब्धनिद्रोऽनुपलक्षितोनृभिर्हित्वागतो [illegible]सुतां॥४७॥विज्ञायनिर्विद्यगतंपतिंप्रजाःपुरोहितामात्यसुहृद्गणादयः ॥ विचिक्युरुर्व्यामतिशोककातरायथानिगूढंपुरुषंकु[illegible]नः॥४८॥अलक्षयंतःपदवींप्रजापतेर्हतोद्यमाःप्रत्युपसृत्यतेपुरीं ॥ ऋषीन्समेतानभिवंद्यसाश्रवोन्यवेदयन्पौरवभर्तृविप्लवं ॥४९॥ इ०भा०म०च०त्रयोदशोऽध्यायः ॥१३॥ मैत्रेय०भृग्वादयस्तेमुनयोलोकानांक्षेमदर्शिनः॥ गोप्तर्यसतिवैनृणांपश्यंतःपशुसाम्यतां॥१॥वीरमातरमाहूयसुनीथांब्रह्मवादिनः॥ प्रकृत्यसंमतंवेनमभ्यषिंचन्पतिंभुवः॥२॥ श्रुत्वानृपासनगतंवेनमत्युग्रशासनं॥ निलिल्युर्दस्यवःसर्वेसर्पत्रस्ताइवाखवः ॥३॥ सआरूढनृप[illegible]नउन्नद्धोऽष्टविभूतिभिः ॥ अवमेनेमहाभागांस्तब्धःसंभावितःस्वतः॥४॥ एवंमदांधउत्सिक्तोनिरंकुशइवद्विपः॥ पर्यटन्रथमास्थायकंपयन्निवरोदसी ॥५॥ नयष्टव्यंनदातव्यंनहोतव्यंद्विजाः[illegible]इतिन्यवारयद्धर्मंभेरीघोषेणसर्वशः ॥६॥वेनस्यावेक्ष्यमुनयोदु[illegible]स्यविचेष्टितं॥ वि[illegible]श्यलोकव्यस[illegible]चुःस्मसत्रिणः॥७॥ अहोउभयतः[illegible]नंमहत्॥ दारुण्युभयतोदीप्तेइवतस्करपालयोः॥८॥ अराजकभयादेषकृतोराजाऽतदर्हणः ॥ ततोऽप्यासीद्भयंत्वद्यकथंस्यात्स्वस्तिदेहिनां ॥९॥ अहेरिवपयःपोषःपोषकस्य[illegible]प्यनर्थभृत् ॥ वेनःप्रकृत्यैवखलःसुनीथागर्भसंभवः॥१०॥ निरूपितःप्रजापालः[illegible]संतिवैप्रजाः ॥ तथापिसांत्वये[illegible]मुंनास्मांस्तत्[illegible]तकंस्पृशेत्॥११॥ तद्विद्वद्भि[illegible]कृतो वेनोऽस्माभि[illegible]तोनृपः॥सांत्वितोयदिनोवाचंनग्रहीष्यत्यधर्मकृत्॥१२॥ लोकधिक्कारसंदग्धंदहिष्यामःस्वतेजसा॥ एवमध्यवसायैनंमुनयोगूढमन्यवः॥उपव्रज्याब्रुवन्वेनंसांत्वयित्वाचसामभिः॥१३॥ मुनय०नृपवर्यनिबोधैतद्यत्तेविज्ञापयामभोः॥ आयुःश्रीबलकीर्तिनांतवतातविवर्द्धनं॥१४॥ धर्मआचरितःपुंसांवाङ्

વીભુતીઓથી છકેલો-અને પોતાથીજ પોતાને ઉત્તમ માનનારો વેન, અક્કડ બનીને મહાત્માઓનું પણ અપમાન કરવા લાગ્યો. ॥૪॥ અને એ રીતે મદથી છકેલો તે,અંકુશ વીનાના હાથીની પેઠે, રથમાં બેસીને આકાશ તથા પૃથ્વીને ધ્રુજાવતો ફરવા લાગ્યો. ॥૫॥ તથા તેણે ઢંઢેરો પીટાવીને, કોઇ દ્વીજોએ કદીપણ યજ્ઞ કરવા નહીં-દાન આપવાં નહીં-અને હોમ પણ કરવા નહીં, એમ કરીને સર્વ પ્રકારથી ધર્મ બંધ કરી નાંખ્યો. ॥૬॥ ત્યારે એ રીતની દુષ્ટ વેનની વર્તણુક, અને લોકને તેથી થતું દુઃખ જોઇને, સર્વ મુનીઓએ એકઠા થઇ દયા થકી વીચાર કરીને તેઓ બોલ્યા કે. ॥૭॥ "અરે આતો બેઉ તરફથી બળવા લાગેલા લાકડાની પેઠે, ચોરો તથા રાજા તરફથી લોકોને મોટું દુઃખ આવી પડયું છે. ॥૮॥ રાજા ન હોવાથી ભય થવાનું જાણી રાજ્યપદને ન લાયકને રાજા બનાવેલા વેનથકી હાલમાં લોકને ભય થાયછે, તો હવે પ્રજાનું ભલું કેવે પ્રકારે થાય? ॥૯॥ દુધ પાઇને ઉછેરેલો સાપ ઉછેરનારનેજ દુઃખ આપનારો થાયછે. એ રીતે સુનીથાના ગર્ભમાં ઉત્પન્ન થવાથી પ્રકૃતી થકીજ ખળ, વેનને પ્રજાએ રાજા કરવાથી, તે વેનજ પ્રજાનો નાશ કરવાનું કરેછે. તોપણ આપણને તેનું પાપ સ્પર્શ ન કરે તે સારૂં, આપણે તેને સમજાવવો જોઇએ. ॥૧૦-૧૧॥ દુષ્ટ આચરણવાળા વેનને, જાણ્યા છતાં આપણે તેને રાજા કરેલો છે. તો અધર્મ કરનારો તે જ્યારે આપણાં શીખામણનાં વચનને નહીં માને, ત્યારે લોકોના ધીઃકારથી બળી રહેલા તેને આપણે પોતાના તેજવડેજ બાળી નાંખીશું. ॥૧૨॥ એ પ્રમાણે નિશ્ચય કરેલા-મુનીઓ, ક્રોધને છાનો રાખીને વેનની પાસે ગયા. અને (શામનાં) નીતીનાં વચનોવડે તેનું સાંત્વન કરવાને બોલ્યા કે. ॥૧૩॥ **-મુનિઓ-**હે મહારાજ, તમારૂં આયુષ્ય-બળ-લક્ષ્મી-અને કીર્તી વધે એવી અમારી વીનંતી સાંભળો. ॥૧૪॥ સંગરહીત પુરૂશોએ વાણી-મન-શરીર-અને બુદ્ધીથી આચરેલો ધર્મ, શોકરહીત પરલોકને અને મોક્ષને આપનારો થાયછે. ॥૧૫॥ માટે હે વીર, પ્રજાઓનું કલ્યાણ કરવારૂપ તમારો એ ધર્મ નાશ પામવો ન જોઇએ. કે જેનો નાશ થવાથી રાજા ઐશ્વર્ય થકી ભ્રષ્ટ થાયછે. ॥૧૬॥ હે રાજા, પ્રજા

પામેછે રાજા જેવી રીતે કર આદીક લેછે, તેવી રીતેજ ચોરાદીકથી અને દુષ્ટ કારભારી વીગેરેથી પ્રજાનું રક્ષણ કરેછે; તેથી તે આ લોકમાં અને પરલોકમાં આનંદને પામેછે. ॥૧૭॥ જે રાજાના દેશમાં અને નગરોમાં લોકો વર્ણ અને આશ્રમોવાળો સ્વધર્મ પાળીને ભગવાન યજ્ઞપુરૂષનું પુજન કરેછે, તે ભગવાનની (શાસ્ત્રાદીક દ્વારે કહેલી પોતાની) આજ્ઞા પ્રમાણે આસનારા રાજાના ઉપર, પ્રાણી માત્રનું પોષણ કરનારા વીશ્વાત્મા ભગવાન પ્રસન્ન થાય; ત્યારે તે રાજાને નહીં મળવા લાયક કાંઇજ રેહેતું નથી. એટલે સઘળા લોકો તેમના પાળીત કરનારાઓ સહીત,તે રાજાને આદરસહીત કર આદીક આપેછે.॥૧૮-૧૯-૨૦॥ એટલા માટે હે રાજા, સર્વલોક, દેવતાઓ, અને વર્ણોના સ્વામીરૂપ એ, વેદમય-દ્રવ્યમય-અને તપોમય ભગવાનનું જુદા જુદા પ્રકારના યજ્ઞાદીક વડે પુજન કરવાથકી, તમારા પોતાના દેશના લોકોને, તમારૂં પોતાનુંજ ભલું થવાને માટે, તમોએ અટકાવવા નહીં જોઇએ. ॥૨૧॥ તથા તમારા દેશમાં હરીભગવાનની કળારૂપ દેવતાઓનું પુજન, દ્વીજલોકો યજ્ઞાદીકવડે કરવાથી, પ્રસન્ન થઇને જેઓ ઇચ્છીત પદાર્થો આપનારા છે; તે દેવતાઓની અવગણના આપે કરવી યોગ્ય નથી. ॥૨૨॥ -વેન-અધર્મને ધર્મ માનનારા તમે લોકો ખરેખરા અજ્ઞાન છો. કેમકે આજીવીકા આપનારા સ્વામીને તજીને, જાર એટલે કરી રાખેલા છાના ઉપપતીને ઉપાસોછો. ॥૨૩॥ જે મુઢ લોકો રાજારૂપ ઇશ્વરની અવગણના કરેછે, તેઓ આ લોક તથા પરલોકને વીશે પણ કલ્યાણને પામતા નથી. ॥૨૪॥ યજ્ઞપુરૂષ નામથી કહેવાતો વળી કોણ છે, કે જેને વીશે; દુષ્ટ સ્ત્રીઓએ પર પુરૂષને ભજવાની પેઠે, તમે પોતાના ખરા સ્વામી (રાજા) તરફ સ્નેહ રાખવાનું છોડી દેઇને, આટલી બધી ભક્તી રાખોછો. ॥૨૫॥ રાજાના શરીરમાં વીશ્નુ-બ્રહ્મા-સદાશીવ-ઇંદ્ર-વાયુ-યમ-સુર્ય-વરસાદ-કુબેર-ચંદ્ર-પૃથ્વી-અગ્ની-અને વરૂણ તથા બીજા પણ વરદાન

मनःकायबुद्धिभिः॥ लोकान्विशोकान्वितरत्यथानंत्यमसंगिनां॥१५॥ सतेमाविनशेद्वीरप्रजानांक्षेमलक्षणः॥ यस्मिन्विनष्टेनृपतिरैश्वर्यादवरोहति॥१६॥ राजन्नसाध्वमात्येभ्यश्चोरादिभ्यःप्रजानृपः॥ रक्षन्यथाबलिंगृण्हन्निहप्रेत्यचमोदते॥१७॥ यस्यराष्ट्रेपुरेचैवभगवान्यज्ञपूरुषः॥इज्यतेस्वेनधर्मेणजनैर्वर्णाश्रमान्वितैः॥१८॥ तस्यराज्ञोमहाभागभगवान्भूतभावनः॥ परितुष्यतिविश्वात्मातिष्ठतोनिजशासने॥१९॥ तस्मिंस्तुष्टेकिमप्राप्यंजगतामीश्वरेश्वरे॥ लोकाःसपालाह्येतस्मैहरंतिबलिमादृताः॥२०॥ तंसर्वलोकामरयज्ञसंग्रहंत्रयीमयंद्रव्यमयंतपोमयं॥ यज्ञैर्विचित्रैर्यजतोभवायतेराजन्स्वदेशाननुरोद्धुमर्हसि॥२१॥ यज्ञेनयुष्मद्विषयेद्विजातिभिर्वितायमानेनसुराःकलाहरेः॥ स्विष्टाःसुतुष्टाःप्रदिशंतिवांछितंतद्धेलनंनार्हसिवीरचेष्टितुं॥२२॥ वेन० बालिशाबतयूयंवाअधर्मेधर्ममानिनः॥येवृत्तिदंपतिंहित्वाजारंपतिमुपासते२३ अवजानंत्यमीमूढानृपरूपिणमीश्वरं॥ नानुविंदंतितेभद्रमिहलोकेपरत्रच॥२४॥ कोयज्ञपुरुषोनामयत्रवोभक्तिरीदृशी॥ भर्तृस्नेहविदूराणांयथाजारेकुयोषितां॥२५॥ विष्णुर्विरिंचोगिरिशइंद्रोवायुर्यमोरविः॥ पर्जन्योधनदःसोमःक्षितिरग्निरपांपतिः॥२६॥ एतेचान्येचविबुधाःप्रभवोवरशापयोः॥ देहेभवंतिनृपतेःसर्वदेवमयोनृपः॥२७॥ तस्मान्मांकर्मभिर्विप्रायजध्वंगतमत्सराः॥ बलिंचमह्यंहरतमत्तोऽन्यःकोग्रभुक्पुमान्॥२८॥ मैत्रेय०इत्थंविपर्ययमतिःपापीयानुत्पथंगतः॥ अनुनीयमानस्तद्याच्ञांनचक्रेभ्रष्टमंगलः॥२९॥ इतितेऽसत्कृतास्तेनद्विजाःपंडितमानिना॥ भग्नायांभव्ययाच्ञायांतस्मैविदुरचुक्रुधुः॥३०॥हन्यतांहन्यतामेषपापःप्रकृतिदारुणः॥ जीवन्जगदसावाशुकुरुतेभस्मसाध्रुवं॥३१॥ नायमर्हत्यसद्वृत्तोनरदेववरासनं॥योऽधियज्ञपतिंविष्णुंविनिंदत्यनपत्रपः॥३२॥ कोवैनंपरिचक्षीततवेनमेकमृतेऽशुभं॥ प्राप्तईदृशमैश्वर्यंयदनुग्रहभाजनः॥३३॥ इत्थंव्यवसिताहंतुमृषयोरूढमन्यवः॥ निजघ्नुर्हुंकृतैर्वेनंहतमच्युतनिंदया॥३४॥ ऋषिभिःस्वाश्रमपदंगतेपुत्रकलेवरं॥ सुनीथापालयामासविद्यायोगेनशोचती॥३५॥एकदामुनयस्तेतुसरस्वत्सलिलाप्लुताः॥ हुत्वाऽग्नीन्सत्कथाश्चक्रुरुपविष्टाःसरित्तटे॥३६॥ वीक्ष्योत्थितान्महोत्पातानाहुर्लोकभयंकरान्॥अप्यभद्रमनाथायादस्युभ्योनभवेद्भुवः॥३७॥ एवंमृशंतऋषयोधावतांसर्वतोदि

અને શ્રાપને આપનારા દેવતાઓ; રાજા સર્વદેવમય હોવાથી રહેલાછે. ॥૨૬-૨૭॥ એટલા માટે હે બ્રાહ્મણો, અદેખાઇ તજીને કર્મોવડે તમે, મારૂંજ પુજન કરો, અને મનેજ બલીદાનો (કરાદીક) આપો, મારા વીના બીજો વળી કયો પુરૂષ આરાધન કરવાને યોગ્ય છે ॥૨૮॥-મૈત્રેય-હે વીદુર, એ પ્રકારે તે અવળે મારગે ચાલનારા-પાપી-અને ભાગ્યહીન તથા દુષ્ટ બુદ્ધીવાળાએ તેમની યાચનાનો સ્વીકાર કર્યો નહીં, ત્યારે એ પંડીતપણાનું અભીમાન રાખનારા વેન થકી એ રીતે અસત્કાર પામેલા તે બ્રાહ્મણોએ પોતાની ઉત્તમ માગણીનો સ્વીકાર ન થવાથી તેના ઉપર કોપ કર્યો. ॥૨૯-૩૦॥ (અને વિચાર કર્યો કે) "આ સ્વભાવથીજ ઉગ્ર અને પાપરૂપ વેન જો જીવતો રહેશે તો, ઉતાવળોજ આખા જગતને બાળી નાંખશે; માટે એને મારી નાંખવાનીજ જરૂર છે. ॥૩૧॥ જે યજ્ઞના અધીપતી વીશ્નુ ભગવાનની નીર્લજ્જપણે નીંદા કરે છે, તે દુષ્ટ આચરણ કરનારો રાજાના આસનને યોગ્ય નથી. ॥૩૨॥ જેના અનુગ્રહથી આ રીતનું ઐશ્વર્ય પોતાને મળેલું છે; તે ભગવાનની નીંદા, એકલા દુષ્ટ વેન વીના બીજો કોણ કરે. " ॥૩૩॥ પછી એ પ્રમાણે તેને મારી નાંખવાના નીશ્ચય ઉપર આવેલા રૂશીઓએ, એ, અચ્યુત ભગવાનની નીંદા કરવાથી મરી ચુકેલા વેનને, ક્રોધ કરીને "હુંકાર" વડેજ મારી નાંખ્યો. ॥૩૪॥ પછી રૂશીઓ તેમના આશ્રમોમાં ગયા કેડે, શોક કરતી સુનીથાએ પુત્રના દેહને, મંત્ર (એટલે સારા સલાહકારોની મસલદન તથા ગુપ્તપણું) અને ઔશધીઓ (એટલે કસ્તુરી આદીક ભરીને તેલમાં રાખી મુકવું આદી.) વડે સાચવીને રાખી મુક્યો. ॥૩૫॥ તે કેડે એક વખતે મુનીઓ સરસ્વતી કાંઠે, જળથી નાહી, અગ્નીમાં હોમ કરીને સારી સારી કથા વારતાઓ કરતા હતા. ॥૩૬॥ ત્યાં જગતને ભય ઉત્પન્ન કરે એવા મોટા ઉત્પાતો થતા દેખીને તેઓ બોલ્યા કે, રાજા વીનાની પૃથ્વીનું ચોરાદીકથી અશુભતો નહીં થતું હોય?" ॥૩૭॥ એવો તે રૂશીઓ વીચાર કરે છે, એટલામાં તો ઘણુંએક ચોરોથી થતી લુંટફાંટથી, તથા ચારે તરફ થતી દોડાદોડીથી, ઉડવા લાગેલી ધુળ તેમણે દીઠી. ॥૩૮॥ તેથી એ રીતે ધનાદીકની લુંટ કરનારા ચોરાદીકથી તથા

આંઢોમાંહે એક ખીજા થશી પણ લોકને, રાજાના મરી ગયા પછી ઉપદ્રવ થતો જોઇને તે મુનીઓએ વીચાર્યું કે, " પુરશાર્થ રહીત રાજા અને ચોર સમાન લોકો થઇ જાય, ત્યારે તેના દોશોને જાણનારો જે કોઇ, તેનું નીવારણ કરવાને સમર્થ હોય, તેતો પ્રસમ; નીવારણ નહીં કરવાવડે ગરીબ લોકની ઉપેક્ષા કરે, તો; તેની ઉપેક્ષા કરનાર બ્રાહ્મણ શાંત અને સમદર્શી હોય તોપણ; ફુટેલા વાસણમાંથી પાણી ઝરી જવાની પેઠે, તેનું બ્રહ્મજ્ઞાન તથા તપ અને વ્રતાદીક સઘળું શુભકર્મ નાશ પામી જાય છે. ॥૩૯-૪૦-૪૧॥ માટે જે વંશમાં અમોઘ પરાક્રમવાળા અને કેશવ ભગવાનના આશ્રયવાળા રાજાઓ થયેલા છે, તેવો અંગ રાજાના વંશનો નાશ થવો યોગ્ય નથી. "॥૪૨॥ એવા નીશ્ચયથી એ રૂશીઓએ મુએલા રાજાના સાથળનું મંથન કરવાથી તુરંતજ એક બાહુક એટલે ઠીંગણો-કાગડા જેવા કાળો-ઘણી નાના અંગોવાળો-ટુંકા હાથ પગ અને મોટી હડપચી-વાળો-નાકની અણીથી ચીબો-રાતી આંખ્યો અને રાતા વાળવાળો એવો પુરૂશ ઉત્પન્ન થયો. ॥૪૩-૪૪॥ હે વીદુર, તેણે રાંકપણાથી પુછ્યું કે મારે શું કામ કરવું. ત્યારે રૂશીઓએ કહ્યું કે "નીષાદ" એટલે બેસી જા, તેથી તે નીશાદ કહેવાયો.॥૪૫॥તેના વંશના ભીલ આદી ડુંગરો અને વનોમાં રહેનારા લોકો થયેલા છે. અને એ રૂપથીજ એ વેનના શરીરમાંનું ઉગ્ર પાપ બહાર નીકળેલું છે. ॥૪૬॥ ઇતીશ્રી૦ભા૦ચો૦સ્કંધ૦ચે૦દશો૦અ૦ચતુ૦॥૧૪॥

અધ્યાય ૧૫ મો.—મૈત્રેય—પછી તે અપુત્ર રાજાના શરીરના બે હાથનું, બ્રાહ્મણોએ ફરીથી મથન કરવાથી, તેમાંથી એક પુરૂશ અને એક સ્ત્રી ઉત્પન્ન થયાં. ॥૧॥ ત્યારે તે ઉત્પન્ન થયેલાંને ભગવાનની કળા રૂપ જાણવાથી પરમ સંતોશ પામેલા, એ બ્રહ્મવાદી રૂશીઓ બોલ્યા કે. ॥૨॥-રૂશિઓ-આ પુરૂશ છે તે જગતનું પાલન કરનાર વીશ્નુ ભગવાનની કળા છે. અને આ સ્ત્રી છે તે ભગવાનની પાસેથી નહીં ખસનાર

शः॥पांसुःसमुत्थितोभूरिश्चोराणामभिलुंपतां ॥३८॥ तदुपद्रवमाज्ञायलोकस्यवसुलुंपतां ॥ भर्तर्युपरतेतस्मिन्नन्योन्यंचजिघांसतां ॥३९॥ चोरप्रायंजनपदंहीनसत्त्वमराजकं॥ लोकान्नावारयन्शक्ताअपितद्दोषदर्शिनः॥४०॥ ब्राह्मणःसमदृक्शांतोदीनानांसमुपेक्षकः॥स्रवतेब्रह्मतस्यापिभिन्नभांडात्पयोयथा ॥४१॥ नांगस्यवंशोराजर्षेरेषसंस्थातुमर्हति॥ अमोघवीर्याहिनृपावंशेऽस्मिन्केशवाश्रयाः॥४२॥ विनिश्चित्यैवमृषयोविपन्नस्यमहीपतेः॥ ममंथुरूरुंतरसातत्रासीद्बाहुकोनरः॥४३॥ काककृष्णोऽतिह्रस्वांगोह्रस्वबाहुर्महाहनुः॥ह्रस्वपान्निम्ननासाग्रोरक्ताक्षस्ताम्रमूर्द्धजः॥४४॥ तंतुतेऽवनतंदीनंकिंकरोमीतिवादिनं॥निषीदेत्यब्रुवंस्तातसनिषादस्ततोभवत्॥४५॥तस्यवंश्यास्तुनैषादागिरिकाननगोचराः ॥ येनाहरज्जायमानोवेनकल्मषमुल्वणं ॥४६॥ इ०भा०म०च०पृथुचरितेनिषादोत्पत्तिर्नामचतुर्दशोऽध्यायः॥१४॥मैत्रेय० अथतस्यपुनर्विप्रैरपुत्रस्यमहीपतेः॥ बाहुभ्यांमथ्यमानाभ्यांमिथुनंसमपद्यत॥१॥ तद्दृष्ट्वामिथुनंजातमृषयोब्रह्मवादिनः॥ऊचुःपरमसंतुष्टाविदित्वाभगवत्कलां॥२॥ऋषय०एषविष्णोर्भगवतःकलाभुवनपालनी॥इयंचलक्ष्म्याःसंभूतिःपुरुषस्यानपायिनी॥३॥ अयंतुप्रथमोराज्ञांपुमान्प्रथयितायशः॥ पृथुर्नाममहाराजोभविष्यतिपृथुश्रवाः॥४॥इयंचसुदतीदेवीगुणभूषणभूषणा ॥ अर्चिर्नामवरारोहापृथुमेवावरुंधती॥५॥ एषसाक्षाद्धरेरंशोजातोलोकरिरक्षया ॥ इयंचतत्पराहिश्रीरनुजज्ञेऽनपायिनी॥६॥ मैत्रेय०प्रशंसंतिस्मतंविप्रागंधर्वप्रवराजगुः॥ मुमुचुःसुमनोधाराःसिद्धानृत्यंतिस्वःस्त्रियः॥७॥ शंखतूर्यमृदंगाद्यानेदुर्दुंदुभयोदिवि॥ तत्रसर्वउपाजग्मुर्देवर्षिपितृणांगणाः॥८॥ब्रह्माजगद्गुरुर्देवैःसहासृत्यसुरेश्वरैः॥ वैन्यस्यदक्षिणेहस्तेदृष्ट्वाचिन्हंगदाभृतः॥९॥पादयोररविंदंचतंवैमेनेहरेःकलां॥ यस्याप्रतिहतंचक्रमंशःसपरमेष्ठिनः॥१०॥ तस्याभिषेकआरब्धोब्राह्मणैर्ब्रह्मवादिभिः ॥ आभिषेचनिकान्यस्मैआजह्रुःसर्वतोजनाः ॥११॥ सरित्समुद्रागिरयोनगागावःखगामृगाः॥ द्यौःक्षितिःसर्वभूतानिसमाजह्रुरुपायनं ॥१२॥ सोऽभिषिक्तोमहाराजःसुवासाःसाध्वलंकृतः॥ पत्न्याऽर्चिषालंकृतयाविरेजेऽग्निरिवापरः॥१३॥ तस्मैजहारधनदोहैमंवीरवरासनं॥ वरुणःसलिलस्रावमातपत्रंशशिप्रभं॥१४॥ वायुश्चवालव्यजनेधर्मःकीर्तिमयींस्रजं

લક્ષ્મીનો અંશછે. ॥૩॥ આ પુરૂશ મોટી કીર્તીવાળો-રાજાઓની કીર્તીને વધારનારો-અને આદી રાજા-થઇને પૃથુ નામથી કહેવાશે. ॥૪॥ અને આ સારા દાંતવાળી-ગુણ તથા ઘરેણાંને પણ શોભાવનારી-અને ઉત્તમ સ્વરૂપવાળી-અર્ચી નામની કન્યા, એ પૃથુરાજાનેજ પરણશે. ॥૫॥ એ પૃથુ જગતનું રક્ષણ કરવાને માટે સાક્ષાત હરી ભગવાનના અંશવડે અવતરેલા છે. અને આ અર્ચી, તેમનામાંજ તત્પર અને તેમના થકી દુર ન રહે એવાં લક્ષ્મીનોજ અવતાર છે.॥૬॥-મૈત્રેય-પછી તે પૃથુરાજાની બ્રાહ્મણો પ્રસંશા કરવા લાગ્યા. મોટા ગંધર્વો ગાવા લાગ્યા. સીદ્ધ લોકોએ (તેમના ઉપર) ફુલનો વરસાદ વરસાવ્યો. અને અપસરાઓએ નાચ કરયો. ॥૭॥ તેમજ તે સમએ આકાશમાં શંખ-તુરી-મૃદંગ-અને દુંદુભી વાગ્યાં. તથા સર્વ દેવતાઓ-રૂશીઓ-અને પીતૃઓ તેમના ગણો સહીત ત્યાં આવ્યા. ॥૮॥ પછી જગત ગુરૂ બ્રહ્મા ત્યાં પધાર્યા; તેમણે એ ભગવાનના અંશ, ગદાને ધરનારા વેનપુત્ર પૃથુના જમણા હાથમાં સ્પસ્ટ જણાતું ચક્રનું ચીન્હ અને પગમાં કમળનું ચીન્હ જોઇને, તેમને હરી ભગવાનની કળા માન્યા.॥૯-૧૦॥પછી વેદને જાણનારા બ્રાહ્મણોએ તેમના અભીશેકનો આરંભ કરયો. લોકો ચારે કોરથી અભીશેકનો સામાન લેઇ આવ્યા. ॥૧૧॥ નદીઓ-સમુદ્રો-પર્વતો-ઝાડો-ગાયો-પક્ષીઓ-અને-મૃગો-એમણે તથા આકાશ-પૃથ્વી-અને સર્વ પ્રાણીઓએ ભેટ આપી. ॥૧૨॥ ત્યારે અભીશેક થયેલા અને સારાં વસ્ત્રો તથા ઘરેણાં પહેરેલા મહારાજા પૃથુ, ઘરેણાં આદી પહેરેલાં અર્ચી રાણીની સાથે બીજા અગ્ની જેવા શોભવા લાગ્યા. ॥૧૩॥ હે વીદુર, તેમને માટે, કુબેરે, સોનાનું સુંદર આસન, અને વરૂણે ચંદ્રમા સરખું પ્રકાશીત પાણી ઝરતું છત્ર [illegible]. ॥૧૪॥ વાયુએ બે ચામર, ધર્મે કીર્તીમય માળા-ઇંદ્રે ઉત્તમ મુગટ, અને યમે શીક્ષા કરવાનો દંડ લાવી આપ્યો ॥૧૫॥ બ્રહ્માએ વેદમય બખ્તર, સરસ્વતીએ ઉત્તમ હાર, હરી ભગવાને સુદર્શન ચક્ર, અને તેમનાં સ્ત્રી લક્ષ્મીએ અવીનાશી સંપતી આપી. ॥૧૬॥ સદાશીવે ચંદ્રમા સરખી દસ ફુદડીઓવાળી તરવાર, અને પાર્વતીએ સો ફુદડીઓવાળી ઢાલ આપી; ચંદ્રમાએ અમૃતમય ઘોડા; અને ત્વષ્ટા-

એ અતી રૂપાળો રથ આપ્યો. ॥૧૭॥ અગ્નીએ બકરા અને બળદયકી બનેલું ધનુષ્ય, સુર્યે કીરણો જેવાં બાણો, પૃથ્વીએ યોગમય પાવડીઓ, અને આકાશે રોજ રોજ ફુલના હાર લાવી આપ્યા. ॥૧૮॥ આકાશમાં ફરનારા દેવતા તથા સીદ્ધો આદીએ નાચ—ગાયન—વાજાં વગાડવાની—તથા અંતર્ધાન થવાની કળા આપી; ઋષી લોકોએ સાચા આશીર્વાદ, અને સમુદ્રે પોતા થકી ઉત્પન્ન થયેલો ઉત્તમ શંખ આપ્યો. ॥ ૧૯ ॥ અને સમુદ્રો—પર્વતો—તથા નદીઓએ તે મહાત્માને રથ ચાલવાના માર્ગ આપ્યા. પછી સુત—માગધ—અને બંદી જનો તેમની સ્તુતી કરવાને ઉભા થતાં, તેઓના અભીપ્રાયને જાણેલા તે મહા પ્રતાપી પૃથુરાજાએ હસીને, મેઘ સરખી ગંભીર વાણીથી તેઓને કહ્યું કે. ॥૨૦—૨૧॥ પૃથુ—હે બાહ્ય માગધો, સુત માગધ—અને બંદીજનો લોકો લોકની રીતે સ્પષ્ટ ગુણો નહીં જણાતા હું રીતે, ક્યા સંબંધથી તમે સ્તુતી કરવાને તૈયાર થયેલા છો ? હું મારાં ખોટાં વખાણ કરાવવા યોગ્ય ગણુતો નથી. ॥૨૨॥ એટલા માટે હે મધુર વાણી બોલનારાઓ, મારે માટે કાંઇક વખત ગયા પછી, તમે જેવું સાંભળો તેવું યથાર્થીન પાછળથી બોલજો; ઉત્તમ શ્લોક ભગવાનના ગુણોનુંજ વર્ણનતો કરવાનુંછે. મારે સભ્ય લોકોએ નીંદાકરવા યોગ્ય મનુષ્યો આદીએ પોતાનું સ્તવન્ એટલે વખાણ નજ કરાવવાં જોઇએ. ॥૨૩॥ સમર્થ પુરૂષ (રાજા આદી) જે કોઇ પોતાને માટે મોટા મોટા ગુણો ન હોવા છતાં તે બદલ વખાણ કરાવતો હોય, તે દુષ્ટ બુદ્ધી વાળાને, તેનાં જેઓ જુઠાં વખાણ કરે છે તેઓજ પાછળ, મશ્કરી કરે છે કે " શું આનામાં આવા ગુણો છે. " તેની તે પુરૂષને ખબર પડતી નથી. ॥૨૪॥ પ્રખ્યાતી પામેલાઓ—અને સમર્થ પુરૂષો તો, ગુણ રાખેલાની પેઠેજ, પોતાનાં વખાણને સાંભળવાનો પણ ધીક્કાર કરેછે. ॥૨૫॥ ત્યારે અમે કે જે હજુ લોકને વીશે પ્રખ્યાત થયેલા નથી; તે તમો સુત આદી સ્તુતી કરનારાઓ પાસે, અમારાં ક્યાં કર્મોનું ગાયન બાળકની પેઠે કરાવી શકીએ (અર્થાત અમારાં વખાણ તમે કરશો નહીં.) ॥૨૬॥ ઇતી શ્રી. ભા. ચો. સ્કંધનો પંદરમો અધ્યાય સંપુર્ણ. ॥૧૫॥

॥ इंद्रःकिरीटमुत्कृष्टंदंडंसंयमनंयमः ॥१५॥ ब्रह्माब्रह्ममयंवर्मभारतीहारमुत्तमं॥ हरिःसुदर्शनंचक्रंतत्पत्न्यव्याहतांश्रियं ॥१६॥ दशचंद्रम सिंरुद्रःशतचंद्रंतथांऽबिका ॥ सोमोऽमृतमयानश्वांस्त्वष्टारूपाश्रयंरथं॥१७॥ अग्निराजगवंचापंसूर्योरश्मिमयानिषून् ॥ भूःपादुकेयोगमय्यौद्यौःपुष्पावलिमन्वहं॥१८॥नाट्यंसुगीतंवादित्रमंतर्धानंचखेचराः॥ ऋषयश्चाशिषःसत्याःसमुद्रःशंखमात्मजं॥१९॥ सिंधवःपर्वतानद्यो रथवीथीर्महात्मनः॥ सूतोऽथमागधोबंदीतंस्तोतुमुपतस्थिरे ॥२०॥ स्तावकांस्तानभिप्रेत्यपृथुर्वैन्यःप्रतापवान्॥ मेघनिर्ह्रादयावाचाप्रहसन्निदमब्रवीत्॥२१॥ पृथु० भोसूतहेमागधसौम्यवंदिल्लोकेऽधुनास्पष्टगुणस्यमेस्यात्॥ किमाश्रयोमेस्तवएषयोज्यतांमामय्यभूवन्वितथा गिरोवः॥२२॥ तस्मात्परोक्षेऽस्मदुपश्रुतान्यलंकरिष्यथस्तोत्रमपीच्यवाचः॥सत्युत्तमश्लोकगुणानुवादेजुगुप्सितंनस्तवयंतिसभ्याः॥२३॥ महद्गुणानात्मनिकर्तुमीशःकस्तावकैस्तावयतेऽसतोपि ॥ तेऽस्याभविष्यन्निनितिविप्रलब्धोजनावहासंकुमतिर्नवेद॥२४॥ प्रभवोह्यात्मनस्तोत्रंजुगुप्संत्यपिविश्रुताः॥ ह्रीमंतःपरमोदाराःपौरुषंवापिगर्हितं॥२५॥वयंत्वविदितालोकेसूताद्यापिवरीमभिः॥कर्मभिःकथमात्मानंगायायि ष्यामबालवत् ॥२६॥ इ० भा० म० च० पृथुचरितेपंचदशोऽध्यायः ॥१५॥ मैत्रेय० इतिब्रुवाणंनृपतिंगायकामुनिचोदिताः॥ तुष्टुवुस्तुष्टमनसस्तद्वागमृतसेवया॥१॥ नालंवयंतेमहिमानुवर्णनेयोदेववर्योऽवततारमायया वेनांगजातस्यचपौरुषाणितेवाचस्पतीनामपिबभ्रमुर्धियः ॥२॥ अथाप्युदारश्रवसःपृथोर्हरेःकलाऽवतारस्यकथाऽमृतादृताः॥ यथोपदेशंमुनिभिःप्रचोदिताःश्लाघ्यानिकर्माणिवयंवितन्महि॥३॥ एषधर्मभृतांश्रेष्ठोलोकंधर्मेऽनुवर्तयन् ॥ गोप्ताचधर्मसेतूनांशास्तातत्परिपंथिनां॥४॥ एषवैलोकपालानांबिभर्त्येकस्तनौतनूः ॥ कालेकालेयथाभागंलोकयोरुभयोर्हितं ॥५॥ वसुकालउपादत्तेकालेचायंविमुंचति॥ समःसर्वेषुभूतेषुप्रतपन्सूर्यवद्विभुः॥६॥तितिक्षत्यक्रमंवैन्यउपर्याक्रमतामपि॥ भूतानांकरुणःशश्वदार्तानांक्षितिवृत्तिमान् ॥७॥ देवेऽवर्षत्यसौदेवोनरदेववपुर्हरिः॥ कृच्छ्रप्राणाःप्रजाह्येषरक्षिष्यत्यंजसेंद्रवत्

અધ્યાય ૧૬ મો.—મૈત્રેય— એ પ્રમાણે બોલેલી પૃથુરાજાની વાણી રૂપ અમૃતના સેવન થકી, મુનીઓએ પ્રેરણા કરેલા ગાયન કરનારાઓ પ્રસન્ન મનવાળા થઇને સંતોષ પામ્યા. ॥૧॥ તથા સ્તુતી કરવા લાગ્યા કે, " વેનના શરીર થકી ઉત્પન્ન થનારા, અને માયાવડે અવતાર ધરનારા, મોટા દેવ આપ વીષ્ણુ ભગવાનના મહીમાનું વર્ણન, અમે કોઇજ કરી શકીએ એમ નથી; કારણ આપનાં પરાક્રમોનું વર્ણન કરવામાં તો બ્રહ્માદીકની બુદ્ધી પણ મોહ પામી જાયછે. ॥૨॥ તો પણ મુનીઓએ અમને ઉપદેશ કર્યા પ્રમાણે અને તે મુનીઓની પ્રેરણાથીજ, હરીભગવાનની કળારૂપે અવતરેલા, મોટી કીર્તીવાળા પૃથુરાજાનાં વખાણને યોગ્ય કાર્યોની અમૃતજેવી કથાઓનો પ્રકાશ, અમે આદર સહીત કરીએ છીએ. ॥૩॥ એ ધર્મ માર્ગે ચાલનારાઓમાં શ્રેષ્ટ થશે. અને લોકોને ધર્મ માર્ગે ચલાવશે—તથા ધર્મ મર્યાદાનું રક્ષણ કરનારા, અને એ થકી ઉલટા ચાલનારાઓને શીક્ષા આપનારા થશે. ॥૪॥ અને પોતે એકલાજ પોતાના શરીરમાં વખતે વખત સર્વે લોકપાળોની શક્તીઓને ધારણ કરીને આલોક તથા પરલોક બંનેનું હીત કરશે.॥૫॥ સમયને જાણીને, સર્વ પ્રાણીઓને વીષે સમ બુદ્ધીથી, કરાદીક લેવાને વખતે તે લોકો પાસેથી ધન લેશે, અને દુષ્કાળ આદી દુખને વખતે તે તેમને પાછું આપશે; એમ સુર્યના ગુણથી એ સમર્થ રાજ્ય કરશે. ॥૬॥ પ્રાણીઓના ઉપર દયાવાન એ વેનપુત્ર, દુખી લોકો તેમનું અતીક્રમણ કરતા છતાં પણ, સર્વકાળ તેમનું સહન કરવા વડે કરીને, પૃથ્વીના ગુણવાળા થશે. ॥૭॥ અને જ્યારે વરસાદ ન વરસવાથી પ્રજાઓ દુઃખથી પ્રાણ ત્યાગ કરવા લાગશે, ત્યારે એ રાજાના શરીર વાળા હરી ભગવાન, તેમનું ઉતાવળેજ રક્ષણ કરીને ઇંદ્રના ગુણને ધારણ કરશે. ॥૮॥ અને તે પોતાના અમૃતમય મુખ કમળથી સુંદર અને નીર્મળ હસવાની સાથે પ્રીતી સહીત જોવા વડે લોકને અમૃત પાન વડે, ચંદ્રમાના ગુણને પણ ધારણ કરશે. ॥૯॥ તેમજ જેનો માર્ગ જાણવામાં આવતો નથી—છાની રીતે કાર્ય કરે છે—ગંભીર બુદ્ધી વાળા છે—ધનના ગુપ્ત સંચયવાળા છે—અને અનંત મહાત્મ વાળા ગુણો સર્વ જેમાં

ગોત્ર થયેલા છે—એવા એ કીર્તિવાન પૃથુરાજા વરૂણના ગુણોને પણ ધારણ કરનારા થશે. ॥૧૦॥ એ વેનના શરીર રૂપી અરણી થકી ઉત્પન્ન થયેલા અગ્ની રૂપ પૃથુરાજા; ઘણા દુર અને નજીક નહીં હોવા છતાં દુર અને નજીક દેખાતી પેઠે, સહન કરવાને તથા પકડવાને અશક્ય છે. તથા કોઇનાથી પરાજય થવાને પણ શક્ય નથી. તેથી અગ્નીની શક્તીને પણ તે ધારણ કરેછે. ॥૧૧॥ વળી તે, પ્રાણીઓનાં બહારનાં એટલે ઉઘાડાં અને અંતરનાં એટલે છાનાં કર્મોને, ચાર એટલે ગુપ્ત નોકરોથી જાણવા છતાં; પ્રાણીઓના શરીરમાં અને બહાર રેહેનારા વાયુની પેઠે, તે થકી ઉદાસીન એટલે વીકાર રહીત રેહેવાથી, વાયુના ગુણને પણ ધારણ કરે છે. ॥૧૨॥ તેમજ ધર્મના માર્ગમાં રેહેનાર એ પૃથુરાજા, પોતાનો દ્વેશ કરનારાનો (શત્રુનો) પુત્ર પણ જો નીરપરાધી હોયતો તેને શીક્ષા કરતા નથી. અને પોતાનોજ પુત્ર પણ જો અપરાધી હોયતો તેને શીક્ષા કરે છે. (એટલે તે ધર્મ અથવા યમના ગુણને પણ ધારણ કરેછે.) ॥૧૩॥ અને માનસાચળ પર્વતથી માંડીને જ્યાં સુધી ભગવાન સુર્ય નારાયણના કીરણો પ્રકાશ કરે છે ત્યાં સુધી એ પૃથુરાજાની આણ તથા સેના, વગર અટકાવે ફરશે. ॥૧૪॥ તથા પોતાનાં મનોરંજક કામોથી લોક માત્રને એ રાજી કરશે. તેથી લોકો તેમને "રાજા" કહેશે. ॥૧૫॥ એ પૃથુરાજા, દ્રઢ મનોવાળા—સાચું બોલનારા—બ્રાહ્મણોને માનનાર—વૃદ્ધોની સેવા કરનારા—સર્વ પ્રાણીને આશ્રય આપનારા—બીજાઓને માન આપનારા—અને રાંકના ઉપર દયાવાન—॥૧૬॥—પરસ્ત્રીને વીશે માનો ભાવ રાખનારા—પોતાની પત્નીને અરધા શરીર પ્રમાણે ગણનારા—પ્રજાના ઉપર પીતાજેવા સ્નેહાળ—બ્રહ્મવાદીઓના દાસ—॥૧૭॥—પ્રાણીઓને પોતાના આત્મા પ્રમાણેજ પ્રીય ગણનારા—સુહ્રદોને આનંદ વધારનારા—સંગ રહીત લોકોની સોબત કરનારા—અને અસાધુ પુરૂશોને યમ સરખા (શીક્ષા આપનારા) થશે. ॥૧૮॥ જેના વીશે,

॥८॥ आप्यायत्यसौलोकंवदनामृतमूर्तिना॥ सानुरागावलोकेनविशदस्मितचारुणा॥९॥ अव्यक्तवर्त्मैषनिगूढकार्योगंभीरवेधाउपगुप्तवित्तः॥ अनंतमाहात्म्यगुणैकधामापृथुःप्रचेताइवसंवृतात्मा॥१०॥ दुरासदोदुर्विषहआसन्नोऽपिविदूरवत्॥ नैवाभिभवितुंशक्योवेनारण्युत्थितोनलः॥११॥ अंतर्बहिश्चभूतानांपश्यन्कर्माणिचारणैः॥ उदासीनइवाध्यक्षोवायुरात्मेवदेहिनां॥१२॥ नादंड्यंदंडयत्येषसुतमात्मद्विषामपि॥ दंडयत्यात्मजमपिदंड्यंधर्मपथेस्थितः॥१३॥ अस्याप्रतिहतंचक्रंपृथोरामानसाचलात्॥ वर्ततेभगवानर्कोयावत्तपतिगोगणैः॥१४॥ रंजयिष्यतियल्लोकमयमात्मविचेष्टितैः॥ अथामुमाहूराजानंमनोरंजनकैःप्रजाः॥१५॥ दृढव्रतःसत्यसंधोब्रह्मण्योवृद्धसेवकः॥ शरण्यःसर्वभूतानां[illegible]ः॥१६॥ मातृभक्तिःपरस्त्रीषुपत्न्यामर्धइवात्मनः॥ प्रजासुपितृवत्स्निग्धःकिंकरोब्रह्मवादिनां॥१७॥ देहिनामात्मवत्प्रेष्ठःसुहृदांनंदिवर्द्धनः॥ मुक्तसंगप्रसंगोयंदंडपाणिरसाधुषु॥१८॥ अयंतुसाक्षाद्भगवांस्त्र्यधीशःकूटस्थआत्माकलयाऽवतीर्णः॥ यस्मिन्नविद्यारचितंनिरर्थकंपश्यंतिनानात्वमपिप्रतीतं॥१९॥ अयंभुवोमंडलमोदयाद्रेर्गोप्तैकवीरोनरदेवनाथः॥ आस्थायजैत्रंरथमात्तचापःपर्यस्यतेदक्षिणतोयथाऽर्कः॥२०॥ अस्मैनृपालाःकिलतत्रतत्रबलिंहरिष्यंतिसलोकपालाः॥ मंस्यंतएषांस्त्रियआदिराजंचक्रायुधंतद्यशउद्धरंत्यः॥२१॥ अयंमहींगांदुदुहेऽधिराजःप्रजापतिर्वृत्तिकरःप्रजानां॥ योलीलयाऽद्रीन्स्वशरासकोट्याभिंदन्समांगामकरोद्यथेंद्रः॥२२॥ विस्फूर्जयन्नाजगवंधनुःस्वयंयदाचरत्क्ष्मामविषह्यमाजौ॥ तदानिलिल्युर्दिशिदिश्यसंतोलांगूलमुद्यम्ययथामृगेंद्रः॥२३॥ एषोऽश्वमेधान्शतमाजहारसरस्वतीप्रादुरभावियत्र॥ अहारषीद्यस्यहयंपुरंदरःशतक्रतुश्चरमेवर्तमाने॥२४॥ एषस्वसद्मोपवनेसमेत्यसनत्कुमारंभगवंतमेकं॥ आराध्यभक्त्यालभतामलंतज्ज्ञानंयतोब्रह्मपरंविदंति॥२५॥ तत्रतत्रगिरस्तास्ताइतिविश्रुतविक्रमः॥ श्रोष्यत्यात्माश्रितागाथाःपृथुःपृथुपराक्रमः॥२६॥ दिशोविजित्याप्रतिरुद्धचक्रःस्वतेजसोत्पाटितलोकशल्यः॥ सुरासुरेंद्रैरुपगीयमानमहानुभावोभवितापतिर्भुवः॥२७॥ इ० मा० म० च० षोडशोऽध्यायः॥१६॥ मैत्रेय० एवंसभगवान्वैन्यःख्यापितोगुणकर्मभिः॥ छंदयामासतान्कामैःप्रतिपूज्याभिनंद्यच॥१॥ ब्राह्मणप्र

અવીદ્યાવડે રચાયલો આ નીરર્થક દ્વૈત પ્રપંચ જુદો છતાં ભાસમાન થાયછે. તેજ સાક્ષાત—કુટસ્થ—આત્મા—અને ત્રણેલોકના અધીશ્વર ભગવાન કળા રૂપે અવતરેલા, એ છે. ॥૧૯॥ આ રાજા ધીરાજ અને વીર પુરૂશ પૃથુ, હાથમાં ધનુષ્ય લેઇ વીજય રથમાં બેશીને સુર્યની પેઠે ભુમંડળને પ્રદક્ષણા કરતા, ઉદયાચળ પર્વત પૃથ્વીનું રક્ષણ કરશે. ॥૨૦॥ તેને ઠેકઠેકાણે રાજાઓ તથા લોકપાળો કરઆદીક આપશે. અને તે રાજાઓ આદીકની સ્ત્રીઓ, આ આદીરાજાને વીશ્નુ માનીને તેના યશને ગાશે. ॥૨૧॥ આ અધીરાજા, પ્રજાઓને આજીવીકા કરી આપવાને સારૂ પ્રજાના પતી થઇને પૃથ્વીને ગાય કરીને દોહશે. અને ઇંદ્રના સરખા લીલાથી પોતાના ધનુષ્યની અણીથી પર્વતોને ભાંગીનાંખીને પૃથ્વીને સરખી બનાવશે. ॥૨૨॥ તથા સીંહ પુંછડું ઉચું કરીને ફરવાની પેઠે, બકરા અને બળદના બનેલા ભયંકર ધનુષ્યનો ટંકાર કરતા આ રાજા, યુદ્ધને વીશે ફરવાથી, દુષ્ટ લોકો પૃથ્વીમાં ચારેકોર સંતાઇ જશે. ॥૨૩॥ જ્યાં સરસ્વતી નદી પ્રકટ થયેલ છે ત્યાં એ રાજા સો અશ્વમેધ યજ્ઞો કરશે. અને તેના છેલ્લા યજ્ઞના ઘોડાને ઇંદ્ર હરીજશે. ॥૨૪॥ એ રાજાને પોતાના ઘરના બગીચામાંજ સનત્કુમારો મળશે. અને તેમનુ ભક્તી સહીત આરાધન કરવાથી, જે વડે પરબ્રહ્મને ઓળખાય છે. એવું એક ભગવાનનું નીર્મળ જ્ઞાન તેમના થકી તે પામશે. ॥૨૫॥ એ રીતે વીખ્યાત અને ઘણા પરાક્રમ વાળા પૃથુરાજા ઠેકાણે ઠેકાણે પોતાનાં પરાક્રમોના સંબંધનીજ વારતાઓ થતી સાંભળશે. ॥૨૬॥ અને તે, પોતાના પ્રભાવથીજ લોકોનાં દુઃખોને મટાડીને, સર્વ દીશાઓને જીતશે. તથા દેવ અને દૈત્યો આદીક તેમના મહાત્મ્યનું ગાયન કરવાની સાથે, પૃથ્વી પતી થઇને વગર અટકાવની સર્વત્ર આણ વર્તાવશે. ॥૨૭॥ ઇતી શ્રી० ભા० ચો० સ્કં० સોળમો અધ્યાય સંપુર્ણ. ॥૧૬॥

અધ્યાય ૧૭—મો.—મૈત્રેય.—એ પ્રમાણે ગુણ તથા કર્મો કહેવાએલા પૃથુરાજાએ, પછી તે લોકોનો સત્કાર કરીને તેમને ઇચ્છીત પદાર્થો વીગેરે આપ્યા. ॥૧॥ અને બ્રાહ્મણ આદી લેઇને સર્વે વર્ણો—ચાકરો—પ્ર-

ધાનો-પુરોહીતો-નગરના લોકો-દેશના લોકો-જુદા જુદા ધંધા કરનારા લોકો-અને રાજના આઠે અંગોના લોકો, એ ઓનો પણ સત્કાર કર્યો. ॥૨॥-વિદુર-વળી રૂપો વાળી પૃથ્વીએ ગાયનું રૂપ શા માટે ધર્યું, અને પૃથુરાજાએ તેને દોહવા ટાણે, વાછરડું અને દોહવાનું ઠામ શું શું કર્યું હતું. ॥૩॥ સ્વભાવીક રીતે ઉંચી નીચી પૃથ્વીને તેણે સમાન શા માટે કરી. તથા તેના મનના ઘોડાને ઇંદ્રે શા માટે હરણ કર્યો. ॥૪॥ અને હે બ્રા-હ્મણ, શ્રેષ્ટ બ્રહ્મ વેત્તા સનતકુમારો પાસેથી જ્ઞાન તથા વીજ્ઞાન પામેલા તે પૃથુરાજા પછીથી કઇ ગતીને પામ્યા? ॥૫॥ સમર્થ ભગવાન કૃષ્ણના, પેહેલાં થયેલા અવતાર પૃથુરાજા. કે જેમણે પૃથ્વી રૂપી ગાયને દોહી હતી, તે સાંભળવાલાયક તથા પવીત્ર કીર્તી વાળાએ કરેલાં, એ તથા બીજાં પણ. કથા કરવાને લાયક કામો, અ-ધોક્ષજ ભગવાનમાં અને આપનામાં પ્રીતીવાન અને ભક્ત, એવા મને કહેવાને તમે યોગ્ય છે. ॥૭॥-સૂત-ત્યારે, એ રીતે વાસુદેવ ભગવાનની કથા કહેવાને વીદુરે પ્રેરણા કરેલા મૈત્રેય મુનીએ વીદુરનાં વખાણ કરીને પ્રસન્ન મનથી જવાબ દીધો કે ॥૮॥ -મૈત્રેય-હે વીદુર, અભીશેક થયેલા પૃથુરાજા, બ્રાહ્મણોની આજ્ઞાથી જ્યારે પ્રજાના પાલનને વીશે જોડાયા. ત્યારે અન્ન વીના દુર્બલ થઇ ગયેલા શરીરો વાળી પૃથ્વી ઉપરની પ્ર-જાઓએ આવીને પૃથુરાજાને કહ્યું કે ॥૯॥ "જેમ કોતરડામાં રહેલા અગ્નીથી ઝાડો બળે, તેમ જઠરાગ્નીથી તાપ પામેલા અમે, આપ શરણાગતનું રક્ષણ કરનારા રાજાને શરણે આવેલા છૈએ. તેથી આજીવીકા ઉત્પન્ન કરી આપવા વડે, આપ અમારા સ્વામી અમારૂં રક્ષણ કરો. ॥૧૦॥ હે રાજન પીરાજ, ભુખથી પીડા પામીને અન્ન વીના જ્યા સુધી અમે મરી ગયા નથી. ત્યાં સુધીમાંજ અમને અન્ન મેળવી આપવાનો ઉપાય આપ કરો. કેમકે સર્વ લોકનું આજીવીકા આપવાવડે પાલન કરનારા સ્વામી આપજ છો." ॥૧૧॥ હે વીદુર, પ્રજા-

मुखान्वर्णान्भृत्यामात्यपुरोधसः॥ पौरान्जानपदान्श्रेणीः प्रकृतीः समपूजयत् ॥२॥ विदुर० कस्माद्दधारगोरूपंधरित्रीबहुरूपिणी॥ यांदुदोह पृथुस्तत्रकोवत्सोदोहनंचकिं॥३॥ प्रकृत्याविषमादेवीकृतातेनसमाकथं॥ तस्यमेध्यंहयंदेवःकस्यहेतोरपाहरत् ॥४॥ सनत्कुमाराद्भगवतोब्रह्मन्ब्रह्मविदुत्तमात्॥ लब्ध्वाज्ञानंसविज्ञानंराजर्षिःकांगतिंगतः ॥५॥ यच्चान्यदपिकृष्णस्यभवान्भगवतःप्रभोः ॥ श्रवःसुश्रवसःपुण्यंपूर्वदेहकथाश्रयं॥६॥ भक्तायमेऽनुरक्तायतवचाधोक्षजस्यच॥ वक्तुमर्हतियोऽदुह्यद्वैन्यरूपेणगामिमां॥७॥ सूत० चोदितोविदुरेणैवंवासुदेवकथांप्रति॥ प्रशस्यतंप्रीतमनामैत्रेयःप्रत्यभाषत॥८॥ मैत्रेय० यदाभिषिक्तःपृथुरंगविप्रैरामंत्रितोजनतायाश्चपालः॥ प्रजानिरन्नेक्षितिपृष्ठएत्यक्षुत्क्षामदेहाःपतिमभ्यवोचन् ॥९॥ वयंराजन्जाठरेणाभितप्तायथाऽग्निनाकोटरस्थेनवृक्षाः ॥ त्वामद्ययाताःशरणंशरण्यंयःसाधितोवृत्तिकरःपतिर्नः॥१० तन्नोभवानीहतुरातवेऽन्नंक्षुधार्दितानांनरदेवदेव॥ यावन्ननंक्ष्यामहउज्झितोर्जावार्तापतिस्त्वंकिललोकपालः॥११॥ मैत्रेय० पृथुःप्रजानांकरुणंनिशम्यपरिदेवनं॥ दीर्घंदध्यौकुरुश्रेष्ठनिमित्तंसोऽन्वपद्यत॥१२॥ इतिव्यवसितोबुद्ध्याप्रगृहीतशरासनः॥ संदधेविशिखंभूमेःक्रुद्धस्त्रिपुरहायथा॥१३॥ प्रवेपमानाधरणीनिशम्योदायुधंचतं॥ गौःसत्यपाद्रवद्भीतामृगीवमृगयुद्रुता॥१४॥ तामन्वधावत्तद्वैन्यःकुपितोऽत्यरुणेक्षणः॥ शरंधनुषिसंधाययत्रयत्रपलायते॥१५॥ सादिशोविदिशोदेवीरोदसीचांतरंतयोः॥ धावतीतत्रतत्रैनंददर्शानूद्यतायुधं॥१६॥ लोकेनाविंदतत्राणंवैन्यान्मृत्योरिवप्रजाः॥ त्रस्तातदानिववृतेहृदयेनविदूयता॥१७॥ उवाचचमहाभागंधर्मज्ञापन्नवत्सल। त्राहिमामपिभूतानांपालनेऽवस्थितोभवान् ॥१८॥ सत्वंजिघांससेकस्माद्दीनामकृतकिल्बिषां॥ अहनिष्यत्कथंयोषांधर्मज्ञइतियोमतः ॥१९॥ प्रहरंतिनवैस्त्रीषुकृतागःस्वपिजंतवः॥ किमुतत्वद्विधाराजन्करुणादीनवत्सलाः॥२०॥ मांविपाट्याजरांनावंयत्रविश्वंप्रतिष्ठितं॥ आत्मानंचप्रजाश्चेमाःकथमंभसिधास्यसि॥२१॥ पृथु० वसुधेत्वांवधिष्यामिमच्छासनपराङ्मुखीं ॥ भागंबर्हिषियावृंक्तेनतनोषिचनोवसु ॥२२॥ यवसंजग्ध्यनुदिनंनैवदोग्ध्यौधसंपयः॥ तस्यामेवंहिदुष्टायांदंडोनात्रनशस्यते ॥२३॥ त्वंखल्वौषधिबीजानिप्रक्सृष्टानिस्वयंभुवा ॥ नमुंचस्यात्मरुद्धानिमामवज्ञा

ઓનો એ વીલાપ સાંભળેલા દયાળુ પૃથુરાજાએ, લાંબો વીચાર કરવાવડે તેના કારણને જાણી લીધું. ॥૧૨॥ (કે પૃથ્વી અન્નાદીકનાં સઘળાં બીજને ગળી ગઇછે.) અને તે વાતનો બુદ્ધીવડે નીશ્ચય કરીને, ત્રણ પુરને હણનાર (સદાશીવ)ની પેઠે, તેમણે ક્રોધ કરીને પૃથ્વી ઉપર બાણ સાંધ્યું. ॥૧૩॥ ત્યારે તેમને હથીયાર ઉપાડેલા દેખીને થરથર ધ્રુજતી પૃથ્વી ગાયનું રૂપ લેઇને, પારાધીથી બીન્હેલી હરણીની પેઠે નાસવા લાગી. ॥૧૪॥ અને તે જ્યાં જ્યાં ગઇ ત્યાં ત્યાં, ધનુષ્યમાં બાણ ચઢાવેલા અને કોપથકી થયેલ અતી લાલ આંખોવાળા પૃથુરાજા તેની પાછળ દોડ્યા. ॥૧૫॥ દીશાઓ-ખુણા-આકાશ-પૃથ્વી-અને અંતરીક્ષમાં દોડતી પૃથ્વી દેવીએ, તેણે સર્વ સ્થળે હથીયાર ઉગામેલા પૃથુરાજાને દીઠા. ॥૧૬॥ અને જ્યારે એના થકી પોતાનું રક્ષણ કરનાર ત્રણે લોકમાં કોઇને પણ તેણે ન જોયો. ત્યારે તે કચવાયલાં મનથી ત્રાસ પામીને પાછી વળી. ॥૧૭॥ અને બોલી કે હે મહાત્મા, તમે ધર્મને જાણનાર અને શરણે થનારના ઉપર દયા કરનારછો. માટે પ્રાણીઓનું પાલન કર-વાને સારૂં સ્થાપન થયેલા તમેજ મારૂંપણ રક્ષણ કરો. ॥૧૮॥ તમે ધર્મજ્ઞછો એમ હું માનુંછું એમ છતાં તમે, ગરીબડી-અપરાધ નહીં કરનારી-અને સ્ત્રીજાતીની એવીમને શા હેતુ માટે મારવાની ઇચ્છા કરોછો. અને મને કેવી રીતે મારશો.! ॥૧૯॥ કારણ પ્રાણીઓ પણ, પોતાનો અપરાધ કરનારી સ્ત્રીઓને મારીનાંખતા નથી, તો હે રાજન, ગરીબો જેને વહાલા છે એવા આપના સરખા દયાળુ પુરૂશોનો કેમજ મારે. ॥૨૦॥ જાજરૂં ન થાય એવા વહાણ રૂપ હું જેમાં આખું જગત રહેલું છે. તેને મારીને એટલે બાંગીનાંખીને તમે, તમારા પોતાના દેહને તથા આ પ્રજાઓને પણ પાણીના ઉપર કેવીરીતે રાખી શકશો. ॥૨૧॥-પૃથુ-હે વસુધા મારી આજ્ઞા નહીં માનનારી તને હું મારી નાંખીશ, તું, પૃથ્વીના રૂપથી યજ્ઞમાં ભાગ લેતી છતાં ધાન્ય આદીક આપતી નથી. ॥૨૨॥ તેમજ ગાયના રૂપથી રોજ રોજ ખડ આદીક ખાતાં છતાં પુસ્કળ દુધપણ આપતી નથી. એવીરી-તની તું દુષ્ટને ડંડદેવો એ અયોગ્ય નથી. ॥૨૩॥ પુર્વ કાળથી બ્રહ્માએ સર્જેલાં બીજને, પોતાનામાં રુદ્ધ ક-

[illegible] ગોડીશખીને, તે ખાજા નહીં આપવા વડે તું મારી અવગણના કરેછે. ॥૨૪॥ જે સારૂં મારા બાણુથકી કપાયલી તુંના મેદથકી, ભુખથી પીડાયલાઓના રોવાને હું શમાવીશ. ॥૨૫॥ જે દુષ્ટ પોતાને મોટો માનનાર, અને પ્રાણીઓના ઉપર દયા નહીંકરનાર, પુરૂષ-સ્ત્રી-નપુંસક અગર ગમેતે હોય તો પણ, તેવાને રાજાઓએ મારી નાંખવાં, તે નહીં મારવા સમાનજ છે. ॥૨૬॥ કપટથી ગાય બનેલી-અનમ્ર અને મદોન્મત એવી તુંના, બાણવડે તલ તલ જેવડા કડકા કરીને, મારા પોતાનાજ યોગ બળથી હું આ પ્રજાઓને ધારણ કરીશ ॥૨૭॥-મૈત્રેય ત્યારે એ પ્રમાણે ક્રોધમય અને કાળના જેવું રૂપ ધરેલા પૃથુરાજાને થર થર ધ્રુજતી પૃથવીએ હાથ જોડી પ્રણામ કરીને કહ્યું કે ॥૨૮॥-પૃથ્વી-પોતાના સ્વરૂપના અનુભવવડે દ્રવ્યો-ક્રીયા-અનેકરનાર (એટલે મહાભુતો-ઇંદ્રીયો-અને મન તથા ઇંદ્રીયોના દેવતાઓ)ના ભેદરૂપ દ્વૈત માત્રનો નાશ કરીનાંખનારા છતાં માયાવડે નાના પ્રકારનાં સગુણ સ્વરૂપોને (અવતારોને) ધરનારા, આપ પરમ પુરૂષને હું નમસ્કાર કરૂંછું ॥૨૯॥ સર્વ પ્રાણી માત્ર આદીને ધારણ કરનારૂં શરીર જે પ્રભુએ નીર્માણ કરેલુંછે. એજ સ્વતંત્ર ભગવાન હથીઆર ઉપાડીને મને મારવાને ઉભા થયાછો, તો પછી મારે બીજા કોને શરણ જવું? ॥૩૦॥ જેણે પોતાની અતર્ક્ય માયાનો આશ્રય કરીને, આદીકાળે આ ચરાચર જગતને સર્જ્યું છે. તે પોતે સર્વના રક્ષણને માટે ઉદ્યોગવાળા છતાં, અને ધર્મવાળા છતાં, મને મારીનાંખવાને કેમ ઇચ્છોછો. ॥૩૧॥ હે ઇશ, કરનાર-કરાવનાર-અનેક-રૂપોવાળા-એક રૂપવાળા-અને સર્વથકી પર એવા આપ ઇશ્વરે કરવા ધારેલાને, આપની દુર્જય માયાથી બગડેલી બુદ્ધી વાળા મનુષ્યો આદીથી ખરેખર જાણી શકાતું નથીજ. ॥૩૨॥ જે ભગવાન પોતાની શક્તીવડે પાંચભુત-ઇંદ્રીઓ-ઇંદ્રીયોના દેવતાઓ-બુદ્ધી-અને અહંકાર આદીથકી, સૃષ્ટી કરવાની વખતે જગતને સર્જેછે. અને તેનો વધારો થયેથી, પોતાની

पमंदधीः॥२४॥ अमूषांक्षुत्परीतानामार्तानांपरिदेवितं॥ शमयिष्यामिमद्बाणैर्भिन्नायास्तवमेदसा॥२५॥ पुमान्योषिदुतक्लीबआत्मसंभावनोऽधमः॥ भूतेषु[illegible]नृपाणांतद्वधोऽवधः ॥२६॥ त्वांस्तब्धांदुर्मदांनीत्वामायागांतिलशःशरैः॥ आत्मयोगबलेनेमाधारयिष्याम्यहंप्रजाः॥२७॥ एवंमन्युमयींमूर्तिंकृतांतमिवबिभ्रतं॥ प्रणताप्रांजलिःप्राहमहीसंजातवेपथुः॥२८॥ धरो० नमःपरस्मैपुरुषायमायदाविन्यस्तनानातनवेगुणात्मने ॥ नमः स्वरूपानुभवेननिर्धुतद्रव्यक्रियाकारकविभ्रमोर्मये॥२९॥येनाहमात्मायतनंविनिर्मिताधात्रायतोयंगुणसर्गसंग्रहः॥ सएवमांहंतुमुदायुधःस्वराडुपस्थितोऽन्यंशरणंकमाश्रये॥३०॥ यएतदादावसृजच्चराचरंस्वमाययात्माश्रययाऽवितर्क्यया॥ तयैवसोऽयंकिलगोप्तुमुद्यतःकथंनुमांधर्मपरोजिघांसति ॥३१॥ नूनंबतेशस्यसमीहितंजनैस्तन्माययादुर्जययाऽकृतात्मभिः॥ नलक्ष्यतेयस्त्वकरोदकारयद्योऽनेकएकःपरतश्चईश्वरः ॥३२॥ सर्गादियोऽस्यानुरुणद्धिशक्तिभिर्द्रव्यक्रियाकारकचेतनात्मभिः॥तस्मैसमुन्नद्धनिरुद्धशक्तयेनमःपरस्मैपुरुषायवेधसे॥३३॥ सवैभवानात्मविनिर्मितंजगद्भूतेंद्रियांतःकरणात्मकंविभो॥संस्थापयिष्यन्नजमांरसातलादभ्युज्जहारांभसआदिसूकरः ॥३४॥ अपामुपस्थेमयिनाव्यवस्थिताःप्रजाभवानद्यरिरक्षिषुःकिल॥ सवीरमूर्तिःसमभूद्धराधरोयोमांपयस्युग्रशरोजिघांससि ३५ नूनंजनैरीहितमीश्वराणामस्मद्विधैस्तद्गुणसर्गमायया॥ नज्ञायतेमोहितचित्तवर्त्मभिस्तेभ्योनमोवीरयशस्करेभ्यः ॥३६॥ इ० भा० म० च० पृथुविजयेधरित्रीनिग्रहोनामसप्तदशोऽध्यायः १७ मैत्रेय०इत्थंपृथुमभिष्टूयरुषाप्रस्फुरिताधरं॥पुनराहावनिर्भीतासंस्तभ्यात्मानमात्मना॥१॥ सन्नियच्छाभिभोमन्युंनिबोधश्रावितंचमे ॥ सर्वतःसारमादत्तेयथामधुकरोबुधः ॥२॥ अस्मिँल्लोकेऽथवाऽमुष्मिन्मुनिभिस्तत्त्वदर्शिभिः॥ दृष्टायोगाःप्रयुक्ताश्चपुंसांश्रेयःप्रसिद्धये॥३॥ तानातिष्ठतियःसम्यगुपायान्पूर्वदर्शितान्॥ अवरःश्रद्धयोपेतउपायान्विंदतेंऽजसा॥४॥ ताननादृत्ययोविद्वानर्थानारभतेस्वयं ॥ तस्यव्यभिचरंत्यर्थाआरब्धाश्चपुनःपुनः॥५॥ पुरासृष्टाह्योषधयोब्रह्मणायाविशांपते॥ भुज्यमानामयादृष्टाभवद्भिरधृतव्रतैः॥६॥ अपालिताऽनादृताचभवद्भिर्लोकपालकैः॥ चौरीभूतेऽथलोकेऽहंयज्ञार्थेऽग्रसमौषधीः॥७॥नूनंतावीरुधःक्षीणा

શક્તીથીજ નાશ કરોછો. તે પરમ પુરૂષને હું નમસ્કાર કરૂંછું॥૩૩॥જે અજન્મા અને સમર્થ આદી સુકર(વરાહ) ભગવાને મને રસાતળમાંથી પાણીના ઉપર લાવી નાવની પેઠે સ્થાપન કરીને; પોતે નીર્માણ કરેલા ભુત-ઇંદ્રીયો-અને અંતઃકરણોવાળા આ જગતને મારા ઉપર સ્થાપન કર્યુંછે. તે પૃથ્વીને ધારણ કરનારા ભગવાનજ વીર મુરતી પૃથુરાજા રૂપે થઇ, પ્રજાઓનું રક્ષણ કરવાને સારૂં, મારામાંથી દુધ લેવાને, ઉગ્ર બાણોવડે હવડાં મને મારવાને ઇચ્છોછો, ॥૩૪-૩૫॥ આપના ભક્તાદીક લોકોનાં કર્તવ્યોને પણ, ગુણોને ઉત્પન્ન કરનારી આપની માયાથી મોહ પામેલી બુદ્ધીવડે કર્મો કરનારાં, હું સરખાંઓ જાણી શકતાં નથી. (તો આપના કરતવ્યને તો ક્યાંથીજ જાણું.) માટે તે આપના યશને વધારનારા જીતેંદ્રીય પુરૂષોને પણ હું (આપની પેઠેજ) નમસ્કાર કરૂંછું. ॥૩૬॥ ઇતીશ્રી૦ ભા૦ ચો૦ સ્કં. સત્તરમો અધ્યાય સંપુર્ણ. ॥૧૭॥

અધ્યાય ૧૮ મો.-મૈત્રેય-એ રીતે સ્તુતી કર્યા પછી, બીન્હેલી પૃથ્વીએ બુદ્ધીવડે મનને સ્થીર કરીને, ક્રોધથી ફરકતા હોઠવાળા પૃથુરાજાને ફરીથી કહ્યું કે. ॥૧॥ "તમે ક્રોધને શમાવીને મારૂં કહેવું સાંભળો. ભમરાના પેઠે, સમજુ પુરૂષો સર્વ ઠેકાણેથી સાર વસ્તુનેજ ગ્રહણ કરેછે. ॥૨॥ પુરૂષોનું આ લોકમાં તથા પરલોકમાં ભલું થવાના ઉપાયો, તત્વને જાણનારા મુનીઓએ જાણેલા છે, અને યોજેલા પણ છે. ॥૩॥ એ પુર્વના ઋષીઓ આદીએ બતાવેલા ઉપાયોને જે પુરૂષ સંપુર્ણ શ્રદ્ધા સહીત કરે લગાડેછે, તે ઉતાવળોજ ફળને પામેછે. અને વીદ્વાનો અગર બીજાઓ પણ જેઓ તે ઉપાયોનો અનાદર કરીને, પોતે પોતાની મેળેજ અર્થ એટલે કામોના આરંભ કરનારા છે; તેઓનાં થયેલાં કામો પણ વારંવાર બગડી જાયછે. ॥૪-૫॥ હે રાજા, બ્રહ્માએ પ્રથમથી સર્જેલી ઔશધીઓને; આપના સરખાં વ્રતો નહીં ધારણકરનારાઓથકી-પ્રજાઓનું પાલન અને આદર નહીં કરનારાઓથકી-તથા લોકને વીશે ચોર સમાન થયેલા રાજાઓથી, ભોગવાતી જોઇને; યગના અર્થને માટેજ હું તે સઘળી ઔશધીઓને ગળી ગઇ છું. ॥૬-૭॥ અને ઘણો કાળ વીતવાથી તે મારા-

માં પણ ખચીતજ હીણુ થઇ ગઇ છે. માટે દેખાડેલા (પુર્વના રૂશીઓએ કહેલા) ઉપાયોથી તે મેળવવાને તમો યોગ્ય છો. ॥૮॥ માટે હે મોટા હાથવાળા વીર પુરૂશ, પ્રાણીઓનું પાલન કરવાની ઇચ્છાથી જો આપ ભગવાનને, બળ આપનાર અને ઇચ્છીત અન્નની ઇચ્છા હોયતો, દોહનારા–દોહવાનાં પાત્રો–અને વાછરડાની આપ કલ્પના કરો. કે જેથી પ્રસન્ન થઇને હું તમને, મારાથકી, ઇચ્છા પ્રમાણેનું દુધ આપું. ॥૯–૧૦॥ અને હે સમર્થ રાજન તમારૂં ભલું થાઓ, આ મને સપાટ એટલે ખાડા ટેકરા વીનાની બનાવો, કે જેથી વરસાદથી પડેલા પાણીથકી, ચોમાસું વીત્યા પછી પણ હું ભીની રહું. ॥૧૧॥ એ રીતનું પૃથ્વીનું પ્રીય અને હીતકારક વચન સાંભળીને પૃથુરાજાએ મનુને (માણસોને) વાછરડો કરીને હાથની અંદર સર્વ ઔશધીઓને દોહી લીધી. ॥૧૨॥ અને તે પછી બીજાઓએ પણ પૃથુરાજાએ વશ કરેલી પૃથ્વીને પોત પોતાની કામના પ્રમાણે દોહી લીધી. કારણ એ રીતેજ બુદ્ધીમાનો બધે ઠેકાણેથી સાર સાર લેછે. ॥૧૩॥ રૂશીઓએ બૃહસ્પતીને

વાછડો કરીને પોતાની ઇંદ્રીયોરૂપ વાસણમાં વેદરૂપ પવીત્ર દુધ દોહી લીધુ. ॥૧૪॥ દેવતાઓએ ઇંદ્રને વાછડો કરીને સોનામાં વીર્ય–ઓજ–અને બળ એટલે મન–ઇંદ્રીયો–અને દેહની શક્તીને વધારનાર સોમરસરૂપ દુધ દોહી લીધું. ॥૧૫॥ દૈત્ય અને દાનવોએ મુખ્ય અસુર પ્રહ્લાદને વાછડો કરીને લોઢાના વાસણમાં સુરા (દારૂ) અને આસવ (બીજા કેફી રસ) રૂપ દુધ દોહી લીધું. ॥૧૬॥ ગંધર્વ અને અપ્સરાઓએ વીશ્વાવસુને વાછડો કરીને કમળ રૂપ પાત્રમાં મધુરતા અને સુંદરપણા રૂપ દુધ દોહ્યું. ॥૧૭॥ શ્રાદ્ધના અધીષ્ટાતા પીતૃલોકોએ અર્યમાને વાછડો કરીને કાચીમાટીના ઠામમાં કવ્યરૂપ દુધ દોહી લીધું. ॥૧૮॥ સીદ્ધ લોકોએ કપીલ મુનીને વાછડો કરીને આકાશરૂપ પાત્રમાં અણીમાઆદી સીદ્ધીઓને દોહીલીધી. તથા વીદ્યાધરોએ તેનેજ વાછડો કરીને અને તેજ પાત્રમાં વીદ્યાઓને દોહી લીધા. ॥૧૯॥ પછી બીજા માયાવી પુરૂશોએ મયદાનવને વાછડો કરીને, સંકલ્પથીજ બને એવી અંતર્ધ્યાન થવું આદી અદભુત માયાઓને દોહીલીધી. ॥૨૦॥ યક્ષ–રાક્ષસ–ભુત–અને

मयिकालेनभूयसा॥ तत्रयोगेनदृष्टेनभवानादातुमर्हति ॥८॥ वत्संकल्पयमेवीरयेनाहंवत्सलातव॥ धोक्ष्येक्षीरमयान्कामाननुरूपंचदोहनं ॥९॥ दोग्धारंचमहाबाहोभूतानांभूतभावन॥ अन्नमीप्सितमूर्जस्वद्भगवान्वांछतेयदि॥ १०॥ समांचकुरुमांराजन्देववृष्टंयथापयः॥ अपर्तावपिभद्रंतेउपावर्तेतमेविभो॥ ११ ॥इतिप्रियंहितंवाक्यंभुवआदायभूपतिः॥ वत्संकृत्वामनुंपाणावदुहत्सकलौषधीः ॥१२॥ तथापरेचसर्वत्रसारमाददतेबुधाः॥ ततोऽन्येचयथाकामंदुदुहुःपृथुभाविताम्॥१३॥ऋषयोदुदुहुर्देवीमिंद्रियेष्वथसत्तम ॥ वत्संबृहस्पतिंकृत्वापयश्छंदोमयंशुचि ॥१४॥ कृत्वावत्संसुरगणाइंद्रंसोममदूदुहन् ॥ हिरण्मयेनपात्रेणवीर्यमोजोबलंपयः॥१५॥ दैतेयादानवावत्संप्रल्हादमसुरर्षभं ॥ विधायादूदुहन्क्षीरमयःपात्रेसुराऽसवं॥१६॥ गंधर्वाप्सरसोऽधुक्षन्पात्रेपद्ममयेपयः॥ वत्संविश्वावसुंकृत्वागांधर्वंमधुसौभगं ॥१७॥ वत्सेनपितरोऽर्यम्णाकव्यंक्षीरमधुक्षत ॥ आमपात्रेमहाभागाःश्रद्धयाश्राद्धदेवताः॥१८॥ प्रकल्प्यवत्संकपिलंसिद्धाःसंकल्पनामयीं॥सिद्धिंनभसिविद्यांचयेचविद्याधरादयः ॥१९॥ अन्येचमायिनोमायामंतर्धानाद्भुतात्मनां॥मयंप्रकल्प्यवत्संतेदुदुहुर्धारणामयीं॥२०॥ यक्षरक्षांसिभूतानिपिशाचाःपिशिताशनाः॥ भूतेशवत्सादुदुहुःकपालेक्षतजासवं॥२१॥ तथाऽहयोदंदशूकाःसर्पानागाश्चतक्षकं॥ विधायवत्संदुदुहुर्बिलपात्रेविषंपयः॥२२॥ पशवोयवसंक्षीरंवत्संकृत्वाचगोवृषं॥अरण्यपात्रेचाधुक्षन्मृगेंद्रेणचदंष्ट्रिणः॥२३॥ क्रव्यादाःप्राणिनःक्रव्यंदुदुहुःस्वेकलेवरे ॥ सुपर्णवत्साविहगाश्चरंवाऽचरमेवच॥२४॥ वटवत्सावनस्पतयःपृथग्रसमयंपयः॥गिरयोहिमवद्वत्सानानाधातून्स्वसानुषु॥२५॥ सर्वेस्वमुख्यवत्सेनस्वेस्वेपात्रेपृथक्पयः॥ सर्वकामदुघांपृथ्वींदुदुहुःपृथुभाविताम्॥२६॥ एवंपृथ्वादयःपृथ्वीमन्नादाःस्वन्नमात्मनः॥ दोहवत्सादिभेदेनक्षीरभेदंकुरूद्वह॥२७॥ ततोमहीपतिःप्रीतःसर्वकामदुघांपृथुः ॥ दुहितृत्वेचकारेमांप्रेम्णादुहितृवत्सलः ॥२८॥ चूर्णयन्स्वधनुःकोट्यागिरिकूटानिराजराट्॥ भूमंडलमिदंवैन्यःप्रायश्चक्रेसमंविभुः ॥२९॥ अथास्मिन्भगवान्वैन्यःप्रजानांवृत्तिदःपिता ॥ निवासान्कल्पयांचक्रेतत्रतत्रय

પીશાચ વીગેરે માંસ ખાનારાઓએ રૂદ્રને વાછડો કરીને ખપરની અંદર લોહીરૂપ દુધ દોહ્યું. ॥૨૧॥ અને એજ રીતે અહી એટલે ફણો વીનાના સાપ, સર્પ એટલે ફણોવાળા સાપ, દંદુશક એટલે કાળા સાપ, અને નાગ એટલે કદ્રુના દીકરાઓ; એમણે તક્ષક નાગને વાછડો કરીને પોતાના મુખરૂપ પાત્રમાં ઝેરરૂપ દુધને દોહી લીધું. ॥૨૨॥ પશુઓએ સાંઢને વાછડો કરીને વનરૂપ પાત્રમાં ખડરૂપ દુધ દોહ્યું. તથા માંસને ખાનારા દાઢવાળાં પ્રાણીઓએ સીંહને વાછરડો કરીને માંસરૂપ દુધને અરણ્યરૂપ પાત્રમાં દોહ્યું–અને પક્ષીઓએ ગરૂડને વાછડો કરીને પોતાના શરીર રૂપી પાત્રમાં, કીડા અને ફળ આદી જડ ચૈતન્ય રૂપ દુધ દોહી લીધુ. ॥૨૩–૨૪॥ વનસ્પતીઓએ વડને વાછડો કરીને જુદા જુદા પ્રકારના રસો રૂપ દુધ; તથા પર્વતોએ હીમાચળને વાછડો કરીને નાના પ્રકારની ધાતુઓ રૂપ દુધ; પોતપોતાનાં અંગો રૂપ વાસણોમાં દોહ્યાં. ॥૨૫॥ એ રીતે સર્વ કોઇએ પોતાનામાંના મુખ્યને વાછડો કરીને, સર્વનીકામના પુરી પાડનારી તથા પૃથુરાજાએ પાલન કરેલી પૃથ્વીનું પોતપોતાનાં પાત્રોમાં, જુદી જુદી જાતનું દુધ, દોહી લીધું. ॥૨૬॥ હે વીદુર, એ પ્રમાણે પૃથુરાજા આદી લોકોને સર્વેએ, અન્નાદીકને આપનારી પૃથ્વીથકી. દોહનાર–વાછડો–અને પાત્ર વીગેરેના ભેદ વડે કરીને, જુદા જુદા પ્રકારનું પોતપોતાના અન્ન રૂપી દુધ, દોહી લીધું. ॥૨૭॥ તે પછી દીકરી ઉપર પ્રેમ રાખનારા પૃથુરાજાએ, સર્વની કામનાઓને પ્રસન્ન થઇને પુરી પાડનારી પૃથ્વીના ઉપર દીકરીનો ભાવ રાખીને પ્રેમ રાખ્યો. ॥૨૮॥ અને એ સમર્થ ચક્રવર્તી પૃથુરાજાએ પોતાના ધનુષ્યની અણીથકી ડુંગરા અને ટેકરા આદીને ભાંગી ભુકો કરી નાંખીને આખી પૃથ્વીને ઘણે ભાગે સપાટ બનાવી. ॥૨૯॥ તથા તે પછી એ પ્રજાઓને આજીવીકા મેળવી આપનારા તથા પીતા સમાન પૃથુરાજાએ, આખા ભુમંડળમાં જ્યાં જેમ ઘટે તેમ નીવાસનાં સ્થાનો આદીની કલ્પના કરી. (એટલે નદી આદીનું પાણી મળવાનું અને બીજાં સુખોવાળી જગાએ શેહેર–તેથી થોડાં સુખનાં સાધનો વાળી જગાએ મોટાં ગામો એટલે કસ્બા–અને તેથી કમી સાધનોવાળી જગાએ

નાનાં ગામો વીગેરેની યોજના કરી.) ॥૩૦॥ અને જુદા જુદા પ્રકારનાં ગામો–કસ્બાઓ–શેહેરો–કીલ્લાઓ–આયર અને રબારીનાં ગામો–નહેડા (ગાયોને રેહેવાની જગાઓ)–છાવણીઓ (લશ્કરના મુકામનાં ગામો. જે હાલ કેમ્પ કહેવાય છે)–ખાણોનાં ગામો–ખેડાં (ફક્ત ખેતી કરનારાઓનાં ગામો)–ખર્વટ (ડુંગરની તળાટીનાં ગામો)–એ વીગેરે બનાવ્યાં. ॥૩૧॥ એ પૃથુરાજાના સમય પહેલાં આ પૃથ્વી ઉપર, ગામો અને નગરો વીગેરેની કાંઇ ગોઠવણ હતી નહીં. જેમ જેને સુખ થાય તેમ લોકો નીર્ભયપણાથી ઠેકાણે ઠેકાણે વસતા હતા. ॥૩૨॥ ઇતી શ્રી० ભા० ચો० સ્કંધનો અઢારમો અધ્યાય સંપુર્ણ ॥૧૮॥

અધ્યાય. ૧૯ મો.—મૈત્રેય—તે પછી પૃથુરાજાએ, જ્યાં સરસ્વતી ઉગમણી વહે છે તે મનુ ક્ષેત્ર એટલે બ્રહ્માવર્તમાં સો અશ્વમેધ યજ્ઞ કરવાની દીક્ષા લીધી. ॥૧॥ તે જાણવાથી, પૃથુરાજા પોતાના કરતાં અધીક કર્મોવાળા થવાની અદેખાઇ ભગવાન ઇંદ્રને આવવાથી, તેમના યજ્ઞના મહોત્સવને ઇંદ્ર સહન કરી શક્યા નહીં. ॥૨॥ તે યજ્ઞમાં,બ્રહ્મા–સદાશીવ–અને લોકપાળોથી વીંટાયલા તથા ગંધર્વો–મુનીઓ–અને અપ્સરાઓથી ગવાતા; સર્વના આત્મા–સર્વ લોક માત્રના ગુરૂ–પ્રભુ–ઇશ્વર–અને યજ્ઞપતી એવા સાક્ષાત હરી ભગવાન પોતાના પાર્શદો વીગેરે સહીત પ્રત્યક્ષ પધાર્યા હતા. ॥૩–૪॥ અને ત્યાં સીદ્ધ લોકો–વીદ્યાધરો–દૈત્યો–દાનવો–યક્ષો વીગેરે–નંદ અને સુનંદઆદી લેઇને હરી ભગવાનના મોટા પાર્શદો–॥૫॥–કપીલ, નારદ, અને ગુરૂ દત્તાત્રય વીગેરે યોગેશ્વરો–સનકાદીકો–તથા બીજાઓ જેઓ ભગવાનની સેવામાં ઉત્સાહવાળા હતા, તે સાધુ અને ભક્તાદીક સર્વે પણ ભગવાનની સાથેજ આવેલા હતા. ॥૫–૬॥ હે ભારત જ્યાં, ધર્મરૂપે દોહેલી અને સર્વ કામનાઓને પુરી પાડનારી પૃથ્વી, યજમાન પૃથુરાજાને તેના ઇચ્છીત પદાર્થો આપતી હતી. ॥૭॥ નદીઓ દુધ–દહીં–અન્ન–ઘી–છાશ વીગેરે ગોરસને અને સર્વ પ્રકારના બીજા રસોને એટલે અનેક પ્રકારનાં તેલ તથા શેરડી આદીના રસોને વહેતી હતી. તથા ઝાડો મીઠા મીઠા રસ અને ઘણાં તથા સુંદર ફુલ ફળ વીગેરે આપતાં હતાં. ॥૮॥

थाऽर्हत:॥३०॥ ग्रामान्पुर:पत्तनानिदुर्गाणिविविधानिच॥घोपान्व्रजान्सशिबिरानाकरान्खेटखर्वटान्॥३१॥प्राक्पृथोरिहनैवैषापुरग्रामादि कल्पना। यथासुखंवसंतिस्मतत्रतत्राकुतोभया:॥३२॥ इ०भा०म०च०पृथुविजयेऽष्टादशोऽध्याय: ॥१८॥ मैत्रेय०अथादीक्षितराजातुह यमेधशतेनस:॥ ब्रह्मावर्तेमनो:क्षेत्रेयत्रप्राचीसरस्वती ॥१॥ तदभिप्रेत्यभगवान्कर्मातिशयमात्मन:॥ शतक्रतुर्नममृषेपृथोर्यज्ञमहोत्सवं २ यत्रयज्ञपति:साक्षाद्भगवान्हरिरीश्वर: ॥ अन्वभूयतसर्वात्मासर्वलोकगुरु:प्रभु:॥३॥ अन्वितोब्रह्मशर्वाभ्यांलोकपालै:सहानुगै: ॥ उपगीय मानोगंधर्वैर्मुनिभिश्चाप्सरोगणै: ॥४॥ सिद्धविद्याधरादैत्यादानवागुह्यकादय:॥ सुनंदनंदप्रमुखा:पार्षदप्रवराहरे: ॥५॥ कपिलोनारदोद त्तोयोगेशा:सनकादय:॥ तमन्वीयुर्भागवतायेचतत्सेवनोत्सुका:॥६॥यत्रधर्मदुघाभूमि:सर्वकामदुघासती॥ दोग्धिस्माभीप्सितानर्थान्यज मानस्यभारत॥७॥ ऊहु:सर्वरसान्नद्य:क्षीरदध्यन्नगोरसान्॥ तरवोभूरिवर्ष्माण:प्रासूयंतमधुच्युत:॥८॥ सिंधवोरत्ननिकरान्गिरयोन्नंचतु र्विधं॥ उपायनमुपाजर्ह्रु:सर्वेलोका:सपालका:॥९॥इतिचाधोक्षजेशस्यपृथोस्तुपरमोदयं॥ असूयन्भगवानिंद्र:प्रतिघातमचीकरत्॥१०॥ चरमेणाश्वमेधेनयजमानेयजुष्पतिं॥ वैन्येयज्ञपशुंस्पर्धन्नपोवाहतिरोहित:॥११॥ तमत्रिर्भगवानैक्षत्त्वरमाणंविहायसा॥ आमुक्तमिवपाखं डंयोधर्मेधर्मविभ्रम:॥१२॥ अत्रिणाचोदितोहंतुंपृथुपुत्रोमहारथ:॥अन्वधावतसंक्रुद्धस्तिष्ठतिष्ठेतिचाब्रवीत् ॥१३॥ तंतादृशाकृतिंवीक्ष्यमे नेधर्मंशरीरिणं॥ जटिलंभस्मनाच्छन्नंतस्मैबाणंनमुंचति ॥१४॥ वधान्निवृत्तंतंभूयोहंतवेऽत्रिरचोदयत् ॥ जहियज्ञहनंतातमहेंद्रंविबुधा धमं॥१५॥ एवंवैन्यसुत:प्रोक्तस्त्वरमाणंविहायसा ॥अन्वद्रवदभिक्रुद्धोरावणंगृध्रराडिव॥१६॥ सोऽश्वंरूपंचतद्धित्वातस्मा अंतर्हित:स्वराट् ॥ वीर:स्वपशुमादायपितुर्यज्ञमुपेयिवान्॥१७॥ तत्तस्यचाद्भुतंकर्मविचक्ष्यपरमर्षय:॥नामधेयंददुस्तस्मैविजिताश्वइतिप्रभो ॥१८॥ उपसृ ज्यतमस्तीव्रंजहाराश्वंपुनर्हरि: ॥ चषालयूपतश्छन्नोहिरण्यरशनंविभु:॥१९॥ अत्रि:संदर्शयामासत्वरमाणंविहायसा ॥ कपालखट्वांगध

સમુદ્રો રત્નોના સમુદાય અને પર્વતો, ચાર પ્રકારનાં (એટલે કરડીને ખાવાનાં–રાંધીને ખાવાનાં–ચાટીને ખાવાનાં–અને ચુશીને ખાવાનાં) અન્ન આપતા હતા. એ રીતે લોકપાળો સહીત સર્વે લોકો (તેમને સારૂં) જુદા જુદા પ્રકારની ભેટો લાવતા હતા. ॥૯॥ ત્યારે, એ અધોક્ષજ ભગવાનના આશ્રયવાળા પૃથુરાજાનો એ પ્રકારનો મોટો ઉદય જોઇને, ઇર્ષા થવાથી ઇંદ્રે તેમાં ભંગ કર્યો. ॥૧૦॥ અને પૃથુરાજાએ છેલ્લા યજ્ઞથી યજ્ઞપતી ભગવાનનું પુજન કરવા માંડતાં, અદેખાઇથી ઇંદ્ર, યજ્ઞના પશુનું હરણ કરીને અંતર્ધ્યાન થઇ ગયો. ॥૧૧॥ તેને ઉતાવળથી આકાશ માર્ગે જતાં ભગવાન અત્રી ઋશીએ જોયો. એટલે તે, પાખંડ (એટલે અધર્મ છતાં ધર્મ હોવાનો જુઠો ભ્રમ થાય છે તેનો આશ્રય કરીને નાશી ગયો. ॥૧૨॥ એટલે અત્રીની પ્રેરણાથી પૃથુરાજાનો મહારથી પુત્ર ક્રોધ કરીને, ઉભો રહે ઉભો રહે એમ બોલતો તેની પાછળ મારવાને માટે દોડ્યો. ॥૧૩॥ પણ તેને જટાવાળો અને ભસ્મથી ઢંકાયલો જોઇને, એને તાદૃશ ધર્મ સ્વરૂપ માનીને, તેણે તેના ઉપર બાણનો ઘા કર્યો નહીં. ॥૧૪॥ એમ મારી નાંખવાથી અટકેલા તેને, ફરીથી અત્રી ઋશીએ ઇંદ્રને મારી નાંખવાની પ્રેરણા કરી અને કહ્યું કે. હે તાત, યજ્ઞનો ઘાત કરનારા અને દેવતાઓમાં અધમ આ ઇંદ્રને તું માર્ય.॥૧૫॥એમ કહેવાથી, પૃથુરાજાનો તે પુત્ર, આકાશ માર્ગે ઉતાવળથી જતા ઇંદ્રનીપાછળ, જેમ રાવણની પાછળ જટાયુ પક્ષી દોડ્યો હતો તેમ ક્રોધ કરીને દોડ્યો. ॥૧૬॥ એટલે ઇંદ્ર, યજ્ઞના ઘોડાને અને પોતે લીધેલા પાખંડ સ્વરૂપનેતજીને અંતર્ધ્યાન થયો. ત્યારે પૃથુરાજાનો પુત્ર પોતાના યજ્ઞના ઘોડાને લેઇને પોતાના યજ્ઞ સ્થાનમાં આવ્યો ॥૧૭॥ હે વીદુર, એ કુંવરનું આ અદ્ભુત કામ જોઇને, મોટા ઋશીઓએ તેને "વીજીતાશ્વ" નામ આપ્યું. ॥૧૮॥ પછી સમર્થ ઇંદ્રે ભયંકર અંધારૂ ઉત્પન્ન કરીને, તેમાં ગુપ્ત રહી, ખીલેથી સોનાની રશી સહીત ઘોડાને છોડ્યો ને ફરીથી લેઇ ગયો. ॥૧૯॥ ત્યારે પણ ઉતાવળથી આકાશ માર્ગે જતાં તેને, અત્રી ઋશીએ બતાવ્યો. પણ એ વખતે તેણે માણસના માથાની ખોપરી અને ખાટલાનાં હશો ઉપણાં ધારણ કરેલાં હોવાથી પૃથુરાજાના

વીર પુત્રે તેને નાશ કર્યો નહીં. ॥૨૦॥ અને અત્રીની પ્રેરણાથી જ્યારે તેણે ક્રોધ કરીને તેના તરફ બાણ સાંધ્યો. ત્યારે પણ ઈંદ્ર પોતાના એ પાખંડી રૂપને અને ઘોડાને પડતો મુકીને ઈંદ્ર અંતર્ધાન થયો ॥૨૧॥ તે પૃથુનો વીરપુત્ર ઘોડાને લેઈને પોતાના યજ્ઞમાં પાછો આવ્યો. તે પછી ઈંદ્રના એ નીંદા કરવા લાયક પાખંડી રૂપોને ઓછી બુદ્ધિવાળાઓએ ગ્રહણ કરેલાં છે. ॥૨૨॥ એમ ઈંદ્રે ઘોડાને હરી જવા સારૂં જે જે રૂપ લીધાં છે તે તે સર્વનાં "પાખંડ" કહેવાય છે. કેમકે પા એટલે પાપ, અને ખંડ એટલે તેની નીશાની, એવો તેનો શબ્દાર્થ છે. ॥૨૩॥ એ રીતે પૃથુરાજાના યજ્ઞનો નાશ કરવા માટે ઘોડાનું હરણ કરતાં ઈંદ્રે જે જે પાખંડ રૂપ લેઈ લેઈને મુકી દીધાં તે તે "પાખંડ" એટલે નાગા તથા લાલ લુગડાંવાળા આદી પંથો, કે જે ઉપધર્મ એટલે અધર્મ હોવા છતાં ધર્મની ભ્રાંતી કરનારા–અને ઉપરથી દેખાતા સારા–તથા હેતુ બતાવવામાં ચતુરાઇ દેખાડનારા–અને તેને વીશે ઘણું કરીને માણસોની બુદ્ધી લલચાઇ જાય એવા છે. ॥૨૪–૨૫॥ આ વાત જાણીને ક્રોધ પામેલા પૃથુરાજાએ ઈંદ્રને મારવા સારૂં ધનુષ્ય ઉપાડીને હાથમાં બાણ લીધું. ॥૨૬॥ અસહ્ય વેગ વાળા અને સામું ન જોઇ શકાતા પૃથુરાજાને, ઈંદ્રને મારવાને માટે તૈયાર થયેલા જોઇને યજ્ઞના બ્રાહ્મણોએ તેમને વાર્યા કે. હે મહાબુદ્ધીમાન, યજ્ઞમાં વધ કરવાને નક્કી કરેલા પશુ સીવાય બીજા કોઇનો પણ વધ તમારાથી અહીંયાં કરી શકાય નહીં. ॥૨૭॥ પણ અમેજ તમારા યજ્ઞથી બાંધા થયેલા, અને આ યજ્ઞનો નાશ કરનારા ઈંદ્રને, શક્તીવાળા મંત્રોના જોરથી અહીંયાં બોલાવીને, તમારા એ શત્રુને અગ્નીમાં હોમી દેઇએ છીએ. ॥૨૮॥ હે વીદુર, એ પ્રમાણેની યજમાનની સંમતી લેઇને ઋત્વીજો હાથમાં સ્રુચ લેઇને ક્રોધથી હોમ કરવા લાગ્યા. ત્યારે બ્રહ્માએ ત્યાં આવીને તેમને અટકાવ્યા. ॥૨૯॥ અને કહ્યું કે. ઈંદ્ર એ યજ્ઞાવતાર ભગવાનનુંજ સ્વરૂપ છે. અને યજ્ઞવડે પુજન થતા દેવતાઓ પણ તેનાંજ શરીરો છે. માટે તમે જેને મારી નાખવાની ઇચ્છા કરોછો. તેનો તમારાથી વધ થઇ શકે એમ નથી. ॥૩૦॥ હે દીજો, પૃથુરાજાએ કરવામાંડેલા કર્મનો નાશ કરવા માટે

रंवीरोनैनमबाधत॥२०॥ अत्रिणाचोदितस्तस्मैसंदधेविशिखंरुषा॥ सोश्वंरूपंचतद्धित्वातस्थावंतर्हितःस्वराट्॥२१॥ वीरश्चाश्वमुपादायपितृयज्ञमथाव्रजत् ॥तदवद्यंहरेरूपंजगृहुर्ज्ञानदुर्बलाः॥२२॥यानिरूपाणिजगृहेइंद्रोहयजिहीर्षया ॥ तानिपापस्यखंडानिलिंगंखंडमिहोच्यते ॥२३॥ एवमिंद्रेहरत्यश्वंवैन्ययज्ञजिघांसया॥ तद्गृहीतविसृष्टेषुपाखंडेषुमतिर्नृणां॥२४॥ धर्मइत्युपधर्मेषुनग्नरक्तपटादिषु ॥ प्रायेणसज्जतेभ्रांत्यापेशलेषुचवाग्मिषु॥२५॥ तदभिज्ञायभगवान्पृथुःपृथुपराक्रमः॥ इंद्रायकुपितोबाणमादत्तोद्यतकार्मुकः ॥२६॥ तमृत्विजःशक्रवधाभिसंधितंविचक्ष्यदुःप्रेक्ष्यमसह्यरंहसं ॥ निवारयामासुरहोमहामतेनयुज्यतेत्रान्यवधःप्रचोदितात् ॥२७॥ वयंमरुत्वंतमिहार्थनाशनंह्वयामहेत्वच्छ्रवसाहतत्विषं ॥ अयातयामोपहवैरनंतरंप्रसह्यराजन्जुहवामतेऽहितं॥२८॥ इत्यामंत्र्यक्रतुपतिंविदुरास्यर्त्विजोरुषा॥ स्रुग्घस्तान्जुह्वतोऽभ्येत्यस्वयंभूःप्रत्यषेधत॥२९॥ नवध्योभवतामिंद्रोयद्यज्ञोभगवत्तनुः॥ यंजिघांसथयज्ञेनयस्येष्टास्तनवःसुराः॥३०॥ तदिदंपश्यतमहद्धर्मव्यतिकरंद्विजाः॥ इंद्रेणानुष्ठितंराज्ञःकर्मैतद्विजिघांसता॥३१॥ पृथुकीर्तेःपृथोर्भूयात्तर्ह्येकोनशतक्रतुः॥अलंतेक्रतुभिःस्विष्टैर्यद्भवान्मोक्षधर्मवित्॥३२॥ नैवात्मनेमहेंद्रायरोषमाहर्तुमर्हसि ॥ उभावपिहिभद्रंतेउत्तमश्लोकविग्रहौ ॥३३॥ मास्मिन्महाराजकृथाःस्मचिंतांनिशामयास्मद्वचआदृतात्मा॥यद्ध्यायतोदैवहतंनुकर्तुंमनोतिरुष्टंविशतेतमोऽधं॥३४॥ क्रतुर्विरमतामेषदेवेषुदुरवग्रहः ॥ धर्मव्यतिकरोयत्रपाखंडैरिंद्रनिर्मितैः॥३५॥ एभिरिंद्रोपसंसृष्टैःपाखंडैर्हारिभिर्जनं॥ह्रियमाणंविचक्ष्वैनंयस्तेयज्ञध्रुगश्वमुट्॥३६॥भवान्परित्रातुमिहावतीर्णोधर्मंजनानांसमयानुरूपं॥वेनापचारादवलुप्तमद्यतद्देहतोविष्णुकलासिवैन्य ॥३७॥ सत्वंविमृश्यास्यभवंप्रजापतेसंकल्पनंविश्वसृजांपिपीपृहि ॥ ऐंद्रीचमायामुपधर्ममातरंप्रचंडपाखंडपथंजहिप्रभो॥३८॥ मैत्रेय० इत्थंसलोकगुरुणासमादिष्टोविशांपतिः॥ तथाचकृत्वावात्सल्यंमघोनापिचसंदधे॥३९॥ कृतावभृथस्नानायपृथवेभूरिकर्मणे ॥ वरान्ददुस्तेवरदायेतद्बर्हिषितर्पिताः ॥४०॥ विप्राःसत्याशिषस्तुष्टाःश्रद्धयालब्धद

ઈંદ્રે કરેલા આ મોટા ધર્મના વીરોધને તો તમે જુઓ. ॥૩૧॥ (પછી પૃથુરાજાને બ્રહ્મા કહેછે કે) હે મોટી કીર્તીવાળા પૃથુરાજા, તમે નવાણુ યજ્ઞ કરનારા થયા. તો તેટલા યજ્ઞોથીજ, તમે મોક્ષ ધર્મને જાણોછો માટે, તમારે હવે સંતોષ પામવો ઘટીત છે. ॥૩૨॥ તમો બંને(ઈંદ્ર અને પૃથુ)ઉત્તમ શ્લોક ભગવાનનાં સ્વરૂપોનું બહુ જાઓ. એટલે હે પૃથુરાજા તમે પોતાનાજ સ્વરૂપ મહેંદ્રના ઉપર ક્રોધ કરવાને યોગ્ય નથી. ॥૩૩॥ હે મહારાજ તમે ચીંતા કરશો નહીં. પણ અમારાં વચનને આદરવાળી બુદ્ધીથી સાંભળો, કે દૈવ થકી નાશ કરાતા કર્મનો કરનારો, તે કર્મનું ધ્યાન કરવાથી, તેનું મન અતીક્રોધ વાળું થઇને તે અંધકારમય નરકમાં પડે છે. ॥૩૪॥ એટલા માટે જેમાં દેવ (ભગવાન) નો દુરાગ્રહ છે. તથા જેને લીધેજ ધર્મનો ભીગાડ કરનારાં પાખંડો ઈંદ્રે નીર્માણ કર્યાં છે. એવો તમારો આ યજ્ઞ કરવાનું હવે તમે બંધ રાખો. ॥૩૫॥ અને તમારા એ યજ્ઞનો દ્રોહ કરનારા શત્રુ ઈંદ્રે ઉત્પન્ન કરેલા પાખંડના માર્ગોમાં લોકો તણાતાં જાય છે તેને તમે જુઓ. ॥૩૬॥ હે પૃથુરાજા, સમયને અનુકુળ એવો લોકોનો ધર્મ વેનના દુરાચરણ વડે નાશ પામી ગયો હતો, તેનો ઉદ્ધાર કરવાને માટેજ, તે વેનના શરીર થકી, વીશ્નુભગવાનની કળારૂપે, હાલમાં તમે અહીં અવતરેલાછો. ॥ ૩૭ ॥ માટે હે સમર્થ પૃથુરાજા, તમે જગતના ભલાનો વીચાર કરીને વીશ્વને સરજનારા ભગવાનના ધારેલા પ્રમાણેજ કરો; અને ઉપધર્મ (પાખંડ)ની માતા રૂપ ઈંદ્રની માયાથી, પ્રગટ થયેલા ઘણા જોરવાળા પાખંડ માર્ગોનો નાશ કરો.॥૩૮॥એટલેસર્વ લોકના ગુરૂ બ્રહ્માએ એ રીતે સમજુતી કરેલા પૃથુરાજાએ પણ તે રીતેજ કરીને, ઈંદ્રની સાથે સમાધન કરી સ્નેહભાવ રાખ્યો. ॥૩૯॥ પછી ઘણાંકર્મો કરનારા, તથા અવભૃથ સ્નાન કરેલા પૃથુરાજાને વરદાન દેનારા દેવતાઓએ, તેના યજ્ઞોમાં ભાગ આદીપામીને તૃપ્ત થઇ વરદાનો આપ્યાં. ॥૪૦॥ અને હે વીદુર. શ્રદ્ધા સહીત દક્ષીણા અને સત્કાર પામેલા તથા સાચી આશીશો આપનારા બ્રાહ્મણોએ પ્રસન્ન થઇને તે આદીરાજા પૃથુને આશીર્વાદ આપ્યા અને કહ્યું કે. ॥૪૧॥

હે મોટા હાથવાળા, તમારા બોલાવવાથી અહીંયાં ભેળા થયેલા સર્વ કોઇ, પીતૃઓ-દેવતાઓ-રૂશીઓ-અને માણસો વીગેરેનું; દાન તથા માનવડે, યથાયોગ્ય પુજન થયેલુંછે. ।।૪૨।। ઇ.ભા.ચો. સ્કં.ઓગણીસમો અધ્યાય.।।૧૯।।

અધ્યાય. ૨૦ મો—મૈત્રેય—પછી યજ્ઞના પતિ-યજ્ઞ ભોક્તા-અને યજ્ઞવડે પ્રસન્ન થનારા સમર્થ વૈકુંઠ ભગવાને પણ ઇંદ્રને સાથે રાખીને પૃથુરાજાને કહ્યું કે.।।૧।। શ્રી ભગવાન—તમારા સોમા યજ્ઞનો ભંગ કરનારો આ ઇંદ્ર, તમારી પાસે ક્ષમા માગે છે, માટે ક્ષમા કરવાને તમે યોગ્યછો. ।।૨।। હે નરદેવ, શરીર એ આત્મા નથીજ માટે સારીબુદ્ધી વાળાઓ-સાંધુઓ-અને ઉત્તમ પુરૂશો પ્રાણીઓનો દ્રોહ કરતા નથી, ।।૩।। અને તમારા સરખા પુરૂશો પણ જો ભગવાનની માયાથી મોહ પામેતો; લાંબા કાળ સુધી વૃદ્ધોની સેવા કરવાની મેહેનતનું ફળ, માત્ર શ્રમરૂપેજ થયેલાનું જાણવું જોઇએ. ।।૪।। એટલા માટે અવીદ્યા-કામના-અને કર્મો થકી આ શરીરને બનેલાનું જાણનારા બુદ્ધીમાન પુરૂશો તો દેહને વીશે આશક્ત થતાજ નથી. ।।૫।। તો પછી આ દેહને વીશે આશક્તી વીનાનો કયો સમજુ પુરૂશ, દેહથકી ઉત્પન્ન થયેલાં ઘર-સંતાન અને ધન વીગેરેમાં મમતા કરે. ! ।।૬।। આત્મા, એકજ-શુદ્ધ-સ્વયંપ્રકાશ-નીર્ગુણ-ગુણોનો આશ્રય-સર્વવ્યાપક-નહી ઢંકાયલો-અને સાક્ષી, તથા સ્વતઃસીદ્ધ હોવાથી તે દેહથકી પર એટલે જુદા પ્રકારનો છે. ।।૭।। માટે મારા વીશે સ્થીતી પામેલો, અને દેહમાં રહેલા આત્માને સર્વદા એ પ્રકારનો જાણનારો પુરૂશ, પ્રકૃતીની અંદર રહેવા છતાં પ્રકૃતીના ગુણો થકી લેપાતો નથી. ।।૮।। અને હે રાજા, જે પુરૂશ હમેશાં શ્રદ્ધા રાખીને નીષ્કામ પણે મને ભજે છે. તેનું મન ધીરે ધીરે પ્રસન્ન થઇને શાંતીને પામે છે.।। ૯ ।। તથા તે ગુણોથકી છુટેલો-સંપૂર્ણ દેખનારો-અને શાંત થયેલા નીર્મળ મનવાળો પુરૂશ સમ અવસ્થા વાળા મારા કૈવલ્ય બ્રહ્મસ્વરૂપને પામે છે. ।। ૧૦ ।। વળી,

क्षिणाः॥ आशिषोयुयुजुःक्षत्तरादिराजायसत्कृताः॥४१॥त्वयाहूतामहाबाहोसर्वएवसमागताः ॥ पूजितादानमानाभ्यांपितृदेवर्षिमानवाः ॥४२॥ इ०भा०म०च०पृथुविजयेएकोनविंशोऽध्याय ॥१९॥ ऋषि०भगवानपिवैकुंठःसाकंमघवताविभुः॥ यज्ञैर्यज्ञपतिस्तुष्टोयज्ञभुक्तमभाषत॥१॥ श्रीभग०एषतेऽकार्षाद्भंगं,यमेधशतस्यह ॥ क्षमापयतउ[illegible]ममुष्यक्षंतुमर्हसि ॥२॥ सुधियःसाधवोलोकेनरदेवनरोत्तमाः॥नाभिद्रुह्यंतिभूतेभ्योयर्हिनात्माकलेवरं॥३॥ पुरुषायदिमुह्यंतित्वादृशादेवमायया॥ श्रमएवपरंजातोदीर्घयावृद्धसेवया ॥४॥ अतःकायमिमंविद्वानविद्याकामकर्मभिः॥ आरब्धइतिनैवास्मिन्प्रतिबुद्धोऽनुषज्जते॥५॥ असंसक्तःशरीरेऽस्मिन्नमुनोत्पादितेगृहे॥ अपत्येद्रविणेवाऽपिकःकुर्यान्ममतांबुधः॥६॥ एकःशुद्धःस्वयंज्योतिर्निर्गुणोसौगुणाश्रयः॥ सर्वगोऽनावृतःसाक्षीनिरात्मात्मात्मनःपरः॥७॥ यएवंसंतमात्मा[illegible]स्थंवेदपूरुषः॥ नाज्यतेप्रकृतिस्थोऽपितद्गुणैःसमयिस्थितः ॥८॥ यःस्वधर्मेणमांनित्यंनिराशीःश्रद्धयाऽन्वितः॥ भजतेश[illegible]स्यमनोराजन्प्रसीदति॥९॥ परित्यक्तगुणःसम्यग्दर्शनोविशदाशयः॥ शांतिंमेसमवस्थानंब्रह्मकैवल्यमश्नुते॥१०॥ उदासीनमिवाध्यक्षंद्रव्यज्ञानक्रियात्मनां॥ कूटस्थमिममात्मानंयोवेदाप्नोतिशोभनं ॥११॥ भिन्नस्यलिंगस्यगुणप्रवाहोद्रव्यक्रियाकारकचेतनात्मनः ॥ दृष्टासुसंपत्सु[illegible]पत्सुसूर[illegible]यंतेमयिबद्धसौहृदाः॥१२॥समःसमानोत्तममध्यमाधमःसुखेचदुःखेचजितेंद्रियाशयः॥ मये[illegible]खिललोकसंयुतोविधत्स्ववीराखिललोकरंजनं ॥१३॥ श्रेयःप्रजापालनमेवराज्ञोयत्सांपरोपरायेसुकृतात्षष्ठमंशं ॥ हर्ताऽन्यथाहतपुण्यःप्रजानामरक्षिताकरहारोघमत्ति ॥१४॥ एवंद्विजाग्र्यानुमतानुवृत्तधर्मप्रधानोऽन्यतमोऽविताऽस्याः ॥ ह्रस्वेनकालेनगृहोपयातान्द्रष्टासिसिद्धाननुरक्तलोकः ॥१५॥ वरंचमत्कंचनमानवेंद्रवृणीष्वतेऽहंगुणशीलयंत्रितः ॥ नाहंमखैर्वैसुलभस्तपोभिर्योगेनवायत्समचित्तवर्ती॥१६॥मैत्रेय०सइत्थंलोकगुरुणाविष्वक्सेनेनविश्वजित्॥ अनुशासितआदेशंशिरसाजगृहेहरेः॥१७॥ स्पृशंतंपादयोःप्रेम्णाव्रीडितंस्वेनकर्मणा॥शतक्रतुंपरिष्वज्यविद्वेषंविससर्जह॥१८॥ भगवानथविश्वात्मापृथुनोपहृतार्हणः ॥ समुज्जिहानयाभक्त्यागृहीतचरणांबुजः ॥१९॥ प्रस्थानाभिमुखोप्येनमनु

દ્રવ્યો-જ્ઞાન-અને ક્રીયા-તથા આત્મ; એટલે મહાભુતો-ઇંદ્રીયો-ઇંદ્રીયોના દેવતાઓ-તથા અંતઃકરણ(ચારેપ્રકારનું) એમને વીશે અવીનાશી આત્માને ઉદાસીન એટલે કોઇ જાતના સંબંધ વીનાનો દ્રષ્ટા રૂપે જે જુએ છે અને જાણે છે તેજ મોક્ષને પામે છે. ।।૧૧।। એટલે દ્રવ્યો-ક્રીયા-કારક-અને ચેતનના (એટલે મહાભુતો ઇંદ્રીયો-ઇંદ્રીયોના દેવતાઓ-અને અંતઃકરણોના) સ્વભાવવાળા તથા જન્મ મરણના પ્રવાહને ચલાવનારા લીંગ શરીરનો જેમને નાશ થયેલો છે. તેવા મારે વીશેજ પ્રીતીવાળા જ્ઞાનવાન પુરૂશો, સંપત અને વીપત દેખવાટાણે વીકાર પામતા નથી ।।૧૨।। માટે હે વીર, ઇંદ્રીયો તથા અંતઃકરણોને વશ કરીને, મેં ઉત્પન્ન કરેલ આખા જગતના લોક સાથે, સુખ દુખની બાબતમાં, પોતાનાથી ઉત્તમ-સમાન-મધ્યમ-અને અધમ તરફ પણ સમદ્રષ્ટીવાળા થઇને જોડાઇ, અખીલ જગતનું તમે રક્ષણ કરો. ।।૧૩।। પ્રજાનું પાલન કરવામાંજ રાજાનું કલ્યાણ છે. કારણ તે થકીજ પ્રજાના સુકૃતોનો છઠો ભાગ તેને પરલોકમાં મળેછે. પણ પ્રજાનું પાલન નહીં કરવાથી, પોતાના પુન્યનો પણ નાશ કરનારો રાજા, પ્રજા પાસેથી કર આદીક લેવાના કારણ માટે, તેઓનાં પાપોનોજ ભોક્તા થાય છે. ।।૧૪।। એટલા માટે ધર્મને મુખ્ય રાખીને, અને અર્થ તથા કામને ગૌણપણે રાખીને, બ્રાહ્મણોની સંમતીથી તમે આચરણ કરો. એટલે થોડા કાળમાંજ લોક માત્રની તમારા ઉપર પ્રીતી થશે અને સીદ્ધપુરૂશો સનકાદીકને પણ તમારે ઘેર આવેલા તમે જોશો. ।।૧૫।। હે રાજા, હું સમદ્રષ્ટીથી વર્તનારને મળવાને જેવો સુલભ છું, તેવો સુલભ, યોગ-તપ-અને યજ્ઞો આદી થકી પણ નથી. માટે તમારા ગુણો તથા શીળ થકી વશ થયેલ હું પાસેથી તમે કાંઇ પણ વરદાન માગો. ।।૧૬।।-મૈત્રેય-એ પ્રમાણે જગત ગુરૂ વીશ્વક્સેન ભગવાને શીખામણ આપ્યાથી, એ જગતને જીતનારા પૃથુરાજાએ, ભગવાનની આજ્ઞા માથે ચઢાવીને, પગમાં પડેલા અને લજાયલા ઇંદ્ર ઉપરનો દ્વેશ છોડી દેઇને તે તેને ભેટયા. ।।૧૭-૧૮।। અને વધેલી ભક્તી સહીત ચરણમાં પડેલા પૃથુરાજાથકી પુજન થયેલા સત્પુરૂશોના સુહ્રદ વીશ્વાત્મા ભગવાન, પધારી જવાને તૈયાર થવા છતાં, ખીલેલા

કમળ જેવી આંખ્યો વડે, પૃથુરાજાના સામુ જોઇને તેના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી વાર લગાડતા ઉભા રહ્યા. ॥૧૯-૨૦॥ ત્યારે એ આદીરાજાને આંખ્યોમાં આંસું ભરાઇ જવાથી તે કાંઇજ બોલી શક્યા નહીં અને સામું પણ જોઇ શક્યા નહીં. તેથી હાથ જોડીને પોતાના વીકળ થએલા મનમાં ભગવાનનું ધ્યાન કરવા લાગ્યા. ॥૨૧॥ અને પછીથી આંસુ લોહી નાંખીને, પોતાની તૃપ્ત ન થએલી નજરથી સામું જોઇને, પૃથ્વીને પગ નહી અડકાડતાં ગરૂડના ખભાનો ટેકો લેઇને ઉભેલા ભગવાનને તેમણે કહ્યું કે ॥૨૨॥—પૃથુરાજા—વરદાનોને આપનારા આપ કૈવલ્યના પતી અને સમર્થ ઇશ્વર પાસેથી, ગુણોથકી વીકાર પામવાના સ્વભાવ વાળાં અને નારકી પ્રાણીઓને નરકમાં પણ મળે એવાં, વરદાનો બુદ્ધીમાન પુરૂશ કેમ માગે? (અર્થાત નજમાગે) માટે હું પણ વરદાન માગતો નથીજ. ॥૨૩॥ તો પણ હે નાથ, મનોઇચ્છીત માત્ર આપો તે એજ કે, મહાત્માઓના હૃદયમાંથી, તેમના મુખવાટે નીકળેલા આપના ચરણ કમળના મકરંદ રૂપ કથારસને ધારણકરવાને માટે મને દસ હજાર કાન કરી આપો. ॥૨૪॥ ઉત્તમ શ્લોક ભગવાનના (ભક્તાદીક) મહાત્માઓના મુખમાથી નીકળતી, આપના ચરણાંર્વીંદની કથારૂપ અમૃતની કણીઓવાળો પવન પણ, વીસ્મૃતી થએલા કાચા જોગીઓને ફરીથી આત્મતત્વના જ્ઞાનની સ્મૃતી લાવે છે. એટલે અમારે બીજાં વરદાન નજોઇએ. ॥૨૫॥ ગુણોના સંગ્રહની ઇચ્છાથી લક્ષ્મી પણ જેને વર્યાં છે એવા કલ્યાણકારી અને સાંભળવા જોગ્ય આપના સત્પુરૂશોના સમાગમમાં ગવાતા યશને ફક્ત એકવાર પણ યદ્દચ્છાથી સાંભળનારો, જે પશુ જેવો ન હોઇને ગુણને જાણનારો હોય તેવો કયો પુરૂશ, તે સાંભળવાથકી અટકી જાય. ॥૨૬॥ માટે સર્વ પુરૂશોમાં ઉત્તમ અને ગુણોના સ્થાનરૂપ આપને, લક્ષ્મીજીની પેઠેજ ઉત્સાહથી હું ભજીશ. અને આપના ચરણમાં એકાગ્રચીત રાખવાથી

ग्रहविलंबितः॥ पश्यन्पद्मपलाशाक्षोनप्रतस्थेसुहृत्सतां॥२०॥ सआदिराजोरचितांजलिर्हरिंविलोकितुंनाशकदश्रुलोचनः ॥ नकिंचनोवा
चसबाष्पविक्लवोहृदोपगुह्यामुमधादवस्थितः ॥२१॥ अथावमृज्याश्रुकलाविलोकयन्नतृप्तदृग्गोचरमाहपूरुषं॥ पदास्पृशंतंक्षितिमंसउन्नते
विन्यस्तहस्ताग्रमुरंगविद्विषः॥२२॥ पृथु०वरान्विभोत्वद्वरदेश्वराद्बुधःकथंवृणीतेगुणविक्रियात्मनां॥येनारकाणामपिसंतिदेहिनांतानीशकै
वल्यपतेवृणेनच ॥२३॥ नकामयेनाथतदप्यहंक्वचिन्नयत्रयुष्मच्चरणांबुजासवः॥महत्तमांतर्हृदयान्मुखच्युतोविधत्स्वकर्णायुतमेषमेवरः२४
सउत्तमश्लोकमहन्मुखच्युतोभवत्पदांभोजसुधाकणानिलः ॥ स्मृतिंपुनर्विस्मृततत्त्ववर्त्मनांकुयोगिनांनोवितरत्यलंवरैः॥२५॥ यशःशिवंसु
श्रवआर्यसंगमेयदृच्छयाचोपशृणोतितेसकृत् ॥ कथंगुणज्ञोविरमेद्विनापशुंश्रीर्यत्प्रवव्रेगुणसंग्रहेच्छया ॥२६॥ अथाभजेत्वाऽखिलपूरुषोत्त
मंगुणालयंपद्मकरेवलालसः ॥ अप्यावयोरेकपतिस्पृधोःकलिर्नस्यात्कृतत्वच्चरणैकतानयोः॥२७॥ जगज्जनन्यांजगदीशवैशसंस्यादेवयत्क
र्मणिनःसमीहितं॥करोतिफल्ग्वप्युरुदीनवत्सलःस्वएवधिष्ण्येभिरतस्यकिंतया॥२८॥भजंत्यथत्वामतएवसाधवोव्युदस्तमायागुणविभ्रमो
दयं॥ भवत्पदानुस्मरणादृतेसतांनिमित्तमन्यद्भगवन्नविद्महे॥२९॥ मन्येगिरंतेजगतांविमोहिनींवरंवृणीष्वेतिभजंतमात्थयत् ॥ वाचानुनं
त्यायदितेजनोऽसितःकथंपुनःकर्मकरोतिमोहितः॥३०॥ त्वन्माययाद्धाजनईशखंडितोयदन्यदाशास्तऋतात्मनोऽबुधः॥ यथाचरेद्बालहितं
पितास्वयंतथात्वमेवार्हसिनःसमीहितुं॥३१॥ मैत्रेय०इत्यादिराजेननुतःसविश्वदृक्तमाहराजन्मयिभक्तिरस्तुते॥दिष्ट्येदृशीधीर्मयितेकृताय
यामायांमदीयांतरतिस्मदुस्त्यजां॥३२॥ तत्त्वंकुरुमयादिष्टमप्रमत्तःप्रजापते॥ मदादेशकरोलोकःसर्वत्राप्नोतिशोभनं॥३३॥ मैत्रेय०इतिवै
न्यस्यराजर्षेःप्रतिनंद्यार्थवद्वचः ॥ पूजितोऽनुगृह्यैनंगंतुंचक्रेऽच्युतोमतिं ॥३४॥ देवर्षिपितृगंधर्वसिद्धचारणपन्नगाः॥ किन्नराप्सरसोम
र्त्याःखगाभूतान्यनेकशः ॥३५॥ यज्ञेश्वरधियाराज्ञावाग्वित्तांजलिभक्तितः॥ सभाजिताययुःसर्वेवैकुंठानुगतास्ततः॥३६॥ भगवानपिराज
र्षेःसोपाध्यायस्यचाच्युतः॥ हरन्निवमनोऽमुष्यस्वधामप्रत्यपद्यत॥३७॥ अदृष्टायनमस्कृत्यनृपःसंदर्शितात्मने ॥ अव्यक्तायचदेवानांदेवा

અમો બંને (હું તથા લક્ષ્મીજી)ને એકજ સ્વામીને ભજવામાં અદેખાઇથી થતો કલેશ નહીં થાય. ॥૨૭॥ હે જગદીશ, એમ છતાં પણ લક્ષ્મીજીના કામમાં અમે ભાગ પડાવવાને લીધે, કદાચ એ જગત જનેતા (લક્ષ્મીજી) લડાઇ કરે તો, આપ પોતાના સ્વરૂપાનંદમાંજ પ્રીતીવાળા, અને દીનવત્સળ છો, માટે અમસરખાઓની થોડી સેવાને ઘણી માનવાને લીધે, આપને તેમની શી દરકાર છે. ॥૨૮॥ તેમજ, માયાના ગુણોથી થતા વીભ્રમ રહીત સાધુ પુરૂશો આપને ભજ્યા કરે છે તેમાં તેમને આપના પદનું સ્મરણ થવા સીવાય બીજાનું નીમીત હોવાનું અમે જાણતા નથી.॥૨૯॥જે આપનું ભજન કરે, તેને વરદાન માગવાનું કહેવું, એ આપની વાણી, પ્રાણીઓને મોહ કરનારી હું માનુંછું. કેમકે આપની (વેદ) વાણીરૂપ દોરડીઓથી તો લોકો બંધાયલાજ છે; જો બંધાયલા નહોતમોહ પામી ફરી ફરીને કર્મો કેમકરે. ? ॥૩૦॥ હે ઇશ્વર, આપની માયાથી બુદ્ધી ખંડીત થવાવડે અજ્ઞાની લોકો આત્મ સ્વરૂપ શીવાયની બીજી બીજી આશાઓ રાખે છે. માટે બાપ જેમ પોતે પોતાથીજ બાળકનું હીત આચરે છે, તેમ આપ અમારૂં ભલું કરો. ॥૩૧॥—મૈત્રેય—એ પ્રમાણે તે આદી રાજાએ સ્તુતી કરવાથી આખા વીશ્વના મનની વાતને જાણનારા ભગવાને કહ્યુંકે "હે રાજા, તમને મારી ભક્તી હોજો; જેનાવડે દુસ્તર માયાને તરાય છે, એવી તમારી આ રીતની મારે વીશે બુદ્ધી થઇછે તે ઘણું સારૂં થયું છે. ॥૩૨॥ માટે હે પ્રજાપતિ (રાજા), હવે તમે સાવધાનપણે મારા કહેલા પ્રમાણેજ ચાલજો. મારી આજ્ઞાઓ પ્રમાણે ચાલનારા લોકો સર્વ સ્થળે કલ્યાણને પામેછે. ॥૩૩॥ એ રીતે પૃથુરાજાનાં અર્થવાળાં વચનોનો સતકાર કરીને, અને તેના ઉપર અનુગ્રહ કરીને અચ્યુત ભગવાને ત્યાંથી જવાની ઇચ્છા કરી. ॥૩૪॥ અને પછીથી, રાજાએ, યજ્ઞેશ્વર ભગવાનરૂપ માનીને, વાણીવડે-ધનાદીક આપવાવડે-અને હાથ જોડવા આદીથકી પણ ભાવ સહીત પુજેલા દેવ-રૂશી-પીતૃ-ગંધર્વ-સીદ્ધ-ચારણ-નાગ-કીંનર-અપ્સરાઓ-મનુષ્યો-પક્ષીઓ-અને બીજા અનેક અનેક પ્રાણીઓ તથા ભગવાનના પાર્શદો આદી સર્વે ત્યાંથી ગયા. ॥૩૫-૩૬॥ અને અચ્યુત ભગવાન પણ

પૃથુરાજાનું અને ઉપાધ્યાય બ્રાહ્મણોનું મન હરી જવાની પેઠે ત્યાંથી પધારી ગયા. ॥૩૭॥ ત્યારે એ આત્મ સ્વરૂપનું જ્ઞાન આપનારા–અવ્યક્ત–અને દેવનાદેવ ભગવાન દેખાતા બંધ થયા પછી પૃથુરાજા પોતાના નગરમાં ગયા. ॥૩૮॥ ઇતીશ્રી૦ ભા૦ ચોથા સ્કંધનો વીસમો અધ્યાય સંપુર્ણ. ॥૨૦॥

અધ્યાય ૨૧ મો.—મૈત્રેય—ત્યારે તે નગરમાં, મોતી–ફુલની માળાઓ–વસ્ત્રો–સોનાનાં તોરણો–અને સારી સુગંધીવાળા ધુપ વીગેરેથી ઠેકાણે ઠેકાણે શોભા કરી હતી. ॥૧॥ અને ગલીઓ–ચોવટાં–તથા મોટા રસ્તાઓમાં ચંદન અને અગરનાં પાણી છાંટીને, તથા ફુલ–અક્ષત–ફળ–જવારા–શાળ–અને દીવાઓ વગેરેથી શોભા કરી હતી. ॥૨॥ અને પોટા સહીત કેળના થંભ તથા નાનાં સોપારીનાં ઝાડો રોપીને, અને તેમને ફરતી, ઝાડનાં પાંદડાંની માળાઓ વીંટાળીને સર્વે તરફથી શણગારેલું હતું. ॥૩॥ ત્યાં સ્વચ્છ કુંડળોથી શોભતી સ્ત્રીઓ અને કન્યાઓ હાથમાં આરતીઓ તથા સઘળા મંગળ પદાર્થો લેઇ લેઇને સામી આવીઓ. ॥૪॥

એવી રીતે શંખ અને દુંદુભીના નાદ થતાં, અને બ્રાહ્મણોના વેદોચ્ચાર થતાં, તથા ભાટ ચારણાદીકથી સ્તુતી કરાતા, એ અહંકાર વીનાના પૃથુરાજા પોતાના ઘરમાં પેઠા. ॥૫॥ ત્યારે એ સત્કાર પામેલા–મોટી કીરતીવાળા–પ્રસન્ન થયેલા–અને પ્રીય વસ્તુઓ આપનારા પૃથુરાજાએ પણ ઠેકાણે ઠેકાણે નગરના લોકોનો અને દેશના લોકોનો સારી રીતે સત્કાર કર્યો. ॥૬॥ એ પૃથુરાજાએ, જેનું વર્ણન થઇ શકે નહીં એવાં આ આદી લેઇને, બીજાં ઘણાં અને મોટાં કામો કરવાની સાથે પૃથ્વીનું રાજ્ય કર્યું. અને પોતાનો મોટો યશ અહીંયાં ફેલાવીને છેવટે પરમપદને પામ્યા. ॥૭॥—**સૂત—**હે સભાસદોમાં મુખ્ય સૌનક મુની, સઘળા ગુણોવાળી તથા ગુણીજનોએ વખાણેલી પૃથુરાજાની વીસ્તાર પામેલી કીરતી સાંભળીને, મહા ભગવતી વીદુર, મૈત્રેય મુનીનાં વખાણ અને પુજન કરીને બોલ્યા કે. ॥૮॥—**વિદુર**—બ્રાહ્મણોએ અભીશેક કરેલા, અને વીશ્નુના અંશને ધારણ કરનારા પૃથુરાજા, જે સર્વ દેવતાઓ વીગેરેથકી ભેટો પામ્યા હતા. તથા જેણે પોતાના બાહુબળથી પૃથ્વીને દોહી.

यस्वपुरंययौ॥३८॥ इ०भा०म०च०विंशोऽध्यायः॥२०॥ मैत्रेय०मौक्तिकैःकुसुमस्त्रग्भिर्दुकूलैःस्वर्णतोरणैः॥ महासुरभिभिर्धूपैर्मंडितंतत्र तत्रवै॥१॥ चंदनागुरुतोयार्द्ररथ्याचत्वरमार्गवत् ॥ पुष्पाक्षतफलैस्तोक्मैर्लाजैरर्चिभिरर्चितं॥२॥ सवृंदैःकदलीस्तंभैःपूगपोतैःपरिष्कृतं ॥ तरुपल्लवमालाभिःसर्वतःसमलंकृतं ॥३॥ स्त्रियस्तंदीपबलिभिःसंभृताशेषमंगलैः॥ अन्वीयुर्मृष्टकन्याश्चमृष्टकुंडलमंडिताः॥४॥ शंखदुंदुभि घोषेणब्रह्मघोषेणचर्त्विजां॥ विवेशभवनंवीरःस्तूयमानोगतस्मयः॥५॥ पूजितःपूजयामाससतत्रतत्रमहायशाः ॥ पौरान्जानपदांस्तांस्तान्प्री तःप्रियवरप्रदः॥६॥ सएवमादीन्यनवद्यचेष्टितःकर्माणिभूयांसिमहान्महत्तमः॥ कुर्वन्शशासावनिमंडलंयशःस्फीतंनिधायारुरुहेपरंपदं ७ सूत०श्रुत्वादिराजस्ययशोविजृंभितंगुणैरशेषैर्गुणवत्सभाजितं॥क्षत्तामहाभागवतःसदस्पतेकौषारविंप्राहगृणंतमर्चयन् ॥८॥ विदुर०सोऽ भिषिक्तःपृथुर्विप्रैर्लब्धाशेषसुरार्हणः॥बिभ्रत्सवैष्णवंतेजोबाह्वोर्याभ्यांदुदोहगां ॥९॥ कोन्वस्यकीर्तिंनशृणोत्यभिज्ञोयद्विक्रमोच्छिष्टमशेष भूपाः॥लोकाःसपालाउपजीवंतिकाममद्यापितन्मेवदकर्मशुद्धं॥१०॥मैत्रेय० गंगायमुनयोर्नद्योरंतराक्षेत्रमावसन्॥ आरब्धानेवबुभुजेभो गान्पुण्यजिहासया॥११॥ सर्वत्रास्खलितादेशःसप्तद्वीपैकदंडधृक् ॥ अन्यत्रब्राह्मणकुलादन्यत्राच्युतगोत्रतः॥१२॥ एकदासीन्महासत्रदी क्षातत्रदिवौकसां ॥ समाजोब्रह्मर्षीणांचराजर्षीणांचसत्तम॥१३॥ तस्मिन्नर्हत्सुसर्वेषुस्वर्चितेषुयथाऽर्हतः॥ उत्थितःसदसोमध्येताराणामुडु राडिव॥१४॥ प्रांशुःपीनायतभुजोगौरःकंजारुणेक्षणः॥सुनासःसुमुखःसौम्यःपीनांसःसुद्विजस्मितः॥१५॥व्यूढवक्षाबृहच्छ्रोणिर्वलिवल्गुद लोदरः॥ आवर्तनाभिरोजस्वीकांचनोरुरुदग्रपात् ॥१६॥ सूक्ष्मवक्रासितस्निग्धमूर्धजःकंबुकंधरः ॥ महाधनेदुकूलाग्र्येपरिधायोपवीयच ॥१७॥ व्यंजिताशेषगात्रश्रीर्नियमेन्यस्तभूषणः॥ कृष्णाजिनधरःश्रीमान्कुशपाणिःकृतोचितः ॥१८॥ शिशिरस्निग्धताराक्षःसमैक्षतसमंत तःऊचिवानिदमुर्वीशःसदःसंहर्षयन्निव ॥ चारुचित्रपदंश्लक्ष्णंमृष्टंगूढमविक्लवं॥१९॥राजो०सभ्याःशृणुतभद्रंवःसाधवोयइहागताः॥सत्सु

॥૯॥ અને જેના પરાક્રમના છાંડેલાથકી, પછી થયેલા સર્વે રાજાઓ અને લોકપાળો સહીત લોકો હાલ સુધી પોતાના ઇચ્છીત પદાર્થો મેળવીને આજીવીકા ચલાવે છે. તેમની કીરતીને કોણ સમજુ પુરૂશ ન સાંભળે.? માટે આપ તેનાં પવીત્ર કામો મારી આગળ કહો. ॥૯–૧૦॥–**મૈત્રેય**–પછી એ પૃથુરાજા ગંગા અને જમુનાના વચેના દેશમાં રહીને, પોતાને પ્રારબ્ધથકી મળતા સુખ ભોગાદીકને, પોતાનાં પુણ્યોનો પાર લાવવાને સારૂં ભોગવવા લાગ્યા. ॥૧૧॥ એ સાતે દ્વીપના એક દંડધારી એટલે ચક્રવર્તી રાજાની આજ્ઞા, બ્રાહ્મણો અને અચ્યુત ભગવાનના લોકો (એટલે સાધુ અને ભક્ત.) શીવાય કરીને, સર્વત્ર વગર અટકે મનાતી હતી. ॥૧૨॥ હે સત્તમ, એકવાર તેણે એક મોટા સત્રની દીક્ષા લેવાથી, ત્યાં દેવતાઓ–બ્રહ્મરૂશીઓ–અને રાજરૂશીઓનો મોટો સમાજ ભરાયો હતો. ॥૧૩॥ ત્યાં પુજન કરવા લાયક સર્વે પુરૂશોનું પુજન કર્યા પછી, સભાસદોના મધ્યમાં, તારાઓમાંના ચંદ્રમાની પેઠે તે પૃથુરાજા ઉભા થયા. ॥૧૪॥ ઉંચા–લાંબા અને પુષ્ટ હાથવાળા–ગોરા–

કમળ જેવી રાતી આંખ્યોવાળા–શોભીના નાક અને મોઢાવાળા–સૌમ્ય–પુષ્ટ ખભાવાળા–સુંદર દાંત અને સુંદર હસવાવાળા–પહોળી છાતી અને પહોળી કમ્મરવાળા–પીંપળાના પાન સરખા અને ત્રણ વળીઓ પડવાથી શોભતા પેટવાળા–ઉંડી દુંટીવાળા–બળવાન–સોના જેવા સાથળોવાળા–પગના ઉંચા ફણાવાળા–॥૧૫–૧૬॥–ઝીણા, વાંકા, શ્યામ, અને સુંવાળા વાળવાળા–શંખ જેવા ગળાવાળા–અને યજ્ઞની દીક્ષા લેવાથી ઘરેણાં ઉતારીને મુકવાથી જેનાં સર્વ અંગોની સ્વભાવીક શોભા દેખાતી હતી એવા–ઘણા મુલ્યનું એક વસ્ત્ર પેહેરેલા અને એક વસ્ત્ર ઓઢેલા–ખભા ઉપર કાલીયાર મૃગનું ચામડું રાખેલા–અને હાથમાં દર્ભ રાખેલા, તથા જેણે સર્વ પ્રકારની ઉચીત ક્રીયાઓ કરી હતી એવા પૃથુરાજા, શીતળ અને સ્નેહાળ આંખ્યોથી ચારે તરફ નજર કરીને સભાસદોને આનંદ આપવાની પેઠે, તથા વ્યાકુળપણા રહીત થઇને, સુંદર–સારા શબ્દોવાળું–મધુર–કોમળ–અને ગંભીર અર્થવાળું–ભાશણ કરવા લાગ્યા કે. ॥૧૭–૧૮–૧૯॥–**પૃથુરાજા**–હે અહીં આવેલા સાધુ સભાસદો, સાંભળો. તમારૂં કલ્યાણ થાઓ.

ધર્મને જાણવાની ઇચ્છાવાળાઓએ સત્પુરૂષોની આગળ પોતાના વીચારો જણાવવા જોઇએજ. ॥૨૦॥ પ્રજાઓનું રક્ષણ કરવાને, તેમને આજીવીકા આપવાને, અને તેમને પોતપોતાના સ્વધર્મમાં ચલાવવા સારૂં, તથા તે પ્રમાણે નહીં ચાલનારાઓને શીક્ષા કરવાને માટે; દંડ ધારણ કરેલા મને પ્રજાઓએજ, અહીંયાં રાજા કરેલો છે. ॥૨૧॥ તો એ કામો જે રીતે વેદનો જાણનારા બ્રાહ્મણોએ કહેલ છે ને રીતે કરવાથી; પુર્વ કર્મોને જાણનારા ભગવાન પ્રસન્ન થઇને, મને પણ, એ વડે મનવાના લોક આપશેજ. ॥૨૨॥ જે રાજા, પ્રજાઓને ધર્મ માર્ગે ચાલવાનું નહીં શીખવતાં, તેમની પાસેથી કરઆદીક લે છે; તે પોતાનાં પુણ્યોને ખોઇ નાખનારો થઇને, પ્રજાઓનાં પાપોનો ભોક્તા થાયછે. ॥૨૩॥ હે પ્રજાઓ, તમે તમારા પોતાનાજ ભલાને માટે, તથા તમારા સ્વામી રાજાના ભલાને માટે, અદેખાઇ તજીને અધોક્ષજ ભગવાનમાં બુદ્ધી રાખીને એટલે ઇશ્વરાર્પણ કરીનેજ સ્વધર્મનું આચરણ કરો: એટલે તેથી તમારો મારા ઉપર અનુગ્રહ થયાનું હું માનીશ. ॥૨૪॥ અને હે પીતૃઓ-દેવતાઓ તથા ઋષીઓ, તમે પણ નીર્મળપણાથી આ બાબતમાં સંમતી આપો. કેમકે કરનારને-શીખવનારને-અને સંમતી આપનારને પણ, તે તે કર્મ બદલ પરલોકમાં સરખુંજ ફળ મળે છે. ॥૨૫॥ કેટલાએક

નીરીશ્વરવાદીઓ કર્મની વીચીત્રતાનુંજ પ્રાધાન્ય હોવાનું કહે છે ખરા, પરંતુ નામાંકીત મહાત્માઓ તો યજ્ઞપતી નામનો કોઇ એક જ્યોતી સ્વરૂપ ભગવાન, આ લોકના સંબંધથી તેમજ પરલોકના સંબંધથી પણ, લક્ષમાં આવનો હોવાનું, અને ક્વચીત ક્વચીત પૃથ્વી ઉપર અવતારાદીકથી પ્રાપ્ત થનો હોવાનું પણ કહે છે. ॥૨૬॥ સ્વાયંભુ મનુ-ઉત્તાનપાદ રાજા-ધ્રુવ- પ્રીય વ્રત-અમારા બાપના બાપ અંગ રાજા-બ્રહ્મા-સદાશીવ-પ્રલ્હાદ-બલીરાજા-અને એવાજ બીજા નામધારી મહાત્માઓએ તો, મદાને હરનારા ભગવાન હોવાનુંજ અંગીકાર કરેલું છે, ॥૨૭-૨૮॥ ત્રી વર્ગ એટલે ધર્મ[1]-અર્થ[2]-અને કામ[3] આપવામાં, સ્વર્ગ એટલે કર્મનાં ફળો આપવામાં, અને અપવર્ગ એટલે મોક્ષ આપવામાં, સમર્થપણાના વીશેષે કરીને હેતુ રૂપ એકજ ઇશ્વર ભગવાન હોવાનું ના કહેનારા તો; શોક કરવાને યોગ્ય અને ધર્મથકી વીશેષ મોહ પામેલા, મૃત્યુના દોહીત્ર

૧. પરલોકનાં સુખાદીકની ઇચ્છાથી કરાતાં, વેદે મના નહીં કરેલાં કર્મો કરવાવડે મળવાનું ફળ. ૨. આજીવીકા વીગેરે ધનાદીક સંપાદન કરવાની ઇચ્છાથી કરાતાં, વેદે મના નહી કરેલાં કર્મો કરવાવડે મળવાનું ફળ. ૩. આ લોકનાં સુખાદીકની ઇચ્છાથી કરાતાં, વેદે મના નહીં કરેલાં કર્મો કરવાવડે મળવાનું ફળ.

जिज्ञासुभिर्धर्ममावेद्यंस्वमनीषितं ॥२०॥ अहंदंडधरोराजा[illegible]जानामिहयोजितः ॥रक्षिताट्टत्तिदःस्वेषुसेतुषुस्थापित पृथक् ॥२१॥ तस्यमेतदनुष्ठाना[illegible]नाहुर्ब्रह्मवादिनः ॥ लोकाःस्युःकामसंदोहायस्यतुष्यतिदिष्टदृक् ॥२२॥ यउद्धरे[illegible]रंराजा[illegible]जाधर्मेष्वशिक्षयन् ॥ प्रजानांशमलंभुंक्तेभगंचस्वंजहातिसः ॥२३॥ तत्प्रजाभर्तृपिंडार्थंस्वार्थमेवानसूयवः ॥ कुरुताधोक्षजधियस्तर्हिमेऽनुग्रहःकृतः ॥२४॥ यूयंतदनु[illegible]दध्वंपितृदेवर्षयोमलाः ॥ कर्तुःशास्तुरनुज्ञातुस्तुल्यंयत्प्रेत्यतत्फलं ॥२५॥ अस्तियज्ञपतिर्नामकेषांचिदर्हसत्तमाः ॥इहामुत्रचलक्ष्यंतेज्योत्स्नावत्यःक्वचिद्भुवः ॥२६॥ मनोरुत्तानपादस्य[illegible]वस्यापिमहीपतेः ॥ प्रियव्रतस्यराज[illegible]रंगस्यास्मत्पितुःपितुः ॥२७॥ ईदृशानामथान्येषा[illegible]भवस्यच ॥ प्रल्हादस्यबलेश्चापिकृत्यमस्तिगदाभृता ॥२८॥ दौहित्रादीनृतेमृत्योःशोच्यान्धर्मविमोहितान् ॥ वर्गस्वर्गापवर्गाणांप्रायेणैकात्म्यहेतुना ॥२९॥ यत्पादसेवाऽभिरुचिस्तपस्विनामशेषजन्मोपचितंमलंधियः ॥ सद्यःक्षिणोत्य[illegible]हमेधतीसती[illegible]थापदांगुष्ठविनिःसृतासरित् ॥३०॥ विनि[illegible]नोमलःपुमानसंगविज्ञानविशेषवीर्यवान् ॥ यदंघ्रिमूलेकृतकेतनःपुनर्नसंसृतिंक्लेशवहांप्रपद्यते ॥३१॥ तमेवयूयंभजतात्म[illegible]त्तिभिर्मनोवचःकायगुणैःस्वकर्मभिः ॥ अमायिनःकामदुघांघ्रिपंकजंयथाऽधिकारावसितार्थसिद्धयः ॥३२॥ असावि[illegible]गुणोऽगुणोऽध्वरःपृथग्विधद्रव्यगुणक्रियोक्तिभिः ॥ संपद्यतेऽर्थाशयलिंगनामभिर्विशुद्धविज्ञानघनःस्वरूपतः ॥३३॥ प्रधानका[illegible]शयधर्मसंग्रहेशरीरएषप्रतिपद्यचेतनां ॥ क्रियाफलत्वेनविभुर्विभाव्यतेयथाऽनलोदारुषुतद्गुणात्म[illegible] ॥३४॥ अहोममामीवितरंत्यनुग्रहं[illegible]रिंगुरुंय[illegible]भुजामधीश्वरं ॥ स्वधर्मयोगेनयजंतिमामकानिरंतरंक्षोणितले[illegible]ढव्रताः ॥३५॥ [illegible]तुते[illegible]ःप्रभवेन्महर्द्धिभिस्तितिक्षयातपसा विद्ययाच ॥ देदीप्य

નારતીક વેન, અને તેના સરખાઓ કોઇકજ હશે. ॥૨૯॥ એ ભગવાનના ચરણની સેવામાં રોજરોજ વધતીજતી પ્રીતીથી; અનેક જન્મોવડે ઉત્પન્ન કરેલાં પાપોથકી તાપ પામેલી, પુરૂષની બુદ્ધીના મેલ; ગંગાજીથકી શરીરના મળ નાશ પામવાની પેઠે, ધીમે ધીમે ક્ષીણ થઇ જઇને ઉતાવળોજ સંપુર્ણપણે પણ નાશ પામી જાયછે. ॥૩૦॥ અને એ રીતે બુદ્ધીના સઘળા મેલ નાશ પામેલો, તથા અસંગવડે વીજ્ઞાન પામીને વીશેષ બળવાન થયેલો પુરૂષ, એ ભગવાનના ચરણ મુળમાંજ વાસ કરેછે. કે જ્યાંથકી, ક્લેશોને આપનારા સંસારમાં તેને ફરીથી પડવાનું થતુંજ નથી. ॥૩૧॥ એટલા માટે તમે સર્વે પ્રજાઓ, મન-વાણી-શરીર-અને ઇંદ્રીયાદીકવડે પોતપોતાની આજીવીકાનું ધોરણ રાખીને એટલે જેવી જેની આવક આદી હોય તે પ્રમાણે, પોતપોતાના અધીકાર[4]

૪. ત્રણ પ્રકારના અધીકારી મનુષ્યો હોવાનું એકાદશ સ્કંધના વીસમા અધ્યાયમાં કહ્યુંછે. જેઓને જ્ઞાન અથવા ભક્તીની પ્રાપ્તી થઇ નથી એવા, અજ્ઞાનીઓ વેદમાં નહીં મના કરેલાં કર્મો કરવાનાજ અધીકારી છે. અને તેવાં કર્મો કરવાથી તેમને થાકી જવાથી અથવા દુઃખો જોવાથી કર્મો કરવાથકી વૈરાગ્ય થાય છે. અને પછી સત્સંગથી ઇશ્વરને વીશે ભાવ એટલે ભક્તી ઉત્પન્ન થાયછે, અથવા જ્ઞાન થાય છે. એવા જ્ઞાન થયેલાને,

મુજબનાં કર્મો કરીને, એ ઇચ્છીત પદાર્થને આપનારા ભગવાનને નીષ્કપટભાવથી ભજો: એટલે અર્થની સીદ્ધીને પામશો. ॥૩૨॥ એ ભગવાનનું સ્વરૂપ, શુદ્ધ-જ્ઞાનઘન-અને નીર્ગુણ હોવા છતાં, યજ્ઞમાં અનેક ગુણ તથા નામોવાળુ થાયછે. એટલે જુદા જુદા પદાર્થો-ગુણો-ક્રીયાઓ-મંત્રો-અર્થ-હેતુઓ-સંકલ્પ-ચીન્હ અને નામો વીગેરેવાળું પણ તેજ થાયછે. ॥૩૩॥ વળી પ્રધાન-કાળ-વાસના-અને અદૃષ્ટ એઓવડે બનેલા શરીરમાં, એ સમર્થ ભગવાનજ આત્મ (ચૈતન્ય) રૂપે રહેલા છતાં, લાકડાંઓમાં રહેલા અગ્નીની પેઠે, ક્રીયા કરવાના અને ફળો ભોગવવાના શરીરના સ્વભાવવાળા પણ જણાયછે. ॥૩૪॥ મારે આ પૃથ્વી ઉપરની મારી જે પ્રજાઓ, દૃઢપણે સ્વધર્માચરણ કરવાના નીયમો પાળીને હમેશાં એ યજ્ઞના ભોક્તા-અધીશ્વર-તથા સર્વના ગુરૂ હરીભગવાનનું પુજન કરેછે; તેઓ નક્કી મારા ઉપર અનુગ્રહ કરનારા છે. ॥૩૫॥ તેમજ એ અજીત ભગવાનના

જ્ઞાન યોગ, એટલે અષ્ટાંગ યોગનો માર્ગ; સીદ્ધી આપનારો કહેલો છે. અને ભક્તીની પ્રાપ્તી થયેલાને ભક્તીયોગ સીદ્ધી આપનારો કહેલો છે. અને એ બંનેએ કરવાનાં કર્મો, નીષ્કામ એટલે ઇશ્વરાર્પણ કરીનેજ કરવાનાં કહેલાં છે; એટલે તે કર્મો બંધન કરતા થતાં નથી, ને મોક્ષોપયોગી થાય છે.

પોતાના કુળ ઉપર (એટલે સાધુઓ અને ભક્તાદીક ઉપર) તથા તીતીક્ષા—તપ—અને વીદ્યાથી પ્રકાશતા બ્રા- હ્મણોના કુળ ઉપર; રાજકુળોએ તેમની મોટી સમૃદ્ધીઓથકી ઉત્પન્ન થયેલું જોર, કદી પણ ચલાવવું ન જો- ઇએ. ॥૩૬॥ વળી મહાત્માઓના અગ્રણી—પુરાણ પુરૂશ—અને બ્રહ્મણ્ય દેવ હરીભગવાન પણ જેઓના ચર- ણને વંદન કરવાથકી, જગતને પવીત્ર કરનારા યશને તથા અવીચળ લક્ષ્મીને પામેલા છે. ॥૩૭॥ તથા એ સ્વયંપ્રકાશ—સર્વના અંતર્યામી—અને બ્રાહ્મણો જેમને અત્યંત વહાલા છે એવા ભગવાન, જેમની સેવા થકી અતી પ્રસન્ન થાયછે. તે બ્રાહ્મણોના કુળની શેવા, તમો ભગવાનના ધર્મોને અનુસરનારા (મારી પ્રજાના) લોકો, સર્વ પ્રકારની શુદ્ધીથી અને નમ્રતાથી કરજો. ॥૩૮॥ કે જે બ્રાહ્મણોની નીરંતર સેવા કરવાવડે, પુરૂશ થોડા વખતમાંજ અત્યંત શાંતીવાળો થઇ, પોતે પોતાથીજ આત્મજ્ઞાન પામીને પ્રસન્ન થાયછે. તો એ પર- માત્મા ભગવાનના હવી ખાનારા મુખરૂપ બ્રાહ્મણોથકી વીશેશ એવું અહીંયાં બીજું શું હોય? ॥૩૯॥ વળી પરમહંસોના માર્ગથી જણાય એવા એ અનંત ભગવાન; યજ્ઞના દેવતાઓ આદીનાં નામ લેઇને શ્રદ્ધા સહીત તત્વને જાણનારા પુરૂશોએ, એ ભગવાનના બ્રાહ્મણોરૂપી મુખમાં હોમેલાને; જેવી રીતે ભગવાન ખાયછે, તેવી રીતે અચેતન અગ્નીમાં હોમેલાને તે ખાતા નથી. ॥૪૦॥ એટલા માટે કે આર્યપુરૂશો, સનાતન,—નીર્મળ—નીત્ય—તથા અરીસામાં જણાવાની પેઠે આખુ જગત જેમાં જણાય છે, એવા વેદને; શ્રદ્ધા—તપ—શુભકર્મ—મૌન—સંયમ— અને સમાધી આદીવડે ધરી રહેનારા, તથા તેના અર્થને જાણનારા, એ બ્રાહ્મણોના ચરણકમળની રજ, કે જેથી સર્વ પાપોનો નાશ થઇને કલ્યાણની પ્રાપ્તી થાયછે. તેને (તેરજને) હું મારૂં આયુશ્ય પુરૂં થતાં સુધી મુ- કુટ ઉપરજ ધારણ કરીશ. ॥૪૧-૪૨॥ ગુણોના સ્થાન—સારા ગુણોનેજ ધનરૂપે માનનારા—કરેલા ગુણને જા- ણનારા—અને વૃદ્ધોની શેવા કરનારા—પુરૂશોને, સંપત્તીઓ પોતાની મેળેજ વરેછે. માટે બ્રાહ્મણોનાં કુળ—ગાયો અને જનાર્દન ભગવાન તેમના અનુચરો સહીત; મને પ્રસન્ન થજો. ॥૪૩॥ —મૈત્રેય—સારે એ પ્રમાણે બો-

मानेऽजितदेवतानांकुलेस्वयंराजकुलाद्द्विजानां ॥३६॥ ब्रह्मण्यदेवःपुरुषःपुरातनोनित्यंहरिर्यच्चरणाभिवंदनात् ॥ अवापलक्ष्मीमनपायिनीं यशोजगत्पवित्रंचमहत्तमाग्रणीः॥३७॥यत्सेवयाऽशेषगुहाशयःस्वराड्विप्रप्रियस्तुष्यतिकाममीश्वरः॥ तदेवतद्धर्मपरैर्विनीतैःसर्वात्मना ब्रह्मकुलंनिषेव्यतां ॥३८॥ पुमान्लभेतानतिवेलमात्मनःप्रसीदतोऽत्यंतशमंस्वतःस्वयं॥ यन्नित्यसंबंधनिषेवयाततःपरंकिमत्रास्तिमुखंहवि र्भुजां ॥३९॥ अश्नात्यनंतःखलुतत्त्वकोविदैःश्रद्धाहुतंयन्मुखइज्यनामभिः ॥ नवैतथाचेतनयाबहिष्कृतेहुताशनेपरमहंस्यपर्यगुः ॥४०॥ यद्ब्रह्मनित्यंविरजंसनातनंश्रद्धातपोमंगलमौनसंयमैः ॥ समाधिनाबिभ्रतिहार्थदृष्टयेयत्रेदमादर्शइवावभासे ॥४१॥ तेषामहंपादसरोजरेणु मार्यावहेयाधिकिरीटमायुः ॥ यंनित्यदाबिभ्रतआशुपापंनश्यत्यमुंसर्वगुणाभजंति ॥४२॥ गुणायनंशीलधनंकृतज्ञंवृद्धाश्रयंसंवृणतेऽनुसं पदः॥ प्रसीदतांब्रह्मकुलंगवांचजनार्दनःसानुचरश्चमह्यं ॥४३॥ मैत्रेय० इतिब्रुवाणंनृपतिंपितृदेवद्विजातयः ॥ तुष्टुवुर्हृष्टमनसःसाधुवादेन साधवः॥४४॥ पुत्रेणजयतेलोकानितिसत्यवतीश्रुतिः॥ ब्रह्मदंडहतःपापोयद्वेनोऽत्यतरत्तमः॥४५॥ हिरण्यकशिपुश्चापिभगवन्निंदयातमः ॥ विविक्षुरत्यगात्सूनोःप्रह्लादस्यानुभावतः ॥४६॥ वीरवर्यपितःपृथ्व्याःसमाःसंजीवशाश्वतीः ॥ यस्येदृश्यच्युतेभक्तिःसर्वलोकैकभर्तरि ॥४७॥अहोवयंह्यद्यपवित्रकीर्तेत्वयैवनाथेनमुकुंदनाथाः॥ यउत्तमश्लोकतमस्यविष्णोर्ब्रह्मण्यदेवस्यकथांव्यनक्ति ॥४८॥ नात्यद्भुतमिदंना थतवाजीव्यानुशासनं॥ प्रजानुरागोमहतांप्रकृतिःकरुणात्मनां ॥४९॥ अद्यनस्तमसःपारस्त्वयोपासादितःप्रभो॥ भ्राम्यतांनष्टदृष्टीनांकर्म भिर्दैवसंज्ञितैः॥५०॥ नमोविवृद्धसत्त्वायपुरुषायमहीयसे॥योब्रह्मक्षत्रमाविश्यबिभर्तीदंस्वतेजसा॥५१॥ इ०भा०म०च०एकविंशोऽध्यायः ॥२१॥ मैत्रेय० जनेषुप्रगृणत्स्वेवंपृथुंपृथुलविक्रमं ॥ तत्रोपजग्मुर्मुनयश्चत्वारःसूर्यवर्चसः॥१॥ तांस्तुसिद्धेश्वरान्राजाव्योम्नोऽत्यासानुगो र्चिषा॥ लोकानपापान्कुर्वंत्यासानुगोऽचष्टलक्षितान् ॥२॥ तद्दर्शनोद्गतप्राणान्प्रत्यादित्सुरिवोत्थितः॥ ससदस्यानुगोवैन्यइंद्रियेशोगुणानि

લેલા પૃથુરાજાનાં વખાણ કરીને પીતૃઓ—દેવતાઓ—અને બ્રાહ્મણો તથા સત્પુરૂશો વીગેરે રાજી થઇને બોલ્યા કે. "પુત્ર થકી લોકને જીતાય છે." એવું શ્રુતીનું વચન આથકી સાચું થયું; કારણ બ્રાહ્મણોના શાપથી મુવેલો પાપી વેન, આપના વડે નરકમાંથી નીકળી ગયો. ॥૪૪-૪૫॥ તેમજ ભગવાનની નીંદા કરવાવડે ન- રકમાં પડતો હીરણ્યકશીપુ પણ તેના પુત્ર પ્રહ્લાદના પ્રભાવથીજ નરકને તરી ગયો હતો. ॥૪૬॥ હે મોટા વીર પુરૂશ પૃથ્વીના પીતા, તમે ઘણાં વરસ જીવો—કે જેને સર્વલોકના સ્વામી એક અચ્યુત ભગવાનમાં આવી ભક્તી છે. ॥૪૭॥ ઉત્તમ કીર્તી વાળા બ્રહ્મણ્ય દેવ વીશ્નુ ભગવાનની કથાઓ અમને સંભળાવનારા અને પવીત્ર કી- ર્તીવાળા આપ અમારા સ્વામી થકીજ, મુકુંદ ભગવાન પણ આજ અમારા સ્વામી થયેલા છે. ॥૪૮॥ હે નાથ તમે પ્રજાઓને ઉપદેશ આપોછો તેમાં મોટું આશ્ચર્ય નથી. કેમકે દયાળુ મહાત્માઓનો સ્વભાવ પ્ર- જાઓ ઉપર પ્રીતી રાખવાનોજ હોયછે. ॥૪૯॥ હે સમર્થ રાજા, દૈવનામથી બોલાતાં કર્મો વડે, સંસારમાં ભમતા, નાશ પામેલી દ્રષ્ટીવાળાઓને; એ સંસાર રૂપી અંધકારનો પાર આપે આણ્યો છે. ॥૫૦॥ જે સત્વ ગુણના વધારા વાળા પુરૂશ ભગવાન; બ્રાહ્મણ તથા ક્ષત્રીઓના મહાત્માઓના રૂપથી, પોતાના તેજવડે કરીને આ જગતને ધારણ કરી રહ્યા છે તે ભગવત સ્વરૂપ આપને અમે નમીયે છીએ. ॥૫૧॥ ઇતીશ્રી ભાગવત ચોથા સ્કંદનો એકવીસમો અધ્યાય સંપુર્ણ. ॥૨૧॥

અધ્યાય—૨૨ મો.—મૈત્રેય—એ રીતે મોટા પરાક્રમોવાળા પૃથુરાજાનાં લોકો વખાણ કરતા હતા એટલામાં ત્યાં સુર્ય સમાન પ્રકાશતા ચાર મુનીઓ આવ્યા. ॥૧॥ લોકોને નીષ્પાપ કરતા અને પ્રકાશવાળા એ સીદ્ધેશ્વરો, અનુચરો સહીત આકાશમાંથી ઉતરી આવતા રાજાના જોવામાં આવ્યા. ॥૨॥ તેમના દર્શનથી ખેંચાયલા મનવાળા પૃથુરાજા, મન જેમ ઇંદ્રીયાદીક સહીત ઉઠે, તેમ સભાસદો અને અનુચરો સહીત ઉઠીને તે મહાત્માઓની સામા ગયા. ॥૩॥ હે સભ્ય, પછી તેમની મોટાઇથી અસર થયેલા પૃથુરાજાએ, વીનય સહીત

માથું નમાવીને તેમને આસન અને અર્ધ્ય આપી, તેમનું વીધી પ્રમાણે પુજન કર્યું. ॥૪॥ અને તેમના પગ ધોવાનું પાણી પોતાને માથે ચઢાવ્યું. અને એ રીતે કરી તેણે સારાં શીળ વાળાઓની રીતીને માન આપ્યું. ॥૫॥ પછી યજ્ઞ કુંડમાં બીરાજતા અગ્ની સરખા, સોનાનાં આસનો ઉપર બેઠેલા એ સદાશીવના મોટા ભાઈઓને, શ્રદ્ધાવાન અને જીતેંદ્રીય પૃથુરાજાએ પ્રીતી સહીત કહ્યું કે. ॥૬॥–પૃથુરાજા–હે કલ્યાણના સ્થાનક રૂપ, મેં શું શુભ કર્મ આચર્યું હશે કે જેથી, યોગીઓને પણ દુર્લભ એવાં આપનાં દર્શન મને થયાંછે. ॥૭॥ અનુચરો સુદ્ધાં વીશ્નુ અને સદાશીવ તથા બ્રાહ્મણો જેના ઉપર પ્રસન્ન હોય તેને આલોક તથા પરલોકમાં ન-મળવા લાયક શું હોય. ? (અર્થાત બધુંજ મળેછે.) ॥૮॥ જગતના સર્વ પ્રાણીઓ આદીમાં કારણ રૂપે રહેલા આત્માને સર્વ કાળ જોનારા તમો, સર્વેના મનની વાત જાણનાની સાથે લોકને વીશે ફરયા કરોછો. છતાં લોકો તમને જોઈ શકતા નથી. ॥૯॥ જેઓના ઘરનાં જળ–ખડ–ભુમી–અને ચાકર નોકરાદી તથા ઘરધણી વીગેરેનો સ્વીકાર મહાત્માઓ કરેછે; તે ભલા ગૃહસ્થાશ્રમીઓ નીર્ધન હોય તો પણ ધન્ય છે. ॥૧૦॥ અને જે ઘર, તીર્થપાદ ભગવાનના ભક્તાદીકના ચરણવડે તીર્થ રૂપ થવાથકી રહીત હોય, તે સર્વ સંપત્તીઓથી ભરેલું હોય તો પણ, સાપને રેહેવાના ઝાડના બખોલ જેવુંજ જાણવું જોઈએ. ॥૧૧॥ હે ઉત્તમ બ્રાહ્મણો તમે ભલે પધાર્યા. કે જેમનાં આચરણો જોઈને, મુમુક્ષુઓ–ધીરપુરૂશો–બાળકો–અને મોટાઓ પણ શ્રદ્ધા વડે તે પ્રમાણેજ આચરણો કરેછે. ॥૧૨॥ હે નાથ, ઈંદ્રીઓના અર્થોનેજ અર્થરૂપે જાણનારા, તથા પોતાનાં કર્મોવડે આ સંસારમાં પડીને દુઃખી થનારા, અમલોકોનું કુશળતો ક્યાંથીજ હોય. ! અને જેમને કુશળ તથા અકુશળ પણાની બુદ્ધીવાળી વૃત્તીજ નથી, એવા આત્મારામ આપ સરખાઓને માટે તો કુશળ પ્રશ્ન પુછવા ઘટીતજ નથી. (અર્થાત તેથી હું કુશળ પ્રશ્ન પુછતો નથી.) ॥૧૩–૧૪॥ પરંતુ આ સંસાર થકી તાપ પામેલાઓના સુહૃદ આપને વીશ્વાસ વડે પુછુંછુ કે. " શાના થકી આ જન્મમાંજ કલ્યાણની પ્રાપ્તી થાય. ॥૧૫॥ કેમકે

वा॥३॥ गौरवायंत्रितःसभ्यःप्रश्रयानतकंधरः ॥ विधिवत्पूजयांचक्रेगृहीताध्यर्हणासनान्॥४॥ तत्पादशौचसलिलैर्मार्जितालकबंधनः ॥ तत्रशीलवतांवृत्तमाचरन्मानयन्निव ॥५॥ हाटकासनआसीनान्स्वधिष्ण्येष्विवपावकान्श्रद्धासंयमसंयुक्तःप्रीतःप्राहभवाग्रजान्॥६॥पृथु० अहोआचरितंकिंमेमंगलंमंगलायनाः॥ यस्यवोदर्शनंह्यासीद्दुर्दर्शानांचयोगिभिः॥७॥ किंतस्यदुर्लभतरमिहलोकेपरत्रच ॥ यस्यविप्राःप्रसीदंतिशिवोविष्णुश्चसानुगः॥८॥ नैवलक्षयतेलोकोलोकान्पर्यटतोपियान्॥ययासर्वदृशंसर्वेआत्मानंयेऽस्यहेतवः ९ अधनाअपितेधन्याः साधवोगृहमेधिनः॥ यद्गृहाह्यर्हवर्याम्बुतृणभूमीश्वरावराः ॥१०॥ व्यालालयद्रुमावैतेऽप्यरिक्ताखिलसंपदः॥यद्गृहास्तीर्थपादीयपादतीर्थविवर्जिताः॥११॥ स्वागतंवोद्विजश्रेष्ठायद्व्रतानिमुमुक्षवः॥ चरंतिश्रद्धयाधीराबालाएवबृहंतिच ॥१२॥ कच्चिन्नःकुशलंनाथाइंद्रियार्थार्थवेदिनां ॥ व्यसनावापएतस्मिन्पतितानांस्वकर्मभिः॥१३॥ भवत्सुकुशलप्रश्नआत्मारामेषुनेष्यते॥ कुशलाकुशलायत्रनसंतिमतिवृत्तयः॥१४॥तदहंकृतविश्रंभःसुहृदोवस्तपस्विनां॥ संपृच्छेभवएतस्मिन्क्षेमःकेनांजसाभवेत्॥१५॥ व्यक्तमात्मवतामात्माभगवानात्मभावनः॥स्वानामनुग्रहायेमांसिद्धरूपीचरत्यजः ॥१६॥ मैत्रेय० पृथोस्तत्सूक्तमाकर्ण्यसारंसुष्टुमितंमधु॥ स्मयमानइवप्रीत्याकुमारःप्रत्युवाचह॥१७॥सनत्कु० साधुपृष्टंमहाराजसर्वभूतहितात्मना ॥ भवताविदुषाचापिसाधूनांमतिरीदृशी॥१८॥ संगमःखलुसाधूनामुभयेषांचसंमतः ॥ यत्संभाषणसंप्रश्नःसर्वेषांवितनोतिशं ॥१९॥ अस्त्येवराजन्भवतोमधुद्विषःपादारविंदस्यगुणानुवादने॥ रतिर्दुरापाविधुनोतिनैष्ठिकीकामंकषायंमलमंतरात्मनः॥२०॥ शास्त्रेष्वियानेवसुनिश्चितोनृणांक्षेमस्यसध्र्यग्विमृशेषुहेतुः॥असंगआत्मव्यतिरिक्तआत्मनिदृढारतिर्ब्रह्मणिनिर्गुणेचया ॥२१॥ साश्रद्धयाभगवद्धर्मचर्ययाजिज्ञासयाध्यात्मिकयोगनिष्ठया॥ योगेश्वरोपासनयाचनित्यंपुण्यश्रवःकथयापुण्ययाच ॥२२॥ अर्थेंद्रियारामसगोष्ठ्यतृष्णयातत्संमतानामपरिग्रहेण॥ विविक्तरुच्यापरितोषआत्मन्विनाहरेर्गुणपीयूषपानात्॥२३॥अहिंसयापारमहंस्यचर्यया

આત્મ શાનીઓના આત્મા અને તેમનું પોશણ કરનારા અજન્મા ભગવાન પોતેજ પોતાનાઓ (ભક્તાદીક) ઉપર અનુગ્રહ કરવાને માટે સીદ્ધ પુરૂશોના સ્વરૂપથી પૃથ્વી ઉપર વીચરેછે. " ॥૧૬॥–મૈત્રેય–એ પ્રમાણેનું સાર રૂપ–સરળ–સુંદર–અને થોડા શબ્દોવાળું તથા મધુર પૃથુરાજાનું બોલવું સાંભળીને હસતા હોય તેમ પ્રીતી સહીત સનત્કુમારો બોલ્યા કે. ॥૧૭॥–સનત્કુમાર–હે સર્વ પ્રાણી માત્રનું હીત કરવાના સ્વભાવવાળા મહારાજા, તમે ઘણું સારૂં પુછ્યું. તમેતો શાની છોજ; તોપણ સાધુ પુરૂશોની મતી એ પ્રકારનીજ હોયછે. ॥૧૮॥ સાધુ પુરૂશોનો સમાગમ બેઉપક્ષને લાભકારી છે. અને તેમનામાં થતાં પ્રશ્નો અને ઉત્તરો થકી સર્વ કોઈને શાંતી મળે છે. ॥૧૯॥ હે રાજા, મધુદૈત્યે જેનો દ્વેશ કરયો હતો. તે ભગવાનના ચરણારવીંદના ગુણોનું કીર્તન કરવામાં નૈષ્ટીકી મતી થવી દુર્લભ છે ; કે જે થકી કામનાઓ રૂપી દોશનો નાશ થઈ જાય છે. તેવી મતીતો તમને છેજ. ॥૨૦॥ આત્મ તત્વ સીવાયના (દ્વૈતમાત્ર) થકી અસંગ થવું, તથા નીર્ગુણ અને બ્રહ્મરૂપ આત્મ તત્વને વીશે દૃઢ પ્રીતી જોડવી. એટલોજ પુરૂશોના કલ્યાણનો ઉપાય, શાસ્ત્રમાં શાસ્ત્રાદીકનું શોધન કરી કરીને નીશ્ચીત કરેલો છે. ॥૨૧॥ શ્રદ્ધા સહીત ભાગવત ધર્મોનું આચરણ કરવાથી–અધ્યાત્મીક યોગને જાણવાની ઇચ્છા સહીત તેમાં નીશ્ટા રાખવાથી–અને હમેશાં યોગેશ્વરોની ઉપાસના કરવાની સાથે ભગવાનની કથાઓ સાંભળવા થકી.–॥૨૨॥ વીશય સુખોમાં લાગેલાઓના સમાગમની ઇચ્છા વીશય સુખો અને ધનાદીકનો ત્યાગ કરવા વડે તજવાથી–અને એકાંત સ્થળે રહેવાની રૂચી રાખી હરી ભગવાનના ગુણો રૂપ અમૃતને પીવા સીવાય બીજા કશાની રૂચી નહીં કરતાં સ્વરૂપાનંદમાંજ સંતોશ પામવાથી–॥૨૩॥–તથા પરમ હંસના આચરણો રાખી કોઈને પણ દુઃખ નહીં કરવાથી–સહુથી પહેલાં મુકુંદ ભગવાનના ચરીત્રનું સ્મરણ કરવાથી–કોઈની નીંદા નહીં કરતાં નીષ્કામ પણે યમ નીયમાદીક પાળવા રૂપ સ્વધર્મનું આચરણ કરવાથી–દ્વંદ્વ એટલે જોટાના પદાર્થોને વીશે તીતીક્ષા રાખીને સુખને મેળવવાના અને દુઃખને મટાડવાના ઉદ્યોગને તજવાથી–॥૨૪॥

અને હરી ભગવાનના ગુણો તથા નામોવડે વારંવાર કાનને ભરવા થકી:—ભકતી વધી વધીને, નીર્ગુણ બ્રહ્મરૂપ આત્મ તત્વમાં ઉતાવળેજ પ્રીતી થાય છે. અને તે વીનાના જડ ચૈતન્ય આદી સર્વે દ્વૈત થકી અસંગ થવાય છે. ॥૨૫॥ અને જ્યારે બ્રહ્મને વીશે એ રીતની નૈષ્ટીકી પ્રીતી થાયછે ત્યારે, એ જ્ઞાન અને વૈરાગ્યનું આચરણ કરનારા પુરૂશનું; પાંચ ઇંદ્રિયો અને છઠ્ઠા મન થકો બનેલું લીંગ શરીર; ફેરીથી ફોટા નફુટે એ રીતે, અરણીથી ઉત્પન્ન થયેલા અગ્નીવડે અરણી બળી જવાની પેઠે; ઉતાવળુંજ બળી જાય છે. ॥૨૬॥ અને એ રીતે લીંગ શરીર નાશ પામેલો—તથા તેના સઘળા ગુણો થકી મુકત થયેલો—દષ્ટા રૂપ આત્મા, જેવી રીતે પુર્વે ભેદાભેદ (દ્વૈત) ને દેખતો હતો તેમ, પોતાની માંહી અને બહાર થનારાં સુખદુ:ખાદીકને અને પદાર્થોને; સ્વપ્નમાંથી જાગેલો પુરૂશ સ્વપ્નના પદાર્થાદીકને નહીં દેખવાની પેઠે, દેખનોજ નથી. ॥ ૨૭ ॥ આશય (એટલે અહંકાર, લીંગ શરીર અથવા મન) ની ઉપાધી પુરૂશને થાયછે ત્યારેજ પુરૂશ; આત્મા, અને ઇંદ્રીયોના અર્થરૂપ દ્વૈત, એ બેઉને જુદાં જાણે છે. અને એ ઉપાધી નથી હોતી ત્યારે જુદાં દેખનો નથી. ॥ ૨૮ ॥ જેમકે જળ અને દર્પણ આદીની ઉપાધી જ્યાં સુધી હોયછે ત્યાં સુધીજ માણસ પોતાને અને પોતાના પ્રતીબીંબને જુદાં બે રૂપે જુએ છે. અને તે વીના બે રૂપે જોતો નથી ॥૨૯॥ વીશયોને વીશે ખેંચાયલી ઇંદ્રીયોવાળાનું મન પણ વીશયોમાં ખેંચાઇ જાઇને તે વીશયોનું ધ્યાન કરતું થાય છે. અને તે થકી; જળાશયને કાંઠે ઉગેલા ઘાસના ગુચ્છાથી જળાશયનું પાણી ખેંચાઇ જવાની પેઠે, તેની બુદ્ધી વીચાર શકતી સહીત નાશ પામી જાય છે. ॥૩૦॥ અને તે થકી ચીતની સ્મરણશકતી નાશ પામે છે. તથા સ્મૃતીનો નાશ થવાથી જ્ઞાન નાશ પામે છે. અને વીદ્વાનો આ રીતે થવાનેજ "પોતાના આત્માનું પડી જવું" કહે છે. ॥૩૧॥ એ રીતે જેના સંબંધથીજ બીજું સર્વ પ્રીય લાગે છે, તે પોતાના આત્માનોજ ઘાત થવો, તેના કરતાં વધારે સ્વાર્થની હાની પુરૂશને આ લોકમાં બીજી કોઇ નહીં. ॥૩૨॥ મનુષ્યોને., અર્થ અને કામનું ધ્યાન થવાવડે સર્વે સ્વાર્થની હાની થાય છે.

स्मृत्यामुकुंदाचरिताड्यसीधुना॥ यमैरकामैर्नियमैश्चाप्यनिंदयानिरीहयाद्वंद्वतितिक्षयाच ॥२४॥ हरेर्मुहुस्तत्परकर्णपूरगुणाभिधानेनविजृंभमाणया ॥ भक्त्याह्यसंगःसदसत्यनात्मनिस्यान्निर्गुणेब्रह्मणिचांजसारतिः ॥२५॥ यदारतिर्ब्रह्मणिनैष्ठिकीपुमानाचार्यवान्ज्ञानविरागरंहसा॥ दहत्यवीर्यंहृदयंजीवकोशंपंचात्मकंयोनिमिवोत्थितोऽग्निः ॥२६॥दग्धाशयोमुक्तसमस्ततद्गुणोनैवात्मनोबहिरंतर्विचष्टे॥परात्मनोर्यद्व्यवधानंपुरस्तात्स्वप्नेयथापुरुषस्तद्विनाशे ॥२७॥ आत्मानमिंद्रियार्थंचपरंयदुभयोरपि॥ सत्याशयउपाधौवैपुमान्पश्यतिनान्यदा॥२८॥ निमित्तेसतिसर्वत्रजलादावपिपूरुषः॥ आत्मनश्चपरस्यापिभिदांपश्यतिनान्यदा॥२९॥इंद्रियैर्विषयाकृष्टैराक्षिप्तंध्यायतांमनः॥ चेतनांहरते बुद्धेःस्तंबस्तोयमिवन्हदात् ॥३०॥ भ्रश्यत्यनुस्मृतिश्चित्तंज्ञानभ्रंशःस्मृतिक्षये॥ तद्रोधंकवयःप्राहुरात्मापह्नवमात्मनः ॥३१॥ नातःपरतरोलोकेपुंसःस्वार्थव्यतिक्रमः॥यदध्यन्यस्यप्रेयस्त्वमात्मनःस्वव्यतिक्रमात्॥३२॥ अर्थेंद्रियार्थाभिध्यानंसर्वार्थापन्हवोनृणां॥ भ्रंशितोज्ञानविज्ञानाद्येनाविशतिमुख्यतां॥३३॥नकुर्यात्कर्हिचित्संगंतमस्तीव्रंतितीरिषुः॥ धर्मार्थकाममोक्षाणांयदत्यंतविघातकं ॥३४॥ तत्रापिमोक्षएवार्थआत्यंतिकतयेष्यते॥त्रैवर्ग्योर्थोयतोनित्यंकृतांतभयसंयुतः॥३५॥ परेऽवरेचयेभावगुणव्यतिरादनु॥ नतेषांविद्यतेक्षेममीशविध्वंसिताशिषां॥३६॥तत्त्वंनरेंद्रजगतामथतस्थुषांचदेहेंद्रियासुधिषणात्मभिरावृतानांयःक्षेत्रवित्तपतयाहृदिविष्वगाविःप्रत्यक्चकास्तिभगवांस्तमवेहिसोऽस्मि ॥३७॥ यस्मिन्निदंसदसदात्मतयाविभातिमायाविवेकविधुतिस्रजिवाऽहिबुद्धिः॥ तन्नित्यमुक्तपरिशुद्धविबुद्धतत्त्वप्रत्यूढकर्मकलिलप्रकृतिंप्रपद्ये ॥३८॥ यत्पादपंकजपलाशविलासभक्त्याकर्माशयंग्रथितमुद्ग्रथयंतिसंतः॥तद्वन्नरिक्तमतयोयतयोऽपिरुद्धस्रोतोगणास्तमरणंभजवासुदेवं ॥३९॥ कृच्छ्रोमहानिहभवार्णवमप्लवेशांषड्वर्गनक्रमसुखेनतितीरषंति॥ तत्त्वंहरेर्भगवतोभजनीयमंघ्रिंकृत्वोडुपंव्यसनमुत्तरदुस्तरार्णं ॥४०॥ मैत्रेय०सएवंब्रह्मपुत्रेणकुमारेणात्ममेधसा॥दर्शितात्मगतिःसम्यक्प्रशस्योवाचतंनृपः॥४१॥ राजा०कृतोमेनुग्रहःपूर्वं

ય છે. અને તેથીજ તેઓ જ્ઞાન અને વીજ્ઞાન થકી રહીત થઇને સ્થાવરના અવતાર પામે છે.॥૩૩॥ વળી તીવ્ર સંસારને તરવાને ઇચ્છનારાઓએ તો કદી પણ સંગજ કરવો ન જોઇએ; કે જે, ધર્મ–અર્થ–કામ–અને મોક્ષનો અત્યંત ઘાત કરનારો છે. ॥૩૪॥ અને એ ચારેમાં પણ ત્રીવર્ગ (એટલે ધર્મ–અર્થ–અને કામ)નો હમેશાં કાળના ભયવાળાજ છે. માટે એકલા મોક્ષને માટેજ અત્યંત યત્ન કરવો જોઇયે. ॥૩૫॥ સ્થાવરથી તે બ્રહ્માપર્યંત જે કોઇ પ્રાણી પદાર્થાદીક છે તે સઘળાંઓનું ક્ષેમકુશળપણું એટલે સદાકાળ રહેતી; વારંવાર ગુણોને વીકાર પમાડનારા ઇશ્વર (કાળ) થકી તેમનાં સુખાદીકનો નાશ થઇ જવા વડે, નથીજ. ॥૩૬॥ હે રાજા સ્થાવરોને વીશે; અને દેહ–ઇંદ્રીય–પ્રાણ–બુદ્ધી–અને અહંકારવાળા, તથા ક્ષેત્ર અને ધનના ધણી એવા જંગમ પ્રાણીઓને વીશે, એમ આખા વીશ્વમાં, તેમજ તમારા હૃદયને વીશે; પણ જે, બહાર અને અંદર નત્વરૂપે પ્રકાશે છે તેનેજ એ ભગવાન જાણો. ॥૩૭॥ દોરડીને સાપ ગનાવાની બુદ્ધી, વીવેક થયાપછી મટી જવાની પેઠે, આત્મ વીવેક એટલે જ્ઞાન થવાવડે, જેના વીશે, માયાથી થયેલું આ સત (એટલે મહા ભુતો આદી કારણો) અને અસત (એટલે કાર્યોરૂપ દ્વૈત માત્ર) એવું ભાસમાન થતું; જગત ટળી જવાથી, પછીથી જે પોતાના આત્મ સ્વરૂપેજ શોભતા રહે છે; તે, નીત્ય–મુક્ત–શુદ્ધ–જ્ઞાનસ્વરૂપ–અને કર્મોથી અલગ થયેલી પ્રકુતીથી પરાભવ નહીં પામનારા, સર્વોપરી તત્વનેજ તમે શરણ થાઓ. ॥૩૮॥ જેના ચરણ કમળની પાંખડીઓના વીલાસની ભકતીવડે સંતો (એટલે સાધુ પુરૂશો), કર્મોથકી ગુંથાયલા લીંગ શરીરનો નાશ કરી નાંખે છે. કે જે રીતનો નાશ, બીજા ઇંદ્રીયોને વશમાં રાખનારા અને બુદ્ધીને વીશયોથકી પાછી વાળનારા યતીઓ પણ કરી શકતા નથી. એવા શરણ રૂપ વાસુદેવ ભગવાનનેજ તમે ભજો. ॥૩૯॥ વહાણ રૂપ આશ્રય વીના આ સંસાર સમુદ્રને તરવાનું દુઃખ રૂપ છે. અને વળી તેમાં રહેલા ૭ ઝુડ (એટલે મન સહીત ઇંદ્રીયો) થકી તો તેને તરવાનું અત્યંત કષ્ટ રૂપ થઇ પડેલું છે. તેથી હે પૃથુરાજા, ભજવાને યોગ્ય હરી ભગવાનના ચરણ-

નો આશ્રય કરવા રૂપ વહાણ કરીનેજ તમે, એ ન તરી શકાય એવા વ્યસન (એટલે સંસાર)ને પાર ઉતરી જાઓ. ॥૪૦॥—મૈત્રેય—એ રીતે બ્રહ્માના આત્મજ્ઞાની પુત્રો સનત્કુમારોએ, સંપૂર્ણ રીતે આત્મ સ્વરૂપને દેખાડી દેવાથી, એ રાજાએ તેમનાં વખાણ કરીને કહ્યું કે. ॥૪૧॥—પૃથુરાજા—હે બ્રાહ્મણો, દુખીઓના ઉપર દયા કરનારા ભગવાને પૂર્વે મારા ઉપર અનુગ્રહ કર્યો હતો. તેની પૂર્ણતા કરવાને માટેજ આપ આવેલાછો. ॥૪૨॥ આપ દયાળુઓએ મને સઘળુંજ મેળવી આપ્યું છે. તો મારી પાસે મારા શરીર સુદ્ધાં જે કાંઇ છે તે સાધુ પુરૂષોનું ઉચ્છીષ્ટ (એટલે સાધુ પુરૂષોએ વાપરેલું તેમનું આપેલુંજ) છે. તેથી હું શું આપી શકું. ॥૪૩॥ એટલે હે બ્રાહ્મણો, મારા પ્રાણ—સ્ત્રીઓ—સંતાનો—સરસામાનસહીત ઘરો—રાજ્ય—લશ્કર—પૃથ્વી—અને ખજાનાઓ, એ સર્વે (તમારૂંજ) તમને અર્પણ કરૂંછું ॥૪૪॥ કેમકે વેદ અને શાસ્ત્રોને જાણનારાઓજ, સેનાપતીપણાને—રાજ્યને—ન્યાયાધીશપણાને—અને સર્વ લોકના અધીપતીપણાને પણ યોગ્ય છે. ॥૪૫॥ બ્રાહ્મણો તો પોતાનુંજ ખાયછે—પોતાનુંજ પેહેરેછે—અને પોતાનુંજ આપેછે. અને ક્ષત્રીઆદી બીજા લોકો તો તેમના અનુગ્રહ વડેજ અન્ન ખાનારા છે. ॥૪૬॥ એટલામાટે હે ભાગ્યશાળીઓ, વેદ આદી લેકને શાસ્ત્રોથકી નીશ્ચીત થયેલ, આ પ્રકારનું એકાંતીક આત્મ તત્વનું જ્ઞાન મને આપનારા આપ ઘણા દયાવાનોના ઉપકારનો બદલો આપવાનું જે ધારે, તે તો માત્ર મશ્કરીનુંજ પાત્ર થાય છે. તેથી તમો તમારા પોતાનાજ કરેલા એકામથી પ્રસન્ન રહેજો. ॥૪૭॥ મૈત્રેય—પછી તે આદીરાજાએ પુજેલા, એ આત્મ જ્ઞાનની બુદ્ધી વાળાઓ, તેનાં આ પ્રકારનાં શીલનાં વખાણ કરીને, લોકોના દેખતાંજ આકાશમાર્ગે ચાલ્યા ગયા. ॥૪૮॥ અને મહાત્માઓમાં મુખ્ય પૃથુરાજા, એ શીખેલા અધ્યાત્મ જ્ઞાનને વીશે પોતાનું મન સ્થીર કરીને, પછી પોતાને કૃતાર્થ થયેલાની પેઠે માનવા લાગ્યા. ॥૪૯॥ અને પછીથી જેવો કાળ—જેવું સ્થાન—જેવું બળ—તથા જેવું ધન, એ સઘળાનો વીચાર રાખીને, કરવાને ઘટીત તેવાંજ કર્મો, બ્રહ્માર્પણ કરીને તેમણે કર્યાં. ॥૫૦॥ એટલે પ્રકૃતી

हरिणार्तानुकंपिना॥ तमापादयितुंब्रह्मन्भगवन्यूयमागताः॥४२॥निष्पादितंचकात्स्न्येंनभगवद्भिर्घृणालुभिः ॥साधूच्छिष्टंहिसर्वंमेआत्मना सहकिंददे॥४३॥ प्राणादाराःसुताब्रह्मन्गृहाश्चसपरिच्छदाः ॥ राज्यंबलंमहीकोशइतिसर्वंनिवेदितं ॥४४॥ सैनापत्यंचराज्यंचदंडनेतृत्वमेवच॥ सर्वलोकाधिपत्यंचवेदशास्त्रविदर्हति॥४५॥ स्वमेवब्राह्मणोभुंक्तेस्वंवस्तेस्वंददातिच॥ तस्यैवानुग्रहेणान्नंभुंजतेक्षत्रियादयः ॥४६॥ यैरीदृशीभगवतोगतिरात्मवादेएकांततोनिगमिभिःप्रतिपादितानः॥ तुष्यंत्वदभ्रकरुणाःस्वकृतेननित्यंकोनामतत्प्रतिकरोतिविनोदपात्रं४७ तआत्मयोगपतयआदिराजेनपूजिताः ॥ शीलंतदीयंशंसंतःखेऽभूवन्मिषतांनृणां॥४८॥वैन्यस्तुधुर्योमहतांसंस्थित्याऽध्यात्मशिक्षया॥आप्तकाममिवात्मानंमेनेआत्मन्यवस्थितः ॥४९॥ कर्माणिचयथाकालंयथादेशंयथाबलं॥यथोचितंयथावित्तमकरोद्ब्रह्मसात्कृतं॥५०॥ फलंब्रह्मणिविन्यस्यनिर्विषंगःसमाहितः॥ कर्माध्यक्षंचमन्वानआत्मानंप्रकृतेःपरं॥५१॥ गृहेषुवर्तमानोऽपिससाम्राज्यश्रियान्वितः॥ नासज्जतेंद्रियार्थेषुनिरहंमतिरर्कवत् ॥५२॥ एवमध्यात्मयोगेनकर्माण्यनुसमाचरन्॥ पुत्रानुत्पादयामासपंचार्चिष्यात्मसंमतान्॥५३॥ विजिताश्वंधूम्रकेशंहर्यक्षंद्रविणंवृकं॥सर्वेषांलोकपालानांदधारैकःपृथुर्गुणान्॥५४॥ गोपीथायजगत्सृष्टेःकालेस्वेस्वेऽच्युतात्मकः ॥ मनोवाग्वृत्तिभिःसौम्यैर्गुणैःसंरंजयन्प्रजाः॥५५॥ राजेत्यधान्नामधेयंसोमराजइवापरः॥ सूर्यवद्विसृजन्गृह्णन्प्रतपंश्चभुवोवसु॥५६॥ दुर्धर्षस्तेजसेवाग्निर्महेंद्रइवदुर्जयः॥ तितिक्षयाधरित्रीवद्द्यौरिवाभीष्टदोनृणां॥५७॥ वर्षतिस्मयथाकामंपर्जन्यइवतर्पयन्॥ समुद्रइवदुर्बोधःसत्वेनाचलराडिव॥५८॥ धर्मराडिवशिक्षायामाश्चर्येहिमवानिव ॥ कुबेरइवकोशाढ्योगुप्तार्थोवरुणोयथा॥५९॥ मातरिश्वेवसर्वात्माबलेनसहसौजसा॥अविषह्यतयादेवोभगवान्भूतराडिव॥६०॥ कंदर्पइवसौंदर्येमनस्वीमृगराडिव॥ वात्सल्येमनुवन्नृणांप्रभुत्वेभगवानजः ॥६१॥ बृहस्पतिर्ब्रह्मवादेआत्मवत्त्वेस्वयंहरिः॥ भक्त्यागोगुरुविप्रेषुविष्वक्सेनानुवर्तिषु ॥ ह्रियाप्रश्रयशीलाभ्यामात्मतुल्यःपरोद्यमे ॥६२॥ कीर्त्योर्ध्वगीतयापुंभिस्त्रैलोक्ये

થકી પર એવા આત્માનેજ કર્મોના અધ્યક્ષ માનીને સાવધાનપણે સંગરહીત થઇ, કર્મફળોને પરબ્રહ્મમાંજ નાખી દીધાં. ॥૫૧॥ અને ચક્રવર્તીની લક્ષ્મીવાળા તે રાજા ઘરમાં રહીને એ રીતે કર્મો કરતા છતાં, સુર્યની પેઠે અહંકાર રહીત બુદ્ધી રાખવાથી વીશયાદીકને વીશે આશક્ત થયા નથી. ॥૫૨॥ તથા એ રીતે અધ્યાત્મ યોગ સહીત સારી રીતે કર્મોનું આચરણ કર્યા પછી, અર્ચી રાણીને વીશે પોતાના સરખાજ પાંચ પુત્રો તેમણે ઉત્પન્ન કર્યા. ॥૫૩॥ વીજીતાશ્વ—ધુમ્રકેશ—હર્યક્ષ—દ્રવીણ—અને વૃક, એઓ દરેક પૃથુરાજાનાજ ગુણોને અને સઘળા લોક પાળોની શક્તીઓને ધારણ કરનારા હતા. ॥૫૪॥ અને તે અચ્યુત ભગવાનમાં બુદ્ધી વાળાઓ, પોતપોતાના સમયે પૃથ્વીનું રક્ષણ કરવા લાગતાં, વાણીની વૃત્તીઓવાળા સુંદર ગુણો વડે પ્રજાને રાજી કરનારા થયા હતા. ॥૫૫॥ અને રાજા એવાં નામનું મહાત્મ બીજા ચંદ્રમા પેઠે તેમણે રાખ્યું હતું. અને સુર્યના જેવા પૃથ્વી થકી ધનને (યથાકાળે) લેનારા અને પાછું આપનારા તેઓ પ્રતાપવાન થયા હતા. ॥૫૬॥ તેજવડે અગ્ની સરખા ઝલી ન શકાનારા—ઇંદ્રના જેવા નજીતાનારા—પૃથ્વી જેવા સહનતાવાળા—અને આકાશની પેઠે મનુષ્યોને ઇચ્છીત પદાર્થો આપનારા તેઓ હતા. ॥૫૭॥ જોઇતા પદાર્થોનો વરસાદ વરસાવીને મેઘનીપેઠે તૃપ્ત કરનારા—સમુદ્રસરખા ન કળીશકાનારા—અને પર્વતના સરખા સત્વવાન (મનની સ્થીરતાવાળા) હતા. ॥૫૮॥ ધર્મરાજાજેવા શીક્ષા આપનારા—આશ્ચર્યોની બાબતમાં હીમાચળ સરખા—કુબેરના સરખા મોટા ખજાના વાળા—અને વરૂણના જેવા અર્થને (ધનને) ગુપ્ત રાખનારા હતા. ॥૫૯॥ સર્વનાં મનને જાણવાની બાબતમાં અને સર્વ પ્રકારનાં બળોની બાબતમાં વાયુ સરખા હતા, તથા અસહ્યપણામાં ભગવાન રૂદ્રના જેવા હતા. ॥૬૦॥ રૂપમાં કામદેવ સરખા—હીંમતમાં સીંહસરખા—માણસો આદી ઉપર પ્રીતી રાખવામાં મનુ જેવા—અને સમર્થ પણામાં ભગવાન બ્રહ્માના સરખા હતા. ॥૬૧॥ બ્રહ્મવાદીઓમાં બૃહસ્પતી જેવા—અને જીતેંદ્રીય પણામાં હરીભગવાનના પોતાના સરખાજ હતા. તથા ગાયો—ગુરૂ (એટલે જ્ઞાનવડે, ઉમરે, ધનવડે, અને આચારવડે જેઓ

મોટા થયેલા હોય તેઓ–માબાપ–સાસુ સસરો–અને વીદ્યા, જ્ઞાન, તથા પોશણ કરીને આજીવીકા આપનારાઓ, એટલાઓ ગુરૂ અથવા વડીલ કહેવાય છે.)–બ્રાહ્મણો–અને ભગવાનને અનુસરનારાઓ (ભક્તાદીક) એઓને વીશે લજ્જા, નમ્રતા, અને સારાશીળ રાખવામાં તથા પરોપકાર કરવામાં; તેઓ તેમના પોતાનાજ સરખા હતા. ॥૬૨॥ અને સતપુરૂશોમાં રામચંદ્રજીના સરખા, કે જેમની ઉત્તમ કીર્તી ગવાતાં ત્રણે લોકમાંના પુરૂસો અને સ્ત્રીઓના કાનના માર્ગે પેઠેલી હતી, એવા તેઓ હતા. ॥૬૩॥ ઈ. ભા. ચો. સ્કં૦ બાવીસમો અ૦ સંપુર્ણ.॥૨૨॥

અધ્યાય ૨૩ મો.—મૈત્રેય—પછી એક વખતે, એ બુદ્ધીમાન પૃથુરાજાએ પોતાના શરીરને વૃદ્ધ થયેલાનું; પોતાનાં સંતાનો સંપુર્ણ રીતે વૃદ્ધી પામેલાનું; અને જેને માટે પોતે અહીંયાં જન્મ્યા હતા તે સત્પુરૂશોને ધર્મ શીખવવાનું તથા સ્થાવર જંગમોને આજીવીકા સંપાદન કરી આપવાનું કામ ઈશ્વરની આજ્ઞા પ્રમાણે પુર્ણ કરી રહેલાનું; જોયું. ॥૧–૨॥ ત્યારે વીરહથકી રડતી સરખી પુત્રીને (એટલે પૃથ્વીને) અને મનમાં કચવાતી પ્રજાને, પુત્રોના સ્વાધીનમાં સોંપીને, પોતાની એકજ સ્ત્રી (અર્ચી) સહીત એ પૃથુરાજા તપોવનમાં ગયા.॥૩॥અને ત્યાં જઈને વાનપ્રસ્થોએ સ્વીકારેલા યમ નીયમો પાળીને ઉગ્રતપનો આરંભ, તેમણે પુર્વે કરેલા પોતાના દીગ્વીજયની પેઠેજ કર્યો. ॥૪॥ ત્યાં કંદ–મુળ–અને ફળનો આહાર કરીને તથા કાંઈક વખત સુકાં પાંદડાં ખાઈનેજ રહ્યા. પછી કેટલાંક પખવાડીયાં સુધી પાણી પીનેજ રહ્યા–અને તે પછી વાયુ ભરખીનેજ રેહેવા લાગ્યા, ॥૫॥ તથા જમીન ઉપરજ સુવાની સાથે તે વીર પુરૂશે મૌનવ્રત ધારણ કરીને, ઉનાળામાં પંચ અગ્ની તાપ્યા–ચોમાસામાં ઉઘાડામાં રહી વરસાદ સહન કર્યો–ને શીયાળામાં ગળા સુધી પાણીમાં રહ્યા. ॥૬॥ એમ તે સહનતાવાન–મૌનવાળા–જીતેંદ્રીય–બ્રહ્મચર્યવાળા અને પ્રાણાયામ વડે પ્રાણવાયુને જીતનારા થવારૂપ ઉત્તમ તપનું આચરણ કરવા વડે કૃષ્ણ ભગવાનનું આરાધન કરવા લાગ્યા. ॥૭॥ એમ અનુક્રમ વડે પ્રાણાયામથી અને મન અને ઈંદ્રીયો મળી છ વર્ગનું રૂંધન કરવાથી કર્મોના મેલ ધોવાઈ જઈને

तत्रतत्रह॥ प्रविष्टःकर्णरंध्रेषुस्त्रीणांरामःसतामिव॥६३॥इ०भा०म०च०पृथुचरितेद्वाविंशतितमोऽध्यायः॥२२॥मैत्रेय०दृष्ट्वात्मानंप्रवयसमेकदावैन्यआत्मवान्॥ आत्मनावर्द्धिताशेषस्वानुसर्गःप्रजापतिः॥१॥ जगतस्तस्थुषश्चापिवृत्तिदोधर्मभृत्सतां॥ निष्पादितेश्वरादेशोयदर्थमिहजज्ञिवान्॥२॥ आत्मजेष्वात्मजांन्यस्यविरहाद्रुदतीमिव ॥ [illegible]मनास्वेकःसदारोऽगात्तपोवनं॥३॥ तत्राप्यदाभ्यनियमोवैखानससुसंमते॥ आरब्धउग्रतपसियथास्वविजयेपुरा॥४॥ कंदमूलफलाहारःशुष्कपर्णाशनःक्वचित्॥अब्भक्षःकतिचित्पक्षान्वायुभक्षस्ततःपरं॥५॥ ग्रीष्मेपंचतपावीरोवर्षास्वासारषाण्मुनिः॥ आकंठमग्नःशिशिरउदकेस्थंडिलेशयः॥६॥ तितिक्षुर्यतवाक्दांतउर्ध्वरेताजितानिलः ॥ आरिराधयिषुःकृष्णमचरत्तपउत्तमं॥७॥ तेनक्रमानुसिद्धेनध्वस्तकर्मामलाशयः॥ प्राणायामैःसन्निरुद्धषड्वर्गश्छिन्नबंधनः॥८॥ सनत्कुमारोभगवान्यदाहाध्यात्मिकंपरं॥ योगंतेनैवपुरुषमभजत्पुरुषर्षभः॥९॥भगवद्धर्मिणःसाधोःश्रद्धयायततःसदा॥ भक्तिर्भगवतिब्रह्मण्यनन्यविषयाऽभवत्॥१०॥तस्यानयाभगवतःपरिकर्मशुद्धसत्वात्मनस्तदनुसंस्मरणानुपूर्त्या ॥ ज्ञानंविरक्तिमदभून्निशितेनयेनचिच्छेदसंशयपदंनिजजीवकोशं॥११॥ छिन्नान्यधीरधिगतात्मगतिर्निरीहस्तत्तत्यजेऽछिनदिदंवयुनेनयेन॥तावन्नयोगगतिभिर्यतिरप्रमत्तोयावद्गदाग्रजकथासुरतिंनकुर्यात्॥१२॥ एवंसवीरप्रवरःसंयोज्यात्मानमात्मनि॥ ब्रह्मभूतोदृढंकालेतत्[illegible]स्वंकलेवरं॥१३॥ संपीड्यपायुंपार्ष्णिभ्यांवायुमुत्सारयन्शनैः॥ नाभ्यांकोष्ठेष्ववस्थाप्यहृदुरःकंठशीर्षणि॥१४॥ उत्सर्पयंस्तुतंमूर्ध्निक्रमेणावेश्यनिस्पृहः॥ वायुंवायौक्षितौकायंतेजस्तेज[illegible]ययुयुजत्॥१५॥ खान्याकाशेद्रवंतोयेयथास्थानंविभागशः॥ क्षितिमंभसितत्तेजस्यदोवायुंनभस्यमुं॥१६॥ इंद्रियेषुमनस्तानितन्मात्रेषुयथोद्भवं भूतादिनाऽमून्युत्क्षिप्यमहत्यात्मनिसंदधे॥१७॥ तंसर्वगुणविन्यासंजीवेमायामयेन्यधात्॥तंचानुशयमात्मस्थमसावनुशयीपुमान्॥ज्ञानवैराग्यवीर्येणस्वरूपस्थोऽजहात्प्रभुः॥१८॥ अर्चिर्नाममहाराज्ञीतत्पत्न्यनुग[illegible]वनं॥सुकुमार्यतदर्हाचयत्पद्भ्यांस्पर्शनंभुवः॥१९॥ अतीवभ

તેમનું મન શુદ્ધ થયું. તથા સર્વ બંધનો છેદાઈ ગયાં. ॥૮॥ તે પછી, ભગવાન સનત્કુમારોએ જે પરમ અધ્યાત્મ યોગ કહ્યો હતો. તે વડેજ પુરૂશોમાં ઉત્તમ પુરૂશ ભગવાનને ભજવા લાગ્યા. ॥૯॥ તેથી એ ભગવાનના ધર્મો પાળનારા સાધુ પૃથુરાજાને, સર્વ કાળ શ્રદ્ધા સહીત યત્ન કરવા વડે, બ્રહ્મણ્ય ભગવાનમાં અનન્ય વીશયા ભક્તી ઉત્પન્ન થઈ. ॥૧૦॥ અને ભગવાનની સેવા તથા સ્મરણ થકી તેનું અંતઃકરણ શુદ્ધ થઈને, તેથી ઉત્પન્ન થયેલા જ્ઞાન અને વૈરાગ્ય થકી તીક્ષ્ણ થયેલી એ ભક્તી વડે; તેનું સઘળા સંશયોના સ્થાન રૂપ લીંગ શરીર નાશ પામી ગયું. ॥૧૧॥તથા દ્વૈત બુદ્ધી મટેલા અને આત્મ સ્વરૂપને પામેલા એ પૃથુરાજાએ પછીથી ઉધ્યમ રહીત થઈને યોગથી મળનારી સીદ્ધીઓની ઈચ્છાને કાપી નાંખીને તેમનો પણ ત્યાગ કર્યો. કેમકે જ્યાં સુધી ગદાગ્રજ ભગવાનની કથાઓમાં પ્રીતી થતી નથી ત્યાં સુધીજ યોગ કરનારાઓને સીદ્ધીઓની લાલચ છુટતી નથી. ॥૧૨॥ આ રીતે તે મહાવીર પૃથુરાજાએ બુદ્ધી વડે મનને સ્થીર કરી દૃઢ પણે બ્રહ્મભુત થઈને કાળ પ્રાપ્ત થયો ત્યારે પોતાના કલેવરને તજી દીધું. ॥૧૩॥ એટલે તેમણે પેનીઓ વડે ગુદાને દબાવી મુળાધારથી ધીમે ધીમે વાયુને ઉંચા ચઢાવી, નાભીમાં–અને ત્યાંથી હ્રદય–વક્ષસ્થળ–અને કંઠમાં થઈને અનુક્રમથી ભમરોના મધ્યમાં લેઈ જઈને, તેને માથામાં એટલે બ્રહ્મરંધ્રમાં ચઢાવ્યો. તથા નીસ્પૃહ થઈને પોતાના દેહમાંના વાયુને મહાન વાયુમાં–કાયા (એટલે માસ–હાડકાં આદી પૃથ્વીના ભાગો) ને પૃથ્વીમાં–તેજના ભાગો આંખ્યો અને જઠરાગ્ની આદીને મહાન તેજમાં–શરીરની માંહેના છીદ્ર ભાગોને આકાશમાં–અને રસભાગ લોહી, વીર્ય, મુત્ર, અને પરૂ આદીને જળમાં:–એમ જેના તેના વીભાગોને જેમાં તેમાં મેળવી દીધા. ॥૧૪–૧૫–૧૬॥ પછી પૃથ્વીને જળમાં–જળને તેજમાં–તેજને વાયુમાં–અને વાયુને આકાશમાં–તેમજ ઈંદ્રીયો ઈંદ્રીયોના દેવતા તથા મન, અને ઈંદ્રીયોના વીશયો, તથા પાંચ મહાભુતો, એ સર્વેને અહંકારમાં નાંખીદઈ–અહંકારને મહતત્વમાં તથા મહતત્વને તેના ઉત્પત્તી સ્થાન માયામાં (પ્રકૃતીમાં) નાંખીદીધું. ॥૧૬–૧૭॥ અને પછી સર્વ ગુણોની ઉત્પત્તી સ્થાન, અને

દેવતાઇ વાજાં વાગવા સાથે મનોહર ગાયન સાંભળવાથી તે રાજપુત્રો વીસ્મય પામ્યા. ॥૨૩॥ એટલામાં તે દેવતાઇ મહાત્મા ગંધર્વોથી ગાયન થતા મોટા દેવ સદાશીવને એ તળાવમાંથી નીકળતા તેમણે દીઠા. ॥૨૪॥ ને તપાવેલા સોનાના કમલા જેવા-ત્રણ નેત્રવાળા-અને પ્રસન્ન મુખવાળા સદાશીવને જોઇ આશ્ચર્ય પામેલા તેઓ તેમને પગે લાગ્યા. ॥૨૫॥ ત્યારે ધર્મવત્સળ અને શરણાંગતની પીડાનો નાશ કરનારા ભગવાન સદાશીવ, એ સારાં શીળવાળા-ધર્મને જાણનારાઅને પ્રીતીવાળા પ્રચેતાઓને પ્રસન્નતાથી કહ્યું કે. ॥૨૬॥—શ્રીરૂદ્ર—હે વેદીસદના પુત્રો, તમે કરવા ધારેલાને હું જાણુંછું. અને તમારા ઉપર અનુગ્રહ કરીને તમારૂં ભલું કરવા સારૂંજ મેં તમને મારૂં દર્શન આપેલું છે, ॥૨૭॥ ત્રણ ગુણોવાળી અને જીવ એટલે લીંગ શરીર નામથી બોલાતી પ્રકૃતી થકી પર, એવા સાક્ષાત વાસુદેવ ભગવાનને જે શરણ હોય, તે મને પણ પ્રીય છે. ॥૨૮॥ સ્વધર્મને વીશે નીષ્ઠાવાળા પુરૂશો, સો જન્મ વડે બ્રહ્માના પદને પામે છે; અને તે કરતાં પણ વધારે જન્મવડે મારા પદને પામે છે; પરંતુ નીર્વીકાર વીશ્નુના પદને તો હું અને બીજા દેવોની પેઠેજ, ભગવતીઓ પણ, લીંગ દેહનો નાશ થયા પછીજ પામી શકે છે. ॥૨૯॥ એટલા માટે હે ભગવતીઓ તમો મને ભગવાન જેવાજ વાહાલા છો, અને મને તથા ભગવતીઓને એ ભગવાન વીના બીજું કાંઇ પ્રીય હોતુંજ નથી. ॥૩૦॥ આ પરમ પવીત્ર-મંગળ રૂપ-મોક્ષ આપનારૂં-અને શુદ્ધ-તથા જપ કરવાને યોગ્ય સ્તોત્ર હું તમને કહું છું, તે સાંભળો. ॥૩૧॥—મૈત્રેય—એ રીતે બોલીને દયાળુ હૃદયવાળા ભગવાન સદાશીવે, તેઓ હાથ જોડીને ઉભેલા રાજ પુત્રોને "નારાયણ સ્તોત્ર" એટલે નારાયણ ભગવાન સંબંધી ઉપદેશક વચનો કહ્યાં. ॥૩૨॥—શ્રીરૂદ્ર—આત્મ સ્વરૂપમાં આનંદ પામનારા આપ, સર્વને વીશે રહેલા છતાં, મોટા આત્મ જ્ઞાનીઓના કલ્યાણ સારૂં તેમનાથી જીતાઇ જાઓ છો. અને મારૂં પણ કલ્યાણ કરનારા છો તેમને હું નમસ્કાર કરૂં છું. ॥૩૩॥ નાભીમાંથી લોક રૂપી કમળ થયેલા-અને જે પાંચ મહાભુતો રૂપે, ઇંદ્રીયો રૂપે, તથા અંતઃકરણો રૂપે થયેલા

त्रास्तेमृदंगपणवाद्यनु ॥२३॥ तद्वैत्वसरसस्तस्मान्निष्क्रामंतंस[illegible]नुगं॥ उपगीयमानममरप्रवरंविबुधानुगैः॥२४॥ तप्तहेमनिकायाभंशिति
कंठंत्रिलोचनं॥ प्रसादसुमुखंवीक्ष्यप्रणेमुर्जातकौतुकाः॥२५॥ सतान्प्रपन्नार्तिहरोभगवान्धर्म[illegible]ः ॥ धर्मज्ञान्शीलसंपन्नान्प्रीतःप्रीता
नुवाचह॥२६॥ श्रीरुद्र० यूयंवेदिषदःपुत्राविदितंवश्चिकीर्षितं ॥ अनुग्रहायभद्रंवएवंमेदर्शनंकृतं ॥२७॥ यःपरंरंहसःसाक्षात्त्रिगुणाज्जीवसं
ज्ञितात्॥ भगवंतंवासुदेवंप्रपन्नःसप्रियोहिमे ॥२८॥ स्वधर्मनिष्ठःशतजन्मभिःपुमान्विरिंचतामेतिततःपरंहिमां ॥ अव्याकृतंभागवतोऽथवै
ष्णवंपदंयथाऽहंविबुधाःकलाऽत्यये ॥२९॥ अथभागवतायूयंप्रियाःस्थभगवान्यथा ॥ नमेभागवतानांचप्रेयानन्योऽस्तिकर्हिचित्॥३०॥
इदं[illegible]पवि[illegible]मंगलंपरं ॥ निःश्रेयसकरंचापिश्रूयतांतद्वदामिवः॥३१॥ मैत्रेय० इत्यनुक्रोशहृदयोभगवाना[illegible]तान्शिवः ॥ बद्धांज
लीन्राजपुत्रान्नारायणपरोवचः॥३२॥ श्रीरुद्र० जितंतेआत्मविद्धुर्यस्वस्तये[illegible]स्तिरस्तुमे॥ भवताराधसाराद्धंसर्वस्माआत्मनेनमः॥३३॥ न
मःपंकजनाभायभूतसूक्ष्मेंद्रियात्मने॥ वासुदेवायशांतायकूटस्थायस्वरोचिषे॥३४॥ संकर्षणायसूक्ष्मायदुरंतायांतकायच ॥ नमोविश्वप्रबो
धायप्रद्युम्नायांतरात्मने ॥३५॥ नमोनमोऽनिरुद्धायहृषीकेशेंद्रियात्मने॥ नमःपरमहंसायपूर्णायनिभृतात्मने ॥३६॥ स्वर्गापवर्गद्वारायनि
त्यंशुचिपदे[illegible]मः॥नमोहिरण्यवीर्यायचातुर्होत्रायतंतवे ॥३७॥ नमऊर्जइषेत्रय्याःपतयेयज्ञरेतसे ॥ [illegible]सिदायचजीवानांनमःसर्वरसात्मने
॥३८॥ सर्वसत्त्वात्मदेहायविशेषायस्थवीयसे ॥ नमस्त्रैलोक्यपालायस[illegible]आजोब[illegible]त्मने॥३९॥ अर्थलिंगायनभसेनमोंऽतर्बहिरात्मने॥ न
मःपुण्यायलोकायअमु[illegible]भूरिवर्चसे॥४०॥ प्रवृत्तायनि[illegible]ताय[illegible]पितृदेवाय[illegible]कर्मणे॥ नमोधर्मविपाकायमृत्यवेदुःखदायच ॥४१॥ नमस्तेआ
[illegible]कारणात्मने॥ नमोधर्मायबृहतेकृष्णायाकुंठमेधसे॥ पुरुषायपुराण[illegible]यसांख्ययोगेश्वरायच ॥४२॥ शक्तित्रयसमेतायमीढुषे
ऽहंकृतात्मने॥ चेतआकूतिरूपायनमोवाचोविभूतये ॥४३॥ दर्शनंनोदिदृक्षूणांदेहिभागवतार्चितं॥रूपंप्रियतमंस्वानांसर्वेंद्रियगुणांजनं४४

છે; તે અવીનાશી અને સ્વયં પ્રકાશ વાસુદેવ ભગવાનને હું નમુંછું. ॥૩૪॥ સુક્ષ્મ રૂપ, અનંત, અને કાળ સ્વરૂપ એવા આપ અહંકારમય સંકરશણ સ્વરૂપને; અને વીશ્વને સજીવન કરનારા, અંતર્યામી, તથા બુદ્ધીમય આપ પ્રદ્યુમ્ન સ્વરૂપને હું નમસ્કાર કરૂંછું. ॥૩૫॥ હૃશીકેશ એટલે ઇંદ્રીયાદીકને વશમાં રાખનારા, ઇંદ્રીયો રૂપ, પરમ હંસ રૂપ, પરીપુર્ણ અને પ્રાણી માત્રને પોશણ આપનારા એવા મનોમય આપના અનીરૂદ્ધ સ્વરૂપને હું વારંવાર નમુંછું. ॥૩૬॥ સ્વર્ગ અને મોક્ષના દ્વાર રૂપ,-સર્વ કાળ શુદ્ધ સ્વરૂપ-સોનું અને અગ્ની જેનું વીર્ય છે એવા-ચાતુર્હોત્રઆદી યજ્ઞ રૂપ-અને તે યજ્ઞોના વીસ્તાર અનેક પદાર્થો અને મંત્રોઆદી રૂપ આપને નમસ્કાર કરૂંછું. ॥૩૭॥ ત્રણ વેદના પતી-પીતૃઓના અન્ન રૂપ-દેવતાઓના અન્ન રૂપ-અને સોમ રસ રૂપ આપને નમુંછું. તથા સર્વ પ્રાણીઓને તૃપ્તી આપનારા રસમય ચંદ્રમા સ્વરૂપ આપને હું નમુંછું. ॥૩૮॥ સર્વ પ્રાણી પદાર્થાદીકના તથા વીરાટ દેહના પણ આત્મા અને દેહ સ્વરૂપ-તથા મન, ઇંદ્રીયો, અને શરીરના બળ સહીત ત્રીલોકીનું પાલન કરનારા આપને હું નમસ્કાર કરૂંછું, ॥૩૯॥ અર્થને જણાવનારા "શબ્દ" ગુણવાળા આકાશ સ્વરૂપથી સર્વ કોઇના અંદર અને બહાર રેહેનારા આપને હું નમસ્કાર કરૂંછું. અને ઘણા પ્રકાશીત તથા પવીત્ર સ્વર્ગ લોક રૂપ આપને નમુંછું. ॥૪૦॥ પ્રવૃત્તી કર્મ વડે પીતૃ લોક આપનારા-નીવૃત્તી કર્મ થકી ભગવાનના પદને પમાડનારા-અને અધર્મ કરવા વડે દુઃખદાયક મૃત્યુ અને જન્મને આપનારા, આપને હું નમસ્કાર કરૂંછું. ॥૪૧॥ સર્વને ઇચ્છીત આપનારા-સર્વજ્ઞ-સર્વનું કારણ-પરમ ધર્મ સ્વરૂપ-આત્મ સ્વરૂપ-અખંડીત જ્ઞાનવાળા-પુરાણ પુરૂશ-અને સાંખ્ય તથા યોગના ઇશ્વર એવા આપને હું નમસ્કાર કરૂંછું. ॥૪૨॥ અધ્યાત્માદીક ત્રણે એકઠી થનાર શક્તીઓ રૂપ-અહંકાર રૂપ-રૂદ્ર રૂપ-ચીત્ત રૂપ-ક્રીયા સ્વરૂપ-અને વાણીના વીલાસ રૂપ આપને હું નમુંછું. ॥૪૩॥ આપના દર્શનની ઇચ્છાવાળા અમને; આપના ભક્તોને અતીશય પ્રીય-તેમણે પુજેલું-તથા સર્વ ઇંદ્રીયોને રાજી કરનારૂં; આપનું સ્વરૂપ દેખાડો. ॥૪૪॥ ચોમાસાના ઘેરા મેઘ જેવું સ્યામ-સં-

ને સુંદરતા એકત્ર થએલું-સુશોભીત લાંબા ચાર હાથવાળું-ઘટીત વીભાગોવાળા મુખવાળું ॥૪૫॥ ઉઘડેલાં કમળ જેવી આંખોવાળું-સારી ભમરો અને નાકવાળું-સુંદર દાંત, કપાળ, અને મુખઅવાળું-સારા શણગારેલા અંને સમાન કાનવાળું ॥૪૬॥ પ્રીતી સહીત હસીને નીર્મળ જોવાવાળું-સુશોભીત વાળવાળું-કમળના કેસરા સરખાં શોભતાં વસ્ત્રોવાળું-સ્વચ્છ કુંડળોવાળું-॥૪૭॥-ચળકતાં મુકુટ, કંકણ, હાર, ઝાંઝરો, અને કંદોરાવાળું-શંખ, ચક્ર, ગદા, કમળ, માળા, તથા મણીવડે ઉત્તમ રીતે શોભતું. ॥૪૮॥ સીંહના સરખા ખભાઓથી પ્રકાશતું-ગળામાં કૌસ્તુભ મણી ધરવાથી શોભાયમાન-અવીચળ લક્ષ્મીથકી વક્ષસ્થળ ઉપર સોનાવડે કસોટી ઉપર લીટો ખેંચાવાની પેઠે શોભતું ॥૪૯॥ શ્વાસોશ્વાસ લેવાથી હાલતી ત્રણ વલીઓથકી મનોહર લાગતા પીપળાના પાન સરખા પેટવાળું-જગતને પાછું પેસાડી દેતી હોય એવી કુંડાળાં વળેલી ગંભીર નાભી વાળું-॥૫૦॥-શ્યામ વર્ણના કટીપ્રદેશ ભાગ ઉપર પીતાંબર અને સોનાની કટીમેખળા પેહેરેલું-સરખા અને સુંદર પગ, પીંડીઓ, સાથળ, અને નમેલા ગોઠણવડે સારા દેખાવવાળું ॥૫૧॥ અને શરદ ઋતુનાં ઉઘડેલાં પ્રકાશીત કમળોના સ્થાન રૂપ નખની કાંતીવાળું-તથા અંતરનાં પાપોને ધોઇ નાંખનારૂં આપનું મોટું પદ (એટલે સ્વરૂપ) કે જે આપના ભક્તાદીકના ભયને મટાડનારૂં છે: તે દેખાડવાવડે અમો અત્યંત તમોગુણવાળાઓને આપના મોટા એટલે શુદ્ધ અને સારા માર્ગે ચઢાવો.॥૫૨॥ આવા સ્વરૂપનુંજ ધ્યાન, મનની શુદ્ધીને ઇચ્છનારાઓએ સ્વધર્માચરણ કરીને કરવું જોઇએ. કે જેથી અભય (મોક્ષ)ને આપનારા ભક્તીયોગની પ્રાપ્તી થાય છે. ॥૫૩॥ સ્વર્ગાદીકના અધીપતીઓએ ઇચ્છેલા, સર્વે દેહ ધારીઓને મળવાને અલભ્ય-અને એકાંતીક આત્મ જ્ઞાનીઓના ગતીરૂપ આપ; ભક્તી કરનારાઓને તો લભ્યજછો. ॥૫૪॥ સત્પુરૂશોએ પણ આરાધન કરીને પ્રસન્ન કરવા-

स्निग्धप्रावृट्घनश्यामंसर्वसौंदर्यसंग्रहं ॥ चार्वायतचतुर्बाहुंसुजातरुचिराननं॥४५॥ पद्मकोशपलाशाक्षंसुंदरभ्रुवनासिकं॥सुद्विजंसुकपोलास्यंसम[कर्]णविभूषणं ॥४६॥ प्रीतिप्रहसितापांगमलकैरुपशोभितं॥ लसत्पंकजकिंजल्कदुकूलंमृष्टकुंडलं ॥४७॥ स्फुरत्किरीटवलयहारनूपुरमेखलं॥ शंखचक्रगदापद्ममालामण्युत्तमर्द्धिमत् ॥४८॥ सिंहस्कंधत्विषोबिभ्रत्सौभगग्रीवकौस्तुभं ॥ श्रियाऽनपायिन्याक्षिप्तनिकषाश्मोरसोल्लसत्॥४९॥ पूररेचकसंविग्नवलिवल्गुदलोदरं॥प्रतिसंक्रामयद्विश्वंनाभ्यावर्तगभीरया ॥५०॥ श्यामश्रोण्यधिरोचिष्णुदुकूलस्वर्णमेखलं॥ समचार्वंघ्रिजंघोरुनिम्नजानुसुदर्शनं॥५१॥पदाशरत्पद्मपलाशरोचिषानखद्युभिर्नोऽतरघंविधुन्वता॥प्रदर्शयस्वीयमपास्तसाध्वसंपदंगुरोमार्गगुरुस्तमोजुषां ॥५२॥ एतद्रूपमनुध्येयमात्मशुद्धिमभीप्सतां॥ यद्भक्तियोगोऽभयदःस्वधर्ममनुतिष्ठता ॥५३॥ भवान्भक्तिमताऽलभ्योदुर्लभःसर्वदेहिनां ॥स्वाराज्यस्याप्यभिमतएकांतेनात्मविद्गतिः॥५४॥ तंदुराराध्यमाराध्यसतामपिदुरापया॥ एकांतभक्त्याकोवांछेत्पादमूलंविनाबहिः॥५५॥ यत्रनिर्विष्टमरणंकृतांतोनाभिमन्यते॥ विश्वंविध्वंसयन्वीर्यशौर्यविस्फूर्जितभ्रुवा॥५६॥ क्षणार्द्धेनापितुलयेनस्वर्गंनापुनर्भवं ॥ भगवत्संगिसंगस्यमर्त्यानांकिमुताशिषः॥५७॥अथानघांघ्रेस्तवकीर्तितीर्थयोरंतर्बहिःस्नानविधूतपाप्मनां॥ भूतेष्वनुक्रोशसुसत्त्वशीलिनांस्यात्संगमोऽनुग्रहएषनस्तव ॥५८॥ नयस्यचित्तंबहिरर्थविभ्रमंतमोगुहायांचविशुद्धमाविशत् ॥ यद्भक्तियोगानुगृहीतमंजसामुनिर्विचष्टेननुतत्रतेगतिं॥५९॥यत्रेदंव्यज्यतेविश्वंविश्वस्मिन्नवभातियत् ॥ तत्त्वंब्रह्मपरंज्योतिराकाशमिवविस्तृतं॥६०॥ योमाययेदंपुरुरूपयाऽसृजद्बिभर्तिभूयःक्षपयत्यविक्रियः ॥ यद्भेदबुद्धिःसदिवात्मदुस्थयातमात्मतंत्रंभगवन्प्रतीमहि॥६१॥ क्रियाकलापैरिदमेवयोगिनःश्रद्धान्विताःसाधुयजंतिसिद्धये॥ भूतेंद्रियांतःकरणोपलक्षितंवेदेचतंत्रेचतएवकोविदाः ॥६२॥ त्वमेकआद्यःपुरुषःसुप्तशक्तिस्तयारजःसत्त्वतमोविभिद्यते॥ महानहंखंमरुदग्निवार्धराःसुरर्षयोभूतगणाइदंयतः॥६३॥ सृष्टंस्वशक्त्येदमनुप्रविष्टश्चतुर्विधंपुरमात्मांशकेन॥ अथोविदुस्तंपुरुषंसंतमंतर्भुंक्तेहृषीकैर्मधुसारघंयः॥६४॥ सएषलोकानतिचंडवेगोविकर्षसिलंखलुकालयानः॥ भूतानिभूतैरनुमेयतत्त्वोघना

ને મુશ્કેલ એવા આપનું એકાંતીક ભક્તીવડે આરાધન કર્યા પછી, આપના ચરણ કમળ વીના બીજા વીશય સુખાદીકની ઇચ્છા તે કોણ કરે? ॥૫૫॥ કે જેનું શરણ લેનારના ઉપર: બીજા સર્વનો પોતાના પરાક્રમ અને શૌર્યવડે, માત્ર ભમર ફરવાવવાથીજ નાશ કરી નાંખનારા કાળનું અભીમાન પણ ચાલતું નથી. ॥૫૬॥ મનુષ્યોને ભગવાનના સંગીઓ (ભક્તાદીક) નો સંગ, અર્ધ ક્ષણ માત્રનો થવાની બરાબર તુલના કરતાં, સ્વર્ગ અગર મોક્ષ પણ થઇ શકતાં નથી. તો આ મૃત્યુલોકનાં બીજા સુખાદીકની તો ગણતીજ શાની હોય. ॥૫૭॥ એટલા માટે પાપને મટાડનાર ચરણારવીંદ વાળા આપનાં કીર્તન રૂપી તીર્થ વડે અંદર અને બહારથી નીષ્પાપ થયેલા આપનાઓ (ભક્તાદીક) નો સમાગમ અમને થાય; તેટલોજ અનુગ્રહ આપ અમારા ઉપર કરો. ॥૫૮॥ હે પ્રચેતાઓ જ્યારે મુનીનુંચીત્ત તમોગુણી થઇને બહારના વીશયા દીકમાં નહીં પેસતાં આપનો ભક્તી યોગ કરવાના અનુગ્રહને પામે છે. ત્યારે તે ઉતાવળોજ પરમ પદને પામે છે. ॥૫૯॥ જેના વીશે આ જગત ભાસમાન થાય છે, અને જે વીશ્વને વીશે પ્રકાશે છે; તે પરમ બ્રહ્મ અને જ્યોતી રૂપ તત્વજ આકાશની પેઠે સઘળે વીસ્તાર પામેલું છે. ॥૬૦॥ જે ઘણા રૂપ ધરનારી છે-જેના થકી ભેદ બુદ્ધી થાય છે-અને જે આત્મ સ્વરૂપને વીશે કાંઇજ કરી શકતી નથી. એવી માયાવડે પોતે નીર્વીકાર રહીને આ જગતને જે સરજે છે-પાળે છે-અને ફરીથી નાશ પણ કરે છે. તે સ્વઇચ્છાથી વર્તનારાનેજ ભગવાન જાણો. ॥૬૧॥ અને જે પાંચ મહાભુતો-ઇંદ્રીયાદીક-અને અંતઃકરણોને વીશે જણાય છે. એવા ભગવાનને જે સાધુઓ તથા યોગીઓ સીદ્ધી પામવાની ઇચ્છાથી શ્રદ્ધાવડે અનેક પ્રકારની ક્રીયાઓ (એટલે યજ્ઞાદીક) કરીને પુજે છે. તેઓજ વેદને અને શાસ્ત્રોને પણ જાણનાર છે. ॥૬૨॥ એ રીતના આદી પુરૂષ એવા ભગવાનની સુતી થયેલી શક્તી (માયા) સત્વ-રજ-અને તમરૂપે ભેદ પામીને; તે થકી આ મહતત્વ-આકાશ-વાયુ-તેજ-જળ-પૃથ્વી દેવતાઓ ઋષીઓ અને સર્વ પ્રાણીપદાર્થાદીક સહીત આખું જગત થયેલું છે. ॥૬૩॥ તેમજ પોતાની શક્તી વડે સરજેલાં

આ જગતનાં ચાર પ્રકારનાં શરીરોમાં આત્મ અંશ થકી રહેલા હોવાથી આપ પુરૂશ કહેવાઓછો અને ઇંદ્રીયાદીક વડે સારા નરસા વીશયાદીકને ભોગવનાર પણ આપજછો. ॥૬૪॥ તથા વાદળાંને ખેંચી જતા વાયુની પેઠે રૂકન ન થઇ શકે એવા મોટા વેગથી, કોઇના જાણવામાં કે સમજવામાં ન આવે એવા સ્વરૂપ રહીત, આપ કાળ નામથી ઓળખાતા સઃ પ્રાણીઓને પ્રાણીઓ થકી અકસ્માત કરીને, લોકમાત્રને ખેંચી જનારછો. ॥૬૫॥ અને વધેલા લોભથી વીશયાદીકની લાલચ રાખીને તેમાં આતુર બની, મોટી મોટી આશાઓ બાંધીને, તેનીજ ચીંતા કરનારા લોકને, ભૂખ્યો થએલો સાપ ઉંદરડાને એકાએક પકડી લેવાની પેઠે, અપ્રમત્ત પણે એકાએક પકડી લેનારા પણ આપજછો. ॥૬૬॥ એવા આપની અવગણના થઇને, શરીર નીરર્થકપણેજ ધસાઇ જવાનું છે, એ વાતને જાણનારો કયો સમજુ માણસ આપના ચરણકમળનો ત્યાગ કરશે, કે જે ચરણકમળને અમારા (સદાશીવના) ગુરૂ બ્રહ્માએ તથા ચૌદેમનુઓએ પણ એ શંકાથીજ પુજેલું છે. ॥૬૭॥ હે બ્રાહ્મણો, રૂદ્રના ભય થકી ત્રાસ પામતા આખા વીશ્વ થકી બહાર—અને જ્યાં કોઇનો પણ ભય નથી—તથા તમસરખા પરબ્રહ્મને જાણવાની ઇચ્છાવાળાઓને જે પામવાનું છે:—એવું એ વીષ્નુ ભગવાનનું પદછે. ॥૬૮॥ હે શુદ્ધ આચરણો વાળા રાજકુમારો, તમે ભગવાનમાં ચીત રાખીને સ્વધર્માચરણ કરવાની સાથે આ સ્તોત્રનો જાપ કરશો તો તમારૂં ભલું થશે ॥૬૯॥ અને એ રીતે, સર્વ પ્રાણી આદીમાં તથા તમારા પોતામાં પણ આત્મ સ્વરૂપથી રહેલા હરી ભગવાનનું પુજન—કીર્તન—અને ધ્યાન તમો સંપુર્ણ પણે કરજો. ॥૭૦॥ તથા તમો સર્વે જણા એકાગ્ર બુદ્ધીથી મુનીવ્રત રાખીને આ યોગાદેશને બરાબર શીખી તેનો અભ્યાસ કરજો. ॥૭૧॥ પુર્વે પ્રજા ઉત્પન્ન કરવાને ઇચ્છતા ભૃગુ આદી પ્રજાપતીઓને અને મને પણ, પ્રજાપતીઓના પતી બ્રહ્માએ આ "સ્તોત્ર" કહ્યું હતું. ॥૭૨॥ અને પ્રજા ઉત્પન્ન કરવાની બ્રહ્માએ આજ્ઞા કરેલા અમે સર્વે પ્રજાપતીઓએ એ વડેજ અજ્ઞાનનો નાશ કરીને જુદા જુદા પ્રકારની પ્રજાઓ ઉત્પન્ન કરી હતી.॥૭૩॥તેથી જે પુરૂશ વાસુદેવ ભગ

वल्लीर्वायुरिवाऽविषह्यः ॥६५॥ प्रमत्तमुच्चैरितिकृत्यचिंतयाप्रवृद्धलोभंविषयेषुलालसं॥ त्वमप्रमत्तःसहसाऽभिपद्यसेक्षुल्लेलिहानोऽहिरिवाखुमंतकः ॥६६॥ कस्त्वत्पदाब्जंविजहातिपंडितोयस्तेऽवमानव्ययमानकेतनः॥ विशंकयाऽस्मद्गुरुरर्चतिस्मयद्विनोपपत्तिंमनवश्चतुर्दश ६७ अथत्वमसिनोब्रह्मन्परमात्मन्विपश्चितां॥ विश्वंरुद्रभयध्वस्तमकुतश्चिद्भयागतिः॥६८॥ इदंजपतभद्रंवोविशुद्धानृपनंदनाः॥ स्वधर्ममनुतिष्ठंतोभगवत्यर्पिताशयाः॥६९॥ तमेवात्मानमात्मस्थंसर्वभूतेष्ववस्थितं॥ पूजयध्वंगृणंतश्चध्यायंतश्चासकृद्धरिं॥७०॥ योगादेशमुपासाद्यधारयंतोमुनिव्रताः॥ समाहितधियःसर्वएतदभ्यसतादृताः॥७१॥इदमाहपुराऽस्माकंभगवान्विश्वसृक्पतिः॥ भृग्वादीनामात्मजानांसिसृक्षुःसंसिसृक्षतां॥७२॥ तेवयंनोदिताःसर्वेप्रजासर्गेप्रजेश्वराः॥ अनेनध्वस्ततमसःसिसृक्ष्मोविविधाःप्रजाः॥७३॥ अथेदंनित्यदायुक्तोजपन्नवहितःपुमान्॥ अचिराच्छ्रेयआप्नोतिवासुदेवपरायणः॥७४॥ श्रेयसामिहसर्वेषांज्ञानंनिःश्रेयसंपरं॥ सुखंतरतिदुष्पारंज्ञाननौर्व्यसनार्णवं॥७५॥ यइमंश्रद्धयायुक्तोमद्गीतंभगवत्स्तवं॥ अधीयानोदुराराध्यंहरिमाराधयत्यसौ॥७६॥ विंदतेपुरुषोऽमुष्माद्यद्यदिच्छत्यसत्वरं॥मद्गीतगीतात्सुप्रीताच्छ्रेयसामेकवल्लभात्॥७७॥ इदंयःकल्यउत्थायप्रांजलिःश्रद्धयाऽन्वितः॥ शृणुयाच्छ्रावयेन्मर्त्योमुच्यतेकर्मबंधनैः॥७८॥ गीतंमयेदंनरदेवनंदनाःपरस्यपुंसःपरमात्मनस्तवं॥ जपंतएकाग्रधियस्तपोमहच्चरध्वमंतेततआप्स्यथेप्सितं॥७९॥ इ०भा०म०च०रुद्रगीतंनामचतुर्विंशोऽध्यायः॥२४॥ मैत्रेय० इतिसंदिश्यभगवान्बार्हिषदैरभिपूजितः॥ पश्यतांराजपुत्राणांतत्रैवांतर्दधेहरः॥१॥ रुद्रगीतंभगवतःस्तोत्रंसर्वेप्रचेतसःजपंतस्तेतपस्तेपुर्वर्षाणामयुतंजले॥२॥ प्राचीनबर्हिषंक्षत्तःकर्मस्वासक्तमानसं॥ नारदोऽध्यात्मतत्त्वज्ञःकृपालुःप्रत्यबोधयत्॥३॥ श्रेयस्त्वंकतमद्राजन्कर्मणात्मनईहसे॥ दुःखहानिःसुखावाप्तिःश्रेयस्तन्नेहचेष्यते॥४॥ राजा० नजानामिमहाभागपरंकर्मापविद्धधीः॥ ब्रूहिमेविमलंज्ञानंयेनमुच्येयकर्मभिः॥५॥ गृहेषुकूटधर्मेषुपुत्रदारधनार्थधीः॥ नपरंविंदतेमूढोभ्राम्यत्संसारवर्त्मसु॥६॥

વાનને પરાયણ રહી નીત્ય સાવધાનપણે એકાગ્ર ચીતથી આ સ્તોત્રનો જપ કરશે. તે થોડા કાળમાં કલ્યાણ પામશે. ॥૭૪॥ અહીંના સર્વ પ્રકારનાં કલ્યાણોમાં ઉત્તમ કલ્યાણ રૂપ તથા જ્ઞાન રૂપ એ સ્તોત્રછે કે જેથી, અપાર દુખોના સમુદ્ર રૂપ સંસારને સુખેથી તરી જવાય છે. ॥૭૫॥ મારા આ ગીત વડે જે પુરૂશ શ્રદ્ધા સહીત ભગવાનની સ્તુતી કરશે. તેના ઉપર, આરાધન કરવાથી પ્રસન્ન થવાને અતી કઠીણ એવા હરી ભગવાન પ્રસન્ન થશે. ॥૭૬॥ તથા મારા આ ગીત વડે સ્તુતી કરીને પ્રસન્ન કરેલા સર્વના કલ્યાણોના સ્વામી ભગવાન પાસેથી તે જેની જેની ઇચ્છા કરશે. તે તે તેને ઉતાવળેજ મળશે. ॥૭૭॥ જે પુરૂશ સવારમાં ઉઠીને, હાથ જોડી, શ્રદ્ધા રાખીને આ સ્તોત્રને સાંભળશે અગર સંભળાવશે. તે કર્મનાં બંધનો થકી મુક્ત થશે.॥૭૮॥અને હે રાજકુમારો તમે પણ, આ મારા ગાએલા પરમ પુરૂશ ભગવાનનાં સ્તવનનો એકાગ્રબુદ્ધીથી જપકરવાવડે મોટું તપ આચરશો તો તે થકી છેવટે ઇચ્છીત પદાર્થને પામશો. ॥૭૯॥ પ્ર.ભા.ચો.સ્કં.ચોવીસમો અધ્યાય સંપુર્ણ.॥૨૪॥

અધ્યાય ૨૫ મો.—મૈત્રેય—એ રીતે પ્રચેતાઓને ઉપદેશ કરીને, તેઓએ પુજેલા સદાશીવ ભગવાન, તેમના દેખતાંજ ત્યાંથી અંતર્ધ્યાન થઇ ગયા. ॥૧॥ અને સર્વ પ્રચેતાઓએ દસ હજાર વરસો સુધી ત્યાં ભગવાનના સ્તોત્ર રૂદ્ર ગીતનો જપ કરીને તપ કર્યું. ॥૨॥ અને અહીંયાં કર્મો કરવામાં આશક્ત ચીતવાળા પ્રાચીન બર્હી રાજાને, દયાવાન અને આત્મજ્ઞાની નારદજીએ મળીને બોધ આપ્યો કે. ॥૩॥ "હે કર્મો કરવાના સ્વભાવ વાળા રાજા, કયા પ્રકારનું કલ્યાણ મેળવવાને માટે તમે આ ઉદ્યોગ કરોછો. દુઃખોની હાની અગર સુખોની પ્રપ્તી, એ બેમાંનું તો એકે પ્રકારનું કલ્યાણ તમને એ થકી મળે તેમ નથી. ॥૪॥—રાજા—હે મહાભાગ, કર્મોવડે ભેદ પામેલી બુદ્ધીથી, કર્મો કરવા શીવાય બીજા કશાને હું જાણતો નથી. માટે જેથી હું કર્મો થકી મુકાઉં, એવું નીર્મળ જ્ઞાન આપ મને કહો. ॥૫॥ કેમકે કડાકુટોથી ભરેલા ઘરમાં રહેલો—અને પુત્ર, સ્ત્રી તથા ધનાદીકનેજ પુરૂશાર્થ રૂપ માનનારો મુઢ પુરૂશ, પરમાત્માને નહીં જાણતાં સંસારના માર્ગમાંજ ભ-

ભ્યા કરેછે.॥૬॥–નારદ–હે પ્રજાઓના સ્વામી રાજા, તારા યજ્ઞોને વીશે તેં નીર્દયે મારેલા પ્રાણીઓના સમુદાય રૂપ આ હજારો પશુઓને તુ જો.॥૭॥એ બધાં, તેં કરેલા પોતાના નાશને સ્મરણ કરી, તું મરીગયેથી, ક્રોધ કરીને લો-ઢાનાં હથીઆરોવડે તારાં અંગોને કાપવાની ઇચ્છાથી,તું મરીજવાની વાટજોયા કરેછે.॥૮॥આ સંબંધમાં પુરંજનના ચરીત્રનો એક જુનો ઇતીહાસ કહેવાયછે. તે મારા કહેવાથી તમે સાંભળો.॥૯॥હે રાજા, પુરંજન નામનો એક મોટી કીર્તીવાળો રાજા હતો. અને તેનો નામ તથા કરતવ્ય નહીં જણાયલા એવો એક મીત્ર હતો.॥૧૦॥એ પુરંજન પોતાને રહેવાનું સ્થાન શોધતો આખી પૃથ્વીમાં ફર્યો. પણ પોતાને યોગ્ય સ્થાન જ્યારે તેણે ન દીઠું ત્યારે મનથી કચ-વાયલા જેવો થયો. ॥૧૧॥ સુખો ભોગવવાને ઇચ્છતા તેણે, પૃથ્વી ઉપરનાં સઘળાં નગરોમાં એકને પણ સર્વ સુખો આપનારૂં માન્યું નહીં. ॥૧૨॥ પછીથી એક વખતે, હીમાલય પર્વતનાં દક્ષીણ તરફનાં શીખરોમાં એક

નવ દરવાજાવાળું નગર પોતે ઇચ્છેલાં સર્વ લક્ષણોવાળું તેણે જોયું. ॥૧૩॥ એ નગર કીલ્લા–બગીચા–અગાશી-ઓ–ખાઇઓ–ગોખ–અને તોરણોવાળું, તથા સોના–રૂપા–અને લોઢાનાં શીખરોવાળાં ઘરોથી સર્વે તરફ ભર-પુર હતું. ॥૧૪॥ અને નીલમણી–સ્ફટીકમણી–વૈદુર્યમણી–મોતી–અને માણેક વીગેરેથી બનેલા મોટા મહેલોની જગાઓવાળું, નાગ લોકોની ભોગવતી નગરીના સરખું શોભીતું હતું. ॥૧૫॥ સભા ભરવાની જગાઓ ચોવ-ટાં–મોટા રસ્તા–રમત ગમતની જગાઓ–બજારો–અને ધજા તથા પતાકાઓવાળાં દેવાલયોવાળું હતું. અને તેમાં પરવાળાંની ઓટલીઓ હતી. ॥૧૬॥ તે નગરની બહારના, દેવતાઇ ઝાડો તથા વેલાઓવાળા એક બ-ગીચામાંના જળાશયોમાં પક્ષીઓના શબ્દ અને ભમરાઓના ગણગણાટનો કોલાહલ થઇ રહ્યો હતો. ॥૧૭॥ ફુલના સમુદાયોમાં થઇને આવતા અને થંડા ઝરણાંઓના જળના કણોને ઉરાડતા, પવનથી હાલતી ઝાડોની

नारद० भोभोप्रजापतेराजन्पशून्पश्यत्वयाऽध्वरे॥संज्ञापितान्जीवसंघान्निर्घृणेनसहस्रशः॥७॥ एतेत्वांसंप्रतीक्षंतेस्मरंतोवैशसंतव॥संपरेत
मयःकूटैश्छिंदंत्युत्थितमन्यवः॥८॥ अत्रतेकथयिष्येऽमुमितिहासंपुरातनं॥ पुरंजनस्यचरितंनिबोधगदतोमम ॥९॥ आसीत्पुरंजनोनामरा
जाराजन्बृहच्छ्रवाः ॥ तस्याविज्ञातनामासीत्सखाऽविज्ञातचेष्टितः॥१०॥ सोऽन्वेषमाणःशरणंबभ्रामपृथिवींप्रभुः॥ नानुरूपंयदाऽविंदद्भू
त्सविमनाइव॥११॥ नसाधुमेनेताःसर्वाभूतलेयावतीःपुरः ॥ कामान्कामयमानोसौतस्यतस्योपपत्तये॥१२॥ सएकदाहिमवतोदक्षिणेष्व
थसानुषु॥ ददर्शनवभिर्द्वार्भिःपुरींलक्षितलक्षणां ॥१३॥ प्राकारोपवनाट्टालपरिखैरक्षतोरणैः ॥ स्वर्णरौप्यायसैःशृंगैः संकुलांसर्वतोगृहैः
॥१४॥नीलस्फटिकवैदूर्यमुक्तामरकतारुणैः ॥क्लृप्तहर्म्यस्थलींदीप्तांश्रियाभोगवतीमिव ॥१५॥ सभाचत्वररथ्याभिराक्रीडायतनापणैः ॥
चैत्यध्वजपताकाभिर्युक्तांविद्रुमवेदिभिः॥१६॥ पुर्यास्तुबाह्योपवनेदिव्यद्रुमलताकुले॥ नदद्विहंगालिकुलकोलाहलजलाशये ॥१७॥ हिम
निर्झरविप्रुष्मन्कुसुमाकरवायुना॥चलत्प्रवालविटपनलिनीतटसंपदि॥१८॥ नानाऽरण्यमृगव्रातैरनाबाधेमुनिव्रतैः॥ आहूतंमन्यतेपांथोय
त्रकोकिलकूजितैः॥१९॥ यदृच्छयागतांतत्रददर्शप्रमदोत्तमां ॥ भृत्यैर्दशभिरायांतीमेकैकशतनायकैः॥२०॥ पंचशीर्षाहिनागुप्तांप्रतीहा
रेणसर्वतः॥ अन्वेषमाणामृषभमप्रौढांकामरूपिणीं॥२१॥ सुनासांसुदतींबालांसुकपोलांवराननां॥समविन्यस्तकर्णाभ्यांबिभ्रतींकुंडलश्रि
यं॥२२॥ पिशंगनीवींसुश्रोणींश्यामांकनकमेखलां॥ पद्भ्यांक्वणद्भ्यांचलतींनूपुरैर्देवतामिव ॥२३॥ स्तनौव्यंजितकैशोरौसमवृत्तौनिरंतरौ ॥
वस्त्रांतेननिगूहंतींव्रीडयागजगामिनीं॥२४॥ तामाहललितंवीरःसव्रीडस्मितशोभनां॥ स्निग्धेनापांगपुंखेनस्पृष्टःप्रेमोद्भ्रमद्भ्रुवा ॥२५॥ का
त्वंकंजपलाशाक्षिकस्यासीहकुतःसति ॥ इमामुपपुरींभीरुकिंचिकीर्षसिशंसमे॥२६॥ कएतेऽनुपथाएतएकादशमहाभटाः॥एतावाललनाः
सुभ्रूःकोऽयंतेहिपुरःसरः ॥२७॥ त्वंह्रीर्भवान्यस्यथवाग्रमापतिंविचिन्वतीकिंमुनिवद्रहोवने ॥ त्वदंघ्रिकामाप्तसमस्तकामंक्वपद्मकोशःपति
तःकराग्रात्॥२८॥ नासांवरोर्वन्यतमाभुविस्पृक्पुरीमिमांवीरवरेणसाकं॥ अर्हस्यलंकर्तुमदभ्रकर्मणालोकंपरंश्रीरिवयज्ञपुंसा ॥२९॥ यदेष

ડાળીઓથી તથા પાંદડાંથી એ તળાવના કાંઠાઓ શોભતા હતા. ॥૧૮॥ અનેક જાતના મૃગો વ્રતધારી થઇને એક બીજાને હરકત કરતા ન હતા. અને કોયલોના ટૌકારાને વટેમાર્ગુઓ પોતાને બોલાવવાનું માનતા હ-તા. ॥૧૯॥ ત્યાં, એકેકની સાથે સો સો ચાકરડીઓ હતી એવા પોતાના દસ ચાકરો સહીત એક ઉત્તમ સ્ત્રીને તે સ્થળે આવેલી યદચ્છાથી તે પુરંજને દીઠી. ॥૨૦॥ પાચ માથાંવાળા નાગે સર્વે તરફથી ચોકી કરીને ર-ક્ષણ કરાયલી તે નગરીમાં, જે ખીલતી જુવાનીવાળી અને મરજી પ્રમાણે રૂપોને ધરનારી સ્ત્રી, પતીને શો-ધતી હતી. ॥૨૧॥ સુંદર નાક–દાંત–કપાળ–અને મુખડાવાળી તે સ્ત્રી બેઉ કાનમાં સમાન રાખેલાં કુંડળોની શોભાને ધારણ કરતી હતી. ॥૨૨॥ અને તે શ્યામ વર્ણની–પોતાની સુંદર કમ્મર ઉપર પીળું રેશમી વસ્ત્ર અને સોનાની કટિમેખળા પેહેરેલી–પગવડે ઝાંઝરનો ઝમકાર કરતી સ્ત્રી દેવાંગનાની પેઠે ચાલતી હતી. ॥૨૩॥ અને હાથણીના સરખી ચાલવાળી તે, પોતાનાં જુવાનીથી ઉપડતાં આવતાં–સરખાં–ગોળ અને એક બીજાને

અડોઅડ એવાં બે સ્તનોને લાજથી વસ્ત્રવડે ઢાંકતી હતી. ॥૨૪॥ ત્યારે લાજવડે મંદમંદ હસવાથી શોભતી તે સ્ત્રીને: તેની પ્રેમ સહીત હાલતી ભમરોથી છુટેલા, સ્નેહ સહીત જોવા રૂપ બાણોનો સ્પર્શ થયેલા વીર પુરૂષ પુરંજને, સુંદર વાણીથી કહ્યું કે. ॥૨૫॥ " હે ખીલેલા કમળ જેવી આંખ્યોવાળી, તું કોણ છે.–કોની છે–અને અહીંયા ક્યાંથી આવી છે. હે બીકુ અહીંયાં તું શું કરવાને ઇચ્છેછે તે મને કહે.॥૨૬॥ તારી પાછળ ચાલનારા આ અ-ગીઆર મોટા યોદ્ધાઓ કોણછે. અને હે સુંદરી આ બીજી સ્ત્રીઓ કોણછે. અને તારી આગળ ચાલનારો આ સાપ કો-ણછે,! તું લજ્જા–સરસ્વતી–ભગવતી અગર લક્ષ્મી એમાંની કઇછું. તારા હાથના આગલા ભાગમાંથી કમળનો પોટો ક્યાં પડી ગયો છે. અને તારા ચરણની કામનાથી જેના સર્વ મનોર્થ પુર્ણ થાય છે. એવા ક્યા પતીને, તું મુનીની પેઠે આ એકાંત વનમાં શોધે છે. ॥૨૮॥ ઉપર કહી તે અગર બીજી દેવાંગના તો તું નથીજ, કારણ પૃથ્વીને સ્પર્શ કરનારી છે. માટે વૈકુંઠ લોકમાં યજ્ઞ પુરૂષની સાથે રેહેલાં લક્ષ્મીજીની પેઠે; આ નગરમાં મહા-

વીર અને પ્રખ્યાત કર્મોવાળા હું સાથે રહીને, તેને શોભાવવાને તું યોગ્ય છે. ॥૨૯॥ તારા સુંદર જોવા વડે ખંડીત થયેલ ઈંદ્રીયોવાળો હું, કે જેને તારી હાસતી ભમરોથી લાજ સહીત અને ભાવ યુક્ત હસવા વડે તે ઉત્પન્ન કરેલા કામ થકી બાધ થાય છે, માટે હે સુંદરી તું, તેના ઉપર દયા કરય. ॥૩૦॥ હે નીર્મળ હસતી સ્ત્રી, સુંદર ભ્રોક્ષોવાળી આખ્યેવાળું—અને લાંબા તથા કાળાવાળાના સમુહાથથી વીંટાએલું—તથા પ્રીય બોલનારૂં તારૂં મુખડું, કે જે વડે લાજને લીધે તું સામું જોતી નથી. તે ઉંચું કરીને મને દેખાડ. ॥૩૧॥ ત્યારે એ રીતે અધીરની પેઠે માગણી કરતા એ વીર પુરૂષ પુરંજનનાં વખાણ કરીને, વીર પુરૂષોને મોહ પમાડનારી તે સ્ત્રી હસતી હસતી બોલી કે. ॥૩૨॥ "હે શ્રેષ્ટ પુરૂષ, મારા પોતાના અને આ બીજાઓનાં નામ તથા ગોત્ર ક્યાં, અને તે કરનાર કોણ, એ કશુ અમે જાણતા નથી. ॥૩૩॥ હે વીર, હમણાં મારો દેહ આ ઠેકાણે છે. તે સીવાય બીજી મને કશી ખબર નથી. તેમજ એ દેહને રેહેવાનું આ નગર કોણે નીર્માણ કર્યું છે તે પણ હું જાણતી નથી. ॥૩૪॥ હે માન આપનારા, આ પુરૂષો મારા સોબતીઓ છે. અને આ સ્ત્રીઓ મારી સખીઓ છે. તથા આ નાગ જ્યારે હું સુઈ રહું છું. ત્યારે પણ જાગતો રહીને આ નગરનું રક્ષણ કરનારો છે ॥૩૫॥ હે અરીંદમ, તમે અહીં ભલે આવ્યા. તમારૂં ભલું થાઓ. સંસારીક જે જે સુખોને તમે ઇચ્છો છો. તે સર્વ હું તમને આ મારા બંધુ વર્ગ સહીત થઈ આપીશ. ॥૩૬॥ હે સમર્થ, આ નવ દરવાજાવાળા નગરમાં તમે અધીપતિ થઈને રહો. અને મારાથી મળતાં કામ, ભોગાદીક સુખોને સો વરસ સુધીમાં ભોગવો. ॥૩૭॥ હું તમારા વીના બીજા; રતી સુખને નહીં સમજનારા (નૈષ્ટીક બ્રહ્મચારી)—શુદ્ધ જ્ઞાન વીનાના (શાસ્ત્રમાં મના નહીં કરેલ સુખાદીકનો પણ ત્યાગ કરનારા)—પરલોકની ચીંતા વીનાના (અતી કામી અસુરાદીક)—આ લોકની ચીંતા વીનાના (ભગવદ ભક્ત—વૈશ્નવાદીક)—અને પશુ જેવા (કેવળ મુર્ખ)—એવાઓમાંના કોને રમાડુ. (અર્થાત તમેજ મને પસંદ પડતા સ્વામી થવાને યોગ્યછો.) ॥૩૮॥ આ ગૃહસ્થાશ્રમથીજ, ધર્મ—અર્થ—કામ—સંતાનો—આનંદરૂપી અમૃત—યશ—અ

तेऽपांगविखंडितेंद्रियंसव्रीडभावस्मिततिविभ्रमद्भ्रुवा ॥ त्वयोपसृष्टोभगवान्मनोभवःप्रबोधतेऽथानुगृहाणशोभने ॥३०॥ तदाननंसुभ्रुसुतार
लोचनंव्यालंबिनीलालकवृंदसंवृतं॥ उन्नीयमेदर्शयवल्गुवाचकंयद्व्रीडयानाभिमुखंशुचिस्मिते ॥३१॥ नारद०इत्थंपुरंजनंनारीयाचमान
मधीरवत्॥ अभ्यनंदततंवीरहसंतीवीरमोहिता॥३२॥ नविदामवयंसम्यक्कर्तारंपुरुषर्षभ॥ आत्मनश्चपरस्यापिगोत्रंनामचयत्कृतं ॥३३॥
इहाद्यसंतमात्मानंनविदामततःपरं॥ येनेयंनिर्मितावीरपुरीशरणमात्मनः॥३४॥ एतेसखायःसख्योमेनरानार्यश्चमानद ॥ सुप्तायांमयिजाग
र्तिनागोऽयंपालयन्पुरीं ॥३५॥ दिष्ट्यागतोऽसिभद्रंतेग्राम्यान्कामानभीप्ससे॥ उद्वहिष्यामितांस्तेऽहंस्वबंधुभिररिंदम॥३६॥ इमांत्वमधि
तिष्ठस्वपुरींनवमुखींविभो॥ मयोपनीतान्गृण्हानःकामभोगान्शतंसमाः॥३७॥ कंनुत्वदन्यंरमयेह्यरतिज्ञमकोविदं॥ असंपरायाभिमुखम
श्वस्तनविदंपशुं ॥३८॥ धर्मोह्यत्रार्थकामौचप्रजानंदोऽमृतंयशः॥लोकाविशोकाविरजायान्नकेवलिनोविदुः ॥३९॥ पितृदेवर्षिमर्त्यानांभू
तानामात्मनश्चह॥ क्षेमंवदंतिशरणंभवेऽस्मिन्यद्गृहाश्रमः॥४०॥ कानामवीरविख्यातंवदान्यंप्रियदर्शनं ॥ नवृणीतप्रियंप्राप्तंमादृशीत्वाद
शंपतिं ॥४१॥ कस्यामनस्तेभुविभोगिभोगयोःस्त्रियानसज्जेद्भुजयोर्महाभुज ॥ योऽनाथवर्गाधिमलंघृणोद्धतस्मितावलोकेनचरत्यपोहितुं
॥४२॥ नारद० इतितौदंपतीतत्रसमुद्यसमयंमिथः ॥ तांप्रविश्यपुरींराजन्मुमुदातेशतंसमाः॥४३॥ उपगीयमानोललितंतत्रतत्रचगायकैः
॥ क्रीडन्परिवृतःस्त्रीभिर्ह्रदिनीमाविशच्छुचौ ॥४४॥सप्तोपरिकृताद्वारःपुरस्तस्यास्तुद्वेअधः॥पृथग्विषयगत्यर्थंतस्यांयःकश्चनेश्वरः॥४५॥
पंचद्वारस्तुपौरस्त्यादक्षिणैकातथोत्तरा ॥ पश्चिमेद्वेअमूषांतेनामानिनृपवर्णये॥४६॥ खद्योताविर्मुखीचप्राक्द्वारावेकत्रनिर्मिते ॥ विभ्राजितं
जनपदंयातिताभ्यांद्युमत्सखः ॥४७॥ नलिनीनालिनीचप्राक्द्वारावेकत्रनिर्मिते॥ अवधूतसखस्ताभ्यांविषयंयातिसौरभं ॥४८॥ मुख्यानाम
पुरस्ताद्द्वास्तयापणबहूदनौ॥ विपयौयातिपुरराड्रसज्ञविपणान्वितः ॥४९॥ पितृहूर्नृपपुर्याद्वार्दक्षिणेनपुरंजनः॥ राष्ट्रंदक्षिणपंचालंयातिश्रु

ને શોક રહીત નીર્મળ સ્વર્ગાદીક લોકની પ્રાપ્તી થાયછે. કે જેને કેવલીઓ જાણતાજ નથી. ॥૩૯॥ આ સંસાર સમુદ્રમાં, પીતૃઓને—દેવતાઓને—રૂશીઓને—મનુષ્યોને અને બીજા પ્રાણીઓને—તથા પોતાને પણ કલ્યાણકારી આશ્રય, એટલે તારનાર વહાણરૂપ એક ગૃહસ્થાશ્રમજ કહેલ છે. ॥૪૦॥ હે વીર, મારા જેવી કેઇ સ્ત્રી; તમ સરખા વીખ્યાત—ઉદાર—સુંદર દેખાવવાળા—અને પ્રીયપતીને પામીને પરણે નહીં. (અર્થાત પરણેજ.) ॥૪૧॥ હે મોટા હાથવાળા. તમે દેજે દયાથી વૃદ્ધી પામેલા મંદહાસ્યવડે જોઈને અનાથ લોકોની પીડાઓ મટાડવાને સારૂં સર્વસ્થળે ફરનારાછો. તેમના સાપ જેવા લાંબા હાથની વચમાં રેહેવાને કંઇ સ્ત્રીનુ મન લલચાય નહીં. ॥૪૨॥ નારદ—હે બર્હીશદ રાજા, એ પ્રમાણે તે બંને સ્ત્રી પુરૂષે વર વહુના ભાવથી એકઠાં રેહેવાનો કરાર કરીને તે નગરમાં રહી સો વરસો સુધી આનંદ ભોગવ્યો. ॥૪૩॥ ત્યારે ગવઇઆઓ ઠેકઠેકાણે તેમના સંબંધી ગાયન કરતા હતા. અને ઉનાળામાં તે પુરંજન સ્ત્રીઓથી વીંટાઇને ક્રીડા કરવાને તળાવમાં પેસતો હતો. ॥૪૪॥ એ નગરને જુદા જુદા દેશોમાં જવાસારૂં સાત દરવાજા ઉપરની તરફ અને બે દરવાજા નીચેની તરફ હતા તથા તેનો માલેક જોવામાં આવતો નહતો. ॥૪૫॥ એ નગરના પાંચ દરવાજા પુર્વ તરફ, એક દક્ષીણ તરફ, એક ઉત્તર તરફ અને બે પશ્ચીમ તરફ હતા. હે રાજા તેમનાં નામો હું હવે તમને કહું છું. ॥૪૬॥ ખદ્યોતા અને આવિર્મુખ એ બે ઉગમણી તરફના દરવાજા, એકજ ઠેકાણે જોડા જોડ હતા તે બેઉ દરવાજાને રસ્તે, પુરંજન પોતાના મિત્ર ધુમાનને સાથે લેઇને વિભ્રાજીત દેશમાં જતો હતો. ॥૪૭॥ બીજા બે નલીની અને નાલીની નામના દરવાજા પણ ઉગમણી તરફ અને એકઠાજ બનાવેલા હતા. તેમાં થઇને પુરંજન, પોતાના મિત્ર અવધૂતને સાથે રાખીને સૌરભ્ય દેશમાં જતો હતો. ॥૪૮॥ અને એક મુખ્યા નામનો ઉગમણી તરફ બનાવેલો દરવાજો હતો. તેમાં થઇને એ પુરંજન આપણ (બોલવું) અને બહુદન (ખાવું) નામોવાળા બે દેશોમાં, પોતાના બે મિત્રો વિપણ એટલે વાણી અને રસજ્ઞ એટલે જીભ (ઇંદ્રિયો)ને સાથે રાખીને અનુક્રમથી જતો હતો.

રાજધાની હે રાજા, એ નગરને દક્ષિણ તરફ પિતૃહૂ નામનો એક દરવાજો હતો. તેમાં થઇને પુરંજન દક્ષિણ પંચાળ (પ્રવૃત્તિમાર્ગ) દેશમાં શ્રુતિધર નામના મિત્રને સાથે રાખીને જતો હતો. ॥૫૦॥ અને તે નગરને ઉત્તર તરફ દેવહૂ (ડાબો કાન) નામનો એક દરવાજો હતો. તેમાં થઇને એ પુરંજન ઉત્તર પંચાળ (નિવૃત્તિ માર્ગનાં શાસ્ત્રાદિક) દેશમાં શ્રુતિધરનેજ સાથે રાખીને જતો હતો. ॥૫૧॥ વળી તેને પશ્ચિમ તરફ એક દરવાજો આસુરી (લીંગદ્વાર) નામનો હતો. તેમાં થઇને પુરંજન ગ્રામક (વીશય સુખ)નામના દેશમાં પોતાના દુર્મદ નામના મિત્રને સાથે લેઇને જતો હતો. ॥૫૨॥ અને તેને પશ્ચિમ તરફ બીજો એક દરવાજો નિરૃતી (મળ-દ્વાર) નામનો હતો. તેમાં થઇને પુરંજન પોતાના મિત્ર લુબ્ધકને સાથે લેઇને વૈશશ (મળત્યાગ) નામના દેશમાં જતો હતો. ॥૫૩॥ તે નગરને નિર્વાક-અને પેશસ્કૃત (એટલે હાથ અને પગ) એ નામોવાળા બે બીડેલા કમાડોવાળા દરવાજા હતા. તે બેવડે પુરંજન ચાલવાનું તથા આપવા લેવાનું કામ અનુક્રમથી કરતો હતો. ॥૫૪॥ અને પુરંજન જ્યારે જ્યારે જનાનખાનામાં જતો ત્યારે વિશુચી (મન) નામના નાજરને સાથે લેઇને જતો હતો. પછી તેને એ સ્ત્રીમાં (બુદ્ધિમાં), મોહ-પ્રસાદ-અને હર્ષ એ નામોવાળા પુત્રો થયા. ॥૫૫॥ એ

રીતે તે પુરંજન (શરીરમાં રહેલો અવીદ્યાયુક્ત આત્મા), કામી-ઠગાયલો અને અજ્ઞાન જાતીને, તથા કર્મો કરવામાં જોડાઇને, તેની સ્ત્રી, (બુદ્ધિ) જે જે રીતે જે કાંઇ કરતી હતી. તેને સર્વ તેના પ્રમાણેજ કરવા લાગ્યો. ॥૫૬॥ કોઇવાર તે મદિરા પીતી ત્યારે પુરંજન પણ મદિરા પીને વિહ્વળ થતો હતો. અને તે જમતી ત્યારે જમતો તથા ખાતી ત્યારે ખાતો હતો. ॥૫૭॥ કોઇવાર તે ગાતી ત્યારે પોતે ગાતો. રોતી ત્યારે રોતો. હસતી ત્યારે હસતો. અને જ્યારે બોલતી ત્યારેજ તે બોલતો હતો. ॥૫૮॥ કોઇ વખતે તે દોડતી ત્યારે દોડતો હતો. ઉભી રહેતી ત્યારે ઉભો રહેતો. સુઇ જતી ત્યારે સુઇ જતો. અને બેસતી ત્યારેજ બેસતો હતો. ॥૫૯॥ ક્યારેક સાંભળતી ત્યારે તે સાંભળતો. જોતી ત્યારે જોતો. સુંઘતી ત્યારે સુંઘતો. અને સ્પર્શ કરતી ત્યારે સ્પર્શ કરતો હતો. ॥૬૦॥ કોઇવાર તે શોક કરતી ત્યારે રાંકની પેઠે તે શોક કરતો. રાજી થતી ત્યારે રાજી થતો. અને આનંદ કરતી ત્યારે આનંદ કરતો હતો. ॥૬૧॥ એ પ્રકારે પોતાની સ્ત્રીથી સર્વ પ્રકારે ઠગાઇ ગયેલો તે પુરંજન પોતાના સ્વભાવને વિસરી જઇને તથા અજ્ઞાન બનીને અવિવશપણાથી મદારીના માંકડાંની પેઠે પોતાની ઇચ્છા વિનાનાં એ બધાં કામો કરતો હતો. ॥૬૨॥ ઇતીશ્રી૦ ભા. ચો. સ્કં. પચી. અ. સં. ॥૨૫॥

तिधरान्वितः॥५०॥ देवहूर्नामपुर्याद्वाउत्तरेणपुरंजनः॥ राष्ट्रमुत्तरपं ालंयातिश्रुतिधरान्वितः ॥५१॥ आसुरीनामपश्चाद्वास्तयायातिपुरंजनः॥ ग्रामकंनामविषयंदुर्मदेनसमन्वितः ॥५२॥ निर्ऋतिर्नामपश्चाद्वास्तयायातिपुरंजनः॥ वैशसंनामविषयंलुब्धकेनसमन्वितः॥५३॥ अंधावमीषांपौराणांनिर्वाक्पेशस्कृतावुभौ॥ अक्षण्वतामधिपतिस्ताभ्यांयातिकरोतिच॥५४॥ सयह्यंतःपुरगतोविषूचीनसमन्वितः ॥ मोहंप्रसादंहर्षंवायातिजायात्मजोद्भवं॥५५॥ एवंकर्मसुसंयुक्तःकामात्मावंचितोबुधः॥ महिषीयद्यदीहेततत्तदेवान्ववर्तत॥५६॥ क्वचित्पिबंत्यांपिबतिमदिरांमदविह्वलः॥ अश्नंत्यांक्वचिदश्नातिजक्षंत्यांसहजक्षति ॥५७॥ क्वचिद्गायतिगायंत्यांरुदंत्यांरुदतिक्वचित्॥ क्वचिद्धसंत्यांहसंतिजल्पंत्यामनुजल्पति॥५८॥ क्वचिद्धावतिधावंत्यांतिष्ठंत्यामनुतिष्ठति॥ अनुशेतेशयानायामन्वास्तेक्वचिदासतीं ॥५९॥ क्वचिच्छृणोतिशृण्वंत्यांपश्यंत्यामनुपश्यति ॥ क्वचिज्जिघ्रतिजिघ्रंत्यांस्पृशंत्यांस्पृशतिक्वचित्॥६०॥ क्वचिच्चशोचतींजायामनुशोचतिदीनवत् ॥ अनुहृष्यतिहृष्यंत्यांमुदितामनुमोदते॥६१॥ विप्रलब्धोमहिष्यैवंसर्वप्रकृतिवंचितः॥ नेच्छन्ननुकरोत्यज्ञःक्लैब्यात्क्रीडामृगोयथा ॥६२॥ इ०भा०म०च० पंचविंशोऽध्यायः ॥२५॥ नारद० सएकदामहेष्वासोरथंपंचाश्वमाशुगं॥ द्वीषंद्विचक्रमेकाक्षंत्रिवेणुंपंचबंधुरं॥१॥एकरश्म्येकदमनमेकनीडंद्विकूबरं॥पंचप्रहरणंसप्तवरूथंपंचविक्रमं॥२॥ हैमोपस्करमारुह्यस्वर्णवर्माक्षयेषुधिः॥ एकादशचमूनाथःपंचप्रस्थमगाद्वनं ॥३॥ चचारमृगयांतत्रदृप्तआत्तेषुकार्मुकः॥विहायजायामतदर्हांमृगव्यसनलालसः॥४॥ आसुरींवृत्तिमाश्रित्यघोरात्मानिरनुग्रहः॥ न्यहनन्निशितैर्बाणैर्वनेषुवनगोचरान्॥५॥ तीर्थेषुप्रतिदृष्टेषुराजामेध्यान्पशून्वने॥ यावदर्थमलंलुब्धोहन्यादितिनियम्यते॥६॥ यएवंकर्मनियतंविद्वान्कुर्वीतमान

અધ્યાય ૨૬ મો—નારદ—એક દિવસે તે પુરંજન સોનાનું બખ્તર (રજોગુણ) પહેરી સોનેરી સામાનવાળા રથ (શરીર)માં બેશી અખુટ બાણો ભરેલા ભાથા (અનંત વાસનાઓવાળો અહંકાર) સાથે લેઇને પંચપ્રસ્થ (પાંચ વિશયો) નામના વનમાં ગયો. તે ઉતાવળા ચાલનારા રથને પાંચ ઘોડા (જ્ઞાનેંદ્રિયો), બે દાંડીઓ (અહંતા મમતા), બે પઇડાં (પુન્ય પાપ), એક ધરી (માયા), ત્રણ ધજાઓ (ગુણો) અને પાંચ દોરડીઓ (પ્રાણ) હતી. ॥૧॥ એક રાશ (મન), એક સારથી (સારાસાર વિચાર), બેસવાની એક જગા (હૃદય), અને ધોંસરી બાંધવાની બે જગાઓ (શોક અને મોહ) હતી. પાંચ પ્રકારનો સર સામાન (શબ્દ, સ્પર્શ, રૂપ રસ, ને ગંધ), સાત પડદા (સાત ધાતુઓ) હતા. અને તે પાંચ પ્રકારથી (કર્મેંદ્રિયોથી) ચાલતો હતો. ॥૨॥ એ પ્રકારના સોનેરી સરસામાનવાળા રથમાં સોનેરી કવચ પહેરીને બેશી ધનુષ્ય બાણ લેઇને તે પંચપ્રસ્થ વનમાં અગિયાર સેનાપતિઓ (મનસહિત ઇંદ્રિયો)ને સાથે લેઇને ગયો. ॥૩॥ ત્યાગ કરવાને અયોગ્ય એવી પોતાની સ્ત્રી (બુદ્ધિ)નો ત્યાગ કરીને શિકારના વ્યસનનો લાલચુ, અને અભિમાની પુરંજન ધનુષ્ય ઉપર બાણો ચઢાવીને ઠેકાણે ઠેકાણે મૃગોનો શિકાર કરવા લાગ્યો. (વિશયોને ભોગવવા લાગ્યો.) ॥૪॥ ક્રૂર અંતઃકરણવાળો

અને નિર્દય તથા નિંદીત વૃત્તિવાળો થઇને, સજેલાં બાણો (કામ ક્રોધાદિક) વડે, એ વનના મૃગોને મારવા લાગ્યો. ॥૫॥ જે કોઇ માંસાદિક ખાવાને માટે ઘણાજ લાલચુ હોય તેમણે પણ રોજ રોજ અનિયમિતપણે પ્રાણીઓની હિંસા નહીં કરતાં; માત્ર [1]રાજા હોય તેણેજ-[2]શ્રાદ્ધ અને યજ્ઞાદિક પવિત્ર કામોને માટેજ-[3]તે શ્રાદ્ધ અને યજ્ઞાદિક પણ ઘણાં મોટાં એટલે પ્રખ્યાત હોય ત્યારેજ-; અને [4]મેધ્ય એટલે શાસ્ત્રોમાં પવિત્ર ગણેલાં છે તે પશુઓજ-તથા [5]તે શ્રાદ્ધ અગર યજ્ઞાદિકને માટે ઉપયોગ પુરતાંજ, મારવા બદલ વેદ અને શાસ્ત્રકારોએ લખવાવડે, પ્રાણીઓની હિંસા કરવાની આજ્ઞા કરેલાનું માનવાનું નથી. પણ એ પાંચ પ્રકારના સંકોચ નાંખીને, પ્રથમથી થતી હિંસાનો ઘણે ભાગે અટકાવ કરેલો છે. વેદ એટલે ઇશ્વર પોતે અને બીજા શાસ્ત્રકાર. સત્પુરૂશો પણ હિંસા કરવાની આજ્ઞા કરેજ નહીં એ નિશ્ચય પૂર્વક સમજી રાખવું જોઇએ ॥૬॥ અને એ રીતેજ બીજા સર્વે કર્મો (દારૂ પીવો-સ્ત્રીસંગ કરવો-ઇત્યાદિક) ને સારૂ પણ એવાજ પ્રતિબંધો નાંખી નાંખીને, તે તે કર્મો નિયમિતપણેજ થાય એમ કરેલું છે. તેને જાણીને જે પુરૂશો એ રીતના નિયમિતપણેજ કર્મો કરનારા છે. તેમને તે કરેલાં કર્મોનું લેપન થતું નથી. ॥૭॥ અને બીજી રીતે અનિય-

મિતપણે કર્મો કરનારા પુરૂશો અભિમાની થઇને તે કર્મો થકી બંધનને પામે છે. અને તે થકી તેની બુદ્ધિ નાશ પામી જઇને, તેઓ સંસારમાં પડીને અધોગતિ પામે છે. ॥૮॥ પછી તે વનમાં વિચિત્ર પુંખોવાળાં બાણોથી કપાતાં અંગો થકી દુઃખી થતાં પ્રાણીઓનો; દયાળુ મનવાળાઓથી સહન ન થઇ શકે એવો નાશ થવા લાગ્યો. ॥૯॥ સસલાં—વરાહ—પાડા—રોજ—રૂરૂ—શેલા—અને બીજાં અનેક જાતનાં પવિત્ર પશુઓને મારતાં મારતાં પુરંજન થાકી ગયો. ॥૧૦॥ પછી થાકેલો અને ભુખ્યો થઇને તે, વનમાંથી પાછો ઘેર આવ્યો. અને તેણે નાહી, ઉચિત આહાર કરીને પછીથી ઉગ્ર સ્નેહ થાક ઉતાર્યો. ॥૧૧॥ તે પછી ધૂપ—ચંદન—અને ફુલના હાર—વિગેરે વડે શરીર શણગાર કરી તથા સર્વ અંગોમાં ઘરેણાં પેહેરી પોતાની સ્ત્રીની પાસે જવાનું તેણે મન કર્યું. ॥૧૨॥ ત્યારે એ તૃપ્ત થયેલા—પ્રસન્ન—અહંકારી—અને કામદેવથી ખેંચાયેલા મનવાળાએ, પોતાની ગૃહસ્થાશ્રમ ચલાવનારી સારા સ્વભાવવાળી સ્ત્રીને દીઠી નહીં. ॥૧૩॥ તેથી કચવાયલા મનથી તેણે દાસીઓને પુછ્યું કે. "તમારી ધણીઆણી સહિત તમો પ્રથમની પેઠે કુશળતો છો. ॥૧૪॥ ઘરને વિશે માતા અગર પતિને ભગવાન રૂપ જાણનારી પતિવ્રતા સ્ત્રી ન હોય, ત્યારે પઇડાં વગરના રથ સરખા ઘરમાં, જેની સંપત્તીઓ પ્રથમના સરખી શોભતી નથી. એવા ઘરમાં રાંક સરખો થઇને કયો બુદ્ધીમાન પુરૂશ બેસી રેહે. ॥૧૫॥ મને ડગલે ડગલે સારી સલાહ આપીને દુઃખ રૂપી સમુદ્રમાં બુડી જવાથી બચાવતી હતી તે મારી પ્યારી કયાં છે. અને શું કરે છે. ॥૧૬॥—સ્ત્રીઓ—હે અરિંદમ, તમારી પ્રિયાના નિશ્ચયને અમે જાણતાં નથી, પણ તે વગર બીછાને પૃથ્વી ઉપર પડેલી છે, તેને તમે જુઓ. ॥૧૭॥—નારદ—ત્યારે પોતાની સ્ત્રીને નાહ્યા વિનાની અને ખરાબ વ અવાળી જેમ તેમ પૃથ્વી ઉપર પડેલી દેખીને, તેના સંગ થકી જ્ઞાન નાશ પામેલો એ પુરંજન ઘણોજ વિ

वःकर्मणातेनराजेंद्रज्ञानेननसलिप्यते॥७॥ अन्यथाकर्मकुर्वाणोमानारूढोनिबध्यते॥ गुणप्रवाहेपतितोनष्टप्रज्ञोव्रजत्यधः॥८॥ तत्रनिर्भिन्न गात्राणांचित्रवाजैःशिलीमुखैः ॥ विप्लवोभूद्दुःखितानांदुःसहःकरुणात्मना॥९॥ शशान्वराहान्महिषान्गवयान्रुरुशल्यकान्॥मेध्यानन्यांश्च विविधान्विनिघ्नन्श्रममध्यगात् ॥१०॥ ततःक्षुत्तृट्परिश्रांतोनिवृत्तोगृहमेयिवान्॥ कृतस्नानोचिताहारःसंविवेशगतक्लमः ॥११॥ आत्मान मर्हयांचक्रेधूपलेपस्रगादिभिः ॥ साध्वलंकृतसर्वांगोमहिष्यामादधेमनः॥१२॥ तृप्तोहृष्टःसुदृप्तश्चकंदर्पाकृष्टमानसः॥ नव्यचष्टवरारोहांगृ हिणींगृहमेधिनीं॥१३॥ अंतःपुरस्त्रियोऽपृच्छद्विमनाइववेदिषत् ॥ अपिवःकुशलंरामाःसेश्वरीणांयथापुरा॥१४॥ नतथैतर्हिरोचंतेगृहेषुगृह संपदः॥ यदिनस्याद्गृहेमातापत्नीवापतिदेवता ॥ व्यंगेरथइवप्राज्ञःकोनामासीतदीनवत्॥१५॥ क्ववर्ततेसाललना मज्जंतंव्यसनार्णवे॥यामा मुद्धरतेप्रज्ञांदीपयंतीपदेपदे ॥१६॥ रामा०नरनाथनजानीमस्त्वत्प्रियायद्व्यवस्यति॥ भूतलेनिरवस्तारेशयनांपश्यशत्रुहन्॥१७॥ नारद० पुरंजनःस्वमहिषींनिरीक्ष्यावधुतांभुवि ॥ तत्संगोन्मथितज्ञानोवैक्लव्यंपरमंययौ॥१८॥ सांत्वयन्श्लक्ष्णयावाचाहृदयेनविदूयता॥ प्रेयस्याःस्ने हसंरंभलिंगमात्मनिनाभ्यगात् ॥१९॥ अनुनिन्येथशनकैर्वीरोऽनुनयकोविदः॥पस्पर्शपादयुगलमाहचोत्संगलालितां॥२०॥ पुरंजन०नूनं त्वकृतपुण्यास्तेभृत्यायेष्वीश्वराःशुभे॥कृतागःस्वात्मसात्कृत्वाशिक्षादंडंनयुंजते॥२१॥ परमोऽनुग्रहोदंडोभृत्येषुप्रभुणाऽर्पितः॥बालोनवेदत त्तन्विबंधुकृत्यममर्षणः॥२२॥सात्वंमुखंसुदतिसुभ्र्वनुरागभारव्रीडाविलंबविलसद्धसितावलोकं॥ नीलालकालिभिरुपस्कृतमुन्नसंनःस्वानां प्रदर्शयमनस्विनिवल्गुवाक्यं ॥२३॥ तस्मिन्दधेदममहंतववीरपत्नियोन्यत्रभूसुरकुलात्कृतकिल्बिषस्तं ॥ पश्येनवीतभयमुन्मुदितंत्रिलो क्यामन्यत्रवैमुररिपोरितरत्रदासात् ॥२४॥ वक्त्रंनतेवितिलकंमलिनंविहर्षंसंरंभभीममविमृष्टमपेतरागं ॥ पश्येस्तनावपिशुचोपहतौसुजा तौबिंबाधरंविगतकुंकुमपंकरागं॥२५॥तन्मेप्रसीदसुहृदःकृतकिल्बिषस्यस्वैरंगतस्यमृगयांव्यसनातुरस्य ॥ कादेवरंवशगतंकुसुमास्त्रवेगवि स्रस्तपौंस्नमुशतीनभजेतकृत्ये ॥२६॥ इ०भा०म०च०पुरंजनोपाख्यानेषड्विंशोऽध्यायः॥२६॥नारद०इत्थंपुरंजनंसध्र्यग्वशमानीयविभ्र

વ્હળ થઇ ગયો ॥૧૮॥ અને પોતાની પ્રિયાએ સ્નેહ વડે કોપ કરેલાની કાંઇ નિશાનીઓ તેને ન જણાયાથી, કચવાયલા મનથી શુંદર વચનો બોલીને તેણે તેનું સાંત્વન કરવા માંડયું. ॥૧૯॥ પછી સમજાવી કરવામાં ચતુર તે; પોતાના ખોળા ઉપર તેને લઇને તેના બે પગ ચાંપનો બોલ્યો કે. ॥૨૦॥—પુરંજન—હે શુંદરી, અપરાધમાં આવેલા ચાકરોને, પોતાના ગણીને, તેમના સ્વામીઓ, શીખામણની ખાતર તેઓને દંડ ન આપે તો, ખચીત તેવા ચાકરોને ઓછા નસીબવાળા જાણવા જોઇએ. ॥૨૧॥ હે તન્વી સ્વામીએ આપેલો દંડ, એજ ચાકરોના ઉપર મોટો અનુગ્રહ કહેવાય છે. અને તેવા દંડને વગર ઇર્ષ્યાથી હિતેચ્છુના કાર્ય રૂપે નહીં સમજનારો ચાકર અજ્ઞાની છે. ॥૨૨॥ માટે હે ઉત્તમ રૂપવાળી અને મોટા મનવાળી, તારૂં મુખડું, કે જેનું હસવું અને બોલવું સ્નેહના ભારથી અને લાજથી વિલંબ લાગવાવડે બહુજ શોભે છે. જેમાં નાક ઉંચું અને મનોહર છે. અને કાળા રંગના વાળરૂપી ભમરાઓથી જે અત્યંત શુંદર લાગે છે. તે, તારા પોતાનાજ એવા મને તું દેખાડય. ॥૨૩॥ હે વીર પુરૂશની ધણીઆણી, તારો અપરાધ કરનારો, ભગવાનનો ભક્ત અથવા બ્રાહ્મણ શિવાયનો જે કોઇ હશે તેને હું શિક્ષા આપી શકુંછું. કેમકે તેઓ વિના ત્રિલોકની અંદર તથા બહાર પણ મારી બીક નહીં રાખીને આનંદમાં રેહેનારો એવો કોઇ મારા જોવામાં આવતો નથી, ॥૨૪॥ તારૂં મુખ તીલક વિનાનું—મલીન—હર્ષ વિનાનું—ક્રોધથી ભયંકર—સાર નહીં કરેલું—અને સ્નેહ વિનાનું મેં કદી જોયું નથી તથા તારાં શુંદર સ્તનો આંસુથી ખરડાયલાં—અને ઘીળા સરખા લાલ હોઠ કુમકુમ જેવા રંગ વિનાના મેં જોયેલાજ નથી. ॥૨૫॥ એટલા માટે તારી રજા લીધા વિના વ્યસની થઇને શિકારે જવાવડે તારો અપરાધ કરનારા હું ઉપર તું પ્રસન્ન થા. કામના વેગથી પરતંત્ર બનીને તાબેદાર થઇ રહેલા પતિને કામનાવાળી કઇ સ્ત્રી યોગ્ય કામ થકી રાજી ન કરે. ॥૨૬॥ ઇતી શ્રી ભા० ચો० સ્કંધનો છવીસમો અધ્યાય સંપુર્ણ. ॥૨૬॥

અધ્યાય ૨૭ મો.—નારદ—હે બહિંશદ રાજા, એ રીતે પોતાના વિલાસ વડે પુરંજનને સંપૂર્ણ રીતે

વશ કરીને, પછી પુરંજની પતિને રમાડીને રમવા લાગી. ॥ ૧ ॥ અને સારી રીતે નાહેલી–રૂડા મુખવાળી–શણગારેલી–અને તૃપ્ત થયેલી એ રાણી પોતાની પાસે આવતાં, પુરંજને તેને ઘણું માન આપ્યું. ॥૨॥ તેણે આલિંગન કરેલા, તેણીને બાથમાં લેતા–એકાંતમાં તેનાં અનુકૂળ વચનોથી ચીત ખેંચાયલા–અને તેણીનેજ સર્વ સાધનરૂપ માનતા, એ પુરંજને રાત અને દહાડા રૂપે વહી જતા, ન અટકાવાય એવા કાળના વેગને જાણ્યોજ નહીં. ॥૩॥ મોટા મૂલની પથારીમાં સ્ત્રીના હાથનું ઓશીકું કરીને સુઇ રહેતા અને તેનેજ પુરૂશાર્થ માનતા તે યોદ્ધા–મોટા મનના–અને મદથી ઉન્મત થયેલા પુરંજને તમોગુણથી પરાભવ પામીને તેથી પોતાને તથા પરમાત્માને પણ બિલકુલજ વિસારી દીધા. ॥૪॥ અને હે રાજેંદ્ર, કામ રૂપી પાપથી બગડેલ: ચિત્તવાળા પુરંજનની જુવાની એમ રમવામાં અરધા ક્ષણની પેઠે જતી રહી. ॥૫॥ પુરંજને તે પુરંજનીમાં અગિયારસો દીકરા. (ઇંદ્રિયોના પરિણામો) ઉત્પન્ન કરયા. અને તેટલામાંજ તેના મોટા આયુષ્યનો અરધો ભાગ જતો રહ્યો. ॥૬॥ પછી તેને એ પુરંજની રાણીમાં માતા પિતાના યશને વધારનારી અને શ્રેષ્ટ શીલ ગુણોવાળી એકસોને દસ દીકરીઓ (બુદ્ધિની વૃત્તિઓ) પણ થઇ. ॥૭॥ એ પંચાળ દેશના અધિપતિ પુરંજને, પોતાનો વંશ વધારનારા પુત્રોને યોગ્ય વહુઓ સાથે (હિત અહિતની ચિંતાઓ સાથે), અને દીકરીઓને યોગ્ય વરો સાથે (વિશય ભોગ સાથે) પરણાવ્યાં. ॥૮॥ પછી એ દીકરાઓને દરેકને સોસો પુત્રો (અનેક પ્રકારનાં કર્મો) થયાં. ને તેથી એ પંચાળના રાજાનો વંશ ઘણો વધ્યો. ॥૯॥ એટલે તેના ઘરના ખજીનામાંથી આજીવિકા પામનારા અને દ્રવ્યનું હરણ કરનારા તે સઘળાઓને વિશે દૃઢ મમતા થવાથી પુરંજન તેની અંદર બંધાઇ ગયો. ॥૧૦॥ અને તેણે પણ તમારી માફકજ પશુઓની હિંસાવાળા યજ્ઞોની ઘોર દીક્ષાઓ લઇને નાના પ્રકારની કામનાઓથી દેવતાઓ–પિતૃઓ–અને ભુપતિઓનું યજ્ઞોવડે પુજન કરયું. ॥૧૧॥ એટલામાં તે યુક્ત (ઇશ્વરાર્પણ કરીને નિષ્કામપણે કરવાનાં) કર્મો કરવામા ગાફેલ અને કુટુંબને વિશે આશક્ત ચીત્તવાળાને; સ્ત્રી-

मैः॥पुरंजनीमहाराजरेमेरमयतीपतिं॥ १॥ सराजमहिषींराजन्सुस्नातांरुचिराननां॥ कृतस्वस्त्ययनांतृप्तामभ्यनंदद्दुपागतां॥२॥तयोपगूढ:प
रिरब्धकंधरोरहोऽनुमंत्रैरपकृष्टचेतनः ॥ नकालरंहोबुबुधेदुरत्ययंदिवानिशेतिप्रमदापरिग्रहः॥३॥ श[illegible]द्भमदोमहामनामहार्हतल्पेम
हिषीभुजोपधिः॥तामेववीरोमनुतेपरंयतस्तमोभिभूतोननिजंपरंचयत्॥४॥ तयैवंरममाणस्यकामकश्मलचेतसः॥ क्षणार्धमिवराजेंद्रव्यतिक्रां
तंनवंवयः॥५॥ तस्यामजनयत्पुत्रान्पुरं[illegible]पुरंजनः॥ शतान्येकादशविराडायुषोऽर्धमथात्यगात् ॥६॥ दुहितृर्दशोत्तरशतंपितृमा[illegible]यशस्क
रीः॥ शीलौदार्यगुणोपेताःपौरंजन्यःप्रजापते॥७॥ सपंचालपतिःपुत्रान्पितृवंशविवर्द्धनान् ॥ दारैःसंयोजयामासदुहितृःसदृशैर्वरैः॥८॥पुत्रा
णांचाभवन्पु[illegible]एकैकस्यशतंशतं॥ यैर्वैपौरंजनोवंशःपंचालेषुसमेधितः॥९॥ तेषुतद्रिक्थहारेषुगृहकोशानुजीविषु॥निरूढेनममत्वेनविषयेष्व
नुबध्यत ॥१०॥ ईजेचक्रतुभिर्घोरैर्दीक्षितःपशुमारकैः॥ देवान्पितृन्भूतपतीन्नानाकामोयथाभवान् ॥११॥ युक्तेष्वेवंप्रमत्तस्यकुटुंबासक्तचेत
सः॥आससादसवैकालोयोऽप्रियःप्रिययोषितां॥१२॥ चंडवेगइतिख्यातोगंधर्वाधिपतिर्नृप ॥ गंधर्वास्तस्यबलिनःषष्ठ्युत्तरशतत्रयं॥१३॥ गंध
[illegible]थुन्यश्चसितासिताः परिवृत्त्याविलुंपंतिसर्वकामविनिर्मितां॥१४॥ ते[illegible]डवेगानुचराःपुरंजनपुरंयदा ॥ हर्तुमारेभिरेतत्रप्रत्यषे
धत्प्रजागरः॥१५॥ ससप्तभिःशतैरेकोविंशत्याचशतंसमाः॥ पुरंजनपुराध्यक्षोगंधर्वैर्युयुधेबली॥१६॥क्षीयमाणेस्वसंबंधेएकस्मिन्बहुभिर्यु
धा॥ चिंतांपरांजगामार्तःसराष्ट्रपुरबांधवः ॥१७॥ सएवपुर्यांमधुभुक्पंचालेषुस्वपार्षदैः॥ उपनीतंबलिंगृण्हन्स्त्रीजितोनाविदद्भयं ॥१८॥ का
लस्यदुहिताकाचित्त्रिलोकींवरमिच्छती ॥ पर्यटंतीनबर्हिष्मन्प्रत्यनंदतकश्चन॥१९॥ दौर्भाग्येनात्मनोलोकेविश्रुतादुर्भगेतिसा॥ यातुष्टारा
जर्षयेतुवृताऽदात्पूरवेवरं ॥२०॥ कदाचिदटमानासाब्रह्मलोकान्महींगतं॥ वव्रेबृहद्व्रतमांतुजानतीकाममोहिता ॥२१॥ मयिसंरभ्यविपुल
मदाच्छापंसुदुःसहं॥ स्थातुमर्हसिनैकत्रमद्यांञ्चाविमुखोमुने॥२२॥ ततोविहतसंकल्पाकन्यकायवनेश्वरं॥ मयोपदिष्टमासाद्यवव्रेनाम्ना

ઓ ઉપર પ્યાર રાખનારાઓને અપ્રિય એવો (ઘરડપણનો) કાળ પ્રાપ્ત થયો. ॥૧૨॥ હે રાજા, ચંડવેગ નામનો એક ગંધર્વોનો રાજા (વરસ) છે જેની પાસે ત્રણસોને સાઠ બળવાન ગંધર્વો (દિવસો) છે. ॥૧૩॥ અને તેમના સરખી તથા તેટલીજ કાળી અને ધોળી ગંધર્વીઓ (રાતો) છે. તેઓ નગરોમાં ચારે તરફ ફરી વળીને તેમાંનાં સુખોને લુંટી લેછે. ॥૧૪॥ જ્યારે એ ચંડવેગના અનુચરોએ પુરંજનના નગરમાં લુંટવા માંડયું, ત્યારે હમેશાં જાગતો રેહેનારો પાંચ માથાંવાળો નાગ તેમના સામો થયો. ॥૧૫॥ અને પુરંજનના નગરનો એ બળવાન રક્ષક એકલોજ એ સાતસેંને વીસ ગંધર્વની સાથે સો વરસ સુધી લઢયો. ॥૧૬॥ પણ અંતે ઘણાઓની સાથે એકલોજ લઢવાથી તેનું બળ ક્ષીણ થઇ ગયું ત્યારે પુરંજન રાજા પોતાના દેશ–નગર–અને બંધુવર્ગ સહિત દુઃખી થઇને મોટી ચિંતામાં પડયો. ॥૧૭॥ એ રીતે સ્ત્રીજીત પુરંજને, પોતાના પંચાળદેશ અને નગરનાં સુખોને તથા નોકર વર્ગે સંપાદન કરી આપેલ ભોગાદિકને ભોગવવામાં, ત્યાં સુધી પણ એ આવેલા ભયને જાણ્યું નહીં. ॥૧૮॥ હે બર્હિશદ રાજા, એવામાં વળી કાળની કોઇ એક જરા નામની દીકરી ત્રિલોકીની અંદર વરને શોધતી ફરતી હતી છતાં તેનો કોઇ સ્વીકાર કરતું નહતું.॥૧૯॥ તે પોતે ખરાબ નસીબ વાળી હોવાથી લોકો તેને "દુર્ભગા" નામથી ઓળખેછે. પૂર્વે પુરૂરાજા તેને વરયા હતા. અને તેણે પ્રસન્ન થઇને તેમને રાજ અપાવ્યું હતું. ॥૨૦॥ એક વખતે બ્રહ્મલોકમાંથી પૃથ્વી ઉપર આવેલા મને ફરતી ફરતી તેણે મારી પાસે આવી કામથકી મોહિત થઇને તેને વરવાનું કહ્યું ત્યારે મેં તેને કહ્યું કે "હું તો નૈષ્ટિક બ્રહ્મચારી છું તે તું જાણતી નથી" તેથી તેણે ક્રોધ કરીને, મને અસહ્ય શ્રાપ દીધો. કે "મારી માગણીને નહીં સ્વીકારનારો તું મુનિ છતાં કોઇ એક સ્થળે રહી શકશે નહીં" ॥૨૧–૨૨॥ પછી પોતાનો સંકલ્પ ભાંગી ગયેલી તે મારા કહેવાથીજ, યવનોના રાજા ભય (મૃત્યુ) ની પાસે તેને પતિ કરવાને સારૂં ગઇ. ॥૨૩॥ અને તેને કહ્યું કે "હે શુરવીર તું યવનોનો રાજા છે. અને પ્રાણીઓ તારે વિશે જે જે સંકલ્પ કીવા ઇચ્છાઓ કરે છે તે મિથ્યા થતી નથી. માટે હું તને ઇચ્છાવર

વર્ણવ્યું. ॥૨૪॥ લોક રૂઢીથી અથવા શાસ્ત્રાજ્ઞાથી જે કામ કરવા સરખું ગણાયછે તેવું કામ કરવા માટે; આ-પવા લાયક વસ્તુ પોતા પાસે હોવા છતાં જે આપતો નથી. અથવા લેવા લાયક વસ્તુ આપવાને કોઈ પોતાની ખુશીથી દેહે છે છતાં જે લેતો નથી. તે બંને જણા અજ્ઞાની–ખોટા આગ્રહ વાળા–અને લોક માત્રે શોક કરવાને યોગ્ય થાય છે. ॥૨૫॥ એટલા માટે હે બલા માણસ તને બજતી એવી હું ઉપર દયા કરીને તું પણ મને ભજ. પુરૂષાર્થ વાળાઓનો ધર્મ એટલોજ છે કે, દુખીઓના ઉપર તેમણે દયા કરવી.” ॥૨૬॥ ત્યારે જેના કર્મ ધારેલાને દેવતાઓ પણ જાણતા નથી એવો તે યવનોનો રાજા, એ કાળ કન્યાએ કહેલાં વચનો સાંભળીને તેની સાથે હસીને બોલ્યો કે. ॥૨૭॥ તું અમંગળ રૂપ અને અપ્રિય હોવાથી કોઈ આરીતે તારો સ્વીકાર કરતા નથી. માટે મેં મારા પોતાના વિચારથીજ તારે માટે પતિની ગોઠવણ કરી રાખી છે. ॥૨૮॥ તે એકે, કર્મ થકી નિર્માણ થયેલા સર્વે લોકોને, તું ક્યાંથી અને કેવા પ્રકારે આવી તેની ખબર નહીં પડવા દેતાં સર્વનેજ બળાત્કારે ભોગવ. અને (અનેક રોગો રૂપ) મારી સેનાને સાથે લેઈ જઈને પ્રજાઓનો નાશ કરવા માંડ. ॥૨૯॥ તું મારી બેન થા. અને આ પ્રજ્વાર (તાવ) મારો ભાઈ છે. તેને સાથે રાખીને તમો બંને મોટા સૈન્ય સાથે લોકનેવિશે ફરો.॥૩૦॥ઇ. ભા. ચો. સ્કંધનો સત્તાવીશમો અધ્યાયસંપુર્ણ ॥૨૭॥

અધ્યાય ૨૮ મો.—નારદ—હે બર્હિષદ રાજા, પછી એ ભય નામના યવનોના રાજાના સરદારો પ્રજ્વાર અને કાળ કન્યાની સાથે પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. ॥૧॥ અને એક દિવસે તેમણે મોટા વેગ સાથે આવીને, એ પરિપુર્ણ વૈભવથી ભરેલા તથા બુઢા નાગે રક્ષણ કરેલા પુરંજનના નગરને ઘેરી લીધું. ॥૨॥ અને કાળ કન્યા પણ બળાત્કારથી એ પુરંજનના નગરને ભોગવવા લાગી. કે જેનાથી પકડાયલો પુરૂષ, તુ-તંજ સાર રહિત થઇ જાય છે. ॥૩॥ અને કાળ કન્યાએ ભોગવાતા તે નગરમાં સર્વ તરફથી દરવાજાઓમાં થઇને પેઠેલા યવનોએ અત્યંત પીડા કરવા માંડી. ॥૪॥ ત્યારે એ નગરને પીડાતું જોવાથી તેનો અભિમાની

भयंपतिं॥२३॥ऋषभंयवनानांत्वांवृणेवीरेप्सितंपतिं॥ संकल्पस्त्वयिभूतानांकृतःकिलनरिष्यति ॥२४॥ द्वाविमावनुशोचंतिबालावसदवग्रहौ॥ यल्लोकशास्त्रोपनतंनरातिनतदिच्छति॥२५॥ अथोभजस्वमांभद्रभजतींमेदयांकुरु॥ एतावान्पौरुषोधर्मोयदार्ताननुकंपते॥२६॥कालकन्योदितवचोनिशम्ययवनेश्वरः ॥ चिकीर्षुर्देवगुह्यंससस्मितंतामभाषत॥२७॥ मयानिरूपितस्तुभ्यंपतिरात्मसमाधिना ॥ नाभिनंदतिलोकोऽयंत्वामभद्रामसंमतां॥त्वमव्यक्तगतिर्भुंक्ष्वलोकंकर्मविनिर्मितं॥२८॥ याहिमेपृतनायुक्ताप्रजानाशंप्रणेष्यसि॥२९॥ प्रज्वारोऽयंममभ्रातात्वंचमेभगिनीभव॥ चराम्युभाभ्यांलोकेऽस्मिन्नव्यक्तोभीमसैनिकः॥३०॥ इ०भा०म०च०पुरंजनोपाख्यानेसप्तविंशोऽध्यायः ॥२७॥ नारद०सैनिकाभयनाम्नोयेबर्हिष्मन्दिष्टकारिणः॥प्रज्वारकालकन्याभ्यांविचेरुरवनीमिमां ॥१॥ तएकदातुरभसापुरंजनपुरींनृप॥रुरुधुर्भौमभोगाढ्यांजरत्पन्नगपालितां॥२॥ कालकन्यापिबुभुजेपुरंजनपुरंबलात्॥ ययाऽभिभूतःपुरुषःसद्योनिःसारतामियात्॥३॥ तयोपभुज्यमानांवैयवनाःसर्वतोदिशं॥द्वार्भिःप्रविश्यसुभृशंप्रार्दयन्सकलांपुरीं॥४॥ तस्यांप्रपीड्यमानायामभिमानीपुरंजनः॥ अवापोरुविधांस्तापान्कुटुंबीममताकुलः॥५॥ कन्योपगूढोनष्टश्रीः कृपणोविषयात्मकः॥नष्टप्रज्ञोहृतैश्वर्योगंधर्वयवनैर्बलात् ॥६॥ विशीर्णांस्वपुरींवीक्ष्यप्रतिकूलाननादृतान् ॥ पुत्रान्पौत्रानुगामात्यान्जायांचगतसौहृदां ॥७॥ आत्मानंकन्ययाग्रस्तंपंचालानरिदूषितान्॥दुरंतचिंतामापन्नोनलेभेतत्प्रतिक्रियां॥८॥ कामानभिलषन्दीनोयातयामांश्चकन्यया॥ विगतात्मगतिस्नेहःपुत्रदारांश्चलालयन् ॥९॥ गंधर्वयवनाक्रांतांकालकन्योपमर्दितां॥ हातुंप्रचक्रमेराजातांपुरीमनिकामतः॥१०॥ भयनाम्नोऽग्रजोभ्राताप्रज्वारःप्रत्युपस्थितः॥ ददाहतांपुरींकृत्स्नांभ्रातुःप्रियचिकीर्षया॥११॥ तस्यांसंदह्यमानायांसपौरःसपरिच्छदः॥ कौटुंबिकःकुटुंबिन्याउपतप्यतसान्वयः ॥१२॥ यवनोपरुद्धायतनोग्रस्तायांकालकन्यया॥ पुर्यांप्रज्वारसंसृष्टःपुरपालोऽन्वतप्यत॥१३॥ नशेकेसोऽवितुंतत्रपुरुकृच्छ्रोरुवेपथुः ॥ गंतुमैच्छत्ततोवृक्षकोटरादिवसानलात् ॥१४॥ शिथिलावयवोयर्हिगंधर्वैर्हृत

પુરંજન, કુટુંબની મમતાથી વ્યાકુળ થઇને અનેક પ્રકારે તાપ પામ્યો. ॥૫॥ અને કાળ કન્યાએ બાથમાં લીધેલા–શોભારહિત થયેલા–કંગાલ–વિષયોમાં આશક્તિવાળા–બુદ્ધિ વિનાના–અને ઐશ્વર્ય નાશ પામેલા–તથા પુત્ર, પૌત્ર, નોકર ચાકર, કારભારીઓ, અને સ્ત્રીએ પણ સ્નેહ રહિત થઇને ઉલટાં ચાલવા વડે અનાદર કરેલા–તે પુરંજને પોતાના નગરને યવનો તથા ગાંધર્વોએ બળાત્કારથી વીખી નંખાતું જોયું. અને પોતાને તથા પંચાળ દેશને કાળ કન્યાએ પકડેલાનું તથા દુશ્મનોથી પાયમાલ કરી નંખાવાનું જાણ્યું. એટલે તે ઘણી મોટી ચિંતામાં પડ્યો. પણ તેમના સામે કરવાનો કોઇ પણ ઉપાય તેને જડ્યો નહીં. ॥૬–૭॥ અને કાળકન્યાના પ્રતાપથી નિસ્સાર થયા છતાં પણ કામ ભોગની ઇચ્છા કરવાથી રાંક બનેલો અને પોતાનામાં સ્નેહ નહીં રાખનારાં સ્ત્રી પુત્રાદિકને લડાવતો, એ પુરંજન રાજા, ગંધર્વો અને યવનોએ દબાવી દીધેલા અને કાળ કન્યાએ પાયમાલ કરીનાંખેલા પોતાના નગરને, પોતાની ઇચ્છા નહીં છતાં પણ છોડી જવાને તૈયાર થયો.

॥૧૦॥ એટલામાં ભયના ભાઇ પ્રજ્વારે આવીને ભાઇનું ભલું કરવા માટે તે નગરને બાળી નાંખ્યું. ॥૧૧॥ ત્યારે તે નગરને સરસામાન અને વસ્તી સુદ્ધાં બળતું જોઇને પુરંજન પોતાનાં સ્ત્રી અને પુત્ર વિગેરે પરિવાર સહિત ઘણો પરિતાપ પામ્યો. ॥૧૨॥ અને યવનોએ સર્વ ઠેકાણેથી રોકેલા–કાળ કન્યાએ પકડેલા–અને પ્રજ્વારે બાળેલા–એવા એ નગરમાં રેહેનારો નગર રક્ષક નામ પણ તાપ પામ્યો. ॥૧૩॥ પછી તે ભુજંગો નામ નગરનું રક્ષણ કરવાને અશક્ત થયો ત્યારે સળગતા ઝાડની કોતરાડમાંથી નિકળી જવાની ઇચ્છા કરવાની પેઠે તે નાગ તેમાંથી નિકળી ગયો. ॥૧૪॥ અને પછી ગંધર્વોએ પરાક્રમ હરી લેવાથી–અવયવો સિથીલ થઇ જવાથી–અને દુશ્મન યવનોએ સર્વે તરફથી રોકી લેવાથી પુરંજન રોવા લાગ્યો. ॥૧૫॥ તથા, દીકરીઓ–વહુઓ–પુત્રો–પૌત્રો–જમાઇઓ–નોકર ચાકરો–ઘર–ભંડાર–તથા સરસામાન વિગેરેને વિશે, માત્ર તે પોતાનાં હોવાનું માનવા શિવાય બીજો સંબંધ રહેલો હતો નહીં. છતાં પણ તેઓનાથી જુદા પડવાટાણે (મસ્તી વખતે)

તે ગૃહસ્થ પુરંજન તેમને વિશે "હું અને મારૂં" એવી દુષ્ટ બુદ્ધિનો સ્વીકાર કરીને પ્રમાદથી રાંક બન્યો. અને વિચાર કરવા લાગ્યો કે. ॥૧૬-૧૭॥ "હું લોકાંતરમાં જઈશ. (મરીશ) ત્યારે આ મારી અનાથ-કુટુંબ-વાળી અને બાળકોને માટે શોક કરતી સ્ત્રી, ગુજરાન કેમ ચલાવી શકશે. ॥૧૮॥ મારા ખાધા પહેલાં નહીં ખાનારી-અને પરાયણ-મને નહાવરાવીને નહાનારી-મારા ક્રોધથી બહુ ત્રાસ પામનારી-અને હું ધમકાવું ત્યારે બીકથી ભોંકજ નહીં બોલનારી-॥૧૯॥-હું અજ્ઞાનીને સમજાવનારી-હું પ્રદેશમાં હોઉં ત્યારે શોકથી દુબળી થનારી-અને દીકરાને જન્મ આપનારી હોવાથી મારી પાછળ સતી નહીં થનારી-એવી તે સ્ત્રી ગૃહસ્થ આશ્રમના માર્ગમાં કેવી રીતે રહી શકશે ॥૨૦॥ અને આ અનાથ દીકરાઓનો તથા પારકે ઘેર જનારી દીકરીઓનો, સમુદ્રમાં વહાણ ભાગી જવાની પેઠે હું મરી ગયા કેડે કેવી રીતે નિભાવ કરી શકશે. ॥૨૧॥ એ પ્રમાણે નહીં શોક કરવા જોગ તેમનો એ પુરંજન કુબુદ્ધિથી શોક કરતો હતો. એટલામાં તેને પકડવાને વિચાર કરીને ભય નામનો યવન રાજા ત્યાં આવી પહોંચ્યો ॥૨૨॥ અને તેણે તે અતિ આતુર થયેલા તથા શોક કરતા પુરંજનને, પોતાના યવનોની પાસે પશુની પેઠે બંધાવીને પોતાના સ્થાન તરફ લેઈ જવા માંડતાં, પુરંજનની સાથે રહેનારાં (ઇંદ્રિયાદિક) સર્વ તુર્તજ દોડી ગયાં ॥૨૩॥ તથા તેનું નગર, તેમાં ફુંકાયલો નાગ નિકળી ગયા પછી તરતજ વિખાઈ જઈને તેના ભાગો પોત પોતાની પ્રથમની સ્થિતિ (મહા ભુતો આદિ) રૂપ થઈ ગયા. ॥૨૪॥ છતાં તે વખતે પણ, બળવાન યવનોએ બળાત્કારથી ખેંચી જવાના અને અજ્ઞાનથી ઘેરાયલા પુરંજનને, પોતાનો પ્રથમનો સુહૃદ અને સખા (ઇશ્વર) સાંભર્યો નહીં. ॥૨૫॥ પછી યજ્ઞાદિકમાં તે નિર્દય પુરંજને મારેલાં યજ્ઞનાં પશુઓ, પોતાને મારેલાનું સ્મરણ કરીને ક્રોધ સહિત કુહાડાવતે તેનાં અંગોને કાપવા લાગ્યાં. ॥૨૬॥ એ રીતે સ્ત્રીના સંગથી ખરાબ થયેલ અને સ્મરણ નાશ પામેલા પુરંજને ઘણાં વરસો સુધી નરકમાં પડીને તેના અનંત અને અપાર દુઃખોને ભોગવ્યાં. ॥૨૭॥ અને મનથી સ્ત્રીનુંજ ધ્યાન કરતા થકા તે, વિદર્ભ (શાસ્ત્રોક્ત

पौरुषः॥यवनैररिभीराजन्नुपरुद्धोरुरोदह॥१५॥ दुहितृःपुत्रपौत्रांश्चजामिजामातृपार्षदान्॥ स्वत्वावशिष्टंयत्किंचिद्गृहकोशपरिच्छदं॥१६॥ अहंममेतिस्वीकृत्यगृहेषुकुमतिर्गृही॥ दध्यौप्रमदयादीनोविप्रयोगउपस्थिते॥१७॥ लोकांतरंगतवतिमय्यनाथाकुटुंबिनी॥ वर्तिष्यतेकथंत्वेषाबालकाननुशोचती॥१८॥नमय्यनाशितेभुंक्तेनास्नातेस्नातिमत्परा॥ मयिरुष्टेसुसंत्रस्ताभर्त्सितेयतवाग्भयात्॥१९॥ प्रबोधयतिमामज्ञंव्युषितेशोककर्शिता॥ वर्त्मैतद्गृहमेधीयंवीरसूरपिनेष्यति॥२०॥कथंनुदारकादीनादारकीर्वापरायणाः॥वर्तिष्यंतेमयिगतेभिन्ननावइवोदधौ॥२१॥ एवंकृपणयाबुद्ध्याशोचंतमतदर्हणं॥ ग्रहीतुंकृतधीरेनंभयनामाभ्यपद्यत॥२२॥ पशुवद्यवनैरेषनीयमानःस्वकंक्षयं॥ अन्वद्रवन्ननुपथाःशोचंतोभृशमातुराः॥२३॥ पुरींविहायोपगतउपरुद्धोभुजंगमः यदातमेवानुपुरीविशीर्णाप्रकृतिंगता॥२४॥ विकृष्यमाणःप्रसभंयवनेनबलीयसा॥ नाविंदत्तमसाविष्टःसखायंसुहृदंपुरः॥२५॥तंयज्ञपशवोऽनेनसंज्ञप्तायेदयालुना॥कुठारैश्चिच्छिदुःक्रुद्धाःस्मरंतोऽमीवमस्यतत्॥२६॥ अनंतपारेतमसिमग्नोनष्टस्मृतिःसमाः॥ शाश्वतीरनुभूयार्तिंप्रमदासंगदूषितः॥२७॥ तामेवमनसागृण्हन्बभूवप्रमदोत्तमा॥ अनंतरंविदर्भस्यराजसिंहस्यवेश्मनि॥२८॥उपयेमेवीर्यपणांवैदर्भीमलयध्वजः॥युधिनिर्जित्यराजन्यान्पांड्यःपरपुरंजयः॥२९॥ तस्यांसजनयांचक्रेआत्मजामसितेक्षणां॥ यवीयसःसप्तसुतान्सप्तद्रविडभूभृतः॥३०॥ एकैकस्याभवत्तेषांराजन्नर्बुदमर्बुदं॥ भोक्ष्यतेयद्वंशधरैर्महीमन्वंतरंपरं॥३१॥ अगस्त्यःप्राग्दुहितरमुपयेमेधृतव्रतां॥ यस्यांदृढच्युतोजातइध्मवाहात्मजोमुनिः॥३२॥ विभज्यतनयेभ्यःक्ष्मांराजर्षिर्मलयध्वजः॥ आरिराधयिषुःकृष्णंसजगामकुलाचलं॥३३॥ हित्वागृहान्सुतान्भोगान्वैदर्भीमदिरेक्षणा॥ अन्वधावतपांड्येशंज्योत्स्नेवरजनींकरं॥३४॥ तत्रचंद्रमसानामताम्रपर्णीवटोदका॥तत्पुण्यसलिलैर्नित्यमुभयत्रात्मनोमृजन्॥३५॥ कंदाष्टिभिर्मूलफलैःपुष्पपर्णैस्तृणोदकैः वर्तमानःशनैर्गात्रकर्षणंतपआस्थितः॥३६॥ शीतोष्णवातवर्षाणिक्षुत्पिपासेप्रियाप्रिये॥ सुखदुःखेइतिद्वंद्वान्यजयत्समदर्शनः॥३७॥ तप

કર્મો કરનારા) નામના કોઈ મોટા રાજાને ઘેર ઉત્તમ સ્ત્રી (દીકરી) થવાનો બીજો અવતાર પામ્યો. ॥૨૮॥ પછી તેને દક્ષિણ દેશના રાજાઓમાં શ્રેષ્ટ અને શત્રુઓના નગરોને જીતનારા પાંડ્ય રાજા (ભગવાનની ભક્તિ કરવામાં બુદ્ધિવાળા), યુદ્ધમાં બીજા રાજાઓને જીતી પરાક્રમ રૂપી પહલું આપીને પરણ્યા. ॥૨૯॥ પછી તે પાંડ્ય રાજાએ તે સ્ત્રીમાં એક શ્યામ નેત્રવાળી કન્યા (ભગવત સેવામાં રૂચી) અને તેથી નાના, દ્રવીડ દેશનું રક્ષણ કરનારા સાત દીકરાઓ (શ્રવણ-કીર્તન-સ્મરણ-ચરણસેવન-પુજન-વંદન-ને દાસત્વ) ને ઉત્પન્ન કરયા. ॥૩૦॥ અને તેઓ દરેકને અર્બુદ અર્બુદ એટલે લાખો લાખ પુત્રો (ભક્તિના ગુણોના કમી જાસ્તી પણાથી થતા અનેક પ્રકારો) થયા. તેઓએ તથા તેમના પુત્ર પૌત્રાદિકે એક આખા મન્વંતર સુધી આ પૃથ્વીનું રક્ષણ કરેલું છે. ॥૩૧॥ તથા પાંડ્ય રાજાની પ્રથમ જન્મેલી વ્રતોને ધરનારી દીકરી (રૂચી)ને અગસ્ત મુનિએ (મતે) પરણીને તેમાં દૃઢચ્યુત (વૈરાગ્ય) નામના પુત્રને ઉત્પન્ન કર્યો. એ દૃઢચ્યુતનો દીકરો ઇધ્મવાહ (આત્મજ્ઞાની ગુરૂનું શરણ) નામનો મુનિ થયેલ છે. ॥૩૨॥ તે મલયધ્વજ (પાંડ્ય) રાજા, પછીથી પુત્રોને પૃથ્વીની વેહેંચણ કરી આપીને ભગવાનનું આરાધન કરવા સારૂં એક મોટા પર્વતમાં ગયા. ॥૩૩॥ ત્યારે પતિવ્રતા વૈદર્ભી (પુર્વ જન્મનો પુરંજન) પણ ઘર-છોકરાં-અને વૈભવોનો ત્યાગ કરીને ચંદ્રની પાછળ રાત્રીની ચાંદની જવાની પેઠે, પાંડ્ય રાજાની પાછળ ચાલી ગઈ. ॥૩૪॥ પછી તે સ્થળે ચંદ્રવસા-તામ્રપર્ણી અને વટોદકા નામની નદીઓના પવિત્ર જળમાં તે બંને જણાં નિત્ય નાહીને પોતાના મેલ (પાપો)ને મટાડતાં હતાં. ॥૩૫॥ તથા કંદ-બીજ-મુળ-ફળ-ફુલ-પાંદડાં-ખડ-અને પાણી વડે નિર્વાહ ચલાવીને શરીરને સુકવી નાંખનારૂં તપ કરતાં હતાં. ॥૩૬॥ એમ કરીને તેમણે સમદર્શી થઇ, તાઢ તડકો-વાયુ વરસાદ-ભુખ તરસ-પ્રિય અપ્રિય-અને સુખ દુખ વિગેરે દ્વંદ્વો (ભોગના પદાર્થો) ઉપર જીત મેળવી. ॥૩૭॥ તથા યમ-નિયમ-તપ-અને ઉપાસનાથી વાસનાઓને બાળી નાંખીને તથા ઇંદ્રિયો-પ્રાણ વાયુ-અને અંતઃકરણોને

વશ કરીને, પોતાના મનને પરમાત્માના બ્રહ્મ સ્વરૂપમાંજ જોડી દીધું. ॥૩૮॥ અને દેવતાઓનાં સો વરસો સુધી એકજ સ્થળે પર્વતની પેઠે સ્થિર ઉભા રહીને, વાસુદેવ ભગવાનમાંજ પ્રીતિ રાખવા વડે, ભગવાન સિવાય બીજા કશાને તેણે જાણ્યું નહીં. ॥૩૯॥ અને એ રીતે આત્મસ્વરૂપ સિવાયના બીજા સર્વ દ્વૈત થકી વિરામ પામી જવાથી, સ્વપ્નમાંથી જાગેલાની પેઠે, સર્વ વ્યાપક અને સાક્ષી સ્વરૂપ આત્મ તત્વનેજ જોવા લાગ્યો. ॥૪૦॥ હે રાજન બર્હિષદ, એમ સાક્ષાત ગુરૂ હરિ ભગવાને કહેલા કેવળ શુદ્ધ જ્ઞાન રૂપ દીવાવડે, આ દ્વૈતરૂપ જણાતા આખા જગત થકી વિરામ પામીને, વિશ્વમાં ચારે તરફ દેખાતા બ્રહ્મસ્વરૂપ ઇશ્વરના આત્મ તત્વને વિષે, સર્વ પ્રાણી માત્રનાં શરીરો રહેલાનું, અને તે સર્વ શરીરોને વિષે પરબ્રહ્મ ઇશ્વરનું આત્મ સ્વરૂપ રહેલાનું તે જોવા લાગ્યો. ॥૪૧-૪૨॥ અને એ ધર્મને જાણનાર મલયધ્વજ (પાંડ્ય) રાજા-પોતાના પતિની સેવા પતિવ્રતા વૈદર્ભી સર્વ ભોગનો ત્યાગ કરીને પ્રેમ સહિત કરયા કરતી હતી. ॥૪૩॥ એ ફાટેલ વલ્કોવાળી-વ્રતો કરવાથી દુબળી થયેલી-માથાના વાળની વેણી વળી ગયેલી-તથા બળતું બળી રહ્યા પછી શાંત થયેલા અગ્નિના સરખી, પોતાના પતિની પાસે બેઠેલીએ પોતાના અતિપ્રિય પતિને વિરામ પામી ગયેલાનું (મરી ગયાનું) નહીં જાણવાથી આગળની પેઠેજ સારી રીતે સ્થિર થઇને આસન લગાવી પતિની સેવા કરવાનું જારી રાખેલું હતું. ॥૪૪-૪૫॥ પણ જ્યારે પોતાના પતિના પગમાં તેને સમુળગી ગરમી માલમ ન પડી. ત્યારે તે, ટોળામાંથી વછુટી પડેલી હરણીના જેવી ઉદ્વેગ પામેલા મનવાળી થઇ. ॥૪૬॥ અને રાંક તથા બંધુઓ વિનાની તે, પોતાનો શોક કરતી-અને વિહ્વળ થઇને આંસુવડે પોતાના સ્તનને ભીંજવી નાંખતી એ જંગલમાં લાંબા સ્વરે રોવા લાગી કે. ॥૪૭॥ " હે મોટા રાજા, ઉઠો ઉઠો, આ સમુદ્ર સુધી વિસ્તાર પામેલી પૃથ્વી ચોરાદિકથી તથા નીચ ક્ષત્રિઓથી બીહે છે તેનું રક્ષણ કરો. " ॥૪૮॥ એ પ્રમાણે વિલાપ કરીને વનમાં રોતી એ વૈદર્ભી પતિને અનુસરીને તેના પગમાં પડી આંસુડાં ખેરવા લાગી. ॥૪૯॥

सावियथापक्वकषायोनियमैर्यमैः॥ युयुजेब्रह्मण्यात्मानंविजिताक्षानिलाशयः॥३८॥ आस्तेस्थाणुरिवैकत्रदिव्यंवर्षशतंस्थिरः॥ वासुदेवेभगवतिनान्यद्वेदोद्वहन्रतिं ॥३९॥ सव्यापकतयात्मानंव्यतिरिक्ततयात्मनि॥विद्वान्स्वप्नइवामर्शसाक्षिणंविरराममह॥४०॥ साक्षाद्भगवतोक्तेनगुरुणाहरिणानृप॥ विशुद्धज्ञानदीपेनस्फुरताविश्वतोमुखं ॥४१॥ परेब्रह्मणिचात्मानंपरंब्रह्मतथात्मनि ॥ वीक्षमाणोविहायेक्षामस्मादुपरराममह ॥४२॥ पतिंपरमधर्मज्ञंवैदर्भीमलयध्वजं॥प्रेम्णापर्यचरद्धित्वाभोगान्सापतिदेवता॥४३॥ चीरवासाव्रतक्षामावेणीभूतशिरोरुहा॥बभावुपपतिंशांता॥शिखाशांतमिवानलं॥४४॥ अजानतीप्रियतमंयदोपरतमंगना॥ सुस्थिरासनमासाद्ययथापूर्वमुपाचरत् ॥४५॥ यदानोपालभेतांघ्रावूष्माणंपत्युरर्चती॥ आसीत्संविग्नहृदयायूथभ्रष्टामृगीयथा॥४६॥ आत्मानंशोचतीदीनमबंधुर्विक्लवाऽश्रुभिः ॥ स्तनावासिच्यविपिनेसुस्वरंप्ररुरोदसा॥४७॥ उत्तिष्ठोत्तिष्ठराजर्षेइमामुदधिमेखलां॥ दस्युभ्यःक्षत्रबंधुभ्योबिभ्यतींपातुमर्हसि॥४८॥ एवंविलपतीबालाविपिनेनुगतार्ति॥पतितापादयोर्भर्तुरुदत्यश्रूण्यवर्तयत्॥४९॥चितिंदारुमयींचित्वातस्यांपत्युःकलेवरं॥ आदीप्यचानुमरणेविलपंतीमनोदधे॥५०॥तत्रपूर्वतरःकश्चित्सखाब्राह्मणआत्मवान् ॥ सांत्वयन्वल्गुनासाम्नातामाहरुदतीप्रभो ॥५१॥ ब्राह्मण०कात्वं कस्यासि कोवाऽयंशयानोयस्यशोचसि॥ जानासिकिंसखायंमांयेनाग्रेविचचर्थह ॥५२॥ अपिस्मरसिचात्मानमविज्ञातसखंसखे ॥ हित्वामांपदमन्विच्छन्भौमभोगरतोगतः ॥५३॥ हंसावहंचत्वंचार्यसखायौमानसायनौ॥ अभूतामंतरावौकःसहस्रपरिवत्सरान्॥५४॥ सत्वंविहायमांबंधोगतोग्राम्यमतिर्महीं ॥ विचरन्पदमद्राक्षीःकयाचिन्निर्मितंस्त्रिया॥५५॥ पंचारामंनवद्वारमेकपालंत्रिकोष्ठकं॥ षट्कुलंपंचविपणंपंचप्रकृतिस्त्रीधवं॥५६॥पंचेंद्रियार्थाआरामाद्वारःप्राणानवप्रभो॥ तेजोऽब्अन्नानिकोष्ठानिकुलमिंद्रियसंग्रहः॥५७॥ विपणस्तुक्रियाशक्तिर्भूतप्रकृतिरव्यया॥शक्त्यधीशःपुमांस्त्वत्रप्रविष्टोनावबुध्यते ॥५८॥ तस्मिंस्त्वंरामयास्पृष्टोरममाणोऽश्रुतस्मृतिः॥ तत्संगादीदृशींप्राप्तोदशांपापीयसींप्रभो ॥५९॥ नत्वंविदर्भदुहितान

એવી રીતે વિલાપ કરીને તે વૈદર્ભીએ લાકડાંની ચેહ ખડકીને, તે ઉપર પતિના શરીરને મુકી સળગાવ્યા પછી તેમાં પડીને બળી મરવાનું પોતે મન કર્યું. ॥૫૦॥ હે બર્હિષદ રાજા, તે સમયે તેના, કોઇ ઘણા જુના મળના સખાએ (ઇશ્વરે) આત્મજ્ઞાની બ્રાહ્મણના રૂપથી આવીને તે રોતી બાઇને પ્રિય અને શાંતીનાં વચનો કહીને તેની સાંત્વના કરી કે ॥૫૧॥-બ્રાહ્મણ-તું કોણ છે-કોની છે-અને આ સુતેલો કોણ છે જેનો તું શોક કરેછે. હું તારો મિત્ર છું, તેને તું જાણે છે. ? આગળ જેની સાથે રહીને તેં સુખ ભોગવ્યુંછે. ॥૫૨॥ હે મિત્ર, તારા એક, નામ-ઠામ-અને કરતવ્ય નહીં જણાતા જુના મિત્રનું સ્મરણ તને હજુ પણ થતું નથી કે કેમ ? જેને તજીને તું પૃથ્વીનાં સુખ ભોગાદિક ભોગવવાની ઇચ્છાથી પોતાને માટે સ્થાન (શરીર) શોધવાને માટે પૃથ્વી (ચોરાશી લાખ યોનિવાળો સંસાર)ને વિષે ગયો હતો. ॥૫૩॥ હે આર્ય તું અને હું બંને માનસ (હૃદય) સરોવરમાં રહેનારા હંસ (આત્મા રૂપે શુદ્ધ) હૈએ. આપણ હજારો વરસો સુધી ઘર વિનાનાજ (પ્રલય પછી બ્રહ્મરાત્રિમાં) હતા. ॥૫૪॥ હે બંધુ તું વિષય સુખોની પ્રીતિથી, મને તજીને પૃથ્વી ઉપર ગયો. ત્યાં કોઇ સ્ત્રીએ (માયાએ) નિર્માણ કરેલું એક નગર (મનુષ્ય શરીર) તેં દીઠું. ॥૫૫॥ એ નગરમાં પાંચ બગીચા-નવ દરવાજા-એક ચોકી કરનારો-ત્રણ કિલ્લા-છ વેપારી-પાંચ દુકાનો-અને પાંચ મુળકારણો હતાં અને તેની માલેક એક સ્ત્રી હતી ॥૫૬॥ ઇંદ્રિયોના પાંચ વિષય એ બગીચા, અને શરીરનાં નવ દ્વાર તે દરવાજા, ચોકી કરનારો તે પ્રાણવાયુ, અને અન્ન ઠીવા પૃથ્વી-જળ-અને અગ્નિ એ ત્રણ કિલ્લા, તથા પાંચ જ્ઞાનેંદ્રિયો અને છઠું મન એ છ વેપારીઓ હતા. ॥૫૭॥ પાંચ કર્મેંદ્રિયો તે પાંચ દુકાનો, પાંચ મહાભુત તે પાંચ મુળ કારણો, અને શક્તિ એટલે બુદ્ધિ તે નગરની માલેકણ હતી. એવા તે નગરમાં પેઠેલો પુરૂષ (તું) જ્ઞાન રહિત થઇ ગયો. ॥૫૮॥ એ સ્ત્રીનો સમાગમ થવાથી તું એ નગરમાં તેની સાથે રમતાં, આત્મસ્વરૂપના સ્મરણને યાદ કરી શક્યો નહીં. અને હે સમર્થ, એ સ્ત્રી-

આ સંબંધીજ તું આવી નઠારી દશાને પામેલી છે. ॥૫૯॥ તું વિદર્ભ રાજાની દીકરી નથી. અને આ વીર પુરૂશ તારો સંબંધી (પતિ) નથી. તથા જેણે તને નવ દરવાજા વાળા નગરમાં રોકી રાખ્યો હતો તે પુરંજની-નો પતિ પણ તું નથી. ॥૬૦॥ જે વડે સતીપણાવાળું સ્ત્રીપણું અને પુરૂશપણું ઉત્પન્ન થાય છે તે તો મારી રચેલી માયા છે. પણ આપણ બેઉતો હંસ (આત્મા રૂપથી શુદ્ધ) છૈએ-અને એ દેખાતી બેઉ ગતિ એ (સ્ત્રીપણું અને પુરૂશપણું) આપણને છેજ નહીં. ॥૬૧॥ હું છું તે તારા થકી જુદો બીજો નથી, હું અને તું એક રૂપજ છીએ તે તું તપાસી જો. વિદ્વાનો આપણ બેઉમાં જરાપણ તફાવત કોઇ પ્રકારે થયેલાનું જોતાજ નથી. ॥૬૨॥ પુરૂશ જેમ પોતાનેજ દર્પણ અને આંખ આદિમાં જોવાથી (પ્રતિબીંબ જોવાથી) એ પ્રકારે દેખે છે. તે રીતેજ ઉપાધિના (લીંગશરીરના) કારણથી થયેલો તફાવત આપણામાં પણ જણાય છે. ॥૬૩॥ નારદ-ત્યારે જેની સ્મૃતિ વ્યભિચારવડે (એટલે દ્વૈતને વિશે બુદ્ધિ થવાથી) નાશ પામી હતી એવા તે હંસને,

એ રીતે પેલા માનસસરોવરના હંસે બોધ કરવાથી તેને ફરીથી સ્મૃતિ આવી.॥૬૪॥ હે બર્હિશદ રાજન, મેં તમને અધ્યાત્મ જ્ઞાન (એટલે આત્મતત્વનું જ્ઞાન) આ રીતે પરોક્ષપણે, પુરંજનના ઇતિહાસના મીશથી દેખાડેલું છે કે જે રીતે પરોક્ષ બોલવું, વિશ્વનું પોશણ કરનાર વિશ્નુભગવાનને પ્રિયછે.॥૬૫॥ઇ.ભા.ચો.સ્કંદ;અઠાવીસમો અ.સં ॥૨૮॥

અધ્યાય ૨૯ મો.—રાજા—હે નારદજી તમારાં વિદ્વાનોથીજ સમજી શકાય એવાં વચનોને કર્મોમાં મોહ પામેલા મારા સરખાઓની નજર નહીં પહોંચવાથી હું સંપૂર્ણ રીતે સમજી શકતો નથી (માટે તે ખુલાસેથી સમજાવો.) ॥૧॥-નારદ-પુરૂશને પુરંજન જાણો જેને, એક-બે-ત્રણ-અને ચાર પગવાળાં તથા બહુ પગવાળાં અને પગ વગરનાં શરીરો પોતાને રહેવાને માટે જોવામાં આવેછે. ॥૨॥ એ અવિજ્ઞાત સખા કહ્યો તે એ પુરૂશનો મિત્ર ઇશ્વર સમજવો. કેમજે, નામોવડે-ક્રિયાવડે-અથવા ગુણોવડે પુરૂશના જાણવામાં આવતો નથી. ॥૩॥ જ્યારે પ્રકૃતિના ગુણોને એટલે વિશયાદિકનાં સુખોને સંપૂર્ણપણે ભોગવવાની તેને ઇચ્છા થઇ ત્યારે

यंवीरःसुहृत्तव ॥ नपतिस्त्वंपुरंजन्यारुद्धोनवमुखेयया॥६०॥ मायाह्येषामयासृष्टायत्पुमांसंस्त्रियंसतीं॥ मन्यसेनोभयंयद्वैहंसौ[illegible]र्गतिं ॥६१॥ अहंभवान्नचान्यस्त्वंत्वमेवाहंविचक्ष्वभो ॥ ननौपश्यंतिकवयश्छिद्रंजातुमनागपि॥६२॥ यथापुरुषआत्मानमेकमादर्शचक्षुषोः॥ द्विधाभूतमवेक्षेततथैवांतरमावयोः ॥६३॥ एवंसमानसोहंसोहंसेनप्रतिबोधितः॥ स्वस्थस्तद्व्यभिचारेणनष्टामापपुनःस्मृतिं॥६४॥ बर्हिष्मन्नेतदध्यात्मंपारोक्ष्येणप्रदर्शितं॥ यत्परोक्षप्रियोदेवोभगवान्विश्वभावनः॥६५॥इ०भा०म०च०पुरंजनोपाख्यानेअष्टाविंशतितमोऽध्यायः॥२८॥ प्राचीनबर्हि०भगवंस्ते[illegible]वचोऽस्माभिर्न[illegible]ग्यगवगम्यते॥ कवयस्तद्विजानंतिनवयंकर्ममोहिताः ॥१॥ नारद०पुरुषंपुरंजनंविद्याद्यद्व्यनक्त्यात्मनःपुरः॥ एकद्वित्रिचतुष्पादंबहुपादमपादकं ॥२॥ योऽविज्ञाताहृतस्तस्यपुरुषस्यसखेश्वरः॥ यन्नविज्ञायतेपुंभिर्नामभिर्वाक्रियागुणैः॥३॥ यदाजिघृक्षुःपुरुषःकात्स्न्र्येनप्र[illegible]तेर्गुणान् ॥ नवद्वारंद्विहस्तांघ्रितत्रामनुतसाध्विति॥४॥ बुद्धिंतुप्रमदांविद्यान्ममाहमितियत्कृतं ॥ यामधिष्ठायदेहे[illegible]न्भुंक्तेऽक्षभिर्गुणान् ॥५॥ सखायइंद्रियगणाज्ञानंकर्मचयत्कृतं॥ सख्यस्तद्वृत्तयःप्राणःपंचवृत्तिर्यथोरगः॥६॥ बृहद्बलंमनोविद्यादुभयेंद्रि[illegible]॥ पंचालाःपंचविषयायन्मध्येनवखंपुरं॥७॥अक्षिणीनासिकेकर्णौमुखंशिश्नगुदाविति॥ द्वेद्वेद्वारौबहिर्यातियस्तदिंद्रियसंयुतः ॥८॥ अक्षिणीनासिकेआस्यमितिपंचपुरःकृताः॥दक्षिणादक्षिणःकर्णउत्तराचोत्तरःस्मृतः॥९॥ पश्चिमेइ[illegible]धोद्वारौगुदंशिश्नमिहोच्यते ॥ खद्योताविर्मुखीचात्रनेत्रेएकत्रनिर्मिते ॥ रूपंविभ्राजितंताभ्यांविचष्टेचक्षुषेश्वरः॥१०॥ नलिनीनालिनीनासेगंधःसौरभउच्यते॥ घ्राणोऽवधूतोमुख्यास्यंविपणोवाग्रसविद्रसः॥११॥ आपणोव्यवहारोत्रचित्रमंधोबहूदनं॥पितृहूर्दक्षिणःकर्णउत्तरोदेवहूःस्मृतः॥१२॥प्रवृत्तंचनिवृत्तंचशास्त्रंपंचालसंज्ञितं॥ पितृयानंदेवयानंश्रोत्राच्छ्रुतधराद्व्रजेत्॥१३॥आसुरीमेढ्रमर्वाग्द्वार्व्यवायोग्रामिणांरतिः ॥ उपस्थोदुर्मदःप्रोक्तोनिर्ऋतिर्गुदउच्यते॥१४॥ वैशसंनरकंपायुर्लुब्धकोंधौतुमेशृणु॥ हस्तपादौपुमांस्ताभ्यांयुक्तोयातिकरोतिच॥१५॥अंतःपुरंचहृदयंविषूचीर्मनउच्य

સઘળાં શરીરો જોતાં જોતાં તેણે નવ દ્વાર વાળા અને બે હાથ તથા પગવાળા મનુષ્ય શરીરને સારૂં માન્યું. ॥૪॥ સ્ત્રી કહી તે બુદ્ધિ જાણો. "હું અને મારૂં" એ તેણે કરયું છે. તથા તેના સહિત શરીરમાં રહીને પુરૂશ ઇંદ્રિયાદિકવડે વિશયાદિક સુખોને ભોગવેછે. ॥૫॥ બુદ્ધિના સખા કહ્યા તે ઇંદ્રિયો કે જેઓ વડે કર્મો તથા જ્ઞાન થાય છે, સખીઓ તે ઇંદ્રિયોની વૃત્તિઓ અને નાગ કહ્યો તે પાંચ વૃત્તિ વાળા પ્રાણને જાણો ॥૬॥ બેઉ પ્રકારની ઇંદ્રિયોનો નાયક બૃહદ્બળ તે મન જાણો. પંચાળ દેશ તે પાંચ વિશયો. જેને વિશે નવ દ્વાર વાળું નગર (મનુષ્ય શરીર) રહેલું છે. ॥૭॥ બે આંખ્યો-બે નાકનાં છીદ્ર-બે કાન-મોઢું-શીશ્ન અને ગુદાએ દરવાજાઓમાં થઇને, જે તે ઇંદ્રિયને સાથે રાખીને પુરૂશ બહાર ચંચાળ દેશમાં જાય છે એટલે પાંચ વિશયોને ભોગવે છે. ॥૮॥ બે આંખ્યો-બે નાકનાં છીદ્ર-અને મોઢું એ પાંચ, તે નગરની પૂર્વતરફ એટલે આગળ; જમણો કાન દક્ષિણે એટલે જમણી તરફ; અને ડાબો કાન ઉત્તરે એટલે ડાબી તરફના દરવાજા કહેલા

છે. ॥૯॥ ગુદા અને શીશ્ન એ બે પશ્ચિમે એટલે નીચેના દરવાજા છે. ખદ્યોતા તે ડાબી આંખ્ય-અને આવિર્મુખી તે જમણી આંખ્ય, એ બેઉ એક ઠેકાણે નિર્માણ થયેલ દરવાજામાં થઇને પુરૂશ ચક્ષુ ઇંદ્રિયની સહાયતાથી વિભ્રાજીત દેશમાં જાય છે એટલે રૂપ વિશયને જાણે છે. ૧૦॥ નલીની અને નાલીની તે બેઉ નાકનાં છીદ્રો, સૌરભ દેશ કહ્યો તે ગંધ વિશય, અને અવધૂત તે ઘ્રાણ ઇંદ્રિય સમજો. તથા મુખ્યા દરવાજો તે મોઢું, વિપણ તે વાણી, અને રસજ્ઞ તે જીવ્હાઇંદ્રિ સમજો. ॥૧૧॥ આપણ તે બોલવું, બહુદન તે અનેક પ્રકારનું અન્ન ખાવું, પિતૃહુ તે જમણો કાન, અને દેવહુ તે ડાબો કાન કહેલ છે. ॥૧૨॥ દક્ષિણ અને ઉત્તર પંચાળ દેશ કહ્યા. તે પ્રવૃતિ અને નિર્વૃત્તિ શાસ્ત્ર, અને શ્રુતધર તે શ્રોત્રઇંદ્રિય જેની મદદથી તે પિતૃલોકમાં અને ભગવાનના લોકમાં જાય છે. ॥૧૩॥ નીચેનો દરવાજો આસુરી તે શીસ્ન છે. ત્યાં થઇને દુર્મદની એટલે ઉપસ્થ ઇંદ્રિયની મદદથી પામર પુરૂશ વ્યવાય દેશમાં જાય છે એટલે રતી અથવા મૈથુન કરેછે. અને નિરૃતી

તે ગુદા કહેલ છે. ॥૧૪॥ વૈશસ તે નરક અને લુબ્ધક પાયુ ઇંદ્રિયને કહેલ છે. અંધ કરેલા દરવાજા તે હાથ અને પગ, કે જેઓ વડે પુરૂશ કામ કરેછે અને ચાલેછે. ॥૧૫॥ અંતઃપુર એટલે જનાનો ઓરડો તે હૃદય, વિશુચી નાગર ક્યો તે મન; અને બુદ્ધિને વિશે પુત્રો, તેના ત્રણ ગુણો સત્વ-રજ-અને તમવડે, પ્રસાદ-હર્ષ-અને મોહ રૂપથી થાયછેજ ॥૧૬॥ ગુણો વાળી બુદ્ધિ જે જે પ્રકારે કામો કરે છે અથવા નથી કરતી, તે તે પ્રકારે પુરૂશ, જો કે પોતે દ્રષ્ટા એટલે સાક્ષી રૂપેજ માત્ર રહેનારો છતાં, તે તે વૃત્તિવાળો થઇને પોતે પણ કામો કરેછે અને નથી પણ કરતો. ॥૧૭॥ રથ તે દેહ, ઘોડા તે ઇંદ્રિયો, સંવત્સરનો વેગ તે ગતિ, પાપ અને પુણ્ય બે પ્રકારનાં કર્મો તે પઇડાં, ત્રણ ગુણો તે ધજાઓ, અને પંચ પ્રાણ વાયુ તે તેનાં બંધનો (દોરડીઓ) સમજવી. ॥૧૮॥ રાશ તે મન, સારઆસાર વિચાર તે સારથી, બેસવાની જગ્યા તે હૃદય, દ્વંદ્વ તે ધોંસરી, પાંચ વિશયો તે સરસામાન, ને પડદા તે સાત ધાતુઓ જાણવા. આકૃતી તે ઝાંઝવાનાં પાણી જેવા બહારના પદાર્થાદિક તરફ દોડવું, અગિયાર ઇંદ્રિયો તે સેના, પાંચ જ્ઞાનેંદ્રિયોથી વિશયોનું સેવન તે શિકાર,સંવત્સર તે ચંડવેગ, કે જેથકી કાળનું માપ જાણવામાં આવે છે ॥ ૨૦ ॥ તેના દિવસો અને રાત્રીઓને અહીંયાં ગંધર્વ તથા ગંધર્વીઓ કહેલ છે. જે ત્રણસેને સાઠ હોઇને પોતાના ફરવાવડે આયુષ્યને હરે છે. ॥ ૨૧ ॥ કાળ કન્યા તે સાક્ષાત જરા અવસ્થા કે જેને લોકો આદર આપતા નથી. તેને યવનોના રાજાએ એટલે મૃત્યુએ લોકોનો ક્ષય કરવાને સારૂં પોતાની બેહેન કરી રાખી ॥૨૨॥ મૃત્યુના ફરતા સીપાઇ યવનો તે આધિ અને વ્યાધિ એટલે રોગો, અને ઘણા વેગથી પેસનારો બે પ્રકારનો તાવ તે પ્રજ્વાર છે. ॥૨૩॥ એ પ્રકારે દૈવથી થનારાં-પ્રાણીઓથી થનારાં-અને પોતાના શરીરથી થનારાં અનેક પ્રકારનાં દુઃખોથકી ક્લેશ પામતો-તમો ગુણથકી ઘેરાએલો-અને પોતે નિર્ગુણ છતાં પ્રાણ-ઇંદ્રિય-અને મનના ધર્મોને પોતાના માનતો-અને ક્ષુદ્ર કામનાઓનું ધ્યાન કરતો-તથા હું અને મારૂં કરીને કર્મો કરતો, તે દેહી એટલે પુરૂશ સો વરસ સુધી તે મનુષ્ય શરીરમાં રેહેછે. ॥૨૪-૨૫॥ અને પુરૂશ પોતે આત્મ સ્વરૂપને જાણનારો છતાં; જ્યારે પરમ ગુરૂ ભગવાનને અને પોતાને પણ ભુલી જવા રૂપ વિસ્મૃતિવાન થઇને પ્રકૃતિના

ते॥तत्रमोहंप्रसादंवाहर्षंप्राप्नोतितद्गुणैः॥१६॥ यथायथाविज्ञिस्त्यतेगुणाक्तोविकरोतिवा॥ तथातथोपद्रष्टात्मातद्वृत्तीरनुकार्यते ॥१७॥ देहोरथ
स्त्विंद्रियाश्वःसंवत्सररयोगतिः॥ द्विकर्मचक्रस्त्रिगुणध्वजःपंचासुबंधुरः॥१८॥ मनोरश्मिर्बुद्धिसूतोहृन्नीडोद्वंद्वकूबरः॥पंचेंद्रियार्थप्रक्षेपःसप्तधा
तुवरूथकः॥१९॥ आकूतिर्विक्रमोबाह्योमृततृष्णांप्रधावति॥ एकादशेंद्रियचमूःपंचसूनाविनोदकृत् ॥ संवत्सरश्चंडवेगःकालोयेनोपलक्षितः
॥२०॥ तस्याहानीहगंधर्वागंधर्व्योरात्रयःस्मृताः॥हरंत्यायुःपरिक्रांत्याषष्ट्युत्तरशतत्रयं ॥२१॥ कालकन्याजरासाक्षाल्लोकस्तांनाभिनंदति ॥
स्वसारंजगृहेमृत्युःक्षयाययवनेश्वरः॥२२॥ आधयोव्याधयस्तस्यसैनिकायवनाश्चराः॥ भूतोपसर्गाशुरयःप्रज्वारोद्विविधोज्वरः ॥२३॥ एवंब
हुविधैर्दुःखैर्दैवभूतात्मसंभवैः॥ क्लिश्यमानःशतंवर्षंदेहेदेहीतमोवृतः ॥२४॥ प्राणेंद्रियमनोधर्मानात्मन्यध्यस्यनिर्गुणः॥ शेतेकामलवान्ध्याय
न्ममाहमितिकर्मकृत्॥२५॥ यदात्मानमविज्ञायभगवंतंपरंगुरुं॥पुरुषस्तुविषज्जेतगुणेषुप्रकृतेःस्वदृक् ॥२६॥ गुणाभिमानीसतदाकर्माणिकुरुते
वशः॥ शुक्लंकृष्णंलोहितंवायथाकर्माभिजायते॥२७॥ शुक्लात्प्रकाशभूयिष्ठाल्लोकानाप्नोतिकर्हिचित् ॥ दुःखोदर्कान्क्रियायासांस्तमःशोको
त्कटान्क्वचित्॥२८॥ क्वचित्पुमान्क्वचिच्चस्त्रीक्वचिन्नोभयमंधधीः॥देवोमनुष्यस्तिर्यग्वायथाकर्मगुणंभवः॥२९॥क्षुत्परीतोयथादीनःसारमेयो
गृहंगृहं॥ चरन्विंदतियद्दिष्टंदंडमोदनमेववा ॥३०॥ तथाकामाशयोजीवउच्चावचपथाभ्रमन्॥ उपर्यधोवामध्येवायातिदिष्टंप्रियाप्रियं ३१
दुःखेष्वेकतरेणापिदैवभूतात्महेतुषु॥जीवस्यनव्यवच्छेदःस्याच्चेत्तत्तत्प्रतिक्रिया॥३२॥ यथाहिपुरुषोभारंशिरसागुरुमुद्वहन् ॥ तंस्कंधेनसआ
धत्तेतथासर्वाःप्रतिक्रियाः॥३३॥नैकांततःप्रतीकारःकर्मणांकर्मकेवलं॥द्वयंह्यविद्योपसृतंस्वप्नेस्वप्नइवानघ ॥३४॥ अर्थेह्यविद्यमानेऽपिसंसृ
तिर्ननिवर्तते॥ मनसालिंगरूपेणस्वप्नेविचरतोयथा॥३५॥ अथात्मनोऽर्थभूतस्ययतोनर्थपरंपरा ॥ संसृतिस्तद्व्यवच्छेदोभक्त्यापरमयागुरौ

ગુણો રૂપ વિશયાદિકમાં આશક્તિવાળો થાય છે. ॥૨૬॥ ત્યારે ગુણોનો અભિમાની થઇને એટલે ઇંદ્રિયો અને ઇંદ્રિયોના દેવતાઓએ કરાતાં કર્મોને પોતે કરેલાં તે માને છે; ત્યારે તે ધોળાં-રાતાં-અને કાળાં કર્મોના અનુસારથી તેવી પ્રકારના જન્મોને પામે છે. ॥૨૭॥ અને તે કોઇ વખતે ધોળાં એટલે સાત્વિક કર્મોવડે ઉત્તમ અને પ્રકાશવાન દેવ આદિના લોકને પામેછે. રાતાં એટલે રાજસ કર્મોવડે, જેમાં મહેનત કરવાની ઘણી છે અને પરિણામે દુઃખથી ભરેલા છે એવા મનુષ્યાદિકના લોકને પામે છે. અને કાળાં એટલે તામસ કર્મોવડે અજ્ઞાન વાળા અને શોકથી ભરેલા એવા જીવજંતુ-નરકના કીડા આદિ તથા ભુત પ્રેત વિગેરેના લોકને પામેછે. ॥૨૮॥ અને જે તે કર્મો અને ગુણોના અનુસારથી તે મંદ બુદ્ધિ વાળો કોઇ વાર પુરૂશ તો કોઇ વાર સ્ત્રી અને કદીક નપુંસક પણ થઇને દેવ-મનુષ્ય-અને પશુ પક્ષી આદિના અવતારોને પામે છે. ॥૨૯॥ તથા રાંક અને ભુખ્યો થયેલો કુતરો ઘેર ઘેર ભટકતાં, કોઇ ઠેકાણેથી રોટલીનો ટુકડો અને કોઇ ઠેકાણે લાકડીનો માર નસીબ પ્રમાણે પામવાની પેઠે, તે વિશયોની તૃષ્ણાવાળો દેહી પણ, ઉંચા,-નીચા અને મધ્યમ અવતારોમાં ભમતાં, દૈવાધિન પણે પ્રિય અથવા અપ્રિયને એટલે સુખો અગર દુઃખોને ભોગવે છે. ॥૩૦-૩૧॥ એ વિશયોની તૃષ્ણાવાળા દેહીને, દૈવથી થનારાં-પ્રાણીઓથી થનારાં-અને પોતાના શરીર થકી થનારાં એ રીતે ત્રણે પ્રકારનાં દુઃખો થકી છુટવાનો ખરો ઉપાય તો છેજ નહીં. અને જે કોઇ (માની લીધા સરખો ઉપાય)છે તે તો કર્મોથકી છુટવાને માટે, વળી બીજાં પ્રાયશ્ચિતાદિક કર્મો કરવાં એજ છે ॥૩૨॥ તે ઉપાય તરીકે કરવાનાં સર્વ પ્રાયશ્ચિતાદિક કર્મો; જેમ કોઇ પુરૂશ ઘણો ભાર માથા ઉપર ઉપાડીને ચાલતાં થાકી જવાથી તે ભાર ખભા ઉપર રાખીને ચાલવાનાં સરખાંજ છે. ॥૩૩॥ એટલા માટે હે પાપ રહિત બર્હિશદ રાજા, કરેલાં કર્મોનો ખરેખરો " પ્રતિકાર " (એટલે તેમને મટાડવાનો ખરેખરો ઉપાય) કેવળ (પ્રાયશ્ચિતાદિક) કર્મો કરવાથી તો નથીજ થતો. કેમકે કરેલાં કર્મો તથા તેમને મટાડવાને માટે ફરી કરેલાં પ્રાયશ્ચિતાદિક કર્મો એ બંને વાનાં એક સ્વપ્નને વિશે થતા બીજા સ્વપ્નના સરખાં, એટલે અવિદ્યા (અજ્ઞાન) થકીજ થનારાં છે ॥૩૪॥ ખરૂં જોતાં જન્મ મરણ રૂપ સંસાર પુરૂશને (આત્માને) થતોજ નથી. પરંતુ તેને મન એટલે લીંગ શરીર

રૂપ ઉપાધી વડે; સ્વપ્નઅવસ્થાની પણ કેટલીક ક્રિયાઓ ખરી થઇને, તેનાં સુખ દુખ ભોગવવાં પડેછે, એ રીતે પુરૂશ (આત્મા) સંસાર સંબંધનાં દુખો થકી નિવૃતજ થઇશકતો નથી. ॥૩૫॥ પણ પરમ પુરૂશાર્થ રૂપ આત્મા અથવા પુરૂશને, વારંવાર અનર્થને આપનારા સંસાર થકી નિવૃત થવાનો ખરેખરો ઉપાય તો, પરમાત્મા અને મહાન એવા ભગવાનની ભક્તિ કરવી, એ એકજ છે. ॥૩૬॥ અને એકાગ્ર ચીત વડે તથા સર્વ ઉપાયોથી વાસુદેવ ભગવાનની ભક્તિ કરવાથકી વૈરાગ્ય અને ગ્નાન ઉત્પન્ન થાય છે. ॥ ૩૭ ॥ હે બર્હિશદ રાજા, એવો ભક્તિયોગ અચ્યુત ભગવાનની કથાઓ નિત્ય નિત્ય સાંભળવાથી—તેમાં શ્રદ્ધા રાખવાથી અને તેનુંજ મનન કરવાથી તથા તેનોજ આશ્રય કરવાથી થોડા વખતમાંજ પ્રાપ્ત થાય છે. ॥૩૮॥ અને જે સ્થળે ભગવાનના ગુણોનું કથન—તથા શ્રવણ થવાવડે વિહ્વળ થયેલા ચીત્ત વાળા—નિર્મળ અંતઃકરણવાળા—સાધુ—ભગવતી—અને મહાત્માઓના મુખ થકી નિકળતી ભગવાનનાં ચરિત્રો રૂપ અમૃતની નદીઓ ચારેકોર વહ્યા કરે છે, તેનું પાન તરસ નહીં હોવા છતાં પણ જે લોકો સાવધાન કાનવડે કરનારા છે; તેઓને ભુખ—તરશ,—ભય—શોક,—અને મોહ, એટલાં તો સ્પર્શ પણ કરી શકતાં નથી.॥૩૯—૪૦॥ આ જીવ લોકો, એ ભુખ તરશાદિકથીજ, પોતાના સ્વભાવે કરીને હમેશાં ઉપદ્રવ પામવા વડે; હરિ ભગવાનની કથાઓ રૂપ અમૃતના સમુદ્રમાં પ્રીતિ કરી શકતા નથી. ॥૪૧॥ પ્રજાપતિઓના પણ સ્વામી એવા સાક્ષાત બ્રહ્મા—સદાશિવ—મનુ—દક્ષ આદિ પ્રજાપતિઓ સનકાદિક વિગેરે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ—મરીચી, અત્રી, અંગિરા, પુલસ્ત્ય, પુલહ, ક્રતુ, ભૃગુ. અને વસિષ્ટ એટલા તથા છેવટે હું વીગેરે સર્વે વેદને જાણનારાઓ પણ, તપ—વિદ્યા—અને સમાધિ વડે, એ વેદવાણીના અધિપતિ અને સર્વજ્ઞ ભગવાનને શોધ્યા કર્યા છતાં અદ્યાપિ સુધી જાણી શક્યા નથી.॥૪૨—૪૩—૪૪॥એટલે તે સઘળાઓ, અનંત અને અપાર શબ્દબ્રહ્મ એટલે વેદમાંના મંત્રોમાં બતાવેલી નિશાનીઓ વાળા(સાકાર ભગવાન) નેજ ભજવાથી, પરમાત્માના ખરા નિર્ગુણ સ્વરૂપને જાણી શકતા નથી. ॥ ૪૫ ॥ પણ ભગવાન પોતેજ જ્યારે પ્રસન્ન થઇને

॥३६॥ वासुदेवेभगवतिभक्तियोगःसमाहितः ॥ सध्रीचीनेनवैराग्यंज्ञानंचजनयिष्यति॥३७॥ सोऽचिरादेवराजर्षेस्यादच्युतकथाश्रयः॥ शृण्वतःश्रद्दधानस्यनित्यदास्यादधीयतः॥३८॥ यत्रभागवताराजन्साधवोविशदाशयाः॥भगवद्गुणानुकथनश्रवणव्यग्रचेतसः॥३९॥ तस्मिन्महन्मुखरितामधुभिच्चरित्रपीयूषशेषसरितःपरितःस्त्रवंति ॥ तायेपिबंत्यवितृषोनृपगाढकर्णैस्तान्नस्पृशंत्यशनतृड्भयशोकमोहाः॥४०॥ एतैरुपद्रुतोनित्यंजीव लोकःस्वभावजैः ॥ नकरोतिहरेर्नूनंकथाऽमृतनिधौरतिं॥४१॥ प्रजापतिपतिःसाक्षाद्भगवान्गिरिशोमनुः॥दक्षादयःप्रजाध्यक्षानैष्ठिकाःसनकादयः॥४२॥मरीचिरत्र्यंगिरसौपुलस्त्यःपुलहःक्रतुः॥ भृगुर्वसिष्ठइत्येतेमदंताब्रह्मवादिनः॥४३॥अद्यापिवाचस्पतयस्तपोविद्यासमाधिभिः॥ [illegible]तोऽपिनपश्यंतिपश्यंतंपरमेश्वरं ॥४४॥ शब्दब्रह्मणिदुष्पारेचरंतउरुविस्तरे ॥ मंत्रलिंगैर्व्यव[illegible]न्नंभजंतोनविदुःपरं ॥४५॥ यदायमनुगृण्हातिभगवानात्मभावितः॥ सजहातिमतिंलोकेवेदेचपरिनिष्ठितां॥४६॥ तस्मात्कर्मसुबर्हिष्मन्नज्ञानादर्थकाशिषु॥ मार्थदृष्टिंकृथाःश्रोत्रस्पर्शिष्वस्[illegible]ष्टवस्तुषु ॥४७॥ स्वलोकंनविदुस्तेवैयत्रदेवोजनार्द[illegible] ॥ आहुर्धूम्रधि[illegible]कर्मकमतद्विदः॥४८॥ आस्तीर्यदर्भैःप्रागग्रैःकार्त्स्न्येनक्षितिमंडलं ॥ स्तब्धोबृहद्वधान्मानीकर्मनावैषियत्परं॥ तत्कर्महरितोषंयत्साविद्यातन्मतिर्यया ॥४९॥ हरिर्देहभृतामात्मास्वयंप्र[illegible]तिरीस्वरः॥ तत्पादमूलंशरणंयतःक्षेमोनृणामिह ॥५०॥ सवैप्रियतमश्चात्मायतोनभयमण्वपि ॥ इतिवेदसवैविद्वान्योविद्वान्सगुरुर्हरिः॥५१॥ नारद०प्रश्नएवंहिसंछिन्नोभवतःपुरुषर्षभ॥अत्रमेवदतोगुह्यंनिशामयसुनिश्चितं॥५२॥ क्षुद्रंचरंसुमनसांशरणेमिथित्वारक्तंषडंघ्रिगणसामसुलुब्धकर्णं ॥ अग्रेवृकानसुतृपोऽविगणय्ययांतं[illegible]पृष्ठेमृगंमृगयलुब्धकबाणभिन्नं ॥५३॥ सुमनसःसमधर्माणांस्त्रीणांशरणआश्रमे पुष्पमधुगंधवत्क्षुद्रतमंकाम्यकर्मविपाकजं कामसुखलवंजैह्वयोपस्थादिविचिन्वंतंमिथुनीभूयतदभिनिवेशितमनसंषडंघ्रिगणसामगीतवदतिमनोहरवनितादिजनालापेष्वतितरामतिप्रलोभितकर्णमग्रेवृकयूथवदात्मन आयुर्हरतोऽहोरात्रांतान्काललवविशेषानविगणय्यगृहे

અનુગ્રહ કરે છે. ત્યારેજ આ લોક અને પરલોકની તથા વેદને વિશેની નિષ્ઠારૂપ આગ્રહવાળી બુદ્ધિને પુરૂશ તજી દેછે. ॥૪૬॥ એટલા માટે હે બર્હિશદ રાજા, અજ્ઞાન વડેજ પુરૂશાર્થ સરખાં જણાતાં, અને ખરી વસ્તુ રૂપે નહીં છતાં માત્ર કાનનેજ સારાં લાગનારાં, એટલે ફળરૂપ નહીં પણ પુષ્પ સમાન કર્મો કરવામાં તમે પુરૂશાર્થ હોવાની બુદ્ધિ કરોમાં. ॥૪૭॥ વેદને બરાબર નહીં જાણનારાઓ, જેઓ વેદને કર્મો કરાવવાના અભિપ્રાયવાળો હોવાનું કહે છે. તેઓની બુદ્ધિ યજ્ઞાદિકના ધુમાડા વડે મલિન થઇ ગયેલી તમે જાણો. [illegible]ને ભગવાન જનાર્દનને રેહેવાના વૈકુંઠ લોકને તેઓ પામી શકતા નથી. ॥૪૮॥ માટે અનેક પ્રાણીઓને મારી નાંખવાવડે અક્કડ અને અભિમાની બનેલા તેં, ઉગમણી તરફ અણીવાળા દર્ભોથી આખી પૃથ્વીને ઢાંકી દેઇને ઘણાં યજ્ઞાદિક કર્મો કરવામાં, તે કર્મો આદિક થકી પર, એવા પુરૂશ ભગવાનને તો જાણ્યાજ નહીં; કારણ જે થકી હરિ ભગવાન પ્રસન્ન થાય તેજ ખરૂં કર્મ; અને જેથી હરિ ભગવાનમાં મતિ થાય તેજ ખરૂં ગ્નાન કહેવાય છે. એવો વિદ્વાનોનો મત છે. ॥૪૯॥ એટલા માટે જે હરિ ભગવાન સર્વે દેહ ધારીઓના આત્મા રૂપેછે—માયા એટલે આખા જગત રૂપે દેખાતા દ્વૈત માત્ર રૂપેછે—અને ઇશ્વર એટલે સર્વના નિયંતા રૂપે પણ છે. તેમનાજ ચરણ મૂળનું શરણ તમે લ્યો. કે જેથી લોકમાં પુરૂશો પરમ કલ્યાણને પામેછે. ॥૫૦॥ એ અત્યંત પ્રિય આત્મ સ્વરૂપ ભગવાનને વિશે અણું માત્ર પણ ભય ન રહી શકવાનું જે જાણેછે; તેજ વિદ્વાન છે. અને સર્વથા હરિભગવાનને ઓળખનારો પણ તેજ છે. ॥૫૧॥ હે રાજા, તેં પુછેલા પ્રશ્ન બદલનો ખુલાસો મેં તને કહ્યો. હવે આ બાબતમાં સારી રીતે નિશ્ચય કરેલી અતિ છાની વાત કહુછું તે સાંભળ. ॥ ૫૨ ॥ ક્ષુદ્ર પદાર્થોને ચરનારો—ફૂલવાડીમાં સ્ત્રીની સાથે મળી તેનામાંજ આશક્ત થઇ રહેલો,—ભમરાઓનાં ગુંજારવમાં કાન લલચાઇ ગયેલો—આગળ ઉભેલા ફાડી ખાનાર નહારને નહીં ગણકારતાં ચાલ્યો જનારો—અને પાછળથી પારધીના બાણથી વીંધાઇ ગયેલો—એવા મૃગને તું સોધી કાઢય. ॥૫૩॥ હે બર્હિશદ રાજા

મેં કહેલો આ મૃગ તે તું પોતેજછે. વિચારી જો, કે ફૂલની પેઠે પરિણામે ફળવિનાના ઓછાળા ઘરમાં, ફૂલના મધુર સુગંધની પેઠે, ક્ષુદ્ર અને ઉપસ્થનાં અલ્પ સુખાદિક, કે જે સકામ પુરુષોને શ્રેષ્ઠ તરીકે મળનારાં છે; તેમને તું શોધ્યા કરેછે. સ્ત્રીની સાથે મળીને તેમાંજ મન રાખેછે. ભમરાઓના ગુંજારવની પેઠે સ્ત્રી પુત્રાદિકનાં મનોહર ભાષણોમાં તારા કાન લલચાઇ ગયાછે. આગળ નાહારના ટોળાની પેઠે તારા આયુષ્યને હરનારા દિવસ-રાતો-અને કાળના નાના મોટા વિભાગો ચાલ્યા કરે છે તેમને નહીં ગણકારતાં તું ઘરમાં રમ્યા કરે છે. અને પછવાડેથી પરોક્ષ રીતે પારધીની પેઠે પાછળ ચાલતો કાળ (મૃત્યુ) અંદર ઢાંકી રાખેલા બાણથી તને વીંધી નાંખે છે. એ રીતે હૃદય ભેદાઇ ગયેલા એવા તું પોતાનોજ તારે વિચાર કરવો ઘટેછે. ॥ ૫૪ ॥ એ પ્રમાણે તારે પોતાનું આચરણ એ મૃગના સરખુંજ હોવાનું જાણીને, તું પોતાથીજ તારા મનનો નિગ્રહ કરવા-બહારની સઘળી વૃત્તિઓને મનમાં રોકવ-સ્ત્રી તથા આસક્તિ અસત પુરુષોની વાતોને તજ-અને સત્પુરુષોના શરણ હરિ ભગવાનનોજ આશ્રય લે. એ સઘળું એક પછી એક એ રીતે કરજે. ॥ ૫૫ ॥-રાજા-હે ભાગ્યશાળી બ્રાહ્મણ (નારદજી), આપે કહેલાને મેં સાંભળ્યું અને તે બદલ મેં વિચાર પણ કર્યો. એ વાત મારા ઉપાધ્યાઓ અને પુરોહિતો જાણતાજ નહીં હોય; જો જાણતા હોયતો તેઓજ મને શામાટે ન કહે. ?

॥ ૫૬ ॥ હે વિપ્ર, આપના કહેવામાં મને એક મોટો સંશય ઉત્પન્ન થયેલો છે. કે જેમાં ઇંદ્રિયોની વૃત્તિઓ ચાલતી નથી અને ઋષિઓ પણ મોહ પામે છે. ॥ ૫૭ ॥ પુરુષ જે દેહથકી આ લોકમાં કર્મો કરે છે તે દેહને તો અહીંયાંજ પડ્યો મૂકીને, તે ચાલ્યોજાય છે. ત્યારે પરલોકને વિષે બીજા દેહવડે, આ પ્રથમના દેહથકી કરેલાં કર્મોને તે કેવી રીતે ભોગવતો હશે. ? ॥૫૮ ॥ એ બાબતમાં વેદને જાણનારાઓએ ઠેકાણે ઠેકાણે વાદ વિવાદ કરેલાનું સંભળાય છે. વળી પ્રથમ કહેલાં કર્મોનો પરોક્ષ થઇ જાય છે એટલે તે પાછળથી ફરીને જોવામાં કેવી રીતે આવી શકે. ? ॥ ૫૯ ॥-નારદ-પુરુષ જે લિંગ દેહથી આ લોકમાં કર્મો કરે છે, તેજ લિંગ દેહથી બીજા લોકમાં, એ કરેલાં કર્મોનાં ફળોને ભોગવે છે. (અર્થાત્ જન્મ થવાથી મળવાના અને મરણ થવાથી છૂટી જનારા સ્થુળ શરીરને કર્તાપણા અને ભોક્તાપણાનો સંબંધ બીલકુલ નથી.) ॥ ૬૦ ॥ જેમ સ્વપ્ન અવસ્થાના દેહનો-અને જાગ્રત અવસ્થાના દેહનો-કર્તા અને ભોક્તા પુરુષ એકનો એકજ હોવા છતાં જુદા જુદા હોવાનું લાગે છે. તે રીતેજ એક દેહથી કરેલાં કર્મોનાં ફળો, તેના જેવાજ બીજા દેહ વડે ભોગવવાનું પણ બેહું સમજાય છે. ॥ ૬૧ ॥ હું (બ્રાહ્મણ-કુળવાન વિગેરે) અમુક પ્રકારનો છું અને અમુક (સ્ત્રી-પુત્રાદિક) તે મારાં છે, એમ અહંતા મમતાથી ભોળીને કરેલાં કર્મોનું અભિમાન, પુરુષ મન એટલે

ष्पुविहरंतंपृष्ठतएवपरोक्षमनुवृत्तोलुब्धकः कृतांतोंऽतःशरेणयमिहपराविध्यतितमिममात्मानमहोराजन्भिन्नहृदयंद्रष्टुमर्हसीति ॥५४॥ सत्वं विचक्ष्वमृगचेष्टितमात्मनोंऽतश्चित्तंनियच्छहृदिकर्णधुनींचचित्ते ॥ जह्यंगनाश्रममसत्तमयूथगाथंप्रीणीहिहंसशरणंविरमक्रमेण ॥५५॥ राजा० श्रुतमन्वीक्षितंब्रह्मन्[illegible]षत॥ नैतज्जानंत्युपाध्यायाःकिंनब्रूयुर्विदुर्यदि॥५६॥ संशयोऽत्रतुमेविप्र[illegible]नोमहान्॥ ऋषयोऽपिहिमुह्यंतियत्रनेंद्रियवृत्तयः॥५७॥ कर्माण्यारभतेयेनपुमानिहविहायतं ॥ अमुत्रान्येनदेहेनजुष्टानिसयदश्नुते ॥५८॥ इतिवेदविदांवादः श्रूयतेतत्रतत्रह॥ कर्मयत्क्रियतेप्रोक्तंपरोक्षंनप्रकाशते ॥५९॥ नारद० येनैवारभतेकर्मतेनैवामुत्रतत्पुमान् ॥ भुंक्ते[illegible]व्यवधानेनलिंगेनमनसास्वयं॥६०॥ शयानमिममुत्सृज्यश्वसंतंपुरुषोयथा॥ कर्मात्मन्याहितंभुंक्तेतादृशेनेतरेणवा॥६१॥ ममैतेमनसायद्यदसावहमितिब्रुवन् ॥ गृण्ही[illegible]नर्भवः॥६२॥ यथाऽनुमीयतेचित्तमुभयैरिंद्रियेहितैः॥ एवंप्राग्दे[illegible]जंकर्मलक्ष्यतेचित्तवृत्तिभिः ॥६३॥ नानुभूतंक्वचानेनदेहेनादृष्टमश्रुतं॥कदाचिदुपलभ्येतयद्रूपंयादृगात्मनि ॥६४॥ तेनास्यता[illegible]शंराजन्लिंगिनोदेहसंभवं ॥ श्रद्धस्वाननुभूतोऽर्थोनमनःस्प्रष्टुमर्हति॥६५॥ मनएवमनुष्यस्यपूर्वरूपाणिशंसति॥ भविष्यतश्चभद्रंतेतथैवनभविष्यतः॥६६॥ अदृष्टमश्रुतंचात्रक्वचिन्मनसिदृश्यते॥यथातथाऽनुमंतव्यंदेशकालक्रियाश्रयं॥६७॥ सर्वेक्रमानुरोधेनमनसींद्रियगोचराः॥ आयांतिवर्गशोयांतिसर्वेसमनसोजनाः ॥६८॥ सत्वैकनिष्ठेमन[illegible]भगवत्पार्श्ववर्तिनि॥ तमश्चंद्रमसीवेदमुपरज्यावभासते ॥६९॥ नाहंममेतिभावोऽयंपुरुषेऽव्यवधीयते ॥ यावद्बुद्धिमनोक्षार्थगुणव्यू[illegible]ह्यनादि

લિંગ દેહવડે કરે છે. અને તેથી એ લિંગ દેહ વડેજ પુનર્જન્મને પામે છે. ॥ ૬૨ ॥ કર્મેંદ્રિયો અને જ્ઞાનેંદ્રિયો બન્નેવડે થયેલાં કર્મોનું અનુમાન જેવી રીતે, તે પુરુષની ચીતની વૃત્તિઓ ઉપરથી થઇ શકે છે. તે રીતેજ પુરુષની મનોવૃત્તિઓ થકીજ; તેણે પૂર્વ દેહ વડે ઉત્પન્ન કરેલાં કર્મો (ભોગવવાનાં કર્મફળો) રહેલાં હોવાનું પણ જણાઇ આવે છે. (અર્થાત મનુષ્યની બુદ્ધિ જન્મથીજ અથવા પહેલેથીજ સારાં અગર નરસાં કર્મો કરવાને પ્રેરવાનું જે થાય છે તે પૂર્વ કર્મોના અનુસારથીજ થાય છે.) ॥ ૬૩ ॥ વળી હે રાજા, આગળ કદી પણ ન જોયેલ-નહીં સાંભળેલ-અને નહીં અનુભવ કરેલ એવાં રૂપ અથવા સ્વભાવ વાળી વસ્તુ આદિ કોઇ કોઇ વખતે (સ્વપ્નાદિકમાં) હાલના દેહ થકી જોવામાં આવવાનું બનેછેજ. તેથી પણ સર્વ પ્રકારે હાલના દેહના સરખો અથવા હાલ છે તેનોતેજ લિંગ દેહ પ્રથમ પણ હોવાની બાબતમાં શ્રદ્ધા બેસે છે. કારણ, વગર અનુભવ કરેલ પદાર્થનું ધ્યાન મનની અંદર થતુંજ નથી. ॥ ૬૪-૬૫ ॥ એમ (એટલે ૬૩ મા શ્લોકમાં કહ્યા મુજબ) મનુષ્યના પૂર્વજન્મને મનજ જણાવે છે. (અર્થાત તેના મનની વૃત્તિઓ ઉપરથી તે સારો કે નઠારો હોવાનું અનુમાન થઇ શકે છે.) અને તે રીતેજ તે પાછળી થવાના સારા કિંવા નઠારા ભાવિષ્ય જન્મને પણ તે (મન)જ જણાવે છે. ॥ ૬૬ ॥ (અને મન વડે તો સર્વેને સર્વ કાંઇનો અનુભવ થયેલો હોવાથી, વગર અનુભવેલ તો કોઇને કાંઇ છેજ નહીં; એમ બતાવવાને કહેછે કે.) સર્વ મનુષ્યો મન વાળા છે. માટે જેની અંદર ઇંદ્રિયોનો પ્રવેશ થઇ શકે તેવા, એટલે સઘળાજ વિષયો, એક બીજાને બાધ નહીં કરે તેમ એક પછી એક સર્વ કોઇના મનમાં આવી શકે છે. અને ભાગવત તત્વરૂપ એક સત્વમાં નિષ્ઠા રાખનારા ભગવતીઓના મનમાં તો, તે વિષયો જથાબંધ સામટા પણ આવે છે; એટલે દેખાય છે. (વૈરાટ પુરુષ રૂપ ભગવાનની ધારણા કરનારા યોગીઓને તો આખુ વિશ્વ જણાવાનુ પ્રસિદ્ધજ છે.) જેમકે રાહુ પોતે ન દેખાય એવો હોવા છતાં ચંદ્રમાના સંબંધમાં આવેથી તે પણ દેખાય છે. ॥૬૭॥ અને અહીંયાં મનની અંદર કદી કદી વગર જોયેલ અને વગર સાંભળેલ, જે હોયજ નહીં; એવા પદાર્થાદિકનું (સ્વપ્નાદિકમાં) દર્શન થાય છે. તે સ્થળ-કાળ-અને ક્રિયાના ભેદના કારણથી થવાનું, જ્યાં જેમ ઘટે તેમ અનુમાન કરવાનું છે. ॥૬૮-૬૯॥ જ્યાં સુધી બુદ્ધિ-મન-ઇંદ્રિયો અને વિષયો આદિથી બનેલું અનાદિકાળનું લિંગ શરીર હોય છે ત્યાં સુધી, "હું અને મારૂં" એવો ભાવ પુરુષને મટતો નથી. ॥૭૦॥ ઉંઘ-મૂર્છા-મહાદુખ-અને પ્રજ્વાર તથા મૃત્યુને વ-

ખતે, અહં (હું) પણાનું જ્ઞાન નાશ પામવાથી, લિંગ શરીર કામ કરી શકતું નથી. ॥ ૭૧ ॥ અને ગર્ભમાં તથા બાળક અવસ્થામાં પણ અગિયાર ઇંદ્રિયાદીકની અપૂર્ણતાને લીધે અમાવાસ્યાના ચંદ્રમાની પેઠે, જુવાનીના સરખું તે લિંગ શરીર જોવામાં આવતું નથી. ॥૭૨॥ વિષયોનું ધ્યાન કરનારને, સ્વપ્નના અર્થો નહીં મટવાની પેઠેજ; તેને સંસાર થવાનું ખરી રીતે જોતાં મૂળેજ નહીં હોવા છતાં પણ, એ (સંસાર)ના અનર્થોથકી તે નિવૃત્ત થઇ શકતોજ નથી. ॥૭૩॥ એ પાંચ (મહા ભૂતોનાં સુક્ષ્મ રૂપો) પ્રકારોવાળું-ત્રણ ગુણો (સત્વ-રજ-અને તમ) થકી વિંટાયલું-તથા સોળ (પાંચ મહા ભૂતો-દસ ઇંદ્રિઓ-ને મન)ના વિસ્તારવાળું, તે લિંગ શરીર જ્યારે ચેતન થકી યુક્ત થાય છે; ત્યારે જીવ કહેવાય છે. ॥૭૪॥ અને પુરૂષ એ લિંગ શરીર વડેજ સ્થૂળ દેહને ધારણ કરેછે, અને મુકી પણ દેછે. તથા હર્ષને-શોકને-બીહીકને-દુખને-અને સુખને પણ તેતે વડેજ જાણે છે. ॥૭૫॥ હે રાજા, બીજા ખડને પકડતા સુધી પ્રથમના પકડેલા ખડને, જેમ ખડ માંકડી છોડતી નથી; તેમજ મરી જનારો પ્રાણી પણ બીજા સ્થૂળ દેહને પામતા સુધી, પ્રથમના સ્થૂળ દેહના અભિમાનને છોડતો નથી. આ રીતે કર્મોના સંબંધથી મન એટલે લિંગ શરીરજ, પ્રાણીઓને જન્મ મરણ આપનારૂં છે. ॥૭૬-૭૭॥ એટલે ઇંદ્રિઓ વડે અને ઇંદ્રિયોના દેવતાઓએ કરેલાં સઘળાં કર્મોને પોતે કરેલાં માનીને, તે કર્મોને વિશે જ્યારે પોતે અભિમાન કરે છે ત્યારે બુદ્ધિ રહિત થયેલો તે, અજ્ઞાન થકી કર્મબંધનને પામે છે. ॥૭૮॥ એટલા માટે એ કર્મબંધન ન થવા દેવાને સારૂં, આખા વિશ્વને ભગવાન રૂપ જોઇને, સ્થિતિ-ઉત્પત્તિ-અને લય જેમાં થાય છે, એવા હરિ ભગવાનને સર્વ ભાવ વડે ભજો. ॥૭૯॥-મૈત્રેય-ભગવતીઓમાં મુખ્ય નારદ મુનિ, પ્રાચીનબર્હિ રાજાને, એ રીતે જીવ અને ઇશ્વર બેઉની ગતિઓ દેખાડીને, પછી તેની રજા લેઇ સિદ્ધ લોકમાં ગયા. ॥૮૦॥ અને પ્રાચીનબર્હિ રાજા પણ, તેના પુત્રો આવેથી તેમને રાજ્ય સોંપવાની આજ્ઞા આપીને, પોતે તપ કરવાને કપિલના આશ્રમમાં (સા-

मान्॥७०॥ सुप्तिमूर्छोपतापेषुप्राणायनविघाततः॥ नेहतेहमितिज्ञानं मृत्युप्रज्वारयोरपि॥७१॥ गर्भेबाल्येऽप्यपौष्कल्यादेकादशविधंयदा॥ लिंगंनदृश्यतेयूनःकुह्वांचंद्रमसोयथा॥७२॥ अर्थेह्यविद्यमानेऽपिसंसृतिर्ननिवर्तते॥ ध्यायतोविषयानस्यस्वप्नेनर्थागमोयथा ॥७३॥ एवंपंचविधंलिंगंत्रिवृत्षोडशविस्तृतं॥ एषचेतनयायुक्तोजीवइत्यभिधीयते॥७४॥ अनेनपुरुषोदेहानुपादत्तेविमुंचति॥ हर्षंशोकंभयंदुःखंसुखंचानेनविंदति॥७५॥ यथातृणजलूकेयंनापयात्यपयातिच॥ नत्यजेन्म्रियमाणोपिप्राग्देहाभिमतिंजनः॥७६॥ यावदन्यंनविंदेतव्यवधानेनकर्मणां॥ मनएवमनुष्येंद्रभूतानांभवभावनं ॥७७॥ यदाऽक्षैश्चरितान्ध्यायन्कर्माण्याचिनुतेऽसकृत्॥सतिकर्मण्यविद्यायांबंधःकर्मण्यनात्मनः॥७८॥ अतस्तदपवादार्थंभजसर्वात्मनाहरिं॥पश्यंस्तदात्मकंविश्वंस्थित्युत्पत्त्यप्ययायतः॥७९॥ मैत्रेय०भागवतमुख्योभगवान्नारदोहंसयोर्गतिं ॥ प्रदर्श्यह्यमुमामंत्र्यसिद्धलोकंततोऽगमत्॥८०॥ प्राचीनबर्हीराजर्षिःप्रजासर्गाभिरक्षणे॥ आदिश्यपुत्रानगमत्तपसेकपिलाश्रमं ॥८१॥ तत्रैकाग्रमनाधीरागोविंदचरणांबुजं ॥ विमुक्तसंगोऽनुभजन्भक्त्यातत्साम्यतामगात्॥८२॥ एतदध्यात्मपारोक्ष्यंगीतंदेवर्षिणाऽनघ ॥ यःश्रावयेद्यःशृणुयात्सलिंगेनविमुच्यते ॥८३॥ एतन्मुकुंदयशसाभुवनंपुनानंदेवर्षिवर्यमुखनिःसृतमात्मशौचं॥यःकीर्त्यमानमधिगच्छतिपारमेष्ठ्यंनास्मिन्भवेभ्रमतिमुक्तसमस्तबंधः ॥८४॥ अध्यात्मपारोक्ष्यमिदंमयाऽधिगतमद्भुतं॥ एवंस्त्रियाश्रमःपुंसश्छिन्नोऽमुत्रचसंशयः ॥८५॥ इ०भा०म०च० विदुरमैत्रेयसंवादेप्राचीनबर्हिनारदसंवादोनामएकोनत्रिंशोऽध्यायः ॥२९॥ विदुर०येत्वयाऽभिहिताब्रह्मन्सुताःप्राचीनबर्हिषः ॥ तेरुद्रगीतेनहरिंसिद्धिमापुःप्रतोष्यकां॥१॥ किंबार्हस्पत्येहपरत्रवाथकैवल्यनाथप्रियपार्श्ववर्तिनः॥ आसाद्यदेवंगिरिशंयदृच्छयाप्रापुःपरंनूनमथप्रचेतसः॥२॥ मैत्रेय०प्रचेतसोंऽतरुदधौपितुरादेशकारिणः ॥ जपयज्ञेनतपसापुरंजनमतोषयन्॥३॥ दशवर्षसहस्रांतेपुरुषस्तुसनातनः ॥ तेषामाविरभूत्कृच्छ्रंशांतेनशमयन्रुचा॥४॥ सुपर्णस्कंधमारूढोमेरुशृंगमिवांबुदः॥ पीतवासामणिग्रीवःकुर्वन्वितिमिरादिशः॥५॥काशिष्णु

ગર કિનારે) ગયો. ॥૮૧॥ ત્યાં જઇને તે વીર પુરૂષ, એકાગ્ર મનથી સંગ રહિત થઇને, ભક્તિ સહિત વારંવાર ગોવિંદ ભગવાનના ચરણ કમળનું ભજન કરવા વડે, ભગવાનના સમાનપણાને પામી ગયો. ॥ ૮૨ ॥ હે પાપ રહિત વિદુર, દેવરૂષિ નારદે ગાએલું આ પરોક્ષ અધ્યાત્મજ્ઞાન જે કોઇ સંભળાવશે અગર સાંભળશે તે લિંગ દેહ થકી મુક્ત થઇ જશે. ॥ ૮૩ ॥ આ દેવરૂષિ નારદના મુખમાંથી નીકળેલા-અંતઃકરણને પવિત્ર કરનારા-અને મુકુંદ ભગવાનના યશ થકી જગતને પણ પવિત્ર કરનારા આખ્યાનનું જે કોઇ કીર્તન કરશે, તે સર્વ પ્રકારનાં બંધનો થકી મૂકાઇને, આ સંસારને વિશે નહીં ભટકતાં, પરમાત્માના પદને પામશે. ॥૮૪॥ જેથી પુરૂષપણું અને સ્ત્રીપણું થવા સંબંધીનો તથા પરલોક સંબંધનો,શંશય છેદાઇ જાય છે; એવું અદભુત અધ્યાત્મ જ્ઞાન, આ રીતે મારાથકી તમે પરોક્ષ વાદની તથા શીખ્યાછો. ॥૮૫॥ ઇતિ૦શ્રી૦ભા૦ચો૦સ્કં૦ઓ૦અ૦સં૦ ॥૨૯॥

અધ્યાય ૩૦ મો—વિદુર—હે, બ્રાહ્મણ, પ્રાચીનબર્હિના પુત્ર પ્રચેતાઓ રૂદ્ર ગીતવડે હરિ ભગવાનને પ્રસન્ન કરીને ઇચ્છિત સિદ્ધિને પામેલાનું તો તમે કહી ગયા છોજ. ॥૧॥ એટલે યદચ્છાથી ભગવાનના પ્રિય અને સખા સદાશિવને મળેલા પ્રચેતાઓ પરંપદને તો પામ્યા હશેજ. પરંતુ તેમને આ લોકમાં અને પરલોકમાં મળવાની કઇ વસ્તુની પ્રાપ્તિ થઇ હતી તે કહો. ॥૨॥-મૈત્રેય-એ પિતાની આજ્ઞા પ્રમાણે વર્તનારા પ્રચેતાઓએ, જળની અંદર પેસીને જપ યજ્ઞ વડે તપ કરીને પુરંજન ભગવાનને પ્રસન્ન કરયા. ॥૩॥ એટલે દસ હજાર વરસને અંતે એ સનાતન પુરૂષ ભગવાને તેમની આગળ પ્રકાશિત શાંત સ્વરૂપથી પ્રકટ થઇને તેમનાં દુઃખ સમાવ્યાં. ॥૪॥ મેરૂ પર્વતની ઉપરના મેઘની પેઠે, ગરૂડના ખભા ઉપર બેઠેલા-પીળાં વસ્ત્ર અને ગળામાં મણિ પહેરેલા-દિશાઓને અંધકાર વિનાની કરતા-॥૫॥-સોનાનાં ચળકતાં આભુશણોથી શોભતા કપાળ અને મુખવાળા-કીરિટ થકી શોભતા-આઠ આયુદ્ધ ધરેલા-પાર્ષદો, મુનિઓ, અને દેવતાઓથી સેવા કરાતા-ગરૂડથી અને કિન્નરોથી કીર્તિ ગવાતા-॥૬॥-પુષ્ટ અને લાંબી આઠ ભુજાઓની મધ્યમાં ર-

દેવ લક્ષ્મી તથા વનમાળા આદિથી વિરાજીને શોભતા—એ રીતના તે પુરૂષ ભગવાને, શરણ આવેલા બર્હિષદના પુત્ર પ્રચેતાઓને દયા ભરેલી નજરથી જોઈને મેઘનાદ સરખી ગંભીર વાણી થકી કહ્યું કે. ॥૭॥—**શ્રીભગવાન**—હે રાજ કુમારો, એક બીજા ઉપર સ્નેહ રાખનારા, અને સરખી રીતે સ્વધર્મ પાળનારા, તમો ઉપર હું તમારા સુહૃદ ભાવ થકીજ પ્રસન્ન થયેલો છું. તમારૂં ભલું થશે, તમે મારી પાસેથી વરદાન માગો. ॥૮॥ રોજ સવારે તથા સાંજે જે પુરૂષ તમારૂં સ્મરણ કરશે, તે ભાઈઓને વિશે તમારા સરખોજ, એક ભાવ રાખનારો અને પ્રાણી માત્રના ઉપર પ્રીતિ રાખનારો થશે. ॥૯॥ અને એકાગ્ર ધ્યાનથી સવારે તથા સાંજે રૂદ્ર ગીતવડે જે કોઈ મારી સ્તુતિ કરશે. તેને હું સારી બુદ્ધિ તથા ઇચ્છિત વરદાનો આપીશ. ॥૧૦॥ તમોએ પિતાની આજ્ઞાને ખુસી થઈને ઉઠાવી છે. તેથી તમારી કીર્તિ ત્રણે લોકમાં વિસ્તરશે. ॥૧૧॥ અને ગુણોમાં બ્રહ્મા કરતાં કમી નહીં એવા એક વિખ્યાત પુત્ર તમને થશે. કે જે પોતાનાં સંતાનો થકી આખી ત્રિલોકીને ભરી નાંખશે. ॥૧૨॥ હે રાજ પુત્રો, કંડો રૂષિ થકી પ્રમ્લોચના નામની અપ્સરાને, એક કમળ સરખી આંખ્યોવાળી દીકરી થઈ હતી. તેને પ્રમ્લોચના તજી જવાથી વૃક્ષોએ રાખેલી છે. ॥૧૩॥ ભુખથી દુબળી થઈને રોતી તે કન્યા ઉપર ચંદ્રમાએ દયા લાવીને, તેણીના મુખમાં અમૃત ઝરતી પોતાની તર્જની આંગળી આપી હતી. ॥૧૪॥ માટે, તમારા પિતાએ સંતાન ઉત્પન્ન કરવાની આજ્ઞા કરેલી, અને મને અનુસરનારા તમે, તે કન્યાને વિલંબ નહીં કરતાં પરણો. ॥૧૫॥ એકજ સ્વભાવ અને શીળવાળા તમો બધાઓ વચ્ચે તે એકજ સ્ત્રી થશે. અને તેનું પણ શીળ અને ધર્મ તમારા સરખાંજ થશે. તથા તે તમારે વિશેજ મન રાખનારી થશે. ॥૧૬॥ અને મારો અનુગ્રહ પામેલા તમે દેવતાઓનાં હજાર વરસો સુધી અચળ સામર્થ્યની સાથે પૃથ્વીના દિવ્ય ભોગ ભોગવશો. ॥૧૭॥ તથા છેવટે મારી અનન્ય ભક્તિથી ઇંદ્રિયો અને અંતઃકરણાદિક શુદ્ધ થઈને તમે, આ નરક સમાન સંસાર થકી વૈરાગ્ય પામી, મારા પરમધામને પામશો. ॥૧૮॥ કેમકે ઘરમાં રહીને

नाकनकवर्णविभूषणेनभ्राजत्कपोलवदनोविलसत्किरीटः ॥ अष्टायुधैरनुचरैर्मुनिभिःसुरेंद्रैरासेवितोगरुडकिन्नरगीतकीर्तिः ॥६॥ पीनायताष्टभुजमंडलमध्यलक्ष्म्यास्पर्धच्छ्रियापरिवृतोवनमालयाद्यः ॥ बर्हिष्मतःपुरुषआहसुतान्प्रपन्नान्पर्जन्यनादरुतयासघृणावलोकः॥७॥ श्रीभग०वरंवृणीध्वं भद्रंवोयूयंमे[illegible]पनंदनाः ॥ सौहार्देनापृथक्धर्मास्तुष्टोऽहंसौहृदेनवः॥८॥ योऽनुस्मरतिसंध्यायांयुष्माननुदिनंनरः॥तस्यभ्रातृष्वात्मसाम्यंतथाभूतेषुसौहृदं ॥९॥ येतुमांरुद्रगीतेनसायंप्रातःसमाहिताः॥ स्तुवंत्यहंकामवरान्दास्येप्रज्ञांचशोभनां॥१०॥ यद्यूयंपितुरादेशमग्रहीष्टमुदान्विताः॥ अथोवउशतीकीर्तिर्लोकाननुभविष्यति॥११॥ भविताविश्रुतःपुत्रोऽनवमोब्रह्मणागुणैः॥ य एतामात्मवीर्येणत्रिलोकींपूरयिष्यति॥१२॥ कंडोःप्रम्लोचयालब्धाकन्याकमललोचना॥तांचापविद्धांजगृहुर्भूरु[illegible]नृपनंदनाः ॥१३॥ क्षुत्क्षामायामुखेराजासोमःपीयूषवर्षिणीं॥ देशिनींरो[illegible]न्यधात्सदयाऽन्वितः॥१४॥ [illegible]सर्गआदिष्टाःपि[illegible]मामनुवर्तता॥ तत्रकन्यांवरारोहांतामुद्वहतमाचिरं१५ अ[illegible]शीलानांसर्वेषांवःसुमध्यमा॥ अपृथक्धर्मशीलेयंभूयात्पत्न्यर्पिताशया ॥१६॥ दिव्यवर्षसहस्राणांसहस्रम[illegible]तौजसः॥भौमान्भोक्ष्यथभोगान्वैदिव्यांश्चानुग्रहान्मम॥१७॥ अथमय्यनपायिन्याभ[illegible]पक्वगुणा[illegible]याः॥ उप[illegible]मनिर्विद्यनिरयादतः॥१८॥ गृहेष्वावि[illegible]पुंसांकुशलकर्मणां ॥ [illegible]नांनबंधायगृहामताः॥१९॥ न[illegible]वद्धृदयेपज्ञो[illegible]तद्ब्रह्मवादिभिः॥ नमुह्यंतिनशोचंतिनहृष्यंतियतोगताः ॥२०॥ मैत्रेय०एवं[illegible]पुरुषार्थभाजनंजनार्दनंप्रांजलयःप्रचेतसः ॥ तद्दर्शन[illegible]स्ततमोरजोम[illegible]गिराऽगृणन्गद्गद[illegible]सु[illegible]मम्॥२१॥ प्रचेतस० नमोनमःक्लेशविनाशनायनिरूपितोदारगुणाह्वयाय॥ [illegible]मार्गैरगताध्वनेनमः ॥२२॥ [illegible]तायनमःस्वनिष्ठयामनस्यपार्थंविलसद्द्वयाय॥ नमोजगत्स्थानलयोदयेषुगृ[illegible]तमायागुणविग्रहाय॥२३॥ नमोविशुद्धसत्त्वायहरयेह[illegible]वासुदेवायकृष्णायप्रभवे सर्वसात्वतां॥२४॥ नमःकमलनाभायनमःकमलमालिने॥ नमःकमलपादायनमस्तेकमलेक्षण॥२५॥ नमः

પણ કુશળ એટલે નિષ્કામપણે ઇશ્વરાર્પણ કરેલાં કર્મો કરનારો—અને મારી કથા આદિકમાંજ સઘળો વખત રોકનારો પુરૂષ ઘરમાંકી બંધનને પામતો નથી એવું મારૂં મત છે ॥૧૯॥ વળી સર્વજ્ઞ અને બ્રહ્મ સ્વરૂપ હું, બ્રહ્મવાદ (એટલે ભગવત કથાઓ) કરનારાઓના હૃદયમાં પળે પળે નવા નવાની પેઠે પ્રકટ થાઉ છું. તેથી તેઓ મોહ પામતા નથી, શોક કરતા નથી. અને હરખ પણ પામતા નથીજ. ॥૨૦॥—**મૈત્રેય**—પુરૂષાર્થને આપનારા—અને સુહૃદપણ જનાર્દન ભગવાનને આ પ્રમાણે બોલતા સાંભળીને, તેમના દર્શન થકી રજોગુણ અને તમોગુણના મેલ નાશ પામેલા પ્રચેતાઓ, હાથ જોડીને ગદગદ વાણીયે ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા કે. ॥૨૧॥—**પ્રચેતાઓ**—જેના ઉદાર ગુણો વેદે ગાયેલા છે—જે કલેશ માત્રને મટાડનારા છે—જેનો વેગ વાણી અને મન થકી પણ અધિક છે—જેના માર્ગની કોઈને ખબર પડતી નથી. તથા જેના વિશે સર્વ ઇંદ્રિયાદિક પ્રવેશ કરી શકતાં નથી. એવા આપને અમે નમીએ છીએ. ॥૨૨॥ શુદ્ધ—શાંત—પોતાના સ્વરૂપમાંજ નિષ્ઠાવાળા, અને જેને વિશે આ જગત ખોટી રીતે મન થકીજ જણાય છે; તથા જે માયાના ગુણોને ધારણ કરીને (એટલે બ્રહ્મા—વિશ્નુ—અને રૂદ્ર રૂપ થઈને) જગતની ઉત્પત્તિ—સ્થિતિ અને લય કરેછે; તે આપ ભગવાનને અમે નમીએછીએ. ॥૨૩॥ શુદ્ધ સત્વરૂપ—પોતે પોતાના જ્ઞાનથીજ સંસારને મટાડનારા—સર્વ વ્યાપક—અને સર્વ ભક્તોના સ્વામી—વાસુદેવ અને કૃષ્ણ સ્વરૂપ આપ ભગવાનને અમે નમીએ છીએ. ॥૨૪॥ કમળ ઉગેલી નાભી વાળા—કમળની માળાવાળા—કમળ જેવા પગવાળા—અને કમળ સમાન આંખ્યો વાળા આપને નમીએ છીએ. ॥૨૫॥ કમળના તંતુ જેવાં પીળાં નિર્મલ વસ્ત્રો વાળા—સર્વ પ્રાણી પદાર્થાદિકના સ્થાન રૂપ—સર્વને ઉત્પન્ન કરનારા—અને સાક્ષી સ્વરૂપ આપને નમીએ છીએ. ॥૨૬॥ હે ભગવાન આપે આપનું સર્વ દુખોને મટાડનારૂં સ્વરૂપ અમો દુઃખી થનારાઓને દેખાડયું છે. તો પછી તે ઉપરાંત બીજી દયા શી જોઈએ ? ॥૨૭॥ અમંગળને મટાડનારા અને દીનદયાળ સમર્થ પુરૂષોએ કરવાનું એટલુંજ છે કે, પોતાની મેળેજ તે દીન લોકોને યોગ્ય સમયે યાદ કરવા.

કરતા જેના થકી શુદ્ધ અને ફરાઈ જતા પ્રાણીઓને પણ શાંતિ મળે છે, અને જે સર્વના હૃદયની અંદર રહેલા છે. એવા આપ તે પ્રાણીઓની ઇચ્છાને કેમ ન જાણો. ? (અર્થાત આપ અમારી ઇચ્છાને જાણોજ છો) ॥૨૯॥ આપ મોક્ષ રૂપ–ગુરૂરૂપ–અને અતિરૂપ જગતપતિ ભગવાન અમારા ઉપર પ્રસન્ન થાઓ એટલુંજ અમારૂં ઇચ્છેલું વરદાન છે. ॥ ૩૦ ॥ આપની વિભૂતિઓનો અંત નહીં હોવાથી તે અનંત કહેવાય છે. માટે પરથકી પણ પરના સ્વામી આપની પાસેથી અમેશાં વરદાન માગીએ. ॥ ૩૧ ॥ પારિજાતના વૃક્ષને સેહેજમાં પામેલો ભમરો બીજાં વૃક્ષને સેવે નહીં, તેમ સાક્ષાત આપનાજ ચરણકમળને પામ્યા પછી અમારે શાં શાં વરદાનો માગવાં ! ॥૩૨॥ માટે આપની માયાનો સ્પર્શ થઇને અમો અમારા કર્મો થકી જ્યાં સુધી આ સંસારમાં ભટકીએ, ત્યાં સુધી જન્મોજન્મ અમને તમારા ભક્ત જનનોજ સમાગમ થાય. ॥૩૩॥ કેમકે આપના ભક્તોના સંગના એક ક્ષણને તોલી જોતાં, તેની બરાબર સ્વર્ગ અને મોક્ષ પણ થઇ શકતાં નથી. તો મનુષ્ય લોકનાં બીજાં સુખાદિકની તો ગણત્રીજ શી હોય. ? ॥૩૪॥ માટે જ્યાં કોઈ પ્રકારનો ઉદ્વેગ રેહેતો નથી. અને પ્રાણીમાત્રની સાથે નિર્વૈરપણું થાય છે. તથા જ્યાં તમામ તૃષ્ણાઓને મટાડનારી મધુર કથાઓ ગવાયા કરે છે. અને સંગરહિત થયેલાઓ વારંવાર સારી કથાઓ વડે, પરમ હંસોની ગતિરૂપ આપ સાક્ષાત નારાયણ ભગવાનની સ્તુતિજ કર્યા કરે છે. ॥૩૫–૩૬॥ એવા તીર્થોને પણ પાવન કરવાની ઇચ્છાથી આપનાં સ્થાનોમાં ફરનારા આપના ભક્તાદિકનો સમાગમ, આ સંસાર થવા થકી બીનેલા કયા પુરૂષને નહીં ગમે. ॥૩૭॥ હે ભગવાન, આપના પ્રિય અને સખા સાક્ષાત સદાશિવના ક્ષણ માત્રના સમાગમથીજ, અમો આ સંસાર રૂપ અસાધ્ય રોગને મટાડનારા વૈદરૂપ આપને પામ્યા છીએ. ॥૩૮॥ માટે અમે કરેલા અધ્ય-

कमलकिंजल्कपिशंगामलवाससे ॥ सर्वभूतनिवासायनमोऽयुंक्ष्महिसाक्षिणे॥२६॥ रूपंभगवतात्वेतदशेषक्लेशसंक्षयं॥आविष्कृतंनःक्लिष्टा नांकिमन्यदनुकंपितं॥२७॥ एतावदेवप्रभुभिर्भाव्यंदीनेषुवत्सलैः॥ यदनुस्मर्यतेकालेस्वबुद्ध्याऽभद्ररंधन॥२८॥ येनोपशांतिर्भूतानांक्षुल्लका नामपीहितां॥ अंतर्हितोंऽतर्हृदयेकस्मान्नोवेदनाशिषः॥२९॥ असावेववरोऽस्माकमीप्सितोजगतःपते ॥ प्रसन्नोभगवान्येषामपवर्गगुरुर्ग तिः॥३०॥ वरंवृणीमहेऽथापितवत्वत्तःपरात् ॥ नह्यंतस्त्वद्विभूतीनांसोऽनंतइतिगीयसे ॥३१॥ पारिजातेंऽजसालब्धेसारंगोऽन्यन्नसेव ते॥ त्वदंघ्रिमूलमासाद्यसाक्षात्किंकिंवृणीमहि॥३२॥ यावत्तेमाययास्पृष्टाभ्रमामइहकर्मभिः॥ तावद्भवत्प्रसंगानांसंगःस्यान्नोभवेभवे॥३३॥ तुलयामलवेनापिनस्वर्गंनापुनर्भवं॥ भगवत्संगिसंगस्यमर्त्यानांकिमुताशिषः॥३४॥ यत्रेड्यंतेकथामृष्टास्तृष्णायाःप्रशमोयतः॥निर्वैरंयत्र भूतेषुनोद्वेगोयत्रकश्चन॥३५॥ यत्रनारायणःसाक्षाद्भगवान्न्यासिनांगतिः॥ संस्तूयतेसत्कथासुमुक्तसंगैःपुनःपुनः॥३६॥ तेषांविचरतःपद्भ्यां तीर्थानांपावनेच्छया॥ भीतस्यकिंनरोचेततावकानांसमागमः॥३७॥वयंतुसाक्षाद्भगवन्भवस्यप्रियस्यसख्युःक्षणसंगमेन॥सुदुश्चिकित्सस्य भवस्यमृत्योर्भिषक्तमंत्वाऽद्यगतिंगताःस्म॥३८॥ यन्नःस्वधीतंगुरवःप्रसादिताविप्राश्चवृद्धाश्चसदानुवृत्त्या॥आर्यानताःसुहृदोभ्रातरश्चसर्वाणि भूतान्यनसूययैव ॥३९॥ यन्नःसुतप्तंतपएतदीशनिरंधसांकालमदभ्रमप्सु॥सर्वंतदेतत्पुरुषस्यभूम्नोवृणीमहेतेपरितोषणाय॥४०॥मनुःस्व यंभुर्भगवान्भवश्चयेऽन्येतपोज्ञानविशुद्धसत्त्वाः ॥ अदृष्टपाराअपियन्महिम्नःस्तुवंत्यथोत्वात्मसमंगृणीमः॥४१॥ नमःसमायशुद्धायपुरुषाय परायच॥वासुदेवायसत्त्वायतुभ्यंभगवतेनमः॥४२॥ मैत्रेय०इतिप्रचेतोभिरभिष्टुतोहरिःप्रीतस्तथेत्याहशरण्यवत्सलः ॥ अनिच्छतांयानम तृप्तचक्षुषांययौस्वधामानपवर्गवीर्यः ॥४३॥ अथनिर्यायसलिलात्प्रचेतसउदन्वतः॥ वीक्ष्याकुप्यन्द्रुमैश्छन्नांगांगांरोद्धुमिवोच्छ्रितैः ॥४४॥त तोऽग्निमारुतौराजन्नमुंचन्मुखतोरुषा ॥ महींनिर्वीरुधंकर्तुंसंवर्तकइवात्यये॥४५॥ भस्मसात्क्रियमाणांस्तान्द्रुमान्वीक्ष्यपितामहः ॥ आगतः शमयामासपुत्रान्बर्हिष्मतोनयैः॥४६॥ तत्रावशिष्टायेवृक्षाभीतादुहितरंतदा॥उज्जन्हुस्तेप्रचेतोभ्यउपदिष्टाःस्वयंभुवा॥४७॥तेचब्रह्मणआ

યન થકી–ગુરૂને પ્રસન્ન કરવા થકી–બ્રાહ્મણો, વૃદ્ધો, અને સત્પુરૂષોની સેવા થકી–અને મહાત્માઓ, સુહૃદો, ભાઇઓ આદિને તથા સર્વ પ્રાણીઓને પણ, તેમની ઇર્ષ્યા તજીને, કરેલા નમસ્કાર થકી–તથા અન્નનો ત્યાગ કરીને ઘણો કાળ સુધી જળમાં નિર્મળપણાથી રહીને આ રીતનું આપ ઇશ્વરનું મોટું તપ કરેલું છે, તે સઘળું સત્કર્મ, આપ મહાત્મા પુરૂષ ભગવાનની પ્રસન્નતાને માટેજ થાઓ. એટલું અમે માગીએ છીએ. ॥૩૯–૪૦॥ મનુ–બ્રહ્મા–ભગવાન સદાશિવ–અને બીજા તપ તથા જ્ઞાનથી શુદ્ધ અંતઃકરણ થયેલાઓએ આપના મહિમાના પારને જાણ્યા વિનાજ જેમ આપની સ્તુતિ કરેલી છે, તે રીતેજ અમે પણ કરીએ છીએ. ॥૪૧॥ એટલે સમ–શુદ્ધ–પુરૂષ–પર–વાસુદેવ અને સત્વરૂપ આપ ભગવાનને અમારા નમસ્કાર છે. ॥૪૨–મૈત્રેય–ત્યારે શરણાં ગતના ઉપર પ્રીતિવાળા, અને એ રીતે પ્રચેતાઓએ સ્તુતિ કરેલા, હરિ ભગવાને પ્રીતિથી કહ્યું કે "તે પ્રમાણેજ થાઓ. પછી પોતાના જવામાં, તૃપ્તિ નહીં પામેલી આંખ્યોવાળા પ્રચેતાઓ રાજી નહીં છતાં, મોક્ષના અધિપતિ ભગવાન પોતાના ધામમાં પધાર્યા. ॥૪૩॥ પછી સમુદ્રના જળમાંથી નીકળેલા પ્રચેતાઓ, પૃથ્વીને ઢાંકી દેવાની ઇચ્છાથી વધેલાંની પેઠે, ઘણાં ઝાડો થકી છવાઇ ગયેલી પૃથ્વીને જોઇને; તે ઝાડોના ઉપર કોપ્યા. ॥૪૪॥ પછી હે રાજા, તેમણે કોપ કરીને, પૃથ્વીને વનસ્પતિ રહિત કરવાને માટે પ્રલયના સંવર્તક સરખા અગ્નિ અને પવનને પોતાના મુખ થકી ઉત્પન્ન કર્યા, ॥૪૫॥ ત્યારે રાખ થઇ જતાં વૃક્ષોને દેખી બ્રહ્માજીએ ત્યાં આવીને નીતિનાં વચનો કહીને પ્રચેતાઓને શાંત કર્યા.॥૪૬॥ પછી બ્રહ્માના ઉપદેશથી બાકી રહેલાં વૃક્ષોએ બીહીનાને તેમની દીકરી પ્રચેતાઓને આપી. ॥૪૭॥ અને તેને બ્રહ્માની આજ્ઞાથીજ તે પ્રચેતાઓ પરણ્યા. અને તેઓનાથી તેને વિષે, પાછલા જન્મનો બ્રહ્માનો પુત્ર દક્ષ, કે જેણે મહાત્મા સદાશિવનો અપરાધ કર્યો

હતો; તે જન્મ્યો. ॥૪૮॥ કાળે નાશ પમાડેલી પ્રથમની સૃષ્ટિની પ્રજાઓને, જ્યારે ચાક્ષુષ મન્વંતરે આવ્યો ત્યારે દૈવની પ્રેરણાથી જેણે, મનગમતી રીતે એટલે યથાસ્થિતપણે, સરજી હતી; તે દક્ષ આ હતો. ॥૪૯॥ તેણે જન્મતાંજ પોતાની કાંતીથી સર્વ તેજસ્વીઓનાં તેજને હરી લેવાથી, અને કર્મો કરવામાં તેની મોટી બુદ્ધિ જોઇને લોકો તેને "દક્ષ" કહેતા હતા. ॥૫૦॥ તે પછી બ્રહ્માએ તેનો અભિષેક કરીને, તેને પ્રજાઓની સૃષ્ટિનું રક્ષણ કરવાને માટે નિમવાથી તે, બીજા સર્વ પ્રજાપતિઓને પોત પોતાનાં કામો કરવાનું જણાવીને સર્વ પ્રકારની ઓળખણ કરતો હતો. ॥૫૧ ઇતિ॥ શ્રી० ભા० ચોથા સ્કંધનો ત્રીસમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૦॥

અધ્યાય. ૩૧ મો—મૈત્રેય—પછી થોડે કાળે, અધોક્ષજ ભગવાને કહેલા જ્ઞાનનું સ્મરણ લાવીને, પ્રચેતાઓ પોતાની સ્ત્રીની આજ્ઞા લઇ, પુત્ર દક્ષને સોંપીને, ઘરમાંથી ચાલી નીકળ્યા. ॥૧॥ અને પશ્ચિમ દિશામાં જ્યાં જાજલી ઋષિ સમુદ્રને કીનારે સિદ્ધિને પામેલા છે તે સ્થળે, સર્વ પ્રાણી પદાર્થાદિકને વિષે આત્મા ભગવાન રહેલા હોવાની બુદ્ધિ રાખી, બ્રહ્મસત્ર કરવાની દીક્ષા લેઇને બેઠા. ॥૨॥ ત્યાં, પ્રાણ—મન—વાણી—અને દૃષ્ટિ આદિને વશ કરીને તથા દૃઢ આસન જમાવીને બેઠેલા તેઓને, દેવ તથા દૈત્યોએ સ્તુતિ કરેલા નારદ ઋષિનું દર્શન થયું. ॥૩॥ ત્યારે તેમને આવેલા દેખીને તેઓએ ઉભા થઇ પ્રણામ કરીને તેમનો સત્કાર કર્યો, અને તેમનું વિધિ પ્રમાણે પૂજન કર્યા પછી સુખથી આસન ઉપર બેઠેલા તેમને આ રીતે પૂછ્યું કે ॥૪॥—પ્રચેતાઓ—હે દેવ ઋષિ, આપ ભલે પધાર્યા. અમને આપનાં દર્શન થયાં એ બહુ સારૂં થયું. હે બ્રાહ્મણ, સૂર્યની પેઠે લોકને વિષે આપનું ફરવું, પ્રાણીઓને અભય એટલે મોક્ષ દેવાને અર્થેજ છે. ॥૫॥ હે સમર્થ, ભગવાન સદાશિવે અને અધોક્ષજ ભગવાને અમને આપેલું જ્ઞાન, ઘરને વિષે આસક્તિ થવાને લીધે, ઘણે કાળે નાશ પામી ગયા જેવું થયેલું છે. માટે પુરૂષાર્થને આપનારા એ અધ્યાત્મ જ્ઞાનનો, આપ અમારી આગળ ફરીથી પ્રકાશ કરો. કે જેથી અમે આ દુસ્તર સંસાર સાગરને તરી જઇએ. ॥૬—૭॥—મૈત્રેય—ત્યારે એ

देशान्मारिषामुपयेमिरे॥यस्यांमहद्वज्ञानादजन्यजनयोनिजः॥४८॥ चाक्षुषेत्वंतरेप्राप्तेप्राक्सर्गेकालविद्रुते॥ यःससर्जप्रजाइष्टाःसदक्षोदैवचोदितः॥४९॥ योजायमानःसर्वेषांतेजस्तेजस्विनांरुचा॥ स्वयोपादत्तदाक्ष्याच्चकर्मणांदक्षमब्रुवन्॥५०॥ तंप्रजासर्गरक्षायामनादिरभिषिच्यच ॥ युयोजयुयुजेऽन्यांश्चसर्वेसर्वप्रजापतीन् ॥५१॥ इ०भा०म०च०त्रिंशोऽध्यायः॥३०॥ मैत्रेय० ततउत्पन्नविज्ञानाआश्वधोक्षजभाषितं॥ स्मरंतआत्मजेभार्यांविसृज्यप्राव्रजन्गृहात् ॥१॥ दीक्षिताब्रह्मसत्रेणसर्वभूतात्ममेधसा॥ प्रतीच्यांदिशिवेलायांसिद्धोऽभूद्यत्रजाजलिः २ तान्निर्जितप्राणमनोवचोदृशोजितासनान्शांतसमानविग्रहान् ॥ परेऽमलेब्रह्मणियोजितात्मनःसुरासुरेड्योददृशेस्मनारदः॥३॥ तमागतंतउत्थायप्रणिपत्याभिनंद्यच ॥ पूजयित्वायथादेशंसुखासीनमथाब्रुवन् ॥४॥ प्रचेतसऊचुः स्वागतंतेसुरर्षेऽद्यदिष्ट्यानोदर्शनंगतः॥तवचंक्रमणंब्रह्मन्नभयाययथारवेः॥५॥ यदादिष्टंभगवताशिवेनाधोक्षजेनच॥तद्गृहेषुप्रसक्तानांप्रायशःक्षपितंप्रभो ॥६॥ तन्नःप्रद्योतयाध्यात्मज्ञानंतत्त्वार्थदर्शनं॥ येनांजसातरिष्यामोदुस्तरंभवसागरं ॥७॥ मैत्रेय०इतिप्रचेतसांपृष्टोभगवान्नारदोमुनिः ॥ भगवत्युत्तमश्लोकआविष्टात्माऽब्रवीन्नृपान् ॥८॥ नारद०तज्जन्मतानिकर्माणितदायुस्तन्मनोवचः॥ नृणांयेनेहविश्वात्मासेव्यतेहरिरीश्वरः ॥९॥ किंजन्मभिस्त्रिभिर्वेहशौक्लसावित्रयाज्ञिकैः॥ कर्मभिर्वात्रयीप्रोक्तैःपुंसोपिविबुधायुषा ॥१०॥ श्रुतेनतपसावाकिंवचोभिश्चित्तवृत्तिभिः॥ बुद्ध्यावाकिंनिपुणयाबलेनेंद्रियराधसा ११ किंवायोगेनसांख्येनन्यासस्वाध्याययोरपि ॥ किंवाश्रेयोभिरन्यैश्चनयत्रात्मप्रदोहरिः॥१२॥ श्रेयसामपिसर्वेषामात्माह्यवधिरर्थतः॥ सर्वेषामपिभूतानांहरिरात्मात्मदःप्रियः ॥१३॥ यथातरोर्मूलनिषेचनेनतृप्यंतितत्स्कंधभुजोपशाखाः ॥ प्राणोपहाराच्चयथेंद्रियाणांतथैवसर्वार्हणमच्युतेज्या ॥१४॥ यथैवसूर्यात्प्रभवंतिवारःपुनश्चतस्मिन्प्रविशंतिकाले॥ भूतानिभूमौस्थिरजंगमानितथाहरावेवगुणप्रवाहः॥१५॥ एतत्पदं[illegible]दःपरंसकृद्विभातंसवितुर्यथाप्रभा ॥ यथाऽसवोजाग्रतिसुप्तशक्तयोद्रव्याक्रियाज्ञानभिदाभ्रमात्ययः॥१६॥ यथानभस्यभ्रत

પ્રમાણે પ્રચેતાઓએ પ્રાર્થના કરવાથી, ઉત્તમ શ્લોક ભગવાનમાંજ લાગેલા મનવાળા, ભાગ્યશાળી નારદ મુનિએ તે રાજાઓને કહ્યું કે. ॥૮॥—નારદ—મનુષ્યોનો જન્મ—કર્મો—આયુષ્ય—મન—અને વાણી સફળ તેજ છે કે. જે થકી આ લોકમાં વિશ્વાત્મા હરિ ભગવાનની સેવા કરી શકાય. (અર્થાત, જે થકી ભગવાનની સેવા નથાયતી એવો જન્મ—કર્મો—આયુષ્ય મન અને વાણી વ્યર્થ જાણવાં જોઇએ.) ॥૯॥ આત્મ સ્વરૂપને આપનારા હરિ ભગવાન જ્યાં નથી, એવા ત્રણ પ્રકારના અહીંયાં શુક્લ—સાવિત્ર—અને યાજ્ઞિક જન્મોવડે શું ફળ છે.? વેદ ત્રયીએ કહેલાં કર્મ કરવાથી પણ શું ફળ છે.? ને પુરૂષને દેવતાઓના જેટલું આયુષ્ય મળવાથી પણ શું ફળ છે. ॥૧૦॥ શાસ્ત્રોનું શ્રવણ કરવાથી અને તપ કરવાથી તેમજ ચીત્તની વૃત્તિઓ અને વાણીનો નિગ્રહ કરવાથી પણ શું ફળ છે.? અથવા બુદ્ધિની નિપુણતાથી કે ઇંદ્રિયો અને શરીરાદિકના બળ થકી પણ શું ફળ છે. ॥ ૧૧ ॥ તથા યોગથી—સાંખ્યથી—સંન્યાસથી અને સ્વાધ્યાય એટલે વેદાદિક શાસ્ત્રનો અભ્યાસ કરવાથી પણ શું ફળ છે.? તેમજ બીજાં કલ્યાણનાં સાધનો થકી પણ શું ફળ થાય છે. (અર્થાત કાંઇજ ફળ થતું નથી.) ॥ ૧૨ ॥ સર્વ પ્રકારનાં કલ્યાણોમાં છેવટનું અને મોટામાં મોટું કલ્યાણ અથવા પુરૂષાર્થ, આત્મ સ્વરૂપનું જ્ઞાન થવું એજ છે. કેમકે સર્વે પ્રાણી માત્રને સ્વરૂપનું જ્ઞાન આપનાર તથા સર્વ થકી પ્રિય એક આત્મ સ્વરૂપજ છે. ॥ ૧૩ ॥ જેમ ઝાડના મૂળમાં પાણી સિંચવાથી ઝાડનાં સઘળાં ડાળાં—ડાળીઓ—અને પાંખડાં તૃપ્ત થાયછે, તથા પ્રાણને આહાર આપવાથી સઘળાં ઇંદ્રિયાદિક તૃપ્ત થાયછે. તેમજ અચ્યુત ભગવાનનું પૂજન કરવાથકી સર્વનું (એટલે દેવતા—મનુષ્યો અને પ્રાણીઓ આદિ આખા વિશ્વનું) પૂજન થાય છે. ॥૧૪॥ જેમ સૂર્ય નારાયણથકી (વરસાદના દિવસોમાં) પાણી ઉત્પન્ન થાયછે. અને પાછું (ઉન્હાળાના દિવસોમાં) સૂર્યમાંજ પેસી જાય છે. તથા સ્થાવર જંગમ પ્રાણી પદાર્થો પૃથ્વીમાંથી જ ઉત્પન્ન થાય છે. અને કાળે કરીને પાછા પૃથ્વીમાંજ સમાઇ જાય છે. તે રીતેજ ગુણોના પ્રવાહને એટલે

જન્મ મરણને પામતું વિશ્વ, હરિ ભગવાનમાંથી ઉત્પન્ન થાય છે; અને કાળે કરીને પાછું હરિ ભગવાનમાંજ સમાઇ જાય છે. ॥૧૫॥ જાગ્રત અને સ્વપ્નની અવસ્થાઓમાં, ઇંદ્રિયાદિક શક્તિનો ભ્રમ થવાની પેઠે, દ્રવ્ય (મહાભૂતો), ક્રિયા (ઇંદ્રિયો), અને જ્ઞાન (ઇંદ્રિઓનાં દેવતાઓ) એ સઘળાં હોવાનો, ભેદ જણાવા રૂપે જે ભ્રમ થાય છે, તે થકી રહિત એવું, અને સઘળા ભાસમાન થતા પદાર્થાદિક થકીપર એવું; પ્રભાથકી ન્યારો સૂર્ય હોય તે સરખું જગતના આત્મા ભગવાનનું, પદ છે. ॥૧૬॥ હે રાજાઓ, જેમ આકાશમાં વાદળાં–અંધારૂં–અને પ્રકાશ, એ અનુક્રમથી થતો જોવામાં આવેછે; અને મટીપણ જતો જણાયછે; તેમજ પરબ્રહ્મ આત્મ સ્વરૂપમાં; શક્તિ એટલે માયાના ગુણો, રજ–સત્વ–અને તમ એઓથકી ઉત્પત્તિ–સ્થિતિ–અને લય થતો, અને મટી જતો, જણાય છે. ॥૧૭॥ કાળ એટલે માયાથીપર એવા તે પરમ પુરૂષ ઇશ્વર ભગવાન; કે જે એકજ, પ્રાણી માત્રને વિશે આત્મ સ્વરૂપથી રહેલા છે. અને ગુણોનો પ્રવાહ એટલે સંસાર જેના પોતાના તેજથીજ મટી જાયછે; તે ભગવાનને પોતાનાથી જુદા નહીં લેખીને, તેમને પૂર્ણ રીતે ભજો. ॥૧૮॥ પોતાને જે કાંઇ મળી આવે, અથવા બીલકુલ ન મળે તોપણ, તેથી સંતોષ રાખીને સર્વ પ્રાણી ઉપર દયા રાખવાથી, તથા સર્વ ઇંદ્રિયાદિકનું શમન કરવાથી એટલે તેઓને તેમના વિષયોથકી પાછી વાળવાથી, જનાર્દન ભગવાન ઉતાવળાજ પ્રસન્ન થાય છે. ॥૧૯॥ અને સર્વ પ્રકારની ઇચ્છાઓ મટી ગયેલા નિર્મળ મનમાં નિરંતર વધતા જતા ભાવથી બોલાવેલા ભગવાન, પોતાના ભક્તોના હૃદયમાંથી; છીદ્ર થકી પ્રવાહી પદાર્થ નીકળી જવાની પેઠે, પોતાનું ભક્તોને આધીનપણું જાણીનેજ નીકળી જતા નથી. ॥૨૦॥ નિર્ધનોના આત્મા અને ધનરૂપ, હરિ ભગવાન જેમને પ્રિય છે. એવા રસને જાણનારા અને અકિંચન એવા સત્પુરૂષોનો: શાસ્ત્રાભ્યાસ–ધન–કુળ–અને કર્મો વડે ઉત્પન્ન થયેલા અભિમાનથી અપરાધ કરનારા, દુષ્ટ બુદ્ધિવાળાઓની પૂજા આદિનો પણ, તે ભગવાન સ્વીકાર કરતા નથી. ॥૨૧॥ પોતાના દાસ વર્ગને વશ રેહેનારા અને પૂર્ણ કામ ભગવાન, પોતાને અનુસરનારી લક્ષ્મીનો, અને લક્ષ્મીની ઇચ્છાં કરનારા રાજા આદિ તથા દેવતાઓનો પણ સ્વીકાર કરતા નથી; તેમનો; કરેલા ઉપકારને જાણનારો પુરૂષ, કેવી રીતે ત્યાગ કરી શકે. ॥૨૨॥–મૈત્રેય–એ રીતની આ તથા બીજી પણ

मःप्रकाशाभवंतिभूपानभवंत्यनुक्रमात्॥ एवंपरेब्रह्मणिशक्तयस्त्वमूरजस्तमःसत्त्वमितिप्रवाहः॥१७॥तेनैकमात्मानमशेषदेहिनांकालंप्रधानंपुरुषंपरेशं॥ स्वतेजसाध्वस्तगुणप्रवाहमात्मैकभावेनभजध्वमद्धा॥१८॥ दययासर्वभूतेषुसंतुष्ट्यायेनकेनवा ॥ सर्वेंद्रियोपशांत्याचतुष्यत्याशुजनार्दनः॥१९॥ अपहतसकलैषणामलात्मन्यविरतमेधितभावनोपहूतः ॥ निजजनवशगत्वमात्मनोऽयन्नसरतिछिद्रवदक्षरःसतांहि॥२०॥ नभजतिकुमनीषिणांसइज्यांहरिरधनात्मधनप्रियोरसज्ञः॥ श्रुतधनकुलकर्मणांमदैर्येविदधतिपापमकिंचनेषुसत्सु॥२१॥श्रियमनुचरतींतदर्थिनश्चद्विपदपतीन्विबुधांश्चयत्स्वपूर्णः॥ नभजतिनिजभृत्यवर्गतंत्रःकथमममुद्विसृजेत्पुमान्कृतज्ञः॥२२॥ मैत्रेय० इतिप्रचेतसोराजन्नन्याश्चभगवत्कथाः॥ श्रावयित्वाब्रह्मलोकंययौस्वायंभुवोमुनिः ॥२३॥ तेऽपितन्मुखनिर्यातंयशोलोकमलापहं॥ हरेर्निशम्यतत्पादंध्यायंतस्तद्गतिंययुः॥२४॥ एतत्तेभिहितंक्षत्तर्यन्मांत्वंपरिपृष्टवान्॥ प्रचेतसांनारदस्यसंवादंहरिकीर्तनं॥२५॥ श्रीशुक०यएषउत्तानपदोमानवस्यानुवर्णितः॥ वंशःप्रियव्रतस्यापिनिबोधनृपसत्तम॥२६॥ योनारदादात्मविद्यामधिगम्यपुनर्महीं ॥ भुक्त्वाविभज्यपुत्रेभ्यऐश्वरंसमगात्पदं॥२७॥ इमांतुकौषारविणोपवर्णितांक्षत्तानिशम्याजितवादसत्कथां॥ प्रवृद्धभावोऽश्रुकलाकुलोमुनेर्दधारमूर्ध्नाचरणंहृदाहरेः॥२८॥ विदुर० सोऽयमद्यमहायोगिन्भवताकरुणात्मना॥ दर्शितस्तमसःपारोयत्राकिंचनगोहरिः ॥२९॥ श्रीशुक०इत्यानम्यतमामंत्र्यविदुरोगजसाह्वयं ॥ स्वानांदिदृक्षुःप्रययौज्ञातीनांनिर्वृताशयः॥३०॥एतद्यःशृणुयाद्राजन्राज्ञांहर्यर्पितात्मनां॥आयुर्धनंयशःस्वस्तिगतिमैश्वर्यमाप्नुयात्॥३१॥ इतिश्रीभागवतेमहापुराणेचतुर्थस्कंधेऽष्टादशसाहस्र्यांसंहितायांप्राचेतसोपाख्यानंनामएकत्रिंशोऽध्यायः॥३१॥ स्कंधचतुर्थःसमाप्तः ॥

ભગવત કથાઓ પ્રચેતાઓને સંભળાવીને, બ્રહ્માના પુત્ર નારદ મુનિ બ્રહ્મ લોકમાં ગયા. ॥૨૩॥ અને એ પ્રચેતાઓ પણ, નારદજીના મુખમાંથી નીકળેલ જગતનાં પાપોનો નાશ કરનાર હરિ ભગવાનના યશને સાંભળીને, ભગવાનના ચરણનું ધ્યાન કરતા કરતા ભગવાનના પદને પામી ગયા. ॥૨૪॥ હે વિદુર, તમે પૂછેલું પ્રચેતાઓ અને નારદના સંવાદ રૂપ, હરિ ભગવાનની કથાનું આખ્યાન, મેં તમને આ પ્રકારે કહ્યું. ॥૨૫॥ –શ્રી શુક–હે શ્રેષ્ટ રાજા પરીક્ષિત, એ પ્રમાણે મનુના પુત્ર ઉત્તાનપાદ રાજાનો વંશ મેં તમારી પાસે વર્ણન કર્યો. હવે પ્રિય વ્રત રાજાના વંશને પણ સાંભળો. ॥૨૬॥ જે પ્રિયવ્રત નારદજી થકી આત્મ તત્વનું જ્ઞાન પ્રથમ પામ્યા હતા. તે પછી પૃથ્વીનું રાજ્ય તેમણે ભોગવ્યું. અને તે પછી પૃથ્વીનું રાજ્ય છોકરાઓને વેહેંચી આપી સારી રીતે ઇશ્વરને ભજીને, ભગવાનના પદને પામ્યાછે. ॥૨૭॥ પછી આ રીતની મૈત્રેય મુનિએ વર્ણન કરેલી અજીત ભગવાનની સુંદર કથાઓ સાંભળવાથી, વધેલા ભાવ વડે આંખમાં આંસુનાં ટીપાં આવેલા, અને વ્યાકુળ થયેલા વિદુરે, એ મુનિને માથાવડે નમસ્કાર કરીને, તે કથાઓને અને હરિ ભગવાનના ચરણારવિંદને પોતાના હૃદયને વિશે ધારણ કર્યાં. ॥૨૮॥–વિદુર–હે મહાયોગી મૈત્રેય, દયા કરવાના સ્વભાવ વાળા આપે આ રીતે મને, આજે, અંધકારમય સંસારના પારને દેખાડ્યો. કે જ્યાં વિરક્ત પુરૂષોને જવાના સ્થાનરૂપ હરિભગવાન છે. ॥૨૯॥–શ્રીશુક–એ રીતે મન એટલે લિંગ દેહ થકી મુક્ત થયેલા વિદુરજી, મૈત્રેય મુનિને નમસ્કાર કરીને તથા તેમની રજા લેઇને, પોતાના સગા સંબંધિઓને અને નાતિલાઓને જોવાને સારૂં હસ્તિના પુરમાં ગયા. ॥૩૦॥ હે રાજા, હરિભગવાનમાં મન રાખનારા રાજાઓનાં આ ચરિત્રને જે કોઇ સાંભળશે, તેને આયુષ્ય–ધન–યશ–અને કલ્યાણ તથા ઐશ્વર્ય સહિત ઉત્તમ ગતિ એટલે પરમ પદની પણ પ્રાપ્તિ થશે. ॥૩૧॥ ઇતિ શ્રીમદભાગવતે ચોથા સ્કંધનો એકત્રીસમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૧॥ ઇતિશ્રી ચોથો સ્કંધ સમાપ્ત.

તા. ૨૮ મી સપટંબર સને ૧૮૯૮ મીતી સવંત ૧૯૫૪ ના આસો સુદી ૧૪ ને ગુરૂવાર સાંજના ૭ વાગે મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં હરિકીસનદાસ શેઠની પોળમાં ઘર નંબર ૫૨૩.–કર્ત્તા મહામુનિ કૃષ્ણ–ભગવત પ્રેરિત લખનાર દાસાનુદાસ ગિરધરલાલ અમરતલાલ ન્યાયા–શ્રી કૃષ્ણાર્પણમસ્તુ–॥.

॥ इति श्रीमद्भागवतं चतुर्थस्कंध समाप्तं ॥

॥ अथ श्रीमद्भागवतं पंचमस्कंध प्रारभ्यते ॥

"શ્રી કૃષ્ણ પરમાત્મા જગદ્ગુરવે નમ: ॥" અધ્યાય. ૧ લો. પરીક્ષિત—હે મુનિ, જે થકી કર્મબંધન અને પરાભવ એટલે આત્મસ્વરૂપનું વિસ્મરણ થાય છે. એવા ઘરને વિશે. આત્મારામ થયેલા ભગવતી પ્રિયવ્રત રાજા કેમ રમ્યા. ! ॥૧॥ હે ઉત્તમદ્વિજ, તેમના જેવા મુક્તસંગ થયેલા પુરૂષને ઘરને વિશે કરીને આસક્તિ કેમ થઇ. ॥૨॥ ઉત્તમશ્લોક ભગવાનનાં ચરણની છાયા વડે નિવૃત્ત થયેલા મનવાળા મહાત્મા પુરૂષોની બુદ્ધિ તો કુટુંબને વિશે સ્પૃહાવાળી નજ થવી જોઇએ. ॥૩॥ વળી હે બ્રાહ્મણ એ પણ એક મોટો સંશય છે કે, સ્ત્રી-ઘર-અને પુત્રાદિકમાં એ રાજા આસક્ત થયા છતાં તેમનું મન અચ્યુત ભગવાનમાં કેમ રહ્યું. ! તથા તે સિદ્ધિને પણ કેમ પામ્યા. ! ॥૪॥—શ્રીશુક—તમારૂં કહેવું ખોટું નથી. પણ ઉત્તમ શ્લોક ભગવાનના ચરણારવિંદના મકરંદ રસમાં મન લાગેલા ભગવતીઓ; વચમાં કાંઇ એક અંતરાય આવી પડે છે ત્યારે પણ, પોતાનું કલ્યાણ કરનારી, અને પ્રાણીમાત્રની સાથે નિર્વૈરપણે વર્તનારા પરમહંસોને પ્યારી, ભગવાનની કથાઓના માર્ગને: ઘણું કરીને તેઓ છોડી દેતા નથીજ. ॥૫॥ એ મોટા ભગવતી રાજપુત્રપ્રિયવ્રત એકાગ્રથી-તથા સઘળી ઇંદ્રિયાદિકની ક્રિયા ભગવાનમાં અર્પણ કરીને, નારદજીના ચરણની સેવાથી ભગવાનના પરમાર્થ તત્વને સેહેજમાંજ જાણી ચુક્યા હતા. ને તેમણે બ્રહ્મસત્ર કરવાની દીક્ષા લીધીહતી. ત્યારે તેમના પિતા સ્વાયંભૂમનુએ રાજ્ય ચલાવવાને લાયક સઘળા ગુણો તેમનામાં જોવાથી તેમને રાજા થવાની આજ્ઞા કરી. પણ આત્મ સ્વરૂપ શિવાય બીજી અસત વસ્તુઓ થકી, પરાભવ એટલે આત્મ સ્વરૂપનું વિસ્મરણ થવાનું, પોતે જાણતા હતા. તેથી, જો કે પિતાની આજ્ઞા નમાનવાનું પણ ન બની શકે તેવું તેમના સમજવામાં હતું, તો પણ રાજ્યનો સ્વીકાર તેમણે કર્યો નહીં. ॥૬॥ ત્યારે સઘળા જગતના, મનના અભિપ્રાયને જાણનારા, અને સૃષ્ટિનો વધારો કરવાની ઇચ્છાવાળા, આદિ દેવ અને આત્મયોનિ બ્રહ્મા; સઘળા વેદ અને મરીચી આદિ પોતાના સઘળા ગણોને સાથે લેઇને, સત્ય લોકમાંથી ત્યાં આવ્યા. ॥૭॥ આકાશ માર્ગે આવતાં, ઠેક

श्री॰ध्यायः॥ राजा॰प्रियव्रतोभागवतआत्मारामःकथंमुने गृहेऽरमतयन्मूलःकर्मबंधःपराभवः१ननूनंमुक्तसंगानांतादृशानांद्विजर्षभगृहे
ष्वभिनिवेशोऽयंपुंसांभवितुमर्हति २ महतांखलुविप्रर्षेउत्तमश्लोकपादयोः॥छायानिर्वृतचित्तानांनकुटुंबस्पृहामतिः॥३॥संशयोऽयंमहान्ब्रह्म
न्दारागारसुतादिषु सक्तस्यत्सिद्धिरभूत्कृष्णेचमतिरच्युता ४ श्रीशुक॰बाढमुक्तंभगवतउत्तमश्लोकस्यश्रीमच्चरणारविंदमकरंदरसआवेशि
तचेतसोभागवतपरमहंसदयितकथांकिंचिदंतरायविहतांस्वांशिवतमांपदवींनप्रायेणहिन्वंति ॥५॥ यर्हिवावहराजन्सराजपुत्रःप्रियव्रतःप
रमभागवतोनारदस्यचरणोपसेवयांऽजसाऽवगतपरमार्थसतत्त्वोब्रह्मसत्रेणदीक्षिष्यमाणोऽवनितलपरिपालनायाम्नातप्रवरगुणगणैकांत
भाजनतयास्वपित्रोपामंत्रितोभगवतिवासुदेवएवाव्यवधानसमाधियोगेनसमावेशितसकलकारकक्रियाकलापोनैवाभ्यनंदद्यद्यपि तदमत्या
म्नातव्यंतदधिकरणआत्मनोऽन्यस्मादसतोऽपिपराभवमन्वीक्षमाणः ॥६॥ अथहभगवानादिदेवएतस्यगुणविसर्गस्यपरिबृंहणानुध्यानव्य
वसितसकलजगदभिप्रायआत्मयोनिरखिल निगमनिजगणपरिवेष्टितःस्वभवनादवततार ॥७॥ सतत्रतत्र गगनतलउडुपतिरिवविमानाव
लिभिरनुपथममरपरिवृढैरभिपूज्यमानः पथिपथिचवरूथशःसिद्धगंधर्वसाध्यचारणमुनिगणैरुपगीयमानोगंधमादन द्रोणीमवभासयन्नुपस
सर्प ॥८॥ तत्रहवाएनंदेवर्षिर्हंसयानेनपितरंभगवंतंहिरण्यगर्भमुपलभमानः सहसैवोत्थायार्हणेनसहपितापुत्राभ्यामवहितांजलिरुपतस्थे
॥९॥ भगवानपिभारततदुपनीतार्हणः सूक्तवाकेनातितरामुदितगुणगणावतारसुजयः प्रियव्रतमादिपुरुषस्तंसदयहासावलोकइतिहोवाच॥
॥१०॥ श्रीभग॰निबोधतातेदमृतंब्रवीमिमाऽसूयितुंदेवमर्हस्यप्रमेयं॥ वयंभवस्तेततएषमहर्षिर्वहामसर्वेविवशायस्यदिष्टं॥११॥नतस्यकश्चि
त्तपसाविद्ययावानयोगवीर्येणमनीषयावा॥ नैवार्थधर्मैःपरतःस्वतोवाकृतंविहंतुंतनुभृद्विभूयात् ॥१२॥ भवायनाशायचकर्मकर्तुंशोकायमो
हायसदाभयाय॥ सुखायदुःखायचदेहयोगमव्यक्तदिष्टंजनतांऽगधत्ते ॥१३॥ यद्वाचितंत्यांगुणकर्मदामभिःसुदुस्तरैर्वत्सवयंसुयोजिताः ॥

ઠેકાણે વિમાનોમાં બેઠેલા દેવતાઓ આદિ થકી, તેમનું સર્વ તરફ પૂજન થતું હતું. અને ટોળે ટોળાં થઇને સિદ્ધ-ગંધર્વ-સાધ્ય-ચારણ-અને મુનિઓ, તેમની સ્તુતિ કરતા હતા. એમ ગંધમાદન પર્વતની ખીણમાં, ચંદ્ર સરખા પ્રકાશતા તે પધારયા. ॥૮॥ ત્યારે હંસના વાહન થકી. દેવ રૂષિ નારદે તેમને પોતાના પિતા બ્રહ્મા હોવાનું જાણીને, સ્વાયંભૂમનુ અને પ્રિય વ્રત સહિત, પોતે એક દમ ઉભા થઇ હાથ જોડીને, પૂજન કરવાને માટે સામા ઉભા રહ્યા. ॥૯॥ હે ભારત, ભગવાન આદિ દેવ બ્રહ્માએ પણ, તેમણે કરેલી પોતાના અનેક ગુણ-પરાક્રમો અને અવતાર સંબંધીના શુંદર વચનો વાળી સ્તુતિ, અને પૂજનનો સ્વીકાર કરયા પછી, હસીને દયા ભરેલી નજરથી જોઇ પ્રિયવ્રતને આ રીતે કહ્યુંકે-॥ ૧૦ ॥—બ્રહ્મા—હે તાત, હું સાચી વાત કહું-છું સાંભળ, અને તેમાં અવગુણ માનતો નહીં. જેની આજ્ઞાને હું. સદાશિવ, તારા બાપ, અને આ મહર્ષિ નારદ પણ, પરતંત્ર પણાથી માથે ચડાવીએ છીએ. એવા એ અપ્રમેય ભગવાને કરવા ધારેલામાં, ફેરફાર કરવાને કોઇ પણ શરીર ધારી; તપથી-વિદ્યાથી-યોગથી-બુદ્ધિથી-તેમજ ધનથી અને ધર્મથી-તથા પોતાથીજ કિંવા બીજા કોઇના આશ્રયથી પણ, સમર્થ થાય એમ નથીજ. ॥૧૧-૧૨॥ હે અંગ, પ્રાણી આદિકને જન્મ-મરણ-અને કર્મો, તથા શરીરાદિકનાં સુખ-દુઃખ-શોક-મોહ-ભય વિગેરે સર્વે, અવ્યક્ત એટલે અદ્રષ્ટજ જે રીતે આપે છે તેજ સર્વદા ભોગવવાં પડે છે. ॥ ૧૩ ॥ હે વત્સ દુસ્તર સંસારમાં નંખાયલા-ગુણ અને કર્મો રૂપી અછોડા (દોરડાં) થી બંધાયલા-અને વેદ વચનો રૂપી નાકમાં નાથ ઘાલેલા (નાથેલા) એવા બળદો સરખા આપણ મનુષ્યાદિક સર્વે, તે ઇશ્વરની આજ્ઞાઓને ઉઠાવીએ છીએ. ॥૧૪॥ હે અંગ, એ ઇશ્વરજ જેનાં તેનાં કર્મોના અનુસાર મુજબ, જે જે સુખ અગર દુઃખ આપણને સરજી આપે છે; તે તે, આપણને અનુકૂળ હોય અગર ના હોયતો પણ, આંખ્યો વાળા થકી દોરી જવાતા આંધળાઓની પેઠે, તે કબુલ રાખીને આપણે ભોગવવાંજ પડે છે. ॥૧૫॥ મુક્ત પુરૂષોને પણ જ્યાં સુધી તેમનાં પ્રારબ્ધ કર્મો પુરાં થઇ રેહે ત્યાં

સુધી, દેહતો રહેછે અરોબર; પરંતુ સ્વપ્નમાંથી જાગેલા પુરૂષને જેમ સ્વપ્નનાં કર્મોનો સંબંધ રહેતો નથી, તેમ તેને એ દેહ થકી અનુભવાતાં કર્મોમાં અભિમાન બંધાતું નથી; અને તે કર્મો બીજા દેહને ઉત્પન્ન પણ કરી શકતાં નથી. ॥૧૬॥ માફલ મનુષ્ય વનમાં જાય તો પણ, (મન અને ઇંદ્રિયો. રૂપ) છ શત્રુઓ તેની સાથે હોવાથી; તેને ભય મટતું નથી. અને આત્મ સ્વરૂપમાં પ્રીતિ વાળો જ્ઞાનવાન જીતેંદ્રિય પુરૂષ ઘરમાંજ રહેતો હોયતો પણ,તેનું ગૃહસ્થાશ્રમ કાંઇ ભુંડું કરી શકનાર નથી. ॥૧૭॥ એટલે છ શત્રુઓને જીતવાની ઇચ્છાવાળા એ પ્રથમતો ઘરમાં રહીને જ; જેમ કિલ્લાના આશ્રય વાળાએ શત્રુઓને જીતી શકે છે, તેમ યત્ન કરવો જ- રૂરનો છે. અને એ રીતે એ શત્રુઓને ક્ષીણ કર્યા પછી મરજીમાં આવે તેમ વિચરવાનું છે. (અર્થાત છ ઇંદ્રિયોને જીત્યા પહેલાં ગૃહસ્થાશ્રમ તજવો કહેલ નથી.) ॥૧૮॥ એટલા માટે હે પ્રિયવ્રત, તમો પણ ઘરરૂપી કિલ્લાનો, તથા કમળ નાભ ભગવાનના ચરણ કમળનો આશ્રય કરીને, એ પુરૂષ ભગવાનેજ આપેલા કરેલ આ લોકનાં સુખ ભોગાદિકને, સંગ રહિત થઇને, ભોગવવા વડે પ્રથમ પ્રકૃતિનેજ ભજો; અને એ છ શત્રુઓને પણ જીતો ॥૧૯॥–શ્રી શુક–ત્રણે લોકના ગુરુ બ્રહ્માએ આપેલી એ રીતની શીખામણનો મહા ભગવતી પ્રિયવ્રતે, તેમને વડિલ માનીને બહુમાન સહિત અંગિકાર કર્યો. અને તેમના કહેવા પ્રમાણેજ કર્યું. ॥૨૦॥ નારદજીની અને પ્રિયવ્રતની ઇચ્છા, પ્રિયવ્રત આત્મ સ્વરૂપમાંજ સ્થિતિ પામીને રહેવાની હોવા છતાં પણ, તે બંને અપેક્ષા રહેતાં, પ્રિયવ્રતને વ્યવહાર માર્ગમાં પ્રવર્તાવીને અને સ્વાયંભૂ મનુ થકી યથાયોગ્ય પૂજન આદિનો સ્વીકાર કરીને બ્રહ્મા, પોતાના સ્થાન બ્રહ્મ લોકમાં ગયા. ॥૨૧॥ અને પોતાના બાગી પડેલા મનોરથને બ્રહ્માએ સાંધી આપેલા સ્વાયંભૂ મનુ પણ, પોતાના પુત્ર પ્રિયવ્રતને, નારદજીની સ-

सर्वेवहामोबलिमीश्वरायप्रोतानसीवद्विपदेचतुष्पदः॥१४॥ ईशाभिसृष्टंह्यवरुंध्महेऽगदुःखंसुखंवागुणकर्मसंगात्॥ आस्थायतत्तद्यदयुंक्तना
थश्चक्षुष्मतांऽधाइवनीयमानाः॥१५॥ मुक्तोपितावद्विभृयात्स्वदेहमारब्धमश्नन्नभिमानशून्यः॥ यथाऽनुभूतंप्रतियातनिद्रःकिंत्वन्यदे[illegible]यगु
णान्नवृंक्ते॥१६॥ भयंप्रमत्तस्यवनेष्वपिस्याद्यतःसआस्तेसहषट्सपत्नः॥ जितेंद्रियस्यात्मरतेर्बुधस्यगृहाश्रमःकिंनुकरोत्यवद्यं॥१७॥ यःषट्
सपत्नान्विजिगीषमाणोगृहेषुनिर्विश्ययतेतपूर्वं॥ अत्येतिदुर्गाश्रितऊर्जितारीन्क्षीणेषुकामंविचरेद्विपश्चित्॥१८॥ त्वंत्वब्जनाभांघ्रिसरोजको
शदुर्गाश्रितोनिर्जितषट्सपत्नः॥ भुंक्ष्वेहभोगान्पुरुषातिदिष्टान्विमुक्तसंगःप्रकृतिंभजस्व॥१९॥ श्रीशुक०इतिसमभिहितोमहाभागवतोभग
वतस्त्रिभुवनगुरोरनुशासनमात्मनोलघुतयाऽवनतशिरोधरोबाढमितिसबहुमानमुवाह॥२०॥ भगवानपिमनुनायथावदुपकल्पितापचितिः
प्रियव्रतनारदयोरविषममभिसमीक्षमाणयोरात्म समवस्थानमवाङ्मनसंक्षयम[illegible]वहृतंप्रवर्तयन्नगम[illegible]॥२१॥ मनुरपिपरेणैवंप्रतिसंधितमनो
रथः सुरर्षिवरानुमतेनात्मजमखिलधरामंडलस्थितिगुप्तयेआस्थाप्यस्वयमतिविषम[illegible]शाया[illegible] ॥ २२ ॥ इतिहवावसज
गतीपतिरीश्वरेच्छयाऽधिनिवेशित कर्माधिकारोऽखिल[illegible]धध्वंसनपरानुभावस्य भगवतआदिपुरुषस्यांघ्रियुगलानवरतध्यानानुभावेन प
रि[illegible]धितकषायाशयोऽवदातोऽपिमानवर्धनोमहतांमहीतलमनुशशास॥२३॥ अथचदुहितरंप्रजापतेर्विश्वकर्मणउपयेमेबर्हिष्मतींनामतस्या
मु[illegible]वावआत्मजानात्मसमानशीलगुणकर्मरूपवीर्यो दारान्दशभावयांबभूवकन्यांचयवीयसीमूर्जस्वतींनाम॥२४॥ आग्नीध्रेध्मजिह्वयज्ञबाहु
म[illegible]रहिरण्यरेतोघृतपृष्ठसवनमेधातिथिवीतिहोत्र[illegible]वयइतिसर्वएवाग्निनामानः॥२५॥ एतेषांकविर्महावीरःसवनइतित्रयआसन्नूर्ध्वरेत
स[illegible]यामर्भभावादारभ्य[illegible]तपरिचयाःपारमहंस्यमेवाश्रममभजन्॥२६॥ तस्मिन्नुहवाउपशमशीलाःपरमर्षयःसकलजीवनिका
यावा[illegible]स्य भगवतोवासुदेवस्यभीतानांशरणभूतस्यश्रीमच्चरणारविंदाविरतस्मरणाविगलितपरमभक्तियोगानुभावेनपरिभावितांतर्हृदयाधि
गतेभगवतिसर्वेषांभूतानामात्म[illegible]गात्मन्येवात्मनस्ता दात्म्यमविशेषेणसमीयुः॥२७॥ अन्यस्यामपिजायायांत्रयःपुत्राआसन्नुत्तमस्ता

સમ્મતીથી આખી પૃથ્વીનું રક્ષણ કરવાને સ્થાપન કરીને; પછી આ અતિ દુઃખ દેનારા ઝેરી પાણીના ધરા રૂપ વિષયોની આશાઓ થકી પોતે વિરામ પામ્યા. (એટલે સર્વ તજીને વનમાં ગયા.) ॥૨૨॥ આ રીતે માત્ર વડિલનું માન રાખવાની ખાતરજ એ પ્રિયવ્રત; જગતનાં સર્વ બંધનોને મટાડવાના પ્રભાવવાળા આદિ પુરૂષ ભગવાનના ચરણારવિંદના ધ્યાનથી, મનના રાગ દ્વેષાદિક મેલ બળી ગયેલા હોવા છતાં પણ, ઇશ્વરેચ્છાથી સઘળાં કર્મો કરવાનો અધિકાર પામીને, પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યા.॥૨૩॥પછી બર્હિષ્મતિ નામની વિશ્વ કર્મા પ્રજાપતિની દીકરીને તે પરણ્યા. અને તેમાં, પોતાના સરખાજ શીળ–ગુણ–કર્મ–રૂપ–અને પરાક્રમ વડે શ્રેષ્ટ, દસ દીકરા અને તેઓ થકી નાની ઉર્જસ્વતિ નામની એક કન્યાને તેમણે ઉત્પન્ન કર્યાં. ॥૨૪॥ આગ્નિધ્ર, ઇધ્મજીવ્હ, યજ્ઞબાહુ, મહાવીર, હિરણ્યરેતા, ઘૃતપૃષ્ટ, સવન, મેઘાતિથિ; વિતિહોત્ર, અને કવિ એ રીતે તે સર્વે અગ્નિના નામોવા- ળાજ હતા. ॥૨૫॥ તેમાંના કવિ–મહાવીર–અને સવન એ ત્રણ તો ઉર્ધ્વરેતા એટલે નૈષ્ટિક બ્રહ્મચારી હતા. અને તેઓ બાળકપણાથીજ આત્મ વિદ્યાનો અભ્યાસ કરવાવડે પરમહંસના ધર્મો પાળનારા થયેલા હતા. ॥૨૬॥ અને પરમહંસના ધર્મો પાળવાથી શાંતિ પામેલા એ મોટા ઋષિઓ, સર્વ લોકના નિવાસ સ્થાન–અને સંસાર થકી બીનેલાઓના શરણરૂપ–ભગવાનના ચરણારવિંદનું સ્મરણ હમેશાં કરવાની અખંડ ભક્તિવડે; સ- ર્વાત્મા, અને શુદ્ધ થયેલા અંતઃકરણમાં પ્રત્યક્ષ દેખાનારા, ઉપાધિ રહિત આત્મ સ્વરૂપ, પરમાત્મા ભગવાન સાથે એકતાને પામી ગયા હતા. ॥૨૭॥ એ પ્રિયવ્રતને બીજી સ્ત્રીમાં, ઉત્તમ–તામસ–અને રૈવત એ નામો વાળા બીજા ત્રણ પુત્રો થયા હતા. તેઓ પણ પાછળથી મન્વંતરના અધિપતિ થયા હતા. ॥૨૮॥ એ પ્રમાણે પોતાનાં સંતાનો થવાથી શાંતિ પામેલા એ મોટા મનવાળા પ્રિયવ્રત રાજાએ અગિયાર અર્બુદ વરસો સુધી પૃથ્વીનું રાજ્ય કર્યું. તેટલા સમયમાં, પુરૂષાર્થ કોઇ ઠેકાણે અટકે નહીં એવા સંપૂર્ણ બળ સહિત પોતાના હાથ વતે દબાવેલ ધનુષની પણછના ટંકારાથી, તેમણે સઘળા અધર્મીઓનો નાશ કરી નાંખ્યો હતો. અને પોતે

[illegible]આવાની હેવા છતાં પણ, બાર્હિષ્મતિ રાણીનાં તેમની સાથે રોજ રોજ વધતા જતા આનંદથી મળતાં —તથા સ્વભાવથી થતાં નખરાં—લાજથી સંકોચાઇને મંદમંદ હસવાની સાથે જોવાં—તથા સુંદર હાસ્યનાં વચનોથી [illegible] વિવેકને ભૂલી જઇને મોહમાં પડી ગયા હોય, એમ તે જણાતા હતા. ॥૨૯॥ મેરૂ પર્વતને ફરતા સૂર્ય, પૃથ્વી ઉપર લોકા લોક પર્વત સુધી અજવાળું કરે છે. પણ તેમાં વારા ફરતી અરધા ભાગમાં અંધારૂં રહે છે. એ પોતાને નહીં ગમવાથી, ભગવાનની ઉપાસના વડે સર્વ થકી વધુ પ્રભાવવાળા થયેલા એ પ્રિયવ્રત રાજા, રાતને પણ દિવસ બનાવી દેવા સારૂં સૂર્યના જેવાજ વેગવાળા તેજોમય રથમાં બેસીને, સૂર્યની પછવાડે બીજા સૂર્યની પેઠે પૃથ્વીને સાતવાર પ્રદક્ષિણા ફર્યા હતા ॥૩૦॥ તેથી તેમના રથનાં પઇડાંની ધારથી પડેલા ખાડાથી, સાત સમુદ્રો થઇને પૃથ્વીના સાત દ્વીપ થયેલા છે. ॥૩૧॥ જંબુ—પ્લક્ષ—શાલ્મલિ—કુશ—ક્રૌંચ—શાક—અને પુષ્કર, એ નામોવાળા એક થકી બીજો બમણો એમ વિસ્તાર વાળા અને તે દરેક પોતાના જેવડાજ સમુદ્રથી બહારથી વિંટાયલા છે. ॥૩૨॥ ખારા પાણીનો—શેરડીના રસ જેવા પાણીનો—મદિરા જેવા પાણીનો—ઘી જેવા પાણીનો—દુધ જેવા પાણીનો—દહીં જેવા પાણીનો—અને શુદ્ધ મીઠાં પાણીનો, એ રીતના સાત સમુદ્રો, માંહેના દ્વીપના જેવડાજ, તે સાતે દ્વીપોને ફરતા ખાઇઓ સરખા છે. જેથી એક એક દ્વીપ અને તેને ફરતો સમુદ્ર, એ રીતે જુદા જુદા પૃથ્વીના ભાગોને વિશે તેમની રચના થયેલી છે. તે જંબુ આદિ સાતે દ્વીપનાં રાજ્યો, પોતાના આજ્ઞાકારી પુત્રો આગ્નિધ્ર—ઇધ્મવાહ—યજ્ઞબાહુ—હિરણ્યરેતા—ઘૃતપૃષ્ટ—મેધાતિથિ—અને વિતિહોત્ર એમને અનુક્રમથી આપીને તેમણે તે દરેકને એકેકા દ્વીપના રાજા બનાવેલા છે. ॥૩૩॥ અને ઉર્જસ્વતિ કન્યા, શુક્રાચાર્યને આપી હતી. તેના થકી શુક્રાચાર્યને દેવયાની નામની એક દીકરી

मसोरैवतइतिमन्वंतराधिपतयः ॥२८॥ एवमुपशमायनेषुस्वतनयेष्वथजगतीपतिर्जगतीमर्बुदान्येकादशपरिवत्सराणामव्याहता खिलपुरु षकारसारसं[illegible]तदोर्दंड[illegible]डितमौर्वीगुणस्तनितविरमितधर्मपतिपक्षोबर्हिष्मत्याश्चानुदिनमेधमान पमोदपसरणयौषिण्यव्रीडापमुषित [illegible]सावलोकरुचिरक्ष्वेल्यादिभिःपराभूयमानविवेकइवानवबुध्यमानइवमहामनाबुभुजे॥२९॥यावदवभासयतिसुरगिरिमनुपरिक्रामन्भगवा नादित्यो वसुधातलमर्धेनैवप्रतपत्यर्धे नावच्छादयतितदाहिभगवदुपासनोपचितातिपुरुषप्रभावस्तदनभिनंदन्समजवेनरथेनज्योति र्मयेनर जनीमपिदि[illegible]तिसप्तकृत्वस्तरणिमनु[illegible]द्वितीयइवपतंगः॥३०॥येवाउहतद्रथचरणनेमिकृतपरिखातास्तेसप्तसिंधवआसन्य तएव[illegible]ताःसप्तभुवोद्वीपाः॥३१॥ जंबूप्लक्षशाल्मलिकुशक्रौंचशाकपुष्करसंज्ञास्तेषांपरिम[illegible]पयासंख्यंद्विगुणमा नेनबहिःसमंततउपक्लृप्ताः॥३२॥ क्षारोदेक्षुरसोदसुरोदघृतोदक्षीरोददधिमंडोद[illegible]दाः सप्तजलधयः[illegible]रिखाइवाभ्यंतरद्वीपसमा ना[illegible]कैकश्येनयथापूर्वं सप्तस्वपिबहिर्द्वीपेषुपृथक्परितउपकल्पितास्तेषुजंब्वादिषुबर्हिष्मती पतिरनुव्रतानात्मजानाग्नीध्रेध्मजिह्वयज्ञ बाहुहि रण्यरेतोघृतपृष्ठमेधातिथिर्वीतिहोत्रसंज्ञान्यथासंख्येनैकै[illegible]स्मिन्नेकमेवाधिपतिंविदधे॥३३॥ दुहितरंचोज[illegible]मौशनसेपायच्छद्यस्यामा सीद्देवयानीनामकाव्यसुता॥३४॥ नैवंविधःपुरुषकारउरुक्रमस्यपुंसांतदंघ्रिरजसाजितषड्गुणानां ॥ चित्रंविदूरविगतःसकृदाददीतयन्नाम धेयमधुनासजहातिबंधं ॥३५॥ सएवमपरिमितबलपराक्रमएकदातुदेवर्षिचरणानुशयनानुपतितगुणवि[illegible]निर्वृतमिवात्मानंमन्य मानआत्मनिर्वेदइदमा[illegible] ॥३६॥ अहोअसाध्वनुष्ठितंयदभिनिवेशितोऽहमिंद्रियै रविद्यारचितविषमविषयांधकूपेतदलमलममुष्या वनिताया विनोदमृगंमांधिग्धिगितिगर्हयांचकार ॥३७॥ परदे[illegible]ताप्रसादाधिगतात्मप्रत्यवमर्शेनानुप्रवृत्तेभ्यः पुत्रेभ्यइमांयथादायंविभज्यभुक्तभोगां चमहिषीं मृतकमिवसहमहाविभूतिमपहायस्वयंनिहित निर्वेदोहृदिगृहीतहरिविहारानुभावोभगवते[illegible]नुससार ॥३८॥ तस्यहवाएतेश्लोकाः॥ प्रियव्रतकृतंकर्मकोनुकुर्याद्विनेश्वरं ॥ योनेमिनिम्नैरकरोच्छायांघ्नन्सप्तवारिधीन् ॥३९॥ भूसंस्थानंकृतंयेनसरिद्गिरिव

થઇ હતી. ॥૩૪॥ જેના નામનું પુરેપુરૂં ઉચ્ચારણ એકવાર પણ કરવાથી દુર્તજ ચંડાળાદિક પણ જન્મ મરણના બંધનથકી છૂટે છે. તે, ભગવાનની ચરણ રજનું સેવન કરનારા અને છ ઇંદ્રિયોને, તેમના વિષયાદિક થકી વશમાં રાખનારા ભગવદ ભક્તોમાં આવો પુરૂષાર્થ હોય, તે કાંઇ આશ્ચર્ય નથી. ॥૩૫॥ આ રીતના અપાર બળ અને પરાક્રમ વાળા પ્રિયવ્રત રાજાને, એક વખત વૈરાગ્ય પેદા થઇને; પોતાને દેવઋષિ નારદના ચરણનું સેવન કરવામાં, આ રાજ્યાદિકના પ્રસંગવડે અંતરાય થયેલાનું માનીને તે બોલ્યા કે. ॥૩૬॥ અહો, મેં ભૂંડુ કર્યું. કે જેથી ઘણાં દુઃખોવાળા—અને અજ્ઞાનથી રચાયલા; વિષયોરૂપી અંધારા કુવામાં; ઇંદ્રિયો વડે નંખાયલા તથા સ્ત્રીની પાસે મદારીના માંકડાની પેઠે થઇ રહેલા મને ધિક્કાર છે. અને વિષયાદિકને ભોગવવાનું હવે આટલેથીજ બસ છે. એ રીતે પોતે પોતાનીજ નિંદા કરવા લાગ્યા. ॥૩૭॥ એ રીતે પરિતાપ પામીને તેમણે પુત્રોને પૃથ્વીનું રાજ્ય ભાગ પાડીને આપીને તથા જેના ભોગ ભોગવી લીધા છે એવી બાર્હિષ્મતિ રાણીનો તથા મોટી સમૃદ્ધિનો ત્યાગ મૂકેલા શરીરની પેઠે કરી દેઇને, તે રાજા, હરિભગવાનનાં ચરિત્રોના ધ્યાનના પ્રભાવથી હૃદયમાં પેદા થયેલા વૈરાગ્યે કરીને તથા પરમાત્માની કૃપાથી મળેલા આત્મજ્ઞાન વડે પાછા, નારદજીએ કહેલા માર્ગનેજ અનુસર્યા. ॥ ૩૮ ॥ એ પ્રિયવ્રતના સંબંધમાં નીચે પ્રમાણેના શ્લોક બોલાય છે. " પુરૂષ ભગવાનના ભક્તો આદિના ઉપર પ્રીતિ રાખનારા પ્રિયવ્રતે કરેલા સરખું કામ ઇશ્વર વિના બીજો કોણ કરી શકે? જેણે અંધારૂં મટાડતાં રથનાં પઇડાંની ધારથી ખોદાયલા સાત સમુદ્રો બનાવેલા છે. અને લોકોની નિવૃતિને માટે વિભાગ પ્રમાણે નદીઓ—પર્વતો—અને વનો આદિકથી સીમાડા કરેલ દ્વીપેદ્વીપની રચનાવાળું ભૂમંડળ કરી દીધું છે. અને કર્મો થકી ઉત્પન્ન થયેલાં પૃથ્વીનાં—દેવતાઇ—તથા મનુષ્યોનાં, મોટાઇને સૂચવનારાં

સુખાદિકને પણ જેણે છેવટે નરક સમાન ગણેલાં છે." ॥૩૯-૪૦-૪૧॥ ઇ૦ ભા૦ પાંચમા સ્કં૦ પે૦ હિં૦ અ૦ સં૦ ॥૧॥

અધ્યાય ૨ જો.—શ્રીશુક—પિતા વનમાં ગયા પછી તેમની આજ્ઞા પ્રમાણે ચાલનારો આગ્નિધ્ર રાજા પણ, જંબુદ્વીપની પ્રજાનું એ રીતેજ ધર્મ ઉપર લક્ષ રાખીને પોતાના ઔરસપુત્ર પ્રમાણેજ પાલન કરવા લાગ્યો. ॥ ૧ ॥ એકવાર તે પિતૃલોકની કામનાથી (એટલે પુત્રની ઇચ્છાથી) દેવતાઓની સ્ત્રીઓને રમવાની મંદરાચલ પર્વતની ગુફામાં જઇને, પૂજનનો સર્વ સામાન એકઠો કરીને, એકાગ્રચિત્તથી તપ માંડીને પ્રજાપતિઓના પતિ બ્રહ્માનું આરાધન કરવા લાગ્યો. ॥ ૨ ॥ ત્યારે તેના અભિપ્રાયને જાણેલા ભગવાન આદિપુરુષ બ્રહ્માએ, પોતાની સભામાં ગાયન કરતી પૂર્વચિત્તી નામની અપ્સરાને તેની પાસે મોકલી ॥ ૩ ॥ એટલે તે અપ્સરા, આગ્નિધ્ર રાજા તપ કરતા હતા તે આશ્રમમાં આવીને ફરવા લાગી. તે આશ્રમ અત્યંત રમણિય હતો. ને તેમાંનાં અનેક પ્રકારનાં ઝાડોની ડાળીઓ જે જોડાજોડ લાગેલી હતી તેમની સોનેરી વેલો ઉપર બેઠેલાં પક્ષીઓનાં જોડાં અનેક તરેહના શબ્દો કરતાં હતાં. અને તેથકી જાગી ઉઠેલાં જળ કૂકડી-કારંડવ-અને કલહંસ વિગેરે જળનાં પક્ષીઓએ એ કમળની ખાણ જેવા નિર્મળ તળાવમાં શબ્દ કરીને ભારે ધુન મચાવી હતી. ॥૪॥ ત્યાં તે અપ્સરાનાં સારી ચાલ થકી પગલાં મુકવામાં નખરાં કરવાની સાથે ઝાંઝરના ઝમકારનો શબ્દ સાંભળવાથી રાજકુમાર આગ્નિધ્રની મિંચેલી આંખ્યો સમાધિમાંથી ઉઘડી ગઇ. અને તેણે જોયું તો. ॥૫॥ નજીકમાંજ તે અપ્સરા ભમરાની પેઠે ફૂલને સુંઘતી આવતી હતી. અને શરીરના અવયવો દેવતાઓ તથા મનુષ્યોના મનને અને આંખ્યોને આનંદ ઉપજાવે એવાં હોવાથી તે. પુરુષોના મનમાં ઉતાવળેજ કામને ઉત્પન્ન કરતી હતી. ॥૬॥ મોઢામાંથી નીકળતા મીઠા અને મદ ઝરતા ભાષણવાળા શ્વાસની સુગંધી લેવાને આડે આવતા મદાંધ

नादिभिः॥ सीमाचभूतनिर्वृत्त्यैद्वीपेद्वीपेविभागशः॥४०॥ भौमंदिव्यंमानुषंचमहित्वंकर्मयोगजं॥ यश्चक्रेनिरयौपम्यंपुरुषानुजनप्रियः ॥४१॥
इ० भा० म० पं० भुवनकोशेप्रियव्रतविजयेप्रथमोऽध्यायः॥१॥ श्रीशुक० एवंपितरिसंप्रवृत्तेतदनुशासनेवर्तमानआग्नीध्रोजंबूद्वीपौकसःप्रजा
औरसवद्धर्मावेक्षमाणःपर्यगोपायत् ॥१॥ सचकदाचित्पितृलोककामः सुरवरवनिताक्रीडाचलद्रोण्यांभगवंतंविश्वसृजां पतिमाभृतपरिच
र्योपकरणआत्मैकाग्र्येणतपस्वीआराधयांबभूव ॥२॥ तदुपलभ्यभगवानादिपुरुषः सदसिगायंतींपूर्वचित्तिंनामाप्सरसमभियापयामास ३
साचतदाश्रमोपवनमतिरमणीयं विविधनिबिडविटपिविटपनिकरसंश्लिष्टपुरटलतारूढस्थलविहंगममिथुनैः प्रोच्यमानश्रुतिभिःप्रतिबोध्य
मानसलिलकुक्कुटकारंडवकलहंसादिभिर्विचित्रमुपकूजितामलजलाशयकमलाकरमुपबभ्राम ॥४॥ तस्याःसुललितगमनपदविन्यासगति
विलासायाश्चानुपदंखणखणायमान रुचिरचरणाभरणस्वनमुपाकर्ण्यनरदेवकुमारःसमाधियोगेनामीलितनयननलिनमुकुलयुगलमीषद्विक
चय्यव्यचष्ट ॥५॥ तामेवाविदूरेमधुकरीमिवसुमनसउपजिघ्रंतींदिविजमनुजमनोनयनाल्हाददुघैर्गतिविहारव्रीडाविनयावलोकसुस्वराक्षरावय
वैर्मनसिनृणांकुसुमायुधस्यविदधतींविवरं ॥६॥ निजमुखविगलितामृतासवसहासभाषणामोदमदांधमधुकरनिकरोपरोधेनद्रुतपदविन्यासे
नवल्गुस्पंदनस्तनकलशकबरभाररशनांदेवींतदवलोकनेनविवृतावसरस्यभगवतोमकरध्वजस्यवशमुपनीतोजडवदितिहोवाच॥७॥ कात्वं
चिकीर्षसिचकिंमुनिवर्यशैलेमायाऽसिकाऽपिभगवत्परदेवतायाः॥विज्येबिभर्षिधनुषीसुहृदात्मनोऽर्थेकिंवामृगान्मृगयसेविपिनेप्रमत्तान् ८
बाणाविमौभगवतःशतपत्रपत्रौशांतावपुंखरुचिरावतितिग्मदंतौ॥ कस्मैयुयुंक्षसिवनेविचरन्नविद्मःक्षेमायनोजडधियांतवविक्रमोऽस्तु ॥९॥
शिष्याअमीभगवतःपरितःपठंतिगायंतिसामसरहस्यमजस्रमीशं ॥ युष्मच्छिखाविलुलिताःसुमनोभिवृष्टीःसर्वेभजंत्यृषिगणाइववेदशाखाः
॥१०॥ वाचंपरंचरणपंजरतित्तिरीणांब्रह्मन्नरूपमुखरांशृणवामतुभ्यं॥लब्धाकदंबरुचिरंकविटंकबिंबेयस्यामलातपरिधिःक्वचवल्कलंते ११
किंसंभृतंरुचिरयोर्द्विजशृंगयोस्तेमध्येकृशोवहसियत्रदृशिःश्रितामे॥ पंकोरुणःसुरभिरात्मविषाणईदृक्येनाश्रममंसुभगमेसुरभीकरोषि॥१२

ભમરાઓથી બચવા સારુ તેણે જલદી જલદી પગલાં ભરવાથી તેના ઘડા સરખા સ્તનો-કેશપાશ-અને કટિમેખળા અત્યંત મનોહર રીતે હાલતાં હતાં. એવી તે અપ્સરાને જોવાથીજ પ્રકટ થયેલા કામદેવને વશ થયેલો તે આગ્નિધ્ર રાજા જડ જેવો થઇ જઇને બોલ્યો કે. ॥૭॥ "હે મોટા મુનિ તમે કોણ છો. ? આ પર્વતમાં તમે શું કરવા ધારો છો? ભગવાન પરમાત્માની કોઇ માયા છો કે શું ? આ દોરી વિનાનાં બે ધનુષ્ય (ભમરો) તમે રાખ્યાં છે. તે કોઇ સુહૃદોને માટે અગર પોતાને માટેજ છે, અથવા વનમાં ગાફલ રહેલા મૃગોને (અમ સરખાઓને) મારવાને માટે છે કે શું.? ॥૮॥ હે ભાગ્યશાળી, તમારા આ બે બાણો (આંખ્યો) જે સેહેડ પીછાંવાળાં-પુષ્પવિનાનાં છતાં વિલાસથી શોભતાં અને અત્યંત તીખી અણીવાળાં છે. તે વનમાં ફરનારા કોના ઉપર. તમે ફેંકનાર છો તે અમે જાણતા નથી., માટે તમારા એ પરાક્રમ થકી જડબુદ્ધિવાળા અમને બચાવજો. ॥૯॥ હે ભાગ્યશાળી, ઋષિઓના ગણ વેદની શાખાઓનું સેવન કરવાની પેઠે, આ આપના સઘળા શિષ્યો (ભમરાઓ) આપના ચોટલા થકી ખરી પડતાં ફૂલના વરસાદનું સેવન કરતા ચારે તરફથી રહસ્ય સહિત સામવેદના મંત્રો ભણીને પરમેશ્વરનું ગાયન કરે છે. ॥૧૦॥ હે બ્રાહ્મણ, આપે ચરણમાં ધરેલાં પાંજરાં (ઝાંઝર) નો ચોખો અવાજ અમે સાંભળવા છતાં બોલનારાં તેતર પક્ષીને દેખતા નથી. આ સુંદર નિતંબના મંડળને કદંબના ફૂલજેવી કાંતિ (પીળાંવસ્ત્ર) તમને ક્યાંથી મળેલ છે. કે જેના ઉપર બળતા ડુંભાડિયાએ (સોનાની કટિમેખળાએ) આંટો લીધેલો છે. અને તમારું વલ્કલ વસ્ત્ર ક્યાં છે ॥૧૧॥ હે દ્વિજ દુર્ગમ એવા તમે, જેને ધરી રહ્યા છો. અને જેમાં મારી દૃષ્ટિ ખુંચી ગઇ છે. એવાં તમારાં આ બે શિંગડાંમાં (સ્તનોમાં) શી શુંદર વસ્તુ ભરેલી છે. અને જેના થકી આ મારો આશ્રમ સુગંધી યુક્ત તથા ભાગ્યવાન થયો છે. એવો રાતો અને સુગંધીવાળો ગારો (કેસર) તમારાં એ શિંગડાં ઉપર કેમ લગાવેલો છે. ॥૧૨॥ હે સુહૃદ્ગણ, તમારો લોક મને દેખાડો, કે જ્યાં રહેનારાઓને છાતી ઉપર આવા અપૂર્વ, અને અમ જેવાઓને લલચાવનારા અવયવો થાય છે,

તથા શોકામાં રત્ન-વિલાસ—અને અમૃત વિગેરે પણ્ણીજ અદભૂત શોભે થાય છે. ॥૧૩॥ હે અંગ, તમે શું ખાઓ છો (આવેલું પાન) કે જે થકી હવિષ્ય એટલે ઘીના સરખી સુગંધી નીકળે છે. તમારા કાનમાં આંખો નહીં મીંચનારાં આ બે માછલાં (કુંડળો) છે. તેથી તમે વિષ્ણુની કળા જણાઓ છો. અને તમારું મુખ બે ઉછળતાં માછલાંથી (આંખોથી)તથા પક્ષીઓની (દાંતની) હાર થકી, અને આસપાસ ફેલાયલા ભમરા (વાળ) થી, તળાવના સરખું શોભે છે. ॥૧૪॥ તમારા હસ્ત કમળથી પછાડેલા ચારેકોરે જતા દડાથી હું ભમિત ચીત્ત થયેલાની આંખો ચંચલ થાય છે. અને આ લંપટ પવન તમારું વસ્ત્ર હરે છે. તથા તમારી વાંકી વાંકી જટા (અંબોડો) છૂટી જાય છે તેનું પણ તમે સ્મરણ કરતા નથી એ દુ:ખની વાત છે. ॥૧૫॥ હે તપરૂપી ધનવાળા, તપસીઓના તપનો નાશ કરનારૂં આ રૂપ, તમે કયા તપ વડે મેળવેલું છે. હે મિત્ર, સૃષ્ટિનો વધારો કરવાને ઇચ્છનારા બ્રહ્માજીએજ પ્રસન્ન થઇને, મારી સાથે રહી તપ કરવાને, તમને યોગ્ય ધારીને, મારે સારૂંજ અહીં મોકલ્યા છે કે શું ॥૧૬॥ જેમાં મારૂં ચીત્ત અને આંખો ચોંટી રહેલ છે એવા, બ્રહ્માએ મોકલેલા તમને હું હવે છોડવાનોજ નથી. હે સુંદર શિંગડાંવાળા, તમને આધીન એવા મને, તમારી ઇચ્છા થાય ત્યાં લઇ જાઓ. મને દરણાં જમણી તરફ ઉતરે છે. ॥૧૭॥ આ રીતે, સ્ત્રીઓને અનુસરવામાં ચતુર આગ્નિધ્રરાજાએ, વિષયી પુરૂષોની ભરાબ થયેલ બુદ્ધિવાળી બોલવાની ઢબથી, તે દેવાંગનાને, દેવ જાણીને ઘણું માન આપ્યું. ॥૧૮॥ અને તે અપ્સરાએ પણ, બુદ્ધિ—શીળ—રૂપ—જુવાની—લક્ષ્મી—અને ઉદારતા વાળા, એ આગ્નીધ્રરાજા થકી પોતાનું મન હરાવાથી, તે જંબુદ્વીપના રાજાના ઘરમાં રહીને હજારો વરસ સુધી પૃથ્વી અને સ્વર્ગના વૈભવોને ભોગવ્યા. ॥૧૯॥ અને છેવટે તે પૂર્વચીત્તી અપ્સરા, પ્રતિ વરસે એક

लोकंप्रदर्शयसुहृत्तमतावकंमेयत्रत्यइत्थमुरसाऽवयवावपूर्वौ॥ अस्मद्विधस्यमनउन्नयनौबिभर्तिबद्भुतंसरसरासमुधादिवक्त्रे॥१३॥कावा
त्मवृत्तिरद... विष्णोःकलास्यनिमिषोन्मकरौचकर्णौ॥ उद्विग्नमीनयुगलंद्विजपंक्तिशोचिरा... रदन्मुखंते॥१४॥
योऽसौत्वयाकरसरोजहतःपतंगोदिक्षुभ्रमन्भ्रमतएजयतेऽक्षिणीमे॥ मुक्तंनतेस्मरसिवक्रजटावरूथंकष्टोऽनिलोहरतिलंपटएषनीवीं॥१५॥
...पोधनतपश्चरतांतपोघ्नं ह्येतत्तुकेनतपसाभवतोपलब्धं॥ चर्तुंतपोर्हसिमयासहमित्रमह्यंकिंवाप्रसीदतिसवैभवभावनोमे॥१६॥ नत्वां
त्यजामिदयितंद्विजदेव... यास्मेमनोदृगपिनोनवियातिलग्नं॥ मांचारुशृंग्य... सिनेतुमनुव्रतंतेचित्तंयतःप्रतिसरंतुशिवाःसचिव्यः॥१७॥
श्रीशुक०इतिललनाऽनुनयातिविशारदोग्राम्यवैदग्ध्ययापरिभाषयातांविबुधवधूंविबुधमतिरधि... भाजयामास॥१८॥साचततस्तस्यवीरयू
थपतेर्बुद्धिशीलरूपवयःश्रियौदार्येणपराक्षिप्तमनास्तेनसहायुतायुतपरिवत्सरोपलक्षणंकालंजंबूद्वीपपतिनाभौमस्वर्गभोगान्बुभुजे॥१९॥
...आत्मजान्राजवरआग्नीध्रोनाभिकिंपुरुषहरिवर्षेलावृतरम्यकहिरण्मयकुरुभद्राश्वकेतुमालसंज्ञान्नवपुत्रानजनयत्॥ सासूत्वाऽ
थ... गृहएवापहायपूर्वचित्तिर्भूयएवाजंदेवमुपतस्थे॥२०॥आग्नीध्रसुतास्तेमातुरनुग्रहादौत्पत्तिकेनैवसंहननबलोपेताः॥पित्रा
विभक्ताआत्मतुल्य नामानियथाभागंजंबूद्वीपवर्षाणिबुभुजुः॥२१॥ अग्नीध्रोराजाऽतृप्तःकामानामप्सरसमेवानुदिनमधिमन्यमानस्तस्याःस
लोकतांश्रुतिभिरवारुंधयत्रपितरोमादयंते॥२२॥संपरेतेपितरिभ्रातरोमेरुदुहितृर्मेरुदेवींप्रतिरूपामुग्रदंष्ट्रीं लतांरम्यांश्यामांनारींभद्रांदेववी
तिमितिसंज्ञानवोदव...न्॥२३॥इ०भा०म०पं०आग्नीध्रवर्णनंनामद्वितीयोऽध्यायः॥२॥ श्रीशुक०नाभिरपत्यकामोऽप्रजयामेरुदेव्याभगवं
तंयज्ञपुरुषमवहितात्माऽयजत॥१॥ तस्यहवावश्रद्धयाविशुद्धभावेनयजतः प्रवर्ग्येषुप्रचरत्सुद्रव्यदेशकालमंत्रर्त्विग्दक्षिणाविधानयोगोपप
त्यादुरधिगमोऽपिभगवान्भागवत वात्सल्यतयासुप्रतीकआत्मानमपराजितं निजजनाभिप्रेतार्थविधित्सयागृहीत... हृदयंगमंमनोनय
नानंदनावयवाभिराममाविश्चकार॥२॥ अथहतमाविष्कृतभुजयुगलद्वयंहिरण्मयंपुरुषविशेषंकपिशकौशेयांबरधरमुरसिविलसच्छ्रीवत्सल

એમ નવ વરસમાં નવ: નાભિ-કિંપુરૂષ-હરિવર્ષ-ઇલાવૃત-રમ્યક-હિરણ્મય-કુરૂ-ભદ્રાશ્વ-અને કેતુમાલ, એમને આગ્નિધ્રરાજા થકી જણીને, પછી તે રાજાના ઘરને તજીને, પાછી બ્રહ્મા પાસે જઇને ઉભી રહી. ॥૨૦॥ આગ્નિધ્રરાજાના એ નવ પુત્રો, મા (પૂર્વચીત્તી) થકી જન્મવાના કારણથી જન્મથીજ બળવાન અને દૃઢ અંગોવાળા હતા. તેમને પિતાએ એ જંબુદ્વીપના નવ ખંડો પાડીને, પ્રત્યેકને એકેકો ખંડ વેંહેચી આપવાથી, જેઓ એ પોત પોતાના નામોવાળા ખંડોમાં રાજ્ય કરેલ છે. ॥૨૧॥ અને કામ ભોગથી તૃપ્તિ નહીં પામતો અને દિવસે દિવસે તે અપ્સરાનેજ અધિક માનતો આગ્નિધ્રરાજા, વેદોક્ત કર્મો કરીને તે વડે અપ્સરાઓના લોકનેજ પામ્યો. કે જ્યાં પિતૃઓ આનંદ કરે છે. ॥૨૨॥ પિતા મરણ પામ્યા પછી એ નવે ભાઇઓ, મેરૂ પર્વતની નવ દીકરીઓ, મેરૂદેવી—પ્રતિરૂપા—ઉગ્રદંષ્ટ્રિ—લતા—રમ્યા—શ્યામા—નારી—ભદ્રા—અને દેવવિતિ એમને એક એકને એક એક પરણ્યા. ॥૨૩॥ ઇતિશ્રી૦ ભા૦ પં૦ સ્કંધનો બીજો અધ્યાય સંપૂર્ણ. ॥૨॥

અધ્યાય ૩ જો—શ્રીશુક—પ્રજા રહિત નાભિરાજાએ સંતાનની કામનાથી મેરૂ દેવી સહિત સાવધાન મનથી ભગવાન યજ્ઞ પુરૂષનું યજન કર્યું. ॥૧॥ એ રાજાએ શ્રદ્ધા અને શુદ્ધ ભાવવડે યજ્ઞ કરવાથી અને તેમાં અનુક્રમ પ્રમાણે જથાબંધ કર્મો ચાલુ થવાથી; બીજાઓને દ્રવ્ય—દેશ—કાળ—મંત્ર—ઋત્વિજ અને દક્ષિણા વિગેરેની પુષ્કળતા હોવા છતાં પણ નમળે એવું પોતાનું દર્શન; સ્વતંત્ર ભગવાને મન ખેંચાવાથી અને કૃપાળુ પણાથી ભક્તોના મનોર્થ પુરા કરવાને સારૂં; મન અને આંખ્યોને આનંદ આપે એવા સુખકારી અવયવો વાળું રમણ્ય સ્વરૂપ ધારણ કરીને આપ્યું. ॥૨॥ તે પુરૂષોત્તમ સ્વરૂપ, ચાર ભુજાવાળું—સોનાસરખું—પીળાં રેશમી વસ્ત્ર પેહેરેલું—વક્ષસ્થળમાં શોભતા લક્ષ્મીના ચિન્હવાળું—અને શંખ—કમળ, વનમાળા, ચક્ર, કૌસ્તુભમણિ તથા ગદા વિગેરેને ધારણ કરેલ પ્રગટ થયેલું દેખાતુ હતું. ॥૩॥ અને તે ચળકતા મણિઓવાળા મુકુટ—કુંડળ—કડાં—કટિમેખળા—હાર બાજુબંધ—અને ઝાંઝર, વિગેરે શરીરનાં ઘરેણાંઓથી શણગારેલું હતું. નિર્ધનોને-ઉત્તમ ધન પ્રાપ્ત થવાની પેઠે, તે વર

રૂપને જોઈ ઋત્વિજો-સભાસદો-અને યજમાન નાભિરાજા પૂજન કરવાને ઉભા થઈ માથાં નમાવી બહુ માન આપી-ને બોલ્યા કે. ॥૪॥—ઋષિઓ—આપ પ્રકૃતિથી પર એવા ઈશ્વર અને પુરૂષ ભગવાન, કે જે સર્વ પ્રાણી માત્રના દુઃખ-નો નાશ કરનાર-અતિકલ્યાણકારી અને મોટા ગુણોના ભંડાર છો; તેમના એક દેશી કથન ઉપરાંત, સ્વરૂપનું નિરૂપણ કરવાને તો પ્રકૃતિની પાછળ ઉત્પન્ન થયેલ નામ-રૂપ-અને આકૃતિવડે, એજ માયાના ગુણો થકી વિકાર પામેલી બુદ્ધિવાળો કયો પરતંત્ર પુરુષ યોગ્ય છે. (અર્થાત કોઈથી થઈ શકે એમ નથી) તોપણ આ-પના દાસોનાદાસ અમે સત્પુરુષો થકી જેટલું શીખ્યા છીએ, તેટલુંજ માત્ર આપને વારંવાર નમસ્કાર કરતા પૂ-ર્વકજ પૂજન કરીએછીએ; તેનો સ્વીકાર કરવાને આપ યોગ્ય છો. ॥૫-૬॥ હે પરમ પુરૂષ, આપના ભક્તાદિ-કે ગદગદ કંઠથી ઉચ્ચારેલી પ્રીતિવાળી વાણીથી, માત્ર પાણી-પાંદડાં-તુળસી-દુર્વા-અને અંકુર આદિનીજ શુદ્ધ સામગ્રીવાળી પૂજાવડે પણ આપ પ્રસન્ન થાઓ છો. ॥ ૭ ॥ જો તેમ નહોય તો ઘણા અંગોવાળા, અને

ઘણી સામગ્રીઓવાળા યજ્ઞોવડે પણ આ લોકમાં યોગ્ય અર્થની પ્રાપ્તિ થાયજ નહીં. ॥ ૮ ॥ હે નાથ, આપજે સર્વદા, સાક્ષાત સર્વ પુરૂષાર્થ સ્વરૂપ છો, તેમને તો તે યજ્ઞાદિકથી કાંઈજ નથી. પણ કામનાઓવાળા એટલે અમ સરખાઓને તો તે યજ્ઞ, આપનું આરાધન કરવાને માત્ર ઉપયોગી થવોજ ઘટે છે. ॥ ૯ ॥ અને તેજ રીતે અજ્ઞાની તથા પોતે પોતાના કલ્યાણને નહીં જાણનારાઓ (અમે) ઉપર ઘણીજ દયા કરીને તમે મહાન થકી પણ મહાન પુરૂષ ભગવાન પોતાનો મહિમા એટલે (આપનુ મોક્ષ સ્વરૂપ), અને પરલોકને આપનારૂં અમારૂં ઈચ્છિત (એટલે પુત્રની પ્રાપ્તિ) આપવાને સારૂં, પોતે પૂજનાદિકની ઈચ્છા કરનારા નહીં હોવા છતાં, ઈચ્છા કરનારાની પેઠે, પ્રકટ થયેલા છો. ॥ ૧૦ ॥ હે અત્યંત યોગ્યતાવાળા આ નાભિરાજાના યજ્ઞમાં, વરદાન દેનારાઓમાં શ્રેષ્ઠ આપ પુરૂષ ભગવાને પોતાનાઓને (એટલે બ્રાહ્મણો અને સભાસદો વિગેરે અમો આપની ભ-ક્તિ કરનારાઓને) દર્શન દીધું છે એજ વરદાન છે. ॥ ૧૧ ॥ અસંગવડે તીક્ષ્ણ થયેલા જ્ઞાન અગ્નિ થકી કામ

लामंदरवरवनरुहवनमालाऽच्छूर्यमृतमणिगदादिभिरुपलक्षितं ॥३॥ स्फुटकिरणप्रवरमुकुटकुंडलकटककटिसूत्रहारकेयूरनूपुराद्यंगभूषण विभूषितमृत्विक्सदस्यगृहपतयोऽधनाइवोत्तमधनमुपलभ्यसबहुमानमर्हणेनावनतशीर्षाणउपतस्थुः ॥४॥ ऋषय० अर्हसिमुहुरर्हत्तमार्हण मस्माकमनुपथानांनमोनमइत्येतावत्सदुपशिक्षितंकोऽर्हतिपुमान्प्रकृतिगुणव्यतिकरमतिरनीश ईश्वरस्यपरस्यप्रकृतिपुरुषयोरर्वाक्तनाभि र्नामरूपाकृतिभीरूपनिरूपणं ॥५॥ सकलजननिकायवृजिननिरसनशिवतमप्रवरगुणगणैकदेशकथनादृते॥६॥ परिजनानुरागविरचितश बलसंशब्दसलिलसितकिसलयतुलसिकादूर्वांकुरैरपिसंभृतयासपर्ययाकिलपरमपरितुष्यसि ॥७॥ अथानयाऽपिनभवतइज्ययोरुभारभर यासमुचितमर्थंमिहोपलभामहे ॥८॥ आत्मनएवानुसवनमंजसाव्यतिरेकेणबोभूयमानाशेषपुरुषार्थस्वरूपस्य किंतुनाथाशिषआशासानानामेतदभिसं राधनमात्रंभवितुमर्हति॥९॥ तद्यथाबालिशानांस्वयमात्मनःश्रेयःपरमविदुषांपरमपरमपुरुषप्रकर्षकरुणयास्वमहिमानंचापवर्गाख्यमुपक ल्पयिष्यन्स्वयंनापचितएवेतरवदिहोपलक्षितः॥१०॥ अथायमेववरोह्यर्हत्तमयर्हिबर्हिषिराजर्षेर्वरदर्षभोभगवान्भवत्पुरुषेक्षणविषयआसीत् ॥११॥ असंगनिशितज्ञानानलविधूताशेषमलानांभवत्स्वभावानामात्मारामाणांमुनीनामनवरतपरिगुणितगुणगणपरममंगलायनगुणग णकथनोऽसि ॥१२॥ अथकथंचित्स्खलनक्षुत्पतनजृंभणदुरवस्थानादिषुविवशानांनःस्मरणायज्वरमरणदशायामपिसकलकश्मलनिरस नानितवगुणकृतनामधेयानिवचनगोचराणिभवंतु॥१३॥ किंचायंराजर्षिरपत्यकामःप्रजांभवादृशीमाशासानईश्वरमाशिषांस्वर्गापवर्गयो रपिभवंतमुपधावतिप्रजायामर्थप्रत्ययोधनदमिवाधनःफलीकरणं॥१४ कोवाइहतेऽपराजितोऽपराजितयामाययाऽनवसितपदव्याऽनावृत मतिर्विषयविषरयानावृतप्रकृतिरनुपासितमहच्चरणः ॥१५॥ यदुहवावतवपुनरदभ्रकर्तरिहसमाहूतस्तत्रार्थधियांमंदानांनस्तद्यद्देवहेलनं देवदेवार्हसिसाम्येनसर्वान्प्रतिवोढुमविदुषां॥१६॥ इतिनिगदेनाभिष्टूयमानोभगवाननिमिषर्षभोवर्षधराभिवादिताभिवंदितचरणःसदयमि

ક્રોધાદિક સઘળાએ મેલ ધોવાઈ ગયેલા-આપના જેવાજ સ્વભાવવાળા-અને આત્મારામ મુનિઓને પણ પરમક-લ્યાણના સ્થાનરૂપ આપના ગુણોનુંજ કથન કરવાનું પ્રાપ્ત થવાથી;તેઓ આપના ગુણોનેજ વારંવાર નવાનવાની પેઠે ગાયા કરે છે. ॥ ૧૨ ॥ તો હવે જ્યારે અમને ઠેસવાગે-છીંક આવે-પડી જવાય-બગાસું આવે-અને એ-વીજ બીજી દુઃખની અવસ્થાઓમાં અમે હોઈએ, ત્યારે તથા તાવ અને મરણ વિગેરેથી સર્વ પરવશ દશા-ઓ, કે જેમાં આપનું સ્મરણ લાવવાને અમે અશક્ત હોઈએ; તેમા પણ, આપનાં, ગુણો અને કર્મોવડે થયેલાં નામો, જે સર્વ પાપનો નાશ કરનારાં છે, તેજ અમારી વાણીમાં આવે, એમ કરો. ॥ ૧૩ ॥ આપ, આલો-કના તથા સ્વર્ગના સર્વ પુરૂષાર્થોને આપનારા તથા મોક્ષ આપનારા ઈશ્વર ભગવાનની પાસે, કુબેરની પાસે કોઈ નિર્ધન મનુષ્ય ઠાંગેરનાં ઠીકરાં માગવાની પેઠે, પ્રજા એટલે છોકરાં માગવાનું, સમજવાનું છે. છતાં પણ આ નાભિરાજા, આપના સરખોજ પુત્ર પામવાની ઈચ્છાથી આપ ભગવાનને ઉપાસે છે. ॥ ૧૪ ॥ નહીં જ-

ણેલા માર્ગવાળી તથા કદીપણ નહીં જીતાયલી એવી આપની માયાથકી, બુદ્ધિને આવરણ નહીં થઈને, જે વિષયાદિક રૂપ ઝેરના ઢાંકેલા ખાડાના માર્ગમાં નથી પડ્યો એવો, તથા જે માયાથી જીતાયો નથી એવો, મહાત્માઓની ચરણસેવા નહીં કરનારો, પુરૂષ આ જગતમાં કોણ છે. ॥ ૧૫ ॥ વળી હે પ્રખ્યાત કર્મો કર-નારા, આપને અમે અહીંયાં, પુત્ર પામવાનેજ પુરૂષાર્થ માનવાની બુદ્ધિવાળા મંદ પુરૂષોએ બોલાવવાથી આપ ભગવાનનો અપરાધ અમારાથકી અજાણપણે થયેલો છે, તેની ક્ષમા, આપદેવના પણદેવ, અને સર્વને વિષે સમતા રાખનાર હોવાથી, કરશોજ. ॥૧૬॥ એ રીતે સર્વોત્તમ દેવ ભગવાનના ચરણનું વંદન એ ભરતખંડના રાજા નાભિએ કરવાથકા તથા તેમણે પૂજેલા બ્રાહ્મણોએ ગદ્યવડે સ્તુતિ કરવાથી દયાળુ ભગવાન આ પ્રમાણે બોલ્યા. ॥ ૧૭ ॥—શ્રીભગવાન—કે અમોઘવાણી બોલનારા ભાગ્યશાળી ઋષિઓ, તમે મારા સાદૃશ્ય પુત્ર થ-વાનુ, અતિદુર્લભ વરદાન માગેલું છે. કેમકે કેવળ મારા સરખો તો હું પોતે એકજછું. તથાપિ બ્રાહ્મણોનુ કુળ

તે મારૂં મુખ છે, માટે તમારૂં બોલેલું મિથ્યા થશે નહીં. ॥ ૧૮ ॥ તેથી હું સરખો બીજો કોઇ ન હોવાથી હું પોતેજ મારા અંશકળાથી એ આગ્નિધ્રરાજાની રાણીને વિશે અવતરીશ. ॥ ૧૯ ॥ એ રીતે મેરૂદેવીના સાંભળતાંજ તેના પતિ નાભિરાજાને કહીને ભગવાન અંતર્ધ્યાન થયા. ॥ ૨૦ ॥ અને હે પરીક્ષિત, એ યજ્ઞમાં મોટા ઋષિઓએ પ્રસન્ન કરેલા ભગવાન નાભિરાજાનું પ્રિય કરવા સારૂં તેના અંતઃપુરમાં મેરૂદેવી થકી શુદ્ધ સત્વગુણી શરીર ધારણ કરીને, નાગા રેહેનારા તપસ્વીઓ-જ્ઞાની અને યત્ન કરનારા ઋષિઓ-તથા નૈષ્ટિક બ્રહ્મચારીઓ, એમના ધર્મો દેખાડવાને માટે અવતર્યા. ॥ ૨૧ ॥ શ્રી૦ ભા૦ પાંચમા સ્કં૦ ત્રીજો અધ્યાય સંપૂર્ણ. ॥ ૩ ॥

અધ્યાય ૪ થો.—શ્રીશુક—જન્મકાળથીજ એમના વિશે, એ ભગવાન હોવાનાં લક્ષણો, અને સમતા-ઉપશમ-વૈરાગ્ય-ઐશ્વર્ય-તથા સર્વ સંપત્તિઓ સહિત રોજરોજ વધતો જતો પ્રભાવ દેખાવાથી; રાજ્યની સર્વ પ્રકૃતિઓ, પ્રજા, બ્રાહ્મણો-અને દેવતાઓ વિગેરે ચાહાવા લાગ્યા કે, હવે એ રાજ્ય કરે તો ઠીક. ॥ ૧ ॥ તેમનું તેજ,-બળ-શોભા-યશ-પરાક્રમ-શૌર્ય-અને મહાનપણું તથા વખાણવા યોગ્ય આચરણ જોઇને, પિતાએ તેમનું નામ "ઋષભ" પાડ્યું હતું. ॥ ૨ ॥ પછી જ્યારે ઇંદ્રે ઇરશ્યાથી તેમના ખંડમાં વરસાદ ન કર્યો. ત્યારે તે વાત જાણી ગયેલા યોગેશ્વર ઋષભદેવ ભગવાને હસીને પોતાની યોગમાયાવડેજ પોતાના એ અજનાભ નામના ખંડમાં વરસાદ વરસાવ્યો હતો. ॥ ૩ ॥ અને ગાયાગો લાગેલી બુદ્ધિવાળા એ નાભિરાજા પોતાની ઇચ્છા પ્રમાણેના પુત્રને પામીને, આનંદના ભારથી અતિવિહ્‌વલ થઇને, એ સ્વઇચ્છાથી મનુષ્યનું શરીર ધરનારા પુરાણ પુરૂષ ભગવાનને હે વત્સ, હે તાત વિગેરે કહીને બોલાવતાં તથા લાડલડાવતાં પરમ સુખ પામ્યા. ॥ ૪ ॥ પછી નાભિરાજા, એ પુત્રના ઉપર કારભારીઓ-શેહેરી અને દેશના લોકો-તથા સર્વેનો પ્રેમ જાણીને, ધર્મનું રક્ષણ

दमाह ॥१७॥ श्रीभग० अहोबताहमृषयोभगवद्भिरवितथगीर्भिर्वरमसुलभमभियाचितोयदमुष्य आत्मजोमयासदृशोभूयादितिममाहमेवाभिरूपः कैवल्यादथापिब्रह्मवादोनमृषाभवितुमर्हतिममैवहिमुखंयद्द्विजदेवकुलं॥१८॥ ततआग्नीध्रीयेंऽशकलया[illegible] आत्मतुल्यमनुपलभमानः॥१९॥ इतिनिशामयंत्यामेरुदेव्याःपतिमभिधायांतर्दधेभगवान् ॥२०॥ बर्हिषितस्मिन्नेवविष्णुदत्तभगवान्परमर्षिभिःप्रसादितोनाभेः प्रियचिकी[illegible]यातदवरोधायनेमेरुदेव्यांधर्मान्दर्शयितुकामोवातरशनानांश्रमणानाम्[illegible]र्ध्वमंथिनांशुक्लयातनुवाऽवततार॥२१॥ इ०भा०म०पं०तृतीयोऽध्यायः॥३॥ श्रीशुक०अथतमुत्पत्त्यैवाभिव्यज्यमानभगवल्लक्षणंसाम्योपशमवैराग्यैश्वर्यमहाविभूतिभिरनुदिनमेधमानानुभावंप्रकृतयः प्रजाब्राह्मणादेवताश्चावनितलसमवनायातितरांजगृधुः॥१॥ तस्यहवाइत्थंवर्ष्मणावरीयसाबृहच्छ्लोकेनचओजसाबलेनश्रियायशसावीर्यशौर्याभ्यांचपिताऋषभइतीदंनामचकार॥२॥ तस्यहींद्रःस्पर्द्धमानोभगवान्वर्षेनववर्षतदवधार्य भगवा[illegible]षभदेवोयोगेश्वरःप्रहस्यात्मयोगमायास्ववर्षमजनाभंनामाभ्यवर्षत् ॥३॥ नाभिस्तु[illegible]भिलषितंसुप्रजस्त्वमवरुध्य[illegible]तिप्रमोदभरविह्वलोगद्गदाक्षरयागिरास्वैरंगृहीतनरलोकसधर्मंभगवंतंपुराणपुरुषंमायाविलसितमतिर्वत्सताततेतिसानुरागमुपलालयन्परांनिर्वृतिमुपगतः॥४॥विदितानुरागमापौरप्रकृतिजनपदो[illegible]भिरात्मजंसमयसेतुरक्षायामभिषिच्यब्राह्मणेषूपनिधायसहमेरुदेव्या वि[illegible]तपसासमाधियोगेननरनाराय[illegible] भगवंतंवासुदेवमुपासीनःकालेनतन्महिमानमवाप॥५॥ यस्यहपांडवेयश्लोकावुदाहरंति॥कोनुतत्कर्म राजर्षेर्नाभेरन्वाचरेत्पुमान् ॥ अप[illegible]स्य [illegible]रिःशुद्धेनकर्मणा॥६॥ ब्रह्मण्योऽन्यःकुतोनाभेर्विप्रामंगलपूजिताः ॥ यस्यबर्हिषि[illegible] ॥७॥ अथहभगवानृषभदेवःस्ववर्षंकर्मक्षेत्रमनुमन्यमानःप्रदर्शितगुरुकुलवासोलब्धवरैर्गुरुभिरनुज्ञातोगृहमेधिनां धर्माननुशिक्षमाणोजयंत्यामिंद्रदत्तायामुभयलक्षणंकर्मसमाम्नायाम्नातमभियुंजन्नात्मजानामात्मसमानानांशतंजनयामास ॥८॥ येषांखलुमहायोगीभरतोज्येष्ठःश्रेष्ठगुणआसीत्येनेदंवर्षंभारतमितिव्यपदिशंति ॥९॥ तमनुकुशावर्तइलावर्तोब्रह्मावर्तोमलयःकेतु[illegible]ः कीकटइतिनवन

કરવા સારૂં બ્રાહ્મણો પાસે પુત્રનો અભિષેક કરાવીને, તથા મેરૂદેવી રાણી સુદ્ધાં સર્વ પુત્રને, સોંપીને, પોતે ચાલી નીકળ્યા. પછી નરનારાયણ નામથી કહેવાતા વાસુદેવ ભગવાનની ઉપાસના સંપૂર્ણ તપ અને સમાધિયોગ વડે કરીને, તે રાજા કાળેકરીને ભગવત પદને પામ્યા. ॥૫॥ હે પરીક્ષિત, એ નાભિરાજાના સંબંધમાં નીચેના એ શ્લોક બોલાય છે. "નાભિરાજાએ કરેલા શુદ્ધ કર્મવડે પ્રસન્ન થયેલા હરિભગવાને તેના પુત્રપણાનો સ્વીકાર કર્યો હતો. તેવું કર્મ પાછળથી આચરે એવો કયો પુરૂષ છે. ॥૬॥ જેના યજ્ઞમાં સારી રીતે દક્ષિણા આદિથી પૂજેલા બ્રાહ્મણોના મંત્રબળથી યજ્ઞના ઇશ્વર ભગવાને તુર્તજ પ્રકટ થઇને દર્શન આપ્યું હતું. તેવો નાભિરાજા સરખો બ્રાહ્મણોને માનનાર બીજો કોણ છે." ॥૭॥ તે પછી એ પોતાના અજનાભ ખંડને કર્મ કરવાનું ક્ષેત્ર પોતે પણ માનેલાનું પાછળ થનારાઓને દેખાડવા માટે ભગવાન ઋષભદેવે ગુરૂના કુળમાં વાસ કરીને પછી ગુરૂ દક્ષિણા આપી રજા લીધા કેડે, ગૃહસ્થાશ્રમના ધર્મો શીખવવા સારૂં ઇંદ્રે આપેલી તેની કન્યા જયંતીને પરણીને તે સહિત થઇ બંન્ને પ્રકારનાં લક્ષણોવાળાં કર્મો (શ્રુતિ અને સ્મૃતિનાં) આચર્યાં. અને તે રાણીમાં પોતાના સરખાજ સો પુત્રો ઉત્પન્ન કર્યા. ॥૮॥ તે સઘળાઓમાં વય થકી મોટા અને ગુણોવડે પણ શ્રેષ્ટ મહાયોગી ભરત હતા. કે જેનાં નામ ઉપરથી આ ખંડ "ભરતખંડ" કહેવાય છે. ॥૯॥ તેના પછીના કુશાવર્ત-ઇલાવર્ત-બ્રહ્માવર્ત-મલય-કેતુ-ભદ્રસેન,-ઇંદ્રસ્પૃક-વિદર્ભ-અને કીકટ એ રીતના નવ બાકીના (નેવું) કરતાં મોટા હતા. ॥૧૦॥ કવિ-હરિ-અંતરિક્ષ-પ્રબુદ્ધ-પિપ્પલાયન-આવિર્હોત્ર-દ્રુમીલ-ચમસ-અને કરભાજન એ રીતનાં નવ, ભાગવત ધર્મને જાણનારા અને મહા ભગવતી થયા. તેમનું ભગવાનના મહિમાથકી શોભા પામેલું, અને શાંતિના સ્થાનરૂપ સુંદર ચરિત્ર, વસુદેવ અને નારદના

સંપાદકે આમણ અભિપ્રાયમા રહીયમાં વર્ણન કરીશું. ॥૧૦॥ અને જન્મના કારણથી નાના એકાશી જેઓ પિતાની આજ્ઞા પાળનારા અને ઘણા નમ્રતાવાન હતા. તેઓ શુદ્ધ કર્મોનું આચરણ કરનાર અને યજ્ઞ કરનાર મહા શ્રોત્રિય બ્રાહ્મણો થયા. ॥૧૨॥ આ ઋષભદેવ નામથી ઓળખાતા ભગવાન પોતે સ્વતંત્ર-કેવળ આનંદના અનુભવરૂપ-અને પોતે પોતાથીજ અનેક પ્રકારના અનર્થોથકી હમેશને માટે નિવૃત્ત થયેલા-સમદર્શી -શાંત-સર્વના મિત્ર-તથા ઘણા દયાળુ એવા ઈશ્વર હોવા છતાં; કાળવડે ભમડી ગયેલા ધર્મનું આચરણ કરવાનું: તે થકી અજાણ્યા લોકોને શીખવવા સારૂં: તથા ગૃહસ્થાશ્રમમાં રહેનારા લોકોએ આચરવાનાં, ધર્મ-અર્થ-અને યશને માટેનાં, તથા પ્રજા ઉત્પન્ન કરવી, અને સુખ ભોગ ભોગવી આનંદ મેળવવાનાં કર્મો: મોક્ષને વિરોધ ન આવે તેમ નિયમિત રીતે કરી દેખાડવા સારૂં: દેખાતાં વિપરીત લાગતાં કર્મો પણ પોતે કરતા હતા. ॥૧૩॥ કેમકે જેવી રીતે મહાત્માઓ આચરણ કરેછે તેવી રીતેજ પાછળ થનારા લોકો પણ તેમને અનુસરીને આચરેછે. ॥૧૪॥ સર્વ ધર્મોને બતાવનાર વેદના રહસ્યને પોતે જાણતા છતાં પણ, બ્રાહ્મણોએ દેખાડેલા માર્ગથીજ શામાદિક ચારે ઉપાયો (એટલે [1]શામને સમજાવવી, [2]દામ તે લાલચ, [3]ભેદ તે નુકશાન અગર દુખ આદિની બીતિ, અને [4]દંડ તે શિક્ષા આપવી.) થી પ્રજાઓનું અનુશાસન કરતા હતા. ॥૧૫॥ તથા તેમણે દ્રવ્ય-દેશ-કાળ-વય-શ્રદ્ધા-અને ઋત્વિજો વિગેરે સર્વ અંગોથી સંપૂર્ણ તથા અનેક પ્રકારના ઉદ્દેશોથી વિધિપૂર્વક સો યજ્ઞો કર્યા. ॥૧૬॥ ભગવાન ઋષભદેવે રક્ષણ કરાતા આ ખંડમા, રોજરોજ સર્વના અંતઃકરણમાં ઋષભદેવ ભગવાનમાં સ્નેહનો વધારો થઇને, પરાઇ વસ્તુ જાણે નિર્માણજ થયેલી નથીજ. તે રીતે કોઇના મનમાં પારકી વસ્તુ લેવાની ઇચ્છા થતી નહતી. અને બીજાની વસ્તુના સામું પણ કોઇ જોતું નહતું. ॥૧૭॥ એકવાર એ ઋષભદેવ ભગવાન ફરતા ફરતા બ્રહ્માવર્તમાં ગયા હતા. ત્યાં મોટા બ્રહ્મઋષિઓની સભામાં પ્રજાના સાંભળતાં; પોતાના પુત્રો જેઓ જીતેંદ્રિય અને નમ્રતાવાન તથા વિશ્વાસુ અને નિયમિતપણે

वतिप्रधानाः॥१०॥ कविर्हरिरंतरिक्षःप्रबुद्धःपिप्पलाय[illegible]नः॥अविर्होत्रोऽथ[illegible]मिलश्चमसःकरभाजनः॥इतिभागवतधर्मदर्शनानवमहाभागवता स्तेषांसुचरितंभगवन्महिमोपबृंहितंवसुदेवनारदसंवादमुपशमायनमुपरिष्टाद्वर्णयिष्यामः॥११॥ यवीयांसएकाशीतिर्जायंतेयाःपितुरादेशक रामहाशालीनामहाश्रोत्रियायज्ञशीलाःकर्मविशुद्धाब्राह्मणाबभूवुः॥१२॥ भगवानृषभसंज्ञआत्मतंत्रःस्वयंनित्यनिवृत्तानर्थपरंपरःकेवलानंदा नुभव[illegible]श्वरएवविपरीतवत्कर्माण्यारभमाणःकालेनानुगतंधर्ममाचरणेनोपशिक्षयन्नतद्विदांसमउपशांतोमैत्रःकारुणिकोधर्मार्थयशःप्रजानंदा मृतावरोधेनगृ[illegible]षुलोकंनियमयत्[illegible]॥१३॥ यद्यच्छीर्षण्याचरितंतत्तदनुवर्ततेलोकः॥१४॥ यद्यपिस्वविदितंसकलधर्मंब्राह्मंगुह्यंब्राह्मणैर्दर्शित मार्गेणसामादि[illegible]रुपायैर्जनतामनुशशास॥१५॥ द्रव्यदेश[illegible]ालवयःश्रद्धर्त्विग्विविधोद्देशोपचितैः[illegible]र्वैरपिक्रतुभिर्यथोपदेशंशतकृत्वइयाज ॥१६॥ भगवतर्षभेणपरिरक्ष्यमाणएतस्मिन्वर्षेनकश्च[illegible]पुरुषावांछत्यविद्यमानमिवात्मनोऽन्यस्मात्कथंचनकिमपिकर्हिचिदवेक्षतेभर्तर्यनु [illegible]वर्जृंभितस्नेह[illegible]तिशयमंतरेण॥१७॥ सकदाचिदटमानोभगवानृषभोब्रह्मावर्तगतोब्रह्मर्षिप्रवरसभायांप्रजानांनिशामयंतीनामात्मजा नव[illegible]तात्मनःप्रश्र[illegible]यमणय[illegible]भूतानप्युपशिक्षयन्नितिहोवाच॥१८॥ इ०भा०म०पं०ऋषभदेवानुचरितेचतुर्थोऽध्यायः॥४॥ ऋषभ० नायंदेहोदेहभाजांनृलोकेकष्टान्कामानर्हतेविड्भुजांये॥ तपोदि०यंपु[illegible]कायेनसत्त्वंशुद्ध्येद्यस्माद्ब्रह्मसौख्यंत्वनंतं॥१॥ म[illegible]त्सेवांद्वारमाहुर्विमु क्तेस्तमोद्वारंयो[illegible]षितां[illegible]॥ महांतस्तेसमचित्ताःप्रशांताविमन्यवःसुहृदःसाधवोये॥२॥ येवामयीशे[illegible]तसौहृदार्थाजनेषुदेहंभरवार्तिकेषु॥ [illegible]मत्सुनप्रीतियुक्तायावदर्थाश्चलोके॥३॥ नूनंप्रमत्तःकुरुतेविकर्मयदिंद्रियप्रीतयआपृणोति॥ नसाधुमन्येयतआत्मनोऽय मसन्नपिक्ले[illegible]आसदेहः॥४॥ पराभवस्तावदबोधजातोयावन्नजिज्ञासतआत्मतत्त्वं॥यावत्क्रियास्तावदिदं[illegible]नोवैकर्मात्मकंयेनशरीरबंधः॥५॥ [illegible]बमनःकर्मवशंप्रयुंक्तेअवि[illegible]यात्मन्युपधीयमाने॥ प्रीतिर्नयावन्मयिवासुदेवेनमुच्यतेदेहयोगेनतावत्॥६॥पदानपश्यत्यपयागुणेहांस्वार्थे

આપનારા હતા. તેમને શીખામણ દેવાના મીષથી પોતે આ પ્રમાણે બોલ્યા હતા. ॥૧૮॥ ઇતિ શ્રી० ભાગવતે પાંચમા સ્કંધનો ચોથો અધ્યાય સંપૂર્ણ ॥ ૪ ॥

અધ્યાય ૫ મો —હે પુત્રો નરકને ભોગવનારા અથવા વિષ્ટાને ખાનારાઓને પણ જે મળેછે. એવા ભોગાદિક ભોગવવાને માટે દુખ ભોગવવાને, આ મનુષ્ય લોકનાં દેહધારીઓ યોગ્ય નથી. પણ એ દેહથકી તો દૈવી દિવ્ય તપ કરવું જોઇયે. કે જેથી અંતઃકરણ શુદ્ધ થઇને, તે થકી અનંત બ્રહ્મસુખની પ્રાપ્તિ થાય. ॥૧॥ મહાત્માઓની સેવા, મોક્ષનું બારણું કહેવાયછે, અને સ્ત્રીઓ તથા સ્ત્રી સંગીઓનો સંગ તે નરકનું અને જન્મ મરણરૂપ સંસારનું બારણું કહેવાયછે, તથા સમચીત્તવાળા-શાંતિ પામેલા-ક્રોધરહિત-સર્વના સુહૃદ અને સાધુ એટલે નિર્મળ આચરણવાળા, એવાઓનેજ મહાત્મા કહેછે. ॥૨॥ એ, મારામાં સ્નેહ કરવાનેજ પુરૂષાર્થ માનનારા, અને આ લોકમાં માત્ર દેહાદિકના નિર્વાહ જેટલોજ સંબંધ રાખનારાઓ તો, સ્ત્રી-પુત્ર -અને ધનાદિકવાળાં ઘરોમાં, અને દેહાદિકનુંજ માત્ર પોષણ કરનારા માણસોની વાતોમાં પ્રીતિવાળા હોતા નથી. ॥૩॥ કેમકે ઇંદ્રિયાદિકની પ્રીતિને માટે કરેલાં કર્મો ગફલતના કારણથી વિકર્મ (એટલે વેદે મના કરેલ છે તેવાં) થાય છે. કે જેથકી અસત અને ક્લેશને આપનારો દેહ ઉત્પન્ન થાય છે; તેને હું સારૂં માનતો નથી. ॥૪॥ આત્મ તત્વને જાણવાની ઇચ્છા થઇને જ્યાં સુધી આત્મ જ્ઞાન પ્રાપ્ત થતું નથી. ત્યાં સુધીજ, જન્મ મરણ થયા કરેછે. અને જે થકી શરીરરૂપી બંધન પ્રાપ્ત થાયછે. તે, કર્મોવડે ઉત્પન્ન થનારૂં, મન અથવા લિંગ શરીર પણ, જ્યાં સુધી ક્રિયા એટલે કર્મો રહેછે, ત્યાં સુધીજ મટતું નથી. (રહેછે,) ॥૫॥ આ રીતે અવિદ્યાથી યુક્ત થયેલો આત્મા, પૂર્વ કર્મોને વશ થઇને એ લિંગ શરીર વડેજ કર્મો કર્યા કરેછે. માટે જ્યાં સુધી હું વાસુદેવ ભગવાનમાં પ્રીતિ થતી નથી. ત્યાં સુધીજ તે (પુરૂષ) દેહનો યોગ થવાથકી મૂકાતો નથી. (અર્થાત જન્મ મરણ પામ્યા કરેછે.) ॥૬॥ અને ઇંદ્રિયાદિકે કરાવેલાં કર્મો, તે પોતે કરેલાં નથીજ;

એમ માલુમ થઇને જાણતો નથી. ત્યારે એ સ્મૃતિ નાશ થયેલો તે અજ્ઞાની મૈથુનના સ્થાનરૂપ ઘરને પામીને, તેમાંના દુખોને ભોગવેછે. ॥૭॥ પુરૂષો અને સ્ત્રીઓનાં જોડાં થઇને તેઓને પરસ્પર એકબીજાને વિશે જે પોતાનાપણું મનાયછે. તેજ હ્રદયની ગાંઠ કહેવાય છે. કે જે થકી ઘર-ક્ષેત્ર-પુત્ર-સગાં અને ધનાદિકને વિશે "આ હું અને આ માહરૂં" એ પ્રકારનો મોહ માણસોને થાયછે. ॥૮॥ માણસની કર્મોવડે દ્રઢ બંધાયલી, જો મન આશ્રયી લિંગ શરીરરૂપી હ્રદયની ગાંઠ, કપાઇ જાયછે; ત્યારેજ તે, એ સઘળાં થકી પાછો ફરેછે, અને એમ જન્મ મરણના હેતુરૂપ એ લિંગ શરીરનો નાશ થયેથી તે મુક્ત થઇને પરમાત્માને પામેછે. ॥૯॥ ૧. હંસ એટલે શુદ્ધ અને ગુરૂ એટલે પિતારૂપ હું પરમાત્મા ભગવાનની ભક્તિમાં તત્પરતા રાખવી-૨. તૃષ્ણાને તજવી-૩. સુખ દુખાદિક દ્વંદ્વને સહન કરવા-૪. સર્વ સ્થળે પ્રાણી માત્રને દુઃખછે એમ જાણવું-૫. આત્મજ્ઞાન પામવાની ઇચ્છા રાખવી-૬. તપ કરવું-૭. નિવૃત્તિવાળાં કર્મો કરવાં-૮. હમેશાં મારે અર્થેજ કર્મો કરવાં-૯. હમેશાં મારી કથાઓ કરવી-૧૦. મારા ભક્તો આદિનો સંગ કરવો-૧૧. મારા ગુણોનું કીર્તન કરવું-૧૨. સર્વ પ્રાણી સાથે નિર્વૈરપણું રાખવું-૧૩. પ્રાણી માત્રમાં સમદૃષ્ટિ રાખવી-૧૪. દેહ અને ઘરાદિકમાં પોતાના પણાની બુદ્ધિથકી વિરામ પામવું-૧૫. આત્મજ્ઞાન મેળવવાને યત્ન કરવું-૧૬. એકાંત વસવું-૧૭. પ્રાણ ઇંદ્રિયો, અને મનને સંપૂર્ણપણે જીતવાં-૧૮. પરમાત્માને વિશે તેમજ સદ્ધર્મ અને સત્કર્મને વિશે શ્રદ્ધા રાખવી-૧૯. હમેશાં આળસ રહિત રહેવું-૨૦. બ્રહ્મચર્ય પાળવું-૨૧. વાણીને નિયમમાં રાખવી (મૌનવ્રત રાખવું)-૨૨. સર્વને વિશે મારી ભાવનાથી જોવું-૨૩. જ્ઞાન અને વિજ્ઞાનનો નિશ્ચય કરવો-૨૪. અષ્ટાંગ યોગ કરવો-અને ૨૫. વિવેક તથા ધીરજ રાખીને ઉદ્યોગ કરવો. એટલાં પચીસ સાધનો થકી બુદ્ધિમાન મનુષ્યે, પોતારૂપ મનાતા લિંગ શરીરનો નાશ કરવો જોઇએ. ॥૧૦-૧૧-૧૨-૧૩॥ અને સાવધાન પણે આ રીતના બતાવેલા ઉપાયોથી; એ અજ્ઞાન થકી ઉત્પન્ન થયેલ હ્રદયની ગાંઠરૂપી બંધન, લિંગ શરીર (કર્માશય) નો, સં-

प्रमत्तः स ... सा विपश्चित् ॥ गतस्मृतिर्विंदति तत्र तापानासाद्य मैथुन्यमगारमज्ञः ॥७॥ पुंसः स्त्रिया मिथुनीभावमेतं तयोर्मिथो हृदयग्रंथिमाहुः ॥ अतो गृहक्षेत्र ... तात्प्तवित्तैर्जनस्य मोहोऽयमहं ममेति ॥८॥ यदा मनो हृदय ... थिरस्य कर्मानुबद्धो दृढ आश्लथेत ॥ तदा जनः संपरिवर्ततेऽस्मान्मुक्तः परं यात्यतिहाय हेतुं ॥९॥ हंसे गुरौ मयि भक्त्याऽनुवृत्त्या वितृष्णया द्वंद्वतितिक्षया च ॥ सर्वत्र जंतोर्व्यसनावगत्या जिज्ञासया तपसेहानिवृत्त्या ॥१०॥ मत्कर्मभिर्मत्कथया च नित्यं मद्देवसंगाद्गुणकीर्तनान्मे ॥ निर्वैरसाम्योपशमेन पुत्रा जिहासया देहगेहात्मबुद्धेः ॥११॥ अध्यात्मयोगेन विविक्त ... जयेन ... क् ॥ सच्छ्रद्धया ब्रह्मचर्येण शश्वदसंप्रमादेन ... चां ॥१२॥ सर्वत्र मद्भावविचक्षणेन ज्ञानेन विज्ञानविराजितेन ॥ योगेन ... त्युद्यमसत्त्वयुक्तो लिंगं व्यपोहेत्कुशलोऽहमाख्यं ॥१३॥ कर्माशयं हृदयग्रंथिबंधमविद्ययासादितमप्रमत्तः ॥ अनेन योगेन यथोपदेशं सम्यग्व्यपोह्योपरमेत योगात् ॥१४॥ पुत्रांश्च शिष्यांश्च नृपो गुरुर्वा मल्लोककामो मदनुग्रहार्थः ॥ इत्थं विमन्युरनुशिष्यादतज्ज्ञान्न योजयेत्कर्मसु कर्ममूढान् ॥ कं योजयन्मनुजोऽर्थं लभेत निपातयन्नष्टदृशं हि गर्ते ॥१५॥ लोकः स्वयं श्रेयसि नष्टदृष्टिर्योऽर्थान्समीहेत निकामकामः अन्योऽन्यवैरः सुखलेशहेतोरनंतदुःखं च न वेद मूढः ॥१६॥ कस्तं स्वयं तदभिज्ञो विपश्चिद्विद्यायामंतरे वर्तमानं ॥ दृष्ट्वा पुनस्तं सघृणः कुबुद्धिं प्रयोजयेदुत्पथगं यथांधं ॥१७॥ गुरुर्न स स्यात्स्वजनो न स स्यात्पिता न स स्याज्जननी न सा स्यात् ॥ दैवं न तत्स्यान्न पतिश्च स स्यान्न मोचयेद्यः समुपेतमृत्युं ॥१८॥ इदं शरीरं मम दुर्विभाव्यं सत्त्वं हि मे हृदयं यत्र धर्मः ॥ पृष्ठे कृतो मे यदधर्म आराद्दतो हि मामृषभं प्राहुरार्याः ॥१९॥ तस्माद्भवंतो हृदयेन जाताः सर्वे महीयांसममुं सनाभं ॥ अक्लिष्टबुद्ध्या भरतं भजध्वं शुश्रूषणं तद्भरणं प्रजानां ॥२०॥ भूतेषु वीरुद्भ्य उदुत्तमा ये सरीसृपास्तेषु सबोधनिष्ठाः ॥ ततो मनुष्याः प्रमथास्ततोऽपि गंधर्वसिद्धा विबुधानुगा ये ॥२१॥ देवासुरेभ्यो मघवत्प्रधाना दक्षादयो ब्रह्मसुतास्तु तेषां ॥ भवः परः सोऽथ विरिंचवीर्यः स मत्परोऽहं द्विजदेवदेवः ॥२२॥ न ब्राह्मणैस्तुलये भूतमन्यत्पश्यामि विप्राः किमतः परं तु ॥ यस्मिन्नृभिः प्रहुतं श्रद्धयाऽहमश्नामि कामं न तथाऽग्निहोत्रे

પૂર્ણપણે નાશ કર્યાબાદ, યોગથકી (એટલે એ સાધનો કરવા થકી) પણ વિરામ પામવું. ॥૧૪॥ મારા લોકની, અગર મારી દયાની ઇચ્છાવાળા; બાપે પુત્રાદિકને, ગુરૂએ શિષ્યોને, અને રાજાએ પ્રજાઓને, ક્રોધ રહિત થઇને આ પ્રકારની શીખામણ આપવી જોઇએ. પણ કર્મો થકી મૂઢ બનેલા અજ્ઞાનીઓને કર્મો કરવાનુંજ કહેવું ન જોઇએ. કેમકે આંધળાઓને ખાડામાં નાંખવાની પેઠે, તેમ કરવા થકી માણસોને કયો પુરૂષાર્થ મળે એમ છે. ॥૧૫॥ પોતાના કલ્યાણની બાબતમાં આંધળા બનેલા લોકો ઘણી ઘણી કામનાઓથી મૂઢબનીને ધનાદિક સુખને માટેજ ઉદ્યોગ કરે છે. પણ તેઓ જરાએક સુખ મેળવવાને જતાં અન્યોઅન્ય વૈર કરીને, તેથી ઉત્પન્ન થતાં, અનંત દુખોને જાણતા નથી. ॥૧૬॥ આ વાતને જાણતો હોય એવો કોણ દયાળું પુરૂષ, અજ્ઞાન બુદ્ધિ થકી અવળે માર્ગે જતા કુબુદ્ધિ મનુષ્યોને દેખીને, પછી અવળે મારગે જનાર આંધળાને તેજ મારગે મોકલવાની પેઠે; તેના તેજ મારગે જવાનું કહે.? ॥ ૧૭ ॥ મૃત્યુ (એટલે જન્મમરણરૂપ સંસાર) થકી છોડાવવાનું જેનાથી ન બની શકે. તેવાએ શિષ્યોના ગુરૂ ન થવું જોઇએ. (પુત્રોના) પિતા ન થવું જોઇએ. (સંતાનોની) માતા ન થવું જોઇએ. (બંધુઓના) સ્વજન ન થવું જોઇએ. (ભક્તોના) દેવતા ન થવું જોઇએ. અને (સ્ત્રી તથા પ્રજાના) પતિ પણ ન થવું જોઇએ. ॥૧૮॥ મળવાને દુર્લભ એવા આ મનુષ્ય શરીરના તત્વરૂપ ધર્મને મેં મારા હ્રદયમાં રાખેલો છે; અને અધર્મને પાછળ કરેલો છે. તેથી આર્ય પુરૂષો મને ઋષભ કહેછે. ॥૧૯॥ તમો સર્વ એ (મારા) હ્રદય થકી જન્મેલા છો. માટે તમારા સહોદર વડિલ ભાઇ ભરતને, તેમના થકી પ્રજાનું પાલન થવા આદિમાં, તમો અદેખાઇ તજીને બુદ્ધિપૂર્વક તેમને અનુસરજો. ॥૨૦॥ જડ પદાર્થો કરતાં વનસ્પતિ શ્રેષ્ઠ છે. તે થકી પેટે ચાલનારા સર્પાદિક; તેઓ થકી પશુ પક્ષી આદિક; તેમના થકી મનુષ્યો; તે થકી પ્રમથ એટલે ભૂત પ્રેતાદિક; તેમનાથી ગંધર્વો; તેઓના થકી સિદ્ધલોકો; અને તેઓ થકી દેવતાઓના અનુચરો કિન્નરાદિક શ્રેષ્ઠ છે. ॥૨૧॥ કિન્નરાદિકથી અસુરો; અસુરોથકી ઇંદ્રાદિક દેવતાઓ; તે-

મનથી દક્ષાદિક પ્રજાપતિઓ; તેઓના થકી સનત્કુમાર આદિક; તેમના થકી સદાશિવ; તે થકી બ્રહ્મા; અને તે થકી હું પોતે; તથા બ્રાહ્મણો મારા એટલે દેવના પણ દેવ છે. ॥૨૨॥ હે વિપ્રો; હું બ્રાહ્મણોની બરાબર બીજા કોઇ પ્રાણીને દેખતો નથી. તો તેમના થકી ઉત્તમનો કોણજ હોય. કે જેમનામાં શ્રદ્ધાથી માણસોએ હોમેલાને, હું જેવું ઇચ્છા પૂર્વક ખાઉંછું, તેવું અગ્નિ હોત્રમાં હોમાયલાને પણ ખાતો નથીજ. ॥૨૩॥ જે બ્રાહ્મણો મારા પ્રાચીન દેહ વેદને ધારણ કરે છે અને જેમને વિષે પરમ પવિત્ર સત્વગુણ–દમ–સત્ય–દયા–તપ–તિતિક્ષા–અને અનુભવ એટલે મારા સ્વરૂપનું જ્ઞાન એ રહેલાં છે. ॥૨૪॥ મારી ભક્તિ કરનારા એ અકિંચન લોકો, હું સ્વર્ગ અને મોક્ષના અધિપતિ–અનંત–અને પ્રકૃતિથકી પરના પાસેથી પણ, કશાને ઇચ્છતા નથી. તો તેમને બીજાઓનું શું કામ હોય. ॥૨૫॥ હે દીકરાઓ, સર્વ જડ ચેતન પ્રાણી પદાર્થાદિકને વિષે હું આચળપણે રહેલોછું. એમ જાણીને તમો નિર્મળ દ્રષ્ટિથી તે સર્વેનું ક્ષણે ક્ષણે સન્માન કરજો, એટલે એ મારૂંજ પૂજન છે. ॥૨૬॥ અને મન–વાણી–દ્રષ્ટિ–અને બીજાં ઇંદ્રિયો થકી કરાતાં સઘળાં કર્મો, મારા આ રીતના સાક્ષાત સ્વરૂપોના પૂજનને અર્થેજ કરજો. કે જે રીતે કર્યા વિના પુરૂષ મહામોહ રૂપ કાળ પાશ થકી છુટવાને શક્તિમાન થતોજ નથી. ॥૨૭॥—**શ્રીશુક**—આ રીતે લોકોના ઉપદેશ સારૂ, સારી રીતે કેળવાયલા એવા પોતાના પુત્રોને શીખામણ આપીને, એ મોટા પ્રભાવવાળા અને સર્વના સુહૃદ ઋષભદેવ ભગવાન, પોતાના સો પુત્રોમાં મોટા–પરમભગવતો–અને ભક્તોના મુખ્ય આશ્રય, એવા પુત્ર ભરતનો પૃથ્વીના પાલનને માટે અભિષેક કરીને, પોતે શાંતિવાન અને કર્મો રહિત થયેલા મહામુનિઓના ભક્તિ–જ્ઞાન–અને વૈરાગ્યનાં લક્ષણોવાળા; પરમહંસોના ધર્મ; લોકોને શીખવવાની ઇચ્છાથી; એકલાજ શરીરમાત્ર સાથે લેઇને, ઉન્મત્તની પેઠે નવસા થઇ–માથાના વાળ છુટા મૂકીને, અને, અગ્નિ હોત્રનું પોતાના આત્મામાંજ આરોપણ કરીને; એ બ્રહ્માવર્તમાંથીજ ચાલી નીકળ્યા. ॥૨૮॥ અને અવધૂતના સરખા વેષવાળા તે, જડ–અંધ–

॥२३॥ धृतातनूरुशतीमेपुराणीयेनेहसत्त्वंपरमंपवित्रं ॥ शमोदमःसत्यमनुग्रहश्चतपस्तितिक्षाऽनुभवश्चयत्र॥२४॥ मत्तोप्यनंतात्परतःपरस्मा
त्स्वर्गापवर्गाधिपतेर्नकिंचित्॥ येषांकिमुस्यादितरेणतेषामकिंचनानांमयिभक्तिभाजां॥२५॥सर्वाणिमद्धिष्ण्यतया भवद्भिश्चराणिभूतानिसुता
ध्रुवाणि॥ संभावितव्यानिपदेपदेवोविविक्तदृग्भिस्तदुहार्हणंमे ॥२६॥ मनोवचोदृक्करणेहितस्यसाक्षात्कृतंमेपरिबर्हणंहि॥विनापुमान्येनमहा
विमोहात्कृतांतपाशान्नविमोक्तुमीशेत् ॥२७॥ श्रीशुक०एवमनुशास्यात्मजान्स्वयमनुशिष्टानपिलोकानुशासनार्थंमहानुभावः परमसुहृद्भग
वानृषभापदेशउपशमशीलानामुपरतकर्मणांमहामुनीनांभक्तिज्ञानवैराग्यलक्षणंपारमहंस्यधर्ममुपशिक्षमाणः स्वतनयशतज्येष्ठंपरमभाग
वतंभगवज्जनपरायणं भरतंधरणिपालनायाभिषिच्यस्वयंभवन एवोर्वरितशरीरमात्रपरिग्रहउन्मत्तइवगगनपरिधानः प्रकीर्णकेशआत्मन्या
रोपिताहवनीयोब्रह्मावर्तात्प्रवव्राज ॥ जडांधमूकबधिरपिशाचोन्मादकवदवधूतवेषोऽभिभाष्यमाणोऽपिजनानां गृहीतमौनव्रतस्तूष्णींबभूव
॥२९॥ तत्रतत्रपुरग्रामाकरखेटवाटशिबिरव्रजघोषसार्थगिरिवनाश्रमादिष्वनुपथमवनिचरापसदैःपरिभूयमानो मक्षिकाभिरिववनगजस्तर्ज
नताडनावमेहनष्ठीवनग्रावशकृद्रजः प्रक्षेपपूतिवातदुरुक्तैस्तदविगणयन्नेवासत्संस्थानएतस्मिन्देहोपलक्षणेसदपदेशउभयानुभवस्वरूपेणस्व
महिमावस्थानेनासमारोपिताहंममाभिमानत्वादविखंडितमनाः पृथिवीमेकचरःपरिबभ्राम॥३०॥ अतिसुकुमारकरचरणोरःस्थलविपुलबा
ह्वंसगलवदनाद्यवयवविन्यासः प्रकृतिसुंदरस्वभावहाससुमुखोनवनलिनदलायमानशिशिरतारारुणायतनयनरुचिरः सदृशसुभगकपोल
कर्णकंठनासोविगूढस्मितवदनमहोत्सवेनपुरवनितानां मनसिकुसुमशरासनमुपदधानःपरागवलंबमानकुटिलजटिलकपिशकेशभूरिभारो
ऽवधूतमलिननिजशरीरेणग्रहगृहीतइवादृश्यत॥३१॥ यर्हिवावसभगवान्लोकमिमंयोगस्याद्धाप्रतीपमिवाचक्षाणस्तत्प्रतिक्रियाकर्मबीभत्सि
तमितिव्रतमाजगरमास्थितःशयानएवाश्नातिपिबतिखादत्यवमेहतिहदतिस्मचेष्टमानउच्चरितआदिग्धोद्देशः ॥३२॥ तस्यहयःपुरीषसुरभि

બેહેરા–મુંગા–અને પિશાચ તથા ભૂત પ્રેતાદિક જેવા થઇને, મૌનવ્રત રાખવાથી લોકો બોલાવતા છતાં નહીં બોલતા મૂંગાજ રેહેવા લાગ્યા. ॥૨૯॥ નગરો–કસબા–ખાણોનાં ગામો–ખેડુના ગામો–વાડીઓ–છાવણીઓ–વ્રજો તેમજ–ભરવાડના સંઘ–પર્વતો–વનો–અને આશ્રમો વિગેરેમાં ઠેકઠેકાણે તથા માર્ગોમાં પણ; પૃથ્વી ઉપર ચાલતાં; દુષ્ટ લોકો તિરસ્કાર કરીને–મારીને–મૂતરીને–થુંકખા નાંખીને–પથરા ફેંકીને–વિષ્ટા નાખીને–ધૂળ ઉડાડીને–અપવાદ કરીને (પાદીને) અને દુષ્ટ વચનો બોલીને તેમને દુઃખ આપવાનું કરતા છતાં, માખીઓને વનનો હાથી નહીં ગણકારવાની પેઠે, એ બધાને તે ગણકારતાજ ન હોતા. અને અખંડિત મનથી આ ખોટો છતાં ખરા જણાતા દેહમાંથી "હું અને મારૂં" એવા અભિમાનને તજીને, આત્મા અને અનાત્મા એવાં પોતાનાં બેઉ પ્રકારનાં સ્વરૂપોનો અનુભવ પામીને; પછી પોતાના આત્મ સ્વરૂપના આનંદમાંજ તૃપ્ત રહી; એકલાજ પૃથ્વી ઉપર ફરવા લાગ્યા. ॥૩૦॥ અતિસુકુમાર હાથ, પગ, અને છાતીવાળા–મોટા ખભા, બાહુ, ગળુ, અને મુખ વિગેરે અવયવોની સુંદર શોભાવાળા–સ્વાભાવિક રીતે હસતા સુંદર મુખવાળા–નવાં કમળ જેવી સુંદર, રાતી, લાંબી, અને ઉંડી કીકીઓ વાળી આંખોવાળા–ગાલ, કાન, કંઠ, અને સરખા નાકથી શોભતા–અને ગૂઢ રીતે હસતા મુખવાળા–એવા એમને જોઇને ખુશી થતી શહેરની સ્ત્રીઓ કામાતુર થતી હતી. છતાં પણ મોઢાની આગળ લટકતા વાંકા, પીંગળા, અને જટારૂપ બનેલા વાળના જથાથી–તથા સંભાળ રાખ્યાવિના મલિન થઇ ગયેલા શરીરથી, તે ગ્રહ ઝોડે વળગેલાના સરખા દેખાતા હતા. ॥૩૧॥ એમ કરતાં, અવળાં આચરણ કરનારા લોકોને, પોતાને યોગના માર્ગમાં ચાલવામાં હરકત કરવાથકી અટકાવવાનો ઉપાય નિંદાસ્પદપણુંજ હોવાનું, તેમણે જ્યારે ધાર્યું; ત્યારે અજગર વ્રત રાખીને, એકજ ઠેકાણે સુઇ રહીને, ખાવાનું–પીવાનું–હગવાનું–અને મૂતરવાનું પણ કરવા લાગ્યા. અને એમ કરીને વિષ્ટા આદિમાં લોટીને શરીર ખરડી મૂક્યું. ॥૩૨॥ ત્યારે તેમની વિષ્ટામાંથી નીકળતા સુગંધીવાળા વાયુથકી, દસયોજન ફરતો દેશ, સુગંધમય થઇ ગયો હતો. ॥૩૩॥

એ પ્રમાણે બળદ-હરણ-અને કાગડાની પેઠે; ચાલતા-ઉભા રેહેતા-બેસતા-અને સુતા હતા. અને કાગડા-બળદ-તથા હરણની પેઠેજ પીવાનું-ખાવાનું-અને મૂતરવાનું પણ કરતા હતા. ॥૩૪॥ એ પ્રમાણે નાના પ્રકારની યોગ ચર્યાનું આચરણ કરતા તે અખંડિત અને પરમ આનંદના અનુભવરૂપ-મોક્ષનાપતિ-આત્મસ્વરૂપ-સર્વપ્રાણી પદાર્થાદિકને વિશે આત્મસ્વરૂપથી રહેલા-અને દેહાદિકના અનુસંધાન રહિત આત્મસ્વરૂપને વિશે આપવાળા-તથા સર્વ અર્થ પરિપૂર્ણ સિદ્ધ થયેલા-એવા ભગવતી વાસુદેવ ઋષભદેવ ભગવાનની પાસે: આકાશ ગમન-મનના સરખો શરીરનો વેગ-અને દૂરના પદાર્થાદિકને જાણવું-અંતર્ધાન થઇ જવું-પારકી કાયામાં પ્રવેશ કરવો; વિગેરે યોગવડે ઉત્પન્ન થનાર ઐશ્વર્યો (સિદ્ધિઓ) યદચ્છાથી આવવા છતાં; હે રાજા તેમણે તેમનો સેહેજમાંજ અસ્વીકાર કર્યો. (અર્થાત પોતે તેમાં મન ન ઘાલ્યું).॥૩૫॥ ઇ૦ ભા૦ પાંચમા સ્કં૦પાં૦ અ૦સં૦॥૫॥

અધ્યાય. ૬ ઠો.—પરીક્ષિત.—હે ભગવાન (શુક), યોગથી સળગતા અગ્નિથી બળી ગયેલ કર્મ બીજ વાળા આત્મારામ પુરૂષોને પણ, યદચ્છાથી આવેલી સિદ્ધિઓ ફરી ફરીને કલેશોને આપનારી થઇ શકે છે કે કેમ ? ॥૧॥—શ્રીશુક—તમારૂં કહેવું ખરૂં છે. પરંતુ અસ્થિર-શઠ-અને કિરાત સરખા મનની સાથે કામ પડવા છતાં પણ, બુદ્ધિવાન પુરૂષો તેનો કદી પણ સંપૂર્ણ વિશ્વાસ કરતાજ નથી. ॥૨॥ અને એ રીતેજ કેહેવત પણ છે કે. "ઘણો કાળ તપ કરીને મેળવેલું ઐશ્વર્ય સદાશિવે પણ જેનો વિશ્વાસ કરવાથી ખોઇ નાખ્યું હતું: એવા અસ્થિર મનની દોસ્તી; કોઇએ કદી પણ કરવા જેવું નથીજ." ॥૩॥ કેમકે તેનો વિશ્વાસ કરનારા યોગીના દુશ્મનો, કામ તથા ક્રોધાદિકને; તે, છીનાળવી સ્ત્રી જેમ તેના પતિના શત્રુ જાર પુરૂષને, અવસર મેળવી આપેછે; તેમ નિત્ય નિત્ય અવસર મેળવી આપનારૂં છે. ॥૪॥ અને કામ-ક્રોધ-મદ-લોભ-શોક-મોહ-અને ભય આદિ

सौगंध्यवायुस्तंदेशंदशयोजनंसमंतात्सुरभिंचकार ॥३३॥ एवंगोमृगकाकचर्ययाव्रजंस्तिष्ठन्नासीनः शयानःकाकगो[illegible]गचरितःपिबतिखादत्य[illegible]तिस्म ॥३४॥ इतिनानायोगचर्याचरणोभगवान्कैवल्यपतिर्ऋषभोऽविरतपरममहानंदानुभवआत्मनिसर्वेषांभूतानामात्मभूतेभगवतिवासुदेवआत्मनोऽव्यवधानानंतरोदरभावेनसिद्धसमस्तार्थ परिपूर्णोयोगैश्वर्याणिवैहायसमनोजवांतर्धानपरकायप्रवेशदूरग्रहणादीनियदृच्छयोपगतानिनांजसा[illegible]पहृदयेनाभ्यनंदत् ॥३५॥ इ०भा०म०पं०ऋषभदेवानुचरितेपंचमोऽध्यायः ॥५॥ राजा०ननूनंभगवआत्मारामाणांयोगसमीरितज्ञानावभर्जितकर्मबीजानामैश्वर्याणिपुनःक्लेशदानिभवितुमर्हंतियदृच्छयोपगतानि॥१॥ ऋषि०सत्यमुक्तंकिंत्विहवाएकेनमनसोऽद्धाविश्रंभमनवस्थानस्यशठकिरातइवसंगच्छंते॥२॥ [illegible]थाचोक्तं॥ नकुर्यात्कर्हि[illegible]सिद्यनवस्थिते ॥ यद्विश्रंभाच्चिरा[illegible]र्णंचस्कंदतपऐश्वरं॥३॥ नित्यंददातिकामस्यच्छिद्रंतमनुयेऽरयः॥योगिनःकृतमैत्रस्यपत्युर्जायेवपुंश्चली॥४॥ कामोमन्युर्मदो[illegible]ःशोकमोहभयादयः॥ कर्मबंधश्चयन्मू[illegible]ःस्वीकुर्यात्कोनुतद्बुधः ॥५॥ अथैवमखिललोकपालललामोविलक्षणैर्जडवदवधूतवेषभाषाचरितैरविलक्षित भगवत्प्रभावोयोगिनांसांपरायविधिमनुशिक्षयन्स्वकलेवरं जिहासुरात्मन्यात्मानमसंव्यवहितमनर्थांतरभावेनान्वीक्षमाणउपरतानुवृत्तिरुपरराम ॥६॥ तस्यहवाएवंमुक्तलिंगस्यभगवतऋषभस्ययोगमायावासनयादेहइमांजगतीमभिमानाभासेनचंक्रममाणः॥७॥ कोंकवेंककुटकान्दक्षिणकर्णाटकान्देशान्यदृच्छयोपगतःकुटकाचलोपवनआस्यकृताश्मकवलउन्मादइवमुक्तमूर्धजोसंवीतएवविचचार॥८॥ अथसमीरवेगविधूतवेणुविकर्षणजातोग्रदावानलस्तद्वनमालेलिहानःसहतेनददाह ॥९॥ यस्याकिलानुचरितमुपाकर्ण्यकों[illegible]वेंककुटकानांराजाऽर्हन्नामोपशिक्ष्यकलावधर्मउत्कृष्यमाणेभवितव्येनविमोहितःस्वधर्मपथमकुतोभयमपहायकुपथपाषंडमसमंजसंनिजमनीषयामंदःप्रवर्तयिष्यते ॥१०॥ येनहवावकलौमनुजापसदादेवमायामोहिताः स्वविधिनियोगशौचचारित्रविहीनादेवहेलनान्यपव्रतानिनिजेच्छयागृण्हानाअस्नानानाचमनाशौचकेशोल्लुंचनादीनिकलिनाऽधर्मबहुलेनोपहतधियोब्रह्मब्राह्मणयज्ञपुरुषलोकविदूषकाःप्रायेणभविष्यंति ॥११॥ तेच[illegible]र्वाक्तनयानि

કર્મ બંધનો, તે મન થકીજ થાય છે; માટે એવા મનને, કયો બુદ્ધિમાન પુરૂષ પોતાનું સમજે? ॥૫॥ પછી યોગીઓને દેહત્યાગ કરવાનો વિધિ શીખવવાની ઇચ્છાથી પોતાનું શરીર છોડી દેવાને માટે, એ વિલક્ષણ અને જડની પેઠે; અવધૂત સરખા વેશ-ભાષા-અને આચરણો કરવાવડે નહી દેખાતા પ્રભાવવાળા;સર્વે લોકપાળોના શીરોમણી,ઋષભદેવ ભગવાન, પરમાત્માને વિશે પોતે હોવાનું નિશ્ચયાત્મક જાણીને; વચેના વખતમાં, જે અનર્થો બુદ્ધિવાદિકની વૃત્તિઓની ચાલચો વિગેરેથી જણાતા હતા; ને સર્વે થકી વિરામ પામી ગયા. ॥૬॥ છતાં જેમ કુંભારનો ચાક તેને ફેરવવાનું બંધ કર્યા પછી પણ, કેટલોક વખત સુધી ફર્યા કરે છે; તેની પેઠેજ એ માયાની વાસનાઓ રૂપ લિંગ દેહથકી મુક્ત થયેલા, ઋષભદેવ ભગવાનનો સ્થુળદેહ, તેના પૂર્વ સંસ્કાર થકી, અભિમાનના આભાસવડે, પછીથી કેટલોક વખત સુધી આ પૃથ્વી ઉપર ફર્યા કરતો હતો. ॥૭॥ અને તે કોંક-વેંક-કૂટક-અને દક્ષિણ કર્નાટક દેશમાં યદચ્છાથી ગયો હતો. ત્યાં કૂટકાચલના વનમાં, મોઢામાં કોળિયાની માફક પથરો રાખીને, છુટાવાળ મૂકેલો, અને ગાંડ વળગેલા જેવો, તે દેહ, વગર ઢાંકેલોજ ફરતો હતો. ॥૮॥ પછી વેગવાળા વાયુથકી વાંસ ઘસાઇને તેમાંથી ઉત્પન્ન થયેલો ઉગ્ર દાવાનળ ચારેકોર બાળતાં; તે વનની સાથેજ તેમનો સ્થુળ દેહપણ, બળી ગયો. ॥૯॥ તેમના એ ચરિત્રને સાંભળીને તથા તે ઉપરથી શીખામણ લેઇને, કોંક-વેંક-અને કૂટક દેશનો, અર્હન નામનો મંદ બુદ્ધિવાળો રાજા, કળિયુગનો વધારો થવા ટાણે, મોહપામીને, પોતાનો નિર્ભય સ્વધર્મ, વેદમાર્ગ છોડી દેઇને, પોતાની બુદ્ધિ થકીજ પાખંડ માર્ગ ચલાવશે. ॥૧૦॥ તથા કળિયુગમાં ભગવાનની માયાથી મોહપામેલા દુષ્ટ માણસો, વેદશાસ્ત્રમાં કહેલ પવિત્રતા અને સદાચારને છોડી દેઇને; નહાવું નહી-આચમન લેવું નહી-મલિનતા રાખવી-માથા વિગેરેનાવાળ ઉખેડી નાંખવા; વિગેરે દેવતાઓનું અપમાન થવા સરખા નિયમોને પોતાની મરજી થકીજ રાખશે; તેમજ કળિયુગમાં બહુ વધેલા અધર્મથી બુદ્ધિનો નાશ થઇને તેઓ; વેદ-બ્રાહ્મણો-યજ્ઞો-પુરૂષ ભગવાન વિષ્ણુ-અને તેમના ભક્તો આદિક સજ્જનોની

વિશેષે કરીને નિંદા કરશે. ॥૧૧॥ અને તેમના લોકોમાં દાખલ થયેલી એ વેદબાહ્ય અંધપરંપરામાં વિશ્વાસ રાખવાથી, પોતાની મેળેજ ઘોર નરકમાં પડશે. ॥૧૨॥ આ રૂષભદેવ ભગવાનનો અવતાર, રજોગુણથી ઘેરાયલા મનુષ્યોને મોક્ષ માર્ગનું શિક્ષણ આપવાને માટેજ હતો. તેમના ગુણોની બાબતમાં નીચેના શ્લોકો ગવાય છે. ॥૧૩॥ "અહો સાત સમુદ્રોવાળી પૃથ્વીના સઘળા દ્વીપો અને ખંડોમાં, આ ભરતખંડજ અધિક પુણ્યવાન છે. કે જ્યાં જન્મેલા લોકો, અહો-મામોરારી ભગવાનનાં પવિત્ર કર્મોનું ગાયન કરે છે. ॥૧૪॥ અહો પ્રિયવ્રત રાજાના વંશની ભારે ઉજળી કીર્તિ છે. કે જે વંશમાં આદ્ય અને પુરાણ પુરૂષ ભગવાને મનુષ્યાવતાર ધરીને કર્મોનો નાશ કરવાના હેતુરૂપ ધર્મ આચર્યો હતો. ॥૧૫॥ એ અજન્મા રૂષભદેવ ભગવાનના માર્ગે જવાનો મનોરથ પણ, બીજો કયો યોગી કરી શકનાર છે! કે જેમણે યોગમાયાના ઉદયરૂપ સિદ્ધિઓ, પોતાની પાસે પ્રયત્ન કરીને આવવા છતાં; તેમને અસત જાણીને, છોડી દીધી હતી." ॥ ૧૬ ॥ આ પ્રમાણેનું; સર્વવેદ–લોક–દેવ–બ્રાહ્મણ–અને ગાયોના પણ પરમગુરૂ, રૂષભદેવ ભગવાનનું, પુરૂષોનાં સઘળાં પાપોને મટાડનારૂં, શુદ્ધ ચરિત્ર મેં તમારી આગળ કહ્યું. એ શ્રેષ્ટ કલ્યાણોના મુખ્યસ્થાનરૂપ ચરિત્રને જે કોઇ સાવધાનપણે શ્રદ્ધા સહિત સાંભળશે અગર સંભળાવશે. તેને રોજરોજ વાસુદેવ ભગવાનમાં એકાંત ભક્તિ ઉત્પન્ન થતી જશે. ॥૧૭॥ અનેક પ્રકારનાં દુઃખોવાળા સંસારથી તપી ગયેલા ચીતને વારંવાર ભક્તિમાં નવરાવનારા, અને ભક્તિથકીજ સર્વ પુરૂષાર્થને પામીને, તેથી પરમનિવૃતિને પામેલા (એટલે કૃતાર્થ થયેલા) જ્ઞાનવાન પુરૂષોને, ભગવાન મોક્ષ નામનો પરમપુરૂષાર્થ વગર માગ્યેજ આપવા માંડે છે; છતાં તેઓ તેનો સ્વીકાર કરતા નથી. ॥૧૮॥ હે પરીક્ષિત, મુકુંદ ભગવાન પોતાને ભજનારાઓને મુક્તિ આપે છે; પણ ભક્તિયોગનો કવચિતજ આપેછે. એમ છતાં તે તમારા અને યાદવોના તો સ્વામી–ગુરૂ–ઇષ્ટદેવ–પ્રિય–અને કુલપતિ હતા. તથા તમારા વડિલોના તો (દૂતપણું–સારથીપણું આદિ કરવાથી) દાસપણ થયા હતા. ॥૧૯॥ જેમણે, પોતાની રચનારૂપ માયામાં ઘણાકાળથી

जलोकयावयांऽधपरंपरयाश्वस्तास्तमस्यंधे[illegible]तिष्यंति ॥१२॥ अयमवतारोरजसोप[illegible]तकैवल्योपशिक्षणार्थः ॥ तस्यानुगुणान्श्लो[illegible]ति॥१३॥ अहोभुवःसप्तसमुद्रवत्याद्वीपेषुवर्षेष्वधिपुण्यमेतत् ॥ गायंतियत्रत्यजनामुरा[illegible]कर्माणिभद्राण्यवतारवंति॥१४॥ अहोनुवंशोय[illegible]ऽवदातःप्रैयव्रतोयत्रपुमान्पुराणः॥ [illegible]तावतारःपुरुषःसआद्यश्चचारधर्मंयदकर्महेतुं ॥१५॥ कोन्वस्यकाष्ठामपरोनुगच्छेन्मनोरथे[illegible]योगी॥ योयोगमायाःस्पृहयत्युदस्ताह्यसत्तयायेनकृतप्रयत्नाः ॥१६॥ इतिहस्मसकलवेदलोकदेवब्राह्मणगवांपरमगुरोर्भगवतऋषभाख्यस्यविशुद्धाचरितेरितंपुंसां[illegible]दुश्चरिताभिहरणं॥ परममहामंगलायनमिदमनुश्रद्धयोपचितयाऽनुशृणो त्याश्रावयतिवाऽवहितोभगवतितस्मिन्वासुदेवएकांततो[illegible]क्तिरनयोरपिसमनुवर्तते॥१७॥यस्यामेवकवयआत्मानमविरतंविविधवृजिनसंसारपरितापोपतप्यमानम[illegible]सवनंस्नापयंतस्तयैवपरयानिर्वृत्याह्य पवर्गमात्यंतिकंपरमपुरुषार्थमपिस्वयमासादितंनो एवाद्रियंतेभगवद[illegible]त्वेनैवपरिसमाप्तसर्वार्थाः ॥१८॥ र[illegible]तिर्गुरुरलंभवतांयदूनांदैवंप्रियःकुलपतिःक्वचकिंकरोवः॥ अस्त्वेवमंगभगवान्भजतांमुकुंदोमुक्तिंददातिकर्हिचित्स्मनभ[illegible]गं ॥१९॥ नित्[illegible]नुभूतनिजलाभनिवृत्ततृष्णःश्रेयस्यतद्रचनयाचिरसुप्तबुद्धेः ॥ लोकस्ययःकरुणयाभयमात्मलोकमा[illegible]न्नमोभगवतेऋषभायतस्मै॥२०॥ इ०भा०म०पं०ऋषभदेवानुचरितेषष्ठोऽध्यायः ॥६॥ श्रीशुक० भरतस्तुमहाभागवतोयदाभगवताऽवनितलपरिपालनायसंकल्पित[illegible]दनुशासनपरःपंचजनींविश्वरूपदुहितरमुपयेमे ॥१॥ तस्यामु[illegible]वाआत्मजान्कार्त्स्न्येनानुरूपानात्मनःपंचजनयामासभूतादिरिव[illegible]तसूक्ष्माणि॥२॥सुमतिंराष्ट्रभृतंसुदर्शनमावरणंधूम्रकेतुमिति॥ अजनाभंनामैतद्वर्षंभारतमितियतआरभ्यव्यपदिशंति ॥३॥ सबहु[illegible]हीपतिःपितृपितामहवदुरुवत्सलतयास्वेस्वेकर्मणिवर्तमानाः प्रजाःस्वधर्ममनुवर्तमानः[illegible] ॥४॥ ईजेचभगवंतंयज्ञक्रतु[illegible]पंक्र[illegible]रुच्चावचैःश्रद्धयाहृताग्नि[illegible]त्रदर्[illegible]चातुर्मास्यपशुसोमानांप्रकृतिविकृतिभिरनु[illegible]चातुर्होत्रविधिना॥५॥ संप्रचरत्सुनानायोगे

[illegible] બુદ્ધિવાળા લોકોને, અભય એટલે મોક્ષ આપનાર આત્મસ્વરૂપનો ઉપદેશ કર્યો હતો. તે નિત્ય અનુભવ કરેલા પોતાના સ્વરૂપના લાભથીજ, તૃષ્ણાઓથી નિવૃત થયેલા રૂષભદેવ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥૨૦॥ ઇતિશ્રી૦ ભા૦ પં૦ સ્કં૦ છઠો અધ્યાય સંપૂર્ણ. ॥૬॥

અધ્યાય. ૭ મો.—શ્રીશુક—ભગવાન રૂષભદેવે મહાભાગવતી ભરતને પૃથ્વી તળનું રક્ષણ કરવાને અભિષેક કર્યા પછી, પિતાની આજ્ઞા પ્રમાણે ચાલનારા તેમણે વિશ્વરૂપની દીકરી પંચજની સાથે લગ્ન કર્યું. ॥૧॥ અને તે સ્ત્રીમાં તેમણે સર્વ પ્રકારે પોતાના સરખાજ; સુમતિ–રાષ્ટ્રભૃત–સુદર્શન–આવરણ–અને ધુમ્રકેતુ એ નામોવાળા પાંચ પુત્રોને, અહંકારે પાંચ સૂક્ષ્મભૂત તન્માત્રાઓને ઉત્પન્ન કરવાની પેઠેજ ઉત્પન્ન કર્યા. તથા તેમના સમયથીજ આરંભીને એ "અજનાભખંડ," "ભરતખંડ" કહેવાવા લાગ્યો છે. ॥૨॥૩॥ એ બહુ જ્ઞાનવાન ભરતરાજાએ પણ, પોતાના બાપદાદાની પેઠેજ, સ્વધર્મમાં ચાલીને પોતપોતાનાં કર્મો કરનારી પ્રજાનું, ઘણી ઘણી દયા રાખીને પ્રીતિવડે પાલન કર્યું. ॥૪॥ અને મોટા તથા નાના યજ્ઞોવડે યજ્ઞ અને ક્રતુરૂપ ભગવાનનું પૂજન કર્યું. તથા અગ્નિહોત્ર–દર્શ–પૂર્ણમાસ–પશુયાગ–શોમયાગ–અને તેમની પ્રકૃતિઓ તથા વિકૃતિઓ; એને ચાતુર્હોત્રની વિધિથકી કર્યા હતાં. ॥૫॥ એ આત્મજ્ઞાનની નિપુણતાથી રાગદ્વેશાદિકના મેલ બળી ગયેલા યજમાન ભરતરાજાના આ સર્વ જૂદા જૂદા પ્રકારના યજ્ઞો; અધ્વર્યુ, હાથમાં હવિષ્ય લેતી વખતેજ, યજ્ઞના સર્વે દેવતાઓ, યજ્ઞભોક્તા પુરૂષ ભગવાનના અવયવોમાં હોવાની ધારણા થકીજ કરાતા હતા. અને તેના સર્વ ક્રિયાઓના ધર્મ નામના ફળને; સાક્ષાત પરમદૈવત–જગત આદિના કર્તા–અને સર્વ દેવતાઓ, મંત્રો, અને મંત્રોના અર્થ વિગેરેના નિયંતા–એવા પરબ્રહ્મ યજ્ઞપુરૂષ વાસુદેવ ભગવાનને વિશે અર્પણ કરી દેતા હતા. ॥૬॥ અને એવી રીતે શુદ્ધિ પામેલાં કર્મો કરવાવડે શુદ્ધ થયેલા ભરતજીના હૃદયાકાશમાં; શ્રીવત્સ–કૌસ્તુભ–વનમાળા–શંખ–ચક્ર–અને ગદા વિગેરેને ધારણ કરેલા, પરબ્રહ્મ વાસુદેવ ભગવાન, પોતાના ભક્તોના હૃદયમાં કોતસબ્લા

રહેવાની પેઠેજ, મહાપુરૂષ રૂપથી અંતરાયમાં રહેવાથી; તે અતિઉત્તમ શોભિના સ્વરૂપમાં, તેમને રોજરોજ વધુ વધુ ભક્તિ થયા કરતી હતી. ॥૭॥ એ પ્રમાણે હજારો અને લાખો વરસ રાજ્ય કર્યા પછી કર્મો થકી વિરામ પામવાનો સમય થયો ત્યારે બાપદાદાથી ચાલ્યું આવેલું રાજ્યાદિક વિભાગ પ્રમાણે પુત્રોને વહેંચી આપીને, તથા સર્વ સંપત્તીઓના સ્થાનરૂપ ઘરાદિકનો ત્યાગ કરીને; પોતે હરિભગવાનના સ્થાન, પુલહાશ્રમ એટલે હરિદ્વારમાં ચાલ્યા ગયા. જ્યાં આવેલા પોતાના ભક્તજનોને ભગવાન, દયાળુપણાથી જેવી જેની ઇચ્છા તેવા સ્વરૂપથી પ્રત્યક્ષ થઇને દર્શન આપે છે. ॥૮॥ એ પુલહના આશ્રમને, બેઉ તરફથી નાભિવાળાં ચક્રો દેખાડનારી ઉત્તમ નદી, જેનું નામ "ચક્ર નદી" અથવા "ગંડકી" છે; તે સર્વે તરફ પવિત્ર કરે છે. ॥૯॥ એ પુલહ ઋષિના આશ્રમના ઉપવનમાં ભરતજી એકલાજ રહીને, અનેક પ્રકારનાં ફૂલ-ડાળ-કુંપળિયાં-તુળસી-જળ-કંદ-મૂળ-વિગેરેવડે પૂજન કરી, ભગવાનનું એકાંતિક આરાધન કરવાથી વિષયાદિકની ઇચ્છાઓ થકી વિરામ પામીને; ઉપશમવાળા થઇ પરમ સુખ પામ્યા. ॥૧૦॥ ત્યાં સર્વકાળ એ રીતે ભગવાનનું પૂજન કરવાથી, વધેલા સ્નેહ વડે તેમનું હૃદય પીગળી જઇને શિથિળ થઇ જતું હતું આનંદના વેગથી શરીરનાં રૂંવાડાં ઉભાં થતાં. અને વારંવાર ઉત્કંઠાથી આંખોમાં સ્નેહનાં આંસું આવીને જોવાની શક્તિ રોકાઇ જતી. એમ પોતાને પ્રીતિ આ-પનારા ભગવાનનાં રાતાં ચરણારવિંદના ધ્યાનથી; વધેલા ભક્તિયોગવડે ચારેકોરે ફેલાતા આનંદના ઉંડા ધરામાં બુદ્ધિ બુડી જવાથી તેમને થતું હતું. અને પોતાને કરવાની ભગવાનની પૂજાનું સ્મરણ પણ રહેતું નહતું.

षुविरचितांगक्रियेष्वपूर्वंप॒ क्रियाफलंधर्माख्यंपरेब्रह्मणियज्ञपुरुषेसर्वदेवतालिंगानांमंत्राणामर्थनियामकतयासाक्षात्कर्तरिपरदेवतायांभ
गवतिवासुदेवएवभावयमानआत्मनैपुणमृदितकषायोहविष्ष्वध्वर्युभिर्गृह्यमाणेषुसयजमानोयज्ञभाजोदेवास्तान्पुरुषा॰ यवेष्वभ्यध्यायत् ६
एवंकर्मविशुद्ध्या विशुद्धसत्त्वस्यांतर्हृदयाकाशशरीरेब्रह्मणि भगवतिवासुदेवेमहापुरुषरूपोपलक्षणे श्रीवत्सकौस्तुभवनमालाऽरिदरगदादि
भिरुपलक्षितेनिजपुरुषहृल्लिखितेनात्मनिपुरुषरूपेण विरोचमानउच्चैस्तरांभक्तिरनुदिनमेधमानरयाऽजायत॥७॥ एवंवर्षायुतसहस्रपर्यंता
वसितकर्मनिर्वाणावसरोऽधिभुज्यमानंस्वतनयेभ्योरिक्थं पितृपैतामहंयथादायंविभज्यस्वयंसकलसंपान्निकेतात्स्वनिकेतात्पुलहाश्रमंप्रवव्रा
जयत्र हवावभगवान्हरिरद्यापितत्रत्यानां निजजनानांवात्सल्येनसंन्निधाप्यतइच्छारूपेण॥८॥ यत्राश्रमपदान्युभयतोनाभिभिर्दृषच्चक्रैश्चक्र
नदीनामसरित्प्रवरासर्वतःपवित्रीकरोति॥९॥ तस्मिन्वावकिलसएकलःपुलहाश्रमोपवनेविविधकुसुमकिसलयतुलसिकांऽबुभिःकंदमूलफ
लोपहारैश्चसमीहमानोभगवतआराधनं विविक्तउपरतविषयाभिलाषउपभृतोपशमःपरांनिर्वृतिमवाप ॥१०॥ तयेत्थमविरतपुरुषपरिचर्य
याभगवतिप्रवर्धमानानुरागभरद्रुतहृदयशैथिल्यः प्रहर्षवेगेनात्मन्युद्भिद्यमानरोमपुलककुलकऔत्कंठ्यप्रवृत्तप्रणयबाष्पनिरुद्धावलोकन
यनएवंनिजरमणारुणचरणारविंदानुध्यानपरिचितभक्तियोगेनपरिप्लुतपरमाल्हादगंभीरहृदयन्हृदावगाढधिषणस्तामपिक्रियमाणां भगव
त्सपर्यांनसस्मार॥११॥ इत्थंधृतभगवद्व्रतऐणेयाजिनवाससाऽनुसवनाभिषेकार्द्रकपिशकुटिलजटाकलापेनचविरोचमानः सूर्यर्चाभगवंतं
हिरण्मयंपुरुषमुज्जिहानेसूर्यमंडलेऽभ्युपतिष्ठन्नेतदुहोवाच ॥१२॥ परोरजःसवितुर्जातवेदोदेवस्यभर्गोमनसेदंजजान॥सुरेतसादःपुनरावि
श्यचष्टे संगृध्राणंनृषद्रिंगिरामिमः ॥१३॥ इ०भा०म०पं०भरतचरित्रेभगवत्परिचर्यायांसप्तमोऽध्यायः॥७॥ श्रीशुक०एकदातुमहानद्यां
कृताभिषेकनैयमिकावश्यकोब्रह्माक्षरमभिगृणानोमुहूर्तत्रयमुदकांतउपविवेश।तत्रतदाराजन्हरिणी पिपासयाजलाशयाभ्याशमेकैवोपजगा
मतयापेपीयमानउदकेतावदेवाविदूरेणनदतोमृगपते रुन्नादोलोकभयंकरउदपतत्॥१॥ तमुपश्रुत्यसामृगवधूःप्रकृतिविक्लवाचकितनिरीक्ष
णासुतरामपिहरिभयाभिनिवेशव्यग्रहृदयापारिप्लवदृष्टिरगततृषाभयात्सहसैवोच्चक्राम ॥२॥ तस्याउत्पतंत्याअंतर्वत्न्याउरुभयावगलितोयो

॥૧૧॥ ત્યારે એ ભગવાનના વ્રતને ધારણ કરેલા અને મૃગચર્મથી તથા પ્રત્યેક સમયે નહાવાને લીધે ભીની -પીંગળી- અને વાંકી જટાથી શોભતા ભરતજી, પ્રાતઃકાળમાં સૂર્ય મંડળ ઉપર નીકળી આવતાં, તેની સામે ઉભા રહીને, તેમાં રહેલા સોના સરખા તેજવાળા નારાયણ ભગવાનની આ પ્રમાણે સ્તુતિ કરતા હતા કે. ॥૧૨॥ "પ્રકૃતિથી પર-કર્મોનાં ફળ આપનાર-બુદ્ધિને ગતિ આપનાર-મન થકીજ જગતને સરજનાર-અને સરજેલા જગતમાં અંતર્યામી રૂપથી પ્રવેશ કરીને તૃષ્ણાવાળા જીવોને ચૈતન્ય શક્તિથી પાળનાર, જે સૂર્યદેવ આત્મારૂપ ભગવાન છે; તેમનુંજ હું શરણ લેઉંછું. ॥૧૩॥ ઇતિશ્રી૦ભા૦પાં૦સ્કં૦ સાતમો અધ્યાય સંપૂર્ણ.॥૭॥

અધ્યાય ૮ મો. શ્રીશુક—એક દિવસે ભરતજીએ મહા નદીમાં નાહીને આવશ્યક નિયમિત કર્મ કરયા પછી છ ઘડી સુધી પાણીમાં બેશીને અક્ષર બ્રહ્મનો જપ કરતા હતા. ત્યારે હે રાજન, તરસી થયેલી એક હરણી નદીની નજીક આવીને તેનું પાણી પીવા લાગી. તેજ ક્ષણે લોકને ભય ઉત્પન્ન થાય એવી નજીક-માંજ, એક સિંહે ગર્જના કરી. ॥૧॥ તે સાંભળવાથી, વિહ્વળ સ્વભાવની અને ચારે તરફ જોતી તે હરણીના હૃદયમાં, સિંહની બીક પેસી ગઇ; અને તે થકી તે દુખી થયેલીની દૃષ્ટિ ભમી ગઇ. અને તેથી તરસ છીપ્યા પહેલાંજ તેણીએ બીકને લીધે નદીના સામા કીનારા તરફ ઠેક મારી. ॥૨॥ ત્યારે તે ગાભણી હોવાથી કુદકો મારતાં ઘણી બીકથી તેનો ગાભ ચળાયમાન થઇને યોનિ દ્વારથી નીકળીને વહેતા પાણીમાં પડયો. ને તે હ-રીણી, ગર્ભપાત-ઠેકવું-બીકથી થયેલી પીડા-અને પોતાના ટોળાથી વછુટી પડી હતી; એ સર્વે કારણો ભેગાં

થવાથી, એક ગુફામાં પડતાંજ મરી ગઈ. ॥૩॥ પછી તે રાંક હરણના બચ્ચાને, પાણીમાં તણાતું જોવાથી, તેના કોઈ બંધુના સરખી દયા લાવી ભરતજીએ, એ મા વિનાના બચ્ચાને પોતાના આશ્રમમાં આણ્યું. ॥૪॥ તેથી તે બચ્ચામાં, તેમને પોતાના પણાનું અભિમાન બંધાઈને, રોજરોજ તેનું પોષણ-પાલન-લાલન અને પ્રીતિનું ધ્યાન, થવાવડે, સર્વયમો સુદ્ધાં નિયમો, અને પુરૂષ ભગવાનનું પૂજન આદિક પણ, એક પછી એક, એમ ભૂલી જઈને કેટલેક દિવસે, તે સર્વેનું વિસ્મરણ થયું. ॥૫॥ અને વિચારવા લાગ્યા કે, આ રંગાલ મૃગનો બાળક, ભગવાન કાળના વેગથી, પોતાના સુહૃદ સંબંધીઓથી તજાયલો, મારૂં શરણ પામીને મનેજ, મા-બાપ-ભાઈ-અને ન્યાતી આદિક માને છે. અને બીજા કોઈને નહીં જાણતાં મારોજ વિશ્વાસ કરે છે. તો હવે શરણાગતની ઉપેક્ષા કરવાના દોષને જાણનારા મારે, મને પરાયણ એવા તેનું, પોષણ-પાલન-પ્રીતિ-અને લાડ લડાવવું. આદિ, અદેખાઈ તજીને કરવું ઘટિત છે. ॥૬॥ દીન દયાળ અને ઉપશમ શીલ આર્ય સાધુ પુરૂષો; આવે પ્રસંગે તો, પોતાના મોટામાં મોટા સ્વાર્થની પણ, ઉપેક્ષા કરે છે. ॥૭॥ એ રીતે તેનો સંગ કરીને, બેસવામાં-સુવામાં-ફરવામાં-ઉભા રેહેવામાં-અને ખાવા પીવા વિગેરેમાં પણ, તમામ વખતે સ્નેહવાળા હૃદયથી, તે હરણના બચ્ચાને ભરતજી સાથેજ રાખવા લાગ્યા. ॥૮॥ અને નાહાર તથા કુતરાં વિગેરેના ભયની આશંકાથી:જ્યારે જ્યારે,ડાભ-ફુલ-સમિધ-પાંદડાં-ફળ-અને પાણી વિગેરે લેવાને જવું પડે, ત્યારેપણ: તે હરણના બચ્ચાને સાથે લઈનેજ વનમાં જવા લાગ્યા.॥૯॥ત્યાં માર્ગમાં મુગ્ધભાવથી તે,ઠેકાણે ઠેકાણે અટકી જાય તો, પ્રીતિવાળા હૃદયથી દયાલાવી તેને પોતાના ખભા ઉપર ઉપાડીને ચાલવા લાગ્યા-અને એ રીતે તેને ખોળામાં અને છાતીમાં લઈને, રમાડવાથી પરમઆનંદ પામવા લાગ્યા. ॥૧૦॥ એમ કરતાં કરતાં એ ભરતખંડના રાજા,

निनिर्गतोगर्भःस्त्रोतसिनिपपात॥ तत्प्रसवोत्सर्पणभयखेदातुरास्वगणेनवियुज्यमानाकस्यांचिद्दर्यांकृष्णसारसतीनिपपातअथचममार ॥३
तंत्वेणकुणकंकृपणंस्त्रोतसाऽनूह्यमानमभिवीक्ष्यापविद्धंबंधुरिवानुकंपयाराजर्षिर्भरतआदायमृतमातरमित्याश्रमपदंनयत्॥४॥ तस्यहवा
एणकुणकेउच्चैरेतस्मिन्कृतनिजाभिमानस्याहरहस्तत्पोषणपालनलालनप्रीणनानुध्यानेनात्मनियमाःसहयमाःपुरुषपरिचर्यादय एकैकशः
कतिपयेनाहर्गणेनवियुज्यमानाःकिलसर्वएवोदवसन्॥५॥ अहोबतायंहरिणकुणकःकृपणईश्वररथचरणपरिभ्रमणरयेणस्वगणसुहृद्बंधुभ्यः
परिवर्जितः शरणंचमोपसादितोमामेवमातापितरौभ्रातृज्ञातीन्यौथिकांश्चैवोपेयायनान्यंकंचनवेदमय्यतिविस्रब्धश्चअतएव[illegible]यामत्पराय
णस्यपोषणपालनप्रीणनलालनमनसूयुनाऽनुष्ठेयं शरण्योपेक्षादोषविदुषा॥६॥ नूनंह्यार्याःसाधवउपशमनशीलाःकृपणसुहृदएवंविधार्थेस्वा
र्थानपिगुरुतरानुपेक्षंते ॥७॥ इतिकृतानुषंगआसनशयनाटनस्थानाशनादिषुसह[illegible]हानुबद्धहृदयआसीत् ॥८॥ कुशकुसुमसमित्प
लाश[illegible]मूलोदकान्याहरिष्यमाणोवृकसालावृकादिभ्योभयमाशंसमानोयदासहहरिणकुणकेनवनंसमाविशति ॥९॥ तदापथिषुचमुग्ध
भावेनतत्रतत्रविषक्तमतिप्रणय[illegible]ः कार्पण्यात्स्कंधेनोद्वहतिएवमुत्संगेउरसिचाधायो[illegible]पा॥१०॥क्रियायांनिर्वर्त्य
मानायामंतरालेपूत्थ[illegible]दैनमभिचक्षीततर्हिवावसवर्षपातिः प्रकृतिस्थेनमनसातस्मा आशिषआशास्तेस्वस्तिस्ताद्वत्सते सर्वतइति
॥११॥ अन्यदाभृशमुद्विग्नमनानष्टद्रविणइवकृपणःसकरुणमतितर्षेणहरिणकुणकविरहविह्वलहृदयसंतापस्तमेवानुशोचन्किल कश्मलंमह
दभिरंभितइतिहोवाच॥१२॥अपिबतसवैकृपणएणबालकोमृतहरिणीसुतअहोममानार्यस्यशठकिरातमतेरकृतसुकृतस्य[illegible]तविस्रंभआत्मप्र
त्ययेनतदविगणयन्सुजनइवागमिष्यतिकिं॥१३॥ अविक्षेमेणास्मिन्नाश्रमोपवनेशष्पाणिचरंतंदेवगुप्तंद्रक्ष्यामि॥१४॥ अपिचनवृकःसाला
वृकोऽन्यतमोवानेकचरएकचरोवाभक्षयति ॥१५॥ निम्लोचतिहभगवान्सकलजगत्क्षेमोदयस्त्रय्यात्मा[illegible]ऽद्यापिममनमृगवधून्यासआगच्छ
ति ॥१६॥ अपिस्विदकृतसुकृतमागत्यमांसुखयिष्यतिहरिणराजकुमारोविविधरुचिरदर्शनीयनिजमृगदारकविनोदैरसंतोषंस्वानामपनुदन्

પૂજન વિગેરે કરતી વખતે પણ: તે પૂજનને પડતું મૂકીને, વચમાં ઉઠી ઉઠીને તે બચ્ચાને જોવા લાગ્યા. અને સ્વસ્થ મનથી તેને આશિર્વાદ આપવા લાગ્યા કે "હેવત્સ, તારૂં સર્વસ્થળે ભલું થજો." ॥૧૧॥ અને જ્યારે તે બચ્ચું, કંઈ આઘું પાછું જતું રેહે ત્યારે, કૃપણ માણસના ધનનો નાશ થવાની પેઠે, ઘણા ઉદ્વેગવાળા મનથી, એ હરણના બચ્ચાના વિરહથી, વ્યાકુળ હૃદય થઈને તાપ પામેલા તે અતિદયાથી, તથા તે પાછું આવે એવી કામનાથી, શોક કરવા લાગીને, ઘણો મોહપામી નીચે પ્રમાણે બોલતા હતા કે. ॥૧૨॥ "અરેરે આ કંગાળ અને મુગ્ધમાનો દીકરો; હું કે જે, દુષ્ટ-કપટી-અને નિર્ભાગ્યછું; તેના વાંકને નહીં ગણીને, પોતાના નિર્મળ પણાથીજ મારો વિશ્વાસ કરીને, સુજનની પેઠે અહીંયાં પાછો આવશે કે કેમ. ॥૧૩॥ વળી આ આશ્રમના ઉપવનમાંજ, ભગવાને રક્ષણ કરેલા તેને, હું ખડચરતાં દેખી શકીશ કે કેમ. ॥૧૪॥ નહાર-કુતરાં અગર બીજાું કોઈ, ટોળાબંધ ફરનાર કે એકલુંજ ફરનાર પ્રાણી, તેને ખાઈ જશે તો નહીં કે. ॥૧૫॥ સકળ જગતનું ભલું કરનારા ત્રણવેદના, અથવા ત્રણલોકના આત્મારૂપ ભગવાન, સૂર્યનારાયણ પણ આથમી જાય છે: છતાં મૃગલીની થાપણરૂપ એ મારૂં હરણનું બચ્ચું હજું આવતું નથી. ॥૧૬॥ પોતાની અનેક પ્રકારની સુંદર અને જોવા લાયક રમતોથી, સ્નેહીઓના ખેદને મટાડનાર, એકાકીપારનો કુમાર, હું કે જે સુકૃત નહીં કરેલો છું: તેની પાસે આવીને સુખ આપશે કે કેમ. ॥૧૭॥ ગમતની ખાતર હું ખોટી સમાધિ કરીને આંખ્યો મીંચતો, ત્યારે સ્નેહના કોપથી બીહીનો બીહીનો તે હરીણ બાળક; આંટા ફરીને, પાણીના છાંટા જેવી સુકોમળ શિંગડીઓથી, મને હલાવતો હતો. ॥૧૮॥ અને મેં જેના ઉપર ભગવાનના પૂજનનો સામાન પાથરી મુક્યો હોય, તે ડાભને મોઢું ઘાલવા વિગેરેથી તેને અડાઅવળા કરી નાંખતો; ત્યારે મારા ધમકાવવાથી એ હરીણ

બાળક, ઋષિના છોકરાની પેઠે, પોતાની રમત તુરત બંધકરીને, નિશ્ચળ થઇને બેસી જતો હતો. ॥૧૮॥ અરે આ ભાગ્યશાળી પૃથ્વીએ કયું તપ કર્યું હશે. કે જે નમ્રતાવાળા એ કાળિયારના પુત્રની ઝીણી-સુંદર-સુખદાયી-અને કુણી ખરીઓવાળા પગનાં પગલાંની હારથકી, ચારે કોર શોભી રહીને; હું કે જે એ મૃગના બાળક રૂપ મિલકતથી રહિત, અને દુઃખીછું તેને, તેની એ મિલકતનો માર્ગ બતાવે છે. અને પોતે સ્વર્ગતથા મોક્ષને ઇચ્છનારાદ્વિજ લોકોને યજ્ઞો કરવાના સ્થાનકરૂપ થઇ છે. ॥૨૦॥ કદાચિત અનાથ ઉપર પ્રીતિરાખનારા ચંદ્રમા; એ મારા આશ્રમથી ભૂલા પડેલા, અને મૃગમાના દીકરા હરીણ બાળકનુ; દયા લાવીને, સિંહના ભયથકી રક્ષણ કરતા હશે શું. ॥૨૧॥ અને પુત્રવિયોગના સંતાપ રૂપી દાવાનળની જ્વાળાથી તપેલા મારા હૃદય કમળને, એ હરણીપુત્ર પાછો આવીને, પોતાના થુંકના સીતળ-શાંત-અને સ્નેહથી ભરેલા અમૃત જેવા છાંટાઓથી, ટાઢક આપશે શું. ॥૨૨॥ આવી રીતના અઘટિત મનોર્થથી વ્યાકુળ થયેલા હૃદયવાળા, એ યોગી અને તપસ્વી ભરતજીને, હરણના બચ્ચારૂપે જણાતા પોતાના પ્રારબ્ધેજ, યોગથકી અને ભગવાનના પૂજન થકી પણ, ભ્રષ્ટ કરી નાંખ્યા. નહીંતો જે ભરતરાજા; જેમનો ત્યાગ ન થઇ શકે, એવા પોતાથીંજ ઉત્પન્ન થયેલા પુત્રાદિકને પણ, મોક્ષના શત્રુ રૂપ સમજીને તજી આવ્યા હતા; તેમને હરણના બચ્ચામાં આશક્તિ થાયજ કેમ. પછી એ રીતે હરણના બચ્ચાનું પોષણ-પાલન-પ્રિણન-અને લાલન કરવામાં લાગી રહેલા ભરતજીનો; ઉંદરના દર ઉપર સાપ આવવાના સરખો-ટાળ્યો ન ટળે એવો-અને વિકરાળ વેગવાળો કાળ, આવી પહોંચ્યો. ॥૨૩॥ અને મરણ સમયે પણ, એ હરણનું બચ્ચું પડખામાં બેશીને, દીકરાની પેઠે દલગીર થતું હતું; તેને જોયા કરતા, ભરતજીનું મન તેમાંજ રહ્યું. તેથી પોતાનું શરીર, અને એ હરણના બચ્ચા સાથેનો પોતાનો એવો સંબંધ. છૂટી

॥१७॥ [illegible]यांमांमृषासमाधिनाआमीलितदृशंप्रेमसंरंभेणचकितचकितआगत्यपृषदपरुषाविषाणा[illegible]णलुठति॥१८॥ आसादितहविषिबर्हिषिदूषितेमयोपालब्धोभीतभीतःसपद्युपरतरासऋषिकुमारवदवहितकरणकलापआस्ते॥१९॥ किंवाअरेआचरितंतपस्तपस्विन्यानयायदवनिः सविनय[illegible]ष्णसारतनयतनुतरसुभगशिवतमाखरखुरपदपंक्तिभिर्द्रविणविधुरातुरस्यकृपणस्यममद्रविणपदवींसूचयंत्यात्मानंचसर्वतःकृतकौतुकंद्विजानांस्वर्गापवर्गकामानां देवयजनंकरोति॥२०॥ अपिस्विदसौभगवानुडुपतिरेनंमृगपतिभयान्मृतमातरंमृगबालकंस्वाश्रमपरिभ्रष्टमनुकंपयाकृपणजनवत्सलःपरिपाति॥२१॥ किंवात्मजविश्लेषज्वरदवद[illegible]न शिखाभिरुपतप्यमान[illegible]लिनीकंमामुपसृतमृगीतनयंशिशिरशांतानुरागगुणितनिजवदनसलिलामृतमयगभस्तिभिःस्वधयतीतिच॥२२॥ एवमघटमानमनोरथाकुलहृदयोमृगदारकाभासेनस्वारब्धकर्मणायोगारंभणतोविभ्रंशितः सयोगतापसोभगवदाराधनलक्षणाच्चकथमितरथाजात्यंतरएणकुणकआसंगःसाक्षान्निःश्रेयसप्रतिपक्षतया प्राक्परित्यक्तदुस्त्यजहृदयाभिजानस्यतस्यैवमंतरा[illegible] विहतयोगारंभणस्यराजर्षेर्भरतस्यतावन्मृगार्भकपोषणपालनप्री[illegible]नलालनानुषंगेणाविगणयत आ[illegible]नमहि रिवाखुबिलंदुरतिक्रमःकालःकरालरभसआपद्यत॥२३॥ तदानीमपिपार्श्ववर्तिनमात्मजमिवानुशोचंतमभिवीक्ष्यमाणो मृगएवाभिनिवेशितमनाविसृज्यलोकमिमंसहमृगेणकलेवरंमृतमनुनमृतजन्मानुस्मृतिरितरवन्मृगशरीरमवाप॥२४॥ तत्रापिहवाआत्मनोमृगत्वकारणंभगवदाराधनसमीहानुभावेनानुस्मृत्यभृशम[illegible]तप्यमानआह॥२५॥ अहोकष्टंभ्रष्टोऽहमात्मवतामनुपथाद्यद्विमुक्तसमस्तसंगस्यविविक्तपुण्यारण्यशरणस्यात्मवतआत्मनिसर्वेषामात्मनां भगवतिवासुदेवेतदनुश्रवणमननसंकीर्तनाराधनानुस्मरणाभियोगेनाशून्य[illegible]कलयामेनसमावेशितंममाहितंकात्स्न्र्येनमनस्तत्तुपुनर्ममाबुधस्यारान्मृगसुतमनुपरिसुस्राव ॥ २६ ॥ इत्येवंनिगूढनिर्वेदोविसृज्यमृगीमातरंपुनर्भगवत्क्षेत्रमुपशमशीलमुनिगणदयितंशालग्रामंपुलस्त्यपुलहाश्रमंकालंजरात्प्रत्याजगाम॥२७॥ तस्मिन्नपिकालंप्रतीक्षमाणः संगाच्चभृशमुद्विग्नआत्मसहचरः शुष्कपर्णतृणवीरुधावर्तमानोमृगत्वनिमित्तावसानमेवगणयन्मृगशरीरंतीर्थो

ગયા પછી પણ, પામર માણસની પેઠે તેમનો હરણનોજ અવતાર થયો: પરંતુ તેમને પૂર્વ જન્મનું સ્મરણ નાશ પામ્યું નહી. ॥૨૪॥ એટલે ભગવાનનું આરાધન કરવાના પ્રભાવથી, તેમને એ જન્મમાં પણ, પોતાને હરણનું શરીર મળવાના કારણનું, સ્મરણ રહીને, તેમણે ઘણોજ પસ્તાવો કરીને કહ્યું કે ॥૨૫॥ "અરે ભુંડું થયું, હું આત્મજ્ઞાનીઓના માર્ગ થકી પડી ગયો; સઘળા સંગોનો ત્યાગ કરીને એકાંત અને પવિત્ર અરણ્યમાં રહી, હું સર્વ પ્રાણી માત્રના આત્મા, વાસુદેવ ભગવાનનું શરણ લેઇને, તેમનું શ્રવણ-મનન-કીર્તન-આરાધન-અને સ્મરણમાં લાગી રેહેવાવડે: સાવધાનપણાથી મારા સઘળા પહોર ભગવાનમાં મન રાખવામાંજ જતા. પણ મારું એ સઘળુંજ મુર્ખપણાથી હરણના બચ્ચાવડે, વહ્યું ગયું છે." ॥૨૬॥ આ રીતના છાના વૈરાગ્યથી, પોતાની મા હરણીને એ કાલંજર પર્વતમાં પડી મૂકીને, પોતે ફરીવાર; શાંતિરૂપ શીળવાળા મુનિઓને પ્યારાએ પુલસ્ત્ય અને પુલહ ઋષિઓના આશ્રમોવાળા, "સાલગ્રામ" નામનાં ભગવાનના ક્ષેત્રમાં આવ્યા. ॥૨૭॥ અને ત્યાં પણ કોઇનો સંગ થઇ જવા થકી, ઘણા બીહીના અને ઉદ્વેગ પામતા તે એકલાજ ફરવા લાગીને, સૂકાં પાંદડાં-ઘાસ-અને વેળા આદિ ખાઇને રેહેવા લાગ્યા. તથા એ હરણના શરીરનો કાળ ક્યારે આવે, તેની વાટ જોતા દિવસાદિકને ગણતાં ગણતાં; તે શરીરને એ (તીર્થ ચક્રનદી)ના પ્રવાહમાં વચે ઉભા રહીનેજ તજી દીધું. ॥૨૮॥ ઇતિશ્રીભા૦ પાં૦ ૨૬૦ આઠમો અધ્યાય સંપૂર્ણ ॥૮॥

અધ્યાય. ૯ મો.—શ્રીશુક—પછી, કોઇ અંગિરાકુળના શમ-દમ-તપ-વેદાધ્યયન-દાન-સંતોષ-સહનતા-નમ્રતા-જ્ઞાન તથા ઇર્ષ્યા રહિત પણું, આદિ ગુણોવાળો, અને આત્મજ્ઞાનના આનંદને પામેલો; ઉત્તમ બ્રાહ્મણ; જેને પ્રથમની બાયડીમાં પોતાના સરખાજ શીળ-રૂપ-અને ઉદારતા તથા આચરણ અને અધ્યયનવા-

ગા, નવ દીકરા થયેલા હતા; તેને નવી અહીરીમાં આવેલા જોડલામાં, પુત્રરૂપે. એ પરમ ભગવતી અને રાજર્ષિઓમાં શ્રેષ્ટ તથા હરીણના શરીરને છોડી દેનારા ભરતજી; બ્રાહ્મણ પણાને પામીને અવતર્યા. ॥૧-૨॥ અને ત્યાં પણ પોતાના સંબંધીઓ આદિનો સંગ થવા થકી ઉદ્વેગ પામીને, બીજાઓ થકી ફરીથી પણ, પોતાનો ઘાત થવાની આશંકાથી; અને ભગવાનના અનુગ્રહવડે, પોતાના પૂર્વજન્મોનું સ્મરણ રહેવાથી તે, પોતાનું સ્વરૂપ લોકોને, જડ-ઉન્મત્ત-આંધળું-અને બેહેરું-દેખાડીને, કર્મનાં બંધનોને મટાડનાર સ્મરણ અને કીર્તનવાળા, હરિભગવાનનાં બેચરણારવિંદનું અને તેમના ગુણો આદિકનુંજ, મનવડે ધ્યાન કરવા લાગ્યા. ॥૩॥ પિતાએ પુત્રને શીખવવુંજ જોઇએ, એવા આગ્રહથી; પુત્ર ઉપરના સ્નેહવાળા મનથી, તેને સમાવર્તન સુધીના સંસ્કારો શાસ્ત્ર વિધિ પ્રમાણે આપવાને ઇરાદે; તે બ્રાહ્મણે, પોતાના આવા દીકરાને પણ, જનોઇ દેઇને; ને પછી શૌચ અને આચમન વિગેરે, તેને નહીં ગમતા કર્મોના નિયમો પણ શીખવ્યા. ॥૪॥ પરંતુ તે નિયમાદિકની ગરબડ સરબડ, પિતાની સમક્ષમાંજ નહીં શીખેલાની પેઠે તે કરતો હતો: તથા વેદ શીખવાની શરૂઆતમાં શીખવાની ત્રિપદી એટલે વ્યાહૃતિ-પ્રણવ-અને શીર સહિત, ગાયત્રી; વસંત અને ગ્રીષ્મ એ ઋતુના ચાર માસમાં ભણીને પણ, તે બ્રાહ્મણ તેને બરાબર સ્વરાદિકના શુદ્ધ ઉચ્ચાર સાથે, શીખવી શક્યો નહીં. ॥ ૫ ॥ તો પણ પુત્ર ઉપરના સ્નેહ વાળા મનથી, પોતાનો પુત્ર આવો હોવા છતાં પણ; તેને શૌચ અધ્યયન-વ્રત-નિયમ-અને ગુરુ તથા અગ્નિની સેવા આદિ ઉપકુર્વાણ બ્રહ્મચારીના નિયમોનો અવશ્ય શીખવાજ જોઇએ; એવા

दकश्छिन्नमुत्ससर्ज॥२८॥ इ०भा०म०पं०भरतचरितेअष्टमोऽध्यायः॥८॥ श्रीशुक० अथकस्यचिद्द्विजवरस्यांगिरःप्रवरस्यशमदमतपःस्वाध्यायाध्ययनत्यागसंतोषतितिक्षाप्रश्रय विद्याऽनसूयात्मज्ञानानंदयुक्तस्यात्मसदृशश्रुतशीलाचाररूपौदार्यगुणानवसोदर्याअंगजाबभूवुर्मिथुनंचयवीयस्यां भार्यायां॥१॥ यस्तुतत्रपुमांस्तंपरमभागवतंराजर्षिप्रवरंभरतमुत्सृष्टमृगशरीरंचरमशरीरेणविप्रत्वंगतमाहुः॥२॥ तत्रापिस्वजनसंगाच्चभृशमुद्विजमानोभगवतः कर्मबंधविध्वंसनश्रवणस्मरणगुणविवरणचरणारविंदयुगलंमनसाविदधदात्मनः प्रतिघातमाशंकमानोभगवदनुग्रहेणानुस्मृतस्वपूर्वजन्मावलिरात्मानमुन्मत्तजडांधबधिरस्वरूपेणदर्शयामासलोकस्य॥३॥ तस्यापिहवाआत्मजस्यविप्रःपुत्रस्नेहानुबद्धमनाआसमावर्तनात्संस्कारान्यथोपदेशं विदधानउपनीतस्यचपुनः शौचाचमनादीन्कर्म नियमाननभिप्रेतानपिसमशिक्षयत्अनुशिष्टेनहिभाव्यंपितुःपुत्रेणेति ॥४॥ सचापितदुहपितृसन्निधावेवासध्रीचीनमिवस्मकरोतिछंदांस्यध्यापयिष्यन्सहव्याहृतिभिः सप्रणवशिरस्त्रिपदींसावित्रींग्रैष्मवासंतिकान्मासानधीयानमप्यसमवेतरूपंग्राहयामास ॥५॥ एवंस्वतनुजआत्मन्यनुरागावेशितचित्तःशौचाध्ययनव्रतनियमगुर्वनलशुश्रूषणाद्यौपकुर्वाणककर्माण्यनभियुक्तान्यपिसमनुशिष्टेनभाव्यमित्यसदाग्रहःपुत्रमनुशास्यस्वयंतावदनधिगतमनोरथः कालेनाप्रमत्तेनस्वयंगृहएवप्रमत्तउपसंहृतः ॥६॥ अथयवीयसीद्विजसतीस्वगर्भजातंमिथुनं सपत्न्याउपन्यस्यस्वयमनुसंस्थयापतिलोकमगात्पितर्युपरतेभ्रातरएनमतत्प्रभावविदस्त्रय्यां विद्यायामेवपर्यवसितमतयोनपरविद्यायांजडमतिरिति भ्रातुरनुशासननिर्बंधान्न्यवृत्सत ॥७॥ सचप्राकृतैर्द्विपदपशुभिरुन्मत्तजडबधिरेत्यभिभाष्यमाणोयदातदनुरूपाणिप्रभाषतेकर्माणिसचकार्यमाणः परेच्छयाकरोतिविष्टितोवेतनतोवायाच्ञयायदृच्छयावोपसादितमल्पंबहुमिष्टंकदन्नंवाऽभ्यवहरतिपरंनेंद्रियप्रीतिनिमित्तं ॥८॥ नित्यनिवृत्तनिमित्तस्वसिद्धविशुद्धानुभवानंदस्वात्मलाभाधिगमः सुखदुःखयोर्द्वंद्वनिमित्तयोरसंभावितदेहाभिमानः॥९॥ शीतोष्णवातवर्षेषुवृष इवानावृतांगःपीनःसंहननांगःस्थंडिलसंवेशनानुन्मर्दनामज्जनरजसामहामणिरिवानभिव्यक्तब्रह्मवर्चसः कुपटावृतकटिरुपवीतेनोरुमषिणाद्विजातिरितिब्रह्मबंधुरितिसंज्ञया अतज्ज्ञजनावमतोविचचार ॥१०॥ यदातुपरतआहारंकर्मवेतनतईहमानःस्वभ्रातृभिरपिकेदारकर्मणिनिरूपितस्तदपिकरोतिकिंतुनसम

આગ્રહથી, તે તેને શીખવવામાંજ મંડયો રહ્યો. પણ ઘરમાં ગાફલ રહેલા તે બ્રાહ્મણનો એ મનોર્થ પૂરો થવા પેહેલાંજ અપ્રમત્ત કાળે, તેને આટોપી નાંખ્યો. (અર્થાત તેનું મોત થયું.) ॥૬॥ પછી એ બ્રાહ્મણની નાની સ્ત્રી પોતે જણેલા જોડલાની ભલામણ પોતાની શોકને કરીને, પોતે પતિની પાછળ સતી થઇને પતિના લોકને પામી. અને પિતાના મરણ પછી, જડભરતના પ્રભાવને નહીં જાણનારા, અને આત્મ જ્ઞાનની વિદ્યાથી અજાણ્યા, તથા વેદ ત્રયીમાં બતાવેલા કર્મ કાંડની વિદ્યામાં લાગેલી બુદ્ધિવાળા, તેના ભાઇઓએ; એતો જડછે, એમ સમજીને, એને ભણાવવાનો આગ્રહ છોડી દીધો. ॥૭॥ પશુ સરખા માણસો એ જડ ભરતને ઘેલો-જડ-બેહેરો-વિગેરે કહેતા; ત્યારે તે પણ તેમને સામું એ રીતેજ કહેતા હતા. અને પારકી ઇચ્છાથી, મૂલથી, અથવા વેઠથી, પણ તે, કામ કરતા હતા. અને એમ મૂલના બદલા થકી-ભીખ માગવાથી-અથવા યદચ્છાથી મળેલું; થોડું-ઘણું મીઠું અથવા ખરાબ અન્ન; જે કાંઇ મળી આવે તેને, ઇંદ્રિઓને રાજી કરવાના કારણ વિનાજ ઉત્તમ જાણીને; તે ખાઇ જતા હતા. ॥૮॥ અને કોઇ પણ કારણ વિનાના યદચ્છાથી પ્રાપ્ત થએલા, તથા હમેશને માટેના પોતાના આત્મ સ્વરૂપના આનંદના શુદ્ધ અનુભવ વડે; તે, દ્વંદ્વોના કારણથી અને દેહાદિકને વિષેના અભિમાન થકી રહિત થયા હતા. ॥૯॥ તથા; તાઢ. તડકો, વાયુ, અને વરસાદમાં; ખુલ્લે શરીરે બળદની પેઠે ફરતા-પુષ્ટ અને મજબુત અંગોવાળા-ધરતી ઉપર સુવાથી, મરદન ન કરવાથી, અને ન નહાવાથી લાગેલી ધુળથી, વગર સાફ કરેલા મણિની પેઠે, નહીં પ્રકાશતા બ્રહ્મ તેજવાળા- ખરાબ થએલું લુગડું તથા જનોઇ કમરે વિંટાળેલા-અને તેમને નહીં જાણનારા માણસો થકી અપમાન સહિત બ્રહ્મ બંધુ અને નામનો બ્રાહ્મણ વિગેરે નામોથી બોલાતા;-ને, ફર્યા કરતા હતા. ॥૧૦॥ પછી તેમને કામ કરવાના બદલામાં ખાવાનું

મેલા દેખીને, તેમના ભાઈઓએ તેમને, ડાંગેરના ક્યારડાનું રક્ષણ કરવાને રાખ્યા. ત્યાં પણ તે સમ કે વિષમ, અને કમી જાસ્તી, થઈ જવાનું ન જાણીને, કામજ કરવા લાગ્યા. અને ચોખાની કણકી-ખોળ-ફોતરાં-સડેલા અડદ, અને બળેલાં અન્ન વિગેરે જે કાંઈ મળે, તેને અમૃતની પેઠે ખાઈ જવા લાગ્યા. ॥૧૧॥ પછી કોઈ એક ચોર લોકના રાજાએ પુત્રની કામનાથી ભદ્રકાળી માતાને પુરૂષ પશુ-ચઢાવવાને માનેલો હતો. ॥૧૨॥ તેનો (પુરૂષ) પશુ દૈવયોગથી નાસી જતાં, તેના નોકરો અંધારી રાતમાં મધ્ય રાત્રે તેના શોધ માટે ચારે તરફ દોડા દોડ કરતાં, તે હાથ લાગ્યો નહીં; અને આ અંગિરા કુળના મુખ્ય પુત્ર (જડભરત) ડાંગેરના ક્યારડાનું, હરણ અને વરાહ આદિ થકી રક્ષણ કરવાને માટે ખડી ચોકી કરતા, દૈવ યોગથી અકસ્માત તેમના જોવામાં આવ્યા. ॥૧૩॥ ત્યારે તેનાં નિર્દોષ લક્ષણો જોઈને, એવડે પોતાના ધણીનું કામ થશે એમ માનીને, તેને દોરડાવતે બાંધી, રાજી થતા હસતે મોઢે ચંડીકાના મંદિરમાં લેઈ ગયા. ॥૧૪॥ પછી તે ચોર લોકોએ તેમની રીતી પ્રમાણે, તેમને નવરાવી-નવાં વસ્ત્ર પેહેરાવી-ઘરેણાં, ચંદન, માળા, અને તિલક વગેરેથી શણગારી તથા જમાડીને; ધૂપ-દીપ-ફૂલ-ધાણ-કુપલીયાં-જવારા-ફળ-અને નૈવેદ્ય સહિત, હિંસા કરવાને માટે; ગાયન-સ્તુતિ-મૃદંગ-અને ઢોલના મોટા અવાજ કરતા કરતા, એ પુરૂષ પશુને (જડભરતને) ભદ્રકાલી સામે લેઈ જઈને, બેસાડયા. ॥૧૫॥ પછી એ ચોર લોકના રાજગોરે, પુરૂષ પશુના લોહી રૂપ આસવથી, ભદ્રકાળી દેવીને તૃપ્ત કરવા સારૂં, દેવીના મંત્ર થકી મંત્રેલી, મહા વિકરાળ અને ધાર વાળી, તરવાર ઉપાડી. ॥૧૬॥ આ રીતે રજો ગુણ વાળા સ્વભાવના, અને પોતાની મેળે અવળે મારગે ચાલી રમતની પેડે હિંસા કરનારા, એ ચોર લોકો; બ્રાહ્મણના કુળને તુચ્છ ગણીને; સર્વ પ્રાણી માત્રના સુહૃદ-વૈર રહિત-ભગવાનની સાક્ષાત કળા રૂપ-અને પરબ્રહ્મ સ્વરૂપ-એવા તે બ્રહ્મ રૂષિના પુત્રની હિંસા, કે જેને માટે હિંસક શાસ્ત્રોમાં પણ; સંમતિ આપેલી નથી; તે થતી જોવાથી, તથા ન સહન થાય એવા તેના અત્યંત બ્રહ્મ તેજથી, પોતાનું શરીર બળવા લાગેલાં

[illegible]षमन्यूनमाधेकमितिवेदकणपिण्याकफलीकरणकुल्म[illegible]स्थालीपुरीषादीन्यप्यमृतवदभ्यवहरति॥११॥ अथकदाचित्कश्चिद्वृषलपतिर्भद्रकाल्यैपुरुषपशुमालभतापत्यकामः॥१२॥ तस्यहदैवमुक्तस्य[illegible]शोःपदवींतदनुचराःपरिधावंतोनिशिनिशीथसमयेतमसावृतायामनधिगतपशवआकस्मिकेनविधिनाकेदारान्वीरासनेनमृगवरा[illegible]दिभ्यःसंरक्षमाणमंगिरःप्रवरसुतमपश्यन्॥१३॥ अथतएनमनवद्यलक्षणमवमृश्यभर्तृकर्म[illegible]शनयाचंडिकागृहमुपनिन्युर्मुदाविकसितवदनाः॥१४॥ अथपणयस्तंस्वविधिनाऽभिषिच्याहतवाससाच्छाद्यभूषणालेपस्रक्तिलकादिभिरुपस्कृतंभुक्तवंतंधूपदीपमाल्यलाजाकिसलयांकुरफलोपहारोपेतया वैशससंस्थयामहतागीतस्तुतिमृदंगपणवघोषेणच[illegible]रुषपशुंभद्रकाल्याःपुरतउपवेशयामासुः॥१५॥ अथवृषलराजपणिः पुरुष[illegible]शोर[illegible]गासवेनदेवींभद्रकालींयक्ष्यमाणस्तदभिमंत्रितमसिमतिकरालनिशित[illegible]ददे ॥१६॥ इतितेषांवृषलानांरजस्तमःप्रकृतीनांधनमदरजउत्सिक्तमनसांभगवतकलावीरकुलंकदर्थीकृत्योत्पथेनस्वैरंविहरतांहिंसा[illegible]राणांकर्मातिदारुणंयद्ब्रह्मभूतस्यसाक्षाद्ब्रह्मर्षिसुतस्यनिर्वैरस्यसर्वभूतसुहृदःसूनायामप्यननुमतमालंभनंतदुपलभ्य[illegible]सा अतिदु[illegible]मानेनवपुषासहसोच्चचाटसैवदेवीभद्रका[illegible]ी॥१७॥ भृशममर्षरोषावेशरभसविलसितभ्रुकुटिविटपकुटिलदंष्ट्रारुणेक्षणाटोपातिभयान[illegible]हंतुकामेवेदंमहाट्टहासमतिसंरंभेणविमुंचंतीततउत्पत्यपापीयसां[illegible]सिनाविवृक्णशीर्ष्णांगलात्स्रवंतमसृगासवमत्युष्णंसहगणेननिपीयातिपानमदविह्वलोच्चैस्तरांस्वपार्षदैःसहजगौननर्तचविजहारचशिरःकंदुकलीलया ॥१८॥ एवमेवखलुम[illegible]दभिचार[illegible]तिक्रमःकार्त्स्न्येनात्मनेफलति ॥१९॥ नवाएतद्विष्णुदत्तमहदद्भुतंयदसंभ्रमःस्वशिरश्छेदनआपतितेऽपिविमुक्तदेहाद्यात्मभावसुदृढहृदयग्रंथीनांसर्वसत्वसुहृदात्मनांनिर्वैराणां साक्षाद्भगवता अनिमिषारिवरायुधेनाप्रमत्तेनतैस्तैर्भावैः परिरक्ष्यमाणानांतत्पादमूलमकुतश्चिद्भयमुपसृतानांभागवतपरमहंसानां ॥२०॥ इ०भा०म०पं०जडभरतचरितंनामनवमोऽध्यायः॥९॥ श्रीशुक० अथसिंधु

ભદ્રકાળી દેવી; પોતાની મૂર્તિને પડી મૂકીને એકા એક તેમાંથી બહાર નીકળી પડયાં. ॥૧૭॥ અને ઘણી રીસ તથા ક્રોધનો આવેશ થવાથી, ઝાડની ડાળોની પેઠે, છેક ઉંચી ચઢી ગયેલી ભમરોથી-વિકરાળ દાઢોથી-અને રાતી ચોળ આંખોથી; તે, અતિ ભયંકર આડંબરવાળા મોઢા વાળાં, દેખાવા લાગ્યાં. અને આખા જગતનો નાશ કરવાને ઇચ્છતાં હોય તેમ, અતિશય ક્રોધ કરીને, મોટો કડાકો થવાની પેઠે, ખડખડ હસ્યાં. અને તરવાર ઝુંટી લેઈને, એ તરવાર વડેજ; એ દુષ્ટ પાપીઓનાં માથાં કાપી નાંખી, તેમાંથી નીકળતો અત્યંત ઉનો લોહી રૂપ શરબત, પોતાના પાર્ષદો સહિત માતાજીએ પીધો. અને તેના મદ થકી વિહ્વળ થઈને, પોતાના પાર્ષદોની સાથે ઉંચાસ્વરથી ગાયું-નાચ્યાં;-અને તેમનાં માથાંને દડા કરીને રમ્યાં. ॥૧૮॥ એવી રીતે મહાત્મા પુરૂષનું અતિ કમણુ કરવા રૂપ, કરેલો અભિચાર, સંપૂર્ણ રીતે પોતાનુંજ ભૂડું કરે છે; એવો નિશ્ચય છે. ॥૧૯॥ હે પરીક્ષિત, એવા દેહાદિક જડ પદાર્થોને, આત્મરૂપ માનવાની મજબૂતબંધાઈ ગયેલી હૃદયની ગાંઠને છેદી નાંખેલા-સર્વ પ્રાણી આદિના સુહૃદ-વૈર રહિત-સાક્ષાત ભગવતી-અને ભગવાનના નિર્ભય ચરણારવિંદમાં વસનારા-પરમ ભગવતી પરમહંસો; કે જેઓનું ભગવાન પોતાના (કાળરૂપ) સુદર્શન ચક્રવડે, અને વખતો વખત બીજાં જરૂર પડતાં સાધનોથી પણ સંરક્ષણ કરે છે; તેવાઓને પોતાનું માથું કપાવાનો સમય આવે છે, ત્યારે પણ સંભ્રમ થતો નથીજ. એ કાંઈ આશ્ચર્યની ખબર મોટી વાત નથી. ॥૨૦॥ ઇતિશ્રી૦ ભાગવત૦ પાંચ૦ સ્કં૦ નવમો અધ્યાય સંપૂર્ણ. ॥૯॥

અધ્યાય ૧૦ મો.—શ્રીશુક—પછી સિંધુ અને સૌવીર દેશનો રહુગણ રાજા, ચાલ્યો જતાં ઇક્ષુમતિ નદીને કાંઠે, પાલખી ઉપાડવાને, લોકનો શોધ, તે લોકોના જમાદારે કરતાં, દૈવના કરવાથી આ ઉત્તમ બ્રાહ્મણજ, તેના હાથમાં આવી ગયા. અને પુષ્ટ-જુવાન અને મજબૂત અંગોવાળા હોવાથી; પ્રથમથી વેઠે પકડેલાઓની સાથે, ભાર ઉપાડવામાં, બળદ અને ગધેડાની પેડે લાયક છે, એમ જાણીને તે જમાદારે, તેમને

પણ પકડ્યા. ત્યારે એ કામ કરવાને પોતે યોગ્ય નહીંછતાં પણ, એ મહાત્માએ, રહુગણની પાલખી ઉપાડીને ચાલવા માંડયું. ॥૧॥ પછી તે ઉત્તમ બ્રાહ્મણની, એક એક બાણ જેટલી ગતિ, જ્યારે બીજા ચાલનારાઓની સાથે મળતી ન આવી, ત્યારે વાંકી ચુંકી થઇ જતી પાલખી દેખીને રહુગણ રાજાએ, ઉપાડનારાઓને કહ્યું કે: " હે ભાઇઓ: સારી રીતે ચાલો. પાલખી વાંકી થઇ જાય છે, એમ કેમ ચાલો છો ? ॥૨॥ આ રીતનું રાજાનું ઠપકાવાળું વચન સાંભળવાથી શિક્ષા થવાની બીકથી, ભોઇઓએ અરજ કરી કે. ॥૩॥ હે નરદેવ, અમે ગાફેલ નથી; અને તમારી આજ્ઞા પ્રમાણેજ સારી રીતે પાલખી ઉપાડીને ચાલીએ છીએ; પણ આ, જેને હમણાંજ કામમાં લીધો છે તે બરાબર ચાલતો નથી, તેથી એની સાથે રહીને પાલખી ઉપાડીને ચાલવામાં અમે પણ નિભી શકીએ તેમ નથી, ॥૪॥ ત્યારે રહુગણ રાજાએ તે ભોઇઓનું બોલવું સાંભળીને, નકી કર્યું કે; ઘણાએ ભેગા મળીને કરવાના કામમાં, એક જણનો વાંક હોય તોપણ; તેનો દોષ સર્વ સંગાથીઓના ઉપર આવે છે, એ ખરૂં છે. પછી વૃદ્ધ પુરૂષોની સેવા કરનારો તે રાજા હોવા છતાં પણ; રાજ્યાદિકના સંબંધથી થયેલી, રજોગુણી બુદ્ધિથી ક્રોધ કરીને, અને બળ દેખાડીને; એ રજથી ઢંકાયેલા અગ્નિની પેઠે, બ્રહ્મતેજ સ્પષ્ટ નહીં દેખાતા, જડ ભરતને મશ્કરીમાં કહેવા લાગ્યો કે. ॥૫॥ " અરે આતો મોટું દુ:ખ: તું ઘણોજ થાકેલો જણાય છે; લાંબા માર્ગમાં ઘણીવાર થયાં તે એકલાએજ પાલખી ઉપાડી છે? તું બહુ જાડો તેમજ મજબૂત અંગોવાળો પણ નથી.! અને ઘરડપણથી દુ:ખી થયેલો પણ છે.! હે મિત્ર. તું આ બીજાઓના જેવો તો નથીજ! એ રીતે ઘણી મશ્કરી કરીને સપડાવવા છતાં પણ; તે બ્રહ્મ સ્વરૂપ થયેલા અને દ્રવ્ય-ગુણ-કર્મ-તથા આશય, એટલે મહા ભૂતો-ઇંદ્રિયો-ઇંદ્રિયોના દેવતા-અને ચાર પ્રકારનું અંત:કરણ,

सौवीरपतेरहूगणस्यव्रजतइक्षुमत्यास्तटे तत्कुलपतिनाशिबिकावाहपुरुषान्वेषणसमयेदैवेनोपसादितः सद्विजवरउपलब्धएषपीवायुवासंह ननांगोगोखरवद्धुरंवोढुमलमितिपूर्वविष्टिगृहीतैःसहगृहीतःप्रसभमतदर्हउवाहशिबिकांसहमहानुभावः॥१॥यदाहिद्विजवरस्येषुमात्रावलोकानुगतेर्नसमाहितापुरुषगतिस्तदाविषमगतांशिबिकांरहूगणउपधार्यपुरुषानधिवहतआहहेवोढारःसाध्वतिक्रमतकिमितिविषममुह्यतेयानमिति॥२॥ अथतईश्वरवचःसोपालंभकमुपाकर्ण्योपायतुरीयाच्छंकितमनसस्तंविज्ञापयांबभूवुः॥३॥ नवयंनरदेवप्रमत्ताभवन्नियमानुपथाः साध्वेववहामःअयमधुनैवनियुक्तोऽपिनद्रुतंव्रजतिनानेनसहवोढुमुहवयंपारयामइति॥४॥ सांसर्गिकोदोषएवनूनमेकस्यापिसर्वेषांसांसर्गिकाणांभवितुमर्हतीतिनिश्चित्यनिशम्यकृपणवचोराजारहूगणउपासितवृद्धोऽपिनिसर्गेणबलात्कृतईषदुत्थितमन्युरविस्पष्टब्रह्मतेजसंजातवेदसमिवरजसाऽऽवृतमतिराह॥५॥ अहोकष्टंभ्रातर्व्यक्तमुरुपरिश्रांतोदीर्घमध्वानमेकएवऊहिवान्सुचिरंनातिपीवानसंहननांगोजरसाचोपद्रुतोभवान्सखेनोएवापरएतेसंघट्टिनइतिबहुविप्रलब्धोऽप्यविद्यया विहितद्रव्यगुणकर्माशयस्वचरमकलेवरेऽवस्तुनिसंस्थान विशेषेऽहंममेत्यनध्यारोपितमिथ्याप्रत्ययोब्रह्मभूतस्तूष्णींशिबिकांपूर्ववदुवाह॥६॥ अथपुनःस्वशिबिकायांविषमगतायांप्रकुपितउवाचरहूगणःकिमिदमरेत्वंजीवन्मृतोमांकदर्थीकृत्यभर्तृशासनमतिचरसिप्रमत्तस्यचतेकरोमिचिकित्सांदंडपाणिरिवजनतायायथाप्रकृतिंस्वांभजिष्यसइति॥७॥ एवंबहुबद्धमपिभाषमाणंनरदेवाभिमानंरजसातमसाऽनुविद्धेनमदेनतिरस्कृताशेषभगवत्प्रियनिकेतंपंडितमानिनंसभगवान्ब्राह्मणोब्रह्मभूतःसर्वभूतसुहृदात्मायोगेश्वरचर्यायामतिव्युत्पन्नमतिःस्मयमानइवविगतस्मयइदमाह॥८॥ब्राह्मण०त्वयोदितंव्यक्तमविप्रलब्धंभर्तुःसमेस्याद्यदिवीरभारः॥ गंतुर्यदिस्यादधिगम्यमध्वापीवेतिराशौनविदांप्रवादः॥९॥ स्थौल्यंकार्श्यंव्याधयआधयश्चक्षुत्तृड्भयंकलिरिच्छाजराच॥ निद्रारतिर्मन्युरहंमदःशुचोदेहेनजातस्यहिमेनसंति॥१०॥ जीवन्मृतत्वंनियमेनराजन्नाद्यंतवद्यद्विकृतस्यदृष्टं॥ स्वस्वाम्यभावोध्रुवईड्ययत्रतर्ह्युच्यतेऽसौविधिकृत्ययोगः॥११॥ विशेषबुद्धेर्विवरंमनाक्चपश्यामियन्नव्यवहारतोऽन्यत्॥ कईश्वरस्तत्रकिमीशितव्यंतथापिराजन्करवा

એ વડે માયાથી રચાયલા જૂઠા શરીરને વિશે " હું અને મારૂં " ની મિથ્યા પ્રતીતિને તજેલા; એવા તે જડ ભરતે, કાંઇ પણ ન બોલતાં પ્રથમની પેઠેજ પાલખી ઉપાડીને ચાલ્યા કર્યું. ॥૬॥ ત્યારે પોતાની પાલખી ફરીથી વાંકી ચુંકી થવાથી, રહુગણ રાજા કોપ કરીને બોલ્યો કે; " કેમરે તું જીવતાં મૂએલાના સરખો, હું, સ્વામીનું વચન નહીં માનીને, મારૂં અપમાન કરે છે. ? તેથી તું ગફલત કરનારાને હું; પ્રાણીઓને યમ રાજાએ આપવાની પેઠે, શિક્ષા આપીશ; કે જેથી તું પોતાના ખરા સ્વરૂપમાં આવી જઇશ. (અર્થાત પાધરો ચાલશે.) ॥૭॥ એ રીતે પંડિતપણાના અભિમાનવાળા-રાજ્ય મદથી છકેલા-અને રજોગુણ તથા તમો ગુણથી પરાભવ પામેલા-એ રહુગણે; આ ભગવાનના પ્રિય સ્વરૂપ, બ્રાહ્મણનો પુષ્કળ તિરસ્કાર કરીને, ઘણું અઘટિત બોલવા છતાં પણ; એ સર્વ પ્રાણી માત્રના સુહૃદ-અને આત્મ સ્વરૂપને જાણીને બ્રહ્મ સ્વરૂપ થયેલા-તથા યોગેશ્વરોનાં આચરણોમાં અતિ પહોંચી ગયેલી બુદ્ધિવાળા-ભાગ્યશાળી બ્રાહ્મણે, મોહ રહિત થઇને હસતાની પેઠે તેને કહ્યું કે. ॥૮॥—બ્રાહ્મણ—તમારૂં કહેવું ખરૂં, અને મશ્કરી વિનાનું છે. હે વીર, જો ભાર હોય, તોજ તે ભારને ઉપાડનારો; હું પણ હોઇ શકું; તેમજ જો ચાલી જવાનો માર્ગ હોય, તોજ તે માર્ગમાં ચાલનારો હોઇ શકે; અને જાડો તથા પાતળો એ બોલવું વિદ્વાનોનું નથી. ॥૯॥ જાડા પણું અને દુબળાપણું-વ્યાધિ અને આધિઓ-ભૂખ અને તરશ-અને ભય, કજીઓ, ઘરડપણું, ઉંઘ, મૈથુન, ક્રોધ, અહંકાર, મદ, તથા શોક; સઘળું એ પણ મને તો નથી થતું. ॥૧૦॥ હે રાજા, જીવવાના અને મરી જવાના નિયમ વડે કરીનેજ, આ દૃશ્ય પદાર્થ માત્ર રૂપ આખું જગત, વિકાર પામતું થકું, આદિ અને અંતવાળું છેજ. પોતાને સ્વામીપણું મળવું, અથવા ન મળવું, એ જ્યારે અવિચળ હોય, ત્યારે તો તું હમણાં જેમ કહે છે તેમ ખરૂં કહેવાય; પણ તેતો દૈવના કરવા પ્રમાણેજ બને છે. ॥૧૧॥ વિશેષ બુદ્ધિથી વાસ્તવિક વિચાર કરી જોતાં માત્ર વ્યવહાર દૃષ્ટિ શિવાય, સ્વામી એટલે રાજા તે શું? અને તેણે આજ્ઞા કરવાની તે શું? એનો કશો પત્તોજ લાગતો નથી. તોપણ

હે રાજા, તમારે શું કરાવવું છે. ? ॥૧૨॥ હે વીર, છકેલા–ઘેલા–જડ–અને મરણ પામેલા સરખા–તથા સ્તબ્ધ–આંધળા–અને ટળાઇ ગયેલા મને, ફરીથી દળવા રૂપ શિક્ષા કરવા થકી, તમને શો લાભ થવાનો છે. ॥૧૩॥—શ્રીશુક—એ પ્રમાણે બોલવા વડે રાહુગણ રાજાએ કહેલ વક્રોક્તિના પ્રત્યુત્તરો આપીને તે શાંતિના શીળવાળા–દેહના નિમિત્ત થકી વિરામ પામેલા–અને સુખદુઃખાદિક ભોગવવા વડે, પ્રારબ્ધ કર્મોને મટાડતા, મોટા મુનિ જડ ભરત, રાજાની પાલખી પ્રથમની પેઠે ઉપાડીનેજ ચાલવા લાગ્યા. ॥૧૪॥ હે પરીક્ષિત ત્યારે સિંધુ અને સૌવીરનો રાજા, જેણે શ્રદ્ધા સહિત તત્વ જાણવાની ઇચ્છા વડે, આત્મ તત્વનું જ્ઞાન પામવાનો, સંપૂર્ણ અધિકાર મેળવ્યો હતો; તે હૃદયની ગાંઠને તોડનારૂં. આ બ્રાહ્મણનું યોગના ઘણા ઘણા ગ્રંથોએ માન્ય રાખેલું, વચન સાંભળીને ઉતાવળોજ, પાલખીમાંથી હેઠે ઉતર્યો. અને રાજાપણાનું અભિમાન તજીને, માથાવતે તેમના ચરણ મૂળમાં, નમસ્કાર કરીને ક્ષમા માગી, બોલ્યો કે. ॥૧૫॥ "તમે છાની રીતે ફરનારા, કયા બ્રાહ્મણ છો ! કે જે જનોઇને ધરી રહ્યા છો. તમે કયા અવધૂત છો ? કોના પુત્ર છો ? અને અહીંયાં ક્યાંથી આવ્યા છો ? અમ સરખાઓનું કલ્યાણ કરવાને માટે, તમે શુકલ એટલે કપિલદેવ ભગવાન તો આવેલા નથી કે શું. ? ॥૧૬॥ ઇંદ્રના વજ્ર થકી–મહાદેવના ત્રિશૂલ થકી–યમના દંડ થકી–અને અગ્નિ, ચંદ્રમા, વાયુ, તથા કુબેર એમનાં અસ્ત્રો થકી પણ હું બીહીતો નથી. પરંતુ બ્રાહ્મણના કુળનું અપમાન થવા થકી બહુજ બીહું છું.॥૧૭॥ હે જ્ઞાનના પ્રભાવવાળા–અપાર મહિમાવાળા–અને સંગરહિત, જડની પેઠે છાની રીતે ફરનારા, સત્પુરૂષ આપનાં યોગ્ય થકી ગુંથાયલાં વચનો, ઝીણી નજરવાળા વિદ્વાનોથી પણ સમજી શકાય એવાં નથી. માટે તે સર્વ તમો પોતેજ, મને સમજાવો. ॥૧૮॥ હું પણ, આત્મતત્વને જાણનારા મુનિઓના પરમગુરૂ–અને યોગેશ્વર એવા, પોતાની જ્ઞાન કળાથી અવતરેલા, સાક્ષાત હરિ ભગવાન કપિલદેવજીને; અહીંયાં ખરૂં શરણ શું છે; તે પુછવાને માટેજ જાઉં છું. ॥૧૯॥ કદાચિત આપ કપિલ ભગવાનજ હશો અને લોકોને જાણવાને માટે

मकिंते॥१२॥ उन्मतमत्तजडवत्स्वसंस्थांगतस्यमेवीरचिकित्सितेन॥ अर्थःकियान्भवताशिक्षितेनस्तब्धप्रमत्तस्यचपिष्टपेषः॥१३ श्रीशुक०
एतावदनुवादपरिभाषयाप्रत्युदीर्यमुनिवरउपशमशीलउपरतानात्म्यनिमित्तउपभोगेनकर्मारब्धंव्यपनयन्राजयानमपितथोवाह ॥१४॥
सचापिपांडवेयसिंधुसौवीरपतिस्तत्वजिज्ञासायांसम्यक्श्रद्धयाऽधिकृताधिकारस्तत्हृदयग्रंथिमोचनं द्विजवचआश्रुत्यबहुयोगग्रंथसंमतंत्व
रयाऽवरुह्यशिरसापादमूलमुपसृतःक्षमापयन्विगतनृपदेवस्मयउवाच॥१५॥ कस्त्वंनिगूढश्चरसिद्विजानांबिभर्षिसूत्रंकतमोऽवधूतः॥कस्या
सिकुत्रत्यइहापिकस्मात्क्षेमायतश्चेदसिनोतशुक्लः॥१६॥ नाहंविशंकेसुरराजवज्रान्न[illegible]क्षशूलान्नयमस्यदंडात् ॥ नाग्न्यर्कसोमानिलवित्तपा
स्त्राच्छंके भृशंब्रह्मकुलावमानात् ॥१७॥ तद्ब्रूह्यसंगोजडवन्निगूढविज्ञानवीर्योविचरस्यपारः॥ वचांसियोगग्रथितानिसाधोननःक्षमंतेमनसा
ऽपिभेत्तुं॥१८॥ अ[illegible]चयोगेश्वरमात्मतत्[illegible] विदांमुनीनांपरमंगुरुंवै॥ प्रष्टुंप्रवृत्तःकिमिहारणंतत्साक्षाद्धरिंज्ञान[illegible]लावतीर्णं ॥१९॥ सवैभवाँल्लो
कनिरीक्षणार्थ[illegible]व्यक्तलिंगोविचरत्यपिस्वित्॥ योगेश्वराणांगतिमंधबुद्धिःकथंविचक्षीतगृ[illegible]नुबंधः॥२०॥ दृष्टःश्रमःकर्मतआत्मनोमेभर्तुर्ग
तुर्भवतश्चानुमन्ये॥ यथाऽसतोदानयनाद्यभावात्समूलइष्टोव्यवहारमार्गः॥२१॥ स्थाल्यग्नितापात्पयसोऽभितापस्तत्तापतस्तंडुलगर्भरंधिः॥
देहेंद्रियास्वाशयसन्निकर्षात्तत्संसृतिःपुरुषस्यानुरोधात् ॥२२॥ शास्ताऽभिगोप्तानृपतिःप्रजानांयःकिंकरोवैनपिनष्टिपिष्टं॥ स्वधर्ममाराधनम
च्युतस्ययदीहमानोनिजहात्यघौघं॥२३॥ तन्मेभवान्नरदेवाभिमानमदेनतुच्छी[illegible]तसत्तमस्य॥कृषीष्टमैत्रीदृशमार्तबंधोयथातरेसदवध्यानमं
हः॥२४॥ नविक्रियाविश्वसुहृत्सखस्यसाम्येनवीताभिमतेस्तवापि ॥ महद्विमानात्स्वकृताद्विमादृङ्नंक्ष्यत्यदूरा[illegible]लपाणिः ॥२५॥ इ०
भा०म०पं०दशमोऽध्यायः॥१०॥ ब्राह्मण०अकोविदःकोविदवादवादान्वदस्यथोनातिविदांवरिष्ठः॥ नसूरयोहिव्यवहारमेतंतत्त्वावमर्शेनस
हामनंति॥१॥ तथैवराजन्नुरुगार्हमेधवितानविद्योरुविजृंभितेषु॥ नवेदवादेषुहितत्त्ववादःप्रायेणशुद्धोनुचकास्तिसाधुः॥२॥नतस्यतत्त्[illegible]

જાણનારૂપથી ફરતા હશો. ઘરનાં બંધનોથી આંધળી થયેલી બુદ્ધિવાળો પુરૂષ, યોગેશ્વરોની ગતિને કયે પ્રકારે જાણી શકે. ॥૨૦॥ કર્મો કરવામાં શ્રમ થવાનું તો મારા પોતાના જાણવામાં પણ છે; તેથી ભાર ઉપાડવામાં અને ચાલવામાં તમને પણ થાક લાગવાનું હું અનુમાન કરૂં છું. જેમ અસત ઘડો, તે મુજબજ નહોવાથી તેના વડે પાણી લાવવાનું કાર્ય થતું નથી. તે રીતે મૈ થવાથી, એટલે આ થકી તો બધું કાર્ય થાય છે માટે, વ્યવહારનો માર્ગ, મૂળવાળો એટલે સાચો, જોવામાં આવે છે. ॥૨૧॥ જેમ તપેલી નીચે કરેલો, તાપ તપેલીમાંના દૂધને લાગે છે, અને તે તાપથીજ તેમાં રહેલા ચોખા રંધાઇ જાય છે; તેવી રીતે દેહ–ઇંદ્રિયો–પ્રાણ–અને અંતઃકરણો, એમના સંબંધ વડે કરીને, ઉપાધીના કારણથી પુરૂષને સંસાર થાય છે. ॥૨૨॥ પ્રજાઓનું અને નોકર ચાકરોનું શાસન કરવારૂપ, તથા રક્ષણ કરવારૂપ, પોતાના સ્વધર્મથી વર્તવાવડે અચ્યુત ભગવાનનું આરાધન કરનારો રાજા, પોતાનાં પાપોના સમુદાયનો નાશ કરી નાંખે છે. ત્યારે એરીતે કરવું તે, દળેલાનેજ દળવાનું, કેવીરીતે થઇ શકે છે. ॥૨૩॥ તો પણ રાજા પણાના અભિમાનના મદથકી મહાત્માઓને નહીં ગણકારનારા મારા ઉપર; હું, જે પ્રકારથી, સત્પુરૂષોની અવગણના કરવાના પાપથકી છુટી જાઉં; એ રીતે આપ દુખીઓના બંધુ, મારા ઉપર સ્નેહવાળી નજર કરો. ॥૨૪॥ આખા વિશ્વના સુહૃદ-સખા અને સમદૃષ્ટિવડે અભિમાન તજેલા–એવા આપનામાં તો કાંઇજ વિકાર થતો નથી, પણ મહાત્માઓનું અપમાન કરનારો મારાસરખોતો; પોતે, સદાશિવ જેવો સમર્થ હોયતોએ, તુર્તજ નાશ પામી જાય ॥૨૫॥ ઇતિશ્રી૦ ભા૦ પં૦ સ્કં૦ દશમો અ૦ સં૦ ॥૧૦॥.

અધ્યાય ૧૧ મો.—બ્રાહ્મણ—તું વિદ્વાન નહીં છતાં, વિદ્વાનના જેવો વાદ કરીને બોલે છે; તેથી શ્રેષ્ઠ વિદ્વાન ગણાવાનો નથીજ. અને આ સઘળો વ્યવહાર, તત્વે કરીને જોતાં, સાચો નથીજ; એમ જ્ઞાનવાન પુરૂષો કહેછે. ॥૧॥ અને હે રાજા, એ રીતેજ, વિશેષે કરીને હિંસા રહિત, અને શ્રમ દોષાદિક વિનાનું,

કેવળ પરમાર્થે એટલે ઇશ્વરાર્પણ કરીને, ફળના અનુસંધાન રહિત કર્મો કરવા સંબંધીનું તત્વજ્ઞાન; ગૃહસ્થા-શ્રમીઓએ કરવાના ઘણા પ્રકારના યજ્ઞો અને તેના વિસ્તારોના સંબંધનાં વેદનાં શોભિતાં વચનોમાં બીલકુલ પ્રકાશતુંજ નથી. ॥૨॥ એટલા માટે તેમાં નિરૂપણ કરેલાં ગૃહસ્થાશ્રમીઓનાં સુખાદિક, સ્વપ્નનાં સુખાદિકના સરખાં, મિથ્યા હોવાનું દૃઢ અનુમાન; જેણે પોતાથીજ કરવું ન હોય, તેવા માણસોને તત્વજ્ઞાનની પ્રાપ્તિ થવાને માટે; વેદાંતનાં ઉત્તમોત્તમ વચનો પણ ઉપયોગી થનાર નથી. ॥૩॥ પુરૂષનું મન જ્યાં સુધી સત્વ—રજ કે તમો ગુણમાં લાગેલું રેહેછે, ત્યાં સુધી તેનાં મન અને ઇંદ્રિયાદિક નિરંકુશ પણે વરતીને પુન્ય અગર પાપનાં કર્મો કરયા કરેછે. ॥૪॥ અને તેથીજ સોળ અંશો (પાંચમહાભૂતો—દશ ઇંદ્રિયો અને મન) વાળું, વાસનામય, મન અથવા લિંગ શરીર; વિષયો થકી રંગાઇ જઇને, ગુણોના પ્રવાહરૂપ કાળ થકી વિકાર પામીનેજ જુદા જુદા પ્રકારનાં નામો તથા રૂપોના ભેદવાળાં, ઊંચ તથા નીચ સ્થૂળ શરીરોને ધારણ કરે છે. ॥૫॥ અને એજ, માયાથકી રચાયલું લિંગ શરીર, પુરૂષ એટલે આત્માને, પોતાની સાથે રાખીને તીવ્રસુખ તીવ્રદુખ—અથવા સુખ દુઃખ વિનાનાં, એવાં કાળે ઉત્પન્ન કરેલાં કર્મ ફળોને ભોગવતું થકું, જન્મ મરણને પામ્યા કરે છે. ॥૬॥ અને ક્ષેત્રજ્ઞ (એટલે દેહમાં રહેલો આત્મા) એ સ્થૂળ અને સૂક્ષ્મ દેહમાં, સંબંધવાળો હોય છે ત્યાં સુધીજ; આ વ્યવહાર એટલે જગત રૂપ દૈત અને તેઓની સઘળી ક્રિયાઓ, સાચી જણાય છે. તથા નિર્ગુણ પણું અને સગુણ પણું, તેમજ પર તથા અવરનું કારણ (એટલે સંસાર થવાનું અને મોક્ષ થવાનું કારણ) પણ, એ મન અથવા લિંગ શરીરજ હોવાનું, તેથીજ કહેવાય છે. ॥૭॥ જેમ ઘી અને દીવેટને ખાતા; સળગતા દીવામાંથી ધુમાડા સહિત શિખા નીકળે છે. અને ઘી અને દીવેટ બળીગયા પછી, તે દીવાને ખાવાનું કાંઇ હોતું નથી ત્યારે, મહાન તેજમાં તે દીવાનું તેજ; મળીજઇને, તે પોતાના મૂળ સ્વરૂપને પામે છે. તેરીતેજ, એ મન અથવા લિંગ શરીર વિષયોમાં આસક્તિ વાળું હોય છે, ત્યારે તે જન્મ મરણ આદિ દુખોને આપનારૂં થાય છે; અને નિર્ગુણપણે રેહેછે, ત્યારે મોક્ષને આપનારૂં પણ એજ થાય છે. ॥૮॥ એ મન (લિંગ શરીર) ની અગિયાર વૃત્તિઓ કહેવાય છે. પાંચ જ્ઞાનેંદ્રિયોની—પાંચ કર્મેંદ્રિયોની અને એક અભિમાનની છે. ગુણો તથા કર્મો વડે દોઇને જ્યારે તે, આ અગિયાર વૃત્તિઓ વાળું હોય છે; ત્યારે તે બંધનનું કારણ થાય છે. અને જ્યારે તે, એ અગિયાર વૃત્તિઓનો આશ્રય નહીં કરતાં, વિરક્ત રેહે છે; ત્યારેજ

पसाक्षाद्वरीय[illegible]:समासन् ॥ स्वप्नेनिरुक्त्यागृहमेधिसौख्यंनयस्यहेयानुमितंस्वयंस्यात् ॥३॥ यावन्मनोरजसापूरुषस्य सत्वेनवात मसावाऽनुरुद्धं॥ चेतोभिराकूतिभिरातनोतिनिरंकुशकुशलंचेतरंवा ॥४॥सवासनात्माविषयोपरक्तोगुणप्रवाहोविकृतःषोडशात्मा॥ बिभ्रत्पृ थङ्नामभिरूपभेदमंतर्बहिष्ट्वं[illegible]ति ॥५॥ दुःखंसुखं[illegible]तिरिक्तंचतीव्रंकालोपपन्नंफलमाव्यनक्ति॥ आलिंग्यमायारचितांतरात्मास्वदे [illegible]:॥६॥ तावानयंव्यवहारःसदाविःक्षेत्रज्ञसाक्ष्योभवतिस्थूलसूक्ष्मः॥तस्मान्मनो[illegible]गुणागुण[illegible]वरस्य ॥७॥ गुणानुरक्तंव्य[illegible]नायजंतोःक्षेमा[illegible]मनःस्यात्॥ यथाप्रदीपोघृतवर्तिमश्नन्शिखाःसधूमाभजतिह्यन्यदास्वं ॥८॥ पदंतथागु [illegible]:श्रयतेऽन्यत्रतत्त्वं॥ एकादशासन्मनसोहिवृत्तयआकूतयःपंचधियोऽभिमानः॥९॥ मात्राणि[illegible]र्माणिपुरंचता[illegible]ति [illegible]कादशवीरभूमीः॥ गंधाकृतिःस्पर्शरसश्रवांसिवि[illegible]गरत्य[illegible]भिजल्पशि[illegible]:॥१०॥ एकादशंस्वीकरणंममेतिशय्यामहंद्वादशमेकआहुः॥ द्रव्यस्वभावाशयकर्मकालैरेकादशामीमनसोविकाराः॥सहस्रशःशतशःकोटिशश्चक्षेत्रज्ञतोनमिथोनस्वतःस्युः॥११॥ क्षेत्रज्ञएतामनसोवि भूतीर्जी[illegible]यारचितस्यानित्याः॥ आविर्हिताःक्वापितिरोहिताश्चशुद्धोविचष्टेह्यविशुद्धकर्तुः॥१२॥ क्षेत्रज्ञआत्मापुरुषःपुराणःसाक्षात्स्वयं ज्योतिरजःपरेशः॥नारायणोभगवान्वासुदेवःस्वमाययात्मन्यवधीयमानः॥१३॥ यथाऽनिलःस्थावरजंगमानामात्मस्वरूपेणनिविष्टईशेत् ॥ए वंपरोभगवान्वासुदेवःक्षेत्रज्ञआत्मेदमनुप्रविष्टः ॥१४॥ नयावदेतांतनुभृ[illegible]विधूयमायांवयुनोदयेन ॥ विमुक्तसंगो[illegible]जतषट्स[illegible]पत्नोवेदात्मत त्त्वंभ्रमतीहतावत् ॥१५॥ नयावदे[illegible]न्मनआत्मलिंगंसंसारतापावपनंजनस्य॥ यच्छोकमोहामयरागलोभवैरानुबंधंममतांविधत्ते॥१६॥ भ्रातृ

તત્વને એટલે પરમાત્માના પદને એ પામે છે. ॥૯॥ હે વીર, ગંધ—આકૃતિ (રૂપ)—સ્પર્શ—રસ—અને શબ્દ એ પાંચ જ્ઞાનેંદ્રિયોના વિષયો; મળોત્સર્ગ—મૈથુન—ગતિ—બોલવું—અને કારીગરી એ પાંચ કર્મેંદ્રિયના વિષયો; અને અગિયારમું જેના વિશે હુંપણાનો અથવા મારા પણાનો સ્વીકાર થાય છે તે શરીર એટલે સ્થૈળ દેહ, એ અગિયાર સ્થાનો ઉપર રહેલી મનની અગિયાર વૃત્તિઓને રહેવાનાં, હોવાનુ કહેવાય છે. વળી કેટલાએક, અહંકારને એ મનની (લિંગ શરીરની) બારમી વૃત્તિ ગણે છે. અને તેનું સ્થાન પણ સ્થૂળ દેહજ હોવાનું કહે છે. મન અથવા લિંગ શરીરની એ અગિયાર અથવા બાર વૃત્તિઓના; દ્રવ્યો—સ્વભાવો—આશયો—કર્મો—અને કાળ, એમની વિચિત્રતાથી; સેંકડો—હજારો—અને કરોડો ભેદ થાય છે. અને વૃત્તિઓના એ ભેદો. ક્ષેત્રજ્ઞ થકી થયેલા નથી; એક બીજા થકી થયા નથી; તથા પોતે પોતા થકી પણ થયેલા નથી; (અર્થાત તેમની ઉત્પત્તી કયાંથી થઇછે, તેનો પત્તોજ લાગતો નથી;) તેથા તેઓ મૂળેજ નહીં હોવા છતાં, જોવામાં આવતો માત્ર ભ્રમજ છે એવો નિશ્ચય છે ॥૧૦—૧૧॥ એ પ્રમાણેની અનેક, માયાથી બનેલી લિંગદેહ (જીવ) ની વૃતીઓ કોઇ કોઇ વાર થતી; તથા કોઇ વાર નહીં થતી; એ દ્રષ્ટા રૂપે રહીને પોતે કર્તા હોવાનું અભિમાન નહી કરનારો, શુદ્ધ ક્ષેત્રજ્ઞઆત્મા સર્વકાળ જોયા કરેછે. ॥૧૨॥ અને એ ક્ષેત્રજ્ઞઆત્માતેજ, સાક્ષાત પરમાત્મા—ઇશ્વર—આત્મા—પુરાણ પુરૂષ—સ્વયંપ્રકાશ—અજન્મા—નારાયણ—અને સર્વને વિશે પોતાની માયાથી અવધી તરીકે આત્મસ્વરૂપથી રેહેનારા—તથા વાસુદેવ ભગવાન પણ, કહે છે. ॥૧૩॥ જેમ સ્થાવર જંગમ સર્વે પ્રાણી પદાર્થાદિકમાં પ્રાણ સ્વરૂપથી પેઠેલો વાયુ તે સર્વેને નિયમમાં રાખે છે. તેમજ એ પરમાત્મા—વાસુદેવ અને ક્ષેત્રજ્ઞ નામથી કહેવાતા ભગવાન પણ; સર્વને વિશે, આત્મ સ્વરૂપથી રહેલા છે. ॥૧૪॥ માટે હે રાજા, દેહધારી પ્રાણી, જ્યાં સુધી સંગ રહિત થવાવડે ઇંદ્રિયો રૂપી ૭ શત્રુઓને જીતીને; જ્ઞાનનો ઉદય થતાં, એ સર્વ માયાને ટાળી નાંખીને; આત્મ સ્વરૂપના તત્વને જાણતો નથી; ત્યા સુધીજ, તે અહીંયાં (સંસારમાં) ભટકેછે ॥૧૫॥ અને તેને, એ રીતે આત્મ સ્વરૂપના તત્વનું જ્ઞાન થતા સુધીજ; શોક—મોહ—રોગ—પ્રીતિ—લોભ—અને વેર તથા મમતા આદિક સંસારના તાપોને ઉત્પન્ન કરનારૂં તેનું લિંગ શરીર અગર મન રેહેછેજ. ॥૧૬॥ એટલા માટે એ ખરી રીતે મિથ્યા હોવા છતાં પણ, આત્માનો ઘાત કરનારા—મોટું પરાક્રમ કરનારા અને ઉપેક્ષા કરવાથી ઘણો વધી જનારા—એવા લિંગ શરીર અથવા મન નામના શત્રુનો; સાવધાનપણે હરિભજનની છ.

ભાવના કરવારૂપ, અગ્નવડે તમે નાશ કરી નાંખો. ॥૧૭॥ ઇતિશ્રી. ભા, પાં. ૨૬. અ. અ. સંપૂર્ણ. ॥૧૧॥.

અધ્યાય ૧૨ મો.—રહુગણરાજા—જગતરૂપ દ્વૈત પ્રપંચના કારણરૂપ—સ્વરૂપના અનુભવથી જગતરૂપ દ્વૈત પ્રપંચને તુચ્છ જાણનારા—અને અવધુત સરખા બ્રહ્મબંધુના રૂપથી સ્વરૂપના અનુભવને હમેશાં ગુઢ રાખનાર, એવા આપને હું વારંવાર નમસ્કાર કરૂંછું ॥૧॥ હે બ્રાહ્મણ, અગ્નિથી બળનારાઓને ઠંડુ પાણી, અને તાવ તથા રોગાદિકથી પીડાનારાઓને ઓસડ, હોવાની પેઠે; દેહાભિમાન રૂપ સાપે કરડવાથી દૃષ્ટિ નાશ પામેલા મને; આપનાં આ વચનો, ઓસડ અને અમૃત સમાન છે. ॥૨॥ તેથી મારા સંશયના ખુલાસાને માટે તો હું પાછળથી આપને પૂછીશ. પણ હાલમાં આપે કહેલી અધ્યાત્મ યોગથી ગુંથાયલી આ વાતને, હું જેમ સુલભ રીતે સમજું; તેમ આપ કહો. મારા મતમાં તો એ આશ્ચર્ય જેવું છે. ॥૩॥ હે યોગેશ્વર, આપે કહ્યું કે, ક્રિયાઓ એટલે ભાર ઉપાડવો અને ચાલવું આદિ, તથા થાક લાગવો આદિ,નાં ફળો તો, ફક્ત વ્યવહાર ઉપયોગી-મિથ્યા—અને દેખાવા માત્ર છે:—તથા તત્વજ્ઞાન થયા પછી તુરતંજ, એ સર્વે ન હોવાનુંજ સમજાય છે. એ વાતમાં મારૂં મન ભમેછે. ॥૪॥—બ્રાહ્મણ—હે રાજા; આ, માણસ નામનો પૃથ્વીનો કોઇ એક પદાર્થ, કોઇ એક કારણથી, પૃથ્વી ઉપર ચાલેછે; તેના પણ પગની ઉપર ઘુંટી છે, ઘુટી ઉપર પીંડીઓ છે, પીંડીઓ ઉપર ગોંઠણ છે, ગોઠણ ઉપર સાથળ છે, સાથળ ઉપર કેડછે. કેડ ઉપર છાતી છે, છાતી ઉપર ડોક છે, ડોકના ઉપર ખભા છે; ॥૫॥ ને ખભાઓના ઉપર લાકડાની પાલખી છે; જેમાં સાૈવીર દેશનો રાજા, એ નામનું કાંઇ એક (ઢેકું) છે. જેને વિશે " હું સિંધુ દેશનો રાજા છું. " એ પ્રકારના દુષ્ટ મદથી આંધળો થયેલો તું, તેને પોતારૂપ માનીને, અભિમાન કરેછે. ॥૬॥ અને અધિક દુઃખવાળા—ગરીબડા—તથા—શોક કરવાને લાયક એવા આ લોકોને તું વેઠે પકડેછે; તેથી તું દયા વિનાનો છે, છતાં પણ લોકોનું રક્ષણ કરનારો હોવાનું, તું બોલેછે; માટે વિનય વિનાનો તું, મહાત્માઓની સભામાં શોભે, એમ નથી. ॥૭॥ આ થર અને અથર એટલે

ठ्यमनंत [illegible] वार्यमुपेक्षयाऽध्येोधितमप्रमत्तः ॥ गुरोर्हरेश्चरणोपासनास्त्रोजहिव्यलीकंस्वयमात्ममोषं॥१७॥ इ०भा०म०पं०रहूगणसंवादेए [illegible]ऽध्यायः ॥११॥ र[illegible]गण०नमोनमः[illegible]रणविग्रहायस्वरूपतुच्छीकृतविग्रहाय ॥ नमोऽवधूतद्विजबं[illegible]लिंगनिगूढनित्यानुभवायतुभ्यं ॥१॥ ज्वरामयातस्यययागदं [illegible] घदग्धस्ययथ हिमांभः॥ कुदेहमाना[illegible]विदष्टदृष्टेर्ब्र[illegible]न्वचस्तेऽमृतमौषधंमे॥२॥तस्माद्भवंतंममसंशयार्थं प्रक्ष्यामिपश्चादधुनासुबोधं ॥ अध्यात्मयेगग्रथितंतवोक्तमाख्याहिकौतू[illegible]लचेतसोमे॥३॥यदाहयोगेश्वरदृश्यमानंक्रियाफलंसद्व्यव[illegible]रमूलं॥ नह्यंजसातत्वविमर्शनायभवानमुष्मिन्भ्रमतेमनोमे ॥४॥ ब्राह्मण०अयंजनोनामचलन्पृ[illegible]:पार्थिवःपार्थिवकस्य[illegible]तोः ॥ तस्यापिचांघ्योर[illegible]जानूरू[illegible]ध्योरशिरोधरांसाः ॥५॥ अंसेऽधिदार्वीशिबिकाचयस्यांसौवीरराजेत्य[illegible]दे[illegible]॥य[illegible]जाभिमानोर[illegible]सिंधुष्विति दुर्मदांधः॥६॥ शोच्यानिमां[illegible]यानिगृण्हन्निरनु[illegible] ॥ जनस्यगा[illegible]ऽस्मिविकत्थमानोनशोभसेवृद्धसभा[illegible]धृष्टः ॥७॥ यदाक्षितावेवच[illegible]विदामनिष्ठांप्रभवंचनित्यं॥ तन्नामतोऽन्यद्व्यवहार[illegible]लंनिरुप्यतांसत्क्रिययाऽनुमेयं ॥८॥ एवंनिरुक्तंक्षितिशब्द[illegible]सन्निधानात्परमाणवो[illegible] ॥ अविद्ययामनसाकल्पिता[illegible]विशेषः॥९॥ एवंकृशंस्थूलमणुर्बृहद्यदसच्चसज्जीवमजीवमन्यत्॥ द्रव्यस्वभावाशयकालकर्मनाम्नाऽजयावेहिकृतंद्वितीयं॥१०॥ ज्ञानंविशुद्धंपरमार्थमेकमनंतरंत्वबहिर्ब्रह्मसत्यं॥ प्रत्यक्प्रशांतंभगवच्छब्द[illegible]देवंकवयोवदंति ॥११॥ रहूगणैतत्तपसानयातिनचेज्यय निर्वपणाद्गृहाद्वा ॥ नच्छंदसानैवजलाग्निसूर्यैर्विनामहत्पादरजोऽभिषेकं॥१२॥ यत्रोत्तमश्लोकगुणानुवादःप्रस्तूयतेग्राम्यकथाविघातः॥ निषेव्यमाणोऽनुदिनंमुमुक्षोर्मतिंसतींयच्छतिवासुदेवः॥१३॥ अहंपुराभरतोनामराजाविमुक्तदृष्टश्रुतसंगबंधः॥ आराधनंभगवतईहमानोमृगोऽभवं[illegible]गसंगाद्धतार्थः॥१४॥ सामांस्मृतिर्मृगदेहेऽपिवीर[illegible]ष्णार्चनप्रभवानोजहाति ॥ अथोअ[illegible]जनसंगादसंगोविशंकमानोऽविवृतश्चरामि ॥१५॥ तस्मान्नरोऽसंगसुसंगजातज्ञानासिनेहैव

પ્રાણી પદાર્થાદિક સર્વે પૃથ્વીમાંથીજ હમેશાં ઉત્પન્ન થાયછે; અને તેઓનો નાશ પણ હમેશાં પૃથ્વીમાંજ થાય છે; તેથી કરીને તેમનાં નામાદિકનું નિરૂપણ ખરી રીતે જોતાં, માત્ર વ્યવહારના કારણ માટે અનુમાન કરવા શિવાય, બીજી રીતે થઇ શકતુંજ નથી. ॥૮॥ એ રીતેજ પૃથ્વી શબ્દના કારણનું, અને પરમાણુંઓના કારણનું પણ, નિરૂપણ થવાનું છે; એટલે પરમાણુઓ પણ, પ્રત્યક્ષ નહી દેખાતાં અજ્ઞાનવડે કરીને, મનથીજ કલ્પાયલાં છે. અને તેમનો જથો એકઠો થવાથી, વિશેષ એટલે દેખવામાં આવતી આકૃતિઓ, અને પૃથ્વી પણ થયેલી છે. ॥૯॥ એ પ્રમાણેજ પાતળું અને જાડું—ઝીણું અણુંમાત્ર અને મોટું—સત્ અને અસત્—સચેતન અને અચેતન—અને બીજું પણ દ્વૈત માત્ર; દ્રવ્ય—સ્વભાવ—આશય—કાળ—અને કર્મ; એ નામોવડે બોલાતી માયાએજ કરેલું જાણો. ॥૧૦॥ અને, શુદ્ધ—પરમાર્થ—નિત્ય—સત્ય—જેની બહાર કાંઇજ નથી એવું—પ્રત્યક્ષ—શાંત—અને જ્ઞાન સ્વરૂપ એવું—પરબ્રહ્મ તો એકજ છે; જેને ભગવાન અને વાસુદેવ વિગેરે નામોવડે વિદ્વાનો બોલેછે. ॥૧૧ હે રહુગણરાજા, એ આત્મ સ્વરૂપનનું તત્વજ્ઞાન, મહાત્માઓના ચરણની રજનુ સેવન કરવા શિવાય બીજા ઉપાયો;તપ—યજ્ઞ—પરોપકાર—સંન્યાસ—અને વેદાધ્યયન આદિ કરવાથી, તેમજ, જળ—અગ્નિ—અને સૂર્ય આદિકની ઉપાસના કરવાથી પણ, થતુ નથીજ. ॥૧૨॥ કે જ્યાં, (મહાત્માઓના સમાગમમાં) વિષયાદિકની વાતોનો ઘાત કરનારી ઉત્તમ શ્લોક ભગવાનના ગુણાનુવાદની કથાઓજ, થયાં કરેછે, અને જે કથાઓ આદિનું સેવન રોજરોજ થવાવડે, મોક્ષને ઇચ્છનારા પુરૂષોની બુદ્ધિ; વાસુદેવ ભગવાનમાંજ લાગી જાયછે. ॥૧૩॥ હું પણ પૂર્વે ભરત નામનો રાજા હતો, અને આ લોક અને પરલોકના બંધનથકી મુક્ત થઇને ભગવાનનું આરાધન કરતો હતો. છતાં ત્યાં હરણનો સંગ થવાથી સઘળા પુરૂષાર્થની હાનિ થઇને હું હરણનો જન્મ પામ્યો હતો. ॥૧૪॥ અને હે વીર, હરણના દેહમાં આવ્યા છતાં પણ, ભગવાનના પૂજનના પ્રભાવથકી મારી તે સ્મૃતિનો નાશ થયો નહોતો; તેથીજ હાલમાં એટલે આ જન્મમાં પણ લોકોનો સંગ થવાની બીકથી સંગર-

હિત થઇને હું, છાનોમાનોજ ફરશું. ॥૧૫॥ માટે જે પુરૂષો, બીજા સર્વનો અસંગ, અને સત્પુરૂષોનો સંગ, કરવાવડે થયેલ જ્ઞાનરૂપી તરવારથી; પોતાના મોહને કાપી નાંખે છે, તેમને હરિભગવાનનાં સ્મરણ અને કીર્તન કરવાવડે આત્મસ્વરૂપની સ્મૃતિ પ્રાપ્ત થાય છે; અને આ અપાર સંસાર સમુદ્રનો છેડો પણ તેમને, તે થકીજ આવી જાય છે. ॥૧૬॥ ઇતિ શ્રી૦ ભા૦ પાંચમા સ્કંધનો બારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૨॥

અધ્યાય ૧૩ મો.—બ્રાહ્મણ—સત્વ—રજ—અને તમોગુણથી વિભાગ પામેલાં કર્મોને જાણનારો, અને માયાએ દુસ્તર સંસારમાં નાંખેલો, એ દેહાદિકને પોતારૂપ જાણી, તેમાં અહંતા મમતા કરનારાઓનો (જીવોનો) સંઘ, લાભ મેળવવાની ઇચ્છાથી, સંસાર નામના વગડાના માર્ગમાં, આંટા મારે છે; પણ કોઇ ઠેકાણે સુખ પામતો નથી. ॥૧॥ હે રાજા, એ ખરાબ નાયક (બુદ્ધિ) વાળા સંઘને, છ ચોરો (મન અને જ્ઞાનેંદ્રિયો) બળાત્કારથી લૂટે છે; અને તે સંઘમાંના આકુલ રેહેનારાઓની પાસે આવીને, શિયાળિયાં (સ્ત્રી પુત્રાદિક) ઘુસી જઇને; નહાર પેટાને ખેંચી જાય તેમ, તેમના ધનાદિકને લેઇ લેછે. ॥૨॥ તથા ઘણી લતા—ખડ—અને ઝાંખરાંવાળી ઘાડી જગામાં (ગૃહસ્થાશ્રમમાં); તેમને કહેર માંખો અને ડાંસથી (દુર્જનોથી), પીડા થાય છે; તથા કોઇ વખતે ગંધર્વનગરને (દેહાદિકનાં જુઠાં સુખાદિકને) તે દેખે છે; અને કોઇ કોઇ વાર મોટા તેજવાળા ઉંબાડિયાને (સોનું વિગેરે ધનને) લેવાની તે ઇચ્છા કરે છે. ॥૩॥ તેમજ ઘર અને ધનાદિકને પોતાનાં કરવાની ઇચ્છાવાળી બુદ્ધિથી, વગડામાં તે આમથી તેમ દોડે છે; ને કોઇ કોઇ જગાએ આંખોમાં ધૂળ (રજોગુણ) ભરાઇ જવાથી; વટોળીયા વા થકી (સ્ત્રીથી), ઉડેલી રજવડે (રાગાદિકવડે) દંકાઇ ગયેલી દિશાઓને (કર્મસાક્ષી દેવતાઓને) પણ તે દેખી શકતો નથી. ॥૪॥ અને ન દેખવામાં આવે એવાં, તમરાંઓના (પછવાડે વાંકુ બોલનારના) અવાજથી તેના કાનમાં પીડા થાય છે; તથા કોઇવાર તો ઘુવડના (પ્રત્યક્ષ વાંકુ બોલનારના) શબ્દો થકી, મનમાંજ તેને દુઃખ થાય છે; પછી ભૂખથી દુખી થઇને પાપી ઝાડોનો (પરોપકાર નહીં કરનારાઓનો) આશ્રય લેવાને તે જાય છે, અને કોઇ વાર તો ઝાંઝવાના પાણી ઉપર (વિષય સુખો મેળવવાને) પણ તે દોડે છે. ॥૫॥ કોઇ વાર પાણી વિનાની નદીઓમાં (પાખંડ પંથોમાં) તે જાય

विछक्णमोहः॥ हरिंतदीहाकथनस्मृतिभ्यांलब्ध[illegible]तिर्यात्यतिपारमध्वनः॥१६॥इ०भा०म०पं०ब्राह्मणरहूगणसंवादेद्वादशोऽध्यायः१२

ब्राह्मण० दुरत्ययेऽध्वन्यजयानिवेशितोरजस्तमः[illegible]त्वविभक्तकर्मदृक्॥ सए[illegible]ऽर्थोर्थपरःपरिभ्रमन्भवाटवींयातिनशर्मविंदति॥१॥ यस्यामिमेषण्नरदेवदस्यवःसार्थविलुंपंतिकु[illegible]बलात्॥ गोमायवोयत्रहरंतिसार्थिकंप्रमत्तमाविश्य[illegible]रणंवृकाः॥२॥ प्रभूतवीरुत्तृणगुल्मग[illegible]रेकठोरदंशैर्मशकैरुपद्रुतः॥क्वचित्तुगंधर्वपुरंप्रपश्यति[illegible]चित्क्वचिच्चाशुरयोल्मुकग्रहं॥३॥ निवासतोयद्रविणात्मबुद्धिस्ततस्ततोधावतिभोअट[illegible]॥ [illegible]चिच्चवात्योत्थितपांसुधूम्रादिशोनजानातिरजस्वलाक्षः॥४॥ अदृश्यझिल्लीस्वनकर्णशूलउलू[illegible]वाग्भि[illegible]थितांतरात्मा॥ अपु[illegible]ऽर्दितोमरीचितो[illegible]न्याभेधावतिकर्हिचित्॥५॥ क्वचिद्वितोयाःसरितोऽभियातिपरस्परंचालषतेनिरंधः॥ आसाद्यदावंक्वचिदग्नितप्तोनिर्विद्यतेक्वचयक्षैर्हृतासुः॥६॥ शूरैर्हृतस्वःक्वचनिर्विण्णचेताःशोचन्विमु[illegible]पयातिकश्मलं॥ क्वचिच्चगंधर्वपुरंप्रविष्टःप्रमोदतेनिर्वृतवन्मुहूर्तं॥७॥ चलन्क्वचित्कंटकशर्करांऽघ्रिर्नगारुरुक्षुर्विमनाइवास्ते॥ पदेपदेऽभ्यंतरवन्हिनाऽर्दितःकौटुंबिकःक्रुध्यतिवैजनाय॥८॥ क्वचि[illegible]ऽजगरा[illegible]नाजनानावेदि[illegible]किंचिद्विपिनेऽपविद्धः॥ दष्टःस्मशेतेक्वचदंदशूकैरंधोंऽधकूपेपतितस्तमिस्त्रे॥९॥ कर्हिस्मचित्क्षुद्ररसान्विचिन्वंस्तन्म[illegible]िकाभिर्व्यथितोविमानः॥ तत्रातिकृच्छ्रात्प्रतिलब्धमानोबलाद्विलुंपंत्यथतंततोऽन्ये॥१०॥ क्वचिच्चशीतातपवातवर्षप्रतिक्रियांकर्तुमनीशआस्ते॥क्वचिन्मिथोविपणन्य[illegible]किंचिद्विद्वेषमृच्छत्युतवित्तशाठ्यात्॥११॥क्वचित्क्वचित्क्षीणधनस्तुतस्मिन्[illegible]य्यासनस्थानवि[illegible]नः॥ याचन्[illegible]तिलब्धकामःपारक्यदृष्टिर्लभतेऽवमानं॥१२॥ अन्योन्यवित्तव्यतिषंग[illegible]वैरानुबंधोविवहन्मिथश्च॥ अध्वन्यमुष्मि[illegible]कृ[illegible]तथा[illegible]विहरन्विपन्नः॥१३॥ तांस्तान्विपन्नान्सहितत्रतत्रविहायजातंपरिगृह्यसार्थः॥आवर्तते[illegible]नःपार

છે, કોઇવાર અન્નાદિક વિનાનો તે, ઓરમીજાની (પુત્ર અને ભાઇઆદિની) પાસે અન્નાદિક માગે છે; અને કોઇવાર દાવાનળને (ઘરને) પામીને તે, તેના અગ્નિથી (શોકથી) તપી જઇને; તથા કોઇવાર યક્ષો (રાજા આદિ) થકી પ્રાણ (ધન) લેઇ લેવાનું થતાં; તે વૈરાગ્યને પામે છે. ॥૬॥ કદી કદી બીજાઓ તેના ધનને લેઇ લેવાથી તે મનમાં મુંઝાય છે, અને શોકવડે મોહ પામીને મૂર્ચ્છા પામે છે; અને કોઇ વખતે ગંધર્વપુરમાં (બાપ—દીકરા ભાઇ આદિના સમાજમાં) પેસીને થોડો વખત સુખ પામીને આનંદ માને છે, ॥૭॥ કોઇ ઠેકાણે ચાલતાં કાંટા અને કાંકરીઓ (વિઘ્નો) પગમાં નડે છે, ને તેથી પર્વત ઉપર ચઢવાનું (મોટું કામ કરવાની ઇચ્છા) નહીં પાર પડતાં, તે મનમાં કચવાઇ જાય છે; અને ક્ષણે ક્ષણે અંદરના અગ્નિથી (ભૂખ તરસાદિથી) પીડાઇને તે કુંટુંબવાળો પોતાનાંજ મનુષ્યોની ઉપર રીસ કરે છે. ॥૮॥ કોઇ વખતે અજગર સાપ (ઉંઘ) તેને ગળી જવાથી, વગડામાં ફેંકી દેવાયલાની પેઠે, તે કોઇ માણસને જાણતો નથી. અને કોઇ ઠેકાણે દંદશુક સાપો એ (દુષ્ટ મનુષ્યોએ) કરડવાથી આંધળો થઇને, એટલે વિવેક રહિત થઇને તે, મોહ રૂપ, અંધારાકુવા સરખા નરકમાં પડીને, ત્યાંજ સુઇ રહે છે. ॥૯॥ કોઇ ઠેકાણે મધ (પરસ્ત્રી) ને શોધવા જતાં, તેની માંખીઓ (તેના માલેકો) કરડવા થકી અપમાન પામીને બથા પામે છે; અને વખતે ઘણા દુઃખથી તે તેને મેળવે છે તો; તેની પાસેથી બીજાઓ બળાત્કારે ઝુંટી લે છે, અને તેમની પાસેથી વળી ત્રીજાઓ લેઇ જાય છે. ॥૧૦॥ કોઇ વખતે તાઢ—તડકો વાયુ અને વરસાદથી બચવાનો ઉપાય નહીં બની શકતાં, તે બેશીજ રહે છે; ને કોઇવાર થોડું લેવ દેવ કરતાં ધનની બાબતમાં ઠગાઇ કરવાથી, દ્વેષનું પાત્ર થાય છે. ॥૧૧॥ કોઇ કોઇ ઠેકાણે ધન ખુટી જતાં, એ વગડામાંજ તે, પથારી—આસન—સ્થાન—અને વિહાર વિનાનો થાય છે, ત્યારે પારકાની પાસે માગે છે; પણ તે નહીં મળવાથી, પારકી, વસ્તુ લેઇ લેવાની નજર કરતાં, અપમાન પામે છે. ॥૧૨॥ અન્યો અન્ય એક બીજાને ધનાદિક આપવા લેવાનો વ્યવહાર કરતાં, એક બીજા સાથે વૈર વધે છે, માંહેમાંહે વિવાહ આદિક સંબંધ કરે છે; અને એ રીતે, એ સંસાર રૂપી વગડામાં અનેક પ્રકારનાં દુઃખો વડે મેળવેલ ધનને; બીજાઓ લેઇ જવાથી, તે મરી જાય છે. ॥૧૩॥ એ વગડાના માર્ગમાં સંઘમાંના મરી મ-

વેલાઓને છોડી દેવામાં આવે છે, અને નવા જન્મેલાને સાથે લેઇ જાય છે; એમ કરતાં તે વગડાના માર્ગનો પાર પામીને, નીકળેલે ઠેકાણે (પરબ્રહ્મના સ્વરૂપમાં), હાલ સુધીમાં તો કોઇ પાછો આવી પહોંચતોજ નથી.॥૧૪॥ તે એ વૈર રહિત અને દંડનો ત્યાગ કરનારા પરમહંસ મહાત્માઓને પામવાના તે નીકળેલાં ઠેકાણા રૂપ સ્થાનકે તો શૂરવીર અને આખી પૃથ્વીને જીતનારા, તથા પૃથ્વીને પોતાની હોવાનું માનીને વેર કરનારા, જેઓ લઢીને રણભૂમિમાં સુઇ જાય છે. તેઓ પણ પામતાજ નથી. ॥૧૫॥ વળી કદીક લતાઓની શાખાઓનો (સ્ત્રીના હાથનો) આશ્રય કરવાને તે લલચાય છે; અને તેમના સંબંધીની વાતો કરનારાઓના સંગમાં રહેવાને ઇચ્છે છે. તથા કોઇ વાર હરિ ભગવાનના ચક્રરૂપ કાળથી ત્રાસ પામીને, બગલા–કાગડા અને ગીધ, એમની (પાખંડ પંથ વાળાની) દોસ્તી કરે છે. ॥૧૬॥ અને એ બગલાં વિગેરેએ ઠગી લેવાથી, હંસોના (વેદમાર્ગ વાળા બ્રાહ્મણોના)ટોળામાં તે પેસે છે. પણ તેમનું શીળ અને વ્રત, પોતાને નહીં રૂચવાથી, વાંદરાઓના (માર્ગી વિગેરે આચાર ભ્રષ્ટના) ટોળામાં જાય છે; ને તેઓની રમત ગમત તથા એક બીજાં, સ્ત્રી પુરૂષનાં મોઢાં જોવાં, વિગેરે થકી પોતાના આયુષ્યના અવધીને, પણ ભૂલી જાય છે. ॥૧૭॥ તથા સ્ત્રી અને પુત્રો ઉપર પ્રેમ રાખીને કદી કદી વૃક્ષોમાં (ઘરોમાં) રમવાની ઇચ્છા કરતાં મૈથુનના સુખથી રાંક બનીને; પોતાના બંધનને વિશે, પરવશ થઇ જાય છે, કોઇ વખતે પ્રમાદથી પર્વતની ગુફા (મહારોગ)માં પડી જાય છે, અને તે ગુફાના હાથી (મરણ) થી ભય પામીને, એક લતા (નસીબ) ને પકડીને તે ઉભો રહે છે. ॥૧૮॥ હે અરિંદમ એમ કરતાં કરતાં કદાચિત, એ સઘળી આપદાઓમાંથી કોઇક છૂટે છે તો; તે પાછો એ સંઘમાંજ જઇ ને મળે છે. એ રીતે એ સંસારના માર્ગમાં માયાએ નાંખી દીધેલ, ભમ્યા કરતો કોઇ પ્રાણી, હાલ સુધી કાંઇ પણ જાણતોજ નથી. ॥૧૯॥ માટે હે રહુગણરાજા, તું પણ એ સંઘમાંનોજ એકછું; તેથી દંડનો ત્યાગ કરીને, અને સર્વ પ્રાણી સાથે મિત્રતા રાખીને; તથા દેહ અને વિષય આદિક અસત વસ્તુમાં, આસક્તિ વિનાનો થ-

मुपैतिपोगं॥१४॥ मनस्विनोनिर्जितदिग्गजेंद्राममेतिसर्वेभुवि[illegible]:॥ मृधेशयीरन्नतुत[illegible]जंतियन्न्यस्तदंडोगतवैरोऽभियाति ॥१५॥ प्रसजति[illegible]पिलताभुजाश्रयस्तदाश्रयाव्यक्तपद[illegible]हः ॥ कचित्कदाचिद्धरिचक्रतस्त्रसन्स[illegible]ख्यंविधत्तेबककंकगृध्रैः॥१६॥ तैर्वंचितोहंसकुलं समा[illegible]तिवानरान्॥ तज्जातिरासेनसुनिर्वृतेंद्रियःपरस्परो[illegible]क्षणविस्मृतावधिः॥१७॥ द्रुमेषुरंस्य[illegible]तदारवत्सलोव्यवायदीनो।विव[illegible]:स्वबंधने॥ क्वचित्प्रमादाद्गिरि[illegible]गृ[illegible]त्वागजभीतआस्थितः॥१८॥ अतःकथंचित्सविमुक्तआपदःपुनश्वसार्थंप्रविशत्यरिंदम ॥ अध्वन्यमुष्मिन्नजयानिवेशितोभ्रमज्जनोऽद्यापिनवेदकश्चन॥१९॥ र[illegible]गणत्वमपेह्यध्वनोऽन्यस्यसंन्यस्तदंडःकृतभूतमैत्रः ॥ असज्जितात्मा[illegible]रिसेवया[illegible]तज्ज्ञानासिमादायतरातिपारं ॥२०॥ राजा० अहोनृजन्माखिलजन्मशोभनंकिंजन्मभिस्त्वपरैरप्य[illegible]ष्मिन्॥ नयद्धृषीकेशयशःकृतात्मनांमहात्मनांवःप्रचुरःसमागमः ॥२१॥ नह्यद्भुतंत्वच्चरणाब्जरेणुभिर्हतांहसोभक्तिरधोक्षजेऽमला॥ मौ[illegible]र्तिकाद्यस्यसमागमाच्चमेदुस्तर्कमुलोऽपहतोऽविवे[illegible]:॥२२॥ नमोमह[illegible]नमःशिशुभ्योनमोयुवभ्योनमआवटुभ्यः ॥ येब्राह्मणागामवधूतलिंगाश्चरंतितेभ्यः[illegible]॥२३॥श्रीशुक० इत्येवमुत्तरामातःसवैब्रह्मर्षिसुतःसिंधुपतयआत्मसतत्त्वंविगणयतःपरानुभावःपरमकारुणिकतयोपदिश्यरहूगणेनसकरुणमभिवंदितचरणआपूर्णार्णवइवनिभृतकरणोर्म्याशयोधरणिमिमंविचचार ॥२४॥ सौवीरपतिरपिसुजनसमवगतपरमात्मसतत्त्वआत्मन्यवि[illegible]ऽध्यारोपितांदे[illegible]त्ममतिं विससर्जएवंहिनृपभगवदाश्रिताश्रितानुभावः॥२५॥ राजा० योहवाइहब[illegible]विदामहाभागवतत्वयाऽभिहितःपारोक्ष्येणवचसाजीवलोकभवाध्वासह्यार्यमनीषिकयाकल्पितविषयोनांजसाऽव्युत्पन्नलोकसमाधिगमः॥ अथतदेवैतद्दुरवगमंसमवेतानुकल्पेननिर्दिश्यतामिति॥२६॥ इतिश्रीभागवतेमहापुराणेपंचमस्कंधेत्रयोदशोऽध्यायः ॥१३॥

सहो० यएषदेहात्ममानिनांसत्वादिगुणविशेषविकल्पितकुशलाकुशलसमव[illegible]राविनिर्मितविविधदे[illegible]वलिभिर्वियोगसं[illegible]गाद्यनादि संसा

ઇને, હરિભગવાનની સેવા વડે, ધારવાળી કરેલી જ્ઞાન રૂપી તરવાર પકડી; દુસ્તર એવા આ સંસાર રૂપ, વગડાના માર્ગને તરીજા. ॥૨૦॥ –રાજા–અરે સર્વે જન્મોમાં, મનુષ્ય જન્મ સર્વોત્તમ છે. બીજા અવતારોમાં હૃષીકેશ ભગવાનના યશથી ચીતને શુદ્ધ કરનારા મહાત્માઓનો ઘણો સમાગમ થતો નથી. તેથી તેવા જન્મો તો કાંઇજ નથી. ॥૨૧॥ આપના ચરણ કમળની રજ થકી પાપોનો નાશ થયેલાઓને અધોક્ષજ ભગવાનમાં નિર્મળ ભક્તિ થાય; તે કાંઇ નવાઇ નથી. કેમકે આપના માત્ર બે ઘડીના સમાગમથીજ, મારા નઠારા તર્કોથકી ઉત્પન્ન થયેલો અવિવેક નાશ પામી ગયો છે. ॥૨૨॥ હું મોટાઓને નમું છું, બાળકોને નમું છું, જુવાનોને નમું છું, અને બ્રહ્મચારી બટુકોને પણ નમું છું; જે બ્રાહ્મણો અવધૂત સરખા થઇને પૃથ્વીમાં ફરતા ફરે છે, તેમના થકી રાજાઓનું કલ્યાણ થજો. ॥૨૩॥–શ્રીશુક–હે પરીક્ષિત, એ રીતે બ્રહ્મર્ષિના દીકરા જડભરતે, ઘણી દયા કરીને, પોતાનું અપમાન કરનારા સિંધુ દેશના રાજા રહુગણને; અનુભવ સહિત આત્મ તત્વનો ઉપદેશ આપ્યો. તેથી તે રાજાએ ઘણી દીનતાથી ચરણમાં પ્રણામ કરેલા અને જેનાં મન તથા ઇંદ્રિયો સમુદ્રની પેઠે ભરપૂર થઇને શાંત થયેલ છે. એવા; તે જડભરત આ પૃથ્વી ઉપર પાછા ફરવા લાગ્યા.॥૨૪॥ અને એ સૌવીરપતિ રહુગણે પણ સુજન જડભરત પાસેથી તત્વ સહિત પરમાત્માને જાણવાથી, દેહાદિકને વિશે અવિદ્યા થકી થયેલ પોતાપણાની બુદ્ધિને છોડી દીધી. હે રાજા ભગવાનનો આશ્રય કરનારાઓનો પ્રભાવ તો એવોજ હોય છે. ॥૨૫॥–પરીક્ષિત–હે મહા ભગવતી અને ઘણું જાણનારા, આપે પરોક્ષ વચનોથી પ્રાણીઓના સંસાર રૂપ વગડાના માર્ગ વિશે કહ્યું; તે, મહાત્માઓની બુદ્ધિથી કલ્પાવેલો વિષય હોવાથી સાધારણ બુદ્ધિ વાળા લોકથી ઉતાવળે સમજી શકાય તેમ નથી. માટે સમજવાને અતિ કઠિણ એવી એ વાતને સુગમતાથી અમે જેમ સમજી શકીયે, તે રીતે આપ તેનો ખુલાસો કરો. ॥૨૬॥ ઇ૦ શ્રી૦ભા૦ પાં૦ સ્કંધ. તે. અ. સં.॥૧૩॥

અધ્યાય ૧૪ મો.–શ્રીશુક–આ દેહાદિકને પોતા રૂપ માનનારાઓનાં સત્વ આદિક ગુણોથી વહેંચાયલાં

કારાં—નરસાં—અને મિશ્ર કર્મો થકી જનતા, જુદા જુદા પ્રકારનાં શરીરોનો સંયોગ અને વિયોગ થવા રૂપ આ અનાદિ સંસારનો અનુભવ થવામાં દ્વારરૂપ છ ઇંદ્રિયોના વર્ગથી, ભગવાન વિષ્ણુના વશમાં ચાલનારી માયાએ, આ વગડા સરખા સંસારના અણુગમ માર્ગમાં નાંખી દીધેલ આ પ્રાણીઓ (જીવો) નો સમુદાય; વાણિઆઓના સંઘની પેઠે, પુરૂષાર્થ મેળવવાને માટે, પોતાના દેહથી ઉત્પન્ન કરેલાં કર્મોને ભોગવતો, મશાણ જેવા અમંગળ આ સંસાર રૂપ વગડામાં ચાલ્યો જતાં; તેના ઘણા એક ઉદ્યોગનો ઘણાં ઘણાં વિઘનો નડીને વ્યર્થ થઇ જાય છે. અને અદ્યાપિ પર્યંત આ લોકમાં સર્વના પરિતાપને શમાવનાર સર્વના ગુરૂ હરિભગવાનના ચરણારવીંદનું પદ કે જ્યાં તેમના ભક્તોજ રહે છે; તેને પાછો પામતોજ નથી. એ વગડામાં માર્ગમાં છ ઇંદ્રિયો ચોરનું કામ કરે છે. ॥૧॥ પુરૂષે ઘણાં દુઃખે કરીને મેળવેલું થોડું એક છતાં પણ પરલોકને માટે ઉપયોગી હોવાનું, અને આ લોકને માટે પણ કામે આવનારૂં, સાક્ષાત પરમ પુરૂષ ભગવાનનું પૂજન આદિ કરવા રૂપ જે ધર્મ રૂપી ધન છે; તેને, એ છ સમઓ (ચોરો) દર્શન—સ્પર્શ—શ્રવણ—સ્વાદ—અને સુંઘવું વિગેરેના સંકલ્પો કરાવીને; ઘર સંબંધી વિષયાદિકનાં સુખો ભોગવવા વડે; મન વશ નહીં રાખનારા સંઘની વાળા સંઘના લોકો ને ચોર લોકો લુંટવાની પેઠે; લુંટી લેછે. ॥૨॥ અને આ સ્થળે કર્મો વડે નહાર અને શિયાળિયાં સરખાં, સ્ત્રી અને છોકરાંઓ એ કુંટુંબવાળા કંજુસે સંઘરી રાખેલા ધનને; તેના દેખતાંજ અને તેની ઇચ્છા નહીં છતાં, નહાર અને શિયાળિયાં, ઘેટાંને ખેંચી જવાની પેઠે, જબરીથી લેઇ લે છે. ॥૩॥ વરસો વરસ ખેડાતાં છતાં પણ તેની અંદરનાં બીજ બાળી નાંખ્યા વિનાનું ખેતર વાવવા ટાણે ફરીથી, ઝાંખાં—ખડ—અને વેલા આદિથી, કાગોચર જેવું થઇ જાય છે, તેમ કામનાઓના કરંડિયા રૂપ, અને કર્મોના ક્ષેત્ર રૂપ, આ ગૃહાશ્રમને વિષે, કર્મો ઉત્પન્ન થયાજ કરે છે. ॥૪॥ જેના પ્રાણ એટલે ધન બહાર હોય છે, એવો તે ગૃહાશ્રમમાં પડેલો પુરૂષ, ડાંસ—માંખ્યો—તીડ—પંખી—ચોરો—અને ઉંદરડા વિગેરે સરખા, દુષ્ટ મનુષ્યો થકી ઉપદ્રવ પામીને કોઇ કોઇ વખતે, પો-

रानुभवस्यद्वारभूतेनषड्विंद्रियवर्गेणत[illegible]दुर्गाध्वन्यदुगमे ऽध्वन्यापतितईश्वरस्य[illegible]। विष्णोर्वशवर्तिन्यामायपाजीवलोकोऽयंयथाव
णिक्सार्थोऽर्थपरःस्वदेहनिष्पादितकर्मानुभवःश्म[illegible]शिवतमायांसंसाराट[illegible]गतोनाद्यापिविफलबहुप्रतियोगेहस्त[illegible]शमनंहिरि
गुरुचरणारविंदमधुकरानुपदवीमवरुंधे ॥ यस्यामुहवाएतेषड्विंद्रियनामानःकर्मणादस्यवएवते ॥१॥ तद्यथापुरुषस्यधनंयत्किंचित्साक्षाद्ध
र्मौपयिकंबहुकृच्छ्राधिगतंसाक्षात्परमपुरुषाराधनलक्षणोयोऽसौधर्मस्तंतुसांपरायउदाहरंति॥ तद्धर्म्यंधनंदर्शनस्पर्शनश्रवणास्वादनावघ्रा
णसंकल्प व्यवसायगृ ग्राम्योपभोगेनकुनाथ चाजितात्मनोयथासार्थस्यतथाऽजितात्मनोविलुंपंति ॥२॥ अथचयत्रकौटुंबिकादारापत्या
दयोनाम्ना [illegible]मणा[illegible]क[illegible]गालाएवआनिच्छतोऽपिकदर्यस्यकुटुंबिनउरणकवत्संर[illegible]माणंमिपतोऽपहरंति ॥३॥ यथाह्यनुवत्सरं [illegible]ष्यमाण
मप्यदग्धबीजंक्षेत्रं पुनरेवावपनकालेगुल्मतृणवीरुद्भिर्गह्वरमिवभवतिएवमेवगृहाश्रमः कर्मक्षेत्रंयस्मिन्नहिकर्माण्युत्सीदंतियदयंकामक
रंडएषआवसथः॥४॥ तत्रगतोदंशम[illegible]क[illegible]दैर्मनुजैःशलभशकुंततस्कर[illegible]षकादिभिरुपरुध्यमानोब[illegible]ःप्राणःक्वचित्परिवर्तमानोऽस्मि
न्नध्वन्याविद्याकाम[illegible]मि[illegible]नुपपन्नार्थनरलोकंगंधर्वनगरमुपपन्नमिति मिथ्यादृष्टिर[illegible] पश्यति ॥५॥ क्वचिदातपोदकनिभान्विष
यानुपधावतिपानभोजनव्यवायादिव्यसनलोलुपः ॥६॥ क्वचिच्चा[illegible]वदे[illegible]पुरीषविशेषंतद्वर्णगुणनिर्मितमतिः सुवर्णमुपादित्सत्यग्नि
कामकातरइवोल्[illegible] कपिशाचं॥७॥अथकदाचिन्निवासपानीयद्रविणाद्यनेकात्मो[illegible]जीवनाभिनिवेश[illegible] तस्यांसंसाराटव्यामितस्ततःपरिधावति
॥८॥ क्वचिच्चवात्यौपम्ययाप्रमदयारोहमारोपितस्तत्कालरजसारजनीभूतइवासा[illegible]मर्या[illegible]रजस्वलाक्षोपिदिग्देवताअतिरजस्वलमतिर्नवि
[illegible]नाति ॥९॥ क्वचित्स[illegible]दवगतविषयवैतथ्यः स्वयंपराभिध्यानेनहिभ्रंशितस्मृतिस्तयैवमरीचितोयप्राणांस्तानेवाभि[illegible]गवति ॥१०॥ क्वचि
दुलूकझिल्लीस्वनवदतिपरुषरभसाटोपंप्रत्यक्षंपरोक्षंवारिपुराजकुलनिर्भर्त्सितेनातिव्यथितकर्ण[illegible]हृदयः ॥११॥ सपदादुग्धपूर्वसुकृतस्त

તાના; અજ્ઞાન—વાસનાઓ—અને કર્મોથી રંગાયલા મનથી ભટકતો, આ મનુષ્ય લોકના સુખાદિક અર્થોને, ઉત્પન્ન થયેલાનું ગંધર્વ નગરની પેઠે મિથ્યા દૃષ્ટિથીજ જુએ છે. ॥૫॥ તથા કોઇ કોઇ વખતે ખાવું—પીવું—અને મૈથુન કરવું આદિ વ્યસનોનો લાલચું થઇને, ઝાંઝવાંનાં પાણી સરખા વિષયાદિકને મેળવવાને દોડે છે. ॥૬॥ જેમ અગ્નિની કામના વાળો આતુર પુરૂષ, ભૂતના ભડકાને લેવાને દોડે, તેમ અગ્નિ થકી ઉત્પન્ન થયેલ અને સુવર્ણના દોષોના સ્થાન રૂપ સોનાને મેળવવાને, તેના રંગ અને ગુણો થકી બુદ્ધિ લોભાઇ જઇને, તે દોડે છે. ॥૭॥ વળી કોઇવાર પોતાના જીવનનાં સાધન રૂપ ઘર—દ્રવ્ય—અને પાણી આદિ અનેક સાધનો મેળવવાને સારૂ, તે એ સંસાર રૂપ વગડામાં, અહીંથી તહીં ચારે કોર દોડે છે. ॥૮॥ કદીક વંટોળિયા સરખી સ્ત્રીને મળીને, રજોગુણ રૂપી રજ આંખમાં પડવાથી આંધળો થઇને, સારી મર્યાદાને તજી દેછે. અને અતિશય રજો ગુણ વાળી બુદ્ધિ થતાં દિશાઓના (કર્મસાક્ષી) દેવતાઓને પણ તે દેખતો નથી. ॥૯॥ કોઇ વખતે વિષયાદિકનું મિથ્યાપણું તે, સંપૂર્ણ રીતે જાણે છે, તો પણ પરના અભિમાન વડે (એટલે ઇંદ્રિયાદિકથી થતા કર્મોનો પોતે કર્તા હોવાનું માનવા વડે) પોતાની સ્મૃતિનો નાશ થઇ જઇને, તે પાછો ઝાંઝવાના પાણી સરખાં વિષયાદિકના ઉપરજ, ફરીવાર દોડે છે. ॥૧૦॥ કદીક ઘુવડ અને તમરાની પેઠે રાજકુળ અને શત્રુઓએ, પોતાની સમક્ષમાંજ અથવા પરોક્ષ બોલેલાં અતિક્રૂર અને કઠોર તથા તિરસ્કારનાં વચનોથી, કાનમાં અને મનમાં પીડા પામે છે. ॥૧૧॥ અને જ્યારે તે પોતાના પ્રથમના પુણ્યને ખાઇ રહે છે, ત્યારે જીવતાં મૂએલા સરખો તે, બીજા જીવતાંજ મૂએલાઓની પાસે (એટલે કારસ્કર અને કાકતુંડ જેવી વેલો, અને ઝેરના કુવાઓ; સરખા આ લોક અને પરલોકના હિતની ઇચ્છા વિનાના દ્રવ્યવાનોની પાસે) યાચના કરવાને જાય છે. ॥૧૨॥ કોઇ વખતે નીચ લોકોની ઠગાઇને, એક પ્રકારે દુઃખ આપનાર પાણી વિનાની નદીઓ સરખા પાખંડના પંથોમાં તે, જાય છે. ॥૧૩॥ અને જ્યારે બીજાઓને અડચણ કરતા છતાં પણ પોતાને જોઇતું અન્નાદિક મ-

પ્રશ્નના કરનારરૂપ, અજ્ઞાનરૂપે તમે નાશ કરી નાંખો. ॥૧૭॥ ઇતિશ્રી. ભા, પં. સ્કં. અ. અ. સંપૂર્ણ. ॥૧૧॥.

અધ્યાય ૧૨ મો.–રાહુગણરાજા–જગતરૂપ દ્વૈત પ્રપંચના કારણરૂપ–સ્વરૂપના અનુભવથી જગતરૂપ દ્વૈત પ્રપંચને તુચ્છ જાણનારા–અને અવધૂત સરખા બ્રાહ્મણબંધુના રૂપથી સ્વરૂપના અનુભાવને હમેશાં ગૂઢ રાખનાર, એવા આપને હું વારંવાર નમસ્કાર કરૂંછું. ॥૧॥ હે બ્રાહ્મણ, અગ્નિથી બળનારાઓને ઠંડુ પાણી, અને તાપ તથા રોગાદિકથી પીડાનારાઓને ઓસડ, હોવાની પેઠે; દેહાભિમાન રૂપ સાપે કરડવાથી દૃષ્ટિ નાશ પામેલા મને; આપનાં આ વચનો, ઓસડ અને અમૃત સમાન છે. ॥૨॥ તેથી મારા સંશયના ખુલાસાને માટે તો હું પાછળથી આપને પૂછીશ. પણ હાલમાં આપે કહેલી અધ્યાત્મ યોગથી ગુંથાયલી આ વાતને, હું જેમ સુગમ રીતે સમજું; તેમ આપ કહો. મારા મતમાં તો એ આશ્ચર્ય જેવું છે. ॥૩॥ હે યોગેશ્વર, આપે કહ્યું કે, ક્રિયાઓ એટલે ભાર ઉપાડવો અને ચાલવું આદિ, તથા થાક લાગવો આદિ,નાં ફળો તો, ફક્ત વ્યવહાર ઉપયોગી-મિથ્યા–અને દેખાવા માત્ર છે:–તથા તત્વજ્ઞાન થયા પછી તુર્તજ, એ સર્વ ન હોવાનુંજ સમાનજ છે. એ વાતમાં મારૂં મન ભમેછે. ॥૪॥–બ્રાહ્મણ–હે રાજા; આ, માણસ નામનો પૃથ્વીનો કોઇ એક પદાર્થ, કોઇ એક કારણથી, પૃથ્વી ઉપર ચાલેછે; તેના પણ પગની ઉપર ઘુંટી છે, ઘુંટી ઉપર પીંડીઓ છે, પીંડીઓ ઉપર ગોઠણ છે, ગોઠણ ઉપર સાથળ છે, સાથળ ઉપર કેડછે. કેડ ઉપર છાતી છે, છાતી ઉપર ડોક છે, ડોકના ઉપર ખભા છે; ॥૫॥ ને ખભાઓના ઉપર લાકડાની પાલખી છે; જેમાં સૌવીર દેશનો રાજા, એ નામનું કાંઇ એક ([illegible]) છે. જેને વિશે " હું સિંધુ દેશનો રાજા છું." એ પ્રકારના દુષ્ટ મદથી આંધળો થયેલો તું, તેને પોતારૂપ માનીને, અભિમાન કરેછે. ॥૬॥ અને અધિક દુઃખવાળા–ગરીબડા–તથા–શોક કરવાને લાયક એવા આ લોકોને તું વેઠે પકડેછે; તેથી તું દયા વિનાનો છે, છતાં પણ લોકોનું રક્ષણ કરનારો હોવાનું, તું બોલેછે; માટે વિનય વિનાનો તું, મહાત્માઓની સભામાં શોભે, એમ નથી. ॥૭॥ આ ચર અને અચર એટલે

ष्पमनंतं न अवीर्यमुपेक्षयाऽध्येधितमप्रमत्तः ॥ गुरोर्हरेश्चरणोपासनास्त्रोजहिव्यलीकंस्वयमात्ममोषं॥१७॥ इ० भा० म० पं० रहूगणसंवादेए
कादशोऽध्यायः ॥११॥ रहूगण० नमोनमः कारणविग्रहाय स्वरूपतुच्छीकृतविग्रहाय ॥ नमोऽवधूतद्विजबंधुलिंगनिगूढनित्यानुभवाय तुभ्यं
॥१॥ ज्वरामयार्तस्ययथागदं सन्निदाघदग्धस्ययथाहिमांभः॥ कुदेहमानाहिविदष्टदृष्टेर्ब्रह्मन्वचस्तेऽमृतमौषधंमे॥२॥ तस्माद्भवंतंममसंशयार्थं
प्रक्ष्यामिपश्चादधुनासुबोधं ॥ अध्यात्मयोगग्रथितंतवोक्तमाख्याहिकौतूहलचेतसोमे॥३॥ यदाहयोगेश्वरदृश्यमानंक्रियाफलंसद्व्यवहारमूलं॥
नह्यंजसातत्वविमर्शनायभवानमुष्मिन्भ्रमतेमनोमे ॥४॥ ब्राह्मण० अयंजनानाम चलन्पृथिव्यांयःपार्थिवःपार्थिवकस्यहेतोः ॥ तस्यापिचांघ्र्यो
रधिगुल्फजंघाजानूरुमध्योरशिरोधरांसाः ॥५॥ अंसेऽधिदार्वीशिबिकाचयस्यांसौवीरराजेत्यपदेशआस्ते॥ यस्मिन्भवान्रूढनिजाभिमा
नोराजाऽस्मिसिंधुष्वितिदुर्मदांधः॥६॥ शोच्यानिमांस्त्वमधिकष्टदीनान्विष्ट्यानिगृण्हन्निरनुग्रहोऽसि॥ जनस्यगोप्ताऽस्मिविकत्थमानोनशो
भसेवृद्धसभासुधृष्टः ॥७॥ यदाक्षितावेवचराचरस्यविदामनिष्ठांप्रभवंचनित्यं॥ तन्नामतोऽन्यद्व्यवहारमूलंनिरूप्यतांसत्क्रिययाऽनुमेयं ॥८॥
एवंनिरुक्तंक्षितिशब्दवृत्तमसन्निधानात्परमाणवोये॥ अविद्ययामनसाकल्पितास्तेयेषांसमूहेनकृतोविशेषः॥९॥ एवंकृशंस्थूलमणुर्बृहद्यदसच्च
सज्जीवमजीवमन्यत् ॥ द्रव्यस्वभावाशयकालकर्मनाम्नाऽजयावेहिकृतंद्वितीयं॥१०॥ ज्ञानंविशुद्धंपरमार्थमेकमनंतरंत्वबहिर्ब्रह्मसत्यं॥ प्र
त्यक्प्रशांतंभगवच्छब्दसंज्ञंयद्वासुदेवंकवयोवदंति ॥११॥ रहूगणैतत्तपसानयातिनचेज्ययानिर्वपणाद्गृहाद्वा ॥ नच्छंदसानैवजलाग्निसूर्यैर्वि
नामहत्पादरजोऽभिषेकं॥१२॥ यत्रोत्तमश्लोकगुणानुवादःप्रस्तूयतेग्राम्यकथाविघातः॥ निषेव्यमाणोऽनुदिनंमुमुक्षोर्मतिंसतींयच्छतिवासुदे
वे॥१३॥ अहंपुराभरतोनामराजाविमुक्तदृष्टश्रुतसंगबंधः॥ आराधनंभगवतईहमानोमृगोऽभवंमृगसंगाद्धतार्थः॥१४॥ सामांस्मृतिर्मृगदेहेऽ
पिवीरकृष्णार्चनप्रभवानोजहाति ॥ अथोअहंजनसंगादसंगोविशंकमानोऽविवृतश्चरामि ॥१५॥ तस्मान्नरोऽसंगसुसंगजातज्ञानासिनेहैव

પ્રાણી પદાર્થાદિક સર્વ પૃથ્વીમાંથીજ હમેશાં ઉત્પન્ન થાયછે: અને તેઓનો નાશ પણ હમેશાં પૃથ્વીમાંજ થાય છે; તેથી કરીને તેમનાં નામાદિકનું નિરૂપણ ખરી રીતે જોતાં, માત્ર વ્યવહારના કારણ માટે અનુમાન કરવા સિવાય, બીજી રીતે થઇ શકતુંજ નથી. ॥૮॥ એ રીતેજ પૃથ્વી શબ્દના કારણનું, અને પરમાણુંઓના કારણનું પણ, નિરૂપણ થવાનું છે; એટલે પરમાણુઓ પણ, પ્રત્યક્ષ નહીં દેખાતાં અજ્ઞાનવડે કરીને, મનથીજ કલ્પાયલાં છે. અને તેમનો જથ્થો એકઠો થવાથી, વિશેષ એટલે દેખવામાં આવતી આકૃતિઓ, અને પૃથ્વી પણ થયેલી છે. ॥૯॥ એ પ્રમાણેજ પાતળું અને જાડું–જીણું અણુંમાત્ર અને મોટું–સત્ અને અસત્–સચેતન અને અચેતન–અને બીજું પણ દ્વૈત માત્ર; દ્રવ્ય–સ્વભાવ–આશય–કાળ–અને કર્મ; એ નામોવડે બોલાતી માયાએજ કરેલું જાણો. ॥૧૦॥ અને, શુદ્ધ–પરમાર્થ–નિત્ય–સત્ય–જેની બહાર કાંઇજ નથી એવું–પ્રત્યક્ષ–શાંત–અને જ્ઞાન સ્વરૂપ એવું–પરબ્રહ્મ તો એકજ છે; જેને ભગવાન અને વાસુદેવ વિગેરે નામોવડે વિદ્વાનો બોલેછે. ॥૧૧॥ હે રહુગણરાજા, એ આત્મ સ્વરૂપનું તત્વજ્ઞાન, મહાત્માઓના ચરણની રજનું સેવન કર્યા સિવાય બીજા ઉપાયો;તપ–યજ્ઞ–પરોપકાર–સંન્યાસ–અને વેદાધ્યયન આદિ કરવાથી, તેમજ, જળ–અગ્નિ–અને સૂર્ય આદિકની ઉપાસના કરવાથી પણ, થતું નથીજ. ॥૧૨॥ કે જ્યાં, (મહાત્માઓના સમાગમમાં) વિષયાદિકની વાતોનો ઘાત કરનારી ઉત્તમ શ્લોક ભગવાનના ગુણાનુવાદની કથાઓજ, થયાં કરેછે, અને જે કથાઓ આદિનું સેવન રોજરોજ થવાવડે, મોક્ષને ઇચ્છનાર પુરૂષોની બુદ્ધિ; વાસુદેવ ભગવાનમાંજ લાગી જાયછે. ॥૧૩॥ હું પણ પૂર્વે ભરત નામનો રાજા હતો, અને આ લોક અને પરલોકના બંધનથકી મુક્ત થઇને ભગવાનનું આરાધન કરતો હતો. છતાં ત્યાં હરણનો સંગ થવાથી સઘળા પુરૂષાર્થની હાનિ થઇને હું હરણનો જન્મ પામ્યો હતો. ॥૧૪॥ અને હે વીર, હરણના દેહમાં આવ્યા છતાં પણ, ભગવાનના પૂજનના પ્રભાવથકી મારી તે સ્મૃતિનો નાશ થયો નહોતો; તેથીજ હાલમાં એટલે આ જન્મમાં પણ લોકોનો સંગ થવાની બીકથી સંગર-

હિત થઈને હું, છાનોમાનોજ ફરછું. ॥૧૫॥ માટે જે પુરુષો, બીજા સર્વનો અસંગ, અને સત્પુરૂષોનો સંગ, કરવાવડે થયેલ જ્ઞાનરૂપી તરવારથી; પોતાના મોહને કાપી નાંખે છે, તેમને હરિલીલાકથાનાં સ્મરણ અને કીર્તન કરવાવડે આત્મસ્વરૂપની સ્મૃતિ પ્રાપ્ત થાય છે; અને આ અપાર સંસાર સમુદ્રનો છેડો પણ તેમને, તે વખતેજ આવી જાય છે. ॥૧૬॥ ઇતિ શ્રી ભા૦ પાંચમા સ્કંધનો બારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૨॥

અધ્યાય ૧૩ મો.—બ્રાહ્મણ—સત્વ-રજ-અને તમોગુણથી વિભાગ પામેલાં કર્મોને જાણનારો, અને માયાએ દુસ્તર સંસારમાં નાંખેલો, જો દેહાદિકને પોતારૂપ જાણી, તેમાં અહંતા મમતા કરનારાઓનો (જીવોનો) સંઘ, લાભ મેળવવાની ઇચ્છાથી, સંસાર નામના વગડાના માર્ગમાં, આંટા મારે છે; પણ કોઇ ઠેકાણે સુખ પામતો નથી. ॥૧॥ હે રાજા, એ ખરાબ નાયક (બુદ્ધિ) વાળા સંઘને, છ ચોરો (મન અને જ્ઞાનેંદ્રિયો) બળાત્કારથી લુટે છે; અને તે સંઘમાંના સાવધ રહેનારાઓની પાસે આવીને, શિયાળિયાં (સ્ત્રી પુત્રાદિક) ઘુસી જઇને; નહાર ઘેટાંને જેમ લઇ જાય તેમ, તેમના ધનાદિકને લેઇ લેછે. ॥૨॥ તથા ઘણી લતા-ખડ-અને ઝાં-ખરાંવાળી ઝાડી જગામાં (ગૃહસ્થાશ્રમમાં); તેમને કઠોર માંખો અને ડાંસથી (દુર્જનોથી), પીડા થાય છે; તથા કોઇ વખતે ગંધર્વનગરને (દેહાદિકનાં જુઠાં સુખાદિકને) તે દેખે છે; અને કોઇ કોઇ વાર મોટા વેગવાળા ઉગાડિયાને (સોનું વિગેરે ધનને) લેવાની તે ઇચ્છા કરે છે. ॥૩॥ તેમજ ઘર અને ધનાદિકને પોતાનાં કરવાની ઇચ્છાવાળી બુદ્ધિથી, વગડામાં તે આમથી તેમ દોડે છે; તે કોઇ કોઇ જગાએ આંખોમાં ધુળ (રજોગુણ) ભરાઇ જવાથી; વટોળીયા વા થકી (સ્ત્રીથી), ડોળી રજવડે (રાગાદિકવડે) ઢંકાઇ ગયેલી દિશાઓને (કર્મસાક્ષી દેવતાઓને) પણ તે દેખી શકતો નથી. ॥૪॥ અને ન દેખવામાં આવે એવાં, તમરાંઓના (પાછળ વાંકું બોલનારના) અવાજથી તેના કાનમાં પીડા થાય છે; તથા કોઇવાર તો ઘુડના (પ્રત્યક્ષ વાંકું બોલનારના) શબ્દો થકી, મનમાંજ તેને દુઃખ થાય છે; પછી ભુખથી દુખી થઇને પાપી ઝાડોનો (પરોપકાર નહીં કરનારાઓનો) આશ્રય લેવાને તે જાય છે, અને કોઇ વાર તો ઝાંઝવાના પાણી ઉપર (વિષય સુખો મેળવવાને) પણ તે દોડે છે. ॥૫॥ કોઇ વાર પાણી વિનાની નદીઓમાં (પાખંડ ધર્મોમાં) તે જાય

विद्वत्कणमोहः॥ हरितदीहाकथनस्मृतिभ्यांलब्धस्मृतिर्यात्यतिपारमध्वनः॥१६॥इ०भा०म०पं०ब्राह्मणरहूगणसंवादेद्वादशोऽध्यायः१२
ब्राह्मण० दुरत्ययेऽध्वन्यजयानिवेशितोरजस्तमःसत्वविभक्तकर्मदृक्॥ सएषसार्थोऽर्थपरःपरिभ्रमन्भवाटवींयातिनशर्मविंदति॥१॥ यस्या
मिमेषण्नरदेवदस्यवःसार्थविलुंपंतिकुनायकंबलात्॥ गोमायवोयत्रहरंतिसार्थिकंप्रमत्तमाविश्ययथोरणंवृकाः॥२॥ प्रभूतवीरुत्तृणगुल्म
गह्वरेकठोरदंशैर्मशकैरुपद्रुतः॥क्वचित्तुगंधर्वपुरंप्रपश्यतिक्वचित्क्वचिच्चाशुरयोल्मुकग्रहं॥३॥ निवासतोयद्रविणात्मबुद्धिस्ततस्ततोधावति
भोअटव्यां॥ क्वचिच्चवात्योत्थितपांसुधूम्रादिशोनजानातिरजस्वलाक्षः॥४॥ अदृश्यझिल्लीस्वनकर्णशूलउलू वाग्भिर्व्यथितांतरात्मा॥ अपु
ण्यवृक्षान्श्रयतेक्षुधार्दितोमरीचितोयान्यभिधावतिक्वचित्॥५॥ क्वचिद्वितोयाःसरितोऽभियातिपरस्परंचालषतेनिरंधः॥ आसाद्यदावंक्व
चिदग्नितप्तोनिर्विद्यतेक्वचयक्षैर्हृतासुः॥६॥ शूरैर्हृतस्वःक्वचनिर्विण्णचेताःशोचन्विमुह्यन्नुपयातिकश्मलं॥ क्वचिच्चगंधर्वपुरंप्रविष्टःप्रमोदतेनि
र्वृतवन्मुहूर्तं॥७॥ चलन्क्वचित्कंटकशर्कराङ्घ्रिर्नगारुरुक्षुर्विमनाइवास्ते॥ पदेपदेऽभ्यंतरवन्हिनार्दितःकौटुंबिकःक्रुध्यतिवैजनाय॥८॥ क्व
चिन्निगीर्णोऽजगराहिनाजनोनावैतिकिंचिद्विपिनेऽपविद्धः॥ दष्टःस्मशेतेक्वचदंदशूकैरंधोंऽधकूपेपतितस्तमिस्रे॥९॥ कर्हिस्मचित्क्षुद्ररसान्वि
चिन्वंस्तन्मक्षिकाभिर्व्यथितोविमानः॥ तत्रातिकृच्छ्रात्प्रतिलब्धमानोबलाद्विलुंपंत्यथतंततोऽन्ये॥१०॥ क्वचिच्चशीतातपवातवर्षप्रतिक्रियांक
र्तुमनीशआस्ते॥क्वचिन्मिथोविपणन्यच्चकिंचिद्विद्वेषमृच्छत्युतवित्तशाठ्यात्॥११॥क्वचित्क्वचित्क्षीणधनस्तुतस्मिन्शय्यासनस्थानविहारही
नः॥ याचन्परादप्रतिलब्धकामःपारक्यदृष्टिर्लभतेऽवमानं॥१२॥ अन्योन्यवित्तव्यतिषंगवृद्धवैरा बंधोविवहन्मिथश्च॥ अध्वन्यमुष्मिन्नुरु
कृच्छ्रवित्तबाधोपसर्गैर्विहरन्विपन्नः॥१३॥ तांस्तान्विपन्नान्सहितत्रतत्रविहायजातंपरिगृह्यसार्थः॥आवर्ततेऽद्यापिनकश्चिदत्रवीराध्वनःपार

છે; કોઇવાર અન્નાદિક વિનાનો તે, એકબીજાની (પુત્ર અને ભાઇઆદિની) પાસે અન્નાદિક માગે છે; અને કોઇવાર દાવાનળને (ઘરને) પામીને તે, તેના અગ્નિથી (શોકથી) તપી જઇને; તથા કોઇવાર યક્ષો (રાજા આદિ) થકી પ્રાણ (ધન) લેઇ લેવાનું થતાં; તે વૈરાગ્યને પામે છે. ॥૬॥ કદી કદી બીજાઓ તેના ધનને લેઇ લેવાથી તે મનમાં મુંઝાય છે, અને શોકવડે મોહ પામીને મૂર્છા પામે છે; અને કોઇ વખતે ગંધર્વપુરમાં (બાપ-દીકરા ભાઇ આદિના સમાજમાં) પેસીને થોડો વખત સુખ પામીને આનંદ માને છે, ॥૭॥ કોઇ ઠેકાણે ચાલતાં કાંટા અને કાંકરીઓ (વિઘ્નો) પગમાં નડે છે, ને તેથી પર્વત ઉપર ચડવાનું (મોટું કામ કરવાની ઇચ્છા) નહીં પાર પડતાં, તે મનમાં કચવાઇ જાય છે; અને ક્ષણે ક્ષણે અંદરના અગ્નિથી (ભુખ તરસાદિથી) પીડાઇને તે કુટુંબવાળો પોતાનાંજ મનુષ્યોની ઉપર રીસ કરે છે. ॥૮॥ કોઇ વખતે અજગર સાપ (ઊંઘ) તેને ગળી જવાથી, વગડામાં ફેંકી દેવામાનાની પેઠે, તે કોઇ માણસને જાણતો નથી. અને કોઇ ઠેકાણે દંદશુક સાપો એ (દુષ્ટ મનુષ્યોએ) કરડવાથી આંધળો થઇને, એટલે વિવેક રહિત થઇને તે, મોહ રૂપ, અંધારાકુવા સરખા નરકમાં પડીને, ત્યાંજ સુઇ રહે છે. ॥૯॥ કોઇ ઠેકાણે મધ (પરસ્ત્રી) ને શોધવા જતાં, તેની માંખીઓ (તેના માલેકો) કરડવા થકી અપમાન પામીને વ્યથા પામે છે; અને વખતે ઘણા દુઃખથી તે તેને મેળવે છે તો; તેની પાસેથી બીજાઓ બળાત્કારે ઝુંટી લે છે, અને તેની પાસેથી વળી ત્રીજાઓ લેઇ જાય છે. ॥૧૦॥ કોઇ વખતે ટાઢ-તડકો વાયુ અને વરસાદથી બચવાનો ઉપાય નહીં બની શકતાં, તે બેસીજ રહે છે; તે કોઇવાર થોડું લેવ દેવ કરતાં ધનની બાબતમાં ઠગાઇ કરવાથી, દ્વેષનું પાત્ર થાય છે. ॥૧૧॥ કોઇ કોઇ ઠેકાણે ધન ખુટી જતાં, એ વગડામાંજ તે, પથારી-આસન-સ્થાન-અને વિહાર વિનાનો થાય છે, ત્યારે પારકાની પાસે માગે છે; પણ તે નહીં મળવાથી, પારકી, વસ્તુ લેઇ લેવાની નજર કરતાં, અપમાન પામે છે. ॥૧૨॥ અન્યો અન્ય એક બીજાને ધનાદિક આપવા લેવાનો વ્યવહાર કરતાં, એક બીજા સાથે વૈર વધે છે, માંહો માંહે વિવાહ આદિક સંબંધ કરે છે; અને એ રીતે, એ સંસાર રૂપી વગડામાં અનેક પ્રકારનાં દુઃખો વડે મેળવેલ ધનને; બીજાઓ લેઇ જવાથી, તે મરી જાય છે. ॥૧૩॥ એ વગડાના માર્ગમાં સંઘમાંના મરી ગ-

વેલાઓને છોડી દેવામાં આવે છે, અને નવા જન્મેલાને સાથે લેઇ જાય છે; એમ કરતાં તે વગડાના માર્ગનો પાર પામીને, નીકળેલે ઠેકાણે (પરબ્રહ્મના સ્વરૂપમાં), હાલ સુધીમાં તો કોઇ પાછો આવી પહોંચતોજ નથી.॥૧૪॥ ને એ વૈર રહિત અને દંડનો ત્યાગ કરનારા પરમહંસ મહાત્માઓને પામવાના તે નીકળેલાં ઠેકાણા રૂપ સ્થાનને તો શૂરવીર અને આખી પૃથ્વીને જીતનારા, તથા પૃથ્વીને પોતાની હોવાનું માનીને વૈર કરનારા, તેઓ લઢીને રણભૂમિમાં સુઇ જાય છે. તેઓ પણ પામતાજ નથી. ॥૧૫॥ વળી કદીક લતાઓની શાખાઓનો (સ્ત્રીના હાથનો) આશ્રય કરવાને તે લલચાય છે; અને તેમના સંબંધીની વાતો કરનારાઓના સંગમાં રહેવાને ઇચ્છે છે. તથા કોઇ વાર હરિ ભગવાનના ચક્રરૂપ કાળથી ત્રાસ પામીને, બગલા–કાગડા અને ગીધ, એમની (પાખંડ પંથ વાળાની) દોસ્તી કરે છે. ॥૧૬॥ અને એ બગલાં વિગેરેએ ઠગી લેવાથી, હંસોના (તેજમાર્ગ વાળા બ્રાહ્મણોના)ટોળામાં તે પેસે છે. પણ તેમનું શીળ અને વ્રત, પોતાને નહીં રૂચવાથી, વાંદરાઓના (મારગી વિગેરે આચાર ભ્રષ્ટના) ટોળામાં જાય છે; ને તેઓની રમત ગમત તથા એક બીજાં, સ્ત્રી પુરૂષનાં મોઢાં જોવાં, વિગેરે થકી પોતાના આયુષ્યના અવધીને, પણ ભુલી જાય છે. ॥૧૭॥ તથા સ્ત્રી અને પુત્રો ઉપર પ્રેમ રાખીને કદી કદી વૃક્ષોમાં (ઘરોમાં) રમવાની ઇચ્છા કરતાં મૈથુનના સુખથી રાંક બનીને; પોતાના બંધનને વિશે, પરવશ થઇ જાય છે, કોઇ વખતે પ્રમાદથી પર્વતની ગુફા (મહારોગ)માં પડી જાય છે, અને તે ગુફાના હાથી (મરણ) થી ભય પામીને, એક લતા (નસીબ) ને પકડીને તે ઉભો રહે છે. ॥૧૮॥ હે અરિંદમ એમ કરતાં કરતાં કદાચિત, એ સઘળી આપદાઓમાંથી કોઇક છૂટે છે તો; તે પાછો એ સંઘમાંજ જઇ ને મળે છે. એ રીતે એ સંસારના માર્ગમાં માયાએ નાંખી દીધેલ, ભમ્યા કરતો કોઇ પ્રાણી, હાલ સુધી કાંઇ પણ જાણતોજ નથી. ॥૧૯॥ માટે હે રહુગણરાજા, તું પણ એ સંઘમાંનોજ એકછું; તેથી દંડનો ત્યાગ કરીને, અને સર્વ પ્રાણી સાથે મિત્રતા રાખીને; તથા દેહ અને વિષય આદિક અસત વસ્તુમાં, આસક્તિ વિનાનો થ-

मुपैतियोगं॥१४॥ मनस्विनोनिर्जितदिग्गजेंद्रामेमेतिसर्वेभुविबद्धवैराः॥ मृधेशयीरन्नतुतद्व्रजंतियन्न्यस्तदंडोगतवैरोऽभियाति ॥१५॥ प्रसज्जति क्वापि लताभुजाश्रयस्तदाश्रयाव्यक्तपदद्विजस्पृहः ॥ क्वचित्कदाचिद्धरिचक्रतस्त्रसन्सख्यंविधत्तेबककंकगृध्रैः॥१६॥ तैर्वंचितोहंसकुलंसमाविशन्नरोचयन्शीलमुपैतिवानरान्॥ तज्जातिरासेनसुनिर्वृतेंद्रियःपरस्परोद्वीक्षणविस्मृतावधिः॥१७॥ द्रुमेषुरंस्यन्सुतदारवत्सलोव्यवायदीनोविवशःस्वबंधने॥ क्वचित्प्रमादाद्गिरिकंदरेपतन्वल्लींगृहीत्वागजभीतआस्थितः॥१८॥ अतःकथंचित्सविमुक्तआपदःपुनश्चसार्थंप्रविशत्यरिंदम ॥ अध्वन्यमुष्मिन्नजयानिवेशितोभ्रमञ्जनोऽद्यापिनवेदकश्चन॥१९॥ रहूगणत्वमपिह्यध्वनोऽस्यसंन्यस्तदंडःकृतभूतमैत्रः॥ असज्जितात्माहरिसेवयाशितंज्ञानासिमादायतरातिपारं ॥२०॥ राजा०अहोनृजन्माखिलजन्मशोभनंकिंजन्मभिस्त्वपरैरप्यमुष्मिन्॥ नयद्धृषीकेशयशःकृतात्मनांमहात्मनावःप्रचुरःसमागमः ॥२१॥ नह्यद्भुतंत्वच्चरणाब्जरेणुभिर्हतांहसोभक्तिरधोक्षजेऽमला॥ मौहूर्तिकाद्यस्यसमागमाच्चमेदुस्तर्कमूलोऽपहतोऽविवेकः॥२२॥ नमोमहद्भ्योस्तुनमःशिशुभ्योनमोयुवभ्योनमआवटुभ्यः ॥ येब्राह्मणागामवधूतलिंगाश्चरंतितेभ्यःशिवमस्तुराज्ञां॥२३॥श्रीशुक०इत्येवमुत्तरामातःसवैब्रह्मर्षिसुतःसिंधुपतयआत्मसतत्त्वंविगणयतःपरानुभावःपरमकारुणिकतयोपदिश्यरहूगणेनसकरुणमभिवंदितचरणआपूर्णार्णवइवनिभृतकरणोर्म्याशयोधरणिमिमांविचचार ॥२४॥ सौवीरपतिरपिसुजनसमवगतपरमार्थसतत्त्वआत्मन्यविद्याऽध्यारोपितांदेहात्ममतिं विससर्जएवंहिनृपभगवदाश्रिताश्रितानुभावः॥२५॥ राजा०योहवाइहबहुविदामहाभागवततत्वयाऽभिहितःपारोक्ष्येणवचसाजीवलोकभवाध्वासह्यार्यमनीषिकयाकल्पितविषयोनांजसाऽव्युत्पन्नलोकसमाधिगमः॥ अथतदेवैतद्दुरवगमंसमवेतानुकल्पेननिर्दिश्यतामिति॥२६॥ इतिश्रीभागवतेमहापुराणेपंचमस्कंधेत्रयोदशोऽध्यायः ॥१३॥

सहो० यएषदेहात्ममानिनांसत्वादिगुणविशेषविकल्पितकुशलाकुशलसमवहारविनिर्मितविविधदेहावलिभिर्वियोगसंयोगाद्यनादिसंसा

ઇને, હરિભગવાનની સેવા વડે, ધારવાળી કરેલી જ્ઞાન રૂપી તરવાર પકડી; દુસ્તર એવા આ સંસાર રૂપ, વગડાના માર્ગને તરીજા. ॥૨૦॥ –રાજા–અરે સર્વે જન્મોમાં, મનુષ્ય જન્મ સર્વોત્તમ છે. બીજા અવતારોમાં હૃષીકેશ ભગવાનના યશથી ચીતને શુદ્ધ કરનારા મહાત્માઓનો ઘણો સમાગમ થતો નથી. તેથી તેવા જન્મો તો કાંઇજ નથી. ॥૨૧॥ આપના ચરણ કમળની રજથકી પાપોનો નાશ થયેલાઓને અધોક્ષજ ભગવાનમાં નિર્મળ ભક્તિ થાય; તે કોઇ નવાઇ નથી. કેમકે આપના માત્ર બે ઘડીના સમાગમથીજ, મારા નઠારા તર્કોથકી ઉત્પન્ન થએલો અવિવેક નાશ પામી ગયો છે. ॥૨૨॥ હું મોટાઓને નમુંછું, બાળકોને નમુંછું, જુવાનોને નમુંછું, અને બ્રહ્મચારી બટુકોને પણ નમુંછું; જે બ્રાહ્મણો અવધૂત સરખા થઇને પૃથ્વીમાં ફરતા ફરે છે, તેમના થકી રાજાઓનું કલ્યાણ થજો. ॥૨૩॥–શ્રીશુક–હે પરીક્ષિત, એ રીતે બ્રહ્મર્ષિના દીકરા જડભરતે, ઘણી દયા કરીને, પોતાનું અપમાન કરનાર સિંધુ દેશના રાજા રહુગણને; અનુભવ સહિત આત્મ તત્વનો ઉપદેશ આપ્યો. તેથી તે રાજાએ ઘણી દીનતાથી ચરણમાં પ્રણામ કરેલા અને જેનાં મન તથા ઇંદ્રિયો સમુદ્રની પેઠે ભરપૂર થઇને શાંત થયેલ છે. એવા; તે જડભરત આ પૃથ્વી ઉપર પાછા ફરવા લાગ્યા.॥૨૪॥ અને એ સૌવીરપતિ રહુગણે પણ સુજન જડભરત પાસેથી તત્વ સહિત પરમાત્માને જાણવાથી, દેહાદિકને વિશે અવિદ્યા થકી થયેલ પોતાપણાની બુદ્ધિને છોડી દીધી. હે રાજા ભગવાનનો આશ્રય કરનારાઓનો પ્રભાવ તો એવોજ હોય છે. ॥૨૫॥–પરીક્ષિત–હે મહા ભગવતી અને ઘણું જાણનારા, આપે પરોક્ષ વચનોથી પ્રાણીઓના સંસાર રૂપ વગડાના માર્ગ વિશે કહ્યું; તે, મહાત્માઓની બુદ્ધિથી કલ્પાવેલો વિષય હોવાથી સાધારણ બુદ્ધિ વાળા લોકથી ઉતાવળે સમજી શકાય તેમ નથી. માટે સમજવાને અતિ કઠિણ એવી એ વાતને સુગમતાથી અમે જેમ સમજી શકીયે, તે રીતે આપ તેનો ખુલાસો કરો. ॥૨૬॥ ઇ૦ શ્રી૦ભા૦ પાં૦ સ્કંધ. તે. અ. સં.॥૧૩॥

અધ્યાય ૧૪ મો.–શ્રીશુક–આ દેહાદિકને પોતા રૂપ માનનારાઓનાં સત્ત્વ આદિક ગુણોથી વેંચાયલાં

સાર્થ–વણઝાર–અને મિશ્ર કર્મો થકી જનતા, જુદા જુદા પ્રકારનાં શરીરોનો સંયોગ અને વિયોગ થવા રૂપ આ અનાદિ સંસારનો અનુભવ થવામાં કારણરૂપ છ ઈંદ્રિયોના વર્ગેથી, ભગવાન વિષ્ણુના વશમાં ચાલનારી માયાએ, આ વગડા સરખા સંસારના અસુગમ માર્ગમાં નાંખી દીધેલ આ પ્રાણીઓ (જીવો) નો સમુદાય; વણિકજનોના સંઘની પેઠે, પુરુષાર્થ મેળવવાને માટે, પોતાના દેહથી ઉત્પન્ન કરેલાં કર્મોને ભોગવતો, મશાણ જેવા અમંગળ આ સંસાર રૂપ વગડામાં આવ્યો છતાં; તેના ઘણા એક ઉદ્યોગનો ઘણાં ઘણાં વિઘ્નો નડીને વ્યર્થ થઇ જાય છે. અને અદ્યાપિ પર્યંત આ લોકમાં સર્વના પરિતાપને શમાવનાર સર્વના ગુરુ હરિભગવાનના ચરણારવિંદનું પદ કે જ્યાં તેમના ભક્તોજ રહે છે; તેને પાછો પામતોજ નથી. એ વગડામાં માર્ગમાં છ ઇંદ્રિયો ચોરનું કામ કરે છે. ॥૧॥ પુરુષે ઘણાં દુઃખે કરીને મેળવેલું થોડું એક છતાં પણ પરલોકને માટે ઉપયોગી કહેવાતું, અને આ લોકને માટે પણ કામે લાગનારું, સાક્ષાત પરમ પુરુષ ભગવાનનું પૂજન આદિ કરવા રૂપ જે ધર્મ રૂપી ધન છે; તેને, એ છ શત્રુઓ (ચોરો) દર્શન–સ્પર્શ–શ્રવણ–સ્વાદ–અને સુંઘવું વિગેરેના સંકલ્પો કરાવીને: ઘર સંબંધી વિષયાદિકનાં સુખો ભોગવવા વડે; મન વશ નહીં રાખનારા સંઘની ધાગા સંઘના લોકો ને ચોર લોકો લુંટવાની પેઠે; લુંટી લેછે. ॥૨॥ અને આ સ્થળે કર્મો વડે નહાર અને શિયાળિયાં સરખાં, સ્ત્રી અને છોકરાંઓ એ કુટુંબવાળા કંજુસે સંઘરી રાખેલા ધનને; તેના દેખતાંજ અને તેની ઇચ્છા નહીં છતાં, નહાર અને શિયાળિયાં. ઘેટાંને ખેંચી જવાની પેઠે, જબરીથી લેઇ લે છે. ॥૩॥ વરસો વરસ ખેડવા છતાં પણ તેની અંદરનાં બીજ બાળી નાંખ્યા વિનાનું ખેતર વાવવા ટાણે ફરીથી, જાળાં–ખડ–અને વેલા આદિથી, અગોચર જેવું થઇ જાય છે, તેમ કામનાઓના કરંડિયા રૂપ, અને કર્મોના ક્ષેત્ર રૂપ. આ ગૃહાશ્રમને વિષે, કર્મો ઉત્પન્ન થયાજ કરે છે. ॥૪॥ જેના પ્રાણ એટલે ધન બહાર હોય છે, એવો તે ગૃહાશ્રમમાં પડેલો પુરુષ, ડાંસ–માંખ્યો–તીડ–પંખી–ચોરો–અને ઉંદરડા વિગેરે સરખા, દુષ્ટ મનુષ્યો થકી ઉપદ્રવ પામીને કોઇ કોઇ વખતે, પો-

रानुभवस्यद्वारभूतेन[illegible]र्गेणतस्मिन्दुर्गाध्ववदसुगमे ऽध्वन्यापतितईश्वरस्यभगवतो विष्णोर्वशवर्तिन्यामायाजीवलोकोऽयंयथाव
णिक्सार्थोऽर्थपरःस्वदेहनिष्पादितकर्मानुभवःश्मशानवदशिवतमायांसंसा[illegible]गतोनाद्या[illegible]विफलबहुप्रतियोगेहस्तत्तापोपशमनींहरि
गुरुचरणारविंदमधुकरानुपदवीमवरुंधे ॥ यस्यामुहवाएतेषडिंद्रियनामानःकर्मणादस्यवएवते ॥१॥ तद्यथापुरुषस्यधनंयत्किंचित्साक्षाद्ध
र्मौपयिकंबहुकृच्छ्राधिगतंसाक्षात्परमपुरुषाराधनलक्षणोयोऽसौधर्मस्तंतुसांपरायउदाहरंति॥तद्धर्म्यंधनंदर्शनस्पर्शनश्रवणास्वादनावघ्रा
णसंकल्प[illegible]योगेनकुनाथस्याजितात्मनोयथासार्थस्यतथाऽजितात्मनोविलुंपंति ॥२॥ अथचयत्रकौटुंबिकादारापत्या
दयोनाम्नाकर्मणावृकसृगालाएवअनिच्छतोऽपिकदर्यस्यकुटुंबिनउरणकवत्संरक्ष्यमाणंमिषतोऽपहरंति ॥३॥ यथाह्यनुवत्सरं[illegible]ष्यमाण
मप्यदग्धबीजंक्षेत्रं पुनरेवावपनकालेगुल्मतृण[illegible]गह्वरमिवभवतिएवमेवगृहाश्रमः कर्मक्षेत्रंयस्मिन्नहिकर्माण्यु[illegible]कामक
रंडएषआवसथः॥४॥ त[illegible]कसमापसदैर्मनुजैःशलभशकुंततस्करमूषकादिभिरुपरुध्यमानोब[illegible]ःप्राणःक्वचित्परिवर्तमानोऽस्मि
न्नध्वन्यविद्याकामकर्मभिरुपरक्तमनसाऽनुपपन्नार्थंनरलोकंगंधर्वनगरमुपपन्नमितिमिथ्यादृष्टिरनुपश्यति ॥५॥ क्वचिदातपोदकनिभान्विष
यानुपधावति[illegible]लोलुपः ॥६॥ क्वचिच्चाशेषदोषनिषदनंपुरीषविशेषंतद्वर्णगुणनिर्मितमतिः सुवर्ण[illegible]पादित्सत्यग्नि
कामकातर उल्मुकपिशाचं॥७॥ अथकदाचिन्निवासपानीयद्रविणाद्य[illegible]पजीवनाभिनिवेशएतस्यांसंसाराटव्यामितस्ततःपरिधावति
॥८॥ क्वचिच्चवात्यौपम्ययाप्रमदयारोहमारोपितस्तत्कालरजसारजनीभूतइवासाधुमर्यादोरजस्वलाक्षोपिदिग्देवताअतिरजस्वलमतिर्नवि
जानाति ॥९॥ क्वचित्सकृदवगतविषयवैतथ्यः स्वयंपराभिध्यानेनविभ्रंशितस्मृतिस्तयैवमरीचितोयप्राणांस्तानेवाभिधावति ॥१०॥ क्वचि
दुलूकझिल्लीस्वनवदतिपरुषरभसाटोपंप्रत्यक्षंपरोक्षंवारिपुराजकुलनिर्भर्त्सितेनातिव्यथितकर्णमूलहृदयः ॥११॥ सयदादुग्धपूर्वसुकृतस्त

તાના; અજ્ઞાન–વાસનાઓ–અને કર્મોથી રંગાયેલા મનથી ભટકતો, આ મનુષ્ય લોકના સુખાદિક અર્થોને, ઉ-ત્પન્ન થયેલાનું અથવા ગાંધર્વ નગરની પેઠે મિથ્યા દૃષ્ટિથીજ જુએ છે. ॥૫॥ તથા કોઇ કોઇ વખતે ખાવું–પીવું–અને મૈથુન કરવું આદિ વ્યસનોનો લાલચું થઇને, ઝાંઝવાનાં પાણી સરખા વિષયાદિકને મેળવવાને દોડે છે ॥૬॥ જેમ અગ્નિની કામના વાળો આતુર પુરુષ, ભૂતના ભડકાને લેવાને દોડે, તેમ અગ્નિ થકી ઉત્પન્ન થયેલ અને સઘળા દોષોના સ્થાન રૂપ સોનાને મેળવવાને, તેના રંગ અને ગુણો થકી બુદ્ધિ લોભાઇ જઇને, તે દોડે છે. ॥૭॥ વળી કોઇવાર પોતાના જીવનનાં સાધન રૂપ ઘર–દ્રવ્ય–અને પાણી આદિ અનેક સાધનો મેળવવાને માટે, તે એ સંસાર રૂપ વગડામાં, અહીંથી તહીં ચારે કોર દોડે છે. ॥૮॥ કદીક વંટોળિયા સરખી સ્ત્રીને મળીને, રજોગુણ રૂપી રજ આંખમાં પડવાથી આંધળો થઇને, સારી મર્યાદાને તજી દેછે. અને અતિશય રજો ગુણ વાળી બુદ્ધિ થતાં દિશાઓના (કર્મસાક્ષી) દેવતાઓને પણ તે દેખતો નથી. ॥૯॥ કોઇ વખતે વિ-ષયાદિકનું મિથ્યાપણું તે, સંપૂર્ણ રીતે જાણે છે, તો પણ પરના અભિમાન વડે (એટલે ઇંદ્રિયાદિકથી થતા કર્મોનો પોતે કર્તા હોવાનું માનવા વડે) પોતાની સ્મૃતિનો નાશ થઇ જઇને, તે પાછો ઝાંઝવાના પાણી સરખાં વિષયાદિકના ઉપરજ, ફરીવાર દોડે છે. ॥૧૦॥ કદીક ઘુવડ અને તમરાની પેઠે રાજકુળ અને શત્રુઓએ, પો-તાની સમક્ષમાંજ અથવા પરોક્ષ બોલેલાં અતિક્રૂર અને કઠોર તથા તિરસ્કારનાં વચનોથી, કાનમાં અને મનમાં પીડા પામે છે. ॥૧૧॥ અને જ્યારે તે પોતાના પ્રથમના પુણ્યને ખાઇ રહે છે, ત્યારે જીવતાં મૂવેલા સરખો તે, બીજા જીવતાંજ મૂવેલાઓની પાસે (એટલે કારસ્કર અને કાકતુંડ જેવી વેલો, અને ઝેરના કુવાઓ; સરખા આ લોક અને પરલોકના હિતની ઇચ્છા વિનાના દ્રવ્યવાનોની પાસે) યાચના કરવાને જાય છે. ॥૧૨॥ કોઇ વખતે નીચ લોકોની દુંગાઇને, બેઉ પ્રકારે દુઃખ આપનાર પાણી વિનાની નદીઓ સરખા પાખંડના પંથોમાં તે, જાય છે. ॥૧૩॥ અને જ્યારે બીજાઓને છેતરણ કરતા છતાં પણ પોતાને ખાવાનું અન્નાદિક મ-

જાર યોજન ઉંચા અને અનુક્રમે બે હજાર—આઠસેં—અને સોળસેં યોજન પહોળા છે. ॥૯॥ તેમજ એ ઇલા- વૃત ખંડની પશ્ચિમના અને પૂર્વ તરફના ભાગોમાં માલ્યવાન અને ગંધમાદન નામના બે પર્વતો, ઉત્તરમાં નીલ પર્વત અને દક્ષિણમાં નિષધ પર્વતને અડતા સુધી લાંબા, અને બબેહજાર યોજન પહોળા: (અને દશ દશ હ- જાર યોજન ઉંચા) કેતુમાળ અને ભદ્રાશ્વ ખંડોના સિમાડા ઉપર આવેલા મર્યાદાના પર્વતો છે ॥૧૦—૧૧॥ અને મંદર—મેરૂમંદર—સુપાર્શ્વ—અને કુમુદ, એ નામોવાળા ચાર પર્વતો મેરૂની ચારે દિશાએ, દસદસ હજાર યોજન ઉંચાઇના અને તેટલાજ વિસ્તાર એટલે પહોળાઇ વાળા, મેરૂને ટેકા રૂપ કલ્પાયલા છે. ॥૧૨॥ એ પર્વતોની ઉપર ધજાઓ સરખાં, સો સો યોજન થડના વિસ્તારવાળાં અને એટલાંજ ઉંચા આંબા—જાંબુ—ક- દંબ—અને વડનાં ઝાડો, અનુક્રમે એક એક પર્વત ઉપર આવેલ છે. ॥૧૩॥ હે પરીક્ષિત, તે પર્વતો ઉપર અનુ- ક્રમે દૂધનો—મધનો—શેરડીના રસનો—અને શુદ્ધ મીઠાપાણીનો એમ ચાર ધરા છે. તેમનો સ્પર્શ કરનારા ઉપદેવ લોકો સ્વાભાવિક યોગનાં ઐશ્વર્યોને એટલે સિદ્ધિઓને ધરી રહેલા છે. ॥૧૪॥ અને એ પર્વતોના ઉપર અનુ- ક્રમે નંદન—ચૈત્રરથ—વૈભ્રાજક—અને સર્વતોભદ્ર; એ નામોવાળા—ચાર દેવતાઓના બગીચા પણ છે. ॥૧૫॥ તે- ઓમાં દેવતાઓથી વિંટાયલી ઉત્તમ દેવાંગનાઓ, તેમના પતિઓ સાથે વિહાર કરે છે. અને તેમના મહિમાને ટોળાબંધ ગંધર્વો આદિ ગાય છે. ॥૧૬॥ મેરૂ પર્વત ઉપરના દેવતાઇ આંબામાંથી અગિયારસેં યોજન ઉંચાઇ થકી પર્વતના શિખર જેવડાં મોટાં અને અમૃત જેવા રસવાળાં ફળો પડે છે. ॥૧૭॥ એ ફળો ફાટવાથી તેના અતિ મધુર, અને બહુ સરસ સુગંધીવાળા રાતા રસ રૂપ પાણીવાળી અરૂણોદા નામની નદી, મંદર પર્વતના શિખરોમાંથી નીકળીને પૂર્વ તરફ ઇલાવૃત ખંડમાં વહે છે. ॥૧૮॥ તેનો ઉપયોગ કરનારી યક્ષલોકોની સ્ત્રીઓ,

युतयोजनोत्सेधाहरिवर्षकिंपुरुषभारतानांयथासंख्यं॥९॥ तथैवेलावृतमपरेणपूर्वेणचमाल्यवद्गंधमादनावानीलनिषधायतौद्विसहस्रंपप्रथुः ॥१०॥ केतुमालभद्राश्वयोःसीमानंविदधाते॥११॥ मंदरोमेरुमंदरःसुपार्श्वः कुमुदइतिअयुतयोजनविस्तारोन्नाहामेरोश्चतुर्दिशमवष्टंभगिरयउपक्लृप्ताः॥१२॥ चतुर्ष्वेतेषुचूतजंबूकदंबन्यग्रोधाश्चत्वारःपादपप्रवराःपर्वतकेतवइवाधिसहस्रयोजनोन्नाहास्तावद्विटपविततयःशतयोजनपरिणा[illegible]ः ॥१३॥ ह्रदाश्चत्वारःपयोमध्विक्षुरसमृष्टजलायदुपस्पर्शिनउपदेवगणायोगैश्वर्याणिस्वाभाविकानिभरतर्षभधारयंति १४॥ देवोद्यानानिचभवंतिचत्वारिनंदनंचैत्ररथंवैभ्राजकंसर्वतोभद्रमिति ॥१५॥ येष्वमरपरिवृढाःसहसुरललनाललामयूथपतयउपदेवगणैरुपगीयमानमहिमानःकिलविहरंति॥१६॥मंदरोत्संगएकादशशतयोजनोत्तुंगदेवचूतशिरसोगिरिशिखरस्थूलानिफलान्यमृतकल्पानिपतंति ॥१७॥तेषांविशीर्यमाणानामतिमधुरसुरभिसुगंधिबहुलारुणरसोदेनारुणोदानामनदीमंदर गिरिशिखरान्निपतंती पूर्वेणेलावृतमुपप्लावयति ॥१८॥यदुपजोषणाद्भवान्याअनुचरीणांपुण्यजनवधूनामवय[illegible]स्पर्शसुगंधवातोदशयोजनंसमंतादनुवासयति ॥१९॥ एवंजंबूफलानामत्युच्चनिपातविशीर्णानामनस्थिप्रायाणामिभकायनिभानां[illegible] जंबूनामनदीमेरुमंदरशिखरादयुतयोजनादवनितलेनिपतंती दक्षिणेनात्मानंयावदिलावृतमुपस्यंदयति॥२०॥ तावदुभयोरपिरोधसोर्यामृत्तिकातद्रसेनानुविद्ध्यमानावाय्वर्कसंयोगविपाकेनसदाऽमरलोकाभरणं जांबूनदंनामसुवर्णंभवति ॥२१॥ यदुहवावविबुधादयःसहयुवतिभिर्मुकुटकटककटिसूत्राद्याभरणरूपेणखलुधारयंति॥२२॥ यस्तुमहाकदंबःसुपार्श्वनिरूढोयास्तस्यकोटरेभ्योविनिःसृताःपंचायामपरिणाहाःपंचमधुधारा सुपार्श्वशिखरात्पतंत्योऽपरेणात्मानमिलावृतमनुमोदयंति॥२३॥ यात्युपयुंजानानांमुखनिर्वासितोवायुःसमंताच्छतयोजनमनुवासयति ॥२४॥ एवंकुमुदनिरूढोयःशतवल्शोनामवटस्तस्यस्कंधेभ्योनीचीनाःपयोदधिमधुघृतगुडान्नाद्यंबरशय्यासनाभरणादयःसर्वएवकामदुघानदाःकुमुदाग्रात्पतंतस्तमुत्तरेणेलावृतमुपयोजयंति ॥२५॥ यानुपजुषाणानांनकदाचिदपिप्रजानांवलीपलितक्लमस्वेददौर्गंध्यजरामयमृत्युशीतोष्णवैवर्ण्योपसर्गादयस्तापविशेषाभवंति यावज्जीवंसुखंनिरतिशयमेव॥२६॥ कुरंगकुररकुसुंभवैकंकत्रिकूटशिशिरपतंगरुचकनिषधशिनीवासकपिलशंखवैदूर्यजारुधिहंसर्षभनागकालंजरनारदादयो

એટલે પાર્વતીનાં દાસીઓના અવયવોથી સુગંધીવાન થયેલો વાયુ; ચારે કોર દશ દશ યોજન સુધી વાયા કરે છે. ॥૧૯॥ એ રીતેજ ઘણા નાના ઠળિયાવાળાં અને હાથી જેવડા કદનાં જાંબુ ઘણે ઉંચેથી પડીને, ફા- ટી જવાથી તેના રસથી થયેલી, જંબુ નામની નદી, દસહજાર યોજન ઉંચા મેરૂમંદર પર્વતના શિખરોમાંથી પૃથ્વી ઉપર પડીને દક્ષિણ તરફ વહેતી આખા ઇલાવૃત ખંડમાં ફેલાઇ જાય છે. ॥૨૦॥ એ નદીના બંને કાં- ઠાની માટી તે રસની સાથે મળીને, વાયુ અને સૂર્યના સંયોગથી પાકવાથી, તેનું જાંબુનદ "નામનું સોનું થાય છે. તેનાં દેવલોકો હમેશાં ઘરેણાં બનાવે છે. ॥૨૧॥ અને દેવ વિગેરે લોકો તેનાંજ પોતાની સ્ત્રીઓ સુધાંને માટે મુકુટ—કડાં—અને કટિમેખળા વિગેરે ઘરેણાં કરીને પેહેરે છે. ॥ ૨૨ ॥ સુપાર્શ્વ પર્વત ઉપર ઉગેલા મોટા કદંબના ઝાડની કોતરાડોમાંથી પાંચ પાંચ વામ પહોળી એવી પાંચ મધની ધારાઓ નીકળીને, એ સુપાર્શ્વ પ- ર્વતના શિખરોમાંથી ઇલાવૃત ખંડના પશ્ચિમ ભાગમાં વહીને આનંદ ઉપજાવે છે. ॥ ૨૩ ॥ તેનો ઉપભોગ કરનારાઓનાં મોઢામાંથી શ્વાસ રૂપે નીકળતો વાયુ ચારે કોર સો સો યોજન સુધી સુગંધી કરી મૂકે છે. ॥૨૪॥ એ રીતેજ કુમુદ પર્વત ઉપર ઉગેલા "શતવલ્શ" નામના વડના ઝાડની ડાળીઓમાંથી નીકળતી દૂધ—દહીં—મધ— ઘી—ગોળ—અન્નાદિક—લુગડાં—પથારીઓ—આસનો—અને ઘરેણાં આદિક સર્વ ઇચ્છાઓ પૂરી કરનારી નદીઓ એ કુમુદ પર્વતના શિખરોમાંથી પડીને ઇલાવૃત ખંડની ઉત્તર દિશામાં વેહેવાથી ત્યાં ઉપયોગમાં આવે છે. ॥૨૫॥ તેનો ઉપભોગ કરનારી પ્રજાઓને, પળિઆં—ધોળાવાળ—થાક—પસીનો—દુર્ગંધપણું—ઘરડપણ—રોગ—અકાળ મૃત્યુ—

દાહ-તાપ-રંગનો ફેરફાર અને બીજાં વિઘ્ન વિગેરે સર્વ પ્રકારનાં દુખો થતાં નથી. અને તેઓ જીવતાં સુધી સુખમાંજ રહે છે. ॥૨૬॥ તેમજ કુરંગ-કુરર-કુસુંભ-વૈકંક-ત્રિકૂટ-શિશિર-પતંગ-રુચક-નિષધ-શિનિવાસ-કપિલ-શંખ-વૈદૂર્ય-જારૂધી-હંસ-ઋષભ-નાગ-કાલંજર-અને નારદ, વિગેરે વીશ પર્વતો કોડીના કેસરાઓની પેઠે, મેરૂપર્વતના મૂળ ભાગમાં ફરતા કલ્પાએલા છે. ॥૨૭॥ મેરૂપર્વતની પૂર્વ દિશાના કોણમાં અઢાર હજાર યોજન ઉંચા અને બબે હજાર યોજન પહોળા જઠર અને દેવકૂટ નામના બે પર્વતો છે. તેજ રીતે વાવ્ય કોણમાં તેટલાજ વિસ્તાર વાળા, પવન અને પારિયાત્ર નામના બે પર્વતો છે. અને નૈરૂત્ય કોણમાં તેવાજ વિસ્તાર વાળા કૈલાસ અને કરવિર નામના બે પર્વતો છે. તથા અગ્નિકોણમાં ત્રિશૃંગ અને મકર નામના બે પર્વતો પણ તે પ્રમાણેજ વિસ્તાર વાળા છે. અને એ આઠ પર્વતોથી વેરાએલો કાંચનગિરી (મેરૂ) અગ્નિના સરખો પ્રકાશે છે. ॥૨૮॥ એ મેરૂપર્વતને મથાળે મધ્ય ભાગમાં ચારે બાજુએ દશ હજાર યોજન લાંબી સાવ સોનાની બ્રહ્માની નગરી કલ્પાએલી હોવાનું કહેવાય છે. ॥૨૯॥ એ બ્રહ્માની નગરીને ફરતી એના કરતાં કમી ચોથા ભાગના વિસ્તાર વાળી આઠે લોકપાલ દેવતાઓની નગરીઓ જેના તેના વર્ણ સરખા રંગની તેની તેની દિશામાં કલ્પાએલી છે. ॥૩૦॥ ઇતિ શ્રી० ભા० પાં० ટીકા० સોળમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૬॥

અધ્યાય ૧૭ મો.—શ્રીશુક-સાક્ષાત વિષ્નુ ભગવાન વામનજીએ બલિરાજાના યજ્ઞમાં પૃથ્વી માપી લેતાં ડાબા પગના અંગુઠાના નખથી બ્રહ્માંડ ફૂટી જવાથી તે છિદ્રમાં થઇને અંદર પડેલી બહારની જળ ધારાથી ભગવાનનું એ ચરણ ધોવાવાને લીધે, ચરણ ઉપરના રાતા કેસરના ભારથી, તે ધારા રંગાઇ ગઇ હતી. તેથી તેનું નામ સાક્ષાત ભગવતપદી કહેવાય છે. અને તેનો સ્પર્શ કરવાથી જગતનાં તમામ પાપ ધોવાઇ જઇને

विंशतिगिरयोमेरोःकर्णिकायाइवकेसरभूतामूलदेशेपरितउपक्लृप्ताः ॥ २७ ॥ जठरदेवकूटौमेरुंपूर्वेणाष्टादशयोजनसहस्रमुदगायतौद्विसहस्रंपृथुतुंगौभवतःएवमपरेणपवनपारियात्रौ दक्षिणेनकैलासकरवीरौप्रागायतावेवमुत्तरतस्त्रिशृंगमकरावष्टभिरेतैः परिस्तृतोऽग्निरिवपरितश्चकास्तिकांचनगिरिः॥२८॥ मेरोर्मूर्द्धनिभगवतआत्मयोनेर्मध्यतउपक्लृप्तांपुरीमयुतयोजनसाहस्रींसमचतुरस्रांशातकौंभींवदंति ॥२९॥ तामनुपरितोलोकपालानामष्टानांयथादिशंयथारूपंतुरीयभागेनपुरोऽष्टावुपक्लृप्ताः ॥३०॥ इ०भा०म०पं०षोडशोऽध्यायः ॥१६॥

श्रीशुक०तत्रभगवतःसाक्षाद्यज्ञलिंगस्यविष्णोर्विक्रमतोवामपादांगुष्ठनखनिर्भिन्नोर्ध्वांडकटाहविवरेणांतःप्रविष्टायाबाह्यजलधारातच्चरणपंकजावनेजनारुणकिंजल्को परंजिताखिलजगदघमलापोपस्पर्शनाऽमलासाक्षाद्भगवत्पदीत्यनुपलक्षितवचोऽभिधीयमानाऽतिमहताकालेनयुगसहस्रोपलक्षणेनदिवोमूर्द्धन्यवततार॥१॥यत्तद्विष्णुपदमाहुःयत्रहवाववीरव्रतऔत्तानपादिःपरमभागवतोऽस्मत्कुलदेवताचरणारविंदोदकमितियामनुसवनमुत्कृष्यमाणभगवद्भक्तियोगेनदृढंक्लिद्यमानांतर्हृदयऔत्कंठ्यविवशामीलितलोचनयुगलकुड्मलविगलितामलबाष्पकलयाऽभिव्यज्यमानरोमपुलकोऽधुनापिपरमादरेणशिरसाबिभर्ति॥२॥ ततऋषयस्तत्प्रभावाभिज्ञायांननुतपसआत्यंतिकीसिद्धिरेतावती भगवतिसर्वात्मनिवासुदेवेऽनुपरतभक्तियोगलाभेनैवोपेक्षितान्यार्थात्मगतयोमुक्तिमिवागतांमुमुक्षवइवसबहुमानमद्यापिजटाजूटैरुद्वहंति३॥ ततोऽनेकसहस्रकोटिविमानानीकसंकुलदेवयानेनावतरंतींदुमंडलमावार्यब्रह्मसदनेनिपतति ॥४॥ तत्रचतुर्द्धाभिद्यमानाचतुर्भिर्नामभिश्चतुर्दिशमभिस्पंदंतीनदनदीपतिमेवाभिनिविशति ॥५॥ सीताऽलकनंदाचक्षुर्भद्रेति ॥ सीतातुब्रह्मसदनात्केसराचलादिगिरिशिखरेभ्योऽधोऽधःप्रस्रवंतीगंधमादनमूर्द्धसुपतित्वाअंतरेणभद्राश्ववर्षंप्राच्यांदिशिक्षारसमुद्रमभिप्रविशति ॥६॥ एवंमाल्यवच्छिखरान्निष्पतंतीततोऽनुपरतवेगाकेतुमालमभिचक्षुःप्रतीच्यांदिशिसरित्पतिंप्रविशति ॥ ७ ॥ भद्राचोत्तरतोमेरुशिरसोनिपतिता गिरिशिखराद्गिरिशिखरमतिहाय शृंगवतःशृंगादवस्यंदमाना उत्तरांस्तुकुरूनभितउदीच्यांदिशिजलधिमभिप्रविशति ॥८॥ तथैवालकनंदादक्षिणेनब्रह्मसदनाद्बहूनिगिरिकू

તે નિર્મળ થાય છે. હજાર યુગનો મોટો કાળ ગયેથી તે ધારા સ્વર્ગના માથા ઉપર એટલે ધ્રુવપદમાં ઉતરી હતી. ॥૧॥ તે વિશ્નુપદ (ધ્રુવપદ) માં પરમ ભગવતી અને દૃઢ સંકલ્પ વાળા ધ્રુવજી, તે ધારાના જળને પોતાના કુળ દૈવત ભગવાનના ચરણારવિંદનું ચરણામૃત જાણી, હજુ સુધી મોટા આદરથી પોતાને માથે ચડાવે છે. અને ઘડી ઘડી ભગવાનની ભક્તિનો વધારો થવાના યોગથી તેમનું હૃદય પિગળી જઇને, ઉત્કંઠાથી પરવશ થઇ જતાં, મિંચાએલી તેમની બંને આંખોમાંથી આંસુંનાં ટીપાં પડે છે. તથા રૂંવાડાં ઉભાં થાય છે. ॥૨॥ ત્યાંથી નીચે આવતાં તેના પ્રભાવને જાણનારા સપ્તરૂષિઓ જેઓ સર્વાત્મ વાસુદેવ ભગવાનની ભક્તિને જ, તપ આદિક કરીને મેળવવાની સિદ્ધિ રૂપે માની, તેમાંજ પ્રીતિવાળા થઇ, સર્વ બીજા પુરૂષાર્થોની અને મોક્ષની પણ ઉપેક્ષા કરનારા છે. એવા તેમની પાસે, મુમુક્ષુઓની પાસે મુક્તી ચાલી આવવાની પેઠે, એ ભગવત પદીને આવેલી દેખવાથી તેઓ, તેને ઘણું માન આપીને; પોતાની જટાઓને વિષે તેમને (ગંગાને) ધારણ કરે છે. ॥૩॥ ત્યાં થકી તે હજારો અને કરોડો વિમાનો વાળા દેવતાઓના માર્ગમાં થઇને ચંદ્ર ગંડળને બિંજવીને, તે પછી બ્રહ્માના સ્થાન (મેરૂ ઉપરની તેમની નગરી) માં પડે છે. ॥૪॥ ત્યાંથી ચારે દિશામાં ચાર ભાગ થઇને ચાલતાં ચાર નામો પામી, ચાર નદીઓ રૂપે થઇને સમુદ્રમાં જાય છે. ॥૫॥ સિતા-અલકનંદા-ચક્ષુ-અને ભદ્રા; એમાંની "સિતા" બ્રહ્માના સ્થાનમાંથી કેસરાચળ વિગેરે પર્વતોનાં શિખરો ઉપર ઉપર થઇને નીચે નીચે વહેતાં ગંધમાદન પર્વતના માથા ઉપર પડીને, ભદ્રાશ્વ ખંડની વચમાં થઇ, પૂર્વ દિશામાં ખારા સમુદ્રમાં જાય છે. ॥૬॥ એ રીતેજ માલ્યવાન પર્વતના શિખરોમાં થઇને કેતુમાલ ખંડમાં પડનારી "ચક્ષુ" પશ્ચિમ દિશામાં વહીને ખારા સમુદ્રમાં જાયછે.॥૭॥ મેરૂને માથેથી ઉત્તર તરફ પડતી "ભદ્રા" પર્વતોનાં શિખરો ઉપરથી પર્વતોનાં શિખરો ઉપર પડીને છેવટે શૃંગવાન પર્વતનાં શિખરોમાં થઇને ઉત્તરે, કુરૂખંડમાં વહીને ઉત્તરદિશામાં સમુદ્રમાં જાયછે. ॥૮॥ તે રીતેજ બ્રહ્માના સ્થાન થકી દક્ષિણમાં જનારી "અલકનંદા" ઘણા પર્વતોનાં શિખરોને ઓ-

લંઘીને હેમકૂટપર્વતમાંથી તેનાં શિખરોને પોતાના પ્રબળ વેગથી તાણી જતી ભરતખંડમાં નદીને દક્ષિણ દિશામાં ખારાસમુદ્રમાં જાય છે. ॥૯॥ એના સ્નાનને અર્થે આવનાર પુરૂષને ડગલે ડગલે અશ્વમેધ અને રાજસુયયજ્ઞનું ફળ પણ દુર્લભ નથી. તેમજ બીજા બધા ખંડોમાં મેરૂ આદિ પર્વતોથકી ઉત્પન્ન થનારી ઘણી અને સેંકડો નદીઓ તથા નદો છે. ॥૧૦॥ સઘળા ખંડોમાં ભરતખંડ એકલોજ કર્મક્ષેત્ર ગણાય છે. અને બીજા આઠ ખંડોતો, સ્વર્ગના વાસીઓને શેષ રહેલાં પુણ્યોનો ઉપભોગ લેવાનાં સ્થાન તરિકે પૃથ્વી ઉપરનાં સ્વર્ગો કહેવાય છે. ॥૧૧॥ ત્યાં રેહેનારાં મનુષ્યોનું આયુષ્ય દસહજાર વરશોનું છે. તેઓ દેવતાઓના જેવા અને દસહજાર હાથીના બળવાળા છે. અને બળ-અવસ્થા-તથા સુખો થકી આનંદ પામતાં તેઓ વજ્ર જેવાં શરીરવાળાં સ્ત્રીપુરૂષનાં જોડાં ભારે મિથુન કરે છે. અને જ્યારે આયુષ્યનું છેવટનું એક વરસ બાકી રહે છે, ત્યારે તેમની સ્ત્રીઓને દરેકને એકેકોજ ગર્ભ રહે છે અને ત્યાં અહીંના ત્રેતાયુગના જેવો સમય વરતે છે. ॥૧૨॥ પોતપોતાના મુખ્ય સેવકોએ પૂજેલા મોટા મોટા દેવતાઓ, તેનાં સુંદર વનો-આશ્રમો-પર્વતોની ગુફાઓ-અને નિર્મળ જળાશયોમાં વિચિત્ર પ્રકારની ક્રિડાઓથી મનગમતી રીતે રમે છે. સર્વ રૂતુઓમાં ફુલ-ગુચ્છ-ફળ-અને નવાં કુંપળિઆં આદિની સમૃદ્ધિથી બહુજ નમી રહેલી ડાળીઓ અને વેલીઓવાળાં ઝાડોથી તે વનો બહુ શોભે છે, તથા ફુલેલાં અને નવાં અનેક પ્રકારનાં કમળોની સુગંધીથી રાજી થયેલા રાજહંસ-જળકુકડી-કારંડવ-સારસ-અને ચક્રવાક વગેરે પક્ષીઓ તથા જાતજાતના ભમરાઓ જળાશયોમાં શબ્દ કરે છે. અને અત્યંત રૂપાળી દેવાંગનાઓનાં કામદેવથી શોભતાં વિલાસ-હાસ્ય-અને લીલાપૂર્વક જોવાથી ત્યાં વિહાર કરનારા દેવલોકોનાં મન અને આંખ્યો તેમના તરફ ખેંચાઈ રેહે છે. ॥૧૩॥ એ નવે ખંડોમાં મહાપુરૂષ નારાયણભ-

टान्पतिक्रम्यहेमकूटाद्धेमकूटान् तिरभसतररंहसालुठयंतीभारतमभिवर्षंदक्षिणस्यांदिशि जलधिमभिप्रविशाति॥९॥यस्यांस्नानार्थंचागच्छ
त:पुंस:पदेपदेऽश्वमेधराजसूयादीनांफलंनदुर्लभमितिअन्येचनदानद्यश्चवर्षेवर्षेसंतिबहुशोमेर्वादिगिरिदुहितर:शतश: १० तत्रापिभारतमे
ववर्षंकर्मक्षेत्रमन्यान्यष्टवर्षाणिस्वार्गिणांपुण्यशेषोपभोगस्थानानिभौमानिस्वर्गपदानिव्यपदिशंति॥११॥ एषुपुरुषाणामयुतंपुरुषायुर्वर्षाणां
देवकल्पानांनागायुतप्राणानांवज्रसंहननबलवयोमोदप्रमुदितमहासौरतमिथुनव्यवायापवर्गवर्षधृतैकगर्भकलत्राणांतत्रतुत्रेतायुगसम:का
लोवर्तते॥१२॥ यत्रहदेवपतय:स्वै:स्वैर्गणनायकैर्विहितमहार्हणा:सर्वर्तुकुसुमस्तबकफलकिसलयश्रियानम्र मानविटपलताविटपिभिरुपशुं
भमानरुचिरकाननाश्रमायतनवर्षगिरिद्रोणीषुतथाचामलजलाशयेषुविकचविविधनववनरुहामोदमुदितराजहंस ज कुक्कुटकारंडवसारस
चक्रवाकादिभिर्मधुकरनिकराकृतिभिरुपकूजितेषुजलक्रीडादिभिर्विचित्रविनोदै: सुललितसुरसुंदरीणांकामकलिलविलासहासलीलाऽव
लोकाकृष्टमनोदृष्टय:स्वैरंविहरंति॥ १३॥ नवस्वपिवर्षेषुभगवान्नारायणोमहापुरुष:पुरुषाणां[illegible]तत्रत्रव्यूहेनात्मनाऽद्यापिसन्निधी
यते॥१४॥इलावृतेतुभगवान्भवएकएवपुमान्नह्यन्यस्तत्रापरोनिर्विशातिभवान्या:शापनिमित्तजोयत्प्रवेक्षत:स्त्रीभावस्तत्पश्चाद्वक्ष्यामि॥१५
भवानीनाथै: स्त्रीगणार्बुदसहस्त्रैरवरुध्यमानोभगवतश्चतुर्मूर्तेर्महापुरुषस्यतुरीयांतामसींमूर्तिंप्रकृतिमात्मन:संकर्षणसंज्ञामात्मसमाधिरूपेण
सन्निधाप्यैतदभिगृणन्भवउपधावति॥१६॥ श्रीभग०ॐनमोभगवतेमहापुरुषायसर्वगुणसंख्यानायानंतायाव्यक्तायनमइति॥१७॥भजेभ
जन्यारणपादपंकजंभगस्यकृत्स्नस्यपरंपरायणं ॥ भक्तेष्वलंभावितभूतभावनंभवापहंत्वाभवभावमीश्वरं ॥१८॥ नयस्यमायागुणचित्तवृत्ति
भिर्निरीक्षतोह्यण्वपिदृष्टिरज्यते॥ ईशेयथानोजितमन्युरंहसांकस्तंनमन्येतजिगीषुरात्मन: ॥१९॥ असद्दृशोय:प्रतिभातिमाययाक्षीबेवमध्वा
सवताम्रलोचन:॥ ननागवध्वोर्हणईशिरेह्रियायत्पादयो:स्पर्शनधर्षितेंद्रिया: ॥२०॥ यमाहुरस्यस्थितिजन्मसंयमंत्रिभिर्विहीनंयमनंतमृष
य:॥ नवेदसिद्धार्थमिवक्वचित्स्थितंभूमंडलंमूर्द्धसहस्त्रधामसु ॥२१॥ यस्याद्यआसीद्गुणविग्रहोमहान्विज्ञानधिष्ण्योभगवानज:किल॥ यत्संभ

ગવાન, પોતાના ભક્તો ઉપર અનુગ્રહ કરવાને પોતાના આત્મતત્વના વ્યુહવાળાં સ્વરૂપોથી હમણાંપણ નજીકજ રહેલા છે. ॥૧૪॥ ઈલાવૃતખંડમાં તો સાક્ષાત સદાશિવ એકલાજ પુરૂષ છે. ત્યાં બીજો કોઈ પુરૂષ જઈ શકતો નથી. અને જે જાય છે તે સ્ત્રીપણું પામી જાય છે. એ બદલ હું પાછળ નવમાસ્કંધમાં કહીશ. ॥૧૫॥ ત્યાં દસહજાર સ્ત્રીઓથી વિંટાયલા ભવાનીનાથ (સદાશિવ). પોતે જેના થકી ઉત્પન્ન થયેલ છે, તે મહાપુરૂષ ભગવાનનું ચોથું તામસસ્વરૂપ જે સંકર્ષણ નામથી કહેવાય છે. અને જે પોતાની પાસેજ છે. છતાં તેનુંજ સમાધિવડે ધ્યાન કરીને નીચે પ્રમાણે જાપ કરે છે. ॥૧૬॥-સદાશિવ-મહાપુરૂષ-સર્વ ગુણોના પ્રકટ કરનારા-અનંત-અને અવ્યક્ત, એવા ૐકારસ્વરૂપ ભગવાનને હું નમુંછું. ॥૧૭॥ સર્વ પ્રકારનાં ઐશ્વર્યના પરમસ્થાનરૂપ-ભજનારાઓના શરણરૂપ ચરણકમળવાળા-સંસારને મટાડનારા-પ્રાણીમાત્રનું પાલન કરનારા-જગતને સરજનારા-અને ભક્તોના ઉપર સેહેજમાં પ્રસન્ન થનારા-એવા ઈશ્વરને હું ભજુંછું. ॥૧૮॥ જે માયાના ગુણોને, મન તથા ઇંદ્રિયાદિકવડે જોયા કરે છે. છતાં ક્રોધના વેગને નહીં જીતનારાઓની પેઠે, જેની દૃષ્ટિ તેમાં જરા પણ વિકાર પામતી નથી. તેવા ઈશ્વર ભગવાનને, આત્મસ્વરૂપને જાણવાની ઇચ્છાવાળો કોણ ન ભજે ॥૧૯॥ જેના ચરણના સ્પર્શથી કામાતુર થયેલી નાગલોકની સ્ત્રીઓ લાજને લીધે પૂરૂં પૂજન પણ કરી શકતી નથી. તેવા આપને; દેહાદિક અસત વસ્તુઓને સાચી માનનારાઓ, મધુ અને આસવથી રાતી થયેલ આંખ્યોવાળા, અને માયાવડે લંપટ જેવા દેખે છે. ॥૨૦॥ છતાં મહાત્માઓ અને વેદ તો આપને; સ્થિતિ-જન્મ-અને લય થકી રહિત તથા અનંત કહે છે. એવા આપ પોતાનાં હજારો માથાંમાંના કોઈ એક માથા ઉપર રહેલા આ ભૂમંડળને સિદ્ધાર્થ સરખા હોવાથી જાણતા પણ નથી. ॥૨૧॥ એ અજન્મા ભગવાનનો પ્રથમ સગુણ અવતાર વિજ્ઞાનનું સ્થાન મહત્તત્વ છે. જેના થકી તૈજસ-વૈકારિક-અને તામસ એ ત્રણ પ્રકારનો અહંકાર ઉત્પન્ન થયો છે. અને તે થકી ઇંદ્રિયાદિક સરજાય છે. ॥૨૨॥ હે મહાત્મા, એ મહત્તત્વ અને વૈકારિક-તામસ-તથા

ઇંદ્રિયાદિકવાળા રાજસ અહંકાર થકીજ, દોરડીથી બાંધી રાખેલા પક્ષીઓની પેઠે, તમારા વશમાં રહીને તથા તમારા અનુગ્રહથીજ અમે (હું અને બ્રહ્મા આદિ પ્રજાઓને અજન્મરાએ) સર્વેને સરજીએ છીએ. ॥૨૩॥ જેની નિર્માણ કરેલી માયા, કે જે કર્મોની બંધન કરનારી છે. તેને તથા તેના થકી તરી જવાના ઉપાયને; ગુણોના સર્ગ થકી મોહ પામેલા લોકો, કદી પણ સેહેજમાં જાણી શકતા નથી. એટલા માટે જેનામાં સૃષ્ટિનો લય તથા ઉત્પત્તિ પણ થાય છે. તેવા આપને હું નમુંછું.॥૨૪॥ ઇતિ૦ ભા૦ પાંચ૦સ્કં૦ સત્તરમો અધ્યાય૦ સં૦॥૧૭॥

અધ્યાય ૧૮મો.—શ્રીશુક—એ રીતેજ ભદ્રાશ્વખંડમાં, ધર્મનો પુત્ર ભદ્રશ્રવા અને કુળના મુખ્ય પુરૂષો તથા સેવકો સાક્ષાત વાસુદેવ ભગવાનનું હયગ્રીવ નામથી કહેવાતું પ્રિય અને ધર્મમય શરીર, જે તેમની પાસેજ છે, તેની પરમ સમાધિવડે નીચેના મંત્રથી જપ કરીને સ્તુતિ કરે છે. ॥૧॥ "આત્માનું શોધન કરનાર–ધર્મરૂપ–અને ઓંકાર સ્વરૂપ આપ ભગવાનને નમસ્કાર છે. ॥૨॥ અહો પુત્ર અને પિતાનાં મરણાદિકનું હરણ કરીને, તે થકી જીવવાને ઇચ્છનારાં–અને અસત પદાર્થોનું ધ્યાન કરીને પાપવાળાં કર્મો કરનારાંઓની મરી જતાં લોકો જુવે છે, છતાં મારનારાને જોઇ શકતાં નથી; એ આપ ભગવાન (કાળ)ની લીલા વિચિત્ર છે. ॥૩॥ જ્ઞાનીઓ આ વિશ્વને નાશ પામનારૂં કહે છે અને આત્મ તત્વને જાણનારાઓ યોગવડે જોનારી એમજ દેખે છે પણ ખરા. તોપણ અજન્મા એવા આપની માયામાં તે સઘળા મોહ પામે છે. એટલા માટે આપની માયાના એ કૃત્યો થકી ઘણો વિસ્મય પામીને આપ અજન્માને હું નમસ્કાર કરૂંછું. ॥૪॥ આવરણ રહિત અને અકર્તા એવા આપને વિશે, વિશ્વની ઉત્પત્તિ–સ્થિતિ–અને લય કરનારૂં કર્મોનો અંગિકાર કરાય છે. તેમાં કાંઇ પણ નવાઇ નથી. કારણ આપ વસ્તુતાએ સર્વથી વ્યતિરિક્ત હોવા છતાં, સર્વના

वोऽहंत्रिवृतास्त्वतेजसावैकारिकंतामसमैंद्रियंसृजे॥२२॥ एतेवयंयस्यवशेमहात्मनःस्थिताःशकुंताइवसूत्रयंत्रिताः॥महानहंवैकृततामसेंद्रियाःसृजामसर्वेयदनुग्रहादिदं॥२३॥ यन्निर्मितांकर्ह्यपिकर्मपर्वणींमायांजनोऽयंगुणसर्गमोहितः॥ नवेदनिस्तारणयोगमंजसातस्मैनमस्तेविलयोदयात्मने॥२४॥ इतिश्रीभागवतेमहापुराणेपंचमस्कंधेसप्तदशोऽध्यायः॥१७॥

शुक०तथाचभद्रश्रवानामधर्मसुतस्तत्कुलपतयः पुरुषाभद्राश्ववर्षेसाक्षाद्भगवतोवासुदेवस्य प्रियांतनूंधर्ममयींहयशीर्षाभिधानींपरमेणसमाधिनासन्निधाप्येदमभिगृणंतउपधावंति॥१॥ भद्रश्रवस०ॐनमोभगवतेधर्मायात्मविशोधनायनमइति॥२॥ अहोविचित्रंभगवद्विचेष्टितंघ्नंतंजनोऽयंहिमिषन्नपश्यति॥ ध्यायन्नसद्यर्हिविकर्मसेवितुंनिर्हृत्यपुत्रंपितरंजिजीविषुः॥३॥ वदंतिविश्वंकवयःस्मनश्वरंपश्यंतिचाध्यात्मविदोविपश्चितः॥तथाऽपिमुह्यंतितवाजमायथासुविस्मितंकृत्यमजंनतोऽस्मितं॥४॥ विश्वोद्भवस्थाननिरोधकर्मतेह्यकर्तुरंगीकृतमप्यपावृतः॥युक्तंनचित्रंत्वयिकार्यकारणेसर्वात्मनिव्यतिरिक्तेचवस्तुतः॥५॥ वेदान्युगांतेतमसातिरस्कृतान्रसातलाद्योनृतुरंगविग्रहः॥प्रत्याददेवैकवयेऽभियाचतेतस्मैनमस्तेऽवितथेहितायतइति॥६॥ हरिवर्षेचापिभगवान्नरहरिरूपेणास्तेतद्रूपग्रहणनिमित्तमुत्तरत्राभिधास्येतद्दयितंरूपंमहापुरुषगुणभाजनोमहाभागवतोदैत्यदानवकुलतीर्थीकरणशीलाचरितःप्रह्लादोऽव्यवधानानन्यभक्तियोगेनसहतद्वर्षपुरुषैरुपास्तेइदंचोदाहरति॥७॥ ॐनमोभगवतेनरसिंहायनमस्तेजस्तेजसेआविराविर्भववज्रनखवज्रदंष्ट्रकर्माशयान्रंधयरंधयतमोग्रसग्रसॐस्वाहाअभयमभयमात्मनिभूयिष्ठाॐक्ष्रौं॥८॥स्वस्त्यस्तुविश्वस्यखलःप्रसीदतांध्यायंतुभूतानिशिवंमिथोधिया॥मनश्चभद्रंभजतादधोक्षजेआवेश्यतांनोमतिरप्यहैतुकी॥९॥ माऽगारदारात्मजवित्तबंधुषुसंगोयदिस्याद्भगवत्प्रियेषुनः॥ यःप्राणवृत्त्यापरितुष्टआत्मवान्सिद्ध्यत्यदूरान्नतथेंद्रियप्रियः॥१०॥ यत्संगलब्धंनिजवीर्यवैभवंतीर्थंमुहुःसंस्पृशतांहिमानसं॥ हरत्यजोंऽतःश्रुतिभिर्गतोंऽगजंकोवैनसेवेतमुकुंदविक्रमं॥११॥यस्यास्तिभक्तिर्भगवत्यकिंचनासर्वैर्गुणैस्तत्रसमासतेसुराः॥ हरावभक्तस्यकुतोमहद्गुणामनोरथेनासतिधावतोबहिः॥१२॥ हरिर्हिसाक्षाद्भगवान्शरीरिणामात्मा

આત્મા અને કાર્ય માત્રના મૂળ કારણ રૂપે છો. માટે તેમ થવું બરાબરજ છે. ॥ ૫ ॥ યુગના અંતે તમોગુણી દૈત્ય, વેદને લેઇ જતાં; આપે બ્રહ્માની પ્રાર્થના ઉપરથી હયગ્રીવ એટલે ઘોડાના માથા વાળા પુરૂષનું રૂપ ધરીને રસાતળમાંથી વેદ લેઇઆવીને, બ્રહ્માને આપ્યા હતા. તે સત્ય સંકલ્પ વાળા. આપ ભગવાનને નમસ્કાર કરીએ છીએ." ॥૬॥ હરિવર્ષ ખંડમાં પણ નૃસિંહ રૂપથી રહેલા ભગવાનને, (તે રૂપ લેવાના કારણ ભાગ પાછળ સાતમા સ્કંધમાં હું કહીશ.) ત્યાં, મહાત્મા પુરૂષોના ગુણોની ખાણ–મહાભાગવતી–અને જેનું શીળ તથા આચરણો, દૈત્ય અને દાનવોનાં કુળોને પવિત્ર કરે છે, એવા પ્રલ્હાદજી, એ ખંડના પુરૂષોની સાથે નિષ્કામ અને એકાગ્ર ભક્તિથી, ભગવાનના એ પ્રિય સ્વરૂપની, નીચે પ્રમાણે મંત્ર બોલીને ઉપાસના કરે છે. ॥૭॥ "તેજના પણ તેજ રૂપ નૃસિંહ ભગવાનને હું નમસ્કાર કરૂંછું. હે વજ્ર સરખા નખવાળા–વજ્ર જેવી દાઢો વાળા તમે પ્રકટ થાઓ પ્રકટ થાઓ, અને કર્મ વાસનાઓને બાળો બાળો. અજ્ઞાનને ગળી જાઓ ગળી જાઓ. ને અંતઃકરણમાં અભયરૂપ થાઓ અભયરૂપ થાઓ. ॥૮॥ જગતનું કલ્યાણ થવા સારૂં ખળ પુરૂષોની બુદ્ધિ શુદ્ધ થઇને પ્રાણી માત્ર પરસ્પરનું ભલું ચાહો. અને અધોક્ષજ ભગવાનને વિશે નિષ્કામ બુદ્ધિ થઇને તેઓ શુદ્ધ મનથી ભગવાનને ભજો. ॥૯॥ આહાર માત્રથીજ સંતોષ રાખનારા જ્ઞાનીઓની જેવી રીતે ઉતાવળી સિદ્ધિ થાય છે. તેવી રીતે ઇંદ્રિયાદિકમાં પ્રીતિ વાળાઓની થતી નથી, માટે અમને ઘર–સ્ત્રી–પુત્રાદિક–અને ધનનો સંબંધ રાખનારાઓનો સંગ થશોમાં. પણ સંગ થાય તો ભગવાનના પ્રિય ભક્તો આદિનોજ થજો. ॥૧૦॥ તેમના સંગથી મળતાં ભગવાનનાં પરાક્રમોના વૈભવ રૂપી તીર્થનો વારંવાર મનને, સ્પર્શ થવાથી શ્રવણ દ્વારથી મનમાં પધારેલા આપ અજન્મા ભગવાન, શરીરવડે ઉત્પન્ન કરેલાં પાપો આગર દુખોનો નાશ કરો છો. તેવા મુકુંદ ભગવાનનાં પરાક્રમોને કોણ સેવન કરે નહીં. ॥૧૧॥ કશાનો પણ પરિગ્રહ નહીં કરનારા–અને ભગવાનની ભક્તિ કરનારા અકિંચન પુરૂષોમાં દેવતાઓના સર્વે ગુણો આવે છે. અને જે કોઇ હરિ ભગવાનની ભક્તિ

નહીં કરનારો તથા બહારના અસત પદાર્થોમાં દોડનારો હોય છે, તેનામાંતો મહાત્મા પુરૂષોના ગુણો ક્યાંથીજ હોય. ॥૧૨॥ માછલાંઓને ઇચ્છિત પદાર્થ જેમ પાણી છે. તેમ દેહધારીઓને ઇચ્છિત પદાર્થ સાક્ષાત આત્મારૂપ હરિ ભગવાન છે. તેમને તજી દેહને ઘરને વિશે લાગી રહેલાઓની જે મહતા જોવામાં આવે છે. તે તો ઉમર થકી સ્ત્રી અને પુરૂષોને જે મોટાપણું (વૃદ્ધપણું) મળે છે. તેના સરખુંજ છે. ॥૧૩॥ એટલા માટે તૃષ્ણા-પ્રીતિ-ખેદ-ક્રોધ-માન-સ્પૃહા-ભય-દીનતા-અને મનની પીડા, એ સઘળાંના કારણરૂપ ઘર, કે જેનાથી જન્મ મરણ થયા કરે છે. તેનો ત્યાગ કરીને ભય રહિત નૃસિંહજીના ચરણને ભજો." ॥૧૪॥ કેતુમાળ ખંડમાં પણ લક્ષ્મીજીનું પ્રિય કરવાને સારૂં ભગવાન કામદેવના સ્વરૂપથી રહેલા છે. એ ખંડના સ્વામી સંવત્સર પ્રજાપતિના દીકરા અને દીકરીઓ ગણીને સો વરસના દિવસ અને રાતોના જેટલી સંખ્યા એટલે છત્રીસ હજાર છત્રીસ હજાર તેઓ છે. જેમના ગર્ભો વરસને અંતે મહા પુરૂષ ભગવાનના અસ્ત્ર એટલે ચક્રના તેજથી ઉદ્વેગ પામીને પ્રાણ રહિત થઇને પડી જાય છે. ॥૧૫॥ અત્યંત સુંદર ગતિ અને વિલાસવાળી શોભતા મનોહર મંદ હસવાની સાથે જોવાની લીલાને લીધે કાંઇક ઉંચી કરેલી ભમરથી વધેલા મોઢાની શોભા થકી કામદેવ ભગવાન, પોતાની ઇંદ્રિયોને નહીં રમાડતાં લક્ષ્મીજીને રમાડે છે. ॥૧૬॥ ભગવાનના એ માયામય રૂપનું લક્ષ્મીજી દેવી પોતે વરસની રાત્રીઓમાં પ્રજાપતિના દીકરીઓને સાથે લેઇને, અને દિવસોમાં તેમના પતિ એટલે પ્રજાપતિના દીકરાઓને સાથે લેઇને, નીચેનો મંત્ર બોલીને ભગવાનનું ધ્યાન કરે છે ॥૧૭॥ "ઇંદ્રિયોના સ્વામી-સર્વ પ્રાણી પદાર્થને વિશે આત્મ સ્વરૂપથી જણાતા-ક્રિયાઓ, જ્ઞાન, અને સંકલ્પ વિગેરેના સ્વામી-સોળ કળાઓ (મનસુધાં અગિયાર ઇંદ્રિયો અને પાંચ વિષયો) વાળા-છંદોમય, અન્નમય, અમૃતમય, અને સર્વમય,

[illegible]मिवतोयमीप्सितं॥हित्वामहांस्तंयदिसज्जतेगृहेतदामहत्त्वंवयसादंपतीनां१३तस्माद्रजोरागविषादमन्युमानस्पृहाभयदैन्याधिमूलं॥
हित्वागृहं[illegible]सिंहपादंभजताकुतोभयमिति॥१४॥केतुमालेऽपिभगवान्क[illegible]रूपेणलक्ष्म्याःप्रियचिकीर्षयाप्रजापतेर्दुहि
तृ[illegible]ऽहोरात्रपरिसंख्यानानांयासांगर्भामहापुरुषमहास्त्रतेजसोद्वेजितमनसांविध्वस्ताव्यसवःसंवत्सरांतेविनि
पतंति१५अतीवसुललितगतिविलासविलसितरुचिरहासलेशावलोकलीलयाकिंचिदुत्तं[illegible]तसुंदरभ्रूमंडलसुभगवदनारविंदश्रियारमांरमय
न्निंद्रियाणिरमयते१६तद्भगवतोमायामयंरूपंपरमसमाधियोगेनरमादेवीसंवत्सरस्यरात्रिषुप्रजापतेर्दुहितृभिरुपेताऽहर[illegible]भिरुपास्ते
इदंचोदा[illegible]रति १७ ॐह्रांह्रींहूंओंनमोभगवतेहृषीकेशायसर्वगुणविशेषैर्विलक्षितात्मनेआकूतीनांचित्तीनांचेतसांविशेषाणांचाधिपतये
षोडशकलायच्छंदोमयायान्नमयायामृतमयायसर्वमयायसहसेओजसेबलायकांताय[illegible]मायनमस्तेउभयत्रभूयात् १८॥स्त्रियोव्रतैस्त्वाहृषि
केश्वरंस्वतोह्याराध्यलो[illegible]पांतमाशा[illegible]ऽन्यं ॥ तासांनतेवैपरिपांत्यपत्यंप्रियंधनायूंषियतोऽस्वतंत्राः॥१९॥ सवैपतिःस्यादकुतोभयःस्वयंस
मंततःपातिभयातुरंजनं॥ सएकएवेतरथामिथोभयंनैवात्मलाभादधिमन्यतेपरं॥२०॥ यात[illegible]रोरुहार्हणंनिकामयेत्साऽखिलकामलं
पटा ॥ तदेवरा[illegible]प्सितमीप्सितोऽर्चितोयद्भग्नयाञ्चाभगवन्प्रतप्यते॥२१॥ मत्प्राप्तयेऽजे[illegible]सुरासुरादयस्तप्यंतउ[illegible]तपऐंद्रियेधियः॥ ऋते
भवत्पादपरायणान्नमांविंदंत्यहंत्वद्धृदयाऽयतोऽजित॥२२॥ सत्वंममाप्यच्युतशीर्ष्णिवंदितं[illegible]रांबुजंयत्त्वदधायिसात्वतां॥बिभर्षिमालक्ष्मवरे
ण्यमायया[illegible]ईश्वरस्येहितमूहितुंविभुरिति ॥२३॥ रम्यकेचभगवतःप्रियतमंमात्स्यमवताररूपंतद्वर्षपुरुषस्यमनोः प्राक्प्रदर्शितंसइदानी
मपिमहताभक्ति[illegible]गेनाराधयतीदंचोदाहरति ॥२४॥ ॐनमोभगवतेमुख्यतमायनमःसत्त्वायप्राणा[illegible]मेबलायमहामत्स्यायनमइति
॥२५॥ अंतर्बहिश्चाखिललोकपालकैरदृष्टरूपोविचरस्युरुस्वनः सईश्वरस्त्वंयइदंवशेनयन्नाम्नायथादारुमयींनरःस्त्रियं ॥२६॥ यंलोकपा
लाःकिलमत्सरज्वराहित्वायतंतोऽपिपृथक्समेत्यच ॥ पातुंनशेकुर्द्विपदश्चतुष्पदःसरीसृपंस्थाणुयदत्रदृश्यते ॥२७॥ भवान्युगांतार्णवऊर्मि

એવા-શરીરના બળ, ઇંદ્રિયોના બળ, અને મનના બળ, રૂપ-તથા ઓં, હ્રાં, હ્રીં, હ્રું, ૐ, એ સ્વરૂપ-એવા આપ અમારા સ્વામી કામદેવ ભગવાનને નમસ્કાર છે." ॥૧૮॥ પોતેજ ઇંદ્રિયોના સ્વામી છો. તેમનું વ્રતોવડે આરાધન કરીને આ લોકની સ્ત્રીઓ બીજા સ્વામીઓને માગી લેછે. પણ તેઓ અસ્વતંત્ર હોવાથી, તે સ્ત્રીઓનાં સંતાનોનું-પ્રિય વસ્તુઓનું-ધનનું-અને આયુષ્યનું રક્ષણ કરી શકતા નથી. ॥૧૯॥ જે પોતે સર્વ તરફથી નિર્ભય હોય. અને ભય થકી આતુર થએલાંઓનું જે રક્ષણ કરી શકે, તેવાએજ સ્વામી થવું યોગ્ય છે. જે પોતાના સ્વરૂપના લાભ કરતાં બીજા કશાને અધિક ગણતા નથી એવા તે પ્રકારના તેમના સ્વામીતો આપ એકલાજ અને જુદા પ્રકારના છો. બીજાઓતો બધા પરસ્પરથી ભય પામનારાજ છે. ॥૨૦॥ જે સ્ત્રીઓ નિષ્કામપણે આપના ચરણ કમળને પૂજે છે. તેઓ સર્વ ઇચ્છિતને વગર માગ્યે પામે છે. અને કામના સહિત પૂજન કરનારીઓ તો માત્ર ઇચ્છેલી કામનાનેજ પામે છે. અને તેનો પણ ભગવાન કાળ થકી જ્યારે નાશ થઇ જાય છે. ત્યારે તેઓ પરિતાપને પામે છે. ॥૨૧॥ હે અજીત ભગવાન, તમારા હૃદયને વિશે રહેનારી મને તમારા ચરણનો આશ્રય કરનારા ભક્તાદિક લોકો વિના. બીજા ઇંદ્રિયાદિકનાં સુખો મેળવવાની ઇચ્છાવાળા; એ, બ્રહ્મા-શંકર-દેવતાઓ અને અસુરો સુદ્ધાં સર્વ મારિ પ્રાપ્તિને માટે ઉગ્ર તપ કરવા છતાં પણ મને પામી શકતા નથી. ॥૨૨॥ હે અચ્યુત તમારા ભક્તાદિકના માથા ઉપર ધરાતા આપના હસ્તકમળને હું આપના વક્ષસ્થળમાં રહેનારના માથા ઉપર પણ ધરો. હે સમર્થ ભગવાન, આપ ઇશ્વરે કરવા ધારેલાને, આપની માયાથી મોહ પામેલાં કોણ જાણી શકે છે. ॥૨૩॥ રમ્યક ખંડમાં, તે ખંડના પુરૂષોની સાથે થઇને મનુ, તેમને પ્રથમ દેખાડેલા અતિ પ્રિય મત્સ્યાવતાર ભગવાનના સ્વરૂપનું હવડાં સુધી મોટી ભક્તિ સહિત નીચેનો મંત્ર બોલીને આરાધન કરે છે. ॥૨૪॥ " મોટા માછલા રૂપ-શરીર, મન, અને ઇંદ્રિયોના બળ રૂપ-પ્રાણરૂપ-સત્વરૂપ-સર્વ તમોગુણી પ્રાણીમાં મુખ્ય-અને ઓંકાર સ્વરૂપ આપ ભગવાનને નમસ્કાર છે." ॥૨૫॥ આપ સર્વ લોકને વિશે

તેમના પાલકો અંતિમાં તથા બહાર વ્યાપેલા છો. છતાં આપના સ્વરૂપને કોઇ જાણતું નથી. એવા આપ ઇશ્વર, માણસ જેમ લાકડાની પૂતળીને વશમાં રાખે તેમ, ઘણા ઘણા પ્રકારની વેદ વાણી થકી આખા વિશ્વને વશમાં રાખનારા છો. ॥૨૬॥ પ્રલય થયો હતો ત્યારે સર્વે લોકપાળ દેવતાઓ એક બીજાની અદેખાઇને લઇને એક એક જુદા જુદા, તથા એકત્ર થઇને પણ; આ જગતમાં દેખાય છે તે; બે પગવાળાં–ચાર પગવાળાં–પેટે ચાલનારાં–અને સ્થાવરો; એમને ઉત્પન્ન કરવાને યત્ન કરતા છતાં પણ, ઉત્પન્ન કરી શક્યા નહોતા. ॥૨૭॥ પ્રલય કાળ વખતે મોટા મોટા ઉછળતા મોજા વાળા સમુદ્રમાં; મારા સહિત અન્નાદિક અને વનસ્પતિ આદિકથી ભરેલ પૃથ્વી રૂપી વહાણને લેઇને પ્રચંડ બળ અને પરાક્રમથી ફરનારા, અને આ જગતના પ્રાણી માત્રના આત્મ સ્વરૂપ આપને હું નમસ્કાર કરૂંછું." ॥૨૮॥ હિરણ્મય ખંડમાં પણ, ત્યાં વસનારા પિતૃગણોના અધિપતિ અર્યમા, તે ખંડના પુરૂષોની સાથે થઇને નીચેના મંત્રનો જપ કરીને, કાચબાનું શરીર ધારણ કરનારા, ભગવાનના અતિ પ્રિય સ્વરૂપનું ધ્યાન કરે છે. ॥૨૯॥ "સર્વ સત્વો અને ગુણો રૂપ–જેનું સ્થાન જણાતું નથી એવા– સર્વથી શ્રેષ્ઠ–સર્વ વ્યાપક–સર્વના આધાર રૂપ– તથા ઓંકાર સ્વરૂપ, આપ કચ્છપ ભગવાનને નમસ્કાર કરૂંછું." ॥૩૦॥ તમારૂં માયાવડે બનાવેલું આ જગત અથવા દશ્ય માત્ર રૂપે દેખાતું ઘણાં ઘણાં નામો અને રૂપોથી નિરૂપણ કરાયલું સ્વરૂપ, આપને વિશે જોવા માત્રજ હોવાથી, તે કેટલું છે એમ તેની સંખ્યા અથવા માપ થતું નથી. એ રીતના કહેવાતા સ્વરૂપવાળા આપ ભગવાનને હું નમસ્કાર કરૂંછું, ॥૩૧॥ જરાયુજ–સ્વેદજ–અંડજ–અને ઉદ્ભિજ, એ ચારે પ્રકારનાં સ્થાવર–જંગમ–દેવ–રૂષિઓ પિતૃઓ અને પાંચમહાભૂત–દશ ઇંદ્રિયો–ચાર પ્રકારનાં અંતઃકરણ–અંતરિક્ષ–આકાશ–પૃથ્વી–પર્વતો–નદીઓ–સમુદ્રો–દ્વીપો–ગૃહો–અને નક્ષત્રો વિગેરે સર્વેનાં નામોથી આપ એકજ કહેવાઓ છો. (અર્થાત આપ એકલાજ તે સર્વ રૂપો થકી છો) ॥૩૨॥ અસંખ્ય નામ–રૂપ–અને આકૃતિ વાળા આપના સ્વરૂપને વિશે, એ રીતનાં નામ–રૂપ–અને આકૃતિની

माळिनिक्षोणीमिमामोषधिवीरुधांनिधिं ॥मयासहोरुक्रमतेजओजसातस्मैजगत्प्राणगणात्मनेनमइति ॥२८॥ हिरण्मयेऽपिभगवान्निवसति कुर्मतनुंबिभ्राणस्तस्यतत्प्रियतमांतनुमर्यमासहवर्षपुरुषैः पितृगणाधिपतिरुपधावतिमंत्रमिमंचानुजपति ॥२९॥ ॐनमोभगवतेअकूपाराय सर्वसत्त्वगुणविशेषणायनोपलक्षित स्थानायनमोवर्ष्मणेभूम्नेनमोनमोऽवस्थानायनमस्ते॥३०॥ यद्रूपमेतन्निजमाययाऽर्पितमर्थस्वरूपंबहुरूपरूपितं॥संख्यानयस्यास्त्ययथोपलंभनात्तस्मैनमस्तेऽव्यपदेशरूपिणे ॥३१॥ जरायुजं स्वेदजमंडजोद्भिदंचराचरंदेवर्षिपितृभूतमैंद्रियं॥ द्यौःखंक्षितिःशैलसरित्समुद्रद्विपग्रहर्क्षेत्यभिधेयएकः ॥३२॥ यस्मिन्नसंख्येयविशेषनामरूपाकृतौकविभिःकल्पितेयं॥ संख्याययातत्त्वदृ [illegible] ऽपनीयतेतस्मैनमःसांख्यनिदर्शनायतइति॥३३ उत्तरेषुचकुरुषु [illegible] गवान्यज्ञपुरुषःकृतवराहरूपआस्तेतंतुदेवीहैषाभूःसहकुरुभिरस्खलितभक्तियोगेनोपधावतिइमांचपरमामुपनिषदमावर्त्तयति ॥३४॥ ॐनमोभगवतेमंत्रतत्त्वलिंगाययज्ञक्रतवेमहा [illegible] रावयवायम [illegible] पुरुषायनमः कर्मशुक्लायत्रियुगायनमस्ते॥३५॥ यस्यस्वरूपंकवयोविपश्चितोगुणेषुदारुष्विवजातवेदसं ॥ मथ्नंति [illegible] सादिदृक्षवोगूढंक्रियार्थैर्नमईरितात्मने॥३६॥द्रव्यक्रियाहेत्वयनेशकर्तृभिर्मायागुणैर्वस्तुनिरीक्षितात्मने॥ अन्वीक्षयांऽगातिश यात्मबुद्धिभिर्निरस्तमायाकृतयेनमोनमः ३७ करोतिविश्वस्थितिसंयमोदयंयस्येप्सितंनेप्सितमीक्षितुर्गुणैः॥म याययथाऽयोभ्रमतेतदाश्रयंग्राव्णोनमस्तेगुण [illegible] र्मसाक्षिणे ३८ प्रमथ्यदैत्यंप्रतिवारणं [illegible] धेयोमांरसायाजगन्[illegible]रःकृत्वाऽग्रदंष्ट्रेनिरगादुदन्वतःक्रीडन्निवेभःप्रणतास्मितंविभुमिति ३९ इ.भा.पं.अष्टादशोऽध्यायः १८ श्रीशुक० किंपुरुषेवर्षेभगवंतमादिपुरुषंलक्ष्मणाग्रजंसीताऽभिरामंतच्चरणसन्निकर्षाभिरतः परमभागवतोहनुमान्सहकिंपुरुषैरविरतभक्तिरुपास्ते ॥१॥ आर्ष्टिषेणेनसहगंधर्वैरनुगीयमानांपरमकल्याणींभर्तृभगवत्कथांसमुपशृणोतिस्वयंचेदंगायति॥२॥ओंनमोभगवतेउत्तमश्लोकायनमआर्यलक्षण ॥लव्रतायनम उपशिक्षितात्मनेउपासितलोकायनमःसाधुवादनिकषणायनमो[illegible] देवायमहापुरुषायमहाराजाय

સંખ્યાની કલ્પના વિદ્વાનોએ કરેલી છે તેનો પણ, તત્વજ્ઞાનનું દર્શન થવાવડે તુર્તજ નાશ થઇ જાય છે. તેવા સાંખ્યનું એટલે તત્વજ્ઞાનનું દર્શન કરાવનારા આપ ભગવાનને હું નમસ્કાર કરૂંછું." ॥૩૩॥ઉત્તર કુરૂ ખંડમાં યજ્ઞ પુરૂષ ભગવાન વરાહનું રૂપ કરીને રહેલા છે, તેમનું પૃથ્વી દેવી તે ખંડના લોકોની સાથે થઇને અવિચ્છિન્ન ભક્તિયોગથી નીચેનો મુખ્ય ઉપનિષદ વચનોનો જાપ કરીને ધ્યાન કરે છે. ॥૩૪॥ "મહાપુરૂષ–મોટા યજ્ઞો રૂપ અવયવો વાળા–શુદ્ધ કર્મો વાળા–ત્રણે યુગોમાં દેખાનારા–મંત્રના તત્વરૂપ–અને ઓંકાર સ્વરૂપ, આપ યજ્ઞ અને ક્રતુ રૂપ વરાહ ભગવાનને; હું વારંવાર નમસ્કાર કરૂંછું. ॥૩૫॥ ક્રિયાઓ અને તેનાં ફળો આદિથકી ગૂઢ એટલે ન જણાઓ એવા આપ, લાકડાંઓને મથીને અગ્નિ કાઢવાની પેઠે, સેવન કરતા વિદ્વાનોએ મનવડે દેહાદિકનું મંથન કરવાથી તેમને પોતાનું સ્વરૂપ દેખાડો છો, એવા આપ ભગવાનને નમસ્કાર કરૂંછું ॥૩૬॥ યમ નિયમો–અને શોધન કરવા વડે આત્મ તત્વને જાણનારી બુદ્ધિથી માયાને મટાડી દેનારાઓ; માયાના ગુણો એટલે વિષયો–ઇંદ્રિયોના વ્યાપાર–ઇંદ્રિયોના દેવતાઓ–દેહ–કાળ–અને અહંકાર એટલા વાનાં ઉપરથી; જેના ખરા સ્વરૂપને જાણે છે; તે ભગવાનને વારંવાર નમસ્કાર છે. ॥૩૭॥ જેમ લોહ ચુંબકના પથરના આશ્રયથી લોઢું ભમે છે. તેમ આપના આશ્રયથી માયા, આપ ઇંદ્રિયાદિક ગુણોથી થતાં કાર્યોના સાક્ષી રૂપની ઇચ્છાને, અને નહીં ઇચ્છાને, અનુસરીને; વિશ્વની સ્થિતિ–ઉત્પત્તિ–અને લય કરે છે; તેવા આપ ભગવાનને હું નમસ્કાર કરૂંછું ॥૩૮॥ જગતના આદિ જે સૂકર (સુવર) ભગવાન, વરાહના રૂપથી આગળી દાઢ ઉપર મને ધારણ કરીને, રસાતળમાંથી હાથીની પેઠે રમત કરતા કરતા સમુદ્રની ઉપર લેઇ આવ્યા હતા. અને સામે આવનારા હાથી જેવાજ દૈત્ય હિરણ્યાક્ષને યુદ્ધમાં માર્યો હતો; તે સમર્થ ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૩૯॥ ઇતિશ્રી. ભા૦ પાં૦ સ્કંધ૦ અરાઢમો અધ્યા. સંપૂર્ણ. ॥૧૮॥

અધ્યાય ૧૯ મો.–શ્રીશુક–કિંપુરૂષ ખંડમાં પરમ ભગવતી અને ભગવાનના ચરણની સમિપ રહેનામાં

પ્રીતિ વાળા હનુમાનજી, તે ખંડના લોકો સહિત થઇને, સીતાપતિ–લક્ષ્મણાનુજ–આદિ પુરૂષ–ભગવાન રામચંદ્રજીને; અખંડિત ભક્તિ વડે ભજે છે. ॥૧॥ અને આર્ષ્ટિષેણની સાથે ગંધર્વોએ ગવાતી, પરમ કલ્યાણકારી પોતાના સ્વામી ભગવાનની કથાઓને સાંભળે છે; અને પોતે નીચે પ્રમાણે ગાય છે. ॥૨॥ "ઉત્તમ કીર્તિ વાળા આર્ય પુરૂષનાં લક્ષણ, વ્રત, અને શીળવાળા–મનને જીતનારા–લોક રીતિને અનુસરનારા–સત્પુરૂષપણાની કસોટીરૂપ–બ્રહ્મણ્યદેવ–મહાપુરૂષ–અને મહારાજા, એવા ઓંકાર સ્વરૂપ ભગવાનને વારંવાર નમસ્કાર કરૂંછું." ॥૩॥ જે કેવળ શુદ્ધ છે–અનુભવ રૂપે એક છે–પોતાના તેજવડે ગુણોની વ્યવસ્થાથી રહિત છે–દૃશ્ય પદાર્થ માત્ર થકી જૂદા પ્રકારના છે–શાંત છે–પુરૂષોને સારી બુદ્ધિથી જણાય એવા છે–નામ રૂપથી રહિત અને અહંકાર વિનાના છે–એવા આપ ભગવાનને હું શરણ છું. ॥૪॥ પોતાના સ્વરૂપને વિશે રમનાર આપ સમર્થ ભગવાનનો આ મનુષ્ય (રામચંદ્રનો) અવતાર કેવળ રાક્ષસોનો વધ કરવાને માટેજ હતો; એમ નથી; પણ આ જગતનાં મનુષ્યોએ આચરવાનાં આચરણો, આચરી બતાવવાને માટે પણ હતો; જો તેમ નહોત તો, ઇશ્વર એવા આપને સીતાના કારણથી દુઃખો થવાનું કેમ સંભવે ॥૫॥ વળી આત્મજ્ઞાનીઓના આત્મા અને પરમ સુહૃદ વાસુદેવ ભગવાન આપ, આ ત્રિલોકીના કોઇ પદાર્થમાં આશક્ત ન હોવાથી, સ્ત્રીના કારણથી થતાં દુખોને ભોગવનારા, અને લક્ષ્મણનો પણ ત્યાગ કરનારા, કેમ થઇ શકો. ॥૬॥ સારા કુળમાં જન્મ–સુંદરતા–સારી વાણી–સારી બુદ્ધિ–અને સારૂં સ્વરૂપ વિગેરે કશાથી, જે પ્રસન્ન થતા નથી; એવા લક્ષ્મણના મોટા ભાઇ રામચંદ્ર ભગવાને; એ સઘળા સારા ગુણોથી રહિત અને વનમાં રેહેનારા અમો વાનરાઓની સાથે, મિત્રતા કરી હતી. ॥૭॥ દેવતાઓ–અસુરો–મનુષ્યો–અને બીજાઓ પણ સર્વ કોઇ; એ સર્વના આત્મા–ઉત્તમ પ્રકારની કૃતજ્ઞતા

नमइति॥३॥ यत्तद्विशुद्धानुभवमात्रमेकंस्वतेजसाध्वस्तगुणव्यवस्थं॥ प्रत्यक्प्रशांतंसुधियोपलंभनंह्यनामरूपंनिरहंप्रपद्ये ॥४॥ मर्त्यावतार
स्त्विहमर्त्यशिक्षणंरक्षोवधायैवनकेवलंविभोः॥ कुतोऽन्यथास्यूरमतःस्वआत्मनःसीताकृतानिव्यसनानीश्वरस्य॥५॥ नवैसआत्मात्मवतांसु
हृत्तमःसक्तस्त्रिलोक्यांभगवान्वासुदेवः॥ नस्त्रीकृतंकश्मलमश्नुवीतनलक्ष्मणंचापिविहातुमर्हति॥६॥ नजन्मनूनंमहतोनसौभगंनवाङ्नबुद्धि
र्नाकृतिस्तोषहेतुः॥ तैर्यद्विसृष्टानपिनोवनौकसश्चकारसख्येबतलक्ष्मणाग्रजः॥७॥ सुरोऽसुरोवाऽप्यथवानरोनरःसर्वात्मनायःसुकृतज्ञमुत्त
मं॥ भजेतरामंमनुजाकृतिंहरिंयउत्तराननयत्कोसलान्दिवमिति॥८॥भारतेऽपिवर्षेभगवान्नरनारायणाख्यआकल्पांतमुपचितधर्मज्ञानवैरा
ग्यैश्वर्योपशमोपरमात्मोपलंभन मनुग्रहायात्मवतामनुकंपयातपोऽव्यक्तगतिश्चरति॥९॥ तंभगवान्नारदोवर्णाश्रमवतीभिर्भारतीभिःप्रजाभि
र्भगवत्प्रोक्ताभ्यांसांख्ययोगाभ्यांभगवदनुभावोपवर्णनं सावर्णेरुपदेक्ष्यमाणःपरमभक्तिभावेनोपसरतिइदंचाभिगृणाति॥१०॥ ॐनमोभग
वतेउपशमशीलायोपरतानात्म्यायनमोऽकिंचनवित्तायऋषिऋषभायनरनारायणाय परमहंसपरमगुरवेआत्मारामाधिपतयेनमोनमइति
॥११॥गायंतिचेदंकर्ताऽस्यसर्गादिषुयोनबध्यतेनहन्यतेदेहगतोऽपिदैहिकैः॥ द्रष्टुर्नयस्यगुणैर्विदूष्यतेतस्मैनमोऽसक्तविविक्तसाक्षिणे
॥१२॥ इदंहियोगेश्वरयोगनैपुणंहिरण्यगर्भोभगवान्जगादयत्॥ यदंतकालेत्वयिनिर्गुणेमनोभक्त्यादधीतोज्झितदुष्कलेवरः॥१३॥ यथैहि
कामुष्मिककामलंपटःसुतेषुदारेषुधनेषुचिंतयन्॥ शंकेतविद्वान्कुकलेवरात्ययाद्यस्तस्ययत्नःश्रमएवकेवलं॥१४॥ तन्नःप्रभोत्वंकुकछेवरा
र्पितांत्वन्मायपाहंममतामधोक्षज॥भिंद्यामयेनाशुवयंसुदुर्भिदांविधेहियोगंत्वयिनःस्वभावजमिति॥१५॥ भारतेप्यस्मिन्वर्षेसरिच्छैलाःसंति
बहवोमलयोमंगलप्रस्थोमैनाकस्त्रिकूटऋषभःकूटकःकोल्लकःसह्योदेवगिरिर्ऋष्यमूकःश्रीशैलोवेंकटोमहेंद्रोवारिधारोविंध्यःशुक्तिमान्ऋक्षगि
रिःपारियात्रोद्रोणश्चित्रकूटोगोवर्द्धनोरैवतकः ककुभोनीलोगोकामुखइंद्रकीलःकामगिरिरितिचान्येचशतसहस्रशः शैलास्तेषांनितंबप्रभवा
नदानद्यश्चसंत्यसंख्याताः॥१६॥ एतासामपोभारत्यःप्रजानामभिरेवपुनंतीनामात्मनाचोपस्पृशंति॥१७॥ चंद्रवशाताम्रपर्णीअवटोदाकृत

વાળા–તથા અયોધ્યાનાં સઘળાં પ્રાણીઓને સ્વર્ગમાં લેઇ જનારા–મનુષ્યની આકૃતિવાળા હરિભગવાન રામચંદ્રજીને ભજે." ॥૮॥ અને ભરતખંડમાં, નરનારાયણ નામથી કહેવાતા ભગવાન આત્મજ્ઞાનીઓના ઉપર અનુગ્રહ કરવા માટે; કલ્પ પૂરો થવા સુધીનું ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય–ઐશ્વર્ય–શાંતિ–અને પરમાત્માનું દર્શન; એ સર્વને મેળવી આપે, એવું તપ; દયા લાવીને, કોઇના જાણવામાં ન આવે, તે રીતે કરે છે. ॥૯॥ એ ભરત ખંડની વર્ણ અને આશ્રમવાળી પ્રજાઓની સાથે થઇને, ભગવાન નારદ મુનિ; પરમ ભક્તિ ભાવથી, સાવર્ણિ નામના મનુને; સાંખ્ય તથા યોગનાં શાસ્ત્રો વડે ભગવાનના પ્રભાવનો ઉપદેશ કરતા, એ બંને નર નારાયણ ભગવાનને; નીચેનો મંત્ર બોલીને ભજે છે. ॥૧૦॥ "શાંતિ વાળી લીલા કરનારા–અનાત્મ વસ્તુ થકી અલગ રહેલા–અકિંચન પુરૂષોના ધન રૂપ–ઋષિઓમાં અતિ ઉત્તમ–પરમ હંસના પરમગુરૂ–આત્મસ્વરૂપમાંજ રાજી રેહેનારા પુરૂષોના સ્વામી–અને ઓંકાર સ્વરૂપ નરનારાયણ ભગવાનને; હું વારંવાર નમસ્કાર કરૂંછું." ॥૧૧॥ અને આ પ્રમાણે ગાય છે. "સૃષ્ટિ આદિના કર્તા છતાં, જે બંધાતા નથી; દેહધારી છતાં દેહના ધર્મો ભૂખ તરશાદિક થકી, પરાભવ પામતા નથી; દૃષ્ટા છતાં, તેની નજર ગુણો વડે વિકાર પામતી નથી; એવા આશક્તિ રહિત–શુદ્ધ–અને સર્વના સાક્ષી નારાયણ ભગવાનને, નમસ્કાર છે. ॥૧૨॥ હે યોગેશ્વર ભગવાન આ દુષ્ટ કલેવરને તજતી વખતે, અંતકાળે આપના નિર્ગુણ સ્વરૂપમાં મનને ભક્તિ વડે પેસાડવું; એજ ભગવાન બ્રહ્માએ કહેલી યોગ સંબંધી નિપુણતા, અને ડાહાપણ છે. ॥૧૩॥ પુત્ર–સ્ત્રી–અને ધનનું ચિંતવન કરનારો, અને આ લોકનાં તથા પરલોકનાં સુખોનો લાલચુ પુરૂષ; જેમ આ દુષ્ટ કલેવરનો ત્યાગ કરવાને માટે બીહે છે, તેમજ જો વિદ્વાન પુરૂષ પણ બીહે; તો તેણે કરેલો યત્ન કેવળ શ્રમરૂપજ (એટલે ફળ રહિત) થયેલાનુંજ જાણવું જોઇએ. ॥૧૪॥ હે પ્રભુ, તમો અધોક્ષજ ભગવાનમાં અમને સ્વાભાવિક પ્રીતિ થવા રૂપ યોગ, આપજ આપો; કે જે થકી અમને આ ખરાબ દેહમાં, તમારી માયાએ કરાવેલી અહંતા મમતા, જે મટાડી મટે નહીં એવી છે; તેને અમે

જાયદીજ, તોડી નાંખીએ." ॥૧૪॥ આ ભરત ખંડમાં પણ પર્વતો અને નદીઓ ઘણી છે. મલય–મંગળપ્રસ્થ–મૈનાક–ત્રિકૂટ–રૂષભ– કૂટક–કોલ્લક–સહ્ય–દેવગિરિ– ઋષ્યમુક–શ્રીશૈલ–વેંકટ–મહેંદ્ર –વારિધાર–વિંધ્ય –શુક્તિમાન–રૂક્ષગિરિ–પારિયાત્ર (ગરદો)–દ્રોણ–ચિત્રકૂટ–ગોવર્ધન–રૈવતક (ગિરનાર)–કકુભ–નીલ–ગોકામુખ–ઈંદ્રકીલ–કામગિરિ–આ બીજા સેંકડો તથા હજારો પર્વતો, અને તેમનાં નિતંબમાંથી નીકળનારી અસંખ્ય નદીઓ, અને નદો પણ છે. ॥૧૬॥ માત્ર નામ લેવાથીજ શુદ્ધ કરનારી એ નદીઓના જળનો સ્પર્શ ભરતખંડની પ્રજાઓ શરીર વડે કરે છે. ॥૧૭॥ ચંદ્રવશા–તામ્રપર્ણી–અવટોદા–કૃતમાળા–વૈહાયસિ–કાવેરી–વેણી–પયસ્વિની–શર્કરાવર્તા–તુંગભદ્રા–કૃષ્ણા–વેણ્યા–ભીમરથી–ગોદાવરી–નિર્વિંધ્યા–પયોષ્ણી–તાપી–રેવા–સુરસા–નર્મદા–ચર્મણ્વતિ–સિંધુ–મહાનદી–વેદસ્મૃતિ–ઋષિકુલ્યા–ત્રિસામા–કૌશિકી–મંદાકિનિ–(ગંગા)–યમુના–સરસ્વતિ–દૃષદ્વતિ–ગોમતી–સરયુ–રોધસ્વતિ–સપ્તવતિ–સુષોમા–શતદ્રુ–ચંદ્રભાગા–મરુદ્ વૃધા–વિતસ્તા–અસિક્નિ–અને વિશ્વા એ મોટી નદીઓ તથા અંધ અને શોણ એ બે નદ છે. ॥૧૮॥ આ ભરતખંડમાં જન્મ પામેલા સઘળા પુરુષો, પોતાનાં સાત્વિક રાજસ–અને તામસ કર્મોના સંચયથી, અને પોત પોતાના વર્ણ અને આશ્રમનાં વિધિ સહિત કર્મો કરવાથી: દેવતાની–મનુષ્યોની–અને નારકી ગતિઓને; એક પછી એક પામ્યા કરે છે. અને મોક્ષને પણ પામી શકે છે. ॥૧૯॥ જ્યારે મહા પુરુષ ભગવાનના ભક્તોનો સમાગમ પુરુષને થાય છે, અને તે થકી; સર્વ પ્રાણિ માત્રના આત્મા–દેહાદિકમાં પ્રીતિ વિનાના–વાણી થકી અગોચર–અને પોતાનાજ આશ્રયવડે રહેલા એવા પરમાત્મા વાસુદેવ ભગવાનમાં; તેને અનન્ય અને નિષ્કામ ભક્તિયોગ ઉત્પન્ન થાય; અને તેણે કરીને; અનેક જાતના અવતારો થવાના નિમિત રૂપ અવિદ્યાની ગાંઠ; (હું અને મારું કરવા રૂપી) છૂટી જાય છે. ત્યારેજ અને એ એકજ દ્વારથી પુરુષને મોક્ષની પ્રાપ્તિ થાય છે. ॥૨૦॥ દેવતાઓ પણ આ રીતેજ ગાય છે કે; "મુકુંદ ભગવાનની સેવામાં ઉપયોગી થાય, એવો દેવતાઓએ પણ ઇચ્છવા લાયક; ભરતખંડમાં મનુષ્ય જન્મ,

मालावैहायसीकावेरीवेणीपयस्विनीशर्करावर्तातुंगभद्राकृष्णा वेण्याभीमरथीगोदावरी निर्विंध्यापयोष्णीतापीरेवा सुरसानर्मदाचर्मण्वती सिंधुःअंधःशोणश्चनदौ महानदीवेदस्मृतीऋषिकुल्यात्रिसामाकौशिकीमंदाकिनीयमुनासरस्वतीदृषद्वतीगोमतीसरयूरोधस्वतीसप्तवतीसुषोमाशतद्रूश्चंद्रभागामरुद्वृधावितस्ताअसिक्नीविश्वेतिमहानद्यः ॥१८॥ अस्मिन्नेववर्षेपुरुषैर्लब्धजन्मभिःशुक्ललोहितकृष्णवर्णेनस्वारब्धेनकर्मणादिव्यमानुषनारकगतयोबह्व्यआत्मनआनुपूर्व्येणसर्वाह्येवसर्वेषांविधीयंतेयथावर्णविधानमपवर्गश्चापिभवति ॥१९॥ योऽसौभगवतिसर्वभूतात्मन्यनात्म्येऽनिरुक्तेऽनिलयनेपरमात्मनिवासुदेवेऽनन्यनिमित्तभक्तियोगलक्षणोनानागतिनिमित्ताऽविद्याग्रंथिरंधनद्वारेणयदाहिमहापुरुषपुरुषप्रसंगः ॥२०॥ एतदेवहिदेवागायंतिअहोअमीषांकिमकारिशोभनंप्रसन्नएषांस्विदुतस्वयंहरिः ॥ यैर्जन्म लब्धंनृषुभारताजिरेमुकुंदसेवौपयिकंस्पृहाहिनः ॥२१॥ किंदुष्करैर्नःक्रतुभिस्तपोव्रतैर्दानादिभिर्वाद्युजयेनफल्गुना ॥नयत्रनारायणपादपंकजस्मृतिःप्रमुष्टाऽतिशयेंद्रियोत्सवात् ॥२२॥ कल्पायुषांस्थानजयात्पुनर्भवात्क्षणायुषांभारतभूजयोवरं ॥ क्षणेनमर्त्येनकृतंमनस्विनःसंन्यस्यसंयांत्यभयंपदंहरेः ॥२३॥ नयत्रवैकुंठकथासुधापगानसाधवोभागवतास्तदाश्रयाः ॥ नयत्रयज्ञेशमखामहोत्सवाःसुरेशलोकोऽपिनवैससेव्यतां ॥२४॥ प्राप्तानृजातिंत्विहयेचजंतवोज्ञानक्रियाद्रव्यकलापसंभृतां ॥ नवैयतेरन्नपुनर्भवायतेभूयोवनौकाइवयांतिबंधनं ॥२५॥ यैःश्रद्धयाबर्हिषिभागशोहविर्निरुप्तमिष्टंविधिमंत्रवस्तुतः ॥एकःपृथङ्नामभिराहुतोमुदागृण्हातिपूर्णःस्वयमाशिषांप्रभुः ॥२६॥ सत्यंदिशत्यर्थितमर्थितोनृणांनैवार्थदोयत्पुनरर्थितायतः ॥ स्वयंविधत्तेभजतामनिच्छतामिच्छापिधानंनिजपादपल्लवं ॥२७॥ यद्यत्रनःस्वर्गसुखावशेषितंस्विष्टस्यसूक्तस्यकृतस्यशोभनं ॥ तेनाजनाभेस्मृतिमज्जन्मनःस्याद्वर्षेहरिर्यद्भजतांशंतनोति ॥२८॥ श्रीशुक० जंबूद्वीपस्यचराजन्नुपद्वीपानष्टौहैकउपदिशंतिसगरात्मजैरश्वान्वेषणइमांमहींपरितोनिखनद्भिरुपकल्पितान् ॥२९॥ तद्यथास्वर्णप्रस्थश्चंद्रशुक्लआवर्तनोरमणकोमंदरहरिणःपांचजन्यःसिंहलोलं

જે પુરુષોને હરિભગવાન પોતેજ પ્રસન્ન થઈને આપે છે; તેમણે કયાં સારાં કર્મો આચર્યાં હશે. ॥૨૧॥ જ્યાં ઇંદ્રિયાદિક સુખોની અતિશયતા થકી, નારાયણ ભગવાનના ચરણ કમળનું સ્મરણ થતું નથી, એવો બીજાઓથી ન થઇ શકે એવા યજ્ઞો–તપ–વ્રતો અને દાનો કરવા વડે મેળવેલો: આ તુચ્છ સ્વર્ગ લોક, મેળવવા થકી શું કમાણા (અર્થાત લાભ નહીં થતાં હાનિ કરી લીધી;) ॥૨૨॥ ફરીથી જન્મ લેવોજ પડે, એવા આખા કલ્પ જેવડા આયુષ્યવાળા સ્થાનને મેળવવા કરતાં, ક્ષણ જેટલાં આયુષ્યવાળો મનુષ્ય દેહ; કે જેથી ધીરપુરુષો; એટલા અલ્પ કાળમાં પણ સર્વનો ત્યાગ કરીને હરિભગવાનના નિર્ભયપદને પામી શકે છે; તે અતિ ઉત્તમ છે. ॥૨૩॥ જ્યાં ભગવાનની કથાઓ રૂપ અમૃતને વહેનારી નદીઓ નથી, જ્યાં ભગવાનમાંજ આશ્રય રાખનારા એવા સાધુ પુરુષો નથી, અને જ્યાં યજ્ઞના ઇશ્વર ભગવાનના, યજ્ઞાદિક મોટા ઉત્સાહો થતા નથી; એવો ઇંદ્રનો લોક પણ સેવવાને લાયક નથી. ॥૨૪॥ જે લોકો, જ્ઞાન–ક્રિયાઓ–અને દ્રવ્યો આદિક વડે ભરેલા આ ભરતખંડમાં મનુષ્યાવતાર પામ્યા છતાં; ફરીથી જન્મ મરણ ન થવાને સારૂં યત્ન કરતા નથી; તેઓ પક્ષીઓની પેઠે, પોતાની મેળેજ પાછા ફરીથી બંધનમાં પડનારા છે. ॥૨૫॥ એ ભરતખંડના લોકોએ શ્રદ્ધા–વિધિ–મંત્ર–અને વસ્તુઓ સહિત જૂદા જૂદા નામો વાળા પોતાના ઇષ્ટદેવોના નામથી બોલાવીને; તેમને અર્પણ કરી; અગ્નિમાં હોમેલા હવિષ્ય રૂપ બર્હિષના ભાગોને પણ ભગવાન પોતેજ, કે જે એકજ; પરિપૂર્ણ–અને સર્વ ઇચ્છિત પદાર્થો આપવાને સમર્થ છે: અને સર્વ દેવ રૂપ છે, તે આનંદવડે સ્વીકાર કરેછેજ. ॥૨૬॥ કોઇ એકની માગણી કરવાથી, તે પછી તે સખસ બીજું પણ માગશે; એવો સંભવ હોવાથી; ભગવાન, મનુષ્યોને તેમની ઇચ્છેલી વસ્તુનીજ, પ્રાપ્તિ કરે છે; પણ નિષ્કામપણે કશાની પણ ઇચ્છા નહીં કરનારાઓનેતો, વગર માગેજ; સર્વ પ્રકારના પુરુષાર્થ અને મોક્ષને આપનારૂં; પોતાનું ચરણકમળજ, જેવી રીતે ભગવાન આપી દેછે, તેમ કામનાવાળાઓને, તે આપી શકતા નથી. ॥૨૭॥ આ સ્વર્ગ લોકમાં, અમે ભોગવી લીધેલા સિવાયનાં

णाकी रहेल, अमारां करेल यज्ञ–आख्यान–अथवा बीजां कांई सुकृतोनां ફળો; જે કાંઈ શેષ રહ્યાં હોય, તેટલા વડેજ; આવી સ્મૃતિ સુદ્ધાં, અમારો જન્મ ભરત ખંડમાં મનુષ્યનો થજો; કે જે થકી હરિ ભગવાનનું ભજન કરવા થકી, મોક્ષને પામી શકાય છે." ॥૨૮॥–શ્રીશુક–હે પરિક્ષિત, જંબુદ્વીપને ફરતા આઠ ઉપદ્વીપ હોવાનું કેટલાએક કહે છે; કે જે સગર રાજાના દીકરાઓ યજ્ઞના ઘોડાને શોધવાને ગયેલા, ત્યારે તેમણે પૃથ્વીને ખોદી નાંખવાથી; બનેલાની કલ્પના છે. ॥૨૯॥ તેમનાં નામો, સ્વર્ણપ્રસ્થ–ચંદ્રશુક્લ–આવર્તન–રમણક–મંદરહરિણ–પાંચજન્ય–અને સિંહલ તેજ લંકા; એ રીતે છે. ॥૩૦॥ એઘ પુરૂષોએ મને જે રીતે કહેલું છે. તે રીતે આ જંબુદ્વીપના ખંડો વિગેરેના વિભાગો અને ભારતખંડનું વર્ણન મેં તમારી પાસે કર્યું છે ॥ ૩૧ ॥ ઇતિશ્રી० ભાગવત. પાંચમો. સ્કંધ० ઓગણીસમો અધ્યાય० સંપૂર્ણ. ॥૧૯॥

અધ્યાય ૨૦ મો.–શ્રીશુક–હવે પ્લક્ષ આદિ દ્વીપોના, ખંડો વિગેરે વિભાગો; તેમનાં પ્રમાણ–લક્ષણ અને સ્થિતિ સહિત કહું છું, ॥૧॥ જંબુદ્વીપને ફરતો ખારો સમુદ્ર, જંબુદ્વીપના જેટલાજ વિસ્તારવાળો વિંટાયલો છે. અને તે ખારો સમુદ્ર પણ તેનાથી બમણા માપના વિસ્તારવાળા પ્લક્ષ દ્વીપથી બાહેર ફરતા બહારના બગીચાની પેઠે, વિંટાયલો છે. અને જંબુદ્વીપમાં જેમ મેરૂપર્વતછે. તેમ પ્લક્ષ દ્વીપની વચ્ચે પણ; મેરૂ પર્વતના પ્રમાણનુંજ એક સોનાના જેવું પિપળાનું ઝાડ છે; અને તેથી તે દ્વીપનું નામ "પ્લક્ષ" કહેવાય છે; તે ઝાડમાં સાત જીભોવાળો અગ્નિ રહેલો છે; એ દ્વીપનો અધિપતિ, પ્રિયવ્રતનો દીકરો ઇદ્દમજીહ્વ, પોતાના દ્વીપના સાત ખંડ કરીને, એ ખંડોનાંજ નામોવાળા પોતાના સાત દીકરાઓને, એક એક ખંડ વેહેંચી આપી; પોતે આત્મ યોગ કરીને, મરણ પામેલો છે. ॥૨॥ શિવ–યવયસ–સુભદ્ર–શાંત–ક્ષેમ–અમૃત–અને અભય; એ નામો

केति॥३०॥ एवंतवभारतोत्तमजंबुद्वीपवर्षविभागोयथोपदेशमुपवर्णितइति ॥३१॥ इ०भा०म०पं०जंबूद्वीपवर्णनोनाएकोनविंशतितमोऽध्यायः॥१९॥ श्रीशुक०अतःपरंप्लक्षादीनांप्रमाणलक्षणसंस्थानतो षविभागउपवर्ण्यते ॥ १ ॥ जंबूद्वीपोऽयंयावत्प्रमाणविस्तारस्तावता क्षारोद[illegible]ष्टितोयथा[illegible]रुर्जंबाख्येनलवणोदधिरपिततोद्विगुणा[illegible]ख्येनपरिक्षिप्तोयथापरिखाबाह्योपवनेनप्लक्षो जंबूप्रमाणोद्वीपा[illegible]रण्मयउत्थितोयत्राग्निरुपास्तेसप्तजिह्वस्तस्याधिपतिःप्रियव्रतात्मजइध्मजिह्वः स्वंद्वीपंसप्तवर्षाणिविभज्यसप्तवर्षनाम[illegible]भ्यआत्मजेभ्यआकलय्यस्वयमात्मयोगेनोपरराम॥२॥ शिवंयवयसंसुभद्रंशांतंक्षेममममृतमभयमितिवर्षाणितेषुगिरयोनद्यश्चसप्तैवाभिज्ञाताः॥३॥[illegible]णिकूट[illegible]तिष्मान्सुपर्णोहिरण्यष्ठीवोमेघमालइतिसेतुशैलाःअरुणानृम्णांगिरसीसावित्रीसुप्रभाताऋतंभरासत्यंभराइतिमहानद्यःयासांजलोपस्पर्शनविधूतरजस्तमसोहंसपतंगोर्ध्वायनसत्यांगसंज्ञातश्चत्वारोवर्णाःसहस्रायुषोविबुधोपमसंदर्शनप्रजननाःस्व[illegible]विद्ययाभगवंतंत्रयीमयंसूर्य[illegible]यजंते ॥४॥ प्रत्नस्यविष्णोरू[illegible]स्यस्यऋतस्यब्रह्मणोऽमृतस्यचमृत्योश्चसूर्यमात्मानमीमहीति ॥५॥ प्लक्षादिषुपंचसुपुरुषाणामायुरिंद्रियमोजःसहोबलंबुद्धिर्विक्रमइतिचसर्वेषामौत्पत्तिकीसिद्धिरविशेषेणवर्तते॥६॥ प्लक्षःस्वसमानेनेक्षुरसोदेनावृतोयथातथाद्वीपोऽपिशाल्मलोद्विगुणविशालःसमानेनसुरोदे[illegible]तःपरिवृंक्ते॥७ यत्रहवैशाल्मलीप्लक्षायामायस्यांवावकिलनि[illegible]गवतश्छंदःस्तुतः पतत्रिराजस्यसाद्वीपहूतयेउपलक्ष्यते॥८॥ तद्वीपाधिपतिःप्रियव्रतात्मजोयज्ञबाहुःस्वसुतेभ्यःसप्तभ्यस्तन्नामानिसप्तवर्षाणिव्यभजत्सुरोचनंसौमनस्यंर[illegible]देववर्षंपारिभद्रमाप्यायनमविज्ञातमिति ॥९॥ तेषुवर्षाद्रयोनद्यश्चसप्तैवाभिज्ञाताःस्वरसःशतशृंगोवामदेवः[illegible]दःपुष्पवर्षःसहस्रश्रुतिरितिअनुमतिःसिनीवालीसरस्वतीकुहूरजनीनंदाराकेति ॥१०॥ तद्वर्षपुरुषाःश्रुतधरवीर्य[illegible]धरेषंधरसंज्ञाभगवंतंवेदमयंसोममात्मानंवेदेनयजंते॥११॥ स्वगोभिःपितृदेवेभ्योविभजन्कृष्णशुक्लयोः॥प्रजानांसर्वासांराजांधःसोमोनआस्त्विति॥१२॥ एवंसुरोदाद्बहिस्त द्विगुणःसमानेना[illegible]पूर्वः कुशद्वी[illegible]न्कुशस्तंबोदेवकृतस्तद्वीपाख्या

વાળા ખંડોમાં સાત સિમાડાના પર્વતો અને સાત પ્રખ્યાત નદીઓ છે. ॥૩॥ મણિકૂટ–વજ્રકૂટ–ઇંદ્રસેન–જ્યોતિષ્માન–સુપર્ણ–હિરણ્યષ્ઠિવ–અને મેઘમાલ; એ નામો વાળા સાત સિમાડાના પર્વતો છે; અને અરૂણા–નૃમ્ણા–આંગિરસિ–સાવિત્રિ–સુપ્રભાતા–રૂતંભરા–અને સત્યંભરા; એ નામોવાળી સાત નદીઓ છે; એ દ્વીપમાં એ નદીઓના જળના સ્પર્શથી રજોગુણ અને તમો ગુણથી રહિત થયેલા; હંસ–પતંગ–ઉર્ધ્વાયન–અને સત્યાંગ; એ નામોવાળા ચાર વર્ણો છે; તે લોકો હજાર વરસના આયુષ્યવાળા–પ્રજાની ઉત્પત્તિ અને દેખાવમાં દેવતાઓ સરખા–અને ત્રણ વેદમય તથા સ્વર્ગના દ્વારરૂપ ભગવાન સૂર્યનારાયણને નીચેનો મંત્ર બોલીને ભજનારા છે. ॥૪॥ સત્ય એટલે આચરણ થતો ધર્મ–રૂત એટલે અનુમાન થતો ધર્મ–વેદ–અમૃત–અને મૃત્યુ; એમના આત્મારૂપ સૂર્યનારાયણ પુરાણ પુરૂષ વિશ્નુ ભગવાનને, અમે શરણે જઈએ છીએ. ॥૫॥ એ પ્લક્ષ આદિ બીજા પાંચે દ્વીપોનાં માણસોમાં; આયુષ્ય–ઇંદ્રિય સુખ–શરીરનું બળ–મનનું બળ–ઇંદ્રિઓનું બળ–બુદ્ધિ, અને પરાક્રમ, એટલી સ્વાભાવિક સિદ્ધિઓ સરખી રીતે વર્તે છે. ॥૬॥ એ પ્લક્ષ દ્વીપ તેના જેવડાજ માપવાળા શેરડીના રસના સમુદ્રથી વિંટાયલો છે. અને તેની પેઠેજ તેનાથી બમણા વિસ્તારવાળો શાલ્મલિદ્વીપ પણ પોતાના જેટલાજ માપના મદિરાના સમુદ્રથી ફરતો વિંટાયલો છે. ॥૭॥ એ દ્વીપમાં પણ પિપળાના ઝાડના જેટલાજ વિસ્તારનું, અને વચમાં ઉગેલું સિમળાનું ઝાડ છે. જેની અંદર પક્ષીઓના રાજા ગરૂડજી, જે ભગવાનની વેદ વડે સ્તુતિ કરનારા છે; તેમનું તે સ્થાનક હોવાનું કહેવાય છે; એ ઝાડના નામ ઉપરથીજ એ દ્વીપનું નામ પડેલું છે. ॥૮॥ એ દ્વીપના અધિપતિ, પ્રિયવ્રતના દીકરા યજ્ઞબાહુએ, પોતાના સાત દીકરા, સુરોચન–સૌમનસ્ય–રમણક–દેવવર્ષ–પારિભદ્ર–આપ્યાયન–અને અવિજ્ઞાત; એમને તે તે નામોવાળા સાત ખંડો એકેકને એકેક વેહેંચી આપેલા છે. ॥૯॥ એ ખંડોમાં મુખ્ય પર્વતો અને નદીઓ, સ્વરસ–શતશૃંગ–વામદેવ–કુંદ–મુકુંદ–પુષ્પવર્ષ–અને સહસ્રશ્રુતિ; તથા અનુમતિ–સિનિવાલિ–સરસ્વતિ–કુહુ–રજની–નંદા–અને રાકા; એમ સાત સાત છે. ॥૧૦॥ એ

દ્વીપના ખંડોના શ્રુતધર-વિર્યધર-વસુધર-અને ઇષંધર; એ નામોવાળા વર્ણોના લોકો, વેદમય ચંદ્રમાના સ્વ-રૂપ વાળા ભગવાનનું, વેદવડે તથા નીચેનો મંત્ર બોલીને યજન કરે છે. ॥૧૧॥ "પોતાના કિરણોથી અંધા-રિયા પખવાડિયામાં પિતૃઓને, અને અજવાળિયા પખવાડિયામાં દેવતાઓને, અન્ન વહેંચી આપનાર સર્વ પ્રજા-ઓના રાજા ચંદ્રમારૂપ ભગવાન અમને; સન્મુખ રહેજો." ॥૧૨॥ એ રીતેજ મદિરાના સમુદ્રની બહાર તેના થકી બમણા માપનો કુશદ્વીપ છે, તે રીતેજ તેને ફરતો પણ તેટલાજ માપનો ઘીનો સમુદ્ર વિંટાયલો છે; એ દ્વીપમાં વચ્ચોવચમાં ભગવાને ઉત્પન્ન કરેલું બીજા અગ્નિની સરખું ચકચકિત દર્ભનું ઝુંબડું છે; કે જેની ડાળીઓના પ્રકાશથી દિશાઓ શોભાયમાન થઇ રહે છે. ॥૧૩॥ એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો દીકરો હિ-રણ્યરેતા, પોતાના સાત દીકરાઓને ભાગોની વહેંચણ કરી આપીને; પોતે તપ કરવાને ગયો છે. ॥૧૪॥ વસુ-

વસુદાન-દઢરૂચી-નાભિગુપ્ત-સત્યવ્રત-વિવિક્ત-અને વામદેવ; એ નામો વાળા સાતેને, તેજ નામો વાળા ખંડો એક એક મળેલ છે, તેઓમાં મુખ્ય પર્વતો તથા નદિઓ સાત સાત છે-ચક્ર-ચતુઃશૃંગ-કપિલ-ચિત્રકૂટ-દેવાનિક-ઉર્ધ્વ રોમા-અને દ્રવિણ એ સાત પર્વતો છે. ॥૧૫॥ રસકુલ્યા-મધુકુલ્યા-મિત્રવિંદા-શ્રુતવિંદા-દેવ-ગર્ભા-ઘૃતચ્યુતા-અને મંત્રમાલા; એ નદીઓના જળ વડે પુણ્ય કર્મો કરીને અને નીચેનો મંત્ર બોલીને; કુશળ કોવિદ-અભિયુક્ત-અને કુલક; એ નામો વાળી ચાર વર્ણો વાળા કુશદ્વીપના લોકો, અગ્નિ સ્વરૂપ ભગવાનનું યજન કરે છે. ॥૧૬॥ "હે હવ્યને જમનારા અગ્નિ, તમે સાક્ષાત પરમાત્મા પરબ્રહ્મનું સ્વરૂપ છો, તે તે થ-કીજ પુરૂષ ભગવાનનાં અંગો રૂપ દેવતાઓનાં નામોથી, યજ્ઞાદિક કરીને પુરૂષ ભગવાનનું યજન કરવામાં આવે છે." ॥૧૭॥ કુશદ્વીપ જેમ ઘીના સમુદ્રથી વિંટાયલ છે, તેમ તેની બહાર તેથી બમણા વિસ્તારનો ક્રૌંચદ્વીપ પણ,

करोज्ज्वलनइवापरःस्वशष्परोचिषादिशोविराजयति ॥१३॥ तद्वीपपतिःप्रैयव्रतोराजाहिरण्यरेतोनामस्वंद्वीपंसप्तभ्यः स्वपुत्रेभ्योयथाभागं विभज्यस्वयंतपआतिष्ठत॥१४॥ वसुवसुदानदृढरुचिनाभिगुप्तस्तुत्यव्रतविविक्तवामदेवनामभ्यस्तेषांवर्षेषुसीमागिरयोनद्यश्चाभिज्ञाताःस प्तसप्तैवचक्रश्चतुःशृंगःकपिलश्चित्रकूटोदेवानीकऊर्ध्वरोमाद्रविणइति ॥१५॥ रसकुल्यामधुकुल्यामित्रविंदाश्रुतविंदादेवगर्भाघृतच्युतामंत्रमा लेतियासांपयोभिःकुशद्वीपौकसःकुशलकोविदाभियुक्तकुलकसंज्ञाभगवंतंजातवेदसरूपिणंकर्मकौशलेनयजंते ॥१६॥ परस्यब्रह्मणःसा क्षाज्जातवेदोऽसिहव्यवाट् ॥ देवानांपुरुषांगानांयज्ञेनपुरुषंयजेति ॥१७॥ तथाबहिःक्रौंचद्वीपोद्विगुणःस्वमानेनक्षीरोदेनपरितउपक्लृप्तोवृतो यथाकुशद्वीपोघृतोदेनयस्मिन्क्रौंचोनामपर्वतराजोद्वीपनामनिर्वर्तकआस्ते ॥१८॥ योऽसौगुहप्रहरणोन्मथितनितंबकुंजोऽपिक्षीरोदेनासि च्यमानोभगवतावरुणेनाभिगुप्तोविभयोबभूव ॥१९॥ तस्मिन्नपिप्रैयव्रतोघृतपृष्ठोनामाधिपतिःस्वेद्वीपेवर्षाणिसप्तविभज्यतेषुपुत्रनामसुस तत्रिकथादान्वर्षपान्निवेश्यस्वयंभगवान्भगवतःपरमकल्याणयशसआत्मभूतस्यहरेश्चरणारविंदमुपजगाम ॥२०॥ आमोमधुरुहोमेघपृष्ठोसु धामाभ्राजिष्ठोलोहितार्णोवनस्पतिरितिघृतपृष्ठसुतास्तेषांवर्षगिरयःसप्तसप्तैवनद्यश्चाभिख्याताःशुक्लोवर्धमानोभोजनउपबर्हिणोनंदोनंदनः सर्वतोभद्रइति॥२१॥अभयाअमृतौघाआर्यकातीर्थवतीवृत्तिरूपवतीपवित्रवतीशुक्लेतियासामंभःपवित्रममलमुपयुंजानाः पुरुषऋषभद्रवि णदेवकसंज्ञावर्षपुरुषाआपोमयंदेवमपांपूर्णेनांजलिनायजंते ॥२२॥ आपःपुरुषवीर्यास्थपुनंतीर्भूर्भुवःसुवः ॥ तानःपुनीतामीवघ्नीःस्पृशता मात्मनाभुवइति ॥२३॥ एवंपुरस्तात्क्षीरोदात्परितउपवेशितःशाकद्वीपोद्वात्रिंशल्लक्षयोजनायामः समानेनचदधिमंडोदेनपरीतोयस्मिन्शा कोनाममहीरुहः स्वक्षेत्रव्यपदेशकोयस्यहमहासुरभिगंधस्तंद्वीपमनुवासयति ॥२४॥ तस्यापिप्रैयव्रतएवाधिपतिर्नाम्नामेधातिथिःसोऽपि विभज्यसप्तवर्षाणिपुत्रनामानितेषुस्वात्मजान्पुरोजवमनोजवपवमानधूम्रानीकचित्ररेफबहुरूपविश्वधारसंज्ञान्निधाप्याधिपतीन्स्वयं भगव त्यनंतआवेशितमतिस्तपोवनंप्रविवेश॥२५॥ एतेषांवर्षमर्यादागिरयोनद्यश्चसप्तसप्तैवईशानउरुशृंगोबलभद्रःशतकेसरः सहस्रस्रोतोदेव

તેના જેટલાજ વિસ્તારના દૂધના સમુદ્રથી વિંટાયલો છે. એ દ્વીપની વચ્ચોવચ ક્રૌંચ નામનો મોટો પર્વત છે. અને તેના નામ ઉપરથીજ એ દ્વીપનું નામ ક્રૌંચ કહેવાય છે. ॥૧૮॥ કાર્તિક સ્વામીએ હથિયાર વડે, તેના નિતંબ અને કુંજ ભાંગી નાંખવા છતાં; દૂધના સમુદ્ર થકી સિંચાવાને લીધે; તથા ભગવાન વરૂણે તેનું રક્ષણ કરવાથી તે નિર્ભય થયેલો છે.॥૧૯॥એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો દીકરો ઘૃતપૃષ્ટ, પણ પોતાના દ્વીપના સાત ખંડ કરી, દીકરાઓના નામો પ્રમાણેજ તેઓનાં નામ પાડી, તેઓમાં દીકરાઓને રાજ્ય આપ્યા પછી; અત્યંત કલ્યાણ રૂપ કીર્તિ વાળા સર્વાત્મા ભગવાનના ચરણને પામી ગયો છે. ॥૨૦॥ આમ-મધુરૂહ-મેઘપૃષ્ટ-સુધામા ભ્રાજિષ્ઠ-લોહિતાર્ણ-અને વનસ્પતિ; એ નામના ઘૃતપૃષ્ટના દીકરાઓના ખંડોમાં પર્વતો તથા નદીઓ સાત સા-તજ છે. શુક્લ-વર્ધમાન-ભોજન-ઉપ બર્હિણ-નંદ-નંદન-અને સર્વતોભદ્ર એ પર્વતો છે. ॥૨૧॥ અભયા-અ-મૃતૌઘા-આર્યકા- તીર્થવતિ-વૃત્તિ રૂપવતિ-પવિત્ર વતિ- અને શુક્લા, એ નદીઓનાં પવિત્ર અને નિર્મળ પાણી

પીનારા પુરૂષ-ઋષભ-દ્રવિણ-અને દેવક નામોવાળા ચાર વર્ણોના એ ખંડોના મનુષ્યો, જળથી ભરેલી અંજ-ળીથી, જળમય ભગવાનનું નીચેનો મંત્ર બોલીને. યજન કરે છે.॥૨૨॥ "હે પુરૂષ ભગવાન સ્વરૂપ- તથા તે-મના પરાક્રમ રૂપ, જળરૂપી ભગવાન; તમે, સ્વર્ગ-મૃત્યુ-અને પાતાળ તથા અંતરિક્ષને, પવિત્ર કરનાર છો, તે તમારો સ્પર્શ કરનારા અમલોકોનાં, શરીરથી થયેલાં પાપોને, મટાડીને; અમને પવિત્ર કરો." ॥૨૩॥ આ રીત નોજ તે પછી દૂધના સમુદ્રને ફરતો તેથી બમણો; (બત્રિસલાખ યોજન વિસ્તારનો) શાકદ્વીપ તેના જેટ-લાજ માપના દહીંના સમુદ્રથી વિંટાયલો છે. તેમાં "શાક" નામનું એક મોટું ઝાડ પૃથ્વીમાંથી ઉગેલું છે, જેના થકી એ દ્વીપ "શાક" નામથી કહેવાય છે: અને તે પોતાની સુગંધીથી આખા દ્વીપમાં સુગંધીને ફેલાવે છે. ॥૨૪॥ એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો દીકરો મેધાતિથિ પોતાના દ્વીપમાં, પોતાના પુત્રો; પુરોજવ-મનોજવ-પવમાન-ધુમ્રાનિક-ચિત્રરેફ-બહુરૂપ-અને વિશ્વધાર; એમને તેજ નામોવાળા સાત ખંડોના અધિપતિ કરીને;

પોતે અનંત ભગવાનને વિષે બુદ્ધિ રાખીને, તપોવનમાં ગયો છે. ॥૨૫॥ તેમાં પણ મર્યાદાના પર્વતો અને નદીઓ સાત સાતજ છે. પ્રશાન્ત–ઋષ્યશૃંગ–મધુભદ્ર–સતકેસર–સહસ્રશ્રોત–દેવપાલ–અને મહાનસ; એ પર્વતો છે. ॥૨૬॥ અનઘા–આયુર્દા–ઉભયસ્પૃષ્ટિ–અપરાજીતા–પંચનદી– સહસ્રશ્રુતિ અને નિજધૃતિ, એ નદીઓ છે. ॥૨૭॥ એ ખંડોમાં રૂત–સત્યવ્રત–દાનવ્રત–અને અનુવ્રત; એ નામોવાળા ચાર વર્ણોના લોકો પ્રાણાયામવડે, રજોગુણ તથા તમોગુણ વિનાના થઇને, પરમ સમાધિ થકી વાયુ સ્વરૂપ ભગવાનનું; નીચેનો મંત્ર બોલીને યજન કરે છે. ॥૨૮॥ "વાયુરૂપ સાક્ષાત અંતર્યામિ ઇશ્વર ભગવાન જે પ્રાણી માત્રના અંદર પેસીને પોતાનિ વૃત્તિઓથી રક્ષણ કરે છે, અને જેના વશમાં સઘળું જગત છે; એવા આપ અમારૂં રક્ષણ કરો." ॥૨૯॥ એ પ્રમાણેજ દહીંના સમુદ્રને ફરતો, તેનાથી બમણા માપનો પુષ્કરદ્વીપ પણ, તેના જેટલાજ વિસ્તારના મીઠા પાણીના સમુદ્રથી વિંટાયલો છે. તેમાં અગ્નિની જ્વાળાઓ સમાન કરોડો સોના જેવાં પાદડાંઓથી પ્રકાશતું, ભગવાન બ્રહ્માના સ્થાન રૂપ કમળ, વચોવચમાં કલ્પાયલું છે; એ દ્વીપની વચે, પૂર્વ તરફના અને પશ્ચિમ તરફના એવા બે ખંડોના સિમાડા રૂપ "માનસોત્તર" નામનો એક પર્વત દસહજાર યોજન ઉંચાઇના વિસ્તારવાળો છે, તેમાં ચારે દિશાએ ચાર ઇંદ્રાદિક લોકપાળોની નગરીઓ છે; અને તેના ઉપરજ મેરૂ પર્વતની આશપાસ ફરનારા સૂર્યના સંવત્સર રૂપી રથનાં; ઉત્તરાયન અને દક્ષિણાયન રૂપી પઇડાં; ફર્યા કરેછે. ॥૩૦॥ એ દ્વીપનો અધિપતિ પ્રિયવ્રતનો દીકરો વિતિહોત્ર, પોતાના રમણક અને ધાતકિ નામના બે પુત્રોને એ ખંડોના અધિપતિ કરીને, પોતે પોતાના મોટા ભાઇઓની પેઠેજ, ભગવત કર્મ કરવાના શોખવાળો થયોછે. (અર્થાત તપકરવા ગયોછે) ॥૩૧॥ એ ખંડોના લોકો બ્રહ્મરૂપ ભગવાનનું આરાધન સકામ કર્મોવડે કરે છે; અને નીચેનો મંત્ર બોલે છે. ॥૩૨॥ જેને વિષે કર્મ

पालोमहानसइति॥२६॥ अनघायुर्दाउभयस्पृष्टिरपराजितापंचपदीस [illegible] स्त्रस्रुतिर्निजधृतिरिति ॥२७॥ तद्वर्षेपुरुषाऋतसत्यव्रतदानव्रतानुव्रतनामानोभगवंतंवाय [illegible] प्राणायामविधुतरजस्त [illegible] सःपरमसमाधिनायजंति ॥२८॥ अंतःप्रविश्यभूतानियोबिभर्त्य [illegible] तुमेः॥ अंतर्यामीश्वरःसाक्षा [illegible] शेस्फुटं ॥२९॥ एवमेवदधिमंडोदात्परतःपुष्करद्वीपस्ततो [illegible] मःसमंततउपकल्पितः समानेनस्वादूदकेन समुद्रेण [illegible] रावृतोयस्मिन्बृ [illegible] त्पुष्करंज्वलनशिखामलकनकपत्रायुतायुत [illegible] कमलासनस्याध्यासनंपरिकल्पितंतद्द्वीपमध्येमानसोत्तरनामैकएवार्वाचीनपराचीनवर्षयोर्मर्यादाच [illegible] युतयोजनोच्छ्रायायामोयत्रतुचतसृषुदिक्षुचत्वारिपुराणि लोकपालानामिंद्रादीनांयदुपरिष्टात्सूर्यरथस्यमेरुंपरि [illegible] मतःसंवत्सरात्मकंचक्रंदेवानामह [illegible] भ्यांपरिभ्रमति ॥ ३०॥ एतद्द्वीपस्याप्यधिपतिःप्रैयव्रतोवीतिहोत्रोनामैतस्या [illegible] मणकधातकिनामानौवर्षपतीनियुज्य [illegible] यंपूर्वजवद्भगवत्कर्मशील [illegible] न्यास्ते ३१ तत्र [illegible] भगवंतंब्रह्मरूपिणं [illegible] क [illegible] मणाराधयंतीदंचोदा [illegible] रंति ॥३२॥ यत्तत्क [illegible] ब्रह्म [illegible] ॥ एकांतमद्वयंशांतंतस्मैभग [illegible] मइति ॥३३॥ ऋषि० ततःपरस्ताल्लोकालोकनामा [illegible] लोकालोकयोरंतराले [illegible] ॥३४॥ यावन्मानसोत्तरमेर्वोरंतरंतावतीभूमिःकांचन्यन्यादर्शतलोपमायस्यांप्रहितःपदार्थोनकथंचित्पुनः प्रत्युपलभ्यतेतस्मात्सर्वसत्त्वपरिहृतासीत्॥३५॥ लोकालोकइतिसमाख्यायद [illegible] लोकालोकस्यांतर्वर्तिनाऽवस्थाप्यते॥३६॥ [illegible] तेपरित ईश्वरेणविहितोयस्मात्सूर्यादीनांध्रुवापवर्गाणां ज्योतिर्गणानांगभस्तयोर्वाचीनांस्त्रींल्लोकानावितन्वानान [illegible] नाभवितुमुत्सहंतेतावदुन्नहनायामः ॥३७॥ एतावाँल्लोकविन्यासोमानलक्षणसंस्थाभिर्विचिंतितः कविभिःसतुपंचाशत्कोटिगणितस्यभूगोलस्यतुरीयभागोऽयंलोकालोकाचलः॥३८॥ तदुपरिष्टाच्चतसृष्वाशास्वात्मयोनिनाऽखिलजगद्गु [illegible] निवेशि [illegible] यऋषभः पुष्करचूडोवामनोऽपराजितइतिसकललोकस्थितिहेतवः॥३९॥ तेषांस्वविभूतीनांविविधवीर्योपबृंहणायभगवान्परममहापुरुषोमहाविभूतिपतिरंतर्याम्यात्मनोविशुद्धसत्त्वंधर्मज्ञानवैराग्यै [illegible] र्याद्यष्टमहासिद्ध्युपलक्षणंविष्वक्सेनादिभिः [illegible] पार्षदप्रवरैःप

મર્મલીંગ એટલે કર્મફળોના આપનારા દેવતાઓ, તમામ રહેલા છે: એવા–બ્રહ્મરૂપ અદ્વય–શાંત–અને જેના વિષે, સર્વેનો લય થાય છે, એવા જે ભગવાનનું લોકો પૂજન કરે છે; તે ભગવાનને અમારા નમસ્કાર છે. ॥૩૩॥—ઓશુક—તે મિઠા પાણીના સમુદ્રની બહાર, તેને ફરીવળેલો લોકાલોક નામનો પર્વત, લોક (એટલે સૂર્યનો પ્રકાશ જ્યાં પડે છે તે, આ સાતે દ્વીપ અને તેમને ફરતા સમુદ્રોવાળી જગા) અને અલોક (એટલે સૂર્યનો પ્રકાશ જ્યાં પડતો નથી એવી, આ "લોકાલોક" પર્વતની પેલી તરફની જગા)ની વચમાં ગોઠવાયલો છે. ॥૩૪॥ માનસોત્તર અને મેરૂ, એ બે પર્વતોની વચમાંની ભૂમિના જેટલાજ વિસ્તારવાળી, એ (અલોકની,); સોનું અને આરસો એટલે કાચ સરખા તળાવાળી, ભૂમિ છે; ત્યાં પડેલો પદાર્થાદિક ફરીથી હાથ આવી શકે તેમ નથી, અને તેથી ત્યાં કોઇ પ્રાણી વિગેરે પણ નથી. ॥૩૫॥ એ અલોક અને લોકની વચમાં, રહેવાના કારણથી ત્યાં રહેલા પર્વતનું નામ "લોકાલોક" પડેલું છે. ॥૩૬॥ ત્રિલોકીને છેડે ઇશ્વરે એ પર્વતને એવી રીતે રાખેલો છે કે, ત્રિલોકીની અંદર પ્રકાશ કરનારા સૂર્યચંદ્ર આદિ–ધ્રુવ–સપ્ત ઋષિઓ–ગ્રહો–અને તારાઓ, વિગેરે પ્રકાશિત પદાર્થોનો પ્રકાશ, પેલી તરફ જઇ શકે નહીં; અને તે સારૂં જોઇએ તેટલીજ, તેની ઉંચાઇ અને પહોળાઇ પણ, કરેલી છે. ॥૩૭॥ એ પ્રમાણેનાં માપ–લક્ષણો–અને સ્થિતિ સહિત, લોકરચનાની કલ્પના વિદ્વાનોએ કરેલી છે; અને આ લોકાલોક પર્વત, તે સઘળી પંચાસકોટી પૃથ્વીના ચોથા ભાગે છે. ॥૩૮॥ એ પર્વતની ઉપર ચારે દિશાઓમાં અખિલ જગતના ગુરૂ, આત્મયોનિ ભગવાને, સર્વ લોકોની સ્થિતિ રાખવાને સારૂં, ઋષભ–પુષ્કરચૂડ–વામન–અને અપરાજીત; નામના ચાર દિગ્ગજો (દિશાઓનાહાથી) સ્થાપન કરેલા છે. ॥૩૯॥ એ દિશાઓના હાથીઓની, તથા ઇંદ્રાદિક લોકપાળ અને પોતાની બીજી સર્વ વિભૂતિઓની, વિવિધ પ્રકારની શક્તિઓને, આબાદ રાખવા સારૂં; પરમ મહાપુરૂષ અને મોટી વિભૂતિઓના સ્વામી–અંતર્યામિ–તથા શુદ્ધ સત્વરૂપ ભગવાન; ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય–અને ઐશ્વર્ય વિગેરે; આઠ મહાસિદ્ધિઓ રૂપ લક્ષણો સહિત; તથા વિષ્વક-

શેન વિગેરે પોતાના મુખ્ય પાર્ષદોથી વિંટાયલા, અને પોતાના ભુજદંડને વિષે પોતાનાં ઉત્તમ આયુધોને ધારણ કરવાવડે, શોભતા; પોતે; સર્વલોક માત્રનું કલ્યાણ કરવાને માટે, એ મોટા પર્વતમાં રહેલા છે. ॥૪૦॥ ભગવાન પોતાની યોગ માયાવડે ધારણ કરેલા આ પ્રકારના સ્વરૂપથીજ; કલ્પપૂરો થતા સુધી જૂદા જૂદા લોક માત્રના વ્યવહારો પૂરા થવાવ્ય, તેઓનું રક્ષણ કરવા સારૂંજ ત્યાં રહે છે. ॥૪૧॥ એ લોકાલોક પર્વતની માહેલા ભાગના ત્રિલોકીના વિસ્તાર જેટલોજ, તેની બહારના અલોકનો પણ વિસ્તાર હોવાનું, કહેવાય છે અને તેની પણ પેલી તરફ યોગેશ્વરોની કેવળ શુદ્ધ ગતિ હોવાનું કહે છે. ॥૪૨॥ જે બ્રહ્માંડની વચમાં પૃથ્વી-અંતરિક્ષ અને સૂર્ય આવેલ છે, તે ખગોળના મધ્ય ભાગે સૂર્ય છે; કે જ્યાંથી ચારે તરફ પચીસ કરોડનું છેટું રહે છે. ॥૪૩॥ અચેતન ઉદર (રૂપ બ્રહ્માંડ)માં એ પોતે ઉત્પન્ન થયા છે, તેથી તેમનું "માર્તંડ" એવું નામ પડેલું છે; અને સોના જેવું અંડ તેગના થકી ઉત્પન્ન થયું છે, માટે તેમને હિરણ્યગર્ભ પણ કહે છે. ॥૪૪॥ દિશાઓ-આકાશ-અંતરિક્ષ-પૃથ્વી-સ્વર્ગ-ઉપરના બ્રહ્માદિક લોકો-નર્ક-અને પાતાળો આદિ સર્વ પ્રકારના વિભાગો, એ માર્તંડ નારાયણ થકીજ થાય છે. ॥૪૫॥ દેવતાઓ-મનુષ્યો-પશુપક્ષીઓ-પેટે ચાલનારા પ્રાણીઓ-અને વનસ્પતિઓ વિગેરે સર્વ દેહધારીઓના આત્મા તથા દૃષ્ટારૂપ એ ઇશ્વર માર્તંડ ભગવાનજ છે. ॥૪૬॥ ઇતિશ્રી૦ ભા૦ પાંચમા સ્કંધનો વીસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૦॥

અધ્યાય. ૨૧ મો.—શ્રીશુક—એ ભૂમંડળના જેટલોજ પ્રમાણ અને લક્ષણો સહિત ખગોળનો પણ વિસ્તાર હોવાનું, એ વિષયને જાણનારાઓ કહે છે. ॥૧॥ ચણા વિગેરે અનાજના દાણાનાં બે ફાડિયાં હોય, તેની પેઠે તે બેઉ ભૂગોળ અને ખગોળની વચેનું અંતર અંતરિક્ષ થકી સંધાયલું છે. ॥૨॥ એના મધ્યમાં રહેલા

रिवारितोनिजवरायुधोपशोभितैर्निजभुजदंडैःसंधारयमाणस्तस्मिन्गिरिवरेसमंतात्सकललोकस्वस्तयआस्ते॥४०॥ आकल्पमेवंवेषंगतएष भगवानात्मयोगमायया विरचितविविधलोकयात्रागोपीथायेति॥४१॥ योंऽतर्विस्तारएतेनह्यलोकपरिमाणंचव्याख्यातंयद्बहिर्लोकालोकाचलात्ततःपरस्ताद्योगेश्वरगतिंविशुद्धामुदा[illegible]रंति॥४२॥ अंडमध्यगतःसूर्योद्यावाभूम्योर्यदंतरं ॥ सूर्यांडगोलयोर्मध्ये[illegible]ट्यःस्युःपंचविंशतिः ॥४३॥ [illegible] एतस्मिन्यदमूत्ततोमार्तंडइतिव्यपदेशः॥हिरण्यगर्भ[illegible]तियद्धिरण्यांडसमुद्भवः॥४४॥ सूर्येण[illegible]विभज्यंतेदिशःखंद्यौर्महीभिदास्वर्गापवर्गौनरकारसौकांसिचसर्वशः॥४५॥देवतिर्य[illegible]मनुष्याणांसरीसृपसवीरुधां ॥ सर्वजीवनिकायानांसूर्यआत्माद्दगीश्वरः ॥४६॥

इतिश्रीभागवतम[illegible]पुराणे पंचमस्कंधेभुवनकोशवर्णने समुद्रद्वीपवर्षसन्निवेशपरिमाणलक्षणोविंशतितमोऽध्यायः ॥२०॥

श्रीशुक०एतावानेवभूवलयस्यसन्निवेशःप्रमाणलक्षणतोव्याख्यातएतेनहिदिवोमंडलमानंतद्विदउपदिशंति॥१॥ यथाद्विदलयोर्निष्पावादीनांतेअंतरेणांतरि[illegible]यसंधितं ॥२॥ तन्मध्यगतोभगवांस्तपतांपतिस्तपनआतपेनत्रिलोकींप्रतपत्यवभासयत्यात्मभासासएषउदगयनदक्षिणायनवैषुवतसंज्ञाभिर्मांद्यशैघ्यस[illegible]नाभिर्गतिभिरारोहणावरोहणसमानस्थानेषु यथासवनमभिपद्यमानोमकरादिषुत्रिष्वहोरात्राणिदीर्घन्हस्वसमानानिविधत्ते॥३॥ यदामेषतुलयोर्वर्ततेतदाऽहोरात्राणिसमानानिभवंतियदावृषभादिषुपंचसुचराशिषुचरतितदाऽहान्येववर्धंतेन्हसतिचमासिमास्येकैकाघटिकारात्रिषु ॥४॥ यदावृश्चिकादिषुपंचसुवर्तते तदाऽहोरात्राणिविपर्ययाणिभवंति॥५॥ यावद्दक्षिणायनमहानिवर्धंतेयावदु[illegible]यनंरात्रयः ॥६॥ एवंनवकोटयएकपंचाशल्लक्षाणियोजनानांमानसोत्तरगिरिपरिवर्तनस्योपदिशंतितस्मिन्नैंद्रींपुरींपूर्वस्मान्मेरोर्दे[illegible] नामदक्षिणतोयाम्यांसंयमनीं नामपश्चाद्वारुणींनि[illegible]चनींनामउत्तरतः सौम्यांविभावरीनामतासूदयमध्यान्हास्तमयनिशीथानीतिभूतानांप्र[illegible]त्तिनिमित्तानिसमयविशेषेणमेरोश्चतुर्दिशं ॥७॥ तत्रत्यानांदिवसमध्यंगतएवसदादित्यस्तपति[illegible]चलंदक्षिणेनकरोति ॥८॥ यत्रोदे[illegible]नसूत्रनिपातेनिम्लोचतियत्र[illegible]चनस्यंदेनाभितपातितस्यहैषसमानसूत्रनिपातेप्रस्वापयति[illegible] गतंनप

ભગવાન સૂર્ય, પોતાના કિરણોવડે ત્રિલોકીને તપાવે છે; તથા પ્રકાશથી પ્રકાશે છે. અને એજ ઉત્તરાયણ-દક્ષિણાયન-અને વિષુવત નામની મંદ-શિઘ્ર-અને સમાન ગતિથી ઉંચે ચડવાના-નીચે ઉતરવાના-અને સમાન રહેવાના, સ્થાનમાં સમય પ્રમાણે આવીને; મકર વગેરે રાશીઓમાં, રાતો અને દિવસોની લંબાઇ-ટુંકાઇ-અને સમાનતા કરે છે. ॥૩॥ જ્યારે મેષ અને તુળારાશીમાં હોય છે. ત્યારે રાતો અને દિવસો સમાન થાય છે; અને જ્યારે વૃષભ આદિ પાંચ (એટલે વૃષભ-મિથુન-કર્ક-સિંહ અને કન્યા) રાશીમાં ફરે છે, ત્યારે દિવસો વધુવધુ મોટા થતા જાયને, રાત્રિઓમાં મહિને મહિને એક એક ઘડી ઓછી થતી જાય છે. ॥૪॥ જ્યારે વૃશ્ચિક આદિક પાંચ (એટલે વૃશ્ચિક-ધન-મકર-કુંભ અને મીન) રાશીઓમાં ફરે છે, ત્યારે દિવસ અને રાત્રિઓનું માપ; એ થકી ઉલટી રીતનું થાય છે. ॥૫॥ તે જ્યાં સુધી દક્ષિણાયનમાં હોય છે, ત્યાં સુધી દિવસો, અને ઉત્તરાયણમાં હોય છે, ત્યાં સુધી રાત્રિઓ; મોટી મોટી થતી જાય છે. ॥૬॥ એવી રીતે એ માનસોત્તર પર્વતને ફરતાં નવકરોડને એકાવન લાખ યોજન ફરવાનું, કહેવાય છે; મેરૂથી પૂર્વ તરફ એ માનસોત્તર પર્વતમાં દેવધાનિ-નામની ઇંદ્રિનાપુરી-દક્ષિણ તરફ સંયમનિ નામની યમનીપુરી-પશ્ચિમ તરફ નિમ્લોચનિ નામની વરૂણનીપુરી-અને ઉત્તર તરફ વિભાવરિ નામની ચંદ્રમાનીપુરી છે. તેઓમાં સમય પ્રમાણે સૂર્યનારાયણ મેરૂની ચારે તરફ આવવાથી, પ્રાણીઓને પ્રવૃતિ થવાના કારણરૂપ સૂર્યોદય-મધ્યાન્હ-સૂર્યાસ્ત-અને મધ્યરાત્રિ આદિક અનુક્રમે થયાં કરે છે. ॥૭॥ મેરૂ પર્વત ઉપરનાઓને સર્વકાળ મધ્યાન્હકાળનાજ સૂર્ય તપે છે. સૂર્યનારાયણ મેરૂની ડાબી તરફ જવાથી, મેરૂ થકી, સૂર્યનારાયણ જમણી તરફજ રહેછે. ॥૮॥ જ્યાં ઉદય થાય છે. ત્યાંથી સામી દોરી પડે, તે જગો ઉપર અસ્ત થાય છે; અને જે જે ઠેકાણે જેટલા જેટલા ઉંચે ચડે છે, તેની તેની સામે દોરી પડવાને ઠેકાણે; તેટલી તેટલી રાત જાય છે; અને જેટલો વખત સામી દોરી પડવાના ઠેકાણા વાળાઓ, સૂર્યને નથી દેખતા, તેટલો વખતજ તેની સામેના અરધા ભૂગોળના લોકો, સૂર્યને દેખેછે. ॥૯॥ સૂર્ય ઇંદ્રની

પુરીથી ચાલીને, પંદર ઘડીએ યમની પુરીમાં આવે છે, તેટલામાં તે સવા બે કરોડને સાડાબાર લાખ યોજન કરતાં અધિક વધારે (પચીસ હજારને સુમારે) ચાલે છે. ॥૧૦॥ અને તે પછી એવી રીતેજ વારૂણી વરૂણની પુરીમાં, ચંદ્રમાની પુરીમાં, અને પાછા ફરીથી ઇંદ્રની પુરીમાં, બીજા ગ્રહો ચંદ્રઆદિ નક્ષત્રો-અને જ્યોતિશ્ચક્ર સુદ્ધાં; ફરીને વખતે વખતે ઉગે છે, અને આથમે છે. ॥ ૧૧ ॥ એ રીતે ચારે દિશાની પુરીઓમાં ફરતો ત્રયુ વેદમય સૂર્યનો રથ, એક મુહૂર્તમાં ચોત્રીસ લાખ અને આઠસેં યોજન ફરે છે. ॥૧૨॥ તેને એકજ (સંવત્સર) પઇડું-બાર આરા (મહિના) વાળું. છ પાટા (રૂતુઓ) વાળું, ને ત્રણ કુંડળિઓ (શિઆળાદિક) વાળું હોવાનું, કહેવાય છે; તે રથની ધરીનો એક છેડો, મેરૂ પર્વતને મથાળે લગાડેલો હોઇને; બીજા છેડામાં તે રથનું પઇડું પરોવાયલું છે; જે માનસોત્તર પર્વતની ઉપર; ઘાંચીની ઘાણીના બળદના ફરવાની પેઠે, ફર્યા કરે છે. ॥૧૩॥ આ ધરીના ચોથા ભાગની વધારે લંબાઇ વાળી, એક બીજી ધરી, આ ધરીની અંદરજ; એક છેડેથી (માનસોત્તર વાળા છેડાથી) બેસાડેલી છે; અને તેનો બીજો છેડો ઉપર, ઘાંચીની ઘાણીની પેઠેજ, ફરતો ધ્રુવમાં બેસાડેલો છે. ॥૧૪॥ એ સૂર્યનારાયણના રથની અંદર, બેસવાની જગિયા છત્રીસ લાખ યોજન લાંબી, અને તેના ચોથા ભાગ જેટલી પહોળી કરેલી છે; અને તેના જેટલીજ લાંબી તે રથની ધુંસરી છે. તેમાં અરૂણે જોડેલા છંદોનાં નામો વાળા, સાત ઘોડાઓ, એ આદિત્ય દેવને વહન કરે છે. ॥૧૫॥ પ્રથમથી સૂર્યનારાયણ બેઠા પછી, હાંકવાનું કામ કરનારો અરૂણ બેસે છે. ॥૧૬॥ તે રીતેજ અંગુઠાના ટેરવા જેવડા વાલખિલ્ય નામના સાઠહજાર રૂષિઓ સારાં વચનોથી સૂર્યની સ્તુતિ કરવાના કામમાં લાગેલા હોવાથી, તેઓ (રથની અંદરજ) સામે ઉભા રહીને, સ્તુતિ કર્યા કરે છે. ॥૧૭॥ તેમજ બીજા જૂદા

इयंतियेतंसमनुपश्येरन् ॥९॥ यदाचैंद्रयाःपुर्याःप्रचलतेपंचदशघटिकाभिर्याम्यांसपादकोटिद्वयंयोजनानांसार्द्धद्वादशलक्षाणिसाधिकानि चोपयाति ॥१०॥ एवंततोवारुणींसौम्यामैंद्रींचपुनस्तथाऽन्येचग्रहाःसोमादयोनक्षत्रैःसहज्योतिश्चक्रेसमभ्युद्यंतिसहवानिम्लोचंति ॥११ एवं मुहूर्तेनचतुस्त्रिंशल्लक्षयोजनान्यष्टशताधिकानिसौरोरथस्त्रयीमयोऽसौचतसृषुपरिवर्ततेपुरीषु ॥१२॥ यस्यैकंचक्रंद्वादशारंषण्नेमित्रिणाभिसंवत्सरात्मकंसमामनंतितस्याक्षोमेरोर्मूर्द्धनिकृतेतरभागोयत्रप्रोतंरविरथचक्रंतैलयंत्रचक्रवद्भ्रमन्मानसोत्तरगिरौपरिभ्रमति ॥१३॥ तस्मिन्नक्षेकृतमूलोद्वितीयोऽक्षस्तुर्यमानेनसंमितस्तैलयंत्राक्षवद्ध्रुवेकृतोपरिभागः ॥१४॥ रथनीडस्तुषट्त्रिंशल्लक्षयोजनायतस्तत्तुरीयभागविशालस्तावान्रविरथयुगोयत्रहयाश्छंदोनामानःसप्तारुणयोजितावहंतिदेवमादित्यं ॥१५॥ पुरस्तात्सवितुररुणःपश्चाच्चनियुक्तःसौत्येकर्मणिकिलास्ते ॥१६॥ तथावालखिल्याऋषयोऽंगुष्ठपर्वमात्राः षष्टिसहस्राणिपुरतःसूर्यंसूक्तवाकायनियुक्ताःसंस्तुवंति ॥१७॥ तथान्येचऋषयोगंधर्वाप्सरसोनागाग्रामण्योयातुधानादेवाइत्येकैकशोगणाः सप्तचतुर्दशमासिमासिभगवंतंसूर्यमात्मानंनानानामानंपृथङ्नानानामानः पृथक्कर्मभिर्द्वंद्वशउपासते॥१८॥ लक्षोत्तरंसार्द्धनवकोटियोजनपरिमंडलं भूवलयस्यक्षणेनसगव्युत्युत्तरंद्विसहस्रयोजनानिसभुंक्ते॥१९ इतिश्री भा०म०पं०ज्योतिश्चक्रसूर्यरथमंडलवर्णनंनामैकविंशतितमोऽध्यायः ॥२१॥ राजो०यदेतद्भगवतआदित्यस्यमेरुंध्रुवंचप्रदक्षिणेनपरिक्रामतोराशीनामभिमुखंचप्रचलितंचाप्रदक्षिणं भगवतोपवर्णितमनुष्यवयंकथमनुमिमीमहीति ॥१॥ सहो०यथाकुलालचक्रेणभ्रमता सहभ्रमतांतदाश्रयाणांपिपीलिकादीनांगतिरन्यैवप्रदेशांतरेष्वप्युपलभ्यमानत्वात्एवंनक्षत्रराशिभिरुपलक्षितेनकालचक्रेणध्रुवंमेरुंचप्रदक्षिणेनपरिधावतासहपरिधावमानानांतदाश्रयाणां सुर्यादीनांग्रहाणांगतिरन्यैवनक्षत्रांतरेराश्यंतरेचोपलभ्यमानत्वात् ॥२॥ सएषभगवानादिपुरुषएवसाक्षान्नारायणोलोकानांस्वस्तयआत्मानंत्रयीमयंकर्मविशुद्धिनिमित्तंकविभिरपिचवेदेनविजिज्ञास्यमानो द्वादशधाविभज्यषट्सुवसंतादिषुऋतुषुयथोपजोषमृतुगुणान्विदधाति ॥३॥ तमेतमिहपुरुषास्त्रय्याविद्ययावर्णाश्रमाचारानुपथाउच्चावचैः कर्मभिराम्नातैर्योग

જૂદા નામો વાળા રૂષિઓ-ગંધર્વો-અપ્સરાઓ-નાગો-યક્ષો-રાક્ષસો-અને દેવતાઓ; અકેક જાતનો અકેકો એમ સાત સાતના જથા થઇને, એક એક મહિનો; તે તે માસના જૂદા જૂદા નામો વાળા સૂર્યસ્વરૂપ ભગવાનની; જૂદાં જૂદાં કામો કરીને: ઉપાસના કરે છે. ॥૧૮॥ સાડાનવ કરોડને એક લાખ યોજનના ભૂમંડળ ઉપરના રોજના ફેરામાં, એ સૂર્ય એક ક્ષણે બે હજાર યોજન અને બે ગાઉનો માર્ગ કાપે છે. ॥ ૧૯ ॥ ઇતિ શ્રી૦ ભાગવત પાંચમો સ્કંધનો એકવિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૧॥

અધ્યાય ૨૨ મો.-પરીક્ષિત-ભગવાન આદિત્યનું મેરૂની અને ધ્રુવની પાછળ પરકમા રૂપ ફરવું, અને રાશી આદિકને વિશે ફરવું; એ બે પ્રકારનું ફરવું થવા વિશે આપે વર્ણન કર્યું; તેનું અનુમાન અમે કેવી રીતે કરી શકીયે. ॥૧॥—**શ્રી શુક**—જેમ કુંભારના ફરતા ચાક ઉપર રહેલાં કીડીઆદિને, તેમની પોતાની જૂદી ગતિ થકી તે ચાક ઉપરજ જૂદી જૂદી જગ્યાએ, તેમને ગયેલાનું; આપણે દેખીએ છીએ; તેમજ ધ્રુવ અને મેરૂ પર્વતની પ્રદક્ષણા કરનારૂં આ કાળચક્ર, તેના આશ્રયથી રહેલા (સૂર્ય આદિ) ગ્રહો સહિત ફરે છે; છતાં પોતાની જૂદી ગતિને લીધે, તે ગ્રહાદિક નક્ષત્રો અને રાશીઓના નામો વાળા; તેના ઉપરજ થયેલા ભાગો ઉપર પણ; એક બીજા થકી અંતર ઉપર ગયેલાનું જોવામાં આવે છે. ॥૨॥ અને વિદ્વાનોએ વેદ થકી જાણવાની ઇચ્છા કરેલા એજ સાક્ષાત આદિ પુરૂષ ભગવાન સૂર્યનારાયણ, પ્રાણી માત્રના ભલાને સારૂ, પોતાના ત્રણ વેદમય, તથા લોકોના કર્મોની શુદ્ધિ કરવાના કારણ ભૂત સ્વરૂપને; બાર પ્રકારથી વિભાગ પમાડીને, વસંતાદિક છ રૂતુઓમાં (તેમનાં પૂર્વ કર્મોને અનુસરીને) રૂતુના ગુણોને પ્રકટ કરે છે. ॥૩॥ વર્ણ અને આશ્રમ વાળાઓ સ્વધર્માચરણ કરીને, તથા ઉંચાં નીચાં વેદમાં આજ્ઞા કરેલાં કર્મો શ્રદ્ધા સહિત, તેમના વિસ્તાર સાથે કરીને; એ ત્રણ વેદસ્વરૂપ સૂર્યનારાયણ પુરૂષ ભગવાનનું, યજન કરવાથી; આ લોકમાં ઉતાવળાજ કલ્યાણને, પામે છે. ॥૪॥ સ્વર્ગ અને પૃથ્વીની વચમાંના આકાશની અંદરના, કાળચક્રમાં રહેલા લોકોના આત્મા સ્વ-

રૂપ, એ સૂર્ય નારાયણ ભગવાનજ, રાશીઓનાં નામોવાળા; અને વરસના અવયવો રૂપ; એવા બારે મહિના-ઓને ભોગવે છે; બે પખવાડિયાંની દિવસ રાત્રિ મળીને, અથવા સવાબે નક્ષત્રોને સૂર્ય ભોગવે; તે મહિનો કહેવાય છે. અને આખા ચક્રનો છઠ્ઠો ભાગ સૂર્ય ભોગવે, તે ૠતુ નામના, સંવત્સરના અવયવો કહેવાય છે. ॥૫॥ અને આકાશના અર્ધા ભાગને સૂર્ય જેટલા કાળમાં ફરી રહે છે, તે અયન કહેવાય છે. ॥૬॥ અને સ્વર્ગ તથા પૃથ્વી આદિના મંડળ સહ, આખા આકાશના મંડળને; સૂર્ય પૂરેપૂરે ફરી રહે, તેટલા કાળને; તેની ધીમી-ઉતાવળી-અને સમાન થતી ગતિ ઉપરથી; જુદાં નામો; સંવત્સર-પરિવત્સર-ઇડાવત્સર-અનુવત્સર અને વત્સર; એવા પાંચ પ્રકારનાં વરસો કહે છે. ॥૭॥ એ રીતના સૂર્યના સ્થાનથી ઉપર લાખ યોજન છેટે રહેલો ચંદ્રમા જે ઉતાવળી ચાલવાળો ચોને દોડતો જનાર છે; તે, એક વરસમાં સૂર્યના ચાલવા જેટલુંજ; બે પખવાડિયામાં ચાલે છે. અને મહિના જેટલું, સવાબે દિવસમાં ચાલે છે; તથા પખવાડિયા જેટલું, એક દિવસમા ચાલે છે. ॥૮॥ એ ચંદ્રમા કળાઓથી પૂર્ણ થતો જાય છે. તે અજવાળિયું પખવાડિયું, અથવા દેવતાઓ અને પિતૃઓનો દિવસ; અને કળાઓ ઓછી થતી જાય છે, તે અંધારિયું પખવાડિયું, અથવા દેવતાઓ અને પિતૃઓની રાત્રિ કહેવાય છે; એમ તે પખવાડિયાંને બનાવનો અને પ્રાણી માત્રને પોષણ આપતો, એ પ્રાણરૂપ ચંદ્રમા; સાડ સાડ ઘડીએ એક એક નક્ષત્રને ફરે છે. ॥૯॥ અને એજ સોળ કળા વાળા-મનોમય-અન્નમય અને અ-મૃતમય-પુરૂષ ભગવાન રૂપ ચંદ્રમા; દેવ-પિતૃ-મનુષ્ય-ભૂત-પશુ-પક્ષી-પેટે ચાલનારા પ્રાણી અને વનસ્પતિ

वितानैश्वश्रद्धयायजंतोंऽजसाश्रेयःसमधिगच्छंति ॥४ अथसएप आत्मालोकानांद्यावापृथिव्योरंतरेणनभोवलयस्यकालचक्रगतोद्वादशमासा न्भुंक्तेराशिसंज्ञान्संवत्सरावयवान्मासः पक्षद्वयंदिवानक्तंचोतिसपादर्क्षद्वयमुपदिशंतियावताषष्ठमंशंभुंजीतसवैऋतुरित्युपदिश्यतेसंवत्सराव यवः॥५॥ अथचयावताऽर्द्धेननभोवीथ्यांप्रचरतितंकालमयनमाचक्षते ॥६ अथचयावन्नभोमंडलंसहद्यावापृथिव्योर्मंडलाभ्यांकात्स्न्येनसहभुं जीततंकालंसंवत्सरंपरिवत्सरमिडावत्सरमनुवत्सरंवत्सरमितिभानोर्मांद्यशैघ्र्यसमगतिभिःसमामनंति ७ एवंचंद्रमा अर्कगभस्तिभ्यउपरिष्टा ल्लक्षयोजनतउपलभ्यमानोऽर्कस्यसंवत्सरभुक्तिंपक्षाभ्यांमासभुक्तिंसपादर्क्षाभ्यांदिनेनैवपक्षभुक्तिमग्रचारीद्रुततरगमनोभुंक्ते॥८॥ अथवापू र्यमाणाभिश्वकलाभिरमर [illegible]यमाणाभिश्वकलाभिःपितृणामहोरात्राणिपूर्वपक्षापरपक्षाभ्यांवितन्वानः सर्वजीवनिवहप्राणोजीवश्वएकमे कंनक्ष[illegible]तेनभुंक्ते॥९॥ यएषषोडशकलःपुरुषोभगवान्मनोमयोऽन्नमयोऽमृतमयोदेवपितृमनुष्यभूतपशुपक्षिसरीसृपवीरुधांप्राण प्यायनशीलत्वात्सर्वमयइतिवर्णयंति॥१० ततउपरिष्टात्रिलक्षयोजनतोनक्षत्राणिमेरुंदक्षिणेनैवकालायनईश्वरयोजितानिसहाभिजिताऽष्टा विंशतिः ॥११॥ ततउपरिष्टादुशनाद्विलक्षयोजनतउपलभ्यतेपुरतःपश्चात्सहैववाऽर्कस्यशैघ्र्यमांद्यसाम्याभिर्गतिभिरर्कवच्चरति [illegible] नित्यदाऽनुकूलएवप्रायेणवर्षयंश्चारेणानुमीयते सवृष्टिविष्टंभग्रहोपशमनः ॥१२॥ उशनसाबुध [illegible] रिष्टाद्विलक्षयोजनतो बुधःसोमसुतउपलभ्यमानः प्रायेणशुभकृद्यदाऽर्काद्व्यतिरिच्येततदाऽतिचरताऽभ्रप्रायानावृष्ट्यादिभयमाशंसते ॥१३॥ अतऊर्ध्वमंगार कोऽपियोजनलक्षद्वितयउपलभ्यमानस्त्रिभिस्त्रिभिः पक्षैरेकैकशोराशीन्द्वादशानुभुंक्तेयदिनवक्रेणाभिवर्ततेप्रायेणाशुभग्रहोऽघशंसः ॥१४॥ ततउपरिष्टाद्विलक्षयोजनांतरगतोभगवान्बृहस्पतिरेकैकस्मिन्राशौपरिवत्सरंचरतियदिनवक्रः स्यात्प्रायेणानुकूलोब्राह्मणकुलस्य ॥१५॥ ततउपरिष्टाद्योजनलक्षद्वयात्प्रतीयमानःशनैश्वरएकैकस्मिन्राशौत्रिंशन्मासान्विलंबमानःसर्वानेवानुपर्येतितावद्भिरनुवत्सरैःप्रायेणहिसर्वेषा मशांतिकरः ॥१६॥ ततउत्तरस्मादृषयएकादशलक्षयोजनांतरउपलक्ष्यंते ॥ यएवलोकानांशमनुभावयंतोभगवतो विष्णोर्यत्परमंपदंप्रद क्षिणंप्रक्रमंति ॥१७॥ इ०भा०म०पं०ज्योतिश्चक्रवर्णनेद्वाविंशोऽध्यायः ॥२२॥ श्रीशुक० अथतस्मात्परतस्त्रयोदशलक्षयोजनांतरतोयत्त

વિગેરે, સર્વને પ્રાણ અને અન્નાદિક આપવાના શીળવાળા હોવાથી, સર્વમય કહેવાય છે. ॥૧૦॥ ચંદ્રમાની ઉપર ત્રણલાખ યોજન છેટે, ઇશ્વરે કાળ ચક્રમાં જોડવેલાં અભિજીત સુધાં અઠાવિસ નક્ષત્રો છે. તેઓ પણ મેરૂપર્વતને પરદક્ષણા ફરે છે. ॥૧૧॥ તેમના થકી ઉપર બેલાખ યોજન છેટે શુક્ર દેખાય છે, તે શુક્ર સૂર્યની આગળ-પાછળ અને સાથે પણ; ઉતાવળી-ધીમી-અને સમાન ગતિથી, ઘણું કરીને સૂર્યની માફકજ ફરે છે; એમ તેની વર્ષની ચાલ ઉપરથી જણાય છે, શુક્ર એ હમેશાં લોકને અનુકૂળ ગ્રહ છે. અને વરસાદને રોકનારા બીજા દુષ્ટ ગ્રહોનું જોર તોડનાર પણ તેજ છે. ॥૧૨॥ શુક્રથકી ઉપર બેલાખ યોજન છેટે, ચંદ્રનો દીકરો બુધ દેખાય છે, તે પણ ઘણું કરીને શુક્રની પેઠેજ લોકોનું ભલું કરનારો છે; પણ જ્યારે તે સૂર્યથી જુદો પડીને અવળી ગતિથી ચાલે છે, ત્યારે તે પાણીવિનાનાં વાદળાં થવાનું અને વરસાદ વિના દુકાળ પડવાનું વિગેરે ભયને સૂચવનારો છે. ॥૧૩॥ એ બુધથી ઉપર બે લાખ યોજન છેટે મંગળ દેખાય છે, તે ત્રણ ત્રણ પખ-વાડિએ એક એક રાશી ફરે છે: અને અવળી ગતિમાં નથી હોતો, ત્યારે; ઘણું કરીને લોકોનું અશુભ કર-નારો છે; અને દુઃખને પણ સૂચવનારો છે. ॥૧૪॥ મંગળથી ઉપર બે લાખ યોજન છેટે ભગવાન બૃહસ્પતિ આવેલા છે. તે એક એક રાશી એકેક વરશે ફરે છે. અને જ્યારે તે વક્ર (અવળી) ગતિમાં નથી હોતો, ત્યારે ઘણું કરીને બ્રાહ્મણોને અનુકૂળ છે. ॥૧૫॥ બૃહસ્પતિની ઉપર બે લાખ યોજન છેટે શનિશ્ચર જણાય છે, તે એક એક રાશી ભોગવવામાં ત્રીસ ત્રીસ માસ જેટલો વિલંબ કરે છે. અને સઘળા ગ્રહોની ઉપર ચાલેછે; તથા તેટલાં ત્રીસ વરસોમાં ઘણું કરીને તે સર્વને અશાન્તિ આપે છે. ॥૧૬॥ શનિશ્ચરની ઉપર અગિયાર લાખ યોજનને છેટે સપ્તરૂષિઓ દેખાય છે; તેઓ લોકોને શાંતિ આપનારા છે. અને તેઓ ભગવાન વિષ્ણુના પદને (ધ્રુવના સ્થાનને) પ્રદક્ષિણા કરે છે. ॥૧૭॥ ઇ૦ શ્રી૦ ભા૦ પાં. ૨૬૦ નો બાવીસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૨॥

અધ્યાય ૨૩ મો.–શ્રીશુક–એ સપ્તર્ષિઓના ઉપર તેરલાખ યોજન છેટે, વિષ્ણુ ભગવાનનું પદ, એટલે ધ્રુવનું સ્થાન હોવાનું, કહેવાય છે; જ્યાં કલ્પસુધી જીવનારાઓનો પણ, આધાર ભૂત; અને જેનો પ્રભાવ અહીંયાં ચોથા સ્કંધમાં વર્ણન થયેલ છે; તે ઉત્તાનપાદનો દીકરો ધ્રુવ છે. તેને ફરતા અગ્નિ–પ્રજાપતિ–કશ્યપ–અને ધર્મ; એ સર્વ સરખા વેગથી ફરનારાઓ; બહુ માન આપતા થકા પ્રદક્ષિણા ફરે છે. ॥૧॥ જરા પણ અટકે નહીં એવા, અને ન દેખાતા વેગવાળા, ભગવાન કાળના ફેરવવાથી ફરનારા; ગ્રહો–નક્ષત્રો–અને સર્વ જ્યોતિગણો, એટલે તારાઓ વિગેરેને માટે ફરવાનો એક સ્થિર સ્થંભ ઇશ્વરે નિર્માણ કર્યો હોય, તેવો એ ધ્રુવ; સર્વ કાળ (સાંજ) પ્રકાશે છે; જેમ હાલરાના થાંભલાની સાથે ફેરવવાને બાંધેલા ત્રણ ત્રણ બળદો, પોતાના સ્થાન ઉપરજ, કુંડાળામાં તે થાંભલાની આસપાસ, ફર્યા કરે છે; તેમજ કાળચક્રની માંહે અને બહાર રહેલા તારાઓ અને ગ્રહો આદિ, ધ્રુવને થાંભલા પ્રમાણે વચમાં રાખીને; વાયુ વડે ઠેલાવાથી, કલ્પ પૂરો થતાં સુધી પરદક્ષિણા ફરયા કરે છે. ॥૨॥ જેમ વરસાદનાં વાદળાં, અને બાજ વિગેરે પક્ષીઓ, વાયુને વશ રહીને, આકાશમાં પોત પોતાના કર્મની સહાયતાથી ફરે છે; તેમજ પ્રકૃતિને પુરૂષનો સંયોગ થવાથી અનુગ્રહ પામેલા, જ્યોતિગણો પોતાના કર્મો વડે નિર્માણ થયેલી ગતિઓથી, ફર્યા કરે છે; અને પૃથ્વી ઉપર પડી જતા નથી. ॥૩॥ કેટલાક વિદ્વાનો, એ બળદના આકારમાં ગોઠવાયલા જ્યોતીગણોના સમુદાયને; વાસુદેવ ભગવાને કરેલી યોગ ધારણા ને રૂપે, નીચે પ્રમાણે વર્ણવે છે. ॥૪॥ માથું આડું કરી જમણી તરફ કુંડાળું વળીને બેઠેલા, તેના દેહમાં (જ્યોતિ ચક્રરૂપ બળદના દેહમાં) પુંછડાની અણિમાં ધ્રુવની કલ્પના થયેલી છે; અણી શિવાયના તેના બાકીના પુંછડામાં, પ્રજાપતિ–અગ્નિઓ–ઇંદ્ર–અને ધર્મ રહેલાનું કહે છે; પુંછડાના મૂળમાં ધાતા

द्विष्णोःपरमंपदमभिवदंतियत्रहमहाभागवतोध्रुवऔत्तानपादिरग्निनेंद्रेणप्रजापतिनाकश्यपेनधर्मेणचसमकालयुग्भिःसबहुमानंदक्षिणतः
क्रियमाणइदानीमपिकल्पजीविनामाजीव्यउपास्ते तस्येहानुभावउपवर्णितः ॥१॥ सहिसर्वेषांज्योतिर्गणानांग्रहनक्षत्रादीनामनिमिषेणा
व्यक्तरंहसाभगवता कालेनभ्राम्यमाणानांस्थाणुरिवावष्टंभईश्वरेणविहितःशश्वदवभासते यथामेढीस्तंभआक्रमणपशवः संयोजितास्त्रिभि
स्त्रिभिः सवनैर्यथास्थानंमंडलानिचरंति ॥ एवंभगणाग्रहादयएतस्मिन्नंतर्बहिर्योगेनकालचक्रआयोजिताध्रुवमेवावलंब्यवायुनोदीर्यमाणा
आकल्पांतंपरिचङ्क्रमंति॥२॥नभसियथामेघाःश्येनादयोवायुवशाःकर्मसारथयःपरिवर्ततेएवंज्योतिर्गणाःप्रकृतिपुरुषसंयोगानुगृहीताःकर्म
निर्मितगतयोभुविनपतंति ॥ ३ ॥ केचनैतज्ज्योतिरनीकंशिशुमारसंस्थानेनभगवतोवासुदेवस्ययोगधारणायामनुवर्णयंति ॥४॥ यस्यपु
च्छाग्रेऽवाक्शिरसःकुंडलीभूतदेहस्यध्रुवउपकल्पितःतस्यलांगूलेप्रजापतिरग्निरिंद्रोधर्मइति पुच्छमूलेधाताविधाताचकट्यांसप्तर्षयस्तस्यद
क्षिणावर्तकुंडलीभूतशरीरस्ययान्युदगयनानिदक्षिणपार्श्वेतुनक्षत्राण्युपकल्पयंति दक्षिणायनानितुसव्येयथाशिशुमारस्यकुंडलाभोगसन्नि
वेशस्यपार्श्वयोरुभयोरप्यवयवाःसमसंख्याभवंतिपृष्ठेत्वजवीथीआकाशगंगाचोदरतः ॥५॥ पुनर्वसुपुष्यौदक्षिणवामयोःश्रोण्योरार्द्राश्लेषे
चदक्षिणवामयोःपश्चिमयोः पादयोरभिजिदुत्तराषाढेदक्षिणवामयोर्नासिकयोर्यथासंख्यं श्रवणपूर्वाषाढेदक्षिणवामयोर्लोचनयोर्धनिष्ठामूलं
चदक्षिणवामयोः कर्णयोर्मघादीन्यष्टनक्षत्राणिदक्षिणायनानिवामपार्श्ववंक्रिषुयुंजीततथैवमृगशीर्षादीन्युदगयनानिदक्षिणपार्श्ववंक्रिषु प्रा
तिलोम्येनप्रयुंजीतशतभिषाज्येष्ठेस्कंधयोर्दक्षिणवामयोर्न्यसेत् ॥६॥ उत्तराहनावगस्तिरधराहनौयमोमुखेषुचांगारकः शनैश्चरउपस्थेबृह
स्पतिः ककुदिवक्षस्यादित्योहृदयेनारायणोमनसिचंद्रोनाभ्यामुशनास्तनयोरश्विनौबुधः प्राणापानयोराहुर्गलेकेतवः सर्वांगेषुरोमसुसर्वेता
रागणाः ॥७॥ एतदुहैवभगवतोविष्णोःसर्वदेवतामयंरूपमहरहः संध्यायांप्रयतोवाग्यतोनिरीक्षमाणउपातिष्ठेतनमोज्योतिर्लोकायकाला
यनायानिमिषांपतयेमहापुरुषायधीमहीति ॥ ८ ॥ ग्रहर्क्षतारामयमाधिदैविकंपापापहंमंत्रकृतांत्रिकालं ॥ नमस्यतःस्मरतोवात्रिकालंन

અને વિધાતા, કેડમાં સપ્તર્ષિઓ, જમણી તરફના પડખામાં અભિજીતથી પુનર્વસુ સુધીનાં ચૌદ નક્ષત્રો, કે જેઓ ઉત્તર તરફ ચાલનારાં છે; તેઓ; અને ડાબા પડખામાં પુષ્પથી તે ઉત્તરાષાઢા સુધીનાં દક્ષિણ તરફ ચાલનારાં ચૌદ નક્ષત્રો; પૃષ્ટ ભાગ એટલે પીઠ ઉપર અજવિથિ; અને પેટમાં આકાશ ગંગા હોવાની, કલ્પના થયેલી છે. ॥૫॥ જમણી કમરમાં પુનરવસુ, ડાબી કમરમાં પુષ્પ, જમણા પાછળના પગમાં આરદ્રા, ડાબા પાછળના પગમાં અસ્લેષા, જમણા નાકમાં અભિજીત, ડાબા નસકોરામાં ઉત્તરાષાઢા, જમણી આંખમાં શ્રવણ, ડાબી આંખમાં પૂર્વાષાઢા, જમણા કાનમાં ધનેષ્ટા, અને ડાબા કાનમાં મૂળ–મઘા વિગેરે તથા આઠ દક્ષિણ તરફ ચાલનારાં નક્ષત્રો; ડાબા પડખાના વાંકમાં ગોઠવાયલાનું કહે છે; તેમજ મૃગશિર્ષ વગેરે ઉત્તર તરફ ચાલનારાં નક્ષત્રો, જમણા પડખાના વાંકમાં આવેલાં એટલે સામેની બાજુથી ગોઠવાયેલાનું કહે છે; અને શતભિષા જમણા ખભામાં; તથા જેષ્ટા ડાબા ખભામાં, ગોઠવાયલાની કલ્પના છે. ॥૬॥ ઉપલા હોઠમાં અગસ્તિ;–નીચેના હોઠમાં યમ, મોઢામાં મંગળ, ઉપસ્થામાં શનિશ્વર, કાંધમાં બૃહસ્પતિ, વક્ષસ્થળમાં સૂર્ય, હૃદયમાં નારાયણ, મનમાં ચંદ્રમા. ડુંટીમાં શુક્ર, બેઉ સ્તનમાં બે અશ્વિનિકુમારો, પ્રાણ અને અપાનમાં બુધ, ગળામાં રાહુ, સર્વ અંગોમાં કેતુઓ, અને રૂવાડાંઓમાં તારાઓના ગણો, હોવાની કલ્પના થયેલી છે. ॥૭॥ એ પ્રમાણેની વિષ્નુ ભગવાનના સર્વ દેવતામય સ્વરૂપનું, દરરોજ સંધ્યાકાળે સાવધાન પણે, મૌન વ્રત રાખીને; નીચે પ્રમાણેનો મંત્ર બોલીને, દર્શન કરવું, " કાળના આશ્રય રૂપ જ્યોતિ ગણોના તથા દેવતાઓના સ્વામી; મહાપુરૂષ ભગવાનને હું નમું છું. અને તેમનું ધ્યાન કરૂં છું." ॥૮॥ ગ્રહો–નક્ષત્રો–અને તારાઓ આદિથી બનેલું, આ પરમાત્માનું શરીર, જે ત્રણકાળે; એટલે; સવારે–બપોરે–અને સાંજે; ઉપર કહેલા મંત્ર વડે જપ કરનારાઓના પાપોને, મટાડનારૂં છે; અને તેનું સ્મરણ અથવા તેને નમસ્કાર ત્રણે કાળ જે કોઇ કરે; તેનાં તે તે કાળમાં ઉત્પન્ન થતાં, પાપોનો ઉતાવળેજ નાશ કરી નાંખનારૂં છે. ॥૯॥ ઇતિશ્રી ભાગવત પાંચમો સ્કંધ ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૩॥

અધ્યાય ૨૪ મો.–શ્રીશુક–સૂર્યની નીચે દસ હજાર યોજન છેટે રાહુ, એ એક નક્ષત્રની પેઠે ફરે છે, એમ કેટલાક કહે છે, એ સિંહિકાનો પુત્ર પોતે અસુર અને દુષ્ટ છતાં, ભગવાનની કૃપા થકી તેને યોગ્ય નહીં એવાં, અમરપણાને તથા ગ્રહપણાને પામ્યો છે; તેના જન્મ અને કર્મ વિષે આગળ આઠમા સ્કંધમાં કહીશું. ॥૧॥ સૂર્યનું મંડળ દસ હજાર યોજનનું–ચંદ્રમાનું મંડળ બાર હજાર યોજનનું–અને રાહુનું મંડળ તેર હજાર યોજનનું કહેવાય છે; એ રાહુ વૈરભાવથી સૂર્ય અને ચંદ્રમાના સામો પુનમે તથા અમાવાસ્યાને દિવસે દોડે છે. ॥૨॥ તે જાણીને, એ બંન્નેના રક્ષણ સારૂ ભગવાને પોતાનું પ્રિય અસ્ત્રસુદર્શન ચક્ર મૂકેલું છે; એ કોઇથી સહન ન થાય એવા તેજવાળા ચક્રને, વારંવાર ફરતું જોઇને; એક મુહૂર્ત સુધી રાહુ ઉભો રહી, ચકિત થઇને ઉદ્વેગ પામી દૂરથીજ પાછો વળી જાય છે; તેને લોકો ઉપરાગ એટલે ગ્રહણ થયેલાનું કહે છે. ॥૩॥ એ રાહુના સ્થાનથી નીચે, તેટલાજ છેટા ઉપર સિદ્ધ–ચારણ–અને વિદ્યાધર લોકોના સ્થાન છે. ॥૪॥ અને તેની નીચે જ્યાં સુધીમાં વાયુ વાય છે, અને વરસાદનાં વાદળાં જોવામાં આવે છે; તે યક્ષો–રાક્ષસો–પિશાચો–પ્રેત–અને ભૂત આદિ ગણોને રમવાનું સ્થાન અંતરિક્ષ છે. ॥૫॥ તેની નીચે સો યોજન અંતરે આ પૃથ્વી છે, હંસ–ભાસ–શ્યેન અને ગરૂડ આદિ, મોટા પક્ષીઓ તેટલે સુધીજ ઉંચે ઉડી શકે છે. ॥૬॥ જેવી રીતે પૃથ્વીની સ્થિતિની કલ્પના છે, તેવી રીતનું મેં તમારી પાસે તેનું વર્ણન કર્યું; હવે પૃથ્વીની નીચે પણ સાત વિવરો એટલે પાતાળોની, અતળ–વિતળ–સુતળ–તળાતળ–મહાતળ–રસાતળ–અને પાતાળ; એઓ એક એકથી દસ

श्येततत्कालजमाशुपापं॥९॥ इतिश्रीभाग वतेमहापुराणेपंचमस्कंधेशिशुमारसंस्थानंनामत्रयोविंशतितमोऽध्यायः २३ श्रीशुक० अधस्तात्सवितुर्योजनायुतेस्वर्भानुर्नक्षत्रवच्चरतीत्येकेयोऽसावमरत्वंग्रहत्वंवाऽलभतभगवदनुकंपयास्वयमसुरापसदःसैंहिकेयोह्यतदर्हःतस्यतातजन्मकर्माणिचोपरिष्टाद्वक्ष्यामः॥१ यददस्तरणेर्मंडलंप्रतपतस्तद्विस्तरतोयोजनायुतमाचक्षतेद्वादशसहस्रंसोमस्यत्रयोदशसहस्रंराहोर्यःपर्वणितद्व्यवधानकृद्वैरानुबंधःसूर्यचंद्रमसावभिधावति॥२॥ तन्निशम्योभयत्रापि भगवतारक्षणायप्रयुक्तंसुदर्शनंनामभागवतंदयितमस्त्रंतत्तेजसादुर्विषहंमुहुःपरिवर्तमानमभ्यवस्थितोमुहूर्तमुद्विजमानश्चकितहृदयआरादेवनिवर्ततेतदुपरागमितिवदंतिलोकाः ॥३॥ ततोऽधस्तात्सिद्धचारणविद्याधराणांसदनानितावन्मात्रएव॥४॥ ततोऽधस्ताद्यक्षरक्षःपिशाचप्रेतभूतगणानांविहाराजिरमंतरिक्षंयावद्वायुःप्रवातियावन्मेघाउपलभ्यंते ॥५॥ ततोऽधस्ताच्छतयोजनांतरइयंपृथिवीयावद्धंसभासश्येनसुपर्णादयःपतत्त्रिप्रवराउत्पतंतीति॥६॥ उपवर्णितंभूमेर्यथासंनिवेशावस्थानमवनेरप्यधस्तात्सप्तभूविवराएकैकशोयोजनायुतांतरेणायामविस्तारेणोपक्लृप्ताः अतलंवितलंसुतलंतलातलंमहातलंरसातलंपातलमिति ॥७॥ एतेषुहिबिलस्वर्गेषुस्वर्गादप्यधिककामभोगैश्वर्यानंदविभूतिभिःसुसमृद्धभवनोद्यानाक्रीडविहारेषुदैत्यदानवकाद्रवेयानित्यप्रमुदितानुरक्तकलत्रापत्यबंधुसुहृदनुचरागृहपतयईश्वरादप्यप्रतिहतकामामायाविनोदानिवसंति ॥ ८॥ येषुमहाराजमयेनमायाविनाविनिर्मिताःपुरोनानामणिप्रवरप्रवेकाविरचितविचित्रभवनप्राकारगोपुरसभाचैत्यचत्वरायतनादिभिर्नागासुरमिथुनपारावतशुकसारिका कीर्णकृत्रिमभूमिभिर्विवरेश्वरगृहोत्तमैःसमलंकृताश्चकासति ॥९॥ उद्यानानिचातितरांमनइंद्रियानंदिभिः कुसुमफलस्तबकसुभगकिसलयावनतरुचिरविटपविटपिनांलताङ्गालिंगितानांश्रीभिःसमिथुनविविधविहंगमजलाशयानाममलजलपूर्णानांझषकुलोल्लंघनक्षुभितनीरनीरजकुमुदकुवलयकह्लारनीलोत्पललोहितशतपत्रादिवनेषुकृतनिकेतनानामेकविहाराकुलमधुरविविधस्वनादिभिरिंद्रियोत्सवैरमरलोकश्रियमतिशयितानि ॥१०॥ यत्रहवावनभयमहोरात्रादिभिःकालविभागैरुपलक्ष्यते॥११॥ यत्रहिमहाहिप्रवरशिरोमणयःसर्वंतमःप्रबाधंते १२ नवाएतेषुवसतां दिव्यौषधिरसरसायनान्नपानस्नानादिभिराधयोव्याधयोवलीपलितजरादयश्चदेहवैवर्ण्यदौर्गंध्यस्वेदक्लमग्लानिरितिवयोव

દસ હજાર યોજન નીચે અને તેટલાજ વિસ્તાર વાળાં કલ્પાયલાં છે. ॥૭॥ એ પૃથ્વીની ગુફાઓ રૂપ સ્વર્ગો (પાતાળો) કામભોગ–ઐશ્વર્ય–આનંદ–અને વિભૂતિઓમાં સ્વર્ગ લોકના કરતાં પણ અધિક છે. તેથી ઘર–બગીચા–રમવાનાં ઠેકાણાં અને વિહાર કરવાનાં સ્થળો વિગેરેની ત્યાં ભારે સમૃદ્ધિ છે. ત્યાંના ઘરોના સ્વામીઓ દૈત્ય–દાનવ–અને નાગ લોકો પોત પોતાનાં નિરંતર સ્નેહ અને આનંદથી ભરેલાં સ્ત્રી–સંતાન–બંધુ–મિત્ર–અને અનુચરો વિગેરે સહિત થઇને, અને ઇશ્વરથી પણ તેમની ઇચ્છાઓને તોડી શકાતી નથી એવાં થઇને, હમેશાં આનંદનીજ રમત ગમત કરતા ત્યાં વસે છે. ॥૮॥ હે પરીક્ષિત, ત્યાં માયાવી મયદાનવે બનાવેલી સુશોભિત નગરીઓમાં વિચિત્ર પ્રકારનાં ઘરો–ગઢ–દરવાજા–સભાઓ–વિશ્રામનાં સ્થાન–ચોવટાં–અને બીજાં સ્થાનકો, અને ક પ્રકારના ઉત્તમ અને મુખ્ય મણિઓથી શોભે છે; અને પાતાળના અધિપતિઓનાં ઉત્તમ રીતે બનેલા ઘરોની ભૂમિકાઓ, નાગ અને અસુરોનાં સ્ત્રી પુરૂષોનાં જોડાં–પારેવાં–પોપટ અને મેનાઓથી ભરપુર છે. ॥૯॥ દેવલોકોની શોભાને પણ છેક હઠાવે, એવા મન તથા ઇંદ્રિઓને આનંદ આપનારા બગીચાઓ ત્યાં છે, તેઓમાં ફુલ–ફળ–ગુચ્છ–અને સુંદર કુંપળોથી નમી રહેલી સુંદર ડાળો વાળાં, તથા વેલાઓથી વિંટાયલાં ઝાડો છે. ને નિર્મળ જળથી ભરેલાં તળાવો, અને વાવ્યો આદિમાં અનેક પ્રકારનાં પક્ષીઓનાં જોડાંની ભારે શોભા થઇ રહી છે; માછલાંથી હાલતાં પાણી વાળી તળાવડીઓમાં ઉગેલાં કમળ–કુમુદ–કુવલય–કલ્હાર–નીલોત્પલ–અને લાલ કમળ વિગેરેના જથાઓમાં રહેતાં પક્ષીઓની અનેક પ્રકારની રમતથી; તથા હમેશાં મધુર લાગતા શબ્દોથી; ઇંદ્રિયોને ભારે આનંદ ઉપજે છે. ॥૧૦॥ ત્યાં દિવસ અને રાત્રિઓ આદિ વડે કાળના વિભાગો જણાતા રૂપ ભય પણ નથી. ॥૧૧॥ ત્યાં મોટા મોટા મુખ્ય નાગના માથાના મણિઓ થકીજ, અંધકાર મટી જાય

છે. ॥૧૨॥ અને ત્યાં વસનારાઓને, દિવ્ય એવાં ઔષધિ રસ-રસાયન-અન્ન-પાન-અને સ્નાન વિગેરે થકી, આધિ-વ્યાધિ-વળિ-પળિયા વાળ-અને ઘરડાપણું-તથા શરીરાદિકનો રંગ બદલાઇ જવો-દુર્ગંધપણું-પરસેવો-થાક કે આળસ; એ સર્વેપણ થતાં નથી. ॥૧૩॥ એ ભાગ્યવાનનું ભગવાનનાં તેજ રૂપી ચક્ર સિવાય, બીજા કશાથી મરણ પણ થતું નથી. ॥૧૪॥ પાતાળોમાં ચક્રનાં આવવાથી દૈત્ય આદિની સ્ત્રીઓના ગર્ભો, ભય વડે ચાર માસ સુધીના સ્રવી જાય છે; અને તેથી મોટા હોય છે તે પડી જાય છે. ॥૧૫॥ અતળમાં મય દાનવનો દીકરો "બળ" રહે છે, જેણે સદીઓમાં બનાવેલી છનું પ્રકારની માયામાંની કેટલીકને હજુ સુધી કેટલાક માયાવીઓ, ધારણ કરી રહ્યા છે; એ બળાસુરને બગાસું આવતાં, તેના મુખમાંથી ત્રણ પ્રકારની સ્ત્રીઓનાં ટોળાં; ઉત્પન્ન થયેલાં છે. (૧) સ્વૈરિણિ, એટલે પોતાની વર્ણના પુરુષને વિષેજ કામના વાળી-(૨) કામિનિ, એટલે હરકોઈ વર્ણના પુરુષમાં કામના વાળી અને (૩) પુંશ્ચલી, એટલે કોઇ જાતનો પ્રતિબંધ ન રાખતાં, અત્યંત કામના વાળી; એ રીતની છે. તેઓ પાતાળમાં આવેલા પુરુષને, હાટક નામના સોનાનો રસ પાઇને તેને સમર્થ બનાવીને, પછી સુંદર જોવાં-સ્નેહ સહિત મંદ મંદ હસવાં-વિલાસ-ભાષણ-અને આલિંગન વિગેરેથી મનગમતી રીતે તેની સાથે તેઓ રમે છે, અને રમાડે છે. ત્યારે એ રસ પીધેલો માણસ, દસ હજાર મોટા હાથીઓના બળ વાળો થઇને, ગર્વથી આંધળો થયેલાની પેઠે અભિમાનથી કહે છે કે " હું ઇશ્વર છું; તથા હુંજ સિદ્ધ પુરુષ છું. ॥૧૬॥ તેની નીચેના વિતળમાં ભગવાન હાટકેશ્વર સદાશિવ પોતાના પાર્ષદો ભૂત ગણોથી વિંટાયલા ભવાની સહિત જોડું થઇને રહેલા છે. તેમની પ્રવૃત્તિ થકી સદાશિવના વીર્યથી હાટકી નામની મોટી નદી ચાલે છે; ત્યાં પવને જોર આપેલો અગ્નિ જોર સહિત તે વીર્યને પીજાઇને, પછી પાછું કાઢી નાખવાથી; તેનું હાટક નામનું સોનું બને છે જેના મોટા મોટા દૈત્યોના અધિપતિઓના સ્થાનોના પુરુષો અને સ્ત્રીઓ ઘરેણાં કરીને પેહેરે છે. ॥૧૭॥ અને તેની નીચેના સુતળમાં વાણી અને પવિત્ર કીર્તિ વાળો વિરોચનનો પુત્र

स्याश्चभवंति ॥१३॥ नहितेषांकल्याणानांप्रभवतिकुतश्चनमृत्युर्विनाभगवत्तेजश्चक्रापदेशात् ॥१४॥ यस्मिन्प्रविष्टेऽसुरवधूनांप्रायःपुंसव
नानिभयादेवस्रवंतिपतंति ॥१५॥ अथातलेमयपुत्रोऽसुरोबलोनिवसतियेनहवाइहसृष्टाःषण्णवतिर्मायाः काश्चनाद्यापिमायाविनोधारयं
तियस्यचजृंभमाणस्यमुखतस्त्रयस्त्रीगणाउदपद्यंतस्वैरिण्यःकामिन्यःपुंश्चल्यइतियावैबिलायनंप्रविष्टंपुरुषंरसेनहाटकाख्येनसाधयित्वास्व
विलासावलोकनानुरागस्मितसंलापोपगूहनादिभिःस्वैरंकिलरमयंतियस्मिन्नुपयुक्ते पुरुषईश्वरोऽहंसिद्धोऽहमितिअयुतमहागजबलआत्मा
नमभिमन्यमानःकत्थतेमदांधइव ॥१६॥ ततोधऽस्ताद्वितलेहरोभगवान्हाटकेश्वरःस्वपार्षदभूतगणावृतः प्रजापतिसर्गोपबृंहणायभवोभ
वान्यासहमिथुनीभूतआस्तेयतः प्रवृत्तासरिद्वराहाटकीनामभवयोर्वीर्येणयत्राचित्रभानुर्मातरिश्वनासमिध्यमान ओजसापिबतितन्निष्ठयू
तंहाटकाख्यंसुवर्णंभूषणेनासुरेंद्रावरोधेषुपुरुषाःसहपुरुषीभिर्धारयंति ॥१७॥ ततोऽधस्तात्सुतलउदारश्रवाःपुण्यश्लोकोविरोचनात्मजोब
लिर्भगवतामहेंद्रस्यप्रियंचिकीर्षमाणेनादितेर्लब्धकायोभूत्वाबटुवामनरूपेणपराक्षिप्तस्वलोकत्रयो भगवदनुकंपयैवपुनः प्रवेशितइंद्रादिष्व
विद्यमानयासुसमृद्धयाश्रियाऽभिजुष्टः स्वधर्मेणाराधयंस्तमेवभगवंतमाराधनीयमपगतसाध्वसआस्तेऽधुनापि ॥१८॥ नोएवैतत्साक्षात्का
रोभूमिदानस्यय त्तद्भगवत्यशेषजीवनिकायानांजीवभूतात्मभूतेपरमात्मनिवासुदेवेतीर्थतमेसर्वजांनदिशंतर्योगारामेपात्रउपपन्नेपरयाश्रद्धया
परमादरसमाहितमनसासंप्रतिपादितस्य साक्षादपवर्गद्वारस्ययद्बिलनिलयैश्वर्यं ॥१९॥ यस्यहवावक्षुतपतनप्रस्खलनादिषुविवशःसकृन्ना
माभिगृणन्पुरुषःकर्मबंधनमंजसाविधुनोतियस्यहैवप्रतिबाधनंमुमुक्षवोऽन्यथैवोपलभंते ॥२०॥ तद्भगवतामात्मवतांसर्वेषामात्मन्यात्मद
आत्मतमेच ॥२१॥ नवैभगवान्नूतममुष्यानुजग्राह यदुतपुनरात्मानुस्मृतिमोषणंमायामयभोगैश्वर्यमेवातनुतेति ॥२२॥ यत्तद्भगवताऽन
धिगतान्योपायेनयाञ्चाछलेनापहृतस्वशरीरावशेषितलोकत्रयोवरुणपाशैश्चसंप्रतिमुक्तोगिरिदर्यांचापविद्धइतिहोवाच ॥२३॥ नूनंबतायं

બલિરાજા, કે જેને તેની પાસેથી; ઇંદ્રનું ભલું કરવાને, ભગવાને અદિતિથી જન્મી, વામન બટુક રૂપે થઇને; તેનું ત્રણ લોકનું રાજ્ય લેઇ લીધા પછી, દયા વડે ત્યાં મોકલીને, ઇંદ્ર પાસે પણ જે નથી, એવી સારી સમૃદ્ધિથી, લક્ષ્મીવાન કરેલો છે. તે ત્યાં રહીને નિર્ભય પણે આરાધન કરવાને યોગ્ય ભગવાનનું સ્વધર્માચરણ વડે હાલ સુધી આરાધન કર્યા કરે છે. ॥૧૮॥ સર્વ પ્રાણિ આદિના નિયંતા-આત્મારામ-શ્રેષ્ટ તીર્થ રૂપ-સર્વને વિશે આત્મ સ્વરૂપથી રેહેનારા-અને દાન લેવાને પાત્ર રૂપે, પોતાની મેળેજ આવેલા સાક્ષાત મોક્ષના બારણા રૂપ પરમાત્મા વાસુદેવ ભગવાન, વામનજીને પામીને, બલિરાજાએ પરમ શ્રદ્ધા તથા આદર સહિત ભૂમિનું(એટલે ત્રણે લોકનું રાજ્ય તથા પોતાના શરીર સુદ્ધા સરવસ્વનું) દાન આપ્યું હતું. તેને, બદલામાં ભગવાને એકલું ઐશ્વર્ય સહિત સુતળ પાતાળજ આપેલું છે, એમ નથી. ॥૧૯॥ પણ, જેના નામનો સંપૂર્ણ ઉચ્ચારજ માત્ર, કોઇ મનુષ્ય, છિંક આવતાં-પડી જવાતાં-ઠેસ વાગતાં-અને એવીજ રીતની બીજી પરવશ અવસ્થાઓમાં, કરે છે; તો તેટલાજ વડે તેનાં કર્મ બંધનો થકી તે મુક્ત થાય છે, કે જેને સારૂં મોક્ષને ઇચ્છનારા બીજાઓને, અનેક અનેક સાધનો દુઃખો વેઠી વેઠીને, કરવાં પડે છે; તથા આત્મ સ્વરૂપને જાણવાની ઇચ્છા વાળા પોતાના ભગવતીઓ, જેને પોતાના શરીર કરતાં પણ અધિક વહાલા છે, એવા હરિભગવાનનો, પોતાના ભક્તોને હમેંસાં પોતાનું સ્વરૂપજ આપી દેછે. (અર્થાત ધ્રુવ અને પ્રહ્લાદની પેઠેજ, બલિને, પણ પોતાના સ્વરૂપનું જ્ઞાન આપવાની સાથેજ એ વૈભવ પણ આપ્યો હતો.) ॥૨૦-૨૧॥ વળી જે થકી પુરૂષને ફરી ફરીને આત્મસ્વરૂપનું વિસ્મરણ થાય છે, એવા માયામય સુખભોગ અને ઐશ્વર્ય; કે જે પોતાના અનુગ્રહને યોગ્ય ભક્તાદિકની પાસેથીતો, ભગવાન પ્રથમજ લેઇ લેછે; તે એકલુંજ, બલિરાજા જેવા મહા ભક્તને, કેમ આપે ? ॥૨૨॥ જે બલિ રાજાને ચલાયમાન્ કરવાનો બીજો ઉપાય ભગવાનને ન જડવાથી, યાચના કરવાના છળવડે; તેમણે તેનુ ત્રિલોકીનું રાજ્ય લેઇ લીધું; અને વળી વરૂણ પાસથી બાંધી લીધો; તથા જ્યારે તેને છોડયો, ત્યારે પર્વતની

છુદ્રા જેવા પાતાળમાં નાંખ્યો; એટલું થતાં પણ જેણે, તે વખતે આટલુંજ કહ્યું હતું કે ॥૨૩॥ "જેની પાસે શુભ સલાહ આપનારા બૃહસ્પતિ, પોતેજ સચિવ થઇને રહેલા છે, એવા ઇંદ્રે, સુખની ઇચ્છાથી, ઉપેંદ્ર (વામનજી) ભગવાનતેજ, માગી લેવાનું પડ્યું મૂકીને; જેને ભગવાનના દાસલોકો કદી ગણતીમાં લેખતા નથી; એવા; તથા જેનો ગંભીર વેગવાળા કાળ થકી નાશ થઇ જાય છે; એવા; એક મન્વંતર સુધીના ત્રિલોકીના રાજ્યની માગના, મારી પાસે કરવાને માટે, તેમનેજ મોકલ્યા છે; તેથી એ ઇંદ્ર ખચીત, પોતાના સ્વાર્થને વિષે કાંઇજ સમજેલા નથી. ॥૨૪॥ એ વાતમાં બરાબર સમજેલા તો અમારા વડાવા પ્રહ્લાદજીજ હતા; કે જેમણે, તેમના પિતા હિરણ્યકશિપુ મુવા પછી; ભગવાને તેમને તેમના પિતાનું નિષ્કંટક રાજ્ય આપવા માંડયું; ત્યારે તે ભગવાનથી જુદું અને અનિત્ય હોવાનું જાણી જઇને, તે એકલુંજ નહીં લેતાં ભગવાનના દાસત્વને પણ માગી લીધું હતું. ॥૨૫॥ તેથી ભગવાનની ઓછી કૃપા વાળો, અને રાગદ્વેષ નાશ નહીં પામેલો મારા સરખો પુરૂષ, એ મોટા પ્રભાવવાળા પ્રહ્લાદજીના માર્ગને, જીતી લેવાની (અર્થાત તેમના પ્રમાણે કરવાની) ઇચ્છાપણ કેવે પ્રકારે કરી શકે?" ॥૨૬॥ એ બળિરાજાના ચરીત્રનો વિસ્તાર આગળ આઠમા સ્કંધમાં આવશે, જેના દરવાજામાં અખિલ જગતના ગુરૂ નારાયણ ભગવાન પોતેજ, પોતાના ભક્તો ઉપરની દયાને લીધે, પિગળેલા હૃદયથી હાથમાં ગદા લેઇને, હમેશાં ઉભા રેહેછે; અને દશમાથાં વાળો રાવણ દિગ્વિજય કરતો કરતો જ્યારે એ સુતળમાં આવ્યો હતો; ત્યારે તેને પોતાના પગના અંગુઠા વડે હજારો હજાર યોજન દૂર તેમણે ફેંકી દીધો હતો. ॥૨૭॥ એ સુતળની નીચેના તળાતળમાં ત્રણ પુરોનો અધિપતિ મય નામનો દાનવનો રાજા; જેમાયાવીઓનો આચાર્ય છે; તેને ભગવાન સદાશિવે ત્રણે લોકને સુખ કરવા સારૂ, તેનાં ત્રણપુર બાળી નાંખવા પછી, એના ઉપર કૃપા કરીને આ, સ્થાન

भगवानर्थेपुननिष्णातोयोऽसाविंद्रोयस्यसचिवोमंत्रायवृतएकांततो[illegible]तिस्तमतिहायस्वयमुपेंद्रेणात्मानमयाचतआत्मनश्चाशिषोनोएव [illegible]दास्यमातेर्गंभीरवयसः[illegible]लस्यमन्वंतरपरिवृतंकियल्लोकत्रयमिदं॥२४॥ यस्यानुदास्यमेवास्मत्पितामहःकिलवव्रेनतुस्वपित्र्यंपदुताकुतो भ[illegible]ःपरमितिभगवतोपरतेखलुस्वपितरि ॥२५॥ तस्यमहानुभावस्यानुपथममृजितकषायःकोवाऽस्माद्विधः परिहीणभगवदनुग्रहउपजिगमिषतीति॥२६॥ अथतस्यानुचरितमुत्तरस्माद्विस्तरिष्यते यस्यः[illegible]गद्गुरुर्नारायणोद्वारिगदापाणिरवतिष्ठतेनिजजनानुकंपितहृदयोयेनांगुष्ठेनपदादशकंधरो योजनायुतायुतंदिग्विजयउच्चाटितः॥२७॥ ततोऽधस्तात्तलातलेमयोनामदानवेंद्रस्त्रिपुराधिपतिर्भगवतापुरारिणा[illegible]लोकीशंचिकीर्षुणा निर्दग्धस्वपुरत्रयस्तत्प्रसादाल्लब्धपदोमायाविनामाचार्योमहादेवेनपरिरक्षितोविगतसुदर्शनभयोमहीयते ॥२८॥ ततोऽधस्तान्महातलेकाद्रवेयाणांसर्पाणांनैकशिरसांक्रोधवशोनामगणःकुहकतक्षककालियसुषेणादिप्रधानामहाभोगवंतःपतत्रिराजाधिपतेःपुरुषवाहादनवरतमुद्विजमानाःस्वकलत्रापत्यसुहृत्कुटुंबसंगेनक्वचित्प्रमत्ताविहरंति॥२९॥ ततोऽधस्ताद्रसातलेदैतेयादानवाःपणयोनामनिवातकवचाःकालेयाहिरण्यपुरवासिनइतिविबुधप्रत्यनीकाउत्पत्त्यामहौजसोमहासाहसिनोभगवतःसकललोकानुभावस्यहरेरेवतेजसाप्रतिहतबलावलेपाबिलेशयाइववसंतियेवै सरमयेंद्रदूत्यावाग्भिर्मंत्रवर्णाभिरिंद्राद्बिभ्यति॥३०॥ ततोधस्तात्पातालेनागलोकपत[illegible]वासुकि[illegible]मुखाःशंखकुलिकमहाशंखश्वेतधनंजयधृतराष्ट्रशंख[illegible]कंबला[illegible]महाभोगिनोमहामर्षानिवसंतितेषामु[illegible]पंचसप्तदशशतसहस्रशीर्षाणांफणासुविरचिता महामणयोरोचिष्ण वःपातालविवरतिमिरनिकरंस्वरोचिषाविधमंति ॥३१॥ इति श्रीभागवतेमहापुराणेपंचमस्कंधेचतुर्विंशतितमोऽध्यायः ॥२४॥

श्रीशुक०तस्यमूलदेशेत्रिंशद्योजनसहस्रांतरआस्तेयावैकलाभगवतस्तामसीसमाख्याताऽनंतइतिसात्वतीयाद्रष्टृदृश्ययोः संकर्षणमहमित्यभिमानलक्षणंसंकर्षणमित्याचक्षते॥१॥ यस्येदंक्षितिमंडलंभगवतोऽनंतमूर्तेःसहस्रशिरसएकस्मिन्नैवशीर्षणिध्रियमाणंसिद्धार्थइवलक्ष्य

આપેલું છે. તેથી તે, મહાદેવ થકી રક્ષણ થવાથી, સુદર્શન ચક્રનાભય રહિત થઇને ત્યાં રેહે છે. ॥૨૮॥ તેની નીચે મહાતળમાં કદ્રુના દીકરાઓ ક્રોધવશ, નામના ઘણાં માથાંવાળા કાળા સાપોનું ટોળું, જેમાં કુહક–તક્ષક–કાલિય–અને સુષેણ વિગેરે મુખ્ય છે; તેઓ રેહે છે. મોટી કાયાવાળા તે સાપો ભગવાનના વાહન ગરૂડજીથી હમેશાં ઉદ્વેગ પામ્યા કરે છે, તોપણ કદી કદી પોતાનાં સ્ત્રી–સંતાન–સંબંધીઓ–અને કુટુંબાદિકના પ્રસંગથી, ગાફલ બનીને; તેઓ વિહાર કરે છે. ॥૨૯॥ તેની નીચેના રસાતળમાં "પણી" નામથી કહેવાતા, દેવતાઓના શત્રુ, અને જેઓ જન્મથીજ મોટા પરાક્રમી તથા સાહસિક છે, એવા નિવાતકવચ–કાલેય–અને હિરણ્યપુર વાસી; એ નામોવાળા દૈત્યો અને દાનવો રેહે છે; સર્વ લોકમાં અખંડ પ્રતાપવાળા ભગવાનના સુદર્શન ચક્રથી, તેઓના બળનું અભિમાન, નાશ પામી જઇને, રાફડામાં રહેલા સાપોની પેઠે; રસાતળમાં રહેલાં છેયને; ઇંદ્રની મોકલેલી દૂતી, કે જે એક કુતરી છે, તે પોતાની મંત્રરૂપ વાણીથી, ઇંદ્રથકી (તેમને) બીહીવરાવે છે. ॥૩૦॥ તે થકી પણ નીચે છેલ્લું પાતાળ છે ત્યાં; જેઓમાં વાસુકી મુખ્ય છે, એવા મોટાં શરીરોવાળા અને ભારે ક્રોધી, શંખ–કુલિક–મહાશંખ–શ્વેત–ધનંજય–ધૃતરાષ્ટ્ર–શંખચૂડ–કંબળ–અશ્વતર–અને દેવદત્ત, વિગેરે નાગ લોકોના અધિપતિઓ રેહે છે; તેઓ પાંચ–સાત–દશ–સો–અને હજાર માથાં વાળાઓની ફેણો ઉપર રહેલા, મોટા પ્રકાશવાળા, ઉત્તમ મણિઓ પોતાની કાંતિથી, એ પાતાળમાંના ગાઢા અંધારાને, મટાડી દેછે ॥૩૧॥ ઇતિશ્રી૦ ભા૦ પાં૦ સ્કં૦ ચોવીસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૪॥

અધ્યાય. ૨૫ મો.—શ્રીશુક—એ પાતાળની નીચે ત્રીસ હજાર યોજનને છેટે, સાત્વત ભગવાનની તમોગુણી કળા, અનંત ભગવાન રહેલા છે; જે થકી દૃષ્ટાને, દૃશ્ય પદાર્થાદિકને વિશે અહંપણું થાયછે. તેથી એ અભિમાન થવાના લક્ષણવડે તેમને સંકર્ષણ પણ કહે છે. ॥૧॥ એ અનંત સ્વરૂપ ભગવાન પોતાનાં હજારો માથાં માંહેના એક માથા ઉપરજ આ પૃથ્વીના મંડળને ધારણ કરેલા સિદ્ધાર્થ સરખા જણાય છે ॥૨॥

પ્રલયકાળે લોકનો સંહાર કરવાને ઇચ્છતા, એ ભગવાનની ક્રોધથી વાંકી થયેલી અને ફરકતી ભ્રમરોના મધ્યમાંથી, ત્રણ ત્રણ આંખોવાળા, અને ત્રણ ત્રણ ફળાં વાળાં ત્રિશૂળો ઉપાડેલા અગિયાર રુદ્રો ઉત્પન્ન થાય છે. ॥૩॥ તેમ ભગવતીઓ સહિત આપના બે ચરણ કમળના રાતા–સ્વચ્છ–અને મણિઓ સરખા નખના મંડળને, નાગ લોકના અધિપતિઓ, એકાંતિક ભક્તિયોગ કરીને, નમસ્કાર કરે છે; તથા આનંદવાળા મનથી તેની અંદર અતિચળકાટવાળાં કુંડળોની કાંતિથી શોભતા ગાલવાળાં, પોતાનાં સુંદર મોઢાંઓને નિરખે છે. ॥૪॥ અને આપના કંકણોથી શોભતા–સ્વચ્છ–મોટા–ધોળા–અને અત્યંત સુંદર રૂપાના થાંભલા જેવા હાથને, અગરુ ચંદન–અને કેસરનું લેપન; સંસાર સુખોની ઇચ્છાવાળી નાગ કન્યાઓ, કરતાં તેમને તેનો સ્પર્શ થવાથી, હૃદયમાં વિકાર થઈને, કામ ઉત્પન્ન થવાથી, તેઓ અતિમનોહર મંદહાસ્ય કરવા લાગે છે; અને રોદ તથા મદથી આનંદિત–મતી–અને ઘુમતી છતાં, કરુણાવાળી આંખોવાળા, આપના મુખારવિંદને લજાતી લજાતી જુવે છે. ॥૫॥ એવા આદિ દેવ અને અનેક ગુણોના ભંડાર અનંત ભગવાન પોતાના કોપ અને રોષના વેગને બંધ પાડીને, હમણાં લોકોનું કલ્યાણ કરતાં ત્યાં બેઠેલા છે. ॥૬॥ અને સુર–અસુર–નાગ–સિદ્ધ–વિદ્યાધર–અને મુનિ લોકો; તેમનું ધ્યાન કરે છે. તેમનાં નેત્ર હમેશાં મદથી વિહ્વળ થયેલ, અને આનંદી છે; સુંદર ભાષણરૂપ અમૃતથી પોતાના મોટા પાર્ષદોને, અને દેવતાઓના અધિપતિઓને, આનંદ આપે છે, નીલાં વસ્ત્ર પહેરનાર–એક કુંડળવાળા–અને હળને માથે અતિસુંદર હાથ રાખીને બેઠેલા, એ ભગવાન ઇંદ્રનો હાથી સોનાના નાડાને ધરી રહેવાની પેઠે; વૈજયંતિમાળાને લીલાથી ધરી રહેલા છે. જેની શોભા કદીપણ કમી થતી નથી, એવી નવી તુળશીના સુગંધથી મદિરાની પેઠે મદોન્મત્ત થયેલા અનેક ભમરાઓ; એ વનમાળામાં મધુર ગાયન ક-

ते ॥२॥ यस्यहवाइदंकालेनोपसंजिहीर्षतोऽमर्षविरचितरुचिरभ्रमद्भ्रुवोरंतरेणसांकर्षणोनामरुद्रएकादशव्यूहस्त्र्यक्षस्त्रिशिखंशूलमुत्तंभयन्नुदतिष्ठत् ३ यस्यांघ्रिकमलयुगलारुणविशदनखमणिखंडमंडलेष्वहिपतयःसहसात्वतर्षभैरेकांतभक्तियोगेनावनमंतःस्ववदनानिपरिस्फुरत्कुंडलप्रभा[illegible]डितगंडस्थलान्यातिमनोहराणिप्रमुदितमनसःखलुविलोकयंति ४ यस्यैवहिनागराजकुमार्यआशिषआशासानाश्चार्वंगवलयविलसितविशदविपुलधवलसुभगरुचिरभुजरजतस्तंभेष्वगुरुचंदनकुंकुमपंकानुलेपेनावलिंपमानास्तदभिमर्शनोन्मथितहृदयमकरध्वजावेशरुचिरललितस्मितास्तदनुरागमदमुदितमदविघूर्णितारुणकरुणाऽवलोकनयनवदनारविंदंसव्रीडंकिलविलोकयंति ॥५॥ सएवभगवाननंतोऽनंतगुणार्णवआदिदेवउपसंहृतामर्षरोषवेगोलोकानां स्वस्तयआस्ते॥६॥ ध्यायमानःसुरासुरोरगसिद्धगंधर्वविद्याधरमुनिगणैरनवरतमदमुदितविव्हललोचनःसुललितमुखरि[illegible]मृतेनाप्यायमानः स्वपार्षदविबुधयूथपतीनपरिम्लानरागनवतुलसिकामोदमध्वासवेनमाद्यन्मधुकरव्रातमधुरगीतश्रियंवैजयंतींस्वांवनमालांनीलवासाएवकुंडलो हलककुदिकृतसुभगसुंदरभुजोभगवान्महेंद्रोवारणेंद्र इवकांचनींकक्षामुदारलीलोबिभर्ति ७ यएषएवमनुश्रुतोध्यायमानोमुमुक्षुणामनादिकालकर्मवासनाग्रथितमविद्यामयंहृदयग्रंथिंसत्वरजस्तमोमयमंतर्हृद[illegible] आशुनिर्भिनत्तितस्यानुभावान्भगवान्स्वायंभुवोनारदः सहतुंबुरुणा[illegible]भायांब्रह्मणःसंश्लोकयामास॥८॥ उत्पत्तिस्थितिलयहेतवो[illegible]कल्पाः सत्वाद्याःप्रकृतिगुणायदीक्षयासन् ॥ यद्रूपंध्रुवमकृतंयदेकमात्मन्नानाधात्कथमुहवेदतस्यवर्त्म ॥९॥ मूर्तिनःपुरुकृपयाबभारसत्त्वंसंशुद्धंसदसदिदंविभातियत्र ॥ यल्लीलां[illegible]गपतिराददेऽनवद्यामादातुंस्वजनमनांस्युदारवीर्यः ॥१०॥ यन्नामश्रुतमनुकीर्तयेद[illegible]वायदिपतितःप्रलंभनाद्वा ॥ हंत्यंहःसपदिनृणामशेषमन्यंकंशेषाद्भगवतआश्रयेन्मुमुक्षुः॥११॥मूर्द्धन्यर्पितमणुवत्स[illegible]स्रमूर्ध्नोभूगोलंसगिरिसरित्समुद्रसत्वं ॥ आनंत्यादनिमितविक्रमस्यभूम्नःकोवीर्याण्यधिगणयेत्सहस्रजिह्वः॥१२॥ एवंप्रभावोभगवाननंतोदुरंतवीर्योरुगुणानुभावः॥ मूलेरसायाःस्थितआत्मतंत्रोयोलीलयाक्ष्मांस्थितयेबिभर्ति १३ एताह्येवेहनृभिरुपगंतव्यागतयोयथाकर्मविनिर्मितायथोपदेशमनुवर्णिताःकामान्का

રીતે, શોભા આપે છે. ॥૭॥ એ અનંત ભગવાન, શ્રવણ અને ધ્યાન કરવાવડે, મુમુક્ષુઓના અંતઃકરણમાં આવીને; સત્વ–રજ–અને તમો ગુણથી બનેલી, અવિદ્યામય, અને અનાદિકાળની, તેમની કર્મવાસનાઓ વાળી; હૃદયની ગાંઠોનો ઉતાવળેજ નાશ કરે છે. તેમના પ્રભાવના નીચે પ્રમાણેના શ્લોક, બ્રહ્માના પુત્ર સાક્ષાત નારદજીએ, તુંબરુ ગાંધર્વની સાથે, બ્રહ્માની સભામાં ગાયેલા છે. ॥૮॥ ઉત્પત્તિ–સ્થિતિ–અને લયના કારણો રૂપ સત્વાદિક ગુણો, એટલે બ્રહ્મા–વિષ્ણુ–અને રુદ્ર, જેની નજર થવાથીજ પોતપોતાનાં કામો કરવાને શક્તિમાન થાય છે, એવા અવિચળ–સ્વતઃસિદ્ધ–એકજ છતાં નાના પ્રકારનાં રૂપોવાળા થયેલા–એ અનંત ભગવાનનાં કર્મો કેવી રીતે જાણી શકાય. ॥૯॥ ભક્તજનોના મનમાં રાખવા સારૂં આપે કરેલી શુદ્ધ અને ઉદાર પરાક્રમોવાળી લીલાને; સિંહપણું ધારણ કરે છે, એવા સત તથા અસત સર્વને વિષે જણાતા આપ અનંત ભગવાને, ઘણીજ કૃપા કરીને, આશુદ્ધ સત્વને ધારણ કરેલું છે. ॥૧૦॥ જે કોઇ મહાપાપી (પતિત) હોય, તેપણ દુખની વેળાએ, અગર મશ્કરીમાં પણ, અકસ્માત રીતે, આપના નામનું કીર્તન અગર શ્રવણ, કરવાથીજ; પોતાનાં સઘળાં પાપો થકી, અને પોતાના અહંકાર થકી, તુર્તજ મુક્ત થાય છે. એવા આપ શેષ ભગવાન વિના બીજા કોનો આશ્રય મુમુક્ષુ પુરુષો લે. ॥૧૧॥ અનંતપણાથી, આંકા વગરનાં પરાક્રમોવાળા આપ મહાત્મા; પર્વતો–નદીઓ અને સમુદ્રો સહિત આખા ભૂગોળને, પોતાનાં હજારો માથાંઓમાંના એક માથા ઉપર, એક અણુની પેઠે, ધરી રહેલા છો; તેમનાં પરાક્રમોની ગણતરી, હજારો જીભો વડે કરીને પણ, કોણ કરી શકે. ॥૧૨॥ એવા પ્રભાવવાળા–આત્મતંત્ર–અપાર બળવાળા–અને પ્રતાપવાન ઘણા ગુણોવાળા, એ અનંત ભગવાન રસાતળના મૂળમાં, રહીને; લીલાવડે જગતની સ્થિતિને રાખવા સારૂં પૃથ્વીને ધારણ કરી રહેલા છે.” ॥૧૩॥ સંસાર સંબંધી સુખોની ઇચ્છાવાળા લોકોને, કામના વાળાં કર્મો કરવાવડે મળવાના લોક; અથવા ગતિઓ; એટલીજ છે. મેં સાંભળેલા પ્રમાણે, તેઓનું તમારી પાસે વર્ણન કરેલું છે. ॥૧૪॥ હે રાજા પુરુષોને પ્રવૃતિ રૂપ ધ-

મેથી ભગવાની અને એક એકથી જુદા પ્રકારની ઉપર ઉપરની ગતિઓ, એટલીજ છે. તે તમારા પૂછવાથી મેં તેમનું વર્ણન કરેલું છે. હવે બીજી શી કથા કહું. ॥૧૫॥ ઇતિશ્રી૦ ભા૦ પં૦ સ્કં૦ પચીસમો અ૦ સં૦॥૨૫॥

અધ્યાય. ૨૬ મો. પરીક્ષિત—હે મોટા ઋષિ એ રીતનું લોકને વિચિત્રપણું કયાં કારણો થકી થાયછે વારૂ. ॥૩॥—શ્રીશુક—સર્વ કોઇને, જુદી જુદા પ્રકારની ત્રણ ગુણોવાળી શ્રદ્ધાઓ વડે, કર્મો કરવા થકી, વિવિધ પ્રકારોની ગતિઓ થાયછે. ॥૧॥ અને તે રીતેજ નિષિદ્ધ કરેલા લક્ષણોવાળા અધર્મનું આચરણ કરનારાઓની પણ, શ્રદ્ધાઓને લેઇને તેનાં તેનાં કર્મફળો રૂપ, ગતિઓ થાય છે; તે એ અનાદિની અવિદ્યા વાળાઓએ કરાતાં, પ્રવર્તનવાળાં કર્મોના પરિણામ રૂપ ગતિઓ (નરકો) નો હજારો છે. પણ તેમાંનાં મુખ્ય મુખ્યનું હું વર્ણન કરૂં છું. ॥૨॥—પરિક્ષિત—હે ભગવાન (શુકદેવજી) જે "નરકો" નામથી કહેવાય છે; તે ત્રિલોકીની અંદર અથવા બહાર કોઇ વિશેષ પ્રકારના દેશ અગર જગાઓ છે કે કેમ? ॥૩॥—શ્રીશુક—એ નરકો આ ત્રિલોકીની અંદરજ દક્ષિણ દિશામાં પૃથ્વીની નીચે અને જમીનની ઉપર છે; જ્યાં અગ્નિષ્વાત્ત વિગેરે પિતૃઓના ગણો રહીને પોતાના વંશજોને ખરા અંતઃકરણથી આશિર્વાદ આપેછે, તથા પિતૃઓના અધિપતિ વૈવસ્વત એટલે યમ અથવા ધર્મરાજ પણ; પોતાના ગણો સહિત રહીને, ભગવાને કરી આપેલા ધોરણની મર્યાદામાં રહીને, મરી ગયેલા જીવોનાં પાપ કર્મોને, પોતાના દૂતો વિગેરેથી જાણી; તેને કર્મો પ્રમાણે તેમને દંડ આપેછે. ॥૫॥ કેટલાએક ત્યાં એકવિસ નરકો હોવાની ગણત્રી કરેછે. હે રાજા, નામો-રૂપ-

मयमानैः॥१४॥ एतावतीर्हिराजन्पुंसःप्रवृत्तिलक्षणस्यधर्मस्यविपाकगतय उच्चावचाविसदृशायथाप्रश्नं व्याचख्येकिमन्यत्कथयामइति ॥१५॥ इ०भा०म०पं०भूविवरविध्युपवर्णनंनामपंचविंशतितमोऽध्यायः॥२५॥ राजा० महर्षएतद्वैचित्र्यंलोकस्यकथमिति ऋषि० त्रिगुणत्वात्कर्तुःश्रद्धयाकर्मगतयः पृथग्विधाःसर्वाएवसर्वस्यतारतम्येनभवंति॥१॥ अथेदानींप्रतिषिद्धलक्षणस्याधर्मस्यतथैवकर्तुःश्रद्धयावैसादृश्यात्कर्मफलंविसदृशंभवति याह्यनाद्यविद्ययाकृतकामानांतत्परिणामलक्षणाःसृतयःसहस्रशः प्रवृत्तास्तासांप्राचुर्येणानुवर्णयिष्यामः ॥२॥ राजा० नरकानामभगवन्किंदेशविशेषाअथवाबहिस्त्रिलोक्याआहोस्विदंतरालइति ॥३॥ ऋषि०अंतरालएवत्रिजगत्यास्तुदिशिदक्षिणस्यामधस्ताद्भूमेरुपरिष्टाच्चजलाद्यस्यामग्निष्वात्तादयः पितृगणादिशिस्वानांगोत्राणांपरमेणसमाधिनासत्याएवाशिषआशासानानिवसंति ॥४॥ यत्रहवावभगवान्पितृराजोवैवस्वतः स्वविषयंप्रापितेषु स्वपुरुषैर्जंतुषुसंपरेतेषुयथाकर्मावद्यंदोषमेवानुल्लंघितभगवच्छासनःसगणोदमंधारयति ॥५॥ तत्रहैकेनरकानेकविंशतिंगणयंतिअथतांस्तेराजन्नामरूपलक्षणतोऽनुक्रमिष्यामस्तामिस्रोंऽधतामिस्रोरौरवोमहारौरवःकुंभीपाकःकालसूत्रमसिपत्रवनंसूकरमुखमंधकूपःकृमिभोजनःसंदंशस्तप्तसूर्मिर्वज्रकंटकशाल्मलीवैतरणीपूयोदः प्राणरोधो विशसनंलालाभक्षः सारमेयादनमवीचिरयः पानमितिकिंचक्षारकर्दमोरक्षोगणभोजनःशूलप्रोतोदंदशूकोऽवटनिरोधनःपर्यावर्तनः सूचीमुखमित्यष्टाविंशतिनरकाविविधयातनाभूमयः ॥६॥ तत्रयस्तुपरवित्तापत्यकलत्राण्यपहरतिसहिकालपाशबद्धोयमपुरुषैरतिभयानकैस्तामिस्रेनरकेबलान्निपात्यतेअनशनानुदपानदंडताडनसंतर्जनादि भिर्यातनाभिर्यात्यमानोजंतुर्यत्रकश्मलमासादितएकदैवमूर्छामुपयातितामिस्रप्राये ॥ ॥७॥ एवमेवांधतामिस्रेयस्तुवंचयित्वापुरुषंदारादीनुपयुंक्तेयत्रशरीरीनिपात्यमानो यातनास्थोवेदनयानष्टमतिर्नष्टदृष्टिश्चभवतियथावनस्पतिर्वृश्च्यमानमूलस्तस्मादंधतामिस्रंतमुपदिशंति ॥८॥ यस्त्विहवाएतदहमितिममेदमितिभूतद्रोहेणकेवलंस्वकुटुंबमेवानुदिनंप्रपुष्णातिसतदिहविहायस्वयमेवतदशुभेनरौरवेनिपतति ॥९॥ येत्विहयथैवामुनाविहिंसिताजंतवः परत्रयमयातनामुपगतंतएवरुरवोभूत्वातथातमेवविहिंसंतितस्माद्रौरवमित्याहुःरुरुरितिसर्पादतिक्रूरसत्वापदेशः ॥१०॥ एवमेवमहारौरवोयत्रनिपतितंपुरुषंक्रव्यादानामरुरवस्तंक्रव्येणघात

અને લક્ષણો સહિત તે સર્વેનાહલ અનુક્રમથી (હું તમને) કહુંછું. તામિસ્ત્ર,—અંધતામિસ્ત્ર—રૌરવ,—મહારૌરવ,—કુંભીપાક,—કાળસૂત્ર,—અસિપત્રવન,—સૂકરમુખ—અંધકૂપ,—કૃમિભોજન,—સંદંશ—તપ્તસુરમિ,—વજ્રકંટકશાલ્મલિ—વૈતરણિ—પૂયોદ—પ્રાણરોધ—વિશસન—લાલાભક્ષ—સારમેયાદન—અવિચિ—અયઃપાન—એ રીતે છે; અને બીજાઓ ક્ષારકર્દમ રક્ષોગણ ભોજન—શૂલપ્રોત—દંદશુક—અવટનિરોધન—પર્યાવર્તન—અને સૂચિમુખ, એ સાતને ઉમેરીને અઠ્ઠાવિસ યાતના ભોગવવાની મુખ્ય ભૂમિઓ, એટલે નરકો હોવાનું કહેછે. ॥૬॥ જેણે પારકુંધન—સંતાન—અગર સ્ત્રીનું હરણ કર્યું હોયછે; તે પ્રાણી, જ્યાં ખાવાનું અને પીવાનું નથી. તથા ઉપરથી માર પડેછે, અને તિરસ્કાર થાયછે; એ વિગેરે દુઃખોવાળા "તામિસ્ત્ર" નરકમાં અતિ ભયાનક યમદૂતોથી, બલાત્કારવડે કાળ પાશથકી બાંધીને નંખાયછે. અને તે અંધકારમય નરકમાં પોતાનાં કરેલાં પાપોને ભોગવતાં, તેને એકદમ મુર્છા આવેછે. ॥૭॥ એ રીતેજ ઠગાઇ કરીને પુરૂષ અગર સ્ત્રીનો ઉપયોગ કરનારાને "અંધતામિસ્ત્ર" નરકમાં નાખેછે, ત્યાં યાતના ભોગવવાને નંખાયલા પ્રાણીની બુદ્ધિ અને દૃષ્ટિ; ઝાડ આદિનું મૂળ કાપી નાંખવાથી ઝાડને મવાની પેઠે, નાશ પામી જાયછે. અને તેથીજ તે અંધતામિસ્ત્ર કહેવાયછે ॥૮॥ જે આ શરીરને હું, અને આ પુત્ર ધનાદિકને, મારાં; માનીને, પ્રાણીઓનો દ્રોહ કરી કરીને કેવળ તેમનું, એટલે કુટુંબાદિકનુંજ, પોષણ કરનારા છે; તેઓ તે સઘળાંને, અહીંયાંજ મૂકીને પોતે એકલાજ, એ પાપ કર્મોવડે "રૌરવ" નરકને પામેછે. ॥૯॥ જેણે અહીંયાં પ્રાણીઓને જેજે રીતનું દુઃખ દીધું હોયછે, તેને રીતનું દુઃખ, તેને પ્રાણીઓ રૂરૂ નામના સાપ કરતાં પણ વધારે ક્રુર જાતના પ્રાણી થઇને; તે યાતના ભોગવનારાને, કરે છે; માટે તે નરકનું નામ રૌરવ કહેવાય છે. ॥૧૦॥ અને જેણે પોતાના દેહનુંજ એકલાનું પોષણ કર્યું હોયછે. તે "મહારૌરવ" નામના

નરકમાં પડેલાને; ક્રવ્યાદ નામના રૂરૂઓ, માંસને માટે કાપી નાંખેછે.॥૧૧॥ જે દયા વિનાનાએ, પશુપક્ષી આદિને જીવતાંજ રાંધી નાંખ્યા હોયછે. તે દુષ્ટ કામ કરનારા અને રાક્ષસોએ પણ ધિક્કારેલાને, મૂવા પછી યમના દૂતો, "કુંભીપાક" નરકમાં ઉકળતા તેલમાં નાંખીને, રાંધી નાંખેછે. ॥૧૨॥ જેણે અહીંયાં પિતૃઓ—બ્રાહ્મણો—અને બ્રાહ્મણનો દ્રોહ કર્યો હોયછે; તેને "કાળસૂત્ર" નામના નરકમાં પશુના શરીર ઉપરનાં રૂવાડાં જેટલાં હજાર વરસો સુધી નાંખેછે. તેની ભૂમિ દસહજાર યોજન વિસ્તારની—તપી ગયેલી—અને તાંબાની તથા સપાટછે. વળી ઉપરથી સૂર્યથી ને નીચેથી અગ્નિથી તે તપ્યા કરેછે. તેમાંજ ભૂખથકી અંદરથી અને બહારથી તે થકી બળી જતો તે બેસેછે—ફરેછે—સૂવે છે.—ઉભો રહેછે—અને દોડ્યા કરેછે. ॥૧૩॥ જે કોઇ આપતકાળ વિના પોતાના વેદ માર્ગનો ત્યાગ કરીને, પાખંડ માર્ગમાં મળેછે; તેને "અસિપત્ર વન" નામના નરકમાં નાંખીને ઉપરથી ચાબુકોનો માર મારેછે; તેથી ચારે તરફ દોડતાં, એ તાડ વનનાં બેઉતરફ ધારવાળાં પાંદડાંથી તેનાં સર્વ અંગો, કપાઇ જઇને: તે 'હાય મૂવો' 'હાય મૂવો' એવી ચીસો પાડેછે; અને ભારે વેદનાથી મૂર્છા પામીને, ડગલે ડગલે પડી જાયછે; એમ સ્વધર્મ તજીને પાખંડમાં મળવાનું ફળ, ભોગવવું પડેછે. ॥૧૪॥ અહીંયાં રાજા અથવા રાજાના અંગના મનુષ્યો; વગર ગુન્હેગારને શિક્ષા કરેછે, અથવા બ્રાહ્મણને દેહાંત શિક્ષા કરેછે, તેઓ મૂવા પછી "શૂકર મુખ" નામના નરકમાં પડેછે. તથા મોટા બળવાળા યમદૂતો, તેના શરીરના અવયવોને, ચિચોડામાં નાંખીને, શેરડીના સાંઠાની પેઠે, પીલી નાંખવાથી તે બહુ પીડા પામીને, ચીસો પાડેછે; અને મૂર્છા પામેછે. અને તેણે ફરી મૂકીને નિરપરાધ લોકોને દીધું હોય છે એટલું દુઃખ તે ભોગવેછે. ॥ ૧૫॥ જે પુરૂષ પોતે; પારકાં દુખોને જાણનારા પુરૂષ ભગવાને, પોતેજ કરી આપેલી પ્રાણીઓની

[illegible]: કૃષ્યસ્તદૈહંમર: ॥११॥ यपास्त्विहवाउग्र:पशून्पक्षिणोवाप्राणतउपरंधयतितमपकरुणंपुरुषादैरपिविगर्हितममुत्रयमानुचरा:कुंभीपाके [illegible]लेपरंथयंति ॥१२॥ यस्त्विहपितृविप्रब्रह्मधुक्[illegible]संज्ञकेनरकेअयुतयोजनपरिमंडले ताम्रमयेत[illegible]धस्तादग्न्यर्का [illegible]भ्यांतप्यमानेऽभिनिवेशित:क्षुत्पिपासाभ्यांचदह्यमानांतर्बहि: शरीरआस्तेशेतेचेष्टतेअवतिष्ठतिपरिधावतिचयावंतिपशुरोमाणितावद्व [illegible] ॥१३॥ यस्त्विहवैनिजवेदपथादनापद्यपगत:पाखंडंचोपगतस्तमसिपत्रवनंप्रवेश्यकशयाप्रहरंतितत्रहासावितस्ततोधावमान उभयतो धारैस्तालवनासिपत्रैश्छिद्यमानसर्वांगोहाहतोऽस्मीतिपरमयावेदनयामूर्छित:पदेपदेनिपततिस्वधर्महापाखंडानुगतंफलंभुंक्ते १४ यस्त्विहवैराजाराजपुरुषोवाअदंड्येदंडंप्रणयतिब्राह्मणेवाशरीरदंडं सपापीयान्नरकेऽमुत्रसूकरमुखे निपततितत्रातिबलैर्विनिष्पिष्यमाणाव यवोयथैवेहेक्षुखंडआर्तस्वरेणस्वनय[illegible]चिन्मूर्छित: कश्मलमुपगतोयथैवेहादृष्टदोषाउपरुद्धा:॥१५॥ यस्त्विहवैभूतानामीश्वरकल्पितवृत्तीना मविविक्तपर[illegible]थानांस्वयंपुरुषोपकल्पित[illegible]त्तिर्विविक्तपरव्यथोव्यथामाचरतिसपरत्रांधकूपेतदभिद्रोहेणनिपततितत्रहासौतैर्जंतुभि: पशुमृग पक्षिसरीसृपैर्मशकयूकामत्कुणमक्षिकादिभिर्येकेचाभिद्रुग्धास्तै:सर्वतोऽभिद्रुह्यमाणस्तमसिविहतनिद्रानिर्वृतिरलब्धावस्थान: परिक्राम तियथाकुशरीरेजीव:॥१६॥ यस्त्विहवाअसंविभज्याश्नातियत्किंचनोपनतमनिर्मितपंचयज्ञोवायससंस्तुत:सपरत्रकृमिभोजनेनरकाधमेनि पततितत्रशतस[illegible]स्रयोजनेकृमिकुंडेकृमिभूत: स्वयंकृमिभिरेवभक्ष्यमाण: कृमिभोजनोयावत्तदप्रत्ताप्रहुतादोऽनिर्वेशमात्मानंयातयते ॥ ॥१७॥ यस्त्विहवैस्तेयेनबलाद्वाहिरण्यरत्नादीनिब्राह्मणस्यवा ऽपहरत्यन्यस्यवाऽनापदिपुरुषस्तममुत्रराजन्यमपुरुषा अयस्मयैरग्निपिंडै: संदंशैस्त्वचिनिष्कुषंति ॥१८॥ यस्त्विहवाअगम्यांस्त्रियम्[illegible]गम्यंवापुरुषंयोषिदभिगच्छतितावमुत्रकशयाताडयंतस्तिग्मयासूर्म्यालोहमय्या पुरुषमालिंगयंतिस्त्रियंचपुरुषरूपयासूर्म्या ॥१९॥ यस्त्विहवैसर्वाभिगमस्तममुत्रनिरयेवर्तमानं वज्रकंटकशाल्मलीमारोप्यनिष्कर्षंति ॥ ॥२०॥ येत्विहवैराजन्याराजपुरुषा वाअपाखंडाधर्मसेतून्भिंदंतितेसंपरेत्यवैतरण्यांनिपतंतिभिन्नमर्यादास्तस्यांनिरयपरिखाभूतायांनद्यांया

આજીવિકાઓને, અને તેમનાં દુઃખોને નહીં જાણીને: તેમને દુઃખ થાય, એવું આચરણ કરેછે; તેને તે પાપવડે, મૂવા પછી "અંધકૂપ" નામના નરકમાં પડવું પડેછે. ત્યાં, પશુ—પક્ષી—મૃગ—સાપ—મચ્છર—જુ—માંકડ અને માખીઓ વિગેરે, જેઓને તેણે દુઃખ આપેલું હોયછે, તેઓ તેને ચારેકોરથી દુખ આપેછે, તેથી તેને એક ઠેકાણે રેહેવાનું અને નિંદ્રાનું સુખ મળતું નથી. અને ખરાબ શરીરવાળા જીવની પેઠે તે તરફડેછે. ॥૧૬॥ પોતાને મળેલું અન્નાદિક પંચ યજ્ઞ કર્યા વિનાજ; અને વિભાગ પામનારાઓને વિભાગ આપ્યા વિનાજ ખાનારો કાગડા જેવો પુરૂષ; મૂવા પછી "કૃમીભોજન" નામના અધમ નરકમાં પડેછે. લાખ યોજન વિસ્તારવા, એ કીડાઓના કુંડ જેવા નરકમાં, એ કીડા જેવા થઇને પડેલા—અને કીડાઓનેજ ખાનારાને, બીજા કીડાઓ ખાયછે; એમ તેને પાપનું પ્રાયશ્ચિત પૂરૂં થતા સુધી ત્યાંજ રહેવું પડેછે. ॥૧૭॥ આપદકાળ શિવાયના વખતમાં જે પુરૂષ બળાત્કારે અગર ચોરીથી બ્રાહ્મણો અગર બીજાઓનું સોનું અને રત્ન વિગેરે લેઇ લેછે, તેને મૂવા પછી યમદૂતો "સંદંશ" નામના નરકમાં નાંખીને તપાવેલા લોઢાના ચિપિયાઓથી, તેની ચામડી તોડી નાંખેછે. ॥૧૮॥ અહીંયાં જે પુરૂષ, અગમ્ય સ્ત્રીમાં; અથવા સ્ત્રી, અગમ્ય પુરૂષમાં ગમન કરેછે, તેને મૂવા પછી "તપ્ત સુરમી" નામના નરકમાં નાંખીને, ઉપરથી ચાબખાના માર મારી, લોઢાનાં બનાવેલ સ્ત્રી અગર પુરૂષ સાથે બાથ ભીડાવેછે. ॥૧૯॥ અને જે પુરૂષ અહીયાં સર્વમાં ગમન કરેછે, તેને મૂવા પછી "વજ્ર કંટક શાલ્મલિ" નામના નરકમાં નાંખીને ખેંચે છે. ॥૨૦॥ પાખંડ શિવાયના ધર્મોની મર્યાદાને જે રાજા અથવા તેના માણસો તોડી નાંખે છે, તેઓ મૂવા પછી "વૈતરણિ" નામના નરકમાં પડે છે. એ નરકની ખાઇ રૂપ નદીમાં પડેલા, તે ધર્મમર્યાદા તોડનારાઓને, પાણીના જીવો ચારેકોરથી ખાયછે, અને પ્રાણ નહીં જતાં ચારેકોર તણાઇ જતો તે, પોતાનાં પાપોને સંભારેછે. ને બહુ પરિતાપ પામેછે. તથા એ વિષ્ટા—મૂત્ર—પરૂ—લોહી—મોવાળા—નખ—હાડકાં—મેદ—માંસ—અને ચરબીની નદીમાં, બહુ બહુ દુઃખ પામે છે. ॥૨૧॥ જેઓ

એટલાં કૃમિઆદિકથી ઓળીગીરાઓ ચાર તરફથી; પવિત્રતા-આચાર-અને નિયમોનો નાશ કરી, પશુઓના જેવું આચરણ કરે છે; તેઓ મુવા પછી પરુ-વિષ્ટા-મૂત્ર-લિંટ-ગડફા-અને મેલથી ભરેલા દરિયા સરખા “પૂયોદ” નામના નરકમાં પડીને, એ અતિ બીભત્સ પદાર્થનેજ, ખાય છે. ॥૨૨॥ કુતરાં અને ગધેડાં વિગેરે-ને પાળનારા બ્રાહ્મણ વિગેરે જે લોકો વન અને આહારાદિકના પ્રસંગ વિનાજ શિકાર કરવાને જઈને, હરણ-ઓને મારે છે; તેવાઓને મુવા પછી, યમના દૂતો “નિશાન” તાકીને તિરથી વાંધે છે. ॥૨૩॥ જે દંભવાળા પુરૂષો અહીંયાં દાંભિક યજ્ઞોમાં પશુઓને મારે છે, તેઓ મુવા પછી “વિશસન” નરકમાં પડે છે. અને ત્યાં યમદૂતો તેઓને કાપી નાંખે છે. ॥૨૪॥ જે દ્વિજજાતીનો પુરૂષ, અહીંયાં પોતાની સવર્ણની ભાર્યાને, પછી નર-શીને, કામથી મોહિત થઈ ભાર્યા સ્ત્રીઆદિમાં પોતાના વીર્યને પાડે છે; તેને મુવા પછી, એ પાપ કર્મ માટે, વીર્યની નદીમાં નાંખીને, “(લાલા ભક્ષ નરકમાં)” વીર્ય પાય છે. ॥૨૫॥ જે ચોર-રાજા-અગર રાજાના નોકરો; અગ્નિ મુકે છે, ઝેર દેછે, અથવા ગામ કે સંઘને લુંટે છે. તેઓને મુવા પછી વજ્ર સરખી દાઢોવાળા સાતસોને વીશ કુતરાઓ, મોટા વેગથી ફાડી ખાય છે. ॥૨૬॥ જે પુરૂષ, અહીંયાં સાક્ષી પુરવાને સમયે-પદાર્થોની આપલે કરવામાં-દાન આપવામાં-અને બીજા દરેક પ્રસંગે, જુઠું બોલે છે. તે “અવિચિ” નામના નરકમાં પડે છે. અને પાણી જેવી દેખાતી પથરાવાળી જગામાં સો યોજન ઉંચા પર્વતના શિખર ઉપરથી; ઉંધે માથે નીચે પાડી નાંખવાથી શરીરના તલ તલ જેવડા કકડા થવા છતાં; તે નહીં મરતાં, તેને ફરી ફ-રીને, ચઢાવીને પાડે છે. ॥૨૭॥ જે કોઇ બ્રાહ્મણ-ક્ષત્રી અથવા વૈશ્યની અથવા વ્રત પાળનાર સ્ત્રીઓ, અથવા પુરૂષો, મદ્યપાનથી પણ, દારૂ વિગેરે પીએ છે; તેમને “અયઃપાન” નામના નરકમાં નાંખે છે, અને તે

द्रोगणैरितस्ततोभक्ष्यमाणा आत्मनानवियुज्यमानाश्चासुभिरुह्यमानाः स्वाघेनकर्मपाकमनुस्मरंतउपतप्यंते।विण्मूत्रपूयशोणितकेशनखास्थिमेदोमांसवसावाहिन्यामुपतप्यंते ॥२१॥ येत्विहवैवृषलीपतयोनष्टशौचाचारनियमास्त्यक्तलज्जाः पशुचर्यांचरंतितेचापिप्रेत्यपूयविण्मूत्रश्लेष्ममलापूर्णार्णवेनिपतंतितदेवातिबीभत्सितमश्नंति ॥२२॥ येत्विहवैश्वगर्दभपतयोब्राह्मणादयोमृगयाविहाराअतीर्थेचमृगान्निघ्नंतितानपिसंपरेतॉल्लक्ष्यभूतान्यमपुरुषाइषुभिर्विध्यंति ॥२३॥ येत्विहवैदांभिकादंभयज्ञेषुपशून्विशसंतितानमुष्मिंल्लोकेवैशसेनरकेपतितान्निरयपतयोयातयित्वाविशसंति ॥२४॥ यस्त्विहवैसवर्णांभार्यांद्विजोरेतः पाययतिकाममोहितस्तंपापकृतममुत्ररेतःकुल्यायांपातयित्वारेतःसंपाययंति ॥२५॥ येत्विहवैदस्यवोग्निदागरदाग्रामान्सार्थान्वाविलुंपंतिराजानोराजभटावातांश्चापिहिपरेत्ययमदूतावज्रदंष्ट्राः श्वानःसप्तशतानिविंशतिश्चसरभसंखादंति ॥२६॥ यस्त्विहवाअनृतंवदतिसाक्ष्येद्रव्यविनिमये दानेवाकथंचित्सवैप्रेत्यनरकेऽवीचिमत्यधःशिरानिरवकाशेयोजनशतोच्छ्रायाद्गिरिमूर्ध्नः संपात्यतेयत्रजलमिवस्थलमश्मपृष्ठमवभासतेतदवीचिमत्तिलशोविशीर्यमाणशरीरोनम्रियमाणःपुनरारोपितोनिपतति ॥२७॥ यस्त्विहवैविप्रोराजन्योवैश्योवासोमपीथस्तत्कलत्रंवासुरांव्रतस्थोऽपिवापिबतिप्रमादतस्तेषांनिरयंनीतानामुरसिपदाक्रम्यास्येवह्निनाद्रवमाणंकार्ष्णायसंनिषिंचंति ॥२८॥ अथचयस्त्विहवाआत्मसंभावनेनस्वयमधमोजन्मतपोविद्याचारवर्णाश्रमवतोवरीयसोनबहुमन्येतसएवमृतकएवमृत्वाक्षारकर्दमेनिरयेऽवाक्शिरानिपातितोदुरंतायातनाह्यश्नुते ॥२९॥ येत्विहवैपुरुषाःपुरुषमेधेनयजंते याश्चस्त्रियोनृपशून्खादंतितांश्चते पशवइवनिहतायमसदनेयातयंतोरक्षोगणाः सौनिकाइवस्वधितिनाऽवदायासृक्पिबंतिनृत्यंतिचगायंतिचहृष्यमाणायथेहपुरुषादाः ॥३०॥येत्विहवाअनागसोऽरण्येग्रामेवावैश्रंभिकैरुपसृतानुपविश्रंभय्यजिजीविषून्शूलसूत्रादिषूपप्रोतान्क्रीडनकतयायातयंतितेऽपिचप्रेत्ययमयातनासुशूलादिषुप्रोतात्मानःक्षुत्तृड्भ्यांवाऽभिहताःकंकवटादिभिश्चेतस्ततस्तिग्मतुंडैराहन्यमानाआत्मशमलंस्मरंति ॥३१॥येत्विहवैभूतान्युद्वेजयंतिनराउल्बणस्वभावायथादंदशूकास्तेऽपिप्रेत्यनरकेदंदशूकाख्येनिपतंतियत्रनृपदंदशूकाःपंच

નરકમાં પડેલાઓની છાતી ઉપર ચઢી બેસીને, પગથી દબાવીને; અગ્નિથી પિગળાવેલો લોઢાનો રસ, તેમના મોઢામાં રેડે છે. ॥૨૮॥ જે કોઇ અહીંયાં પોતેજ પોતાને ઉત્તમ માનનારો અધમ પુરૂષ; વિદ્યા-આચાર-જન્મ તપ-વર્ણ-અને આશ્રમ વડે, મહત્વપણું પામેલાઓને; મોટા ગણતો નથી. તેને મુવા પછી “ક્ષાર કર્દમ” નામના નરકમાં ઉંધે માથે નાંખીને, તેને અંતવિનાની યાતનાઓ ભોગવાવે છે. ॥૨૯॥ જે પુરૂષો અગર સ્ત્રીઓ અહીંયાં પુરૂષમેધ નામનો યજ્ઞ કરીને, તે યજ્ઞના નર પશુને ખાય છે, તેઓને, યમરાજાના સ્થાન “રક્ષોગણ ભોજન” નામના નરકમાં, તેમણે મારેલાઓ, રાક્ષસ સરખા યમદૂતો રૂપ થઇને, તેમને હથિઆરો વડે કાપીને, દુઃખ આપતા તેમનું લોહી પીએછે-નાચે છે-ને ગાય છે; તથા જેમ તેઓ અહીંયાં રાજી થતા હતા તેમ (રાજી થાય છે) ॥૩૦॥ જેઓ અહીંયાં જીવવાને ઇચ્છતાં નિરપરાધી પ્રાણીઓને ગામમાં અથવા વગડામાં વિશ્વાસ ઉપજાવીને, પછી રમત વિગેરે સારૂં તેમને શૂળ અગર દોરા વિગેરેમાં પરોવીને દુઃખ દેછે. તેવાઓને મુવા પછી “શૂલપ્રોત” નરકમાં નાખીને યમના દૂતો શૂળી વિગેરેમાં પરોવી દેછે. ત્યાં ભૂખ તરસથી પીડાઇને અને કાગડા-વડ-વિગેરે તીક્ષ્ણ ચાંચવાળા પક્ષીઓ, આજુબાજુથી ડોળા મારે છે, તેથી; તે પોતે કરેલાં પાપોને સંભારે છે. ॥૩૧॥ જેઓ અહીંયાં સર્પ આદિની પેઠે, ક્રુરસ્વભાવથી પ્રાણીઓને ઉદ્વેગ પમાડે છે; તેઓ મુવા પછી “દંદશુક” નામના નરકમાં પડે છે: હે રાજા, ત્યાં પાંચ અને સાત મોઢાંવાળા દંદશુકો, ઝડપ મા-રીને. તેને ઉંદરની પેઠે ગળી જાય છે. ॥૩૨॥ જે લોકો અહીં અંધારા અને ઉંડા ખાડા-કોઠીઓ-તથા ગુફાઓ વિગેરેમાં, પ્રાણીઓને રૂંધે છે; તેવાઓને મુવાપછી “અવટ નિરોધન” નરકમાં તેવા ખાડા આદિમાં નાખીને ઝેરવાળા અગ્નિના ધુમાડાથી રૂંધી રાખે છે. ॥૩૩॥ જે ગૃહસ્થાશ્રમીઓ પોતાને ઘેર આવેલા અતિથિ અગર

અભ્યાગતોનો તેમના સામું ક્રોધ સહિત બાળી નાંખવા સરખી આંખ્યોથી જોઇને, અસત્કાર કરે છે; તેને "પર્યાવર્તન" નરકમાં નાંખીને ત્યાં તેમની આંખ્યોને; વજ્ર જેવી ચાંચોવાળા ગરજ—કંક—કાગડા—અને વટ વિગેરે પક્ષીઓ, ન સહન થાય તેમ ઘણુ બળ કરીને, ઉખેડી નાંખે છે. ॥૩૪॥ જે પુરૂષ ધનના અભિમાન વાળો—હું મોટો છું એવા અભિમાન વાળો—વાંકી આંખથી જોનાર—સર્વના તરફથી શંકા રાખનારો—અને ધનનો નાશ થઇ જવાની ચિંતાથી સુકાતા મોઢાવાળો—અને વગર નિવૃતિએ ધનને ઘરમાં સંઘી મૂકનારો હોય છે; તેને મુવા પછી "સુચિમુખ" નામના નરકમાં નાંખીને, તેના પાપને માટે યમદૂતો દરજીની પેઠે, દોરાઓ વતે સઘળા અંગોમાં તેને શિવી નાંખે છે. ॥૨૫॥ આવી રીતનાં સેંકડો અને હજારો નરકો યમના સ્થાનમાં છે, તેમાંના કાંઇકનું વર્ણન મેં કર્યુ છે; ને ઘણાકનું નથી પણ કર્યું. તેઓમાં સઘળા અધર્મ કરનારા લોકો જેને જે ઘટિત તેમાં તે પડે છે. એજ રીતે ધર્મનું સારી રીતે વર્તન કરનારાઓ સ્વર્ગાદિક સારા લોકને પામે છે. અને નિવૃતિ માર્ગનું આચરણ કરનારાઓનું તો પ્રથમ બીજા સ્કંધમાં વ્યાખ્યાન કરેલું છે. એ રીતના એના એ બ્રહ્માંડનીજ, પુરાણોમાં ચૌદલોક રૂપે વિભાગોની, કલ્પના થયેલાનું પણ કહેવાય છે. આ પ્રમાણે સાક્ષાત—મહાપુરૂષ—નારાયણ ભગવાનના મોટામાં મોટા, અને પોતાની માયાવડે ધારણ કરેલા, ગુણોમય સ્વરૂપના કરેલા વર્ણનને;

मुखाःसप्तमुखाउपसृत्यग्रसंतियथाबिलेशयान्॥३२॥ यत्विहवाअंधावटकुसूलगु ादिषुभूतानि निरुंधंतितथाऽमुत्रतेष्वेवोपवेश्य[illegible]
न्हिना [illegible]मेननिरुंधंति॥३३॥ यस्त्विहवाअतिथीनभ्यागतान्वागृहपतिरसकृ[illegible]पगतमन्युर्दिधक्षुरि[illegible]क्षुष निरीक्षत [illegible]स्यवाऽपिनिरये
पापदृष्टेरक्षिणीवज्रतुंडागृध्राः कं[illegible]काकवटादयःप्रसह्योरुबलादुत्पाटयंति ॥३४॥ यस्त्विहवाआढ्याभिमतिरहंकृतिस्तिर्यक्प्रेक्षणःसर्वतोऽ
भिविशंकीअर्थ[illegible]यनाशचिंतयापरिशुष्यमाणहृदयवदनो निर्वृत्तिमनवगतोग्रहइवार्थमभिरक्षतिसचापि प्रेत्यतदुत्पादनोत्कर्षणशमलग्रहः
सूचीमुखेनरकेनिपततियत्रहवित्तग्रहं पापपुरुषंधर्मपुरुषावायकाइवसर्वतोंऽगेषुसूत्रैः[illegible]॥३५॥ एवंवि[illegible]नरकायमालयेसंतिशतशः
स[illegible]एवाधर्मवर्तिनोयेकेचिदिहोदिता अनुदिताश्चावनिपतेप[illegible]येणविशंतितथैवधर्मानुवर्तिन इतरत्रइहतुपुनर्भवेतउ
भयशेषाभ्यांविविशंति ॥ निवृत्तिलक्षणमार्गआदावेवव्याख्यातः[illegible]तुर्दशधापुराणेषु विकल्पितउपगीयतेयत्त[illegible]गवतो
नारायणस्य साक्षान्महापुरुषस्य स्थविष्ठंरूपमात्म[illegible]यागुणमयमनुवर्णितमादृतःपठतिशृणोतिश्रावयतिसउपगेयंभगवतः प मात्मनोऽग्रा
ह्यमपिश्रद्धाभक्तिविशुद्धबुद्धिर्वेद ॥३६॥ श्रुत्वास्थूलंतथासूक्ष्मंरूपंभगवतोयतिः स्थूलेनिर्जितमात्मानं[illegible]नैःसूक्ष्मंधियानयेदिति॥३७॥ भूद्वी
पवर्षसरिदद्रि[illegible]भःसमुद्रपातालदिङ्नरकभागणलोकसंस्था॥ गीतामयातवनृपाद्भुतमीश्वरस्यस्थूलंवपुः[illegible]कलजीवनिकायधाम ॥ ३८ ॥ इ
तिश्रीम[illegible]स्यांसं[illegible]तायांपंचमस्कंधे नरकानुवर्णनोनामषड्विंशतितमोऽध्यायः ॥ २६ ॥

જે કોઇ આદર સહિત પાઠ કરે—સાંભળે—અથવા સંભળાવે; તેની બુદ્ધિ; શ્રદ્ધા અને ભક્તિવડે, અતિશુદ્ધ થઇને; તે, ગ્રહણ થવાને અતિકઠણ એવા. પરમાત્મા ભગવાનના સાચા સ્વરૂપને જાણે. ॥૩૬॥ ભગવાનના આ સ્થૂળ સ્વરૂપને, તેમજ સુક્ષ્મ સ્વરૂપને સાંભળીને, યત્ન કરનારાઓએ, પ્રથમ તો આ સ્થૂળ સ્વરૂપમાંજ. મનને નિયમિત કરવું; અને તે પછી ધીમે ધીમે બુદ્ધિવડે સુક્ષ્મ સ્વરૂપમાં લેઇ જવું. ॥૩૭॥ હે રાજા, પૃથ્વી—દ્વીપ—ખંડ—નદીઓ પર્વતો—આકાશ—સમુદ્ર—પાતાળ—દિશાઓ—નરકો—અને જ્યોતિશ્ચક્ર વિગેરે લોક માત્રની સ્થિતિ અને સર્વ પ્રાણી પ્રાણીઆદિકના સ્થાન રૂપ, ઇશ્વર ભગવાનના આ અદ્‌ભૂત સ્થૂળ શરીરનું; મેં તમારી પાસે આ રીતે વર્ણન કરયુ છે. ॥૩૮॥ ઇતિ શ્રી૦ ભાગ પાં૦ સ્કં૦ છવિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૬॥ ઇતિ પાંચમો સ્કંધ સમાપ્ત. ॥૫॥

તા. ૮ મી. નવેમ્બર સને ૧૮૯૮ મીતી સંવત ૧૯૫૪ ના આસો વદી ૯ ના સાંજે ૭ વાગે મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં હરિકૃશનદાસ શેઠની પોળમાં ઘર નંબર. ૫૨૩. કર્તા મહામુનિ કૃષ્ણ—ભગવત પ્રેરિત લખનારદાસાનુદાસ ગિરધરલાલ અમરતલાલ ન્યાવા—શ્રી કૃષ્ણાર્પણમસ્તુ ॥

॥ इति श्रीमद्भागवते पंचमस्कंधः समाप्तः ॥

॥ अथ श्रीमद्भागवतं पञ्चमस्कंध प्रारभ्यते ॥

અધ્યાય ૧ શ્લો. પરીક્ષિત—હે ભગવાન, (શુકદેવજી,) જેથી ક્રમે કરીને પરબ્રહ્મની પ્રાપ્તિ થતાં જન્મ મરણ મટીને મોક્ષ મળે છે, એવો નિવૃત્તિ માર્ગ વિશે તો આપે પ્રથમ (બીજા સ્કંધમાં)કહેલું છે. ॥૧॥ અને વળી, પ્રકૃતિના ગુણોમાં આસક્ત થનારાઓ ફરી ફરીને જન્મે છે; એવો ત્રણ ગુણોના વિષયવાળો પ્રવૃત્તિ માર્ગ પણ આપે કહ્યો છે. ॥૨॥ તથા અધર્મથકી મળવાનાં અનેક નરકોનું પણ વર્ણન કરયું છે; તેમજ સ્વાયંભુવ મનુનો પહેલો મન્વંતર પણ કહી ગયા. કે જેમાં, ઉત્તાનપાદ અને પ્રિયવ્રતના વંશો અને તેમનાં ચરિત્રો હતાં. ॥૩-૪॥ અને દીપ-ખંડ-સમુદ્ર-પર્વતો-નદીઓ-દેવતાઇ બગીચાઓ-વનસ્પતિઓ. તેમજ ભૂમંડળની સ્થિતિ અને લક્ષણો, તથા માપ સહિત તેના વિભાગો; તથા જ્યોતિચક્ર અને પાતાળો વિગેરે સઘળું વિશ્વ, ભગવાને જે રીતે સરજેલું છે; તે તમામ આપે વર્ણન કરયું છે. ॥૪-૫॥ તો હે મહાભાગ, નાના પ્રકારની ઉગ્રયાતનાઓવાળાં નરકોમાં, જેથી પુરૂષને ન પડવું પડે; એવો ઉપાય હવે મને કહેવાને આપજ યોગ્ય છો. ॥૬॥ શ્રીશુક—અહીંઆં મન-વાણી-અને શરીર આદિવડે કરેલાં પાપોનું, જેણે અહીંઆંજ પ્રાયશ્ચિત કરેલું નથી; તેઓ મુઆ પછી ખચીતજ, મેં વર્ણન કરેલાં નરકોમાં પડીને, તેમની તીક્ષ્ણ યાતનાઓ ભોગવે છે. ॥૭॥ એટલા માટે, પુરૂષને જ્યાંસુધી વિપત્તિઓ અગર મોત નથી આવ્યું, ત્યાં સુધીમાં જેનાવગેજ અહીંઆં, પાપોના દોષનું અધિકપણું અને કમીપણું જોઇને; ઉપાયોને જાણનારા વૈદ્દે કહેલાં પ્રાયશ્ચિતો રોગની ચિકિત્સા કરવાની પેઠે, પેહેલેથીજ કરવાનો યત્ન કરવો જોઇએ. ॥૮॥ પરીક્ષિત—નજરે જોવાથી અને સાંભળવાથી પણ, પાપને પોતાનું અહિત કરનારૂં જાણ્યા છતાં; પરવશ થઇને પુરૂષ ફરી ફરીને પાપ કરે છે; તો પછી તેને માટે પ્રાયશ્ચિત કેવી રીતનું હોઇ શકે. ॥૯॥ પુરૂષ કોઇવાર પાપથકી નિવૃત થાયછે, અને ફરીથી પાછો પાપ કરવા લાગે છે; તો તેથી કરેલાં પ્રાયશ્ચિતો તે તો હું, હાથીના નહાવાની પેઠે, નિષ્ફળજ માનુંછું ॥૧૦॥ શ્રીશુક—હે રાજા, પથ્ય અન્ન ખાનારાને વ્યાધિઓ પરાભવ કરી શકતા નથી. તેમ નિયમિત કર્મો

श्रीगणेशायनमः राजा० नि[illegible]त्तिमार्गःकथितआदौभगवतायथा॥ [illegible]पलब्धेनब्रह्मणायदसंसृतिः ॥१॥ प्रवृत्तिलक्षणश्चैवत्रैगुण्यविषयोमुने॥यो[illegible]लीनप्र[illegible]गः पुनः पुनः॥२॥ अधर्मलक्षणानानानरकाश्चानुवर्णिताः॥ मन्वंतरश्चव्याख्यातआद्यःस्वायंभुवोयतः ३ प्रियव्रतोत्तानपदोर्वंशस्तच्चरितानिच॥ द्वीपवर्षसमुद्राद्रिनद्युद्यानवनस्पतीन्॥४॥ धरामंडलसंस्थानंभागलक्षणमानतः ॥ ज्योतिषांविवराणांचयथेदमसृजद्विभुः॥५॥ अधुनेहमहाभागयथैवनरकान्नरः॥ नानोग्रयातनांनेयात्तन्मेव्याख्यातुमर्हसि॥६॥श्रीशुक०नचेदिहैवापचितिंतथांऽहसः[illegible]न[illegible]णिभिः॥ध्रुवंसवैप्रेत्यनरकानुपैतियेकीर्तितामेभवतस्तिग्मयातनाः॥७॥तस्मात्पुरैवाश्विहपापनिष्कृतौयतेतमृत्योरविपद्यतात्मना॥ दोषस्यदृष्ट्वागुरुलाघवंयथाभिषक्चिकित्सेतरुजांनिदानवित्॥८॥ राजा० दृष्टश्रुताभ्यांयत्पापं जानन्नप्यात्मनोऽहितं॥ करोतिभूयोविवशःप्रायश्चित्तमथोकथं॥९॥ क्वचिन्निवर्ततेऽभद्रात्क्वचिच्चरतितत्पुनः॥प्रायश्चित्तमतोऽपार्थंमन्येकुंजर[illegible] १० श्रीशुक०कर्[illegible]निर्[illegible]त्यंतिकइष्यते॥ अविद्वदधिकारित्वात्प्रायश्चित्तंविमर्शनं॥११॥ नाश्नतःपथ्यमेवान्नंव्याधयोऽभिभवंतिहि॥ एवंनियमकृद्राजन्शनैःक्षेमायकल्पते॥१२॥ तपसाब्रह्मचर्येणशमेनचदमेनच॥ त्यागेनसत्यशौचाभ्यांयमेननियमेनच ॥१३॥ दे[illegible]वाग्बुद्धिजंधीराधर्मज्ञाःश्रद्धयान्विताः॥ क्षिपंत्यघंमहदपिवेणुगुल्ममिवानलः॥१४॥ केचित्केवलयाभक्त्यावासुदेवपरायणाः॥ अघंधुन्वंति[illegible]नीहारमिवभास्करः ॥१५॥ नतथाह्यघवान्राजन्पूयेततपआदिभिः॥ यथाकृष्णार्पितप्राणस्तत्पूरुषनिषेवया॥१६॥ सध्रीचीनोह्ययंलोकेपंथाःक्षेमोकुतोभयः॥ सुशीलाःसाधवोयत्रनारायणपरायणाः॥१७॥ प्रायश्[illegible]र्णानिनारायणपराङ्मुखं॥ ननिःपुनंति[illegible]मिवाप्पगाः ॥१८॥ स[illegible]न्मनःकृष्णपदारविंदयोर्निवेशितंतद्गुण[illegible]रिह॥ नतेयमंपाशभृतश्[illegible]प्नेपिपश्यंतिहिचीर्णनिष्कृताः १९ अत्रचोदाहरंतीममितिहासंपुरातनं॥दूतानांविष्णुयमयोःसंवादस्तंनिबोधमे॥२०॥ कान्यकुब्जेद्विजःकश्चिद्दासीपतिरजामिलः ॥ नाम्नान

કરનારા પુરૂષો, ધીમે ધીમે મુક્ત થાયછે. ॥૧૧॥ પ્રાયશ્ચિતનાં કર્મો કરવાના અધિકારી તો અજ્ઞાનીઓજ છે. અને તે (પ્રાયશ્ચિતનાં) કર્મો પણ, બંધનકારક કર્મોનો સંપૂર્ણપણે નાશતો કરી શકતાં નથીજ; માટે ખરૂ પ્રાયશ્ચિતતો "પરમાત્માનું જ્ઞાન થવું;" એજ છે. ॥૧૨॥ માટે ધર્મને જાણનારા અને શ્રદ્ધાવાન ધીર પુરૂષો; શરીર-વાણી અને બુદ્ધિ થકી ઉત્પન્ન થયેલ, મોટાં મોટાં પાપોને પણ; વાંસનું ઝુમકું અગ્નિથી બળી જવાની પેઠે; તપ-બ્રહ્મચર્ય-શમ-દમ-ત્યાગ-સત્ય-અને શૌચનું આચરણ, યમ અને નિયમો પાળીને કરવાવડે; મટાડી દેછે. ॥૧૩-૧૪॥ અને કેટલાક વાસુદેવ ભગવાનને પરાયણ લોકોતો, ભગવાનની કેવળ એટલે અનન્ય ભક્તિ વડેજ; સૂર્યથી ઝાકળનો નાશ થવાની પેઠે, પાપોનો સંપૂર્ણ પણે નાશ કરી નાંખે છે. ॥૧૫॥ વળી હે રાજા, કૃષ્ણ ભગવાનમાંજ મનને અર્પણ કરવાથી, અને તેમના ભક્તાદિકની સેવા કરવાથી, પાપી પુરૂષ, જેવો પવિત્ર થાય છે; તેવો (ઉપર કહેલા) તપ આદિ થકી પવિત્ર થતો નથી. ॥૧૬॥ તથા સારી રીતે શોધન કરેલો; અભયને આપનારો,-અને કલ્યાણ કારી માર્ગ પણ; એજ છે. અને નારાયણ ભગવાનને પરાયણ, એવા સાધુઓ અને સારા શીળ વાળા પુરૂષો પણ તે માર્ગમાંજ હોય છે. ॥૧૭॥ હે પરીક્ષિત, નારાયણ ભગવાન થકી પરાંગ મુખ પુરૂષને ઘણાં પ્રાયશ્ચિતો પણ; દારૂથી ભરેલો ઘડો, નદી વડે પવિત્ર નહીં થવાની પેઠે; પવિત્ર કરી શકતાં નથી. ॥૧૮॥ જેઓએ કૃષ્ણ ભગવાનના ચરણ કમળને વિશે; તેમના ગુણોમાં પ્રીતિવાળા થયેલા મનને, એકવાર પણ પેસાડેલું હોય છે; તેઓ (એ રીતનું પ્રાયશ્ચિત કરેલાઓ) અહીંયાં; યમને; અગર પાશને ધારણ કરેલા યમદૂતોને; સ્વપ્નામાં પણ દેખતા નથી. ॥૧૯॥ એ બાબતમાં, વિષ્ણુના અને યમના દૂતો વચ્ચે થયેલા સંવાદ રૂપે, એક જૂનો ઇતિહાસ આ પ્રમાણે કહેવાય છે; તે તમે મારા થકી સાંભળો. ॥૨૦॥ કનોજમાં કોઇ એક દાસીનો પતિ અને દાસીના સંગથી ખરાબ થયેલો, તથા સદાચાર નાશ પામેલો, અજામિલ નામનો બ્રાહ્મણ હતો. ॥૨૧॥ તે બાન પકડવાની-જુગાર રમવાની-અને ઠગાઇ તથા ચોરિ કરવા વિગેરેની

પ્રાણીઓને દુઃખ આપવા રૂપ અશુદ્ધ અને નિંદિત આજીવિકાથી પોતાના કુટુંબનું પોષણ કરતો હતો. ॥૨૨॥ હે રાજા, એવી રીતે વસતાં, અને તેણીનાં સંતાનો ને લડાવતાં; તેના આયુષ્યનો અઠ્યાસી વરસનો, મોટો કાળ ચાલ્યો ગયો. ॥૨૩॥ તે ઘરડિયાને થયેલા દશ પુત્રોમાં, સઉથી નાનો નારાયણ નામનો બાળક, બાબાપને ઘણો વહાલો હતો. ॥૨૪॥ કાલું કાલું બોલનારા તે બાળકમાં: હૃદય બંધાઇ જવાથી; તે ઘરડો, તેની રમત જોતા થકો; ઘણો ખુશી થતો હતો. ॥૨૫॥ બાળકના સ્નેહમાં બંધાયલા એ મૂઢે; જમવું-ખાવું-પીવું, અને ખવરાવવું પીવરાવવું;-એમાં પોતાના આવી પોહોચેલા મરણને પણ જાણ્યું નહીં. ॥૨૬॥ એવી રીતે વર્તનારા તે અજ્ઞાનીનો મૃત્યુનો કાળ થયો ત્યારે: બાળક દિકરા નારાયણને " સાદ કરવાની" (બોલાવવાની) તેણે બુદ્ધિ કરી (એટલે તેણે તેને હાકલ કરી.) ॥૨૭॥ એટલે; પોતાને લેઇ જવાને માટે આવેલા-વાંકાં મોઢા વાળા-ઉભાં થયેલ રૂંવાડાંવાળા-હાથમાં પાશ રાખેલા-અને અત્યંત દારૂણ જણાતા-ત્રણ પુરૂષોને જોઇને, તે વ્યાકુળ થયેલ ઇંદ્રિઓ વાળાએ; વેગમાં રમવામાં લાગેલા; પુત્ર નારાયણને; લાંબો અને મોટો ઘાંટો (અવાજ) કાઢીને હાકલ કરી. ॥૨૮-૨૯॥ હે પરિક્ષિત, ત્યારે તે મરવા પડેલાએ બોલેલું પોતાના સ્વામી (ભગવાન) નું નામ રૂપ, હરિ કીર્તન સાંભળવાથી, ભગવાનના પાર્શદો ત્યાં એકાએક આવી પડ્યા. ॥૩૦॥ અને તે વિષ્નુ દૂતોએ; દાસીપતિ અજામિલને તેના હૃદયમાંથી ખેંચતા યમદૂતોને; ઉતાવળા જોર કરીને અટકાવ્યા. ॥૩૧॥ ત્યારે તેમણે અટકાવેલાં યમદૂતોએ કહ્યું કે: "ધર્મ રાજાની આજ્ઞાની આડે આવનારા, તમો કોણ છો."? ॥૩૨॥ કોના છો? ક્યાંથી આવ્યા છો. અને આને લેઇ જવાની મના શા માટે કરો છો? તમે કોઇ દેવ છો? ઉપદેવ છો! અથવા ઉત્તમ સિદ્ધ પુરૂષો છો કે શું. ॥૩૩॥ તમો સઘળાઓ; ઉઘડેલાં કમળ જેવી આંખ્યો વાળા-પીળાં

ष्टसदाचारोदास्याःसंसर्गदूषितः॥२१॥ बंद्यक्षकैतवैश्चौर्यैर्गर्हितांवृत्तिमास्थितः॥ बिभ्रत्कुटुंबमशुचिर्यातयामासदेहिनः ॥२२॥ एवंनिवसतस्तस्यलालयानस्यतत्सुतान्॥ कालोऽत्यगान्महान्राजन्नष्टाशीत्यायुषःसमाः॥२३॥ तस्यप्रवयसःपुत्रादशतेषांतुयोऽवमः ॥ बालोनारायणोनाम्नापित्रोश्चदयितोभृशम् ॥२४॥ सबद्धहृदयस्तस्मिन्नर्भकेकलभाषिणि॥निरिक्षमाणस्तल्लीलांमुमुदेजरठोभृशम् ॥२५॥ भुंजानःप्रपिबन्खादन्बालकस्नेहयंत्रितः ॥ भोजयन्पाययन्मूढोनवेदागतमंतकम् ॥२६॥ सएवंवर्तमानोऽज्ञोमृत्युकालउपस्थिते॥ मतिंचकारतनये बालेनारायणाव्हये ॥२७॥ सपाशहस्तांस्त्रीन्दृष्ट्वापुरुषान्भृशदारुणान् ॥ वक्रतुंडानूर्ध्वरोमानात्मानंनेतुमागतान् ॥२८॥ दूरेक्रीडनकासक्तंपुत्रंनारायणाह्वयम्॥ प्लावितेनस्वरेणोच्चैराजुहावाकुलेंद्रियः ॥२९॥ निशम्यम्रियमाणस्यब्रुवतोहरिकीर्तनम्॥भर्तुर्नाममहाराजपार्षदाःसहसाऽपतन् ॥३०॥ विकर्षतोंऽतर्हृदयाद्दासीपतिमजामिलम्॥यमप्रेष्यान्विष्णुदूतावारयामासुरोजसा ॥३१॥ ऊचुर्निषेधितास्तांस्तेवैवस्वतपुरःसराः॥केयूयंप्रतिषेद्धारोधर्मराजस्यशासनम् ॥३२॥ कस्यवाकुतआयाताःकस्मादस्यनिषेधथ॥ किंदेवाउपदेवावायूयंकिंसिद्धसत्तमाः ॥३३॥ सर्वेपद्मपलाशाक्षाःपीतकौशेयवाससः॥किरीटिनःकुंडलिनोलसत्पुष्करमालिनः ॥३४॥ सर्वेचनूतनवयसःसर्वेचारुचतुर्भुजाः॥ धनुर्निषंगासिगदाशंखचक्रांबुजश्रियः ॥३५॥ दिशोवितिमिरालोकाःकुर्वंतःस्वेनरोचिषा ॥ किमर्थंधर्मपालस्यकिंकरान्नोनिषेधथ ॥३६॥ श्रीशुक०इत्युक्तेयमदूतैस्तैर्वासुदेवोक्तकारिणः॥तान्प्रत्यूचुःप्रहस्येदंमेघनिर्ह्रादयागिरा॥३७॥ विष्णुदूताऊचुः॥यूयंवैधर्मराजस्ययदिनिर्देशकारिणः॥ब्रूतधर्मस्यनस्तत्त्वंयच्चधर्मस्यलक्षणम् ॥३८॥ कथंस्विद्ध्रियतेदंडःकिंवास्यस्थानमीप्सितम् ॥ दंड्याःकिंकारिणःसर्वेआहोस्वित्कतिचिन्नृणाम् ॥३९॥ यमदूताऊचुः॥वेदप्रणिहितोधर्मोह्यधर्मस्तद्विपर्ययः॥वेदोनारायणःसाक्षात्स्वयंभूरितिशुश्रुम ॥४०॥ येनस्वधाम्न्यमीभावारजःसत्त्वतमोमयाः॥गुणनामक्रियारूपैर्विभाव्यंतेयथातथम् ॥४१॥ सूर्योऽग्निःखंमरुद्गावःसोमःसंध्याऽहनीदिशः॥कंकुःकालोधर्मइतिह्येतेदैह्यस्यसाक्षिणः ॥४२॥ एतैरधर्मोविज्ञातःस्थानंदंडस्ययुज्यते॥सर्वेकर्मानुरोधेनदंडमर्हंतिकारिणः ॥४३॥ संभवंतिहिभद्राणिविपरी

રેશમી વસ્ત્ર પહેરેલા-મુગટ અને કુંડળો વાળા- કમળની માળાઓથી શોભતા-જુવાન-સુંદર ચાર ચાર હાથ વાળા-અને ધનુષ્ય, ભાથા, તરવાર, ગદા, શંખ, ચક્ર, અને કમળની શોભા વાળા છો; ને પોતાના તેજથી દિશાઓને, અંધકાર રહિત કરો છો. તે; અમો ધર્મરાજાના સેવકોને કેમ અટકાવો છો. ॥૩૪-૩૫-૩૬॥ -શ્રીશુક-એ વાસુદેવ ભગવાનના આજ્ઞાકારીઓને; યમદૂતોએ આ રીતે કહેવાથી, તેમણે મેઘની ગર્જના સરખી વાણીથી; હસીને તેઓને ઉત્તર આપ્યો કે. ॥૩૭॥-વિષ્ણુ દૂતો-તમે ધર્મ રાજાના આજ્ઞા કારી છો, તો ધર્મનું તત્વ, તથા ધર્મનાં લક્ષણો, કહો. ॥૩૮॥ શિક્ષા કેવા પ્રકારથી કરાય છે? શિક્ષાનું સ્થાન કયું મનાય છે.? કર્મો કરનારા સર્વે પ્રાણીઓ કિંવા મનુષ્યોજ, શિક્ષા પામવાને યોગ્ય છે: કે તેમાંનાં અમુકજ શિક્ષાને પાત્ર છે.? ॥૩૯॥-યમદૂતો-વેદમાં આજ્ઞા કરેલાં કર્મો કરવાં; તે ધર્મ છે: અને તેથી અવળું ચાલવું તે અધર્મ છે; કેમકે સાક્ષાત નારાયણ ભગવાન પોતેજ વેદ રૂપે, થયેલાનું સાંભળેલું છે. ॥૪૦॥ અને તેમાંજ તેમાં; સત્વ રજ-અને તમો ગુણમય, સઘળી વસ્તુ આદિને, ગુણ-નામ-ક્રિયા-અને રૂપવિગેરેથી; જેને જેને જેમ ઘટે તેમ, તથા તે રીતે; બતાવેલાનું જણાય છે. ॥૪૧॥ સૂર્ય-અગ્નિ-આકાશ-વાયુ-ગાયો-ચંદ્ર-સંધ્યા-રાત્રિ-દિવસ-દિશાઓ-જળ-પૃથ્વી-કાળ-અને ધર્મ, એટલાં વાનાં દેહીએ કરેલાંના સાક્ષીઓ છે. ॥૪૨॥ એટલાં થકી જણવામાં આવતો અધર્મ, એજ શિક્ષાનું સ્થાન છે; અને કર્મ કરનારા સર્વે પ્રાણીઓ; તેમણે કરેલાં કર્મો થકી, બંધન પામવાને લીધે, શિક્ષા પામવાને યોગ્ય છે. ॥૪૩॥ હે પાપ રહિત પુરૂષો, કોઇ પણ દેહી, કર્મ કર્યા વગર રહેતો નથી, તેથી; સર્વે કર્મ કરનારાઓને, ગુણોનો સંગ થઇને; તેમાંથી શુભ તથા અશુભ બંને પ્રકારનાં કર્મો, થવાનો સંભવછેજ. ॥૪૪॥ માટે જેણે, જેટલો તથા જે પ્રકારનો ધર્મ,કિંવાં અધર્મ, અહીંયાં સંચિત કર્યાં હોય છે; તેટલું, અને તે પ્રકારનું, તે કર્મોનું ફળ, મુવા પછી તેમને ભોગવવાનું છેજ. ॥૪૫॥ હે મોટા દેવો, ગુણોની વિચિત્રતાને લીધે, જેમ અહીંયાં પ્રાણીઓને વિષે, ત્રણ પ્રકારો દેખાય છે; તેમજ

(બીજા) લોકને વિષે પણ, અનુમાન કરવાનું છેજ. ॥૪૫॥ વર્તમાનકાળ, જેમ ભૂત અને ભવિષ્ય કાળના ગુ-ણોને, જણાવનારો થાય છે; તેમજ વર્તમાન જન્મ થકીજ, થઇ ગયેલા; અને હવે પછી થવાના, જન્મના ધર્મ અને અધર્મ, આદિને પણ જાણી શકાય છેજ. ॥૪૭॥ અને શરીરને વિષે રહેલા અજન્મા ભગવાન એ-ટલે આત્મા) તો મન થકીજ, પ્રથમના રૂપને જાણે છે; તેમજ હવે પછી થવાના રૂપોનું પણ, અનુમાન કરી શકે છે. ॥૪૮॥ પણ તમોગુણ થકી યુક્ત થયેલ અજ્ઞાની (જીવ) તો, માત્ર હાલના દેખાતા જન્મનેજ જાણે છે. અને સ્મૃતિ નાશ થવાને લીધે તે, પૂર્વ જન્મને અગર હવે પછી થવાના જન્મને જાણતો નથીજ. ॥૪૯॥ પાંચ કર્મેંદ્રિયો–પાંચ જ્ઞાનેંદ્રિયો–પાંચ વિષયો–અને મન; એ રીતનાં સોળેમાં રહેલો, સત્તરમો પોતે; એ ત્રણે પ્રકારના ગુણો વડે વિષયોને ભોગવે છે. ॥૫૦॥ એ પ્રકારનું તે, સોળ વિભાગોવાળું, અને ત્રણ મોટા ગુણોથી બનેલું, લિંગ શરીરજ; વારંવાર જન્મ મરણ થવા રૂપ સંસારને ધારણ કરીને; પુરૂષને, હર્ષ–શોક–ભય અને બીજાં દુઃખો પ્રાપ્ત કરનારૂં છે. ॥૫૧॥ અને તે વડેજ એ અજ્ઞાની, અને મન તથા ઇંદ્રિયાદિકને નહીં જીતનારો; દેહી, પોતાની ઇચ્છા નહીં છતાં પણ, ઇંદ્રિયાદિક વડે કર્મો કરે છે; અને કોશેટાના કીડાની પેઠે, એ કર્મો વડે; પોતાનેજ ઢાંકી દેઇને, પછીથી મોહ પામે છે. ॥૫૨॥ જન્મ પામેલો કોઇ પણ દેહી, એક ક્ષણવાર પણ કર્મો કર્યા વિનાનો રહી શકતો નથી; કારણ ગુણોએ તેને પરવશ કરીને. બળાત્કારે કરાવવાથી; તથા સ્વાભાવિક રીતેજ પોતાની મેળે પણ; તે કર્મો કરેજ છે. ॥ ૫૩ ॥ તેથી એ રીતે અદષ્ટ એટલે પૂર્વ કર્મના નિમિત વડે, તેને બળવાન વાસનાઓ થકી; સૂક્ષ્મ શરીરની, અને માતા પિતાના શરીર સરખા સ્થૂળ શરીરની પણ, પ્રાપ્તિ થાય છે. ॥ ૫૪ ॥ એ રીતે, પુરૂષને પ્રકૃતિના સંગ થકી વિપરિતપણું થાય છે; અને, ઇશ્વરના સંગ થકી તેના એ શરીરોનો થોડા કાળમાંજ નાશ થઇ જાય છે. ॥૫૫॥ આ અજા-મિલ પણ શાસ્ત્ર ભણેલો–તથા સારાંશીળ, સારાં આચરણ, અને સારા ગુણો વાળો હતો; તથા વ્રતોને ધારણ

तानिचानघाः॥कारिणांगुणसंगोऽस्तिदेहवान्ह्यकर्मकृत् ॥४४॥येनयावान्यथाधर्मोऽधर्मोवेहसमीहितः ॥सएवतत्फलंभुंक्तेतथातावदमुत्रवै ॥४५॥ यथेहदेवप्रवरास्त्रैविध्यमुपलभ्यते॥भूतेषुगुणवैचित्र्यात्तथाऽन्यत्रानुमीयते ॥४६॥ वर्तमानोऽन्ययोःकालोगुणाभिज्ञापकोयथा॥एवं जन्मान्ययोरेतद्धर्माधर्मनिदर्शनम् ॥४७॥ मनसैवपुरेदेवःपूर्वरूपंविपश्यति॥अनुमीमांसतेपूर्वंमनसाभगवानजः ॥४८॥ यथाज्ञस्तमसायुक्तउपास्तेव्यक्तमेवहि॥नवेदपूर्वमपरंनष्टजन्मस्मृतिस्तथा ॥४९॥ पंचभिःकुरुतेस्वार्थान्पंचवेदाथपंचभिः॥एकस्तुषोडशेनत्रीन्स्वयंसप्तदशोऽश्नुते ॥५०॥ तदेतत्षोडशकलंलिंगंशक्तित्रयंमहत् ॥ धत्तेऽनुसंसृतिंपुंसिहर्षशोकभयार्तिदाम् ॥५१॥ देह्यज्ञोजितषड्वर्गोनेच्छन्कर्माणिकार्यते॥कोशकारइवात्मानंकर्मणाच्छाद्यमुह्यति ॥५२॥ नहिकश्चित्क्षणमपिजातुतिष्ठत्यकर्मकृत्॥ कार्यतेह्यवशःकर्मगुणैःस्वाभाविकैर्बलात् ॥५३॥ लब्ध्वानिमित्तमव्यक्तंव्यक्ताव्यक्तंभवत्युत॥ यथायोनियथाबीजंस्वभावेनबलीयसा॥५४॥एषप्रकृतिसंगेनपुरुषस्यविपर्ययः॥आसीत्सएवनचिरादीशसंगाद्विलीयते ॥५५॥ अयंहिश्रुतसंपन्नःशीलवृत्तगुणालयः॥धृतव्रतोमृदुर्दांतःसत्यवान्मंत्रविच्छुचिः ॥५६॥ गुर्वग्न्यतिथिवृद्धानांशुश्रूषुर्निरहंकृतः॥सर्वभूतसुहृत्साधुर्मितवागनसूयकः ॥५७॥ एकदाऽसौवनंयातःपितृसंदेशकृद्द्विजः॥आदायततआवृत्तःफलपुष्पसमित्कुशान् ॥५८॥ ददर्शकामिनंकंचिच्छूद्रंसहभुजिष्यया॥पीत्वाचमधुमैरेयंमदाघूर्णितनेत्रया ॥५९॥ मत्तयाविश्लथन्नीव्याव्यपेतंनिरपत्रपं॥क्रीडंतमनुगायंतंहसंतमनयांऽतिके॥६०॥ दृष्ट्वातांकामलिप्तेनबाहुनापरिरंभितां॥जगामहृच्छयवशंसहसैवविमोहितः॥६१॥स्तंभयन्नात्मनात्मानंयावत्सत्वंयथाश्रुतं ॥ नशशाकसमाधातुंमनोमदनवेपितं ॥६२॥ तन्निमित्तस्मरव्याजग्रहग्रस्तोविचेतनः॥तामेवमनसाध्यायन्स्वधर्माद्विररामह ॥६३॥तामेवतोषयामासपित्र्येणार्थेनयावता॥ग्राम्यैर्मनोरमैःकामैःप्रसीदेतयथातथा॥६४॥ विप्रांस्वभार्यामप्रौढांकुलेमहतिलंभितां॥विससर्जाचिरात्पापःस्वैरिण्याऽपांगविद्धधीः ॥६५॥ यतस्ततश्चोपनिन्येन्यायतोऽन्यायतोधनं॥ बभारास्याःकुटुंबिन्याःकुटुंबं

કરનારો–કોમળ સ્વભાવનો–ડાહ્યાપણ વાળો–સાચું બોલનારો–મંત્રોને જાણનાર, અને પવિત્ર પણ હતો. ॥૫૬॥ ગુરૂ, અગ્નિ, અતિથિ, અને વૃધ્ધોની સેવા કરનારો–નિરઅભિમાની–સર્વ પ્રાણી માત્રનો સુહૃદ–સાધુ–વાણીને નિયમમાં રાખનારો–અને ઇર્ષ્યા વિનાનો હતો. ॥૫૭॥ તે, પિતાની આજ્ઞા પ્રમાણે ચાલનારો, બ્રાહ્મણ, એક દિવસે વનમાં જઇને, ત્યાંથી, ફળ–ફુલ–સમિધ–અને ડાભ લેઇને પાછો આવતો હતો. ॥૫૮॥ ત્યાં રસ્તે ચા-લતાં તેણે કોઇ એક કામી શૂદ્રને; તેની રાખેલી રાંડની સાથે જોયો; જે રાંડે દારૂ પીવાથી, તેની આંખ્યો ચ-કર વકર થતી હતી. ॥૫૯॥ ત્યારે તે છાકટી થયેલી અને લુગડાં નીકળી જતી રાંડને, કામ થકી આતુર થ-યેલો પોતાના હાથથી બાથમાં ઘાલીને: પોતાની નજીકમાં, ગાતાં હસતાં અને રમત કરતાં; તે આચાર ભ્રષ્ટ શૂદ્રને જોવાથી; એકાએક મોહ પામી જઇને; તે બ્રાહ્મણ કામ વશ થઇ ગયો. ॥૬૦–૬૧॥ જેટલું તેનામાં જ્ઞા-ન હતું, તથા જેટલી ધીરજ હતી, તેટલાના પ્રમાણમાં: તેણે મનને રોકવા માંડયા છતાં; પણ કામદેવે કં-પાવેલા પોતાના મનને, તે વશમાં રાખી શક્યો નહીં. ॥૬૨॥ અને તેનામાં કામરૂપી પોતાને ઉત્પન્ન થયેલા ઝોડે, પકડવાથી; બુદ્ધિવિનાનો થઇ જઇને; મનથકી તે રાંડનુંજ ધ્યાન કરતો, એ અજામિલ, પોતાના ધર્મોનું આચરણ કરવા થકી; વિરામ પામી ગયો. ॥૬૩॥ તથા કામભોગના અને મનને આનંદ આપે એવા પદાર્થો, કે જેથી તે રાંડ રાજી થાય; તે સર્વે; પિતાનું ધન પોહોચ્યું ત્યાં સુધી, તે ધનથકી લાવી આપીને; તે રાંડનેજ રાજી કરવા લાગ્યો. ॥૬૪॥ એ પાપિ અજામિલની બુદ્ધિ, આ છીનાળ રાંડની આંખની અણીઓથી વિંધાઇ જવાથી પછી તેણે બ્રાહ્મણ જાતની–જુવાન ઉંમરની–અને મોટા કુળમાં ઉત્પન્ન થયલી પોતાની સ્ત્રીનો; થોડા વખતમાંજ ત્યાગ કરી દીધો. ॥૬૫॥ અને પછીથી આ મંદ બુદ્ધિ વાળાએ, ન્યાયથી અને અન્યાયથી; તથા અહીંથી અને ત્યાંથી; એમ સર્વ રીતે ધન આણીને, આ રાંડનું અને તેના કુટુંબનુંજ પોષણ કરેલું છે. ॥૬૬॥ એ રીતે આ, શાસ્ત્રોનું ઉલંઘન કરનારો, આર્ય પુરૂષોએ નિંદા કરેલ આચરણ સ્વઇચ્છાથી કરનારો, અને ઘણા

કાળ સુધી પાપરૂપ-અપવિત્ર-અને મેલરૂપ આજીવિકા ચલાવનારો છે. ॥૬૭॥ એટલા માટે, એ કરેલા પાપ કર્મોનું પ્રાયશ્ચિત કર્યા વિનાના, એને; અમે હાથમાં દંડને ધારણ કરનારા, યમરાજાની પાસે લેઇ જઇશું; કે જ્યાં શિક્ષા પામવાથી, તે શુદ્ધ થશે. ॥૬૮॥ ઇતિશ્રી૦ ભા૦ છઠ્ઠા સ્કંધનો પેહેલો અધ્યાય સંપૂર્ણ. ॥૧॥

અધ્યાય ૨ જો—શ્રીશુક-ત્યારે, હે રાજા, ન્યાયમાં કુશળ વિષ્ણુ દુતોએ; યમદુતોનું એ રીતનું બોલવું સાંભળીને, તેમને ઉત્તર આપ્યો કે. ॥૧॥—વિષ્ણુ દુતો-જ્યાં, શિક્ષા નહીં પામવા લાયક નિષ્પાપ પુરૂષોને; જ્યાં શિક્ષા આપવાનું થાય છે; એમ ધર્મ સભાને અધર્મનો સ્પર્શ થાય છે; એ મોટા કષ્ટની વાત છે. ॥૨॥ પ્રજાને શિક્ષા આપનારાઓ તો, સાધુ-સમદૃષ્ટિ વાળા-અને માત પિતા સરખા હોવા જોઇયે; જ્યારે તેઓનામાં પણ વિષમપણું હોય, ત્યારે પ્રજાઓએ કોને શરણે જવું. ॥૩॥ મોટા પુરૂષો જેવું આચરણ કરે, તેવું આચરણજ, બીજાઓ કરે છે; અને મોટા લોક જે જે વાતને પ્રમાણ કરે છે, તે વાતજ; પ્રમાણ તરીકે ગ-ણીને, બીજા લોકો, પણ તેમને અનુસરે છે. ॥૪॥ જેના ખોળામાં માથું મુકીને લોકો નિરાંતવા થઇને, સુઇ રેહે છે; તેઓજ પશુ જેવા થઇને, ધર્મ અથવા અધર્મ, પોતે પણ જાણતા નથી. ॥ ૫ ॥ મિત્ર પણાથી, પોતાનાં શરીરોને ભરોંસાથી સોંપી દેઇને નિરાંતે બેસનારા પ્રાણિઓનો; જો તેઓ દયાળુ હોય તો; દ્રોહ કેમ કરે. ॥૬॥ આ અજામિલે તો, અંતકાળ સમયે, પરવશ પણામાં; સર્વ કલ્યાણના સ્થાનક રૂપ, હરિ ભગવાનનું નામ બોલીને; તેનાં કરોડો જન્મનાં પાપોનું, પ્રાયશ્ચિત કરેલું છે. ॥૭॥ કેમકે તે "નારાયણ" એટલું ચાર અક્ષરનું નામ, જ્યારે બોલ્યો; ત્યારેજ; તેણે કરેલાં પાપોનું પ્રાયશ્ચિતનો, તે કરી ચુકેલો છેજ. ॥૮॥ જે થકી બુદ્ધિ ભગવાનને વિષે થાય છે, એવું વિષ્ણુ ભગવાનના નામનું; આ પ્રકારનું ઉચ્ચારણ થાય, તેજ; ચોર-દારૂ-પીનાર-મિત્રનો દ્રેષ કરનાર-બ્રહ્મ હત્યા કરનાર-ગુરૂસ્ત્રીનો સંગ કરનાર-સ્ત્રી, રાજા, પિતા, અને ગાયોનો નાશ કરનાર-અને અનેક પ્રકારનાં પાપો કરનારા-સર્વ પાપીઓને માટે પણ સારામાં સારૂં પ્રાયશ્ચિત છે. ॥૯-૧૦॥

मंदधीरयं॥॥६६॥ यदसौ [illegible]रथार्पार्यगर्हितः॥अवर्ततचिरंकालमघायुरशुचिर्मलात् ॥६७॥ततएनंदंडपाणेःसकाशंकृतकिल्बिषं॥नेष्यामोऽकृतनिर्वेशंयत्रदंडेनशुध्यति॥६८॥ इतिश्रीभागवतेमहापुराणेषष्ठस्कंधेअजामिलोपाख्यानेप्रथमोऽध्यायः ॥१॥

श्रीशुक०एवंतेभगवद्दूतायमदूताभिभाषितं ॥ उपधार्याथतान्राजन्प्रत्याहुर्नयकोविदाः ॥१॥ विष्णुदूता०अहोकष्टंधर्मदृशामधर्मःस्पृशतेसभां॥ य[illegible]पुदं[illegible]र्यतेवृथा॥२॥प्रजानांपितरोयेचशास्तारःसाधवःसमाः॥ [illegible]वैषम्यंकंयांतिशरणंप्रजाः ॥३॥ य[illegible]श्रेयानितरस्तत्तदीहते ॥ [illegible]प्रमाणंकुरुतेलोकस्तदनुवर्तते॥४॥ यस्यांकेशिरआधायलोकःस्वपितिनिर्वृतः ॥ स्वयंधर्ममधर्मंवान[illegible]वेदयथापशुः॥५॥ सकथंन्यर्पितात्मानं[illegible]मैत्रमचेतनं॥ विश्रंभणीयोभू[illegible]सघृणो[illegible]ग्धुमर्हति ॥६॥ अयंहिकृतनिर्वेशोजन्मकोट्यंहसामपि॥यद्व्याजहारविवश[illegible]यनंहरेः॥७॥ एतेनैव[illegible]तंस्याद[illegible]निष्कृतं॥ यदानारायणा[illegible]तिजगाद[illegible]रक्षरं॥८॥ स्तेनःसुरापोमित्र[illegible]तल्पगः॥स्त्रीराजपि[illegible]गोहंतायेचपातकिनोऽपरे॥९॥ सर्वेषामप्यघवतामिदमेवसुनिष्कृतं॥ नामव्याहरणंविष्णोर्यतस्त[illegible]षयामतिः ॥१०॥ ननिष्कृतैरुदितैर्ब्रह्मवादिभिस्तथाविशु[illegible]त्य[illegible]तादिभिः ॥ यथाहरेर्नामपदैरुदाहृतैस्तदुत्तमश्लोकगुणोपलंभकं॥११॥ नैकांतिकंतद्धिकृतेऽपिनि[illegible]तंमनःपुनर्धावतिचेदसत्पथे॥तत्कर्मनिर्हारमभीप्सतांहरेर्गुणानुवादः[illegible]सत्वनः॥१२॥ अथैनंमाऽपनयत[illegible]शेषाघनिष्कृतं ॥ यदसौभगवन्नाममम्रियमाणःसमग्रहीत्॥१३॥ सांकेत्यंपारिहास्यंवास्तोभंहेलनमेववा॥वैकुंठनामग्रहणमशेषाघहरं[illegible]॥१४॥ पतितःस्खलितोभग्नःसंदष्टस्तप्तआहतः॥हरिरित्यवशेनाहपुमान्नार्हतियातनां॥१५॥गुरूणांचलघूनांचगुरूणिचलघूनिच॥ प्रायश्चि[illegible]पानांज्ञात्वोक्तानिमहर्षिभिः॥१६॥ तैस्तान्यघानिपूयंतेतपोदानजपादिभिः॥ नाधर्मजंतद्धृदयंतदपीशांघ्रिसेवया १७ अज्ञानादथवाज्ञाना[illegible]त्तमश्लोकनामय[illegible] ॥ संकीर्ति[illegible]मघंपुंसोदहेदेधोयथाऽनलः॥१८॥ यथाऽगदंवीर्यतममुपयुक्तंयदृच्छया॥ अजानतोऽप्या

અને ઉત્તમ શ્લોક ભગવાનના ગુણોને જણાવનારાં હરિ ભગવાનનાં નામોના, અક્ષરો બોલવાથી; જેવી રીતનું પ્રાયશ્ચિત થઇને, પાપી પુરૂષોની શુદ્ધિ થાય છે; તેવી રીતની શુદ્ધિનો; બ્રહ્મવાદીઓએ કહેલાં વ્રતાદિક પ્રાય-શ્ચિતો કરવા થકી, થતીજ નથી. ॥૧૧॥ કેમકે એ પ્રાયશ્ચિતો, અત્યંત શુદ્ધિ કરનારાં થતાં નથી; જેથી એ પ્રાયશ્ચિતો કર્યા પછી પણ, તે કરનારનું મન, પાછું ફરીથી, પાપના માર્ગમાંજ દોડે છે; માટે પાપ કર્મનો નાશ કરવાની ઇચ્છા વાળાએ તો, જે થકી મન પૂર્ણ પણે શુદ્ધ થાય છે; એવું હરિ ભગવાનના ગુણો આ-દિનું કીર્તન કરવા રૂપ; પ્રાયશ્ચિત કરવાનું છે. ॥૧૨॥ એટલા માટે, જેણે મરણ સમયે ભગવાનનું નામ, એક-વાર પણ ઉચ્ચારેલું છે; એવા સઘળા પાપોનું પ્રાયશ્ચિત કરેલા, આ અજામિલને; હવે તમારે લેઇ જવાનો નથી. ॥૧૩॥ આ પ્રકારે (એટલે મરણ ટાણે;)સંકેતથી-મશ્કરીથી-ગાના વિગેરેનો આલાપ પૂરવાથી-અથવા કોઇની અવગણના કરવા સારૂં પણ; વૈકુંઠ ભગવાનનું નામ બોલાય; તો; તેથી સઘળાં પાપોનો નાશ, તે ક-રીજ નાંખે છે; એમ તમે જાણો. પડી જતાં-ઠેશવાગતાં-હાડકાં ભાગતાં-સાપ વિગેરે કરડતાં-અને તાવ આવ્યો હોય, અગર કોઇ મારતું હોય, ત્યારે પણ; જે પુરૂષ પરવશ અવસ્થામાં, હરિભગવાનનું નામ બોલે છે; તે, યાતના ભોગવવાને યોગ્ય થતો નથી. ॥૧૫॥ મોટાં અને નાનાં પાપોને જોઇ જોઇને; મહાઋષિઓએ, મોટાં તથા નાનાં પ્રાયશ્ચિતો કહેલાં છે. ॥૧૬॥ અને તે પ્રમાણેનાં પાપોની શુદ્ધિ; તે મહાઋષિઓએ કહેલાં પ્રાયશ્ચિત, તપ-દાન-અને જપ વિગેરે થકી થાય છે ખરી; પણ તે પાપોને જન્મ આપનાર હૃદયની શુદ્ધિ તેમના થકી થઇ શકતી નથી; એ હૃદયની શુદ્ધિતો, ભગવાનના ચરણનું સેવન કરવા થકીજ, માત્ર થાય છે. ॥૧૭॥ જાણીને અથવા અજાણતાં લેવાયલું, ઉત્તમ શ્લોક ભગવાનનું નામ; પુરૂષનાં પાપોને; લાકડોના ઢગલામાં પડેલા અગ્નિની પેઠેજ; બાળી નાંખનારૂં છે. ॥૧૮॥ જેમ કોઇ જોરાતું ઓસડ, અજાણતાં અગર યદૃચ્છાથી ખવાઇ જાય; તો પણ, તે પોતાનો ગુણ બતાવ્યા વિના રહેતું નથી; તેમ ભગવાનના નામ રૂપ મંત્રનો ઉચ્ચાર

કરવાનું ફળ પણ, એ રીતેજ થયાવિના રેહેતું નથી. ॥ ૧૯ ॥–શ્રીશુક–હે રાજા, એ રીતે તે વિશ્નુ દૂતોએ, ભાગવત ધર્મનો સારી રીતે અને વિશેષ પણે નિર્ણય કરીને, એ બ્રાહ્મણ અજામિલને યમદૂતોના પાશ થકી, છૂટો કરવાથી, તે મૃત્યુ થકી પણ છૂટી ગયો. ॥૨૦॥ અને હે પરીક્ષિત, આ રીતે પાછા કાઢી મૂકાયલા યમદૂતોએ; યમરાજા પાસે જઇને, સર્વ હકિકત કહી. ॥૨૧॥ પછી પાશમાંથી છૂટેલો અને ભયજતું રેહેવાથી સ્વસ્થતા પામેલો; બ્રાહ્મણ અજામિલ, વિશ્નુના પાર્શદોને; તેમના દર્શનથી આનંદ પામીને, માથું નમાવીને પગે લાગ્યો. ॥૨૨॥ અને તે કાંઇ બોલવા જતો હતો; તે જાણી જઇને, ભગવાનના પાર્શદો તેના જોતાં જોતાંમાં, અંતર્ધાન થઇ ગયા. ॥૨૩॥ અને એ વિશ્નુદૂતો થકી, શુદ્ધ ભાગવત ધર્મ; અને યમના દૂતો થકી, ગુણોના આશ્રય વાળો ત્રણ વેદમાં કહેલો ધર્મ; અજામિલે સાંભળ્યો. ॥૨૪॥ તેથી હરિભગવાનના મહાત્મ્યનું શ્રવણ કરવા થકી, તુરતજ તેને ભગવાનમાં ભક્તિ ઉપન્ન થઇ; અને પોતે કરેલાં પાપોનું સ્મરણ થવાથી, તેને મોટો પરિતાપ થયો કે. ॥૨૫॥ અરે, મેં મન અને ઇંદ્રિયાદિકને નહીં જીતનારાએ; બહુ ભુંડું કર્યું: જેણે છીનાળ સ્ત્રીમાં સંતાનો ઉત્પન્ન કરીને, પોતાના બ્રાહ્મણ પણાનો નાશ કરી નાંખ્યો છે. ॥૨૬॥ કુળમાં કાળજરૂપ મેં, મારી નાની ઉમરની અને સતી સ્ત્રીનો ત્યાગ કરીને; મદિરા પીનારી વ્યભિચારિણી સ્ત્રીમાં ગમન કરવાવડે, સત્પુરૂષોએ ધિઃકારેલું દુષ્ટ કામ કર્યું છે; એવા મને ધિઃકાર છે ॥૨૭॥ અરે કરેલા ઉપકારને નહીં જાણનારા મેં, વૃદ્ધ–અનાથ–અને બીજા બંધુઓ વિનાનાં–તથા દુખી થયેલાં–મારાં માબાપને નીચની પેઠે, હમણાં સુધી તજી દીધાં છે. ॥૨૮॥ માટે ધર્મનો નાશ કરનારા કામી પુરૂષો, યમરાજાની શિક્ષારૂપ યાતનાઓને જ્યાં ભોગવે છે; તેવા અતિ દારૂણ નરકને વિશે, હું જરૂર પડીશ. ॥૨૯॥ આતે શું સપ્ન હતું, કે આ સાક્ષાત અદ્ભુત

त्मगुणंकु[illegible]न्मंत्रोऽप्युदाहृतः ॥१९॥ श्रीशुक० तएवंसुविनिर्णीयधर्मंभागवतंनृप॥तंयाम्यपाशान्निर्मुच्यविप्रंमृत्योरमूमुचन् ॥२०॥ इतिप्रत्युदितायाम्यादूतायात्वायम[illegible]ांतिके॥यमराज्ञेयथासर्वमाचचक्षुररिंदम॥२१॥ द्विजःपाशाद्विनिर्मुक्तोगतभीःप्रकृतिंगतः॥ववंदेशिरसाविष्णोः किंकरान्दर्शनोत्सवः ॥२२॥ तंविवक्षुमभिप्रेत्यमहापुरुषकिंकराः॥सहसापश्यतस्तस्यतत्रांतर्दधिरेऽनघ ॥२३॥ अजामिलोप्यथा[illegible]र्ण्यदूतानांयम[illegible]ष्णयोः॥धर्मंभागवतंशुद्धंत्रैविद्यंचगुणाश्रयं ॥२४॥ भक्तिमान्भगवत्याशुमाहात्म्यश्रवणाद्धरेः॥ अनुत[illegible]नासोत्स्मरतोऽशुभ[illegible]ात्मनः ॥२५॥ अहोमेपरमंकष्टमभूदविजितात्मनः॥येनविप्लावितंब्रह्मवृषल्यांजायतात्मना ॥२६॥ धिङ्मांविगर्हितंसद्भिर्दुष्कृतंकुलकज्जलं॥हित्वाबालांसतींयोऽहंसुरापामसतीमगां॥२७॥ वृद्धावनाथौपितरौनान्यबंधूतपस्विनौ॥अहोमयाऽधुनात्यक्ताव[illegible]तज्ञेननीचवत्॥२८॥ सोऽहंव्यक्तंपतिष्यामिनरकेभृशदारुणे॥धर्मघ्नाःकामिनोयत्रविंदंतियमयातनाः ॥२९॥ किमिदंस्वप्नआहोस्वित्साक्षाद्दृष्टमिहाद्भुतं ॥ क्वयाताअद्य तेयेमांव्यकर्षन्पाशपाणयः ॥३०॥ अथतेक्वगताःसिद्धाश्चत्वार[illegible]ाः॥व्यमोचयन्नीयमानंबध्वापाशैरधोभुवः॥३१॥ अथापिमेदुर्भगस्यविबुधोत्तमदर्शने॥भवितव्यंमंगलेनयेनात्मामेप्रसीदति॥३२॥ अन्यथाम्रियमाणस्यनाशुचे[illegible]षलीपतेः॥वैकुंठनामग्रहणंजिह्वावक्तुमिहार्हति॥३३॥ [illegible]कितवःपापोब्रह्मघ्नोनिरपत्रपः॥क्वचनारायणेत्येतद्भगवन्नाममंगलं ॥३४॥ सोऽहंतथायतिष्यामियताचित्तेंद्रियानिलः॥यथानुभूयआत्मानमंधेतमसिमज्जये ॥३५॥ विमुच्यतमिमंबंधमविद्याकामकर्मजं॥सर्वभूतसुहृच्छांतोमैत्रःकरुणआत्मवान् ॥३६॥ मोचयेग्रस्तमात्मानंयोपिन्मय्यात्ममायया॥ विक्रीडितोययैवा[illegible]धमः ॥३७॥ ममाहमितिदेहादौहित्वाऽमिथ्याऽर्थधीर्मतिं॥धास्येमनोभगवतिशुद्धंतत्कीर्तनादिभिः ॥३८॥श्रीशुक० इतिजातसुनिर्वेदःक्षणसंगेनसाधुषु॥गंगाद्वारमुपेयायमुक्तसर्वानुबंधनः॥३९॥ सतस्मिन्देवसदनआसीन[illegible]श्रितः॥प्रत्याहृतेंद्रियग्रामोयुयोजमनआत्मनि ॥४०॥ ततोगुणेभ्यआत्मानंवियुज्यात्मसमाधिना॥युयोजभगवद्धाम्निब्रह्मण्यनुभवात्मनि ॥४१॥ यर्ह्युपारतधीस्तस्मिन्नद्राक्षीत्पुरुषान्पुरः॥उपलभ्योपलब्धान्प्रागववंदेशिरसाद्विजः॥४२॥ हित्वाकले

વાત મેં નજરે નજર દીઠી ! હરડાંજ હાથમાં પાશ રાખેલાઓ મને તેથી બાંધીને, ખેંચતા હતા; તેઓ કયાં ગયા. ॥૩૦॥ અને સારા દેખાવ વાળા ચાર સિદ્ધ પુરૂષો જેમણે મને; પાશથી બાંધીને, પૃથ્વીની નીચે લેઇ જતાં; છોડાવ્યો છે; તેઓ પણ ક્યાં ગયા. ॥૩૧॥ તથાપિ, પૂર્વના કોઇ એક મોટા પુણ્ય વડે કરીને હું નિર્ભાગીને ઉત્તમ દેવતાઓનું દર્શન થયું છે; કે જેથી મારૂં અંતઃકરણ નિર્મળ થયું. ॥૩૨॥ નહીંતો અપવિત્ર અને વૃષલીના પતિ, હું સરખાની જીભ; મરવા ટાણે; વૈકુંઠ ભગવાનનું નામ લેવાને; યોગ્યજ કેમ થાય. ? ॥૩૩॥ જુગારી–પાપી–બ્રહ્મહત્યનો નાશ કરનાર–અને નિર્લજ એવો હું કયાં. ? અને ભગવાનનું "નારાયણ" એવું મંગળરૂપ નામ ક્યાં. ॥૩૫॥ માટે હવે તો હું, મન–ઇંદ્રિયો–તથા પ્રાણને જીતીને એવો યત્ન કરીશ કે, જે થકી મારે હવે પછી અંધકાર રૂપ નરકને વિશે પડવાનો અનુભવ કરવો ન પડે. ॥૩૫॥ અને હું, અવિદ્યા(અજ્ઞાન) કામનાઓ–તથા કર્મો–થકી ઉત્પન્ન થનારા બંધનો થકી મુક્ત થઇને; સર્વ પ્રાણીઓનો સુહૃદ–શાંત–મિત્ર–દયાવાન–અને ધૈર્યવાન થઇશ; તથા ભગવાનની માયા રૂપ સ્ત્રીથી પકડાઇને, તેની સાથે મદારીના માંકડાની પેઠે, અધમપણે ક્રિડા કરવા થકી પણ છૂટીશ. ॥૩૬–૩૭॥ તેમજ દેહાદિક મિથ્યા પદાર્થોને વિશેની, તેઓ મિથ્યા ન હોવા રૂપ; હું અને મારા પણાની બુદ્ધિને, તજી દેઇશ, તથા ભગવાનના શુદ્ધ સ્વરૂપ વિશે, અને તેમના કીર્તનાદિકને વિશેજ મન રાખીશ. ॥૩૮॥–શ્રીશુક–એ રીતે સાધુ પુરૂષો (વિશ્નુ દૂતો) ના, ક્ષણ માત્રના સમાગમે કરીને, ઉત્પન્ન થયેલા ઉત્તમ વૈરાગ્ય વડે, સર્વ પ્રકારનાં બંધનો થકી તે છૂટો થઇને; ગંગા દ્વારમાં ગયો. ॥૩૯॥ અને તે દેવતાઓના સ્થાનમાં બેસીને, તેણે યોગનો આશ્રય કરી; ઇંદ્રિયાદિકને વિષયો થકી પાછી વાળીને; મનને આત્મ સ્વરૂપ પરમાત્મામાં જોડી દીધું. ॥૪૦॥ અને પછી ગુણો થકી આત્માને જૂદો જાણીને, સમાધિ વડે તેની; પરબ્રહ્મના અનુભવ સ્વરૂપ ભગવાનના પદ સાથે; એકતા કરી દીધી. ॥૪૧॥ એ રીતે, તે બ્રાહ્મણની બુદ્ધિ જ્યારે સઘળા દ્રશ્ય પદાર્થો થકી વિરામ પામી, ત્યારે તેણે પ્રથમ જોયેલા

પુરૂષોને આવેલા જોયા; તથા તેઓ પ્રથમ દીઠેલા હોવા થકી ઓળખીને, તેણે તેમને માથા વડે પ્રણામ કર્યા. ॥૪૨॥ તેમનું દર્શન થયા પછી તુરતજ, તેણે ગંગાજીના તીર્થમાં દેહને તજી દીધો; એટલે તેનું ભગવાનના પાર્ષદોના જેવું સ્વરૂપ થયું. ॥૪૩॥ પછી તે બ્રાહ્મણ સોનાના વિમાનમાં બેસીને, ભગવાનના પાર્ષદોની સાથે આકાશ માર્ગે; જ્યાં લક્ષ્મીપતિ ભગવાન રહેલા છે, ત્યાં (વૈકુંઠમાં) ગયો. ॥૪૪॥ આ રીતે સઘળા ધર્મોનો નાશ કરનારો–દાસીનો પતિ–અને નિંદિત કર્મો કરનારો–અને વ્રતોનો ભંગ કરવા થકી પતિત થયેલો–એવો તે નરકમાં પડતાં પડતાં, ભગવાનનું નામ લેવા વડેજ એકા એક છુટી ગયો. ॥૪૫॥ એટલા માટે, મુમુક્ષુઓનાં કર્મ બંધનોને કાપી નાખનારૂં પ્રાયશ્ચિત, તીર્થપદ ભગવાનનું કીર્તન કરવા ઉપરાંત; બીજું કોઇ પણ છેજ નહીં. કે જેથકી, બીજાં પ્રાયશ્ચિતોની પેઠે, રજોગુણી અને તમોગુણી પાપ કર્મો કરવામાં, ફરી ફરીને મન જતુંજ નથી. ॥૪૬॥ એવી રીતનો આ અતિ ગુહ્ય, અને પાપનો નાશ કરનારો ઇતિહાસ; જે કોઇ શ્રદ્ધા અને ભક્તિ સહિત સાંભળે, અથવા સંભળાવે; તે માણસ પાપી હોય તોપણ, યમદૂતો તેના તરફ જોતા નથી; ને તે નરકમાં જતો નથી; પણ વિષ્ણુના લોકમાં રહીને શોભે છે. ॥૪૭–૪૮॥ પુત્રનું નામ પોકારતાં, મરણ સમયે હરિભગવાનનું નામ લેવાથી, અજામિલ પણ ભગવત ધામને પામી ગયો. તો પછી શ્રદ્ધા સહિત ભગવાનનું નામ પરવશ અવસ્થામાં લેવાય; તેને માટે તો ફરી ફરીને કહેવુંજ શું. ॥૪૯॥ ઇતિશ્રી. ભાગવત છઠ્ઠા સ્કંધનો બીજો અધ્યાય સંપૂર્ણ. ॥૨॥

અધ્યાય ત્રીજો.–પરીક્ષિત–જેના વશમાં આ સર્વ લોક રહે છે એવા તે દેવ, ધર્મ રાજાએ; વિષ્ણુદૂતોએ આ રીતે પોતાની આજ્ઞાનો ભંગ કરીને, મારીને કાઢી મૂકેલા; પોતાના દૂતો થકી વર્ણન કરાયલી, આ સઘલી વાત સાંભળ્યા પછી; પોતાના દૂતોને શું કહ્યું. ॥૧॥ હે મુનિ, યમદેવે કરેલી શિક્ષાનો ભંગ, આગળ કોઇ પણ સ્થળે થયેલાનું અમારા સાંભળવામાં નથી, માટે આ બાબતમાં લોકને ઉત્પન્ન થતા સંશયને કા-

वरंतीर्थेगंगायांदर्शनादनु॥सद्यःस्वरूपंजगृहेभगवत्पार्श्ववर्तिनां ॥४३॥ साकंवि[illegible]यसाविप्रोमहापुरुषकिंकरैः॥ हैमंविमानमारुह्ययर्योयत्र श्रियःपतिः ॥४४॥ एवंसविप्लावितसर्वधर्मादास्याःपतिः[illegible]तितोगर्ह्यकर्मणा॥निपात्यमानोनिरयेहतव्रतःसद्योविमुक्तोभगवन्नामगृण्[illegible]न्॥४५ नातःपरंकर्मनिबंधकृंतनंमुमु[illegible]तांतो[illegible]तेनात् ॥ नयत्पुनःकर्मसु[illegible]स्तमोभ्यांकलिलंततोऽन्यथा ॥४६॥ यएवंपरमंगुह्यमितिहासमघापहं॥शृणुयाच्छ्रद्धयायुक्तोयश्चभक्त्यानुकीर्तयेत्॥४७॥ नवैसनर[illegible]यातिनेक्षितोयमकिंकरैः॥ यद्यप्यमंगलोमर्त्योविष्णुलोकेमहीयते ॥४८॥ म्रियमाणोहरेर्नामगृणन्पुत्रोपचारितं॥अजामिलोऽप्यगाद्धामकिंपुनःश्रद्धयागृणन्॥४९॥इ.भा.ष.द्वितियोऽध्यायः॥२॥ राजा०निशम्यदेवःस्वभटोपवर्णितंप्रत्याहकिंतान्प्रतिधर्मराजः॥ एवंहताज्ञोविहतान्मुरारेर्नैदेशिकैर्यस्यवशेजनोऽयं ॥१॥ यमस्यदेवस्यनदंडभंगःकुतश्चनर्षेश्रुतपूर्वआसीत्॥ एतन्मुनेवृश्चतिलोकसंशयंनहित्वदन्योइतिमेविनिश्चितं॥२॥ श्रीशुक० भगवत्पुरुषैराजन्याम्याःप्रतिहतोद्यमाः॥पतिंविज्ञापयामासुर्यमंसंयमिनीपतिं ॥३॥ यमदूता०कतिसंतीहशास्तारोजीवलोकस्यवैप्रभो॥त्रैविध्यंकुर्वतःकर्मफलाभिव्यक्तिहेतवः॥४॥ यदिस्युर्बहवोलोकेशास्तारोदंडधारिणः॥ कस्यस्यातांनवाकस्यमृत्युश्चामृतमेववा॥५॥किंतुशास्तृबहुत्वेस्याद्बहूनामिहकर्मिणां॥ शास्तृत्व[illegible]हिपथामंडलवर्तिनां॥६॥अतस्त्वमेकोभूतानांसेश्वराणामधीश्वरः॥ शास्तादंडधरोनृणांशुभाशुभविवेचनः ॥७॥ तस्यतेविहितोदंडोनलोकेवर्ततेऽधुना॥ चतुर्भिरद्भुतैःसिद्धैराज्ञातेविप्रलंभिता ॥८॥नीयमानंतवादेशादस्माभिर्यातनागृहान् ॥ व्यमोचयन्पातकिनंछित्त्वा[illegible]ह्यते॥९॥ तांस्तेवेदितुमिच्छामोयदिनोमन्यसेक्षमं ॥नारायणेत्यभिहितेमाभैरित्याययुर्द्रुतं॥१०॥श्रीशुक०इतिदेवःसआपृष्टःप्रजा[illegible]मनोयमः ॥ प्रीतःस्वदूतान्प्रत्याहस्मरन्पादांबुजंहरेः ॥११॥ यम० परोमदन्यो[illegible]तस्तस्थुषश्चओतंप्रोतंपटवद्यत्रविश्वं ॥ यदंशतोऽस्यस्थितिजन्[illegible]नाशानस्योतवद्यस्यवशेचलोकः॥१२॥ योनामभिर्वाचिजनान्निजायांबध्नातितंत्यामिवदामभिर्गाः॥यस्मैबलिंतइमेना

ઢવારો, આપના સરખો બીજો કોઇ નહીં હોય; એવો મારો નિશ્ચય છે. ॥૨॥–**શ્રીશુક**–હે રાજા, ભગવાનના પાર્ષદોએ, પોતાના ઉદ્યોગનો નાશ કરી નાંખેલા યમદૂતોએ; ઉતાવળાજ સંયમની નગરીના પતિ અને પોતાના સ્વામી; યમરાજા પાસે જઇને વિનતિ કરી કે. ॥૩॥–**યમદૂતો**–હે પ્રભુ, આ જીવલોકને વિશે ત્રણ પ્રકારનાં કરેલાં કર્મોનાં ફળો આપનાર, શાસન કરનારાઓ (ન્યાયાધિશો) કેટલાક છે. ॥૪॥ એ લોકમાં જો શિક્ષા આપનારા ન્યાયાધિશો અનેક હોયતો,(કર્મફળ ભળવા તરીકે) સુખ દુખ કોઇ કોઇને થાય, અને કોઇ કોઇને ન પણ થાય. ॥૫॥ કેમકે કર્મો કરનારા ઘણા લોકોને માટે,જૂદા જૂદા ન્યાય કરનારાઓ પણ, ઘણા ઘણા હોયતો; મંડળપતિ રાજાઓની પેઠે, ન્યાય કરનારપણું પણ માત્ર નામનુંજ રહે. ॥૬॥ તેમ ન થવા માટે આપ એકલાજ; પ્રાણી માત્રના અને તે લોકના રાજાઓ સુદ્ધાનાં; સ્વામી–આજ્ઞા કરનારા–શિક્ષા કરનારા–અને મનુષ્યોના અશુભ તથા શુભ કર્મોનું વિવેચન કરનારા છો. ॥૭॥ છતાં આપે મુકરર કરેલી શિક્ષા, હાલમાં જગતમાં મનાતી નથી; કેમકે અદ્ભુત એવા ચાર સિદ્ધ પુરૂષોએ; તમે કરેલી આજ્ઞાને તોડી નાંખી છે. ॥૮॥ તમારી આજ્ઞા પ્રમાણે પાપીને, યાતના ભોગવવાના સ્થાનમાં; અમો લેઇ આવતાં; તેઓએ બળ કરીને; અમારા પાશને કાપી નાંખી તે પાપીને છૂટો કર્યો છે. ॥૯॥ "નારાયણ" એટલુંજ તે પાપી બોલતાં; "બીહીશ નહીં" એમ કહેતા, દોડી આવનારા; તેઓ કોણ હશે; તે જાણવાની અમને ઇચ્છા છે; માટે જો આપને તે કહેવું યોગ્ય લાગેતો, આપ અમને કહો. ॥૧૦॥–**શ્રીશુક**–ત્યારે, પ્રજાઓને નિયમમા રાખનારા દેવ, તે યમરાજાએ; પ્રીતિ સહિત હરિ ભગવાનના ચરણ કમળનું સ્મરણ કરીને, પોતાના દૂતોને; તેમણે પૂછેલાનો, પ્રતિઉત્તર આપ્યો કે. ॥૧૧॥–**યમ**–જેના અંશો થકી, આ જગતની ઉત્પત્તિ–સ્થિતિ–અને લય થાય છે; તથા નાકમાં નાથેલાઓની પેઠે, આલોક જેના વશમાં છે; અને આખા સ્થાવર જંગમ વિશ્વમાં જે લુગડાના તંતુઓની પેઠે, ઓત પ્રોત થઇ રહેલ છે; તે પરમાત્માતો મારા થકી જૂદા બીજાજ છે. ॥૧૨॥ જેણે પોતાની વેદ

વાણી રૂપ દોરડીઓથી, નામો અને કર્મો આદિ વડે બંધાયલા લોકો, દામડાં અને નાથ ઘાલેલા બળદોની પેઠે, આધીન રહીને; તેને આપણે બળીદાનો આપવા રૂપ, તેની આજ્ઞાઓને ઉઠાવીએ છીએ. ॥૧૩॥ હું,-ઇંદ્ર-નિરૃતિ-વરૂણ-ચંદ્રમા-અગ્નિ-શિવ-વાયુ-સૂર્ય-બ્રહ્મા-અદિતિના પુત્રો-વિશ્વદેવ-વસુઓ-સાધ્યગણો-મરૂતગણો-રૂદ્રગણો-અને સિદ્ધો તથા બીજા ભૃગુ આદિ પ્રજાપતિઓ-અને દેવતાઓના અધિપતિઓ, જે રજોગુણ અને તમોગુણ રહિત અને કેવળ સત્વ ગુણી છે; તેઓ સર્વે પણ માયાના સ્પર્શ વાળા હોવાથી; તેણે કરવા ધારેલાને, જાણી શકતા નથી; તો તેઓ શિવાયના બીજાઓતો, ક્યાંથીજ જાણે. ॥૧૪-૧૫॥ અને સર્વે પ્રાણી માત્રના હૃદયમાં, આત્મ સ્વરૂપથી રહેલા છતાં જેને; ચક્ષુને, આકૃતિઓ નહીં જાણી શકવાની પેઠે; પ્રાણીઓ વિગેરે; ઇંદ્રિયો-મન-પ્રાણ-હૃદય-કે વાણી વડે; જાણી શકતાં નથી; તે ભગવાન, હું સુદ્ધાં સર્વેના થકી જૂદાજ છે. ॥૧૬॥ તે મહાત્મા-માયાના અધિપતિ-સર્વના ઇશ્વર-અને સ્વતંત્ર પરમાત્મા હરિભગવાનના; દૂતો, ઘણું કરીને તેમના સરખાજ રૂપ-ગુણ-સ્વભાવ-અને મનોહર દેખાવ વાળાઓ; આલોકને વિશે ફર્યા કરે છે. ॥૧૭॥ તેઓ, ચિન્હો વડે જાણવાને, અશક્ય-મહા અદ્ભુત-અને દેવતાઓએ પણ પૂજેલા ભગવાનના ભક્તોનું; અને તેમનામાં પ્રીતિ રાખનારાઓનું; તેમના શત્રુઓથી- મારાથી-અને બીજા સર્વે થકી પણ, રક્ષણ કરે છે. ॥૧૮॥ એ ભગવાને કહેલા સાક્ષાત ધર્મને; મોટા મોટા સિદ્ધ પુરૂષો-દેવતાઓ-અને ઋષિઓ વિગેરે પણ, જાણતા નથી; તો અસુરો, મનુષ્યો, વિદ્યાધરો, અને ચારણો આદિકતો ક્યાંથી જાણે. ॥૧૯॥ હે દૂતો, એ ગુપ્ત-સુદ્ધ-અને સમજવાને અતિકઠિણ, ભાગવત ધર્મને તો;-બ્રહ્મા-નારદ-સદાશિવ-સનત્કુમારો-કપિલમુનિ-સ્વાયંભૂમનુ-પ્રહ્લાદ-જનક-ભિષ્મ-બલિરાજા-શુકદેવજી-અને હું યમ પોતે, એટલા બાર જ-

मकर्मनिबंधबद्धाश्चकितावहंति॥१३॥ अहंमहेंद्रोनिर्ऋतिःप्रचेताःसोमोऽग्निरीशःपवनोऽर्कोविरिंचः॥आदित्यविश्वेवसवोऽथसाध्यामरुद्गणा रुद्रगणाःसा[illegible]॥१४॥ अन्येचयेविश्वसृजोऽमरेशाभृग्वादयोऽस्पृष्टरजस्तमस्काः॥ यस्येहितंनविदुःस्पृष्टमायाःसत्त्वप्रधानाअपिकिंततोऽन्ये॥१५॥ यं[illegible]भिर्मनसाऽसुभिर्वाहृदागिरावाऽसुभृतोविचक्षते॥आत्मानमंतर्हृदिसंतमात्मनांचक्षुर्यथैवाकृतयस्ततःपरं॥१६॥तस्यात्मतंत्रस्य[illegible]धीशितुः[illegible]ऽधिपतेर्महात्मनः ॥ प्रायेणदूताइहवैमनोहराश्चरंतितद्रूपगुणस्वभावाः ॥१७॥ भूतानिविष्णोःसुरपूजितानि दुर्दर्शलिंगानिमहाद्भुतानि॥ रक्षंतितद्भक्तिमतःपरेभ्योमत्तश्चमर्त्यानथसर्वतश्च॥१८॥ धर्मंतुसाक्षाद्भगवत्प्रणीतंनवैविदु[illegible]पिदेवाः॥ न सिद्धमुख्याअसुरामनुष्याःकुतश्चविद्याधरचारणादयः ॥१९॥ स्वयंभूर्नारदःशंभुःकुमारःकपिलोमनुः॥प्रह्लादोजनकोभीष्मोबलिर्वैयासकिर्वयं॥२०॥ द्वादशैतेविजानीमोधर्मंभागवतंभटाः॥ गुह्यंविशुद्धंदुर्बोधंयंज्ञात्वाऽमृतमश्नुते ॥२१॥ एतावानेवलोकेऽस्मिन्पुंसांधर्मःपरःस्मृतः॥भ[illegible]योगोभगवतितन्नामग्रहणादिभिः॥२२॥ नामोच्चारणमाहात्म्यंहरेःपश्यतपुत्रकाः ॥ अजामिलोऽपियेनैवमृत्युपाशादमुच्यत ॥२३॥ एतावताऽलमघनिर्हरणायपुंसांसंकीर्तनंभगवतोगुणकर्मनाम्नां॥ विक्रुश्यपुत्रमघवान्यदजामिलोऽपिनारायणेतिम्रियमाणइयायमुक्तिं २४ प्रायेण वेदतदिदंनमहाजनोऽयंदेव्याविमोहितमतिर्बतमाययाऽलं ॥ त्रय्यांजडीकृतमतिर्मधुपुष्पितायांवैतानिकेमहतिकर्मणियुज्यमानः २५ एवंविमृश्यसुधियोभगवत्यनंतेसर्वात्मनाविदधतेखलुभावयोगं॥ तेमेनदंडमर्हंत्यथयद[illegible]मीषांस्यात्पात[illegible]कंतद[illegible]यवादः॥२६॥ तेदेवासिद्धपरिगीतपवित्रगाथायेसाधवःसमदृशोभगवत्प्रपन्नाः ॥ तान्नोपसीदतहरेर्गदयाऽभिगुप्तान्नैषांवयंनचवयःप्रभवामदंडे॥२७॥ तानानयध्वमसतोविमुखान्मुकुंदपादारविंदमकरंदरसादजस्रं॥ निष्किंचनैःपरमहंसकुलैरसङ्गैर्जुष्टाद्गृहेनिरयवर्त्मनिबद्धतृष्णान्॥२८॥ जिव्हानवक्तिभगवद्गुणनामधेयंचेतश्चनस्मरतितच्चरणारविंदं॥ कृष्णायनोनमतियच्छिरएकदाऽपितानानयध्वमसतोऽकृतविष्णुकृत्यान्॥२९॥ तत्क्षम्यतां सभगवा[illegible]रुषःपुराणोनारायणःस्वपुरुषैर्यदसत्कृतंनः॥ स्वानामहोनविदुषांरचितांजलीनांक्षांतिर्गरीयसिनमःपुरुषायभूम्ने ॥३०॥ तस्मा

ણાજ જાણે છે. કે જે ધર્મને જાણવાથી અમૃત એટલે ભગવત પદની પ્રાપ્તિ થાય છે. ॥૨૦-૨૧॥ આલોકને વિશે પુરૂષનો પરમ ધર્મ એટલોજ કહેવાય છે કે, ભગવાનનાં નામો લેવા વિગેરેથી; ભગવાનનો ભક્તિ યોગ કરવો. ॥૨૨॥ હે પુત્રો, હરિભગવાનના નામનું ઉચ્ચારણ કરવાનું મહાત્મ્ય તો, તમે જોયુંજ; કે જેથી અજામિલ સરખો પાપી પણ મૃત્યુના પાશ થકી છૂટી ગયો છે. ॥૨૩॥ "નારાયણ" એમ કહીને અંતકાળે પુત્રને બોલાવવાથીજ, અજામિલ જેવો પાપી પણ, મુક્તિને પામી ગયો છે; તો એ રીતે એટલે અંતકાળે, પરવશ અવસ્થામાં; ભગવાનના ગુણો અને કર્મોને જણાવનારાં નામોનું કીર્તન કરવું; એટલુંજ પ્રાયશ્ચિત પુરૂષોનાં પાપોનો નાશ કરવાને માટે, પરિપૂર્ણ છે. ॥૨૪॥ મોટા ઋષિઓની બુદ્ધિ પણ, ઘણું કરીને માયાથી મોહ પામવાને લીધે; તેઓ આ વાતને નહીં જાણી શકવાથી; અથવા ફૂલની પેઠે, ઉપરથી મધુર લાગતાં, વેદનાં ઉપદેશનાં વચનોમાં, તેમની બુદ્ધિ આસક્ત વાળી થવાથી; તેમણે મોટાં મોટાં યજ્ઞાદિક કર્મો; અને તેના વિસ્તારો; પ્રાયશ્ચિતને અર્થે, કરવાની યોજના કરેલ છે. ॥૨૫॥ આ રીતનો વિચાર રાખીને, સારા બુદ્ધિમાન પુરૂષો; સર્વાત્મા અનંત ભગવાનમાં, ભાવ રાખીને; ભક્તિ રૂપ ઉપાયજ કરે છે; કે જેથી ભગવાનના કીર્તનાદિક કરવા વડે, પાપનો નાશ થઇ જઇને; તેઓ મારા થકી શિક્ષા પામવાને યોગ્ય થતા નથી. ॥૨૬॥ શિક્ષા પામવાને યોગ્ય નહીં એવા, અને જેમની પવિત્ર કથાઓને દેવતાઓ તથા સિદ્ધો પણ ગાય છે, તેવા; ભગવાનનું શરણ લેનારા, અને સમદ્રષ્ટિવાળા, સાધુ પુરૂષોની પાસે, તમે હવેથી જશોજ નહીં; કેમકે એ હરિભગવાનની ગદાથી રક્ષણ પામેલાઓનું અતિક્રમણ કરવાનેતો; આપણે, તેમજ મહા બળવાન કાળ પણ, સમર્થ નથી. ॥૨૭॥ પણ જે લોકો, નરકના માર્ગરૂપ; ઘરને વિશે, તૃષ્ણા થકી બંધાઇ ગયેલાં; અને રસને જાણનારા, નિષ્કિંચન તથા પરમહંસ, લોકોએ સેવાતા; મુકુંદ ભગવાનના ચરણ કમળના મકરંદ રસ થકી, વિમુખ અસત્ પુરૂષો હોય; તેમનેજ અહીંયાં લેઇ આવજો. ॥૨૮॥ તથા, જેમની જીભ, ભગવાનના ગુણો અને નામો

બોલતી ન હોય; ચીત તેના ચરણારવિંદનું સ્મરણ કરતું ન હોય;—અને માથું એકવાર પણ ભગવાનને નમતું નહોય; તેના વિષ્ણુ ભગવાન સંબંધી કર્મો નહીં કરનારા, અસત્ પુરૂષોનેજ; અહીંયાં લેઇ આવજો. ॥૨૯॥ આપ પુરાણ પુરૂષ નારાયણ ભગવાનનો, મારા દૂતોએ અસત્કાર કર્યો છે; તો પણ, આપ અજાણ્યાઓને; અને આપની આગે હાથ જોડીને ઉભા રહેનારાઓને; આપની પોતાની મોટાઇના કારણથીજ; ક્ષમા કરતા આવેલા છો; માટે અમને પણ ક્ષમા કરજો. હું આપ મહાત્મા પુરૂષ ભગવાનને નમસ્કાર કરૂંછું. ॥ ૩૦ ॥ —શ્રીશુક—એટલા માટે, હે પરીક્ષિત, જગતનું કલ્યાણ કરનારા વિષ્ણુ ભગવાનનું કીર્તન કરવું, એનેજ; મોટામાં મોટાં પાપોનું, એકાંતિક પ્રાયશ્ચિત કહેવાનું; તમે જાણો. ॥૩૧॥ હરિભગવાનનાં ઉત્તમ પરાક્રમોનું શ્રવણ અને કીર્તન કરવા વડે, સારી રીતની ભક્તિ ઉત્પન્ન થઇને; તેથી જેવો પુરૂષ શુદ્ધ થાય છે; તેવો; વ્રતો આદિક થકી થતો નથી. ॥૩૨॥ અને કામનાઓથી પરાભવ પામેલા બીજા લોકો, પોતાનાં પાપોને મટાડવાને માટે, જેમ; પ્રાયશ્ચિતનાં કર્મો કરે છે, કે જેથી ફરીથી પણ એ રીતનાં પાપજ ઉત્પન્ન થાય છે: તેવી રીતનાં; દુખોને આપનારાં અને એકવાર છોડી દીધેલાં; માયાના ગુણો રૂપ કર્મો કરવામાં; એ કૃષ્ણભગવાનના ચરણ કમળના મધુર રસને પીનારાઓ; ફરીથી રમતાજ નથી. ॥૩૩॥ હે રાજા, પોતાના સ્વામી, ધર્મ રાજાએ કહેલો; એ રીતનો ભગવાનનો મહિમા સાંભળવાથી, તે યમદૂતો આશ્ચર્ય પામ્યા; અને તે પછી અચ્યુત ભગવાનના ભક્તો અહિ થકી, પોતેજ કાંઇ વિપત્તિમાં આવી પડવાની શંકાથી; તેઓ તેમના તરફ જોતા પણ નથી. ॥૩૪॥ ભાગ્ય શાળી અગસ્ત મુનિએ; તેઓ જ્યારે મલયાચળ પર્વતમાં હરિ ભગવાનનું પૂજન કરવાને બેઠેલા હતા; ત્યારે આ ગુહ્ય ઇતિહાસ કહેલો છે. ॥૩૫॥ ઇતિશ્રી૦ ભા૦ છઠ્ઠા સ્કંધનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ. ॥૩॥

અધ્યાય ૪ થો.—પરિક્ષિત—સ્વાયંભૂવ મન્વંતરમાં દેવ—અસુર—નર—નાગ—મૃગ—પક્ષી—એમની સૃષ્ટિ થયેલાનું, આપે સંક્ષેપથી કહેલું છે; તેનો વિસ્તાર તથા તેના પાછળ બીજી સૃષ્ટિ કેવી રીતે થઇ, અને તે સર્વ

त्संकीर्तनंविष्णोर्जगन्मंगलमंहसां ॥ महतामपिकौरव्यविद्ध्येकांतिकनिष्कृतं॥३१॥ शृण्वतांगृणतांवीर्याण्युद्दामानिहरेर्मुहुः ॥ यथासुजात
याभक्त्याशुध्येन्नात्मात्रतादिभिः ॥३२॥ कृष्णांघ्रिपद्ममधुलिण्नपुनर्विसृष्टमायागुणेषुरमतेवृजिनावहेषु॥ अन्यस्तुकामहतआत्मरजःप्रमार्ष्टु
मीहेतकर्मयतएववरजःपुनःस्यात्॥३३॥ इत्थंस्वभर्तृगदितंभगवन्महित्वंसंस्मृत्यविस्मितधियोयमकिंकरास्ते॥ नैवाच्युताश्रयजनंप्रतिशंक
मानाद्रष्टुंचबिभ्यतिततःप्रभृतिस्मराजन् ॥३४॥ इतिहासमिमंगुह्यंभगवान्कुंभसंभवः ॥ कथयामासमलयआसीनोहरिमर्चयन् ॥३५॥ इ
तिश्रीभागवतेमहापुराणेषष्ठस्कंधेतृतीयोऽध्यायः ॥ ३ ॥
राजो० देवासुरनृणांसर्गोनागानांमृगपक्षिणां॥सामासिकस्त्वयाप्रोक्तोयस्तुस्वायंभुवेंऽतरे ॥१॥ तस्यैवव्यासमिच्छामिज्ञातुंतेभगवन्यथा॥अ
नुसर्गंययाशक्त्याससर्जभगवान्परः ॥२॥ सूत० इतिसंप्रश्नमाकर्ण्यराजर्षेर्बादरायणिः॥प्रतिनंद्यमहायोगीजगादमुनिसत्तमः॥३॥ श्रीशुक०
यदाप्रचेतसःपुत्रादशप्राचीनबर्हिषः॥अंतःसमुद्रादुन्मग्नाददृशुर्गांद्रुमैर्वृतां॥४॥द्रुमेभ्यःक्रुध्यमानास्तेतपोदीपितमन्यवः॥मुखतोवायुमग्निंच
ससृजुस्तद्दिधक्षया ॥५॥ ताभ्यांनिर्दह्यमानांस्तानुपलभ्यकुरूद्वह॥राजोवाचमहान्सोमोमन्युंप्रशमयन्निव ॥६॥ माद्रुमेभ्योमहाभागादीने
भ्योद्रोग्धुमर्हथ॥विवर्धयिषवोयूयंप्रजानांपतयःस्मृताः ॥७॥ अहोप्रजापतिपतिर्भगवान्हरिरव्ययः॥वनस्पतीनोषधीश्चससर्जोर्जमिषंविभुः
॥८॥ अन्नंचराणामचराह्यपदःपादचारिणां॥ अहस्ताहस्तयुक्तानांद्विपदांचचतुष्पदः॥९॥ यूयंचपित्राऽन्वादिष्टादेवदेवेनचानघाः ॥ प्रजास
र्गायहिकथंवृक्षान्निर्दग्धुमर्हथ ॥१०॥ आतिष्ठतसतांमार्गंकोपंयच्छतदीपितं॥ पित्रापितामहेनापिजुष्टंवःप्रपितामहैः ॥११॥ तोकानांपितरौ
बंधुर्दृशःपक्ष्मस्त्रियाःपतिः॥ पतिःप्रजानांभिक्षूणांगृह्यज्ञानांबुधःसुहृत्॥१२॥ अंतर्देहेषुभूतानामात्मास्तेहरिरीश्वरः ॥ सर्वंतद्धिष्ण्यमीक्षध्व
मेवंवस्तोषितोह्यसौ ॥१३॥ यःसमुत्पतितंदेहआकाशान्मन्युमुल्बणं॥ आत्मजिज्ञासयायच्छेत्सगुणानतिवर्तते ॥१४॥ अलंदग्धैर्द्रुमैर्दीनैः

પરમાત્મા ભગવાને કઇ શક્તિ વડે સરજી છે? તે જાણવાને હું ઇચ્છુંછું. ॥૧–૨॥—સૂત—રાજાનું આ રીતનું પ્રશ્ન સાંભળીને, મોટા મુનિ અને શ્રેષ્ઠ યોગી શુકદેવજી, રાજાનો સત્કાર કરીને બોલ્યા કે. ॥ ૩ ॥—શ્રીશુક—પ્રાચિન બર્હી રાજાના દશ પુત્રો પ્રચેતાઓ, સમુદ્રમાંથી બહાર નીકળ્યા; ત્યારે તેમણે પૃથ્વીને ઝાડોથી ભરાઇ ગએલી દીઠી. ॥૪॥ તેથી તપ વડે પ્રકાશતા તેઓને ઝાડોના ઉપર ક્રોધ ચડયો, તેથી ક્રોધ કરીને ઝાડોને બાળી નાંખવા સારૂં, મોઢામાંથી તેમણે વાયુ અને અગ્નિ ઉત્પન્ન કર્યા. ॥૫॥ ત્યારે હે પરીક્ષિત, ઝાડોને બળતાં જોઇને વનસ્પતિના મોટા રાજા ચંદ્રમાએ, ક્રોધને શમાવવાની પેઠે; તેમને કહ્યું કે. ॥૬॥ "હે ભાગ્યશાળીઓ; તમે પ્રજાઓનો વધારો કરવાની ઇચ્છા રાખનારા પ્રજાપતિઓ કહેવાઓ છો, માટે રાંક ઝાડોનો દ્રોહ કરવાને યોગ્ય નથી. ॥૭॥ પ્રજાપતિઓના સ્વામી, સમર્થ, અને અવ્યય હરિભગવાને; પ્રજાઓનું અન્ન પૂરૂં પાડવા સારૂં, વનસ્પતિઓને અને ઔષધિઓને સરજેલી છે. ॥૮॥ સ્થાવરો, જંગમોનું અન્ન છે; અને પગવડે ચાલનારાઓનું, વગર પગ વાળાઓ; હાથ વાળાઓનું, વગર હાથ વાળાઓ; અને બે પગવાળાઓનું, ચાર પગવાળાઓ; અન્ન છે ॥૯॥ હે અનઘો; દેવનાદેવ ભગવાનની આજ્ઞાને અનુસરીનેજ, પિતાએ પ્રજા ઉત્પન્ન કરવાની આજ્ઞા કરેલા; તમો ઝાડોને બાળી નાંખવાને કેવી રીતે યોગ્ય થઇ શકો છો. ॥૧૦॥ માટે વધી ગયેલા કોપને વશમાં રાખો, અને તમારા પિતા—વડાવા—અને પરદાદા; એમણે સેવેલ, સત્પુરૂષોના માર્ગમાં ચાલો. ॥ ૧૧ ॥ બાળકોનાં બંધુ, માતા પિતા છે; આંખોની બંધુ, પાંપણ છે; સ્ત્રીનો બંધુ, તેનો સ્વામી છે; પ્રજાઓનો બંધુ, રાજા છે; ભિક્ષુકોનો બંધુ, ગૃહસ્થાશ્રમી છે; તેમજ અજ્ઞાનીઓનો બંધુ, વિદ્વાન છે. ॥૧૨॥ અને પ્રાણી માત્રનાં શરીરોની અંદર, આત્મ સ્વરૂપથી ઇશ્વર હરિભગવાન રહેલા છે; માટે એ પ્રકારથી સર્વને ભગવાનના સ્થાનક રૂપ જોતા વડેજ, તમે ભગવાનને પ્રસન્ન કરી શકશો. ॥૧૩॥ કેમકે દેહ રૂપી આકાશમાંથી ઉત્પન્ન થયેલા, ભયંકર ક્રોધને; જે, આત્મ વિચારથી શમાવી દેછે: તે માયાને જીતે છે. ॥૧૪॥ રાંક ઝાડો આટલાં બળી ગયાં છે,

તે થવું થયું છે; હવે બાકી રહેલાં ઝાડોનું અને તમારૂં પણ કલ્યાણ થાઓ; અને ઝાડોએ ઉછેરેલી ઉત્તમ કન્યાને તમે તમારી સ્ત્રી કરો. ॥૧૫॥ હે રાજા, એ પ્રમાણે અપ્સરાથી જન્મેલી, ઉત્તમ કન્યા તેમને આપીને, રાજાએ ચંદ્રમા ત્યાંથી ગયા; ને તેઓ ધર્મવિધિ થકી, તેણીને પરણ્યા. ॥૧૬॥ તે પ્રચેતાઓ થકી એ ઓમાં દક્ષ ઉત્પન્ન થયા, કે જેની પ્રજાઓના વિસ્તારથી; ત્રણે લોક ભરાઇ ગયેલા છે. ॥૧૭॥ દીકરીઓ ઉપર પ્રીતિવાળા એ દક્ષે, વીર્યથી અને મનથી પ્રજાઓને કેવી રીતે ઉત્પન્ન કરી; તે સાવધાન પણે મારાથકી તમે સાંભળો. ॥૧૮॥ એ પ્રજાપતિએ દેવ–અસુર–અને મનુષ્ય વિગેરે, આકાશ–જળ–અને સ્થળ ઉપર રહેનાર પ્રજાઓને; પ્રથમતો મનવડેજ સરજવા માંડી. ॥૧૯॥ પણ એ રીતે થતી પ્રજાની સૃષ્ટિ, જ્યારે ઘણી ન વધતી જોવામાં આવી; ત્યારે તેણે વિંધ્યાચળ પર્વતના મૂળમાં જઇને, બીજાઓ થકી ન બની શકે એવું તપ કર્યું. ૨૦॥ અને ત્યાં પાપનો નાશ કરનારા અઘમર્ષણ નામના મોટા તીર્થમાં સમયે સમયે નાહીને, તપ કરીને તેણે હરિભગવાનને પ્રસન્ન કર્યા.॥૨૧॥

અને જે હંસગુહ્ય નામનું સ્તોત્ર બોલીને અધોક્ષજ ભગવાનનું તપ કરવાવડે; દક્ષના ઉપર હરિભગવાન પ્રસન્ન થયા હતા. તે સ્તોત્ર હું તમને કહું છું. ॥૨૨॥—પ્રજાપતિ—સર્વપ્રાણી માત્રની અંદર ચિત્ શક્તિએ રહેલા–માયાનાનિયંતા–નહીં જણાતા સ્વરૂપવાળા–અને જેને જાણ્યાવિનાજ, મન–બુદ્ધિ–અને ઇંદ્રિયો પાછાં વળે છે; એવા પોતાથીજ પોતે પ્રકટ થનાર, આપ ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥૨૩॥ રૂપ આદિવિષયો, ચક્ષુ આદિ ઇંદ્રિયને નહીં જાણવાની પેઠે; જે મિત્રની સહાયતાથી પોતે આ શરીરની અંદર વસેલો છે, તે મિત્રતાને પણ પુરૂષ જાણી શકતો નથી; એવા અંતર્યામિ મોટા ઇશ્વર, આપને હું નમસ્કાર કરૂંછું ॥૨૪॥ દેહ–ઇંદ્રિયો અંતઃકરણો–મહાભૂતો–અને તન્માત્રાઓ, એ સર્વ પોતેપોતાને અને એક બીજાને નહીં જાણવા છતાં, પુરૂષ તે સર્વને જાણે છે; છતાં પોતા સુદ્ધાં એ સર્વને જાણનારા, જે સર્વજ્ઞ અને અનંત પરમાત્મા છે; તેમને તે જાણતો નથી. તે પરમાત્માની હું ભક્તિ કરૂંછું. ॥૨૫॥ જ્યારે દૃશ્ય પદાર્થ માત્રનું સ્મરણ, નહીં કરતું મન; નામો

[illegible]शिवमस्तु वः॥ वार्क्षीह्येषावराकन्यापत्नीत्वेप्रतिगृह्यतां ॥१५॥ इत्यामंत्र्यवरारोहांकन्यामाप्सरसींनृप॥ सोमोराजाययौदत्वातेधर्मेणोपयेमिरे॥१६॥ तेभ्यस्तस्यांसमभवद्दक्षःप्राचेतसःकिल॥ यस्यप्रजाविसर्गेणलोकाआपूरितास्त्रयः॥१७॥ यथाससर्जभूतानिदक्षोदुहितृवत्सलः॥ रेतसामनसाचैवतन्ममावहितःशृणु ॥१८॥ मनसैवासृजत्पूर्वंप्रजापतिरिमाःप्रजाः॥ देवासुरमनुष्यादीन्नभस्थलजलौकसः॥१९॥ तमबृंहितमालोक्यप्रजासर्गंप्रजापतिः॥ विंध्यपादानुपव्रज्यसोऽचरद्दुष्करंतपः॥२०॥ तत्राघमर्षणंनामतीर्थंपापहरंपरं॥उपस्पृश्यानुसवनंतपसाऽतोषयद्धरिं॥२१॥ अस्तौषीद्धंसगुह्येनभगवंतमधोक्षजं॥तुभ्यंतदभिधास्यामिकस्यातुष्यद्यतोहरिः॥२२॥ प्रजापतिरुवाच नमःपरायावितथानुभूतयेगुणत्रयाभासनिमित्तबंधवे॥ अदृष्टधाम्नेगुणतत्वबुद्धिभिर्निवृत्तमानायदधेस्वयंभुवे॥२३॥ नयस्यसख्यंपुरुषोऽवैतिसख्युःसखावसन्संवसतःपुरेऽस्मिन्॥ गुणोयथागुणिनोव्यक्तदृष्टेस्तस्मैमहेशायनमस्करोमि॥२४॥ देहोऽसवोऽक्षामनवोभूतमात्रानात्मानमन्यंचविदुःपरंयत्॥ सर्वंपुमान्वेदगुणांश्चतज्ज्ञोनवेदसर्वज्ञमनंतमीडे॥२५॥ यदोपरामोमनसोनामरूपरूपस्यदृष्टस्मृतिसंप्रमोषात्॥यईयतेकेवल्यास्वसंस्थयाहंसायतस्मैशुचिसद्मनेनमः॥२६॥ मनीषिणोऽन्तर्हृदिसंनिवेशितंस्वशक्तिभिर्नवभिश्चत्रिवृद्भिः॥ वह्निंयथादारुणिपांचदश्यंमनीषयानिष्कर्षंतिगूढं॥२७॥सवैममाशेषविशेषमायानिषेधनिर्वाणसुखानुभूतिः॥ससर्वनामासचविश्वरूपःप्रसीदतामनिरुक्तात्मशक्तिः॥२८॥ यद्यन्निरुक्तंवचसानिरूपितंधियाऽक्षभिर्वामनसावोतयस्य॥ माभूत्स्वरूपंगुणरूपंहितत्सवैगुणापायविसर्गलक्षणः॥२९॥यस्मिन्यतोयेनचयस्ययस्मैयद्योयथाकुरुतेकार्यतेच ॥ परावरेषांपरमंप्राक्प्रसिद्धंतद्ब्रह्मतद्धेतुरनन्यदेकं॥३०॥ यच्छक्तयोवदतांवादिनांवैविवादसंवादभुवोभवंति॥ कुर्वंतिचैषांमुहुरात्ममोहंतस्मैनमोऽनंतगुणायभूम्ने॥३१॥अस्तीतिनास्तीतिचवस्तुनिष्ठयोरेकस्थयोर्भिन्नविरुद्धधर्मयोः॥ अवेक्षितंकिंचनयोगसांख्ययोःसमंपरंह्यनुकूलंबृहत्तत्॥३२॥ योऽनुग्रहार्थंभजतांपादमूलमनामरूपोभगवाननंतः॥ नामानिरूपाणिच

અને રૂપો આદિથકી વિરામ પામે છે, ત્યારેજ કેવળ શુદ્ધ સ્વરૂપે રહેલા ભગવાન તેના જોવામાં આવે છે; એવા મનને વિશે જણાતા, શુદ્ધ ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૨૬॥ જેમ “સામિધેની” નામના પંદર મંત્રોથી પ્રકાશ થતા, અગ્નિને લાકડાંમાંથી ખેંચી કાઢે છે; તેમજ બુદ્ધિવાન પુરૂષો પોતાની બુદ્ધિવડે: સત્તાવિશ તત્વોની અંદર ગૂઢપણે રહેલા; આત્મતત્વને શોધી કાઢે છે. ॥૨૭॥ તે સર્વ પ્રકારની માયાનો નિષેધ થયેથી, કેવળ સુખરૂપે અનુભવમાં આવતા; સર્વે નામો વાળા, અને જેની શક્તિ કિંવા માયાનું, કોઇ રીતે નિરૂપણ થઇ શકતું નથી; એવા વિશ્વરૂપ ભગવાન, મને પ્રસન્ન થજો. ॥૨૮॥ જે; વચન વડે કહેવામાં આવતું નથી; અને બુદ્ધિ–મન–અથવા ઇંદ્રિયો થકી; તે આવું છે, એમ નિરૂપણ કરી શકાતું નથી; તથા જે ગુણો થકી રહિતછે; અને સૃષ્ટિ તથા પ્રલય થવા વડેજ, જાણવામાં આવે છે; એવું, અને ગુણોના સ્વરૂપ તથા ગુણો થકી રૂપાદિક પામેલ,દ્વૈત પ્રપંચ માત્રથી જૂદું; પરમ આત્મ તત્વ છે. ॥૨૯॥ જેના વિશે, જગત રહ્યું છે; જેમાંથી,

જગત ઉત્પન્ન થાય છે; જેના વડે, જગત થાય છે; જેનું જગત બને છે; જેને માટે, જગત થાય છે; જેની ઇચ્છાથી, જે જગતને કરે છે; અને જે, જગતને કરાવે છે; તે, એકજ–સર્વથી પહેલું–પ્રસિદ્ધ–બીજા બધા દશ્ય પદાર્થથી અળગું–અને એ સર્વના કારણ રૂપ, તથા જેના સરખું બીજું કાંઇ છેજ નહીં એવું; એ પરમ બ્રહ્મ આત્મસ્વરૂપ છે. ॥૩૦॥ અને જે પોતા સંબંધી બોલવામાં વાદ કરનારાઓને વિવાદ અને સંવાદ કરવાના સ્થાન રૂપ થઇને, પોતાની માયા વડે તેમને વારંવાર મોહ ઉપજાવે છે; એવા અનંત ગુણો વાળા આપ, પરમાત્મા ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૩૧॥ એકજ બાબતમાં છે “ અને નથી” એ વિગેરે એક બીજાથી વિરૂદ્ધ જૂદીજૂદી રીતે કહેનારાં; યોગ અને સાંખ્ય, બંને શાસ્ત્રોમાં કોઇ પણ ઠેકાણે વસ્તુનાએ (એટલે પરબ્રહ્મ) ન હોવાનું તો, કહેલુંજ નથી; (એટલે એ એકબીજાથી વિરૂદ્ધ બોલનારાં બેઉ શાસ્ત્રોમાં,છે અને નથી; એમ પરબ્રહ્મના અવયવો આદિ, અંગની બાબતો વિશે બોલવાથી; તેઓએ પરબ્રહ્મ હોવાનું સ્વીકારીનેજ; અં-

મની આગળનો અદ્રશ્ય કહેલાનું હોવું જોઈએ: કેમકે પરબ્રહ્મ હોવાનો સ્વીકાર કર્યા વિના, તેના અંગની આગળનો વિશે તેમનાથી બોલી શકાયજ નહીં.) માટે તે બેઉ શાસ્ત્રોમાં કહેલાને, જે સમાન અને અનુકૂળ આવે છે; તેજ; એ બેઉ શાસ્ત્રોએ કહેલી, એ આગળનો થકી; અતિ મોટું, પરમ આત્મ તત્વ (પરબ્રહ્મ) છે. ॥૩૨॥ નામ અને રૂપ વિનાના, જે અનંત ભગવાન; પોતાના ચરણ મૂળને ભજનારાઓના ઉપર, અનુગ્રહ કરવા માટે; નામ-રૂપ-અને જન્મોને ધારણ કરીને; કર્મોને પણ કરનારા થાય છે: તે પરમાત્મા ભગવાન, મારા ઉપર પ્રસન્ન થજો. ॥૩૩॥ તથા પ્રાકૃતિક એટલે નિવૃત્તિ માર્ગ વિનાના જ્ઞાનના માર્ગોથી; પૃથ્વીના સંબંધ વાળા થયેલા, વાયુની પેઠે; જેવા જેવા દેહોને વિશે રહેવાથી, તેવા તેવા અંતઃકરણોના ગુણોના સંબંધવાળા થયેલાનું; દેખવામા આવે છે; તે ઈશ્વર ભગવાન મારા મનોરથને પૂર્ણ કરજો. ॥૩૪॥-શ્રીશુક-હે પરીક્ષિત: દક્ષે એ પ્રમાણે સ્તુતિ કરવાથી, ભક્તવત્સલ ભગવાન; એ અઘમર્ષણ તીર્થમાં પ્રકટ થયા. ॥૩૫॥ ત્યારે તે, લાંબી અને મોટી આઠ ભુજાઓ વાળા-ગરૂડના ખભા ઉપર પગ મૂકેલા-અને ચક્ર, શંખ, ગદા, તરવાર, ઢાલ, ધનુષ્ય અને પાશને ધારણ કરેલા હતા. ॥૩૬॥ ને પીળાં વસ્ત્ર પેહેરેલા-મેઘના સરખા શ્યામ-મોઢું અને આંખ્યો વડે પ્રસન્ન જણાતા-અંગ ઉપર વનમાળા વિંટેલા-અને શ્રીવત્સ તથા કૌસ્તુભ થકી શોભતા હતા. ॥૩૭॥ મોટા મુકટ અને કડાં પેહેરેલા-ચળકતાં મકરાકૃતિ કુંડળોવાળા-અને કટિમેખળાં, વીંટીઓ, વિંછિયા, ઝાંઝર, તથા બાજુબંધ પહેરયાં હતા. ॥૩૮॥ અને નારદ આદિ પાર્ષદોથી તથા મોટા દેવતાઓથી વિંટાયલા, એ ત્રણભુવનના ઈશ્વરે ત્રણે લોકને મોહ ઉપજાવનારૂં સ્વરૂપ, ધારણ કર્યું હતું. ॥૩૯॥ એ રીતનું તેમનું મોટા આશ્ચર્ય સરખું; અને સિદ્ધ, ગંધર્વ, ચારણો અને ગાનારાઓ વિગેરે અનુચરોથી સ્તુતિ કરાતું; સ્વરૂપ જોઈને, દક્ષ

जन्मकर्मभिर्भजेसमह्यंपरमःप्रसीदतु ॥३३॥ यःप्राकृतैर्ज्ञानपथैर्जनानांयथाशयंदेहगतोविभाति॥ यथानिलःपार्थिवमाश्रितोगुणंसईश्वरो मेकुरुतान्मनोरथं॥३४॥ श्रीशुक०इतिस्तुतःसंस्तुवतःसतस्मिन्नघमर्षणे॥ आविरासीत्कुरुश्रेष्ठभगवान्भक्तवत्सलः॥३५॥ कृतपादःसुपर्णांसेप्रलंबाष्टमहाभुजः॥ चक्रशंखासिचर्मेषुधनुःपाशगदाधरः॥३६॥ पीतवासाघनश्यामःप्रसन्नवदनेक्षणः॥ वनमालानिवीतांगोलसच्छ्रीवत्सकौस्तुभः॥३७॥ महाकिरीटकटकःस्फुरन्मकरकुंडलः॥ कांच्यंगुलीयवलयनूपुरांगदभूषितः॥३८॥ त्रैलोक्यमोहनंरूपंबिभ्रत्त्रिभुवनेश्वरः॥ वृतोनारदनंदाद्यैःपार्षदैःसुरयूथपैः॥३९॥ स्तूयमानोऽनुगायद्भिःसिद्धगंधर्वचारणैः॥ रूपंतन्महदाश्चर्यंविचक्ष्यागतसाध्वसः॥४०॥ ननामदंडवद्भूमौप्रहृष्टात्माप्रजापतिः॥ नकिंचनोदीरयितुमशकत्तीव्रयामुदा॥४१॥ आपूरितमनोद्वारैर्ह्रदिन्यइवनिर्झरैः॥ तंतथाऽवनतंभक्तंप्रजाकामंप्रजापतिं॥ चित्तज्ञःसर्वभूतानामिदमाहजनार्दनः॥४२॥ श्रीभग०प्राचेतसमहाभागसंसिद्धस्तपसाभवान्॥ यच्छ्रद्धयामत्परयामयिभावंपरंगतः॥४३॥ प्रीतोऽहंतेप्रजानाथयत्तेऽस्योद्बृंहणंतपः॥ ममैषकामोभूतानांयद्भूयासुर्विभूतयः॥४४॥ ब्रह्माभवोभवंतश्चमनवोविबुधेश्वराः॥ विभूतयोममह्येताभूतानांभूतिहेतवः॥४५॥ तपोमेहृदयंब्रह्मंस्तनुर्विद्याक्रियाकृतिः॥अंगानिक्रतवोजाताधर्मआत्माऽसवःसुराः॥४६ अहमेवासमेवाग्रेनान्यत्किंचांतरंबहिः॥संज्ञानमात्रमव्यक्तंप्रसुप्तमिवविश्वतः॥४७॥ मय्यनंतगुणेऽनंतेगुणतोगुणविग्रहः॥ यदासीत्ततएवाद्यःस्वयंभूःसमभूदजः॥४८॥ सवैयदामहादेवोममवीर्योपबृंहितः॥ मेनेखिलमिवात्मानमुद्यतःसर्गकर्मणि॥४९॥ अथमेऽभिहितोदेवस्तपोऽतप्यतदारुणं॥ नवविश्वसृजोयुष्मान्येनादावसृजद्विभुः॥५०॥ एषापंचजनस्यांगदुहितावैप्रजापतेः॥ असिक्नीनामपत्नीत्वेप्रजेशप्रतिगृह्यतां॥५१॥मिथुनव्यवायधर्मस्त्वंप्रजासर्गमिमंपुनः॥ मिथुनव्यवायधर्मिण्यांभूरिशोभावयिष्यसि॥५२॥ त्वत्तोऽधस्तात्प्रजाःसर्वामिथुनीभूयमायया॥मदीययाभविष्यंतिहरिष्यंतिचमेबलिं॥५३॥ श्रीशुक०इत्युक्त्वामिषतस्तस्यभगवान्विश्वभावनः॥स्वप्नोपलब्धार्थइवतत्रैवांतर्दधेहरिः॥५४॥ इतिश्रीभागवतेमहापुराणेषष्ठस्कंधेचतुर्थोऽध्यायः॥ ४ ॥

હર્ષ સહિત થયા. ॥૪૦॥ અને તે પ્રજાપતિ રોમાંચિત થઈને, લાકડીની પેઠે ધરતી ઉપર પડીને, તે પગે લાગ્યા; અને ઝરણાંઓથી ધરો ભરાઈ જવાની પેઠે, ઈંદ્રિયો દ્વારથી, હૃદય ભરાઈ જવાથી; તે અત્યંત હર્ષ પામવાથી, કાંઈ પણ બોલી શક્યા નહીં; તેથી એ રીતે નમેલા અને પ્રજાની કામના વાળા, પોતાના ભક્ત દક્ષને; સર્વેના મનની વાતને જાણનારા, જનાર્દન ભગવાને કહ્યું કે. ॥૪૧-૪૨॥-શ્રીભગવાન-હે પ્રચેતાઓના મહાભાગ્યશાળી પુત્ર તમે તપ કરવાથી સિદ્ધ થયા છો; જેથી હું પરમાત્માને વિશે તમને શ્રદ્ધા અને ભાવ સહિત પરમ ભક્તિ ઉત્પન્ન થઈ છે. ॥૪૩॥ હે પ્રજાપતિ, પ્રજાનો વધારો કરવાની ઈચ્છાથી તમે કરેલા તપથી, હું પ્રસન્ન થયો છું; અને મારી ઈચ્છા પણ પ્રજાનો વધારો કરવાનીજ છે. ॥૪૪॥ હે બ્રાહ્મણ, બ્રહ્મા-સદાશિવ-તમે-મનુઓ-અને દેવતાઓના અધિપતિઓ સર્વે કોઈ; પ્રાણીઓની ઉત્પત્તિ કરવાના કારણ માટે; મારીજ વિભૂતિઓ છો. ॥૪૫॥ તપ મારૂં હૃદય છે; ને વિદ્યા (જ્ઞાન) મારૂં શરીર છે; ક્રિયાઓ આકૃતિઓ છે; યજ્ઞો અંગો છે; ધર્મ મન છે; અને દેવતાઓ મારા પ્રાણ છે. ॥૪૬॥ જ્યારે સઘળું વિશ્વ સૂઈ ગયેલું હતું, ને માંહી અગર બહાર બીજું કાંઈજ નહતું; ત્યારે પ્રથમ પેહેલો અવ્યક્ત એવો ચૈતન્ય સ્વરૂપ હું, એકજ હતો. ॥૪૭॥ એ અનંત અને અનંત ગુણો વાળા મારા સ્વરૂપ થકી, માયાવડે મહતત્વ ઉત્પન્ન થયું; અને તેમાંથી સર્વના આદિ અજન્મા સ્વયંભૂ (બ્રહ્મા) ઉત્પન્ન થયા. ॥૪૮॥ અને મારી શક્તિથી વધેલા, તે મોટા દેવે જ્યારે સૃષ્ટિ કરવામાં પોતાને અસમર્થ માન્યા. ॥૪૯॥ ત્યારે મારી આજ્ઞાથીજ તેમણે દારૂણ તપ કર્યું; અને પછી તમે નવ પ્રજાપતિઓને તેમણે ઉત્પન્ન કર્યા ॥૫૦॥ હે અંગ (દક્ષ); અસિક્ની નામવાળી પંચજન પ્રજાપતિની દીકરીને તમે સ્ત્રી રૂપે ગ્રહણ કરો. ॥૫૧॥ એટલે મિથુન ધર્મવાળી તેમાં મિથુન ધર્મવાળા તમો; ઘણી ઘણી પ્રજાઓને ફરીફરીને ઉત્પન્ન કરશો. ॥૫૨॥ તમારા પછીની સઘળી પ્રજાઓ મારી માયા વડે, મિથુન ધર્મવાળી થશે; અને મને બળિદાનો આપવા રૂપ મારી ઈચ્છાનુસાર વર્તશે. ॥૫૩॥ શ્રીશુક—વિષ્ણુ એટલે

પાલન કરનારા હરિ ભગવાન; તેને એ રીતે કહીને, તે જોતાં છતાં સ્વપ્નમાં મળેલા પદાર્થની પેઠે ત્યાંજ અંતર્ધ્યાન થયા. ॥૫૪॥ ઇતિશ્રી૦ ભા૦ છઠ્ઠા સ્કંધનો ચોથો અધ્યાય સંપૂર્ણ. ॥૪॥

અધ્યાય ૫ મો શ્રીશુક.—પછી ભગવાનની માયાથી વૃદ્ધિ પામેલા દક્ષે તે પંચજનીમાં હર્યશ્વ નામના દસ હજાર સમર્થ પુત્રોને ઉત્પન્ન કરયા. ॥૧॥ હે રાજા, એ એકજ ધર્મ અને એકજ આચાર વાળા, દક્ષના સઘળા પુત્રો; બાપે પ્રજાઉત્પન્ન કરવાનું કહેવાથી, પશ્ચિમ દિશા ભણી ગયા. ॥૨॥ ત્યાં જે સ્થળે સિંધુ નદી સમુદ્રને મળે છે, તે; મોટા મોટા મુનિ અને સિદ્ધ પુરુષોએ સેવેલું, નારાયણ સરનામનું ઉત્તમ તીર્થ છે. ॥૩॥ તેના જળનો સ્પર્શ કરવાવડે, તેમના મનના સર્વમેલ ધોવાઇ જઇને; તેઓ પરમહંસના ધર્મોમાં મતિવાળા થયા. ॥૪॥ અને પ્રજાની વૃદ્ધિ કરવાની, બાપની આજ્ઞા પામેલા તેમણે; તે સારૂં, ઉદ્યમ કરયું; તેવા દેવઋષિ નારદજીએ, તેમને દર્શન આપ્યું. ॥૫॥ અને તેમને કહ્યું કે—હે હર્યશ્વો; તમે અજ્ઞાનીઓ, પૃથ્વીના અંતને જાણ્યાવિના પ્રજાના પાલક થઇને; કેવી રીતે પ્રજાને સરજશો. ॥૬॥ તેમજ એક પુરુષવાળા દેશને—નીકળવાનો માર્ગ નહીં જણાયથી ગુફાને—ઘણું રૂપોવાળી સ્ત્રીને—વ્યભિચારિણી સ્ત્રીના સ્વામી પુરુષને—બંને તરફ વેહેનારી નદીને—પચીસ પદાર્થોથી બનેલા અદ્ભૂત ઘરને—વિચિત્ર પ્રકારે બોલનારા કોઇ એક હંસને—પોતાની મેળે ફરયા કરતા તીક્ષ્ણ ધારવાળા ચક્રને—અને પોતાના પિતાની આજ્ઞાને—એટલાં વાનાંને; તે જેમ છે, તેમ: એટલે ખરી રીતે, સમજીને જાણ્યાવિના; અવિદ્વાન એવા તમે, પ્રજાઓને કેવીરીતે સરજી શકશો ॥૭-૮॥ શ્રીશુક—એટલું સાંભળીને પછી તે હર્યશ્વોએ, પોતાની સ્વાભાવિક બુદ્ધિવડેજ; એ દેવઋષિ નારદનાં કૂટવચનોનો, પોતાની મેળેજ મનમાં વિચાર કરયો કે—॥૧૦॥ જેનાથકી અનાદિકાળનું, પોતાને બંધન થાય છે, તે; જન્મ મરણ થવાના ક્ષેત્રરૂપ, જીવ અથવા લિંગ શરીર નામથી કહેવાતી પૃથ્વીનો, અંત જાણ્યાવિના; એટલે લિંગ શરીરનો નાશ કેવીરીતે થાય, તે જાણ્યા વિના; અસત્ એવાં કર્મો કરવા થકી શું વળશે. ? ॥૧૧॥

श्रीशुक०तस्यांसपांचजन्यांवैविष्णुमायोपबृंहितः॥ हर्यश्वसंज्ञानयुतंपुत्रानजयद्विभुः ॥१॥ अपृथक्धर्मशीलास्तेसर्वेदाक्षायणानृप॥पित्रा प्रोक्ताःप्रजासर्गेप्रतीचींप्रययुर्दिशं ॥२॥ तत्रनारायणसरस्तीर्थंसिंधुसमुद्रयोः॥संगमोयत्रसुमहन्मुनिसिद्धनिषेवितं ॥३॥ तदुपस्पर्शनादेव विनिर्धूतमलाशयाः धर्मेपारमहंस्येचप्रोत्पन्नमतयोऽप्युत ॥४॥ तेपिरेतपएवोग्रंपित्रादेशेनयंत्रिताः॥प्रजाविवृद्धयेयत्तान्देवर्षिस्तान्ददर्शह ॥५॥ उवाचचाथहर्यश्वाःकथंस्रक्ष्यथवैप्रजाः॥अदृष्ट्वांतंभुवोयूयं[illegible]ः ॥६॥ तथैकपुरुषंराष्ट्रंबिलंचाद[illegible]निर्गमं॥बहुरूपांस्त्रियं चापिपुमांसंपुंश्चलीपतिं ॥७॥ नदीमुभयतोवाहांपंचपंचाद्भुतंगृहं॥क्वचिद्धंसंचित्रकथं[illegible]रपव्यंस्वयंभ्रमि॥८॥ कथंस्वपितुरादेशमविद्वांसो विपश्चितः॥अनुरूपमविज्ञायअहोसर्गंकरिष्यथ ॥९॥ श्रीशुक०तन्निशम्याथहर्यश्वाऔत्पत्तिकमनीषया॥ वाचःकूटंतुदेवर्षेःस्वयंविममृशु र्धिया ॥१०॥ भूःक्षेत्रंजीव[illegible]दिनिजबंधनं॥ अदृष्ट्वातस्यनिर्वाणंकिमसत्कर्मभिर्भवेत्॥११॥[illegible]श्वरस्तुर्योभगवान्स्वाश्रयःपरः॥ तमदृष्ट्वाऽभवंपुंसःकिमसत्कर्मभिर्भवेत् ॥१२॥ [illegible]प्रतीप[illegible]प्रत्यग्धामाऽविदइ[illegible]किमसत्कर्मभिर्भवेत् ॥१३॥ नानारूपात्मनोबुद्धिःस्वैरिणीवगुणान्विता॥तन्निष्ठामगतस्ये[illegible]किमसत्कर्मभिर्भवेत् ॥१४॥ तत्संगभ्रंशितैश्वर्यंसंसरंतंकुभार्यवत्॥तद्गतीरबुधस्येहांकिमसत्क[illegible]भिर्भवेत् ॥१५॥ सृ[illegible]रींमायांवेलाकूलांतवेगितां॥मत्त[illegible]तामविज्ञस्यकिमस[illegible]र्मभिर्भवेत् ॥१६॥ पंचविंशतितत्त्वानां[illegible]ऽद्भुतदर्पणं॥अध्यात्ममबुधस्येहकिमसत्कर्मभिर्भवेत्॥१७॥ ऐश्वरंशास्त्रमु[illegible]ज्यबंधमोक्षानुदर्शनं ॥विविक्तपदमज्ञायकिमसत्कर्मभिर्भवेत् ॥१८॥ कालचक्रंभ्रमिस्तीक्ष्णंसर्वंनिष्कर्षयजगत्॥स्वतंत्रमबुधस्ये[illegible]किमसत्कर्मभिर्भवेत् ॥१९॥ शास्त्रस्यपितुरादेशंयोनवेद निवर्तकं॥[illegible]गुणविश्रंभ्युपक्रमेत्॥२०॥ इति[illegible]वांसताराजन्हर्यश्वा[illegible]कवचसः॥ प्रययुस्तंपरिक्रम्यपंथानमनिवर्तनं ॥२१॥ स्वरब्रह्मणिनिर्भातहृषीकेशपदांबुजे॥ अखंडंचित्तमावे[illegible]यलोकाननुचरन्मुनिः ॥२२॥ नाशंनिशम्यपुत्राणांनारदाच्छीलशालिनां॥ अन्वत

તેમજ સર્વના આશ્રય—સર્વથીપર—અને ચોથી અવસ્થા વાળા—સર્વના સાક્ષી—તથા દૃષ્ટા; એવા એકજ ઇશ્વરભગવાન; જે, પુરુષને સંસાર થકી મુક્ત કરનારા છે; તેમને (એ એકજ પુરુષવાળા દેશને) જાણ્યા વિના; અસત્ એવાં કર્મો કરવાથકી શું ફળ થશે. ? ॥૧૨॥ જેમ પાતાળ રૂપ ગુફામાં ગયેલો પાછો આવે નહીં; તેમજ જે સ્વયંપ્રકાશ પરમાત્માને વિશે ગયેલો પુરુષ પણ, આ જન્મ મરણ રૂપ સંસારમાં, પાછો આવતો નથી; તે (પાછા નીકળવાનો માર્ગ નહીં જણાતી ગુફારૂપ) પરમાત્માને, જાણ્યા વિના; અસત્ એવાં કર્મો કરવા થકી શું ફળ થનાર છે. ? ॥૧૩॥ ગુણોવાળી તથા પોતાની ઇચ્છા પ્રમાણે વર્તનારી, પોતાની બુદ્ધિરૂપ, અનેક નિષ્ઠાઓવાળી સ્ત્રીના, ખરા સ્વરૂપને જાણ્યાવિના; અસત્ એવાં કર્મો કરવાથકી શું ફળ થશે. ॥૧૪॥ અને નઠારી સ્ત્રીની પેઠે, તેના સંગથકીજ પોતાના ઐશ્વર્યથકી ભ્રષ્ટ થયેલો પુરુષ, જન્મ મરણ પામ્યા કરે છે, માટે, તે વ્યભિચારિણી સ્ત્રી રૂપ બુદ્ધિના સ્વામી, પુરુષના સ્વરૂપને જાણ્યાવિના; અહીંયાં અસત્ એવાં કર્મો કરવાથકી શું ફળ થશે. ? ॥૧૫॥ સૃષ્ટિને કરનારી અને વળી પ્રલયને પણ કરનારી એમ સુલટી તથા ઉલટી, એમ બંને તરફ વેહેનારી નદીરૂપ, માયાના પ્રવાહમાં પડેલા ગાફલ પુરુષોને, તે વેગ સહિત ખેંચી જાય છે; એવી તે માયા નદીને જાણ્યા વિના; અસત્ કર્મો કરવાથકી શું ફળ થશે. ॥૧૬॥ પચીસ બીજાં તત્વોની સાથે છવિસમા, તે સઘળાંના આશ્રય રૂપે રહેલ; અંતર્યામિ આત્માવાળું શરીર, તે અદ્ભૂત ઘર છે; એમ અધ્યાત્મ વિચારથી નહીં જાણનારાને; અસત્ કર્મો કરવા થકી શું ફળ થનાર છે. ॥૧૭॥ બંધ તથા મોક્ષને જણાવનારાં, અને ઇશ્વરનું પ્રતિપાદન કરનારાં; એવાં શુદ્ધ પરમાત્માના પદને પહોંચાડનારાં, ઇશ્વરીશાસ્ત્રરૂપ; વિચિત્ર પ્રકારની વાણી બોલનારા હંસને નહીં જાણતાં; અસત્ એવાં કર્મો કરવાથકી શું ફળ થશે. ॥૧૮॥ ફરયા કરતું—તીક્ષ્ણ ધારવાળું—સ્વતંત્ર—અને સર્વ જગતને ખેંચી જતું—કાળચક્ર છે; તેને નહીં જાણનારાને; અહીંયાં અસત્ કર્મો કરવાથકી, શું ફળ થવાનું છે. ? ॥૧૯॥ અને સત્ શાસ્ત્રરૂપ પોતાનાપિતાની આજ્ઞા, નિ-

વ્રતકર્મો કરવાનીજ છે; તેને જાણ્યાવિના; ગુણોને વિશે વિશ્વાસવાળો પુરુષ તે સાક્ષાત્રૂપ પિતાની આજ્ઞાને અનુસરીને, કર્મો કેવીરીતે કરી શકશે. ॥૨૦॥—શ્રીશુક—હે રાજા એ રીતે એકચિત્તથી નિશ્ચય કરીને, તે હર્ય-શ્વો નારદજીને પ્રદક્ષિણા કરીને; જ્યાં ગયેલાઓ પાછા ફરતા નથી, તે માર્ગે એટલે, મોક્ષને માર્ગે; ઉત્તર દિશા તરફ (તપ કરવાને) ચાલવા ગયા. ॥૨૧॥ અને હૃષીકેશ ભગવાનના ચરણ કમળમાં અખંડિત ચીત્ત પરોવેલા નારદ મુનિ પણ ભગવાને આપેલી વીણાને વગાડતા વગાડતા લોકને વિશે ફરવા લાગ્યા. ॥૨૨॥ ત્યારે એ સારાં આચરણ વાળા પુત્રોનો, નારદથકી નાશ થયેલાનું સાંભળીને; સારી પ્રજા, શોકનુંજ કારણછે; એમ કહી શોક કરતા દક્ષ પ્રજાપતિ, પરિતાપ પામ્યા. ॥૨૩॥ પણ પછીથી બ્રહ્માએ સાંત્વન કરવાથી; દક્ષે પાંચજની સ્ત્રીમાં, ફરીથી સબળાશ્વ નામના હજાર પુત્રોને ઉત્પન્ન કર્યા. ॥૨૪॥ તેઓ પણ પ્રજાઉત્પન્ન કરવાની, બાપની આજ્ઞા પામીને; વ્રત ધારણ કરી નારાયણ સરમાંજ ગયા; કે જે સ્થળે તેમના મોટા ભાઈઓ સિદ્ધિને પામી ગયા હતા. ॥૨૫॥ તેમણે પણ એ જળનો સ્પર્શ કરવાથી મનના મેલ ધોવાઈ જઈને; પરબ્રહ્મના મંત્રનો જપ કરી, એ સ્થળે મોટું તપ કરવા માંડયું. ॥૨૬॥ અને નીચેના મંત્રનો જપ કરતા ઇંદ્રપતિ ભગવાનનું આરાધન કરવામાં, કેટલાક માસ સુધી; માત્ર જળ પીને, તથા પછીથી માત્ર વાયરો ભરખીનેજ, રહ્યા. ॥૨૭॥ "શુદ્ધ સત્વગુણના સ્થાન રૂપ–મોટા અને શુદ્ધ સ્વરૂપ–મહાત્મા–પુરુષ–અને નારાયણ–એવા ઓંકાર સ્વરૂપ ભગવાનનું ધ્યાન કરીને; અમે તેમનેજ નમસ્કાર કરીએ છીએ." ॥૨૮॥ હે પરીક્ષિત; એ પ્રકારે પ્રજા ઉત્પન્ન કરવાની બુદ્ધિવાળા, તેઓને પણ; નારદ મુનિએ આવીને; પેહેલાની પેરે; કૂટવચનો કહ્યાં. ॥૨૯॥ અને કહ્યું કે:–"હે ભાઈઓ ઉપર પ્રીતિ રાખનારા, અને ભાઈઓના સરખાજ પદને ઇચ્છનારા, દક્ષના દીકરાઓ; તમે મારી પાસેથી શાસ્ત્રનાં વચનો સાંભળો. ॥૩૦॥ ધર્મને જાણનારો જે ભાઈ, ભાઈઓના માર્ગમાંજ ચાલે છે; તે એ પુણ્યે કરીને, મરુતદેવોની સાથે આનંદ કરે છે." ॥૩૧॥ હે પરીક્ષિત, એટલું બોલીને સફળ દર્શનવાળા

प्यतकःशोचन्सुप्रजस्त्वंशुचांपदं॥२३॥ सभूयःपांचजन्यायामजेनपरिसांत्वितः॥ पुत्रानजनयद्दक्षःसबलाश्वान्सहस्रशः ॥२४॥ तेऽपिपित्रासमादिष्टाःप्रजासर्गेधृतव्रताः ॥ नारायणसरोजग्मुर्यत्रसिद्धाःस्वपूर्वजाः॥२५॥ तदुपस्पर्शनादेवविनिर्धूतमलाशयाः॥जपंतोब्रह्मपरमंतेपुस्तत्रमहत्तपः ॥२६॥ अब्भक्षाःकतिचिन्मासान्कतिचिद्वायुभोजनाः॥आराधयन्मंत्रमिममभ्यस्यंतइडस्पतिं ॥२७॥ ओंनमोनारायणायपुरुषायमहात्मने॥विशुद्धसत्त्वधिष्ण्यायमहाहंसायधीमहि ॥२८॥इतितानपिराजेंद्रप्रजासर्गधियोमुनिः॥ उपेत्यनारदःप्राहवाचःकूटानिपूर्ववत् ॥२९॥ दाक्षायणाःसंशृणुतगदतोनिगमंमम॥अन्विच्छतानुपदवींभ्रातृणांभ्रातृवत्सलाः॥३०॥भ्रातृणांप्रायणंभ्रातायोऽनुतिष्ठतिधर्मवित्॥ सपुण्यबंधुःपुरुषोमरुद्भिःसहमोदते॥३१॥ एतावदुक्त्वाप्रययौनारदोऽमोघदर्शनः॥ तेऽपिचान्वगमन्मार्गंभ्रातृणामेवमारिष ॥३२॥ सध्रीचीनंप्रतीचीनंपरस्यानुपथंगताः॥नाद्यापितेनिवर्तंतेपश्चिमायामिनीरिव ॥३३॥ एतस्मिन्कालउत्पातान्बहून्पश्यन्प्रजापतिः ॥ पूर्ववन्नारदकृतंपुत्रनाशमुपाशृणोत् ॥३४॥ चुक्रोधनारदायासौपुत्रशोकविमूर्छितः॥ देवर्षिमुपलभ्याहरोषाद्विस्फुरिताधरः॥३५॥दक्ष०अहोअसाधोसाधूनांसाधुलिंगेननस्त्वया॥ असाध्वकार्यर्भकाणांभिक्षोर्मार्गःप्रदर्शितः॥३६॥ ऋणैस्त्रिभिरमुक्तानाममीमांसितकर्मणां ॥ विघातःश्रेयसःपापलोकयोरुभयोःकृतः ॥३७॥ एवंत्वंनिरनुक्रोशोबालानांमतिभिद्धरेः पार्षदमध्येचरसियशोहानिरपत्रपः ॥३८॥ ननुभागवतानित्यंभूतानुग्रहकातराः॥ ऋतेत्वांसौहृदघ्नंवैवैरंकरमवैरिणां॥३९॥ नेत्थंपुंसांविरागःस्यात्त्वयाकेवलिनामृषा॥ मन्यसेयद्युपशमंस्नेहपाशनिकृंतनं॥४०॥नानुभूयनजानातिपुमान्विषयतीक्ष्णतां॥निर्विद्यतेस्वयंतस्मान्नतथाभिन्नधीःपरैः॥४१॥ यन्नस्त्वंकर्मसंधानांसाधूनांगृहमेधिनां॥ कृतवानसिदुर्मर्षंविप्रियंतवमर्षितं॥४२॥ तंतुकृंतनयन्नस्त्वमभद्रमचरःपुनः॥ तस्माल्लोकेषुतेमूढनभवेद्भ्रमतःपदं॥४३॥ श्रीशुक०प्रतिजग्राहतद्बाढंनारदःसाधुसंमतः ॥ एतावान्साधुवादोहितितिक्षेतेश्वरःस्वयं ॥४४॥ इ०भा०म०ष०दक्षनारदशापोनामपंचमोऽध्यायः॥५॥ श्रीशुक०

નારદજી, ત્યાંથી ગયા; અને સબળાશ્વો પણ તેમના ભાઈઓ ગયેલા માર્ગેજ;ચાલ્યા ગયા. ॥૩૨॥ એ રીતે અતિ ઉત્તમ, અને અંતર દ્રષ્ટિથીજ જણાય: એવા પરબ્રહ્મના માર્ગમાં; ચાલ્યા ગયેલા તેઓ; પશ્ચિમ દિશામાં ગયેલી રાત્રિની પેરે; હજુ સુધી પાછા આવતાજ નથી. ॥૩૩॥ એટલા વખતમાં, ઘણા ઉત્પાતો દેખતા પ્રજાપતિ દક્ષે, પેહેલાંની પેરેજ, નારદ થકી પુત્રોના નાશ થયેલાનું સાંભળ્યું ॥૩૪॥ તેથી પુત્રોના શોકથી મૂર્છા પામેલા તેમને, નારદના ઉપર ઘણો ક્રોધ ચઢ્યો; અને ધ્રૂજતા હોઠથી રીસ કરીને તેમણે નારદજીને કહ્યું કે સહપાલ–હા–અરે અસાધુ, તેં સાધુ પુરુષના સરખા ડોળથી; મારા સાધુ બાળકોને; ભિક્ષુક(ભીખારી)નો માર્ગ દેખાડીને, ઘણું ભૂંડું કર્યું ॥૩૫॥ હે પાપી, ત્રણ પ્રકારનાં ઋણ ૧ઋષિઓનું (વેદાધ્યયન કરવાનું)–૨પિતૃઓનું (પુત્ર ઉત્પન્ન કરવાનું)–અને ૩દેવનું (યજ્ઞાદિક કરવાનું છે.) તેઓ થકી મુક્ત નહીં થયેલા, અને કર્મ કરવા સંબંધી વિચારને પણ નહીં જાણેલા તેઓનાં; બંને લોકો (એટલે આ લોક અને પરલોક) સંબંધી કલ્યાણોનો; તેં નાશ કરી નાંખ્યો છે. ॥૩૭॥ એ પ્રકારનો તું નિર્દય–યશનો નાશ કરનારો–અને નિર્લજ–તથા બાળકોની બુદ્ધિને ભેદ પમાડનારો; હોવા છતાં; ભગવાનના પાર્ષદોની સાથે ફરે છે ॥૩૮॥ અને સુહૃદપણાનો નાશ કરનાર–તથા વગર વેર વાળાઓને વેર કરાવનાર; એક તું વિના; બીજા ભગવદ્ભક્તિઓનો હમેશાં પ્રાણીઓના ઉપર અનુગ્રહ કરવામાંજ, તત્પર રેહેનારા હોય છે. ॥૩૯॥ તું કેવળી અને ઢોંગી, સ્નેહના પાશને કાપી નાખનાર ઉપશમનેજ; કદાચ, ઉત્તમ માનતો હશે; તો પણ આ પ્રકારે તું કરે છે; તેમ કરવાથી પુરુષોને: ખરો વૈરાગ્યનો થાયજ નહીં. ॥૪૦॥ કેમકે પુરુષ વિષયોનો અનુભવ કરવા વિના, વિષયોની તીક્ષ્ણતાને જાણી શકતો નથી; તેથી વિષયોનો અનુભવ કર્યા પછી, તેમને જેવો વૈરાગ્ય પોતાની મેળે, વિષયોની ખરાબી જાણવાથી, પ્રાપ્ત થાય છે; તેવો બીજાઓએ બુદ્ધિ ભમાવવાથી, થતોજ નથી. ॥૪૧॥ કર્મોની મર્યાદા વાળા–સાધુ–અને ગૃહસ્થાશ્રમી–એવા અમલોકોનું, ન સહન થાય એવું; તેં ભૂંડું કરેલું પણ અમે એકવાર

તે સહન કર્યું હતું; છતાં; અમારો વંશ કહાડી નાંખવા જેવું; ભૂંડું કામ તેં બીજીવારનું પણ કર્યું છે; માટે હે મૂઢ. લોકને વિશે ભમતાં ભમતાં, તું કોઇ પણ સ્થળે સ્થિર થવા પામીશ નહીં. ॥૪૨-૪૩॥—શ્રીશુક—ત્યારે, સાધુ પુરુષોએ માનેલા નારદજીએ, "બહુસારૂં" એમ કહીને, તે શ્રાપનો સ્વીકાર કર્યો; કેમકે સાધુ પુરુષોએ કરવાનું એટલુંજ છે કે, પોતે શકિતમાન હોવા છતાં પણ, બીજાઓનું સહન કરી લેવું. ॥૪૪॥ ઇતિશ્રી ભાગવત છઠ્ઠા સ્કંધનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. ॥૫॥

અધ્યાય ૬ ઠો.—શ્રીશુક—પછી બ્રહ્માએ સમજાવવાથી દક્ષે, અસિકનીને વિશે પિતા ઉપર પ્રેમ રાખનારી, સાઠ દીકરીઓ ઉત્પન્ન કરી. ॥૧॥ તેમાંની દસ ધર્મને બાર (બીજે ઠેકાણે તેર લખેલ છે) કશ્યપને—સત્તાવિશ ચંદ્રમાને—બે ભૂતરૂષિને—બે અંગિરા રૂષિને—બે કૃશાશ્વરૂષિને—અને બાકીની તાર્ક્ષ્ય રૂષિને આપી. ॥૨॥ જેઓના પુત્ર અને પૌત્રાદિકથી, ત્રણે લોક ભરાઇ ગયેલ છે; તે એ દક્ષની દીકરીઓનાં તથા તેઓનાં સંતાનોના નામો મારા થકી સાંભળો. ॥૩॥ ભાનુ—લંબા—કકુભ—જામિ—વિશ્વા—સાધ્યા—મરૂત્વતિ—વસુ—મુહુર્તા—અને સંકલ્પા; એ ધર્મની સ્ત્રીઓ છે; તેમના પુત્રોનાં નામો હવે સાંભળો. ॥૪॥ હે રાજા, ભાનુનો દેવરૂષભ, અને તેનો ઇંદ્રસેન થયો; લંબાનો વિદ્યોત થયો, અને તેનાથી સ્તનયિત્નવ નામના પુત્રો થયા. ॥૫॥ કકુભનો સંકટ તેનો કીકટ—અને તેના પૃથ્વી ઉપરના કિલ્લાઓ થયા; જામિનો સ્વર્ગ—અને તેનો નંદી થયો. ॥૬॥ વિશ્વાના વિશ્વદેવા નામના પુત્રો થયા, તેઓ પ્રજા રહિત હોવાનું કહેવાય છે, સાધ્યાના સાધ્ય ગણો થયા, અને તેઓ થકી અર્થસિદ્ધિ નામે પુત્ર થયો. ॥૭॥ મરૂત્વતિને મરૂત્વાન અને, જયંત એ વાસુદેવ ભગવાનનો અંશ હતો; તેને લોકો ઉપેંદ્રનામથી પણ જાણે છે. ॥૮॥ મુહૂર્તાને મૌહૂર્તિક નામના દેવો જન્મ્યા, જેઓ પ્રાણીઓને પોત પોતાના કાળનું ફળ આપનારા છે. ॥૯॥ સંકલ્પાનો પુત્ર સંકલ્પ થયો, અને તે સંકલ્પ થકી કામ (એટલે કામના અથવા ઇચ્છા) ઉત્પન્ન થયેલાનું કહેવાય છે; તથા વસુના આઠ વસુઓ થયા, તેમના નામો મારાથી

ततःप्राचेतसोऽसिक्न्यामनुनीतःस्वयंभुवा॥ षष्टिंसंजनयामासदुहितॄःपितृवत्सलाः॥१॥ दशधर्मायकायेंद्रोर्द्विषट्त्रिण[illegible]न् ॥ भूतांगि
रःकृशाश्वेभ्योद्वेद्वेतार्क्ष्यायचापराः ॥२॥ नामधेयान्यमूषांत्वंसापत्यानांचमेशृणु॥यासांप्रसूतिप्रसवैर्लोकाआपूरितास्त्रयः॥३॥ भानुर्लंबाक
कुब्जामिर्विश्वासाध्यामरुत्वती॥वसुर्मुहूर्तासंकल्पाधर्मपत्न्यःसुतान्छृणु॥४॥ भानोस्तुदेवऋषभइंद्रसेनस्ततोनृप ॥ विद्योतआसील्लंब.या
स्ततश्चस्त[illegible]॥५॥ ककुभःसंकटस्तस्यकीकटस्तनयोयतः॥ भुवोदुर्गाणिजामेयःस्वर्गोनंदिस्ततोऽभवत्॥६॥ विश्वेदेवास्तुविश्वाया
अप्रजांस्तान्प्रचक्षते॥ साध्योगणस्तुसाध्यायाअर्थसिद्धिस्तुतत्सुतः ॥७॥मरुत्वांश्चजयंतश्चमरुत्वत्यांबभूवतुः॥ जयंतोवासुदेवांशउपेंद्रइति
यंविदुः॥८॥ मौहूर्तिकादेवगणामुहूर्तायाश्चजज्ञिरे ॥ येवैफलंप्रयच्छंतिभूतानांस्वस्वकालजं ॥९॥ संकल्पायाश्चसंकल्पःकामःसंकल्पजः
स्मृतः॥ वसवोष्टौवसोःपुत्रास्तेषांनामानिमेशृणु ॥१०॥ द्रोणःप्राणोध्रुवोऽर्कोऽग्निर्दोषोवसुर्विभावसुः॥द्रोणस्याभिमतेःपत्न्याहर्षशोकभयाद
यः॥११॥ प्राणस्योर्जस्वतीभार्यासहआयुःपुरोजवः ॥ ध्रुवस्यभार्याधरणिरसूतविविधाःपुरः ॥१२॥ अर्कस्यवासनाभार्यापुत्रास्तर्षादयःस्मृ
ताः॥ अग्नेर्भार्यावसोर्धारापुत्राद्रविणकादयः ॥१३॥ स्कंदश्चकृत्तिकापुत्रोयेविशाखादयस्ततः॥ दोषस्यशर्वरीपुत्रःशिशुमारोहरेःकला १४
वसोरांगिरसी[illegible]विश्वकर्माकृतीपतिः॥ततोमनुश्चाक्षुषोभूद्विश्वेसाध्यामनोःसुताः॥१५॥ विभावसोरसूतोषाव्युष्टंरोचिषमातपं॥ पंचयामोऽ
थभूतानियेनजाग्रतिकर्मसु ॥१६॥ सरूपासूतभूतस्यभार्यारुद्रांश्चकोटिशः॥ रैवतोऽजोभवोभीमोवामउग्रोवृषाकपिः ॥१७॥ अजैकपादहि
र्बुध्न्योबहुरूपोमहानिति॥ रुद्रस्यपार्षदाश्चान्येघोराभूतविनायकाः ॥१८॥ प्रजापतेरंगिरसःस्वधापत्नीपितॄनथ॥ अथर्वांगिरसंवेदंपुत्रत्वेचा
करोत्सती॥१९॥ कृशाश्वोऽर्चिषिभार्यायांधूम्रकेशमजीजनत्॥ धिषणायांवेदशिरादेवलंवयुनंमनुं ॥२०॥ तार्क्ष्यस्यविनताकद्रूःपतंगीया
मिनीइति॥ पतंग्यसूतपतगान्यामिनीशलभानथ ॥२१॥ सुपर्णासूतगरुडंसाक्षाद्यज्ञेशवाहनं॥ सूर्यसूतमनूरुंचकद्रुर्नागाननेकशः॥२२॥कृ

સાંભળો. ॥૧૦॥ દ્રોણ—પ્રાણ—ધ્રુવ—અર્ક—અગ્નિ—દોષ—વસુ—અને વિભાવસુ એ આઠ છે; તેઓમાં દ્રોણને તેની સ્ત્રી, અભિમતિમાં, હર્ષ—શોક—અને ભય વિગેરે થયા છે. ॥૧૧॥ પ્રાણને ઉર્જસ્વતિ સ્ત્રીમાં, સહ—આયુ અને પુરોજવ થયા છે; ને ધ્રુવની સ્ત્રી ધરણીએ, અનેક પ્રકારનાં પુરો એટલે નગરોને જન્મ આપેલો છે. ॥૧૨॥ અર્કને તેની સ્ત્રી વાસનામાં, તર્ષ એટલે તૃષ્ણા આદિ પુત્રો થયેલાનું કહેવાય છે; અગ્નિને તેની વસોર્ધારા નામની સ્ત્રીમાં,દ્રવિણ વિગેરે પુત્રો થયેલા છે. ॥૧૩॥ અને કૃતિકાના પુત્ર સ્કંધ પણ, અગ્નિ થકીજ થયેલા છે; સ્કંધ થકી વિશાખા વિગેરે થયા છે; દોષને પોતાની સ્ત્રી શર્વરિમાં હરિભગવાનની કળા શિશુમાર ઉત્પન્ન થયેલ છે. ॥૧૪॥ વસુને તેની આંગિરસી નામની સ્ત્રીમાં, શિલ્પ કળાનો અધિપતિ વિશ્વકર્મા થયો; અને તેના થકી ચાક્ષુસ નામનો મનુ થયોછે, ને તે ચાક્ષુસ મનુના વિશ્વ તથા સાધ્ય નામના પુત્રો થયા હતા. ॥૧૫॥ વિભાવસુને તેની ઉષા નામની સ્ત્રીમાં, વ્યૂષ્ટ—રોચિશ—અને આતપ નામો વાળા પુત્રો થયા; ને આતપનો પંચયામ નામે પુત્ર થયેલો, જે થકી પ્રાણીઓ પોતપોતાના કર્મો કરવાને સારૂં જાગ્રત થાય છે. ॥૧૬॥ દક્ષના જમાઇ ભૂતરૂષિની એક સરૂપા નામની સ્ત્રીએ, રૈવત—અજ—ભવ—ભીમ—વામ—ઉગ્ર—વૃષાકપિ—અજૈકપાદ—અહિર્બુધ્ન્ય—બહુરૂપ—અને મહાન એ અગિયાર રૂદ્રોને, તથા તેમના રૂદ્ર નામથીજ કહેવાતા કરોડો પાર્ષદોને; જન્મ આપ્યો. અને તેની બીજી સ્વધારા નામની સ્ત્રીએ ભૂતોને, અને વિનાયકોને જણ્યા. ॥૧૭-૧૮॥ દક્ષના જમાઇ અંગિરા પ્રજાપતિની સ્ત્રીને, સ્વધા અને પિતૃઓ થયા; અને એમની બીજી સ્ત્રી સતીએ અથર્વ વેદને પોતાનો પુત્ર કરયો હતો. ॥૧૯॥ કૃશાશ્વે અર્ચિનામની એક સ્ત્રીમાં ધુમ્રકેશ નામના પુત્રને; અને બીજી ધિષણામાં, વેદશિરા—દેવળ—વયુન—અને મનુ, એ ચાર પુત્રોને, ઉત્પન્ન કરયા હતા. ॥૨૦॥ તાર્ક્ષ્યની વિનતા—કદ્રુ—પતંગી—અને યામિની એ ચાર સ્ત્રીઓમાંની પતંગીએ પક્ષીઓને; અને યામિનીએ તીડોને જણ્યા. ॥૨૧॥ તથા સુપર્ણા એટલે વિનતાએ સાક્ષાત યજ્ઞેશ ભગવાનના વાહન ગરૂડને; અને સૂર્યના સારથી અરૂણને; તેમજ કદ્રુએ ઘણા એક નાગને જણ્યા હતા.

॥૨૩॥ હે પરીક્ષિત, કૃતિકા આદિ સત્તાવિશ નક્ષત્ર ચંદ્રની સ્ત્રીઓ હતી; ચંદ્રમા દક્ષના શ્રાપથી ક્ષય રોગવાળો થઇને પ્રજા રહિત રહેલ છે, પણ તેણે પછીથી દક્ષને પ્રસન્ન કરવાથી પાછળથી, તેને નાશ થયેલી કળાઓનીજ પ્રાપ્તિ થયેલી છે. ॥૨૩॥ હવે જેમનાથી આ જગત થયું છે, તે લોક માત્રની માતાઓ; અને લોકને સુખ આપનારી કશ્યપ એવા નામવાળા કશ્યપની સ્ત્રીઓનાં નામો સાંભળો. ॥૨૪॥ અદિતિ-દિતિ-દનુ-કાષ્ટા-અરિષ્ટા-સુરસા-ઇલા-મુનિ-ક્રોધવશા-તામ્રા-સુરભી-સરમા-અને તિમિ-એ રીતે તેરછે. ॥૨૫॥ તિમિ થકી, જળના જીવો થયા; સરમાના પુત્રો શ્વાપદ એટલે ફાડીખાનારાં જનાવરો થયા; અને સુરભીના પાડા-ગાય બળદો અને બીજાં બેખરીવાળાં જનાવરો થયાં. ॥૨૬॥ તામ્રાનાં, બાજ અને ગરૂડ વગેરે થયાં; મુનિની અપ્સરાઓ થઇ; અને ક્રોધવશાના પુત્રો, દંદશુક વગેરે સાપ થયાછે. ॥૨૭॥ ઇલાની સર્વ પ્રકારની વનસ્પતિ

થઇઓ; સુરસાના રાક્ષસો થયા; અરિષ્ટાના ગંધર્વો થયા; અને કાષ્ટાનાં બેખરી વિનાનાં બીજાં પશુઓ થયાંછે. ॥૨૮॥ દનુના પુત્ર એકસઠ દાનવો થયા; તેમાંના મુખ્યનાં નામો સાંભળો; દ્વિમુર્દ્ધા-શંબર-અરિષ્ટ,-હયગ્રીવ વિભાવસુ-॥૨૯॥-અયોમુખ, -શંકુશિરા-સ્વર્ભાનું -કપિલ-અરૂણ-પુલોમા-વૃષપર્વા-એકચક્ર, -અનુતાપન ॥૩૦॥ ધુમ્રકેશ-વિરૂપાક્ષ-વિપ્રચિત્તિ-અને દુર્જય વિગેરે છે. સ્વર્ભાનુની દીકરી સુપ્રભાને, નમુચિ પરણ્યો હતો; તથા વૃષપર્વાની દીકરી શર્મિષ્ટાને, બળવાન નહુષનો દીકરો યયાતિ રાજા પરણ્યો હતો. ॥૩૧॥ વિશ્વાનરને ઉપદાનવી-હયશિરા-પુલોમા અને કાલકા એ રીતની ચાર સુંદર દેખાવવાળી છોકરીઓ હતી. ॥૩૨॥ તેમાંની ઉપદાનવીને હિરણ્યાક્ષ; અને હયશિરાને ક્રતુ પરણ્યો હતો. અને પુલોમા તથા કાલકાને, બ્રહ્માની આજ્ઞાથી; ભગવાન કશ્યપ રૂષિ પરણ્યા હતા. ॥૩૩॥ હે પરીક્ષિત એ પુલોમા અને કાલકાથી ઉત્પન્ન થયેલા મોટું

त्तिकादीनिनक्षत्राणींदोःपत्न्यस्तुभारत॥ दक्षशापात्सोऽनपत्यस्तासुयक्ष्मग्रहार्दितः॥पुनःप्रसाद्यतंसोमःकलालेभेक्षयेर्दिताः ॥२३॥ शृणुना मानिलोकानांमातृणांशंकराणिच ॥ अथकश्यपपत्नीनांयत्प्रसूतमिदंजगत् ॥२४॥ अदितिर्दितिर्दनुःकाष्ठाअरिष्टासुरसाइला ॥ मुनिक्रोधव शाताम्रासुरभिःसरमातिमिः ॥२५॥ तिमेर्यादोगणाआसन्श्वापदाःसरमासुताः॥ सुरभेर्महिषागावोयेचान्येद्विशफानृप॥२६॥ताम्रायाःश्ये नगृध्राद्यामुनेरप्सरसांगणाः॥ दंदशूकादयःसर्पाराजन्क्रोधवशात्मजाः॥२७॥ इलायाभूरुहाःसर्वेयातुधानाश्चसौरसाः॥अरिष्टायाश्चगंधर्वाः काष्ठायाद्विशफेतराः ॥२८॥ सुतादनोरेकषष्टिस्तेषांप्राधानिकान्शृणु॥ द्विमूर्धाशंबरोऽरिष्टोहयग्रीवोविभावसुः ॥२९॥ अयोमुखःशंकुशिराः स्वर्भानुःकपिलोऽरुणः॥ पुलोमावृषपर्वाचएकचक्रोऽनुतापनः॥३०॥ धूमकेशोविरूपाक्षोविप्रचित्तिश्चदुर्जयः ॥ स्वर्भानोःसुप्रभांकन्यामुवा हनमुचिःकिल॥ वृषपर्वणस्तुशर्मिष्ठांययातिर्नाहुषोबली ॥३१॥ वैश्वानरसुतायाश्चचतस्रश्चारुदर्शनाः ॥ उपदानवीहयशिरापुलोमाकालका तथा॥३२॥ उपदानवींहिरण्याक्षःक्रतुर्हयशिरांनृप॥ पुलोमांकालकांचद्वेवैश्वानरसुतेतुकः॥ उपयेमेऽथभगवान्कश्यपोब्रह्मचोदितः ॥३३॥ पौलोमाःकालकेयाश्चदानवायुद्धशालिनः॥तयोःषष्टिसहस्राणियज्ञघ्नांस्तेपितुःपिता॥ जघानस्वर्गतोराजन्नेकइंद्रप्रियंकरः॥३४॥ विप्रचित्तिः सिंहिकायांशतंचैकमजीजनत् ॥ राहुज्येष्ठंकेतुशतंग्रहत्वंयउपागतः॥३५॥ अथातःश्रूयतांवंशोयोऽदितेरनुपूर्वशः॥ यत्रनारायणोदेवःस्वां शेनावतरद्विभुः॥३६॥ विवस्वानर्यमापूषात्वष्टाऽथसविताभगः ॥ धाताविधातावरुणोमित्रःशक्रउरुक्रमः॥३७॥ विवस्वतःश्राद्धदेवंसंज्ञासू यतवैमनुं॥मिथुनंचमहाभागायमंदेवंयमींतथा॥ सावैभूत्वाऽथवडवानासत्यौसुषुवेभुवि॥३८॥ छायाशनैश्चरंलेभेसावर्णिचमनुंततः॥कन्यांच तपतींयावैवव्रेसंवरणंपतिं॥३९॥ अर्यम्णोमातृकापत्नीतयोश्चर्षणयःसुताः॥ यत्रवैमानुषीजातिर्ब्रह्मणाचोपकल्पिताः ॥४०॥पूषाऽनपत्यः पिष्टादोभग्नदंतोऽभवत्पुरा॥ योऽसौदक्षायकुपितंजहासविवृतद्विजः ॥४१॥ त्वष्टुर्दैत्यानुजाभार्यारचनानामकन्यका ॥ संनिवेशस्तयोर्जज्ञे विश्वरूपश्चवीर्यवान् ॥४२॥ तंवव्रिरेसुरगणादौहित्रंद्विषतामपि॥ विमतेनपरित्यक्तागुरुणांगिरसेनयत्॥४३॥ इ.भा.म.प.षष्ठोऽध्यायः ॥६॥

યુદ્ધ કરનારા અને યજ્ઞોનો નાશકરનારા સાઠહજાર દાનવોનો; તમારા વડાવા અર્જુને એક વેળાએજ; જ્યારે તે સ્વર્ગમાં ગયા હતા ત્યારે, ઇંદ્રનું પ્રિય કરવાસારૂં નાશ કરયો હતો. ॥૩૪॥ વિપ્રચિતીએ સિંહિકાને વિશે, એકસોને એક પુત્રો ઉત્પન્ન કરયા; તેમાંનો સઉથી મોટો રાહુ ગ્રહપણાને પામેલા છે; અને બાકીના સો કેતુઓ કહેવાય છે. ॥૩૫॥ હવે અનુક્રમથી અદિતિનો વંશ કહેવા માંડુછું; કે જે વંશમાં સમર્થ દેવ નારાયણ ભગવાન પોતાના અંશથી અવતરેલા હતા. ॥૩૬॥ વિવસ્વાન-અર્યમા-પુષા-ત્વષ્ટા-સવિતા-ભગ-ધાતા-વિધાતા-વરૂણ-મિત્ર-શક્ર(ઇંદ્ર)અને ઉરૂક્રમ (વામનજી તેજ ઉપેંદ્ર) એ રીતે બાર પુત્રો થયા હતા.॥૩૭॥ વિવસ્વાનને સંજ્ઞા નામની તેની સ્ત્રીમાં શ્રાદ્ધદેવ મનું; અને યમ તથા યમી (એટલે જમુનાનદી)નું જોડેલું આપ્યું હતું. અને તે સંજ્ઞાએ પૃથ્વી ઉપર ઘોડીના રૂપથી બે અશ્વિન કુમારોને જન્મ આપ્યો હતો. ॥૩૮॥ તથા તેને બીજી સ્ત્રી છાયામાં શનિશ્વર-સાવર્ણીનામનો મનુ-અને તપતી (તાપીનદી) નામની કન્યા થઇ

હતી; એ કન્યા સંવરણ નામના રાજાને વરી હતી. ॥૩૯॥ પુષાને સંતાન નથી થયું; અને પૂર્વે દક્ષ ઉપર મહાશિવે કોપ કર્યો ત્યારે એના દાંત; એ પ્રથમ દાંત દેખાડીને હશ્યો હતો. માટે પાડી નાંખવાથી તે લોટ ફાકીને; રહેછે. ॥૪૧॥ અર્યમાની સ્ત્રી માતૃકાને ચર્ષણી નામના પુત્રો થયા; તેમને આત્મ વિચાર સંબંધી જ્ઞાન હોવાથી બ્રહ્માએ મનુષ્ય જાતિના ગણેલા છે ॥૪૦॥ દૈત્યોની નાની બેન રચના નામની ત્વષ્ટાની સ્ત્રીએ, અગ્નિવેશને તથા પરાક્રમી વિશ્વરૂપને જન્મ આપ્યો હતો. ॥૪૨॥ એ વિશ્વરૂપ દેવતાઓનો દ્વેષ કરનારા દૈત્યોનો ભાણેજ હતો; તોપણ જ્યારે અપમાન પામવાથી બ્રહસ્પતિએ દેવતાઓનો ત્યાગ કરયો હતો; ત્યારે દેવતાઓએ તે વિશ્વરૂપને પોતાનો ગુરૂ ઠરાવ્યો હતો. ॥૪૩॥ ઇતિ શ્રી૦ ભા૦ છઠા સ્કંધનો છઠો અધ્યાય સંપૂર્ણ ॥૬॥

અધ્યાય ૭ મો. પરિક્ષિત—હે શુકદેવજી, પોતાના શિષ્ય દેવતાઓએ બ્રૃહસ્પતિનો કયો અપરાધ કરવાથી તથા કયા હેતુને માટે તેમણે દેવતાઓને તજ્યા હતા; તે કહો. ॥૧॥ **શ્રીશુક—હે પરીક્ષિત કે**

દિવસે દેવતાઓના રાજા ઇંદ્ર; મરૂતગણો–વસુઓ–રૂદ્રો–આદિત્યો–ૠભુઓ–વિશ્વદેવતાઓ–સાધ્ય દેવો–અને અ-
શ્વિનિ કુમારો વિગેરેથી વિંટાઇને; સિદ્ધ–ચારણ–ગંધર્વો–વેદપાઠી મુનિઓ–વિદ્યાધરો–અપ્સરાઓ–કિન્નરો–પ-
ક્ષીઓ–અને નાગ લોક વિગેરેથી સેવા અને સ્તુતિ કરાતા; તથા શુંદર ગાયન સાંભળતા; પોતાના શુંદર સિં-
હાસન ઉપર બેઠા હતા. ચંદ્ર મંડળ જેવું શુંદર ધોળું છત્ર ધરેલું હતું, અને બીજાં ચામર તથા પંખા વિ-
ગેરે ચક્રવર્તીનાં ચિન્હો સહિત અર્ધા આસન ઉપર બેઠેલાં ઇંદ્રાણીની સાથે વિરાજમાન થઇને; અત્યંત શો-
ભતા હતા; ત્યાં પોતાના અને દેવતાઓના મોટા આચાર્ય,બૃહસ્પતિ આવી ચડતાં; ઉઠીને સામા જવાનો
અને આસન આપવા વિગેરેનો, તેમનો સત્કાર ત્રણ ભુવનના ઐશ્વર્યના મદથકી સત્પુરૂષોના માર્ગની મર્યાદા
ઓળંગન કરીને; ઇંદ્રે કરયો નહીં. ॥૨–૩–૪–૫–૬–૭॥ અને દેવ તથા દૈત્યોએ નમસ્કાર કરેલા મોટા
મુનિ બૃહસ્પતિને સભામાં આવેલા નું જોયા છતાં; ઇંદ્ર પોતાના આસન ઉપરથી જરાપણ ચલાયમાન થયા
નહીં. ॥૮॥ ત્યારે વિદ્વાન બૃહસ્પતિ, એ લક્ષ્મીના મદનો વિકાર છે, એમ જાણી કાંઇ પણ બોલ્યા વિના એક-
દમ સભામાંથી નીકળીને પોતાને ઘેર ગયા. ॥૯॥ પછી પોતાથકી ગુરૂનો અપરાધ થયેલાનું, જાણીને ઇંદ્ર
સભાની વચે પોતેજ પોતાની નિંદા કરવા લાગ્યો કે. ॥૧૦॥ અરે મેં, ઐશ્વર્યના મદથી ગાફલ થઇને તેથી
બગડેલી બુદ્ધિથી સભા વચ્ચે ગુરૂનો અસત્કાર કર્યો; એ ખચીત બૂંડું થયુ. ॥૧૧॥ હું દેવતાઓનો અને
ત્રણે લોકનો અધિપતિ છતાં પણ જેણે મારામાં અસુરનો સ્વભાવ આરોપ્યોછે; એવી લક્ષ્મીને કયો પંડિત
પુરૂષ રાખે. ॥૧૨॥ ચક્રવર્તીના સિંહાસન ઉપર બેઠેલા રાજાએ કોઇની સામે ઉઠીને ઉભા થવું નહીં; એમ
કહેનારાઓ; પરમ ધર્મને જાણતાજ નથી. ॥૧૩॥ તે અંધકાર મય નરકમાં પડનારા, અને ખરાબ માર્ગ દેખા-

राजा०कस्यहेतोःपरित्यक्ताआचार्येणात्मनःसुराः॥ एतदाचक्ष्वभगवन्शिष्याणामक्रमंगुरौ ॥१॥ श्रीशुक०इंद्रस्त्रिभुवनैश्वर्यमदोल्लंघितस
त्पथः॥मरुद्भिर्वसुभीरुद्रैरादित्यैरृभुभिर्नृप ॥२॥ विश्वेदेवैश्चसाध्यैश्चनासत्याभ्यांपरिश्रितः॥सिद्धचारणगंधर्वैर्मुनिभिर्ब्रह्मवादिभिः ॥३॥
विद्याधराप्सरोभिश्चकिन्नरैःपतगोरगैः॥निषेव्यमाणोमघवान्स्तूयमानश्चभारत ॥४॥ उपगीयमानोललितमास्थानाध्यासनाश्रितः॥पांडुरेणा
तपत्रेणचंद्रमंडलचारुणा ॥५॥ युक्तश्चान्यैःपारमेष्ठ्यैश्चामरव्यजनादिभिः॥विराजमानःपौलोम्यासहार्धासनयाभृशं ॥६॥ सयदापरमाचार्यं
देवानामात्मनश्चह॥नाभ्यनंदतसंप्राप्तंप्रत्युत्थानासनादिभिः ॥७॥ वाचस्पतिंमुनिवरंसुरासुरनमस्कृतं॥नोच्चचालासनादिंद्रःपश्यन्नपिसभा
गतं॥८॥ ततोनिर्गत्यसहसाकविरांगिरसःप्रभुः ॥ आययौस्वगृहंतूष्णींविद्वान्श्रीमदविक्रियां ॥९॥ तर्ह्येवप्रतिबुध्येंद्रोगुरुहेलनमात्मनः॥ग
र्हयामाससदसिस्वयमात्मानमात्मना ॥१०॥ अहोबतममासाधुकृतंवैदभ्रबुद्धिना॥ यन्मयैश्वर्यमत्तेनगुरुःसदसिकात्कृतः ॥११॥ कोगृध्ये
त्पंडितोलक्ष्मींत्रिविष्टपपतेरपि॥ययाऽहमासुरंभावंनीतोद्यविबुधेश्वरः ॥१२॥ येपारमेष्ठ्यंधिषणमाधितिष्ठन्नकंचन॥प्रत्युत्तिष्ठेदितिब्रूयुर्धर्मंते
नपरंविदुः ॥१३॥ तेषांकुपथदेष्टॄणांपततांतमसिह्यधः॥ येश्रद्दध्युर्वचस्तेवैमज्जंत्यश्मप्लवाइव ॥१४॥ अथाहममराचार्यमगाधधिषणंद्विजं
॥ प्रसादयिष्येनिशठःशीर्ष्णातच्चरणंस्पृशन् ॥१५॥ एवंचिंतयतस्तस्यमघोनोभगवान्गृहात्॥बृहस्पतिर्गतोऽदृष्टांगतिमध्यात्ममायया ॥
१६॥ गुरोर्नाधिगतःसंज्ञांपरीक्षन्भगवान्स्वराट्॥ध्यायन्धियासुरैर्युक्तःशर्मनालभतात्मनः ॥१७॥ तच्छ्रुत्वैवासुराःसर्वेआश्रित्यौशनसंमतं॥
देवान्प्रत्युद्यमंचक्रुर्दुर्मदाआततायिनः ॥१८॥ तैर्विसृष्टेषुभिस्तीक्ष्णैर्निर्भिन्नांगोरुबाहवः॥ब्रह्माणंशरणंजग्मुःसहेंद्रानतकंधराः॥१९॥ तां
स्तथाऽभ्यर्दितान्वीक्ष्यभगवानात्मभूरजः॥कृपयापरयादेवउवाचपरिसांत्वयन् ॥२०॥ ब्रह्मा०अहोबतसुरश्रेष्ठाह्यभद्रंवःकृतंमहत्॥ब्रह्मिष्ठं
ब्राह्मणंदांतमैश्वर्यान्नाभ्यनंदत॥२१॥ तस्यायमनयस्यासीत्परेभ्योवःपराभवः॥प्रक्षीणेभ्यस्ववैरिभ्यःसमृद्धानांचयत्सुराः ॥२२॥ मघवन्द्वि
षतःपश्यप्रक्षीणान्गुर्वतिक्रमात्॥संप्रत्युपचितान्भूयःकाव्यमाराध्यभक्तितः॥आददीरन्निलयनंममापिभृगुदेवताः ॥२३॥ त्रिविष्टपंकिंगण

ડનારાઓના, વચનો ઉપર શ્રદ્ધા રાખનારા લોકો; પથ્થરના નાવમાં બેઠેલાઓની પેઠે, બૂડી જાય છે. ॥૧૪॥
એટલા માટે; હવે હું શઠતા છોડીને, તેમના પગમાં પડી, મસ્તક વતે નમસ્કાર કરી; એ મોટી બુદ્ધિ વાળા
ગુરૂને પ્રસન્ન કરીસ. ॥૧૫॥ એ રીતે ઇંદ્રે વિચાર કરતાંમાંતો, ભગવાન બૃહસ્પતિ પોતાની માયાના પ્રભા-
વથી; તેમના ઘરમાંથી પણ અદર્શ થઇ ગયા. ॥૧૬॥ પછી દેવતાઓ સહિત થઇને ઇંદ્રે તેમનો તપાસ
કરતાં છતાં; જ્યારે ગુરૂનો પત્તો નજ લાગ્યો; ત્યારે તેઓને મનમાં જરાપણ કળ વળી નહીં; અને તેઓ બુ-
દ્ધિવડે ગુરૂનુંજ ધ્યાન કરવા લાગ્યા. ॥૧૭॥ એ સાંભળી શુક્રાચાર્યના મતથી સર્વે અસુરો મદોન્મત થઇ હ-
થિઆરો ઉપાડીને, દેવતાઓના ઉપર ચડાઇ કરીને આવ્યા ॥૧૮॥ ત્યારે દૈત્યોએ નાંખેલાં તીક્ષણ બાણોથી,
માંથાં–સાથળ–અને હાથ કપાઇ ગયેલા, ઇંદ્ર સહિત દેવતાઓ; બ્રહ્માને શરણે ગયા; અને સર્વેએ તેમને નમ-
સ્કાર કરયા. ॥૧૯॥ એટલે આત્માથી થયેલા અજન્મા બ્રહ્માએ, તેમને માર ખાધેલા જોઇને, મોટી દયાથી
તેમની આશ્વના વાશ્વના કરીને; કહ્યું કે. ॥૨૦॥ બ્રહ્મા—હે મોટા દેવતાઓ; તમોએ બ્રહ્મવેત્તા અને જીતેં-
દ્રિય બ્રાહ્મણનો, ઐશ્વર્યના મદથી અસત્કાર કરયો; એ ઘણું ખરાબ કામ થયું છે. ॥૨૧॥ હે સમૃદ્ધિવાળા
દેવો, તમારા થકી વધુ ક્ષીણ થઇ ગયેલા, તમારા વૈરીઓથી; તમારો આ પરાભવ થયો છે; એ તમારી
અનીતિનુંજ ફળ છે. ॥૨૨॥ હે ઇંદ્ર, જુઓ કે ગુરૂનુ અતિક્રમણ કરવાથી, ક્ષીણ થઇ ગયેલા તમારા શત્રુઓ
હમણાં શુક્રાચાર્યની ભક્તિ પૂર્વક સેવા કરવાથી, પાછા ફરીથી વૃદ્ધિ પામ્યા છે; અને શુક્રાચાર્યને દૈવત રૂપ
માનનારાતેઓ; હમણાં તો મારૂં સ્થાન પણ લેઇ લે, એમ છે. ॥૨૩॥ શુક્રાચાર્યે ઉપદેશ આપેલા અને
જેઓના શુભ વિચાર ફૂટી જતા નથી; એવા એ દૈત્યો, સ્વર્ગને તો કશા હિસાબમાંજ ગણતા નથી; કેમકે
બ્રાહ્મણો–ગાયો–અને ભગવાન; એમનો જેમના ઉપર, ઉપર હાથ હોય; તેવા રાજા આદિનું બૂંડું થવુંજ ન-
થી. ॥૨૪॥ તો હવે તપસ્વી અને આત્મજ્ઞાની બ્રાહ્મણ, ત્વષ્ટાના દીકરા વિશ્વરૂપને, તમે ઉતાવળાજ અનુસ-

રો; જો તમે એનો સત્કાર કરશો, અને એના કામોને સહન કરશો તો; તે તમારૂં સઘળું કામ કરી દેશે. ॥૨૫॥—શ્રીશુક—હે રાજા, બ્રહ્માએ એ રીતે કહેલા દેવતાઓ, તાપ રહિત થઈને, વિશ્વરૂપ ઋષિની પાસે જઈ; તેને ભેટીને, પછી આ પ્રમાણે બોલ્યા. ॥૨૬॥—દેવતાઓ—તારા સુખવાળા આશ્રમમાં, અમે અતિથિ રૂપે આવેલા છીએ; હે બાપ, સમયને અનુસરીને, તારા વડિલો એવા અમોનું, કાર્ય તું સંપાદન કર્ય. ॥૨૭॥ હે બ્રાહ્મણ, છોકરાના બાપ થએલા સત્પુત્રોનો પણ, પરમધર્મ વડિલોની સેવા કરવી, એજ છે; તો પછી બ્રહ્મચારીઓનો તો એ ધર્મ હોય, તેમાં પુછવુંજ શું. ॥૨૮॥ આચાર્ય એટલે ગુરૂ, એ પરબ્રહ્મ ભગવાનનું સ્વરૂપ છે; પિતા, એ પ્રજાપતિ બ્રહ્માનું સ્વરૂપ છે; ભાઈ, એ મરૂતોના સ્વામી ઇંદ્રનું સ્વરૂપ છે; અને મા, એ સાક્ષાત પૃથ્વીનું સ્વરૂપ છે. ॥૨૯॥ બેહેન, એ દયાનું સ્વરૂપ છે; અતિથિ, એ ધર્મનું સ્વરૂપ છે; અભ્યાગત; એ અગ્નિનું સ્વરૂપ છે; અને સર્વ પ્રાણી માત્રમાં આત્મ સ્વરૂપથી ભગવાન રહેલા છે. ॥૩૦॥ એટલા માટે હે ભાઇ, દુઃખી થયેલા અમો, તારા વડિલોના; દુશ્મનોથી પરાભવ થવા રૂપ દુઃખનો; તું તારા તપવડે, નાશ કરય; અને તેમ કરવા વડે; એ તારા વડિલોની (કાકાઓની) એટલી આજ્ઞા માન્ય. ॥૩૧॥ અમે તારી પાસે એટલું માગીએછીએ કે, તું બ્રહ્મવેત્તા બ્રાહ્મણ, અમારો પુરોહિતથા: કે જેથી તારા તેજવડે, અમે દુશ્મનોને ઉતાવળેજ જીતી લેઇએ. ॥૩૨॥ હે બ્રાહ્મણ, વેદાધ્યયન અને બીજી એવીજ મહત્વની બાબતોમાં, ઉમર થકી મોટાઇ મનાતી નથી; માટે કાર્ય પ્રસંગે, નાની ઉમરનાને મોટાઓએ પગે લાગવું, એ નિંદા કરવાને યોગ્ય થતું નથી. ॥૩૩॥—શ્રીશુક—ત્યારે, એ રીતે દેવતાઓએ પુરોહિત થવાની માગણી કરેલા, મહા તપસ્વી વિશ્વરૂપે; પ્રસન્નતાથી તેમને સુંદર વાણી કહી કે. ॥૩૪॥—વિશ્વરૂપ—તમે, લોકના ઇશ્વર અને સ્વામીઓએ; ધર્મનાશીલવાળાઓએ જેની નિંદા કરેલી છે,—તથા જેનાથી બ્રહ્મતેજ ખપી જાય છે, એવું પુરોહિત પણું, કબુલ કરવાની મારી પાસે માગણી કરી છે; તે કામ, એવું હોવા છતાં પણ; હું તમારો સિષ્ય (પુત્ર) હોવાથી; તમારી એ

यंत्यभेद्यमंत्राभ्ग्रगुणामनुशिक्षितार्थाः॥ नविप्रगोविंदगवीश्वराणांभवंत्यभद्राणिनरेश्वराणां ॥२४॥ तद्विश्वरूपंभजताशुविप्रंतपस्विनंत्वाष्ट्रमथात्मवंतं॥सभाजितोऽर्थान्सविधास्यतेवोपदिक्षमिप्यध्वमुतास्यकर्म॥२५॥ श्रीशुक०तएवमुदिता[illegible]न्ब्रह्मणाविगतज्वराः॥ऋषिंत्वाष्ट्रमुपव्रज्यपरिष्वज्येदमब्रुवन् ॥२६॥ देवा०वयंतेऽतिथयःप्राप्ताआश्रमंभद्रमस्तुते॥कामःसंपाद्यतांतातपितॄणां[illegible]चितः ॥२७॥ पुत्राणांहिपरोधर्मःपितृशुश्रूषणंसतां॥ अपिपुत्रवतांब्रह्मन्किमुतब्रह्मचारिणां॥२८॥ आचार्योब्रह्मणोमूर्तिःपितामूर्तिःप्रजापतेः॥भ्रातामरुत्पतेर्मूर्तिर्मातासाक्षात्क्षितेस्तनुः ॥२९॥ दयायाभगिनीमूर्तिर्धर्मस्यात्मातिथिःस्वयं॥अग्नेरभ्यागतोमूर्तिःसर्वभूतानिचात्मनः ॥३०॥ तस्मात्पितॄणामार्तानामार्तिंपरपराभवं॥तपसापनयंस्तातसंदेशंकर्तुमर्हसि ॥३१॥ वृणीमहेत्वोपाध्यायंब्रह्मिष्ठंब्राह्मणंगुरुं॥यथांऽजसाविजेष्यामःसपत्नांस्तवतेजसा ॥३२॥ नगर्हयंतिह्यर्थेषुयविष्ठांघ्र्यभिवादनं॥ छंदोभ्योऽन्यत्रनब्रह्मन्वयोज्यैष्ठ्यस्यकारणं ॥३३॥ ऋषि०अभ्यर्थितःसुरगणैःपौरोहित्येमहातपाःसविश्वरूपस्तानाहप्रसन्नःश्लक्ष्णयागिरा ॥३४॥ विश्वरूप०विगर्हितंधर्मशीलैर्ब्रह्मवर्चउपव्ययं ॥ कथंनुमद्विधोनाथालोकेशैरभियाचितं ॥ प्रत्याख्यास्यतितच्छिष्यःसएवस्वार्थउच्यते ॥३५॥अकिंचनानांहिधनंशिलोंछनंतेनेहनिर्वर्तितसाधुसत्क्रियः॥कथंविगर्ह्यंनुकरोम्यधीश्वराःपौरोधसंहृष्यतियेनदुर्मतिः ॥३६॥ तथापिनप्रतिब्रूयांगुरुभिःप्रार्थितंकियत्॥भवतांप्रार्थितंसर्वंप्राणैरर्थैश्चसाधये॥॥३७॥ श्रीशुक०तेभ्यएवंप्रतिश्रुत्यविश्वरूपोमहातपाः॥पौरोहित्यंवृतश्चक्रेपरमेणसमाधिना॥३८॥ सुरद्विषांश्रियंगुप्तामौशनस्यापिविद्यया॥आच्छिद्याद[illegible]महेंद्रायवैष्णव्याविद्ययाविभुः॥३९॥ ययागुप्तःसहस्राक्षोजिग्येऽसुरचमूर्विभुः॥ तांप्राहसमहेंद्रायविश्वरूपउदारधीः ४० इ०भा०म०ष०सप्तमोऽध्यायः ॥७॥ राजा०ययागुप्तःसहस्राक्षःसवाहान्रिपुसैनिकान्॥ क्रीडन्निवविनिर्जित्यत्रिलोक्याबुभुजेश्रियं ॥१॥ भगवंस्तन्ममाख्याहिवर्मनारायणात्मकं॥ यथाततायिनःशत्रून्येनगुप्तोऽजयन्मृधे ॥२॥ श्रीशुक०वृतःपुरोहितस्त्वाष्ट्रोमहेंद्रायानुपृच्छते॥

માગણીની કેવી રીતે ના કહી શકું? (અર્થાત તમે મારા કાકા એટલે મુરબીઓ હોવાથી, હું તમારા વચનનું માન રાખીને, તે કબુલ કરૂંછું) અને તેમ કરવું એજ પોતાના કલ્યાણની વાત કહેવાય છે. ॥૩૫॥ શીલ અને ઉંછની આજીવિકા એજ; અકિંચન પુરૂષોનું ધન કહેવાય છે. અને આ લોકમાં સાધુ પુરૂષોએ શીલ અને ઉંછ વૃત્તી, મળેલા વડેજ; પોતાને કરવાની સત્ ક્રિયાઓ આદિ કરવાની સાથે; પોતાનો નિર્વાહપણ ચલાવવાનું છે. તોહે અધિશ્વરો (દેવો); દુષ્ટ બુદ્ધિવાળાઓ જેનાથી હર્ષ પામે છે, એવું અને નિંદા થવાને યોગ્ય, એવું પુરોહિતપણું, હું શાને માટે કરૂં? ॥૩૬॥ તોપણ તમો વડિલોએ તે મારી પાસે માગવાથી; હું તેની ના નહીં કહેતાં, તમારૂં માગેલું સર્વ; મારા પ્રાણથી; તથા સ્વધર્માચરણ રૂપી ધનથી, સંપાદન કરી આપીશ. ॥૩૭॥—શ્રીશુક—આ રીતે તેમને કહ્યા પછી, એ મહાતપસ્વી વિશ્વરૂપ, મોટી અને એકાગ્ર બુદ્ધિથી, તેમના પુરોહિતપણાનું કામ કરવા લાગ્યો ॥૩૮॥ અને તે સમર્થે વિષ્ણુની વિદ્યા (એટલે નારાયણ કવચ) વડે; દૈત્યોની લક્ષ્મી, કે જે શુક્રાચાર્યની વિદ્યાવડે રક્ષણ કરાયલી હતી. તે ઝુંટી લેઇને, ઇંદ્રને આપી. ॥૩૯॥ અને તે "નારાયણ કવચ" ની વિદ્યા, એ ઉદાર બુદ્ધિવાળા વિશ્વરૂપે, ઇંદ્રને શિખવવાથી; તે વડે રક્ષણ થયેલા સમર્થ ઇંદ્રે; અસુરોની સેનાને જીતી. ॥૪૦॥ ઇતિશ્રી ભાગવત છઠા સ્કંધનો સાતમો અધ્યાય સંપૂર્ણ. ॥૭॥

અધ્યાય ૮મો.—પરીક્ષિત—હે ભગવાન શુક, સર્વસ્વનું હરણ કરનારા, અને હથિઆરો ઉપાડીને મારવાને સામા આવેલા શત્રુઓ વાળા; સૈન્યના મુખીઓને, વાહનો સહિત રમત કરવાની પેઠે યુદ્ધમાં; જેના થકી રક્ષણ થવા વડે હરાવીને ઇંદ્રે જીત મેળવી; તથા ત્રિલોકની લક્ષ્મીને, ભોગવી; તે નારાયણ સ્વરૂપી બખતર, (નારાયણ કવચ) આપમને કહો. ॥૧-૨॥—શ્રીશુક—ઇંદ્રે પ્રશ્ન કરવાથી, પુરોહિત પણું કરનારા વિશ્વરૂપે; તેને, "નારાયણ" નામથી ઓળખાતું કવચ કહેલું છે; માટે તે તમે એક મનથી સાંભળો. ॥૩॥—વિશ્વરૂપ—કોઇ પ્રકારનું ભય આવેલું હોય, ત્યારે; હાથપગ ધોઇને, આચમન લેઇ, પવિત્રિઓ પેહેરી ઉત્તર દિશામાં મોઢું રા-

ધીને બેસવું; અને પછી વાણીને નિયમમાં રાખી, હાથના અને શરીરના અંગોના, ન્યાસ કરી શુદ્ધ થઇને; આ નારાયણમય કવચને, પહેરી લેવું. ॥૪॥ ૐ નમો નારાયણાય. એ પ્રકારના અક્ષરોનો, ઓંકારથી આદિ લેઇને; અનુક્રમથી; અથવા ય કારથી આદિ લેઇને, અવળા અનુક્રમથી; બેઉપગ, બેઉગોઠણ. બેઉસાથળ, પેટ, હૃદય, છાતી, મુખ, અને માથામાં; ન્યાસ કરવો. ॥૫॥ પછી ૐ નમો ભગવતે વાસુદેવાય. એબાર અક્ષરો વાળા મંત્રનો, ઓંકારથી અનુક્રમે; બેઉ હાથની આંગળીઓના છેડાઓમાં, અને બેઉ હાથના અંગુઠાની ઉપરના છેડાઓમાં, તથા તજેના છેડાઓમાં, ન્યાસ કરવો. ॥૬॥ પછી ૐ વિષ્ણવે નમઃ એ મંત્રના; ઓં'-કારનો હૃદયમાં, વિકારનો માથામાં, 'ષ'કારનો ભમરોના મધ્યમાં, 'ણુ'કારનો ચોટલીમાં, 'વે'કારનો આંખ્યો-માં, અને 'ન'કારનો સર્વ સંધિઓમાં; ન્યાસ કરવો; પછી 'મ'કારને અસ્ત્રાય ફટ એમ કહીને, તથા વિસર્ગને સર્વ દિશાઓમાં જોડીને; બુદ્ધિમાન પુરુષે, મંત્ર મૂર્તિ થવું. ॥૭-૮॥ તે પછી ધ્યાન કરવાને યોગ્ય—છ શક્તિ-ઓ વાળા—અને વિદ્યા, તેજ તથા તપના સ્વરૂપ વાળા પરમાત્માનું ધ્યાન કરીને, નીચે પ્રમાણેના "નારાયણ કવચના" મંત્રો બોલવા. ॥૯॥ "ઓં કાર સ્વરૂપ હરિ ભગવાન, જે ગરૂડની પીઠ ઉપર ચરણ કમળ મુકેલા અને શંખ, ચક્ર, ઢાલ, તરવાર, ગદા, બાણ. ધનુષ્ય અને પાશ, એ આઠ વાનાં આઠે હાથમાં ધારણ કરેલાછે તે આઠે સિદ્ધિઓવાળા—ભગવાન. મારૂં સર્વ પ્રકારે રક્ષણ કરજો. ॥૧૦॥ જળની અંદર વરૂણના પાશથી, અને જળના પ્રાણીઓ થકી, મત્સ્યાવતાર ભગવાન; મારૂં રક્ષણ કરજો. સ્થળને વિશે, અને અંતરિક્ષમાં, મા-યાથી બટુક બનેલા વિશ્વરૂપ અને ત્રિવિક્રમ વામનજી ભગવાન; મારૂં રક્ષણ કરજો. ॥૧૧॥ વનોમાં, અને સંગ્રામનાં મુખ વિગેરે સંકટના સ્થળોમાં; મોટા દૈત્યોના શત્રુ નૃસિંહ ભગવાન, કે જેમની મોટી ગર્જના થ-કી દિશાઓ ગાજી ઉઠીને, ગર્ભો પડી ગયા હતા; તે મારૂં રક્ષણ કરજો. ॥૧૨॥ પોતાની દાઢ વડે પૃથ્વીને, ઉપર લેઇ આવનારા, યજ્ઞસ્વરૂપ વરાહ ભગવાન; માર્ગોને વિશે, મારૂં રક્ષણ કરજો; પર્વતોનાં શિખરો આદિ-

नारायणाख्यंवर्माहतदिहैकमनाःशृणु ॥३॥ विश्वरूप • धौतांघ्रिपाणिराचम्यसपवित्रउदङ्मुखः॥ कृतस्वांगकरन्यासोमंत्राभ्यांवाग्यतःशु चिः॥नारायणमयंव[illegible]आगते ॥४॥ पादयोर्जानुनोरूर्वोरुदरेहृद्यथोरसि॥मुखेशिरस्यानु[illegible]र्व्यादोंकारादीनिविन्यसेत् ॥ ओंनमोना रायणायेतिविपर्ययमथापिवा॥५॥ करन्यासंततःकुर्याद्द्वादशाक्षरविद्यया॥ प्रणवादियकारांतमंगुल्यंगुष्ठपर्वसु॥६॥ न्यसेद्धृदयमोंकारंविका रमनुमूर्धनि॥ षकारंतुभ्रुवोर्मध्येणकारंशिखयादिशेत्॥ वेकारंनेत्रयोर्युंज्यान्न[illegible]र्वसंधिषु॥७॥ मकारमस्त्रमुद्दिश्यमंत्रमूर्तिर्भवेद्बुधः॥ स विसर्गंफडंतंतत्सर्वदिक्षुविनिर्दिशेत् ॥ ओं [illegible] महति॥८॥ आत्मानंपरमंध्यायेद्ध्येयंषट्शक्तिभिर्युतं ॥ विद्यातेजस्तपोमूर्तिमिमंमंत्रमुदाह रेत् ॥९॥ ॐहरिर्विदध्यान्ममसर्वरक्षांन्यस्तांघ्रिपद्मःपतगेंद्रपृष्ठे॥दरारिचर्मासिगदेषुचापपाशान्दधानोऽष्टगुणोऽष्टबाहुः॥१०॥जलेषुमांरक्ष तुमत्स्यमूर्तिर्यादोगणेभ्योवरुणस्यपाशात् ॥ स्थलेषुमायाबटुवामनोऽव्यात्त्रिविक्रमःखेऽवतुविश्वरूपः॥११॥दुर्गे[illegible]जिमुखादिषुप्रभुःपा यान्नृसिंहोऽसुरयूथपारिः॥विमुंचतोयस्यम[illegible]संदिशोविनेदुर्न्यपतं श्चगर्भाः॥१२॥रक्षत्वसौमाऽध्वनियज्ञकल्पःस्वदंष्ट्रयोन्नीतधरोवराहः॥ रामोऽद्रिकूटेष्वथविप्रवासेसलक्ष्मणोऽव्याद्भरताग्रजोऽस्मान्१३मामुग्रधर्मादखिलात्प्रमादान्नारायणःपातुनरश्चहासात्॥ दत्तस्त्वयोगादथ योगनाथःपायाद्गुणेशःकपिलःकर्मबंधात्॥१४॥ सनत्कुमारोऽवतुकामदेवाद्धयशीर्षामांपथिदेवहेलनात् ॥देवर्षिवर्यःपुरुषार्चनांतरात्कूर्मोह रिर्मांनिरयादशेषात् ॥१५॥ धन्वंतरिर्भगवान्पात्वपथ्याद्द्व[illegible]ऋषभोनिर्जितात्मा॥ यज्ञश्चलोकादवताज्जनांताद्बलोगणात्क्रोधवशादहीं द्रः ॥१६॥ द्वैपायनोभगवानप्रबोधाद्बुद्धस्तुपाखंडगणात्प्रमादात् ॥ कल्किःकलेःका[illegible]त्पातुधर्मावनायोरुकृतावतारः ॥१७॥ मांके शवोगदयाप्रातरव्याद्गोविंदआसंगवमात्तवेणुः॥नारायणःप्राण्हउदात्तशक्तिर्मध्यंदिनविष्णुर[illegible]द्रपाणिः ॥१८॥ देवोपराण्हेमधुहोग्रधन्वासा यंत्रिधामाऽवतुमाधवोमां॥दोषेहृषीकेशउतार्धरात्रेनिशीथएकोऽवतुपद्मनाभः ॥१९॥ श्रीवत्सधामाऽपररात्रईशःप्रत्यूषईशोऽसिधरोजना

વિકટ જગાઓમાં, પરશુરામ ભગવાન; મારૂં રક્ષણ કરજો; અને પ્રવાસ આદિને વિશે, ભરતના મોટા ભાઇ રામચંદ્ર ભગવાન, લક્ષ્મણ સહિત થઇને મારૂં રક્ષણ કરજો. ॥૧૩॥ સઘળા ઉગ્ર ધર્મ એટલે પ્રમાદ, આળસ, અને અભિચાર વિગેરે થકી, નારાયણ ભગવાન; અને ગર્વ થકી નર ભગવાન; મારૂં રક્ષણ કરજો; યોગના સ્વામી દત્તાત્રય ભગવાન, યોગાદિકમાં થતાં વિઘ્નો થકી; અને ગુણો એટલે ઇંદ્રિયાદિકના ઇશ્વર કપિલ ભગવાન, કર્મ બંધનો થકી; મારૂં રક્ષણ કરજો, ॥૧૪॥ સનત્કુમારો, મારૂં કામ થકી રક્ષણ કરજો; અને માર્ગાદિકને વિશે દેવતાઓ આદિનો અપરાધ થવા થકી, હયગ્રીવ ભગવાન; મારૂં રક્ષણ કરજો; પુરૂષ ભગવાનનું પૂજન આદિ કરવામાં થતા દોષો થકી મોટા દેવરૂષિ નારદજી; અને સર્વ પ્રકારનાં નરકો થકી, કૂર્મ અવતાર હ-રિભગવાન; મારૂં રક્ષણ કરજો. ॥૧૫॥ કુપથ્ય ખાવા થકી, ધન્વંતરી ભગવાન રક્ષણ કરજો; દ્વંદ્વો થકી, જીતેં-દ્રિય રૂષભદેવ ભગવાન, રક્ષણ કરજો; લોકાપવાદથી યજ્ઞ અવતાર ભગવાન, રક્ષણ કરજો; પ્રાણીઓ, આ-દિથી દુખ થવા થકી. બળભદ્ર ભગવાન, રક્ષણ કરજો;અને ક્રોધ વશ પ્રાણીઓ, સાપ આદિ થકી શેષ ભ-ગવાન, મારૂં રક્ષણ કરજો. ॥૧૬॥ અજ્ઞાન થકી, વેદ વ્યાસ ભગવાન, રક્ષણ કરજો; પાખંડ ગણોથી, અને પ્રમાદ થકી, બુદ્ધાવતાર ભગવાન, રક્ષણ કરજો; અને ધર્મના રક્ષણ સારૂં અવતાર ધરનારા, કલ્કી ભગવાન; કાળના મેલ રૂપ કલિ, (એટલે કજીઓ થવા,) થકી મારૂં રક્ષણ કરજો. ॥૧૭॥ કેશવ ભગવાન ગદા વડે, પ્રાતઃકાળમાં મારૂં રક્ષણ કરજો; વેણું ધરેલા ગોવિંદ ભગવાન, સંગવ કાળમાં રક્ષણ કરજો; સાંગ ધરેલા નારાયણ ભગવાન, પેહેલા પહોરમાં રક્ષણ કરજો; અને મધ્યાન્હ કાળમાં, હાથમાં ચક્ર ધરેલા વિષ્ણુ ભગ-વાન; રક્ષણ કરજો. ॥૧૮॥ ઉગ્ર ધનુષ્ય ધરેલા મધુહા ભગવાન, ત્રીજા પહોરમાં રક્ષણ કરજો; અને ચોથા પહોરમાં ત્રિધામા માધવ ભગવાન, રક્ષણ કરજો; હૃષીકેશ ભગવાન, રાતના પેહેલા પહોરમાં, (પ્રદોષ કાળ-માં) રક્ષણ કરજો; ને રાતના બીજા પહોરમાં પદ્મનાભ ભગવાન: રક્ષણ કરજો. ॥૧૯॥ શ્રી વત્સને ધરેલા

ઋષીકેશ ભગવાન, પાછલી રાત્રે; (ત્રીજા પહોરમાં;) અને તરવાર ધરેલા જનાર્દન ભગવાન, પરોઢીયે; (છેલ્લા પહોરમાં;) તથા દામોદર ભગવાન પ્રભાતમાં; અને કાળ મૂર્તિ વિશ્વેશ્વર ભગવાન, સઘળી સંધિઓમાં; મારૂં રક્ષણ કરજો. ॥૨૦॥ હે પ્રલય કાળના અગ્નિ જેવી તીક્ષ્ણ ધારવાળા ભગવાને મૂકેલા ચક્ર તું ચારે કોર ફરીને, વાયુ સહિત થઇ; અગ્નિ જેમ ખડને બાળે; તેમ શત્રુ સૈન્યને તુર્ત બાળી નાખ્ય. ॥૨૧॥ હે અજિત ભગવાનની પ્યારી અને વજ્ર સરખા સ્પર્શ વાળા તણખા વાળી ગદા, કુષ્માંડ–વૈનાયક–યક્ષ–રાક્ષસ–ભૂત–અને ગ્રહોનો, ભૂકો કરી નાંખ; અને શત્રુઓનું ચૂર્ણ કરય. ॥૨૨॥ હે કૃષ્ણ ભગવાને વગાડવાથી ભયંકર શબ્દ કરનારા ઉત્તમ શંખ; તું મોટો અવાજ કરીને, રાક્ષસો–પ્રમથ–પ્રેત––માતૃગણ–પિશાચ–બ્રહ્મરાક્ષસો–અને બીજા ઘોર દ્રષ્ટિ વાળા શત્રુઓનાં હૈયાને ધ્રુજાવીનાંખીને તેમને નસાડી મૂક્ય.॥૨૩॥ હે ઇશ્વર ભગવાને પ્રેરાયલા તીખી ધારવાળા ઉત્તમ ખડ્ગ; તું મારા શત્રુ સૈન્યને, કાપી નાંખ્ય; અને હે ચંદ્રમાના જેવાં સો મંડળો વાળી ઢાલ; તું દુષ્ટ અને પાપી શત્રુઓની આંખ્યોને ઢાંકીદે. ॥૨૪॥ ગ્રહોથી–કેતુઓથી–મનુષ્યોથી–પેટે ચાલનાર પ્રાણીઓથી–દાઢ વાળા પ્રાણીઓથી–અને બીજાં જે પાપો થકી અમને ભય ઉત્પન્ન થાય છે; તે સઘળાં, અમારા કલ્યાણમાં પ્રતિ કૂળ રહેનારાંઓ; આ ભગવાનનાં નામો રૂપ અસ્ત્રોનાં, કિર્તન થકીજ; તુર્ત ક્ષય પામજો. ॥૨૫॥–૨૬॥ વેદના સ્તોત્ર–સ્તોભ–અને છંદો મય ગરૂડ ભગવાન; સર્વ દુખો થકી અમારૂં રક્ષણ કરજો; વિશ્વકસેન ભગવાન, પોતાનાં નામ લેવા વડે, સર્વે આપદાઓમાંથી; અમારૂં રક્ષણ કરજો. ॥૨૭॥ હરિ ભગવાનનાં નામો–રૂપો–વાહનો–આયુધો–અને ભૂષણો–તથા પાર્ષદો; અમારાં મન–બુદ્ધિ–ઇંદ્રિય–અને પ્રાણનું રક્ષણ કરજો. ॥૨૮॥ સત્ અને અસત સર્વને વિશે વસ્તુતાએ ભગવાનજ રહેલા છે, એ વાતની સત્યતાએ

र्दनः॥दामोदरोऽव्यादनुसंध्यंप्रभातेविश्वेश्वरोभगवान्कालमूर्तिः॥२०॥ चक्रंयुगांतानलतिग्मनेमिभ्रमत्समंताद्भग[illegible] ॥ दंदग्धिदंदग्ध्य रिसैन्यमाशुकक्षंयथावातसखोहुताशः॥२१॥ गदेऽशनिस्पर्शनविस्फुलिंगेनिष्पिंढिनिष्पिंढ्यजितप्रियाऽसिकूश्मांडवैनायकयक्षरक्षो भूतग्र हांश्चूर्णयचूर्णय[illegible] ॥२२॥ त्वंयातुधानप्रमथप्रेतमातृपिशाचविप्रग्रहघोरदृष्टीन्॥दरेंद्रविद्रावयकृष्णपूरितोभीमस्वनोऽरेर्हृदयानिकंपयन् ॥२३॥ त्वंतिग्मधाराऽसिवरारिसैन्यमीशप्रयुक्तोममछिंधिछिंधि॥चर्मञ्छतचंद्रछादयद्विषामघोनांहरपापचक्षुषां ॥२४॥ यन्नोभयंग्र हेभ्योऽभूत्केतुभ्योनृभ्यएवच॥सरीसृपेभ्योदंष्ट्रिभ्यस्तथाअंहोभ्यएववा ॥२५॥ सर्वाण्येतानिभगवन्नामरूपास्त्रकीर्तनात् ॥प्रयांतुसंक्षयंस द्योयेनःश्रेयःप्रतीपकाः ॥२६॥ गरुडोभगवान्स्तोत्रस्तोभश्छंदोमयःप्रभुः॥रक्षत्वशेष[illegible]च्छ्रभ्यो विष्वक्सेनःस्वनामभिः ॥२७॥ सर्वापद्भ्योह रेर्नामरूपयानायुधानिनः॥बुद्धींद्रियमनःप्राणान्पांतुपार्षदभूषणाः ॥२८॥ यथाहिभगवानेववस्तुतःसदसच्चयत् ॥सत्येनानेननःसर्वेयांतुना शमुपद्रवाः ॥२९॥ यथैकात्म्यानुभावानांविकल्परहितःस्वयं॥भूषणायुधलिंगाख्याधत्तेशक्तीःस्वमायया ॥३०॥ तेनैवसत्यमानेनसर्वज्ञोभ गवान्हरिः॥पातुसर्वैःस्वरूपैर्नःसदासर्वत्रसर्वगः ॥३१॥ विदिक्षुदिक्षूर्ध्वमधःसमंतादंतर्बहिर्भगवान्नारसिंहः॥प्रहापयँल्लोकभयंस्वनेनस्वतेज साग्रस्तसमस्ततेजाः ॥३२॥ मघवन्निदमाख्यातंवर्मनारायणात्मकं॥ विजेष्यस्यंजसायेनदंशितोऽसुरयूथपान्॥३३॥एतद्धारयमाणस्तुयंयं पश्यतिचक्षुषा ॥पदावासंस्पृशेत्सद्यःसाध्वसात्सविमुच्यते॥३४॥ नकुतश्चिद्भयंतस्यविद्यांधारयतोभवेत्॥ राजदस्युग्रहादिभ्योव्याघ्रादिभ्य श्चकर्हिचित्॥३५॥ इमांविद्यांपुराकश्चित्कौशिकोधारयन्द्विजः ॥ योगधारणयास्वांगंजहौसमरुधन्वनि॥३६॥तस्योपरिविमानेनगंधर्वपतिरे कदा॥ययौचित्ररथःस्त्रीभिर्वृतोयत्रद्विजक्षयः ३७ गगनान्न्यपतत्सद्यःसविमानोह्यवाक्शिराः॥सवालखिल्यवचनादस्थीन्यादायविस्मितः ॥ प्रास्यप्राचीसरस्वत्यांस्नात्वाधामस्वमन्वगात् ॥३८॥ श्रीशुक०यइदंशृणुयात्कालेयोधारयतिचादृतः॥तंनमस्यंतिभूतानिमुच्यतेसर्वतो भयात्॥३९॥एतांविद्यामधिगतोविश्वरूपाच्छतक्रतुः॥त्रैलोक्यलक्ष्मींबुभुजेविनिर्जित्यमृधेऽसुरान्॥४०॥ इ०भा०म०ष०अ०ऽध्यायः ८

કરીને; અમોને થતા સઘળા ઉપદ્રવો નાશ પામજો. ॥૨૯॥ અને એકજ આત્મ સ્વરૂપ ભગવાન પોતે વિકલ્પ રહિત હોવાનો અનુભવ આત્મજ્ઞાનીઓને થનારા, સર્વજ્ઞ હરિ ભગવાન પોતાની માયા શક્તિ વડે; ભૂષણો–આયુધો–અને બીજાં ચિન્હો વિગેરે નામો વાળા થાય છે; એ વાતની સત્યતાએ કરીને, એ સર્વવ્યાપક ભગવાન; સર્વ સ્થળે–સર્વ સ્વરૂપોથી–અને હમેશાં; સઘળાઓ થકી, અમારૂં રક્ષણ કરજો. ॥૩૦॥–૩૧॥ દિશાઓમાં–ખુણાઓમાં–ઉપર–નીચે–અંદર–બહાર–અને ચારે કોર; ગર્જના કરવા વડે લોક માત્રના ભયને મટાડનારા; અને પોતાના તેજથી સર્વના તેજને ગળી જનારા; નૃસિંહ ભગવાન; અમારૂં રક્ષણ કરજો." ॥૩૨॥ હે ઇંદ્ર, આ રીતે મેં તમને નારાયણ સ્વરૂપ કવચ કહેલું છે; જેને ધારણ કરવાથી, તમો અસુરોના મુખીઓને, સહેજમાં જીતશો॥૩૩॥ આ નારાયણ કવચ ધારણ કરનારાને, જે કોઇ આંખ્યથી જુવે; અથવા તેના પગનો સ્પર્શ કરે, તે પણ તુર્તજ ભય થકી મુક્ત થાયછે. ॥૩૪॥ આ વિદ્યાને ધારણ કરનારાને, રાજા ચોર–ગ્રહો–તથા વાઘ આદિ જનાવરો થકી પણ; કોઇ સ્થળે, અને કદીએ, ભય ઉત્પન્ન થતું નથી. ॥૩૫॥ પૂર્વે આ વિદ્યાને ધારણ કરનારા કોઇ કૌશિક ગોત્રનાં બ્રાહ્મણે, યોગ ધારણા કરીને; પોતાનું શરીર મારવાડ દેશમાં છોડીદીધું હતું. ॥૩૬॥ એકવાર સ્ત્રીઓથી વિંટાયલો ગંધર્વોનો અધિપતિ વિમાનમાં બેસી એ બ્રાહ્મણનો દેહ પડેલી જગા ઉપર થઇને જતાં, આકાશમાંથી ઉંધે માથે વિમાન સુધાં એકાએક ત્યાં પડી ગયો હતો; અને પછીથી વાલખિલ્ય રૂષિઓના કહેવાથી, વિસ્મય પામેલા તેણે એ બ્રાહ્મણનાં હાડકાં ત્યાં થકી ઉપાડી લેઇને, પ્રાચીસરસ્વતીમાં નાંખી; તેમાં સ્નાન કરવાથી, પાછો પોતાના સ્થાનકે જવાને પામ્યો હતો.॥૩૭ ૩૮॥–શ્રીશુક–જે કોઇ આદર સહિત આ કવચને, સવાર–સાંજ અગર મધ્યાન્હે સાંભળે; અગર ધારણ કરે; તેને પ્રાણીમાત્ર નમે; તથા તે સર્વ ભય થકી મૂકાય. ॥૩૯॥ વિશ્વરૂપ પાસેથી, આ વિદ્યા પામીને ઇંદ્રે; યુદ્ધમાં દૈત્યોને હરાવીને, ત્રૈલોક્યની લક્ષ્મીને ભોગવી હતી ॥૪૦॥ઇ. શ્રી. ભા. છઠા. સ્કંધનો આઠમો અ. સંપૂર્ણ ॥૮॥

અધ્યાય ૯ મો.—શ્રીશુક—હે પરિક્ષિત, એ વિશ્વરૂપને ત્રણ માથાં હતાં; એક શોમપાન કરવાનું, બીજું સુરાપાન કરવાનું, અને ત્રીજું અન્નખાવાનું; એમ સાંભળેલ છે. ॥૧॥ હે રાજા, એ વિશ્વરૂપ, યજ્ઞમાં તેના પિતૃદેવોને વિનયસહિત ઉંચાસ્વરથી બોલીને પ્રત્યક્ષ ભાગ આપતો હતો; અને માના સ્નેહને લીધે, યજમાનમાંથી કાઢી લીધેલા ભાગ; છાંનીરીતે દૈત્યોને આપતો હતો. ॥૨–૩॥ તેનું ધર્મકાર્યમાં આ રીતનું કપટ, અને દૈત્યોની અવગણના જોવાથી ભયપામેલા ઇંદ્રે; ક્રોધકરીને ઉતાવળેજ તેનાં માથાં કાપી નાખ્યાં. ॥૪॥ ત્યારે સોમરસ પીવાના માથાથકી કપિંજલપક્ષી થયો, સુરાપાનવાળા માથા થકી કલવિંક પક્ષી થયો, અને અન્ન ખાવાના માથા થકી તેતરપક્ષી થયો. ॥૫॥ એ ઈંદ્રસમર્થ હતા, તો પણ એ બ્રહ્મહત્યાને તેમણે એક વરસ સુધી સ્વીકાર કર્યા પછી, એ પાપથી શુદ્ધ થવા માટે; તેના ચાર ભાગ કરીને; ભૂમિ–જળ–ઝાડ–અને સ્ત્રી એમને એકેકો ભાગ વહેંચી આપ્યો. ॥૬॥ ભૂમિએ પોતામાં ખાડા પડે, તે પુરાઈજવાની બોલીથી; ચોથો ભાગ લીધો; પૃથ્વીને વિશે, ખારી જમીન દેખાય છે; તે એ બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે. ॥૭॥ ઝાડોએ પોતાને કાપ્યા છતાં, ફરીથી ફુટવાની બોલીથી; ચોથો ભાગ લીધો: તેમનામાંથી, ગુંદર ઝરે છે, તે, બ્રહ્મહત્યાનો ભાગ છે. ॥૮॥ સ્ત્રીએ, સર્વકાળ મૈથુન કરી શકાવાની બોલીથી; ચોથો ભાગ લીધો; સ્ત્રીને મહિને મહિને ઋતુ આવેછે; તે એ બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે. ॥૯॥ જળે પોતાને વાવ્ય કુવા આદિમાંથી કાઢીલીધા છતાં, પ્રથમ પ્રમાણેજ ભરાઈજવાની બોલીથી; ચોથો ભાગ લીધો. પાણીમાં પરપોટા અને ફીણ થાય છે; તે, એ બ્રહ્મહત્યાનું સ્વરૂપ છે; તેથી એ પરપોટા અને ફીણ પાણીમાંથી જે કાઢીનાંખે; તે બ્રહ્મહત્યાને મટાડે છે. ॥૧૦॥ પછી પોતાનો પુત્ર વિશ્વરૂપ મરણ પામેલા ત્વષ્ટાએ, ઇંદ્રના શત્રુ ઉત્પન્ન કરવા સારૂં; હે ઇંદ્રશત્રુ, વૃદ્ધી પામ્ય; અને જલદીજ

श्रीशु०तस्यासन्विश्वरूपस्यशिरांसित्रीणिभारत॥सोमपीथंसुरापीथमन्नादमितिशुश्रुम१ सर्वैर्बर्हिषिदेवेभ्योभागंप्रत्यक्षमुच्चकैः॥अवदद्यस्य पितरोदेवाःसप्रश्रयंनृप २ सएवहिददौभागंपरोक्षमसुरान्प्रति॥यजमानोवहद्भागंमातृस्नेहवशानुगः ३ तद्देवहेलनंतस्यधर्मालीकंसुरेश्वरः॥ आलक्ष्यतरसाभीतस्तच्छीर्षाण्यच्छिनद्रुषा ॥४॥ सोमपीथंतुयत्तस्यशिरआसीत्कपिंजलः॥ कलविंकःसुरापीथमन्नादंयत्सतित्तिरिः ॥५॥ ब्रह्महत्यामंजलिनाजग्राहयदपीश्वरः॥संवत्सरांतेतदघंभूतानांसविशुद्धये॥ भूम्यंबुद्रुमयोषिद्भ्यश्चतुर्धाव्यभजद्धरिः ॥६॥ भूमिस्तुरीयंजग्राह खातपूरवरेणवै॥ ईरणंब्रह्महत्यायारूपंभूमौप्रदृश्यते ॥७॥ तुर्यंछेदविरोहेणवरेणजगृहुर्द्रुमाः ॥ तेषांनिर्यासरूपेणब्रह्महत्याप्रदृश्यते ॥८॥ शश्वत्कामवरेणांहस्तुरीयंजगृहुःस्त्रियः ॥ रजोरूपेणतास्वंहोमासिमासिप्रदृश्यते॥९॥ द्रव्यभूयोवरेणापस्तुरीयंजगृहुर्मलं ॥ तासुबुद्बुदफेनाभ्यांदृष्टंतद्धरतिक्षिपं॥१०॥ हतपुत्रस्ततस्त्वष्टाजुहावेंद्रायशत्रवे ॥ इंद्रशत्रोविवर्धस्वमाचिरंजहिविद्विषं ॥११॥ अथान्वाहार्यपचनादुत्थितो घोरदर्शनः॥ कृतांतइवलोकानांयुगांतसमयेयथा॥१२॥ विष्वग्विवर्धमानंतमिषुमात्रंदिनेदिने॥ दग्धशैलप्रतीकाशंसंध्याभ्रानीकवर्चसं॥ ॥१३॥ तप्ततामशिखाश्मश्रुंमध्यान्हार्कोग्रलोचनं॥१४॥ देदीप्यमानेत्रिशिखेशूलआरोप्यरोदसी॥ नृत्यंतमुन्नदंतंचचालयंतंपदामहीं १५ दरीगंभीरवक्त्रेणपिबताचनभस्तलं॥ लिहताजिव्हयर्क्षाणिग्रसताभुवनत्रयं॥१६॥ महतारौद्रदंष्ट्रेणजृंभमाणंमुहुर्मुहुः॥वित्रस्तादुद्रुवुर्लोकावी क्ष्यसर्वेदिशोदश॥१७॥ येनावृताइमेलोकास्तमसात्वाष्ट्रमूर्तिना॥सवैवृत्रइतिप्रोक्तःपापःपरमदारुणः॥१८॥ तंनिजघ्नुरभिद्रुत्यसगणा वि बुधर्षभाः॥स्वैःस्वैर्दिव्यास्त्रशस्त्रौघैःसोऽग्रसत्तानिकृत्स्नशः॥१९॥ ततस्तेविस्मिताःसर्वेविषण्णाग्रस्ततेजसः ॥ प्रत्यंचमादिपुरुषमुपतस्थुःस माहिताः॥२०॥देवा०वाय्वंबराग्न्यपक्षितयस्त्रिलोकाब्रह्मादयोयेवयमुद्विजंतः॥हरामयस्मैबलिमंतकोऽसौबिभेतियस्मादरणंततोऽस्तुनः२१ अविस्मितंतंपरिपूर्णकामंस्वेनैवलाभेनसमंप्रशांतं ॥ विनोपसर्पत्यपरंहिबालिशःश्वलांगुलेनातितितर्तिसिंधुं॥२२॥यस्योरुशृंगेजगतींस्वना वंमनुर्यथाबध्यततारदुर्गं॥ सएवनस्त्वाष्ट्रभयाद्दुरंतात्त्राताश्रितान्वारिचरोऽपिनूनं॥२३॥ पुराऽस्वयंभूरपिसंयमांभस्युदीर्णवातोर्मिरवैःकराले॥

શત્રુને મારય. " એવા અર્થનો મંત્ર બોલીને, અગ્નિમાં હોમ કર્યો. ॥૧૧॥ તેથી દક્ષિણાગ્નિમાંથી, એક ભયંકર સ્વરૂપનો અને યુગના અંતે લોકનો અંત આણનાર પ્રકટ થયેલા કાળસરખો; એક પુરુષ નીકળ્યો ॥૧૨॥ તે રોજ રોજ ચારે તરફ એક એક તીરવા વધતો હતો; તથા સંધ્યાકાળના સરખો તેજસ્વી, અને બળી ગયેલા પર્વત સરખો કાળો હતો. ॥૧૩॥ તેનાં દાઢી–મૂંછ–અને ચોટીના વાળ, તપાવેલા તાંબા જેવા હતા; અને મધ્યાન્હના સૂર્યજેવી ઉગ્ર આંખ્યો હતી. ॥૧૪॥ અને તેણે અત્યંત પ્રકાશિત ત્રણ ફળાં વાળા ત્રિશૂળમાં, પૃથ્વી તથા અંતરિક્ષને પરોવ્યાની પેઠે; તે નાચતો–ગરજતો–અને પગવડે ધરતીને ધ્રુજાવતો હતો.॥૧૫॥ મોટા અને ઉંડામોઢાથી આકાશને જાણે, તે પીજતો હતો; નક્ષત્રોને જાણે, જીભથી ચાટતો હતો; અને ત્રણે લોકને જાણે, ગળી જતો હતો. ॥૧૬॥ તથા મોટી અને ભયંકર દાઢોથી, વારંવાર બગાસાં ખાતો હતો; તેથી સર્વે લોક ત્રાસ પામીને, તેને જોવાથી; દશે દિશાઓમાં ભાગી ગયા. ॥૧૭॥ એ ત્વષ્ટાના પુત્રના અંધકારમય શરીરથી, આ સઘળા લોક ઘેરાઈ જવાથી; એ પાપી અને પરમ દારૂણ પુરુષનું નામ, " વૃત્ર, " કહેવાયું. ॥૧૮॥ પછી મોટા મોટા દેવતાઓએ, પોતાનાં સૈન્યો સહિત તેના ઉપર દોડીને, પોતાનાં દિવ્યઅસ્ત્રો અને શસ્ત્રોના સમુદાયોથી; તેને મારવા લાગતાં; તે તેમનાં સઘળાં હથિયારોને પણ ગળીજવા લાગ્યો. ॥૧૯॥ તેથી વિસ્મય અને ખેદ પામેલા, તથા નિસ્તેજ થયેલા, સર્વ દેવતાઓ; આદિપુરુષ અંતર્યામિ ભગવાન પાસે જઈને, એક ચીત થઈ; સ્તુતિ કરવા લાગ્યા કે. ॥૨૦॥—દેવો–વાયુ–આકાશ–અગ્નિ–જળ–પૃથ્વી–ત્રણે લોક–બ્રહ્માદિક–અને અમે પણ; ભય પામીને જેની આજ્ઞા પ્રમાણે ચાલીએ છીએ; તેવો કાળ પણ, જેનાથકી બીહે છે; તે પરમેશ્વર અમારા રક્ષક થજો. ॥૨૧॥ અહંકાર વિનાના–સમદૃષ્ટિ– અને શાંત તથા આત્મ સ્વરૂપના લાભથીજ પૂર્ણકામ; આપ પરમાત્માને તજીને, જે કોઈ બીજાનું શરણ લેછે; તે અજ્ઞાની, કુતરાનું પુંછડું ઝાલીને, સમુદ્ર તરવાને ઇચ્છેછે. ॥૨૨॥ જેના મોટા શિંગડા સાથે મનુએ પૃથ્વીરૂપ પોતાના નાવને; બાંધીનેદુર્ગમ

સંકટનો, તે, તરી ગયા હતા; એ મહાત્મ્ય પામનાર ભગવાન; તેમનોજ આશ્રય કરનારા, અમારાંઓનું આ વૃત્રાસુરના ભયરૂપ સંકટથી; ખચીત રક્ષણ કરનારા થશે. ॥૨૩॥ પૂર્વે ભારે પવનના સપાટાથી ઉછળેલા મોજાઓના સમૂહથી વિકરાળ થયેલા પ્રલયના જળમાં કમળ ઉપરથી પડી ગયેલા બ્રહ્મા, એકલાજ હતા; છતાં જેની સહાયતાથી સંકટ મુક્ત થયા હતા; તે ભગવાન, અમને આ સંકટમાંથી તારજો. ॥૨૪॥ જે ઈશ્વરે એકલાએજ, પોતાની માયાથી અમને સરજ્યા છે; ને જેના અનુગ્રહવડે અમે દેવો, તેમણે પ્રથમ સરજેલા વિશ્વને સરજીએ છીએ; એ રીતે એ પ્રથમ પ્રથમથી અમારી તૈયારી કરી આપનાર હોવાં છતાં; જુદાજુદા સ્વામિત્વનું અમે અભિમાન કરવા વડે, તેના સ્વરૂપને જાણી શકતા નથી. ॥૨૫॥ અને વળી જે પોતે નિત્ય એટલે અજન્મા હોવા છતાં; પ્રત્યેક યુગમાં, અમે દુશ્મનો થકી ઘણા ઘણા હેરાન થતી વખતે, દેવ-ઋષિ-પશુ-પક્ષી-તથા મનુષ્યોને વિષે, પોતાની માયા વડે અવતારો ધરીને; શરીર ધારી થઈને, અમને પોતાના લેખી; અમારૂં રક્ષણ કરે છે. ॥૨૬॥ એવાતે પ્રધાન રૂપ, તથા વિશ્વરૂપ, અને વિશ્વ થકી અન્ય પણ; તથા પ્રધાન થકી પર, એવા પુરૂષ રૂપ; અને અમારા આત્મ દૈવત ભગવાન; કે જે સર્વ કોઈએ શરણ જવાને યોગ્ય છે; તેમના શરણમાં અમો બધા દેવો જઈએ છીએ; જેથી એ મહાત્મા, પોતાના એવા અમોને; નિશ્ચે કલ્યાણ કરશેજ. ॥૨૭॥-શ્રીશુક-હે પરીક્ષિત, એ પ્રમાણે દેવતાઓએ સ્તુતિ કરવાથી, પશ્ચિમ દિશા તરફથી, શંખ-ચક્ર-અને ગદાને ધરનારા; તથા શરદ ઋતુનાં ઉઘડેલાં કમળ સરખી આંખોવાળા ભગવાન; પોતાના સરખાજ, પણ માત્ર કૌસ્તુભમણિ સિવાયના; સોળ પાર્ષદોથકી સેવ્ય થતા; ત્યાં પ્રકટ થયા. ॥૨૮-૨૯॥ તેમને દેખીને જોવાના આનંદથી વિહ્વળ થયેલા; સર્વે દેવો, લાકડીની પેઠે, ધરતી ઉપર પડીને; તેમને પગે લાગ્યા; અને પછીથી ધીમે ધીમે સ્તુતિ કરવા લાગ્યા કે ॥૩૦॥-દેવતાઓ-યજ્ઞરૂપ પરાક્રમવાળા-કાળ સ્વરૂપ-હાથમાં ચક્ર ધરેલા-તથા ઘણાં અને સુંદર નામોવાળા આપને અમે વારંવાર નમસ્કાર કરીએ છીએ. ॥૩૧॥ ત્રણ ગુ-

एकोरविंदात्पतितस्तत्रारतस्माद्भयाद्येनसनोऽस्तुपारः ॥२४॥ यएककर्ईशोनिजमाययानःससर्जयेनानुसृजामविश्वं॥ वयंनयस्यापिपुरःसमीहतःपश्यामलिंगंपृथगीशमानिनः॥२५॥ योनःसपत्नैर्भृशमर्द्यमानान्देवर्षितिर्यङ्नृषुनित्यएव ॥ कृतावतारस्तनुभिःस्वमायया कृत्वात्मसात्पातियुगेयुगेच॥२६॥ तमेवदेवंवयमात्मदैवतंपरंप्रधानंपुरुषंविश्वमन्यं॥ व्रजामसर्वेशरणंशरण्यंस्वानांसनोधास्यतिशंमहात्मा ॥२७॥ श्रीशुक० इतितेषांमहाराजसुराणामुपतिष्ठतां॥प्रतीच्यांदिश्यभूदाविःशंखचक्रगदाधरः॥२८॥ आत्मतुल्यैःषोडशभिर्विनाश्रीवत्सकौस्तुभौ॥ पर्युपासितमुन्निद्रशरदंबुरुहेक्षणं॥२९॥ दृष्ट्वातमवनौसर्वेईक्षणाल्हादविक्लवाः॥ दंडवत्पतिताराजञ्छनैरुत्थायतुष्टुवुः॥३०॥ देवा०नमस्तेयज्ञवीर्यायवयसेउततेनमः॥ नमस्तेह्यस्तचक्रायनमःसुपुरुहूतये ॥३१॥ यत्तेगतीनांतिसृणामीशितुःपरमंपदं ॥ नार्वाचीनोविसर्गस्यधातर्वेदितुमर्हति॥३२॥ ॐनमस्तेऽस्तुभगवन्नारायणवासुदेवादिपुरुषमहापुरुषमहानुभावपरममंगलपरमकल्याणपरमकारुणिककेवलजगदाधारलोकैकनाथसर्वेश्वरलक्ष्मीनाथपरमहंसपरिव्राजकैः परमेणात्मयोगसमाधिनापरिभावितपरिस्फुटपारमहंस्यधर्मेणोद्घाटिततमःकपाटद्वारेचित्तेऽपावृतआत्मलोकेस्वयमुपलब्धनिजसुखानुभवोभवान् ॥३३॥ ॥१॥दुरवबोधइवतवायंविहारयोगोयदशरणोऽशरीरइदमनवेक्षितास्मत्समवायआत्मनैवाविक्रियमाणेनसगुणमगुणःसृजसिपासिहरसि॥३४॥ ॥२॥ अथतत्रभवान्किंदेवदत्तवदिहगुणविसर्गपतितःपारतंत्र्येणस्वकृतकुशलाऽकुशलंफलमुपाददात्याहोस्विदात्मारामउपशमशीलःसमंजसदर्शनउदास्तइतिहवावनविदामः॥३५॥ ॥३॥नहिविरोधउभयंभगवत्यपरिगणितगुणगणईश्वरेऽनवगाह्यमाहात्म्येऽर्वाचीनविकल्पवितर्कविचारप्रमाणाभासकुतर्कशास्त्रकलिलांतःकरणाश्रयदुरवग्रहवादिनांविवादानवसरउपरतसमस्तमायामयेकेवल एवात्ममायामंतर्धायकोन्वर्थोदुर्घटइवभवतिस्वरूपद्वयाभावात् ॥३६॥ ॥४॥ समविषममतीनांमतमनुसरसियथारज्जुखंडःसर्पादिधियां॥३७॥ ॥५॥ सएवहिपुनःसर्ववस्तुनिवस्तुस्वरूपःसर्वेश्वरःसकलजगत्कारणका

ણોના સ્વામી આપના પરમપદરૂપ સ્વરૂપને જાણવાને માટે તો; બ્રહ્માએ કરેલી હાલની સૃષ્ટિનો કોઈ પુરૂષ, યોગ્ય નથી. ॥૩૨॥ હે ઓંકાર સ્વરૂપ-નારાયણ-વાસુદેવ-આદિ પુરૂષ-મહા પુરૂષ-મહાનુભાવ-પરમ મંગળરૂપ-પરમ કલ્યાણરૂપ-અત્યંત દયાળુ-કેવળ-જગતના આધાર-લોક માત્રના અધિપતિ-સર્વના ઈશ્વર-લક્ષ્મીનાપતિ-અને પરમહંસોને સમાધાના સ્થાનરૂપ-આપ ભગવાન; કે જે, પરમહંસોના ધર્મથી; તેઓએ સ્વરૂપના ધ્યાન રૂપ સમાધિ વડે સારી રીતે અભ્યાસ કરેલ સ્ફુટ ભજનથી; અજ્ઞાનરૂપી કમાડ ઉઘડીને, ચિત્તમાં પ્રત્યક્ષ જણાઈને; આત્મ સ્વરૂપનો અનુભવ થયાના સુખને આપનાર છો; તેમને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૩૩-૧॥ આપ, શરીર રહિત-બીજાના આશ્રય વિનાના અને નિર્ગુણ સ્વરૂપ હોવા છતાં, પોતે વિકાર રહિત રહીને, અમારા સરખાઓની ગરજ નહીં રાખતાં, આ સગુણ સ્વરૂપ જગતને સરજોછો-પાળોછો-અને સંહાર કરોછો; માટે આપના લીલાનો આ પ્રકાર, સમજી શકાય તેવો નથી. ॥૩૪-૨॥ દેવદત્ત નામનો પ્રાકૃત પુરૂષ, જેમ ગુણોના વિસર્ગમાં પડીને; પરતંત્રપણાથી પોતે કરેલાં શુભ અને અશુભ કર્મોનાં ફળોને ભોગવે છે; તેમ આત્મારામ-ઉપશમના શીલવાળા-અને સર્વથકી ઉદાસિન સરખા રહી; સર્વને જાણનારા, એવા આપને શા માટે થતું નથી; તે અમે જાણતા નથી. ॥૩૫-૩॥ અનંત ગુણોવાળા અને અતિ ગંભીર મહિમાવાળા, તથા માયાના સઘળા પદાર્થો થકી, ઉપરામ પામેલા; આપના કેવળ સ્વરૂપમાં; સંશય અને ઉલટા વિચારોવાળાં, તથા કલ્પિત પ્રમાણો અને તેઓને ટેકો આપનારા કુતર્કોવાળાં; શાસ્ત્રોથકી, મન ભમડીને, તેની અંદર દુરાગ્રહ બંધાવેલા; લોકોને વાદવિવાદ કરવાનો, અવસર મળે છે ખરો; પણ આપના એ સ્વરૂપમાં દ્વૈતનો અભાવ હોવાથી, અને માયાનો પડદો વચમાં પડવાને લીધે; કોઈ પણ રીતનો અર્થ કરવાનું અસંભવિત નથી. તેથી એ બંને રીતે ઘટવામાં, કોઈ રીતનો વિરોધ આવવા જેવું નથીજ. ॥૩૬-૪॥ એટલે એ સારી અગર નરસી બુદ્ધિવાળાઓના મતને; જેમ દોરડીનો કકડો, સાપ વિગેરે માનનારની બુદ્ધિના મતનેજ, અનુસરે છે; તેમ આપનું સ્વરૂપ પણ

સર્વને અનુસરે છે. ॥૩૭-૫॥ એવી રીતે જૂદી જૂદી બુદ્ધિવાળાઓને, જુદા જુદા રૂપે જણાતા આપ સર્વ વસ્તુ માત્રને વિષે તત્વરૂપે છો—સર્વના ઇશ્વરછો.—આખા જગતનાં કારણોના પણ કારણરૂપ—અને સર્વને વિષે અંતર્યામિપણાથી રહેલા છતાં, સર્વને પ્રકાશ કરવા વડેજ જણાઓછો: એવા; માયાને વચ્ચેથી કાઢી નાંખવા પછી, બાકી અવશેષ આપ એકજ રહોછો. ॥૩૮-૬॥ એટલા માટે આપના મહિમા રૂપ અમૃત રસના સમુદ્રનું પાન કરેલા, મનને વિષે: ઝરવા કરતાં અખંડિત સુખવડે; આ લોક તથા પરલોકનાં તુચ્છ સુખોને વિસરી ગયેલા, પરમભગવતી એકાંતિક ભક્તો; જેઓ પોતાનું કલ્યાણ સમજવામાં કુશળ, અને આપનેજ પોતાના પ્રિય બંધુરૂપ માનનારા સાધુ પુરૂષો છે: તેઓનાં મન બીજા સર્વથકી નિવૃત્ત થઇને; સર્વ પ્રાણી માત્રને પ્રિય-બંધુરૂપ—તથા સર્વના આત્મારૂપ, આપને વિષેજ નિરંતર રહેવાથી, તેઓ પરમ સુખી થયેલા હોય છે; તેવાઓ આપના ચરણારવિંદની સેવા, કે જેથી આ સંસારમાં વારંવાર આવવાનું મટે છે; તેને કેમજ છોડે. ॥૩૯-૭॥ હે ત્રણે લોકના આત્મા અને પાલન કરનારા—ત્રિવિક્રમ—ત્રિનયન—ત્રણે લોકમાં મનોહર પ્રભાવવાળા—અને દંડને ધારણ કરનારા,—એવા આપે; દૈત્ય અને દાનવો પણ આપનીજ વિભૂતિઓ હોવા છતાં, તેમના ઉદ્યમનો અવસર નથી; એમ જાણી, પોતાની માયાથી, દેવ—મનુષ્ય—પશુ—મિશ્રિત—અને જળચર વિગેરેના સ્વરૂપોવાળા થઇને; તેમને જેનો જેવો અપરાધ, તે પ્રમાણે દંડ આપેલો છે. તે રીતેજ આપ ભગવાનને જો યોગ્ય લાગે તો, આ વૃત્રાસુરને પણ આપ મારો. ॥૪૦-૮॥ અને હે પિતા તથા પિતામહ, અમે જેઓ આપનાજ, આપને નમસ્કાર કરનારા—હૃદયમાં આપના ચરણારવિંદના ધ્યાન રૂપ સાંકળથી બંધાયલા—અને આપે પોતાનું સ્વરૂપ જણાવીને આપના કરેલા—એવાઓના તાપને દયા સહિત તથા સ્વચ્છ અને સુંદર શીતળ હસતે મોઢે જોવાથી, અને મુખમાંથી નીકળતા મધુર રસવાળી અમૃતની કળા રૂપ વાણીથી, શમાવો; અને રાજી કરો. ॥૪૧-૯॥ આપ આખા જગતની ઉત્પત્તિ—સ્થિતિ—અને લયનું નિમિત્ત થનારી દિવ્ય માયાથી,

णभूतःसर्वप्रत्यगात्मत्वात्सर्वगुणाभासोपलक्षितएकएवपर्यवशेषितः ॥३८॥ ॥६॥ अथहवावतवमहिमामृतरससमुद्रविप्रुषासकृदवलीढया स्वमनसिनिष्पंदमानानवरतसुखेनविस्मारितदृष्टश्रुतविषयसुखलेशाभासाः परमभागवताएकांतिनो भगवतिसर्वभूतप्रियसु[illegible]दिसर्वात्मनि नितरांनिरंतरंनिर्वृतमनसःकथमुहवाएतेमधुमथनपुनःस्वार्थकुशलाःस्वात्मप्रियसुहृदःसाधवस्त्वच्चरणांबुजानुसेवांविसृजंतिनयत्रपुनरयंसं सारपर्यावर्तः ॥३९॥ ॥७॥ त्रिभुवनात्मभवनत्रिविक्रमत्रिनयनत्रिलोकमनोहरानुभावतवैवविभूतयोदितिजदनुजादयश्चापि तेषामनुपक्रमस मयोऽयमितिस्वात्ममाययासुरनरमृगमिश्रितजलचराकृतिभिर्यथा पराधंदंडंदंडधरदधर्थएवमेनमपिभगवन्जहित्वाष्ट्रमुतयदिमन्यसे ॥४० ॥८॥ अस्माकंतावकानांतवनतानांततततामहतवचरणनलिनयुगलध्यानानुबद्धहृदय निगडानांस्वलिंगविवरणेनात्मसात्कृतानामनुकंपाऽ नुरंजितविशदरुचिरशिशिरस्मितावलोकेन विगलितमधुरमुखरसामृतकलयाचांतस्तापमनघार्हसिशमयितुं ॥४१॥ ॥९॥ अथहभगवंस्तवा स्माभि[illegible]खिलजगदुत्पत्तिस्थितिलयनिमित्तायमानदिव्यमायया विनोदस्यस[illegible]लजीवनिकायानामंतर्हृदयेषुबहिरपिचब्रह्मप्रत्यगात्मस्वरूपेण प्रधानरूपेणचयथादेशकालदेहावस्थान विशेषंतदुपादानोपलंभकतयाऽनुभवतःसर्वप्रत्ययसाक्षिण आकाशशरी[illegible]क्षात्परब्रह्मणःपर मात्मनःकियानिहवाअर्थविशेषोविज्ञापनीयः स्याद्विस्फुलिंगादिभिरिवहिरण्यरेतसः ॥४२॥ ॥१०॥ अतएवस्वयंतदुपकल्पयास्माकंभगवतः परमगुरोस्तवचरणशतपलाशच्छायांविविधवृजिनसंसार परिश्रमोपशमनीमुपसृतानां वयंयत्कामेनोपसादिताः ॥४३॥ ॥११॥ अथोईशज हित्वाष्ट्रंग्रसंतंभुवनत्रयं ॥ ग्रस्तानियेननःकृष्णतेजांस्यस्त्रायुधानिच ॥४४॥ हंसायदभ्रहनिलयायनिरीक्षकाय [illegible]ष्णायमृष्टयशसेनिरुपक्रमा य ॥ सत्संग्रहायभवपांथनिजाश्रमाप्तावंतेपरीष्टगतयेहरयेनमस्ते ॥४५॥ श्रीशुक० अथैवमीडितोराजन्सादरंत्रिदशैर्हरिः ॥ स्वमुपस्थानमाक र्ण्यप्राहतानभिनंदितः ॥४६॥ श्रीभग० प्रीतोहंवःसुरश्रेष्ठामदुपस्थानविद्यया ॥ आत्मैश्वर्यस्मृतिःपुंसांभक्तिश्चैवययामयि ॥४७॥ किंदुरापं

વિનોદ કરનારા, અને સર્વ પ્રાણીના હૃદયમાં અંતર્યામિ આત્મા સ્વરૂપથી, તથા બહાર પ્રકૃતિઓને વિષે બ્રહ્મ સ્વરૂપથી, રહેલાછો; અને જેવો દેશ—કાળ—દેહ—અને અવસ્થા હોય છે, તેવા તેવા નિર્વિશેષ રીતે, તેમના મૂળ કારણ રૂપ હોવાથી જણાઓછો; તે સર્વ બુદ્ધિ વિગેરે તથા પદાર્થાદિકના, સાક્ષી—નિરંજન સ્વરૂપ—સાક્ષાત પરબ્રહ્મ—અને પરમાત્માની આગળ: અગ્નિની પાસે જેમ અગ્નિના તણખાઓ પ્રકાશ કરે, તેમ અમારા સ્વાર્થની વિશેષ વાતોની વિજ્ઞાપના, શીરીતે કરી પડે. (અર્થાત આપ જાણોજછો.) ॥૪૨-૧૦॥ એટલા માટે, શરણાંગતોને થતા, અનેક પ્રકારનાં દુખોવાળો સંસાર થવા રૂપ પરિશ્રમને મટાડનારા, આપ પરમ ગુરૂના ચરણારવિંદની છાયામાં, જે કાર્યની ઇચ્છાથી અમે આવેલા છીએ: તે કાર્ય આપ ભગવાન પોતે પોતાથીજ જાણીને કરી આપો. ॥૪૩-૧૧॥ હે ઇશ, હે કૃષ્ણ, ત્રણે લોકને ગળી જનારા, અને જેણે અમારાં તેજ—શસ્ત્રો—અને આયુધોને પણ ગળ્યાં છે; એવા આ વૃત્રાસુરને આપ હવે મારો. ॥૪૪-૧૨॥ હંસ—હૃદયમાં રહેલા—સાક્ષીપણે જોનારા—સત્ય અને આનંદ સ્વરૂપ—મનોહર કીર્તિવાળા—અનાદિ—સત્પુરૂષોએ ગ્રહણ કરેલા—અને સંસારરૂપ માર્ગમાં ચાલનાર પુરૂષ, શરણે આવતાં તેને છેવટના ઉત્તમ ફળ રૂપ થનારા; આપ હરિ ભગવાનને અમારા નમસ્કાર છે. ॥૪૫-૧૩॥—શ્રીશુક—હે રાજા, દેવતાઓએ એ રીતે આદર સહિત સ્તુતિ કરેલા હરિ ભગવાન તેઓનો સત્કાર કરીને બોલ્યા કે. ॥૪૬॥—શ્રી ભગવાન—હે ઉત્તમ દેવતાઓ, જેથકી પુરૂષને પોતાના આત્મ સ્વરૂપના ઐશ્વર્યનું સ્મરણ થાય છે. અને મારે વિષે જેથી ભક્તિ ઉત્પન્ન થાય છે: એવી તમોએ કરેલી સ્તુતિથકી હું પ્રસન્ન થયો છું. ॥૪૭॥ મારે વિષે એકાંત મતિવાળાઓ—અને તત્વજ્ઞાનીઓતો, મારા શિવાય બીજા કશાની ઇચ્છા કરતાજ નથી, તોપણ હે દેવો, હું પ્રસન્ન થયા પછી ન મળી શકે, એવું કાંઇજ નથી. ॥૪૮॥ તો પણ વિષય સુખાદિકને સાંચા જાણનારા, અને પોતાના ખરા કલ્યાણને નહીં જાણનારા, અજ્ઞાનીઓને; તેઓની ઇચ્છા મુજબ આપનારો પણ તેમના જેવોજ હોવો ઇજે-

એ. ॥૪૯॥ ખરા કલ્યાણને જાણનારો વિદ્વાન તો; જેમ કુપથ્ય ખાવાને ઇચ્છતા રોગીને; સારો વૈદ્ય, તેવી વસ્તુ ન આપે; તેમ અજ્ઞાનીઓને કર્મો કરવાનું બતાવેજ નહીં. ॥૫૦॥ તોપણ હે ઇંદ્ર તમારૂં ભલું થવા સારૂં, તમે દધીચિ ઋષિની પાસે જાઓ, અને વિદ્યા–વ્રત–તથા તપથકી દૃઢ થયેલા, તેમના શરીરની ઉતાવળેજ માગણી કરો. ॥૫૧॥ તે દધીચિ ઋષિ અશ્વિનિ કુમારો થકી, તમારી માગણીની હા કહેશે; કેમકે તેઓને તેમણે ઘોડાના માથાથી, બ્રહ્મજ્ઞાનનો ઉપદેશ આપીને, દેવતાપણું પમાડેલ છે. ॥૫૨॥ એ અથર્વણ વેદને જાણનારા દધીચિ ઋષિ, હું સ્વરૂપ અભેદ્ય વર્મને, (નારાયણ કવચને,) પણ જાણે છે; તેમણે તે ત્વષ્ટાને આપ્યું હતું. ત્વષ્ટાએ તે વિશ્વરૂપને, આપ્યું હતું; અને તે વિશ્વ રૂપથકી, તમને મળેલ છે. ॥૫૩॥ તમે અશ્વિનિ કુમારોની મારફતે, માગણી કરવાથી; ધર્મને જાણનાર, દધીચિઋષિ, પોતાનાં અંગો તમને આપશે; જેમાંથી વિશ્વકર્મા, તમને ઉત્તમ આયુધ (વજ્ર) બનાવી આપશે. ॥૫૪॥ જેથી મારા તેજ વડે વૃદ્ધિ પામેલા તમે, વૃત્રાસુરનું માથું કાપી નાંખશો. અને એ મૂવા પછી, તમારાં અસ્ત્રો આયુધો–અને તેજ, તથા સંપત્તિઓ, તમને પાછાં મળશે; એ રીતે તમારૂં ભલું થશે; મારામાં મન રાખનારાઓને મારી શકે, એવું કોઇજ નથી. ॥૫૫॥ ઇતિશ્રી ભાગવત છઠ્ઠા સ્કંધનો નવમો અધ્યાય સંપૂર્ણ. ॥૯॥

અધ્યાય ૧૦ મો.–શ્રીશુક–એ રીતે ઇંદ્રને સૂચના કરીને, વિશ્વનું પાલન કરનારા હરિભગવાન; દેવતાઓના દેખતાં; ત્યાંજ અંતર્ધ્યાન થઇ ગયા. ॥૧॥ અને દેવતાઓએ, મહાત્મા દધીચિઋષિ પાસે એ પ્રમાણેજ યાચના કરી; ત્યારે તે ઋષિ રાજી થઇને હસવાની પેઠે બોલ્યા કે. ॥૨॥–દધીચિ–હે દેવતાઓ પ્રાણીઓને મરતી વખતે, જીવિતનો નાશ કરનાર અને અસહ્ય; જેજે વેદનાઓ થાય છે; તે તમે જાણતા નથી.

मयिप्रीतेतथाऽपिविबुधर्षभाः॥मय्येकांतमतिर्नान्यन्मत्तोवांछतितत्त्ववित् ॥४८॥ नवेदकृपणःश्रेयआत्मनोगुणवस्तुदृक्॥तस्यतानिच्छतो यच्छेद्यदिसोऽपितथाविधः ॥४९॥ स्वयंनिःश्रेयसंविद्वान्नवक्त्यज्ञायकर्महि॥नरातिरोगिणोऽपथ्यंवांछतोहिभिषक्तमः॥५०॥ मघवन्यात भद्रं वोदध्यंचमृषिसत्तमं॥ विद्याव्रततपःसारंगात्रंयाचतमाचिरं॥५१॥ सवाअधिगतोदध्यङ्ङश्विभ्यांब्रह्मनिष्कलं॥यद्वाअश्वशिरोनामतयोरमरतांव्यधात् ॥५२॥ दध्यङ्ङाथर्वणस्त्वष्ट्रेवर्माभेद्यंमदात्मकं॥ विश्वरूपाययत्प्रादात्त्वष्टायत्त्वमधास्ततः॥५३॥युष्मभ्यंयाचितोऽश्विभ्यांधर्मज्ञों उ[illegible]॥ ततस्तैरायुधश्रेष्ठोविश्वकर्मविनिर्मितः॥५४॥ येनवृत्रशिरोहर्तामतेजउपबृंहितः॥ तस्मिन्विनिहतेयूयंतेजोऽस्त्रायुधसंपदः ॥ भूयः[illegible]द्वोनहिंसंतिचमत्परान्॥५५॥इतिश्रीभागवतेमहापुराणेषष्ठस्कंधेनवमोऽध्यायः ॥९॥

श्रीशुक०इंद्रमेवंसमादिश्यभगवान्विश्वभावनः पश्यतामनिमेषाणांतत्रैवांतर्दधेहरिः ॥१॥ तथाऽभियाचितोदेवैर्ऋषिराथर्वणोमहान्॥मोदमानउवाचेदंप्रहसन्निवभारत ॥२॥ अपिवृंदारकायूयंनजानीथशरीरिणां॥संस्थायांयस्त्वभिद्रोहोदुःसहश्चेतनापहः॥३॥ जिजीविषूणांजीवानामा[illegible]प्रेष्ठई[illegible]प्सितः कउत्सहेततंदातुंभिक्षमाणायविष्णवे ॥४॥ देवा० किंनुत[illegible]स्त्यजंब्रह्मन्पुंसांभूतानुकंपिनांभवद्विधानांमहतांपुण्यश्लो[illegible]ड्यकर्मणां ॥५॥ ननुस्वार्थपरोलोकोनवेदप[illegible]संकटं॥यदिवेदनयाचेतनेतिनाहयदीश्वरः॥६॥ऋषि०धर्मंवःश्रोतु[illegible]मेनयूयंमेप्रत्युदाहृता॥एषवःप्रियमात्मानंत्यजंतंसंत्यजाम्यहं ॥७॥ योऽध्रुवेणात्मनानाथानधर्मंनयशःपुमान्॥ईहेतभूतदययासशोच्यःस्थावरैरपि ॥८॥ एतावानव्ययोधर्मःपुण्यश्लोकैरुपासितः॥ योभूतशोकहर्षाभ्यामात्माशोचतिहृष्यति ॥९॥ अहोदैन्यमहोकष्टंपारक्यैःक्षणभंगुरैः॥यन्नोपकुर्यादस्वार्थैर्मर्त्यःस्वज्ञातिविग्रहैः ॥१०॥ श्रीशुक०एवंकृतव्यवसितोदध्यङ्ङाथर्वणस्तनुं॥परेभगवतिब्रह्मण्यात्मानंसन्नयन्जहौ॥११॥ यताक्षासुमनोबुद्धिस्तत्त्वदृक्ध्वस्तबंधनः॥ आस्थितःपरमंयोगंनदेहंबुबुधेगतं॥१२॥ अथेंद्रोवज्रमुद्यम्यनिर्मितंविश्वकर्मणा॥मुनेःशुक्तिभिरुत्सिक्तोभगवत्तेजसाऽन्वितः ॥१३॥ वृतोदेवगणैःसर्वैर्गजेंद्रोपर्यशोभत॥ स्तूयमानोमुनिगणैस्त्रैलोक्यंहर्षयन्निव॥१४॥वृत्रमभ्यद्रवच्छेत्तुमसुरानी

॥૩॥ જીવવાને ઇચ્છતા પ્રાણીઓને, આ લોકના સઘળાં ઇચ્છિત પદાર્થો કરતાં; પોતાનો દેહ વધારે પ્રિય હોય છે; માટે વિષ્ણુ ભગવાન પોતે માગવાને આવે, તોપણ, એ દેહ આપી દેવાને; કોણ ઉત્સાહ રાખે. ॥૪॥–દેવતાઓ–હે બ્રાહ્મણ, આપના સરખા મહાત્મા–પ્રાણીઓ ઉપર દયાવાન–અને યશસ્વીઓએ પણ વખાણવા યોગ્ય કર્મો કરનારા–પુરૂષોનેતો; નહીં તજવા જેવું કાંઇજ હોતું નથી. ॥૫॥ તેમજ પોતાના સ્વાર્થમાં તત્પર લોકો, બીજાના સંકટને, જાણતાજ નથી; જો જાણતા હોયતો; તેવી માગણી કરેજ નહીં; અને પરાયા દુઃખને જાણનાર સમર્થ પુરૂષ કશાની નાપણ કહેજ નહીં. ॥૬॥–દધીચિ–ધર્મ સંબંધમાં તમારૂં બોલવું સાંભળવાને માટેજ, મેં તમને એટલું કહ્યું હતું; તો મને તજીને જનારા આ દેહને, હું પોતેજ; તમારા ભલા સારૂ તજી દઉં છું. ॥૭॥ હે દેવો, જે પુરૂષ આ નાશ પામનારા શરીર વડે; પ્રાણીઓના ઉપર દયા કરીને, ધર્મ તથા યશને સંપાદન નકરે; તે, સ્થાવરોએ પણ શોચ કરવાને યોગ્ય છે. ॥૮॥ પ્રાણીઓને હરખ અથવા શોક થવા વડે, પોતાને પણ હરખ અથવા શોકની લાગણી થતી; એટલોજ યશસ્વી મહાત્મા પુરૂષોએ સેવેલો, અને જેમાં કદી પણ ફેરફાર નથઇ શકે, એવો; ધર્મ છે. ॥૯॥ અહો, જે પોતાના સ્વાર્થ થકી રહિત–ક્ષણભંગુર–અને બીજાઓનાંજ હોવા છતાં; પોતાનાં કહેવાતાં: દેહ–પુત્રાદિક–અને ધન વિગેરે વડે; મનુષ્યો પરોપકાર ન કરી શકે; તેજ કંગાલ પણું અને અફસોસ કરવા જેવું છે. ॥૧૦॥–શ્રીશુક–એવા નિશ્ચયથી દધીચિઋષિએ પોતાના આત્માને; પરબ્રહ્મમાં જોડી દઇને, શરીરને છોડી દીધું. ॥૧૧॥ અને એ બંધન રહિત થયલા, અને તત્વને જાણનારા, ઋષિએ, ઇંદ્રીઓ–પ્રાણ–મન અને બુદ્ધિને નિયમિત કરીને; મહાન યોગની ધારણા કરવા વડે; પોતાનો દેહ છુટી ગયાનું, જાણ્યું પણ નહીં. ॥૧૨॥ હે પરીક્ષિત, પછી એ મુનિનાં હાડકાં થકી, વિશ્વ કર્માએ બનાવી આપેલું વજ્ર ઉગામીને; ભગવાનના તેજથી વૃદ્ધિ પામેલા ઇંદ્ર, સર્વ દેવતાઓથી વિંટાઇને ત્રણે લોકને હર્ષ પમાડતા હોય; તેમ, ઐરાવત ઉપર બેસી મુનિમણ્ડળોથી સ્તુતિ કરાતા શો-

લાગ્યા; ॥૧૩-૧૪॥ અને રૂદ્ર જેમ; મૃત્યુની પાછળ દોડયા હતા; તેમ, મોટા મોટા દૈત્યોથી વિંટાયલા વૃત્રાસુરના ઉપર, તેને મારવાને જોરથી દોડયા. ॥૧૫॥ તેથી નર્મદાને કાંઠે, પ્રથમ ચોકડીનો ત્રેતાયુગ શિરૂ થતાં; દેવતાઓને અને દૈત્યોને પરમ દારૂણ યુદ્ધ થયું. ॥૧૬॥ હે રાજા તે વખતે રૂદ્રો-વસુઓ-આદિત્યો-અશ્વિનિ કુમારો-પિતૃઓ-અગ્નિઓ-વાયુઓ-રૂભુઓ-સાધ્યો-અને વિશ્વદેવાઓ; એઓ સહિત વજ્રધારી ઇંદ્રને પોતાની માયાથી શોભતો જોઇને; વૃત્રાસુર આદિ દૈત્યો; તેમને સહન કરી શકયા નહીં. ॥૧૭-૧૮॥ નમુચિ-શંબર-અનર્વા-દ્વિમુર્ધા-રૂષભ-અંબર-હયગ્રીવ-શંકુશિરા- વિપ્રચિત્તિ-અયોમુખ-પુલોમા-વૃષપર્વા-પ્રહેતિ-હેતિ-ઉત્કલ-અનેમાલિ સુમાલિ વિગેરે બીજા પણ, હજારો દૈત્યો, દાનવો, યક્ષો, અને રાક્ષસો; સોનાનાં બખતરો પેહેરીને, અને સોનેરી સર સામાન લેઇને; મૃત્યુથી પણ ન પહોંચી શકાય, એવી ઇંદ્રની સેનાને રોકી દેઇને; તેઓ તેને પીડવા લાગ્યા; અને જરાપણ નહીં ગભરાતાં, મદોન્મત્ત બનીને; અને સિંહનાદ કરીને, દેવતાઓની સેના-ઉપર ચારે કોરથી, ગદા-પરિઘ-બાણ-પ્રાસ-મુદ્ગર-તોમર-શૂળ-ફરશી-ખડ્ગ-શતઘ્ની અને ભુશુંડી વિગેરે શસ્ત્રો તથા અસ્ત્રોનો, વરસાદ કરવા લાગ્યા. ॥૧૯-૨૦-૨૧-૨૨-૨૩॥ તેઓનાં ચારે તરફથી પડતાં લગો લગ બાણોના સમુદાયોથી, વાદળાંઓથી ઢંકાઇ ગયેલા તારાઓની પેઠે; દેવતાઓ ઢંકાઇ જઇને, દેખાતા નહતા. ॥૨૪॥ પરંતુ તેમના અસ્ત્રો અને શસ્ત્રોના સમુદાયના; આકાશમાંજ દેવતાઓએ ચાલાકીથી, હજારો કડકા કરી નાંખવાથી; તેઓ દેવતાઓની સેનામાં પહોંચી શકતાંજ નહોતાં. ॥૨૫॥ પછી શસ્ત્રો અને અસ્ત્રો ખુટી જવાથી, તેમણે પર્વતનાં શિખરો-ઝાડો અને પથરાઓનો વરસાદ; દેવતાઓના સૈન્ય ઉપર વરસાવ્યો; ત્યારે તેને પણ પ્રથમની પેઠેજ દેવતાઓ કાપી નાંખવા લાગ્યા. ॥૨૬॥ એટલે શસ્ત્રો-અસ્ત્રો- ઝાડો-પથરા-અને

कयूथपैः॥पर्यस्तमोजसा राजन्मृधेरुद्रइवांतकं॥१५॥ततःसुराणामसुरैरणःपरमदारुणः॥त्रेतामुखेनर्मदायामभवत्प्रथमेयुगे॥१६॥ रुद्रैर्वसुभि ॥रादित्यैरश्विभ्यांपितृवन्हिभिः॥मरुद्भिर्ऋभुभिः साध्यैर्विश्वेदेवैर्मरुत्पतिं॥१७॥दृष्ट्वावज्रधरंशक्रंरोचमानंस्वमायया॥नामृष्यन्नसुराराजन्मृ धेवृत्रपुरःसराः ॥१८॥ नमुचिःशंबरोऽनर्वाद्विमूर्धाऋषभोंबरः॥हयग्रीवःशंकुशिराविप्रचित्तिरयोमुखः ॥१९॥ पुलोमावृषपर्वाचप्रहेतिर्हे तिरुत्कलः॥दैतेयादानवायक्षारक्षांसिचसहस्रशः ॥२०॥ सुमालिमालिप्रमुखाःकार्तस्वरपरिच्छदाः॥प्रतिषिध्येंद्रसेनाग्रंमृत्योरपिदुरासदं ॥२१॥ अभ्यर्दयन्नसंभ्रांताःसिंहनादेनदुर्मदाः ॥ गदाभिःपरिघैर्बाणैःप्रासमुद्गरतोमरैः ॥२२॥ शूलैःपरश्वधैःखड्गैःशतघ्नीभिर्भुशुंडिभिः॥स र्वतोऽवाकिरञ्छस्त्रैरस्त्रैश्चविबुधर्षभान् ॥२३॥ नतेऽदृश्यंतसंछन्नाःशरजालैःसमंततः॥पुंखानुपुंखपतितैर्ज्योतींषीवनभोघनैः॥२४॥नतेशस्त्रा स्त्रवर्षौघाह्यासेदुःसुरसैनिकान् ॥ छिन्नाःसिद्धपथेदेवैर्लघुहस्तैःसहस्रधा ॥२५॥ अथक्षीणास्त्रशस्त्रौघागिरिशृंगद्रुमोपलैः॥अभ्यवर्षन्सुरबलं चिच्छिदुस्तांश्चपूर्ववत् ॥२६॥ तानक्षतान्स्वस्तिमतोनिशाम्यशस्त्रास्त्रपूगैरथवृत्रनाथाःद्रुमैर्दृषद्भिर्विविधाद्रिशृंगैरविक्षतांस्तत्रसुरेंद्रसैनिकान् ॥२७॥ सर्वेप्रयासाअभवन्विमोघाःकृताःकृतादेवगणेषुदैत्यैः॥कृष्णानुकूलेषुयथामहत्सुक्षुद्रैःप्रयुक्ताउशतीरूक्षवाचः ॥२८॥ तेस्वप्रयासंवि तथंनिरीक्ष्य हरावभक्ताहतयुद्धदर्पाः॥पलायनायाजिमुखेविसृज्यपतिंमनस्तेदधुरात्तसाराः ॥२९॥ वृत्रोऽसुरांस्ताननुगान्मनस्वीप्रधावतःप्रे क्ष्यबभाषएतत्॥पलायितंप्रेक्ष्यबलंचभग्नंभयेनतीव्रेणविहस्यवीरः ॥३०॥ कालोपपन्नांरुचिरांमनस्विनामुवाचवाचंपुरुषप्रवीरः॥हेविप्रचि त्तेनमुचेपुलोमन्मयानर्वन्शंबरमेशृणुध्वं ॥३१॥ जातस्यमृत्युर्ध्रुवएषसर्वतः प्रतिक्रियायस्यनचेहक्लृप्ता॥लोकोयशश्चाथततोयदिह्यमुंमृत्युंव रंकोनवृणीतयुक्तं॥३२॥द्वौसंमताविहमृत्यूदुरापौयद्ब्रह्मसंधारणयाजितासुः ॥कलेवरंयोगरतोविजह्याद्यदग्रणीर्वीरशयेऽनिवृत्तः॥३३॥ इ० भा०प०दशमोध्यायः॥१०॥ श्रीशुक०तएवंशंसतोधर्मंवचःपत्युरचेतसः॥नैवागृण्हन्भयत्रस्ताःपलायनपरानृप ॥१॥ विशीर्यमाणांपृतना मासुरीमसुरर्षभः॥कालानुकूलैस्त्रिदशैःकाल्यमानामनाथवत् ॥२॥ दृष्ट्वाऽतप्यतसंक्रुद्धइंद्रशत्रुरमर्षितः ॥ तान्निवार्यौजसाराजन्निर्भर्त्स्येदमु

પર્વતોનાં શિખરો આદિથી નહીં ઘવાયલા અને સુખી, ઇંદ્રની સેના વાળાઓને જોઇને, વૃત્રાસુરની સેનાવાળાઓ ત્રાસ પામ્યા. ॥૨૭॥ એ રીતે, જેમને ભગવાન અનુકૂળ હોય, એવા મહાત્માઓના ઉપર; નીચ પુરૂષોએ બોલેલી, દુષ્ટ અને કડવી વાણી નિષ્ફળ થવાની પેઠે; દેવતાઓના ઉપર દૈત્યોએ કરેલા સઘળા દાખડા; જ્યારે વ્યર્થ થઇ ગયા. ॥૨૮॥ ત્યારે યુદ્ધનો ગર્વ હણાઇ ગયેલા હરિભગવાનની ભક્તિ નહીં કરનારા-અને ધીરજ રહિત થયેલા તેઓએ પોતાનો સઘળો પરિશ્રમ વ્યર્થ જતો દેખી, પોતાના સ્વામી વૃત્રાસુરને, લડાઇના મેદાનમાં પડયો મુકીને નાસી જવાનું મન કર્યું. ॥૨૯॥ ત્યારે તિવ્ર ભયથી પોતાના સાથીઓને દોડી જતા જોઇને, અને સઘળું સૈન્ય નાસતું દેખીને; એ મનસ્વી તથા મહાવીર વૃત્રાસુરે, તેઓને હસી કાઢીને, મનસ્વી (શુરા) પુરૂષોને પસંદ પડે એવું; તે સમયને યોગ્ય વચન કહ્યું કે; હે વિપ્રચિત્તિ-નમુચિ-પુલોમા-મય-અનર્વા અને શંબર; તમે સાંભળો. ॥૩૦-૩૧॥ જન્મેલાઓને મરી જવાનું સર્વ પ્રકારે ખચીત છેજ; અને જેથી મરી જવાનું મટે, એવો ઉપાયતો મૂળે છેજ નહીં; ત્યારે આ લોકમાં યશ અને પરલોકમાં સ્વર્ગ જે થકી મળે; એવા યોગ્ય અને ઉત્તમ મરણનો સ્વીકાર, કોણ નકરે. ॥૩૨॥ આ લોકમાં બે પ્રકારનું મરણ પસંદ કરવા લાયક હોવાનું, કહેવાય છે; પેહેલું, ઇંદ્રિયાદિકને જીતીને અષ્ટાંગ યોગ કરી, પરબ્રહ્મની ધારણા કરી શરીરને છોડી દેવુંતે; અને બીજું, યુદ્ધ ભુમિમાં સૌથી આગળ ચાલનારા થઇને વીરશય્યામાં સુઇ જવું. એ બંને મળવાં અતિ કઠિણ છે. ॥૩૩॥ ઇતિશ્રી ભાગવત છઠા સ્કંધનો દશમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૦॥

અધ્યાય. ૧૧ મો.—શ્રીશુક—પણ હે પરીક્ષિત, ભયથી ત્રાસ પામેલા અને દોડવાને આતુર થયેલા, એ મૂર્ખ લોકોએ; વૃત્રાસુરના એ ધર્મવાળા વચનનો, સ્વીકાર કર્યો નહીં ॥૧॥ અને દૈવની અનુકૂળતાવાળા દેવતાઓએ, અનાથની પેઠે; નાશ કરાતી તથા વિખાઇ જતી દૈત્યસેનાને, એ ઉત્તમ અસુર વૃત્રાસુરે દીઠી. ॥૨॥ તેથી તે પરિતાપ પામીને ક્રોધે ભરાઇ, દેવતાઓને જોરાવરીથી રોકીને; અને તેમનો તિરસ્કાર કરીને. બોલ્યો

કે. ॥૩॥ શરીર પશુનું અભિમાન રાખનારાઓએ, બીનેલાઓને મારવા; એ વખાણવા યોગ્ય નથી; તેમજ સ્વર્ગને પમાડનાર પણ નથી. માટે આ મારાથી બ્હીને, દોડીજનારાઓને; પાછળથી મારવામાં, તમને શું લાભ છે. ॥૪॥ હે નીચ પુરુષો, તમને જો યુદ્ધમાં શ્રદ્ધા હોય, અને હૃદયમાં ધીરજ હોય, તથા ગ્રામ્ય સુખોની તૃષ્ણા નહોય, તો; ઓસજ ક્ષણ, મારી સામા ઉભા રહો ॥૫॥ એ રીતે ક્રોધ પામેલા અને મહાબળવાન વૃત્રાસુરે પોતાના શત્રુ દેવતાઓને બીવરાવીને, ગર્જના કરવાથી; લોકોને મૂર્છા થઇ. ॥૬॥ અને તેની ગર્જનાથી મૂર્છા પામેલા દેવતાઓ, વજ્ર વાગવાની પેઠે, ધરતી ઉપર પડી ગયા ॥૭॥ તથા અતિ મદોન્મત્ત થયેલો તે; ત્રિશૂલ ઉગામીને, ધરતીને ધ્રુજવતો, ઠકેલાવનો હાથી જેમ નળને કચરી નાંખવાની પેઠે, યુદ્ધ ભૂમિમાં આંખો મિચી ગયેલા અને આતુર થયેલા, દેવસૈન્યને; જોર કરીને પગવતે કચરી નાંખવા લાગ્યો. ॥૮॥ ત્યારે એ રીતે કરતાં દોડયા આવતા, પોતાના એ શત્રુની ઉપર, અત્યંત ક્રોધ પામેલા, વજ્રધારી ઇંદ્રે; મોટી ગદા ફેંકી. અને,

તે નસહન થાય, એવી ગદા પહોંચતાંજ તેણે રમતની પેઠે, ડાબા હાથથી તેને પકડી લીધી. ॥૯॥ પછી એ અત્યંત કોપેલા અને ભયંકર પરાક્રમવાળા વૃત્રાસુરે; તેજ ગદા ઇંદ્રના વાહન, ઐરાવતના કુંભસ્થળમાં મારીને, ગર્જના કરી; એ તેના કામને સર્વે જણાએ વખાણ્યું. ॥૧૦॥ ત્યારે એ ગદાવાગવાથી ઐરાવત, વજ્રથી ભેદાયેલા પર્વતની પેઠે, ઘુમરી ખાઇને; મોઢું ભાંગી ગયેલો, અને લોહી ઓકતો, દુખી થઇને; ઇંદ્રસહિત, સાત ધનુષ્ય જેટલો પાછો હઠી ગયો. ॥૧૧॥ તે સમયે ગભરાયલા મનવાળા, અને વાહન દુખ પામેલા ઇંદ્રના ઉપર; તે મહાત્મા વૃત્રાસુરે, ફરીવાર ગદા ફેંકી નહીં. એટલી વારમાં પોતાના અમૃત ઝરતા હાથના સ્પર્શવડે, ઘવાયલા હાથીને પીડા રહિત કરીને, ઇંદ્ર તેની સામે આવીને, ઉભા રહ્યા. ॥૧૨॥ ત્યારે હે પરીક્ષિત, પોતાના ભાઇ વિશ્વરૂપને મારનાર શત્રુ વજ્રધારી ઇંદ્રને; યુદ્ધની ઇચ્છાથી પોતાની સામે, ઉભેલો જોઇને; શોક તથા મોહથી ઘેરાયલા વૃત્રાસુરે, તેનાં અત્યંત પાપકામ સંભારી આપીને, તેને હસતાં હસતાં આ રીતે કહ્યું કે. ॥૧૩॥ બ્રાહ્મણ-

वाचह ॥३॥ किंवउद्धरितैर्मातुर्धावद्भिःपृष्ठतोहतैः ॥ नहिभीतवधःश्लाघ्योनस्वर्ग्यःशूरमानिनां ॥४॥ यदिवःप्रधने श्रद्धासारंवाक्षुल्लकाहृदि॥ अग्रेतिष्ठतमात्रंमेनचेद्ग्राम्यसुखेस्पृहा ॥५॥ एवंसुरगणान्क्रुद्धोभीषयन्वपुषारिपून् ॥ व्यनदत्सुमहाप्राणोयेनलोकाविचेतसः ॥६॥ तेनदेवगणाःसर्वेवृत्रविस्फोटनेनवै ॥ निपेतुर्मूर्छिताभूमौयथैवाशनिनाहताः ७ ममर्दपद्भ्यांसुरसैन्यमातुरंनिमीलिताक्षंरणरंगदुर्मदः ॥ गां कंपयन्नुद्यतशूलओजसानालंवनंयूथपतिर्यथोन्मदः ॥८॥ विलोक्यतंवज्रधरोऽत्यमर्षितःस्वशत्रवेऽभिद्रवतेमहागदां ॥ चिक्षेपतामापततींसुदुःसहांजग्राहवामेनकरेणलीलया ॥९॥ सइंद्रशत्रुःकुपितोभृशंतयामहेंद्रवाहंगदयोरुविक्रमः ॥ जघानकुंभस्थलउन्नदन्मृधेतत्कर्मसर्वेसमपूजयन्नृप॥ ॥१०॥ ऐरावतो वृत्रगदाऽभिमृष्टोविघूर्णितोऽद्रिःकुलिशाहतोयथा ॥ अपासरद्भिन्नमुखःसहेंद्रोवमन्नसृक्सप्तधनुर्भृशार्तः ॥११॥ नसन्नवाहायविषण्णचेतसेप्रायुंक्तभूयःसगदांमहात्मा ॥ इंद्रोऽमृतस्यंदिकराभिमर्शवीतव्यथःक्षतवाहोऽवतस्थे ॥१२॥ सतंनृपेंद्राहवकाम्ययारिपुंवज्रायुधंभ्रातृहणंविलोक्य ॥ स्मरंश्चतत्कर्मनृशंसमंहःशोकेनमोहेनहसन्जगाद ॥१३॥ वृत्र०दिष्ट्याभवान्मेसमवस्थितोरिपुर्योब्रह्महागुरुहाभ्रातृहाच ॥ दिष्ट्याऽनृणोऽद्याहमसत्तमत्वया मच्छूलनिर्भिन्नदृषद्धृदाचिरात् ॥१४॥ योनोऽग्रजस्यात्मविदोद्विजातेर्गुरोरपापस्यचदीक्षितस्य ॥ विश्रभ्यखड्गेनशिरांस्यवृश्चत्पशोरिवाऽकरुणःस्वर्गकामः ॥१५॥ ह्रीश्रीदयाकीर्तिभिरुज्झितंत्वांस्वकर्मणापुरुषादैश्चगर्ह्यं ॥ कृच्छ्रेणमच्छूलविभिन्नदेहमस्पृष्टवह्निंसमदंतिगृध्राः ॥१६॥ अन्येऽनुयेत्वेहनृशंसमज्ञायेत्युद्यतास्त्राःप्रहरंतिमह्यं ॥ तैर्भूतनाथान्सगणान्निशाततत्रिशूलनिर्भिन्नगलैर्यजामि ॥१७॥ अथोहरेमेकुलिशेनवीरहर्ताप्रमथ्यैवशिरोयदीह ॥ तत्रानृणोभूतबलिंविधायमनस्विनांपादरजःप्रपत्स्ये ॥१८॥ सुरेशकस्मान्नहिनोषिवज्रंपुरःस्थितेवैरिणिमय्यमोघं ॥ मासंशयिष्ठानगदेववज्रंस्यान्निष्फलंकृपणार्थेवयाञ्चा ॥१९॥ नन्वेषवज्रस्तवशक्रतेजसाहरेर्दधीचेस्तपसाचतेजितः ॥ तेनैवशत्रुंजहिविष्णुयंत्रितोयतोहरिर्विजयःश्रीर्गुणास्ततः ॥२०॥ अहंसमाधायमनोयथाहसंकर्षणस्तच्चरणार

ને-ગુરુને-અને મારા ભાઇને, મારનારો; તું શત્રુ મારી સામો ઉભો છે, એ ઘણું સારું થયું. અને હે અસત્તમ, આજ હું મારા ત્રિશૂળથી, તારી પથ્થર જેવી છાતી ભેદી નાંખીને; થોડીવારમાંજ ભાઇના રૂણ થકી છુટીશ, એ પણ સારુંજ થયું છે. ॥૧૪॥ તેં અમારા મોટા ભાઇ-આત્મજ્ઞાની-બ્રાહ્મણ-ગુરુ-નિષ્પાપ-અને દીક્ષા લીધેલા, તથા વિશ્વાસથી રહેલા, વિશ્વરૂપનાં માથાં; સ્વર્ગની કામનાવાળો નિર્દય પુરુષ, યજ્ઞના પશુનાં માથાં કાપી નાંખે; તેમ, કાપી નાંખેલાં છે. ॥૧૫॥ માટે લજ્જા-શોભા-દયા-અને કીર્તિ; એઓ થકી રહિત થયેલા-તથા પોતાના કર્મને માટે રાક્ષસોએ પણ ધિક્કારેલા, અને મારા ત્રિશૂળથી તોડી નાંખેલા, આ તારા દેહને; અગ્નિનો સ્પર્શ નહીં મળતાં, ગીધ પક્ષીઓ ખાઇ જશે. ॥૧૬॥ અને તું પાપીને અનુસરીને અહીંયાં હથિઆરો ઉપાડીને મારા ઉપર ઘા કરનારા આ મૂર્ખ લોકોનાં ગળાં, હું સજાવેલા ત્રિશૂળથી આજ કાપી નાંખીને; તેનું; ભૈરવને તેમના પાર્ષદો સહિત બળિદાન આપીશ. ॥૧૭॥ અથવા હે ઇંદ્ર, તું જોર કરીને વજ્રથી અહીંયાં

મારું માથું કાપી નાંખીશ તો પણ; કર્મ બંધનમાંથી હું છુટીને, તથા પ્રાણીઓને મારા દેહનું બળિદાન આપીને, ધીરલોકોના સ્થાનને પામીશ. ॥૧૮॥ હે ઇંદ્ર, સામે ઉભેલા હું શત્રુના ઉપર, અમોઘવજ્રને, તું શામાટે નાંખતો નથી; તારી ગદાની પેઠે વજ્રને; કૃપણની આગળ કરેલી યાચનાની પેઠે, વ્યર્થ જવાની શંકા, તારે રાખવી નહીં. ॥૧૯॥ આ તારું વજ્ર ભગવાનના તેજથી, અને દધીચિ મુનિના તપથી ખચીત તીક્ષ્ણ થયેલછે; તેથી વિષ્ણુની પ્રેરણા પામીને, હું શત્રુને તું મારી નાંખ; જે તરફમાં હરિભગવાન હોય, તે તરફમાંજ વિજય-લક્ષ્મી-અને ગુણો પણ રહે છે. ॥૨૦॥ સંકર્ષણ ભગવાને મને ઉપદેશ કરેલો છે તે પ્રમાણે, તેમના ચરણારવિંદમાં મન રાખીને, તારા વજ્રના વેગથી; વિષય સુખરૂપી ઇન્દ્રજાળરૂપી પાશ તૂટી જઇને દેહત્યાગ કરનારો હું યોગીઓની ગતિને પામીશ ॥૨૧॥ ભગવાન પોતામાં અનન્ય ભક્તિવાળા ભક્તોને, જે થકી દ્વેષ-ઉદ્વેગ-આધિ-મદ-કલિ (કજીઓ) અને વ્યસનો (સ્ત્રીનું-જુગારનું-દારૂનું-અને હિંસાનું એ ચાર)-તથા પરિશ્રમ એટલાં

યાનાં ઉત્પન્ન થાય છે; એવી સ્વર્ગ-ભૂલોક-કે પાતાળલોક, એમની સંપત્તિઓ આપતાજ નથી. ॥૨૨॥ હે ઇંદ્ર, અમારા સ્વામી સંકર્ષણ ભગવાન તો, જેથી ત્રણે પ્રકારનો (ધર્મ-અર્થ-અને કામ સંબંધનો) પરિશ્રમ કરવાનુંજ મટી જાય, એ રીતે કરે છે; અને એમ થાય ત્યારેજ ભગવાનની પ્રસન્નતા થયેલાનું માનવું જોઇએ; પણ એવો ભગવાનનો પ્રસાદ તો અકિંચન પુરૂષોનેજ મળે છે. અને બીજાઓને માટે તો, તે દુર્લભ છે. ॥૨૩॥ (હવે ભગવાનની પ્રાર્થના કરે છે) હે હરિભગવાન તમારા ચરણારવિંદના મૂળમાં વસનારા દાસોનો પણ દાસ હું, ફરી ફરીને થાઉં, અને મારૂં મન, આપ પ્રાણ આધારના ગુણોનુંજ સ્મરણ કરે; તથા મારી વાણી આપના ગુણો અને કર્મોને ગાય; તેમજ શરીર, આપના સંબંધીજ કર્મો કરે; તેમ કરો. ॥૨૪॥ હે સર્વ સૌભાગ્યના ભંડાર; હું આપને તજીને; સ્વર્ગ લોકને-બ્રહ્મલોકને-ચક્રવર્તી રાજ્યને-પાતાળના રાજ્યને-અણિમા વિગેરે સિદ્ધિઓને-અને મોક્ષને પામવાની પણ ઇચ્છા કરતો નથી. ॥૨૫॥ પણ હે કમળનેત્ર ભગવાન; જેમ પાંખો આવ્યા વિનાનાં પક્ષીનાં બચ્ચાં માને ઇચ્છે-ભૂખથી પીડાયલાં વાછરડાં ધાવવાને ઇચ્છે-અને મુસાફરી ગયેલા પતિને ઇચ્છે. તેમ મારૂંમન આપનાં દર્શનને ઇચ્છે છે. ॥૨૬॥ એટલા માટે, આ સંસારરૂપી ચક્રમાં પોતાનાં કર્મોવડે ભમતા-અને આપની માયાવડે, દેહ-પુત્ર-સ્ત્રી-અને ઘરાદિકને વિષે આસક્ત ચીતવાળા, મને; ફરીવાર એમ નહીં થતાં, માત્ર આપ ઉત્તમ શ્લોક ભગવાનના ભક્તોનીજ મૈત્રી સર્વદા થજો. ॥૨૭॥ ઇતિશ્રી૦ ભા૦ છઠ્ઠાસ્કંધનો અગિયારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૧॥

અધ્યાય. ૧૨ મો.—શ્રીશુક—હે પરીક્ષિત, એ રીતે જીતવા કરતાં મરવાને અધિક માનીને દેહ છોડી દેવાને ઇચ્છતો વૃત્રાસુર ત્રિશૂળ ઉપાડીને; પ્રલયનાજળમાં ભગવાનના ઉપર કૈટભ દૈત્ય દોડવાની પેઠે; ઇંદ્રના ઉપર દોડયો. ॥૧॥ અને પ્રલયકાળના અગ્નિ જેવી ભયંકર જ્વાળાઓવાળું ત્રિશૂળ વેગસહિત ઇંદ્રના તરફ ફેંકીને; તે વીરપુરૂષે ગર્જના કરતાં, તેને ક્રોધ સહિત કહ્યું કે, "હે પાપી હવે તું મૂઓજ છે." ॥૨॥ ગ્રહ અને

विंदे॥त्वद्व्रजं ?ोलुलितग्राम्यपाशोगतिंमुनेर्याम्यपविद्धलोकः ॥२१ पुंसांकिलैकांतधियांस्वकानांयाःसंपदोदिविभूमौरसायां॥नरातियद्बुध
उद्वेगआधिर्मदःकलिर्व्यसनंसंप्रयासः॥२२॥ त्रैवर्गिकायासविघातमस्मत्पतिर्विधत्तेपुरुषस्यशक्र॥ततोऽनुमेयोभगवत्प्रसादोयोदुर्लभोऽ
किंचनगोचरोऽन्यैः॥२३॥ अहंहरेतवपादैकमूलदासानुदासोभवितास्मिभूयः॥मनःस्मरेतासुपतेर्गुणांस्तेगृणीतवाक्कर्मकरोतुकायः॥२४॥
ननाकपृष्ठंनचपारमेष्ठ्यंनसार्वभौमंनरसाऽधिपत्यं॥ नयोगसिद्धीरपुनर्भवंवासमंजसत्वाविरहय्यकांक्षे ॥२५॥ अजातपक्षाइवमातरंखगाः
स्तन्यंयथावत्सतराःक्षुधार्ताः॥ प्रियंप्रियेवव्युषितंविषण्णामनोरविंदाक्षदिदृक्षतेत्वां॥२६॥ममोत्तमश्लोकजनेषुसख्यंसंसारचक्रेभ्रमतःस्व
कर्मभिः॥ त्वन्माययाऽऽत्मात्मजदारगेहेष्वासक्तचित्तस्यननाथभूयात् ॥२७॥ इतिश्रीभागवतेमहापुराणेषष्ठस्कंधेएकादशोऽध्यायः ॥११॥
ऋषि०एवंजिहासुर्नृपदेहमाजौमृत्युंवरंविजयान्मन्यमानः॥ शूलंप्रगृह्याभ्यपतत्सुरेंद्रंयथामहापुरुषंकैटभोऽप्सु ॥१॥ ततोयुगांताग्निकठोर
जिह्वमाविध्यशूलंतरसासुरेंद्रः॥ क्षिप्त्वामहेंद्रायविनद्यवीरोहतोऽसिपापेतिरुषाजगाद ॥२॥ खआपतत्तद्विचलद्ग्रहोल्कवन्निरीक्ष्यदुष्प्रेक्ष्य
मजातविक्लवः॥वज्रेणवज्रीशतपर्वणाऽच्छिनद्भुजंचतस्योरगराजभोगं ॥३॥ छिन्नैकबाहुःपरिघेणवृत्रःसंरब्धआसाद्यगृहीतवज्रं॥हनौतता
डेंद्रमथामरेभंवज्रंचहस्तान्न्यपतन्मघोनः ॥४॥ वृत्रस्यकर्मातिमहाद्भुतंतत्सुरासुराश्चारणासिद्धसंघाः॥अपूजयंस्तत्पुरुहूतसंकटंनिरीक्ष्यहा
हेतिविचुक्रुशुर्भृशं ॥५॥ इंद्रोनवज्रंजगृहेविलज्जितश्च्युतंस्वहस्तादरिसन्निधौपुनः॥तमाहवृत्रोहरआत्तवज्रोजहिस्वशत्रुंनविषादकालः॥६॥
युयुत्सतांकुत्रचिदाततायिनांजयःसदैकत्रनवैपरात्मनां॥ विनैकमुत्पत्तिलयस्थितीश्वरंसर्वज्ञमाद्यंपुरुषंसनातनं ॥७॥ लोकाःसपालायस्ये
मेश्वसंतिविवशावशे॥द्विजाइवशिचाबद्धाःसकालइहकारणं॥८॥ ओजःसहोबलंप्राणममृतंमृत्युमेवच॥ तमज्ञायजनोहेतुमात्मानंमन्यतेज
डं॥९॥ यथादारुमयीनारीयथायंत्रमयोमृगः॥एवंभूतानिमघवन्नीशतंत्राणिविद्धिभोः ॥१०॥ पुरुषःप्रकृतिर्व्यक्तमात्माभूतेंद्रियाशयाः॥ श

ઉલ્કાની પેઠે સામું જોવાય નહીં એવા, તે ત્રિશૂળને આકાશમાં આવતું દેખીને, જરાપણ ત્રાસ નહીં પામેલા ઇંદ્રે; પોતાના, સો ધારવાળા વજ્રવડે; તેના સાપ જેવા હાથ સહિત, ને ત્રિશૂળને કાપી નાંખ્યું. ॥૩॥ ત્યારે એક હાથ કપાઇ ગયેલા વૃત્રાસુરે, પાસે આવીને ક્રોધ સહિત વજ્રધારી ઇંદ્રના લમણામાં ભુંગળ મારી; અને તેના હાથીને પણ પ્રહાર કર્યો. તેથી ઇંદ્રના હાથમાંથી વજ્ર પડી ગયું. ॥૪॥ ત્યારે દેવતાઓ-દૈત્યો-સિદ્ધ લોકો-અને ચારણો વિગેરેનાં ટોળાં, વૃત્રાસુરનું એ અતિ મોટું અદભૂત કામ જોઇને, તેનાં વખાણ કરવા લાગ્યાં; તથા ઇંદ્રનું સંકટ જોઇને, અત્યંત હાહાકાર કરવા લાગ્યાં. ॥૫॥ પછી પોતાના હાથમાંથી શત્રુના સમક્ષ પડી ગયેલું વજ્ર, લાજને લીધે જ્યારે ઇંદ્રે ફરીથી લેવાનું ન ઇચ્છયું, ત્યારે વૃત્રાસુરે તેને કહ્યું કે. ॥—વૃત્રાસુર—હે ઇંદ્ર આ સમય ગભરાવાનો નથી; માટે વજ્ર લે, અને પોતાના શત્રુને તું તેવડે માર્ય. ॥૬॥ કેમકે, હથિયાર ઉપાડીને એક બીજાને મારવાને ઉભેલા, સામ સામી યુદ્ધ કરનાઓમાં; જેનો હમેશાં. એક સરખી રીતે જયજ થાય; એવાતો, જેનાથી ઉત્પત્તિ-સ્થિતિ-અને લય થાય છે, તે સર્વને જાણનારા, આદિ પુરૂષ, અને સનાતન પરમાત્મા એક ઇશ્વરજ છે; પણ બીજાઓને તેમ થતું નથીજ. ॥૭॥ અને જાળમાં પકડાયલા પક્ષીઓની પેઠે, પરવશ થયેલા લોકપાળો સહિત આ સર્વ લોકો; જેના વશમાં રહીનેજ જીવે છે; તે કાળજ, જય અને પરાજય થવાનું કારણ તો છે. ॥૮॥ એમ શરીરની શક્તિ-મનની શક્તિ-ઇંદ્રિયોની શક્તિ-પ્રાણ-જીવવું-અને મરવું; એ સર્વે પોતાને થવાનું કારણ, કાળ હોવા છતાં; તેને નહીં જાણવાથી; લોકો, જડ દેહનેજ તે સર્વનું કારણ માને છે. ॥૯॥ હે ઇંદ્ર, લાકડાની પૂતળી અને યંત્રનો મૃગ, જેમ નચાવનારની ઇચ્છા પ્રમાણેજ કરનારાં છે; તેમ સઘળાં પ્રાણીઓ ઇશ્વરની મરજી પ્રમાણેજ કરનારાં હોવાનું, તમે જાણો. ॥૧૦॥ અને સૃષ્ટિના આદિ કાળે પ્રકૃતિ-મહતત્વ-અહંકાર-મહા ભૂતો-ઇંદ્રિઓ-અને અંતઃકરણો વિગેરે (દેવતાઓ) પણ, એ પુરૂષ ભગવાનના અનુગ્રહ વિના સૃષ્ટિ કરવાને સમર્થ થઇ શકયાં નહોતાં. ॥૧૧॥ એ રીતે એ ભગવાન (કાળ)

પેતેજ પ્રાણીઓ થકી પ્રાણીઓને ઉત્પન્ન કરે છે; તથા પ્રાણીઓથીજ પ્રાણીઓનો નાશ પણ કરે છે; તેને નહીં જાણીને, લોકો પોતાનેજ; પોતે કરવા કરાવવાને સમર્થ નહીં હોવા છતાં, સમર્થ હોવાનું માને છે. ॥૧૨॥ અને તે કાળના પ્રભાવથીજ, આયુષ્ય–લક્ષ્મી–કીર્તિ–ઐશ્વર્ય–અને બીજાં સુખો પણ, વખતો વખત પોતાની મેળેજ, નહીં ઇચ્છેલાં દુઃખો આવવાની પેઠેજ, આવીને ઉભાં રેહે છે. ॥૧૩॥ એટલા માટે પુરૂષે; કીર્તિ, યશ અને અપયશ, પરાક્રમ અને પરાક્રમનો નાશ, જય અને પરાજય, સુખ અને દુખ, મરવું અને જીવવું, એ વિગેરે થવાને ટાણે; સમ એટલે હરખ શોક વિનાના થઇનેજ, વર્તવું ઘટે છે. ॥૧૪॥ અને સત્વ–રજ–તથા તમ, એ ગુણો પ્રકૃતિના છે; પણ આત્માના નથી; તથા આત્મા તો માત્ર સાક્ષી રૂપે છે, એમ જે જાણે; તે બંધનને ન પામે. ॥૧૫॥ હે ઇંદ્ર, તું જો; કે, આ યુદ્ધમાં હાથ અને આયુધો કપાઇ જવાથી હું હારેલા સરખો થયેલું; તોપણ તારા પ્રાણ લેવાની ઇચ્છાથી, યથાશક્તિ પ્રયત્ન કર્યા કરૂંછુંજ. ॥૧૬॥ આ યુદ્ધરૂપી જુગારમાં બાણો એ પાસા–અને વાહનોરૂપી સોગઠાંથી, પ્રાણરૂપી દાવ મંડાય છે; તેમાં આનો જય અને આનો પરાજય થશે, તે જાણવામાં આવતું નથીજ. ॥૧૭॥–શ્રીશુક–વૃત્રાસુરનાં એ વચનો સાંભળીને, ઇંદ્રનો ગર્વ ગળી ગયો; અને તે હાથમાં વજ્ર પકડીને, નિષ્કપટ ભાવથી; તેનાં વખાણ કરીને, અને હસીને બોલ્યો કે. ॥૧૮॥–ઇંદ્ર–હે દાનવ, સર્વના આત્મા–સર્વના સુહૃદ–અને જગતના ઇશ્વર–આત્મ સ્વરૂપ ભગવાનમાં, તારી આવી રીતની બુદ્ધિ છે; તેથી તું ભક્ત અને સિદ્ધ પુરૂષ છે. ॥૧૯॥ અને પ્રાણીઓને મોહ પમાડનારી ભગવાનની માયાને, તું તરી ગયેલો છે; કે જેથા તું અસુર ભાવ મૂકી દેઇને, મહાપુરૂષપણાને પામેલો છે. ॥૨૦॥ તું રજો ગુણી સ્વભાવવાળાની, સત્વ ગુણમય વાસુદેવ ભગવાનમાં, આવી દૃઢ મતિ થયેલ છે; એ નક્કી મોટું આશ્ચર્ય છે ॥૨૧॥ જે અમૃતથી ભરેલા સમુદ્રમાં ક્રિડા કરતો હોય, તેને ખાડ ખાબોચિયાનું શું કામ હોય; તેમ મોક્ષાદિકના સ્વામી, હરિભગવાનને વિશે જેને ભક્તિની પ્રાપ્તિ થાય; તેને બીજાં સ્વર્ગાદિકનાં ક્ષુદ્ર સુખોની ઇચ્છા શા સારૂ થાય ? ॥૨૨॥–શ્રીશુક–હે રાજા, એ પ્રમાણે બોલેલા, ધર્મ જાણવાની ઇચ્છાવાળા, ઇંદ્ર અને વૃત્રાસુર બંને મોટા પરાક્રમી અને યુદ્ધના સ્વામીઓ; પછીથી એક બીજા સાથે યુદ્ધ કરવા લાગ્યા. ॥૨૩॥ પછી શત્રુઓને મારનારા વૃત્રાસુરે, ડાબે હાથે લોઢાની ભોંગળ ભયંકર રીતે ફેરવીને; ઇંદ્રના ઉપર નાંખી; ત્યારે ઇંદ્રે પોતાના સો ધારવાળા વજ્રથી, તે ભોંગળ તેના શોભિતા હાથ સહિત, એક સપાટેજ કાપી નાંખી. ॥૨૪–૨૫॥ એટલે મૂળથકી કપાઇ ગયેલા બેઉ હાથમાંથી લોહી વેહેતો થયેલો, તે દૈત્ય; આકાશમાંથી ઇંદ્રે પાંખો કાપી નાંખવાથી પડતા, પર્વત સરખો થઇ ગયો. ॥૨૬॥ તે પછી તે દૈત્ય, પોતાનો ઉપલો હોઠ આકાશમાં અને નીચેનો હોઠ ધરતી ઉપર રાખી; આકાશ જેવા ઉંડા મોઢાથી, અને સાપ જેવી ભયંકર જીભથી, તથા કાળના જેવી દાઢોથી, ત્રણે લોકને જાણે ગળી જતો હોય તેમ; પગે ચાલતા પર્વત જેવો –પગથી પૃથ્વીનું ચૂર્ણ કરી નાંખતો–અને મોટા શરીરના વેગથી પર્વતોને દૂર ઉડાડી દેતો, ઇંદ્રને પહોંચી ગયો; અને તેને તેના વાહન ઐરાવત સહિત ગળી ગયો. ॥૨૭–૨૮–૨૯॥ ત્યારે મોટા અજગરે હાથીને ગળેલાની પેઠે, મહા બળવાન અને મોટા પ્રભાવવાળા વૃત્રાસુરે ઇંદ્રને ગળેલો દેખીને, પ્રજાપતિઓ અને મોટા ઋષિઓ સુધાં દેવતાઓ; ખેદ પામ્યા. અને અરે ભૂડું થયું " એમ ચીસો પાડવા લાગ્યા ॥ પણ એ વૃત્રાસુરે ગળી જવાથી તેના પેટમાં ગળેલો ઇંદ્ર, મહાપુરૂષ ભગવાનના સાંનિધ્યથી, અને ભગવાનની યોગ માયાના બળથી; મૂવો નહીં. ॥૩૦–૩૧॥ ને તે સમર્થ ઇંદ્ર, વજ્રવડે બળથી તેનું પડખું ચીરીને; બહાર નીકળ્યો; તથા પર્વતના શિખર સરખું તેનું માથું, તેણે જોર કરીને કાપીનાંખ્યું.॥૩૨॥ તોપણ તેના ગળાની ચારે તરફ કાપ્યાં કરતા એ મોટા વેગવાળા વજ્રથી, ત્રણસેને સાઠ દિવસે એ વૃત્રાસુરનું માથું કપાઇને હેઠે પડ્યું. ॥૩૩॥ તે વખતે આકાશમાં દુંદુભી વાગ્યાં, અને ગંધર્વો–સિધ્ધો–અને મોટા ઋષિઓનાં ટોળાંઓએ, આનંદથી વૃત્રાસુરના નાશ સંબંધી મંત્રોવડે; સ્તુતિ કરીને, ફુલનો વરસાદ કર્યો. ॥૩૪॥ અને હે

क्नुर्वंत्यस्यसर्गादौनविनायदनुग्रहात् ॥११॥ अविद्वानेवमात्मानंमन्यतेऽनीशमीश्वरं॥भूतैःसृजतिभूतानिग्रसतेतानितैःस्वयं ॥१२॥ आयुः श्रीःकीर्तिरैश्वर्यमाशिषःपुरुषस्यया:॥भवंत्येवहितत्कालेयथाऽनिच्छोर्विपर्यया:॥१३॥ तस्मादकीर्तियशसोर्जयपापजयोरपि॥ समःस्यात्सुखदुःखाभ्यांमृत्युजीवितयोस्तथा॥१४॥ सत्वंरजस्तमइतिप्रकृतेर्नात्मनोगुणाः॥ तत्रसाक्षिणमात्मानंयोवेदनसबध्यते ॥१५॥ पश्यमांनिर्जितंशक्रवृक्णायुधभुजंमृधे॥ घटमानंयथाशक्तितवप्राणजिहीर्षया ॥१६॥ प्राणग्लहोयंसमरइष्वक्षोवाहनासनः॥ अत्रनज्ञायतेमुष्यजयोमुष्यपराजयः ॥१७॥ श्रीशुक०इंद्रोवृत्रवचःश्रुत्वागतालीकमपूजयत्॥ गृहीतवज्रःप्रहसंस्तमाहगतविस्मयः ॥१८॥ अहोदानवसिद्धोसियस्यतेमतिरीदृशी॥ भक्तःसर्वात्मनात्मानंसुहृदंजगदीश्वरं ॥१९॥ भवानतार्षीन्मायांवैवैष्णवींजनमोहिनीं ॥ यद्विहायासुरंभावंमहापुरुषतांगतः॥२०॥ खल्विदंमहदाश्चर्यंयद्रजःप्रकृतेस्तव॥वासुदेवेभगवतिसत्त्वात्मनिदृढामतिः॥२१॥ यस्यभक्तिर्भगवतिहरौनिःश्रेयसेश्वरे॥ विक्रीडतोऽमृतांभोधौकिंक्षुद्रैःखातकोदकैः ॥२२॥ श्रीशुक०इतिब्रुवाणावन्योऽन्यंधर्मजिज्ञासयानृप॥ युयुधातेमहावीर्याविंद्रवृत्रौयुधांपती॥२३॥अाविध्यपरिघंवृत्रःकार्ष्णायसमरिंदमः॥इंद्रायप्राहिणोद्घोरंवामहस्तेनमारिप॥२४॥ सतुवृत्रस्यपरिघंकरंचकरभोपमं॥ चिच्छेदयुगपद्देवोवज्रेणशतपर्वणा॥२५॥ दोर्भ्यामुत्कृत्तमूलाभ्यांबभौरक्तस्रवोऽसुरः॥ छिन्नपक्षोयथागोत्रःखाद्भ्रष्टोवज्रिणाहतः ॥२६॥ कृत्वाऽधरांहनुंभूमौदैत्योदिव्युत्तरांहनुं॥ नभोगंभीरवक्त्रेणलेलिहोल्बणजिव्हया॥२७॥ दंष्ट्राभिःकालकल्पाभिर्ग्रसन्निवजगत्त्रयं ॥ अतिमात्रमहाकायआक्षिपंस्तरसागिरीन् ॥२८॥ गिरिराट्पादचारीवपद्भ्यांनिर्जरयन्महीं॥जग्रासससमासाद्यवज्रिणंसहवाहनं॥२९॥ महाप्राणोमहावीर्योमहासर्पइवद्विपं ॥ वृत्रग्रस्तंतमालक्ष्यसप्रजापतयःसुराः॥३०॥ हाकष्टमितिनिर्विण्णाश्चुक्रुशुःसमहर्षयः॥ निगीर्णोऽप्यसुरेंद्रेणनममारोदरंगतः॥ महापुरुषसन्नद्धोयोगमायाबलेनच॥३१॥भित्वावज्रेणतत्कुक्षिंनिष्क्रम्यबलभिद्विभुः॥ उच्चकर्तशिरःशत्रोर्गिरिशृंगमिवोजसा॥३२॥ वज्रस्तुतत्कंधरमा

પરીક્ષિત, જે વૃત્રાસુરના શરીરમાંથી નીકળેલ, આત્મારૂપી તેજ, સર્વના દેખતાં " અલોક " એટલે પરમાત્મામાં મળી ગયું. ॥૩૫॥ ઇતિશ્રી॰ ભા॰ છઠા સ્કંધનો બારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૨॥

અધ્યાય ૧૩ મો—શ્રીશુક—વૃત્રાસુર મરી જવાથી, એક ઇંદ્ર વિના, ત્રણે લોકને તેમના પાલકો સહિત સંતાપ ગટી જઇને, પરમ સુખ થયું. ॥૧॥ અને પછીથી બ્રહ્મા—સદાશિવ—ઇંદ્ર આદિ દેવતાઓ—ઋષિઓ—પિતૃઓ—પ્રાણીઓ—અને દૈત્યો તથા તેઓના અનુચરો; સર્વે પોતપોતાના સ્થાનકે ગયા. ॥૨॥—પરીક્ષિત—હે મુનિ, હું હવે ઇંદ્રને અ; શાંતિ થવાનું કારણ સાંભળવાને ઇચ્છું છું। કેમકે જેથી, સર્વ દેવો આદિને સુખ થયું તેથકીજ ઇંદ્રને દુખ, શામાટે થયું. ॥૩॥શ્રીશુક—વૃત્રા સુરના પરાક્રમથી ઉદ્વેગ પામેલા સઘળા દેવતાઓ અને ઋષિઓએ; જ્યારે તેને મારવાની ઇંદ્રની પ્રાર્થના કરી; ત્યારે મોટાનો વધથવાવડે લાગતી બ્રહ્મ હત્યાથી બીહીનેલા ઇંદ્રે તેમ કરવાની ઇચ્છા ન કરી અને તેમને કહ્યું કે. ॥૪॥ ઇંદ્ર—વિશ્વરૂપનો વધ કરેલા પાપને તો, સ્ત્રી—જળ—ભૂમિ અને ઝાડો; એમણે મારા ઉપર અનુગ્રહ કરીને વેહેંચી લીધું છે; પણ આ વૃત્રની હત્યાને મારે કયે પ્રકારે મટાડવી. ॥૫॥ શ્રીશુક—ત્યારે તેનું એ બોલવું સાંભળીને, ઋષિઓએ કહ્યું કે: " અમે તમને અશ્વમેધ યજ્ઞ કરાવી શું, તેથી તમારૂં ભલું થશે; તમે બીહીશો નહીં." ॥૬॥ કેમકે અશ્વમેધ યજ્ઞવડે, પરમાત્મા નારાયણ ઇશ્વર ભગવાનનું યજન કરવાથી પુરૂષ આખા જગતનો વધ કરવાના પાપ થકી પણ મુક્ત થાયછે. ॥૭॥ જેના કીર્તન થકીજ બ્રહ્મણને મારનારો—પિતૃને મારનારો—ગાયોને મારનારો—માને મારનારો—આચાર્યને મારનારો અને શ્વપચ એટલે કુતરાંને ખાનારો ચાંડાળ તથા પુક્કસ એવા પાપીઓ પણ શુદ્ધ થાયછે; તેવા ભગવાનનું અશ્વમેધ નામના મોટાયજ્ઞ વડે; અમે કરાવેલું યજન શ્રદ્ધા પૂર્વક કરવાથી તમને બ્રાહ્મણો સહિત આખા ચરાચર જગતને

शुवेगःकृंतन्समंतात्परिवर्तमानः॥ न्यपातयत्तावदहर्गणेनयोज्योतिषामयनेवार्त्रहत्ये ॥३३॥ तदाचखेदुंदुभयोविनेदुर्गंधर्वसिद्धाःसमहर्षिसंघाः॥ वार्त्रघ्नलिंगैस्तमभिष्टुवानामंत्रैर्मुदाकुसुमैरभ्यवर्षन्॥३४॥ वृत्रस्यदेहान्निष्क्रांतमात्मज्योतिररिंदम ॥ पश्यतांसर्वलोकानामलोकंसमपद्यत ॥३५॥ इतिश्रीभागवतेमहापुराणेषष्ठस्कंधेवृत्रवधोनामद्वादशोऽध्यायः ॥ १२ ॥

श्रीशुक०वृत्रेहतेत्रयोलोकाविनाशक्रेणभूरिद॥ सपालाह्यभवन्सद्योविज्वरानिर्वृतेंद्रियाः॥१॥ देवर्षिपितृभूतानिदैत्यादेवानुगाःस्वयं ॥ प्रतिजग्मुःस्वधिष्ण्यानिब्रह्मेशेंद्रादयस्ततः ॥२॥ राजा०इंद्रस्यानिर्वृतेर्हेतुंश्रोतुमिच्छामिभोमुने॥ येनासन्सुखिनोदेवाहरेर्दुःखंकुतोभवत् ३ श्रीशुक०वृत्रविक्रमसंविग्नाःसर्वेदेवाःसहर्षिभिः ॥ तद्वधायार्थयन्निंद्रंनैच्छद्भीतोबृहद्वधात् ॥४॥ इंद्र० स्त्रीभूजलद्रुमैरेनोविश्वरूपवधोद्भवं॥ विभक्तमनुगृण्हद्भिर्वृत्रहत्यांक्वमार्ज्म्यहं॥५॥ श्रीशुक०ऋषयस्तदुपाकर्ण्यमहेंद्रमिदमब्रुवन्॥ याजयिष्यामभद्रंतेहयमेधेनमास्मभैः॥६॥ हयमेधेनपुरुषंपर[illegible]त्मानमीश्वरं॥इष्ट्वानारायणंदेवंमोक्ष्यसेऽपिजगद्वधात्॥७॥ ब्रह्महापितृ[illegible]तृहाचार्यहाऽघवान् ॥ श्वादःपुल्कसकोवाऽपिशुध्येरन्यस्यकीर्तनात्॥८॥ तमश्वमेधेनमहामखेनश्रद्धान्वितोस्माभिरनुष्ठितेन॥हत्वापिसब्रह्मचराचरंत्वंनलिप्यसेकिंखलनिग्रहेण ॥९॥श्रीशुक०एवंसंचोदितोविप्रैर्मरुत्वानहनद्रिपुं॥ब्रह्महत्याहतेतस्मिन्नाससादवृषाकपिं॥१०॥ तयेंद्रःस्मास[illegible]तापंनिर्वृतिर्नामुमाविशत् ॥ ह्रीमंतंवाच्यतांप्राप्तंसुखयंत्यपिनोगुणाः॥११॥ तांददर्शानुधावंतींचांडालीमिवरूपिणीं॥ जरयावेपमानांगींयक्ष्मग्रस्तामसृक्पटां॥१२॥विकीर्यपलितान्केशांस्तिष्ठतिष्ठेतिभाषिणीं॥ मीनगंध्यसुगंधेनकुर्वतींमार्गदूषणं॥१३॥ नभोगतोदिशःसर्वाःसहस्राक्षोविशांपते ॥ प्रागुदीचींदिशंतूर्णंप्रविष्टोनृपमानसं॥१४॥ सआवसत्पुष्करनालतंतूनलब्धभोगोयदिहाग्निदूतः॥ वर्षाणिसाहस्रमलक्षितोंऽतःसचिंतयन्ब्रह्मवधाद्विमोक्षं ॥१५॥ तावत्त्रिणाकंनहुषःशशासविद्यातपोयोगबलानुभावः॥ ससंपदैश्वर्यमदांधबुद्धिर्नीतस्तिरश्चांगतिमिंद्रपत्न्या ॥१६॥ ततोगतोब्रह्मगिरोपहूतऋतंभरध्याननिवारिताघः ॥ पापस्तुदिग्देवतयाहतौजास्तंनाभ्यभूदवितंविष्णु[illegible]त्न्या॥१७॥ तंचब्रह्मर्षयोऽभ्येत्यहयमेधेनमा

મારવાનું પાપ પણ લાગે નહીં; તો આખળ પુરૂષનો નિગ્રહ કરવાનું પાપતો તમને લાગેજ કેમ. ॥૮—૯॥ એવી રીતે બ્રાહ્મણોની પ્રેરણાથી ઇંદ્રે વૃત્રા સુરને મારયો; અને તે મૂવાપછી બ્રહ્મ હત્યા ઇંદ્રની પાછળ પડી. ॥૧૦॥ એટલે તે થકી ઇંદ્ર સંતાપ પામીને સુખ પામી શકયા નહીં; કેમકે લાજવાળો પુરૂષ નિંદાને પાત્ર થાયછે ત્યારે બીજા ગુણો (સાધનો) તેને સુખ આપી શકતાં નથી. ॥૧૧॥ ડેડી જેવા રૂપવાળી—ઘડપણથી ધ્રુજતી—ક્ષયરોગથી લેવાઇ ગયેલી—અને લોહી વાળાં લુગડાં વાળી તે પાછળ દોડી આવતી દેખાવા લાગી. ॥૧૨॥ તે ધોળાવાળ છૂટામૂકેલી—ઉભો રહે ઉભો રેહે એમ બોલતી અને માંછલાંના સરખા ગંધથી; માર્ગને ખરાબ કરતી, જોવામાં આવતી હતી. ॥૧૩॥ હે પરીક્ષિત, ઇંદ્રે આકાશ અને સઘળી દિશાઓમાં ફરી આવ્યા પછી ઇશાન કોણની દિશામાં જઇને, તુર્ત માનસરોવરમાં પ્રવેશ કરયો. ॥ ૧૪ ॥ અને ત્યાં હજાર વરસો સુધી ગુપ્તરીતે કમળના નાળના તંતુઓમાં, જ્યાં અગ્નિ ન જઇ શકવાથી બળીના ભાગ પણ મળી શકતા નથી; એવી જગામાં બ્રહ્મ હત્યા થકી છુટવાનું ચિંતવન કરતા ઇંદ્ર પેસી રહ્યા. ॥૧૫॥ તથા ત્યાં સુધી વિદ્યા—તપ—યોગ અને બળના પ્રભાવ વડે નહુષ રાજાએ સ્વર્ગનું રાજ્ય કરયું; તે પછી સંપત્તિ અને ઐશ્વર્યના મદથી જ્યારે તે અંધ બુદ્ધિ વાળો થયો; ત્યારે ઇંદ્રાણીએ તેને અજગરની ગતિ પમાડયો. ॥૧૬॥ પછીથી ભગવાનના ધ્યાનથી પાપનું નિવારણ કરેલો તે ઇંદ્ર બ્રાહ્મણોએ બોલાવવાથી પાછો સ્વર્ગમાં ગયો; એટલા વખત સુધી ઇશાન દિશાના દેવે અને લક્ષ્મીએ રક્ષણ કરવાથી; ક્ષીણ બળ થએલ, બ્રહ્મ હત્યાનું પાપ તેને પરાભવ પમાડી શકયું નહીં. ॥૧૭॥ તથા બ્રાહ્મણોએ પછીથી તેની પાસે આવીને, અશ્વમેધ યજ્ઞવડે પુરૂષ ભગવાનનું આરાધન કરાવવાની વિધિ સહિત તેને દીક્ષા લેવરાવી. ॥૧૮॥ હે રાજા, બ્રહ્મવાદી બ્રાહ્મણોએ કરાવેલા તે અશ્વમેધથી સર્વ દેવમય અને આત્મ સ્વરૂપ યજ્ઞ પુરૂષ ભગવાનનું પૂજન ઇંદ્રે કરવાથી એ વૃત્રના વધના પાપનો મોટો ઢગલો સૂર્યથી અંધારૂં નાશ પામવાની પેઠે; સઘળો નાશપામી

ગયો ॥૧૮-૨૦॥ અને મરીચિ વિગેરે ઋષિઓએ વિધિ સહિત કરાવેલા અશ્વમેધ યજ્ઞથી યજ્ઞના સ્વામી પુરાણ પુરૂષ ભગવાનનું પૂજન કરવાથી ઇંદ્રનું પાપ ગળી જઇને તે પાછો મહાત્મા થયો. ॥૨૧॥ ઇંદ્રનો જય અને પાપ થકી તેના છૂટકારારૂપ આ મોટું આખ્યાન પાપોને મટાડનાર-ભગવાનના-કીર્તનવાળું-ભક્તિને વધારનાર ને ભક્ત જનના વર્ણન વાળું-ઇંદ્રિયોને શક્તિ આપનાર-શત્રુઓનો પરાજય કરનાર-તથા ધન, યશ, કલ્યાણ, અને આયુષ્યને આપનારૂં છે, પાપોના નાશ કરનારા આ આખ્યાનનો, સમગ્ર માણસોએ હમેશાં પ્રત્યેક પર્વણીને દિવસે પાઠ કરવો અગર શ્રવણ કરવું જોઇએ. ॥૨૨-૨૩॥ ઇતિશ્રી૦ ભા૦ છઠ્ઠા સ્કંધનો તેરમો અ૦ ॥૧૩॥

અધ્યાય ૧૪ મો. પરીક્ષિત—હે બ્રાહ્મણ રજોગુણ અને તમો ગુણી સ્વભાવ વાળા એ પાપી વૃત્રાસુરની નારાયણ ભગવાનમાં દૃઢ મતિ કેવા કારણથી થઇ હતી. ॥૧॥ કેમકે શુદ્ધ સત્વગુણી દેવતાઓ અને નિર્મળ અંતઃકરણવાળા ઋષિઓને પણ મુકુંદ ભગવાનના ચરણને વિશે, સહેજ સ્વભાવે કારણ વિના ભક્તિ ઉત્પન્ન થતી નથીજ. આ પૃથ્વીના રજકણોના જેટલી પ્રાણીઓની સંખ્યા છે, (એટલે અસંખ્ય છે.) તેઓમાં-થી મનુષ્યો આદિ થોડાકજ કલ્યાણને માટે ઉદ્યોગ કરી શકે એવાછે. ॥૩॥ અને તેઓમાં પણ કેટલાક ઉત્તમ દ્વિજોજ મોક્ષની ઇચ્છા રાખનારા હોયછે; તથા એવા હજારો મોક્ષની ઇચ્છા રાખનારાઓમાંથી કોઇ એકજ મુક્ત થઇને સિદ્ધ થઇ શકેછે. ॥૪॥ હે શુકદેવજી એ મુક્ત થઇને સિદ્ધ થનારા પણ કરોડોમાંથી નારાયણ ભગવાનને પરાયણ અને શાંત થયેલા મનવાળો પુરૂષ તો, મળવો દુર્લભ છે. ॥૫॥ એમ છતાં પાપરૂપ અને સર્વ લોકોને પરિતાપ આપનારા વૃત્રાસુરની બુદ્ધિ આવા ભયંકર સંગ્રામને સમયે પણ કૃષ્ણ ભગવાનને વિશે દૃઢપણે રહી હતી; તેનું કારણ શું. ॥૬॥ પોતાના પરાક્રમથી ઇંદ્રને પણ સંતોષ પમાડનારા એ વૃત્રા

रत॥ यथावद्दीक्षयांचक्रुः पुरुषाराधनेनह॥१८॥ अथेज्यमानेपुरुषेसर्वदेवमयात्मनि॥ अश्वमेधेमहेंद्रेणविततेब्रह्मवादिभिः॥१९॥ सर्वैस्त्वाष्ट्रवधोभूयानपिपापचयोनृप॥ नीतस्तेनैवशून्यायनीहारइवभानुना॥२०॥ सवाजिमेधेनयथोदितेनवितायमानेनमरीचिमिश्रैः॥ इष्ट्वाधियज्ञंपुरुषंपुराणमिंद्रोमहानासविधूतपापः॥२१॥ इदंमहाख्यानमशेषपाप्मनांप्रक्षालनंतीर्थपदानुकीर्तनं॥ भक्त्युच्छ्रयंभक्तजनानुवर्णनंमहेंद्रमोक्षंविजयंमरुत्वतः॥२२॥ पठेयुराख्यानमिदंसदाबुधाःशृण्वंत्यथोपर्वणिपर्वणींद्रियं॥ धन्यंयशस्यंनिखिलाघमोचनंरिपुंजयंस्वस्त्ययनंतथाऽयुषं॥२३॥ इ०भा०म०ष०इंद्रविजयोनामत्रयोदशोऽध्यायः॥१३॥ परिक्षि०रजस्तमःस्वभावस्यब्रह्मन्वृत्रस्यपाप्मनः॥नारायणेभगवतिकथमासीद्दृढामतिः॥१॥ देवानांशुद्धसत्त्वानामृषीणांचामलात्मनां॥ भक्तिर्मुकुंदचरणेनप्रायेणोपजायते॥२॥ रजोभिःसमसंख्याताःपार्थिवैरिहजंतवः॥ तेषांयेकेचनेहंतेश्रेयोवैमनुजादयः॥३॥ प्रायोमुमुक्षवस्तेषांकेचनैवद्विजोत्तमाः॥मुमुक्षुणांसहस्रेषुकश्चिन्मुच्येतसिध्यति॥४॥ मुक्तानामपिसिद्धानांनारायणपरायणः॥ सुदुर्लभःप्रशांतात्माकोटिष्वपिमहामुने॥५॥ वृत्रस्तुसकथंपापःसर्वलोकोपतापनः॥इत्थंदृढमतिःकृष्णआसीत्संग्रामउल्बणे॥६॥ अत्रनःसंशयोभूयान्श्रोतुंकौतूहलंप्रभो॥यःपौरुषेणसमरेसहस्राक्षमतोषयत्॥७॥ सूत०परीक्षितोऽथसंप्रश्नंभगवान्बादरायणिः॥निशम्यश्रद्दधानस्यमतिनंद्यवचोऽब्रवीत्॥८॥ श्रीशुक०शृणुष्वावहितोराजन्नितिहासमिमंयथा॥श्रुतंद्वैपायनमुखान्नारदाद्देवलादपि॥९॥ आसीद्राजासार्वभौमःशूरसेनेषुवैनृप॥चित्रकेतुरितिख्यातोयस्यासीत्कामधुङ्मही॥१०॥तस्यभार्यासहस्राणांसहस्राणिदशाभवन्॥ सांतानिकश्चापिनृपोनलेभेतासुसंततिं॥११॥रूपौदार्यवयोजन्मविद्यैश्वर्यश्रियादिभिः॥ संपन्नस्यगुणैःसर्वैश्चिंतावंध्यापतेरभूत्॥१२॥ नतस्यसंपदःसर्वामहिष्योवामलोचनाः॥सार्वभौमस्यभूश्चेयमभवन्प्रीतिहेतवः॥१३॥ तस्यैकदातुभवनमंगिराभगवानृषिः॥लोकाननुचरन्नेतानुपागच्छद्यदृच्छया॥१४॥ तंपूजयित्वाविधिवत्प्रत्युत्थानार्हणादिभिः॥कृतातिथ्यमुपासीदत्सुखासीनंसमाहितः॥॥१५॥ महर्षिस्तमुपासीनंप्रश्रयावनतंक्षितौ॥प्रतिपूज्यमहाराजसमाभाष्येदमब्रवीत्॥१६॥ अंगिरा०अपितेऽनामयंस्वस्तिप्रकृतीनांतथा

સુરની બાબતમાં અમને આ મોટો સંશયછે; અને તે સાંભળવાનો અમને ઉત્સાહ પણ છે. ॥૭॥ સુત—એ રીતનો પરીક્ષિતનો શ્રદ્ધાવાળો પ્રશ્ન સાંભળીને તેનો સત્કાર કરી ભગવાન શુકદેવજી બોલ્યા કે. ॥૮॥ શ્રીશુક—હે પરીક્ષિત; વેદવ્યાસ-નારદ-અને દેવળ મુનિના મુખથી મેં જેવી રીતે સાંભળેલું છે; તેવી રીતનો આ ઇતિહાસ તમે સાવધાન થઇને સાંભળો. ॥૯॥ સુરશેન દેશનો ચિત્રકેતુ નામનો પ્રખ્યાત ચક્રવર્તી રાજા હતો; અને તેની સઘળી ઇચ્છાઓ પૃથ્વી પૂરી પાડતી હતી ॥૧૦॥ તે શરીરાદિક વડે સમર્થ રાજાને હજારો હજાર (કરોડો) સ્ત્રીઓ હોવા છતાં; તેમને સંતાન થતું નહોતું. ॥૧૧॥ રૂપ--ઉદારતા-વય-જન્મ-વિદ્યા-ઐશ્વર્ય-અને લક્ષ્મી આદિકથી સર્વ ગુણ સંપન્ન હોવા છતાં; વાંઝિઓ કહેવાવાથી તેને ચિંતા થતી હતી. ॥૧૨॥ તેને એ સઘળી સંપત્તિથી-સારાં નેત્રવાળી સ્ત્રીઓથી-ચક્રવર્તી રાજ્યથી-અને આ પ્રકારની પૃથ્વી થકી પણ આનંદ થતો નહોતો. ॥૧૩॥ ત્યારે ભગવાન અંગિરા ઋષિ લોકને વિશે ફરતા ફરતા, એક દિવસે યદચ્છાથી તે રાજાને ઘેર આવી ચડયા. ॥૧૪॥ રાજાએ સામા ઉભા થઇને અને વિધિ સહિત પૂજન તથા આતિથ્ય કરીને તેમનો સત્કાર કર્યો. અને તેઓ સુખથી બેઠા પછી રાજા સાવધાન પણે તેમના સામે બેઠો. ॥૧૫॥ ત્યારે પોતા પાસે વિનય સહિત નમસ્કાર કરીને જમીન ઉપર બેઠેલા રાજાનો અંગિરા ઋષિએ પણ સત્કાર કર્યો; અને તેને આ પ્રમાણે કહ્યું. ॥૧૬॥—અંગિરા—જેમ સાતે પ્રકારની પ્રકૃતિથી રક્ષણ થયેલો આત્મા સુખથી રહે છે; તેમજ રાજા પણ પોતાની સાતે પ્રકૃતિઓ (૧ સામંતો એટલે નાનાના મંડળિક રાજાઓ, ૨ સ્ત્રીઓ અને પુત્રાદિક, ૩ પ્રધાન, ૪ મંત્રિઓ એટલે સલાહકારો, ૫ લશ્કર અને તેના સરદારો' ૬ પ્રજાઓ એટલે દેશના અને શેહેરોના વેહેપારી વિગેરે મુખ્ય તથા શ્રીમંત લોકો, ૭ કિલ્લાઓ અને તેમનું રક્ષણ કરનારા કિલ્લેદારો, એ રીતે સાતે પ્રકારો) થકી રોગ રહિત હોય, તોજ સુખ પામે છે; માટે તમે તેઓ થકી સુખી તો છોકે. ॥૧૭॥ જેમ પ્રકૃતિઓ સારી રીતે અનુકૂળ હોવાથી, રાજા સુખ પામે છે; તેમ

જ રાજાની અનુકૂળતા હોય, તોજ પ્રકૃતિઓ પણ સુખી રહી શકે છે. ॥૧૮॥ તમારી સ્ત્રીઓ–પ્રજાઓ–કામદારો–નોકરો–વેપારીઓ–સલાહકારો–શહેરીઓ–ગામોના મુખ્યો–તાબાના રાજાઓ–અને પુત્રો; એ સર્વ તમારી અનુકૂળતામાં આવે છે કે કેમ? ॥૧૯॥ પોતાનું મન વશ રાખનાર રાજાને, એ સઘળાંઓ વશ રેહે છે; અને લોકો તથા મંડલિક રાજાઓ, આળસ તજીને તેને કર આપે છે. ॥૨૦॥ તમારું મન, તમારા પોતાના અગર બીજા કોઇના પણ કારણ વડે; પ્રસન્ન દેખાતું નથી; અને તમારા ચિંતાતુર મોઢા ઉપરથી, તમને કોઇ વાતની તૃષ્ણા હોવાનું જણાઇ આવે છે. ॥૨૧॥–**શ્રીશુક**–સર્વના મનની વાત જાણનારા એ મુનિએ, આ રીતે વિકલ્પ વડે રાજાને પૂછવાથી; પુત્રની કામનાવાળા તે રાજાએ, મુનિને વિનય સહિત નમીને, કહ્યું કે. ॥૨૨॥–**ચિત્રકેતુ**–હે ભાગ્યશાળી અંગિરા મુનિ, આપ સરખા પાપ રહિત થએલા યોગીઓથી તપ–જ્ઞાન–અને સમાધિના પ્રભાવવડે; પ્રાણીઓની બહારની અને અંતરની કોઇ પણ વાત અજાણી હોતી નથીજ ॥૨૩॥ એટલે હે બ્રાહ્મણ, આપ સઘળું જાણો છોજ; તથાપી આપ મારા મનની ચિંતા બદલ પૂછોછો, તો આપની આજ્ઞાને હું માથે ચઢાવુંછું. ॥૨૪॥ ભૂખ્યા અને તરસ્યા માણસને (અન્નજળ શિવાયની), બીજી વસ્તુઓ પ્રાપ્ત થવાની પેઠે; સંતાન વિનાનો હું લોક પાળોએ પણ ઇચ્છવા જેવી આ ચક્રવર્ત્તી રાજની લક્ષ્મી અને ઐશ્વર્ય થકી; આનંદ પામતો નથી. ॥૨૫॥ તેથી હે મહા ભાગ, આપ મને પૂર્વજો સહિત નરકમાં પડવાથકી બચાવો; અને ન તરી શકાય એવા નરકાદિકને હું પ્રજાવડે તરી જાઉં, એવો ઉપાય કરો. ॥૨૬॥–**શ્રીશુક**–એ રીતે પ્રાર્થના કરાવેલા, તે સમર્થ–બ્રહ્માના પુત્ર–દયાળું–અંગિરા ઋષિએ; ત્વષ્ટ્રા દેવનો ચરૂ રાંધીને, તેવડે ત્વષ્ટ્રા દેવનું યજન કર્યું. ॥૨૭॥ પછી હે રાજા, તેનું શેષ રહેલું અન્ન, ચિત્રકેતુની

त्मनः॥यथाप्रकृतिभिर्गुप्तःपुमान्राजापिसप्तभिः ॥१७॥ आत्मानंप्रकृतिष्वद्धानिधायश्रेयआप्नुयात् ॥राज्ञातथाप्रकृतयोनरदेवाहिताधयः ॥
॥१८॥ अपिदाराःप्रजामात्याभृत्याःश्रेण्योथमंत्रिणः॥पौराजानपदाभूपाआत्मजावशवर्तिनः॥१९॥यस्यात्माऽनुवशश्चेत्स्यात्सर्वेतद्वशगाइ
मे॥लोकाःसपालायच्छंतिसर्वेबलिमतंद्रिताः ॥२०॥ आत्मनःप्रीयतेनात्मापरतःस्वतएववा॥लक्षयेलब्धकामंत्वांचिंतयाशबलंमुखं ॥२१॥
एवंविकल्पितोराजन्विदुषामुनिनापिसः ॥ प्रश्रयावनतोऽभ्याहप्रजाकामस्ततोमुनिं ॥२२॥ चित्रकेतु० भगवन्किंनविदितंतपोज्ञानसमा
धिभिः॥ योगिनांध्वस्तपापानांबहिरंतःशरीरिषु ॥२३॥ अथापिपृच्छतोब्रूयांब्रह्मन्नात्मनिचिंतितं ॥ भवतोविदुषश्चापिचोदितस्त्वदनुज्ञया
॥२४॥ लोकपालैरपिप्रार्थ्याःसाम्राज्यैश्वर्यसंपदः ॥ ननंदयंत्यप्रजंमांक्षुत्तृट्कामिवापरे॥२५॥ ततःपाहिमहाभागपूर्वैःसहगतंतमः॥यथात
रेमदुस्तारंप्रजयातद्विधेहिनः॥२६॥ श्रीशुक० इत्यर्थितःसभगवान्कृपालुर्ब्रह्मणःसुतः॥ श्रपयित्वाचरुंत्वाष्ट्रंत्वष्टारमयजद्विभुः ॥२७॥ ज्ये
ष्ठाश्रेष्ठाचयाराज्ञोमहिषीणांचभारत॥ नाम्नाकृतद्युतिस्तस्यैयज्ञोच्छिष्टमदाद्विजः॥२८॥ अथाहनृपतिंराजन्भवितैकस्तवात्मजः॥ हर्षशोक
प्रदस्तुभ्यमितिब्रह्मसुतोययौ ॥२९॥ सापितत्प्राशनादेवचित्रकेतोरधारयत् ॥ गर्भंकृतद्युतिर्देवीकृत्तिकाऽग्नेरिवात्मजं॥३०॥ तस्याअनुदि
नंगर्भःशुक्लपक्षइवोडुपः॥ ववृधेशूरसेनेशतेजसाशनकैर्नृप॥३१॥ अथकालउपावृत्तेकुमारःसमजायत ॥ जनयन्शूरसेनानांशृण्वतांपरमांमु
दं॥३२॥ हृष्टोराजाकुमारस्यस्नातःशुचिरलंकृतः ॥ वाचयित्वाऽऽशिषोविप्रैःकारयामासजातकं ॥३३॥ तेभ्योहिरण्यंरजतंवासांस्याभरणा
निच॥ ग्रामान्हयान्गजान्प्रादाद्धेनूनामर्बुदानिषट् ॥३४॥ ववर्षकाममन्येषांपर्जन्यइवदेहिनां॥धन्यंयशस्यमायुष्यंकुमारस्यमहामनाः॥३५॥
कृच्छ्रलब्धेऽथराजर्षेस्तनयेऽनुदिनंपितुः॥ यथानिःस्वस्यकृच्छ्राप्तेधनेस्नेहोऽन्ववर्धत॥३६॥ मातुस्त्वतितरांपुत्रेस्नेहोमोहसमुद्भवः॥कृतद्युतेः
सपत्नीनांप्रजाकामज्वरोऽभवत्॥३७॥ चित्रकेतोरतिप्रीतिर्यथादारेप्रजावति॥ नतथाऽन्येषुसंजज्ञेबालंलालयतोऽन्वहं॥३८॥ताःपर्यतप्य
न्नात्मानंगर्हयंत्योऽभ्यसूयय ॥ आनपत्येनदुःखेनराज्ञोऽनादरणेनच॥३९॥ धिगप्रजांस्त्रियंपापांपत्युश्चागृहसंमतां॥ सुप्रजाभिःसपत्नीभिर्दा

મોટી અને માનિતી રાણી કૃતદ્યુતિને, ખવરાવ્યું. ॥૨૮॥ અને તેને એ થકી હરખ અને શોક આપનારો, એક પુત્ર થવાનું કહીને; બ્રહ્મપુત્ર અંગિરાઋષિ, ચાલ્યા ગયા. ॥૨૯॥ પછી એ ચરૂ ખાવાના પ્રતાપથી, કૃતદ્યુતિ રાણીને તુર્તજ ચિત્રકેતુ થકી; કૃતિકાને વિશે અગ્નિથકી રેહેવાની પેઠે, ગર્ભ રહ્યો. ॥૩૦॥ અને હે પરીક્ષિત, એ ચિત્રકેતુથી રહેલો ગર્ભ, રોજ રોજ અજવાળી પક્ષના ચંદ્રમાની માફક; વધવા લાગ્યો. ॥૩૧॥ તથા માસ પૂરા થવાથી, તેને કુંવર જન્મ્યો; જે સાંભળવાથી સુરશેન દેશના લોકોને ઘણો આનંદ થયો. ॥૩૨॥ પછી હરખ પામેલા રાજાએ, નાહી ધોઇ અલંકાર પેહેરીને, બ્રાહ્મણો પાસે તેનું સ્વસ્તી વાચન અને જાત કર્મ કરાવ્યું. ॥૩૩॥ અને બ્રાહ્મણોને સોનું–રૂપું–વસ્ત્રો–તથા ઘરેણાં અને ગામો–ઘોડા હાથી–અને છ અર્બુદ ગાયોનાં દાન આપ્યાં. ॥૩૪॥ તથા એ ઉદાર મનના રાજાએ, કુંવરનાં આયુષ્ય–યશ–અને ધનની વૃદ્ધિ થવા માટે, બીજાલોકો ઉપર પણ ઇચ્છિત પદાર્થોનો, વરસાદ વરસાવ્યો. ॥૩૫॥ તથા એ રાજાને ઘણા પરિશ્રમથી મળેલા એ પુત્રના ઉપરનો સ્નેહ રોજ રોજ, નિર્ધન માણસને માંડ માંડ મળેલા ધનની પેઠે; વધતો ગયો. ॥૩૬॥ અને તેની મા કૃતદ્યુતિને તો તે પુત્રનો, પોતાને મોહ ઉત્પન્ન કરનારોજ સ્નેહ થયો; તથા તેની શોક્યોને પુત્રની કામનાથી પરિતાપ થયો. ॥૩૭॥ તે પછી, રોજરોજ એ બાળકને રમાડયા કરતા ચિત્રકેતુની, જેવી પ્રીતિ એ છોકરાની મા કૃતદ્યુતિમાં રહેતી હતી; તેવી બીજી સ્ત્રીઓના ઉપર, રહેતી ન લાગી. ॥૩૮॥ તેથી વાંઝીયાપણાના અને રાજાનો અનાદર થવાના દુઃખથી, તે સ્ત્રીઓ પરિતાપ અને અદેખાઇ વાળી થઇને; પોતાના દેહને ધિક્કારવા લાગીઓ કે. ॥૩૯॥ "પાપણી અને ઘરમાં ધણીને નહીં ગમતી, તથા સંતાનવાળી શોક્યોથી, દાસીની પેઠે તિરસ્કાર કરાતી; સંતાન વિનાની સ્ત્રીઓને ધિક્કાર છે. ॥૪૦॥ અભાગણી અને દાસીઓની પણ દાસીઓ અમો કરતાં તો, સ્વામીની સેવા કરવામાં વારંવાર માન પામતી; દાસીઓને પણ કોઇ પ્રકારનો સંતાપ હોતો નથી."॥૪૧॥ એમ શોક્યને દીકરો આવવાથી એ રીતે બળી રહેલી,

અને રાજાને અણમાનિતી થયેલી, તે સ્ત્રીઓને મોટો દ્વેષ ઉત્પન્ન થયો. ॥૪૨॥ પછી દારૂણ મનવાળી, અને દ્વેષને લીધે બુદ્ધિ નાશ પામેલી, તે સ્ત્રીઓએ; રાજા ઉપરની અસહનતાથી, કુંવરને ઝેર દીધું. ॥૪૩॥ અને શોક્યોના એ મોટાં પાપને નહીં જાણેલી કૃતદ્યુતિ, કુંવરને સૂઈ ગયેલો દેખી ઉંઘી ગયેલાનું માનીને, ઘરની અંદર ફરતી હતી. ॥૪૪॥ પછી બાળકને સૂઈ ગયાને ઘણીવાર થયાનું વિચારીને તે બુદ્ધિવાન સ્ત્રીએ, ધાવને કહ્યું કે: હે કલ્યાણી, પુત્રને તેડી આવ. ॥૪૫॥ એટલે સૂતેલા કુંવરપાસે ધાવ જતાં, તેણે તેને પ્રાણ-ઇંદ્રિયો-અને ચેતનાવિનાનો તથા આંખોની કીકીઓ નીકળી પડેલો જોઈને; "હાય મોટા" એમ બુમ પાડીને, તે ધરતી ઉપર પડી ગઈ. ॥૪૬॥ એમ બહુ ગભરાઈ કૂટતી એ ધાવનો આતુર શબ્દ સાંભળી, કૃતદ્યુતિ ઉતાવળી કુંવર પાસે ગઈ; અને બાળકને જોતાં, તે તુરતજ મૂએલો જણાયો. ॥૪૭॥ તેથી શોક વધીને જમીન ઉપર પડી ગઈ: અને માથાના વાળ અને લુગડાં સઘળાં વધર થઈ ગયાં; તથા તે મૂર્છા પામી. ॥૪૮॥ તેમનું રડવું સાંભળીને, રાજાના જનાન ખાનાની સ્ત્રીઓ વિગેરે લોક, ત્યાં આવીને સરખી રીતેજ દુખી થઈને, રોવા લાગ્યાં: તે ભેળી પાપ કરનારી રાજાની બીજી રાણીઓ પણ જૂઠું રોવા લાગીઓ. ॥૪૯॥ અચાનક પુત્રનું મરણ સાંભળીને અંધ બનેલો, માર્ગમાં ઠેસો ખાતો અને પડી જતો, તથા સ્નેહબંધનવાળી બુદ્ધિથી મૂર્છા પામીને, ઘણો શોક કરતો; ચિત્રકેતુ પણ, પોતાના અનુચરો-પ્રકૃતિઓ-અને બ્રાહ્મણોથી વિંટાયલો; તે સ્થળે આવ્યો. ॥૫૦॥ ત્યારે માથાના વાળ અને પહેરેલાં વસ્ત્રો છૂટી ગયેલો તે, મૂએલા બાળકના પગની પાસે પડ્યો; અને આંસુઓનાં ટિપાંથી ગળું ભરાઈ જવાથી, મોટા નીસાસા નાંખતો તે બોલી પણ શક્યો નહીં. ॥૫૧॥ ત્યારે એકનો એક દીકરો મરી જવાથી, તથા પોતાના સ્વામીને ઘણો શોક કરતો

सीमिवतिरस्कृतां ॥४०॥ दासीनांकोनुसंतापःस्वामिनःपरिचर्यया॥ अभीक्ष्णंलब्धमानानांदास्यादासीवदुर्भगाः ॥४१॥ एवंसंदह्यमानानां
सपत्न्याःपुत्रसंपदा॥ राज्ञोऽसंमतवृत्तीनांविद्वेषोबलवानभूत् ॥४२॥ विद्वेषनष्टमतयस्त्रियोदारुणचेतसः॥गरंददुःकुमारायदुर्मर्षानृपतिंप्रति
॥४३॥ कृतद्युतिरजानंतीसपत्नीनामघंमहत् ॥ सुप्तएवेतिसंचिंत्यनिरीक्ष्यव्यचरद्गृहे॥४४॥ शयानंसुचिरंबालमुपधार्यमनीषिणी॥पुत्रमान
यमेभद्रेइतिधात्रीमचोदयत् ॥४५॥ साशयानमुपव्रज्यदृष्ट्वाचोत्तारलोचनं॥ प्राणेंद्रियात्मभिस्त्यक्तंहताऽस्मीत्यपतद्भुवि ॥४६॥ तस्यास्तदा
कर्ण्यभृशातुरंस्वरंघ्नंत्याःकराभ्यामुरउच्चकैरपि ॥ प्रविश्यराज्ञीत्वरयात्मजांतिकंददर्शबालंसहसामृतंमुतं॥४७॥ पपातभूमौपरिवृद्धयाशुचा
मुमोहविभ्रष्टशिरोरुहांबरा॥४८॥ ततोनृपांतःपुरवर्तिनोजनानराश्चनार्यश्चनिशम्यरोदनं॥ आगत्यतुल्यव्यसनाःसुदुःखितास्ताश्चव्यलीकंरु
रुदुःकृतागसं॥४९॥ श्रुत्वामृतंपुत्रमलक्षितांतकंविनष्टदृष्टिःप्रपतन्स्खलन्पथि ॥ स्नेहानुबंधैधितयाशुचाभृशंविमूर्छितोऽनुप्रकृतिर्द्विजैर्वृतः
॥५०॥ पपातबालस्यसपादमूलेमृतस्यविस्त्रस्तशिरोरुहांबरः॥ दीर्घंश्वसन्बाष्पकलोपरोधतोनिरुद्धकंठोनशशाकभाषितुं ५१ पतिंनिरीक्ष्यो
रुशुचाऽर्पितंतदामृतंचबालंसुतमेकसंततिं॥ जनस्यराज्ञीप्रकृतेश्चहृद्रुजंसतीदधानाविललापचित्रधा॥५२॥ स्तनद्वयंकुंकुमगंधमंडितंनिषिं
चतीसांजनबाष्पबिंदुभिः ॥ विकीर्यकेशान्विगलत्स्रजःसुतंशुशोचचित्रंकुररीवसुस्वरं॥५३॥ अहोविधातस्त्वमतीवबालिशोयस्त्वात्मसृष्ट्यप्र
तिरूपमीहसे॥ परेऽनुजीवत्यपरस्ययामृतिर्विपर्ययश्चेत्त्वमसिध्रुवःपरः॥५४॥ नहिक्रमश्चेदिहमृत्युजन्मनोःशरीरिणामस्तुतदात्मकर्मभिः॥यः
स्नेहपाशोनिजसर्गवृद्धयेस्वयंकृतस्तेतमिमंविवृश्चसि॥५५॥त्वंतातनार्हसिचमांकृपणामनाथांत्यक्तुंविचक्ष्वपितरंतवशोकतप्तं ॥अंजस्तरेम
भवताऽप्रजदुस्तरंयद्ध्वांतंनयाह्यकरुणेनयमेनदूरं॥५६॥ उत्तिष्ठताततइमेशिशवोवयस्यास्त्वामाह्वयंतिनृपनंदनसंविहर्तुं॥सुप्तश्चिरंह्यशन
याचभवान्परीतोभुंक्ष्वस्तनंपिबशुचोहरनःस्वकानां ॥ ५७ ॥ नाहंतनूजददृशेहतमंगलातेमुग्धस्मितंमुदितवीक्षणमाननाब्जं ॥ किंवाग
तोऽस्यपुनरभवमन्यलोकंनीतोऽघृणेननशृणोमिकलागिरस्ते ॥५८॥ श्रीशुक०विलपंत्यांमृतंपुत्रमितिचित्राविलापनैः॥चित्रकेतुर्भृशंतप्तो

દેખીને; કૃતદ્યુતિ, લોકનાં અને પ્રકૃતિઓનાં કાળજાં ફાટે, એવા અનેક તરેહના વિલાપ કરવા લાગી. ॥૫૨॥ અને આંજણવાળા આંસુથી, ચંદન અને સુગંધી લગાડેલા બેઉ સ્તનોને ધોઈ નાંખતી તે રાણી; ખરીપડતી ફૂલની માળાઓ વાળો, ચોટલો છૂટો મૂકીને, ટીટોડીની પેઠે, ઉંચે સાદે પુત્રનો શોક કરવા લાગી કે. ॥૫૩॥ અરે દૈવ તું તારી પોતાની કરેલી સૃષ્ટિને આડે આવે, એવું કામ; મોટાંઓને જીવાડીને તેમની પાછળ જન્મેલાંઓને; મારી નાંખવાવડે કરે છે. તેથી તું અતિશય અજ્ઞાની જણાય છે; તું જો ખરેખરો અને અવિચળ પરમાત્મા હોતતો, આમ નહીં કરતાં આથી ઉલટી રીતેજ કરત ॥૫૪॥ વળી જો; પ્રાણીઓનાં જેનાં તેનાં કર્મોવડેજ આ લોકમાં તેમને જન્મવાનો અને મરવાનો ક્રમ, બરાબર ન રહેતો હોયતો; આપે કરેલી આ સૃષ્ટિનો વધારો થવાને માટે, જે સ્નેહપાશ આપનોજ કરેલો છે; તેનું છેદન કરનારા પણ; આ પ્રકારવડે આપજ આપોછો. ॥૫૫॥ હે બાપ, રાંક અને અનાથ એવી મને તજવાને તું યોગ્ય નથી; શોકથી તપેલા તારા બાપને તું જો; નિર્દય યમ; તને દૂર ન લેઈ જાઓ, કે જેથી વાંઝિઆપણારૂપી ન તરાય એવા નરકને, અમે તારાવડે ઉતાવળાં તરી જઈએ. ॥૫૬॥ હે રાજ પુત્ર, ઉઠ, આ સરખી ઉંમરના બાળકો તને રમવાને બોલાવેછે; ઘણીવારથી સૂતો છે. તને ભૂખ બહુ લાગી હશે. માટે ધાવ; અને પોતાનાંઓનો શોક મટાડ. ॥૫૭॥ હે પુત્ર, હું અભાગિણી, તારા બાળ ચેષ્ટાના હસવાને, અને આનંદી મુખ કમળથી જોવાને, જોતી નથી; અને તારી કાલી કાલી વાણી સાંભળતી પણ નથી; નિર્દય યમ જ્યાંથી પાછું આવવું નથી, તે પરલોકમાં તને લેઈ ગયો કે શું.?" ॥૫૮॥ એ રીતે રાણીએ વિચિત્ર પ્રકારે મરી ગયેલા પુત્રનો વિલાપ કરવાથી, બહુ તપી ગયેલો ચિત્રકેતુ પણ ગળું છૂટું મૂકીને રોવા લાગ્યો. ॥૫૯॥ ત્યારે તે બંને સ્ત્રી પુરુષને એ રીતે વિલાપ કરતાં જોઈને, તેમને અનુસરનાર સર્વેજણ, દુઃખ પામીને રોવા લાગ્યાં; તથા તેમને પણ મૂર્છા આવી. ॥૬૦॥ એ રીતે દુખ પામેલા-મૂર્છા પામેલા-અને અનાથ બનેલા ચિત્રકેતુને જાણીને; અંગિરા મુનિ નારદજી સહિત

સાં આવ્યા. ॥૬૧॥ ઇતિશ્રી૦ ભા૦ છઠ્ઠા સ્કંધનો ચોદમો અ૦ સં૦ ॥૧૪॥.

અધ્યાય ૧૫ મો.—શ્રીશુક—અને મરી ગયેલાની પાસે, મૂવેલા સરખો પડેલા તથા શોકથી પરાભવ પામેલા ચિત્રકેતુને, તેઓ સારાં વચનોવડે બોધ કરવા લાગ્યા કે. ॥૧॥ "હે મોટા રાજા, તમે જેનો શોક કરોછો, તે હાલની સૃષ્ટિમાં તમારો શો સગો થાય છે; અને તમે તેના શા સગા થાઓછો: પ્રથમની સૃષ્ટિમાં તમો કેવી રીતના સંબંધી હતા; તથા હવે પછીની થવાની સૃષ્ટિમાં તમો કેવી રીતના સંબંધી થનારછો. ॥૨॥ જેમ પ્રવાહનાં વેગથી રેતી એકઠી થાય છે, અને જૂદી પણ પડે છે; તે રીતેજ કાળના વેગથી પ્રાણીઓ ભેગાં થાય છે; અને જૂદાં પણ પડે છે. ॥૩॥ જે રીતે અનાજ થકી અનાજ થાય છે; અને નથી પણ થતાં; તે રીતેજ ભગવાનની માયાની પ્રેરણાથી, પ્રાણીઓથકી પ્રાણીઓ થાય છે; અને નથી પણ થતાં. ॥૪॥ હું-તમે અને આ સમાન એટલે વર્તમાનકાળના, બધા સ્થાવર જંગમો; જન્મની પહેલાં, અને મરણ પછી; જેવી રીતે "નથી;" તેજ રીતે હે રાજા; હમણાં પણ નથીજ, એમ જાણો ॥૫॥ પ્રાણી માત્રના ઇશ્વર અજન્મા ભગવાન પોતેજ, બીજાની સહાય વગર, તથા બાળકની પેઠે; પોતાના સર્જેલા અને પરતંત્ર પ્રાણીઓવડેજ, પ્રાણીઓને સર્જેછે-પાળે છે-અને નાશ પણ કરે છે. ॥૬॥ હે રાજા બીજથકી-બીજ ઉત્પન્ન થયેલાની પેઠે, પ્રાણીના એક શરીરથકી બીજું શરીર ઉત્પન્ન થયેલું હોવાથી, તેમાં હમેશની વસ્તુ રૂપે તો, એકલો દેહી એટલે ક્ષેત્રજ્ઞ આત્માજ છે. ॥૭॥ જેમ વસ્તુઓને વિશે જાતિ અને વ્યક્તિના વિભાગોની કલ્પના થાય છે; તેમજ દેહ અને દેહીની કલ્પનાના વિભાગો પણ પૂર્વકાળથીજ; અજ્ઞાનવડે થતા આવેલા છે; છતાં વસ્તુતાએતો એકલો દેહીજ, સર્વરૂપે છે. ॥૮॥ **શ્રીશુક**-એ રીતે એ મુનિઓના કહેવાથી, આશ્વાસન કરાયેલો

मुक्तकंठोरुरोदसः॥५९॥ तयोर्विलपतोःसर्वेदंपत्योस्तदनुव्रताः॥ रुरुदुःस्मनरानार्यःसर्वमासीदचेतनं॥६०॥एवंकश्मलमापन्नंनष्टसंज्ञमनायकं॥ ज्ञात्वांऽगिरानाममुनिराजगामसनारदः ॥६१॥ इतिश्रीभागवतेमहापुराणेषष्टस्कंधेचतुर्दशोऽध्यायः ॥ १४ ॥

श्रीशुक०ऊचतुर्मृतकोपांतेपतितंमृतकोपमं॥शोकाभिभूतंराजानंबोधयंतौसदुक्तिभिः ॥१॥ कोऽयंस्यात्तवराजेंद्रभवान्यमनुशोचति॥त्वंचास्यकतमःसृष्टौपुरेदानीमतःपरं ॥२॥ यथाप्रयांतिसंयांतिस्रोतोवेगेनवालुकाःसंयुज्यंतेवियुज्यंतेतथाकालेनदेहिनः ॥३॥ यथाधानासुवैधानाभवंतिनभवंतिच॥एवंभूतेषुभूतानिचोदितानीशमायया ॥४॥ वयंचत्वंचयेचेमेतुल्यकालाश्चराचराः॥ जन्ममृत्योर्यथापश्चात्प्राङ्नैवमधुनाऽपिभोः॥५॥ भूतैर्भूतानिभूतेशःसृजत्यवतिहंत्यजः॥ आत्मसृष्टैरस्वतंत्रैरनपेक्षोऽपिवालवत्॥६॥ देहेनदेहिनोराजन्देहाद्देहोऽभिजायते॥ बीजादेवयथाबीजंदेह्यर्थइवशाश्वतः॥७॥ देहदेहिविभागोऽयमविवेककृतःपुरा॥जातिव्यक्तिविभागोऽयंयथावस्तुनिकल्पितः॥८॥श्रीशुक० एवमाश्वासितोराजाचित्रकेतुर्द्विजोक्तिभिः॥ प्रमृज्यपाणिनावक्त्रमाधिम्लानमभाषत ॥९॥ राजा०कौयुवांज्ञानसंपन्नौमहिष्ठौचमहीयसां ॥ अवधूतेनवेषेणगूढाविहसमागतौ ॥१०॥ चरंतिह्यवनौकामंब्राह्मणाभगवत्प्रियाः॥मादृशांग्राम्यबुद्धीनांबोधायोन्मत्तलिंगिनः॥११॥ कुमारोनारदऋभुरंगिरादेवलोऽसितः अपांतरतमोव्यासोमार्कंडेयोथगौतमः॥१२॥वसिष्ठोभगवान्रामःकपिलोबादरायणः॥दुर्वासायाज्ञवल्क्यश्चजातूकर्ण्यस्तथाऽरुणिः ॥१३॥ रोमशश्च्यवनोदत्तआसुरिःसपतंजलिः॥ऋषिर्वेदशिराबोध्योमुनिःपंचशिरास्तथा ॥१४॥ हिरण्यनाभःकौशल्यःश्रुतदेवऋतध्वजः॥एतेपरेचसिद्धेशाश्चरंतिज्ञानहेतवः॥१५॥ तस्माद्युवांग्राम्यपशोर्ममूढधियःप्रभू ॥ अंधेतमसिमग्नस्यज्ञानदीपउदीर्यतां ॥१६॥ अंगिरा०अहंतेपुत्रकामस्यपुत्रदोऽस्म्यंगिरानृप॥एषब्रह्मसुतःसाक्षान्नारदोभगवानृषिः॥१७॥ इत्थंत्वांपुत्रशोकेनमग्नंतमसिदुस्तरे॥अतदर्हमनुस्मृत्यमहापुरुषगोचरं ॥१८॥ अनुग्रहायभवतःप्राप्तावावामिहप्रभो॥ब्रह्मण्योभगवद्भक्तोनावसीदितुमर्हति ॥१९॥ तदैवतेपरंज्ञानंददामिगृहमागतः॥ज्ञात्वाऽन्याभिनिवेशंतेपुत्रमेवददावहं ॥२०॥ अधुनापुत्रिणांतापोभवतैवानुभूयते॥एवंदारागृहारायोवि

ચિત્રકેતુ રાજા; પુત્ર શોકરૂપી આધિથી કરમાયલું, પોતાનું મોંઢું પોતાના હાથે સાફ કરીને, બોલ્યો કે. ॥૯॥ **ચિત્રકેતુ**-મોટા થકી મોટા અને જ્ઞાનથી પરિપૂર્ણ એવા તમો બેજણા, અહીંયાં અવધૂતના વેષથી આવેલા; કોણછો. ॥૧૦॥ જેઓ ભગવાનને પ્રિય છે એવા બ્રાહ્મણો, ઉન્મત્ત સરખા વેશથી આ પૃથ્વી ઉપર; મારા જેવા ગ્રામ્ય બુદ્ધિવાળાઓને, બોધ આપવાને માટેજ; મરજી પ્રમાણે ફરયા કરે છે. ॥૧૧॥ સનત્કુમારો-નારદ-ઋભુ-અંગિરા-દેવળ-અસિત-અપાંતરતમ-વ્યાસ-માર્કંડેય-અને ગૌતમ-॥૧૨॥ વસિષ્ટ-પરશુરામ-કપિલ-શુકદેવજી-દુર્વાસા-યાજ્ઞવલ્ક્ય-જાતુકર્ણ- અને આરૂણિ.-॥૧૩॥-રોમશ-ચ્યવન-દત્તાત્રય-આસુરી-પતંજલિ-વેદશિરા-બોધ્ય-અને પંચશિરા- ॥૧૪॥ હિરણ્યનાભ-કૌશલ્ય-શ્રુતદેવ-ઋતધ્વજ-એટલાએ તથા બીજાઓ પણ મોટા સિદ્ધ પુરુષો, જ્ઞાન આપવાના હેતુથીજ; પૃથ્વી ઉપર ફરયા કરે છે. ॥૧૫॥ એટલા માટે હે સમર્થ, મૂઢ-પશુ સરખા-અને ગ્રામ્ય બુદ્ધિવાળા-તથા નરકમાં પડતા હું, આંધળાની આગળ; જ્ઞાનરૂપી દીવાનો પ્રકાશ કરો. ॥૧૬॥ **અંગિરા**-હે રાજા, તું પુત્રની કામના વાળાને, પુત્ર આપનારો હું અંગિરાછું; અને આ બ્રહ્માના પુત્ર, સાક્ષાત ભગવાન નારદમુનિ છે. ॥૧૭॥ મહાપુરુષ ભગવાનમાં મન રાખનારા તને, આ રીતના પુત્ર શોકરૂપી દુસ્તર મોહમાં, ડુબતો જોઇને; તેમ થવું તું જેવાને યોગ્ય ન હોવાથી; તારા ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથીજ અમો બંનેજણા અહીંયાં આવેલા છીએ; કેમકે બ્રાહ્મણોને માનનાર ભગવાનના ભક્તો દુઃખ પામવાને યોગ્ય નથી. ॥૧૮-૧૯॥ હું તારે ઘેર પ્રથમ આવેલો હતો, ત્યારેજ તને પરમ જ્ઞાન આપવાનો હતો, પરંતુ તે વખતે તને બીજાં સુખોમાં આશક્તિવાળો જાણવાથી, મેં તને પુત્રજ આપ્યો હતો. ॥૨૦॥ પુત્ર વાળાઓને થતો પરિતાપ, તેં હમણાંજ અનુભવ્યો છે; અને એ રીતેજ સ્ત્રીઓ-ધન-અને અનેક પ્રકારનું ઐશ્વર્ય તથા સંપત્તિઓને માટે પણ, થાય છે. ॥૨૧॥ હે રાજા, પૃથ્વી-રાજ્ય-સૈન્ય-ભંડાર-નોકરો-પ્રધાનો-અને સગાં સંબંધી લોકો-તથા શબ્દાદિકવિષયો અને રાજ્યની વિભૂતિઓ, એ સર્વ ચંચળછે. ॥૨૨॥ અને

તે સર્વ ગંધર્વ નગર સરખાં—સ્વપ્નના મનોર્થ જેવાં—અને માયા થકી ઉત્પન્ન થયેલાં હોઇને, શોક—મોહ ભય-અને દુઃખોનેજ આપનારાં છે. ॥૨૩॥ એ સઘળાં તત્વરૂપે નહીં હોવા છતાં, માત્ર દેખવામાં આવવા પુરતાંજ છે; અને વળી તે થોડી વારમાંજ, નથી પણ દેખાતાં: એટલા માટે તેઓ સર્વે મનથકીજ ઉત્પન્ન થયેલાં અથવા કલ્પિતજ છે; અને તેઓ પૂર્વ કર્મોની વાસનાઓથકી ધ્યાન થવાથી, તે કર્મોરૂપે નાનાપ્રકારે મનવડેજ ઉત્પન્ન થાય છે. ॥૨૪॥ દ્રવ્ય એટલે મહાભૂતો, જ્ઞાન એટલે ઇંદ્રિયાદિક, અને ક્રિયા એટલે ઇંદ્રિયાદિકના દેવતાઓ; એઓ થકી ઉત્પન્ન થનારો આ દેહજ, દેહીને વિવિધપ્રકારના ક્લેશ, અને સંતાપોને ઉત્પન્ન કરનારો હોવાનું કહેવાય છે. ॥૨૫॥ એટલા માટે તમે સ્વચ્છ મનથી આત્મ સ્વરૂપની ગતિનો વિચાર કરીને, દ્વૈતપદાર્થાદિકમાં, સત્યપણું હોવાના વિશ્વાસને તજો; અને ઉપશમને પામો. ॥૨૬॥—નારદ—આ હું આપું છું તે ઉપનિષદરૂપ મંત્ર લિયો, મારાથકી સાવધાનપણે તમે ગ્રહણ કરો; કે જેને ધારણ કરવાથી, સાત દિવસમાંજ સંકર્ષણ ભગવાનનાં દર્શન થશે. ॥૨૭॥ હે નરેંદ્ર, જેની બરોબર કોઇ નથી, તો અધિક તો ક્યાંથીજ હોય? એવા મહિમાવાળા, એ સંકર્ષણના ચરણ મૂળને પામવાથી, પૂર્વે સદાશિવ વિગેરે પણ; આ દ્વૈતરૂપ ભ્રમને તજીને, એ પરમાત્માના સ્વરૂપને પામેલા છે. માટે તમે પણ થોડીવારમાંજ, તેમને પામશો. ॥૨૮॥

ઇતિશ્રી ભા૦ ૬ સ્કં૦ પંદરમો અ૦ સં૦ ॥૧૫॥

અધ્યાય. ૧૬ મો.—**શ્રીશુક**—હે પરીક્ષિત, પછી દેવઋષિ નારદે, ચિત્રકેતુના મુએલા પુત્રને જીવતો કરીને, તેનો શોક કરતાં સગાં સંબધીઓને દેખાડી; તેને કહ્યું કે. ॥૧॥—**નારદ**—હે ભલા જીવાત્મા, તારે માટે ઘણો શોક કરતાં, અને પરિતાપ પામેલાં; તારાં માબાપ—સુહૃદો—અને બાંધવોને, તું જો. ॥૨॥ અને આ શરીરમાં તું પેસીને, પિતાએ આપેલા રાજ્યાસન ઉપર બેસી, સુહૃદો થકી વિંટાઇને; તારૂં બાકી રહેલું આયુષ્ય ભોગવ. ॥૩॥—**જીવાત્મા**—પોતાનાંજ કર્મોવડે, દેવ—પશુ—પક્ષી—અને મનુષ્યાદિકની યોનિઓમાં ભટકતા, હું ના

विधैश्वर्यसंपदः ॥२१॥ शब्दादयश्चविषयाश्चलाराजविभूतयः॥ महीराज्यंबलंकोशाभृत्यामात्याःसुहृज्जना ॥२२॥ सर्वेऽपिशूरसेनेमेशोक
मोहभयार्तिदाः॥गंधर्वनगरप्रख्याःस्वप्नमायामनोरथाः ॥२३॥ दृश्यमानाविनाऽर्थेननदृश्यंतेमनोभवाः कर्मभिर्ध्यायतोनानाकर्माणिमनसो
ऽभवन् ॥२४॥ अयंहिदेहिनोदेहोद्रव्यज्ञानक्रियात्मकः॥ देहिनोविविधक्लेशसंतापकृदुदाहृतः ॥२५॥ तस्मात्स्वस्थेनमनसाविमृश्यगतिमा
त्मनः॥द्वैतेध्रुवार्थविश्रंभंत्यजोपशममाविश ॥२६॥ नारद०एतांमंत्रोपनिषदंप्रतीच्छप्रयतोमम॥यांधारयन्सप्तरात्राद्द्रष्टासंकर्षणंप्रभुं॥२७॥
यत्पादमूलमुपसृत्यनरेंद्रपूर्वेशर्वादयोभ्रममिमंद्वितयंविसृज्य॥सद्यस्तदीयमतुलानधिकंमहित्वंप्रापुर्भवानपिपरंनचिरादुपैति ॥२८॥ इ०
भा०म०षष्ठस्कंधेपंचदशोऽध्यायः ॥१५॥ श्रीशुक०अथदेवऋषीराजन्संपरेतंनृ[illegible]ं।दर्शयित्वेतिहोवा[illegible]तीनामनुशोचतां॥१॥ना
रद०जीवात्मन्पश्यभद्रंतेमातरंपितरंचते॥ सुहृदोबांधवास्तप्ताःशुचात्वत्कृतयाभृशं॥२॥ कलेवरंस्वमाविश्यशेषमायुःसुहृद्वृतः॥भुंक्ष्वभोगा
न्पितृप्रत्तानधितिष्ठनृपासनं ॥३॥ जीव०कस्मिन्जन्मन्यमीमह्यंपितरोमातरोऽभवन्॥कर्मभिर्भ्राम्यमाणस्यदेवतिर्यङ्नृयोनिषु ॥४॥ बंधु
ज्ञात्यरिमध्यस्थमित्रोदासीनविद्विषः॥ सर्वएवहिसर्वेषांभवंति[illegible]शो मिथः॥५॥ यथावस्तूनिपण्यानिहेमादीनिततस्ततः॥ पर्यटंतिनरेष्वेवं
जीवोयोनिषुकर्तृषु॥६॥ नित्यस्यार्थस्यसंबंधोह्यनित्योदृश्यतेनृषु॥ यावद्यस्यहिसंबंधोममत्वंतावदेवहि॥७॥एवंयोनिगतोजीवःसनित्योनिर
हंकृतः॥ यावद्यत्रोपल[illegible]हितस्यतत् ॥८॥ एषनित्योऽव्ययःसूक्ष्मएषसर्वाश्रयःस्वदृक्॥ आत्ममायागुणैर्विश्वमात्मानं[illegible]जतेप्र
भुः॥९॥ नह्यस्यातिप्रियःकश्चिन्नाप्रियःस्वःपरोऽपिवा॥ एकःसर्वधियांद्रष्टाकर्तॄणांगुणदोषयोः॥१०॥ नादत्तआत्माहिगुणंनदोषंनक्रियाफलं
॥ उद[illegible]दासीनःपरावरदृगीश्वरः॥११॥ श्रीशुक० इत्युदीर्यगतोजीवोज्ञातयस्तस्यतेतदा॥ विस्मितामुमुचुःशोकंछित्वात्मस्नेहशृंखलां
॥१२॥ निर्हृत्यज्ञातयोदेहंतथा[illegible]त्वोचिताःक्रियाः॥तत्यजुर्दुस्त्यजंस्नेहंशोकमोहभयार्तिदं॥१३॥ बालघ्न्योव्रीडितास्तत्रबालहत्याहतप्रभाः॥

માતા અને પિતા; એઓ કયા જન્મોમાં થયાં હશે ॥૪॥ બંધુ—સગાં—શત્રુ—મધ્યસ્થ—મિત્ર—ઉદાસિન અને દ્વેષી; સર્વેનાં, સર્વ; કોઇ વારા ફરતી પરસ્પરજ થયાં કરે છે. ॥૫॥ જેમ સોનું વિગેરે વેચવાની વસ્તુઓ અહીંથી ત્યાં મનુષ્યોમાં ફરે છે. તેમજ જીવાત્મા પણ, અનેક યોનિઓમાં ફર્યા કરે છે. ॥૬॥ નિત્ય એવા આત્માને દેહાદિકનો સંબંધ અનિત્ય એટલે અલ્પ કાળને માટેનોજ, જોવામાં આવે છે; અને પુરૂષને જ્યાં સુધી એ દેહાદિકનો સંબંધ હોય છે, ત્યાં સુધીજ; તેને વિશે મમત્વ રહે છે. ॥૭॥ એ પ્રકારે જુદી જુદી અનેક યોનિઓને પામતો, નિત્ય અને અહંતા મમતા વિનાનો આત્મા; જ્યાં સુધી જે યોનિમાં હોય છે, ત્યાં સુધીજ; તે યોનિને વિશે પોતાનાપણું માને છે. ॥૮॥ અને એજ આત્મા સમર્થપણાથી, માયાના ગુણોથી વિશ્વને સરજનારો—નિત્ય—અવ્યય—સૂક્ષ્મ—સર્વાશ્રય—અને સ્વદૃક પણ છે. ॥૯॥ તેને કોઇ અતિ પ્રિય નથી, કોઇ અપ્રિય નથી, અને કોઇ પારકો કિંવા પોતાનો પણ નથી; એવો તે; ગુણો અને દોષોને પેદા કરનારી, સર્વે ઇંદ્રિયોનો, અને અંતઃકરણોનો, દૃષ્ટારૂપે એકજ છે. ॥૧૦॥ વળી એ આત્મા, ગુણોને અને દોષોને, અને કર્મ ફળોને ખાનારો નથી; પણ તે સર્વેને વિશે ઉદાસિનપણે રહેનારો, અને પર તથા અપર, એટલે પ્રકૃતિનાં કારણો અને મહા ભૂતો આદિકને; તથા તેમનાં કાર્યરૂપ દૃશ્ય પ્રપંચ માત્રને; જાણનારો, સમર્થ ઇશ્વર છે. ॥૧૧॥—**શ્રીશુક**—એ પ્રમાણે બોલીને, જીવાત્મા ચાલ્યો ગયો; ત્યારે તેનાં સગાં સંબંધીઓએ વિસ્મય પામીને, સ્નેહ રૂપ સાંકળ તોડી નાંખી; તથા શોક કરવાનું છોડી દીધું. ॥૧૨॥ પછી તે સંબંધીઓએ, તેને દાહ દેઇને ઉચિત ક્રિયાઓ કરી, તથા ન તજી શકાય એવા શોક—મોહ—ભય તથા દુઃખ આપનારા, સ્નેહને તજ્યો. ॥૧૩॥ હે પરીક્ષિત, બાળ હત્યા કરનારી, અને એ પાપવડે નિસ્તેજ થએલી, બીજી રાણીઓએ પણ, નારદ અને અંગિરાનું બોલવું સાંભળીને; યમુનાજીને કાંઠે, બ્રાહ્મણોના કહેવા પ્રમાણે એ બાળહત્યાના પાપનું પ્રાયશ્ચિત કર્યું. ॥૧૪॥ એ ચિત્રકેતુ રાજાને આ રીતે બ્રાહ્મણોના ઉપદેશથી, આત્મ સ્વરૂપનું જ્ઞાન થવાથી; તે,

તળાવના ગાશમાંથી હાથી નીકળવાની પેઠે, અંધારા કૂવા સરખા ઘરમાંથી નીકળીને; છૂટો થયો ॥૧૫॥ પછી યમુનાજીમાં વિધિ પ્રમાણે સ્નાન કરીને, અને તેના પવિત્ર જળથી તર્પણ વિગેરે ક્રિયાઓ કરીને; મૌનરાખી ઇંદ્રિયાદિકને જીતીને, નારદ અને અંગિરાને તે પગે લાગ્યો. ॥૧૬॥ તેથી શરણે આવેલા–ભક્ત–અને જીતેંદ્રિય તે ચિત્રકેતુને, ભગવાન નારદજીએ પ્રીતિથી, આ પ્રકારે વિદ્યા કહી સંભળાવી. ॥૧૭॥ " વાસુદેવ–પ્રદ્યુમ્ન–અનિરૂદ્ધ–અને સંકર્ષણ; નામોવાળા ભગવાન આપને, વારંવાર બુદ્ધિ પૂર્વક નમસ્કાર છે. ॥૧૮॥ વિજ્ઞાન સ્વરૂપ –પરમ આનંદની મૂર્તિ–આત્મારામ–શાંત–અને દ્વૈત દૃષ્ટિવિનાના, આપને નમસ્કાર છે. ॥૧૯॥ આત્મ સ્વરૂપના અનુભવથી થતા આનંદથી, માયા શક્તિની ઊર્મિઓ રૂપ રાગ દ્વેષાદિક નાશ પામેલા, આપને નમસ્કાર છે; હૃષીકેશ–મહાત્મા–અને વિશ્વરૂપ; આપને નમસ્કાર છે. ॥૨૦॥ મન અને વાણી સહિત સઘળી ઇંદ્રિયો જેને નહીં પહોંચી શકતાં પાછી વળે છે; એવા નામરૂપ વિનાના–ચૈતન્યવાળા તથા ચૈતન્ય વિનાનાઓ થકી પર, એવા જે એકજ ભગવાન છે; તે અમારૂં રક્ષણ કરજો. ॥૨૧॥ જેનામાં આ જગત રહેલું છે, જેમાંથી થયું છે; જેમાં લય પામે છે, જેનાથી ઉત્પન્ન થાય છે, અને ઘટાદિક માટીનાં વાસણોને વિશે તત્વ રૂપે માટી રહેવાની પેઠે; સર્વને વિશે રહેલાછો; એવા આપ પરબ્રહ્મને, નમસ્કાર કરૂંછું. ॥૨૨॥ મન–બુદ્ધિ–ઇંદ્રિયો–અને પ્રાણ એ સર્વે જેને સ્પર્શ કરી શકતાં નથી, તથા જાણી શકતાં નથી; તે બહાર અને અંદર આકાશની પેઠે, વ્યાપીને રહેલા આપને; હું નમસ્કાર કરૂંછું. ॥૨૩॥ દેહ–ઇંદ્રિયો–પ્રાણ–મન અને બુદ્ધિ એ સઘળાં, શરીરમાં રહેલા દૃષ્ટા નામવાળા, ભગવાનના અંશ (આત્મા) થકી, જ્યારે વ્યાપેલાં હોય છે; ત્યારેજ પોત પોતાનાં કામો કરી શકે છે; અને જ્યારે તે થકી વ્યાપ્ત થયેલાં, નથી હોતાં; ત્યારે, અગ્નિએ પ્રવેશ કર્યા વિનાનું લોહું નહીં બાળી શકવાની પેઠે; પોતપોતાનાં કામો કરવાને શક્તિવાન થતાં નથી. ॥૨૪॥ એવા, મહા પુરૂષ–મોટા પ્રભાવવાળા–મોટી વિભૂતિઓના સ્વામી–અને સર્વ મોટા ભક્તોના મંડળોએ, હસ્ત કમળોથી લડાવાતા ચરણા-

बालहत्याव्रतंचेरुर्ब्राह्मणैर्यन्निरूपितं॥ यमुनायांमहाराजस्मरंत्योद्विजभाषितं॥१४॥ सइत्थंप्रतिबुद्धात्माचित्रकेतुर्द्विजोक्तिभिः॥ गृहांधकूपा
न्निष्क्रांतःसरःपंकादिवद्विपः॥१५॥ कालिंद्यांविधिवत्स्नात्वाकृतपुण्यजलक्रियः॥ मौनेनसंयतप्राणोब्रह्मपुत्राववंदत ॥१६॥ अथतस्मैप्रपन्ना
यभक्तायप्रयतात्मने॥ भगवान्नारदःप्रीतोविद्यामेतामुवाचह ॥१७॥ नमस्तुभ्यंभगवतेवासुदेवायधीमहि॥ प्रद्युम्नायानिरुद्धायनमःसंकर्षणा
यच॥१८॥ नमोविज्ञानमात्रायपरमानंदमूर्तये ॥ आत्मारामायशांतायनिवृत्तद्वैतदृष्टये॥१९॥ आत्मानंदानुभूत्यैवन्यस्तशक्त्यूर्मयेनमः॥ हृ
षीकेशायमहतेनमस्तेविश्वमूर्तये॥२०॥ वचस्युपरतेप्राप्ययएकोमनसासह॥ अनामरूपश्चिन्मात्रःसोऽव्यान्नःसदसत्परः॥२१॥ यस्मिन्निदं
यतश्चेदंतिष्ठत्यप्येतिजायते॥ मृन्मयेष्विवमृज्जातिस्तस्मैतेब्रह्मणेनमः॥२२॥यंनस्पृशंतिनविदुर्मनोबुद्धींद्रियासवः॥ अंतर्बहिश्चविततंव्योमव
त्तंनतोऽस्म्यहं॥२३॥ देहेंद्रियप्राणमनोधियोऽमीयदंशविद्धाःप्रचरंतिकर्मसु॥ नैवान्यदालोहमिवाप्रतप्तंस्थानेषुतद्द्रष्टृपदेशमेति ॥२४॥ ओं
नमोभगवतेमहापुरुषायमहानुभावायमहाविभूतिपतये सकलसात्वतपरिवृढनिकरकरकमलकुड्मलोपलालितचरणारविंद युगलपरमपर
मेष्ठिन्नमस्ते ॥२५॥ श्रीशुक० भक्तायैतांप्रपन्नायविद्यामादिश्यनारदः॥ययावंगिरसासाकंधामस्वायंभुवंप्रभो ॥२६॥ चित्रकेतुस्तुविद्यांतां
यथानारदभाषितां॥ धारयामाससप्ताहमब्भक्षःसुसमाहितः ॥२७॥ ततश्चसप्तरात्रांतेविद्ययाधार्यमाणया॥विद्याधराधिपत्यंसलेभेऽप्रतिहृ
तंनृप ॥२८ ॥ ततःकतिपयाहोभिर्विद्ययेद्धमनोगतिः॥ जगामदेवदेवस्यशेषस्यचरणांतिकं ॥२९॥ मृणालगौरंशितिवाससंस्फुरत्किरीट
केयूरकटित्रकंकणं॥प्रसन्नवक्त्रारुणलोचनंतंददर्शसिद्धेश्वरमंडलैःप्रभुं ॥३०॥ तद्दर्शनध्वस्तसमस्तकिल्बिषःस्वच्छामलांतःकरणोऽभ्यया
न्मुनिः॥प्रवृद्धभक्त्याप्रणयाश्रुलोचनःप्रहृष्टरोमाऽनमदादिपुरुषं॥३१॥सउत्तमश्लोकपदाब्जविष्टरंप्रेमाश्रुलेशैरुपमेहयन्मुहुः॥प्रेमोपरुद्धाखि
लवर्णनिर्गमोनैवाशकत्तंप्रसमीडितुंचिरं ॥३२॥ ततःसमाधायमनोमनीषयाबभाषएतत्प्रतिलब्धवागसौ॥ नियम्यसर्वेंद्रियबाह्यवर्तनंजगद्गु

રવિંદવાળા; આપ પરમાત્મા–પરમેશ્વર–અને ઓંકાર સ્વરૂપ ભગવાનને; હું વારંવાર નમસ્કાર કરૂંછું." ॥૨૫॥ –શ્રીશુક–હે પરીક્ષિત, એ શરણ થયેલા ભક્ત ચિત્રકેતુને, એ રીતે વિદ્યાનો ઉપદેશ આપીને; બ્રહ્માના પુત્ર નારદ, અંગિરા સહિત, બ્રહ્મ લોકમાં ગયા. ॥૨૬॥ પછી એ ચિત્રકેતુ રાજાએ, સારી રીતે ઇંદ્રિયાદિકને નિયમમાં રાખીને, અને ફક્ત પાણીનોજ આહાર કરીને, સાત દિવસ સુધી, નારદજીએ કહેલી રીતિથી, એ વિદ્યાને ધારણ કરી. ॥૨૭॥ ત્યારે એ વિદ્યા ધારણ કરવાના પ્રભાવથી, સાત રાતોને અંતે; બીજાઓથી પરાજય ન થાય, એવું વિદ્યાધરોનું અધિપતિપણું; એ ચિત્રકેતુ પામ્યો. ॥૨૮॥ પછી કેટલોક વખત જતાં, જ્યાં મન જાય, ત્યાં શરીરવડે જવાની ગતિ; એ વિદ્યાના પ્રભાવથી, તેને મળી; એટલે તે દેવના દેવ શેષ ભગવાનના, ચરણની પાસે ગયો. ॥૨૯॥ ત્યાં કમળના નાળ જેવા ગોરા–નીલ વસ્ત્ર પહેરેલા–પ્રસન્ન મુખવાળા–રાતાં નેત્ર વાળા–અને મોટા સિદ્ધ લોકોના મંડળોથી વિંટાયલા–તથા મુગટ, બાજુબંધ, કંદોરા, અને કંકણોથી શોભતા શેષ ભગવાનનાં તેને દર્શન થયાં ॥૩૦॥ એ દર્શન થવાવડે, પાપ રહિત થયેલો ચિત્રકેતુ, સ્વચ્છ અંતઃકરણ વાળો, મુનિ થયો; અને પછી વધેલી ભક્તિથી આનંદનાં આંસુ આવેલો, તથા રોમાંચિત થયેલો તે, આદિ પુરૂષ શેષજીને, પગે લાગ્યો. ॥૩૧॥ અને એ ઉત્તમ શ્લોકનાં લાંબા કરેલા ચરણકમળને, પ્રેમનાં આંસુથી નવરાવી દેતો તે; પોતાની વાણી રોકાઇ જવાથી, પ્રેમવડે ઘણીવાર સુધી સ્તુતિ કરી શક્યો નહીં. ॥૩૨॥ પણ પછીથી બોલવાની શક્તિ પામેલા તેણે, બહિર વૃત્તિવાળી પોતાની ઇંદ્રિયોને વશ કરીને, અને બુદ્ધિવડે મનને સ્થિર કરીને, ભગવતી શાસ્ત્રોમાં વર્ણન કરેલા, એ જગત ગુરૂ ભગવાનની સ્તુતિ કરી કે. ॥૩૩॥–ચિત્રકેતુ–આપ અચિંત્ય છતાં, સમદૃષ્ટિવાળા અને જીતેંદ્રિય ભક્તો થકી, જીતાઇ ગયાઓ છો; તેમજ નિષ્કામપણે આપને ભજનારાઓને, દયાળુપણાથી પોતાનું સ્વરૂપ આપનારા આપ થકી, તે ભક્તો પણ જીતાઇ ગયેલાજ છે. ॥૩૪॥ હે ભગવાન આ જગતની ઉત્પત્તિ–સ્થિતિ–અને લય, એ સર્વ આપની લીલા હોવા છતાં;

મોટાપણાનું અભિમાન રાખનારા આપના અંશના પણ અંશો, પ્રજાપતિઓ; તે બદલ ખોટી સ્પર્ધા કરે છે. ॥૩૫॥ પરમાણુથી માંડીને, પરમમહાન મહત્તત્વ સુધી; સર્વમાં આદિથી અંત સુધી રહેલા; આદિ, મધ્ય, અને અંત વિનાના, આપજ છો; એટલે પદાર્થોના આદિમાં અને અંતમાં, જે અચળપણે રહેનારૂં સત્વ છે; તેજ સત્વરૂપ આપ, વચમાંના કાળમાં પણ, તેમને વિશે રહેલા છો. ॥૩૬॥ પૃથ્વી આદિ એક એકથી દશ ગણાં, સાત આવરણોથી; વિંટાઇને થયેલું, અને કોટાન કોટિ અંડોથી ભરેલું આ આખું અંડકોશ; પણ જેને વિશે, એક પરમાણુ માત્રજ કલ્પાય છે; તેથી એવા આપ અનંત છો. ॥૩૭॥ જે નર પશુઓ વિષયોની તૃષ્ણાથી, આપ પરમાત્માને નહીં ઉપાસતાં, આપની વિભૂતિઓરૂપ દેવતાઓ આદિને ઉપાસે છે; તેવાઓને મળતાં સુખાદિક તો; રાજકુળનો નાશ થવાની સાથે, તેમના અનુચરોનો પણ નાશ થવાની પેઠે; તેમના સ્વામી દેવતાઓનો નાશ થવાની સાથેજ, નાશ પામી જાય છે. ॥૩૮॥ હે પરમાત્મા, કામનાવાળી બુદ્ધિથી કરાતાં કર્મો પણ, જો, જ્ઞાન સ્વરૂપ અને નિર્ગુણ એવા આપને, અર્પણ કરેલ હોય તો; શેકેલું બીજ નહીં ઉગવાની પેઠે; વગર અર્પણ કરેલ કામનાવાળાં કર્મોથકી ઉત્પન્ન થતાં સુખ દુખાદિક દંદોના સમુદાય રૂપ કર્મોનાં જાળાંને; તેઓ ઉત્પન્ન કરી શકતાં નથી. ॥૩૯॥ નિષ્કિંચન અને આત્મારામ સનકાદિક મુનિઓ, મોક્ષને માટે જેને સેવે છે; એવો ખાંપણ રહિત ભાગવત ધર્મજ જ્યારે, આપે, તેમને કહેલો છે; ત્યારે તેથીજ, આપ અજીત ભગવાનની સર્વથકી શ્રેષ્ટતા છે. ॥૪૦॥ બીજા વિષમ બુદ્ધિ થકી રચાયલા-રાગ દ્વેષાદિકથી અશુદ્ધ થયેલા—નાશ પામનારા—અને અધર્મના મોટા ભાગવાળા, ધર્મોમાં; પુરૂષોને, હું અને તું; તથા મારૂં અને તારૂં; એ પ્રકારની વિષમ બુદ્ધિ, જેવી રીતે રહેછે; તેવી રીતની વિષમ બુદ્ધિ આ ભાગવતી ધર્મમાં, રેહેતી નથી. ॥૪૧॥ જેથી, પારકો અગર પોતાનો દ્રોહ થાય; એવો ધર્મ પાળવાથી પોતાનું તેમજ બીજાનું પણ, કલ્યાણ શું થવાનુંછે; અને કયું પ્રયોજન સિદ્ધ થવાનુંછે; ઉલટું પોતાનો દ્રોહ થવાથી તો આપ આત્મ સ્વરૂપ ભગવાનનો કોપ થવાનો છે; અને પારકાને પીડા પમાડવાવડે તો;

रुंसात्वत […]स्वविग्रहं ॥३३॥ चित्रकेतु० अजितजितःसममतिभि[…] […]भिर्भवता॥ विजितास्तेऽपिचभजताम[…]मात्मनांयआत्म दोऽतिकरुणः॥३४॥ तवविभवःखलुभगवन्जगदुदयस्थितिलयादीनि॥विश्व[…]जस्तेंऽशांशास्तत्रमृषास्पर्धंतेपृथगभिमत्या ॥३५॥ परमाणु परममहतोस्त्वमा[…]तांतरवर्तीत्रयविधुरः॥ आदावंतेऽपिचसत्वानांयद्ध्रुवंतदेवांतरालेऽपि॥३६॥ क्षित्यादिभिरेषकिलावृतःसप्तभिर्दशगुणो त्तरैरंडको[…]॥यत्रपतत्यणुकल्पःसहांडकोटिकोटिभिस्तदनंतः॥३७॥ विषय[…]षोनरप[…]वोयउपासतेविभूतीर्नपरंत्वां॥तेषामाशिषईशतद नुविनश्यंतियथाराजकुलं॥३८॥ काम[…]रमरोहंतियथाकरंभबीजानि॥ज्ञानात्मन्यगुणमयेगुणगणतोऽस्यद्वंद्वजालानि ॥ ॥३९॥जितमजिततदाभवतायदाहभागवतंधर्ममनवद्यं॥निष्किंचनायेमुनयआत्मारामायमुपासतेऽपवर्गाय ॥४०॥ विषममतिर्नयत्रनृणां त्वमहमितिममतवेतिचयदन्यत्र॥विषमधियारचितोयःसह्यविशुद्धःक्षयिष्णुरधर्मबहुलः ॥४१॥ कःक्षेमोनिजपरयोःकियानर्थःस्वपरद्रुहाध र्मेण॥ स्वद्रोहात्तवकोपःपरसंपीडयाच[…]थाऽधर्मः ॥४२॥ नव्यभिचरतितवेक्षायायाह्यभिहितोभागवतोधर्मः॥स्थिरचरसत्त्वकदंबेष्वपृथग्धि योयमुपासतेत्वार्याः ॥४३॥ नहिभगवन्नघटितमिदंत्वद्दर्शनान्नृणामखिलपापक्षयः ॥ यन्नामसकृच्छ्[…]वणात्पुल्कसकोऽपिविमुच्यतेसंसारात् ॥४४॥ अथभगवन्वयमधुनात्वदवलोकपरिमृष्टाशयमलाः ॥ सुर[…]षिणायदुदितंतावकेनकथमन्यथाभवति ॥४५॥ विदितमनंतसमस्तं तवजगदात्मनोजनैरिहाचरितं ॥ विज्ञाप्यंपरमगुरोःकियदिवसवितुरिवखद्योतैः ॥४६॥ नमस्तुभ्यंभगवतेसकलजगत्स्थितिलयोदयेशाय ॥ [...]स्वसितात्मगतयेकुयोगिनांभिदापरमहंसाय॥४७॥ यंवैश्वसंतमनुविश्वसृजःश्वसंतियंचे[…]तानमनुचित्तयउच्चकंति॥भूमंडलंसर्षपायति यस्यमूर्ध्नितस्मैनमोभग[…]तेऽस्तुसहस्रमूर्ध्ने॥४८॥ श्रीशुक०संस्तुतोभगवानेवमनंतस्तमभाषत॥ विद्याधरपतिंप्रीतश्चित्रकेतुंकु[…]ह॥४९॥ श्रीभग० यन्नारदांगिरोभ्यांतेव्याहृतंमेऽनुशासनं॥ संसिद्धोऽसितयाराजन्विद्ययादर्शनाच्चमे॥५०॥अहंवैसर्वभूतानिभूतात्माभूतभावनः ॥

આપનો કોપ અને અધર્મ બંને વાનાં થાયછે. ॥૪૨॥ આપની નજર થકી ઉત્પન્ન થયેલો ભાગવતી ધર્મ કે, જેને સ્થાવર તથા જંગમ સહિત આખા જગતને વિશે દૈત બુદ્ધિ નહીં રાખનારા આર્ય પુરૂષોજ પાળે છે; તેવો (ભાગવતધર્મ) તો પરમાર્થને છોડતોજ નથી. ॥૪૩॥ હે ભગવાન જેના નામનું સંપૂર્ણપણે, શ્રવણ માત્ર કરવાથી; ચાંડાળ પણ સંસાર થકી મુક્ત થાયછે; તો પછી આપના દર્શનવડે પાપોનો ક્ષય થાય, એ કોઇ રીતે અઘટિત નથી. ॥૪૪॥ હે ભગવાન આપનાં દર્શનથી, મારૂં અંતઃકરણ હમણાંજ ધોવાઇને નિર્મળ થયું છે; આપના ભક્ત નારદજીએ કહેલું મિથ્યા કેમ થાય. ॥૪૫॥ હે અનંત અને વિશ્વાત્મા ભગવાન જગતમાં લોક જેજે કરે છે; તે તે સઘળુંજ આપ જાણોછો; માટે હે પરમ ગુરૂ જેમ સૂર્યની પાસે પતંગિઆઓએ પ્રકાશ કરવાનું કાંઇજ હોતું નથી; તેમજ આપની આગળ લોકોએ પણ, કાંઇ જણાવવું પડે નહીંજ. ॥૪૬॥ સર્વે જગતની ઉત્પત્તિ-સ્થિતિ-અને લયના સ્વામી, અને જેના આત્મ તત્વને; ભેદ દૃષ્ટિવાળા કાચા યોગીઓ પણ જાણી શકતા નથી; એવા પરમ શુદ્ધ સ્વરૂપ આપને હું નમસ્કાર કરૂં છું. ॥૪૭॥ જેના શ્વાસ લેવાની પાછળજ પ્રજાપતિઓ શ્વાસ લેછે; જેના જાણ્યા પછીજ, જ્ઞાનેંદ્રિયો જાણી શકેછે; અને જેના માથાના ઉપર આ ભૂમંડળ એક સર્ષવના દાણા સમાન છે; એવાં હજારો માથાંવાળા આપ ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૪૮॥ **શ્રીશુક**—હે પરીક્ષિત આ પ્રમાણે સ્તુતિ કરાયલા અનંત ભગવાને; ત્યારે પ્રીતિવડે, એ વિદ્યાધરોના અધિપતિને કહ્યું કે. ॥૪૯॥ **શ્રીભગવાન**—નારદ અને અંગિરાએ મારાથકી સાંભળેલી વિદ્યા તને કહેલી છે; તે વિદ્યાથી તથા મારા દર્શનથી, તું સિદ્ધાર્થ થયો છે. ॥૫૦॥ હુંજ સર્વે પ્રાણી આદિ ભૂત માત્રને ઉત્પન્ન કરનારો—સર્વે ભૂત માત્રનો આત્મા—અને સર્વે ભૂત માત્ર સ્વરૂપ છું; તથા શબ્દ બ્રહ્મ એટલે વેદ અને પરબ્રહ્મ એટલે પરમાત્માનુ શુદ્ધ નિર્ગુણ સ્વરૂપ, એ બંને મારાંજ નિત્ય સ્વરૂપો છે. ॥૫૧॥ લોકમાત્રને વિશે મારૂં આત્મ સ્વરૂપ વ્યાપેલું છે, અને તે આત્મ સ્વરૂપમાંજ લોક માત્ર રહેલાછે; અને મારાથકી વ્યાપેલાં, એ

અને મારાં સ્વરૂપો; મેંજ કરેલાં છે. ॥૫૨॥ જેમ ઉંઘી ગયેલો પુરૂષ આખા વિશ્વને પોતામાં જૂવેછે; પણ સ્વપ્નમાંથી જાગ્યા પછી, તે પોતાને એક સ્થળમાંજ હોવાનું માને છે. ॥૫૩॥ તે રીતેજ બુદ્ધિની જાગ્રત આદિ અવસ્થાઓ, કેવળ માયા માત્ર એટલે, મિથ્યા અને માની લીધેલી હોવાનું જાણીને; તેમના થકી જૂદા દ્રષ્ટાને, તમે જાણો. ॥૫૪॥ ઉંઘી ગયેલો પુરૂષ તે ઉંઘના વખતમાં પણ પોતાને ઉંઘ આવેલાનું અને નિર્ગુણ સુખ એટલે કોઇ પણ જાતની ઉપાધિ વિનાની નિરાંત વળવાનું; જેના થકી જાણે છે; તેજ આત્મા અથવા પરબ્રહ્મ, એવું મારૂં સ્વરૂપ છે; એમ જાણો. ॥૫૫॥ બેઉ પ્રકારની ઉંઘ એટલે સ્વપ્ન અને સુષુપ્તિમાં થયેલા, તથા જાગ્રતમાં પણ થયેલા, અનુભવનું સ્મરણ પુરૂષને જાગ્રત અવસ્થામાં થાયછે; તેથી અન્વય અને વ્યતિરેક ન્યાયથી જોતાં, ત્રણે કાળમાં પ્રકાશકપણાથી અનુસ્યુત અને ત્રણે થકી જૂદું જે જ્ઞાનછે; તેજ હું આત્મા અથવા પરબ્રહ્મ છું. ॥૫૬॥ પુરૂષને એ સર્વને વિશે, હું હોવાના ભાવનું; જ્યારે વિસ્મરણ થાયછે; ત્યારેજ તે મારા થકી જૂદો પડનારાને; એક દેહ પછી બીજો દેહ ધારણ કરવાનું અને છોડી દેવાનું, થવા રૂપ સંસાર થયા કરેછે. ॥૫૭॥ જે થકી જ્ઞાન અને વિજ્ઞાન મેળવી શકાય છે. એવું આ મનુષ્ય શરીર આ લોકમાં પામ્યા પછી જે આત્મ સ્વરૂપને ન જાણે, તે કદી પણ શાંતિને પામતો નથી. ॥૫૮॥ પ્રવૃત્તિ રાખવામાં ક્લેશો અને ઉલટાં ફળો થાયછે, તેનું; તથા નિવૃત્તિ રાખવામાં તે કશું થતું નથી, અને અભય એટલે મોક્ષ મળેછે, તેનું સ્મરણ રાખીનેજ સમજુ પુરૂષો સંકલ્પો કરવા થકી વિરામ પામેછે. ॥૫૯॥ સ્ત્રી પુરૂષનાં જોડાંઓ સુખ મેળવવાને અને દુખથી છુટવાને માટે ક્રિયાઓ કરેછે ખરાં; પણ તે વડે દુખો થકી, છુટી શકતાં નથી; અને સુખને મેળવી પણ શકતાં નથીજ. ॥૬૦॥ પોતે જ્ઞાની હોવાનું અભિમાન રાખનારા પુરૂષોને પણ એ રીતનાં ઉલટાં પરિણામોજ થાયછે; માટે ત્રણે અવસ્થાઓથી વિલક્ષણ એવી આત્મ સ્વરૂપની સૂક્ષ્મ ગતિને જાણીને; આ લોક અને પરલોકના વિષયોની ઇચ્છા થકી, પોતાનીજ વિવેક બુદ્ધિવડે

शब्दब्रह्मपरंब्रह्मममोभेशाश्वतीतनू ॥५१॥ लोकेविततमात्मानंलो[illegible]चात्मनिसंततं॥ उभयंचमयाव्याप्तंमयिचैवोभयंकृतं ॥५२॥ यथासुषुप्तःपुरुषोविश्वंपश्यतिचात्मनि॥ आत्मानमेकदेशस्थंमन्यतेस्वप्नउत्थितः॥५३॥ एवंजागरणादीनिजीवस्थानानिचात्मनः॥ मायामात्राणिविज्ञायतद्द्रष्टारंपरंस्मरेत् ॥५४॥ येनप्रसुप्तःपुरुषःस्वापंवेदात्मनस्तदा॥ सुखंचनिर्गुणंब्रह्मतमात्मानमवेहिमां॥५५॥ उभयंस्मरतःपुंसःप्रस्वापप्रतिबोधयोः॥ अ[illegible]रिच्येत ज्ञानंब्रह्मतत्परं॥५६॥ यदेतद्विस्मृतंपुं[illegible]त्मनः ॥ ततःसंसारएतस्यदेहाद्देहोमृतेर्मृतिः ॥५७॥ लब्ध्वेहमानु[illegible]संभवां ॥ आत्मानंयोनबु[illegible]त् ॥५८॥ स्मृत्वेहायांपरिक्लेशंततःफलविपर्ययं॥अभयंचाप्यनीहायांसंकल्पाद्विरमेत्कविः ॥५९॥ सु[illegible]खायदुःखमोक्षायकुर्वातेदंपतीक्रियाः॥ ततोनिवृत्तिरप्राप्तिर्दुःखस्यच[illegible]स्यच॥६०॥ एवंविपर्ययंबुद्ध्वानृणांविज्ञाभिमानिनां ॥ आत्मनश्चगतिंसूक्ष्मांस्थानत्रयविलक्षणां॥६१॥ दृष्टश्रुताभिर्मात्राभिर्निर्मुक्तःस्वेनतेजसा॥ ज्ञानविज्ञानसंतुष्टोमद्भक्तःपुरुषोभवेत् ॥६२॥ एतावानेवमनुजैर्योगनैपुणबुद्धिभिः॥ स्वार्थःसर्वात्मनाज्ञेयोयत्परात्मैक[illegible]र्शनं॥६३॥त्वमेत[illegible]याराजन्नप्रमत्तोवचोमम॥ ज्ञानविज्ञानसंपन्नोधारयन्नाशुसिध्यसि ॥६४॥ श्रीशुक० आश्वास्यभगवानित्थंचित्रकेतुंजगद्गुरुः॥ पश्यतस्तस्यविश्वात्माततश्चांतर्दधेहरिः ॥६५॥ इतिश्रीभागवतेमहापुराणेषष्ठस्कंधेषोडशोऽध्यायः॥ १६ ॥

श्रीशुक० यतश्चांतर्हितोनंतस्तस्यैकृत्वादिशेनमः॥ विद्याधरश्चित्रकेतुश्चचारगगनेचरः॥१॥ सलक्षंवर्षलक्षाणामव्याहतबलेंद्रियः॥ स्तूयमानोमहायोगीमुनिभिः[illegible]चारणैः॥२॥ कुलाचलेंद्रद्रोणीषुनानासंकल्पसिद्धिषु॥ [illegible]रस्त्रीभिर्गापयन्हरिमीश्वरं॥३॥ एकदा[illegible]ननविष्णुदत्तेनभास्वता॥ गिरिशंददृशेगच्छन्परीतंसिद्धचारणैः॥४॥ आलिंग्यांकीकृतांदेवींबाहुनामुनिसंसदि ॥ उवाचदेव्याःशृण्वंत्याजहासोच्चैस्तदंतिके॥५॥ चित्रकेतु० एषलोकगुरुःसाक्षाद्धर्मवक्ताशरीरिणां॥आस्तेमुख्यःसभायांवैमिथुनीभूयभार्यया॥६॥जटाधरस्तीव्रतपा

મુક્ત થયેલા મારા ભક્તો; જ્ઞાન અને વિજ્ઞાનમાંજ સંતોષવાળા થઇને વરતે છે. ॥૬૧-૬૨॥ વળી સર્વને વિશે રહેલા આત્માને અને પરમાત્માને; બંનેને એક રૂપે જોવા, એટલોજ ખરો સ્વાર્થ યોગમાં નિપુણ બુદ્ધિવાળા મનુષ્યોએ જાણવાનો છે. ॥૬૩॥ માટે હે ચિત્રકેતુ, તમે સાવધાન રહીને અને જ્ઞાન તથા વિજ્ઞાનથી સંપન્ન થઇને; મારાં આ વચનોને, શ્રદ્ધા સહિત ધારણ કરશો તો; ઉતાવળીજ સિધ્ધિને પામશો. ॥૬૪॥ શ્રીશુક—ચિત્રકેતુની એ પ્રમાણે આશ્વાસના કરીને જગતગુરૂ—વિશ્વાત્મા— હરિ ભગવાન તેના દેખતાંજ ત્યાંથી અંતરધ્યાન થઇ ગયા. ॥૬૫॥ ઇતિશ્રી૦ ભા૦ છઠ્ઠાસ્કંધનો સોળમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૬॥

અધ્યાય ૧૭ મો. શ્રીશુક—જે દિશા તરફ અનંત ભગવાન અંતરધ્યાન થયા, તે તરફ પ્રણામ કરીને; પછી ચિત્રકેતુ આકાશમાં ફરવા લાગ્યો. ॥૧॥ એમ તે મહાયોગી પોતાનું ઇંદ્રિયદિકનું બળ ઓછું નહીં થતાં લાખો વરસો સુધી સિદ્ધ, મુનિઓ, અને ચારણોથી સ્તુતિ કરાતો, અને વિદ્યાધરીઓની પાસે હરિ ભગવાનનું ગાયન કરાવતો; મોટા અને સંકલ્પોને સિદ્ધ કરનારા, અનેક પર્વતોની ગુફાઓમાં રમ્યો. ॥૨-૩॥ એક વાર તે વિષ્ણુ ભગવાને આપેલા દિવ્ય વિમાનમાં બેસીને, અને સિદ્ધ તથા ચારણોથી વિંટાઇને જતો હતો. ત્યાં રસ્તે જતાં તેણે મુનિઓની સભામાં હાથવડે પાર્વતીને આલિંગન કરીને બેઠેલા સદાશિવને જોયા; તેથી તેમની પાસે જઇ પાર્વતીના સાંભળતાં મોટો ઘાંટો કાઢીને, તે હસ્યો; અને બોલ્યો કે. ॥૪-૫॥ ચિત્રકેતુ—આ સાક્ષાત ધર્મના વક્તા —લોક માત્રના ગુરૂ—અને પ્રાણીઓમાં શ્રેષ્ઠ; સદાશિવ, સભાવચ્ચે સ્ત્રીને સાથે લઇને બેઠા છે. ॥૬॥ તે જટાધારી —તીવ્ર તપકરનારા—પરબ્રહ્મ સંબંધી વ્યાખ્યાન કરનારા—અને સભાના અધ્યક્ષ થઇને પ્રાકૃત પુરૂષની પેઠે; લાજ તજીને સ્ત્રીને ખોળામાં લેઇને બેઠેલા છે. ॥૭॥ પ્રાકૃત પુરૂષો પણ ઘણું કરીને સ્ત્રીને એકાંતમાંજ, ખોળામાં લેછે; પણ આ મોટા વ્રતધારી સદાશિવ તો, સ્ત્રીને સભાવચ્ચેજ, ખોળામાં લીધીછે ॥૮॥ શ્રીશુક—હે પરીક્ષિત, એ સાંભળીને અગાધ બુદ્ધિવાળા સદાશિવતો હસીને

શૂન્ય રહ્યા, અને બીજા સભાસદો પણ કાંઇજ બોલ્યા નહીં. ॥૯॥ પણ એ જીતેંદ્રિયપણાનું અભિમાન રાખનારા શઠે, સદાશિવના પ્રભાવને નહીં જાણીને એ રીતનાં અઘટિત વચનો કહેવાથી પાર્વતીને ક્રોધ ચડ્યો; અને તે બોલ્યાં કે. ॥૧૦॥ પાર્વતી—લોકને વિશે આમ સરખાં દુષ્ટ અને નિર્લજોને શીખામણ આપનારો–પ્રતિકૂળ વિચાર કરનારો–અને દંડ દેનારો; હમણાં આ ચિત્રકેતુજ સમર્થ થયેલો છે, કે શું? ॥૧૧॥ બ્રહ્મા–બ્રહ્માના પુત્રો પ્રજાપતિઓ–નારદાદિક ઋષિઓ–સનત્કુમારો–કપિલ–અને મનુ; એઓને તો, ધર્મની ખબર નથીજ; કે જેઓ અવળે માર્ગે ચાલનારા સદાશિવને, નિષેધ કરતા નથી. ॥૧૨॥ પરમકલ્યાણ સ્વરૂપ બ્રહ્માજી પણ, જેના ચરણ કમળનું ધ્યાન ધરે છે; એવા મહાજ્ઞાની સદાશિવનું, આ નીચ ક્ષત્રી અતિક્રમણ કરીને, તેમને શીખામણ આપવાનું ડોળ કરે છે; માટે એ શઠ, દંડને યોગ્ય છે. ॥૧૩॥ અને એટલા માટેજ, પોતાને શ્રેષ્ઠ માનનારો, આ મૂઢ ચિત્રકેતુ; સાધુ પુરૂષોએ સેવેલા વૈકુંઠ ભગવાનના ચરણ પાસે જવાને; યોગ્ય નથી. ॥૧૪॥ તેથી હે દુષ્ટ બુદ્ધિવાળા ચિત્રકેતુ; તું, પાપી એવી અસુરની યોનિમાં જા; કે જેથી ફરીવાર, તું મહત્પુરૂષોને વિશે; આવી દુષ્ટ બુદ્ધિ કરે નહીં. ॥૧૫॥–શ્રીશુક–હે પરીક્ષિત, પછીથી આ રીતે શાપ દેવાયલો ચિત્રકેતુ, વિમાનમાંથી હેઠે ઉતર્યો; અને પાર્વતીને માથા વડે, નમસ્કાર કરીને; તેમને પ્રસન્ન કરતો, આ રીતે બોલ્યો કે. ॥૧૬॥–ચિત્રકેતુ–હે માતાજી, તમારા શાપને; હું અંગિકાર કરૂં છું; કેમકે દેવતાઓ, મનુષ્યોને જે વચન કહે; તે, તેના પ્રારબ્ધ વડેજ, બને છે. ॥૧૭॥ આ સંસાર ચક્રમાં, અજ્ઞાનથી મોહ પામીને ભટકતો જંતુ; હમેશાં અને સર્વ સ્થળે, સુખ દુઃખને પામ્યાજ કરે છે. ॥૧૮॥ એ સુખ અથવા દુઃખને ઉપજાવનારા, પોતે અગર બીજાઓ નહીં હોવા છતાં; અજ્ઞાનીઓ, તેના કર્તા; પોતાને, અથવા બીજાઓનેજ, માને છે. ॥૧૯॥

ब्रह्मवादीसभापतिः॥ अंकीकृत्यस्त्रियंचास्तेगतन्हीःप्राकृतोयथा॥७॥ प्रायशःप्राकृताश्चापिस्त्रियंरहसिबिभ्रति॥ अयंमहाव्रतधरोबिभर्तिस दसिस्त्रियं॥८॥ श्रीशुक० भगवानपितच्छ्रुत्वाप्रहस्यागाधधीर्नृप॥ तूष्णींबभूवसदसिसभ्याश्चतदनुव्रताः॥९॥ इत्यतद्वीर्यविदुषिब्रुवाणेब[illegible] शोभनं॥ रुषाहदेवीधृष्टायनिर्जितात्माभिमानिने॥१०॥ पार्वती० अयंकिमधुनालोकेशास्तादंडधरःप्रभुः॥ अस्मद्विधानांदुष्टा[illegible]निर्लज्जानां चविप्रकृत् ॥११॥ नवेदधर्मंकिलपद्मयोनिर्नब्रह्मपुत्रानतुनारदाद्याः॥ नवैकुमारःकपिलोमनुश्चयेनोनिषेधंत्यतिवर्तिनंहरं॥१२॥एषामनुध्येय पदाब्जयुग्मंजगद्गुरुंमंगलमंगलंस्वयं॥ यःक्षत्रबंधुःपरिभूयसूरीन्प्रशास्तिधृष्टस्तदयंहिदंड्यः॥१३॥ नायमर्हतिवैकुंठपादमूलोपसर्पणं॥ संभावितमतिःस्तब्धःसाधुभिःपर्युपासितं॥१४॥ अतःपापीयसींयोनिमासुरींयाहिदुर्मते॥ यथेहभूयोमहतांनकर्तापुत्रकिल्बिषं॥१५॥श्रीशुक० एवंशप्तश्चित्रकेतुर्विमानादवरुह्यसः॥प्रसादयामाससतींमूर्ध्नानम्रेणभारत॥१६॥ चित्रकेतु० प्रतिगृह्णामितेशापमात्मनोंऽजलिनांबिके॥ देवैर्म[illegible]यत्प्रोक्तंपूर्वदिष्टंहितस्यतत्॥१७॥ संसारचक्रएतस्मिन्जंतुरज्ञानमोहितः॥ भ्राम्यन्सुखंचदुःखंचभुंक्तेसर्वत्रसर्वदा॥१८॥ नैवात्मान परश्चापिकर्तास्यात्सुखदुःखयोः॥ कर्तारंमन्यतेप्राज्ञआत्मानंपरमेवच॥१९॥ गुणप्रवाहएतस्मिन्कःशापःकोऽन्वनुग्रहः॥कःस्वर्गोनरकःको वा[illegible]दुःखमेववा॥२०॥ एकःसृजतिभूतानिभगवानात्ममायया॥ एषांबंधंचमोक्षंचसुखंदुःखंचनिष्कलः॥२१॥ नतस्यकश्चिद्दयितःप्र तीपोनज्ञातिर्बंधुर्नपरोनचस्वः॥ समस्यसर्वत्रनिरं[illegible]रागःकुतएवरोषः॥२२॥ तथापितच्छक्तिविसर्गएषांसुखायदुःखायहिताहि ताय॥ बंधायमोक्षायचमृत्युजन्मनोः शरीरिणांसंसृतयेऽवकल्पते॥२३॥ अथप्रसाद[illegible]शापमोक्षायभामिनि॥ यन्मन्यसेअसाधूक्तंमम तत्क्षम्यतांसति॥२४॥ श्रीशुक० इतिप्रसाद्यगिरिशौचित्रकेतु[illegible]॥जगामस्वविमानेनपश्यतोःस्मयतोस्तयोः॥२५॥ ततस्तु भगवान्रु द्रोरुद्राणीमिदमब्रवीत्॥ देवर्षिदैत्यसिद्धानांपार्षदानांचशृण्वतां॥२६॥ श्रीरुद्र० दृष्टवत्यसि[illegible]श्रोणिहरेरद्भुतकर्मणः॥ माहात्म्यंभृत्यसिद्धानां निस्पृ[illegible]णांमहात्मनां॥२७॥नारायणपराःसर्वेनकुतश्चनबिभ्यति॥स्वर्गापवर्गनरकेष्वपितुल्यार्थदर्शिनः॥२८॥ देहिनांदेहसंयोगाद्द्वंद्वानी

આ ગુણોના પ્રવાહ રૂપ સંસારમાં, શાપ તે શું છે? અને અનુગ્રહ પણ શું છે? તેમજ સ્વર્ગ અને નરક, અથવા સુખ અને દુઃખ પણ, શું છે? (અર્થાત એ બધાં કહેવા માત્રજ છે.) ॥૨૦॥ પ્રાણીઓના બંધ અને મોક્ષને, અથવા સુખ અને દુઃખને; એ બંધ આદિકથી રહિત, એક ભગવાનજ, પોતાની માયાવડે સરજે છે. ॥૨૧॥ ભગવાનને કોઇ પ્યારો નથી; અને સામાવાળો પણ નથી; જ્ઞાતિ નથી, ને બંધુ નથી; તેમજ પારકો, અને પોતાનો પણ નથી; અને સર્વને વિશે સમદૃષ્ટિવાળા, એ નિરંજન ભગવાનને, સુખાદિકને વિશે પ્રીતિ નથી; તો રોષનો દાવજ ક્યાંથી. ॥૨૨॥ તથાપિ તેની, માયા શક્તિના વિસર્ગરૂપ ગુણોજ; પ્રાણીઓને સુખ અને દુઃખ આપવાને, તથા હિત અહિત અને બંધ મોક્ષ થવારૂપ; જન્મ મરણ આપવાને; સમર્થ થાય છે. ॥૨૩॥ એટલા માટે હે ભાગિનિ, હું તમને શાપ થકી મુક્ત થવાને માટે, પ્રસન્ન કરતો નથી; પણ મારા બોલવાને, તમે જ્યારે અયોગ્ય માન્યું છે; ત્યારે મારા ઉપર કૃપા કરીને, સતી એવાં તમે; એટલું સહન કરી લેજો. ॥૨૪॥—શ્રીશુક—હે પરીક્ષિત, એ રીતે પાર્વતીને, અને સદાશિવને, પ્રસન્ન કરીને; તેઓ વિસ્મય પૂર્વક જોઇ રહેતાં, તે પોતાના વિમાનમાં બેસીને; ત્યાંથી ચાલ્યો ગયો. ॥૨૫॥ પછી ભગવાન સદાશિવે, દેવતાઓ–ઋષિઓ–દૈત્યો–સિદ્ધો–અને પાર્ષદોના સાંભળતાં, પાર્વતીને કહ્યું કે.॥૨૬॥–સદાશિવ–હે સુંદરી, હરિભગવાનના; અદ્ભૂત કર્મોવાળા–નિસ્પૃહ–મહાત્મા–અને સિદ્ધ થયેલા–ભૃત્યોનું મહાત્મ્ય; તમે જોયું. ॥૨૭॥ નારાયણ ભગવાનના આશ્રયવાળાઓ, સર્વે; કે જેઓ સ્વર્ગ–નર્ક–અને મોક્ષમાં પણ, એક સરખુંજ પ્રયોજન દેખે છે; તેઓ કોઇપણ ઠેકાણે, અને કશાથી પણ, બીહીતા નથી. ॥૨૮॥ પ્રાણીઓને ઇશ્વરની લીલારૂપ, સુખ–દુઃખ–મરણ–જન્મ–શાપ–અનુગ્રહ–અને બીજાપણ દ્વંદ્વો; શરીરનો સંયોગ થવાથીજ થાય છે. ॥૨૯॥ એ પ્રમાણે સારાનરસાનો વિકલ્પ થવા રૂપ, જુદાઇ; માળામાં થતી, સાપની ભ્રાંતિની પેઠે; પુરૂષને, પોતામાંજ, અવિવેક થકી, થાય છે. ॥૩૦॥ માટે જ્ઞાન અને વૈરાગ્યના બળવાળા, અને વાસુદેવ ભગવા-

નની ભક્તિ કરનારાઓને તો; આ લોકમાં કોઇ પણ પદાર્થ વાસુદેવ ભગવાનના આશ્રય વિનાનો; નથી. ॥૩૧॥ એ ભગવાનના અંશના પણ અંશ; અને જુદી ઇશ્વરતાનું અભિમાન રાખનારા; હું-સનત્કુમાર-નારદ-બ્રહ્માના પુત્ર પ્રજાપતિઓ-મુનિઓ-અને દેવતાઓ: એ સર્વ જણા; ભગવાને કરવા ધારેલાને, અને તેના સ્વરૂપને પણ, જાણતા નથી. ॥૩૨॥ એ સર્વે પ્રાણી માત્ર, જેને પ્રિય છે; એવા સર્વાત્મા હરિ ભગવાનને, કોઇ પ્રિય અને અપ્રિય નથી; તથા પારકો પોતાનો પણ નથી. ॥૩૩॥ એ ભગવાનનોજ, આ મહા ભાગ-સમદૃષ્ટિવાળો-અને શાંત, ચિત્રકેતુ પ્રિય અનુચર છે; અને હું પણ એજ અચ્યુત ભગવાનનો, પ્રિય છું. ॥૩૪॥ એટલા માટે, એ મહા પુરુષ ભગવાનના, ભક્ત; શાંત-સમદૃષ્ટિવાળા-અને મહાત્મા પુરુષોની બાબતમાં, વિસ્મય કરવા જેવું નથી ॥૩૫॥ શ્રીશુક-હે પરીક્ષિત, એ રીતનું સદાશિવનું બોલવું સાંભળવાથી; ઉમાદેવી શાંત બુદ્ધિવાળાં, અને વિસ્મય રહિત થયાં. ॥૩૬॥ અને આ ભગવાનનો ભક્ત ચિત્રકેતુ, પાર્વતીને સામો શ્રાપ દેવાને, સમર્થ છતાં પણ; તેણે તેમના શ્રાપને, માથે ચઢાવી લીધો; સાધુ પુરુષોનું લક્ષણ, એટલુંજ કહેવાય છે. ॥૩૭॥ તે ચિત્રકેતુજ, ત્વષ્ટાના દક્ષિણાગ્નિમાંથી ઉત્પન્ન થઇને દાનવની યોનિને પામ્યો હતો. અને જ્ઞાન વિજ્ઞાનથકી યુક્ત તે વૃત્રાસુર નામથી વિખ્યાત હતો.॥૩૮॥ અસુર જાતિવાળા વૃત્રાસુરની મતિ, ભગવાનમાં રહેવાના કારણ બદલ, તમે મને પૂછેલું સર્વ; આ રીતે મેં તમને કહ્યુંછે. ॥૩૯॥ આ વિષ્ણુ, ભક્તોના મહાત્મ્યરૂપ, મહાત્મા ચિત્રકેતુનો પવિત્ર ઇતિહાસ, જે સાંભળશે; તે બંધન થકી મુક્ત થશે. ॥૪૦॥ અને જે કોઇ સવારમાં ઉઠીને, હરિ ભગવાનનું સ્મરણ કરી; વાણીને નિયમમાં રાખીને, આ ઇતિહાસનો શ્રદ્ધા સહિત પાઠ કરશે; તે પરમાત્માની ગતિને પામશે. ઇતિ૦ ભા૦ છઠા સ્કંધનો સત્તરમો અધ્યાય સંપૂર્ણ ॥૧૭॥

[illegible]॥ सुखंदुःखंस्मृतिर्जन्मशापोऽनुग्रहएवच॥२९॥ अविवेककृतःपुंसोह्यर्थभेदइवात्मनि ॥ गुणदोषविकल्पश्च[illegible]जिवत्कृतः॥ ॥३०॥ वासुदेवेभगवतिभक्तिमुद्वहतांनृणां॥ज्ञानवैराग्यवीर्याणांनेहकश्चिद्व्यपाश्रयः ॥३१॥ नाहंविरिंचोनकुमारनारदौनब्रह्मपुत्रामुनयः सुरेशाः॥विदामयस्येहितमंशकांश[illegible]शमानिनः॥३२॥नह्यस्यास्तिप्रियःकश्चिन्नाप्रियःस्वःपरोऽपिवा॥आत्मत्वात्सर्वभूतानां सर्वभूतप्रियोहरिः ॥३३॥ तस्य [illegible]यंमहाभागश्चित्रकेतुःप्रियोऽनुगः॥सर्वत्रसमदृक्शांतोह्यहंचैवाच्युतप्रियः॥३४॥तस्मान्नविस्मयःकार्यः पु[illegible]॥महा[illegible]रुषभक्तेषुशांतेषुसमदर्शिषु ॥३५॥ श्रीशुक०इतिश्रुत्वाभगवतः[illegible]वस्योमाऽभिभाषितं ॥बभूवशांतधी[illegible] गतविस्मया ॥३६॥ इतिभागवतोदेव्याःप्रतिशप्तुमलंतमः॥मूर्ध्नासंजगृ[illegible]शापमेतावत्साधुलक्षणं ॥३७॥ [illegible]दानवींयोनिमाश्रितः॥वृत्र[illegible]त्यभिविख्यातोज्ञानविज्ञानसंयुतः ॥३८॥ एतत्तेसर्वमाख्यातंयन्मांत्वंपरिपृच्छसि॥ वृत्रस्यासुरजातेश्चकारणंभगवन्मतेः ॥३९॥ इतिहासमिमंपुण्यंचित्रकेतोर्महात्मनः॥माहात्म्यंविष्णुभक्तानांश्रुत्वाबंधाद्विमुच्[illegible]ते ॥४०॥ यएतत्प्रातरुत्थायश्रद्धयावाग्यतःपठेत् ॥ इतिहासंहरिंस्मृत्वासयातिपरमांगतिं ॥४१॥ इ०भा०म०ष०सप्तदशोऽध्यायः॥१७॥ श्रीशुक० पृश्निस्तुपत्नीसवितुःसावित्रींव्याहृतिं त्रयीं॥ अग्निहोत्रंपशुंसोमंचातुर्मास्यंमहामखान्॥१॥ सिद्धिर्भगस्यभार्याऽगमहिमानंविभुंप्रभुं॥ आशिषंचवरारोहांकन्यांप्रासूतसुव्रतां ॥२॥ धातुःकुहूःसिनीवाली[illegible]काचानुमतिस्तथा॥ सायंदर्शमथप्रातःपूर्णमासमनुक्रमात् ॥ अग्नीन्पुरीष्यानाधत्तक्रियायांसमनंतरः॥३॥ चर्षणीव[illegible]णस्यासीद्यस्यांजातोभृगुःपुनः ॥ वाल्मीकिश्चमहायोगीवल्मीकादभवत्किल॥४॥ अगस्त्यश्चवसिष्ठश्चमित्रावरुणयोर्ऋषी॥रेतःसिषिचतुःकुंभेउर्वश्याःसन्निधौद्रुतं ॥५॥ रेवत्यांमित्रउत्सर्गमरिष्टंपिप्पलंव्यधात्॥६॥पौलोम्यामिंद्रआधत्तत्रीन्पुत्रानितिनःश्रुतं॥जयंतमृषभंताततृतीयं[illegible]नु॥७॥ उरुक्रमस्यदेवस्यमायावामनरूपिणः॥ कीर्तौपत्न्यांबृहत्श्लोकस्तस्यासन्सौभगादयः॥८॥ तत्कर्मगुणवीर्याणिकश्यपस्य महात्मनः॥ पश्चाद्वक्ष्यामहेऽदित्यांयथैवावततारह॥९॥ अथकश्यपदायादान्दैतेयान्कीर्तयामिते॥यत्रभागवतःश्रीमान्प्रह्लादोबलिरेवच१०

અધ્યાય. ૧૮ મો.-શ્રીશુક-અદિતિના પુત્ર સવિતાની સ્ત્રી પૃશ્નિએ ગાયત્રિ-વ્યાહુતિ-ત્રણ વેદ-અગ્નિહોત્ર-પશુયાગ-સોમયાગ-ચાતુર્માસ્ય-અને પંચ મહાયજ્ઞ; એમના દેવતાઓને ઉત્પન્ન કર્યા. ॥૧॥ ભગની સ્ત્રી સિદ્ધિએ, મહિમા-વિભુ-અને પ્રભુ-એ ત્રણ પુત્રોને અને સારાં વ્રતોવાળી આશિષ નામની એક સુંદર કન્યાને, જન્મ આપ્યો. ॥૨॥ ધાતાની સ્ત્રી કુહુએ. સાયંને; સિનિવાલીએ દર્શને; રાકાએ, પ્રાતરને; અને અનુમતિએ, પૂર્ણ માસને; એ રીતે પુત્રો ઉત્પન્ન કર્યા. અને વિધાતાએ, ક્રિયા નામની સ્ત્રીમાં; પુરિષ્ય નામના અગ્નિઓને, ઉત્પન્ન કર્યા. ॥૩॥ વરુણની ચર્ષણી નામની સ્ત્રીમાં, ભૃગુઋષિ ફરીથી જન્મ પામ્યા; તથા જે રાફડામાંથી ઉત્પન્ન થયાનું કહેવાય છે, તે મહાયોગી વાલ્મિક પણ, થયા ॥૪॥ અને, ઉર્વશી અપ્સરાના સાનિધ્ય થકી, મિત્રાવરુણ ઋષિઓનું વીર્ય સ્ખલિત થયેલું ઘડામાં રાખી મૂકવા થકી, તેમાંથી અગસ્ત્ય અને અને વસિષ્ઠ ઋષિ ઉત્પન્ન થયા. ॥૫॥ મિત્રે રેવતી નામની સ્ત્રીમાં, ઉત્સર્ગ-અરિષ્ટ-અને પિપ્પળ-નામોવાળા પુત્રોને, ઉત્પન્ન કર્યા. ॥૬॥ અને સમર્થ ઇંદ્રે, પોતાની પાૈલોમી નામની સ્ત્રીમાં, જયંત-ઋષભ-અને મિઢુષ નામના, ત્રણ પુત્રો ઉત્પન્ન કર્યા છે; એમ અમે સાંભળેલ છે. ॥૭॥ માયાથકી વામન રૂપે થનારા, ભગવાન ઉરુક્રમને, કીર્તિ નામની સ્ત્રીમાં, બૃહતશ્લોક નામે પુત્ર થયો; અને તેના સાૈભગ વિગેરે પુત્રો થયેલા છે. ॥૮॥ એ મહાત્મા વામનજીએ, કશ્યપ થકી અદિતિમાં, કેવી રીતે અવતાર લીધો; તે બદલ, અને તેમનાં કર્મો-ગુણો અને પરાક્રમો બદલ, પાછળ આઠમા સ્કંધમાં કહીશું. ॥૯॥ હવે કશ્યપના દીકરાઓ દૈત્યો વિગેરે, તમને કહું છું; કે જેમાં શ્રીમાન પ્રહ્લાદ અને બલિ એ ભગવદ ભક્તો થયા હતા. ॥૧૦॥ દૈત્યો અને દાનવોએ, વંદન કરાયલા દિતિના બે દીકરા; હિરણ્યાક્ષ અને હિરણ્યકશિપુ વિશે તો, આગળ કહી ગયા છીએ. ॥૧૧॥ હિરણ્ય કશિપુની સ્ત્રી અને જંભ દાનવની દીકરી કયાધુએ, સંહ્લાદ-અનુહ્લાદ-હ્લાદ-અને પ્રહ્લાદ; એ નામોવાળા ચાર દીકરા જણ્યા હતા; અને તેમની બેહેન સિંહિકાને વિપ્રચિત્તિ દાનવ પરણ્યો હતો; તેનો પુત્ર રાહુ

થયેલો છે. ॥૧૨-૧૩॥ જે રાહુનું માથુ અમૃત પીતાં હરિ ભગવાને ચક્રવડે કાપી નાંખ્યું હતું; સંહ્લાદને કૃતી નામની સ્ત્રીમાં પંચજન નામે પુત્ર થયો હતો. ॥૧૪॥ હ્લાદની ધમની નામની સ્ત્રીએ વાતાપિ અને ઇલ્વલને જણ્યા; જેમને ઘેર અગસ્ત્ય ઋષિ અતિથિ થયા હતા; ત્યારે ઇલ્વલે વાતાપિને રાંધી નાંખ્યો હતો. ॥૧૫॥ અનુહ્લાદને તેની સૂર્મ્યા નામની સ્ત્રીમાં બાસ્કળ અને મહિષ નામના બે પુત્રો થયા હતા; પ્રહ્લાદથકી વિરોચન થયો, અને તે વિરોચનને પોતાની સ્ત્રીમાં બલિ ઉત્પન્ન થયો. ॥૧૬॥ બલિને તેની અશના નામની સ્ત્રીમાં સો પુત્રો થયા; તેઓમાં બાણ મોટો હતો; તેમનો વખાણવા લાયક પ્રભાવ પાછળ કહીશું. ॥૧૭॥ બાણાસુરે સદાશિવનું આરાધન કરીને તેમના ગણોમાં મુખી પણું મેળવેલું છે; તથા હમણાં સુધી ભગવાન સદાશિવ, તેના નગરના રક્ષણ કરનાર થઇને તેને પડખે રહેછે. ॥૧૮॥ અને ઓગણ પચાસ મરુત એટલે વાયુઓ પણ દિતિનાજ દીકરા છે; જેઓ પ્રજા રહિત છે, અને તેમને ઇંદ્રે દેવ બનાવેલા છે. ॥૧૯॥ પરીક્ષિત—હે ગુરુ એ મરુતોએ કયું સારૂં કર્મ કરવાથી, તેમના જન્મ વડે થયેલા અસુર ભાવને છોડાવીને; ઇંદ્રે તેમને દેવ બનાવ્યા છે; તે કહો. ॥૨૦॥ હે બ્રાહ્મણ એ જાણવામાં આ ઋષિઓ પણ મારી પેઠેજ, શ્રદ્ધાવાળા છે; આપ તેનું વ્યાખ્યાન અમારા આગળ કરો. ॥૨૧॥ સૂત—હે શૌનક આદર ભરેલું થોડા અક્ષરોનું—અને ઘણા અર્થ વાળુ—પરીક્ષિતનું એ વચન સાંભળીને, મનમાં આનંદ પામેલા સર્વજ્ઞ શુકદેવજી તેમનો સત્કાર કરીને; બોલ્યા કે. ॥૨૨॥ શ્રીશુક—ઇંદ્રનો પક્ષ કરનારા વિષ્ણુથકી મરી ગયેલા પુત્રોવાળાં દિતિ, શોકથી સળગેલા ક્રોધથી બળ્યા કરતાં ચિંતવન કરતાં હતાં કે, ભાઇઓને મારનારા—ઇંદ્રિયા દિકનાં સુખોમાં આસક્ત—કઠણ હૃદયવાળા—પાપી અને ક્રૂર ઇંદ્રને મરાવીને ક્યારે સુખે સુવાનું હું પામીશ. ॥૨૩-૨૪॥ રાજા

दितेर्द्वावेवदायादौदैत्यदानववंदितौ ॥ हिरण्यकशिपुर्नामहिरण्याक्षश्चकीर्तितौ॥११॥ हिरण्यकशिपोर्भार्याकयाधुर्नामदानवी॥ जंभस्यतनयादत्तासुषुवेचतुरःसुतान् ॥१२॥ संह्लादंप्रागनुह्लादंह्लादंप्रह्लादमेवच॥ तत्स्वसासिंहिकानामराहुंविप्रचितोऽग्रहीत्॥१३॥शिरोऽहरद्यस्यहरिश्चक्रेणपिबतोऽमृतं॥संह्लादस्यकृतिर्भार्याऽसूतपंचजनंततः॥१४॥ह्लादस्यधमनिर्भार्याऽसूतवातापिमिल्वलं॥योऽगस्त्यायत्वतिथयेपेचेवातापिमिल्वलं॥१५॥ अनुह्लादस्यसूर्म्यायांबाष्कलोमहिषस्तथा॥ विरोचनस्तुप्राह्लादिर्देव्यास्तस्याभवद्बलिः॥१६॥ बाणज्येष्ठंपुत्रशतमशनायांततोऽभवत् ॥ तस्यानुभावःसुश्लोक्यःपश्चादेवाभिधास्यते ॥१७॥ बाणआराध्यगिरिशंलेभेतद्गणमुख्यतां॥ तत्पार्श्वेभगवानास्तेह्यद्यापिपुरपालकः॥१८॥ मरुतश्चदितेःपुत्राश्चत्वारिंशन्नवाधिकाः॥तआसन्नप्रजाःसर्वेनीताइंद्रेणसात्मतां॥१९॥ राजा० कथंतआसुरंभावमपोह्यौत्पत्तिकंगुरो॥ इंद्रेणप्रापिताःसात्म्यंकिंतत्साधुकृतंहितैः॥२०॥ इमेश्रद्दधतेब्रह्मन्नृषयोहिमयासह ॥ परिज्ञानायभगवंस्तन्नोव्याख्यातुमर्हसि॥२१॥ सूत०तद्विष्णुरातस्यसबादरायणिर्वचोनिशम्यादृतमल्पमर्थवत्॥ सभाजयन्संनिभृतेनचेतसाजगादसत्रायणसर्वदर्शनः॥२२॥ श्रीशुक०हतपुत्रादितिःशक्रपार्ष्णिग्राहेणविष्णुना ॥ मन्युनाशोकदीप्तेनज्वलंतीपर्यचिंतयत् ॥२३॥ कदानुभ्रातृहंतारमिंद्रियाराममुल्बणं ॥अक्लिन्नहृदयंपापंघातयित्वाशयेसुखं॥२४॥ कृमिविड्भस्मसंज्ञासीद्यस्येशाभिहितस्यच॥ भूतध्रुक्तत्कृतेस्वार्थंकिंवेदनिरयोयतः॥२५॥ आशासानस्यतस्येदंध्रुवमुन्नद्धचेतसः ॥ मदशोषकइंद्रस्यभूयाद्येनसुतोहिमे॥२६॥ इतिभावेनसाभर्तुराचचारासकृत्प्रियं ॥ शुश्रूषयाऽनुरागेणप्रश्रयेणदमेनच॥२७॥ भक्त्यापरमयाराजन्मनोज्ञैर्वल्गुभाषितैः ॥ मनोजग्राहभावज्ञासुस्मितापांगवीक्षणैः॥२८॥ एवंस्त्रियाजडीभूतोविद्वानपिविदग्धया॥ बाढमित्याहविवशोनतच्चित्रंहियोषिति ॥२९॥ विलोक्यैकांतभूतानिभूतान्यादौप्रजापतिः॥ स्त्रियंचक्रेस्वदेहार्धंययापुंसांमतिर्हृता॥३०॥ एवंशुश्रूषितस्तातभगवान्कश्यपःस्त्रिया॥ प्रहस्यपरमप्रीतोदितिमाहाभिनंद्यच॥३१॥कश्यप० वरंवरयवामोरुप्रीतस्तेऽहमनिंदिते॥ स्त्रियाभर्तरिसुप्रीतेकःकामइहचागमः॥३२॥ पतिरेवहिनारीणांदैवतंपरमंस्मृतं॥ मानसःसर्वभूतानांवासुदेवःश्रियःपतिः॥३३॥

કહેવાતા છતાં પણ જે દેહ છેલીવારે કીડા વિષ્ટા કે રાખોડી એ નામો વાળો થાયછે, તેને માટે જે થકી નરકમાં પડવું પડે, એવા પ્રાણીઓના દ્રોહને કરનારો પુરુષ; પોતાનાં સ્વાર્થમાં, કાંઇજ સમજતો નથી. ॥૨૫॥ માટે અહંકારીઓના સુખોના સાધન રૂપ, પદાર્થાદિકને નિત્ય માનનારા અને ઉછ્રંખલ ચિત્ત વાળા ઇંદ્રના ગર્વનો નાશ કરે; એવો પુત્રજ મને થવો જોઇએ. ॥૨૬॥ એવી ઇચ્છાથી તે પોતાના ભર્તાર કશ્યપ મુનિને સઘળે પ્રકારે પ્રિય લાગે એવું, આચરણ કરવા લાગ્યાં; અને સેવા—સ્નેહ—નમ્રતા—ઇંદ્રિયદમનપણું—ઉત્તમ ભક્તિ ભાવથી અને મરજી જાણીને બોલવું,—અને સારીરીતે હસવા સહિત આંખ્યોની અણીઓથી જોવું—એ વિગેરે થકી, મનની ઇચ્છાઓને જાણનારાં દિતિએ; કશ્યપ મુનિનું મન વશ કરી લીધું. ॥૨૭-૨૮॥ અને કશ્યપ મુનિ વિદ્વાન હોવા છતાં પણ, એ બળીઝળી થયેલી સ્ત્રીના સંબંધમાં જડ સરખા થઇ ગયા; અને તેમણે પરવશ થઇને, તે જે માગે તે આપવાનું વચન આપ્યું. સ્ત્રીઓની બાબતમાં એમ બનવું, એ કાંઇ નવાઇ ભરેલું નથીજ. ॥૨૯॥ કેમકે પ્રાણીઓને પ્રથમ કાળે એકાંત પણે રહેતા જોઇને, જેના થકી પુરુષની બુદ્ધિનું હરણ થાય છે; એવી સ્ત્રીને, પ્રજાપતિ બ્રહ્માએ પોતાનાજ અર્ધ દેહથકી, ઉત્પન્ન કરી છે. ॥૩૦॥ હે પરીક્ષિત, એ પ્રકારની સ્ત્રીએ, સેવા કરેલા કશ્યપ મુનિ, પ્રસન્નથયા દિતિનો સત્કાર કરીને; પ્રીતિ સહિત હસતે મોઢે, બોલ્યા કે ॥૩૧॥—કશ્યપ—હે સુંદરી અને ભલી સ્ત્રી, વરદાન માગ્ય; હું તને પ્રસન્ન થયો છું; સ્વામી પ્રસન્ન થયા પછી સ્ત્રીને આ લોકમાં કોઇ પણ કામનાની પ્રાપ્તિ ન થાય, એમ બનતુંજ નથી. ॥૩૨॥ કેમકે સર્વ પ્રાણીઓના અંતઃકરણમાં રહેલા, વાસુદેવ ભગવાન અને લક્ષ્મી પતિનું સ્વરૂપ, સ્વામી; એજ સ્ત્રીનું પરમ દૈવત કહેલાયછે. ॥૩૩॥ અને પુરુષો, જૂદા જૂદા દેવતાઓનાં ચિન્હો—નામો—અને રૂપોની કલ્પના વડે; જે ભગવાનનું પૂજન કરે છે. તેજ ભગવાન; સ્વામી અથવા પતિના રૂપથી, સ્ત્રીઓ થકી પૂજાય છે. ॥૩૪॥ એટલા માટે હે સુંદરી, પતિવ્રતા સ્ત્રીઓ, પોતાના કલ્યાણની ઇચ્છાથી; ઇશ્વર અને આત્મા સ્વરૂપ, પોતાના પતિને; અનન્ય

ભાવથી પૂજે છે. ॥૩૫॥ હે કલ્યાણી, એ પ્રકારના ભાવથી, ભક્તિ સહિત તેં મારી સેવા કરી છે; માટે અ-સતી સ્ત્રીઓને દુર્લભ, એવી તારી જે કામના હશે; તે હું પૂર્ણ કરીશ. ॥૩૬॥–દિતિ–હે બ્રાહ્મણ, જો તમે મને વરદાન આપો છો; તો, મરી ગયેલા પુત્રોવાળી હું તે મારા પુત્રોને મરાવનારા ઇંદ્રને મારે એવો; અને; મૃત્યુ થકી રહિત હોય; એવો, પુત્ર મને આપો. ॥૩૭॥–શ્રીશુક–દિતિનું એ વચન સાંભળતાંજ, કશ્યપ મુનિ એવો પરિતાપ પામ્યા કે; અરે આજ મને મોટો અધર્મ પ્રાપ્ત થયો. ॥૩૮॥ ઇંદ્રિયાદિકનાં સુખોમાં આસક્ત, અને કંગાલ, હું; સ્ત્રી રૂપ માયાએ, મન હરી લેવાથી; ખચીત હમણાંજ નરકમાં પડીશ ॥૩૯॥ સ્ત્રીઓનો તો એવો સ્વભાવજ હોય છે, માટે તે તેના સ્વભાવ પ્રમાણે વર્તી છે; તેમાં એનો વાંક, શાગાટે કાઢવો જોઇએ; પણ અજીતેંદ્રિય અને પોતાના અર્થને નહીં સમજનારા, મને પોતાનેજ ધિક્કાર છે. ॥૪૦॥ શરદ ૠતુના ઉઘડેલા કમળ સરખા મોઢાવાળી–સાંભળવાથી અમૃત જેવાં મીઠાં લાગનારાં વચનો બોલનારી–અને અસ્તરાની ધાર જેવા હૃદય વાળી–સ્ત્રીઓનાં કરતવ્યોને; કોઇજ જાણી શકે, એમ નથી. ॥૪૧॥ પોતાનાંજ સુખાદિકને ઇચ્છનારી સ્ત્રીઓને, કોઇ પ્યારુંજ નથી; કેમકે તેમના સ્વાર્થમાં આડે આવનારા, પતિનો–અથવા પુત્રનો અથવા ભાઇનો પણ; તે તુરંતજ નાશ કરી નંખાવે છે. ॥૪૨॥ તોપણ આપવાની પ્રતિજ્ઞા કરેલું, મારૂં વચન મિથ્યા થાય નહીં; અને ઇંદ્રનો વધ થાય, તે પણ અઘટિત થાય; માટે એ બંને વાતમાં નડ ન આવે, એમ કલ્પના કરી જોઇએ. ॥૪૩॥ હે પરીક્ષિત્ એવો વિચાર કરી, પોતાનીજ નિંદા કરતા, ભગવાન કશ્યપ મુનિ, જરા એક ગુસ્સો કરીને, બોલ્યા કે. ॥૪૪॥–કશ્યપ–હે કલ્યાણી; જો તું; એક વરસ સુધી આ વ્રતને બરાબર રીતે, ધારણ કરીશ; તો તને, ઇંદ્રને મારે એવો, પુત્ર થશે; પણ જો તે પ્રમાણે નહીં કરી શકે તો, તને થનારો

सएवदेवतालिंगैर्नामरूपविकल्पितैः ॥ इज्यतेभगवान्पुंभिःस्त्रिभिश्चपतिरूपधृक् ॥३४॥ तस्मात्पतिव्रतानार्यःश्रेयस्कामाःसुमध्यमे ॥ यजंते ऽनन्यभावेनपतिमात्मानमीश्वरं ॥३५॥ सोहंत्वयाऽर्चितोभद्रेईदृग्भावेनभक्तितः॥तत्तेसंपादयेकाममसतीनांसुदुर्लभं ॥३६॥ दिति॰वरदोयदिमेब्रह्मन्पुत्रमिंद्रहणंवृणे॥अमृत्युंमृतपुत्राऽहंयेनमेघातितौसुतौ ॥३७॥ निशम्यतद्वचोविप्रोविमनाःपर्यतप्यत ॥ अहोअधर्मःसुमहानद्यमेसमुपस्थितः ॥३८॥ अहोअर्थेंद्रियारामोयोषिन्मय्येहमायया॥गृहीतचेताःकृपणःपतिष्येनरकेध्रुवं ॥३९॥ कोऽतिक्रमोऽनुवर्तंत्याःस्वभावमिहयोषितः॥धिङ्मांबताबुधंस्वार्थेयदहंत्वजितेंद्रियः ॥४०॥ शरत्पद्मोत्सवंवक्त्रंवचश्चश्रवणामृतं॥हृदयंक्षुरधाराभंस्त्रीणांकोवेदचेष्टितं ॥ ॥४१॥ नहिकश्चित्प्रियःस्त्रीणामंजसास्वाशिषात्मनां॥ पतिंपुत्रंभ्रातरंवाघ्नंत्यर्थेघातयंतिच ॥४२॥ प्रतिश्रुतंददामीतिवचस्तन्नमृषाभवेत्॥ वधंनार्हतिचेंद्रोऽपितत्रेदमुपकल्पते ॥४३॥ इतिसंचिंत्यभगवान्मारीचःकुरुनंदन॥उवाचकिंचित्कुपितआत्मानंचविगर्हयन् ॥४४॥ कश्यप॰ पुत्रस्तेभविताभद्रेइंद्रहादेवबांधवः ॥ संवत्सरंव्रतमिदंयद्यंजोधारयिष्यसि॥४५॥ दिति॰धारयिष्येव्रतंब्रह्मन्ब्रूहिकार्याणियानिमे॥यानिचेहनिषिद्धानिनव्रतंघ्नंतियानितु॥४६॥ कश्यप॰नहिंस्याद्भूतजातानिनशपेन्नानृतंवदेत् ॥ नच्छिंद्यान्नखरोमाणिनस्पृशेद्यदमंगलं॥४७॥ नाप्सुस्नायान्नकुप्येतनसंभाषेतदुर्जनैः ॥ नवसीताधौतवासःस्त्रजंचविधृतांक्वचित् ॥४८॥ नोच्छिष्टंचंडिकान्नंचसामिषंवृषलाहृतं ॥ भुंजीतोदक्ययादृष्टंपिबेदंजलिनात्वपः॥४९॥ नोच्छिष्टाऽस्पृष्टसलिलासंध्यायांमुक्तमूर्धजा॥ अनर्चिताऽसंयतवागसंवीताबहिश्चरेत् ॥५०॥ नाधौतपादाप्रयतानार्द्रपान्नोउदक्शिराः॥शयीतनापराङ्नान्यैर्ननग्नानचसंध्ययोः॥५१॥ धौतवासाःशुचिर्नित्यंसर्वमंगलसंयुता ॥ पूजयेत्प्रातराशात्प्राग्गोविप्रान्श्रियमच्युतं ॥५२॥ स्त्रियोवीरवतीश्चार्चेत्स्त्रग्गंधबलिमंडनैः॥ पतिंचार्च्योपतिष्ठेतध्यायेत्कोष्ठगतंचतं॥५३॥सांवत्सरंपुंसवनंव्रतमेतदविप्लुतं॥धारयिष्यसिचेत्तुभ्यंशक्रहाभवितासुतः॥५४॥ बाढमित्यभिप्रेत्याथदितीराजन्महामनाः॥काश्यपंगर्भमाधत्तव्रतंचांजोदधारसा ॥५५॥ मातृष्वसुरभिप्रायमिंद्रआज्ञायमानद ॥ शुश्रूषणेनाश्रमस्थांदितिंपर्यचरत्कविः॥५६॥ नित्यंवनात्सुमनसःफलमूलसमित्कुशा

પુત્ર. દેવતાઓનો બાંધવ થશે. ॥૪૫॥–દિતિ–હે બ્રાહ્મણ; હું એ વ્રતને ધારણ કરીશ; માટે એ વ્રતનો નાશ ન થવા માટે, જે જે કામો કરવાનાં હોય; તથા જેનો જેનો નિષેધ કરવાનો હોય; તે સર્વ મને કહો. ॥૪૬॥ –કશ્યપ–કોઇ પ્રાણીની હિંસા ન કરવી–શ્રાપ દેવો નહીં–જૂઠું ન બોલવું–નખ અને રૂંવાડાં કાપવાં નહીં–અમંગળ પદાર્થને અડવું નહીં–॥૪૭॥–પાણીમાં પેસીને નહાવું નહીં–ક્રોધ કરવો નહીં–દુષ્ટ માણસની સાથે વાત કરવી નહીં–વગર ધોયેલું વસ્ત્ર પહેરવું નહીં–પહેરેલો ફૂલનો હાર ફરીથી પેહેરવો નહીં. ॥૪૮॥ એંઠું, માતાના નૈવેદ્યનું, માંસવાળું, શુદ્રનું અડકેલું, અને રજસ્વળાએ જોએલું; એવું અન્ન ખાવું નહીં–ખોબાવડે પાણી પીવું નહીં ॥૪૯॥ એંઠે મોઢે, પાણીનું આચમન લીધા વિના, સંધ્યાકાળે, માથાના વાળ છૂટા હોય ત્યારે, શણગાર ધર્યા નહોય ત્યારે, અને વાણીને નિયમમાં રાખ્યા વિના; તથા વસ્ત્રો પહેર્યા વિના; બહાર જવું નહીં. ॥૫૦॥ પગધોયા વિના, સાવધાનપણું રાખ્યા વિના, ભિંના પગે, ઉત્તર તરફ માથું રાખીને; પશ્ચિમ તરફ માથું રાખીને, બીજા કોઇની સાથે, નાગા શરીરે, અને સંધ્યા વખતે; સૂઇ જવું નહીં. ॥૫૧॥ અને ધોએલાં લૂગડાં પેહેરી, નિરંતર પવિત્ર રહી, અને સઘળા મંગળ પદાર્થો ધારણ કરીને; સવારમાં જમતા અગાઉ; ગાયોનું–બ્રાહ્મણોનું–લક્ષ્મીનું–અને અચ્યુત ભગવાનનું; પૂજન કરવું. ॥૫૨॥ તથા માળાઓ, ચંદન, ખાવાના પદાર્થો, અને ઘરેણાં આદિથી; સૌભાગ્યવતી સ્ત્રીઓનું પૂજન કરવું; અને હૃદયને વિશે રહેલા પતિનું ધ્યાન ધરવા વડે, તેમનું પૂજન કરવું. ॥૫૩॥ આ પ્રમાણેનું, પુંસવન નામનું વ્રત; એક વરસ પૂર્ણ થતાં સુધી, કાંઇ પણ ખામી પડ્યા વિના તમે ધારણ કરશો તો, ઇંદ્રને મારે એવો પુત્ર, તમને આવશે. ॥૫૪॥–શ્રીશુક–હે રાજા મોટા મનની દિતિએ, એ સઘળું કરવાની હા કહ્યાથી; કશ્યપ ઋષિ થકી, તેણે ગર્ભ ધારણ કરીને; એ વ્રતને બરાબર રીતે, ધારણ કરવા માંડ્યું. ॥૫૫॥ ત્યારે બુદ્ધિમાન ઇંદ્ર પોતાની માસીના અભિપ્રાયને જાણી જઇને; તેના સ્થાનમાં આવી રહ્યો; અને દિતિને માન આપીને, તેની સેવા કરવા લાગ્યો.

॥५६॥ ते नित्य समये सघळे, वनमांथी फूल-फळ-मूळ-समिध-दर्भ-पांदडां-अंकुर-माटी अने पाणी विगेरे लावीने, तेने आपतो हतो. ॥५७॥ हे परीक्षित, एम; पारधी हरणना रूपथी रहेवानी पेठे, ते व्रत धारण करेलीना छिद्रने जोवानी इच्छाथी; इंद्र, कपटथी तेनी सेवा करवा लाग्यो हतो. ॥५८॥ पण व्रतनुं छिद्र जोवाने तत्पर, इंद्रना जोवामां, ज्यारे छिद्र नज आव्युं; त्यारे तेने तीव्रचिंता थइ के, हवे अहींयां क्या उपायवडे, मारुं भलुं थाय. ? ॥५९॥ तथापि दैव जोगे, एक दिवस, व्रत करवाथी दुबळी थयेली ते, अदृष्टथी मोह पामीने; संध्याकाळ वखते-अशुद्ध मोढे-पाणीनुं आचमन लीधाविना-अने पग धोया विनाज, सुइ गइ. ॥६०॥ एटले ए रीते वखत मळी जवाथी, उंघथी बेभान थयेली दितिना पेटमां; योगेश्वर इंद्र, पोतानी मायाना योगथी पेठो. ॥६१॥ अने सोना जेवा प्रकाशता, तेना गर्भना ठेवे, वज्रवडे सात कटका कर्या; अने ते जणा, रडवा लाग्याथी; मारो मारो, एम कहीने, फरीवार ते दरेकना सात सात कटका कर्या. ॥६२॥ त्यारे कापी नखाता ए सघळाओ, हाथ जोडीने बोल्या के; हे इंद्र अमे मरुतो तारा भाइओ छीए, तेमने तुं शामाटे मारवाने इच्छे छे. ॥६३॥ पछी ए रीते पोताने विशे अनन्य भाववाळा, पार्षदो सरखा ए मरुतोने; इंद्रे कह्युं के; तमे मारा भाइओ छो, तो बीहीशो नहीं. ॥६४॥ आ प्रमाणे वज्रथी घणे प्रकारे कपाया छतां; जेम द्रोण पुत्रना अस्त्र थकी, तमारुं रक्षण थयुं हतुं; तेम श्रीनिवास भगवाननी कृपाथी, ए दितिनो गर्भ मुवो नहीं. ॥६५॥ आदि पुरुष भगवाननुं पूजन एकवार पण करवा वडे, पुरुष तेमना समान स्वरूपने पामे छे; तो दितिए तो हरिभगवाननुं अर्चन, एक वरसमां थोडाकज ओछा दिवसो सुधी, कर्युं हतुं, तेनुं फळ केम मिथ्या थाय. ॥६६॥ तेथी इंद्र सुधां, ते पचास मरुतो थया; के जेमने माताना संबं-

नः॥ पत्रांकुरमृदोऽपश्चकालेकालउपाहरत्॥५७॥ एवंतस्याव्रतस्थायाव्रतच्छिद्रंहरिर्नृप॥प्रेप्सुःपर्यचरज्जिह्मोमृगहेवमृगाकृति॥५८॥ नाध्यगच्छद्व्रतच्छिद्रंतत्परोऽथमहीपते॥चिंतांतीव्रांगतःशक्रःकेनमेस्याच्छिवंत्विह ॥५९॥ एकदासातुसंध्यायामुच्छिष्टाव्रतकर्शिता॥अस्पृष्ट्वार्यधौतांघ्रिःसुष्वापविधिमोहिता ॥६०॥ लब्ध्वातदंतरंशक्रोनिद्राऽपहृतचेतसः॥दितेःप्रविष्टउदरंयोगेशोयोगमायया॥६१॥ चकर्तसप्तधागर्भंवज्रेणकनकप्रभं॥रुदंतंसप्तधैकैकंमारोदीरितितान्पुनः ॥६२॥तेतमूचुःपाट्यमानाःसर्वेप्रांजलयोनृप॥नोजिघांससिकिंइंद्रभ्रातरोमरुतस्तव ॥६३॥ माभैष्टभ्रातरोमह्यंयूयमित्याहकौशिकः॥अनन्यभावान्पार्षदानात्मनोमरुतांगणान् ॥६४॥ नममारदितेर्गर्भःश्रीनिवासानुकंपया॥बहुधाकुलिशक्षुण्णोद्रौण्यस्त्रेणयथाभवान्॥६५ सकृदिष्ट्वादिपुरुषंपुरुषोयातिसाम्यतां॥संवत्सरंकिंचिदूनंदित्यायद्धरिरर्चितः॥६६ सजूरिंद्रेणपंचाशद्देवास्तेमरुतोऽभवन्॥व्यपोह्यमातृदोषंतेहरिणासोमपाःकृताः॥६७॥ दितिरुत्थायददृशेकुमाराननलप्रभान्॥ इंद्रेणसहितान्देवीपर्यतुष्यदनिंदिता ॥६८॥ अथेंद्रमाहताताहमादित्यानांभयावहं॥ अपत्यमिच्छंत्यचरंव्रतमेतत्सुदुष्करं ॥६९॥ एकःसंकल्पितःपुत्रःसप्तसप्ताभवन्कथं॥यदितेविदितंपुत्रसत्यंकथयमामृषा ॥७०॥ इंद्र०अंबतेऽहंव्यवसितमुपधार्यागतोंऽतिकं॥ लब्ध्वांतरोऽच्छिदंगर्भमर्थबुद्धिर्नधर्मवित् ॥७१॥ कृत्तोमेसप्तधागर्भआसन्सप्तकुमारकाः॥तेऽपिचैकैकशोवृक्णाःसप्तधानापिमम्रिरे॥७२॥ततस्तत्परमाश्चर्यंवीक्ष्याध्यवसितंमया॥महापुरुषपूजायाःसिद्धिःकाप्यानुषंगिणी ॥७३॥ आराधनंभगवतईहमानानिराशिषः॥ येतुनेच्छंत्यपिपरंतेस्वार्थकुशलाःस्मृताः॥७४॥ आराध्यात्मप्रदंदेवंस्वात्मानंजगदीश्वरं ॥ कोवृणीतेगुणस्पर्शंबुधःस्यान्नरकेऽपियत्॥७५॥ तदिदंममदौर्जन्यंबालिशस्यमहीयसि ॥क्षंतुमर्हसिमातस्त्वंदिष्ट्यागर्भोमृतोत्थितः॥७६॥ श्रीशुक०इंद्रस्तयाऽभ्यनुज्ञातःशुद्धभावेनतुष्टया॥ मरुद्भिःसहतांनत्वाजगामत्रिदिवंप्रभुः ॥७७॥एवंतेसर्वमाख्यातंयन्मांत्वंपरिपृच्छसि॥मंगलंमरुतांजन्मकिंभूयःकथयामिते ॥७८॥ इ०भा०म०षष्ठस्कंधेअष्टादशोऽध्यायः॥१८॥ राजा०व्रतंपुंसवनंब्रह्मन्भवतायदुदीरितं॥तस्यवेदितुमिच्छामियेनविष्णुःप्रसीदति ॥१॥ श्रीशुक०शुक्लेमार्गशिरेपक्षेयोषिद्भर्तुरनुज्ञया ॥

धनो दोष मटाडीने, इंद्रे सोमपान करनारा देवताओ, बनावेलां छे. ॥६७॥ दितिए जागी उठीने जोतां इंद्रसहित; अग्नि सरखा प्रकाशता, पचास कुमारोने जोया; अने ते भली स्त्री प्रसन्न थइ ॥६८॥ पछी इंद्रने पूछ्युं के, "हे पुत्र; अदितिना दीकराओने भय आपनारो, पुत्र थवानी इच्छाथी, आ न बनी शके एवुं व्रत, में करेलुं छे. ॥६९॥ हे दीकरा, मारो संकल्पतो, एक पुत्रने माटे हतो; छतां आ ओगणपचास केम थया; ते तुं जो जाणतो होय, तो साचुं कहे: जुठुं बोलतो नहीं." ॥७०॥ -इंद्र-हे मा, धर्मने नहीं जाणीने; हुं स्वार्थ बुद्धिवाळाए, तमारो अभिप्राय जाणवाथी, तमारी पासे आवी रहीने; तमारुं छिद्र मळी जतां, तमारा गर्भना, में कटका करेला छे. ॥७१॥ में गर्भना सात कटका करवाथी, सात कुमारो थया; तेमना पण एक एकना सात सात कटका करया छतां, तेओ मुवा नहीं. ॥७२॥ त्यारे ए मोटुं आश्चर्य जोइने, में निश्चय कर्यो के, महापुरुष भगवाननी पूजना प्रसंग थकी; आ कोइ एक सिद्धि प्राप्त थइ छे. ॥७३॥ परंतु जेओ कोइ पण प्रकारनी इच्छा राख्या विना अने मोक्षनी पण इच्छा नहीं करतां, भगवाननुं आराधन करे छे; तेओज पोताना स्वार्थमां कुसळ होवानुं कहेवाय छे. ॥७४॥ नरकने विशे पण मळी शके छे, एवां सुखोना स्पर्शवाळा विषयादिकनां सुखोनेज; पोतानुं स्वरूप पण; आपी देनारा जगदिश्वर भगवाननुं आराधन करीने, कोण समजु मनुष्य; इच्छे. ॥७५॥ माटे हे मोटा मन वाळीमा, आ प्रकारना दुर्जन अने अकल विनाना हुं थकी, थयेला कामनी क्षमा करवाने तमे योग्य छो; अने गर्भ मरण थकी बचयो, ए घणुं सारुं थयुं छे. ॥७६॥-श्रीशुक-तेनो एवो शुद्ध भाव जोवाथी, दिति प्रसन्न थयां: पछी तेमनी रजा लेइने, तथा नमस्कार करीने, समर्थ इंद्र मरुतो सहित, स्वर्गमां गयो. ॥७७॥ तमारा पूछवाथी मंगळ रूप मरुतोना जन्म विशे, में तमने सर्व कह्युं; हवे तमने बीजुं शुं कहुं. ॥७८॥ इतिश्री भागवत छट्ठा स्कंधनो अराढमो अध्याय संपूर्ण. ॥१८॥

અધ્યાય ૧૯ મો.—પરીક્ષિત—હે બ્રાહ્મણ; પુંસવન, એટલે પુત્ર આપનારૂં, આપે જે આ વ્રત કહ્યું; કે જેનાથી વિશ્નુ ભગવાન પ્રસન્ન થાય છે. તે વ્રતના વિધિ આદિને જાણવાની મને ઇચ્છા છે. ॥૧॥ —**શ્રીશુક**—માગશર માસની અજવાળી પડવેના દિવસે; સર્વ કામનાઓ પરિપૂર્ણ કરનારા, આ વ્રતનો આરંભ; પતિની આજ્ઞાથી, અને બ્રાહ્મણો પાસે મરૂતના જન્મની કથા સાંભળીને, કરવો જોઇએ; અને તે દિવસે સવારના પહોરમાં, દાંત સાફ કરી નાહીને, તથા ધોયેલાં વસ્ત્ર અને શણગાર પેહેરીને, જમ્યા પેહેલાં લક્ષ્મીજી સહિત ભગવાનનું પૂજન કરવું. ॥૨–૩॥ અને મોહેથી બોલવું કે; "હે અપેક્ષા રહિત અને પૂર્ણ કામ, આપને હું માત્ર નમસ્કારજ કરી શકુંછું: હે મહાવિભુતિઓના પતિ, અને સકળ સિદ્ધિઓના સ્વામી, આપને મારા નમસ્કાર છે. ॥૪॥ આપ ભગવાનમાં, દયા–વૈભવ–તેજ–મહિમા–બળ–અને બીજા સઘળા ઉત્તમ ગુણો રહેલા હોવાથી; આપ સમર્થ અને ઇશ્વર છો. ॥૫॥ હે વિશ્નુ પત્નિ–મહામાયા–મહાપુરૂષ ભગવાનના સરખાં લક્ષણો વાળી–મહા ભાગે–અને લોક માત્રની માતા–તમને હું નમસ્કાર કરૂંછું: તેથી તમે પ્રસન્ન થજો. ॥૬॥ "ૐકાર સ્વરૂપ–મહાપુરૂષ–મહાનુભાવ–અને મોટી વિભુતિઓના પતિ, એવા જે ભગવાન; મોટી વિભુતિઓ સહિત, બલિદાનોને લ્યો છો: તેમને નમસ્કાર કરૂં છું." એવી રીતે મંત્ર બોલીને, દરરોજ વિશ્નુ ભગવાનનું, આવાહન કરવું; અને તેમને અર્ઘ–પાદ્ય–આચમન–સ્નાન–વસ્ત્ર–જનોઇ–ઘરેણાં–ચંદન–ફૂલ–ધૂપ–દીવો–અને નૈવેદ્ય વિગેરે, ઉપચારો સાવધાનપણાથી, અર્પણ કરવાં; અને "ૐનમોભગવતે મહાપુરૂષાય, મહા વિભુતિપતયે સ્વાહા:" આ મંત્રથી; બાકી રહેલા હવિ પદાર્થની, બાર આહુતિઓ, અગ્નિમાં હોમવી; તથા જો સર્વ સંપત્તિઓની ઇચ્છા હોયતો, વરદાન આપનાર અને સર્વ મનોરથ પૂર્ણ કરનાર; વિશ્નુ ભગવાનની, અને લક્ષ્મીજીની; નિત્ય ભક્તિ સહિત, પૂજા કરવી. ॥૭–૮॥ અને ભક્તિ સહિત પ્રીતિવાળા મનથી, ધરતી ઉપર લાકડીની પેઠે, પડીને; એ મંત્ર બોલીને, દસવાર જપ તથા નમસ્કાર કર્યા પછી; નીચે પ્રમાણેનું, સ્તોત્ર

आरभेतव्रतमिदंसार्वकामिकमादितः ॥२॥ निशम्यमरुतांजन्मब्राह्मणाननुमंत्र्यच॥स्नात्वाशुक्लदतीशुक्लेवसीतालंकृतांबरे॥पूजयेत्[illegible]।
त्मागभगवंतंश्रियासह ॥३॥ अलंतेनिरपेक्षायपूर्णकामनमोस्तुते॥महाविभूतिपतयेनमःसकलसिद्धये॥४॥ यथात्वंकृपयाभूत्यातेजसामहि
नौजसा॥जुष्टईशगुणैःसर्वैस्ततोसिभगवान्प्रभुः ॥५ विष्णुपत्निमहामायेमहापुरुषलक्षणे ॥ प्रीयतांमेमहाभागेलोकमातर्नमोऽस्तुते ॥६॥
ॐनमोभगवतेमहापुरुषायमहानुभावाय महाविभूतिपतयेसहमहाविभूतिभिर्बलिमुपहराणीतिअनेनाहरहर्मंत्रेण विष्णोरावाहनार्घ्यपा[illegible]
पस्पर्शनस्नानवासउ[illegible]वीताविभूषणगंधपुष्पधूपदीपोपहाराद्युपचारांश्वसमाहिताउपाहरेत् ॥ हविःशेषंतुजुहु[illegible]दनलेद्वादशाहुतीः ॥७॥ ॐ
नमोभगवतेम[illegible]पुरुषायमहाविभूतिपतयेस्वाहेति॥श्रि[illegible]चवरदावाशिषांप्रभवावुभौ॥भक्त्यासंपूजयेन्नित्यं[illegible]संपदः॥८॥ प्रण
मेद्दंडवद्भूमौभक्तिप्रव्हेणचेतसा॥दशवारंजपेन्मंत्रंततस्तोत्रमुदीरयेत् ॥९॥ युवांतुविश्वस्यविभूजगतःकारणंपरं॥ इयंहिप्रकृतिःसूक्ष्मामाया
शक्तिर्दु[illegible] ॥१०॥ तस्याअधीश्वरःसाक्षात्त्वमेवपुरुषःपरः॥त्वंसर्व[illegible]क्रियेयंफलभुग्भवान् ॥११॥ गुणव्यक्तिरियंदेवीव्यंजको
गुणभुग्भवान्॥त्वंहिसर्वशरीर्यात्माश्रीःशरीरेंद्रियाशया॥ नामरूपेभगवतीप्रत्ययस्त्वमपाश्रयः॥१२॥यथायुवांत्रिलोकस्यवरदौपरमेष्ठिनौ
॥तथामउत्तमश्लोकसंतुसत्यामहाशिषः ॥१३॥ इत्यभिष्टूयवरदंश्रीनिवासंश्रियासह॥ तन्निःसार्योपहरणंदत्वाचमनम[illegible]येत्॥१४॥ततस्तुवी
तस्तोत्रेणभक्तिप्रव्हेणचेतसा॥यज्ञोच्छिष्टमव[illegible]यपुनरभ्यर्चयेद्धरिं॥१५॥ पतिंचपरयाभक्त्यामहापुरुषचेतसा ॥ प्रियैस्तै[illegible]मेत्प्रेमशी
लःस्वयंपतिः॥ बिभृयात्सर्वकर्माणिपत्न्याउ[illegible]वचानिच॥१६॥ कृतमेकतरेणापिदं[illegible]त्योरुभयोरपि॥ पत्न्यांकुर्यादन[illegible]यांपतिरेतत्समा[illegible]तः
॥१७॥ विष्णोर्व्रतमिदंबिभ्रन्नविहन्यात्कथंचन॥ विप्रान्स्त्रियोवीरवतीःस्रग्गंधबलिमंडनैः॥ अर्चेदहरहर्भक्त्यादेवंनियममास्थितः ॥१८॥ उ
द्वास्यदेवंस्वेधाम्नितन्निवेदितमग्रतः॥अद्यादात्मवि[illegible]त्था॥१९॥ एतेनपूजाविधिनामासान्द्वादशहायनं॥नीत्वाऽथोपरमे

બોલવું. ॥૯॥ "તમે બેઉ જણમાં; આપ ભગવાન, વિશ્વના સ્વામી, અને જગતના પરમ કારણ છો; અને આ લક્ષ્મીજી, સૂક્ષ્મ સ્વરૂપ–પ્રકૃતિ–માયા–અને ટાળી નટળે, એવી શક્તિ છે. ॥૧૦॥ તેણીના સ્વામી અને ઇશ્વર તમે સાક્ષાત પરમ પુરૂષ છો; તમે સર્વ યજ્ઞરૂપ: અને એ લક્ષ્મી, યજ્ઞની ભાવના ઇજ્ય રૂપ છે; એ, ક્રિયા રૂપ છે; અને તમે, ફળ ભોક્તા છો. ॥૧૧॥ એ લક્ષ્મીદેવી, ગુણોની પ્રકટતા રૂપ છે; અને તમે, ગુણોને પ્રકટ કરનારા, તથા ગુણોના ભોક્તા છો: તમે, સર્વ દેહધારીઓના આત્મા છો; અને એ (લક્ષ્મી) શરીર–ઇંદ્રિયાદિક તથા અંતઃકરણો રૂપ છે; એ, સર્વ નામો અને રૂપો રૂપ છે; અને તમે, તે સર્વનો પ્રકાશ કરનારા, તથા આધાર રૂપ છો. ॥૧૨॥ હે મોટી કીર્તિવાળાં, તમો બંનેજણાં; ત્રણે લોકને વરદાન આપનાર, તથા તેમનાં પરમેષ્ટીરૂપ છો: એ સત્ય વડે કરીને, મારા સઘળા મોટા મનોરથ પૂર્ણ થજો." ॥૧૩॥ એ પ્રકારથી વરદાન આપનારા લક્ષ્મીના નિવાસ રૂપ ભગવાનનું; લક્ષ્મીજી સહિત; સ્તવન તથા અર્ચન કરીને, પછી નૈવેદ્યાદિક, ત્યાંથી ઉપાડી લેઇને; આચમન આપવું. ॥૧૪॥ પછી વળી, એજ સ્તોત્રથી, ફરીવાર ભક્તિ સહિત, અને પ્રીતિવાળા મનથી; ભગવાનની, લક્ષ્મીજી સહિત; સ્તુતિ કરીને, યજ્ઞનું ઉચ્છિષ્ટ સુંઘીને, હરિભગવાનનું બીજીવાર પૂજન કરવું. ॥૧૫॥ અને મહાપુરૂષ ભગવાનનું સ્વરૂપ, પોતાના પતિને મનવડે જાણીને; પરમ ભક્તિ સહિત, પોતાના પતિને, જે જે પ્રિય હોય; તે તે પદાર્થાદિક વડે, તેની પ્રેમ સહિત સેવા કરવી; અને જ્યારે એ પુજનાદિક કરવાને માટે, સ્ત્રી (રજસ્વળા આદિ કારણોથી.) અયોગ્ય થાય; ત્યારે તેના સ્વામીએ, પોતેજ; સાવધાનપણાથી, સ્ત્રીએ કરવાનાં ઉંચાં નીચાં સર્વે કામો, કરવાં; કેમકે દંપતિ એટલે જોડામાંના એકજણે કરેલું કામ, તે બંને જણાંએ કરેલું; ગણાય છે. ॥૧૬–૧૭॥ અને આ વિશ્નુભગવાનનું વ્રત ધારણ કર્યા પછી, વચમાં કદીપણ તૂટક થવા દેવું નહીં; પણ રોજ રોજ ભક્તિ સહિત, અને નિયમો રાખીને, ભગવાનનું–બ્રાહ્મણોનું–અને પતિ તથા પુત્રો વાળી સ્ત્રીઓનું–ફૂલનાહાર–ચંદન–નૈવેદ્ય–અને ઘરેણાં આ-

દિક આપવા વડે; પૂજન કરવું. ॥૧૮॥ પછી છેવટે ભગવાનને, પોતાના સ્વધામમાં પધરાવીને; તેમને ધરાવેલું નૈવેદ્ય, પોતાના અંતઃકરણની શુદ્ધિને સારૂં; અને સર્વે કામનાઓ ફળીભૂત થવાને માટે, સર્વના પેહેલાં; પોતે ખાવું. ॥૧૯॥ આવી રીતે વિધિ સહિત પૂજન, બારે માસના દિવસો, એટલે એક વરસ પૂરૂ થતા સુધી, કરીને; પછી છેલ્લે દિવસે, એટલે કારતકી અમાવાસ્યાને દિવસે, ઉપવાસ કરવો. ॥૨૦॥ અને બીજે દિવસે સવાર થતાં, જળનું આચમન લેઇ, તથા પ્રથમ પ્રમાણેજ ભગવાનનું પૂજન કરીને; "પાર્વણ સ્થાલિક પાક" ની રીતિ પ્રમાણે, દૂધમાં રાંધેલા ચરૂથી; પતિએ ઘી સહિત; બાર આહુતિઓ હોમવી. ॥૨૧॥ તે પછી બ્રાહ્મણોએ રાજી થઇને આપેલા આશિર્વાદ, માથે ચઢાવીને; તેમને ભક્તિપૂર્વક પગે લાગી, તેમની આજ્ઞા લેઇ, જમવું. ॥૨૨॥ અને આચાર્યને આગળ કરીને, પોતે મૌન રાખી, બંધુ વર્ગને સાથે રાખીને; એ સારી પ્રજા ઉત્પન્ન કરનારા, તથા સૌભાગ્યને વધારનારા, ચરૂનો શેષ ભાગ, એ વ્રત કરનારી સ્ત્રીને, ખવરાવવો. ॥૨૩॥ આ વ્રત વિધિ સહિત કરવાથી પુરૂષ; આલોકમાં ભગવાન પાસેથી, ઇચ્છિત પદાર્થને પામે છે; અને સ્ત્રી, સૌભાગ્ય–લક્ષ્મી–સંતાન–યશ–ઘર–અને સ્વામીનું ચિરંજીવીપણું; પામે છે. ॥૨૪॥ કન્યા હોયતો, તે સઘળા શુભ ગુણો વાળો વર પામે; વિધવાને તેનાં પાપ બળી જઇને, ઉત્તમ ગતિ મળે; છોકરાં મરી જતાં હોય,

त्साध्वीकार्तिकेचरमेऽहनि॥२०॥श्वोभूतेऽपउपस्पृश्यकृष्णमभ्यर्च्यपूर्ववत्॥ पयःशृतेनजुहुयाच्चरुणासहसर्पिषा॥पाकयज्ञविधानेनद्वादशै वाहुतीःपतिः ॥२१॥ आशिषःशिरसादाया[illegible]जैःप्रीतैःसमीरिताः॥ प्रणम्यशिरसाभक्त्याभुंजीततदनुज्ञया ॥२२॥ आचार्यमग्रतःकृत्वावाग्यतःसहबंधुभिः॥दद्यात्पत्न्यैचरोःशेषंसुप्रजास्त्वंसुसौभगं ॥२३॥ एतच्चरित्वाविधिवद्व्रतंविभोरभीप्सितार्थंलभतेपुमानिह॥स्त्रीत्वेतदास्थाय लभेतसौभगंश्रियंप्रजांजीवपतिंयशोगृहं ॥२४॥ कन्याचविंदेतसमग्रलक्षणंवरंत्ववीराहतकिल्बिषागतिं॥मृतप्रजाजीवसुताधनेश्वरीसुदुर्भगासुभगारूपमग्र्यं ॥२५॥ विंदेद्विरूपाविरुजाविमुच्यतेयआमयावींद्रियकल्पदेहं॥एतत्पठन्नाभ्युदयेचकर्मण्यनंततृप्तिःपितृदेवतानां॥२६ तुष्टाःप्रयच्छंतिसमस्तकामान्होमावसानेहुतभुक्श्रीहरिश्च॥राजन्म[illegible]न्मरुतांजन्मपुण्यंदितेर्व्रतंचाभिहितंमहत्ते ॥२७॥ इतिश्रीभागवतेमहापुराणेषष्ठस्कंधेपुंसवनव्रतकथनंनामएकोनविंशोऽध्यायः ॥१९॥ समाप्तोऽयंषष्ठःस्कंधः ॥

તે સ્ત્રીને છોકરાં જીવે; નિર્ધન હોય, તે ધનવાન થાય; નિર્ભાગી, ભાગ્યવાન થાય; અને કદરૂપું હોય, તો તે રૂપવાન થાય. ॥૨૫॥ રોગી હોય, તે રોગ થકી મુક્ત થઇને, શરીરે હૃષ્ટપુષ્ટ થાય; અને શુભ કામમાં આ આખ્યાનનો પાઠ કરવાથી તેના પિતૃઓ અને દેવતાઓ; અત્યંત તૃપ્ત થાય. ॥૨૬॥ અને હોમ પૂરો થાય, ત્યારે, અગ્નિ–લક્ષ્મી–અને ભગવાન–પ્રસન્ન થઇને, તેના સર્વ મનોર્થ પૂરા કરે; હે પરીક્ષિત, આ મરૂતોના જન્મનું મોટું, અને પવિત્ર આખ્યાન, તથા દિતિએ કરેલું મોટું વ્રત; મેં તમારી પાસે આ રીતે કહી સંભળાવ્યું. ॥૨૭॥ ઇતિશ્રી ભાગવત છઠા સ્કંધનો ઓગણિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૯॥ ઇતિ છઠો સ્કંધ સમાપ્ત. ॥૬॥

તા. ૫ મી ડીસેંબર સને ૧૮૯૮ મિતિ સંવત ૧૯૫૫ ના કારતક વદી ૭ ને સોમવાર સાંજે છવાએ મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં હરિકીસનદાસ શેઠની પોળમાં ઘર નંબર ૫૨૩. કર્તા મહામુનિ કૃષ્ણ–ભાગવત પ્રેરિત લખનાર દાસાનુદાસ ગિરધરલાલ અમરતલાલ ન્યાયા–શ્રી કૃષ્ણાર્પણમસ્તુ. ॥

॥ इति श्रीमद्भागवतें पञ्चमस्कंध समाप्तं ॥

॥ अथ श्रीमद्भागवते सप्तमस्कंध प्रारभ्यते ॥

અધ્યાય ૧ શ્લો.—પરીક્ષિત—હે બ્રાહ્મણ, સાક્ષાત કલ્યાણ સ્વરૂપ અને ગુણો થકી રહિત ભગવાન પોતે, સર્વ પ્રાણી માત્રને સમદૃષ્ટિથી જોનારા–પ્રિય–અને સુહૃદ છે તથા તેમને દેવતાઓને વિશે કાંઇ સ્વાર્થ નથી, અને અસુરો ઉપર તેમને દ્વેષ નથી, તેમજ તેઓના થકી પોતાને ઉદ્વેગ થવા સરખું પણ નથી; તો પછી તેમણે વિષમ બુદ્ધિવાળાની પેઠે, ઇદ્રને અર્થે દૈત્યોને કેમ માર્યા. ॥૧–૨॥ હે મહાભાગ, નારાયણ ભગવાનના મોટા ગુણોની બાબતમાં; અમને આ રીતનો ઘણો મોટો સંશય ઉત્પન્ન થયો છે. માટે તે કાપી નાંખવાને આપ યોગ્ય છો. ॥૩॥—**શ્રીશુક**—હે મોટારાજા, હરિભગવાનના અદભૂત ચરિત્રોના સંબંધમાં તમે ઘણું સારૂં પૂછ્યું. કે જેના જવાબમાં, ભગવાનની ભક્તિમાં વધારો કરે એવું ભગવતી પુરૂષોનું પરમ પવિત્ર મહાત્મ નારદ વિગેરે રૂષિઓએ ગાયેલું છે; તે હરિભગવાનની કથા હું વેદવ્યાસ મુનિને પ્રણામ કરીને, હવે કહું છું. ॥૪–૫॥ પ્રકૃતિથીપર–અજન્મા–અવ્યક્ત–અને નિર્ગુણ ભગવાન પોતેજ, પોતાની માયાવડે ગુણોને વિશે પ્રવેશ કરીને; મારનાર અને મરનાર રૂપે થાય છે. ॥૬॥ સત્વ–રજ–અને તમ એ ગુણો આત્માના નથી, પણ પ્રકૃતિના છે; અને તે ત્રણે ગુણોની ચડતી અગર પડતી, એકી વખતેજ થતી નથી; પણ કાળને અનુસરીને વારાફરતી થાય છે. ॥૭॥ એટલે કાળને અનુસરીને, સત્વગુણની ચઢતીને સમયે દેવતાઓ અને રૂષિઓને; રજોગુણની ચઢતીને સમયે, અસુરોને; અને તમો ગુણની ચઢતીને સમયે, યક્ષો તથા રાક્ષસોને; ભગવાન પોતે પણ, અનુકૂળ થતા જણાય છે. ॥૮॥ જેમ અગ્નિ, લાકડાં પ્રમાણેજ, લાંબો ટુંકો વિગેરે હોવાનું; પાણી, રંગ અને મેલ વિગેરે પ્રમાણેજ, લીલું, પીળું, મેલું, વિગેરે હોવાનું; અને આકાશ, ઘડો અને ઘર વિગેરે પ્રમાણેજ, ઘટાકાશ, અને મહાકાશ, વિગેરે વાળું; બોલવામાં આવે છે, પણ તે સંગવાળા પદાર્થો વિનાનાં, એ જુદી રીતે બોલાતાં નથી;—એ રીતેજ ભગવાન, દેવતાઓ અને દૈત્યો આદિના શરીર વાળા, થયેલાનું બોલાય છે; અને એ રીતનાં શરીરોમાં રહેલા, આત્મસ્વરૂપ ભગવાનને; મંથન કરવા વડે, (એટલે તત્વવિચાર અને સત્પુરૂષોની સેવા કરવી આદિ પરિશ્રમ થકી) બુદ્ધિમાન વિદ્વાનો સંપૂર્ણ રીતે જાણી શકે છે. ॥૯॥ જ્યારે સૃષ્ટિ કરવાનો, અને તેને વધારવાનો, સમય હોય છે; ત્યારે પરમાત્મા ઇશ્વર પોતાની માયાવડે,

ीगणेशायनमः ॥ राजा० समःप्रियःसुहृद्ब्रह्मन्भूतानांभगवान्स्वयं॥ इंद्रस्यार्थेकथंदैत्यानवधीद्विषमोयथा ॥१॥ नह्यस्यार्थःसुरगणैःसाक्षान्निःश्रेयसात्मनः॥ नैवासुरेभ्योविद्वेषोनोद्वेगश्चागुणस्य[illegible]॥२॥ इतिनःसुमहाभागनारायणगुणान्प्रति॥ संशयः[illegible]तन्नवाञ्छेत्तुमर्हसि॥३॥ श्रीशुक० साधुपृष्टंमहाराजहरेश्चरितमद्भुतं॥ यत्रभागवतमा[illegible]त्म्यंभगवद्भक्तिवर्धनं॥४॥ [illegible]पुण्यमृषिभिर्नारदादिभिः ॥ नत्वा[illegible]व्यासंमुनयेकथयिष्येहरेःकथां॥५॥ निर्गुणोऽपिह्यजोव्यक्तोभगवान्प्र[illegible]तेःपरः॥ स्वमायागुणमाविश्यबाध्यबाधकतांगतः॥६॥ सत्त्वंरजस्तमइतिप्र[illegible]तेनात्मनोगुणाः॥ नतेषांयुगपद्राजन्ह्रासउल्लासएववा॥७॥ जयकालेतुसत्त्वस्यदेवर्षीन्रजसोऽसुरान् ॥ तमसोयक्षरक्षांसितत्कालानुगुणोऽभजत् ॥८॥ ज्योतिरादिरिवाभातिसंघातान्नविविच्य[illegible]ते॥ विदंत्यात्मानमात्मस्थंमथित्वाकवयोंऽततः ॥९॥ यदासिसृक्षुःपुरआत्मनःपरोरजः[illegible]जत्येषपृथक्स्वमायया॥ सत्त्वंविचित्रासुरिरंसुरीश्वरःशयिष्यमाणस्तमईर[illegible] ॥१०॥ का[illegible]आश्रयंप्रधानपुं[illegible] ॥ यएषराजन्नपिकालईशितासत्त्वंसुरानीकमिवैधयत्यजः॥ तत्प्र[illegible]नीकानसुरान्सुरप्रियोरज[illegible]मस्कान्प्रमिणोत्युरुश्रवाः॥११॥अत्रैवोदाहृतःपूर्वमितिहासःसुर[illegible]॥ प्रीत्यामहाक्रतौराजन्पृच्छतेऽजातशत्रवे ॥१२॥ दृष्ट्वामहाद्भुतंराजाराजसूयेम[illegible]क्रतौ॥वासुदेवेभगवतिसायुज्यंचेदिभूभुजः॥१३॥ तत्रासीनंसुरऋषिंराजापांडुसुतःक्रतौ॥ पप्रच्छविस्मितमनामुनीनांशृण्वतामिदं ॥१४॥ युधिष्ठिर०अहोअत्यद्भुतंह्येतदुर्लभैकांतिनामपि॥वासुदेवेपरेतत्त्वेप्राप्तिश्चैद्यस्यविद्विषः॥१५॥एतद्वेदितुमिच्छामःसर्वएववयंमुने॥भगवन्निंदयावेनो[illegible]जैस्तमसिपातितः ॥१६॥ दमघोषसुतःपापआरभ्यकलभाषणात् ॥संप्रत्य[illegible]र्षीगोविंदेदंतवक्त्रश्चदुर्मतिः॥१७॥शपतोरसकृद्विष्णुंयद्ब्रह्मपरमव्ययं ॥ श्वित्रोनतोजिह्वायांनांधंविविशतुर्[illegible]मः ॥१८॥ कथंतस्मिन्भगवतिदुरवग्राह्यधामनि॥पश्यतांसर्वलोकानांलयमीयतुरंजसा १९

રજોગુણી શરીરો વાળા પ્રજાપતિઓ-દૈત્યો–અને દાનવોને વિશે પોતાને સજે છે; એટલે પોતાનું બળ અને ઐશ્વર્ય વિગેરે તેમના વિશે મૂકે છે. અને જ્યારે વિચિત્ર પ્રકારનાં શરીરોનું રક્ષણ કરવાનો, સમય હોય છે; ત્યારે સત્વગુણી શરીરો વાળા દેવતાઓ અને રૂષિઓ વિગેરેને વિશે; સંહાર કરવાનો સમય થાય છે, ત્યારે તમોગુણી શરીરોવાળા રૂદ્રો, યક્ષો, અને રાક્ષસોને વિશે; તે પોતાનેજ, પોતાની માયા વડે; સજે છે. (એટલે પોતાનાં બળ અને ઐશ્વર્ય વિગેરે તેમનામાં મૂકે છે.) એમ જુદા જુદા કાળે જુદી જુદી રીતે થાય છે. ॥૧૦॥ હે પરીક્ષિત્ એ રીતે, પ્રધાન અને પુરૂષના આશ્રય, કાળની અનુકૂળતા પ્રમાણેજ, સત્ય સંકલ્પ ઇશ્વર ભગવાનના કરવાથકી, સઘળું થાય છે. તેથી આ સમય સત્વ ગુણની ચઢતીનો હોવાથી; ઉરૂશ્રવા અજન્મા ભગવાનજ, જાણે દેવતાઓ ઉપર પ્રીતિને લીધે, તેઓને વધારતા હોય; અને તેમના વૈરી રજોગુણ અને તમો ગુણવાળા અસુરો આદિનો, નાશ કરતા હોય; એમ લાગે છે. ॥૧૧॥ હે રાજા, પૂર્વે અજાતશત્રુ યુધિષ્ઠિર રાજાએ રાજસૂય યજ્ઞમાં પૂછવાથી, દેવરૂષિ નારદજીએ પ્રીતિવડે; આ બાબતમાં એક ઇતિહાસ કહેલો છે. ॥૧૨॥ રાજસૂય નામના મોટા યજ્ઞમાં શિશુપાળને વાસુદેવ ભગવાનની સાયુજ્ય મુક્તિ પામેલાનું અદભૂત જોવાથી, વિસ્મય પામેલા યુધિષ્ઠિરે; ત્યાં બેઠેલા બીજા મુનિજનો સાંભળતાં; દેવરૂષિ નારદજીને, નીચે પ્રમાણે પૂછ્યું હતું. ॥૧૩–૧૪॥—**યુધિષ્ઠિર**—અહો ખરા એકાંતિક ભક્તોને મળવાને પણ દુર્લભ, એવી વાસુદેવ પરમાત્માના તત્વની પ્રાપ્તિ ભગવાનનો દ્વેષ કરનારા, આ ચેદી રાજાને મળી છે; એ તો અત્યંત અદભૂત કહેવાય, ॥૧૫॥ ભગવાનની નિંદા કરનારા વેનરાજાને, બ્રાહ્મણોએ નરકમાં પાડયો હતો; છતાં હે મુનિ આ દમઘોષનો દીકરો શિશુપાળ અને દુષ્ટ બુદ્ધિ દંતવક્ર એ બેજણનો બોલવાને શીખ્યા, ત્યારથીજ પરબ્રહ્મ–અવ્યય–અને વિશ્નુ–ગોવિંદ ભગવાનના ઉપર, ક્રોધ અને મત્સરવડે; તેમને ગાળો દેતા, અને અસત્કાર કરતાજ આવેલા છે; તેથી તેમની જીભ ઉપર ધોળો કોઢ નીકળવો જોઇએ, તેમ થયું નથી; અને તે અંધકારમય નરકમાં પણ પડયો નથી; એટલુંજ નહીં પણ સર્વ લોકના જોતાં; બીજાઓને મળવાને અતિ કઠિણ, એવા ભગવાનના સ્વરૂપ ને તે એકા એક પામી ગયો છે; એમ શાથી થયું, એ વિષયમાં મારી

બુદ્ધિ, વાયુ થકી ડોલી જતી, દીવાની જ્યોતની પેઠે; ભમી ગઇ છે; માટે હે નારદજી. એવું અતિઅદભુત થ-વામાં જે કાંઇ કારણ થયું હોય, તે આપ મને કહો; એ સંબંધમાં સઘળી વાત જાણવાની મને ઇચ્છા છે. ॥૧૬-૧૭-૧૮-૧૯-૨૦॥શ્રીશુક—એ રીતનું યુધિષ્ઠિરનું વચનસાંભળવાથી પ્રસન્ન થયેલા, નારદરૂષિએ સભા સદોના સાંભળતાં; તેમને નીચે પ્રમાણેની સત્ કથા કહી સંભળાવી. ॥૨૧॥—નારદ—હે રાજા, નિંદા અને સ્તુ-તિ, તથા સત્કાર અને અસત્કાર એ સર્વ; કેવળ શરીરાદિકનેજ થાય છે. છતાં અવિવેક વડે, તે સર્વ પ્રધાન થકી પર. એવા આત્માને થયેલાનું, લોકો ગાને છે. ॥૨૨॥ અહીંયાં, દેહાદિકને વિશે હું અને મારૂં એ રીતની વિષમ બુદ્ધિ, જે રીતે પ્રાણીઓને થાય છે; તે રીતેજ મારવા અને કડવાં વચનો બોલવા આદિથકી થતું, દુખ પણ; તેઓને દેહાદિકને વિશે, પોતાપણાનું અભિમાન ધરવા થકીજ થાય છે. ॥૨૩॥ અને એવું અ-ભિમાન બંધાવાથીજ, દેહાદિકનો વધ થયેથી; પ્રાણીઓ પોતાનો વધ થવાનું, માને છે; છતાં આખા વિશ્વના આત્મા અને સર્વને વશ રાખનારા પરમાત્મા ભગવાનને તો; તેવું અભિમાન પોતાના કેવળપણા વડે. સં-ધાતુંજ નથી; એટલે બીજા થકી તેમને પીડા થવાની તો, કલ્પના થવા સરખુંજ નથી. ॥૨૪॥ એટલા માટે દૈત રૂપ બીજા કશાને નહીં દેખતાં; વૈર-ભક્તિ-ભય-સ્નેહ-અથવા કામના; એ પાંચ પૈકી, કોઇ પણ ઉપાયવડે; એ એકજ એવા, ભગવાનના સ્વરૂપમાં; મનને જોડીદેવું જોઇએ.॥૨૫॥વળી મે મારી બુદ્ધિથી એવો પણ નિશ્ચય કરેલો છે કે, માણસ જેવો ભગવત સ્વરૂપમાં વૈરભાવથી, તન્મય થઇ જાયછે; તેવો, ભક્તિઆદિકે થકી, તન્મય થતો નથી. ॥૨૬॥ ભમરીએ દરની અંદર રોકીરાખેલો કીડો; ક્રોધ અને ભયના યોગવડે, જેમ ભમરીના સ્વરૂપને પા-મેછે; તેમજ માયાથી મનુષ્ય રૂપે થયેલા ઇશ્વર ભગવાન કૃષ્ણને વિશે, વૈરભાવ રાખવા વડે; તેમનું હમેશ ચિંતવન કરવાથકી, પોતાનાં પાપોને ધોઇનાખનાર, શિશુપાળાદિક પણ; ભગવાનના સ્વરૂપને પામી ગયે-લા છે. ॥૨૭-૨૮॥ અને એ રીતેજ, ભક્તિથી ઇશ્વર ભગવાનમાં મન રાખવાની પેઠેજ: કામના-દ્વેષ-ભય

एतद्भ्राम्यतिमेबुद्धिर्दीपार्चिरिववायुना॥ब्रूह्येतदद्भुततमंभगवांस्तत्रकारणं॥२०॥ श्रीशुक० राज्ञस्तद्वचआकर्ण्यनारदोभगवानृषिः॥ तुष्टः प्राहतमाभाष्यशृण्वंत्यास्तत्सदःकथाः ॥२१॥ नारद० निंदनस्तवसत्कारन्यक्कारार्थं कलेवरं॥ प्रधानपर[illegible]विवेकेनकल्पितं ॥२२॥ [illegible]सातदभिमानेनदंडपारुष्ययोर्यथा॥वैषम्यमिहभूतानांममाहमितिपार्थिव॥२३॥ यन्निबद्धोऽभिमानोयंतद्वधात्प्राणिनांवधः॥ तथानयस्यकैव [illegible]ऽखिलात्मनः ॥ परस्यदमकर्तुर्हिहिंसा[illegible]नास्यकल्प्यते॥२४॥ तस्माद्वैरानुबंधेननिर्वैरेणभयेनवा॥ स्नेहात्कामेनवायुंज्यात्कथं चिन्नेक्षतेपृथक् ॥२५॥ यथावैरानुबंधेनमर्त्यस्तन्मयतामियात् ॥ नतथाभक्तियोगेन[illegible]तिमेनिश्चितामतिः॥२६॥ कीटःपेशस्कृता[illegible]रुद्धःकुड्यायांतमनुस्मरन् ॥ संरंभभययोगेनविंदतेतत्स्वरूपतां ॥२७॥ एवं[illegible]भगवतिमायामनुजईश्वरे ॥ वैरेणपूतपाप्मानस्तमीयुरनुचिंतया२८ [illegible]थाभक्त्येश्वरेमनः॥ आवेश्यतद[illegible]तिंगताः॥२९॥ कतमो[illegible]पिनवेनःस्यात्पं[illegible]नांपुरुषंप्रति॥[illegible]ना प्युपायेनमनःकृष्णेनिवेशयेत् ॥३०॥ मातृष्वस्त्रेयोवश्चैद्योदंतवक्त्रश्चपांडव॥पार्षदप्रवरौविष्णोर्विप्रशापात्पदाच्युतौ ॥३१॥ युधिष्ठिर०कीदृशःकस्यवाशापोहरिदासाभिमर्शनः॥ अश्रद्धेयइवाभातिहरेरेकांतिनांभवः॥३२॥ देहेंद्रियासुहीनानांवैकुंठपुरवासिनां॥देहसंबंधसंबद्धमे तदाख्यातुमर्हसि॥३३॥ नारद०एकदाब्रह्मणःपुत्राविष्णोर्लोकंयदृच्छया॥सनंदनादयोजग्मुश्चरंतोभुवनत्रयं ॥३४॥ पंचषड्ढायनार्भाभाःपूर्वेषामपिपूर्वजाः॥[illegible]शिशून्मत्वाद्वास्स्थौतान्प्रत्यषेधतां ॥३५॥ अशपन्कुपिताएवंयुवांवासंनचार्हथः॥रजस्तमोभ्यांरहितेपादमूलेमधुद्विषः॥पापि[illegible]मासुरींयोनिंबालिशौयातमाश्वतः॥३६॥ एवंशप्तौस्वभवनात्पतंतौतैःकृपालुभिः॥ प्रोक्तौपुनर्जन्मभिर्वांत्रिभिर्लोकायकल्पतां ॥३७॥ जज्ञातेतौदितेःपुत्रौदै[illegible]देतौ॥हिरण्यक[illegible]ज्येष्ठोहिरण्याक्षोऽनुजस्ततः ॥३८॥ हतोहिरण्यकशिपुर्हरिणासिंहरूपिणा॥ हिरण्याक्षोधरोद्धारेबि[illegible]तासौकरंवपुः ॥३९॥ हिरण्यकशिपुःपुत्रंप्रह्लादंकेशवप्रियं॥जिघांसुरकरो[illegible]नायातनामृत्युहेतवे ॥४०॥ सर्वभूता

અને સ્નેહ વડે પણ; ઇશ્વરમાં મન રાખવાવડે, પોતાનાં પાપોનો નાશ કરનારા, ઘણાજણ; ભગવાનની ગતિને પામી ગયેલા છે. ॥૨૯॥ અને પુરૂષ ભગવાનને વિશે, મન લગાડવાનો; આ પાંચેમાંનો એકે પ્રકાર, વેનમાં ન હોવાથી, તે નરકમાં પડયો હતો; માટે એમાંના કોઇ પણ, એક પ્રકારના ઉપાય વડે; કૃષ્ણ ભ-ગવાનને વિશે, મનને લગાડવું જોઇએ. ॥૩૦॥ હે યુધિષ્ઠિર, તમારા માસીના દીકરાઓ, શિશુપાળ અને દંત-વક્ર બને વિષ્ણુ ભગવાનના મોટા પાર્ષદો હોયા છતાં, બ્રાહ્મણોના શ્રાપથી, પોતાના સ્થાન થકી, ભ્રષ્ટ થયા હતા. ॥૩૧॥ યુધિષ્ઠિર—હરિ ભગવાનના દાસોને પણ, પરાભવ પમાડનારો એ શ્રાપ, કોનો, અને કેવી રીતે થયો હતો; અને હરિ ભગવાનના એકાંતિક ભક્તોને, સંસાર થાય; એ વાતનો શ્રદ્ધા નહીં બેસવા જેવી લાગે છે. ॥૩૨॥ એટલા માટે; એ દેહ-ઇંદ્રિયો-અને પ્રાણ એ સઘળા થકી રહિત વૈકુંઠ વાસીઓને; દેહાદિકનો સંબંધ થવાની બધી વાત અમને કહેવાને આપ યોગ્ય છો. ॥૩૩॥—નારદ—એકવાર ત્રણે લોકમાં ફરતા, બ્રહ્માના પુત્રો સનંદનાદિક; યદ્રચ્છાથી વિષ્ણુ લોક (વૈકુંઠ)માં ગયા. ॥૩૪॥ ત્યારે તે દિશાઓ રૂપી વસ્ત્રવાળા, એટલે નાગા; અને પૂર્વજોના પણ પૂર્વજ,હોયા છતાં; પાંચ છ વરસના જેવડા દેખાતાઓને, બાળકો જાણીને; દરવાજામાં ઉભા રેહેનારા, એ દ્વારપાળો-એ; તેમને અંદર જતા અટકાવ્યા. ॥૩૫॥ તેથી ક્રોપ કરીને તે દ્વારપાળોને, તેમણે શ્રાપ આપ્યો કે, "રજોગુણ અને તમો ગુણથી રહિત, ભગવાનના ચરણ મૂળમાં વસવાને, તમો યોગ્ય નથી; માટે અક્કલ વિનાના તમો, પાપી એવી અસુરની યોનિમાં તુર્તજ જાઓ. ॥૩૬॥ એ રીતે શ્રાપ પામેલા તેઓ; વૈકુંઠ લોકમાંથી નીચે પડતાં; તે મહાકૃપાળુએ કહ્યું કે: ત્રણ જન્મો પછી તમે પાછા આ વૈકુંઠ લોકમાં આવશો. ॥૩૭॥ તેથી એ એકજણા દિતિના પુત્રો થયા હતા, અને દૈત્યો તથા દાનવોએ નમસ્કાર કરાયલા, તેઓમાં; મોટો હિરણ્યકશિપુ, અને નાનો હિરણ્યાક્ષ હતો. ॥૩૮॥ હિરણ્યકશિપુને, નૃસિંહરૂપવાળા; હરિભગવાને મારેલો; અને એજ ભગવાને, વરાહનું રૂપ ધરીને, પૃથ્વીનો ઉદ્ધાર કરતાં, હિરણ્યાક્ષને પણ મારેલો છે. ॥૩૯॥ હિરણ્યકશિપુએ પોતાના મ-

રચ્યા કારણરૂપ, પુત્ર પ્રલ્હાદ; કે જે કેશવ ભગવાનને પ્રિય હતો, તેને મારી નાંખવા માટે, અનેક પ્રકારનાં દુઃખ દીધાં હતાં. ॥૪૦॥ પણ એ, સર્વ પ્રાણી માત્રને, પોતાસમાન જાણનારા-શાંત-સમદૃષ્ટિવાળા-અને ભગવાને પોતાનું તેજ તેનામાં મુકેલા; પ્રલ્હાદને મારવાને, હિરણ્યકશિપુએ ઘણા ઘણા ઉપાયો કરવા છતાં; તે મારી શક્યો નહોતો. ॥૪૧॥ તે પછીથી એ બન્ને જણા, વિશ્રવારૂપિની સ્ત્રી કેસિનીને વિશે; સર્વલોકને ઘણું દુઃખ આપનારા, રાવણ અને કુંભકર્ણ નામના રાક્ષસો થઈને, જન્મ્યા હતા. ॥૪૨॥ ત્યારે પણ તેમને શ્રાપ થકી મુક્ત કરવાને માટે, ભગવાને રામચંદ્રજી થઈને, તેઓને મારયા હતા: એ રામચંદ્રનાં પરાક્રમો વિશે, તમે ભગવાન માર્કંડેય મુનિ થકી; સાંભળશો. ॥૪૩॥ એ બે જણાજ હાલમાં તમારી માસીઓના દીકરા શિશુપાળ અને દંતવક્ર થઈને જન્મેલા છે; અને તેઓનાં પાપોનો નાશ પણ, કૃષ્ન ભગવાનના ચક્રવડે થઈને; તેઓ શ્રાપથકી મુક્ત થયાછે. ॥૪૪॥ અને વૈરભાવથી, એ અચ્યુત ભગવાનનું તીવ્રધ્યાન કરવાથી; એ

વિશ્નુના પાર્શદો ભગવાનનું સ્વરૂપ પામું પામીને, ફરીવાર હરિ ભગવાનના સમિપમાંજ જવાના છે. ॥૪૫॥ યુધિષ્ટિર-હે નારદજી અચ્યુત ભગવાન વિશે, એ પ્રહ્લાદની મતિ કેવા કારણથી થઇ હતી; તથા એ પ્યારા અને મહાત્મા પુત્રનો દ્વેષ, હિરણ્યકશિપુએ કયા કારણ માટે કરયો હતો, તે કહો.॥૪૬॥ઇતિશ્રી સ્કં. ૭. અ ૧લો સં.॥૧॥

અધ્યાય ૨ જો. **નારદ**—હે રાજા, વરાહ સ્વરૂપ ધરેલા હરિ ભગવાનથી પોતાનો ભાઇ હિરણ્યાક્ષ મરાવાથકી; હિરણ્યકશિપુ, શોક અને પરિતાપ પામીને રીસે ભરાયો. ॥૧॥ અને ક્રોધ વ્યાપેલો દાંતવડે પોતાના હોઠને કરડતો, અને કોપથકી બળતી, અને ધુમાડા નીકળતી, આંખ્યો વડે આકાશ તરફ જોવા લાગ્યો; તથા તેની મોટી દાઢો-ઉગ્રદૃષ્ટિ-અને ચડેલી ભમરોને લીધે કોઇથી તેના સામું ન જોવાય એવો (વિકરાળ) થઇ સભામધ્યે ત્રિશળ ઉગામીને દાનવોને કહેવા લાગ્યો કે ॥૨॥હેદ્વિમૂર્દ્ધા-શંબર-શતબાહુ-હયગીવ-નમુચિ-પાક-ઇલ્વળ વિપ્રચિત્તિ પુલોમા અને શકુનિ-આદિદૈત્ય અને દાનવો; તમે મારાં વચન સાંભળો; અને વાર નહીં લગાડતાં, સર્વે જણા

त्मभूतंतंप्रशांतंसमदर्शनं॥भगवत्तेजसास्पृष्टंनाशक्नोद्धंतुमुद्यमैः॥४१॥ ततस्तौराक्षसौजातौकेशिन्यांविश्रवःसुतौ॥ रावणःकुंभकर्णश्चसर्वलोकोपतापनौ ॥४२॥तत्रापिराघवोभूत्वान्यहनच्छापमुक्तये॥ रामवीर्यंश्रोष्यसित्वंमार्कंडेयमुखात्प्रभो ॥४३॥ तावेवक्षत्रियौजातौमातृष्वस्रात्मजौतव॥ अधुनाशापनिर्मुक्तौकृष्णचक्रहतांहसौ ॥४४॥ वैरानुबंधतीव्रेणध्यानेनाच्युतसात्मतां॥ नीतौपुनर्हरेःपार्श्वंजग्मतुर्विष्णुपा[illegible] ॥४५॥ युधिष्ठिर० विद्वेषोदयितेपुत्रेकथमासीन्महात्मनि॥ ब्रूहि[illegible]दस्याच्युतात्मता॥४६॥ इ०भा०स०प्रथमोऽध्यायः॥१॥ नारद०भ्रातर्येवंविनि[illegible]हरिणाक्रोडमूर्तिना॥ हिरण्यकशिपूराजन्पर्यतप्यद्रुषाशुचा॥१॥ आहचेदंरुषापूर्णःसंदष्टदशनच्छदः॥कोपोज्ज्वलद्भ्यांचक्षुर्भ्यांनिरीक्षन्धूम्रमंबरं॥२॥ करालदंष्ट्रोग्रदृष्ट्यादुष्प्रेक्ष्यभ्रुकुटीमुखः॥शूलमु[illegible]म्यसदसिदानवानिदमब्रवीत् ॥३॥ भोभोदानवदैतेया[illegible] शंबर॥शतबाहोहयग्रीवनमुचेपाकइल्वल॥४॥विप्रचित्तेममवचःपुलोमन्शकुनादयः॥शृणुतानंतरंसर्वेक्रियतामाशुमाचिरं ॥५॥ सपत्नैर्घातितःक्षुद्रैर्भ्रातामेद[illegible]ःसुहृत् ॥पार्ष्णिग्राहेणहरिणासमेनाप्युपधावनैः॥६॥ तस्यत्यक्तस्वभावस्यघृणेर्मायावनौकसः भजंतंभजमानस्यबालस्येवास्थिरात्मनः॥७॥ मच्छूलभिन्नग्रीवस्यभूरिणारुधिरेणवै॥रुधिरप्रियंतर्पयिष्येभ्रातरंमेगतव्यथः॥८॥ तस्मिन्कूटेऽहितेन[illegible]वनस्पतौ॥विटपाइवशुष्यंतिविष्णुप्राणादिवौकसः॥९॥ तावद्यातभुवंयूयंविप्रक्षत्रसमेधितां॥ सूदयध्वंतपोयज्ञस्वाध्यायव्रतदानिनः॥१०॥ विष्णुर्[illegible]धर्ममयःपुमान् ॥ देवर्षिपितृभूतानांधर्मस्यचपरायणं ॥११॥ यत्रयत्र[illegible]गावोवेदावर्णाश्रमाःक्रियाःतंतंजनपदंयातसंदीपयतवृश्चत॥१२॥इतितेभर्तृनिर्देशमादायशिरसादृताः॥ तथाप्रजानांकदनंविदधुःकदनप्रियाः॥१३॥ पुरग्रामव्रजोद्यानक्षे[illegible]श्रमाकरान् ॥ खटखर्वट[illegible]श्चददहुःपत्तनानिच॥१४॥ केचित्खनित्रैर्बिभिदुःसेतुप्राकारगोपुरान् ॥ आजीव्यांश्चिच्छिदुर्वृक्षान्केचित्परशुपाणयः॥ प्रादहन्शरणान्यन्येप्रजानांज्वलितोल्मुकैः॥१५॥ एवंविप्र[illegible]तेलोकेदैत्येंद्रानुचरैर्मुहुः ॥ दिवंदेवाःपरित्यज्यभुविचे

ઉતાવળાજ, તે પ્રમાણે કરો. ॥૪-૫॥ હરિભગવાન સર્વને સમાન હોવા છતાં, આપણા નીચ શત્રુ દેવતાઓએ; ખુશામતવડે, તેને પોતાના પક્ષમાં લેઇને, તેની પાસે મારા સુહૃદ અને પ્રિયભાઇ હિરણ્યાક્ષનો; તેઓએ ઘાત કરાવેલો છે. ॥૬॥ માટે એ પોતાના સમપણાના સ્વભાવને છોડી દેનારા-ભજે તેને અનુસરનારા-અને બાળકની પેઠે અસ્થિર તથા કોમળ ચિતવાળા, માયાથકી વરાહ બનનારાનું; મણું મારાત્રિશૂળવડે કાપીને; તેના ઘણા લોહીવડે; જેને લોહી ઘણું પ્રિય છે; એવા મારા ભાઇનું હું તર્પણ કરીશ; ત્યારેજ મારૂં દુઃખ મટશે. ॥૭-૮॥ અને એ કપટી, મરવાથી; મૂળનાશ પામેલ વનસ્પતિ, અને તેની શાખાઓ, સુકાઇ જવાની પેઠે; એ વિષ્નુનેજ પ્રાણરૂપ માનનારા, દેવતાઓ આદિ; પોતાની મેળેજ નાશ પામી જશે. ॥૯॥ તથા ત્યાં સુધીમાં, તપ-વ્રત-દાન-યજ્ઞ-અને અધ્યયન વિગેરે કરનારા બ્રાહ્મણો અને ક્ષત્રીઓ વિગેરે, વધી ગયેલી પૃથ્વી ઉપર તમે જાઓ; અને તેઓનો નાશ કરો ॥૧૦॥ કેમકે એ ધર્મમય યજ્ઞપુરૂષ વિષ્નુનું મૂળ, દ્વિજોની ક્રિયાઓજ છે; અને દેવતાઓ-ૠષિઓ-પિતૃઓ-પ્રાણીઓ-અને ધર્મ; એમનો મુખ્ય આશ્રય એ વિષ્નુજ છે. ॥૧૧॥ માટે જ્યાં જ્યાં ગાયો-દ્વિજો-વેદ-વર્ણો-આશ્રમો-અને ક્રિયાઓ હોય; તેતે સ્થાનોમાં જઇને વસ્તુ માત્રને, તમે સળગાવી દ્યો; અને ઝાડો વિગેરેને કાપી નાંખો. ॥૧૨॥ તેથી તેઓ એ રીતની પોતાના સ્વામીની આજ્ઞાને, આદર સહિત માથે ચઢાવીને; જેમને નાશ કરવાનુંજ પ્રિય છે, એવા તે દૈત્યો વિગેરે; પ્રજાઓનો નાશ કરવા મંડી પડયા. ॥૧૩॥ અને શેહેરો-ગામો-નેહડા-બગીચા-ખેતરો-વાડીઓ-આશ્રમો-ખાણ્યો-ખેડુનાં ગામો-પહાડી ગામો-આહેરનાં ગામો-તથા મોટાં નગરો વગેરેને પણ, બાળી નાંખવા લાગ્યા. ॥૧૪॥ કેટલા એક પૂલ-કિલ્લા-અને દરવાજાઓને, હથિઆરો વડે ભાંગી તાંખ્યા; કેટલાકે હાથમાં કોવાડા લેઇને, આજીવિકા આપનારાં ઝાડોને, કાપી નાંખ્યાં; અને બીજાઓએ બળતાં ઉબાડીઆં વડે, પ્રજાઓનાં શરણ સ્થાન ઘરો વિગેરે; બાળ્યાં. ॥૧૫॥ એ રીતે હિરણ્યકશિપુના અનુચરોએ, વારંવાર લોકનો નાશ કરવાથી; દેવતાઓ

સ્વર્ગને તજીને, ન ઓળખાય તેમ પૃથ્વી ઉપર ફરવા, ફરવા લાગ્યા. ॥૧૬॥ અને હિરણ્ય કશિપુએ; પોતાના મૂએલા ભાઇની ઉત્તર ક્રિયા કરવા કરી; તેના દુખી થએલા પુત્રોની આશ્વાસના કરી. ॥૧૭॥ તથા દેશકાળને જાણનારા, એ હિરણ્યકશિપુએ; ભાઇના પુત્રો શકુનિ-શંબર-ધૃષ્ટ-ભૂત સંતાપન-વૃક-કાલનાભ-મહાનાભ-હરિ શ્મશ્રુ-અને ઉત્કચને; તેમજ તેમની મા રૂષાભાનુને; અને પોતાની મા દિતિને પણ; સુંદર વાણીથી કહ્યુંકે. ॥૧૮-૧૯॥-હિરણ્યકશિપુ-હે, માતા; હે, વહુ; અને હે, દીકરાઓ; તમો, એ વીરપુરૂષનો શોક કરશો નહીં; કેમકે દુશ્મનની સાથે સામે મોઢે લડતાં, મરણ થાય; તેતો શૂરા પુરૂષોએ ઇચ્છવા યોગ્ય, અને કીર્તિને વધારનાર છે. ॥૨૦॥ હે સારાં વ્રતોવાળી, પોત પોતાનાં કર્મોવડે, દૈવથકી એકઠાં થતાં; અને વળી, પાછાં જૂદાં પડી જતાં, પ્રાણીઓનો આ લોક માંહેનો સમાગમ, તો માત્ર; વાવ આગર પરબ ઉપર, પાણી પીવાને, એકઠાં થનારાંઓના સરખોજ છે; ॥૨૧॥ કેમકે આત્મા પોતે તો, નિત્ય-શુદ્ધ-સર્વ વ્યાપક-સર્વ જાણનારો-અને સર્વથકી પર, હોવા છતાં; માયા વડે ઉત્પન્ન થએલા, દેહાદિક ગુણોને વિષે; અહંતા મમતા કરવાવડેજ, તે લિંગ દેહને પામે છે; અને તે થકીજ, તેને જન્મ મરણ થાય છે. ॥૨૨॥ જેમ કિનારા ઉપર નાં સ્થિર ઝાડોનો પડછાયો, હાલતા પાણીમાં પડવાથી; તેઓ, હાલતાં જણાય છે; અને ફેર ફુંદડી ફરનારાની ભમી ગએલી આંખ્યથી, પૃથ્વી ફરતી દેખાય છે. ॥૨૩॥ તેમજ ગુણો વડે ભમ્યા કરતા, મન એટલે લિંગ શરીરના ઉંચા નીચા જન્માદિક થવા રૂપ, સંસારના ધર્મો; પોતાના નહીં હોવા છતાં; અને પોતાને તે કશું ન થવા છતાં; આત્મા, એ બધુંજ પોતાને થએલાનું, માનવા વડે; એ લિંગ શરીરની સાથેના સમાન પણાને, પોતે પામે છે. ॥૨૪॥ અને એ રીતે થવું; તેનેજ આત્માનો ઘાત થએલાનું, કહેવાય છે; તથા આ રીતે, આત્મ સ્વરૂપનો અવિવેક થવા વડેજ; જન્મવું-મરવું-અનેક પ્રકારના શોક થવા-પ્રિય અને અપ્રિયનું ભેળું થવું-તથા કર્મો અને સંસાર એ સર્વ થવા રૂપ ચિંતાઓ ઉત્પન્ન થાય છે; તેમજ જ્યારે આત્મ સ્વરૂપનો વિવેક પ્રાપ્ત થાય છે, ત્યારે સ્વરૂપની સ્મૃતિ રહીને; એ કાંઇજ થતું નથી; એમ પણ કહેવાય છે. ॥૨૬॥ એ બાબતમાં એક જૂનો ઇતિહાસ કોઇ એક મૂએલાનાં બંધુઓ અને યમરાજાની વચ્ચે થએલા, સંવાદ રૂપે; કહેવામાં આવે છે તે તમો મારાથકી સાંભળો. ॥૨૭॥ ઉશિનર દેશનો સુયજ્ઞ નામે એક પ્રખ્યાત રાજા હતો, તેને યુદ્ધમાં શત્રુએ મારી નાંખવાથી; તેને ચારેકોર વિંટાઇને સંબંધીઓ બેઠા હતા. ॥૨૮॥ એ તૂટી ગએલા રત્નના બખ્તરવાળા-ઘરેણાં અને હાર નીકળી પડેલા-બાણોથી હૃદય ભેદાયલા-લોહીથી ખરડાઇને સૂતેલા-માથાના વાળ છૂટા થઇ ગએલા-આંખ્યો નીકળી પડેલા-ક્રોધથી હોઠ કરડેલા-મોઢું રજથી ભરાઇ ગએલા-અને યુદ્ધમાં હાથ અને આયુધો કપાયલા, ઉશિનરના રાજા (પોતાના પતિને) દૈવે એ રીતે કરેલો જોઇને, તેની સ્ત્રીઓ, દુઃખી થઇને, "હે નાથ અમે મૂઆં;" એમ બોલીને; વારંવાર હાથ વડે છાતી કૂટતી, તેના પગ પાસે પડીઓ. ॥૨૯-૩૦-૩૧॥ અને ઉંચા સ્વરથી રોતી-સ્તનના રાતા કેસરવડે પતિના પગને ભિંજવતી-વાળ અને ઘરેણાં વિખરાયલી-અને દીનતા ભરેલા આક્રંદથી મનુષ્યોને શોક ઉપજાવતી; તે રાણીઓ વિલાપ કરવા લાગી કે. ॥૩૨॥ હે સ્વામી, નિર્દય વિધાતાએ તમને, ન જોવાય એવી આ દશામાં આણેલા છે; જેણે પ્રથમ તમને ઉશિનર દેશના લોકોને આજીવિકા આપનારા, (રાજા) કરયા હતા; તેણે હાલમાં તમને તેઓના શોકને વધારનારા, કરેલા છે. ॥૩૩॥ હે મહીપતિ, અતિ સુહૃદ અને કૃતજ્ઞ એવા આપ વિના, અમો કેવી રીતે રહી સકાશું; માટે હે વીર પુરૂષ, તમે જાઓ છો; ત્યાં તમારા ચરણની સેવા કરવાને માટે, અમને આવવાની પણ; આજ્ઞા કરો. ॥૩૪॥ એ રીતે મૂએલા પતિને લઇને વિલાપ કરવામાં, તેને તેઓએ અગ્નિ સંસ્કાર કરવાની ઇચ્છા નહીં કરતાં; સૂર્યાસ્ત થયો. ॥૩૫॥ ત્યારે યમરાજાએ પોતે, તે મૂએલાના બંધુઓનું રડવું સાંભળીને, બાળક થઇ; ત્યાં આવીને, તેમને કહ્યુંકે. ॥૩૬॥-યમ-અરે તમે અમારાથી મોટી ઉમ્મરના લોકો, લોક વિધિને; એટલે તમે પોતે પણ તેના જેવાજ, મરી જનારા છો; અ-

रुस्लक्षिताः॥१६॥ हिरण्यकशिपुर्भ्रातुःसंपरेतस्यदुःखितः॥ कृत्वाकटोदकादीनिभ्रातृपुत्रानसांत्वयत्॥१७॥ शकुनिंशंबरंधृष्टंभूतसंतापनं वृकं॥ कालनाभंमहानाभंहरिश्मश्रुमथोत्कचं॥१८॥तन्मातरंरुषाभानुंदितिंचजननींगिरा॥ श्लक्ष्णयादेशकालज्ञइदमाहजनेश्वर॥१९॥ हिरण्यक०पु० अंबांबहेवधूःपुत्रावीरंमार्हथशोचितुं॥ रिपोरभिमुखेश्लाघ्यःशूराणांवधईप्सितः॥२०॥ भूतानामिहसंवासःप्रपायामिवसुव्रते॥दैवेनैकत्रनीतानामुन्नीतानांस्वकर्मभिः॥२१॥ नित्यआत्माऽव्ययःशुद्धःसर्वगःसर्ववित्परः॥ धत्तेऽसावात्मनोलिंगंमाययाविसृजन्गुणान्॥२२॥ यथांऽभसाप्रचलतातरवोऽपिचलाइव॥ चक्षुषाभ्राम्यमाणेनदृश्यतेचलतीवभूः॥२३॥एवंगुणैर्भ्राम्यमाणेमनस्यविकलःपुमान्॥यातितत्साम्यतांभद्रेह्यलिंगोलिंगवानिव॥२४॥ एषआत्मविपर्यासोह्यलिंगेलिंगभावना॥ एषप्रियाप्रियैर्योगोवियोगःकर्मसंसृतिः॥२५॥संभवश्चविनाशश्चशोकश्चविविधःस्मृतः॥ अविवेकश्चचिंताचविवेकास्मृतिरेवच॥२६॥ अत्राप्युदाहरंतीममितिहासंपुरातनं॥यमस्यप्रेतबंधूनांसंवादंतं निबोधत॥२७॥ उशीनरेष्वभूद्राजासुयज्ञइतिविश्रुतः॥ सपत्नैर्निहतोयुद्धेज्ञातयस्तमुपासत॥२८॥ विशीर्णरत्नकवचंविभ्रष्टाभरणस्रजं॥ शरनिर्भिन्नहृदयंशयानमसृगाविलं॥२९॥ प्रकीर्णकेशंध्वस्ताक्षंरभसादष्टदच्छदं॥ रजःकुंठमुखांभोजंछिन्नायुधभुजंमृधे॥३०॥उशीनरेंद्रंविधिनातथाकृतंपतिंमहिष्यःप्रसमीक्ष्यदुःखिताः॥ हताःस्मनाथेतिकरैरुरोभृशंघ्नंत्योमुहुस्तत्पदयोरुपाऽपतन्॥३१॥ रुदंत्यउच्चैर्दयितांघ्रिपंकजंसिंचंत्यअस्रैःकुचकुंकुमारुणैः॥ विस्रस्तकेशाभरणाःशुचंनृणांसृजंत्यआक्रंदनयाविलेपिरे॥३२॥ अहोविधात्राऽकरुणेननःप्रभो भवान्प्रणीतोदृगगोचरांदशां॥उशीनराणामसिवृत्तिदःपुराकृतोऽधुनायेनशुचांविवर्धनः॥३३॥ त्वयाकृतज्ञेनवयंमहीपतेकथंविनास्याम सुहृत्तमेनते॥ तत्रानुयानंतववीरपादयोःशुश्रूषतीनांदिशयत्रयास्यसि॥३४॥ एवंविलपतीनांवैपरिगृह्यमृतंपतिं॥ अनिच्छतीनांनिर्हारमर्कोऽस्तं संन्यवर्तत॥३५॥ तत्रहप्रेतबंधूनामाश्रुत्यपरिदेवितं॥आहतान्बालकोभूत्वायमःस्वयमुपागतः॥३६॥ यम० अहोअमीषांवयसाऽधिकानांवि

ને તે જ્યાંથી આવ્યો હતો ત્યાંજ પાછો ગયો છે; એમ હમેશાં જૂઓ છો. છતાં પણ મોહ પામીને, ગયેલ-નો શોક કેમ કરો છો. ॥૩૭॥ અહો, ત્યારે તો અમનેજ ધન્ય છે, કે, માત પિતાએ તજેલા છતાં, અમે કશી ચિંતા કરતા નથી; અને નિર્બળ છતાં, નહાર આદિ અમને ખાઈ જતા પણ નથી; કેમકે જેણે ગર્ભને વિશે રક્ષણ કર્યું હતું, તેનાથીજ હાલ પણ રક્ષણ થાય છે; ॥૩૮॥ જે અવિનાશી ઈશ્વર પોતાની સ્વઇચ્છાથી આ જગતને સજે છે, તેજ રક્ષણ કરે છે; અને નાશ પણ કરનારો તેજ છે: હે સ્ત્રીઓ આ ચરાચર જગત ઈશ્વરનું રમકડું કહેવાય છે; તથા મારનારો અને રક્ષણ કરનારો પણ એજ પ્રભુ છે. ॥૩૯॥ દૈવે રક્ષણ કરેલું, માર્ગમા પડેલું પણ, બચે છે; અને ઘરને વિશે બહુ યત્નથી રાખેલું પણ, નાશ પામી જાયછે; માટે ભગવાનની જેના ઉપર નજર છે, તે અનાથ હોય; અને વળી વનમાં હોય તોય-પણ જીવે છે. પણ, ભગવાને મારેલો તો; ઘરાદિકને વિશે, રક્ષણ કરવા થકી પણ જીવતો ન-થીજ. ॥૪૦॥ પ્રાણીઓ પોતાનાં કર્મો વડે, તે કર્મો પ્રમાણેનાં દેહોને પામે છે; અને કાળ પ્રાપ્ત થયેથી, તેનો નાશ પણ થાયછેજ; છતાં આ દેહાદિક પ્રકૃતિને વિશે રહેલો, અને પ્રકૃતિના ગુણો થકી કેવળ જૂદો આત્મા; તે થકી બંધન પામતો નથી. ॥૪૧॥ જેમ માટી આદિકથી બનેલા ઘરને જોનારો, તે થકી જુદો હોય છે; તેમજ, માટીના ઘડા આદિક–પાણીના પરપોટા વિગેરે–અને તેજ એટલે સુવર્ણાદિકનાં કુંડળો વિગેરે; કાળે કરીને ઉત્પન્ન થઈને, કાળે કરીનેજ નાશ પણ પામે છે; તેમ થનાર દેહાદિક પ્રકૃતિને જોનારો, આત્મા અમર પુરુષ પણ જૂદોજ હોવા છતાં; મોહ પામવા વડેજ, તે તેમને પોતારૂપ માને છે. ॥૪૨॥ જેમ જૂદાં જૂદાં લાકડાંમાં એકજ અગ્નિ જૂદો જૂદો જણાય છે, ને શરીરોને વિશે રહેલ એકજ વાયુ, અને, એકજ આકાશ પણ જૂદાં જૂદાં દેખાય છે; તે રીતેજ સર્વ ગુણો એટલે દેહાદિકનો આશ્રય કરનારો, એકજ આત્મા અથવા પુરુષ; જૂદો જૂદો હોવા સરખો જણાવા છતાં, તે સર્વે થકી પર; એટલે જુદી તરે-

पश्यतांलोकविधिंविमो [illegible]ः॥ यत्रागतस्तत्रगतंमनुष्यंस्वयंसधर्माअपिशोचंत्यपार्थां॥३७॥ अहोवयंधन्यतमायत्त्यक्ताःपितृभ्यांनविचिंतयामः॥ अभक्ष्यमाणाअबलावृकादिभिःसरक्षितारक्षतियोहिगर्भे॥३८॥ यइच्छयेशःसृजतीदमव्ययोयएवरक्षत्यवलुंपतेचयः॥ तस्याबलाःक्रीडनमाहुरीशितुश्चराचरंनिग्रहसंग्रहेप्रभुः॥३९॥ पथिच्युतंतिष्ठतिदिष्टरक्षितंगृहेस्थितंतद्विहतंविनश्यति॥ जीवत्यनाथोऽपितदीक्षितोवनेगृहेपि[illegible]नजीवति॥४०॥ भूतानितैस्तैर्निजयोनिकर्मभिर्भवंतिकालेनभवंतिसर्वशः॥ नतत्रहात्माप्रकृतावपिस्थितस्तस्यागुणैरन्यतमानिब[illegible]ते॥४१॥ [illegible]देशरीरंपुरुषस्यमोहजंयथापृथग्भौतिकमीयतेगृ[illegible]॥ यथौदकैःपार्थिवतैजसै[illegible]ःकालेनजातोवि[illegible]तोविनश्यति॥४२॥ यथानलोदारुषुभिन्न[illegible]यतेयथाऽनिलोदे[illegible]गतःपृथक्स्थितः॥ यथानभःसर्वगतंनसज्जतेतथापुमान्[illegible]गुणाश्रयःपरः॥४३॥ सुयज्ञोनन्वयंशेतेमूढायमनु[illegible]था॥ यःश्रोतायोऽनुवक्ते[illegible]दृश्येतकर्हिचित्॥४४॥ नश्रोतानानुवक्ताऽयंमुख्योऽप्यत्रमहानसुः॥ यस्त्विहेंद्रियवानात्मासचान्यःप्राणदेहयोः॥४५॥ भूतेंद्रियमनोलिंगान्देहानु[illegible]वचान्विभुः॥ भजत्युत्सृजतिह्यन्यस्तच्चापिस्वेनतेजसा॥४६॥ यावल्लिंगान्वितोह्यात्मातावत्कर्मनिबंधनं॥ ततोविपर्ययः[illegible]शोमायायोगोनुवर्तते॥४७॥ वितथाऽभिनिवेशो[illegible]र्थदृग्वचः॥ यथामनोरथःस्वप्नःसर्वमैंद्रियकंमृषा॥४८॥ अथनित्यमनित्यंवाने[illegible]शोचंतितद्विदः॥ नान्यथाशक्यतेकर्तुंस्वभावःशोचतामिति॥४९॥ लुब्धकोविपिनेकश्चित्पक्षिणांनिर्मितोऽतकः॥ वित[illegible]जालंविदधेतत्रतत्रप्रलोभयन्॥५०॥ कुलिंगमिथुनंतत्रव्यचरत्समदृश्यत॥ तयोःकुलिंगीस[illegible]सालुब्धकेनप्रलोभिता॥५१॥ साऽसज्जतशिचस्तंत्यांमहिषीकालयंत्रिता॥ कुलिंगस्तांतथापन्नांनिरीक्ष्यभृशदुःखितः॥ स्नेहादकल्पःकृपणःकृपणांपर्यदेवयत्॥५२॥ अहोअकरुणोदेवःस्त्रियाऽऽकरुणयाविभुः॥ कृपणंमाऽनुशोचंत्यादीनयाकिंकरिष्यति॥५३॥ कामंनयतुमांदेवःकिमर्धेनात्मनोहिमे॥ दीनेनजीवतादुःखमनेनविधुरायुषा॥५४॥ कथंत्वजातपक्षांस्तान्मातृहीनान्बिभर्म्यहं॥ मंदभाग्याःप्रतीक्षंतेनीडेमेमातरंप्रजाः॥५५॥ एवंकुलिंगं

હનો છે; અને તેઓને વિશે. તે લેપાતો નથી. ॥૪૩॥ હે મૂઢ માણસો, તમે જેનો શોક કરોછો; તે સુયજ્ઞ રાજાનું શરીર તો; આરીતે અહીં સૂતેલ છે; અને જે સાંભળતો હતો, તથા બોલતો હતો તે, આત્માને તો; તમે કદી જોયો નથી અને જોનાર પણ નથી. ॥૪૪॥ દેહને વિશે પ્રાણ એ મુખ્ય છતાં તે પણ આ રીતેજ સાંભળનાર કે બોલનાર નથી; અને દેહમાંની ઇંદ્રિયો વડે સાંભળનારો અને બોલનારો એ આત્મા તો પ્રાણ અને દેહ બેઉના થકી. જૂદોજ હતો. ॥૪૫॥ એ સમર્થ આત્મા પોતાનાજ પ્રભાવ વડે સર્વ થકી અળગો હોવા છતાં; મહાભૂત–ઇંદ્રિયો–અને મનથી બનેલા, લિંગ દેહવડે; ને; ઊંચાનીચા શરીરોને, ધારણ કરેછે; અને છોડી પણ દેછે. ॥૪૬॥ આત્માને લિંગદેહનો સંબંધ, જ્યાં સુધી રેહે છે, ત્યાં સુધીજ તેને માયાનો યોગ થઈને; તે કર્મ બંધનોને પામતો થકો જન્મ મરણને પામ્યા કરેછે. ॥૪૭॥ ઇંદ્રિયાદિકના વિષયોરૂપ સર્વ પદાર્થાદિક (ગુણો), મનોર્થ અને સ્વપ્ન સરખા, મિથ્યા હોવા છતાં; તેમને સત્ય હોવાનું, જાણવું; અને બોલવું; એજ ખોટો આગ્રહ છે. ॥૪૮॥ એટલા માટે, નિત્ય આત્માનો; અને અનિત્ય શરીરાદિકનો; પણ શોક; તે બેઉને જાણનારાઓ કરતાજ નથી; તથા જેઓ તેમનો શોક કરનારા છે, તેઓ પણ; તે બંનેના સ્વભાવોને તો, ફેરવી શકતા નથીજ, ॥૪૯॥ પક્ષીઓના કાળ રૂપે ઉત્પન્ન થયેલો, કોઈ એક પારધી; વનમાં અહીં તહીં જાળ પાથરીને, પક્ષીઓને લલચાવતો હતો. ॥૫૦॥ ત્યાં કુલિંગ પક્ષીનું એક જોડું, તેણે ફરતું દીઠું; પછી તે પારધીના લલચાવવાથી, તે જોડામાંની કુલીંગિણી. કાળની પ્રેરણાથી, એકાએક તેમાં પકડાઈને જાળની દોરીઓમા બંધાઈ ગઈ; ત્યારે તે રાંકડીને, અતિદુઃખી થયેલી જોઈને, રાંક અને છોડાવી શકવાને અશક્ત, તે કુલીંગ પક્ષી; સ્નેહને લીધે વિલાપ કરવા લાગ્યો કે. ॥૫૧–૫૨॥ "અરે કંગાલ એવા હુંનો શોક કરનારી–રાંકડી–અને સર્વેએ દયા કરવાને યોગ્ય; એવી આ મારી સ્ત્રીનું; નિર્દય દૈવને, શું કામ પડ્યુ હશે. ॥૫૩॥ હવે મારે મારા આ રાંક–રાંડેલા–અને દુઃખી જીવિતવાળા, અરધા શરીરવડે, શું કરવાનું છે? માટે ભગવાનની તેવીજ મરજી હોય

તો, મને પણ જતી લેઇ લે. મારાં મા વિનાનાં; અને પાંખો નહીં આવેલાં; મંદ ભાગ્યવાળાં, મારાં બ- ચ્ચાંઓ; માળામાં તેમની માની વાટ જોતાં હશે; તેમનું પોષણ હું હવે કેવી રીતે કરી શકીશ." ॥૫૫॥ એવી રીતનો વિલાપ કરતા; અને પ્રીયાવિયોગથી આતુર થઇને મનમાં આંસુ ભરાઇ ગયેલા; તે કુલિંગ પક્ષી ને પણ, છુપાયલા પારધીએ, કાળની પ્રેરણાથીજ; બાણ વડે વિંધી નાંખ્યો. ॥૫૬॥ એ રીતે બુદ્ધિ વગરની તમો; પોતાના મરણને નહીં જાણીને, હજારો વરસો સુધી રડશો; તોપણ એ પતિને તો પામનાર નથીજ. ॥૫૭॥ હિરણ્યકશિપુ–એ બાળકે આ પ્રમાણે કહેવાથી, મનમાં વિસ્મય પામેલાં, સર્વે સંબંધીઓએ મા- ન્યું કે; આ સર્વ ઉત્પન્ન થયેલું, અનિત્ય અને મિથ્યા છે. ॥૫૮॥ અને એ પ્રમાણે કહીને, યમરાજા ત્યાંજ અંતર્ધ્યાન થઇ ગયા; તથા સંબંધીઓએ સુયજ્ઞ રાજાની ઉત્તર ક્રિયાઓ કરી. ॥૫૯॥ એટલા માટે બીજાનો તેમજ પોતાનો પણ, શોક કરશો નહીં; પ્રાણીઓને, અહીંઆં પોતે–બીજો; અને પારકું તથા પોતાનું, કાંઇ જ નહીં હોવા છતાં " આ હું અને આ બીજો" એમ તેઓને માત્ર મન વડેજ મનાયછે. ॥૬૦॥ નારદ— આ રીતનું હિરણ્ય કશિપુનું વચન પોતાના દીકરાની વહુ સુદ્ધાં દિતિએ, સાંભળીને, એક પલક વારમાંજ પુત્ર શોક તજીને પરમાત્માના તત્વને વિશે, ચિત્ત રાખ્યું ॥૬૧॥ ઇતિશ્રી૦ભા૦ સા૦ સ્કંધનો બીજો અ૦ સં૦ ॥૨॥

અધ્યાય ત્રીજો. નારદ– હે યુધિષ્ઠિર રાજા, પછી હિરણ્ય કશિપુએ, પોતે અજર–અમર–અજેય અને શત્રુ રહિત તથા ચક્રવર્તી થવાની ઇચ્છા કરી. ॥૧॥ ને તેથી તેણે મંદરાચળની ગુફામાં જઇને પરમ દારૂણ તપનો આદર; ઉંચા હાથ અને આકાશ સામી દૃષ્ટિ રાખીને, અને પગના અંગુઠા વડે ધરતી ઉપર ઉભો રહી- નેઃ તપ કરવા લાગતાં; પ્રલય કાળનો સૂર્ય પોતાના કિરણો વડે, શોભવાની પેઠે, પોતાની જટાના વાળવડી

विलपंतमारात्प्रियावियोगातुरमश्रुकंठं ॥ सएवतंशाकुनिकःशरेणविव्याधकालप्रहितोविलीनः॥५६॥एवंयूयमपश्यंत्यआत्मापायमबुद्धयः ॥ नैनंप्राप्स्यथशोचंत्यःपतिंवर्षशतैरपि॥५७॥ हिरण्यकशिपु०बालएवंप्रवदतिसर्वेविस्मितचेतसः ॥ ज्ञातयोमेनिरेसर्वमनित्यमयथोत्थितं ॥५८॥ यमएतदुपाख्यायतत्रैवांतरधीयत॥ ज्ञातयोऽपिसुयज्ञस्यचक्रुर्यत्सांपरायिकं॥५९॥ ततःशोचतमाशोचंपरंचात्मानमेवच॥कआत्माकःपरोवाऽत्रस्वीयःपारक्यएववा ।स्वपराभिनिवेशेनविनाज्ञानेनदेहिनां॥६०॥ नारद०इतिदैत्यपतेर्वाक्यंदितिराकर्ण्यसस्नुषा॥ पुत्रशोकंक्षणात्त्यक्त्वातत्त्वेचित्तमधारयत् ॥६१॥ इतिश्रीभागवतेमहापुराणेसप्तमस्कंधेदितिशोकापनयनंनामद्वितीयोऽध्यायः ॥ २ ॥

नारद०हिरण्यकशिपूराजन्नजेयमजरामरं॥आत्मानमप्रतिद्वंद्वमेकराजंव्यधित्सत ॥१॥ सतेपेमंदरद्रोण्यांतपःपरमदारुणं॥ऊर्ध्वबाहुर्नभोदृष्टिःपादांगुष्ठाश्रितावनिः ॥२॥ जटादीधितिभीरेजेसंवर्तार्कइवांशुभिः॥तस्मिंस्तपस्तप्यमानेदेवाःस्थानानिभेजिरे ॥३॥ तस्यमूर्ध्नःसमुद्भूतःसधूमोऽग्निस्तपोमयः॥तिर्यगूर्ध्वमधोलोकानतपद्विष्वगीरितः॥४॥चुक्षुभुर्नद्युदन्वंतःसद्वीपाद्रिश्चचालभूः ॥ निपेतुःसग्रहास्ताराजज्वलुश्चदिशोदश ॥५॥ तेनतप्तादिवंत्यक्त्वाब्रह्मलोकंययुःसुराः॥धात्रेविज्ञापयामासुर्देवदेवजगत्पते॥६॥दैत्येंद्रतपसातप्तादिविस्थातुंनशक्नुमः॥तस्यचोपशमंभूमन्विधेहियदिमन्यसे॥लोकानयावन्नंक्ष्यंतिबलिहारास्तवाभिभो॥७॥ तस्यायंकिलसंकल्पश्चरतोदुश्चरंतपः॥श्रूयतांकिंनविदितस्तवाथापिनिवेदितं ॥८॥ सृष्ट्वाचराचरमिदंतपोयोगसमाधिना॥अध्यास्तेसर्वधिष्ण्येभ्यःपरमेष्ठीनिजासनं॥९॥तदहंवर्धमानेनतपोयोगसमाधिना॥कालात्मनोश्चनित्यत्वात्साधयिष्येतथात्मनः॥१०॥अन्यथेदंविधास्येऽहमयथापूर्वमोजसा॥ किमन्यैःकालनिर्धूतैःकल्पांतेवैष्णवादिभिः ॥११॥ इतिशुश्रुमनिर्बंधंतपःपरममास्थितः॥विधत्स्वानंतरंयुक्तंस्वयंत्रिभुवनेश्वर ॥१२॥ तवासनंद्विजगवांपारमेष्ठ्यंजगत्पते॥भवायश्रेयसेभूत्यैक्षेमायविजयायच॥१३॥ इतिविज्ञापितोदेवैर्भगवानात्मभूर्नृप॥परीतोभृगुदक्षाद्यैर्ययौदैत्येश्वराश्रमं॥१४॥ नददर्शप्रतिच्छन्नंवल्मीकतृणकीचकैः॥पिपीलिकाभिराचीर्णंमेदस्त्वङ्मांसशोणितं॥१५॥ तपंतंतपसालोकान्यथाभ्रापिहितंरविं॥विलक्ष्यविस्मितःप्राहप्र

તે શોભવા લાગ્યો, અને એ રીતે તપ કરવાને જતાં; દેવતાઓ પોતાના સ્થાનકોને વિશે પાછા ગયા. ॥૨–૩॥ પછી તેના માથામાંથી ઉત્પન્ન થયેલ ધુમાડાવાળો તપોમય અગ્નિ; આડો ઉભો અને નીચે ફેલાઇને લોક માત્રને તપાવવા લાગ્યો. ॥૪॥ નદીઓ અને સમુદ્રોક્ષોભ પામ્યા; દ્વીપ અને પર્વતો સહિત પૃથ્વી કંપવા લાગી. ગ્રહો અને તારાઓ પડવા લાગ્યા; અને દશે દિશાઓ બળવા લાગી. ॥૫॥ તેથી તાપ પામેલા દેવતાઓ, સ્વર્ગને તજીને, બ્રહ્મલોકમાં ગયા, અને તેમણે બ્રહ્માને વિજ્ઞપ્તિ કરી કે; હે દેવનાદેવ જગતપતિ, અમે હિરણ્ય કશિપુના તપ થકી, તાપ પામવાથી, સ્વર્ગમાં રહી શકતા નથી, માટે જો આપની ઇચ્છા હોય તો, આપનું પૂજન કરનારા અમે લોકો, જ્યાં સુધી નાશ પામ્યા નથી; ત્યાં સુધીમાંજ, તપ થકી એ વિરામ પામે, એવો ઉપાય કરો. ॥૬–૭॥ આપના થકી કાંઇજ અજાણ્યું નથી, તો પણ એણે કેવા સંકલ્પથી આ દુશ્ચર તપ કરવા માંડેલું છે; તે અમે જણાવીએ છીએ, માટે સાંભળો. ॥૮॥ "પરમેષ્ઠી (બ્રહ્મા) આ ચરાચર જગતને, તપ અને યોગની નિષ્ઠા વડે સરજીને; સર્વ સ્થાનકોથી ઉપર, પોતાના આસને બેઠેલા છે; તે રીતેજ તપ યોગ અને સમાધિ, વધુ વધુ કરીને; કાળ તથા આત્મા નિત્ય હોવા વડે, (એટલે ઘણા જન્મે કરીને પણ) મારા આત્માનું; હું સાધન કરીશ. ॥૯–૧૦॥ કલ્પને અંતે કાળથી નાશ પામનારાં, વૈષ્ણવ (ધ્રુવ)પદ વિગેરે, બીજાં સ્થાનકોનું, મારે કામજ નથી; અને આ જગત પૂર્વકાળથી, જે રીતે થતું આવે છે; તેથી બીજી રીતેજ, હું મારા સામર્થ્ય વડે, કરીશ." ॥૧૧॥ આવી રીતના નિશ્ચયથી તેણે આ મોટું તપ આદરેલાનું અમે સાંભળેલું છે; માટે હે ત્રણ ભુવનનાનાથ; પછીથી કરવાનું તે, આપને જેમ ઠીક લાગે તેમ આપ કરો. ॥૧૨॥ હે જગતના પતિ, અને પરમેષ્ઠી, આપનું સ્થાનતો; બ્રાહ્મણો અને ગાયો તથા પ્રાણીઓના પાલનને માટે– સુખને માટે–અને ઐશ્વર્ય તથા ચડતીને માટેજ છે. ॥૧૩॥ નારદ–હે યુધિષ્ઠિર, પછી એ પ્રમાણે દેવતાઓ- એ વિનતી કરેલા બ્રહ્મા; ભૃગુ અને દક્ષ વિગેરે થકી વિંટાઇને, હિરણ્ય કશિપુના આશ્રમમાં આવ્યા. ॥૧૪॥

પ્રથમતો રાફડા—અને વાંસનાં જાળાં થકી ઢંકાઇ જવાથી, અને ઘણો વખત થયાં તેનાં—મેદ—ત્વચા—માંસ—અને લોહીને; કીડીઓ વિગેરે ખાઇ જવાથી; તે દેખવામાં પણ આવ્યો નહીં. ॥૧૫॥ પણ પછીથી, એ લોક માત્રને તપ વડે તપાવનારાને, વાદળાંમાંથી ઢંકાયલા સૂર્યની પેઠે, જોવાથી; વિસ્મય પામેલા, બ્રહ્મા હસીને બોલ્યા કે. ॥૧૬॥—બ્રહ્મા—હે કશ્યપના પુત્ર, ઉઠ ઉઠ, તારૂં ભલું થશે; તું તપ થકી સિદ્ધ થયો છે; માટે વરદાનનો આપનારો, મને પામીને; તું, તારાં ઇચ્છિત વરદાન માગી લે. ॥૧૭॥ તારા મનની આ મોટી અને અદ્ભૂત દ્રઢતા હું જોઉંછું, તારા દેહને માંખી આદિએ ખાઇ જતાં છતાં; માત્ર હાડકાંમાંજ પ્રાણ રહેલા છે. ॥૧૮॥ દેવતાઓનાં સો વરસો સુધી પાણી વિના, પ્રાણને ધારણ કરનાર, તું વિના બીજો કોણ છે.? માટે આ પ્રકારનું તપ, આગળના ઋષિઓ આદિ પ્રાઇએ, કરેલું નથી; અને હવે પછીના કરશે પણ નહીં. ॥૧૯॥ માટે હે દિતિના દીકરા, બીજાથી ન થઇ શકે એવા, અને તપની નિષ્ઠાવાળા, તું હિમતવાનના, આ નિશ્ચય થકી; હું જીતાઇ ગયોછું. ॥૨૦॥ તેથી હે શ્રેષ્ટ અસુર, તારી સર્વ ઇચ્છાને હું પરિપૂર્ણ કરીશ; તું મરણ ધરમવાળાને, હું મરણ રહિતનું દર્શન અફળ થશે નહીં. ॥૨૧॥—નારદ—એમ બોલીને આદિ દેવ બ્રહ્માએ, દિવ્ય અને અમોઘ શક્તિવાળું; પોતાના કમંડળનું જળ, કીડીઓથી ખવાઇ ગયેલાં; તેનાં અંગો ઉપર છાંટયું. ॥૨૨॥ તેથી સર્વ અવયવોથી સંપન્ન—વજ્રજેવો મજબૂત—જુવાન—તથા શરીર, ઇંદ્રિયો, અને મનના બળવાળો થઇને; નપાવેલા સોના સરખો દેખાતો;ને વાંસ અને રાફડામાંથી; લાકડાંમાંથી અગ્નિ નીકળવાની પેઠે, નીકળીને ઉભો થયો. ॥૨૩॥ અને તેણે આકાશની અંદર હંસના વાહન ઉપર બેઠેલા, બ્રહ્માનું દર્શન કરવાથી: અતિ આનંદ પામીને; ધરતી ઉપર પડી, માથાવડે તેમને નમસ્કાર કર્યા. ॥૨૪॥ તથા હર્ષનાં આંસુ આવેલો, અને રોમાંચિત થયેલો, તે; ઉભો થઇ હાથ જોડીને; નમ્રતાથી બ્રહ્માના સામું જોઇ, ગળગળી વાણીથી, તેમની સ્તુતિ કરવા લાગ્યો કે. ॥૨૫॥ કલ્પને અંતે કાળના કરવાથી, અંધકારથી વિંટાઇને; અંધકારમય થઇ ગયેલા જગતને; જે સ્વયંપ્રકાશે, પોતાના પ્રકાશથી

हस [illegible] नः ॥१६॥ ब्रह्मा० उत्तिष्ठोत्तिष्ठभद्रंतेतपःसिद्धोऽसिकाश्यप॥वरदोऽ[illegible]मनुप्राप्तोव्रियतामी॥प्सितोवरः॥१७॥ अद्राक्षमहमेतत्तेह
त्सारं[illegible]॥दंशभक्षितदेहस्यप्राणाह्यस्थिषुशेरते१८॥नैतत्पूर्वर्षयश्चक्रुर्नकरिष्यंतिचापरे॥निरंबुर्धारयेत्प्राणान्कोवैदिव्यसमाःशतं॥१९
व्यवसायेनतेऽनेनदुष्करेणमनस्विनां॥ तपोनिष्ठेनभवताजितोऽहंदितिनंदन ॥२०॥ ततस्तआशिषःसर्वादहाम्यसुरपुंगव॥मर्त्यस्यतेअम
र्त्यस्यदर्शनंनाफलंमम॥२१॥नारद०इत्युक्त्वादिभवोदेवोभक्षितांगंपिपीलिकैः॥कमंडलुजलेनौक्षद्दिव्येनामोघराधसा ॥२२॥ सतत्कीचक
वल्मीकात्सहओजोब[illegible]॥सर्वावयवसंपन्नोवज्रसंहननोयुवा॥उत्थितस्तप्तहेमाभोविभावसुरिवैधसः ॥२३॥ सनिरीक्ष्यांबरेदेवं[illegible]सवा
हमवस्थितं॥ननामशिरसाभूमौतद्दर्[illegible]महोत्सवः ॥२४॥ उत्थायप्रां[illegible]लिःप्रह्वईक्षमाणोदृशाविभुं॥हर्षाश्रुपुलकोद्भेदोगिरागद्गदयाऽगृणात्॥
॥२५॥ हिरण्यकशिपु०कल्पांतेकालसृष्टेनयोंऽधेनतमसावृतं॥अभिव्यनक्जगदिदंस्वयंज्योतिःस्वरोचिषा॥२६॥आत्मनात्रिवृताचेदंसृज
त्यवतिलुंपति॥रजःसत्त्वतमोधाम्नेपराय[illegible]तेनमः॥२७॥ नमआ[illegible]यबीजायज्ञानविज्ञानमूर्तये॥ प्राणेंद्रियमनोबुद्धिविकारैर्व्यक्तिमीयुषे॥
॥२८॥ त्वमीशिषेजगतस्तस्थुषश्चप्राणेनमुख्येनपतिःप्रजानां॥ चित्तस्यचित्तेर्मनइंद्रियाणांपतिर्महान्भूतगुणाशयेशः॥२९॥त्वंसप्ततंतून्वि
तनोषितन्वात्रय्याचातुर्होत्रकविद्ययाच॥त्वमेकआत्मात्मवतामनादिरनंतपारःकविरंतरात्मा॥३०॥त्वमेवकालोनिमिषोजनानामायुर्लवाद्या
वयवैःक्षिणोषि॥ कूटस्थआत्मापरमेष्ठ्यजोमहांस्त्वंजीवलोकस्यचजीवआत्मा॥३१॥त्वत्तःपरंनापरमप्यनेजदेजच्चकिंचिद्व्यतिरिक्तमस्ति॥वि
द्याकलास्तेतनवश्चसर्वाहिरण्यगर्भोऽसिबृहत्त्रिपृष्ठः॥३२॥व्यक्तंविभोस्थूलमिदंशरीरंयेनेंद्रियप्राणमनोगुणांस्त्वं॥ भुंक्षेस्थितोधामनिपारमे
ष्ठ्यअव्यक्तआत्मापुरुषःपुराणः॥३३॥अनंताव्यक्तरूपेणयेनेदमखिलंततं॥चिदचिच्छक्तियुक्तायतस्मैभगवतेनमः॥३४॥ यदिदास्यस्यभिम
तान्वरान्मेवरदोत्तम॥भूतेभ्यस्त्वद्विसृष्टेभ्योमृत्युर्माभून्ममप्रभो॥३५॥ नांतर्बहिर्दिवानक्तमन्यस्मादपिचायुधैः॥नभूमौन[illegible]नरैरपिमृगै

દેખાતું કર્યું છે. ॥૨૬॥ તથા જે પોતાના ત્રિગુણાત્મક સ્વરૂપથી; આ જગતને, સર્જે છે—પાળે છે—અને નાશ કરે છે; તે રજોગુણી—સત્વગુણી—અને તમોગુણી, સ્વરૂપવાળા; આપ પરમાત્માને, હું નમું છું. ॥ ૨૭ ॥ સર્વના આદિ—સર્વના બીજરૂપ—જ્ઞાન અને વિજ્ઞાન સ્વરૂપ—અને પ્રાણ, ઇંદ્રિય, મન તથા બુદ્ધિરૂપ વિગેરેથી, દેહાદિક કાર્યો રૂપે વિકાર પામનારા આપને; હું નમસ્કાર કરૂં છું. ॥૨૮॥ હે પ્રજાઓના પતિ, આપજ મુખ્ય પ્રાણરૂપ થઇને, સ્થાવર તથા જંગમોને નિયમમાં રાખોછો; અને ચીત, મન, ઇંદ્રિયો, મહાભૂત, ગુણો, અને આશયો, એ સર્વના ઇશ્વર, એટલે સરજનાર અને નિયમમાં રાખનાર, હોવાથી; સર્વના સ્વામી અને મહાન છો. ॥૨૯॥ તેમજ, ત્રણવેદ અને ચાતુર્હોત્રાદિક વિદ્યાઓમાં કહેલ, અગ્નિષ્ટોમ આદિ સાત પ્રકારનાં યજ્ઞોનાં રૂપો ધરનારા છો; તથા તમે એકજ સર્વ પ્રાણીઓના અંતર આત્મા—અનાદિ—અનંત—અપાર અને સર્વજ્ઞ છો. ॥૩૦॥ તેમજ અવિનાશી—આત્મા—પરમેષ્ટી—અજન્મા—મહાન—અને જીવ લોકના જીવન રૂપે હોઇને; જેનો વેગ કદી અટકતો નથી, એવા કાળ સ્વરૂપ થઇ; લવ અને ક્ષણ આદિ વિભાગો વડે, લોકોના આયુષ્યને ક્ષીણ કરનારા પણ છો. ॥૩૧॥ કાર્ય અને કારણ તથા સ્થાવર અને જંગમ, કાંઇ આપના થકી જૂદું નથી; વિદ્યાઓ અને કળાઓ સર્વે, આપનાંજ શરીરો છે; અને જેને વિશે ત્રણે લોક રહેલ છે, એવા મોટા હિરણ્ય ગર્ભ; આપજ છો. ॥૩૨॥ હે સમર્થ એવો આપનું જગતરૂપે જણાતું સ્થૂળ સ્વરૂપ છે, પણ જેના વડે આપ; ઇંદ્રિય—પ્રાણ—મન—અને ગુણોને; તે શરીરાદિકમાં રહીને ભોગવો છો; એવું આપ પુરાણ પુરુષ પરમેષ્ટીનું, ન દેખાય એવું; સૂક્ષ્મ આત્મ સ્વરૂપ તો, બીજુંજ છે. ॥૩૩॥ એ રીતે અનંત અને અવ્યક્ત એવાં બંને રૂપો થકી; આપ, ચૈતન્ય વાળી અને ચૈતન્ય વિનાની શક્તિવાળા થઇને; આ આખા જગતમાં વ્યાપીને રહેનારા; ભગવાનને હું નમસ્કાર કરૂં છું. ॥૩૪॥ વરદાન આપનારાઓમાં શ્રેષ્ટ, આપ જો મને મારી ઇચ્છા પ્રમાણે, વરદાન આપતા હો; તો હે પ્રભુ, તમારા સરજેલા પ્રાણીઓ થકી, મારૂં મૃત્યુ;

અંદર ન થાય-બહાર ન થાય-દિવસે ન થાય-રાત્રિએ ન થાય-અને હથિઆરોથી ન થાય; તેમજ પ્રાણીઓથી અને પ્રાણીઓ વિનાના બીજા કોઇથી પણ, (એટલે તમે સર્જેલા કોઇ પ્રાણી અને નિર્જીવ પદાર્થ આદિ થકી પણ,) ન થાય;-જમીનમાં ન થાય-આકાશમાં ન થાય-મનુષ્યોથી ન થાય-મૃગ થકી ન થાય-પ્રાણવાળાઓથી ન થાય-પ્રાણ વિનાનાઓથી ન થાય-દેવતાઓથી ન થાય-અસુરોથી ન થાય-અને મોટા સાપ અને નાગ વિગેરેથી પણ, ન થાય; એમ કરો. યુદ્ધમાં મારી સામે ઉભો રહી શકનાર કોઇપણ મને નહીં, એવો મને કરો; તથા સર્વે પ્રાણીઓનો હું એકજ સ્વામી થાઉં, તેમ કરો; અને સર્વ લોકપાળોનો મહિમા, તથા તપ અને યોગના પ્રભાવ રૂપ સિદ્ધિઓ, કદી પણ નાશ ન પામે; એ રીતે જેમ આપને વિશે છે, તેમજ મારા વિશે પણ થાય; તેમ કરો. ॥૩૫-૩૬-૩૭-૩૮॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ સા૦ સ્કં૦ ત્રીજો અ૦ સંપૂર્ણ. ॥૩॥

અધ્યાય ૪ થો-નારદ-પછી, હિરણ્ય કશિપુને, તેના તપથી પ્રસન્ન થયેલા બ્રહ્માએ; તેણે માગેલાં અતિ દુર્લભ વરદાનો, આપ્યાં; અને કહ્યું કે; "હે તાત, પુરૂષોને અતિ દુર્લભ એવાં વરદાનો તું મારી પાસે માગે છે; પણ હું તને તે સર્વ આપું છું." ॥૧-૨॥ પછી અમોઘ અનુગ્રહવાળા, તે સમર્થ બ્રહ્મા; હિરણ્ય કશિપુના પૂજનનો સ્વીકાર કરીને; ત્યાંથી ગયા. ॥૩॥ તે કેડે એવાં વરદાનો પામેલો, અને સુવર્ણમય શરીર વાળો તે દૈત્ય; પોતાના ભાઇના મરણને સંભારીને, ભગવાનનો દ્વેષ કરવા લાગ્યો. ॥૪॥ તથા તે મોટા અસુરે, સઘળી દિશાઓ-ત્રણ લોક-દેવતાઓ, અસુરો, અને મનુષ્યોના રાજાઓ-અને ગંધર્વ, ગરૂડ, સાપ, સિદ્ધ, ચારણ, વિદ્યાધર, ઋષિ, પિતૃ, મનુ, યક્ષ, રાક્ષસ,ને પિશાચો-એમના અધિપતિઓને; તથા તે સિવાય બીજા સર્વ પ્રાણીઓ વિગેરેના અધિપતિઓને; પણ જીતીને, પોતાના વશમાં આણ્યા; અને એ જગતને જીતનારાએ, સઘળા લોક પાળોનાં સ્થાનકો, અને તેજ, લેઇ લીધાં. ॥૫-૬-૭॥ વળી તે દેવતાઇ બગીચાઓ વાળા, સ્વર્ગમાં; સાક્ષાત વિશ્વકર્માએ બનાવેલા, અને ત્રૈલોક્યની લક્ષ્મીના સ્થાન રૂપ, સર્વ સમૃદ્ધિવાળા, ઇંદ્રના ઘરમાં

रपि ॥३६॥ व्यसुभिर्वाऽसुमद्भिर्वासुरासुरमहोरगैः॥अप्रतिद्वंद्वतांयुद्धेऐकपत्यंचदेहिनां ॥३७॥ सर्वेषांलोकपालानांमहिमानंयथात्मनः॥तपोयोगप्रभावाणांपन्नरिष्यतिकर्हिचित् ॥३८॥ इ०भा०म०सप्तमस्कंधेहिरण्यकशिपोर्वरप्रदानंनामतृतीयोध्यायः॥३॥ नारद०एवंवृतःशतधृतिर्हिरण्यकशिपोरथ॥प्रादात्तत्तपसाप्रीतोवरांस्तस्यसुदुर्लभान् ॥१॥ ब्रह्मा०तातेमेदुर्लभाःपुंसांयान्वृणीषेवरान्मम॥तथाऽपिवितराम्यंगवरान्यदपिदुर्लभान् ॥२॥ ततोजगामभगवानमोघानुग्रहोविभुः॥पूजितोऽसुरवर्येणस्तूयमानःप्रजेश्वरैः ॥३॥ एवंलब्धवरोदैत्योबिभ्रद्धेममयंवपुः॥भगवत्यकरोद्द्वेषंभ्रातुर्वधमनुस्मरन् ॥४॥ सविजित्यदिशःसर्वालोकांश्चत्रीन्महासुरः॥देवासुरमनुष्येंद्रान्गंधर्वगरुडोरगान्॥५॥ सिद्धचारणविद्याध्रानृषीन्पितृपतीन्मनून्॥यक्षरक्षःपिशाचेशान्प्रेतभूतपतीनथ॥६॥सर्वसत्वपतीञ्जित्वावशमानीयविश्वजित्॥ जहारलोकपालानांस्थानानिसहतेजसा॥७॥ देवोद्यानश्रियाजुष्टमध्यास्तेस्मत्रिविष्टपं॥महेंद्रभवनंसाक्षान्निर्मितंविश्वकर्मणा॥त्रैलोक्यलक्ष्म्यायतनमध्युवासाखिलर्द्धिमत्॥८॥यत्रविद्रुमसोपानामहामारकताभुवः॥यत्रस्फाटिककुड्यानिवैदूर्यस्तंभपंक्तयः ९ यत्रचित्रवितानानिपद्मरागासनानिच॥पयःफेननिभाःशय्यामुक्तादामपरिच्छदाः ॥१०॥ कूजद्भिर्नूपुरैर्देव्यःशब्दयंत्यइतस्ततः॥रत्नस्थलीषुपश्यंतिसुदतीःसुंदरंमुखं ॥११॥ तस्मिन्महेंद्रभवनेमहाबलोमहामनानिर्जितलोकएकराट्॥ रेमेऽभिवंद्यांघ्रियुगःसुरादिभिःप्रतापितैरूर्जितचंडशासनः ॥१२॥ तमंगमत्तंमधुनोरुगंधिना [illegible] ॥ उपासतोपायनपाणिभिर्विनात्रिभिस्तपोयेगबलौजसांपदं ॥१३॥ जगुर्महेंद्रासनमोजसास्थितंविश्वावसुस्तुंबुरुरस्मदादयः॥गंधर्वसिद्धाऋषयोऽस्तुवन्मुहुर्विद्याधराअप्सरसश्चपांडव ॥१४॥ सएववर्णाश्रमिभिःक्रतुभिर्भूरिदक्षिणैः॥इज्यमानोहविर्भागानग्रहीत्स्वनतेजसा॥१५॥ अकृष्टपच्यातस्यासीत्सप्तद्वीपवतीमही॥तथाकामदुघाद्यौस्तुनानाश्चर्यपदंनभः॥१६॥ रत्नाकराश्चरत्नौघांस्तत्पत्न्यश्चोहुरूर्मिभिः॥क्षारसीधुघृतक्षौद्रदधिक्षीरामृतोदकाः॥॥१७॥ शैलाद्रोणीभिराक्रीडंसर्वर्तुषुगुणान्द्रुमाः॥दधारलोकपालाना

રહીને; રાજ્ય કરવા લાગ્યો. ॥૭॥ જ્યાં વિદ્રુમ મણિનાં પગથીઆંવાળી, અને મોટા મરકત મણિથી બાંધેલી ભૂમિકાઓ હતી; સ્ફટીક મણિની ભિંતો હતી, અને વૈદુર્ય મણિવાળા થાંભલાઓની હારો શોભતી હતી. ॥૮॥ અને વિચિત્ર પ્રકારના ચંદરવા; પદ્મ રાગ મણિનાં આસનો; તથા દૂધના ફીણ જેવા અને મોતીની માળાના પરદાવાળાં બિછાનાં; હતાં. ॥૧૦॥ તથા ત્યાં ખણખણાટ કરતાં ઝાંઝરોથી ચારેકોર રમઝમ કરતી, સારા દાંતવાળી દેવાંગનાઓ; રત્નોવાળી જગાઓમાં; પોતાનાં સુંદર મુખડાંને જોતી હતી. ॥૧૧॥ એવા મહેંદ્રના ઘરમાં, એ મોટા બળવાળો-મોટા મનવાળો-લોક માત્રને જીતનારો-વધી ગયેલી ભયંકર આજ્ઞાવાળો-અને દેવતાઓ વિગેરેથી પગમાં પડાતો-હિરણ્યકશિપુ; સુખ ભોગવવા લાગ્યો. ॥૧૨॥ હે યુધિષ્ઠિર, તે વખતે એ ઉગ્ર ગંધવાળી મદિરા પીને મત્ત રેહેનારા-ઘુમતી અને રાતી આંખ્યોવાળા-અને તપ, યોગ, બળ, તથા સામર્થ્યથી ભરેલા દૈત્યને; બ્રહ્મા, વિષ્ણુ, અને શિવ શિવાયના બીજા સર્વ; હાથમાં ભેટો લેઇ આવીને, નમતા હતા; તથા તેની સેવા કરતા હતા. ॥૧૩॥ અને એ બળ વડે મહેંદ્રના આસન ઉપર બેઠેલાની પાસે, વિશ્વાવસુ-તુંબરૂ-અને હું, આદિ ગાતા હતા; ગંધર્વો, સિદ્ધો, ઋષિઓ, અને વિદ્યાધરો, સ્તુતિ કરતા હતા; તથા અપ્સરાઓ નાચ કરતી હતી. ॥૧૪॥ તેમજ વર્ણ અને આશ્રમ વાળા લોકોએ કરાતા, ઘણી દક્ષિણાવાળા યજ્ઞોના હવિષ્યના ભાગોને પણ; પોતાના બળવડે, તે દૈત્યજ લેતો હતો. ॥૧૫॥ અને તેના રાજ્યમાં સાતે દ્વીપ વાળી પૃથ્વી, વગર ખેડે પાકતી હતી; અને નાના પ્રકારનાં આશ્ચર્યોના ભંડારરૂપ, અંતરિક્ષ સહિત આકાશ; તેની કામનાઓને પૂર્ણ કરતું હતું. ॥૧૬॥ તથા ખારા પાણીનો-મદિરાનો-ઘીનો-મધનો-દહીંનો-દુધનો અને મીઠા પાણીનો; એ સમુદ્રો તથા તેમની સ્ત્રીઓ એટલે નદીઓ; પોતપોતાની છોળો વડે, રત્નોના ઢગલા આપતાં હતા. ॥૧૭॥ પર્વતો પોતાની ગુફાઓ વડે, રમવાની જગાઓ કરી દેતા હતા; અને સર્વે ઋતુઓમાં ઝાડો, ફળ અને ફુલાદિક આપતાં હતાં; એ રીતે લોકપાળોના ગુણોને, તે એકલોજ ધારણ કરતો હતો. ॥૧૮॥ આ રીતે તે

અજિતેંદ્રિય હિરણ્યકશિપુ દિશાઓને જીતીને ચક્રવર્તી થયો હતો; અને પ્રિય વિષયોને ઇચ્છા પ્રમાણે, ભોગવતો હતો; તો પણ તૃપ્તિ પામ્યો નહીં. ॥૧૯॥ અને એમ કરતાં, તે ઐશ્વર્યથી મત્ત થયેલા-શાસ્ત્રાદિકનું અહંકાર વડે ઉલ્લંઘન કરનારા-અને બ્રાહ્મણોના શાપ વડે જન્મેલાનો; મોટો કાળ વીતી ગયો. ॥૨૦॥ ત્યારે તેના ઉગ્ર દંડથી ઉદ્વેગ પામેલા, સર્વે લોકપાળો સહિત લોકો; બીજું શરણ નહીં જડવાથી, અચ્યુત ભગવાનને શરણે ગયા. ॥૨૧॥ અને તેઓએ નિદ્રાનો ત્યાગ કરીને, અને ફકત વાયુનોજ આહાર કરીને; તથા જીતેંદ્રિય થઇને, નિર્મળ અને એકાગ્ર બુદ્ધિવડે; હૃષીકેશ ભગવાનની સ્તુતિ, "જ્યાં સર્વના આત્મા ઇશ્વર હરિભગવાન છે; અને જ્યાં ગયેલા નિર્મળ તથા શાંત સન્યાસીઓ પાછા ફરતા નથી; તે દિશાને અમારા નમસ્કાર છે." એમ બોલીને, કરી. ॥૨૨-૨૩॥ ત્યારે સાધુ લોકોને અભય આપનારી-મેઘના સરખા શબ્દવાળી અને દિશાઓને ગાજવી મૂકતી-આકાશ વાણી થઇ કે. ॥૨૪॥ હે દેવતાઓ બીહીશો નહીં, તમો સર્વેનું ભલું થશે; મારા દર્શન વડે, સર્વેનું કલ્યાણજ થાય છે. ॥૨૫॥ અને એ અધમ દૈત્યનું દુષ્ટપણું, મારા જાણવામાં છે; માટે હું એની શાંતિ કરૂં, ત્યાં સુધી તમે સબુરી પકડો. ॥૨૬॥ જ્યારે તે, વેદનો-દેવતાઓનો-ગાયોનો-બ્રાહ્મણોનો-સાધુઓનો-ધર્મનો-અને મારો પણ દ્વેષ કરશે; ત્યારે તુર્તજ નાશ પામશે. ॥૨૭॥ તથા વરદાનોથી વધી ગયેલા એને: જ્યારે તે; શાંત-નિર્વૈર-અને મહાત્મા-એવા પોતાના પુત્ર પ્રહ્લાદનો દ્વેષ કરશે, ત્યારેજ હું મારીશ." ॥૨૮॥ એ રીતે કહેવાયલા; અને ઉદ્વેગ રહિત થયેલા, દેવતાઓ; પછી એ અસુરને, મૂવેલોજ સમજીને; અને જગત ગુરૂ ભગવાનને, પ્રણામ કરીને; પાછા ગયા. ॥૨૯॥ એ દૈત્યોના રાજાને ચાર, પરમ અદ્ભૂત પુત્રો હતા; તેઓમાં મહાત્માઓએ સેવાતા ગુણો વડે; પ્રહ્લાદ સર્વથી અધિક હતો. ॥૩૦॥ અને તે બ્રાહ્મણોને માનનારો-સારાં શીળ વાળો-સાચું બોલનારો-જીતેંદ્રિય-અને સર્વ પ્રાણી માત્રને, પોતા સમાન પ્રિય અને સુહૃદ માનનારો હતો. ॥૩૧॥ તથા તે વડિલોના અને શ્રેષ્ઠના ચરણમાં, દાસની પેઠે નમનારો-

मेकएवपृथग्गुणः ॥१८॥ सहत्यंनिर्जितककुबेकराड्विषयान्प्रियान्॥यथोपजोषंभुंजानोनातृप्यदजितेंद्रियः ॥१९॥ एवमैश्वर्यमत्तस्यदृप्तस्या[illegible]च्छास्त्रवर्तिनः॥कालोमहान्व्यतीयायब्रह्मशापमुपेयुषः॥२०॥[illegible]दंडसंविग्नाःसर्वेलोकाःसपालकाः।अन्यत्रालब्धशरणाःशरणंययुरच्युतं ॥२१॥ तस्यैनमोस्तुकाष्ठायैयत्रात्मा[illegible]हरिरीश्वरः॥यद्गत्वा[illegible]निवर्तंतेशांताःसन्यासिनोऽमलाः॥२२॥इतितेसंयतात्मनःसमाहितधियोऽमलाः॥उपतस्थुर्हृषीकेशंविनिद्रावायुभोजनाः॥२३॥तेषामाविरभूद्वाणीअरूपामेघनिःस्वना ॥ सन्नादयंतीककुभःसाधुनामभयंकरी॥ २४ माभैष्टविबुधश्रेष्ठाःसर्वेषांभद्रमस्तुवः ॥ मद्दर्शनंहिभूतानांसर्वश्रेयोपपत्तये ॥२५॥ ज्ञातमेतस्यदौरात्म्यंदैतेयापसदस्यच ॥तस्यशांतिंकरिष्यामि[illegible]कालंतावत्प्रतीक्षत ॥२६॥ यदादेवेषुवेदेषुगोषुविप्रेषुसाधुषु ॥ धर्मेमयिचविद्वेषःसवाआशुविनश्यति ॥२७॥ निर्वैरायप्रशांतायस्वसुतायमहात्मने॥प्रह्लादायपदाद्रुह्ये[illegible]वरोर्जितं॥२८॥नारद० [illegible]त्युक्तालोकगुरुणा तंप्रणम्यदिवौकसः॥न्यवर्ततगतोद्वेगामेनिरेचासुरं[illegible]तं ॥२९॥ [illegible]पतेःपुत्राश्चत्वारःपरमाद्भुताः।प्रह्लादोऽभून्महांस्तेषांगुणैर्महदुपासकः ॥३०॥ ब्रह्मण्यःशीलसंपन्नःसत्यसंधोजितेंद्रियः॥आत्मवत्सर्वभूतानामेकःप्रियसुहृत्तमः॥३१॥ [illegible]सवच्चार्यपादानांपितृवद्दीनवत्सलः॥भ्रातृवत्सदृशेस्निग्धोगुरुष्वीश्वरभावनः॥विद्याऽर्थरूपजन्माढ्योमानस्तंभविवर्जितः ॥३२॥ नोद्विग्नचित्तोव्यसनेषुनिस्पृहःश्रुतेषुदृष्टेषुगुणेष्ववस्तुदृक् ॥ दांतेंद्रियप्राणशरीरधीःसदाप्रशांतकामोरहितासुरोऽसुरः॥३३॥ [illegible]महद्गुणाराजन्गृह्यंतेकविभिर्मुहुः॥नतेऽधुनापिधीयंतेयथाभगवतीश्वरे ॥३४॥ यंसाधुगाथासदसिरिपवोऽपिसुरानृप॥प्रतिमानंप्रकुर्वंतिकिमुतान्येभवादृशाः॥३५॥गुणैरलमसंख्येयैर्माहात्म्यंतस्यसूच्यते॥वासुदेवेभगवतियस्यनैसर्गिकीरतिः॥३६॥ न्यस्तक्रीडनकोबालोजडवत्तन्मनस्कया॥कृष्णग्रहगृहीतात्मानवेदजगदीदृशं ॥३७॥ आसीनःपर्यटन्नश्नन्शयानःप्रपिबन्ब्रुवन्॥नानुसंधत्तएतानिगोविंदपरिरंभितः॥३८॥ क्वचिद्रुदतिवैकुंठचिंताशबलचेतनः॥क्वचिद्धसतितच्चिंताल्हादउद्गायतिक्वचित् ॥३९॥ नदतिक्वचिदुत्कंठो

પોતાના સમાનની સાથે ભાઇના જેવો સ્નેહ રાખનારો-અને પોતાથી ઉતરતાઓ (ગરીબો) ના ઉપર, માબાપના જેવો દયાભાવ રાખનારો-અને ગુરૂને વિશે, ઇશ્વરની ભાવના રાખનારો હતો; તથા તે વિદ્યા-ધન-રૂપ-કુળ-અને મોટપ; એ સર્વેના અભિમાન અને અક્કડપણા વિનાનો હતો. ॥૩૨॥ વળીતે દુખો થકી નિસ્પૃહ, અને મનમાં ઉદ્વેગ વિનાનો-આ લોક અને પરલોકનાં સુખોને જૂઠાં માનનારો-ઇંદ્રીય, પ્રાણ, શરીર, અને બુદ્ધિની બાબતોમાં, બહુ ડહાપણ વાળો-સર્વદા કામના રહિત-અને જાતિથકી અસુર હોવા છતાં; અસુરોના ગુણો વિનાનો; હતો. ॥૩૩॥ હે યુધિષ્ઠિર, એટલા માટે; ભગવાન ઇશ્વરના સરખા એના મહાન ગુણો, કે જે હાલ સુધી ભુલાતા નથી; તેમને પછીના વિદ્વાન પુરૂષો, વારંવાર ગ્રહણ કરવાનું કરે છે. ॥૩૪॥ અને દેવતાઓ એના શત્રુ હોવા છતાં પણ; ભર સભામાં, સારી વાતના પ્રસંગે; એનેજ પ્રમાણ રૂપ કરે છે; તો પછી બીજાઓ તેમ કરે, એમાં શું કહેવું. ॥૩૫॥ તથા વાસુદેવ ભગવાનને વિશે, નિષ્કામ અને સ્વાભાવિક પ્રીતિ વાળા એ પ્રહ્લાદના મહાત્મ્યને સૂચવનારા ગુણો, અસંખ્ય હોવાથી; તે આટલાજ છે, એમ કહી શકાય તેવું નથી. ॥૩૬॥ તે બાળક અવસ્થામાંજ ભગવાનમાં મન લાગવાથી, જડસરખો થઇ ગયો હતો; ને તેણે રમતનો ત્યાગ કર્યો હતો; તથા તેનું મન કૃષ્ણ ભગવાન રૂપી ગ્રહથી પકડાઇ જવાને લીધે, તે આ જગત કેવું છે; તેને જાણતોજ નહોતો. ॥૩૭॥ અને બેસતાં-ફરતાં-ખાતાં-સુતાં-પીતાં-અને બોલતાં; તેનું મન ગોવિંદ ભગવાનમાં, એકાગ્ર થઇ જવાથી; એ સર્વેનું અનુસંધાન તેને રેહેતું નહોતું. ॥૩૮॥ તથા વૈકુંઠ ભગવાનના ચિંતવનમાં, તેનું મન લાગી જઇને; ક્યારેક તે રોતો હતો; ક્યારેક રાજી થતો; ક્યારેક ધ્યાનના આનંદથી હસતો હતો; અને ક્યારેક ઉંચે સ્વરે ગાતો પણ હતો. ॥૩૯॥ કદિક ઉત્કંઠાથી ગર્જના કરતો; કદિક લાજ મૂકીને નાચતો; અને કોઇ વખતે ભગવાનની ભાવનામાં તન્મય થઇ જઇને, ભગવાનના સરખું આચરણ પણ, કરતો હતો. ॥૪૦॥ કોઇ વખતે ભગવાનની ભાવનાનું પરમ સુખ મળવાથી, રોમાંચિત થયેલો તે;

ચૂપ બેસી રહેતો હતો; અને ભક્તિનાથી સ્નેહના આનંદથી, કદી કદી આંખોમાં આંસુ ભરાઇ જવાથી, તે પોતાની આંખો મિંચી દેતો હતો. ॥૪૧॥ અને તે, નિષ્કિંચન પુરૂષોના સંગથી મળેલી ભગવાનના ચરણની સેવા વડે, પોતાના મનને; તેમજ કુસંગ થકી દીન બનેલા, બીજા લોકોના મનને પણ; પરમ શાંતિ આપતો હતો. ॥૪૨॥ હે યુધિષ્ઠિર રાજા, આ રીતના મહા ભગવતી–મહાભાગ–અને મહાત્મા–પોતાના પુત્ર પ્રહ્લાદનો એ હિરણ્યકશિપુએ દ્રોહ કર્યો. ॥૪૩॥–યુધિષ્ઠિર–હે સારાં વ્રતો વાળા નારદ મુનિ, એ સાધુ અને શુદ્ધ એવા પોતાના પુત્રનો દ્રોહ; તેના પિતાએ કેવી રીતે કર્યો, તે આપનાથી જાણવાની મને ઇચ્છા છે. ॥૪૪॥ પુત્ર ઉપર પ્રીતિવાળાં માબાપો; પ્રતિકૂળ આચરણ વાળા પુત્રાદિકને શીખામણ સારૂં ધમકાવે તો ખરા, પણ પારકાઓની પેઠે, તેમનો દ્રોહનો નજ કરે. ॥૪૫॥ તો પછી ભગવાન સ્વરૂપ ગુરુ, અને તેમના સરખાઓ (એટલે માતપિતા અને વય–વિદ્યા–જ્ઞાન–અને ધનાદિક વડે, પોતાથકી અધિક; તથા એમાંના કોઇ વડે, પોતાનું રક્ષણ અને પોષણ કરનારાઓ;) એમને અનુકૂળ વર્તનારા, સાધુ પુત્રનો દ્વેષ; તેના બાપેજ, કરવાની બાબતમાં; અમને કૌતુક લાગે છે; માટે આપ તેનું નિવારણ કરો. વળી પુત્રનો દ્વેષ પિતા કરે તો, તે તો તેના પોતાના મરણનુંજ કારણ થાય છે. ॥૪૬॥ ઇતિશ્રી ભા૦ સાતમા સ્કંધનો ચોથો અધ્યાય સંપૂર્ણ. ॥૪॥

અધ્યાય ૫ મો.–નારદ–મહાત્મા શુક્રાચાર્યને, દૈત્યોએ પુરોહિત કરેલા હતા; અને તેમના શંડ તથા અમર્ક નામના બે પુત્રો હિરણ્યકશિપુને ઘેર, તેની પાસે રહેતા હતા. ॥૧॥ અને તેઓ, હિરણ્યકશિપુએ મોકલેલા, બાળક–નમ્ર–અને જ્ઞાની; પ્રહ્લાદને, તથા બીજા ભણવાને આવનાર અસુરોના છોકરાઓને; ભણવા લાયક વિષયો ભણાવતા હતા. ॥૨॥ પણ એ પ્રહ્લાદને ગુરૂ, જે કાંઇ કહેતા હતા; તે સાંભળવાનું, અને

विलज्जोनृत्यतिक्वचित् ॥क्वचित्तद्भावनायुक्तस्तन्मयोऽनुचकारह॥४०॥ क्वचिदुत्पुलकस्तूष्णीमास्तेसंस्पर्शनिर्वृतः॥अस्पंदप्रणयानंदसलिलामीलितेक्षणः॥४१॥सउत्तमश्लोकपदारविंदयोर्निषेवयाऽकिंचनसंगलब्धया॥तन्वन्परांनिर्वृतिमात्मनोमुहुर्दुःसंगदीनान्यमनःशमंव्यधात् ॥४२॥ तस्मिन्महाभागवतेमहाभागेमहात्मनि॥हिरण्यकशिपूराजन्नकरोदघमात्मजे॥४३॥युधिष्ठिर०देवर्षएतदिच्छामोवेदितुंतवसुव्रत॥यदात्मजायशुद्धायपिताऽदात्साधवेत्यघं ॥४४॥ पुत्रान्विप्रतिकूलान्स्वान्पितरःपुत्रवत्सलाः॥ उपालभंतेशिक्षार्थंनैवाघमपरोयथा ॥४५॥ किमुतानुवशान्साधूंस्तादृशान्गुरुदेवतान् ॥ एतत्कौतूहलंब्रह्मन्नस्माकंविधमप्रभो ॥ पितुःपुत्राययद्द्वेषोमरणायप्रयोजितः ॥४६॥ इतिश्रीभागवतेमहापुराणेसप्तमस्कंधेप्रन्हादचरित्रेचतुर्थोऽध्यायः ॥४॥

नारद०पौरोहित्यायभगवान्वृतःकाव्यःकिलासुरैः॥शंडामर्कौसुतौतस्यदैत्यराजगृहांतिके॥१॥ तौराज्ञाप्रापितंबालंप्रह्लादंनयकोविदं॥पाठयामासतुःपाठ्यानन्यांश्चासुरबालकान् ॥२॥ यत्तत्रगुरुणाप्रोक्तंशुश्रुवेऽनुपपाठच॥ नसाधुमनसामेनेस्वपरासद्ग्रहाश्रयं॥३॥एकदाऽसुरराट्पुत्रमंकमारोप्यपांडव॥ पप्रच्छकथ्यतांवत्समन्यतेसाधुयद्भवान् ॥४॥ प्रन्हाद०तत्साधुमन्येऽसुरवर्यदेहिनांसदासमुद्विग्नधियामसद्ग्रहात् ॥ हित्वात्मपातंगृहमंधकूपंवनंगतोयद्धरिमाश्रयेत ॥५॥ नारद० श्रुत्वापुत्रगिरोदैत्यःपरपक्षसमाहिताः॥जहासबुद्धिर्बालानांभिद्यतेपरबुद्धिभिः ॥६॥ सम्यग्विधार्यतांबालोगुरुगेहेद्विजातिभिः॥ विष्णुपक्षैःप्रतिच्छन्नैर्नभिद्येतास्यधीर्यथा॥७॥ गृहमानीतमाहूयप्रन्हादंदैत्ययाजकाः॥ प्रशस्यश्लक्ष्णयावाचासमपृच्छंतसामभिः ॥८॥ वत्सप्रन्हादभद्रंतेसत्यंकथयमामृषा॥ बालानतिकुतस्तुभ्यमेषबुद्धिविपर्ययः ॥९॥ बुद्धिभेदःपरकृतउताहोतेस्वतोऽभवत्॥ भण्यतांश्रोतुकामानांगुरूणांकुलनंदन॥१०॥ प्रन्हाद०स्वःपरश्चेत्यसद्ग्राहःपुंसांयन्मायाकृतः॥ विमोहितधियांदृष्टस्तस्मैभगवतेनमः॥११॥सयदाऽनुव्रतःपुंसांपशुबुद्धिर्विभिद्यते॥अन्यएषतथाऽन्योहमितिभेदगतासती॥१२॥सएषआत्मास्वपरेत्यबुद्धिभिर्दुरत्ययानुक्रमणोनिरूप्यते ॥ मुह्यंतियद्वर्त्मनिवेदवादिनोब्रह्मादयोह्येषभिनत्तिमेमतिं ॥१३॥ यथाभ्राम्यत्ययोब्रह्मन्स्वयमाकर्षसन्निधौ ॥

બાદ રાખવાનું; તે પોતાના મનમાં સારૂં, માનતો ન હોતો; કેમકે તે સઘળું, "પોતે અને પરાયો;" એ પ્રકારનો ખોટો આગ્રહ બંધાવાના કારણરૂપ, હતું. ॥૩॥ હે યુધિષ્ઠિર, એક દિવસે, તે અસુરોના રાજાએ, પોતાના પુત્ર પ્રહ્લાદને, ખોળામાં બેસારીને, પૂછ્યું કે "હે દીકરા, તને જે સારૂં લાગે, તે મને કહી સંભળાવ." ॥૪॥ –પ્રહ્લાદ–હે શ્રેષ્ઠ અસુર, "હું અને મારૂં:" એવા ખોટા આગ્રહથી, સર્વદા ઉદ્વેગ પામતી બુદ્ધિવાળા પ્રાણીઓને; સારૂં માનવાનું તો, એટલુંજ છે કે; આત્માનો ઘાત કરનારા અંધારા કૂવા સરખા, ઘરને તજીને; વનમાં જવું; કે જેથી હરિભગવાનનો આશ્રય થાય. ॥૫॥–નારદ–સામા પક્ષને અનુકૂળ, પુત્રની વાણી સાંભળીને; હિરણ્યકશિપુ હસ્યો; અને બોલ્યો કે; "બાળકોની બુદ્ધિ પરાયા વિચારોથી ફરી જાય છે." ॥૬॥ તેથી એ વિષ્ણુના પક્ષવાળાઓ, છાના આવીને; આની બુદ્ધિને, ફેરવી શકે નહીં; એ રીતે બ્રાહ્મણ ગુરૂઓના ઘરમાં, આ બાળકને સારી રીતે રાખવો જોઇએ. ॥૭॥ તેથી એ દૈત્યોના પુરોહિતો, પ્રહ્લાદને; પોતાને ઘેર લેઇ ગયા; અને તેને વખાણ કરવાની સાથે, બોલાવીને સામ ઉપાયથી, મીઠી વાણી વડે, પૂછ્યું કે. ॥૮॥ "હે પુત્ર પ્રહ્લાદ, તારૂં ભલું થાઓ; સાચું બોલજે, જૂઠું બોલતો નહીં; આ બીજા બાળકોના કરતાં તારી બુદ્ધિમાં આ રીતનું ઘણું ઉલટાપણું, શાથી થયું છે. ॥૯॥ હે કુળનંદન, સાંભળવાની ઇચ્છાવાળા તારા ગુરૂઓને તું કહે, કે તારી બુદ્ધિનું ઉલટાપણું, બીજા કોઇના કરવાથી થયેલ છે, કે પોતાની મેળેજ થયેલ છે. ?" ॥૧૦॥–પ્રહ્લાદ–જેની માયા શક્તિ વડે, મોહ પામેલી બુદ્ધિવાળા પુરૂષોને વિશે; 'આ હું અને આ પરાયો:' એવો જૂઠો આગ્રહ બંધાઇ ગયેલાનું; જોવામાં આવે છે: તે ભગવાનને, હું નમસ્કાર કરૂંછું. ॥૧૧॥ અને એ ભગવાનજ, જ્યારે અનુકૂળ થાય છે; ત્યારે એ પશુઓના સરખી, ભેદ દૃષ્ટિવાળી, પુરૂષોને, "હું જૂદો અને આ બીજાઓ જૂદા;" એવી બુદ્ધિ મટી જાય છે. ॥૧૨॥ પોતે અને પરાયાઓ; હોવાની; કુબુદ્ધિવાળા પુરૂષો થકી, જેનું યથાસ્થિત નિરૂપણ થઇ શકતું નથી, તથા જેના માર્ગને વિષે, બ્રહ્મા આદિ વેદને જાણનારાઓ પણ; મોહ પામેલા છે;

તે આત્મારૂપી ભગવાનજ, મારી બુદ્ધિને ફેરવનારા છે. ॥૧૩॥ હે બ્રાહ્મણો જેમ લોહચુંબકના સમિપ થકી લોઢું, પોતાની મેળેજ ફરે છે; તેમ એ ચક્રપાણિ ભગવાનના સમિપ પણાથી; મારૂં મન યદ્દચ્છાથીજ ફરેલું છે. ॥૧૪॥—નારદ—બ્રાહ્મણોને એટલું કહીને, તે મોટી બુદ્ધિવાળો પ્રલ્હાદ, ચૂપ રહ્યો; ત્યારે તે કંગાલ, અને રાજાના નોકર બ્રાહ્મણે; ગુસ્સે થઇને તેનો તિરસ્કાર કર્યો. ॥૧૫॥ અને બોલ્યો કે. "અરે સોટી લાવો, આ દુષ્ટ બુદ્ધિવાળો—આપણો અપયશ કરનારા—અને કુળમાં અંગારા સરખા, ને તો; શિક્ષાજ આપવી ઘટે છે." ॥૧૬॥ ચંદનના વૃક્ષોના વન જેવા, દૈત્યોના કુળમાં; એ બાવળીયાના ઝાડ સરખો, જન્મેલો છે; કે જે દૈત્યોનું મૂળ કાપી નાંખવાના કામમાં, વિશ્નુને, કહેવાડાના હાથાની પેઠે; કામ આવે એવો છે. ॥૧૭॥ એ રીતે તિરસ્કાર કર્યા પછી, તે બ્રાહ્મણ ઘણા ઘણા ઉપાયો થકી; પ્રલ્હાદને બીહીવરાવીને; તેને ધર્મ—અર્થ—અને કામનાં વિષયો સંબંધી, શીખવતો હતો. ॥૧૮॥ પછીથી જ્યારે શીખવાને જરૂરની શામ—દાન—ભેદ—અને દંડ એ ચારે બાબતોમાં; તે પાવરધો થયેલાનું, જણાયું; ત્યારે ગુરૂ, પ્રલ્હાદને તેની મા પાસે, લેઇ ગયો; અને નવરાવીને તથા સારા લુગડાં ઘરેણાં પેહેરાવીને, ત્યાંથી પછી હિરણ્યકશિપુ પાસે, તેડી ગયો. ॥૧૯॥ ત્યારે પગમાં પડેલા તે બાળકનો, સત્કાર કરીને; અને તેને, આશિર્વાદ આપીને; તથા ઘણીવાર સુધી બેઉ હાથ વને, તેને ભેટીને; તે અસુર પરમ સુખ પામ્યો. ॥૨૦॥ તે પછી તેને ખોળામાં બેસારી માથું સુંઘીને આંસુનાં ટિંપાઓથી તેને નવરાવી દેતાં; હસને મોઢે પુછવા લાગ્યો કે. ॥૨૧॥ "હે પુત્ર પ્રલ્હાદ, તને તારા ગુરૂઓએ, આટલા વખતમાં જે શીખવ્યું હોય; અને તેમાં જે ઉત્તમ હોય, તે તું મને કહી દેખાડય ॥૨૨॥—પ્રલ્હાદ—શ્રવણ—કીર્તન—સ્મરણ—પાદસેવન—અર્ચન—વંદન—દાસત્વ—મિત્રપણું—અને આત્મનિવેદન; એ નવ લક્ષણો વાળી વિશ્નુભગવાનની ભક્તિ, પુરૂષોએ; સર્વ કર્માદિક, પ્રથમથીજ તેમને અર્પણ કરીને; કરવી જોઇએ; એનેજ હું ભણેલામાં, ઉત્તમ માનું છું. ॥૨૩—૨૪॥—નારદ—આ પ્રમાણેનું પુત્રનું વચન સાંભળીને, હિરણ્યકશિપુએ; ક્રોધ-

तथामेभ [illegible] चक्रपाणेर्यदृच्छया ॥१४॥ एतावद्ब्राह्मणायोक्त्वाविरराममहामतिः ॥ तंनिर्भर्त्स्याथकुपितःसदीनोराजसेवकः ॥१५॥ आनीयतामरेवेत्रमस्माकमयशस्करः ॥ कुलांगारस्यदुर्बुद्धेश्चतुर्थोऽस्योदितोदमः ॥१६॥ दैतेयचंदनवनेजातोऽयंकंटकद्रुमः ॥ यन्मूलोन्मूलपरशोर्विष्णोर्नालायितोऽर्भकः ॥१७॥ इतितंविविधोपायैर्भीषयंस्तर्जनादिभिः ॥ प्रन्हादंग्राहयामास [illegible] दनं ॥१८॥ ततएनंगुरुर्ज्ञात्वा ज्ञातज्ञेयचतुष्टयं ॥ दैत्येंद्रंदर्शयामासमातृमृष्टमलंकृतं ॥१९॥ पादयोःपतितंबालंप्रतिनंद्याशिषाऽसुरः ॥ परिष्वज्यचिरंदोर्भ्यांपरमामापनिर्वृतिं ॥२०॥ आरोप्यांकमवघ्रायमूर्धन्यश्रुकलांबुभिः ॥ आसिंचन्विकसद्वक्त्रमिदमाहयुधिष्ठिर ॥२१॥ हिरण्यकशिपु० प्रन्हादानूच्यतांतातस्वधीतंकिंचदुत्तमं ॥ कालेनैतावताऽऽयुष्मन्यदशिक्षद्गुरोर्भवान् ॥२२॥ प्रन्हाद० श्रवणंकीर्तनंविष्णोःस्मरणंपादसेवनं ॥ अर्चनंवंदनंदास्यंसख्यमात्मनिवेदनं ॥२३॥ इतिपुंसाऽर्पिताविष्णौभक्तिश्चेन्नवलक्षणा ॥ क्रियतेभगवत्यद्धातन्मन्येऽधीतमुत्तमं ॥२४॥ निशम्यैतत्सुतवचोहिरण्यकशिपुस्तदा ॥ गुरुपुत्रमुवाचेदंरुषा प्रस्फुरिताधरः ॥२५॥ ब्रह्मबंधोकिमेतत्तेविपक्षंश्रयतासता ॥ असारंग्राहितोबालोमामनादृत्यदुर्मते ॥२६॥ संतिह्यसाधवोलोकेदुर्मैत्राश्छद्मवेषिणः ॥ तेषामुदेत्यघंकाले रोगःपातकिनामिव ॥२७॥ गुरुपुत्र० नमत्प्रणीतंनपरप्रणीतंसुतोवदत्येषतवेंद्रशत्रो ॥ नैसर्गिकीयंमतिरस्यराजन्नियच्छमन्युंकददाःस्ममानः ॥२८॥ नारद० गुरुणैवंप्रतिप्रोक्तोभूयआहासुरःसुतं ॥ नचेद्गुरुमुखीयंतेकुतोऽभद्रासतीमतिः ॥२९॥ प्रन्हाद० मतिर्नकृष्णेपरतःस्वतोवामिथोऽभिपद्येतगृहव्रतानां ॥ अदांतगोभिर्विशतांतमिस्रंपुनःपुनश्चर्वितचर्वणानां ॥३०॥ नतेविदुःस्वार्थगतिंहिविष्णुंदुराशयायेबहिरर्थमानिनः ॥ अंधायथांऽधैरुपनीयमानावाचीशतंत्यामुरुदाम्निबद्धाः ॥३१ नैषांमतिस्तावदुरुक्रमांघ्रिंस्पृशत्यनर्थापगमोयदर्थः ॥ महीयसांपादरजोभिषेकंनिष्किंचनानांनवृणीतयावत् ॥३२॥ इत्युक्त्वोपरतंपुत्रंहिरण्यकशिपूरुषा ॥ अंधीकृतात्मास्वोत्संगान्निरस्यतमहीतले ॥३३॥ आहामर्षरुषाविष्टःकषायीभूतलोचनः ॥ वध्यतामाश्वयंवध्योनिःसा [illegible] नैर्ऋताः

વડે ફરકતા હોઠથી, ગુરૂપુત્રોને કહ્યું કે. ॥૨૫॥—હિરણ્યકશિપુ—હે દુષ્ટ બુદ્ધિવાળા બ્રાહ્મણો, તમોએ મારો અનાદર કરીને; સાર વિનાની અને શત્રુના પક્ષનો આશ્રય કરનારી; આ વાત બાળકને, કેમ શીખવી. ॥૨૬॥ આ જગતમાં કપટ વડે વેષ ધરનારા, અને જૂઠી મિત્રતા દેખાડનારા દુષ્ટ પુરૂષોના અપરાધોતો; પાપીઓના રોગની પેઠે, કાળે કરીનેજ, ઉઘાડા થાય છે. ॥૨૭॥—ગુરૂપુત્રો—હે ઇંદ્રશત્રુ, આ તમારો પુત્ર મારૂં શીખવેલું બોલતો નથી; અને બીજાનું શિખવેલું પણ, બોલતો નથી; પણ પોતાની સ્વાભાવિક બુદ્ધિથીજ બોલે છે; માટે હે રાજા,ક્રોધ શમાવો; અને અમારા ઉપર દોષ નમૂકો. ॥૨૮॥—નારદ—ગુરૂ પુત્રોએ એ રીતે કહ્યું, ત્યારે તે અસુરે ફરીથી, પુત્રને કહ્યુંકે: "હે અભદ્ર, ગુરૂના ભણાવવાથી, તારી બુદ્ધિ દુષ્ટ નથી થઇ: તો પછી શા થકી થઇ છે?" ॥૨૯॥—પ્રલ્હાદ—ઘરમાં બંધાઇ ગયેલા—વારંવાર ચાવેલાનેજ ચાવનારા—અને ઇંદ્રિયાદિકને નહીં જીતવાથી, જન્મ મરણને પામ્યા કરતા—પુરૂષોની બુદ્ધિ પોતા થકી—બીજાથકી—અથવા પોતે અને બીજે બંને થકી—પણ; કૃષ્ણ ભગવાન વિશે, પ્રાપ્ત થતી નથીજ. ॥૩૦॥ ભગવાનની વેદ વાણી રૂપ, તાંતણાનાં બનેલ; ઘણાં દોરડાં થકી બંધાયલા—દુષ્ટ વાસનાઓ વાળા—અને દ્વૈતને સત્ય માનનારા એવા લોક; આંધળાઓએ દોરી જવાતા, આંધળાઓની પેઠે; વિશ્નુભગવાનની ગતિ રૂપ, પોતાના ખરા સ્વાર્થને, જાણતાજ નથી. ॥ ૩૧ ॥ જ્યાં સુધી મહાત્મા અને નિષ્કિંચન પુરૂષોના ચરણની રેજનું, તેઓ સેવન કરે નહીં. ત્યાંસુધી તેમની બુદ્ધિ ઉરૂક્રમ ભગવાનના ચરણનો સ્પર્શ પામતી નથી; અને તેથીજ તેમને થતો, સંસાર રૂપ અનર્થ; મટતો નથી. ॥૩૨॥—નારદ—એટલું બોલીને ચૂપ રહેલા પુત્રને, હિરણ્યકશિપુએ ક્રોધાંધ બુદ્ધિથી, પોતાના ખોળામાંથી ધરતી ઉપર પછાડયો. ॥૩૩॥ પછી અસહનતાથી ક્રોધે ભરાઇને, રાતી થયેલ આંખ્યોથી જોઇને; તે બોલ્યો કે; "હે રાક્ષસો, વધ કરવાને યોગ્ય, એવા આને; અહીંયાંથી લેઇ જઇને, ઉતાવળાજ મારી નાંખો. ॥૩૪॥ પોતાના સુહૃદોને તજી દેનારો, આ અધમતો; મારા ભાઇ અને તેના કાકા હિરણ્યાક્ષને મારનાર, વિ-

ના ચરણને દાસની પેઠે; પૂજનારો છે. ॥૩૪॥ એ કમઅક્કલે; પાંચ વરસની નાની ઉમરમાંજ, ન તજી શકાય, એવા માત પિતાના સ્નેહને; તજી દીધો છે; તો તે વિષ્ણુનું પણ શું ભલું કરવાનો છે. ॥૩૫॥ ઔષધની પેઠે, પોતાનું હિત કરનાર; પરાયો હોય, તો પણ તે પોતાના સંતાન તુલ્ય છે; અને રોગની પેઠે પોતાનું અહિત કરનારો પોતાના દેહથી જન્મેલો છોકરો હોવા છતાં પણ; આખા શરીરનો ઘાત, જેથી થાય; તેવા એક અંગને કાપી નાંખીને, બાકીના શરીરને બચાવવાની પેઠે; તેવા છોકરાનો પણ, ત્યાગજ કરવો જોઇએ. ॥૩૭॥ માટે મુનિઓની દુષ્ટ ઇંદ્રિયો સરખા, સુહૃદનો વેષ ધરનારા, આ શત્રુને; ખાવાના-પીવાના-સુવાના-અને બેસવાના વિગેરે; સર્વ ઉપાયોથી; મારી નાખવોજ જોઇએ." " ॥ ૩૮ ॥ એ રીતે ધણીએ આજ્ઞા કરેલા; તીક્ષ્ણ દાઢે-વિકરાળ મોઢાં-અને રાતા મોવાળાવાળા-રાક્ષસો; મારો અને કાપો; એમ ભયંકર ગર્જનાઓ કરતા; પ્રલ્હાદને સઘળાં મર્મ સ્થળોમાં ત્રિશુળો આદિ થકી પ્રહારો દેવા લાગ્યા. ॥ ૩૯-૪૦ ॥ પણ પુણ્ય વિનાના પુરૂષોએ કરેલી સત્ક્રિયાઓની પેઠે; આખા જગતના આત્મા, અને અવ્યક્ત પરબ્રહ્મ ભગવાનમાં; જોડાઇ ગયેલા મનવાળા, પ્રલ્હાદની ઉપર; તેમણે કરેલા સઘળા પ્રહારો, વ્યર્થ ગયા. ॥૪૧॥ ત્યારે હે યુધિષ્ઠિર એ રીતનો પ્રયાસ વ્યર્થ જવાથી, મનમાં શંકા પામેલો; હિરણ્યકશિપુ તેને મારી નાંખવાના બીજા ઉપાયો; મોટા આગ્રહ સહિત કરવા લાગ્યો. ॥૪૨॥ પણ, તેને દિગ્ગજોના હાથીઓ પાસે મૂકવાથી-સાપ કરડાવાથી-અભિચાર પ્રયોગો કરવાથી-ઉંચેથી પાડીનાંખવાથી-માયાના પ્રયોગથી-ખાડાઓ વિગેરેમાં રૂંધી રાખવાથી-ઝેર ખવરાવાથી-ભૂખ્યો રાખવાથી-હિમ, વાયુ, અગ્નિ, અને પાણી વિગેરેમાં નાંખવાથી-અને પર્વતો ઉપરથી ગગડાવી પાડવાથી; વિગેરે ઉપાયો વડે; જ્યારે એ નિર્દોષ પુત્રને મારી નાંખવાને, તે અસુર શક્તિમાન ન થયો; ત્યારે તેને, ઘણીજ મોટી ચિંતા ઉત્પન્ન થઇ; અને કંઇ ઉપાય સુઝ પડ્યો નહીં. ॥૪૩-૪૪॥ અને વિચારવા લાગ્યો કે; મેં એને ઘણાં ખરાબ વચનો કહ્યાં, તથા એના વધના

॥३४॥ अयंमेभ्रातृहासोऽयंहित्वास्वान्सुहृदोऽधमः ॥ पितृव्यहंतुर्यःपादौविष्णोर्दासवदर्चति॥३५॥ विष्णोर्वासाध्वसौकिंनुकरिष्य[illegible]
सः॥ सौहृदं[illegible]॥३६॥ परोऽप्यपत्यं[illegible]यथौषधंस्वदेहजोऽप्यामयवत्सुतोऽहितः॥छिंद्यात्तदंगं[illegible]ऽहि
तेशेषंसुखंजीवतिय[illegible]॥३७॥ सर्वैरुपायैर्हंतव्यःसंभोजशयनासनैः॥ सुहृल्लिंगधरःशत्रुर्मुनेर्दुष्टमिवेंद्रियं॥३८॥नैर्ऋतास्तेसमादिष्टाम
र्त्रावै[illegible]णयः॥ [illegible]श्मश्रुशिरोरुहाः॥३९॥नदंतोभैरवान्नादांश्छिंधिभिंधीतिवादिनः॥ आसीनंचाहनञ्छूलैःप्रन्हा
दं[illegible]:॥४०॥ परेब्र[illegible]ण्यनिर्देश्येभगवत्यखिलात्मनि ॥ युक्तात्मन्यफ[illegible]आसन्नपुण्यस्येव[illegible]त्क्रियाः॥४१॥ प्रयासेऽपहतेतस्मिन्दैत्येंद्रः
परिशंकितः॥ चकारतद्वधोपायान्निर्बंधेनयुधिष्ठिर ॥४२॥ [illegible]श्च अभिचारावपातनैः ॥ मायाभिःसन्निरोधैश्चगरदानैरभोजनैः
॥४३॥ हिम[illegible]सलिलैःपर्वताक्रमणैरपि॥ नशशाकयदाहंतुमपापमसुरःसुतं॥ चिंतांदीर्घतमांप्राप्तस्तत्कर्तुंना[illegible]यपद्यत ॥४४॥ एषमेब
व्हसाधूक्तोवधोपायाश्चनिर्मिताः ॥ तैस्तैर्द्रोहैरसद्धर्मैर्मुक्तःस्वेनैवतेजसा॥४५॥वर्तमानोऽविदूरेवैबालोप्यजडधीरयं॥नविस्मरतिमेऽनार्यंशुनः
शेप[illegible]वमभुः॥४६॥ अप्रमेयानुभावोयमकुतश्चिद्भयोऽमरः॥ नूनमेतद्विरोधेनमृत्युर्मेभवितानवा॥४७॥ इतितंचिंतयाकिंचिन्म्लानश्रियमधो
मुखं॥ [illegible]विविक्त[illegible]तु ॥४८॥ जितं[illegible]जगत्त्रयंभ्रुवोर्विजृंभणत्रस्तसमस्तधिष्ण्यपं॥ नतस्यचिंत्यंतवनाथचक्ष्म
[illegible]पदं ॥४९॥ इमंतुपाशैर्वरुणस्यबध्वानिधेहिभीतोनपलायतेयथा ॥ बुद्धिश्चपुंसोवयसार्यसेवयायावद्गुरुर्भार्गवआग
मिष्यति॥५०॥ तथेतिगुरुपुत्रोक्तमनुज्ञायेदमब्रवीत् ॥ धर्मोह्यस्योपदेष्टव्योराज्ञांयोगृ[illegible]मे[illegible]नां ॥५१॥ धर्ममर्थंचकामंचनितरांचानुपूर्वशः ॥
प्र[illegible]दायोचतूराजन्प्रश्रयाऽवनतायच॥५२॥ यथात्रिवर्गंगुरुभिरात्मनेउपशिक्षितं॥नसाधुमेनेतच्छिक्षांद्वंद्वारामोपवर्णितां॥५३॥यदाचार्यः
पराष्टत्तोगृहमेधीयकर्मसु॥ [illegible]लकैस्तत्रसोपहूतःकृतक्षणैः ॥५४॥अथतान्श्लक्ष्णयावाचाप्रत्याहूय[illegible]॥ उवाचविद्वांस्तन्निष्ठांकृ

ઉપાયો કર્યા; પણ તે સઘળા દ્રોહ, અને અસત્ ધર્મો થકી; એ પોતે પોતાના પ્રભાવ થકીજ મુક્ત થયો છે. ॥૪૫॥ અને બાળક છતાં નિર્ભય બુદ્ધિથી મારી પાસેજ રહીને કુતરાની પુંછડી સરખો, મારા શત્રુને, તે વિસારતોજ નથી. ॥૪૬॥ માટે એ કહી નશકાય એવા પ્રભાવવાળો-અમરસરખો-અને કોઇથી નહીં બીહીનારો-છે; તેથી રખેને એનો વિરોધ કરવાથી; મારૂં પોતાનુંજ મોત થઇ જાય; પણ તેમ તો નજ થાય. ॥૪૭॥ એ પ્રકારની ચિંતાથી કરમાયલે મોઢે; નીચું જોઇને, સંકલ્પ વિકલ્પ કરતા તેને; શુક્રાચાર્યના પુત્ર, શંડ અને અમર્કે; એકાંતમાં કહ્યું કે, ॥૪૮॥ " આપે એકલાએજ, ત્રણે લોકને જીત્યા છે; અને આપની જરા ભમર ફરવાથીજ, સઘળા લોકપાળો ત્રાસ પામે છે; એવા આપને, ચિંતા કરવા જેવું; અમે કાંઇ જોતા નથી, બાળકની રીતભાત, એ કાંઇ ગુણ દોષનું સ્થાન નથી. ॥૪૯॥ તોપણ ઉમરે મોટા થવાથી. અને આર્ય પુરુષોની સેવા થકી; પુરૂષોની બુદ્ધિ સારી થાય છેજ; માટે જ્યાં સુધી શુક્રાચાર્ય આવે, ત્યાં સુધીમાં; ત્રાસનો માર્યો, એ ભાગી ન જાય; એવી રીતે એને વરૂણ પાશથી, બાંધી રાખવો જોઇએ; ॥ ૫૦ ॥ તેથી ગુરૂ પુત્રોને, તેમ કરવાની હા કહીને; તેણે કહ્યું કે; " તમે ગૃહસ્થાશ્રમી રાજાઓના ધર્મો, એને શીખવજો. " ॥૫૧॥ પછી હે યુધિષ્ઠિર, નમ્રતાવાન પ્રલ્હાદને તેમણે ધર્મ-અર્થ-અને કામના વિષયો; એક પછી એક શીખવ્યા. ॥૫૨॥ પણ, એ રાગદ્વેષાદિક સંસાર સુખોમાં રમનારાઓએ વર્ણન કરેલ ત્રિવર્ગનો; ગુરૂઓએ આપેલો ઉપદેશ; તેણે સારો માન્યો નહીં. ॥૫૩॥ અને તેના ગુરૂઓ, જ્યારે ઘરના કામકાજમાં રોકાતા; ત્યારે વખત મળી જતાં, સરખી ઉમરના બાળકો તેને બોલાવીને; તેની સાથે વાતો કરતા હતા. ॥૫૪॥ ત્યારે એ મહા બુદ્ધિવાન, અને જન્મ મરણાદિકની સ્થિતિને જાણનારો, પ્રલ્હાદ પણ, તેઓને બોલાવીને, દયા વડે હસવાની પેઠે, તેમની સાથે સુંદર વાણીથી બોલતો હતો. ॥૫૫॥ અને તેઓ; રાગદ્વેષાદિક સંસાર સુખોમાં રમનાર પુરૂષોના કહેવાથી, અથવા તેમનાં આચરણો જોવાવડે; નહી બગડેલી બુદ્ધિવાળા હોવાથી, પોતાનાં રમવાનાં સાધનો તજી દેઇને, પ્રલ્હાદની

મોટાથીજ; તેનામાં મન અને નજર રાખીને; બધા તેની પાસે બેસતા હતા. ત્યારે મહા ભગવતી–દયાળુ–અને સર્વેનો મિત્ર પ્રહ્લાદ, તેમને આ પ્રમાણે કહેતો હતો. ॥૫૭॥ઇતિશ્રી૦ ભા૦ સા૦ સ્કં૦ પાચમો અ૦ સં૦ ॥૫॥

અધ્યાય ૬ ઠો.—પ્રહ્લાદ–અહીંયાં દુર્લભ અને અધ્રુવ છતાં, પુરૂષાર્થ આપનારો; મનુષ્ય જન્મ પામેલા, બુદ્ધિમાન માણસોએ; બાળક અવસ્થા થકીજ ભગવતી ધર્મનું આચરણ કરવું જોઇએ. ॥૧॥ કેમકે સર્વ પ્રાણી માત્રના આત્મા, પ્રિય, સુહૃદ અને ઇશ્વર; વિષ્ણુ ભગવાનનાજ, ચરણનું શરણ, પુરૂષોએ અહીંઆં સેવાનું છે. ॥૨॥ હે દૈત્યો પ્રાણીઓને દેહનો યોગ થવાથકીજ, ઇંદ્રિયાદિકનાં સુખોતો; વગર યત્ન કરે, દુખોની પેઠે, સર્વ સ્થળે દૈવથકી પ્રાપ્ત થાયછેજ. ॥૩॥ અને જે થકી આ ઉત્તમ મનુષ્ય જન્મનું, આયુષ્ય ખરચાઇ જાય છે; એવો, તેઓને માટેનો તો પ્રયાસ કરવો ઘટિતજ નથી; કેમકે ભગવાનના ચરણ કમળની સેવા કરવાની પેઠે, તેઓ થકી કલ્યાણ થતું નથી. ॥૪॥ એટલા માટે કુશળ પુરૂષોએ, પોતાના શરીર તથા સામર્થ્યને; જ્યાં સુધી અત્યંત વિપત્તિ આવી નથી, ત્યાં સુધીમાંજ; ભયપામીને, કલ્યાણની પ્રાપ્તિને માટે યત્ન કરવો જોઇએ છીએ. ॥૫॥ પુરૂષનું આયુષ્ય, સો વરસ સુધીનું કહેવાય છે; તેનો અરધો ભાગતો અજીતેંદ્રિય પુરૂષોને, રાતોને વિશે; મહા મોહ પામીને, સુઇ રહેવામાં; અને ઉંઘમાં નિષ્ફળ જતો રહે છે. ॥૬॥ મુગ્ધપણું–બાળક અવસ્થા–અને કુમાર અવસ્થાની; રમતમાંજ વિસ વરસો જાયછે; તેમજ જરા અવસ્થા થકી પકડાઇને, અસમર્થ થયેલા દેહ વડે; વીસ વરસો જાય છે. ॥૭॥ તથા એ ઘરને વિશે આશક્તિવાળા મોહિત મનુષ્યનો; બાકી રહેલ આયુષ્યનો જુજ ભાગ; બળવાન મોહવડે, કદી પણ પૂર્ણ ન થાય એવી કામનાઓને પૂર્ણ કરવામાં; વહ્યો જાય છે. ॥ ૮ ॥ માટે અજીતેંદ્રિય. અને ઘરને વિશે આશક્તિવાન કયો પુરૂષ; એ સ્નેહપાશ-

पयात्र सन्निवा॥५५॥ [illegible]सर्वैत्यक्तक्रीडापरिच्छदाः॥ बालानदूषितधियोद्वंद्वारामेरितेहितैः॥५६॥ पर्युपासतराजेंद्रतन्न्यस्तहृदयेक्षणाः॥ तानाह करुणो मैत्रो महाभागवतोऽसुरः॥५७॥ इ०भा०म०स०पंचमोऽध्यायः॥५॥ प्रल्हाद० कौमारआचरेत्प्राज्ञो धर्मान्भागवतानिह॥ दुर्लभं मानुषं जन्म तदप्यध्रुवमर्थदं॥१॥ यथाहिपुरुषस्येहविष्णोःपादोपसर्पणं॥ यदेषसर्वभूतानांप्रियआत्मेश्वरःसुहृत्॥२॥ सुखमैंद्रियकंदैत्यादेहयोगेनदेहिनां॥ सर्वत्रलभ्यतेदैवाद्यथादुःखमयत्नतः॥३॥ तत्प्रयासोनकर्तव्योयतआयुर्व्ययःपरं॥ नतथाविंदतेक्षेमंमुकुंदचरणांबुजं॥४॥ ततोयतेतकुशलःक्षेमायभयमाश्रितः॥ शरीरंपौरुषंयावन्नविपद्येतपुष्कलं॥५॥ पुंसोवर्षशतंह्यायुस्तदर्धंचाजितात्मनः॥ निष्फलंयदसौरात्र्यांशेतेऽधंप्रापितस्तमः॥६॥ मुग्धस्यबाल्येकौमारेक्रीडतोयातिविंशतिः॥ जरयाग्रस्तदेहस्ययात्यकल्पस्यविंशतिः॥७॥ दुरापूरेणकामेनमोहेनचबलीयसा॥ शेषंगृहेषुसक्तस्यप्रमत्तस्यापयातिहि॥८॥ कोगृहेषुपुमान्सक्तमात्मानमजितेंद्रियः॥ स्नेहपाशैर्दृढैर्बद्धमुत्सहेतविमोचितुं॥९॥ कोन्वर्थतृष्णांविसृजेत्प्राणेभ्योऽपियईप्सितः॥ यंक्रीणात्यसुभिःप्रेष्ठंतस्करःसेवकोवणिक्॥१०॥ कथंप्रियायाअनुकंपितायाःसंगरहस्यंरुचिरांश्चमंत्रान्॥ सुहृत्सुचस्नेहसितःशिशूनांकलाक्षराणामनुरक्तचित्तः॥११॥ पुत्रान्स्मरंस्तादुहितॄर्हृदय्याभ्रातॄन्स्वसॄर्वापितरौचदीनौ॥ गृहान्मनोज्ञोरुपरिच्छदांश्चवृत्तीस्तुकुल्याःपशुभृत्यवर्गान्॥१२॥ त्यजेतकोशस्कृदिवेहमानःकर्माणिलोभादवितृप्तकामः॥ औपस्थ्यजैह्व्यंबहुमन्यमानःकथंविरज्येतदुरंतमोहः॥१३॥ कुटुंबपोषायवियन्निजायुर्नबुध्यतेऽर्थंविहतंप्रमत्तः॥ सर्वत्रतापत्रयदुःखितात्मानिर्विद्यतेनस्वकुटुंबरामः॥१४॥ वित्तेषुनित्याभिनिविष्टचेताविद्वांश्चदोषंपरवित्तहर्तुः॥ प्रेत्येहचाथाप्यजितेंद्रियस्तदशांतकामोहरतेकुटुंबी॥१५॥ विद्वानपीत्थंदनुजाःकुटुंबं[illegible]॥ यःस्वीयपारक्यविभिन्नभावस्तमःप्रपद्येतयथाविमूढः॥१६॥ यतोनकश्चित्क्वचकुत्रचिद्वादीनःस्वमात्मानमलंसमर्थः॥ विमोचितुंकामदृशांविहार[illegible]विसर्गः॥१७॥ ततोविदूरात्परिहृत्यदैत्यादैत्येषुसंगंविषयात्मकेषु॥ उपेतनारायणमादिदेवंविमुक्तसंगैरिषितोऽपवर्गः॥१८॥ नह्यच्युतंप्रीणयतोबह्वायासोऽसुरात्मजाः॥ आत्मत्वात्सर्वभूतानांसिद्धत्वादि

થી મજબૂત બંધાઇ ગયેલા, પોતાના આત્માને, છોડાવવાનો ઉત્સાહ રાખી શકે છે. ? ॥૯॥ અને જેને પોતાના પ્રાણને સાટે પણ; ચોરો–નોકરો–અને વેપારીઓ મેળવે છે; તેવા પ્રાણથકી પણ વધુ પ્રિય ધનની તૃષ્ણાને તજી શકે; એવો કોણ છે. ? ॥૧૦॥ દયાને પાત્ર પ્યારીના રહસ્ય સંગને–તેના સુંદર વિચારોને–અને સંબંધીઓના સ્નેહને–કાલું કાલું બોલનારાં બાળકોમાં આશક્તિ પામેલા મનવાળો, તે; કેવી રીતે છોડી શકે. ॥૧૧॥ પુત્રોને–હૃદયમાં લાગેલી દીકરીઓને–ભાઇ અને બેહેનોને–રાંક મા બાપને–મનને ગમતા અને ઘણા સરસામાન વાળા ઘરને–વંશ પરંપરાની આજીવિકાને––અને પશુઓ તથા ચાકરોના વર્ગોને; તેમનું વારંવાર સ્મરણ કરતો, તે; કેવી રીતે તજી શકે. ? અને લોભને લીધે કામનાઓ થકી તૃપ્ત નહીં થયેલો, તથા ઉપસ્થ અને જીભના રસનેજ, અધિક માનનારો; તે, કોશેટાના જીવડાની પેઠે; કર્મો કરવા રૂપ અત્યંત મોહ થકી, કેવી રીતે છૂટો થઇ શકે. ? ॥ ૧૨–૧૩ ॥ તેથી તે મોહિત પુરૂષ, કુટુંબ પોષણ કરવામાંજ પોતાના આયુષ્યના અને પુરૂષાર્થના, થઇ જતા નાશને જાણતો નથી; અને તે કુટુંબમાં આશક્તિવાળો, સર્વત્ર ત્રણ પ્રકારનાં (અધિભૂત–અધિદૈવ–અને અધ્યાત્મ) થકી દુખી થવા છતાં; વૈરાગ્યને પામતો નથી. ॥૧૪॥ અને પરાયું ધન હરણ કરનારને અહીંયાં તથા પરલોકમાંથતાં દુઃખો થકી, પોતે જાણીતો છતાં; તે અજીતેંદ્રિય અને ધનમાં લાગેલા ચિત્ત વાળો, તથા તૃષ્ણાઓ શાંત નહીં થયેલો કુટુંબી; પારકા ધનનું હરણ કરે છે. ॥૧૫॥ વળી હે દનુજો, કુટુંબનું પોષણ કરનારો, આ વાતને જાણનારો પુરૂષ પણ; "આ મારૂં અને આ પરાયાનું;" એવી ભેદ દ્રષ્ટિવાળા મૂઢ પુરૂષોની પેઠેજ પરમાત્માનાપદને નહીંપામતાં, નરકનેજ પામેછે. ॥૧૬॥ એટલા માટે કામનાઓને ઇચ્છનારો–વિહાર અને ક્રિડા વિશે, માંકડા સરખો થયેલો–અને કુટુંબની બેડીથી બંધાયેલો, કોઇ પણ પુરૂષ, પોતાના રાંક આત્માને; કોઇ કાળે અને કોઇ પણ સ્થળે, તેઓ થકી, છોડાવવાને; શક્તિમાન થતોજ નથી. ॥૧૭॥ માટે હે દૈત્યોના પુત્રો, તમે વિષયોને વિશે લાગી રહેલા, બીજા દૈત્યોના સંગને; તુરંજ છોડી દેઇને,

આદિ દૈત્ય નારાયણનુંજ શરણ લ્યો; કેમકે સંગથકી મુક્ત થયેલાઓએ, મોક્ષને માટે એ રીતેજ કરેલ છે. ॥૧૮॥ વળી હે અસુર બાળકો, અહીંયાં સર્વ પ્રાણી આદિને વિષે આત્મસ્વરૂપથી રહેલા અચ્યુત ભગવાન સર્વ પ્રકારે સિદ્ધ હોવાથી; તેમને પ્રસન્ન કરવામાં ઘણી મેહેનત કરવી પડે, તેમ પણ નથી. ॥૧૯॥ અને સ્થાવરથી માંડીને છેક બ્રહ્મા સુધીના સર્વ પ્રાણીઓમાં—જડમાં—ચૈતન્યમાં—પાંચ મહાભૂતોમાં—પાંચ મહાભૂતોથી બનેલા સર્વ પ્રાણી પદાર્થાદિકમાં—તેમના વિકારોમાં—મહત્તત્વમાં—ત્રણ ગુણોમાં—પ્રકૃતિમાં અને પ્રકૃતિના ગુણોનો વિકાર થવાથી થયેલાં સર્વેમાં; એ સર્વ થકી પર એવા, આત્મસ્વરૂપ—અવ્યય—અને એકજ, એવા ઈશ્વર ભગવાન રહેલા છે. ॥૨૦—૨૧॥ વળી જેની કલ્પના, તે આ પ્રકારે છે; એમ થઈ શકતી નથી; અને આ રીતે છે એમ બોલવા વિશેષથી, જણાવી શકાતા નથી; એવા; તથા ન જણાવામાં આવે એવા; સર્વ વ્યાપક, અને આત્મસ્વરૂપ ભગવાનજ; દૃશ્ય અને વ્યાપ્ય રૂપે થયેલા છે; એમ જાણો. ॥૨૨॥ એટલે કેવળ આનંદના અનુભવ સ્વરૂપ, એ પરમેશ્વરજ ગુણોને ઉત્પન્ન કરનારી પોતાની માયા વડે, પોતાના ઐશ્વર્યને છુપાવીને; એ સર્વ રૂપે થયેલાનું; જોવામાં આવે છે. ॥૨૩॥ એટલા માટે, તમો સર્વ અસુરના સ્વભાવને મૂકી દેઈને, સર્વ પ્રાણી માત્રના ઉપર દયા અને સુહૃદ ભાવ રાખો; કે જેથી અધોક્ષજ ભગવાન તમારા ઉપર પ્રસન્ન થશે. ॥૨૪॥ અને એ અનંત અને આદિ પુરૂષ ભગવાન, પ્રસન્ન થયા કેડે: નમળે એવી વસ્તુ કાંઈજ હોતી નથી; છતાં ભગવાનના ચરણ રૂપી સાર વસ્તુનું સેવન કરનારા, અને તેમનું કીર્તન કરનારા, આપણ લોકોને; એ પોતાની મેળેજ પ્રાપ્ત થનાર, અને કાળે કરીને નાશ પામી જનાર; ધર્મ—અર્થ—અને કામ સંબંધી પદાર્થાદિકની, તથા મોક્ષની પણ; ઇચ્છા કરવાનું એ, કશું કામજ નથી. ॥૨૫॥ અને ધર્મ—અર્થ અને કામ એ ત્રિવર્ગ—તથા વેદમાં નિરૂપણ કરેલ આત્મવિદ્યા—કર્મકાંડની વિદ્યા—તર્ક શાસ્ત્ર—દંડનીતિ—અને બીજાં અનેક પ્રકારની આજીવિકા સંબંધીનાં શાસ્ત્રો આદિક; પણ જે પુરૂષને, પોતાના ખરા સુહૃદ અને પર-

.सर्वतः॥१९॥ परावरेषुभू[illegible]तस्थावरादिषु ॥ भौतिकेषुविकारेषुभूतेष्वथमहत्सुच॥२०॥ गुणेषुगुणसाम्येचगुणव्यतिकरेतथा॥एक
एवपरोह्यात्माभगवानीश्वरोऽव्ययः २१ प्रत्यगात्मस्वरूपेणदृश्यरूपेणचस्वयं॥ व्याप्यव्यापकनिर्देश्योह्यनिर्देश्योऽविकल्पितः२२ केवला
नुभवानंदस्वरूपःपरमेश्वरः॥ माययांऽतर्हितैश्वर्यईयतेगुणसर्गया २३ तस्मा[illegible]तसौहृदं ॥ आसुरंभावमुन्मुच्ययथातुष्यत्य
धोक्षजः॥२४॥ तुष्टेचतत्रकिमलभ्यमनंतआद्येकिंतैर्गुणव्यतिकरादिहयेस्वसिद्धाः॥ धर्मादयःकिमगुणेनचकांक्षितेनसारंजुषांचरणयोरुप
गायतांनः॥२५॥धर्मार्थकामइतियोऽभिहितस्त्रिवर्ग ईक्षात्रयीनयदमौविविधाचवार्ता॥मन्येतदेतदखिलंनिगमस्यसत्यंस्वात्मार्पणंस्वसुहृदः
[illegible]॥२६॥ज्ञानंतदेतदमलंदुरवापमा[illegible]नारायणोनरसखःकिलनारदाय॥एकांतिनांभगवतस्तदकिंचनानांपादारविंदरजसाप्लुतदेहि
नास्या[illegible] ॥२७॥ श्रुतमेतन्मयापूर्वंज्ञानंविज्ञानसंयुतं॥धर्मंभागवतंशुद्धंनारदाद्देवदर्शना[illegible] ॥२८॥ दैत्यपुत्रा ०प्रल्हादत्वंवयंचापिनर्तेऽन्यंविद्महे
गुरुं॥एताभ्यांगुरुपुत्राभ्यां[illegible]श्वरौ॥२९॥बालस्यांतःपुरस्थस्यमहत्संगोदु[illegible]षः॥ छिंधिनःसंशयंसौम्यस्या[illegible]द्विश्रंभकारणं ३०
इतिश्रीभागवतेमहापुराणेसप्तमस्कंधेप्रल्हादानुचरितेषष्ठोऽध्यायः ॥६॥
नारद०ए[illegible]त्यसुतैःपृष्टोमहाभागवतोऽसुरः॥उवाचस्मयमानांस्तान्स्मरन्मदनुभाषितं॥१॥प्रल्हाद०पितरिप्रस्थितेऽस्मांकंतपसेमंदराचलं
॥युद्धोद्यमंपरंच[illegible]विबुधादानवान्प्रति ॥२॥ पिपीलिकैरहिरिवदिष्ट्यालोकोपतापनः॥ [illegible]पाऽभक्षीतिवादिनोवासवादयः॥३॥तेषामति
बलोद्योगंनिशम्यासुरयूथपाः॥वध्यमानाःसुरैर्भीताहुद्रुवुःसर्वतोदिशं॥४॥कलत्रपु[illegible]मित्राप्तान्गृ[illegible]न्पशुपरिच्छदान्॥नावेक्षमाणास्त्वरिताः
[illegible]वैप्राणपरीप्सवः ॥५॥ व्यलुंपन्राजशिबिरममराजयकांक्षिणः॥इंद्रस्तुराजमहिषींमातरंममचाग्रहीत्॥६॥नीयमानांभयोद्विग्नांरुदतींकुर
रीमिव॥यदृच्छयागतस्तत्रदेवर्षिर्ददृशेपथि ॥७॥ प्राहमैनांसुरपतेनेतुमर्हस्यनागसं॥मुंचमुंचमहाभागसतींपरपरिग्रहं॥८॥इंद्र०आस्तेऽस्या

મેશ્વર ભગવાનને વિષે, પોતાનો આત્મા (મન અને શરીર બંને) અર્પણ કરી દેવાને માટે; સાધન રૂપ થાય; તોજ સત્ય એકડે સત્ય માનવાં જોઈએ. ॥૨૬॥ મળવાને અશક્ય એવું આ નિર્મળ જ્ઞાન, નરના સખા નારાયણ ઋષિએ નારદજીને કહ્યું હતું. અને તે જ્ઞાન, ભગવાનના એકાંતિક અને નિષ્કિંચન ભક્તોના ચરણ કમળની રજમાં નહાનારાઓનેજ, એટલે ભક્તોની સેવા કરનારાઓનેજ; પ્રાપ્ત થઈ શકે છે. ॥૨૭॥ તથા તે દેવના સરખા દર્શન વાળા નારદજી થકીજ, મેં પૂર્વકાળમાં આ શુદ્ધ ભાગવત ધર્મ, તથા વિજ્ઞાન સહિત જ્ઞાન, સાંભળેલું છે. ॥૨૮॥—દૈત્ય પુત્રો—હે પ્રહ્લાદ તમે અને અમે બધાઓ; આ બે ગુરૂ પુત્રોના તાબામાં બાળપણથીજ છીએ; તેથી એ બે સિવાય બીજા કોઈ પણ ગુરૂને આપણે જાણતા નથી. ॥૨૯॥ વળી હે સારા સ્વભાવ વાળા પ્રહ્લાદ, તમે જનાનખાનામાં રહેનારા બાળકને, મહાત્માઓનો સમાગમ થવાનું પણ, નહીં બની શકવા જેવું છે; માટે એ બાબતમાં વિશ્વાસ આવવા સરખું, જે કાંઈ કારણ હોય, તે કહીને તમે અમારો સંશય મટાડો. ॥૩૦॥ ઇતીશ્રી૦ ભા૦ સાતમા સ્કંધનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. ॥૬॥

અધ્યાય ૭ મો.—નારદ—ત્યારે એ પ્રમાણે દૈત્ય બાળકોએ પૂછવાથી, મહાભગવતી પ્રહ્લાદે, મારા કહેલાને સંભારીને; તેમને હસીને કહ્યું કે. ॥૧॥—પ્રહ્લાદ—મારા બાપ મંદરાચળમાં તપ કરવાને ગયા હતા, ત્યારે દેવતાઓએ દાનવોની સામે મોટું યુદ્ધ કરવાનો આદર કર્યો. ॥૨॥ અને ઇંદ્રવિગેરે તેઓ બોલવા લાગ્યા કે, કીડીઓ સાપને ખાઈ જવાની પેઠે, લોક માત્રને પરિતાપ પમાડનારા. એને એનું પાપજ ખાઈ ગયું; એ ઘણું સારૂં થયું. ॥૩॥ અને દેવતાઓનું ઘણું બળ અને ઉદ્યોગ જોઈને, દેવતાઓથી મારી નખાવાથી બીહીનેલા; મોટા મોટા અસુરો ચારેકોર દિશાઓમાં ભાગી ગયા. ॥૪॥ તથા તેઓ પોતાની સ્ત્રીઓ પુત્રો—મિત્રો—સગાં—ઘરો—પશુઓ—અને સરસામાન વિગેરે તરફ, નજર નહીં કરતાં; પોતાના પ્રાણ માત્રનું રક્ષણ કરવાની ઇચ્છાથી, ઉતાવળા ગયા. ॥૫॥ તેમજ જયની ઇચ્છાવાળા દેવતાઓએ, રાજધાની એટલે મારા પિ-

ગાન; સ્થાનને સૂંઘ્યું; અને ઈંદ્રે મારીમાને પકડી લીધી. ॥૬॥ તેથી ભય વડે ઉદ્વેગ પામીને ટિટોડીની પેઠે રડતી, તેને માર્ગમાં લેઈજવાતાં; ત્યાં યદ્દચ્છાથી આવી ચડેલા, નારદ મુનિએ જોઈ. ॥૭॥ ત્યારે તે બોલ્યા કે; હે મહાભાગ દેવતાઓના રાજા, અપરાધવિનાની એને લેઈ જવાને, તું યોગ્ય નથી; એ સતી અને પારકી સ્ત્રીને, તું છોડીદે છોડીદે. ॥૮॥–ઈંદ્ર–તેણીના જઠરમાં દેવતાઓનો દ્વેષ કરનારાનું અસહ્ય વીર્ય છે; માટે તેને પ્રસવ થતાં સુધી રાખી; બાળકનો જન્મ થયા પછી, મારે કરવાનું કામ કરીને; (અર્થાત બાળકનો નાશ કરીને;) હું તેને છોડીદઈશ. ॥૯॥–નારદ–એ તો સાક્ષાત મહાભાગવતી અને નિષ્પાપ મહાત્મા છે, માટે એને, તું મારી શકવાનો નથી; કેમકે અનંત ભગવાનના અનુચરો ઘણાજ બળવાન હોયછે. ॥૧૦॥–પ્રલ્હાદ એ પ્રમાણે નારદજીએ કહેવાથી, તેમનું બોલવું સાચું માનીને; મારી માને ઈંદ્રે છોડી દીધી; અને અનંત ભગવાનના પ્રિય ભક્તો મધ્યેની એક તેને પણ માનીને, ઈંદ્ર તેણીની પરકમા કરીને; ને પોતાના સ્વર્ગમાં ગયો. ॥૧૧॥ પછી મારી માને, નારદજી પોતાના આશ્રમમાં લેઈ ગયા; અને તેની આશ્વાસના કરીને બોલ્યા કે,

“હે દીકરી તારા સ્વામીના આવતા સુધી તું અહીંયાંજ રેહે.” ॥૧૨॥ અને મારીમા પણ, એ વાત કબુલ કરીને, દૈત્યોનો રાજા, ઘોર તપકરીને પાછો આવતાં સુધી; ત્યાંજ નિર્ભયપણાથી, નારદ ઋષિની પાસેજ, વાસ કરીને રહી. ॥૧૩॥ ત્યાં એ સતી અને ગર્ભવંતીએ. પોતાના ગર્ભની સલામતીને માટે, પોતાની ઇચ્છા પ્રમાણે, એટલે સ્વામી પાછો આવ્યા પછીજ, પ્રસવ થવા માટે; એ ઋષિની પરમ ભક્તિ વડે સેવા કરી.॥૧૪॥ અને સમર્થ મહાદયાળુ નારદજીએ; તેણીને, સાથે મને પણ ઉદ્દેશીને; ધર્મનું તત્વ અને નિર્મળ જ્ઞાન; બંનેનો ઉપદેશ કર્યો. ॥૧૫॥ હાલ સુધી ઘણો કાળ વિતવાથી, અને સ્ત્રીપણાને લીધે; મારી માને, તેનું વિસ્મરણ થયું છે; પણ એ નારદજીના અનુગ્રહથીજ, મારી સ્મૃતિનો હાલ સુધી નાશ થયો નથી, ॥૧૬॥ મારી પેઠેજ, બાળકોની અને સ્ત્રીઓની બુદ્ધિ પણ, શ્રદ્ધા રાખવા વડે, આત્મ જ્ઞાન પામી શકે છે; માટે જો તમે મારા વચનો ઉપર શ્રદ્ધા રાખશો તો; તમને પણ એ જ્ઞાન થશેજ. ॥૧૭॥ ઈશ્વર સ્વરૂપ કાળથકી, ઝાડો આદિને થતાં, ફળો વિગેરેની પેઠે; જન્મ આદિ છવિકારો (જન્મથવો–હોવું–વધવું–રૂપાંતરથવું–ઓછુંથવું–

जठरेवीर्यमविषह्यं[illegible]रद्विषः॥ आस्यतांयाव[illegible] सवंमोक्ष्येऽर्थपदवींगतः॥९॥नारद० अयंनिष्किल्बिषःसाक्षान्महाभागवतोमहान्॥त्वयानप्रा
प्स्यतेसंस्थामनंतानुचरोबली ॥१०॥ इत्युक्तास्तांविहायेंद्रोदेवर्षेर्मानयन्वचः॥अनंतप्रियभक्त्यैनांपरिक्रम्यदिवंययौ॥११॥ततोनोमातरमृ
षिःसमानीयनिजाश्रमं॥आश्वास्येहोष्यतांवत्सेयावत्तेभर्तुरागमः ॥१२॥ तथेत्यवात्सीद्देवर्षेरंतिसाऽप्यकुतोभया॥यावद्दैत्यपतिर्घोरात्तपसो
नन्यवर्तत॥१३ ऋषिंपर्यचरत्तत्रभक्त्यापरमयासती॥अंतर्वत्नीस्वगर्भस्यक्षेमायेच्छाप्रसूतये ॥१४॥ ऋषिःकारुणिकस्तस्याःप्रादादुभयमी
श्वरः॥धर्मस्यतत्त्वंज्ञानंचमामप्युद्दिश्यनिर्मलं॥१५॥तत्तुकालस्यदीर्घत्वात्स्त्रीत्वान्मातुस्तिरोदधे ॥ ऋषिणाऽनुगृहीतंमांनाधुनाप्यजहात्स्मृ
तिः ॥१६॥ भवतामपिभूयान्मे[illegible]दिश्रद्दधतेवचः॥वैशारदीधीःश्रद्धातःस्त्रीबालानांचमेयथा॥१७॥जन्माद्याःषडिमेभावादृष्टादेहस्यनात्मनः॥
फलानामिव[illegible]क्षस्यकालेनेश्वरमूर्तिना॥१८॥ आत्मानित्योऽव्ययःशुद्धएकःक्षेत्रज्ञआश्रयः॥अविक्रियःस्वदृग्घेतुर्व्यापकोऽसंग्यनावृतः १९
एतैर्द्वादशभिर्विद्वानात्मनोलक्षणैःपरैः॥अहंममेत्यसद्भावंदेहादौमोहजंत्यजेत् ॥२०॥ स्वर्णंयथाग्रावसुहेमकारःक्षेत्रेषुयोगैस्तदभिज्ञआप्नुया
त् ॥क्षेत्रेषुदेहेषुतथात्मयोगैरध्यात्मविद्ब्रह्मगतिंलभेत॥२१॥ अष्टौप्रकृतयःप्रोक्तास्त्रयएवहितद्गुणाः॥ विकाराःषोडशाचार्यैःपुमानेकःसमन्व
यात्॥२२॥ देहस्तुसर्वसंघातोजगत्तस्थुरितिद्विधा॥अत्रैवमृग्यःपुरुषोनेतिनेतीत्यतत्त्यजन् ॥२३॥ अन्वयव्यतिरेकेणविवेकेनोशतात्मना ॥
सर्गस्थानसमाम्नायैर्विमृश[illegible]रैः ॥२४॥ बुद्धेर्जागरणंस्वप्नःसुषुप्तिरितिवृत्तयः॥तायेनैवानुभूयंतेसोऽध्यक्षःपुरुषःपरः ॥२५॥ एभिस्त्रि
वर्णैःपर्यस्तैर्बुद्धिभेदैःक्रियोद्भवैः॥ स्वरूपमात्मनोबुध्येद्गंधैर्वायुमिवान्वयात्॥२६॥ एतद्द्वारोहिसंसारोगुणकर्मनिबंधनः॥ अज्ञानमूलोऽपार्थो
ऽपिपुंसःस्वप्नइवेष्यते॥२७॥ तस्माद्भवद्भिःकर्तव्यंकर्मणां[illegible]गुणा[illegible]नां॥ बीजनि[illegible]रणंयोगःप्रवाहोपरमोधियः॥२८॥ तत्रोपायसहस्राणाम

ને નાશ થવો;) દેહાદિકનેજ થતા, જોવામાં આવે છે; પણ આત્માને તે થતા નથીજ. ॥૧૮॥ આત્માતો નિત્ય–અવ્યય–શુદ્ધ–એકજ–ક્ષેત્રજ્ઞ–આશ્રય–અવિક્રિય–સ્વદ્દગ–હેતુ–વ્યાપક–અસંગ–અને અનાવૃત છે, (અર્થાત દેહાદિકતો એ બારે લક્ષણો વડે, આત્માથકી વિરૂદ્ધ પ્રકારનો છે) ॥૧૯॥ એ બાર લક્ષણો વડે; બીજાં બધાં થકી, આત્માને અલગ ઓળખી કાઢીને; મોહથકી ઉત્પન્ન થયેલ, દેહાદિકને વિશેના “હું અને મારૂં” એવા અસત ભાવને તજવો. ॥૨૦॥ સોનું કાઢનારો જેમ, તેની ક્રિયાને જાણીને; તેવડે, પથરાઓની જમાંમાંથી સોનું પામે છે; તેમ દેહરૂપી ક્ષેત્રમાંથી; અધ્યાત્મને જાણનારો; આત્મ યોગવડે, પરમાત્માની ગતિને પામે છે. ॥૨૧॥ આઠ પ્રકૃતિઓ (પ્રધાન–મહતત્વ–અહંકાર–શબ્દ–સ્પર્શ–રૂપ–રસ–ને ગંધ), ત્રણ ગુણો (સત્વ–રજ–ને તમ), અને સોળ વિકારો; (મન–દશઇંદ્રિયો–ને પાંચ મહાભૂતો;) એ રીતનાં સર્વેમાં, પુરૂષ એટલે આત્મા; એકજ વ્યાપીને રહેલાનું, (કપિલ વિગેરે) આચાર્યોએ કહેલું છે. ॥૨૨॥ અને એ સર્વેના એકઠા થવા થકી, સ્થાવર જંગમ સઘળાં શરીરો બનેલ છે; માટે આ, તે આત્મા નથી; અને આ બીજું પણ, આત્મા નથી;

એમ સર્વેનો, ત્યાગ કરવા વડેજ; આત્માને શોધી લેવો જોઈએ. ॥૨૩॥ એમ, ઉત્પત્તિ–સ્થિતિ–અને લય પામતા, જગતના થકીજ; અન્વય અને વ્યતિરેકના પ્રકારો વાળા શુદ્ધ વિવેક વડે, ધીર પુરૂષો આત્માને શોધી કાઢે છે. ॥૨૪॥ જાગ્રત–સ્વપ્ન–અને સુષુપ્તિ, એ ત્રણે બુદ્ધિની અવસ્થાઓનો; જે દૃષ્ટા રહીને અનુભવ કરનારો છે; તેજ, એ સર્વે થકી પર એવો, આત્મા અથવા પુરૂષ છે. ॥૨૫॥ ક્રિયાઓના તફાવત ઉપરથી ઉત્પન્ન થતી બુદ્ધિની એ ત્રણે અવસ્થાઓ થકી, અન્વયની રીતી વડે; ગંધ થકી વાયુને જાણવાનું થઈ શકે છે; તેમજ આત્માના સ્વરૂપને જાણી લેવાનું છે. ॥૨૬॥ અજ્ઞાન રૂપી મૂળવાળો–અને સત નહીં છતાં પુરૂષને સ્વપ્નની પેઠે દેખનારો, ગુણો અને કર્મો વડે બંધનને પમાડનારો, સંસાર થવાનું કારણ; ખરી રીતે જોતાં તો બુદ્ધિ (મન)જ છે. ॥૨૭॥ એટલા માટે, ત્રણ ગુણોવાળાં કર્મ બીજનો નાશ કરનારો, અને બુદ્ધિ (મન)ના પ્રવાહને મટાડી દેનારો યોગ; તમોએ કરવો જોઈએ છીએ. ॥૨૮॥ એવો યોગ કરવાને માટેના; હજારો ઉપાયોમાં ભગવાને પોતે કહેલો, શ્રેષ્ટ ઉપાયનો; આ એકજ છે, કે જે થકી ઈશ્વર ભગવાનને વિશે,

ઉતાવળીજ પ્રીતિ થાય છે. ॥૨૯॥ ગુરુ (જેટલે વય–વિદ્યા–ધન–જ્ઞાન–અને આચાર વિગેરેમાં પોતા થકી અધિક; તથા તેઓ વડે; આપણું રક્ષણ અને પોષણ કરનારાઓ)ની સેવા, પોતાને મળેલા સર્વ પદાર્થાદિકનું તેમને ભક્તિપૂર્વક અર્પણ કરવા વડે; અને સાધુ પુરુષોનો તથા ભક્તજનોનો સમાગમ કરી, ઈશ્વર ભગવાનના ગુણો અને કર્મોનું કીર્તન કરવાના,–તેમની કથાઓમાં શ્રદ્ધા રાખવાના,–અને ભગવાનના ચરણ કમળનું ધ્યાન કરવાના,–સાધનો વડે; ભગવાનનાં સ્વરૂપો (સૂર્ય, અગ્નિ, જળ, પૃથ્વી, બ્રાહ્મણ, ગાય, વાયુ, વૃક્ષ, આકાશ, વિષ્ણુના ભક્ત, પ્રાણીમાત્ર, અને આત્મા, એ અગિયાર:) નું દર્શન, અને પૂજન આદિ કરીને; આરાધન કરવું જોઈએ. ॥૩૦–૩૧॥ તેમજ ઈશ્વર હરિભગવાન સર્વે પ્રાણીમાત્રને વિષે રહેલા છે; એ વાત મનમાં રાખીને, પ્રાણી માત્રનો તેમને જોઈતા પદાર્થાદિક આપવા વડે, અને માન પાન થકી, સારી રીતે સત્કાર કરવો જોઈએ. ॥૩૨॥ આ રીતની; મન અને પાંચ જ્ઞાનેંદ્રિયો મળી ષડવર્ગને જીતીને; ઈશ્વર ભગવાનની ભક્તિ કરવા થકી, પુરુષને વાસુદેવ ભગવાન વિષે પ્રીતિ ઉત્પન્ન થાય છે. ॥૩૩॥ ભગવાને લીલાથી ધરેલાં શરીરો વડે કરેલાં, અતુલ્ય પરાક્રમો વાળાં, તેમનાં કર્મો: અને ગુણોને સાંભળવાથી, અતિઆનંદ પામીને; પુરુષનાં જ્યારે રૂવાડાં ઉભાં થાય,–છૂટે મોએ રોવાઈ જવાય,–તે મોટે સાદે ગાય, નાચે અને ઝોડ વળગેલાની પેઠે કોઈ વાર હસે, ચીસો પાડે, મૂંગો બેસે, પગે લાગે, અને વારંવાર શ્વાસ નાંખીને; હરિ–જગતપતિ અને નારાયણ વિગેરે નામો; દઈને: ભાન ભૂલીને અને લાજ મૂકીને, બોલ્યા કરે. ॥૩૪–૩૫॥ ત્યારેજ પુરુષ સર્વ બંધનો થકી છૂટીને–અને શરીર તથા મન, ભગવાનના ભાવમય થઈને,–તથા મન અને શરીરની વાસનાઓને, અને કર્મોનાં બીજને બાળીનાંખીને,–એ મહાન ભક્તિ યોગના પ્રભાવ વડે, અધોક્ષજ ભગવાનના પદને તે પામે છે. ॥૩૬॥ અને અધોક્ષજ ભગવાનના પદની પ્રાપ્તિથી, એજ; અશુભ મન વાળા પ્રાણીઓને જન્મ મરણનો નાશ કરનારૂં, તથા નિર્વાણ બ્રહ્મનું સુખ આપનારૂં, હોવાનું; બુદ્ધિમાન પુરુષો જાણે

यंभगवतोदितः॥ यदीश्वरेभगवतियथायैरंजसारतिः ॥२९॥ गुरुशुश्रूषयाभक्त्यासर्वलब्धार्पणेनच ॥ संगेनसाधुभक्तानामीश्वराराधनेनच ॥३०॥ श्र यातत्कथायांचकीर्तनैर्गुणकर्मणां ॥ तत्पादांबुरुहध्यानात्तल्लिंगेक्षार्हणादिभिः॥३१॥ हरिःसर्वेषुभूतेषुभगवानास्तईश्वरः॥इति तानिमनसाकामैस्तैःसाधुमानयेत्॥३२॥ एवंनिर्जितषड्वर्गैःक्रियतेभक्तिरीश्वरे॥वासुदेवेभगवति यासंलभतेरतिं॥३३॥ निशम्यकर्माणिगुण [illegible] र्याणिलीलातनुभिःकृतानि ॥ यदाऽतिहर्षोत्पुलकाश्रुगद्गदंप्रोत्कंठउद्गायतिरौतिनृत्यति ॥३४॥ यदाग्रहग्रस्तइवक्वचिद्धस त्याक्रंदतेध्यायतिवंदतेजनं ॥ मुहुःश्वसन्वक्तिहरेजगत्पतेनारायणेत्यात्मगतिर्गतत्रपः॥३५॥ तदापुमान्मुक्तसमस्तबंधनस्तद्भावभावानुकृता शयाकृतिः॥ निर्दग्धबीजानुशयोमहीयसाभक्तिप्रयोगेणसमेत्यधोक्षजं॥३६॥ अधोक्षजालंभमिहाशुभात्मनःशरीरिणःसंसृतिचक्रशातनं॥ तद्ब्रह्मनिर्वाणसुखंविदुर्बुधास्ततोभजध्वंहृदयेहृदीश्वरं॥३७॥ कोऽतिप्रयासोऽसुरबालकाहरेरुपासनेस्वेहृदिछिद्रवत्सतः॥ स्वस्यात्मनःस [illegible] नांसामान्यतःकिंविषयोपपादनैः ॥३८॥ रायःकलत्रंप वःसुतादयोगृहामहीकुंजरकोशभूतयः सर्वेऽर्थकामाःक्षणभंगुरायुषः कुर्वंतिमर्त्यस्यकियत्प्रियंचलाः ॥३९॥ एवंहिलोकाःक्रतुभिःकृताअमीक्षयिष्णवःसातिशयानिर्मलाः॥तस्माददृष्टश्रुतदूषणंपरंभक्त्यैकयेशं भजतात्मलब्धये ॥४०॥ यदर्थ्यर्थेहकर्माणिविद्वन्मान्यसकृन्नरः॥करोत्यतोविपर्यासममोघंविंदतेफलं ॥४१॥ सुखायदुःखमोक्षायसंकल्प इहकर्मिणः॥सदाप्नोतीहयादुःखमनीहायाःसुखावृतः ॥४२॥ कामान्कामयतेक [illegible] मिहपूरुषः॥सवैदेहस्तुपारक्योभंगुरोयात्युपैतिच ॥४३॥ किमुव्यवहितापत्यदारागारधनादयः ॥ राज्यंकोशगजामात्यभृत्याप्ताममतास्पदाः॥४४॥किमेतैरात्मनस्तुच्छैःसहदेहेननश्वरैः॥अ नर्थैरर्थ [illegible] नित्यानंदमहोदधेः॥४५॥निरूप्यतामिहस्वार्थःकियान्देह [illegible] ऽसुराः॥निषेकादिष्ववस्थासुक्लिश्यमानस्यकर्मभिः ॥४६॥ कर्माण्यारभतेदेहीदेहेनात्मानुवर्तिना॥कर्मभिस्तनुतेदेहमुभयंत्वविवेकतः ॥४७॥ तस्मादर्थाश्चकामाश्चधर्माश्चयदपाश्रयाः॥भजतानीहया

છે. એટલા માટે હૃદયમાં રહેલા ઈશ્વર ભગવાનમાંજ મન લગાડીને, તમો સર્વે તેમને ભજો. ॥૩૭॥ હે અસુર પુત્રો, વળી એ પોતાના આત્મા–પ્રાણી માત્રના સુહૃદ–અને સર્વના હૃદયને વિષે છિદ્રની પેઠે રેહેનારા, હરિ ભગવાનની ઉપાસના કરવામાં; બીજા વિષયાદિક સુખો મેળવવાના જેવો, ઘણો પ્રયાસ પણ કરવો પડતો નથી. ॥૩૮॥ તથા એ ધન–સ્ત્રીઓ–પશુઓ–પુત્રાદિક–ઘર–પૃથ્વી–હાથી–ભંડાર–વૈભવ–અને તે સિવાયના સઘળા અર્થ, અને કામનાઓ; અસ્થિર અને ક્ષણભંગુર આયુષ્યનું શું ભલું કરી શકે એવાં છે. ॥૩૯॥ તેમજ યજ્ઞો આદિક કરવાવાળા–પુણ્યોના ઓછાવત્તાપણા પ્રમાણે વધુ ઘટુ સુખો વાળા–અને છેવટે નાશ પામી જનારા, સ્વર્ગાદિક લોકોનું પણ, એ રીતેજ છે; માટે જેનામાં કોઈ પણ જાતનું દૂષણ દેખવામાં, કે સાંભળવામાં આવતું નથી; એવા એક ઈશ્વર ભગવાનનેજ આત્મ જ્ઞાનની પ્રાપ્તિને અર્થે, તમો સર્વે પરમ ભક્તિ થકી ભજો. ॥૪૦॥ પોતે વિદ્વાન હોવાનું સંપૂર્ણ અભિમાન રાખનારા પુરુષોને પણ, ફળની ઇચ્છા સહિત આદરેલાં કર્મો કરવા થકી; તેમણે ધારવા કરતાં ઉલટાં, અને નાશવાન ફળોનીજ, પ્રાપ્તિ થાય છે. ॥૪૧॥ અને અહીંયાં કર્મો કરનારાઓના સંકલ્પો; સુખ મેળવવાના, અને દુઃખ થકી મુક્ત થવાનાજ, હોય છે; છતાં તેઓને તે કર્મો કરવા વડે, હમેશાં દુઃખજ મળ્યા કરે છે; માટે (ફળની ઇચ્છાથી) કર્મો નહી કરનારા, નિવૃત્તિ વાળા પુરુષોજ; સુખી છે. ॥૪૨॥ વળી, પુરુષ જેને માટે, કામ્ય કર્મો કરે છે; તે દેહનો પારકો છે,–ક્ષણ ભંગુર છે,–અને વળી તે આવે છે અને જાય છે પણ ખરો: એવો છે. ॥૪૩॥ તો પછી મમતાના સ્થાન રૂપ, સંતાનો–સ્ત્રીઓ–નોકરો–સંબંધીઓ–કારભારીઓ–ઘરો–ધનાદિક–રાજ્ય–ભંડાર–અને હાથી ઘોડા વિગેરેને માટે તો; નિશ્ચય કરવાનોજ શાનો. (અર્થાત તેઓતો તેવાં છેજ.) ॥૪૪॥ એટલા માટે, નિત્ય અને આનંદના સમુદ્ર રૂપ, આત્માને; એ સર્વે દેહની સાથેજ નાશ પામી જનારા; અને તુચ્છ છતાં, પુરુષાર્થ સરખા દેખાનારાં, અનર્થોનું; કાંઈજ પ્રયોજન નથી. ॥૪૫॥ હે અસુર બાળકો, જ્યારથી ગર્ભ ધરે છે; ત્યારથી માંડીને

સઘળી, છએ અવસ્થાઓમાં; કર્મવડે ક્લેશ પામતા પ્રાણીને, અહીંયાં શો સ્વાર્થછે; તે તમેજ કહો.॥૪૬॥બુદ્ધિની આશા પ્રમાણે ચાલનારા દેહવડેજ, પ્રાણી કર્મોનો આરંભ કરે છે; અને કર્મોવડે, દેહોને ધારણ કરે છે; પણ એ બંને થાતાં, આત્મ સ્વરૂપનું વિસ્મરણ થવા રૂપ, અવિવેક થવા વડેજ; થાય છે. ॥૪૭॥ એટલા માટે, ધર્મ-અર્થ-અને કામ, એ ત્રિવર્ગના આશ્રયવાળાં, કામ્ય કર્મો થકી રહિત; એવા આત્મસ્વરૂપ ઇશ્વર હરિભગવાનને; તમો કામ્ય કર્મો વિનાના થઇનેજ, ભજો. ॥૪૮॥ પાંચ મહાભૂતોવડે પોતેજ બનાવેલા, અને "જીવ" એવું નામ પામેલા, સર્વ પ્રાણીઓના; આત્મા-ઇશ્વર-અને પ્રિય એ હરિભગવાન પોતેજ છે. ॥૪૯॥ અને દેવતાઓ-અસુરો-મનુષ્યો અને યક્ષો તથા ગંધર્વો વિગેરે હરકોઇ; એ મુકુંદ ભગવાનના ચરણનું ભજન કરવાવડેજ, મારી પેઠે કલ્યાણને પામી શકે છે. ॥૫૦॥ માટે હે દૈત્ય પુત્રો, જેવી રીતે એ હરિભગવાન, નિર્મળ ભક્તિથકી પ્રસન્ન થાય છે; તેવી રીતે પ્રસન્ન કરવાને માટે બીજાં ચાળાં ચુંથવારૂપ; બ્રાહ્મણપણું-દેવતાપણું-ઋષિપણું-વ્રત-વિદ્વતા-દાન-તપ-યજ્ઞ-શૌચ-અને સદાચાર આદિ; એક એક અગર સઘળાં એકઠાં મળીને પણ; સમર્થ થતાં નથી. ॥૫૧-૫૨॥ એટલા, માટે તમો સઘળા; સર્વ પ્રાણી માત્રને પોતા સમાન ગણીને; સર્વના આત્મા અને ઇશ્વર હરિભગવાનનીજ ભક્તિ કરો. ॥૫૩॥ અને એવી ભક્તિ કરવાથીજ; દૈત્યો-યક્ષો-રાક્ષસો-સ્ત્રીઓ-શુદ્રો-વ્રજના લોકો-પક્ષીઓ-પશુઓ-અને પાપી જીવો પણ, અચ્યુત ભગવાનના પદને વિશે; ગયેલા છે. ॥૫૪॥ માટે એ ગોવિંદ ભગવાનને વિશે એકાંતિક ભક્તિ કરીને; તેવી ભક્તિના ભાવથી, સર્વ સ્થળે એટલે જડ ચૈતન્ય સર્વમાં, એ ભગવાનનેજ દેખવા; એટલોજ આ લોકમાં પુરૂષનો પરમ સ્વાર્થ, કહેવાય છે. ॥૫૫॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ સાતમા સ્કં૦નો સાતમો અધ્યાય સંપૂર્ણ. ॥૭॥

અધ્યાય ૮ મો.-નારદ-પછીથી દૈત્યોના એ સઘળા છોકરાઓએ, તેનું કહેલું સાંભળવાથી અને મનન કરવાથી, નિર્વેદ પામીને; ગુરૂઓનું શીખવેલું, ગ્રહણ કર્યું નહીં. ॥૧॥ તેથી તેમની એ રીતની એકાંત

त्मानमनाहृ . रिमीश्वरं ॥४८॥ सर्वेषामपिभूतानांहरिरात्मेश्वरःप्रियः॥भूतैर्महद्भिःस्वकृतैःकृतानांजीवसंज्ञितः ॥४९॥ देवोऽसुरोमनुष्योवाय [illegible]र्वगंधर्व॥भजन्मुकुंदच णंस्वस्तिमान्स्याद्यथावयं॥५०॥नालंद्विजत्वंदेवत्वमृषित्वंवाऽसुरात्मजाः प्रीणनायमुकुंदस्यनवृत्तंनबहुज्ञता॥ ॥५१॥ नदानंनतपोनेज्यानशौचंनव्रतानिच ॥ प्रीयतेऽमलयाभक्त्या .रिरन्यद्विडंबनं॥५२॥ ततोहरौभगवतिभक्तिंकुरुतदानवाः ॥ आत्मौपम्येनसर्वत्रसर्वभूत ात्मनीश्वरे ॥५३॥ दैतेयायक्षरक्षांसिस्त्रियःशूद्राव्रजौकसः॥ खगामृगाःपापजीवाःसंतिह्यच्युततांगताः॥५४॥ एतावानेवलोकेऽस्मिन्पुंसःस्वार्थःपरःस्मृतः॥ एकांतभक्तिर्गोविंदेय[illegible]क्षणं ॥५५॥ इ०भा०म०सप्तमस्कंधेदैत्यपुत्रानुशासनंनामस मोऽध्यायः॥७॥ नारद० अथदैत्यसुताःसर्वेश्रुत्वातदनुवर्णितं॥ जगृहुर्निरवद्यत्वान्नैवगुर्वनुशिक्षितं॥१॥ अथाचार्यसुतस्तेषांबुद्धिमेकां .संस्थितां॥ आलक्ष्यभीतस्त्वरितोराज्ञआवेद[illegible]था॥२॥ श्रुत्वातदप्रियंदैत्योदुःसहंतनयानयं॥ कोपावेश[illegible]प्रःपुत्रंहंतुंमनोदधे॥३॥ क्षिप्त्वाप .षयावाचाप्र .दमतद .ं॥ आहेक्षमाणःपापेनतिरश्चीनेनचक्षुषा ॥४॥ प्रश्रयावनतंदांतं[illegible]लिमवस्थि.ं ॥ सर्पःपदाहतइवश्वसन्प्रकृतिदारुणः॥५॥ हेदुर्विनीतमंदात्म[illegible]दकराधम॥ स्तब्धंमच्छासनोद्वृत्तंनेष्येत्वाऽद्ययमक्षयं॥६॥ क्रु[illegible]स्ययस्य[illegible]येलोकाःसहेश्वराः॥तस्यमेऽभीतवन्मूढशासनंकिंबलोऽत्यगाः॥७॥ प्रह्लाद० नकेवलंमेभवतश्चराजन्सवैबलंबलिनांचापरेषां॥परेऽवरेऽमीस्थिरजंगमायेब्रह्मादयोयेन[illegible]॥८॥ सईश्वरःकालउरुक्रमोऽसावोजःसहःसत्वबलेंद्रियात्मा॥ सएवविश्वंपरमःस्वशक्तिभिःसृजत्यवत्यत्तिगुणत्रयेशः ॥९॥ जह्यासुरंभावमिमंत्वमात्मनःसमंमनोधत्स्वनसंतिविद्विषः॥ ऋतेऽजितादात्मनउत्पथस्थितात्तद्धिह्यनंतस्यमहत्समर्हणं॥१०॥ दस्यून्पुराषण्णविजित्यलुंपतोमन्यंतए[illegible]तादिशोदश॥ जितात्मनोज्ञस्यसमस्यदेहिनांसाधोःस्वमोहप्रभवाःकुतःपरे॥११॥ हिरण्यकशिपु० व्यक्तंत्वंमर्तुकामोऽसियोऽतिमात्रंविकत्थसे॥ मुमूर्षूणांहि मंदात्मन्ननुस्युर्विक्लवागिरः॥१२॥ यस्त्वया[illegible]जगदीश्वरः॥कासौयदिसस

મતિ થયાનુ જાણીને, ગુરૂ પુત્રો બીહીના; અને ઉતાવળાજ તેમણે રાજા પાસે જઇને, બનેલી વાત જણાવી દીધી. ॥૨॥ આ રીતનું અપ્રિય અને ન સહન થાય એવું, દીકરાનું અનીતિનું આચરણ સાંભળવાથી, કોપના આવેશથી ધ્રુજતા શરીરવાળા તે દૈત્યે; દીકરાને મારી નાંખવાનું, (ફરીવાર) મન કર્યું. ॥૩॥ પછી તેણે, તિરસ્કાર ન કરવા લાયક પ્રલ્હાદનો, કઠિણ વચનોથી તિરસ્કાર કરીને; અને પાપી તથા આડી, નજરથી જોતાં; એ નમ્રતાથી નમેલા-શાણા-અને હાથ જોડીને ઉભેલા પ્રલ્હાદને; પગથી મારેલા દારૂણ પ્રકૃતિવાળા સાપની પેઠે; ફુંફાડા મારતાં કહ્યું કે. ॥૪॥ હે વિનય વિનાના-મંદ બુદ્ધિ-કુળનો ભેદ કરનારા-અધમ-મૂઢ-અને મારી આજ્ઞા તોડનારા-તને હું હમણાંજ યમલોકમાં મોકલું છું. ॥૬॥ જેના ક્રોધ કરવાથી ત્રણે લોક લોકપાળો સહિત કંપે છે; એવા હુંની, આજ્ઞાનું તું મૂઢ નિર્ભયની પેઠે, ઉલંઘન કોના બળવડે કરે છે. ॥૭॥-પ્રલ્હાદ-હે રાજા, કેવળ મારે અને તમારેજ નહીં; પણ બીજા બધા બળવાળાઓને પણ; જેણે પૂર્વનાં અને પછીનાં, સ્થાવર જંગમો સહિત, બ્રહ્માદિકને, પોતાને વશમાં રાખેલા છે; તેનુંજ બળ છે. ॥૮॥ એ ઘણાં પરાક્રમોવાળા ઇશ્વર કાળજ, પ્રાણી માત્રના શરીરની શક્તિ-મનની શક્તિ-અને ઇંદ્રિયની શક્તિ રૂપે; તથા આત્મા રૂપે છે; અને એ ત્રણ ગુણોના ઇશ્વર ભગવાનજ, પોતાની મોટી શક્તિ (માયા) થકી, વિશ્વને સર્જે છે-પાળે છે-અને નાશ પણ કરે છે. ॥૯॥ માટે અવળે મારગે ચાલનારા, અને ન જીતાય એવા, મન શિવાય બીજો કોઇ દૂશ્મનો કરનારો, છેજ નહીં, એમ જાણી તમો, પોતાનો અસુર ભાવ છોડી દેઇને; મનને વિશે સમતા રાખો. અને તેમ કરવું, એજ અનંત ભગવાનનું મોટામાં મોટું પૂજન સમજો. ॥૧૦॥ લુંટ કરનારા છ ઇંદ્રિયોરૂપી ચોરોને પ્રથમથી જીત્યા વિના, પોતે દશે દિશાઓને જીતેલાનું કેટલાએક માને છે; પણ મનને જીતનારા, અને પ્રાણી માત્રને વિશે સમદૃષ્ટિવાળા સાધુ તથા જ્ઞાનવાન પુરૂષોને તો; પોતાનાજ મોહવડે ઉત્પન્ન થનારા, પરાયાઓ એટલે શત્રુઓ હોતાજ નથી. ॥૧૧॥-હિરણ્યકશિપુ-તું આ ઘણું ઘણું બકે છે;

તેથી મરવાનીજ ઇચ્છાવાળો છે: એમ જણાય છે; હે મંદ બુદ્ધિવાળા, મરવાને તૈયાર થયેલાઓની વાણી, તેવે ટાણે તારી પેઠેજ, અનિશ્ચિત થઇ જાય છે. ॥૧૨॥ હે મંદ ભાગ્યવાળા, તેં જે કહ્યો, તે જગતનો ઇશ્વર; મારા વિના બીજો કયે ઠેકાણે છે; જો તે સર્વ સ્થળેજ હોય તો, આ થાંભલામાં શા માટે દેખાતો નથી. ॥૧૩॥ માટે તું આવું બોલનારનું માથું, શરીર ઉપરથી, હું હમણાંજ કાપી લેઉં છું; તેં જે-નું શરણ ઇચ્છેલું છે, તે હરિ; તારું ભલે રક્ષણ કરે ॥૧૪॥—નારદ—એ પ્રમાણે પોતાના મહા ભાગવતી પુત્રને, દુષ્ટ વચનોથી વારંવાર પીડા કરતાં; એ મોટા અસુરે ક્રોધથી તરવાર લીધી; અને પોતાના મોટા આસન ઉપરથી, કૂદકો મારીને, ઘણા બળથી એ તરવારના મુઠ થાંભલામાં મારી. ॥૧૫॥ ત્યારે હે યુધિષ્ઠિર, તે થાંભલામાંથી અતિ ભયંકર ગરજના થઇ; જેથી આખું બ્રહ્માંડ એકેર મારી ગયું; અને તે ગરજના બ્રહ્મા-દિક પોતાનાં સ્થાનકોમાં સાંભળતાં; પોતાનાં ધામોનો નાશ થવાનું માન્યું. ॥૧૬॥ બળ કરીને પુત્રને મારી નાંખવાની ઇચ્છાથી, પરાક્રમ કરતા એ દૈત્યે; આગળ કદી નહીં સાંભળેલી, અદ્ભુત ગર્જના સાંભળી; કે જેથી તેની સભામાંના મોટા મોટા દૈત્યો, ત્રાસ પામ્યા. છતાં; તે ગર્જના કરનારનો પત્તો તેને લાગ્યો નહીં. ॥૧૭॥ એટલામાં, પોતાના ભૃત્ય એટલે ભક્તોએ કહેલાને; તથા સર્વ ભૂતને વિષે પોતાનું વ્યાપકપણું હોવાની વાતને; સત્ય કરવા માટે; તે આત્મ સ્વરૂપ ભગવાન, મૃગ પણ નહીં; અને મનુષ્ય પણ નહીં; એવું અતિ અદ્ભુત રૂપ ધારણ કરીને, તે સભાના થાંભલાઓની વચમાંથી, નીકળતા દેખાયા. ॥૧૮॥ ત્યારે તે થાંભલાઓની વચમાંથીનીકળતા અદ્ભુત સ્વરૂપને જોઇને, તેણે વિચાર્યું કે; આ મૃગ નથી, અને નર પણ નથી; તો નર અને સિંહના મિશ્રિત રૂપવાળું, વિચિત્ર પ્રકારનું શું હશે. ॥૧૯॥ એવો વિચાર કરતામાં તો; તપાવેલા સોના જેવી ભયંકર આંખોવાળું—ફરકતી કેશવાળી અને વિકાસેલા મોઢાવાળું—વિકરાળ દાઢોવાળું—સજીઆની ધાર જેવી અને હાલતી જીભવાળું—ઉગ્ર ભમરો અને દેખાવવાળું—અક્કડ અને ઉભા કાનવાળું—પર્વતની ગુફા જેવા પહો-

वैत्रकस्मादृढं भेनदृश्यते१३ सोऽहंविकत्थमानस्याशिरःकायाद्धरामिते॥गोपायेतहरिस्त्वाद्यपस्तेशरणमीप्सितं१४ एवंदुरुक्तैर्मुहुरर्दयन्रुषा सुतंमहाभागवतंमहासुरः ॥ खड्गंप्रगृह्योत्पतितोवरासनात्स्तंभंततडातिबलःस्वमुष्टिना ॥१५॥ तदैवतस्मिन्निनदोऽतिभीषणोबभूवयेनांडकटाहमस्फुटत्॥ यंवैस्वधिष्ण्योपगतंत्वजादयःश्रुत्वास्वधामात्ययमंगमेनिरे॥१६॥ सविक्रमन्पुत्रवधेप्सुरोजसानिशम्यनिर्ह्रादमपूर्वमद्भुतं ॥ अंतःसभायांनददर्शतत्पदंवितत्रसुर्येनसुरारियूथपाः॥१७॥ सत्यंविधातुंनिजभृत्यभाषितंव्याप्तिंचभूतेष्वखिलेषुचात्मनः॥ अदृश्यतात्यद्भुतरूपमुद्वहन्स्तंभेसभायांनमृगंनमानुषं॥१८॥ ससत्वमेनंपरितोविपश्यन्स्तंभस्यमध्यादनुनिर्जिहानं ॥ नायंमृगोनापिनरोविचित्रमहोकिमेतन्नृमृगेंद्ररूपं॥१९॥ मीमांसमानस्यसमुत्थितोऽग्रतोनृसिंहरूपस्तदलंभयानकं॥ प्रतप्तचामीकरचंडलोचनस्फुरत्सटाकेसरजृंभिताननं २० करालदंष्ट्रंकरवालचंचलक्षुरांतजिह्वंभ्रुकुटीमुखोल्बणं॥ स्तब्धोर्ध्वकर्णंगिरिकंदराद्भुतव्यात्तास्यनासंहनुभेदभीषणं ॥२१॥ दिविस्पृशत्कायमदीर्घपीवरग्रीवोरुवक्षःस्थलमल्पमध्यं ॥ चंद्रांशुगौरैश्छुरितंतनूरुहैर्विष्वग्भुजानीकशतंनखायुधं ॥२२॥ दुरासदंसर्वनिजेतरायुधप्रवेकविद्रावितदैत्यदानवं॥प्रायेणमेऽयंहरिणोरुमायिनावधःस्मृतोऽनेनसमुद्यतेनकिं ॥२३॥ एवंब्रुवंस्त्वभ्यपतद्गदायुधोनदन्नृसिंहंप्रतिदैत्यकुंजरः ॥अलक्षितोऽग्नौपतितःपतंगमोयथानृसिंहौजससिसोऽसुरस्तदा॥२४॥नतद्विचित्रंखलुसत्वधामनिस्वतेजसायोनुपुरापिबत्तमः॥ ततोऽभिपद्याभ्यहनन्महासुरोरुषानृसिंहंगदयोरुवेगया॥२५॥ तंविक्रमंतंसगदंगदाधरोमहोरगंतार्क्ष्यसुतोयथाऽग्रहीत्॥सतस्यहस्तोत्कलितस्तदाऽसुरोविक्रीडतोयद्वदहिर्गरुत्मतः॥२६॥ असाध्वमन्यंतहृतौकसोऽमराघनच्छदाभारतसर्वधिष्ण्यपाः॥तंमन्यमानोनिजवीर्यशंकितंयद्धस्तमुक्तोनृहरिंमहासुरः॥ पुनस्तमासज्जतखड्गचर्मणीप्रगृह्यवेगेनजितश्रमोमृधे॥२७॥ तंश्येनवेगंशतचंद्रवर्त्मभिश्चरंतमच्छिद्रमुपर्यधोहरिः ॥ कृत्वाऽट्टहासंखरमुत्स्वनोल्बणंनिमीलिताक्षंजगृहेमहाजवः ॥२८॥ विष्वक्स्फुरंतंग्रहणातुरंहरिर्व्यालोयथाऽऽखुंकुलिशाक्षतत्वचं॥ द्वार्यूरआपात्यद

આ મોટા અને નાકવાળું—કાન સુધી ફાડેલા મહોઢાવાળું—સ્વર્ગને અડતા શરીરવાળું—ટુંકી અને જાડી ડોકવાળું—મો-ટી છાતી અને પાતળા પેટવાળું—ચંદ્રમાની કિરણો જેવાં ધોળાં રૂવાડાંથી ભરેલા શરીરવાળું—ચારે તરફ ફરતા સેંકડો હાથ સરખા નખરૂપી આયુધોના સમુદાયવાળું—કોઇથી ગ્રહણ ન થાય એવું—અને પોતાનાં તથા બીજા દૈવોનાં આયુધો ધારણ કરેલું; તથા દૈત્યો અને દાનવોને નસાડી દેતું; સંપૂર્ણ ભયાનક નૃસિંહ રૂપ, પોતાની સામે આવીને ઉભેલું જોઇને, તેણે ધાર્યું કે; ઘણી માયાઓવાળા હરિએજ, ઘણું કરીને આ રૂપ ધરીને, મને મારવાનો ઉદ્યમ કરેલો હશે. ॥૨૦—૨૧—૨૨—૨૩॥ પછી એ રીતે બોલતો તે મોટો દૈત્ય, ગર્જના કરતો નૃસિં-હના ઉપર દોડ્યો; પણ તે વખતે નૃસિંહના તેજની અંદર એ અસુર તો, અગ્નિમાં આવી પડતા પતંગિઆની પેઠે; દેખવામાંજ આવ્યો નહીં. ॥૨૪॥ કેમકે પૂર્વકાળે પોતાના તેજથી, ગાઢ અંધકારને પી જનારા; એ સર્વ ભૂતગણના સ્થાન, ભગવાનમાં આ દૈત્ય ન દેખાય; તેમાં કાંઇજ નવાઇ નથી. પછી તે મોટા અસુરે પાસે જઇને, પોતાની મોટી ગદા ક્રોધવડે નૃસિંહને મારી. ॥૨૫॥ ત્યારે મોટા નાગને ગરૂડે પકડવાની પેઠે; એ ગદાને ધરેલા અને પરાક્રમ કરતા દૈત્યને; ગદા સહિત નૃસિંહ ભગવાને પકડી લીધો: પણ રમત કરતાં ગરૂડના હાથમાંથી, સાપ સટકી જાય; તેમ ભગવાનના હાથમાંથી, તે અસુર છૂટી ગયો. ॥૨૬॥ ત્યારે વાદળાં આડે રહીને જોનારા જેમનાં સ્થાનોનું હરણ થયું હતું; તે દેવતાઓ અને લોક પાળો સર્વે, ભુંડું થયેલાનું માનવા લાગ્યા, અને તે યુદ્ધના પરિશ્રમને સહન કરનારો દૈત્ય પોતે, નૃહરિના હાથમાંથી છૂટીજવાથી, તેમને પોતાના પરાક્રમથી બીહીનેલા માનીને; ફરીવાર ઢાલ તરવાર લેઇને વેગ સહિત તેમના ઉપર ગયો. ॥૨૭॥ ત્યારે એ બાજના જેવા વેગવાળા, અને ઢાલ તરવારના પેંતરાઓથી, સામાનો લાગ ન ફાવે, એવી રીતે ઉપર નીચે તરવાર ફેરવતા, હિરણ્યકશિપુને; ભયંકર શબ્દ વાળા તીવ્ર અટ્ટહાસથી, આંખો મિચાવી દેઇને મોટા વેગવાળા નૃસિંહ ભગવાને; ફરીથી પકડી લીધો. ॥૨૮॥ પછી સાપે પકડેલા ઉંદરની પેઠે, નૃહરિ ભ-

થવાને પકડવાથી આતુર થઇને; ચારેકોર તરફડતા, અને વજ્રથી પણ નહીં કપાયલી ચામડી વાળા, એ દૈત્યને તેમણે બારણા વચેના ઉંબરા ઉપર, પોતાના સાથળ ઉપર નાંખીને, સંધ્યાકાળ સમયે, રમતની પેઠે, નખવડે મોટા ઝેરી સાપને ગરૂડ ચીરવાની માફક ચીરી નાંખ્યો. ॥૨૯॥ અને તે પછી ક્રોધવડે સામું ન જોવાય એવા–વિકરાળ આંખ્યોવાળા–ફાટેલા અને જીભવડે ચાટતા મોઢાવાળા–હાથીને મારનારા સિંહની પેઠે, લોહીનાં ટિંપાંથી ખરડાયલા અને કેશવાળી, મોઢું અને ગળામાંની, આંતરડાંની માળાવડે, લાલ થયેલા; એ નૃસિંહ ભગવાને, પોતાના નખથી ચીરી નાંખેલા દૈત્યને, પડતો નાંખીને, તેના હજારો નાના અને મોટા, આયુધો ધરેલા અને આગળ ચાલનારા અનુચર દૈત્યોને; પોતાનાં હાથ પગના નખરૂપી આયુધોથી, અને પેનીઓથી મારી નાખ્યા.॥૩૦–૩૧॥ તેમની કેસવાળીથી વાદળાં વિખરાઇ ગયાં, દૃષ્ટિથી ગ્રહોની કાંતિ ઝાંખી પડી, શ્વાસથી સમુદ્રમાં તોફાન ઉઠયું, અને ગર્જનાથી બીનેલા દિગ્ગજો બુમો પાડવા લાગ્યા. ॥૩૨॥ કેશવાળીના ઝપાટાથી

આકાશમાં દેવતાઓનાં વિમાનો ફરવા લાગ્યાં, પગના ભારથી પીડાયલી પૃથ્વી કંપવા લાગી, વેગથી પર્વતો ઉછળવા લાગ્યા, અને એ ભગવાનના તેજથી દિશાઓ અને આકાશ ઝાંખાં દેખાવાં. ॥૩૩॥ પછી એ ભયંકર મોઢાવાળા–અતિ કોપેલા–વૈરીવિનાના–અને ક્રોધ નહીં શમવાથી, પાસે કોઇ જણ શરણું નથી એવા, સમર્થ નૃસિંહ ભગવાન; સભાની અંદર રાજાના ઉત્તમ આસન ઉપર જઇ બેઠા. ॥૩૪॥ ત્યારે એ ત્રણે લોકના મથાળા તાવરૂપ આદિ દૈત્યને હરિ ભગવાને મારેલાનું જાણવાથી, હર્ષ પામેલી આનંદિત મુખવાળી દેવતાઓની સ્ત્રીઓએ; તેમના ઉપર વારંવાર ફુલની વૃષ્ટિ કરી. ॥૩૫॥ અને ત્યાં જોવા આવેલા દેવતાઓનાં વિમાનોથી, આકાશમાં સાંકડ થઇ, તથા દેવતાઓએ, ઢોલ અને નગારાં વગાડયાં; મોટા ગંધર્વો ગાવા લાગ્યા; અને અપ્સરાઓએ નાચ કરયો. ॥૩૬॥ તથા બ્રહ્મા–ઇંદ્ર–સદાશિવ વિગેરે દેવતાઓ–ઋષિઓ–પિતૃઓ–સિદ્ધો–વિદ્યાધરો–મોટાનાગ–મનુઓ–પ્રજાપતિઓ–ગંધર્વો–અપ્સરાઓ–ચારણો–યક્ષો–કિંપુરૂષો–વૈતાળો–કિંનરો–અને સુ-

दारलीलयानखैर्यथाऽहिंगरुडोमहाविषं ॥२९॥ संरंभदुष्प्रेक्ष्यकराललोचनोव्यात्ताननांतंविलिहन्स्वजिव्हया॥ असृग्लवाक्तारुणकेसरान नाननोऽस्त्रमालीद्विपहत्ययाहरिः ॥३०॥ नखांकुरोत्पाटितत्दृत्सरोरुहंविसृज्यतस्यानुचरानुदायुधान् ॥ अहन्समंतान्नखशस्त्रपार्ष्णिभिर्दोर्दंडयूथोऽनुपथान्सहस्रशः॥३१॥ सटाऽवधूताजलदाःपरापतन्ग्रहाश्चतदृष्टिविमुष्टरोचिषः ॥ अंभोधयःश्वासहताविचुक्षुभुर्निर्न्हादभीतादिगिभाविचुक्रुशुः ॥३२॥ द्यौस्तत्सटोत्क्षिप्तविमानसंकुलाप्रोत्सर्पतक्ष्माचपदाऽतिपीडिता॥ शैलाःसमुत्पेतुरमुष्यरंहसातत्तेजसाखंककुभोनरेजिरे॥३३॥ ततःसभायामुपविष्टमुत्तमेनृपासनेसंभृततेजसंविभुं॥अलक्षितद्वैरथमत्यमर्षणंप्रचंडवक्त्रंनबभाजकश्चन॥३४॥ निशम्यलोकत्रयमस्तकज्वरंतमादिदैत्यंहरिणाहतंमृधे॥प्रहर्षवेगोत्कलिताननामुहुःप्रसूनवर्षैर्ववृषुःसुरस्त्रियः ॥३५॥ तदाविमानावलिभिर्नभस्तलंदिदृक्षतांसंकुलमासनाकिनां॥सुरानकादुंदुभयोऽथजघ्निरेगंधर्वमुख्याननृतुर्जगुःस्त्रियः॥३६॥ तत्रोपव्रज्यविबुधाब्रह्मेंद्रगिरिशादयः॥ऋषयःपितरःसिद्धाविद्याधरमहोरगाः॥३७॥ मनवःप्रजानांपतयोगंधर्वाप्सरचारणाः॥ यक्षाःकिंपुरुषास्तातवैतालाःसिद्धकिन्नराः॥३८॥ तेविष्णुपार्षदाःसर्वेसुनंदकुमुदादयः॥ मूर्ध्नि बद्धांजलिपुटाआसीनंतीव्रतेजसं ॥ ईडिरेनरशार्दूलंनातिदूरचराःपृथक् ॥३९॥ ब्रह्मा० नतोऽस्म्यनंतायदुरंतशक्तयेविचित्रवीर्यायपवित्रकर्मणे॥ विश्वस्यसर्गस्थितिसंयमान्गुणैःस्वलीलयासंदधतेऽव्ययात्मने४० श्रीरुद्र०कोपकालोयुगांतस्तेहतोऽयमसुरोऽल्पकः॥तत्सुतंपाह्युपसृतंभक्तंतेभक्तवत्सल॥४१॥इंद्र० प्रत्यानीताःपरमभवतात्रायतानःस्वभागादैत्याक्रांतंहृदयकमलंतद्गृहंप्रत्यबोधि॥ कालग्रस्तं कियदिदमहोनाथशुश्रूषतांते मुक्तिस्तेषांनहिबहुमतानारसिंहापरैःकिं॥४२॥ ऋषय० त्वंनस्तपःपरममात्थयदात्मतेजोयेनेदमादिपुरुषात्मगतंससर्ज॥ तद्विप्रलुप्तममुनाऽद्यशरण्यपालरक्षागृहीतवपुषापुनरन्वमंस्थाः॥४३॥पितर० श्राद्धानिनोऽधिबुभुजेप्रसभंतनूजैर्दत्तानितीर्थसमयेऽपितिलांबुमिश्रान्॥ तस्योदरान्नखविदीर्णवपाद्यआर्च्छत्तस्मैनमोनृहरयेऽखिलधर्मगोप्त्रे॥४४॥ सिद्धा० योनोगतिंयोगसिद्धाम

નંદ તથા કુમુદ વિગેરે વિષ્ણુના પાર્ષદો; એ સઘળાએ ત્યાં આવી, જરા દૂર ઉભા રહીને; એ તીવ્ર તેજવાળા અને સભામાં બેઠેલા, નૃસિંહ ભગવાનની સામે હાથ જોડી, માંથા નમાવીને, પૃથક પૃથક સ્તુતિ કરી કે. ॥૩૭–૩૮–૩૯॥ **બ્રહ્મા**–આપ અનંત–અપાર શક્તિઓ વાળા–વિચિત્ર પરાક્રમોવાળા–પવિત્ર કર્મોવાળા–અને લીલાથકી ગુણોવડે વિશ્વની ઉત્પત્તિ–સ્થિતિ–તથા લય કરનારા; અને અવિકારી સ્વરૂપ વાળા; તે હું નમસ્કાર કરૂં છું. ॥૪૦॥ **શ્રી રૂદ્ર**–આપના કોપનો સમયતો, યુગના અંત વખતે છે, તોપણ આ અલ્પ અસુરને આપે મારવાથી; તેનો દીકરો જે આપનો ભક્ત, અને આપને શરણે આવનાર છે; તેનું ભક્ત વત્સળ આપ રક્ષણ કરો. ॥૪૧॥ **ઇંદ્ર**–હે નૃસિંહ ભગવાન, આપે દૈત્ય પાસેથી અમને અમારા ભાગ પાછા અપાવીને; તથા આપના ધ્યાન કરવાના સ્થાન રૂપ, હૃદયને, ભય રહિત કરીને; અમારૂં રક્ષણ કરયું છે; આપની સેવાની આગળ; કાળથકી નાશ થનાર આ ત્રિલોકીના રાજ્યને, અને મુક્તિને પણ; અમે વધુ માનતા નથી

તો બીજાં ગ્રામ્ય સુખોનો તો હિસાબજ શાનો હોય. ૩ ॥૪૨॥ **ઋષિઓ**–હે આદિ પુરૂષ, જેનાથકી આપે પોતાનામાં રહેલા જગતને સરજ્યુ છે, તે આપના પ્રભાવ રૂપ પરમતત્વ તપ; આપેજ અમને દેખાડેલું છે; તેનો લોપ થઇજતાં; શરણાંગતોનું રક્ષણ કરનારા આપે, આસ્વરૂપ ધરીને; તેનું રક્ષણ કરી, ફરીથી સ્થાપન કરેલ છે. ॥૪૩॥ **પિતૃઓ**–આ અસભ્ય દૈત્ય અમને અમારા પુત્રો આદિ થકી અપાતાં શ્રાદ્ધોને; અને તીર્થ કાળે અપાતાં તલ અને જળને; બળાત્કારથી લેઇલેતો હતો, તેનું પેટ નખવડે ચીરી નાંખીને, સઘળું આપે અમને અપાતું કરયું છે; એવા સર્વે ધર્મોનું રક્ષણ કરનારા, નરહરિ ભગવાનને અમારા નમસ્કાર છે. ॥૪૪॥ **સિધ્ધો**–ઘણા ગર્વવાળો એ દૈત્ય; યોગથકી પ્રાપ્ત થયેલ અમારી સિદ્ધિઓને; તપના બળથકી, લેઇ ગયો હતો; તેને નખવડે ચીરી નાંખનારા, આપ નૃસિંહ ભગવાનને, અમારા પ્રણામ છે. ॥૪૫॥ **વિદ્યાધરો**–અમારી જૂદી જૂદી ધારણાઓ અને વિદ્યાઓને; બળ અને પરાક્રમથી અભિમાની બનેલા; એ

અજ્ઞાનીએ, રોકી હતી; તેને માયાથી નૃસિંહ રૂપ ધરીને, પશુની પેઠે આપે મારી નાંખ્યો છે; તેમને હમેશાં અમારા નમસ્કાર છે. ॥૪૬॥ નાગ—જે પાપીએ અમારાં રત્નો અને સ્ત્રીઓ લેઇ લીધી હતી; તેની છાતી ચીરી નાંખીને, અમને આનંદ આપનારા; આપને અમે નમસ્કાર કરીએ છીએ. ॥૪૭॥ મનુઓ—તમારી આજ્ઞા પ્રમાણે ચાલનારા અમો મનુઓની સઘળી મર્યાદાઓને; આ દિતિ પુત્રે તોડી નાંખીહતી, તે ખળને તો આપે માર્યો છે; હવે હે પ્રભુ, આપના કિંકર અમો, શું કામ કરીએ; તે આજ્ઞા કરો. ॥૪૮॥ પ્રજાપતિઓ—હે પરમેશ્વર પ્રજાની સૃષ્ટિ કરવાને માટે આપે પ્રેરણા કરેલા અમો; એણે નિષેધ કરવાવડે સૃષ્ટિને કરી શકતા નહોતા; માટેજ આપે જગતનું ભલું કરવા સારૂ, આ સત્વગુણી અવતાર ધારણ કરીને; એની છાતી ચીરી નાંખીને, એને માર્યો છે. ॥૪૯॥ ગંધર્વો—આપની પાસે નાચનાર અને ગાનારા અમે લોકોને એણે પોતાના પરાક્રમ અને બળના પ્રભાવ વડે; એના સ્વાધીનમાં કરી લીધા હતા; તેની આપે આ દશા આણી છે. અવળે માર્ગે ચાલનારાનું ભલું ક્યાંથી થાય.? ॥૫૦॥ ચારણો—સાધુઓને ત્રાસ આપનાર આ અસુરનો આપે નાશ કર્યો છે, તે સંસારને મટાડનાર ચરણારવિંદ વાળા ભગવાનને અમે શરણ છીએ. ॥૫૧॥ યક્ષો—હે પચીસમા તત્વ, આત્મા સ્વરૂપ ભગવાન: સારાં કામો કરવાવડે, આપની સેવા કરનારા અમને આ દિતિ પુત્રે, ભોઇ બનાવ્યા હતા, માટે એને; લોકને પરિતાપ પમાડનારો જાણીનેજ, આપે માર્યો છે. ॥૫૨॥ કિંપુરૂષો—અમેતો કુપુરૂષો છૈએ અને આપ મહા પુરૂષ છો. અને આ દુષ્ટ પુરૂષ તો સાધુ પુરૂષોએ જ્યારથી, તેનો ધિક્કાર કર્યો હતો ત્યારથીજ, તે મૂવેલો હતો ॥૫૩॥ વૈતાલો—આપની નિર્મળ કીર્તિ ગાવાવડે; સભાઓમાં અને યજ્ઞોમાં અમને મળતી મોટી પેરામણીઓને, લેઇ લેનારા આ દુર્જનને, રો-

साधुरहारषीद्योगतपोबलेन॥नानादर्पंतन्नखैर्निर्ददारतस्मैतुभ्यंप्रणताःस्मोन्नृसिंह॥४५॥विद्याधरा०विद्यांपृथग्धारणयाऽनुराद्धांन्यषेधदज्ञो
बलवीर्यदृप्तः॥ सयेनसंख्येपशुवद्धतस्तंमायानृसिंहंप्रणताःस्मनित्यं॥४६॥ नागा०येनपापेनरत्नानिस्त्रीरत्ना[illegible]निहतानिनःतद्वक्षःपाटनेना
सांदत्तानंदनमोऽस्तुते॥४७॥ मनव० मनवोवयंतवनिदेशकारिणोदितिजेनदेवपरिभूतसेतवः॥ भवताख[illegible]ःसउपसंहतःप्रभोकरवामतेकि
मनुशाधिकिंकरान्॥४८॥ प्रजापतय० प्रजेशावयंतेपरेशाभिसृष्टानयेनप्रजावैसृजामोनिषिद्धाः॥ सएषत्वयाभिन्नवक्षानुशेतेजगन्मंगलंस
त्वमूर्तेऽवतारः॥४९॥ गंधर्वा०वयंविभोतेनटनाट्यगायकायेनात्मसाद्वीर्यबलौजसाकृताः ॥ सएषनीतोभवतादशामिमांकिमुत्पथस्थःकुश
लायकल्पते॥५०॥ चारणा०हरेतवांघ्रिपंकजंभवापवर्गमाश्रिताः॥यदेषसाधुहृच्छयस्त्वयाऽसुरःसमापितः॥५१॥ यक्षा०वयमनुचरमुख्याः
कर्मभिस्तेमनोज्ञैस्तइहदितिसुतेनप्रापितावाहकत्वं॥ सतुजनपरितापंतत्कृतंजाननातेनरहरउपनीतःपंचतांपंचविंश॥५२॥ किंपुरुषा०वयं
किंपुरुषास्त्वंतुमहापुरुषईश्वरः॥ अयंकुपुरुषोनष्टोधिक्कृतःसाधुभिर्यदा॥५३॥ वैतालिका० सभासुसत्रेषुतवामलंयशोगीत्वासपर्यांमहतींलि
भामहे॥ यस्तांव्यनैषीद्भृशमेषदुर्जनोदिष्ट्याहतस्तेभगवन्यथामयः॥५४॥ किन्नरा० वयमीशकिन्नरगणस्तवानुगादितिजेनविष्टिममुनाऽनु
कारिताः॥ भवताहरेसवृजिनोवसादितोनरसिंहनाथविभवायनोभव॥५५॥ विष्णुपार्षदा० अद्यैतद्धरिनररूपमद्भुतंतेदृष्टंनःशरणदसर्वलो
कशर्म॥सोऽयंतेविधिकरईशविप्रशप्तस्तस्येदंनिधनमनुग्रहायविद्मः॥५६॥ इ०भा०म०स०अष्टमोऽध्यायः ॥ ८ ॥
नारद०एवंसुरादयःसर्वेब्रह्मरुद्रपुरःसराः॥ नोपैतुमशकन्मन्युसंरंभंसुदुरासदं॥१॥ साक्षाच्छ्रीःप्रेषितादेवैर्दृष्ट्वातन्महदद्भुतं॥अदृष्टाश्रुतपूर्व
त्वात्सानोपेयायशंकिता॥२॥ प्रन्हादंप्रेषयामासब्रह्माऽवस्थितमंतिके॥तातप्रशमयोपेहिस्वपित्रेकुपितंप्रभुं॥३॥तथेतिशनकैराजन्महाभाग
वतोर्भकः॥उपेत्यभुविकायेननननामविधृतांजलिः॥४॥ स्वपादमूलेपतितंतमर्भकंविलोक्यदेवःकृपयापरिप्लुतः॥उत्थाप्यतच्छीर्ष्ण्यदधात्कराबु
जंकालाहिवित्रस्तधियाकृताभयं॥५॥ सतत्करस्पर्शधुताखिलाशुभःसपद्यभिव्यक्तपरात्मदर्शनः॥ तत्पादपद्मंहृदिनिर्वृतोदधौहृष्यत्तनुःक्लि

ગની પેઠે, આપે હણી નાંખ્યો, તે સારૂં થયું છે. ॥૫૪॥ કિંનરો—આપની સેવા કરનારા અમો કિંનરો પાસે એ દૈત્ય વેઠ કરાવતો હતો, તે દુષ્ટને તો, આપે માર્યો છે; તો હે નાથ; હવે આપ નૃસિંહ ભગવાન અમને સંસાર થકી છોડાવજો. ॥૫૫॥ વિષ્ણુપાર્ષદો—સર્વ લોકને શાંતિ અને શરણ આપનારા, આપનું આ અદ્ભુત નરહરિ સ્વરૂપ તો, અમે આજજ જોયું છે: હે ઇશ્વર પ્રારબ્ધે કરીને બ્રાહ્મણોનો શ્રાપ પામેલા, એને મારવા રૂપ, આપે અનુગ્રહ કરેલાનું અમે જાણીએજ છીએ.॥૫૬॥ ઇતિશ્રી૦ભા૦સાતમા સ્કંધનો આઠમો અ૦ સંપૂર્ણ ॥૮॥

અધ્યાય ૯ મો.—નારદ—એ રીતે ક્રોધથી ઉગ્ર થયેલા અને વિકટ નૃસિંહ ભગવાનની પાસે, દૂર ઉભા રહીને સ્તુતિ કરનારા બ્રહ્મા અને રૂદ્ર વિગેરે દેવતાઓ, તથા બીજાઓ કોઇ પણ, જઇ શક્યા નહીં ॥૧॥ ત્યારે દેવતાઓ વિગેરે એ, સાક્ષાત લક્ષ્મીજીને કહેતાં; તેમણે પણ; આગળ કદી નહીં દીઠેલ, અને નહીં સાંભળેલ, આ અદ્ભુત સ્વરૂપ જોઇને; પાસે જવાની હિંમત કરી નહીં. ॥૨॥ તેથી પાસેજ ઉભેલા પ્રહ્લાદને બ્રહ્માએ કહ્યું કે; હે બાઇ તારા બાપને મારેજ ક્રોધે ભરાયલા, પ્રભુની પાસે, તું જા: અને તેમને શાંત કરય. ॥૩॥ હે યુધિષ્ઠિર, એ વાતનો સ્વીકાર કરીને; તે મહા ભાગવતી બાળકે, ધીમે ધીમે પાસે જઇ; શરીરથી ધરતી ઉપર પડી, હાથ જોડીને; નૃસિંહને નમસ્કાર કર્યા ॥૪॥ ત્યારે પોતાના પગ પાસે તે બાળકને પડેલો જોઇ; દયા લાવીને ભગવાને તેને ઉઠાડ્યો; અને કાળ રૂપ સાપ થકી ત્રાસ પામેલાઓને અભય આપનારૂં; પોતાનું હસ્તકમળ તેના માથા ઉપર મૂક્યું. ॥૫॥ એટલે એ હાથના સ્પર્શથી તેનાં સઘળાં પાપ નાશ પામી જઇને; તેને અપરોક્ષ બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયું: તથા તેની આંખોમાં આંસુ આવી જઇને, રૂંવાડાં ઉભાં થઇ, હૃદય પીગળી ગયું; અને મનને વિશે નિર્વૃત્તિ પ્રાપ્ત થઇને, તે ભગવાનના ચરણનું ધ્યાન કરવા લાગ્યો. ॥૬॥ અને એકાગ્ર મનથી તથા સારી રીતે સાવધાન પણે, ભગવાનમાંજ પોતાનું મન તથા દૃષ્ટિ રાખીને, પ્રેમ સહિત ગદગદવાણીથી તેણે હરિ ભગવાનની સ્તુતિ કરી કે. ॥૭॥ સત્વગુણી બુદ્ધિવાળા બ્રહ્માઆદિક દેવતાઓ—મુનિ-

ઓ—અને સિદ્ધો પણ, અદ્યાપિ સુધી વાણીના પ્રવાહ વડે કરીને; ઘણા ગુણો વાળા આપનું, આરાધન કરવાને શક્તિમાન થઇ શકતા નથી; તો ઉગ્રજાતિ હું અસુર આપને; કેવી રીતે પ્રસન્ન કરી શકું ? ॥૮॥ જે પરમ પુરૂષ ભગવાન, માત્ર ભક્તિ થકીજ, ગજેંદ્રના ઉપર પ્રસન્ન થયા હતા; તે ભગવાનને પ્રસન્ન કરવાને, ધન—ઉત્તમજન્મ—રૂપ—તપ—પંડિતાઇ—ઇંદ્રિયાદિકની નિપુણતા—તેજ—પ્રભાવ—બળ—ઉદ્યોગ—બુદ્ધિ—અને અષ્ટાંગ યોગ; એ સર્વે પણ સમર્થ થતાં નથી.॥૯॥ ઉપરના બાર ગુણોથી યુક્ત બ્રાહ્મણ પણ જો અરવિંદનાભ ભગવાનના ચરણ કમળથી વિમુખ હોય તો; તેનાથકી તો ચંડાળ પણ શ્રેષ્ટ ગણાય છે; કેમકે મન—વચન—કર્મ—ધન—અને પ્રાણ ભગવાનમાંજ અર્પણ કરીદેનારો પુરૂષ, પોતાને કુળ સહિત તારે છે; પણ ઘણા અભિમાન વાળો, તેમ કરી શકતો નથી. ॥૧૦॥ વળી આત્મ સ્વરૂપના લાભ વડે કરીને; પરિપૂર્ણ ભગવાન આપ; આ રીતનું માન અથવા સત્કાર પામવાને ઇચ્છનારા નહીં છતાં; માત્ર અજ્ઞાન માણસોના ઉપર દયા કરવાને માટેજ, તેનો સ્વીકાર કરોછો; અને તે સત્કાર કરનારો મનુષ્યજ; પોતાના મોઢા ઉપર કરેલી સઘળી શોભા પ્રતિબિંબને મળવાની પેઠે; તે સઘળા સત્કારને પામનારો થાય છે. ॥૧૧॥ એટલા માટે નીચ અને માયાના ગુણોના વિસર્ગમાં લાગેલો હું; જેનું વર્ણન કરવા વડે પુરૂષ પવિત્ર થાય છે, તે આપ સર્વાત્મા ઇશ્વર ભગવાનના મહિમાનું વર્ણન; મારી બુદ્ધિ પ્રમાણે વિકળતા તજીને કરૂંછું. ॥૧૨॥ હે સત્વ ગુણના ભંડાર, આપ ઇશ્વર ભગવાનના શુંદર અવતારોની ક્રિડા; અમારી માફકજ આપની આજ્ઞાઓને ઉઠાવનારા, બ્રહ્મા પર્યંત સર્વ લોકના; કલ્યાણ ઐશ્વર્ય—અને સુખની ઉત્પતિને માટેજ થવી જોઇએ, પણ જે થકી તેમને ઉદ્વેગ થાય એમ ન થવું જોઇએ. ॥૧૩॥ સર્વે લોક માત્ર, આપના આ નૃસિંહ સ્વરૂપનું સ્મરણ કરવા વડે. સુખી થવાની; અને ભય થકી મુ-

ब्रह्दश्रुलोचनः॥६॥ अस्तौषीद्धरिमेकाग्रमनसासुसमाहितः॥प्रेमगद्गदयावाचातन्न्यस्तहृदयेक्षणः ॥७॥ प्रन्हाद०ब्रह्मादयःसुरगणामुनयो
ऽथसिद्धाःसत्वैकतानमतयोवचसांप्रवाहैः॥नाराधितुंपुरुगुणैरधुनापिपिप्रुःकिंतोष्टुमर्हतिसमेहरिरुग्रजातेः ॥८॥ मन्येधनाभिजनरूपतपः
श्रुतौजस्तेजःप्रभावब[illegible]पौरुषबुद्धियोगाः॥ नाराधनायहिभवंतिपरस्यपुंसोभक्त्यातुतोषभगवान्गजयूथपाय ॥९॥ विप्राद्द्विषड्गुणयुतादरविं
दनाभपादारविंद[illegible]रिष्ठं ॥ मन्येतदर्पितमनोवचनेहितार्थप्राणंपुनातिसकुलंनतुभूरिमानः ॥१०॥ नैवात्मनःप्रभुरयंनिजलाभ
पूर्णोमानंजनादविदुषःकरुणोवृणीते॥यद्यज्जनोभगवतेविदधीतमानंतच्चात्मनेप्रतिमुखस्य[illegible]थामुखश्रीः ॥११॥ तस्मादहंविगतविक्लवईश्व
[illegible]महिगृणामियथामनीषं ॥ नीचोऽजयागुणविसर्गमनुप्रविष्टःपूयेतयेनहिपुमाननुवर्णितेन॥१२॥सर्वेत्यमीविधिकरास्तवसत्त्व
धाम्नोब्रह्मादयोवयमिवेशनचोद्विजंतः॥ क्षेमायभूतयउतात्मसुखायचास्यविक्रीडितंभगवतोरुचिरावतारैः॥१३॥ तद्यच्छमन्युमसुरश्चहत
स्त्वयाऽद्यमोदेतसाधुरपिवृश्चिकसर्पहत्या॥लोकाश्चनिर्वृतिमिताःप्रतियंतिसर्वेरूपंनृसिंहविभयायजनाःस्मरंति ॥१४॥ नाहंबिभेम्यजितते
ऽतिभयानकस्यजिह्वार्कनेत्रभ्रुकुटीरभसोग्रदंष्ट्रात्॥ अंत्रस्रजःक्षतजकेसरशंकुकर्णान्निर्ह्रादभीतदिगिभादरिभिन्नखाग्रात् ॥१५॥ त्रस्तोऽ
स्म्यहंकृपणवत्सलदुःसहोग्रसंसारचक्रकदनाद्ग्रसतांप्रणीतः॥बद्धःस्वकर्मभिरुशत्तमतेंऽघ्रिमूलंप्रीतोऽपवर्गशरणंह्वयसेकदानु॥१६॥यस्मा
त्प्रियाप्रियवियोगसयोगजन्मशोकाग्निनासकलयोनिषुदह्यमानः॥दुःखौषधंतदपिदुःखमतद्धियाऽहंभूमन्भ्रमामिवदमेतवदास्ययोगं॥१७॥
सोऽहंप्रियस्यसुहृदःपरदेवतायालीलाकथास्तवनृसिंहविरिंचगीताः॥ अंजस्तितर्म्यनुगृणन्गुणविप्रमुक्तोदुर्गाणितेपदयुगालयहंससंगः १८
बालस्यनेहशरणंपितरौनृसिंहनार्तस्यचागदमुदन्वतिमज्जतोनौः॥ तप्तस्यतत्प्रतिविधिर्यइहांजसेष्टस्तावद्विभोतनुभृतांत्वदुपेक्षितानां॥१९॥
यस्मिन्यतोयर्हियेनचयस्ययस्माद्यस्मैयथायदुतयस्त्वपरःपरोवा॥ भावःकरोतिविकरोतिपृथक्स्वभावःसंचोदितस्तदखिलंभवतःस्वरूपं॥
॥२०॥ मायामनःसृजतिकर्ममयंबलीयःकालेननोदितगुणानुमतेनपुंसः॥छंदोमयंयदजयाऽर्पितषोडशारंसंसारचक्रमजकोऽतितरेत्त्वदन्यः

ક્ત થવાની; ઇચ્છા રાખેછે; અને સાપ તથા વિંછી આદિકને, મારી નાંખવાથી; સાધુ પુરૂષો પણ. આનંદ પામે છે; તે સારૂંજ આપે હમણાં આ અસુરને માર્યો છે; માટે હવે આપ ક્રોધને શમાવો. ॥૧૪॥ આપના અતિ ભયાનક મોઢાથી તથા જીભથી—સૂર્ય સરખી આંખ્યોથી—ભયંકર ભમરોથી—ઉગ્ર દાઢોથી—ગળામાં નાંખેલી આંતરડાંની માળાથી—લોહીથી ખરડેલી કેશવાળીથી—ઉંચા, અકકડ, અને ખીલા જેવા કાનથી—શત્રુને ફાડી નાખનાર નખની અણીઓથી—અને દિશાના હાથીઓ બીહીજાય, એવી ગરજનાથી પણ હું બીહીતો નથી. ॥૧૫॥ પણ આપ દીન દયાળના સુદર્શન ચક્ર રૂપ કાળના સપાટામાં આવીને કપાઇ જતા, અને નસહન થાય એવાં ઉગ્ર દુખોવાળા સંસારમાં; પોતાનાં કર્મો વડે બંધાઇને નંખાવવા થકી, ઘણોજ ત્રાસ પામુંછું; માટે શરણ રૂપ અને મોક્ષના સ્થાન, આપના ચરણ મૂળમાં; મને આપ હવે ક્યારે બોલાવી લ્યોછો ?॥૧૬॥ (તે હું જાણતો નથી.) એટલા માટે, પ્રિય અને અપ્રિય પદાર્થાદિકના સંયોગ અને વિયોગથી ઉત્પન્ન થયેલા શોકાગ્નિથી બળતા—અને દુખ મટાડવાના ઉપાયો પણ દુખ રૂપ હોવાનું જાણ્યા છતાં, અનેક અવતારોમાં ભટકતા; હુંને, આપ મહાત્માએ; પોતાનો ભક્તિ યોગ આપવો જોઇયે. કે જેથી, આપ અતિ સુહૃદ—પ્રિય—અને પરમદૈવત નૃસિંહ ભગવાનની; બ્રહ્માએ ગાયેલી લીલાઓ રૂપ કથાનું, આપના બે ચરણનો આશ્રય કરનારા ભક્તોના સમાગમમાં રહી, કીર્તન કરવા વડે, ગુણો થકી મુક્ત થઇને; આ મહાદુખ રૂપ સંસાર સમુદ્રને. હું સેહેજમાં તરી જાઉં. ॥૧૮॥ હે નૃસિંહ, આપે ઉપેક્ષા કરેલા પ્રાણી; બાળકને માતપિતા—રોગીને ઔશધ—અને સમુદ્રમાં ડુબતાને વહાણ પણ શરણ રૂપ થતાં નથી; અને એ રીતેજ બીજા સર્વે દુખ મટાડવાના ઉપાયો, જ્યાં સુધી આપ પ્રભુ, તે દુખ પામનારાઓને અનુકુળ હો; ત્યાં સુધીજ ઉપયોગી થઇ શકેછે. ॥૧૯॥ જે કાળે—જેમાંથી—જેમાં જેણે કરીને—જેનું—જેનેસારૂં—જે રીતે—અને જેની પ્રેરણાથી; પ્રથમના સૃષ્ટિ કર્તા બ્રહ્માદિ, તથા પાછળના સૃષ્ટિ કર્તા પ્રજાપતિઓ આદિક; જુદા જુદા સ્વભાવો વાળા પ્રાણી પદાર્થાદિકને ઉત્પન્ન કરે છે, અને રૂપાંતરો

પમાડે છે; તે સર્વે આપનુંજ સ્વરૂપ છે. ॥૨૦॥ જેનામાં ગુણોનો ઉદય નથી, એવા પુરૂષની નજરથી, અને કાળની પ્રેરણાથી; બળવાન માયા; વૈદિક કર્મો કરવાના સ્વભાવ વાળા, લિંગ શરીરને સરજી આપે છે; માટે એ માયાએ બંધાતા ને સોળ આરાવાળા (મન-દશ ઇંદ્રિયો-અને પાંચ મહાભૂતની તન્માત્રાઓ વાળા લિંગ શરીર રૂપી) સંસાર ચક્રથકી; અજન્મા એવા આપ વિના, બીજો કોણ તારી શકે એમછે. (અર્થાત બીજો કોઇ નથીજ) ॥૨૧॥ હું, એ માયાથી બનેલા સોળ આરા વાળા સંસાર ચક્રમાં નંખાઇને, પીલાઇ પીલાઇને નાશ પામી જતાં; આત્મ સ્વરૂપમાં રહેલા,-માયાના ગુણોને જીતનારા,-અને ઉત્પન્ન થનારી તથા ઉત્પન્ન કરનારી શક્તિઓને, કાળ સ્વરૂપથી વશમાં રાખનારા;-આપ સમર્થનુંજ શરણ લેઉંછું; માટે આપ મને પોતાનું સમીપ પણુંજ આપો. ॥૨૨॥ લોકો જેની ઇચ્છા કરે છે તે; મારા પિતાની ક્રોધવાળી ભમર હાલવાથીજ નાશ પામી જનારાં; સર્વે લોકપાળ દેવતાઓનાં આયુષ્ય-વૈભવ-અને લક્ષ્મીને તો; આપ પ્રભુએ મારા એ

પિતાને મારતા થકીજ; મે જોઇ લીધાં છે. ॥૨૩॥ માટે હે કાળ સ્વરૂપ, આપના મોટા પરાક્રમથી નાશ પામનારા, બ્રહ્માપર્યંત સર્વેનાં આયુષ્ય-લક્ષ્મી-અને વૈભવ આદિ, ઇંદ્રિયો થકી ભોગવાતાં સુખોને તો; હું તેઓના પરિણામને જાણનારો, ઇચ્છતોજ નથી; તેથી મને તો આપના દાસોના સમાગમમાંજ રાખો. ॥૨૪॥ માત્ર સાંભળવાનેજ સારાં લાગનારાં, ઝાંઝવાંનાં પાણી સરખાં સુખાદિકને: અને રોગોના ભંડાર રૂપ શરીરને, જાણવા છતાંય; પૂરી થવાને કઠણ એવી કામનાઓ રૂપી આગને, થોડાં થોડાં મળી આવતાં સુખો રૂપ પાણીથી, બુજાવનારા લોકો; તેઓ થકી વૈરાગ્યને પામતા નથી. ॥૨૫॥ હે ઇશ્વર, રજોગુણ અને તમોગુણના અધિકપણા વાળા, અસુરોના કુળમાં ઉત્પન્ન થનારા હુંતામાથા ઉપર; બ્રહ્મા-સદાશિવ-અને લક્ષ્મીજીના માથા ઉપર પણ નહીં ધરાયલું, હસ્તકમળ ધરાવાનો પ્રસાદ થવારૂપ, આપની દયા ક્યાંથી થાય ? ॥૨૬॥ પણ આપ સર્વે જગતના આત્મા અને સુહ્રદને વિષે; બીજાઓના સરખી, "આ પોતાનો અને આપરાયો," એવી બુદ્ધિ ખચીતજ ન હોવાથી: કલ્પ વૃક્ષની પેઠે, સેવન

॥२१॥ सत्वंनिहत्यविजितात्मगुणः स्वधाम्नाकालोवशीकृतविसृज्यविसर्गशक्तिः॥ चक्रेविसृष्टमजयेश्वरषोडशारेनिष्पीड्यमानमुपकर्षवि भोप्रपन्नं॥२२॥ दृष्टामयादिविविभोऽखिलधिष्ण्यपानामायुःश्रियोविभवइच्छतियान्जनोऽयं॥येऽस्मात्पितुःकुपितहासविजृंभितभ्रू विस्फूर्जि तेनलुलिताःसतुतेनिरस्तः ॥२३॥ तस्मादमूस्तनुभृतामहमाशिषोज्ञआयुःश्रियंविभवमैंद्रियमाविरिंचात् ॥ नेच्छामितेविलुलितानुरुविक्रमे णकालात्मनोपनयमांनिजभृत्यपार्श्वं॥२४॥कुत्राशिषःश्रुतिसुखामृगतृष्णिरूपाःक्वेदंकलेवरमशेषरुजांविरोहः॥निर्विद्यतेनतुजनोयदपीति विद्वान्कामानलंमधुलवैःशमयन्दुरापैः॥२५॥क्वाहंरजःप्रभवईशतमोऽधिकेस्मिन्जातःसुरेतरकुलेक्वतवानुकंपा ॥ नब्रह्मणोनतुभवस्यनवैर मापापन्मेऽर्पितःशिरसिपद्मकरःप्रसाद ः॥२६॥ नैषापरावरमतिर्भवतोननुस्याज्जंतोर्यथात्मसुहृदोजगतस्तथापि॥ संसेवयासुरतरोरिवतेप्र सादःसेवानुरूपमुदयोनपरावरत्वं॥२७॥ एवंजनंनिपतितंप्रभवाहिकूपेकामाभिकाममनुयःप्रपतन्प्रसंगात्॥ कृत्वात्मसात्सुरर्षिणाभगवन्गृही तःसोऽहंकथंनुविसृजेतवभृत्यसेवां॥२८॥ मत्प्राणरक्षणमनंतपितुर्वधश्चमन्येस्वभृत्यऋषिवाक्यमृतंविधातुं ॥ खड्गंप्रगृह्यपदवोचदसद्विधि त्सुस्त्वामीश्वरोमदपरोऽवतुकंहरामि ॥२९॥ एकस्त्वमेवजगदेतदमुष्ययत्त्वमाद्यंतयोःपृथगवस्यसिमध्यतश्च ॥ सृष्ट्वागुणव्यतिकरंनिजमाय येदंनानेवतैरवसितस्तदनुप्रविष्टः ॥३०॥ त्वंवाइदंसदसदीशभवांस्ततोऽन्योमायायदात्मपरबुद्धिरियंह्यपार्था॥ यद्यस्यजन्मनिधनंस्थितिरी क्षणंचतद्वैतदेववसुकालवदष्टितर्वोः ॥३१॥ न्यस्येदमात्मनिजगद्विलयांबुमध्येशेषेत्मनानिजसुखानुभवोनिरीहः॥ योगेनमीलितदृगात्मनि पीतनिद्रस्तुर्येस्थितोनतुतमोनगुणांश्चयुंक्षे ॥३२॥ तस्यैवतेवपुरिदंनिजकालशक्त्यासंचोदितप्रकृतिधर्मणआत्मगूढं॥ अंभस्यनंतशयनाद्वि रमत्समाधेर्नाभेरभूत्स्वकणिकावटवन्महाब्जं ॥३३॥ तत्संभवःकविरतोऽन्यदपश्यमानस्त्वांबीजमात्मनिततंस्वबहिर्विचिंत्य॥नाविंदद्ब्दशत मप्सुनिमज्जमानोजातेंऽकुरेकथमुहोपलभेतबीजं॥३४॥सत्वात्मयोनिरतिविस्मितआस्थितोऽब्जंकालेनतीव्रतपसापरिशुद्धभावः॥ त्वामात्म

કરવાથી જેવી જેવી સેવા; તેવો તેવો ઉદય થવા રૂપ, આપનો પ્રસાદ મળે છેજ; અને તેમ થવાથી તેમાં પારકા પોતાના પણું, પણ થતું નથીજ. ॥૨૭॥ હે ભગવાન, કામનાઓ વડે, સંસાર રૂપી સાપો વાળા, કુવામાં પડેલા લોકોના સમાગમથી; તેમની પાછળ તેજ કુવામાં પડતાં મને; દેવ ઋષિ નારદજીએ પોતાનો ગણીને, હાથ પકડ્યો છે, માટે હું આપના દાસોની સેવાને, કેમ છોડી શકુ. ? ॥૨૮॥ ખોટું કામ કરવાની ઇચ્છાથી જ્યારે મારો બાપ બોલ્યો હતો કે; "તારૂં રક્ષણ કરનારો મારા શિવાય બીજો હોયતો, હમણાંજ હું તારૂં માથું કાપી નાંખુછું;" તે વખતે પોતાના દાસના વચનને સત્ય કરવા; અને મારા પ્રાણનું રક્ષણ કરવા; તેમજ તેનો ક્ષય કરવાને માટેજ; આપ અનંત ભગવાન ત્યાં પ્રકટ થયેલાનું હું માનુંછું. ॥૨૯॥ આપ, આ જગતના આદિ અને અંતમાં અવશેષ રહેનારા ભગવાન પોતેજ, પોતાની માયાના ગુણો વિકાર પામી જગત રૂપે ઉત્પન્ન થનારા, અનેક પ્રાણી પદાર્થ આદિને વિશે, ગધ્ય કાળમાં પણ પ્રવેશ કરેલા; જુદે જુદે રૂપે જણાનારા છો. ॥૩૦॥ આ સ્થાવર જંગમ જગતના સઘળા પ્રાણીઓને વિશે રેહેનારા, તે સર્વેથી અન્ય: આપની માયાના આશ્રય થકીજ: તેઓને "આ હું અને આ પારકો," એવી મિથ્યા ભેદ બુદ્ધિ થાયછે; કે જે થકી તેમને જન્મ-મરણ-સ્થિતિ-અને પ્રકાશ, એ સઘળું; વસુ-(કહેતાં પૃથ્વી-જળ-અને ગરમી.) અને કાળ-એ બેનો યોગ થવાથી, બીજમાંથી ઝાડ થવાની પેઠે; વારંવાર થયાં કરેછે. ॥૩૧॥ જ્યારે પ્રલયના જળમાં, જગતને પોતા વિશે ધારણ કરેલા, અને ક્રિયા રહિત થયેલા આપ; આત્મ સ્વરૂપના સુખનો અનુભવ કરતા, પોઢોછો; ત્યારે યોગ વડે નિદ્રાનો પરાભવ કરેલા આપ, આંખ્યો મિચીને, અજ્ઞાનને કે જાગ્રત સ્વપ્ન નાશિયો રૂપ, ગુણોને; નહીં જોતાં; જાગ્રત-સ્વપ્ન-અને સુષુપ્તિ શિવાયની, ચોથી અવસ્થાને વિશેજ રહોછો. ॥ ૩૨ ॥ અને હે અનંત ભગવાન, જળને વિશે પોઢવા થકી, વિરામ પામવા રૂપ, આપની સમાધિ પુરી થતાં; આપ નામાં ગુપ્ત રહેલું, પ્રકૃતિના સ્વભાવ વાળું જગત; આપની કાળ શક્તિની પ્રેરણાવડે, આપની નાભિ થકી;

થવાના જીવાના બીજમાંથી, વડ ઉત્પન્ન થવાની પેઠે; મોટા કમળ રૂપે થયેલું છે; તે પણ આપનું શરીરજ છે. ॥૩૩॥ તે કમળમાં ઉત્પન્ન થયેલા, અને તે શિવાય બીજું નહીં દેખતા, બ્રહ્માએ; પોતાના બીજરૂપ આપને, પોતા થકી બહાર જાણી; જળની અંદર અંદર પેસીને, સો વરસ સુધી શોધવા છતાં આપને, અંકુર ફુટવા પછી બીજ નહીં માલમ પડવાની પેઠેજ; જોવાને માટે તે સમર્થ થયા ન હતા; ॥૩૪॥ પછી અતિ વિસ્મય પામેલા બ્રહ્માએ, પાછા કમળ ઉપર આવી બેસીને, અતિ શુદ્ધ ભાવથી, જ્યારે ઘણા કાળ સુધી તીવ્ર તપ કર્યું ત્યારેજ, પૃથ્વીને વિશે અતિ સૂક્ષ્મ ગંધ રહેવાની પેઠે; પાંચ મહાભૂત–ઇંદ્રિયો–અને અંતઃકરણોમય પોતાના શરીરને વિશે, વ્યાપીને રહેલા; આપ હરિને, તે જોવા પામ્યા હતા. ॥૩૫॥ અને એ રીતે આપ મહા પુરૂષ ભગવાનનું સાચું, તથા માયાવડે હજારો મોઢાં–પગ–માથા–હાથ–સાથળ–નાક–કાન–ને આંખ્યો તથા ઘરેણાં અને હથિયારોથી ભરેલું. સ્વરૂપ જોવાથી; બ્રહ્મા આનંદ પામ્યા હતા. ॥૩૬॥ આપનાં સત્વ ગુણી શરીરો, આપને અતિ પ્રિય કહેવાયછે, માટેજ આપે હયગ્રીવ અવતારથી, વેદનો દ્રોહ કરનાર મહાબળવાન અને રજોગુણી, તથા તમોગુણી, મધુ અને કૈટભ–નામના દૈત્યોને મારી; વેદ પાછા લેઇ આવીને બ્રહ્માને આપ્યા હતા. ॥૩૭॥ તેમજ મનુષ્ય–પશુ–પક્ષી–ઋષિ–દેવ–અને જળચર આદિ અવતારોથી; લોકનું રક્ષણ, તેમના શત્રુઓને મારીને, કરોછો; તથા યુગેયુગના ધર્મનું પણ રક્ષણ કરોછો; છતાં આપ કળિયુગમાં પ્રકટ નહીં થતાં, ગુપ્ત રહો છો; માટેજ આપનું નામ "ત્રિયુગ" કહેવાયછે. ॥૩૮॥ હે વૈકુંઠનાથ, પાપો થકી બગડેલું–તીવ્ર કામનાઓથી આતુર થયેલું–અને હર્ષ શોક; ભય, તથા તૃષ્ણા થકી પીડાયલું–અસાધુ મન, કે જે આપની કથાઓને વિશે પ્રીતિ વાળું થતુંજ નથી; એવા મન વડે, રાંક બનેલો હું આપની ગતિને, એટલે આત્મ તત્વના જ્ઞાનને, કેવી રીતે વિચારી શકું ? ॥૩૯॥ હે અચ્યુત ભગવાન, નહીં તૃપ્ત થતી જીભ, મને એક તરફ ખેંચે છે; બીજી તરફથી શિશ્ન ખેંચે છે; અને ત્વચા–પેટ–તથા કાન બીજી તરફ ખેંચે છે: નાક વળીજ તરફ અને ચંચળ આંખ્યો વળી જુદીજ તરફ ખેંચે છે: અને ઘણી શોક્યો એકજ ઘરધણીને જુદી જુદી તરફ ખેંચવાની પેઠે; મને કર્મ શક્તિઓ વળી, બીજીજ તરફ ખેંચે છે. ॥ ૪૦ ॥ આવી રીતેજ

नीशमुर्विगंधमिवातिसूक्ष्मंभूतेंद्रियाशयमयेविततंददर्श॥३५॥ एवंसहस्रवदनांघ्रिशिरःकरोरुनासास्यकर्णनयनाभरणायुधाढ्यं॥मायामयं सदुपलक्षितसन्निवेशंदृष्ट्वामहापुरुषमापमुदंविरिंचः ॥३६॥ तस्मैभवान्हयशिरस्तनुवंचबिभ्रद्वेदद्रुहावतिबलौमधुकैटभाख्यौ॥हत्वाऽनयच्छ्रुतिगणांस्तुरजस्तमश्चसत्वंतवप्रियतमांतनुमामनंति ॥३७॥ इत्थंनृतिर्यगृषिदेवझषावतारैर्लोकान्विभावयसिहंसिजगत्प्रतीपान्॥ धर्मंमहापुरुषपासियुगानु॰त्तंछन्नःकलौयदभवस्त्रियुगोऽथसत्वं॥३८॥नैतन्मनस्तवकथासुविकुंठनाथसंप्रीयतेदुरितदुष्टमसाधुतीव्रं॥कामातुरंहर्षशोकभयैषणार्त्तंतस्मिन्कथंतवगतिंविमृशामिदीनः३९ जिह्वैकतोच्युतविकर्षतिमाऽवितृप्ताशिश्नोऽन्यतस्त्वगुदरंश्रवणंकुतश्चित्॥ घ्राणोऽन्यतश्चपलदृक्कचकर्मशक्तिर्बह्व्यःसपत्न्यइवगेहपतिंलुनंति॥४०॥ एवंजनंनिपतितंभववैतरण्यामन्योऽन्यजन्ममरणाशनभीतभीतं॥पश्यन्जनंस्वपरविग्रहवैरमैत्रंहंतेतिपारचरपिपृहिमूढमद्य॥४१॥कोन्वत्रतेऽखिलगुरोभगवन्प्रयासउत्तारणेऽस्यभवसंभवलोपहेतोः॥ मूढेषुवैमहदनुग्रहआर्त्तबंधोकिंतेनतेप्रियजनाननुसेवतांनः ॥४२॥ नैवोद्विजेपरदुरत्ययवैतरण्यास्त्वद्वीर्यगायनमहामृतमग्नचित्तः ॥ शोचेततोविमुखचेतसइंद्रियार्थमायासुखायभरमुद्वहतोविमूढान् ॥४३॥ प्रायेणदेवमुनयःस्वविमुक्तिकामामौनंचरंतिविजनेनपरार्थनिष्ठाः॥ नैतान्विहायकृपणान्विमुमुक्षएको॰न्यंत्वदस्यशरणंभ्रमतोऽनुपश्ये ॥४४॥ यन्मैथुनादिगृहमेधिसुखंहितुच्छंकंडूयनेनकरयोरिवदुःखदुःखं॥ तृप्यंतिनेहकृपणाबहुदुःखभाजःकंडूतिवन्मनसिजंविषहेतधीरः॥४५॥ मौनव्रतश्रुततपोऽध्ययनस्वधर्मव्याख्यारहोजपसमाधयआपवर्ग्याः ॥ प्रायःपरंपुरुषतेत्वजितेंद्रियाणांवार्ताभवंत्युतनवाऽत्रतुदांभिकानां ॥४६॥ रूपेइमेसदसतीतववेदसृष्टेबीजांकुराविवनचान्यदरूपकस्य॥ युक्ताःसमक्षमुभयत्रविचिन्वतेत्वांयोगेनवन्हिमिवदारुपुनान्यतःस्यात् ॥४७॥ त्वंवायुरग्निरवनिर्वियदंबुमात्राःप्राणेंद्रियाणिहृदयंचिदनुग्रहश्च ॥ सर्वंत्वमेव

એક બીજા થકી, જન્મ મરણ–અને ભક્ષણ થવા, આદિ થકી; બીહીતા–અને પોતાના તથા પારકાઓને વિશે, વૈર–મિત્રી–સ્નેહ–અને મારી નાંખવું: આદિને જોતા, મૂઢ પ્રાણીઓનું; એ સર્વે આગતોને વિશે, તેમને પ્રવર્તાવનારા આપ; તેમનું સંસાર રૂપી વૈતરણીમાં પડવું થવા થકી; રક્ષણ કરો. ॥૪૧॥ હે અખિલ બ્રહ્માંડના ગુરૂ. ઉત્પત્તિ–અને લયના કારણ રૂપ આપને; તેઓનો ઉદ્ધાર કરવામાં ઘણો પ્રયાસ કરવો પડે, તેમ નથીજ; આપના પ્રિય અને ભક્તિ કરનારાઓનું; આપ કલ્યાણ કરો, તેમાં તે પાડ શો કરોછો: પણ હે આર્ત બંધુ, ખરી દયા તો એજછે કે, મૂઢ લોકના ઉપર પણ, અનુગ્રહ કરવો. ॥ ૪૨ ॥ કેમકે આપનાં મોટાં પરાક્રમોના ગાયન રૂપી, અમૃતમાં બુડેલા મનવાળા પુરૂષોનો, આ અપાર સંસાર રૂપી વૈતરણીથી, ઉદ્વેગ પામતા નથીજ; પણ જેઓ એ થકી વિમુખ મનવાળા, અને ઇંદ્રીયોના વિષયોનાં મિથ્યા સુખો મેળવવાને માટેનો, ભાર ઉપાડનારા મૂઢ લોકો છે; તેમનોજ મને શોક થાય છે. ॥ ૪૩ ॥ હે ભગવાન, ઘણા ખરા મુનિલોકો પણ, પોતાનીજ મુક્તિ થવાની કામનાથી, જંગલમાં જઇ મૌન રાખીને, બેસે છે; તેથી આ ભટકતા લોકોને માટે, આપ શિવાય બીજું શરણ હું દેખતો નથી; એટલે હું પણ પરોપકાર દૃષ્ટિનો ત્યાગ કરી, એ ગરીબોને પડતા નાંખીને; મારી એકલાનીજ મુક્તિની ઇચ્છા કેવી રીતે કરી શકું ? ॥ ૪૪ ॥ ખસુજ મટાડવાને માટે, હાથ વડે ખંજવાળવાથી; એક થકી બીજું, અને બીજા થકી ત્રીજું; દુખ ઉત્પન્ન થવાની પેઠે; ગૃહસ્થાશ્રમનાં તુચ્છ મૈથુનાદિક સુખો, અનેક દુખોનેજ ઉત્પન્ન કરનારાં છે. માટે એ સુખો મેળવવામાં તૃપ્તિ નહીં પામતાં લોકો રાંક બનીને; ઘણાં ઘણાં દુખોને પામે છે; છતાં ધીર પુરૂષોતો, એ ખસુજ સરખા કામના વેગને; સહન કરી શકે છે. ॥ ૪૫ ॥ આપ પરમ પુરૂષના પદને એટલે મોક્ષને પમાડનાર, મૌન–વ્રત–તપ–શાસ્ત્ર શ્રવણ–અધ્યયન–સ્વધર્મનું આચરણ–વ્યાખ્યાન–એકાંત વાસ–જપ–અને સમાધિ; એ દસ સાધનો, અજીતેંદ્રિય પુરૂષોને તો ઘણું કરીને આજીવિકાનાં સાધનોજ થઇ પડેછે; અને દાંભિક લોકોને તો, તેવાં સાધનરૂપ પણ થાય કિંવા ન પણ થાય. ॥ ૪૬ ॥ બીજમાંથી અંકુર થવાની પેઠે, રૂપ રહિત એવા આપ થકી થયેલાં વેદમાં જણાવેલાં આપના સત્ અને અસત્ સ્વરૂપો; આપનાથકી જૂદાં અને બીજા થકી થયેલાં

નથી. અને તેથીજ છતેંદ્રિય પુરુષો, અર્કીનાં પ્રત્યક્ષ દેખાતાં; એ બંને પ્રકારનાં સ્વરૂપોમાંથી, યોગના સાધન-વડે; કાષ્ઠની અંદર રહેલા અગ્નિની પેઠેજ, આપને જાણીલેછે. ॥૪૭॥ હે મહાત્મા, આપ નિર્ગુણ ભગવાનજ; વાયુ–અગ્નિ–પૃથ્વી–આકાશ–જળ–એ પંચ ભૂતોની માત્રાઓ–પ્રાણ–ઇંદ્રિયો–મન–ચીત–અને અહંકાર વિગેરે સઘળા દેવતાઓ રૂપે; અને જેનો મન અને વાણીથકી નિશ્ચય થઇ શકેછે, તેવા સર્વ પદાર્થાદિક રૂપે; સગુણ સ્વરૂપે થયેલા હોવાથી; તે બધું આપના થકી જૂદું નથી. ॥૪૮॥ આપ ઘણી કીર્તિવાળા નિર્ગુણ ભગવાનના, ગુણો ને; આદિ અને અંતવાળા તથા મનને ધારણ કરનારા દેવતાઓ; અને મનુષ્યો વિગેરે; મહત્તત્ત્વ પર્યંત સર્વ કોઇ; જાણી શકતા નથી. એટલા માટેજ બુદ્ધિવાન પુરુષો આપના સંબંધમાં બોલવાથકી વિરામ પામે છે. ॥૪૯॥ હે અતિ પૂજ્ય; આપની, નમસ્કાર–સ્તુતિ–કર્મઅર્પણ કરીને કર્મો કરવાં–પૂજન–ચરણ સ્મરણ–અને કથા શ્રવણ–એ અંગોવાળી, સેવા વિના; પરમહંસોની ગતિરૂપ, આપના વિષેની ભક્તિ; માણસોને કેવી રીતે મળે. ? ॥૫૦॥–નારદ–એ પ્રમાણે–નિર્ગુણ ભગવાનના ગુણો, ભક્ત પ્રહ્લાદે; ભક્તિ સહિત વર્ણન કરવાથી, નૃસિંહજીએ ક્રોધ શમાવીને; એ નમેલા પ્રહ્લાદને કહ્યું કે. ॥૫૧॥–શ્રીભગવાન–હે શ્રેષ્ટ અસુર ભલા પ્રહ્લાદ, તારૂં ભલું થાઓ; હું તને પ્રસન્ન થયોછું. પુરુષોની કામનાઓ પૂર્ણ કરનાર હું થકી તું ઇચ્છિત વરદાનો માગી લે. ॥૫૨॥ હે લાંબા આયુષ્યવાળા; મને નહીં પ્રસન્ન કરનારાઓને, મારૂં દર્શન દુર્લભ છે; અને મારૂં દર્શન પામનારો પ્રાણી, ફરીવાર તાપ પામવાને યોગ્ય થતો નથીજ. ॥૫૩॥ અને એટલા માટેજ; કલ્યાણની ઇચ્છાવાળા ભાગ્યશાળી ધીર અને સાધુ પુરુષો, હું સઘળાં વરદાનોના સ્વામીને; સર્વ ભાવ વડે પ્રસન્ન કરે છે. ॥૫૪॥–નારદ–આ રીતે, જેથી લોકો લલચાઇ જાય, એવાં વરદાનો આપવાનું કહીને, લોભાવવા છતાં પણ; એ ભગવાનને વિષે એકાંતિક ભાવવાળા, શ્રેષ્ટ અસુર પ્રહ્લાદે; વરદાનો માગવાની ઇચ્છા કરી નહીં. ॥૫૫॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ સાતમા સ્કંધનો નવમો અધ્યાય સંપૂર્ણ. ॥૯॥

सगुणोविगुणश्चभूमन्नान्यत्त्वदस्त्यपिमनोवचसानिरुक्तं॥४८॥ नैतेगुणानगुणिनोमहदादयोयेसर्वेमनःप्रभृतयःसहदेवमर्त्याः॥ आद्यंतवंत उरुगायविदंतिहित्वामेवंविमृश्यसुधियोविरमंतिशब्दात्॥४९॥ तत्तेऽर्हत्तमनमःस्तुतिकर्मपूजाःकर्मस्मृतिश्चरणयोःश्रवणंकथायां॥ संसेवयात्वयिविनेतिषडंगयाकिंभक्तिंजनःपरमहंसगतौलभेत॥५०॥ नारद०एतावद्वर्णितगुणोभक्त्याभक्तेननिर्गुणः॥ प्रह्लादंप्रणतंप्रीतोयतमन्युरभाषत॥५१॥श्रीभग०प्रह्लादभद्रभद्रंतेप्रीतोऽहंतेसुरोत्तम॥ वरंवृणीष्वाभिमतंकामपूरोऽस्म्यहंनृणां॥५२॥ मामप्रीणतआयुष्मन्दर्शनंदुर्लभंहिमे॥ दृष्ट्वामांनपुनर्जंतुरात्मानंतप्तुमर्हति॥५३॥ प्रीणंतिह्यथमांधीराःसर्वभावेनसाधवः॥ श्रेयस्कामामहाभागाःसर्वासामाशिषांपतिं॥५४॥ एवंप्रलोभ्यमानोऽपिवरैर्लोकप्रलोभनैः॥एकांतित्वाद्भगवतिनैच्छत्तानसुरोत्तमः॥५५॥ इ०भा०म०स०नवमोऽध्याय०॥ ९॥ नारद०भक्तियोगस्यतत्सर्वमंतरायतयाऽर्भकः॥ मन्यमानोहृषीकेशंस्मयमानउवाचह॥१॥ प्रह्लाद०मामांप्रलोभयोत्पत्त्यासक्तंकामेषुतैर्वरैः॥तत्संगभीतोनिर्विण्णोमुमुक्षुस्त्वामुपाश्रितः॥२॥ भृत्यलक्षणजिज्ञासुर्भक्तंकामेष्वचोदयत्॥ भवान्संसारबीजेषुहृदयग्रंथिषुप्रभो॥नान्यथातेऽखिलगुरोघटेतकरुणात्मनः॥३॥ यस्तआशिषआशास्तेनसभृत्यःसवैवणिक्॥आशासानोनवैभृत्यःस्वामिन्याशिषआत्मनः॥नस्वामीभृत्यतःस्वाम्यमिच्छन्योरातिचाशिषः॥४॥ अहंत्वकामस्त्वद्भक्तस्त्वंचस्वाम्यनपाश्रयः॥नान्यथेहावयोरर्थोराजसेवकयोरिव॥५॥ यदिरासीशमेकामान्वरांस्त्वंवरदर्षभ॥कामानांहृद्यसंरोहंभवतस्तुवृणेवरं॥६॥इंद्रियाणिमनःप्राणआत्माधर्मोधृतिर्मतिः॥ह्रीःश्रीस्तेजःस्मृतिःसत्यंयस्यनश्यंतिजन्मना॥७॥विमुंचतियदाकामान्मानवोमनसिस्थितान्॥तर्ह्येवपुंडरीकाक्षभगवत्त्वायकल्पते॥८॥ नमोभगवतेतुभ्यंपुरुषायमहात्मने॥हरयेऽद्भुतसिंहायब्रह्मणेपरमात्मने॥९॥ नृसिंह०नैकांतिनोमेमयिजात्विहाशिषआशासतेऽमुत्रचयेभवद्विधाः॥ अथाऽपिमन्वंतरमेतं व्रदस्त्यैश्वराणामनुभुंक्ष्वभोगान्॥१०॥ कथामदीयाजुषमाणःप्रियास्त्वमावेश्यमामात्मनिसंतमेकं॥सर्वेषुभूतेष्वधियज्ञमीशंयजस्वयोगेन

અધ્યાય ૧૦ મો.–નારદ–અને એ સર્વ વરદાનાદિકને ભક્તિ યોગમાં અંતરાય કરનાર માનનારા, એ બાળકે; હૃષીકેશ ભગવાનને હસીને કહ્યું કે; ॥ ૧ ॥–પ્રહ્લાદ–જન્મ થકીજ વિષયાદિકનાં સુખોમાં આશક્ત, અને તેમના સંગથકી બીહીનીને વૈરાગ્ય પામી મોક્ષની ઇચ્છાથી આપને શરણે આવેલા મને; આપ વરદાનો વડે લલચાવો નહીં. ॥૨॥ હે પ્રભુ દાસનાં લક્ષણોની પરીક્ષા કરવા માટેજ, હૃદયની ગાંઠરૂપ, અને સંસારના બીજરૂપ, વિષયાદિકનાં સુખો, માગવાની; હું ભક્તને આપે પ્રેરણા કરેલાનું, માનુંછું. નહીં તો બીજી રીતે આપ દયાળુ અને અખિલ બ્રહ્માંડના ગુરુ થકી, એમ થવું ઘટતુંજ નથી. ॥૩॥ આપના પાસેથી વરદાન માગે, તે તો દાસ નથી; પણ સ્વામી પાસેથી કાંઇ વસ્તુની ઇચ્છા કરનારા ચાકર સરખો; વેપારી છે; તેમજ દાસની પાસેથી સ્વામીપણા તરીકે, સેવા આદિની ઇચ્છા રાખનારો સ્વામી પણ; ખરો સ્વામી નહીં છતાં, વેપારીજ છે. ॥૪॥ માટે, હું આપનો કામના વિનાનો ભક્તછું; અને આપ પણ કશાની ઇચ્છા નહીં રાખનારા, સ્વામી છો. એટલે બીજી રીતનો રાજા અને તેના નોકરોના સરખો, સંબંધ આપણા વચે; નથીજ. ॥૫॥ એટલા માટે; હે વરદાનો આપનારાઓમાં ઉત્તમ આપ મને વરદાન આપવાનેજ ધારતા હોતો, "મને કોઇ પણ પ્રકારની ઇચ્છાનો અંકુરજ ન થાય," એમ કરો. ॥૬॥ કે જે કામનાઓ ઉત્પન્ન થવાથીજ, ઇંદ્રિયો–મન–પ્રાણ–શરીર–ધર્મ–ધીરજ–બુદ્ધિ–લજ્જા–લક્ષ્મી–તેજ–સ્મૃતિ–અને સત્ય; સઘળાં નાશ પામે છે. ॥ ૭ ॥ હે પુંડરિકાક્ષ ભગવાન, મનમાં રહેલી સઘળી કામનાઓ, માણસ જ્યારે છોડી દેછે; ત્યારેજ તે આપનું પદ પામવાને, યોગ્ય થઇ શકે છે. ॥ ૮ ॥ માટે આપ પુરુષ–મહાત્મા–હરિ–અદ્ભુતસિંહ–પરબ્રહ્મ–અને પરમાત્મા ભગવાનને, હું નમસ્કાર કરૂંછું. ॥ ૯ ॥–નૃસિંહ–તું સરખા એકાંતિક ભક્તો, આ લોક અને પરલોક સંબંધી સુખોને, ઇચ્છતા નથી; તો પણ તું મારી આજ્ઞાથી એક મન્વંતર સુધી. દૈત્યોના રાજાપણાનાં, સુખોને ભોગવ્ય. ॥ ૧૦ ॥ ત્યાં સુધી તું, સર્વ પ્રાણી પદાર્થાદિકમાં વ્યાપક, હું એકને વિષેજ, મન

જોડીને, મારી પ્રિય કથાઓ સાંભળજે; યજ્ઞો કરીને, હું યજ્ઞ પુરૂષ ઇશ્વરનું પૂજન કરજે; અને યોગ કરીને, કર્મોનો નાશ કરજે, ॥૧૧॥ તેમજ ભોગ ભોગવવાથી પુણ્યોનો નાશ કરીને, સુકૃત કરવાવડે, પાપોને મટાડજે. તથા દેવતાઓ પણ વખાણે, એવી શુદ્ધ કીર્ત્તિ ફેલાવીને, બંધન મુક્ત થઇ, કાળના વેગથી શરીરને તજીને, છેવટે મનેજ પામજે. ॥ ૧૨ ॥ આ મારી તેં કરેલી સ્તુતિનો, જે કોઇ પાઠ કરશે, અને તું અંકિત મારૂં સ્મરણ કરશે; તે આ લોકમાં કર્મબંધનો થકી છૂટી જશે. ॥ ૧૩ ॥–પ્રહ્લાદ–વળી હે વરદાન દેનારાઓના પણ મહાન ઇશ્વર, આપ થકી હું એક વરદાન માગુ છું: તે એકે; આપના ઐશ્વર્ય અને તેજને નહીં જાણનાર, મારા બાપે; સર્વ લોકના સાક્ષાત ગુરુ અને પ્રભુ, આપને; પોતાના ભાઇને મારનાર માનવાની ખોટી સમજણથી; આપની નિંદા કરી છે, અને આપના ભક્ત હુંનો, દ્રોહ કરયો છે; એ અંતવિનાના અને ન તરી શકાય એવા પાપ થકી, મારા બાપને મુક્ત કરો; હે દીન દયાળ, જ્યારે તેના સામી આપે નજર કરી હતી, ત્યારેજ પવિત્ર થવાને, એતો યોગ્ય હતો. ॥૧૪-૧૫-૧૬॥–શ્રીભગવાન–હે પાપરહિત, જેને ઘેરે કુલને પાવન કરનારો, તું સરખો સાધુ પુરૂષ, ઉત્પન્ન થયો છે; તેનો બાપતો એકવીસ પેઢીના પિતરાઓ સહિત, પવિત્ર થઇ ચૂકેલોજ છે.॥૧૭॥ જ્યાં શાંત–સમદ્દષ્ટિવાળા–સાધુ–અને સારાં આચરણ પાળનારા, મારા ભક્તો ઉત્પન્ન થાય છે; ત્યાં અતિ નીચ લોકોને પણ, તેઓ પવિત્ર કરે છે. ॥૧૮॥ હે દૈત્યોના રાજા, સર્વને વિશે આત્મ સ્વરૂપથી રહેલા, મારા ભાવને પામવાથી; સ્પૃહારહિત થયેલા, પુરૂષો તો; ઉંચા નીચા સર્વ પ્રાણીઓને, કોઇને પીડા કરતાજ નથી.॥૧૯॥ તું મારા સર્વે ભક્તોમાં, પ્રમાણ રૂપ છે; જે પુરૂષો આ લોકમાં તારા આચરણોનું અનુકરણ કરશે તેઓ પણ મારા ભક્ત

चकर्मेहिन्वन् ॥११॥ भोगेनपुण्यंकुशलेनपापंकलेवरंकालजवेनहित्वा॥कीर्तिंविशुद्धांसुरलोकगीतांवितायमामेष्यसिमुक्तबंधः॥१२॥यए तत्कीर्तयन्म [illegible]चागीतमिदंनरः॥त्वांचमांचस्मरन्लोकेकर्मबंधात्प्रमुच्यते॥१३॥ प्रह्लाद०वरंवरयएततेवरदेशान्महेश्वर॥यदनिंदत्पितामे त्वाम[illegible]स्तेजऐश्वरं॥१४॥ विद्धामर्षाशयःसाक्षात्सर्वलोकगुरुंप्रभुं॥भ्रातृहेतिमृषादृष्टिस्त्वद्भक्तेमयिचाघवान् ॥१५॥ तस्मात्पितामेपूयेत [illegible]दघात्॥पूतस्तपांगसंदृ[illegible]दाकृपणवत्सल ॥१६॥ श्रीभगवान०त्रिःसप्तभिःपितापूतःपितृभिःसहतेऽनघ॥यत्साधोऽस्यगृहेजा तोभवान्वैकुलपावनः॥१७॥ यत्रयत्रचमद्भक्ताःप्रशांताःसमदर्शिनः॥साधवःसमुदाचारास्तेपूयंत्यपिकीकटाः॥१८॥सर्वात्मनानहिंसंतिभूत ग्रामेषुकिं[illegible]चावचेषुदैत्येंदमद्भावेनगतस्पृहाः ॥१९॥ भवंतिपुरुषालोकेमद्भक्तास्त्वामनुव्रताः॥ भवान्मेखलुभक्तानांसर्वेषांप्रतिरूपधृक् ॥२०॥ कुरु[illegible]पितुःपूतस्यसर्वशः॥मदंगस्पर्शनेनांगलोकान्यास्यति[illegible]प्रजाः॥२१॥ पित्र्यंचस्थानमातिष्ठयथोक्तंब्रह्मवादिभिः॥ मय्यावेश्यमनस्तातकुरुकर्माणिमत्परः॥२२॥ श्रीशुक०प्रह्लादोऽपितथाचक्रेपितुर्यत्सांपरायिकं॥ यथाहभगवान्राजन्नभिषिक्तोद्विजोत्तमैः ॥२३॥ प्रसादसुमुखंदृष्ट्वाब्रह्मानरहरिंहरिं॥ स्तुत्वावाग्भिःपवित्राभिःप्राहदेवादिभिर्वृतः॥२४॥ ब्रह्मा०देवदेवाखिलाध्यक्षभूतभावनपूर्वज॥ दिष्ट्यातेनिहतःपापोलोकसंतापनोऽसुरः॥२५॥ योऽसौलब्धवरोमत्तोनवध्योममसृष्टिभिः॥ तपोयोगबलोन्नद्धःसमस्तनिगमानहन् ॥२६॥ दिष्ट्या[illegible]स्यतनयःसाधुर्महाभागवतोऽर्भकः॥त्वयाविमोचितोमृत्योर्दिष्ट्यात्वांसमितोऽधुना॥२७ एतद्वपुस्तेभगवन्ध्यायतःप्रयतात्मनः॥सर्व तो[illegible] संत्रासान्मृत्योरपिजिघांसतः॥२८॥नृसिंह०मैवंवरोऽसुराणांतेप्रदेयःपद्मसंभव॥ वरःक्रूरनिसर्गाणामहीनाममृतंयथा ॥२९॥ नार द०इत्युक्त्वाभगवान्राजंस्तत्रैवांतर्दधेहरिः॥ अदृश्यःसर्वभूतानांपूजितःपरमेष्ठिना॥३०॥ ततःसंपूज्यशिरसाववंदेपरमेष्ठिनं॥भवंप्रजापतीन्दे वान्प्रह्लादोभगवत्कलाः॥३१॥ ततःकाव्यादिभिःसार्धंमुनिभिःकमलासनः॥ दैत्यानांदानवानांचप्रह्लादमकरोत्पतिं ॥३२॥ प्रतिनंद्यततोदे वाःप्रयुज्यपरमाशिषः॥स्वधामानिययूराजन्ब्रह्माद्याःप्रतिपूजिताः॥३३॥एवंतौपार्षदौविष्णोःपुत्रत्वंप्रापितौदितेः॥हृदिस्थितेनहरिणावैरभा

થશે. ॥૨૦॥ હે પ્રહ્લાદ, મારાં, અંગોનો સ્પર્શ થવાથી, સર્વ પ્રકારે પવિત્ર થયેલો તારો બાપ, સારી પ્રજાવડે, મળવાના લોકને પામશેજ; માટે હવે તું તેની ઉત્તર ક્રિયા કરય. ॥૨૧॥ અને તું તારા પિતાની ગાદી ઉપર બેસી, મારામાં મન રાખીને, અને મનેજ પરાયણ રહીને, વેદને જાણનારાઓના કહેવા પ્રમાણે; કર્મો કરય. ॥૨૨॥–નારદ–પછીથી જે રીતે ભગવાને કહ્યું હતું, તે રીતેજ; બ્રાહ્મણોએ અભિષેક કરેલા પ્રહ્લાદે; પોતાના બાપની મરણ સંબંધી ક્રિયાઓ કરી. ॥૨૩॥ પછી દેવતાઓ આદિ થકી વિંટાયલા બ્રહ્માએ, નરહરિ ભગવાનને પ્રસન્ન થયેલા જોઇ, પવિત્ર વાણીથી સ્તુતિ કરીને, તેમને કહ્યું કે. ॥૨૪॥–બ્રહ્મા–હે અખિલ બ્રહ્માંડના સ્વામી–જગતનું પાલન કરનાર–સર્વના આદિ–અને દેવના દેવ, આપે, લોક માત્રને સંતાપનારા આ અસુરને મારયો; તે ઘણું સારૂં થયું.॥૨૫॥ વરદાનો પામવા વડે માતેલો એ, મારી સૃષ્ટિમાંના કોઇ થકી મરે, એમ નહોતો; અને તપ–યોગ–તથા બળથી ઉન્મત્ત થયેલો તે, સર્વ ધર્મોનો નાશ કરતો હતો. ॥૨૬॥ અને એના મહા ભગવતી અને સાધુ બાળક પુત્રને, આપે મરણ થકી મુકાવ્યો, એ પણ સારૂં થયુ; તથા તેને હમણાંજ આપે પોતાનો કરયો, એ તો ઘણુંજ ઉત્તમ થયુંછે॥૨૭॥ હે ભગવાન, આપના આ શરીરનું; જીતેંદ્રિય થઇને ધ્યાન કરનારા પુરૂષોનું સર્વ પ્રકારના ત્રાસ થકી, તથા મૃત્યુ પોતેજ તેમને મારવાને ઇચ્છે તો તેના થકી પણ, રક્ષણ થશે.॥૨૮॥–નૃસિંહ–હે બ્રહ્મા આવાં વરદાનો તમે હવે અસુરોને આપતા નહીં; કારણ કુરજાતિવાળાઓને વરદાનો આપવાં; એ સાપને અમૃત આપવાની બરોબરછે.॥૨૯॥–નારદ–એ પ્રમાણે કહીને, બ્રહ્માએ પૂજેલા હરિ ભગવાન, કોઇના જાણવામાં ન આવે તેમ, ત્યાંજ અંતરધ્યાન થયા. ॥૩૦॥ પછી પ્રહ્લાદે ભગવાનની કળારૂપ બ્રહ્માને,–સદાશિવને–પ્રજાપતિઓને–અને દેવતાઓને પણ માથાવડે નમસ્કાર કરી, તે સર્વેનું પૂજન કરયું. ॥૩૧॥ અને બ્રહ્માએ શુક્રાચાર્યને પાસે રાખીને, પ્રહ્લાદને દૈત્ય તથા દાનવોનો અધિપતિ કર્યા. ॥૩૨॥ પછીથી રાજી થયેલા અને પૂજન પામેલા બ્રહ્મા આદિ લેઇને દેવતાઓ; તેને સારા આ-

શિર્વાદ આપીને, પોતપોતાને સ્થાનકે ગયા. ॥૩૩॥ એ રીતે, હૃદયને વિષે વૈરભાવ રાખનારા, વિષ્ણુના બંને પાર્ષદો, દિતિના પુત્ર થયેલાને; હરિભગવાને માર્યા છે. ॥૩૪॥ બ્રાહ્મણોના શાપના કારણને લીધેજ, ફરીથી પણ તેઓ રાવણ અને કુંભકરણ નામના રાક્ષસો થયા હતા; ત્યાં તેમને ભગવાન રામચંદ્રજીએ, પરાક્રમ કરીને માર્યા હતા. ॥૩૫॥ ત્યારે પણ રામચંદ્રજીનાં બાણોથી હૃદય ભેદાઇને રણભૂમિમાં સુતેલા, તેઓનાં મન દેહ ત્યાગ કરતી વખતે, પૂર્વ જન્માની પેઠેજ, ભગવાનમાં રહ્યાં હતાં. ॥૩૬॥ તેઓ પાછા હરિભગવાન સાથે વૈરભાવ સહિતજ બાંધેલા શિશુપાળ અને દંતવક્ર થઇને, જન્મેલાકે; તેઓમાંના શિશુપાળને તો હમણાંજ ભગવાનને પ્રાપ્ત થતાં; તમે જોયું છે. ॥૩૭॥ એમ કૃષ્ણભગવાન સાથે વૈરભાવ રાખનારા રાજાઓ આદિક, ભગવાનના એ રીતના ધ્યાનથી; પોતાના પૂર્વનાં પાપો આદિનો નાશ કરીને, અને; ભમરીએ ડંખી રાખેલા કીડાની પેઠે, ભગવત સારૂપ્યનેજ પામે છે. ॥૩૮॥ ભેદ દૃષ્ટિ વિનાની ભગવાનની પરમ ભક્તિ થકી, જે ગતિ થાય; તેજ ગતિરૂપ ભગવાનના પદને; વૈરભાવ વડે હરિભગવાનનું ચિંતવન કરવા થકી, ચેદીનો રાજા શિશુપાળ વિગેરે પણ, પામેલા છે. ॥૩૯॥ એ દમઘોષનો દીકરો વિગેરે હરિભગવાનનો દ્વેષ કરનારાઓ; ભગવત સ્વરૂપને કેમ પામ્યા, તે વિશે તમે પૂછેલું સર્વ; મેં આ રીતે તમને કહ્યું. ॥૪૦॥ એ બ્રહ્મણ્યદેવ અને મહાત્મા કૃષ્ણભગવાનના અવતારની, જેમાં એ આદિ દૈત્યોનો વધ થયાનું આવે છે, તે પવિત્ર કથા. ॥૪૧॥ તથા મહાભગવતી પ્રલ્હાદે આચરેલ ભક્તિ-જ્ઞાન-અને વિરક્તિ; કે જેથી તેની બુદ્ધિ હરિભગવાન વિષે રહી હતી; તે. ॥૪૨॥ તથા જેના થકી ઉત્પત્તિ સ્થિતિ અને લય થાય છે; તે ઇશ્વર ભગવાનના, ગુણો અને કર્મોનું વર્ણન; અને દેવ તથા દૈત્ય વિગેરેનાં સ્થાનકોનો, કાળે કરીને થતો ફેરફાર; તેમજ જે થકી ભગવાનની પ્રાપ્તિ થાય, એવો ભાગવત ધર્મ; અને સંપૂર્ણ અધ્યાત્મ જ્ઞાન; એ સર્વે આ આખ્યાનમાં વર્ણન કરવું છે. ॥૪૩-૪૪॥ વિષ્ણુ ભગવાનના પરાક્રમોથી વૃદ્ધિ પામેલા આ પવિત્ર આખ્યાનનું જે પુરૂષ શ્રદ્ધા સહિત શ્રવણ અગર કીર્તન

वेनतौहतौ ॥३४॥ पुनश्चविप्रशापेनराक्षसौतौबभूवतुः॥कुंभकर्णदशग्रीवौहतौतौरामविक्रमैः॥३५॥शयानौयुधिनिर्भिन्नहृदयौरामसायकैः ॥तच्चित्तौजहतुर्देहंयथाप्राक्तनजन्मनि॥३६॥ ताविहाथपुनर्जातौशिशुपालकरूषजौ॥हरौवैरानुबंधेनपश्यतस्तेसमीयतुः॥३७॥एनःपूर्वकृतंपत्तद्राजानःकृष्णवैरिणः॥जहुस्त्वंतेतदात्मानःकीटःपेशस्कृतोयथा॥३८॥यथायथाभगवतोभक्त्यापरमयाऽभिदा॥नृपाश्चैद्यादयःसात्म्यंहरेस्तच्चिंतयाययुः॥३९॥ आख्यातंसर्वमेतत्तेयन्मांत्वंपरिपृष्टवान्॥दमघोषसुतादीनांहरेःसात्म्यमपिद्विषां॥४०॥ एषाब्रह्मण्यदेवस्यकृष्णस्यचमहात्मनः॥अवतारकथापुण्यावधोयत्रादिदैत्ययोः॥४१॥ प्रल्हादस्यानुचरितंमहाभागवतस्यच॥भक्तिर्ज्ञानंविरक्तिश्चयाथात्म्यंचास्यवैहरेः॥४२॥ सर्गस्थित्यप्ययेशस्यगुणकर्मानुवर्णनं॥परावरेषांस्थानानांकालेनव्यत्ययोमहान् ॥४३॥ धर्मोभागवतानांचभगवान्येनगम्यते॥आख्यानेऽस्मिन्समाम्नातमाध्यात्मिकमशेषतः ॥४४॥ यएतत्पुण्यमाख्यानंविष्णोर्वीर्योपबृंहितं॥ कीर्तयेच्छ्रद्धयाश्रुत्वाकर्मपाशाद्विमुच्यते॥४५॥ एतद्यआदिपुरुषस्यमृगेंद्रलीलांदैत्येंद्रयूथपवधंप्रयतःपठेत॥दैत्यात्मजस्यचसतांप्रवरस्यपुण्यंश्रुत्वाऽनुभावमकुतोभयमेतिलोकं ॥॥४६॥ यूयंनृलोकेबतभूरिभागालोकंपुनानामुनयोऽभियंति॥येषांगृहानावसतीतिसाक्षाद्गूढंपरंब्रह्ममनुष्यलिंगं॥४७॥सवाअयंब्रह्ममहद्विमृग्यंकैवल्यनिर्वाणसुखानुभूतिः॥ प्रियःसुहृद्वःखलुमातुलेयआत्माऽर्हणीयोविधिकृद्गुरुश्च॥४८॥नयस्यसाक्षाद्भवपद्मजादिभीरूपंधियावस्तुतयोपवर्णितं॥ मौनेनभक्त्योपशमेनपूजितःप्रसीदतामेषससात्वतांपतिः॥४९॥ सएषभगवान्राजन्व्यतनोद्विहतंयशः ॥ पुरारुद्रस्यदेवस्यमयेनानंतमायिना ॥५०॥ राजा०कस्मिन्कर्मणिदेवस्यमयोऽहन्जगदीशितुः॥ यथाचोपचिताकीर्तिःकृष्णेनानेनकथ्यतां॥५१॥ नारद०निर्जिताअसुरादेवैर्युध्यनेनोपबृंहितैः ॥ मायिनांपरमाचार्यंमयंशरणमाययुः॥५२॥ सनिर्मायपुरस्तिस्त्रोहैमीरौप्यायसीर्विभुः॥ दुर्लक्ष्यापायसंयोगादुर्वितर्क्यपरिच्छदाः॥५३॥ताभिस्तेऽसुरसेनान्योलोकांस्त्रीन्सेश्वरान्नृप॥स्मरंतोनाशयांचक्रुःपूर्ववैरमलक्षिताः॥५४॥ततस्तेसेश्वरालो

કરશે; તે કર્મોના પાશ થકી મૂકાશે. ॥૪૫॥ તેમજ આદિ પુરૂષ નૃસિંહ ભગવાનની લીલા રૂપ; અને દૈત્યરાજ હિરણ્યકશિપુના વધનું; તથા તેના શ્રેષ્ટ સત્પુરૂષ પુત્ર પ્રલ્હાદનું, પવિત્ર આખ્યાન; સાવધાન પણે શ્રવણ કરવાથી; અગર પાઠ કરવાથી; ભગવાનના અકુતોભયલોક, વૈકુંઠને પમાય છે. ॥૪૬॥ હે યુધિષ્ઠિર, આલોકને વિષે, તમે મોટા ભાગ્યવાન છો; કે જેના ઘરને વિષે, છાની રીતે મનુષ્ય થયેલા, સાક્ષાત પરબ્રહ્મ ભગવાન, વસે છે; અને તેથી લોક માત્રને પવિત્ર કરનારા, મહામુનિઓ આવે છે. ॥૪૭॥ તમારા પ્રિય-સુહૃદ-મામાના દીકરા-પૂજન કરવાને યોગ્ય-આજ્ઞા ઉઠાવનારા-અને ગુરૂ એટલે હિત કરનારા જે કૃષ્ણ છે, તે પોતેજ; મહદ્-પુરૂષોએ શોધેલા-કેવળ અને નિર્વાણ સુખના અનુભવ રૂપ, પરબ્રહ્મ છે;એમ જાણો. ॥૪૮॥ અને સાક્ષાત સદાશિવ તથા બ્રહ્મા આદિક પણ, જેના ખરા સ્વરૂપનું વર્ણન, પોતાની બુદ્ધિ વડે ન કરી શકવાથી; તેમનું, મૌન-ભક્તિ-અને ઉપશમના ઉપાયો વડેજ, તેઓ પૂજન આદિક કરે છે; તે ભક્તોના સ્વામી ભગવાન, અમને પ્રસન્ન થજો. ॥૪૯॥ અને હે યુધિષ્ઠિર, પૂર્વે એજ ભગવાને, અનંત માયાઓ વાળા મય નામના અસુરે હણી નાંખેલા, રૂદ્રદેવના યશનો, ફરીવાર વિસ્તાર કર્યો હતો. ॥૫૦॥-યુધિષ્ઠિર-એ મયદાનવે કયા કામમાં જગતના ઇશ્વર સદાશિવની કીર્તિનો નાશ કર્યો હતો; અને કૃષ્ણભગવાને, કેવા પ્રકારે તે કીર્તિ પાછી સ્થાપન કરી હતી; તે કહો. ॥૫૧॥-નારદ-ભગવાને વધારેલા દેવતાઓએ, યુદ્ધમાં હરાવેલા અસુરો; માયાવીઓના મુખ્ય આચાર્ય મયદાનવને શરણે ગયા. ॥૫૨॥ હે સમર્થ, ત્યારે તેણે સોનાનું-રૂપાનું-અને લોઢાનું એવાં, ત્રણ નગરો (વિમાનો) દેખવામાં ન આવે એવાં, અને કોઇથી કોઇ પ્રકારે હાની ન કરી શકાય એવાં; તથા તેમાંના અંદરસામાન વિગેરે બાબત, તર્કમાં પણ ન આવી શકે એવાં; બનાવી આપ્યાં. ॥૫૩॥ પછી તેઓમાં રહીને, દૈત્યોના અધિપતિઓ, પૂર્વ વૈર સંભારીને; કોઇ ન દેખે એ રીતે, ત્રણે લોકનો તેમના લોકપાળો સહિત નાશ કરવા લાગ્યા. ॥૫૪॥ ત્યારે લોકોએ લોકપાળો સહિત સદાશિવની પાસે જઇને, પ્રાર્થના કરી કે. "હે ભગવાન

નાકને, ચંદ્રમામાં; બુદ્ધિ અને તેના વિષયોને, બ્રહ્માગાં; તથા જેથકી અહંતા અને મમતા થાય છે તે અહંકારને, તેનાં કર્મો સહિત રૂદ્રમાં; તથા ચિત્ત અને ચેતનાને, ક્ષેત્રજ્ઞમાં; નાંખી દેવાં; એમ સર્વ ઇંદ્રિયોને તેમના વિષયો અને દેવતાઓ સહિત પણ પરબ્રહ્મમાં, નાંખી દેવાં. ॥૨૫-૨૬-૨૭-વળી પૃથ્વીને જળમાં જળને તેજમાં, તેજને વાયુમાં, વાયુને આકાશમાં, આકાશને અહંકારમાં, અહંકારને મહત્તત્વમાં, મહત્તત્વને પ્રકૃતિમાં, અને પ્રકૃતિને અક્ષર એવા આત્મામાં, નાખીદેવી. ॥૩૦॥ અને એ પ્રકારથી તે અવશેષ રેહેનારા ચિન્માત્ર આત્માને જાણીને; લાકડાં બળી ગયેલા અગ્નિની પેઠે, દ્વૈતથકી વિરામ પામી જવું. ॥૩૧॥ ઇતિશ્રી૦ ભા૦ સાતમા સ્કંધનો બારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૨॥

અધ્યાય. ૧૩ મો.—નારદ—જે વાનપ્રસ્થ આશ્રમી, તેણે ધારેલાં બાર–આઠ–ચાર–બે અગર એક વરસ પૂરે થવા ટાણે; રોગાદિકથી અશક્ત નહીં થતાં; ચોથા આશ્રમમાં જવાને શક્તિમાન હોય; તેણે પોતાની સાથે એકલા શરીર શિવાય બીજું કાંઇ નહીં રાખીને; સંન્યાસી થવું. અને ગામની અંદર એક રાત કરતાં વધુ નહીં રેહેવાનો નિયમ રાખીને, અપેક્ષા વિનાના થઇને;પૃથ્વી ઉપર ફરવું. ॥૧॥ અને જરૂર લાગે તો તેણે કોપિન (લંગોટી.) શરીર ઢાંકવાનુ વસ્ત્ર, દંડ, અને આશ્રમનાં ચિન્હ; એટલાં વાનાંજ રાખવાં; પણ આપદના સમય શિવાય, એટલા ઉપરાંત બીજુ કશું, સંન્યાસીથી સાથે રાખી શકાય નહીં. ॥૨॥ તેણે તો એકલાજ—અને બીજાના આશ્રયવિનાના—આત્મારામ થઇને; અને સર્વ પ્રાણી પદાર્થાદિકના સુહૃદ તથા શાંત.—અને નારાયણ પરાયણ થઇને, જ, ફર્યા કરવું. ॥૩॥ અને તેણે આ સત્ અને અસત્ રૂપ વિશ્વ એટલે જંગમ સ્થાવર સર્વ, અવિકારી પરમાત્માના આત્મ સ્વરૂપને વિશે રહેલાનું; તથા એ સત્ અસત્ મય જગતના, સર્વ પદાર્થાદિકને વિશે; એ પરબ્રહ્મ આત્મસ્વરૂપનેજ રહેલાનું; જોવું. ॥૪॥ તેમજ જાગ્રત અને ઉંઘ, એ બેની સંધીના વખતે જણાતા; આત્મસ્વરૂપને જાણવું; તથા મોક્ષ અને બંધ પણ વસ્તુતઃ નહીં, પણ કેવળ માયા માત્ર; એટલે મિથ્યા

जिह्वांग्रेयैर्घ्राणंक्षितौन्यसेत् ॥२८॥ मनोमनोरथैश्चंद्रेबुद्धिंबोध्यैःकवौपरे ॥ कर्माण्यध्यात्मनारुद्रेयदहंममताक्रिया॥ सत्वेनचित्तंक्षेत्रज्ञेगुणैर्वैकारिकंपरे॥२९॥ अप्सुक्षितिमपोज्योतिष्यदोवायौनभस्यमुं॥कूटस्थेतच्चमहतितदव्यक्तेऽक्षरेचतत् ॥३०॥ इत्यक्षरतयात्मानंचिन्मात्रमवशेषितं॥ ज्ञात्वाऽद्वयोऽथविरमेद्दग्धयोनिरिवानलः ॥३१॥ इ०भा०म०स०द्वादशोऽध्यायः॥१२॥ नारद०कल्पस्त्वेवंपरिव्रज्यदेहमात्रावशेषितः॥ ग्रामैकरात्रविधिनानिरपेक्षश्चरेन्महीं॥१॥ बिभृयाद्यद्यसौवासःकौपीनाच्छादनंपरं॥ त्यक्तंनदंडलिंगादेरन्यत्किंचिदनापदि॥२॥ एकएवचरेद्भिक्षुरात्मारामोऽनपाश्रयः॥ सर्वभूतसुहृच्छांतोनारायणपरायणः॥३॥ पश्येदात्मन्यदोविश्वंपरेसदसतोऽव्यये॥ आत्मानंचपरंब्रह्मसर्वत्रसदसन्मये॥४॥ सुप्तप्रबोधयोःसंधावात्मनोगतिमात्मदृक्॥ पश्यन्बंधंचमोक्षंचमायामात्रंनवस्तुतः॥५ नाभिनंदेद्ध्रुवंमृत्युमध्रुवंवाऽस्यजीवितं॥ कालंपरंप्रतीक्षेतभूतानांप्रभवाप्ययं ॥६॥ नासच्छास्त्रेषुसज्जेतनोपजीवेतजीविकां॥ वादवादांस्त्यजेत्तर्कान्पक्षंकंचनसंश्रयेत् ॥७॥नशिष्याननुबध्नीतग्रंथान्नैवाभ्यसेद्बहून्॥ नव्याख्यामुपयुंजीतनारंभानारभेत्क्वचित्॥८॥ नयतेराश्रमःप्रायोधर्महेतुर्महात्मनः॥शांतस्यसमचित्तस्यबिभृयादुतवात्यजेत्॥९॥ अव्यक्तलिंगोव्यक्तार्थोमनीष्युन्मत्तबालवत् ॥ कविर्मूकवदात्मानंसदृष्ट्यादर्शयेन्नृणां ॥१०॥ अत्राप्युदाहरंतीममितिहासंपुरातनं॥ प्रल्हादस्यचसंवादंमुनेराजगरस्यच॥११॥ तंशयानंधरोपस्थेकावेर्यांसह्यसानुनि॥रजस्वलैस्तनूदेशैर्निगूढामलतेजसं॥१२॥ ददर्शलोकान्विचरन्लोकतत्वविवित्सया॥ वृतोमात्यैःकतिपयैःप्रल्हादोभगवत्प्रियः ॥१३॥ कर्मणाकृतिभिर्वाचालिंगैर्वर्णाश्रमादिभिः॥नविंदंतिजनायंवैसोऽसावितिनवेतिच॥१४॥ तंनत्वाऽभ्यर्च्यविधिवत्पादयोःशिरसास्पृशन् ॥ विवित्सुरिदमप्राक्षीन्महाभागवतोऽसुरः॥१५॥ बिभर्षिकायंपीवानंसोद्यमोभोगवान्यथा॥ वित्तंचैवोद्यमवतांभोगोवित्तवतामिह ॥ भोगिनांखलुदेहोयंपीवाभवतिनान्यथा ॥१६॥ नतेशयानस्यनिरुद्यमस्यब्रह्मन्नुहार्थोयतएवभोगः॥अभोगिनोऽयंतवविप्रदेहःपीवायतस्तद्वदनःक्षमंचेत्॥१७॥ कविःकल्पोनिपुणदृक्चित्र

હોવાનુંજ જાણવું. ॥૫॥ તેણે ધ્રુવ એવા મૃત્યુને, અથવા અધ્રુવ જીવવાને પણઃ નહીં ઇચ્છતાં; પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશ કરનારા; પરમાત્માના સ્વરૂપ કાળનીજ, વાટ જોવી. ॥૬॥ અસત્ શાસ્ત્રોને વિશે તેણે પ્રીતિવાળા થવું નહીં; અને એવી આજીવિકા વડે, જીવવું નહીં; વાદવિવાદ, તથા કુતર્ક કરવાનો, ત્યાગ કરવો; અને વાદવિવાદ થવાના પ્રસંગોમાં, કોઇ પણ પક્ષનો આશ્રય ન કરવો. ॥૭॥ ઘણા શિષ્યો ન કરવા; ઘણા ગ્રંથોનો અભ્યાસ ન કરવો, સભાઓમાં વ્યાખ્યાન ન કરવાં; અને મઠ વિગેરે બાંધવાનો, તથા કોઇ પણ જાતનાં કામોનો; આરંભજ ન કરવો. ॥૮॥ શાંત–સમચીત વાળા–અને મહાત્મા યતિએ (સંન્યાસીએ) આશ્રમની નિશાનીઓ રાખવાનું, અગર નહીં રાખવાનું; તેની મરજી ઉપર છે; કેમકે તે નિશાનીઓમાં, કાંઇ પણ ધર્મનો હેતુ તો છેજ નહીં. ॥૯॥ અને તેવા આત્મતત્વને જાણનાર, સંન્યાસીએ; પોતે જાણેલાની નિશાની વિનાના થઇ, સર્વના દૃષ્ટા રૂપે રહીને; પોતે બુદ્ધિમાન છતાં, પોતાના દેહને બાળક અને ઉન્મત્ત સરખોજ; તથા વિચક્ષણ છતાં, મૂગા સરખોજ; બીજાઓને દેખાડવો. ॥૧૦॥ એ બાબતમાં એક જુનો ઇતિહાસ, અજગર વૃત્તિવાળા મુનિ; ગુરૂદત્તાત્રય અને પ્રલ્હાદ વચ્ચે, થયેલા સંવાદ રૂપે; કહેવાગાં આવે છે. (તે હું તમને કહુંછું.) ॥૧૧॥ ભગવતભક્ત પ્રલ્હાદજી, કેટલાએક કારભારીઓ સહિત; લોક તત્વને જાણવાની ઇચ્છાથી, લોકને વિશે ફરતાં ફરતાં; સહ્યાદ્રિની તલેટીમાં, કાવેરીને કાંઠે; ગુરૂદત્તાત્રય ધરતી ઉપરજ સુઇ રહેલા; અને ધુળવડે શરીર ભરાઇ જવાથી, તેમનું નિર્મળ તેજ ઢંકાઇ ગયેલા; તેમના જોવામાં આવ્યા. ॥૧૨-૧૩॥ કર્મ અને આકૃતિથી, અને બોલવા થકી; તે પોતે અમુકજ છે, અથવા અમુક વર્ણ કે આશ્રમવાળા છે; એમ જણાતું નહતું; અને લોકો નિંદા કરે તેવું પણ, કાંઇ દેખાતું નહતું; પછીથી તેમના ચરણમાં માથું મુકીને, જાણવાની ઇચ્છાથી, મહાભગવતી પ્રલ્હાદે; તેમને આ પ્રમાણે પૂછયું. ॥૧૪-૧૫॥ આપ. ઉદ્યમ કરનારા અને ભોગ ભોગવનારાની પેઠે, મજબૂત શરીરને ધારણ કરી રહ્યાછો; કારણ આ લોકમાં ભોગ ભોગવવા થકીજ; આ રીતનો મજબૂત દેહ થાયછે;

ધનવડે ભોગ મળેછે, અને ઉદ્યમ કરવાવડેજ, ધન મળે છે.॥૧૭॥ પણ હે બ્રાહ્મણ, ઉદ્યમ રહિત થઈને સૂઈ રહેલા આપની પાસે, ધનતો જોવામાં આવતું નથી: કે જેથી ભોગ મળે; છતાં ભોગ નહીં ભોગવનારા આપનું શરીર, આ રીતનું મજબુત કેમછે; તેનું કારણ; જો આપને કહેવું યોગ્ય લાગે તો; અમને કહો.॥ગ્રાળા વળી આપ વિદ્વાન—શક્તિમાન—નિપુણ બુદ્ધિવાળા—પ્રિય અને વિચિત્ર પ્રકારની વાતો કરનારા—તથા સમદૃષ્ટિવાળાછો; અને લોકોને કર્મ કરતા જુઓ છો, તોપણ સૂઈ કેમ રહોછો. ॥૧૮॥—નારદ—દૈત્યોના રાજા પ્રહ્લાદે, એ રીતે પુછવાથી; તેનાં અમૃત જેવાં વચનોથી સજી થએલા, એ મહા મુનિ હસીને બોલ્યા કે. ॥૧૯॥—બ્રાહ્મણ—હે આર્ય પુરુષોએ માન્ય કરેલા ઉત્તમ અસુર, આ જગતનાં માણસોને છતાથી, (એટલે સુખ ભોગાદિકને માટેનાં કર્મો કરવાથી,) અને ઉપરામથી (એટલે છતાનો ત્યાગ કરી નિવૃત્તપણે રહેવાથી,) થતાં; પરિણામોને, તો તમે પણ અધ્યાત્મ ચક્ષુવડે, જુઓછોજ. ॥૨૦॥ કેમકે નારાયણ દેવ ભગવાન, અતિ શુદ્ધ ભક્તિવડે; તમારા હૃદયને વિષે, સદાએ બીરાજે છે; અને સૂર્ય જેમ અંધકારને મટાડી દે, તેમ તે અજ્ઞાનને મટાડી દેછે. ॥૨૧॥ તોપણ હે રાજા, તમારા પ્રશ્નનો વિષે, અમે અમારા જાણ્યા પ્રમાણે, કહીશું; કારણ, પોતાની શુદ્ધિને ઇચ્છનારાઓએ; તમારા બોલવાને, માન આપવું જોઈએજ. ॥૨૨॥ યોગ્ય સુખો ભોગવવા આદિથી તૃપ્ત નહીં થનારી અને સંસારમાં વહેવરાવનારી તૃષ્ણાએ મારી પાસે કર્મો કરાવી કરાવીને; મને અનેક અવતારો લેવરાવ્યા હતા. ॥૨૩॥ તેથી કર્મોને લીધે ભમ્યા કરતો હું, સ્વર્ગ—મોક્ષ—અને ફરીથી પશુ પક્ષીના નીચ અવતારોને; તથા મનુષ્ય દેહ, કે જે એ સર્વ પામવાના દરવાજારૂપ છે; તેને પણ હાલ યદૃચ્છાથી પામેલોછું.॥૨૪॥ અને આ મનુષ્ય જન્મમાં પણ, સ્ત્રીઓ અને પુરુષો; સુખ મેળવવાને, તથા દુખને મટાડવાને, કર્મો કરતા છતાં; તેઓને થતાં ઉલટાં પરિણામોને, હું જોઉંછું; તેથી એ કર્મો કરવા થકી હું નિવૃત્ત થયોછું. ॥૨૫॥ ભોગ માત્ર, મન કલ્પિત અને નાશવાન છે: અને સર્વ ઇચ્છાઓથી, વિરામ પામવાથકી; પ્રકાશનારું, આત્મ સ્વરૂપના અનુભવનું સુખ છે; એમ જાણવાથી, હું સૂઈ રહુંછું: અને પ્રારબ્ધવડે મળતા, ભોગાદિકનેજ ભોગવુંછું. ॥૨૬॥ તેમજ પુરુષાર્થરૂપ આત્માને, વિસરી જઈને; અસત્ અને વિચિત્ર પ્રકારોવાળા, દ્વૈત પ્રપંચમાં લાગી

प्रियकथः समः ॥ लोकस्य कुर्वतः कर्म शेषे तद्वीक्षिताऽपि वा ॥ १८ ॥ नारद० स इत्थं दैत्यपतिना परिपृष्टो महामुनिः ॥ स्मयमानस्तमभ्याहत द्वागमृतयन्त्रितः ॥१९॥ ब्राह्मण० वेदेदमसुरश्रेष्ठ भवान्नन्वार्यसंमतः ॥ ईहोपरमयोर्नृणां पदान्यध्यात्मचक्षुषा ॥२०॥ यस्य नारायणो देवो भगवान्हृद्गतः सदा ॥ भक्त्या केवलयाऽज्ञानं धुनोति ध्वांतमर्कवत् ॥२१॥ अथापि ब्रूमहे प्रश्नांस्तव राजन्यथाश्रुतं ॥ संभावनीयो हि भवानात्मनः शुद्धिमि[illegible]तां ॥२२॥ तृष्णया भववाहिन्या योग्यैः कामैरपूरया ॥ कर्माणि कार्यमाणोऽहं नानायोनिषु योजितः ॥२३॥ यदृच्छ[illegible]मिमं पापितः कर्मभिर्भ्रमन् ॥ स्वर्गापवर्गयोर्द्वारं तिरश्चां पुनरस्य च ॥२४॥ अत्रापि दंपतीनां च सुखायान्यापनुत्तये ॥ कर्माणि कुर्वतां दृष्ट्वा निवृत्तोऽस्मि विपर्ययं ॥ ॥२५॥ सुखमस्यात्मनो रूपं सर्वेहोपरतिस्तनुः ॥ मनः संस्पर्शजान्दृष्ट्वा भोगान्स्वप्स्यामि संविशन् ॥२६॥ इत्येतदात्मनः स्वार्थं संतं विस्मृत्य वै पुमान् [illegible] तिद्वैते घोरामाप्नोति संसृतिं ॥२७॥ जलं तदुद्भवैश्छन्नं हित्वाऽज्ञो जलकाम्यया ॥ मृगतृष्णामुपाधावेद्यथाऽन्यत्रार्थदृक्स्वतः ॥२८ देहादिभिर्दैवतंत्रैरात्मनः सुखमीहतः ॥ दुःखात्ययं चानीशस्य क्रिया मोघाः कृताः कृताः ॥२९॥ आध्यात्मिकादिभिर्दुःखैरविमुक्तस्य कर्हिचित् ॥ मर्त्यस्य कृच्छ्रोपनतैरर्थैः कामैः क्रियेत किं ॥ ३० ॥ पश्यामि धनिनां क्लेशं लुब्धानामजितात्मनां ॥ भयादलब्धनिद्राणां सर्वतोऽभिविशंकिनां ॥३१॥ राजतश्चोरतः शत्रोः स्वजनात्पशुपक्षितः ॥ अर्थिभ्यः कालतः स्वस्मान्नित्यं प्राणार्थवद्भयं ॥३२॥ शोकमोहभयक्रोधरागक्लैब्यश्रमादयः ॥ यन्मूलाः स्युर्नृणां जह्यात्स्पृहां प्राणार्थयोर्बुधः ॥३३॥ मधुकारमहासर्पौ लोकेस्मिन्नो गुरूत्तमौ ॥ वैराग्यं परितोषं च प्राप्ता यच्छिक्षया वयं ॥३४॥ विरागः सर्वकामेभ्यः शिक्षितो मे मधुव्रतात् ॥ कृच्छ्राप्तं मधुवद्वित्तं हत्वाऽप्यन्यो हरेत्पतिं ॥३५॥ अनीहः परितुष्टात्मा यदृच्छोपनतादहं ॥ नो चेच्छयक्[illegible]निमहाहिरिवसत्त्ववान् ॥३६॥ क्वचि[illegible]क्वचिद्भूरि भुंजेऽन्नं स्वाद्वस्वादु वा ॥ क्वचिद्भूरिगुणोपेतं गुणहीनमुत क्वचित् ॥३७॥ श्रद्धयोपाहृ

જનારોજ પુરુષ, ઘોર સંસૃતિને પામ્યા કરે છે. ॥૨૭॥ એટલે જળથી ઉત્પન્ન થયેલ સેવાળ આદિથી ઢંકાયલા, ખરા જળને, પડતું મૂકીને; ઝાંઝવાનાં પાણી તરફ, દોડનારની પેઠે; બીજે ઠેકાણે સુખાદિક હોવાનું જાણનારો, અજ્ઞાની પુરુષ, આત્મ સુખને પડતું મૂકીને, વિષયાદિકનાં સુખોના ઉપરજ; દોડ્યા કરે છે. ॥૨૮॥ જેથી દૈવને આધીન એવાં દેહાદિકવડે, પોતાને માટે સુખ મેળવવાને, અને દુખ મટાડવાને, કરેલી; તે અસમર્થ મનુષ્યોની સઘળી ક્રિયાઓ, નિષ્ફળ નિવડે છે. ॥૨૯॥ વળી તે, અધ્યાત્મ આદિ દુખોથકી, કદી પણ નહીં છુટનારા; અને જેને મરી જવાનું તો, નક્કી પણે ઠરી ચૂકેલુંજ છે, એવા પુરુષને; દુખ ભોગવી ભોગવીને, ધન તથા સુખાદિક મેળવવાથકી, પણ શો લાભ છે. ? ॥૩૦॥ વળી એ લોભિયા—અજીતેંદ્રિય—ભયવડે નિદ્રા નહીં લેનારા—અને સર્વ તરફથી આશંકા રાખનારા—ધનવાનોને પણ; ક્લેશ ગનોજ, હું દેખું છું. ॥૩૧॥ અને તેઓને રાજાથકી—ચોરથકી—શત્રુથકી—સ્વજનોથકી—પશુ પક્ષીથકી—ભીખ વિગેરે માગનારાઓથકી—અને કાળથકી—પંડ, એ ધનના ભયના સરખોજ; પોતાના પ્રાણનો પણ, નિરંતર ભય, રહ્યા કરે છે. ॥૩૨॥ એટલા માટે જેનાથી મનુષ્યોને શોક—મોહ—ભય—ક્રોધ—પ્રીતિ—દીનતા—અને પરિશ્રમ થાય છે; એવી ધન અને પ્રાણની સ્પૃહાનેજ, બુદ્ધિવાન પુરુષોએ; તજીદેવી જોઈએ છે. ॥૩૩॥ જેમનાથકી શીખામણ લેવાથી; અમને, વૈરાગ્ય અને સંતોષ મળેલ છે; તે મધમાખી અને મોટો સાપ, (અજગર,) એ બે; આ લોકમાં અમારા ઉત્તમ ગુરુઓ છે. ॥૩૪॥ સર્વ કામનાઓથકી, વૈરાગ્ય રાખવાનું; હું મધમાખીથકી, શીખ્યોછું; એ મધમાખીની પેઠે; દુખવડે મેળવેલા, ધનાદિકનું હરણ, બીજા લોકો ધનના ધણીને, મારી નાખીને; પણ કરી જાય છે. ॥૩૫॥ અને ઇચ્છા (એટલે કામ્ય કર્મો) નહીં કરનારો, હું યદૃચ્છાથી જે મળે; તેથીજ, મનને વિષે સંતોષ રાખુંછું: અને કદી કદી નથી મળતું. ત્યારે પણ: અજગરની પેઠે, ધીરજવાળો થઈને; હું ઘણા દિવસો સુધી, ભૂખ્યોજ સૂઈ રહુંછું. ॥૩૬॥ કોઈ કોઈ વખતે થોડું—ઘણું—સ્વાદવાળું—સ્વાદ વિનાનું—ઘણા ગુણવાળું—ગુણ વિનાનું—અને શ્રદ્ધા સહિત આપેલું—અથવા અપમાન કરીને આપેલું, અન્ન પણ; હું ભક્ષ કરુંછું. તેમજ યદૃચ્છાથી કદી કદી દિવસે અને રાત્રિએ પણ; ખાઉંછું. ॥૩૭—૩૮॥ તેમજ આદૃષ્ટને ભોગવ-

નારી, અને સંતોષી મનવાળો, હું; રેશમી–સુતરાઉ–વલ્કલ વિગેરે વસ્ત્રો, અને ચિથરાં; તથા બીજું જે કાં-
ઈ મળી આવે; તે પહેરી લેઉં છું. ॥૩૯॥ કોઈ વખતે ઘાસ–પાંદડાં–પથરા–અને રાખોડીમાં, જમીન ઉપરજ,
હું સુઈ રહું છું; અને કદી કદી બીજાઓની ઇચ્છાથી, મહેલમાં પલંગ ઉપર; તળાઈમાં પણ, સુઈ રહું છું.
॥૪૦॥ હે સમર્થ, વળી કદી કદી નાહી–શરીરે ચંદન વિગેરે લગાવી–અને સારાં વસ્ત્ર, ઘરેણાં, અને ફૂલના
હાર વિગેરે પહેરીને; રથ–હાથી–અને ઘોડા વિગેરે ઉપર, બેસીને ફરૂં છું; તેમજ કોઈ કોઈ વાર ભૂતથી પક-
ડાયલાની પેઠે; નાગો નાગોજ; ફરયા કરૂં છું. ॥૪૧॥ અને વિષમ સ્વભાવવાળાં માણસોની, હું નિંદા અગર
સ્તુતિ કરતો નથી; પણ તે સઘળાઓનું, કલ્યાણ થાય; તથા પરમાત્માને વિશે, તેમની એકતા થાય; એટ-
લુંજ હું ઇચ્છું છું. ॥૪૨॥ માટે વિકલ્પને (એટલે આ હું અને આ બીજો; એવી ભેદ દૃષ્ટિને) બુદ્ધિમાં; અને
એ બુદ્ધિ અથવા મનને; વૈકારિક એટલે અહંકારમાં હોમી દેઈને; પછી તે અહંકારને, તે પછીના મહત્તત્વમાં
નાંખી; તેને માયા એટલે પ્રધાન અથવા પ્રકૃતિમાં; હોમી દેવું. ॥૪૩॥ અને તેપછી સત્ય વસ્તુને જાણનાર,
તે મુનિએ; એ માયાને (પ્રકૃતિને), અનુભવ સ્વરૂપ આત્મામાં; હોમી દેવી; અને એમ ઇચ્છા રહિત થઈને
એટલે સર્વથકી વિરામ પામીને; અનુભવ સ્વરૂપ આત્માને વિશે, પોતે સ્થિર થવું. ॥૪૪॥ આ પ્રમાણેની
મારી વર્તણુંક, શાસ્ત્રથી; અને લોક રૂઢીથી પણ, વિરૂદ્ધ અને અતિ છાની, હોવા છતાં; તમે ભગવાનના
ભક્તછો, માટેજ; મેં તમારી આગળ કહી છે. ॥૪૫॥–નારદ–એ રીતના મુનિ દત્તાત્રય પાસેથી, પરમહંસો
ના ધર્મો, સાંભળીને; તે અસુરોના રાજા પ્રલ્હાદે, તેમનું પૂજન કર્યું; અને પછી તેમની રજા લેઈ રાજી થ-
ઈને; પ્રલ્હાદ, પોતાને ઘેર ગયા. ॥૪૬॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ સા૦ સ્કંધનો તેરમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૩॥

અધ્યાય ૧૪ મો.–યુધિષ્ઠિર–હે નારદ મુનિ; ઘરને વિશે, મૂઢ બુદ્ધિથી લાગી રહેલા, હું સરખા ગૃ-
હસ્થાશ્રમીઓને; જે રીતે આચરણ કરવાથકી, એ સંન્યાસીઓને પ્રાપ્ત થનારા, પરમપદની પ્રાપ્તિ ઉતાવળેજ

तंक्वापिकदाचिन्मानवर्जितं॥ भुंजेभुक्त्वाऽथकस्मिंश्चिद्दिवानक्तंयदृच्छया॥३८॥ क्षौमंदुकूलमजिनंचीरंवल्कलमेववा॥वसेऽन्यदपिसंप्राप्तंदि
ष्टभुक्तुष्टधीरहं॥३९॥ क्वचिच्छयेधरोपस्थेतृणपर्णाश्मभस्मसु॥ क्वचित्प्रासादपर्यंकेकशिपौवापरेच्छया ॥४०॥ क्वचित्स्नातोऽनुलिप्तांगः सु
वासाःस्रग्व्यलंकृतः रथेभाश्वैश्चरेक्वापिदिग्वासाग्रहवद्विभो॥४१॥नाहंनिंदेनचस्तौमिस्वभावविषमंजनं॥ एतेषांश्रेयआशासेउतैकात्म्यंमहा
त्मनि॥४२॥ विकल्पंजुहुयाच्चित्तौतांमनस्यर्थविभ्रमे॥ मनोवैकारिकेहुत्वातन्मायायांजुहोत्यनु॥४३॥ आत्मानुभूतौतांमायांजुहुयात्सत्यदृङ्
मुनिः॥ ततोनिरीहोविरमेत्स्वानुभूत्यात्मनिस्थितः ॥४४॥ स्वात्मवृत्तंमयेत्थंतेसुगुप्तमपिवर्णितं॥ व्यपेतंलोकशास्त्राभ्यांभवान्हिभगवत्परः
॥४५॥ नारद० धर्मंपारमहंस्यंवैमुनेःश्रुत्वासुरेश्वरः॥ पूजयित्वाततःप्रीतआमंत्र्यप्रययौगृहं॥४६॥इ०भा०म०स०त्रयोदशोऽध्यायः ॥१३॥
युधिष्ठिर०गृहस्थएतांपदवींविधिनायेनचांजसा ॥ यातिदेवऋषेब्रूहिमादृशोगृहमूढधीः ॥१॥ नारद० गृहेष्ववस्थितोराजन्क्रियाःकुर्वन्यथो
चिताः॥ वासुदेवार्पणंसाक्षादुपासीतमहामुनीन् ॥२॥ शृण्वन्भगवतोऽभीक्ष्णमवतारकथाऽमृतं॥ श्रद्दधानोयथाकालमुपशांतजनावृतः ३
सत्संगाच्छनकैःसंगमात्मजायात्मजादिषु ॥ विमुच्येन्मुच्यमानेषुस्वयंस्वप्नवदुत्थितः॥४॥ यावदर्थमुपासीनोदेहेगेहेचपंडितः॥ विरक्तोरक्तव
त्तत्रनृलोकेनरतांन्यसेत् ॥५॥ ज्ञातयःपितरौपुत्राभ्रातरःसुहृदोऽपरे ॥ यद्वदंतियदिच्छंतिचानुमोदेतनिर्ममः ॥६॥ दिव्यंभौमंचांतरिक्षंवित्तम
च्युतनिर्मितं॥ तत्सर्वमुपभुंजानएतत्कुर्यात्स्वतोबुधः ॥७॥ यावद्भ्रियेतजठरंतावत्स्वत्वंहिदेहिनां॥ अधिकंयोभिमन्येतसस्तेनोदंडमर्हति ॥८
मृगोष्ट्रखरमर्काखुसरीसृप्खगमक्षिकाः ॥ आत्मनःपुत्रवत्पश्येत्तैरेषामंतरंकियत्॥९॥ त्रिवर्गनातिकृच्छ्रेणभजेतगृहमेध्यपि ॥ यथादेशंयथा
कालंयावद्दैवोपपादितं ॥१०॥ आश्वाघांतेवसायिभ्यःकामान्संविभजेद्यथा॥अप्येकामात्मनोदारांनृणांस्वत्वग्रहोयतः॥११॥ जह्याद्यदर्थेस्व
प्राणान्हन्याद्वापितरंगुरुं॥ तस्यांस्वत्वंस्त्रियांजह्याद्यस्तेनह्यजितोजितः॥१२॥ कृमिविड्भस्मनिष्ठांतंक्वेदंतुच्छंकलेवरं॥क्वतदीयरतिर्भार्याक्वाय

થાય; તે આપ મને કહો. ॥૧॥–નારદ–હે રાજા, મોટા મુનિઓએ ઉપાસના કરેલા, સાક્ષાત વાસુદેવ ભગવાનને;
અર્પણ કરીનેજ, પોતાને યોગ્ય સઘળી ક્રિયાઓ; ઘરને વિશે રહેનારાઓએ પણ, કરવી જોઈએ છે. ॥૨॥ અને તે-
મજ, શાંતિ પામેલ, ભક્ત તથા સાધુ મનુષ્યોના સમાગમમાં રહીને; શ્રદ્ધાવડે, ભગવાનના અવતારાદિકની કથાઓરૂ-
પી અમૃત; વારંવાર અને રોજ રોજ, નિયમિત વખત, સાંભળ્યા કરવીજ જોઈએ. ॥૩॥ અને એ પ્રકારના સત્સંગ-
વડે, સ્વપ્નમાંથી જાગેલાની પેઠે પોતાની મેળેજ દેહ–સ્ત્રી–અને પુત્રો આદિનો સંગ કે જે આખરે છુટવાનોજછે; તેથકી
ધીમે ધીમે છુટા થવું જોઈએ, ॥૪॥ તથા વિદ્વાન મનુષ્યોએ, દેહ તથા ઘરાદિકને વિશે; પ્રયોજન જેટલોજ સંબંધ રા-
ખીને; પોતે તે સઘળાથી વિરક્ત હોવા છતાં, તેઓના સંબંધના આ મનુષ્ય દેહને યોગ્ય, સઘળા પુરૂષા-
ર્થો; બીજા આસક્ત પુરૂષોની પેઠેજ, કરયા જવું. ॥૫॥ અને જ્ઞાતિઓ–માબાપ–દીકરાઓ–ભાઈઓ–તથા બી-
જા સઘળાં સંબંધીઓ પણ,–જે જે કહે, અને જેની જેની ઇચ્છા કરે; તે તે બાબતોમાં, પોતે મમતા રહિત
થઈને; સંમતિ આપ્યા જવું. ॥૬॥ બુદ્ધિમાન મનુષ્યોએ તો, પોતાને, અચ્યુત ભગવાને નિર્માણ કરયા પ્રમાણે,
જે ધનાદી; દૈવથી,–પૃથ્વીમાંથી,–અથવા અંતરિક્ષમાંથી–પ્રાપ્ત થાય; તેનો ઉપયોગ કરવામાં, આ રીતેજ કર-
વાનું છે. ॥૭॥ માત્ર જેટલા થકી, પેટ ભરાય; એટલુંજ, પોતાનું માનવું જોઈએ; અને તે કરતાં, અધિકને;
જે કોઈ પોતાનું માને, તે ચોર છે; તથા દંડ પામવાને યોગ્ય છે. ॥૮॥ મૃગો, ઉંટ, ગધેડાં, વાંદરાં, ઉંદર, પેટે
ચાલનારા પ્રાણીઓ, પક્ષીઓ, અને માંખીઓ વિગેરે સર્વને; પોતા સમાન, અને પુત્રાદિક સમાન; માનવાં
જોઈએ; કેમકે તેમનામાં, અને પોતે આદિકમાં; કાંઈજ તફાવત નથી. ॥૯॥ ગૃહસ્થાશ્રમીએ ઘણું દુખ પામીને,
ત્રિવર્ગ એટલે ધર્મ–અર્થ–અને કામને; સંપાદન કરવાનાં નથી; પણ યદચ્છાથી એટલે દૈવાદિકથીજ જેટલું
પ્રાપ્ત થાય; તેટલા વડેજ, દેશ કાળની અનુકૂળતા પ્રમાણે, એ સર્વ કરવાનું છે. ॥૧૦॥ એમ છતાં પણ; મ-
નુષ્યોને જેને વિશે, પોતાના પણનો અતિ આગ્રહ હોય છે; એવી, પોતાની એકની એક સ્ત્રી સુદ્ધાં; સર્વ

સુખ ભોગનાં સાધનોમાંથી અને અન્નાદિકમાંથી પણ; કુતરાં-ચાંડાળ-અને પક્ષી આદિ સર્વે પ્રાણીઓને; યથા યોગ્ય વિભાગ આપવા જોઈએ. (એટલે દૈવ ઇચ્છાથી મળેલું પણ, પોતાનું એકલાનુંજ નહીં સમજતાં; ઘટે તેમ સર્વને, વિભાગ આપીને; વધે તે ઘરીજ, પોતાનો નિર્વાહ ચલાવવાનું કહેલ છે; અને સ્ત્રી વડે પણ, દુખીઓનું અને મહાત્માઓનું; રક્ષણ અને સેવા આદી કરાવવાનું, થવું જોઈયે છીએ.) ॥૧૧॥ અને જ્યારે એ સ્ત્રી, કે જેને માટે મનુષ્યો; પોતાના પ્રાણ તજવાનું પણ કબુલ કરે છે; તથા પિતાને અને ગુરૂને પણ, મારીનાખે છે; તેમાં થકી પોતાના પણાને મનુષ્ય છોડે છે: ત્યારેજ તેણે તો, અજીત ભગવાનને જીતી લીધા છે; એમ માનવું જોઈએ. ॥૧૨॥ કેમકે જેના મહિમા વડે; આ સઘળું, આકાશ સુધાં પુરાઈ રહેલ છે; એવા આત્માની આગળ, આ; અંતે, કીડા-વિષ્ટા-કે રાખોડી થનારૂં, તુચ્છ શરીર; અને તેના અંગજ, પ્રીતિ પાત્ર થનાર, સ્ત્રીઓ; શો હિસાબ છે. ॥૧૩॥ એમ યદ્દચ્છાથી પ્રાપ્ત થયેલામાંથી, પંચયજ્ઞ વિગેરે કરીને; જેને તેને ઘટિત ભાગ આપતાં જે વધે; તેમાંથી પોતાનું પેટ ભરવા જેટલાનો ઉપભોગ લીધા પછી, બાકી રહેલા ઉપરથી; તે પોતાનું હોવાની, બુદ્ધિને તજનારો; બુદ્ધિમાન મનુષ્ય; પરમાત્માના મહાન પદને

પામે છે. ॥૧૪॥ આ રીતે મનુષ્યોએ, પોતાની શુદ્ધ આજીવિકાથી મળેલા, ધનાદિકવડે; રોજરોજ પંચ યજ્ઞ કરીને, એટલે [1] દેવ-[2]રૂષિ-[3]પિતૃઓ-[4]મનુષ્યો અને બીજાં પ્રાણીઓ-તથા [5]પોતાનો દેહ; એ સર્વને, ભગવત સ્વરૂપ જાણી; તેમને વિભાગ આપવા રૂપ, પૂજન અને સત્કાર કરવા વડે; પુરૂષ ભગવાનનું પૂજન, કરવું જોઈએ. ॥૧૫॥ માટે જો પોતાને યજ્ઞાદિક કરવાનો અધિકાર, અને યજ્ઞ કરવાના સઘળા પદાર્થાદિકની સગવડ, હોયતો; વિધિસહિત, યજ્ઞાદિક કરવાવડે; ભગવાનનું, પૂજન કરવું. ॥૧૬॥ વળી હે રાજન, બ્રાહ્મણના મુખમાં, આહુતિ આપવાથી; એ સર્વયજ્ઞોના ભોક્તા ભગવાનનું, જેવું પૂજન થાય છે; તેવું અગ્નિમાં હવિષ્યાદિક હોમવાવડે, થતું નથી. ॥૧૭॥ એટલા માટે, આ રીતે બ્રાહ્મણોને આગળ કરીને, તમે; બ્રાહ્મણો-દેવતાઓ-મનુષ્યો-અને બીજાં પ્રાણીઓ વિગેરેને; યથાયોગ્ય સુખભોગ આદિકના વિભાગો, આપવાવડે; ક્ષેત્રજ્ઞ ભગવાનનુંજ પૂજન કરો. ॥૧૮॥ ધનવાન દ્વિજોએ, પોતપોતાના ધનાદિકના પ્રમાણ મુજબ; પોતાનાં માબાપ અને તેમના બંધુઓ વિગેરેનાં શ્રાદ્ધ, ભાદરવા માસના અંધારિયા પખવાડિયામાં; કરવાં. ॥૧૯॥ તેમજ ઉત્તરાયણે-દક્ષિણાયને-વિષુવત્તે-વ્યતિપાતે-ક્ષયદિવસે-ચંદ્રસૂર્યનાં ગ્રહણોને દિવસે-શ્રવણ નક્ષત્રવાળી બારશે-વૈશાક શુદી ત્રી-

मात्मानमभ्च्छादिः॥१३॥ सिद्धैर्यज्ञावशिष्टार्थैःकल्पयेद्वृत्तिमात्मनः॥शेषेस्वत्वंत्यजन्प्राज्ञःपदवींमहतामियात्॥१४॥देवानृषीन्नृभूतानिपितॄना
त्मानमन्वहं॥ स्ववृत्त्यागतवित्तेनयजेतपुरुषंपृथक्॥१५॥ यर्ह्यात्मनोऽधिकाराद्याःसर्वाःस्युर्यज्ञसंपदः॥वैतानिकेनविधिनाअग्निहोत्रादिना
यजेत्॥१६॥ नह्यग्निमुखतोऽयंवैभगवान्सर्वयज्ञभुक्॥इज्यतेहविषाराजन्यथाविप्रमुखेहुतैः॥१७॥ तस्माद्ब्राह्मणदेवेषुमर्त्यादिषुयथार्हतः॥ते
स्तैःकामैर्यजस्वैनंक्षेत्रज्ञंब्राह्मणाननु॥१८॥ कुर्यादापरपक्षीयंमासिप्रौष्टपदेद्विजः॥श्राद्धंपित्रोर्यथावित्तंतद्बंधूनांचवित्तवान्॥१९॥ अयनेवि
षुवेकुर्याद्व्यतीपातेदिनक्षये॥चंद्रादित्योपरागेचद्वादशीश्रवणेषुच॥२०॥ तृतीयायांशुक्लशुक्लेनवम्यामथकार्तिके॥ चतसृष्वप्यष्टकासुहेमंते
शिशिरेतथा॥२१॥ माघेचसितसप्तम्यांमघाराकासमागमे॥राकयाचानुमत्यावामासर्क्षाणियुतान्यपि॥२२॥ द्वादश्यामनुराधास्याच्छ्रवण
स्तिस्रउत्तराः॥तिसृष्वेकादशीवासुजन्मर्क्षश्रोणयोगयुक्॥२३॥ तएतेश्रेयसःकालानृणांश्रेयोविवर्धनाः॥कुर्यात्सर्वात्मनैतेषुश्रेयोऽमोघंत
दायुषः॥२४॥एषुस्नानंजपोहोमोव्रतंदेवद्विजार्चनं॥पितृभूतनृभूतेभ्योयद्दत्तंतद्ध्यनश्वरं॥२५॥ संस्कारकालोजायायाअपत्यस्यात्मनस्तथा॥
प्रेतसंस्थामृताहश्चकर्मण्यभ्युदयेनृप॥२६॥ अथदेशान्प्रवक्ष्यामिधर्मादिश्रेयआवहान्॥सवैपुण्यतमोदेशःसत्पात्रंयत्रलभ्यते॥२७॥ बिंबं
भगवतोयत्रसर्वमेतच्चराचरं॥यत्रहब्राह्मणकुलंतपोविद्यादयान्वितं॥२८॥यत्रयत्रहरेरर्चासदेशःश्रेयसांपदं॥यत्रगंगादयोनद्यःपुराणेषुचवि
श्रुताः॥२९॥ सरांसिपुष्करादीनिक्षेत्राण्यर्हाश्रितान्युत॥कुरुक्षेत्रंगयशिरःप्रयागःपुलहाश्रमः॥३०॥नैमिषंफाल्गुनंसेतुःप्रभासोथकुशस्थ
ली॥वाराणसीमधुपुरीपंपाबिंदुसरस्तथा॥३१॥नारायणाश्रमोनंदासीतारामाश्रमादयः॥सर्वेकुलाचलाराजन्महेंद्रमलयादयः॥३२॥ एतेषु

જે-કારતક શુદી નોમે-હેમંત અને શિશિર રૂતુમાં; માગશર, પોષ, મહા, તથા ફાગણ માસની, સાતમે-આઠમે-અને નોમે; એટલે એ બાર અષ્ટકાતિથિઓએ;-મહાસુદી સાતેમે-મહામહિનામાં મઘા નક્ષત્રવાળી પુનમ હોય, ત્યારે-પ્રત્યેક પુનમે અને અમાવાસ્યાએ-તથા માસને નામ આપનાર નક્ષત્ર બેસવાને દિવસે પણ; શ્રાદ્ધ કરવાં. ॥૨૦-૨૧-૨૨॥ તેમજ બારસને દહાડે અનુરાધા, શ્રવણ, અથવા ત્રણ ઉત્તરામાંનું એક નક્ષત્ર હોય ત્યારે-અગિયારશને દહાડે ત્રણ ઉત્તરામાંનું એક હોય ત્યારે-અને જે તિથિએ જન્મ નક્ષત્ર અથવા શ્રવણ નક્ષત્ર હોય, ત્યારે પણ; શ્રાદ્ધ કરવાં. ॥૨૩॥ આ સર્વ ઉત્તમ કાળ, મનુષ્યોના કલ્યાણને વધારનાર છે; માટે તે સમયે મનુષ્યોએ પોતાના જન્મની સફળતા રૂપ; પુન્ય અને દાન વિગેરે; સર્વ પ્રકારથી ભાવસહિત કરવાં જોઈએ. ॥૨૪॥ એ સમયોને વિશે કરેલ, સ્નાન-જપ-હોમ-વ્રત-દેવ અને દ્વિજોનું પૂજન-તથા પિતૃ, પ્રાણીઓ, મનુષ્યો, અને ભૂતાદિક, ને આપેલું-સર્વ; અક્ષય થાય છે. ॥૨૫॥ તેમજ હે રાજા, પોતાના-સ્ત્રીના અગર સંતાનોના સંસ્કાર સમયે-પ્રેતના દાહાદિક વખતે-મરણ તિથિએ-તથા કાંઈ સારૂં કાર્ય કરતી વેળાએ પણ; પુન્યાદિક કરવાંજ જોઈએ. ॥૨૬॥ (એ રીતે કાળવિશે બોલીને;) હવે ધર્માદિક કલ્યાણને આપનાર; સ્થાન બતાવે છે; જ્યાં સત્પાત્ર મળે, તેનેજ મોટામાં મોટું પુન્યકારી સ્થાન માનેલું છે; અને એવું સત્પાત્રનો જેમાં સ્થાવર જંગમ આખું જગત રહેલ છે; એવું ભગવાનનું પોતાનું સ્વરૂપજ કહેવાય છે. ॥૨૭-૨૭½॥ અને જ્યાં, તપ-વિદ્યા-અને દયા વાળાં બ્રાહ્મણોનાં કુળો હોય; જ્યાં ભગવાનની પ્રતિમાઓ હોય; અને જ્યાં પુરાણોમાં વખણાયેલી ગંગા આદિ, નદીઓ હોય; તે સ્થાનો પણ કલ્યાણકારી છે. ॥૨૮-૨૯॥ પુશ્કર આદિ તળાવો-મહાત્મા પુરૂષો રહેતા હોય તે સ્થળો,-કુરૂક્ષેત્ર-ગયા-પ્રયાગ-પુલહાશ્રમ એટલે હરદ્વાર-નૈમિષારણ્ય-ફાલ્ગુન તીર્થ-રામનો સેતુ-પ્રભાસ-દ્વારકાં-કાસી-મથુરાં-પંપા-બિંદુસર એટલે સિદ્ધપુર-નારાયણનો આશ્રમ બદરિકેદાર-અને સીતા તથા રામના આશ્રમો વિગેરે-મહેંદ્ર અને મલયાચળ વિગેરે સઘળા મોટા પર્વતો-અને સર્વે; હરિભગવાનની પ્રતિમાવાળાં સ્થાનો, અતિપવિત્રછે; અને એ સ્થળોમાં મનુષ્યોએ કામનાની ઇચ્છાથી કરેલ, ધર્મનાં કાર્યોનું; હજાર ગણા કરતાં પણ, અધિકફળ ઉદય થાયછે; માટે કલ્યાણની ઇચ્છાવાળા મનુષ્યોએ, એ સ્થળોને વારંવાર સેવવાં જોઈયે. ॥૩૦-૩૧-૩૨-૩૩॥(હવેપાત્ર વિશે કહેછે;) સ્થાવર જંગમ સઘળા જગતમાં વ્યાપીને રહેલા, એક હરિભગવાનજ સર્વોત્તમપાત્ર હોવાનું; પાત્રને જાણનારા વિદ્વાનોએ કહેલ છે. ॥૩૪॥ હે રાજા, તમારા યજ્ઞમાં મોટી યોગ્યતાવાળા,

દેવતાઓ–ઋષિઓ–સત્પુરુષો–અને બ્રહ્માના પુત્રો આદિ–એટલા મહાત્માઓમાં પણ; અચ્યુત ભગવાનજ પાત્ર કહ્યા હતા. ॥૩૫॥ પ્રાણીઓ આદિના સમુદાયથી ભરેલું, આ બ્રહ્માંડરૂપી મોટું ઝાડ છે; તેમાં તેના મૂળ રૂપ અચ્યુત ભગવાનનું પૂજન કરવાથી, સર્વ પ્રાણી માત્રની અને પોતાની પણ; તૃપ્તિ થાય છે. ॥૩૬॥ અને મનુષ્ય–પશુપક્ષી–ઋષિ–તથા દેવતાઓ વિગેરેનાં, તેમણેજ રચેલાં શરીરોને વિષે; તે પોતેજ આત્મસ્વરૂપથી રહેલા હોવાથી; "પુરુષ" એવા નામથી, બોલાય છે. ॥૩૭॥ હે રાજન, તેઓમાં પણ જેમાં જેમાં, જ્ઞાનનો ભાગ, વધારે વધારે, જોવામાં આવે છે; તે તે શરીરો; એ ભગવાને વ્યાપેલાં શરીરોમાં, તારતમ્યે કરીને, એટલે એક એકથી વધારે અધિકાતાં; પાત્ર રૂપે છે. ॥૩૮॥ પછી આ રીતે, એક બીજાનું સામસામે; તેમને ભગવત સ્વરૂપ જાણીને, પૂજન માણસોએ કરવામાં; જ્યારે અવજ્ઞાઓ થતી, જોવામાં આવી; ત્યારે ત્રેતાયુગમાં વિદ્વાનોએ, હરિ ભગવાનની, પ્રતિમાઓનું; પૂજન કરવાનું ચિર કરેલું છે ॥૩૯॥ એટલા માટે, કોઈ મનુષ્ય, શ્રદ્ધા સહિત હરિભગવાનની પ્રતિમાની ઉપાસના કરતા છતાં; બીજા મનુષ્યો આદિનો, દ્વેષ કરનારો હોય છે; તેને તો તે પ્રતિમાઓની ઉપાસના; પુરુષાર્થ આપનારી નહીં થતાં, અવળાં ફળ આપનારજ થાય છે. ॥૪૦॥ વળી હે મોટા રાજા, મનુષ્યોમાં પણ, તપ–વિદ્યા–સંતોષ–તથા હરિભગવાનના શરીરરૂપ વેદને, ધારણ કરનારા બ્રાહ્મણોનેજ; ઉત્તમ પાત્ર જાણજે. ॥૪૧॥ કેમકે ચરણરજથી પવિત્ર કરનારા, વિશ્વાત્મા કૃષ્ણ ભગવાનને; એ બ્રાહ્મણો કરતાં શ્રેષ્ઠ, બીજું દૈવત છેજ નહીં. ॥૪૨॥ ઇતિ શ્રી૦ ભાગવતે સાતમા સ્કંધનો ચોદમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૪॥

અધ્યાય ૧૫ મો.–નારદ–બ્રાહ્મણોમાં, કેટલાએક કર્મમાં નિષ્ઠાવાળા–કેટલાએક તપમાં નિષ્ઠાવાળા–કેટલાક અધ્યયનમાં નિષ્ઠાવાળા–અને કેટલાએક જ્ઞાનમાંજ નિષ્ઠા રાખનારા હોય છે; તથા કેટલાક બીજાઓ, યોગમાં પણ, નિષ્ઠા રાખનારા હોય છે. ॥૧॥ માટે અનંતગણું ફળ મેળવવાની ઇચ્છાવાળાઓએ તો; પિતૃનું

ण्यतमादेशाहरेरर्चाश्रिताश्रये॥एतान्देशान्निषेवेतश्रेयस्कामोह्यभीक्ष्णशः॥धर्मोह्यत्रेहितःपुंसांसहस्राधिफलोदयः॥३३॥ हरिरेवैकउर्वीश
यन्मयंवैचराचरं॥पात्रंत्वत्रनिरुक्तंवैकविभिःपात्रवित्तमैः॥३४॥ देवर्ष्यर्हत्सुवैसत्सुतत्रब्रह्मात्मजादिषु॥राजन्यदग्रपूजायांमतःपात्रतयाच्युतः
॥३५॥ जीवराशिभिराकीर्णअंडकोशांघ्रिपोमहान्॥तन्मूलत्वादच्युतेज्यासर्वजीवात्मतर्पणं॥३६॥ पुराण्यनेनसृष्टानिनृतिर्यगृषिदेवताः॥
शेतेजीवेनरूपेणपुरेषुपुरुषोह्यसौ॥३७॥ तेष्वेषुभगवान्राजंस्तारतम्येनवर्तते॥तस्मात्पात्रंहिपुरुषोयावानात्मायथेयते॥३८॥ दृष्ट्वातेषांमिथो
नृणामवज्ञानात्मतांनृप॥त्रेतादिषुहरेरर्चाक्रियायैकविभिःकृता॥३९॥ ततोऽर्चायांहरिंकेचित्संश्रद्धायविपर्यया॥उपासतउपास्तापिनार्थदापु
रुषद्विषां॥४०॥ पुरुषेष्वपिराजेंद्रसुपात्रंब्राह्मणंविदुः॥तपसाविद्ययातुष्ट्याधत्तेवेदंहरेस्तनुं॥४१॥ नन्वस्यब्राह्मणाराजन्कृष्णस्यजगदात्मनः॥
पुनंतःपादरजसात्रिलोकींदैवतंमहत् ॥४२॥ इ०भा०म०स०सदाचारनिर्णयेचतुर्दशोऽध्यायः॥१४॥ नारद०कर्मनिष्ठाद्विजाःकेचित्तपोनि
ष्ठानृपापरे॥स्वाध्यायेऽन्येप्रवचनेयेकेचिज्ज्ञानयोगयोः ॥१॥ ज्ञाननिष्ठायदेयानिकव्यान्यानंत्यमिच्छता॥दैवेचतदभावेस्यादितरेभ्योयथा
ऽर्हतः ॥२॥ द्वौदैवेपितृकार्येत्रीनेकैकमुभयत्रवा॥भोजयेत्सुसमृद्धोऽपिश्राद्धेकुर्यान्नविस्तरं ॥३॥ देशकालोचिताश्रद्धाद्रव्यपात्रार्हणानिच॥स
म्यग्भवंतिनैतानिविस्तरात्स्वजनार्पणात् ॥४॥ देशेकालेचसंप्राप्तेमुन्यन्नंहरिदैवतं॥श्रद्धयाविधिवत्पात्रेन्यस्तंकामधुगक्षयं ॥५॥ देवर्षिपितृ
भूतेभ्यआत्मनेस्वजनायच॥अन्नंसंविभजन्पश्येत्सर्वंतत्पुरुषात्मकं॥६॥नदद्यादामिषंश्राद्धेनचाद्याद्धर्मतत्त्ववित्॥मुन्यन्नैःस्यात्पराप्रीतिर्यथा
नपशुहिंसया ॥७॥ नैतादृशःपरोधर्मोनृणांसद्धर्ममिच्छतां॥न्यासोदंडस्यभूतेषुमनोवाक्कायजस्ययः॥८॥ एकेकर्ममयान्यज्ञान्ज्ञानिनोयज्ञवि
त्तमाः॥आत्मसंयमनेऽनीहाजुह्वतिज्ञानदीपिते ॥९॥ द्रव्ययज्ञैर्यक्ष्यमाणंदृष्ट्वाभूतानिबिभ्यति॥एषमाकरुणोहन्यादतज्ज्ञोह्यसुतृप्ध्रुवं॥१०॥
तस्माद्दैवोपपन्नेनमुन्यन्नेनापिधर्मवित् ॥ संतुष्टोऽहरहःकुर्यान्नित्यनैमित्तिकीःक्रियाः ॥११॥ विधर्मःपरधर्मश्चआभासउपमाछलः॥अधर्मशा

અને દેવતાઓનું અન્નાદિક, જ્ઞાનમાં નિષ્ઠાવાળા બ્રાહ્મણોનેજ, આપવું જોઈએ; અને જ્યારે, તેવા ન મળી શકે; ત્યારેજ, બીજાઓને યોગ્યાયોગ્યનો વિચાર રાખીને; તે આપવાનું છે. ॥૨॥ બહુ સમૃદ્ધિ વાળાઓએ પણ, શ્રાદ્ધાદિકમાં; દેવનો એક, અને પિતૃઓનો એક; એમ બે બ્રાહ્મણોનેજ, જમાડવા; અને બહુ ઇચ્છા હોય, તેણે પણ; દેવના બે, અને પિતૃઓના ત્રણ; બ્રાહ્મણજ જમાડવા; પણ એ કરતાં, વધુ વિસ્તાર કરવોજ નહીં જોઈએ. ॥૩॥ કેમકે સ્વજનો આદિને આપવાને માટે, વિસ્તાર કરવાથકી; દેશકાળને યોગ્ય, શ્રદ્ધા–દ્રવ્ય–વાસણકુસણ–અને પૂજન આદિ લઈને; બધુંજ સંપૂર્ણપણે, થઈ શકે નહીં. ॥૪॥ માટે દેશકાળની અનુકૂળતા મુજબ, મળી આવેલું; મુનિઓનું અન્નજ, શ્રદ્ધા સહિત હરિભગવાનને, અર્પણ કરીને; વિધિપૂર્વક, સુપાત્રને ખવરાવવાથી; તે અક્ષય અને ઇચ્છિત કામનાઓને પરિપૂર્ણ કરનાર થાય છે. ॥૫॥ માટે પોતાને યદૃચ્છાથી મળી આવેલ અન્નાદિક; દેવતાઓ–ઋષિઓ–પિતૃઓ–પ્રાણીઓ–પોતે–અને સ્વજનો, સર્વને; પુરુષ ભગવાનનાંજ, સ્વરૂપો જાણીને; તેમને વહેંચી આપવું જોઈએ. ॥૬॥ વળી ધર્મના તત્વને જાણનારાઓએ, શ્રાદ્ધાદિકમાં તો, કોઈને પણ માંસાદિક આપવું ન જોઈએ; તેમજ ખાવું પણ નજ જોઈએ. કારણ પિતૃઓ આદિક, જેવા મુનિના અન્નથી; પ્રસન્ન થાય છે; તેવા પશુ હિંસાથી, પ્રસન્ન થતા નથીજ. ॥૭॥ જેથકી કોઈપણ પ્રાણી પીડા થાય, તે કામથી; મન–વાણી–અને શરીરવડે, દૂરજ રહેવું; એના સરખો, ઉત્તમ ધર્મ; સત્ધર્મને ઇચ્છનારા મનુષ્યોને માટે, બીજો કોઈ છેજ નહીં. ॥૮॥ યજ્ઞોના તત્વને ઉત્તમ રીતે જાણનારા, કેટલાક જ્ઞાનવાન પુરુષો; જ્ઞાનવડે સળગાવેલા, મન અને ઇંદ્રિયોના સંયમ રૂપ, અગ્નિમાં; કર્મોવડે થનાર યજ્ઞરૂપ, કામ્ય કર્મોને, હોમી દઈને; પોતે કામ્ય કર્મો નહીં કરનારા, થાય છે. ॥૯॥ દ્રવ્યો વડે થનાર યજ્ઞોનો, આરંભ થતો દેખીને; પ્રાણીઓ બીહેછે કે; આ નિર્દય–ભગવાનને નહીં જાણનારો–અને પોતાના પ્રાણનું પોષણ કરનારો–બચીતજ અમને મારી નાંખશે. ॥૧૦॥ એટલા માટે; ધર્મને જાણનારા સંતોષી મનુષ્યોએ, રોજરોજ દૈવથી

મળી આવેલા, મુનિઓના અન્નાદિકથીજ; નિત્ય અને નૈમિત્તિક ક્રિયાઓ, કરવી ઘટિત છે. ॥૧૧॥ વિધર્મ—પ-રધર્મ—આભાસ—ઉપમા—અને છળ એ પાંચ, અધર્મની શાખાઓને; અધર્મની પેઠેજ, ધર્મ જાણનારાઓએ, ત-જવી. ॥૧૨॥ જેથકી ધર્મને બાધ થાય, તે વિધર્મ છે; અન્યને માટે કહેવાયલો, તે પરધર્મ છે; પાખંડ અથવા ઉપધર્મ, તે ઉપમા કહેવાય છે; અને ઉલટા શબ્દાર્થ કરીને કિંવા ઢોંગથી કલ્પેલો, તે છળ કહેવાય છે. ॥૧૩॥ તથા મનુષ્યોએ પોતાની ઇચ્છા પ્રમાણે કલ્પેલો, અને આશ્રમાદિકની પદ્ધતિથી વિરુદ્ધ; તે આભાસ છે. એટ-લા; માણસોએ પોતાની મેળે ઉત્પન્ન કરેલા, એ અધર્મો; કોઇનું ભલું કરનારા નથી; અને તેથકી શાંતિ પણ થતી નથી. ॥૧૪॥ નિર્ધન મનુષ્યોએ, ધર્મ કાર્યને માટે; તેમજ પોતાના નિર્વાહને કાજેપણ; ઇહા એટલે કામ્ય કર્મો, કરવાં ન જોઇએ; કારણ કામ્ય કર્મો નહીં કરનારાઓને તો, અજગરની પેઠે; અનિચ્છાજ આજીવિકા આપનારી થાય છે. ॥૧૫॥ અને જે સુખ, સંતોષી—આત્મારામ—અને કામ્ય કર્મો નહીં કરનારા મનુષ્યોને; પ્રાપ્ત થાય છે; તેવું સુખ તો વિષયાદિકની લાલચવડે, કામ્ય કર્મો કરવાને સારૂ ધનાદિક મેળવવાને અર્થે; ચારે તરફ દોડનારાઓને ક્યાંથીજ મળે. ॥૧૬॥ વળી કાંકરીઓ અને કાંટા આદિકથકી, પગનું રક્ષણ જોડાવડે થ-વાની પેઠે; સંતોષી મનવાળા મનુષ્યને, હમેશાં સર્વ દિશાઓ સુખમયજ હોય છે. ॥૧૭॥ હે રાજા, ઉપસ્થ અને જીભની દીનતાને લીધે, માણસો; કુતરા જેવાં થઇ જાય છે; પરંતુ સંતોષી મનુષ્ય તો, એકલા પાણી-થકી પણ; પોતાનો નિર્વાહ ચલાવી શકે છે. ॥૧૮॥ વળી અસંતોષી બ્રાહ્મણનાં, તેજ—વિદ્યા—તપ—અને યશ; ઇંદ્રિયાદિકની લોલુપતાથી, ઝરી જાય છે; અને જ્ઞાન વિખાઇ જાય છે. ॥૧૯॥ માણસોના કામનો અંત, ભૂખ તરસથી આવે છે; અને ક્રોધનો અંત, ક્રોધનું ફળ ઉદય થવાથી આવે છે; પણ લોભનો અંત તો આખી પૃથ્વી અને દિશાઓને જીતી લેવાથી, તથા તેમના ભોગ ભોગવવાથી પણ; આવતો નથીજ. ॥૨૦॥ હે રાજન, ઘણાએક પંડિતો—જ્ઞાનીઓ—અને સંશય છેદનારાઓ તથા મોટી મોટી સભાઓના અધ્યક્ષો પણ; અસંતોષ રાખવા વડે; નરકમાંજ પડેલા છે. ॥૨૧॥ એટલા માટે, સંકલ્પને તજવા વડે, કામને જીતવો; કામનાઓને તજવા વડે, ક્રોધને જીતવો; ધનના અનર્થોને જોવા વડે, લોભને જીતવો;

खाः पंचेमाधर्मज्ञोधर्मवत्त्यजेत् ॥१२॥धर्मबाधोविधर्मःस्यात्परधर्मोऽन्यचोदितः॥उपधर्मस्तुपाखंडोदंभोवाशब्दभिच्छलः॥१३॥यस्त्विच्छया
कृतःपुंभिराभासोह्याश्रमात्पृथक्॥स्वभावविहितोधर्मःकस्यनेष्टःप्रशांतये॥१४॥धर्मार्थमपिनेहेतयात्रार्थंवाऽधनोधनं॥अनीहानीहमानस्य
म.हाहेरिवद्वृत्तिदा ॥१५॥ संतुष्टस्यनिरीहस्यात्मारामस्ययत्सुखं॥कुतस्तत्कामलोभेनधावतोऽर्थेहयादिशः॥१६॥ सदासंतुष्टमनसःसर्वाः
सुखमयादिशः॥शर्कराकंटकादिभ्योयथोपानत्पदःशिवं ॥१७॥ संतुष्टःकेनवाराजन्नवर्तेतापिवारिणा॥ औपस्थ्यजैह्वयकार्पण्याद्गृहपालाय
तेजनः ॥१८॥ असंतुष्टस्यविप्रस्यतेजोविद्यातपोयशः॥स्रवंतींद्रियलौल्येनज्ञानंचैवावकीर्यते॥१९॥कामस्यांतंचक्षुत्तृड्भ्यांक्रोधस्यैतत्फलो
दयात् ॥जनोयातिनलोभस्यजित्वाभुक्त्वादिशोभुवः ॥२०॥ पंडिताबहवोराजन्बहुज्ञाःसंशयच्छिदः॥सदसस्पतयोऽप्येकेअसंतोषात्पतंत्य
धः ॥२१॥ असंकल्पाज्जयेत्कामंक्रोधंकामविवर्जनात्॥ अर्थानर्थेक्षयालोभंभयंतत्त्वावमर्शनात् ॥२२॥आन्वीक्षिक्याशोकमोहौदंभंमहदुपा
सया॥योगांतरायान्मौनेनहिंसांकायाद्यनीहया ॥२३॥ कृपयाभूतजंदुःखंदैवंजह्यात्समाधिना॥आत्मजंयोगवीर्येणनिद्रांसत्त्वनिषेवया॥२४॥
रजस्तमश्चसत्त्वेनसत्त्वंचोपशमेनच॥एतत्सर्वंगुरौभक्त्यापुरुषोह्यंजसाजयेत् ॥२५॥ यस्यसाक्षाद्भगवतिज्ञानदीपप्रदेगुरौ॥मर्त्यासद्धीःश्रुतंत
स्यसर्वंकुंजरशौचवत् ॥२६॥ एषवैभगवान्साक्षात्प्रधानपुरुषेश्वरः॥योगेश्वरैर्विमृग्यांघ्रिर्लोकोवैमन्यतेनरं ॥२७॥ षड्वर्गसंयमैकांताःसर्वानि
यमचोदनाः॥तदंतायदिनोयोगानावहेयुःश्रमावहाः ॥२८॥ यथावार्तादयोह्यर्थायोगस्यार्थंनबिभ्रति॥ अनर्थायभवेयुस्तेपूर्तमिष्टंतथाऽसतः
॥२९॥ यश्चित्तविजयेयत्तःस्यान्निःसंगोऽपरिग्रहः॥एकोविविक्तशरणोभिक्षुर्भिक्षामिताशनः ॥३०॥ देशेशुचौसमेराजन्संस्थाप्यासनमात्म
नः॥स्थिरंसमंसुखंतस्मिन्नासीतर्ज्वंगओमिति ॥३१॥ प्राणापानौसन्निरुंध्यात्पूरकुंभकरेचकैः॥ यावन्मनस्त्यजेत्कामान्स्वनासाग्रनिरीक्षणः

અને આત્મ તત્વના વિચાર વડે, ભયને જીતવો; ॥૨૨॥ આત્મા અને અનાત્માના વિવેક વડે, શોક તથા મોહને જીતવા; મહાત્માઓની સેવા વડે દંભને જીતવો; મૌન રાખવા વડે, યોગના અં-તરાયોને જીતવા; અને શરીર વગેરે કામ્ય કર્મો કરવાનો ત્યાગ કરવા વડે, હિંસાને જીતવી; ॥૨૩॥ પ્રાણીઓથી થતાં દુખોને, કૃપા વડે જીતવાં;—દૈવથી થતાં દુખોને, સમાધિ વડે જીતવાં;—પોતાના શરીરથી ઉત્પન્ન થતાં દુખોને યોગ બળ વડે જીતવાં;—અને નિદ્રાને, સત્વ ગુણી પદાર્થોના સેવન વડે જીતવી; ॥૨૪॥ રજોગુણ અ-ને તમો ગુણને, સત્વગુણ વડે જીતવા; તથા ઉપશમ એટલે શાંતિ વડે, (બંધન પમાડનાર વિવેક રહિત) સત્વ ગુણને પણ જીતવો; એ પ્રકારે એ સર્વને; પુરૂષ, ગુરૂઓ (એટલે વય—ધન—વિદ્યા—જ્ઞાન—અને આચાર આદિ-કથી, જે અધિક અગર પોતાનું રક્ષણ અને પોષણ કરનારા હોય; તેવાઓ)ની સેવા વડે, સહેજમાંજ જીતી શકે છે. ॥૨૫॥ જ્ઞાન રૂપી દીવાને પ્રગટાવનારા, ગુરૂ રૂપ સાક્ષાત ભગવાનને વિશે; જે કોઇ, તેમને મનુષ્ય જાણવાથી, અસત્ બુદ્ધિ કરેછે; તેનું સઘળું જ્ઞાન, હાથીના નહાવાની પેઠે; વ્યર્થ થાયછે. ॥૨૬॥ એવા, અને જેના ચરણને, યોગેશ્વરો પણ શોધેછે; તે, પ્રધાનના પણ આદિ પુરૂષ; આ, શ્રી કૃષ્ણ ભગવાન છે; તેમનેજ લોકો મનુષ્ય માને છે. ॥૨૭॥ નિયમો પાળવા વિગેરેની સઘળી આજ્ઞાઓ, છ ઇંદ્રિઓને વશ કરવા માટેજ છે; અને ઇંદ્રિયો વશ થયા પછી પણ, જો તે થકી ધ્યાન—ધારણા—અને સમાધિ આદિક, યોગ ન થાય; તો, તે સઘળું માત્ર શ્રમ આપનારજ, થયેલાનું સમજવું જોઇએ. ॥૨૮॥ અને આજીવિકા આદિ મેળવવાના પુરૂષાર્થો; યોગના પુરુષાર્થ રૂપ મોક્ષને, આપનાર નહીં થવાની પેઠેજ; પૂર્ત એટલે વાવ્ય, કુવા, ધર્મશાળા, સદાવ્રત અને પરબ આદિ બંધાવવાનાં; તથા ઇષ્ટ એટલે યજ્ઞાદિક, કર્મો પણ; મનુષ્યોને અનર્થ આપનારાંજ થાયછે. ॥૨૯॥ તેથી મનને જીતવાને ઇચ્છતા, સંન્યાસીએ; નિસંગ—પરિગ્રહ રહિત—એકાંત વસનારા—અને થોડું ખાનારા થઇને; એકલાજ રહેવું જોઇએ. ॥૩૦॥ અને તેણે પોતાનું આસન, સમાન અને પવિત્ર જગાએ; સ્થિર અને સરખું તથા સુખથી બેસાય તેવું, લગાવીને; તે ઉપર, સરલ અંગથી બેસી; ઓંકારનો જપ કરવો જોઇએ. ॥૩૧॥ તથા મન જ્યાં સુધી, સઘળી કામનાઓને છોડી દે; ત્યાં સુધી, તેણે પોતાના નાકની અણી સામી,

દષ્ટિ રાખીને; પુરક-કુંભક-અને રેચકના અનુક્રમથી, પ્રાણ અને અપાન વાયુને રોકવા જોઇએ. ॥૩૨॥ એમ કામનાઓથી ખરાબ થયેલા, અને ભટકતા મનને; તે, જે જે વિષયો તરફ, નીકળી જાય; ત્યાં ત્યાંથી તેને પાછું વાળીને, સમજુ મનુષ્યે; તેને ધીમે ધીમે હૃદયની અંદર, રોકવું. ॥૩૩॥ આ રીતે અભ્યાસ કરનારા, યતિનું મન, થોડા વખતમાંજ લાકડાં વિનાના અગ્નિની પેઠે; શાંત થઇ જાય છે. ॥૩૪॥ એટલે કામનાઓ વિગેરેથી વિકાર નહીં પામનારૂં અને સઘળી વૃત્તિઓ શાંત થએલું, એ યતિનું પરબ્રહ્મના સુખને પામેલું મન; તેમાંથી કદીપણ, પાછું નીકળી શકતુંજ નથી. ॥૩૫॥ વળી ઘરમાંથી ચાલી નીકળેલો, અને ત્રિવર્ગ એટલે ધર્મ-અર્થ-ને કામને તજેલો; જે યતિ; ફરીથી, એ ત્રિવર્ગનુંજ સેવન કરે છે; તે તો નિર્લજ્જ, અને ઓકેલાને ખાનારોજ છે. ॥૩૬॥ અને તે અસત્તમ પુરૂષનો પ્રથમ પોતાના દેહને, આત્મા-મરીજનારો-અને કીડા, વિષ્ટા, તથા રાખોડી, થઇ જનારો-કહેલા છતાં; પછીથી તે તેનીજ સ્તુતિ કરાવનારો છે. ॥૩૭॥ ક્રિયાઓનો ત્યાગ કરનારો ગૃહસ્થાશ્રમી-વ્રતોનો ત્યાગ કરનારો બ્રહ્મચારી-ગામમાં વસનારો વાનપ્રસ્થ-અને ઇંદ્રિયાદિકની લોલુપતાવાળો સંન્યાસી-એટલા નીચ પુરૂષો ખચીત; તે તે, આશ્રમની નિંદા કરાવનારાજ છે. માટે એ ભગવાનની માયાથી મોહ પામેલા, મૂઢ લોકોની તો, દયાવડે કરીને; ઉપેક્ષાજ કરવી યોગ્ય છે. ॥૩૮-૩૯॥ જો તેને આત્મતત્વનું પરમજ્ઞાન થઇને, વાસનાઓ મટી હોય; તો પછી, તે લંપટ પુરૂષ; કયા હેતુને માટે દેહનું પોષણ કરવાને ઇચ્છે. ॥૪૦॥ એમ કહેવાય છે કે; શરીર, રથ છે-ઇંદ્રિયો, ઘોડા છે-ઇંદ્રિયોનું અધિપતિ; મન, એ રાશ છે-વિષયો, એ જવાનો દેશ છે-બુદ્ધિ, એ સારથી છે-અને ઇશ્વરે ઉત્પન્ન કરેલ સત્વ અથવા ચિત્ત, એ મોટું બંધન છે; ॥૪૧॥ દસ પ્રાણ, તે ધરી છે-ધર્મ અને અધર્મ, બે પઇડાં છે-અહંકાર યુક્ત આત્મા તે, તેમાં બેસનારો (રથી) છે-ઓંકાર, તેનું ધનુષ્ય છે-લિંગદેહ; એ બાણ છે-અને પરમાત્મા, એ તેનું નિશાન છે. ॥૪૨॥ અને રાગ-દ્વેષ-લોભ-શોક-મોહ-ભય-મદ-માન-અપમાન-અસૂયા-કપટ-હિંસા-મત્સર-અભિનિવેશ-પ્રમાદ-ક્ષુધા -અનેનિંદ્રા;

॥३२॥ यतोयतोनिःसरतिमनःकामहतंभ्रमत्॥ततस्ततउपाहृत्यहृदिरुंध्याच्छनैर्बुधः ॥३३॥ एवमभ्यसतश्चित्तंकालेनाल्पीयसायतेः॥अनिशंतस्यनिर्वाणंयात्यनिंधनवन्हिवत्॥३४॥कामादिभिरनाविद्धंप्रशांताखिलवृत्तियत्॥चित्तंब्रह्मसुखस्पृष्टंनैवोत्तिष्ठेतकर्हिचित्॥३५॥ यःप्रव्रज्यगृहात्पूर्वंत्रिवर्गावपनात्पुनः॥ यदिसेवेततान्भिक्षुःसवैवांताश्यपत्रपः ॥३६॥ यैःस्वदेहःस्मृतोनात्मामर्त्योविट्कृमिभस्मसात्॥यएनमात्मसात्कृत्वा[illegible]तमाः॥३७॥गृहस्थस्यक्रियात्यागोव्रतत्यागोवटोरपि॥ तपस्विनोग्रामसेवाभिक्षोरिंद्रियलौल्यता॥३८॥ आश्रमापसदाह्येतेखल्वाश्रमविडंबकाः॥ देवमायाविमूढांस्तानुपेक्षेतानुकंपया॥३९॥ आत्मानंचेद्विजानीयात्परंज्ञानधुताशयः ॥ किमिच्छन्कस्यवाहेतोर्देहंपुष्णातिलंपटः॥४०॥ आहुःशरीरंरथमिंद्रियाणिहयानभीषून्मनइंद्रियेशं॥वर्त्मानिमात्राधिषणांचसूतंसत्त्वंबृहद्बंधुरमीशसृष्टं४१ अक्षंदशप्राणमधर्मधर्मौचक्रेऽभिमानंरथिनंचजीवं॥ धनुर्हितस्यप्रणवंपठंतिशरंतुजीवंपरमेवलक्ष्यं॥४२॥ रागोद्वेषश्चलोभश्चशोकमोहौभयंमदः॥ मानोऽवमानोसूयाचमायाहिंसाचमत्सरः॥४३॥ रजःप्रमादःक्षुन्निद्राशत्रवस्त्वेवमादयः॥रजस्तमःप्रकृतयःसत्त्व[illegible]तयःक्वचित्॥४४ यावन्नृकायरथमात्मवशोपकल्पंधत्तेगरिष्ठचरणार्चनयानिशातं॥ज्ञानासिमच्युतबलोदधदस्तशत्रुःस्वाराज्यतुष्टउपशांतइदंविजह्यात्॥४५ नोचेत्प्रमत्तमसदिंद्रियवाजिसूतानीत्वोत्पथंविषयदस्युषुहिक्षिपंति॥ तेदस्यवःसहयसूतममुंतमोंऽधेसंसारकूपउरुमृत्युभयेक्षिपंति ॥४६॥ प्रवृत्तंचनिवृत्तंचद्विविधंकर्मवैदिकं ॥ आवर्त्तेतप्रवृत्तेननिवृत्तेनाश्नुतेऽमृतं॥४७॥ हिंस्रंद्रव्यमयंकाम्यमग्निहोत्राद्यशांतिदं॥दर्शश्चपूर्णमासश्चचातुर्मास्यंपशुःसुतः॥४८॥ एतदिष्टंप्रवृत्ताख्यंहुतंप्रहुतमेवच॥ पूर्तंसुरालयारामकूपाजीव्यादिलक्षणं॥४९॥ द्रव्यसूक्ष्मविपाकश्चधूमोरात्रिरपक्षयः॥अयनंदक्षिणंसोमोदर्शओषधिवीरुधः॥५०॥ अन्नंरेतइतिक्ष्मेशपितृयाणंपुनर्भवः॥ एकैकश्येनानुपूर्वंभूत्वाभूत्वेहजायते॥५१॥ निषेकादिश्मशानांतैःसंस्कारैःसंस्कृतोद्विजः॥ इंद्रियेषुक्रियायज्ञान्ज्ञानदीपेषुजुह्वति॥५२॥ इंद्रियाणिमनस्यूर्मौवाचिवैकारिकंमनः॥वाचंवर्णस

વિગેરે રજોગુણ અને તમોગુણથી થનાર ગુણો, એ તેના શત્રુઓ છે; તથા સત્વગુણથી થનાર, અહિંસા વિગેરે ગુણો પણ કોઇ કોઇવાર તેના શત્રુઓજ થાય છે. ॥૪૩-૪૪॥ એટલા માટે એ મનુષ્યદેહ રૂપી રથ, અને તેનાં ઇંદ્રિયાદિક વિગેરે; પોતાના વશમાં વર્તનારાં, અને સશક્ત હોય; ત્યાં સુધીમાંજ તમે, મહાત્માઓના ચરણની સેવાવડે; તીક્ષ્ણ કરેલ જ્ઞાનરૂપ તરવાર લેઇ, અચ્યુત ભગવાન થકી બળ પામીને; એ શત્રુઓનો, નાશ કરી નાંખી; આ જગત રૂપ દ્વૈત માત્રને, તજી દીઓ. ॥૪૫॥ અને જો, તમે તેમ નહીં કરી શકો તો; દુષ્ટ એવાં ઇંદ્રિયોરૂપ ઘોડા, અને બુદ્ધિરૂપ સારથી; ગાફલ થયેલા તમને, અવળેરસ્તે ચલાવી; વિષયો નામના ચોરોની વચમાં, લેઇ જશે; અને એ ચોરો તમને ઘોડા તથા સારથી સુદ્ધાં, મરણની બીકવાળા; તથા ઘાટા અંધારાવાળા; સંસાર નામના કૂવામાં નાંખી દેશે. ॥૪૬॥ પ્રવૃત્ત અને નિવૃત્ત એ બંને પ્રકારનાં કર્મો વેદે કહેલાં છે; પ્રવૃત્ત કર્મથી સંસાર થયા કરે છે; અને નિવૃત્ત કર્મથી મોક્ષનીજ પ્રાપ્તિ થાય છે. ॥૪૭॥ અગ્નિહોત્ર-દર્શ-પૂર્ણમાસ-ચાતુર્માસ-પશુયાગ-સોમયાગ વિગેરે; હુત, (એટલે વિશ્વદેવ સહિત કરવાનાં,) અને પ્રહુત, (એટલે બલિહરણ કરીને કરવાનાં,) કર્મો તે ઇષ્ટ કહેવાય છે; તથા દેવાલય-સાર્વજનિકબાગ-કૂવા-તળાવો-ધર્મશાળા-અન્નાદિકનાં સદાવ્રતો-અને પરબો વિગેરે બનાવવાં; તે પૂર્ત કર્મો કહેવાય છે; એ ઇષ્ટ અને પૂર્ત બંને પ્રકારનાં કર્મો, દ્રવ્યો વડે કરવાનાં-પ્રવૃત્તિવાળાં,-અને હિંસાયુક્ત-હોવાથી, અશાંતિને આપનારાં કામ્ય કર્મોજ છે. ॥૪૮-૪૯॥ તેથી એ કર્મો કરનારો પુરૂષ, દ્રવ્યોના વિપાક રૂપ, સૂક્ષ્મ દેહને ધારણ કરીને,-ધૂમ-રાત્રિ-કૃષ્ણપક્ષ-દક્ષિણાયન-અને ચંદ્રલોક એમ એક પછી એક રૂપે; અનુક્રમથી થઇને, પિતૃઓના માર્ગે ચડે છે; અને પછી અદર્શ થઇને, સઘળાં સુકૃત ભોગવી લીધા પછી; ઓસડિ-લતા-અન્ન અથવા વીર્યરૂપ થઇને; પાછો અહીંયાંજ જન્મીને, સંસારને પામે છે. ॥૫૦-૫૧॥ અને બીજો જે, બિંદુ પડવાથી માંડીને; મરણ પર્યંત સંસ્કારો થવાથી શુદ્ધ થયેલો, દ્વિજ: જ્ઞાન વડે પ્રદિપ્ત થયેલ ઇંદ્રિયો વિષે; સર્વ ક્રિયામય યજ્ઞોને, એટલે ઇષ્ટ અને પૂર્ત

કર્મોને; હોમી દેનારો છે. તેનો ઇંદ્રિયોને, મનની વૃત્તિઓમાં; એટલે સંકલ્પ વિકલ્પવાળા મનમાં; હોમે છે; અને એ વિકારવાળા મનને; વાણીમાં હોમી દેછે; વાણીને. અક્ષરોના સમુદાયમાં;—અક્ષરોના સમુદાયને, ઓંકારમાં;—ઓંકારને, બિંદુમાં;—બિંદુને, નાદમાં;—નાદને, પ્રાણમાં;—અને પ્રાણને, પરબ્રહ્મ એટલે આત્મામાં, હોમી દેછે; અને એમ કરીને તે અનુક્રમથી અગ્નિ—સૂર્ય—દિવસ— શુક્લ—શુક્લપક્ષ—અને ઉત્તરાયણના લોકમાં થઈને; બ્રહ્માના લોકમાં જઈને, વિશ્વરૂપ થાય છે; પછી તૈજસ, અને તે પછી પ્રાજ્ઞ થઈને; ઉપાધિ લયે રૂપે, સ્વરૂપ પ્રાપ્ત થઈને બીજા સર્વથકી આત્મ, આત્મા રૂપેજ રહે છે. ॥૫૨-૫૩-૫૪॥ આ રીતે દેવયાન કહેવાતા, આ માર્ગથી; અનુક્રમે, એક પછી એક રૂપે થઈને; આત્માનુંજ પૂજન કરનારો તે, આત્મ સ્વરૂપમાંજ શાંતિ પામીને રહે છે; અને ત્યાંથી તે પાછો ફરતોજ નથી. ॥૫૫॥ આ બેઉ; પિતૃયાન, અને દેવયાન, નામના વેદ નિર્માણ કરેલા, માર્ગોને, શાસ્ત્રરૂપી ચક્ષુ વડે જાણનારો પુરુષ; આ લોકમાં વર્તતા છતાં, તેઓ થકી મોહ પામતો નથી. ॥૫૬॥ કારણ લોકના આદિ અને અંતમાં, તેમજ બહાર—અને અંદર, રહેનારો; તથા પર અને અવર રૂપે; જ્ઞાન અને જ્ઞેય રૂપે; શબ્દ—વાણી—અને બોલવાના પદાર્થો આદિ રૂપે; તથા અપ્રકાશ અને પ્રકાશ

રૂપે; પણ તે પોતેજ હોવાથી; તેને મોહ થવાને માટે, પોતા થકી જૂદો એવો બીજો કોઈ પદાર્થજ છે નહીં. ॥૫૭॥ વળી પ્રતિબિંબાદિક આભાસ, ખરેખર મિથ્યા હોવા છતાં; વસ્તુ રૂપે ભાસતા છે. તે રીતેજ ઇંદ્રિયાદિકથી જાણવામાં આવતું, આ જગત રૂપ દ્વૈત માત્ર પણ; મિથ્યા અને દુર્ઘટ હોવા છતાં; આભાસની પેઠેજ, તેની પણ વસ્તુ રૂપે કલ્પના થાયછેજ. ॥૫૮॥ પૃથ્વી આદિ પાંચ ભૂત મળી, પોતાનું કહેવાતા દેહોને વિશે; એ ભૂતોના સંઘાતની, તેમના વિકારોની, અથવા તે બધા જૂદા જૂદા રહેવાની; કે એકઠા થઈને રહેવાની; એમ એકે પ્રકારની કલ્પના, યોગ્ય રીતની કરતીજ નથી; જેથી એ દેહો કેવળ મિથ્યાજ ઠરે છે. ॥૫૯॥ વળી એ પાંચ ભૂતો પણ, જાતે અવયવ વાળા છે; તેથી એ અવયવોનું તોલ તોલનું નિરૂપણ થયા શિવાય, તેઓનું પણ નિરૂપણ થઈ શકે એમ નથી; અને એ પાંચ ભૂતની પ્રતીતિ થયા વિના અવયવો પણ સિદ્ધ કરી શકાતા નથીજ; માટે એ પાંચ ભૂતો પણ મિથ્યાજ ઠરે છે. ॥૬૦॥ સ્વપ્નમાં થતા જાગવાનું કિંવા ઉંઘવાની પેઠે, એકના સરખુંજ બીજું જણાતા રૂપ, ભ્રમને લીધે; આ દ્વૈત પ્રપંચ, વસ્તુરૂપે હોવાથી; માત્ર વિકલ્પજ થાય છે; અને એ રીતેજ શાસ્ત્રમાં કહેલ વિધિ નિષેધ પણ, મિથ્યાજ છે. ॥૬૧॥ તેથી ભાવા-

माम्नायेतमोंकारेस्वरेन्यसेत् ॥५३॥ ओंकारंविंदौनादेतंतंतुप्राणेमहत्यमुं॥ अग्निःसूर्योदिवाप्राण्हःशुक्लोराकोत्तरंस्वराट् ॥ विश्वश्वतैजसःप्राज्ञस्तुर्यआत्मासमन्वयात् ॥५४॥ देवयानमिदंप्राहुर्भूत्वाभूत्वाऽनुपूर्वशः॥आत्मयाज्युपशांतात्माह्यात्मस्थोननिवर्तते॥५५॥ यएतेपितृदेवानामयनेवेदनिर्मिते॥शास्त्रेणचक्षुषावेदजनस्थोऽपिनमुह्यति॥५६॥आदावंतेजनानांसद्बहिरंतःपरावरं॥ ज्ञानंज्ञेयंवचोवाच्यंतमोज्योतिस्त्वयंस्वयं ॥५७॥ आबाधितोऽपिह्याभासोयथावस्तुतयास्मृतः॥दुर्घटत्वादैंद्रियकंतद्वदर्थविकल्पितं॥५८॥क्षित्यादीनामिहार्थानांछायानकतमापिहि॥नसंघातोविकारोऽपिनपृथङ्नान्वितोमृषा॥५९॥ धातवोवयवित्वाच्चतन्मात्रावयवैर्विना॥नस्युर्ह्यसत्यवयविन्यसन्नवयवोंऽततः॥६०॥ स्यात्सादृश्यभ्रमस्तावद्विकल्पेसतिवस्तुनः ॥ जाग्रत्स्वापौयथास्वप्नेतथाविधिनिषेधता ॥६१॥ भावाद्वैतंक्रियाद्वैतंद्रव्याद्वैतंतथात्मनः॥वर्तयन्स्वानुभूत्येहत्रीन्स्वप्नान्धुनुतेमुनिः ॥६२॥ कार्यकारणवस्त्वैक्यमर्शनंपटतंतुवत् ॥अवस्तुत्वाद्विकल्पस्यभावाद्वैतंतदुच्यते ॥६३॥ यद्ब्रह्मणिपरेसाक्षात्सर्वकर्मसमर्पणं॥मनोवाक्तनुभिःपार्थक्रियाद्वैतंतदुच्यते॥६४॥ आत्मजायासुतादीनामन्येषांसर्वदेहिनां ॥यत्स्वार्थकामयोरैक्यंद्रव्याद्वैतंतदुच्यते॥६५॥ यद्यस्यवाऽनिषिद्धंस्याद्येनयत्रयतोनृप॥सतेनेहेतकर्माणिनरोनान्यैरनापदि ॥६६॥ एतैरन्यैश्चवेदोक्तैर्वर्तमानःस्वकर्मभिः॥गृहेऽप्यस्यगतिंयायाद्राजंस्तद्भक्तिभाङ्नरः॥६७॥यथाहियूयंनृपदेवदुस्त्यजादापद्गणादुत्तरतात्मनःप्रभोः॥ यत्पादपंकेरुहसेवयाभवालहारषीन्निर्जितदिग्गजःक्रतून् ॥६८॥ अहंपुराऽभवंकश्चिद्गंधर्वउपबर्हणः॥नाम्नाऽतीतेमहाकल्पेगंधर्वाणांसुसंमतः॥६९॥रूपपेशलमाधुर्यसौगंध्यप्रियदर्शनः॥स्त्रीणांप्रियतमोनित्यंमत्तस्तुपुरुलंपटः ॥७०॥ एकदादेवसत्रेतुगंधर्वाप्सरसांगणाः॥उपहूताविश्वसृग्भिर्हरिगाथो

દ્વૈત—ક્રિયાદ્વૈત—અને દ્રવ્યાદ્વૈત; એ પ્રકારની, આ લોક રૂપી સ્વપ્નની થતી; ત્રણે અવસ્થાઓને; આત્મ સ્વરૂપના અનુભવમાં વર્તનારો, મુનિ તજી દે છે. ॥૬૨॥ લુગડાની અંદર ખરી વસ્તુ રૂપે તાંતણાજ હોઇને, એ તાંતણા શિવાય લુગડું કોઈ પ્રકારે વસ્તુ રૂપે હોતું નથી; તેવી રીતેજ, આ વિકલ્પ અથવા દ્વૈત પ્રપંચ માત્ર; ખરી વસ્તુ રૂપે નથી; પણ તે સર્વમાં રહેલા, એક ભગવાનજ, ખરી વસ્તુ રૂપે તો, સત્ય છે. એમ કાર્યની અને કારણની એકતા, જોવી; તે ભાવાદ્વૈત કહેવાય છે. (અને તે સમજવા થકી, ભેદ બુદ્ધિ એટલે "હું જૂદો અને બીજાઓ જૂદા" એવો ભાવ થવા રૂપ એક સ્વપ્ન મટે છે.) ॥૬૩॥ હે યુધિષ્ઠિર, મન-વાણી—અને શરીરથી, કરાતા, સર્વ કર્મો જ્યારે સાક્ષાત પરબ્રહ્મને; સંપૂર્ણ રીતે અર્પણ કરીનેજ, કરાય; ત્યારે તે ક્રિયા દ્વૈત કહેવાય છે. (અને તે સમજવા થકી કર્મોને વિશે સારા નરસાપણું, અને મોટા નાના પણું, તથા લાભ તથા ગેર લાભ, હોવા વિગેરેની સમજણ થવા રૂપ, બીજું સ્વપ્ન પણ મટી જાય છે.) ॥૬૪॥ તેમજ જ્યારે; પોતે, પોતાની સ્ત્રી, દીકરા આદિ, અને બીજા સર્વે પ્રાણીઓ, એ સર્વેના સ્વાર્થની, અને સુખ ભોગાદિકની; કામનાઓની, એકતા થાય; ત્યારે તે દ્રવ્યાદ્વૈત કહેવાય છે. (અને તે સમજવાથી;

મારાં કર્મોનું ફળ, મારેજ ભોગવવાનું છે; એવી ખોટી સમજણ થવા રૂપ, ત્રીજું સ્વપ્ન પણ મટે છે.) ॥૬૫॥ હે રાજા, જ્યારે—જેને—જેણે કરીને—જ્યાં—અને જે દ્રવ્યો થકી; ક્રિયાઓ કરવાનું, શાસ્ત્રોમાં કહ્યું હોય; અથવા નિષેધ કરેલું હોય; તેવી ક્રિયાઓ, ત્યારે—તેણે—તેઓવડે—ત્યાં—અને તે દ્રવ્યો થકી—નિષ્કામ પણેજ મનુષ્યોએ કરવાની છે; અને આપત કાળ વિના કોઈએ બીજી રીતે કરવાનું નથી. ॥૬૬॥ હે રાજા, એ તથા બીજાં પણ, વેદમાં કહેલાં કર્મો કરવા વડે; ઘરમાં રહેનારા, ભગવાનની ભક્તિ કરનારા પુરુષો; ભગવાનની ગતિનેજ પામે છે. ॥૬૭॥ અને એ રીતેજ સમર્થ ભગવાનના ચરણ કમળની ઘણી સેવા કરવાના પ્રતાપથીજ, તમે પણ; ટાળી ટળે નહીં એવી આપદાઓના સમુદાયને તરી જઇને, તથા સર્વ દિશાઓના અધિપતિઓને જીતીને; મોટા યજ્ઞો કરનારા થયેલા છો. ॥૬૮॥ ગયા મહા કલ્પમાં પ્રથમ અવતારે, હું બીજાઓથી માન પામેલો ઉપબર્હણ નામે ગંધર્વ હતો. ॥૬૯॥ રૂપ—સુકુમારપણું—મધુરતા—અને સુગંધને લીધે, મારું દર્શન લોકને પ્રિય હતું; અને બહુ લંપટ તથા મદોન્મત્ત રહેનારો હું, સ્ત્રીઓને ઘણો પ્યારો હતો. ॥૭૦॥ ત્યારે દેવતાઓની સભામાં, ભગવાનની કથાઓનું ગાયન કરવા માટે, પ્રજાપતિઓએ એકવાર ગંધર્વો તથા અપ્સ-

ગ્રાઓને બોલાવ્યાં હતાં. ॥૭૧॥ તે જાણવાથી હું, ગાતો ગાતો સ્ત્રીઓના ટોળા સહિત ત્યાં ગયો; તે જાણીને મારા એ અપરાધ માટે, પ્રજાપતિઓએ; પોતાના બળથી; મને શ્રાપ આપ્યો કે, " અપરાધ કરનાર તું ઉતાવળોજ શોભા રહિત થઈને શુદ્રપણાને પામ્ય. " ॥૭૨॥ તેથી દાસીને વિશે જન્મ પામેલા મને, તે ઠેકાણે પણ; પરબ્રહ્મ સંબંધી વાતો કરનારાઓનો સંગ, અને તેમની સેવા મળવાથી; આ મહા કલ્પમાં બ્રહ્માના પુત્રપણાને હું પામેલો છું. ॥૭૩॥ પાપને નાશ કરનારા, ગૃહસ્થાશ્રમીઓના ધર્મ, મેં તમારી પાસે વર્ણવ્યા; કે જે થકી સંન્યાસીઓને પામવાના પરમપદને, તે ગૃહસ્થાશ્રમીઓ પણ પામે છે. ॥૭૪॥ સાક્ષાત ગુરૂ અને પરબ્રહ્મ ભગવાન, શ્રી કૃષ્ણ મનુષ્યાકૃતિથી તમારે ઘેર વસે છે; અને લોક માત્રને પવિત્ર કરનારા મુનિઓ પણ આવે છે, તેથી તમે ખચીત મોટા ભાગ્યશાળી છો. ॥૭૫॥ અને જેને તમે તમારા પ્રિય –સુહૃદ–મામાના દીકરા–પૂજવા યોગ્ય–આજ્ઞા ઉઠાવનારા–અને ગુરૂ રૂપે માનો છો, તે પોતેજ; મહાત્માઓએ શોધાતા–અને કેવળ નિર્વાણ સુખના અનુભવ સ્વરૂપ–ભગવાન કૃષ્ણ છે. ॥૭૬॥ સાક્ષાત સદાશિવ અને

पगायने॥७१॥अहंचगायंस्तद्विद्वान्स्त्रीभिःपरिवृतोगतः॥ज्ञात्वाविश्वसृजस्तन्मेहेलनंशेपुरोजसा॥याहिलंशूद्रतामाशुनष्टश्रीःकृतहेलनः७२ तावद्दास्यामहंजज्ञेतत्रापिब्रह्मवादिनां॥शुश्रूषयानुषंगेणप्राप्तोऽहंब्रह्मपुत्रतां॥७३ धर्मस्तेगृहमेधीयोवर्णितःपापनाशनः॥गृहस्थोयेनपदवीमंजसान्यासिनामियात्॥७४॥ यूयंनृलोकेबतभूरिभागालोकंपुनानामुनयोऽभियंति ॥ येषांगृहानावसतीतिसाक्षाद्गूढंपरंब्रह्ममनुष्यलिंगं ॥७५॥ सवाअयंब्रह्ममहद्विमृग्यंकैवल्यनिर्वाणसुखानुभूतिः ॥ प्रियःसुहृद्वःखलुमातुलेयआत्मार्हणीयोविधिकृद्गुरुश्च ॥७६॥ नयस्यसाक्षाद्भवपद्मजादिभीरूपंधियावस्तुतयोपवर्णितं ॥ मौनेनभक्त्योपशमेनपूजितःप्रसीदतामेषससात्वतांपतिः॥७७॥ श्रीशुक० इतिदेवर्षिणाप्रोक्तं निशम्यभरतर्षभः॥ पूजयामाससुप्रीतःकृष्णंचप्रेमविह्वलः ॥७८॥ कृष्णपार्थावुपामंत्र्यपूजितःप्रययौमुनिः ॥ श्रुत्वाकृष्णंपरंब्रह्मपार्थःपरमविस्मितः॥७९॥ इतिदाक्षायणीनांतेपृथग्वंशाःप्रकीर्तिताः ॥ देवासुरमनुष्याद्यालोकायत्रचराचराः ॥८०॥ इतिश्रीभागवतेमहापुराणेसप्तमस्कंधेप्रह्लादानुचरितेयुधिष्ठिरनारदसंवादे सदाचारनिर्णयोनामपंचदशोऽध्यायः ॥ १५ ॥ समाप्तोयंसप्तमःस्कंधः ॥ ७ ॥

બ્રહ્માદિક પણ, પોતાની બુદ્ધિવડે, જેના ખરા સ્વરૂપનું વર્ણન નહીં કરી શકવાથી; ફક્ત મૌન ધારણ કરી, ઉપશમ અને ભક્તિ વડેજ, તેમનું પૂજન કરે છે; એ ભક્ત જનોના સ્વામી ભગવાન મને પ્રસન્ન થજો. ॥૭૭॥–શ્રીશુક–હે પરીક્ષિત, એ રીતે નારદજીએ કહેવાથી, યુધિષ્ટિરે પ્રેમથકી વિહ્વળ થઈને ઘણી પ્રીતિથી શ્રી કૃશ્ણનું પૂજન કર્યું. ॥૭૮॥ પછી નારદ મુનિ પૂજાનો સ્વીકાર કરીને, તથા શ્રી કૃશ્ણ અને યુધિષ્ટિરની રજા લેઈને, ત્યાંથી ગયા; તથા શ્રી કૃશ્ણજ પરબ્રહ્મ હોવાનું જાણવાથી, યુધિષ્ટિરને ઘણો વિસ્મય થયો. ॥૭૯॥ જેમાં દેવ–અસુર–અને મનુષ્યો આદિ સર્વે સ્થાવર જંગમ લોકો આવી જાય છે. એવા દક્ષની પુત્રીઓના જુદા જુદા વંશો, મેં તમને આ પ્રમાણે કહી સંભળાવ્યા છે. ॥૮૦॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ સાતમા સ્કંધનો પંદરમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૫॥ ઇતિ સાતમો સ્કંધ સમાપ્ત. ॥૭॥ તા. ૨૮—૧૨—૯૮ બુધવાર.

તા. ૩૧ મી ડીસેમ્બર સને ૧૮૯૮ મીતી સંવત ૧૯૫૫ના માગસર વદી ૪ ને શનીવાર સવારે દસ વાગે મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં હરિકીસનદાસ શેઠની પોળમાં ઘર નંબર ૫૨૩ –કર્તા મહામુનિ કૃશ્ણ–ભગવત પ્રેરિત લખનાર દાસાનુદાસ ગિરધરલાલ અમરતલાલ ન્યાયા–શ્રી કૃશ્ણાર્પણમસ્તુ–॥.

॥ इति श्रीमद्भागवते सप्तमस्कंध समाप्यते ॥

॥ अथ श्रीमद्भागवतं अष्टमस्कंध प्रारभ्यते ॥

અધ્યાય ૧ લો. પરીક્ષિત—હે ગુરૂ, પ્રજાપતિઓની પરંપરા વાળો આ સ્વાયંભૂ મનુનો મન્વંતર, મેં વિસ્તાર સહિત સાંભળ્યો; હવે આપ બીજા મનુઓ વિશે કહો. ॥૧॥ અને તેમાં મહાત્મા હરિ ભગવાનના જન્મ અને કર્મો, વિદ્વાનોએ જેજે ગાયેલાં હોય; તે સર્વ આપ મને કહી સંભળાવો. ॥૨॥ હે બ્રાહ્મણ; થઇ ગયેલા અને હવે પછી થવાના, તથા ચાલુ મન્વતરોમાં પણ; વિશ્નુ (પાલન કરનારા) ભગવાને, જે કાંઇ કરયું હોય, કરવાના હોય, અથવા કરતા હોય; તે સર્વ મને કહો. ॥૩॥ શ્રીશુક—આ કલ્પના થઇ ગયેલા છમન્વંતરોમાં, પેહેલો મન્વંતર સ્વાયંભૂમનુનો તો, મેં તમને પ્રથમજ કહ્યો છે; જેમાં એ મનુની દીકરીઓ દેવહુતી અને આકુતીને વિશે આદિ દેવ ભગવાન, લોકને ધર્મ અને જ્ઞાનનો ઉપદેશ કરવાને માટે; તેમના પુત્ર થઇને ઉત્પન્ન થયા હતા. ॥૪–૫॥ હે પરીક્ષિત, ભગવાન કપિલ દેવનું વર્ણન તો પ્રથમ કર્યું છે, માટે હવે યજ્ઞ ભગવાને જે જે કરેલું છે; તે વર્ણવું છું. ॥૬॥ હે ભારત, શતરૂપાના પતિ સમર્થ સ્વાયંભૂમનુ વિષય ભોગાદિકનાં સુખોથી વિરામ પામી, રાજ્યાદિકને તજી; પોતાની સ્ત્રી શતરૂપા સહિત, તપ કરવાને વનમાં ગયા હતા. ॥૭॥ અને સુનંદા નદીને કાંઠે, સો વરસ સુધી ધરતી ઉપર એક પગે ઉભારહી, નીચે પ્રમાણેનો મંત્ર બોલીને; અતિ ઉગ્ર તપ કરતા હતા. ॥૮॥ મનુ—જેણે આ જગતને ચેતના યુક્ત કરેલ છે, પણ જગત જેને ચેતના આપી શકતું નથી; અને આ જગત ઉંઘી જાયછે ત્યારે પણ જે જાગ્યા કરે છે; તે જગતને જાણનારને જગતના પ્રાણીઓ જાણતા નથી. ॥ ૯ ॥ અને આ વિશ્વમાં જરાએજરા સર્વ પ્રાણી પદાર્થ વિગેરે સર્વમાં, તે આત્મ સ્વરૂપથી વસેલા છે; અને તેમના થકી જે કાંઇ આપણને આપવામાં આવે, તેટલાનોજ આપણે ઉપયોગ કરવો જોઇએ; પણ કોઇનું ધનાદિક લઇ લેવાની ઇચ્છા કરવી ન જોઇએ. ॥૧૦॥ એવા તથા જે સર્વને જુએછે; છતાં તેને કોઇ જોઇ શકતું નથી અને જેનું જ્ઞાન કદી પણ બંધ પડતું નથી; તે સર્વ પ્રાણી પદાર્થાદિકને વિશે રહેલા; સુપર્ણ ભગવાનને ભજો. ॥૧૧॥ જેના પેહેલાં કોઇ નથી, અને કોઇ નથી, અને

ओंनमोभगवतेवासुदेवाय॥ राजा०स्वायंभुवस्येहगुरोवंशोऽयंविस्तराच्छ्रुतः॥ यत्रविश्वसृजांसर्गोमनूनन्यान्वदस्वनः॥१॥ यत्रयत्रहरेर्जन्म कर्माणिचमहीयसः॥ गृणंतिकवयोब्रह्मंस्तानिनोवदशृण्वतां॥२॥ यद्यस्मिन्नंतरेब्रह्मन्भगवान्विश्वभावनः॥ कृतवान्कुरुतेकर्ताह्यतीतेऽनागतेऽद्यवा॥३॥ ऋषि०मनवोऽस्मिन्व्यतीताःषट्कल्पेस्वायंभुवादयः॥आद्यस्तेकथितोयत्रदेवादीनांचसंभवः॥४॥आकूत्यांदेवहूत्यांचदुहित्रो[illegible]॥ धर्मज्ञानोपदेशार्थंभगवान्पुत्रतांगतः॥५॥ कृतंपुराभगवतःकपिलस्यानुवर्णितं॥आख्यास्येभगवान्यज्ञोयच्चकारकुरूद्वह॥६॥ विरक्तःकामभोगेषुशतरूपापतिःप्रभुः॥ विसृज्यराज्यंतपसेसभार्योवनमाविशत्॥७॥ सुनंदायांवर्षशतंपदैकेनभुवंस्पृशन्॥ तप्यमानस्तपोघोरमिदमन्वाहभारत॥८॥ मनु०येनचेतयतेविश्वंविश्वंचेतयतेनयं॥ योजागर्तिशयानेऽस्मिन्नायंतंवेदवेदसः॥९॥ आत्मावास्यमिदंविश्वंयत्किंचिज्जगत्यांजगत्॥तेनत्यक्तेनभुंजीथामागृधःकस्यस्विद्धनं॥१०॥ यंनपश्यतिपश्यंतंचक्षुर्यस्यनरिष्यति॥ तंभूत[illegible]पर्णमुपधावत॥११॥ नयस्याद्यंतौमध्यंचस्वःपरोनांतरं[illegible]हिः॥विश्वस्यामूनियद्यस्माद्विश्वंचतदृतंमहत्॥१२॥सविश्वकायःपुरुहूतईशःसत्यःस्वयंज्योतिरजःपुराणः॥ धत्तेऽस्यजन्माद्यजयात्मशक्त्यातांविद्ययोदस्यनिरीहआस्ते॥१३॥ अथाग्रेऋषयःकर्माणीहंतेकर्महेतवे॥ईहमानोहिपुरुषःप्रायोऽनीहांप्रपद्यते॥१४॥ ईहतेभगवानीशोनहितत्रविषज्जते॥आत्मलाभेनपूर्णार्थोनावसीदंतियेऽनुतं॥१५॥ तमीहमानंनिरहंकृतंबुधंनिराशिषंपूर्णमनन्यचोदितं॥नॄन्शिक्षयंतंनिजवर्त्मसंस्थितंप्रभुंप्रपद्येऽखिलधर्मभावनं॥१६॥ श्रीशुक०इतिमंत्रोपनिषदंव्याहरंतंसमाहितं॥दृष्ट्वाऽसुरायातुधानाजग्धुमभ्यद्रवन्क्षुधा॥१७॥ तांस्तथाऽवसि[illegible]न्वीक्ष्ययज्ञःसर्वगतोहरिः॥यामैःपरिवृतोदेवैर्हत्वाऽशासत्त्रिविष्टपं॥१८॥ स्वारोचिषोद्वितीयस्तुमनुरग्नेःसुतोऽभवत्॥द्युमत्सुषेणरोचिष्मत[illegible]जाः॥१९॥तत्रेंद्रोरोचनस्त्वासीद्देवाश्चतुषितादयः॥ऊर्जस्तंभादयःसप्त[illegible]षयोब्रह्मवादिनः॥२०॥ ऋषेस्तुवेदशिरसस्तुषितानामपत्न्यभूत्॥तस्यांजज्ञेततोदेवोविभुरित्यभिविश्रुतः॥२१॥ अष्टाशीतिस

મધ્યે પણ કોઇ નથી; તથા જેને પારકો, કિંવા પોતાનો કોઇ નથી; તેમજ જેની માંહી, અને બહાર પણ કાંઇ નથી; તથા વિશ્વના આદિમાં, અંતમાં, અને મધ્યમાં, બહાર અને માંહી, તથા વિશ્વરૂપ અને વિશ્વથકી જુદાપણ જેછે, તેજ મહાન અને સત્ય, આત્મ સ્વરૂપ ભગવાન છે. ॥૧૨॥ તથા એજ વિશ્વરૂપ શરીરવાળા ઘણાં નામોવાળા, સત્ય, સ્વપ્રકાશ, અજન્મા, અને જુનામાં જુના ઇશ્વર ભગવાન પોતાની માયા શક્તિવડે, જન્મ આદિને ધરવા છતાં; એ માયાને પણ જ્ઞાન શક્તિથી તજીદઇને, કામ્ય કર્મોથકી રહિત રેહેનારા છે. ॥૧૩॥ તેથી પૂર્વકાળથી રૂષિઓ પણ કર્મોને મટાડવાને માટેજ, કર્મો કરતા આવેલા છે; કેમકે કર્મો કરવા થકીજ, કર્મોના દોષોને જોતાં જોતાં, વૈરાગ્ય પામવાથી: પુરૂષ ઘણું કરીને; કર્મોને (કર્મફળોને) નહિ સંપાદન કરનારો થાયછે. ॥૧૪॥એટલે આત્મ સ્વરૂપના લાભવડે પૂર્ણ કામ ઇશ્વર ભગવાન જે રીતે આશક્તિ રહિત કર્મો કરે છે; તે રીતેજ ભગવાનને અનુસરનારા પુરૂષો પણ, દુખોને ભોગવનારા થતા નથી. ॥૧૫॥ માટે એ, અહંકાર રહિત કર્મો કરનારા—સર્વજ્ઞ—કામનાઓ વિનાના—પરિપૂર્ણ—સ્વતંત્ર—પોતાને યોગ્ય આચરણ કરવા વડે, મનુષ્યોને શીખામણ આપનારા—અને સંપૂર્ણપણે ધર્મને સ્થાપન કરનારા—સમર્થ ભગવાનને, હું શરણ છું." ॥૧૬॥ શ્રી-શુક—એ પ્રમાણે, રહસ્ય મંત્રોને બોલતા, અને જીતેંદ્રિય થયેલા એ મનુને જોઇને; અસુરો અને રાક્ષસો ભૂખને લીધે, તેમને ખાઇજવાને સારૂં દોડી ગયા. ॥૧૭॥ ત્યારે તેમની એવી ધારણા જાણીને, સર્વ વ્યાપક હરિ ભગવાને; યામ્ય નામના દેવતાઓને સાથે લેઇ તે અસુરો અને રાક્ષસોને મારીને; સ્વર્ગનું રાજ્ય કર્યું. ॥૧૮॥પછી સ્વારોચિષ નામનો અગ્નિનો પુત્ર બીજો મનુ થયો હતો. ને દ્યુમાન–સુષેણ અને રોચિષ્માન, એ તેના મુખ્ય પુત્રો હતા. ॥૧૯॥ એ બીજા મન્વંતરમાં રોચન નામે ઇંદ્ર થયો હતો; તુષિતા વિગેરે દેવતાઓ હતા; અને ઉર્જ તથા સ્તંભ વિગેરે વેદને જાણનારા સપ્ત રૂષિઓ થયા હતા. ॥૨૦॥ ત્યારે વેદ શિરા રૂષિની તુષિતા નામની સ્ત્રીમાં વિભુ, નામના અતિ વિખ્યાત ભગવાન, જન્મ્યા હતા. ॥ ૨૧ ॥ વ્રતો પાળનારા અઠયાસી હજાર મુનિઓ, એ કુમાર અવસ્થાવાળા વિભુ ભગવાન પાસેથી બ્રહ્મચારીના ધર્મો શીખ્યા હતા. ॥૨૨॥હે રાજા, તેપછી પ્રિયવ્રતનો દીકરો ઉત્તમ, ત્રીજો મનુ થયો હતો; અને પવન–સંજય–યજ્ઞહોત્ર આદિ તેના

પુત્રો હતા. ॥૨૩॥ વસિષ્ટ મુનિના પ્રમદ વગેરે પુત્રો, સમઋષિ થયા હતા; સત્ય–વેદશ્રુત અને ભદ્ર નામના દેવતાઓ હતા; અને સત્યજીત નામે ઈંદ્ર થયો હતો. ॥૨૪॥ ત્યારે ધર્મની સ્ત્રી સુનૃતાગાં સત્યસેન નામના ભગવાન, સત્યવ્રત નામના પુરૂષોની સાથે જન્મ્યા હતા. ॥ ૨૫ ॥ એ સત્યસેન ભગવાને સત્યજીત ઈંદ્રની સહાયતા કરીને, દુષ્ટ આચરણવાળા–જુઠા બોલા–અને દુષ્ટ એવા રાક્ષસોને; યક્ષોને: અને પ્રાણી માત્રનો, દ્રોહ કરનારા, બીજા ભૂત ગણોને; મારયા હતા. ॥૨૬॥ એ ઉત્તમનો ભાઈ તામસ, ચોથો મનુ થયો હતો, અને પ્રથુ–ખ્યાતિ–નર–અને કેતુ, વિગેરે દશ તેના દીકરાઓ હતા. ॥૨૭॥ સત્ય–હરિ–અને વીર, એ નામો-વાળા દેવતાઓ થયા હતા, ત્રિશિખ નામે, ઈંદ્ર થયો હતો, અને એ તામસ મન્વંતરમાં જ્યોતિ-ધામ વિગેરે સપ્ત ઋષિઓ થયા હતા. ॥૨૮॥ અને, કાળે કરીને નાશ પામી ગયેલા વેદોને વિધૃતિના દીકરા વૈધૃતિએ પોતાની શક્તિ થકીજ, ધારણ કરયા હતા. ॥૨૯॥ એ ચોથા મન્વંતરમાં, હરિમેધાની હરિણી નામની સ્ત્રીમાં; હરિ નામના ભગવાનનો જન્મ થયો હતો; જેમણે ગજેંદ્રને ગ્રાહથકી છોડાવ્યો હતો. ॥૩૦॥ પરીક્ષિત–હે શુકદેવજી, ગ્રાહે પકડેલા ગજેંદ્રને, હરિ ભગવાને કેવી રીતે છોડાવ્યો; તે આપના થકી સાંભળવાને હું ઇચ્છુંછું, ॥ ૩૧ ॥ જેમાં ઉત્તમ શ્લોક હરિ ભગવાન ગવાતા હોય; તે કથાઓને મહા પવિત્ર કલ્યાણ કારી–શુભ અને સારી રીતે ધન્યવાદ આપવા જેવીજ; જાણવી જોઇએ. ॥૩૨॥ સુત–હે વિપ્રો અનશન વ્રત લઇને બેઠેલા, પરીક્ષિતે સારી કથા કહેવાને; શુકદેવજીને પ્રેરવાથી; રાજી થયેલા શુકદેવજી, સભાસદો અને મુનિઓના સાંભળતાં; એ રાજાનાં વખાણ કરીને બોલ્યા કે. ॥૩૩॥ ઇતિશ્રી० ભા० આઠમા સ્કં० પહેલો અ०સં०॥૧॥

અધ્યાય ૨ જો. શ્રીશુક–હે રાજા, ક્ષીર સાગરથી વિંટાયલો ત્રિકુટ નામનો પ્રખ્યાત–શોભિતો–અને

हस्त्राणिमुनयोयेधृतव्रताः॥अन्वशिक्षन्व्रतंतस्यकौमारेब्रह्मचारिणः॥२२॥ तृतीयउत्तमोनामप्रियव्रतसुतोमनुः॥पवनःसृंजयोयज्ञहोत्राद्यास्तत्सुतानृप॥२३॥ वसिष्ठतनयाःसप्तऋषयःप्रमदादयः॥सत्यावेदश्रुताभद्रादेवाइंद्रस्तुसत्यजित्॥२४॥ धर्मस्यसूनृतायांतुभगवान्पुरुषोत्तमः॥सत्यसेनइतिख्यातोजातःसत्यव्रतैःसह॥२५॥ सोऽनृतव्रतदुःशीलानसतोयक्षराक्षसान्॥ भूतद्रुहोभूतगणांस्त्ववधीत्सत्यजित्सखः॥॥२६॥ चतुर्थउत्तमभ्रातामनुर्नाम्नाचतामसः॥पृथुःख्यातिर्नरःकेतुरित्याद्यादशतत्सुताः॥२७॥सत्यकाहरयोवीरादेवास्त्रिशिखईश्वरः॥ज्योतिर्धामादयःसप्तऋषयस्तामसेऽन्तरे॥२८॥देवावैधृतयोनामविधृतेस्तनयानृप॥नष्टाःकालेनयैर्वेदाविधृताःस्वेनतेजसा॥२९॥ तत्रापिजज्ञेभगवान्हरिण्यांहरिमेधसः॥हरिरित्याहृतोयेनगजेंद्रोमोचितोग्रहात् ॥३०॥राजा०बादरायणएतत्तेश्रोतुमिच्छामहेवयं॥हरिर्यथागजपतिंग्राहग्रस्तममूमुचत् ॥३१॥ तत्कथासुमहत्पुण्यंधन्यंस्वस्त्ययनंशुभं॥यत्रयत्रोत्तमश्लोकोभगवान्गीयतेहरिः ॥३२॥ सूत०परीक्षितैवंसतुबादरायणिःप्रायोपविष्टेनकथासुचोदितः॥उवाचविप्राःप्रतिनंद्यपार्थिवंमुदामुनीनांसदसिस्मशृण्वतां ॥३३॥ इ०भा०म०अष्टमस्कंधेमन्वंतरानुचरितेप्रथमोऽध्यायः॥१॥श्रीशुक०आसीद्गिरिवरोराजंस्त्रिकूटइतिविश्रुतः॥क्षीरोदेनावृतःश्रीमान्योजनायुतमुच्छ्रितः ॥१॥ तावताविस्तृतःपर्यक्त्रिभिःशृंगैःपयोनिधिं॥दिशःखंरोचयन्नास्तेरौप्यायसहिरण्मयैः॥२॥ अन्यैश्चककुभःसर्वारत्नधातुविचित्रितैः॥नानाद्रुमलतागुल्मैर्निर्घोषैर्निर्झरांभसां ॥३॥ सचावनिज्यमानांघ्रिःसमंतात्पयऊर्मिभिः॥करोतिश्यामलांभूमिंहरिन्मरकताश्मभिः॥४॥ सिद्धचारणगंधर्वविद्याधरमहोरगैः॥किन्नरैरप्सरोभिश्चक्रीडद्भिर्जुष्टकंदरः॥५॥ यत्रसंगीतसन्नादैर्नदद्गुहममर्षया॥अभिगर्जंतिहरयःश्लाघिनःपरशंकया ॥६॥ नानारण्यपशुव्रातसंकुलद्रोण्यलंकृतः॥चित्रद्रुमसुरोद्यानकलकंठविहंगमः॥७॥ सरित्सरोभिरच्छोदैःपुलिनैर्मणिवालुकैः॥देवस्त्रीमज्जनामोदसौरभांब्वनिलैर्युतः ॥८॥ तस्यद्रोण्यांभगवतोवरुणस्यमहात्मनः॥ उद्यानमृतुमन्नामआक्रीडंसुरयोषितां॥सर्वतोऽलंकृतंदिव्यैर्नित्यंपुष्पफलद्रुमैः ॥॥९॥ मंदारैःपारिजातैश्चपाटलाशोकचंपकैः॥चूतैःप्रियालैःपनसैराम्रैराम्रातकैरपि ॥१०॥ क्रमुकैर्नालिकेरैश्चखर्जूरैर्बीजपूरकैः॥मधुकैःसा

દસહજાર યોજન ઉંચાઇનો, **એક** પર્વત છે. ॥૧॥ અને તે પોતાનાં; લોઢાનું રૂપાનું અને સોનાનું એવાં, ત્રણ **શિખરો વડે, સમુદ્રને–દિશાઓને**–અને આકાશને પ્રકાશિત કરે છે; તથા દસહજાર યોજનના ફેલાવાવાળો **પણ છે.** ॥૨॥ તેનાં સર્વ પ્રકારના, રત્નો તથા ધાતુઓ વિગેરેથી વિચિત્ર લાગતાં; અને અનેક પ્રકારનાં **ઝાડો–વેલો–તથા ગુછાવાળાં** બીજાં શિખરોમાંથી નીકળતાં, પાણીનાં ઝરણાંઓનો મોટો ઘોંઘાટ થઇ રહેછે. ॥૩॥ અને તેની ચારે તરફ દુધનાં મોજાં લાગવાથી, તેના મુળની જમીન: ધોવાઇને, તેજસ્વી મરકત મણિયોવડે, કાળાશવાળી દેખાય છે. ॥૪॥ તથા સિદ્ધ–ચારણ–ગંધર્વ–વિદ્યાધર–મોટા નાગ લોકો–કિન્નરો–અને અપ્સરાઓ–તેની **સુંદર ગુફાઓમાં** રમેછે. ॥૫॥ અને ત્યાં ગાયનના શબ્દોથી ગુફાઓ ગાજી ઉઠવાને લીધે; ગર્વિષ્ટ સિંહો દુશ્મનની શં-**કાવડે,સામી ગરજનાઓ** કરેછે. ॥૬॥ તથા એ ગુફાઓ નાના પ્રકારનાં વગડાઉ પશુઓથી ભરપૂર રહેવાથી વિચિત્ર પ્ર-કારનાં ઝાડોવાળા દેવતાઓના બગીચાઓમાં, મધુર સ્વરે પક્ષીઓ બોલવાથી–અને સ્વચ્છ જળ ભરેલાં અને મણિ જેવી રેતીના કિનારા વાળાં, સરોવરો તથા નદીઓમાં; દેવતાઓની સ્ત્રીઓના નહાવા વડે, તેમનાં પાણી અને પવન; સુગંધીવાળાં થવાથી; એ પર્વત ઘણોજ શોભે છે. ॥૭–૮॥ એ પર્વતની એક ગુફામાં, મહાત્મા વરૂણ ભગવાનની, ઋતુમત્ નામની એક વાડી: સર્વકાળ ઝાડોને દિવ્યફળ અને ફુલો લાગનારી, તથા દેવતાઓની સ્ત્રીઓને રમવાની હતી ॥૯॥ તેમાં, મંદાર–પારિજાત–પાટલ–આસોપાલવ–ચંપા–આંબા–રાયણ–પનસ–આમ્ર–આમ્રાતક–સોપારી–નાળિએરી–ખજુરી–બિજોરાં–મહુડાં–સાલ–તાડ–તમાલ–અસન–આંજણિયા–અરિઠા–ઉંબરા–પિંપળા–વડ–ખાખરા–ચંદન–લિંબડા –કોવિદાર–સરળ–દેવદાર–દ્રાખ–શેલડી–કેળ–જાંબુ–બોર–બેહેડાં–હરડાં–આમળાં–ભીલાં–કોઠાં–લિંબુ–અને ભિલામાં, વિગેરેનાં ઝાડો હતાં.॥૧૦–૧૧–૧૨–૧૩॥ એ વાડીમાં મોટા વિસ્તાર વાળું,

અને સોનેરી કમળોથી સોભતું, તથા કુમુદ-ઉત્પલ-કલ્હાર-અને શતપત્રની શોભાને લીધે, સુંદર શબ્દવાળાં પક્ષીઓ, તથા મદોન્મત્ત ભમરાઓથી ભરેલું; એક સુંદર સરોવર હતું. ॥૧૪॥ તેમાંનાં હંસ-કારંડવ-ચક્રવાક-સારસ-જળકુકડી-કોયલ-અને બપૈયા વિગેરેનાં ટોળાં, શબ્દો કરીને; જાણે બોલાવતાં હોય, એમ લાગતું હતું. ॥૧૫॥ અને માછલાં તથા કાચબાઓના સંચારથી હાલતાં, કમળોની રજ, પાણીમાં ચારે કોર ફેલાતી હતી. તથા કદંબ-નેતર-નળ-નિપ-વંજુલ-કુંદ-કાંટાશરિયા-આસોપાલવ-સરસડા-ઇંદ્રજવ-એંગોરિયા-કુબ્જક-સોનેરી જૂઈ-નામ અને પુન્નાગ-મલ્લિકા-શતપત્ર-માધવિ-જાલક-અને બીજાં પણ કિનારે ઉત્પન્ન થનારાં, તથા સઘળી ઋતુમાં ફળ ફૂલની સંપત્તિવાળાં; ઝાડો આદિક થકી, ઘણીજ શોભા થયેલી હતી. ॥૧૬-૧૭-૧૮॥ ત્યાં એક વખતે, તે પર્વત તથા વનમાં રહેનારો; એક હાથીઓનો રાજા, ઘણી હાથણીઓ સહિત; એ વનનાં કાંટા-

વાળાં ઝાડો-ગોથા વાંસ-નેતર-મોટાં જાળાં-અને બીજાં ઝાડો વિગેરેને, ભાગતો ભાગતો; પોતાની તરસ છિપાવવા માટે આવી ગયો. ॥૧૯॥ એ ગજેંદ્રના ગંધ થકીજ, ભય પામીને; બીજા હાથીઓ-સિંહો-વાઘ-સાપ-મૃગ-ગેંડા-મોટાનામ-ગૌરમૃગ-કાળિયાર-શરભ-ચમરી-નહાર-સુવર-પાડા-રીંછ-શેળો-વાનરા-કુતરા-અને માંકડા વિગેરે તો; નાસી જતા હતા; અને જ્યાં એ ન હોય ત્યાં નાનાં હરણાં તથા સસલાં વિગેરે; નિર્ભય પણે, તેના અનુગ્રહ થકીજ, ચરતાં હતાં. ॥૨૦-૨૧॥ એવો, હાથીઓ અને હાથણીઓ થકી વિંટાયલો-મદ ઝરતો-પોતાના ભારથી ચારે તરફના પર્વતને ધ્રુજાવતો-મદને પીનારા ભમરાઓથી ઘેરાયલો-મદથી વિહ્વળ થયેલી આંખ્યો વાળો-અને પાછળ ચાલતાં આવતાં ઘણાં બચ્ચાં વાળો, એ ગજેંદ્ર; દૂરથી, કમળની રજવાળા પવનને સુંઘતો સુંઘતો; પોતાના તરસ્યા ટોળાને સાથે લેઇને, ઉતાવળોજ; તે સરોવરની નજીક આવી પહોંચ્યો.॥૨૨-

लतालैश्चतमालैरसनार्जुनैः ॥११॥ अरिष्टोदुंबरप्लक्षैर्वटैःकिंशुकचंदनैः॥पिचुमंदैःकोविदारैःसरलैःसुरदारुभिः॥१२॥द्राक्षेक्षुरंभाजंबूभिर्ब
दर्यक्षाभयामलैः॥बिल्वैःकपित्थैर्जंबीरैर्वृतोभल्लातकादिभिः ॥१३॥ तस्मिन्सरःसुविपुलंलसत्कांचनपंकजं॥कुमुदोत्पलकल्हारशतपत्रश्रि
योर्जितं॥मत्तषट्पदनिर्घुष्टंशकुंतैश्चकलस्वनैः ॥१४॥ हंसकारंडवाकीर्णचक्राव्हैःसारसैरपि॥जलकुक्कुटकोयष्टिदात्यूहकुलकूजितं ॥१५॥ म
त्स्यकच्छपसंचारचलत्पद्मरजःपयः॥कदंबवेतसनलनीपवंजुलकैर्वृतं ॥१६॥ कुंदैःकुरबकाशोकैःशिरीषैःकुटजेंगुदैः॥कुब्जकैःस्वर्णयूथीभि
र्नागपुन्नागजातिभिः ॥१७॥ मल्लिकाशतपत्रैश्चमाधवीजालकादिभिः॥शोभितंतीरजैश्चान्यैर्नित्यर्तुभिरलंद्रुमैः ॥१८॥ तत्रैकदातद्गिरिकान
नाश्रयःकरेणुभिर्वारणयूथपश्चरन्॥सकंटकान्कीचकवेणुवेत्रवद्विशालगुल्मंप्ररुजन्वनस्पतीन् ॥१९॥ यद्गंधमात्राद्धरयोगजेंद्राव्याघ्रादयो
व्यालमृगाश्चखड्गाः ॥ महोरगाश्चापिभयाद्द्रवंतिसगौरकृष्णाःशरभाश्चमर्यः ॥२०॥ वृकावराहामहिषर्क्षशल्यागोपुच्छसालावृकमर्कटाश्च॥
अन्यत्रक्षुद्राहरिणाःशशादयश्चरंत्यभीतायदनुग्रहेण॥२१॥सघर्मतप्तःकरिभिःकरेणुभिर्वृतोमदच्युत्कलभैरनुद्रुतः॥गिरिंगरिम्णापरितःप्र
कंपयन्निषेव्यमाणोऽलिकुलैर्मदाशनैः॥२२॥ सरोऽनिलंपंकजरेणुरूषितंजिघ्रन्विदूरान्मदविव्हलेक्षणः ॥वृतःस्वयूथेनतृषार्दितेनतत्सरोवरा
भ्याशमथागमद्द्रुतं ॥२३॥ विगाह्यतस्मिन्नमृतांबुनिर्मलंहेमारविंदोत्पलरेणुवासितं॥ पपौनिकामंनिजपुष्करोद्धृतमात्मानमद्भिःस्नपयन्गत
क्लमः ॥२४॥ स्वपुष्करेणोद्धृतसीकरांबुभिर्निपाययन्संस्नपयन्यथागृही॥घृणीकरेणूःकलभांश्चदुर्मदोनाचष्टकृच्छ्रंकृपणोऽजमायया॥२५॥तं
तत्रकश्चिन्नृपदैवचोदितोग्राहोबलीयांश्चरणेरुषाऽग्रहीत् ॥यदृच्छयैवंव्यसनंगतोगजोयथाबलंसोऽतिबलोविचक्रमे ॥२६॥ तथातुरंयूथपतिं
करेणवोविकृष्यमाणंतरसाबलीयसा॥विचुक्रुशुर्दीनधियोऽपरेगजाःपार्ष्णिग्रहास्तारयितुंनचाशकन्॥२७॥ नियुध्यतोरेवमिभेंद्रनक्रयोर्विक
र्षतोरंतरतोबहिर्मिथः ॥ समाःसहस्रंव्यगमन्महीपतेसप्राणयोश्चित्रममंसतामराः॥२८॥ ततोगजेंद्रस्यमनोबलौजसांकालेनदीर्घेणमहानभू
द्व्ययः॥विकृष्यमाणस्यजलेऽवसीदतोविपर्ययोऽभूत्सकलंजलौकसः॥२९॥ इत्थंगजेंद्रःसयदापसंकटंप्राणस्यदेहीविवशोयदृच्छया॥अपार

૨૩॥ પછી સરોવરમાં પેસીને સોનેરી કમળ તથા ઉત્પલની ગંધવાળા, અમૃત જેવા નિર્મળ મીઠા જળને; પોતાની સૂંઢમાં ભરીને ખૂબ પીવાથી; તથા પોતાના શરીરને નવરાવવાથી; તે થાક રહિત થયો. ॥૨૪॥ અને તે પછી પોતાની સૂંઢ વડે ઉપાડેલાં, પાણી ઉડાડીને; હાથણીઓને, અને બચ્ચાંઓને; ગૃહસ્થની પેઠે, દયાપૂર્વક નવરાવવામાં, અને પાણી પાવામાં; ભગવાનની માયાથી રાંક બનેલા, એ મદોન્મત્ત ગજેંદ્રે; નજીક આવેલા કષ્ટને; જાણ્યુંજ નહીં. ॥૨૫॥ હે રાજા, એટલામાં; કોઇ બળવાન ઝૂડે દૈવની પ્રેરણાથી ક્રોધ વડે, તેનો પગ પકડી લીધો. ત્યારે એ રીતે યદચ્છાથી દુઃખમાં પડેલા તે અતિ બળવાન ગજેંદ્રે, છુટવાને માટે; પોતાની શક્તિ પ્રમાણે પરાક્રમ કર્યું. ॥૨૬॥ અને તે રીતેજ તેના પક્ષના બીજા હાથીઓ, તથા હાથણીઓએ પણ; કરવા છતાં, એ બળવાન ઝૂડે મોટા વેગથી ખેંચવાને લીધે; જ્યારે તે સઘળાંઓ, એ આતુર બનેલા ગજેંદ્રને, છોડાવી શક્યાં નહીં; ત્યારે તેઓ રાંક બુદ્ધિથી બરાડા પાડવા લાગ્યાં. ॥૨૭॥ ગજેંદ્ર બહારની તરફ ખેંચે છે,

અને ઝૂડ અંદર ખેંચે છે; એ રીતે તે બંને બળવાનોનું યુદ્ધ થતાં, હજારો વરસ વિતી ગયાં; તે દેવતાઓને નવાઇ જેવું લાગ્યું. ॥૨૮॥ ઘણા લાંબા વખત સુધી પાણીમાં ખેંચાવાને લીધે,પીડા પામવાથી; એ ગજેંદ્રનાં, ઉત્સાહ-બળ-અને ઇંદ્રિયાદિકની શક્તિનો, ઘણો નાશ થઇ ગયો; અને ઝૂડનામાં તે સઘળુંજ વધિ ગયું.॥૨૯॥ એ રીતે તે ગજેંદ્ર, યદચ્છાથી પ્રાણ સંકટમાં આવી પડીને; જ્યારે પોતાનો છુટકારો ન કરી શકતાં, પરવશ થયો; ત્યારે તેણે ઘણી વાર સુધી વિચાર કરવાથી, તેને એવી બુદ્ધિ સુઝી કે. ॥૩૦॥ "આ આતુર થયેલા મારા સગા વહાલા હાથીઓ, મને છોડવવાને શક્તિવાન થતા નથી;તો હાથણીઓ તો, ક્યાંથીજ છોડવી શકે; માટે આ ઝૂડરૂપી વિધાતાના પાશથી, બંધાઇ ગયેલો હું; મોટા મોટા બ્રહ્માદિકના પણ પરમ શરણ રૂપ, ભગવાનનેજ શરણ જાઉં. ॥૩૧॥ પ્રચંડ વેગથી ઘણું દોડતા, બળવાન કાળ રૂપ સાપથી બીન્હેલો પ્રાણી, કે જેનું કોઇ ધણી નથી; એવા શરણે આવનારાનું; જે રક્ષણ કરેછે; તથા જેના ભયથી, મૃત્યુ પોતે પણ દોડતો

કરે છે; તે ભગવાન મારા શરણરૂપ થજો." ॥૩૨॥ ઇતિ શ્રી૦ ભા૦ આઠમા સ્કંધનો બીજો અધ્યાય સં.॥૨॥
અધ્યાય ૩ જો.—**શ્રીશુક**—એ પ્રમાણે બુદ્ધિ વડે નિશ્ચય કરી, મનને હ્રદયમાં સ્થિર કરીને; તે ગ-
જેંદ્ર, પૂર્વ જન્મમાં શીખેલા, ઉત્તમ સ્તોત્રનો જપ કરવા લાગ્યો કે. ॥૧॥ ગજેંદ્ર—જેના થકી આ જગતને
ચેતના મળેલ છે, તે આદિ પુરુષ—બીજ રૂપ—અને પરમાત્મા—ઇશ્વર ભગવાનનુંજ હું ધ્યાન કરીને; તેમનેજ
નમસ્કાર કરૂંછું. ॥૨॥ આ જગત જેમાં રહ્યું છે—જેમાંથી ઉત્પન્ન થયું છે—અને જે સાધન થકી થયું છે—જે
પોતેજ આ જગત રૂપે છે—અને જે જગત થકી જુદાપણ છે; તે પોતે પોતાથી ઉત્પન્ન થનારા ભગવાનનેજ;
હું શરણ જાઉંછું. ॥૩॥ જે અખંડિત જ્ઞાનવાન—સાક્ષી—અને પર થકી પણ પર—ભગવાન; પોતાની માયાએ,
પોતાના સ્વરૂપને વિષેજ ઉત્પન્ન કરેલા; આ જગતને વિષે, કોઇ વાર પ્રત્યક્ષ થયુંને; અને કોઇ વાર પરોક્ષ
થયુંને; સર્વને જોનારા છે; તે મારા પોતાના પણ, મૂળ રૂપ ભગવાનજ, મારૂં રક્ષણ કરો. ॥૪॥ સઘળા લોક અને
લોક પાલો, તથા તેઓ જે થકી થાય છે; તે કારણો પણ; એ સર્વે કાળ વડે નાશ પામી જતાં; થઇ જતા
ગહન અને ગંભીર અંધારાના અંતમાં જે સમર્થ ભગવાન બિરાજે છે; તથા નટની પેઠે સ્વરૂપો ધારણ
કરીને કરાતી, જેની લીલાઓ બદલ, તર્ક પણ થઇ શકતો નથી; જેથી દેવતાઓ અને રૂષિઓ પણ, તેના
સ્વરૂપને જાણતા નથી; તે ભગવાનજ મારૂં રક્ષણ કરો.॥૫-૬॥ જેના મહા મંગળરૂપ પદને પામવાની ઇચ્છાથી
સંગને તજેલા મુનિઓ અને સારા સાધુ પુરુષો, વનમાં રહીને ખાંપણ વિનાનાં ઉત્તમ વ્રતનું આચરણ કરેછે;
તે સર્વના સુહૃદ સર્વાત્મા ભગવાનજ, મારી ગતિરૂપ થજો. ॥૭॥ જેને જન્મ—કર્મ—નામ—રૂપ—ગુણ—અને દોષ—નહીં
હોવા છતાં, લોકોની ઉત્પત્તિ અને નાશ વિગેરે કરવા માટે; જે, પોતાની માયા વડે, સમયે સમયે જન્માદિકનો સ્વી-

यन्नात्मविमोक्षणेचिरंदध्याविमांबुद्धिमथाभ्यपद्यत॥३०॥ नमामिमेज्ञातयआतुरंगजाःकुतःकरिण्यःप्रभवंतिमोचितुं॥ग्राहेणपाशेनविधातुरा
वृतोऽप्यहंचतंयामि[illegible]रंपरायणं॥३१॥ यःकश्चनेशोबलिनोऽतकोरगात्प्रचंडवेगादभिधावतोभृशं॥ भीतंप्रपन्नंपरिपातियद्भयान्मृत्युःप्रधाव
त्यरणंतमीमहि ॥३२॥ इ०गा०म०अष्टमस्कंधेमन्वंतरानुवर्णनेगजेंद्रोपाख्यानेद्वितीयोऽध्यायः ॥२॥
श्रीशुक० एवंव्यवसितोबुद्ध्यासमाधायमनोहृदि ॥ जजापपरमंजाप्यंप्राग्जन्मन्यनुशिक्षितं॥१॥ गजेंद्र० नमोभगवतेतस्मैयतएतच्चिदात्म
कं॥ पुरुषायादिबीजायपरेशायाभिधीमहि॥२॥ यस्मिन्निदंयतश्चेदंयेनेदंयइदंस्वयं॥ योऽस्मात् रस्माच्चपरस्तंप्रपद्येस्वयंभुवं॥३॥यःस्वात्मनी
दंनिजमाययाऽर्पितंक्वचिद्विभातंक्वचतत्तिरोहितं॥ अ[illegible]क्ष्युभयंतदीक्षतेसआत्ममूलोऽवतुमांपरात्परः॥४॥कालेनपंचत्वमितेषुकृत्स्न
शोलोकेषुपालेषुचसर्वहेतुषु॥तमस्तदासीद्गहनंगभीरंयस्तस्यपारेऽभिविराजतेविभुः ॥५॥ नतस्यदेवाऋषयःपदंविदुर्जंतुःपुनःकोऽर्हतिगंतु
मीरितुं॥ यथानटस्याकृतिभिर्विचेष्टतोदुरत्ययानुक्रमणःसमावतु॥६॥ दिदृक्षवोयस्यपदंसुमंगलंविमुक्तसंगामुनयःसुसाधवः॥ चरंत्यलोकव्र
तमव्रणंवनेभूतात्मभूताःसुहृदःसमेगतिः॥७ नविद्यतेयस्यचजन्मकर्मवानचनामरूपेगुणदोषएववा॥तथाऽपिलोकाप्ययसंभवाययःस्वमायया
तान्यनु[illegible]च्छति॥८॥ तस्मैनमःपरेशायब्रह्मणेऽनंतशक्तये॥अरूपायोरुरूपायनमआश्चर्यकर्मणे॥९॥ नमआत्मप्रदीपायसाक्षिणेपरमा
त्मने॥नमोगिरांविदूरायमनसश्चेतसामपि॥१०॥ सत्वेनप्रतिलभ्यायनैष्कर्म्येणविपश्चिता॥नमःकैवल्यनाथायनिर्वाणसुखसंविदे॥११॥नमः
शांतायघोरायमूढायगुणधर्मिणे॥ निर्विशेषायसाम्यायनमोज्ञानघनायच॥१२॥ क्षेत्रज्ञायनमस्तुभ्यंसर्वाध्यक्षायसाक्षिणे॥पुरुषायात्ममूला
यमूलप्रकृतयेनमः॥१३॥ सर्वेंद्रियगुणद्रष्ट्रेसर्वप्रत्ययहेतवे॥ असताच्छाययोक्तायसदाभासायतेनमः ॥१४ ॥ नमोनमस्तेऽखिलकारणायनि
ष्कारणायाद्भुतकारणाय ॥ सर्वागमाम्नायमहार्णवायनमोऽपवर्गायपरायणाय॥१५॥ गुणारणिच्छन्नचिदूष्मपायतत्क्षोभविस्फूर्जितमानसा
य॥नैष्कर्म्यभावेनविवर्जितागमस्वयंप्रकाशायनमस्करोमि॥१६॥ मादृक्प्रपन्नपशुपाशविमोक्षणायमुक्तायभूरिकरुणायनमोऽलयाय॥स्वांशे

કાર કરેછે; તે, અનંત શક્તિવાળા—પરબ્રહ્મ—પરમેશ્વર—રૂપ રહિત—તથા ઘણાં રૂપોવાળા—અને અદભૂત કર્મ કરનારા—
ભગવાનને હું વારંવાર નમસ્કાર કરૂંછું.॥૮-૯॥ આને જેને; વાણી—મન તથા ચિત્તની વૃત્તિઓ પહોંચી શકતી નથી; તે
સ્વયંપ્રકાશ—સાક્ષી—અને પરમાત્મા ભગવાનને હું નમુંછું. ॥૧૦॥ એ મોક્ષના સ્વામી—નિર્વાણ સુખના અનુભવ
રૂપ—જ્ઞાની લોકોને નિષ્કામ કર્મો વડે પ્રાપ્ત થવાના સત્ત્વ રૂપ, ભગવાનને હું નમુંછું. ॥૧૧॥ એ નિર્વિશેષ—સમદ્રષ્ટિ
વાળા—અને જ્ઞાન ઘન—તથા શાંત, ઘોર, અને મૂઢ એ ગુણોના ધર્મોવાળા ભગવાનને મારા નમસ્કારછે. ॥૧૨॥
ક્ષેત્રજ્ઞ—સર્વના અધ્યક્ષ—સાક્ષી—તથા આત્માના અને માયાના પણ કારણ સ્વરૂપ આપ પુરુષ ભગવાનને મારા
નમસ્કાર છે. ॥૧૩॥ સર્વ ઇંદ્રિયોના વિષયોને જાણનારા—અને ઇંદ્રિયોના વિષયોના પણ જે કારણરૂપ છે; તથા
મિથ્યા ભૂત છાયા જેવા અહંકાર આદિ વડે, જે જેવાય છે; અને સર્વ પ્રાણી પદાર્થાદિકમાં સત્ રૂપે ભાસે
છે; તે ભગવાનને હું નમુંછું. ॥૧૪॥ સર્વના કારણ—પોતે કારણ વિનાના—અદભૂત કારણ રૂપ—સર્વ શાસ્ત્ર
અને વેદના મહાસાગર રૂપ—મોક્ષ રૂપ—અને પરમ આશ્રય સ્વરૂપ—આપ ભગવાનને; મારા નમસ્કાર છે. ॥૧૫॥
ગુણો રૂપી અરણીયો ઢંકાયલા જ્ઞાનાગ્નિ રૂપ—દ્રષ્ટિ થવા કાળે, ગુણો વિકાર પામીને જેનું મન બહિર
વૃત્તિવાળું થાય છે, એવા—અને નિષ્કામ ભાવથી, શાસ્ત્ર અને રૂઢીનો, ત્યાગ કરનારાઓને; પોતાની મેળે જણા-
નારા; ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૧૬॥ શરણે આવનાર, હું જેવા પશુ સરખાઓનાં બંધનને કાપનારા—
મુક્ત—ઘણા દયાળુ—આળસ વિનાના—પોતાના અંશથી સર્વ દેહ ધારીઓના મનને વિષે જણાનારા—અને સાક્ષી
સ્વરૂપ—અતિ મહાન ભગવાનને; હું નમસ્કાર કરૂં છું. ॥૧૭॥ દેહ—પુત્રો—સગાં—ઘર—ધન—અને માણસો આદિને
વિષે, આસક્તિ વાળાઓથી; ન પામી શકાય એવા; અને ગુણોના સંગને તજેલા મુક્ત પુરુષોએ, હ્રદયમાં
ધારણ કરેલા; જ્ઞાન સ્વરૂપ; આપ ઇશ્વર ભગવાનને, હું નમું છું. ॥૧૮॥ ધર્મ—અર્થ—કામ અને મોક્ષની ઇચ્છાથી
ભજનારાઓ, જેને ભજવાથી ઇચ્છિત કામનાઓની સાથેજ, વગર ઇચ્છેલાં સુખોને; અને અમરપણાને પણ પા-

મે છે; તે અતિ દયાળુ ભગવાન મને છોડાવો. ॥૧૯॥ કોઈ પણ વસ્તુની ઇચ્છા વિનાના, એકાંતિક ભક્તો, શરણ થઈને જેનાં સુમંગળ અને અતિ અદ્ભુત ચરિત્રોનું; ગાયન કરવા રૂપ આનંદના સમુદ્રમાં, મગ્ન થઈ રહેછે; તે, અક્ષર–પરબ્રહ્મ–અવ્યક્ત–આત્મ વિચારથી જણાનારા– ઇંદ્રિયાદિકથી નહીં જણાનારા–સુક્ષ્મ–અતિદૂર સરખા–અનંત–આદ્ય–અને પરિપૂર્ણ ભગવાનની; હું સ્તુતિ કરૂંછું. ॥૨૦–૨૧॥ વળી જેના, અલ્પ અંશોવડે, બ્રહ્મા વિગેરે; દેવતાઓ–વેદ–અને સ્થાવર જંગમ લોકો,–તથા નામ અને રૂપ વિગેરે ભેદ થયેલા છે. ॥૨૨॥ તથા જેના સ્વયં પ્રકાશ સ્વરૂપમાંથી; અગ્નિમાંથી જ્વાળાઓ; અને સૂર્યમાંથી કિરણો નીકળવાની અને પાછાં પેસી જવાની પેઠેજ; બુદ્ધિ–મન–ઇંદ્રિયો અને અનેક પ્રકારનાં શરીરો આદિના પ્રવાહો; નીકળ્યા કરેછે, અને પાછા પેસી પણ જાય છે; તથા જે સ્વરૂપ દેવ–અસુર–મનુષ્ય કિંવા પશુ પક્ષી નથી; સ્ત્રી–પુરુષ–નપુંસક કિંવા બીજી રીતનું પ્રાણી નથી; અને જે, ગુણ–કર્મ–કિંવા કાર્ય–કે કારણ રૂપે પણ, નથી; પરંતુ એ સર્વેનો નિષેધ કરતાં, જે શેષ રેહેછે; તથા માયાનો આશ્રય કરવા વડે, જે એ સર્વ રૂપે છે; તે ભગવાન જય પામો. ॥૨૨–૨૩–૨૪॥ આ અંદર તથા બહાર, અજ્ઞાનથી ઘેરેલા હાથીના શરીર વડે; આલોકમાં હું જીવવાને ઇચ્છતો નથી; પણ લોક માત્રના આત્માને આવરણ કરનાર અજ્ઞાન થકી, મોક્ષ પામવાને ઇચ્છુંછું; કે જેનો કાળ પણ નાશ કરી શકતો નથી. ॥૨૫॥ તેથી એ વિશ્વને સરજનારા–વિશ્વ રૂપ–વિશ્વ થકી નોખા–વિશ્વને જાણનારા–સમદૃષ્ટિ વાળા–વિશ્વના આત્મા–અજન્મા–અને પરમપદ સ્વરૂપ–પરબ્રહ્મને હું પ્રણામ કરૂંછું. ॥૨૬॥ અને યોગ વડે, કર્મોને બાળનારા યોગીઓ; યોગથી શુદ્ધ કરેલા હૃદયમાં, જેને જુએ છે; તે યોગેશ્વર ભગવાનને; હું નમસ્કાર કરૂંછું. ॥૨૭॥ ઇંદ્રિયોના વિષયો રૂપે જણાતા–શરણે આવનારનું રક્ષણ કરનારા–અનંત શક્તિઓ

नम[illegible]नसिप्रतीतप्रत्यग्दृशेभगवतेबृहतेनमस्ते॥१७॥ आत्मात्मजाप्तगृहवित्तजनेषुसक्तैर्दुष्प्रापणायगुणसंगविवर्जिताय॥ मुक्तात्म
भिःस्वहृदयेपरिभावितायज्ञानात्मनेभगवतेनमईश्वराय॥१८॥ यंधर्मकामार्थविमुक्तिकामा भजंतइष्टांगतिमाप्नुवंति॥ किंत्वाशिषोरात्यपिदेह
मव्ययंकरोतुमेऽदभ्रदयोविमोक्षणं॥१९॥ एकांतिनोयस्यनकंचनार्थंवांछंतियेवैभगवत्प्रपन्नाः॥ अत्यद्भुतंतच्चरितंसुमंगलंगायंतआनंदसमु
द्रमग्नाः॥२०॥ तमक्षरंब्रह्मपरंपरेशमव्यक्तमाध्यात्मिकयोगगम्यं॥ अतींद्रियंसूक्ष्ममिवातिदूरमनंतमाद्यंपरिपूर्णमीडे॥२१॥ यस्यब्रह्मादयो
देवावेदालोकाश्चराचराः॥नामरूपविभेदेनफल्ग्व्याचकलयाकृताः॥२२॥ यथाऽर्चिषोऽग्नेःसवितुर्गभस्तयोनिर्यांतिसंयांत्यसकृत्स्वरोचिषः॥
तथायतोऽयंगुणसंप्रवाहोबुद्धिर्मनःखानिशरीरसर्गाः॥२३॥सवैनदेवासुरमर्त्यतिर्यङ्नस्त्रीनषंढोनपुमान्नजंतुः॥ नायंगुणःकर्मनसन्नचासन्नि
षेधशेषोजयतादशेषः॥२४॥ जिजीविषेनाहमिहामुयाकिमंतर्बहिश्चावृतयेभयोन्या॥ इच्छामिकालेननयस्यविप्लवस्तस्यात्मलोकावरण
स्यमोक्षं॥२५॥ सोऽहंविश्वसृजांविश्वमविश्वंविश्ववेदसं॥ विश्वात्मानमजंब्रह्मप्रणतोऽस्मिपरंपदं॥२६॥ योगरंधितकर्माणोहृदियोगविभाविते
॥ योगिनोयंप्रपश्यंतियोगेशंतंनतोऽस्म्यहं॥२७॥ नमोनमस्तुभ्यमसह्यवेगशक्तित्रयायाखिलधीगुणाय॥प्रपन्नपालायदुरंतशक्तयेकदिंद्रिया
णामनवाप्यवर्त्मने॥२८॥ नायंवेदस्वमात्मानंयच्छक्त्याऽहंधियाहतं॥ तंदुरत्ययमाहात्म्यंभगवंतमितोऽस्म्यहं॥२९॥ श्रीशुक० एवंगजेंद्रमु
पवर्णितंनिर्विशेषंब्रह्मादयोविविधलिंगभिदाऽभिमानाः॥ नैतेयदोपससृपुर्निखिलात्मकत्वात्तत्राखिलामरमयोहरिराविरासीत्॥३०॥ तंतद्व
दार्तमुपलभ्यजगन्निवासःस्तोत्रंनिशम्यदिविजैःसहसंस्तुवद्भिः॥छंदोमयेनगरुडेनसमुह्यमानश्चक्रायुधोऽभ्यगमदाशुयतोगजेंद्रः॥३१॥ सोऽं
तःसरस्युरुबलेनगृहीतआर्तोदृष्ट्वागरुत्मतिहरिंखउपात्तचक्रं॥ उत्क्षिप्यसांबुजकरंगिरमाहकृच्छ्रान्नारायणाखिलगुरोभगवन्नमस्ते॥३२॥
तंवीक्ष्यपीडितमजःसहसावतीर्यसग्राहमाशुसरसःकृपयोज्जहार॥ ग्राहाद्विपाटितमुखादरिणागजेंद्रंसंपश्यतांहरिरमूमुचदुच्छ्रियाणां॥३३॥
इ०भा०म०अष्टमस्कंधेगजेंद्रमोक्षणेतृतीयोऽध्यायः॥३॥ श्रीशुक०तदादेवर्षिगंधर्वाब्रह्मेशानपुरोगमाः॥ मुमुचुःकुसुमासारंशंसंतःकर्मतद्ध

વાળા–જેના માર્ગને દુષ્ટ ઇંદ્રિયો વાળાથી, જણાતો નથી એવા–અને અસહ્ય વેગવાળી ત્રણ શક્તિઓને ધારણ કરનારા–આપને હું વારંવાર નમુંછું. ॥૨૮॥ અને જેની અહંકાર નામની શક્તિથી બુદ્ધિ હણાઈ જવા વડે, લોકો આત્મ સ્વરૂપને જાણતા નથી; તે અપાર મહાત્મ્ય વાળા ભગવાનનોજ, હું આશ્રય લેઉંછું. ॥૨૯॥ **શ્રીશુક**–એ પ્રમાણે અમુક દેવનું નામ નહીં લેતાં, ગજેંદ્રે સ્તુતિ કરવાથી, જૂદા જૂદા સ્વરૂપોનું અભિમાન ધરનારા, બ્રહ્માઆદિ ત્યાં આવ્યા નહીં; ત્યારે પોતે સર્વ રૂપ હોવાથી, સર્વ દેવમય હરિભગવાન ત્યાં પધાર્યા. ॥૩૦॥ તથા એ ગજેંદ્રને પીડા પામેલો જાણીને, અને તેણે કરેલી સ્તુતિ સાંભળીને, જગન્નિવાસ ભગવાન ઉતાવળાજ; વેદમય ગરૂડ ઉપર બેસી; હાથમાં ચક્ર ધારણ કરી દેવતાઓ સહિત; જે સ્થળે ગજેંદ્ર હતો, તે સ્થળે આવ્યા. ॥૩૧॥ ત્યારે સરોવરની અંદર અતિ જોરાવર ઝૂડે પકડેલા. અને દુઃખી થયેલા, તેણે; આકાશમાં ચક્ર ધારી ભગવાનને, ગરૂડ ઉપર બેઠેલા દેખીને; શુંઢની અંદર કમળ લેઈને શુંઢ ઉંચી કરી; અને તે દુઃખે કરીને વચન બોલ્યો કે; "હે નારાયણ અને–અખિલ ગુરૂ ભગવાન; હું તમને નમસ્કાર કરૂંછું "॥૩૨॥ એટલે અજન્મા ભગવાને, તેને પીડાયલો દેખી; ઉતાવળાજ કૃપા કરી એકા એક નીચે ઉતરીને; સરોવરમાંથી તેને ઝૂડ સહિત, બહાર કાઢ્યો; અને દેવતાઓના દેખતાં હરિભગવાને, તેના શત્રુ ઝૂડનું મોઢું ચીરી નાંખીને; તે થકી એ ગજેંદ્રને છોડાવ્યો. ॥૩૩॥ ઇતિ શ્રી૦ ભા૦ આઠમા સ્કંધનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ. ॥૩॥.

અધ્યાય ૪ થો.—શ્રીશુક—તે વારે, જેઓમાં બ્રહ્મા અને સદાશિવ મુખ્ય છે, એવા દેવ–ઋષિ–અને ગંધર્વો વિગેરેએ, હરિ ભગવાનના એ કામનાં વખાણ કરીને, ફૂલનો વરસાદ વરસાવ્યો. ॥૧॥ દેવનાં દુંદુભી વાગ્યાં; ગંધર્વોએ નાચ અને ગાયન કરયું; અને ઋષિ–સિદ્ધ–તથા ચારણોએ, પુરૂષોત્તમ ભગવાનની સ્તુતિ કરી. ॥૨॥ અને દેવળ ઋષિના શ્રાપ થકી મુક્ત થયેલ, એ ઝૂડ, તુર્તજ ઘણું આશ્ચર્ય પમાડે એવા રૂપને ધારણ કરીને; હૂહૂ નામનો ગંધર્વ થયો. ॥૩॥ તથા તેણે એ અવ્યય–યશના સ્થાન–અને ગુણો તથા પવિત્ર

કથાઓ વડે. ભાગ્ય યોગ્ય—ઉત્તમ શ્લોક ભગવાનનું ગાયન; તેમને માથા વડે નમસ્કાર કરીને, કર્યું. ॥૪॥ પછી ભગવાનની દયાથી પાપરહિત થયેલો તે, ભગવાનને પ્રણામ અને પરકમા કરીને; સર્વ લોકોના દેખતાં પોતાના લોકમાં ગયો. ॥૫॥ અને ભગવાનનો સ્પર્શ થવાથી એ ગજેંદ્ર પણ; અજ્ઞાનના બંધન થકી છૂટી જઈને પીળાં વસ્ત્રો અને ચાર ભુજ વાળું ભગવાનના સરખું સ્વરૂપ પામ્યો. ॥૬॥ પૂર્વે તે પણ, પાંડ્ય દેશનો ઇંદ્રદ્યુમ્ન નામે, વિખ્યાત અને વિષ્ણુ ભગવાનનાં વ્રતોનો આશ્રય કરનારો; ઉત્તમ રાજા હતો. ॥૭॥ મલયાચળ નામના મોટા પર્વતમાં, આશ્રમ કરીને રહેલો—જટાધારી—અને તપસ્વી તે રાજા; એક દિવસ આરાધન કરવાના સમયે, નાહીને; મૌનવ્રત રાખી, હરિભગવાનનું પુજન કરતો હતો. ॥૮॥ ત્યાં મોટા યશવાળા અગસ્ત મુનિ, ઘણા શિષ્યોને સાથે લેઈને, યદચ્છાથી આવી ચડ્યા; તેમણે તેને પોતાનું પૂજન વિગેરે નહીં કરતાં, એકાંતમાં ચૂપ થઈને બેસી-રહેલો જોઈ, ક્રોધ કર્યો: અને શ્રાપ આપ્યો કે; તું અસાધુ—દુરાત્મા—બુદ્ધિ વિનાનો—અને બ્રાહ્મણની અવજ્ઞા કરનારો—તથા તમો ગુણી અજ્ઞાનમય શરીરવાળા હાથીના જેવી જડ બુદ્ધિ વાળો—જણાય છે; માટે તુર્તજ હાથી થઈજા. ॥૯–૧૦॥ એ રીતનો શ્રાપ આપીને, પોતાના શિષ્યો સહિત અગસ્ત મુનિ, ત્યાંથી ગયા; પછી, આત્મ સ્વરૂપની સ્મૃતિનો નાશ કરનાર, હાથીનો દેહ પામ્યા છતાં પણ; એ દુખ દૈવથી પ્રાપ્ત થયેલાનું તે ઇંદ્રદ્યુમ્ન રાજાએ માન્યું; અને હરિભગવાનના પૂજનના પ્રભાવથી, એ હાથીના શરીરમાં પણ; છેવટની ઘડીએ, તેને ભગવાનનું સ્મરણ આવ્યું. ॥૧૧–૧૨॥ એ રીતે છોડાવેલા ગજેંદ્રને, પાર્ષદની ગતિ આપીને, તેને સાથે લેઈ, અબ્જનાભ ભગવાન,

रे:॥१॥ नेदुर्दुंदुभयोदिव्यागंधर्वानन्नृतुर्जगु:॥ऋषयश्चारणा:सिद्धास्तुष्टुवु:पुरुषोत्तमं॥२॥ योऽसौग्राह:सवैसद्य:परमाश्चर्यरूपधृक्॥ मुक्तोदेवलशापेनहूहूर्गंधर्वसत्तम:॥३॥ प्रणम्यशिरसाधीशमुत्तमश्लोकमव्ययं॥ अगायतयशोधामकीर्तन्यगुणसत्कथं ॥४॥ सोऽनुकंपितईशेनपरिक्रम्यप्रणम्यतं ॥ लोकस्यपश्यतोलोकंस्वमगान्मुक्तकिल्बिष:॥५॥गजेंद्रोभगवत्स्पर्शाद्विमुक्तोऽज्ञानबंधनात् ॥ प्राप्तोभगवतोरूपंपीतवासाश्चतुर्भुज: ॥६॥ सवैपूर्वमभूद्राजापांड्योद्रविडसत्तम:॥इंद्रद्युम्नइतिख्यातोविष्णुव्रतपरायण: ॥७॥ सएकदाराधनकालआत्मवान्गृहीतमौनव्रतईश्वरंहरिं ॥ जटाधरस्तापसआप्लुतोऽच्युतंसमर्चयामासकुलाचलाश्रम: ॥८॥ यदृच्छयातत्र महायशामुनि:समागमच्छिष्यगणै:परिश्रित:॥तंवीक्ष्यतूष्णीमकृतार्हणादिकंरहस्युपासीनमृषिश्चुकोपह॥९ तस्माइमंशापमदादसाधुरयंदुरात्माऽकृतबुद्धिरद्य॥विप्रावमंताविशतांतमोंऽधंयथागज:स्तब्धमति:सएव॥१०॥ श्रीशुक०एवंशप्त्वागतोऽगस्त्योभगवान्नृपसानुग:॥इंद्रद्युम्नोपिराजर्षिर्दिष्टंतदुपधारयन्॥११॥ आपन्न:कौंजरींयोनिमात्मस्मृतिविनाशिनीं॥हर्यर्चनानुभावेनयद्गजत्वेऽप्यनुस्मृति:॥१२ एवंविमोक्ष्यगजयूथपमब्जनाभस्तेनापिपार्षदगतिं [illegible]:॥गंधर्वसिद्धविबुधैरुपगीयमानकर्माद्भुतंस्वभवनंगरुडासनोऽगात्॥१३॥एतन्महाराजतवेरितोमया कृष्णानुभावोगजराजमोक्षणं॥स्वर्ग्यंयशस्यंकलिकल्मषापहंदु:स्वप्ननाशंकुरुवर्यशृण्वतां ॥१४॥यथानुकीर्तयंत्येतच्छ्रेयस्कामाद्विजातय: ॥शुचय:प्रातरुत्थायदु:स्वप्नाद्यपशांतये॥१५॥ इदमाहहरि:प्रीतोगजेंद्रंकुरुसत्तम॥शृण्वतांसर्वभूतानांसर्वभूतमयोविभु: ॥१६॥ श्रीभग० येमांत्वांचसरश्चेदंगिरिकंदरकाननं॥वेत्रकीचकवेणूनांगुल्मानिसुरपादपान् ॥१७॥शृंगाणीमानिधिष्ण्यानिब्रह्मणोमेशिवस्यच ॥ क्षीरोदंमेप्रियंधामश्वेतद्वीपंचभास्वरं ॥१८॥श्रीवत्संकौस्तुभंमालांगदांकौमोदकींमम॥सुदर्शनंपांचजन्यंसुपर्णंपतगेश्वरं ॥१९॥ शेषंचमत्कलांसूक्ष्मांश्रियंदेवींममाश्रयां॥ब्रह्माणंनारदं[illegible]दमेवच॥२०॥ मत्स्यकूर्मवराहाद्यैरवतारै:कृतानिमे॥कर्माण्यनंतपुण्यानिसूर्यंसोमंहुताशनं॥२१॥ प्रणवंसत्यमव्यक्तंगोविप्रान्धर्मम[illegible]॥दाक्षायणीर्धर्मपत्नी:सोमकश्यपयोरपि॥२२॥गंगांसरस्वतींनंदांकालिंदींसितवारणं॥ध्रुवंब्रह्मऋषीन्सप्तपुण्यश्लोकांश्चमानवान् ॥२३॥ उत्थायापररात्रांतेप्रयता:सुसमाहिता:॥स्मरंतिममरूपाणिमुच्यंतेह्येनसोऽखिलात्॥२४॥[illegible]वंत्यनेनांगप्रतिबुध्यनिशा

ગરૂડ ઉપર બેસી; એ અદ્ભુત કર્મનું ગાયન; દેવતાઓ—સિદ્ધ—અને ગંધર્વોથી થતું; સાંભળતા, પોતાના ધામમાં પધાર્યા. ॥૧૩॥ હે પરીક્ષિત. તમારા પૂછવાથી ગજેંદ્રને છોડાવવારૂપ, કૃષ્ણભગવાનનો પ્રભાવ, મેં તમને કહી સંભળાવ્યો; તે, સાંભળનારને સ્વર્ગ તથા યશ આપનાર—કલિના મેલરૂપ, પાપનો નાશ કરનાર—અને નઠારા સ્વપ્નને મટાડનાર છે. ॥૧૪॥ તેથી કલ્યાણની ઇચ્છાવાળા દ્વિજો, નઠારાં સ્વપ્નની શાંતિને માટે, સવારમાં ઉઠી પવિત્ર થઈને; એ ચરિત્રનું કીર્તન કરે છે. ॥૧૫॥ હે રાજા, સર્વ ભૂતમય હરિભગવાને, સર્વ પ્રાણીઓના સાંભળતાં; પ્રસન્નતાથી ગજેંદ્રને આ રીતે કહ્યું હતું. ॥૧૬॥—શ્રીભગવાન—મને—તને—આ સરોવરને—આ પર્વત, ગુફા, અને વનને—આ નેતર, વાંસનાં ઝાડ, તથા ગુચ્છને—આ કલ્પ વૃક્ષને—મારા, બ્રહ્માના, અને સદાશિવના સ્થાનવાળાં આ શિખરોને—ક્ષીર સાગરને—મારા પ્રિય ધામ પ્રકાશિત શ્વેત દ્વીપને—॥૧૭–૧૮॥—મારાં શ્રીવત્સ, કૌસ્તુભ, વનમાળા, કૌમુદકી ગદા, સુદર્શન ચક્ર, પાંચજન્ય શંખ, અને પક્ષીઓના રાજા ગરૂડને—મારી સૂક્ષ્મકળા શેષને—મારો આશ્રય રાખનારાં લક્ષ્મી દેવી, બ્રહ્મા, નારદ મુનિ, સદાશિવ, અને પ્રહ્લાદને—॥૧૯–૨૦॥ મત્સ્ય અને કચ્છપ વગેરે અવતારોથી કરેલાં મારાં અનંત પુન્યવાળાં કર્મોને—સૂર્ય, ચંદ્ર, અને અગ્નિને—॥૨૧॥—ઓંકારને—સત્યને—માયાને—ગાયોને—બ્રાહ્મણોને—વિકાર રહિત ભાગવત ધર્મને—દક્ષની પુત્રીઓ; ધર્મ, કશ્યપ, અને સોમની સ્ત્રીઓને—॥૨૨॥—ગંગા, સરસ્વતિ, નંદા, અને જમુનાં એ નદીઓને—ઐરાવત હાથીને—ધ્રુવને—સાત બ્રહ્મઋષિઓને—અને પુણ્યશ્લોક ભગવાનના મનુષ્યો (સાધુ, ભક્તાદિક)ને. ॥૨૩॥ એ રીતનાં મારાં સ્વરૂપોને, જે મનુષ્ય સવારમાં પાછલી રાતે પરોઢિયે ઉઠીને: સારી રીતે જીતેંદ્રિય તથા એક ચિત થઈને, સંભારશે; તે આ જગતનાં બંધન થકી છૂટી જશે. ॥૨૪॥ રાત્રી પૂરી થતાં પરોઢિયે નાહીને જેઓ આ સ્તોત્રવડે મારી

સ્તુતિ કરશે; તેમને પ્રાણ ત્યાગ થતી વખતે, હું નિર્મળ બુદ્ધિ આપીશ. ॥૨૫॥–શ્રીશુક–એ પ્રમાણે કહીને, હૃષીકેશ ભગવાન; દેવતાઓના સમુદાયને આનંદ આપનારો, શંખનાદ કરી, ગરૂડ ઉપર સવાર થયા. ॥૨૬॥ ઇતિ૰ શ્રી૰ ભા૰ આઠમા સ્કંધનો ચોથો અધ્યાય સંપૂર્ણ ॥૪॥

અધ્યાય ૫ મો.–શ્રીશુક–હે રાજા, ગજેંદ્રમોક્ષની પવિત્ર અને પાપને મટાડનારી કથા રૂપ હરિભગવાનનું કર્મ, મેં તમને કહ્યું; હવે રૈવત મન્વંતરને સાંભળો. ॥૧॥ તામસનો ભાઈ રૈવત, પાંચમો મનુ થયો હતો; અને અર્જુન–બળ–તથા વિંધ્ય વગેરે, તેના પુત્રો હતા. ॥૨॥ વિભુ નામનો, ઇંદ્ર થયો હતો; ભૂતરય વિગેરે, દેવતાઓ હતા; ને હિરણ્ય રોમા–વેદશિરા–અને ઉર્ધ્વબાહુ વિગેરે, સપ્ત ઋષિઓ થયા હતા. ॥૩॥ શુભ્રની સ્ત્રી વિકુંઠા થકી થયેલા, વૈકુંઠ નામના દેવતાઓ સાથે; વૈકુંઠ નામના ભગવાન, પોતાની કળાવડે જન્મ્યા હતા. ॥૪॥ તેમણે લક્ષ્મીજીની પ્રાર્થનાથકી, તેમની પ્રસન્નતા માટે; જેને સર્વ લોક નમે છે, એવો વૈકુંઠ લોક બનાવેલ છે. ॥૫॥ તેમના ગુણોનો મોટો ઉદય અને પ્રભાવ, આગળ જયવિજયના આખ્યાનમાં; કહેવાયો છે; વિષ્નુ ભગવાનના ગુણોનું, સંપૂર્ણ વર્ણન કરવાને ધારવું; તે પૃથ્વીના રજકણોની ગણતરી કરવાને ઇચ્છવા સરખું છે ॥૬॥ ચક્ષુનો દીકરો ચાક્ષુસ નામે, છઠ્ઠો મનુ થયો હતો; ને પુરૂ–પુરૂષ–અને સુદ્યુમ્ન વિગેરે, તેના પુત્રો હતા. ॥૭॥ મંત્રદ્રુમ નામનો, ઇંદ્ર થયો હતો; આપ્ય વગેરે, દેવતાઓના ગણ હતા; અને હવિષ્માન તથા વિરક વગેરે, સપ્તઋષિઓ થયા હતા. ॥૮॥ એ મન્વંતરમાં પણ, વૈરાજની સ્ત્રી સંભૂતિમાં; અજીત નામે જગતપતિ ભગવાન, પોતાના અંશવડે, અવતર્યા હતા. ॥૯॥ એ સ્વરૂપથી પાણીમાં ફરતા મંદરાચળને ઝાલી રાખી; બીજું કાચબાનું રૂપ ધારણ કરીને, ક્ષીર સાગરનું મંથન કરી; દેવતાઓને અમૃત મેળવી આપ્યું

त्वयो तेषां[illegible]ात्ययेचाहंददामिविमलांमतिं॥२५॥ श्रीशुक०इत्यादिश्यहृषीकेशःप्रध्मायजलजोत्तमं॥ हर्षयन्विबुधानीकमारुरोहखगाधिपं ॥२६॥ इ०भा०म०अ०गजेंद्रमोक्षणंनामचतुर्थोऽध्यायः ॥४॥ श्रीशुक०राजन्नुदितमेतत्तेहरेःकर्माघनाशनं ॥ गजेंद्रमोक्षणंपुण्यंरैवतंत्वंतरं शृणु॥१॥ पंचमोरैवतोनाममनुस्तामससोदरः ॥ बलिविंध्यादयस्तस्यसुताअर्जुनपूर्वकाः॥२॥ विभुरिंद्रःसुरगणाराजन्भूतरयादयः॥हिरण्य रोमावेदशिराऊर्ध्वबाह्वादयोद्विजाः॥३॥ पत्नीविकुंठाशुभ्रस्यवैकुंठैःसुरसत्तमैः॥ तयोःस्वकलयाजज्ञेवैकुंठोभगवान्स्वयं॥४॥वैकुंठःकल्पितो येनलोकोलोकनमस्कृतः॥ रमयाप्रार्थ्यमानेनदेव्यातत्प्रियकाम्यया ॥५॥ तस्यानुभावःकथितोगुणाश्चपरमोदयाः ॥ भौमान्रेणून्सविममेयो [illegible]वर्णयेद्गुणान्॥६॥ षष्ठश्चचक्षुषःपुत्रश्चाक्षुषोनामवैमनुः॥ पुरुःपुरुषसुद्युम्नप्रमुखाश्चाक्षुषात्मजाः॥७॥ इंद्रोमंत्रद्रुमस्तत्रदेवाआप्यादयो गणाः॥ मुनयस्तत्रवैराजन्हविष्मद्वीरकादयः॥८॥ तत्रापिदेवःसंभूत्यांवैराजस्याभवत्सुतः॥ अजितोनामभगवानंशेनजगतःपतिः॥९॥ पयो धिंयेननिर्मथ्यसुराणांसाधितासुधा॥ भ्रममाणोंऽभसिधृतःकूर्मरूपेणमंदरः॥१०॥ राजा०यथाभगवताब्रह्मन्मथितःक्षीरसागरः॥ यदर्थंवा यतश्चाद्रिंदधारांबुचरात्मना ॥११॥ यथाऽमृतंसुरैःप्राप्तंकिंचान्यदभवत्ततः॥एतद्भगवतःकर्मवदस्वपरमाद्भुतं॥१२॥ त्वयासंकथ्यमानेनमहि म्नासात्वतांपतेः॥नातितृप्यतिमेचित्तंसुचिरंतापतापितं ॥१३॥ सूत०संपृष्टोभगवानेवंद्वैपायनसुतोद्विजाः॥ अभिनंद्यहरेर्वीर्यमभ्याचष्टुंप्रच क्रमे॥१४॥ श्रीशुक०यदायुद्धेसुरैर्देवाबाध्यमानाःशितायुधैः॥ गतासवोनिपतितानोत्तिष्ठेरन्स्मभूयशः ॥१५॥ यदादुर्वाससःशापात्सेंद्रालो कास्त्रयोनृप॥ निःश्रीकाश्चाभवंस्तत्रनेशुरिज्याद्याःक्रियाः ॥१६॥ निशम्यैतत्सुरगणामहेंद्रवरुणादयः॥ नाध्यगच्छन्स्वयंमंत्रैर्मंत्रयंतोविनि श्चयं॥१७॥ ततोब्रह्मसभांजग्मुर्मेरोर्मूर्द्धनिसर्वशः॥ सर्वंविज्ञापयांचक्रुःप्रणताःपरमेष्ठिने॥१८॥ सविलोक्येंद्रवाय्वादीन्निःसत्वान्विगतप्रभा न्॥ लोकानमंगलप्रायानसुरानयथाविभुः॥१९॥ समाहितेनमनसासंस्मरन्पुरुषंपरं॥ उवाचोत्फुल्लवदनोदेवान्सभगवान्परः॥२०॥ अहंभवो यूयमथोऽसुरादयोमनुष्यतिर्यग्द्रुमधर्मजातयः ॥ यस्यावतारांशकलाविसर्जिताव्रजामसर्वेशरणंतमव्ययं॥२१॥ यस्यवध्योनचरक्षणीयो

હતું. ॥૧૦॥–પરીક્ષિત–હે બ્રાહ્મણ, ભગવાને ક્ષીર સાગરનું જે રીતે અને જેને સારૂં, મંથન કર્યું; તથા ચર અચરના આત્મા ભગવાને, જે કારણ માટે પર્વતને પાણીમાં ધરી રાખ્યો. ॥૧૧॥ અને દેવતાઓને અમૃત કેવી રીતે મેળવી આપ્યું. એ સર્વ તથા બીજું તે પ્રસંગમાં જે જે બન્યું હોય; તે સઘળું ભગવાનનું પરમ અદ્ભૂત કર્મ, મારી પાસે કહી દેખાડો. ॥૧૨॥ કેમકે ઘણો કાળ થયાં તાપોવડે તપી ગયેલું મારૂં ચીત, આપનાથી કહેવાતા સાત્વત પતિ ભગવાનના, મહિમાવડે; અતિ તૃપ્ત થતું નથી. ॥૧૩॥–સુત–હે દ્વિજો, આ રીતે પૂછાયલા શુકદેવજી, પરીક્ષિતનો સત્કાર કરીને; પછી હરિભગવાનનાં પરાક્રમો કહેવા લાગ્યા. ॥૧૪॥ –શ્રીશુક–હે રાજા, જ્યારે દુર્વાસાના શ્રાપથી, ઇંદ્ર સહિત ત્રણે લોક; લક્ષ્મી રહિત, અને યજ્ઞ વિગેરે ક્રિયાઓ થયા વિનાના, થઇ ગયા; તથા યુદ્ધમાં તીક્ષ્ણ હથિયારોથી અસુરોએ મારેલા દેવતાઓ, પ્રાણ રહિત થઇને, પડી જતાં; તેમાંના ઘણા ખરા ફરીવાર ઉભા ન થયા; ત્યારે તે જોઇને મહેંદ્ર, અને વરૂણ આદિ દેવતાઓએ, ઘણા ઘણા શુભ વિચારો કર્યા. પણ તેઓ એના ઉપાયનો કાંઇ પણ નિશ્ચય કરી શક્યા નહિ. ॥૧૫–૧૬–૧૭॥ તેથી તેઓએ, મેરૂ પર્વતને મથાળે બ્રહ્માની સભામાં જઇ; બ્રહ્માને પ્રણામ કરીને, બનેલી સર્વ વાત જાહેર કરી. ॥૧૮॥ ત્યારે ઇંદ્ર અને વાયુ વગેરે દેવતાઓને ધૈર્ય અને કાંતિ વિનાના, થયેલા જોઇને; તથા લોકોને બહુ દુઃખ પામતા દેખીને; અને અસુરોનો, બહુ ઉદય થયેલો જાણીને; બ્રહ્માએ એકાગ્રમન વડે, પરમપુરુષ ભગવાનનું સ્મરણ કરી; પ્રફુલિત મુખથી; એ ભગવાનનો આશ્રય રાખનારા દેવતાઓને કહ્યું કે. ॥૧૯–૨૦॥ હું–સદાશિવ–તમો–દૈત્યો વિગેરે મનુષ્યો–પશુ પક્ષી–વૃક્ષો–અને સ્વેદજો વિગેરે સઘળાઓ; જેના અવતાર અને કળાઓ તથા અંશ વડે, સરજાયલા છીએ; તે અવિકારી ભગવાનને, આપણે સર્વે જણાએ શરણ જવું જોઇએ. ॥૨૧॥ કે જે ભગવાનને વધ કરવા લાયક, રક્ષણ કરવા લાયક, ઉપેક્ષા કરવા લાયક, કે આદર આપવા લાયક, કોઇજ નથી; છતાં પણ ઉત્પત્તિ–સ્થિતિ–અને લય, કરવાને માટે;

તે તે કાળે, રજ-સત્વ-અને તમ; એ ગુણોવાળાં શરીરોને, જે ધારણ કરનારા છે; ॥૨૨॥ અને આ કાળ; સત્વ ગુણને વધારવાનો, સ્થિતિ અને પાલન કરવાનો, તથા પ્રાણીઓના રક્ષણનોજ છે; માટે એ જગતગુરુ ભગવાનને, આપણે સરવ શરણે જવાથી; એ દેવતાઓને પ્રિય ભગવાન, પોતાનાઓને (આપણને) શાંતિ આપશેજ. ॥૨૩॥-શ્રીશુક-હે પરીક્ષિત, આ પ્રમાણે દેવતાઓને કહી; દેવતાઓ સહિત બ્રહ્મા, અંધકાર વિનાના સાક્ષાત અજીત ભગવાનના સ્થાન, (વૈકુંઠ)માં ગયા. ॥૨૪॥ ત્યાં જઇ ઇંદ્રિયોને સાવધાન રાખી, પૂર્વે સાંભળેલા છતાં; ત્યાં ન દેખાતા સ્વરૂપવાળા ભગવાનની, તેઓ દિવ્ય વાણીવડે; સ્તુતિ કરવા લાગ્યા કે. ॥૨૫॥-બ્રહ્માદિ દેવો-વિક્રિયા રહિત-સત્ય-અનંત-આદિ-સર્વ વ્યાપક-ઉપાધિ રહિત-અતર્ક્ય-મન કરતાં અધિક વેગવાળા-વાણીથકી ન કહી શકાય એવા-અને વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ; એવા દેવને અમે નમીએ છીએ. ॥૨૬॥ મન, બુદ્ધિ, પ્રાણ, અને અહંકાર; એમને જાણનાર, વિષયો અને ઇંદ્રિયાદિક રૂપે જણાનારા, અજ્ઞાન રહિત-દેહ રહિત-દમને ભાસતા છતાં ન જાણ્યુ પડનાર અવિદ્યાથકી રહિત-અક્ષર-આકાશ સરખા-અને ત્રણે યુગમાં થનારા-ભગવાનને; અમે શરણ છીએ. ॥૨૭॥ આ શરીર રૂપી ચક્ર, કે જે માયા થકી ચાલતું-મનોમય-પંદર (દશ ઇંદ્રિયોને પાંચ પ્રાણ) આરાવાળું-ફેતાવળું ચાલનારૂં--ત્રણ (ગુણોરૂપી) નાભિવાળું-વીજળી સરખું ચંચળ-અને આઠ (પ્રકૃતિઓરૂપી) પાટાવાળું છે; તેની ધરીરૂપ જે સત્ય સ્વરૂપ (આત્મા ભગવાન,) કહેવાયછે; તેમને અમે શરણ છૈયે. ॥૨૮॥ જે જ્ઞાનસ્વરૂપ-પ્રકૃતિથીપર-અદૃશ્ય-અવ્યક્ત-અનંત અને અપારછે; તથા ધીરપુરૂષોએ યોગરૂપ સાધન વડે ઉપાસના કરાતા, જે ભગવાન; ભક્તાદિકનું રક્ષણ કરવા માટે, ગરૂડના ખભા ઉપર બિરાજે છે. ॥૨૯॥ તથા જેની માયાને, કોઇ સંપૂર્ણપણે તરી શકતા નથી; કે જે માયાથી મોહ પામેલા લોકો, પોતાના અર્થરૂપ આત્મસ્વરૂપને, ભૂલી જાયછે; તે માયાને તેના ગુણોસહિત જીતનારા, અને સર્વ પ્રાણીપદાર્થાદિકને વિષે સમભાવથી વિચરનારા પરમેશ્વર ભગવાનને; અમે નમીએછીએ. ॥૩૦॥ જે બહાર અને અંદર પ્રકાશ-

नोपेक्षणीयादरणीयतः॥ अथापिसर्गस्थितिसंयमार्थंधत्तेरजःसत्त्वतमांसिकाले ॥२२॥ अयंचतस्यस्थितिपालनक्षणःसत्त्वंजुषाणस्य भवायदेहिनां॥ तस्माद्व्रजामःशरणंजगद्गुरुंस्वानांसनोधास्यतिशंसुरप्रियः॥२३॥ श्रीशुक० इत्याभाष्यसुरान्वेधाःसहदेवैररिंदम ॥ अजितस्यपदंसाक्षाज्जगामतमसःपरं॥२४॥ तत्रादृष्टस्वरूपायश्रुतपूर्वायवैविभो ॥ स्तुतिमब्रूतदैवीभिर्गीर्भिस्त्ववहितेंद्रियः ॥२५॥ ब्रह्मा० अविक्रियंसत्यमनंतमाद्यंगुहाशयंनिष्कलमप्रतर्क्यं ॥ मनोऽग्रयानंवचसाऽनिरुक्तंनमामहेदेववरंवरेण्यं ॥२६॥ विपश्चितंप्राणमनोधियात्मनामर्थेंद्रियाभासमनिद्रमव्रणं॥छायातपौयत्रनगृध्रपक्षौतमक्षरंखंत्रियुगंव्रजामहे ॥२७॥ अजस्यचक्रंत्वजयेर्यमाणंमनोमयंपंचदशारमाशु॥त्रिणाभिविद्युच्चलमष्टनेमियदक्षमाहुस्तमृतंप्रपद्ये॥२८॥ यएकवर्णंतमसःपरंतदलोकमव्यक्तमनंतपारं॥आसांचकारोपसुपर्णमेनमुपासतेयोगरथेनधीराः ॥२९॥ नयस्यकश्चातितितर्तिमायांययाजनोमुह्यतिवेदनार्थं॥तंनिर्जितात्मात्मगुणंपरेशंनमामभूतेषुसमंचरंतं॥३०॥ इमेवयंयत्प्रिययैवतन्वासत्त्वेनसृष्टाबहिरंतराविः॥ गतिंनसूक्ष्मामृषयश्चविद्महेकुतोऽसुराद्याइतरप्रधानाः॥३१॥ पादौमहीयंस्वकृतैवयस्यचतुर्विधोयत्रहिभूतसर्गः ॥सवैमहापूरुषआत्मतंत्रःप्रसीदतांब्रह्ममहाविभूतिः॥३२॥ अंभस्तुयद्रेतउदारवीर्यंसिध्यंतिजीवंत्युतवर्धमानाः॥ लोकास्त्रयोऽथाखिललोकपालाःप्रसीदतांब्रह्ममहाविभूतिः ॥३३॥ सोमंमनोयस्यसमामनंतिदिवौकसांवैबलमंधआयुः ॥ ईशोनगानांप्रजनःप्रजानांप्रसीदतांनःसमहाविभूतिः॥३४॥ अग्निर्मुखंयस्यतुजातवेदाजातःक्रियाकांडनिमित्तजन्मा ॥ अंतःसमुद्रेऽनुपचन्स्वधातून्प्रसीदतांनःसमहाविभूतिः ॥३५॥ यच्चक्षुरासीत्तरणिर्देवयानंत्रयीमयोब्रह्मणएषधिष्ण्यं॥द्वारंचमुक्तेरमृतंचमृत्युःप्रसीदतांनःसमहाविभूतिः॥३६॥ प्राणादभूद्यस्यचराचराणांप्राणःसहोबलमोजश्चवायुः ॥ अन्वास्मसम्राजमिवानुगावयंप्रसीदतांनःसमहाविभूतिः॥३७॥ श्रोत्राद्दिशोयस्यहृदश्चखानिप्रजज्ञिरेखंपुरुषस्यनाभ्याः॥ प्राणेंद्रियात्मासुशरीरकेतंप्रसीदतांनःसमहाविभूतिः॥३८॥ बलान्महेंद्रस्त्रिदशाःप्रसादान्मन्योर्गिरीशोधिषणाद्विरिंचः॥ खेभ्य

વા છતાં, તેના સૂક્ષ્મ સ્વરૂપને; અમો સત્વગુણથી સરજાયલા શરીરોવાળા, અને તેમના પ્રિયસરખા દેવો, અને ઋષિઓ પણ; જાણી શકતા નથી; તો રજોગુણ અને તમો ગુણના પ્રાધાન્યવાળા અસુરો આદિતો. જાણેજ ક્યાંથી. ॥૩૧॥ જેના ચરણરૂપ પૃથ્વીમાં, ચાર પ્રકારની (જરાયુજ-અંડજ-સ્વેદજ-અને ઉદભીજ) પ્રાણીઓની સૃષ્ટિ; જેણે પોતેજ કરેલી છે; તે મહાપુરૂષ-સ્વતંત્ર-અને મોટી વિભૂતિઓવાળા-પરબ્રહ્મ; અમને પ્રસન્ન થાઓ. ॥૩૨॥ લોક પાળો સહિત ત્રણે લોક જેથકી ઉત્પન્ન થાય છે-જીવે છે-અને વધે છે; એવું મોટા સામર્થ્યવાળું જળ, જેનું વીર્ય છે, તે મોટી વિભૂતિઓવાળા પરબ્રહ્મ, અમને પ્રસન્ન થાઓ. ॥૩૩॥ ઝાડોના ઇશ્વર-પ્રજાઓને વધારનારા-અને દેવતાઓનાં અન્ન, બળ, તથા આયુષ્યરૂપ-ચંદ્રમા; જેનું મન કહેવાય છે: તે, મોટી વિભૂતિઓવાળા; અમને પ્રસન્ન થાઓ. ॥૩૪॥ જેથકી સુવર્ણ ઉત્પન્ન થયું છે-જે પોતે વૈદિક કર્મો થવાને માટે ઉત્પન્ન થયેલ છે-અને પોતાના પેટમાં પડેલી વસ્તુ માત્રને, જે રાંધી નાખનાર છે-તે અગ્નિ; જેનુ મુખ કહેવાય છે; તે મોટી વિભૂતિવાળા, અમને પ્રસન્ન થજો. ॥૩૫॥ દેવયાન નામના માર્ગના દેવતા-ત્રણ વેદમય-પરબ્રહ્મના સ્થાન-અને મુક્તિ, મોક્ષ, તથા મૃત્યુના દ્વારરૂપ-સૂર્યનારાયણ જેની આંખો છે: તે મોટી વિભૂતિઓવાળા, અમને પ્રસન્ન થજો ॥૩૬॥ સ્થાવર જંગમના પ્રાણરૂપ-ઇંદ્રિય, મન, અને શરીરની શક્તિરૂપ-અને ચક્રવર્તી રાજાની પાછળ ચાલનારાઓની પેઠે, અમો સર્વ દેવતાઓ જેને અનુસરીએછીએ, તે વાયુ; જેના પ્રાણથકી ઉત્પન્ન થયેલ છે; તે મોટી વિભૂતિઓવાળા, અમને પ્રસન્ન થજો. ॥૩૭॥ જેના શ્રોત્રથી, દિશાઓ થઇ છે; હૃદયથી; દેહનાંછિદ્રો થયાં છે; અને પ્રાણ, મન ઇંદ્રિયો, તથા શરીરના આશ્રયરૂપ આકાશ, જેની નાભિથકી થયેલ છે: તે મોટી વિભૂતિઓવાળા: અમને પ્રસન્ન થજો. ॥૩૮॥ જેના બળથી ઇંદ્ર-પ્રસાદથી દેવતાઓ-ક્રોધથી રૂદ્ર-બુદ્ધિથી બ્રહ્મા-છિદ્રોમાંથી વેદ અને ઋષિઓ-અને ઉપસ્થથકી પ્રજાપતિઓ, ઉત્પન્ન થયેલછે; તે મોટી વિભૂતિઓવાળા: અમને પ્રસન્ન રહો. ॥૩૯॥ જેના વક્ષસ્થળથી લક્ષ્મી-છાયાથી પિતૃઓ-સ્તનથકી ધર્મ-પીઠથકી અધર્મ-માથાથી સ્વર્ગ-અને વિહારથી અપ્સરાઓ થયેલ છે: તે મોટી વિભૂતિઓવાળા: અમને પ્રસન્ન થાઓ. ॥૪૦॥ જેના મુખથકી, ઉપનિષદ સહિતવેદ અને બ્રાહ્મણો થયેલ છે: ભુજાઓથી, બળ અને

ઉત્પત્તીઓ થયેલ છે; સાથળથકી, નિપુણતા અને વૈશ્ય થયેલ છે; તથા પગથી સેવા, અને શૂદ્રો થયેલ છે; તે મોટી વિભૂતિઓવાળા, અમને પ્રસન્ન થાઓ. ॥૪૧॥ જેના નીચલા હોઠથી લોભ-ઉપલા હોઠથી પ્રીતિ-નાકથકી કાંતિ-સ્પર્શથી પશુસરખાઓને માટેનો કામ-ભમરો થકી યમ-અને પાંપણો થકી કાળ-ઉત્પન્ન થયેલ છે; તે, મોટી વિભૂતિઓવાળા; અમને પ્રસન્ન થજો. ॥૪૨॥ વિદ્વાનોએ મિથ્યા ગણેલું, અને નિરૂપણ થવાને અશક્ય, એવું; દ્રવ્યો-કાળ-કર્મો-ગુણો-અને બીજું સર્વ, દ્વૈત પ્રપંચમાત્ર; જેની માયાશક્તિથી થયેલાનું કહેવાય છે; તે મોટી વિભૂતિઓવાળા; અમને પ્રસન્ન થજો. ॥૪૩॥ એ પ્રકારના શાંત શક્તિવાળા-આત્મ સ્વરૂપના લાભવડે પરિપૂર્ણ-અને વાયુની પેઠે માયાએ બનાવેલ પદાર્થાદિકમાં આસક્તિવિનાના, ભગવાનને, અમે નમસ્કાર કરીએ છીએ. ॥૪૪॥ માટે, આપના સુંદર હસતા મુખ કમળને જોવાની ઇચ્છાવાળા, તથા શરણે આવેલા, અમોને; અમારી ઇંદ્રિયોથકી જાણી શકાય, એવું આપનું સ્વરૂપ દેખાડો. ॥૪૫॥ કે જેથી, આપ સમર્થ ભગવાન; સ્વઇચ્છાથી સમયને અનુકૂળ રૂપો ધારણ કરીને, અમ સરખાથી ન બની શકે એવાં; અતિ મોટાં કામો કરો છો. ॥૪૬॥ હે ભગવાન, પ્રાણીઓનાં થોડા પુરુષાર્થવાળાં-ઘણા કલેશોવાળાં-અને વિષયાદિક સુખોની ઇચ્છાથી કરેલાં-કર્મો વિપરિત ફળ આપનારાં થાય છે; પણ માત્ર આપને અર્પણ કરેલાં કર્મોનું, તેમ થતું નથી. ॥૪૭॥ કેમકે આત્મા-પ્રિય-અને સર્વના સુહૃદ-પુરૂષ ભગવાનને, અર્પણ કરાયલું લગારથી પણ લગાર, અને માત્ર કલ્પના કરેલું કર્મ પણ; ખરાબ ફળને ઉત્પન્ન કરનારૂં, અથવા ફળ રહિત; થતુંજ નથી. ॥૪૮॥ જેમ ઝાડના મૂળમાં પાણી રેડવાથી, તે ઝાડનાં મોટાં ડાળાં અને નાની ડાળ પાંખડીઓ વિગેરે સર્વને, તે પહોંચે છે; તેમ વિશ્નુ ભગવાનનું આરાધન કરવાવડે; સર્વેનું, અને પોતાનું પણ; આરાધન થઇ જાય છે. ॥૪૯॥ એટલા માટે, અનંત-દુર્વિતર્ક્ય કર્મો કરનાર-નિર્ગુણ-ગુણોના ઇશ્વર-અને હાલ સત્વ ગુણને વિશે વસતા-આપ ભગવાનને; અમે નમસ્કાર કરીએ છીએ. ॥૫૦॥ ઇતિ૰ શ્રી૰ ભા૰ આઠમા સ્કંધનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. ॥૫॥

य[illegible]दांस्यृषयोमेद्रुत:क:प्रसीदतांन:समहाविभूति:॥३९॥श्रीर्वक्षस:पितरश्छाययासन्धर्म:स्तनादितर:पृष्ठतोऽभूत्॥ [illegible]र्यस्यशीर्ष्णोऽप्स रसो[illegible]प्रसीदतांन:समहाविभूति:॥४०॥ विप्रोमुखंब्रह्मचयस्यगुह्यंराजन्यआसीद्भुजयोर्बलंच॥ऊर्वोर्विडोजोंऽघ्रिरवेदशूद्रौप्रसीदतांन: समहाविभूति:॥४१॥लोभोऽधरात्प्रीतिरुपर्यभूत्द्युतिर्नस्त:पशव्य:स्पर्शेनकाम:॥ भ्रुवोर्यम:पक्ष्मभवस्तुकाल:प्रसीदतांन:समहाविभूति: ॥४२॥ द्रव्यंवय:[illegible]र्मगुणान्विशेषंयद्योगमायाविहितान्वदंति॥ यद्दुर्विभाव्यंप्रबुधापबाधंप्रसीदतांन:समहाविभूति:॥४३॥ नमोऽस्तुतस्माउपशांतश[illegible]राज्यलाभप्रतिपूरितात्मने॥ गुणेषुमायारचितेषुवृत्तिभिर्नसज्जमानायनभस्वदूतये ॥४४॥ सत्वंनोदर्शयात्मानमस्मत्करणगोचरं॥ प्रपन्नानांदिदृक्षूणांसस्मितंतेमुखांबुजं ॥४५॥ तैस्तै:स्वेच्छाधृतैरूपै:कालेकालेस्वयंविभो ॥ कर्मदुर्विषहंयन्नोभगवांस्तत्करोतिहि ॥४६॥ क्लेशभूर्यल्पसाराणिकर्माणिविफलानिच॥देहिनांविषयार्तानांनतथैवार्पितंत्वयि ॥४७॥ नावम:कर्मकल्पोऽपिविफलायेश्वरार्पित:॥ कल्पतेपुरुषस्यैषसह्यात्मादयितोहित:॥४८॥ यथाहिस्कंधशाखानांतरोर्मूलावसेचनं॥ एवमाराधनंविष्णो:सर्वेषामात्मनश्चहि॥४९॥ नमस्तुभ्यमनंतायदुर्वितर्क्यात्मकर्मणे॥ निर्गुणायगुणेशायसत्त्वस्थायचसांप्रतं ॥५०॥ इ०भा०म०अ०अमृतमथनंनामपंचमोऽध्याय: ॥५॥

श्रीशुक०एवंस्तुत:सुरगणैर्भगवान्हरिरीश्वर:॥तेषामाविरभूद्राजन्सहस्रार्कोदयद्युति: ॥१॥ तेनैवमहसासर्वेदेवा:प्रतिहतेक्षणा:॥नापश्यन्खंदिश:क्षोणीमात्मानंचकुतोविभुं॥२॥ विरिंचोभगवान्दृष्ट्वासहशर्वेणतांतनुं॥स्वच्छांमरकतश्यामांकंजगर्भारुणेक्षणां॥३॥ तप्तहेमावदातेनलसत्कौशेयवाससा॥प्रसन्नचारुसर्वांगींसुमुखींसुंदरभ्रुवं ॥४॥महामणिकिरीटेनकेयूराभ्यांचभूषितां॥कर्णाभरणनिर्भातकपोलश्रीमुखांबुजां ॥५॥ कांचीकलापवलयहारनूपुरशोभितां॥ कौस्तुभाभरणांलक्ष्मींबिभ्रतींवनमालिनीं॥६॥ सुदर्शनादिभि:स्वास्त्रैर्मूर्तिमद्भिरुपासितां॥तुष्टावदेवप्रवर:सशर्व:पुरुषंपरं॥सर्वामरगणै:साकंसर्वांगैरवनिंगतै:॥७॥ ब्रह्मा०अजातजन्मस्थितिसंयमायागुणायनिर्वाणसुखार्णवाय॥अणोरणिम्नेऽपरिगण्यधाम्नेमहानुभावायनमोनमस्ते ॥८॥ रूपंतवैतत्पुरुषर्षभज्यंश्रेयोर्थिभिर्वैदिकतांत्रिकेण॥योगेनधात:सहनस्त्रिलोकान्पश्या

અધ્યાય ૬ ઠો.—શ્રીશુક—ત્યારે હે રાજા, એ રીતે દેવતાઓએ સ્તુતિ કરેલા ઇશ્વર હરિભગવાન, હજાર સૂર્ય ઉગે એવા પ્રકાશથકી, તેમની પાસે પ્રકટ થયા. ॥૧॥ એ મોટા તેજથી આંખ્યો અંજાઇ ગયેલા સર્વ દેવતાઓ; આકાશ-પૃથ્વી-અને દિશાઓને તથા પોતાને પણ, જોઇ શક્યા નહીં. એટલે ભગવાનને તો ક્યાંથીજ દેખે. ? ॥૨॥ પણ એ ભગવાનના, સ્વચ્છ-મરકત મણિ જેવા શ્યામ-કમળના ગર્ભ જેવી રાતી આંખ્યોવાળા-તપાવેલા સોનાજેવાં પીળાં રેશમી વસ્ત્ર ધરેલા-સર્વ સુંદર અને પ્રસન્ન અંગોવાળા-સારા મોઢાવાળા-સુંદર ભમરોવાળા-મોટા મણિઓના મુકુટ અને બાજુબંધથી શોભતા-કુંડળોથી શોભતા મુખ કમળવાળા-કંદોરો, કંકણ, હાર, નૂપુર, અને કૌસ્તુભ થકી શોભિતા-વક્ષ સ્થળમાં લક્ષ્મી અને શ્રીઅંગમાં વનમાળા ધરેલા-અને સુદર્શન ચક્ર વગેરે, પોતાનાં અસ્ત્રો જે દેહધારી થઇને, ઉપાસના કરતાં; સ્વરૂપને, સદાશિવ સહિત બ્રહ્માએ દીઠું; અને પછીથી, એ પરમ પુરૂષ મોટા દેવની; સદાશિવે તથા દેવતાઓ સુદ્ધાં બ્રહ્માએ; સર્વઅંગોવડે ધરતી ઉપર પડી, નમસ્કાર કરીને; સ્તુતિ કરી કે. ॥૩-૪-૫-૬-૭॥ "જન્મ-સ્થિતિ-અને નાશથી રહિત-નિર્ગુણ-નિર્વાણ સુખના સાગર-ઝીણાથકી ઝીણા-માપ ન થઇ શકે એવા સ્વરૂપવાળા-અને મોટા પ્રભાવવાળા-આપને અમે વારંવાર નમસ્કાર કરીએછીએ ॥૮॥ હે પુરૂષ રૂષભ, કલ્યાણની ઇચ્છાવાળા પુરૂષો; વેદોક્ત અને તાંત્રિક કર્મોવડે, જેનું પૂજન કરે છે; તે આપનું, આ જગતમય સ્વરૂપ છે; જેમાં અમો સહિત ત્રણે લોકને. માયાવડે આપે ધારણ કરેલાનું; અમે દેખીએ છીએ. ॥૯॥ હે સ્વતંત્ર અને પ્રધાન થકીપર ભગવાન, આ જગત આપથકીમાંજ, આદિકાળે હતું- મધ્યકાળમાં છે-અને અંતકાળમાં પણ રહેશેજ; અને ઘડાની માટીની પેઠે આપજ;આ

જગતના આદિમાં-મધ્યમાં-અને અંતમાં પણ છો. ॥૧૦॥ તમે તમારો આશ્રય કરનારી માયાવડે, પોતેથીજ બનેલા આ જગતમાં પ્રથમથીજ રહેલા છો; તેમને, બુદ્ધિમાન અને જીતેંદ્રિય પુરુષો; મનવડે વિચાર કરીને, સર્વવ્યાપક તથા નિર્ગુણ જાણે છે. ॥૧૧॥ લાકડામાંથી મંથન કરવાવડે, અગ્નિ-ગાયોમાંથી, દોહવાવડે દૂધ-ભૂમિમાંથી, ખેડવા અને ખોદવાવડે, અન્ન તથા જળ-અને ઉદ્યમમાંથી, આજીવિકા-જેવી રીતે મેળવાયછે; તેવી રીતેજ મનુષ્યો, બુદ્ધિના યોગવડે; આ જગતના સર્વપ્રાણી પદ ઇંદ્રિયોમાંથીજ, આપના સ્વરૂપને જાણી શકે છે; એમ વિદ્વાનો કહે છે ॥૧૨॥ હે નાથ, દેવઅનાથ, ઘણાકાળ થયાં રહેલા આપને, દૃષ્ટિએ આવેલા જોવાથી; દાવાગ્નિથી પીડાયલા હાથીઓને, ગંગાજીનું જળ મળવાની પેઠે; અમને સર્વને સુખ થયેલું છે. ॥૧૩॥ બહાર અને અંદર, આત્મ સ્વરૂપથી રહેલા; આપ ભગવાનના ચરણ મૂળમાં; લોક પાળો સહિત અમો સર્વ, જે અર્થને માટે આવ્યા છીએ; તે અર્થને, આપ પોતેજ સિદ્ધ કરી આપો; સર્વના સાક્ષી, અને અંતરની વાત જાણનાર, આપને; અમારે બીજી વિજ્ઞાપના કરવાની કાંઈજ નથી. ॥૧૪॥ હે ભગવાન, હું બ્રહ્મા-સદાશિવ-દેવતાઓ આદિ-તથા દક્ષઆદિ પ્રજાપતિઓ સર્વે; આપ રૂપ, અગ્નિના તણખા સરખા, જુદા દેખાનારાઓ તો; કાંઈજ જાણતા નથી; માટે દ્વિજોને અને દેવોને સુખ થવાના ઉપાયની યોજના, આપજ કરો. ॥૧૫॥ એ રીતે ઇંદ્રયાદિકને નિયમમાં રાખીને, હાથ જોડી રહેલા; બ્રહ્માદિક સર્વ દેવતાઓએ, સ્તુતિ કરવાથી; તેમના હૃદયની વાતને જાણનાર, અને ઇંદ્ર તથા દેવતાઓના ભલાસારૂં, સમુદ્ર મંથન વગેરે લીલા કરવાની ઇચ્છાવાળા; ઈશ્વર ભગવાને; મેઘનાદ જેવી ગંભીર વાણીથી, તેઓને કહ્યું કે. ॥૧૬-૧૭॥ શ્રી ભગવાન-હે બ્રહ્મા, સદાશિવ, અને દેવતાઓ; સઘળા એક ચીત્ત થઈને, મારૂં બોલવું સાંભળો; કે જે રીતે કર-

म्यमुष्मिन्नुहविश्वमूर्तौ॥९॥ त्वय्यग्रआसीत्त्वयिमध्यआसीत्त्वय्यंतआसीदिदमात्मतंत्रे॥त्वमादिरंतोजगतोऽस्यमध्यंघटस्यमृत्स्नेवपुरःपरस्मात् ॥१०॥ त्वंमाययात्माश्रययास्वयेदंनिर्मायविश्वंतदनुप्रविष्टः॥पश्यंतियुक्तामनसामनीषिणोगुणव्यवायेऽप्यगुणंविपश्चितः ॥११॥ यथाऽग्निमेधस्यमृतंचगोषुभुव्यन्नमंबूद्यमनेचवृत्तिं॥योगैर्मनुष्याअधियंतिहित्वांगुणेषुबुद्ध्याकवयोवदंति॥१२॥ तंत्वांवयंनाथसमुज्जिहानंसरोजनाभातिचिरेप्सितार्थं॥ दृष्ट्वागतानिर्वृतिमद्यसर्वेगजादवार्ताइवगांगमंभः ॥१३॥सत्वंविधत्स्वाखिललोकपालावयंयदर्थास्तवपादमूलं॥समागतास्तेबहिरंतरात्मन्किंचान्यविज्ञाप्यमशेषसाक्षिणः ॥१४॥ अहंगिरित्रश्चसुरादयोयेदक्षादयोऽग्नेरिवकेतवस्ते॥किंवाविदामेशपृथग्विभाताविधत्स्वशंनोद्विजदेवमंत्रं॥१५॥ श्रीशुक०एवंविरिंचादिभिरीडितस्तद्विज्ञायतेषांहृदयंयथैव॥जगादजीमूतगभीरयागिराबद्धांजलीन्संवृतसर्वकारकान् ॥१६॥ एकएवेश्वरस्तस्मिन्सुरकार्येसुरेश्वरः॥विहर्तुकामस्तानाहसमुद्रोन्मथनादिभिः ॥१७॥ श्रीभग०हंतब्रह्मन्नहोशंभोहेदेवाममभाषितं॥शृणुतावहिताःसर्वेश्रेयोवःस्याद्यथासुराः॥१८॥यातदानवदैतेयैस्तावत्संधिर्विधीयतां॥ कालेनानुगृहीतैस्तैर्यावद्वोभवआत्मनः॥१९॥ अरयोऽपिहिसंधेयाःसतिकार्यार्थगौरवे॥अहिमूषकवद्देवाअर्थस्यपदवींगतैः॥२०॥अमृतोत्पादनेयत्नःक्रियतामविलंबितं॥यस्यपीतस्यवैजंतुर्मृत्युग्रस्तोऽमरोभवेत्॥२१॥क्षिप्त्वाक्षीरोदधौसर्वावीरुत्तृणलतौषधीः॥मंथानंमंदरंकृत्वानेत्रंकृत्वातुवासुकिं॥२२॥सहायेनमयादेवानिर्मंथध्वमतंद्रिताः॥ क्लेशभाजोभविष्यंतिदैत्यायूयंफलग्रहाः॥२३॥ यूयंतदनुमोदध्वंयदिच्छंत्यसुराःसुराः॥नसंरंभेणसिध्यंतिसर्वेऽर्थाःसांत्वयायथा॥२४॥ नभेतव्यंकालकूटाद्विषाज्जलधिसंभवात्॥लोभःकार्योनवोजातुरोषःकामस्तुवस्तुषु ॥२५॥ शुक०इतिदेवान्समादिश्यभगवान्पुरुषोत्तमः॥तेषामंतर्दधेराजन्स्वच्छंदगतिरीश्वरः॥२६॥अथतस्मैभगवतेनमस्कृत्यपितामहः॥भवश्चजग्मतुःस्वंस्वंधामोपेयुर्बलिंसुराः॥२७॥ दृष्ट्वाऽरीनप्यसंयत्तान्जातक्षोभान्स्वनायकान्॥न्यषेधद्दैत्यराट्श्लोक्यःसंधिविग्रहकालवित् ॥२८॥ तेवैरोचनिमासीनंगुप्तंचासुरयूथपैः॥श्रियापरमयाजुष्टंजिताशेषमुपागमन्॥२९॥ महेंद्रःश्लक्ष्णयावाचासांत्वयित्वामहामतिः॥ अभ्यभाषततत्सर्वंशिक्षितंपुरुषोत्तमा

વાથી તમો દેવતાઓનું ભલું થશે. ॥૧૮॥ કાળ જેમને અનુકૂળ છે, એવા દૈત્ય અને દાનવોની પાસે, તમે જાઓ; અને કાળ તમને અનુકૂળ થતા સુધીને માટે, તેઓની સાથે સંધિ કરો. ॥૧૯॥ મોટું કામ સિદ્ધ કરવાના પ્રસંગોમાં, તથા તે કામ પાર પડયા પછીને માટેની; દુશ્મનો સાથે સંધિ કરવાની તે, સાપે ઉંદરની સાથે કરેલી સંધિના સરખીજ; કરવાનું કહેલું છે. ॥૨૦॥ માટે અમૃત ઉત્પન્ન કરવાને સારૂં એવી સંધિ કરવાનો યત્ન, વિલંબ નહીં લગાડતાં કરો; કે જે પીવાથી, મોતથકી પકડાયલો પ્રાણી પણ, અમર થઈ જાય છે. ॥૨૧॥ સર્વે લતાઓ-ખડ-અને ઓષધિઓને, ક્ષીર સાગરમાં નાંખો; અને મંદરાચળની રવાઈ, તથા વાસુકી નાગનું નેતરૂં કરો. ॥૨૨॥ હે દેવતાઓ, તે પછી આળસ રહિત થઈને; મારી સહાયતા વડે, ક્ષીર સાગરનું મંથન કરો; એટલે, તમો ફળને પામનારા થશો; અને દૈત્યોના ભાગમાં ક્લેશજ રહેશે. ॥૨૩॥ હે દેવો, તેઓ જેની જેની ઇચ્છા બતાવે કરે, તેની તમોએ હા કહેતા જવું; કેમકે સઘળા પુરૂષાર્થો, સમાધાનોથી, જેવી રીતે સિદ્ધ થાયછે; તેવી રીતે ક્રોધ કરવાથી, સિદ્ધ થતા નથી. ॥૨૪॥ સમુદ્રમાંથી, કાળકૂટ નામનું ઝેર પેદા થાય, તેથી તમે બીહીતા નહીં; તેમજ કોઈ પણ વસ્તુનો, તમે લોભ કરતા નહીં; કેમકે વસ્તુની કામના થવા થકી ક્રોધ ઉપજે છે. ॥૨૫॥ શ્રીશુક-હે રાજન, આ રીતની દેવોને સૂચના આપીને; સ્વચ્છંદ ગતિ ઈશ્વર પુરૂષોત્તમ ભગવાન, તેમની પાસેથી અંતર્ધ્યાન થઈ ગયા. ॥૨૬॥ પછી ભગવાનને પ્રણામ કરીને, બ્રહ્મા અને સદાશિવ, પોતાને સ્થાનકે ગયા; તથા દેવતાઓ બળી રાજા પાસે ગયા. ॥૨૭॥ ત્યાં સલાહ અને લડાઈના સમયને જાણનાર, મોટી કીર્તિવાળા દૈત્યોના રાજા બલીએ; કોઈ જાતની તૈયારી વિનાજ, દુશ્મનોને આવેલા જોઈને; ક્ષોભ પામતા પોતાના સરદારોને, અટકાવ્યા. ॥૨૮॥ મોટા મોટા દૈત્યોથી રક્ષણ કરાયલી મોટી લક્ષ્મી વડે, શોભી રહેલી સભામાં બેઠેલા, બળીરાજાની પાસે જઈને, મોટી બુદ્ધિવાળા મહેંદ્રે સુંદર વાણીથી તેનું સાંત્વન કરીને; પુરૂષોત્તમ ભગવાન થકી શીખેલું સઘળું તેને કહ્યું. ॥૨૯-૩૦॥ એ વાત બલી-

સત્વને, તેમજ બીજા શંબર-અરિષ્ટનેમી -અને ત્રણ પુરવાળા તિમેરે સર્વે; મોટા દૈત્યોને પસંદ પડી ॥૩૧॥ હે પરીક્ષિત, પછી દેવ અને દૈત્યોએ સલાહ કરીને, તથા સ્નેહ બાંધીને; અમૃત મેળવવા સારૂં, મોટો ઉદ્યોગ કર્યો. ॥૩૨॥ અને સમર્થ તથા ભોંગળ જેવા હાથવાળા, મદોન્મત દેવ અને દૈત્યો; મંદરાચળને જોરથી ઉખેડીને, ગર્જના કરતા સમુદ્ર તરફ લેઇ ચાલ્યા. ॥૩૩॥ પણ ઘણે છેટેથી, ઘણો ભાર લઇને ચાલવાથી, ઇંદ્ર અને બલીરાજા આદિ સર્વે થાકી ગયા; પછી મંદરાચળને ઉપાડવાને, તેઓ અશક્ત થયાથી, પરવશ થઇને; તેમણે માર્ગમાંજ, તેને નાંખી દીધો. ॥૩૪॥ ત્યારે તે સોનાનો પર્વત પડી જતાં, તેના ઘણા ભારથી; બહુ દેવતાઓ અને દૈત્યોનો, ભૂકો થઇ ગયો. ॥૩૫॥ તેઓને એ રીતે હાથ-સાથળ-અને કાંધ ભાગી ગયેલા, અને નિરાશ થયેલા જાણીને; ગરૂડ ઉપર બેઠેલા ભગવાન, ત્યાં પ્રગટ થયા. ॥૩૬॥ અને તેમણે, પર્વત પડવાથી ઘવાયલા, અને મુએલા દેવ અને દૈત્યોને, પોતાની દૃષ્ટિવડે જોઇને; જખમ વિનાના, અને મજબૂત અંગોવાળા, કરીને; જીવાડ્યા. ॥૩૭॥ પછી લીલા થકી એક હાથેજ, એ પર્વતને ઉપાડીને, ગરૂડ ઉપર મૂકી; દેવ તથા દાનવોથી; વિંટાયલા પોતે સમુદ્રને કાંઠે આવ્યા. ॥૩૮॥ અને જળની અંદર જઇને, પક્ષીઓમાં શ્રેષ્ઠ, ગરૂડના કાંધ ઉપરથી; હરિ ભગવાને, પર્વતને ઉતારીને મુક્યા પછી; ગરૂડ ત્યાંથી ગયા. ॥૩૯॥ ઇતિશ્રી૦ ભા૦ આઠમા સ્કંધનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ. ॥૬॥

અધ્યાય ૭ મો. શ્રીશુક-પછી તે સઘળાઓએ ફળમાંથી ભાગ આપવાનું કબુલ કરીને; નાગના રાજા, વાસુકિને બોલાવ્યો; અને તેને નેતરાની પેઠે, પર્વતને ફરતો વિંટાને; મોટા આનંદથી, અમૃત મેળવવાને માટે; સમુદ્રને વલોવવાનો આરંભ તેઓએ, ઘણી મહેનત લેઇને કર્યો; ત્યારે હરિ ભગવાને પ્રથમ

तू ॥३०॥ तद्रोचतदैत्यस्यतत्रान्येयेऽसुराधिपाः॥शंबरोऽरिष्टनेमिश्चयेचात्रिपुरवासिनः ॥३१॥ ततोदेवासुराःकृत्वासंविदंकृतसौहृदाः॥उद्यमंपरमंचक्रुरमृतार्थेपरंतप ॥३२॥ ततस्तेमंदरगिरिमोजसोत्पाट्यदुर्मदाः॥नदंतउदधिंनिन्युःशक्ताःपरिघबाहवः ॥३३॥ दूरभारोद्वहश्रांताःशक्रवैरोचनादयः॥अपारयंतस्तंवोढुंविवशाविजहुःपथि॥३४॥ निपतन्सगिरिस्तत्रबहूनमरदानवान्॥चूर्णयामासमहताभारेणकनकाचलः ॥३५॥ तांस्तथाभग्नमनसोभग्नबाहूरुकंधरान् ॥ विज्ञायभगवांस्तत्रबभूवगरुडध्वजः ॥३६॥ गिरिपातविनिष्पिष्टान्विलोक्यामरदानवान् ॥ ईक्षयाजीवयामासनिर्जरान्निर्व्रणान्यथा॥३७॥गिरिंचारोप्यगरुडेहस्तेनैकेनलीलया॥आरुह्यप्रययावब्धिंसुरासुरगणैर्वृतः ॥३८॥ अवरोप्यगिरिंस्कंधात्सुपर्णःपततांवरः॥ययौजलांतउत्सृज्यहरिणासविसर्जितः॥३९॥इ०भा०म०अ०अमृतमथ[illegible]यनंनामषष्ठोऽध्यायः ॥६॥ श्रीशुक०तेनागराजमामंत्र्यफलभागेनवासुकिं॥परिवीयगिरौतस्मिन्नेत्रमब्धिंमुदाऽन्विताः॥१॥ आरेभिरेसुसंयत्ताअमृतार्थंकुरूद्वह॥ हरिःपुरस्ताज्जगृहेपूर्वंदेवास्ततोऽभवन्॥२॥ तन्नैच्छन्दैत्यपतयोमहापुरुषचेष्टितं॥नगृण्हीमोवयंपुच्छमहेरंगममंगलं ॥३॥ स्वाध्यायश्रुतसंपन्नाःप्रख्याताजन्मकर्मभिः॥ इतितूष्णींस्थितान्दैत्यान्विलोक्यपुरुषोत्तमः ॥४॥ स्मयमानो[illegible]पुच्छंजग्राहसामरः॥कृतस्थानविभागास्तएवंकश्यपनंदनाः॥५॥ ममंथुःपरमायत्ताअमृतार्थंपयोनिधिं॥मथ्यमानेऽर्णवेसोद्रिरनाधारोह्यपोऽविशत् ॥६॥ ध्रियमाणोऽपिबलिभिर्गौरवात्पांडुनंदन॥तेसुनिर्विण्णमनसःपरिम्लानमुखश्रियः॥ आसन्स्वपौरुषेनष्टेदैवे[illegible]तिबलीयसा॥७॥ विलोक्यविघ्नेशविधिंतदेश्वरोदुरंतवीर्योऽवितथाभिसंधिः॥ कृत्वावपुःकाच्छपमद्भुतंमहत्प्रविश्यतोयंगिरिमुज्जहार॥८॥ तमुत्थितंवीक्ष्यकुलाचलंपुनःसमुत्थितानिर्मथितुंसुरासुराः॥दधारपृष्ठेनसलक्षयोजनप्रस्तारिणाद्वीपइवापरोमहान्॥९॥ सुरासुरेंद्रैर्भुजवीर्यवेपितंपरिभ्रमंतंगिरिमंगपृष्ठतः॥बिभ्रत्तदावर्तनमादिकच्छपोमेनेऽगकंडूयनमप्रमेयः॥१०॥ तथाऽसुरानाविशदासुरेणरूपेणतेषांबलवीर्यमीरयन् ॥उद्दी[illegible]यन्देवगणांश्चविष्णुर्दैवेनना[illegible]रूपतः ॥ ॥११॥ उपर्यगेंद्रंगिरिराडिवान्यआक्रम्यहस्तेनसहस्रबाहुः॥तस्थौदिविब्रह्मभवेंद्र[illegible]रभिष्टुवद्भिःसुमनोऽभिवृष्टः ॥१२॥ उपर्यधश्चात्मनि

વાસુકિ નાગની ફેણ તરફનો ભાગ ઝાલ્યો; એટલે દેવોએ પણ તે ભાગ ઝાલ્યો. ॥૧-૨॥ ભગવાનનું એ કામ દૈત્યોને ન ગમવાથી, તેઓ બોલ્યા કે; "કુળ અને કર્મો વડે પ્રખ્યાત, તથા અધ્યયન અને શ્રવણ વડે સંપન્ન; અમો, સાપના પુંછડાનું અમંગળ અંગ પકડનાર નથી." એમ કહી ચૂપ રહેલા દૈત્યોને દેખી, પુરૂષોત્તમ ભગવાને હસીને; દેવતાઓ સહીત મોઢાનો ભાગ છોડીદઇને, પુંછડાનો ભાગ પકડ્યો; પછી એ પ્રમાણે સ્થાનના વિભાગ કરીને, કશ્યપના દીકરાઓ, અમૃતને માટે, મોટા પ્રયત્ન વડે; સમુદ્રનું મંથન કરવા લાગ્યા; પણ હે પરીક્ષિત, સમુદ્રનું મંથન કરવા લાગતાંજ; મોટા બળવાનોએ પકડી રાખેલો તે મંદરાચળ, નીચે આધાર રહિત હોવાથી; પોતાના ભાર વડેજ, જળની અંદર પેસી ગયો; ત્યારે આરીતે અતિ બળવાન દૈવથકી, તેઓના પુરૂષાર્થનો નાશ થઇ જવાથી; તેઓને ઘણો ખેદ થઇને, તેમનાં મોઢાંની શોભા ઝાંખીથઇ ગઇ. ॥૩-૪-૫-૬-૭॥ તે વખતે એ મોટા વિઘ્નનો ઉપાય, અપાર પરાક્રમવાળા, અને સત્યસંકલ્પ ઇશ્વર ભગવાને, વિચાર્યો; અને પોતે એક અદ્ભૂત મોટું કાચબાનું સ્વરૂપ ધારણ કરી; પાણીની અંદર, નીચે પેસીને; એ પર્વતને ઉપર આણ્યો. ॥૮॥ અને બીજો મોટો દ્વીપ હોવાની પેઠે, લાખ યોજનના વિસ્તારવાળી, તેમની પીઠ ઉપર ધરી રાખેલા, મંદરાચલને ઉપર આવેલો; દેવ અને દૈત્યોએ જોયાથી, તેઓ ફરીવાર મંથન કરવાને ઉભા થયા. ॥૯॥ અને એ રીતે તેમની પીઠ ઉપર ધારણ કરાયેલા પર્વતને, દૈત્ય અને દેવતાઓના અધિપતિઓએ; પોતાના હાથના બળથકી, કંપાવીને ફેરવતાં; એ અપ્રમેય બળવાળા આદિકચ્છપ ભગવાને, પોતાના અંગની ચોળ મટાડવાનુંજ માન્યું. ॥૧૦॥ વળી એ રીતેજ અસુરોમાં અસુરરૂપથી-દેવતાઓમાં દેવતાઓના રૂપથી-અને નાગમાં નાગના રૂપથી, એ વિષ્નુ ભગવાને પ્રવેશ કરીને; તેમનાં બળ, અને પરાક્રમ વધારીને; તેમને જાગ્રત અને ઉત્સાહ વાળા કર્યા. ॥૧૧॥ તથા ઉપરથી પણ બીજા મોટા પર્વતની પેઠે, પોતાના હજારો હાથ થકી, મંદરાચળને ઝાલીને ઉભા રહેલા ભગવાનને; આકાશમાંથી બ્રહ્મા-સદાશિવ-તથા ઇંદ્ર આદિ દેવતા-

ઓએ, સ્તુતિ કર્તાનાં કૃત્યો વડે વધાવ્યા. ॥૧૨॥ ઉપર પોતાના એક સ્વરૂપથી, અને નીચે કાચબાના બીજા સ્વરૂપથી રહેલા ભગવાન; તથા પર્વત–વાસુકિનાગ–અને મંથન કરનારાઓમાં પણ, પોતેજ પેસીને; તેમને વૃદ્ધિ પમાડેલા તે સર્વે, મદોન્મત્ત થઈ; પર્વત વડે મોટા વેગથી, સમુદ્રનું મંથન કરતાં; તેમાંના. મગર આદિ જળચરો; ક્ષોભ પામ્યા. ॥૧૩॥ વાસુકિ નામની હજારો આંખ્યો અને મોઢાંમાંથી, અને શ્વાસ થકી, નીકળતા અગ્નિ અને ધુમાડા થકી; પૌલોમ–કાલેય–બલી–અને ઇલ્વળ આદિ દૈત્યોનું, તેજ હણાઈ જઈને તેઓ; દાવાનળથી બળેલા દેવદારનાં ઝાડો સરખા, થઈ ગયા. ॥૧૪॥ તથા એ વાસુકી નાગના શ્વાસની જ્વાળાઓ, અને ધુમાડાથી દેવતાઓનાં પણ, વસ્ત્ર–માળાઓ–ઉત્તમ બખતરો–અને મોઢાના રંગની શોભા હણાઈ જતાં; ભગવાનની કૃપાથી, તેમના ઉપર છાની રીતે વરસાદ વરસવા લાગ્યો; અને સમુદ્રના મોજાઓથી

ગળેલા, શીતળ વાયુ વાવા લાગ્યા. ॥૧૫॥ પણ એ દેવ અને દૈત્યોના મુખ્ય પતિઓએ, સમુદ્રનું મંથન કર્યા છતે; જ્યારે, અમૃત ઉત્પન્ન ન થયું; ત્યારે અજીત ભગવાન પોતે પણ, મંથન કરવા લાગ્યા. ॥૧૬॥ તે વખતે મેઘના જેવા શ્યામ રંગવાળા–સુવર્ણ સરખાં વસ્ત્ર પહેરેલા–વીજળીની પેઠે ઝળકારા મારતાં કાને કુંડળો પેહેરેલા–માથાના વિખરાઇ ગયેલા વાળથી; અને રાતી આંખ્યોથી શોભતા–અને જગતને અભય આપનારા–એ ભગવાન; પર્વતને પોતે ધરી રાખીને, તથા હાથ વતે વાસુકિને પકડીને, મંથન કરતાં;એક પર્વતની સામે બીજા પર્વત સરખા, શોભતા હતા. ॥૧૭॥ પછી એ રીતે મંથન કરતાં સમુદ્રમાંથી; સામા ઉપાય વિનાનું અને અતિ ઉગ્ર, હળાહળ નામનું ઝેર,ઉત્પન્ન થયું; જેથી તેમાંનાં માછલાં–મગર–કાચબા–તિમિ–જળના હાથી–ગ્રૂડ–અને તિમિંગળો વિગેરે જળચરો; વ્યાકુળ થયાં. ॥૧૮॥ ઉગ્રવેગ વાળા, અને અસહ્ય જોર વાળા, એ ઝેરને સર્વે દિશાઓમાં; ઉપર તથા નીચે ફેલા-

गोत्रनेत्रयोः परेणते प्राविशता समेधिताः ॥ ममंथुरब्धिंतरसामदोत्कटामहाद्रिणाक्षोभितनक्रचक्रं॥१३॥ अहींद्रसाहस्रकठोरदृङ्मुखश्वासाग्निधूमाहतवर्चसोऽसुराः॥ पौलोमकालेयबलील्वलादयोदवाग्निदग्धाःसरलाइवाभवन् ॥१४॥ देवांश्चतच्छ्वासशिखाहतप्रभान्धूम्रांबरस्रग्वरकंचुकाननान् ॥ समभ्यवर्षन्भगवद्वशाघनाववुःसमुद्रोर्म्युपगूढवायवः॥१५॥मथ्यमानेतथासिंधौदेवासुरवरूथपैः॥यदासुधानजायेतनिर्ममंथाजितःस्वयं ॥१६॥ मेघश्यामःकनकपरिधिःकर्णविद्योतविद्युन्मूर्ध्नि भ्राजद्विलुलितकचःस्रग्धरोरक्तनेत्रः ॥ जैत्रैर्दोर्भिर्जगदभयदैर्दंदशूकंगृहीत्वामथ्नन्मथ्नाप्रतिगिरिरिवाशोभताथोधृताद्रिः ॥१७॥ निर्मथ्यमानादुदधेरभूद्विषंमहोल्बणंहालहलाह्वमग्रतः॥ संभ्रांतमीनोन्मकरादिकच्छपात्तिमिद्विपग्राहतिमिंगिलाकुलात्॥१८॥तदुग्रवेगंदिशिदिश्युपर्यधोविसर्पदुत्सर्पदसह्यवीर्यं ॥ भीताःप्रजादुद्रुवुरंगसेश्वराअरक्ष्यमाणाःशरणंसदाशिवं ॥१९॥ विलोक्यतंदेववरंत्रिलोक्याभवायदेव्याऽभिमतंमुनीनां॥आसीनमद्रावपवर्गहेतोस्तपोजुषाणंस्तुतिभिःप्रणेमुः ॥२०॥ प्रजापतय०देवदेवमहादेवभूतात्मन्भूतभावन॥त्राहिनःशरणापन्नांस्त्रैलोक्यदहनाद्विषात् ॥२१॥त्वमेकःसर्वजगतईश्वरोबंधमोक्षयोः ॥तंत्वामर्चंतिकुशलाःप्रपन्नार्तिहरंगुरुं॥२२॥गुणमय्यास्वशक्त्याऽस्यसर्गस्थित्यप्ययान्विभो॥धत्सेयदास्वदृग्भूमन्ब्रह्मविष्णुशिवाभिधां ॥॥२३॥ त्वंब्रह्मपरमंगुह्यंसदसद्भावभावनः॥नानाशक्तिभिराभातस्त्वमात्माजगदीश्वरः॥२४॥ त्वंशब्दयोनिर्जगदादिरात्माप्राणेंद्रियद्रव्यगुणस्वभावः॥कालःक्रतुःसत्यमृतंचधर्मस्त्वय्यक्षरंयत्त्रिवृदामनंति॥२५॥ अग्निर्मुखंतेऽखिलदेवतात्माक्षितिंविदुर्लोकभवांघ्रिपंकजं॥कालंगतिंतेऽखिलदेवतात्मनोदिशश्चकर्णौरसनेजलेशं॥२६॥नाभिर्नभस्तेश्वसनंनभस्वान्सूर्यश्चचक्षूंषिजलंस्मरेतः ॥ परावरात्माश्रयणंतवात्मासोमोमनोद्यौर्भगवन्शिरस्ते ॥२७॥ कुक्षिःसमुद्रागिरयोऽस्थिसंघारोमाणिसर्वौषधिवीरुधस्ते॥छंदांसिसाक्षात्तवसप्तधातवस्त्रयीमयात्मन्हृदयंसर्वधर्मः ॥२८॥ मुखानिपंचोपनिषदस्तवेशयैस्त्रिंशदष्टोत्तरमंत्रवर्गः॥यत्तच्छिवाख्यंपरमार्थतत्त्वंदेवःस्वयंज्योतिरवस्थितिस्ते॥२९॥ छायात्वधर्मोर्मिषुयैर्विसर्गोनेत्रत्रयंसत्वरजस्तमांसि॥ सांख्यात्मनःशास्त्रकृतस्तवेक्षाछंदोमयोदेवऋषिःपुराणः॥३०॥ नतेगिरित्राखिललोकपालवि

ટ્યું. તથા ઉછળતું જોઇને, બીનેલી; લોક પાળો સહિત પ્રજાઓ; બીજા કોઇથી રક્ષણ નહીં થવાથી, સદાશિવને શરણે ગઇ. ॥૧૯॥ અને તેઓએ મહાદેવને, પાર્વતી સહિત કૈલાસમાં બેસીને; ત્રિલોકીના ભલા સારૂ મોક્ષના હેતુરૂપ, અને મુનિઓને પ્રિય, તપ કરતા જોઇ; પ્રણામ કરીને, સ્તુતિ કરી કે. ॥૨૦॥–પ્રજાપતિઓ હે દેવના દેવ–મહાદેવ–પ્રાણી માત્રના આત્મા–અને પ્રાણી માત્રનું રક્ષણ કરનારા; આ ત્રણે લોકને બાળનારા ઝેર થકી, અમો શરણે આવેલાઓનું; આપ રક્ષણ કરો. ॥૨૧॥ સર્વે જગતના બંધ અને મોક્ષના ઇશ્વર, તથા શરણે આવનારાઓનાં દુખને મટાડનાર; સર્વના ગુરૂરૂપ, આપ એકનેજ; ડાહ્યા પુરૂષો પૂજે છે. ॥૨૨॥ હે સ્વયં પ્રકાશ ઇશ્વર, પોતાની ગુણોવાળી શક્તિવડે, જગતની ઉત્પત્તિ–સ્થિતિ–અને લય કરવાને અર્થે; તમેજ બ્રહ્મા–વિષ્ણુ અને શિવનાં નામોને; ધારણ કરનારાછો. ॥૨૩॥ અને ગુહ્ય–પરબ્રહ્મ–તથા સત્ અને અસત્ સર્વ પ્રાણી પદાર્થાદિકને; ઉત્પન્ન કરનારા–તથા નાના પ્રકારની શક્તિઓ રૂપે જણાનાર–જગતના ઇશ્વર

અને આત્મા છો. ॥૨૪॥ તમેજ જગતના આદિ–શબ્દયોનિ–આત્મા–પ્રાણ–ઇંદ્રિયો–મહાભૂતો–વિષયો–તથા પ્રાણી પદાર્થાદિક–સ્વભાવ–કાળ–રૂતુઓ–સત્ય–રૂત–ધર્મ–અને અક્ષર (એટલે ત્રણ ગુણો વાળું પ્રધાન;) એ સર્વ રૂપોથી, હોવાનું કહેવાય છે. ॥૨૫॥ સર્વ દેવમય અગ્નિ તમારૂં મુખ છે, પૃથ્વી તમારા ચરણછે, કાળ તમારી ગતિ છે, અને દિશાઓ કાન છે, તથા વરૂણ જીભ છે. ॥૨૬॥ આકાશ નાભિ છે; વાયુ શ્વાસ છે; સૂર્ય ચક્ષુ છે; જળ વીર્ય છે; અને પર તથા અવર, સર્વના આત્માઓનો આશ્રય, આપનો દેહ છે; ચંદ્રમા મન છે; અને સ્વર્ગ એ આપનું માથું છે. ॥૨૭॥ હે ત્રણ વેદ સ્વરૂપ, સમુદ્રો આપનું પેટ છે; પર્વતો હાડકાંના સમુદાય છે; સર્વ ઔશધિઓ અને લતાઓ રૂવાડાં છે; છંદો એ સપ્તધાતુઓછે; અને સતધર્મ એ આપનું હૃદય છે. ॥૨૮॥ અને હે ઇશ્વર, આડત્રિશ મંત્રોવાળા પાંચ ઉપનિષદ આપનું મુખ છે; આ રીતનું શિવ નામથી બોલાતું, તથા દેદિપ્યમાન, જે પરમાર્થ તત્વ છે: તે આપની શાંત સ્થિતિછે. ॥૨૯॥ અધર્મ એ, આપની છા-

વાળી બેહેરી છે; જે વડે સૃષ્ટિ થાય છે, તે સત્વ–રજ–અને તમોગુણ; એ આપનાં ત્રણ નેત્ર છે; અને આપ સાંખ્ય સ્વરૂપ–છંદોમય–જ્ઞાનરૂપિ–એવા ભગવાનની, દૃષ્ટા (એટલે વિચાર,) વડેજ, સર્વે શાસ્ત્રો થયેલાંછે. ॥૩૦॥ હે સદાશિવ, સત્વ–રજ–અને તમોગુણ વિનાનું; તથા ભેદ રહિત આપનું પરમ જ્યોતિ બ્રહ્મ સ્વરૂપ; બ્રહ્મા–વિશ્નુ–અને ઇંદ્રઆદિ સઘળા લોકપાળોના પણ, જાણવામાં આવે; એવું નથી. ॥૩૧॥ અને કામદેવ–દક્ષનો યજ્ઞ–ત્રણ પુરો–તથા મૃત્યુ વિગેરે, જગતના દ્રોહીઓનો નાશ કરનારા આપ; જે, પ્રલય કાળમાં, પોતાના નેત્રના અગ્નિના તણખાની જ્વાળાથી; બળીજતા જગતને જાણતા પણ નથી; તે આ ઝેરને પીઇ જાઓ, એમાં વિશેષ સ્તુતિ કરવા જેવું કાંઇજ નથી. ॥૩૨॥ અને, આપ; આત્મારામ, તથા મહાત્મા પુરૂષોએ હૃદયમાં ચિંતવન કરાતા ચરણ વાળા; તથા તપ વડે, સારી પેઠે તપેલાને; પાર્વતીની સાથે, અને સ્મશાનાદિકમાં ફરતા, જોઇને; કામી–હિંસક–અને ઉગ્રહોવાનું; આપને કેહેનારા, નિર્લજ લોકો તો, આપની લીલાને જાણતાજ નથી. ॥૩૩॥ સત્ અને અસત્ થકી પર, એવા આપના સ્વરૂપને જાણવાને; બ્રહ્માદિક પણ, સમર્થ નથી, તેથી આપનુ સ્તવન કરવાને, તેમનીજ સૃષ્ટિથી સરજાયલા અમે તો. શક્તિમાન કેવીરીતે થઇ શકીયે: છતાં પણ અમારી શક્તિના પ્રમાણમાં, સ્તુતિ કરીએ છીએ. ॥૩૪॥ હે મહેશ્વર અમે આપના સાકાર સ્વરૂપનેજ, જાણીએ છીએ; પણ પરમ નિર્ગુણ સ્વરૂપને, જાણતા નથી; આપ ન જાણી શકાય એવાં, કર્મો કરનારનું આ સ્વરૂપ; લોકના કલ્યાણને માટેજ છે.–॥૩૫॥–શ્રીશુક–ત્યારે સર્વ ભૂતના સુહૃદ સદાશિવે, લોકોનું આ રીતનું દુઃખ જોઇ; દયાથી પીડિત થઇને; પોતાનાં પ્રિયા, સતી દેવીને કહ્યું કે. ॥૩૬॥ " હે ભવાની, ક્ષીર સાગરનું મંથન કરતાં, ઉત્પન્ન થયેલા કાળકૂટ નામના ઝેરથી થતા; પ્રજાઓના આ દુઃખને, તમે જુઓ. ॥૩૭॥ માટે પ્રાણનું રક્ષણ થવાને ઇચ્છતી, આ પ્રજાઓને; અભય દાન આપવાનો ઉપાય, હું પોતેજ કરૂંછું; કેમકે દીન લોકોનુ પાલન કરવું, એટલેજ પુરૂષાર્થ સમર્થ પુરૂષોએ, કરવાનોછે॥૩૮॥અને તેથીજ

रिंचवैकुंठसुरेंद्रगम्यं॥ज्योतिःपरंयत्ररजस्तमश्चसत्त्वंनयद्ब्रह्मनिरस्तभेदं ॥३१॥ कामाध्वरत्रिपुरकालगराद्यनेकभूतद्रुहःक्षपयतःस्तुतयेनत त्ते॥यस्त्वंतकाल इदमात्मकृतंस्वनेत्रवन्हिस्फुलिंगशिखयाभसितंनवेद॥३२॥ येत्वात्मरामगुरुभिर्हृदिचिंतितांघ्रिद्वंद्वंचरंतमुमयातपसाभित प्तं॥कत्थंतउग्रपरुषंनिरतंश्मशानेतेनूनमूतिमविदंस्तवहातलज्जाः ॥३३॥ तत्तस्यतेसदसतोःपरतःपरस्यनांजःस्वरूपगमनेप्रभवंतिभूम्नः॥ ब्रह्मादयःकिमुतसंस्तवनेवयंतुतत्सर्गसर्गविषयाअपिशक्तिमात्रं॥३४॥ एतत्परंप्रपश्यामोनपरंतेमहेश्वर॥मृडनायहिलोकस्यव्यक्तिस्तेऽव्य क्तकर्मणः ॥३५॥ श्रीशुक०तद्वीक्ष्यव्यसनंतासांकृपयाभृशपीडितः॥सर्वभूतसुहृद्देवइदमाहसतींप्रियां ॥३६॥ शिव० अहोबतभवान्येतत्प्र जानांपश्य वैशसं॥क्षीरोदमथनोद्भूतात्कालकूटादुपस्थितं ॥३७॥ आसांप्राणपरीप्सूनांविधेयमभयंहिमे॥एतावान्हिप्रभोरर्थोयद्दीनपरिपाल नं॥३८॥ प्राणैःस्वैःप्राणिनःपांतिसाधवःक्षणभंगुरैः॥बद्धवैरेषुभूतेषुमोहितेष्वात्ममायया॥३९॥पुंसःकृपयतोभद्रेसर्वात्माप्रीयतेहरिः॥प्रीतेह रौभगवतिप्रीयेऽहंसचराचरः॥४०॥ तस्मादिदंगरंभुंजेप्रजानांस्वस्तिरस्तुमे॥एवमामंत्र्यभगवान्भवानींविश्वभावनः ॥४१॥ तद्विषंजग्धुमा रेभेप्रभाववज्ञान्वमोदत॥ततःकरतलीकृत्यव्यापिहालाहलंविषं॥४२॥अभक्षयन्महादेवःकृपयाभूतभावनः॥ तस्यापिदर्शयामासस्ववीर्यंजल कल्मषः ॥४३॥ यच्चकारगलेनीलंतच्चसाधोर्विभूषणं॥तप्यंतेलोकतापेनसाधवःप्रायशोजनाःपरमाराधनंतद्धिपुरुषस्याखिलात्मनः ॥४४॥ निशम्यकर्मतच्छंभोर्देवदेवस्यमीढुषः॥प्रजादाक्षायणीब्रह्मावैकुंठश्चशशंसिरे ॥४५॥ प्रस्कन्नंपिबतःपाणेर्यत्किंचिज्जगृहुस्मतत्॥ वृश्चिकाहि विषौषध्योदंदशूकाश्चयेपरे॥४६॥इतिश्रीभागवतेमहापुराणेअष्टमस्कंधेअमृतमथनेसप्तमोऽध्यायः ॥७॥

श्रीशुक०पीतेगरेवृषांकेणप्रीतास्तेऽमरदानवाः॥ ममंथुस्तरसासिंधुंहविर्धानीततोऽभवत् ॥१॥ तामग्निहोत्रीमृषयोजगृहुर्ब्रह्मवादिनः॥ यज्ञ स्यदेवयानस्यमेध्यायहविषेनृप॥२॥ ततउच्चैःश्रवानामहयोऽभूच्चंद्रपांडुरः॥ तस्मिन्बलिःस्पृहांचक्रेनेंद्रईश्वरशिक्षया ॥३॥ ततऐरावतोनाम

આ ભગવાનની માયાથી મોહ પામેલા, તથા માંહોમાંહે વૈર બાંધનારા, પ્રાણીઓમાંના સાધુ પુરૂષો; પોતાના ક્ષણ ભંગુર પ્રાણ આપવા પડે તો, તે આપીને પણ પ્રાણીઓનું રક્ષણ કરેછે. ॥૩૯॥ હે કલ્યાણી પ્રાણીઓના ઉપર કૃપા કરનારના ઉપર; સર્વના આત્મા હરિભગવાન, પ્રસન્ન થાયછે; અને હરિ ભગવાન પ્રસન્ન થવા વડેજ, ચરાચર જગત સહિત હું પ્રસન્ન થાઉંછું. ॥૪૦॥ માટે પ્રજાઓના ભલાને સારૂં, હું આ ઝેરને પીઉંછું;" એમ ભવાનીને કહીને, જગતનું પાલનકરનારા, ભગવાન સદાશિવ; એ ઝેરને પીઇ જવાને, તૈયાર થયા; ત્યારે તેમના પ્રભાવને જાણનારાં સતીએ, સંમત્તિ આપી; એટલે એ, પ્રાણી માત્રનું પાલન કરનારા મહાદેવ; ચારેકોર વ્યાપી જતા, એ હળાહળને, પોતાની હથેળીમાં લેઇને; દયાવડે પીઇ ગયા; અને તે ઝેરે, તેમના ગળામાં, કાળાશ કરી દેઇને; પોતાનું પરાક્રમ દેખાડ્યું. ॥૪૧–૪૨–૪૩॥ એ ઝેરે સદાશિવના ગળામાં કરી દીધેલો, નીલો રંગ સાધુપુરૂષોના આભૂષણ રૂપ થયેલ છે; કેમકે ઘણું કરીને લોકને પરિતાપ થતાં સાધુપુરૂષો પણ પરિતાપ પામે છે; અને એમ થવું એજ અખિલ બ્રહ્માંડના આત્મા, પુરૂષ ભગવાનનું: પરમ આરાધન કહેવાય છે. ॥૪૪॥ જગતના મનોર્થને પૂર્ણ કરનાર; દેવના દેવ સદાશિવનું; એ કામ જોઇને, પ્રજાઓએ–ઉમાદેવીએ–બ્રહ્મા: એ–અને વૈકુંઠ ભગવાને પણ; તેમનાં વખાણ કર્યાં. ॥૪૫॥ અને તે વખતે સદાશિવે પીતાં; હથેળીમાંથી નીકળી પડેલું, કિંચિત ઝેર; વીંછી–સાપ–ઝેરી ઓષધીઓ–અને દંદશુક, તથા બીજાઓએ; ગ્રહણ કર્યું. ॥૪૬॥ ઇતિ० શ્રી० ભા० આઠમા સ્કંધનો સાતમો અધ્યાય સંપૂર્ણ. ॥૭॥

અધ્યાય ૮ મો. શ્રીશુક–એ રીતે સદાશિવે ઝેર પીધા પછી, રાજી થયેલા દેવ અને દૈત્યોએ; વેગ સહિત, સમુદ્રમંથન કરતાં; તેમાંથી કામદુઘા ગાય ઉત્પન્ન થઇ. ॥૧॥ તે શુદ્ધ હવિષ્ય પદાર્થો આપનારી–યજ્ઞમાં ઉપયોગી–અને દેવયાન માર્ગે લેઇ જનારી ગાયને; વેદને જાણનારા અગ્નિહોત્રી રૂષિઓએ લીધી. ॥૨॥ પછી ઉચ્ચૈશ્રવા નામનો ચંદ્રમા સરખો ધોળો ઘોડો ઉત્પન્ન થયો; તેની બળીરાજાએ ઇચ્છા કરવાથી, ભગવાનની સલાહથી ઇંદ્રે ઇચ્છા કરી નહીં. ॥૩॥ પણ તે પછી નીકળેલા અને પર્વતનાં શિખરો જેવા, પોતાના ચાર દાંતથી કૈલાસ પર્વતની શોભાને હરાવનારા; ઐરાવત નામના હાથીને, તેણે લીધો. ॥૪॥ પછી કૌસ્તુભ

નામનું લાલ રત્ન, સમુદ્રમાંથી નીકળ્યું; ત્યારે એ મણિને વક્ષસ્થળના અલંકાર માટે લેવાની; ભગવાને ઇચ્છા કરી. ॥૫॥ તે પછી તેમાંથી સ્વર્ગલોકના અલંકાર રૂપ; પારિજાત નામનું ઝાડ ઉત્પન્ન થયું; તે ઝાડ, જેમ પૃથ્વી ઉપર, તમે સર્વને આપો છો; તેમ સર્વકાળ માગનારાઓને. ઇચ્છિત પદાર્થ આપનારૂં છે. ॥૬॥ પછી સારાં વસ્ત્ર પેહેરેલી-ગળામાં નિષ્ક (પદક) નામનાં ઘરેણાં પેહેરેલી-અને મનોહર રીતે ચાલવું, રમવું અને જોવું વિગેરેવડે, દેવતાઓને રમાડનારી; અપ્સરાઓ ઉત્પન્ન થઈઓ. (એ પારિજાત તથા અપ્સરાઓ ઇન્દ્રને સ્વર્ગમાંજ રહ્યાં.) ॥૭॥ તે પછી સાક્ષાત ભગવાનને પરાયણ, અને સુદામા પર્વત તરફ થતી, વીજળીની પેઠે; દિશાઓને શોભાવનાર કાંતિવાળાં, લક્ષ્મીજી ઉત્પન્ન થયાં. ॥૮॥ તેમનું રૂપ-ઉદારતા-વય-વર્ણ-અને મહિમા થકી, ચીત ખેંચાવાને લીધે; દેવ-અસુર-અને મનુષ્યો સુધાં; સર્વેએ, તેમની ઇચ્છા કરી.

॥૯॥ ઇંદ્રે, તેમને મોટું અને અદ્ભુત આસન લાવી આપ્યું; નદીઓએ, શરીરધારી થઈને સુવર્ણના કળશમાં પવિત્ર જળ લાવી આપ્યું. ॥૧૦॥ પૃથ્વીએ, અભિષેકના કામમાં આવનારી, સર્વ ઔષધીઓ લાવી આપી. ગાયોએ પંચગવ્ય આપ્યાં; અને વસંતઋતુએ, પોતાનાં ફૂલ ફળ વિગેરે આપ્યાં. ॥૧૧॥ ઋષિઓએ શાસ્ત્રવિધિથી તેમનો અભિષેક કર્યો; ગંધર્વોએ, મધુર અને મંગળ ગાયન કર્યું; તથા નટની સ્ત્રીઓએ, નાચીને ગાયું. ॥૧૨॥ અને ભારે શબ્દવાળાં મૃદંગ-પણવ-મુરજ-આનક-ગોમુખ-શંખ-અને વીણા વિગેરે વાજીંત્રો; મેઘે વગાડયાં. ॥૧૩॥ પછી બ્રાહ્મણો વેદમંત્ર બોલતાં, દિશાઓના હાથીઓએ; એ હાથમાં કમળ રાખનારાં સતી લક્ષ્મીજીનો, પૂર્ણ કળશોવડે; અભિષેક કર્યો. ॥૧૪॥ સમુદ્રે તેમને પીળાં રેશમી વસ્ત્રો આપ્યાં; વરુણે મકરંદને લીધે, મત્ત થયેલા ભમરાઓ વાળી; વૈજયંતી માળા આપી. ॥૧૫॥ વિશ્વકર્મા પ્રજાપતિએ, વિચિત્ર

वारणेंद्रोविनिर्गतः॥ दंतैश्चतुर्भिः श्वेताद्रेर्हरन्भगवतोमहिं॥४॥ कौस्तुभाख्यमभूद्रत्नंपद्मरागोमहोदधेः ॥ तस्मिन्हरिःस्पृहांचक्रेवक्षोऽलंकरणेमणौ॥५॥ ततोऽभवत्पारिजातःसुरलोकविभूषणं ॥ पूरयत्यर्थिनोयोऽर्थैःशश्वद्भुविपथाभवान्॥६॥ ततश्चाप्सरसोजातानिष्ककंठ्यःसुवाससः॥ रमण्यःस्वर्गिणांवल्गुगतिलीलावलोकनैः॥७॥ ततश्चाविरभूत्साक्षाच्छ्रीरमाभगवत्परा॥ रंजयंतीदिशःकांत्याविद्युत्सौदामनीयथा॥८॥ तस्यांचक्रुःस्पृहांसर्वेससुरासुरमानवाः॥ रूपौदार्यवयोवर्णमहिमाक्षिप्तचेतसः॥९॥ तस्याआसनमानिन्येमहेंद्रोमहदद्भुतं॥मूर्तिमत्यःसरिच्छ्रेष्ठाहेमकुंभैर्जलंशुचि॥१०॥ अभिषेचनिकाभूमिराहरत्सकलौषधीः॥ गावःपंचपवित्राणिवसंतोमधुमाधवौ॥११॥ ऋषयःकल्पयांचक्रुरभिषेकंयथाविधि॥ जगुर्भद्राणिगंधर्वानट्यश्चननृतुर्जगुः॥१२॥ मेघामृदंगपणवमुरजानकगोमुखान्॥ व्यनादयन्शंखवेणुवीणास्तुमुलनिःस्वनान्॥१३॥ ततोभिषिषिचुर्देवींश्रियंपद्मकरांसतीं॥दिगिभाःपूर्णकलशैःसूक्तवाक्यैर्द्विजेरितैः॥१४॥समुद्रःपीतकौशेयवाससीसमुपाहरत्॥ वरुणःस्रजं वैजयंतींमधुनामत्तषट्पदां॥१५॥ भूषणानिविचित्राणिविश्वकर्माप्रजापतिः॥ हारंसरस्वतीपद्ममजोनागाश्चकुंडले॥१६॥ ततःकृतस्वस्त्ययनोत्पलस्रजंनदद्द्विरेफांपरिगृह्यपाणिना॥ चचालवक्रंसुकपोलकुंडलंसव्रीडहासंदधतीसुशोभनं॥१७॥ स्तनद्वयंचातिकृशोदरीसमंनिरंतरंचंदनकुंकुमोक्षितं॥ ततस्ततोनूपुरवल्गुसिंजितैर्विसर्पतीहेमलतेवसाबभौ॥१८॥ विलोकयंतीनिरवद्यमात्मनःपदंध्रुवंचाव्यभिचारिसद्गुणं॥गंधर्वयक्षासुरसिद्धचारणत्रैविष्टपेयादिषुनान्वविंदत॥१९॥ नूनंतपोयस्यनमन्युनिर्जयोज्ञानंक्वचित्तच्चनसंगवर्जितं कश्चिन्महांस्तस्यनकामनिर्जयःसईश्वरःकिंपरतोव्यपाश्रयः॥२०॥धर्मःक्वचित्तत्रनभूतसौहृदंत्यागःक्वचित्तत्रनमुक्तिकारणं॥ वीर्यंनपुंसोऽस्त्यजवेगनिष्कृतंनहिद्वितीयोगुणसंगवर्जितः॥२१॥ क्वचिच्चिरायुर्नहिशीलमंगलंक्वचित्तदप्यस्तिनवेद्यमायुषः॥ यत्रोभयंकुत्रचसोऽप्यमंगलःसुमंगलःकश्चनकांक्षतेहिमाम्॥२२॥ एवंविमृश्याव्यभिचारिसद्गुणैर्वरंनिजैकाश्रयतयागुणाश्रयं॥वव्रेवरंसर्वगुणैरपेक्षितंरमामुकुंदंनिरपेक्षमीप्सितं॥२३॥ तस्यांसदेशउशतींनवकंजमालांमाद्यन्मधुव्रतवरूथगिरोपघुष्टां॥तस्थौनिधायनिकटेतदुरःस्वधामसव्रीडहासविकस

પ્રકારનાં ઘરેણાં આપ્યાં; સરસ્વતિએ, હાર આપ્યો; બ્રહ્માએ, કમળ આપ્યું; અને નાગલોકોએ કુંડળ આપ્યાં. ॥૧૬॥ પછી સ્વસ્તિ વાચન થયેલાં- કપાળ અને કુંડળોથી શોભતા મુખવાળાં-અને હાથમાં ગુંજારવ કરતા ભમરાઓવાળી માળા લીધેલાં-એ લક્ષ્મીજી લાજ સહિત હસતે મોઢે, ત્યાંથી ચાલ્યાં. ॥૧૭॥ એ રીતે બહુ પાતળા પેટવાળાં-અંતર વિનાના બેઉ સ્તન, ચંદન અને કેશરથી લિંપેલાં-અને ઝાંઝરના ઝણકાર સહિત ચારેકોર ફરતાં; લક્ષ્મીજી; સોનાની વેલની માફક શોભવા લાગ્યાં. ॥૧૮॥ પછી પોતાને રહેવાને માટે, દોષ રહિત-અવિચળ-અને ખામી વિનાના સદ્ગુણોવાળું સ્થાન, ખોળતાં; તેમને ગંધર્વો-યક્ષો-અસુરો-સિદ્ધો-ચારણો-અને દેવતાઓ વિગેરેમાં; કોઈ પણ જણાયું નહીં ॥૧૯॥ દુર્વાસા આદિમાં તપ હતું, પણ ક્રોધનો જય નહોતો; બૃહસ્પતિ વગેરેમાં જ્ઞાન હતું, તેમણે સંગને તજ્યો નહોતો; કોઈ એક બ્રહ્મા વિગેરે મહાત્મા હતા, તેમણે કામને જીત્યો નહોતો; અને કોઈ ઇંદ્ર સરખા સમર્થ હતા, છતાં તેઓ બીજાનો આશ્રય લેનારા

હતા. ॥૨૦॥ કોઈ કોઈ પરશુરામ આદિમાં ધર્મ હતો, ત્યાં પ્રાણીઓને વિશે, સુહૃદપણું નહોતું; કોઈ શિબિરાજા વિગેરે દાન આપનારા હતા; પણ તે દાન મુક્તિના હેતુરૂપ નહોતું; કોઈ સહસ્રાર્જુન સરખા પરાક્રમી હતા, પણ તે કાળના વેગથી નાશ પામનારા હતા; અને કોઈ સનકાદિક વિગેરે સંગને તજનાર હતા તે ગુણદ્રશ્ય.સમી થવાની ઇચ્છા કરતા નહોતા. ॥૨૧॥ કોઈ માર્કંડેય વિગેરે લાંબા આયુષ્ય વાળા હતા, તેઓ મંગળ આચરણ વાળા નહતા; અને કોઈ હિરણ્યકશિપુ સરખામાં મંગળ આચરણ હતાં, તો તેમનું આયુષ્ય સ્થિર નહોતું; તથા કોઈ સદાશિવ વિગેરેમાં, એ બેઉ વાનાં હતાં, પણ તેમનું આચરણ લોકમાં અમંગળ કહેવાતું હતું; અને વિષ્ણુ ભગવાનજ સુમંગળ એટલે સર્વ પ્રકારે દોષ રહિત હતા. ॥૨૨॥ એ રીતે વિચાર કરીને; સદ્ગુણોમાં ફેરફાર નહીં થનારા-બીજાના આશ્રયની જરૂર વિનાના-સર્વ ગુણોના આશ્રયરૂપ-અને સર્વ ગુણોવડે, ઇચ્છવા યોગ્ય, છતાં પોતાને નહીં ઇચ્છનારા; મુકુંદ ભગવાનનેજ; લક્ષ્મીજી ઇચ્છાવર

વરસ્યાં. ॥૨૩॥ પછી મદોન્મત્ત ભમરાઓએ ગણગણાટ કરાતી, નવાં કમળોની સુંદર માળા, ભગવાનના ગળામાં પહેરાવીને; પોતાને રહેવાની ઇચ્છા વાળા, ભગવાનના વક્ષ સ્થળની સામે જોતાં; અને લાજ સહિત હસવા વડે, શોભતાં; લક્ષ્મીજી ભગવાનની પાસે જઇ ઉભાં રહ્યાં. ॥૨૪॥ પછી ત્રણે લોકની શોભાના સ્થાનરૂપ ભગવાને; એ જગત જનેતાને, પોતાના વક્ષ સ્થળમાં રાખવાથી; તે ત્યાંજ અવિચળ થઇને રહ્યાં; તથા તેમણે લોક પાળો સહિત ત્રણે લોક તરફ, દયા ભરેલી નજરથી જોઇને; તેમનો પણ ભાગ્યોદય કર્યો. ॥૨૫॥ ત્યારે દેવતાઓના અનુચરો અને તેમની સ્ત્રીઓના ગાવા અને નાચવાથી; તથા શંખ —તુરી—અને મૃદંગ વિગેરે વાજીંત્રો વાગવાથી; ત્યાં જુદા જુદા પ્રકારના અવાજ થવા લાગ્યા. ॥૨૬॥ તથા બ્રહ્મા-રૂદ્ર—અને અંગિરા આદિ સર્વ પ્રજાપતિઓએ, પુષ્પનો વરસાદ કરીને; વેદમંત્રો વડે, ભગવાનની સ્તુતિ કરી. ॥૨૭॥

અને લક્ષ્મીજીની નજર થવાથી; સારાં શીળ વિગેરે ગુણોથી સંપન્ન થયેલા દેવતાઓ—પ્રજાપતિઓ—અને પ્રજાઓ; પરમ સુખી થયાં. ॥૨૮॥ પણ હે રાજન, લાજ વગરના વિષયાસક્ત દૈત્યો, અને દાનવો તો, લક્ષ્મીજીએ ઉપેક્ષા કરવાથી; સત્વ વિનાના, અને ઉદ્યમ રહિત, થઇ ગયા. ॥૨૯॥ તે પછી વારૂણી એટલે મદિરા નામની દિવ્ય અને કમળ જેવી આંખ્યો વાળી; એક કન્યા ઉત્પન્ન થઇ: તેને ભગવાનની સંમતિથી, એ અસુરોએ લીધી. ॥૩૦॥ ત્યારપછી એ કશ્યપના દીકરાઓએ, સમુદ્ર મંથન કરતાં; એક પરમ અદભુત પુરૂષ, તેમાંથી ઉત્પન્ન થયો. ॥૩૧॥ તે; લાંબા અને પુષ્ટ હાથવાળો—શંખજેવું ગળું, રાતાં નેત્ર, શ્યામવર્ણું, જુવાન અવસ્થા, અને માળા, આભુષણો, તથા પીળાં વસ્ત્ર પેહેરેલો—મોટીછાતીવાળો—સ્વચ્છ કુંડળોવાળો—રૂપાળો—સિંહનાજેવીચાલવાળો—અને સ્નિગ્ધ તથા વાંકા વાળના છેડાવાળો હતો. ॥૩૨-૩૩॥ એ, ધન્વંતરી

ञ्चपनेनयाता ॥२४॥ तस्याःश्रियस्त्रिजगतोजनन्यावक्षोनिवासमकरोत्परमंविभूतेः॥ श्रीःस्वाःप्रजाःसकरुणेननिरीक्षणेनयत्रस्थितैधयत साधिपतींस्त्रिलोकान् ॥२५॥ शंखतूर्यमृदंगानांवादित्राणांपृथुःस्वनः देवानुगानांसस्त्रीणांनृत्यतांगायतामभूत्॥२६॥ ब्रह्मरुद्रांगिरोमुख्याः सर्वेविश्वसृजोविभुं ॥ ईडिरेऽवितथैर्मंत्रैस्तल्लिंगैःपुष्पवर्षिणः ॥२७॥ श्रियावलोकितादेवाःसप्रजापतयःप्रजाः ॥ शीलादिगुणसंपन्नालेभिरेनिर्वृतिंपरां॥२८॥ निःसत्वालोलुपाराजन्निरुद्योगागतत्रपाः॥यदाचोपेक्षितालक्ष्म्याबभूवुर्दैत्यदानवाः ॥२९॥ अथासीद्वारुणीदेवीकन्याकमललोचना॥ असुराजगृहुस्तांवैहरेरनुमतेनते ॥३०॥ अथोदधेर्मथ्यमानात्काश्यपैरमृतार्थिभिः॥ उदतिष्ठन्महाराजपुरुषःपरमाद्भुतः ३१ दीर्घपीवरदोर्दंडःकंबुग्रीवोरुणेक्षणः॥ श्यामलस्तरुणःस्रग्वीसर्वाभरणभूषितः॥३२॥ पीतवासामहोरस्कःसुमृष्टमणिकुंडलः॥स्निग्धकुंचितकेशांतःसुभगःसिंहविक्रमः ॥३३॥ अमृतापूर्णकलशंबिभ्रद्वलयभूषितः॥ सवैभगवतःसाक्षाद्विष्णोरंशांशसंभवः ॥३४॥ धन्वंतरिरितिख्यात आयुर्वेददृगिज्यभाक्॥ तमालोक्यासुराःसर्वेकलशंचामृताभृतं॥३५॥लिप्संतःसर्ववस्तूनिकलशंतरसाऽहरन् ॥ नीयमानेऽसुरैस्तस्मिन्कलशेऽमृतभाजने॥३६॥विषण्णमनसोदेवाहरिंशरणमाययुः॥इतितद्दैन्यमालोक्यभगवान्भृत्यकामकृत् ॥ माखिद्यतमिथोऽर्थंवःसाधयिष्येस्वमायया॥३७॥ मिथःकलिरभूत्तेषांतदर्थेतर्पचेतसां॥ अहंपूर्वमहंपूर्वंनत्वंनत्वमितिप्रभो॥३८॥ देवाःस्वंभागमर्हंतियेतुल्यायासहेतवः॥ सत्रयागइवैतस्मिन्नेषधर्मःसनातनः॥३९॥ इतिस्वान्प्रत्यषेधन्वैदैतेयाजातमत्सराः॥ दुर्बलाःप्रबलान्राजन्गृहीतकलशान्मुहुः॥४०॥ एतस्मिन्नंतरेविष्णुःसर्वोपायविदीश्वरः॥योषिद्रूपमनिर्देश्यंदधारपरमाद्भुतं॥४१॥प्रेक्षणीयोत्पलश्यामंसर्वावयवसुंदरं ॥ समानकर्णाभरणंसुकपोलोन्नसाननं॥४२॥ नवयौवननिर्वृत्तस्तनभारकृशोदरं॥मुखामोदानुरक्तालिझंकारोद्विग्नलोचनं॥४३॥ बिभ्रत्स्वकेशभारेणमालामुत्फुल्लमल्लिकां॥ सुग्रीवकंठाभरणंसुभुजांगदभूषितं ॥४४॥ विरजांबरसंवीतनितंबद्वीपशोभया॥कांच्याप्रविलसद्वल्गुचलच्चरणनूपुरं॥४५॥ सव्रीडस्मितविक्षिप्तभ्रूविलासावलोकनैः॥दैत्ययूथपचेतस्सुकाममुद्दीपयन्मुहुः ॥४६॥ इ०भा०म०अ०अष्टमोऽध्यायः ॥८॥श्रीशुक०तेऽन्योन्यतोऽसुराः

નામથી પ્રખ્યાત—સાક્ષાત વિષ્નુના અંશવડે ઉત્પન્ન થયેલો—વૈધક શાસ્ત્રનો કર્તા—અને યજ્ઞમાં ભાગ પામનારા પુરૂષને; કંકણ પેહેરેલા હાથમાં, અમૃતથી ભરેલો કળશ લેઇને; નીકળેલો જોઇ; સર્વ વસ્તુને લેઇ લેવાની ઇચ્છાવાળા, અસુરોએ તેના હાથમાંનો કળસ, ઉતાવળોજ લઇ લીધો; અને અમૃત ભરેલો કળશ, અસુરોએ લેઇ લેવાથી; ખેદ પામેલા દેવતાઓ, હરિ ભગવાનને શરણે ગયા; ત્યારે તેમની એ રીતની દીનતા જોઇને દાસ જનોના મનોર્થને પૂરનારા ભગવાને તેમને કહ્યું કે, ખેદ કરશો નહીં; કજીઓ કરાવીને હું મારી માયા વડે; તમારૂં કામકરી આપીશ. ॥૩૪-૩૫-૩૬-૩૭॥ પછી અમૃતની તૃષ્ણાવાળા તે દૈત્યો, હું પેહેલો પીઇશ, તું નહીં; તું નહીં: ” એમ બોલીને માંહો માંહેજ, કજીઓ કરવા લાગ્યા. ॥૩૮॥ અને કળશ લઇ લેનારા પ્રબળ દૈત્યોને, બીજા નિરબળ દૈત્યો અટકાવીને; કહેવા લાગ્યા કે; પંત્યાળાના યજ્ઞની પેઠે, આ કામમાં સરખીજ મેહેનત કરનારા, દેવતાઓ પણ; ભાગ મેળવવાને, યોગ્ય છે; અને સર્વને સરખો ભાગ

મળવો, એજ સનાતન ધર્મ છે. ॥૩૯-૪૦॥ એટલી વારમાં; સર્વ ઉપાયોને જાણનારા ઇશ્વર, વિષ્નુ ભગવાને: જેનું વર્ણન થઇ શકે નહીં. એવું, સ્ત્રીનું રૂપ ધરી લીધું. ॥૪૧॥ તેના સર્વ અવયવો સુંદર—જોવા લાયક—ઉત્પલ સરખો શ્યામ રંગ—સુંદર કપાળ—ઉપડતું નાક— અને કાનનાં કુંડળો સમાન હતાં. ॥૪૨॥ નવી જુવાની અને સ્તનના ભારથી, પેટ સંકોચાયલું હતું; તથા મુખનો સુવાસ લેવાને, ભમતા, ભમરાઓથી આંખ્યો ફરકતી હતી. ॥૪૩॥ મલ્લિકાનાં ઉઘડેલાં ફૂલની માળાઓ, ચોટલામાં ગુંથેલી હતી; સુંદર ગળામાં સારાં ઘરેણાં પેહેરયાં હતાં, અને સુંદર ભુજાઓમાં બાજુબંધ હતા. ॥૪૪॥ સુંદર અને સ્વચ્છ વસ્ત્ર પેહેરેલી કમર ઉપર, સોનાનો કંદોરો બહુ શોભતો હતો; અને ઝાંઝર પેહેરેલા પગવડે, તે ઘણી ઉત્તમ રીતે ચાલતી હતી. ॥૪૫॥ તેથી તેના લાજ સહિત હસવા—જોવા અને ભમરો હલાવવાથી; દૈત્યોના અધિપતિઓના મનમાં, વારંવાર કામ ઉત્પન્ન થતો હતો. ॥૪૬॥ ઇતિ० શ્રીમદ ભાગવતે આઠમા સ્કંધનો આઠમો અધ્યાય સંપૂર્ણ ॥૮॥

અધ્યાય ૯ મો.–શ્રીશુક–પછી સ્નેહ તજીને એક બીજાને ગાળો દેતા, અને એક બીજા પાસેથી અમૃતનો કળશ પડાવી લેતા; ચોર જેવા ધર્મવાળા તે અસુરોએ, એ સ્ત્રીને આવતી જોઈ. ॥૧॥ તેથી કામ ક્ષોભ થવાથી; "અરે આ કેવું રૂપ–કેવીકાંતિ–અને આની કેવી જુવાની છે;" એમ બોલતા તેઓ, તેની પાસે દોડી ગયા; અને પૂછવા લાગ્યા કે. ॥૨॥ "તું ઉઘડેલાં કમળ સરખી આંખોવાળી, કોણ છે; ક્યાંથી આવી છે; અને શું કરવા ધારે છે; હે સુંદરી અમારાં મનને મથી નાંખનારી તું કોની છે. ॥૩॥ દેવ–દૈત્યો સિદ્ધો–ગંધર્વો–અને ચારણોએ, તથા તેમના અધિપતિઓએ પણ, આગળ તને જોયેલાનું, અમે જાણતા નથી; તો મનુષ્યોએ તો, તને ક્યાંથીજ દીઠી હોય. ॥૪॥ હે સુંદર ભમરો વાળી, પ્રાણીઓનાં સર્વે ઇંદ્રિયો અને મનને પ્રીતિ ઉપજાવવા માટે, દયાળુ વિધાતાએજ; તને અહીંયાં મોકલી છે કે શું ॥૫॥ હે માન પામેલી; એકજ વસ્તુની ઇચ્છા કરનારા, અને એક બીજાના વૈરી થયેલા, ભાઈ ભાઈ વચ્ચેનું સમાધાન; તું સુંદર મધ્યભાગ વાળી, કરી આપ. ॥૬॥ અમે કશ્યપના પુત્રો બધાએજ પુરુષાર્થ કરેલો છે; માટે તેમનામાં જે રીતે ટંટો ન થાય, તેમ ન્યાય પ્રમાણે, વિભાગ તું કરી દે. ॥૭॥ દૈત્યોએ એ રીતે કહ્યું, ત્યારે માયા વડે સ્ત્રીનું રૂપ ધરેલા હરિ ભગવાને; અણિયાળી આંખ્યથી નિહાળીને, તથા હસીને; આ રીતે કહ્યું કે. ॥૮॥ શ્રી ભગવાન–હે કશ્યપના પુત્રો, છીનાળ સ્ત્રીઓનો, તમે શામાટે વિશ્વાસ કરો છો; પંડિત પુરુષો તો, કામિનીઓનો વિશ્વાસ કરતાજ નથી. ॥૯॥ હે દૈત્યો, કુતરાં અને સ્વેચ્છાચારી સ્ત્રીઓ તો, નવા નવાનેજ શોધનાર છે; માટે તેમની મિત્રતા અનિત્ય, એટલે થોડીવારમાંજ નાશ થનારી, કહેવાય છે. ॥૧૦॥ શ્રીશુક–તેનાં આ રીતનાં મશ્કરીનાં વચનોથી, દૈત્યોના મનમાં વિશ્વાસ આવ્યો; તેથી તેઓએ ગંભીર ભાવથી હસીને તેને, અમૃતનો કળશ આપ્યો. ॥૧૧॥ પછી તે અમૃતનો કળશ હાથમાં લઈને; હસતે મોઢે જોઈ, ભગવાન સુંદર વાણી બોલ્યા કે; "મારાથકી કંઈ સારું અગર નઠારું થાય; તે તમે કબૂલ રાખો તોજ

पात्रंहरंतस्त्यक्तसौहृदाः॥क्षिपंतोदस्युधर्माण आयांतींददृशुःस्त्रियं॥१॥अहोरूपमहोधामअहोअस्यानवंवयः ॥ इतितेतामभिद्रुत्यपप्रच्छुर्जा
तहृच्छयाः॥२॥ कात्वंकंजपलाशाक्षिकुतोवाकिंचिकीर्षसि॥कस्यासिवदवामोरुमथ्नंतीवमनांसिनः॥३॥ नवयंत्वाऽमरैर्दैत्यैःसिद्धगंधर्वचार
णैः॥नास्पृष्टपूर्वांजानीमोलोकेशैश्चकुतोनृभिः॥४॥नूनंत्वंविधिनासुभ्रूःप्रेषिताऽसिशरीरिणां॥सर्वेंद्रियमनःप्रीतिंविधातुंसघृणेनकिं॥५॥ सा
त्वंनःस्पर्धमानानामेकवस्तुनिमानिनि॥ ज्ञातीनांबद्धवैराणांशंविधत्स्वसुमध्यमे ॥६॥ वयंकश्यपदायादाभ्रातरःकृतपौरुषाः॥बिभजस्वयथा
न्यायंनैवभेदोयथाभवेत् ॥७॥ इत्युपामंत्रितोदैत्यैर्मायायोषिद्वपुर्हरिः॥प्रहस्यरुचिरापांगैर्निरीक्षन्निदमब्रवीत्॥८॥ श्रीभग०कथंकश्यपदाया
दाःपुंश्चल्यांमयिसंगताः॥विश्वासंपंडितोजातुकामिनीषुनयातिहि॥९॥सालावृकाणांस्त्रीणांचस्वैरिणीनांसुरद्विषः ॥ सख्यान्याहुरनित्यानिनू
त्नंनूत्नंविचिन्वतां॥१०॥श्रीशुक०इतितेक्ष्वेलितैस्तस्या आश्वस्तमनसोऽसुराः॥जहसुर्भावगंभीरंददुश्चामृतभाजनं॥११॥ततोगृहीत्वाऽमृ
तभाजनंहरिर्बभाषईषत्स्मितशोभयागिरा ॥ यद्यप्युपेतंक्वचसाध्वसाधुवाकृतंमयावोविभजेसुधामिमां॥१२॥इत्यभिव्याहृतंतस्या आकर्ण्या
सुरपुंगवाः॥ अप्रमाणविदस्तस्यास्तत्तथेत्यन्वमंसत॥१३॥ अथोपोष्यकृतस्नानाहुत्वाचहविषाऽनलं ॥ दत्वागोविप्रभूतेभ्यःकृतस्वस्त्ययना
द्विजैः॥१४॥ यथोपजोषंवासांसिपरिधायाहतानिते॥ कुशेषुप्राविशन्सर्वेप्रागग्रेष्वभिभूषिताः ॥१५॥ प्राङ्मुखेषूपविष्टेषुसुरेषुदितिजेषुच॥ धू
पामोदितशालायांजुष्टायांमाल्यदीपकैः ॥१६॥ तस्यांनरेंद्रकरभोरुरुशद्दुकूलश्रोणीतटालसगतिर्मदविव्हलाक्षी ॥ साकूजतीकनकनूपुरसिं
जितेनकुंभस्तनीकलशपाणिरथाविवेश॥१७॥ तांश्रीसखींकनककुंडलचारुकर्णनासाकपोलवदनांपरदेवताख्यांसंवीक्ष्यसंमुमुहुरुत्स्मितवी
क्षणेनदेवासुराविगलितस्तनपट्टिकांतां॥१८॥ असुराणांसुधादानंसर्पाणामिवदुर्नयं ॥ मत्वाजातिनृशंसानांनतांव्यभजदच्युतः॥१९॥कल्प
यित्वापृथक्पंक्तीरुभयेषांजगत्पतिः ॥ तांश्चोपवेशयामासस्वेषुस्वेषुचपंक्तिषु ॥२०॥ दैत्यान्गृहीतकलशोवंचयन्नुपसंचरैः॥दूरस्थान्पाययामा

હું આ અમૃત વેહેંચી આપું." ॥૧૨॥ તેનું એ રીતનું બોલવું સાંભળી, તેના પ્રમાણને નહીં જાણનારા દૈત્યોના અધિપતિઓએ; તે મુજબ કરવાની પણ, હા કહી. ॥૧૩॥ પછી તેઓ સર્વે જણાએ, ઉપવાસ કરી–નાહી–તથા હવિષ્ય પદાર્થનો અગ્નિમાં હોમ કરી; ગાયો, બ્રાહ્મણો, અને બીજાં પ્રાણીને, દાન આપી, બ્રાહ્મણો પાસે સ્વસ્તિ વાચન કરાવ્યાં: અને પછી પોત પોતાની ઇચ્છા પ્રમાણે, શુદ્ધ વસ્ત્રો અને ઘરેણાં પહેરી લઈને; ઉગમણી કોર આણી રાખેલા, દર્ભના આસનો ઉપર: બેસી ગયા. ॥૧૪–૧૫॥ એ રીતે જ્યાં એ દેવ અને દૈત્યો, ઉગમણાં મુખ રાખીને બેઠા હતા; ત્યાંજ ફુલની માળાઓ–દીવા–ધૂપ–તથા સુગંધી વડે શણગારેલી ભૂમિ ઉપર; તે સ્ત્રી આવી. ॥૧૬॥ ત્યારે તે હાથેણીની કિનારી જેવા, ગોળ સાથળો વાળી–રેશમી વસ્ત્ર પેહેરીને કમરના ભારથી ધીમી ચાલે ચાલતી–મદથી વિહ્વળ થયેલી આંખ્યો અને સોનાનાં ઝમકતાં ઝાંઝરો વાળી–સોનાનાં કુંડળો પહેરી હાથમાં કળશ લીધેલી–લક્ષ્મીજી જેવી રૂપાળી–અને કાન, નાક, ગાલ, તથા મુખવડે ઘણીજ શોભતી, એ ભગવાન રૂપ સ્ત્રીના, હસવાની સાથે જોવાથી; અને તેના ઘડા સરખા સ્તનો ઉપરનો લુગડાનો છેડો, વારંવાર ખસી જતો દેખવાથી; એ દેવતાઓ અને દૈત્યો મોહપામી ગયા. ॥૧૬–૧૭–૧૮॥ પછી એ અચ્યુત ભગવાને વિચાર કર્યો કે; "જાતિ થકીજ ક્રૂર એવા અસુરોને અમૃત આપવું: તે સાપને દૂધ પાવાના સરખું. અને ન્યાયથી વિરૂદ્ધ છે; માટે તેમને, અમૃત પાવું નહીં જોઇએ." ॥૧૯॥ તેથી જગતપતિ ભગવાને, દેવ અને દૈત્યોની જૂદી જૂદી પંગતો કરીને: તેઓને પોત પોતાની પંગતમાં, બેસાડ્યા. ॥૨૦॥ અને દૈત્યોને ઠગીને, લેઇ લીધેલા કળશમાંનું; જરા અને મરણને મટાડનારૂં અમૃત; તેમણે દૂર બેઠેલા, દેવતાઓની પાસે ચાલી જઈને; તેઓને પાયું. ॥૨૧॥ ત્યારે હે રાજન, સ્ત્રીની સાથે સ્નેહ કર્યા પછી, વિવાદ કરવો; એ નિંદા થવા લાયક જાણીને, પોતાનું બોલ્યું પાળવા માટે; અસુરો છાનામાના બેસી રહ્યા. ॥૨૨॥ અને તે સ્ત્રીની સાથે, અતિ સ્નેહ કરનારા–સ્નેહ તુટીજવાની બીહીકથી કંગાલ બનેલા–અને તેણીએ ઘણું માન આપીને બાંધી લીધેલા: તેઓ કાંઈ અપ્રિય વચન પણ, બોલી શક્યા નહીં. ॥૨૩॥ તે વખતે દેવતાઓના સરખો થઈને, દેવતાઓની પંગતમાં બેસીને, રાહુ અમૃત પીતો હતો: તેની સૂચના, સૂ-

चं अने चंद्रे आपी. ॥२४॥ तेथी हरि भगवाने, असतरा सरखी धारवाळा पोताना चक्रवडे; तेनुं माथुं अमृत पीतां पीतांमांज कापी नांख्युं; एटले पेटमां अमृत पहोंचता पेहेलांज, तेनुं धड पडी गयुं. ॥२५॥ पछी अमर थयेला एना माथाने, ब्रह्माए ग्रह करेल छे; तेथी वैर बुद्धिथी ए राहु, अमांस अने पुनेमने दिवसे; सूर्य अने चंद्रनी सामे दोडे छे. ॥२६॥ एम देवताओने अमृत पाया पछी, जगतनुं पालन करनारा देव भगवाने; दैत्योना अधिपतिओना देखतांज, पोतानुं स्वरूप धारण करी लीधुं. ॥२७॥ आ रीते देवो अने दैत्योने: आ स्थळे; देश–काळ–हेतु–अर्थ–कर्म–अने मति, ए सघळां वांना, सरखां होवा छतां; फळ मळवामां, तफावत थयो; एटले भगवानना चरण कमळनी रजना आश्रय वाळा देवताओने, सेहेजमांज अमृत मळ्युं; ने दैत्योने न मळ्युं. ॥२८॥ ए प्रकारेज भेद दर्ष्टीथी (एटले पोताने अने बीजाओने, भगवान थकी जूदा जाणीने;) पोताना देहने माटे, तथा पुत्रादिकने माटे; मन–वचन–कर्म–अने धन विगेरे, जे कांइ करवामां, अने वापरवामां आवे छे; ते सर्व असत् एटले मिथ्या थइ जायछे; तथा अभेद बुद्धिथी, एटले सर्वने भगवान स्वरूप जाणीने, एज देह अगर पुत्रादिकने माटे करेलुं सर्व; झाडना मूळमां सिंचन करेलुं, झाडनां सर्वे अंगोने पहोंचवानी पेठे; भगवाननेज अर्पण थइने, ते सघळुं सत् (एटले मोक्षने अर्थे, अथवा भगवत रूप,) थइ जायछे. ॥२९॥ इतिश्री० भा० आठमा स्कं० नवमो अ० सं० ॥९॥

अध्याय १० मो. श्रीशुक– आ प्रमाणे सावधानपणे, कर्म करावामां भेगा होवा छता; वासुदेव भगवान थकी विमुख, दैत्योने अने दानवोने; फळ मळ्युं नहीं. ॥१॥ अने गरुड वाहन भगवान, आ रीते अमृत पेदा करीने; तथा पोताना देवताओने पाइने; सर्व प्राणीओना देखतांज, त्यांथी पधारी गया. ॥२॥

सजरामृत्युहरांसुधां॥२१॥तेपालयंतःसमयमसुराःस्वकृतंनृप॥तूष्णीमासन्कृतस्नेहाःस्त्रीविवादजुगुप्सया॥२२॥ तस्यांकृतातिप्रणयाःप्रणयापाय[illegible]तराः॥बहुमानेनचाबद्धानोचुःकिंचनविप्रियं॥२३॥देवलिंगप्रतिच्छन्नःस्वर्भानुर्देवसंसदि॥प्रविष्टःसोममपिबच्चंद्रार्काभ्यांचसूचितः ॥२४॥ चक्रेणक्षुरधारेणजहारपिबतःशिरः॥ हरिस्तस्यकबंधस्तुसुधयाऽप्लावितोऽपतत् ॥२५॥ शिरस्त्वमरतांनीतमजोग्रहमचीक्लृपत्॥ यस्तुपर्वणिचंद्रार्कावभिधावतिवैरधीः ॥२६॥ पीतप्रायेऽमृतेदेवैर्भगवान्लोकभावनः॥पश्यतामसुरेंद्राणांस्वरूपंजगृहेहरिः ॥२७॥ एवंसुरासुरगणाःसमदेशकालहेत्वर्थकर्ममतयोऽपिफलेविकल्पाः॥तत्रामृतंसुरगणाःफलमंजसापुर्यत्पादपंकजरजःश्रयणान्नदैत्याः॥२८ यद्युज्यतेऽसुवसुकर्ममनोवचोभिर्देहात्मजादिषुनृभिस्तदसत्पृथक्त्वात्॥तैरेवसद्भवतियत्क्रियतेऽपृथक्त्वात्सर्वस्यतद्भवतिमूलनिषेचनंयत् ॥२९॥ इतिश्रीभागवतेमहापुराणेअष्टमस्कंधेअमृतमथनेनवमोध्यायः ॥९॥

श्रीशुक०इतिदा[illegible]विंदन्नमृतंनृप॥ युक्ताःकर्मणियत्ताश्चवासुदेवपराङ्मुखाः॥१॥ साधयित्वा[illegible]मृतंराजन्पाययित्वास्वकान्सुरान् ॥ पश्यतांसर्वभूता[illegible]हनः ॥२॥ सपत्नानांपरामृद्धिंदृष्ट्वातेदितिनंदनाः ॥अमृष्यमाणाउत्पेतुर्देवान्प्रत्युद्यतायुधाः ॥३॥ ततःसुरगणाःसर्वेसुधयापीतयैधिताः॥ प्रतिसंयुयुधुःशस्त्रैर्नारायणपदाश्रयाः ॥४॥ तत्रदैवासुरोनामरणःपरमदारुणः॥ रोधस्युदन्वतोराजंस्तुमुलोरोमहर्षणः॥५॥तत्रान्योन्यंसपत्नास्तेसंरब्धमनसोरणे॥समासाद्यासिभिर्बाणैर्निजघ्नुर्विविधायुधैः॥६ शंखतूर्यमृदंगानांभेरीडमरिणांमहान्॥ हस्त्यश्वरथपत्तीनांनदतांनिःस्वनोऽभवत् ॥७॥ रथिनोरथिभिस्तत्रपत्तिभिःसहपत्तयः॥ हयाहयैरिभाश्चेभैःसमस[illegible]तसंयुगे॥८॥उष्ट्रैःकेचिदिभैःकेचिदपरेयुयुधुःखरैः॥ केचिद्गौरमृगैरृक्षैर्द्वीपिभिर्हरिभिर्भटाः॥९॥ गृध्रैःकंकैर्बकैरन्येश्येनभासैस्तिमिंगिलैः॥ शरभैर्महिषैःखड्गैर्गोवृषैर्गवयारुणैः॥१०॥ शिवाभिराखुभिःकेचित्कृकलासैःशशैर्नरैः॥ बस्तैरेकेकृष्णसारैर्हंसैरन्येचसूकरैः॥११॥ अन्येजलस्थलखगैःसत्वैर्विकृतविग्रहैः॥ सेनयोरुभयोराजन्विविशुस्तेऽग्रतोऽग्रतः ॥१२॥ चित्रध्वजपटैराजन्नातपत्रैःसितामलैः॥ महाधनैर्वज्रदंडैर्व्यजनैर्बार्हचामरैः॥१३

त्यारे दुश्मनोनी मोटी रिद्धि देखीने, ते नसहन थइ शकवाथी, दैत्यो हथिआरो उपाडीने, देवोना उपर तूटी पड्या. ॥३॥ एटले अमृत पीवाथी वृद्धि पामेला, अने नारायण भगवानना चरणना आश्रयवाळा; सर्व देवोए पण, शस्त्रो लेइने; सामुं युद्ध करयुं. ॥४॥ हे राजा, ते काळे समुद्रना कांठा उपर "देव अने असुरोनो संग्राम" ए नामनुं रुंवाडां उभां थाय एवुं; तुमुल अने परम दारुण युद्ध थयुं. ॥५॥ त्यां युद्धमां शत्रुओ एक बीजाने भेटीने क्रोधवाळा मनथी; तरवार–बाण–अने बीजां अनेक आयुधो वडे, मारता हता. ॥६॥ अने शंख–तुरी–भेरी–तथा डमरी विगेरेना, अने मोटा हाथी–घोडा–रथ–तथा प्यादाओनी गरजनाओना; मोटा शब्दो थता हता ॥७॥ तथा रथीओनी साथे रथीओ–अने प्यादाओनी साथे प्यादाओ विगेरे; सामसामे आवीने, युद्ध करता हता. ॥८॥ तेओमांनो कोइ हाथी उपर–कोइ उंटउपर–कोइ गधेडा उपर–कोइ गोरमृग उपर–अने केटलाक योद्धाओ तो रिंछ–दिपडा –अने सिंह उपर बेसीने युद्ध करता हता. ॥९॥ वळी केटलाक, गरजो–कंक–बगला–बाज–भास–तिमिंगल–शरभ–पाडा–गेंडा–बळद–रोझ–हरण–शियाळ–उंदर–काकिडा–ससला–अने माणसोना उपर बेसीने; तथा बीजाओ बकरा–काळियार–हंस–सुवर अने बीजां जळ तथा स्थळनां पक्षीओ आदि प्राणीओ उपर बेसीने; बेउ सेनावाळाओ; एक बीजाना आगला भागोमां पेसी जइने लडाइ करता हता. ॥१०॥११–१२॥ हे राजा विचित्र धजाओ–धोळां स्वच्छ छत्रो–मोटी किंमतना हिरानी दांडीवाळा चामर अने विंजणाओ–पवनथी उडतां अंगरखाओ अने पाघडीओ– चळकतां बखतरो अने घरेणांओ– तथा सूर्यना किरणो वडे झगझगारा मारतां स्वच्छ शस्त्रो थकी; ए देव अने दानवोना शूरवीरो वाळी सेनाओ जळ जंतुओना समुदाय थकी शोभता समुद्रनी पेठे; शोभती हती. ॥१३–१४–१५॥ ते वखते दैत्योनी सघळी सेनानो स्वामी विरोचननो पुत्र बलीराजा; ए युद्धमां, इच्छित स्थळे पहोंचाडनारा–युद्धनां सर्व साधनोथी भरेल–सर्व आश्चर्योवाळा–तथा जेनुं वर्णन थइ शके नही एवा; जरावारमां देखाता–अने वळी न देखाता–मय दानवे बनावी आपेला

વિહાયસ નામના વિમાનમાં બેઠો હતો. ॥ ૧૬-૧૭॥ અને સેનાના આગલના ભાગમાં સર્વે સેનાપતિઓથી વિંટાયેલો તે છત્ર અને ચામર ઢળાવી સાથે, ઉત્તમ વિમાનમાં બેઠેલો, ઉગતા ચંદ્રમાની પેઠે શોભતો હતો. ॥૧૮॥ તથા નમુચિ-શંબર-બાણ-વિપ્રચિત્તિ-અયોમુખ-દ્વિમુર્ધા-કાળનાભ-પ્રહેતિ-હેતિ-ઇલ્વલ-શકુની-ભુતસંતાપન-વજ્રદંષ્ટ્ર-વિરોચન-હયગ્રીવ-શંકુશિરા-કપિલ-મેઘદુંદુભિ- તારક-ચક્રદૃક-શુંભ-નિશુંભ-જંભ-ઉત્કળ-અરિષ્ટ-અરિષ્ટનેમિ-ત્રપુરનો સ્વામીમય-તથા બીજા પૈલોમ-કાલેય-અને નિવાત કવચ વગેરે; અસુરોના સેનાપતિઓ; તેની આજુબાજુ સર્વ દિશાએ, હતા. ॥૧૯-૨૦-૨૧-૨૨॥ એ રીતના; દેવતાઓને ઘણીવાર યુધમાં હરાવનાર સર્વે, અમૃતનો ભાગ ન પામવાથી; કેવળ કલેશને પામનારાજ થયા હતા. ॥ ૨૩ ॥ તે સ-

ધમાએ, મોટા અવાજવાળા, શંખો વગાડયા; અને સિંહના જેવી ગરજનાઓ કરી: ત્યારે હે રાજા, દુશ્મનોને એ રીતે છકેલા જોઇને; અતિ કોપ પામેલો, ઇંદ્ર પણ; સૂર્યોદય વખતે ઝરણાં ઝરતો પર્વત દેખાવા જેવા, અને, દિશાઓના હાથી સરખા; મદની ધારાઓ ઝરતા, ઐરાવત ઉપર બેસીને: પોતાના સૈન્ય સહિત, શોભવા લાગ્યો. ॥ ૨૪-૨૫ ॥ અને તેની આજુબાજુએ; નાના પ્રકારનાં વાહનો-ધજાઓ-તથા આયુધોવાળા દેવતાઓના ગણો સહિત; વાયુ-અગ્નિ-અને વરૂણ આદિ લોકપાળો; સર્વ દિશાએ ઉભા રહ્યા. ॥ ૨૬ ॥ તે બે સેનામાંના દ્વંદ્વયુધ્ધ કરનારાઓ; એક બીજાની સામે ચાલી જઇને, અને એક બીજાને બોલાવીને; મર્મ ભેદી દુર્વચનો કહી, સામી સેનાના આગલા ભાગમાં, પ્રવેશ કરીને યુધ્ધ કરવા લાગ્યા. ॥૨૭॥ હે રા-

वातोद्धूतोत्तरोष्णीषैरर्चिर्भिवर्मभूषणैः॥स्फुरद्भिर्विशदैःशस्त्रैःसुतरांसूर्यरश्मिभिः॥१४॥ देवदानववीराणांध्वजिन्यौपांडुनंदन ॥ रेजतुर्वीरमा
लाभिर्यादसामिवसागरौ ॥१५॥ वैरोचनोबलिःसंख्येसोऽसुराणांचमूपतिः॥ यानंवैहायसंनामकामगंमयनिर्मितं॥१६॥ सर्वसांग्रामिकोपेतं
सर्वाश्चर्यमयंप्रभो॥अप्रतर्क्यमनिर्देश्यंदृश्यमानमदर्शनं॥१७॥ आस्थितस्तद्विमानाग्र्यंसर्वानीकाधिपैर्वृतः ॥ वालव्यजनछत्राग्र्यैरेजेचंद्रइवो
दये॥१८॥ तस्यासन्सर्वतोयानैर्यूथानांपतयोऽसुराः॥नमुचिःशंबरोबाणोविप्रचित्तिरयोमुखः ॥१९॥ द्विमूर्धाकालनाभोऽथप्रहेतिर्हेतिरिल्व
लः॥ शकुनिर्भूतसंतापोवज्रदंष्ट्रोविरोचनः॥२०॥ हयग्रीवःशंकुशिराःकपिलोमेघदुंदुभिः॥ तारकश्चक्रदृक्शुंभोनिशुंभोजंभउत्कलः॥२१॥
अरिष्टोऽरिष्टनेमिश्चमयश्चत्रिपुराधिपः॥अन्येपौलोमकालेयानिवातकवचादयः॥२२॥ अलब्धभागाःसोमस्यकेवलंक्लेशभागिनः॥ सर्वएतेर
णमुखेबहुशोनिर्जितामराः॥२३॥ सिंहनादान्विमुंचंतःशंखान्दध्मुर्महारवान्॥ दृष्ट्वासपत्नानुत्सिक्तान्बलभित्कुपितोभृशं॥२४॥ ऐरावतंदिक्क
रिणमारूढःशुशुभेस्वराट् ॥यथास्रवत्प्रस्रवणमुदयाद्रिमहर्पतिः ॥२५॥ तस्यासन्सर्वतोदेवानानावाहध्वजायुधाः॥लोकपालाःसहगणैर्वाय्व
[illegible]ादयः॥२६॥ तेऽन्योऽन्यमभिसंसृत्यक्षिपंतोमर्मभिर्मिथः॥आह्वयंतोविशंतोऽग्रेयुयुधुर्द्वंद्वयोधिनः॥२७॥ युयोधबलिरिंद्रेणतारकेण
गुहोऽस्यत॥ वरुणोहेतिनाऽयुध्यन्मित्रोराजन्प्रहेतिना ॥२८॥ यमस्तुकालनाभेनविश्वकर्मामयेनवै ॥ शंबरोयुयुधेत्वष्ट्रासवित्रातुविरोचनः
॥२९॥ अपराजितेननमुचिरश्विनौवृषपर्वणा ॥सूर्योबलिसुतैर्देवोबाणज्येष्ठैःशतेनच॥३०॥ राहुणाचतथासोमःपुलोम्नायुयुधेऽनिलः ॥ नि
शुंभशुंभयोर्देवीभद्रकालीतरस्विनी॥३१॥ वृषाकपिस्तुजंभेनमहिषेणविभावसुः॥ इल्वलःसहवातापिर्ब्रह्मपुत्रैररिंदम॥३२॥ कामदेवेनदुर्म
र्षउत्कलोमातृभिःसह॥ बृहस्पतिश्चोशनसानरकेणशनैश्चरः॥३३॥ मरुतोनिवातकवचैःकालेयैर्वसवोऽमराः ॥ विश्वेदेवास्तुपौलोमैरुद्राः
क्रोधवशैःसह॥३४॥ तएवमाजावसुराःसुरेंद्राद्वंद्वेनसंहत्यचयुध्यमानाः ॥ अन्योऽन्यमासाद्यनिजघ्नुरोजसाजिगीषवस्तीक्ष्णशरासितोमरैः
॥३५॥ भुशुंडिभिश्चक्रगदर्ष्टिपट्टिशैःशक्त्युल्मुकैःप्रासपरश्वधैरपि॥निस्त्रिंशभल्लैःपरिघैःसमुद्गरैःसभिंदिपालैश्चशिरांसिचिच्छिदुः ॥३६॥ ग
जास्तुरंगाःसरथाःपदातयःसारोहवाहाविविधाविखंडिताः॥ निकृत्तबाहूरुशिरोधरांघ्रयश्छिन्नध्वजेष्वासतनुत्रभूषणाः ॥३७॥ तेषांपदाघात

જા; બલીરાજા ઇંદ્રની સાથે, યુધ્ધ કરતો હતો; તારકાસુરની સામે, સ્વામી કારતીક હતા; વરૂણની સામે હેતિ દૈત્ય યુદ્ધ કરતો હતો; અને પ્રહેતિની સામે મિત્રદેવ હતા; ॥૨૮॥ કાળનાભની સામે, યમરાજા; મયદાનવની સામે વિશ્વકર્મા; ત્વષ્ટાની સામે, શંબરાસુર; અને વિરોચનની સામે, સવિતાદેવ યુદ્ધ કરતા હતા. ॥૨૯॥ અપરાજીત દેવની સાથે, નમુચિ; વૃષપર્વાની સાથે, અશ્વિનીકુમારો; બળી રાજાના બાણાસુર આદિ સો દીકરાઓની સાથે, સૂર્યદેવ; રાહુની સાથે, ચંદ્રમા; પુલોમાની સાથે, વાયુદેવ; નિશુંભઅને શુંભ દૈત્યોની સાથે, મોટા વેગવાળી દેવી ભદ્રકાળી; જંભદૈત્યની સાથે, વૃષાકપિ; મહિષાસુરની સાથે, વિભાવસુ; બ્રહ્માના પુત્રો ભૃગુ આદિ સાથે, ઇલ્વલ અને વાતાપિ; કામદેવની સાથે દુર્મર્ષ; માતૃગણોની સાથે, ઉત્કલ દૈત્ય; શુક્રાચાર્ય સાથે બૃહસ્પતિ; નરકાસુરની સાથે, શનિશ્વર; નિવાત કવચ દૈત્યો સાથે, મરૂત દેવો; કાલેય દૈત્યો સાથે, વસુઓ;

પૈલોમ દૈત્યો સાથે, વિશ્વદેવાઓ; અને ક્રોધવશ દૈત્યોની સાથે, રૂદ્રદેવતાઓ: યુદ્ધ કરવા લાગ્યા હતા. ॥ ૩૦-૩૧-૩૨-૩૩-૩૪ ॥ એ રીતે દેવો અને અસુરો, જયની ઇચ્છાથી; એક બીજાના ઉપર આવીને, તીક્ષણ બાણ-તરવારો અને કટારો મારીને; વઢિયા વઢિયાની સાથે, દ્વદ્વયુદ્ધ કરતા હતા. ॥ ૩૫ ॥ તથા ભુશંડી-ચક્ર-ગદા,-રૂષ્ટિ-કરવત-સાંગ-ઉલ્મુક-પ્રાસ-ફરસી-ખડગ-ભાલા-ભોંગળ-મુદગર-અને ભિંદીપાળ વગેરે, શસ્ત્રોવડે, માથાં કાપી નાંખતા હતા, ॥ ૩૬ ॥ તેમજ પ્યાદાઓ-રથ સુદ્ધાં રથીઓ-ઘોડા સહિત સ્વારો-તથા હાથી સુધાં હાથી ઉપર બેસનારાઓનાં; ધજાઓ, ધનુષ્યો, બખતરો, અને ઘરેણાં કપાઇ જઇને, તેમના હાથ, સાથળો, ડોકાં, અને પગો જુદા થઇ જઇ; વિવિધ પ્રકારથી, તેમના કડકા થઇ જતા હતા. ॥૩૭॥ તેથી તેઓના પગના અને રથનાં પઇડાંના ઘસારાથી, રણભૂમિ ઘસાઇને; આકાશ અને સૂર્ય સહિત સર્વ દિશા-

ઓને ઢાંકી દેનારી ઉગ્રધુળ ઉડવા લાગી; પણ લોહીના વેહેવા વડે, તે તુર્તજ શાંત થઇ ગઇ; ॥૩૮॥ તથા ક્રોધથી જોતાં-હોઠ કરડતા-અને મુકુટ તથા કુંડળો ઉડી ગએલાં, માથાંઓથી; અને ઘરેણાં તથા આયુધો ધરેલા મોટા હાથથી; તેમજ ગોળાકાર સાથળોથી; ભરાઇ ગએલી તે રણભુમિ, શોભી રહી. ॥૩૯॥ અને પોતાના કપાઇ પડેલા માથાની આંખો વડે, પોતાને પણ જોનારાં ધડો; એ યુદ્ધમાં હાથમાં હથિયારો ઉગામીને યોદ્ધાઓ સામે દોડવા લાગ્યાં. ॥૪૦॥ બલી રાજાએ દશ બાણ ઇંદ્રને, ત્રણ ઐરાવતને, અને ચાર, ઐરાવતના ચારે પગમાં મારીને; એક બાણ મહાવતને માર્યું ॥૪૧॥ ત્યારે તે બાણો આવી પડતા પહેલાંજ, ઇંદ્રે પરાક્રમ કરીને; ઉતાવળાંજ હસવાની પેઠે, તેટલાંજ ધારવાળાં બાણોથી, તેઓને કાપી નાંખ્યાં. ॥૪૨॥ એ તેનું ઉત્તમ કર્મ દેખીને, બલી રાજાએ અસહનતાથી; શક્તિ ઉપાડી; એટલે તે મોટી બળતા ઉંબાડીયા જેવી શક્તિને; તેના હાથમાંજ, ઇંદ્રે કાપી નાંખી. ॥૪૩॥ પછી ત્રિશુળ-પ્રાસ-તોમર (કટારી)-અને ઋષ્ટિ વગેરે, જે જે હથિયારો તેણે ઉપાડયાં; તે તે સર્વેને, એજ રીતે ઇંદ્રે કાપી નાંખ્યાં. ॥૪૪॥ ત્યારે હે રાજન પછી તે અસુરે અંતર્ધાન થઇ જઇને; આસુરી માયા ઉત્પન્ન કરી; તેથી દેવ સૈન્ય ઉપર, પર્વત પ્રકટ થયો. ॥૪૫॥ તેમાંથી દાવાગ્નિથી બળતાં ઝાડો, અને શિખરો ઉપરના બાગો સુધાં, શિલાઓ પડીને; સામા પક્ષના સૈન્યનો ભૂકો થઇ જવા લાગ્યો. ॥૪૬॥ મોટા સાપ-દંદશુક-વીંછીઓ-સિંહ-વાઘ-અને વરાહો, તથા મોટા હાથીઓ એકી વખતે સામટા ઉત્પન્ન થઇને; મર્દન કરવા લાગ્યા. ॥૪૭॥ તથા હાથમાં ત્રિશુળ રાખી-નાગી-અને, મારો, કાપો, એમ બોલતી; સેંકડો રાક્ષસીઓ, અને રાક્ષસો, ઉત્પન્ન થયા ॥૪૮॥ અને ગંભીર તથા કઠોર ગરજનાવાળાં વાદળાં થઇને, તેમાંથી અંગારા વરસ્યા; તેમજ

रथांगचूर्णितादायोधनादुल्बण उत्थितस्तदा॥रेणुर्दिशःखंद्युमणिंचछादयनन्यवर्ततासृक्स्रुतिभिःपरिप्लुतात् ॥३८॥ शिरोभिरुद्धूतकिरीटकुंडलैःसंरंभदृग्भिःपरिदष्टदच्छदैः ॥ महाभुजैःसाभरणैःसहायुधैःसाप्रास्तृताभूःकरभोरुभिर्बभौ ॥३९॥ कबंधास्तत्रचोत्पेतुःपश्यंतःस्वशिरोऽक्षिभिः॥ उद्यतायुधदोर्दंडैराधावंतोभटान्मृधे॥४०॥बलिर्महेंद्रंदशभिस्त्रिभिरैरावतंशरैः॥ चतुर्भिश्चतुरोवाहानेकेनारोहमार्छयत् ॥४१॥ स तानापततःशक्रस्तावद्भिःशीघ्रविक्रमः॥चिच्छेदनिशितैर्भल्लैरसंप्राप्तान्हसन्निव॥४२॥ तस्यकर्मोत्तमंवीक्ष्यदुर्मर्षःशक्तिमाददे॥ तांज्वलंतींमहोल्काभांहस्तस्थामच्छिनद्धरिः ॥४३॥ ततःशूलंततःप्रासंततस्तोमरमृष्टयः॥ यद्यच्छस्त्रंसमादद्यात्सर्वंतदच्छिनद्विभुः ॥४४॥ ससर्जाथासुरींमायामंतर्धानगतोऽसुरः॥ ततःप्रादुरभूच्छैलःसुरानीकोपरिप्रभो॥४५॥ ततोनिपेतुस्तरवोदह्यमानादवाग्निना ॥ शिलाःसटंकशिखराश्चूर्णयंत्योद्विषद्बलं॥४६॥ महोरगाःसमुत्पेतुर्दंदशूकाःसवृश्चिकाः ॥ सिंहव्याघ्रवराहाश्चमर्दयंतोमहागजान् ॥४७॥ यातुधान्यश्चशतशःशूलहस्ताविवाससः॥छिंधिभिंधीतिवादिन्यस्तथारक्षोगणाःप्रभो॥४८॥ ततोमहाघनाव्योम्निगंभीरपरुषस्वनाः ॥ अंगारान्मुमुचुर्वातैराहताःस्तनयित्नवः॥४९॥ सृष्टोदैत्येनसुमहान्वह्निःश्वसनसारथिः॥सांवर्तकइवात्युग्रोविबुधध्वजिनीमधाक् ॥५०॥ ततःसमुद्रउद्वेलःसर्वतःप्रत्यदृश्यत ॥ प्रचंडवातैरुद्धूततरंगावर्तभीषणः॥५१॥ एवंदैत्यैर्महामायैरलक्ष्यगतिभिर्भीषणैः॥ सृज्यमानासुमायासुविषेदुःसुरसैनिकाः॥५२॥ नतत्प्रतिविधिंयत्रविदुरिंद्रादयोनृप॥ध्यातःप्रादुरभूत्तत्रभगवान्विश्वभावनः॥५३॥ ततःसुपर्णांसकृतांघ्रिपल्लवःपिशंगवासानवकंजलोचनः॥अदृश्यताष्टायुधबाहुरुल्लसच्छ्रीकौस्तुभानर्घ्यकिरीटकुंडलः ॥५४॥ तस्मिन्प्रविष्टेऽसुरकूटकर्मजामायाविनेशुर्महिनामहीयसः ॥ स्वप्नोयथाहिप्रतिबोधआगतेहरिस्मृतिःसर्वविपद्विमोक्षणं ॥५५॥ दृष्ट्वामृधेगरुडवाहमिभारिवाहआविध्यशूलमहिनोदथकालनेमिः॥ तल्लीलयागरुडमूर्ध्निपतद्गृहीत्वातेनाहनन्नृपसवाहमरिंत्र्यधीशः॥५६ मालीसुमाल्यतिबलौयुधिपेततुर्यच्चक्रेणकृत्तशिरसावथमाल्यवांस्तं॥आहत्यतिग्मगदयाऽहनदंडजेंद्रंतावच्छिरोऽच्छिनदरेर्नदतोऽरिणाद्यः ॥५७॥ इतिश्रीभागवतेमहापुराणेअष्टमस्कंधेदशमोऽध्यायः ॥१०॥

વાયુની સાથે તેઓ પછડાઇને, મોટા કડાકા થવા લાગ્યા. ॥૪૯॥ તથા જે દૈત્યે ઉત્પન્ન કરેલો, પ્રલય કાળના જેવો અતિ ઉગ્ર, અને મોટો અગ્નિ વાયુ સહિત થઇને, દેવ સૈન્યને બાળવા લાગ્યો. ॥૫૦॥ તે પછી પ્રચંડ પવને ઉછાળેલા, મોજા અને ચકરીઓ વડે ભયંકર, તથા મર્યાદા મુકેલો; સમુદ્ર સર્વે તરફ દેખાયો. ॥૫૧॥ એ રીતે એ મોટી માયા વાળા દૈત્યે; ન જાણી શકાય એવી, અને ભયંકર માયાઓ; ઉતાવળેજ ઉત્પન્ન કરવાથી; દેવની સેના વાળાઓ ખેદ પામ્યા. ॥૫૨॥ ત્યારે હે રાજન, તેનો સામો ઉપાય નહીં જાણવાથી; ઇંદ્રઆદિ દેવોએ ધ્યાન કરવાથી; વિશ્વનું (પાળન કરનારા) ભગવાન, તે સ્થળે પ્રગટ થયા. ॥૫૩॥ તેથી ગરૂડના કાંધ ઉપર ચરણ કમળ ધરેલા-પીળાં વસ્ત્ર પેહેરેલા-નવાં કમળ સરખી આંખો વાળા-આઠ ભુજાઓમાં આઠ આયુધ ધરેલા-અને લક્ષ્મી, કૌસ્તુભ, અમુલ્ય મુકુટ, તથા કુંડળો વડે શોભતા ભગવાન; ત્યાં પધારવાના મોટા મહિમા થકીજ; દૈત્યના કપટ કર્મથી, ઉત્પન્ન થયેલી; તે સઘળી માયા; સ્વપ્નમાંથી જાગવાની પેઠે, નાશ પામી ગઇ; એ રીતે હરિ ભગવાનનું સ્મરણજ, સર્વ વિપતિઓ થકી, છુટકારો કરનાર છે. ॥૫૪-૫૫॥ આરીતે ગરૂડ વાહન ભગવાનને, યુદ્ધને વિશે આવેલા જોઇને; સિંહ ઉપર બેઠેલા, કાળનેમી દૈત્યે, પોતાનું ત્રિશુળ ફેરવીને, તેમના ઉપર નાંખ્યું; એટલે ભગવાને, તે ગરૂડના ઉપર પડતાં પડતાંમાંજ પકડી લીધું, અને તે ત્રિશુળવડેજ, કાળનેમીને; તેના વાહન સહિત મારી નાંખ્યો. ॥૫૬॥ અને માલિ સુમાલિનાં માથાં પણ, ચક્રવડે કાપી નાંખવાથી; તેઓ પડી ગયા, ત્યારે ગરજના કરતો માલ્યવાન, સામો આવીને; તે તીક્ષ્ણ ગદાનો પ્રહાર કરતાંમાંજ, ભગવાને તેનું માથું પણ કાપી નાંખ્યું. ॥૫૭॥ ઇતિશ્રી૰ ભા૰ આઠમા સ્કંધનો દશમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૦॥

અધ્યાય ૧૧ મો-શ્રીશુક-એમ પરમ પુરૂષ ભગવાનની મોટી દયા થવાથી, સચેતન થયેલા ઇંદ્ર અને વાયુ વગેરે દેવતાઓ; પોતાને પ્રથમ મારનારા દૈત્યોને, પછીથી ઘણો માર મારવા લાગ્યા. ॥૧॥ અને ક્રોધે ભરાયલા ઇંદ્રે, જ્યારે બળીરાજાને મારવાને વજ્ર ઉપાડયું; ત્યારે પ્રજાઓએ, હાહાકારનો પોકાર

કર્યો. ॥૨॥ તે સમયે, એ મોટા યુદ્ધમાં સારી રીતની નિપુણતાથી, શૂરવીરપણાથી વિચરતા, અને સન્મુખ ઉભેલા; બળીરાજાનો તિરસ્કાર કરીને, હાથમાં વજ્ર લીધેલા ઇંદ્રે કહ્યું કે. ॥૩॥ હે મૂઢ, કપટમાં કુશળ મનુષ્યોની નજર બાંધી લઈને; નટ તેમનું ધન હરી લેછે: તેમ તું, અમે માયાના સ્વામીઓને; માયાવડેજ, જીતવાને ઇચ્છે છે. ॥૪॥ પણ જેઓ માયાવડે, ઉંચા ચઢીને સ્વર્ગમાં પેસી જાય છે; તે અજ્ઞાની ચોર લોકોને, હું તેમના પૂર્વસ્થાન થકી પણ, નીચે પાડી નાંખુંછું. ॥૫॥ એવો હું; તુ દુષ્ટ માયાવીનું માથું સો ધારવાળા વજ્રથી, હમણાંજ કાપી લેઉંછું: માટે હે મંદબુદ્ધિવાળા, તારે તારા સંબંધીઓને, મળવું હોય તો મળી લે. ॥૬॥—બળી—કાળની પ્રેરણાથી, કર્મો કરનારા સર્વને યુદ્ધ કરતાં જય—પરાજય—કીર્તિ અને મૃત્યુ પણ, અનુક્રમે આવેછેજ. ॥૭॥ તેથી, વિદ્વાન પુરુષો, આ લોકને કાળનું ખાણું જાણીને; હરખશોક પામતા નથી; એ વિષયમાં તમે અજ્ઞાન છો. ॥૮॥ માટે એ સર્વમાં, પોતાનેજ સાધનરૂપ માનનાર આપની; સત્પુરુષોએ શોક કરવા લાયક, મર્મને તાડન કરનારી વાણીને; અમે ગણકારતા નથી. ॥૯॥—શ્રીશુક—હે રાજા, વીરપુરુષોનું મર્દન કરનારા, એ મહાવીર બળીરાજાએ, આ રીતે ઇંદ્રને તુચ્છકારીને, પછી કાન સુધી પહોંચે, એમ ખેંચેલાં નારાચબાણો તેને મારયાં. ॥૧૦॥ ત્યારે એ રીતે સાચું કહેનારા શત્રુએ કહેલાં, તિરસ્કારનાં વચનોને; અંકુશથી મારેલા હાથીની પેઠે, તે ઇંદ્ર સહન કરી શક્યો નહીં. ॥૧૧॥ તેથી એ શત્રુનું મર્દન કરનારા ઇંદ્રે પોતાનું અમોઘ વજ્ર તેને માર્યું; એટલે પાંખો કપાઈ ગયેલા પર્વતની પેઠે; તે વાહન સહિત પૃથ્વી ઉપર પડી ગયો. ॥૧૨॥ ત્યારે પોતાના મિત્રને પડી ગયેલો દેખીને, બળીરાજાનો મિત્ર અને સુહૃદ; જંભ, મુએલા મિત્રનું સુહૃદપણું કરવાને, દોડી આવ્યો. ॥૧૩॥ અને તે મહા બળવાળા તથા સિંહ ઉપર બેઠેલાએ, બેટાબેટ થઈ

श्रीशुक०अथोसुराःप्रत्युपलब्धचेतसःपरस्यपुंसःपरमानुकंपया॥जघ्नुर्भृशंशक्रसमीरणादयस्तांस्तान्रणेयैरभिसंहताःपुरा॥१॥वैरोचना
यसंरब्धोभगवान्पाकशासनः॥उदयच्छद्यदावज्रंप्रजाहाहेतिचुक्रुशुः॥२॥वज्रपाणिस्तमाहेदंतिरस्कृत्यपुरःस्थितं॥मनस्विनंसुसंपन्नंविच
रंतंमहामृधे॥३॥नटवन्मूढ[illegible]र्मायेशान्नोजिगीषसि॥जित्वाबालान्निबद्धाक्षान्नटोहरतितद्धनं॥४॥आरुरुक्षंतिमायाभिरुत्सिसृप्संतियेदि
वं॥तान्दस्यून्विधुनोम्यज्ञान्पूर्वस्माच्चपदादधः॥५॥सोऽहंदुर्मायिनस्तेऽद्यवज्रेणशतपर्वणा॥शिरोहरिष्येमंदात्मन्घटस्वज्ञातिभिःसह॥६॥
बलि०संग्रामेव[illegible]नांकालचोदितकर्मणां॥कीर्तिर्जयोऽजयोमृत्युः[illegible]॥७॥तमिमंकालरशनंजनाःपश्यंतिसूरयः॥नहृष्यं
तिनशोचंतितत्रयूयमपंडिताः॥८॥नवयंमन्यमानानामात्मानंतत्रसाधनं॥गिरोवःसाधुशोच्यानांगृण्हीमोमर्मताडनाः॥९॥श्रीशुक०इत्या
क्षिप्यविभुंवीरोनाराचैर्वीरमर्दनः॥आकर्णपूर्णैरहनदाक्षेपैराहतंपुनः॥१०॥एवंनिराकृतोदेवोवैरिणातथ्यवादिना॥नामृष्यत्तदधिक्षेपंतोत्राहत
इवद्विपः॥११॥प्राहरत्कुलिशंतस्माअमोघंपरमर्दनः॥सयानोन्यपतद्भूमौछिन्नपक्षइवाचलः॥१२॥सखायंपतितंदृष्ट्वाजंभोबलिसखःसुहृत्॥
अभ्ययात्सौहृदंसख्युर्हतस्यापि[illegible]माचरन्॥१३॥ससिंहवाहआसाद्यगदामुद्यम्यरंहसा॥जत्रावताडयच्छक्रंगजंचसुमहाबलः॥१४॥गदा
म[illegible]रव्य[illegible]लितोगजः॥जानुभ्यांधरणींस्पृष्ट्वाक[illegible]ययौ॥१५॥ततोरथोमातलिनाहरिभिर्दशशतैर्वृतः॥आनीतोद्विपमु
त्सृज्यरथमारुरुहेविभुः॥१६॥तस्यतत्पूजयन्कर्मयंतुर्दानवसत्तमः॥शूलेनज्वलतातंतुस्मयमानोऽहनन्मृधे॥१७॥सेहेरुजंसुदुर्मर्षांसत्त्वमा
लंब्यमातलिः॥इंद्रोजंभस्यसंक्रुद्धोवज्रेणापाहरच्छिरः॥१८॥जंभंश्रुत्वाहतंतस्यज्ञातयोनारदादृषेः॥नमुचिश्चबलःपाकस्तत्रापेतुस्त्वरान्वि
ताः॥१९॥वचोभिःपरुषैरिंद्रमर्दयंतोऽस्यमर्मसु॥शरैरवाकिरन्मेघाधाराभिरिवपर्वतं॥२०॥हरीन्दशशतान्याजौहर्यश्वस्यबलःशरैः॥ताव
द्भिरर्दयामासयुगपल्लघुहस्तवान्॥२१॥शताभ्यांमातलिंपाकोरथंसावयवंपृथक्॥सकृत्संधानमोक्षेणतदद्भुतमभूद्रणे॥२२॥नमुचिःपंचद
श[illegible]र्णपुंखैर्म[illegible]षुभिः॥आहत्यव्यनदत्संख्येसतोयइवतोयदः॥२३॥सर्वतःशरकूटेनशक्रंसरथसारथिं॥छादयामासुरसुराःप्रावृट्सूर्यमि

જઈને; ઉગામેલી મહા મોટાવેગથી ઇંદ્રની હાંસડી ઉપર મારી; અને હાથીને પણ પ્રહાર કર્યો. ॥૧૪॥ ત્યારે ગદા વાગવાથી ઘણી વ્યથા થઈને, વિહ્વળ થયેલો તે હાથી; ધરતી ઉપર ઘુંટણભેર થઈ જઈને, ઘણું કષ્ટ પામ્યો. ॥૧૫॥ પછી તે હાથીને પડ્યો મૂકીને, માતળી નામના સારથીએ આણેલા; હજાર ઘોડા જોડેલા રથ ઉપર, ઇંદ્ર બેઠો. ॥૧૬॥ ત્યારે સારથીના એ કામને, વખાણીને, જંભાસુરે યુદ્ધને વિશે હસતાં હસતાં; તેના ઉપર બળતું ત્રિશૂળ માર્યું. ॥૧૭॥ પણ નસહન થાય એવા એ જખમને, માતલીએ ધીરજ રાખીને સહન કર્યો; એટલામાંજ ક્રોધ પામેલા ઇંદ્રે, પોતાના વજ્રવડે એ જંભાસુરનું માથું, કાપી નાંખ્યું. ॥૧૮॥ પછી એ જંભાસુરે મુવાની વાત નારદ મુનિથકી સાંભળીને, તેના સગા નમુચિ—બલ—અને પાક નામના દૈત્યો, ઉતાવળાજ ત્યાં આવ્યા. ॥૧૯॥ અને તેમણે કઠોર વચનો વડે, ઇંદ્રના મર્મસ્થળને પીડીને; પર્વત ઉપર વરસાદ વરસવાની પેઠે; તેના ઉપર બાણોનો વરસાદ કર્યો. ॥૨૦॥ તથા એ યુદ્ધમાં બલ દૈત્યે, હસ્ત ચાલાકીથી ઇંદ્રના રથના હજાર ઘોડાઓને, એકી વખતેજ, હજાર બાણોથી વિંધીને; તેમને પીડિત કર્યા. ॥૨૧॥ અને પાકે એકી વખતેજ સાંધેલા બસેં બાણો, માતલીને તથા રથમાં મારીને; રથના બધા ભાગો નોખા કરી નાંખ્યા; એ મોટું અદ્ભુત થયું. ॥૨૨॥ તેમજ નમુચિએ સોનાની પુંખોવાળાં પંદર મોટાં બાણો, ઇંદ્રને મારીને; પાણીથી ભરેલા વાદળાના જેવી, યુદ્ધને વિશે મોટી ગરજના કરી. ॥૨૩॥ એ રીતે ચોમાસામાં વાદળાં થકી, સૂર્ય ઢંકાઈ જવાની પેઠે; એ દૈત્યોએ બાણોના સમુદાયથી, ઇંદ્રને તેના સારથી અને રથસહિત, સર્વે તરફથી ઢાંકી દીધો. ॥૨૪॥ ત્યારે ઇંદ્રને નહીં દેખવાથી, અતિવિહ્વળ થયેલા—ધણી વિનાના—અને શત્રુના સૈન્યે હરાવેલા;—દેવતાઓના ગણો; તેઓના અનુચરો સુધાં; બારદરિયામાં વેપારી વાણિઆઓનું વાહાણ ભાગવાની પેઠે; બુમો પાડવા લાગ્યા. ॥૨૫॥ એટલામાં, તે બાણોના પિંજરામાંથી નીકળેલો ઇંદ્ર, પોતાના રથ—ઘોડા—અને સારથી સહિત, પ્રાતઃકાળના સૂર્યની પેઠે; પોતાના તેજવડે, દિશાઓ—આકાશ—અને પૃથ્વીને પ્રકા-

ક્ષિત કરવા લાગ્યો. ॥૨૬॥ અને પોતાની સેનાને, શત્રુઓએ રણમાં પીડેલી દેખીને; તેણે ક્રોધ કરીને, શત્રુઓને મારવાને સારૂં; વજ્ર ઉપાડયું. ॥૨૭॥ હે રાજા, પછી એ આઠ ધારોવાળા વજ્રવડે; તેણે બલ અને પાકનાં માથાં, તેમના સંબંધીઓના દેખતાંજ; કાપી નાંખીને; તેઓને ભય ઉત્પન્ન કર્યું. ॥૨૮॥ ત્યારે તેમનો વધ થયેલો જોઇને, શોક-અસહનતા-અને ક્રોધે ભરાયલા, નમુચિએ; ઇંદ્રને મારી નાખવાને મોટો ઉદ્યોગ કર્યો. ॥૨૯॥ સોનાનાં ઘરેણાં અને ઘંટડીઓ બાંધેલું પથર અને લોહાનું બનેલું ત્રિશૂળ લેઇને, તે સાંગે ક્રોધ્યો; અને "અરે તને માર્યો;" એમ બોલીને, તે ઇંદ્રને મારીને, સિંહગરજના કરી. ॥૩૦॥ ત્યારે મોટા વેગથી આવતા. તે ત્રિશૂળના ઇંદ્રે, બાણોવડે આકાશમાંજ; હજારો કકડા કરી નાંખ્યા; અને ઇંદ્રે ક્રોધે ભરાઇને તેનું માથું કાપવા સારૂં, તેની ડોક ઉપર વજ્ર માર્યું. ॥૩૧॥ પણ ઇંદ્રે ઘણા જોરથી નાંખેલા, એ મહા બળવાન વજ્રથી; તેનીતો ચામડી પણ કપાઇ નહીં; આ રીતે અતિ પરાક્રમી વૃત્રાસુરનું માથું કાપનાર, આ વજ્રનો; નમુચીના ગળાની ચામડીએ, તિરસ્કાર કર્યો; એ મોટું અદ્ભુત થયું. ॥૩૨॥ ત્યારે ઇંદ્રને, એ શત્રુની બીક લાગી કે; "પ્રાણી અને લોક માત્રને મોહ ઉત્પન્ન કરે એવું, આ દૈવયોગથી થાય છે, કે આને વિશે વજ્ર પણ પાછું પડે છે. ॥૩૩॥ પોતાની પાંખો વડે ઉડીને પોતાના ભાર સહિત પૃથ્વી ઉપર પડીને; પ્રજાઓનો નાશ કરનારા પર્વતોની પાંખો પુર્વે મેં જેનાવડે કાપી હતી, અને જેઓની ચાંમડી બીજાં સર્વ અસ્ત્રોવડે કપાતી નહોતી; તે વૃત્રાસુરને અને બીજા બળવાનોને પણ; મેં આ ઋષિતેજના કારણવાળા તપથી દ્રઢીભુત થયેલા વજ્ર વડેજ; ચીરી નાંખ્યા હતા; એવું વજ્ર આજે આ અલ્પ અસુરના ઉપર નાંખતાં પાછું પડે છે; તો હવે એ લાકડી જેવા થઇ ગયેલા વજ્રને, હું પકડનાર નથી. ॥૩૪

वांबुदाः॥२४॥अलक्षयंतस्तमतीवविह्वलाविचुक्रुशुर्देवगणाःसहानुगाः॥अनायकाःशत्रुबलेननिर्जितावणिक्पथाभिन्ननवोयथाऽर्णवे॥२५॥ ततस्तुराषाडिषुबद्ध[illegible]जराद्विनिर्गतःसाश्वरथ[illegible]॥ बभौदिशःखंपृथिवींचरोचयन्स्वतेजसासूर्यइवक्षपात्यये ॥२६॥ निरीक्ष्यपृतनांदेवःपरैरभ्यर्दितांरणे॥उदयच्छद्रिपुं[illegible]तुंवज्रंवज्रधरोरुषा ॥२७॥ सतेनैवाष्टधारेणशिरसीबलपाकयोः ॥ज्ञातीनांपश्यतांराजन्जहार जनयन्भयं ॥२८॥ नमुचिस्तद्वधंदृष्ट्वाशोकामर्षरुषान्वितः॥जिघांसुरिंद्रंनृपतेचकारपरमोद्यमं ॥२९॥ अश्मसारमयंशूलंघंटावद्धेमभूषणं॥प्रगृह्याभ्यद्रवत्क्रुद्धो[illegible]तोऽसीतिवि[illegible]॥प्राहिणोद्देवर[illegible]देनदन्मृगराडिव॥३० तदापतद्गगनतलेमहाजवंविचिच्छिदे[illegible]रिरिषुभिःसहस्रधा॥तमाहनन्नृपकुलिशेनकंधरेरुषाऽन्वितस्त्रिदशपतिःशिरोऽहरत् ॥३१॥ नतस्य[illegible]त्वचमपिवज्रऊर्जितोबिभेदयःसुरपतिनौजसेरितः॥तदद्भुतंपरमतिवीर्यवृत्रभित्तिरस्कृतोनमुचिशिरोधरत्वचा॥३२॥ तस्मादिंद्रोऽबिभेच्छत्रोर्वज्रःप्रतिहतोयतः॥किमिदंदैवयोगेनभूतंलोकविमोहनं॥३३॥ येनमेपूर्व[illegible]क्षच्छेदःप्रजात्यये॥कृतोनिविशतांभारैःपतत्त्रैःपततांभुवि ॥३४॥ तपःसारमयंत्वाष्ट्रंवृत्रोयेनविपाटितः॥अन्येचापिबलोपेताःसर्वास्त्रैरक्षतत्वचः ॥३५॥ सोयंप्रतिहतोवज्रोमयामुक्तोऽसुरेऽल्पके॥नाहंतदाददेदंडंब्रह्मतेजोऽप्यकारणं॥३६॥ इतिशक्रंविषीदंतमाहवागशरीरिणी॥नायंशुष्कैरथोनार्द्रैर्वधमर्हतिदानवः॥३७॥मयाऽस्मैयद्वरो[illegible]र्द्रे[illegible]॥ अतोऽन्यश्चिंतनीयस्तेउपायोमघवन्रिपोः ॥३८॥ तांदैवींगिरमाकर्ण्यमघवान्सुसमाहितः॥ध्यायन्फेनमथापश्यदुपायमुभयात्मकं ॥३९॥ नशु[illegible]नचार्द्रेणजहारनमुचेःशिरः॥तंतुष्टुवुर्मुनिगणामाल्यैश्चावाकिरन्विभुं ॥४०॥ गंधर्वमुख्यौजगतुर्विश्वावसुपरावसू॥देवदुंदुभयोनेदुर्न[illegible]मुदा ॥४१॥ अन्ये[illegible]वंप्रातिद्वन्द्विनोवाय्वग्निवरुणादयः॥सूदयामासुरस्त्रौघैर्मृगान्केसरिणोयथा॥४२॥ ब्रह्मणाप्रेषि[illegible]देवान्देवर्षिर्नारदोनृप॥वारयामासविबुधान्दृष्ट्वादानवसंक्षयं॥४३॥नारद०भवद्भिरमृतंप्राप्तंनारायणभुजाश्रयैः॥श्रियासमेधिताःसर्वउपार[illegible]तविग्रहात् ॥४४॥ श्रीशुक०संयम्यमन्युसंरंभंमानयंतोमुनेर्वचः॥गीयमानाअनुचरैर्ययुःसर्वेत्रिविष्टपं॥४५॥ येऽवशिष्टारणेतस्मिन्नारदानुमतेनते॥बलिंविपन्नमादायअस्तंगिरिमुपागमन् ॥४६॥

-૩૫-૩૬॥ ત્યારે એ પ્રમાણે ખેદ પામેલા ઇંદ્રને, આકાશવાણીએ કહ્યું કે; આ દાનવનો વધ સુકા થકી તેમજ લીલાથકી પણ થવાનો નથી; તેનું મોત સુકા તથા લીલાથી નહીં થવાનું, મેં તેને વરદાન આપેલું છે, માટે હે ઇંદ્ર, એ શત્રુને મારવાનો ઉપાય જે લીલું પણ નહી, અને સુકુ પણ નહીં હોય; એવો તમારે વિચારવો જોઇએ. ॥૩૭-૩૮॥ એ દૈવી વાણી સાંભળીને, ઇંદ્રે એકાગ્ર ચીતથી સારી પેઠે વિચાર કર્યો; ત્યારે સુકુંપણ ન કહેવાય, અને લીલું પણ ન કહેવાય; એવું સમુદ્રફીણ, તેને જણાઇ આવ્યું. ॥૩૯॥ પછી જે સુકું અને લીલું નથી, એવા સમુદ્રફીણથી; ઇંદ્રે નમુચિનું માથું કાપી લેતાં; મુનિગણોએ ઇંદ્રની સ્તુતિ કરીને, તેના ઉપર ફુલનો વરસાદ કર્યો. ॥૪૦॥ વિશ્વાવસુ અને પરાવસુ નામના મુખ્ય ગંધર્વોએ, ગાયન કર્યું; દેવનાં દુંદુભિ વાગ્યાં; અને આનંદ પામેલી અપસરાઓએ નાચ કર્યો. ॥૪૧॥ પછી એ રીતેજ વાયુ અગ્નિ-અને વરુણ આદિએ પણ, અસ્ત્રોના સમુદાયો વડે; કેસરી સિંહોએ મૃગોને મારવાની પેઠે; સામા લડનારા બીજા અસુરોનો નાશ કરી નાંખ્યો. ॥૪૨॥ ત્યારે એ રીતે દાનવોનો ક્ષય થતો દેખીને, બ્રહ્માના મોકલેલા નારદજીએ દેવતાઓને વાર્યા કે. ॥૪૩॥ નારદ-નારાયણ ભગવાનની ભુજાઓના આશ્રયથી, તમને અમૃત મળ્યુંછે; તેથી તમારી શોભા વધી છે; માટે હવે તમે બધા લડાઇ થકી અટકો. ॥૪૪॥ શ્રીશુક-ત્યારે નારદ મુનિના એ વચનને માન આપીને, સર્વ દેવતાઓ ક્રોધના આવેશને શમાવીને; અનુચરોથી ગાયન કરાતા સ્વર્ગમાં ગયા. ॥૪૫॥ અને નારદજીની સલાહથીજ, યુદ્ધમાં શેષ રહેલા દૈત્યો પણ; બલીરાજા વિગેરે મુવેલાઓને લેઇને, અસ્તાચળમાં ગયા. ॥૪૬॥ ત્યાં શુક્રાચાર્યે પોતાની સંજીવની વીદ્યા વડે; જેમનાં ડોકાં અને અવયવો નાશ પામી ગયા નહોતા; તેવા સર્વેને જીવતા કર્યા ॥૪૭॥ અને શુક્રાચાર્યે જીવતો કરેલા તથા ઇંદ્રિઓ અને સ્મૃતિ, ફરીથી પામેલો; લોક તત્વને સારી રીતે જાણનારો, બલીરાજા, પોતે પરાજય પામેલા છતાં, ખેદ પામ્યો નહીં. ॥૪૮॥ ઇતિશ્રી૦ ભા૦ આઠમાસ્કંધનો અગિઆરમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૧॥

અધ્યાય ૧૨ મો –શ્રીશુક–આ રીતે હરિ ભગવાને સ્ત્રીરૂપથી દાનવોને મોહ પમાડી; દેવતાઓને અમૃત પાયાની વાત, સદાશિવે સાંભળી. ॥૧॥ ત્યારે એ મધુસૂદન ભગવાન જે સ્થળે હતા, ત્યાં સર્વ ભૂત ગણો સહી વિરાજમાન મહાદેવજી પાર્વતી સહિત પોઠીઆ ઉપર બેસીને, દર્શન માટે ગયા. ॥૨॥ ત્યાં ભગવાને ઉમિયાજી સહિત સદાશિવનો સારી રીતે આદર સત્કાર કર્યો, અને તેમણે ભગવાનનો સામો સત્કાર કર્યા પછી, સારી રીતે બેસીને; હસતાં હસતાં કહ્યું કે. ॥ ૩ ॥ મહાશિવ–હે દેવના દેવ જગતમાં વ્યાપેલા અને જગતના ઈશ્વર; તમેજ સર્વે પ્રાણી પદાર્થોદિકના હેતુ, અને આત્મા છો. ॥૪॥ જગતના આદિ, અંત અને મધ્યમાં, જે છે; અને સર્વ દેહાદિક જગતના પદાર્થોમાં, તથા અહં બુદ્ધિ વાળાઓ થકી બહાર જૂદા પણ જે છે, અને વળી તેવાઓ આપ અવિકારી ભગવાન થયાજ થયેલા છતાં આપને જાણતા નથી: એવા સત–બ્રહ્મ–અને ચૈતન્ય સ્વરૂપનાં ચરણ કમળને; કલ્યાણની ઇચ્છા વાળા, નિષ્કામ, અને આ લોક તથા પરલોક બેઉથી સંગ રહિત થયેલા; મુનિઓ ઉપાસે છે. ॥૫–૬॥ તે આપજ, પૂર્ણ–અમૃત–નિર્ગુણ–શોક રહિત–આનંદમય–અવિકારી–જેના સરખો બીજો નથી એવા–જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને લયના કારણ–આત્મા–ઈશ્વર–સર્વ જેની અપેક્ષા રાખે છે એવા–અને પોતે નિરપેક્ષ તથા સર્વ થકી અન્ય; પરબ્રહ્મ છો. ॥૭॥ એટલા માટે, ઉપાધિ વિનાના અદ્વય અને એકજ, એવા આપમાં; સત અને અસત સ્વરૂપોનો ભેદ, વસ્તુતાએ ન હોતાં છતાં; તે, ગુણો વડે વિકાર પામેલા લોકોએ; અજ્ઞાન વડે, સોનાના ઘડેલા ઘાટ અને વગર ઘડેલા સોનાના સરખો કલ્પેલો; મિથ્યા વિકલ્પ માત્ર છે. ॥૮॥ કોઈ વેદાંતિઓ આપને, બ્રહ્મરૂપ માને છે; કોઈ મિમાંસકો, ધર્મ રૂપ કહેછે; બીજા સાંખ્ય વાદિઓ, સત અસત થકીપર એવા પરમ પુરુષ ઈશ્વર કહે છે; પં-

तत्राविनष्टावयवान्विद्यमानशिरोधरान्॥ उशनाजीवयामाससंजीविन्यास्वविद्यया॥४७॥ बलिश्चोशनसास्पृष्टःप्रत्यापन्नेंद्रियस्मृतिः॥पराजि
तोऽपिनाखिद्यल्लोकतत्वविचक्षणः॥४८॥ इतिश्रीभागवतेमहापुराणेअष्टमस्कंधेदेवासुरसंग्रामेएकादशोऽध्यायः ॥११॥
श्रीबादरायणि० वृषध्वजोनिशम्येदंयोषिद्रूपेणदानवान्॥ मोहयित्वासुरगणान्हरिःसोममपाययत् ॥१॥ वृषमारुह्यगिरिशःसर्वभूतगणैर्वृ
तः॥ सहदेव्याययौद्रष्टुंयत्रास्तेमधुसूदनः ॥२॥ सभाजितोभगवतासादरंसोमयाभवः॥ सूपविष्टउवाचेदंप्रतिपूज्यस्मयन्हरिं ॥३॥ श्रीमहादे
व०देवदेवजगद्व्यापिन्जगदीशजगन्मय ॥ सर्वेषामपिभावानांत्वमात्माहेतुरीश्वरः॥४॥ आद्यंतावस्ययन्मध्यमिदमन्यदहंबहिः ॥ यतोऽव्यय
स्यनैतानितत्सत्यंब्रह्मचिद्भवान्॥५॥ तवैवचरणांभोजंश्रेयस्कामानिराशिषः॥ विसृज्योभयतःसंगंमुनयःसमुपासते ॥६॥ त्वंब्रह्मपूर्णममृतं
विगुणंविशोकमानंदमात्रमविकारमनन्यदन्यत्॥विश्वस्यहेतुरुदयस्थितिसंयमानामात्मेश्वरश्चतदपेक्षतयाऽनपेक्षः ॥७॥ एकस्त्वमेवसदसद्द्व
यमद्वयंचस्वर्णंकृताकृतमिवेहनवस्तुभेदः ॥ अज्ञानतस्त्वयिजनैर्विहितोविकल्पोयस्माद्गुणव्यतिकरोनिरुपाधिकस्य॥८॥त्वांब्रह्मकेचिदवयं
त्युतधर्ममेकएकेपरंसदसतोःपुरुषंपरेशं॥ अन्येऽवयंतिनवशक्तियुतंपरंत्वांकेचिन्महापुरुषमव्ययमात्मतंत्रं ॥९॥ नाहंपरायुर्ऋषयोनमरीचि
मुख्याजानंतियद्विरचितंखलुसत्वसर्गाः॥यन्मायामुषितचेतसईशदैत्यमर्त्यादयःकिमुतशश्वदभद्रवृत्ताः ॥१०॥ सत्वंसमीहितमदःस्थिति
जन्मनाशंभूतेहितंचजगतोभवबंधमोक्षौ ॥ वायुर्यथाविशतिखंचचराचराख्यंसर्वंतदात्मकतयाऽवगमोऽवरुंत्से ॥११॥ अवतारामयाद्दृष्टार
ममाणस्यतेगुणैः॥सोऽहंतद्द्रष्टुमिच्छामियत्तेयोषिद्वपुर्धृतं॥१२ येनसंमोहितादैत्याःपायिताश्चामृतंसुराः॥तद्दिदृक्षवआयाताःपरंकौतूहलंहि
नः॥१३॥ श्रीशुक०एवमभ्यर्थितोविष्णुर्भगवान्शूलपाणिना॥प्रहस्यभावगंभीरंगिरिशंप्रत्यभाषत॥१४॥ श्रीभग० कौतूहलायदैत्यानांयोषि
द्वेषोमयाकृतः॥ पश्यतासुरकार्याणिगतेपीयूषभाजने ॥१५॥ तत्तेऽहंदर्शयिष्यामिदिदृक्षोःसुरसत्तम ॥ कामिनांबहुमतंव्यंसंकल्पप्रभवोदयं
॥१६॥ श्रीशुक० इतिब्रुवाणोभगवांस्तत्रैवांतरधीयत॥सर्वतश्चारयंश्चक्षुर्भव आस्तेसहोमया ॥१७॥ ततोददर्शोपवनेवरस्त्रियंविचित्रपुष्पारु

ચરાત્ર વાળાઓ, નવ શક્તિ યુક્ત પરમ સ્વરૂપ માને છે; અને યોગ શાસ્ત્રીઓ, આપને અવ્યય–આત્મતંત્ર અને મહા પુરુષ કહેછે. ॥૯॥ હે ઈશ્વર આપના કરેલાને પણ બે પરાર્ધના આયુષ વાળા બ્રહ્મા–હું–અને સત્વગુણથી સરજાયેલા મરિચી આદિ ઋષિઓ વિગેરે; આપની માયાથી ચીત ખેંચાવાને લીધે, જાણી શકતા નથી; તો સર્વકાળ અભદ્ર આચરણ વાળા દૈત્યો, અને મનુષ્યો વિગેરે તો, ક્યાંથીજ જાણે. (અર્થાત બધાઓ આપના સ્વરૂપને નહીં જાણવાથી, આંધળાઓએ હાથી જોયાની પેઠે; જેને જેમ ઠીક લાગ્યું તેમ કહેછે) ॥૧૦॥ અને આકાશમાં વ્યાપીને વાયુ રહેવાની પેઠે, ચરાચર સર્વને વિશે પ્રવેશ કરીને રહેલા, આપતો આપે બનાવેલા જગતની સ્થિતિ, જન્મ, અને નાશને–પ્રાણી માત્રે કરાતી ક્રિયાઓને–તથા સંસાર થવારૂપ બંધનને, અને મોક્ષને પણ જાણનારા છો. ॥૧૧॥ ગુણોવડે લીલા કરનારા આપના બીજા અવતારો મેં જોયાછે, માટે, આપે દૈત્યોને મોહ ઉપજાવનારૂં, જે સ્ત્રીનું સ્વરૂપ ધર્યું હતું; તે જોવાની મને ઇચ્છા છે. ॥૧૨॥ દૈત્યોને મોહ પમાડીને, આપે જે સ્વરૂપથી દેવતાઓને અમૃત પાયું હતું: તેથી મોટું કૈતુક લાગવાને લીધે અમે એ સ્વરૂપ જોવાની ઇચ્છાથી; આવેલા છીએ. ॥૧૩॥–શ્રીશુક–એ રીતે સદાશિવે માગણી કરી; ત્યારે ગંભીર અભિપ્રાયથી હસીને ભગવાને તેમને પ્રતિ ઉત્તર આપ્યો કે ॥૧૪॥–શ્રીભગવાન–હે શ્રેષ્ઠ દેવ, અમૃત ભરેલું ઠામ, જતું રહેવાથી; દેવોનું કાર્ય સિદ્ધ કરવાને, અને દૈત્યોને મોહ પમાડવાને; મેં, સ્ત્રીનું સ્વરૂપ કર્યું હતું ॥૧૫॥ કામી લોકને બહુપ્રિય, અને સંકલ્પથીજ કામનો ઉદય કરનારૂં; એ સ્વરૂપ જોવાની ઇચ્છાવાળા આપને હું તે દેખાડીશ. ॥૧૬॥–શ્રીશુક–એ રીતે બોલીને, ભગવાન ત્યાંથી અંતર્ધ્યાન થઇ ગયા. અને ઉમિયા સહિત સદાશિવ ત્યાં બેસીને ચારે તરફ જોવા લાગ્યા. ॥૧૭॥ પછી રાતાં પાંદડાં અને વિચિત્ર ફુલો વાળાં ઝાડોના એક બગીચામાં શોભતાં વસ્ત્ર અને કમર ઉપર કંદોરો પહેરેલી; એક ઉત્તમ સ્ત્રી; દડાથી દડાની રમત કરતી, તેમના જોવામાં આવી. ॥૧૮॥ તેની છાતી ઉપરના ફુલના હારનો ઘણો ભાર લાગવા-

ષી, [illegible] નીચાં થતાં, અને હાલતાં સ્તનોથી; અને અહીં તહીં ધીમે ધીમે ચાલવાથી, તેની કમર જાણે, પગલે પગલે ભાંગી જતી હોય; એમ લાગતું હતું. ॥૧૯॥ દિશાઓમાં ભમતા દડાને લીધે આમ તેમ જોવાથી અતિ ચપળ આંખોવાળી અને કાનનાં સુંદર કુંડળો–કપાળ–અને વાળાવાળીથકી શોભતા મુખવાળી; તે સ્ત્રી પોતાના ચોટલા પડી જતા વસ્ત્રને, તથા છૂટી જતા ચોટલાને; સુંદર ડાબા હાથે સમો કરવાથી, અને બીજે હાથે દડો ઉછાળવાથી, પોતાની રમત વડે, જગતને મોહ પમાડતી હતી. ॥૨૦–૨૧॥ તેણે દડાની રમત કરતાં લાજ સહિત મંદહાસ્યથી નાંખેલા કટાક્ષને જોઈ, તે સ્ત્રીની નજર સામે, એક નજર થવાથી; છેતરાઈ ગયેલા સદાશિવ; વિહ્વળ થઈ ગયા; અને તેથી તે પોતાના શરીરનું, પાસે ઉમિયાજી હતાં તેમનું, તથા પાર્ષદોનું પણ; ભાન ભૂલી ગયા. ॥૨૨॥ અને તે સ્ત્રીના હાથમાંનો દડો જરા દૂર જવાથી તે તેની પાછળ દોડતાં; તેનું ઝીણું વસ્ત્ર, કંદોરા સહિત, સદાશિવ દેખે તેમ: પવન વડે ઉડી ગયું. ॥૨૩॥ આ રીતે આંખની કીકીઓથી સુંદર રીતે પોતાના તરફ જોતી. અને મનને રંજન કરતી; એ સ્ત્રીને દેખીને, સદાશિવનું મન તેનામાં ચોંટ્યું [illegible] અને તેને વિશે ઉત્પન્ન થયેલા કામથી, વિહ્વળ થઈને; જ્ઞાન રહિત થયેલા, તે લાજ મૂકીને; ભવાની જોતાં હતાં, તે સ્ત્રીની પાછળ ગયા. ॥૨૫॥ ત્યારે વસ્ત્ર રહિત અને ઘણી લજ્જાવતી તે સ્ત્રી, તેમને પોતાની તરફ આવતા દેખીને; એક ઠેકાણે ઉભી ન રહેતાં, હસી પડીને, ઝાડોની અંદર છુપાવા માંડ્યું. ॥૨૬॥ ત્યારે ઇંદ્રિયો ખેંચાઈને; કામ વશ થયેલા સદાશિવ પણ; હાથણીની પાછળ હાથી જવાની પેઠે, તેની પાછળ દોડ્યા. [illegible] અને ઘણા વેગથી તેમણે પાછળથી જઈને, તે ઇચ્છાવિનાની સ્ત્રીનો ચોટલો પકડીને; તેને બેઉ હાથવડે, બાથમાં લીધી. ॥૨૮॥ ત્યારે હાથીવાળી હાથણીની પેઠે, સદાશિવે દબાવેલી; તે મોટી કમરવાળી, પરમાત્માએ

पपञ्चन्[illegible]ने॥ वि[illegible]तीं कंदुकलीलयालसद्दुकूलपर्यस्तनितंबमेखलां॥१८॥ आवर्तनोद्वर्तनकंपितस्तनप्रकृष्टहारोरुभरैःपदेपदे॥ प्रभज्यमा
नामिवमध्यतश्चलत्पदप्रवालंनयतींततस्ततः॥१९॥ दिक्षुभ्रमत्कंदुकचापलैर्भृशंप्रोद्विग्नतारायतलोललोचनां॥ स्वकर्णविभ्राजितकुंडलोल्ल
स[illegible]कपोलनीलालकमंडिताननां॥२०॥ श्लथद्दुकूलंकबरींचविच्युतांसन्नह्यतींवामकरेणवल्गुना॥ विनिघ्नतीमन्यकरेणकंदुकंविमोहयंतींजग
दात्ममायया॥२१॥ तांवीक्ष्यदेवइतिकंदुकलीलयेषद्व्रीडास्फुटस्मितविसृष्टकटाक्षमुष्टः॥ स्त्रीप्रेक्षणप्रतिसमीक्षणविह्वलात्मानात्मानमंतिकउ
मांस्वगणांश्चवेद॥२२॥ तस्याःकराग्रात्सतुकंदुकोयदागतोविदूरंतमनुव्रजत्स्त्रियाः॥ वासःससूत्रंलघुमारुतोऽहरद्भवस्यदेवस्यकिलानुप
श्यतः॥२३॥ एवंतांरुचिरापांगींदर्शनीयांमनोरमां॥ दृष्ट्वातस्यांमनश्चक्रेविषज्जत्यांभवःकिल॥२४॥ तयाऽपहृतविज्ञानस्तत्कृतस्मरविह्वलः॥
भवान्याअपिपश्यंत्यागतह्रीस्तत्पदंययौ॥२५॥ सातमायांतमालोक्यविवस्त्राव्रीडिताभृशं॥ निलीयमानावृक्षेषुहसंतीनान्वतिष्ठत॥२६॥
तामन्वगच्छद्भगवान्भवःप्रमुषितेंद्रियः॥ कामस्यचवशंनीतःकरेणुमिवयूथपः॥२७॥ सोऽनुव्रज्यातिवेगेनगृहीत्वाऽनिच्छतींस्त्रियं॥ केशबंध
उपानीयबाहुभ्यांपरिषस्वजे॥२८॥ सोपगूढाभगवताकरिणाकरिणीयथा॥ इतस्ततःप्रसर्पंतीविप्रकीर्णशिरोरुहा॥२९॥ आत्मानंमोचयित्वां
गसुरर्षभभुजांतरात्॥ प्राद्रवत्साप्रथुश्रोणीमायादेवविनिर्मिता॥३०॥ तस्यासौपदवीरुद्रोविष्णोरद्भुतकर्मणः॥ प्रत्यपद्यतकामेनवैरिणेवविनि
र्जितः॥३१॥ तस्यानुधावतोरेतश्चस्कंदामोघरेतसः॥ शुष्मिणोयूथपस्येववासितामनुधावतः॥३२॥ यत्रयत्रापतन्मह्यांरेतस्तस्यमहात्म
नः॥ तानिरूप्यस्यहेम्नश्चक्षेत्राण्यासन्महीपते॥३३॥ सरित्सरस्सुशैलेषुवनेषूपवनेषुच॥ यत्रक्वचासन्नृषयस्तत्रसन्निहितोहरः॥३४॥ स्कन्ने
रेतसिसोऽपश्यदात्मानंदेवमायया॥ जडीकृतंनृपश्रेष्ठसंन्यवर्ततकश्मलात्॥३५॥ अथावगतमाहात्म्यआत्मनोजगदात्मनः॥ अपरिज्ञेयवी
र्यस्यनमेनेतदुहाद्भुतं॥३६॥ तमविक्लवमव्रीडमालक्ष्यमधुसूदनः॥ उवाचपरमप्रीतोबिभ्रत्स्वांपौरुषींतनुं॥३७॥ श्रीभग० दिष्ट्यात्वंविबुधश्रेष्ठ
स्वांनिष्ठामात्मनास्थितः॥ यन्मेस्त्रीरूपयास्वैरंमोहितोऽप्यंगमायया॥३८॥ कोनुमे[illegible]यांविषक्तस्त्वहतेपुमान्॥ तांस्तान्विसृजतींभावा

નિર્માણ કરેલી માયા; પોતાના શરીરને, સદાશિવના હાથમાંથી છોડાવીને, અહીં તહીં ભરાઈ જવાથી, માથાના વાળ છૂટા થઈ ગયેલી, દોડી ગઈ. ॥૨૯–૩૦॥ અને એ અદ્ભુત કર્મ કરનારા વિષ્ણુભગવાન રૂપ, સ્ત્રીની પાછળ પાછળ; પોતાના વૈરીકામ દેવે પકડીને, પરાજય પમાડેલા; સદાશિવ પણ, દોડતા ગયા.॥૩૧॥ અને ઋતુ આવેલી ગાયને વિશે, ગર્ભ રાખવાને માટે મોટો સાંઢ જેમ, તેની પછવાડે દોડે; તેમ, અમોઘ વીર્ય વાળા સદાશિવ, પાછળ દોડ્યા જતાં; તેમનું વીર્ય સ્ખલિત થઈ ગયું. ॥૩૨॥ હે રાજા, એ રીતે દોડતાં પૃથ્વી ઉપર જે જે ઠેકાણે એ મહાત્માનું વીર્ય પડ્યું, ત્યાં ત્યાં સોનાની અને રૂપાની ખાણ્યો થયેલી છે.॥૩૩॥ એ રીતે નદીઓ–સરોવરો–વનો–અને ઋષિઓના આશ્રમો વાળાં ઉપવનોમાં પણ, સદાશિવ તેની પાછળજ ગયા. ॥૩૪॥ પણ જો સદાશિવે પોતાનું વીર્ય સ્ખલિત થયા પછી; વિષ્ણુ ભગવાનની માયાએ, પોતાને મોહ ઉપજાવેલાનું જાણ્યું; એટલે એ મોહ થકી પોતે નિવૃત્ત થયા. ॥૩૫॥ તથા જેના પરાક્રમોની અટકળ થઈ શકતી નથી, એવા જગતના આત્મા ભગવાનનું: આવું મહાત્મ્ય જાણીને; પોતાને આ રીતે થવામાં, તેમણે નવાઈ માની નહીં. ॥૩૬॥ ત્યારે સદાશિવને ખેદ રહિત, અને લજ્જા નહીં પામેલા જોઈને; મધુસૂદન ભગવાને પોતાનું પુરુષાકૃતિ સ્વરૂપ ધારણ કરી, ઘણી પ્રીતિથી તેમને કહ્યું કે. ॥૩૭॥–શ્રી ભગવાન્–હે મહાદેવ, મેં આપને મારી સ્ત્રી રૂપ માયાથી મોહ પમાડ્યા છતાં પોતે, આપ પોતાથીજ બુદ્ધિમાં આવ્યા છો; એ ઘણું સારું થયું છે. ॥ ૩૮ ॥ અજીતેંદ્રિય પુરુષથી નહીં તરી શકાતી, અને ઘણા ભાવોને ઉત્પન્ન કરનારી, મારી માયાને ; આપવિના, બીજા આસક્તિવાળા પુરુષો; કોણ તરી શકનાર છે. ? ॥૩૯॥ કાળ સ્વરૂપ અને સમયના વિભાગ પ્રમાણે અનુસરનારી ઘણા ગુણો વાળી માયા; આપનો પરાભવ કરી શકેજ નહીં. ॥૪૦॥–શ્રીશુક–પછી હે રાજા, શ્રી વત્સના ચિહ્ન વાળા વિષ્ણુ ભગવાને, એ રીતે સત્કાર કરેલા સદાશિવ; તેમની પરકમા કરી રજા માગીને, પોતાના [illegible]

કૈલાસમાં ગયા. ॥૪૧॥ તે પછી પોતાના અંશ રૂપ થયેલાં ભવાની પાસે, સદાશિવે બીજા ઋષિઓના દેખતાં, એ માયાનાં વખાણ કરીને કહ્યું કે. ॥૪૨॥ " અજન્મા-પરમપુરુષ-અને મોટા દેવ તે ભગવાનની આ માયાને, તમે પણ જોઇ; કે જેના વશમાં જવાથી, એ ભગવાનનોજ મુખ્ય અંશ હું પણ, મોહ પામ્યો; ત્યારે બીજા પરતંત્ર પુરુષોનું તો કહેવુંજ શું ? ॥૪૩॥ હું હજાર વરસનો યોગ કરીને, સમાધિ ઉતારતી વખતે; તમે આવીને, મને જેના વિશે પૂછ્યું હતું; તે એજ, સાક્ષાત પુરાણ પુરુષ ભગવાન છે; કે જેને વિશે કાળ તથા વેદ પણ પ્રવેશ કરી શકતા નથી." ॥૪૪॥ હે પરીક્ષિત, સારંગ ધનુષ્યને ધરનારા ભગવાન, જેમણે સમુદ્રનું મંથન કરતા વખતે; પોતાની પીઠ ઉપર, મોટા પર્વતને ધારણ કર્યો હતો; તેમનાં પરાક્રમો મેં તમને આ રીતે કહી સંભળાવ્યાં. ॥૪૫॥ સંસાર ભયરૂપ સઘળા ભટકવાને મટાડનાર, ઉત્તમ શ્લોક ભગવાનના ગુણોના વર્ણન રૂપ; આ આખ્યાનનું જે કોઇ વારંવાર શ્રવણ અગર કીર્તન કરશે, તેના ઉદ્યમો કદી પણ વ્યર્થ જશે નહીં. ॥ ૪૬ ॥ જે અસત્ પુરુષોને જણાતા નથી, અને ચરણ કમળમાં ભાવ રાખનારાઓ જેને પામે છે; એવા એ; શરણાંગત દેવતાઓને સમુદ્ર મંથન કરીને અમૃત પાનારા, અને કપટથી સ્ત્રીનું રૂપ લઇને અસુરોને મોહ પમાડનારા; તથા પોતાની પાસે આવનારાઓના મનોર્થને, કલ્પવૃક્ષની પેઠે પૂર્ણ કરનારા ભગવાનને; હું નમસ્કાર કરૂંછું. ॥૪૭॥ ઇતિ શ્રી૦ ભા૦ આઠમા સ્કંધનો બારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૨॥

અધ્યાય ૧૩ મો.—શ્રીશુક—વિવસ્વત એટલે સૂર્યનો પુત્ર શ્રાદ્ધદેવ, નામનો સાતમો એટલે વર્તમાન

न्दुस्तरामकृतात्मभिः॥३९॥ सेयंगुणमयी मायानत्वामभिभविष्यति॥मयासमेताकालेनकालरूपेणभागशः॥४०॥ श्रीशुक०एवंभगवताराजन्श्रीवत्सांकेनसत्कृतः॥ आमंत्र्यतंपरिक्रम्यसगणःस्वालयंययौ॥४१॥ आत्मांशभूतांतांमायांभवानींभगवान्भवः॥ शंसतामृषिमुख्यानांप्रीत्याचष्टाथभारत॥४२॥ अपिव्यपश्यस्त्वमजस्यमायांपरस्यपुंसःपरदेवतायाः॥ अहंकलानामृषभोविमुह्येययावशोऽन्येकिमुतास्वतंत्राः॥४३॥ यंमामपृच्छस्त्वमुपेत्ययोगात्समासहस्रांतउपारतंवै॥सएषसाक्षात्पुरुषःपुराणोनयत्रकालोविशतेनवेदः॥४४॥ श्रीशुक० इतितेऽभिहितस्तातविक्रमःशार्ङ्गधन्वनः॥ सिंधोर्निर्मथनेयेनधृतःपृष्ठेमहाचलः॥४५॥ एतन्मुहुःकीर्तयतोऽनुशृण्वतोनरिष्यतेजातुसमुद्यमःक्वचित्॥ यदुत्तमश्लोकगुणानुवर्णनंसमस्तसंसारपरिश्रमापहं॥४६॥ असदविषयमंघ्रिंभावगम्यंप्रपन्नानमृतममरवर्यानाशयत्सिंधुमथ्यं॥ कपटयुवतिवेषोमोहयन्यःसुरारींस्तमहमुपसृतानांकामपूरंनतोऽस्मि॥४७॥ इ०भा०म०अ०शंकरमायामोहनंनामद्वादशोऽध्यायः॥१२॥श्रीशुक० मनुर्विवस्वतःपुत्रःश्राद्धदेवइतिश्रुतः॥ सप्तमोवर्तमानोयस्तदपत्यानिमेशृणु॥१॥ इक्ष्वाकुर्नभगश्चैवधृष्टःशर्यातिरेवच॥ नरिष्यंतोऽथनाभागःसप्तमोदिष्टउच्यते॥२॥ करूषश्चपृषध्रश्चदशमोवसुमान्स्मृतः॥ मनोर्वैवस्वतस्यैतेदशपुत्राःपरंतप॥३॥ आदित्यावसवोरुद्राविश्वेदेवामरुद्गणाः॥अश्विनावृभवोराजन्निंद्रस्तेषांपुरंदरः॥४॥ कश्यपोत्रिर्वसिष्ठश्चविश्वामित्रोऽथगौतमः॥ जमदग्निर्भरद्वाजइतिसप्तर्षयःस्मृताः॥५॥ अत्रापिभगवज्जन्मकश्यपाददितेरभूत् आदित्यानामवरजोविष्णुर्वामनरूपधृक्॥६॥ संक्षेपतोमयोक्तानिसप्तमन्वंतराणिते॥ भविष्याण्यथवक्ष्यामिविष्णोःशक्त्यान्वितानिच॥७॥ विवस्वतश्चद्वेजायेविश्वकर्मसुतेउभे॥ संज्ञाछायाचराजेंद्रयेप्रागभिहितेतव॥८॥ तृतीयांवडवामेकेतासांसंज्ञासुतास्त्रयः॥ यमोयमीश्राद्धदेवश्छायायाश्चसुतान्शृणु॥९॥ सावर्णिस्तपतीकन्याभार्यासंवरणस्ययया॥ शनैश्चरस्तृतीयोऽभूदश्विनौवडवात्मजौ॥१०॥अष्टमेंऽतरआयातेसावर्णिर्भवितामनुः॥ निर्मोकविरजस्काद्याःसावर्णितनयान्नृप॥११॥ तत्रदेवाःसुतपसोविरजाअमृतप्रभाः॥ तेषांविरोचनसुतोबलिरिंद्रोभविष्यति॥१२॥ दत्त्वेमांयाचमानायविष्णवेयःपदत्रयं॥ राद्धमिंद्रपदंहित्वाततःसिद्धिमवाप्स्यति॥१३॥ योऽसौभगवताबद्धःप्रीतेनसुतलेपुनः॥निवेशितोऽधिकेस्वर्गादधुनास्तेस्वराडिव॥१४॥गालवोदीप्तिमान्रामोद्रोणपुत्रःकृपस्तथा॥ऋष्यशृंगः

એ, વિખ્યાત મનુ થયેલો છે; તેનાં સંતાનોને તમે મારા થકી સાંભળો. ॥૧॥ તેના ઇક્ષ્વાકુ-નભગ-ધૃષ્ટ-શર્યાતિ-નરિષ્યંત-નાભાગ-સાતમો દિષ્ટ-કરૂષ-પૃષધ્ર-અને વસુમાન; એ રીતના દશ પુત્રો હતા. ॥૨-૩॥ આદિત્ય-વસુ-રુદ્ર-વિશ્વદેવ-મરુતો-અશ્વિનિકુમારો-અને ઋભુઓ, એ (આ મન્વંતરના) દેવતાઓ છે; અને તેમનો ઇંદ્ર, પુરંદર છે.॥૪॥ કશ્યપ-અત્રિ-વસિષ્ઠ-વિશ્વામિત્ર-ગૌતમ-જમદગ્નિ-અને ભરદ્વાજ,એ સપ્તર્ષિઓ કહેવાયછે. ॥૫॥ આ મન્વંતરમાં પણ; વિષ્નુ ભગવાનનો અવતાર વામનજી, કશ્યપ થકી અદિતિને વિશે, અદિતિના દીકરાઓમાં સૌથી નાના થયા હતા. ॥૬॥ આ રીતે વિષ્નુ ભગવાનના અવતારો સહિત, થઇ ગયેલા સાત મન્વંતરો, મેં તમને સંક્ષેપથી કહ્યા; હવે થવાના મન્વતરો વિશે કહુંછું. ॥૭॥ હે રાજા, વિવસ્વતની બે સ્ત્રીઓ સંજ્ઞા અને છાયા; બંને વિશ્વકર્માની દીકરીઓ હતી; તેઓ વિશે મેં તમને પ્રથમ કહેલું છે. ॥૮॥ તેની વડવા નામની ત્રીજી સ્ત્રી હોવાનું કેટલાએક કહે છે; એ સંજ્ઞામાં, યમ-યમી (જમુના)-અને શ્રાદ્ધદેવ; એ ત્રણ સંતાનો થયાં હતાં; હવે છાયાનાં સંતાનોને સાંભળો. ॥૯॥ પેહેલો સાવરણી-પછી તપતી નામની કન્યા, જે સંવરણની સ્ત્રી હતી તે;-અને ત્રીજો શનિશ્ચર થયો હતો; તથા બંને અશ્વિનિકુમારો પણ એ વડવાના દીકરા છે. ॥૧૦॥ હે રાજા, આઠમા એટલે આવતા મન્વંતરમાં, એ સાવર્ણી મનુ થશે; નિર્મોક અને વિરજસ્ક વિગેરે, સાવર્ણીના પુત્રો થશે. ॥૧૧॥ સુતપસ-વિરજ-અને અમૃતપ્રભ, એઓ તે વખતે દેવતાઓ થશે; અને તેઓનો ઇંદ્ર, વિરોચનનો દીકરો બલીરાજા થશે. ॥૧૨॥ જેણે પોતાના પાસે વિષ્નુ ભગવાને યાચના કરવાથી; તેમને, ત્રણ પગલાં પૃથ્વી આપવાવડે; પોતાને મળેલા ઇંદ્રપદને તજીને; તે કરતાં પણ અધિક સિદ્ધિને મેળવેલી છે. ॥૧૩॥ તેને ભગવાને પ્રથમ બાંધ્યા છતાં; પાછળથી પ્રસન્ન થઇને; સ્વર્ગ કરતાં પણ

બલિ જેવા-સુતળ પાતાળમાં રાખ્યો છે; ત્યાં તે હાલ પણ ઇંદ્રની માફક રહે છે. ॥૧૪॥ ગાલવ-દિપ્તિમાન-પરશુરામ-અશ્વત્થામા-કૃપાચાર્ય-ઋષ્યશૃંગ-અને અમારા પિતા ભગવાન બાદરાયણ. ॥૧૫॥ એઓ તે વખતે સપ્તર્ષિઓ થશે; જેઓ યોગ કરીને, પોતપોતાના આશ્રમોમાં હાલ રહેલા છે. ॥૧૬॥ દેવગુહ્યની સ્ત્રી, સરસ્વતીને વિષે થયેલા સાર્વભૌમ નામના પ્રભુ. ઇશ્વર અવતરીને; તે પુરંદર પાસેથી ત્રિલોકીનું હરણ કરીને, બલી-રાજાને આપશે. ॥૧૭॥ હે રાજા, દક્ષ સાવર્ણી નામનો વરૂણનો દીકરો, નવમો મનુ થશે; અને ભૂતકેતુ તથા દિપ્તિકેતુ વિગેરે, તેના પુત્રો થશે. ॥૧૮॥ પાર અને મરિચિગર્ભ વગેરે, દેવતાઓ થશે; અદ્ભુત નામનો ઇંદ્ર થશે; અને દ્યુતિમાન વિગેરે, સપ્તર્ષિઓ થશે. ॥૧૯॥ ત્યારે આયુષ્માનની સ્ત્રી અંબુધારા થકી, ભગવાનની કળારૂપે ઉત્પન્ન થયેલા, ઋષભ ભગવાને; હાથ કરી આપેલ ત્રિલોકીને; અદ્ભુત નામનો ઇંદ્ર ભોગવશે. ॥૨૦॥ પછી ઉ-પશ્લોકનો દીકરો બ્રહ્મસાવર્ણી, દસમો મનુ થશે; ભૂરિષેણ વિગેરે, તેના પુત્રો થશે; હવિષ્માન-સુકૃત-સત્ય-જય-અને મૂર્તિ એ પાંચ તથા બીજાઓ, સપ્તર્ષિ થશે; સુવાસન અને વિરૂદ્ધ વગેરે, દેવતાઓ થશે; અને શંભુ, દેવતાઓનો ઇંદ્ર થશે. ॥૨૧-૨૨॥ ત્યારે વિશ્વસૃજના ઘરમાં વિષુચિ નામની સ્ત્રીથી, પોતાના અંશવડે જન્મેલા; વિશ્વકસેન નામના સમર્થ ભગવાન, શંભુ ઇંદ્રની સહાયતા કરશે. ॥૨૩॥ અગિયારમો મનુ, ધર્મ સાવર્ણી નામનો થશે; અને આત્મવાન-અનાગત-સત્ય-અને ધર્મ આદિ દશ, તેના પુત્રો થશે. ॥૨૪॥ વિહંગમ-કામગમ-અને નિર્વાણરૂચી, એ નામો વાળા દેવતાઓ થશે; ને વૈધૃતિ, નામનો તેમનો ઇંદ્ર થશે; તથા વરૂણ આદિ, સપ્તર્ષિઓ થશે. ॥૨૫॥ આર્યકની સ્ત્રી વૈધૃતાથી ધર્મસેતુ નામે, તેના પુત્ર હરિ ભગવાનનો અંશ અવતરીને, ત્રિલોકીનું પાલન કરશે. ॥૨૬॥ બારમો મનુ, રૂદ્રસાવર્ણી થશે; ને દેવવાન-ઉપદેવ-અને દેવશ્રેષ્ઠ,

पितास्माकंभगवान्बादरायणः ॥१५॥ इमेसप्तर्षयस्तत्रभविष्यंतिस्वयोगतः॥ [illegible]तराजन्स्वेस्वेआश्रममंडले ॥१६॥ देवगु[illegible]त्यासार्वभौमइतिप्रभुः॥स्थानंपुरंदराद्धृत्वाबलयेदास्यतीश्वरः ॥१७॥नवमोद[illegible]सावर्णिर्मनुर्व[illegible]ः॥ भूतकेतु[illegible]तान्नृप॥ १८॥ पारामरीचिगर्भाद्यादेवाइंद्रोद्भुतःस्मृतः॥द्युतिमत्प्रमुखास्तत्रभा[illegible]षयस्ततः॥१९॥ आयुष्मतोंऽबुधारायामृषभोभगवत्कला॥भीवतायेन [illegible]त्रिलोकींभोक्ष्यतेऽद्भुतः॥२०॥ दशमोब्रह्मसावर्णिरुपश्लोकसुतोमहान्॥ तत्सुताभूरिषेणाद्याहविष्मत्प्र[illegible]खाद्विजाः॥ ॥२१॥ हविष्मान्सु[illegible]तःसत्योजयोमूर्तिस्तदाद्विजाः॥सुवासनविरुद्धाद्यादेवाःशंभुःसुरेश्वरः ॥२२॥ विष्वक्सेनोविषूच्यां[illegible]शंभोःस[illegible]करिष्यति॥जातःस्वांशेनभगवान्गृहेविश्वसृजोविभुः॥२३॥ मनुर्वैधर्मसावर्णिरेकादशमआत्मवान्॥अनागतास्तत्सुताश्चसत्यधर्मादयोदश॥२४ विहंगमाःकामगमानिर्वाणरुचयःसुराः॥ इंद्रश्चवैधृतिस्तेषामृषयश्चारुणादयः ॥२५॥ आर्यकस्यसुतस्तत्रधर्मसेतुरितिस्मृतः॥वैधृतायांहरेरंशस्त्रिलोकींधारयिष्यति ॥२६॥ भविताराद्रसाव[illegible]जन्द्वादशमोमनुः॥देववानुपदेवश्चदेवश्रेष्ठादयःसुताः ॥२७॥ ऋतधामाचतत्रेंद्रोदेवाश्चहरितादयः॥ ऋषयश्चतपोमूर्तिस्तपस्व्याग्नीध्रकादयः ॥२८॥ स्वधामाख्यो[illegible]रेरंशःसाधयिष्यतितन्मनोः॥ अंतरंसत्यस[illegible]सःसूनृतायाःसुतोविभुः॥२९॥ मनुस्त्रयोदशोभाव्योदेवसावर्णिरात्मवा[illegible]॥ चित्रसेनविचित्राद्यादेवसावर्णिदेहजाः ॥३०॥ देवाःसुकर्मसुत्रामसं[illegible]स्पतिः॥ निर्मोकतत्त्वदर्शाद्याभविष्यंत्यृषयस्तदा॥३१॥ दे[illegible]यउपहर्तादिवस्पतेः॥ योगेश्वरोहरेरंशोबृहत्यांसंभविष्यति ॥३२॥ मनुर्वा[illegible]द्रसावर्णिश्चतुर्दशमएष्यति॥उरुगंभीरबुद्ध्याद्याइंद्रसावर्णिवीर्यजाः॥३३॥ पवित्राश्चाक्षुषादेवाःशुचिरिंद्रोभविष्यति॥अग्निर्बाहुःशुचिःशु[illegible]मागधाद्यास्तपस्विनः ॥३४॥ सत्रायणस्यतनयोबृहद्भानुस्तदाहरिः॥ वितानायांमहाराजक्रियातंतून्वितायिता ॥३५॥ राजंश्चतुर्दशैतानित्रिकालानुगतानिते॥ प्रोक्तान्येभिर्मितःकल्पोयुगसाहस्रपर्ययः ॥३६॥ इ०भा०म०अ०त्रयोदशोऽध्यायः ॥ १३ ॥

राजा० मन्वंतरेषुभगवन्यथामन्वादयस्त्विमे॥यस्मिन्कर्मणियेयेननियुक्तास्तद्वदस्वमे॥१॥ ऋषि०मनवोमनुपुत्राश्चमुनयश्चमहीपते॥इंद्राःसु

વગેરે તેના પુત્રો થશે. ॥૨૭॥ ઋતધામા, નામનો ઇંદ્ર થશે; હરિત વગેરે, દેવતાઓ થશે; તપોમૂર્તિ-તપસ્વી-અને આગ્નિધ્રક વગેરે, સપ્તર્ષિઓ થશે. ॥૨૮॥ સત્ય સહસની સ્ત્રી; સુનૃતાનો પુત્ર; સ્વધામા નામનો, ભગવાનનો અંશાવતાર; એ મનુના મન્વંતરનું રક્ષણ કરશે. ॥૨૯॥ તેરમો મનુ, દેવસાવર્ણી થશે; ચિત્રસેન અને વિચિત્ર વિગેરે, તેના પુત્રો થશે. ॥ ૩૦ ॥ સુકર્મ અને સુત્રામ, નામના દેવતાઓ થશે; દિવસ્પતિ, નામનો ઇંદ્ર થશે; નિર્મોક-અને તત્વદર્શ, વિગેરે સપ્તર્ષિઓ થશે. ॥૩૧॥ અને દેવહોત્રની સ્ત્રી બૃહતિમાં; યોગેશ્વર નામનો ભગવાનનો અંશાવતાર થશે; તે દિવસ્પતિની સહાય કરશે ॥ ૩૨ ॥ ચૌદમો મનુ, ઇંદ્રસાવર્ણી થશે; અને ઉરૂ તથા ગંભીર બુદ્ધિ વિગેરે, તેના પુત્રો થશે. ॥૩૩॥ પવિત્ર અને ચાક્ષુસ નામે, દેવતાઓ થશે; શુચિ નામે, ઇંદ્ર થશે; અગ્નિ-બાહુ-શુચિ-શુદ્ધ-અને માગધ વિગેરે સપ્તર્ષિઓ થશે. ॥૩૪॥ અને સત્રાયણની સ્ત્રી વિતાનાના પુત્ર બૃહદ્ભાનુ નામે હરિભગવાનનો અંશાવતાર થશે; તે ક્રિયાઓના તંતુનો વિસ્તાર કરશે. ॥૩૫॥ હે પરીક્ષિત, ત્રણે એટલે ભૂત-ભવિષ્ય-અને વર્તમાન, કાળમાં થનારા; ચૌદે મન્વંતરો, મેં તમને કહી સંભળાવ્યા; તેઓ વડે માપ થનારો, એક વિકલ્પનો કાળ; ચારે યુગની એક ચોકડી, એમ હજાર ચોકડીઓ પૂરતો; કહેવાય છે. ॥૩૬॥ ઇતિશ્રી ભાગવતે આઠમા સ્કંધનો તેરમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૩॥

અધ્યાય ૧૪ મો.—પરિક્ષિત—હે શુક, એ સઘળા મન્વંતરોમાં, મનુઓ અને ઇંદ્રો વિગેરે, બધાઓ; કોના થકી; કયા કયા કામોમાં; અને કેવી રીતે જોડાય છે; તે આપ મારી પાસે કહો. ॥૧॥—શ્રીશુક—હે રાજા, મનુઓ-મનુના પુત્રો-સપ્તર્ષિઓ-ઇંદ્રો અને દેવતાઓ; એ સર્વે તે તે વખતે થનારાઓ; ભગવાનના અંશાવતારની આજ્ઞા પ્રમાણે ચાલનારા છે. ॥૨॥ પુરૂષ ભગવાનના, યજ્ઞ વિગેરે કહેવાઇ ગયેલા અવતારોની; આજ્ઞાને અનુસરીને; મનુઓ તથા મનુના પુત્રો, જગતની આજીવિકાઓ આદિ, મર્યાદાઓને ચલાવે છે. ॥૩॥ જેમાં સનાતન ધર્મ જણાય છે, તે વેદ મંત્રનો સમુદાય; ચાર ચાર યુગ પુરા થતાં, કાળ વડે નાશ પામી

જ્ઞાન છે; તેને પોતાના તપના પ્રભાવ વડે, ઋષિરૂપિઓ શોધી કહાડીને, પ્રથમ પ્રમાણેજ સ્થાપન કરે છે. ॥૪॥ તે પછી, ભગવાને કહેલો; ચારે પાયા વડે સંપૂર્ણ ધર્મ; મનુઓ અને રાજાઓ પોત પોતાના સમયોમાં પૃથ્વી ઉપર ચલાવે છે. ॥૫॥ અને પોતપોતાના વિભાગ પ્રમાણે તેઓ, તે તે મન્વંતર પૂરો થતા સુધી, પ્રજાઓનું પાલન કરે છે; અને દેવતાઓ તથા તેમની સાથે જોડાયલાઓ; યજ્ઞાદિકના ભાગોને લેછે. ॥૬॥ તથા ઇંદ્ર, લોકોની કામનાઓને પૂર્ણ કરીને; ત્રિલોકનું પાલન કરે છે; અને ભગવાને મેળવી આપેલી, ત્રિલોકની સંપત્તિને ભોગવે છે. ॥૭॥ અને હરિભગવાન પોતેજ; દરેક યુગમાં; સિદ્ધ લોકો (સનકાદિક)ના સ્વરૂપથી, જ્ઞાનનો ઉપદેશ કરે છે. ઋષિઓ (યાજ્ઞવલ્ક્યાદિક) ના સ્વરૂપથી, કર્મો કરવાનું શીખવે છે; અને (દત્તાત્રયઆદિ) યોગેશ્વરના સ્વરૂપથી, યોગ શીખવે છે. ॥૮॥ (મરિચી—કશ્યપ આદિ) પ્રજાપતિઓના સ્વરૂપથી, પ્રજા ઉત્પન્ન

કરે છે; (પૃથુઆદિ) રાજાઓના સ્વરૂપથી, ચોરોનો નાશ કરે છે; અને કાળ સ્વરૂપથી, સર્વેનો નાશ કરે છે; એમ, પૃથક પૃથક ગુણો વાળા; ભગવાન પોતેજ થાય છે. ॥૯॥ અને માયા વડે મોહ પામેલા લોકો, નાના પ્રકારનાં શાસ્ત્રોના વિચારથી, અનેક નામો તથા રૂપો વડે; એ ભગવાનની સ્તુતિ આદિ કરે છે ખરા; પણ તેમના ખરા સ્વરૂપને; કોઇ જાણતું નથી. ॥૧૦॥ એ પ્રમાણેના ચૌદે મન્વંતરો; જેમાં પૂરા થાય છે; તેટલું વિકલ્પનું પ્રમાણ, કલ્પેલાનું; પૂર્વના વિદ્વાનોએ કહેલું છે. ॥૧૧॥ ઇ० શ્રી० ભા० આ०સ્કંધનો ચૌ० અ० સં. ॥૧૪॥

અધ્યાય ૧૫ મો.—પરિક્ષિત—ભગવાન પોતે ઇશ્વર છતાં, તેમણે કંગાલની પેઠે; બળીરાજાપાસે; ત્રણ પગલાં જમીનની યાચના શા માટે કરી ! અને વળી તે લીધા છતાં પણ, તેને શા માટે બાંધ્યો. ? ॥૧॥ તે નિરપરાધ હોવા છતાં, તેને યજ્ઞના ઇશ્વર, અને પરિપૂર્ણ ભગવાન થઇને, બંધન થયું; એ વાતમાં અમને

रगण।श्चैवसर्वेपुरुषशासनाः॥२॥ यज्ञादयोयाःकथिताःपौरुष्यस्तनवोनृप॥मन्वादयोजगद्यात्रांनयंत्याभिःप्रचोदिताः॥३॥ चतुर्युगांतेकाले ग्रस्तान्श्रुतिगणान्यथा ॥तपसाऋषयोपश्यन्यतोधर्मःसनातनः॥४॥ ततोधर्मंचतुष्पादंमनवोहरिणोदिताः॥ युक्ताःसंचारयंत्यद्धास्वेस्वे कालेमहींनृपाः॥५॥ पालयंतिप्रजापालायावदंतंविभागशः॥यज्ञभागभुजोदेवायेचतत्रान्विताश्चतैः ॥६॥ इंद्रोभगवतादत्तांत्रैलोक्यश्रियमूर्जितां॥भुंजानःपातिलोकांस्त्रीन्कामंलोकेप्रवर्षति ॥७॥ ज्ञानंचानुयुगंब्रूतेहरिःसिद्धस्वरूपधृक् ॥ऋषिरूपधरःकर्मयोगंयोगेशरूपधृक् ॥८॥ सर्गंप्रजेशरूपेणदस्यून्हन्यात्स्वराड्वपुः॥कालरूपेणसर्वेषामभावायपृथग्गुणः॥९॥स्तूयमानोजनैरेभिर्माययानामरूपया॥विमोहितात्मभिर्नानादर्शनैर्नचदृश्यते ॥१०॥ एतत्कल्पविकल्पस्यप्रमाणंपरिकीर्तितं॥यत्रमन्वंतराण्याहुश्चतुर्दशपुराविदः ॥११॥ इ०भा०म०अ०चतुर्दशोऽध्यायः ॥१४॥ राजा० बलेःपदत्रयंभूमेःकस्माद्धरिरयाचत॥भूतेश्वरःकृपणवल्लब्धार्थोपिबबंधतं॥१॥ एतद्वेदितुमिच्छामोमहत्कौतूहलंहिनः ॥यज्ञेश्वरस्यपूर्णस्यबंधनंचाप्यनागसः॥२॥ श्रीशुक०पराजितश्रीरसुभिश्चहापितोहीन्द्रेणराजन्भृगुभिःसजीवितः॥ सर्वात्मनातानभजद्भृगून्बलिःशिष्योमहात्माऽर्थनिवेदनेन ॥३॥ तंब्राह्मणाभृगवःप्रीयमाणाअयाजयन्विश्वजितात्रिणाकं॥जिगीषमाणंविधिनाभिषिच्यमहाभिषेकेणमहानुभावाः ॥४॥ ततोरथःकांचनपट्टनद्धोहयाश्चहर्यश्वतुरंगवर्णाः॥ध्वजश्चसिंहेनविराजमानोहुताशनादासहविर्भिरिष्टात् ॥५॥ धनुश्चदिव्यंपुरटोपनद्धंतूणावरिक्तौकवचंचदिव्यं॥पितामहस्तस्यददौचमालामम्लानपुष्पांजलजंचशुक्रः ॥६॥ एवंसविप्रार्जितयोधनार्थस्तैःकल्पितस्वस्त्ययनोऽथविप्रान् ॥ प्रदक्षिणीकृत्यकृतप्रणामःप्रह्लादमामंत्र्यनमश्चकार ॥७॥ अथारुह्यरथंदिव्यंभृगुदत्तंमहारथः॥सुस्रग्धरोऽथसंनह्यधन्वीखड्गीधृतेषुधिः ॥८॥ हेमांगदलसद्बाहुःस्फुरन्मकरकुंडलः॥रराजरथमारूढोधिष्ण्यस्थइवहव्यवाट् ॥९॥ तुल्यैश्वर्यबलश्रीभिःस्वयूथैर्दैत्ययूथपैः॥पिबद्भिरिवखंदृग्भिर्दहद्भिःपरिधीनिव ॥१०॥ वृतोविकर्षन्महतीमासुरींध्वजिनींविभुः॥ ययाविंद्रपुरींस्वृद्धांकंपयन्निवरोदसी ॥११॥ रम्यामुपवनोद्यानैःश्रीमद्भिर्नंदनादिभिः ॥कूजद्विहंगमिथुनैर्गायन्मत्तमधुव्रतैः ॥१२॥ प्रवालफलपुष्पोरुभारशाखामरद्रुमैः॥हंससार

મોટું કૌતુક લાગે છે; માટે તે સઘળી વાત જાણવાને અમે ઇચ્છીએ છીએ. ॥૨॥—શ્રીશુક—હે રાજન, ઇંદ્રથકી પરાજય પામીને મરી ગયેલો, અને શુક્રાચાર્યે પાછો જીવતો કરેલો, ભૃગુકુળના બ્રાહ્મણોનો શિષ્ય બળીરાજા; બ્રાહ્મણોની પોતાના શરીર સુધાં ધન લાન વિગેરે આપીને; તેમની સર્વ પ્રકારે સેવા કરવા લાગ્યો. ॥૩॥ ત્યારે સ્વર્ગને જીતી લેવાની ઇચ્છાવાળા તે બળીરાજાને, મોટા પ્રભાવ વાળા, ભૃગુકુળના બ્રાહ્મણોએ; પ્રસન્ન થઇ, તેનો મોટો અભિષેક કરીને; વિધિપૂર્વક વિશ્વજીત નામનો યજ્ઞ કરાવ્યો. ॥૪॥ તેમાં હવિષ્ય પદાર્થો વડે, પૂજેલા અગ્નિમાંથી; સોનાના પાટા બાંધેલો રથ—ઇંદ્રના જેવા પીળા રંગના ઘોડા—સિંહના ચિન્હવાળી શોભતી ધજા—સોનાથી બાંધેલું દિવ્ય ધનુષ—અખૂટ બાણો વાળા ભાથા—અને દિવ્ય બખતર ઉત્પન્ન થયાં; તેના દાદા પ્રહ્લાદે, ન કરમાય એવી, ફુલની માળા આપી; તથા શુક્રાચાર્યે તેને શંખ આપ્યો. ॥૫—૬॥ એ રીતની યુદ્ધની સામગ્રી, તેને બ્રાહ્મણોએ મેળવી આપ્યાથી; બ્રાહ્મણોને પ્રદક્ષિણા કરીને, તે પગે લાગ્યો; અને પ્રહ્લાદને પણ

નમસ્કાર કરીને, તેમની રજા લીધી. ॥૭॥ પછીથી તે, ભૃગુકુળના બ્રાહ્મણોએ મેળવી આપેલા રથમાં બેશી; બખતર—ધનુષ્ય—ખડ્ગ—બાણો ભરેલા ભાથા—અને ફુલની માળા ધારણ કરીને; હાથમાં સોનાના બાજુબંધ તથા કાને મગરનાં કુંડળો પેહેરવાથી; યજ્ઞના કુંડમાંહેના અગ્નિ સરખો, શોભવા લાગ્યો. ॥૮—૯॥ પછી પોતાના સરખાજ, બળ—ઐશ્વર્ય—અને શોભા વાળા, દૈત્ય સેનાના સેનાપતિઓથી વિંટાયલો; તે અસુરોની મોટી સેના લઇને; પૃથ્વી તથા આકાશને કંપાવતો—અને જેવા થકી, જાણે આકાશને પીઇ જતો હોય; તથા દિશાઓને જાણે, બાળી નાંખતો હોય: તેમ, સમૃદ્ધિ વાળી ઇંદ્રની નગરી ઉપર તે ચાલ્યો. ॥૧૦—૧૧॥ તે ઇંદ્રની નગરી નંદન વગેરે બગીચા અને વાડીઓથી શોભિતી, અને રમણ્ય હતી; ત્યાં પક્ષીઓનાં જોડાં શબ્દ કરતાં હતાં, ને મદોન્મત્ત ભમરાઓ ગાયન કરતા હતા. ॥૧૨॥ કુંપળો—ફળ અને ફૂલના ઘણા ભારવાળાં, દેવતાઓનાં ઝાડો હતાં; અને તેનાં દેવતાઓ સહિત દેવાંગનાઓએ ક્રિડા કરવાનાં, સુંદર તળાવો; હંસ—સારસ—ચક્રવાક—અને કારંડવ વિ-

મેરે, પક્ષીઓનાં ટોળાંઓથી; ભરપુર હતાં. ॥૧૩॥ તે નગરીને ફરતો ખાઈની પેઠે, આકાશ ગંગાએ ચારે તરફ ઘેરો લીધેલો હતો; અને તેને ફરતો સોનાનો બનેલો, ઉંચો કોટ તથા કોઠાઓ, અગ્નિ જેવા શોભતા હતા. ॥૧૪॥ અને વિશ્વકર્માએ બનાવેલા સ્ફટિકના દરવાજાઓને, સોનાના પાટા વાળાં કમાડો હતાં; જુદા જુદા અનેક મોટા રસ્તાઓ—સભાઓ—ચોવટાં—અને ગલીઓ હતી; તથા તે મણિમય ચોકઓ—હિરા અને પરવાળાં વાળી ઓટલીઓથી—અને અગણિત વિમાનો થકી, શોભતી હતી. ॥૧૫—॥૧૬॥ ત્યાં નિર્મળ વસ્ત્રો તથા ભરજુવાની વાળી રૂપાળી સ્ત્રીઓ, અગ્નિની જ્વાળાઓની પેઠે; પોતાના રૂપ અને જુવાની થકી, હમેશાં શોભી રહી હતી. ॥૧૭॥ અને તે દેવાંગનાઓના ચોટલામાંથી ખરી પડતી, નવી અને સુગંધી વાળી ફૂલની માળાઓના સુગંધ થકી; પવન, ત્યાંના રસ્તાઓને; સુગંધી વાળા કરી દેતો હતો. ॥૧૮॥ એવા, તથા સોનાનાં જાળિઆંમાંથી નીકળતા, ધોળા અગરના સુગંધી પથરાવથી, માર્ગોમાં થઈને; તે દેવાંગનાઓ ચાલી જતી હતી. ॥૧૯॥ ત્યાં મોતીના ચંદરવા—મણિ અને સોનાની ધજાઓ—અનેક જાતની પતાકાઓ—અને છાજલીઓ હતી; તથા મોર—પારેવાં—અને ભમરાના શબ્દ થતા હતા; તથા દેવાંગનાઓ મધુર અને મંગળ ગાયન કરતી હતી. ॥૨૦॥ મૃદંગ—શંખ—નોબતો—અને નગારાંના અવાજ થયા કરતા હતા; તથા તાળ—વીણા—મુરજ—તથા રૂષ્ટિ અને વેણુની સાથે પોતાની કાંતિથકી, બીજાઓની કાંતિને હઠાવનારા ગાંધર્વો; પોતાનાં વાજાંવડે, મનને આનંદ પમાડનારાં ગાયનો; તથા નાચ કરતા હતા. ॥૨૧॥ એ પ્રકારની તે ઇંદ્રની નગરીમાં, અધર્મી—ખળ—પ્રાણીઓનો દ્રોહ કરનારા—શઠ—અભિમાની—કામી—અને લોભિઆ લોકો; જઈ શકતા નથી; પણ એ દુર્ગુણો વિનાના લોકોજ, ત્યાં જઈ શકે છે ॥૨૨॥ એવી તે દેવધાની નામની ઇંદ્રની નગરીને,

सचक्राह्वकारंडवकुलाकुलाः॥ नलिन्योपत्रक्रीडंतिप्रमदाःसुरसेविताः॥१३॥ आकाशगंगयादेव्यावृतांपरिखभूतया॥प्राकारेणाग्निवर्णेनसाट्टालेनोन्नतेनच ॥१४॥ रुक्मपट्टकपाटैश्चद्वारैःस्फटिकगोपुरैः॥जुष्टांविभक्तप्रपथांविश्वकर्मविनिर्मितां॥१५॥ सभाचत्वररथ्याढ्यांविमानैन्र्यर्बुदैर्युतां॥शृंगाटकैर्मणिमयैर्वज्रविद्रुमवेदिभिः ॥१६॥यत्रनित्यवयोरूपाःश्यामाविरजवाससः॥भ्राजंतेरूपवन्नार्योह्यर्चिर्भिरिववह्नयः॥१७॥ सुरस्त्रीकेशविभ्रष्टनवसौगंधिकस्रजां ॥ यत्रामोदमुपादायमार्गआवातिमारुतः ॥१८॥ हेमजालाक्षनिर्गच्छद्धूमेनागुरुगंधिना॥पांडुरेणप्रतिच्छन्नमार्गेयांतिसुरप्रियाः ॥१९॥ मुक्तावितानैर्मणिहेमकेतुभिर्नानापताकावलभीभिरावृतां॥शिखंडिपारावतभृंगनादितांवैमानिकस्त्रीकलगीतमंगलां ॥२०॥ मृदंगशंखानकदुंदुभिस्वनैःसतालवीणामुरजर्ष्टिवेणुभिः॥नृत्यैःसवाद्यैरुपदेवगीतकैर्मनोरमांस्वप्रभयाजितप्रभां ॥२१ यांनव्रजंत्यधर्मिष्ठाःखलाभूतद्रुहःशठाः॥ मानिनःकामिनोलुब्धाएभिर्हीनाव्रजंतियत् ॥२२॥ तांदेवधानींसवरूथिनीपतिर्बहिःसमंताद्रुरुधेपृतन्यया ॥आचार्यदत्तंजलजंमहास्वनंदध्मौप्रयुंजन्भयमिंद्रयोषितां॥२३॥ मघवांस्तदभिप्रेत्यबलेःपरममुद्यमं॥सर्वदेवगणोपेतोगुरुमेतदुवाचह ॥२४॥ भगवन्नुद्यमोभूयान्बलेर्नःपूर्ववैरिणः॥अविषह्यमिमंमन्येकेनासीत्तेजसोर्जितः ॥२५॥ नैनंकश्चित्कुतोवापिप्रतिव्योढुमधीश्वरः॥पिबन्निवमुखेनेदंलिहन्निवदिशोदश॥ दहन्निवदिशोदृग्भिःसंवर्ताग्निरिवोत्थितः ॥२६॥ ब्रूहिकारणमेतस्यदुर्धर्षत्वस्यमद्रिपोः॥ओजःसहोबलंतेजोयतएतत्समुद्यमः ॥२७॥ गुरु०जानामिमघवन्शत्रोरुन्नतेरस्यकारणं॥शिष्यायोपभृतंतेजोभृगुभिर्ब्रह्मवादिभिः ॥२८॥ भवद्विधोभवान्वाऽपिवर्जयित्वेश्वरंहरिं॥ नास्यशक्तःपुरःस्थातुंकृतांतस्ययथाजनाः ॥२९॥ तस्मान्निलयमुत्सृज्ययूयंसर्वेत्रिविष्टपं॥यातकालंप्रतीक्षंतोयतःशत्रोर्विपर्ययः॥३०॥ एषविप्रबलोदर्कःसंप्रत्यूर्जितविक्रमः ॥ एषामेवापमानेनसानुबंधोविनंक्ष्यति॥३१॥एवंसुमंत्रितार्थास्तेगुरुणार्थानुदर्शिना॥हित्वात्रिविष्टपंजग्मुर्गीर्वाणाःकामरूपिणः॥३२॥देवेष्वथनिलीनेषुबलिर्वैरोचनिःपुरीं॥देवधानीमधिष्ठायवशंनिन्येजगत्त्रयं ॥३३॥ तंविश्वजयिनंशिष्यंभृगवःशिष्यवत्सलाः शतेनहयमेधानामनुव्रतमयाजयन् ॥३४॥ ततस्तदनुभावेनभुवनत्रयविश्रुतां॥कीर्तिंदिक्षुवितन्वा

મોટી સેનાના અધિપતિ બળીરાજાએ; ચારે તરફ લશ્કર રાખીને, રોકી દીધી, (એટલે ઘેરો ઘાલ્યો;) અને શુક્રાચાર્યે આપેલો મોટા અવાજવાળો, તથા ઇંદ્રની સ્ત્રીઓને ભય ઉત્પન્ન કરનારો શંખ; તેણે વગાડ્યો. ॥૨૩॥ ત્યારે બળીરાજાનો આ મોટો ઉદ્યમ જોઈ, દેવતાઓના ગણો સહિત ઇંદ્રે બૃહસ્પતિની પાસે જઈને; કહ્યું કે. ॥૨૪॥ "હે ભગવાન, અમારા પૂર્વ વૈરી બળીરાજાએ; કરાવેલો કરેલો આ ઉદ્યમ, કોઈથી સહન થઈ શકે નહીં એવો, હોવાનું હું માનુંછું, અને એનો પ્રભાવ આટલો બધો શાથી વધ્યો છે. ॥૨૫॥ પ્રલયકાળના અગ્નિની પેઠે ઉઠેલા—મોઢાથી જાણે જગતને પીઈ જતા—દશે દિશાઓને જાણે ચાટતા, અને દ્રષ્ટિથી બાળી દેતા;—એ બળીરાજાની સામે ઉભો રહેવાને; અને તેને સહન કરવાને; હમણાં તો કોઈ પુરૂષ, કોઈપણ ઉપાયથી; સમર્થ જણાતો નથી. ॥૨૬॥ માટે એ સહણ ન થઈ શકે એવા, મારા શત્રુનાં; શરીર—મન—અને ઇંદ્રિયોનાં બળ, તથા તેજ આટલાં બધાં વધવાનું કારણ શું છે; કે જેથી તેણે આ ઉદ્યમ કરેલોછે; તે મને કહો. ॥૨૭॥ બૃહસ્પતિ—હે ઇંદ્ર, વેદને જાણનારા, ભૃગુકુળના બ્રાહ્મણોએ; તેમના એ શિષ્યનું તેજ, વધારેલું છે; એ, તમારા શત્રુની ચઢતીના કારણને, હું જાણુંછું. ॥૨૮॥ જેમ મોતની સામે ઉભા રહેવાને, મનુષ્યો સમર્થ નથી; તેમ એકલા હરિભગવાન ઇશ્વર શિવાય; તમે, અને તમારા સરખા બીજાઓ પણ; હાલ તેની સામે ઉભા રહી શકે તેમ નથી. ॥૨૯॥ એટલા માટે તમે સર્વ દેવો, સ્વર્ગને છોડી દેઈને જતા રહો; અને કાળની વાટ જુઓ; એટલે કાળ થકીજ, તમારા શત્રુનું ઉલટું થશે. ॥૩૦॥ એનું બળ—ભાગ્ય અને પરાક્રમ, બ્રાહ્મણોથી વધેલું છે; માટે એ બ્રાહ્મણોનુંજ જ્યારે, તે અપમાન કરશે; ત્યારેજ સોબતીઓ સહિત, તે નાશ પામશે.॥૩૧॥ શ્રીશુક—એ પ્રમાણે તત્વને જાણનારા ગુરૂએ, સારી રીતે તત્વ સમજાવવાથી; સર્વ દેવતાઓ સ્વર્ગને તજી દેઈને, ઇચ્છા પ્રમાણે રૂપો ધરી; ત્યાંથી ચાલ્યા ગયા. ॥૩૨॥ આ રીતે દેવતાઓ નાશી જવાથી, વિરોચનના પુત્ર બળીરાજાએ, દેવધાનીમાં સ્થાપન થઈને, ત્રૈલોક્યને વશમાં આણ્યું. ॥૩૩॥ પછી શિષ્યની ઉપર પ્રેમ

સખનારા, ભૃગુકુળના બ્રાહ્મણોએ; એ જગતને જીતનારા, અને પોતાના પરમ સેવક બળીરાજાને; અનુક્રમથી સો અશ્વમેધ યજ્ઞ કરાવ્યા. ॥૩૪॥ તે યજ્ઞોના પ્રભાવથી, ત્રણે લોકમાં; અને સર્વે દિશાઓમાં; કીર્તિ વડે વિખ્યાત થયેલો તે, ચંદ્રમાની પેઠે શોભવા લાગ્યો; અને બ્રાહ્મણોએ મેળવી આપેલી સમૃદ્ધિ તથા લક્ષ્મીને, મોટા મનથી ભોગવવા લાગ્યો; અને તેણે, પોતાને કૃતાર્થ થયેલાનું માન્યું. ॥૩૫-૩૬॥ ઇતિશ્રી૦ ભાગવતે આઠમા સ્કંધનો પંદરમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૫॥

અધ્યાય. ૧૬ મો.—શ્રીશુક—એ પ્રકારે દૈત્યોએ સ્વર્ગનું રાજ્ય લેઇ લેતાં, પોતાના પુત્રો નહીં સરખા થઇ જવાથી, દેવતાઓની મા અદિતિ, અનાથની પેઠે પરિતાપ પામ્યાં. ॥૧॥ પછી એક દિવસે, તેમના આનંદ અને ઉત્સવવિનાના આશ્રમમાં; ઘણા કાળની સમાધિથી વિરામ પામેલા, કશ્યપ મુનિ આવ્યા. ॥૨॥ ત્યારે રીતિ પ્રમાણે સત્કાર પામીને આસન ઉપર બેઠેલા તેમણે, શોક મોઢાવાળાં અદિતિને પૂછ્યું કે.॥૩॥

—કશ્યપ—હે કલ્યાણી, જગતમાં બ્રાહ્મણોનું-ધર્મનું-કિંવા મૃત્યુની ઇચ્છા પ્રમાણે વર્તનારા લોકોનું; હાલમાં અકલ્યાણ તો નથી થયું. ॥૪॥ અથવા હે ગૃહિણી, જેમાં, યોગ નહીં કરનારાઓને પણ યોગ થાય છે; એવા ઘરમાં, ધર્મ—અર્થ—અગર કામની બાબતમાં કાંઇ ભુંડું થયું છે કે શું. ॥૫॥ અગર તારે ઘેર આવેલા અતિથિઓ, કુટુંબને વિશે આસક્તિ વાળી તું થકી; સામા ઉઠીને ઉભા થવાનો પણ સત્કાર પામ્યા વિનાજ; પાછા ચાલ્યા ગયા છે કે શું. ॥૬॥ કેમકે જેને ઘેરથી અતિથિઓ પાણી વિગેરેનો પણ, સત્કાર પામ્યા વિના પાછા જાય છે; તે ઘર નક્કી શિયાળના દર જેવુંજ કહેવાય છે. ॥૭॥ અથવા હે કલ્યાણી, હું દૂર રહેવાથી; તારી બુદ્ધિ ઉદ્વેગવાળી થવાથી; હોમની વેળાએ, કોઇ સમયે; તારાથી અગ્નિમાં હવિષ્ય પદાર્થ, હોમી શકાયા નથી કે શું. ॥૮॥ કેમકે સર્વ દેવતાઓના આત્મા વિષ્નુ ભગવાનનું મુખ, એવા એ અગ્નિ-બ્રાહ્મણો (અને અતિથિ અભ્યાગત) નું પૂજન; કરવા થકીજ, ગૃહસ્થાશ્રમીઓ ઇચ્છિત ફળને દેનારા લોકને પામે છે. ॥૯॥ હે

नःसरेजेउडुराडिव॥३५॥ बुभुजेचश्रियंस्वृद्धांद्विजदेवोपलंभितां॥ कृतकृत्यमिवात्मानंमन्यमानोमहामनाः ॥३६॥ इ०भा०म०अ०पंचदशो ऽध्यायः ॥१५॥ श्रीशुक०एवंपुत्रेषुनष्टेषुदेवमाताऽदितिस्तदा॥हृतेत्रिविष्टपेदैत्यैः पर्यतप्यदनाथवत् ॥१॥ एकदाकश्यपस्तस्या आश्रमंभग वानगात् ॥निरुत्सवंनिरानंदंसमाधेर्विरतश्चिरात् ॥२॥ सपत्नींदीनवदनांकृतासनपरिग्रहः॥सभाजितोयथान्यायमिदमाहकुरूद्वह ॥३॥ अ प्यभद्रंनविप्राणांभद्रेलोकेऽधुनागतं॥ नधर्मस्यनलोकस्यमृत्योश्छंदानुवर्तिनः ॥४॥ अपिवाऽकुशलंकिंचिद्गृहेषुगृहमेधिनि॥धर्मस्यार्थस्य कामस्ययत्रयोगोह्ययोगिनां॥५॥ अपिवाऽतिथयोऽभ्येत्यकुटुंबासक्तयात्वया॥गृहादपूजितायाताःप्रत्युत्थानेनवाक्वचित्॥६॥ गृहेषुयेष्वतिथ योनार्चिताःसलिलैरपि ॥यदिनिर्यांतितेनूनंफेरुराजगृहोपमाः॥७॥ अप्यग्नयस्तुवेलायांनहुताहविषासति॥त्वयोद्विग्नधियाभद्रेप्रोषितेमयिक र्हिचित् ॥८॥ यत्पूजयाकामदुघान्यातिलोकान्गृहान्वितः॥ब्राह्मणोऽग्निश्चवैविष्णोःसर्वदेवात्मनोमुखं ॥९॥ अपिसर्वेकुशलिनस्तवपुत्रामन स्विनि॥लक्षयेऽस्वस्थमात्मानंभवत्यालक्षणैरहं ॥१०॥ अदिति०भद्रंद्विजगवांब्रह्मन्धर्मस्यास्यजनस्यच॥त्रिवर्गस्यपरंक्षेत्रंगृहमेधिन्गृहाइ मे॥११॥ अग्नयोऽतिथयोभृत्याभिक्षवोयेचलिप्सवः॥सर्वंभगवतोब्रह्मन्ननुध्यानान्नरिष्यति ॥१२॥ कोनुमेभगवन्कामोनसंपद्येतमानसः॥य स्याभवान्प्रजाध्यक्षएवंधर्मान्प्रभाषते॥१३॥ तवैवमारीचमनःशरीरजाःप्रजाइमाःसत्वरजस्तमोजुषः॥समोभवांस्तास्वसुरादिषुप्रभोतथापि भक्तंभजतेमहेश्वरः॥१४॥ तस्मादीशभजंत्यामेश्रेयश्चिंतयसुव्रत॥हृतश्रियोहृतस्थानान्सपत्नैःपाहिनःप्रभो॥१५॥ परैर्विवासितासाऽहंमग्ना व्यसनसागरे॥ऐश्वर्यंश्रीर्यशःस्थानंहृतानिप्रबलैर्मम॥१६॥ यथातानिपुनःसाधोप्रपद्येरन्ममात्मजाः॥ तथाविधेहिकल्याणंधियाकल्याणकृ त्तम॥१७॥ श्रीशुक०एवमभ्यर्थितोऽदित्याकस्तमाहस्मयन्निव॥अहोमायाबलंविष्णोःस्नेहबद्धमिदंजगत् ॥१८॥ क्वदेहोभौतिकोऽनात्माक चात्मा प्रकृतेःपरः॥कस्यकेपतिपुत्राद्यामोहएवहिकारणं ॥१९॥ उपतिष्ठस्वपुरुषंभगवंतंजनार्दनं॥सर्वभूतगुहावासंवासुदेवंजगद्गुरुं॥२०॥

મનસ્વિની વળી તારા સર્વે પુત્રોનું કુશળતો છે? લક્ષણો ઉપરથી તો મને તારું મન, અસ્વસ્થ જણાય છે. ॥૧૦॥—અદિતિ—હે બ્રાહ્મણ, દ્વિજોનું—ગાયોનું—ધર્મનું—અને લોકોનું પણ; કલ્યાણજ છે. અને ગૃહસ્થાશ્રમીઓના ત્રિવર્ગના મુખ્ય સ્થાનક રૂપ, આ ઘરને વિશે; અગ્નિઓ—અતિથિઓ—નોકરો—ભિક્ષુકો—અને બીજા ઇચ્છા કરનારાઓની બાબતમાં પણ; હું આપનું ધ્યાન કરવાના પ્રતાપથી, કશી ખામી આવેલી નથીજ. ॥૧૧-૧૨॥ પણ હે મોટા પ્રજાપતિ, આપ જેને આ પ્રમાણે ધર્મો વિશે કહો છો; તેના મનની કામનાને, ભગવાન એવા આપ ગન થઇજ, કેમ ન જાણી શકો ? ॥૧૩॥ હે મરિચીના સમર્થ પુત્ર, સત્વ-રજ-અને તમો ગુણી સ્વભાવવાળી, આ સઘળી પ્રજાઓ; આપના મન અને શરીરથકી ઉત્પન્ન થયેલી હોવાથી; દૈત્યો વિગેરે સર્વને આપ સમાનજ છો; તોપણ મોટા સમર્થ પુરુષો; પોતાના ભક્તોને ભજતા આવેલા છે; માટે હે સમર્થ, અને સારાં વ્રતોવાળા; આપને ભજનારી, અમો શત્રુઓએ સ્થાન તથા લક્ષ્મી લેઇ લેવાથી; હુંના, કલ્યાણનો વિચાર કરીને; આપ મારું રક્ષણ કરો. ॥૧૪-૧૫॥ બળવાન શત્રુઓએ; મારા પુત્રોનાં, ઐશ્વર્ય—લક્ષ્મી—યશ—અને સ્થાન; ઝૂંટી લેઇને; તેમને દેશવટો દીધો છે, તેથી હું દુઃખના દરિયામાં બુડી ગઇછું. ॥૧૬॥ હે સાધુ પુરુષ, એ સઘળું જે રીતે મારા પુત્રોને પાછું મળે; એવો ઉપાય, કલ્યાણ કરનારાઓમાં શ્રેષ્ઠ આપ, અમારું ભલું કરવાની બુદ્ધિ થકી કરો. ॥૧૭॥ —શ્રીશુક—એ પ્રમાણે અદિતિએ યાચના કરતાં, હસવાની પેઠે કશ્યપે, અદિતિને કહ્યું કે; " અહો વિષ્નુ ભગવાનની માયાના બળથી, આ આખું જગત સ્નેહ વડે; બંધાઇ ગયેલું છે. ॥૧૮॥ મહાભૂતોથી બનેલો, અનાત્મા આ દેહ ક્યાં ? અને પ્રકૃતિથી પર આત્મા ક્યાં ? પતિ અને પુત્રો કોના છે, અને કોણ છે ? પરંતુ એ સઘળામાં; એક મોહજ કારણ છે. ॥૧૯॥ એટલા માટે તમે, સર્વ પ્રાણી પદાર્થ માત્રને વિશે ગુપ્ત રીતે રહેલા—જગતના ગુરુ—વાસુદેવ—અને જનાર્દન—પુરુષ ભગવાનનીજ ઉપાસના કરો. ॥૨૦॥ એટલે તે દીનદયાળ, હરિ ભગવાન તમારી કામનાઓ પૂર્ણ કરશે; નિષ્ફળ નહીંજ થઇ જનાર, ભગવાનની શક્તિના સરખું; બીજું કાંઇ છેજ નહીં: એવી મારી મતિ છે. ॥૨૧॥ અદિતિ—હે ઉત્તમ દ્વિજ, જે

વિધિ થકી જગતપતિ ભગવાનની ઉપાસના કરવાથી; સત્ય સંકલ્પ ભગવાન, મારા મનોરથ પૂર્ણ કરે; તે વિધિ આપ મને બતાવો; એટલે તે પ્રમાણે ઉપાસના કરવાથી, પુત્રો સહિત દુઃખી થનારી હું ના ઉપર ભગવાન ઉતાવળાજ પ્રસન્ન થાય. ॥૨૨–૨૩॥ કશ્યપ–પ્રજાની કામનાથી ભગવાન બ્રહ્માને, મેં આ રીતેજ પૂછતાં; કેશવ ભગવાનને પ્રસન્ન કરનારૂં વ્રત, તેમણે મને જે રીતે કરવાનું કહ્યું હતું; તે હું તમને કહું છું. ॥૨૪॥ ફાગણ માસના અજવાળિયા પખવાડિયામાં, બાર દિવસ સુધી દૂધ પીઇને રહેવાનું વ્રત, ધારણ કરીને; એ કમળ જેવી આંખ્યો વાળા ભગવાનનું, મોટી ભક્તિથી પૂજન કરવું. ॥૨૫॥ અમાવાસ્યાને દહાડે, જો મળી આવે તો; સુવરે ઉખેડેલી માટી શરીરે લગાડીને, વેહેતા પાણીમાં નહાવું; અને મંત્ર બોલવો કે. ॥૨૬॥ "હે દેવી, આદિ વરાહ ભગવાને, જગતની સ્થિતિ કરવા સારૂ; તને રસાતળમાંથી, ઉપર આણેલ છે; તેને હું નમસ્કાર કરૂં છું; તું મારાં પાપનો નાશ કરજે." ॥૨૭॥ પછી પોતાના નિત્ય નૈમિત્તિક નિયમો કરવા કેડે, ભગવાનનું અર્ચન; મૂર્તિ–પૃથ્વી–સૂર્ય–જળ–અગ્નિ–અને ગુરૂ વિગેરેમાં, કરવું. ॥૨૮॥ "સર્વ પ્રાણી પદાર્થને વિશે નિવાસ કરનારા, વાસુદેવ–સાક્ષી–મહાત્મા–અને પુરૂષ ભગવાનને; હું નમસ્કાર કરૂં છું. ॥૨૯॥ અવ્યક્ત–સૂક્ષ્મ–આદિપુરૂષ–ચોવીસે તત્વોને જાણનારા અને એ તત્વોની સંખ્યાના કારણ રૂપ; આપને નમસ્કાર છે. ॥૩૦॥ બે માથાં–ત્રણપગ–ચાર શિંગડાં–અને સાત હાથ વાળા, યજ્ઞના વિસ્તાર રૂપ–તથા ત્રણે વેદ સ્વરૂપ; આપને નમસ્કાર છે. ॥૩૧॥ શિવ, રૂદ્ર અને શક્તિ એટલે ઉમાજીને, ધારણ કરનારા; ભૂતોના પતિ અને સર્વ વિદ્યાઓના અધિપતિ સ્વરૂપ; આપને વારંવાર નમું છું. ॥૩૨॥ હિરણ્યગર્ભ–પ્રાણરૂપ જગતના આત્મા અને યોગના હેતુરૂપ, તથા યોગ અને ઐશ્વર્યના શરીરવાળા; આપને વારંવાર નમસ્કાર છે. ॥૩૩॥ આદિદેવ

सविधास्यतितेकामान्हरिर्दीनानुकंपनः॥ अमोघाभगवद्भक्तिर्नेतरेतिमतिर्मम॥२१॥ आदिति०केनाहंविधिनाब्रह्मन्नुपस्थास्येजगत्पतिं॥यथा मसत्य ःकल्पोविदध्यात्समनोरथं॥२२॥आदिशत्वंद्विजश्रेष्ठविधिंतदुपधावनं॥आशुतुष्यतिमेदेवःसीदंत्याःसहपुत्रकैः॥२३॥ कश्यप०ए तन्मेभगवान्पृष्टःप्रजाकामस्यपद्मजः॥ यथाहतेप्रवक्ष्यामिव्रतंकेशवतोषणं॥२४॥ फाल्गुनस्यामलेपक्षेद्वादशाहंपयोव्रतः॥अर्चयेदरविंदाक्षंभक्त्यापरमयान्वितः॥२५॥ सिनीवाल्यांमृदालिप्यस्नायात्क्रोडविदीर्णया॥यदिलभ्येतवैस्रोतस्येतंमंत्रमुदीरयेत्॥२६॥ त्वंदेव्यादिवराहेणरसायाःस्थानमिच्छता॥उद्धृतासिनमस्तुभ्यंपाप्मानंमेप्रणाशय॥२७॥ निर्वर्तितात्मनियमोदेव[illegible]माहितः॥ अर्चायांस्थंडिले[illegible]जलेवह्नौगुरावपि॥२८॥ नमस्तुभ्यंभगवतेपुरुषायमहीयसे॥सर्वभूतनिवासायवासुदेवायसाक्षिणे॥२९॥नमोऽ[illegible]क्तायसूक्ष्मायप्रधानपुरुषायच॥ चतुर्विंशद्गुणज्ञायगुणसंख्यानहेतवे॥३०॥नमोद्विशीर्ष्णेत्रिपदेचतुःशृंगायतंतवे॥सप्तहस्ताययज्ञायत्रयीविद्यात्मनेनमः॥३१॥ नमःशिवायरुद्रायनमःशक्तिधरायच॥सर्वविद्याधिपतयेभूतानांपतयेनमः॥३२॥नमोहिरण्यग[illegible]दात्मने॥योगैश्वर्य[illegible]रीरायनमस्तयोगहेतवे॥३३॥ नमस्तेआदिदेवायसाक्षिभूतायतेनमः॥नारायणायऋषयेनराय[illegible]रयेनमः॥३४॥ नमोमरकतश्यामवपुषेऽधिगतश्रिये॥केशवायनमस्तुभ्यंनमस्तेपीतवाससे॥३५॥त्वंसर्ववरदःपुंसांवरेण्यवरदर्षभ॥अतस्तेश्रेयसेधीराःपादरेणुमुपासते॥३६॥ अन्ववर्ततयंदेवाःश्रीश्चतत्पाद[illegible]॥स्पृहयंतइवामोदंभगवान्मेप्रसीदतां॥३७॥ एतैर्मंत्रैर्हृषीकेशमावाहनपुरस्कृतं॥ अर्चयेच्छ्रद्धयायुक्तःप[illegible]दिभिः॥३८॥ अर्चित्वागंधमाल्याद्यैःपयसास्नपयेद्विभुं॥[illegible]ताभरणपाद्योपस्पर्शनैस्ततः॥गंधधूपादिभिश्चार्चेद्द्वादशाक्षरविद्यया॥३९॥शृतंपयसिनैवेद्यंशाल्यन्नंविभवेसति॥ससर्पिःसगुडंदत्वाजुहुयान्मूलविद्यया॥४०॥ निवेदितंतद्भक्तायदद्याद्भुंजीतवास्वयं॥दत्वाचमनमर्चित्वातांबूलंचनिवेदयेत्॥४१॥ जपेदष्टोत्तरशतंस्तुवीतस्तुतिभिःप्रभुं॥कृत्वाप्रदक्षिणंभूमौप्रणमेद्दंडवन्मुदा॥४२॥ कृत्वाशिरसितच्छेषांदेवमुद्वासयेत्ततः॥द्व्यवरान्भोजयेद्विप्रान्पायसेनयथोचितं॥४३॥भुंजीततैरनुज्ञातःशेषंसेष्टःसभाजितैः॥ब्रह्मचार्यथतद्रात्र्यांश्वोभूतेप्रथमेऽहनि॥४४॥स्ना

–સાક્ષી–નારાયણ–નરરૂષિ અને હરિ ભગવાન; આપને વારંવાર નમું છું. ॥૩૪॥ મરકત મણિ જેવા શ્યામ શરીરવાળા–પીળાં વસ્ત્રોવાળા–અને લક્ષ્મીને પામેલા, આપ કેશવ ભગવાનને; વારંવાર નમસ્કાર છે. ॥૩૫॥ હે વરદાન દેનારાઓમાં મુખ્ય, પુરૂષોને સર્વ પ્રકારનાં વરદાનો દેનારા આપ હોવાથી, ધીર પુરૂષો કલ્યાણની ઇચ્છાથી; આપના ચરણની રજનું સેવન કરે છે. ॥૩૬॥ અને સુગંધની ઇચ્છાથી દેવતાઓ તથા લક્ષ્મીજી, જેના ચરણને ઉપાસે છે; તે ભગવાન મને પ્રસન્ન થજો." ॥૩૭॥ એ રીતના મંત્રો વડે પ્રથમ આવાહન કરીને; શ્રદ્ધા સહિત પાદ્ય અને આચમન વિગેરે વડે; હૃષીકેશ ભગવાનનું અર્ચન કરવું. ॥૩૮॥ પછી દૂધથી નહવરાવીને, ગંધ અને ફુલની માળાઓ વિગેરેથી, પૂજન કરવું; અને વસ્ત્ર–જનોઇ–ઘરેણાં–પાદ્ય–આચમન–ગંધ–અને ધૂપ વગેરેથી બાર અક્ષરોનો મંત્ર બોલીને, ભગવાનને પૂજવા. ॥૩૯॥ અને વૈભવ હોય તો ઘી અને ગોળ સહિત દૂધમાં રાંધેલા ચોખાનું, નૈવેદ્ય ધરી; મૂળ મંત્ર (બાર અક્ષરોવાળા મંત્ર)થી તેના વધેલા ભાગનો, અગ્નિમાં હોમ કરવો. ॥૪૦॥ અને નૈવેદ્ય ધર્યું હોય તે, ભગવદ્ ભક્તોને આપવું; અગર પોતે ખાઇ લેવું; પછી આચમન દેઇ, તાંબુલ ધરાવવા વડે; પૂજન કરવું. ॥૪૧॥ એકસોને આઠવાર મંત્ર બોલીને, ભગવાનની સ્તુતિ કરવી; તથા પ્રદક્ષિણા કરીને, આનંદ સહિત દંડવત પ્રણામ કરવા. ॥૪૨॥ અને તેનું ઉછીષ્ટ માથા ઉપર ધારણ કરીને, ભગવાનનું ઉદ્વાહન, (એટલે ત્યાંથી ઉપાડીને મૂળ ઠેકાણે પહોંચાડવાનું.) કરવું; પછી બીજા બ્રાહ્મણોને યથાયોગ્ય રીતે, દૂધ સહિત અન્નનું ભોજન કરાવવું. ॥૪૩॥ અને બાકી રહેલું અન્ન તેમની આજ્ઞાથી, પોતાના ઇષ્ટ વર્ગ સહિત પોતે જમવું; પછી તે રાત્રિ બ્રહ્મચર્ય રાખીને, બીજે દિવસે સવાર થતાં; પાછું પ્રથમ દિવસની પેઠેજ, નાહી પવિત્ર થઇને; ઉપર કહેલા પ્રકારથી, જીતેંદ્રિય થઇ; યથા વિધિથી દૂધથી નવરાવીને, પૂજન કરવા વિગેરેનું સઘળુંજ કરવું; એમ વ્રત પૂરૂ થતાં સુધી, બારે દિવસ રોજ કર્યા કરવું. ॥૪૪–૪૫॥ એટલે પ્રથમ દિવસ પ્રમાણે અગ્નિમાં હોમ

કરીને, તથા બ્રાહ્મણ ભોજન કરાવીને, અને પોતે દૂધ પીનેજ; ભાવ સહિત વિશ્નુ ભગવાનનું, પૂજન કરવું. ॥૪૬॥ એમ બાર દિવસ સુધી રોજરોજ, હોમ–પૂજન–અને બ્રાહ્મભોજન–કરાવીને; આ પયોવ્રતથી હરિભગવાનનું આરાધન કરવાનું છે. ॥૪૭॥ આગ્યાણી પડવેથી શિરૂ કરી, તેરશ સુધી બ્રહ્મચર્ય પાળવું; જમીન ઉપર સુવું, ત્રણેકાળ નહાવું; જુઠું બોલવાનો ત્યાગ કરવો; મોટા નાના ભોગને ન ભોગવવા; કોઇ પ્રાણીને દુઃખ દેવું નહીં; અને વાસુદેવ ભગવાનનો આશ્રય રાખવો. ॥૪૮–૪૯॥ પછી તેરશને દહાડે વિધિ જાણનારા પાસે, શાસ્ત્ર વિધિથી; ભગવાનને પંચામૃતથી નવરાવવા. ॥૫૦॥ અને ધનને વિશે શઠપણું નહીં કરતાં, મહા પૂજા કરવી; અને શિપિવિષ્ટ નામનો, વિશ્નુને સારું દુધમાં ચરૂ રાંધીને; ઇંતેંદ્રિયપણાથી તે ચરૂવડે, ભગવાનનું પૂજન કરવું, તથા એક મનુષ્ય ધરાય એટલું, અને ઘણા ગુણવાળું સુંદર નૈવેદ્ય ધરાવવું. ॥૫૧–૫૨॥ જ્ઞાન સંપન્ન આચાર્યને, તથા ઋત્વિજોને; લુગડાં ઘરેણાં અને ગાયો આપવાથી, પ્રસન્ન કરવાના વિધિવડે; હરિ ભગવાનનું આરાધન કરવું. ॥૫૩॥ અને હે સુંદર હાસ્ય વાળી; શક્તિવાન એટલે ધનવાન હોય, તેણે તો; તેઓને, તથા એ ઠેકાણે એકઠા મળેલા બીજા બ્રાહ્મણોને પણ; સારા અને ગુણોવાળા અન્ન વડે, ભોજન કરાવવું. ॥૫૪॥ ને ગુરૂને તથા ઋત્વિજને, તેમની યોગ્યતા પ્રમાણે દક્ષિણાઓ આપવી; અને ત્યાં આવેલા ચંડાળ પર્યંત સર્વને, અન્નાદિક આપવા વડે; પ્રસન્ન કરવા. ॥૫૫ અને સર્વે; દીન–આંધળા–તથા રાંકને જમાડયા પછીજ, પોતે પોતાના બંધુ વર્ગ સહિત જમવું; અને એમ કરવા વડેજ, વિશ્નુ ભગવાનની પ્રસન્નતા થાય છે; એમ સમજવું. ॥૫૬॥ તેમજ નાચ–વાજીંત્ર–ગાયન–સ્તુતિ–સ્વસ્તિ વાચન–અને કથાઓ વડે, દરરોજ (બારે દિવસ સુધી) ભગવાનની પૂજા કરવી. ॥૫૭॥

तःशुचिर्यथोक्तेनविधिनासुसमाहितः॥पयसास्नापयित्वार्चेद्यावद्व्रतसमापनं ॥४५॥ पयोभक्षोव्रतमिदंचरेद्विष्णवर्चनादृतः॥पूर्ववज्जुहुयादग्निं ब्राह्मणांश्चापिभोजयेत्॥४६॥ एवंत्वहरहःकुर्याद्द्वादशाहंपयोव्रतः॥हरेराराधनंहोममर्हणंद्विजतर्पणं ॥४७॥प्रतिपद्दिनमारभ्ययावच्छुक्लत्रयोदशी॥ब्रह्मचर्यमधःस्वप्नंस्नानंत्रिषवणंचरेत्॥४८॥वर्जयेदसदालापंभोगानुच्चावचांस्तथा॥अहिंस्रःसर्वभूतानांवासुदेवपरायणः॥४९॥ त्रयोदश्यामथोविष्णोःस्नपनंपंचकैर्विभोः ॥ कारयेच्छास्त्रदृष्टेनविधिनाविधिकोविदैः ॥५०॥ पूजांचमहतींकुर्याद्वित्तशाठ्यविवर्जितः॥चरुंनिरूप्यपयसिशिपिविष्टायविष्णवे॥५१॥ शृतेनतेनपुरुषंयजेतसुसमाहितः॥ नैवेद्यंचातिगुणवद्दद्यात्पुरुषतुष्टिदं ॥५२॥ आचार्यंज्ञानसंपन्नंवस्त्राभरणधेनुभिः॥तोषयेदृत्विजश्चैवतद्विद्ध्याराधनंहरेः॥५३॥ भोजयेत्तान्गुणवतासदन्नेनशुचिस्मिते ॥ अन्यांश्चब्राह्मणान्शक्त्यायेचतत्रसमागताः ॥५४॥ दक्षिणांगुरवेदद्यादृत्विग्भ्यश्चयथार्हतः ॥ अन्नाद्येनाश्वपाकांश्चप्रीणयेत्समुपागतान् ॥५५॥ भुक्तवत्सुचसर्वेषुदीनांधकृपणेषुच॥विष्णोस्तत्प्रीणनंविद्वान्भुंजीतसहबंधुभिः ॥५६॥ नृत्यवादित्रगीतैश्चस्तुतिभिःस्वस्तिवाचकैः॥ कारयेत्तत्कथाभिश्चपूजांभगवतोऽन्वहं॥५७॥ एतत्पयोव्रतंनामपुरुषाराधनंपरं ॥ पितामहेनाभिहितंमयातेसमुदाहृतं॥५८॥ त्वंचानेनमहाभागेसम्यक्चीर्णेनकेशवं ॥ आत्मनाशुद्धभावेननियतात्मामजाव्ययं॥५९॥ अयंवैसर्वयज्ञाख्यःसर्वव्रतमितिस्मृतं॥ तपःसारमिदंभद्रेदानंचेश्वरतर्पणं॥६०॥तएवनियमाःसाक्षात्तएवचयमोत्तमाः॥ तपोदानंव्रतंयज्ञोयेनतुष्यत्यधोक्षजः ॥६१॥ तस्माद्देतद्व्रतंभद्रेप्रयताश्रद्धयाचर॥ भगवान्परितुष्टस्तेवरानाशुविधास्यति॥६२॥ इति श्रीभागवतेमहापुराणेअष्टमस्कंधेअदितिपयोव्रतंनामषोडशोऽध्यायः ॥ १६ ॥

श्रीशुक० इत्युक्तासाऽदितीराजन्स्वभर्त्राकश्यपेनवै॥अन्वतिष्ठद्व्रतमिदंद्वादशाहमतंद्रिता॥१॥ चिंतयंत्येकयाबुद्ध्यामहापुरुषमीश्वरं॥प्रगृह्येंद्रियदुष्टाश्वान्मनसाबुद्धिसारथिः ॥२॥ मनश्चैकाग्रयाबुद्ध्याभगवत्यखिलात्मनि॥ वासुदेवेसमाधायचचारहपयोव्रतं ॥३॥ तस्मात्प्रादुरभूत्तातभगवानादिपूरुषः॥ पीतवासाश्चतुर्बाहुःशंखचक्रगदाधरः ॥४॥ तंनेत्रगोचरंवीक्ष्यसहसोत्थायसादरं ॥ ननामभुविकायेनदंडवत्प्रीतिवि

એ પ્રકારે પયોવ્રત નામનું પુરૂષ ભગવાનનું મોટું આરાધન, મને બ્રહ્માએ કહ્યા પ્રમાણે; મેં તમને કહી સંભળાવ્યું. ॥૫૮॥ હે મહાભાગે અદિતિ; તમે પણ શુદ્ધ ભાવ વાળા મનથી, જીતેંદ્રિય થઇને; અવિકારી કેશવ ભગવાનનું, આ વ્રત વડે આરાધન કરો. ॥૫૯॥ હે કલ્યાણી, સર્વયજ્ઞ સ્વરૂપ–અને સર્વ વ્રતો તથા દાનોના સાર રૂપ કહેવાતા, ઇશ્વર ભગવાન; આ વ્રત થકી પ્રસન્ન થાય છે. ॥૬૦॥ અને જેથી, સાક્ષાત અધોક્ષજ ભગવાન પ્રસન્ન થાય; તેજ નિયમ–યમ–તપ–દાન–વ્રત–તથા યજ્ઞો; ખરાં જાણવાનાં છે. ॥૬૧॥ માટે હે કલ્યાણી, તમે જીતેંદ્રિય થઇને, શ્રદ્ધા સહિત આ વ્રત કરો; એટલે ઉતાવળાજ, ભગવાન પ્રસન્ન થઇને; તમને વરદાનો આપશે. ॥૬૨॥ ઇતિ શ્રી૦ ભા૦ આઠમા સ્કંધનો સોળમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૬॥

અધ્યાય. ૧૭ મો.—શ્રીશુક—હે રાજા, આ પ્રમાણે પોતાના સ્વામી કશ્યપે કહેવાથી અદિતિએ, આળસ તજીને; બાર દિવસ સુધીનું, એ વ્રત ધારણ કર્યું. ॥૧॥ અને તેમણે બુદ્ધિની સહાયથી મનવડે, દુષ્ટ ઇંદ્રિયો રૂપ ઘોડાને વશ કરીને; એક નિષ્ઠાથી મહા પુરૂષ ભગવાનનું ચિંતન કરી, અખિલ બ્રહ્માંડના આત્મા, વાસુદેવ ભગવાનમાં; મન અને બુદ્ધિની એકાગ્રતા રાખીને, એ પયોવ્રત કર્યું ॥૨–૩॥ હે પરીક્ષિત તેથી શંખ, ચક્ર, અને ગદાને ધરનારા–ચતુર્ભુજ–પીળાં વસ્ત્ર ધરનારા–અને આદિ પુરૂષ–ભગવાન પ્રકટ થયા. ॥૪॥ ત્યારે તેમને આંખ્યો આગળ આવેલા જોઇને, અદિતિએ આદર સહિત એકદમ ઉભાં થઇને; પ્રીતિથી વિહ્વળ થઇ, શરીર વડે પૃથ્વી ઉપર પડીને; દંડવત નમસ્કાર કર્યા. ॥૫॥ પછી અદિતિએ જમીન ઉપરથી ઉઠીને, હાથ જોડી સ્તુતિ કરવા માંડતાં; આનંદના આંસુંવડે, આંખ્યો ભરાઇ જવાથી; તથા શરીરે રોમાંચિત થવાથીઃ–અને દર્શનના મોટા ઉત્સાહથી; શરીરે કંપ થવાને લીધે. તે સ્તુતિ ન કરી શકતાં કેટલીકવાર સુધી ચૂપ થઇને ઉભી રહી. ॥ ૬ ॥ અને છેવટે તેણે એ લક્ષ્મીપતિ–યજ્ઞપતિ–અને જગતપતિ–ભગવાનને; જાણે આંખ્યોથી પીતી હોય એમ, જોયા કરતાં ગળગળી વાણીથી; ધીમે ધીમે પ્રીતિ સહિત સ્તુતિ કરી

કે. ॥ ૭ ॥–અદિતિ–હે યજ્ઞેશ્વર–યજ્ઞપુરૂષ–અચ્યુત–તીર્થપાદ–પવિત્ર કીર્તિવાળા–સાંભળવાથી મંગળ કરનારે નામો વાળા–શરણાગતનાં દુખો મટાડવાને પ્રકટ થનાર–અને ગરીબોનું રક્ષણ કરનારા–ઈશ્વર ભગવાન; હાલમાં આપ અમારૂં કલ્યાણ કરો. ॥ ૮ ॥ જગતસ્વરૂપ–જગતની ઉત્પત્તિ, સ્થિતિ, અને લયકરનારા–અંત પ્રભાવથી ઘણી શક્તિઓ પામી માયાના ગુણોને ગ્રહણ કરનારા–વ્યાપક–પોતાના સ્વરૂપમાં રહેલા–અને સર્વદા વૃદ્ધિ પામેલા પૂર્ણ જ્ઞાનથી પોતાના સ્વરૂપમાં માયાનો નિરાસ કરનારા– આપ પ્રસન્ન થવા થકીજ; પુરૂષોને; મોટું આયુષ્ય–સુંદર શરીર,–સ્વર્ગ–પૃથ્વી–અને પાતાળની અતિશય લક્ષ્મી–સઘળા યોગના ગુણો એટલે સિદ્ધિઓ–ત્રિવર્ગ એટલે ધર્મ, અર્થ, ને કામ; અને કેવળજ્ઞાન પણ મળે છે; ત્યાં શત્રુઓને જીતવાની ઇચ્છાની તો, ગણતીજ્યાની હોય. ॥૧૦॥–શ્રીશુક–ત્યારે હે રાજા, એ રીતે અદિતિએ સ્તુતિ કરેલા, સર્વ પ્રાણીના મનની વાતને જાણનારા; કમળનેત્ર ભગવાન બોલ્યા કે. ॥૧૧॥–શ્રીભગવાન–હે દેવોની મા, શત્રુઓએ લક્ષ્મી હરિલીધેલા, અને સ્થાનભ્રષ્ટ કરેલા; તમારા પુત્રો સંબંધની તમારી, ઘણા વખત થયાં ઉપજ થયેલી ઇચ્છાને; હું જાણુંછું. ॥૧૨॥ એ દુર્મદ અસુરોના અધિપતિઓને યુદ્ધમાં હરાવીને, જય અને લક્ષ્મી પાછાં મેળવેલા પુત્રોથકી; પોતાની સેવા થાય; એવું તમે ઇચ્છોછો. ॥૧૩॥ અને તમારા ઇંદ્રઆદિ પુત્રોએ, યુદ્ધમાં મારેલા શત્રુઓની સ્ત્રીઓને; દુઃખી થઇને રોતી જોવાની, તમારી ઇચ્છા છે. ॥૧૪॥ તથા સમૃદ્ધિ–યશ–અને લક્ષ્મી પામેલા; તમારા પુત્રોને; સ્વર્ગમાં રહીને, ક્રિડા કરતા જોવાને; તમે ઇચ્છોછો. ॥૧૫॥ પણ હે દેવી, હમણાં એ અસુરોના અધિપતિઓ, ઘણુ કરીને જીતાય એવા ન હોવાનું, હું માનુછું; કારણ સમર્થકાળ અને બ્રાહ્મણો, તેમને અનુકૂળ હોવાથી, તેઓનાથી એમનું રક્ષણ થાય છે; માટે હમણાં તેમના ઉપર પરાક્રમ ચલાવવાથી, સુખ મળે; તેમ

कला ॥५॥ सोत्थायबद्धांजलिरीडितुंस्थितानं त्सेहआनंदजलाकुलेक्षणा॥ बभूवतूष्णींपुलकाकुलाकृतिस्तद्दर्शनात्युत्सवगात्रवेपथुः॥६॥ प्रीत्याशनैर्गद्गदयागिराहरिंतुष्टावसादेव्यदितिःकुरूद्वह ॥ उद्वीक्षतीसापिबतीवचक्षुषारमापतिंयज्ञपतिंजगत्पतिं॥७॥अदिति० यज्ञेशयज्ञपुरुषा [illegible]तीर्थपाद[illegible]श्रवणमंगलनामधेय ॥ आपन्नलोकवृजिनोपशमोद[illegible]ःकृधीशभगवन्नसिदीननाथः ॥८ ॥ विश्वायविश्वभवनस्थिति[illegible]तपुरुशक्तिगुणा[illegible] भूम्ने ॥ स्वस्थायशश्वदुपबृंहितपूर्णबोधव्यापादितात्मतमसेहरयेनमस्ते ॥९॥ आयुःपरंवपुरभीष्टमतुल्य[illegible]मीद्यौभूरसाःसकलयोगगुणास्त्रिवर्गः॥ ज्ञानंचकेवलमनंतभवंतितुष्टात्त्वत्तोनृणांकिमुसपत्नजयादिराशीः॥१०॥ श्रीशुक० अदित्यैवंस्तुतोराजन्भगवान्पुष्करेक्षणः ॥ क्षेत्रज्ञःसर्वभूतानामितिहोवाचभारत॥११॥ श्रीभग०देवमातर्भवत्यामेविज्ञातंचिरकांक्षितं॥ यत्सपत्नैर्हृतश्रीणांच्यावितानांस्वधामतः ॥१२॥ तान्विनिर्जित्यसमरेदुर्मदानसुरर्षभान् ॥ प्रतिलब्धजयश्रीभिःपुत्रैरिच्छस्युपासितुं ॥१३॥ इंद्रज्येष्ठैःस्वतनयैर्हतानांयुधिविद्विषां॥ स्त्रियोरुदंतीरासाद्यद्रष्टुमिच्छसिदुःखिताः॥१४॥ आत्मजान्सुसमृद्धांस्त्वंप्रत्याहृतयशःश्रियः॥ नाकपृष्ठमधिष्ठा[illegible]मिच्छसि॥१५॥प्रायोऽधुनातेऽसुरयूथनाथाअपारणीयाइतिदेविमेमतिः॥यत्तेऽनुकूलेश्वरविप्रगुप्तानवि[illegible]मस्तत्रसुखंददाति॥१६॥ अथाप्युपायोममदेविचिंत्यःसंतोषितस्यव्रतचर्ययाते॥ममार्चनं[illegible]तिर्गंतुमन्यथाश्रद्धानुरूपंफल[illegible]तुकत्वात् ॥१७॥ त्वयाऽर्चितश्चाहमपत्यगुप्तयेपयोव्रतेनानुगुणंसमीडितः॥ स्वांशेनपुत्रत्वमुपेत्यतेसुतान्गोप्ताऽस्मिमारीचतपस्यधिष्ठितः ॥१८॥उपधावपतिंभद्रेप्रजापतिम[illegible]ल्मषं॥ मांचभावयतीपत्यावेवंरू[illegible]मवस्थितं॥१९॥नैतत्परस्माआख्येयंपृष्टयाऽपिकथंचन॥सर्वंसंपद्यतेदेविदेवगुह्यंसुसंवृतं ॥२०॥ श्रीशुक० एतावदुक्त्वाभगवांस्तत्रैवांतरधीयत॥ अदितिर्दुर्लभंलब्ध्वाहरेर्जन्मात्मनिप्रभोः ॥२१॥ उपाधावत्पतिंभक्त्यापरयाकृतकृत्यवत् ॥ सवैसमाधियोगेनकश्यपस्तदबुध्यत ॥२२॥ प्रविष्टमात्मनिहरेरंशंह्यवितथेक्षणः॥ सोऽदित्यांवीर्यमाधत्ततपसाचिरसंभृतं ॥ समाहितमना राजन्दारुण्यग्निंयथाऽनिलः ॥२३॥ अदितेर्धिष्ठितंगर्भंभगवंतंसनातनं॥ हिरण्यगर्भोविज्ञायसमीडेगुह्यनामभिः ॥२४॥ ब्रह्मा०जयोरुगाय

નથી. ॥૧૬॥ તોપણ હે દેવી, શ્રદ્ધા પ્રમાણે ફળ આપનાર, મારૂં પૂજન કરેલું મિથ્યા થવાને યોગ્ય નથી; એટલે તમે વ્રત કરીને પ્રસન્ન કરેલા મેં; તેનો ઉપાય ચિંતવન કરેલો છે. ॥૧૭॥ તે એ રીતે છે કે, પોતાના પુત્રોનું રક્ષણ થવાને; તમે પયોવ્રત વડે, યથાસ્થિત પૂજેલો હું કશ્યપના તપ(વીર્ય) માં સ્થાપન થઇને, પોતાના અંશવડે તમારો પુત્ર જન્મીનેજ તમારા (બીજા) પુત્રોનું રક્ષણ કરીશ. ॥૧૮॥ તે માટે હે કલ્યાણી, હું આ સ્વરૂપથીજ, તમારા નિર્દોષ પતિ કશ્યપને વિશે રહેલોછું; એવી ભાવનાથી, તમે તેમની સેવા કરો. ॥૧૯॥ અને બીજું કોઇ તમને પુછે તોપણ, આ છાની વાત, તમે તેને કહેશો નહીં; કેમકે હે દેવી, છાની વાત સારી રીતે ગુપ્ત રહેવાથીજ; ભગવાન સઘળું સંપાદન કરી આપે છે. ॥૨૦॥–શ્રીશુક–હે પરીક્ષિત, એટલું કહીને, ભગવાન ત્યાંથી અંતર્ધાન થયા; અને પોતા થકી હરિભગવાનનો દુર્લભ જન્મ થવાનું વરદાન અદિતિ પામ્યાં. ॥ ૨૧ ॥ પછી કૃતાર્થ થયેલાં, તેમણે પરમ ભક્તિવડે; પતિની સેવા કરવા માંડી; અને સર્વજ્ઞ કશ્યપે પણ, સમાધિ યોગથી, પોતાનામાં હરિભગવાનનો અંશ પ્રવેશ થયેલાનું જાણ્યું; તથા હે રાજા, વાયુ જેમ અગ્નિને લાકડામાં નાંખે; તેમ કશ્યપે, ઘણા દિવસના તપ વડે સુદૃઢ થયેલું; પોતાનું, વીર્ય, સાવધાન મનથી એ અદિતિને વિશે, મૂક્યું. ॥૨૨–૨૩॥ ત્યારે અદિતિના ગર્ભમાં, સનાતન ભગવાન પધારેલાનું જાણેલા બ્રહ્માએ; તેમના છાનાં નામો વડે, સ્તુતિ કરી કે. ॥૨૪॥–બ્રહ્મા–ઉરૂગાય અને ઉરૂક્રમ ભગવાન, તમે જય પામો છો; તમને નમસ્કાર છે; હે બ્રાહ્મણોને માનનારા, અને ત્રણ ગુણો વાળા થનારા, ભગવાન, તમને વારંવાર નમુંછું. ॥૨૫॥ હે પૃશ્નિગર્ભ–વેદગર્ભ–ત્રિનાભ (એટલે નાભિ થકી ત્રિલોકરૂપ કમળ થયેલા) ત્રિપૃષ્ઠ (એટલે ત્રણે લોકનું પાલન કરનારા) અને શિપિવિષ્ટ (એટલે સર્વમાં અંતર સ્વરૂપથી તત્વરૂપે રહેનારા) એવા આપ વિષ્ણુ ભગવાનને, હું નમુંછું. ॥૨૬॥ હે અનંત શક્તિઓ વાળા પુરૂષ ભગવાન, જગતના આદિ–અંત–અને મધ્યમાં આપજ હોવાનું કહેવાય છે; તથા પ્રવાહમાં પડેલા પદાર્થોની પેઠે, આ જગતને ગંભીર વેગથી, ખેંચી જનારા કાળ પણ

આપજ છો. દરેકા માટે પાણીમાં ડુબતા મનુષ્યોને આશ્રય રૂપ, વહાણની પેઠે; સ્વર્ગ થકી ભ્રષ્ટ થયેલા દેવતાઓને, આપ ભગવાનજ શરણ રૂપ થનારા છો; અને સ્થાવર જંગમ સઘળી પ્રજાઓને, તથા તેમના અધિપતિઓને ઉત્પન્ન કરનારા પ્રભુ; આપજ છો. ॥૨૮॥ ઇ૦ શ્રી૦ ભા૦ આ૦ સ્કંધનો સ૦ અ૦ સં. ॥૧૭॥

અધ્યાય. ૧૮ મો.–શ્રીશુક–એ રીતે કર્મો અને પરાક્રમોની બ્રહ્માએ સ્તુતિ કરેલા–ચાર ભુજવાળા–શંખ, ચક્ર, ગદા, અને પદ્મ; એ ધારણ કરેલા–કમળ જેવી આંખોવાળા–શ્યામ કાંતિવાળા–માછલા જેવાં કુંડળોથી શોભતા મુખવાળા–વક્ષસ્થળમાં લક્ષ્મીનાચિન્હવાળા–અને કંકણ, બાજુબંધ, મુકુટ, કંદોરો તથા શુંદર ઝાંઝરવડે શોભતા ભગવાન, અદિતિને વિષે પ્રકટ થયા. ॥૧–૨॥ અને ઘણા ભમરાઓથી ગણગણાટ થતી વનમાળાની શોભાથી શોભતા ભગવાને, પોતાના પ્રકાશથી; તથા કંઠમાં ધરેલા કૌસ્તુભમણિથી; કશ્યપના ઘરમાંના અંધારાને, મટાડી દીધું. ॥૩॥ તે સમયે દિશાઓ, અને જળાશયો, સ્વચ્છ થયાં; પ્રજાઓ આનંદી થઈ; ઋતુઓ, પોતપોતાના ગુણોવાળી થઈ; અને સ્વર્ગ–અંતરિક્ષ–પૃથ્વી–અગ્નિ–દેવ–ગાયો–બ્રાહ્મણો–પક્ષીઓ–પર્વતો–તથા વૃક્ષો; પ્રફુલ્લિત જણાયાં. ॥૪॥ શ્રવણ નક્ષત્રવાળી, અને ભાદરવાની અજવાળી વિજયા નામની બારશને દહાડે, મધ્યાન્હે, અભિજિત મુહૂર્તમાં; જ્યારે સર્વ નક્ષત્રો–ગ્રહો–અને તારાઓ અનકૂળ હતા; તે વખતે એ સમર્થ હરિભગવાનનો, જન્મ થયેલાનું કહેલ છે. ॥૫–૬॥ તે વખતે શંખ–નોબતો મૃદંગ–ઢોલ–પડઘમ–અને નગરાં વાગ્યાં; તથા વિચિત્ર પ્રકારનાં વાજાં, અને તુરીઓનો મોટો શબ્દ થયો, ॥૭॥ પ્રસન્ન થઈને અપ્સરાઓ, નાચવા લાગી; ઉત્તમ ગંધર્વો, ગાવા લાગ્યા; અને મુનિઓ–દેવો–મનુઓ–પિતૃઓ અને અગ્નિઓ; સ્તુતિ કરવા લાગ્યા સિદ્ધ–વિદ્યાધરોના સમૂહો–કિંપુરૂષો–કિંનરો–ચારણો– યક્ષો–રાક્ષસો–ગરૂડ–અને મોટા નાગો–તથા દેવતાઓના સેવક અનુચરો; અતિશય પ્રસંશા કરતા, ગાતા, અને નાચતા; અદિતિના આશ્રમને, ફુલો વડે વધાવવા લાગ્યા. ॥૮–૧૦॥ ત્યારે વિસ્મય પામેલાં અદિતિ, પોતાના ગર્ભથી ઉત્પન્ન થયેલા; એ પરમ પુરૂષ ભગવાનને જોઈને, આનંદ પામ્યાં; અને વિસ્મય પામેલા કશ્યપ પ્રજાપતિએ પણ, એ પોતાની યોગમાયા વડે શરીર ધારણ કરનારા, ભગવાનનો જય થાઓ; એમ કહ્યું. ॥૧૧॥ પછી એ ચિન્માત્ર–નહીં જાણી તથા નહીં દેખી શકાય એવા, સ્વરૂપ વાળા ભગવાનઃ આભૂષણો અને આયુધો વાળા દેખવામાં આવતા તે શરીરને, નટની પેઠે બાળી નાંખીને; પોતાની દિવ્ય શક્તિ વડે, સર્વના દેખતાં; વામન બટુક થઈ ગયા. ॥૧૨॥ પછી એ વામન બટુકને જોઈને રાજી થયેલા, મોટા ઋષિઓએ; પ્રજા પતિને આગળ કરીને, તેમના સંસ્કારો કરાવ્યા.॥૧૩॥ તેમને જનોઈ દેવાનો સસ્કાર થતી વેળા, સૂર્યનારાયણે ગાયત્રી મંત્ર કહ્યો; બૃહસ્પતિએ, જનોઈ આપ્યું; અને કશ્યપે, મેખલા આપી ॥૧૪॥ પૃથ્વીએ, કાળિયારનું ચામડું આપ્યું; ખાખરાનો દંડ, ચંદ્રમાએ આપ્યો; અદિતિએ, કૌપિન આપ્યું; અને આકાશે; ભગવાનને છત્ર આપ્યું. ॥૧૫॥ બ્રહ્માએ, કમંડળું આપ્યું; સપ્તઋષિઓએ, દર્ભ આપ્યા; અને સરસ્વતિએ, એ અવ્યય અને આત્મસ્વરૂપ ભગવાનને; રૂદ્રાક્ષની માળા આપી. ॥૧૬॥ એ રીતે જનોઈ પામેલા વામનજી ભગવાનને, ભીક્ષા માગવાનું વાસણ, કુબેરે આપ્યું;અને સાક્ષાત ભવાની ઉમા સતી અંબિકાએ, તેમને ભિક્ષા આપી.॥૧૭॥એ રીતે માન પામેલા બટુક, તે બ્રહ્મઋષિઓથી ભરાયલી સભામાં; પોતાના બ્રહ્મતેજ વડેજ અતિશય શોભવા લાગ્યા.॥૧૮॥ પછી સમિધવડે સળગાવેલા અગ્નિનું, પરિસમુહ (એકઠો કરવો) અને પરિ-

भगवन्नुरुक्रमनमोस्तुते॥नमोब्रह्मण्यदेवायत्रिगुणायनमोनमः॥२८॥ नमस्तेपृश्निगर्भायवेदगर्भायवेधसे॥ त्रिनाभायत्रिपृष्ठायशिपिविष्टाय विष्णवे॥२६॥ त्वमादिरंतोभुवनस्यमध्यमनंतशक्तिंपुरुषंयमाहुः॥ कालोभवानाक्षिपतीशविश्वंस्रोतोयथांऽतःपतितंगभीरं ॥२७॥ त्वंवैप्रजानांस्थिरजंगमानांप्रजापतीनामसिसंभविष्णुः ॥दिवौकसांदेवदिवश्च्युतानांपरायणंनौरिवमज्जतोऽप्सु॥२८॥इ०भा०म०अ०सप्तदशोऽध्यायः॥१७॥ श्रीशुक० इत्थंविरिंचस्तुतकर्मवीर्यःप्रादुर्बभूवामृतभूरदित्यां॥ चतुर्भुजःशंखगदाब्जचक्रःपिशंगवासानलिनायतेक्षणः ॥ १ ॥ श्यामावदातोझषराजकुंडलत्विषोल्लसच्छ्रीवदनांबुजःपुमान्॥ श्रीवत्सवक्षावलयांगदोल्लसत्किरीटकांचीगुणचारुनूपुरः॥२॥ मधुव्रतव्रातविघुष्टयास्वयाविराजितःश्रीवनमालयाहरिः॥ प्रजापतेर्वेश्मतमःस्वरोचिषाविनाशयन्कंठनिविष्टकौस्तुभः॥३॥ दिशःप्रसेदुःसलिलाशयास्तदा प्रजाःप्रहृष्टाऋतवोगुणान्विताः ॥ द्यौरंतरिक्षंक्षितिरग्निजिह्वागावोद्विजाःसंजहृषुर्नगाश्च ॥४॥ श्रोणायांश्रवणद्वादश्यांमुहूर्तेऽभिजितिप्रभुः ॥सर्वेनक्षत्रताराद्याश्चक्रुस्तज्जन्मदक्षिणं॥५॥ द्वादश्यांसवितातिष्ठन्मध्यंदिनगतोनृप॥ विजयानामसाप्रोक्तायस्यांजन्मविदुर्हरेः॥६॥ शंखदुंदुभयोनेदुर्मृदंगपणवानकाः॥ चित्रवादित्रतूर्याणांनिर्घोषस्तुमुलोऽभवत् ॥७॥ प्रीताश्चाप्सरसोऽनृत्यन्गंधर्वप्रवराजगुः ॥ तुष्टुवुर्मुनयोदेवामनवःपितरोऽग्नयः॥८॥ सिद्धविद्याधरगणाःसकिंपुरुषकिन्नराः॥चारणायक्षरक्षांसिसुपर्णाभुजगोत्तमाः ॥९॥ गायंतोऽतिप्रशंसंतोनृत्यंतोविबुधानुगाः॥ अदित्याआश्रमपदंकुसुमैःसमवाकिरन् ॥१०॥ दृष्ट्वाऽदितिस्तंनिजगर्भसंभवंपरंपुमांसंमुदमापविस्मिता॥गृहीतदेहंनिजयोगमायया [illegible]जापतिश्चाहजयेतिविस्मितः॥११॥ यत्तद्वपुर्भातिविभूषणायुधैरव्यक्तचि[illegible]मधारयद्धरिः॥ बभूवतेनैवसवामनोबटुःसंपश्यतोर्दिव्यगति[illegible]यथानटः॥१२॥ तंबटुंवामनंदृष्ट्वामोदमानामहर्षयः॥कर्माणिकारयामासुःपुरस्कृत्यप्रजापतिं॥१३ तस्योपनीयमानस्यसावित्रींसविता[illegible]॥ बृहस्पतिर्ब्रह्मसूत्रंमेखलांकश्यपोऽददात्॥१४॥ ददौकृष्णाजिनंभूमिर्दंडंसोमोवनस्पतिः ॥ कौपीनाच्छादनंमाताद्यौश्छत्रंजगतःपतेः॥१५॥ कमंडलुंवेदगर्भःकुशान्सप्तर्षयोददुः॥ अक्षमालांमहाराजसरस्वत्यव्ययात्मनः॥१६॥ तस्माइत्युपनीताययक्षराट्पात्रिकामदात् ॥[illegible]कुमाऽदाद[illegible] ॥१७॥ सब्रह्मवर्चसेनैवंसभांसंभावितोबटुः॥ ब्रह्मर्षिगणसंजुष्टामत्यरोचतमारिषः ॥१८॥ स

સ્તિર્ણ (ફેલાવેલો) મૂકર્ણ કરયા પછી અગ્નિનું પૂજન કરીને, તેમાં સમિધનો હોમ; દ્વિજ થયેલા વામનજીએ, કર્યો. ॥૧૯॥ તે પછી, બલી રાજાને ભૃગુ કુળના બ્રાહ્મણોએ; સો અશ્વ મેધ યજ્ઞો કરાવવાથી, વૃદ્ધિ પામેલાની વાત સાંભળીને; એ વામનજી ભગવાન, પોતામાં રહેલા અખિલ બ્રહ્માંડના ભારવડે; પૃથ્વીને પગલે પગલે નમાવતા, ત્યાં પધાર્યા. ॥૨૦॥ ત્યારે નર્મદાને ઉત્તર કિનારે, (ભૃગુકચ્છ) કારૂચ નામના સ્થળે; બલી રાજાની પાસે, એ ઉત્તમ યજ્ઞ કરાવતા ભૃગુ કુળના રુત્વિજોએ; તેમને નજીકમાંજ સૂર્ય ઉગવા સરખા દીઠા. ॥૨૧॥ અને હે પરીક્ષિત, વામનજીના તેજથી, ઝાંખા પડી ગયેલા; રુત્વિજો-યજમાન-અને સભા સદોએ માન્યું કે, યજ્ઞ જોવાની ઇચ્છાથી; સૂર્ય-અગ્નિ-અથવા સનત્કુમાર; આવતા હશે. ॥૨૨॥ એ રીતે બલી રાજા અને સભાસદો સહિત, ભૃગુ કુળના બ્રાહ્મણો, અનેક રીતના તર્ક કરતાં; દંડ, છત્ર, અને જળથી ભરેલા કમંડળને ધારણ કરેલા; તે વામનજી ભગવાને, યજ્ઞ મંડપમાં પ્રવેશ કર્યો. ॥ ૨૩ ॥ ત્યારે મુંજની મેખલા-જનોઇ-મૃગચર્મ-અને અંગ વસ્ત્ર ધારણ કરેલા-જટાધારી-અને માયા વડે, વામન બ્રાહ્મણનું રૂપ ધરનારા; હરિ ભગવાનને પધારેલા જોઇને તેમના તેજથી ઝાંખા પડેલા; અગ્નિઓ સહિત ભૃગુ કુળના બ્રાહ્મણો, પોતાના શિષ્ય બલી રાજા અને સભાસદો સુદ્ધાં; તેમનો સત્કાર કરવા માટે, ઉઠીને સામા લેવાને ગયા. ॥૨૫॥ અને આનંદ પામેલા યજમાન બલી રાજાએ, તે રૂપાળા-મનને ગમે એવા-અને રૂપને અનુકૂળ અવયવો વાળા-ભગવાનને; આસન આપ્યું. ॥૨૬॥ પછી એ સંગ વિનાના અને મનને રાજી કરનારા, ભગવાનની બલી રાજાએ આગત સ્વાગત કરીને, ભલે પધાર્યા વિગેરે બોલવાનો સત્કાર કર્યો; અને ચરણ પખાળીને પૂજા કરી. ॥૨૭॥ તે પછી; દેવના દેવ અને માથામાં ચંદ્ર રાખનારા સદાશિવે પણ, જે જળને માથા ઉપર ચઢાવેલું

मिद्धमाहितंवन्हिंकृत्वापरिसमूहनं॥परिस्तीर्यसमभ्यर्च्यसमिद्भिरजुहोद्द्विजः॥१९ श्रुत्वाऽश्वमेधैर्यजमानमूर्जितंबलिंभृगुणामुपकल्पितैस्ततः जगा॰ तत्राखिलसारसंभृतोभारेणगांसन्नमयन्पदेपदे॥२०॥ तंनर्मदायास्तटउत्तरेबलेर्यऋत्विजस्तेभृगुकच्छसंज्ञके॥प्रवर्तयंतोभृगवःक्रतूत्तमं॰ चक्षतारादुदितंयथारविं ॥२१॥ तेऋत्विजोयजमानःसदस्याहतत्विषोवामनतेजसानृप ॥सूर्यःकिलायात्युतवाविभावसुःसनत्कुमा रोऽथदिदृक्षयाक्रतोः॥२२॥इत्थंसशिष्येषुभृगुष्वनेकधावितर्क्यमाणोभगवान्सवामनः॥ सदंडछत्रंसजलंकमंडलुंविवेशबिभ्रद्धयमेधवाटं ॥ ॥२३॥मौञ्ज्यामेखलयावीतमुपवीताजिनोत्तरं॥जटिलंवामनंविप्रंमायामाणवकंहरिं॥२४॥ प्रविष्टंवीक्ष्यभृगवःसशिष्यास्तेसहाग्निभिः॥प्रत्य गृह्णन्समुत्थायसंक्षिप्तास्तस्यतेजसा॥२५॥ यजमानःप्रमुदितोदर्शनीयंमनोरमं॥रूपानुरूपावयवंतस्माआसनमाहरत्॥२६॥ स्वागतेनाभि नंद्याथपादौभगवतोबलिः॥अवनिज्यार्चयामासमुक्तसंगंमनोरमं॥२७॥ तत्पादशौचंजनकल्मषापहंसधर्मविन्मूर्ध्न्यदधात्सुमंगलं ॥यद्देवदे वोगिरिशश्चंद्रमौलिर्दधारमूर्ध्नापरयाचभक्त्या ॥२८॥ बलि॰स्वागतंतेनमस्तुभ्यंब्रह्मन्किंकरवामते॥ब्रह्मर्षीणांतपःसक्षान्मन्येत्वार्यवपुर्धरं ॥२९॥ अद्यनःपितरस्तृप्ताअद्यनःपावितंकुलं॥ अद्यस्विष्टःक्रतुरयंपद्भवानागतोगृहान्॥३०॥अद्याग्नयोमेसुहुतायथाविधिद्विजात्मजत्वच्चरणावनेजनैः॥हतांहसोवार्भिरियंचभूरहोतथापुनीतातनुभिःपदैस्तव ॥३१॥ यद्यद्वटोवांछसितत्प्रतीच्छमेत्वामर्थिनंविप्रसुतानुतर्कये॥गांकांचनंगुणवद्धाम॰ ष्टंतथान्नपेयमुत वाविप्रकन्यां॥ ग्रामान्समृद्धांस्तुरगान्गजान्वारथांस्तथाऽर्हत्तमसंप्रतीच्छ॥३२॥ इ॰भा॰म॰अ॰अ॰॥१८ श्रीशुक॰इतिवैरोचनेर्वाक्यंधर्मयुक्तंससूनृतं ॥ निशम्यभगवान्प्रीतःप्रतिनंद्येदमब्रवीत्॥१॥ श्रीभग॰वचस्तवैतज्जनदेवसूनृतंकुलोचितंध र्मयुतंयशस्करं॥ यस्यप्रमाणंभृगवःसांपरायेपितामहःकुलवृद्धःप्रशांतः॥२॥ नह्येतस्मिन्कुलेकश्चिन्निःसत्वःकृपणःपुमान्॥ प्रत्याख्याताप्रति श्रुत्ययोवाऽदाताद्विजातये॥३॥ नसंतितीर्थेयुधिचार्थिनाऽर्थिताःपराङ्मुखायेत्वमनस्विनोनृपाः॥ युष्मत्कुलेयद्यशसाऽमलेनप्रह्लादउद्भा तियथोडुपःखे॥४॥ यतोजातोहिरण्याक्षश्चरन्नेक इमांमहीं ॥ प्रतिवीरंदिग्विजयेनाविंदतगदायुधः॥५॥ यंविनिर्जित्यकृच्छ्रेणविष्णुःक्ष्मोद्धार

છે; તે, લોકના પાપને નાશ કરનારા; જળના અતિમંગળ કારી ચરણામૃતને; ધર્મને જાણનારા બલી રાજાએ; પોતાના માથા ઉપર ચઢાવ્યું. (તે બોલ્યો કે.) ॥૨૮॥ બલી-હે બ્રાહ્મણ, આપ ભલે પધાર્યા; તમને નમસ્કાર છે; આપને જે કામ કરવાનું હોય, તે કહો; બ્રહ્મ ઋષિઓનું સાક્ષાત તપજ; શરીર ધારી થઇને, આપ આર્યના સ્વરૂપથી, આવેલાનું; હું માનું છું. ॥ ૨૯ ॥ આપ મારે ઘેર પધારવાથી, આજે મારા પિતૃઓ તૃપ્તિ પામ્યા છે; તે આમારૂં ઘર, પાવન થયું છે; અને આ યજ્ઞ પણ, હવેજ પરિપુર્ણ થયો છે. ॥૩૦॥ હે દ્વિજપુત્ર, આજે આપના ચરણ ધોવાના જળ વડે; હું પાપ રહિત થયો છું; અને; આ પૃથ્વી, આપનાં પગલાં થવાથી, પવિત્ર થઇ છે; તથા અગ્નિઓમાં મારો યથાવિધિ હોમ પણ, આજેજ થયો છે. ॥૩૧॥ હે બ્રાહ્મણના પુત્ર બટુક, હું ધારૂં છું કે; કાંઇક માગવાની તમને ઇચ્છા છે; માટે ગાયો-સોનું-સરસામાનથી ભરેલાં સુંદર ઘરો-અન્ન અને પીવાના પદાર્થો-બ્રાહ્મણની કન્યા-સમૃદ્ધિ વાળાં ગામો અને ઘોડા-હાથી તથા રથ; અથવા એ સઘળું, જેની આપ અતિ પુજવા યોગ્યને, ઇચ્છા હોય તે. મારા થકી, આપ માગી લ્યો. ॥૩૨॥ ઇતિ શ્રી॰ ભાગવતે॰ આઠમા સ્કંધનો અઢારમો અધ્યાય સં. ॥૧૮॥

અધ્યાય ૧૯ મો.—શ્રીશુક—આ રીતનું બલી રાજાનું ધર્મ યુક્ત-સુંદર-અને કપટ રહિત વચન સાંભળીને, પ્રસન્ન થયેલા ભગવાન; તેની પ્રશંસા કરીને, બોલ્યા કે. ॥૧॥—શ્રી ભગવાન-હે રાજા, જેને ધર્મ કાર્યોમાં ભૃગુકુળના બ્રાહ્મણો અને પોતાના કુળના વડિલ પરમ શાંતિ વાળા પ્રહ્લાદજી પ્રમાણ રૂપ છે; એવા, તમારાં એ રીતનાં વચનો; સાચાં-તમારા કુળને ઘટે એવાં-ધર્મ પ્રમાણેનાં-અને યશકારી છે ॥૨॥ તમારા આખા કુળમાં, બ્રાહ્મણોને નહીં આપું એમ કહેનારો; અથવા આપવાની હા કહ્યા પછી નહીં આપનારો; નબળા મનનો, કંગાલ પુરૂષ કોઇપણ થયેલો નથી.॥૩॥ જે કુળમાં, આકાશમાંના ચંદ્રમાની પેઠે; પ્રહ્લાદજી, પોતાના નિર્મળ યશથી પ્રકાશે છે; તેમાં, યુદ્ધમાં લડવાની માગણી કરનારો; અગર બીજા પ્રસંગે ધનાદિકની માગણી કરનારો

તીર્થ પ્રાપ્ત થયેથી, (એટલે યોગ્ય પાત્ર મળી આવેથી) મોટું સંતાડનારા; અથવા સુમનન વિનાના; કંગાળ પુરૂષો થયેલાજ નથી. ॥ ૪ ॥ એ કુળમાં જન્મેલો, હિરણ્યાક્ષ એકલોજ; ગદા લેઇને, આ પૃથ્વી ઉપર દિગ્વિજય કરવાને ફરતાં તેની સામે લડનારો વીર પુરૂષ, કોઇજ મળી આવ્યો નહોતો. ॥૫॥ તેને, વિષ્ણુએ, પૃથ્વીને રસાતળમાંથી ઉપર લેઇ આવતી વેળાએ; દુઃખે કરીને હરાવ્યો હતો ખરો, પણ તેના ઘણા પરાક્રમને સંભારીને; પોતે જીત્યાનું માન્યું નહોતું. ॥ ૬ ॥ અને તેનો ભાઇ હિરણ્યકશિપુ, પૂર્વે પોતાના ભાઇને વિષ્ણુએ મારેલાનું જાણીને; ભાઇને મારનારાઉપર ક્રોધ કરી; તે વિષ્ણુને મારવા સારૂ, તેમના સ્થાન વૈકુંઠમાં ગયો હતો. ॥૭॥ ત્યારે, ત્રિશૂળ હાથમાં લેઇને; કાળની પેઠે તેને આવતો દેખીને; વખત વિચારી જનારા અને મોટા માયાવી વિષ્ણુએ વિચાર્યું કે. ॥૮॥ " જ્યાં જ્યાં હું જઇશ, ત્યાં ત્યાં; પ્રાણીઓની પાછળ મૃત્યુ જવાની પેઠે, એ આવશે; માટે હું એ બહિરદૃષ્ટિવાળાના હૃદયમાંજ પેસી જાઉં. ॥૯॥ હે દૈત્યોના રાજા, એ રીતે નિશ્ચય કરીને, વિષ્ણુ પણ, એ ઉદ્વેગ રહિત મનથી દોડયા આવતા, શત્રુના શરીરમાં; તેના પ્રાણવાયુની સાથે, સૂક્ષ્મ સ્વરૂપકે ગળી જઇને; તેણે શ્વાસ લેતાં, પેસી જઇને, છુપી ગયા હતા. ॥૧૦॥ પછી તેણે વિષ્ણુને, તેના સ્થાનમાં શોધતાં; તે ખાલી દેખીને, તેણે ક્રોધ કરીને; ગરજના કરી. અને પૃથ્વી—સ્વર્ગ—દિશાઓ—આકાશ—પાતાળ—અને સમુદ્રોવિગેરેમાં. સઘળે શોધતાં; તે યોદ્ધાએ વિષ્ણુને દીઠાજ નહીં. ત્યારે વિષ્ણુને સઘળે નદેખવાથી, તે બોલ્યો હતો કે; "મેં એને આખા જગતમાં, શોધ્યો છે; માટે એ મારા ભાઇને મારનારો, જ્યાં ગયેલાઓ પાછા આવતાજ નથી; ત્યાં ખચીત ગયો જણાય છે. " ॥૧૨॥ અજ્ઞાન થકી ઉત્પન્ન થયેલો, અને ક્રોધ તથા અહંકારે વધારેલો; એક બીજા સાથેનો વેર સંબંધ, આ લોકમાં; પ્રાણીઓનું મૃત્યુ થતાં સુધીને માટેનોજ છે. ॥૧૩॥ વળી પ્રહ્લાદના પુત્ર તમારા પિતા વિરોચને, તેમની પાસે, બ્રાહ્મણોનું રૂપ ધરીને આવેલા દેવોએ, જ્યારે તેમના પોતાનાજ આયુષ્યની, યાચના કરી હતી; ત્યારે એ કપટ જાણ્યા છતાં પણ; બ્રાહ્મણો ઉપર પ્રેમ રાખનાર તેમણે; પો-

आगतं॥[illegible]त्मानंजयिनंमेनेतद्वीर्यंभूर्यनुस्मरन् ॥६॥ निशम्यतद्वधंभ्राताहिरण्यकशिपुःपुरा॥ हंतुंभ्रातृहणंक्रुद्धोजगामनिलयंहरेः॥७॥ तमा[illegible]शूलपाणिंकृतांतवत्॥ चिंतयामासकालज्ञोविष्णुर्मायाविनांवरः॥८॥ यतोयतोऽहंतत्रासौमृत्युःप्राणभृतामिव॥अतोऽहमस्य हृदयंप्रवेक्ष्यामिपराग्दृशः॥९॥ एवंसनिश्चित्यरिपोःशरीरमाधावतोनिर्विविशेऽसुरेंद्र॥श्वासानिलांतर्हितसूक्ष्मदेहस्तत्प्राणरंध्रेणविविग्नचेताः ॥१०॥ सतन्निकेतंपरिमृश्यशून्यमपश्यमानःकुपितोननाद॥क्ष्मांद्यांदिशःखंविवरान्समुद्रान्विष्णुंविचिन्वन्नददर्शवीरः ॥११॥ अपश्यन्निति होवाचमयाऽन्विष्टमिदं[illegible]॥भ्रातृहामेगतोनूनंयतोनावर्ततेपुमान्॥१२॥ वैरानुबंधएतावानामृत्योरिहदेहिनां॥अज्ञानप्रभवोमन्युरहंमा नोपबृंहितः॥१३॥ पिताप्र[illegible]दपुत्रस्तेतद्विद्वान्द्विजवत्सलः॥स्वमायुर्द्विजलिंगेभ्योदेवेभ्योऽदात्सयाचितः॥१४॥ भवानाचरितान्धर्मानास्थि तोगृहमेधिभिः॥ ब्राह्मणैःपूर्वजैःशूरैरन्यैश्चोद्दामकीर्तिभिः ॥१५॥ तस्मात्त्वत्तोम[illegible]मीषद्वृणेऽ[illegible]वरदर्षभात्॥पदानित्रीणिदैत्येंद्रसंमितानिपदा मम॥१६॥ नान्यत्तेकामयेराजन्वद[illegible]याज्जगदीश्वरात्॥ नैनःप्राप्नोतिवैविद्वान्यावदर्थपरिग्रहः॥१७॥ बलि०अ[illegible]ब्राह्मणदायादवाचस्तेवृद्धसं मताः॥त्वंबालोबालिशमतिःस्वार्थंप्रत्यबुधोयथा॥१८॥ मांवचोभिःसमाराध्यलोकानामेकमीश्वरं॥ पदत्रयंवृणीतेयोऽबुद्धिमान्द्वीपदाशुषं ॥ ॥१९॥ नपुमान्मामुपव्रज्यभूयोयाचितुमर्हति॥ तस्माद्वृत्तिकरींभूमिंवटोकामंप्रतीच्छमे॥२०॥ श्रीभग०यावंतोविषयाःप्रेष्ठास्त्रिलोक्यामजि तेंद्रियं॥नश[illegible]वंतितेसर्वेप्रतिपूरयितुंनृप॥२१॥ त्रिभिःक्रमैरसंतुष्टोद्वीपेनापिनपूर्यते॥ नववर्षसमेतेनसप्तद्वीपवरेच्छया॥२२॥ सप्तद्वीपाधिप तयो[illegible]वैन्यगयादयः॥ अर्थकामैर्गतानांऽतंतृष्णायाइतिनःश्रुतं॥२३॥ यदृच्छयोपपन्नेनसंतुष्टोवर्ततेसुखं॥ नासंतुष्टस्त्रिभिर्लोकैरजि[illegible]प सादितैः॥२४॥ पुंसोऽयंसंसृतेर्हेतुरसंतोषोऽर्थकामयोः ॥ यदृच्छयोपपन्नेनसंतोषोमुक्तयेस्मृतः॥२५॥ यदृच्छालाभतुष्टस्यतेजोविप्रस्यवर्धते ॥ तत्प्रशाम्यत्य[illegible]तोषा[illegible]दंभसेवाशुशुक्षणिः॥२६॥तस्मात्त्रीणिपदान्येववृणेत्वद्वरदर्षभात्॥ एतावतैवसिद्धोऽहंवित्तंयावत्प्रयोजनं ॥२७॥ श्री

તાનું આયુષ્ય તેઓને આપ્યું હતું. ॥૧૪॥ એ રીતેજ તમે પણ; મોટી કીર્તિવાળા તમારા શૂરા પૂર્વજોએ, અને એવાજ બીજા લોકોએ, તથા બ્રાહ્મણોએ; આચરેલ ગૃહસ્થાશ્રમીઓના ધર્મોનું, આચરણ કરનારા છો. ॥૧૫॥ એટલા માટે, હે દૈત્યોના રાજા; વરદાન આપનારાઓમાં શ્રેષ્ઠ, આપની પાસેથી; હું, મારા માપનાં, ત્રણ પગ, (પગલાં,) પૃથ્વી મેળવવાને ઇચ્છા કરૂં છું. ॥૧૬॥ હે રાજા ઘણું દાન આપનાર, અને જગતના સ્વામી; આપ પાસેથી, બીજું કશું લેવાને; હું ઇચ્છતો નથી; કેમકે જરૂરિયાત પુરતોજ, પરિગ્રહ કરવાનું જેઓ જાણે છે; તેઓ જરૂર કરતાં વધારેને માગતાજ નથી. ॥૧૭॥—બલી—હે બ્રાહ્મણના પુત્ર; તમારાં વચનો; વૃદ્ધ પુરૂષોએ સ્વીકારવા જેવાં છે; છતાં તમે બાળક છો; માટે અજ્ઞાન બુદ્ધિ વાળાની પેઠે; સ્વાર્થમાં સમજતા નથી. ॥૧૮॥ હું માગનારાને; આખો દ્વીપ આપીદેનાર; અને ત્રણે લોકના સ્વામીને; બોલવા વડે, સારી પેઠે પ્રસન્ન કરીને; કમઅક્કલની પેઠે; માત્ર ત્રણ પગલાં પૃથ્વીનીજ; તમે માગણી કરો છો. ॥૧૯॥ મારી પાસે આવેલો માણસ, ફરીવાર યાચના કરવાને; યોગ્ય નથી; માટે હે બટુક, જેથી આજીવિકા ચાલે; એટલી; તમારી ઇચ્છા પ્રમાણેની પૃથ્વી; મારી પાસેથી તમે માગી લ્યો. ॥૨૦॥—શ્રીભગવાન્—હે રાજા, ત્રણે લોકમાંના બધા પ્રિયવિષયો; મળતા થકી પણ; અજીતેંદ્રિય પુરૂષોને તો, તૃપ્તિ થતી નથીજ. ॥૨૧॥ અને જેની ઇચ્છા, ત્રણ પદથી સંતોષ ન પામે; તેને તો, નવે ખંડ સહિત આખો દ્વીપ, જ્યારે મળે, ત્યારે સાતે દ્વીપ મળવાને માટે તે ઇચ્છા વધી જઇને; આખા દ્વીપથી પણ પૂર્ણ થાય નહીંજ. ॥૨૨॥ વળી સાતે દ્વીપના અધિપતિઓ, ગય અને પૃથુ વગેરે રાજાઓ પણ; ધનની અને સુખાદિકની કામનાઓના અંતને, પામ્યા નહોતા; એમ અમે સાંભળેલું છે. ॥૨૩॥ સંતોષી પુરૂષો, પોતાને યદૃચ્છાથી મળેલાવડેજ, સુખેથી નિર્વાહ ચલાવી શકે છે; છતાં અજીતેંદ્રિય પુરૂષોને તો, ત્રણે લોકનું રાજ્ય આદિ મળવાથી પણ, સંતોષ થતો નથીજ. ॥૨૪॥ ધન અને સુખાદિક મેળવવામાં, અસંતોષ થવો; એજ પુરૂષોને સંસાર થવાનું, કારણ કહેવાય છે; અને યદૃચ્છાથી મળેલામાં, સંતોષ રાખવો; એ મુક્ત થવાનું કારણ છે. ॥૨૫॥ યદૃચ્છાથી મળેલામાં સંતોષ રાખનારા બ્રાહ્મણનું, તેજ વધે છે; અને અસંતોષ રાખવાથી; પાણી થકી

અગ્નિ ઠરી જવાની પેઠે, તે ઠરી જાય છે. ॥૨૬॥ એટલા માટે, ઇચ્છીત પદાર્થ આપનારાઓમાં શ્રેષ્ઠ, એવા આપની પાસેથી; હું તો, આ પ્રકારનાં ત્રણ પદ પૃથ્વીજ, માગું છું: અને મને બાપ પૂરતા, એટલા ધન થકીજ હું સિદ્ધાર્થ થઇશ. ॥૨૭॥-શ્રીશુક-એ રીતે બટુકે કહ્યું. ત્યારે બલીરાજા હસીને બોલ્યો કે: "તમે, તમારી ઇચ્છા પ્રમાણે લ્યો." એમ કહીને, તેણે વામનજીને; પૃથ્વીનું દાન આપવા સારૂં, જળથી ભરેલી ઝારી: હાથમાં લીધી. ॥૨૮॥ ત્યારે, વિષ્નુએ કરવા ધારેલાને જાણનાર, અને મોટા વિદ્વાન શુક્રાચાર્યે; વિષ્નુને, પૃથ્વીનું દાન આપનારા; પોતાના શિષ્ય બલીરાજાને, કહ્યું કે. ॥૨૯॥-શુક્રાચાર્ય-હે બલીરાજા, એતો દેવતાઓનું કાર્ય સાધવાને; અદિતિને વિશે, કશ્યપ થકી જન્મેલા; સાક્ષાત અવિનાશી, વિષ્નુભગવાન છે. ॥૩૦॥ એથી થતા અનર્થને, નહીં જાણીને; તેમણે માગેલી પૃથ્વી આપવાની, તમે હા કહી દીધી: એ સારૂં થયેલું, હું માનતો નથી; અને તેથી, દૈત્યોને માથે, મોટી આફત આવી પડેલાનું: હું માનું છું ॥૩૧॥ માયાથી મનુષ્ય થયેલા, એ હરિભગવાન, તારાં; સ્થાન-લક્ષ્મી-તેજ-યશ-અને ખ્યાતિ ખુંચી લઇને, ઇંદ્રને આપી દેશે. ॥ ૩૨ ॥ અને પોતાના વિશ્વરૂપ શરીર વડે, ત્રણ પગલાંમાંજ, ત્રણે લોકને માપી લેશે; તો પછી એ રીતે, વિષ્નુને સર્વસ્વ આપી દેનારો; તું મૂઢ, પાછળથી પોતાની આજીવિકા; કેવી રીતે ચલાવી શકશે. ॥૩૩॥ વળી એ ભગવાન, મોટા શરીરથી; એક પગલાથી, પૃથ્વીને માપી લઇને; બીજા પગલાથી, સ્વર્ગ તથા આકાશને; માપી લેશે; ત્યારે તું ત્રીજું પગલું, આપવા માટે; કેમ કરીશ. ॥૩૪॥ અને તેથી, આપવાની પ્રતિજ્ઞા કર્યા છતાં; પ્રતિજ્ઞા પ્રમાણે આપવાને, અશક્ત થયેલો તું; તે મુજબ, નહીં આપી શકવાથી; નરકમાં પડશે; એમ હું માનું છું. ॥૩૫॥ આજીવિકા ચાલતી રહેવાથીજ, આ લોકને વિશે, મનુષ્યો; દાન-યજ્ઞ-તપ-અને કર્મો કરી શકે છે; માટે જે થકી, આજીવિકા તૂટી જાય; એવા દાનને; વિદ્વાનો વખાણતા નથી. ॥૩૬॥ પોતાને મળી આવેલા, ધન ધાન્યાદિકના; [1]ધર્મ માટે-[2]યશને માટે-[3]ધનને મેળવવાને માટે-[4]સુખ ભોગાદિકને માટે-અને

शुक०इत्युक्तःसहसन्नाहवांछातःप्रतिगृह्यतां॥ वामनायमहींदातुंजग्राहजलभाजनं॥२८॥ विष्णवेक्ष्मांप्रदास्यंतमुशनाअसुरेश्वरं ॥ जानंश्चिकीर्षितंविष्णोःशिष्यंमाहविदांवरः ॥२९॥ शुक्राचार्य०एषवैरोचनेसाक्षाद्भगवान्विष्णुरव्ययः॥ कश्यपाददितेर्जातोदेवानांकार्यसाधकः ॥ ॥३०॥प्रतिश्रुतंत्वयैतस्मैयदनर्थमजानता॥नसाधुमन्येदैत्यानांमहानुपगतोऽनयः ॥३१॥ एषतेस्थानमैश्वर्यंश्रियंतेजोयशःश्रुतं॥ दास्यत्याच्छिद्यशक्रायमायामाणवकोहरिः॥३२॥ त्रिभिःक्रमैरिमाँल्लोकान्विश्वकायःक्रमिष्यति॥सर्वस्वंविष्णवेदत्वामूढवर्तिष्यसेकथं॥३३॥ क्रमतोगांपदैकेनद्वितीयेनदिवंविभोः॥खंचकायेनमहतातार्तीयस्यकुतोगतिः॥३४॥ निष्ठांतेनरकेमन्येह्यप्रदातुःप्रतिश्रुतं॥प्रतिश्रुतस्ययोऽनीशःप्रतिपादयितुंभवान्॥३५॥ नतद्दानंप्रशंसंतियेनवृत्तिर्विपद्यते॥दानंयज्ञस्तपःकर्मलोकेवृत्तिमतोयतः॥३६॥ धर्मायपशसेऽर्थायकामायस्वजनायच॥पंचधाविभजन्वित्तमिहामुत्रचमोदते॥३७॥अत्रापिबह्वृचैर्गीतंशृणुमेऽसुरसत्तम॥सत्यमोमितियत्प्रोक्तंयन्नेत्याहानृतंहितत्॥३८ सत्यंपुष्पफलंविद्यादात्मवृक्षस्यगीयते ॥ वृक्षेऽजीवतितन्नस्यादनृतंमूलमात्मनः॥३९॥ तद्यथावृक्षउन्मूलःशुष्यत्युद्वर्ततेचिरात्॥एवंनष्टानृतःसद्यआत्माशुष्येन्नसंशयः ॥४०॥ पराग्रिक्तमपूर्णंवाअक्षरंयत्तदोमिति॥यत्किंचिदोमितिब्रूयात्तेनरिच्येतवैपुमान् ॥४१॥ भिक्षवेसर्वमोंकुर्वन्नालंकामेनचात्मने॥अथैतत्पूर्णमभ्यात्मंयच्चनेत्यनृतंवचः॥४२॥सर्वंनेत्यनृतंब्रूयात्सदुष्कीर्तिःश्वसन्मृतः॥स्त्रीषुनर्मविवाहेचवृत्त्यर्थेप्राणसंकटे॥गोब्राह्मणार्थेहिंसायांनानृतंस्याज्जुगुप्सितं॥४३॥इ०भा०म०अ०वामनप्रादुर्भावेएकोननविंशोध्यायः॥१९॥ श्रीशुक०बलिरेवंगृहपतिःकुलाचार्येणभाषितः॥तूष्णींभूत्वाक्षणंराजन्नुवाचावहितोगुरुं॥१॥ बलि०सत्यंभगवताप्रोक्तंधर्मोऽयंगृहमेधिनां॥अर्थंकामंयशोवृत्तिंयोनबाधेतकर्हिचित्॥२॥ सचाहंवित्तलोभेनप्रत्याचक्षेकथंद्विजं॥प्रतिश्रुत्यददामीतिप्राह्लादिःकितवोयथा॥३॥ नह्यसत्यात्परोऽधर्मइतिहोवाचभूरियं॥सर्वंसोढुमलंमन्येऋतेऽलीकपरंनरं ॥४॥ नाहंबिभेमिनिरयान्नाधन्याद्सुखार्णवात्॥नस्थानच्यवनान्मृत्योर्यथाविप्रप्रलंभनात्॥५

[5]સ્વજનોને માટે; એ રીતના, પાંચ વિભાગો કરનાર પુરૂષો; આ લોકમાં, તથા પરલોકમાં; આનંદ પામેછે. ॥૩૭॥ માટે હે શ્રેષ્ઠ અસુર, આ બાબતમાં રૂગ્વેદવાળાઓએ; જે કહેલું છે; તે મારા થકી સાંભળો. "જેણે જે આપવા વિગેરેનું કહેલું હોય, તે પ્રમાણે કરવાની તેણે હા પાડી; એ સત્ય છે; અને તેના, તેણેજ ના પાડી; એ અસત્ય કહેવાય છે. ॥૩૮॥ અસત્ય, એ શરીર રૂપી ઝાડનું; મૂળ કહેવાય છે: અને સત્ય, એ તેનાં ફૂલ-ફળ વિગેરે હોવાનું; કહેલું છે, તેઓ; તે ઝાડ (મૂળ રહિત થવાથી,) સૂકાઇ ગયા પછી, થઇ શકતાંજ નથી. ॥ ૩૯ ॥ એટલે મૂળ ઉખેડી નાંખેલું ઝાડ, સૂકાઇને પડી જવાની પેઠે; અસત્યનો સામટો નાશ થાયતો; તુર્તજ શરીર, સૂકાઇને મરી જઇને; એકલું સત્ય, નભી શકેજ નહીં; એમાં કશો સંશય નથી. ॥૪૦॥ કાંઇ આપી દેવાની હા પાડવાથી, પુરૂષને; તે વિનાના થવું પડે છે; તેથી "હા" એ શબ્દ, ધનને દૂર લેઇ જનાર; અથવા ધનની અપૂર્ણતા કરનારો છે. ॥૪૧॥ માટે ભિક્ષુકોને; સર્વ આપવાની, હા કહેનારો: પોતાને જરૂરનાં સુખાદિકથી પણ, રહિત થાય છે: અને "ના," શબ્દ, કે જે અસત્ય વચન છે; તે પોતાને, એ સઘળા થકી; પૂર્ણ કરનારો છે. ॥૪૨॥ તો પણ સર્વ વાતની, ના કહીને; અસત્ય બોલવાથી, અપકીર્તિ થાય છે; અને તે જીવતાં મૂવેલો કહેવાય છે: માટે-[1]સ્ત્રીનીસાથે-[2]મશ્કરીમાં-[3]લગ્ન પ્રસંગમાં-[4]આજીવિકાને માટે-[5]પ્રાણ સંકટ વખતે-[6]ગાયો અને બ્રાહ્મણોના અર્થ માટે-[7]અને હિંસાના પ્રસંગે; એ સાત પ્રસંગોએ, જૂઠું બોલવું; એ નિંદા થવાને યોગ્ય થતું નથી." ॥૪૩॥ ઇ૦શ્રી૦ ભા૦ આ૦ સ્કંધનો ઓ૦ અ૦ સં૦ ॥૧૯॥

અધ્યાય ૨૦ મો. શ્રીશુક—હે પરીક્ષિત, શુક્રાચાર્યે એ પ્રમાણે કહેવાથી, ગૃહસ્થાશ્રમી બલીરાજાએ; જરાવાર ચૂપ રહીને, પછી સાવધાન થઇ; ઉત્તર આપ્યો કે. ॥૧॥—બલી-હે આચાર્ય, જે થકી ગૃહસ્થોને; અર્થ-કામ-યશ-અને આજીવિકામાં, કદી પણ બાધ ન થાય; એવો આપે; આ ધર્મ કહ્યો; તે સત્યછે. ॥ ૨ ॥ તોપણ, હું પ્રહ્લાદનો પૌત્ર હોવા છતાં; ધનના લોભથી, જુગારી અને દગલબાજ સરખો બનીને; મેં બ્રાહ્મણને આપવાની, પ્રથમ કરેલી પ્રતિજ્ઞાનો: પાછળથી, ના કેમ કહી શકું. ॥૩-૪॥ એ બાબતમાં પૃથ્વી કહેછે કે. "અસત્ય કરતાં મોટો અધર્મ, બીજો નથી: અને અસત્ય બોલનારા મનુષ્યો શિવાય, બીજા સર્વેનો ભાર

સહન કરવાનું, હું સહેલું માનુંછું". ॥ ૪ ॥ અને બ્રાહ્મણને છેતરવા થકી, હું જેટલો બીહુંછું: તેટલો નરકથી–નિર્ધનપણાથી–દુઃખના સમુદ્ર થકી–અને મોત થવા થકી પણ; બીહીતો નથી. ॥૫॥ આ લોકને વિષે, મરણધર્મવાળા મનુષ્યોને; પ્રાપ્ત થયેલાં, ધનાદિક: કે જે નકીપણે, પોતાને છોડી દેનારનો છેજ; છતાં તે બ્રાહ્મણ આદિને, આપવાથી; જો તે લેનાર, પ્રસન્ન ન થાય: તો; પછી તે આપવુંજ, શાને માટે જોઇએ ! ॥૬॥ પૂર્વે થઇ ગયેલા, દધિચિ ઋષિ, અને શિબિરાજા, વગેરે સાધુ પુરૂષોએ તો; તજવાને અતિ કઠિણ એવા, પોતાના પ્રાણ આપીને પણ; બીજા પ્રાણીઓનું, ભલું કરેલું છે; તો પછી પૃથ્વી આદિ આપવામાંનો વિસાતજ શી છે. ! ॥૭॥ હે બ્રાહ્મણ, યુદ્ધ અને દાન આદિક આપવામાં, પાછી પાની નહીં કાઢનારા; આ પૃથ્વીને ભોગવનાર, મોટા મોટા દૈત્યો: અને બીજાઓને પણ: કાળ ગળી ગયેલો છે; છતાં તેમણે આ પૃથ્વી ઉપર, પ્રસારેલી. કીર્તિને; તે, ગળી શકયો નથીજ. ॥૮॥ માટે હે શુક્રાચાર્ય; યુદ્ધમાં પાછા નહીં હઠનારા, અને પોતાનું શરીર તજી દેનારા પુરૂષો તો; મળવા સુલભ છે; પણ તીર્થ એટલે પાત્ર પ્રાપ્ત થયેથી; શ્રદ્ધા સહિત, ધનને તજી દેનારા; મળવાનું તો ઘણુંજ મુશ્કેલ છે. ॥૯॥ દયાળુ, અને મોટા મનના પુરૂષોને; કોઇ ગમે તેવા માગવા આવેલાની, કામના પૂર્ણ કરતાં; કદાચ, દુર્ગતિની પ્રાપ્તિ થાય; તો, તે પણ શોભા આપનારૂં છે; તો પછી આપના સરખા, બ્રહ્મને જાણનારા, (આત્મજ્ઞાની,) ને માટે તો; પૂછવાનુંજ શું: એટલા માટે હું તો, આ બટુકને; તેણે ઇચ્છેલું આપીશજ. (॥૧૦॥) વળી શાસ્ત્ર વિધિને સારી રીતે જાણનાર, આપના જેવા પુરૂષો આદર સહિત, યમો અને નિયમો રાખીને; યજ્ઞો અને ક્રતુઓથી, જેને પુજે છે; તે વરદાન દેનારો વિષ્ણુજ, આ હોય: અગર બીજો ગમે તે હોય; તોપણ હે મુનિ, તેણે ઇચ્છેલી પૃથ્વી; હું તેને આપીશજ. ॥૧૧॥ વળી બાહ્યકથી બ્રાહ્મણનું શરીર, ધારણ કરનારો એ શત્રુ: ગમે, હું નિરપરાધી છતાં; અધર્મવડે; કદાચ બાંધી લેશે; તોપણ હું તેને મારનાર નથી. ॥૧૨॥ જો તે, ખરેખરો ઉત્તમ શ્લોક, એટલે મોટી કીર્તિવાળો હોય; અને

यद्यद्धास्यतिलोकेऽस्मिन्संपरेतंधनादिकं ॥तस्यत्यागेनिमित्तंकिंविप्रस्तुष्येन्नतेनचेत् ॥६॥ श्रेयःकुर्वंतिभूतानांसाधवोदुस्त्यजासुभिः॥दध्यङ्शिबिप्रभृतयःकोविकल्पोधरादिषु ॥७॥ यैरियंबुभुजेब्रह्मन्दैत्येंद्रैरनिवर्तिभिः॥तेषांकालोऽग्रसील्लोकान्नयशोऽधिगतंभुवि ॥८॥ सुलभायुधिविप्रर्षेह्यनिवृत्तास्तनुत्यजः॥नतथातीर्थआयातेश्रद्धयायेधनत्यजः॥९॥ मनस्विनःकारुणिकस्यशोभनंयदर्थिकामोपनयेनदुर्गतिः॥कुतःपुनर्ब्रह्मविदांभवादृशांततोवटोरस्यददामिवांछितं ॥१०॥ यजंतियज्ञक्रतुभिर्यमादृताभवंतआम्नायविधानकोविदाः॥सएवविष्णुर्वरदोऽस्तुवापरोदास्याम्यमुष्मैक्षितिमीप्सितांमुने॥११॥ यद्यप्यसावधर्मेणमांबध्नीयादनागसं॥तथाप्येनंनहिंसिष्येभीतंब्रह्मतनुंरिपुं ॥१२॥ एषवाउत्तमश्लोकोनजिहासतियद्यशः॥हत्वामैनांहरेद्युद्धेशयीतनिहतोमया ॥१३॥ श्रीशुक०एवमश्रद्धितंशिष्यमनादेशकरंगुरुः॥ शशापदैवप्रहितःसत्यसंधंमनस्विनं॥१४॥दृढंपंडितमान्यज्ञःस्तब्धोऽस्यस्मदुपेक्षया॥मच्छासनातिगोयस्त्वमचिराद्भ्रश्यसेश्रियः ॥१५॥ एवंशप्तःस्वगुरुणासत्यान्नचलितोमहान्॥वामनायददावेनामर्चित्वोदकपूर्वकं॥१६॥विंध्यावलिस्तदागत्यपत्नीजालकमालिनी॥आनिन्येकलशंहैममवनेजन्यपांभृतं॥१७॥यजमानःस्वयंतस्यश्रीमत्पादयुगंमुदा॥अवनिज्यावहन्मूर्ध्नितदपोविश्वपावनीः ॥१८॥ तदाऽसुरेंद्रंदिविदेवतागणागंधर्वविद्याधरसिद्धचारणाः॥ तत्कर्मसर्वेपिगृणंतआर्जवंप्रसूनवर्षैर्ववृषुर्मुदाऽन्विताः॥१९॥ नेदुर्मुहुर्दुंदुभयःसहस्रशोगंधर्वकिंपूरुषकिन्नराजगुः॥मनस्विनाऽनेनकृतंसुदुष्करंविद्वानदाद्यद्रिपवेजगत्त्रयं॥२०॥तद्वामनंरूपमवर्धताद्भुतंहरेरनंतस्यगुणत्रयात्मकं॥ भूःखंदिशोद्यौर्विवराःपयोधयस्तिर्यङ्नृदेवाऋषयोयदासत ॥२१॥ कायेबलिस्तस्यमहाविभूतेःसहर्त्विगाचार्यसदस्यएतत्॥ ददर्शविश्वंत्रिगुणंगुणात्मकेभूतेंद्रियार्थाशयजीवयुक्तं॥२२॥रसामचष्टांघ्रितलेऽथपादयोर्महींमहीध्रान्पुरुषस्यजंघयोः॥पतत्रिणोजानुनिविश्वमूर्तेरूर्वोर्गणंमारुतमिंद्रसेनः ॥२३॥ संध्यांविभोर्वाससिगुह्यऐक्षत्प्रजापतीन्जघनेआत्ममुख्यान् ॥ नाभ्यांनभःकुक्षिषुसप्तसिंधूनुरुक्रमस्योरसिचर्क्षमालां॥२४॥हृद्यंगधर्मंस्तनयो

પોતાના યશનો, નાશ કરવાને ન ઇચ્છતો હોય; તો યુદ્ધમાં મને મારીને આ પૃથ્વી લેઇલે; અગર મારાથકી, મરણ પામીને; સુઇ જાય. ॥૧૩॥–શ્રીશુક–આ પ્રમાણે, તે મોટા દિલનો; અને સાચી પ્રતિજ્ઞાવાળો, બોલતો છતાં; દૈવની પ્રેરણાથી, ગુરૂ શુક્રાચાર્યે; તેને શ્રદ્ધા વિનાનો, અને ગુરૂની આજ્ઞા પ્રમાણે નહીં ચાલનારો, શિષ્ય માન્યો; અને તેને શ્રાપ આપ્યો કે. ॥૧૪॥ "તું અજ્ઞાન છતાં, પંડિતપણાનું દૃઢ અભિમાન રાખનારો; અમારી ઉપેક્ષાથકી. બહુ અક્કડ થયેલો: અને અમારી આજ્ઞાનું ઉલ્લંઘન કરનારો; થોડીવારમાંજ, લક્ષ્મીથકી ભ્રષ્ટ થઇશ. ॥૧૫॥ પોતાના ગુરૂએ, એ રીતે શ્રાપ દીધો; તોપણ સત્યથકી; ચલાયમાન નહીં થનારા; તે મહાત્મા બલીરાજાએ વામનજીનું પૂજન કરીને: જળથી, સંકલ્પ વિગેરે કરી; તેમણે માગ્યા પ્રમાણેની પૃથ્વીનું, દાન આપ્યું. ॥૧૬॥ ત્યારે મોતીની માળાઓ પેહેરેલી, તેની સ્ત્રી વિંધ્યાવલિએ; પાણી ભરેલો સોનાનો કળશ: પગ ધોવાને સારૂં; લાવી મુક્યો. ॥૧૭॥ પછી યજમાન બલીરાજાએ, તેમના બંને સુંદર પગ; પોતાને હાથે, આનંદ સહિત ધોઇને; તે વિશ્વને પાવન કરનારૂં જળ, માથે ચઢાવ્યું. ॥૧૮॥ તે વખતે આનંદ પામેલા, દેવતાઓના ગણોએ; અને ગંધર્વ–વિદ્યાધર–ચારણ–તથા બીજા સર્વેએ; બલીરાજાના, આ નમ્રતાવાળા કામનાં; વખાણ કરીને, આકાશમાંથી; ફૂલનો વરસાદ કરયો. ॥૧૯॥ હજારો દુંદુભી, વારંવાર વાગ્યાં; અને ગંધર્વ–કિંપુરૂષ–તથા કિન્નરો બોલવા લાગ્યા કે: " આ મોટા મનના બલીરાજાએ, શત્રુને જાણ્યા છતાં; ત્રિલોકીનું રાજ્ય. દાનમાં આપીને; બીજા કોઇથી ન થાય એવું. કામ કર્યું છે. ॥૨૦॥ પછી એ અનંત ભગવાનનું, ત્રણ ગુણોના સ્વભાવવાળું વામન સ્વરૂપ; પોતાની અંદર. પૃથ્વી–આકાશ–દિશાઓ–સ્વર્ગ–પાતાળો–સમુદ્રો–પશુપક્ષીઓ–મનુષ્યો–દેવતાઓ–અને ઋષિઓ, વિગેરે સર્વ કાંઇ; આવી જાય, તેમ; અદભૂત રીતે વધ્યુ. ॥૨૧॥ ત્યારે મોટી વિભૂતિઓવાળા ભગવાનના, એ ત્રિગુણી એટલે માયાવડે બનેલા શરીરમાં; મહાભૂત–ઇંદ્રિયો–ઇંદ્રિયોના અર્થો–અંતઃકરણો–અને પ્રાણીઓ સહિત ગુણિયલ આખું વિશ્વ: ઋત્વિજ–આચાર્ય–અને સભાસદો સહિત, બલીરાજાએ દીઠું. ॥૨૨॥ એ પુરૂષ ભગવાનના, પગના તળીયામાં પાતાળો; પગમાં પૃથ્વી; પીંડીઓમાં, પર્વતો; ગોઠણમાં, પક્ષીઓ; સાથળમાં, ઇંદ્રના મિત્ર મરૂતો; વસ્ત્રોમાં, સંધ્યા; ગુહ્યસ્થાનમાં; પ્રજાપતિઓ; કેડમાં, પોતે વિગેરે

દેવો; નાભિમાં, આકાશ; પેટમાં, સાતસમુદ્રો; અને છાતીમાં, નક્ષત્રોની હારો; દીઠી. ॥૨૩-૨૪॥ અને હે અંગ, એ મોરારી ભગવાનના હૃદયમાં, ધર્મ; બે સ્તનોમાં ઋત અને સત્ય; મનમાં, ચંદ્રમા; વક્ષસ્થળમાં, હાથમાં કમળવાળી લક્ષ્મી; ગળામાં, સામવેદના મંત્રો; હાથમાં, ઈંદ્રાદિક દેવો; કાનમાં, દિશાઓ; માથામાં, સ્વર્ગલોક; વાળમાં, મેઘના સમુદાય; નાકમાં, વાયુ; આંખોમાં, સૂર્ય; મોઢામાં, અગ્નિ; વાણીમાં, સઘળા છંદો; જીભમાં, વરુણ; ભમરોમાં, વિધિનિષેધ; પાંપણોમાં, રાત્રિદિવસ; લલાટમાં, ક્રોધ; નીચેના હોઠમાં, લોભ; સ્પર્શમાં, કામદેવ; વીર્યમાં, જળ; પીઠમાં, અધર્મ; પગમાં, યજ્ઞો; છાયામાં, મૃત્યુ; હસવામાં, માયા; રુવાડાંમાં, ઓષધિઓ; નાડીઓમાં, નદીઓ; નખમાં, શિલાઓ; બુદ્ધિમાં, બ્રહ્મા; ઇંદ્રિઓમાં; દેવ અને ઋષિઓ; અને એ પરમ પુરુષ ભગવાનના આત્મામાં, સર્વ પ્રાણી પદાર્થાદિકને; બળીરાજાએ, જોયાં. ॥૨૫-૨૬-૨૭-૨૮-૨૯॥ અને એ

પ્રમાણે સર્વાત્મા ભગવાનના સ્વરૂપમાંજ, એ સઘળું આવી ગયેલું જોઈને; સર્વે દૈત્યો દુઃખી થયા. તથા અસહ્ય તેજવાળું સુદર્શનચક્ર—વીજળીના કડાકા જેવો શબ્દ કરનાર, સારંગ ધનુષ્ય—મોટા વેગવાળી, કૌમુદકી ગદા—ચંદ્રના જેવી શો ફુદડીઓવાળો, વિદ્યાધર નામનો ખડ્ગ—અખૂટ બાણવાળા બે ભાથા—અને સુનંદ વિગેરે મુખ્ય પાર્ષદો; એ સર્વ ભગવાનની આજુબાજુ ઉભા રહીને, સ્તુતિ કરવા લાગી ગયાં. ॥૩૦-૩૧॥ હે રાજન, તે વખતે શોભિતો મુકુટ—બાજુબંધ—માછલાના આકારનાં કુંડળો—શ્રીવત્સ—કૌસ્તુભ—કંદોરો—ભમરાઓથી ગુંજારવ થતી, વનમાળા—અને વસ્ત્રો વગેરે ધારણ કરેલા, ઉરૂક્રમ ભગવાન; શોભવા લાગ્યા. ॥૩૨॥ પછી તેમણે બળીરાજાની, સઘળી પૃથ્વીને, એક પગલાથી માપી લીધી; અને શરીરથી, આકાશ; તથા હાથવડે, દિશાઓ બાંધી (ભરાઈ) ગઈ; તેમજ તેમનું બીજું પગલું માપતાં; તેમનું ચરણ સ્વર્ગથકી ઉપર ઉપર, મહર્લોક—જન લોક

मुरारेर्ऋतंचसत्यंचमनस्यथेंदु॥ श्रियंचवक्षस्यरविंदहस्तांकंठेचसामानिसमस्तरेफान् ॥२५॥ इंद्रप्रधानानमरान्भुजेषुतत्कर्णयोःककुभोद्यौश्चमूर्ध्नि॥केशेषुमेघाञ्श्वसनंनासिकायामक्ष्णोश्चसूर्यंवदनेचवन्हिं॥२६॥वाण्यांचछंदांसिरसेजलेशंभ्रुवोर्निषेधंचविधिंचपक्ष्मसु॥अहश्चरात्रिंचपरस्यपुंसोमन्युंललाटेधरएवलोभं॥२७॥ स्पर्शेचकामंनृपरेतसोंऽभःपृष्ठेत्वधर्मंक्रमणेषुयज्ञं ॥ छायासुमृत्युंहसितेचमायांतनूरुहेष्वोषधिजातयश्च ॥२८॥ नदीश्चनाडीषुशिलानखेषुबुद्धावजंदेवगणानृषींश्च॥प्राणेषुगात्रेस्थिरजंगमानिसर्वाणिभूतानिददर्शवीरः॥२९॥सर्वात्मनीदंभुवनंनिरीक्ष्यसर्वेऽसुराःकश्मलमापुरंग॥ सुदर्शनंचक्रमसह्यतेजाधनुश्चशार्ङ्गंस्तनयित्नुघोषं ॥३०॥ कौमोदकींविष्णुगदातरस्विनींविद्याधरोऽसिःशतचंद्रयुक्तः ॥ तूणोत्तमावक्षयसायकौचसुनंदमुख्याउपतस्थुरीशं ॥३१॥ स्फुरत्किरीटांगदमीनकुंडलःश्रीवत्सरत्नोत्तममेखलांबरैः॥मधुव्रतस्रग्वनमालया[illegible]गवानुरुक्रमः ॥३२॥ क्षितिंपदैकेनबलेर्विचक्रमेनभःशरीरेणदिशश्चबाहुभिः॥ पदंद्वितीयंक्रमतस्त्रिविष्टपंनवैतृतीयायतदीयमण्वपि॥उरुक्रमस्यांघ्रिरुपर्युपर्यथोमहर्जनाभ्यांतपसःपरंगतः॥३३॥इ०भा०म०अ०विंशतितमोअ० ॥२०॥
श्रीशुक०सत्यंसमीक्ष्याब्जभवोनखेंदुभिर्हतस्वधामद्युतिरावृतोभ्यगात्॥ मरीचिमिश्राऋषयोबृहद्व्रताःसनंदनाद्यानरदेवयोगिनः ॥१॥ वेदोपवेदानियमान्वितायमास्तर्केतिहासांगपुराणसंहिताः ॥ येचापरेयोगसमीरदीपितज्ञानाग्निनारंधितकर्मकल्मषाः ॥ ववंदिरेयत्स्मरणानुभावतःस्वायंभुवंधामगताअकर्मकं॥२॥ अथांघ्रयेप्रोन्नमितायविष्णोरुपाहरत्पद्मभवोऽर्हणोदकं॥ समर्च्यभक्त्याऽभ्य[illegible]श्रवायन्नाभिपंकेरुहसंभवःस्वयं ॥३॥ धातुःकमंडलुजलंतदुरुक्रमस्यपादावनेजनपवित्रतयानरेंद्र॥ स्वर्धुन्यभून्नभसिसापततीनिमार्ष्टिलोकत्रयंभगवतोविशदेवकीर्तिः॥४॥ ब्रह्मादयोलोकनाथाःस्वनाथायसमादृताः॥सानुगाबलिमाजन्हुःसंक्षिप्तात्मविभूतये॥५॥ तोयैःसमर्हणैःस्रग्भिर्दिव्यगंधानुलेपनैः॥ धूपैर्दीपैःसुरभिभिर्लाजाक्षतफलांकुरैः॥६॥ स्तवनैर्जयशब्दैश्चतद्वीर्यमहिमांकितैः॥ नृत्यवादित्रगीतैश्चशंखदुंदुभिनिःस्वनैः ॥७॥ जांबवानृक्षराजस्तुभेरीशब्दैर्मनोजवः ॥ विजयंदिक्षुसर्वासुमहोत्सवमघोषयत् ॥८॥ महींसर्वांहृतांदृष्ट्वात्रिपदव्याजयाञ्चया ॥ ऊचुःस्वभर्तुर

—અને તપલોકની પણ; પેલીપાર નીકળીને; સત્યલોકમાં ગયું. ॥૩૩॥ ઇતિશ્રી૦ ભાગવતે આઠમા સ્કં૦ વી૦ અ૦ સં૦ ॥૨૦॥

અધ્યાય. ૨૧ મો.—શ્રીશુક—હે પરીક્ષિત, એ ભગવાનના ચરણાર્વિંદથી, ભરાઈ ગયેલ; અને તેની ચંદ્રમા જેવી નખની કાંતિથી, શોભા રહિત થયેલા; સત્ય લોકને જોઈ; બ્રહ્મા—મરિચિ વગેરે ઋષિઓ—સનત્કુમાર વગેરે નૈષ્ઠિક બ્રહ્મચારીઓ—યોગીઓ—અને બીજાઓ પણ; જેઓ યોગ રૂપી વાયુથી સળગાવેલા, જ્ઞાન રૂપી અગ્નિવડે; કર્મના દોષને, બાળી નાંખીને; જેના ચરણના સ્મરણના પ્રભાવથી, નિષ્કામ લોકોને પામવાના; બ્રહ્માના ધામ (સત્યલોકને,) પામેલા છે; તેઓ—વેદો—ઉપવેદ—નિયમ—યમ—તર્ક—ઇતિહાસ—વેદના અંગ—પુરાણો—અને સંહિતાઓ; એ સર્વ કોઈએ, એ ભગવાનના ચરણને; નમસ્કાર કર્યા. ॥૧-૨॥ જેના નાભિકમળથી, બ્રહ્મા ઉત્પન્ન થયા છે; તે વિષ્ણુને, ઉંચા થયેલા પગનું; પવિત્ર કીર્તિવાળા બ્રહ્માએ, ભક્તિ સહિત, સ્તુતિ કરીને; પૂજનના પદાર્થો. અને જય આદિ શબ્દોથકી; સારી રીતે અર્ચન કર્યું. ॥૩॥ હે રાજન, તે વખતે ઉરૂક્રમ

ભગવાનના ચરણ ધોવા વડે પવિત્ર થયેલું, બ્રહ્માના કમંડળનું એ જળ; આકાશમાંથી પડતાં, ભગવાનની સ્વચ્છ કીર્તિ રૂપ સ્વધુની; (એટલે ગંગા) એ નામથી, ત્રણે લોકને શુદ્ધ કરે છે. ॥૪॥ પછીથી પોતાની વિભૂતિઓને, ટુંકાવી દેઈ; વામન સ્વરૂપે થયેલા, પોતાના, સ્વામી ભગવાનનું; ત્યાં એકઠા થયેલા, બ્રહ્માઆદિ લોકપાળોએ; પોતાની સાથેનાઓ સહિત પૂજન કર્યું. ॥૫॥ અને જળ—માળા—દિવ્ય ચંદનનું લેપન—સુગંધી ધૂપ—દીવા—શાળ—અક્ષત—ફળ—અંકુર—ભગવાનનાં પરાક્રમોના મહિમાની નિશાની વાળા સ્તોત્રો—જય શબ્દ—નાચ કરવા—વાજાં વગાડવાં—ગાયન—અને શંખ તથા દુંદુભીના શબ્દો—વગેરે વડે; તેઓએ ભગવાનની પૂજા કરી. ॥૬-૭॥ તથા મન સરખા વેગવાળા, રીંછના રાજા, જાંબુવાને; ભેરીના શબ્દથી, ભગવાનના વિજયના મહોત્સવને સર્વ દિશાઓમાં; પ્રસિદ્ધ કર્યો. ॥૮॥ ત્યારે, યજ્ઞની દીક્ષા લીધેલા, સ્વામી બળી રાજાની, સઘળી પૃથ્વી; ત્રણ પગલાંની કપટ વાળી માગણીથી, લઈ લીધેલી જોઈને; અસુરો બોલ્યા કે: "આતો બ્રાહ્મણ નથી, પણ બ્રાહ્મણના

રૂપથી ઢંકાયેલો; દેવતાઓનું કાર્ય કરવાને ઇચ્છનારો, મોટો માયાવી વિષ્ણુ છે." ॥૯-૧૦॥ અને દંડનો ત્યાગ કરીને, યજ્ઞ કરવાને બેઠેલા; આપણા સ્વામીનું સર્વસ્વ, આ બટુક બનેલા શત્રુએ; યાચના કરવાના મિષથી, લેઇ લીધું છે. ॥૧૧॥ એ દયાળુ અને બ્રાહ્મણો ઉપર પ્રેમ રાખનારા, તથા હમેશાં સાચું બોલનારા થયા તો; બોલ્યું અબોલ્યું કરી શકાયજ નહીં. ॥૧૨॥ માટે આ બટુકનો વધ કરવાથી, આપણને સ્વામીની સેવા કર્યાનો, ધર્મ પ્રાપ્ત થશે:" એમ બોલીને, બલીરાજાના અનુચર અસુરોએ; આયુધો ઉપાડ્યાં. ॥૧૩॥ અને બલીરાજાની ઇચ્છા નહીં છતાં; તે સઘળાઓ, ક્રોધથી ત્રિશૂળો અને તરવારો હાથમાં લઇને; વામનજીને મારવા માટે દોડ્યા. ॥૧૪॥ ત્યારે હે રાજા, એ રીતે દૈત્યોના અધિપતિઓને, દોડી આવતા જોઇને; હથિયારો ઉપાડેલા વિષ્ણુના અનુચરોએ હસીને; તેઓને અટકાવ્યા. ॥૧૫॥ અને નંદ-સુનંદ-જય,-વિજય-પ્રબળ-બળ,-કુમુદ-કુમુદાક્ષ-વિષ્વક્સેન,-ગરુડ-જયંત-શ્રુતદેવ-પુષ્પદંત-અને સાત્વત. વિગેરે; સઘળા દશદશ હજાર હાથીના બળવાળા, પાર્ષદો; દૈત્ય સેનાને મારવા લાગ્યા. ॥૧૬-૧૭॥ એટલે ભગવાનના અનુચરોને હાથે, પોતાનાઓને મારતા જતા દેખીને; શુક્રાચાર્યના શ્રાપને સંભારી, બલીરાજાએ ક્રોધ પામેલા દૈત્યોને; વાર્યા કે. ॥૧૮॥ "હે વિપ્રચિત્તિ-રાહુ-અને નેમિ વિગેરે; તમો, મારાં વચનોને સાંભળો: અને યુદ્ધ કરવાનું છોડી દેઇને, પાછા વળો; આ સમય, આપણું ભલું કરે એવો નથી. ॥૧૯॥ હે દૈત્યો, સર્વ પ્રાણી માત્રને; સુખ દુઃખ ઉત્પન્ન કરવામાં સમર્થ તો કાળ છે; તે કાળની ઇચ્છાથી, બીજી રીતે કરવાને; કોઇપણ મનુષ્યાદિક, પોતાના પુરુષાર્થ વડે, સમર્થ થઇ શકે, એમ નથીજ. ॥૨૦॥ અને જે (કાળ) પહેલાં; આપણી ચડતી, તથા દેવોની પડતી, કરતો હતો; તે કાળજ, આજે તે થકી; ઉલટી રીતે વર્તે છે. ॥૨૧॥ મનુષ્યાદિક, પોતાના સૈન્યથી-મંત્રિઓથી-બુદ્ધિથી-કિ-

सुरादीक्षितस्यात्यमर्पिताः ॥९॥ नवाअयंब्रह्मबंधुर्विष्णुर्मायाविनांवरः॥ द्विजरूपप्रतिच्छन्नोदेवकार्यंचिकीर्षति ॥१०॥ अनेनयाचमानेनश
त्रुणावटुरूपिणा॥ सर्वस्वंनोहृतंभर्तुर्न्यस्तदंडस्यबर्हिषि॥११॥ सत्यव्रतस्यसततंदीक्षितस्यविशेषतः॥ नानृतंभाषितंशक्यंब्रह्मण्यस्यदयाव
तः॥१२॥ तस्मादस्यवधोधर्मोभर्तुःशुश्रूषणंचनः॥ इत्यायुधानिजगृहुर्बलेरनुचराऽसुराः॥१३॥ तेसर्वेवामनंहंतुंशूलपट्टिशपाणयः॥ अनिच्छ
तोबलेराजन्प्राद्रवन्जातमन्यवः॥१४॥ तानभिद्रवतोदृष्ट्वादितिजानीकपान्नृप॥ प्रहस्यानुचराविष्णोःप्रत्यषेधन्नुदायुधाः॥१५॥ नंदःसुनंदोऽथ
जयोविजयःप्रबलोबलः॥ कुमुदःकुमुदाक्षश्चविष्वक्सेनःपतत्रिराट्॥१६॥ जयंतःश्रुतदेवश्चपुष्पदंतोऽथसात्वतः॥ सर्वेनागायुतप्राणाश्चमू
तेजघ्नुरासुरीं॥१७॥ हन्यमानान्स्वकान्दृष्ट्वापुरुषानुचरैर्बलिः॥वारयामाससंरब्धान्काव्यशापमनुस्मरन्॥१८॥ हेविप्रचित्तेहेराहोहेनेमेश्रूय
तांवचः॥ मायुध्यतनिवर्तध्वंननःकालोयमर्थकृत्॥१९॥यःप्रभुःसर्वभूतानांसुखदुःखोपपत्तये॥तंनातिवर्तितुंदैत्याःपौरुषैरीश्वरःपुमान्॥२०॥
योनोभवायप्रागासीदभवायदिवौकसां॥ सएवभगवानद्यवर्ततेतद्विपर्ययं॥२१॥ बलेनसचिवैर्बुद्ध्यादुर्गैर्मंत्रौषधादिभिः॥सामादिभिरुपायैश्च
कालंनात्येतिवैजनः॥२२॥ भवद्भिर्निर्जिताह्येतेबहुशोऽनुचराहरेः॥दैवेनर्द्धैस्तएवाद्ययुधिजित्वानदंतिनः॥२३॥ एतान्वयंविजेष्यामोयदिदैवं
प्रसीदति॥ तस्मात्कालंप्रतीक्षध्वंयोनोऽर्थत्वायकल्पते॥२४॥ श्रीशुक० पत्युर्निगदितंश्रुत्वादैत्यदानवयूथपाः॥ रसांनिर्विविशूराजन्विष्णुपा
र्षदताडिताः॥२५॥ अथतार्क्ष्यसुतोज्ञात्वाविराट्प्रभुचिकीर्षितं॥बबंधवारुणैःपाशैर्बलिंसौत्येऽहनिक्रतौ॥२६॥ हाहाकारोमहानासीद्रोद
स्योःसर्वतोदिशं॥गृह्यमाणेऽसुरपतौविष्णुनाप्रभविष्णुना॥२७॥ तंबद्धंवारुणैःपाशैर्भगवानाहवामनः॥नष्टश्रियंस्थिरप्रज्ञमुदारयशसंनृप॥
॥२८॥ पदानित्रीणिदत्तानिभूमेर्मह्यंत्वयाऽसुर॥द्वाभ्यांक्रांतामहीसर्वातृतीयमुपकल्पय॥२९॥ यावत्तपत्यसौगोभिर्यावदिंदुःसहोडुभिः॥या
वद्वर्षतिपर्जन्यस्तावतीभूरियंतव॥३०॥ पदैकेनमयाक्रांतोभूर्लोकःखंदिशस्तनोः॥स्वर्लोकस्तुद्वितीयेनपश्यतस्तेस्वमात्मना॥३१॥प्रतिश्रु
तमदातुस्तेनिरयेवासइष्यते॥विशत्वंनिरयंतस्माद्गुरुणाचानुमोदितः॥३२॥वृथामनोरथस्तस्यदूरेस्वर्गःपतत्यधः॥प्रतिश्रुतस्यादानेनयोऽर्थि

લ્લાઓથી-મંત્રથી-અને ઔષધિઓ આદિકથી; તથા શામ, દામ, ભેદ અને દંડ એ ઉપાયોથી પણ; કાળનું ઉલ્લંઘન કરી શકે; એમ બનાર નથી. ॥૨૨॥ આ વિષ્ણુના અનુચરોને કાળની અનુકૂળતાથી; તમેજ, ઘણી ઘણી વાર હરાવેલા છે; છતાં હમણાં તેઓ તમને જીતીને, ગરજનાઓ કરે છે. ॥૨૩॥ માટે જ્યારે દૈવ (કાળ) પ્રસન્ન થશે, ત્યારે આપણે પણ તેઓને જીતીશું: માટે આપણને, કાળની અનુકૂળતા થતાં સુધી તમો રાહ જુવો. ॥૨૪॥ શ્રીશુક-પછી વિષ્ણુના પાર્ષદોનો માર ખાધેલા, દૈત્ય અને દાનવોના અધિપતિઓ; પોતાના સ્વામીનું, એ રીતનું બોલવું સાંભળીને; રસાતાળમાં પેસી ગયા. ॥૨૫॥ પછી ભગવાનની ઇચ્છાને જાણીને, ગરુડજીએ; યજ્ઞમાં સોમવલ્લી ખાંડવાને દિવસે, બલીરાજાને વરુણ પાશથી; બાંધી લીધા. ॥૨૬॥ એમ મોટી શક્તિ વાળા ભગવાને, બલીરાજાને બાંધી નાંખતાં; આકાશ, પૃથ્વી, તથા સર્વ દિશાઓમાં; મોટો હાહાકાર થઇ ગયો. ॥૨૭॥ હે પરીક્ષિત, આ રીતે વરુણ પાશથી બંધાયેલ; તથા લક્ષ્મીથી ભ્રષ્ટ થયેલ; છતાં પણ, બુદ્ધિની સ્થિરતા રાખનારા: અને ઉદાર યશવાળા; તે બલીરાજાને, ભગવાને વાણી કહ્યું કે ॥૨૮॥ "હે અસુર, તેં મને મારાં ત્રણ પગલાં જેટલી પૃથ્વી આપવાનું કહ્યું છે; તેમાંનાં મારાં બે પગલાંમાં, તારી સઘળી પૃથ્વી ભરાઇ ગઇ છે, માટે હવે ત્રીજું પગલું, આપવાની તજવીજ કરય. ॥૨૯॥ જેટલામાં સૂર્ય કિરણોથી પ્રકાશે છે:-નક્ષત્રો સહિત ચંદ્ર દેખાય છે-અને જેટલામાં વરસાદ વરસે છે: તેટલે સુધી, પૃથ્વી તારી હતી. ॥૩૦॥ મારા પોતાના શરીરથી, મેં એક પગલામાં; ભૂ લોક-આકાશ અને દિશાઓ માપી લીધી; અને બીજા પગલાથી, તારા દેખતાંજ સ્વર્ગ લોક વિગેરે (સત્યલોક પર્યંત સઘળુંજ) માપી લીધેલું છે. ॥ ૩૧ ॥ અને આપવાનું કહીને, ન આપનારાનો: વાસ, નરકમાંજ થાય છે; એટલા માટે; અને તેમાં તારા ગુરુની પણ સંમતી છે: તેથી, તું નરકમાં જા. ॥૩૨॥ જે પુરુષ, પોતે કબુલ કરેલું ન આપીને; માગનારાને છેતરે છે; તેના સઘળા મનોરથ, વૃથા થઇ જાય છે; અને તેને, સ્વર્ગ દૂર રહી જાય છે, તે પુરુષ, નરકમાં પડે છે. ॥૩૩॥

તૈયજ શ્રીમંતપણાના અભિમાન વાળા, તેં "આપીશ:" એમ કહીને, અને પણ છેતર્યો છે; માટે એ અસત્ય બોલવાના ફળને, તું કેટલાંક વરસો સુધી ભોગવ્ય. ॥૩૪॥ ઇતિશ્રી૦ભા૦આ૦ ૨૬૦એકવીશમો અધ્યાયસંપૂર્ણ.॥૨૧॥

અધ્યાય ૨૨ મો—શ્રીશુક—ત્યારે હે પરીક્ષિત, ભગવાને આ રીતે દુઃખી કરેલા; અને ધીરજ ભંગ કરવા માંડ્યા છતાં, ધીરજને નહીં તજેલા; બલીરાજાએ વિહ્વળ ન થતાં, પ્રતિઉત્તર આપ્યો કે. ॥ ૧ ॥ બલી—હે મોટા દેવ, અને ઉત્તમ કીર્તિવાળા; આપ મારા બોલેલા વચનને, અસત્ય થવાનું માનતા હો; તો; ત્રીજું પગલું મારા માથા ઉપર મૂકીને; એ મારૂં વચન, છેતરવા રૂપ ન થતાં; સત્ય થાય, એમ આપ કરો. ॥૨॥ અસાધુ વચન (જૂઠું) થકી, હું જેવો ઉદ્વેગ પામું છું; તેવો નરકથી-સ્થાન ભ્રષ્ટ થવાથી—પાશબંધનાથી અપાર દુ:ખથી—ધનાદિકના કષ્ટથી—અને આપનાથી થયેલા બંધનથી પણ; હું બીહીતો નથી. ॥૩॥ મા—બાપ—ભાઇઓ—અને સુહૃદો વિગેરે થકી, ન થઇ શકે; એવી શિક્ષા; પુરૂષને, અતિ પૂજ્ય આપના થકી; અપાય; તેને તો હું અત્યંત વખાણવા યોગ્ય, માનું છું. ॥૪॥ અને અમો અનેક પ્રકારના મદથકી આંધળા થયેલા, અસુરોને; પદભ્રષ્ટ કરીને, જ્ઞાનરૂપી આંખ્યો આપનારા; પરોક્ષપણે અમારા મોટામાં મોટા ગુરૂ, આપજ છો. ॥ ૫ ॥ જેનામાં દૃઢ વૈરભાવ રાખવા વડે, ઘણાએક દૈત્યો પણ; એકાંતિક યોગીઓને મળવાની સિદ્ધિને, પામી ગયેલા છે. ॥ ૬ ॥ તેવા આપ, ઘણાં અને મોટાં કર્મો કરનારાએ; મને વરૂણ પાશથી બાંધ્યો છે; અને મારો નિગ્રહ કર્યો છે: તેથી હું અતિ લજતો નથી. અને વ્યથા પણ પામતો નથી. ॥૭॥ આપ પરમાત્માના ભક્તોમાં, માનવંતા; અને સારી વાતોને પ્રકટ કરનારા મારા વડાવા પ્રહ્લાદજીને; આપના વિરોધી, તેમના પિતાએ વિચિત્ર પ્રકારનાં; દુ:ખ દીધાં હતાં. ॥૮॥ ત્યારે તેમણે, વિચાર્યું હતું કે; "આ દેહ, કે જેનાથી

नंविप्रलंभते ॥२३॥विप्रलब्धोददामीतित्वयाऽहंचा[illegible]मानिना॥ त[illegible]फलंभुंक्ष्वनिरयंकतिचित्समाः ॥३४॥ इ०भा०म०अ०बलिनि[illegible]विंशोऽध्यायः ॥२१॥ श्रीशुक०एवंविप्रकृतोराजन्बलिर्भगवताऽसुरः॥ भिद्यमानोऽप्यभिन्नात्मामत्याहाविक्लवंवचः॥१॥बलि० यद्युत्तमश्लोकभवान्ममेरितंवचो[illegible]लीकंसुरवर्यमन्यते॥ करोम्यृतंतन्नभवेत्प्रलंभनंपदंतृतीयंकुरुशीर्ष्णिमेनिजं ॥२॥ बिभेमिनाहंनिरयात्पद च्युतोनपाशबंधाद्व्यसनादु[illegible]त्ययात्॥ नैवार्थकृच्छ्राद्भवतोविनिग्रहादसाधुवाद[illegible]द्विजेयथा॥३॥ पुंसांश्लाघ्यतरंमन्येदंडमर्हत्तमार्पितं॥ यंन मातापिताभ्रातासुहृदश्चादिशंतिहि ॥४॥ त्वंनूनमसुराणांनःपारोक्ष्यःपरमोगुरुः॥ योनोऽनेकमदांधानांविभ्रंशंचक्षुरादिशत् ॥५॥ यस्मिन्वै रानुबंधेनरूढेनविबुधेतराः॥बहवोलेभिरेसिद्धिंयामुहैकांतयोगिनः॥६॥ तेनाहंनिगृहीतोऽस्मिभवताभूरिकर्मणा ॥ बद्धश्चवारुणैःपाशैर्नाति व्रीडेनचव्यथे ॥७॥ पितामहोमेभवदीयसंमतःप्रह्लादआविष्कृतसाधुवादः॥ भवद्विपक्षेणविचित्रवैशसंसंप्रापितस्त्वत्परमःस्वपित्रा॥८॥किं मात्मनाऽनेनजहातियोंऽततःकिंरिक्थहारैःस्वजनाख्यदस्युभिः॥ किंजाययासंसृतिहेतुभूतयामर्त्यस्यगेहैःकिमिहायुषोव्ययः ॥९॥ इत्थंस निश्चित्यपितामहोमहानगाधबोधोभवतःपादपद्मं॥ ध्रुवंप्रपेदेह्यकुतोभयंजनाद्भीतःस्वपक्षक्षपणस्यसत्तम ॥१०॥ अथाहमप्यात्मरिपोस्तवांतिकंदैवेननीतःप्रसभंत्याजितश्रीः॥ इदंकृतांतांतिकवर्तिजी[illegible]ऽध्रुवंस्तब्धमतिर्नबुध्यते॥११॥ श्रीशुक०तस्येत्थंभाषमाणस्यप्रह्लादोभगवत्प्रियः॥आजगामकुरुश्रेष्ठराकापतिरिवोत्थितः॥१२॥ तमिंद्रसेनःस्वपितामहंश्रियाविराजमानंनलिनायतेक्षणं॥ प्रांशुंपिशंगांबरमंजनत्विषं[illegible]लंबबाहुंसुभगंसमैक्षत॥१३॥ तस्मैबलिर्वारुणपाशयंत्रितःसमर्हणंनोपज[illegible]रपूर्ववत्॥ननाममूर्ध्नाऽश्रुविलोललोचनःसव्रीडनीचीनमुखोबभूवह॥१४॥ सतत्रहासीनमुदीक्ष्यसत्पतिंसुनंदनंदाद्यनुगैरुपासितं॥ उपेत्यभूमौशिरसाम[illegible]मनाननाममूर्ध्नापुलकाश्रुविक्लवः॥१५॥प्रह्लाद० त्वयैवदत्तंपदमैंद्रमूर्जितंहृतंतदेवाद्यतथैवशोभनं ॥ मन्येमहानस्यकृतोह्यनुग्रहोविभ्रंशितोयच्छ्रियआत्ममोहनात्॥१६॥ययाहिविद्वानपिमुह्यतेयतस्तत्कोविचष्टेगतिमात्मनोयथा॥तस्मैनमस्तेजगदीश्वरायनारायणायाखिललोकसाक्षिणे॥१७॥ श्रीशुक०तस्यानुशृण्वतोरा

છેવટે તો, છૂટું પડવાનું છેજ: તે થકી મનુષ્યને શું ફળ છે. ધનને હરણ કરનારાં, "સ્વજન" નામથી બોલાતાં: પુત્ર અને બંધુઓ આદિ થકી, પણ શું ફળ છે. અને જન્મ મરણ થવાને, હેતુ રૂપ થનારી; પોતાની સ્રી થકી પણ, શું ફળ છે: તેમજ જેમાં આયુષ્યનો, માત્ર વ્યયજ થાય છે; એવા ઘર થકી પણ, શું ફળ છે." ॥૯॥ એ રીતનો નિશ્ચય કરીને; તે મહાત્મા—અગાધ જ્ઞાનવાન—અને લોકો થકી બીનેલા; અમારા વડાવા પ્રહ્લાદજી: તમે, દૈત્યોના પક્ષનો નાશ કરનાર હોવા છતાં પણ; આપના, અતિ ઉત્તમ—અવિચળ—અને અકુતોભય—ચરણ કમળનેજ, શરણે આવ્યા હતા. ॥૧૦॥ આ લોકમાં, શઠબુદ્ધિ વાળાં મનુષ્યો; પોતાના જીવિતની પાસે, કાળ ભમ્યા કરે છે; તે જાણવા છતાં; એ જીવિતને અધ્રુવ હોવાનું, તેઓ જાણતાં નથી; તેઓમાંનોજ એક હું, લક્ષ્મીથી તજાયલાને; દૈવે બળાત્કારથી, આપ અમારા શત્રુ અને શુભેચ્છકના નજીકમાં; આણેલો છે. ॥ ૧૧ ॥ —શ્રી શુક—હે પરીક્ષિત, બલીરાજા આ રીતે બોલતો હતો; તેટલામાંજ, ભગવાનને પ્રિય, અને ઉગતા ચંદ્રમા સરખા; પ્રહ્લાદજી ત્યાં આવ્યા. ॥ ૧૨ ॥ અતિશય શોભિતા—કમળ જેવી આંખ્યોવાળા—પીળાં રેશમી વસ્ત્ર પહેરેલા—શ્યામ કાંતિવાળા—લાંબા હાથ વાળા—અને પરમ ભાગ્યોદયવાળા; એ પોતાના વડાવાને, બલીરાજાએ દેખતાં: પોતે વરૂણપાશથી, બંધાયેલો હોવાથી; તેમનું પ્રથમની પેઠે પૂજન ન કરી શકવાથી, નેત્રે આંસુ ભરેલી આંખ્યો સહિત, માથાવડે; તેમને નમસ્કાર કર્યા; અને લાજ સહિત નીચું જોઇ રહો.॥૧૩—૧૪॥ પછી પ્રહ્લાદેપણ, સત્પુરુષોના પતિ, ભગવાનને; સુનંદ અને નંદ વગેરે પાર્ષદોથી સેવા થતા, ત્યાં બિરાજેલા જોઇને; રોમાંચિત થતાં, આંખ્યોમાં આંસુ આવી જઇને; વિહ્વળ થઇ મોટા મનથી, ધરતી ઉપર પડીને; માથું પૃથ્વીને અડાડીને, તથા નમીને તેમને નમસ્કાર કર્યા.॥૧૫॥પ્રહ્લાદ—આપનુંજ આપેલું સમૃદ્ધિવાળું ઇંદ્રપદ, આજે આપે પાછું લેઇ લેવાથી; જેથી પોતાને મોહ થાયછે, એવી લક્ષ્મી થકી; આ બલીને, ભ્રષ્ટ કરવારૂપ, આપે એના ઉપર; મોટો અનુગ્રહ કરવાનું; અને તે ઘણુંજ સારૂં કામ થયેલાનું; હું માનું છું. ॥૧૬॥ જે [illegible]

थयो नियंतो छतुं, मोह पामेछे. अने जनाने छे, केम के हुं करूं छुं, पोताना आत्मस्वरूपने, यथार्थ जाणी शके छे; (अर्थात कोइ जाणी शकतो नथीज;) एटला माटे, आप जगतना ईश्वर–नारायण–अने सर्व लोक मात्रना साक्षीने; हुं नमस्कार करूंछुं. ॥१७॥ ब्रह्मा–ए हाथ जोडीने उभेला, प्रह्लादजीनु सांभळता थकी; मधुसूदन भगवानने, कहेछे कोइक बोलवा जता हता; तो वचमांज, पोताना स्वामीने बांधेला जोवाथी, भयथी विह्वळ थयेली; चंद्रावलीनी साध्वी स्त्रीओ, भगवाननी पासे आवीने; हाथ जोडी नमस्कार करीने अने नीचुं जोइने, बोली के. ॥१८–१९॥–विंध्यावलि–हे भगवान, त्रणे लोकवाळुं आ जगत; तमे पोतेज लीला वडे करेलुं छे; छतां तेमांज बीजाओ, कुबुद्धि वडे; पोतानुं, स्वामित्व माने छे; तो कर्ता अने प्रभु एवा, आपना कामांमां; आ बलि शियालना, जे जीवजो; पोतेज कर्ता होवानुं कहेनाराओ लाज तजीने, शा माटे खुशी थता हशे. ? (अर्थात आ बलीराजा, त्रिलोकीनो मालिक छुं, अने पोताना शरीर उपर; पोतानी मालिकी मानीने, ते आपने देवानुं: कहेवामां भूल करे छे; केमके ए बधुं, आपनुंज होवाथी; बलीराजने आपने आपवानुं, कांइज नथी; माटे एना बोलवा, तथा करवा उपर; आपे नजरे न राखतां; आपने जेम योग्य लागे, तेम आपज करो. एम ते कहे छे) ॥२०॥–ब्रह्मा–हे देवनादेव–प्राणीमात्रनुं पालन करनारा–प्राणीमात्रना ईश्वर–अने जगतमय भगवान; आ सर्वस्व लेइ लीधेलाने, आप हवे छोडीदो; ए बंधन पामवाने योग्य नथी. ॥२१॥ सघळी पृथ्वी, अने कर्मोवडे मेळवेला लोको, तथा पोताना शरीर सुधां, सर्वस्व; एणे बुद्धिनी विकळता कर्या विनाज, आपने निवेदन करी दीधुं छे. ॥२२॥ अशठ बुद्धिथी, कोइ पुरुष आपना चरणने विषे, एकला पाणी–अंकुर–के प्रोखुंज; अर्पण करवा रूप, पूजन करे छे; तो ते पण, उत्तम गतिने पामे छे; त्यारे खेद रहीत मनथी, आखी त्रिलोकीनुं दान करनारा आ बलीराजाने; शा माटे दुःख थवुं जोइए. ॥२३॥–श्री भगवान–हे ब्रह्मा, हुं जेना उपर अनुग्रह करूंछुं. तेनु धन लेइ लउंछुं; के जे धनना

अन्यब्रह्मावस्यकृतांजलेः॥ हिरण्यगर्भोभगवानुवाचमधुसूदनं॥१८॥ बद्धंवीक्ष्यपतिंसाध्वीतत्पत्नीभयविह्वला॥ प्रांजलिःप्रणतोपेंद्रंबभाषेऽवाङ्
मुखीनृप॥१९॥ विंध्यावलि० क्रीडार्थमात्मनइदंत्रिजगत्कृतंतेस्वाम्यंतुतत्रकुधियोपरईशकुर्युः॥ कर्तुःप्रभोस्तवकिमस्यतआवहंतित्यक्तह्रि
यस्त्वदवरोपितकर्तृवादाः॥२०॥ ब्रह्मा० भूतभावनभूतेशदेवदेवजगन्मय॥ मुंचैनंहृतसर्वस्वंनायमर्हतिनिग्रहं॥२१॥ कृत्स्नातेऽनेनदत्ताभूर्लो
काःकर्मार्जिताश्चये॥ निवेदितंचसर्वस्वमात्माविक्लवयाधिया॥२२॥ यत्पादयोरशठधीःसलिलंप्रदाययदूर्वांकुरैरपिविधायसतींसपर्यां॥ अप्युत्त
मांगतिमसौभजतेत्रिलोकींदाश्वानविक्लवमनाःकथमार्तिमृच्छेत्॥२३॥ श्रीभग० ब्रह्मन्यमनुगृण्हामितद्विशोविधुनोम्यहं॥ यन्मदःपुरुषःस्त
ब्धोलोकंमांचावमन्यते॥२४॥यदाकदाचिज्जीवात्मासंसरन्निजकर्मभिः॥ नानायोनिष्वनीशोऽयंपौरुषींगतिमाव्रजेत्॥२५॥ जन्मकर्मवयोरू
पविद्यैश्वर्यधनादिभिः॥ यद्यस्यनभवेत्स्तंभस्तत्रायंमदनुग्रहः॥२६॥ मानस्तंभनिमित्तानांजन्मादीनांसमंततः॥ सर्वश्रेयःप्रतीपानांहंतमुह्ये
न्नमत्परः॥२७॥ एषदानवदैत्यानामग्रणीःकीर्तिवर्धनः॥अजैषीदजयांमायांसीदन्नपिनमुह्यति॥२८॥क्षीणरिक्थश्च्युतःस्थानात्क्षिप्तोबद्धश्चश
त्रुभिः॥ ज्ञातिभिश्चपरित्यक्तोयातनामनुयापितः॥२९॥ गुरुणाभर्त्सितःशप्तोजहौसत्यंनसुव्रतः॥ छलैरुक्तोमयाधर्मोनायंत्यजतिसत्यवाक्॥
॥३०॥ एषमेप्रापितःस्थानंदुष्प्रापममरैरपि॥ सावर्णेरंतरस्यायंभवितेंद्रोमदाश्रयः॥३१॥ तावत्सुतलमध्यास्तांविश्वकर्मविनिर्मितं॥ यन्नाध
योव्याधयश्चक्लमस्तंद्रापराभवः॥ नोपसर्गानिवसतांसंभवंतिममेक्षया॥३२॥ इंद्रसेनमहाराजयाहिभोभद्रमस्तुते॥ सुतलंस्वर्गिभिःप्रार्थ्यंज्ञा
तिभिःपरिवारितः॥३३॥ नत्वामभिभविष्यंतिलोकेशाःकिमुतापरे॥ त्वच्छासनातिगान्दैत्यांश्चक्रंमेसूदयिष्यति॥३४॥ रक्षिष्येसर्वतोऽहं
त्वांसानुगंसपरिच्छदं॥ सदासन्निहितंवीरतत्रमांद्रक्ष्यतेभवान्॥३५॥ तत्रदानवदैत्यानांसंगात्तेभावआसुरः॥ दृष्ट्वामदनुभावंवैसद्यःकुंठोविनं
क्ष्यति॥३६॥ इतिश्रीभागवतेमहापुराणेअष्टमस्कंधेबलिवामनसंवादोनामद्वाविंशोऽध्यायः॥ २२॥

मदथी, पुरुष स्तब्ध थइने, मारी अने लोकोनी पण, अवगणना करे छे. ॥२४॥ पोतानां कर्मोवडे, अनेक अवतारोमां जन्मतो जीव; कोइ वखतेज ज्यारे. मनुष्य जन्म पामेछे; त्यारे तेने जो, कुळ–कर्म–अवस्था–रूप–विद्या–ऐश्वर्य–अने धन विगेरे थकी, गर्व न थाय; तो ते मारोज अनुग्रह जाणवो. ॥२५–२६॥ जेओ मारा परायण होय छे, तेमने कल्याणनी आडे आवनारां; आ सर्व, कुळ–कर्म–अवस्था–रूप–विद्या–ऐश्वर्य–अने धन वगेरे; के जे मान अने अवंने, उत्पन्न करनारां छे; ते मोह पमाडी शकतां नथी. ॥२७॥ दुःखो पामता छतां पण; मोह नहीं पामेलो; आ दैत्योनो अग्रणी, अने तेमनी कीर्तिने वधारनारो; कोइथी न जीताय एवी; मारी मायाने, जीती चूकेल छे. ॥२८॥ ए साचुं बोलनार, अने सारूं आचरण करनारानुं; धन गयुं–स्थान थकी भ्रष्ट थयो–तिरस्कार पाम्यो–शत्रु थकी बंधन थयुं– सगा संबंधीओए तज्यो–पछीथी दुःख पाम्यो–गुरूए तिरस्कार करीने शाप दीधो–अने में कपटवाळां वचनो कह्यां; ए रीते थया छतां पण, एणे पोतानो धर्म छोड्यो नथी. ॥२९–३०॥ माटे देवताओने पण न मळे, एवुं स्थान हुं एने आपुंछुं; अने सावर्णिमन्वंतरमां, ते मारा आश्रय थकी; इंद्रपद पामशे. ॥३१॥ अने तेटला वखत सुधी, विश्वकर्माए बनावेला; सुतळ पाताळमां रहेशे; के ज्यां रहेनाराओने, आधि–व्याधि–परिश्रम–आळस–अने पराभव–वगेरे उपद्रव, मारी दयावडे; थती नथी. ॥३२॥ हे बलीराजा, तमे तमारा सगा संबंधीनी साथे; देवताओ पण, जेने इच्छेछे; एवा, सुतळ पाताळमां जाओ; तमारूं भलुं थशे. ॥३३॥ तमने लोकपाळो पण, पराभव पमाडी शकशे नहीं; तो बीजाओनुं तो कहेवुंज शुं ? तमारी आज्ञानुं उल्लंघन करनारा दैत्योने, मारूं चक्र कापी नाखशे. ॥३४॥ हे वीरपुरुष, हुं तमारी साथे चालनारा (एटले परिवार अने अनुचरो) विगेरेनुं, अने सरसामान सहित, तमारूं, सर्व प्रकारे रक्षण करीश; अने सर्वकाळ ते स्थळे, तमारी पासेज रहेलो; तमे मने देखशो. ॥३५॥ अने त्यां मारो प्रभाव देखवाथी; दैत्यो अने दानवोना संगथी, थयेलो; तमारो असुर भाव पण; तत्काळज ओछो थइ जइने; नाश पामशे. ॥३६॥ इ० श्री० भा० आ. स्कंधनो बावीसमो अ० संपूर्ण. ॥२२॥

અધ્યાય ૨૩ મો.—**શ્રીશુક**—એ રીતે પુરાણ પુરૂષ ભગવાને કહ્યું, ત્યારે ભક્તિથી થયેલ ઉત્કંઠાથી; આંખોમાં આંસુ આવેલો—મોટા પ્રભાવવાળો—અને સાધુ પુરૂષોએ માનેલો બળી રાજા, હાથ જોડી ગદગદ વાણીથી, બોલ્યો કે. ॥૧॥—બલી—શરણ થનારા ભક્તોના મનોર્થને ઉતાવળોજ સિદ્ધ કરનારા, આપને પ્રણામ કરવાની; હું અસુર અને નીચ જાતિનાઓ, માત્ર તૈયારી કરતાંજ; આપનો જે અનુગ્રહ; આગળ લોકપાળ દેવતાઓના ઉપર પણ, થયેલો નથી; તે આજે મારા ઉપર કરેલો છે. ॥૨॥—શ્રીશુક—છૂટા થયેલા બળી રાજાએ, એ પ્રમાણે હરિ ભગવાનને કહીને; અને તેમને, તથા બ્રહ્મા અને સદાશિવને, નમસ્કાર કરીને; હે, પ્રીતિથી અસુરો સહિત, સુતળ પાતાળમાં ગયો. ॥૩॥ આ રીતે સ્વર્ગનું રાજ્ય પાછું વાળી આપવાનો, અદિતિનો મનોર્થ પૂર્ણ કરી; એ ભગવાન સકળ જગતનું, શાસન કરવા લાગ્યા. ॥૪॥ ત્યારે પોતાના વંશને ધારણ કરનારા પૌત્ર; બળી રાજાને, બંધનથી મુક્ત થયેલો, અને ભગવાનનો પ્રસાદ પામેલો, જોઇને; ભક્તિ વડે નમેલા, પ્રહ્લાદજી બોલ્યા કે. ॥૫॥—**પ્રહ્લાદ**—આખું વિશ્વ જેમને નમે છે, તે બ્રહ્મા અને સદાશિવ સરખાઓ પણ, જેના ચરણને પૂજે છે; તે ભગવાન, અમો અસુરોના દુર્ગપાળ થયા છે; એવો પ્રસાદ તો, બ્રહ્માને—લક્ષ્મીજીને—અથવા સદાશિવને પણ; મળેલો નથી; તો બીજાઓને તો ક્યાંથીજ મળે ॥૬॥ હે શરણ આપનારા, આપના ચરણ કમળના મકરંદનું, સેવન કરવાવડેજ; બ્રહ્માદિક પણ, ઐશ્વર્ય ભોગવે છે; તો સારા આચાર વિનાના, અને ઉગ્ર જાતિના અમોને; આપની ડાહપણુ સહિત સંપૂર્ણ સેવા કરનારાઓને, મળેલો શરણો પ્રસાદ; કેવી રીતે મળે. ॥૭॥ આપ સર્વને જાણનારા, સર્વના આત્મા, સર્વજનોને સમાન છે એવા, અવિષમ સ્વભાવવાળા, ભક્ત જનોને પ્રિય અને કલ્પતરૂ જેવા સ્વભાવવાળા; તથા પોતાની યોગ માયાની અપાર લીલાથી, જગતને સરજનારા, એવા ભગવાનનાં; ચરિત્રો બહુજ વિચિત્ર છે. ॥૮॥—**શ્રીભગવાન**—હે વત્સ પ્રહ્લાદ તમારૂં કલ્યાણ થાઓ; તમે પણ સુતળ પાતાળમાં જાઓ, અને પોતાના પૌત્ર સહિત

श्रीशुक०इत्युक्तवंतंपुरुषंपुरातनंमहानुभावोऽखिलसाधुसंमतः॥बद्धांजलिर्बाष्पकलाकुलेक्षणोभक्त्युद्गलोगद्गदयागिराऽब्रवीत् ॥१॥ बलि०
अहोप्रणामायकृतःसमुद्यमःप्रपन्नभक्तार्थविधौसमाहितः॥ यल्लोकपालैस्त्वदनुग्रहोऽमरैरलब्धपूर्वोऽपसदेऽसुरेऽर्पितः॥२॥ श्रीशुक०इत्यु
क्त्वाहरिमानम्यब्रह्माणंसभवंततः॥ विवेशसुतलंप्रीतोबलिर्मुक्तःसहासुरैः॥३॥ एवमिंद्रायभगवान्प्रत्यानीयत्रिविष्टपं॥पूरयित्वाऽदितेःकाम
मशासत्सकलंजगत् ॥४॥ लब्धप्रसादंनिर्मुक्तंपौत्रंवंशधरंबलिं॥निशाम्यभक्तिप्रवणःप्रल्हादइदमब्रवीत् ॥५॥ प्रल्हाद०नेमंविरिंचोलभतेप्र
सादंनश्रीर्नशर्वःकिमुतापरेते॥यन्नोऽसुराणामसिदुर्गपालोविश्वाभिवंद्यैरपिवंदितांघ्रिः॥६॥ यत्पादपद्ममकरंदनिषेवणेनब्रह्मादयःशरणदाश्नु
वतेविभूतीः॥कस्माद्वयंकुसृतयःखलयोनयस्तेदाक्षिण्यदृष्टिपदवींभवतःप्रणीताः॥७॥ चित्रंतवेहितमहोऽमितयोगमायालीलाविसृष्टभुवन
स्यविशारदस्य॥सर्वात्मनःसमदृशोविषमःस्वभावोभक्तप्रियोयदसिकल्पतरुस्वभावः॥८॥ श्रीभग०वत्सप्रल्हादभद्रंतेप्रयाहिसुतलालयं॥
मोदमानःस्वपौत्रेणज्ञातीनांसुखमावह॥९॥ नित्यंद्रष्टासिमांतत्रगदापाणिमवस्थितं॥मद्दर्शनमहाल्हादध्वस्तकर्मनिबंधनः॥१०॥श्रीशुक०
आज्ञांभगवतोराजन्प्रल्हादोबलिनासह॥बाढमित्यमलप्रज्ञोमूर्ध्न्याधायकृतांजलिः॥११॥ परिक्रम्यादिपुरुषंसर्वासुरचमूपतिः॥प्रणतस्तदनु
ज्ञातःप्रविवेशमहाबिलं॥१२॥ अथाहोशनसंराजन्हरिर्नारायणोऽतिके॥आसीनमृत्विजांमध्येसदसिब्रह्मवादिनां॥१३॥ ब्रह्मन्संतनुशिष्य
स्यकर्मच्छिद्रंवितन्वतः॥यत्तत्कर्मसुवैषम्यंब्रह्मदृष्टंसमंभवेत्॥१४॥ शुक्र०कुतस्तत्कर्मवैषम्यंयस्यकर्मेश्वरोभवान्॥ यज्ञेशोयज्ञपुरुषःसर्वभा
वेनपूजितः॥१५॥ मंत्रतस्तंत्रतश्छिद्रंदेशकालार्हवस्तुतः॥सर्वंकरोतिनिश्छिद्रमनुसंकीर्तनंतव॥१६॥ तथाऽपितदतोभूमन्करिष्याम्यनुशा
सनं॥एतच्छ्रेयःपरंपुंसांयत्तवाज्ञानुपालनं॥१७॥ श्रीशुक०अभिनंद्यहरेराज्ञामुशनाभगवानिति॥ यज्ञच्छिद्रंसमाधत्तबलेर्विप्रर्षिभिःसह॥
॥१८॥ एवंबलेर्महींराजन्भिक्षित्वावामनोहरिः॥ददौभ्रात्रेमहेंद्रायत्रिदिवंयत्परैर्हृतं॥१९॥ प्रजापतिपतिर्ब्रह्मादेवर्षिपितृभूमिपैः॥दक्षभृग्वंगि

આનંદથી રહી, સગાં સબંધીઓને સુખ આપો. ॥૯॥ ત્યાં હાથમાં ગદા લેઇને, સર્વકાળ ઉભેલો, મને તમે દેખશો; અને મારાં દર્શનના મોટા આનંદથકી, કર્મ બંધનોથકી છૂટી જશો. ॥૧૦॥—**શ્રીશુક**—હે પરીક્ષિત, બળીરાજા સહિત, નિર્મળ બુદ્ધિવાળા પ્રહ્લાદે; ભગવાનની એ આજ્ઞા, હાથ જોડીને માથે ચડાવી. ॥૧૧॥ પછી એ સર્વ અસુરોની સેનાના અધિપતિ બળીરાજાએ; આદિ પુરૂષ ભગવાનને; પરિક્રમા, અને નમસ્કાર કરીને; તથા રજા માગીને; તે પાતાળમાં ગયો. ॥૧૨॥ તે પછી નારાયણ હરિ ભગવાને, વેદ વાદી ઋત્વિજો, અને સભાસદોની વચમાં બેઠેલા; શુક્રાચાર્યને પોતાની પાસે બોલાવીને, કહ્યું કે. ॥૧૩॥ "હે બ્રાહ્મણ યજ્ઞ કરતા તમારા શિષ્યનું, જે કાંઇ કર્મછિદ્ર હોય; તે; તમે પરિપૂર્ણ કરો; એ રીતે આ કર્મ, તમે વેદ વાદીએ કરવાથકી; સઘળી વિષમતા મટીને, કર્મની સંપૂર્ણતા થશે. ॥૧૪॥—**શુક્રાચાર્ય**—જેણે, કર્મોના ઇશ્વર—યજ્ઞોના ઇશ્વર—અને યજ્ઞ પુરૂષ; આપ ભગવાનનીજ પૂજા, સર્વ ભાવ વડે કરી છે; તેના કર્મમાં વિષમપણું, કેમ સંભવે. ? ॥૧૫॥ કે જે ભગવાનનું, માત્ર કીર્તન કરવા થકીજ; મંત્ર-તંત્ર-દેશ-કાળ-પાત્ર-અને વસ્તુઓ વિગેરે, સર્વે; છિદ્ર વિનાનાંજ, થઇ જાય છે. ॥૧૬॥ તો પણ આપ મહાત્માની આજ્ઞાનુંસાર હું, આપે કહેલું સર્વ કરીશ; કેમકે પુરૂષોનું, પરમ કલ્યાણ એજ છે; કે, આપની આજ્ઞાઓ પાળવી. ॥૧૭॥—**શ્રીશુક**—પછી હરિ ભગવાનની આજ્ઞાનો, સ્વીકાર કરી, શુક્રાચાર્યે, બીજા ઋષિઓ સાથે મળીને; બળીરાજાના એ યજ્ઞનું, બાકી રહેલું કર્મ; પૂરૂં કર્યું. ॥૧૮॥ હે પરીક્ષિત, એ રીતે વામનજી ભગવાને, બળી રાજા પાસેથી; પૃથ્વીની ભિક્ષા માગીને, શત્રુઓએ ઇંદ્ર પાસેથી લેઇ લીધેલું, સ્વર્ગનું રાજ્ય; તેને પાછું લેઇ આપ્યું. ॥૧૯॥ તે પછી પ્રજાપતિઓના સ્વામી, બ્રહ્માએ; સર્વ પ્રાણી આદિકના ભલાને માટે, અને કશ્યપ અદિતિને રાજી કરવાને માટે, સર્વે દેવ-ઋષિ-પિતૃ-મનુઓ-દક્ષ-ભૃગુ-અંગિરા વિગેરે—અને સનત્કુમાર તથા સદાશિવ આદિને સાથે સંભીને?; એ વામનજીને; સર્વે લોકપાળોના; અધિપતિ ઠરાવ્યા. ॥૨૦-૨૧॥ એ રીતે સર્વ વિભુતિઓવાળા, અને સ્વર્ગ તથા મોક્ષ આપવાને સમર્થ; વામનજી ભગવાનને; સર્વે વેદ—સર્વ દેવ—અને ધર્મ, યશ, લક્ષ્મી, મંગળ, તથા વ્રતોના સ્વામી; એટલે ઉપેંદ્ર ઠરાવવાથી; સર્વે પ્રાણીઓ ઘણાંજ પ્રસન્ન થયાં. ॥૨૨-૨૩॥

પછી બ્રહ્માની સંમતિથી, ઇંદ્રઃ સર્વે લોકપાળોનાં વિમાનો મધ્યેના, આગળ ચાલનારા વિમાનમાંઃ તેમને બેસાડ્યાઃ અને સ્વર્ગમાં તેડી ગયો. ॥ ૨૪ ॥ એમ ત્રિલોકીનું રાજ્ય પાછું પામેલો ઇંદ્ર; વામનજીની ભુજાઓનું રક્ષણ પામવાથી, નિર્ભય થઇનેઃ આનંદથી મોટી લક્ષ્મીને, ભોગવવા લાગ્યો. ॥ ૨૫ ॥ પછી બ્રહ્મા—મહાશિવ—સનત્કુમાર—ભૃગુઆદિ મુનિઓ—પિતૃઓ—સર્વ પ્રાણીઓ—સિધ્ધો—અને બીજા વિમાનોમાં બેસનારાઓ આદિ સર્વે; એ વિષ્ણુ ભગવાનના આ પરમ અદ્ભુત, અને મોટા કામનુંઃ ગાયન કરતા, અને અદિતિને વખાણતા થકા, પોતપોતાના સ્થાનકે ગયા. ॥૨૬—૨૭॥ હે પરીક્ષિત, સાંભળનારનાં પાપને મટાડનારૂં, ઉરૂક્રમ ભગવાનનું આ સઘળું ચરિત્ર, મેં તમને આ રીતે કહ્યું. ॥૨૮॥ કોઇ પૃથ્વીના રજકણોને ગણી શકનારો, મનુષ્ય પણ; ઘણા પરાક્રમોવાળા, ભગવાનના મહિમાની, ગણના કરીને; તેનો પાર પામી શકનારો નથીજ. એ બાબતમાં, મંત્રને જાણનારા વસિષ્ટઋષિએ પણ; આ રીતેજ કહેલું છે કે; "જન્મેલો, અગર હવે પછી જન્મવાનો; કોઈ પણ મનુષ્ય, ઉરૂક્રમ ભગવાનના ગુણોના પારને; કદી પણ પામી શકનાર નહીં." ॥૨૯॥ અદ્ભુત કર્મ કરનારા, દેવનાદેવ હરિભગવાનના આ અવતારનું, ચરિત્ર સાંભળનારની; પરમગતિ થાય છે. ॥૩૦॥ અને દેવકાર્ય—પિતૃકાર્ય—અગર મનુષ્યકાર્ય—નો, આરંભ કરતી વખતે; આ ચરિત્રનું કીર્તન કરવા થકી; તે તે કાર્યો સર્વે, સુકૃત એટલે ભગવત નિમિત્ત થઇ જાય છે. ॥ ૩૧ ॥ પ્રીતિથી ભાગવતને આઠમા સ્કંધનો ત્રેવીસમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૨૩ ॥

અધ્યાય ૨૪ મો. પરીક્ષિત—હે શુક, અદ્ભુત કર્મ કરનારા ભગવાને, માયાથી આદિ મત્સ્ય બનીને; કરેલી લીલાની કથા, સાંભળવાને, હું ઇચ્છુંછું. ॥૧॥ ઇશ્વર ભગવાને, કર્મોવડે બંધન પામેલાની પેઠે; એ, લોકમાં

रोमुख्यैःकुमारेणभवेनच ॥२०॥ कश्यपस्यादितेःप्रीत्यैसर्वभूत[illegible]वायच॥लोकानांलोकपालानामकरोद्वामनंपतिं ॥२१॥ वेदानांसर्वदेवानां धर्मस्ययशसःश्रियः॥मंगलानांव्रतानांचकल्पंस्वर्गापवर्गयोः ॥२२॥ उपेंद्रंकल्पयांचक्रेपतिंसर्वविभूतये॥तदासर्वाणिभूतानिभृशंमुमुदिरेन्नृप॥२३॥ ततस्त्विंद्रःपुरस्कृत्यदेवयानेनवामनं॥लोकपालैर्दिवंनिन्येब्रह्मणाचानुमोदितः॥२४॥ प्राप्यत्रिभुवनंचेंद्रउपेंद्रभुजपालितः॥श्रिया परमयाजुष्टोमुमुदेगतसाध्वसः ॥२५॥ ब्रह्मा[illegible]र्वःकुमारश्चभृग्वाद्यामुनयोनृप॥पितरःसर्वभूतानिसिद्धावैमानिकाश्चये ॥२६॥ सुमहत्कर्मतद्विष्णोर्गायंतःपरमाद्भुतं॥धिष्ण्यानिस्वानितेजग्मुरदितिंचशशंसिरे ॥२७॥ सर्वमेतन्मयाख्यातंभवतःकुलनंदन॥उरु[illegible]मस्यचरितंश्रोतृणामघमोचनं ॥२८॥ पारंमहिम्नउरुविक्रमतोगृणानोयःपार्थिवानिविममेसरजांसिमर्त्यः॥किंजायमानउतजातउपैतिमर्त्यइत्याहमंत्रदृगृषिःपुरुषस्ययस्य ॥२९॥ यइदंदेवदेवस्यहरेरद्भुतकर्मणः॥अवतारानुचरितंशृण्वन्यातिपरांगतिं॥३०॥ क्रियमाणेकर्मणीदंदै[illegible]ऽथमानुषे॥यत्रयत्रानु[illegible]र्त्यतेतत्तेषांसुकृतंविदुः॥३१॥ इ०भा०म०अ०वामनावतारचरिते[illegible]त्रिंशतितमोध्यायः॥२३॥ राजा०भगवन्श्रोतुमिच्छामिहरेरद्भुतकर्मणः॥अवतारकथामाद्यांमायामत्स्यविडंबनं ॥१॥ यदर्थमदधाद्रूपंमात्स्यंलोकजुगुप्सितं॥तमःप्रकृतिदुर्मर्षंकर्मग्रस्तमिवेश्वरः॥२॥ एतन्नो[illegible]वैयथावद्वक्तुमर्हसि॥उत्तमश्लोकचरितंसर्वलोकसुखावहं ॥३॥ सूत०इत्युक्तोविष्णुरातेनभगवान्बादरायणिः॥उवाचचरितंविष्णोर्मत्स्य[illegible]पेणयत्कृतं ॥४॥ श्रीशुक०गोविप्रसुरसाधूनांछंदसामपिचेश्वरः॥रक्षामिच्छं[illegible]नूर्धत्तेधर्मस्यार्थस्यचैवहि ॥५॥ उच्चावचेषुभूतेषुचरन्वा[illegible]रीवेश्वरः॥नोच्चावचत्वंभजतेनिर्गुणत्वाद्धियोगुणैः॥६॥ आसीदतीतकल्पांतेब्राह्मोनैमित्तिकोलयः ॥ समुद्रोपप्लुतास्तत्रलोकाभूरादयोनृप॥७॥ का[illegible]नागतनिद्रस्यधातुःशिशयिषोर्बली ॥ मुखतोनिःसृतान्वेदान्हयग्रीवोंऽतिकेऽहरत् ॥८॥ ज्ञात्वातद्दानवेंद्रस्यहयग्रीवस्यचेष्टितं॥ दधारशफरीरूपंभगवान्हरिरीश्वरः॥९॥ तत्रराजऋषिःकश्चिन्नाम्नासत्यव्रतोमहान् ॥ नारायणपरो[illegible]तपःससलिलाशनः॥१०॥ योऽसावस्मिन्म[illegible]कल्पेतनयःसविवस्वतः ॥ श्राद्धदेवइतिख्यातोमनुत्वेहरिणाऽर्पितः॥११॥ एकदाकृतमालायांकुर्वतोजलतर्पणं ॥ तस्यांजलि

નિંદાકરવા જેવું—તમોગુણી સ્વભાવવાળું—અને ન સહન થાય એવું; માંછલાનું સ્વરૂપ શાકારણ માટે ધારણ કર્યું હશે. ॥૨॥ માટે સર્વ લોકને સુખકારી, એ ઉત્તમ શ્લોક ભગવાનનું ચરિત્ર; જેમ હોય તેમ, સઘળું કહેવાને; આપ યોગ્ય છો. ॥૩॥—સૂત—એ રીતે પરીક્ષિતે પૂછવાથી, શુકદેવજીએ; વિષ્ણુભગવાને; માંછલાનું શરીર ધારણ કરીને; કરેલું, સઘળું ચરિત્ર કહ્યું.॥૪॥—શ્રીશુક—ગાયો—બ્રાહ્મણો—દેવો—સાધુઓ—વેદ—અને ધર્મ, એમને અર્થે; તથા તેઓનું રક્ષણ કરવાની ઇચ્છાથીજ; ઇશ્વર ભગવાન, શરીરોને ધારણ કરે છે. ॥૫॥ અને એ ભગવાન, ઉંચ તથા નીચ પ્રાણીઓને વિષે; વાયુની પેઠે, વિચરવાથી; બુદ્ધિના ગુણોએ ઉત્પન્ન કરેલા, ઉંચાપણાને અને નીચાપણાને; પોતાના નિર્ગુણપણાને લીધે; પામતા નથી. ॥૬॥ હે રાજા, ગયા વિકલ્પને અંતે, બ્રહ્માનો દિવસ પુરો થતાં, નિમિત્તિક પ્રલય થઇને; પૃથ્વી વિગેરે સર્વ લોક; સમુદ્રમાં ડુબી ગયા હતા. ॥૭॥ અને બળવાન કાળના કરવાથી, આ વખતે બ્રહ્માને ઊંઘ આવતાં; તેમના મોઢામાંથી નીકળી પડેલા, વેદને; પાસે રહેલો હયગ્રીવ દૈત્ય, લેઇ ગયો હતો. ॥૮॥ તેથી દાનવોના અધિપતિ હયગ્રીવના, એ કામને જાણીને; ઇશ્વર હરિ ભગવાને, માછલાનું સ્વરૂપ ધારણ કર્યું હતું. ॥૯॥ ત્યારે કોઇ સત્યવ્રત નામે મોટો રાજા; નારાયણ ભગવાનનો આશ્રય રાખી, ફક્ત પાણી પીને રહીનેજ; તપ કરતો હતો. ॥૧૦॥ અને આ ચાલુ વિકલ્પમાં; ભગવાને (સાતમા) મનુની પદવી આપેલો તેજ સૂર્યનો પુત્ર શ્રાદ્ધદેવ નામથી, વિખ્યાત છે. ॥૧૧॥ એક દિવસે કૃતમાળા નદીમાં, જળનું તર્પણ કરતાં; તેના ખોબામાં, એક માછલી આવી. ॥૧૨॥ ત્યારે એ દ્રવિડના રાજા, સત્યવ્રતે; પાણીની સાથેજ, પોતાના ખોબામાં આવેલી, માછલીને પણ; પાણીમાંજ નાંખી દીધી. ॥૧૩॥ એટલે તે માછલીએ, એ મહા દયાળુને; અતિ દીનતાથી કહ્યું કેઃ " હે દીન વત્સળ, પોતાની જાતિના; ઘાતક જળ જંતુઓથી બીનેલી, અને રાંક, એવી મને; તમે આ નદીના જળમાં, શા માટે નાખી દો છો." ॥ ૧૪ ॥ ત્યારે પોતાના ઉપર અનુગ્રહ કરવા માટેજ. પ્રીતિથી માછલીનું રૂપ ધરનારા; એ ભગવાનને; નહિ જાણતા

ત્યાં, આ રાજાએ, તે માછલીનું રક્ષણ કરવાનું; મન કર્યું. ॥૧૫॥ અને તેનું દીન વચન સાંભળી, દયાળુપણાથી તે રાજા, કળશના પાણીમાં નાંખીને; તેને, પોતાના આશ્રમમાં લેઇ ગયો. ॥૧૬॥ ત્યાં એક રાતમાં વધી ગયેલી તે માછલીએ; કમંડળુમાં પોતાને લેઇતી જગો નમળવાથી, રાજાને કહ્યું કે. ॥૧૭॥ આ કમંડળુમાં, હું દુખે કરીને પણ રહી શકતી નથી; માટે મારે માટે સુખથી રેહેવા લાયક, બીજા સ્થાનની કલ્પના કરો. ॥૧૮॥ પછી રાજાએ તેને, તેમાંથી કાઢીને; પાણીના વિરડામાં, નાંખી; પણ ત્યાં નાખ્યા પછી, એક મુહુર્તમાંજ; તે માછલી, ત્રણ હાથની થઇ. ॥૧૯॥ અને બોલીકે; "મને રેહેવાને આટલું જળાશય બસ નથી, હું તમારે શરણે આવીછું; માટે મને મોટું સ્થાન આપો." ॥૨૦॥ હે પરીક્ષિત, પછી ત્યાંથી કાઢીને; રાજાએ, તેને સરોવરમાં નાંખી; એટલે પોતાના શરીરવડે, સઘળા પાણીને ઢાંકી દેનારો; તે મોટો મચ્છ બની ગયો. ॥૨૧॥ અને બોલ્યો કે; "પાણીમાં રહેનારા મને, આટલું જળ, સુખદાયક થતું નથી; માટે અખૂટ જળવાળા, મોટા જળાશયમાં લેઇ જઇને; તમે મારા રક્ષણનો ઉપાય કરો. ॥ ૨૨ ॥ એ રીતે કેહેવાથી, તેને રાજા તેવા મોટા જળાશયમાં લેઇ ગયો; ત્યારે ત્યાંપણ, તે એવડોજ મોટો થઇ જવાથી: છેવટે તે મચ્છને, રાજાએ સમુદ્રમાં નાંખતી વખતે પણ, તેણે રાજાને કહ્યું કે; અહીંયાં ઘણા બળવાન, મગર મચ્છ વગેરે મને ખાઇ જશે; માટે હે વીર મને અહીંયાં નાંખી દેવાને, તમે યોગ્ય નથી. ॥૨૪॥ ત્યારે એરીતે, સુંદર વાણી બોલી; પોતાને મોહ પમાડનાર; તે મચ્છને રાજાએ કહ્યું કે; " માછલાના રૂપથી અમને મોહ પમાડનાર

स्पुदके काचि...फर्यैकाऽभ्यपद्यत॥१२॥ सत्यव्रतोंऽजलिगतांसहतोयेनभारत॥ उत्ससर्जनदीतोयेशफरींद्रविडेश्वरः ॥१३॥ तमाहसातिकरुणंमहाकारुणिकंनृपं ॥ यादोभ्योज्ञातिघातिभ्योदीनांमांदीनवत्सल॥ कथंविसृजसेराजन्भीतामस्मिन्सरिज्जले॥१४॥ तमात्मनोऽनुग्रहार्थंप्रीत्यामत्स्यवपुर्धरं॥ अजानन्रक्षणार्थायशफर्याःसमनोदधे॥१५॥तस्यादीनतरंवाक्यमाश्रुत्यसमहीपतिः॥ कलशा...निधायैनांदयालुर्निन्यआश्रमं॥१६॥ सातुतत्रैकरात्रेणवर्धमानाकमंडलौ ॥ अलब्ध्वात्मावकाशंवाइदमाहमहीपतिं ॥१७॥ नाहंकमंडलावस्मिन्कृच्छ्रंवस्तुमिहोत्सहे॥ कल्पयौकःसुविपुलंयत्राहंनिवसेसुखं ॥१८॥ सएनांततआदायन्यधादौदंचनोदके ॥ तत्रक्षिप्तामुहूर्तेनहस्तत्रयमवर्धत॥१९नमएतदलंराजन्सुखंवस्तुमुदंचनं॥ पृथुदेहिपदंमह्यंयत्वाऽहंशरणंगता॥२०॥ ततआदायसाराज्ञाक्षिप्तराजन्सरोवरे ॥ तदावृत्यात्मनातोयंमहामीनोऽन्ववर्धत॥२१॥ नैतन्मस्वस्तयेराजन्नुदकंसलिलौकसः ॥ निधेहिरक्षायोगेनन्हृदेमामविदासिनि ॥२२॥ इत्युक्तःसोऽनयन्मत्स्यंतत्रतत्राविदासिनि॥ जलाशयेसंमितंतंसमुद्रेप्राक्षिपज्झषं॥२३॥ क्षिप्यमाणस्तमाहेदमिहमांमकरादयः॥ अदंत्यतिबलावीरमांनेहोत्स्रष्टुमर्हसि॥२४॥ एवंविमोहितस्तेनवदतावल्गुभारतीं॥तमाहकोभवानस्मान्मत्स्यरूपेणमोहयन् ॥२५॥ नैवंवीर्योजलचरोदृष्टोऽस्माभिःश्रुतोऽपिच॥ योभवान्योजनशतमन्हाभिव्यानशेसरः ॥२६॥ नूनंत्वंभगवान्साक्षाद्धरिर्नारायणोऽव्ययः॥अनुग्रहायभूतानांधत्सेरूपंजलौकसां॥२७॥नमस्तेपुरुषश्रेष्ठस्थित्युत्पत्त्यप्ययेश्वर ॥ भक्तानांनःप्रपन्नानांमुख्योह्यात्मगतिर्विभो॥२८॥ सर्वेलीलावतारास्तेभूतानांभूतिहेतवः॥ ज्ञातुमिच्छाम्यदोरूपंयदर्थंभवताधृतं॥२९॥ नतेऽरविंदाक्षपदोपसर्पणंमृषाभवेत्सर्वसुहृत्प्रियात्मनः ॥ यथेतरेषांपृथगात्मनांसतामदीदृशोयद्वपुरद्भुतंहिनः॥३०॥ श्रीशुक० इतिब्रुवाणंनृपतिंजगत्पतिःसत्यव्रतंमत्स्यवपुर्युगक्षये ॥ विहर्तुकामःप्रलयार्णवेऽब्रवीच्चिकीर्षुरेकांतजनप्रियःप्रियं॥३१॥ श्रीभग० सप्तमेऽद्यतनादूर्ध्वमहन्येतदरिंदम ॥ निमंक्ष्यत्यप्ययांभोधौत्रैलोक्यंभूर्भुवादिकं ॥३२॥ त्रिलोक्यांलीयमानायांसंवर्ताम्भसिवैतदा॥ उपस्थास्यतिनौःकाचिद्विशालात्वांमयेरिता॥३३॥ त्वंतावदोषधीःसर्वाबीजान्युच्चावचानिच ॥ सप्तर्षिभिःपरिवृतःसर्वसत्त्वोपबृंहितः॥३४॥ आरुह्यमहतींनावंविचरिष्यस्यविक्लवः॥एकार्णवेनिरालोकेऋषीणामेववर्चसा ॥३५॥ दोधयमानांतांनावंसमीरेणबलीयसा ॥

તમે કોણ છો; " ॥૨૫॥ એક દિવસમાં સો યોજનના વિસ્તારવાળા; તળાવ જેટલો વધનારો, તમારા જેવો જળચર પ્રાણી; અમે દીઠો અગર સાંભળ્યો નથી. ॥ ૨૬ ॥ નકી તમે સાક્ષાત નારાયણ અવિકારી ભગવાને- "પ્રાણીઓ ઊપર અનુગ્રહ કરવાને; આ જળચર પ્રાણીનું રૂપ ધરેલછે, ॥૨૭॥ ભકતો અને શરણાંગતના મુખ્યગતિ રૂપ આપ; સમર્થ-પુરુષોત્તમ- અને સ્થિતિ-ઉત્પત્તિ-તથા લયના ઇશ્વર-ભગવાનને; હું નમસ્કાર કરૂંછું. ॥૨૮॥ લીલાથી ધરેલા આપના સઘળા અવતારો, પ્રાણીઓના ભલાને માટેજ હોય છે; માટે આ જળચરરૂપ, આપે કયા કારણ માટે ધર્યું છે; તે જાણવાને હું ઇચ્છુંછું. ॥૨૯॥ સત્પુરુષોને જ-ણાય એવું, આપનું આ અદ્ભૂત સ્વરૂપ, અમને દેખાડનારા, અને સર્વના સુહૃદ તથા પ્રિય આત્મસ્વરૂપ; આપ કમળનેત્ર ભગવાનનું, શરણ લેવું; તે, બીજા ભિન્ન દૃષ્ટિ વાળાઓનું શરણ લેવાની પેઠે; મિથ્યા થતું નથીજ. ॥૩૦॥-શ્રીશુક-એ રીતે બોલતા, તે સત્યવ્રતરાજાને; તે યુગને અંતે, પ્રલયના જળમાં વિહાર કર-વાની ઇચ્છાવાળા; જગતપતિ, અને એકાંતિક ભકતોને પ્રિય; એવા એ મત્સ્યાવતાર ભગવાને, તેનું ભલું ક-રવા માટે; કહ્યું કે. ॥૩૧॥-શ્રીભગવાન-હે રાજા, આજથી સાતમે દિવસે; પૃથ્વી અને સ્વર્ગ વિગેરે લોક; સમુદ્રમાં ડુબી જશે. ॥૩૨॥ ત્યારે ત્રિલોક, પ્રલયના જળમાં ડુબવા લાગતાં; એક મોટું વહાણ, મારી પ્રેરણા-થી; તમારી પાસે આવશે. ॥૩૩॥ એટલી વારમાં; સર્વ નાની મોટી ઔષધિઓનાં બીજ, અને સર્વ જાતનાં પ્રાણીઓને; તમે સાથે લેજો; અને પછી સપ્તર્ષિઓ સહિત, તમે એ મોટા વહાણમાં ચઢજો; તથા તે ઋ-ષિઓના તેજથી વિહ્વળતા રહિત થઇને; તે અંધકારમય, સમુદ્રમાં ફરજો. ॥૩૪-૩૫॥ પછી બળવાન પવનથી એ વહાણ કંપવા લાગશે, ત્યારે હું અને વાસુકિ નાગ, તમારી પાસે આવીશું; એટલે તમે, તે નાગ વડે; વ-

વહાણને મારા શિંગડા સાથે, બાંધજો. ॥૩૬॥ તે પછી બ્રહ્માની રાત્રિ પૂરી થતાં સુધી; વહાણમાં બેઠેલા સપ્ત-ઋષિઓ સહિત તમને; હું ખેંચીને, સમુદ્રમાં વિચરીશ. ॥૩૭॥ અને તે વખતે, તમારા પૂછવાથી; દયા વડે, હું મારો પરબ્રહ્મનામથી કહેવાતાનો મહિમા; તમને કહીશ; તેને જાણીને તમે તે હૃદયમાં રાખજો. ॥૩૮॥ –શ્રીશુક–એ પ્રમાણે સૂચના આપીને, તે હૃષીકેશ હરિભગવાન, અંતર્ધાન થયા; એટલે રાજા તે સમયની વાટ જોવા લાગ્યો. ॥૩૯॥ અને ઉગમણી કોરની અણી વાળા, દર્ભ ઉપર બેસીને; તે, એ મત્સ્ય ભગવાનના ચરણનું; ચિંતવન કરવા લાગ્યો. ॥૪૦॥ પછી સાતમે દિવસે, મોટો વરસાદ થઈ, સમુદ્ર રેલાને; સર્વે તરફથી પૃથ્વીને, બોળી નાંખતો દેખાયો. ॥૪૧॥ તે પછી એક વહાણને આવતું દેખીને, ભગવાનની સૂચના ધ્યાનમાં રાખી; સપ્તર્ષિઓ, ઔષધિઓ, અને લતાઓ વિગેરેને; સાથે લેઇ, તે રાજા વહાણ ઉપર ચડ્યો ॥૪૨॥ ત્યારે

મુનિઓએ પ્રસન્નતાથી તેને કહ્યું કે, તમે કેશવ ભગવાનનું ધ્યાન કરો; એટલે આ સંકટમાંથી, આપણું રક્ષણ કરીને; તે શાંતિ આપશે. ॥૪૩॥ પછી રાજાએ ધ્યાન કરવાથી, તે મહા સમુદ્રમાંજ; એક લાખ યોજનનો સાવસોનાનો, અને એક શિંગડા વાળો, મોટો મચ્છ; ત્યાં તેમની પાસે આવ્યો. ॥૪૪॥ પછી ભગવાને પ્રથમ કહ્યા પ્રમાણે, વાસુકિ નાગ વડે; તે વહાણને, એ મચ્છના શિંગડા સાથે બાંધીને; રાજાએ રાજી થઇ, મધુસૂદન ભગવાનની સ્તુતિ કરી. ॥૪૫॥–રાજા–યદૃચ્છાથી આવનાર; અને મુક્તિ આપનાર; આપ ભગવાનજ, અમારા ગુરૂ થજો. ॥૪૬॥ પોતાનાં કર્મો વડે બંધાયલા બુદ્ધિહીન લોકો; સુખને અર્થે દુખો વેઠીને, કર્મો કરેછે; તેવી વિપરીતબુદ્ધિ જેની સેવાથી, નાશ પામીને; હું અને મારૂં એવી હૃદયની ગાંઠ પણ છૂટે છે; તે ભગવાનજ. અમારા ગુરૂ થજો. ॥૪૭॥ રૂપાને, અગ્નિનું સેવન થવાની પેઠે; જેના સેવન થકી પુરૂષ, પોતાની બુદ્ધિના; તમો

उपस्थितस्यमेशृंगेनिबध्नीहिमहाहिना॥३६॥ अहंत्वामृषिभिःसाकंसहनावमुदन्वति॥ विकर्षन्विचरिष्यामियावद्ब्राह्मीनिशाप्रभो॥३७॥ मदीयंमहिमानंचपरंब्रह्मेतिशब्दितं॥वेत्स्यस्यनुगृहीतंमेसंप्रश्नैर्विवृतंहृदि॥३८॥ इत्थमादिश्यराजानंहरिरंतरधीयत॥ सोऽन्ववैक्षततंकालंयंहृषीकेशआदिशत्॥३९॥आस्तीर्यदर्भान्प्राक्कूलान्राजर्षिःप्रागुदङ्मुखः॥ निषसादहरेःपादौचिंतयन्मत्स्यरूपिणः॥४०॥ ततःसमुद्रउद्वेलःसर्वतःप्लावयन्महीं॥वर्धमानोमहामेघैर्वर्षद्भिःसमदृश्यत॥४१॥ध्यायन्भगवदादेशंददृशेनावमागतां॥तामारुरोहविप्रेंद्रैरादायौषधिवीरुधः॥४२ तमूचुर्मुनयःप्रीताराजन्ध्यायस्वकेशवं॥ सवैनःसंकटादस्मादविताशंविधास्यति॥४३॥सोऽनुध्यातस्ततोराज्ञाप्रादुरासीन्महार्णवे॥एकशृंगधरोमत्स्योहैमोनियुतयोजनः ॥४४॥ निबध्यनावंतच्छृंगेयथोक्तोहरिणापुरा॥वरत्रेणाहिनातुष्टस्तुष्टावमधुसूदनं॥४५॥राजा० अनाद्यविद्योपहतात्मसंविदस्तन्मूलसंसारपरिश्रमातुराः॥यदृच्छयेहोपसृतायमाप्नुयुर्विमुक्तिदोनःपरमोगुरुर्भवान्॥४६॥ जनोऽबुधोयंनिजकर्मबंधनःसुखेच्छयाकर्मसमीहतेऽसुखं ॥ यत्सेवयातांविधुनोत्यसन्मतिंग्रंथिंसभिंद्याद्धृदयंसनोगुरुः॥४७॥यत्सेवयाऽग्नेरिवरुद्ररोदनंपुमान्विजह्यान्मलमात्मनस्तमः॥ भजेतवर्णंनिजमेषसोऽव्ययोभूयात्सईशःपरमोगुरुर्गुरुः॥४८॥ नयत्प्रसादायुतभागलेशमन्येचदेवागुरवोजनाःस्वयं ॥ कर्तुंसमेताःप्रभवंतिपुंसस्तमीश्वरंत्वांशरणंप्रपद्ये॥४९॥ अचक्षुरंधस्ययथाऽग्रणीःकृतस्तथाजनस्याविदुषोऽबुधागुरुः ॥ त्वमर्कदृक्सर्वदृशांसमीक्षणोवृतोगुरुर्नःस्वगतिंबुभुत्सतां॥५०॥ जनोजनस्यादिशतेसतींमतिंययाप्रपद्येतदुरत्ययंतमः॥त्वंत्वव्ययंज्ञानममोघमंजसाप्रपद्यतेयेनजनोनिजंपदं॥५१॥ त्वंसर्वलोकस्यसुहृत्प्रियेश्वरोह्यात्मागुरुर्ज्ञानमभीष्टसिद्धिः॥ तथापिलोकोनभवंतमंधधीर्जानातिसंतंहृदिबद्धकामः॥५२॥ तंत्वामहंदेववरंवरेण्यंप्रपद्यईशंप्रतिबोधनाय ॥ छिंध्यर्थदीपैर्भगवन्वचोभिर्ग्रंथीन्हृदय्यान्विवृणुस्वमोक॥५३॥ श्रीशुक०इत्युक्तवंतंनृपतिंभगवानादिपूरुषः॥ मत्स्यरूपीमहांभोधौविहरंस्तत्त्वमब्रवीत्॥५४॥ पुराणसंहितांदिव्यांसांख्ययोगक्रियावतीं ॥ सत्यव्रतस्यराजर्षेरात्मगुह्यमशेषतः॥५५॥ अश्रौषीदृषिभिःसाकमात्मतत्त्वमसंशयं॥नाव्यासीनोभगवताप्रोक्तंब्रह्मसनातनं॥५६॥ अतीतप्रलयापायउत्थितायसवेधसे॥

ગુણથી મેળવેલ, તમને; આત્મસ્વરૂપને જાણે છે; તે અવ્યય–ઇશ્વર–અને ગુરૂઓના પણ ગુરૂ; એવા ભગવાનજ, અમારા પરમ ગુરૂ થજો. ॥૪૮॥ આપ થકી મળતા પ્રસાદના, દસહજારમા ભાગથી પણ કમી પ્રસાદ આપવાને; બીજા દેવો–ગુરૂઓ–અને લોકો સર્વે એકઠા મળીને, અગર જુદા જુદા પણ; સમર્થ થતા નથી; તે ઇશ્વર–સ્વરૂપ ભગવાનનેજ, હું શરણ થાઉંછું. ॥૪૯॥ આંધળાઓને, દોરી જનાર; કોઇ આંખ્યો વિનાનાનેજ, કરવાની પેઠે બુદ્ધિહીન લોકો, અજ્ઞાની મનુષ્યોનેજ; પોતાના ગુરૂ કરે છે; પરંતુ આત્મગતિને જાણવાની ઇચ્છાવાળા, અમોએ; સર્વેને જાણનાર–સૂર્ય જેવી દૃષ્ટિવાળા–અને સમપણે જોનારા; આપ ભગવાનનેજ, ગુરૂ કરીને લીધા. ॥૫૦॥ માણસોને, માણસોથકી; અસત્ બુદ્ધિનોજ, ઉપદેશ મળે છે; જેથી તેઓ, અપાર અંધકારમય સંસારમાં, ભટકે છે; અને આપ અવિકારી ભગવાનનો, અવિનાશી જ્ઞાન, સેહેજમાં આપો છો; જેથી મનુષ્યો, આપના પદનેજ પામે છે. ॥૫૧॥ આપ, સર્વના સુહૃદ–પ્રિય–ઇશ્વર–આત્મા–ગુરૂ–જ્ઞાનરૂપ–ઇચ્છિત ફલરૂપ–અને સિદ્ધિઓરૂપ ભગવાન; સવ કોઇના હૃદયમાં, રહેલા છતાં; અંધબુદ્ધિ અને કામનાઓથી બંધાયલા લોકો, આપને જાણી શકતા નથી. ॥૫૨॥ માટે હું જ્ઞાન પામવાની ઇચ્છાથી, આપ સમર્થ શ્રેષ્ઠ દેવને; શરણે આવ્યોછું, તો પરમાર્થનો પ્રકાશ કરનારાં વચનો વડે, અમારી હૃદય ગ્રંથીઓને છેદીને; આપ પોતાનું પદ, અમને દેખાડો. ॥૫૩॥–શ્રીશુક–સત્યવ્રતને એ રીતે કહેવાથી, આદિ પુરૂષ મચ્છ ભગવાને; સમુદ્રમાં ફરતાં; સાંખ્ય–યોગ–અને ક્રિયા–યકી યુક્ત, પોતાની મચ્છપુરાણની સંહિતા; તેને, રહસ્ય સહિત સંપૂર્ણ કહીને, તત્વનો ઉપદેશ કર્યો. ॥૫૪–૫૫॥ એમ સપ્તઋષિઓ સહિત, વહાણમાં બેસીને, સત્યવ્રતે; ભગવાને કહેવાથી, સનાતન બ્રહ્મરૂપ; અને સંશય રહિત; આત્મતત્વનું જ્ઞાન; મેળવ્યું. ॥૫૬॥ પછી એ થઇ ગયેલા પ્રલયને અંતે, જાગેલા બ્રહ્માને; હયગ્રીવ દૈત્યને મારીને, પાછા લાવેલા વેદ; ભગવાને આપ્યા. ॥૫૭॥ એ વિષ્ણુભગવાનની કૃપાથી, જ્ઞાન અને વિજ્ઞાન પામેલા સત્યવ્રતજ; આ ચાલુ સાતમા કલ્પમાં, વૈવસ્વત એટલે સૂર્ય પુત્ર,

॥ इति श्रीमद्भागवते अष्टमस्कंध समाप्यते ॥

॥ अथ श्रीमद्भागवतं नवमस्कंध प्रारम्यतं ॥

…દેવ મનુ થયેલો છે. ॥૫૮॥ એ સત્યવ્રત; અને માયાથી મચ્છ થનાર, સારંગ ધનુષ્ય ધરનારા ભગવાન, એમનો સંવાદ રૂપ; આ મોટું આખ્યાન, સાંભળવાથી, મનુષ્યો પાપ થકી મુકાય છે. ॥૫૯॥ આ ભગવાનના અવતારનું, રોજ કીર્તન કરવાથી; માણસોના સંકલ્પો; સિદ્ધ થઇને; તેઓ પરમગતિ પામે છે. ॥૬૦॥ એ, પ્રલયના જળમાં ઉંઘતા બ્રહ્માના, મુખમાંથી નીકળેલા વેદ; હયગ્રીવને મારીને, બ્રહ્માને પાછા લાવી આપનાર; સમરૂપિ સહિત સત્યવ્રતને બ્રહ્મજ્ઞાન કહેનાર; અખિલ બ્રહ્માંડના હેતુ અને માયાથી મચ્છ થયેલા; ભગવાનને હું નમસ્કાર કરૂંછું. ॥૬૧॥ ઇતિશ્રી ભા० આ० સ્કંધનો ચો० અ० સં० ॥૨૪॥ ઇતિ આઠમો સ્કંધ સમાપ્ત.

हत्वाऽसुरंहयग्रीवंवेदान्प्रत्याहरद्धरिः ॥५७॥ सतुसत्यव्रतोराजाज्ञानविज्ञानसंयुतः॥ विष्णोःप्रसादात्कल्पेऽस्मिन्नासीद्वैवस्वतोमनुः ॥५८॥ सत्यव्रतस्यराजर्षेर्मायामत्स्यस्यशार्ङ्गिणः॥ संवादंमहदाख्यानंश्रुत्वामुच्येतकिल्बिषात् ॥५९॥॥ अवतारोहरेर्योयंकीर्तयेदन्वहंनरः॥संकल्पास्तस्यसिध्यंतिसयातिपरमांगतिं॥६०॥ प्रलयपयसिधातुःसुप्तशक्तेर्मुखेभ्यः श्रुतिगणमपनीतंप्रत्युपादत्तहत्वा॥ दितिजमकथयद्योब्रह्मसत्यव्रतानांतमहमखिलहेतुंजिह्ममीनंनतोऽस्मि॥६१ इ०भा०म०अ०मत्स्यावतारचरितानुवर्णनंनामचतुर्विंशोऽध्यायः॥२४॥समाप्तोऽयमष्टमस्कंधः॥

श्रीगणेशायनमः॥ राजा०मन्वंतराणिसर्वाणित्वयोक्तानिश्रुतानिमे॥ वीर्याण्यनंतवीर्यस्यहरेस्तत्रकृतानिच॥१॥ योऽसौसत्यव्रतोनामराजर्षिर्द्रविडेश्वरः॥ज्ञानंयोऽतीतकल्पांतेलेभेपुरुषसेवया ॥२॥ सवैविवस्वतःपुत्रोमनुरासीदितिश्रुतं॥त्वत्तस्तस्यसुताश्चोक्ताइक्ष्वाकुप्रमुखानृपाः ॥३॥तेषांवंशंपृथग्ब्रह्मन्वंश्यानुचरितानिच॥कीर्तयस्वमहाभागनित्यंशुश्रूषतांहिनः॥४॥येभूतायेभविष्याश्चभवंत्यद्यतनाश्चये॥तेषांनःपुण्यकीर्तीनांसर्वेषांवदविक्रमान्॥५॥ सूत०एवंपरीक्षितराज्ञासदसिब्रह्मवादिनां॥पृष्टःप्रोवाचभगवान्शुकःपरमधर्मवित्॥६॥श्रीशुक०श्रूयतांमानवोवंशःप्राचुर्येण परंतप॥नशक्यतेविस्तरतोवक्तुंवर्षशतैरपि॥७॥ परावरेषांभूतानामात्मायःपुरुषःपरः॥ सएवासीदिदंविश्वंकल्पांतेऽन्यन्नकिंचन ॥८॥ तस्यनाभेःसमभवत्पद्मकोशोहिरण्मयः॥तस्मिन्जज्ञेमहाराजस्वयंभूश्चतुराननः ॥९॥ मरीचिर्मनसस्तस्यजज्ञेतस्यापिकश्यपः॥दाक्षायण्यांततोदित्यांविवस्वानभवत्सुतः॥१०॥ ततोमनुःश्राद्धदेवःसंज्ञायामासभारत॥श्रद्धायांजनयामासदशपुत्रान्सआत्मवान्॥११ इक्ष्वाकुनृगशर्यातिदिष्टधृष्टकरूषकान्॥नरिष्यंतंपृषध्रंचनभगंचकविंविभुः ॥१२॥ अप्रजस्यमनोःपूर्वंवसिष्ठोभगवान्किल॥मित्रावरुणयोरिष्टिंप्रजार्थमकरोत्प्रभुः॥१३॥ तत्रश्रद्धामनोःपत्नीहोतारंसमयाचत॥दुहित्रर्थमुपागम्यप्रणिपत्यपयोव्रता ॥१४॥ प्रेषितोऽध्वर्युणाहोताव्यचरत्तत्समाहितः॥हविषिव्यचरत्तेनवषट्कारंगृणन्द्विजः॥१५॥होतुस्तद्व्यभिचारेणकन्येलानामसाऽभवत् ॥ तांविलोक्यमनुःप्राहनातिहृष्टम

અધ્યાય. ૧ લો.—પરીક્ષિત—અનંત પરાક્રમોવાળા હરિભગવાને કરેલાં તે તે વખતનાં પરાક્રમો સહિત સર્વ મન્વંતરોની કથા, આપના કહેવાથી મેં સાંભળી. ॥૧॥ અને ગયા કલ્પને અંતે પુરૂષ ભગવાનની સેવા વડે જ્ઞાન પામેલો, દ્રવીડદેશનો સત્યવ્રત રાજા, ચાલુ કલ્પમાં સૂર્યનો પુત્ર શ્રાદ્ધદેવ મનુ થયેલાનું, તથા ઇક્ષ્વાકુ વિગેરે તેના પુત્રો થયેલાનું પણ, મેં સાંભળ્યું છે. ॥૨-૩॥ તો હે મહાભાગ બ્રાહ્મણ, હમેશાં સાંભળવાની ઇચ્છાવાળા અમે, એ ઇક્ષ્વાકુ વિગેરેના પૃથક પૃથક વંશો, અને તે વંશોમાં થયેલા રાજાઓનાં ચરિત્રો સાંભળવાને ઇચ્છીએ છીએ. ॥૪॥ માટે એ થઇ ગયેલા—હાલમાં થતા—અને હવે પછી થવાના રાજાઓનાં, પવિત્ર કીર્તિવાળાં પરાક્રમો; આપ અમને કહો. ॥૫॥—સૂત—એ રીતે પરીક્ષિતે પુછવાથી, એ બ્રહ્મ સંબંધી ચરચા કરનાર સભાસદોની વચમાં, પરમધર્મને જાણનારા શુકદેવજી બોલ્યા કે. ॥૬॥—શ્રીશુક—હે પરીક્ષિત, મનુના વંશની મુખ્ય મુખ્ય વાત સાંભળો; કેમકે વિસ્તારથી કહેવાને તો, સો વરસનું આયુષ્ય પૂરૂ થતાં પણ, સમાપ્ત થવાય તેમ નથી. ॥૭॥ કલ્પને અંત્યે, જ્યારે, આ જગતના પ્રાણી પદાર્થ વિગેરે કાંઇજ નહોતું; ત્યારે, તો ફક્ત સત અને અસતના આત્મા અને પ્રકૃતિથી પર કહેવાતા, એક પુરૂષ ભગવાનજ, હતા. ॥૮॥ પછી તેમની ડુંટીમાંથી એક સુવર્ણમય કમળ ઉત્પન્ન થયું, અને તેમાં ચાર મોઢાંવાળા બ્રહ્મા થયા. ॥૯॥ તેમના મનથકી મરીચિ જન્મ્યા, અને મરીચિથી કશ્યપ થયા; તથા કશ્યપથકી દક્ષની પુત્રી અદિતિમાં વિવસ્વાન એટલે સૂર્ય ઉત્પન્ન થયા. ॥૧૦॥ હે પરીક્ષિત, સૂર્યથકી તેમની સંજ્ઞા નામની સ્ત્રીમાં શ્રાદ્ધદેવ મનુ થયા; અને તેમણે શ્રદ્ધા નામની સ્ત્રીમાં, દશ બુદ્ધિવાન પુત્રોને પેદા કરયા. ॥૧૧॥ ઇક્ષ્વાકુ—નૃગ—શર્યાતિ—દિષ્ટ—ધૃષ્ટ—કરૂષક,—નરિષ્યંત—પૃષધ્ર—નભગ અને કવિ; એ તેમનાં નામો હતાં. ॥૧૨॥ પૂર્વે એ શ્રાદ્ધદેવ મનુ પ્રજા વિનાના હતા, ત્યારે તેમને પુત્ર થવા સારૂં વસિષ્ઠ મુનિએ મિત્રાવરૂણની ઇષ્ટિ કરાવી હતી. ॥૧૩॥ તે વખતે દુધ પીને રેહેનારી, તે મનુની સ્ત્રી શ્રદ્ધાએ; હોતા બ્રાહ્મણની પાસે જઇ પ્રણામ કરીને, દીકરી થવાની યાચના કરી હતી. ॥૧૪॥ પછી અધ્વર્યુએ હવિષ્ય પદાર્થો વડે, હોમ ચાલતો કરીને; સારી રીતે સાવધાનપણાથી હવિષ્ય હોમવા છતાં; વષટકારના મંત્ર ભણનાર હોતાએ; રાણીની ઇચ્છા પ્રમાણેનું આચરણ કરયું. ॥૧૫॥ તેથી એ રીતના હોતાના વ્યભિચારથી, (બીજી રીતના આચરણથી,) તે યજ્ઞ થકી ઇલા નામની કન્યા ઉત્પન્ન થઇ; તેને જોઇ સારી રીતે રાજી ન થયેલા મનુએ, વ-

ઇલા ગુરુને કહ્યું કે. ॥૧૬॥ હે ગુરુ, આપના જેવા બ્રહ્મવાદીઓએ કરાવેલા કર્મનું પરિણામ, આ રીતે ઊલટું કેમ થયું. આ પ્રમાણે વેદના મંત્રોમાં વિકાર થાય, એ મોટી અફસોસની વાત છે. ॥૧૭॥ આપ મંત્રોને જાણનારા—તપસ્વી—સાવધાન તથા પાપ રહિત હોવા છતાં, દેવતાઓ પણ, અસત્ય બોલવાની પેઠે; સંકલ્પનું વિપરિતપણું શાથી થયું છે. ॥૧૮॥ ત્યારે વસિષ્ટ મુનિએ તેમનાં વચનો સાંભળીને, વિચાર કરતાં; હોતાએ અવળું કરેલાનું, તે જાણી ગયા; અને તે બોલ્યા કે. "હે સૂર્યપુત્ર, તમારા હોતાની વિષમ બુદ્ધિથી, આ સંકલ્પનું વિપરિતપણું થયું છે; તો પણ હું મારા તેજ (શક્તિ) વડે, તમને પુત્રવાન કરીશ. ॥૧૯–૨૦॥ હે પરીક્ષિત એ રીતે નિશ્ચય કરીને, મોટી કીર્તિવાળા વસિષ્ટ મુનિએ ઇલાને પુરૂષ બનાવવાની કામનાથી, આદિ પુરૂષ ભગવાનની સ્તુતિ કરી. ॥૨૧॥ ત્યારે ઇશ્વર હરિ ભગવાને પ્રસન્ન થઇને, તેમને ઇચ્છિત વરદાન આપ્યું. તેથી તે ઇલા, સુદ્યુમ્ન નામનો ઉત્તમ પુરૂષ થઇ ગઇ. ॥ ૨૨ ॥ એ સુદ્યુમ્ન કોઇ દિવસે સિંધી ઘોડા ઉપર બેસી, કેટલાક કામદારોને સાથે લેઇ, સુંદર ધનુષ્ય અને અદ્‌ભુત બાણો સાથે રાખી; બખતર પહેરીને, શિકારે જતાં; વનની અંદર મૃગની પાછળ દોડતો, ઉત્તર દિશામાં ચાલ્યો ગયો. ॥૨૩–૨૪॥ એમ કરતાં તે કુંવર મેરૂપર્વતની નીચેના એક વનમાં જ્યાં ભગવાન સદાશિવ, ઉમિયાજીની સાથે રમણ કરવા કરે છે; ત્યાં જઇ ચડયો. ॥૨૫॥ હે પરીક્ષિત, એ વનમાં પેસતાંજ, દુશ્મન યોદ્ધાઓના મારનારા સુદ્યુમ્ને, પોતાને સ્ત્રીરૂપ થઇ ગયેલાનું અને ઘોડાને ઘોડી બની ગયેલાનું, જોયું. ॥ ૨૬ ॥ અને એ રીતેજ તેના સર્વે અનુચરો પણ, પોતાનાં લિંગ એટલે પુરૂષપણાની નિશાની બદલાઇ ગયેલાં, જોઇને ઉદાસ થઇ ગયા; તથા એક બીજાના સામું જોવા લાગ્યા. ॥૨૭॥–પરીક્ષિત–હે શુકદેવજી. એ સ્થાન

नागुरुं ॥१६॥ भगवन्किमिदंजातंकर्मवोब्रह्मवादिनां॥विपर्ययमहोकष्टंमैवंस्याद्ब्रह्मविक्रिया ॥१७॥ यूयंमंत्रविदोयुक्तास्तपसादग्धकिल्बि
षाः॥कुतःसंकल्पवैषम्यमनृतंविबुधेष्विव ॥१८॥ तन्निशम्यवचस्तस्यभगवान्प्रपितामहः॥होतुर्व्यतिक्रमंज्ञात्वाबभाषेरविनंदनं॥१९॥एतत्सं
कल्पवैषम्यंहोतुस्तेव्यभिचारतः॥ तथापिसाधयिष्ये ते सुप्रजास्त्वंस्वतेजसा ॥२०॥ एवंव्यवसितोराजन्भगवान्सुमहायशाः॥अस्तौषीदादिपु
रुषमिलायाःपुंस्त्वकाम्यया ॥२१॥ तस्मैकामवरंतुष्टोभगवान्हरिरीश्वरः॥ददाविलाऽभवत्तेनसुद्युम्नःपुरुषर्षभः॥२२॥ सएकदामहाराजवि
चरन्मृगयांवने॥वृतःकतिपयामात्यैरश्वमारुह्यसैंधवं ॥२३॥ प्रगृह्यरुचिरंचापंशरांश्चपरमाद्भुतान्॥दंशितोऽनुमृगंवीरोजगामदिशमुत्तरां॥
॥२४॥ सकुमारोवनंमेरोरधस्तात्प्रविवेशह॥यत्रास्तेभगवान्रुद्रोरममाणःसहोमया ॥२५॥ तस्मिन्प्रविष्टएवासौसुद्युम्नःपरवीरहा॥ अपश्य
त्स्त्रियमात्मानमश्वंचवडवांनृप ॥२६॥ तथातदनुगाःसर्वेआत्मलिंगविपर्ययं॥दृष्ट्वाविमनसोऽभूवन्वीक्षमाणाःपरस्परं ॥२७॥ राजा०कथमेवं
गुणोदेशःकेनवाभगवन्कृतः॥प्रश्नमेनंसमाचक्ष्वपरंकौतूहलंहिनः ॥२८॥ श्रीशुक०एकदागिरिशंद्रष्टुमृषयस्तत्रसुव्रताः॥दिशोवितिमि
राभासाःकुर्वंतःसमुपागमन् ॥२९॥ तान्विलोक्यांबिकादेवीविवासाव्रीडिताभृशं॥भर्तुरंकात्समुत्थायनीवीमाश्वथपर्यधात्॥३०॥ऋषयोऽपि
तयोर्वीक्ष्यप्रसंगंरममाणयोः॥निवृत्ताःप्रययुस्तस्मान्नरनारायणाश्रमं॥३१॥ तदिदंभगवानाहप्रियायाःप्रियकाम्यया॥स्थानंयःप्रविशेदेतत्स
वैयोषिद्भवेदिति ॥३२॥ ततऊर्ध्ववनंतद्वैपुरुषावर्जयंतिहि॥साचानुचरसंयुक्ताविचचारवनाद्वनं॥३३॥अथतामाश्रमाभ्याशेचरंतींप्रमदोत्तमां
स्त्रीभिःपरिवृतांवीक्ष्यचकमेभगवान्बुधः॥३४॥ साऽपितंचकमेसुभ्रूःसोमराजसुतंपतिं॥सतस्यांजनयामासपुरूरवसमात्मजं॥३५॥एवंस्त्री
त्वमनुप्राप्तःसुद्युम्नोमानवोनृपः॥ सस्मारस्वकुलाचार्यंवसिष्ठमितिशुश्रुम ॥३६॥ सतस्यतांदशांदृष्ट्वाकृपयाभृशपीडितः॥सुद्युम्नस्याशयन्
पुंस्त्वमुपाधावतशंकरं॥३७॥ तुष्टस्तस्मैसभगवानृषयेप्रियमावहन् ॥स्वांचवाचमृतांकुर्वन्निदमाहविशांपते॥३८॥ मासंपुमान्सभवितामासं
स्त्रीतवगोत्रजः॥इत्थंव्यवस्थयाकामंसुद्युम्नोऽवतुमेदिनीं ॥३९॥ आचार्यानुग्रहात्कामंलब्ध्वापुंस्त्वंव्यवस्थया॥पालयामासजगतींनाभ्यनं

એવા ગુણવાળું શાથી થએલું છે; અથવા કોણે કરેલું છે, એ વાતમાં અમને મોટું કૌતુક લાગે છે. માટે આપ તેનો ખુલાસો કરો. ॥૨૮॥–શ્રીશુક–એક દિવસ, સારાં વ્રતો પાળનારા ઋષિઓ દિશાઓને અંધકાર વિનાની કરી દેતા, સદાશિવનું દર્શન કરવા માટે, એ સ્થળે ગયા. ॥ ૨૯ ॥ ત્યારે તેમને જોઇ, પોતે નગ્ન હોવાથી, ઘણાં શરમાયલાં પાર્વતીએ; સ્વામીના ખોળામાંથી ઉઠી જઇને, ઉતાવળથી વસ્ત્ર પહેરી લીધું. ॥૩૦॥ ઋષિઓ પણ, તેમને રમણના પ્રસંગમાં લાગેલાં દંપતીને જાણવાથી, પાછા વળીને; નરનારાયણના આશ્રમમાં ચાલ્યા ગયા. ॥ ૩૧ ॥ ત્યારે ભગવાન સદાશિવ, પ્રિયાનું પ્રિય કરવા સારૂ, બોલ્યા કે "આ સ્થાનમાં જે કોઇ પ્રવેશ કરશે, તે સ્ત્રી થઇ જશે." ॥ ૩૨ ॥ તે પછી એ વનને પુરૂષોએ તજી દીધેલું છે. તેથી તે ઇલા નામવાળી સ્ત્રી બનેલો સુદ્યુમ્ન, અનુચરો સહિત એક વનમાંથી બીજા વનમાં; ફરવા લાગ્યો. ॥૩૩॥ પછી તે ઉત્તમ સ્ત્રી ઇલાને, સ્ત્રીઓથી વિંટાઇને પોતાના આશ્રમની પાસે ફરતી જો-યાથી; ચંદ્રમાના પુત્ર ભગવાન બુધને; તેના વિશે કામના ઉત્પન્ન થઇ. અને ઇલાને પણ બુધનામાં કામના થવાથી, એ બુધે તેનામાં પુરૂરવા નામનો પુત્ર ઉત્પન્ન કર્યો. ॥૩૪–૩૫॥ હે રાજા, પછી એમ સાંભળેલું છે કે, એ રીતે સ્ત્રીપણું પામેલા મનુના પુત્ર સુદ્યુમ્ને; પોતાના કુળના આચાર્ય વસિષ્ઠનું સ્મરણ કર્યું. ॥૩૬॥ ત્યારે તેની આ દશા જોવાથી, દયાવડે ઘણું પીડાયલા વસિષ્ટ મુનિએ, સુદ્યુમ્નને ફરીવાર પુરૂષપણું મળવાની કામનાથી, સદાશિવની ઉપાસના કરી. ॥૩૭॥ એટલે તેથી પ્રસન્ન થએલા સદાશિવે, વસિષ્ટનું પ્રિય કરવાને, અને પોતાનું વચન પણ સત્ય થવાને આ પ્રમાણે કહ્યું કે; " એ સુદ્યુમ્ન એક મહિનો પુરૂષ થશે, અને એક મહિનો સ્ત્રી રહેશે; અને એવી વ્યવસ્થાથી તે, પૃથ્વીનું પાલન સુખે કરી શકશે." ॥૩૮–૩૯॥ આ રીતે આચાર્ય વસિષ્ઠના અનુગ્રહથી, આ રીતની વ્યવસ્થાવાળું પુરૂષપણું પામેલો, તે પૃથ્વીનું રાજ્ય કરવા લાગ્યો હતો; પણ પ્રજાને તે ગમ્યું નહી. ॥૪૦॥ હે રાજા, પછી કેટલોક વખત ગયા

પછી એ પ્રતિષ્ઠાન નગરીનો સત્ત સુદ્યુમ્ન; પોતાના શરીરથી જન્મેલા પુત્ર, પુરૂરવાને પૃથ્વીપતિ કરીને, પોતે વનમાં ગયો હતો; અને ઉત્કલ-ગય અને વિમળ નામના ત્રણ; ધર્મ ઉપર પ્રીતિ રાખનારા પુત્રો પણ દક્ષિણ દિશાના રાજાઓ થયા હતા. ॥૪૧-૪૨॥ ઇતિશ્રી૦ ભા૦ નવમા સ્કંધનો પેહેલો અધ્યાય સંપૂર્ણ. ॥૧॥

અધ્યાય ૨ જો.—શ્રીશુક—એ રીતે સુદ્યુમ્ન ગયો રહ્યા પછી, શ્રાદ્ધદેવ મનુએ; પુત્રની કામનાથી યમુના નદી ઉપર, સો વરસ સુધી તપ કર્યું હતું; અને ત્યાં સંતાનની ઇચ્છાથી, સમર્થ હરિ ભગવાનનું ભજન કરવાથી; તેને પોતાના સરખાજ ઇક્ષ્વાકુ વિગેરે દશ પુત્રો થયા હતા. ॥૧-૨॥ તેમાંના પૃષધ્ર નામનાને, વસિષ્ઠ ગુરુએ ગાયોનું રક્ષણ કરવાને નિમ્યો હતો; અને તે આખી રાત જાગીને, રાતની વખતે ગાયોને, સાચવતો હતો. ॥૩॥ પણ વરસાદ વરસતી એક રાત્રે, તે ગાયોના ગોઠમાં; એક વાઘ આવ્યો. તેથી ડરી ગયેલી ગાયો જાગી ઉઠીને, બીહીકથી ગમાણની અંદર, આમ તેમ દોડવા લાગી. ॥૪॥ એટલામાં તેમાંની એકને તે બળવાન વાઘે પકડવાથી, બીહીનેલી અને દુખી થયેલી તે ગાય, બુમો પાડવા લાગી. પૃષધ્ર, તેનું આક્રંદ સાંભળી ઉતાવળથી, હાથમાં ખડ્ગ લેઇને ત્યાં ગયો; અને એ તારાઓ વિગેરે દેખાવ વિનાની અંધારી રાતમાં; તેણે વાઘ જાણીને ગાયના માથા ઉપર ઘા કર્યો. ॥૫-૬॥ તેથી તરવારનો છેડો વાગવાથી કાન કપાઈ ગયેલો, વાઘ પણ; બીહીનીને, ઉભે રસ્તે લોહી નાંખતો, નાસી ગયો. ॥૭॥ દુશ્મન યોદ્ધાઓને મારનારો પૃષધ્ર ધારતો હતો કે, વાઘને મારેલો છે; પણ જ્યારે તેણે પોતાના હાથથી રાતની વેળાએ ગાયને મરાયલાનું જાણ્યું, ત્યારે તે દુખી થયો. ॥૮॥ અને અજાણતાં અપરાધ કરનારા તેને કુળાચાર્ય વસિષ્ઠ મુનિએ શાપ આપ્યો કે "તું આ કામ કરવાથી ક્ષત્રી મટીને, શૂદ્ર થઇ જઇશ." ॥૯॥ આ

स्मतमजाः॥४०॥तस्योत्कलोगयोराजन्विमलश्चसुतास्त्रयः॥दक्षिणापथराजानोबभूवुर्धर्मवत्सलाः॥४१॥ ततःपरिणते काले प्रतिष्ठानपतिः प्रभुः॥ पुरूरवसउत्सृज्यगांपुत्रायगतोवनं॥४२॥ इ०भा०म०न० इलोपाख्यानेप्रथमोऽध्यायः ॥१॥ श्रीशुक० एवंगतेऽथसुद्युम्नेमनुर्वैवस्वतः सुते॥पुत्रकामस्तपस्तेपेयमुनायांशतंसमाः॥१॥ततोऽयजन्मनुर्देवमपत्यार्थंहरिंप्रभुं॥ इक्ष्वाकुपूर्वजान्पुत्रान्लेभेस्वसदृशान्दश॥२॥ पृषध्रस्तु मनोःपुत्रोगोपालोगुरुणाकृतः ॥ पालयामास गायत्तोरात्र्यांवीरासनव्रतः॥३॥ एकदाप्राविशद्गोष्ठंशार्दूलोनिशिवर्षति। शयानागावउत्थायभीतास्ताबभ्रमुर्व्रजे॥४॥ एकांजग्राहबलवान्साचुक्रोशभयातुरा ॥ तस्यास्तत्क्रंदितंश्रुत्वापृषध्रोऽभिससारह ॥५॥ खड्गमादायतरसाप्रलीनोडुगणेनिशि॥ अजानन्नहनद्बभ्रोःशिरःशार्दूलशंकया॥६॥ व्याघ्रोऽपिवृक्णश्रवणोनिस्त्रिंशाग्राहतस्ततः ॥ निश्चक्रामभृशंभीतोरक्तंपथिसमुत्सृजन् ॥७॥ मन्यमानो हतंव्याघ्रंपृषध्रःपरवीरहा ॥ अद्राक्षीत्स्वहतांबभ्रुंव्युष्टायांनिशिदुःखितः॥८॥तंशशापकुलाचार्यः कृतागसमकामतः ॥नक्षत्रबंधुःशूद्रस्त्वंकर्मणाभवितामुना॥९॥एवंशप्तस्तुगुरुणाप्रत्यगृण्हात्कृतांजलिः॥ अधारयद्व्रतंवीरऊर्ध्वरेतामुनिप्रियं ॥१०॥ वासुदेवे भगवतिसर्वात्मनिपरेमले॥ एकांतित्वंगतोभक्त्यासर्वभूतसुहृत्समः ॥११॥ विमुक्तसंगःशांतात्मासंयताक्षोऽपरिग्रहः॥यदृच्छयोपपन्नेनकल्पयन्वृत्तिमात्मनः॥१२॥आत्मन्यात्मानमाधायज्ञानतृप्तःसमाहितः॥विचचारमहीमेतांजडांधबधिराकृतिः॥१३ एवंवृत्तोवनंगत्वादृष्ट्वादावाग्निमुत्थितं॥ तेनोपयुक्तकरणोब्रह्मप्रापपरंमुनिः ॥१४॥ कविःकनीयान्विषयेषुनिस्पृहोविसृज्यराज्यंसहबंधुभिर्वनं ॥ निवेश्यचित्तेपुरुषंस्वरोचिषंविवेशकैशोरवयाःपरंगतः॥१५॥ करूषान्मानवादासन्कारूषाःक्षत्रजातयः॥ उत्तरापथगोप्तारोब्रह्मण्याधर्मवत्सलाः ॥१६॥ धृष्टाद्धार्ष्टमभूत्क्षत्रंब्रह्मभूयंगतंक्षितौ॥ नृगस्यवंशःसुमतिर्भूतज्योतिस्ततोवसुः ॥१७॥ वसोःप्रतीकस्तत्पुत्रओघवानोघवत्पिता॥ कन्याचौघवतीनामसुदर्शनउवाहतां॥१८॥ चित्रसेनोनरिष्यंताद्दक्षस्तस्यसुतोभवत्॥ तस्यमीढ्वांस्ततःकूर्चइंद्रसेनस्तुतत्सुतः॥१९॥ वीतिहोत्रस्त्विंद्रसेनात्तस्यसत्यश्रवाअभूत् ॥ उरुश्रवाःसुतस्तस्यदेवदत्तस्ततोऽभवत् ॥२०॥ ततोऽग्निवेश्योभगवानग्निःस्वयमभूत्सुतः ॥ कानीनइति विख्यातोजातू

રીતના ગુરુના શાપનો સ્વીકાર કરીને, પછીથી તેણે, મુનિઓને પ્રિય, એવું નૈષ્ઠિક બ્રહ્મચારીનું વ્રત રાખ્યું. ॥૧૦॥ અને સર્વના આત્મા-સર્વ થકી પર-તથા નિર્મળ-વાસુદેવ ભગવાનની એકાંતિક ભક્તિ કરવાવડે તે, સર્વનો સુહૃદ-સમદૃષ્ટિવાન-સંગ રહિત-શાંતબુદ્ધિવાળો-જીતેંદ્રિય-કશું પાસે નહીં રાખનારો-અને સહજથી જે મળે તે થકીજ આજીવિકા ચલાવનારો,-થઇ ગયો. ॥ ૧૧-૧૨ ॥ તથા અંતઃકરણમાં આત્મ સ્વરૂપને ધારણ કરનારો-જ્ઞાનવડે તૃપ્તી પામેલો-અને સાવધાન મનવાળો-થઇને; પૃથ્વી ઉપર જડ-અંધ-અને બેહેરા સરખો થઇને, તે ફરવા લાગ્યો. ॥૧૩॥ એમ આચરણ કરતાં વનને વિશે દાવાનળ સળગેલો તેણે દેખાવાથી, તેમાં પોતાના દેહનો દાહ કરીને; તે મુનિવર બ્રહ્મને પામી ગયો. ॥૧૪॥ એ મનુના પુત્રોમાંનો સહુથી નાનો કવિ, નાનપણમાંજ પરબ્રહ્મને જાણીને; સર્વ પ્રકારની સ્પૃહા તજીને બંધુવર્ગ અને રાજ્યાદિકને પડતું મુકી વનમાં ગયો હતો. અને ત્યાં મનને વિશે પરમાત્માનું ધ્યાન કરીને, મુક્તિ પામ્યો છે. ॥૧૫॥ મનુના પુત્ર કરૂષ થકી, બ્રાહ્મણો ઉપર પ્રીતિ રાખનારા અને ઉત્તર દિશામાં રાજ્ય કરનારા "કારૂષ" નામના ક્ષત્રીયોજ થયેલા છે. ॥૧૬॥ અને એ મનુના પુત્ર ધૃષ્ટ થકી થયેલા, ધાર્ષ્ટ નામના ક્ષત્રીઓ પણ; આ પૃથ્વી ઉપર પાછળથી બ્રહ્મજ્ઞાન પામેલા છે. આ મનુના પુત્ર નૃગનો પુત્ર સુમતિ-તેનો ભૂતજ્યોતિ-તેનો વસુ-વસુનો પ્રતિક-અને તેનો ઓઘવાન થયો; ઓઘવાનની ઓઘવતિ નામની કન્યાને સુદર્શન પરણ્યો હતો. ॥૧૬-૧૭-૧૮॥ એ મનુના પુત્ર નરિષ્યંતનો દીકરો ચિત્રસેન થયો. ચિત્રસેનનો દક્ષ-તેનો મીઢ્વાન તેનો કુર્ચ-અને તેનો ઇંદ્રસેન થયો હતો. ॥૧૯॥ ઇંદ્રસેનથી વિતિહોત્ર થયો-તેનો ઉરૂશ્રવા-અને ઉરૂશ્રવાનો દેવદત્ત નામે પુત્ર થયો હતો. ॥૨૦॥ એ દેવદત્ત થકી અગ્નિવેશ્ય નામ વાળા, ભગવાન અગ્નિ પોતેજ પુત્ર રૂપે થયા હતા; અને તે પોતેજ કાનીન (એટલે કુંવારીમાં જન્મેલા) ના નામથી અને મોટા ઋષિ જાતુકર્ણ્ય નામથી વિખ્યાત થયેલા છે. ॥૨૧॥ અગ્નિ વેશાયન નામનું બ્રાહ્મણોનું કુળ તેમનાથી ચાલેલું છે. એ રીતે નરિષ્યંતનો વંશ કહ્યો.

હવે દિષ્ટનો વંશ સાંભળો. ॥૨૨॥ એ દિષ્ટનો પુત્ર નાભાગ બીજા કર્મવડે વૈશ્યપણાને પામ્યો હતો; તેનો પુત્ર ભલંદન અને ભલંદનનો વત્સપ્રીતિ થયો હતો. ।૨૩। વત્સપ્રીતિનો પ્રાંશુ–તેનો પ્રમતિ–તેનો ખનિત્ર તેનો ચાક્ષુષ તેનો વિવિંશતિ તેનો રંભ–તેનો ખનિનેત્ર–તેનો કરંધમ–તેનો અવિક્ષિત–અને તેનો મરુત નામે પુત્ર ચક્રવર્તી થયો હતો. અંગિરાના પુત્ર મહાયોગી સંવર્તે, એ મરુતને યજ્ઞ કરાવ્યો હતો. ॥૨૪–૨૫–૨૬॥ એ મરુતના યજ્ઞ જેવો બીજા કોઈનો યજ્ઞ થયેલો નથી; કે જે યજ્ઞની સર્વ વસ્તુઓ સુવર્ણમય અને શોભાવાળી હતી. ॥૨૭॥ અને તેમાં સોમપાનથી ઇંદ્ર, તથા દક્ષિણા મળવાથી બ્રાહ્મણો મસ્ત થઈ ગયા હતા. તથા એ યજ્ઞમાં મરુત દેવો ભોજન પિરસનારા, અને વિશ્વ દેવો સભાસદો થયા હતા. ॥૨૮॥ હે રાજા, એ મરુતનો પુત્ર દમ થયો–તેનો રાજ્ય વર્ધન–તેનો સુધૃતિ–તેનો નર–તેનો કેવળ–તેને બંધુ માન–તેનો વેગવાન–તેનો બંધુ–અને તેનો તૃણબિંદુ નામે પુત્ર થયો હતો. ॥૨૯–૩૦॥ ગુણોના સ્થાનક, અને સેવન કરવાને યોગ્ય એ તૃણબિંદુને અલંબુષા નામની દિવ્ય અપ્સરા વરી હતી. તેનામાં તેને બીજા પુત્રો થવાની સાથે, એક ઇડવિડા નામે કન્યા થઇ હતી. ॥૩૧॥ તે ઇડવિડામાં વિશ્રવા ઋષિએ, કુબેર નામે પુત્રને ઉત્પન્ન કરીને, તેને; પોતાના યોગેશ્વર પિતા પુલસ્ત્ય ઋષિ પાસેથી મળેલી ઉત્તમ વિદ્યા શીખવી હતી. ॥૩૨॥ એ તૃણબિંદુના પુત્રો વિશાળ–શૂન્યબંધુ–અને ધુમ્રકેતુ થયા; વંશને સ્થાપનારા વિશાળે, વૈશાલી નામની પુરી બનાવી હતી. ॥૩૩॥ એ વિશાળનો પુત્ર હેમચંદ્ર–તેનો ધુમ્રાક્ષ–તેનો સંયમ–અને તેના કૃશાશ્વ તથા દેવજ નામના બે પુત્રો થયા હતા. ॥૩૪॥ એ કૃશાશ્વનો પુત્ર સોમદત્ત; યોગેશ્વરોના આશ્રયવડે, અશ્વમેધ યજ્ઞ કરી, ઇડસ્પતિ ભગવાનનું પૂજન કરીને, પુરુષ ભગવાનની ઉત્તમ ગતિને પામી ગયો હતો. ॥૩૫॥ સોમદત્તથકી સુમતિ થયો. અને સુમતિનો

णर्योमहान्नृपः॥२१॥ ततोब्रह्मकुलंजातमाग्निवेश्यायनंनृप ॥ नरिष्यंतान्वयःप्रोक्तोदिष्टवंशमतःशृणु॥२२॥नाभागोदिष्टपुत्रोऽन्यःकर्मणावैश्य
तांगतः॥ भलंदनःसुतस्तस्यवत्सप्रीतिर्भलंदनात्॥२३॥ वत्सप्रीतेःसुतःप्रांशुस्तत्सुतंप्रमतिंविदुः ॥ खनित्रःप्रमतेस्तस्माच्चाक्षुषोऽथविविंश
तिः॥२४॥ विविंशतिसुतोरंभःखनिनेत्रोऽस्यधार्मिकः॥ करंधमोमहाराजतस्यासीदात्मजोनृपः ॥२५॥ तस्यावीक्षित्सुतोयस्यमरुत्तश्चक्रव
र्त्यभूत्॥ संवर्तोयाजयद्यंवैमहायोग्यंगिरःसुतः॥२६॥ मरुत्तस्ययथायज्ञोनतथाऽन्यस्यकश्चन ॥ सर्वंहिरण्मयंत्वासीद्यत्किंचिच्चास्यशोभनं
॥२७॥ अमाद्यदिंद्रःसोमेनदक्षिणाभिर्द्विजातयः ॥ मरुतःपरिवेष्टारोविश्वेदेवाःसभासदः॥२८॥मरुत्तस्यदमःपुत्रस्तस्यासीद्राज्यवर्द्धनः॥ सुधृ
तिस्तत्सुतोजज्ञेसौधृतेयोनरःसुतः ॥२९॥ तत्सुतःकेवलस्तस्माद्बंधुमान्वेगवांस्ततः॥ बंधुस्तस्याभवद्यस्यतृणबिंदुर्महीपतिः ॥३०॥ तंभेजेऽ
लंबुषादेवीभजनीयगुणालयं ॥ वराप्सरायतःपुत्राःकन्याचेडविडाऽभवत्॥३१॥ तस्यामुत्पादयामासविश्रवाधनदंसुतं॥ प्रादायविद्यांपरमा
मृषिर्योगेश्वरात्पितुः ॥३२॥ विशालःशून्यबंधुश्चधूम्रकेतुश्चतत्सुताः॥ विशालोवंशकृद्राजावैशालींनिर्ममेपुरीं॥३३॥हेमचंद्रःसुतस्तस्यधूम्रा
क्षस्तस्यचात्मजः॥ तत्पुत्रात्संयमादासीत्कृशाश्वःसहदेवजः॥३४॥कृशाश्वात्सोमदत्तोभूद्योऽश्वमेधैरिडस्पतिं॥ इष्ट्वापुरुषमापाग्र्यांगतिंयोगे
श्वराश्रितः॥३५॥ सौमदत्तिस्तुसुमतिस्तत्सुतोजनमेजयः॥एतेवैशालभूपालास्तृणबिंदोर्यशोधराः॥३६॥ इ०भा०म०न०द्वि० अध्यायः २
श्रीशुक०शर्यातिर्मानवोराजाब्रह्मिष्ठःसबभूवह॥योवाआंगिरसांसत्रेद्वितीयमहऊचिवान्॥१॥ सुकन्यानामतस्यासीत्कन्याकमललोचना॥
तयासार्द्धंवनगतोत्यगमच्च्यवनाश्रमं ॥२॥ सासखीभिःपरिवृताविचिन्वंत्यंघ्रिपान्वने॥वल्मीकरंध्रेददृशेखद्योतेइवज्योतिषी॥३॥तेदैवचोदि
ताबालाज्योतिषीकंटकेनवै॥अविध्यन्मुग्धभावेनसुस्रावासृक्ततोबहु॥ ॥४॥ शकृन्मूत्रनिरोधोऽभूत्सैनिकानांचतत्क्षणात्॥राजर्षिस्तमुपाल
क्ष्य पुरुषान्विस्मितोऽब्रवीत्॥५॥अप्यभद्रंनयुष्माभिर्भार्गवस्यविचेष्टितं॥व्यक्तंकेनापिनस्तस्यकृतमाश्रमदूषणं॥६॥सुकन्याप्राहपितरंभीता
किंचित्कृतंमया॥द्वेज्योतिषीअजानंत्यानिर्भिन्नेकंटकेनवै ॥७॥ दुहितुस्तद्वचःश्रुत्वाशर्यातिर्जातसाध्वसः॥ मुनिंप्रसादयामासवल्मीकांतर्ग

પુત્ર જનમેજય થયેલો છે. એ રીતના, તૃણબિંદુની કીર્તિને ધારણ કરનારા વિશાળના વંશના રાજાઓ થઇ ગયેલા છે. ॥૩૬॥ ઇતિ શ્રી૦ ભા૦ નવમા સ્કંધનો બીજો અધ્યાય સંપૂર્ણ ॥૨॥

અધ્યાય ૩ જો.—**શ્રીશુક**—એ મનુનો દીકરો શર્યાતિ વેદના તત્વને જાણનારો રાજા હતો. જેણે અંગિરા કુળના બ્રાહ્મણોના સત્રમાં બીજા દિવસના કર્મ બદલ તેઓને કહ્યું હતું. ॥૧॥ એ શર્યાતિ રાજાને કમળ જેવી આંખોવાળી સુકન્યા નામની દીકરી હતી. તેના સહિત એ રાજા એકવાર ચ્યવન ઋષિના આશ્રમમાં ગયો હતો. ॥૨॥ સખીઓ થકી વિંટાયલી તેણે વનનાં ઝાડવાંમાં જોતાં જોતાં, એક રાફડાની અંદર બખોલમાં, પતંગિયાની પેઠે ચળકતા બે પદાર્થો દીઠા હતા. ॥૩॥ બાળક ભાવથી અણસમજથી રમતાં, તે છોકરીએ દૈવની પ્રેરણાથી; કાંટાવડે એ બેઉ ચળકતા પદાર્થને વિંધી નાંખવાથી, તેમાંથી ઘણું લોહી નીકળ્યું ॥૪॥ તેથી તેજ ક્ષણે એ રાજાની સર્વ સેના આદિનાં મળમૂત્ર રોકાઇ ગયાં; તે જોઇને વિસ્મય પામેલા રાજાએ પોતાના માણસોને પૂછ્યું કે. ॥૫॥ તમે કોઇએ ચ્યવનઋષિનું કાંઇ ભુંડું તો નથી કર્યું? એતો ખુલ્લું છે કે આપણામાંના કોઇ એક, આ આશ્રમમાં કાંઇ પણ ખોટું કામ કરેલું તો છેજ. ॥૬॥ ત્યારે બીહીતાં બીહીતાં સુકન્યાએ પિતાને કહ્યું કે "મેં કર્યુંછે. અજાણતાં કાંટા વતે બે ચળકતા પદાર્થને વિંધી નાંખ્યા છે" ॥૭॥ દીકરીનું એ વચન સાંભળીને ઘણો બીન્હેલો શર્યાતિરાજા ધીમે ધીમે એ રાફડાની અંદર રહેલા ચ્યવનમુનિને પ્રસન્ન કરવા લાગ્યો. ॥૮॥ પછી એ ચ્યવનમુનિનો અભિપ્રાય જણાયાથી, તેમને પોતાની કન્યા આપવા વડે, દુઃખથી મુક્ત થયેલા રાજા; સાવધાનપણાથી તેમની રજા લેઇને, પોતાના નગરમાં પાછો ગયો. ॥૯॥ પછીતે મનના ભાવને જાણનારી સુકન્યાએ, અતિ ક્રોધી ચ્યવન મુનિને સ્વામી તરીકે પામીને; આળસ તજી, તેમની મરજીનો અનુકૂળ આચરણ કરવાથી; સ્વામીને પ્રસન્ન કર્યા. ॥૧૦॥ તેથી, એ પછી થોડા વખત કેડે, ત્યાં અશ્વિનિકુમારો આવવાથી, તેમનું પૂજન કરયા પછી ચ્યવનમુનિએ તેમને કહ્યું કે "હે સમર્થ, તમો મને વય એટલે જુવાની આપ.

॥૧૧॥ એ તમો મારૂ વય અને રૂપ; સ્ત્રીઓ ઇચ્છા કરે, એવાં કરી આપશો તો; યજ્ઞમાં સોમરસના ભાગો નહીં પામનારા તમોને, હું સોમરસનો ભાગ અપાવીસ. ॥૧૨॥ ત્યારે એ મોટા વૈદ્યોએ તે વાતનો સ્વીકાર કરીને, અને તેમનો સત્કાર કરીને; ચ્યવન મુનિને કહ્યું કે "આ વિશેષ રીતે બનાવેલા અને સિદ્ધ કરેલા જળાશયમાં તમે ડુબકી મારો." ॥૧૩॥ એમ કહેવાથી તે જરા અવસ્થાથી પકડાયલા, અને શરીરમાં બધી નસો દેખાતા, તથા વળિયાં અને પળિયાંથી અપ્રિય લાગતા શરીરવાળા, ચ્યવન મુનિ; અશ્વિનિકુમારોની સાથે, તે ધરામાં પેઠા. ॥૧૪॥ અને પછીથી કમળની માળા–કુંડળો–અને સારાં વસ્ત્રો પેહેરેલા–સરખા સ્વરૂપવાળા–અને સ્ત્રીઓને પ્રિય લાગે એવા ત્રણ પુરૂષો; તેમાં થકી નીકળ્યા. ॥૧૫॥ સૂર્ય સરખા પ્રકાશિત અને સરખાં રૂપવાળા; ત્રણેને દેખીને, તે સાધ્વી સુકન્યા પોતાના પતિને ન ઓળખી શકવાથી; એ અશ્વિનિકુમારોનેજ, શરણે ગઇ. ॥ ૧૬ ॥ એટલે એના પતિવ્રત થકી પ્રસન્ન થયેલા, અશ્વિનિકુમારોએ, તેનો સ્વામી તેને દેખાડવા પછી એ મુનિની રજા લેઇ વિમાનમાં બેસીને, તેઓ સ્વર્ગમાં ચાલ્યા ગયા. ॥૧૭॥ પછી યજ્ઞ કરવાની ઇચ્છાવાળો શર્યાતિ; ચ્યવન મુનિના આશ્રમમાં જતાં; પોતાની દીકરીની પાસે બેઠેલ; સૂર્ય જેવા પ્રકાશિત પુરૂષને તેણે જોયો. ॥૧૮॥ અને પોતાને પગે લાગેલી દીકરીને, આશીર્વાદ આપ્યા વિનાજ; તેણે કચવાયલા મનથી દીકરીને કહ્યું કે. ॥ ૧૯ ॥ હે અસતી, તેં આવું કામ કેમ કર્યું; તમામે એવા અને ધરડા, પણ સર્વલોકોએ નમસ્કાર કરેલા; તારા સ્વામી ચ્યવન મુનિને ઠગીને, તેમનો ત્યાગ કરી; રસ્તે જનાર પર પુરૂષનું તું સેવન કરે છે. ॥૨૦॥ તું સારા કુળમાં ઉત્પન્ન થયેલી છતાં, તારી ભૂંડી બુદ્ધિ શાથી થઇ; અને નિર્લજ બનીને જાર પુરૂષને લેઇ બેઠી છે. એ તેં કુળને કલંક લગાડયું છે; તેથી પિતાના તથા સ્વામીના બેઉ કુળને, તું નરકમાં નાંખે

तंशनैः ॥८॥ तदभिप्रायमाज्ञायप्रादाद्दुहितरंमुनेः॥कृच्छ्रान्मुक्तस्तमामंत्र्यपुरंप्रायात्समाहितः॥९॥ सुकन्याच्यवनंप्राप्यपतिंपरमकोपनं॥प्री णयामास[illegible] अप्रमत्तानुवृत्तिभिः ॥१०॥ कस्यचित्त्वथकालस्यनासत्यावाश्रमागतौ॥तौपूजयित्वाप्रोवाचवयोमेदत्तमश्विनौ॥११॥ग्रहंग्र हीष्यसोमस्ययज्ञेवामप्य[illegible]सोमपोः॥क्रियतामेवयोरूपंप्रमदानांयदीप्सितं ॥१२॥ बाढमित्यूचतुर्विप्रमभिनंद्यभिषक्त[illegible]॥निमज्जतांभवानस्मि न्ह्रदेसिद्धविनिर्मिते॥१३॥ इत्युक्त्वाजरयाग्रस्तदेहोधमनिसंततः॥ह्रदंप्रवेशितोऽश्विभ्यांवलीपलितविप्रियः॥१४॥पुरुषास्त्रयउत्तस्थुरपीच्यावनिताप्रियाः॥पद्मस्रजःकुंडलिनस्तुल्यरूपाःसुवा[illegible]ः ॥१५॥ तान्निरीक्ष्यवरारोहासरूपान्सूर्यवर्चसः॥अजानतीपतिंसाध्वीअश्विनौशरणंय यौ ॥१६॥ दर्शयित्वापतिंतस्यैपातिव्रत्येनतोषितौ॥ऋषिमामं[illegible]ययतुर्विमानेनत्रिविष्टपं॥१७॥ यक्ष्यमाणोऽथशर्यातिश्च्यवनस्याश्रमंगतः॥द दर्शदुहितुःपार्श्वेपुरुषंसू[illegible] ॥१८॥ राजादुहितरंप्राहकृतपादाभिवंदनां॥आशिषश्चाप्रयुंजानोनातिप्रीतमना[illegible]व॥१९॥ चिकीर्षितंतेकि मिदंपतिस्त्वयाप्रलंभितो॥लोकनमस्कृतोमुनिः॥त्वंयज्जराग्रस्तमसत्यसंमतंविहायजारंभजसेऽमुमध्वगं॥२०॥कथंमतिस्तेऽवगताऽन्यथासतां कुलप्रसूते[illegible]त्विदं॥ बिभर्षिजारंयद[illegible]कुलंपितुश्चभर्तुश्चनयस्यधस्तमः ॥२१॥ एवंब्रुवाणंपितरंस्मयमानाशुचिस्मिता॥[illegible] तजामाततवैषभृगुनंदनः ॥ शशंसपित्रेतत्[illegible]रूपाभिलंभनं॥विस्मितःपरमप्रीतस्तनयां[illegible]षस्वजा॥२३॥ सोमेनयाजयन्वीरंग्रहंसोम स्यचाग्रहीत् ॥अ[illegible]मपोरप्यश्विनोश्च्यवनःस्वेनतेजसा ॥२४॥ हंतुंतमाददेवज्रंसद्योमन्युरमर्षितः॥सवज्रंस्तंभयामासभुजामिं[illegible]॥ ॥२५॥ अन्वजानंस्ततःसर्वेग्रहंसोमस्यचाश्विनोः॥भिषजावितियत्पूर्वंसोमाहुत्यावहिष्कृतौ॥२६॥उत्तानबर्हिरानर्त्तोभूरिषेणइतित्रयः॥शर्या तेरभवन्पुत्राआनर्त्ताद्रेवतोऽभवत् ॥२७॥ सोंतःसमुद्रेनगरींविनिर्मायकुशस्थलीं॥आस्थितोऽभुंक्तविषयानानर्त्तादीनरिंदम॥२८॥[illegible] तंजज्ञेककुद्मिज्ज्येष्ठमुत्तमं॥ककुद्मीरेवतींकन्यां[illegible]मादायविभुंगतः॥२९॥ कन्यावरंपरिप्रष्टुंब्रह्मलोकमपावृतं॥आवर्त्तमानेगांधर्वेस्थितोऽल ब्धक्षणःक्षणं ॥३०॥ तदंतआद्यमानम्यस्वाभिप्रायंन्यवेदयत् ॥तच्छ्रुत्वाभगवान्ब्रह्माप्र[illegible]स्यतमुवाचह ॥३१॥ अहोराजन्निरुद्धास्तेकालेनहृ

છે." ॥૨૧॥ એ પ્રમાણે બોલતા પિતાને, નિર્મળ હસતાં તેણે કહ્યું કે, હે પિતા, આ તમારા જમાઇ એનાએજ ચ્યવન રૂષિ છે." ॥૨૨॥ પછી તેમને જુવાની તથા રૂપ મળેલાની સઘળી વાત, તેણે પિતાને કહી દેખાડી; ત્યારે વિસ્મય પામીને તે બહુ પ્રીતિથી પુત્રીને ભેટયો. ॥૨૩॥ પછી ચ્યવન રૂષિએ, એ શર્યાતિ રાજાને યજ્ઞ કરાવીને અશ્વિનિકુમારોને સોમ રસનો ભાગ મળતો નહીં હતો છતાં; પોતાના પ્રભાવ વડે, તેમને સોમ રસનો ભાગ પામનારા કરયા. ॥૨૪॥ એથી તુરતજ ક્રોધ પામી ઇંદ્ર, ચ્યવન રૂષિને મારવાને વજ્ર ઉપાડતાં; ચ્યવન રૂષિએ તેનો હાથ વજ્ર સહિતજ, અદ્ધર થંભાવી દીધો હતો. ॥૨૫॥ વૈદ્યો હોવાથી પૂર્વે સોમરસના ભાગમાંથી બાતલ કરેલા, અશ્વિનિકુમારોને, ભાગ આપવાનું ત્યારેજ દેવતાઓએ કબુલ કર્યું છે. ॥૨૬॥ એ શર્યાતિ રાજાને ઉત્તાનબર્હિ–આનર્ત–અને ભૂરિષેણ, એવા ત્રણ પુત્રો થયા હતા; અને આનર્તનો રેવત થયો હતો. ॥૨૭॥ હે રાજા, એ રેવતે સમુદ્રની અંદર કુશસ્થળી નામની નગરી વસાવી હતી. અને ત્યાં રહીને તે, આનર્ત (ઓખા મંડળ) દેશનું રાજ્ય કરતો હતો. ॥૨૮॥ તેને થયેલા સો પુત્રોમાં કકુદ્મી શ્રેષ્ઠ અને મોટો હતો. તે પોતાની રેવતી નામની કન્યાને સાથે લઇને, બ્રહ્માની પાસે ગયો હતો. ॥૨૯॥ એ કન્યાનો વર કોને કરવો, તે પૂછવા સારૂં, બ્રહ્મલોકમાં ગયેલા તેને; એ સ્થળે ગાયન ચાલવાના કારણથી અવકાશ ન મળતાં, જરાવાર બેસવું પડયું. ॥૩૦॥ પછી ગાયન પૂરૂં થઇ રહેતાં તેણે બ્રહ્માને નમસ્કાર કરીને, પોતાનો અભિપ્રાય જણાવ્યો; ત્યારે બ્રહ્મા હસીને બોલ્યા કે. ॥૩૧॥ "હે રાજા, તારા મનમાં જેમને માટે ધારેલા હતા, તે સઘળાએ તો; તેમના પુત્ર–પૌત્ર–તેઓના છોકરા–અને ગોત્રજો સુદ્ધાં, આટલી વારમાં તો નાશ પામી ગયા છે; કારણ એટલામાં યુગની સત્તાવિસ ચોકડી થઇ ગઇ છે. માટે હે રાજા તમે પાછા જાઓ, અને પવિત્ર શ્રવણ કીર્તનવાળા–મોટા યશવાળા–અને પ્રાણી માત્રનું પાલન કરનારા, દેવનાદેવ ભગવાન સંકર્ષણ; પૃથ્વીનો ભાર ઉતારવાને માટે, પોતાના અંશવડે અવતરેલા છે; તેમને તમારી

"રત્ન જેવી કન્યા, બીજાં રત્નો સહિત આપો." એ રીતે બ્રહ્માએ કહેવાથી, તે રાજા બ્રહ્માને નમસ્કાર કરીને, પાછો પોતાના શહેરમાં આવ્યો. ॥૩૨-૩૩-૩૪-૩૫॥ અને જોયું તો, પોતાના ભાઈઓ આદિક, યક્ષોના ભયથી, તે શહેરને છોડીને દિશાઓમાં નાસી ગયેલાનું જણાયું; તેથી ખાંપણ વિનાનાં અંગોવાળી પોતાની કન્યા, એ મોટા બળવાળા બળદેવજીને આપીને, તે કકુદ્મી રાજા, તપ કરવા માટે બદરીનાથ નામના નારાયણના આશ્રમમાં ચાલ્યો ગયો. ॥૩૬॥ ઇતિશ્રી૦ ભા૦ નવમા સ્કંધનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ. ॥૩॥

અધ્યાય ૪ થો–શ્રીશુક–શ્રાદ્ધદેવ મનુના પુત્ર નભગનો સહુથી નાનો પુત્ર નાભાગ, વિદ્વાન હતો. તે બ્રહ્મચર્ય પાળી ગુરૂને ઘેર અભ્યાસ કરતો હતો; ત્યારે તે નૈષ્ઠિક બ્રહ્મચારી રેહેવાનું જાણી, બીજા ભાઈઓએ બાપની મિલકત વેહેંચી લીધી હતી; પણ પછીથી જ્યારે તે પાછો આવ્યો, ત્યારે ભાઈઓને કહ્યું કે, "તમે મારા ભાગ માટે વધાર વેહેંચેલું શું રાખ્યું છે. ત્યારે તેઓ બોલ્યા કે," તારા ભાગમાં પિતાને રાખેલા છે. "એટલે તેણે પિતા પાસે જઈને એ પ્રમાણે જણાવ્યું. તેથી પિતાએ તેને કહ્યું કે, "તું ભાઈઓના એ બોલવાને સાચું માનીશ નહીં." ॥૧-૨॥ તોપણ પછીથી પિતાએ નાભાગને કહ્યું કે, હાલમાં આંગિરા કુળના આમ બુદ્ધિમાન બ્રાહ્મણોએ, સત્ર આરંભેલો છે; ને તેઓ વિદ્વાન છતાં છઠે દિવસે કરવાના કર્મમાં, ભૂલ કરેછે; માટે તેમની પાસે જઈને તું વિશ્વ દેવતાનાં, મારાં કહેલાં આ બે સુક્ત કહેજે. તેથી તેમની ભૂલ મટી જશે. અને તેઓ સત્ર પુરો કરી રહેશે, તે યજ્ઞમાં શેષ રહેલું તમામ, તને આપીને સ્વર્ગમાં જશે. માટે તું ત્યાં જા " એમ કહેવાથી તેણે ત્યાં જઈને, તે પ્રમાણે કરયું. અને તે બ્રાહ્મણો, શેષ રહેલું, તેને આપીને; સ્વર્ગમાં ગયા. ॥૩-૪-૫॥ પછી એ ધન નાભાગ લેવા લાગતાં; ઉત્તર દિશામાંથી આવેલા કાળા રંગના એક પુરૂષે કહ્યું કે; "આ યજ્ઞ ભૂમિમાં શેષ રહેલી મિલકત તો મારી છે." ॥૬॥ ત્યારે નાભાગે કહ્યું કે; "મને એનો રૂષિઓએ આપેલું છે." ત્યારે તે કાળા રંગના પુરૂષે કહ્યું કે; "એ બાબત તું તારા બાપને પૂછી જો."

दिपेकृता:॥तत्पुत्रपौत्रनप्तृणांगोत्राणिचनशृण्महे ॥३२॥ कालोभियातस्त्रिणवचतुर्युगविकल्पितः॥तद्गच्छदेवदेवांशोबलदेवोमहाबलः॥३३
कन्यारत्नमिदंराजन्नररत्नायदेहिभो ॥ भुवोभारावतारायभगवान्भूतभावनः॥३४॥ अवतीर्णोनिजांशेनपुण्यश्रवणकीर्तनः॥इत्यादिष्टोऽभि
वंद्याजंनृपःस्वपुरमागतः ॥३५॥ त्यक्तंपुण्यजनत्रासाद्भ्रातृभिर्दिक्ष्ववस्थितैः॥सुतांदत्वाऽनवद्यांगींबलायबलशालिने॥बदर्याख्यंगतोराजा
तप्तुंनारायणाश्रमं॥३६॥ इ०भा०म०न०तृतीयोऽध्यायः॥३॥ श्रीशुक०नाभागोनभगापत्यंयंततंभ्रातरःकविं॥यविष्ठंव्यभजन्दायंब्रह्मचा
रिणमागतं॥१॥ भ्रातरोऽभक्तकिंमह्यंभजामपितरंतव॥त्वांममार्यास्तताभांक्षुर्मापुत्रकतदादृथाः ॥२॥ इमेआंगिरसःसत्रमासतेऽद्यसुमेधसः
॥षष्ठंषष्ठमुपेत्याहःकवेमुह्यंतिकर्मणि ॥३॥ तांस्त्वंशंसयसूक्तेद्वेवैश्वदेवेमहात्मनः॥तेस्वर्यंतोधनंसत्रपरिशेषितमात्मनः॥४॥ दास्यंत्यथततो
गच्छतथासकृतवान्यथा॥तस्मैदत्वाययुःस्वर्गंतेसत्रपरिशेषितं ॥५॥ तंकश्चित्स्वीकरिष्यंतंपुरुषःकृष्णदर्शनः॥उवाचोत्तरतोभ्येत्यममेदंवास्तु
कंवसु॥६॥ ममेदंमृषिभिर्दत्तमितितर्हिस्ममानवः॥स्यान्नौतेपितरिप्रश्नःपृष्टवान्पितरंतथा॥७॥ यज्ञवास्तुगतंसर्वमुच्छिष्टमृषयःक्वचित्॥चक्रुर्हि
भागंरुद्रायसदेवःसर्वमर्हति॥८॥नाभागस्तंप्रणम्याहतवेशाकिलवास्तुकं॥इत्याहमेपिताब्रह्मञ्छिरसात्वांप्रसादये ॥९॥ यत्तेपितावदद्धर्मंत्वंतु
सत्यंप्रभाषसे॥ददामितेमंत्रदृशोज्ञानंब्रह्मसनातनं ॥१०॥ गृहाणद्रविणंदत्तंमत्सत्रेपरिशेषितं॥इत्युक्त्वांतर्हितोरुद्रोभगवान्भक्तवत्सलः ॥११
यएतत्संस्मरेत्प्रातःसायंचसुसमाहितः॥कविर्भवतिमंत्रज्ञोगतिंचैवतथात्मनः ॥१२॥ नाभागादंबरीषोभून्महाभागवतःकृती॥नास्पृशद्ब्रह्म
शापोपियंनप्रतिहतःक्वचित् ॥१३॥ राजा०भगवन्श्रोतुमिच्छामिराजर्षेस्तस्यधीमतः॥नप्राभूद्यत्रनिर्मुक्तोब्रह्मदंडोदुरत्ययः॥१४॥ श्रीशुक०
अंबरीषोमहाभागःसप्तद्वीपवतींमहीं॥अव्ययांचश्रियंलब्ध्वाविभवंचातुलंभुवि॥१५॥ मेनेऽतिदुर्लभंपुंसांसर्वंतत्स्वप्नसंस्तुतं॥विद्वान्विभवनि
र्वाणंतमोविशतियत्पुमान् ॥१६॥ वासुदेवेभगवतितद्भक्तेषुचसाधुषु॥प्राप्तोभावंपरंविश्वंयेनेदंलोष्ठवत्स्मृतं ॥१७॥ सवैमनःकृष्णपदारविंद

તેથી નાભાગે પોતાના બાપને પૂછતાં તેણે કહ્યું કે; યજ્ઞ ભૂમિમાં રૂષિઓ યજ્ઞ કરી જે કાંઇ પડયું રેહે, તે સર્વ રૂદ્રનો ભાગ છે. માટે એ સર્વ લેવાને તો, એ દેવજ યોગ્ય છે." ॥૭-૮॥ પછી નાભાગે આવી તેમને પ્રણામ કરયા, અને કહ્યું કે; હે બ્રાહ્મણ, યજ્ઞ ભૂમિમાં પડી રહેલી મિલકતના માલેક, તમે હોવાનું, મારો પિતા કહેછે. માટે આપને માથાવડે નમસ્કાર કરીને, હું ક્ષમા માગું છું. ॥૯॥ એ રીતે કહેવાથી તે કાળા રંગના પુરૂષ રૂદ્ર બોલ્યા કે; "તારો પિતા ધર્મ પ્રમાણે બોલે છે, અને તું પણ સાચુંજ કહેછે; માટે તું મંત્રોને જાણનારાને, હું સનાતન બ્રહ્મનું જ્ઞાન આપુંછું. ॥૧૦॥ અને મારા આપવાથી, આ યજ્ઞના શેષ રહેલા ધનને પણ, તુંજ લે; એમ કહીને તે સત્ય ઉપર પ્રીતિ રાખનારા રૂદ્ર દેવ, અંતરધ્યાન થયા. ॥૧૧॥ આ આખ્યાનનું સવાર સાંજ ધ્યાન કરનારો, મંત્રને જાણનારો અને વિદ્વાન થાય, તથા આત્મ સ્વરૂપના જ્ઞાન રૂપ ગતિ પામે. ॥૧૨॥ એ નાભાગના પુત્ર અંબરીષ મહા ભગવતી અને પુણ્યવાન રાજા થયા હતા; જેને, કદી પાછો ન પડે એવો બ્રાહ્મણનો શ્રાપપણ, સ્પર્શ કરી શક્યો નહતો. ॥૧૩॥ રાજા–હે શુકદેવજી, જેને, મટાડયો મટે નહીં એવો બ્રહ્મદંડ પણ, સ્પર્શ નકરી શક્યો; તે બુદ્ધિમાન અંબરીષ રાજાનું ચરિત્ર સાંભળવાને હું ઇચ્છુંછું. ॥૧૪॥–શ્રીશુક–એ મોટા ભાગ્યવાન અંબરીષ રાજાને, સાતે દ્વીપવાળી પૃથ્વી–અવિનાશી લક્ષ્મી–અને બીજાને નમળે એવા વૈભવો મળેલા હતા. ॥૧૫॥ પણ એ સર્વ નાશ પામનારજ છે, અને પુરૂષને તે થકીજ, નરકમાં પડવું પડે છે; એમ જાણનારા તે; બીજાઓને માટે એ અતિ દુર્લભ પદાર્થોને; સ્વપ્નાના સુખની સમાન, મિથ્યા માનતા હતા. ॥૧૬॥ અને વાસુદેવ ભગવાન તથા તેમના ભક્તો અને સાધુઓ વિગેરેને વિશે, પરમાત્માના ભાવને પામવાથી; તે રાજા, આખા જગતના સુખ ભોગાદિકના પદાર્થોને; લોઢા સમાન અતિ તુચ્છ ગણતા હતા. ॥૧૭॥ તથા તે રાજા, પોતાનું મન, કૃષ્ણભગવાનના ચરણારવિંદમાં રાખતા હતા, વાણી, વૈકુંઠ ભગવાનના ગુણોનું વર્ણન કરવા સંબંધમાંજ બોલતા હતા, હાથનો ઉપયોગ ભગવાનના મંદિર આદિ સાફ કરવાને માટેજ કરતા હતા, કાન વડે અચ્યુત ભગવાનની સત્કથાના ઉદયનેજ સાંભળતા હતા. ॥૧૮॥ આંખો વડે મુકુંદ ભગવાનનાં સ્વરૂપોને અને સ્થાનોનેજ જોતા હતા, ભગવાનના ભક્તોનાં શરીરોનો સ્પર્શ કરવામાંજ, પોતાના અંગોનો ઉપયોગ કરતા હતા; નાશકી, ભગવાનના

ચરણ કમળથી, શોભાવાળી થયેલી તુળસીનોજ સુગંધ લેતા હતા; તથા જીભથકી, ભગવાનને અર્પણ કરાયલા પદાર્થોનોજ, સ્વાદ લેતા હતા. ॥૧૯॥ પગવડે હરિભગવાનનાં ક્ષેત્રો અને સ્થાનોમાંજ જતા હતા; માથાનો ઉપયોગ, હૃષીકેશ ભગવાનના ચરણમાં નમસ્કાર કરવા માટેજ કરતા હતા; અને દેહાદિકનાં સુખ ભોગાદિકને માટે, ભોગ્ય પદાર્થોનો ઉપયોગ નહી કરતાં, જે થકી ઉત્તમ શ્લોક ભગવાનના ભક્તોનો આશ્રય કરવામાં પ્રીતિ થાય; તે રીતે તેમનું દાસપણું કરવામાંજ, તે પદાર્થોનો ઉપયોગ કરતા હતા. ॥૨૦॥ એ રીતે અંબરીશ રાજા, પોતાનાં સર્વ કર્મો, હમેશાંજ, પરમાત્મા—અધિયજ્ઞ—અને અધોક્ષજ ભગવાનને; સર્વાત્મ ભાવથી અર્પણ કરીને; તથા ભગવાનમાં નિષ્ઠ રાખનાર બ્રાહ્મણોની આજ્ઞાને અનુસરીનેજ; આ પૃથ્વીનું રાજ્ય કરતા હતા. ॥૨૧॥ તેમણે સરસ્વતિના કાંઠાના દેશમાં, વસિષ્ટ—અસિત—અને ગૌતમ વિગેરે ઋષિઓની પાસે, ઘણી ઉંચી જાતના સરસામાન તથા પુષ્કળ દક્ષિણાવાળા અશ્વમેધ યજ્ઞો, અંગો સહિત કરીને યજ્ઞ પુરૂષ ભગવાનનું; પૂજન કર્યું હતું. ॥૨૨॥ તેમના યજ્ઞોમાં સભાસદો—ઋત્વિજો—અને લોકો, સારાં વસ્ત્ર અને ઘરેણાં વિગેરેથી દેવતાઓના જેવા, રૂપાળા તથા નિમેશ રહિત થયેલા જણાતા હતા. ॥ ૨૩ ॥ અને ઉત્તમ શ્લોક ભગવાનનાં ચરિત્રોનું શ્રવણ-કીર્તન કરતી તેમની પ્રજા; દેવતાઓને વહાલા સ્વર્ગની પણ, ઇચ્છા કરતી ન હતી. ॥૨૪॥ કેમકે એ, મુકુંદ ભગવાનને હૃદયમાં જોનારા, અને આત્મ સ્વરૂપના લાભ વડે આનંદ પામેલા તે લોકોને; સિદ્ધ લોકોને પણ મળવાને દુર્લભ, એવાં સુખ ભોગાદિક, એની મેળેજ પ્રાપ્ત થતાં હતાં. ॥૨૫॥ આ રીતે ધીમે ધીમે સર્વ સંગનો ત્યાગ કરીને, તે રાજાએ, સ્વધર્માચરણ રૂપ તપ કરવાની સાથે, કરેલા ભક્તિ યોગથી હરિ ભગવાનને પ્રસન્ન કર્યા હતા. ॥૨૬॥ એણે, ઘર—સ્ત્રીઓ—પુત્રો—બંધુઓ; હાથી—ઘોડાં—રથ વિગેરે ઉ-

योर्वचांसिवैकुंठगुणानुवर्णने॥ करौहरेर्मंदिरमार्जनादिषुश्रुतिंचकाराच्युतसत्कथोदये॥१८॥ मुकुंदलिंगालयदर्शनेदृशौतद्भृत्यगात्रस्पर्शेंग
संगं॥घ्राणंचतत्पादसरोजसौरभेश्रीमत्तुलस्यारसनांतदर्पिते॥१९॥ पादौहरेःक्षेत्रपदानुसर्पणेशिरोहृषीकेशपदाभिवंदने॥कामंचदास्येनतु
कामकाम्ययायथोत्तमश्लोकजनाश्रयारतिः॥२०॥ एवंसदाकर्मकलापमात्मनःपरेऽधियज्ञेभगवत्यधोऽक्षजे॥ सर्वात्मभावंविदधन्महीमिमां
तन्निष्ठविप्राभिहितःशशासह॥२१॥ईजेऽश्वमेधैरधियज्ञमीश्वरंमहाविभूत्योपचितांगदक्षिणैः॥ततैर्वसिष्ठासितगौतमादिभिर्धन्वन्यभिस्रोत
मसौसरस्वतीं॥२२॥ यस्यक्रतुषुगीर्वाणैःसदस्याऋत्विजोजनाः॥तुल्यरूपाश्चानिमिषाव्यदृश्यंतसुवाससः॥२३॥ स्वर्गोनप्रार्थितोयस्यम
नुजैरमरप्रियः॥शृण्वद्भिरुपगायद्भिरुत्तमश्लोकचेष्टितं॥२४॥ समर्द्धयंतितान्कामाःस्वाराज्यपरिभाविताः॥दुर्लभानपिसिद्धानांमुकुंदंहृदिपश्य
तः॥२५॥ सइत्थंभक्तियोगेनतपोयुक्तेनपार्थिवः॥स्वधर्मेणहरिंप्रीणन्संगान्सर्वान्शनैर्जहौ॥२६॥ गृहेषुदारेषुसुतेषुबंधुषुद्विपोत्तमस्यंदनवाजि
पत्तिषु॥अक्षय्यरत्नाभरणायुधादिष्वनंतकोशेष्वकरोदसन्मतिं॥२७॥तस्माअदाद्धरिश्चक्रंप्रत्यनीकभयावहं॥एकांतभक्तिभावेनप्रीतोभृत्या
भिरक्षणं॥२८॥ आरिराधयिषुःकृष्णंमहिष्यातुल्यशीलया॥युक्तःसांवत्सरंवीरोदधारद्वादशीव्रतं॥२९॥ व्रतांतेकार्तिकेमासित्रिरात्रंसमुपो
षितः॥स्नातःकदाचित्कालिंद्यांहरिंमधुवनेऽर्चयत्॥३०॥ महाभिषेकविधिनासर्वोपस्करसंपदा॥अभिषिच्यांबराकल्पैर्गंधमाल्यार्हणादिभिः
॥३१॥तद्गतांतरभावेनपूजयामासकेशवं॥ब्राह्मणांश्चमहाभागान्सिद्धार्थानपिभक्तितः॥३२॥ गवांरुक्मविषाणीनांरूप्यांघ्रीणांसुवाससां॥प
यःशीलवयोरूपवत्सोपस्करसंपदां॥३३॥ प्राहिणोत्साधुविप्रेभ्योगृहेषुन्यर्बुदानिषट्॥भोजयित्वाद्विजानग्रेस्वाद्वन्नंगुणवत्तमं॥३४॥ लब्धका
मैरनुज्ञातःपारणायोपचक्रमे॥तस्यतर्ह्यतिथिःसाक्षाद्दुर्वासाभगवानभूत्॥३५॥ तमानर्चातिथिंभूपःप्रत्युत्थानासनार्हणैः॥ययाचेऽभ्यवहारा
यपादमूलमुपागतः॥३६॥ प्रतिनंद्यसतद्याच्ञांकर्तुमावश्यकंगतः॥निममज्जबृहद्ध्यायन्कालिंदीसलिलेशुभे॥३७॥मुहूर्तार्द्धावशिष्टायांद्वाद
श्यांपारणंप्रति॥चिंतयामासधर्मज्ञोद्विजैस्तद्धर्मसंकट॥३८॥ ब्राह्मणातिक्रमेदोषोद्वादश्यांयदपारणे॥यत्कृत्वासाधुमेभूयादधर्मोवानमांस्पृशे

ત્તમ વાહનો; અને જેમાં રત્ન ઘરેણાં, તથા આયુધો અખૂટ હતાં, તેવા અનેક ખજાનાઓ; એ સર્વને મિથ્યા હોવાનીજ બુદ્ધિ કરી હતી. ॥૨૭॥ તેથી એ રીતના એકાંતિક ભક્તિભાવથી પ્રસન્ન થયેલા; હરિભગવાને, એ પોતાના દાસ અંબરીશ રાજાનું રક્ષણ કરવાને માટે, પોતાનું, દુશ્મનોની સેનાને ભય ઉત્પન્ન કરનારૂં સુદર્શન ચક્ર, ત્યાં મુકેલું હતું. ॥૨૮॥ અંબરીશ રાજાએ પોતાના જેવાંજ શીળવાળી સ્ત્રીની સાથે ભગવાનનું આરાધન કરવાની ઇચ્છાથી, એક વરસનું દ્વાદશીનું વ્રત, ધારણ કર્યું હતું. ॥૨૯॥ તેથી એ વ્રતને અંતે કારતક માસમાં એક વખતે ત્રણ રાતના અપવાસ કરીને, જમુનાજીમાં સ્નાન કરી, મધુવનમાં હરિભગવાનનું પૂજન કર્યું હતું. ॥૩૦॥ અને વસ્ત્ર—ઘરેણાં—ગંધ—ફુલના હાર અને પૂજનના પદાર્થો આદિ સર્વ સામાનવાળી સંપત્તિઓથી મહા અભિષેકના વિધિથી, કેશવ ભગવાનનો અભિષેક કરીને, ભક્તિ ભાવથી ભગવાનનું અને મહા ભાગ્યશાળી સિદ્ધાર્થ થયેલા બ્રાહ્મણોનું પણ, તેમના અંતરમાં ભગવાન રહેલા હોવાના ભાવથી; તેમણે પૂજન કર્યું હતું. ॥૩૧-૩૨॥ અને તે સમયે સોનાની શિંગડીઓવાળી-રૂપાની ખરીઓ વાળી-સારાં વસ્ત્ર ઓઢાડેલી—અને દૂધ, શીળ, વય, રૂપ, તથા વાછરડાં વિગેરે સર્વે સારી સંપત્તિઓ વાળી—છ અર્બુદ ગાયો, તેણે સાધુ બ્રાહ્મણોને ઘેર મોકલી દીધી હતી; તથા ઘણા ગુણો વાળા સ્વાદિષ્ટ અન્નથી બ્રાહ્મણોને જમાડીને, તે ઇચ્છિત પદાર્થો પામેલા બ્રાહ્મણોની આજ્ઞાથી. પોતે પારણું કરવાનું મન કર્યું હતું. તે કાળે ભગવાન દુર્વાસા ઋષિ, તેના સાક્ષાત અતિથિ રૂપે પ્રાપ્ત થયા. ॥૩૩-૩૪-૩૫॥ ત્યારે રાજાએ ઉઠી સામાં જઇને, તેમને આસન આપ્યું; અને પૂજનના પદાર્થોવડે, તેમનું અતિથિ પૂજન કર્યું; તથા ચરણમાં માથું મૂકીને ભોજન કરવાની પ્રાર્થના કરી. ॥ ૩૬ ॥ તેથી તેની પ્રાર્થનાનો સ્વીકાર કરીને, નાહાવાને માટે ગયેલા તે ઋષિ, જમુનાજીના પવિત્ર જળમાં મોટું ધ્યાન કરવા લાગ્યા. ॥૩૭॥ અને રાજાને બારસની અંદર પારણું કરવામાં માત્ર બે ઘડીજ બાકી રહેવાથી, તેણે એ ધર્મશંકા બદલ, ધર્મ જાણનારા બ્રાહ્મણોને પૂછયું કે, ॥૩૮॥ "બ્રાહ્મણનું અતિક્રમણ

ધાયતો દોષ લાગે, અને દ્વાદશીમાં પારણું ન થાય તો, તે પણ દોષ લાગે; માટે જેથી મારૂં ભલું થાય, અને અધર્મ મને સ્પર્શ ન કરે, તેમ કરો." ॥૩૯॥ ત્યારે બ્રાહ્મણોએ કહ્યું કે, "પાણીનું ભક્ષણ કરવા થકી; નહીં જમેલાનું અને જમેલાનું, બંને વાનાં થવાનું કહેવાય છે; માટે એટલા પાણીથકીજ વ્રતનું પારણું કરો." ॥૪૦॥ તેથી એ અંબરીષરાજાએ, મનમાં અચ્યુત ભગવાનનું ચિંતવન કરીને; જળનું પ્રાશન કરીને પારણું કર્યું. અને દુર્વાસાને આવવાની તે વાટ જોવા લાગ્યો. ॥૪૧॥ પછી યમુનાજીમાં આવશ્યક કર્મ કરીને, દુર્વાસા આવતાં; તેમનું તેણે સન્માન કર્યું. પણ રાજાએ કરેલાને, તેમણે બુદ્ધિથીજ જાણી લીધું. ॥૪૨॥ અને ભૂખથી તથા ક્રોધથી, ભમરો અને મોઢું વાંકું થયેલા; તથા સર્વ અંગોથી ધ્રુજતા દુર્વાસા મુનિએ, તે હાથ જોડીને સરળપણે ઉભેલા અંબરીષને કહ્યું કે. ॥૪૩॥ "અરે, ક્રુર-લક્ષ્મીથી ઉન્મત્ત થયેલા-વિષ્ણુના અભક્ત-અને ઇશ્વરતાના અભિમાનવાળા; એવા આણે કરેલા ધર્મના આ ઉલ્લંઘનને તો જુઓ. ॥૪૪॥ હું તેને ઘેર આ-વેલા અતિથિને જમવાનું નોતરૂં દીધા પછી, મને જમાડયાવિનાજ જેણે જમી લીધું છે; તેને હું તે કર્મનું ફળ હમણાંજ દેખાડું છું. ॥૪૫॥ એ રીતે ક્રોધથી બળેલા તેમણે બોલતાં, પોતાની જટા ઉકેલી નાંખી; એટલે તે-માંથી પ્રલયકાળના અગ્નિ સરખી એક કૃત્યા ઉત્પન્ન થઇ. ॥૪૬॥ તે કૃત્યા, ઝગઝગતી તરવાર હાથમાં લઇ, પગવડે ધરતીને ધ્રુજાવતી, આવી પડવા લાગતાં; તે રાજા પોતાના સ્થાનથી જરાપણ ચલાયમાન ન થયા. ॥૪૭॥ ત્યારે મહાત્મા પુરૂષ ભગવાને, પોતાના ભક્તનું રક્ષણ કરવાને, પ્રથમથીજ રાખેલા સુદર્શન ચક્રે આવીને; જેમ ક્રોધ પામેલા સાપને અગ્નિ બાળી નાંખે તેમ, તે કૃત્યાને બાળી નાંખી. ॥૪૮॥ એમ પોતાનો પ્રયાસ નિષ્ફળ થયેલો જોઇને, અને ચક્ર પોતાના ઉપર દોડયું આવતું દેખીને; બીન્હેલા દુર્વાસા રૂષિ, પ્રાણ બચવાની ઇચ્છાથી, દિશાઓમાં ભાગવા લાગ્યા. ॥૪૯॥ અને આ પ્રમાણે સાપની પાછળ, મોટી જવાળાઓવાળો અગ્નિ દોડવાની પેઠે; એ ચક્રને પોતાની પાછળ દોડતું દેખીને, દુર્વાસા, મેરૂ પર્વતની ગુફામાં પેસી જવા લાગ્યા. ॥૫૦॥ એમ દિશાઓ-આકાશ-પૃથ્વી-પા-

त् ॥३९॥ अंभसाकेवलेनाथकरिष्येव्रतपारणं॥माहुरब्भक्षणंविप्राह्यशितंनाशितंचतत् ॥४०॥ इत्यपःप्राश्यराजर्षिश्चिंतयन्मनसाऽच्युतं॥ प्रत्याचष्टकुरुश्रेष्ठद्विजागमनमेवसः॥४१॥ दुर्वासायमुनाकूलात्कृतावश्यकआगतः॥राज्ञाऽभिनंदितस्तस्यबुबुधेचेष्टितंधिया॥४२॥मन्युना प्रचलद्गात्रोभ्रुकुटीकुटिलाननः॥बुभुक्षितश्चसुतरांकृतांजलिमभाषत॥४३॥अहोअस्यनृशंसस्यश्रियोन्मत्तस्य पश्यत॥धर्मव्यतिक्रमंविष्णोरभक्तस्येशमानिनः॥४४॥ योमामतिथिमायातमातिथ्येननिमंत्र्यच ॥ अदत्वाभुक्तवांस्तस्यसद्यस्तेदर्शयेफलं ॥४५॥ एवंब्रुवाणउत्कृत्यजटांरोषविदीपितः॥ तयासनिर्ममेतस्मैकृत्यांकालानलोपमां॥४६॥ तमापतंतींज्वलतीमसिहस्तांपदाभुवं ॥ वेपयंतींसमुद्वीक्ष्यनचचालपदान्नृपः ॥४७॥ प्राग्दिष्टंभृत्यरक्षायांपुरुषेणमहात्मना॥ ददाहकृत्यांतांचक्रंक्रुद्धाहिमिवपावकः॥४८॥ तदभिद्रवदुद्वीक्ष्यस्वप्रयासंचनिष्फलं॥ दुर्वासादुद्रुवेभीतोदिक्षुप्राणपरीप्सया॥४९॥तमन्वधावद्भगवद्रथांगंदावाग्निरुद्धूतशिखोयथाऽहिं॥तथाऽनुषक्तंसनिरीक्ष्यमाणोगुहांविविक्षुःप्रससारमेरोः॥५०॥ दिशोनभःक्ष्मांविवरान्समुद्रान्लोकान्सपालांस्त्रिदिवंगतःसः॥ यतोयतोधावतितत्रतत्रसुदर्शनंदुष्प्रसहंददर्श ॥५१॥ अलब्धनाथःसयदाकुतश्चित्संत्रस्तचित्तोऽरणमेषमाणः॥ देवंविरिंचंसमगाद्विधातस्त्राह्यात्मयोनेऽजिततेजसोमां ॥५२॥ ब्रह्मा० स्थानंमदीयंसहविश्वमेतत्क्रीडावसानेद्विपरार्द्धसंज्ञे ॥ भ्रूभंगमात्रेणहिसंदिधक्षोःकालात्मनोयस्यतिरोभविष्यति ॥५३॥ अहंभवोदक्षभृगुप्रधानाःप्रजेशभूतेशसुरेशमुख्याः॥सर्वेवयंयन्नियमंप्रपन्नामूर्ध्न्यर्पितंलोकहितंवहामः ॥५४॥प्रत्याख्यातोविरिंचेनविष्णुचक्रोपतापितः॥दुर्वासाःशरणंयातःशर्वंकैलासवासिनं ॥५५॥ श्रीरुद्र०वयंनतातप्रभवामभूम्नियस्मिन्परेऽन्येऽप्यजजीवकोशाः॥ भवंतिकालेनभवंतिहीदृशाःसहस्रशोयत्रवयंभ्रमामः॥५६॥ अहंसनत्कुमारश्चनारदोभगवानजः॥कपिलोऽपांतरतमोदेवलोधर्मआसुरिः॥५७॥ मरीचिप्रमुखाश्चान्येसिद्धेशाःपारदर्शनाः ॥विदामनवयंसर्वेयन्मायांमाययावृताः॥५८॥ तस्यविश्वेश्वरस्येदंशस्त्रंदुर्विषहंहिनः॥तमेवंशरणंयाहिहरिस्तेशंविधास्यति ॥५९॥ ततोनिरा

તાલો-સમુદ્રો-લોકપાલો-લોક પાળનાં સ્થાનો-અને સ્વર્ગ વિગેરે સર્વ સ્થળે જતાં, જ્યાં જ્યાં તે ગયા; ત્યાં, ન સહન થાય એવું સુદર્શન ચક્ર, તેમને દેખાતું હતું. ॥૫૧॥ પછી મનમાં ત્રાસ પામેલા અને શરણ ઇચ્છતા દુર્વાસાને, જ્યારે કોઇ પણ ઠેકાણે કોઇ રક્ષણ કરનાર ન મળ્યો; ત્યારે તે બ્રહ્મા પાસે ગયા. અને કહેવા લાગ્યા કે, "હે આત્મયોનિ, અજિત ભગવાનના ચક્ર થકી તમે મારૂં રક્ષણ કરો." ॥૫૨॥ બ્રહ્મા-બે પરાર્ધ પૂરા થયે, મારા રચિત આ વિશ્વની ક્રિડાના અંત વખતે; બાળી નાંખવાને ઇચ્છતા, એ કાળ સ્વરૂપ ભગવાનની માત્ર ભમર હાલવાથીજ, મારૂં સ્થાન, અને હું સુધાં આખું વિશ્વ નાશ પામે છે; તથા હું-સદાશિવ-દક્ષ-ભૃગુ વગેરે પ્રજાપતિઓ-અને ભૂતપતિઓ તથા મોટા મોટા દેવતાઓ વગેરે સઘળાઓ; આપણ તેના નિયમને પામીને, તે માથે ચઢાવી, લોકના હિતને સારૂં તેનીજ આજ્ઞા પ્રમાણે ચાલીએ છીએ. (અર્થાત ભગવાનના ચક્રથી હું રક્ષણ કરી શકું એમ નથી.) ॥૫૩-૫૪॥ શ્રીશુક-એ રીતે બ્રહ્માએ કહેવાથી, ભગવાનનાં ચક્રથી પરિતાપ પામેલા દુર્વાસા, કૈલાસવાસી સદાશિવને શરણે ગયા. ॥૫૫॥-ત્યારે તે બોલ્યા કે. "હે તાત, જે બીજા સર્વ થકી પર અજન્મા ભગવાનને વિશે; હજારો હજાર જીવકોશ એટલે લિંગશરીરો વખતે વખત ઉત્પન્ન થાયછે, અને નાશ પણ પામી જાય છે; તથા જેમાં આપણે પણ, ભમ્યા કરીએ છીએ; તે મહાત્માને, હું અતિક્રમણ કરી શકું, એમ નથી. ॥૫૬॥ હું-સનત્કુમાર-નારદ-બ્રહ્મા-કપિલ-અપાંતરતમ-દેવળ-ધર્મ-આસુરી-અને મરીચિ વિગેરે બીજા રૂષિઓ, તથા સિદ્ધના ઇશ્વરો; જેઓ સર્વના મનની વાતને જાણનારા છે, તે સર્વે આપણ; એની માયામાં ભુલા પડી જવાથી, એની માયાને (એટલે એ શું અને શા માટે કરે છે, તેને) જાણી શકતા નથી; જેથી એ વિશ્વના ઇશ્વર ભગવાનનું આ શસ્ત્ર, મારાથી પણ સહન થઇ શકે એવું નથી. માટે તમે તે ભગવાનનેજ શરણે જાઓ, એ હરિભગવાનજ તમને શાંતિ આપશે. ॥૫૭-૫૮-૫૯॥ ત્યારે ત્યાંથી પણ નિરાશ થયેલા દુર્વાસા, જ્યાં લક્ષ્મીના નિવાસ રૂપ વૈકુંઠ ભગવાન લક્ષ્મીજીની સાથે રહેલા છે, તે વૈકુંઠ લોકમાં ગયા. ॥૬૦॥ અને અજિત ભગવાનના શસ્ત્ર શુદર્શનના અગ્નિથી બળતા, તથા શરીરે ધ્રુજતા દુર્વાસા ભગવાનના ચરણમાં પડીને, બોલ્યા કે; "હે અચ્યુત-અનંત-સત્પુરૂષોએ ઇચ્છેલા-સમર્થ-અને વિશ્વનું પા-

...ન કરનારા ભગવાન, આપ, હું અપરાધીનું રક્ષણ કરો. ॥૬૧॥ નરકના પ્રાણીઓ પણ, જેના નામનો ઉચ્ચાર કરવાથી, મુક્ત થાય છે; તે આપના મોટા પ્રભાવને નહીં જાણીને, મારાથકી આપના પ્રિય ભક્તનો અપરાધ થયો છે; તો હવે આપ તેના પ્રાયશ્ચિતના ઉપાયનો વિચાર કરો. ॥૬૨॥—**શ્રીભગવાન**—હે બ્રાહ્મણ, હું તો પરતંત્રની પેઠે ભક્તોને આધીનછું, અને જેને ભક્તજન પ્રિય છે એવા હુંનું મન, સાધુ અને ભક્તોએ સ્વાધીન કરી લીધુંછે. ॥૬૩॥ જેઓની પરમગતિ હુંજછું, એવા સાધુ અને ભક્તોને; પડ્યા મૂકીને, હું મારા પોતાના શરીરને, અમર હમેશાં પાસે રહેનારાં લક્ષ્મીજીને પણ, ચહાતો નથી. ॥૬૪॥ જેઓ સ્ત્રી-ઘર-પુત્રો-સંબંધીઓ અને પોતાના પ્રાણ તથા ધનાદિક અને આલોક તથા પરલોક, સર્વેને તજી દેઇને, મારેજ શરણે આવેલા છે; તેમને હું કેવી રીતે તજીશકું ? ॥૬૫॥ એ મારે વિષે મન રાખનારા સાધુ અને સમદૃષ્ટિવાળા મનુષ્યોએ ભક્તિવડે મને; સુપાત્ર સ્ત્રીઓએ સારા પતિઓને વશ કરવાની પેઠેજ; વશ કરી લીધેલો છે. ॥૬૬॥ એ મારી સેવા વડે પૂર્ણ થયેલાઓને, તેમની સેવાના પ્રભાવથી મળતી સાલોક્ય વિગેરે ચાર પ્રકારની મુક્તિને પણ, તેઓ ઇચ્છતા નથી, તો કાળ થકી નાશ પામનાર સ્વર્ગનાં અને આલોકનાં સુખ ભોગાદિકને તો ઇચ્છેજ કેમ. ? ॥૬૭॥ સાધુઓ મારૂં હૃદય છે, અને સાધુઓનું હૃદય હુંછું; તેઓ મારા વિના બીજા કશાને જાણતા નથી, અને હું પણ તેમના શિવાય બીજું કશું જાણતો નથી. ॥૬૮॥ માટે હે વિપ્ર, હું તમને ઉપાય બતાવુંછું, તે સાંભળો; "તમે પોતે જેના ઉપર આ અભિચાર કર્યો છે, તેની પાસેજ તમે જાઓ. ॥૬૯॥ સાધુ પુરૂષોના ઉપર ચલાવેલું બળ, તે બળ વાપરનારાનુંજ અકલ્યાણ કરે છે; તપ અને વિદ્યા એબે વાનાં, બ્રાહ્મણો વિગેરેને કલ્યાણ કરનારાં છે; પણ તે બે વાનાંજ, અવિનયવાળા લોકોને તો, અવળું ફળ ઉત્પન્ન કરના-

शोदुर्वासाःपदंभगवतोययौ॥वैकुंठाख्यंयदध्यास्तेश्रीनिवासःश्रियासह ॥६०॥ संदह्यमानोऽजितशस्त्रवह्निना तत्पादमूलेपतितःसवेपथुः॥
आहाच्युतानंतसदीप्सितप्रभोकृतागसंमाऽवहिविश्वभावन ॥६१॥ अजानतातेपरमानुभावंकृतंमयाऽघंभवतःप्रियाणां॥विधेहितस्यापचि
तिंविधातर्मुच्येत यन्नाम्न्युदितेनारकोपि॥६२॥श्रीभग० अहंभक्तपराधीनोह्यस्वतंत्रइवद्विज॥साधुभिर्ग्रस्तहृदयोभक्तैर्भक्तजनप्रियः ॥६३॥
नाहमात्मानमाशासेमद्भक्तैःसाधुभिर्विना॥ श्रियंचात्यंतिकींब्रह्मन्येषांगतिरहंपरा॥६४॥येदारागारपुत्राप्तान्प्राणान्वित्तमिमंपरं॥हित्वामांश
रणंयाताःकथंतांस्त्यक्तुमुत्सहे ॥६५॥ मयिनिर्बद्धहृदयाःसाधवःसमदर्शनाः॥वशेकुर्वंतिमांभक्त्यासत्स्त्रियःसत्पतिंयथा॥६६॥ मत्सेवयाप्रती
तंचसालोक्यादिचतुष्टयं॥नेच्छंतिसेवयापूर्णाःकुतोऽन्यत्कालविद्रुतं॥६७॥साधवोहृदयंमह्यंसाधूनांहृदयंत्वहं॥मदन्यत्तेनजानंतिनाहंतेभ्यो
मनागपि॥६८॥उपायंकथयिष्यामितवविप्रशृणुष्वतत्॥अयंह्यात्माभिचारस्तेयतस्तंयातुवैभवान्॥६९॥ साधुषुप्रहितंतेजःप्रहर्तुःकुरुतेऽशि
वं॥तपोविद्याचविप्राणांनिःश्रेयसकरेउभे॥तएवदुर्विनीतस्यकल्पेतेकर्तुरन्यथा ॥७०॥ ब्रह्मंस्तद्गच्छभद्रंतेनाभागतनयंनृपं॥क्षमापयमहाभा
गंततःशांतिर्भविष्यति ॥७१॥ इतिश्रीभागवतेमहापुराणेनवमस्कंधेअंबरीषचरितेचतुर्थोऽध्यायः ॥४॥
श्रीशुक० एवंभगवतादिष्टोदुर्वासाश्चक्रतापितः॥ अंबरीषमुपावृत्यतत्पादौदुःखितोग्रहीत् ॥१॥ तस्यसोद्यममनंवीक्ष्यपादस्पर्शविलज्जितः॥
अस्तावीत्तद्धरेरस्त्रंकृपयापीडितोभृशं॥२॥अंबरीष०त्वमग्निर्भगवान्सूर्यस्त्वंसोमोज्योतिषांपतिः॥ त्वमापस्त्वंक्षितिर्व्योमवायुर्मात्रेंद्रियाणि
च॥३॥ सुदर्शननमस्तुभ्यंसहस्राराच्युतप्रिय ॥ सर्वास्त्रघातिन्विप्रायस्वस्तिभूयाइडस्पते ॥४॥ त्वंधर्मस्त्वमृतंसत्यंत्वंयज्ञोऽखिलयज्ञभुक्॥
त्वंलोकपालःसर्वात्मात्वंतेजःपौरुषंपरं॥५॥ नमःसुनाभाखिलधर्मसेतवेह्यधर्मशीलासुरधूमकेतवे॥ त्रैलोक्यगोपायविशुद्धवर्चसेमनोजवाया
द्भुतकर्मणेगृणे ॥६॥ त्वत्तेजसाधर्ममयेनसंहृतंतमःप्रकाशश्चधृतोमहात्मनां॥ दुरत्ययस्तेमहिमागिरांपतेत्वद्रूपमेतत्सदसत्परावरं॥७॥ यदा
विसृष्टस्त्वमनंजनेनवैबलंप्रविष्टोऽजितदैत्यदानवं॥ बाहूदरोर्वंघ्रिशिरोधराणिवृश्चन्नजस्रंप्रधनेविराजसे ॥८॥ सत्वंजगत्त्राणखलप्रहाणयेनि

રાંજ થાય છે. ॥૭૦॥ માટે હે બ્રાહ્મણ, નાભાગના દીકરા અંબરીશરાજા પાસે જવાથીજ તમારૂં ભલું થશે; અને તે મહા ભાગ્યશાળી, તમને ક્ષમા કરશે; ત્યારેજ તમને શાંતિ પ્રાપ્ત થશે. ॥૭૧॥ ઇતિશ્રીમદ્ ભાગવતે નવમા સ્કંધનો ચોથો અધ્યાય સંપૂર્ણ. ॥ ૪ ॥

અધ્યાય ૫ મો.—**શ્રીશુક**—આ રીતે ભગવાને સમજાવવાથી, સુદર્શન ચક્રથી પરિતાપ પામીને દુખી થયેલા દુર્વાસા, અંબરીશરાજાની પાસે પાછા ગયા; અને તેમણે તેના પગ ઝાલ્યા. ॥૧॥ દુર્વાસાનો એ ઉદ્યમ જોઇને, પગના સ્પર્શથી લજાયલા; અને દયાથી ઘણા પીડાયલા, અંબરીશરાજાએ; હરિભગવાનના એ અસ્ત્ર (સુદર્શન) ની સ્તુતિ કરી કે. ॥૨॥ "હે ભગવાન સુદર્શન, તમેજ અગ્નિછો; સૂર્યછો; નક્ષત્રોના સ્વામી ચંદ્ર છો; જળછો; પૃથ્વી છો; આકાશ છો; વાયુ છો; તન્માત્રાઓ છો; અને ઇંદ્રિયો રૂપે પણ તમેજ છો. ॥૩॥ હે સુદર્શન, હજારો ધારાવાળા, અચ્યુત ભગવાનને પ્રિય, સર્વ અસ્ત્રોનો નાશ કરનાર, અને જગતના સ્વામી; તું બ્રાહ્મણનું ભલું કરનાર થજે. ॥૪॥ તુંજ ધર્મ રૂપે છે, અમૃત અને સત્યરૂપે પણ તુંજ છે, સર્વ યજ્ઞોને ભોગવનાર યજ્ઞસ્વરૂપે પણ તુંજ છે, સર્વ લોકપાળરૂપે, અને સર્વના આત્મારૂપે, તથા પરમપુરૂષ ભગવાનના તેજ, એટલે બળ રૂપે પણ, તુંજ છે. ॥૫॥ હે સુનાભ એટલે સુદર્શન ચક્ર, સર્વ ધર્મની મર્યાદારૂપ, અધર્મના આચરણ વાળા અસુરોનો નાશ કરનાર, ત્રણે લોકનું રક્ષણ કરનાર, અતિ શુદ્ધ પ્રકાશવાન, મન જેવા વેગવાળા, અને અદ્ભૂત કર્મ કરનાર; તને હું પ્રણામ કરૂંછું. ॥૬॥ તારા ધર્મમય પ્રકાશથીજ તમો ગુણ રૂપ અંધકારનો નાશ થાય છે, હે આ રીતના પ્રકાશને ધારણ કરનાર મહાત્મા, તમારો મહિમા અપાર છે. હે વાણીના પતિ, આ સત્ અને અસત્ તથા પર અને અવર રૂપ આખું જગત, તમારૂંજ સ્વરૂપ છે. ॥૭॥ જ્યારે અનંજન ભગવાન પ્રેરણા કરે છે, ત્યારે અજિત એવું તું, (સુદર્શનચક્ર), દૈત્ય અને દાનવની સેનામાં પ્રવેશ કરીને તેમનાં હાથ, પેટ, સાથળ, પગ, અને ગળાંને નિરંતર કાપતું થકું, ઘણુંજ શોભે છે. ॥૮॥ સર્વ પ્રકારનાં બળવાળા,

ગદાને ધરનારા ભગવાને તને, ખળ પુરૂષોનો નાશ કરવાને, અને જગતનું રક્ષણ કરવાને, આજ્ઞા કરેલ છે; માટે અમારા ઉપર અનુગ્રહ કરીને, અમારા કુળના ભાગ્યથી; આ બ્રાહ્મણનું ભલું થાય, તેમ કરવ. ॥૯॥ જો અમે કાંઇ દાન આપેલ હોય, યજ્ઞાદિક કર્મ કર્યા હોય, અથવા સ્વધર્માચરણ કર્યું હોય, અને અમારા કુળના દૈવત રૂપ બ્રાહ્મણો મનાતા હોય; તો તે સર્વ વડે કરીને પણ, આ બ્રાહ્મણ તાપ રહિત થાઓ. ॥૧૦॥ વળી જો સર્વ ગુણોના આશ્રય અને એકજ એવા ભગવાન, સર્વ પ્રાણી માત્રને પોતા સમાન ગણવા વડે, અમારા ઉપર પ્રસન્ન થયા હોયતો; આ બ્રાહ્મણ તાપ રહિત થાઓ. ॥૧૧॥–શ્રીશુક–આ રીતે અંબરીશરાજાએ સ્તુતિ કરવાથી, દુર્વાસાને ચારે તરફથી બાળતું, વિષ્ણુભગવાનનું ચક્ર રાજાની પ્રાર્થના થકી શાંત થઇ ગયું. ॥૧૨॥ પછી એ ચક્રના અગ્નિના તાપથી મૂકાયલા દુર્વાસા સુખી થઇ, ઘણા આશીર્વાદ આપતા અંબરીશરાજાના વખાણ કરવા લાગ્યા કે. ॥૧૩॥–દુર્વાસા–હે રાજા, અનંત ભગવાનના દાસોનું મહત્વ, મારા જોવામાં આજેજ આવ્યું; તમારો મેં અપરાધ કરયા છતાં પણ, તમે મારા ભલાને માટે, ઘણીજ મેહેનત કરી છે. ॥૧૪॥ સાત્વતશ્રેષ્ઠ હરિ ભગવાનને ગ્રહણ કરનારા સાધુ પુરૂષોથી ન થઇ શકે, એવું કાંઇજ નથી. અને એવા મહાત્મા પુરૂષોને, નહીં ત્યાગ કરવા લાયક, એવું પણ કાંઇજ હોતું નથી. ॥૧૫॥ જે ભગવાનના નામનું માત્ર શ્રવણ થવાથીજ, માણસ નિર્મળ થાય છે; તે તીર્થ પદ ભગવાનના દાસોને વિશે બાકી શું હોય. ॥ ૧૬ ॥ હે રાજા, અતિ દયાળુ સ્વભાવવાળા તમે; મારા અપરાધને પાછળ નાંખીને, મારા પ્રાણનું રક્ષણ કરવાથી, મારા ઉપર અનુગ્રહ કરેલ છે. ॥૧૭॥–શ્રીશુક–તે પછી, તેમના પાછા આવવાનાને જાણીને, નહીં જમેલા તે રાજાએ; દુર્વાસાના ચરણમાં પડી પ્રસન્ન કરીને, તેમને જમાડયા. ॥૧૮॥ એ રીતે અંબરીશ રાજાએ આદર સહિત સર્વ પ્રકારના ઇચ્છિત પદાર્થોથી આતિથ્ય કરીને, સત્કાર કરેલા, અને તૃપ્ત થયેલા, તે ઋષિએ; પછીથી આદર સહિત રાજાને કહ્યું કે; "તમે જમો". ॥૧૯॥ તમે ભગવતીના દર્શન–સ્પર્શ–બોલવું–જમાડવું–અને આત્મ બુદ્ધિ; એઓ થકી હું

रूपितःसर्वसहोगदाभृता॥ विप्रस्यचास्मत्कुलदैवहेतवेविधेहिभद्रंतदनुग्रहोहिनः॥९॥ यद्यस्तिदत्तमिष्टंवास्वधर्मोवास्वनुष्ठितः॥ कुलंनोविप्रदैवंचेद्द्विजोभवतुविज्वरः॥११॥ श्रीशुक०इतिसंस्तुवतोराज्ञोविष्णुचक्रंसुदर्शनं॥ अशाम्यत्सर्वतोविप्रंप्रदहद्राजयाञ्चया॥१२॥ समुक्तोऽस्त्राग्नितापेनदुर्वासाःस्वस्तिमांस्ततः॥ प्रशशंसतमुर्वीशंयुंजानःपरमाशिषः॥१३॥ दुर्वासा०अहोअनंतदासानांमहत्त्वंदृष्टमद्यमे॥कृतागसोऽपियद्राजन्मंगलानिसमीहसे॥१४॥दुष्करःकोनुसाधूनांदुस्त्यजोवामहात्मनां॥ यैःसंगृहीतोभगवान्सात्वतामृषभोहरिः॥१५॥ यन्नामश्रुतिमात्रेणपुमान्भवतिनिर्मलः॥ तस्यतीर्थपदःकिंवादासानामवशिष्यते॥१६॥ राजन्ननुगृहीतोहंत्वयातिकरुणात्मना॥ मदघंपृष्ठतःकृत्वाप्राणायन्मेऽभिरक्षिताः॥१७॥ राजातमकृताहारःप्रत्यागमनकांक्षया॥चरणावुपसंगृह्यप्रसाद्यसमभोजयत्॥१८॥ सोशितादृतमानीतमातिथ्यंसार्वकामिकं॥ तृप्तात्मानृपतिंप्राहभुज्यतामितिसादरं॥१९॥प्रीतोऽस्म्यनुगृहीतोऽस्मितवभागवतस्यवै॥ दर्शनस्पर्शनालापैरातिथ्येनात्ममेधसा॥२०॥ कर्मावदातमेतत्तेगायंतिस्वःस्त्रियोमुहुः॥ कीर्तिंपरमपुण्यांचकीर्तयिष्यतिभूरियं॥२१॥ श्रीशुक० एवंसंकीर्त्यराजानंदुर्वासाःपरितोषितः॥ ययौविहायसामंत्र्यब्रह्मलोकमहैतुकं॥२२॥ संवत्सरोऽत्यगात्तावद्यावतानागतोगतः॥ मुनिस्तद्दर्शनाकांक्षोराजाब्भक्षोबभूवह॥२३॥ गतेचदुर्वाससिसोंऽबरीषोद्विजोपयोगातिपवित्रमाहरत्॥ऋषेर्विमोक्षंव्यसनंचबुद्ध्वामेनेस्ववीर्यंचपरानुभावं॥२४॥ एवंविधानेकगुणःसराजापरात्मनिब्रह्मणिवासुदेवे॥ क्रियाकलापैःसमुवाहभक्तिंययाविरिंचान्निरयांश्चकार॥२५॥ अथांबरीषस्तनयेषुराज्यंसमानशीलेषुविसृज्यधीरः॥ वनंविवेशात्मनिवासुदेवेमनोदधद्ध्वस्तगुणप्रवाहः॥२६॥ इत्येतत्पुण्यमाख्यानमंबरीषस्यभूपतेः॥ संकीर्तयन्ननुध्यायन्भक्तोभगवतोभवेत्॥ इ०भा०म०न०अंबरीषचरितंनामपंचमोऽध्यायः॥५॥ श्रीशुक० विरूपःकेतुमान्शंभुरंबरीषसुतास्त्रयः॥विरूपात्पृषदश्वोऽभूत्तत्पुत्रस्तुरथीतरः॥१॥ रथीतरस्याप्रजस्यभार्यायांतंतवेऽर्थितः॥अंगिराजनयामासब्रह्मवर्चस्विनःसुतान्॥२॥ एतेक्षेत्रेप्रसूता

પ્રસન્ન થયો છું. તથા મારા ઉપર તમારો ઉપકાર થયો છે. ॥૨૦॥ આ તમારા પવિત્ર કર્મને, સ્વર્ગની સ્ત્રીઓ વારંવાર ગાશે; અને તમારી પરમ પવિત્ર કીર્તિનું આ પૃથ્વી ઉપર પણ કીર્તન થશે. ॥૨૧॥ એ પ્રમાણે રાજાને કહીને, સંતોષ પામેલા દુર્વાસા; રાજાની રજા માગી, નિષ્કામ કર્મો કરનારાઓને મળવાના બ્રહ્મલોકમાં ગયા. ॥૨૨॥ એ દુર્વાસા મુનિ, ફરીને પાછા આવતા સુધીમાં એક વરસ વિતી ગયું; ત્યાંસુધી તેમના દર્શનને ઇચ્છતો એ રાજા, માત્ર પાણી પીનેજ રહ્યો હતો. ॥૨૩॥ પછી, એ દુર્વાસાના ગયા કેડે; બ્રાહ્મણના ઉપયોગમાં આવવાથી અતિ પવિત્ર થયેલું અન્ન અંબરીશ રાજા જમ્યા, આ રીતે દુર્વાસાને થયેલું દુઃખ, દુઃખ થકી તેમનું છૂટવું, અને પોતાને ધૈર્ય રહ્યું; એ સઘળું થવામાં પરમાત્મા ભગવાનનો પ્રભાવજ, બળવાન જાણીને; તેમણે એ થકીજ એ સઘળું થયેલાનું માન્યું. ॥૨૪॥ તે રાજા એ પ્રકારની અનેક રીતની જુદી જુદી ક્રિયાઓ વડે, પરબ્રહ્મ–વાસુદેવ–અને પરમાત્મા એવા ભગવાનનીજ ભક્તિ કરતા હતા. કે જે ભક્તિ થકી તેમને, બ્રહ્માના લોક સુધીના તમામ ભોગ્ય પદાર્થો, નરક સમાન જણાયલા હતા. ॥૨૫॥ પછીથી એ ધીર અંબરીશરાજા પોતાના જેવાજ સ્વભાવ વાળા પુત્રોને, રાજ્ય આપીને વનમાં ગયા; અને ગુણોના પ્રવાહ થકી વિરામ પામેલા તેમણે, પોતાનું મન વાસુદેવ ભગવાન પરમાત્માને વિશેજ રાખ્યું. ॥૨૬॥ અંબરીશરાજાના આ પવિત્ર આખ્યાનનું, જે કીર્તન કરે; અથવા ચિંતવન કરે; તે ભગવાનનો ભક્ત થાય. ॥ ૨૭ ॥ ઇતિશ્રી ભાગવતે નવમા સ્કંધનો પાંચમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૫ ॥

અધ્યાય ૬ ઠો.–શ્રીશુક–અંબરીશરાજાના વિરૂપ–કેતુમાન–અને શંભુ, એ ત્રણ પુત્રો થયા. એ વિરૂપનો પૃષદશ્વ અને તેનો રથિતર થયો હતો. ॥૧॥ એ રથિતરને કાંઇ સંતાન નહોતું તેથી તેની માગણી થકી, અંગિરાઋષિએ રથિતરની સ્ત્રીમાં, બ્રહ્મતેજ વાળા પુત્રો ઉત્પન્ન કરયા હતા. ॥૨॥ એ રીતે ક્ષત્રીઓના વંશમાં, તેમના ક્ષેત્રમાં ઉત્પન્ન થયેલા બ્રાહ્મણો, અંગિરા ગોત્રના અને રથિતર પ્રવરના કહેવાય છે. ॥૩॥ શ્રાદ્ધદેવ મનુને છીંક આવવાથી નાકમાંથી ઉત્પન્ન થયેલા પુત્ર, ઇક્ષ્વાકુ કહેવાય છે; તેને સો પુત્રો થયા હતા. તેમાં વિકુક્ષી–નિમિ–અને દંડક એ મુખ્ય હતા. ॥૪॥ તેમાંના પચીસ આર્યાવ્રત એટલે હિમાલય અને વિંધ્યાદ્રી

નીચેના પ્રદેશમાં, પૂર્વ તરફ રાજ્ય કરતા હતા. ને બીજા પચિસ પશ્ચિમ તરફ, અને બાકીના ઉત્તર તથા **દક્ષિણ તરફ** રાજ્ય કરતા હતા. ॥૫॥ એ ઇક્ષ્વાકુએ એક દિવસ, અષ્ટમ શ્રાદ્ધ હોવાથી; પોતાના પુત્ર વિ-**કુક્ષીને કહ્યું** કે "તું ઉતાવળો જઇને પવિત્ર માંસ લેઇ આવ." ॥૬॥ "સારૂં" કહીને વનમાં ગયેલા તેણે, **શ્રાદ્ધવિધિમાં** ઉપયોગ થવા લાયક મૃગોને મારયા; પણ થાકી જવાથી, અને ભુખ્યો થવાથી, સ્મરણ ન રે-**હેતાં; તેણે એક** સસલું ખાધું. અને બાકી રહેલું માંસ બાપની પાસે લાવીને રજુ કરતાં, બાપે તે, ગુરૂને **આપ્યું; અને પ્રોક્ષણ** કરવાનું કહેતાં ગુરૂએ કહ્યું કે, "આ માંસ દુષ્ટ અને કર્મમાં ઉપયોગ થવા જેવું નથી." **॥૭–૮॥** પછી ગુરૂના કહેવાથી, પુત્રના એ કામને જાણીને; ઇક્ષ્વાકુરાજાએ, ક્રોધ કરીને; એ વિધિને તજ-નાર પુત્રને; પોતાના દેશમાંથી બહાર કાઢી મૂકયો. ॥૯॥ અને તે ઇક્ષ્વાકુરાજા વસિષ્ઠની સાથે સંવાદ ક-રીને; અને જાપ કરવા વડે, યોગી બનીને; શરીરને તજીદેઇ પરમાત્માની ગતિને પામી ગયો. ॥૧૦॥ પિતાના મરી જવા પછી વિકુક્ષીએ પાછા આવીને પૃથ્વીનું રાજ્ય કર્યું; અને હરિભગવાનનું યજ્ઞ કરીને, પૂજન કર્યું. તે "શશાદ" એ નામથીજ વિખ્યાત છે. ॥૧૧॥ એ વિકુક્ષીના પુત્ર પુરંજયનાં ઇંદ્રવાહ અને કકુત્સ્થ, એવાં નામો પણ કહેવાય છે; એ નામો જેથી પડયાં, તે એનાં; કામોને સાંભળો. ॥૧૨॥ દેવતાઓને દૈત્યો સાથે, નાશ કારક યુદ્ધ થતાં, દૈત્યોએ હરાવેલા દેવોએ; એ વિકુક્ષીના પુત્રની સહાયતા લીધી હતી. ॥૧૩॥ અને દેવના દેવ વિશ્વાત્મા વિશ્નુ ભગવાનના કહેવાથી, સમર્થ ઇંદ્ર, તેના વાહન માટે; મોટો બળદ થયો હતો. ॥૧૪॥ પછી એ રાજા બખ્તર પહેરી, દિવ્ય ધનુષ્ય અને તીક્ષ્ણ બાણો લેઇને; એ બળદની કાંધ ઉપર બેસીને, યુદ્ધ કરવાને ગયો હતો. ॥૧૫॥ અને પુરૂષ પરમાત્મા વિશ્નુભગવાનના તેજથી, વૃદ્ધિ પામેલા તેણે, દેવતાઓ સ-

वैपुनस्त्वांगिरसाःस्मृताः॥रथीतरणांप्रवराःक्षत्रोपेताद्विजातयः॥३॥क्षुवतस्तुमनोर्जज्ञेइक्ष्वाकुर्घ्राणतःसुतः॥तस्यपुत्रशतज्येष्ठाविकुक्षिनिमि दंडकाः॥४॥ तेषांपुरस्तादभवन्नार्यावर्तेनृपानृप॥ पंचविंशतिःपश्चाच्चत्रयोमध्येपरेऽन्यतः॥५॥ सएकदाऽष्टकाश्राद्धइक्ष्वाकुःसुतमादिशत्॥ मांसमानीयतांमेध्यंविकुक्षेगच्छमाचिरं॥६॥ तथेतिसवनंगत्वामृगान्हत्वाक्रियार्हणान्॥ श्रांतोबुभुक्षितोवीरःशशंचाददपस्मृतिः॥७॥ शेषं निवेदयामासपित्रेतेनचतद्गुरुः॥ चोदितःप्रोक्षणायाहदुष्टमेतदकर्मकं॥८॥ ज्ञात्वापुत्रस्यतत्कर्मगुरुणाऽभिहितंनृपः॥देशान्निःसारयामाससु तंत्यक्तविधिंरुषा॥९॥ सतुविप्रेणसंवादंजापकेनसमाचरन्॥ त्यक्त्वाकलेवरंयोगीसतेनावापयत्परं॥१०॥ पितर्युपरतेऽभ्येत्यविकुक्षिःपृथिवी मिमां॥ शासदीजेहरिंयज्ञैःशशादइतिविश्रुतः॥११॥ पुरंजयस्तस्यसुतइंद्रवाहइतीरितः॥ककुत्स्थइतिचाप्युक्तःश्रृणुनामानिकर्मभिः॥१२ कृतांतआसीत्समरोदेवानांसहदानवैः॥ पार्ष्णिग्राहोवृतोवीरोदेवैर्दैत्यपराजितैः॥१३॥वचनाद्देवदेवस्यविष्णोर्विश्वात्मनःप्रभोः॥वाहनत्वेवृत स्तस्यबभूवेंद्रोमहावृषः॥१४॥ ससंनद्धोधनुर्दिव्यमादायविशिखाञ्शितान्॥ स्तूयमानःसमारुह्ययुयुत्सुःककुदिस्थितः॥१५॥ तेजसाऽप्या यितोविष्णोःपुरुषस्यपरात्मनः॥ प्रतीच्यांदिशिदैत्यानांन्यरुणत्त्रिदशैःपुरं॥१६॥ तैस्तस्यचाभूत्प्रधनंतुमुलंलोमहर्षणं॥यमायभल्लैरनयद्दैत्या न्येऽभियुयुर्मृधे॥१७॥ तस्येषुपाताभिमुखंयुगांताग्निमिवोल्बणं॥ विसृज्यदुद्रुवुर्दैत्याहन्यमानाःस्वमालयं॥१८॥ जित्वापुरंधनंसर्वंसश्रीकंव ज्रपाणये॥ प्रत्ययच्छत्सराजर्षिरितिनामभिराहृतः॥१९॥ पुरंजयस्यपुत्रोऽभूदनेनास्तत्सुतःपृथुः॥ विश्वरंधिस्ततश्चंद्रोयुवनाश्वश्चतत्सुतः॥२० शाबस्तस्तत्सुतोयेनशाबस्तीनिर्ममेपुरी॥ बृहदश्वस्तुशाबस्तिस्ततःकुवलयाश्वकः॥२१॥यःप्रियार्थमुतंकस्यधुंधुनामासुरंबली॥ सुतानामेक विंशत्यासहस्रैरहनद्वृतः॥२२॥धुंधुमारइतिख्यातस्तत्सुतास्तेचजज्वलुः॥धुंधोर्मुखाग्निनासर्वेत्रयएवावशेषिताः॥२३॥ दृढाश्वःकपिलाश्वश्चभ द्राश्वइतिभारत॥ दृढाश्वपुत्रोहर्यश्वोनिकुंभस्तत्सुतःस्मृतः॥२४॥ बर्हणाश्वोनिकुंभस्यकृशाश्वोऽथास्यसेनजित्॥ युवनाश्वोभवत्तस्यसोनप त्योवनंगतः॥२५॥ भार्याशतेननिर्विण्णाऋषयोस्यकृपालवः॥इष्टिंस्मवर्त्तयांचक्रुरैंद्रींतेसुसमाहिताः॥२६॥ राजातद्यज्ञसदनंप्रविष्टोनिशित

હિત પશ્ચિમ દિશામાં જઇને, દૈત્યોના નગરને ઘેરી લીધું હતું. ॥૧૬॥ ત્યાં તેને, તે દૈત્યોની સાથે, રૂવાડાં ઉભાં થાય એવું; તુમુલ યુદ્ધ થયું; અને જે દૈત્યો તેની સામે આવ્યા, તેમને તેણે બાણો વડે, યમલોકમાં મોકલી દીધા. ॥૧૭॥ ત્યારે યુગાંતના અગ્નિ સરખા ભયંકર તેનાં બાણોના પ્રહારથી મારયા જતા દૈત્યો, સામા આવવાનું તજીને, પોતાના મૂળસ્થાન પાતાળ તરફ દોડી ગયા. ॥૧૮॥ તેથી એ રીતે સઘળા ધન સહિત એ લક્ષ્મીવાળું નગર, એ રાજાએ જીતી લેઇને ઇંદ્રને આપવાથી, તેનાં એ નામો કહેવાતાં હતાં. પુરને જીત્યું માટે, પુરંજય; કકુત્સ્થ ઉપર બેઠો માટે, કકુત્સ્થ; અને ઇંદ્રે તેને વહન કર્યો માટે, ઇંદ્રવાહ કહેવાય છે. ॥૧૯॥ એ પુરંજયનો અનેના–તેનો પૃથુ–તેનો વિશ્વરંધી–તેનો ચંદ્ર–તેનો યુવનાશ્વ–અને તેનો શાબસ્ત નામે પુત્ર થયો હતો. એ શાબસ્તે, શાબસ્તી નામની નગરી વસાવી હતી. શાબસ્તીનો બૃહદશ્વ–અને તેનો કુવળયાશ્વ નામે પુત્ર થયો હતો. ॥૨૦–૨૧॥ એ બળવાન કુવળયાશ્વે પોતાના એકવીસ હજાર પુત્રોને સાથે લઇને, ઉ-તંક ઋષિનું પ્રિય કરવાને; ધુંધુ નામના દૈત્યને મારયો હતો. ॥૨૨॥ તેથી તેનું નામ ધુંધુમાર પડયું હતું; અને તે ધુંધુ દૈત્યના મુખમાંથી નીકળેલા અગ્નિથી તેના ત્રણ શિવાયના તમામ દીકરાઓ, બળી મૂવા હતા. ॥૨૩॥ દૃઢાશ્વ–કપિલાશ્વ–અને ભદ્રાશ્વ એ ત્રણજ રહ્યા હતા; એ દૃઢાશ્વનો હર્યશ્વ, અને તેનો નિકુંભ નામે, પુત્ર થયેલાનું કહેવાય છે. ॥૨૪॥ નિકુંભનો બર્હણાશ્વ–તેનો કૃશાશ્વ–તેનો સેનજીત–અને તેનો યુવનાશ્વ નામે પુત્ર થયો હતો, એ યુવનાશ્વ પોતે સંતાન રહિત હોવાથી ખેદ પામીને પોતાની સો સ્ત્રીઓની સાથે વનમાં ગયો હતો; ત્યાં ઋષિઓને તેના ઉપર દયા આવવાથી, તેને પુત્ર થવા સારૂં, તેમણે સારી રીતે સાવધાનપણે ઇંદ્રની ઇષ્ટિ કરાવી હતી. ॥૨૫–૨૬॥ ત્યારે રાજા તરસ્યો થવાથી રાતની વખતે, યજ્ઞના સ્થાનમાં પેઠો; અને બ્રાહ્મણોને ઉંઘતા જોઇને, પોતે પોતાની મેળે, ત્યાંનું મંત્રેલું જળ પીઇ ગયો. ॥૨૭॥ હે પરિક્ષિત, પછીથી જાગેલા બ્રાહ્મણોએ, કળશને પાણી વિનાનો જોઇને પૂછયું કે આ પુત્ર ઉપજે થાય એવું જળ, કોણ પીઇ

ગયું? ॥૨૮॥ જ્યારે તેમણે જાણ્યું કે ઇશ્વરની પ્રેરણાથી, એ જળ રાજાએજ પીધું છે; ત્યારે તેઓ બોલ્યા કે, દૈવનું બળ એજ બળ છે; એમ કહીને તેમણે, ઇશ્વરને નમસ્કાર કર્યા. ॥ ૨૯ ॥ તે પછી સમય પ્રાપ્ત થયેથી, એ યુવનાશ્વ રાજાનું જમણી તરફનું પડખું, ચીરવાથી પુત્ર જન્મ્યો; અને તે ચક્રવર્તી થયો. ॥૩૦॥ પછી ધાવવાને માટે ઘણું રોતો, આ કુમાર કોને ધાવશે; એમ પ્રશ્ન થતાં, તેને તર્જની આંગળી દઈ કહ્યું કે, "હે વત્સ તું રોઈશ નહીં, મને ધાવજે."॥૩૧॥ અને દેવતાઓ તથા બ્રાહ્મણોની પ્રસન્નતાથી, તેનો બાપ યુવનાશ્વ પણ મુંવો નહીં. પણ તે યુવનાશ્વ વનમાંજ રહ્યો; અને ત્યાંજ તપ કરીને સિદ્ધિ પામી ગયો. ॥૩૨॥ હે પરીક્ષિત એ કુમારનું નામ ઇંદ્રે "ત્રસદસ્યુ" પાડ્યું હતું, કારણ દસ્યુ એટલે ચોર જેવા રાવણ વગેરે તેના થકી ઉદ્વેગ પામીને, નાશી જતા હતા. ॥૩૩॥ એ યુવનાશ્વનો દીકરો "માંધાતા" અચ્યુત ભગવાનના તેજથી, સાતે દ્વીપવાળી પૃથ્વીનો, એક ચક્રવર્તી રાજા થઈને, રાજ્ય કરતો હતો. ॥૩૪॥ એ આત્મ જ્ઞાની માંધાતા રાજાએ, સર્વ દેવ મય-ઇંદ્રિયાદીકથી અગમ્ય-સર્વના આત્મા-અને દ્રવ્ય, મંત્ર, વિધિ, યજ્ઞ, યજમાન, ઋત્વિજો, ધર્મ, દેશ, કાળ, તથા સર્વ કોઈ પદાર્થ વિગેરે રૂપ, ભગવાનનું; ઘણી દક્ષિણાવાળા યજ્ઞો અને ક્રતુઓ વડે, પૂજન કર્યું હતું. ॥૩૫॥-૩૬॥ જેટલામાં સૂર્ય ઉગે છે અને આથમે છે, તે સઘળી પૃથ્વી. એ યુવનાશ્વના પુત્ર માંધાતાની હતી; એમ કહેવાય છે. ॥ ૩૭ ॥ એ માંધાતાને શશબિંદુની પુત્રી બિંદુમતીમાં, પુરૂકુત્સ-અંબરીશ-અને મુચુકુંદ એ નામો વાળા ત્રણ પુત્રો થયા હતા. તેમાંનો મુચુકુંદ યોગી હતો. ॥૩૮॥ હે પરીક્ષિત તેમની પચાસ બેહેનો હતી, તે સઘળી સૌભરી ઋષિને પરણી હતી. યમુનાં નદીનાં જળની અંદર પેસીને, નિરંતર પરમ તપ કરતા, તે ઋષિએ, મિથુન ધર્મમાં લાગેલાં, માછલાંને જોવાથી; તેમને

पिंतः॥दृष्ट्वाशयानान्विप्रांस्तान्पपौमंत्रजलंस्वयं॥२७॥ उत्थितास्तेनिशाम्याथव्युदकंकलशंप्रभो॥ पप्रच्छुःकस्यकर्मेदंपीतंपुंसवनंजलं २८
राज्ञापीतंविदित्वाथईश्वरप्रहितेनते॥ ईश्वरायनमश्चक्रुरहोदैवबलंबलं॥२९॥ ततःकालउपावृत्तेकुक्षिंनिर्भिद्यदक्षिणं॥युवनाश्वस्यतनयश्चक्र
वर्तीजजानह॥३०॥ कंधास्यतिकुमारोयंस्तन्येरोरूयतेभृशं॥ मांधातावत्समारोदीरितींद्रोदेशिनीमदात्॥३१॥ नममारपितातस्यविप्रदेवप्र
सादतः॥युवनाश्वोऽथतत्रैवतपसासिद्धिमन्वगात्॥३२॥त्रसद्दस्युरितींद्रोंऽगविदधेनामतस्यवै॥यस्मात्त्रसंतिह्युद्विग्नादस्यवोरावणादयः॥३३
यौवनाश्वोऽथमांधाताचक्रवर्त्यवनींप्रभुः॥सप्तद्वीपवतीमेकःशशासाच्युततेजसा॥३४॥ ईजेचयज्ञंक्रतुभिरात्मविद्भूरिदक्षिणैः॥सर्वदेवमयंदे
वंसर्वात्मकमतींद्रियं॥३५॥ द्रव्यंमंत्रोविधिर्यज्ञोयजमानस्तथर्त्विजः॥धर्मोदेशश्चकालश्चसर्वमेतद्यदात्मकं॥३६॥यावत्सूर्यउदेतिस्मयावच्च
प्रतितिष्ठति॥सर्वंतद्यौवनाश्वस्यमांधातुःक्षेत्रमुच्यते॥३७॥ शशबिंदोर्दुहितरिबिंदुमत्यामधान्नृपः॥पुरुकुत्समंबरीषंमुचुकुंदंचयोगिनं॥३८॥
तेषांस्वसारःपंचाशत्सौभरिंवव्रिरेपतिं॥यमुनांऽतर्जलेमग्नस्तप्यमानःपरंतपः॥३९॥ निर्वृतिंमीनराजस्यवीक्ष्यमैथुनधर्मिणः॥जातस्पृहोनृपं
विप्रःकन्यामेकामयाचत॥४०॥ सोऽप्याहगृह्यतांब्रह्मन्कामंकन्यास्वयंवरे॥सविचिंत्याप्रियंस्त्रीणांजरठोऽयमसंमतः॥४१॥ वलीपलितएज
त्कइत्यहंप्रत्युदाहृतः॥साधयिष्येतथात्मानंसुरस्त्रीणामपीप्सितं॥किंपुनर्मनुजेंद्राणामितिव्यवसितःप्रभुः॥४२॥ मुनिःप्रवेशितःक्षत्त्राकन्यां
ऽतःपुरमृद्धिमत्॥वृतश्चराजकन्याभिरेकःपंचाशतावरः॥४३॥ तासांकलिरभूद्भूयांस्तदर्थेऽपोह्यसौहृदं॥ममानुरूपोनायंवइतितद्गतचेतसां
॥४४॥ सबह्वृचस्ताभिरपारणीयतपःश्रियाऽनर्घ्यपरिच्छदेषु॥ गृहेषुनानोपवनामलांभःसरस्सुसौगंधिककाननेषु॥४५॥ महार्हशय्यासन
वस्त्रभूषणस्नानानुलेपाभ्यवहारमाल्यकैः॥स्वलंकृतस्त्रीपुरुषेषुनित्यदारेमेऽनुगायद्द्विजभृंगबंदिषु॥४६॥ यद्गार्हस्थ्यंतुसंवीक्ष्यसप्तद्वीपवतीप
तिः॥विस्मितःस्तंभमजहात्सार्वभौमश्रियाऽन्वितः॥४७॥एवंगृहेष्वभिरतोविषयान्विविधैःसुखैः॥सेवमानोनचातुष्यदाज्यस्तोकैरिवानलः॥
॥४८॥ सकदाचिदुपासीनआत्मापन्हवमात्मनः॥ददर्शबह्वृचाचार्योमीनसंगसमुत्थितं॥४९॥ अहोइमंपश्यतमेविनाशंतपस्विनःसच्चरित

કામના ઉત્પન્ન થઇ હતી; તે તેથી તેમણે માંધાતાની પાસે, એક કન્યાની માગણી કરી હતી. ॥૩૯-૪૦॥ ત્યારે માંધાતાએ કહ્યું કે, "સ્વયંવરની રીતે જે કન્યા આપને ઇચ્છે; તેને આપ વરો." તેથી સૌભરી ઋષિએ વિચાર્યું કે હું, સ્ત્રીઓને અપ્રિય એવો વૃદ્ધ છું, વળીઓ અને પળીયાં આવેલ છે. તથા માથું હાલે છે; તેથી રાજાએ મને, આ પ્રકારથી ના કહી. એટલા માટે મારૂં શરીર, હું એવું કરૂં; કે જેથી દેવતાઓની સ્ત્રીઓ પણ, ઇચ્છા કરે; એવો તેમણે નિશ્ચય કર્યો. ॥૪૧-૪૨॥ પછી દારપાળે કન્યાઓના સમૃદ્ધિવાળા અંતઃપુરમાં મુનિને લઈ જતાં; એ પચાસે રાજકન્યાઓ; તે, એક વરનેજ, વરી. ॥૪૩॥ અને તે વખતે તેમનામાં મન લાગી ગયેલી એ કન્યાઓ; "આતો મનેજ યોગ્ય છે, તને નથી;" એમ બોલતી સહૃદપણું તજીને, તેને માટે; એક બીજી સાથે વારંવાર કજીઓ કરવા લાગી હતી. ॥૪૪॥ એ ઋગવેદી સૌભરી ઋષિ, તે પચાસે સ્ત્રીઓની સાથે પોતાના અપાર તપથી ઉત્પન્ન થયેલા, ઘણી સમૃદ્ધિ વાળા-અમુલ્ય અસબાબવાળા ભરેલા-અને અનેક પ્રકારનાં સુગંધી વાળાં કમળોની શોભાથી ભરપૂર નિર્મળ જળાશયો, અને બગીચાવાળા ઘરની અંદર, પછીથી રમવા લાગ્યા. ॥૪૫॥ જેમાં ઘણી કિંમતી શય્યાઓ-આસનો-વસ્ત્રો-ઘરેણાં-નાહવાના પદાર્થ-ચંદનનાં લેપન-ભોજન-અને ફુલો, તથા શણગારેલાં દાસ દાસીઓ પણ હતાં. અને પક્ષીઓ તથા ભમરાઓ બંદીજનોની પેઠે, ગાયન કરતા હતા. ॥ ૪૬ ॥ જેથી ચક્રવર્તીની લક્ષ્મી વાળા, અને સાતે દ્વીપના સ્વામી, માંધાતાએ પણ; એ સૌભરી ઋષિનો ગૃહસ્થાશ્રમ જોઈને વિસ્મય પામી, પોતાનો ગર્વ તજી દીધો હતો. ॥૪૭॥ એ રીતે ઘરને વિષે લાગી રહીને વિષયોને ભોગવતા સૌભરી ઋષિ, ઘીનાં ટીપાં પડવાથી નહીં તૃપ્ત થતા અગ્નિની પેઠે; તે સુખો થકી ઘણા વખત સુધી તૃપ્ત થયા નહોતા. ॥ ૪૮ ॥ પછી ઋગવેદીઓમાં શ્રેષ્ટ એ સૌભરી ઋષિએ, કોઇક દિવસે બેઠાં બેઠાં; માછલાના સંગથકી ઉત્પન્ન થયેલ, આ રીતે પોતાની બુદ્ધિનો નાશ થયેલાનું જોયું; અને વિચારવા લાગ્યા કે; તપસ્વી-સદાચરણી-અને સારાં વ્રતો પાળનારા-મેં;

જળની અંદર જળચરોનો મિથુન પ્રસંગ દેખીને, પરબ્રહ્મ થકી વિમુખ થઈ, મારા ઘણા કાળના મેળવેલા તપને, ખોઈ નાંખ્યું છે; તે જુઓ. ॥૪૯-૫૦॥ માટે મુમુક્ષુ પુરુષોએ, સ્ત્રી પુરુષના ધર્મવાળાઓનો સંગ, સર્વ પ્રકારે તજવોજ જોઈએ; અને ઇંદ્રિયાદિકને છૂટથી નહીં વર્તવા દેતાં, મન સહિત તેની વૃત્તિઓને ચિત્તની અંદર રોકીને; તેવા ચિત્તને, અનંત ભગવાનમાંજ, એકલા તથા એકાંત સ્થાનમાં રહીને, લગાડી દેવું જોઈએ. અને સંગ તો માત્ર સાધુ પુરુષોનોજ કરવો કહેલ છે. ॥૫૧॥ હું તપસ્વી એકજ રૂપે હતો; તે, પાણીની અંદર માછલાંનો સંગ થવાથી, પચાસ રૂપે થયો અને પાછળથી છોકરાં થવાથી, પાંચ હજાર રૂપે થયેલો છું. તો પણ માયાના ગુણોથી બુદ્ધિ હણાઈ જવાને લીધે, અને વિષયાદિકને મિથ્યા ન જાણતાં, વસ્તુરૂપે જાણવાથી; આ લોક તથા પરલોક સબંધી મનોર્થો કરવાના અંતને, હજુ સુધી પામતોજ નથી. ॥૫૨॥ આ રીતે ઘરની અંદર ઘણો કાળ રહી, છેવટે ફરીથી વૈરાગ્ય પામેલા તે ઋષિ; સન્યાસ લઈને વનમાં ગયા.

ત્યારે તેમની પતિવ્રતા સઘળી સ્ત્રીઓ પણ, સાથેજ ચાલી નીકળી. ॥૫૩॥ ત્યાં દેહ શરીરને સૂકવી નાંખનારૂં તીક્ષ્ણ તપ એ બુદ્ધિમાન ઋષિએ કર્યું; અને ઇંદ્રિઓ સહિત પોતાનું મન પરમાત્મામાં જોડી દીધું ॥૫૪॥ હે મહારાજા પરીક્ષિત, પછીથી તે પચાસે સ્ત્રીઓ, પોતાના સ્વામીને આધ્યાત્મિક ગતિને પામેલા દેખીને; તેમના પ્રભાવ વડેજ; અગ્નિ શાંત થતાં, તેની જ્વાળાઓ અગ્નિની સાથેજ જાય; તે રીતે, એ સઘળી સ્ત્રીઓ; એ સૌભરી ઋષિની ગતિનેજ પામી ગઈઓ. ॥૫૫॥ ઇતિશ્રી૰ ભા૰ નવમા સ્કંધનો છઠ્ઠો અધ્યાય સંપૂર્ણ॥૬॥

અધ્યાય ૭ મો.—શ્રીશુક—માંધાતાના પુત્ર અંબરીશને તેના (નાના) માના બાપે, પુત્ર કરી રાખેલાનું કહેવાય છે, તે અંબરીશનો પુત્ર યૌવનાશ્વ—અને તેનો પુત્ર હારિત થયો હતો. તેઓ માંધાતાના પ્રવરના ગણાય છે; માંધાતાના પુત્ર પુરૂકુત્સને, ઉરગ એટલે સાપોએ, પોતાની નર્મદા નામની બેન પરણાવી હતી. ॥૧-૨॥ વાસુકિની પ્રેરણાથી રસાતળમાં લેઈ જવાયલા તેણે, વિશ્નુ ભગવાનની શક્તિના પ્રભાવથી.

व्रतस्य॥अंतर्जलेवारिचरप्रसंगात्प्रच्यावितंब्रह्मचिरंघृतंयत् ॥५०॥संगंत्यजेतमिथुनव्रतिनांमुमुक्षुःसर्वात्मनानविसृजेद्बहिरिंद्रियाणि॥ एकश्चरन्र[illegible]सिचित्तमनंतईशेयुंजीततद्व्रतिषुसाधुषुचेत्प्रसंगः॥५१॥ एकस्तपस्व्यहमथांभसिमत्स्यसंगात्पंचाशदासमुतपंचसहस्रसर्गः ॥नांतंव्रजाम्युभयकृत्यमनोरथानांमायागुणैर्हृतमतिर्विषयेऽर्थभावः॥५२॥ एवंवसन्गृहेकालंविरक्तोन्यासमास्थितः ॥ वनंजगामानुययुस्तत्पत्न्यःपतिदेवताः ॥६३॥ तत्रतप्त्वातपस्तीक्ष्णमात्मकर्षणमात्मवान्॥सहैवाग्निभिरात्मानंयुयोजपरमात्मनि ॥५४॥ ताःस्वपत्युर्महाराजनिरीक्ष्याध्यात्मिकींगतिं ॥अन्वीयुस्तत्प्रभावेनअग्निंशांतमिवार्चिषः ॥५५॥ इ०भा०म० नवमस्कंधेसौभर्याख्यानेषष्ठोऽध्यायः ॥६॥

श्रीशुक०मांधातुःपुत्रप्रवरोयोंऽबरीषःप्रकीर्तितः॥पितामहेनप्रवृतोयौवनाश्वश्चतत्सुतः ॥१॥ हारीतस्तस्यपुत्रोऽभून्मांधातृप्रवराइमे॥नर्मदाभ्रातृभिर्दत्तापुरुकुत्साययोरगैः ॥२॥ तयारसातलंनीतोभुजगेंद्रप्रयुक्तया॥गंधर्वानवधीत्तत्रवध्यान्वैविष्णुशक्तिधृक्॥३॥ नागाल्लब्धवरःसर्पाद्भयंस्मरतामिदं॥त्रसद्दस्युःपौरुकुत्सोयोनरण्यस्यदेहकृत् ॥४॥हर्यश्वस्तत्सुतस्तस्माद्रुणोऽथनिबंधनः॥ तस्यसत्यव्रतःपुत्रस्त्रिशंकुरितिविश्रुतः ॥५॥ प्राप्तश्चांडालतांशापाद्गुरोःकौशिकतेजसा॥सशरीरोगतःस्वर्गमद्यापिदिविदृश्यते॥६॥पातितोवाक्शिरादेवैस्तेनैवस्तंभितोबलात् ॥त्रैशंकवोहरिश्चंद्रोविश्वामित्रवसिष्ठयोःयन्निमित्तमभूद्युद्धंपक्षिणोर्बहुवार्षिकं ॥७॥ सोऽनपत्योविषण्णात्मानारदस्योपदेशनः॥वरुणंशरणंयातःपुत्रोमेजायतांप्रभो ॥८॥ यदिवीरोमहाराजतेनैवत्वांयजेइति॥तथेतिवरुणेनास्यपुत्रोजातस्तुरोहितः ॥९॥ जातःसुतोत्द्यनेनांगमांयजस्वेतिसोऽब्रवीत्॥यदापशुर्निर्दशःस्यादथमेध्योभवेदिति॥१०॥निर्दशेचसआगत्ययजस्वेत्याहसोऽब्रवीत्॥ दंताःपशोर्यज्जायेरन्नथमेध्योभवेदिति॥११॥ जातादंतायजस्वेतिसप्रत्याहाथसोऽब्रवीत्॥यदापतंत्यस्यदंताअथमेध्योभवेदिति ॥१२॥ पशोर्निपतितादंतायजस्वेत्याहसोऽब्रवीत्॥यदापशोःपुनर्दंताजायंतेऽथपशुःशुचिः ॥१३॥ पुनर्जातायजस्वेतिसप्रत्याहाथसोऽब्रवीत्॥ सान्नाहिकोयदाराजन्राजन्योथपशुःशु

સર્પોના વધ કરવાને યોગ્ય, ગંધર્વોને માર્યા હતા. ॥૩॥ તેથી નાગ થકી તે વરદાન પામ્યો હતો કે; આ વાતનું સ્મરણ કરનારાઓને, સાપો થકી ભય નહીં થાય.” એ પુરૂકુત્સનો ત્રસદસ્યુ—તેનો અનરણ્ય—તેનો હર્યશ્વ—તેનો અરૂણ—તેનો નિબંધન—અને તેનો સત્યવ્રત નામે પુત્ર થયો હતો. એ સત્યવ્રતનું બીજુ નામ ત્રિશંકુ કહેવાતું હતું. ॥૪-૫॥ પોતાના ગુરૂ વસિષ્ટ થકી ચાંડાળ પણું પામેલા તેને, વિશ્વામિત્ર ઋષિએ; પોતાના તેજથી, એનાએજ શરીરથી, સ્વર્ગમાં મોકલ્યો હતો. તે હાલ પણ આકાશમાં દેખવામાં આવે છે. ॥ ૬ ॥ દેવતાઓએ એ ત્રિશંકુને, શિર્ષ માથે નીચે નાખી દેતાં વિશ્વમિત્રે તેને પોતાના બળવડે એમજરીતે થંભાવી રાખેલોછે; એ ત્રિશંકુનો પુત્ર હરિશ્ચંદ્ર થયો હતો. જેના નિમિત્તથી વિશ્વામિત્ર અને વસિષ્ટ એ બંને ઋષિઓનું. પક્ષીઓ બનીને ઘણા વરસો સુધી યુદ્ધ થયું હતું. ॥૭॥ એ હરિશ્ચંદ્રને સંતાન ન થવાથી, તે ખેદ પામતો, નારદજીના ઉપદેશથી વરૂણને શરણે ગયો હતો; અને તેમને કહ્યું હતું કે હે પ્રભુ, જો મને પુત્ર જન્મેતો, તેના થકીજ હું આપનું યજ્ઞ કરીશ. ત્યારે વરૂણે “તથાસ્તુ” એમ કહેવાથી, તેને પુત્ર થયો; તેનું નામ રોહિત હતું. ॥૮॥ પછી વરૂણે તેને કહ્યું કે પુત્ર જન્મ્યો માટે, હવે તેનાથી મારૂં યજ્ઞ કરય ॥૯॥ ત્યારે હરિશ્ચંદ્રે જવાબ દીધો કે,“દસદિવસનો થતાં સુધી એ પવિત્ર પશુ થાય નહીં.” ॥૧૦॥ પછી દસદિવસનો થયા પછી, વરૂણે યજ્ઞ કરવાનુ ફરીથી કહ્યું; ત્યારે પણ તેણે કહ્યું કે, “દાંત ઉગતા પહેલાં, પવિત્ર પશુ થાય નહીં.” ॥૧૧॥ તેથી વરૂણે દાંત ઉગતા સુધી ખમીને, પછીથી તેને તેનાથી યજ્ઞ કરવાનુ કહ્યું; ત્યારે હરિશ્ચંદ્રે કહ્યું કે. “દાંત પડીજતાં સુધી પવિત્ર પશુ નથાય.” ॥ ૧૨ ॥ પછી વળી દાંત પડી ગયા કેડે વરૂણે યજ્ઞ કરવાનું કહ્યું; ત્યારે તેણે કહ્યું કે, ‘દાંત ફરી ઉગતા સુધી પવિત્ર પશુ થતો નથી.” ॥૧૩॥ તેથી બીજીવારના દાંત ઉગ્યા પછી વરૂણે તેને યજ્ઞ કરવાનું કહ્યું; ત્યારે તેણે કહ્યુંકે, “ક્ષત્રિય જાતનો પશુ, જ્યારે યુદ્ધ કરવાને સમર્થ થાય; ત્યારે પવિત્ર ગણાય.” ॥૧૪॥ એ રીતે પ્રીતિવડે પુત્રના સ્નેહમાં મન બંધાવાથી, હરિશ્ચંદ્ર તેમને ઠગીને, વખત ગાળતોહતો; અને તેના કહેલા પ્રમાણે થવાની, વરૂણ દેવ વાટ જોતા હતા. ॥૧૫॥ હવે રોહિતે, તેના પિતાએ કરવા ધારેલાને જાણ્યું; તેથી તે પોતાના પ્રાણ બચાવવા માટે,

હાથમાં ધનુષ્ય લેઈને, અરણ્યમાં ચાલ્યો ગયો. ॥૧૬॥ પછી પિતાને વરુણે જલોદરનો રોગ ઉત્પન્ન કરેલાનું સાંભળવાથી, તે પાછો ગામમાં આવતો હતો; ત્યારે માર્ગમાં ઇંદ્રે મળીને તેને અટકાવીને, તીર્થ અને પવિત્ર ક્ષેત્રમાં ફરીને, પૃથ્વી પર્યટન કરવાનું સમજાવવાથી; રોહિત પાછો એક વરસ સુધી વનમાંજ રહ્યો. ॥૧૭-૧૮॥ અને બીજે-ત્રીજે-ચોથે-અને પાંચમે વરસે પણ, તે પાછો આવતાં, માર્ગમાં ઇંદ્રે ઘરડા બ્રાહ્મણના રૂપથી તેને મળીને, એજ રીતેજ કહીને; અટકાવ્યો. ॥૧૯॥ તેથી એ પ્રમાણે છ વરસ સુધી, તે ફરી ફરીને નગરમાં આવતાં, વનમાં પાછો જતો હતો, છેવટે છઠી વખતે ગામમાં આવતાં, તો તેણે, અજીગર્ત નામના બ્રાહ્મણના, વચેટ દીકરાને, વેચાતો લીધો. ॥ ૨૦ ॥ પછી તે વેચાતા લીધેલા, શુનઃશેપ બ્રાહ્મણને; યજ્ઞનો પશુ કરવાને પોતાના પિતાને આપીને; રોહિત હરિશ્ચંદ્રને પગે લાગ્યો; પછી મહાયશ વાળા હરિશ્ચંદ્રે, તેનાથી પુરૂષમેધ નામનો યજ્ઞ કરવા માંડતાં; તે શુનઃશેપે, દેવતાઓની સ્તુતિ કરવાથી; દેવતાઓએ તેને બચાવ્યો છે. (એને મનુષ્યનો હોમ નહીં કરતાં, બીજી રીતે યજ્ઞ પૂરો કરેલો છે. એવી કથા બીજે ઠેકાણે છે.) તે યજ્ઞ કરવાથી હરિશ્ચંદ્ર પેટના રોગથી મુક્ત થયો. એ યજ્ઞમાં વિશ્વામિત્ર હોતા-જમદગ્નિ અધ્વર્યુ-વસિષ્ઠ બ્રહ્મા-અને અયાસ્ય રૂષિ ઉદ્ગાતા થયા હતા, અને એ યજ્ઞમાં પ્રસન્ન થયેલા ઇંદ્રે, રાજાને સાર સોનાનો રથ આપ્યો હતો. ॥૨૧-૨૨-૨૩॥ એ શુનઃશેપનું મહાત્મ, આગળ કહેવાશે; ઓ સહિત હરિશ્ચંદ્રરાજાની ઘણી ધીરજ જોવાથી પ્રસન્ન થયેલા, વિશ્વામિત્રરૂષિએ તેને, અવિહત ગતિ એટલે બ્રહ્મવિદ્યા આપી હતી. તે વડે એ રાજાએ પોતાના મન એટલે લિંગદેહનો નાશ: પૃથ્વીને જળમાં; જળને તેજમાં; તેજને વાયુમાં; વાયુને આકાશમાં; આકાશને અહંકારમાં; અને અહંકારને મહત્તત્વમાં નાંખી; તેને પણ આત્માને વિશે નાંખી દઈને, પછી જ્ઞાન કળારૂપ

चि:॥१२॥इतिपुत्रानुरागेणस्नेहयंत्रितचेतसा॥कालंवंचयतातंतंमुक्तोदेवस्तमैक्षत ॥१५॥ रोहितस्तदभिज्ञायपितुःकर्मचिकीर्षितं॥प्राणप्रेप्सुर्धनुष्पाणिररण्यंप्रत्यपद्यत॥१६॥ पितरंवरुणग्रस्तंश्रुत्वाजातमहोदरं॥रोहितोग्राममेयायतमिंद्रःप्रत्यषेधत॥१७॥भूमेःपर्यटनंपुण्यंतीर्थक्षेत्रनिषेवणैः॥रोहितायादिशच्छक्रःसोप्यरण्येवसत्समां॥१८॥ एवंद्वितीयेतृतीयेचतुर्थेपंचमेतथा॥ अभ्येत्याभ्येत्यस्थविरोविप्रोभूत्वाहवृत्रहा॥१९॥ षष्ठंसंवत्सरंतत्रचरित्वारोहितःपुरीं॥उपव्रजन्नजीगर्तादक्रीणान्मध्यमंसुतं ॥२०॥ शुनःशेपंपशुंपित्रेप्रदायसमवंदत॥ततःपुरुषमेधेनहरिश्चंद्रोमहायशाः॥२१॥मुक्तोदरोऽयजद्देवान्वरुणादीन्महत्कथः॥विश्वामित्रोऽभवत्तस्मिन्होताचाध्वर्युरात्मवान्॥२२॥ जमदग्निरभूद्ब्रह्मावसिष्ठोऽयास्यःसामगः॥तस्मैतुष्टोददाविंद्रःशातकौंभमयंरथं ॥२३॥शुनःशेपस्यमाहात्म्यमुपरिष्टात्प्रचक्ष्यते॥सत्यसारांधृतिंदृष्ट्वासभार्यस्यचभूपतेः ॥२४॥ विश्वामित्रोभृशंप्रीतोददावविहतांगतिं॥मनःपृथिव्यांतामद्भिस्तेजसापोऽनिलेनतत् ॥२५॥खेवायुंधारयंस्तच्चभूतादौतंमहात्मनि॥तस्मिन्ज्ञानकलांध्यात्वातयाऽज्ञानंविनिर्दहन् ॥२६॥ हित्वातांस्वेनभावेननिर्वाणसुखसंविदा॥अनिर्देश्याप्रतर्क्येणतस्थौविध्वस्तबंधनः॥२७॥ इ०भा०म०न०हरिश्चंद्रोपाख्यानंनामसप्तमोऽध्यायः॥७॥ श्रीशुक०हरितोरोहितसुतश्चंपस्तस्माद्विनिर्मिता॥चंपापुरीसुदेवोतोविजयोयस्यचात्मजः ॥१॥ भरुकस्तत्सुतस्तस्माद्वृकस्तस्यापिबाहुकः॥सोऽरिभिर्हृतभूराजासभार्योवनमाविशत्॥२॥वृद्धंतंपंचतांप्राप्तंमहिष्यनुमरिष्यती॥और्वेणजानतात्मानंप्रजावंतंनिवारिता॥३॥ आज्ञायास्यैसपत्नीभिर्गरोदत्तोंऽधसासह॥ सहतेनैवसंजातःसगराख्योमहायशाः ॥४॥ सगरश्चक्रवर्त्यासीत्सागरोयत्सुतैःकृतः॥यस्तालजंघान्यवनान्शकान्हैहयबर्बरान् ॥५॥ नावधीद्गुरुवाक्येनचक्रेविकृतवेषिणः॥मुंडान्श्मश्रुधरान्कांश्चिन्मुक्तकेशार्द्धमुंडितान् ॥६॥ अनंतर्वाससःकांश्चिदबहिर्वाससोपरान् ॥सोश्वमेधैरयजतसर्ववेदसुरात्मकं॥७॥और्वोपदिष्टयोगेनहरिमात्मानमीश्वरं॥तस्योत्सृष्टंपशुंयज्ञेजहाराश्वंपुरंदरः ॥८॥सुमत्यास्तनयादृप्ताःपितुरादेशकारिणः॥हयमन्वेषमाणास्तेसमंतान्न्यखनन्महीं ॥९॥ प्रागुदीच्यांदिशिहयंददृशुःकपिलांतिके॥एषवाजिहरश्चौरआस्तेमीलितलोचनः॥१०॥ हन्यतांहन्यतांपापइतिषष्टिसहस्त्रि

પરમાત્માનું ધ્યાન કરવા વડે, અજ્ઞાનને બાળી નાંખીને કર્યો હતો. અને પોતાપણાનો ત્યાગ કરીને, તથા બંધન માત્રનો નાશ કરીને; જેનો નિર્દેશ થઇ શકતો નથી, અને જે તર્કમાં પણ આવી શકતું નથી; એવા (આત્મસ્વરૂપમાં) સ્થાપન થઇને, તેણે નિર્વાણ સુખનો અનુભવ કર્યો હતો. ॥૨૪-૨૭॥ ઇ૦ ભા૦ ન૦ સ્કંધનો સા૦ અ૦ સં૦ ॥૭॥

અધ્યાય. ૮ મો.—શ્રીશુક—એ રોહિતનો પુત્ર હરિત-અને તેનો પુત્ર ચંપ થયો. તેણે ચંપાપુરી બનાવેલ છે. ચંપનો સુદેવ-તેનો વિજય-તેનો ભરૂક-તેનો વૃક-અને તેનો બાહુકનામે પુત્ર થયો હતો. એ બાહુક રાજાનું રાજ્ય શત્રુઓએ લેઇ લેવાથી, સ્ત્રીઓ સહિત તે વનમાં ગયો હતો. ॥૧-૨॥ એ ઘરડો રાજા વનમાં મરણ પામતાં, તેની પાછળ સતી થવાને તૈયાર થયેલી, તે ॥ એક રાણી ગર્ભવંતી હોવાનું જાણવાથી; ઔર્વરૂષિએ તેને સતી થતાં, અટકાવી હતી. ॥૩॥ પણ તેને, તેની શોક્યોએ, જાણે જોઇને ઝેર ખવરાવેલું હતું. તેથી તેનાથકી, ઝેર સહિત જન્મેલો હોવાથી, "સગર" નામ પડેલો છોકરો, મોટો યશવાળો રાજા થયેલ છે. ॥૪॥ એ સગર ચક્રવર્તી થયો હતો. એના દીકરાઓએ સાગર બનાવેલ છે. એ સગર રાજાએ તેના ગુરૂ ઔર્વ રૂષિના કહેવાથી, તાલજંઘ-યવન-શક-હૈહય-અને બર્બર વગેરે લોકોને; તેમનામાંના કેટલાકને માથું મુંડેલ છતાં દાઢી મુંછવાળા-કેટલાકને અર્ધામૂંડેલા અને અરધા છુટવાળા રાખનારા-કેટલાકને અંદરના વસ્ત્ર વિનાના-અને કેટલાકને બહારના વસ્ત્રવિનાના; એમ ખરાબ વેશવાળા બનાવેલા છે, તેણે સર્વ વેદરૂપ તથા દેવમય ભગવાનનું, અશ્વમેધ યજ્ઞવડે પૂજન કર્યું હતું. ॥૫-૬-૭॥ અને ઔર્વમુનિના કહેવા પ્રમાણે, અશ્વમેધ યજ્ઞમાં, આત્મસ્વરૂપ ઇશ્વર, હરિભગવાનનું પૂજન કરતાં, છોડી મૂકેલો યજ્ઞનો ઘોડો, ઇંદ્રહરિ ગયો હતો. ॥૮॥ તેથી એ સગર રાજાની સુમતિ નામની રાણીના સાઠ હજાર, પિતાની આજ્ઞા પ્રમાણે ચાલનાર દીકરાઓએ, ઘોડાની શોધ સારૂં નીકળીને; અભિમાન વડે, પૃથ્વીને સઘળી તરફ ખોદી નાંખી. ॥૯॥ અને ઇશાન કોણમાં જતાં કપિલ દેવની પાસે, એ ઘોડાને બાંધેલો દેખીને, તેમણે એ ઘોડાનું હરણ કરનાર ચોર, કપિલ દેવજ

હોવાનું; અને અહીંયાં આંખ્યો મિંચીને તે બેસી ગયેલાનું, માન્યું. ॥૧૦॥ તથા "આ પાપીને મારો મારો," એમ બોલતા હથિઆરો ઉપાડીને તે સાઠ હજારે, કપિલ દેવને મારવાને દોડવાથી; તે મુનિએ આંખ્યો ઉઘાડીને જોયું. ॥૧૧॥ એટલે તે મહાત્માના શરીરમાંથી આંખ્યોમાં થઇને નીકળેલા અગ્નિથી, તે મહાત્માના અપરાધથીજ હણાઇ ચુકેલા, તથા ઇંદ્રે બુદ્ધિ ભ્રષ્ટ કરેલા, એ સાઠહજારે; એક ક્ષણવારમાં બળીને ખાખ થઇ ગયા. ॥૧૨॥ બીજા કેટલાએકના કહેવા પ્રમાણે. કપિલમુનિના ક્રોધથી એ રાજપુત્રો, બળી ગયેલાની વાત ખરી માનવા જેવું નથી, કારણ જગતને પવિત્ર કરનાર સ્વભાવ વાળા સત્વગુણના સ્થાન રૂપ કપિલ દેવ ભગવાનને રોષ થવા રૂપ તમોગુણનો સ્પર્શ; પૃથ્વીની રજ આકાશને સ્પર્શ કરવાની પેઠે; થઇ શકેજ નહીં. ॥૧૩॥ જેમણે કહેલ સાંખ્ય જ્ઞાન રૂપી દઢ વહાણ વડે, મુમુક્ષુઓ જ્ઞાન પામીને, જન્મમરણના માર્ગ રૂપ, દુસ્તર સંસાર સમુદ્રને તરી જાય છે. તે પરમાત્માના સ્વરૂપ કપિલ ભગવાનમાં ભેદ દૃષ્ટિ હોયજ નહીં. ॥૧૪॥

એ સગર રાજાને બીજી કેશિની નામની સ્ત્રીમાં થયેલ અસમંજસ નામના પુત્રનો, અંશુમાન નામનો દીકરો; તેના પિતામહના હિતમાં તત્પર હતો. ॥૧૫॥ એ અસમંજસ પૂર્વ જન્મે યોગી હતો, ને તેને સંગ થવાથી તે યોગ થકી ભ્રષ્ટ થયેલાનું, તેને સ્મરણ રહેલું હતું; તેથી તે પોતાના શરીરને ગાંડા જેવું દેખાડતો હતો. ॥૧૬॥ અને લોકને અપ્રિય લાગે, તથા તેઓ અને સંબધીઓ નિંદા કરે, એવાં કામો તે કરતો હતો; તથા રમતમાં, બીજાં છોકરાંઓને સરજુ નદીમાં નાંખી દેઇને, લોકોને ખેદ પમાડતો હતો. ॥૧૭॥ તેથી તેના એવા આચરણને લીધે પિતાએ સ્નેહ તજીને એને, ત્યાંથી કાઢી મુકવાથી, જતી વખતે તેણે પોતાના યોગ બળ વડે; સઘળાં બાળકોને સરજુમાંથી પાછાં લાવી આપ્યાં હતાં. ॥૧૮॥ તેથી એ બાળકોને પાછાં આવેલાં જોઇને અયોધ્યાના સર્વે લોકો વિસ્મય પામ્યા, અને પાછળથી રાજાને પણ પરિતાપ થયો. ॥૧૯॥ પછી એ અસમંજસના દીકરા અંશુમાનને રાજાએ આજ્ઞા કરવાથી, ઘોડાને શોધતો

णः॥उदायुधाअभिययुरुन्मिमेषतदामुनिः॥११॥ स्वशरीराग्निनातावन्महेंद्रहृतचेतसः॥महद्व्यतिक्रमहताभस्मसादभवन्क्षणात्॥१२॥ नसाधुवादोमुनिकोपभर्जितान्नृपेंद्रपुत्राइतिसत्त्वधामनि॥ कथंतमोरोषमयंविभाव्यतेजगत्पवित्रात्मनिखेरजोभुवः॥१३॥ यस्येरितासांख्यमयीदृढेहनौर्ययामुमुक्षुस्तरतेदुरत्ययं॥भवार्णवंमृत्युपथंविपश्चितःपरात्मभूतस्यकथंपृथङ्मतिः ॥१४॥ योऽसमंजसइत्युक्तःसकेशिन्यानृपात्मजः॥तस्यपुत्रोंऽशुमान्नामपितामहहितेरतः ॥१५॥ असमंजसआत्मानंदर्शयन्नसमंजसं॥जातिस्मरःपुरासंगाद्योगीयोगाद्विचालितः॥१६॥ आचरन्गर्हितंलोकेज्ञातीनांकर्मविप्रियं॥सरय्वांक्रीडतोबालान्प्रास्यदुद्वेजयन्जनं ॥१७॥ एवंवृत्तःपरित्यक्तःपित्रास्नेहमपोह्यवै॥योगैश्वर्येणबालां[illegible]र्शयित्वाततोययौ ॥१८॥ अयोध्यावासिनःसर्वेबालकान्पुनरागतान्॥दृष्ट्वाविसिस्मिरेराजन्राजाचाप्यन्वतप्यत॥१९॥अंशुमांश्चोदितोराज्ञातुरंगान्वेषणेययौ॥पितृव्यखातानुपथंभस्मांतिददृशेहयं ॥२०॥ तत्रासीनंमुनिंवीक्ष्यकपिला[illegible]धोक्षजं॥ अस्तौत्समाहितमनाः प्रांजलिःप्रणतोमहान्॥२१॥ अंशुमान०नपश्यतित्वांपरमात्मनोऽजनोनबुद्ध्यतेऽद्यापिसमाधियुक्तिभिः॥ कुतोऽपरेतस्यमनःशरीरधीविसर्गसृष्टावयमप्रकाशाः॥२२॥येदेहभाजस्त्रिगुणप्रधानागुणान्विपश्यंत्युतवातमश्च॥यन्मायायामोहितचेतसस्तेविदुःस्वसंस्थंनबहिःप्रकाशाः॥२३॥ तंत्वामहंज्ञानघनंस्वभावप्रध्वस्तमायागुणभेदमोहैः॥सनंदनाद्यैर्मुनिभिर्विभाव्यंकथंहिमूढःपरिभावयामि॥२४॥ प्रशांतमायागुणकर्मलिंगमनामरूपंसदसद्विमुक्तं॥ज्ञानोपदेशायगृहीतदेहंनमामहेत्वांपुरुषंपुराणं ॥२५॥ त्वन्मायारचितेलोकेवस्तुबुद्ध्यागृहादिषु॥भ्रमंतिकामलोभेर्ष्यामोहविभ्रांतचेतसः ॥२६॥ अद्यनःसर्वभूतात्मन्कामकर्मेंद्रियाशयः॥मोहपाशोदृढश्छिन्नोभगवंस्तवदर्शनात् ॥२७॥ श्रीशुक०इत्थंगीतानुभावस्तंभगवान्कपिलोमुनिः॥ अंशुमंतमुवाचेदमनुगृह्यधियानृप ॥२८॥ श्रीभग०अश्वोऽयंनीयतांवत्सपितामहपशुस्तव॥इमेचपितरोदग्धागंगांऽभोर्हंतिनेतरत्॥२९॥तंपरिक्रम्यशिरसाप्रसाद्यहयमानयत्॥सगरस्तेनपशुनाक्रतुशेषंसमापयत्॥३०॥राज्यमंशुमतिन्य

તે, તેના કાકાઓએ ખોદેલી પૃથ્વી વાળે રસ્તે જતાં, રાખોડીના ઢગલાની પાસે; તેણે, ઘોડાને બાંધેલો દીઠો. અને તે પછી તુરતજ તેણે, ત્યાં બેઠેલા મહામુનિ સાક્ષાત અધોક્ષજ ભગવાન કપિલ દેવને જોઇ; તેમની આગળ હાથ જોડી નમસ્કાર કરીને, સાવધાન મનવડે સ્તુતિ કરી. ॥૨૦-૨૧॥ **અંશુમાન**—આપ પરમાત્માના સ્વરૂપને; આપનામાં મન રાખનારાઓ સમાધિ તથા યોગ આદિક બીજા ઉપાયો વડે પણ, જાણી શકતા નથી; તો આ શરીરનેજ આત્મા (પોતે) રૂપ જાણવાની બુદ્ધિ ઉત્પન્ન થયેલા, અને જ્ઞાનના પ્રકાશ વિનાના હું સરખા લોકો તો, કેમજ જાણી શકે. ॥૨૨॥ આપની માયાથી મોહ પામેલ મનવાળા—ત્રણ ગુણોના પ્રાધાન્ય વાળા—અને બહિર દૃષ્ટિવાળા દેહીઓ; ઉંઘેલાઓ સ્વપ્નના પદાર્થોનેજ દેખવાની પેઠે; માત્ર અહીંના વિષયોનેજ દેખે છે; પણ પોતાનામાંજ રહેલા; આપના આત્મ સ્વરૂપને જાણી શકતા નથી. ॥૨૩॥ માટે આપ કે જે જ્ઞાનઘન—માયાના ગુણોથી થનાર ભેદ અને મોહનો નાશ કરી નાંખવાના સ્વભાવ વાળા—અને સનંદનાદિક મુનિઓ વિગેરે થકીજ પ્રસન્ન થનારા છો. તેમને હું મૂઢ, કેવી રીતે પ્રસન્ન કરી શકું. ॥૨૪॥

એટલા માટે, શાંત સ્વરૂપ—માયાના ગુણો વડે, કર્મો કરવા થકી જણાનારા—નામ અને રૂપ વિનાના—સારા અને નઠારા થકી મુક્ત—અને જ્ઞાનનો ઉપદેશ કરવા માટેજ દેહને ધારણ કરનારા—પુરાણ પુરૂષ ભગવાન, આપને; હું માત્ર નમસ્કારજ કરૂંછું. ॥૨૫॥ અને આ તમારી માયા વડે રચાયલા લોકને વિષે; કામ—લોભ—ઇર્ષ્યા—અને મોહ વડે, ભ્રાંતિ પામેલા મનવાળા મનુષ્યાદિક પ્રાણીઓ, ઘરાદિકને સાચાં માનવાથીજ ભટક્યા કરે છે. ॥૨૬॥ હે સર્વ પ્રાણી પદાર્થાદિકના આત્મારૂપ ભગવાન; આજે આપના દર્શન થકીજ; અમારાં કામ—કર્મો—તથા ઇંદ્રિયોના આશ્રયરૂપ દઢ થઇ ગયેલો મોહપાશ; એ સઘળું નાશ પામેલુ છે. ॥૨૭॥—**શ્રીશુક**—એ રીતે તેણે સ્તુતિ કરી, ત્યારે તેના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી, ભગવાન કપિલમુનિ બોલ્યા કે. ॥૨૮॥—**શ્રીભગવાન**—હે પુત્ર, તારા પિતામહના યજ્ઞના પશુ, આ ઘોડાને તું લેઇજા; અને આ બળી ગયેલા તારા કાકાઓ તો, ગંગાજીના જળવિના બીજી રીતે તરનારા નથીજ. ॥૨૯॥—**શ્રીશુક**—ત્યારે અંશુમાને માથાવડે પ્રણામ કરીને, કપિલ ભગવાનને પ્રસન્ન કર્યા; અને ઘોડાને લેઇ આવ્યો. તથા તે પશુવડે સગર રાજાએ, પોતાનો અધુરો

રહેલો વણ, પરિપૂર્ણ કરશે. ॥૩૦॥ અને તે પછી અંશુમાનને રાજ્ય આપીને, સ્પૃહા તથા બંધનોથી મુક્ત થયેલો સગર રાજા; ઔર્વઋષિએ ઉપદેશ કરેલા માર્ગથી: અતિઉત્તમ ગતિને (મોક્ષપદને) પામી ગયો. ॥ ૩૧ ॥ ઇતિશ્રી૦ ભા૦ નવમા સ્કંધનો આઠમો અધ્યાય સંપૂર્ણ. ॥૮॥

અધ્યાય. ૯ મો.—શ્રીશુક—પછી અંશુમાને ગંગાજીને લાવવાની કામનાથી, ઘણાં વરસો સુધી તપ કર્યું. પણ ગંગાજીને તે ન લાવી શકતાં, કાળ આવી પહોંચવાથી, મરણ પામ્યો. ॥ ૧ ॥ અને તેની પેઠે જ તેનો પુત્ર દિલિપ પણ, તપ કરવા છતાં, ગંગાજીને નહીં લાવી શકતાંજ મરણ પામ્યો; અને તે પછી દિલિપના દીકરા ભગીરથે મોટું તપ કર્યું. ॥ ૨ ॥ ત્યારે ગંગાજીએ દર્શન આપીને તેને કહ્યું કે, " હું તને વરદાન આપવાને આવી છું. "એટલે રાજાએ પોતાનો અભિપ્રાય તેને કહ્યો. ॥૩॥ ત્યારે ગંગાએ કહ્યું કે, " હું પૃથ્વી ઉપર પડતાં મારા વેગને ધારણ કરનારો કોઇ જોઇએ. નહીં તો હું પૃથ્વીના તળને ફોડીને રસાતળમાં ચાલી જાઉં: વળી મનુષ્યો પોતાનાં પાપ મારા વિશે ધુએ; માટે હું પૃથ્વી ઉપર આવવામાં ખુશી નથી: તોપણ એ પાપ મારામાંથી ધોવાઇ જાય, એવો કોઇ ઉપાય તમે વિચારો. " ॥૪-૫ **ભગીરથ—હે** ગંગા, જેમને વિશે પાપોના નાશ કરનારા હરિ ભગવાન સર્વદા વસે છે તે; સંગ માત્રનો ત્યાગ કરનારા—શાંત—પરબ્રહ્મમાં નિષ્ઠા વાળા—અને લોક માત્રને પાવન કરનારા, સાધુ પુરૂષોના અંગનો સ્પર્શ થવાથી; તમારામાંનું એ સઘળું પાપ નાશ પામી જશેજ. ॥૬॥ અને જેમનામાં આ જગત: સાડીમાં તંતુઓ હોવાની પેઠે, ઓતપ્રોત થઇ રહેલું છે: તે, સર્વ શરીરધારીઓના આત્મા, સદાશિવ, તમારા વેગને ધારણ કરી શકશે. ॥૭॥ **શ્રીશુક**—એમ ગંગાને કહીને, સદાશિવને પ્રસન્ન કરવા સારૂં. તે રાજા તપ કરવા લાગ્યો; એટલે થોડા કાળમાં સદાશિવ તુષ્ટમાન થયા. અને એ સર્વ લોકનું હિત કરનારાએ ભગીરથની પ્રાર્થનાનો સ્વીકાર કરીને: હરિ ભગવાનના ચરણ વડે પવિત્ર થયેલ જળવાળી ગંગાને: સાવધાનપણાથી ધારણ કરવાં.

स्यनिस्पृहोमुक्तबंधनः॥और्वोपदिष्टमार्गेणलेभेगतिमनुत्तमां ॥३१॥ इ०भा०म०न०सगरोपाख्यानेअष्टमोऽध्यायः॥८॥ श्रीशुक०अंशुमांश्चतपस्तेपेगंगानयनकाम्यया॥कालंमहांतंनाशक्नोत्ततःकालेनसंस्थितः॥१॥ दिलीपस्तत्सुतस्तद्वदशक्तःकालमेयिवान्॥भगीरथस्तस्यपुत्रस्तेपेससुमहत्तपः॥२॥ दर्शयामासतंदेवीप्रसन्नावरदाऽस्मिते॥इत्युक्तःस्वमभिप्रायंशशंसावनतोनृपः॥३॥ कोऽपिवारयितावेगंपतंत्यामेमहीतले॥अन्यथाभूतलंभित्वानृपयास्येरसातलं॥४॥ किंचाहंनभुवंयास्येनरामय्यामृजंत्यघं॥मृजामितदघंकुत्रराजंस्तत्रविचिंत्यतां ॥५॥ भगीरथ०साधवोन्यासिनःशांताब्रह्मिष्ठालोकपावनाः॥हरंत्यघंतेंगसंगात्तेष्वास्तेह्यघभिद्धरिः ॥६॥ धारयिष्यतितेवेगंरुद्रस्त्वात्माशरीरिणां॥यस्मिन्नोतमिदंप्रोतंविश्वंशाटीवतंतुषु॥७॥इत्युक्त्वासनृपोदेवंतपसाऽतोषयच्छिवं॥कालेनाल्पीयसाराजंस्तस्येशःसमतुष्यत॥८॥ तथेतिराज्ञाऽभिहितंसर्वलोकहितःशिवः॥दधारावहितोगंगांपादपूतजलांहरेः ॥९॥भगीरथःसराजर्षिर्निन्येभुवनपावनी॥यत्रस्वपितॄणांदेहाभस्मीभूताःस्मशेरते ॥१०॥ रथेनवायुवेगेनप्रयांतमनुधावती॥देशान्पुनंतीनिर्दग्धानासिंचत्सगरात्मजान् ॥११॥ यज्जलस्पर्शमात्रेणब्रह्मदंडहताअपि॥सगरात्मजादिवंजग्मुःकेवलंदेहभस्मभिः ॥१२॥ भस्मीभूतांगसंगेनस्वर्याताःसगरात्मजाः॥ किंपुनःश्रद्धयादेवीयेसेवंतेधृतव्रताः ॥१३॥ नह्येतत्परमाश्चर्यंस्वर्धुन्यायदिहोदितं॥ अनंतचरणांभोजप्रसूतायाभवच्छिदः ॥१४॥ संनिविश्यमनोयस्मिन्श्रद्धयामुनयोऽमलाः॥त्रैगुण्यंदुस्त्यजंहित्वासद्योयातास्तदात्मतां ॥१५॥ श्रुतोभगीरथाज्जज्ञेतस्यनाभोऽपरोऽभवत्॥सिंधुद्वीपस्ततस्तस्मादयुतायुस्ततोऽभवत्॥१६॥ ऋतुपर्णोनलसखोयोऽश्वविद्यामयान्नलात्॥दत्वाऽक्षहृदयंचास्मैसर्वकामस्तुतत्सुतः ॥१७॥ ततःसुदासस्तत्पुत्रोमदयंतीपतिर्नृपः॥आहुर्मित्रसहंयंवैकल्माषांघ्रिमुतक्वचित्॥ वसिष्ठशापाद्रक्षोऽभूदनपत्यःस्वकर्मणा ॥१८॥ राजा०किंनिमित्तोगुरोःशापःसौदासस्यमहात्मनः॥एतद्वेदितुमिच्छामःकथ्यतांनरहोयदि॥१९॥ श्रीशुक०सौदासोमृगयांकंचिच्चरन्रक्षोजघानह॥मुमोचभ्रातरंसोऽथगतःप्रतिचिकीर्षया ॥२०॥ स

॥૮-૯॥ પછી તે રાજા, એ જગતને પાવન કરનારી ગંગાજીને, જ્યાં તેના કાકાઓ રાખોડી થઇને પડેલા હતા, ત્યાં લેઇ ગયો. ॥૧૦॥ અને પવન વેગી રથમાં બેશીને જતા, ભગીરથ રાજાની પાછળ પાછળ: દેશોને પવિત્ર કરતાં દોડી આવતાં ગંગાજીએ, એ સગર રાજાના બળી મુએલા પુત્રોને નવરાવ્યા. ॥૧૧॥ એમ બ્રાહ્મણના દંડથી મરીને રાખોડી થઇ ગયેલા સગર રાજાના પુત્રોને પણ, તેના જળનો સ્પર્શ થવાથી; તેઓ સ્વર્ગને પામ્યા. ॥૧૨॥ સગર રાજાના રાખોડી થઇ ગયેલા પુત્રોને પણ, એ ગંગાના જળનો સ્પર્શ થવાથી, સ્વર્ગ મળ્યું; તો નિયમ ધારણ કરીને શ્રદ્ધા સહિત તેનું સેવન કરનારને સ્વર્ગ મળે, એમાં તો કહેવુંજ શું. ॥૧૩॥ અનંત ભગવાનના ચરણ કમળથી ઉત્પન્ન થયેલી, અને જન્મ મરણને મટાડનારી, ગંગાજીનું આ પ્રમાણે કહેવામાં મહાત્મ્ય, કાંઇ આશ્ચર્ય સરખું નથી. ॥૧૪॥ કેમકે એ ભગવાનને વિશે શ્રદ્ધા સહિત મન રાખવાથી, નિર્મળ થયેલા મુનિઓ, ન તજી શકાય એવા ત્રણ ગુણોવાળા, આ શરીરાદિકના સંબંધને છોડી દેઇને, ઉતાવળાજ ભગવાનના સ્વરૂપને પામી ગયેલા છે. ॥૧૫॥ એ ભગીરથનો પુત્ર શ્રુત થયો-શ્રુતનો નાભિ-તેનો સિંધુદ્વીપ—તેનો અયુતાયુ—અને તેનો પુત્ર ૠતુપર્ણ થયો હતો. એ ૠતુપર્ણ નળ રાજાનો મિત્ર હતો. એ ૠતુપર્ણે નળ રાજાને દ્યુત એટલે પાસાની રમત (જુગાર) નું તત્વ શીખવીને, તેની પાસેથી અશ્વવિદ્યા. એટલે ઘોડાઓને ચલાવવાની વિદ્યા તે શીખ્યો હતો. એ ૠતુપર્ણનો દીકરો સર્વકામ નામનો થયો હતો. ॥૧૬-૧૭॥ સર્વકામનો પુત્ર સુદાસ—અને તેનો પુત્ર મદયંતીનો સ્વામી (સૌદાસ) થયો હતો. કોઇ કોઇ ઠેકાણે તેનાંજ મિત્રસહ અને કલ્માષાંઘ્રી એવાં નામો કહેલ છે. એ રાજા પોતાના કર્મે કરીને સંતાન રહિત, તથા વસિષ્ઠ મુનિના શાપથી રાક્ષસ થયો હતો. ॥૧૮॥—**પરીક્ષિત—હે** મહાત્મા, એ સૌદાસને, શા કારણ માટે ગુરૂએ શાપ આપ્યો હતો. એ વાત ગુપ્ત રાખવા જેવી ન હોય તો કહો; એ જાણવાની મને ઇચ્છા છે. ॥૧૯॥—**શ્રીશુક**—એ સૌદાસ રાજા શિકારે ગયેલો, ત્યાં કોઇ રાક્ષસને તેણે મારયો હતો; અને તેના ભાઇને છોડી દીધો હતો. પછી તે છોડી દીધેલો રાક્ષસ વેર વાળવાની ઇચ્છાથી, રાજાને ઘેર રસોઇઆનું રૂપ લેઇને આવી રહ્યો. અને રાજાનું ભૂંડું કરવાના વિચારથી તેણે મનુષ્યનું માંસ રાંધીને ગુરૂને ખાવાને

માટે લાવી મૂક્યું. ॥૨૦–૨૧॥ ભગવાન વસિષ્ઠે, તે પીરસાયલા અભક્ષને જોતાંજ, ક્રોધ કરીને રાજાને શ્રાપ દીધો કે, "તું રાક્ષસ થઇજા." ॥૨૨॥ પણ પછીથી તે કામ રાક્ષસનું કરેલું જાણી, એ શ્રાપનો અવધિ બાર વરસનો કરયો. અને રાજાએ પણ અંજળીમાં જળ લઇને ગુરૂને સામો શ્રાપ આપવાનું કરયું. ॥૨૩॥ ત્યારે મદયંતી રાણીએ તેને વાર્યો. તેથી તે રાજાએ, દિશાઓ–પૃથ્વી–અને આકાશ સર્વને; પ્રાણીમય જોઇને, પછી તે તીક્ષ્ણપાણી, પોતાના પગ ઉપરજ નાંખ્યું. ॥૨૪॥ તેથી તેના પગ કાળા થઇ ગયા, અને તે થકી રાક્ષસ પણાને પામેલો તે રાજા વનમાં ગયો. ત્યાં એક સમયે વનમાં રેહેનાર એક બ્રાહ્મણ અને બ્રાહ્મણીને, તેમના મૈથુનને વખતે તેણે દીઠાં. ॥૨૫॥ અને ભૂખે પીડાયલા તેણે બ્રાહ્મણને પકડયો, ત્યારે તેની સ્ત્રીએ કૃતાર્થ નહીં થયેલીની પેઠે, રાજાને કહ્યું કે; "તમે રાક્ષસ નથી, પણ ઇક્ષ્વાકુ વંશના મહારથી રાજાછો. ॥ ૨૬ ॥ તમે મદયંતીના સ્વામી છતાં, આ અધર્મ કરવાને યોગ્ય નથી; આ દ્વિજ, મારો સ્વામી, હું કૃતાર્થ નહીં થયે-લીને, સંતાનની કામના પૂર્ણ થવા માટે આપો. ॥૨૭॥ હે રાજા, આ મનુષ્ય દેહ સર્વ પુરૂષાર્થને આપનારો છે. એટલા માટે હે વીર, એનો વધ કરવાથી સર્વે પુરૂષાર્થનો નાશ થઇ જશે. ॥૨૮॥ હે ધર્મને જાણનાર, તમો ઉત્તમ રાજરૂષિને હાથે, આ ઉત્તમ બ્રહ્મરૂષિ, જે વિદ્વાન તથા તપ–શીળ–અને ગુણોવાળો બ્રાહ્મણ છે; તથા જે મહાપુરૂષ નામથી કહેવાતા અને સર્વપ્રાણી માત્રનાં શરીરોને વિશે રહેલા પરમ બ્રહ્મ ભગ-વાનનું, સર્વ પ્રાણીઓના આત્મા જાણીને આરાધન કરવાને ઇચ્છે છે; તેનું મોત થાય છે; તેઃ પુત્રનું મોત પિતાનેજ હાથે થવાની પેઠે, કોઇ પ્રકારે યોગ્ય ગણાય એવું નથી. ॥૨૯–૩૦॥ માટે સત્પુરૂષોમાં માન પામેલા તમે, આ સાધુ–નિષ્પાપ–વિદ્વાન–અને બ્રહ્મવાદી બ્રાહ્મણને મારી નાંખવાનું, ગાયને મારી નાંખવાની પેઠે; કેમ યોગ્ય

चिंतयन्नघंराज्ञःसूदरूपधरोगृहे॥गुरवेभोक्तुकामायपक्त्वानिन्येनरामिषं ॥२१॥ परिवेक्ष्यमाणंभगवान्विलोक्याभक्ष्यमंजसा॥राजानमशप
त्क्रुद्धोरक्षोह्येवंभविष्यसि ॥२२॥ रक्षःकृतंतद्विदित्वाचक्रेद्वादशवार्षिकं॥सोऽप्यपोंऽजलिनादायगुरुंशप्तुंसमुद्यतः ॥२३॥ वारितोमदयंत्या
पोरुशतीःपादयोर्जहौ॥दिशःखमवनींसर्वंपश्यन्जीवमयंनृपः ॥२४॥ राक्षसंभावमापन्नःपादेकल्माषतांगताः॥व्यवायकालेददृशेवनौकोदंप
तीद्विजौ॥२५॥ क्षुधार्त्तोजगृहेविप्रंतत्पत्न्याहाकृतार्थवत्॥नभवान्राक्षसःसाक्षादिक्ष्वाकूणांमहारथः ॥२६॥ मदयंत्याःपतिर्वीरनाधर्मंकर्त्तुम
र्हसि॥देहिमेऽपत्यकामायाअकृतार्थंपतिंद्विजं॥२७॥ देहोऽयंमानुषोराजन्पुरुषस्याखिलार्थदः॥तस्माद्स्यवधोवीरसर्वार्थवधउच्यते ॥२८॥
एषहिब्राह्मणोविद्वांस्तपःशीलगुणान्वितः ॥ आरिराधयिषुर्ब्रह्ममहापुरुषसंज्ञितं॥ सर्वभूतात्मभावेनभूतेष्वंतर्हितंगुणैः॥२९॥ सोऽयंब्रह्मर्षि
वर्यस्तेराजर्षिप्रवराद्विभो॥ कथमर्हतिधर्मज्ञवधंपितुरिवात्मजः॥३०॥तस्यसाधोरपापस्यभ्रूणस्यब्रह्मवादिनः॥कथंवधंयथाबभ्रोर्मन्यतेसन्म
तोभवान् ॥३१॥ यद्ययंक्रियतेभक्षस्तर्हिमांखादपूर्वतः ॥ नजीविष्येविनायेनक्षणंचमृतकंयथा॥३२॥ एवंकरुणभाषिण्याविलपंत्याअनाथव
त् ॥ व्याघ्रःपशुमिवाखादत्सौदासःशापमोहितः॥३॥ब्राह्मणीवीक्ष्यदिधिषुंपुरुषादेनभक्षितं॥शोचंत्यात्मानमुर्वीशमशपत्कुपितासती॥३४॥
यस्मान्मेभक्षितःपापकामार्त्तायाःपतिस्त्वया॥ तवापिमृत्युराधानाद[illegible]तप्रज्ञदर्शितः॥३५॥ एवंमित्रसहंशप्त्वापतिलोकपरायणा॥ तदस्थीनि
समिद्धेऽग्नौप्रास्यभर्त्तुर्गतिंगता॥३६॥ विशापोद्वादशाब्दांतेमैथुनायसमुद्यतः॥ विज्ञायब्राह्मणीशापंमहिष्यासनिवारितः॥३७॥ततऊर्ध्वंसत
त्याजस्त्रीसुखंकर्मणाऽप्रजः॥ वसिष्ठस्तदनुज्ञातोमदयंत्यांप्रजामधात्॥३८॥सावैसप्तसमागर्भमबिभ्रन्नव्यजायत॥ जघ्नेऽश्मनोदरंतस्याःसो
ऽश्मकस्तेनकथ्यते॥३९॥ अश्मकान्मूलकोजज्ञेयःस्त्रीभिःपरिरक्षितः॥ नारीकवचइत्युक्तोनिःक्षत्रेमूलकोऽभवत्॥४०॥ततोदशरथस्तस्मा
त्पुत्रऐडविडस्ततः ॥ राजाविश्वसहोयस्यखट्वांगश्चक्रवर्त्यभूत् ॥४१॥ योदेवैरर्थितोदैत्यानवधीद्युधिदुर्जयः॥ मुहूर्त्तमायुर्ज्ञात्वैत्यस्वपुरंसंदधे
मनः॥४२॥ नमब्रह्मकुलात्प्राणाःकुलदैवान्नचात्मजाः॥ नश्रियोनमहीराज्यंनदाराश्चातिवल्लभाः ॥४३॥ नबाल्येऽपिमतिर्मह्यमधर्मेरमतेक्व

માનશો. ॥૩૧॥ એમ છતાં જો એને તમે ખાઇ જતાજ હો; તો પ્રથમ મને ખાઇ જાઓ; કેમકે મુવેલા જેવી હું, એના વિના એક ક્ષણ પણ જીવનાર નથી." ॥૩૨॥ એ પ્રમાણે અનાથની પેઠે તે કરૂણા ઉપજે એવાં વચનો, બોલતી અને વિલાપ કરતીને, નહીં ગણકારીને; પશુને જેમ વાઘ ખાઇ જાય તેમ; શ્રાપથી મોહ પામેલો સૌ-દાસ, તે બ્રાહ્મણને ખાઇ ગયો. ॥૩૩॥ ત્યારે, પોતાના આત્માનો ઘણો શોક કરતી તે બ્રાહ્મણીએ, પોતાના સ્વામીને, એ માણસોનું ભક્ષ કરનારાએ ખાધેલો જોઇને ક્રોપ કર્યો; અને તેણે સૌદાસને શ્રાપ દીધો કે. ॥૩૪॥ "હે પાપી, અને મૂર્ખ, કામ વડે પીડાયલી હુંના સ્વામીને તું ખાઇ ગયો; તેથી તું મૈથુન માટે તારી સ્ત્રીની પાસે જતાંજ, તારૂં પણ મૃત્યું થશે." ॥૩૫॥ એ પ્રમાણે તે મિત્રસહ રાજાને શ્રાપ આપીને, એ પતિવ્રતા બ્રાહ્મણી, પોતાના સ્વામીનાં હાડકાંને એકઠાં કરીને; તે સહિત સળગાવેલા અગ્નિમાં પડીને પતિના લોકને પામી ગઇ. ॥૩૬॥ પછી બાર વરસ પૂરાં થયે શ્રાપ મુક્ત થયેલા તે રાજાએ, મૈથુનને માટે તૈયાર થતાં; તેની રાણીએ બ્રાહ્મણીના શ્રાપને જાણવાથી; તેને અટકાવ્યો. ॥૩૭॥ ને તે પછી તેણે સ્ત્રી સુખને તજી દીધું. એ રીતે તે રાજા પોતાના કર્મ થકીજ સંતાન રહિત રહ્યો. પાછળથી તેના કહેવાથી મદયંતીને વિશે વસિષ્ઠ મુનિએ ગર્ભ રાખ્યો હતો. ॥૩૮॥ તેણે ધારણ કરેલો ગર્ભ સાતવરસ સુધી ન જન્મવાથી, તેના પેટમાં પથરો મારવાથી જન્મ્યો. માટે તે અવતરેલો છોકરો અશ્મક કહેવાય છે. ॥૩૯॥ એ અશ્મકનો દીકરો મૂલક થયો. પરશુરામે ક્ષ-ત્રીઓને મારી નાંખવાથી પૃથ્વી નિઃક્ષત્રી થઇ ત્યારે સ્ત્રીઓએ તેનુ રક્ષણ કરવાથી તે "નારિકવચ" કહે-વાય છે. અને ક્ષત્રીઓના મૂળ રૂપ શેષ રહેવાથી તે "મૂળક" પણ કહેવાય છે ॥૪૦॥ એ મૂળકનો દશરથ–તેનો અંડવિડ–તેનો વિશ્વસહ–અને તેનો ખટ્વાંગ નામેપુત્ર ચક્રવર્તી થયો હતો. ॥૪૧॥ કોઇથી ન જીતાય એવા તેણે, દેવતાઓની પ્રાર્થનાથી, યુદ્ધને વિશે દૈત્યોને માર્યા હતા. પછી દેવતાઓ થકી, પોતાનું આયુષ્ય માત્ર બે ઘડીનુંજ બાકી રહેલાનું જાણવાથી; તેણે પોતાના નગરમાં પાછા આવીને, ભગવાનને વિશેજ મન લગાડયું.

॥૪૨॥ અને વિચાર કરશો કે, અમારા કુળના દૈવત રૂપ બ્રાહ્મણોના કુળ કરતાં, મને મારા પ્રાણ-પુત્રો-લક્ષ્મી-પૃથ્વી-અને સ્ત્રીઓ વિગેરે કશું પણ વધારે પ્રિય નથી. ॥૪૩॥ અને ઉત્તમ શ્લોક ભગવાન થકી જુદી, કોઈ પણ વસ્તુ હું દેખતોજ નથી. તથા બાળપણમાં પણ કદીએ મારી બુદ્ધિ અધર્મમાં ગઈ નથી. ॥૪૪॥ તેમજ પ્રાણી માત્રનું પાલન કરનારા ભગવાનમાંજ ભાવ રાખનારા મેં; ત્રણે લોકના ઈશ્વર દેવતાઓએ, ઈચ્છિત વરદાનો આપવાનું કહેલા છતાં; કોઈ વરદાન માગવાની મેં ઈચ્છા કરી નથી. ॥૪૫॥ અને અવિનાશી-આત્મ સ્વરૂપ-પ્રિય-અને પોતાના હૃદયને વિષેજ રહેલા ભગવાનનો; ઈંદ્રિયો તથા બુદ્ધિ વિક્ષેપ પામેલા, દેવતાઓ પણ, જાણતા નથી; તો બીજાઓ તો ક્યાંથીજ જાણે. ॥૪૬॥ તેથી હવે તો હું, જગત કર્તા ભગવાનમાં ભાવ રાખવા વડે; ભગવાનની માયાથી, રચાયલા, અને ગંધર્વ નગરની ઉપમા આપવા જેવા; અને પોતાની મેળેજ નાશવંત થઈ જનારા-સ્ત્રી આદિકના સંગને; તજી દઈને, એ ભગવાનનેજ શરણે જાઉં.॥૪૭॥

એ રીતે નારાયણ ભગવાનને વિષે બુદ્ધિ કરવાથી, નિશ્ચય પામેલા, ખટ્વાંગ રાજાએ; અનાત્મ (દેહાદિ અ-જ્ઞાનને તજી દીધું) અને; પછી તેણે આત્મ સ્વરૂપનોજ આશ્રય કર્યો. ॥૪૮॥ કે જે સ્વરૂપને ભક્તો બ્રહ્મ-પરમ-સૂક્ષ્મ-અશૂન્ય-શૂન્યની પેઠે કલ્પાતું-અને વાસુદેવ ભગવાન; એ રીતનાં નામો થકી બોલે છે. ॥૪૯॥ ઇતિ શ્રી૦ ભા૦ નવમા સ્કંધનો નવમો અધ્યાય સંપૂર્ણ ॥૯॥.

અધ્યાય ૧૦ મો.-શ્રીશુક-હે પરિક્ષિત, ખટ્વાંગનો દીર્ઘબાહુ-તેનો ધણી કીર્તિવાળો રઘુ-તેનો અજ-અને તેનો દશરથ નામે પુત્ર થયો હતો. ॥૧॥ એ દશરથને ત્યાં સાક્ષાત બ્રહ્મમય હરિ ભગવાન પોતેજ, દેવતાઓની પ્રાર્થના થકી, પોતાના અંશોવડે ચાર પ્રકારથી પુત્ર પણાને પામ્યા હતા. ॥૨॥ રામ-લક્ષ્મણ-ભરત-અને શત્રુઘ્ન, એ નામોવાળા, સીતાપતિ ભગવાનનું ચરિત્ર, તત્વવેત્તા ઋષિઓ થકી વર્ણન થતાં, હે રાજન તમે ઘણીવાર સાંભળ્યું હશેજ. ॥૩॥ પિતાને માટે રાજ્યનો ત્યાગ કરનારા-અને પ્રિયાના હાથના સ્પર્શને

चित् ॥ नपश्याम्युत्तमश्लोकादन्यत्किंचनवस्त्वहं॥४४॥ देवैःकामवरोदत्तोमत्यंत्रिभुवनेश्वरैः॥ नवृणेतमहंकामंभूतभावनभावनः ॥४५॥ य
विक्षिप्तेंद्रियधियोदेवास्तेस्वहृदिस्थितं॥ नविंदंतिप्रियंशश्वदात्मानंकिमुतापरे॥४६॥ अथेशमायारचितेषुसंगंगुणेषुगंधर्वपुरोपमेषु॥रूढंप्रकृ
त्यात्मनिविश्वकर्तुर्भावेनहित्वातमहंप्रपद्ये॥४७॥ इतिव्यवसितोबुद्ध्यानारायणगृहीतया॥ हित्वाऽन्यभावमज्ञानंततःस्वंभावमाश्रितः॥४८॥
यत्तद्ब्रह्मपरंसूक्ष्ममशून्यंशून्यकल्पितं॥ भगवान्वासुदेवेतियंगृणंतिहिसात्वताः॥४९॥ इ०भा०म०न०सूर्यवंशानुवर्णनेनवमोऽध्यायः ॥९॥
श्रीशुक०खट्वांगाद्दीर्घबाहुश्चरघुस्तस्मात्पृथुश्रवाः॥अजस्ततोमहाराजतस्माद्दशरथोऽभवत् ॥१॥ तस्यापिभगवानेषसाक्षाद्ब्रह्ममयोहरिः॥
अंशांशेनचतुर्धाऽगात्पुत्रत्वंप्रार्थितःसुरैः॥२॥रामलक्ष्मणभरतशत्रुघ्नाइतिसंज्ञया॥तस्यानुचरितंराजन्नृषिभिस्तत्त्वदर्शिभिः ॥ श्रुतंहिवर्णि
तंभूरित्वयासीतापतेर्मुहुः ॥३॥ गुर्वर्थेत्यक्तराज्योव्यचरदनुवनंपद्मपद्भ्यांप्रियायाःपाणिस्पर्शाक्षमाभ्यांमृजितपथरुजोयोहरींद्रानुजाभ्यां ॥
वैरूप्याच्छूर्पणख्याःप्रियविरहरुषारोपितभ्रूविजृंभत्रस्ताब्धिर्बद्धसेतुःखलदवदहनःकोशलेंद्रोऽवतान्नः ॥४॥ विश्वामित्राध्वरेयेनमारीचाद्या
निशाचराः॥ पश्यतोलक्ष्मणस्यैवहतानैर्ऋतपुंगवाः ॥५॥ योलोकवीरसमितौधनुरैशमुग्रंसीतास्वयंवरगृहेत्रिशतोपनीतं॥आदायबालगज
लीलइवेक्षुयष्टिंसज्जीकृतंनृपविकृष्यबभंजमध्ये॥६॥ जित्वाऽनुरूपगुणशीलवयोंऽगरूपांसीताभिधांश्रियमुरस्यभिलब्धमानां॥मार्गेव्रजन्भृगुप
तेर्व्यनयत्प्ररूढंदर्पंमहीमकृतयस्त्रिरराजबीजां॥ ७ ॥ यःसत्यपाशपरिवीतपितुर्निदेशंस्त्रैणस्यचापिशिरसाजगृहेसभार्यः ॥ राज्यंश्रियंप्रण
यिनःसुहृदोनिवासंत्यक्त्वाययौवनमसूनिवमुक्तसंगः॥८ रक्षःस्वसुर्व्यकृतरूपमशुद्धबुद्धेस्तस्याःखरत्रिशिरदूषणमुख्यबंधून् ॥ जघ्नेचतुर्दश
सहस्रमपारणीयकोदंडपाणिरटमानउवासकृच्छ्रं॥९॥ सीताकथाश्रवणदीपितहृच्छयेनसृष्टंविलोक्यनृपतेदशकंधरेण ॥ जघ्नेऽद्भुतैणवपुषा
श्रमतोऽपकृष्टोमारिचमाशुविशिखेनयथाकमुग्रः ॥१०॥ रक्षोधमेनवृकवद्विपिनेऽसमक्षंवैदेहराजदुहितर्यपयापितायां ॥ भ्रात्रावनेकृपणव

પણ, નહીં ખમી શકનારા, કમળ જેવા પગ થકી, એક વનમાંથી બીજા વનમાં ફરનારા-અને લક્ષ્મણજીએ તથા સુગ્રીવ વગેરે વાંનરાઓના અધિપતિઓએ માર્ગનો થાક મટાડેલા-સુર્પણખાને વિરૂપ કરનારા-અને પ્રિયાના વિરહથી ક્રોધ પામવાથી ચડેલી ભમરોથી ત્રાસ પામેલા સમુદ્રના ઉપર સેતુ બાંધનારા-તથા ખળ રાક્ષસોને બાળી નાંખનાર દાવાગ્નિરૂપ, કોશળ દેશના રાજા શ્રીરામચંદ્રજી ભગવાનજ આપણું રક્ષણ કરનારા છે. ॥૪॥ અને એમણેજ વિશ્વામિત્રના યજ્ઞમાં લક્ષ્મણજીના સમક્ષ, મોટા મોટા મારિચ વિગેરે રાક્ષસોને મારેલા છે. ॥૫॥ હે પરીક્ષિત, સીતાના સ્વયંવરના સ્થાનમાં લોકને વિષે જાણીતા ત્રણસે મોટા યોદ્ધાઓએ ખેંચી આણેલા સદાશિવના ઉગ્રધનુષ્યને; શેલડીના સાંઠાને નાનો હાથી રમતમાંજ ભાંગી નાંખવાની પેઠે; તેમણેજ સજ્જ કરી ખેંચીને, વચમાંથી ભાંગી નાંખ્યું હતું. ॥૬॥ અને તેમણેજ પોતાના વક્ષઃસ્થળમાં માન પામીને રહેલાં લક્ષ્મીજીનો અવતાર, પોતાના જેવાજ ગુણો-રૂપ-શીળ-વય-અને અંગોવાળાં, સીતાને પરણીને જતાં; માર્ગમાં મળેલા; એકવિસવાર રાજબીજ વિનાની પૃથ્વી કરનારા પરશુરામના, અતિ વધેલા અહંકારને ઉતારી નાંખ્યો હતો. ॥૭॥

પિતા દશરથ, સ્ત્રીવશ હોવા છતાં પણ, તેમની આજ્ઞાને માથે ચડાવીને, સત્યના પાશથી બંધાઈ; રાજ્ય-લક્ષ્મી-મિત્રો-સગાઓ અને ઘરાદિક-સઘળાને તજી, સંગરહિત થઈને; ફકત પોતાનું શરીરજ સાથે રાખી, પોતાની સ્ત્રી સીતા સહિત, એ રામચંદ્રજી ભગવાન વનમાં ગયા હતા. ॥૮॥ તથા ત્યાં, દુષ્ટ બુદ્ધિવાળી રાક્ષસી બેહેન (સુર્પણખા) નું કરૂપ કર્યું,-તેના મુખ્ય બંધુઓ ખર ત્રિશિરા અને દુષણ, એમને તેમના ચૌદહજાર રાક્ષસો સહિત, અસહ્ય ધનુષ્ય હાથમાં ધારણ કરીને મારયા; અને વનવાસમાં દુઃખથી વસ્યા હતા. ॥૯॥ પછી સીતાની વાત સાંભળવાથી કામદેવ થકી બળેલા રાવણે, અદ્ભુત રૂપ બનાવી મારિચને મોકલવાથી, તેને જોઈ, ઉતાવળાજ તેની પાછળ; પોતાના આશ્રમથી ઘણે દૂર જઈને રૂદ્રે દક્ષને મારવાની પેઠે; બાણ થકી તે મારિચને માર્યો ॥૧૦॥ અને અધમ રાક્ષસે (રાવણે) એ વનની અંદર પોતાની ગેરહાજરીમાં, વરૂની પેઠે વિદેહ રાજાની કન્યા (સીતા) નું હરણ કરી જતાં, પ્રિયા થકી વિખુટા પડેલા પોતે ભાઈ સહિત વનને વિષે રાંકની પેઠે; સ્ત્રીનો સંગ કરનારા પુરૂષોની આ પ્રકારની દશાને, દેખાડતા થકા ફરયા. ॥૧૧॥ તે પછી પો-

તાના કાર્ય માટેજ મુએલા જટાયુને અગ્નિદાહ કરીને; કબંધને માર્યો, અને પછી વાંદરાઓ સાથે મૈત્રિ કરીને, વાલીને મારી, તેમના વડેજ પ્રિયાના સમાચાર જાણી; રામચંદ્રજી ભગવાન પોતાના નાનાભાઇ લક્ષ્મણ સહિત, વાંનરાઓનું સૈન્ય સાથે લઇને; બ્રહ્મા અને સદાશિવે પૂજેલા પગવડે ચાલીને; સમુદ્રને કિનારે આવ્યા. ॥૧૨॥ ત્યાં તેમનું. ક્રોધવાલી-ફરકતી-અને ઉઘડેલી આંખ્યોનું જોવું થવાથી, ભયથકી, સંભ્રાંત થયેલો, તથા ગુડ અને મગરોથી ભરેલો સમુદ્ર; પોતાનો ઘોંઘાટ બંધકરી મૂર્તિમાન થઇ, માથા ઉપર પૂજનનો સામાન લેઇ આવીને; તેમના પગમાં પડયો, અને બોલ્યો કે. ॥૧૩॥ "આપ ગુણોના ઇશ્વરથકી, સત્વગુણથી દેવતાઓ-રજોગુણથી પ્રજાપતિઓ-અને તમોગુણથી ભૂતપતિઓ થયેલા છે; તે કુટસ્થ-આદિ પુરૂષ-અને જગતના પ્રાણીઓ આદિના ઇશ્વર આપ મહાત્માને, અમો જડબુદ્ધિવાળાઓ જાણી શકતા નથી. ॥ ૧૪ ॥ હે વીર, આપની ઇચ્છા હોય ત્યાં પધારો; અને ત્રણે લોકને રોવરાવનાર તથા વિશ્રવારૂષિની વિષ્ઠારૂપ રાવણને મારીને, આપનાં પત્નિને પામો; તથા અહીંયાં સેતુ એટલે પાજ અથવા પૂલ બાંધીને આપનો યશ વિસ્તારો. કે જ્યાં આવીને દિગ્વિજય કરનારા રાજાઓ, આપનો યશ ગાય." ॥૧૫॥ પછી અનેક પર્વતોનાં શિખરોથી અને વાંદરાઓના અધિપતિઓના હાથથકી કંપાવેલાં ઝાડોની ડાલીઓ વિગેરેથી, સમુદ્રના ઉપર સેતુ બાંધીને; જેમાં સુગ્રીવ-નીલ-અને હનુમાન મુખ્ય છે; એવા વાનરોના સૈન્યને લેઇને, પ્રથમ બાળેલી લંકાને વિષે, બિભિષણની સૂચના મુજબ ભગવાન રામચંદ્રજી ગયા. ॥૧૬॥ ત્યાં લંકાનાં વિહારસ્થાન-કોઠા-ભંડાર-દરવાજા-સભાઓ-ઝરૂખા-અને બીજા ભાગો સહિત આખી લંકા નગરીને, વાંદરાઓના સૈન્યે ઘેરી લીધાથી; અને વેદીઓ-ધજાઓ-સોનાના કળશ-તથા ચોવટાં ભાંગી નાંખવાથી; નાની નદીમાં હાથીઓ આવી પડવા સરખી, તે લં-

त्प्रिययावियुक्तस्त्रीसंगिनांगतिमितिप्रथयंश्चचार॥११॥ दग्ध्वात्मकृत्यहतकृत्यमहन्कबंधंसख्यंविधायकपिभिर्दयितागतिंतैः॥ बुद्ध्वाऽथवा
लिनिहतेप्लवगेंद्रसैन्यैर्वेलामगात्सनुजोऽजभवार्चितांघ्रिः॥१२॥यद्रोषविभ्रमविवृत्तकटाक्षपातसंभ्रांतनक्रमकरोभयगीर्णघोषः॥ सिंधुःशि
रस्यर्हणंपरिगृहय्यरूपीपादारविंदमुपगम्यबभाषएतत् ॥१३॥ नत्वांवयंजडधियोनुविदामभूमन्कूटस्थमादिपुरुषंजगतामधीशं ॥ यत्सत्त्वतः
सुरगणारजसःप्रजेशामन्योश्चभूतपतयःसभवान्गुणेशः॥१४॥ कामंप्रयाहिजहिविश्रवसोऽवमेहंत्रैलोक्यरावणमवाप्नुहिवीरपत्नीं॥ बध्नीहि
सेतुमिहतेयशसोवितत्यैगायंतिदिग्विजयिनोयमुपेत्यभूपः ॥१५॥ बद्ध्वोदधौरघुपतिर्विविधाद्रिकूटैःसेतुंकपींद्रकरकंपितभूरुहांगैः॥ सुग्री
वनीलहनुमत्प्रमुखैरनीकैर्लंकांबिभीषणदृशाविशदग्रदग्धां॥१६॥ सावानरेंद्रबलरुद्धविहारकोष्ठश्रीद्वारगोपुरसदोवलभीविटंका॥ निर्भज्य
मानधिषणध्वजहेमकुंभशृंगाटकागजकुलैर्ह्रदिनीवघूर्णा॥१७॥ रक्षःपतिस्तदवलोक्यनिकुंभकुंभधूम्राक्षदुर्मुखसुरांतनरांतकादीन्॥ पुत्रंप
हस्तमतिकायविकंपनादीन्सर्वानुगान्समहिनोदथकुंभकर्णं॥१८॥ तांयातुधानपृतनामसिशूलचापप्रासर्ष्टिशक्तिशरतोमरखड्गदुर्गां ॥ सुग्री
वलक्ष्मणमरुत्सुतगंधमादनीलांगदर्क्षपनसादिभिरन्वितोगात् ॥१९॥ तेऽनीकपारघुपतेरभिपत्यसर्वेद्वंद्वंवरूथमिभपत्तिरथाश्वयोधैः ॥ जघ्नु
र्द्रुमैर्गिरिगदेषुभिरंगदाद्याःसीताऽभिमर्शहतमंगलरावणेशान्॥२०॥ रक्षःपतिःस्वबलनष्टिमवेक्ष्यरुष्टआरुह्ययानकमथाभिससाररामं॥स्वः
स्यंदनेद्युमतिमातलिनोपनीतेविभ्राजमानमहनन्निशितैःक्षुरप्रैः॥२१॥रामस्तमाहपुरुषादपुरीषयन्नःकांतासमक्षमसताऽपहृताश्ववत्ते॥ त्यक्त
त्रपस्यफलमद्यजुगुप्सितस्ययच्छामिकालइवकर्तुरलंघ्यवीर्यः ॥२२॥ एवंक्षिपन्धनुषिसंधितमुत्ससर्जबाणंसवज्रमिवतद्धृदयंबिभेदसोसृ
ग्वमन्दशमुखैर्न्यपतद्विमानाद्धाहेतिजल्पतिजनेसुकृतीवरिक्तः॥२३॥ ततोनिष्क्रम्यलंकायायातुधान्यःसहस्रशः ॥ मंदोदर्यासमंतस्मिन्प्ररु
दंत्यउपाद्रवन् ॥२४॥ स्वान्स्वान्बंधून्परिष्वज्यलक्ष्मणेषुभिरर्दितान्॥ रुरुदुःसुस्वरंदीनाघ्नंत्यआत्मानमात्मना॥२५॥हाहताःस्मवयंनाथलो
करावणरावण॥ कंयायाच्छरणंलंकात्वद्विहीनापरार्दिता॥२६॥ नैवंवेदमहाभागभवान्कामवशंगतः ॥ तेजोऽनुभावंसीतायायेननीतोदशा

કાની સ્થિતિ થઇ ગઇ. ॥૧૭॥ એ જોવાથી રાક્ષસોના અધિપતિ રાવણે, નિકુંભ-કુંભ-ધુમ્રાક્ષ-દુર્મુખ-દેવાંતક અને નરાંતક વિગેરે પોતાના સર્વ અનુચરોને; તથા ઇંદ્રજીત-પ્રહસ્ત-અતિકાય-અને અકંપન વિગેરે પુત્રોને; અને પછીથી કુંભકરણને પણ યુદ્ધ કરવાને મોકલ્યા. ॥૧૮॥ ત્યારે ત્રિશુળ-તરવાર-ધનુષ્ય-પાસ-રૂષ્ટિ-સાંગ-બાણ-કટાર-અને ખડગો વાળી, અને ન ભેદી શકાય એવી એ રાક્ષસોની સેના ઉપર; સુગ્રીવ-લક્ષ્મણ-હનુમાન-ગંધમાદન-નીલ-અંગદ-જાંબુવાન-અને પનસ વિગેરે થકી વિંટાએલા ભગવાન રામચંદ્રજી ચડયા. ॥૧૯॥ અને એ રઘુપતિની સેનાના સરદારોએ; હાથી-પ્યાદા-રથ-ઘોડા-અને બીજા પ્રકારના યોદ્ધાઓથી રચાયલી સીતાનું હરણ કરવાથીજ પુણ્ય પરવારેલા, તેમના સ્વામી રાવણની રાક્ષસોની સેનાની સામે જઇ; દ્વંદ્વ યુદ્ધ કરીને, તેઓને ઝાડો-પર્વતોનાં શિખરો-બાણો અને ગદાઓ થકી માર્યા. ॥૨૦॥ પછી પોતાના સૈન્યનો નાશ થતો દેખીને ક્રોધે ભરાયલો રાવણ. વિમાનમાં બેસીને રામની સામે આવ્યો; અને માતલીએ સ્વર્ગમાંથી આણેલા પ્રકાશિત રથમાં બેસીને શોભતા રામચંદ્રજીના ઉપર, અતિ તીક્ષ્ણ બાણો મારવા લાગ્યો. ॥૨૧॥ ત્યારે રામે તેને કહ્યું કે, " હે દુષ્ટ અને માણસોનું ભક્ષણ કરનારા નીચ, લાજ મુકીને અમારી ગેરહાજરીમાં; કુતરાની પેઠે અમારી સ્ત્રીનું હરણ કરનારા તને; કાળની પેઠે, હું મારા અમોઘ પરાક્રમથી, તારા નિંદિત કર્મનું ફળ આજેજ આપુંછું." ॥૨૨॥ એ પ્રમાણે તિરસ્કાર કરીને રામચંદ્રે ધનુષ્ય થકી બાણ મુકતાં, તે બાણે વજ્રની પેઠે, રાવણનું હૃદય ભેદી નાંખ્યું; અને તે થકી તે દશે મોઢાંમાંથી લોહી નાંખતો, તેના વિમાનમાંથી, પુણ્ય પરવારેલાની પેઠે, લોકોમાં હાહાકાર થવાની સાથે, પડી ગયો. ॥૨૩॥ પછી મંદોદરી સહિત હજારો રાક્ષસીઓ, લંકામાંથી રોતી રોતી તે સ્થળે દોડી આવી. ॥૨૪॥ અને પોતેજ પોતાનાં શરીરોને કુટી નાંખતી તેઓ; લક્ષ્મણનાં બાણોથી મરણ પામેલા, પોતપોતાના બંધુઓને ભેટીને; ઉચ્ચારસ્વરથી રાંક બનીને રોવા લાગીઓ કે. ॥૨૫॥ "હે નાથ, લોક માત્રને રોવરાવનારા રાવણ, હાય હાય અમે હણાઇ ગઇઓ છીએ;

તમારા વિનાની થએલી અને દુઃખીઓએ પીડેલી અમોએ, હવે કોનું શરણું લેવું. ॥ ૨૬ ॥ હે મહાભાગ તમે કામને વશ થઇ, સીતાના પ્રભાવને અને તેજને જાણ્યો નહીં; તેથી આ દશાને પામ્યા. ॥૨૭॥ હે કુળનંદન, એણેજ લંકાને અને અમને વિધવાપણું આપ્યું છે. અને તમારા દેહને ગીધપક્ષીઓનું અન્ન કર્યું છે; તથા તમારા આત્માને નરકમાં નાખ્યો છે. ॥૨૮॥—શ્રીશુક—પછી રામચંદ્રજીની સંમતિથી વિભીષણે પોતાના સર્વ સંબંધીઓની પિતૃમેધના વિધાન થકી શાસ્ત્રોક્ત રીતે મરણ ક્રિયાઓ કરી. ॥૨૯॥ તથા અશોક પાલવની વાડીમાં શીશમના ઝાડની નીચે બેઠેલાં, અને વિરહના વ્યાધિથી દુબળાં થએલાં; સીતાજીને ભગવાન રામચંદ્રજીએ જોયાં. ॥૩૦॥ ત્યારે પોતાના દર્શનના આનંદથી પ્રફુલિત થએલા મુખ કમળ વાળાં પોતાનાં અતિ પ્રિય સ્ત્રી સીતાજીને, રાંક બનેલાં જોવાથી, રામચંદ્રજીને ઘણી દયા આવી. ॥૩૧॥ પછી તેમને તથા લક્ષ્મણજી અને હનુમાન વિગેરેને પુષ્પક વિમાનમાં બેસાડીને, અને વિભીષણને લંકાનું આયુષ્ય-તથા કલ્પના અંત સુધીનું લંકાનું રાજ્ય આપીને; અને રાક્ષસોનો રાજા બનાવીને; ઘણાં વરસોના વ્રત ધારી રામચંદ્રજી, માર્ગમાં લોકપાળોથી ફુલોવડે વધાવાતા, અને બ્રહ્મા વિગેરેથી આનંદ વડે ચરિત્રનું ગાયન કરાતા, અયોધ્યા નગરી તરફ ગયા. ॥—૩૨-૩૩-૩૩ર્ધ્દ॥ ત્યારે જટાધારી—પૃથ્વી ઉપર સુતારા—અને ગોમુત્ર તથા જવ ખાઇને અને વલ્કલ વસ્ત્ર પહેરીને રહેલા, પોતાના ભાઇ ભરતજીને, માથા ઉપર રામચંદ્રજીની પાદુકાઓ ધારણ કરીને; નગરના લોકો—કામદારો—અને પુરોહિતો સહિત, મોટા ભાઇ (પોતેજ) ની સામે આવેલા સાંભળીને; મહાદયાળુ રામચંદ્રજી, પરિતાપ પામ્યા. ॥૩૪-૩૫॥ ભરતજીના પોતાના મુકામ નંદીગ્રામથકી ગીત અને વાજીંત્રોના શબ્દો થતાં, અને બ્રહ્મવાદી બ્રાહ્મણો વારંવાર વેદના મંત્રો બોલતાં—સુવર્ણના છેડાઓ વાળી પતાકાઓ તથા વિચિત્ર પ્રકારની ધજાઓ વાળા રથોમાં, સોનાના સામાન વાળા ઘોડાઓ જોડીને; તથા સોનાનાં બખ્તરો પહેરેલા યોદ્ધાઓ સાથે લઇને; તે ભરતજી નીકળ્યા. ॥૩૬-૩૭॥ અને વેપારીઓને— ગુણિકાઓને—નોકરોને—

मिमां॥२७॥कृतैषाविधवालंकावयंचकुलनंदन॥देहःकृतोन्नंगृध्राणामात्मानरकहेतवे॥२८॥ श्रीशुक०स्वानांबिभीषणश्चक्रेकोशलेंद्रानुमोदितः॥ पितृमेधविधानेनयदुक्तंसांपरायिकं॥२९॥ततोददर्शभगवानशोकवनिकाश्रमे॥ क्षामांस्वविरहव्याधिंशिंशपामूलमास्थितां॥३०॥ रामःप्रियतमांभार्यांदीनांवीक्ष्यान्वकंपत॥आत्मसंदर्शनाल्हादविकसन्मुखपंकजां॥३१॥ आरोप्यारुरुहेयानंभ्रातृभ्यांहनुमद्युतः॥ बिभीषणायभगवान्दत्वारक्षोगणेशतां॥३२॥ लंकामायुश्चकल्पांतंययौचीर्णव्रतःपुरीं॥अवकीर्यमाणःकुसुमैर्लोकपालार्पितैःपथि॥३३॥उपगीयमानचरितःशतधृत्यादिभिर्मुदा॥गोमूत्रयावकंश्रुत्वाभ्रातरंवल्कलांबरं॥३४॥ महाकारुणिकोऽतप्यज्जटिलंस्थंडिलेशयं ॥ भरतंप्राप्तमाकर्ण्यपौरामात्यपुरोहितैः॥पादुकेशिरसिन्यस्यरामंप्रत्युद्यतोऽग्रजं॥३५॥ नंदिग्रामात्स्वशिबिराद्गीतवादित्रनिःस्वनैः॥ब्रह्मघोषेणचमुहुःपठद्भिर्ब्रह्मवादिभिः॥३६॥ स्वर्णकक्षपताकाभिर्हैमैश्चित्रध्वजैरथैः ॥ सदश्वैरुक्मसन्नाहैर्भटैःपुरटवर्मभिः॥३७॥ श्रेणीभिर्वारमुख्याभिर्भृत्यैश्चैवपदानुगैः ॥ पारमेष्ठ्यान्युपादायपण्यान्युच्चावचानिच॥३८॥ पादयोर्न्यपतत्प्रेम्णाप्रक्लिन्नहृदयेक्षणः॥ पादुकेन्यस्यपुरतःप्रांजलिर्बाष्पलोचनः॥३९॥ तमाश्लिष्यचिरंदोर्भ्यांस्नापयन्नेत्रजैर्जलैः ॥ रामोलक्ष्मणसीताभ्यांविप्रेभ्योयेऽर्हसत्तमाः॥४०॥ तेभ्यःस्वयंनमश्चक्रेप्रजाभिश्चनमस्कृतः॥धुन्वंतउत्तरासंगान्पतिंवीक्ष्यचिरागतं॥४१॥उत्तराःकोशलामाल्यैःकिरंतोननृतुर्मुदा॥ पादुकेभरतोगृण्हाच्चामरव्यजनोत्तमे॥४२॥ बिभीषणःससुग्रीवःश्वेतच्छत्रंमरुत्सुतः॥ धनुर्निषंगाञ्छत्रुघ्नःसीतातीर्थकमंडलुं॥४३॥ अबिभ्रदंगदःखड्गंहैमंचर्मर्क्षराण्नृप॥पुष्पकस्थोऽन्वितःस्त्रीभिःस्तूयमानश्चबंदिभिः॥४४॥ विरेजेभगवान्राजन्ग्रहैश्चंद्रइवोदितः ॥ भ्रातृभिर्नंदितःसोऽपिसोत्सवांप्राविशत्पुरीं ॥४५॥ प्रविश्यराजभवनंगुरुपत्नीःस्वमातरं॥ गुरून्वयस्यावरजान्पूजितःप्रत्यपूजयत् ॥४६॥ वैदेहीलक्ष्मणश्चैवयथावत्समुपेयतुः॥ पुत्रान्स्वमातरस्तास्तुप्राणांस्तन्वइवोत्थिताः॥ आरोप्यांकेऽभिषिंचंत्योबाष्पौघैर्विजहुःशुचः ॥४७॥ जटानिर्मुच्यविधिवत्कुलवृद्धैःसमंगुरुः ॥ अभ्यषिंचद्यथैवेंद्रंचतुःसिंधुजला

અને પાછળ ચાલનારા બીજા અનુચરોને, તથા છત્ર, ચામર આદિ રાજચિન્હોને, અને બીજા નાના મોટા સર્વે પ્રકારના સરસામાનને પણ તેમણે સાથે લેઇ લીધો. ॥ ૩૮ ॥ પછી પ્રેમથી હૃદય પિગળી જતાં, આંખોમાં આંસુ આવેલા તેમણે, હાથ જોડી નજીક જઇને, પાદુકાઓ આગળ ધરી; તથા ચરણમાં પડ્યા. ॥૩૯॥ ત્યારે તેમને રામચંદ્રજીએ-સીતાએ-અને લક્ષ્મણે, ઘણીવાર સુધી બેઉ હાથથી આલિંગન કરીને, આંખોમાંથી નીકળતા જળ વડે, નવરાવી દીધા; અને બ્રાહ્મણો વિગેરે પૂજ્ય પુરૂષોને; રામ-સીતા અને લક્ષ્મણે નમસ્કાર કર્યા; તથા પ્રજાઓ આદિના નમસ્કારનો તેમણે સ્વીકાર કર્યો. ॥૪૦-૪૦ર્ધ્દ॥ એમ ઘણે વરસે પાછા આવેલા પોતાના સ્વામી (રાજા)ને જોવાથી આનંદ પામીને પોતાનાં ઉત્તરિય વસ્ત્ર હલાવતી, તથા ફૂલની માળાઓથી વધાવતી, ઉત્તરાકોશળ દેશની પ્રજાઓ, ખુશી ખુશી થઇ જઇને, નાચવા લાગીઓ. ભરતજીએ પાદુકા ઉપાડી-વિભિષણે ઉત્તમ ચામર લીધું-સુગ્રીવે શુંદર પંખો લીધો-હનુમાને ધોળું છત્ર લીધું-શત્રુઘ્ને ધનુષ્ય અને બાણો ઉપાડ્યાં-અને સીતાજીએ તીર્થના જળથી ભરેલું કમંડળુ લીધું. ॥૪૧-૪૨-૪૩॥ અંગદે તરવાર લીધી-અને જાંબુવાને સોનેરી ઢાલ ઉપાડી. એ રીતે તથા બંદીજનોથી સ્તુતિ કરાતા અને સ્ત્રીઓ સહિત પુષ્પક વિમાનમાં બેઠેલા ભગવાન રામચંદ્રજી; ગ્રહોની વચ્ચે ઉગતા ચંદ્રમાની પેઠે શોભવા લાગીને; ભાઇઓ થકી સત્કાર પામતા, આનંદ ઓછવવાળી અયોધ્યામાં પેઠા. ॥૪૪-૪૫॥ પછી રાજ મંદિરમાં પેસીને સાવકી માઓ, સગીમા, વડિલ સ્ત્રીઓ સમાન વયની સ્ત્રીઓ, અને નાની સ્ત્રીઓ, સર્વે થકી સત્કાર પામીને; તેમણે તે સર્વનો સામો સત્કાર કર્યો. ॥૪૬॥ તેમજ સીતાજી અને લક્ષ્મણ પણ સહુને યથાવિધિથી મળ્યા. અને શરીરની અંદર પ્રાણ આવવાની પેઠે પોતાના પુત્રોને આવવાથી માતાઓએ ઉભાં થઇને, તેમને પોતાના ખોળામાં બેસાડી, આંખોમાંથી નીકળતી જળની ધારાઓથી તેમને ભિંજવી નાંખીને, શોકનો ત્યાગ કર્યો. ॥૪૭॥ પછી કુળના વૃદ્ધ મનુષ્યોને પાસે રાખી વસિષ્ઠ ગુરૂએ, વિધિ સહિત રામચંદ્રજીની જટા કઢાવી નાખીને, ચારે સમુદ્રનાં જળો વિગેરે પદાર્થો થકી, ઇંદ્રના સરખો તેમનો રાજ્યાભિષેક કર્યો. ॥૪૮॥ એ રીતે માથાં સહિત સ્નાન કરી શુંદર વસ્ત્રો-ફૂલની માળાઓ અને ઘરેણાં પેહેરેલા

રામચંદ્રજી, સારાં વસ્ત્રો વગેરે પેહેરેલા પોતાના ભાઇઓ તથા શ્રી સીતાજી સહિત શોભવા લાગ્યા. ॥૪૯॥ તથા ભાઇઓએ પ્રણામ કરીને પ્રસન્ન રખાતા રામચંદ્રજી, રાજ્યાસન ઉપર બેસીને; વર્ણ અને આશ્રમના ધર્મોવાળી તથા સ્વધર્માચરણમાં પ્રીતિવાળી પ્રજાનું, પિતાની પેઠે પાલન કરવા લાગ્યા. અને પ્રજા તેમને પિતા સમાન માનવા લાગી. અને એ કાળ ત્રેતાયુગનો હોવા છતાં, સતયુગ વરતાયો. ॥૫૦–૫૧॥ હે પરીક્ષિત, ધર્મને જાણનારા તે રામચંદ્રજીના, સર્વ પ્રાણી માત્રને સુખ કારી રાજ્યમાં, વન–નદીઓ–પર્વતો–ખંડો–દ્વીપો–અને સમુદ્રો, એ સર્વે; પ્રજાઓને કામદુગારૂપ થયાં હતાં. અને આધિ–વ્યાધિ–જરા–ગ્લાની–દુખ–શોક ભય–અને થાક–એમાંનું કાંઇ તેમને થતું ન હતું. ॥૫૨–૫૩॥ હે રાજા; એક પતિવ્રત રાખનારા, અને પવિત્ર આચરણવાળા, રાજઋષિ અધોક્ષજ ભગવાન રામચંદ્રજીના રાજ્યમાં, ઇચ્છા કર્યા વિના મૃત્યુ પણ કોઇને આવતું નહોતું. ॥૫૪॥ પ્રશ્રય–નમ્રતા–લજ્જા–બુદ્ધિ–શીળ–પ્રેમ–મનની વાત જાણવી–અને મરજી સમજીને કામ કરવું, એ વિગેરે ગુણો થકી સીતાજીએ; સ્વામીનું મન હરણ કરેલા રામચંદ્રજી ભગવાને; આ રીતે ગૃહસ્થાશ્રમીઓના સ્વધર્મો, પોતે આચરણ કરી દેખાડીને; પ્રજાઓને શીખવેલા છે. ॥ ૫૫ ॥ ઇતિ શ્રી૦ ભાગવતને નવમા સ્કંધનો દશમો અધ્યાય સંપૂર્ણ ॥ ૧૦ ॥.

અધ્યાય ૧૧—મો. શ્રીશુક—પછી ભગવાન રાચંદ્રજીએ, આચાર્ય વસિષ્ટ મુનિની સંમતિથી ઉત્તમ પ્રકારની સામગ્રીઓ વાળા યજ્ઞો કરીને, સર્વ દેવમય ભગવાનનું, એટલે પોતાનુંજ પૂજન કર્યું. ॥૧॥ અને તેમણે હોતાને પૂર્વ–બ્રહ્માને દક્ષિણ–અધ્વર્યુને પશ્ચિમ–અને ઉદગાતાને ઉત્તર દિશાનાં રાજ્ય આપી દીધાં.॥૨॥ તથા તેઓની વચમાં રહેલી બાકી પૃથ્વી આચાર્ય વસિષ્ટ મુનિને આપી. અને એ સઘળાને યોગ્ય, બ્રાહ્મણોજ છે; એમ નિસ્પૃહ પણે વિચારીને પોતાને માટે, પોતાનાં લુગડાં અને ઘરેણાંજ, માત્ર બાકી રાખ્યાં. અને એ રીતેજ પોતાની રાણી વિદેહીને માટે પણ તેમનાં મંગળ આભૂશણોજ બાકી રાખ્યાં હતાં. ॥૩–૪॥ તેથી એ

दिभिः॥४८॥ एवंकृतशिरःस्नानःसुवासाःस्रग्व्यलंकृतः॥ स्वलंकृतैःसुवासोभिर्भ्रातृभिर्भार्ययाबभौ॥४९॥ अग्रहीदासनंभ्रात्राप्रणिपत्यप्रसा
दितः॥ प्रजाःस्वधर्मनिरतावर्णाश्रमगुणान्विताः ॥५०॥ जुगोपपितृवद्रामोमेनिरेपितरंचतं॥ त्रेतायांवर्तमानायांकालःकृतसमोऽभवत्॥५१
रामेराजनिधर्मज्ञेसर्वभूतसुखावहे॥ वनानिनद्योगिरयोवर्षाणिद्वीपसिंधवः॥५२॥ सर्वेकामदुघाआसन्प्रजानांभरतर्षभ ॥ नाधिव्याधिजरा
ग्लानिदुःखशोकभयक्लमा॥५३॥मृत्युश्चानिच्छतांनासीद्रामेराजन्यधोऽक्षजे॥ एकपत्नीव्रतधरोराजर्षिचरितःशुचिः॥५४॥ स्वधर्मंगृहमेधी
यंशिक्षयन्स्वयमाचरन्॥ प्रेम्णाऽनुवृत्त्याशीलेनप्रश्रयावनतासती ॥ धियाह्रियाचभावज्ञाभर्तुःसीताहरन्मनः॥५५॥ इ.भा.म.न.द.अ. १०
श्रीशुक०भगवानात्मनात्मानंराममउत्तमकल्पकैः॥ सर्वदेवमयंदेवमीजआचार्यवान्मखैः ॥१॥ होत्रेऽददाद्दिशंप्राचींब्रह्मणेदक्षिणांप्रभुः॥अ
ध्वर्यवेप्रतीचीं[illegible]दीचींसामगायसः ॥२॥ आचार्यायददौशेषांयावतीभूस्तदंतरा॥मन्यमानइदंकृत्स्नंब्राह्मणोऽर्हतिनिःस्पृहः॥३॥इत्ययंतदलं
कारवासोभ्यामवशेषितः॥तथाराज्ञ्यपिवैदेहीसौमंगल्यावशेषिता ॥४॥ तेतुब्रह्मण्यदेवस्यवात्सल्यंवीक्ष्यसंस्तुतं॥प्रीताःक्लिन्नधियस्तस्मैप्रत्य
र्प्येदंबभाषिरे॥५॥ अप्रत्तंनस्त्वयाकिंनुभगवन्भुवनेश्वर॥यन्नोऽन्तर्हृदयंविश्यतमोहंसिस्वरोचिषा ॥६॥ नमोब्रह्मण्यदेवायरामायाकुंठमेधसे॥
उत्तमश्लोकधुर्यायन्यस्तदंडार्पितांघ्रये ॥७॥ कदाचिल्लोकजिज्ञासुर्गूढोरात्र्यामलक्षितः॥चरन्वाचोऽशृणोद्रामोभार्यामुद्दिश्यकस्यचित्॥८॥
नाहंबिभर्मित्वांदुष्टामसतींपरवेश्मगां॥स्त्रीलोभीबिभृयात्सीतांरामोनाहंभजेपुनः ॥९॥ इतिलोकाद्बहुमुखादुराराध्यादसंविदः॥पत्याभीतेन
सात्यक्ताप्राप्ताप्राचेतसाश्रमं॥१०॥ अंतर्वत्न्यागतेकालेयमौसासुषुवेसुतौ॥कुशोलवइतिख्यातौतयोश्चक्रेक्रियामुनिः॥११॥ अंगदश्चित्रकेतु
श्चलक्ष्मणस्यात्मजौस्मृतौ॥तक्षःपुष्कलइत्यास्तांभरतस्यमहीपते॥१२॥सुबाहुःश्रुतसेनश्चशत्रुघ्नस्यबभूवतुः॥गंधर्वान्कोटिशोजघ्नेभरतोवि
जयेदिशां ॥१३॥ तदीयंधनमानीयसर्वंराज्ञेन्यवेदयत्॥शत्रुघ्नश्चमधोःपुत्रंलवणंनामराक्षसं॥१४॥हत्वामधुवनेचक्रेमथुरांनामवैपुरीं॥मुनौनि

બ્રહ્મણ્યદેવ ભગવાન રામચંદ્રજીની સ્તુતિ કરવા લાયક વત્સળતા જોઇને, પ્રસન્ન થયેલા, તથા પિગળેલા હૃદયવાળા બ્રાહ્મણોએ; એ સઘળું તેમનેજ પાછું અર્પણ કર્યું; અને તેઓ બોલ્યા કે. ॥૫॥ “ હે ત્રણે લોકના ઇશ્વર, આપ અમારા અંતઃકરણની અંદર પ્રવેશ કરીને આત્મ પ્રકાશવડે, અમારા અજ્ઞાન રૂપ અંધકારને મટાડોછો; તેથી આપણા થકી નહીં મળેલી એવી, કોઇ વસ્તુ છેજ નહીં. ॥૬॥ માટે આપ બ્રાહ્મણોને માન આપનારા–દેવ–અકુંઠિત જ્ઞાન વાળા–ઉત્તમ શ્લોકોમાં મુખ્ય–અને દંડનો ત્યાગ કરનારા, એટલે સર્વને અભય આપનાર–ભક્તાદિકના ધ્યાનને વિશે ચરણ રાખનારા–રામચંદ્રજી ભગવાનને; અમે નમસ્કાર કરીએ છીએ. ॥૭॥ પછી એકવાર રાત્રીને વિશે, કોઇ ઓળખે નહીં એવા છુપાવેશથી; લોકોના વિચાર જાણવાની ઇચ્છાથી રામચંદ્રજીએ ફરવા નીકળતાં; તેમણે, કોઇ માણસને તેની સ્ત્રીને ઉદ્દેશીને, બોલતાં સાંભળ્યો કે. ॥૮॥ “સીતાને ફરીથી રાખીને તેનું ભરણ પોષણ કરનાર, સ્ત્રીલોભી રામના જેવો હું નથી. માટે તું દુષ્ટ–અસતી–અને પરાયા ઘરમાં ગયેલી, એવીનું ભરણ પોષણ, હું કરવાનો નથી.” ॥૯॥ એ પ્રમાણે કોઇ પણ પ્રકારે આલવાથી રાજી ન રેહેનાર, (એટલે એક ઘરડો ડોસો અને તેનો બાળક છોકરો, એક ટટ્ટુને વેચવાને લેઇ જતાં; બનેલી વાત પ્રમાણેનું,) અને ઘણે મોઢે બોલનાર, (એટલે જેમ ફાવતું આવે તેમ ઘડીમાં એક, અને ઘડીમાં બીજનું બોલનાર,) એવું જગત છે; એમ પોતે જાણવા છતાં પણ, લોકાપવાદથી ડરવું જોઇએ, એમ લોકને શીખવવા માટે; રામચંદ્રજી ભગવાને સીતાનો ત્યાગ કર્યો. તેથી તે વાલ્મિક મુનિના આશ્રમમાં ગયાં. ॥૧૦॥ અને તે સગર્ભા હોવાથી, ત્યાં સીતાજીએ જોડલાના બે દીકરાઓ જણ્યા; તેઓ લવ અને કુશ એ નામોથી પ્રખ્યાત છે.અને તેઓના સંસ્કાર વિગેરે ક્રિયાઓ પણ વાલ્મિક મુનિએજ કરી હતી. ॥૧૧॥ હે પરીક્ષિત.અંગદ અને ચિત્રકેતુ, એ બે લક્ષ્મણના પુત્રો; અને તક્ષ તથા પુષ્કળ, એ બે ભરતજીના પુત્રો હોવાનું કહેવાય છે. ॥૧૨॥ અને સુબાહુ તથા શ્રુતસેન, એ બે પુત્રો શત્રુઘ્નના હતા. ॥૧૨–૧૩॥ ભરતજીએ દિગ્વિજય કરીને, કરોડો ગંધર્વોને મારીને, તેમનું સર્વ ધન લેઇ આવીને, રાજા રામચંદ્રને નિવેદન કર્યું હતું. ॥૧૩॥ અને શત્રુઘ્ને મધો નામના રાક્ષસના પુત્ર, લવણને મધુવનમાં મારીને, ત્યાં મથુરાં નામની નગરી વસાવી

હતી. ॥૧૪॥ પછી સ્વામીએ વનવાસ કાઢેલાં સીતાજી, પોતાના પુત્રોને વાલ્મિક મુનિને સોંપીને, રામચંદ્રજીના ચરણનું ધ્યાન કરતાં થકાં, પૃથ્વીના છિદ્રમાં પેસી ગયાં. ॥૧૫॥ એ સાંભળવાથી રામચંદ્રજી ભગવાને પોતે બુદ્ધિ વડે શોકને રોકવા છતાંપણ, સીતાજીના તે તે સદ્‌ગુણોનું સ્મરણ થવાથી; પોતે સમર્થ છતાં શોકને અટકાવી શક્યા નહીં. એ રીતે સ્ત્રી અને પુરૂષનો સંબંધ સર્વેને ત્રાસ ઉત્પન્ન કરનારોજ છે. ॥૧૬–૧૭॥ આવા સમર્થ પુરૂષોને પણ, એ થકી ત્રાસ થાય છે. તો વિષયાદિકનાં સંબંધને ઇચ્છનારા, અને ઘરો વિષે લાગી રહેલા મનવાળા પુરૂષોને ત્રાસ થાય; તેમાં તો પૂછવુંજ શું ! ॥૧૭॥ તે પછી ભગવાન રામચંદ્રજીએ તેર હજાર વરસો સુધી અખંડિત હોમ કરેલા રહી, બ્રહ્મચર્ય વ્રત ધારણ કરીને, અગ્નિ હોત્ર કર્યું હતું. ॥૧૮॥ અને ત્યાર કેડે રામચંદ્રજી ભગવાન દંડક નામના અરણ્યના કાંટાઓથી વિંધાયેલું પોતાનું ચરણ કમળ, પોતાનું સ્મરણ કરનારાઓના હૃદયને વિષે રાખીને; પોતાના આત્મસ્વરૂપ જ્યોતિને વિષે, એટલે સ્વધામમાં પધારયા હતા. ॥૧૯॥ દેવતાઓની યાચના થકી એ લીલા વડે શરીરને ધારણ કરનારા, રઘુપતિ ભગવાનના પ્રભાવની બરાબર અગર અધિક, કોઇનો પણ પ્રભાવ છે નહીં. તેમણે અસ્ત્રોના સમુદાય વડે, શત્રુઓને મારવા–વાંદરાઓની સહાય લેવી–સમુદ્રના ઉપર સેતુ બાંધવો–રાક્ષસોનો વધ કરવો–એ વિગેરે બાબતો થકી, તેમનો યશ સંપૂર્ણ પણે વર્ણન થવા સરખો છેજ નહીં. ॥૨૦॥ હે પરીક્ષિત જેના દિગજોના કાન સુધી પહોંચે એવા, અને પાપોને બાળી નાંખનારા, શુંદર યશને; ઋષિઓ હમણાં પણ, સત્પુરૂષોને વિષે ગાય છે; તથા જેના ચરણ કમળમાં સ્વર્ગના અને પૃથ્વીના અધિપતિઓ પોતાના મુકુટો વડે નમે છે. તે રઘુપતિ ભગવાનને હું શરણે જાઉં છું. ॥૨૧॥ એ કોશળ દેશના રાજા રામચંદ્રજી ભગવાનને, જેમણે સ્પર્શ કર્યો હતો–અથવા જોયા હતા–અથવા તેમની સાથે બેઠા હતા–અથવા તેમની પાછળ ગયા હતા–તે સર્વે જણાઓ; યોગીઓને પામવાના, સ્થાનને પામેલા છે. ॥૨૨॥ હે પરીક્ષિત રામચંદ્રજી ભગવાનના

क्षिप्यतनयौसीताभर्त्राविवासिता ॥१५॥ ध्यायंतीरामचरणौविवरंप्रविवेशह॥ तच्छ्रुत्वाभगवान्रामोरुंधन्नपिधियाशुचः॥१६॥ स्मरंस्तस्यागुणांस्तांस्तान्नाशक्नोद्रोद्धुमीश्वरः॥ स्त्रीपुंप्रसंगएतादृक्सर्वत्रत्रासमावहः ॥१७॥ अपीश्वराणांकिमुतग्राम्यस्यगृहचेतसः॥ततउर्ध्वंब्रह्मचर्यंधारयन्नजुहोत्प्रभुः॥त्रयोदशाब्दसाहस्रमग्निहोत्रमखंडितं ॥१८॥ स्मरतांहृदिविन्यस्यविद्धंदंडककंटकैः॥स्वपादपल्लवंरामआत्मज्योतिरगाततः॥१९॥ नेदंयशोरघुपतेःसुरयाच्ञयात्तलीलातनोरधिकसाम्यविमुक्तधाम्नः॥ रक्षोवधोजलधिबंधनमस्त्रपूगैःकिंतस्यशत्रुहननेकपयःसहायाः॥२०॥ यस्यामलंनृपसदस्सुयशोऽधुनाऽपिगायंत्यघघ्नमृषयोदिगिभेंद्रपट्टं॥ तन्नाकपालवसुपालकिरीटजुष्टपादांबुजंरघुपतिंशरणंप्रपद्ये ॥२१॥ यैःस्पृष्टोऽभिदृष्टोवासंविष्टोऽनुगतोऽपिवा॥कोशलास्तेययुःस्थानंयत्रगच्छंतियोगिनः॥२२॥ पुरुषोरामचरितंश्रवणैरुपधारयन्॥आनृशंस्यपरोराजन्कर्मबंधैर्विमुच्यते ॥२३॥राजा०कथंसभगवान्रामोभ्रातॄन्वास्वयमात्मनः॥तस्मिन्वातेऽन्ववर्तंतप्रजाःपौराश्चईश्वरे॥२४ श्रीशुक०अथादिशद्दिग्विजयेभ्रातॄंस्त्रिभुवनेश्वरः॥ आत्मानंदर्शयन्स्वानांपुरीमैक्षतसानुगः ॥२५॥ आसिक्तमार्गांगंधोदैःकरिणांमदशीकरैः॥स्वामिनंप्राप्तमालोक्यमत्तांवासुतरामिव ॥२६॥ प्रासादगोपुरसभाचैत्यदेवगृहादिषु॥विन्यस्तहेमकलशैःपताकाभिश्चमंडितां॥२७॥ पूगैःसवृंतैरंभाभिःपट्टिकाभिःसुवाससां॥ आदर्शैरंशुकैःस्रग्भिःकृतकौतुकतोरणां ॥२८॥तमुपेयुस्तत्रतत्रपौराअर्हणपाणयः॥आशिषोयुयुजुर्देवपाहीमांप्राक्त्वयोद्धृतां ॥२९॥ ततःप्रजावीक्ष्यपतिंचिरागतंदिदृक्षयोत्सृष्टगृहाःस्त्रियोनराः॥ आरुह्यहर्म्याण्यरविंदलोचनमतृप्तनेत्राःकुसुमैरवाकिरन्॥३०॥ अथप्रविष्टःस्वगृहंजुष्टंस्वैःपूर्वराजभिः॥अनंताखिलकोशाढ्यमनर्घ्योरुपरिच्छदं॥३१॥ विद्रुमोदुंबरद्वारैर्वैदूर्यस्तंभपंक्तिभिः॥स्थलैर्मारकतैःस्वच्छैर्भ्राजत्स्फटिकभित्तिभिः ॥३२॥ चित्रस्रग्भिःपट्टिकाभिर्वासोमणिगणांशुकैः॥मुक्ताफलैश्चिदुल्लासैःकांतकामोपपत्तिभिः॥३३॥ धूपदीपैःसुरभिभिर्मंडितंपुष्पमंडितैः॥स्त्रीपुंभिःसुरसंकाशैर्जुष्टंभूषणभूषणैः ॥३४॥ तस्मिन्सभगवान्रामःस्निग्धयाप्रिययेष्टया॥रे

ચરિત્રને જે કોઇ શ્રવણ કરે–ધ્યાનમાં રાખે–અથવા બીજા મનુષ્યોને કહે; તે કર્મનાં બંધનો થકી, મૂકાઇ જાય છે. ॥૨૩॥–પરીક્ષિત –ભગવાન રામચંદ્રજી પોતાના સંબંધમાં. અને ભાઇઓના સંબંધમાં કેવી રીતે વર્તતા હતા. અને દેશની અને શહેરની પ્રજા; તેમના, એ સ્વામી પ્રત્યે કેવી વર્તતી હતી; તે કહો. ॥૨૪॥ –શ્રીશુક–એ ત્રિલોકીના ઇશ્વર, પોતાના ભાઇઓને દિગ્વિજય કરવાને મોકલતા હતા. અને પોતે, પોતાનાઓને દર્શન આપવા સારૂં અનુચરો સહિત નગરમાં જોવાને માટે ફરતા હતા. ત્યારે માર્ગમાં સુગંધી જળ છાંટેલી, અને હાથીઓના મદના છાંટાઓથી છંટાયલી, તે નગરી; પોતાના સ્વામીને આવતા જોવા સારૂં સારી રીતે શણગારેલી થઇને, જાણે ઘેલી થકી ઉભરાઇ જતી હતી. ॥૨૫–૨૬॥ અને હવેલીઓ–દરવાજા–સભાઓ–દેવાલયો–અને ઘરો વિગેરે ઉપર સોનાના કળશ અને પતાકાઓ મૂકીને, તે શણગારાતી હતી. ॥૨૭॥ તથા સોપારીનાં ઝાડો–કેળાંની લુમો સહિત કેળો–ધજાઓ–સારાં વસ્ત્રો–આરસીઓ–રૂમાલ–માળાઓ–અને તોરણો વિગેરેથી રસ્તાઓમાં અને આંગણાંઓમાં શોભા થતી હતી. ॥૨૮॥ તેમજ ઠેકઠેકાણે નગરના લોકો, હાથમાં પૂજનનો સામાન લેઇ આવીને, પૂજન કરતા હતા. તથા આશિર્વાદ ગાયતા હતા. કે: પ્રથમથીજ ઉદ્ધાર કરતા આવેલા ભગવાન આપ, અમારૂં રક્ષણ કરજો. ॥૨૯॥ વળી એ પોતાના સ્વામીને ઘણે કાળે આવેલા જાણીને, તેમને જોવા સારૂં સ્ત્રીઓ અને પુરૂષો, પોતાનાં ઘરોમાંથી નીકળીને, મોટી હવેલીઓની અગાસીઓ ઉપર ચઢી, એ કમળ નેત્ર ભગવાનને જોતાં હતાં. અને અતૃપ્ત આંખોથી તેમને ફુલો વડે વધાવતાં હતાં. ॥૩૦॥ એમ નગરમાં ફરીને એ ભગવાન; પોતે તથા પાછલા રાજાઓએ શણગારેલા–અનેક પ્રકારના અને અપાર ખજાનાવાળા–ઘણા અને અમુલ્ય સરસામાનવાળા– વિદ્રુમ મણિના ઉંબરા અને બારણાં તથા વૈદુર્ય મણિના થાંભલાની હારોવાળા–મરકત મણિની જગાઓ તથા સ્વચ્છ સ્ફટિક મણિની ભીંતોવાળા–તથા વિચિત્ર પ્રકારની માળાઓ, ધજાઓ, વસ્ત્રો, અને મણિઓની શોભાથી તથા ઉજળાં મોતીઓથી, સ્ત્રી પુરૂષોને કામ જગે એવા; તેમજ ધુપ, દીવા, અને સુગંધી લગાડેલ–ફુલના હાર પહેરેલા–અને ઘરેણાંને પણ શોભાવનારાં દેવ સરખાં સ્ત્રી પુરૂષોથકી શોભતા; પોતાના શુંદર ઘરમાં પાછા પ્રવેશ કરતા હતા. ॥૩૧–૩૨–૩૩–૩૪॥ એમ એ પ્રકારના ઘરમાં; સ્નેહવાળાં–પ્રિય–અને ઇષ્ટ સીતાજીની સાથે, એ આત્મ

સ્વરૂપને વિષે સંતોષ પામેલા અને ધીર પુરુષોમાં સર્વોપરી, રામચંદ્રજી ભગવાન રમતા હતા. ॥૩૫॥ અને મનુષ્યો જેના શરણ કમળનું ધ્યાન કરે છે; તે રામચંદ્રજી ભગવાન, કાળની અનુકૂળતા પ્રમાણે, તથા ધર્મને બાધ ન આવે તેમ, ઘણાં ઘણાં વરસો સુધી કામને (એટલે શુભ ભોગાદિકનાં સાધનોને) ભોગવતા હતા. ॥૩૬॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ નવમા સ્કંધનો અગિઆરમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૧॥

અધ્યાય ૧૨ મો.—શ્રીશુક—રામચંદ્રના પુત્ર કુશનો અતિથિ–તેનો નિષેધ,–તેનો નભ–તેનો પુંડરીક–તેનો ક્ષેમધન્વા–તેનો દેવાનિક–તેનો અનિહ–તેનો પારિયાત્ર–તેનો બળસ્થળ–અને તેનો વજ્રનાભ નામે પુત્ર સૂર્યવંશમાં ઉત્પન્ન થયો હતો. ॥૧–૨॥ એ વજ્રનાભનો ખગણ–તેનો વિધૃતિ–અને તેનો હિરણ્યનાભ નામે પુત્ર થયો હતો. તે યોગવિદ્યાના આચાર્ય જૈમિનિ મુનિનો શિષ્ય હતો; અને તે જૈમિનિ થકી, અધ્યાત્મ જ્ઞાન શીખીને, તેમાં કુશળ થયો હતો. તથા તે હિરણ્યનાભ પાસેથીજ, મોટા ઉદયવાળા યાજ્ઞવલ્ક્ય ઋષિ, હૃદય ગ્રંથીને ભેદનાર, યોગને શીખ્યા હતા. ॥૩–૪॥ એ હિરણ્યનાભનો પુષ્ય–તેનો ધ્રુવસંધિ–તેનો સુદર્શન–તેનો અગ્નિવર્ણ–તેનો શિઘ્ર–અને તેનો મરૂ નામે પુત્ર થયો હતો. ॥૫॥ યોગથકી સિદ્ધ થયેલો તે મરૂ કલાપ ગામમાં રહેલો છે. તે, કળિયુગના અંતે, નાશ પામેલા સૂર્યવંશને, ફરીથી સ્થાપન કરશે. ॥૬॥ એ મરૂનો પ્રશુશ્રુત–તેનો સંધિ–તેનો અમર્ષણ–તેનો મહસ્વાન–તેનો વિશ્વસાહ્વ–તેનો પ્રસેનજીત–તેનો તક્ષક–અને તેનો બૃહદ્બળ નામે પુત્ર થયો હતો, તેને તમારા પિતા અભિમન્યુએ સંગ્રામમાં માર્યો હતો. એટલા

मेस्वारामधीराणामृषभःसीतयाकिल॥३५॥ बुभुजेचयथाकालंकामान्धर्ममपीडयन्॥वर्षपूगान्बहून्नृणामभिध्यातांघ्रिपल्लवः॥३६॥इ०भा० म०न०श्रीरामोपाख्यानेएकादशोऽध्यायः ॥११॥ श्रीशुक०कुशस्यचातिथिस्तस्मान्निषधस्तत्सुतोनभः॥ पुंडरीकोऽथतत्पुत्रःक्षेमधन्वाऽभवत्ततः ॥१॥ देवानीकस्ततोऽनीहःपारियात्रोथतत्सुतः॥ततोबलस्थलस्तस्माद्वज्रनाभोऽर्कसंभवः॥२॥ खगणस्तत्सुतस्तस्माद्विधृतिश्चाभवत्सुतः॥ततोहिरण्यनाभोभू[illegible]गाचार्यस्तुजैमिनेः ॥३॥ शिष्यःकौशल्यआध्यात्मंयाज्ञव[illegible]योऽध्यगाद्यतः॥योगंमहोदयमृषिर्हृदयग्रंथिभेदकं॥ ॥४॥पुष्योहिरण्यनाभस्यध्रुवसंधिस्ततोऽभवत्॥सुदर्शनोग्निवर्णश्चशी[illegible]स्तस्यमरुःसुतः ॥५॥ योऽसावास्तेयोगसिद्धःकलापग्राममाश्रितः॥ कलेरंतेसूर्यवंशंनष्टंभावयितापुनः ॥६॥ तस्मात्प्रसुश्रुत[illegible]स्तस्याप्यमर्षणः॥महस्वां[illegible]तस्माद्विश्वसाह्वोऽन्वजायत॥ततःप्रसेनजित्तस्मात्तक्षकोभवितापुनः॥७॥ ततोबृहद्बलोयस्तुपित्रातेसमरेहतः॥ एतेहीक्ष्वाकुभूपालाअतीताःशृण्वनागतान्॥८॥ बृहद्बलस्यभवितापुत्रोनामबृहद्रणः॥ उरुक्रियस्ततस्त[illegible] वत्सवृद्धोभविष्यति॥९॥ प्रतिव्योमस्ततोभानुर्दिवाकोवाहिनीपतिः ॥ सहदेवस्ततोवीरोबृहदश्वोऽथभ[illegible] ॥१०॥ प्रतीकाश्वोभानुमतःसुप्रतीकोऽथतत्सुतः॥ भवितामरुदेवोऽथसुनक्षत्रोऽथपुष्करः ॥११॥ तस्यांतरिक्षस्तत्पुत्रःसुतपास्तदमित्रजित् ॥ बृहद्राजस्तुतस्यापिबर्हिस्तस्मात्कृतंजयः ॥१२॥ रणंजयस्तस्यसुतःसंजयोभविताततः ॥ तस्माच्छाक्योथशुद्धोदोलांगलस्तत्सुतःस्मृतः॥१३॥ ततःप्रसेनजित्तस्मात्क्षुद्रकोभविताततः॥ रणकोभवितातस्मात्सुरथस्तनयस्ततः॥१४॥सुमित्रोनामनिष्ठांतएतेबार्हद्बलान्वयाः॥ इक्ष्वाकूणामयंवंशःसुमित्रांतोभविष्यति ॥ यतस्तंप्राप्यराजानंसंस्थांप्राप्स्यतिवैकलौ ॥१५॥ इ०भा०म०न० श्रीरामचरितवर्णनंनामद्वादशोऽध्यायः ॥१२॥ श्रीशुक०निमिरिक्ष्वाकुतनयोवसिष्ठमवृतर्त्विजं॥ आरभ्यसत्रंसोऽप्याहशक्रेणप्राग्वृतोऽस्मिभोः॥१॥ तंनिर्वर्त्यागमिष्यामितावन्मांप्रतिपालय॥ तूष्णीमासीद्गृहपतिःसोपींद्रस्याकरोन्मखं॥२॥ निमिश्[illegible]ऋत्विग्भिरपरैस्तावन्नागमद्यावतागुरुः॥३॥शिष्यव्यतिक्रमंवीक्ष्यनिर्वर्त्यगुरुरागतः॥ अशपत्पततादेहोनिमेःपंडितमानिनः॥४॥ निमिःप्रति[illegible]गुरवेऽधर्मवर्तिने॥ तवापिपततादेहोलोभाद्धर्ममजानतः॥५॥ इत्युत्सर[illegible]देहंनिमिरध्यात्मकोविदः॥ मित्रावरुणयोर्जज्ञेउर्वश्यांप्रपितामहः६

ઇક્ષ્વાકુ વંશના રાજાઓ થઇ ગયેલા છે. અને તે વંશના હવે પછી થનારાઓને તમે સાંભળો. ॥૭–૮॥ એ બૃહદ્બળનો પુત્ર બૃહદ્રણ–તેનો ઉરૂક્રિય–તેનો વત્સવૃદ્ધ–તેનો પ્રતિ વ્યોમ–તેનો ભાનુ–તેનો પૃથ્વીપતિ દીવાક–તેનો સહદેવ–તેનો વીર–તેનો બૃહદશ્વ–તેનો ભાનુમાન–તેનો પ્રતિકાશ્વ–તેનો સુપ્રતિક–તેનો મરૂદેવ–તેનો સુનક્ષત્ર–તેનો પુષ્કર–તેનો અંતરિક્ષ–તેનો સુતપા–તેનો અમિત્રજીત–તેનો બૃહદ્રાજ–તેનો બર્હી–તેનો કૃતંજય–તેનો રણંજય–તેનો સંજય–તેનો શાક્ય–તેનો શુદ્ધોદ–તેનો લાંગલ–તેનો પ્રસેનજીત–તેનો ક્ષુદ્રક–તેનો રણક–તેનો સુરથ–અને તેનો સુમિત્ર નામે પુત્ર થશે. એ બૃહદ્બળના વંશના એટલા રાજાઓ થશે. અને ઇક્ષ્વાકુના પુત્ર શશાદના વંશજોનો અંત, એ સુમિત્રથકી થશે. અને તે પછી કળિયુગમાં, એ વંશ બંધ પડશે. ॥૧૦–૧૧–૧૨–૧૩–૧૪–૧૫॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ ન૦ સ્કં૦ બારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૨॥

અધ્યાય ૧૩ મો.—શ્રીશુક—ઇક્ષ્વાકુના પુત્ર નિમિરાજાએ, વસિષ્ટ મુનિનું ઋત્વિજ તરીકે વરણ કરવાથી, તેના યજ્ઞની શિરૂઆત કરાવીને પછીથી, વસિષ્ટ મુનિએ કહ્યું કે, ઇંદ્રે મારૂં પ્રથમ વરણ કરેલું છે; માટે હું પ્રથમ તેનો યજ્ઞ પૂરો કરાવીને આવું; ત્યાં સુધી તમે મારે સારૂં થોભો. ત્યારે નિમિરાજા કાંઇ ન બોલતાં ચૂપ રહ્યા. અને વસિષ્ટ મુનિ ઇંદ્રનો યજ્ઞ કરાવવાને ગયા. ॥૧–૨॥ પછી, જીવિતને અસ્થિર જાણનારા બુદ્ધિમાન નિમિરાજાએ, ગુરૂ વસિષ્ટના આવતા પહેલાંજ; બીજા ઋત્વિજોનું વરણ કરીને, યજ્ઞનો આરંભ કર્યો. ॥૩॥ ત્યારે વસિષ્ટ ગુરૂ પાછા આવતાં, શિષ્યે પોતાનું અતિક્રમણ કરેલું જાણીને; તેમણે તેને શ્રાપ દીધો કે. " પંડિતપણાનું અભિમાન રાખનારા નિમિ રાજાનો દેહ પડી જાઓ." ॥૪॥ ત્યારે અધર્મનું આચરણ કરનારા, વસિષ્ટ ગુરૂને નિમિરાજાએ સામો શ્રાપ દીધો કે, " હે લોભથી ધર્મને નહીં જાણ-

નાશ; તમારો દેહ પણ, પડી જશે." ॥૫॥ એમ થવાથી અધ્યાત્મજ્ઞાની નિમિ રાજાએ દેહ છોડી દીધો. અને પ્રપિતામહ વસિષ્ઠ મુનિ મિત્રાવરૂણ થકી ઉર્વશીને વિષે ફરીથી જન્મ્યા. ॥૬॥ પછી તે યજ્ઞમાં એકઠા થયેલા ઉત્તમ મુનિઓએ, એ નિમિ રાજાના દેહને, સુગંધી પદાર્થમાં રાખી મૂકીને યજ્ઞની સમાપ્તિ કરયા પછી, તેમણે દેવતાઓને કહ્યું કે. ॥૭॥ "તમે પ્રસન્ન થયા હો, અને સમર્થ હો. તો આ દેહથીજ નિમિ રાજાને જીવતો કરો." ત્યારે દેવતાઓએ તેમ કરવાની હા કહેતાં; નિમિ રાજાએ કહ્યું કે, "દેહનું બંધન મારે ન જોઇએ." ॥૮॥ કેમકે હરિ ભગવાનને વિષે મન રાખનારા, અને તેમનેજ ભજનારા મુનિઓ; દેહના યોગને, તેનો વિયોગ થવાના ભયની બીહીક માટે, ઇચ્છતાજ નથી. ॥૯॥ એટલા માટે, દુઃખ શોક અને ભયને ઉત્પન્ન કરનારા-તથા-પાણીમાંનાં માછલાંની પેઠે, સર્વ પ્રકારથી ચારે કોર મોત કરવા કરતા, દેહને ગ્રહણ કરવાનો; હું ઉત્સાહ રાખતો નથી." ॥૧૦॥ દેવો-ત્યારે તમારી ઇચ્છા પ્રમાણેના, તમે દેહ વિનાજ, સર્વ પ્રાણીઓની આંખ્યોને વિષે રહો. અને ત્યાં તમારી સ્થિતિ હોવાનું; તેઓની આંખ્યોના ઉઘાડવા અને મિચવા થકી, જણાશે. ॥૧૧॥ શ્રીશુક-પછીથી રાજાવિના મનુષ્યોને ભય થવાનું જાણેલા, તે મોટા ઋષિઓએ નિમિ રાજાના તે દેહનું મંથન કરતાં; તેમાંથી કુમાર ઉત્પન્ન થયો. ॥૧૨॥ એ કુમાર એ રીતે જન્મ્યો, માટે જનકવિદેહ તથા "મિથિલ" પણ કહેવાયછે. મિથિલા નામની નગરી, તેણેજ બનાવીછે ॥૧૩॥ હે રાજા, એ જનકનો ઉદાવસુ-તેનો નંદી વર્ધન-તેનો સુકેતુ-તેનો દેવરાત-તેનો બૃહદ્રથ-તેનો મહાવીર્ય-તેનો સુધૃતિ-તેનો ધૃષ્ટકેતુ-તેનો હર્યશ્વ-તેનો મરૂ-તેનો પ્રદીપક-તેનો કૃતીરથ-તેનો દેવમીઢ-તેનો વિશ્રુત-તેનો મહાધૃતિ-તેનો કૃતિરાત-તેનો મહારોમા-તેનો સ્વર્ણરોમા-તેનો હ્રસ્વરોમા-અને તેનો સિરધ્વજ નામે પુત્ર થયો હતો. એ રાજાએ

गंधवस्तुषुतद्देहंनिधायमुनिसत्तमाः॥ समाप्तेसत्रयागेथदेवानूचुःसमागतान्॥७॥ राज्ञोजीवतुदेहोयंप्रसन्नाःप्रभवोयदि॥ तथेत्युक्तेनिमिःप्राहमाभून्मेदेहबंधनं॥८॥ यस्ययोगंनवांछंतिवियोगभयकातराः॥ भजंतिचरणांभोजंमुनयोहरिमेधसः॥९॥ देहंनावरुरुत्सेहंदुःखशोकभयावहं॥ सर्वत्रास्ययतोमृत्युर्मत्स्यानामुदकेयथा॥१०॥ देवा० विदेहउष्यतांकामंलोचनेषुशरीरिणां॥ उन्मेषणनिमेषाभ्यांलक्षितोध्यात्मसंस्थितः॥११॥ अराजकभयंनृणांमन्यमानामहर्षयः॥देहंममंथुःस्मनिमेःकुमारःसमजायत॥१२॥ जन्मनाजनकःसोभूद्वैदेहस्तुविदे[illegible]जः॥ मिथिलोमथनाज्जातोमिथिलायेननिर्मिता॥१३॥ तस्मादुदावसुस्तस्यपुत्रोभून्नंदिवर्द्धनः॥ ततःसुकेतुस्तस्यापिदेवरातोमहीपते॥१४॥ तस्माद्बृहद्रथस्तस्यन[illegible]वीर्यःसुधृत्पिता॥ सुधृतेर्धृष्टकेतुर्वैहर्यश्वोथमरुस्ततः॥१५॥मरोःप्रदीप[illegible]तःकृतिरथोयतः॥देवमीढस्तस्यसुतोविश्रुतोऽथमहाधृतिः॥१६॥ कृतिरातस्ततस्तस्मान्महारोमाथतत्सुतः॥स्वर्णरोमासु[illegible]स्तस्यह्रस्वरोमाव्यजायत॥१७॥ततःसीरध्वजोजज्ञेयज्ञार्थंकर्षतोम[illegible]॥ सीतासीराग्रतोजातातस्मात्सीरध्वजःस्मृतः॥१८॥ कुशध्वजस्तस्यपुत्रस्ततोधर्मध्वजोनृपः॥ धर्मध्वजस्यद्वौपुत्रौकृतध्वजमितध्वजौ॥१९॥कृतध्वजात्केशिध्वजःखांडिक्यस्तुमितध्वजात्॥कृतध्वजसुतोराजन्नात्मविद्याविशारदः॥२०॥ खांडिक्यःकर्मतत्त्वज्ञोभीतःकेशिध्वज[illegible]तः॥भा[illegible]भूच्छतद्युम्नस्तुतत्सुतः॥२१॥शुचिस्ततनयस्तस्मा[illegible]भवत्॥ऊर्ध्वकेतुःसनद्वाजादजोऽथपुरुजित्सुतः॥२२॥ अरिष्टनेमिस्तस्यापिश्रुतायुस्तत्सुपार्श्वकः॥ ततश्चित्ररथोयस्यक्षेमधिर्मिथिलाधिपः॥२३॥तस्मात्समरथस्तस्यसुतःसत्यरथस्ततः॥ आसीदुपगुरुस्तस्मादुपगुप्तोऽग्निसंभवः॥२४॥ वस्वनंतोऽथतत्पुत्रोयुयुधायत्सुभाषणः॥ श्रुतस्ततोजयस्तस्माद्विजयोऽस्मादृतःसुतः॥२५॥ [illegible]नकस्तत्सुतोजज्ञेवीतहव्योधृतिस्ततः॥ बहुलाश्वोधृतेस्तस्यकृतिरस्यमहावशी॥२६॥एतेवैमिथिलाराजन्नात्मविद्याविशारदाः॥ योगेश्वरप्रसादेनद्वंद्वैर्मुक्तागृ[illegible]ष्वपि॥२७॥ इतिश्रीभागवतेमहापुराणेनवमस्कंधेनिमिवंशानुवर्णनंनाम[illegible]योदशोऽध्यायः॥१३॥

श्रीशुक० अथातःश्रूयतांराजन्वंशःसोमस्यपावनः॥यस्मिन्नैलादयोभूपाःकीर्त्यंतेपुण्यकीर्त्तयः॥१॥ सहस्रशिरसःपुंसोनाभिन्हृदसरोरुहात्॥

યજ્ઞ કરવાને માટે, પૃથ્વીને ખેડતાં; હળના અગ્રમાંથી સીતાજી ઉત્પન્ન થવાથી, તેનું નામ સિરધ્વજ પડયું હતું. ॥૧૪-૧૫-૧૬-૧૭-૧૮॥ એ સિરધ્વજનો કુશધ્વજ, અને તેનો ધર્મધ્વજ નામે પુત્ર થયો હતો. તેને કૃતધ્વજ અને મિતધ્વજ નામના બે પુત્રો થયા હતા. ॥૧૯॥ તેમાં કૃતધ્વજનો કેશીધ્વજ અને મિતધ્વજનો ખાંડિક્ય નામે પુત્ર થયો હતો. કેશીધ્વજ બ્રહ્મ વિદ્યામાં નિપુણ હતો, અને ખાંડિક્ય કર્મ વિદ્યામાં નિપુણ હતો. એ ખાંડિક્ય પ્રથમ કેશીધ્વજની બીહીકથી ભાગી ગયો હતો. કેશીધ્વજનો ભાનુમાન-તેનો શતદ્યુમ્ન તેનો શુચિ-તેનો અરિષ્ટનેમી-તેનો શ્રુતાયુ-તેનો સુપાર્શ્વક-તેનો ચિત્રરથ-તેનો ક્ષેમધી-તેનો સમરથ-તેનો સત્યરથ-તેનો ઉપગુરૂ-અને તેનો ઉપગુપ્ત નામે પુત્ર થયો હતો. તે અગ્નિ થકી ઉત્પન્ન થયેલો હતો ॥૧૯-૨૦-૨૧-૨૨-૨૩-૨૪॥ એ ઉપગુપ્તનો વસ્વનંત-તેનો યુયુધ-તેનો સુભાષણ-તેનો શ્રુત-તેનો જય-તેનો વિજય-તેનો ઋત-તેનો શુનક-તેનો વિતહવ્ય-તેનો ધૃતિ-તેનો બહુલાશ્વ અને તેનો કૃતિ નામે મહા જીતેંદ્રિય પુત્ર થયો હતો. ॥૨૫-૨૬॥ યોગેશ્વરોના પ્રસાદથી, મિથિલાના એ સર્વે રાજાઓ; ઘરને વિષે રહેનારા છતાં, દંદ્વો થકી મૂકાયલા અને આત્મ વિદ્યામાં વિશારદ હતા. ॥૨૭॥ ઇતિશ્રી० ભા० ન० સ્કં० તે० અ० સંપૂર્ણ ॥૧૩॥

અધ્યાય ૧૪ મો.-શ્રીશુક-હે પરીક્ષિત, હવે પવિત્ર ચંદ્ર વંશને સાંભળો કે જેમાં ઐલ એટલે પુરૂરવા વિગેરે પવિત્ર કીર્તિવાળા રાજાઓ થયેલા છે. ॥૧॥ હજારો માથાં વાળા શેષના ઉપર શયન કરનાર પુરૂષ ભગવાન નારાયણના નાભિ રૂપ મોટા હ્રદમાંથી, ઉત્પન્ન થયેલા કમળમાં જન્મેલા બ્રહ્માને, તેમના સમાન ગુણોવાળો પુત્ર અત્રિ ઉત્પન્ન થયો હતો. ॥૨॥ એ નેત્રથકી ઉત્પન્ન થયેલા અત્રિના અમૃતમય પુત્ર ચંદ્રમાને, બ્રહ્માએ; બ્રાહ્મણો-ઔષધિઓ-અને નક્ષત્રોનો અધિપતિ ઠરાવેલ છે. ॥૩॥ એ ચંદ્રમાએ રાજસૂય યજ્ઞ કરીને, ત્રણે લોકને જીતવાથી, અભિમાની થઇ, બૃહસ્પતિની તારા નામની સ્ત્રીનું બળાત્કારથી હરણ કર્યું હતું. ॥૪॥ દેવતાઓના ગુરૂ બૃહસ્પતિએ વારંવાર તેની પાસે, યાચના કરવા છતાં; ચંદ્રમાએ જ્યારે

તારાને તજી નહીં; ત્યારે તેના કારણ સારૂ દેવતાઓ અને દાનવોની વચ્ચે ટંટો થયો. ॥૫॥ અને બૃહસ્પતિ ઉપરના દ્વેષને લીધે, દૈત્યો સહિત શુક્રાચાર્યે, ચંદ્રમાનો પક્ષ લીધો; ને સર્વ ભૂતગણોથી વિંટાયલા સદાશિવે પોતાના ગુરૂ અંગિરાના પુત્ર બૃહસ્પતિના સ્નેહને લીધે, બૃહસ્પતિનો પક્ષ લીધો. ॥૬॥ તથા સર્વ દેવતાઓ સહિત ઇંદ્રે પણ બૃહસ્પતિનો પક્ષ સ્વીકાર્યો. એમ થઇને એ તારાની કામનાથી, દેવ અને દૈત્યોનું મોટું યુદ્ધ થઇને, તેમનો ઘણો વિનાશ થયો. ॥૭॥ પછી બૃહસ્પતિએ એ વાત બ્રહ્માને જણાવવાથી, તેમણે ચંદ્રમાને ઠપકો દેઇને, તારાને તેના સ્વામીના તાબામાં સોંપાવી. તે વખતે તે સગર્ભા હોવાનું, બૃહસ્પતિએ જાણવાથી, તેણે તેને કહ્યું કે, ॥૮॥ હે દુષ્ટ બુદ્ધિવાળી, મારા ક્ષેત્રમાં, બીજાએ નાંખેલા બીજને તું ઉતાવળીજ તજી દે તું સ્ત્રી છે, અને મને સંતાનની ઇચ્છા છે. માટે તને હું બાળીને ભસ્મ કરતો નથી. ॥૯॥ તેથી લજાયલી તારાએ, સોના સરખી કાંતિવાળા કુમારને જણ્યો; ત્યારે તો તેને લેવાની બૃહસ્પતિએ અને ચંદ્રે, બેઉએ ઇચ્છા કરી. ॥૧૦॥ અને આતો મારો છે, તારો નથી; એમ તે બંનેને વિવાદ થતાં, ૠષિઓ અને દેવતાઓએ તારાને પૂછયું; પણ લાજને લીધે, તે કાંઇ બોલી નહીં. ॥૧૧॥ ત્યારે એ ખોટી વાતથી લાજ પામેલા કુમારે, કોપ કરીને પોતાની માને કહ્યું કે, "હે ખોટું આચરણ કરનારી; તું બોલતી કેમ નથી. તારૂં પોતાનું પાપ, તું મને ઉતાવળી કહી દે." ॥૧૨॥ પછી બ્રહ્માજીએ તારાને એકાંત બોલાવીને, સારી રીતે સમજાવીને પૂછતાં તેણે ધીમેથી કહ્યું કે, "ચંદ્રમાનોછે." એટલે એ પુત્રને ચંદ્રમાએ લીધો. ॥૧૩॥ અને એ પુત્ર થકી ચંદ્રમાને, ઘણો આનંદ થયો; અને તેની ગંભીર બુદ્ધિ હોવાના કારણથી, બ્રહ્માએ તેનું નામ "બુદ્ધ" પાડયું. ॥૧૪॥ એ બુદ્ધથકી ઇલાને વિશે પુરૂરવા જન્મેલાનું તો કહેવાયલું છે. પછી ઇંદ્રની સભામાં

जातस्यासीत्सुतोधातुरत्रिःपितृसमोगुणैः॥२॥ तस्यदृग्भ्योऽभवत्पुत्रःसोमोऽमृतमयःकिल॥विप्रौषध्युडुगणानांब्रह्मणाकल्पितःपतिः ॥३॥ सोऽयजद्राजसूयेनविजित्यभुवनत्रयं॥पत्नींबृहस्पतेर्दर्पात्तारांनामाहरद्बलात् ॥४॥ यदासदेवगुरुणायाचितोऽभीक्ष्णशोमदात्॥नात्यजत्तत्कृतेजज्ञेसुरदानवविग्रहः॥५॥ शुक्रोबृहस्पतेर्द्वेषादग्रहीत्सासुरोडुपं॥हरोगुरुसुतंस्नेहात्सर्वभूतगणावृतः॥६॥सर्वदेवगणोपेतोमहेंद्रोगुरुमन्वयात्॥सुरासुरविनाशोभूत्समरस्तारकामयः ॥७॥ निवेदितोऽथांगिरसासोमंनिर्भर्त्स्यविश्वकृत् ॥तारांस्वभर्त्रेप्रायच्छदंतर्वत्नीमवैत्पतिः ॥८॥ त्यजत्यजाशुदुष्प्रज्ञेमत्क्षेत्रादाहितंपरैः नाहंत्वांभस्मसात्कुर्यांस्त्रियंसांतानिकःसति ॥९॥ तत्याजव्रीडिताताराकुमारंकनकप्रभं॥स्पृहामांगिरसश्चक्रेकुमारे[illegible] ॥१०॥ ममायंनतवेत्युच्चैस्तस्मिन्विवदमानयोः॥पप्रच्छुरृषयोदेवानैवोचेव्रीडितातुसा ॥११॥ कुमारोमातरंप्राहकुपितोऽलीक[illegible]॥किंनावोचस्यसद्वृत्ते आत्मावद्यंवदाशुमे ॥१२॥ ब्रह्मातांरहआहूयसमप्राक्षीच्चसांत्वयन्॥ सोमस्येत्याहशनकैःसोमस्तंतावदग्रहीत् ॥१३॥ तस्यात्मयोनिरकृतबुधइत्यभिधांनृप॥बुद्ध्यागंभीरयायेनपुत्रेणापोडुराण्मुदं॥१४॥ ततः [illegible] ततः[illegible]गुणौदार्यशीलद्रविणविक्रमान् ॥१५॥ श्रुत्वोर्वशींद्रभवनेगीयमानान्[illegible]॥तदंतिकमुपेयायदेवीस्मर[illegible]हिता ॥१६॥ मित्रावरुणयोःशापादापन्नानरलोकतां॥निशम्यपुरुषश्रेष्ठंकंदर्पमिवरूपिणं॥१७॥ धृतिं[illegible]दंतिके॥सतांविलोक्यनृपतिर्हर्षेणोत्फुल्ललोचनः॥उवाचश्लक्ष्णयावाचादेवींहृष्टतनूरुहः॥१८॥राजा०स्वागतंतेवरारोहेआस्यतां [illegible] किं॥संरमस्वमयासाकंरतिर्नौशाश्वतीःसमाः ॥१९॥ उर्वशी०कस्यास्त्वयिनसज्जेतमनोदृष्टिश्चसुंदर॥यदंगांतरमासाद्यच्यवतेहरिरंसया ॥२०॥ एतावुरणकौराजन्न्यासौरक्षस्वमानद॥संरंस्येभवतासाकंश्लाघ्यःस्त्रीणांवरःस्मृतः ॥२१॥ घृतंमेवीरभक्ष्यंस्यान्नेक्षे त्वाऽन्यत्रमैथुनात् ॥विवाससंतत्तथेतिप्रतिपेदेमहामनाः॥२२॥ अहोरूपमहोभावोनरलोकविमोहनं॥कोनसेवेतमनुजोदेवींत्वांस्वयमागतां॥२३॥ [illegible]श्रेष्ठोरमयंत्यायथाऽर्हतः॥रेमेसुरविहारेषुकामंचैत्ररथादिषु ॥२४॥ रममाणस्तयादेव्यापद्मकिंजल्कगंधया॥तन्मुखामोदमुषितोमुमुदेऽहर्गणान्बहून्॥२५॥ अपश्यन्नुर्वशीमिंद्रोगंध

નારદજી થકી ગવાતાં, એ પુરૂરવા રાજાનાં રૂપ—ગુણો—ઉદારતા—શીળ—ધન અને પરાક્રમને સાંભળીને, કામ બાણથી પીડાયલી ઉર્વશી અપ્સરા, જે મિત્રાવરૂણના શાપથી મનુષ્યપણાને પામી હતી તે, એ ઉત્તમ પુરૂષને, કામદેવ જેવો રૂપાળો જાણીને; તેની પાસે આવી. ॥૧૫-૧૬-૧૭॥ અને ધીરજ રાખીને એ સ્ત્રી તેના નજીકમાં જઇને, ઉભી રહી. ત્યારે તેને દેખીને હર્ષ પામવાથી રોમાંચિત થયેલા, અને પ્રફુલિત થયેલી આંખ્યોવાળા પુરૂરવાએ, મધુર વાણીથી તે સ્ત્રીને કહ્યું કે, ॥૧૮॥ રાજા—હે શુંદરી તું ભલે આવી, તારૂં હું શું કામ કરૂં. આપણ બે વચ્ચે ઘણાં વરસો સુધી પ્રીતિ રહો, અને તું મારી સાથે સારી રીતે રમણ કરવ ॥૧૯॥ ઉર્વશી હે શુંદર, કઇ સ્ત્રીનું મન અને આંખ્યો, તારે વિશે પ્રીતિ વાળાં ન થાય. જેના અંગ સંગને પામીને, પછી ત્યાંથી ખસવું કઠિણ છે. ॥૨૦॥ હે માન આપનારા રાજા; આ મારા બે ઘેટા, હું તમને થાપણ તરીકે, સોપુંછું; તેનું તમે રક્ષણ કરજો. અને શુંદર પુરૂષોને સ્ત્રીઓ વર કરે છે, એમ કહેવાય છે. માટે; હું તમારી સાથે રમણ કરીશ. ॥૨૧॥ અને હે વીર; હું ફક્ત ઘી ખાઇનેજ રહીશ, તથા મૈથુન સિવાયને પ્રસંગે, તમને વસ્ત્ર રહિત જોઇશ-કીશ નહીં. ત્યારે એ સર્વ વાતની રાજાએ મોટા દીલથી હા કહી, અને તે બોલ્યો કે, અરે જેનું રૂપ અને હાવભાવ, આ મનુષ્ય લોકને મોહ પમાડે એવાં છે; તે અપ્સરા, તું પોતેજ ચાલીને આવવા છતાં; કયો પુરૂષ તેનું સેવન ન કરે ॥૨૨-૨૩॥-શ્રીશુક—પછી જેમ ઘટે તેમ રમણ કરતી, તે ઉર્વશીની સાથે પુરૂષોમાં શ્રેષ્ટ પુરૂરવા, દેવતાઓને રમવાનાં ચિત્રરથ વગેરે સ્થાનોમાં, ઇચ્છા પ્રમાણે રમ્યો. ॥૨૪॥ અને કમળના કેસરા જેવા સુગંધવાળી, તે અપ્સરાની સાથે રમતાં; અને તેના મુખના સુગંધમાં, લલચાયલા પુરૂરવા રાજાએ; ઘણા દિવસો સુધી આનંદ ભોગવ્યો. ॥૨૫॥ પછી ઉર્વશીને નહીં જોવાથી, ઇંદ્રે ગંધર્વોને કહ્યું કે, ઉર્વશીવિના મારૂં સ્થાન શોભતું નથી. ॥૨૬॥ તેથી તેમણે આવીને મોડી રાતે અંધારામાં; રાજાને ઉર્વશીએ સોંપેલા, બે ઘેટાઓનું. હરણ કર્યું. ॥૨૭॥ ત્યારે લેઇ જવાતા તે પુત્રો (ઘેટાઓ)નું આક્રંદ સાંભળીને ઉર્વશીએ કહ્યું કે,

...શીરપણાનું અભિમાન રાખનારા નપુંસક અને ભરથાર પણી થકી; મારી ખરાબી થઈ. ॥૨૮॥ દિવસે પુરૂષ જણાતો છતાં, રાત્રે ત્રાસ પામીને, સ્ત્રીની પેઠે, જે સૂઈ રહે છે. તેનો મેં વિશ્વાસ કરવાથકી. મારાં સંતાનોને ચોરોએ લેઈ જઈને, નાશ કર્યો." ॥૨૯॥ હાથીને અંકુશથકી મારવાની પેઠે, તેનાં એવાં વાક બાણોથી, વિંધાએલો, તે રાજા ક્રોધ કરીને; રાતની વખતે, વસ્ત્ર રહિતજ તરવાર લેઈને દોડ્યો. ॥૩૦॥ તેથી ઘેટાઓને ત્યાંજ પડતા મૂકીને ગંધર્વો ચાલ્યા જતાં, ઘેટાઓને લેઈને, તે પાછો આવતો હતો. ત્યાં વિજળીનું અજવાળું થવાથી, ઉર્વશીએ તેને, નગ્ન જોયો; એટલે તે સ્વર્ગમાં ચાલી ગઈ. ॥૩૧॥ પછી પુરૂરવાએ ઉર્વશીને શયન ગૃહમાં ન દેખવાથી, તે ઉદાસ થયો; અને તેનામાં મન રહેવાથી વિહ્વળ થઈ, શોક કરતો તે, ઉન્મત્તની પેઠે, પૃથ્વી ઉપર ભટકવા લાગ્યો. ॥૩૨॥ એમ કરતાં કુરૂક્ષેત્રમાં સરસ્વતીને કાંઠે, તેણે તે હસતા મોંઢાવાળીને, અને તેની પાંચ સખીઓને દીઠી—ત્યારે પુરૂરવાએ વચન કહ્યું કે. ॥૩૩॥ "હે નિર્દય સ્ત્રી, ઉભી રહે, ઉભી રહે, તારાથકી, હજુ સુધી નિવૃત્તી નહીં પામેલા અને, તજદેવાને તું યોગ્ય નથી. મારી સાથે વાત તો કરય. ॥૩૪॥ હે અપ્સરા, તારે માટેજ આટલે દૂર આવેલો, આ મારો સુંદર દેહ; તારી પ્રસન્નતાને પામ્યા વિનાજ પડી જશે—અને તેને નહાર તથા ગીધપક્ષીઓ ખાશે." ॥૩૫॥—ઉર્વશી—તમે પુરૂષ છો, માટે મરોમાં; અને તમને નહાર વિગેરે પણ ખાઓમાં, પણ ધીરજ રાખો. નિર્દય—ક્રૂર—અસહનતાવાળી—સાહસ કર્મમાં પ્રીતિવાળી—અને વિશ્વાસ રાખનારા સ્વામી, તથા ભાઈ વિગેરેનો પણ, પોતાના થોડા સ્વાર્થને માટે, નાશ કરી નાંખનારી,—વિશ્વાસ રાખનારા અજ્ઞાનીઓની સાથે. કપટથી વર્તનારી—સુહૃદપણું તજીને, નવા નવા પુરૂષોને ઇચ્છનારી,—મરજીમાં આવે તેમ કરનારી,—અને નહારના સરખા હૃદયવાળી તથા છિનાળ, એવી સ્ત્રી-

वाँन्समनोदयत्॥उर्वशीरहितंमह्यमास्थानंनातिशोभते॥२६॥ तउपेत्यमहारात्रेतमसिप्रत्युपस्थिते॥ उर्वश्याउरणौजह्रुर्न्यस्तौराजनिजाय
या॥२७॥ निशम्याक्रंदितंदेवीपुत्रयोर्नीयमानयोः॥ हतास्म्यहंकुनाथेननपुंसावीरमानिना॥२८॥ यद्विश्रंभादहंनष्टाहृतापत्याचदस्युभिः
॥यःशेतेनिशित्रस्तोयथानारीदिवापुमान्॥२९॥इतिवाक्सायकैर्विद्धःप्रतोत्त्रैरिवकुंजरः॥निशिनिस्त्रिंशमादायविवस्त्रोऽभ्यद्रवद्रुषा॥३०॥
तेविसृज्योरणौतत्रव्यद्योतंतस्मविद्युतः॥ आदायमेषावायांतंनग्नमैक्षतसापतिं॥३१॥ऐलोऽपिशयनेजायामपश्यन्विमनाइव॥तच्चित्तोविह्व
लःशोचन्बभ्रामोन्मत्तवन्महीं॥३२॥ सतांवीक्ष्यकुरुक्षेत्रेसरस्वत्यांचतत्सखीः॥पंचप्रहृष्टवदनाःप्राहसूक्तंपुरूरवाः॥३३॥ अहोजायेतिष्ठतिष्ठ
घोरेनत्यक्तुमर्हसि॥मांत्वमद्याप्यनिर्वृत्यवचांसिकृणवावहै॥३४॥ सुदेहोयंपतत्यत्रदेविदूरंहृतस्त्वया॥खादंत्येनंवृकागृध्रास्त्वत्प्रसादस्यना
स्पदं॥३५॥ उर्वशी॰मामृथाःपुरुषोसित्वंमास्मत्वाद्युर्वृकाइमे॥क्वापिसख्यंनवैस्त्रीणांवृकाणांहृदयंयथा॥३६॥स्त्रियोह्यकरुणाःक्रूरादुर्मर्षाः
प्रियसाहसाः॥घ्नंत्यल्पार्थेऽपिविश्रब्धंपतिंभ्रातरमप्युत॥३७॥ विधायालीकविश्रंभमज्ञेषुत्यक्तसौहृदाः॥नवंनवमभीप्संत्यःपुंश्चल्यःस्वैरवृ
त्तयः॥३८॥ संवत्सरांतेहिभवानेकरात्रंमयेश्वर॥वत्स्यत्यपत्यानिचतेभविष्यंत्यपराणिभोः॥३९॥ अंतर्वत्नीमुपालक्ष्यदेवींसप्रययौपुरं॥पुन
स्तत्रगतोब्दांतेउर्वशींवीरमातरं॥४०॥ उपलभ्यमुदायुक्तःसमुवासतयानिशां॥अथैनमुर्वशीप्राहकृपणंविरहातुरं॥४१॥गंधर्वानुपधावेमांस्तु
भ्यंदास्यंतिमामिति॥ तस्यसंस्तुवतस्तुष्टाअग्निस्थालींददुर्नृप॥उर्वशींमन्यमानस्तांसोऽबुध्यतचरन्वने॥४२॥ स्थालींन्यस्यवनेगत्वागृहाना
ध्यायतोनिशि॥त्रेतायांसंप्रवृत्तायांमनसित्रय्यवर्तत॥४३॥ स्थालीस्थानंगतोऽश्वत्थंशमीगर्भंविलक्ष्यसः॥तेनद्वेअरणीकृत्वाउर्वशीलोकका
म्यया॥४४॥ उर्वशींमंत्रतोध्यायन्नधरारणिमुत्तरां॥आत्मानमुभयोर्मध्येयत्तत्प्रजननंप्रभुः॥४५॥ तस्यनिर्मंथनाज्जातोजातवेदविभावसुः॥त्र
य्यासविद्ययाराज्ञापुत्रत्वेकल्पितस्त्रिवृत्॥४६॥ तेनायजतयज्ञेशंभगवंतमधोक्षजं॥उर्वशीलोकमन्विच्छन्सर्वदेवमयंहरिं॥४७॥एकएवपु
राववेदःप्रणवःसर्ववाङ्मयः॥देवोनारायणोनान्यएकोऽग्निर्वर्णएवच॥४८॥ पुरूरवसएवासीत्त्रयीत्रेतामुखेनृप॥अग्निनाप्रजयाराजालोकंगांध

ઓની સાથે; મિત્રાઈ કદીપણ હોતીજ નથી. ॥૩૬–૩૭–૩૮॥ હે રાજા, એક વરસ પછી, મારી સાથે તમે એક રાત્રી રહેશો—અને તમને બીજાં સંતાનોની પણ પ્રાપ્તિ થશે. ॥૩૯॥—શ્રીશુક—તેથી ઉર્વશીને સગર્ભા જાણી, પુરૂરવા રાજા પોતાના નગરમાં પાછો ગયો. પછી એક વરસ પૂરૂં થયે, પુત્રોવાળી ઉર્વશીને મળીને તે, તેની સાથે એક રાત્રિ આનંદથી રહ્યો, અને તે વિરહથી દુખી થતા, અને રાંક પુરૂરવાને, ઉર્વશીએ જતી વખતે કહ્યું કે. ॥૪૦–૪૧॥ "આ ગંધર્વોની તમે સ્તુતિ કરો, એટલે તેઓ મને તમારા હાથમાં આપશે." ત્યારે પુરૂરવાએ તે ગંધર્વોની સ્તુતિ કરી. એટલે તેમણે અગ્નિ ભરેલી એક થાળી, પુરૂરવાના હાથમાં આપી (અર્થાત્ તેમ કરીને તેમણે તેને સમજાવ્યું કે, ઉર્વશીરૂપ પ્રકાશિત થાળીછે—અને તેથી પ્રકટ થનાર પુત્ર તે અગ્નિરૂપ છે. અને તેનાથી યજ્ઞાદિક કર્મો કરીને ઉત્તમ લોકને પામવાનો સ્વાર્થસિદ્ધ કરવાનો છે.) પણ પુરૂરવા તે અભિપ્રાયને ન સમજી શકતાં, એ અગ્નિ ભરેલી થાળીને, ઉર્વશી જાણીને, વનમાંજ ફરવા લાગ્યો. અને વિચાર કરવા લાગ્યો કે, આ અગ્નિ ભરેલી થાળી તે ઉર્વશી કેમ હોય; પછી એ થાળીને વનની અંદર મૂકીને ઘેર ગયો. અને ત્યાં પણ એ વાતનોજ વિચાર રાતદિવસ કરયા કરતો હતો. છેવટે એ વાત, ત્રેતાયુગની શિરૂઆતમાં, તેના સમજવામાં આવી; અને અગ્નિવડે કર્મ કરવાનું, તે સમજ્યો. ॥૪૨–૪૩॥ તેથી તે પુરૂરવા અગ્નિની થાળી મૂકેલે ઠેકાણે, જ્યાં ખીજડીના ઝાડમાં પિપળો ઉગેલો હતો; ત્યાં પાછો ગયો, ત્યારે થાળીમાં અગ્નિ દીઠો નહીં. પણ ખીજડીના ઝાડમાં પિપળો ઉગેલો જોઈને; ઉર્વશીના; લોકને પામવાની ઇચ્છાથી, તે બે ઉ ઝાડનાં લાકડાંની બે અરણીઓ બનાવી; અને સુમ રીતે મનમાં ધારણા કરી કે; નીચેની અરણી તે ઉર્વશી છે. ઉપરની અરણી તે પોતે પુરૂરવા છે, અને તે બેની વચેનું લાકડું જે અગ્નિને ઉત્પન્ન કરનાર (ચોકો) છે, તે ઉપસ્થ છે. ॥૪૪–૪૫॥ એમ કરીને મથન કરવાથકી, સર્વ ભોગ્ય પદાર્થને ઉત્પન્ન કરનારો, અગ્નિ ઉત્પન્ન થયો—એ વેદત્રયીથી ત્રણ પ્રકારના બનાવ(આહવનિય—ગાર્હપત્ય—અને દક્ષિણાગ્ની નામોવાળા)અગ્નિને પુરૂરવાએ

ઉત્પન્ન થયો. ઉર્વશી પાસે એ અગ્નિથી ઉર્વશીના લોકની ઇચ્છાથી; સર્વદેવમય-અધોક્ષજ-અને યજ્ઞેશ્વર ભગવાનનું, તેણે યજન કર્યું. ત્રેતા એ (ત્રેતાયુગ) થકી પૂર્વે સર્વ વાણીમય એક "ઓંકાર"જ વેદરૂપે હતો, એક નારાયણ ભગવાનજ દેવ હતા. એકજ અગ્નિ હતો. અને વર્ણ પણ એકજ હતો. (એટલે બ્રાહ્મણ-ક્ષત્રી-વૈશ્ય-અને શુદ્ર એ ચાર વિભાગો નહતા.)॥૪૮॥ હે પરીક્ષિત, એ ત્રેતાયુગના આરંભમાં પુરૂરવાના સમયથકીજ;એ સર્વે ત્રણ ત્રણ પ્રકારનાં થયેલાં છે. (એટલે ત્રણવેદ (અથર્વણ શિવાયના ત્રણવેદ-ત્રણ અગ્નિ-અને શુદ્રશિવાયની ત્રણ વર્ણો થયેલ છે.) આ રીતે એ અગ્નિથકી પુત્રવાન થયેલો પુરૂરવા ગંધર્વ લોકને એટલે ઉર્વશીના લોકને પામેલો છે. ॥૪૯॥ ઇતિશ્રી ભાગવતે નવમા સ્કંધનો ચૌદમો અધ્યાય સંપૂર્ણ ॥૧૪॥

અધ્યાય ૧૫ મો.-શ્રીશુક-હે પરીક્ષિત એ ઐલ રાજાને ઉર્વશીના ગર્ભથકી આયુ-શ્રુતાયુ-સત્યાયુ-રય-વિજય-અને જય એ નામો વાળા છ પુત્રો થયા હતા. ॥૧॥ એ શ્રુતાયુનો પુત્ર વસુમાન-સત્યાયુનો શ્રુતંજય-અને રયનો એક-તથા જયનો અમિત-એ નામો વાળા પુત્રો થયા હતા. ॥૨॥ વિજયનો ભીમ-નામનો કાંચન-તેનો હોત્રક-અને તેનો પુત્ર, ગંગાજીને કોગળા રૂપે પીજનારો જન્હુ થયો હતો, જન્હુનો પુરૂ-તેનો બલાક-અને તેનો અજક થયો હતો. ॥૩॥ અજકનો કુશ અને તેના કુશાંબુ, મુર્તય, વસુ, અને કુશનાભ એ ચાર પુત્રો થયા હતા. અને કુશાંબુ થકી ગાધી જન્મ્યો હતો. ॥૪॥ એ ગાધી રાજાની સત્યવતી નામની કન્યાનું, રૂચિક નામના રૂષિએ માગું કરવાથી; તેને; એ કન્યાને અયોગ્ય વર માનીને ગાધી રાજાએ તેને કહ્યું કે. ॥૫॥ "અમો કુશીક કુળના છીએ, તેમની કન્યાના શુલ્ક એટલે પલ્લુ અથવા આપે લેવાનો હક, વરીકે, એક તરફના કાળા કાન વાળા, અને ચંદ્રના જેવા ધોળા, તથા તેજસ્વી, એક હજાર ઘોડા આપવા પડશે." ॥૬॥ ગાધી રાજાનો એવો મત સાંભળીને, તે રૂષિ વરૂણની પાસે ગયા. અને ત્યાંથી એ પ્રકારના એટલાજ ઘોડા લેઇ આવીને, તે ગાધી રાજાને આપ્યા, તથા તે સુંદર મોઢાં વાળી કન્યાને પરણ્યા. ॥૭॥ પછી સંતા-

वैमेयिवान् ॥४९॥ इ०भा०म०न०ऐलोपाख्यानेचतुर्दशोऽध्यायः ॥१४॥ श्रीशुक०ऐलस्यचोर्वशीगर्भात्षडासन्नात्मजान्नृप॥आयुःश्रुतायुः सत्यायूरयोऽथविजयोजयः ॥१॥ श्रुतायोर्वसुमान्पुत्रःसत्यायोश्चश्रुतंजयः॥रयस्यसुतएकश्चजयस्यतनयोऽमितः॥२॥भीमस्तुविजयस्याथ कांचनोहोत्र[illegible]स्ततः॥तस्यजन्हुःसुतोगंगांगंडूषीकृत्ययोऽपिबत्॥ जन्होस्तुपूरुस्तत्पुत्रोबलाकश्चात्मजोऽजकः ॥३॥ ततःकुशःकुशस्यापिकुशांबुर्मूर्तयोवसुः॥ कुशनाभश्चचत्वारोगाधिरासीत्कुशांबुजः॥४॥ तस्यसत्यवतींकन्यामृचीकोऽयाचतद्विजः॥ वरंविसदृशंमत्वागाधिर्भार्गवमब्रवीत् ॥५॥ एकतःश्यामकर्णानांहयानांचंद्रवर्चसां॥ सहस्रंदीयतांशुल्कंकन्यायाःकुशिकावयं॥६॥ इत्युक्तस्तन्मतंज्ञात्वागतःसवरुणांतिकं॥अनीयदत्वातानश्वानुपयेमेवराननां॥७॥ सऋषिःप्रार्थितःपत्न्याश्वश्र्वाचापत्यकाम्यया॥ श्रपयित्वोभयैर्मंत्रैश्चरुंस्नातुंगतोमुनिः॥८॥ तावत्सत्यवतीमात्रास्वचरुंयाचितासती॥ श्रेष्ठंमत्वातयाऽयच्छन्मात्रेमातुरदत्स्वयं॥९॥ तद्विज्ञायमुनिःप्राहपत्नीकष्टमकारषीः॥ घोरोदंडधरःपुत्रोभ्राताते ब्रह्मवित्तमः॥१०॥ प्रसादितःसत्यवत्यामैवंभूदितिभार्गवः ॥ अथतर्हिभवेत्पौत्रोजमदग्निस्ततोऽभवत् ॥११॥ साचाभूत्सुमहापुण्याकौशिकीलोकपावनी॥ रेणोःसुतांरेणुकांवैजमदग्निरुवाहयां ॥१२॥ तस्यांवैभार्गवऋषेःसुतावसुमदादयः॥यवीयान्जज्ञएतेषांरामइत्यभिविश्रुतः॥१३॥ यमाहुर्वासुदेवांशंहैहयानांकुलांतकं ॥ त्रिःसप्तकृत्वोयइमांचक्रेनिःक्षत्रियांमहीं॥१४॥ दुष्टंक्षत्रंभुवोभारमब्रह्मण्यमनीनशत्॥ रजस्तमोवृतमहन्फल्गुन्यपिकृतेंऽहसि॥१५॥ राजा० किंतदंहोभगवतोराजन्यैरजितात्मभिः॥ कृतंयेनकुलंनष्टंक्षत्रियाणामभीक्ष्णशः १६ श्रीशुक०हैहयानामधिपतिरर्जुनःक्षत्रियर्षभः॥दत्तंनारायणस्यांशमाराध्यपरिकर्मभिः॥१७॥ बाहून्दशशतंलेभेदुर्धर्षत्वमरातिषु॥ अव्याहतेंद्रियौजःश्रीस्तेजोवीर्ययशोबलं॥१८॥ योगेश्वरत्वमैश्वर्यंगुणा यत्राणिमादयः॥चचाराव्याहतगतिर्लोकेषुपवनोयथा ॥१९॥ स्त्रीरत्नैरावृतःक्रीडन्रेवांभसिमदोत्कटः॥वैजयंतींस्रजंबिभ्रद्रुरोधसरितंभुजैः॥२०॥ विप्लावितंस्वशिबिरंप्रतिस्रोतःसरिज्जलैः॥ ना[illegible]ष्यत्तस्यतद्वीर्यंवीरमा

નની કામનાથી તેમની સ્ત્રીએ તથા સાસુએ, એ રૂષિની પ્રાર્થના કરવાથી, તે બંનેને માટે મંત્રો વડે ચરૂ રાંધીને, મુનિ સ્નાન કરવાને ગયા હતા. ॥૮॥ એટલા સમયમાં, સત્યવતીને માટે રાંધેલા ચરૂને શ્રેષ્ટ માનીને; સત્યવતીની મા ગાધીની સ્ત્રીએ, દીકરીની પાસે તેની માગણી કરવાથી; સત્યવતીએ તેને પોતાનો ચરૂ આપીને, માને માટે તૈયાર કરેલો ચરૂ, સત્યવતીએ પોતે ખાધો. ॥૯॥ પછી મુનિએ આવીને તે વાત જાણવાથી સત્યવતીને કહ્યું કે, "આ કષ્ટને આપે એવું તે ભૂંડુ કામ કર્યું. આથી તને, ઘોર એટલે ભય ઉપજાવનારો, તથા દંડને ધારણ કરનાર પુત્ર થશે. અને તારો ભાઇ બ્રહ્મવેત્તા થશે." ॥૧૦॥ પછી સત્યવતીએ રૂચીકને પ્રસન્ન કરી એમ ન થવાની યાચના કરવાથી, રૂચીકે તેને કહ્યું કે, "તારો પુત્ર એવો થશે નહીં, પણ પૌત્ર તેવો થશે." પછી સત્યવતીને જમદગ્નિ પુત્ર થયા. ॥૧૧॥ અને તે સત્યવતી, લોકને પાવન કરનાર અતિ પવિત્ર કૌશીકી નામની નદી થઇ ગયાં. તથા રેણુંની દીકરી રેણુકાને જમદગ્નિ રૂષિ પરણ્યા. ॥૧૨॥ તે સ્ત્રીમાં જમદગ્નિ રૂષિએ ઉત્પન્ન કરેલા વસુમાન આદિ પુત્રોમાં સહુથી નાના હતા તે રામ, (પરશુરામ,) એવા નામથી વિખ્યાત છે. ॥૧૩॥ હૈહય નામના ક્ષત્રીઓના કુળના એ કાળ સ્વરૂપ, રામે આ પૃથ્વીને એકવિશવાર ક્ષત્રીઓના બીજ વિનાની કરી હતી; એ પરશુરામ વાસુદેવભગવાનનો અંશાવતાર કહેવાય છે. ॥૧૪॥ તેમણે પોતાનો થોડો; અને થોડા પ્રસંગેજ અપરાધ કરવાના બદલામાં; એ દુષ્ટ-પૃથ્વીના ઉપર ભાર રૂપ થયેલા-અબ્રહ્મણ્ય-અને રજોગુણ તથા તમોગુણ વ્યાપેલા, ગમાએ ક્ષત્રીઓને મારી નાંખીને, તેમનો નાશ કરી નાંખ્યો હતો. ॥૧૫॥-પરિક્ષિત-ભગવાન પરશુરામનો એ અજીતેંદ્રિય રાજાઓએ કયો અપરાધ કર્યો હતો; કે જેથી ક્ષત્રીઓનાં કુળ વારંવાર નાશ પામ્યાં. ॥૧૬॥-શ્રીશુક-હૈહયકુળના ક્ષત્રીઓનો અધિપતિ અર્જુન નામનો મોટો રાજા; નારાયણના અંશ, ગુરૂ દત્તાત્રયની સેવા અને આરાધન કરવાથી; હજાર હાથ-દુશ્મનોથી પરાભવ નપાય એવી શક્તિ-અને કોઇ સ્થળે પાછું નપડે એવું ઇંદ્રિયાદીકનું બળ, લક્ષ્મી, તેજ, પરાક્રમ, યશ અને બળ; પામેલો હતો. ॥૧૭-૧૮॥ તથા યોગેશ્વરોનાં ઐશ્વર્ય એટલે અણિમા વિગેરે સિદ્ધિઓ, અને કોઇથી અટકાવાય નહીં એવી, લોકમાત્રને વિષે પવનની પેઠે, ફરવાની ગતિ પણ પા-

ગયો હતો. ॥૧૯॥ એક દિવસે એ મદોન્મત્ત અને વૈજયંતિમાળા પેહેરનારા રાજાએ; રેવાનદીના જળમાં; ઉત્તમ સ્ત્રીઓની સાથે વિહાર કરતાં; પોતાના હજાર હાથ વડે નદીના વેગને રોકી દીધો. ॥૨૦॥ તેથી એ નદીનાં પાછાં વળેલાં પાણીથી, રાવણનો લશ્કરી મુકામ (શિબિર) પાણીમાં ડુબી જવાથી, તેના એ પરાક્રમને નહીં સહન કરનારો અને વીરપણાનું અભિમાન રાખનારો દસ મોઢાંવાળો રાવણ, ત્યાં જઇને, તેનો અપકાર કરવા લાગ્યો હતો, ત્યારે સ્ત્રીઓનાં સમક્ષ તેણે રાવણને પકડી લેઇને, પોતાની માહિષ્મતિ નગરીમાં લેઇ જઇ, વાંદરાની પેઠે કેદખાનામાં પૂરી મૂક્યો હતો. અને પાછળથી તેને છોડી દીધો હતો. ॥૨૧–૨૨॥ એજ હજાર હાથવાળો અર્જુન રાજા, એકી જંગલોમાં શિકાર કરતાં, એક વખતે યદૃચ્છાથી, જમદગ્નિ ઋષિના આશ્રમમાં આવી ચડ્યો. ॥૨૩॥ ત્યારે એ તપરૂપી ધનવાળા જમદગ્નિએ; તે રાજાનું, તેના સૈન્ય–કારભારીઓ–અને વાહનો સહિત પૂજન અને આતિથ્ય, પોતાની કામધેનુ ગાયના પ્રભાવ થકી કર્યું. ॥૨૪॥ એ રીતે ત્યાં પોતાના કરતાં પણ, અતિશય ઐશ્વર્ય દેખવાથી તે વીરપુરૂષ પ્રસન્ન થયો નહીં; અને એ કામધેનું લેઇ લેવાની તેણે ઇચ્છા કરી. ॥૨૫॥ પછી તેણે અહંકારથી, એ ઋષિની કામધેનુ લેઇ લેવાની, પોતાના માણસોને આજ્ઞા કરવાથી, તેઓ બળ કરીને, વાછરડા સુદ્ધાં ચીસો નાંખતી; કામધેનુને, માહિષ્મતિ નગરીમાં લેઇ ગયા. ॥૨૬॥ પછી એ રાજા ગયા કેડે આશ્રમમાં આવેલા પરશુરામે, તેનું આવું દુષ્ટપણું સાંભળવાથી; તેમને મારેલા સાપની પેઠે, ક્રોધ ચડ્યો. ॥૨૭॥ અને ભયંકર ફરશી–ભાથા–ઢાલ–અને ધનુષ્ય વિગેરે લેઇને, કોઇથી વાળ્યા વળે નહીં એવા તે, હાથીની પાછળ સિંહ દોડવાની પેઠે, દોડ્યા. ॥૨૮॥ એ; ધનુષ્ય, બાણ, અને ફરશી ધરેલા–મૃગ ચર્મ ઓઢેલા–અને સૂર્યના જેવી દીપતી જટા વાળા–ભૃગુકુળના ઉત્તમ પુરૂષને; બળ કરીને માહિષ્મતિ નગરીમાં આવી પડતાં; તે સહસ્રાર્જુને જોયા. ॥૨૯॥ ત્યારે તેણે હાથી–રથ–ઘોડા–અને પ્યાદાવાળી તથા ગદા–બાણ–તરવાર–ૠષ્ટિ–શતઘ્ની–અને સાંગો વડે ત્રાસ ઉપજાવનારી સત્તર અક્ષોહિણી સેના, તેમના

नीदशाननः ॥२१॥ गृहीतोलीलयास्त्रीणांसमक्षंकृतकिल्बिषः॥माहिष्मत्यांसन्निरुद्धोमुक्तोयेनकपिर्यथा ॥२२॥ सएकदातुमृगयांविचरन्वि
पिनेवने ॥यदृच्छयाश्रमपदंजमदग्नेरुपाविशत् ॥२३॥ तस्मैसनरदेवायमुनिरर्हणमाहरत्॥ससैन्यामात्यवाहायहविष्मत्यातपोधनः ॥२४॥
सवीरस्तत्रतद्दृष्ट्वाआत्मैश्वर्यातिशायनं॥ तन्नाद्रियताग्निहोत्र्यांसाभिलाषःसहैहयः ॥२५॥ हविर्धानीमृषेर्दर्पान्नरान्हर्तुमचोदयत्॥तेचमाहिष्म
तींनिन्युःसवत्सांक्रंदतींबलात् ॥२६॥ अथराजनिनिर्यातेरामआश्रमआगतः॥श्रुत्वातत्तस्यदौरात्म्यंचुक्रोधाहिरिवाहतः॥२७॥ घोरमादाय
परशुंसतूणंचर्मकार्मुकं॥अन्वधावतदुर्दर्षोमृगेंद्रइवयूथपं ॥२८॥ तमापतंतंभृगुवर्यमोजसाधनुर्धरंबाणपरश्वधायुधं॥ऐणेयचर्माम्बरमर्कधाम
भिर्युतंजटाभिर्ददृशेपुरींविशन्॥२९॥ अचोदयद्धस्तिरथाश्वपत्तिभिर्गदासिबाणर्ष्टिशतघ्निशक्तिभिः॥अक्षौहिणीःसप्तदशातिभीषणास्ताराम
एकोभगवानसूदयत् ॥३०॥ यतोयतोऽसौप्रहरत्परश्वधोमनोऽनिलौजाःपरचक्रसूदनः॥ततस्ततश्छिन्नभुजोरुकंधरानिपेतुरुर्व्यांहतसूतवा
हनाः॥३१॥ दृष्ट्वास्वसैन्यंरुधिरौघकर्दमेरणाजिरेरामकुठारसायकैः॥विवृक्णचर्मध्वजचापविग्रहंनिपातितंहैहयआपतद्रुषा॥३२॥ अथार्जु
नःपंचशतेषुबाहुभिर्धनुःषुबाणान्युगपत्ससंदधे॥रामायरामोऽस्त्रभृतःसमग्रणीस्तान्येकधन्वेषुभिराच्छिनत्सम ॥३३॥ पुनःस्वहस्तैरचलान्मृ
धेऽङ्घ्रिपानुत्क्षिप्यवेगादभिधावतोयुधि ॥ भुजान्कुठारेणकठोरनेमिनाचिच्छेदरामःप्रसभंत्वहेरिव ॥३४॥ कृत्तबाहोःशिरस्तस्यगिरेःशृंगमि
वाहरत् ॥हतेपितरितत्पुत्राअयुतंदुद्रुवुर्भयात् ॥३५॥ अग्निहोत्रीमुपावर्त्यसवत्सांपरवीरहा॥समुपेत्याश्रमंपित्रेपरिक्लिष्टांसमर्पयत् ॥३६॥ स्व
कर्मतत्कृतंरामःपित्रेभ्रातृभ्यएवच॥ वर्णयामासतच्छ्रुत्वाजमदग्निरभाषत ॥३७॥ रामराममहाबाहोभवान्पापमकारषीत् ॥ अवधीन्नरदेवंय
त्सर्वदेवमयंवृथा॥३८॥वयंहिब्राह्मणास्तातक्षमयाऽर्हणतांगताः॥ययालोकगुरुर्देवःपारमेष्ठ्यमियात्पदं ॥३९॥ क्षमयारोचतेलक्ष्मीर्ब्राह्मीसौ
रीयथाप्रभा॥क्षमिणामाशुभगवांस्तुष्यतेहरिरीश्वरः ॥४०॥राज्ञोमूर्द्धाऽत्रसिक्तस्यवधोब्रह्मवधाद्गुरुः ॥ तीर्थसंसेवयाचांहोजह्यंगाच्युतचेतनः

સામે મોકલી. તે સઘળીને એકલા ફરશુરામ ભગવાને, કાપી નાંખી. ॥૩૦॥ મન તથા પવન જેવા વેગવાળા અને શત્રુ સૈન્યનો નાશ કરનારા, એ ફરશી ધરનારા ભગવાને, જ્યાં જ્યાં પ્રહાર કર્યો; ત્યાં, હાથ–સાથળ–અને ગર્દાં કપાઇ ગયેલા; તથા સારથી અને વાહનો મરી ગયેલા યોદ્ધાઓ; પૃથ્વી ઉપર પડી ગયા. ॥૩૧॥ ત્યારે લોહીના ગારા વાળી રણભૂમિમાં, ફરશુરામના કુવાડા અને બાણોથી, પોતાના સૈન્યને, શરીરો–ઢાલો–ધજાઓ–અને ધનુષ્યો કપાઇ જઇને, પડી જતું જોવાથી; ક્રોધ પામેલો, તે હૈહય કુળનો અધિપતિ સહસ્રાર્જુન યુદ્ધ કરવાને દોડી આવ્યો. ॥૩૨॥ અને એકી વખતે પોતાના હજાર હાથ વતે, પાંચસે ધનુષ્યોના બાણો સાંધીને; તે ફરશુરામના ઉપર નાંખવા લાગ્યો. તથા અસ્ત્રધારીઓમાં શ્રેષ્ઠ, એક ધનુષ્યવાળા ફરશુરામ પણ, પોતાનાં બાણો વડે, તે સઘળાં બાણોને સરખી રીતે, એકી વખતેજ કાપવા લાગ્યા. ॥૩૩॥ પછી પોતાના પણ હાથથી પર્વતો અને ઝાડોને, ઉપાડીને યુદ્ધમાં સામા દોડી આવનાર; તેના, સઘળા હાથ, ફરશુરામે પોતાના તીક્ષ્ણ ધાર વાળા કોહાડાથી, સાપની ફણો કાપવાની પેઠે, કાપી નાખ્યા. ॥૩૪॥ અને તે પછી તેના પર્વતના શિખર જેવા માથાને પણ કાપી નાંખ્યું. તેથી એ બાપના મૂવાથી ભય પામેલા તેના દસ હજાર દીકરાઓ; ભાગી ગયા. ॥૩૫॥ એટલે એ શત્રુઓના યોધાઓને મારનારા ફરશુરામે દુખી થયેલી કામધેનુને; વાછરડા સુદ્ધાં પાછી; પિતાના આશ્રમમાં લેઇ આવીને, તેમને સ્વાધીન કરી. ॥૩૬॥ અને પોતે કરેલું કામ પિતાને અને ભાઇઓને કહી સંભળાવ્યું. ત્યારે જમદગ્નિ ઋષિએ તેમને કહ્યું કે. ॥૩૭॥ "હે મોટા હાથ વાળા ફરશુરામ, તમે સર્વ દેવમય રાજાને, ફોકટમાં મારી નાંખ્યો છે. એ મોટું પાપ તમને લાગ્યું છે. ॥૩૮॥ હે તાત, આપણે બ્રાહ્મણોને, ક્ષમા વડેજ પૂજ્યપણું મળેલું છે. અને લોક માત્રના ગુરૂ બ્રહ્મા, પણ, તે (ક્ષમા) થકીજ સર્વોત્તમ પદને પામેલા છે. ॥૩૯॥ ક્ષમા થકીજ બ્રાહ્મણોની શોભા, સૂર્યના જેવી તેજસ્વી થાય છે; અને ક્ષમા રાખનારાઓના ઉપરજ, ઇશ્વર હરિભગવાન ઉતાવળા પ્રસન્ન થાય છે. ॥૪૦॥ વળી રાજ્યાભિષેક થયેલા રાજાને મારી નાંખવો, એતો બ્રહ્મહત્યા કરતાં પણ; મોટું પાપ છે. માટે હે પુત્ર, અચ્યુત ભગવાનમાં ચીત્ત રાખીને, તીર્થોનું સેવન કરવા વડે, એ પાપને તમે મટાડો. ॥ ૪૧ ॥ ઇતિશ્રી ભા૦ નવમા સ્કંધનો પંદરમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૫॥

અધ્યાય. ૧૬ મો.—શ્રીશુક—હે પરીક્ષિત, પિતાએ આપેલી શીખામણનો સ્વીકાર કરીને, પરશુરામે એક વરસ સુધી તીર્થ યાત્રા કરી; અને પાછા આશ્રમમાં આવ્યા. ॥૧॥ પછી એક દીવસે રેણુકા, જળ ભરી લાવવા સારૂ, નદી ઉપર ગયાં હતાં; ત્યાં કમળોની માળા પેહેરેલો ગંધર્વોનો રાજા, અપ્સરાઓ સાથે ગંગાજીમાં ક્રિડા કરતો હતો. તેથી તેમની ક્રિડા જોવામાં, અને એ ગંધર્વના રાજાને વિશે જરાક મન જવાને લીધે; ઋષિની હોમ કરવાની વેળાનું સ્મરણ તે ચુકી ગયાં. ॥૨–૩॥ પછી મોડું થયેલું જાણી, મુનિની શાપ દેવાની બીકીકથી, ઉતાવળાં આવીને, પાણીનો કળશ; તેમની પાસે મુકીને હાથ જોડીને ઉભાં રહ્યાં. ॥૪॥ પણ જમદગ્નિ મુનિએ, એ સ્ત્રીના (માનસિક) વ્યભિચારને જાણ્યો. અને ક્રોધ કરીને, પુત્રોને કહ્યું કે; " આ પાપિણીને મારી નાંખો. " એ રીતની તેમણે આજ્ઞા કરવા છતાં, પુત્રોએ તેમ કર્યું નહીં. ॥૫॥ પછી પરશુરામને એ પ્રમાણેજ પિતાએ કહેવાથી, પિતાના સમાધિ અને તપના પ્રભાવને જાણનારા, તેમણે મા સહિત ભાઇઓને પણ મારી નાંખ્યાં. ॥૬॥ ત્યારે પ્રસન્ન થયેલા જમદગ્નિએ વરદાન માગવાનું કહેવાથી, પરશુરામે વરદાન માગ્યું કે. " મરી ગયેલાં આ સર્વ, જીવતાં થાવ, અને તેમને મારી નાંખેલાનું સ્મરણ ન રેહે. " ॥૭॥ તેથી તેઓ સઘળાં ઉતાવળેજ, ઉંઘમાંથી જાગી ઉઠવાની પેઠે; કુશળક્ષેમ ઉભાં થયાં. આ રીતે પિતાના તપના પ્રભાવને જાણનારા પરશુરામે, સુહૃદોનો પણ વધ કર્યો હતો. ॥૮॥ હવે પરશુરામના પરાક્રમથી પરાભવ પામેલા, અને પિતાને મારી નાંખેલાનું સંભારતા. સહસ્રાર્જુનના દીકરાઓને, લગાર પણ નિરાંત થતી નહોતી. ॥ ૯ ॥ તેથી એક દિવસે ભાઇઓ સહિત પરશુરામ આશ્રમ થકી બહાર ગયેલાનો લાગ જોઇને, વેર વાળવાની ઇચ્છાથી; તેઓ ત્યાં આવ્યા. ॥ ૧૦ ॥ અને પાપ કર-

॥४१॥ इ०भा०म०न०पंचदशोऽध्यायः॥१५॥ श्रीशुक०पित्रोपशिक्षितो[illegible]तेति कुरुनंदन॥संवत्सरंतीर्थयात्रांचरित्वाश्रममाव्रजत्॥ ॥१॥ कदाचिद्रेणुकायातागंगायांपद्ममालिनं॥ गंधर्वराजंक्रीडंतमप्सरोभिरपश्यत॥२॥ विलोकयंतीक्रीडंतमुदकार्थंनदींगता॥होमवेलांन सस्मारकिंचिच्चित्ररथस्पृहा ॥३॥ कालात्ययंतंविलोक्यमुनेःशापविशंकिता॥ आगत्यकलशंतस्थौपुरोधायकृतांजलिः॥४॥ व्यभिचारंमुनिर्ज्ञात्वापत्न्याःप्रकुपितोऽब्रवीत्॥ घ्नतैनांपुत्रकाःपापामित्युक्तास्तेनचक्रिरे॥५॥ रामःसंबोधितःपित्राभ्रातृन्मात्रासहावधीत्॥प्रभावज्ञोमुनेःसम्यक्समाधेस्तपसश्चयः॥६॥ वरणच्छंद[illegible]तःसत्यवतीसुतः॥ वव्रेहतानांरामोऽपिजीवितंचास्मृतिंवधे॥७॥ उत्तस्थुस्तेकुशलिनोनिद्रापायइवांजसा॥पितुर्विद्वांस्तपोवीर्यंरामश्चक्रेसुहृद्वधं॥८॥ येऽर्जुनस्यसुताराजन्स्मरंतःस्वपितुर्वधं॥ रामवीर्यपराभूतालेभिरेशर्मनक्वचित्॥९॥एकदाश्रमतोरामेसभ्रातरिवनंगते॥वैरंसिसाधयिषवोलब्धच्छिद्राउपागमन्॥१०॥ दृष्ट्वाऽग्न्यगारआसीनमावेशितधियंमुनिं॥ भगवत्युत्तमश्लोकेजघ्नुस्तेपापनिश्चयाः॥११॥ याच्यमानाःकृपणयारामसमात्राऽतिदारुणाः॥ प्रसह्यशिरउत्कृत्यनिन्युस्तेक्षत्रबंधवः॥१२॥ रेणुकादुःखशोकार्त्तानिघ्नंत्यात्मानमात्मना॥ रामरामेतिहितातेतिविचुक्रोशोच्चकैःसती॥१३॥ तदुपश्रुत्यदूरस्थोहारामेत्यार्त्तवत्स्वनं॥ त्वरयाश्रममासाद्यददृशेपितरंहतं॥१४॥तद्दुःखरोषामर्षार्तिशोकवेगविमोहितः॥हातातसाधोधर्मिष्ठत्यक्त्वाऽस्मान्स्वर्गतोभवान्॥१५॥ विलप्यैवंपितुर्देहंनिधायभ्रातृषुस्वयं॥ प्रगृह्यपरशुंरामःक्षत्रांतायमनोदधे॥१६॥ गत्वामाहिष्मतींरामोब्रह्मघ्नविहतश्रियं॥तेषांसशीर्षभीराजन्मध्येचक्रेमहागिरिं॥ १७॥ तद्रक्तेननदींघोरामब्रह्मण्यभयावहां॥हेतुंकृत्वापितृवधंक्षत्रेऽमंगलकारिणि॥१८॥त्रिः[illegible]पृथिवींकृत्वानिःक्षत्रियांप्रभुः॥ स्यमंतपंचकेचक्रेशोणितोदान्हृदान्नव॥१९॥ पितुःकायेनसंधायशिरआदायबर्हिषि॥सर्वदेवमयंदेवमात्मानमयजन्मखैः॥२०॥ददौप्राचींदिशंहोत्रेब्रह्मणेदक्षिणांदिशं॥ अध्वर्यवेप्रतीचींवैउद्गात्रेउत्तरांदिशं॥२१॥अन्येभ्योऽवांतरदिशःकश्यपायचमध्यमां॥आर्यावर्तमुपद्रष्ट्रेसदस्येभ्यस्ततःपरं॥२२॥ततश्चावभृथस्नानविधूताशेषकिल्बिषः॥ सरस्वत्यांब्रह्मनद्यांरेजेव्यभ्रइवांशुमान्॥२३॥ स्वदेहंजमदग्निस्तुलब्ध्वासं

વાના નિશ્ચય વાળા તેઓએ, જમદગ્નિ ઋષિને, અગ્નિના ઘરમાં, ઉત્તમ શ્લોક ભગવાનનું ધ્યાન કરતા બેઠેલા દેખીને, તેમને મારી નાંખ્યા. ॥૧૧॥ પરશુરામની માએ, એ દારૂણ સ્વભાવવાળાઓના ઘણા કાલાવાલા કરવા છતાં, તે નીચ ક્ષત્રીઓ, તેમનું માથું કાપીને લેઇ ગયા. ॥૧૨॥ ત્યારે દુખ અને શોકથી પીડાયલાં સતી રેણુકાએ; પોતે, પોતાનુંજ શરીર કુટી નાંખતાં, લાંબો ઘાંટો કાઢીને બુમો પાડી કે, હે પરશુરામ, હે તાત આવો. ॥૧૩॥ "હે પરશુરામ" એવી દુખકારક બુમ દૂરથી તેમણે સાંભળતાંજ, તે ઉતાવળા આશ્રમમાં આવ્યા. ત્યાંતો પિતાને મુવેલા દીઠા. ॥૧૪॥ તેથી દુખ–શોક–રોષ–અસહનતા–અને બળતરા વિગેરેના વેગથી મોહ પામીને, તે બોલ્યા કે; સાધુ અને ધર્મિષ્ટ, " હે પિતા, શું તમે અમને સર્વને તજીને, સ્વર્ગમાં ગયા. ? " ॥૧૫॥ એ પ્રમાણે વિલાપ કરીને, તથા પિતાનું શરીર સાચવી રાખવાને, ભાઇઓને સોંપીને; પરશુરામે પોતે હાથમાં ફરશી લેઇને, ક્ષત્રીઓનો નાશ કરી નાંખવાનો મનથી નિશ્ચય કર્યો. ॥૧૬॥ હે પરીક્ષિત, પછી તેમણે માહિષ્મતિ નગરીમાં જઇને, તેના મધ્ય ભાગમાં; એ બ્રાહ્મણને મારનારા, અને શોભા રહિત થયેલા, સહસ્રાર્જુનના દીકરાઓનાં માથાંઓનો, એક મોટો ડુંગર બનાવ્યો. અને તેમના લોહીથી, અબ્રહ્મણ્ય પુરૂષોને ભય પેદા કરનારી એક ત્રાસદાયક નદી ઉત્પન્ન કરી. તથા પિતાના વધનું કારણ લેઇને, અન્યાયનાં આચરણ કરનારા ક્ષત્રીઓને મારી નાંખીને, એકવીસવાર પૃથ્વીને ક્ષત્રીઓના બીજ વિનાની કરી. અને કુરૂક્ષેત્રમાં તેમના લોહીના, નવ ધરા બનાવ્યા. ॥૧૭–૧૮–૧૯॥ પછી પિતાના ધડને, અને માથાને યજ્ઞ સમિપ લાવી સાંધી દેઇને, સર્વ દેવમય આત્મસ્વરૂપ પરમાત્મા ભગવાનનું, યજ્ઞોવડે પૂજન કર્યું. ॥ ૨૦ ॥ અને હોતાને પૂર્વદિશા આપી દીધી–બ્રહ્માને દક્ષિણ દિશા–અધ્વર્યુને પશ્ચિમ દિશા–તથા ઉદ્ગાતાને ઉત્તર દિશા આપી બીજાઓને વચેની ચારે ખુણાની દિશાઓ–કશ્યપને વચેનો ભાગ–ઉપદ્રષ્ટાને આર્યાવ્રત–અને તે સિવાયની બાકી રહેલી પૃથ્વી, સભાસદોને આપી દીધી.

॥૨૧-૨૨॥ પછી બ્રહ્મનદી સરસ્વતીમાં અવભૃથ સ્નાન કરીને, સર્વ પાપ થકી મુક્ત થયેલા પરશુરામ, વાદળાંમાંથી બહાર નીકળેલા સૂર્ય સરખા શોભવા લાગ્યા. ॥૨૩॥ અને પરશુરામે પૂજેલા જમદગ્નિ ઋષિ, જ્ઞાનનાં લક્ષણો સહિત પોતાના દેહને પામીને, સપ્તઋષિના મંડળમાં, સાતમા ઋષિ થયા. ॥૨૪॥ હે રાજા, એ જમદગ્નિનો પુત્ર કમળનેત્ર પરશુરામ ભગવાન પણ, આવતા મન્વંતરમાં સપ્તઋષિઓમાંના એક થશે. ॥૨૫॥ એ પરશુરામ ભગવાન હાલમાં, દંડનો ત્યાગ કરીને શાંતિ વાળા મનથી, મહેંદ્ર પર્વતને વિષે, સિદ્ધ, ચારણ અને ગંધર્વો થકી, ચરિત્રોનું ગાયન થતા રહેલા છે. ॥૨૬॥ એ રીતે ભૃગુકુળમાં અવતરેલા-વિશ્વના આત્મા-અને ઈશ્વર એવા હરિ ભગવાને પૃથ્વી ઉપર ભાર રૂપ થયેલા, ઘણા ક્ષત્રીઓને મારી નાંખ્યા છે ॥૨૭॥ અને સમિધમાંથી અગ્નિ ઉત્પન્ન થવાની પેઠે, મહા તેજસ્વી વિશ્વામિત્ર, ગાધી રાજા થકી થયા હતા. જેમણે તપવડે ક્ષત્રીપણાને તજીને પ્રકાશિત બ્રાહ્મણપણાને મેળવ્યું હતું. ॥૨૮॥ હે પરીક્ષિત વિશ્વામિત્રને થયેલા સો પુત્રોમાં વચલો, મધુચ્છંદ હોવાથી, તેના નામ ઉપરથી, સઘળાઓ મધુચ્છંદા કહેવાય છે. ॥૨૯॥ ભૃગુકુળના અજીગર્તનો દીકરો શુનઃશેપ, કે જે વેચાતો લેવાઈને, હરિશ્ચંદ્રના યજ્ઞમાં, પુરૂષ પશુરૂપે થયેલો, વધ થવા થકી પ્રજાપતિ વિગેરે દેવતાઓની, તેણે સ્તુતિ કરવાથી પાશ બંધનમાંથી મુક્ત થઈને છૂટો થયો હતો. અને એ રીતે તે યજ્ઞમાં દેવતાઓએ, તેને બચાવવાથી "દેવરાત" એવા નામથી; તે વિખ્યાત થયેલો છે. તેને વિશ્વામિત્રે પોતાનો પુત્ર ઠરાવ્યો હતો. તેથી તેમણે પોતાના સર્વ પુત્રોને કહ્યું કે, "આ શુનઃશેપને તમો સર્વે જ્યેષ્ઠ તમારામાં મોટો માનો." ॥૩૦-૩૧-૩૨॥ ત્યારે મધુચ્છંદાથી મોટા (પચાસે) એ, આ વાતને સારી નહીં માનીને તે પ્રમાણે કબુલ કર્યું નહીં. તેથી વિશ્વામિત્રે ક્રોધ કરીને, તેમને શાપ દીધો કે, "હે દુર્જનો, તમે મ્લેચ્છ થઈજાઓ"

ज्ञानक्षलणं॥ऋषीणांमंडलेसोऽभूत्सप्तमोरामपूजितः ॥२४॥ जामदग्न्योऽपिभगवान्रामःकमललोचनः॥आगामिन्यंतरेराजन्वर्तयिष्यतिवैबृहत् ॥२५॥आस्तेऽद्यापिमहेंद्राद्रौन्यस्तदंडःप्रशांतधीः॥उपगीयमानचरितःसिद्धगंधर्वचारणैः॥२६॥ एवंभृगुषुविश्वात्माभगवान्हरिरीश्वरः॥अवतीर्यपरंभारंभुवोऽहन्बहुशोनृपान् ॥२७॥ गाधेरभून्महातेजाःसमिद्ध इवपावकः॥तपसाक्षात्रमुत्सृज्ययोलेभेब्रह्मवर्चसं ॥२८॥ विश्वामित्रस्यचैवासन्पुत्राएकशतंनृप॥ मध्यमस्तु मधुच्छंदामधुच्छंदसएवते॥२९॥ पुत्रंकृत्वाशुनःशेपंदेवरातंचभार्गवं॥आजीगर्तंसुतानाहज्येष्ठएवप्रकल्प्यतां॥३०॥ योवैहरिश्चंद्रमखेविक्रीतःपुरुषःपशुः॥स्तुत्वादेवान्प्रजेशादीन्मुमुचेपाशबंधनात् ॥३१॥ योरातोदेवयजनेदेवैर्गाधिषुतापसः॥देवरातइतिख्यातःशुनःशेपःसभार्गवः ॥३२॥ येमधुच्छंदसोज्येष्ठाःकुशलंमेनिरेनतत्॥अशपत्तान्मुनिःक्रुद्धोम्लेच्छाभवतदुर्जनाः ३३ सहोवाचमधुच्छंदाःसार्द्धंपंचाशतातततः॥यन्नोभवान्संजानीतेतस्मिंस्तिष्ठामहेवयं॥३४॥ज्येष्ठंमंत्रदृशंचक्रुस्त्वामन्वंचोवयंस्महि॥विश्वामित्रःसुतानाहवीरवंतोभविष्यथ॥येमानंमेऽनुगृण्हंतोवीरवंतमकर्तमां ॥३५॥ एषवःकुशिकावीरोदेवरातस्तमान्वित॥ अन्येचाष्टकहारीतजयक्रतुमदादयः॥३६॥एवंकौशिकगोत्रंतुविश्वामित्रैःपृथग्विधं॥प्रवरांतरमापन्नंतद्धिचैवंप्रकल्पितं ॥३७॥ इ०भा०म०न०षोडशोऽध्यायः०॥१६॥

श्रीशुक०यःपुरूरवसःपुत्रआयुस्तस्याभवन्सुताः ॥ नहुषःक्षत्रवृद्धश्चरजीरंभश्चवीर्यवान् ॥१॥ अनेनाइतिराजेंद्रशृणुक्षत्रवृधोऽन्वयं॥क्षत्रवृद्धस्तस्यासन्सुहोत्रस्यात्मजास्त्रयः॥२॥ काश्यःकुशोगृत्समदइतिगृत्समदादभूत्॥ शुनकःशौनकोयस्यबह्वृचप्रवरोमुनिः॥३॥काश्यस्यकाशिस्तत्पुत्रोराष्ट्रोदीर्घतमःपिता॥ धन्वंतरिर्दीर्घतमआयुर्वेदप्रवर्तकः ॥४॥ यज्ञभुग्वासुदेवांशःस्मृतमात्रार्तिनाशनः॥तत्पुत्रःकेतुमानस्यजज्ञेभीमरथस्ततः॥५॥ दिवोदासोद्युमांस्तस्मात्प्रतर्दनइतिस्मृतः॥ सएवशत्रुजिद्वत्सऋतध्वजइतीरितः॥ तथाकुवलयाश्वेतिप्रोक्तोऽलर्कादयस्ततः॥६॥ षष्टिंवर्षसहस्राणिषष्टिंवर्षशतानिच॥ नालर्कादपरोराजन्मेदिनींबुभुजेयुवा॥७॥ अलर्कात्संततिस्तस्मात्सुनीथोऽथसुकेतनः॥धर्मकेतुःसुतस्तस्मात्सत्यकेतुरजायत ॥८॥ धृष्टकेतुःसुतस्तस्मात्सुकुमारःक्षितीश्वरः॥ वीतिहोत्रस्यभर्गोतोभार्गभूमिरभून्नृपः ॥९॥ इतिमेकाश

॥૩૩॥ પછી મધુચ્છંદા તથા તેથી નાના મળીને પચાસે કહ્યું કે, "નાનો અને મોટો એમ અમે કાંઈજ સમજતા નથી. પણ આપ પિતાજી જેમ કહો, તેમ અમે માનનારા છૈએ." ॥૩૪॥ એમ કહી, એ મંત્રોને જાણનાર શુનઃશેપને મોટો ઠરાવીને; તેને તેઓએ કહ્યું કે, અમે સર્વ તારી પાછળ ચાલનારા છૈએ. તેથી વિશ્વામિત્રે તેઓને કહ્યું કે " તમે મારૂં કહેલું માનીને મને પુત્રવાન કરવાનો, મારા ઉપર અનુગ્રહ કરેલો છે. માટે તમે પણ પુત્રવાન થશો. ॥૩૫॥ અને હે કુશીક વંશના અષ્ટક-હારીત-જય-ક્રતુ-અને મદ વગેરે [illegible] સર્વ મારા વીર પુત્રો, આ દેવરાતને, તમે અનુસરજો." ॥૩૬॥ એ પ્રમાણે કૌશિક ગોત્ર વિશ્વામિત્ર થકી જુદા જુદા પ્રવરોના વિભાગોવાળું થવાની, કલ્પના થયેલી છે. ॥૩૭॥ ઇતિ૦ શ્રી૦ ભાગવતે નવમા સ્કંધનો સોળમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૬॥

અધ્યાય ૧૭ મો.—શ્રીશુક—પુરૂરવાના પુત્ર આયુના નહુષ-ક્ષત્રવૃદ્ધ-રજી-રંભ-વીર્યવાન-અને અનેના એટલા પુત્રો થયા હતા. તેમાંના ક્ષત્રવૃદ્ધનો વંશ સાંભળો. ક્ષત્રવૃદ્ધનો સુહોત્ર થયો-અને તે સુહોત્રને કાશ્ય-કુશ અને ગૃત્સમદ એ નામોવાળા ત્રણ પુત્ર થયા. તેમાંના ગૃત્સમદનો શુનક-અને તેનો ઋગ્વેદીઓમાં શ્રેષ્ઠ શૌનક મુનિ થયેલછે.॥૧-૨-૩॥ કાશ્યનો કાશી-તેનો રાષ્ટ્ર-અને તેનો દીર્ઘતમા થયો, તેનો પુત્ર આયુર્વેદને પ્રવર્તાવનારો ધન્વંતરી થયો હતો. ॥૪॥ એ ધન્વંતરી સ્મરણ માત્રથી દુઃખોને મટાડનાર વાસુદેવ ભગવાનનો અંશ, અને યજ્ઞમાં ભાગ મેળવનારો થયો હતો. તેનો કેતુમાન-અને તેનો ભીમરથ નામે પુત્ર થયો હતો. ॥૫॥ ભીમરથનો દીવોદાસ-તેનો ધુમાન-અને તેનાથકી પ્રતર્દન નામે પુત્ર થયાનું કહેવાયછે, અને તેનેજ શત્રુજીત-વત્સ-ઋતધ્વજ-અને કુવલયાશ્વ એ નામોથી પણ કહે છે. અને તેના અલર્ક વિગેરે પુત્રો થયા હતા. ॥૬॥ હે પરીક્ષિત, એ અલર્ક વિના બીજા કોઈ રાજાએ છાસઠ હજાર વરસો સુધી જુવાન રહીને, પૃથ્વીને ભોગવી નથી, ॥૭॥ એ અલર્કનો સંતતી-તેનો સુનીથ-તેનો સુકેતન-તેનો ધર્મકેતુ-તેનો સત્યકેતુ-તેનો ધૃષ્ટકેતુ-તેનો સુકુમાર-તેનો વિતિ-

હેત્ર-તેનો ગર્ગ-અને તેનો માર્ગભૂમિ નામે પુત્ર થયો હતો. ॥૮-૯॥ ક્ષત્રવૃદ્ધના વંશમાં કાશી રાજાથકી આ રીતના એટલા રાજાઓ થયેલા છે-રંભનો રભસ-તેનો ગભીર-તેનો અક્રિય નામે પુત્ર થયો હતો. ॥૧૦॥ એ અક્રિયના ક્ષેત્રમાં બ્રાહ્મણો ઉત્પન્ન થયેલા છે. હે રાજા હવે આયુના ત્રીજા દીકરા અનેનાનો વંશ સાંભળો. અનેનાનો શુદ્ધ-તેનો શુચી-તેનો ત્રિકકુદ-અને તેનો ધર્મસારથી થયો. ॥૧૧॥ એ ધર્મસાર્થીના આત્મજ્ઞાની અને કૃતાર્થ પુત્ર શાંતરયે પુત્રો ઉત્પન્ન કર્યા નથી. અને આયુના ચોથા દીકરા રજીને ઘણા પરાક્રમી પાંચસે પુત્રો થયા હતા. ॥૧૨॥ દેવતાઓની પ્રાર્થનાથી એ રજીએ દૈત્યોને મારીને સ્વર્ગનું રાજ્ય ઇંદ્રને આપ્યા છતાં; પ્રલ્હાદ વગેરે શત્રુઓની બીહીકથી, ઇંદ્રે રજીના પગમાં પડીને, તેને સ્વર્ગના રાજ્ય સહિત પોતાનું શરીર પણ સોંપ્યું હતું. પછી તે રજી મરણ પામ્યો ત્યારે તેના દીકરાઓની પાસેથી ઇંદ્રે સ્વર્ગનું રાજ્ય પાછું માગતાં, તેમણે તે આપ્યું નહીં. ॥૧૩-૧૪॥ અને યજ્ઞોના ભાગને પણ તેઓ લેવા લાગ્યાથી ઇંદ્રે તેમની બુદ્ધિ ભ્રષ્ટ થવા સારૂ, બૃહસ્પતિની પાસે, તેમની કને અભિચાર વિધાનનો અગ્નિમાં હોમ કરાવ્યો હતો. અને તે પછી તે અન્યાય માર્ગે ચાલનારાઓને, ઇંદ્રે મારી નાંખ્યા હતા. જેથી તેમનામાંનો કોઇ બાકી રહ્યો નહોતો. ॥૧૫॥ આયુના દીકરા ક્ષત્રવૃદ્ધના પૌત્ર કુશનો પુત્ર પ્રતિક થયો-તેનો સંજય-તેનો જય-તેનો કૃત-તેનો હર્યવન-તેનો સહદેવ-તેનો હીન-તેનો જયસેન-તેનો સંકૃતિ-તેનો જય-અને તેનો મહારથી ક્ષત્રધર્મા નામે પુત્ર થયો હતો. એટલા ક્ષત્રવૃદ્ધના વંશના રાજાઓ કહ્યા. હવે આયુના દીકરા નહુષના વંશને સાંભળો. ॥૧૬-૧૭-૧૮॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ નવમા સ્કં૦ સત્તરમો અ૦ સંપૂર્ણ. ॥૧૭॥

અધ્યાય ૧૮ મો.-શ્રીશુક-દેહ ધારીઓની છ ઇંદ્રિઓ સરખા નહુષના યતિ-યયાતિ-સંયાતિ-

योभूपाःक्षत्रवृद्धान्वयायिनः॥रंभस्यरभसःपुत्रोभगीरश्चाक्रियस्ततः॥१०॥ तस्यक्षेत्रेब्रह्मजज्ञेशृणुवंशमनेनसः॥ शुद्धस्ततःशुचिस्तस्मात्त्रिककुब्धर्मसारथिः॥११॥ ततःशांतरयोजज्ञेकृतकृत्यःसआत्मवान् ॥ रजेःपंचशतान्यासन्पुत्राणाममितौजसां॥१२॥देवैरभ्यर्थितोदैत्यान्हत्वेंद्रायाददादिवं॥ इंद्रस्तस्मैपुनर्दत्वागृहीत्वाचरणौरजः॥१३॥ आत्मानमर्पयामासप्रन्हादाद्यरिशंकितः ॥ पितर्युपरतेपुत्रायाचमानायनोददुः॥१४॥ त्रिविष्टपंमहेंद्राययज्ञभागान्समाददुः॥गुरुणाहूयमानेऽग्नौबलभित्तनयान्रजेः॥१५॥ अवधीद्भ्रंशितान्मार्गान्नकश्चिदवशेषितः॥ कुशात्प्रतिःक्षात्रवृद्धात्संजयस्तत्सुतोजयः॥१६॥ ततःकृतःकृतस्यापिजज्ञेहर्यवनोनृपः॥ सहदेवस्ततोहीनोजयसेनस्तुतत्सुतः॥१७॥ संकृतिस्तस्यचजयःक्षत्रधर्मामहारथः॥ क्षत्रवृद्धान्वयाभूपाःशृणुवं[illegible]हुषात् ॥१८॥ इ०भा०म०न०चंद्रवंशानुवर्णनेसप्तदशोऽध्यायः॥१७॥ श्रीशुक० यतिर्ययातिःसंयातिरायतिर्वियतिःकृतिः॥षडिमे[illegible]इंद्रियाणीवदेहिनां॥१॥ राज्यंनैच्छद्यतिःपित्रादत्तंतत्परिणामवित्॥यत्रप्रविष्टःपुरुषआत्मानंनावबुध्यते॥२॥ पितरिभ्रंशितेस्थानादिंद्राण्याधर्षणाद्द्विजैः॥प्रापितेऽजगरत्वंवैययातिरभवन्नृपः॥३॥ चतसृष्वादिशंदिक्षुभ्रातॄन्भ्रातायवीयसः॥कृतदारोजुगोपोर्वींकाव्यस्यवृषपर्वणः॥४॥ राजा०ब्रह्मर्षिर्भगवान्काव्यःक्षत्रबंधुश्चनाहुषः॥राजन्यविप्रयोःकस्माद्विवाहःप्रतिलोमकः॥५॥ श्रीशुक०एकदादानवेंद्रस्यशर्मिष्ठानामकन्यका॥सखीसहस्रसंयुक्तागुरुपुत्र्याचभामिनी॥६॥ देवयान्यापुरोद्यानेपुष्पितद्रुमसंकुले॥व्यचरत्कलगीतालिनलिनीपुलिनेऽबला॥७॥ ताजलाशयमासाद्यकन्याःकमललोचनाः॥तीरेन्यस्यदुकूलानिविजन्हुःसिंचतीर्मिथः॥८॥ वीक्ष्यव्रजंतंगिरिशंसहदेव्यावृषस्थितं॥सरसोत्तीर्यवासांसिपर्यधुर्व्रीडिताःस्त्रियः॥९॥ शर्मिष्ठाऽजानतीवासोगुरुपुत्र्याःसमव्ययत्॥ स्वीयंमत्वाप्रकुपितादेवयानीदमब्रवीत्॥१०॥ अहोनिरीक्ष्यतामस्यादास्याःकर्मह्यसांप्रतं॥अस्मद्धार्यंधृतवतीशुनीवहविरध्वरे॥११॥ यैरिदंतपसासृष्टंमुखंपुंसःपरस्यये॥ धार्यतेयैरिहज्योतिःशिवःपंथाश्चदर्शितः॥१२॥यान्वंदंत्युपतिष्ठंतेलोकनाथाःसुरेश्वराःभगवानपिविश्वात्मापावनःश्रीनिकेतनः॥१३॥ वयंतत्रापिभृगवःशिष्योऽस्यानःपिताऽसुरः॥अस्मद्धार्यंधृतवतीशूद्रोवेदमिवासती॥१४॥ एवंशपंती

આયતિ-વિયતિ-અને કૃતિએ નામોવાળા છ પુત્ર થયા હતા. ॥૨૦॥ રાજ્યની અંદર લાગી રહેલો પુરૂષ, આત્મજ્ઞાનના બોધને પામતો નથી; એ રીતના રાજ્યના પરિણામને જાણનારા યતિએ, તેને બાપે રાજ્ય આપવા માંડયા છતાં, સ્વીકાર્યું નહીં. ॥૧॥ તેથી તેઓનો બાપ નહુશ ઇંદ્રાણીને પામવા જતાં, જ્યારે બ્રાહ્મણોએ તેને સ્થાન ભ્રષ્ટ કરીને, અજગર બનાવ્યો; ત્યારે યયાતિ રાજા થયો. ॥૩॥ તેણે પોતાથી નાના ચારે ભાઇઓને ચારે દિશાનાં રાજ્ય આપીને અને શુક્રાચાર્યની દીકરી દેવયાની તથા વૃશપર્વાની દીકરી શર્મિષ્ટાને પરણીને, પૃથ્વીનું રાજ્ય કર્યું હતું. ॥૪॥ પરીક્ષિત-ભગવાન શુક્રાચાર્ય બ્રાહ્મણ હતા, અને યયાતિ ક્ષત્રી હતા, માટે એ રીતનો પ્રતિલોમ કરનારો, ક્ષત્રી અને બ્રાહ્મણી બીનો વિવાહ, શા કારણથી થયો હતો. ॥૫॥ શ્રીશુક-દૈત્યોના રાજા વૃષપર્વાની જુવાન, શર્મિષ્ટા નામની કન્યા, ગુરૂપુત્રી દેવયાની અને બીજી હજાર સાહેલીઓ સહિત, શેહેરની નજીકના અને ફુલો ખીલેલાં ઝાડોથી ભરેલા બગીચામાં તથા તેને લગતી, ભમરાઓથી ગાયન થતી, તલાવડીને કાંઠે કાંઠે, ફરવાને ગઇ હતી. ॥૬-૭॥ ત્યાં તે કમળ નેત્ર કન્યાઓએ, જળાશયની પાસે જઇને, કાંઠા ઉપર વસ્ત્રો મૂકીને; તેઓ માંહી પેસીને એક બીજીને પાણી છાંટીને, રમવા લાગીઓ. ॥૮॥ તે સમયે પોઠિઆ ઉપર બેસીને પાર્વતી સહિત સદાશિવ ત્યાં થઇને જતા હતા; તેથી તેમને જોઇ, એ સ્ત્રીઓએ લજાઇને, તલાવમાંથી બહાર નીકળી વસ્ત્રો પેહેરી લીધાં. ॥૯॥ ત્યારે ગુરૂ પુત્રીના વસ્ત્રને પોતાનું જાણી શર્મિષ્ટાએ પહેરી લીધું. તેથી દેવયાની ક્રોધ કરીને બોલી કે ॥૧૦॥ "જુઓ, જુઓ, યજ્ઞના હવિષ્યને કુતરી લેઇ જાય તેમ, અમારે પેહેરવાનું વસ્ત્ર આ દાસીએ પહેરીને અઘટિત કામ કર્યું છે. ॥૧૧॥ જેમણે આ જગતને તપવડે સરજ્યું છે, તે પરમ પુરૂષ ભગવાનનું જેઓ મુખ છે અને આ લોકમાં પરબ્રહ્મને ધારણ કરનારા તથા કલ્યાણકારી વેદ માર્ગને દેખાડનારા છે; ॥૧૨॥ તથા જેઓને, દેવતાઓના અધિપતિ લોકપાળો, અને પવિત્ર તથા લક્ષ્મીના સ્થાન રૂપ વિશ્વાત્મા ભગવાન પણ, નમે છે; અને સ્તુતિ કરે

છે. ॥૧૩॥ એવા બ્રાહ્મણીઓમાં પણ, અમો મુખ્ય કુલવાળાઓનો તો, આનો બાપ વૃષપર્વા શિષ્ય છે. એમ છતાં શૂદ્ર વેદને ધારણ કરવાની પેઠે; આ દુષ્ટ શર્મિષ્ઠાએ અમારે પહેરવાનું વસ્ત્ર પહેર્યું છે. ॥૧૪॥ ત્યારે એ રીતની આક્રોશ દેતી ગુરુપુત્રીને, દબાવેલી નાગણની પેઠે; હોઠ ડસીને ક્રોધથી શ્વાસ લેતી, શર્મિષ્ઠાએ કહ્યું કે. ॥૧૫॥ "હે ભીખારણ, અને પોતાની સ્થિતિને નહીં જાણતાં બહુ બોલનારી; શું તારું કુટુંબ કુતરાની પેઠે, અમારા ઘરની ઇચ્છા નથી રાખતું." ॥૧૬॥ એવાં કઠોર વચનો કહીને, અને તેનું લુગડું ઉચકાવી લેઈને; તે ગુરુ પુત્રીને શર્મિષ્ઠાએ કુવામાં નાખી દીધી. ॥૧૭॥ પછી તે પોતાને ઘેર ગયા કેડે, શિકારે નીકળેલા યયાતિ રાજા યદૃચ્છાથી, જળને માટે તે કુવા પાસે આવી ચડયો; અને તેણે દેવયાનીને કુવામાં દીઠી. ॥૧૮॥ પછી દેવયાની નગ્ન હોવાથી, તે રાજાએ દયા લાવીને તેને પોતાનું ઉત્તરિય વસ્ત્ર આપી, પોતાને હાથે તેનો હાથ ઝાલીને; તેને કુવામાંથી બહાર કાઢી. ॥૧૯॥ ત્યારે દેવયાનીએ પ્રેમ ભરેલી વાણીથી, યયાતિ રાજાને કહ્યું કે,

"હે શત્રુના નગરને જીતનાર વીર પુરુષ, તમે મારો હાથ ઝાલી ચૂક્યા છો. ॥૨૦॥ માટે આપે હાથ ઝાલેલી હું તો, પાણિગ્રહણ કરનારો સ્વામી, બીજો નહીં થવો જોઇએ. હે વીર, આ આપણો સંબંધ દૈવનો કરેલો છે; મનુષ્યનો કરેલો નથી. ॥૨૧॥ અને તેથી કુવામાં પડેલી મને, આપનું આ રીતે દર્શન થયું છે. વળી હે મોટા હાથ વાળા, બૃહસ્પતિના પુત્ર કચને મેં પ્રથમ શ્રાપ દેવાથી; તેણે મને આપેલા શ્રાપને લીધે, મારો હાથ ઝાલનારો કોઇ બ્રાહ્મણ થનારો નથી." ॥૨૨॥ તેથી યયાતિની પોતાની ઇચ્છા નહીં હોવા છતાં પણ, દૈવગતિથી પોતાનું મન દેવયાનીને વિષે ગયેલું જાણીને, યયાતિએ દેવયાનીના વચનને સ્વીકાર્યું. ॥૨૩॥ પછી યયાતિ રાજા ગયા કેડે પિતા પાસે જઇને દેવયાનીએ રોતાં રોતાં; પોતાને શર્મિષ્ઠાએ કરેલું અને કહેલું સર્વ, કહી સંભળાવ્યું. ॥૨૪॥ ત્યારે ઉદ્વેગવાળા મનથી ભગવાન શુક્રાચાર્ય પુરોહિતની આજીવિકાની નિંદા કરીને, અને હોલાના જેવી ઉંછ વૃત્તિની આજીવિકાને વખાણીને; પુત્રી સહિત પોતે વૃષપર્વાના

शर्मिष्ठागुरुपुत्रीमभाषत॥रुपाश्वसंत्युरंगीवधर्षितादष्टदच्छदा ॥१५॥ आत्मवृत्तमविज्ञायकत्थसेवहुभिक्षुकि ॥ किंनप्रतीक्षसेऽस्माकंगृहान्बलिभुजोयथा॥१६॥एवंविधैःसुपरुषैःक्षिस्वाचार्यसुतांसतीं॥शर्मिष्ठाप्राक्षिपत्कूपेवासआदायमन्युना ॥१७॥ तस्यांगतायांस्वगृहंययातिर्मृगयांचरन् ॥प्राप्तोयदृच्छयाकूपेजलार्थीतांददर्शह ॥१८॥ दत्वास्वमुत्तरंवासस्तस्यैराजाविवाससे ॥ गृहीत्वापाणिनापाणिमुज्जहारदयापरः॥ ॥१९॥तंवीरमाहौशनसीप्रेमनिर्भरयागिरा॥राजंस्त्वयागृहीतोमेपाणिःपरपुरंजय॥२०॥ हस्तग्राहोपरोमाभूद्गृहीतायास्त्वयाहिमे॥एषईशकृतोवीरसंबंधोनौनपौरुषः॥२१॥ यदिदंकूपलग्नायाभवतोदर्शनंमम॥नब्राह्मणोमेभविताहस्तग्राहोमहाभुज॥ कचस्यबार्हस्पत्यस्यशापाद्यमशपंपुरा॥२२॥ ययातिरनभिप्रेतंदैवोपहृतमात्मनः॥मनस्तुतद्गतंबुद्ध्वाप्रतिजग्राहतद्वचः ॥२३॥ गतेराजनिसावीरेतत्रस्मरुदतीपितुः॥न्यवेदयत्ततःसर्वमुक्तंशर्मिष्ठयाकृतं ॥२४॥ दुर्मनाभगवान्काव्यःपौरोहित्यंविगर्हयन् ॥स्तुवन्वृत्तिंचकापोतींदुहित्रासययौपुरात् ॥२५॥वृषपर्वातमाज्ञायप्रत्यनीकविवक्षितं॥गुरुंप्रसादयन्मूर्ध्नापादयोःपतितःपथि ॥२६॥क्षणार्धमन्युर्भगवान्शिष्यंव्याचष्टभार्गवः॥कामोऽस्याःक्रियतांराजन्नैनांत्यक्तुमिहोत्सहे ॥२७॥ तथेत्यवस्थितेप्राहदेवयानीमनोगतं॥पित्रादत्तायतोयास्येसानुगायातुमामनु ॥२८॥ स्वानांतत्संकटंवीक्ष्यतदर्थस्यचगौरवं॥ देवयानींपर्यचरत्स्त्रीसहस्रेणदासवत् ॥२९॥ नाहुषायसुतांदत्वासहशर्मिष्ठयोशना॥तमाहराजन्शर्मिष्ठामाऽधास्तल्पेनकर्हिचित् ॥३०॥ विलोक्यौशनसींराजन्शर्मिष्ठासप्रजांक्वचित्॥तमेववव्रेरहसिसख्याःपतिमृतौसती॥३१॥राजपुत्र्यार्थितोऽपत्येधर्मंचावेक्ष्यधर्मवित् ॥स्मरन्शुक्रवचःकालेदिष्टमेवाभ्यपद्यत ॥३२॥ यदुंचतुर्वसुंचैवदेवयानीव्यजायत॥द्रुह्युंचानुंचपूरुंचशर्मिष्ठावार्षपर्वणी ॥३३॥ गर्भसंभवमासुर्याभर्तुर्विज्ञायमामिनी॥देवयानीपितुर्गेहंययौक्रोधविमूर्छिता ॥३४॥ प्रियामनुगतःकामीवचोभिरुपमंत्रयन् ॥नप्रसादयितुंशेकेपादसंवाहनादिभिः ॥३५॥ शुक्रस्तमाहकुपितःस्त्रीकामानृतपूरुष॥त्वांजराविशतांमंदविरूपकरणीनृणां ॥३६॥ ययाति० अतृप्तोऽस्म्यद्यका

શહેરમાંથી બહાર નીકળ્યા. ॥૨૫॥ ત્યારે તેમને વિરુદ્ધ પક્ષમાં જતા જાણી, વૃષપર્વાએ રસ્તામાં જઇ પગમાં પડીને; પોતાનું માથું તેમના પગ આગળ મૂકીને પ્રસન્ન કર્યા. ॥૨૬॥ તેથી અર્ધો ક્ષણ ક્રોધ રહેલા શુક્રાચાર્યે, પોતાના શિષ્ય વૃષપર્વાને કહ્યું કે, "હે રાજન, તું આ દેવયાનીની ઇચ્છા પ્રમાણે કરય; હું એનો ત્યાગ કરી શકું એમ નથી." ॥૨૭॥ એ વાતની વૃષપર્વાએ હા કહેવાથી, દેવયાનીએ પોતાના મનની વારતા જણાવી કે, પિતાએ આપવાથી હું જ્યાં જાઉં; ત્યાં શર્મિષ્ઠા પણ મારી સાથે દાસી થઇને આવે." ॥૨૮॥ તેથી આ રીતના પોતાનાંઓના સંકટને જોઇને, અને તેમના સ્વાર્થના મહત્વનો વિચાર કરીને, હજાર દાસીઓ સહિત શર્મિષ્ઠા; દાસીની પેઠે દેવયાનીની, સેવા કરવા લાગી.॥૨૯॥ પછી શુક્રાચાર્યે એ શર્મિષ્ઠા સહિત પોતાની દીકરી દેવયાની, યયાતિ રાજાને આપીને, તેમને કહ્યું કે, શર્મિષ્ઠાને તમોએ કદાપિ શયનમાં લેવી નહીં. ॥૩૦॥ હે પરીક્ષિત, પછીથી કોઇ વખતે દેવયાનીને સંતાનો વાળી થયેલી જોઇને; શર્મિષ્ઠા ઋતુ આવેલી હતી, ત્યારે તેણે પોતાની સાહેલી દેવયાનીના સ્વામી યયાતિ પાસે, એકાંતમાં દેવયાનીના સરખી પોતે થવાની, યાચના કરી.

॥૩૧॥ ત્યારે એ રાજપુત્રીએ યોગ્ય કાળે, સંતાનને માટેની માગણી કરવાથી; ધર્મને જાણનારા યયાતિ રાજાએ, શુક્રાચાર્યે કહેલા વચનનું પોતાને સ્મરણ હોવા છતાં; દૈવ ઇચ્છાથી આ સર્વ યોગ, બની આવેલાનું જાણીને; ધર્મનુંજ આચરણ કર્યું. (અર્થાત શુક્રાચાર્યનો કોપ થશે, એમ જાણ્યા છતાં; આવે સમયે આવી સ્ત્રીની કામનાનો ભંગ કરવામાં અધર્મ થાય છે; તે સમજીને, અને દૈવ ઇચ્છાથી એ યોગ બની આવેલાનું વિચારીને; પોતાના કામની તૃપ્તિને માટે નહીં, પણ ઇશ્વરેચ્છાને તાબે થઇને; તેણે શર્મિષ્ઠાનો સંગ કર્યો) ॥૩૨॥ તેથી દેવયાનીને યદુ અને તુર્વસુ, તથા શર્મિષ્ઠાને-દ્રુહ્યુ-અનુ-અને પુરુ એ રીતના પુત્રો થયા. ॥૩૩॥ તે પછી શર્મિષ્ઠાને, પોતાના ભર્તાર થકીજ, પુત્રો થયેલાનું જાણીને; તે અભિમાની દેવયાની, ક્રોધથી ગાંડી સરખી બનીને, પોતાના પિતાને ઘેર ચાલી ગઇ. ॥૩૪॥ અને તે કામી યયાતિ રાજા પણ, પોતાની પ્રિયા દેવયાનીની પાછળ પાછળ જઇને, વાણી વડે કાલાવાલા કરવાથી, અને તેના પગમાં માથું મૂકવા વિગેરે ઉપાયોથી પણ; તે તેને પ્રસન્ન કરી શકયો નહીં. ॥૩૫॥ પછી શુક્રાચાર્યે કોપ કરીને તેને કહ્યું કે, "હે મંદ બુદ્ધિવાળા

ઓની કામનાવાળા—અને જૂઠા પુરુષ; તારે વિશે, મનુષ્યોને કદરૂપા કરનારી જરા અવસ્થા, પ્રવેશ કરો." ॥૩૬॥—યયાતિ—હે બ્રાહ્મણ, તમારી દીકરીને વિશેની કામનાથકી, હું હજુસુધી તૃપ્ત થયો નથી; માટે એને કોઇ અવસ્થાનો ફેરફાર કરનાર મળેનો, ઇચ્છા પ્રમાણે ફેરફાર કરી શકાય; એટલું કરી આપો. ॥૩૭॥—શ્રીશુક—ત્યારે એ પ્રમાણે ફેરફાર કરી શકવાની વ્યવસ્થાનું, શુક્રાચાર્યે સ્વીકાર થી; યયાતિ રાજાએ પોતાના મોટા પુત્ર યદુને કહ્યું કે. "હે પુત્ર તારી પોતાની અવસ્થા (જુવાની) મને આપીને, તારા નાનાએ ઉત્પન્ન કરેલી, મારી આ જરા અવસ્થાને તું લે. હે વત્સ હજુ વિષયનાં સુખો થકી હું તૃપ્તી પામ્યો નથી; તેથી કાંઇક વરસો સુધી તારી પાસેથી લીધેલી જુવાન અવસ્થાવડે, હું રમણ કરવાને ઇચ્છું છું." ॥૩૮–૩૯॥ ત્યારે યદુ બોલ્યો કે " પુરુષ; વિષયનાં સુખોને ભોગવ્યા શિવાય, તેઓની તૃષ્ણા વિનાનો થઇ શકતો નથી: માટે વચમાંથીજ, આપના થકી લીધેલી જરા અવસ્થા વાળો થવાનો, હું ઉત્સાહ રાખતો નથી." ॥૪૦॥ હે પરીક્ષિત પછીથી પિતા યયાતિએ, તુર્વસુને–દ્રુહ્યુને–અને અનુને પણ પુછનાં; ધર્મને નહીં જાણનારા, અને અનિત્ય એવી જુવાનીને, નિત્ય હોવાની બુદ્ધિ વાળા; તેઓએ પણ, એ રીતેજ ના પાડી. ॥૪૧॥ ત્યારે અવસ્થા વડે કમી છતાં, ગુણો વડે અધિક એવા; પુરૂ નામના સઉથી નાના દીકરાને, યયાતિએ કહ્યું કે. "હે પુત્ર તું તારા મોટા ભાઇઓની પેઠે; મને, ના પાડવાને યોગ્ય નથી." ॥૪૨॥ એટલે પુરૂએ જવાબ દીધો કે; "હે મનુષ્યોના રાજા, આપણા પોતાને માટેનાં, અસંખ્ય કામો અને ક્ષમાઓ કરનારનો, એક પિતાજ છે; કે જેની પ્રસન્નતા થકી, પરમાત્મા ભગવાનનું પણ, જ્ઞાન થાય છે; તેમનો પૂરો બદલો વાળવાને તો, કોઇ પુરુષ સમર્થ થયો નથી: ને થનાર પણ નથીજ. ॥૪૩॥ અને તેમાટે, પિતાએ મનમાં ચિંતવેલા કામને કરનારો; ઉત્તમ પુત્ર કહેવાય છે. કહેલું કામ કરનારો. મધ્યમ પુત્ર કહેવાય છે. અને પિતાએ કહેલું કામ, શ્રદ્ધા રહિત કરનારો; અધમ પુત્ર કહેવાય છે. તથા પિતાએ કહ્યા છતાં, પિતાએ કહેલું કામ ન કરનારો, પિતાની વિષ્ટા કહેવાય છે."

मानांब्रह्मन्-हितरिस्मते॥व्यत्यस्यतांयथाकामंवयसायोभिधास्यति॥३७ इतिलब्धव्यवस्थानःपुत्रंज्येष्ठमवोचत॥यदोतातप्रतीच्छेमांजरांदेहिनिजंवयः ॥३८॥ मातामहकृतांवत्सनतृप्तोविषयेष्वहं ॥वयसाभवदीयेनरंस्येकतिपयाःसमाः ॥३९॥ यदु०नोत्सहेजरसास्थातुमंतराप्राप्तयातव॥अविदित्वासुखंग्राम्यंवैतृष्ण्यंनैतिपूरुषः॥४०॥ तुर्वसुश्चोदितःपित्राद्रुह्युश्चानुश्चभारत॥प्रत्याचख्युरधर्मज्ञाह्यनित्येनित्यबुद्धयः॥ ॥४१॥ अपृच्छत्तनयंपूरुंवयसोनंगुणाधिकं॥नत्वमग्रजवद्वत्समांप्रत्याख्यातुमर्हसि ॥४२॥ पूरु०कोनुलोकेमनुष्येंद्रपितुरात्मकृतःपुमान्॥ प्रतिकर्तुंक्षमोयस्यप्रसादाद्विंदतेपरं ॥४३॥ उत्तमश्चिंतितंकुर्यात्प्रोक्तकारीतुमध्यमः॥अधमोऽश्रद्धयाकुर्यादकर्त्तोच्चरितंपितुः॥४४॥ इतिप्रमुदितःपूरुःप्रत्यगृण्हाज्जरांपितुः॥सोऽपितद्वयसाकामान्यथावज्जुजुषेनृप॥४५॥सप्तद्वीपपतिःसम्यक्पितृवत्पालयन्प्रजाः॥यथोपजोषंविषयान्जुजुषेऽव्याहतेंद्रियः॥४६॥ देवयान्यप्यनुदिनंमनोवाग्देहवस्तुभिः॥प्रेयसःपरमांप्रीतिमुवाहप्रेयसीरहः ॥४७॥ अयजद्यज्ञपुरुषंक्रतुभिर्भूरिदक्षिणैः॥सर्वदेवमयंदेवंसर्ववेदमयंहरिं॥४८॥ यस्मिन्निदंविरचितंव्योम्नीवजलदावलिः॥नानेवभातिनाभातिस्वप्नमायामनोरथः॥४९॥ तमेवहृदिविन्यस्यवासुदेवंगुहाशयं॥नारायणमणीयांसंनिराशीरयजत्प्रभुं॥५०॥ एवंवर्षसहस्राणिमनःषष्ठैर्मनःसुखं॥विदधानोऽपिनात्प्यत्सार्वभौमःकदिंद्रियैः ॥५१॥ इतिश्रीभागवतेमहापुराणेनवमस्कंधेऽष्टादशोऽध्यायः ॥१८॥

श्रीशुक०सइत्थमाचरन्कामान्स्त्रैणोपन्हवमात्मनः॥ बुद्ध्वाप्रियायैनिर्विण्णोगाथामेतामगायत ॥१॥ शृणुभार्गव्यमुंगाथांमद्विधाचरितांभुवि॥ धीरायस्यानुशोचंतिवनेग्रामनिवासिनः॥२॥ बस्तएकोवनेकश्चिद्विचिन्वन्प्रियमात्मनः॥ ददर्शकूपेपतितांस्वकर्मवशगामजां ॥ ३ ॥ तस्याउद्धरणोपायंबस्तःकामीविचिंतयन् ॥ व्यधत्ततीर्थमुद्धृत्यविषाणाग्रेणरोधसी॥४॥ सोत्तीर्यकूपात्सुश्रोणीतमेवचकमेकिल॥तयावृतंसमुदीक्ष्यबह्व्योजाःकांतकामिनीः॥५॥ पीवानंश्मश्रुलंश्रेष्ठंमीढ्वांसंयाभकोविदं॥ सएकोऽजवृषस्तासांबह्वीनांरतिवर्द्धनः ॥ रेमेकामग्रहग्रस्त

(અર્થાત એમ કહીને, પુરૂએ પોતાની જુવાની, પિતાને આપીને: તેમની જરા અવસ્થા પોતે લીધી.) ॥૪૪॥ હે પરીક્ષિત, એ રીતે પુરૂએ રાજી થઇને પિતાની જરા અવસ્થા લીધી; અને યયાતિએ, પુરૂની જુવાન અવસ્થા લેઇને; યથાસ્થિત વિષય સુખોને ભોગવ્યાં. ॥૪૫॥ એમ તે સાતે દ્વીપનો અધિપતિ યયાતિ રાજા, તેના બાપ નહુષની પેઠેજ, પ્રજાનું પાલન કરવાની સાથે, પોતાની ઇંદ્રિયાદિકની નબળાઇ ન થતાં; વિષય સુખોને ઇચ્છા પ્રમાણે ભોગવવા લાગ્યો. ॥૪૬॥ અને તેની પ્યારી દેવયાની પણ, મન–વચન–શરીર–અને વસ્તુઓ વિગેરે થકી, રોજ રોજ પોતાના પ્રિય સ્વામીને એકાંતમાં, ઘણી પ્રીતિ ઉપજાવવા લાગી. ॥૪૭॥ તથા તેણે સર્વ દેવમય અને સર્વ વેદમય, યજ્ઞ પુરુષ હરિ ભગવાનનું પૂજન પણ ઘણી દક્ષિણા વાળા, યજ્ઞો વડે કર્યું. ॥૪૮॥ જે ભગવાનને વિશે, આ જગત રચાયલાનું; આકાશમાં થતાં વાદળાંઓની પેઠે; તથા સ્વપ્નમાં થતા મિથ્યા મનોર્થની પેઠે; નાના પ્રકારથી દેખવામાં આવે છે, અને નથી દેખાતું પણ ખરૂં. ॥૪૯॥ એવા એ સર્વના અંતર્યામિ—નારાયણ—અને સૂક્ષ્મ—વાસુદેવ ભગવાનનેજ હૃદયમાં રાખીને તેમનું નિષ્કામપણેજ, પૂજન કરવું યોગ્ય છે. આ રીતે હજારો વરસો સુધી મનગમતાં અને મન માન્યાં, સુખ અને ભોગ ભોગવ્યા છતાં; પોતાની દુષ્ટ ઇંદ્રિયો વડે, તે સાર્વભોમ યયાતિ રાજા તૃપ્તિ પામ્યો નહીં. ॥ ૫૧ ॥ ઇતિશ્રી ભાગવતે નવમા સ્કંધનો અરાઢમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૧૮ ॥

અધ્યાય ૧૯ મો.—શ્રીશુક—આ પ્રકારે સ્ત્રીવશ થઇને, કામનું સેવન કરવાથી, પોતાનો ઘાત થયેલાનું, છેવટે જાણી. વૈરાગ્ય પામેલા, યયાતિ રાજાએ દેવયાનીને, નીચે પ્રમાણેની વાર્તા કહી સંભળાવી. ॥૧॥ "હે ભાર્ગવી આ વાર્તા તમે સાંભળો; જેનો વનમાં રહેનારા ધીર પુરૂષો શોક કરેછે, એવો મારા સરખું આચરણ કરનારો; અને ગામમાં વસનારો કોઇ એક બકરો, પોતાને પ્રિય વિષયોને શોધતો, વનમાં ફરતાં; તેણે; પોતાના કર્મ વડેજ કૂવામાં પડેલી, એક બકરીને દીઠી. ॥૨–૩॥ પછી તે કામી બકરાએ, તેને બહાર કાઢવાના ઉપાયનો વિચાર કરીને; પોતાનાં શિંગડાંની અણીથી, એ કૂવાનો કાંઠો ખોદી નાખીને; તેણીને બહાર નીકળવાનો રસ્તો કર્યો. ॥૪॥ એટલે તે રૂપાળી બકરી, કૂવામાંથી બહાર નીકળી; અને પછી તે બક-

સનેજ વરી. પછી એ પુષ્ટ-દાઢી મૂછવાળા-મૈથુનમાં ચતુર-અને વીર્ય નાંખનારા શ્રેષ્ઠ બકરાને, તે બકરી વરેલી હોવાને; બીજી બકરીઓ પણ વરી: આ રીતે તે એકજ બકરો બધી બકરીઓને પ્રીતિ વધારતો, કામરૂપી ભૂતથી પકડાઇ જઇને; તેમની સાથે રમવામાં આત્મ સ્વરૂપને ભૂલી ગયો. ॥૫-૬॥ તે પછી એ બકરાને તેની પ્યારી બીજી બકરી સાથે રમણ કરતાં, કુવામાંની બકરીએ જોવાથી; બકરાના એ કામને તે સહન કરી શકી નહીં ॥૭॥ અને તે; એ, કામી-ક્ષણિક સ્નેહવાળા-ઇંદ્રિય વિષયોમાં આસક્ત-અને સુહૃદ દેખાતા છતાં દુષ્ટ મનવાળા-બકરાને તજી દેઇને, પોતાના માલિકની પાસે ચાલી ગઇ. ॥૮॥ ત્યારે એ સ્ત્રીવશ અને રાંક બકરો પણ, તેની પાછળ ગયો; અને માર્ગમાં તેને પ્રસન્ન કરવાને ઘણું કરતા છતાં, તે તેને પ્રસન્ન કરી શક્યો નહીં. ॥૯॥ પછી ત્યાં તે બકરીના માલિક કોઇ બ્રાહ્મણે ક્રોધથી તે બકરાના લટકતા વૃષણને કાપી નાંખ્યા. અને પાછળથી તેના અર્થને માટે, તે યોગ જાણનારાએ; સાંધી પણ દીધા. ॥૧૦॥ હે કલ્યાણી, એ રીતે તે સંધાયલા વૃષણ

વાળો બકરો; કુવામાંથી મળેલી બકરીની સાથે, ઘણા દિવસ થયાં, સુખ ભોગ ભોગવતા છતાં; હજી સુધી તૃપ્ત થતો નથી. ॥૧૧॥ હે સારી ભ્રમરો વાળી સ્ત્રી, એ પ્રકારનો રાંક-તારા પ્રેમથી બંધાયો-અને તારા કપટથી મોહ પામેલો હું, આત્મ સ્વરૂપને જાણી શક્યો નથી.॥૧૨॥આ પૃથ્વી ઉપરનાં સઘળાં ધાન્ય-સઘળું સોનું-સઘળાં પશુઓ-અને સઘળી સ્ત્રીઓ-એટલાથી પણ, તૃષ્ણાવડે પરાભવ પામેલા પુરૂષનું મન, તૃપ્ત થનાર નથીજ. ॥૧૩॥ વિષય સુખોને ધીમે ધીમે. ભોગવવાથી તૃષ્ણાઓ શાંત નહીં થતાં, અગ્નિમાં ઘીના ટીપાં પડવાની પેઠે, તે ફરી ફરીને વધતીજ જાય છે. ॥૧૪॥ પણ જ્યારે એ સર્વ અમંગળ પદાર્થને વિષે, પુરૂષ સમદૃષ્ટિ વડે ઇચ્છાજ ન કરે; ત્યારેજ તેને સર્વ દિશાઓ સુખમય થાયછે. ॥૧૫॥ એટલા માટે એ, દુષ્ટ બુદ્ધિ વાળાઓથી ન તજાય એવી, અને પુરૂષો જીર્ણ થયા છતાં, પોતે જીર્ણ નહીં થનારી; તથા દુઃખોનેજ ઉત્પન્ન કરનારી; તૃષ્ણાને તો, શાંતિ ઇચ્છનારા પુરૂષોએ; ઉતાવળેજ તજવી જોઇએ. ॥૧૬॥ અને મા-બેન-અથવા દીકરી વિગેરેની સાથે પણ;

आत्मानंनावबुध्यत॥६॥ तमेवप्रेष्ठतमयारममाणमजान्यया ॥ विलोक्यकूपसंलग्नानामृष्यद्वस्तकर्मतत्॥७॥तंदुर्हृदंसुहृद्रूपंकामिनंक्षणसौहृदं॥ इंदियाराममुत्सृज्यस्वामिनंदुःखितायया ॥८॥ सोऽपिचानुगतःस्त्रैणःकृपणस्तांप्रसादितुं॥ कुर्वन्निडविडाकारंनाशक्नोत्पथिसंधितुं॥९॥ तस्यास्तत्रद्विजःकश्चिदजास्वाम्यच्छिनद्रुषा॥ लंबंतंवृषणंभूयःसंदधेऽर्थाययोगवित् ॥१०॥ संबद्धवृषणःसोऽपिह्यजयाकूपलब्धया॥ कालंबहुतिथंभद्रेकामैर्नाद्यापितुष्यति॥११॥तथाहंकृपणःसुभ्रुभवत्याःप्रेमयंत्रितः॥ आत्मानंनाभिजानामिमोहितस्तवमायया॥१२॥ यत्पृथिव्यांव्रीहियवंहिरण्यंपशवःस्त्रियः॥ नदुह्यंतिमनःप्रीतिंपुंसःकामहतस्यते॥१३॥ नजातुकामःकामानामुपभोगेनशाम्यति ॥ हविषाकृष्णवर्त्मेवभूयएवाभिवर्धते॥१४॥ यदानकुरुतेभावंसर्वभूतेष्वमंगलं॥ समदृष्टेस्तदापुंसःसर्वाःसुखमयादिशः ॥१५॥ यादुस्त्यजादुर्मतिभिर्जीर्यतोयानजीर्यते॥तांतृष्णांदुःखनिवहांशर्मकामोद्रुतंत्यजेत्॥१६॥ मात्रास्वस्त्रादुहित्रावानाविविक्तासनोभवेत् ॥ बलवानिंद्रियग्रामोविद्वांसमपिकर्षति॥१७॥ पूर्णंवर्षसहस्रंमेविषयान्सेवतोऽसकृत्॥ तथाऽपिचानुसवनंतृष्णातेषूपजायते॥१८॥ तस्मादेतामहंत्यक्त्वाब्रह्मण्याधायमानसं ॥ निर्द्वंद्वोनिरहंकारश्चरिष्यामिमृगैःसह॥१९॥दृष्टंश्रुतमसद्बुद्ध्वानानुध्यायेन्नसंविशेत्॥ संसृतिंचात्मनाशंचतत्रविद्वान्सआत्मदृक् ॥२०॥ इत्युक्त्वानाहुषोजायांतदीयंपूरवेवयः॥दत्वास्वांजरसंतस्मादाददेविगतस्पृहः ॥२१॥ दिशिदक्षिणपूर्वस्यांद्रुह्युंदक्षिणतोयदुं॥ प्रतीच्यांतुर्वसुंचक्रउदीच्यामनुमीश्वरं॥२२॥ भूमंडलस्यसर्वस्यपूरुमर्हत्तमंविशां ॥ अभिषिच्याग्रजांस्तस्यवशेस्थाप्यवनंययौ॥२३॥ आसेवितंवर्षपूगान्षड्वर्गंविषयेषुसः॥ क्षणेनमुमुचेनीडंजातपक्षइवद्विजः ॥२४॥ सतत्रनिर्मुक्तसमस्तसंगआत्मानुभूत्याविधुतत्रिलिंगः ॥ परेऽमलेब्रह्मणिवासुदेवेलेभेगतिंभागवतीमतीतः ॥२५॥ श्रुत्वागाथांदेवयानीमेनेप्रस्तोभमात्मनः॥ स्त्रीपुंसोःस्नेहवैक्लव्यात्परिहासमिवेरितं॥२६॥ यासन्निवासंसुहृदांप्रपायामिवगच्छतां॥ विज्ञायेश्वरतंत्राणांमायाविरचितंप्रभोः ॥२७॥ सर्वत्रसंगमुत्सृज्यस्वप्नौपम्येनभार्गवी॥ कृष्णेमनःसमावेश्यव्यधुनो

એક આસને બેસવાનો પ્રસંગ, કદીએ આવવા દેવો ન જોઇએ. કારણ બળવાન ઇંદ્રિયો, વિદ્વાનોના મનને પણ, ખેંચી જાય છે. ॥૧૭॥ વિષયોનું સંપૂર્ણ સેવન કરતાં, મને પૂરેપૂરાં હજાર વરસ વિત્યાં છે; તો પણ મને રોજને રોજ વિષયોની તૃષ્ણા ઉપજતીજ જાય છે. ॥૧૮॥ એટલા માટે, એ સર્વ વિષય સુખને તજીને, હું મનની અંદર પરબ્રહ્મનેજ ધારણ કરીશ; અને દ્વંદ્વ રહિત તથા અહંકાર વિનાનો થઇને, મૃગોની સાથે ફરીશ. ॥૧૯॥ જેથી બુદ્ધિ નાશ પામીને, જન્મ મરણ પમાય છે; તે નજરે દેખાતાં, તથા કાને સંભળાતાં, વિષય સુખોને મિથ્યા જાણીને હું, હવે તેમનો સંગ કરવાનો નથી; અને તેમનું ચિંતવન પણ નહીં કરૂં. એ બાબતને જેઓ જાણે છે, તેઓજ આત્મ સ્વરૂપને ઓળખનારા છે." ॥૨૦॥ એ રીતે દેવયાનીને કહીને, યયાતિ રાજાએ સ્પૃહા રહિત થઇને; પુરૂને તેની જુવાની પાછી આપી. અને પોતાનું વૃદ્ધપણું લીધું. ॥૨૧॥ પછી ઇશાન દિશાનો દ્રુહ્યુને-દક્ષિણનો યદુને-પશ્ચિમનો તુર્વસુને અને ઉત્તરનો અનુને અધિપતિ બનાવીને; તથા આખા ભૂમંડળનો, અતિપૂજ્ય પુરૂને અભિષેક કરીને; તેના તાબામાં, એના મોટા ભાઇઓને સોંપી; યયા-

તિ રાજા, વનમાં ચાલ્યા ગયા. ॥૨૨-૨૩॥ તથા ઘણાં વરસ સુધી સેવન કરેલા, છ ઇંદ્રિયોના વિષયો થકી, તે યયાતિ રાજા; પાંખો આવેલું પક્ષીનું બચ્ચું, માળા થકી મુક્ત થવાની પેઠેજ, ક્ષણ વારમાં મુક્ત થયા. ॥૨૪॥ અને એ સર્વ પ્રકારના સંગથકી મુક્ત થયેલા, આત્મ સ્વરૂપનો અનુભવ પામેલા, અને ત્રણ ગુણો વાળા લિંગશરીરથી રહિત થયેલા, યયાતિ રાજા; વનમાં જઇને ત્યાં નિર્મળ પરબ્રહ્મ વાસુદેવ ભગવાનની સ્પષ્ટ, અને ભાગવતી ગતિને પામી ગયા. ॥૨૫॥ મશ્કરીની ઢબથી કહેવાયલી આ વાર્તા સાંભળીને, દેવયાનીએ માન્યું કે; સ્ત્રીઓને અને પુરૂષોને સ્નેહની વિકળતાથીજ, પોતાના આત્માની ખરાબી થાય છે. ॥૨૬॥ અને દૈવને આધીન તેઓનું તથા સુહૃદોનું એકઠાં રહેવાનું, ભગવાનની માયાએ રચેલું, અને વાટ્ય અગર સદાવ્રત આપવાને ઠેકાણે, એકઠા થનાર વટેમાર્ગુઓના જેવુંજ છે; એમ જાણ્યું. ॥૨૭॥ તેથી દેવયાનીએ પણ એ સ્વપ્ન સરખાં, સર્વેના સંગનો ત્યાગ કરીને, અને કૃષ્ણ ભગવાનમાં મન પરોવીને; પોતાના લિંગ દેહનો નાશ કરી નાંખ્યો. ॥૨૮॥ એ પ્રકારના સર્વ પ્રાણી પદાર્થાદિકમાં રહેલા-શાંત-મોટામાં મોટા-અને સર્વને જા-

ણનારા-વાસુદેવ ભગવાનને હું (શુકદેવજી),નમસ્કાર કરૂંછું. ॥૨૯॥ ઇતિશ્રી૦ ભા૦ ન૦ ૨૬૯ ઓ૦ અ૦ સં૦ ॥૧૯॥.

અધ્યાય ૨૦મો-શ્રીશુક-હે પરીક્ષિત, હવે જેમાં રાજાઓના અને બ્રાહ્મણોના વંશો ઉત્પન્ન થયેલા છે, તથા તમે પોતે પણ થયાછો; તે પુરૂ રાજાનો વંશ કહું છું. ॥૧॥ પુરૂનો જનમેજય તેનો પ્રચિન્વાન-તેનો પ્રવીર-તેનો નમસ્યુ-તેનો ચારૂપદ-તેનો સુધુ-તેનો બહુગવ-તેનો સંયાતિ-તેનો અહંયાતિ-અને તેનો રૌદ્રાશ્વ નામે પુત્ર થયો હતો. ॥૨-૩॥ એ રૌદ્રાશ્વને ઘૃતાચી નામની અપ્સરામાં રૂતેયુ-કુક્ષેયુ-સ્થંડીલેયુ-કૃતેયુ-જલેયુ-સંતતેયુ-ધર્મેયુ-સત્યેયુ-વ્રતેયુ,-અને વનેયુ, એ નામોવાળા પ્રાણના સ્વાધીનમાં રહેનાર દસ ઇંદ્રિયોના સરખા, પિતાના કરતાં કોઇ પ્રકારે હગી નહીં; એવા, દશ પુત્રો થયેલાનું કહેવાય છે ॥૪-૫॥ રૂતેયુ થકી રંતિભાર થયો. અને તેના સુમતિ-ધ્રુવ-અને અપ્રતિરથ એ ત્રણ પુત્રો થયા હતા. અપ્રતિરથનો કણ્વ-તેનો મેધાતિથિ અને તેના પ્રકણ્વ વિગેરે પુત્રો થયા; તેઓ બ્રાહ્મણ હતા. સુમતિનો રૈભ્ય-અને રૈભ્યનો દુષ્યંત નામે પુત્ર થયો હતો. ॥૬-૭॥ એ દુષ્યંત રાજા શિકારે ગયેલો ત્યાં કણ્વ રૂષિના આશ્રમ સ્થાનમાં જતાં, ત્યાં બેઠેલી લક્ષ્મીના જેવી, પોતાની કાંતિથી શોભતી અને દેવમાયા સરખી સ્ત્રીને જોઇને, એ દુષ્યંત રાજા તુરતજ મોહ પામ્યો. ॥૮॥ પછી તે કેટલાક યોદ્ધાઓથી વિંટાયલા અને તેણીના દર્શનથી આનંદ પામવા વડે થાક ઉતરી ગયેલા; રાજાએ, કામથી તપીને, હસતાં હસતાં સુંદર વાણીથી બોલીને, તે ઉત્તમ સ્ત્રીને પૂછયું કે. "મારા હૃદયમાં પ્રવેશ કરનારી, કમળ જેવી આંખ્યો વાળી, તું કોણ છે; કોની છે; અને આ નિર્જન વનમાં તું અહીંયાં, શું કરવાને ઇચ્છેછે: હે સારા મધ્યભાગવાળી, મને સ્પષ્ટ રીતે જણાય છે કે, તું કોઇ રાજા કન્યા છે; કેમકે અમો પુરૂવંશના રાજાઓનું મન કદી પણ અધર્મને વિશે જાયજ નહીં. ॥૧૦-૧૧॥-શકુંતલા

ह्लिंगमात्मनः॥२८॥ नमस्तुभ्यंभगवतेवासुदेवायवेधसे॥ सर्वभूताधिवासायशांतायबृहतेनमः॥२९॥ इ०भा०म०न०एकोनविंशोऽध्यायः॥१९॥ श्रीशुक० पुरोर्वंशंप्रवक्ष्यामियत्रजातोऽसिभारत॥ यत्रराजर्षयोवंश्याब्रह्मवंश्याश्चजज्ञिरे ॥१॥ जन्मेजयोह्यभूत्पूरोःप्रचिन्वांस्ततसुतस्ततः॥ प्रवीरोऽथनमस्युर्वैतस्माच्चारुपदोऽभवत् ॥२॥ तस्यसुद्युरभूत्पुत्रस्तस्माद्बहुगवस्ततः॥संयातिस्तस्याहंयातीरौद्राश्वस्तत्सुतःस्मृतः॥३॥ ऋतेयुस्तस्यकुक्षेयुःस्थंडिलेयुःकृतेयुकः॥ जलेयुःसंततेयुश्चधर्मसत्यव्रतेयवः॥४॥ दशैतेप्सरसःपुत्रावनेयुश्चावमःस्मृतः॥ घृताच्यामिंद्रियाणीवमुख्यस्यजगदात्मनः ॥५॥ ऋतेयोरंतिभारोभूत्त्रयस्तस्यात्मजानृप॥ सुमतिर्ध्रुवोऽप्रतिरथःकण्वोप्रतिरथात्मजः ॥६॥ तस्यमेधातिथिस्तस्मात्प्रस्कण्वाद्याद्विजातयः ॥ पुत्रोभूत्सुमतेरैभ्योदुष्यंतस्तत्सुतोमतः॥७॥ दुष्यंतोमृगयांयातःकण्वाश्रमपदंगतः ॥ तत्रासीनांस्वप्रभयामंडयंतींरमामिव॥ विलोक्यसद्योमुमुहेदेवमायामिवस्त्रियं॥८॥ बभाषेतांवरारोहांभटैःकतिपयैर्वृतः॥तद्दर्शनप्रमुदितःसन्निवृत्तपरिश्रमः॥९॥ पप्रच्छकामसंतप्तःप्रहसन्श्लक्ष्णयागिरा ॥ कात्वंकमलपत्राक्षिकस्यासिहृदयंगमे॥१०॥ किंवाचिकीर्षितंत्वत्रभवत्यानिर्जनेवने॥व्यक्तंराजन्यतनयांवेद्म्यहंत्वांसुमध्यमे॥ नहिचेतःपौरवाणामधर्मेरमतेक्वचित् ॥११॥ शकुंतला०विश्वामित्रात्मजैवाहंत्यक्तामेनकयावने॥वेदैतद्भगवान्कण्वोवीरकिंकरवामते॥१२॥ आस्यतांह्यरविंदाक्षगृह्यतामर्हणंचनः॥ भुज्यतांसंतिनीवाराउष्यतांयदिरोचते॥१३॥ दुष्यंत०उपपन्नमिदंसुभ्रुजातायाःकुशिकान्वये ॥ स्वयंहिवृणतेराज्ञांकन्यकाःसदृशंवरं॥१४॥ ओमित्युक्तेयथाधर्ममुपयेमेशकुंतलां ॥ गांधर्वविधिनाराजादेशकालविभागवित् ॥१५॥ अमोघवीर्योराजर्षिर्महिष्यांवीर्यमादधे॥श्वोभूतेस्वपुरंयातःकालेनासूतसासुतं॥१६॥ कण्वःकुमारस्यवनेचक्रेसमुदिताःक्रियाः ॥ बद्ध्वामृगेंद्रांस्तरसाक्रीडतिस्मसवालकः॥१७॥ तंदुरत्ययविक्रांतमादायप्रमदोत्तमा ॥ हरेरंशांशसंभूतंभर्तुरंतिकमागमत्॥१८॥ यदानजगृहेराजाभार्यापुत्रावनिंदितौ॥ शृण्वतांसर्वभूतानांखेवागाहाशरीरिणी॥१९॥ माताभस्त्रापितुःपुत्रोयेनजातःसएवसः॥भरस्वपुत्रंदुष्यंतमाऽवमंस्थाःशकुंतलां॥२०॥ रेतोधाःपुत्रोनयतिनरदेवयमक्षयात् ॥ त्वंचास्यधातागर्भस्यसत्यमाहशकुंतला॥२१॥पितर्युपर

હે વીર, હું મેનકા નામની અપ્સરાએ તજી દીધેલી, અને વિશ્વામિત્રના શરીર થકી ઉત્પન્ન થયેલી છું. એ રીતે ભગવાન કણ્વ મુનિ જાણે છે. હું તમારૂં શું કામ કરૂં. ૧૨॥ હે કમળ જેવી આંખ્યો વાળા; બેસો, અને અમારાથી થતી પૂજાને સ્વીકારો, નિવાર તૈયાર છે તે જમો. અને મરજીમાં આવે તો અહીંયાં, મુકામ કરો. ॥૧૩॥-દુષ્યંત-હે સારી ભમરો વાળી, કુશિક કુળમાં ઉત્પન્ન થયેલી કન્યા આવી યોગ્યતા વાળી હોયજ: કે જે રાજ કન્યાઓ, પોતાના સરખા વરને, પોતાની મેળેજ વરે છે. ॥૧૪॥-શ્રીશુક પછી શકુંતલાએ, હા પાડવાથી; તે, દેશ અને કાળના વિભાગોને જાણનારા રાજાએ; ક્ષત્રી ધર્મ પ્રમાણે ગાંધર્વ વિવાહના વિધિથી, શકુંતલા સાથે લગ્ન કરયું. ॥૧૫॥ અને એ અમોઘ વીર્યવાળા દુષ્યંત રાજાએ, સકુંતલાને વિશે ગર્ભ રાખ્યો; પછી સવાર થતાં, તે પોતાના શેહેર તરફ ગયો. ત્યાર કેડે સમય પ્રાપ્ત થયેથી, શકુંતલાએ દીકરો જણ્યો. ॥ ૧૬ ॥ અને તે કુમારના સઘળા યોગ્ય સંસ્કાર, વનને વિશેજ કણ્વ મુનિએ કરયા. તે દીકરો બાળક અવસ્થામાંજ પોતાના જોરથી સિંહોને બાંધીને રમતો હતો. ॥૧૭॥ પછી તે ઉત્તમ સ્ત્રી શકુંતલા, પોતાને વિશે, હરિ ભગવાનના અંશ વડે અવતરેલા, અને અમોઘ પરાક્રમ વાળા, પુત્રને સાથે લેઇને; પોતાના સ્વામી દુષ્યંતની પાસે ગઇ. ॥૧૮॥ પણ જ્યારે રાજા દુષ્યંતે, તે નિંદા રહિત સ્ત્રી તથા પુત્રનો, સ્વીકાર ન કરયો; ત્યારે સર્વ પ્રાણીઓના સાંભળતાં, શરીર વિનાની આકાશ વાણીએ, કહ્યું કે. ॥૧૯॥ માતો એક વાસણ રૂપ છે, અને જે પુરૂષ થકી પુત્ર ઉત્પન્ન થાય છે, તે પુરૂષ પોતેજ, એ પુત્ર રૂપે છે: માટે હે દુષ્યંત રાજા, આ પુત્રનું તું પોષણ કરય. અને શકુંતલાની અવગણના માં કરય; હે રાજા, વીર્ય નાંખનારા પિતાને યમના સ્થાન નરકમાં પડવા થકી, પુત્રજ બચાવનાર છે. અને શકુંતલા સાચું કહેછે કે,તેને વિશે ગર્ભ રાખનાર, તું પોતેજ છે. ॥૨૦-૨૧॥ એ પુત્ર ભરત, તેનો પિતા દુષ્યંત મરી ગયા કેડે ચક્રવર્તી રાજા થયો હતો. એ હરિ ભગવાનના અંશથી અવતરેલા ભરતનો મહિમા પૃથ્વી ઉપર ઘણો ગવાય

છે. ॥૨૨॥ એ જમણા હાથમાં ચક્ર, અને બેઉ પગે કમળના પેટાની નિશાનીવાળા, તથા મહાઅભિષેકના વિધિથી ચક્રવર્તીપણાનો અભિષેક થયેલા, ભરત રાજાએ મામતેય મુનિને પુરોહિત કરીને, ગંગા યમુનાને કાંઠે, પંચાવન અશ્વમેધ યજ્ઞો કર્યા હતા. ॥૨૩–૨૪॥ તેણે અઠોતેર યજ્ઞના ઘોડા બાંધ્યા હતા, અને ધન લેઇને તે પાછા પણ આપ્યા હતા; એ દુષ્યંતના દિકરા ભરતે સારા ગુણવાળા પ્રદેશમાં, અગ્નિનું "ચયન" કર્યું હતું. તેમાં હજાર બ્રાહ્મણોને દરેકના વિભાગમાં એક એક બધ્વ (એટલે તેરહજાર ચોરાશી) ગાયો આપી હતી. ॥૨૫॥ તે તેને ત્યાં બાંધેલા તેતરીસો ઘોડાઓથી તો રાજાઓ વિસ્મય પામતા હતા. એ રીતે એ ભરતરાજાની લક્ષ્મી, દેવતાઓની મોટી લક્ષ્મી કરતાં પણ, વધુ વધી ગઇ હતી. ॥૨૬॥ તેણે મષ્ણાર નામના કર્મમાં, ધોળા દાંતવાળાં–કાળારંગના–અને સોના થકી વિંટી લીધેલા ચૌદલાખ મૃગો આપ્યા હતા. ॥૨૭॥ હાથવડે જેમ સ્વર્ગને ન પહોંચાય તેમ એ ભરતનાં મોટાં કામોને, પૂર્વે થયેલા અને પછીથી થનારા, બીજા કોઇ પણ રાજાઓ, પહોંચી શકે તેમ નથી. ॥૨૮॥ કિરાત–હૂણ–યવન–અંધ્ર–કંક–ખશ–અને શક જાતના રાજાઓ, જે અબ્રહ્મણ્ય હતા, તેમને, તથા મ્લેચ્છો વિગેરેને, તેણે દિગ્વિજય કરતાં, મારેલા હતા. ॥૨૯॥ પૂર્વે દેવતાઓને જીતીને તેમની સ્ત્રીઓને, અસુરો રસાતળમાં લેઇ ગયા હતા; ત્યાંથી તે બળવાન ભરત રાજાએ, તેમને પાછી લાવી આપી હતી. ॥૩૦॥ સત્તાવિસ હજાર વરસો સુધી દિશાઓમાં તેની આજ્ઞા મનાતી હતી; તેની અને પ્રજાની સર્વ કામનાઓ, આકાશ અને પૃથ્વી પરિપૂર્ણ કરતાં હતાં. ॥૩૧॥ પોતાનું; લોકપાળ દેવતાઓ જેવું, ઐશ્વર્ય–ચક્રવર્તી પણાની લક્ષ્મી–અને કોઇ સ્થળે ન અટકે એવું ઇંદ્રિયાદિકનું બળ, અને સૈન્ય, એ સર્વેને; તે ચક્રવર્તી ભરત રાજા, મિથ્યા જાણીને; તેઓ થકી તે ઉપરામ પામેલા હતા. ॥૩૨॥ તેને અતિ પ્યારી વિદર્ભ કુળની ત્રણ રાણીઓ હતી. તેમને અવેલા પુત્રો, પોતાના સરખા ન હોવાનું, તેણે કહેવાથી; પોતાનો ત્યાગ કરવાના ભયથી, તે રાણીઓ તેમને મારી નાખતી હતી. ॥૩૩॥ એ પ્રમાણે થવાથી વંશ જવાનો પ્રસંગ આવતાં, વંશ રાખવાને માટે, એ ભરત

तेसोऽपिचक्रवर्तीमहायशाः॥महिमागीयतेतस्यहरेरंशभुवोभुवि॥२२॥ चक्रंदक्षिणहस्तेऽस्यपद्मकोशोऽस्यपादयोः॥ ईजेमहाभिषेकेणसोऽभिषिक्तोऽधिराड्विभुः॥२३॥ पंचपंचाशतामेध्यैर्गंगायामनुवाजिभिः॥ सामंतेयंपुरोधायथमुनायामनुप्रभुः॥२४॥ अष्टसप्ततिमेध्याश्वान्बबंधमददद्वसु॥ भरतस्यहिदौष्यंतेरग्निःसाचीगुणेचितः॥ सहस्रंबद्वशोयस्मिन्ब्राह्मणागाविभेजिरे॥२५॥ त्रयस्त्रिंशच्छतंह्यश्वान्बद्ध्वाविस्मापयन्नृपान्॥ दौष्यंतिरत्यगान्मायांदेवानांगुरुमाययौ॥२६॥मृगान्शुक्लदतःकृष्णान्हिरण्येनपरीवृतान्॥ अदात्कर्मणिमष्णारेनियुतानिचतुर्दश॥२७॥भरतस्यमहत्कर्मनपूर्वेनापरेनृपाः॥नैवापुर्नैवप्राप्स्यंतिबाहुभ्यांत्रिदिवंयथा॥२८॥ किरातहूणान्यवनानंध्रान्कंकान्खशान्छकान्॥अब्रह्मण्यान्नृपांश्चाहन्म्लेच्छान्दिग्विजयेऽखिलान्॥२९॥ जित्वापुराऽसुरादेवान्येरसौकांसिभेजिरे॥देवस्त्रियोरसांनीताःप्राणिभिःपुनराहरत्॥३०॥ सर्वकामान्दुदुहतुःप्रजानांतस्यरोदसी॥समास्त्रिणवसाहस्रीर्दिक्षुचक्रमवर्तयत्॥३१॥ ससम्राट्लोकपालाख्यमैश्वर्यमधिराट्श्रियं॥ चक्रंचास्खलितंप्राणान्मृषेत्युपरराममह॥३२॥तस्यासन्नृपवैदर्भ्यःपत्न्यस्तिस्रःसुसंमताः॥ जघ्नुस्त्यागभयात्पुत्रान्नानुरूपाइतीरिते॥३३॥ तस्यैवंवितथेवंशेतदर्थंयजतःसुतं॥ मरुत्स्तोमेनमरुतोभरद्वाजमुपाददुः॥३४॥ अंतर्वत्न्यांभ्रातृपत्न्यांमैथुनायबृहस्पतिः॥ प्रवृत्तोवारितोगर्भंशप्त्वावीर्यमवासृजत्॥३५॥ तंत्यक्तुकामांममतांभर्तृत्यागविशंकितां॥नामनिर्वचनंतस्यश्लोकमेनंसुराजगुः॥३६ मूढेभरद्वाजमिमंभरद्वाजंबृहस्पते॥ यातौयदुक्त्वापितरौभरद्वाजस्ततस्त्वयं॥३७॥ चोद्यमानासुरैरेवंमत्वावितथमात्मजं॥ व्यसृजन्मरुतोऽबिभ्रन्दत्तोऽयंवितथेऽन्वये॥३८॥ इतिश्रीभागवतेमहापुराणेनवमस्कंधेविंशोऽध्यायः॥ २०॥

श्रीशुक०वितथस्यसुतोमन्युर्बृहत्क्षत्रोजयस्ततः॥ महावीर्योनरोगर्गःसंकृतिस्तुनरात्मजः॥१॥गुरुश्चरंतिदेवश्चसंकृतेःपांडुनंदन॥रंतिदेवस्यहियशइहामुत्रचगीयते॥२॥ वियद्वित्तस्यददतोलब्धंलब्धंबुभुक्षतः॥निष्किंचनस्यधीरस्यसकुटुंबस्यसीदतः॥३॥ व्यतीयुरष्टचत्वारिंशदहा

રાજાએ મરૂતસ્તોમ નામનો યજ્ઞ કરવાથી; મરૂત દેવોએ તેને ભરદ્વાજ નામનો પુત્ર આપ્યો હતો.॥૩૪॥ બૃહસ્પતિ, પોતાના ભાઇ ઉતથ્યની, સગર્ભા સ્ત્રી મમતામાં, મૈથુન કરવા લાગતાં; માંહેના ગર્ભે, તેમને વારવાથી; તેને આંધળો થવાનો શ્રાપ દેઇને, બૃહસ્પતિએ વીર્ય નાખતાં; તેને (એટલે તેથી ઉત્પન્ન થતા પુત્રને,) તજી દેવાની ઇચ્છા; પોતાનો સ્વામી આવ્યા પછી, પોતાને તજવાના કારણ માટે, મમતાએ કરતાં; તે મમતા અને બૃહસ્પતિ વચ્ચે બોલાયલા શબ્દો તે છે. અને તે વાતને સુચવનારા શ્લોક દેવતાઓએ આ રીતે કહેલા છે. ॥૩૫–૩૬॥ બૃહસ્પતિએ કહ્યું કે હે મૂઢ સ્ત્રી, તું આનું પોષણ કર; ત્યારે મમતાએ તેમને કહ્યું કે, તમારાથી ઉત્પન્ન થયો છે. માટે, તમે એનું પોષણ કરો. પછી દેવતાઓએ કહ્યું કે, તમો બે થકી થયો છે માટે; તમો બેઉ એનાં માત પિતાઓજ, એનું પોષણ કરવું જોઇએ. એમ સમજાવ્યા છતાં, આવી રીતે વ્યભિચારથી થયેલ પુત્ર વ્યર્થજ છે; એમ માનીને, તે બંને તેને મુકીને જતાં રહેવાથી; મરૂત દેવોએ પોષણ કરીને, તેને ઉછેરેલો હતો. તે આ વખતે ભરત રાજાનો વંશ જવા લાગતાં; મરૂત દેવોએ, ભરતને આપ્યો હતો. ॥૩૭–૩૮॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ નવમા સ્કંધનો વીશમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૦॥

અધ્યાય ૨૧ મો —શ્રીશુક— એ ભરદ્વાજ અથવા વિતથનો મન્યુ થયો. અને મન્યુને બૃહત્ક્ષત્ર–જય–મહાવીર્ય–નર–અને ગર્ગ એ પાંચ પુત્રો થયા. તેમાંના નરનો સંકૃતિ નામે પુત્ર થયો હતો. ॥૧॥ હે પરીક્ષિત, એ સંકૃતિને ગુરૂ અને રંતિદેવ નામના બે પુત્રો થયા હતા. તે રંતિદેવનો યશ આ લોક તથા પરલોકમાં ગવાય છે. ॥૨॥ યદચ્છાથી પ્રાપ્ત થનાર ધન વડે, આજીવિકા ચલાવનાર તે રાજા, પોતે ભુખ્યો હોવા છતાં પણ, જે જે મળી આવે તે, બીજાઓને આપી દેવાથી; એ ધીર અને નિષ્કીંચન પુરૂષ, પોતાના કુટુંબ સહિત સિદાતો (દુખી થતો) હતો. ॥૩॥ એકવાર તો અડતાળીસ દિવસ સુધી પાણી પીધા વિના પણ તેને ચલાવી લેવું પડયું હતું. પછી ઓગણપચાસમા દિવસની સવારમાં તેને ઘી–દૂધપાક–લાપશી–અને પાણી મળી આવ્યાં હતાં. ॥૪॥ એટલે ભૂખ અને તરશથી દુખી થયેલા કુંટુંબવાળો, તથા શરીરે થર થર ધ્રુજતો તે જમવા બેસવાની તૈયારી કરવા લાગ્યો; ત્યારે એક અતિથી બ્રાહ્મણ, તેની પાસે

આવી હતી. ॥૫॥ તેથી સર્વને વિશે હરિભગવાનને જોનારા તેણે, તેનો સત્કાર કરીને શ્રદ્ધા પૂર્વક, પોતાને મળેલા અન્નમાંથી તેને વિભાગ આપ્યો; અને તે જમીને એ અતિથિ બ્રાહ્મણ ચાલ્યો ગયો. ॥ ૬ ॥ પછી બાકી રહેલું અન્ન જમવાની તૈયારી કરતાં, તે સ્થળે એક બીજો શૂદ્ર આવ્યો; એટલે તેને પણ, હરિભગવાનનું સ્મરણ કરીને, તેણે એ બાકી રહેલા અન્નમાંથી વિભાગ આપ્યો. ॥૭॥ એ રીતનો તે શૂદ્ર ગયા પછી, કુતરાંથી વિંટાયલો એક બીજો અતિથિ તેની પાસે આવીને, કહેવા લાગ્યો કે; "હે રાજા, અમને ભૂખ્યાંને (એટલે મને તથા આ કુતરાંને) તમે અન્ન આપો. ॥૮॥ ત્યારે તેણે બહુમાન સાથે, તેનો પણ સત્કાર કરીને, પોતાની કને હતું, તે સઘળું અન્ન તેને આપી દીધું; અને તેને તથા તેનાં કુતરાંને નમસ્કાર કર્યા. ॥૯॥ પછી તેની પાસે રહેલા એક માણસને પૂરૂં થાય, એટલા પાણીનેજ; તે પીવાનું કરતો હતો, એટલામાં એક ચાંડાળે તેની પાસે આવીને, કહ્યું કે; "હું અશુભ જાતિનાને પાણી આપો." ॥૧૦॥ ત્યારે એ ઘણું થાકી ગયેલા ચાંડાળનું, દીન વચન સાંભળવાથી, દયાને લીધે ઘણું તપી ગયેલો, રંતિદેવ રાજા; અમૃત સરખું વચન બોલ્યો કે. ॥૧૧॥ "હું પરમ પુરૂષ ઇશ્વર પાસેથી આઠરિદ્ધિઓ અથવા સિદ્ધિઓને કિંવા જન્મ મરણ મટે, એવી ગતિ (મોક્ષ) ને પણ માગતો નથી; પરંતુ સર્વ દેહધારી પ્રાણીઓ, કે જેમના અંતરને વિશે; એ ભગવાન પોતેજ રહેલા છે, તે સર્વેનું દુખ મને એકલાનેજ મળે; કે જેથી તે સઘળાઓ સુખિયા થાય, એટલુંજ હું માગું છું. ॥૧૨॥ આ જીવવાને ઇચ્છના રાંક પ્રાણીનાં ભૂખ–તરસ–થાક–અંગોનું દુર્બળપણું–દીનતા–મનની મુન્જવણ–શોક–ખેદ–અને મોહ એ સઘળું, હું તેને પાણી આપવાથકી, મટી જજો." ॥૧૩॥ એમ બોલીને તે પ્રાણી માત્રના ઉપર દયા વાળા, તથા ધીરજવાન રાજાએ; તરસથી મરવા પડેલા એ ચાંડાળને, પોતાની

न्यपिबतःकिल॥घृतपायससंयावंतोयंप्रातरुपस्थितं ॥४॥ कृच्छ्रप्राप्तकुटुंबस्यक्षुत्तृड्भ्यांजातवेपथोः॥अतिथिर्ब्राह्मणःकालेभोक्तुकामस्यचा गमत् ॥५॥ तस्मैसंव्यभजत्सोन्नमादृत्यश्रद्धयान्वितः॥ हरिंसर्वत्रसंपश्यन्सभुक्त्वाप्रययौद्विजः॥६॥ अथान्योभोक्ष्यमाणस्यविभक्तस्यमहीप ते॥विभक्तंव्यभजत्तस्मैवृषलायहरिंस्मरन् ॥७॥ यातेशूद्रेतमन्योगादतिथिःश्वभिरावृतः॥राजन्मेदीयतामन्नंसगणायबुभुक्षते॥ सआदृत्याव शिष्टंयद्बहुमानपुरस्कृतं ॥८॥ तच्चदत्वानमश्चक्रेश्वभ्यःश्वपतयेविभुः॥९॥ पानीयमात्रमुच्छेषंतच्चैकपरितर्पणं॥पास्यतःपुल्कसोऽभ्यागादपो देह्यशुभस्यमे ॥१०॥ तस्यतांकरुणांवाचंनिशम्यविपुलश्रमां॥कृपयाभृशसंतप्तइदमाहामृतंवचः ॥११॥ नकामयेऽहंगतिमीश्वरात्परामष्ट र्द्धियुक्तामपुनर्भवंवा॥ आर्तिंप्रपद्येऽखिलदेहभाजामंतस्थितोयेनभवंत्यदुःखाः ॥१२॥ क्षुत्तृट्श्रमोगात्रपरिश्रमश्चदैन्यंक्लमःशोकविषादमोहाः ॥ सर्वेनिवृत्ताःकृपणस्यजंतोर्जिजीविषोर्जीवजलार्पणान्मे ॥१३॥ इतिसंभाष्यपानीयंम्रियमाणःपिपासया॥पुल्कसायाददाद्धीरोनिसर्गकरु णोनृपः ॥१४॥ तस्यत्रिभुवनाधीशाःफलदाःफलमिच्छतां॥आत्मानंदर्शयांचक्रुर्मायाविष्णुविनिर्मिताः ॥१५॥ सवैतेभ्योनमस्कृत्यनिःसंगो विगतस्पृहः॥वासुदेवेभगवतिभक्त्याचक्रेनमःपरं ॥१६॥ ईश्वरालंबनंचित्तंकुर्वतोनन्यराधसः॥मायागुणमयीराजन्स्वप्नवत्प्रत्यलीयत ॥१७ तत्प्रसंगानुभावेनरंतिदेवानुवर्तिनः॥अभवन्योगिनःसर्वेनारायणपरायणाः॥१८॥गर्गाच्छिनिस्ततोगार्ग्यःक्षत्राद्ब्रह्मह्यवर्तत॥दुरितक्षयोमहा वीर्यात्तस्यत्रय्यारुणिःकविः ॥१९॥ पुष्करारुणिरित्यत्रयेब्राह्मणगतिंगताः॥बृहत्क्षत्रस्यपुत्रोऽभूद्धस्तीयद्धस्तिनापुरं॥२०॥ अजमीढोद्विमीढ श्चपुरुमीढश्चहस्तिनः॥अजमीढस्यवंश्याःस्युःप्रियमेधादयोद्विजाः ॥२१॥ अजमीढाद्बृहदिषुस्तस्यपुत्रोबृहद्धनुः॥बृहत्कायस्ततस्तस्यपुत्रआ सीज्जयद्रथः॥२२॥तत्सुतोविशदस्तस्यसेनजित्समजायत॥रुचिराश्वोदृढहनुःकाश्योवत्सश्चतत्सुताः॥२३॥रुचिराश्वसुतःपारःपृथुसेनस्तदा त्मजः॥पारस्यतनयोनीपस्तस्यपुत्रशतंत्वभूत् ॥२४॥ सकृत्व्यांशुककन्यायांब्रह्मदत्तमजीजनत्॥सयोगीगविभार्यायांविष्वक्सेनमधात्सुतं ॥ ॥२५॥ जैगीषव्योपदेशेनयोगतंत्रंचकारह॥उदक्स्वनस्ततस्तस्माद्भल्लादोबार्हद्रीषवाः ॥२६॥ यवीनरोद्विमीढस्यकृतिमांस्तत्सुतःस्मृतः॥

પાસેનું પાણી પણ આપી દીધું. ॥૧૪॥ ત્યારે વિશ્નુ ભગવાને નિર્માણ કરેલી જે માયાને દેખાડનારા, અને ફળની ઇચ્છા કરનારાઓને ફળ આપનારા; ત્રણે જગતના દેવતાઓએ, (બ્રહ્મા–વિશ્નુ અને રૂદ્રે) તેને દર્શન દીધ. ॥૧૫॥ એટલે તેઓને પણ એ સ્પૃહાવિનાના અને સંગ રહિત રંતિદેવે તો નમસ્કાર કરીને પછી નમસ્કારજ કરયા. અને પછીથી તે પાછો વાસુદેવ પરમાત્મા ભગવાનનીજ ભક્તિ કરવા લાગ્યો. (અર્થાત તેઓની પાસેથી પણ તેણે કશું માગવાની ઇચ્છા કરી નહીં) ॥૧૬॥ એમ તે ઇશ્વરને વિશે મન લગાડેલા, અને બીજા સર્વને, ભગવાન થકી જૂદું નહીં જાણનારા, એ રંતીદેવ રાજાનેતો ગુણોવાળી માયા સ્વપ્નમાંથી જાગી ઉઠેલાની પેઠે; લીનજ થઇ ગઇ હતી. ॥૧૭॥ અને તે રાજાને અનુસરનારા સર્વે લોકો, તેના પ્રસંગના પ્રભાવ થકી; નારાયણ ભગવાનને પરમ આશ્રય રૂપ માનનારા, યોગીઓ સરખા થઇ ગયા હતા. ॥૧૮॥ મન્યુના દીકરા ગર્ગનો શનિ અને તેનો ગાર્ગ્ય નામે પુત્ર થયો હતો. તેઓ ક્ષત્રી મટીને બ્રાહ્મણો થયા હતા. મન્યુના બીજા દીકરા મહાવિર્યનો દુરિતક્ષય અને તેના ત્રય્યારૂણી, કવિ, અને પુષ્કરારૂણી, નામના ત્રણ પુત્રો થયા હતા; તેઓ પણ બ્રાહ્મણપણું પામ્યા હતા. મન્યુના ત્રીજા દીકરા બૃહતક્ષત્રનો હસ્તીનામે પુત્ર થયો હતો. તેણે હસ્તિનાપુર વસાવેલું છે. ॥૧૯–૨૦॥ હસ્તીના અજમીઢ–દ્વિમીઢ–અને પુરૂમીઢ નામે ત્રણપુત્રો થયા હતા. એ અજમીઢના વંશમાં પ્રિયમેધ વગેરે બ્રાહ્મણો ઉત્પન્ન થયેલા છે. ॥૨૧॥ અજમીઢનો બીજો પુત્ર બૃહદિશુ હતો–તેનો બૃહદ્ધનું–તેનો બૃહત્કાય–તેનો જયદ્રથ–તેનો વિશદ–અને તેનો સેનજીત નામે પુત્ર થયો હતો–સેનજીતના રૂચિરાશ્વ, દૃઢહનુ, કાશ્ય, અને વત્સનામે ચાર પુત્રો થયા હતા. ॥૨૨–૨૩॥ તેમાંના રૂચિરાશ્વનો પાર અને તેનો પૃથુસેન નામનો એક પુત્ર થયો. અને બીજો નીપનામે થયો, તેને સો પુત્રો થયેલા હતા. ॥૨૪॥ એ નીપને, શુકની કન્યા કૃત્વીને વિશે; બ્રહ્મદત્ત જન્મ્યો હતો; તે યોગી હતો–અને તેણે ગવીનામની સ્ત્રીમાં વિશ્વકસેન નામના પુત્રને ઉત્પન્ન કર્યો હતો. ॥૨૫॥ જૈગીશવ્ય મુનિથકી ઉપદેશ પામેલા, તેણે યોગશાસ્ત્ર બનાવેલ છે. એ વિશ્વકસે-

નનો ઉદક્સેન—અને તેનો ભલ્લાટ નામે પુત્ર થયો. એટલો બૃહદિષુનો વંશ છે. ॥૨૬॥ એ બૃહદિષુના કાકા દ્વિમીઢનો યવિનર—તેનો કૃતિમાન—તેનો સત્યધૃતિ—તેનો દૃઢનેમી—તેનો સુપાર્શ્વ—તેનો સુમતિ—તેનો સન્નતિમાન—અને તેનો કૃતિ નામે પુત્ર થયો હતો. એ કૃતિએ હિરણ્યનાભની પાસેથી યોગમાર્ગ શીખીને, પછી પોતે પ્રાચ્યસામની છ સંહિતાઓ બનાવીને, તે પોતાના શિષ્યોને ભણાવી હતી. કૃતિનો નીપ—તેનો ઉગ્રાયુધ—તેનો ક્ષેમ—તેનો સુવીર—તેનો રિપુંજય—અને તેનો બહુરથ નામે પુત્ર થયો હતો.—અને ઉપર કહેલા હસ્તીના દીકરા પુરૂમીઢને કાંઈ સંતાન હતું નહીં. હસ્તીના મોટા દીકરા અજમીઢને નલિની નામની સ્ત્રીથી, નીલ નામે પુત્ર થયો હતો. એ નીલનો શાંતિ—તેનો સુશાંતિ—તેનો પુરૂજ—અને તેનો ભર્મ્યાશ્વ નામે પુત્ર થયો હતો. એ ભર્મ્યાશ્વને મુદ્‌ગલ, યવિનર, બૃહદીષુ, કાંપિલ્ય, અને સંજય નામના પાંચ પુત્રો થયા હતા. એ ભર્મ્યાશ્વ બોલ્યો હતો કે, આ મારા પાંચ દીકરા પાંચ દેશનાં રાજ્ય કરવાને સમર્થ છે; તેથી એ પાંચે "પંચાલ" એ નામથી ઓળખાતા હતા. તેઓ મૌદ્‌ગલ્ય ગોત્રના કહેવાય છે. ॥૨૭-૨૮-૨૯-૩૦-૩૧-૩૨-૩૩॥ એ મુદ્‌ગલ થકી ભાર્મ્યા નામની સ્ત્રીમાં ઉત્પન્ન થયેલ જોડલામાં પુરૂષ હતો તે દિવોદાસ, અને કન્યા હતી તે અહલ્યા; તેને ગૌતમ મુનિ થકી શતાનંદ નામનો પુત્ર થયો હતો. ॥૩૪॥ એ શતાનંદને ધનુર્વેદ જાણનારો સત્યધૃતિ નામે પુત્ર થયો, અને તેનો શરદ્વાન થયો હતો. એ શરદ્વાને ઉર્વશી અપ્સરાને દેખવાથી તેનું વીર્ય સ્ખલિત થઈને કાંસના ઝુંડમાં પડેલું હતું. તે થકી એક સુંદર જોડલું ઉત્પન્ન થયું, અને શિકારે નિકળેલા શંતનું રાજાએ, તે જોડલાને દેખવાથી કૃપા વડે તે બંનેને લેઈ લીધાં હતાં, તેમાંનો કુમાર હતો, તે કૃપાચાર્ય રૂપે થયા; અને કન્યા હતી તે દ્રોણાચાર્યની સ્ત્રી કૃપી થયાં હતાં. ॥૩૫-૩૬॥ ઇતિશ્રી ભા૦ નવમા સ્કંધનો એકવીસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૧॥

नाम्नासत्यधृतिर्यस्यदृढनेमिःसुपार्श्वकृत् ॥२७॥ सुपार्श्वात्सुमतिस्तस्यपुत्रःसन्नतिमांस्ततः॥कृतीहिरण्यनाभाद्योयोगंप्राप्यजगौस्मषट् ॥ ॥२८॥ संहिताःप्राच्यसाम्नांवैनीपोह्युग्रायुधस्ततः॥तस्यक्षेम्यःसुवीरोथसुवीरस्यरिपुंजयः॥२९॥ ततोबहुरथोनामपुरुमीढोऽप्रजोऽभवत्॥ नलिन्यामजमीढस्यनीलःशांतिःसुतस्ततः॥३०॥शांतेःसुशांतिस्तत्पुत्रःपुरुजोऽर्कस्ततोऽभवत्॥ भर्म्याश्वस्तनयस्तस्यपंचासन्मुद्गलादयः ॥३१॥ यवीनरोबृहद्विषःकांपिल्यःसंजयःसुताः॥भर्म्याश्वःप्राहपुत्रामेपंचानांरक्षणायहि ॥३२॥ विषयाणामलमिमेइतिपंचालसंज्ञिताः॥मुद्गलाद्ब्रह्मनिर्वृत्तंगोत्रंमौद्गल्यसंज्ञितं॥३३॥मिथुनंमुद्गलाद्भार्म्याद्दिवोदासःपुमानभूत्॥अहल्याकन्यकायस्यांशतानंदस्तुगौतमात् ॥३४॥ तस्यसत्यधृतिःपुत्रोधनुर्वेदविशारदः ॥ शरद्वांस्तत्सुतोयस्मादुर्वशीदर्शनात्किल ॥३५॥ शरस्तंबेऽपतद्रेतोमिथुनंतदभूच्छुभं॥तद्दृष्ट्वाकृपयाऽगृह्णाच्छांतनुर्मृगयांचरन् ॥कृपःकुमारःकन्याचद्रोणपत्न्यभवत्कृपी ॥३६॥ इ०भा०म०न०एकविंशोऽध्यायः ॥२१॥ श्रीशुक०मित्रेयुश्चदिवोदासाच्च्यवनस्तत्सुतोनृप॥ सुदासःसहदेवोथसोमकोजंतुजन्मकृत् ॥१॥तस्यपुत्रशतंतेषांयवीयान्पृषतःसुतः॥द्रुपदोद्रौपदीतस्यधृष्टद्युम्नादयःसुताः ॥२॥ धृष्टद्युम्नाद्धृष्टकेतुर्भार्म्याःपंचालकाइमे॥योऽजमीढसुतोह्यन्यऋक्षःसंवरणस्ततः ॥३॥ तपत्यांसूर्यकन्यायांकुरुक्षेत्रपतिःकुरुः॥परीक्षित्सुधनुर्जन्हुर्निषधाश्वःकुरोःसुताः ॥४॥ सुहोत्रोऽभूत्सुधनुषश्च्यवनोऽथततःकृती॥वसुस्तस्योपरिचरोबृहद्रथमुखास्ततः॥५॥ कुशांबमत्स्यप्रत्यग्रचेदिपाद्याश्चचेदिपाः॥ बृहद्रथात्कुशाग्रोऽभूदृषभस्तस्यतत्सुतः ॥६॥ जज्ञेसत्यहितोऽपत्यंपुष्पवांस्तत्सुतोजहुः॥अन्यस्यांचापिभार्यायांशकलेद्वेबृहद्रथात् ॥७॥ तेमात्रावहिरुत्सृष्टेजरयाचाभिसंधिते॥जीवजीवेतिक्रीडंत्याजरासंधोऽभवत्सुतः॥८॥ ततश्चसहदेवोऽभूत्सोमापिर्यच्छ्रुतश्रवाः॥परीक्षिदनपत्योभूत्सुरथोनामजान्हवः ॥९॥ ततोविदूरथस्तस्मात्सार्वभौमस्ततोऽभवत् ॥जयसेनस्तत्तनयोराधिकोऽतोऽयुतोह्यभूत्॥१०॥ततश्चक्रोधनस्तस्माद्देवातिथिरमुष्यच॥ऋष्यस्तस्यदिलीपोभूत्प्रतीपस्तस्यचात्मजः ॥११॥ देवापिःशंतनुस्तस्यबाल्हीकइतिचात्मजाः॥पितृराज्यंपरित्यज्यदेवापिस्तुवनंगतः ॥१२॥ अभवच्छंतनूराजाप्राङ्महाभिषसंज्ञितः॥यंयंकराभ्यांस्पृशतिजीर्णंयौ

અધ્યાય ૨૨ મો.—શ્રીશુક—હે પરિક્ષિત, એ દિવોદાસનો મિત્રેયુ—તેનો ચ્યવન—તેનો સુદાસ—તેનો સહદેવ—તેનો સોમક—અને તેનો જંતુ થયો હતો. ॥૧॥ જંતુને સો પુત્રો થયા. તેમાં નાનો પૃષત હતો. એ પૃષતનો પુત્ર દ્રુપદ થયો. એ દ્રુપદને દ્રુપતી નામની કન્યા અને ધૃષ્ટદ્યુમ્ન વિગેરે દીકરાઓ થયા હતા. ॥૨॥ એ ધૃષ્ટદ્યુમ્નનો ધૃષ્ટકેતુ નામે પુત્ર થયો હતો. એટલા ભર્મ્યાશ્વના વંશના રાજાઓ પંચાલ કહેવાતા હતા. અને અજમીઢનો બીજો દીકરો ઋક્ષ નામે હતો. તેનો સંવરણ નામે પુત્ર થયો હતો. ॥૩॥ સૂર્યની કન્યા તપતી એ સંવરણ રાજાની સ્ત્રી હતી. તે સ્ત્રીમાં તેને કુરૂ નામનો પુત્ર થયો તે કુરૂક્ષેત્રનો અધિપતિ હતો. એ કુરૂના પરીક્ષિત, સુધનુ, જન્હુ, અને નિષધાશ્વ એ ચાર દીકરા હતા. ॥૪॥ તેમાંના સુધનુનો સુહોત્ર—તેનો ચ્યવન—તેનો કૃતિ—તેનો ઉપરિચરવસુ—અને એ ઉપરિચરવસુના બૃહદ્રથ, કુશાંબ, મત્સ્ય, પ્રત્યગ્ર, અને ચેદિપ વિગેરે પુત્રો થયા હતા તે—ચેદીનગરીના અધિપતિઓ હતા. બૃહદ્રથનો કુશાગ્ર—તેનો ઋષભ—તેનો સત્યહિત—તેનો પુષ્પવાન—અને તેનો જહુ નામે પુત્ર થયો હતો. અને એ બૃહદ્રથને બીજી સ્ત્રીમાં બે ફાડીયાં આવ્યાં હતાં. ॥૫-૬-૭॥ એ ફાડીયાંને એ બૃહદ્રથની સ્ત્રીએ બહાર ફેંકી દીધેલાં, તેને જરા નામની રાક્ષસીએ, રમત કરતાં સાંધીને "જીવજીવ" એમ કહેવાથી જીવતો થયેલો પુત્ર, જરાસંધ નામથી કહેવાય છે. ॥૮॥ એ જરાસંધનો સહદેવ—તેનો સોમાપિ—અને તેનો શ્રુતશ્રવા નામે પુત્ર થયો. કુરૂના દીકરા પરીક્ષિતને કાંઈ સંતાન થયું નહીં. કુરૂના ત્રીજા દીકરા જન્હુનો સુરથ—તેનો વિદુરથ—તેનો સાર્વભૌમ—તેનો જયસેન—તેનો રાધિક—તેનો અયુત—તેનો ક્રોધન—તેનો દેવાતિથિ—તેનો ઋષ્ય—તેનો દિલિપ—અને તેનો પ્રતીપ નામે પુત્ર થયો હતો. ॥૯-૧૦-૧૧॥ એ પ્રતીપના દેવાપિ—શંતનુ—અને બાલ્હીક એ ત્રણ પુત્રો થયા હતા. તેમાંનો દેવાપિ પિતાના રાજ્યનો ત્યાગ કરીને, વનમાં ગયો હતો. ॥૧૨॥ તેથી પૂર્વે જેનું મહાભિષ નામ હતું તે, શંતનું રાજા થયો. તે જેને જેને હાથ અડાડતો, તે ઘરડું હોયતો જુવાન થઇ જતું હતું; અને તેને ભારે શાંતિ મળતી હતી. તેથી તેનાં એ ક-

મેવડે, તેનું નામ "શંતનુ" કહેવાતું હતું. ॥૧૩-૧૩½॥ તેના રાજ્યમાં જ્યારે બાર વરસ સુધી વરસાદ વરસ્યો નહીં. ત્યારે તેને બ્રાહ્મણોએ કહ્યું કે; "મોટાભાઈના અધિકારનું રાજ્ય તું ભોગવે છે, તેથી વરસાદ નથી વરસતો માટે દેશ અને નગરના શોકના ભલા સારૂં, ઉતાવળોજ તું મોટાભાઈને રાજ્ય આપી દે. ॥૧૪-૧૫॥ એ રીતે બ્રાહ્મણોએ કહેવાથી, શંતનુ મોટા ભાઈની પાસે ગયો; અને તેને પાછા આવવા સારૂં, તથા રાજ્ય સંભાળવા સારૂં, પ્રાર્થના કરી; પણ એ શંતનુના પ્રધાને, અગાડથી દેવાપિની પાસે બ્રાહ્મણોને મોકલીને; તેને પાખંડ મતનો ઉપદેશ કરાવીને; ખરાધર્મ (વેદમાર્ગ) થકી ભ્રષ્ટ કરી નાંખ્યો હતો; તેથી દેવાપિએ પાછા નહીં આવતાં, વેદવિરૂદ્ધ ઘણું ભાષણ કર્યું. એટલે શંતનુ પાછો આવતાંજ વરસાદ થયો. એ દેવાપિ, યોગ ધારણ કરીને હાલમાં કલાપ ગામમાં રહેલો છે. ॥૧૬-૧૭॥ અને એજ દેવાપિ, કલિયુગમાં નાશ પામી ગયેલા ચંદ્રવંશને, ફરીથી સ્થાપન કરશે. બાહ્લીકનો શોમદત્ત નામે પુત્ર થયો હતો—અને શોમદત્તને ભૂરી, ભૂરીશ્રવા, અને શલ એ નામોવાળા ત્રણ પુત્રો થયા હતા; તથા શંતનુરાજાને ગંગાજી સ્ત્રી થયાં હતાં. તે ગંગાજીને વિશે મહા બુદ્ધિમાન- સર્વ ધર્મોને જાણનારો—વિદ્વાન—અને મહા ભાગવતી—ભીષ્મ નામે ઉત્તમ પુત્ર થયો હતો. ॥૧૮-૧૯॥ એ વીર પુરૂષના સમુદાયમાં સહુથી આગળ ચાલનારા ભીષ્મે, યુદ્ધ કરીને પરશુરામને પણ સંતોષ પમાડયા હતા. એ શંતનુ રાજાની બીજી સ્ત્રી, માછીની કન્યા સત્યવતી નામે હતી; તેમાં ચિત્રાંગદ અને વિચિત્રવીર્ય નામના બે પુત્રો થયા હતા; તેમાંનો ચિત્રાંગદ, ગંધર્વોએ મારી નાખવાથી, મરણ પામ્યો હતો; વળી એ સત્યવતીમાંજ પરાશર ઋષિથકી સાક્ષાત હરિ ભગવાનની કળા, ભગવાન બાદરાયણ એટલે વેદ વ્યાસ પ્રથમ જન્મેલા હતા ॥૨૦-૨૧॥ એ વેદનું રક્ષણ કરનારા અને "કૃષ્ણમુનિ" નામથી ઓળખાતા બાદરાયણે પોતાના પૈલ વિગેરે

वनमेतिसः ॥१३॥ शांतिमाप्नोतिचैवाङ्ग्यांकर्मणातेनशंतनुः॥समाद्वादशतद्राज्येनववर्षयदाविभुः॥१४॥ शंतनुर्ब्राह्मणैरुक्तःपरिवेत्तात्वमग्रभुक् ॥राज्यंदेह्यग्रजायाशुपुरराष्ट्रविवृद्धये॥१५॥ एवमुक्तोद्विजैर्ज्येष्ठंछंदयामाससोऽब्रवीत् ॥तन्मंत्रिप्रहितैर्विप्रैर्वेदाद्विभ्रंशितोगिरा॥१६॥वेदवादातिवादान्वैतदादेवोववर्षह॥देवापिर्योगमास्थायकलापग्राममाश्रितः॥१७॥सोमवंशेकलौनष्टेकृतादौस्थापयिष्यति॥बाल्हीकात्सोमदत्तोभूद्भूरिर्भूरिश्रवास्ततः॥१८॥ शलश्वशंतनोरासीद्गंगायांभीष्मआत्मवान्॥सर्वधर्मविदांश्रेष्ठोमहाभागवतःकविः ॥१९॥ वीरयूथाग्रणीर्येनरामोऽपियुधितोषितः॥शंतनोर्दाशकन्यायांजज्ञेचित्रांगदःसुतः ॥२०॥ विचित्रवीर्यश्चावरजोनाम्नाचित्रांगदोहतः॥ यस्यांपराशरात्साक्षादवतीर्णोहरेःकला॥२१॥ वेदगुप्तोमुनिःकृष्णोयतोऽहमिदमध्यगां॥हित्वास्वशिष्यान्पैलादीन्भगवान्बादरायणः ॥२२॥ मह्यंपुत्रायशांतायपरंगुह्यमिदंजगौ॥विचित्रवीर्योऽथोवाहकाशिराजसुतेबलात् ॥२३॥ स्वयंवरादुपानीतेअंबिकांऽबालिकेउभे॥तयोरासक्तहृदयोगृहीतोयक्ष्मणामृतः॥२४॥ क्षेत्रेऽप्रजस्यवैभ्रातुर्मात्रोक्तोबादरायणः ॥ धृतराष्ट्रंचपांडुंचविदुरंचाप्यजीजनत् ॥२५॥ गांधार्यांधृतराष्ट्रस्यजज्ञेपुत्रशतंनृप॥ तत्रदुर्योधनोज्येष्ठोदुःशलाचापिकन्यका ॥२६॥ शापान्मैथुनरुद्धस्यपांडोःकुंत्यांमहारथाः॥जाताधर्मानिलेंद्रेभ्योयुधिष्ठिरमुखास्त्रयः॥२७॥ नकुलःसहदेवश्चमाद्र्यांनासत्यदस्रयोः ॥ द्रौपद्यांपंचपंचभ्यःपुत्रास्तेपितरोऽभवन्॥२८॥ युधिष्ठिरात्प्रतिविंध्यःश्रुतसेनोवृकोदरात्॥ अर्जुनाच्छ्रुतकीर्तिस्तुशतानीकस्तुनाकुलिः ॥२९॥ सहदेवसुतोराजन्श्रुतकर्मातथापरे॥ युधिष्ठिरात्तुपौरव्यांदेवकोऽथघटोत्कचः ॥३०॥ भीमसेनाद्धिडिंबायांकाल्यांसर्वगतस्ततः ॥ सहदेवात्सुहोत्रंतुविजयासूतपार्वती॥३१॥ करेणुमत्यांनकुलोनिरमित्रंतथार्जुनः॥इरावंतमुलूप्यांवैसुतायांबभ्रुवाहनं॥ मणिपूरपतेःसोऽपितत्पुत्रःपुत्रिकासुतः॥३२॥तवतातःसुभद्रायामभिमन्युरजायत॥ सर्वातिरथजिद्वीरउत्तरायांततोभवान् ॥३३॥परिक्षीणेषुकुरुषुद्रौणेर्ब्रह्मास्त्रतेजसा॥ त्वंचकृष्णानुभावेनसजीवोमोचितोऽतकात् ॥३४॥ तवेमेतनयास्तातजनमेजयपूर्वकाः॥श्रुतसेनोभीमसेनउग्रसेनश्चवीर्यवान् ॥३५॥ जनमेजयस्त्वांविदित्वातक्षकान्निधनंगतं॥सर्पान्वैसर्पयागाग्नौसहोष्यतिरुषाऽन्वितः॥३६॥ कावषेयं

શિષ્યોને પડયા મૂકીને, શાંત સ્વભાવ વાળા પોતાના પુત્ર, મને; આ પરમગુહ્ય ભાગવત શીખવ્યાથી; આ સંહિતા હું તેમના થકી શીખ્યો છું. ॥૨૨-૨૨½॥ ઉપર કહેલો વિચિત્ર વીર્ય કાશીરાજાની અંબીકા અને અંબાલિકા નામની સ્વયંવરમાંથી બળાત્કારે ભીષ્મે લાવેલી, બે દીકરીઓને પરણ્યો હતો; અને તેઓમાં તે અત્યંત આસક્ત થવાથી ક્ષય રોગ થઈને, મરણ પામ્યો હતો. ॥૨૩-૨૪॥ તેથી માતા સત્યવતીએ, વંશ રાખવાની આજ્ઞા કરવાથી, વેદ વ્યાસે પોતાના ભાઈ વિચિત્રવીર્યની સ્ત્રીઓને વિશે; ધૃતરાષ્ટ, પાંડુ, અને વિદુર નામના ત્રણ પુત્રો ઉપજાવ્યા હતા. ॥૨૫॥ હે રાજા, એ ધૃતરાષ્ટ્રને ગાંધારીમાં થયેલા સો પુત્રોમાં, દુર્યોધન મોટો હતો; અને તેને એક દુઃશળા નામની કન્યા પણ થઈ હતી. ॥૨૬॥ શ્રાપથકી મૈથુન કરવાથી અટકેલા, પાંડુ રાજાની સ્ત્રી કુંતીમાં, ધર્મ—વાયુ—અને ઈંદ્ર, એ દેવતાઓથકી; યુધિષ્ઠિર—ભીમસેન—અને અર્જુન એ ત્રણ મહારથી પુત્રો થયા હતા. ॥૨૭॥ અને પાંડુની માદ્રી નામની બીજી સ્ત્રીમાં, બેઉ અશ્વિની કુમારોથકી નકુલ અને સહદેવ નામના બે પુત્રો થયા હતા. ॥૨૮॥ યુધિષ્ઠિરથી પ્રતિવિંધ્ય—ભીમસેનથી શ્રુતસેન—અર્જુનથી શ્રુતકીર્તિ—નકુલથી શતાનિક—અને સહદેવથી શ્રુતકર્મા, નામોવાળા પુત્રો થયા હતા. અને તેઓને બીજી સ્ત્રીઓમાં પણ બીજા પુત્રો થયેલા હતા. એટલે યુધિષ્ઠિરથી પૌરવીમાં દેવક—ભીમસેનથી હિડંબામાં ઘટોત્કચ, અને કાલી નામની બીજી સ્ત્રીમાં સર્વગત,—સહદેવને પહાડી રાજાની કન્યા વિજયામાં સુહોત્રઃ—॥૨૯-૩૦-૩૧ નકુલથી કરેણુમતિમાં નિરમિત્ર—અર્જુનથી નાગ કન્યા ઉલુપીમાં ઇરાવાન, અને મણિપુરના રાજાની દીકરી ચિત્રાંગદામાં બભ્રુવાહન, તથા સુભદ્રાને વિશે અભિમન્યુ—એમ એ સર્વ અતિરથીઓને જીતનારા, વીર પુત્રો થયેલા હતા. તેમાંના બભ્રુવાહનને મણિપુરના રાજાએ, પોતાનો પુત્ર કરી રાખ્યો હતો; અને અભિમન્યુથકી ઉત્તરાને વિશે તમે થયા હતા. ॥૩૨-૩૩॥ કુરૂકુળનો નાશ થતાં, અશ્વત્થામાના બ્રહ્માસ્ત્રથી, તમે મરણ પામવા થકી, શ્રી કૃષ્ણ ભગવાનના પ્રભાવ વડેજ; બચીને જીવતા રહેલાછો. ॥૩૪॥ હે તાત, તમારા પરાક્રમી પુત્રો

જનમેજય-શ્રુતસેન-ભીમસેન-અને ઉગ્રસેન-એ ચાર છે. ॥૩૫॥ તેમાંનો જનમેજય, તમને તક્ષક નામે મારે-લાનું જાણીને, ક્રોધે ભરાઇ સર્પયાગ કરશે; અને તે અગ્નિમાં સર્પોને હોમશે. ॥૩૬॥ અને કાવષેય કુરના તુર નામના બ્રાહ્મણને પુરોહિત કરીને, તે અશ્વમેધ યજ્ઞ કરી સઘળી પૃથ્વીને જીતશે; તથા બીજા યજ્ઞ પણ કરશે. ॥૩૭॥ તેનો પુત્ર શતાનિક થશે, તે યાજ્ઞવલ્ક્ય ઋષિ પાસેથી ત્રણે વેદ અને અસ્ત્રવિદ્યા તથા કર્મ-વિદ્યા શીખશે. અને શૌનક ઋષિ પાસેથી, પરમાત્મા સંબંધી જ્ઞાન મેળવશે. ॥૩૮॥ એ શતાનિકનો સહસ્રા-નિક-તેનો અશ્વમેધજ-તેનો અસીમ કૃષ્ણ-અને તેનો નિમિચક્ર નામે પુત્ર થશે. ॥૩૯॥ અને હસ્તિનાપુરનો ગંગાજી થકી નાશ થયેથી, એ નિમિચક્ર રાજા, કૌશાંબી પુરીમાં સારી રીતે રાજ્ય કરશે. એ નિમિચક્રનો ઉક્ત-તેનો ચિત્રરથ-તેનો કવિરથ-તેનો વૃષ્ટિમાન-તેનો સુષેણ-તેનો સુનીથ-તેનો નૃચક્ષુ-તેનો સુખીનલ-તેનો

પરિપ્લવ-તેનો સુનય-તેનો મેધાવી-તેનો નૃપંજય-તેનો દુર્વ-તેનો નિમિ-તેનો બૃહદ્રથ-તેનો સુદાસ-તેનો શતા-નિક-તેનો દુર્દમન-તેનો બહિનર-તેનો દંડપાણી-તેનો નિમિ-અને તેનો ક્ષેમક નામે પુત્ર થશે. ॥૪૦-૪૧-૪૨-૪૩-॥ આ કલિયુગમાં ક્ષેમકરાજાથી નાશ પામી જનારો, બ્રહ્મક્ષત્ર એટલે જેમાં બ્રાહ્મણ અને ક્ષત્રીઓ થયેલા છે, તથા જેનો દેવ અને ઋષિઓએ સત્કાર કરેલો છે; એવો આ વંશ એ રીતે કહ્યો. ॥૪૪॥ હવે મગધ રાજાના વંશના પાછળ થનારા રાજાઓ કહું છું. સહદેવનો માર્જારી થશે, તેનો શ્રુતશ્રવા-તેનો અયુતાયુ-તેનો નિરમિત્ર-તેનો સુનક્ષત્ર-તેનો બૃહત્સેન-તેનો કર્મજીત તેનો શ્રુતંજય-તેનો વિપ્ર-તેનો શુચિ-તેનો ક્ષેમ-તેનો સુવ્રત-તેનો ધર્મસૂત્ર-તેનો સમ-તેનો દ્યુમતસેન-તેનો સુમતિ-તેનો સબળ-તેનો સુનીથ-તેનો સત્યજીત-તેનો વિશ્વજીત-અને તેનો રિપુંજય નામે પુત્ર થશે. પાછળ એક હજાર વરસોમાં થવાના એ બૃહદ્રથના

पुरोधायतुरंतुरगमेधयाट्॥ समंतात्पृथिवींसर्वांजित्वायक्ष्यातिचाध्वरैः॥३७॥ तस्यपुत्रःशतानीकोयाज्ञवल्क्यात्त्रयींपठन्॥ अस्त्रज्ञानंक्रिया ज्ञानंशौनकात्परमेष्यति॥३८॥ सहस्रानीकस्तत्पुत्रस्ततश्चैवाश्वमेधकः॥ असीमकृष्णस्तस्यापिनिमिचकस्तुतत्सुतः॥३९॥ गजाह्वयेहृते नद्याकौशांब्यांसाधुवत्स्यति॥ [illegible]स्तस्मात्कविरथःसुतः॥४०॥ तस्माद्वृष्टिमांस्तस्यसुषेणोऽथमहीपतिः॥ सुनीथस्तस्य भविता नृचक्षुर्यत्सुखीनलः॥४१॥ परिप्लवःसुतस्तस्मान्मेधावीसुनयात्मजः॥ नृपंजयस्ततोदूर्वस्तिमिस्तस्माज्जनिष्यति॥ तिमेर्बृहद्रथस्तस्माच्छ तानीकःसुदासजः॥४२॥ शतानीकाद्दुर्दमनस्तस्यापत्यंबहीनरः॥दंडपाणिर्निमिस्तस्यक्षेमकोभवितानृपः॥४३॥ ब्रह्मक्षत्रस्ययोवैप्रोक्तोवंशोदेवर्षिसत्कृतः॥क्षेमकंप्राप्यराजानंसंस्थांप्राप्स्यतिवैकलौ॥४४॥ अथमागधराजानोभवितारोवदामिते॥ भवितासहदेवस्यमार्जारिर्यच्छ्रुतश्रवाः॥४५॥ततोयुतायुस्तस्यापिनिरमित्रोथतत्सुतः॥सुनक्षत्रःसुनक्षत्राद्बृहत्सेनोथकर्मजित्॥४६॥ततःसुतंजयाद्विप्रःशुचिस्तस्यभविष्यति॥ क्षेमोऽथसुव्रतस्तस्माद्धर्मसूत्रःशमस्ततः॥४७॥ द्युमत्सेनोऽथसुमतिःसुबलोजनितातत:॥सुनीथःसत्यजिदथविश्वजिद्यद्रिपुंजयः॥बार्हद्रथा श्चभूपालाभाव्याः[illegible]समं॥४८॥ इ०भा०म०न०द्वाविंशोऽध्यायः॥२२॥ श्रीशुक०अनोःसभानरश्चक्षुःपरोक्षश्चसुतास्त्रयः॥ सभानरात्कालनरः[illegible]जयस्तत्सुतस्ततः॥१॥ जनमेजयस्तस्यपुत्रोम[illegible]शालोमहामनाः॥ उशीनरस्तितिक्षुश्चमहामनसआत्मजौ॥ शिबिर्वनःशमिर्दक्षश्चत्वारोशीनरात्मजाः॥२॥वृषादर्भःसुवीरश्चमद्रःकैकेयआत्मजाः॥ शिबेश्चत्वारएवासंस्तितिक्षोश्चरुशद्रथः॥३॥ ततोहेमोऽथसुतपा बलिःसुतपसोऽभवत्॥ अंगवंगकलिंगाद्याःसुह्मपुंड्रांध्रसंज्ञिताः॥४॥ जज्ञिरेदीर्घतमसोबलेःक्षेत्रेमहीक्षितः॥ चक्रुःस्वनाम्नाविषयान्षडिमान्प्राच्यकांश्चते॥५॥ खनपानोऽगतोजज्ञेतस्माद्दिविरथस्ततः॥सुतोधर्मरथोयस्यजज्ञेचित्ररथोऽप्रजः॥६॥ रोमपादइतिख्यातस्तस्मैदशरथःसखा॥ शांतांस्वकन्यांप्रायच्छदृष्यशृंगउवाह्[illegible]तां॥७॥ देवेवर्षतियंरामाआनिन्युर्हरिणीसुतं॥ नाट्यसंगीतवादित्रैर्विभ्रमालिंगनार्हणैः॥८॥ सतुराज्ञोनपत्यस्यनिरूप्येष्टिंमरुत्वतः॥प्रजामदाद्दशरथोयेनलेभेऽप्रजःप्रजाः॥९॥ चतुरंगोरोमपादात्पृथुलाक्षस्तुतत्सुतः॥बृहद्रथोबृहत्कर्मा

વંશના રાજાઓનાં નામો, મેં આ પ્રમાણે કહ્યાં. (અને તે પછીનાઓ બારમા સ્કંધમાં કહેવાશે.) ॥૪૫-૪૬-૪૭-૪૮॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ નવમા સ્કંધનો બાવિસમો અ૦ સંપૂર્ણ ॥૨૨॥

અધ્યાય ૨૩ મો.—શ્રીશુક—યયાતિ રાજાના પુત્ર અનુના સભાનર, ચક્ષુ, અને પરોક્ષ એ ત્રણ પુત્રો થયા હતા. સભાનરનો કાળનર-તેનો સંજય-તેનો જનમેજય-તેનો મહાશાળ-તેનો મહામના-અને તે-ના ઉશિનર તથા તિતિક્ષુ નામના બે પુત્રો થયા હતા. તે બે ઉશિનરને શિબી, વન, શમી, અને દક્ષ નામના ચાર દીકરા થયા હતા. ॥૧-૨॥ શિબીને વૃશાદર્ભ-સુવીર-મદ્ર અને કૈકેય નામના ચાર પુત્ર થયા. તેમજ તિતિક્ષુનો રૂશદ્રથ થયો હતો. ॥૩॥ રૂશદ્રથનો હેમ-તેનો સુતપા-અને તેનો બલી નામે પુત્ર થયો. એ પૃથ્વીપતિ બલીની સ્ત્રીમાં દીર્ઘતમા ઋષિથકી અંગ-વંગ-કલિંગ-સુહ્મ-પુંડ્ર-અને આંધ્ર નામના ૭ પુત્રો થયા હતા. તેમણે પોતાના નામો ઉપરથી પૂર્વ તરફના ૭ દેશો કરેલા છે. ॥૪-૫॥ તેઓમાં અંગનો ખનપાન-તેનો દિવિરથ-તેનો ધર્મરથ-અને તેનો ચિત્રરથ નામે પુત્ર થયો હતો. ॥૬॥ તે રોમપાદ નામથી વિખ્યાત છે. તેના મિત્ર દશરથ રાજાએ, તે રોમપાદને પોતાની શાંતા નામની કન્યા આપેલી હતી; તેને શ્રુંગી ઋષિ પરણ્યા હતા. ॥૭॥ એ રોમપાદ રાજાના દેશમાં વરસાદ નહીં વરસવાથી, આ હરણીના દીકરા શ્રુંગી ઋષિને વેશ્યાઓ, નાચ,-ગીત,-વાજીત્ર-વિલાસ-આલિંગન-અને પૂજન વિગેરેથી મોહ પમાડીને, લેઇ આવી હતી. ॥૮॥ તે શ્રુંગીઋષિએ, જે થકી સંતાન વિનાનાઓને સંતાનની પ્રાપ્તી થાયછે; એવી ઇંદ્રની ઇષ્ટિ, સંતાન વગરના દશરથરાજાને કરાવીને, તેમને પુત્ર-વાન કરયા હતા. ॥૯॥ એ રોમપાદનો ચતુરંગ-તેનો પૃથુલાક્ષ-તેના બૃહદ્રથ, બૃહદ્કર્મા, અને બૃહદ્ભાનુ નામે ત્રણ પુત્રો થયા હતા. ॥૧૦॥ બૃહદ્રથનો બૃહદ્મના-તેનો જયદ્રથ-તેનો વિજય-અને તેવિજયને સંભુતિ નામની સ્ત્રીમાં ધૃતિ નામે પુત્ર થયો હતો. ॥૧૧॥ એ ધૃતિનો ધૃતવ્રત-તેનો સત્કર્મા-અને તેનો અધિરથ નામે પુત્ર થયો હતો. તે અધિરથ ગંગાને તીરે ક્રિડા કરતાં, તણાતી આવેલી એક પેટીમાંથી; કુંતી કુંવારી છતાં પોતે તજેલો

પુત્ર, તેમાં રાખેલો હતો; તે મળી આવવાથી, સંતાન વિનાના એ અધિરથે (કર્ણ) તેને પુત્ર કરી રાખ્યો હતો. તે કર્ણ રાજાનો પુત્ર વૃષસેન થયો હતો. ॥૧૨-૧૩॥ યયાતિના પુત્ર દ્રુહ્યુનો બભ્રુ તેનો સેતુ-તેનો આરબ્ધ-તેનો ગાંધાર-તેનો ધર્મ-તેનો ધૃત-તેનો દુર્મના-તેનો પ્રચેતા થયો; અને એ પ્રચેતાના સો પુત્રો ઉત્તર દિશામાં રહીને મ્લેચ્છોના અધિપતિ થયા હતા. ॥૧૪-૧૫॥ યયાતિના દીકરા તુર્વસુનો વન્હી-તેનો ભર્ગ-તેનો ભાનુમાન તેનો ત્રિભાનુ-તેનો ઉદાર બુદ્ધિવાળો કરંધમ-અને તેનો મરૂતનામે પુત્ર થયો.એ મરૂત પ્રજા વિનાનો હોવાથી તેણે પુરૂના વંશના દુષ્યંતને પુત્ર કરી લીધા છતાં, રાજ્યની ઇચ્છાથી તે પાછો પોતાના વંશમાં જતો રહ્યો હતો. ॥૧૬-૧૭॥ હે પરીક્ષિત, હવે યયાતિ રાજાના મોટા પુત્ર યદુના વંશનું અતિ પવિત્ર, અને માણસોનાં પાપને નાશ કરનારૂં, વર્ણન કરૂંછું. ॥૧૮॥ જ્યાં પરમાત્મા ભગવાન મનુષ્યની આકૃતિથી અવત-રેલા હતા; તે યદુના વંશનું વર્ણન સાંભળવાથી મનુષ્યો સર્વ પાપો થકી મુક્ત થાય છે. ॥૧૯॥ યદુને સહસ્રજીત, ક્રોષ્ટા, નળ, અને રિપુ એ નામોવાળા ચાર પુત્રો થયા હતા. તેમાંના પેહેલા સહસ્રજીતનો શત-જીત નામે પુત્ર થયો. ॥૨૦॥ શતજીતને, મહાહય, વેણુહય, અને હૈહય નામના ત્રણ પુત્રો થયા હતા; તેમાં-ના હૈહયનો ધર્મ-તેનો નેત્ર,-તેનો કુંતી-તેનો સોહંજીત-તેનો મહિષ્માન-તેનો ભદ્રસેનક-અને તેના દુર્મદ અને ધનક નામના બે પુત્રો થયા હતા. અને ધનકને કૃતવીર્ય, કૃતાગ્ની, કૃતવર્મા, અને કૃતૌજા નામના ચાર પુત્રો થયા હતા. ॥ ૨૧-૨૨ ॥ તેમાં કૃતવીર્યનો સહસ્રાર્જુન નામે પુત્ર થયો, તે સાતે દ્વીપનો અધિપતિ થયો હતો. અને હરિ ભગવાનના અંશ ગુરૂ દત્તાત્રય થકી તેને, યોગની મોટી સિદ્ધિઓ પ્રાપ્ત થઇ હતી ॥ ૨૩ ॥ યજ્ઞ-દાન-તપ-યોગ-શાસ્ત્રાધ્યયન-પરાક્રમ-અને જશ આદિ વડે રાજાઓ, એ સહ-

बृहद्भानुश्चतत्सुताः॥१०॥आद्याद्बृहन्मनास्तस्माज्जयद्रथउदाहृतः॥विजयस्तस्यसंभूत्यांततोधृतिरजायत ॥११॥ ततोधृतव्रतस्तस्यसत्क
र्मोऽधिरथः॥ योसौगंगातटेक्रीडन्मंजूषांतर्गतंशिशुं॥१२॥ कुंत्यापविद्धंकानीनमनपत्योऽकरोत्सुतं॥ वृषसेनःसुतस्तस्यकर्णस्यजगती
पतेः॥१३॥ द्रुह्योश्चतनयोबभ्रुःसेतुस्तस्यात्मजस्ततः॥आरब्धस्तस्यगांधारस्तस्यधर्मसुतोधृतः॥१४॥धृतस्यदुर्मनास्तस्मात्प्रचेताःप्राचेत
संशतं॥ म्लेच्छाधिपतयोऽभूवन्नुदीचींदिशमाश्रिताः॥१५॥ तुर्वसोश्चसुतोवह्निर्वह्नेर्भर्गोऽथभानुमान्॥ त्रिभानुस्तत्सुतोऽस्यापिकरंधमउ
दारधीः॥१६॥ मरुतस्तत्सुतोऽपुत्रःपुत्रंपौरवमन्वभूत्॥ दुष्यंतःसपुनर्भेजेस्वंवंशंराज्यकामुकः॥१७॥ ययातेर्ज्येष्ठपुत्रस्ययदोर्वंशंनरर्षभ
॥ वर्णयामिमहापुण्यंसर्वपापहरंनृणां॥१८॥यदोर्वंशंनरःश्रुत्वासर्वपापैःप्रमुच्यते॥यत्रावतीर्णोभगवान्परमात्मानराकृतिः॥१९॥यदोःसहस्र
जित्क्रोष्टानलोरिपुरितिश्रुताः॥ चत्वारःसूनवस्तत्रशतजित्प्रथमात्मजः॥२०॥ महाहयोवेणुहयोहैहयश्चेतितत्सुताः॥ धर्मस्तुहैहयसुतोनेत्रः
कुंतेःपिताततः॥२१॥ सोऽहंजिरभवत्कुंतेर्महिष्मान्भद्रसेनकः॥ दुर्मदोभद्रसेनस्यधनकःकृतवीर्यसूः॥ कृताग्निःकृतवर्माचकृतौजाधनका
त्मजाः॥२२॥अर्जुनःकृतवीर्यस्यसप्तद्वीपेश्वरोऽभवत्॥ दत्तात्रेयाद्धरेरंशात्प्राप्तयोगमहागुणः॥२३॥ ननूनंकार्तवीर्यस्यगतिंयास्यंतिपार्थिवाः
॥ यज्ञदानतपोयोगश्रुतवीर्यजयादिभिः॥२४॥ पंचाशीतिसहस्राणिह्यव्याहतबलःसमाः॥ अनष्टवित्तस्मरणोबुभुजेऽक्षय्यषड्वसु॥२५॥ त
स्यपुत्रसहस्रेषुपंचैवोर्वरितामृधे॥ जयध्वजःशूरसेनोवृषभोमधुरूर्जितः॥२६॥ जयध्वजात्तालजंघस्तस्यपुत्रशतंत्वभूत्॥ क्षत्रंयत्तालजंघा
ख्यमौर्वतेजोपसंहृतं॥२७॥तेषांज्येष्ठोवीतिहोत्रोवृष्णिःपुत्रोमधोःस्मृतः॥ तस्यपुत्रशतंत्वासीद्वृष्णिज्येष्ठंयतःकुलं॥२८॥ माधवावृष्णयोरा
जन्यादवाश्चेतिसंज्ञिताः॥ यदुपुत्रस्यचक्रोष्टोःपुत्रोवृजिनवांस्ततः॥२९॥ श्वाहिस्ततोरुशेकुर्वैतस्यचित्ररथस्ततः॥ शशबिंदुर्महायोगीमहा
भोजोमहानभूत्॥३०॥ चतुर्दशमहारत्नश्चक्रवर्त्यपराजितः॥ तस्यपत्नीसहस्राणांदशानांसुमहायशाः॥३१॥दशलक्षसहस्राणिपुत्राणांता
स्वजीजनत्॥तेषांतुषट्प्रधानानांपृथुश्रवसआत्मजः॥३२॥ धर्मोनामोशनातस्यहयमेधशतस्ययाट्॥ तत्सुतोरुचकस्तस्यपंचासन्नात्मजाःशृ

સ્રાર્જુનની સ્થિતિને, ખચીત પહોંચી શકવાના નથીજ; ॥ ૨૪ ॥ તેણે બળની ક્ષીણતા નહીં થતાં, તથા ધનનો નાશ અને યુદ્ધમાં પરાજય થયા વિનાજ, પંચ્યાશી હજાર વરસો સુધી; છ ઇંદ્રિયોના વિષયો રૂપી, અક્ષય વૈભવો ભોગવ્યા હતા. ॥૨૫॥ તેના હજાર પુત્રોમાંથી માત્ર જયધ્વજ-સુરસેન-વૃષભ-મધુ-અને ઉર્જીત એ નામોવાળા પાંચજ, યુદ્ધમાં પરશુરામે મારી નાંખતા થકી, બચેલા હતા; ॥૨૬॥ તેમાંના જય-ધ્વજનો તાળજંઘ નામે પુત્ર થયો, અને તેને સો પુત્રો થયા હતા; એ તાળજંઘ નામથી કહેવાતા ક્ષત્રીઓને, ઔર્વ ૠષિના પ્રભાવથી સગર રાજાએ, મારી નાંખ્યા હતા. ॥૨૭॥ તેઓમાં મોટો વિતિહોત્ર હતો. અને મધુને પણ સો પુત્રો હતા; તેઓમાં મોટો વૃષ્ણી હતો. ॥૨૮॥ એ મધુ-વૃષ્ણી-અને-યદુનાં નામો ઉપરથી, તેમના વંશજોનાં; માધવ-વૃષ્ણી-અને યાદવ, એ નામો પડ્યાં હતાં; યદુના પુત્ર ક્રોષ્ટુનો વૃજનવાન- તેનો શ્વાહી-તેનો-રૂશેક-તેનો ચિત્રરથ-અને તેનો શશબિંદુ નામે પુત્ર થયો; એ શશબિંદુ મોટો યોગી-ઘણા વૈભવને ભોગવનારો-મહાત્મા-ચક્રવર્તી-અને કોઇ પણ ઠેકાણે પરાભવ નહીં પામનારો હતો. તથા ચૌદ રત્ન (એટલે હાથી-ઘોડા-રથ,-સ્ત્રીઓ-બાણ-ભંડાર-ફુલ-વસ્ત્ર-ઝાડ,-શાંગ-પાશ-મણિ,-છત્ર-અને વિમાન;) તેની પાસે હતાં. એ મોટી કીર્તિવાળા રાજાને દસહજાર સ્ત્રીઓ હતી. ॥૨૯॥-॥૩૦॥૩૧॥ અને તેઓમાં તેણે એક લાખ ને દસહજાર પુત્રો ઉત્પન્ન કરયા હતા.તેઓમાં મુખ્ય છ હતા.તેમાંના એક પૃથુશ્રવાનો પુત્ર ધર્મ-તેનો સો અશ્વમેધ કરનારો ઉશના-અને તેનો રૂચક નામે પુત્ર થયો હતો. એ રૂચકને પુરૂજીત, રૂક્મ, રૂક્મેષુ, પૃથુ, અને જયામઘ એ નામોવાળા પાંચ પુત્રો થયા હતા. ॥૩૨-૩૩॥ શૈબ્યાનો સ્વામી એ જયામઘ રાજા સંતાન રહિત છતાં, શૈબ્યાની બીહીકથી બીજી સ્ત્રી કરી શકતો નહોતો. તે એક વખતે શત્રુને ઘેરથી, ભોજ્યા નામની કંન્યાનું હરણ કરીને આવતાં, શૈબ્યાએ તેને રથમાં બેઠેલી દેખીને; તેણીએ ક્રોધથી જયામઘને કહ્યું કે; " હે કપટી, રથને વિશે મારે બેસવાની જગાએ, કોને બેસાડી છે. " ॥૩૪-૩૫॥

ત્યારે રાજાએ તેને સ્નુષા કહેવાથી, તેણીએ હસીને સ્વામીને કહ્યું કે; " હું તો સંતાન વિનાની છું, અને મારે શોક્ય પણ નથી; તો મને દીકરાની વહુ (સ્નુષા) ક્યાંથી હોય." ॥૩૬॥ ત્યારે જ્યામધે કહ્યું કે, " હે રાણી તને દીકરો આવશે; તેની એ વહુ થશે. " તેથી જ્યામધે પુજેલા વિશ્વદેવતાઓને, અને પિતૃઓને; તેની દયા આવવાથી, તેમણે તે વખતે "તથાસ્તુ" એમ કહ્યું. ॥૩૭॥ એટલે પછીથી શૈબ્યાએ ગર્ભ ધારણ કરેલો, અને સમય પ્રાપ્ત થયેથી તેને ઉત્તમ સ્વરૂપવાન કુમાર જન્મ્યો; તેનું નામ વિદર્ભ કહેવાય છે. અને તે ઉપર કહેલી (સ્નુષા) કન્યા, જે સતી હતી, તેને જ પરણ્યો. ॥૩૮॥ ઇતિશ્રી૦ ભા૦ ન૦ સ્કં૦ ત્રે૦ અ૦ સં૦ ॥૨૩॥

અધ્યાય ૨૪ મો.—શ્રીશુક—એ કન્યામાં વિદર્ભ રાજાએ કુશ—ક્રથ—અને વિદર્ભના કુળને આનંદ આપનાર રોમપાદ એ ત્રણ પુત્રોને ઉત્પન્ન કર્યા હતા. ॥૧॥ એ રોમપાદનો બભ્રુ—તેનો કૃતિ—તેનો ઉશિક—તેનો ચેદી—અને તેના દમઘોષ વગેરે પુત્રો થયા હતા. ॥૨॥ ક્રથનો કુંતી—તેનો ધૃષ્ટી—તેનો નિર્વૃતિ—તેનો દશાર્હ—તેનો વ્યોમ—તેનો જીમુત—તેનો વિકૃતિ—તેનો ભીમરથ—તેનો નવરથ—તેનો દશરથ—તેનો શકુની—તેનો કરંભી તેનો દેવરાત—તેનો દેવક્ષત્ર—તેનો મધુ—તેનો કુરુવશ—તેનો અનુ—તેનો પુરૂહોત્ર—તેનો આયુ—અને તેનો સાત્વત નામે પુત્ર થયો હતો. હે રાજા, તે સાત્વતના ભજમાન, ભજી, દિવ્ય, વૃષ્ણી, દેવાવૃધ, અંધક, અને મહાભોજ, એ નામો વાળા સાત પુત્રો થયા હતા; તેમાંના પેહેલા ભજમાનને એક સ્ત્રીમાં નિમ્લોચિ કિંકિણ, અને વૃષ્ણી; તથા બીજીમાં શતાજીત, સહસ્ત્રાજીત, અને અયુતાજીત; નામોવાળા પુત્રો થયા હતા. ॥૩-૪-

णु॥ पुरुजिद्रुक्मरुक्मेषुपृथुज्यामघसंज्ञिताः ॥३३॥ ज्यामघस्त्वप्रजोऽप्यन्यांभार्यांशैब्यापतिर्भयात् ॥ नाविंदच्छत्रुभवनाद्भोज्यांकन्यामहा रषीत् ॥३४॥ रथस्थांतांनिरीक्ष्याहशैब्यापतिममर्षिता॥ केयंकुहकमत्स्थानंरथमारोपितेतिवै॥३५॥स्नुषातवेत्यभिहितंस्मयंतीपतिमब्रवीत् अहंवंध्याऽसपत्नीचस्नुषामेयुज्यतेकथं ॥३६॥ जनयिष्यसियंराज्ञि[illegible]ते॥ अन्वमोदंततद्विश्वेदेवाःपितरएवच॥३७॥शैब्यागर्भ मधात्कालेकुमारंसुषुवेशुभं ॥ सविदर्भइतिप्रोक्तउपयेमेस्नुषांसतीं ॥३८॥ इ०भा०म०न० यदुवंशानुवर्णनेत्रयोविंशोऽध्यायः ॥ २३ ॥ श्रीशुक०तस्यांविदर्भोजनयत्पुत्रौनाम्नाकुशक्रथौ॥तृतीयंरोमपादंचविदर्भकुलनंदनं॥१॥ रोमपादसुतोबभ्रुर्बभ्रोःकृतिरजायत॥उशिकस्त त्सुतस्तस्माच्चेदिश्चैद्यादयोनृप ॥२॥ क्रथस्यकुंतिःपुत्रोभूद्धृष्टिस्तस्याथनिर्वृतिः॥ततोदशार्होनाम्नाऽभूत्तस्यव्योमःसुतस्ततः ॥३॥ जीमूतोवि कृतिस्तस्ययस्यभीमरथःसुतः॥ततोनवरथःपुत्रोजातोदशरथस्ततः ॥४॥ करंभिःशकुनेःपुत्रोदेवरातस्तदात्मजः॥देवक्षत्रस्ततस्तस्यमधुःकु रुवशादनुः ॥५॥ पुरुहोत्रस्त्वनोःपुत्रस्तस्यायुःसात्वतस्ततः॥भजमानोभजिर्दिव्योवृष्णिर्देवावृधोऽधकः॥६॥सात्वतस्य सुताःसप्तमहाभोजश्च मारिष॥भजमानस्यनिम्लोचिःकिंकिणोवृष्णिरेवच ॥७॥ एकस्यामात्मजाःपत्न्यामन्यस्यांचत्रयःसुताः॥शताजिच्चसहस्राजिदयुताजिदिति प्रभो ॥८॥ बभ्रुर्देवावृधसुतस्तयोःश्लोकौपठंत्यमू ॥ यथैवशृणुमोदूरात्संपश्यामस्तथांऽतिकात् ॥९॥बभ्रुःश्रेष्ठोमनुष्याणांदेवैर्देवावृधःसमः ॥ पुरुषाःपंचषष्टिश्चषट्सहस्राणिचाष्टच ॥१०॥ येऽमृतत्वमनुप्राप्ताबभ्रोर्देवावृधादपिमहाभोजोऽपिधर्मात्माभोजाआसंस्तदन्वये॥११॥वृ ष्णेःसुमित्रःपुत्रोऽभूद्युधाजिच्चपरंतप॥ शिनिस्तस्यानमित्रश्चनिम्नोऽभूदनमित्रतः ॥१२॥ सत्राजितःप्रसेनश्चनिम्नस्याप्यासतुःसुतौ॥अ नमित्रसुतोयोऽन्यःशिनिस्तस्याथसत्यकः ॥१३॥ युयुधानःसात्यकिर्वैजयस्तस्यकुणिस्ततः॥युगंधरोऽनमित्रस्यवृष्णिःपुत्रोऽपरस्ततः॥१४ श्वफल्कश्चित्ररथश्चगांदिन्यांचश्वफल्कतः ॥ अक्रूरप्रमुखाआसन्पुत्राद्वादशविश्रुताः॥१५॥आसंगःसारमेयश्चमृदुरोमृदुविद्गिरिः॥धर्मवृद्धः सुकर्माचक्षेत्रोपेक्षोऽरिमर्दनः ॥१६॥ शत्रुघ्नोगंधमादश्चप्रतिबाहुश्चद्वादश॥तेषांस्वसासुचीराख्याद्वावक्रूरसुतावपि ॥१७॥ देववानुपदेवश्च तथाचित्ररथात्मजाः॥पृथुर्विदूरथाद्याश्चबहवोवृष्णिनंदनाः॥१८॥ कुकुरोभजमानश्चशुचिःकंबलबर्हिषः॥कुकुरस्यसुतोवन्हिर्विलोमातनय

૫-૬-૭-॥ સાત્વતના પાંચમા પુત્ર દેવાવૃધનો બભ્રુ નામે પુત્ર થયો તે બાપ દીકરા બેઉને વિશે લોકોમાં શ્લોક બોલાય છે કે; " તે બેઉને દૂરથી જેવા સાંભળીએ છીએ, તેવાજ પાસે જવાથી જોવામાં આવે છે; બભ્રુ મનુષ્યોમાં શ્રેષ્ઠ છે, અને દેવાવૃધ દેવતાઓના સરખો છે; છ હજાર આઠસેને પાંસઠ પુરુષો, એ બભ્રુ અને દેવાવૃધની પાછળ; એટલે તેમના ઉપદેશ થકી, મોક્ષને પામેલા છે." સાત્વતનો સાતમો પુત્ર મહાભોજ પણ ધર્માત્મા હતો. અને તેના થકી ચાલેલો વંશ, ભોજકુળ કહેવાય છે ॥૯-૧૦-૧૧॥ સાત્વતના ચોથા પુત્ર વૃષ્ણીનો સુમિત્ર—તેનો યુધાજીત—અને તેના શિની અને અનમિત્ર નામના બે પુત્રો થયા હતા. અનમિત્રનો નિમ્ન,—અને એ નિમ્નના સત્રાજીત અને પ્રસેન નામે, બે પુત્રો થયા હતા. અનમિત્રનો બીજો બાપ શિની હતો—તેનો સત્યક—તેનો સાત્યકી તેજ યુયુધાન—તેનો જય—તેનો કુણી અને તેનો યુગંધર નામે પુત્ર થયો હતો. અનમિત્રના ત્રીજા દીકરા વૃષ્ણીના શ્વફલ્ક અને ચિત્રરથ નામે બે પુત્રો થયા હતા. શ્વફલ્કને ગાંદિનિ નામની સ્ત્રીમાં, અક્રુર—આસંગ—સારમેય—મૃદુર—મૃદુવિત—ગિરી—ધર્મવૃદ્ધ—સુકર્મા—ક્ષેત્રોપેક્ષ—અરિમર્દન—શત્રુઘ્ન—ગંધમાદ—અને પ્રતિબાહુ નામના તેર વિખ્યાત પુત્રો અને સૂચિરા નામની એક દીકરી થઈ હતી. ॥૧૨-૧૩-૧૪-૧૫-૧૬૧૭॥ અક્રૂરને દેવવાન્ અને ઉપદેવ નામના બે પુત્રો થયા. અને અક્રૂરના કાકા ચિત્રરથને વૃષ્ણીકુળને આનંદ પમાડનાર પૃથુ અને વિદુરથ વિગેરે ઘણા પુત્રો થયા હતા. ॥૧૮॥ સાત્વતના છઠ્ઠા પુત્ર અંધકને કુકુર—ભજમાન—શુચિ—અને કંબળબર્હિશ એ ચાર પુત્રો થયા; તેમાંના કુકુરનો વન્હી—તેનો વિલોમા—તેનો કપોતરોમા—અને તેનો અનુ નામે પુત્ર થયો. તુંબુરૂ નામનો ગંધર્વ એ અનુનો મિત્ર હતો. એ અનુનો અંધક—તેનો દુંદુભી—તેનો અરિદ્યોત—અને તેનો પુનર્વસુ નામે પુત્ર થયો. ॥૧૯-૨૦॥ પુનર્વસુને આહુક નામનો પુત્ર

અને આહુકી નામની કન્યા થઇ હતી; એ આહુકને દેવક અને ઉગ્રસેન નામે બે પુત્રો થયા. તેમાંના દેવકને દેવવાન, ઉપદેવ, સુદેવ, અને દેવવર્ધન નામે ચાર પુત્રો; તથા ધૃતદેવા, શાંતિદેવા, ઉપદેવા, શ્રીદેવા, દેવ રક્ષિતા, સહદેવા, અને દેવકી એ નામો વાળી સાત દીકરીઓ થઇ હતી; તે સાતેને વસુદેવ પરણ્યા હતા. ॥૨૧-૨૨-૨૩॥ દેવકના મોટાભાઇ ઉગ્રસેનને કંસ, સુનામા, ન્યગ્રોધ, કંક, શંકુ, સુહુ, રાષ્ટ્રપાલ, સૃષ્ટિ, અને તુષ્ટિમાન નામના નવ દીકરા; અને કંસા, કંસવતી, કંકા, શુરભુતિ તથા રાષ્ટ્રપાલિએ નામો વાળી પાંચ દીકરીઓ થઇ હતી. એ પાંચેને વસુદેવના નાના ભાઇઓ પરણ્યા હતા. ॥૨૪-૨૫॥ અક્રુરના કાકા ચિત્રરથના પુત્ર વિદુરથનો શૂર-તેનો ભજમાન-તેનો શિની-તેનો સ્વાયંભુજ-તેનો હૃદિક-તેના દેવબાહુ, શતધનુ, કૃતવર્મા, તથા દેવમીઢ નામના ચાર પુત્રો થયા હતા. ને દેવમીઢનો શૂર નામે પુત્ર હતો. તેને મારિશા નામની સ્ત્રીમાં,

વસુદેવ-દેવભાગ-દેવશ્રવા-આનક-સૃંજય-શ્યામક-કંક-શમિક-વત્સક-અને વૃક નામો વાળા નિર્દોષ દસ પુત્રો થયા હતા. જેના પુત્ર શ્રીકૃષ્ણ ભગવાન છે, તે વસુદેવનો જન્મ થવા ટાણે દેવનાં દુંદુભી અને આનક વાગવાથી; તેમનું નામ " આનક દુંદુભી " પણ કહેવાય છે. પૃથા-શ્રુતદેવા-શ્રુતકીર્તિ-શ્રુતશ્રવા અને રાજાધિદેવી નામોવાળી વસુદેવની પાંચ બહેનો હતી. તેઓમાં મોટી પૃથાને, તેના બાપ શૂરે, અપુત્ર કુંતી રાજાને દીકરી તરીકે આપેલી હતી; તેથી તે કુંતી કહેવાય છે. ॥૨૬-૨૭-૨૮-૨૯-૩૦-૩૧॥ દુર્વાસા ઋષિને પ્રસન્ન કરવાથકી, એ પૃથાને " દેવહુતી " (એટલે જે દેવને બોલાવે તે આવીને તેની પાસે હાજર થાય એવી) વિદ્યા મળી હતી. એ પવિત્ર પૃથાએ, તે મંત્રની પરીક્ષા જોવા સારૂં સૂર્ય દેવને બોલાવવાથી, સૂર્યને તેણે આવેલા દેખી; વિસ્મય પામીને કહ્યું કે; " મેં તો તમને પારખું જોવા સારૂં બોલાવ્યા હતા, માટે

स्नातः॥१९॥ कपोतरोमातस्यानुःसखायस्यचतुंबुरुः॥अंधकोदुंदुभिस्तस्मादरिद्योतःपुनर्वसुः॥२०॥ तस्याहुकश्चाहुकीचकन्याचैवाहुकात्मजौ [illegible] श्चोग्रसेनश्चचत्वारोदेवकात्मजाः ॥२१॥ देववानुपदेवश्चसुदेवोदेववर्धनः॥तेषांस्वसारःसप्तासन्धृतदेवादयोनृप ॥२२॥ शांतिदेवोपदेवाचश्रीदेवादेवरक्षिता॥सहदेवादेवकीचवसुदेवउवाहताः॥२३॥ कंसःसुनामान्यग्रोधःकंकःशंकुःसुहूस्तथा॥राष्ट्रपालोऽथसृष्टिश्चतुष्टिमानौग्रसेनयः ॥२४॥ कंसाकंसवतीकंकाशूरभूराष्ट्रपालिका॥उग्रसेनदुहितरोवसुदेवानुजस्त्रियः ॥२५॥ शूरोविदूरथादासीद्भजमानःसुतस्ततः॥शिनिस्तस्मात्स्वयंभोजोहृदीकस्तत्सुतोमतः॥२६॥ देवबाहुःशतधनुःकृतवर्मेतितत्सुताः॥ देवमीढस्यशूरस्यमारिषानामपत्न्यभूत् ॥२७॥ तस्यांसजनयामासदशपुत्रानकल्मषान्॥वसुदेवंदेवभागंदेवश्रवसमानकं ॥२८॥ सृंजयंश्यामकंकंकंशमीकंवत्सकंवृकं॥देवदुंदुभयोनेदुरानकायस्यजन्मनि ॥२९॥ वसुदेवंहरेःस्थानंवदंत्यानकदुंदुभिं॥पृथाचश्रुतदेवाचश्रुतकीर्तिःश्रुतश्रवाः॥३०॥ राजाधिदेवीचैतेषां भगिन्यःपंचकन्यकाः॥कुंतेःसख्युःपिताशूरोह्यपुत्रस्यपृथामदात् ॥३१॥ सापदुर्वाससोविद्यांदेवहूतींप्रतोषितात्॥तस्यावीर्यपरीक्षार्थमाजुहावरविंशुचिं॥३२॥ तदैवोपागतंदेवंवीक्ष्यविस्मयमानसा॥प्रत्ययार्थंप्रयुक्तामेयाहिदेवक्षमस्वमे ॥३३॥ अमोघंदर्शनंदेविआधत्सेत्वयिचात्मजं॥योनिर्यथानदुष्येतकर्ताहंतेसुमध्यमे ॥३४॥ इतितस्यांसआधायगर्भंसूर्योदिवंगतः॥सद्यःकुमारःसंजज्ञेद्वितीयइवभास्करः ॥३५॥ तं साऽत्यजन्नदीतोयेकृच्छ्राल्लोकस्यबिभ्यती॥प्रपितामहस्तामुवाहपांडुर्वैसत्यविक्रमः॥३६॥ श्रुतदेवांतुकारूषोवृद्धशर्मासमग्रहीत्॥यस्यामभूद्दंतवक्रऋषिशप्तोदितेःसुतः ॥३७॥ कैकेयोधृष्टकेतुश्चश्रुतकीर्तिमविंदत॥संतर्दनाद[illegible]कयाःसुताः॥३८॥ राजाधिदेव्यामावंत्यौजयसेनोऽजनिष्टह॥दमघोषश्चेदिराजःश्रुतश्रवसमग्रहीत् ॥३९॥ शिशुपालःसुतस्तस्याःकथितस्तस्यसंभवः॥ देवभागस्यकंसायांचित्रकेतुबृहद्बलौ॥४०॥ कंसावत्यांदेवश्रवसःसुवीरइषुमांस्तथा॥कंकायामानकाज्जातःसत्यजित्पुरुजित्तथा ॥४१॥ सृंजयोराष्ट्रपाल्यांचवृषदुर्मर्षणादिकान्॥हरिकेशहिरण्याक्षौशूरभूम्यांचश्यामकः ॥४२॥ मिश्रकेश्यामप्सरसिवृकादीन्वत्सकस्तथा॥तक्षपुष्करशालादीन्दुर्वाक्ष्यांवृकआदधे ॥४३॥ सुमित्रार्जुनपालादीन्शमीकात्तुसुदामिनी॥कंकश्चकर्णिकायांवैऋतधामजयावपि ॥४४॥ पौरवीरोहिणीभद्रामदिरारोचना

માફ કરો; અને પાછા પધારો." ॥૩૨-૩૩॥ ત્યારે સૂર્ય દેવે કહ્યું કે, " હે દેવી મારૂં દર્શન મિથ્યા થશે નહીં; તેથી તને યોનિને દુઃખ નહીં લાગે એમ, હું તારે વિષે પુત્ર ઉત્પન્ન કરીશ." ॥૩૪॥ એ રીતે તેનામાં ગર્ભ રાખીને, સૂર્ય દેવ આકાશમાં ચાલ્યા ગયા. તે પછી જલદીજ તેને બીજા સૂર્ય જેવો દીકરો અવતર્યો. ॥૩૫॥ તે પુત્રને લોકાપવાદની બીકથી તેણીએ નદીના જળની અંદર તજી દીધો હતો; એ પૃથાને તમારા પરદાદા મહા પરાક્રમી પાંડુ રાજા પરણ્યા હતા. ॥૩૬॥ વસુદેવની બીજી બેન શ્રુતદેવાને કરૂષ દેશનો રાજા વૃદ્ધશર્મા પરણ્યો હતો; તેમાં તેને દંતવક્ર નામે પુત્ર થયો. જે પૂર્વ જન્મે દિતિનો પુત્ર દૈત્ય, સનકાદિકના શ્રાપવડે થયેલો હતો. ॥૩૭॥ વસુદેવની ત્રીજી બેન શ્રુતકીર્તિને કેકય દેશનો રાજા ધૃષ્ટકેતુ પરણ્યો હતો, તેમાં તેને સંતર્દન વગેરે પાંચ પુત્રો થયા હતા. ॥૩૮॥ વસુદેવની ચોથી બેન શ્રુતશ્રવાને ચેદીનો રાજા, દમઘોષ પરણ્યો હતો; તેમાં તેને શિશુપાળ નામે પુત્ર થયો હતો. તેની ઉત્પત્તિ વિષે પ્રથમ

કહેવાયલું છે. વસુદેવની પાંચમી બેન રાજાધિદેવીને માળવાનો રાજા જયસેન પરણ્યો હતો; તેમાં તેને વિંદ અને અનુવિંદ નામે બે પુત્રો થયા હતા. વસુદેવના ભાઇ દેવભાગને કંસાવતી નામની સ્ત્રીમાં, ચિત્રકેતુ અને બૃહદ્બળ નામે બે પુત્રો થયા હતા. ॥૩૯-૪૦॥ વસુદેવના ભાઇ દેવશ્રવાને કંસા નામની સ્ત્રીમાં, સુવીર અને ઇષુમાન નામે બે પુત્રો થયા હતા. વસુદેવના ભાઇ આનકને કંકા નામની સ્ત્રીમાં, સત્યજીત અને પુરૂજીત નામે બે પુત્રો થયા હતા. ॥૪૧॥ વસુદેવના ભાઇ સૃંજયને રાષ્ટ્રપાલિ નામની સ્ત્રીમાં વૃષ, અને દુર્મર્ષણ વગેરે પુત્રો થયા હતા. વસુદેવના ભાઇ શ્યામકને શુરભૂમિ નામની સ્ત્રીમાં હરિકેશ અને હિરણ્યાક્ષ નામે બે પુત્રો થયા હતા. ॥૪૨॥ વસુદેવના ભાઇ વત્સકને મિશ્રકેશી નામની અપ્સરામાં, વૃક વગેરે પુત્રો થયા હતા. વસુદેવના ભાઇ વૃકને દુર્વાક્ષી નામની સ્ત્રીમાં, તક્ષ-પુષ્કર-અને શાળ વિગેરે પુત્રો થયા હતા. ॥૪૩॥ વસુદેવના ભાઇ શમિકને સુદામની નામની સ્ત્રીમાં, સુમિત્ર-અર્જુન-અને પાલ વગેરે પુત્રો થયા હતા. વસુ-

દેવના ભાઈ દેકને કાર્ણુકા નામની સ્ત્રીમાં, કૃતધામા અને જય નામે બે પુત્રો થયા હતા. ॥૪૪॥ પૌરવી-રોહિણી-ભદ્રા-મદિરા-રોચના-ઇલા અને દેવકી વિગેરે સાત વસુદેવની સ્ત્રીઓ હતી. ॥૪૫॥ વસુદેવને રોહિણી નામની સ્ત્રીમાં બળભદ્ર-ગદ-સારણ-દુર્મદ-વિપુલ-ધ્રુવ-અને કૃત વિગેરે પુત્રો થયા હતા. ॥ ૪૬ ॥ પૌરવીમાં, સુભદ્ર-ભદ્રબાહુ-દુર્મદ-ભદ્ર-અને ભૂત વગેરે બાર પુત્રો થયા હતા. ॥૪૭॥ મદિરામાં નંદ-ઉપનંદ-કૃતક અને શૂર, વગેરે પુત્રો થયા હતા. અને ભદ્રામાં, કેશી નામનો એકજ ઉત્તમ પુત્ર થયો હતો. ॥૪૮॥ રોચનામાં, હસ્ત અને હેમાંગદ વગેરે પુત્રો થયા હતા, અને ઇલામાં, ઉરૂ અને વલ્ક વગેરે ઉત્તમ પુત્રો થયા હતા. ॥ ૪૯ ॥ હે રાજન, એ વસુદેવને ધૃતદેવા નામની સ્ત્રીમાં, વિપૃષ્ઠ નામે એક પુત્ર થયો હતો, ને શાંતિદેવામાં શ્રમ અને પ્રતિશ્રુત વિગેરે પુત્રો થયા હતા. ॥૫૦॥ ઉપદેવામાં, કલ્પવર્ષ વિગેરે દશ પુત્રો થયા હતા, ને શ્રીદેવામાં વસુ-હંસ-ને સુવંશ વિગેરે છ પુત્રો થયા હતા ॥૫૧॥ દેવરક્ષિતામાં ગદ વિગેરે નવ પુત્રો થયા હતા. અને ધર્મને વસુ નામના આઠ પુત્રો થવાની પેઠે; વસુદેવને પણ સહદેવા નામની સ્ત્રીમાં, પુરૂ અને વિશ્રુત વગેરે આઠ પુત્રો થયા હતા. તથા વસુદેવને દેવકી નામની સ્ત્રીમાં કીર્તિમાન-સુષેણ-ભદ્રસેન-ઋજુ-સંમર્દન-ભદ્ર-અને શેષનો અવતાર બળભદ્ર, તથા આઠમા હરિભગવાન કૃષ્ણ પોતેજ થયેલા હતા. અને હે રાજા, તમારી દાદી ભાગ્યશાળી સુભદ્રા એ એકલીજ, તેમની પુત્રી થયાં હતાં ॥૫૨-૫૩-૫૪-૫૫॥ જ્યારે જ્યારે આ લોકમાં ધર્મનો નાશ થઇને, પાપી મનવાળા મનુષ્યોનો, વધારો થાય છે; ત્યારે ત્યારે ઇશ્વર હરિભગવાન પોતે અવતાર ધારણ કરે છે. ॥૫૬॥ હે રાજા, પરમપુરૂષ-દ્રષ્ટા-અને આત્મ સ્વરૂપ, એ ઇશ્વર ભગવાનને, પોતાની માયાવડે જન્મ લેવાનું અને કર્મો કરવાનું,એ વિના બીજું કારણ હોયજ નહીં ॥૫૭॥ કે જેનું, (તેમજ માયાવડે બાંધેલા જન્મ અને કર્માદિકનું) કીર્તન આદિક કરવાથકી પુરૂષોને થતા જન્મ મરણ રૂપ સંસારનો, નાશ થઇ જાય છે; અને જે કર્મો આદિકથકી નિવૃત્તિ પમાડવા રૂપ અનુગ્રહ કરનારૂં, તથા આત્મસ્વરૂપનો લાભ

इला॥देवकीप्रमुखाआसन्पत्न्यआनकदुंदुभेः॥४५॥ बलंगदंसारणंचदुर्मदंविपुलंध्रुवं॥वसुदेवस्तुरोहिण्यांकृतादीनुदपादयत् ॥४६॥ सुभद्रो भद्रबाहुश्चदुर्मदोभद्रएवच॥ पौरव्यास्तनयाह्येतेभूताद्याद्वादशाभवन्॥४७॥ नंदोपनंदकृतकशूराद्यामदिरात्मजाः॥कौशल्याकेशिनंत्वेकम सूतकुलनंदनं ॥४८॥ रोचनायामतोजाताहस्तहेमांगदादयः॥इलायामुरुवल्कादीन्यदुमुख्यानजीजनत् ॥४९॥ विपृष्ठोधृतदेवायामेकआ नकदुंदुभेः॥शांतिदेवात्मजाराजन्श्रमप्रतिश्रुतादयः॥५०॥ राजानःकल्पवर्षाद्याउपदेवसुतादश॥ वसुहंससुवंशाद्याःश्रीदेवायास्तुषट्सुताः ॥५१॥ देवरक्षितयालब्धानवचात्रगदादयः॥ वसुदेवःसुतानष्टावादधेसहदेवया॥५२॥पुरुविश्रुतमुख्यांस्तुसाक्षाद्धर्मोवसूनिव॥वसुदेवस्तु देवक्यामष्टपुत्रानजीजनत्॥५३॥ कीर्तिमंतंसुषेणंचभद्रसेनमुदारधीः॥ ऋजुंसंमर्दनंभद्रंसंकर्षणमहीश्वरं ॥५४॥ अष्टमस्तुतयोरासीत्स्वयमे वहरिःकिल॥ सुभद्राचमहाभागातवराजन्पितामही॥५५॥ यदायदेहधर्मस्यक्षयोवृद्धिश्चपाप्मनः॥ तदातुभगवानीशआत्मानंसृजतेहरिः ॥ ॥५६॥ नह्यस्यजन्मनोहेतुःकर्मणोवामहीपते ॥ आत्ममायांविनेशस्यपरस्यद्रष्टुरात्मनः॥५७॥ यन्मायाचेष्टितंपुंसःस्थित्युत्पत्त्यप्ययायहि॥ अनुग्रहस्तन्निवृत्तेरात्मलाभायचेष्यते॥५८॥अक्षौहिणीनांपतिभिरसुरैर्नृपलांछनैः॥ भुवआक्रम्यमाणायाअभारायकृतोद्यमः ॥५९॥ कर्मा ण्यपरिमेयाणिमनसाऽपिसुरेश्वरैः ॥ सहसंकर्षणश्चक्रेभगवान्मधुसूदनः॥६०॥ कलौजनिष्यमाणानांदुःखशोकतमोनुदं ॥ अनुग्रहायभक्ता नांसुपुण्यंव्यतनोद्यशः॥६१॥ यस्मिन्सत्कर्णपीयूषेयशस्तीर्थवरेसकृत्॥श्रोत्रांजलिरुपस्पृश्यधुनुतेकर्मवासनां॥६२॥ भोजवृष्ण्यंधकमधुशू रसेनदशार्हकैः॥ श्लाघनीयेहितःशश्वत्कुरुसृंजयपांडुभिः॥६३॥ स्निग्धस्मितेक्षितोदारैर्वाक्यैर्विक्रमलीलया॥नृलोकंरमयामाससमूर्त्यासर्वांग रम्यया॥६४॥ यस्याननंमकरकुंडलचारुकर्णभ्राजत्कपोलसुभगंसुविलासहासं॥ नित्योत्सवंनततृपुर्दृशिभिःपिबंत्योनार्योनराश्चमुदिताःकु पितानिमेश्च॥६५॥जातोगतःपितृगृहाद्व्रजमेधितार्थोहत्वारिपून्सुतशतानिकृतोरुदारः ॥ उत्पाद्यतेषुपुरुषःक्रतुभिःसमीजेआत्मानमात्मनि गमंप्रथयन्जनेषु ॥६६॥ पृथ्व्याःसवैगुरुभरंक्षपयन्कुरूणामंतःसमुत्थकलिनायुधिभूपचम्वः॥ दृष्ट्याविधूयविजयेजयमुद्विघोष्यमोच्योद्धवा यपरंसमगात्स्वधाम ॥६७॥इ०भा०म०न० यदुवंशानुकीर्तनंनामचतुर्विंशोऽध्यायः ॥ २४ ॥ समाप्तश्चायंनवमस्कंधः ॥

આપનારૂં, પણ થાય છે; ॥૫૮॥ રાજાઓના નામવાળા અસુરોની અક્ષૌહિણી સેનાઓથી, ભારથકી પીડાતી પૃથ્વીને સારૂ; સંકર્ષણ સહિત એ મધુસૂદન ભગવાને; અવતાર ધરીને, દેવતાઓ પણ મનથકી તર્ક સુદ્ધાં ન કરી શકે, એવાં કામો કરીને; પૃથ્વીનો ભાર ઉતાર્યો હતો. ॥૫૯-૬૦॥ તથા દુઃખ-શોક-અને તમો ગુણવડે ખરાબ થતા કલિકાળમાં જન્મ પામનાર લોકોમાંના ભક્તો આદિકના ઉપર અનુગ્રહ કરવા સારૂં, પોતાના અતિ પવિત્ર યશનો પ્રકાશ કર્યો હતો. ॥૬૧॥ આ કાનના અમૃત રૂપ, ભગવાનની કીર્તિ નામના ઉત્તમ તીર્થનો, શ્રોત્ર રૂપી અંજલીવડે સંપૂર્ણપણે સ્પર્શ કરવાથી; મનુષ્યોની કર્મવાસનાઓનો નાશથઇ જાયછે ॥૬૨॥ ભોજ-વૃષ્ણી-અંધક-મધુ-સુરસેન-અને દાશાર્હ કુળોના જાદવો, અને કુરૂ-સંજય-અને પાંડુ કુળના રાજાઓ થકી વખાણવાલાયક કર્મો કરીને,તથા સ્નેહ ભરેલા અને સ્મિતથકી હસતા મોઢાથી બહુપ્રિય લાગે એવાં વચનો બોલીને, અને અત્યંત પરાક્રમો વાળી લીલાથી; એ સર્વ રમણીય અંગોવાળી મૂર્તિ વાળા ભગવાન; આ મનુષ્ય લોકને વિશે પોતે રમતા હતા; તથા લોકને રમાડતા હતા. ॥૬૩-૬૪॥ મકરાકૃતિ કુંડળોથી શોભતા કાન-સુંદર કપાળ-અને વિલાસ યુક્ત હસવા વાળા તથા હમેશાંજ ઉત્સવથી ભરેલા એ ભગવાનના મુખારવિંદને આનંદ પૂર્વક આંખ્યોથી જોતાં, કોઇ પણ પુરૂષો અગર સ્ત્રીઓ; તૃપ્ત થતાં નહતાં. અને પોતાની આંખોએ મટકાં મારવાનું થવાથી, વચ્ચે વચ્ચે તેટલી પણ અડચણ થતી માનીને; તેઓ તેથી પણ ગુસ્સે થતાં હતાં ॥૬૫॥ એ ભગવાને જન્મીને પિતાના ઘરથી વ્રજમાં જઇ વ્રજવાસીઓના મનોરથ પૂરા કરયા. શત્રુઓને માર્યા. ઘણી સ્ત્રીઓ પરણીને તેમાં સેંકડો પુત્રોને ઉત્પન્ન કર્યા. અને લોકને વિશે ધર્મ માર્ગનું સ્થાપન કરવા સારૂં, યજ્ઞો વડે પોતે પોતાનુંજ પૂજન કર્યું. ॥૬૬॥ અને કુરૂ કુળમાં કલહ ઉત્પન્ન કરાવીને, અને યુદ્ધમાં પોતાની દ્રષ્ટિ થકીજ નાશ પામેલી,રાજાઓની સેનાઓનો; ધાણ કાઢી નાંખીને, પૃથ્વીના ઘણા ભારનો નાશ કરી નાંખ્યો; તેનો યશ અર્જુનને આપી, અર્જુનનો જય થવાનું પ્રસિદ્ધ કરાવ્યું તથા છેવટે ઉદ્ધવને પરમ આત્મ સ્વરૂપના તત્વનું જ્ઞાન આપીને, પછી પોતે સ્વધામમાં પધાર્યા. ॥૬૭॥ ઇતિશ્રીમદ્ ભા૦ ન૦ સ્કંધનો ચોવીસમો અ૦ સં૦ ॥૨૪॥ ઇ૦ નવમો સ્કંધ સમાપ્ત. ॥૯॥

॥ इति श्रीमद्भागवते नवमस्कंध समाप्यते ॥

॥ अथ श्रीमद्भागवते दशमस्कंध प्रारभ्यते ॥

શ્રી ગણેશાય નમઃ અધ્યાય ૧ લો.—પરીક્ષિત—હે ઉત્તમ મુનિ, આપે ચંદ્ર અને સૂર્યના વંશોના વિસ્તાર તથા તે બંને વંશમાં થયેલા રાજાઓનાં પરમ અદ્ભુત ચરિત્રો કહ્યાં; તેમાં ધર્મરૂપ શીળવાળા યદુનો વંશ ભિન્ન કરતાં શ્રેષ્ઠ છે. કારણ તેમાં અંશ વડે અવતરેલા વિષ્ણું ભગવાનનાં પરાક્રમો વિશે આપ બોલ્યા છો. ॥૧-૨॥ માટે પ્રાણી માત્રનું પાલન કરનારા એ વિશ્વાત્મા ભગવાને યદુના વંશમાં અવતરીને, જે જે પરાક્રમો કર્યાં હોય, તે આપ વિસ્તાર સહિત કહો. ॥૩॥ જે પશુઓને મારનારો કસાઇ હોય, અથવા પશુઓ જેવી બુદ્ધિ વડે જે પોતાનોજ ઘાત કરનારો હોય, તે વિના બીજો કોઇ પણ પુરુષ; એ સંસાર રૂપ નામના રોગના ઔષધ રૂપ—કાન તથા મનને આનંદ આપનારી—અને તૃષ્ણા વિનાના પુરુષો થકી ગવાતી, ઉત્તમ શ્લોક ભગવાનના ગુણાનુવાદની કથાઓ થકી, દૂર રહેજ નહીં. ॥૪॥ જે ભગવાન રૂપ વહાણના આશ્રયથી મારા દાદા પાંડવો, યુદ્ધમાં, દેવતાઓને પણ જીતનાર ભીષ્મ વિગેરે અતિરથિઓ રૂપ તિમિંગલો વાળા કૌરવોના સૈન્ય રૂપી અપાર સમુદ્રને, વાછરડાના પગથી થયેલા ખાબોચિયા જેવો કરીને, તરી ગયા હતા. ॥૫॥ અને જેમણે શરણ થયેલી મારી માતા ઉદરને વિશે પેસીને, તથા હાથમાં ચક્ર ધારણ કરીને; કૌરવ અને પાંડવોના વંશના બીજરૂપ, આ મારા શરીરનું પણ; અશ્વત્થામાએ મૂકેલા બાણ થકી બળી જવામાંથી, રક્ષણ કર્યું હતું. ॥૬॥ તે માયાવડે મનુષ્ય થયેલા ભગવાન, જે સર્વ દેહધારીઓના અંતરને વિશે પુરુષ રૂપથી રહેલા છે; અને તેઓની બહાર પણ કાળ રૂપથી રહેલા છે; તથા પોતાના સંબંધી ભક્ત કરનારાઓના મૃત્યુને મટાડીને, જે મોક્ષ આપનારા છે; તેમનાં પરાક્રમોનું વર્ણન આપ કરો. ॥૭॥ સંકર્ષણ બળરામને તમે રોહિણી પુત્ર કહો છો, તો બીજા જન્મવિના તેમનો દેવકીના ગર્ભને વિશે સંબંધ કેવે પ્રકારે થયો હતો. ? ॥૮॥ મુકુંદ ભગવાન પિતાને ઘેરથી વ્રજમાં શા સારૂં ગયા, તથા તે સાત્વતોના પતિએ કયે કયે સ્થળે, સંબંધીઓની સાથે, નિવાસ કરેલો હતો. ॥૯॥ વ્રજમાં તથા મથુરાંમાં વસીને, એ કેશવ ભગવાને,

नमोभगवतेवासुदेवाय ॥ राजा०कथितोवंशविस्तारोभवतासोमसूर्ययोः॥राज्ञांचोभयवंश्यानांचरितंपरमाद्भुतं ॥१॥ यदोश्चधर्मशीलस्यनितरांमुनिसत्तम॥तत्रांशेनावतीर्णस्यविष्णोर्वीर्याणिशंसनः॥२॥ अवतीर्ययदोर्वंशेभगवान्भूतभावनः॥कृतवान्यानिविश्वात्मातानिनोवदविस्तरात्॥३॥निवृत्ततर्षैरुपगीयमानाद्भवौषधाच्छ्रोत्रमनोभिरामात्॥ कउत्तमश्लोकगुणानुवादात्पुमान्विरज्येतविनापशुघ्नात्॥४॥पितामहामेसमरेऽमरंजयैर्देवव्रताद्यातिरथैस्तिमिंगिलैः॥ दुरत्ययंकौरवसैन्यसागरंकृत्वातरन्वत्सपदंस्मयत्प्लवाः ॥५॥ द्रौण्यस्त्रविप्लुष्टमिदंमदंगंसंतानबीजंकुरुपांडवानां॥जुगोपकुक्षिंगतआत्तचक्रोमातुश्चमेयःशरणंगतायाः॥६॥ वीर्याणितस्याखिलदेहभाजामंतर्बहिःपूरुषकालरूपैः॥प्रयच्छतोमृत्युमुतामृतंचमायामनुष्यस्यवदस्वविद्वन् ॥७॥ रोहिण्यास्तनयःप्रोक्तोरामःसंकर्षणस्त्वया॥देवक्यागर्भसंबंधःकुतोदेहांतरंविना ॥८॥ कस्मान्मुकुंदोभगवान्पितुर्गेहाद्व्रजंगतः॥क्ववासंज्ञातिभिःसार्द्धंकृतवान्सात्वतांपतिः ॥९॥ व्रजेवसन्किमकरोन्मधुपुर्यांचकेशवः॥ भ्रातरंचावधीत्कंसंमातुरद्धाऽतदर्हणं ॥१०॥ देहंमानुषमाश्रित्यकतिवर्षाणिवृष्णिभिः॥यदुपुर्यांसहावात्सीत्पत्न्यःकत्यभवन्प्रभोः॥११॥एतदन्यच्चसर्वंमेमुनेकृष्णविचेष्टितं ॥वक्तुमर्हसिसर्वज्ञश्रद्दधानायविस्तृतं ॥१२॥ नैषातिदुःसहाक्षुन्मांत्यक्तोदमपिबाधते ॥ पिबंतंत्वन्मुखांभोजच्युतंहरिकथामृतं ॥१३॥ सूत०एतंनिशम्यभृगुनंदनसाधुवादंवैयासकिःसभगवानथविष्णुरातं ॥ प्रत्यर्च्यकृष्णचरितंकलिकल्मषघ्नंव्याहर्त्तुमारभतभागवतप्रधानः ॥१४॥ श्रीशुक०सम्यग्व्यवसिताबुद्धिस्तवराजर्षिसत्तम॥वासुदेवकथायांतेयज्जातानैष्ठिकीमतिः॥१५॥ वासुदेवकथाप्रश्नःपुरुषांस्त्रीन्पुनातिहि॥वक्तारंप्रच्छकंश्रोतॄंस्तत्पादसलिलंयथा ॥१६॥ भूमिर्दृप्तनृपव्याजदैत्यानीकशतायुतैः॥ आक्रांताभूरिभारेणब्रह्माणंशरणंययौ ॥१७॥ गौर्भूत्वाऽश्रुमुखीखिन्नाक्रंदंतीकरुणंविभोः॥उपस्थितांऽतिकेतस्मैव्यसनंस्वमवोचत ॥१८॥ ब्रह्मातदुपधार्याथसहदेवैस्तयासह ॥ जगामसत्रिनयनस्तीरंक्षीरपयोनिधेः॥१९॥ तत्रगत्वाजगन्नाथंदेवदेवंवृषाकपिं॥पूरुषंपुरुषसूक्तेनउपतस्थेसमाहितः॥२०॥ गिरंसमा

ત્યાં ત્યાં શાં શાં કર્મો કર્યાં; અને માતા બાઇ કંસને (એટલે મામાને) મારી નાંખવો ન ઘટે, છતાં તેમણે કેમ માર્યો. ? ॥૧૦॥ વૃષ્ણીઓની સાથે દ્વારકાંમાં તે કેટલાં વરસો સુધી મનુષ્ય શરીરથી વસ્યા. ? અને તેમને કેટલી સ્ત્રીઓ હતી. ? ॥૧૧॥ હે સર્વજ્ઞ મુનિ; એટલી, એ તથા બીજી પણ, કૃષ્ણભગવાનની લીલાઓ; હું શ્રદ્ધાવાળાની પાસે, સર્વ વિસ્તાર સાથે કહેવાને આપ યોગ્ય છો. ॥૧૨॥ મેં જળનો ત્યાગ કરેલો, છે, છતાં આપના મુખ કમળમાંથી ઝરતું; હરિભગવાનની કથા રૂપી અમૃત, હું પીઉં છું; જેથી સહન થવાને અતિ કઠિણ; ભૂખ અને તરસ, મને બાધ કરી શકતાં નથી. ॥૧૩॥—સૂત—હે શૌનક, ભગવતીઓમાં શ્રેષ્ઠ પરીક્ષિતના એ પ્રશ્નોના ઉત્તમ પ્રશ્નો સાંભળીને, ભગવાન વ્યાસ પુત્રે, તેમનાં વખાણ કરવાં. અને પછીથી કળિયુગના દોષનો નાશ કરનાર, કૃષ્ણભગવાનનાં ચરિત્રો કહેવાને, તેમણે આરંભ કરયો, ॥૧૪॥—શ્રીશુક—હે શ્રેષ્ઠ રાજઋષિ, તમારી બુદ્ધિ વાસુદેવ ભગવાનની કથાઓને વિશે નિશ્ચયવાળી થઇ છે; કે જેથી નૈષ્ઠિકી મતિ થઇ છે. વાસુદેવ ભગવાનની કથા સંબંધી પ્રશ્ન, તેમના ચરણ ધોવાના જળ ગંગાજીની પેઠે; પૂછનાર—કહેનાર અને સાંભળનાર; ત્રણે પુરૂષને પવિત્ર કરે છે. ॥૧૬॥ રાજાની નિશાની વાળા અભિમાની દૈત્યોની, સેંકડો અને હજારો સેનાઓના ઘણા ભારથી; પીડાયલી પૃથ્વી, બ્રહ્માને શરણે ગઇ. ॥૧૭॥ અને ગાય થયેલી—આંસુ આવેલી—ખિન્ન થયેલી-રડતી—તેણીએ તેમની પાસે ઉભી રહીને, દયા ઉપજે તેમ પોતાનું દુઃખ તે સમર્થને કહી સંભળાવ્યું. ॥૧૮॥ તેનું સાંભળી લેઇને બ્રહ્મા, દેવતાઓ તથા સદાશિવ સહિત પૃથ્વીને સાથે લેઇને, ક્ષીર સમુદ્રને કિનારે ગયા. ॥૧૯॥ અને ત્યાં જઇને તેમણે, જગતના સ્વામી—દેવનાદેવ—અને મનોર્થ પરિપૂર્ણ કરનારા પુરૂષ ભગવાનની પુરૂષ સુકતવડે, એકાગ્રમનથી સ્તુતિ કરી. ॥૨૦॥ ત્યારે તેમણે સમાધિમાંજ આકાશ વાણી સાંભળી; ને પછી દેવતાઓને તે બ્રહ્માએ કહ્યું કે; " હે દેવતાઓ અને પૃથ્વી, તમે ભગવાનનું કહેલું મારા થકી સાંભળો; અને પછી વિલંબ નહીં લગાડતાં તે પ્રમાણેજ તુર્ત કરો. ॥૨૧॥ એ પુરૂષ ભગવાને, પૃથ્વીના દુઃખને પહેલેથીજ ધ્યાનમાં લીધું છે; માટે તે ઇશ્વરોના ઇશ્વર, પોતાની કાળ શક્તિવડે પૃથ્વી ઉપર અવતરીને જ્યાં સુધીમાં પૃથ્વીનો ભાર ઉતારે, ત્યાં સુધીમાં તમો પોતપોતાના અંશ થકી, યદુકુળને વિષે જન્મ લ્યો.

ભાગ પુરુષની અંદર રોકાયલી વિદ્યાના, અને ઘડા આદિની અંદર રોકાયલી અગ્નિની જ્વાળાના સરખાં; બીજી સ્ત્રીઓના ક્રોધ કરતાં, મધ્યુંજ શોભવા લાગ્યાં. ॥૧૯॥ એટલે સ્વચ્છ હસવાવાળી, અને અજિત ભગવાન અંતરમાં પધારવાથી, તેજ વધીને, ઘરને પ્રકાશિત કરતી, તે દેવકીને જોઇને; કંસ બોલ્યો કે. " મારા પ્રાણ લેનારો હરિ નક્કી એના વિશે આવેલોજ છે. કારણ હાલના સરખી તે પહેલાં હતી નહીં ॥૨૦॥ હવે મારે એને મારે ઉતાવળેજ શું કરવું જોઇએ ? પણ આ કામ કરવા માટે, મારે મારા પરાક્રમનો નાશ તો નજ કરવો; કેમકે સ્ત્રી-પોતાની બેહેન-અને વળી ગર્ભવાળી, એવી, એનો વધ કરવાથી તો, મારા યશનો-આયુષ્યનો-અને શોભાનો; તુરતજ નાશ થઇ જાય. ॥૨૧॥ જે કોઇ અત્યંત ક્રૂરતાથી આચરણ કરે છે, તેનો જીવતાંજ મુએલો કહેવાય છે; અને તેને માટે લોકો ધિક્કારથી બોલેછેકે, એ શરીરને વિશે અભિમાન કરનારો, મુઆ પછી ખચીત નરકમાંજ જશે. " ॥૨૨॥ આ રીતનો વિચાર કરીને, એ ભગવાન સાથે વૈર બાંધનારો કંસ; તેણે કરવા ધારેલા અતિ ઘોર કર્મ થકી, પોતે (તે કામ કરવાને) સમર્થ હોવા છતાં પણ, અટકી પ-ડ્યો; અને તે હરિભગવાનનો જન્મ થવાની વાટ જોવા લાગ્યો. ॥૨૩॥ અને તે પછી બેસતાં-સુતાં-ઉભો રહેતાં-જમતાં-અને પૃથ્વી ઉપર ફરતાં; એમ સર્વ કાળ હૃષીકેશ ભગવાનનુંજ, ચિંતવન કરવા વડે, આખા જગતને હરિભગવાનમય દેખવા લાગ્યો. ॥૨૪॥ આ વેળાએ બ્રહ્મા-સદાશિવ-અને નારદ આદિ મુનિઓ સહિત દેવતાઓએ, પોતાના અનુચરો સુદ્ધાં ત્યાં આવીને; એ: મનોર્થ પરિપૂર્ણ કરનારા, ભગવાનની સ્તુતિ સુંદર વાણી વડે કરીકે; ॥૨૫॥-હેવ-સત્યવ્રત વાળા-પરમ સત્ય રૂપ-ત્રણ કાળમાં સત્ સ્વરૂપ-સત્યના ઉત્પત્તિ સ્થાન-સત્યને વિશે રહેનારા-સત્યના પણ સત્ય-સત્યના ચક્ષુરૂપ-અને સત્ય એજ જેનું શરીર છે એવા; આપ ભગવાનને અમે શરણ છીએ. ॥૨૬॥ જેણે એક (પ્રકૃતિ)નો આશ્રય કર્યો છે; જેમાં બે (સુખ અને દુઃખ) ફળ થાય છે. જેના ત્રણ (સત્વ-રજ-અને તમ એ) ગુણો મૂળીયાં છે; જેના ચાર (ધર્મ-અર્થ-કામ-અને મોક્ષ) રસ છે; જેનાં પાંચ (શબ્દ-સ્પર્શ-રૂપ-રસ-ને ગંધ) જાણવાના પ્રકારો છે; જેના છ (રાગ-દ્વેષ, ભૂખ-તરસ, લોભ-અને મોહ) સ્વભાવો છે; જેની સાત (ત્વચા-રૂવાં-લોહી-માંસ-મેદ-નસો અને હાડકાં) છાલો છે;

हरिर्गुहांध्रुवंश्रितोपन्नपुरेयमीदृशी ॥२०॥ किमद्यतस्मिन्करणीयमाशुमेयदर्थतंत्रोनविहंतिविक्रमं॥ स्त्रियाःस्वसुर्गुरूमत्यावधोऽयंयशःश्रियंहंत्यनुकालमायुः ॥२१॥ सएवजीवन्खलुसंपरेतोवर्ततेयोऽत्यंतनृशंसितेन॥ देहेमृतेतंमनुजाःशपंतिगंतातमोंऽधंतनुमानिनोध्रुवं॥२२॥ इतिघोरतमाद्भावात्सन्निवृत्तःस्वयंप्रभुः ॥ आस्तेप्रतीक्षंस्तज्जन्महरेर्वैरानुबंधकृत्॥२३॥ आसीनःसंविशंस्तिष्ठन्भुंजानःपर्यटन्महीं॥चिंतयानोहृषीकेशमपश्यत्तन्मयंजगत् ॥२४॥ ब्रह्माभवश्चतत्रैत्यमुनिभिर्नारदादिभिः॥ देवैःसानुचरैःसाकंगीर्भिर्वृषणमैडयन् ॥२५॥ सत्यव्रतंसत्यपरंत्रिसत्यंसत्यस्ययोनिंनिहितंचसत्ये॥ सत्यस्यसत्यमृतसत्यनेत्रंसत्यात्मकंत्वांशरणंप्रपन्नाः॥२६॥ एकायनोऽसौद्विफलस्त्रिमूलश्चतूरसःपंचविधःषडात्मा॥ सप्तत्वगष्टविटपोनवाक्षोदशच्छदीद्विखगोह्यादिवृक्षः॥२७॥ त्वमेकएवास्यसतःप्रसूतिस्त्वंसन्निधानंत्वमनुग्रहश्च ॥ त्वन्मायासंवृतचेतसस्त्वांपश्यंतिनानानविपश्चितोये॥२८॥ बिभर्षिरूपाण्यवबोधआत्माक्षेमायलोकस्यचराचरस्य॥ सत्त्वोपपन्नानिसुखावहानिसतामभद्राणिमुहुःखलानां॥२९॥त्वय्यंबुजाक्षाखिलसत्वधाम्निसमाधिनावेशितचेतसैके ॥ त्वत्पादपोतेनमहत्कृतेनकुर्वंतिगोवत्सपदंभवाब्धिं॥३०॥ स्वयंसमुत्तीर्यसुदुस्तरंद्युमन्भवार्णवंभीममदभ्रसौहृदाः ॥ भवत्पदांभोरुहनावमत्रतेनिधाययाताःसदनुग्रहोभवान् ॥३१॥ येन्येऽरविंदाक्षविमुक्तमानिनस्त्वय्यस्तभावादविशुद्धबुद्धयः ॥ आरुह्यकृच्छ्रेणपरंपदंततःपतंत्यधोऽनादृतयुष्मदंघ्रयः ॥३२॥ तथानतेमाधवतावकाःक्वचिद्भ्रश्यंतिमार्गात्त्वयिबद्धसौहृदाः ॥ त्वयाभिगुप्ताविचरंतिनिर्भयाविनायकानीकपमूर्धसुप्रभो॥३३॥ सत्त्वंविशुद्धंश्रयतेभवान्स्थितौशरीरिणांश्रेयउपायनंवपुः ॥ वेदक्रियायोगतपःसमाधिभिस्तवार्हणंयेनजनःसमीहते ॥३४॥ सत्त्वंनचेद्धातरिदंनिजंभवेद्विज्ञानमज्ञानभिदापमार्जनं॥ गुणप्रकाशैरनुमीयतेभवान्प्रकाशतेयस्यचयेनवागुणः॥३५॥ ननामरूपेगुणजन्मकर्मभिर्निरूपितव्येतवतस्यसाक्षिणः ॥ मनोव

જેની આઠ (પૃથ્વી-જળ-તેજ-વાયુ આકાશ-મન-બુદ્ધિ-અને અહંકાર) શાખાઓ છે; જેને નવ (બે આંખ્યો-બે કાન-બે નાકનાં કાંણાં-ગુદા-મોઢું-અને ઉપસ્થ અગર યોનિ) છિદ્રો છે; જેનાં દસ (પ્રાણવાયુના પ્રકારો) પાંદડાં છે; અને જેને વિશે બે (જીવ અને ઇશ્વર) પક્ષીઓ વસે છે; એવા આ આદિ વૃક્ષ રૂપી શરીરો વાળા જગતની: ઉત્પત્તિ, એકજ એવા આપ ભગવાનને વિશેજ, આપના સાંનિધ્ય અને અનુગ્રહવડે થએલ છે; તેથી આપની માયાથકી મોહ પામેલ ચિત્તવાળાઓ આપને અનેક પણાથી દેખે છે. છતાં જ્ઞાનવાન પુરૂષો અનેકપણાથી દેખતા નથીજ. ॥૨૭-૨૮॥ અને એજ આપ જ્ઞાન સ્વરૂપ અને આત્મસ્વરૂપ ભગવાન, સ્થાવર જંગમ સર્વ લોકના ભલાને અર્થે, સત્વગુણી સતપુરૂષોને સુખી કરવાને-અને ખળ પુરૂષોને નાશ કરવાને માટે-વારંવાર અવતાર ધરો છો. ॥૨૯॥ હે સર્વ સત્વોના સ્થાનક અને કમળ સરખી આંખ્યોવાળા ભગવાન, આપના મહાન ચરણને વિશે સમાધિવડે ચિત્તને પેસાડવા રૂપી વહાણવડે, કેટલાક (સંતો) આ સંસાર સમુદ્રને, વાછરડાના પગના ખાબોચિયા જેવો કરે છે; (અર્થાત તરી જાય છે.) ॥૩૦॥ સર્વ પ્રાણીઓના ઉપર સુહૃદપણું કરનારા તે સત્પુરૂષોના ઉપર અનુગ્રહ કરીને; આપ સ્વયંપ્રકાશે તેમને આપેલા; પોતાના ચરણ કમળની ભક્તિરૂપી વહાણવડે, તરવાને અતિ કઠિન અને ભયંકર એવા ભવસાગરને તેઓ તરી જાય છે. અને બીજાઓના ઉપર અનુગ્રહ કરવા માટે, તેઓ તે વહાણને પાછળ અહીંયાંજ રાખતા પણ જાય છેજ. ॥૩૧॥ હે કમળ જેવી આંખ્યોવાળા ભગવાન, પોતેજ મુક્ત હોવાનું અભિમાન કરનારા, અને અશુદ્ધ બુદ્ધિવડે આપના વિશે ભક્તિ ભાવ નહીં કરનારા, બીજા લોકો તો તપ આદિકનાં અનેક દુઃખો વેઠીને ઉંચી પદવીએ ચડયા પછીથી પણ; આપના ચરણની ભક્તિનો અનાદર કરવાના કારણથીજ, ત્યાં થકી પાછા પડી જાય છે. ॥૩૨॥ પણ હે માધવ, હે પ્રભુ, આપનામાં સ્નેહ બાંધનારા, અને આપનાથીજ રક્ષણ કરાયલા ભક્તો, તો; કદી પણ આપના માર્ગ થકી, પડતા નથી; એટલુંજ નહીં, પણ મોટામાં મોટાં વિઘ્નોને માથે, પગ મુકીને તેઓ વિચરે છે. ॥૩૩॥ શરીર ધારીઓને કલ્યાણનું સાધન થવા સારૂં, આપજ અતિ શુદ્ધ સત્વ ગુણી શરીરોને ધરો

॥૨૨॥ અને સાક્ષાત પરમ પુરુષ પોતે વસુદેવના ઘરમાં જન્મશે; માટે તેમનું પ્રિય કરવા સારૂં દેવતાઓની સ્ત્રીઓએ પણ; ત્યાંજ અવતાર લેવા. ॥૨૩॥ તથા એજ હરિ ભગવાનનું પ્રિય કરવાની ઇચ્છાથી સ્વયંપ્રકાશ-હજારો મુખવાળા—અને વાસુદેવ ભગવાનનીજ કળા સ્વરૂપ, અનંત ભગવાન પણ, પ્રથમથીજ અવતરશે. ॥૨૪॥ અને જેનાથી જગત મોહ પામે છે તે વિષ્ણુભગવાનની માયા પણ, ભગવાનની આજ્ઞાથી કાર્ય કરવાને માટેજ પોતાના અંશવડે ઉત્પન્ન થશે." ॥૨૫॥ એ પ્રમાણે દેવતાઓને કહીને, વાણીવડે પૃથ્વીની આશ્વાસના કરીને, પ્રજાપતિઓના સ્વામી બ્રહ્મા, પોતાના પરમ ધામમાં ગયા. ॥૨૬॥ અહીંયાં યાદવોનો અધિપતિ શૂરસેન, પ્રથમથીજ મથુરામાં વસીને; શૂરસેન અને મથુરા દેશનું રાજ્ય કરતો હતો ॥૨૭॥ અને ત્યારથી એ મથુરાપુરી સર્વ યાદવોની રાજધાની થઇ હતી. કે જ્યાં હરિભગવાન સર્વદા સન્નિહિતજ રહે છે.

॥૨૮॥ ત્યાં કોઇ વખતે શૂરના પુત્ર વસુદેવનું લગ્ન, દેવકીની સાથે થયા પછી, તે વરકન્યા પ્રયાણ કરવાને રથ ઉપર બેઠાં. ॥૨૯॥ ત્યારે સોનેરી સાજ વાળા સો રથ સાથે લઇને, ઉગ્રસેનના દીકરા કંસે, એ પોતાની બહેનનું પ્રિય કરવાની ઇચ્છાથી, ઘોડાની રાસો હાથમાં ઝાલીને, તે રથને હાંકવા લાગ્યો. ॥૩૦॥ દીકરી ઉપર પ્રેમ રાખનારા દેવકે, વળાવતી વખતે સાસરવાસામાં, (દાયજામાં,) સોનાની માળાઓ વાળા ચારસો હાથી, પંદર હજાર ઘોડા, અઢારસો રથ, તથા સુકુમાર અને શણગારેલી બસેં દાસીઓ; આપી. ॥૩૧-૩૨॥ પછી તે વરકન્યાને સિધાવવાના મંગળ કાર્ય વખતે, શંખ-તુરી-મૃદંગ-અને નગારાનો એક સરખો અવાજ થવા લાગ્યો. ॥૩૩॥ ત્યારે માર્ગમાં આકાશ વાણીએ, કંસને ઉદ્દેશીને, (સંબોધન આપીને,) કહ્યું કે; "હે મૂર્ખ તું જેનો રથ હાંકે છે, તે દેવકીનો આઠમો ગર્ભ, તને મારશે." ॥૩૪॥ એ રીતે કહેવાયેલા, તે ભગ-

धौगगनेसमीरितांनिशम्यवेधास्त्रिदशानुवाचह॥ गांपौरुषींमेशृणुतामराःपुनर्विधीयतामाशुतथैवमाचिरं ॥२१॥ पुरैवपुंसाऽवधृतोधराज्वरो भवद्भिरंशैर्यदुषूपजन्यतां॥ सयावदुर्व्याभरमीश्वरेश्वरःस्वकालशक्त्याक्षपयंश्चरेद्भुवि ॥२२॥ वसुदेवगृहेसाक्षाद्भगवान्पुरुषःपरः॥ जनिष्यतेतत्प्रियार्थंसंभवंतुसुरस्त्रियः॥२३॥वासुदेवकलाऽनंतःसहस्रवदनःस्वराट् ॥ अग्रतोभवितादेवोहरेःप्रियचिकीर्षया ॥२४॥ विष्णोर्मायाभगवती ययासंमोहितंजगत्॥आदिष्टाप्रभुणांशेनकार्यार्थेसंभविष्यति॥२५॥श्रीशुक० इत्यादिश्यामरगणान्प्रजापतिपतिर्विभुः ॥ आश्वास्यचमहींगीर्भिःस्वधामपरमंययौ ॥२६॥ शूरसेनोयदुपतिर्मथुरामावसन्पुरीं॥माथुराञ्शूरसेनांश्चविषयान्बुभुजेपुरा॥२७॥ राजधानीततःसाभूत्सर्वयादवभूभुजां॥मथुराभगवान्यत्रनित्यंसन्निहितोहरिः ॥२८॥ तस्यांतुकर्हिचिच्छौरिर्वसुदेवःकृतोद्वहः॥देवक्यासूर्ययासार्धंप्रयाणेरथमारुहत् २९ उग्रसेनसुतःकंसःस्वसुःप्रियचिकीर्षया॥ रश्मीन्हयानांजग्राहरौक्मैरथशतैर्वृतः ॥३०॥ चतुःशतंपारिबर्हंगजानांहेममालिनां॥ अश्वानामयुतंसार्धंरथानांचत्रिषट्शतं ॥३१॥ दासीनांसुकुमारीणांद्वेशतेसमलंकृते॥दुहित्रेदेवकःप्रादाद्यानेदुहितृवत्सलः ॥३२॥ शंखतूर्यमृदंगाश्चनेदुर्दुंदुभयःसमं॥प्रयाणप्रक्रमेतावद्वरवध्वोःसुमंगलं ॥३३॥ पथिप्रग्रहिणंकंसमाभाष्याहाशरीरवाक् ॥ अस्यास्त्वामष्टमोगर्भोहंतायांवहसेऽबुध ॥३४॥ इत्युक्तःसखलःपापोभोजानांकुलपांसनः॥भगिनींहंतुमारब्धःखड्गपाणिःकचेऽग्रहीत् ॥३५॥ तंजुगुप्सितकर्माणंनृशंसंनिरपत्रपं ॥ वसुदेवोमहाभागउवाचपरिसांत्वयन् ॥३६॥ वसुदेव० श्लाघनीयगुणःशूरैर्भवान्भोजयशस्करः॥ सकथंभगिनींहन्यात्स्त्रियमुद्वाहपर्वणि ॥३७॥ मृत्युर्जन्मवतांवीरदेहेनसहजायते ॥ अद्यवाब्दशतांतेवामृत्युर्वैप्राणिनांध्रुवः॥३८॥ देहेपंचत्वमापन्नेदेहीकर्मानुगोऽवशः॥देहांतरमनुप्राप्यप्राक्तनंत्यजतेवपुः॥३९॥ व्रजंस्तिष्ठन्पदैकेनयथैवैकेनगच्छति॥यथातृणजलौकैवंदेहीकर्मगतिंगतः ॥४०॥ स्वप्नेयथापश्यतिदेहमीदृशंमनोरथेनाभिनिविष्टचेतनः॥दृष्टश्रुताभ्यांमनसानुचिंतयन्प्रपद्यतेतत्किमपिह्यपस्मृतिः ॥४१॥ यतोयतोधावतिदैवचोदितंमनोविकारात्मकमापपंचसु ॥ गुणेषुमायारचितेषुदेह्यसौप्रपद्यमानःसहतेनजायते ॥४२॥ ज्योतिर्यथैवोदकपार्थिवेष्वदःसमीरवेगानुगतंविभाव्यते ॥

પાપી—અને ભોજ કુળના કલંક રૂપ કંસે, પોતાની બહેન દેવકીને ચોટલેથી પકડી; અને હાથમાં તરવાર લઇ, તે તેને મારી નાંખવા લાગ્યો. ॥૩૫॥ એ નિંદિત—નિર્લજ—અને ક્રૂર કર્મ કરતાં, તેનું સાંત્વન કરવા સારૂં, મહાભાગ વસુદેવ બોલ્યા કે. ॥ ૩૬ ॥—વસુદેવ—તમે ભોજ કુળના યશને વધારનારા—અને શૂરા પુરુષોએ વખાણવા યોગ્ય ગુણો વાળા છતાં, સ્ત્રી જાતિની પોતાની બહેનને, અને વળી તેના લગ્નના અવસરેજ, કેવી રીતે મારી શકશો ? ॥૩૭॥ હે વીરપુરુષ; જન્મેલાઓને શરીરની સાથેજ, મરણતો ઉત્પન્ન થયેલું હોય; એટલે હમણાં અથવા સો વરસને અંતે પણ, પ્રાણીઓનું મરણ થવાનું તો, નક્કી હોય. ॥૩૮॥ અને શરીર પંચમહાભૂતરૂપ થઇ જવા ટાણે, એટલે મરણ સમયે; પરવશપણાથી કર્મની પાછળ જનારો જીવ, બીજા શરીરને પામ્યા પછીજ, પ્રથમના શરીરને તજે છે. ॥૩૯॥ એટલે આપણે જેમ ચાલતી વખતે, એક પગ ઉપાડીને તે બીજે ઠેકાણે મૂક્યા પછીજ, બીજો પગ ઉપાડીએ છીએ; તેમ ખડ

માંકડીની પેઠે, જીવ પણ કર્મને વશ ગતિ કરે છે. ॥૪૦॥ એટલે સ્વપ્ન દેખાવાની પેઠે, પ્રથમ દેખેલાં અથવા સાંભળવામાં આવેલાં શરીરોને વિષે મનોરથ થવાવડે, મન લાગી જઇને; મનવડે તેમનું ચિંતવન થતાં, તે તે શરીરોની પ્રાપ્તિ થાય છે, અને કોઇ એક કારણને લીધે પ્રથમનાં શરીરોનું વિસ્મરણપણું થાય છે ॥૪૧॥ એમ માયાએ રચેલા, પાંચ મહાભૂતમય શરીરોને વિષે દૈવની પ્રેરણાથી, વિકાર પામવાના સ્વભાવવાળું મન, એટલે ઇંદ્રિયાદિકથી બનેલું લિંગશરીર, જે જે શરીરોને વિષે દોડે છે, તેને પ્રાપ્ત થતાં શરીરોમાં, એ લિંગ શરીરની સાથેજ જીવને પણ; જન્મ થયેલાનું કહેવાય છે. ॥૪૨॥ જેમ પાણીથકી ભરેલાં માટીનાં કુંડાઓમાં પડેલું સૂર્ય આદિક તેજનું બિંબ; પવનના વેગથકી કુંડામાંનું પાણી હાલવાથકી હાલતા સરખું જણાય છે; તે રીતેજ માયાએ રચેલાં શરીરોને વિષે (અનુરાગ) આસક્તિ, રાખનારો દેહાત્મા (જીવ) પણ, મોહને પામે છે. ॥૪૩॥ પુરુષ (જીવ) ની સ્થિતિ તો આ રીતની છે, માટે પોતાનું કલ્યાણ ઇચ્છનારાઓ તો, કોઇનો પણ દ્રોહ

દેવતાઓ છે, એમ જાણેલા કંસે; પોતાને મારવા સારૂ દેવકીના ગર્ભમાં વિષ્ણુ અવતરનાર છે, એમ જાણ્યાથી; વસુદેવ તથા દેવકીના પગમાં બેડીઓ ઠોકીને, તેમને બંદીખાનામાં રાખ્યાં. તથા તેને પુત્રો જન્મતા ગયા, તેમ તેમ તેઓ ભગવાન હોવાની શંકાથી, તે મારી નાંખતો ગયો. ॥૬૫-૬૬॥ પૃથ્વી ઉપર ઘણું કરીને લોભિયા અને પોતાની ઇંદ્રિયોને તૃપ્ત કરનારા રાજાઓ વિગેરે, પોતાનાં મા-બાપ-ભાઈઓ-એમને તથા સુહૃદ વિગેરે સર્વેને પણ, મારી નાખેછેજ. ॥૬૭॥ એમ પૂર્વે વિષ્ણુએ મારી નાંખેલો મોટો અસુર કાળનેમીજ, આહીંઆં પોતે અવતરેલાનું જાણેલા તેણે, યાદવોની સાથે વિરોધ કરીને; યદુ-ભોજ-અને અંધક કુળના યાદવોના અધિપતિ પોતાનાજ બાપ ઉગ્રસેનને પણ, કેદ કરયા. અને તે મહાબળવાન કંસ પોતેજ સુરસેન દેશનું રાજ્ય કરવા લાગ્યો.॥૬૮-૬૯॥ ઇતિશ્રી० ભા० દશમ સ્કંધે કૃષ્ણ જન્મ પ્રસ્તાવ નામે પેહેલો અ० સં०॥૧॥

અધ્યાય. ૨ શ્લો.-શ્રીશુક-તે પછી પ્રલંબ-બક-ચાણુર-તૃણાવર્ત-અઘાસુર-મુષ્ટિક-અરિષ્ટ-દ્વિવિદ-પૂતના-કેશી-ધેનુક-અને બીજા, બાણ તથા ભૌમાસુર વિગેરે દૈત્યો, અને રાજાઓ સહિત થઈને, તેણે બળવાન જરાસંધના આશ્રયથકી, યાદવોનું નિકંદન કરવા લાગતાં; પીડાયલા તે યાદવો, કુરૂ-પાંચાળ-કૈકેય-શાલ્વ-વિદર્ભ-નિષધ-વિદેહ-અને કોશલ વિગેરે દેશોમાં છુપાઈ ગયા. ॥ ૧-૨-૩ ॥ અને કેટલાક સગાઓ વિગેરે તો, તેને કબજે થઈને, તેનીજ ઉપાસના કરવા લાગ્યા: એટલામાં કંસે દેવકીના છ બાળકોને, મારી નાંખ્યાં. તે કેડે વિષ્ણુનુંજ સ્વરૂપ જેને અનંત કહે છે; તે હરખ અને શોકને વધારનાર, દેવકીને સાતમા ગર્ભમાં પ્રાપ્ત થયા. ॥૪-૫॥ ત્યારે વિશ્વાત્મા ભગવાને પોતાનેજ સ્વામી માનનારા યાદવોને કંસ થકી ઉત્પન્ન થતું ભય જાણી લેઈને, પોતાની યોગમાયાને આજ્ઞા કરી કે. ॥૬॥ પહે દેવી, એમ અને ગાયો થકી

मातरंपितरंभ्रातृन्सर्वांश्चसुहृदस्तथा॥ घ्नंतिह्यसुतृपोलुब्धाराजानःप्रायशोभुवि॥६७॥ आत्मानमिहसंजातंजानन्प्राग्विष्णुनाहतं॥ महासुरं कालनेमिंयदुभिःसव्यरुध्यत॥६८॥ उग्रसेनंचपितरंयदुभोजांधकाधिपं॥स्वयंनिगृह्यबुभुजेशूरसेनान्महाबलः॥६९॥ इ.भा.म.द.प्र.अ.॥१॥ श्रीशुक०॥ प्रलंबबकचाणूर[illegible]णावर्तमहाशनैः॥ मुष्टिकारिष्टद्विविदपूतनाकेशिधेनुकैः॥१॥ अन्यैश्चासुरभूपालैर्बाणभौमादिभिर्युतः ॥ यदू नांकदनंचक्रेबलीमागधसंश्रयः॥२॥ तेपीडितानिविविशुःकुरुपांचालकैकेयान् ॥ शाल्वान्विदर्भान्निषधान्विदेहान्कोसलानपि ॥३॥ एकेत मनुरुंधानाज्ञातयःपर्युपासत॥ हतेषुषट्सुबालेषुदेवक्याऔग्रसेनिना॥४॥ सप्तमोवैष्णवंधाममयमनंतंप्रचक्षते॥गर्भोबभूवदेवक्याहर्षशोकवि वर्धनः॥५॥ भगवानपिविश्वात्माविदित्वाकंसजंभयं॥यदूनांनिजनाथानांयोगमायांसमादिशत॥६॥ गच्छदेविव्रजंभद्रेगोपगोभिरलंकृतं ॥ रो हिणीवसुदेवस्यभार्यास्तेनंदगोकुले॥ अन्याश्चकंससंविग्नाविवरेषुवसंतिहि ॥७॥ देवक्याजठरेगर्भंशेषाख्यंधाममामकं॥तत्संनिकृष्यरोहि ण्याउदरेसन्निवेशय॥८॥ अथाहमंशभागेनदेवक्याःपुत्रतांशुभे ॥ प्राप्स्यामित्वंयशोदायांनंदपत्न्यांभविष्यसि ॥९॥ अर्चिष्यंतिम[illegible]नुष्यास्त्वां सर्वकामवरेश्वरीं॥धूपोपहारबलिभिःसर्वकामवरप्रदां॥१०॥ नामधेयानिकुर्वंतिस्थानानिचनराभुवि ॥ दुर्गेतिभद्रकालीतिविजयावैष्णवीति च॥११॥ कुमुदाचंडिकाकृष्णामाधवीकन्यकेतिच॥ मायानारायणीशानीशारदेत्यंबिकेतिच॥१२॥ गर्भसंकर्षणात्तंवैप्राहुःसंकर्षणंभुवि॥ रामेतिलोकरमणाद्बलंबलवदुच्छ्रयात् ॥१३॥ संदिष्टैवंभगवतातथेत्योमितितद्वचः॥ प्रतिगृह्य[illegible]परिक्रम्यगांगतातत्तथाऽकरोत् ॥१४॥ गर्भेप्र णीतेदेवक्यारोहिणींयोगनिद्रया॥ अहोविस्रंसितोगर्भइतिपौराविचुक्रुशुः॥१५॥ भगवानपिविश्वात्माभक्तानामभयंकरः॥ आविवेशांशभागे नमनआनकदुंदुभेः॥१६॥ सबिभ्रत्पौरुषंधामभ्राजमानोयथारविः॥दुरासदोऽतिदुर्धर्षोभूतानांसंबभूवह॥१७॥ततोजगन्मंगलमच्युतांशंस माहितंशूरसुतेनदेवी ॥ दधारसर्वात्मकमात्मभूतंकाष्ठायथाऽनंदकरंमनस्तः॥१८॥ सादेवकीसर्वजगन्निवासनिवासभूतानितरांनरेजे॥भो जेंद्रगेहेऽग्निशिखेवरुद्धासरस्वतीज्ञानखलेयथासती॥१९॥ तांवीक्ष्यकंसःप्रभयाजितांतरांविरोचयंतींभवनंशुचिस्मितां ॥ आहैषमेप्राणहरो

શોભતા વ્રજમાં, તમે જાઓ: જ્યાં નંદના ગોકુળને વિશે, વસુદેવની સ્ત્રી રોહિણી તથા બીજી સ્ત્રીઓ કંસ થકી ઉદ્વેગ પામીને, છાની રીતે રહે છે. ॥૭॥ અને શેષ નામ વાળા ભગવાન જે મારૂંજ સ્વરૂપ છે; તે દેવકીને પેટ ગર્ભ રૂપેછે; તેમને ત્યાંથી કાઢીને રોહિણીના ઉદરમાં મૂકો. ॥૮॥ પછી હે કલ્યાણી, હું પણ અંશવડે દેવકીનોજ પુત્ર થઈશ: અને તમેતો, નંદની સ્ત્રી યશોદાને વિશે અવતરજો. ॥૯॥ એટલે સર્વ કામનાઓ પરિપૂર્ણ કરનારાં અને વરદાનો આપનાર તમો ઇશ્વરીને: મનુષ્યો ધૂપ-ઉપહાર અને બળિદાનો આદિક થકી, પૂજીને; સર્વ પ્રકારનાં ઇચ્છિત વરદાનોને પામશે. ॥૧૦॥ અને લોકો પૃથ્વી ઉપર તમારાં દુર્ગા-ભદ્રકાળી-વિજયા-વૈષ્ણવી-કુમુદા-ચંડિકા-કૃષ્ણા-માધવી-કન્યકા-માયા-નારાયણી-ઇશાની-શારદા અને અંબિકા એ રિતનાં નામો તથા સ્થાનકો કરશે. ॥૧૧-૧૨॥ તમારા થકી ગર્ભ ખેંચાવાના કારણથી પૃથ્વી ઉપર તે "સંકર્ષણ" નામથી કહેવાશે. અને લોકને રંજી કરશે માટે "રામ" કહેવાશે. તથા અત્યંત બળવાન હોવાથી, તે "બળદેવ" પણ કહેવાશે." ॥૧૩॥ ભગવાને એ રીતે આજ્ઞા કરવાથી, "બહુ સારૂં" એમ કહીને દેવીએ તે વચનનો સ્વીકાર કર્યો; અને ભગવાનની પ્રદક્ષણા કરીને, તેણે પૃથ્વી ઉપર જઈ, તે પ્રમાણેજ કર્યું. ॥૧૪॥ અને યોગનિંદ્રાયે દેવકીના ગર્ભને, રોહિણીને વિશે મૂકવા થકી, મથુરાં પુરીના લોકો પોકાર કરવા લાગ્યા કે, અરે દેવકીનો આ ગર્ભતો પડી ગયો ॥૧૫॥ તે પછી ભક્ત લોકોને અભય આપનારા, વિશ્વાત્મા ભગવાન પણ, પોતાના અંશવડે, વસુદેવના હૃદયને વિશે પધારયા. ॥૧૬॥ એ રીતે પુરૂષ ભગવાન, તેમને વિશે પધારવાથી; સૂર્ય સરખા તેજસ્વી થયેલા વસુદેવ, બીજા પ્રાણીઓ વિગેરેથી પાસે ન જવાય એવા, અને ગ્રહણ પણ ન થઈ શકે એવા, થઈ ગયા. ॥૧૭॥ પછી જગતનું મંગળ કરનાર, અચ્યુત ભગવાનના અંશને વસુદેવે, સાવધાનપણાથી દેવકીને વિશે મૂક્યો. ત્યારે પોતાને વિશે સર્વાત્મા ભગવાનને ધારણ કરેલાં દેવકી, ચંદ્રમાના કિરણોવડે, પ્રકાશેલી રાત્રિના સરખાં શોભવા લાગ્યાં. ॥૧૮॥ અને સર્વ જગતના નિવાસરૂપ ભગવાનને પોતા વિશે ધારણ કરેલાં તે દેવકી, કંસના બંદીખાનામાં

કરવો નજ જોઈયે; કેમકે કોઈનો પણ દ્રોહ કરનારાઓનેજ, બીજાઓથકી ભય ઉત્પન્ન થાય છે. ॥૪૪॥ એટલા માટે આ તમારાથકી નાની-બાળી-રાંક-બાળક-અને પુતળીની ઉપમા આપવા જેવી તમારીજ બેહેનને, મારી નાંખવાને દીનવત્સલ એવા તમે, યોગ્ય નથીજ. ॥૪૫॥-શ્રીશુક-હે રાજન, વસુદેવ એ રીતે શામ અને ભેદનાં વચનોથી, તેને બોધ કરયા છતાં; એ કારણ સ્વભાવવાળો-અને રાક્ષસોની રીતિથી ચાલનારો; દેવકીને મારી નાંખવાથકી જ્યારે અટક્યો નહીં. ॥૪૬॥ ત્યારે તેનો એને મારી નાંખવાનોજ નિશ્ચય જાણીને, વસુદેવને ચિંતા ઉત્પન્ન થઈ; પછી પ્રાપ્ત થયેલ કાળ એટલે મરણને અટકાવવા સારૂં, તેમને આ રીતની નીચે પ્રમાણેનો ઉપાય સુઝ્યો. ॥૪૭॥ કહેલું છે કે "જ્યાં સુધી બુદ્ધિનું બળ પહોંચે, ત્યાં સુધી તો બુદ્ધિમાન પુરૂષોએ મરણને અટકાવવું જોઈએ; અને ઉપાય કરયા છતાં, મૃત્યુ થતું નજ અટકે; તો તેમા પ્રાણીનો કશો અપરાધ નથી."

॥૪૮॥ માટે આ મૃત્યુરૂપ કંસને, દેવકીને અવતરનારા પુત્રો, આપવાનું કબુલ કરીને એ કૃપાળથી; હમણાં તો એ બાપડીનો છુટકારો કરી લેવો. અને પછીથી જ્યારે એને પુત્રો થશે, ત્યારે તેમનું ભલે મૃત્યુ થાય; અથવ આ મૃત્યુરૂપ કંસનું મોત પણ તેમનાથકી કાં ન થાય. ॥૪૯॥ એ રીતે સુલટાનું ઉલટું, અને ઉલટાનું સુલટું. પણ કેમ ન થઈ જાય! દૈવની ગતિ અટકાવવામાં આવે તેમ નથી. ઉત્પન્ન થયેલું પણ વખતે મરી જાય છે; અને મરી ગયેલું, વળી ફરીથી આવીને ઉભું પણ રહે છે. ॥૫૦॥ જેમ લાકડાંઓનો અગ્નિની સાથે સંયોગ, અને વિયોગ થવાનું, નિમિત્ત અદૃષ્ટ શિવાય બીજું હોતું નથી; તે રીતેજ જીવને શરીરનો સંયોગ અને વિયોગ થવાનું કારણ પણ, સમજી શકવાથકી દુર્લભ છે. ॥૫૧॥ એ રીતે જેટલે સુધી વસુદેવની બુદ્ધિ પહોંચી, તેટલો વિચાર કરીને, તેમણે તે પાપીની પાસે જઈ; તેને ઘણું માન આપીને તેનો સત્કાર કરયો. ॥૫૨॥

एवंस्वमायारचितेष्वसौपुमान्गुणेषुरागानुगतोविमुह्यति ॥४३॥ तस्मान्नकस्यचिद्द्रोहमाचरेत्सतथाविधः ॥ आत्मनःक्षेममन्विच्छन्द्रोग्धुर्वैपर
तोभयं॥४४॥ एषातवानुजाबालाकृपणापुत्तिकोपमा ॥ हंतुंनार्हसिकल्याणीमिमांत्वंदीनवत्सलः॥४५॥ श्रीशुक० एवंससामभिर्भेदैर्बोध्य
मानोऽपिदारुणः॥ नन्यवर्त्ततकौरव्यपुरुषादाननुव्रतः॥४६॥निर्बंधंतस्यतंज्ञात्वाविचिंत्यानकदुंदुभिः॥ प्राप्तंकालंप्रतिव्योढुमिदंतत्रान्वपद्यत
॥४७॥ मृत्युर्बुद्धिमतापोह्योयावद्बुद्धिबलोदयं॥ यद्यसौननिवर्त्तेतनापराधोऽस्तिदेहिनः॥४८॥ प्रदायमृत्यवेपुत्रान्मोचयेकृपणामिमां॥सुतामे
यदिजायेरन्मृत्युर्वानम्रियेतचेत् ॥४९॥ विपर्ययोवाकिंनस्याद्गतिर्धातुर्दुरत्यया॥ उपस्थितोनिवर्त्तेतनिवृत्तःपुनरापतेत् ॥५०॥ अग्नेर्यथादारु
वियोगयोगयोरदृष्टतोऽन्यन्ननिमित्तमस्ति॥एवंहिजंतोरपिदुर्विभाव्यःशरीरसंयोगवियोगहेतुः॥५१॥ एवंविमृश्यतंपापंयावदात्मनिदर्शनं॥
पूजयामासवैशौरिर्बहुमानपुरःसरं ॥५२॥ प्रसार्यवदनांभोजंनृशंसंनिरपत्रपं॥ मनसादूयमानेनविहसन्निदमब्रवीत् ॥५३॥ वसुदेव० नह्यस्या
स्तेभयंसौम्ययद्वैसाहाशरीरवाक्॥ पुत्रान्समर्पयिष्येऽस्यायतस्तेभयमुत्थितं॥५४॥ श्रीशुक०स्वमुर्वधान्निववृतेकंसस्तद्वाक्यसारवित् ॥ व
सुदेवोपितंप्रीतःप्रशस्यप्राविशद्गृहं॥५५॥ अथकालउपावृत्तेदेवकीसर्वदेवता॥पुत्रान्प्रसुषुवेचाष्टौकन्यांचैवानुवत्सरं॥५६ कीर्तिमंतंप्रथमजं
कंसायानकदुंदुभिः॥ अर्पयामासकृच्छ्रेणसोऽनृतादतिविह्वलः॥५७॥किंदुःसहंनुसाधूनांविदुषांकिमपेक्षितं॥ किमकार्यंकदर्याणांदुस्त्यजंकिं
धृतात्मनां॥५८॥ दृष्ट्वासमत्वंतच्छौरेःसत्येचैवव्यवस्थितिं॥कंसस्तुष्टमनाराजन्प्रहसन्निदमब्रवीत्॥५९॥ प्रतियातुकुमारोऽयंनह्यस्मादस्तिमे
भयं॥ अष्टमाद्युवयोर्गर्भान्मृत्युर्मेविहितःकिल॥६०॥ तथेतिसुतमादायययावानकदुंदुभिः॥नाभ्यनंदतनद्वाक्यमसतोऽविजितात्मनः॥६१
नंदाद्यायेव्रजेगोपायाश्चामीषांचयोपितः ॥ वृष्णयोवसुदेवाद्यादेवक्याद्यायदुस्त्रियः॥६२॥ सर्वेवैदेवताप्रायाउभयोरपिभारत॥ ज्ञातयोबंधुसु
हृदोयेचकंसमनुव्रताः॥६३॥ एतत्कंसायभगवाञ्छशंसाभ्येत्यनारदः ॥ भूमेर्भारायमाणानांदैत्यानांचवधोद्यमं॥६४॥ऋषेर्विनिर्गमेकंसोयदू
न्मत्वासुरानिति॥ देवक्यागर्भसंभूतंविष्णुंचस्ववधंप्रति ॥६५॥ देवकींवसुदेवंचनिगृह्यनिगडैर्गृहे॥ जातंजातमहन्पुत्रंतयोरजनशंकया ॥६६

પછી પોતાનું મુખકમળ પ્રફુલ્લિત રાખીને; મનથી કચવાયલા છતાં, તે નિર્દય અને લાજવિનાનાની પાસે જઈને; તેમણે હસવાની પેઠે કહ્યું કે. ॥૫૩॥-વસુદેવ-હે બાલા માણસ, જેનાથકી તમને ભય ઉત્પન્ન થયું છે; તે દેવકીના પુત્રો, હું તમારે સ્વાધીન કરીશ; એટલે આકાશ વાણીએ જે કે, આ રીતે કહ્યું છે; તોપણ તે બહેન તમને ભય રેહેવા સરખું નથી. ॥૫૪॥-શ્રીશુક-તેથી તેમના વચનના સારને જાણનારો તે કંસ, પોતાની બેહેન દેવકીને મારવાથકી નિવૃત્ત થયો અને રાજી થયેલા વસુદેવ પણ, કંસનાં વખાણ કરીને, પોતાને ઘેર ગયા. ॥૫૫॥ તે પછી સમય પ્રાપ્ત થયે દેવકીએ, એક એક વરસને અંતરે, સર્વ દેવસ્વરૂપ આઠ પુત્રોને જણ્યા. અને પાછળથી એક કન્યાને પણ જણી. ॥૫૬॥ પ્રથમ જન્મેલા કીર્તિમંત નામના દીકરાને, જુઠું બોલવાથકી અતિવ્યાકુળ થઈને, દુખે કરીને કંસને સ્વાધીન કરયો. ॥૫૭॥ કહેલું છે કે સાધુ પુરુષોથકી સહન ન થાય, એવું કાંઈજ નથી; જ્ઞાની પુરૂષોને અપેક્ષા કરવા જેવું, કાંઈજ નથી; કંજુસ એટલે પૈસાના અતિલોભી પુરુષોએ નહીં

કરવા સરખું, કાંઈજ નથી;-અને જીતેંદ્રિય પુરુષોથી નતજાય, એવું પણ કાંઈજ નથી." ॥ ૫૮ ॥ હે રાજન, વસુદેવની આ સમતા અને સત્યને વિશે સ્થિતિ જોઈને, કંસ સંતોષ પામેલા મનથી, હસીને બોલ્યો કે. ॥૫૯॥ "આકાશવાણીએ તમારા આઠમા ગર્ભથકી, મારૂં મૃત્યું નક્કી કરેલું છે. માટે આનાથકી મને ભય નથી; તેથી આ બાળકને તમે પાછો લેઈ જાઓ." ॥૬૦॥ ત્યારે "બહુ સારૂ" એમ કહી, તે દીકરાને લેઈને વસુદેવ પાછા ગયા, પણ દુષ્ટ અને અસ્થિર મનવાળા, એ કંસના વચનથકી, વસુદેવ રાજી થયા નહીં. ॥૬૧॥ તે પછી ભગવાન નારદજીએ કંસની પાસે આવીને, તેને જણાવ્યું કે; વ્રજની અંદર નંદઆદિક ગોપ અને તેમની સ્ત્રીઓ, તથા વૃષ્ણીઓમાં વસુદેવ આદિક યાદવો અને દેવકી આદિ તેમની સ્ત્રીઓ, તથા તને અનુસરીને રેહેનારા સગાં-સંબંધી-અને સુહૃદો વિગેરે સર્વ; વિશેષે કરીને, દેવતાઓજ છે; અને પૃથ્વીનો ભાર ઉતારવાને તથા દૈત્યોનો નાશ કરવાને માટે, આ તેઓએ ઉદ્યમ કરેલો છે. ॥૬૨-૬૩-૬૪॥ પછી નારદજી ગયાકેડે, યાદવો

છો. કે જે વડે લોકો, વેદ–ક્રિયા–યોગ–તપ–અને સમાધિ વિગેરે સાધનોથી આપનું પૂજન કરી શકે છે. ॥૩૪॥ અને તે ધારણ કરેલાં શરીરોવડે આપજ ગુણોનો પ્રકાશ કરોછો. ત્યારે એ ગુણોના પ્રકાશથીજ આપની જાતનમાં અનુમાન કરવાને જાણી શકે છે. પણ જો આપ તે શરીરોને ધારણજ ન કરો, તો પછી અજ્ઞાનનો અને ભેદદૃષ્ટિનો નાશ કરનારૂં સાધનજ પ્રાપ્ત થવાનું રહે નહીં. ॥૩૫॥ સાક્ષી સ્વરૂપ આપનું નિરૂપણ, નામ–રૂપ–ગુણ–જન્મ–અને કર્મ વિગેરે થકી થઇ શકે એમ નથી; એ ખરૂં છે. તો પણ મન અને વચનો વડે અનુમાન કરેલા રીતોવાળી, યજ્ઞાદિક ક્રિયાઓ થકી, આપ ભગવાન જાણવામાં આવોછો; એ પણ ખરૂંજ છે. ॥૩૬॥ આપનાં મહામંગલ રૂપ નામો તથા રૂપોને; સાંભળવા વડે–બોલવા વડે–સ્મરણ કરવા વડે–અને ચિંતવન કરવા વડે,–યજ્ઞાદિક ક્રિયાઓ કરીને, જે પુરૂષ આપના ચરણ કમળમાં મનને પેસારે છે. તેને ફરીથી જન્મ મરણ થતું નથી. ॥૩૭॥ આપ ઇશ્વર હરિ ભગવાનનો જન્મ થવાથી, આપે કૃપા કરેલી

પૃથ્વીને, અને અંતરિક્ષને પણ, આપનાં સુશોભિત પગલાંવડે ચિન્હ વાળાં થયેલાં અમે જોયુંઃ એ ઘણું સારૂં થયું છે અને આપનાં ચરણ પૃથ્વી ઉપર થવાથીજ, એનો ભાર તો નાશ પામેલાનુંજ માનવું જોઇએ. ॥૩૮॥ હે ભગવન આપવાવાળા; અને સંસાર રહિત આપ ઇશ્વરનો; જન્મ થવાનું કારણ, માત્ર પોતાના વિનોદ વિના બીજું અમે અટકળી શકતાજ નથી; કેમકે જીવને પણ આપની અવિદ્યા શક્તિનો સંબંધ થવા વડેજ, જન્મ–સ્થિતિ–અને મરણ થાય છે. ॥૩૯॥ જે રીતે આપે; મચ્છ–અશ્વ–કચ્છપ–નૃસિંહ–વરાહ–હંસ–અને રાજાઓ–બ્રાહ્મણો–તથા દેવતાઓ વિગેરેના અવતારો લેઇને, અમારૂં તથા ત્રણે લોકનું રક્ષણ કરેલ છે. તે રીતેજ હમણાં પણ આપ ઇશ્વર પૃથ્વીનો ભાર હરનારો; સાત્વતોમાં શ્રેષ્ટ આપને અમારા નમસ્કાર છે. ॥૪૦॥ (હવે દેવકીને કહે છે.) હે મા, અમારૂં રક્ષણ કરવા માટે સાક્ષાત પરમ પુરૂષ ભગવાન, તમારા ઉદરને વિશે પોતાના અંશ થકી પધારયા છે; તે ઘણું સારૂં થયું છે. હવે યાદવોનું રક્ષણ કરનારા આ તમારા

चोऽस्यामनुमेयवर्त्मनोदेवक्रियायांप्रतियंत्यथापिहि ॥३६॥ शृण्वन्गृणन्संस्मरयंश्चचिंतयन्नामानिरूपाणिचमंगलानिते ॥ क्रियासुयस्त्वच्चर णारविंदयोराविष्टचेतानभवायकल्पते॥३७॥ दिष्ट्याहरेऽस्याभवतःपदोभुवोभारोऽपनीतस्तवजन्मनेशितुः॥दिष्ट्यांऽकितांत्वत्पदकैःसुशोभ नैर्द्रक्ष्यामगांद्यांचतवानुकंपितां ॥३८॥ नतेऽभवस्येशभवस्यकारणंविनाविनोदंबततर्कयामहे ॥ भवोनिरोधःस्थितिरप्यविद्ययाकृतायतस्त्व य्यभयाश्रयात्मनि॥३९॥मत्स्याश्वकच्छपनृसिंहवराहहंसराजन्यविप्रविबुधेषुकृतावतारः ॥ त्वंपासिनस्त्रिभुवनंचयथाऽधुनेशभारंभुवोहरय दूत्तमवंदनंते॥४०॥ दिष्ट्यांबतेकुक्षिगतःपरःपुमानंशेनसाक्षाद्भगवान्भवायनः॥ माभूद्भयंभोजपतेर्मुमूर्षोर्गोप्तायदूनांभवितातवात्मजः ॥४१॥ श्रीशुक० इत्यभिष्टूयपुरुषंयद्रूपमनिदंयथा ॥ ब्रह्मेशानौपुरोधायदेवाःप्रतिययुर्दिवं ॥४२॥ इ०भा०म०द०द्वितीयोऽध्यायः ॥२॥ श्रीशुक० अथसर्वगुणोपेतःकालःपरमशोभनः॥यर्ह्येवाजनजन्मर्क्षंशांतर्क्षग्रहतारकं ॥१॥ दिशःप्रसेदुर्गगनंनिर्मलोडुगणोदयं॥महीमंगलभूयिष्ठपुरग्रा मव्रजाकरा॥२॥ नद्यःप्रसन्नसलिलाह्रदाजलरुहश्रियः॥द्विजालिकुलसन्नादस्तबकावनराजयः॥३॥ववौवायुःसुखस्पर्शःपुण्यगंधवहःशुचिः ॥अग्नयश्चद्विजातीनांशांतास्तत्रसमिंधत ॥४॥ मनांस्यासन्प्रसन्नानिसाधूनामसुरद्रुहां॥जायमानेऽजनेतस्मिन्नेदुर्दुंदुभयोदिवि ॥५॥ जगुः किन्नरगंधर्वास्तुष्टुवुःसिद्धचारणाः॥विद्याधर्यश्चननृतुरप्सरोभिःसमंतदा ॥६॥ मुमुचुर्मुनयोदेवाःसुमनांसिमुदान्विताः॥मंदंमंदंजलधराजग र्जुरनुसागरं ॥७॥ निशीथेतमउद्भूतेजायमानेजनार्दने॥देवक्यांदेवरूपिण्यांविष्णुःसर्वगुहाशयः॥ आविरासीद्यथाप्राच्यांदिशींदुरिवपुष्क लः ॥८॥ तमद्भुतंबालकमंबुजेक्षणंचतुर्भुजंशंखगदाद्युदायुधं॥श्रीवत्सलक्ष्मंगलशोभिकौस्तुभंपीतांबरंसांद्रपयोदसौभगं ॥९॥ महार्हवैदूर्य किरीटकुंडलत्विषापरिष्वक्तसहस्रकुंतलं॥ उद्दामकांच्यंगदकंकणादिभिर्विरोचमानंवसुदेवऐक्षत ॥१०॥सविस्मयोत्फुल्लविलोचनोहरिंसुतं विलोक्यानकदुंदुभिस्तदा॥कृष्णावतारोत्सवसंभ्रमोऽस्पृशन्मुदाद्विजेभ्योयुतमाप्लुतोगवां॥११॥अथैनमस्तौदवधार्यपूरुषंपरंनतांगःकृतधीः

પુત્રજ થશે, માટે મરવાને ઇચ્છનાર કંસ થકી હવે તમને ભય થશે નહીં. ॥૪૧॥–શ્રીશુક–જગતના જીવ હેત પદાર્થાદિકના જેવું જેનું રૂપ નથી, એવા પુરૂષ ભગવાનની એ પ્રમાણે સ્તુતિ કરીને; સર્વે દેવતાઓ બ્રહ્મા અને સદાશિવને આગળ કરીને, પાછા સ્વર્ગને વિશે ગયા. ॥૪૨॥ ઇતિ. ભા૦દ. ટી. બીજો અ. સંપૂર્ણ. ॥૨॥

અધ્યાય ૩ જો.—શ્રીશુક–જ્યારે એ અજન્મા ભગવાનનો જન્મ થયો. ત્યારે સર્વ ગુણોવાળો અને પરમ શોભિતો કાળ હતો. ગ્રહો–તારા–અને નક્ષત્રો, શાંત હતાં. દિશાઓ સ્વચ્છ–આકાશ નિર્મળ–અને તારામંડળ પ્રકાશેલું હતું. તથા પૃથ્વી ઉપરનાં નગરો–ગામો–વ્રજો–અને ખાણોનાં ગામો વિગેરે સર્વે ઠેકાણે ઘણુંજ મંગળ વરતાતું હતું. ॥૧–૨॥ નદીઓ સુંદર પાણી વાળી–અને ધરાઓ કમળ આદિકની શોભાવાળા થયા હતા, તથા વનનાં ફૂલોનાગુચ્છની અંદર પક્ષીઓ અને ભમરાઓ શબ્દ કરી રહ્યા હતા. ॥૩॥ અને સ્પર્શે કરી સુખ કરનારો તથા સુગંધીને ફેલાવનારો વાયુ વાતો હતો. તથા દ્વિજોના અગ્નિઓ શાંતિ સહિત સારી રીતે સળગતા હતા. ॥૪॥ એ અજન્મ ભગવાનનો જન્મ થયો, ત્યારે આકાશમાં દુંદુભી વાગ્યાં. અને

અસુરોએ દ્રોહ કરેલા સાધુ પુરૂષોનાં મન પ્રસન્ન થયાં. ॥૫॥ કિન્નરો અને ગંધર્વો ગાવા લાગ્યા. સિદ્ધ અને ચારણોએ સ્તુતિ કરી, અને વિદ્યાધરની સ્ત્રીઓએ તથા અપ્સરાઓએ નાચ કરયો. ॥૬॥ મુનિઓ અને દેવતાઓએ આનંદથી ફૂલ વરસાવ્યાં. અને સમુદ્રના મંદ મંદ ગરજવાની પાછળ વરસાદ પણ ધીમે ધીમે ગાજવા લાગ્યો. ॥૭॥ ત્યારે મધ્યરાત્રે ઘણું અંધારૂં થવા વખતે, જેમ પૂર્વદિશામાં સંપૂર્ણ ચંદ્રમા ઉગે, તેમ સર્વના અંતર્યામી જનાર્દન ભગવાન વિશ્નુ, દેવી જેવાં રૂપાળાં દેવકીજીને વિશે જન્મ્યા. ॥૮॥ એ કમળજેવી આંખોવાળા–ચાર હાથ વાળા–શંખ, ગદા, અને ચક્ર એ આયુધો ધરેલા–શ્રીવત્સના ચિન્હવાળા–ગળામાં શોભતા કૌસ્તુભવાળા–ઘાટા મેઘના જેવાં સુંદર પીળાં વસ્ત્ર વાળા–॥૯॥ ઘણી કિંમતનાં ચળકતાં વૈદુર્યમણિ-વાળાં મુકુટ અને કુંડળો પેહેરેલા–મોઢા ઉપર વાળના અનેક ગુચ્છ લટકતા–અને ઘણો સુંદર કંદોરો, બાજુ-બંધ, તથા કંકણોથી શોભતા–એ અદભુત બાળકને વસુદેવે દીઠા. ॥૧૦॥ ત્યારે વિસ્મય થવાથી પ્રફુલ્લિત થયેલી આંખોવાળા વસુદેવ; એ પુત્ર હરિભગવાનને દેખીને, કૃષ્ણાવતારના ઉત્સવના સંભ્રમમાં આનંદ પા

માંને, ગાયોને બ્રાહ્મણોને દસ હજાર ગાયોનું, દાન આપવાનું જળ મૂક્યું. ॥૧૧॥ હે રાજા, પછીથી પોતાના પ્રકાશથી સુવાવડના ઘરને પ્રકાશિત કરતા, પરમ પુરુષ ભગવાનને ઓળખીને, તેમના પ્રભાવને જાણી નિર્ભય થયેલા વસુદેવે હાથ જોડીને; તથા તેમનામાંજ મન લગાડીને; પોતાનું આખું શરીર નમાવી નમસ્કાર કર્યા, અને સ્તુતિ કરવા લાગ્યા કે.॥૧૨॥—વસુદેવ—કેવળ આનંદનાજ અનુભવ રૂપ—સર્વના મનની વાતને જાણનારા—અને પ્રકૃતિથી પર—સાક્ષાત પુરુષ ભગવાનજ આપ હોવાનું, હું જાણું છું ॥૧૩॥ જેમણે પોતાની માયાવડે આ ત્રિગુણાત્મક જગત પહેલું સરજ્યું છે. અને તેમાં પોતે પાછળથી નહીં પેઠેલા છતાં, પેઠેલાના સરખા જણાઓ છો. (અર્થાત મૂળથીજ રહેલાછો.) ॥૧૪॥ જેમ પાંચ મહાભૂતો વિગેરે વિકાર પામવાવડે, જૂદાંજૂદાં નાના પ્રકારનાં શરીરોને ઉત્પન્ન કરેછે; અને એક બીજાનો સંયોગ પામવા વડે, તેઓ તેમનામાં પાછળથી પેઠેલા સરખું જણાય છે; પણ તેઓ પ્રથમથીજ વિદ્યમાન હોવાથી તેમને પાછળથી ઉત્પન્ન થવાપણું છેજ નહીં. ॥૧૫-૧૬॥ તે રીતેજ આપ સર્વના આત્મા—સર્વને વિશેની તત્વવસ્તુ રૂપ—અને અનાવૃત એટલે માગ રહિત હોવાથી, જેને બહાર કિંવા અંદર કાંઈજ નથી. એવા આપ, જ્ઞાન થવાની ઇંદ્રિયોને જ્ઞાન થવાનો વિષયજ નથી; માટે તે ઇંદ્રિયો વડે જાણવામાં આવતા નથી. પરંતુ આપનાં લક્ષણોનું અનુમાન, માત્ર બુદ્ધિવડેજ થઇ શકે છે ॥૧૭॥ દશ્ય પદાર્થાદિક સર્વે, કે જે, વિચાર કરી જોતાં; ફક્ત બોલવા માત્રજ; અને અસત્ ઠરેલ છે. તેમને પોતાના આત્મ સ્વરૂપથી જૂદા, અને વસ્તુ રૂપ સત્ હોવાનું સ્વીકારવાના નિશ્ચયવાળો જે પુરુષ થાય, તેને અબુદ્ધ જાણવો. ॥૧૮॥ હે સમર્થ, ક્રિયા રહિત—ગુણો રહિત—અને વિકાર રહિત, એવા આપ થકીજ, આ જગતની ઉત્પત્તિ—સ્થિતિ—અને નાશ, થવાનું લોકો કહેછે; અને આપના આશ્રય વડેજ ગુણો; એ સર્વ કાર્યોને કરેછે; માટે ચાકરે કરેલું કામ શેઠેજ કર્યાનું કહેવાવાની પેઠે; આપ પરબ્રહ્મ ઇશ્વરની બાબતમાં લોકોનું એ રીતનું કહેવું, વિરુદ્ધ નથીજ. ॥૧૯॥ ત્રીલોકની સ્થિતિ રાખવાને સમયે, આપે ધારણ

कृतांजलिः॥ स्वरोचिषाभारतसूतिकागृहंविरोचयंतंगतभीःप्रभाववित् ॥१२॥ वसुदेव० विदितोऽसिभवान्साक्षात्पुरुषःप्रकृतेःपरः॥केवला
नुभवानंदस्वरूपःसर्वबुद्धिदृक् ॥१३॥ सएवस्वप्रकृत्येदंसृष्ट्वाग्रेत्रिगुणात्मकं॥तदनुत्वंह्यप्रविष्टःप्रविष्टइवभाव्यसे ॥१४॥ यथेमेऽविकृताभावा
स्तथातेविकृतैःसह॥नानावीर्याःपृथग्भूताविराजंजनयंतिहि ॥१५॥ सन्निपत्यसमुत्पाद्यदृश्यंतेऽनुगताइव ॥ प्रागेवविद्यमानत्वान्नतेषामिह
संभवः ॥१६॥ एवंभवान्बुद्ध्यनुमेयलक्षणैर्ग्राह्यैर्गुणैःसन्नपितद्गुणाग्रहः॥अनावृतत्वाद्बहिरंतरंनतेसर्वस्यसर्वात्मनआत्मवस्तुनः॥१७॥ यआ
त्मनोदृश्यगुणेषुसन्नितिव्यवस्यतेस्वव्यतिरेकतोऽबुधः॥ विनानुवादंनचतन्मनीषितंसम्यग्यतस्त्यक्तमुपाददत्पुमान् ॥१८॥ त्वत्तोऽस्यजन्म
स्थितिसंयमान्विभोवदंत्यनीहादगुणादविक्रियात् ॥ त्वयीश्वरेब्रह्मणिनोविरुध्यतेत्वदाश्रयत्वादुपचर्यतेगुणैः ॥१९॥ सत्वंत्रिलोकस्थितये
स्वमाययाबिभर्षिशुक्लंखलुवर्णमात्मनः ॥ सर्गायरक्तंरजसोपबृंहितंकृष्णंचवर्णंतमसाजनात्यये ॥ २० ॥ त्वमस्यलोकस्यविभोरिरक्षिषुर्गृहे
ऽवतीर्णोऽसिममाखिलेश्वर॥ राजन्यसंज्ञासुरकोटियूथपैर्निर्व्यूह्यमानानिहनिष्यसेचमूः ॥२१॥ अयंत्वसभ्यस्तवजन्मनौगृहेश्रुत्वाऽग्रजांस्ते
न्यवधीत्सुरेश्वर ॥ सतेऽवतारंपुरुषैःसमर्पितंश्रुत्वाऽधुनैवाभिसरत्युदायुधः ॥२२॥ श्रीशुक० अथैनमात्मजंवीक्ष्यमहापुरुषलक्षणं॥देवकीत
मुपाधावत्कंसाद्भीताशुचिस्मिता ॥२३॥ देवकी० रूपंयत्तत्प्राहुरव्यक्तमाद्यंब्रह्मज्योतिर्निर्गुणंनिर्विकारं॥सत्तामात्रंनिर्विशेषंनिरीहंसत्वंसाक्षा
द्विष्णुरध्यात्मदीपः ॥२४॥ नष्टेलोकेद्विपरार्धावसानेमहाभूतेष्वादिभूतंगतेषु ॥ व्यक्तेऽव्यक्तंकालवेगेनयातेभवानेकःशिष्यतेशेषसंज्ञः॥२५
योऽयंकालस्तस्यतेऽव्यक्तबंधोचेष्टामाहुश्चेष्टतेयेनविश्वं ॥ निमेषादिर्वत्सरांतोमहीयांस्तंत्वेशानंक्षेमधामप्रपद्ये॥२६॥ मर्त्योमृत्युव्यालभीतः
पलायन्लोकान्सर्वान्निर्भयंनाध्यगच्छत् ॥ त्वत्पादाब्जंप्राप्ययदृच्छयाद्यस्वस्थःशेतेमृत्युरस्मादपैति॥२७॥ सत्वंघोरादुग्रसेनात्मजान्नस्त्राहित्र
स्तान्भृत्यवित्रासहाऽसि ॥ रूपंचेदंपौरुषंध्यानधिष्ण्यंमाप्रत्यक्षंमांसदृशांकृषीष्ठाः ॥२८॥ जन्मतेमय्यसौपापोमाविद्यान्मधुसूदन ॥समुद्वि

કરેલ સત્વગુણી શરીરોનો રંગ, ધોળો હોયછે; અને સૃષ્ટિ કરવાને સમયે, ધરેલા રજોગુણવાળા શરીરોનો રંગ રાતો હોય છે; તથા લોકનો નાશ કરવાને સમયે,ધરેલા તમો ગુણી શરીરોનોરંગ કાળો હોયછે. ॥૨૦॥ સમર્થ અને અખિલ બ્રહ્માંડના ઇશ્વર, આપે લોકનું રક્ષણ કરવા સારૂં મારા ઘરમાં અવતાર ધર્યો છે, તો રાજા નામથી કહેવાતા કરોડો અસુરોના સ્વામીઓએ ચલાવાતી, સેનાઓનો નાશ આપ કરશોજ. ॥૨૧॥ હે દેવતાઓના સ્વામી, આપનો જન્મ મારે ઘેર થવાનું સાંભળવાથી, આ દુષ્ટ કંસે, તમારા અગ્રજોને મારી નાખ્યા છે; અને આપનો અવતાર થવાની વાત; તે તેના માણસોના કહેવાથી જાણશે, એટલે તુર્તજ હથિઆર ઉપાડીને તે આવશેજ. ॥૨૨॥—શ્રીશુક—તે પછી એ મહાપુરુષનાં લક્ષણોવાળા પુત્રને દેખી, કંસથી બીહીને દેવકીજી સ્વચ્છ રીતે હસતાં હસતાં, તેમની સ્તુતિ કરવા લાગ્યાં કે. ॥૨૩॥—દેવકી—જે અવ્યક્ત—આદિ—બ્રહ્મ—જ્યોતિરૂપ—નિર્ગુણ—નિર્વિકાર—સત્તામાત્ર—વિશેષ રહિત—અને ક્રિયા રહિત—તથા અધ્યાત્મજ્ઞાનનું દર્શન કરાવનાર—સાક્ષાત વિષ્ણુ કહેવાય છે, એજ આ આપનું સ્વરૂપ છે. ॥૨૪॥ કાળના વેગથી બે પરાર્દ્ધ પૂરાં થયે, લોક માત્રનો નાશ થતે, મહાભૂતો આદિ તમામ દશ્ય, આદિભૂત અવ્યક્તમાં પેસી જતાં; જે શેષ નામથી બાકી રહે છે, તે આપ એક ભગવાનજ છો. ॥૨૫॥ જે નાનો હોય છે ત્યારે, નિમેષ કહેવાય છે, અને મોટો હોયછે ત્યારે સંવત્સર એટલે વરસ કહેવાય છે; તે અવ્યક્તનો બંધુ કાળપણ, આપની—લીલા માત્રજ કહેવાય છે; જેની આવૃત્તિથી આ વિશ્વની આવૃત્તિઓ થાય છે. તે મોક્ષના ધામ રૂપ આપ ઇશ્વરનુંજ, હું શરણ લેઉંછું. ॥ ૨૬ ॥ મૃત્યુરૂપી મોટા સાપથી બીહીનેલા, મનુષ્યો આદિ મરણ ધર્મવાળાઓ; સર્વે લોકને વિષે દોડતા છતાં નિર્ભય સ્થાનને પામતા નથીજ; પણ જેના થકી મૃત્યુ પોતેજ નાસી જાય છે, એવા આપ આદિ પુરુષના ચરણ કમળને જ્યારે તેઓ યદૃચ્છાથી પ્રાપ્ત થાય છે, ત્યારેજ સ્વસ્થપણાથી સુઇ શકેછે. ॥૨૭॥ માટે ઉગ્રસેનના ભયંકર દીકરાથકી ત્રાસ પામેલાં અમોનું, ભક્તોને જાણનાર અને તેમના ત્રાસને મટાડનાર આપ રક્ષણ કરો; અને ધ્યાન કરવાના સ્થાનરૂપ આપનું આ મહા પુરુષ સ્વરૂપ, ચર્મ ચક્ષુ વાળાઓને આપ પ્રત્યક્ષ દેખાડો માં. ॥૨૮॥ હે મધુસૂદન, એ પાપી, આપનો જન્મ મારાથકી થયાનું ન જાણે. એમ

આપ કરો; ધીરજ વગરની બુદ્ધિવાળી હું, કંસથકી આપના હેતુ માટેજ, ઉદ્વેગ પામું છું ॥૨૯॥ હે વિશ્વાત્મા, શંખ–ચક્ર–અને ગદા તથા પદ્મની શોભાવાળું, અને ચાર ભુજાવાળું આપનું આ અલૌકિક સ્વરૂપ હવે સમાવો. ॥૩૦॥ આપ પરમ પુરુષ ભગવાન: બ્રહ્માની રાત્રિ થતાં, પોતાને વિષે સઘળા વિશ્વને જોઈતો અવકાશ આપીને, ધારણ કરનારા છો; તે આ રીતે મારા ગર્ભમાં ઉત્પન્ન થયા છો. એ મનુષ્ય લોકમાં આશ્ચર્ય સરખુ છે. ॥૩૧॥–શ્રીભગવાન–હે સતી પૂર્વે જન્મમાં સ્વાયંભુવ મન્વંતરમાં તમે પ્રશ્નિ નામવાળાં હતાં; અને આ વસુદેવ સુતપા નામના નિર્દોષ પ્રજાપતિ હતા. ॥૩૨॥ જ્યારે બ્રહ્માએ તમને પ્રજા ઉત્પન્ન કરવાને કહ્યું; ત્યારે સઘળી ઇંદ્રિયોને વશ રાખીને તમે, મોટું તપ કર્યું. ॥૩૩॥ અને વરસાદ–વાયરો –તડકો–તાઢ–અને ઘામ, વિગેરે એક પછી એક આવનારા કાળના ગુણોને, સહન કરીને; અને પ્રાણાયામવડે, શ્વાસને રૂંધીને; મનના મેલને ધોઈ નાંખ્યા. ॥૩૪॥ તથા સુકાઈને ખરી પડેલાં પાંદડાંનો અને વાયુનોજ આહાર, શાંત ચિતથી કરીને, મારાથકી વરદાન પામવાને માટે; મારું આરાધન કરવા લાગ્યાં. ॥૩૫॥ એમ તમો બંને જણનેઃ મારામાં ચિત્ત રાખી તીવ્ર અને અતિ દુષ્કર તપ કરતાં, દિવ્ય બાર હજાર વરસો વિતી ગયાં. ॥૩૬॥ ત્યારે તમારી શ્રદ્ધા–તપ–અને હમેશાં ભક્તિસહિત હૃદયમાં મારું ધ્યાન કરવાથકી પ્રસન્ન થયેલો હું, વરદાન આપનારાઓનો ઇશ્વર, તમારી પાસે આ શરીરથીજ, વરદાન દેવા માટે પ્રકટ થયો; અને તમને વરદાન માગવાનું કહેતાં, હે પાપ રહિત, મારા સરખો પુત્ર થવાનું તમે વરદાન માગ્યું હતું. ॥૩૭–૩૮॥ પણ મારી માયાથકી મોહ પામેલાં–અને ગ્રામ્યવિષયોને નહીં ભોગવેલાં–તથા સંતાનવિનાનાં–તમોએ; મોક્ષ પામવાનું વરદાન માગ્યું નહોતું. ॥૩૯॥ અને મારા સરખો પુત્ર થવાનું વરદાન પામીને, પોતાનો મનોર્થ સિદ્ધ થયેલાં

जेभवद्धेतोःकंसादहमधीरधीः॥२९॥ उपसंहरविश्वात्मन्नदोरूपमलौकिकं॥शंखचक्रगदापद्मश्रियाजुष्टंचतुर्भुजं॥३०॥ विश्वंयदेतत्स्वतनौनिशांतेयथाऽवकाशंपुरुषःपरोभवान्॥ बिभर्तिसोऽयंममगर्भगोऽभूदहोनृलोकस्यविडंबनंहितत्॥३१॥ श्रीभग०त्वमेवपूर्वसर्गेभूःपृश्निःस्वायंभुवेसति॥ तदाऽयंसुतपानामप्रजापतिरकल्मषः॥३२॥ युवांवैब्रह्मणादिष्टौप्रजासर्गेयदाततः॥सन्नियम्येंद्रियग्रामंतेपाथेपरमंतपः॥३३॥ वर्षवातातपहिमघर्मकालगुणाननु॥ सहमानौश्वासरोधविनिर्धूतमनोमलौ॥३४॥ शीर्णपर्णानिलाहारावुपशांतेनचेतसा॥मत्तःकामानभीप्संतौमदाराधनमीहतुः॥३५॥ एवंवांतप्यतोस्तीव्रंतपःपरमदुष्करं॥दिव्यवर्षसहस्राणिद्वादशेयुर्मदात्मनोः॥३६॥ तदावांपरितुष्टोऽहममुनावपुषाऽनघे॥तपसाश्रद्धयानित्यंभक्त्याचहृदिभावितः॥३७॥ प्रादुरासंवरदराड्युवयोःकामदित्सया॥व्रियतांवरइत्युक्तेमादृशोवांवृतःसुतः॥३८॥ अजुष्टग्राम्यविषयावनपत्यौचदंपती॥नवव्राथेऽपवर्गंमेमोहितौदेवमायया॥३९॥ गतेमयियुवांलब्ध्वावरंमत्सदृशंसुतं॥ग्राम्यान्भोगानभुंजाथांयुवांप्राप्तमनोरथौ॥४०॥ अदृष्ट्वाऽन्यतमंलोकेशीलौदार्यगुणैःसमं॥अहंसुतोवामभवंपृश्निगर्भइतिश्रुतः॥४१॥ तयोर्वांपुनरेवाहमदित्यामासकश्यपात्॥उपेंद्रइतिविख्यातोवामनत्वाच्चवामनः॥४२॥ तृतीयेऽस्मिन्भवेऽहंवैतेनैववपुषाथवां॥ जातोभूयस्तयोरेववसत्यंमेव्याहृतंसति॥४३॥ एतद्वांदर्शितंरूपंप्राग्जन्मस्मरणायमे॥नान्यथामद्भवंज्ञानंमर्त्यलिंगेनजायते॥४४॥ युवांमांपुत्रभावेनब्रह्मभावेनचासकृत्॥ चिंतयंतौकृतस्नेहौयास्येथेमद्गतिंपरां॥४५॥ यदिकंसाद्बिभेषित्वंतर्हिमांगोकुलंनय॥ मन्मायामानयाशुत्वंयशोदागर्भसंभवां॥४६॥ श्रीशुक०इत्युक्त्वासीद्धरिस्तूष्णींभगवानात्ममायया॥पित्रोःसंपश्यतोःसद्योबभूवप्राकृतःशिशुः॥४७ ततश्चशौरिर्भगवत्प्रचोदितःसुतंसमादायससूतिकागृहात्॥ यदाबहिर्गंतुमियेषतर्ह्यजायायोगमायाऽजनिनंदजायया॥४८॥तयाहृतप्रत्ययसर्ववृत्तिषुद्वास्थेषुपौरेष्वपिशायितेष्वथ॥ द्वारस्तुसर्वाःपिहितादुरत्ययाबृहत्कपाटायसकीलशृंखलैः॥४९॥ ताःकृष्णवाहेवसुदेवआगतेस्वयंव्यवर्यंतयथातमोरवेः॥ ववर्षपर्जन्यउपांशुगर्जितःशेषोऽन्वगाद्वारिनिवारयन्फणैः॥५०॥ मघोनिवर्षत्यसकृद्यमानुजागंभीरतोयौघजवोर्मिफेनिला॥ भयानकावर्तशताकुलानदी

તમે; મારા ગયા કેડે, ગ્રામ્ય સુખોને ભોગવવા લાગ્યાં હતાં. ॥૪૦॥ ત્યારે શીળ–ઉદારતા–અને ગુણોવડે મારા સરખો તો, લોક માત્રને વિષે બીજો કોઈ ન જણાયાથી, હું પોતેજ તમારો પુત્ર થયો હતો; તે પ્રશ્નિગર્ભ નામથી પ્રખ્યાત છે. ॥૪૧॥ બીજીવાર તમો અદિતિ અને કશ્યપથકી ગયેલા હું ઉપેંદ્ર (વામન) નામથી વિખ્યાત છું. અને ઠિંગણો હોવાથી વામન પણ કહેવાતો હતો. ॥૪૨॥ હે સતી, આ ત્રીજે અવતારે હું ફરીવાર તમારાથકીજ એનાએજ શરીરથી જન્મ્યો છું; આ રીતે મેં તમને સાચે સાચું કહ્યુ છે. ॥૪૩॥ તમને પૂર્વ જન્મના સ્મરણને માટે, મેં મારું સ્વરૂપ દેખાડયું છે; કેમકે મનુષ્ય શરીરથી જન્મું તો, તમને પૂર્વ જન્મનું જ્ઞાન થાત નહીં. ॥૪૪॥ હવે તમે, મારું પુત્ર ભાવથી તથા બ્રહ્મભાવથી, સ્નેહ સહિત સંપૂર્ણ ચિંતવન કરવાવડે; મારી પરમગતિને પામશો. ॥૪૫॥ જો તમે કંસથી બીહોછો તો મને ગોકુલમાં લેઈ જાઓ; અને યશોદાના ગર્ભથકી ઉત્પન્ન થયેલ મારી માયાને, તમે ઉતાવળાજ લેઈ આવો. ॥૪૬॥–શ્રીશુક–એટલું કહીને ભગવાન બોલતા બંધ થયા; અને પોતાની માયાવડે માતપિતાના દેખતાંજ તુર્ત પ્રાકૃત બાળક બન્યા. ॥ ૪૭ ॥ પછી ભગવાનના કહ્યા પ્રમાણે વસુદેવે, પુત્રને લેઈ સુવાવડના ઘરમાંથી બહાર જવાની ઇચ્છા કરી. અને ત્યારેજ નંદની સ્ત્રી યશોદાએ યોગમાયાને જન્મ આપ્યો. ॥૪૮॥ તે યોગમાયાએજ દરવાજામાં રહેનાર અને નગરને વિષે રહેનારા પણ, સર્વના મનની વૃત્તિઓને હરિ લેવાથી, સર્વ કોઈ ઉંઘી જતાં; સઘળા દરવાજા વિગેરે, જે દરગેજ મોટાં કમાડો થકા; અને લોઢાના ખીલાવાળી સાંકળોથી, દૃઢપણે બીડાનાં હતાં; તે સઘળાંજ; જેમ સૂર્ય આવે ત્યાં અંધારું રહેજ નહીં; તેમ કૃષ્ણને લેઈને વસુદેવ આવતાં; પોતાની મેળેજ ઉઘાડાં રહેલાં હતાં; મંદમંદ ગાજતો વરસાદ વરસતો હતો; અને ઉપરથી પડતા પાણીને; પોતાની ફેણાવડે; નિવારણ કરતા શેષનાગ, તેમની પાછળ પાછળ ચાલતા હતા. ॥૪૯–૫૦॥ અને અનેક વાર વરસાદ પડવાથી; પૂર આવેલી–ગંભીર જળ પ્રવાહમાં વેગ અને મોજાથકી ફીણ ઉછાળતી–અને ભયાનક સેંકડો ચકરીઓ પાડતી, યમુના નદીએ પણ; સીતા-

ની પતિ રામચંદ્રજીને જેમ સમુદ્રે માર્ગ આપ્યો હતો; તેમ તેમને માર્ગ આપ્યો. ॥૫૧॥ એટલે નંદના વ્રજમાં વસુદેવ પહોંચ્યા; ત્યારે ત્યાં તેમના સઘળા ગોપને, સુતેલા અને ઉંઘી ગયેલા દેખીને; તેમણે યશોદાની પથારીમાં; પુત્રને મુક્યા; અને કન્યાને લીધી. તથા પાછા પોતાને ઘેર આવ્યા. ॥૫૨॥ પછી તે કન્યાને દેવકીની પથારીમાં મુક્યા કેડે, પોતાના પગમાં લોઢાની બેડીઓ પહેરી લેઇને; તે પ્રથમ હતા તેવાજ થઇ રહ્યા. ॥૫૩॥ અને નંદની સ્ત્રી યશોદાએ, પોતાને કાંઇક અવતરેલાનું માત્ર જાણ્યું હતું; પણ થાકી જઇને ઉંઘ આવવાથી; સ્મૃતિનો નાશ થઇને; તે પુત્ર છે કે કન્યા; એ કાંઇજ જાણ્યું નહોતું. ॥૫૪॥ ઇતિ૦ શ્રીમદ્ ભાગવતે દશમા સ્કંધનો શ્રીકૃષ્ણ જન્મ નામે ત્રીજો અધ્યાય સંપૂર્ણ. ॥૩॥

અધ્યાય ૪ થો—શ્રી શુક—પછી બાળકનો શબ્દ સાંભળીને, દરવાનો જાગી ઉઠયા; ને તેમણે નગરના માંહેલા તથા બહારના દરવાજા, પ્રથમની પેઠેજ બંધ કરી દીધા. ॥૧॥ તે પછીથી તેમણે ઉતાવળા ઉતાવળા કંસ રાજાની પાસે જઇને, દેવકીનો ગર્ભ જન્મ પામ્યાની વાત, જાહેર કરી; કે જેને માટે તે ઉદ્વેગ પામીને, વાટજ જોતો હતો. ॥૨॥ એટલે તે પલંગમાંથી ઉતાવળોજ ઉઠ્યો, અને વિહ્વળપણાથી માથાના વાળ છુટા મૂકીને "એનો કાળજ," એમ બોલતો બોલતો, અને ઠેસો ખાતો, ઉતાવળથી સુવાવડના ઘરમાં ગયો. ॥૩॥ ત્યારે તેને સતી અને રાંક દેવકીએ, દયામણી રીતે કહ્યું કે, " હે ભાઇ તારૂં ભલુ થાઓ; આ તારી ભાણેજી સ્ત્રી જાતિ છે, તેને મારવાને તું યોગ્ય નથી. ॥૪॥ હે ભાઇ, અગ્નિ સરખા ઘણા બાળકોને, દૈવની પ્રેરણાથી તેં મારી નાંખ્યા છે; તો આ એક દીકરી તો મને આપ. ॥૫॥ હે સમર્થ, હું તારાથી નાની—રાંક-પુત્રો મરી ગયેલી—અને મંદ ભાગ્ય વાળી—તારી બેહેન છું; તેને તું આ સ્ત્રી જાતિની પ્રજા આપવાને

मार्गंददौसिंधुरिवश्रियःपतेः ॥५१॥ नंदव्रजंशौरिरुपेत्यतत्रतान्गोपान्प्रसुप्तानुपलभ्यनिद्रया ॥ सुतंयशोदाशयनेनिधायतत्सुतामुपादायपु
नर्गृहानगात् ॥५२॥ देवक्याःशयनेन्यस्यवसुदेवोऽथदारिकां ॥ प्रतिमुच्यपदोर्लोहमास्तेपूर्ववदावृतः ॥५३॥ यशोदानंदपत्नीचजातंपरमबु
ध्यत ॥ नतल्लिंगंपरिश्रांतानिद्रयापगतस्मृतिः ॥५४॥ इ०भा०म०द०पू०भा०कृष्णजन्मनितृतीयोऽध्यायः ॥३॥ श्रीशुक०बहिरंतःपुरद्वारः
सर्वाःपूर्ववदावृताः ॥ ततोबालध्वनिंश्रुत्वागृहपालाःसमुत्थिताः ॥१॥ तेतुतूर्णमुपव्रज्यदेवक्यागर्भजन्मतत् ॥ आचख्युर्भोजराजायपदुद्विग्नः
प्रतीक्षते ॥२॥ सतल्पात्तूर्णमुत्थायकालोऽयमितिविह्वलः ॥ सूतीगृहमगात्तूर्णंप्रस्खलन्मुक्तमूर्द्धजः ॥३॥ तमाहभ्रातरंदेवीकृपणाकरुणंसती ॥ स्नु
षेयंतवकल्याणस्त्रियंमाहंतुमर्हसि ॥४॥ बहवोहिंसिताभ्रातःशिशवःपावकोपमाः ॥ त्वयादैवनिसृष्टेनपुत्रिकैकाप्रदीयतां ॥५॥ नन्वहंतेह्यव
रजादीनाहतसुताप्रभो ॥ दातुमर्हसिमंदायाअंगेमांचरमांप्रजां ॥६॥ श्रीशुक०उपगुह्यात्मजामेवंरुदंत्यादीनदीनवत् ॥ याचितस्तांविनिर्भ
र्त्स्यहस्तादाचिच्छिदेखलः ॥७॥ तांगृहीत्वाचरणयोर्जातमात्रांस्वसुःसुतां ॥ अपोथयच्छिलापृष्ठेस्वार्थोन्मूलितसौहृदः ॥८॥ सातद्धस्तात्समु
त्पत्त्यसद्योदेव्यंबरंगता ॥ अदृश्यतानुजाविष्णोःसायुधाष्टमहाभुजा ॥९॥ दिव्यस्रगंबरालेपरत्नाभरणभूषिता ॥ धनुःशूलेषुचर्मासिशंखचक्रग
दाधरा ॥१०॥ सिद्धचारणगंधर्वैरप्सरःकिन्नरोरगैः ॥ उपाहृतोरुबलिभिःस्तूयमानेदमब्रवीत् ॥११॥ किंमयाहतयामंदजातःखलुतवांतकृत् ॥
यत्रक्ववापूर्वशत्रुर्माहिंसीःकृपणान्वृथा ॥१२॥ इतिप्रभाष्यतंदेवीमायाभगवतीभुवि ॥ बहुनामनिकेतेषुबहुनामाबभूवह ॥१३॥ तयाऽभिहित
माकर्ण्यकंसःपरमविस्मितः ॥ देवकींवसुदेवंचविमुच्यप्रश्रितोऽब्रवीत् ॥१४॥ अहोभगिन्यहोभाममयावांबतपाप्मना ॥ पुरुषादइवापत्यंबहवो
हिंसिताःसुताः ॥१५॥ सत्वहंत्यक्तकारुण्यस्त्यक्तज्ञातिसुहृत्खलः ॥ काँल्लोकान्वैगमिष्यामिब्रह्महेवमृतःश्वसन् ॥१६॥ दैवमप्यनृतंवक्तिनम
र्त्याएवकेवलं ॥ यद्विश्रंभादहंपापःस्वसुर्निहनवान्शिशून् ॥१७॥ माशोचतंमहाभागावात्मजान्स्वकृतंभुजः ॥ जंतवोनसदैकत्रदैवाधीनाःसहा
सते ॥१८॥ भुविभौमानिभूतानियथायांत्यपयांतिच ॥ नायमात्मातथैतेषुविपर्येतियथैवभूः ॥१९॥ यथाऽनैवंविदोभेदोयतआत्मविपर्ययः ॥

યોગ્ય છે" ॥૬॥ એ રીતે બહુ પ્રાર્થના કરતી, અને રાંકની પેઠે રડતી દેવકીએ, એ પુત્રીને પોતાની છાતી સરસી દાબી રાખ્યા છતાં, એ ખળ કંસે તેનો તિરસ્કાર કરીને, તેના હાથમાંથી એ કન્યાને છીનવી લીધી. ॥૭॥ અને એ સ્વાર્થને માટે સુહૃદપણાને મુળમાંથી ઉખેડી નાંખનારાએ, તુર્ત જન્મેલી તે બેહેનની દીકરીના પગ પકડીને; તેણીને પથ્થરની શીલા (છીપર) ઉપર પછાડી. ॥૮॥ ત્યારે તે દેવી તેના હાથમાંથી, તુર્તજ આકાશમાં ઉડી ગઇ; અને તે: વિશ્નુની પાછળ જન્મેલી—આયુધો સહિત આઠ મોટા હાથ વાળી—દિવ્ય માળા, વસ્ત્ર, લેપન, અને રત્નોના અલંકાર પહેરેલી,—ધનુષ્ય, ત્રિશૂળ, ઢાલ, બાણો, તરવાર, શંખ ચક્ર, અને ગદા ધારણ કરેલી—તથા સિદ્ધ, ચારણ, ગાંધર્વ, અપ્સરા, કિન્નર, અને ઉરગો વિગેરે થકી ઘણાં બળિદાનો આપીને સ્તુતિ કરાતી—એવી માયા: તેના દેખવામાં આવીને બોલી કે; ॥૯-૧૦-૧૧॥ હે મંદ, મને મારવા થકી તું શું પામ્યો ? તારો અંત આણનારો પૂર્વ શત્રુ, અહીં અગર બીજે સ્થળે, જન્મી ચુક્યો છેજ; માટે તું રાંક પ્રાણીઓને મારમાં. " ॥૧૨॥ એ પ્રમાણે તેને કહી, એ ભગવાનની માયાદેવી, પૃથ્વી ઉપર ઘણાં ઘણાં સ્થાનકોને વિશે, બહુ નામોવાળી થઇને રહી. ॥૧૩॥ એ તેનું કહેવું સાંભળીને, કંસ ઘણો વિસ્મય પામ્યો; અને વસુદેવને તથા દેવકીને બંદીખાનામાંથી છૂટાં કરીને, નમ્રતાથી બોલ્યો કે. ॥૧૪॥ " હે બેહેન અને બનેવી, હું પાપી મનવાળાએ; ખચીત રાક્ષસની પેઠે, તમારાં ઘણાં સંતાનોને મારી નાંખ્યાં છે. ॥૧૫॥ દયાને તજનારો—સગપણ અને સુહૃદપણાને તજનારો—ખળ—જીવતાંજ મુવેલો—અને બ્રહ્મહત્યા કરનાર એવો—હું, કયા લોકને પામીશ. ? ॥૧૬॥ ફકત માણસોજ જુઠું બોલે છે, એમ નથી; પણ દૈવ એટલે આકાશવાણી પણ જુઠું બોલે છે. કે જેના વિશ્વાસથી, મેં બેહેનનાં બાળકોને મારી નાંખ્યાં છે. ॥૧૭॥ હે મહા ભાગ્યો, દૈવને આધીન પ્રાણીઓ સર્વ કાળ એક ઠેકાણે સાથે રહી શકતાં નથી; માટે પોતાનાં કર્મોને ભોગવનારા તમારા પુત્રોનો, તમે પણ શોક કરશો નહીં. ॥૧૮॥ પૃથ્વીમાંથી થનારા પદાર્થાદિક પૃથ્વીમાંજ

ઉત્પન્ન થઈને, પછી અંતે પાછા તેમાંજ મળી જાય છે; છતાં તે થકી પૃથ્વી વિકાર વાળી નથી થતી; તેજ રીતે પ્રાણીઓ ઉત્પન્ન થઈ થઈને નાશ પામી જવા છતાં, આત્મા પણ વિકારવાન, થતો નથી. ॥૧૯॥ એમ યથાર્થ ન સમજવા વડેજ ભેદબુદ્ધિ એટલે દશ્યાદિકને સત્ માનવાપણું થાય છે; જે થકી આત્મા (જીવ)ને બંધન પ્રાપ્ત થઈને; તેને દેહનો સંયોગ અને વિયોગ થવા રૂપ, સંસાર મટતો નથી. ॥૨૦॥ હે કલ્યાણી, સર્વ, કોઈને પોતાનાં કરેલાં કર્મો, પરવશપણે ભોગવવાં પડેછેજ; માટે તારાં સંતાનોનો મેં નાશ કર્યો છે, તોપણ; તેમનો તું શોક કરીશ નહીં. ॥૨૧॥ પોતાના સ્વરૂપને નહીં જાણનારો પુરુષ જ્યાં સુધી પોતાનેજ, મારનારો અને મરાવનારો માને છે; ત્યાં સુધીજ તે શરીરને વિશે અભિમાન કરનારા અજ્ઞાનીને, બાધ કરનારપણું અને બાધ થવાપણું રહે છે." ॥૨૨॥ પછી તેણે આંસુવાળે મોઢે, બેહેન અને બનેવીના પગમાં પડીને, વળી કહ્યું કે; "તમો દીન ઉપર દયા કરનાર સાધુઓ, મારા દુષ્ટપણાને માટે ક્ષમા કરજો." ॥૨૩॥ તે પછીથી યોગમાયાના વચન ઉપર વિશ્વાસ રાખનારા તે કંસે, વસુદેવ તથા દેવકીને બંદીખાનામાંથી છૂટાં કરીને, તેમને સુહૃદપણું દેખાડ્યું. ॥ ૨૪ ॥ તેથી એ પસ્તાવો કરનારા ભાઈ ઉપરનો રોષ દેવકીને ઉતરી ગયો. અને વસુદેવે પણ રોષ તજીને હસતે મોઢે, તેને કહ્યું કે. ॥ ૨૫ ॥ "હે મહાભાગ, તમે કહોછો તેમજ, પ્રાણીઓને અજ્ઞાન થકી ઉત્પન્ન થયેલ અહં બુદ્ધિથીજ, પોતાનું અને પારકું એવી ભેદદૃષ્ટિ થાય છે. ॥ ૨૬ ॥ અને એવી ભેદદૃષ્ટિવાળાઓ, શોક-હર્ષ-ભય-દ્વેષ-લોભ-મોહ-અને મદવાળા થઈને; પોતાનોજ નાશ, માંહો માંહે એક બીજાથકી, ભગવાન કરાવે છે: તે વાતને જાણતા નથી. (એટલે મારનાર અને મરનાર પોતાને તથા બીજાઓને હોવાનુંજ, માને છે.) ॥૨૭॥ આ રીતનો સારો પ્રતિઉત્તર વસુદેવ અને દેવકીથકી મળેલો કંસ, તેઓની રજા લેઈને, પછી પોતાના ઘરમાં ગયો. ॥૨૮॥ પછી એક રાત્રિ વિત્યાકેડે, મંત્રીઓને બોલાવીને કંસે પોતાને જે રીતે યોગમાયાએ કહ્યું હતું; તે સઘળું કહી સંભળાવ્યું. ॥૨૯॥ ત્યારે

देहयोगवियोगौचसंसृतिर्ननिवर्त्तते ॥२०॥ तस्माद्भद्रेस्वतनयान्मयाव्यापादितानपि॥माऽनुशोचयतःसर्वःस्वकृतंविंदतेऽवशः ॥२१॥ यावद्धतोऽस्मिहंताऽस्मीत्यात्मानंमन्यतेऽस्वदृक्॥तावत्तदभिमान्यज्ञोबाध्यबाधकतामियात् ॥२२॥क्षमध्वंममदौरात्म्यंसाधवोदीनवत्सलाः॥इत्युक्त्वाश्रुमुखःपादौश्यालःस्वस्रोरथाग्रहीत् ॥२३॥ मोचयामासनिगडाद्विश्रब्धःकन्यकागिरा॥देवकींवसुदेवंचदर्शयन्नात्मसौहृदं ॥२४॥ भ्रातुःसमनुतप्तस्यक्षांतरोषाचदेवकी॥व्यसृजद्वसुदेवश्चप्रहस्यतमुवाचह ॥२५॥ एवमेतन्महाभागयथावदसिदेहिनां॥अज्ञानप्रभवाअहंधीःस्वपरेतिभिदायतः ॥२६॥ शोकहर्षभयद्वेषलोभमोहमदान्विताः॥मिथोघ्नंतंनपश्यंतिभावैर्भावंपृथग्दृशः॥२७॥ श्रीशुक०कंसएवंप्रसन्नाभ्यांविशुद्धंप्रतिभाषितः॥देवकीवसुदेवाभ्यामनुज्ञातोऽविशद्गृहं॥२८॥ तस्यांरात्र्यांव्यतीतायांकंसआहूयमंत्रिणः॥तेभ्यआचष्टतत्सर्वंयदुक्तंयोगनिद्रया ॥२९॥ आकर्ण्यभर्तुर्गदितंतमूचुर्देवशत्रवः॥देवान्प्रतिकृतामर्षादैतेयानातिकोविदाः ॥३०॥ एवंचेत्तर्हिभोजेंद्रपुरग्रामव्रजादिषु॥अनिर्दशान्निर्दशांश्चहनिष्यामोऽद्यवैशिशून् ॥३१॥ किमुद्यमैःकरिष्यंतिदेवाःसमरभीरवः॥ नित्यमुद्विग्नमनसोज्याघोषैर्धनुषस्तव ॥३२॥ अस्यतस्तेशरव्रातैर्हन्यमानाःसमंततः॥जिजीविषवउत्सृज्यपलायनपराययुः ॥३३॥ केचित्प्रांजलयोदीनान्यस्तशस्त्रादिवौकसः॥मुक्तकच्छशिखाःकेचिद्भीताःस्मइतिवादिनः ॥३४॥ नत्वंविस्मृतशस्त्रास्त्रान्विरथान्भयसंवृतान्॥हंस्यन्यासक्तविमुखान्भग्नचापानयुध्यतः॥३५॥ किंक्षेमशूरैर्विबुधैरसंयुगविकत्थनैः॥ रहोजुषाकिंहरिणाशंभुनावावनौकसा॥३६॥किमिंद्रेणाल्पवीर्येणब्रह्मणावातपस्यता॥तथापिदेवाःसापत्न्यान्नोपेक्ष्याइतिमन्महे॥ततस्तन्मूलखननेनियुंक्ष्वास्माननुव्रतान् ॥३७॥ यथाऽमयोंऽगेसमुपेक्षितोनृभिर्नशक्यतेरूढपदश्चिकित्सितुं॥यथेंद्रियग्रामउपेक्षितस्तथारिपुर्महान्बद्धबलोनचाल्यते ॥३८॥ मूलंहिविष्णुर्देवानांयत्रधर्मःसनातनः॥ तस्यचब्रह्मगोविप्रास्तपोयज्ञाःसदक्षिणाः ॥३९॥ तस्मात्सर्वात्मनाराजन्ब्राह्मणान्ब्रह्मवादिनः॥तपस्विनोयज्ञशीलान्गाश्चहन्मोहविर्दुघाः ॥४०॥ विप्रागावश्चवेदाश्चतपःसत्यंदमःश

એ દૈત્યોની આગે ક્રોધે ભરાયલા અને બહુ ડહાપણ વિનાના, દેવશત્રુઓ (દૈત્યો)એ; પોતાના સ્વામી કંસનું બોલવું સાંભળીને કહ્યું કે. ॥૩૦॥ "હે ભોજકુળના રાજા, જ્યારે એમજ છે, ત્યારે તો અમે હમણાંજ નગરો-ગામો-અને વ્રજઆદિને વિશે નવાં જન્મેલાં; દસદિવસની અંદરનાં, અને દસદિવસ ઉપરાંતનાં, સઘળાં બાળકોને મારી નાંખીએ છીએ. ॥૩૧॥ આપના ધનુષ્યની દોરીના શબ્દથીજ મનને વિશે હમેશાં ઉદ્વેગ પામનારા અને યુદ્ધમાં બીહીનારા દેવોથકી, શો ઉદ્યમ થવાનો છે. ॥૩૨॥ કે જેઓ, આપે મુકેલાં બાણોથકી ચારેકોર મારયા જતા, જીવવાની ઇચ્છાથી યુદ્ધમાંથી ભાગી જાય છે. ॥ ૩૩ ॥ કેટલાએકો રાંકની પેઠે હથિઆરો નાંખી દેછે, તથા બીજાઓ કાછડીઓ અને ચોટલીઓ છૂટી ગયેલાઓ બીહીનાછીએ એમ બોલે છે ॥૩૪॥ તોપણ તેઓમાંના જેઓ અસ્ત્ર અને શસ્ત્રને ભૂલી ગયેલા-રથવિનાના-બીહીનેલા-પાછે મોઢે દોડનારા-ધનુષ ભાગી ગયેલા-અને નહીં લડનારાઓ હોય છે; તેવાઓને તમે પોતેજ મારતા નથી. ॥ ૩૫ ॥ નિર્ભય સ્થાનમાં શૂર, અને યુદ્ધ નહોય ત્યાં બડાઈ કરનારા દેવતાઓ-ગુપ્ત રેહેનારો હરિ-અને વનવાસી શિવ-અલ્પ પરાક્રમવાળો ઇંદ્ર-તથા તપ કરયા કરતા બ્રહ્મા; એઓ થકી શું થઈ શકવાનું છે ? તો પણ એ શત્રુ દેવતાઓની, ઉપેક્ષા તો નજ કરવી જોઈએ; એમ અમો માનીએછીએ. માટે આપની આજ્ઞા પામનારા અમો વડે; હવે તો તેમનું મૂળજ ઉખેડી નાંખવાની યોજના, આપે કરવી જોઈએ. ॥૩૬-૩૭॥ શરીરે થયેલ રોગ ઉપેક્ષા કરવાથી વધી જઈને મજબૂત થયા કેડે, તેનો ઉપાય મનુષ્યોથકી થઈ શકતો નથી. અને ઇંદ્રિય વર્ગની ઉપેક્ષા કરવાથકી પણ એવુંજ પરિણામ થાય છેજ; માટે એ શત્રુઓની ઉપેક્ષા કરવાથી, તેઓ મહાબળવાન થયા કેડે; તેમને પણ ચલાયમાન કરી શકવાનું કઠિણજ થાય. ॥૩૮॥ એ દેવતાઓનું મૂળ વિષ્ણુ છે; અને જ્યાં સનાતન ધર્મ હોય, ત્યાં વિષ્ણુ રહે છે; તથા એ ધર્મનું મૂળ, વેદ-બ્રાહ્મણો-ગાયો-તપ-અને દક્ષિણા સહિત યજ્ઞો છે. ॥૩૯॥ એટલા માટે હે રાજા, સર્વ ઉપાયોથી વેદપાઠી-તપસ્વી-અને યજ્ઞ કરનારા બ્રાહ્મણોનો; અને યજ્ઞમાં ઉપયોગી પદાર્થ, ઘી દૂધ-વગેરે આપનારી ગાયોનોજ; અમે નાશ કરી નાંખીશું. ॥૪૦॥ બ્રાહ્મણો-ગાયો-વેદ-તપ-સત્ય-દમ-શમ-શ્રદ્ધા-દયા-સહનતા-અને યજ્ઞો; એ સ-

મે હરિ એટલે વિષ્ણુનાં શરીરો છે. ॥૪૧॥ અને અસુરોનો દ્વેષ કરનારા સર્વ દેવતાઓનો અધ્યક્ષ એ વિષ્ણુ જ, શુભ સ્થાનારો છે; ને બ્રહ્મા તથા સદાશિવ સહિત સઘળા દેવોનું, મૂળ પણ એજ છે; માટે જેથકી ઋષિઓને મારી નાંખવાનું થાય, તેજ વિષ્ણુના વધનો ઉપાય છે." ॥૪૨॥ આ રીતની એ દુષ્ટ મંત્રીઓથી સલાહ પામેલા, કુબુદ્ધિ, અને કાળના પાશથી બંધાયલા, દૈત્ય કંસે; બ્રાહ્મણોની હત્યાનેજ પોતાના હિતરૂપ માની. ॥૪૩॥ પછી ઇચ્છા પ્રમાણે રૂપ ધરનારા, અને લોકનું નિકંદન કરવામાં પ્રીતિવાળા, દાનવોને તેણે સાધુ લોકોનો નાશ કરવાની આજ્ઞા આપીને; તે પોતાના ઘરમાં ગયો. ॥૪૪॥ એટલે એ રજોગુણી પ્રકૃતિવાળા —તમોગુણથકી બુદ્ધિ નાશ પામેલા—અને મોત નજીક આવેલા, દૈત્યો સત્પુરુષોનો દ્વેષ કરવા લાગ્યા. ॥ ૪૫ ॥ કે જેથી મહાત્માઓનું અતિક્રમણ થઇને, પુરુષોનાં આયુષ્ય—લક્ષ્મી—યશ—ધર્મ—મતિ—સુખ—અને સર્વ પ્રકારનું કલ્યાણ—નાશ પામી જાયછે. ॥૪૬॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ દશમા સ્કંધે દેવીવાક્યનામે ચોથો અ૦ સં૦ ॥૪॥

અધ્યાય ૫ મો.—શ્રીશુક-પછી પુત્રનો જન્મ થવાથી ખુશી થએલા મોટા મનના નંદજીએ,જ્યોતિષ જાણનારા બ્રાહ્મણોને બોલાવીને; પોતે નાહી, સ્વચ્છ ઘરેણાં પેહેરી, એ પુત્રનું સ્વસ્તીવાચન અને જાતકર્મ, વિધિ પ્રમાણે કરાવ્યું; તથા પિતૃ અને દેવતાઓનું પૂજન કર્યું. ॥૧-૨॥ સારી રીતે શણગારેલી લાખો ગાયો, અને સોનું, તથા રત્નો વાળાં ઘણાં વસ્ત્રો વિંટાળેલા સાત તલના પર્વતોનું દાન આપ્યું. ॥૩॥ કારણ, શુદ્ધિ થવાનાં સાધનો કાળ—સ્નાન—શૌચ—સંસ્કાર—તપ—યજ્ઞાદિક—દાન—સંતોષ—અને આત્મજ્ઞાન એટલાં વાનાંજ કહેવાય છે. ॥૪॥ બ્રાહ્મણો—સૂત—માગધ—બંદિજન—અને ગવાઇઆઓ સારાં વચનો બોલવા લાગ્યા; અને ભેરી તથા દુંદુભી વારંવાર વાગવા લાગ્યાં. ॥૫॥ વ્રજની અંદર ઘરોનાં બારણાં, આંગણાં, અને અંદરના ભાગોમાં, વાળી

मः॥श्रद्धादयातितिक्षाचक्रतवश्चहरेस्तनूः ॥४१॥ सहिसर्वसुराध्यक्षोह्यसुरद्विड्गुहाशयः॥तन्मूलादेवताःसर्वाःसेश्वराःसचतुर्मुखाः॥अयंवै
तद्वधोपायो [illegible]षीणांविहिंसनं ॥४२॥ श्रीशुक०एवंदुर्मंत्रिभिःकंसःसहसंमंत्र्यदुर्मतिः॥ब्रह्महिंसांहितंमेनेकालपाशावृतोऽसुरः॥४३॥ संदि
श्यसाधुलोकस्यकदनेकदनप्रियान् ॥कामरूपधरान्दिक्षुदानवान्गृहमाविशत्॥४४॥तेवैरजःप्रकृतयस्तमसागूढचेतसः॥सतांविद्वेषमाचेरु
रारादागतमृत्यवः ॥४५॥ आयुःश्रियंयशोधर्मंलोकानाशिषएवच॥हंतिश्रेयांसिसर्वाणिपुंसोमहदतिक्रमः ॥४६॥ इ.भा.म.द.पू.च.अ.॥४॥
श्रीशुक०नंदस्त्वात्मजउत्पन्नेजा[illegible]ल्हादोमहामनाः ॥ आहूयविप्रान्वे[illegible]स्नातःशुचिरलंकृतः ॥१॥ वाचयि[illegible]त्वास्वस्त्ययनंजातकर्मात्मज
स्यवै॥ कारयामासविधिवत्पितृदेवार्चनंतथा ॥२॥ धेनूनांनियुतेप्रादाद्विप्रेभ्यःसमलंकृते ॥ तिलाद्रीन्सप्तरत्नौघशातकौंभांबरावृतान् ॥३॥
[illegible]नशौचाभ्यांसंस्कारैस्तपसे[illegible]ज्यया ॥ शुध्यंतिदानैःसंतुष्ट्याद्रव्याण्यात्मात्मविद्यया ॥४॥ सौमंगल्यगिरोविप्राःसूतमागधबंदिनः ॥
गायकाश्चजगुर्नेदुर्भेर्योदुंदुभयोमुहुः॥५॥ व्रजःसंमृष्टसंसिक्तद्वाराजिरगृहांतरः ॥ चित्रध्वजपताकास्त्रक्चैलप[illegible]तोरणैः॥६॥ गावोवृषाव
त्सतराहरिद्रातैलरूषिताः ॥ विचित्रधातुबर्हस्त्रग्वस्त्रकांचनमालिनः॥७॥ महार्हवस्त्राभरणकंचुकोष्णीषभूषिताः॥गोपाःसमाययूराजन्नानो
पायनपाणयः॥८॥ गोप्यश्चाकर्ण्यमुदितायशोदायाःसुतोद्भवं॥ आत्मानंभूषयांचक्रुर्वस्त्राकल्पांजनादिभिः॥९॥ नवकुंकुमकिंजल्कमुखपंकज
भूतयः॥ बलिभिस्त्वरितंजग्मुःपृथुश्रोण्यश्चलत्कुचाः ॥१०॥ गोप्यःसुमृष्टमणिकुंडलनिष्ककंठ्यश्चित्रांबराःपथिशि[illegible]च्युतमाल्यवर्षाः ॥ नं
दालयंसवलयाव्रजतीर्विरेजुर्व्यालोलकुंडलपयोधरहारशोभाः॥११॥ ताआशिषःप्रयुंजानाश्चिरंपाहीतिबालके ॥ हरिद्राचूर्णतैलाद्भिःसिंचं
त्योजनमुज्जगुः॥१२॥अवाद्यंतविचित्राणिवादित्राणिमहोत्सवे॥कृष्णेविश्वेश्वरेऽनंतेनंदस्यव्रजमागते॥१३॥गोपाःपरस्परंहृष्टादधिक्षीरघृतां
बुभिः॥ आसिंचंतोविलिंपंतोनवनीतैश्चचिक्षिपुः॥१४॥ नंदोमहामनास्तेभ्योवासोऽलंकारगोधनं॥ सूतमागधबंदिभ्योयेऽन्येविद्योपजीविनः
॥१५॥ तैस्तैःकामैरदीनात्मायथोचितमपूजयत्॥ विष्णोराराधनार्थायस्वपुत्रस्योदयायच॥१६॥ रोहिणीचमहाभागानंदगोपाभिनंदिता॥

ઝાડીને જળ છાંટયાં; તથા ધજાઓ—પતાકાઓ—ફુલના હાર—લુગડાં અને પાંદડાં વિગેરેનાં તોરણો બાંધી દીધાં. ॥૬॥ અને ગાયો—બળદ—તથા વાછરડાં વિગેરેને તેલ અને હળદર લગાડીને, તથા અનેક પ્રકારના ધાતુ—ફુલની માળાઓ—વસ્ત્રો અને સોનાની સાંકળીઓ વિગેરે વડે, શણગાર્યાં. ॥ ૭ ॥ ઘણા મૂલનાં લુગડાં ઘરેણાં તથા શેલાં પાઘડી વિગેરે પહેરી શણગરાઇને, તથા અનેક પ્રકારની ભેટો લઇને; જથા બંધ ગોપ નંદજીને ઘેર ગયા. ॥૮॥ અને યશોદાને પુત્ર થયાનું સાંભળી, ગોપીઓએ પણ વસ્ત્રો—ઘરેણાં અને આંજણ વિગેરે થકી પોતાનાં શરીરોને શણગાર્યાં ॥ ૯ ॥ તથા નવીન કેસર લગાવવાથી શોભતાં મોઢાંવાળી મોટા નિતંબવાળી અને હાલતાં સ્તનવાળી ગોપીઓ, ભેટો લેઇ લેઇને ઉતાવળી આવીઓ. ॥ ૧૦ ॥ એ નંદજીને ઘેર જતી ગોપીઓએ સ્વચ્છ મણિવાળાં કુંડળ—ગળામાં નિષ્ક—અને વિચિત્ર લુગડાં પહેરવાથી, તેમના માથાની ફુલની માળાઓમાંથી માર્ગમાં ફુલ વેરાવાથી; અને હાલતાં કુંડળ—હાર—અને સ્તનની શોભા થકી; તેઓ બહુજ શોભતી હતી. ॥ ૧૧ ॥ પછી તેઓ બાળકને, "ઘણા કાળ જીવજે;" એમ આશીષ આપીને હળદરનો લોટ અને તેલવાળા પાણીથકી લોકને ભિંજાવતાં હતાં; તથા ગીત ગાતાં હતાં. ॥ ૧૨ ॥ એ રીતે વિશ્વના ઇશ્વર અને અનંત, કૃષ્ણ ભગવાન, નંદના વ્રજમાં પધારવાથી; ત્યાં મોટો ઓચ્છવ થઇને વિચિત્ર પ્રકારનાં વાજાં વાગતાં હતાં. ॥૧૩॥ રાજી થયેલા અને ઘી—દૂધ તથા જળ એક બીજાના ઉપર રેડતા; તથા માંખણ ચોપડતા ગોપ લોકો; દહીં ઉરાડતા હતા. ॥ ૧૪ ॥ સૂત—માગધ—બંદિજન—અને એવી આજીવિકાવાળા બીજાઓને પણ મોટા મનના નંદજીએ, લુગડાં—ઘરેણાં—નાણું—અને ગાયો આપી. ॥૧૫॥ અને પોતાના પુત્રનો ઉદય થવા માટે વિષ્ણુ ભગવાનનું આરાધન કરવા સારૂ, તેમણે મોટા દીલથી સર્વને ઇચ્છિત પદાર્થો આપીને, યથાયોગ્ય રીતે સહુનું પૂજન કર્યું. ॥૧૬॥ અને નંદજીએ તથા ગોપ લોકોએ માન આપેલાં, મોટા ભાગ્યવાળાં રોહિણી પણ, ગળામાં ઘરેણાં અને માળાઓ તથા દિવ્ય વસ્ત્રો પહેરીને, ત્યાં ફરતાં હતાં. ॥૧૭॥

હે રાજા આ વખતથી આરંભીને, નંદજીનું વ્રજ, હરિ ભગવાનનો નિવાસ થવા વડે, સર્વે પ્રકારની સમૃદ્ધિ-વાળું અને લક્ષ્મીને ક્રિડા કરવાના સ્થાનક રૂપ થયું હતું. ॥ ૧૮ ॥ હે પરીક્ષિત, તે પછી બીજા ગોપ લોકને ગોકુળનું રક્ષણ કરવાને રાખીને, કંસનો વાર્ષિક કર આપવા સારૂં, નંદજી મથુરાંમાં ગયા. ॥ ૧૯ ॥ પોતાના ભાઇ સમાન નંદજીને આવેલાનું, અને તેમણે રાજાને કર આપી મૂકેલાનું, વસુદેવે સાંભળવાથી; તે એમનાં ગાડાં છુટવાની જગા ઉપર ગયા. ॥૨૦॥ ત્યારે, દેહની અંદર પ્રાણ આવવાની પેઠે, વસુદેવને આવેલા દેખીને; પ્રેમથી વિહ્વળ થયેલા નંદજી, એકદમ ઉભા થઇને; પોતાના અતિ પ્રિયમિત્રને પ્રીતિથી બાથમાં ઘાલીને ભેટયા. ॥૨૧॥ હે રાજા, પહેલેથી પૂજન સ્વીકારીને સારી રીતે બેઠેલા, તેમણે; આદર સહિત આરોગ્ય પુછીને, પોતાના પુત્રો વિશે મન જવાને લીધે, તે આ રીતે બોલ્યા કે. ॥૨૨॥ હે ભ્રાત, ઉમરે પહોંચેલા—હાલ સુધી સંતાન વિનાના—અને સંતાન થવાની આશા મૂકેલા તમને સારી પ્રજાની પ્રાપ્તિ થઇ, તે ઘણું સારૂં થયું. ॥ ૨૩ ॥ આ સંસારચક્રમાં ફરતાં, આજે તમને દુર્લભ પ્રિય વસ્તુ (પુત્ર)નું દર્શન થયું છે; તેથી આપનો નવો અવતારજ થયો છે. માટે તે અતિ ઉત્તમ થયું છે. ॥ ૨૪ ॥ પ્રવાહની અંદર તણાં જનારાં-ઓની પેઠેજ, વિચિત્ર પ્રકારનાં કર્મોવાળાં સુહૃદો તથા પ્રિયોનું, એક ઠેકાણે રહેવું થતું નથીજ. ॥૨૫॥ જ્યાં તમે સુહૃદોથી વિંટાઇને રહ્યા છો, એ મોટું વન પશુઓ વિગેરેને હિતકારી અને રોગ રહિત તથા ઘણા જળ ઘાસ—અને વનસ્પતિ વાળું તો છેની. ॥૨૬॥ હે ભ્રાત, મારો પુત્ર જે તેની મા સુદ્ધાં તમારા વ્રજમાં રહીને તમનેજ, પિતા માને છે, તથા તમારાથી લાડ લડાવાય છે; તેની શી ખબર છે. ॥૨૭॥ કહેલું છે કે પુરૂષના ત્રિવર્ગ એટલે ધર્મ—અર્થ અને કામ જે, સુહૃદોને સુખકારી થાય, તોજ તે સફળ થયેલાનું કહેવાય છે; અને

व्यचरद्दिव्यवासःस्रक्कंठाभरणभूषिता॥१७॥ ततआरभ्यनंदस्यव्रजःसर्वसमृद्धिमान्॥ हरेर्निवासात्मगुणैरमाक्रीडमभून्नृप ॥१८॥ गोपान्गोकुलरक्षायांनिरूप्यमथुरांगतः ॥ नंदःकंसस्यवार्षिक्यंकरंदातुंकुरूद्वह ॥१९॥ वसुदेवउपश्रुत्यभ्रातरंनंदमागतं॥ ज्ञात्वादत्तकरंराज्ञेययौतदवमोचनं॥२०॥ तंदृष्ट्वासहसोत्थायदेहःप्राणमिवागतं ॥ प्रीतःप्रियतमंदोर्भ्यांसस्वजेप्रेमविह्वलः॥२१॥ पूजितःसुखमासीनःपृष्ट्वाऽनामयमादृतः॥प्रसक्तधीःस्वात्मजयोरिदमाहविशांपते॥२२॥ दिष्ट्याभ्रातःप्रवयसइदानीम[illegible] ते॥ प्रजाशायानिवृत्तस्यप्रजायत्समपद्यत ॥२३॥ दिष्ट्यासंसारचक्रेऽस्मिन्वर्तमानःपुनर्भवः॥ उपलब्धोभवानद्यदुर्लभंप्रियदर्शनं॥२४॥ नैकत्रप्रियसंवासःसुहृदांचित्रकर्मणां ॥ ओघेनव्यूह्यमानानांप्लवानांस्रोतसोयथा॥२५॥ कच्चित्पशव्यंनिरुजंभूर्यंबुतृणवीरुधं॥बृहद्वनंतदधुनायत्रास्सेत्वंसुहृद्वृतः॥२६॥भ्रातर्ममसुतःकच्चिन्मात्रासहभवद्व्रजे॥ तातंभवंतंमन्वानोभवद्भ्यामुपलालितः ॥२७॥ पुंसस्त्रिवर्गोविहितःसुहृदोह्यनुभावितः॥ नतेषुक्लिश्यमानेषुत्रिवर्गोऽर्थायकल्पते ॥ ॥२८॥ नंद० अहोतेदेवकीपुत्राःकंसेनबहवोहताः ॥ एकाऽवशिष्टाऽवरजाकन्यासापिदिवंगता ॥२९॥ नूनंह्यदृष्टनिष्ठोऽयमदृष्टपरमोजनः ॥ अ[illegible]ष्टमात्मनस्तत्त्वंयोवेदनसमुह्यति॥३०॥ वसुदेव० करोवैवार्षिकोदत्तोराज्ञेदृष्टावयंचवः ॥ नेहस्थेयंबहुतिथंसंत्युत्पाताश्चगोकुले ॥३१॥ श्रीशुक०इतिनंदादयोगोपाःप्रोक्तास्तेशौरिणाययुः ॥ अनोभिरनडुद्युक्तैस्तमनुज्ञाप्यगोकुलं ॥३२॥ इ०भा०म०द०पू० वसुदेवसंगमोनाम पंचमोऽध्यायः॥५॥ श्रीशुक०नंदःपथिवचःशौरेर्नमृषेतिविचिंतयन् ॥हरिंजगामशरणमुत्पातागमशंकितः ॥१॥ कंसेनप्रहिताघोरापूतनाबालघातिनी॥ शिशूंश्चचारनिघ्नंतीपुरग्रामव्रजादिषु ॥२॥ नयत्रश्रवणादीनिरक्षोघ्नानिस्वकर्मसु॥ कुर्वंतिसात्वतांभर्तुर्यातुधान्यश्चतत्रहि॥३॥ साखेचर्येकदोपेत्यपूतनानंदगोकुलं ॥ योषित्वामायपात्मानंप्राविशत्कामचारिणी॥४॥ तांकेशबंधव्यतिषक्तमल्लिकांबृहन्नितंबस्तनकृच्छ्रमध्यमां॥ सुवाससंकंपितकर्णभूषणत्विषोल्लसत्कुंतलभूषिताननां॥५॥ वल्गुस्मितापांगविसर्गवीक्षितैर्मनोहरंतींवनितांव्रजौकसां॥ अमंसतांभोजकरेणरूपिणींगोप्यःश्रियंद्रष्टुमिवागतांपतिं॥६॥बालग्रहस्तत्रविचिन्वतीशिशून्यदृच्छयानंदगृहेसदंतकं ॥ बालंप्रतिच्छन्ननिजोरुतेजसं

સુહૃદોને ક્લેશ ઉત્પન્ન કરનારાં થાય, તો એ ત્રિવર્ગ નિષ્ફળજ કહેવાય છે. ॥૨૮॥ નંદ—તમારા દેવકીથી થયેલા ઘણા પુત્રો, કંસે મારયા; અને છેવટે સૌથી નાની કન્યા પણ સ્વર્ગમાં ગઇ. ॥૨૯॥ નક્કી લોકનું અદૃષ્ટજ સઉથી મોટું છે, પોતાના સુખ દુખનું કારણ ગણવા તત્વ, એ અદૃષ્ટજ છે; માટે આ રીતે અદૃષ્ટની નિષ્ઠા રાખવાનું જે કોઇ જાણે છે, તેઓ મોહને પામતા નથી. ॥ ૩૦ ॥ વસુદેવ—તમે રાજાને વાર્ષિક કર આપ્યો છે, અને મને પણ મળ્યા; તો હવે તમારે અહીંયાં ઝાઝુ વાર રહેવું ઠીક નથી. ગોકુળમાં ઉત્પાત થતા હશે." ॥૩૧॥ એ રીતે વસુદેવે કહેવાથી, નંદજી આદિ ગોપ લોકોએ ઉતારા ઉપર આવ્યા પછી, તુર્તજ ગાડાં જોડયાં; અને રજા માગીને ગોકુળ તરફ ચાલ્યા ગયા. ॥૩૨॥ ઇતિશ્રી૦ ભા૦ દ૦ સ્કં૦ પાં૦ અ૦ સં૦ ॥૫॥.

અધ્યાય ૬ ઠો.—શ્રીશુક—વસુદેવનું વચન મિથ્યા હોયજ નહીં, એટલે ઉત્પાત થતા હશેજ, એવી ચિંતા નંદજીને માર્ગમાં જતાં, થવાથી; તેમણે હરિશરણાનનું સ્મરણ કરયું. ॥ ૧ ॥ અને તે તરફ બાળકોનો ઘાત કરનારી દુષ્ટ પૂતના, નગરો—ગામો—અને વ્રજો વિગેરેમાં બાળકોને મારતી મારતી ફરતી હતી. ॥ ૨ ॥ પણ જ્યાં રાક્ષસોનો નાશ કરનાર સાત્વતપતિ ભગવાનનું શ્રવણ આદિક નથી હોતાં, ત્યાંજ એ રાક્ષસીઓ વિગેરે પોતાનું કામ કરી શકે છે. ॥૩॥ એ આકાશ માર્ગે ચાલનારી અને મરજી પ્રમાણે વર્તનારી પૂતનાએ પછીથી એક દિવસે સ્ત્રીના વેશથી નંદજીના ગોકુળમાં પ્રવેશ કરયો. ॥૪॥ અને ચોટલામાં મલ્લિકાનાં ફૂલ ગુંથેલી—મોટા નિતંબ અને સ્તનના ભારથી લચકતી કેડ વાળી—સારાં વસ્ત્ર પેહેરેલી—ને હાલતાં કુંડળોના તેજથી અને ચળકતા વાળથી શોભતા મોઢા વાળી—એ પૂતનાએ; સુંદર હસવું અને અણિયાળી આંખથી જોવું, વિગેરે થકી વ્રજવાસીઓનાં મનને હરી લીધાં. તથા હાથમાં કમળ હોવાને લીધે, ભગવાનને જોવાને સારૂં, દેહ ધારણ કરેલી લક્ષ્મી, પોતેજ આવેલાનું ગોપીઓએ ધારયું. ॥ ૫ ॥ પછી તે બાળકોનો નાશ કરનારીએ, છોકરાંને શોધતાં શોધતાં, રાખોડીમાં ઢાંકેલા અગ્નિની પેઠે

ચઢેલાથી નંદજીના ઘરમાં પારણાની અંદર, એ ઢંકાયેલા ઘણા તેજ વાળા કાળ સ્વરૂપ બાળકને, સુતેલો જોયો. ॥ ૭ ॥ અને તે બાળકોને મારનારી છે, એમ જાણીને એ ચરાચરના આત્મા ભગવાને; પોતાની આંખ્યો મિંચી રાખી; એટલે અજ્ઞાની માણસ દોરડી જાણીને જેમ સાપને લે. તેમ એ અનંત અને કાળ સ્વરૂપને, તેણીએ પોતાના ખોળામાં લીધા. ॥ ૮ ॥ ત્યારે તે તીક્ષ્ણ ચિત્તવાળી–અતિ દુષ્ટ કામ કરનારી–અને મ્યાનમાં ઢાંકેલી તરવારના જેવી–ને જોઈને, તેજથી ઝાંખાં પડેલાં રોહિણી તથા યશોદા તો; તેને કોઈ ઉત્તમ સ્ત્રી જાણીને; તેના સામું જોતાંજ ઉભાં થઈ રહ્યાં. ॥૯॥ પછી પોતાના ખોળામાં લીધેલા એ બાળકને; તેણે, ન પચે એવું–અતિ ઉગ્ર–અને ભયંકર ઝેર થકી ભરેલું–પોતાનું સ્તન મોઢામાં આપ્યું; એટલે ભગવાને રોષવડે, તે એક હાથથી ઘણા જોરથી દબાવી પકડી રાખીને; તેનું પ્રાણ સહિત સ્તન પાન કરયું. ॥૧૦॥ ત્યારે સઘળાં મર્મસ્થાનોમાં પીડાયલી, તે બોલવા લાગી કે; "થયું, થયું, હવે મૂકીદે." અને તેણી તેને પરસેવો વળી ગયો, આંખ્યો ફાટી ગઇ, અને તે વારંવાર હાથ પગ પછાડીને રોવા લાગી. ॥૧૧॥ ત્યારે અતિ ગંભીર અને મોટા વેગવાળા તેના શબ્દ થકી, પર્વતો સહિત પૃથ્વી તથા ગ્રહો સહિત આકાશ ધ્રુજવા લાગ્યું; રસાતળ અને દિશાઓમાંથી પડઘા (સામાઅવાજ) થવા લાગ્યા; અને લોકો વજ્ર પડવાની શંકાથી ધરતી ઉપર પડી ગયા. ॥૧૨॥ હે રાજા એ રીતે સ્તનની વેદનાથી તે રાક્ષસીના પ્રાણ જતાં, તે પોતાનું ખરૂં રૂપ ધારણ કરીને; તથા માથાના વાળ અને હાથ પગ પસારીને; વજ્રથી હણાયેલા વૃત્રાસુરના સરખી, વ્રજને વિષે પડી ગઇ. ॥ ૧૩ ॥ અને તે પડતાં તેના દેહ થકી, છ ગાઉ સુધીનાં ઝાડ વિગેરે ઘુંદાઇ ગયાં; એ ઘણું મોટું આશ્ચર્ય થયું. ॥૧૪॥ તેના આગલા દાંત હળની દાંડી જેવા હતા. નાક પર્વતની ગુફા જેવું હતું, સ્તન

दद्दर्शतल्पेऽग्निमिवाहितंभसि॥७॥ विबुध्यतांबालकमारिकाग्रहंचराचरात्मासनिमीलितेक्षणः॥अनंतमारोपयदंकमंतकंयथोरगंसुप्तमबु
द्धिरज्जुधीः॥८॥ तांतीक्ष्णचित्तामतिवामचेष्टितांवीक्ष्यांतराकोशपरिच्छदासिवत्॥ वरस्त्रियंतत्प्रभयाचधर्षितेनिरीक्षमाणेजननीह्यतिष्ठतां
॥९॥ तस्मिंस्तनंदुर्जरवीर्यमुल्बणंघोरांकमादायशिशोर्ददावथ॥ गाढंकराभ्यांभगवान्प्रपीड्यतत्प्राणैःसमंरोषसमन्वितोऽपिबत्॥१०॥सा
मुंचमुंचालमितिप्रभाषिणीनिष्पीड्यमानाऽखिलजीवमर्मणि॥ विवृत्यनेत्रेचरणौभुजौमुहुःप्रस्विन्नगात्राक्षिपतीरुरोदह॥११॥ तस्याःस्वने
नातिगभीररंहसासाद्रिर्महीद्यौश्चचचालसग्रहा॥ रसादिशश्चप्रतिपेदिरेजनाःपेतुःक्षितौवज्रनिपातशंकया॥१२॥ निशाचरीत्थंव्यथितस्त
नाव्यसुर्व्यादायकेशांश्चरणौभुजावपि॥ प्रसार्यगोष्ठेनिजरूपमास्थितावज्राहतोवृत्रइवापतन्नृप॥१३ पतमानोऽपितद्देहस्त्रिगव्यूत्यंतरद्रुमान्
॥चूर्णयामासराजेंद्रमहदासीत्तदद्भुतं॥१४॥ईषामात्रोऽग्रदंष्ट्रास्यंगिरिकंदरनासिकं॥ गंडशैलस्तनंरौद्रंप्रकीर्णारुणमूर्द्धजं॥१५॥ अंधकूपग
भीराक्षंपुलिनारोहभीषणं॥ बद्धसेतुभुजोर्वंघ्रिशून्यतोयह्रदोदरं॥१६॥संतत्रसुःस्मतद्वीक्ष्यगोपागोप्यःकलेवरं॥ पूर्वंतुतन्निःस्वनितभिन्नह
त्कर्णमस्तकाः॥१७॥ बालंचतस्याउरसिक्रीडंतमकुतोभयं॥ गोप्यस्तूर्णंसमभ्येत्यजगृहुर्जातसंभ्रमाः॥१८॥ यशोदारोहिणीभ्यांताःसमंबा
लस्यसर्वतः॥ रक्षांविदधिरेसम्यग्गोपुच्छभ्रमणादिभिः॥१९॥ गोमूत्रेणस्नापयित्वापुनर्गोरजसाऽर्भकं॥रक्षांचक्रुश्चशकृताद्वादशांगेषुनामभिः
॥२०॥ गोप्यःसंस्पृष्टसलिलाअंगेषुकरयोःपृथक्॥ न्यस्यात्मन्यथबालस्यबीजन्यासमकुर्वत॥२१॥ अव्यादजोऽघ्रिमणिमांस्तवजान्वथोरू
यज्ञोऽच्युतःकटितटंजठरंहयास्यः॥हृत्केशवस्त्वदुरईशइनस्तुकंठंविष्णुर्भुजंमुखमुरुक्रमईश्वरःकं॥२२॥ चक्र्यग्रतःसहगदोहरिरस्तुपश्चा
त्त्वत्पार्श्वयोर्धनुरसीमधुहाऽजनश्च॥ कोणेषुशंखउरुगायउपर्युपेंद्रस्तार्क्ष्यःक्षितौहलधरःपुरुषःसमंतात्॥२३॥ इंद्रियाणिहृषीकेशःप्राणान्ना
रायणोऽवतु॥ श्वेतद्वीपपतिश्चित्तंमनोयोगेश्वरोवतु॥२४॥ पृश्निगर्भश्चतेबुद्धिमात्मानंभगवान्परः॥क्रीडंतंपातुगोविंदःशयानंपातुमाधवः २५
व्रजंतमव्याद्वैकुंठआसीनंत्वांश्रियःपतिः॥ भुंजानंयज्ञभुक्पातुसर्वग्रहभयंकरः॥२६॥ डाकिन्योयातुधान्यश्चकुष्मांडायेऽर्भकग्रहाः॥ भूतप्रेत

પર્વતની શલાઓ જેવા હતા, અને વાળ વિખાયલા તથા લાલ હતા. ॥ ૧૫ ॥ આંખો અંધારા કુવા જેવી ઉંડી હતી, તેના નિતંબ ભયંકર નદીના કાંઠા જેવા હતા. હાથ–પગ–અને સાથળો, બાંધેલા સડકો જેવાં હતાં, તથા પેટ પાણી વગરના ધરા જેવું હતું. ॥ ૧૬ ॥ અને પહેલેથીજ તેના શબ્દ થકી, કાન–માથાં–અને હૃદય એહેર મારી ગયેલાં, ગોપ અને ગોપીઓ; તેના કલેવરને દેખીને ત્રાસ પામ્યાં. ॥ ૧૭ ॥ તે પછી તેની છાતી ઉપર નિર્ભય પણે રમતા બાળકને; ગોપીઓએ સંભ્રમને લીધે ઉતાવળથી જઇને, લેઇ લીધો. ॥૧૮॥ અને રોહિણી સહિત યશોદા વિગેરે ગોપીઓએ, ચારે તરફ ગાયનાં પુછડાં વિગેરે ફેરવવા વિગેરેથી, એ બાળકની સંપૂર્ણ પણે રક્ષા કરી. ॥૧૯॥ પછી તે બાળકને ગૌમુત્રથી નવરાવીને, વળી ગૌરજથી નવરાવ્યો, અને તેનાં બારે અંગોમાં ભગવાનનાં નામો વડે, પણ રક્ષા કરી. ॥૨૦॥ તથા ગોપીઓએ, પોતે નાહીને અને પોતાના અંગોનો અને હાથનો ન્યાસ કરીને પછી, તે બાળકનો બીજ ન્યાસ કર્યો કે. ॥૨૧॥ અજ ભગવાન તારા પગની–મણિમાન ગોઠણની–યજ્ઞ ભગવાન સાથળની–અચ્યુત ભગવાન કંમરની–હયગ્રીવ ભગવાન પેટની–કેશવ ભગવાન હૃદયની–ઇશ ભગવાન વક્ષસ્થળની–ઇન્દ્ર દેવ કંઠની–વિષ્ણુ ભુજાની–ઉરૂક્રમ મુખની –અને ઇશ્વર ભગવાન માથાની રક્ષા કરજો. ॥ ૨૨ ॥ ચક્રધારી ભગવાન આગળ–ગદા ધરનારા ભગવાન પછવાડે–તાર્ક્ષ્ય ભગવાન નીચેની તરફ–શંખ ધરનારા ઉરૂગાય ભગવાન ચારે ખુણામાં–ઉપેંદ્ર ભગવાન ઉપરની તરફ–અને હળધર ભગવાન સઘળી તરફ–તથા ધનુષ્યધારી મધુહા ભગવાન અને તરવારને ધરનારા અજન ભગવાન બે પડખામાં, રહીને તારી રક્ષા કરજો. ॥ ૨૩ ॥ હૃષીકેશ ભગવાન ઇંદ્રીયોનું રક્ષણ કરજો, નારાયણ ભગવાન પ્રાણનું રક્ષણ કરજો, શ્વેત દ્વીપપતિ ભગવાન ચિત્તનું રક્ષણ કરજો. અને યોગેશ્વર ભગવાન મનનું રક્ષણ કરજો. ॥ ૨૪ ॥ પૃશ્નિગર્ભ ભગવાન તારી બુદ્ધિનું રક્ષણ કરજો, પર ભગવાન અહંકારનું રક્ષણ કરજો, અને ગોવિંદ ભગવાન રમતાં–માધવ ભગવાન સૂતાં–વૈકુંઠ

ભગવાન ચાલતાં-લક્ષ્મીપતિ ભગવાન બેસતાં-અને યજ્ઞપુરુષ ભગવાન જમતાં-તારૂં રક્ષણ કરજો; કે જેમના થકી સર્વ દુષ્ટ ગ્રહો આદિકને ભય ઉત્પન્ન થાય છે. ॥૨૫-૨૬॥ ડાકણો-રાખસણીઓ-કુષ્માંડ-બાળગ્રહ-ભૂત-પ્રેત-પિશાચ-યક્ષ-રાક્ષસ-વિનાયક-કોટરા-જ્યેષ્ઠા (અલક્ષ્મી)-પૂતના-માતૃકા આદિક-ઉન્માદ-અપસ્માર અને બીજા પણ જેઓ, દેહ-પ્રાણ તથા ઇંદ્રિઓનો દ્રોહ કરનારાઓ છે, તેઓ સર્વ તથા વૃદ્ધ અને બાળકોને દુખ આપનારા સ્વપ્નમાં દેખાતા મોટા ઉત્પાતો; એ સઘળાં, આ વિષ્ણુનાં નામો લેવા વડે, બીહીનીને નાશ પામી જજો. ॥ ૨૭-૨૮-૨૯ ॥ સ્નેહ થકી બંધાએલી ગોપીઓએ એ રીતે રક્ષા કરેલા પુત્રને, યશોદાએ પછીથી ધવરાવીને સુવાડી દીધા. ॥ ૩૦ ॥ એટલામાં નંદજી અને ગોપ લોકો મથુરાંથી ત્યાં આવી પહોંચ્યા, અને પૂતનાનું શરીર દેખીને તેઓ અત્યંત વિસ્મય પામ્યા. ॥ ૩૧ ॥ તથા બોલ્યા કે "વસુદેવ તો નક્કી ઋષિ અથવા યોગેશ્વરજ જન્મેલ છે; તેમણે કહ્યું હતું, તે પ્રમાણેજ ઉત્પાત દેખવામાં આવ્યો." ॥૩૨॥ પછી પૂતનાના કલેવરને વ્રજવાસીઓએ કોહાડાવડે કાપીને, કડકેકડા દૂર લેઇ જઇને; તેને ફરતાં લાકડાં સીંચીને તે સળગાવી દીધું! ॥૩૩॥ ત્યારે એ કૃષ્ણ ભગવાને ધાવીને નાશ પમાડેલી પાપિણીનો દેહ બળતાં તેમાંથી અગરૂના જેવી સુગંધવાળો ધુમાડો નીકળ્યો. ॥૩૪॥ એ રીતે લોકનાં બાળકોને મારનારી અને લોહી પીનારી એ રાક્ષસી પૂતના પણ, હરિભગવાનને મારી નાંખવાની ઇચ્છાવડે, તેમને ધવરાવવા થકીજ. સદ્ગતિને પામી ગઇ. ॥૩૫॥ તોપછી શ્રદ્ધા અને ભક્તિવડે કૃષ્ણ પરમાત્માને તેમની માતાઓની પેઠે, પ્રીતિથી વહાલામાં વહાલી વસ્તુનું અર્પણ કરનારને માટે, તો પૂછવાનુંજ શું હોય. ॥૩૬-૩૭॥ લોકો જેને વંદન કરે છે. તે દેવતાઓ આદિકો વંદન કરેલા-તથા ભક્તોના હૃદયને વિશેજ સ્થાપન કરેલા-એવા પોતાના ચરણવડે જેમનાં શરીરને દબાવીને, ભગવાન પોતેજ જેને ધાવેલા છે, તે રાક્ષસી હોવા છતાં પણ માતાઓને મળવા યોગ્ય ગતિને પામી છે; તો, તે ભગવાનજ જેમને ધાવેલા છે, તથા જેમનું દૂધ પીધેલું છે; તે ગાયો અને ગોપીઓની

पिशाचाश्चयक्षरक्षोविनायकाः ॥२७॥ कोटरारेवतीज्येष्ठापूतनामातृकादयः॥ उन्मादायेह्यपस्मारादेहप्राणेंद्रियद्रुहः ॥२८॥ स्वप्नदृष्टामहोत्पातावृद्धबालग्रहाश्चये॥ सर्वेनश्यंतुतेविष्णोर्नामग्रहणभीरवः॥२९॥ इतिप्रणयबद्धाभिर्गोपीभिःकृतरक्षणं ॥पाययित्वास्तनंमातासंन्यवेशयदात्मजं॥३०॥ तावन्नंदादयोगोपामथुरायाव्रजंगताः ॥ विलोक्यपूतनादेहंबभूवुरतिविस्मिताः॥३१॥नूनंबतर्षिःसंजातोयोगेशोवासमासनः ॥ सएवदृष्टोह्युत्पातोयदाहानकदुंदुभिः ॥३२॥ कलेवरंपरशुभिश्छित्वातत्तेव्रजौकसः दूरेक्षिप्त्वाऽवयवशोन्यदहन्काष्ठवेष्टितं ॥३३॥ दह्यमानस्यदेहस्यधूमश्चागुरुसौरभः॥ उत्थितःकृष्णनिर्भुक्तसपद्याहतपाप्मनः॥३४॥ पूतनालोकबालघ्नीराक्षसीरुधिराशना॥जिघांसयाऽपिहरयेस्तनंदत्वाऽऽपसद्गतिं॥३५॥ किंपुनःश्रद्धयाभक्त्याकृष्णायपरमात्मने॥ यच्छन्प्रियतमंकिंनुरक्तास्तन्मातरोयथा॥३६॥ पद्भ्यांभक्तहृदिस्थाभ्यांवंद्याभ्यांलोकवंदितैः॥ अंगंयस्याःसमाक्रम्यभगवानपिबत्स्तनं ॥३७॥ यातुधान्यपिसास्वर्गमवापजननीगतिं॥ कृष्णभुक्तस्तनक्षीराःकिमुगावोनुमातरः॥३८॥ पयांसियासामपिबत्पुत्रस्नेहस्नुतान्यलं॥ भगवान्देवकीपुत्रःकैवल्याद्यखिलप्रदः॥३९॥ तासामविरतंकृष्णेकुर्वतीनांसुतेक्षणं॥ नपुनःकल्पतेराजन्संसारोऽज्ञानसंभवः ॥४०॥ कटधूमस्यसौरभ्यमवघ्रायव्रजौकसः॥ किमिदंकुतएवेतिवदंतोव्रजमाययुः ४१ तेतत्रवर्णितंगोपैःपूतनागमनादिकं॥ श्रुत्वातन्निधनंस्वस्तिशिशोश्चासन्सुविस्मिताः॥४२॥नंदःस्वपुत्रमादायप्रेत्यागतमुदारधीः॥मूर्ध्न्युपाघ्रायपरमांमुदंलेभेकुरूद्वह ॥४३॥ यएतत्पूतनामोक्षंकृष्णस्यार्भकमद्भुतं॥ शृणुयाच्छ्रद्धयामर्त्योगोविंदेलभतेरतिं॥४४॥इ.भा.म.द.पू.ष.अ. ॥६॥ राजा० येनयेनावतारेणभगवान्हरिरीश्वरः॥ करोतिकर्णरम्याणिमनोज्ञानिचनःप्रभो ॥१॥ यच्छृण्वतोऽपैत्यरतिर्वितृष्णासत्त्वंचशुद्ध्यत्यचिरेणपुंसः॥भक्तिर्हरौतत्पुरुषेचसख्यंतदेवहारंवदमन्यसेचेत् ॥२॥ अथान्यदपिकृष्णस्यतोकाचरितमद्भुतं॥मानुषंलोकमासाद्यतज्जातिमनुरुंधतः॥३॥ श्रीशुक०कदाचिदौत्थानिककौतुकाप्लवेजन्मर्क्षयोगेसमवेतयोषितां॥वादित्रगीतद्विजमंत्रवाचकैश्चकारसूनोरभिषेचनंसती ॥४॥

ઉત્તમ ગતિ થાય-એમાં તો વાંધોજ શાનો હોય. ॥ ૩૮-૩૯ ॥ વળી જેઓને પુત્ર ઉપરના સ્નેહને લીધે ધાનો છૂટીને, તેમના દૂધને ધરાતા સુધી; મોક્ષાદિક સર્વપુરુષાર્થ આપનારા, દેવકી પુત્ર ભગવાને પીધેલ છે: તથા જેઓ હમેશાંજ કૃષ્ણભગવાનને, પુત્રભાવથી જોયા કરતી હતી; એવી ગોપીઓને, ફરીફરીને અજ્ઞાનથકી ઉત્પન્ન થનારો સંસાર, બીજીવાર થવો નજઘટે. ॥૪૦-૪૧॥ પછી પૂતનાના શબના ધુમાડામાંથી નીકળતી સુગંધીનો ગંધ સુંઘેલા બીજા વ્રજવાસીઓ; "એ શું હશે, અને ક્યાંથી આવે છે." એમ બોલતાં વ્રજમાં ગયાં. ॥૪૨॥ ત્યારે ત્યાંના ગોપ લોકોએ વર્ણન કરેલ પૂતનાનું આવવું વિગેરે-તેનું મરણ-અને બાળકનું કુશળ રહેવું વિગેરે સાંભળીને; તેઓ ઘણાં વિસ્મય પામ્યાં ॥૪૩॥ હે રાજા, ઉદાર બુદ્ધિવાળા નંદજી પોતાના પુત્રને લેઇને, તે જાણે મરી જઇને પાછો આવ્યો હોય; તેમ તેના માથાને સુંઘીને, પરમ આનંદ પામ્યા. ॥૪૪॥ આ રીતે પૂતનાનો થયેલો મોક્ષ, અને કૃષ્ણ ભગવાનનું આ અદભૂત બાળચરિત્ર, જે કોઇ શ્રદ્ધા સહિત સાંભળશે; તેને ગોવિંદ ભગવાનમાં પ્રીતિ ઉત્પન્ન થશે. ॥૪૫॥ ઇતિશ્રીમદ્ ભા૦ દશમા સ્કંધનો છઠો અ૦ સં૦ ॥૬॥

અધ્યાય. ૭ મો.--પરીક્ષિત-હે પ્રભુ (શુક.) ઇશ્વર હરિભગવાને આ અવતાર લેઇને, મન અને કાનને સારાં લાગે એવાં-સાંભળવાવડે મનની ગ્લાનીને તથા અનેક પ્રકારની તૃષ્ણાઓને મટાડનારાં-થોડીવારમાં અંતઃકરણની શુદ્ધિ કરનારાં-અને હરિભગવાન વિશે પ્રીતિ તથા તેમના ભક્તોની સાથે મૈત્રિ કરાવનારાં-એવાં તેમણે કરેલાં અનેક મનોહર ચરિત્રો, જે અમને કહેવાને આપ યોગ્ય ધારો; તે આપ કહી સંભળાવો. ॥ ૧-૨ ॥ તેમજ એ મનુષ્ય લોકમાં અવતરીને મનુષ્યોની રીત ભાતને અનુસરેલા ભગવાનનાં, બીજા પણ અદભૂત બાળ ચરિત્રો; અમને કહી સંભળાવો. ॥ ૩ ॥ -શ્રીશુક—એક દિવસે ભગવાનના જન્મ નક્ષત્રનો દિવસ હતો, ત્યારે પડખુ ફેરવવાનો ઓચ્છવ કરવાને ભેળી થયેલી ગોપીઓ સહિત સતી યશોદાએ વાજાં વગડાવીને ગીત ગવરાવ્યાં. તથા બ્રાહ્મણો પાસે સ્વસ્તીવાચનના મંત્રો ભણાવીને પોતાના પુત્રનો અભિષેક કરાવ્યો. ॥૪॥ અને એ નંદજીનાં સ્ત્રી યશોદાએ નાહીને, સ્વસ્તી વાચન કરનારા બ્રાહ્મણોને; અન્ન-વસ્ત્ર-માળાઓ-અને મન ગમતી ગાયો આપીને, તેમનું પૂજન કર્યા

પછી, પુત્રની આંખ્યોમાં દુધ આવેલાનું જણાવાથી; ગાડાની નીચે ઝોળી બાંધીને, તેમને ધીમેથી સુવાડી દીધા. ॥૫॥ તે પછી ઓચ્છવમાં મન લાગેલાં યશોદા, ત્યાં એકઠાં થયેલ વ્રજવાસીઓની બરદાસ કરવામાં રોકાઇ જવાને લીધે, ધાવવાની ઇચ્છાથી રોવા લાગેલા પુત્રનું રડવું; તેમણે સાંભળ્યું નહીં; એટલે ભગવાને પગ ઉંચા કરયા. ॥૬॥ તેથી એ નીચે સુતેલા બાળકના નાહના અને કુણા પગ અડવા થકી; તે ગાડું ઉંધું વળી ગયું; અને અનેક પ્રકારના રસથી ભરેલાં વાસણો તથા શિસાઓ ઉંધા વળી ગયા. તથા પઇડાં —ધરી—અને ધુંસરી વિખાઇ જઇને, નોખાં પડી ગયાં. ॥૭॥ ત્યારે એ ઔત્થાનિક ઓચ્છવમાં એકઠી થયેલ વ્રજની સ્ત્રીઓ સુદ્ધાં, યશોદા અને નંદજી વિગેરે સર્વે; આ અદ્‌ભુત બનાવ દેખીને આકુળ થઇ વિચાર કરવા લાગ્યાં કે, " ગાડું પોતાની મેળે ઉંધું કેમ વળ્યું. " એ રીતે બોલતાં અને વાદવિવાદ કરતાં, તેઓ

દુઃખી સરખાં થઇને; ગાડાની ચોતરફ ફરી વળ્યાં. ॥૮॥ અને એ વાતનો નિશ્ચય ન કરી શકેલાં ગોપ તથા ગોપીઓને, બાળકોએ કહ્યું કે. " આ છોકરાએ રોતાં રોતાં પગ વતે ગાડાને ઉંધું વાળ્યું છે; એમાં સંશય નથી. " ॥૯॥ ત્યારે આ બાળકના અપ્રમેય બળને નહીં જાણનારા, તે ગોપ લોકે છોકરાંઓના કહેવા ઉપર શ્રદ્ધા નહીં આણીને, તેમને છોકરવાદમાં ગણી કાઢયાં. ॥૧૦॥ અને યશોદાએ તે રોતા બાળકને લેઇ ગ્રહોને ઓડ વળગવાની આશંકાથી, બ્રાહ્મણો પાસે તેનું ફરીવાર સ્વસ્તીવાચન કરાવ્યું; અને તેમને ધવરાવ્યા. ॥૧૧॥ પછી બળવાન ગોપ લોકોએ સરસામાન સહિત ગાડાને પાછું પ્રથમ પ્રમાણે ગોઠવ્યું. તથા બ્રાહ્મણોએ હોમ કરીને, દહીં—અક્ષત—ડાભ—અને પાણીવડે પૂજન કર્યું. ॥૧૨॥ જેઓ અસૂયા—જૂઠ—દંભ—ઇર્ષ્યા—હિંસા—અને માનથકી રહિત તથા સત્યના શીલવાળા હોય, તેવાઓએ આપેલી આશીશો કદી મિથ્યા થતી નથી.

नं स्यपत्नीकृतमज्जनादिकंविप्रैःकृतस्वस्त्ययनंसुपूजितैः॥ अन्नाद्यवासःस्त्रगभीष्टधेनुभिःसंजातनिद्राक्षमशीशयच्छनैः ॥५॥ औत्थानिकौ
[illegible]क्यमनामनस्विनीसमागतान्पूजयतीव्रजौकसः॥नैवाशृणोद्वैरुदितंसुतस्यसारुदंस्तनार्थीचरणावुदक्षिपत् ॥६॥ अधः[illegible]शिरोरनो
ल्पकप्रवालमृद्वंघ्रिहतंव्यवर्तत॥विध्वस्तनानारसकुप्यभाजनंव्यत्यस्तचक्राक्षविभिन्नकूबरं ॥७॥ दृष्ट्वायशोदाप्रमुखाव्रजस्त्रियऔत्थानिकेक
र्मणियाःसमागताः॥ नंदादयश्चाद्भुतदर्शनाकुलाःकथंस्वयंवैशकटंविपर्यगात् ॥ इतिब्रुवंतोऽतिविवादमोहिताजनाःसमंतात्परिवव्रुरार्तवत् ॥
॥८॥ ऊचुरव्यवसितमतीन्गोपान्गोपांश्चबालकाः॥रुदताऽनेनपादेनक्षिप्तमेतन्नसंशयः॥९॥ नतेश्रद्दधिरेगोपाबालभाषितमित्युत ॥ अप्रमे
यंबलंतस्यबालकस्यनतेविदुः ॥१०॥ रुदंतंसुतमादाययशोदाग्रहशंकिता॥कृतस्वस्त्ययनंविप्रैःसूक्तैःस्तनमपाययत् ॥११॥ पूर्ववत्स्थापि
तंगोपैर्बलिभिःसपरिच्छदं॥विप्राहुत्वाऽर्चयांचक्रुर्दध्यक्षतकुशांबुभिः॥ ॥१२॥ येऽसूयानृतदंभेर्ष्याहिंसामानविवर्जिताः॥नतेषांसत्यशीलाना
माशिषोविफलाःकृताः॥१३॥ इतिबालकमादायसामर्ग्यजुरुपाकृतैः॥जलैःपवित्रौषधिभिरभिषिच्यद्विजोत्तमाः ॥१४॥ वाचयित्वास्वस्त्यय
नंनंदगोपःसमाहितः॥हुत्वाचाग्निंद्विजातिभ्यःप्रादादन्नंमहागुणं॥१५॥गावःसर्वगुणोपेता वासःस्त्रग्रुक्ममालिनीः॥आत्मजाभ्युदयार्थायप्रा
दात्तेचान्वयुंजत ॥१६॥ विप्रामंत्रविदोयुक्तास्तैर्याःप्रोक्तास्तथाशिषः॥ तानिष्फलाभविष्यंतिनकदाचिदपिस्फुटं ॥१७॥ एकदारोहमारूढं
लालयंतीसुतंसती॥गरिमाणंशिशोर्वोढुंनसेहेगिरिकूटवत्॥१८॥भूमौनिधायतंगोपीविस्मिताभारपीडिता॥महापुरुषमादध्यौजगतामासक
र्मसु॥१९॥ दैत्योनाम्नातृणावर्त्तःकंसभृत्यःप्रणोदितः चक्रवातस्वरूपेणजहारासीनमर्भकं॥२०॥गोकुलंसर्वमावृण्वन्मुष्णंश्चक्षूंषिरेणुभिः॥
ईरयन्सुमहाघोरशब्देनप्रदिशोदिशः ॥२१॥ मुहूर्त्तमभवद्गोष्ठंरजसातमसावृतं॥सुतंयशोदानापश्यत्तस्मिन्न्यस्तवतीयतः॥२२॥ नापश्यत्कश्च
नात्मानंपरंचापिविमोहितः तृणावर्त्तनिसृष्टाभिःशर्कराभिरुपद्रुतः॥२३॥ इतिखरपवनचक्रपांसुवर्षेसुतपदवीमबलाऽविलक्ष्यमाता॥ अति
करुणमनुस्मरंत्यशोचद्भुविपतितामृतवत्सकायथागौः ॥२४॥ रुदितमनुनिशम्यतत्रगोप्योभृशमनुतप्तधियोऽश्रुपूर्णमुख्यः॥ रुरुदुरनुपल

॥૧૩॥ માટે એવા શીલવાળા ઉત્તમ બ્રાહ્મણો પાસે સામ—યજુ—અને ઋગ્વેદના મંત્રોવડે, પવિત્ર કરેલી ઔષધિઓવાળાં જળથકી; બાળકનો અભિષેક કરાવ્યો. ॥૧૪॥ તે પછી બીજા ગોપસહિત નંદજીએ, બ્રાહ્મણો પાસે, વળી ફરીથી સ્વસ્તીવાચન કરાવ્યું; અને અગ્નિમાં હોમ કરાવીને, તેમને ઘણા ગુણવાળું અન્ન જમાડયું. ॥૧૫॥ તથા લુગડાં—સોનાનાં ઘરેણાં—અને ફૂલના હાર પેહેરાવેલી—તેમજ સર્વે સારાગુણોવાળી ગાયો, પોતાના પુત્રના અભ્યુદય સારૂં, તેમને દાનમાં આપી. ॥૧૬॥ ત્યારે એ મંત્રને જાણનારા બ્રાહ્મણોએ; કદી પણ નિષ્ફળ ન થાય, એવા યોગ્ય આશિર્વાદ તેમને આપ્યા. ॥૧૭॥પછી એક દિવસે પુત્રને ખોળામાં લેઇને યશોદા રમાડતાં હતાં, ત્યારે પર્વતના શિખરના સરખો તેમને અતિશય ભાર લાગવાથી, ભારની પીડાથી વિસ્મય પામેલાં તેમણે, પુત્રને જમીન ઉપર મૂકી દેઇને, મહાપુરૂષ ભગવાનનું ધ્યાન કર્યું; ને પછી ઘરના કામકાજમાં વળગ્યાં. ॥૧૮-૧૯॥ એટલી વારમાંજ કંસે મોકલેલો તેનો ચાકર તૃણાવર્ત્ત નામનો દૈત્ય, વંટોળિયાના રૂપથી ત્યાં આવીને બાળકને

ઉપાડી ગયો. ॥૨૦॥ અને ઘણા મોટા અને ભયંકર શબ્દ સાથે; તેણે ગોકુળની સર્વ દિશાઓમાં, અને ખુણાઓમાં વહીને, ધુળવડે સર્વેની આંખ્યો ભરી દીધી. ॥૨૧॥ તેથી એક મુહુર્ત સુધી આખું વ્રજ ધુળ અને અંધકારથી ભરાયલું રહ્યું. અને યશોદાએ પોતાના પુત્રને જે સ્થળે મુક્યા હતા, ત્યાં તેમને ન દીઠા. ॥૨૨॥ તેમજ તૃણાવર્ત્તે ઉરાડેલી રેતી અને કાંકરાથી ઉપદ્રવ પામીને; મોહ પામેલાં તે સર્વેએ, બીજાઓને તથા પોતાનાં શરીરોને પણ જોયાં નહીં. ॥૨૩॥ તેથી અને એ કઠોર વંટોળિયાથી ધુળનો વરસાદ થવાને લીધે; પુત્રના પત્તાને નહીં દેખતી માતા યશોદા; બીજાઓને સંભારતી અને મરી ગયેલ વાછડાવાળી ગાયની પેઠે શોક કરતી; અતિ દયા ઉપજે તેમ ધરતી ઉપર પડી ગયાં. ॥૨૪॥ પછી ધુળના વેગ સહિત વરસાદ વરસાવનારો પવન બંધ થયા કેડે; તેમના રડવાને સાંભળીને; મનમાં ઘણોજ સંતાપ પામેલી, બીજી ગોપીઓ પણ; નંદ પુત્રને ન દેખીને, આંસુવાળે મોઢે રોવા લાગીઓ. ॥૨૫॥ ત્યારે કૃષ્ણ ભગવાનને ઉપાડી લેઇને

આકાશમાં ગયેલો, એ વાયુનું રૂપ ધરનારો તૃણાવર્ત દૈત્ય પણ, ઘણો ભાર લાગવાને લીધે; આગળ ન જઇ શક્તાં, વેગ રહિત અને શાંત થઇ ગયો. ॥ ૨૬ ॥ અને કોઇ પથર ઉપાડી જવાની પેઠે, પોતાને અતિ ભાર લાગવાનું સમજીને; તેમને નાંખી દેવા લાગ્યો; પણ એ અદ્ભુત બાળકે તેને ગળેથી પકડી રાખવાથી; તે નાંખી દઇ શક્યો નહીં. ॥ ૨૭ ॥ તથા ગળેથી પકડાએલો તે દૈત્ય, બોલી ન શક્તાં, ચેષ્ટા રહિત થઇને, અને આંખો નીકળી પડીને, પ્રાણ રહિત થઇ, એ બાળક સહિત વ્રજને વિષે પડ્યો. ॥ ૨૮ ॥ ત્યારે રૂદ્રથી વિંધાઇ ગયેલા ત્રણ પુરના સરખા, અંતરિક્ષમાંથી પથરની શીળા ઉપર પડીને, સઘળા અવયવો વિખાઇ ગયેલા તે વિકરાળ દૈત્યને, ત્યાં ભેગી થયેલી રોતી સ્ત્રીઓએ જોયો. ॥૨૯॥ તે પછી એ રાક્ષસે આકાશમાં લેઇ જવાથલા–અને મોતના મુખમાંથી બચેલા, શ્રી કૃષ્ણને એજ રાક્ષસની છાતી ઉપર લટકતા, કુશળ ખેમ દેખીને; વિસ્મય પામેલી તેઓએ તેમને ઉપાડી લેઇને; તેમની માને હવાલે કર્યા. ॥૩૦॥ એટલે મુખ્યત્વે કરીને, નંદજી તથા સઘળા ગોપ અને ગોપીઓના મનોરથ પૂર્ણ થઇને, તેઓ અતિશય આનંદ પામ્યાં. ॥૩૧॥ અને બોલ્યાં કે "આતો મોટું અદ્ભુત થયું." કે જેથી રાક્ષસે મારી નાંખેલો બાળક પાછો આવ્યો. હિંસા કરનારા ખળ પુરુષો પોતાના પાપ વડે આ રીતેજ મરણ પામે છે, અને સાધુ પુરુષો, સમ બુદ્ધિ વડે; ભય થકી મુક્ત થાય છેજ. ॥૩૨॥ આપણે સર્વેએ લાંબા કાળનું તપ કરયું હશે–અધોક્ષજ ભગવાનનું પૂજન કરયું હશે–પૂર્ત કર્મ એટલે વાવ્યો, કુવા, જળાશય પરબ, અને સદાવર્ત બંધાવેલાં હશે–યજ્ઞાદિક ઇષ્ટ કર્મ કરેલાં હશે–દાન આપ્યાં હશે–અને સર્વ પ્રાણીઓ તરફ સુહૃદભાવ રાખ્યો હશે; એ વિગેરે કોઇ એક પુન્યના પ્રતાપથીજ, પોતાના બંધુઓને રાજી કરતો આ બાળક, મરણ પામ્યો છતાં; ફરીથી જન્મવાની પેઠે, પાછો આવ્યો છે; એ ઘણુંજ સારૂં થયું છે ॥૩૩॥ એ રીતે એ મોટા વનમાં ઘણા અદ્ભુત બનાવો બનતા દેખીને, નંદજી તથા ગોપ લોકોને વિસ્મય થયો. અને વારંવાર વસુદેવના વચન ઉપર

भ्यनंदसूनुंपवनउपारतपांसुवर्षवेगे ॥२५॥ तृणावर्तःशांतरयोवात्यारूपधरोहरन्॥कृष्णंनभोगतोगंतुंनाशक्नोद्भूरिभारभृत्॥२६॥तमस्मानंमन्यमानआत्मनोगुरुमत्तया॥ गलेगृहीतउत्स्रष्टुंनाशक्नोदद्भुतार्भकं ॥२७॥ गलग्रहणनिश्चेष्टोदैत्योनिर्गतलोचनः॥ अव्यक्तरावोन्यपतत्सहबालोव्यसुर्व्रजे ॥२८॥ तमंतरिक्षात्पतितंशिलायांविशीर्णसर्वावयवंकरालं॥पुरंयथारुद्रशरेणविद्धंस्त्रियोरुदंत्योददृशुःसमेताः॥२९॥ प्रादायमात्रेप्रतिहृत्यविस्मिताःकृष्णंचतस्योरसिलंबमानं ॥ तंस्वस्तिमंतंपुरुषादनीतंविहायसामृत्युमुखात्प्रमुक्तं ॥३०॥ गोपश्चगोपाःकिलनंदमुख्यालब्धाशिषःप्रापुरतीवमोदं ॥३१॥ अहोबतात्यद्भुतमेषरक्षसाबालोनिवृत्तिंगमितोऽभ्यगात्पुनः॥हिंस्रःस्वपापेनविहिंसितःखलःसाधुसमत्वेनभयाद्विमुच्यते ॥३२॥ किंनस्तपश्चीर्णमधोक्षजार्चनंपूर्तेष्टदत्तमुतभूतसौहृदं॥यत्संपरेतःपुनरेवबालकोदिष्ट्यास्वबंधून्प्रणयन्नुपस्थितः॥३३॥दृष्ट्वाद्भुतानिबहुशोनंदगोपोबृहद्वने॥वसुदेववचोभूयोमानयामासविस्मितः ॥३४॥ एकदाऽर्भकमादायस्वांकमारोप्यभामिनी॥प्रस्नुतंपाययामासस्तनंस्नेहपरिप्लुता ॥३५॥ पीतप्रायस्यजननीसातस्यरुचिरस्मितं॥मुखंलालयतीराजन्जृंभतोददृशेइदं॥३६॥ खंरोदसीज्योतिरनीकमाशाःसूर्येंदुवन्हिश्वसनांबुधींश्च॥ द्वीपान्नगांस्तद्दुहितॄर्वनानिभूतानियानिस्थिरजंगमानी ॥३७॥ सावीक्ष्यविश्वंसहसाराजन्संजातवेपथुः॥ संमील्यमृगशावाक्षीनेत्रेआसीत्सुविस्मिता ॥३८॥ इ०भा०म०द०तृणावर्तमोक्षोनामसप्तमोऽध्यायः ॥७॥ श्रीशुक०गर्गःपुरोहितोराजन्यदूनांसुमहातपाः॥व्रजंजगामनंदस्यवसुदेवप्रचोदितः॥१॥ तंदृष्ट्वापरमप्रीतःप्रत्युत्थायकृतांजलिः॥आनर्चाधोक्षजधियाप्रणिपातपुरःसरं ॥२॥ सूपविष्टंकृतातिथ्यंगिरासूनृतयामुनिं॥नंदयित्वाऽब्रवीद्ब्रह्मन्पूर्णस्यकरवामकिं ॥३॥ महद्विचलनंनृणांगृहिणांदीनचेतसां॥निःश्रेयसायभगवन्कल्पतेनान्यथाक्वचित्॥४॥ ज्योतिषामयनंसाक्षाद्यत्तज्ज्ञानमतींद्रियं॥प्रणीतंभवतायेनपुमान्वेदपरावरं ॥५॥ त्वंहिब्रह्मविदांश्रेष्ठःसंस्कारान्कर्तुमर्हसि॥बालयोरनयोर्नृणांजन्मनाब्राह्मणोगुरुः ॥६॥ गर्ग०यदूनामहमाचार्यःख्यातश्चभुविसर्वदा॥सुतंमयासंस्कृतंते

વિશ્વાસ ઘણો બેસતો ગયો. ॥૩૪॥ એક દિવસે સ્નેહ વાળાં યશોદાજી તે બાળકને ખોળા ઉપર બેસારીને, પોતાનું દુધ ઝરતું સ્તન તેમને ધવરાવતાં હતાં. ॥૩૫॥ ઘણું ખરૂં ધાવી રહ્યા પછી; તે સુંદર હસતા મુખવાળા બાળકનો યશોદાએ રમાડતાં: બાળકને બગાસું આવવાને લીધે; તેના મોંઢાની અંદર, આકાશ–સ્વર્ગ–પૃથ્વી–તારામંડળ–દિશાઓ–સૂર્ય–ચંદ્ર–અગ્નિ–વાયુ–સમુદ્રો–દ્વીપો–પર્વતો–નદીઓ–વન–અને સઘળાં સ્થાવર જંગમ પ્રાણીઓ સહિત, આખું જગત દીઠું. ॥૩૬–૩૭॥ ત્યારે હે રાજા, એ હરણ જેવી આંખોવાળીએ, એકાએક આખું વિશ્વ દેખવાથી; તેને વિસ્મય થઇને, અને શરીરે ધુજારો થઇને, તેણીએ પોતાની આંખો મીંચી દીધી. ॥૩૮॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ દશમા સ્કંધનો સાતમો અધ્યાય સંપૂર્ણ ॥૭॥

અધ્યાય ૮ મો.—**શ્રીશુક**—હે રાજા; તે પછી વસુદેવની પ્રેરણાથી યાદવોના ગોર મહા તપસ્વી ગર્ગાચાર્ય; નંદજીના વ્રજમાં ગયા. ॥૧॥ તેમને દેખવાથી અતિ પ્રસન્ન થયેલા નંદજીએ, ઉભા થઇ સામે જઇને હાથ જોડીને તથા તેમને અધોક્ષજ ભગવાન રૂપ માનીને, નમસ્કાર તથા પૂજન કર્યું. ॥૨॥ ને પૂજન થયા પછી સુખે બેઠેલા તે મહામુનિને, નંદજીએ સુંદર વાણીથી કહ્યું કે "હે બ્રાહ્મણ, પરિપૂર્ણ એવા આપનું અમે શું કામ કરી શકીએ? ॥ ૩ ॥ હે ભગવાન (ગર્ગાચાર્ય), રાંક ચિત્ત વાળા ગૃહસ્થ લોકને ઘેર મહાત્માઓનું આવવું; તેઓનું કલ્યાણ કરવા શિવાય, બીજા કારણ માટે નથી હોતું ॥ ૪ ॥ જેનું જ્ઞાન સાક્ષાત ઇંદ્રિયો થકી નથી થતું; તે જ્યોતિષ શાસ્ત્ર, આપેજ બાંધેલું છે; કે જેથી પુરૂષો ભૂત ભવિષ્યને જાણી શકે છે; ॥ ૫ ॥ વળી બ્રહ્મવેત્તાઓમાં પણ તમે તો શ્રેષ્ઠ છો; તથા મનુષ્યોને જન્મથીજ બ્રાહ્મણો ગુરૂ છે: માટે આ બાળકોના સંસ્કાર કરવાને માટે આપજ યોગ્ય છો. ॥૬॥ ગર્ગ–પૃથ્વી ઉપર યાદવોના ગોરપણા માટે, હું સર્વદા પ્રખ્યાતછું; અને પાપ બુદ્ધિ કંસને, વસુદેવની સાથે તમને મિત્રતા હોવાની પણ, ખબર છે; તથા તેણે આકાશ વાણીનું વચન સાંભળેલું છે; તેનો વિચાર કરતાં દેવકીનો આઠમો ગર્ભ, જોકે તેણે દેવકીની દીકરીને મારી નાંખીછે; તોપણ, સ્ત્રી જાતિનો નજ હોવો જોઇએ. એટલાં કારણોને લીધે, મારા થકી સંસ્કાર થયેલા તમારા પુત્રોને દેવકીના પુત્રો હોવાની; તેને શંકા આવતો,

તે થકી મોટો અન્યાય થાય. ॥૭-૮॥—નંદ—એમ છે તો; તેઓને દ્વિજાતિ સંસ્કાર અને સ્વસ્તી વાચન: આ મારા વ્રજમાંના ખાસ માણસો થકી પણ, છાની રીતે આપ કરો. ॥૧૦॥—શ્રીશુક—એ રીતે પ્રાર્થના કરાયલા તે બ્રાહ્મણે; પોતે જે કામ કરવાને આવેલા હતા તે, આ બાળકોનાં નામ પાડવાનું કામ; એકાંતમાં ગુપ્તપણે કર્યું.॥૧૧॥—ગર્ગ—આ રોહિણીનો પુત્ર, પોતાના ગુણો થકી સબંધીઓને રાજી કરશે માટે, "રામ" કહેવાશે ને તે અધિક બળવાળો હોવાથી, "બળદેવ" કહેવાશે. તથા યાદવોનું એજ એક મનગમતું કરશે, માટે "સંકર્ષણ" કહેવાશે. ॥૧૨॥ અને આ જે બીજો છે તે યુગે યુગમાં અવતાર ધરનારના, ધોળો—રાતો—અને પીળો એવા ત્રણ વર્ણ થઇ ગયેલા છે; પણ હમણાં તેનો વર્ણ કાળો છે. ॥૧૩॥ એ તમારો પુત્ર પૂર્વે કોઇ વખતે વસુદેવનો પુત્ર થયેલછે, માટે જ્ઞાની લોકો તેને "વાસુદેવ" નામથી ઓળખશે. ॥૧૪॥ એ તમારા પુત્રનાં નામો અને રૂપો, ઘણાં ઘણાં તેનાં કર્મો અને ગુણો ઉપરથી થનારાંછે; તે બધાંને હું જાણુંછું, બીજા લોકો જાણતા નથી. ॥૧૫॥ ગોપના અને ગાયોના કુળને આનંદ આપનાર, એના થકીજ, તમારૂં કલ્યાણ થશે; અને એનાવડેજ તમે ઉતાવળેજ સર્વ દુખોને તરી જશો.॥૧૬॥ હે વ્રજના સ્વામી, પૂર્વે રાજાવિનાના અને ચોર લોકથી પીડાયલા સાધુ પુરૂષોને, એણે રક્ષણ કરીને વૃદ્ધિ પમાડ્યા હતા. જેથી તેઓ ચોરોને જીત્યા હતા. ॥૧૭॥ જે ભાગ્યશાળી મનુષ્યો એના વિશે પ્રીતિ કરશે. તેમને; દેવોને જેમ દૈત્યો ન જીતી શકે, તેમ; શત્રુઓ જીતી શકશે નહીં. ॥૧૮॥ એટલા માટે હે નંદજી તમારો એ પુત્ર: ગુણો—લક્ષ્મી-કીર્તિ—અને પ્રભાવ, એઓ વડે નારાયણના સમાન છે; માટે તમે તેને સારી રીતે સાચવજો. ॥૧૯॥—શ્રીશુક—એ રીતે તેમને કહીને, ગર્ગાચાર્ય પોતાને ઘેર ગયા; અને આનંદ પામેલા નંદજીએ, પોતાને કૃતાર્થ થયેલાનું માન્યું. ॥૨૦॥ પછી થોડો વખત ગયા

मन्यतेदेवकीसुतं ॥७॥ कंसःपापमतिःसख्यंतवचानकदुंदुभेः॥देवक्याअष्टमोगर्भोनस्त्रीभवितुमर्हति ॥८॥ इतिसंचिंतयन्श्रुत्वादेवक्यादा
रिकावचः ॥ अपिहंतागताशंकस्तर्हितन्नोऽनयोभवेत् ॥९॥ नंद०अलक्षितोऽस्मिन्रहसिमामकैरपिगोव्रजे॥ कुरुद्विजातिसंस्कारंस्वस्तिवाच
नपूर्वकं ॥१०॥ श्रीशुक०एवंसंप्रार्थितोविप्रःस्वचिकीर्षितमेवतत् ॥चकारनामकरणंगूढोरहसिबालयोः ॥११॥ गर्ग०अयंहिरोहिणीपुत्रोर
मयन्सुहृदोगुणैः॥आख्यास्यतेरामइतिबलाधिक्याद्बलंविदुः॥यदूनामपृथग्भावात्संकर्षणमुशंत्युत ॥१२॥ आसन्वर्णास्त्रयोह्यस्यगृण्हतोऽनु
युगंतनुः॥शुक्लोरक्तस्तथापीतइदानींकृष्णतांगतः॥१३॥प्रागयंवसुदेवस्यक्वचिज्जातस्तवात्मजः॥वासुदेवइतिश्रीमानभिज्ञाःसंप्रचक्षते॥१४
बहूनिसंतिनामानिरूपाणिचसुतस्यते॥गुणकर्मानुरूपाणितान्यहंवेदनोजनाः ॥१५॥ एषवःश्रेयआधास्यद्गोपगोकुलनंदनः॥ अनेनसर्वदु
र्गाणियूयमंजस्तरिष्यथ॥१६॥पुराऽनेनव्रजपतेसाधवोदस्युपीडिताः॥अराजकेरक्ष्यमाणाजिग्युर्दस्यून्समेधिताः ॥१७॥ यएतस्मिन्महाभा
गाःप्रीतिंकुर्वंतिमानवाःनारयोऽभिभवंत्येतान्विष्णुपक्षानिवासुराः॥१८॥ तस्मान्नंदात्मजोऽयंतेनारायणसमोगुणैः॥श्रियाकीर्त्यानुभावेनगो
पायस्वसमाहितः॥१९॥ इत्यात्मानंसमादिश्यगर्गेचस्वगृहंगते॥नंदःप्रमुदितोमेने आत्मानंपूर्णमाशिषां ॥२०॥ कालेनव्रजताऽल्पेनगोकुले
रामकेशवौ॥जानुभ्यांसहपाणिभ्यांरिंगमाणौविजन्हतुः ॥२१॥ तावंघ्रियुग्ममनुकृष्यसरीसृपंतौघोषप्रघोषरुचिरंव्रजकर्दमेषु॥तन्नादहृष्ट
मनसावनुसृत्यलोकंमुग्धप्रभीतवदुपेयतुरंतिमात्रोः ॥२२॥ तन्मातरौनिजसुतौघृणयास्नुवंत्यौपंकांगरागरुचिरावुपगुह्यदोर्भ्यां॥दत्वास्तनं
प्रपिबतोःस्ममुखंनिरीक्ष्यमुग्धस्मिताल्पदशनंययतुःप्रमोदं ॥२३॥ यर्ह्यंगनादर्शनीयकुमारलीलावंतर्व्रजेतदबलाःप्रगृहीतपुच्छैः॥ वत्सैरित
स्ततउभावनुकृष्यमाणौप्रेक्षंत्यउज्झितगृहाजन्हृषुर्हसंत्यः ॥२४॥ शृंग्यग्निदंष्ट्र्यसिजलद्विजकंटकेभ्यःक्रीडापरावतिचलौस्वसुतौनिषेद्धुं ॥
गृह्याणिकर्तुमपियत्रनतज्जनन्यौशेकातआपतुरलंमनसोऽनवस्थां ॥२५॥ कालेनाल्पेनराजर्षेरामःकृष्णश्चगोकुले॥ अघृष्टजानुभिःपद्भिर्वि
चक्रमतुरंजसा॥२६॥ ततस्तुभगवान्कृष्णोवयस्यैर्व्रजबालकैः॥सहरामोव्रजस्त्रीणांचिक्रीडेजनयन्मुदं॥२७॥कृष्णस्यगोप्योरुचिरंवीक्ष्यकौ

કેડે બળરામ અને કેશવ ભગવાન ગોકુળમાં, હાથ અને ઢીંચણ વડે, એટલે ભાંખડીએ ચાલવા લાગ્યા.॥૨૧॥ અને તે બંને ભાઇઓ વ્રજના કાદવને વિશે, સુંદર રીતના શબ્દ તથા તેના પડછંદા થાય તેમ પગ ઘસડીને; ચાલવા લાગ્યા. અને તે શબ્દથી રાજી થતા તેઓ બીજાઓના તરફ થોડે સુધી જઇને, બીનેલાના સરખા બાળભાવથી, પોતાની માની પાસે નાસી જવા લાગ્યા. ॥૨૨॥ ત્યારે દયાને લીધે, તેમની માતાઓને પાનો છૂટીને, એ કાદવ અને ચંદન થકી ખરડાવાથી, સુંદર લાગતા પુત્રોને; હાથે વતે પકડી લેઇને, તેઓ ધવરાવતી હતી. અને બાળભાવથી હસતાં તથા થોડા દાંત વાળાં તેમનાં મુખને જોઇને, તેઓ રાજી થતી હતી. ॥ ૨૩ ॥ ત્યારે તે બેઉ જણાની, એ સ્ત્રીઓને જોવી ગમે એવી કુમાર અવસ્થાની લીલા; વાછડાંનાં પુંછડાં પકડીને તેમનાથી અહીં તહીં ખેંચાઇ જવા વિગેરેને જોવામાં, આનંદ પામીને હસતી હસતી વ્રજની અબળાઓ; પોતાના ઘરના કામકાજને પણ ભૂલી જતી હતી. ॥૨૪॥ એ અતિ ચંચળ અને રમતિઆળ પોતાના પુત્રોને, શિંગડાંવાળાં જનાવરોથી—દાઢવાળા પ્રાણીથી—ધારવાળા પદાર્થોથકી—અને; અગ્નિ, જળ, પક્ષીઓ; તથા કાંટા આદિકથકી પણ અટકાવવાને માટે, પોતાનાં ઘર કામ કરવાની સાથે; તેમની માતાઓ જ્યારે અશક્ત થઇઓ; ત્યારે તેઓનાં મન છેકજ અનવસ્થિત થઇ ગયાં. ॥ ૨૫ ॥ હે રાજઋષિ, પછી વળી થોડો વખત ગયેથી, રામ અને કૃષ્ણ ગોકુળની અંદર ગોઠણ ઘસડ્યા વિનાજ, પગવડે ઉતાવળા ચાલવા લાગ્યા. ॥૨૬॥ ત્યારથી તો રામ સહિત કૃષ્ણ ભગવાન, પોતાના જેવડા વ્રજના બાળકોને સાથે લેઇને રમવાવડે; વ્રજની સ્ત્રીઓને ઘણોજ આનંદ પમાડવા લાગ્યા. ॥૨૭॥ તે સમયે કૃષ્ણનું કુમાર અવસ્થાનું સુંદર ચપળપણું જોઇને; એકઠી થયેલી ગોપીઓ માતા યશોદા પાસે જઇને, આ પ્રમાણે રાવ ખાવા લાગીઓ કે. ॥૨૮॥ "જ્યારે ગોપીઓનાં મન ઘર કામમાં અત્યંત ગુંથાયલાં હોય છે, ત્યારે કદીકદી તમારો પુત્ર આવીને, કવખતે વાછરડાંને છોડી મૂકે છે—ધમકાવીએ તો હસી પડે છે—અને ચોરી કરવાના ઉપાયની કલ્પના કરીને;

દહીં—દૂધ—તથા બીજા સ્વાદિષ્ટ પદાર્થ ચોરી લેઇને; ખાઇ જાય છે; અને માંકડાંઓને વહેંચી આપે છે.—તથા તેઓ નથી ખાતાં ત્યારે વાસણોને ફોડી નાખે છે;—અને ઘરમાંથી કાંઇ મળતું નથી; ત્યારે રીસ ચડાવીને બાળકોને રોવરાવીને નાસી જાય છે. ॥૨૯॥ વળી હાથ ન પહોંચે એમ હોય, ત્યાં પાટલા અને ખાંડણિઆ વિગેરે ગોઠવીને ઉપાય કરે છે. અને શિંકામાં મુકેલાં વાસણોમાંની વસ્તુને જાણી લેઇને; તેમાં બરાબર યુક્તિથી કાંણાં પાડે છે; તથા અંધારી ઓરડીઓમાં પોતાના શરીર ઉપર, અનેક મણિઓ પહેરી આવીને; અજવાળું કરે છે. ॥ ૩૦ ॥ અમે કાંઇ કહીએ છીએ; તો સામું કહે છે; અને સાગં ઘરોમાં પેશાબ વિગેરે કરીને ખરાબી કરે છે. એ રીતના ચોરીના ઉપાય તથા કામો કરે છે. એમ છતાં તમારી પાસે અહીંયાં સારા માણસની પેઠે બેઠેલા છે. ભય સહિત આંખોથી જોતા, શ્રીકૃષ્ણ તરફ જોતા હતી; ગોપીઓએ, એ રીતે બધી વાત કહી દીધી. ત્યારે યશોદા હસી પડ્યાં. પણ તેમણે પુત્રને ધમકાવવાની ઇચ્છા કરી નહીં ॥૩૧॥ પછી એક દહાડો રમતા રમતા ગોપના બાળકોએ, રામ સહિત આવીને; માતા યશોદાને જણાવ્યું કે, કૃષ્ણે માટી ખાધી છે. ॥ ૩૨ ॥ ત્યારે તે હિત ઇચ્છનારી માએ, ભયથી પોતાની સામે ચકર ચકર જોતા; કૃષ્ણનો હાથ પકડીને, તેને કહ્યું કે; "હે અણસમજુ, તેં છાનીમાંની માટી કેમ ખાધી; આ તારા મિત્ર છોકરાઓ કહે છે, અને તારા મોટાભાઇ પણ તેમજ કહે છે. ॥૩૩–૩૪॥ ત્યારે કૃષ્ણે જવાબ આપ્યો કે. "હે મા, મેં માટી ખાધી નથી. એ સઘળા જૂઠું કહે છે. જો તેમનું બોલવું તમને સાચું લાગતું હોય તો, મારૂં મોઢું તમે સમક્ષજ તપાસી જુઓ " ॥૩૫॥ માએ કહ્યું. "જો એમ હોયતો મોઢું ફાડ." એમ કહેતાંજ અખંડિત ઐશ્વર્ય વાળા, અને લીલા વડે મનુષ્ય બાળક થયેલા, એ હરિભગવાને;

मारचापलं॥शृण्वंत्याःकिलतन्मातुरितिहोचुःसमागताः॥२८॥ वत्सान्मुंचन्क्वचिदसमयेक्रोशसंजातहासःस्तेयंस्वाद्वत्त्यथदधिपयःकल्पितैःस्तेययोगैः॥ मर्कान्भोक्ष्यन्विभजतिसचेन्नात्तिभांडंभिनत्तिद्रव्यालाभेसगृहकुपितोयात्युपक्रोश्यतोकान्॥२९॥ हस्ताग्राह्येरचयतिविधिंपीठकोलूखलाद्यैश्छिद्रंह्यंतर्निहितवयुनःशिक्यभांडेषुतद्वित्॥ध्वांतागारेधृतमणिगणंस्वांगमर्थप्रदीपंकालेगोप्योयर्हिगृहकृत्येषुसुव्यग्रचित्ताः ॥३०॥ एवंधार्ष्ट्यान्युशतिकुरुतेमेहनादीनिवास्तौस्तेयोपायैर्विरचितकृतिःसुप्रतीकोयथास्ते॥इत्थंस्त्रीभिःसभयनयनश्रीमुखालोकिनीभिर्व्याख्यातार्थाप्रहसितमुखीनह्युपालब्धुमैच्छत ॥३१॥ एकदाक्रीडमानास्तेरामाद्यागोपदारकाः॥कृष्णोमृदंभक्षितवानितिमात्रेन्यवेदयन्॥३२ सागृहीत्वाकरेकृष्णमुपालभ्यहितैषिणी॥यशोदाभयसंभ्रांतप्रेक्षणाक्षमभाषत ॥३३॥ कस्मान्मृदमदांतात्मन्भवान्भक्षितवान्रहः॥ वदंतितावकाह्येतेकुमारास्तेऽग्रजोऽप्ययं॥३४॥नाहंभक्षितवानंबसर्वेमिथ्याभिशंसिनः ॥ यदिसत्यगिरस्तर्हिसमक्षंपश्यमेमुखं ॥३५॥ यद्येवंतर्हिव्यादेहीत्युक्तःसभगवान्हरिः॥व्यादत्तव्याहतैश्वर्यःक्रीडामनुजबालकः॥३६॥ सातत्रददृशेविश्वंजगत्स्थास्नुचखंदिशः॥ साद्रिद्वीपाब्धिभूगोलंसवाय्वग्नींदुतारकं ॥३७॥ ज्योतिश्चक्रंजलंतेजोनभस्वान्वियदेवच॥वैकारिकाणींद्रियाणिमनोमात्रागुणास्त्रयः ॥३८॥ एतद्विचित्रंसहजीवकालस्वभावकर्माशयलिंगभेदं॥सूनोस्तनौवीक्ष्यविदारितास्येव्रजंसहात्मानमवापशंकां ॥३९॥ किंस्वप्नएतदुतदेवमायाकिंवामदीयोबतबुद्धिमोहः॥अथोअमुष्यैवममार्भकस्ययःकश्चनौत्पत्तिकआत्मयोगः ॥४०॥ अथोयथावन्नवितर्कगोचरंचेतोमनःकर्मवचोभिरंजसा॥यदाश्रयंयेनयतःप्रतीयतेसुदुर्विभाव्यंप्रणतास्मितत्पदं ॥४१॥ अहंममासौपतिरेषमेसुतोव्रजेश्वरस्याखिलवित्तपासती॥गोप्यश्चगोपाःसहगोधनाश्चमेयन्माययेत्थंकुमतिःसमेगतिः ॥४२॥ इत्थंविदिततत्त्वायांगोपिकायांसईश्वरः॥वैष्णवींव्यतनोन्मायांपुत्रस्नेहमयींविभुः ॥४३॥ सद्योनष्टस्मृतिर्गोपीसारोप्यारोहमात्मजं॥प्रवृद्धस्नेहकलिलहृदयासयथापुरा ॥४४॥ त्रय्याचोपनिषद्भिश्चसांख्ययोगैश्चसात्वतैः॥उपगीयमानमाहात्म्यंहरिंसाऽमन्यतात्मजं ॥४५॥ राजा०नंदःकिमकरोद्ब्रह्मन्श्रेयएवंमहोदयं॥यशोदाचमहाभागापपौयस्याःस्तनंहरिः ॥४६॥ पितरौनान्व

પોતાનું મુખ પહોળું કર્યું. ॥૩૬॥ ત્યારે તેમાં દિશાઓ—અગ્નિ—વાયુ—ચંદ્રમા—તારાઓ સહિત અંતરિક્ષ—પર્વતો—દ્વીપો—સમુદ્રો સહિત પૃથ્વી મંડળ—અને સ્થાવર જંગમ આખું વિશ્વ, તેમણીએ દીઠું ॥૩૭॥ તેમજ જ્યોતિશ્ચક્રને, જળ—તેજ—વાયુ—અને આકાશને, તથા ઇંદ્રિયોના દેવતાઓ—ઇંદ્રિયો—તેમના વિષયો—મન—મહાભૂતની માત્રાઓ—અને ત્રણ ગુણોને, એ સર્વ પ્રકારની વિચિત્રતાને—તથા જીવ—કાળ—સ્વભાવ—કર્મ—આશય—અને લિંગ શરીરનો નાશ થયો; એ સઘળાને, પુત્રે ઉઘાડેલા મોઢાના અંદર; પોતાનો દેહ અને વ્રજ સુધાંત દેખાને; યશોદા શંકા પામ્યાં કે. ॥૩૮–૩૯॥ શું ? આતે સ્વપ્ન છે, કે ભગવાનની માયા છે. કે મારી બુદ્ધિનેજ મોહ થયો છે ? પણ નહીં નહીં, આતો મારા બાળકમાં ઉત્પન્ન થયેલ કાંઇ આત્મયોગનું ઐશ્વર્ય છે. ॥૪૦॥ એટલા માટે જે, ચિત્ત—મન—કર્મ—અને વાણી વડે, તથા તર્ક કરવા વડે પણ, યથાસ્થિત જાણી શકાતું નથી; તેમજ તે કોને આશ્રયે છે—શાથી છે—શાણે કરીને થયું છે—અને શા વડે પ્રતિત થાય છે.—એ સર્વ જાણવાને અશક્ય છે; એવા તે ભગવત પદને હું નમસ્કાર કરૂં છું. ॥૪૧॥ આતે હું અને આને મારૂં છે—આ મારો પતિ છે—આ મારો પુત્ર છે—આખા વ્રજના ધનની માલિક અને સતી હું છું—અને ગાયોનાં ધણ સહિત આ ગોપ અને ગોપીઓ સર્વે મારાં છે એ રીતની કુમતિ મને જેની માયા થકી થઇ છે, તે ભગવાનજ મારી ગતિ રૂપ થજો ॥૪૨॥ એ રીતનું યશોદાને તત્વજ્ઞાન પ્રાપ્ત થતાં, તુરતજ એ સમર્થ ઇશ્વરે; પુત્રસ્નેહ નામની પોતાની વૈષ્ણવી માયાનો વિસ્તાર કરી દીધો. ॥ ૪૩ ॥ એટલે સ્મરણ નાશ પામેલાં યશોદાએ, પહેલાંની પેઠેજ વધી સ્નેહ વાળા હૃદયથી, એ પોતાના પુત્રને ખોળામાં લીધા. ॥ ૪૪ ॥ અને ત્રણ વેદ—ઉપનિષદો—સાંખ્યશાસ્ત્ર—અને યોગ શાસ્ત્ર, એમણે તથા ભક્તજનોએ પણ, જેના મહાત્મ્યને ગાયેલું છે; તે હરિભગવાનને, યશોદાજીએ પોતાના પુત્રજ માન્યા. ॥ ૪૫ ॥—પરીક્ષિત—હે બ્રાહ્મણ મહાભાગ્યશાળી યશોદા, કે જેમણે પોતાના સ્તનથી હરિભગવાનને ધવરાવ્યા. તેમણે અને નંદજીએ કલ્યાણના મોટા ઉદયવાળું કયું કામ કરેલું

હતું. ॥ ૪૬ ॥ કે જેથી, લોકનાં પાપોનો નાશ કરનાર, કૃષ્ણભગવાનનાં બાળ ચરિત્રોનો અનુભવ, જે તેમનાં ખરાં માબાપને પણ નથી મળ્યો; તે એઓને મળ્યો. ॥ ૪૭ ॥—શ્રીશુક—વસુઓમાં મુખ્ય દ્રોણ વસુએ, તેમની સ્ત્રી ધરા સહિત બ્રહ્માની આજ્ઞા પ્રમાણે આચરણ કર્યા પછી, તેમની પાસે માગ્યું હતું કે, "અમે બંને જ્યારે પૃથ્વી ઉપર જન્મીએ ત્યારે, જેથી લોકો સહેજમાંજ દુર્ગતિકને તરે છે. એવી વિશ્વના ઈશ્વર હરિ ભગવાન વિશે અમને પરમ ભક્તિ ઉત્પન્ન થાય." ત્યારે ભગવાન બ્રહ્માએ "તથાસ્તુ" કહ્યું હતું. એ મોટી કીર્તિવાળા દ્રોણવસુ પાછળથી વ્રજને વિશે નંદજી થયા હતા.અને તેમની સ્ત્રી ધરા તે યશોદાજી થયાં હતાં. ॥૪૮–૪૯–૫૦॥ હે રાજા, પુત્રરૂપ થયેલા જનાર્દન ભગવાન વિશે; તેઓજ એ સ્ત્રી પુરૂષને; બીજાં ગોપ ગોપીઓ કરતાં વિશેષ ભક્તિ ભાવ હતો. ॥૫૧॥ અને રામ સહિત સમર્થ શ્રીકૃષ્ણ ભગવાને પણ; બ્રહ્માનું વચન સત્ય કરવા સારૂંજ, વ્રજને વિશે વસીને; તેઓને પ્રીતિ ઉપજાવવા માટે લીલાઓ કરી હતી ॥ ૫૨ ॥ ઇતિ૦ શ્રી૦ ભાગવતે દશમા સ્કંધનો આઠમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૮ ॥

અધ્યાય ૯ મો.—શ્રીશુક—એક દહાડે ઘરની દાસીઓ બીજાં કામોમાં લાગેલી હોવાથી, યશોદા પોતેજ દહીં વલોવવા લાગ્યાં. ॥૧॥ ત્યારે તે; ભગવાને કરેલાં બાળ ચરિત્રોનું સ્મરણ કરીને; દહીં વલોવતાં એ સંબંધનાં ગીત ગાતાં હતાં. ॥૨॥ અને એ સારી ભમરોવાળાં–પોતે પોતાના મોટા નિતંબ ઉપર પહેરેલું રેશમી વસ્ત્ર કંદોરા સાથે બાંધીને, અને શરીરને હલાવીને દહીં વલોવતાં; નેતરાં ખેંચવાના પરિશ્રમથી, તેમનાં હાથનાં કંકણ અને કુંડળ હાલતાં હતાં; મોઢા ઉપર પરસેવો વળી ગયો હતો; પુત્ર ઉપરના સ્નેહથી બંને સ્તનમાંથી દૂધ ઝરતું હતું; અને ચોટલામાંથી માલતીનાં ફુલ ખરી પડતાં હતાં.॥૩॥ તે વખતે પ્રીતિ ઉપ-

विदितांकृष्णोदारार्भकेहितुं॥गायंत्यद्यापिकवयोयल्लोकशमलापहं॥४७॥ श्रीशुक०द्रोणोवसूनांप्रवरोधरयासहभार्यया॥करिष्यमाणआदे
शान्ब्रह्मणस्तमुवाचह ॥४८॥ जातयोर्नौमहादेवेभुविविश्वेश्वरेहरौ ॥ भक्तिःस्यात्परमालोकेययांऽजोदुर्गतिंतरेत् ॥४९॥ अस्त्वित्युक्तःसभग
वान्व्रजेद्रोणोमहायशाः॥ जज्ञेनंदइतिख्यातोयशोदासाधराऽभवत् ॥५०॥ ततोभक्तिर्भगवतिपुत्रीभूतेजनार्दने॥दंपत्योर्नितरामासीद्गोपगो
पीषुभारत ॥५१॥ कृष्णोब्रह्मणआदेशंसत्यंकर्तुंव्रजेविभुः॥सहरामोवसंश्चक्रेतेषांप्रीतिंस्वलीलया ॥५२॥ इ.भा.म.द.पू.अष्टमोऽध्यायः॥८॥
श्रीशुक०एकदागृहदासीषुयशोदानंदगोहिनी॥ कर्मांतरनियुक्तासुनिर्ममंथस्वयंदधि॥१॥ यानियानीहगीतानितद्बालचरितानिच॥ दधिनि
र्मंथनेकालेस्मरंतीतान्यगायत ॥२॥ क्षौमंवासःपृथुकटितटेबिभ्रतीसूत्रनद्धंपुत्रस्नेहस्नुतकुचयुगंजातकंपंचसुभ्रूः रज्ज्वाकर्षश्रमभुजचलत्कं
कणौकुंडलेस्विन्नंवक्त्रंकबरविगलन्मालतीनिर्ममंथ ॥३॥ तांस्तन्यकामआसाद्यमथ्नंतींजननींहरिः॥गृहीत्वादधिमंथानंन्यषेधत्प्रीतिमावह
न् ॥४॥ तमंकमारूढमपाययत्स्तनंस्नेहस्नुतंसस्मितमीक्षतीमुखं॥ अतृप्तमुत्सृज्यजवेनसाययावुत्सिच्यमानेपयसित्वधिश्रिते ॥५॥ संजात
कोपःस्फुरितारुणाधरंसंदश्यदद्भिर्दधिमंथभाजनं ॥ भित्त्वामृषाऽश्रुर्दृषदश्मनारहोजघासहैयंगवमंतरंगतः॥६॥ उत्तार्यगोपीसुशृतंपयःपुनः
प्रविश्यसंदृश्यचदध्यमत्रकं ॥ भग्नंविलोक्यस्वसुतस्यकर्मतज्जहासतंचापिनतत्रपश्यती ॥७॥ उलूखलांघ्रेरुपरिव्यवस्थितंमर्कायकामंददं
तंशिचिस्थितं॥ हैयंगवंचौर्यविशंकितेक्षणंनिरीक्ष्यपश्चात्सुतमागमच्छनैः॥८॥ तामात्तयष्टिंप्रसमीक्ष्यसत्वरस्ततोऽवरुह्यापससारभीतवत् ॥
गोप्यन्वधावन्नयमापयोगिनांक्षमंप्रवेष्टुंतपसेरितंमनः ॥९॥ अन्वंचमानाजननीबृहच्चलच्छ्रोणीभराक्रांतगतिःसुमध्यमा॥ जवेनविस्रंसितकें
शबंधनच्युतप्रसूनाऽनुगतिःपरामृशत् ॥१०॥ कृतागसंतंप्ररुदंतमक्षिणीकषंतमंजन्मषिणीस्वपाणिना॥ उद्वीक्षमाणंभयविह्वलेक्षणंहस्तेगृ
हीत्वाभिषयंत्यवागुरत् ॥११॥ त्यक्त्वायष्टिंसुतंभीतंविज्ञायार्भकवत्सला॥ इयेषकिलतंबद्धुंदाम्नाऽतद्वीर्यकोविदा॥१२॥ नचांतर्नबहिर्यस्य
नपूर्वंनापिचापरं॥ पूर्वापरंबहिश्चांतर्जगतोयोजगच्चयः॥१३॥ तंमत्वात्मजमव्यक्तंमर्त्यलिंगमधोक्षजं॥गोपिकोलूखलेदाम्नाबबंधप्राकृतंयथा

જાવતા ભગવાને, ધાવવાની ઇચ્છાથી પાસે આવીને; રવાઇ ઝાલી લીધી. અને માને વલોણું કરવા થકી રોકી દીધાં. ॥૪॥ એટલે તે ભગવાનને પોતાના ખોળામાં લઇને, સ્નેહવડે ઝરતું દૂધ ધવરાવતાં ધવરાવતાં, તેમના હસતા મોઢાને જોવા લાગ્યાં; એટલામાં ઉનું મુકેલા દૂધને ઉભરો આવવાથી; ભગવાન ધરાતા પહેલાંજ, તેમને ત્યાં મૂકી દઇને; મા ઉતાવળથી એ ઠેકાણે ગયાં. ॥ ૫ ॥ તેથી ભગવાનને રીસ ચઢીને, તેમના લાલ હોઠ ફરકવા લાગ્યા; પછી દાંત પીસીને વલોણું કરવાની ગોળી પથરો મારીને, આંખમાં જૂઠાં આસું લાવી, ફોડી નાંખી; તથા ઘરની અંદર એકાંતમાં ભરાઇ જઇને, તે માંખણ ખાવા લાગ્યા. ॥૬॥ પછી ઉકળતા દૂધને ઉતાર્યા કેડે, યશોદાજી તે ઠેકાણે પાછાં આવતાં; દહીં વલોવવાના ઠામને ભાગેલું દેખીને, તે કામ પોતાના પુત્રે કરેલાનું જાણ્યું; તથા તેમને તે સ્થળે ન દેખવાથી હસી પડ્યાં. ॥૭॥ તેમણે પછી ઉંધા નાંખેલા ખાંડણિયા ઉપર બેસીને, શિંકામાંના માંખણને; માંકડાઓને જોઇએ તેમ વહેંચી આપતા, અને ચોરી કરવાથી ચકર વકર જોતા, પુત્રને દેખીને; તે તેની પાછળ ધીમે રહીને ગયાં. ॥૮॥ ત્યારે તેમને લાકડી લઇને આવેલાં જોઇને, તે બીન્હેલાની પેઠે; ત્યાંથી ઉતરીને દોડી ગયા; યશોદા તેમની પાછળ દોડયાં; પણ જેને યોગીઓનું તપવડે પ્રવેશ કરવાને યોગ્ય કરેલું મન પણ; પહોંચી શકતું નથી. એવા ભગવાનને તે પહોંચી શકયા નહીં. ॥૯॥ ત્યારે મોટા અને હાલતા ભારે નિતંબવાળાં માતાજીને પાછળ નહીં દોડી શકતાં, અને વેગને લીધે ચોટલો છુટી જઇને તેમાંથી ફુલ ખરી પડતાં છતાં; દોડતાં દેખીને; ભગવાન માંડમાંડ પકડાયા. ॥૧૦॥ પછી વાંકમાં આવેલા-મેશ આંજેલી આંખ્યોને રોતાં રોતાં હાથવડે ચોળતા—અને ભયથી વિકળ થઇને ઉંચુંગથી જોતા—પુત્રને હાથવડે પકડીને, યશોદાજી ધમકી આપીને બીવરાવવા લાગ્યાં. ॥ ૧૧ ॥ પણ બાળક ઉપર સ્નેહ રાખનારાં તેમણે પુત્રને બીન્હેલો જાણીને લાકડી નાંખી દીધી; અને એ તેમની અપાર શક્તિથી અજાણ્યાં યશોદાએ તેમને દાંમડાંવતે બાંધવાની ઇચ્છા કરી. ॥ ૧૨ ॥ અને જેની બાહાર તથા માંહી, તેમજ આગળ

આગર પાછળ, કશુંજ નથી; અને જે જગતની અંદર તથા બહાર, તેમજ આગળ અને પાછળ પણ, રહેલાછે; તથા જે પોતેજ જગત રૂપ છે, એવા અવ્યક્ત અને અધોક્ષજ ભગવાન, મનુષ્ય રૂપે થયેલાને; પુત્ર સમજી પ્રાકૃત બાળકની પેઠે યશોદાએ તેમને દામડાંવને ખાંડણીઆ સાથે બાંધ્યા ॥ ૧૩-૧૪ ॥ વાંકમાં આવેલા પોતાના બાળકને બાંધવા માંડતાં, લીધેલું દામડું બે આંગળ કમી થયું: એટલે યશોદાએ બીજું સાંધ્યું. ॥ ૧૫ ॥ અને જ્યારે તે પણ તેટલુંજ કમી થયું, ત્યારે વળી તેણે બીજું સંધાડયું: તે પણ બે આંગળજ ઓછું થયું. એ રીતે બાંધવાને સારૂં તેણે જેટલાં દામડાં સાંધ્યાં તેટલાં, સર્વેનું તેમજ થયું. ॥ ૧૬ ॥ એ પ્રમાણે ઘરમાંનાં બધાં દામડાં યશોદાએ સાંધ્યાં, તોપણ એવીને એવી રીતે થયું, ત્યારે બીજી ગોપીઓ હસવા લાગતાં; યશોદા પણ વિસ્મય પામીને હસી પડયાં. ॥ ૧૭ ॥ પછી પોતાની માને અંગોમાં પરસેવો વળેલાં-ચોટલાની માળાઓ ખરી પડેલાં-અને પરિશ્રમ પામેલાં, દેખીને કૃષ્ણ ભગવાને, પોતાના બંધનની બાબતમાં કૃપા કરી. (અર્થાત બંધાયા.) ॥ ૧૮ ॥ હે રાજા, ઇશ્વરો સહિત સઘળું વિશ્વ જેના વશમાં છે, તે કૃષ્ણ ભગવાન સ્વતંત્રછતાં; એ હરિભગવાને આ રીતે, પોતે ભક્તોને વશ હોવાપણુંજ, માત્ર દેખાડેલું છે. ॥ ૧૯ ॥ મુક્તિને આપનારા એ ભગવાન પાસેથી, યશોદાને આ પ્રસાદની જે પ્રાપ્તિ થઇછે; તેવો પ્રસાદ તો બ્રહ્માને, સદાશિવને, અને પોતાના અંગમાંજ વસનારાં લક્ષ્મીજીને પણ, મળેલો નથીજ. ॥૨૦॥ એ યશોદાના પુત્ર ભગવાન અહીંયાંના પ્રાણીઓને; જેવા ભક્તિવાળાઓને સુખેથી પ્રાપ્ત થાય છે; તેવા જ્ઞાનીઓને અને આત્મસ્વરૂપને ઓળખેલાઓને પણ, થતા નથીજ. ॥ ૨૧ ॥ તે પછી યશોદાજી ઘર કામમાં લાગી જતાં, કૃષ્ણ ભગવાને પૂર્વ જન્મના, કુબેરના પુત્રો બે યક્ષો; જેઓ આંજણિયાનાં ઝાડ થયા હતા, તેમને દીઠા. ॥૨૨॥ પ્રથમ તેઓ નળકુબેર અને મણિગ્રીવ, એ નામો વાળા અને શોભાવાળા બેઉ, વિખ્યાત હતા. પણ તેમને મદ થયા થકી, નારદજીએ શાપ આપીને, ઝાડના અવતારમાં નાખ્યા હતા.॥૨૩॥ઇ.શ્રી૦ભા.દ.સ્કં.ન.અ.સં ॥૯॥

॥१४॥ तद्दामबध्यमानस्यस्वार्भकस्यकृतागसः॥द्व्यंगुलोनमभूत्तेनसंदधेऽन्यच्चगोपिका॥१५॥ यदासीत्तदपिन्यूनंतेनान्यदपिसंदधे ॥ तदपि द्व्यंगुलंन्यूनंयद्यदादत्तबंधनं॥१६॥ एवंस्वगेहदामानियशोदासंदधत्यपि॥ गोपिनामुत्स्मयंतीनांस्मयंतीविस्मिताऽभवत्॥१७॥ स्वमातुःस्वि न्नगात्रायाविस्रस्तकबरस्रजः॥ दृष्ट्वापरिश्रमंकृष्णःकृपयासीत्स्वबंधने॥१८॥एवंसंदर्शिताह्यंगहरिणाभृत्यवश्यता॥स्ववशेनापिकृष्णेनयस्ये दंसेश्वरंवशे॥१९॥ नेमंविरिंचोनभवोनश्रीरप्यंगसंश्रया॥ प्रसादंलेभिरेगोपीयत्तत्प्राप विमुक्तिदात्॥२०॥नायंसुखापोभगवान्देहिनांगोपिका सुतः॥ ज्ञानिनांचात्मभूतानांयथाभक्तिमतामिह॥२१॥कृष्णस्तुगृहकृत्येषुव्यग्रायांमातरिप्रभुः॥अद्राक्षीदर्जुनौपूर्वंगुह्यकौधनदात्मजौ २२ पुरानारदशापेनवृक्षतांप्रापितौमदात्॥ नलकूबरमणिग्रीवावितिख्यातौश्रियाऽन्वितौ॥२३॥ इ.भा.म.द.पू०गोपीप्रसादोनामनवमो अ० ९

राजा०कथ्यतांभगवन्नेतत्तयोःशापस्यकारणं॥ यत्तद्विगर्हितंकर्मयेनवादेवर्षेस्तमः॥१॥ श्रीशुक०रुद्रस्यानु[चरौ]भूत्वासुदृप्तौधनदात्मजौ॥ कैलासोपवनेरम्येमंदाकिन्यांमदोत्कटौ॥२॥ वारुणीम[दिरां पी]त्वामदाघूर्णितलोचनौ॥ स्त्रीजनैरनुगायद्भिश्चेरतुःपुष्पितेवने॥३॥ अंतःप्रवि श्यगंगायामंभोजवनराजिनि॥चिक्रीडतुर्युवतिभिर्गजाविवकरेणुभिः॥४॥ यदृच्छयाचदेवर्षिर्भगवांस्तत्रकौरव॥अपश्यन्नारदोदेवौक्षीबाणौ समबुध्यत॥५॥ तंदृष्ट्वाव्रीडितादेव्योविवस्त्राःशापशंकिताः॥वासांसिपर्यधुःशीघ्रंविवस्त्रौनैवगुह्यकौ॥६॥ तौदृष्ट्वामदिरामत्तौश्रीमदांधौसुरा त्मजौ॥तयोरनुग्रहार्थायशापंदास्यन्निदंजगौ॥७॥ नारद०नह्यन्योजुषतोजोष्यान्बुद्धिभ्रंशोरजोगुणः॥ श्रीमदादाभिजात्यादिर्यत्रस्त्रीद्यूतमा सवः॥८॥ हन्यंतेपशवोयत्रनिर्दयैरजितात्मभिः॥मन्यमानैरिमंदेहमजरामृत्युनश्वरं॥९॥ देवसंज्ञितमप्यंतेकृमिविड्भस्मसंज्ञितं॥भूतध्रुक्त त्कृतेस्वार्थंकिंवेदनिरयोयतः॥१०॥ देहःकिमन्नदातुःस्वंनिषेक्तुर्मातुरेवच॥मातुःपितुर्वाबलिनःक्रेतुरग्नेःशुनोऽपिवा॥११॥ एवंसाधारणंदे हमव्यक्तप्रभवाप्ययं॥कोविद्वानात्मसात्कृत्वाहंतिजंतूनृतेऽसतः॥१२॥ असतःश्रीमदांधस्यदारिद्र्यंपरमांजनं॥आत्मौपम्येनभूतानिदरिद्रः

અધ્યાય. ૧૦ મો.—પરીક્ષિત—હે ભગવાન, (શુક), તેમને શ્રાપ થવાનું કારણ કહો. એમણે શું ભૂંડું કામ કર્યું, કે જેથી દેવ ૠષિ નારદે તેમને તમોગુણી અવતાર આપ્યો. ॥૧॥ —શ્રીશુક—એ બેઉ કુબેરના પુત્રો રૂદ્રનું અનુચરપણું પામવાથી, ઘણા અભિમાની થઇ છકી જઇને, કૈલાસના ઉપવનમાં—મંદાકિની નદીમાં—અને ફૂલવાડીમાં, વારૂણી નામની મદિરા પીવાથી મદ વડે ચકર વકર થયેલી આંખોથી જોતા, અને સ્ત્રીઓના ટોળાની સાથે માતા ગાતા; ફરતા હતા. ॥૨-૩॥ તથા ઘણાં કમળો વાળા ગંગાજીના પ્રવાહમાં પેસીને, તેઓ સ્ત્રીઓની સાથે, હાથણીઓની સાથેના હાથીના સરખી જળક્રિડા કરતા હતા. ॥૪॥ હે રાજા યદૃચ્છાથી ભગવાન દેવ ૠષિ નારદે, તેમને તે સ્થળે દેખાને, મત્ત થયેલા જાણ્યા. ॥૫॥ તે વખતે વસ્ત્ર વગરની સ્ત્રીઓએ તેમને જોઇને, લજ્જાથી તથા શાપની શંકાથી, ઉતાવળાં વસ્ત્ર પહેરી લીધાં; પણ એ બે યક્ષોએ પહેર્યાં નહિ. ॥૬॥ તેથી લક્ષ્મીના મદથી આંધળા થયેલા, અને મદિરા પીવાથી મત્ત બનેલા, એ બે દેવ પુત્રોને દેખી; તેમના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથી, તેમને શ્રાપ આપવાને, નારદજી બોલ્યા કે. ॥૭॥—નારદ—જેમાં સ્ત્રી—દ્યૂત—અને મદિરા રેહે છે; એવા શ્રીમંતપણું—ઉંચું કુળ—અને શ્રેષ્ટ જાતિ—વિગેરે થકી થનાર મદના જેવો, બીજો કોઇ પ્રકારનો રજોગુણ, વિષયાદિકને ભોગવનારાઓની બુદ્ધિનો નાશ કરનારો નથી. ॥૮॥ જ્યાં અજીતેંદ્રિય લોકો, આ ક્ષણભંગુર દેહને, અજર અને મોત રહિત માનીને, નિર્દય બની પશુઓને મારે છે. ॥૯॥ તેઓ, દેવની સંજ્ઞા પામેલ હોવા છતાં, (એટલે નરદેવ કહેતાં રાજા અને બ્રહ્મદેવ કહેતાં બ્રાહ્મણ કહેવાતા છતાં.) અંતે જેના કીડા—(વિષ્ટા—કિંવા રાખોડીજ થનાર છે, એવા દેહને અર્થે; જેથી નરકની પ્રાપ્તિ થાય, એવો પ્રાણીઓનો દ્રોહ કરીને, કાંઇજ ફળ મેળવી શકતા નથી. ॥૧૦॥ શું આ દેહ અન્ન દાતાનો છે. ? માતાનો છે ? શું મા ના બાપ એકનો છે ? બીજા બળવાનોનો છે ? વેચાતા લેનારનો છે ? અગ્નિનો છે ? કિંવા કુતરાં વિગેરેનો છે ? ॥ ૧૧ ॥ એ રીતે સર્વની સાધારણ માલિકીનો આ દેહ, જેની ઉત્પત્તી અને નાશ, જોવામાં ન આવે એમ થાય છે; તેને પોતા રૂપ માનીને જે દુષ્ટ પુરૂષ હોય, તેના વિના બીજો કયો સમજુ પુરૂષ પ્રાણીઓની હિંસા કરે ? ॥૧૨॥ માટે લક્ષ્મીના મદથી

આંધળા થનાર દુષ્ટ પુરુષોને, નિર્ધનપણું એજ પરમઅંજન રૂપ છે; કે જે થકી તેઓ, પોતા પ્રમાણેજ બીજા પ્રાણીઓના નિર્ધનપણાને બરાબર રીતે સમજી શકે છે. ॥૧૩॥ જેમ કાંટાથી વિંધાએલા શરીરવાળો પુરુષ, તેથી પોતાની પેઠેજ બીજાને પણ દુખ થવાનું જાણે છે; એટલે તે પ્રાણીઓને કાંટાથી વિંધવાની પીડા કરવાને ઇચ્છતો નથી; પણ એ રીતે થતા દુઃખને, કાંટાથકી નહીં વિંધાયલો પુરૂષ જાણતો નથીજ. ॥૧૪॥ અને અહંકાર તથા અક્કડપણા વિનાનો, અને આઠોના સર્વ પ્રકારના મદથી મુક્ત થએલ નિર્ધન માણસ, યદૃચ્છાથીજ જે દુખો ભોગવે છે; તે તેને તપ રૂપજ થાય છે. ॥૧૫॥ વળી હમેશની ભૂખથી દુર્બળ થએલ શરીરવાળા, અને અન્નને ઇચ્છનારા નિર્ધન મનુષ્યનાં; ઇંદ્રિયાદિક પણ નિર્બળ થઇ જઇને, તેની પાછળજ તેમનાથી થતી હિંસા પણ બંધ પડી જાય છે. ॥૧૬॥ તથા એવા નિર્ધન પુરુષોજ, સમદૃષ્ટિવાળા સાધુ પુરુષોના સમાગમમાં આવે છે: જેથી તે સાધુ પુરુષો, તેમની તૃષ્ણાઓને ક્ષીણ કરી નાંખે છે; એટલે ઉતાવળાજ તેઓ શુદ્ધ થાય છે. ॥૧૭॥ કારણ મુકુંદ ભગવાનના ચરણને ઇચ્છનારા તથા સમચિત્તવાળા સાધુ પુરુષોને તો, ધનના મદથી અક્કડ બનેલા, અને અસત પદાર્થાદિકનો આશ્રય કરનારાઓનું, કાંઇજ પ્રયોજન નહીં છતાં; તેમને તેઓ ઉપેક્ષા કરવા લાયકજ ગણે છે. ॥૧૮॥ એટલા માટે આ મહુડાંની બનેલી વારૂણી પીને, મત્ત થયેલા—લક્ષ્મીના મદથી આંધળા બનેલા—સ્ત્રી લંપટ—અને અજીતેંદ્રિય યક્ષોના અજ્ઞાનરૂપી મદનો; હું નાશ કરી નાંખીશ. ॥૧૯॥ આ બંને જણા લોકપાળના પુત્ર હોવા છતાં, તમોગુણ વ્યાપ્યાથી, મદોન્મત્ત થઇને પોતાના શરીરને વસ્ત્ર રહિત હોવાનું પણ, જાણતા નથી: જેથી તેઓ સ્થાવરનો અવતાર પામવાનેજ યોગ્ય છે, કે જેણે કરીને તેઓ ફરીથી એ રીતે નહીં કરે; અને મારા પ્રસાદથી એ અવતારમાં પણ, તેમને આ વાતનું સ્મરણ રહેશે; તથા મારા અનુગ્રહથીજ દેવતાઓનાં સો વરસે, તેઓ વાસુદેવ ભગવાનના સાંનિધ્યને પામશે. અને ભક્તિ પામીને પાછા સ્વર્ગ લોકમાં જશે. ॥૨૦–૨૧–૨૨॥–શ્રીશુક–આ

परमीक्षते ॥१३॥ यथाकंटकविद्धांगोजंतोर्नेच्छतितांव्यथां॥जीवसाम्यंगतोलिंगैर्नतथाऽविद्धकंटकः॥१४॥ दरिद्रोनिरहंस्तंभोमुक्तःसर्वमदैरिह ॥ कृच्छ्रंयदृच्छयाऽप्नोतितद्धितस्यपरंतपः ॥१५॥ नित्यंक्षुत्क्षामदेहस्यदरिद्रस्यान्नकांक्षिणः॥इंद्रियाण्यनुशुष्यंतिहिंसाऽपिविनिवर्त्तते॥१६ दरिद्रस्यैवयुज्यंतेसाधवःसमदर्शिनः ॥ सद्भिःक्षिणोतितंतर्षंततआराद्विशुध्यति ॥१७॥ साधूनांसमचित्तानांमुकुंदचरणैषिणां॥उपेक्ष्यैःकिंधनस्तंभैरसद्भिरसदाश्रयैः॥१८॥तदहंमत्तयोर्माध्व्यावारुण्याश्रीमदांधयोः॥ तमोमदंहरिष्यामिस्त्रैणयोरजितात्मनोः ॥१९॥ यदिमौलोकपालस्यपुत्रौभूत्वातमःप्लुतौ॥ नविवाससमात्मानंविजानीतःसुदुर्मदौ ॥२०॥ अतोऽर्हतःस्थावरतांस्यातांनैवंयथापुनः॥ स्मृतिःस्यान्मत्प्रसादेन तत्रापिमदनुग्रहात् ॥२१॥ वासुदेवस्यसान्निध्यंलब्ध्वादिव्यशरच्छते॥ वृत्तेस्वर्लोकतांभूयोलब्धभक्तीभविष्यतः ॥२२॥ श्रीशुक० एवमुक्त्वा सदेवर्षिर्गतोनारायणाश्रमं॥ नलकूबरमणिग्रीवावासतुर्यमलार्जुनौ ॥२३॥ ऋषेर्भागवतमुख्यस्यसत्यंकर्तुंवचोहरिः॥ जगामशनकैस्तत्रयत्रास्तांयमलार्जुनौ॥२४ देवर्षिर्मेप्रियतमोयदिमौधनदात्मजौ॥ तत्तथासाधयिष्यामियद्गीतंतन्महात्मना॥२५॥इत्यंतरेणार्जुनयोःकृष्णस्तुयमयोर्ययौ॥ आत्मनिर्वेशमात्रेणतिर्यग्गतमुलूखलं॥२६॥ बालेननिष्कर्षयताऽन्वगुलूखलंतद्दामोदरेणतरसोत्कलितांघ्रिबंधौ॥ निष्पेततुःपरमविक्रमितातिवेपस्कंधप्रवालविटपौकृतचंडशब्दौ॥२७॥ तत्रश्रियापरमयाककुभःस्फुरंतौसिद्धावुपेत्यकुजयोरिवजातवेदाः॥ कृष्णंप्रणम्यशिरसाऽखिललोकनाथंबद्धांजलीविरजसाविदमूचतुःस्म॥२८॥कृष्णकृष्णमहायोगिंस्त्वमाद्यःपुरुषःपरः ॥ व्यक्ताव्यक्तमिदंविश्वंरूपंतेब्राह्मणाविदुः॥२९॥ त्वमेकःसर्वभूतानांदेहास्वात्मेंद्रियेश्वरः ॥ त्वमेवकालोभगवान्विष्णुरव्ययईश्वरः॥३०॥ त्वंमहान्प्रकृतिःसाक्षाद्रजःसत्वतमोमयी॥ त्वमेवपुरुषोऽध्यक्षःसर्वक्षेत्रविकारवित् ॥३१॥ गृह्यमाणैस्त्वमग्राह्योविकारैःप्राकृतैर्गुणैः॥ कोन्विहार्हतिविज्ञातुंप्राक्सिद्धंगुणसंवृतः ॥३२॥ तस्मैतुभ्यंभगवतेवासुदेवायवेधसे ॥ आत्मद्योतगुणैश्छन्नमहिम्नेब्रह्मणेनमः॥३३॥ यस्यावताराज्ञायंतेशरीरेष्वशरीरिणः॥तैस्तैरतु

રીતે બોલીને દેવરૂષિનારદ, નારાયણના આશ્રમમાં ચાલ્યા ગયા હતા. અને નળકુબેર તથા મણિગ્રીવ બંને જણા, બે આંજણિયાનાં ઝાડો રૂપે જોડાજોડ થયા હતા. ॥૨૩॥ તેથી ભાગવતીઓમાં મુખ્ય નારદજીનાં એ વચનને સત્ય કરવા સારૂં, જ્યાં આ બે આંજણિયાનાં ઝાડો પાસે પાસે હતાં, ત્યાં હરિભગવાન ધીમે ધીમે ગયા. ॥૨૪॥ તથા પોતાને અતિ પ્રિય નારદજીએ કુબેરના આ બે પુત્રો વિશે જે રીતે કહેલું છે, તે રીતેજ એ મહાત્માના કહેલાને, હું બરાબર સાચું કરી આપીશજ. ॥૨૫॥ એમ વિચારીને, કૃષ્ણભગવાન આ બે આંજણિયાની વચ્ચે, જેમાં માત્ર તેમનું શરીરજ પેસવા જેટલી જગા હતી; તેમાં થઇને નીકળવાથી; ખાંડણિઓ આડો આવીને, ભરાઇ ગયો. ॥૨૬॥ ત્યારે તે આડા આવેલા ખાંડણિયાને એ બાળક દામોદર ભગવાને, ઘણું જોર કરીને, વેગ સહિત ખેંચવાથી; તે બેઉ ઝાડનાં મૂળિઆં ઉખડી પડીને, તેમનાં ડાળાં–ડાળીઓ–અને પાંદડાં વિગેરે; મોટો શબ્દ કરીને નીચે તૂટી પડયાં. ॥૨૭॥ એટલે અત્યંત શોભાવાળા–અને દિશાઓને પ્રકાશમાન કરતા, બે અગ્નિ સરખા સિદ્ધપુરુષો; તે ઝાડોમાંથી નીકળ્યા. અને તેમણે લોકમાત્રના સ્વામી કૃષ્ણ ભગવાનની સામે હાથ જોડીને; રજોગુણ રહિત થઇ, માથાવડે પ્રણામ કર્યા; ને બોલ્યા કે. ॥૨૮॥ "હે કૃષ્ણ, હે મોટા યોગી, પરમપુરુષ અને આદિપુરુષ ભગવાન તમેજ છો. વ્યક્ત (એટલે જોવામાં આવતું પ્રાણી પદાર્થાદિક વિકૃતસૃષ્ટિ) અને અવ્યક્ત (એટલે મહાભૂતાદિક પ્રકૃતિઓની સૃષ્ટિ) થકી બનેલું, આ વિશ્વ આપનુંજ સ્વરૂપ છે; એમ બ્રહ્મને જાણનારાઓ (બ્રાહ્મણો) જાણે છે. ॥૨૯॥ હે વિષ્ણુ–અવ્યય–અને ઇશ્વર, આપ ભગવાનજ, કાળરૂપે છો; તથા તમે એકજ સર્વ પ્રાણી આદિના દેહ–પ્રાણ–અંતઃકરણ–અને ઇંદ્રિયોના પણ નિયંતા છો. ॥૩૦॥ સત્વ–રજ–અને તમો ગુણમય પ્રકૃતિ, અને મહત્તત્વના સ્વરૂપે પણ, સાક્ષાત આપજ છો; તથા વિકારવાળાં એટલે વૈકૃત સૃષ્ટિરૂપ સઘળાં શરીરોને વિશે રહેલા, પુરુષ અને અધ્યક્ષ ભગવાન પણ, આપજ છો. ॥૩૧॥ પ્રકૃતિના વિકારોરૂપ ગુણોથી, એટલે જ્ઞાન થવાની ઇંદ્રિયો આદિકથકી, તમે જાણી શકાઓ એવા નથી; પ્રથમથીજ સિદ્ધ એવા આપને, ગુણોથકી ઘેરાયલો કયો પુરુષ જાણી શકે એમ છે. ॥ ૩૨ ॥ એટલા માટે સર્વના કર્તા–વાસુદેવ–અને પોતેજ પ્રકાશ કરેલા ગુણોવડે ઢંકાયલા–આપ ત્રણ મહિમાવાળા

પરબ્રહ્મ ભગવાનને, અમે નમીએ છીએ. ॥૩૩॥ આ શરીર સહિત ભગવાનના અવતારો; બીજા કોઈ દેહ-ધારીઓથી ન થઇ શકે એવાં, અથવા તેથી અધિક પરાક્રમવાળાં કામો; માયાવડે શરીર ધારી થઈને, આપે કરવાવડેજ; અમારા જાણવામાં આવે છે. ॥૩૪॥ સર્વલોકના સ્વામી આપ ભગવાનજ, લોકમાત્રનું રક્ષણ કરવાને, અને મોક્ષ આપવાને, તથા તેમના મનોરથપૂર્ણ કરવાને માટે પોતાના અંશ ભાગવડે, અવતરેલા છો. ॥૩૫॥ માટે એવા પરમ કલ્યાણરૂપ-પરમ મંગળરૂપ-વાસુદેવ-શાંત-અને સાત્વતોનાપતિ-આપ ભગવાનને, અમારા વારંવાર નમસ્કાર છે. ॥૩૬॥ હે મહાત્મા, આપનું દર્શન, અમને નારદ ઋષિના અનુગ્રહથીજ થયેલ છે; માટે આપના અનુચર અને દાસ અમોને આજ્ઞા કરો. ॥૩૭॥ કે જેથી અમારી વાણી, આપના ગુણોના કથનમાં; કાન, આપની કથાઓ સાંભળવામાં; હાથ, આપનાં કર્મો કરવામાં; મન, આપના ચરણનું સ્મરણ કરવામાં; મસ્તક જગતને વિશે રહેલા આપની પ્રણામ કરવામાં-અને દૃષ્ટિ, આપનાં શરીર રૂપ સત્પુરૂષોનાં દર્શન કરવામાંજ લાગે. ॥૩૮॥-**શ્રીશુક**-ત્યારે દામડાં થકી ખાંડણિએ બંધાયલા એ ગોકુળના ઇશ્વર ભગવાને, આ રીતની તેમણે કરેલી સ્તુતિ સાંભળીને; તે હસીને બોલ્યા કે. ॥૩૯॥-**શ્રીભગવાન**-તમે લક્ષ્મીના મદથી આંધળા બનેલાઓનો બંધ, દયાવાન નારદજીએ; વચન વડે કરેલા રૂપ અનુગ્રહ કરેલાનું, મારા જાણવામાં પ્રથમથીજ છે. ॥૪૦॥ મારામાં મન રાખનારા-સત્યપણે વર્તનારા-અને સમચિત્ત વાળા સાધુ પુરૂષોનું દર્શન થયા પછી, સૂર્યનું દર્શન થયા કેડે, આંખોનું બંધન ન રહેવાની પેઠે; પુરૂષોને બંધનજ રહી શકતું નથી. ॥૪૧॥ હે નળકુબેર અને મણિગ્રીવ, સંસારને મટાડે એવો, ઉત્તમ અને ઇચ્છવા યોગ્ય પ્રેમ, તમને મારે વિશે ઉત્પન્ન થયો છે; માટે તમે મને પરાયણ થઈને, તમારા પોતાના સ્થાનકે પાછા જાઓ. ॥૪૨॥-**શ્રીશુક**-એ પ્રમાણે કહેવાયલા તેઓ, ખાંડણિએ બંધાયલા

ल्यातिशयैर्वीर्यैर्देहिष्वसंगतैः॥३४॥सभवान्सर्वलोकस्यभवायविभवायच॥ अवतीर्णोंऽशभागेनसांप्रतंपतिराशिषां॥३५॥ नमःपरमकल्याणनमःपरममंगल॥ वासुदेवायशांताययदूनांपतयेनमः॥३६॥ अनुजानीहिनौभूमंस्तवानुचरकिंकरौ॥ दर्शनंनौभगवतऋषेरासीदनुग्रहात् ॥३७॥ वाणीगुणानुकथनेश्रवणौकथायांहस्तौचकर्मसुमनस्तवपादयोर्नः॥ स्मृत्यांशिरस्तवनिवासजगत्प्रणामेदृष्टिःसतांदर्शनेऽस्तुभवत्तनूनां॥३८॥ श्रीशुक०इत्थंसंकीर्तितस्ताभ्यांभगवान्गोकुलेश्वरः ॥ दाम्नाचोलूखलेबद्धःप्रहसन्नाहगुह्यकौ ॥३९॥ श्रीभग०ज्ञातंममपुरैवैतदृषिणाकरुणात्मना॥यच्छ्रीमदांधयोर्वाग्भिर्विभ्रंशोऽनुग्रहःकृतः॥४०॥ साधूनांसमचित्तानांसुतरांमत्कृतात्मनां ॥ दर्शनान्नोभवेद्बंधःपुंसोऽक्ष्णोःसवितुर्यथा॥४१॥ तद्गच्छतंमत्परमौनलकूबरसादनं ॥ संजातोमयिभावोवामीप्सितःपरमोऽभवः॥४२॥ श्रीशुक०इत्युक्तौतौपरिक्रम्यप्रणम्यचपुनःपुनः॥ बद्धोलूखलमामंत्र्यजग्मतुर्दिशमुत्तरां॥४३॥ इ०भा०म०द०पू०नारदशापोनामदशमोऽध्यायः ॥१०॥ श्रीशुक०गोपानंदादयःश्रुत्वाद्रुमयोःपततोरवं॥ तत्राजग्मुःकुरुश्रेष्ठनिर्घातभयशंकिताः॥१॥ भूम्यांनिपतितौतत्रददृशुर्यमलार्जुनो ॥ बभ्रमुस्तदविज्ञायलक्ष्यंपतनकारणं॥२॥ उलूखलंविकर्षंतंदाम्नाबद्धंचबालकं॥ कस्येदंकुतआश्चर्यमुत्पातइतिकातराः॥३॥ बालाऊचुरनेनेतितिर्यग्गतमुलूखलं॥ विकर्षतामध्यगेनपुरुषावप्यचक्ष्महि॥४॥ नतेतदुक्तंजगृहुर्नघटेतेतितस्यतत् ॥ बालस्योत्पाटनंतर्वोःकेचित्संदिग्धचेतसः॥५॥ उलूखलंविकर्षंतंदाम्नाबद्धंस्वमात्मजं॥ विलोक्यनंदःप्रहसद्वदनोविमुमोचह॥६॥ गोपीभिःस्तोभितोऽनृत्यद्भगवान्बालवत्क्वचित्॥उद्गायतिक्वचिन्मुग्धस्तद्वशोदारुयंत्रवत् ॥७॥ बिभर्तिक्वचिदाज्ञप्तःपीठकोन्मानपादुकं॥ बाहुक्षेपंचकुरुतेस्वानांचप्रीतिमावहन् ॥८॥ दर्शयंस्तद्विदांलोकेआत्मनोभृत्यवश्यतां॥ व्रजस्योवाहवैहर्षंभगवान्बालचेष्टितैः ॥९॥ श्रीशुक०गोपवृद्धामहोत्पाताननुभूयबृहद्वने॥नंदादयःसमागम्यव्रजकार्यममंत्रयन् ॥१०॥ तत्रोपनंदनामाहगोपोज्ञानवयोधिकः॥देशकालार्थतत्त्वज्ञःप्रियकृद्रामकृष्णयोः॥११॥ उत्थातव्यमितोऽस्माभिर्गोकुलस्यहितैषिभिः॥ आयांत्यत्रमहोत्पाताबालानांनाशहेतवः ॥१२॥ मुक्तःकथंचिद्राक्षस्याबालघ्न्याबालकोह्यसौ॥ हरेरनुग्रहान्नूनमनश्चोपरि

ભગવાનને; ફરી ફરી નમસ્કાર કરીને, અને રજા માગીને, ઉત્તર દિશા ભણી ચાલ્યા ગયા. ॥૪૩॥ ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો દશમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૦॥

અધ્યાય. ૧૧ મો.-શ્રીશુક-હે રાજા, ઝાડ પડવાનો શબ્દ સાંભળીને, નંદજી વિગેરે ગોપ લોકો, વજ્રપાત થવાના ભયની શંકાથી, તે સ્થળે આવ્યા. ॥૧॥ અને ત્યાં આંજણિયાનાં બંને ઝાડોને જમીન ઉપર પડેલાં જોઇને, તેમના પડવાના કારણનો વિચાર કરતાં, તે ન જાણી શકવાથી, આમ તેમ ભમવા લાગ્યા. ॥૨॥ તેમણે ખાંડણિયાને દામડાંથી બાંધેલ બાળકે ખેંચતાં દીઠા છતાં; એ કામ કોણે કર્યું, અને કેમ થયું! આતો આશ્ચર્ય અને ઉત્પાત! એમ બોલીને, તેઓ ભય પામ્યા. ॥૩॥ ત્યારે છોકરાઓએ તેમને કહ્યું કે, " આડા આવેલા ખાંડણિયાને આ કૃષ્ણે વચમાં થઈને ખેંચતાં, એ રીતે થયેલું છે; અને તેમાંથી નીકળેલા બે પુરૂષોને અમે પણ જોયા છે. ॥૪॥ એ રીતે બાળકે ઝાડોને ઉખેડી નાંખેલાનું તેમનું કહેવું, ઘટિત નથી; એમ કેટલાએકે કહ્યું, અને કેટલાએકના મનમાં સંદેહ રહી ગયો. ॥૫॥ પછી દામડાંથી બંધાઇને ખાંડણિયાને ઘસડતા, પોતાના પુત્રને જોઇ; નંદજીએ હસતે મોઢે, તેમને છોડયા. ॥ ૬ ॥ લાકડાની પૂતળીની પેઠે, ભગવાન ગોપીઓને વશ રહીને; કોઇ કોઇ વાર તેમના પોરસાવવાથી અજ્ઞાનની પેઠે નાચતા હતા. અને કદી કદી મુગ્ધના પેઠે ગાતા હતા. ॥૭॥ કોઇ વખત તેમના કહેવાથી પાટલા-પાલી-અને પવાલાં આદિ તથા પાવડીઓને ઉપાડીને ચાલતા હતા. અને એ પોતાનાંને પ્રીતિ ઉપજાવવા સારૂં બાથ ઠોકતા હતા. ॥૮॥ એમ પોતાના બાળચેષ્ટાથી, ભગવાન વ્રજવાસીઓને આનંદ ઉપજાવીને; લોકોને વિશે આ રીતનું પોતાનું ભક્તાધીનપણું દેખાડતા હતા. ॥૯॥ એ સમયે આ મોટા વનમાં મોટા ઉત્પાતો વારંવાર થતા દેખીને, નંદજી વિગેરે વૃદ્ધ ગોપ લોકો એકઠા મળીને, વ્રજના કાર્યનો વિચાર કરવા લાગ્યા. ॥૧૦॥ ત્યારે ઉમ્મરે પહોંચેલા-જ્ઞાન-દેશ કાળના અર્થના તત્વને જાણનારા- અને રામ કૃષ્ણનું પ્રિય કરનારા-ઉપનંદ નામના

મોપે કહ્યું છે. ॥૧૧॥ બાળકોનો નાશ કરે એવા મોટા ઉત્પાતો અહીંયાં થાય છે; માટે ગોકુળનું હિત ચાહનારા આપણે અહીંયાં થકી ઉઠાંતરી કરવી જોઇએ. ॥૧૨॥ બાળકોને મારનારી રાક્ષસી થકી આ બાળકો માંડ માંડ છૂટયા છે, અને હરિ ભગવાનના અનુગ્રહથીજ ગાડું તેમના ઉપર પડયું નથી. ॥૧૩॥ વંટોળિયા વાયુનું રૂપ ધરનારો દૈત્ય, આને અધર પધર આકાશમાં લઈ ગયો, અને ત્યાંથી તે શીળા ઉપર પડયો. ત્યારે પણ એજ દેવતાઓના ઇશ્વરે તેનું રક્ષણ કરયું છે. ॥૧૪॥ બે ઝાડોની વચમાં આવ્યા છતાં પણ, આ અથવા બીજો કોઇ બાળક મૂવો નહિ, ત્યારે પણ અચ્યુત ભગવાનેજ, રક્ષણ કરયું છે. ॥૧૫॥ એટલા માટે જ્યાં સુધી ઉત્પાત થકી થનાર અનર્થ વડે, આપણો નાશ નથી થયો; ત્યાં સુધીમાંજ આપણે બાળકોને લઇને, પરિવાર સહિત બીજે સ્થલે જઇએ. ॥૧૬॥ વંદ્રાવન નામનું વન, પશુઓની વૃદ્ધિ કરનારૂં—નવીન વનસ્પતિ વાળું—અને પવિત્ર, ખડ, અને વનસ્પતિથી ભરેલું—તથા ગોપ, ગોપીઓ, અને ગાયોએ સેવવાને યોગ્ય છે, ॥૧૭॥ માટે જો તમને ગમેતો આજજ આપણે તે સ્થળે જઇએ; ગાયોનાં ધણને આગળ ચાલતાં કરો, અને ઉતાવળથી ગાડાં જોડો. ॥૧૮॥ તે સાંભળીને એક મત થયેલા સઘળા ગોપે, " સારૂં. સારૂં; " એમ કહ્યું. અને પોતપોતાનાં ગાડાં જોડી, તે ઉપર સરસામાન ચઢાવીને, ચાલતા થયા ॥૧૯॥ હે રાજન, ઘરડા—બાળક અને સ્ત્રીઓને; તથા સર્વ સરસામાનને ગાડાં ઉપર ચઢાવીને; હાથમાં ધનુષ્ય બાણ લેઇ તૈયાર થયેલા ગોવાળિઆઓ; ગાયોના ધણને આગળ કરીને, શિંગડીઓ તથા તુરીઓ વગાડી મોટો શબ્દ કરતા, પોતાના પુરોહિત બ્રાહ્મણો સહિત ચાલ્યા. ॥૨૦॥—૨૧॥ અને ગાડાં ઉપર બેહેલી તથા સારાં વસ્ત્રો અને ગળામાં પદક પેહેરેલી—તથા સ્તન ઉપર લગાવેલાં નવાં કેસરથી શોભતી ગોપીઓ પ્રીતિ થકી કૃષ્ણ ભગવાનની

नापतत् ॥१३॥ चक्रवातेननीतोयंदैत्येनविपदंवियत् ॥ शिलायांपतितस्तत्रपरित्रातःसुरेश्वरैः॥१४॥ यन्नम्रियेतद्रुमयोरंतरंप्राप्यबालकः ॥ असावन्यतमोवाऽपितदप्यच्युतरक्षणं ॥१५॥ यावदौत्पातिकोऽरिष्टोव्रजंनाभिभवेदितः॥ तावद्बालानुपादाययास्यामोऽन्यत्रसानुगाः॥१६ वनंवृंदावनंनामपशव्यंनवकाननं ॥ गोपगोपीगवांसेव्यंपुण्याद्रितृणवीरुधं॥१७॥ तत्तत्राद्यैवयास्यामःशकटान्युंक्त्मा चिरं॥ गोधनान्यग्र तोयांतुभवतांयदिरोचते ॥१८॥ तच्छ्रुत्वैकधियोगोपाःसाधुसाध्वितिवादिनः॥ व्रजान्स्वान्स्वान्समायुज्यययूरूढपरिच्छदाः॥१९॥ वृद्धान्बा लां[illegible]राजन्सर्वोपकरणानिच॥ अनस्स्वारोप्यगोपालायत्ताआत्तशरासनाः॥२०॥गोधनानिपुरस्कृत्यश्रृंगाण्यापूर्यसर्वतः॥ तूर्यघोषेणम हतायायुःसहपुरोहिताः॥२१॥ गोप्योरूढरथानूत्नकुचकुंकुमकांतयः॥कृष्णलीलाजगुःप्रीतानिष्ककंठ्यःसुवाससः॥२२॥ तथायशोदारोहिर ण्यावेकंशकटमास्थिते ॥ रेजतुःकृष्णरामाभ्यांतत्कथाश्रवणोन्मुखे ॥२३॥ वृंदावनंसंप्रविश्यसर्वकालसुखावहं ॥ तत्रचक्रुर्व्रजावासंशक टैरर्धचंद्रवत् ॥२४॥ वृंदावनंगोवर्धनंयमुनापुलिनानिच॥ वीक्ष्यासीदुत्तमाप्रीतीराममाधवयोर्नृप॥२५॥ एवंव्रजौकसांप्रीतिंयच्छंतौबालचे ष्टितैः॥ कलवाक्यैःस्वकालेनवत्सपालौबभूवतुः ॥२६॥ अविदूरेव्रजभुवःसहगोपालदारकैः॥चारयामासतुर्वत्सान्नानाक्रीडापरिच्छदौ२७ क्वचिद्वादयतोवेणुंक्षेपणैःक्षिपतःक्वचित् ॥ क्वचित्पादैःकिंकिणीभिःक्वचित्कृत्रिमगोवृषैः ॥२८॥ वृषायमाणौनर्दंतौयुयुधातेपरस्परं॥ अनु कृत्यरुतैर्जंतूंश्चेरतुःप्राकृतौयथा॥२९॥ कदाचिद्यमुनातीरेवत्सांश्चारयतोःस्वकैः॥ वयस्यैःकृष्णबलयोर्जिघांसुर्दैत्यआगमत् ॥३०॥ तंवत्स रूपिणंवीक्ष्यवत्सयूथगतंहरिः॥ दर्शयन्बलदेवायशनैर्मुग्धइवासदत् ॥३१॥ गृहीत्वाऽपरपादाभ्यांसहलांगूलमच्युतः ॥भ्रामयित्वाकपित्था ग्रेप्राहिणोद्गतजीवितं॥ सकपित्थैर्महाकायःपात्यमानैःपपातह ॥३२॥तंवीक्ष्यविस्मिताबालाःशशंसुःसाधुसाध्विति ॥ देवाश्चपरिसंतुष्टाबभू वुःपुष्पवर्षिणः॥३३॥ तौवत्सपालकौभूत्वासर्वलोकैकपालकौ ॥ सप्रातराशौगोवत्सांश्चारयंतौविचेरतुः॥३४॥ स्वंस्वंवत्सकुलंसर्वेपाययिष्यं तएकदा॥ गत्वाजलाशयाभ्याशंपाययित्वापपुर्जलं॥३५॥ तेतत्रददृशुर्बालामहासत्वमवस्थितं॥तत्रसुर्वज्रनिर्भिन्नंगिरेःशृंगमिवच्युतं॥३६॥

લીલાઓને ગાવા લાગીઓ. ॥૨૨॥ તેમજ ભગવાનની કથાઓ સાંભળવામાં તત્પર રહેલાં; અને એકજ ગાડા ઉપર બેઠેલાં, રામ અને કૃષ્ણ સહિત યશોદા તથા રોહિણી; ઘણાંજ શોભવાલાગ્યાં. ॥૨૩॥ પછી તેમણે, સર્વકાળ સુખ ઉત્પન્ન કરનારા વંદ્રાવનમાં જઇને, અર્ધ ચંદ્રના આકારમાં; ગાડાં ગોઠવીને, વ્રજનો મુકામ કરયો. ॥૨૪॥ હે રાજા, એ વૃંદાવન—ગોવર્ધન—અને યમુનાજીના કિનારા—જોવાથી, રામ અને કૃષ્ણને ઘણો આનંદ થયો. ॥૨૫॥ એ બાળચેષ્ટાથી, અને મધુર વચનોથી, વ્રજવાસીઓને પ્રીતિ ઉપજાવતા તે બાળકો; વખત જતાં વાછરડાં ચરાવવાને જવા લાગ્યા ॥૨૬॥ અને તેઓ નાના પ્રકારનાં રમકડાં સહિત બીજા ગોવાળિઆઓના છોકરાઓને, સાથે લઇને; વ્રજભૂમિથકી થોડે છેટે, વાછરડાંને ચરાવતા હતા ॥૨૭॥ અને કોઇ વખતે વેણું વગાડીને—ફેંકવા જેવા પદાર્થોને કદીક ફેંકીને—ને ઘુઘરીઓવાળા પગથી કદીકદી કૃત્રિમ બળદ થઇને, તેઓ રમતા હતા. ॥૨૮॥ તથા બળદ બનેલા તેઓ, મોટા બરાડા પાડીને, સામસામે લડતા હતા; અને બીજા પશુપક્ષીના સરખાં કૃત્યો કરીને, તેઓ પ્રાકૃત બાળકોની પેઠે ફરતા હતા. ॥૨૯॥ એક વખત યમુનાજીને કાંઠે, પોતાના જોડા બીજા છોકરાઓ સહિત કૃષ્ણ અને બળરામ પોતપોતાનાં વાછરડાં ચરાવતા હતા; ત્યાં તેમને મારવાની ઇચ્છાથી દૈત્ય આવ્યો. ॥૩૦॥ વાછરડાનું રૂપ ધરેલા એ દૈત્યને, વાછરડાંના ટોળામાં પેઠેલો હરિભગવાને દેખીને, બળદેવજીને તેમણે દેખાડયો; અને ધીમે ધીમે તેની પાસે અજાણ્યાની પેઠે ગયા. ॥૩૧॥ પછી અચ્યુત ભગવાને તેને પુંછડા સહિત પાછલા પગથી પકડીને, તથા માથા ઉપર ફેરવીને, કોઠીના ઝાડ સાથે પછાડીને, મારી નાંખ્યો; તેથી તે મોટા શરીરવાળો દૈત્ય, કોઠાં પડવાની સાથે; જમીન ઉપર પડયો. ॥૩૨॥ તે જોઇ બાળકોએ "સારૂં થયું, સારૂં થયું;" એમ કહીને તેમનાં વખાણ કરયાં. અને દેવોએ રાજી થઇને ફુલ વરસાવ્યાં. ॥૩૩॥ એમ લોક માત્રના પાલન કરનારા એ બે બાહઓ, વાછરડાં ચારનારા થઇ, સવારનું ખાવાનું સાથે લેઇને, વાછડાં ચરાવતા ચરાવતા વનમાં ફરતા હતા. ॥૩૪॥ એક દહાડો સઘળા બાળકોએ જળાશયની પાસે જઇને,

પોત પોતાનાં વાછરડાંનાં ટોળાંઓને પાણી પાઇને, પોતે પણ પાણી પીધું. ॥૩૫॥ પછી ત્યાં એક ઘણું મોટું પ્રાણી, વજ્રથી ભેદાઇને પડી ગયેલા પર્વતના શિખર સરખું તે બાળકોએ જોવાથી; તેઓ ત્રાસ પામી ગયા. ॥૩૬॥ એ બગલાનું રૂપ ધરેલો, બક નામનો મોટો અસુર હતો; બળવાન અને તીક્ષ્ણ ચાંચવાળા તેણે, એકાએક આવીને કૃષ્ણને ગળ્યા. ॥૩૭॥ એ મોટા બગલાએ કૃષ્ણને ગળેલા જોવાથી, રામ વિગેરે બાળકો, પ્રાણ વિનાની ઇંદ્રિઓ સરખા બની ગયા. ॥૩૮॥ પછી જગતના પિતા અને ગુરુ એ ગોપપુત્રે, અગ્નિની પેઠે તેનું તાળવું બાળવા માંડવાથી; તેણે તુર્તજ તેમને પાછા ઓકી કાઢયા અને તે બકાસુર ફરીવાર અત્યંત રોષ સહિત તેમને ચાંચવડે મારવાને દોડયો. ॥૩૯॥ એ રીતે એ કંસનો મિત્ર બકાસુર આવી પડતાં, સાત્વતપતિ ભગવાને, પોતાના બે હાથથી તેની ચાંચ પકડીને; બીજા બાળકોના દેખતા, દેવતાઓને આનંદ પમાડવા સારૂં, લીલા વડે તેના; વિરણની પેઠે ચીરીને, બે ભાગ કરી નાંખ્યા ॥૪૦॥ ત્યારે સ્વર્ગમાં રેહેનારા દેવતાઓએ તેમને નંદન વનનાં મલ્લિકા આદિ પૂલો વડે વધાવીને, તેમની આનક-શંખ-તથા સ્તોત્ર નાં શબ્દો થકી સ્તુતિ કરી. જે જોવાથી ગોપના બાળકો વિસ્મય પામ્યા. ॥૪૧॥ તથા ઇંદ્રિયોમાં પ્રાણ આવવાની પેઠે, બકાસુર થકી મુક્ત થયેલા ભગવાનને; પોતાને સ્થાનકે આવેલા દેખીને, રામ આદિ બાળકો; તેમને ભેટીને નિર્વૃતિ પામ્યા. અને તે પછી વાછરડાંને હાંકીને વ્રજમાં જઇને, તે વાત તેમણે કહી દેખાડી. ॥૪૨॥ તે સાંભળવાથી વિસ્મય પામેલા ગોપ અને ગોપીઓએ, અતીશે પ્રીતિ અને આદર સહિત તૃષ્ણાવાળી આંખોથી, મુવેલું પાછું આવેલાની પેઠે, ઉત્સુકતાથી તેમના તરફ જોઇ રહીને, કહ્યું કે; "આ બાળકને માથે ઘણા ઘણા મોતના પ્રસંગો આવી ગયા છે; પણ તે સર્વે વેળાએ, એ; પૂર્વે બીજાઓને ભય આપનારાઓ-

सवैबकोनाममहानसुरोबकरूपधृक् ॥ आगत्यसहसाकृष्णंतीक्ष्णतुंडोऽग्रसद्बली ॥३७॥ कृष्णंमहाबकग्रस्तंदृष्ट्वारामादयोऽर्भकाः॥बभूवुरिंद्रियाणीवविनाप्राणंविचेतसः ॥३८॥ तंतालुमूलंप्रदहंतमग्निवद्गोपालसूनुंपितरंजगद्गुरोः॥ चच्छर्दसद्योतिरुषाऽक्षतंबकस्तुंडेनहंतुंपुनरभ्यपद्यत॥३९॥तमापतंतंसनिगृह्यतुंडयोर्दोर्भ्यांबकंकंससखंसतांपतिः॥पश्यत्सुबालेषुददारलीलयामुदावहोवीरणवद्दिवौकसां ॥४०॥ तदाबकारिंसुरलोकवासिनःसमाकिरन्नंदनमल्लिकादिभिः॥ समीडिरेचानकशंखसंस्तवैस्तद्वीक्ष्यगोपालसुताविसिस्मिरे ॥४१॥ मुक्तंबकास्यादुपलभ्यबालकारामादयःप्राणमिवेंद्रियोगणः॥स्थानागतंतंपरिरभ्यनिर्वृताःप्रणीयवत्सान्व्रजमेत्यतज्जगुः ॥४२॥ श्रुत्वातद्विस्मितागोपागोप्यश्चातिप्रियादृताः॥प्रेत्यागतमिवौत्सुक्यादैक्षंततृषितेक्षणाः॥४३॥अहोबतास्यबालस्यबहवोमृत्यवोऽभवन्॥अप्यासीद्विप्रियंतेषांकृतंपूर्वयतोभयं ॥४४॥ अथाप्यभिभवंत्येनंनैवतेघोरदर्शनाः॥जिघांसयैनमासाद्यनश्यंत्यग्नौपतंगवत्॥४५॥अहोब्रह्मविदांवाचोनासत्याःसंतिकर्हिचित् ॥गर्गोयदाहभगवानन्वभावितथैवतत् ॥४६॥ इतिनंदादयोगोपाःकृष्णरामकथांमुदा॥कुर्वंतोरममाणाश्चनाविंदन्भववेदनां॥४७॥ एवंविहारैःकौमारैःकौमारंजहतुर्व्रजे॥निलायनैःसेतुबंधैर्मर्कटोत्प्लवनादिभिः ४८ इ०भा०म०द०वत्सबकवधोनामैकादशोऽध्यायः ॥११॥

श्रीशुक०क्वचिद्वनाशायमनोदधद्व्रजात्प्रातःसमुत्थायवयस्यवत्सपान् ॥प्रबोधयन्शृंगरवेणचारुणाविनिर्गतोवत्सपुरःसरोहरिः॥१॥तेनैवसाकंपृथुकाःसहस्रशःस्निग्धाःसुशिग्वेत्रविषाणवेणवः ॥ स्वान्स्वान्सहस्रोपरिसंख्ययान्वितान्वत्सान्पुरस्कृत्यविनिर्ययुर्मुदा ॥२॥ कृष्णवत्सैरसंख्यातैर्यूथीकृत्यस्ववत्सकान्॥चारयंतोर्भलीलाभिर्विजह्रुस्तत्रतत्रह ॥३॥ फलप्रवालस्तबकसुमनःपिच्छधातुभिः॥काचगुंजामणिस्वर्णभूषिताअप्यभूषयन् ॥४॥ मुष्णंतोऽन्योन्यशिक्यादीन्ज्ञातानाराच्चिक्षिपुः॥तत्रत्याश्चपुनर्दूराद्धसंतश्चपुनर्ददुः॥५॥ यदिदूरंगतःकृष्णोवनशोभेक्षणायतं॥अहंपूर्वमहंपूर्वमितिसंस्पृश्यरेमिरे ॥६॥ केचिद्वेणून्वादयंतोध्मांतःशृंगाणिकेचन॥ केचिद्भृंगैःप्रगायंतःकूजंतःकोकिलैःपरे ॥७॥ विच्छायाभिःप्रधावंतोगच्छंतःसाधुहंसकैः॥बकैरुपविशंतश्चनृत्यंतश्चकलापिभिः ॥८॥ विकर्षंतःकीशबालानारोहंतश्चतैर्द्रुमान् ॥वि

નુંજ ભૂંડું થયેલ છે. ॥૪૩-૪૪॥ તે સઘળાઓ ભયંકર દેખાવ વાળા હોવા છતાં પણ, આને પરાભવ કરી શકતા નથીજ; અને પતંગીઆઓ અગ્નિમાં આવી પડવાની પેઠે; આને મારવાની ઇચ્છા વડે, તે બધાઓ એને પ્રાપ્ત થતાંજ, નાશ પામી જાય છે. ॥૪૫॥ અહો, બ્રહ્મ વેત્તાઓનાં વચનો, કદી પણ ખોટાં પડેજ નહીં. ભગવાન ગર્ગાચાર્યે જેમ કહેલું છે, તેમજ થવાનું. ॥૪૬॥ આ પ્રમાણે રામકૃષ્ણના રમવા વિગેરેની કથાઓ કરવામાં, નંદજી વિગેરે ગોપને સંસારની વેદના જાણવામાંજ આવતી ન હતી. ॥૪૭॥ એ રીતે, સંતાવું-પાગ બાંધવી-અને વાંદરા વિગેરેની પેઠે ઠેકવું; એ વિગેરે કુમાર અવસ્થાની રમતો કરવામાં, તેમણે વ્રજને વિશે કુમાર અવસ્થા ગાળી. ॥૪૮॥ ઇતિ શ્રી૦ ભાગવતે દશમા સ્કંધનો અગિયારમો અધ્યાય સંપૂર્ણ ॥૧૧॥

અધ્યાય ૧૨ મો.—શ્રીશુક-એક દિવસે સવારમાં ઉઠીને, વનમાં જમવાના વિચારથી પોતાના જેવડા ગોવાળ બાળકોને શિંગડીના શબ્દથી ખબર કરીને; હરિભગવાન પોતાનાં વાછડાંઓને આગળ કરીને, વ્રજમાંથી નીકળ્યા. ॥૧॥ ત્યારે તેમની સાથેજ, સુંદર, શિકાં-છડીઓ-શિંગડીઓ-તથા વેણુઓ-ધારણ કરેલા, હજારો પ્રીતિવાળા બાળકો પોત પોતાનાં, હજાર થકી વધુ સંખ્યા વાળાં વાછરડાંનાં ટોળાંઓને આગળ કરીને, ખુશી થતા થતા નીકળ્યા. ॥૨॥ પછી એ અસંખ્યાત વાછરડાંઓનાં, કૃષ્ણ સહિત તેમણે, પોતપોતાનાં ટોળાં, નોખનોખાં રાખીને; ચારતા તથા ઠેકાણે ઠેકાણે બાળલીલાથી રમત કરતા, તેઓ ફરતા, હતા. ॥૩॥ સુવર્ણ અને મણિઓનાં ઘરેણાં પેહેરેલાં હોવા છતાં પણ તેઓ, કાચ-ચણોઠી-ફળ-પાંદડાં-ગુચ્છ-ફુલ-પિંછાં-અને ધાતુઓ વિગેરે થકી, પોતાનાં શરીરોને શણગારતા હતા. ॥ ૪ ॥ એક બીજાનાં શિકાં વિગેરેને સંતાડતા હતા; અને જણાઇ જાય, ત્યારે દૂર ફેંકીદેતા હતા; અને તે સ્થળ વાળાઓ, વળી ત્યાંથી પણ દૂર લેઇજતા હતા. અને પછીથી હસીને પાછાં આપતા હતા. ॥૫॥ વનની શોભા જોતા જોતા, જ્યારે કૃષ્ણ દૂર નીકળી જતા; ત્યારે તેઓ "હું પેહેલો, હું પેહેલો;" એમ બોલીને તેમને અડી જઇને, રમતા હતા. ॥૬॥ કેટલાક વેણુને વગાડતા, તો

[illegible] ખમાતા હતા; અને કેટલાક ભમરાઓની સાથે ગાવા લાગતા, તો બીજાઓ કોયલોની સાથે ટૌકા કરવા મંડી જતા હતા. ॥ ૭ ॥ તેઓ પડછાયાની સાથે દોડતા—સુંદર હંસોની પાછળ જતા—બગલાઓની સાથે બેસતા—અને કળા કરેલા મોરની સાથે નાચતા હતા. ॥૮॥ વાંદરાઓનાં પુંછડાં ઝાલીને તણાતા હતા, અને તેમની સાથેજ ઝાડો ઉપર ચઢી જતા હતા; તથા તેમની સાથે મોં મચકોડતા, અને ઝાડોની ડાળીઓ ઉપર ઠેકતા હતા. ॥૯॥ નદીઓમાં અને ઝરણાંઓમાં નહાતા હતા, અને દેડકાંઓની સાથે કુદકારા મારતા હતા, પડછાયાને જોઇને હસતા હતા, અને પડઘા સાંભળીને ગાળો દેતા હતા. ॥ ૧૦ ॥ એ રીતે એ મોટા પુણ્યશાળીઓ, કે; સત્પુરુષોને બ્રહ્મ સુખના અનુભવ સ્વરૂપ—ભક્ત જનોને પરમ દૈવતરૂપ—અને માયાનો આશ્રય કરનારાઓને મનુષ્યોના બાળક જણાતા; ભગવાનની સાથે રમતા હતા. ॥૧૧॥ યોગીઓને દુખે કરીને ઇંદ્રિય વશ્યથી ઘણા જન્મો સુધી યોગ કરવા વડે પણ, જેના ચરણની રજ મળતી નથી; તે ભગવાન પોતેજ જેમની નજર આગળ પ્રત્યક્ષ આવીને ઉભા હતા: તે વ્રજવાસીઓના ભાગ્યનું વખાણ, કેવે પ્રકારે કરી શકાય. ॥૧૨॥ તેમની આ પ્રકારની સુખથી ભરીપૂરી રમત ગમતને નહીં ખમી શકનારો, એક " અઘ " નામનો મોટો અસુર પાછળથી ત્યાં આવ્યો; કે જેનું મોત થવાને વાસ્તે, અમૃત પીધેલા દેવતાઓ પણ, પોતાના જીવિતની ઇચ્છાથી, વાટ જોતા હતા. ॥ ૧૩ ॥ પૂતના અને બકાસુરના નહાનેરો ભાઇ, અને કંસના મોકલેલા દૈત્ય, એ અઘાસુરે; કૃષ્ણ વિગેરે બાળકોને જોઇને વિચાર્યું કે, મારાં બંને સહોદરનો નાશ કરનાર એજ છે, માટે હું તેને બળદેવ સહિત મારીજ નાંખું. ॥ ૧૪ ॥ હું જ્યારે તેઓને મારાં સુહૃદોના તીલ અને જળરૂપ કરીશ, ત્યારે વ્રજવાસીઓ બધાંજ નાશ પામેલા જેવાં થઇ જશે; પ્રાણ ગયા પછી દેહ શા કામનો છે; કારણ દેહ ધારીઓના પ્રાણ તો, તેમનાં છોકરાંજ કહેવાય છે. ॥૧૫॥ એવા નિશ્ચયથી એ ખળ, એક યોજન લાંબુ અને મોટા પર્વત જેવું જાડું, મોટું અને અદભૂત અજગરનું શરીર ધારણ

कुर्वंतश्चतैःसाकं[illegible]वंतश्चपलाशिषु ॥९॥ साकंभेकैर्विलंघंतःसरित्प्रस्रवसंप्लुताः॥ विहसंतःप्रतिच्छायाःशपंतश्चप्रतिस्वनान् ॥१०॥ इत्थंसतांब्रह्मसुखानुभूत्यादास्यंगतानांपरदैवतेन॥मायाश्रितानांनरदा[illegible]केणसाकंविजह्रुः[illegible]तपुण्यपुंजाः ॥११॥ यत्पादपांसुर्बहुजन्मकृच्छ्रतोधृतात्मभिर्योगिभि[illegible]भ्यः॥ सएवयद्दृग्विषयःस्वयंस्थितःकिंवर्ण्यतेदिष्टमतोव्रजौकसां॥१२॥ अथाघनामाऽभ्यपतन्महासुरस्तेषांसुखक्रीडनवीक्षणाक्षमः॥ नित्यंयदंतर्निजजीवितेप्सुभिःपीतामृतैरप्यमरैःप्रतीक्ष्यते ॥१३॥ दृष्ट्वाऽर्भकान्कृष्णमुखानघासुरःकंसानुशिष्टः[illegible]नुजः॥अयंतुमेसोदरनाशकृत्तयोर्द्वयोरथैनंसबलंहनिष्ये॥१४॥ एतेयदामत्सुहृदोस्तिलापः[illegible]तास्तदानष्टसमाव्रजौकसः॥प्राणेगतेवर्ष्मसुकानुचिंतामजाऽसवःप्राणभृतोपियेते ॥१५॥ इतिव्यवस्याजगरंबृहद्वपुःसयोजनायाममहाद्रिपीवरं॥ धृत्वाऽद्भुतंव्यात्तगुहाननंतदापथिव्यशेतग्रसनाशयाखलः ॥१६॥ धराधरोष्ठोजलदोत्तरोष्ठोदर्याननांतोगिरिशृंगदंष्ट्रः॥ध्वांतांतरास्योविततात्वजिह्वःपरुषानिलश्वासदवेक्षणोष्णः॥ ॥१७॥ दृष्ट्वातंतादृशंसर्वेमत्वावृंदावनश्रियं॥ व्यात्ताजगरतुंडेनह्युत्प्रेक्षंतेस्मलीलया ॥१८॥ अहोमित्राणिगदत[illegible]पुरःस्थितं॥ अस्मत्संग्रसनव्यात्तव्यालतुंडायतेनवा ॥१९॥ सत्यमर्ककरारक्तमुत्तराहनुवद्घनं॥अधराहनुवद्रोधस्तत्प्रतिच्छाययाऽरुणं ॥२०॥ प्रतिस्पर्धेतसृक्विभ्यां[illegible]सव्येनगोदरे॥तुंगशृंगालयोऽप्येतास्तद्दंष्ट्राभिश्चपश्यत॥२१॥ आस्तृतायाममार्गोऽयंरसनांप्रतिगर्जति ॥ एषामंतर्गतंध्वांतमेतदप्यंतराननं ॥२२॥ दावोष्णखरवातोऽयंश्वासवद्भातिपश्यत॥तद्दग्धसत्त्वदुर्गंधोप्यंतरामिषगंधवत् ॥२३॥अस्मान्किमत्रग्रसितानिविष्टानयंतथाचेद्बकवद्विनंक्ष्यति ॥क्षणादनेनेतिबकार्युशन्मुखंविक्ष्योद्धसंतःकरताडनैर्ययुः॥२४॥इत्थंमिथोऽतथ्यमतज्ज्ञभाषितंश्रुत्वाविचिंत्येत्यमृषामृषायते॥ रक्षोविदित्वाऽखिलभूतहृत्स्थितःस्वानांनिरोद्धुंभगवा[illegible]नोदधे ॥२५॥ तावत्प्रविष्टास्त्वसुरोदरांतरंपरंनगीर्णाःशिशवःसवत्साः॥प्रतीक्षमाणेनबकारिवेशनंहतस्वकांतस्मरणेनरक्षसा ॥२६॥ तान्वीक्ष्यकृष्णःसकलाभयप्रदोह्यनन्यनाथान्स्वकरादवच्युतान्॥दीनांश्चमृत्यो

કરીને; પછી રસ્તાની વચ્ચે, ગુફા જેવું મોઢું ફાડીને: નીચલો હોઠ જમીનને અડાડી, તથા ઉપરનો હોઠ. વાદળ સુધી પહોંચાડીને; તેમને ગળી જવાની ઇચ્છાથી; સુતો. તે વખતે તેનાં મસોડાં અંત વિનાનાં દેખાતાં હતાં, દાઢયો પર્વતના શિખરો જેવી જણાતી હતી, મોઢાની અંદરનો ભાગ અંધકારમય હતો, જીભ બાંધી લીંપેલી સડકના જેવી જણાતી હતી, તેનો શ્વાસ કઠોર પવન જેવો હતો, અને તેની આંખ્યોમાંથી દાવાનળ અગ્નિ જેવા ઉના ધુમાડા નીકળતા હતા. ॥૧૬–૧૭॥ એ ઉઘડેલા અજગરના મોઢાને તાદૃશ વૃંદાવનની શોભા સરખું જોવાથી, તે સર્વે જણાએ તેમજ માન્યું; અને રમતાં રમતાં તેઓ તેની ઉત્પ્રેક્ષા કરવા લાગ્યા કે, " અરે મિત્રો બોલો, કે આપણી સામે જે મોટા પ્રાણી સરખું દેખાય છે; તે આપણને ગળી જવાની ઇચ્છાથી મોઢું વકાસીને પડેલો અજગર છે કે શું છે. ? ॥૧૮–૧૯॥ ખરેખર સૂર્યના કિરણોથી રાતું થયેલ વાદળું તેના ઉપલા હોઠ જેવું લાગે છે, અને તે વાદળાની છાયાથી રાતો થયેલો કાંઠો પણ, તેના નીચેના હોઠ સરખોજ જણાય છે. ॥૨૦॥ આ ડાબી અને જમણી બે પર્વતની ગુફાઓ, તેનાં મસોડાં સરખી લાગે છે, અને આ ઉંચાં શિખરોની હારો અજગરની દાઢોના જેવીજ જણાય છે. ॥ ૨૧ ॥ આ પહોળો અને લાંબો માર્ગ, તેની જીભના સરખો દેખાય છે, અને શિખરોની વચ્ચેનું અંધારું પણ, એ અજગરના મોઢાના વચલા ભાગ જેવુંજ લાગે છે. ॥ ૨૨ ॥ દાવાનળ સરખો ઉનો અને કઠોરપણે વાતો વાયરો, શ્વાસ જેવો લાગે છે; અને દાવાનળથી બળીગયેલાં પ્રાણીઓનો દુર્ગંધ, અજગરે ખાધેલા માંસના દુર્ગંધ જેવોજ જણાય છે. ॥૨૩॥ એની અંદર પેસવાથી તે આપણને ગળીજશે, અને તેમ કરવાથી એક ક્ષણમાંજ બકાસુરની પેઠે કૃષ્ણને હાથે, તે નાશ પામીજશે. " એ રીતે બોલતા, અને ભગવાનના મોઢા સામું જોઇને તાળીઓ દેતા; તે સઘળાઓ, તેની અંદર ચાલ્યા ગયા. ॥૨૪॥ આ રીતે તેઓની એક બીજા સાથેની અજાણ પણાથી થતી વાત ચીત સાંભળીને; આતો સાચાનું ખોટું મનાઇ જાય છે, એમ વિચારી; તેને રાક્ષસ હોવાનું જાણનાર, અને સર્વપ્રાણી માત્રના હૃદયમાં રહેલા, ભગવાને; તે પોતાનાંઓને રોકવાનું મન કર્યું. ॥ ૨૫ ॥ એટલી વારમાં તો તે સઘળાંઓ, એ અસુરના પેટમાં પેસી ગયાં; પણ

એ સુહૃદ તેના બાળકોને આરોગતું વાટ સાંભળીને, કૃષ્ણને પેટમાંની વાટ જોવાથી; એ વાછરડાં અને બાળકોને પચાવી દીધાં નહીં. ॥૨૬॥ જેઓને બીજો આશ્રયજ નથી, એવાં એ દીન પ્રાણીઓને; પોતાના હાથમાંથી નીકળી જઈને, એ મોત સ્વરૂપ અઘાસુરના જઠરાગ્નિના ઘાસ સમાન થયેલાં દેખીને; દયાવડે કરુણાવાળા અને સર્વને અભય આપનારા ભગવાન કૃષ્ણ પણ; એ દૈવયોગેજ થયેલું જોઈને, વિસ્મય પામ્યા. ॥૨૭॥ અને વિચાર્યું કે. "આ પ્રસંગે એ ખળ જીવે નહીં, અને આ ભલાં પ્રાણીઓ મરે નહીં," એ બંને કામ સિદ્ધ થાય તેમ કરવું જોઈએ; પછી એ સર્વના મનની વાત જાણનારાએ, તેના ઉપાયનો વિચાર કરીને; તે પોતેજ, અઘાસુરના મોઢાની અંદર પેઠા. ॥૨૮॥ ત્યારે વાદળાંમાં ઢંકાઈને જોનારા દેવતાઓ, ભયથી હાહાકાર કરવા લાગ્યા; અને કંસના સરખા અઘાસુરના બાંધવો વિગેરે રાજી થયા. ॥ ૨૯ ॥ તે સાંભળીને અવિકારી કૃષ્ણ ભગવાન; વાછડાં અને બાળકો સહિત પોતાનું ચૂર્ણ કરવાને ઇચ્છનારા, અઘાસુરના ગળાને વિશે વૃદ્ધિ પામ્યા. ॥ ૩૦ ॥ તેથી એ અતિકાય ભગવાન થકી; એના શરીરના સઘળાં માર્ગ બંધ થઈ જઈને, તે આમ તેમ તરફડિયાં મારવા લાગતાં; તેની આંખો નીકળી પડી; અને તેના શરીરમાં ભરાઈને રૂંધાએલો પવન, તેનું તાળવું ફાડીને બહાર નીકળી ગયો ॥૩૧॥ને તેની સાથેજ, એની બધી ઇંદ્રિઓ પણ બહાર નીકળી ગઈ; તે પછી મરણ પામેલાં વાછરડાં અને સુહૃદ બાળકોને, પોતાની નજર વડેજ ઉઠાડીને; મુકુંદ ભગવાન તે સઘળાંઓ સહિત, અઘાસુરના મોઢામાં થઈનેજ પાછા બહાર નીકળ્યા. ॥૩૨॥ પછી ભગવાનને નીકળવાની વાટ જોઈનેજ આકાશમાં રહેલું—એ મોટા અજગરના શરીરમાંથી નીકળેલું, દશે દિશાઓને પોતાના પ્રકાશથી અદ્ભુત રીતે પ્રકાશમાન કરતું તેજ; દેવતાઓના દેખતાંજ ભગવાનને વિશે પેસી ગયું. ॥૩૩॥ પછી પોતાનું કાર્ય કરનારા ભગવાનનું; બહુ રાજી થયેલા દેવતાઓએ, તેમને ફુલોવડે વધાવીને—અપ્સરાઓએ નાચ કરીને—ગંધર્વોએ ગાઈને—વાજાંવાળાઓએ વાજાં વગાડીને—બ્રાહ્મણોએ સ્તવનો બોલીને—તથા પાર્ષદોએ જય શબ્દ

जेठरा [illegible]घासान्घृणाऽर्दितोदिष्टकृतेनविस्मितः॥२७॥कृत्यंकिमत्रास्यखलस्यजीवनंनवाअमीषांचसतांविहिंसनं॥ द्वयंकथंस्यादितिसंविचिंत्यतज्ज्ञात्वाऽविशत्तुंडमशेषदृग्घरिः॥२८॥ तदाघनच्छदादेवाभयाद्धाहेतिचुक्रुशुः॥जहृषुर्येचकंसाद्याःकौणपास्त्वघबांधवाः॥२९॥ तच्छ्रुत्वा भगवान्कृष्णस्त्वव्ययःसार्भवत्सकं॥चूर्णीचिकीर्षोरात्मानंतरसाववृधेगले॥३०॥ततोऽतिकायस्यनिरुद्धमार्गिणोत्युर्द्गीर्णदृष्टे[illegible]स्त्वितस्ततः॥पूर्णोऽतरंगेपवनोनिरुद्धोमूर्धन्विनिष्पाट्यविनिर्गतोबहिः ॥३१॥ तेनैवसर्वेषुबहिर्गतेषुप्राणेषुवत्सान्सुहृदःपरेतान् ॥ दृष्ट्यास्वयोत्थाप्यतदन्वितःपुनर्वक्त्रान्मुकुंदोभगवान्विनिर्ययौ ॥३२॥ पीनाहिभोगोत्थितमद्भुतंमहज्ज्योतिःस्वधाम्नाज्वलयद्दिशोदश ॥ प्रतीक्ष्यखेवस्थितमीशनिर्गमंविवेश[illegible]स्मिन्मिषतांदिवौकसां ॥३३॥ ततोऽतिहृष्टाःस्वकृतोऽकृतार्हणंपुष्पैःसुराअप्सरसश्चनर्तनैः॥गीतैःसुगावाद्यधराश्चवाद्यकैस्तवैश्चविप्राजयनिःस्वनैर्गणाः॥३४॥ तदद्भुतस्तोत्रसुवाद्यगीतिकाजयादिनैकोत्सवमंगलस्वनान् ॥ श्रुत्वास्वधाम्नोऽत्यजआगतोऽचिराद्दृष्ट्वामहीशस्यजगामविस्मयं ॥३५॥ राजन्नाजगरंचर्मशुष्कंवृंदावनेऽद्भुतं॥व्रजौकसांबहुतिथंबभूवाक्रीडगह्वरं ॥३६॥ एतत्कौमारजंकर्महरेरात्माहिमोक्षणं॥मृत्योःपौगंडकेबालादृष्ट्वोचुर्विस्मिताव्रजे॥३७॥ नैतद्विचित्रंमनुजार्भमायिनःपरावराणांपरमस्यवेधसः ॥ अघोऽपियत्स्पर्शनधौतपातकःप्रापात्मसाम्यंत्वसतांसुदुर्लभं॥३८॥ सकृद्यदंगप्रतिमांऽतराहितामनोमयीभागवतींददौगतिं॥सएवनित्यात्मसुखानुभूत्यभिव्युदस्तमायोंऽतर्गतोहिकिंपुनः॥३९॥सूत०इत्थंद्विजायादवदेवदत्तःश्रुत्वास्वरातुश्चरितंविचित्रं॥पप्रच्छभूयोऽपितदेवपुण्यंवैयासकिंयन्निगृहीतचेताः ॥४०॥ राजा०ब्रह्मन्कालांतरकृतंतत्कालीनंकथंभवेत्॥यत्कौमारेहरिकृतंजगुःपौगंडकेऽर्भकाः ॥४१॥ तद्ब्रूहिमेमहायोगिन्परंकौतूहलंगुरो॥नूनमेतद्धरेरेवमायाभवतिनान्यथा ॥४२॥ वयंधन्यतमालोकेगुरोऽपिक्षत्रबंधवः ॥ यत्पिबामोमुहुस्त्वत्तःपुण्यं कृष्णकथाऽमृतं ॥४३॥ सूत० इत्थंस्मपृष्टःसतुबादरायणिस्तत्स्मारितानंतहृताखिलेंद्रियः ॥ कृच्छ्रात्पुनर्लब्धबहिर्दृशिःशनैःप्रत्याहतंभागवतोत्तमोत्तम ॥ ४४ ॥ इ

બોલવાવડે; એમ પૂજન કર્યું. ॥૩૪॥ એ સારાં વાજાં—સ્તોત્રો—ગાયન—અને જય શબ્દથી થયેલા અદ્ભુત મંગળકારી ઓચ્છવને સાંભળીને; તે જોવાની ઇચ્છાથી બ્રહ્મા, ઉતાવળાજ પોતાના ધામમાંથી ત્યાં આવ્યા. અને ઇશ્વર કૃષ્ણના મહિમાથી વિસ્મય પામ્યા. ॥૩૫॥ હે રાજા, એ અજગરનું સૂકાયલું ચામડું વૃંદાવનમાં ઘણા દિવસો સુધી, વ્રજવાસીઓને રમવાની અદ્ભુત ગુફા થઈ પડી હતી. ॥૩૬॥ હરિ ભગવાને પોતાની કુમાર અવસ્થામાં (એટલે પાંચ વરસની ઉમરમાં) કરેલું; એ પ્રકારે અઘાસુરનું મરણ, અને પોતે સર્વના મૃત્યુના રક્ષણરૂપ કામ; એ વિસ્મય પામેલા બાળકોએ, તેમની પૌગંડ અવસ્થામાં, (એટલે છઠું વરસ બેઠા પછી) વ્રજને વિશે કહ્યું હતું. ॥૩૭॥ પર અને અવરના આદિ કારણ ભગવાન, માયાવડે મનુષ્ય બાળક થયેલા એ પરમ પુરુષને વિશે; આ રીતે તેમનો સ્પર્શ થવાથીજ; અઘાસુર તેનાં સઘળાં પાપ ધોવાઈને, દુષ્ટ પુરુષોને મળવાને અતિ દુર્લભ એવી, ભગવાનની સારૂપ્ય ગતિને પામી ગયો;તેમજ એ પ્રકારે થવામાં નવાઈ જેવું નથીજ. ॥૩૮॥ કારણ જેની માત્ર મનોમય પ્રતિમાને; સારી રીતે અંતરને વિશે ધારણ કરવાથી પણ; એ ભગવાન ભગવતી ગતિને આપનારા છે. તો એ માયા રહિત અને સર્વ કાળ આત્મ સુખના અનુભવ સ્વરૂપ ભગવાન પોતે કૃષ્ણજ, જેના શરીરની અંદર પેસે; તેને મળવાનું બાકી શું હોય ! ॥૩૯॥—સુત—હે બ્રાહ્મણો, યાદવોના દેવ કૃષ્ણ ભગવાનનું આ પ્રમાણેનું વિચિત્ર અને ઉત્તમ ચરિત્ર સાંભળીને ભગવાનેજ બચાવેલા, અને ભગવાનમાંજ ચિત્તવાળા પરીક્ષિતે, વ્યાસ પુત્ર શુકદેવજીને ફરીથી પણ, એનો એજ પવિત્ર પ્રસંગ પૂછ્યો હતો કે. ॥૪૦॥—પરીક્ષિત—હે બ્રાહ્મણ, કાળાંતરે કરેલું કામ બીજા કાળમાં, કરેલું કેવી રીતે થઇ શકે ? કે જેથકી હરિભગવાને કુમાર અવસ્થામાં કરેલું કામ, બાળકોએ પૌગંડ અવસ્થામાં આજેજ કરેલાનું કહ્યું હતું. ॥૪૧॥ હે ગુરુ—મોટા યોગી, એમાં મને તો મોટું કૌતુક લાગે છે; ખરેજ ભગવાનની માયા વિના એમાં બીજું કાંઇજ નહીં હોય, માટે તે આપ મને કહી સંભળાવો. ॥૪૨॥ હે ગુરૂ, આપના થકી વારંવાર કૃષ્ણ ભગવાનના પવિત્ર કથાઓ રૂપ અમૃતને અમો પીએ છીએ, માટે ક્ષત્રબંધુ હોવા છતાં; આ લોકમાં મોટા ભાગ્યશાળી છીએ. ॥૪૩॥—સુત—હે ભગવતીઓમાં અતિ ઉત્તમ

કૈલાસ મુનિ; એ રીતે પૂછવાથી અનંત ભગવાનનું સ્મરણ પામેલા, શુકદેવજીની સઘળી ઇંદ્રિયો ભગવાનને વિષે લીન થઇ ગઇ; પણ પછીથી તે ધીમે ધીમે પાછી પ્રાપ્ત થયા કેડે, તેમણે પરીક્ષિતને પ્રતિ ઉત્તર આપ્યો છે. ॥૧૨॥ ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો બારમો અ૦ સંપૂર્ણ. ॥૧૨॥

અધ્યાય. ૧૩ મો.–શ્રીશુક–હે ભગવતીઓમાં શ્રેષ્ઠ અને મહાભાગ, તમે ઘણું સારૂં પૂછ્યું. કે જેથી ભગવાનની કથાઓ સાંભળવાનું થવાની સાથેજ, તે વારંવાર નવીન સરખી પણ થાય છે ॥૧॥ અને સારને ગ્રહણ કરનાર, તથા વાણી અને કાન તેમાંજ લાગેલા સત્પુરુષોનો સ્વભાવ, અચ્યુત ભગવાનની કથાઓને ક્ષણે ક્ષણે; જેમ લંપટ પુરુષો સ્ત્રીઓ સંબંધીની વાતોને, કરેછે; તે રીતેજ સારી પેઠે નવીન સરખી કરવાનોજ હોય છે. ॥૨॥ હે રાજા, એ વાત ગુપ્ત છે. તો પણ હું તમને કહુંછું; માટે સાવધાન પણાથી સાંભળો. પોતાને પ્યારા શિષ્યોને છાની વાતો પણ ગુરૂઓ કહેછેજ. ॥૩॥ એ પ્રમાણે મૃત્યુરૂપ અઘાસુરના મોઢા માંથી બચેલાં વાછરડાંને અને તેમને ચરાવનાર બાળકોને; નદી કિનારે લેઇ આવીને ભગવાન બોલ્યાકે. ॥૪॥ "હે મિત્રો, આ કાંઠો અતિ રમણિક–રમવાની સગવડ વાળો–અને સ્વચ્છ તથા કોમળ રેતીવાળોછે. અહીંયાં ઉઘડેલાં કમળોની સુગંધીના લોભથી આવેલ, ભમરા અને પક્ષીઓએ કરેલા શબ્દના પડઘા જળની અંદર થાય છે; અને ચારે તરફ શોભિતાં ઝાડો ઘણાં છે. ॥૫॥ દિવસ ચઢી ગયો છે. અને ભૂખ્યા પણ થયા છે-એ; માટે આપણે અહીંયાંજ જમીએ; અને વાછરડાંઓને પણ પાણી પાઇને; નજીકમાંજ, ધીમે ધીમે ઘાસ ચરવા દઇએ." ॥૬॥ બાળકોએ એ વાતનો સ્વીકાર કરીને, વાછરડાંને પાણી પાઇને, લીલા ઘાસવાળી જગામાં રોકી દીધાં; અને શિંકાં છોડીને આનંદથી ભગવાનની સાથે જમવા લાગ્યા. ॥૭॥ તે વખતે ભગવાનની સામે મોઢાં રાખીને, પ્રફુલ્લિત નજરથી, ભગવાનને ફરતા ઘણી હારોથી, કુંડાળું વળીને બેઠેલા, એ વ્રજના બાળકો; કમળને ફરતી તેની પાંખડીઓની પેઠે; શોભવા લાગ્યા. ॥૮॥ કેટલાએક ફૂલનાં પત્રાળાં કરીને–કેટલાક પાં-

तिश्रीभागवतेदशमस्कंधेपूर्वभागेद्वादशोऽध्यायः ॥१२॥

श्रीशुक० साधुपृष्टंमहाभागत्वयाभागवतोत्तम ॥ यन्नूतनयसीशस्य शृण्वन्नपिकथांमुहुः ॥१॥ सतामयंसारभृतांनिसर्गोयदर्थवाणीश्रुतिचेतसामपि॥ प्रतिक्षणंनव्यवदच्युतस्ययत्स्त्रियाविटानामिवसाधुवार्ता॥२॥शृणुष्वावहितोराजन्नपिगुह्यंवदामिते॥ब्रूयुःस्निग्धस्यशिष्यस्यगुरवोगुह्यमप्युत॥३॥ तथाऽघवदनान्मृत्योरक्षित्वावत्सपालकान्॥ सरित्पुलिनमानीयभगवानिदमब्रवीत्॥४॥अहोऽतिरम्यंपुलिनंवयस्याःस्वकेलिसंपन्मृदुलाच्छबालुकं ॥ स्फुटत्सरोगंधहृतालिपत्रिकध्वनिप्रतिध्वानलसद्द्रुमाकुलं॥५॥ अत्रभोक्तव्यमस्माभिर्दिवारूढंक्षुधाऽर्दिताः ॥ वत्साःसमीपेऽपःपीत्वाचरंतुशनकैस्तृणं ॥६॥ तथेतिपाययित्वाऽर्भावत्सानारुध्यशाद्वले॥ मुक्त्वाशिक्यानिबुभुजुःसमंभगवतामुदा॥७॥ कृष्णस्यविष्वक्पुरुराजिमंडलैरभ्याननाःफुल्लदृशोव्रजार्भकाः॥ सहोपविष्टाविपिनेविरेजुश्छदायथांऽभोरुहकर्णिकायाः॥८॥ केचित्पुष्पैर्दलैःकेचित्पल्लवैरंकुरैःफलैः॥ शिग्भिस्त्वग्भिर्दृषद्भिश्चबुभुजुःकृतभाजनाः ॥९॥ सर्वेमिथोदर्शयंतःस्वस्वभोज्यरुचिंपृथक् ॥ हसंतोहासयंतश्चाभ्यवजह्रुःसहेश्वराः ॥१०॥ बिभ्रद्वेणुंजठरपटयोःशृंगवेत्रेचकक्षेवामेपाणौमसृणकवलंतत्फलान्यंगुलीषु ॥ तिष्ठन्मध्येस्वपरिसुहृदोहासयन्नर्मभिःस्वैःस्वर्गेलोकेमिषतिबुभुजेयज्ञभुग्बालकेलिः ॥११॥ भारतैवंवत्सपेषुभुंजानेष्वच्युतात्मसु॥ वत्सास्त्वंतर्वनेदूरंविविशुस्तृणलोभिताः॥१२॥ तान्दृष्ट्वाभयसंत्रस्तानूचेकृष्णोऽस्यभीभयं ॥ मित्राण्याशान्माविरमतेहानेष्येवत्सकानहं॥१३॥ इत्युक्त्वाद्रिदरीकुंजगह्वरेष्वात्मवत्सकान् ॥ विचिन्वन्भगवान्कृष्णःसपाणिकवलोययौ ॥१४॥ अंभोजन्मजनिस्तदंतरगतो मायार्भकस्येशितुर्द्रष्टुंमंजुमहित्वमन्यदपितद्वत्सानितोवत्सपान् ॥ नीत्वाऽन्यत्रकुरुद्वहांतरदधात्खेवस्थितोयःपुराद्दृष्ट्वाऽघासुरमोक्षणंप्रभवतःप्राप्तःपरंविस्मयं॥१५ ततोवत्सानदृष्ट्वैत्यपुलिनेपिचवत्सपान् ॥ उभावपिवनेकृष्णोविचिकायसमंततः॥१६॥ क्वाप्यदृष्ट्वांऽतर्विपिनेवत्सान्पालांश्चविश्ववित् ॥ सर्वंविधिकृतंकृष्णःसहसाऽवजगामह

દડાં–અંકુર–અને ફળોનાં પત્રાળાં બનાવીને–અને બીજાઓએ શિંકાંને:–છાલોનો–અને પથરની છીપરોનો પણ, થાળીઓની પેઠે ઉપયોગ કરીને; તેઓ જમવા લાગ્યા. ॥૯॥ એમ તેઓ સર્વે ભગવાનની સાથે જમતાં, પોત પોતાને ખાવાની જુદી જુદી રૂચિ, માંહો માંહે; હસતાં, અને હસાવતાં; એક બીજાને દેખાડતા હતા. ॥૧૦॥ તે વારે તે યજ્ઞભોક્તા ભગવાને, પોતાના પેટ ઉપરના વસ્ત્રમાં વેણુ રાખ્યો હતો; શિંગડી અને છડી બગલમાં રાખ્યાં હતાં; ડાબા હાથમાં દહીં ભાતનો કોળિઓ હતો; અને તેની આંગળીઓમાં, ફળો વિગેરેનાં અથાણાં હતાં; તથા ફરતા બેઠેલા સુહૃદોની વચમાં બેસીને, હાંસીનાં વચનોથી તે તેમને હસાવતા હતા; અને એ બાળલીલાને સ્વર્ગના લોકો જોયા કરતા હતા. ॥૧૧॥ હે રાજા, એ રીતે ભગવાન સહિત બાળકો જમવા લાગતાં; સારા ખડની લાલચથી વાછરડાં, તે વનની અંદર દૂર ચાલ્યાં ગયાં. ॥૧૨॥ ત્યારે વાછરડાં જતાં રહેલાં જણાયાથી, ભય પામેલા એ બાળકોને; જેના થકી ભય પોતેજ બીહે છે, એવા કૃષ્ણ ભગવાને કહ્યું કે; "મિત્રો તમે જમવું છોડશો નહીં, વાછરડાંને હુંજ લેઇ આવું છું." ॥૧૩॥ એ પ્રમાણે કહીને હાથમાં કોળિયા સહિત ચાલી નીકળેલા કૃષ્ણ ભગવાને, પર્વતોમાં–ગુફાઓમાં–કુંજોમાં–અને વિષમ જગાઓમાં પણ–પોતાનાં વાછરડાંઓને શોધ્યાં. ॥૧૪॥ ત્યારે હે કુરૂવંશી રાજા, પ્રથમ ભગવાને કરેલ અઘાસુરના મોક્ષને આકાશમાં રહીને જોવાથી વિસ્મય પામેલા અને કમળમાં ઉત્પન્ન થયેલા, બ્રહ્માએ; આ માયાથી બાળક બનેલા ઇશ્વરનો, બીજો પણ ઉત્તમ મહિમા જાણવાની ઇચ્છાથી, અવકાશ પામીને; અહીંથી બાળકોને, અને ત્યાંથી વાછરડાંઓને; પણ ઉપાડી લેઇ, બીજે સ્થળે મૂકી આવ્યા; અને પછી પોતે અંતર્ધ્યાન થઇ ગયા. ॥૧૫॥ તેથી વાછરડાં ન જડવાથી, ભગવાન નદી કિનારે પાછા આવતાં; ત્યાં બાળકોને પણ, તેમણે ન દીઠા; તેથી તેઓને, એ વનમાં ચારે તરફ કૃષ્ણ ભગવાને શોધ્યાં; ॥૧૬॥ અને જ્યારે વનમાં કોઇ સ્થળે, વાછરડાં અને બાળકોને તેમણે ન દીઠાં; ત્યારે આખા વિશ્વને જાણનારા એ ભગવાન કૃષ્ણે સહેજેજ જાણ્યું કે, એ સર્વ બ્રહ્માએ કરેલું છે. ॥૧૭॥ પછી આખા વિશ્વને ઉત્પન્ન કરનારા એ ઇશ્વર કૃષ્ણ; બ્રહ્માને, તથા એ સઘળાંની માતાઓને; આનંદ ઉપજાવવા સારૂં, તે સઘળાંઓ રૂપ; પોતેજ થયા. ॥૧૮॥ હે અંગ, સર્વ કાંઇ વિષ્ણુમય હોવાનું,

જેનું વર્ણન કરે છે:—તે પ્રમાણેજ જેટલા જેટલા, બાળકો—વાછરડાં—તેઓનાં નાનાં નાનાં શરીરો—તેમના હાથ અને પગ આદિક—તેઓની લાકડીઓ, શિંગડીઓ, વેણુઓ, શિંકાં, વસ્ત્રો, અને ઘરેણાં વિગેરે—તથા જેનાં જેવાં શીલ, ગુણ, નામ, આકૃતિ, અવસ્થા, અને રમતું આદિક:—જે રીતે હતું, તે રીતેજ યથાર્થપણું: સર્વનાં રૂપો વાળા થઈને, ભગવાન પોતેજ; જુદે જુદે પ્રકારે શોભવા લાગ્યા. ॥૧૯॥ અને તે પછી એ સર્વાત્મા ભગવાન પોતેજ; પોતારૂપ ગોપ બાળકોની પાસે, પોતારૂપ વાછરડાંઓને પાછાં ફેરવીને; પોતારૂપજ રમતો આદિક કરતા કરતા, વ્રજમાં આવ્યા. ॥૨૦॥ અને હે રાજા તે તે વાછરડાંઓને, નોખનોખાં હાંકીને; જેના તેના સ્થાનમાં, જેને તેને બેસાડી; તે તો બાળકો રૂપે થયેલા ભગવાન, તેના તેના ઘરને વિશે પેઠા. ॥૨૧॥ ત્યારે વેણુનો નાદ સાંભળીને ઉતાવળથી ઉભી થયેલી, તેઓની માતાઓ; એ પરબ્રહ્મ ભગવાનનેજ, પોતપોતાના પુત્ર માનીને; પોતાના હાથ વડે ઉપાડી, છાતી સરસા દબાવી; સ્નેહથી [illegible] ચૂમીને, તેમને પોતાનું અમૃત સરખું દૂધ ધવરાવવા લાગીઓ. ॥૨૨॥ પછી, હે રાજા, મર્દન કરાવવું—નવરાવવું કરાવવું—ચંદનાદિક લગાડવાં—ઘરેણાં પહેરાવવાં—રાખડી બાંધવી—અને તિલક કરવાં—તથા જમાડવા,—વિગેરે પોતાને કરવાનાં કામો; નિયમ પ્રમાણે, અને આનંદ સહિત સાંજ સુધી કરીને; તેઓએ, એ માધવ ભગવાનનેજ લાડ લડાવ્યાં ॥૨૩॥ અને વ્રજની અંદર ઉતાવળી થઈને આવેલી ગાયો; હુંકાર શબ્દ વડે, [illegible] પોતાનાં વાછડાંઓને બોલાવતાં: જેના તેનાં વાછડાં પાસે જવાથી, તેમને પોતાના આઉમાંથી ઝરતું ઘણું દૂધ ધવરાવીને; વારંવાર ચાટવા લાગીઓ. ॥૨૪॥ આ રીતે સર્વ ગાયોને; અને ગોપીઓને; હરિભગવાન માયા વડે પુત્ર રૂપ થયેલાનું જણાયાવિનાજ, સ્નેહભાવ અત્યંત વધી ગયો; અને તે વિના બીજો સઘળા પ્રકારનો માતૃભાવ, તો પહેલાંના સરખોજ રહ્યો:

॥१७॥ ततःकृष्णोमुदंकर्तुंतन्मातॄणांचकस्यच॥ उभयायितमात्मानंचक्रेविश्वकृदीश्वरः॥१८॥ यावद्वत्सपवत्सकाल्पकवपुर्यावत्कराङ्घ्र्यादिकंयावद्यष्टिविषाणवेणुदलशिग्यावद्विभूषांबरं॥ यावच्छीलगुणाभिधाकृतिवयोयावद्विहारादिकंसर्वंविष्णुमयंगिरोऽङ्गवदजः सर्वस्वरूपोबभौ ॥१९॥ स्वयमात्मात्मगोवत्सान्प्रतिवार्यात्मवत्सपैः॥ क्रीडन्नात्मविहारैश्चसर्वात्माप्राविशद्व्रजं॥२०॥ तत्तद्वत्सान्पृथङ्नीत्वातत्तद्गोष्ठेनिवेश्यसः ॥ तत्तदात्माऽभवद्राजंस्तत्तत्सद्मप्रविष्टवान् ॥२१॥ तन्मातरोवेणुरवत्वरोत्थिताउदुह्यदोर्भिःपरिरभ्यनिर्भरं॥ स्नेहस्नुतस्तन्यपयःसुधासवंमत्वापरंब्रह्मसुतानपाययन् ॥२२॥ततोनृपोन्मर्दनमज्जलेपनालंकाररक्षातिलकाशनादिभिः॥ संलालितःस्वाचरितैःप्रहर्षयन्सायंगतोयामयमेनमाधवः॥२३॥ गावस्ततोगोष्ठमुपेत्यसत्वरंहुंकारघोषैःपरिहूतसंगतान् ॥स्वकान्स्वकान्वत्सतरानपाययन्मुहुर्लिहंत्यःस्रवदौधसंपयः॥२४॥ गोगोपीनांमातृताऽस्मिन्सर्वास्नेहर्द्धिकांविना॥ पुरोवदास्वपिहरेस्तोकतामाययाविना ॥२५॥ व्रजौकसांस्वतोकेषुस्नेहवल्ल्याब्दमन्वहं॥ शनैर्निःसीमववृधेयथाकृष्णेत्वपूर्ववत्॥२६॥ इत्थमात्मात्मनात्मानंवत्सपालमिषेणसः॥पालयन्वत्सपोवर्षंचिक्रीडेवनगोष्ठयोः॥२७॥ एकदाचारयन्वत्सान्सरामोवनमाविशत्॥पंचषासुत्रियामासुहायनापूरणीष्वजः॥२८॥ ततोविदूराच्चरतोगावोवत्सानुपव्रजं॥गोवर्धनाद्रिशिरसिचरंत्योददृशुस्तृणं ॥२९॥ दृष्ट्वाऽथतत्स्नेहवशोऽस्मृतात्मासगोव्रजोऽत्यात्मपदुर्गमार्गः॥द्विपात्ककुद्ग्रीवउदास्यपुच्छोऽगाद्धुंकृतैरास्रुपयाजवेन ॥ ॥३०॥ समेत्यगावोऽधोवत्सान्वत्सवत्योऽप्यपाययन्॥गिलंत्यइवचांगानिलिहंत्यःस्वौधसंपयः॥३१॥ गोपास्तद्रोधनायासमौघ्यलज्जोरुमन्युना॥दुर्गाध्वकृच्छ्रतोऽभ्येत्यगोवत्सैर्ददृशुःसुतान् ॥३२॥ तदीक्षणप्रेमरसाप्लुताशयाजातानुरागागतमन्यवोऽर्भकान् ॥ उदुह्यदोर्भिःपरिरभ्यमूर्द्धनिघ्राणैरवापुःपरमांमुदंते॥३३॥ततःप्रवयसोगोपास्तोकाश्लेषसुनिर्वृताः॥कृच्छ्राच्छनैरपगतास्तदनुस्मृत्युदश्रवः॥३४॥ व्रजस्यरामःप्रेमर्द्धेर्वीक्ष्यौत्कंठ्यमनुक्षणं ॥ मुक्तस्तनेष्वपत्येष्वप्यहेतुविदचिंतयत् ॥३५॥ किमेतदद्भुतमिववासुदेवेऽखिलात्मनि॥ व्रजस्यसात्मनस्तोकेष्वपूर्वंप्रेमवर्द्धते ॥३६॥ केयंवाकुतआयातादैवीवानार्युतासुरी ॥ प्रायोमायाऽस्तुमेभर्तुर्नान्यामेऽपिविमोहिनी॥३७॥ इतिसंचिंत्यदाशा

॥૨૫॥ એટલે વ્રજવાસીઓને ભગવાન કૃષ્ણ વિશે જેવો અત્યંત સ્નેહ, હમણાં સુધી થતો હતો; તેવોજ હવે ઉપરાંત સ્નેહ, પોતાના પુત્રોને વિશે પણ, આ એક વરસ સુધી રોજ રોજ ધીમે ધીમે વધારેને વધારેજ થતો ગયો; ॥૨૬॥ આ રીતે ભગવાને પોતેજ વાછરડાં ચરાવનાર, સઘળા બાળકો રૂપે થઈને; સઘળા વાછરડાં રૂપે થયેલા પોતાનુંજ, પાલન કરવા રૂપ લીલા; એક વરસ સુધી, એ વનમાં અને વ્રજમાં; કરવા કીધી. ॥૨૭॥ પછી આ વરસ પૂરૂં થવાને, પાંચ કે છ રાત્રિ બાકી હતી ત્યારે એક દહાડો, એ અજન્મા ભગવાન રામ સહિત વાછરડાં ચારવાને વનમાં ગયા હતા. ॥૨૮॥ તે વખત ગોવર્ધન પર્વતની ટોચ ઉપર ખડ ચરતી ગાયોએ ઘણે દૂરથી વાછરડાંઓને વ્રજના સમીપમાં ચરતાં દીઠાં. ॥૨૯॥ એટલે તેમને દેખતાંજ સ્નેહને વશ થયેલી તે ગાયો, પ્રીત પોતાના દેહનું ભાન ભૂલીને; તથા તેમનું પાલન કરનારા ગોવાળોને, અને અત્યંત કઠિન નઠારા તેવા માર્ગોને પણ ગણકાર્યા વિના; બે પગ વડેજ ચાલવાની પેઠે, ડોકને કાંધમાં લગાડી પુંછડાં ઉંચાં કરીને; હુંકાર શબ્દ કરતી અને દૂધ ઝરતી તેમ સહિત, વ્રજમાં જ્યાં પેલાં વાછરડાં હતાં, ત્યાં દોડી આવીઓ. ॥૩૦॥ તથા તેઓ પાછળ જન્મેલાં બીજાં નાના વાછરડાંવાળી હોવા છતાં; આ વાછરડાંઓને પોતાની નીચે રાખીને, તેમને પોતાના આઉનું દૂધ ધવરાવવા લાગી ગઈઓ. ॥૩૧॥ ત્યારે તેમને રોકવાની મહેનત વ્યર્થ જવાથી, લાજ અને ક્રોધ ઉત્પન્ન થયેલા ગોવાળિઆઓ પણ, વિષમ માર્ગનાં દુઃખ વેઠીને નીચે આવતાં; તેમણે પણ, ગાયોએ વાછરડાં દેખવાની પેઠેજ; પોતાના પુત્રોને જોયા. ॥૩૨॥ એટલે તેમને દેખવાથી પ્રીતિ ઉત્પન્ન થઈને, ક્રોધ ઉતરી જઈ; પ્રેમના રસમાં ડુબેલા મનવાળા તેઓએ, હાથવડે પોત પોતાના બાળકોને ઉપાડી લેઈને; તેમને છાતી સરસા દબાવી, તેમનાં માથાં સુંઘીને; તેઓ અત્યંત આનંદ પામ્યા. ॥૩૩॥ ને પછી એ ઉમરે પહોંચેલા ગોવાળિઆઓ, તેમને ભેટવા થકી ધીમે ધીમે નિર્વૃત થતાં; તેમના સ્મરણવડે આંખોમાં આંસુ લાવી, ત્યાંથી પાછા વળ્યા. ॥૩૪॥ આ રીતે ધાવણ મૂકેલાં સંતાનોના ઉપર, એ વ્રજવાસીઓનો; [illegible] સ-

કિંત [illegible] ક્ષણે પ્રેમ વધતો જોતાં દેખીને; તેના કારણને નહીં જાણતા, બળરામે વિચાર્યું કે. ॥ ૩૫ ॥ આ [illegible] સરખું શું છે: કે સર્વના આત્મા વાસુદેવ ભગવાનને વિશે હોય, તેવોજ અપૂર્વ પ્રેમ; સંતાનોને વિશે, આ વ્રજવાસીઓને, અને મને પોતાને પણ, જે થકી વધતો થતોજ જાય છે. ॥૩૬॥ એ માયા તે દેવતાઓની–મનુષ્યોની–કે અસુરોની, કોની; અને ક્યાંથી આવી. ? જેના થકી મને પોતાને પણ મોહ થયો છે. માટે ઘણું કરીને એ માયા મારા સ્વામી ભગવાન વિના બીજાની નજ હોવી જોઈયે ॥૩૭॥ એ પ્રમાણે વિચાર કરયા પછી બળરામે જ્ઞાનદૃષ્ટિથી જોયું તો, એ સર્વે વાછરડાં અને બાળકો વિગેરે રૂપે, વૈકુંઠ ભગવાન પોતેજ જોવામાં આવ્યા. ॥૩૮॥ ત્યારે તેમણે ભગવાનને કહ્યું કે, શાસ્ત્રાદિકમાંનો; આ સઘળાં-ઓને, ભેદનો આશ્રય કરવાવાળા જૂદા જૂદા દેવતાઓ અને ઋષિઓના અંશ હોવાનું, કહેલ છે: અને હમણાં તો તેઓ ઋષિ અને દેવતાઓના અંશ નહીં હોવા છતાં; આપ એકજ, તે સર્વ રૂપે જણાઓછો; તો એમ કેમ થયું છે; ત્યારે સઘળી બનેલી વાત ભગવાને, બળરામને કહી સંભળાવી. ॥૩૯॥ એટલી વારમાં, બ્રહ્માના તેમના પોતાના કાળમાનથી, એક ત્રુટી જેટલો વખત જતાં, તે એ સ્થળે પાછા આવ્યા; તો પ્રથમ કહ્યા પ્રમાણેના એક વરસ સુધી હરિ ભગવાનને સઘળી ક્રિડા કરતાજ જોયા. ॥૪૦॥ પછી તે વિચારવા લાગ્યા કે ! ગોકુળની અંદર વાછરડાં સહિત જેટલાં બાલકો વિગેરે હતાં, તેમને તો મેં મારી માયાના શયનમાં સુવાડેલાછે; ને તેઓ અદ્યાપિ પાછાં ફરયાં નથી; તો એ મારી માયાથી મોહ પામીને સુતેલાં શિવાય બીજાં, આ તેટલીજ સંખ્યા વાળાંઓ એક વરસ થયાં ભગવાનની સાથે અહીંયાં ક્રિડા કરે છે, તે ક્યાંથી અને શી રીતે થયાં હશે. ॥૪૧–૪૨॥ આ ભેદનો તેમણે પોતાના મનમાં, એ રીતે ઘણીવાર સુધી વિચાર કરયો: પણ ખરાં કિયાં, અને ખોટાં કિયાં: તે જાણવાને કોઈ રીતે શક્તિમાન થયા નહીં. ॥૪૩॥ એ રીતે પોતે મોહ રહિત હોવા છતાં, જેનાથી આખું વિશ્વ મોહ પામેલ છે, એવા વિષ્ણુને; પોતાની માયાથી, મોહ પમાડવા જતાં; બ્રહ્મા

हौवत्सान्सवयसानपि॥सर्वानाचष्टवैकुंठंचक्षुषावयुनेनसः ॥३८॥ नैतेसुरेशाऋषयोनचैतेत्वमेवभासीशभिदाश्रयेऽपि॥सर्वंपृथक्त्वंनिगमात्क
थंवदेत्युक्तेनवृत्तंप्रभुणाबलोऽवैत् ॥३९॥ तावदेत्यात्मभूरात्ममानेनत्रुट्यनेहसा॥पुरोवदब्दंक्रीडंतंददृशेसकलंहरिं ॥४०॥ यावंतोगोकुलबा
लाःसवत्साःसर्वएवहि॥मायाशयेशयानामेनाद्यापिपुनरुत्थिताः॥४१॥इतएतेऽत्रकुतस्त्यामन्मायामोहितेतरे॥तावंतएवतत्राब्दंक्रीडंतोविष्णु
नासमं ॥४२॥ एवमेतेषुभेदेषुचिरंध्यात्वासआत्मनि॥सत्याःकेकतरेनेतिज्ञातुंनेष्टकथंचन ॥४३॥ एवंसंमोहयन्विष्णुंविमोहंविश्वमोहनं ॥
स्वयैवमाययाऽजोपिस्वयमेवविमोहितः ॥४४॥ तम्यांतमोवन्नैहारंखद्योतार्चिरिवाहनि॥महातीतरमायैश्यंनिहंत्यात्मनियुंजतः ॥४५॥ताव
त्सर्वेवत्सपालाःपश्यतोऽजस्यतत्क्षणात्॥व्यदृश्यंतघनश्यामाःपीतकौशेयवाससः॥४६॥ चतुर्भुजाः[illegible]खचक्रगदारा[illegible]णयः॥किरीटिनः
कुंडलिनोहारिणोवनमालिनः ॥४७॥ श्रीवत्सांगददोरत्नकंबुकंकणपाणयः॥नूपुरैःकटकैर्भाताःकटिसूत्रांगुलीयकैः ॥४८॥ अंघ्रिमस्तकमा
पूर्णास्तुलसीनवदामभिः॥कोमलैःसर्वगात्रेषुभूरिपुण्यवदर्पितैः ॥४९॥ चंद्रिकाविशदस्मेरैःसारुणापांगवीक्षितैः॥[illegible]कार्थानामिवरजःसत्वा
भ्यांस्रष्टृपालकाः॥५०॥ आत्मादिस्तंबपर्यंतैर्मूर्तिमद्भिश्चराचरैः॥नृत्यगीताद्यनेकार्हैःपृथक्पृथगुपासिताः ॥५१॥ अणिमाद्यैर्महिमभिरजा
द्याभिर्विभूतिभिः॥ चतुर्विंशतिभिस्तत्वैःपरीतामहदादिभिः ॥५२॥ कालस्वभावसंस्कारकामकर्मगुणादिभिः॥स्वमहिध्वस्तमहिभिर्मूर्तिम
द्भिरुपासिताः॥५३॥ सत्यज्ञानानंतानंदमात्रैकरसमूर्तयः॥अस्पृष्टभूरिमाहात्म्याअपित्युपनिषद्दृशां॥५४॥ एवंसकृद्ददर्शाजःपरब्रह्मात्मनो
ऽखिलान्॥ यस्यभासासर्वमिदंविभातिसचराचरं ॥५५॥ ततोऽतिकुतुकोद्वृत्यस्तिमितैकादशेंद्रियः॥तद्धाम्नाऽभूदजस्तूष्णींपूर्देव्यंतीवपुत्ति
का ॥५६॥ इतीरेशेऽतर्क्येनिजमहिमनिस्वप्रमितिकेपरत्राजातोऽतन्निरसनमुखब्रह्मकमितौ ॥ अनीशेऽपिद्रष्टुंकिमिदमितिवामुह्यतिसति
[illegible]च्छादाजोज्ञात्वासपदिपरमोऽजाजवनिकां॥५७॥ततोऽर्वाक्प्रतिलब्धाक्षःकःपरेतवदुत्थितः॥कृच्छ्रादुन्मील्यवैदृष्टीराचष्टेदंसहात्मना॥५८

પોતેજ મોહ પામી ગયા. ॥૪૪॥ એમ ઘોર અંધારી રાતમાં ઝાકળની પેઠે, અને દિવસની અંદર આગિયાની પેઠે; મહાત્માઓની ઉપર માયા ચલાવનાર, ઈતર પુરુષોનું સામર્થ્ય ન ચાલતાં, તે ચલાવનારા ઈતર પુરુષોના સામર્થ્યનોજ, એ થકી નાશ થઈ જાય છે. ॥૪૫॥ અને એટલી વારમાં તો બ્રહ્માના દેખતાં તેજ ક્ષણે, એ સર્વે વાછડાં ચારનારા બાળકો; ઘનશ્યામ–પીળાં રેશમી વસ્ત્ર પેહરેલા–ચાર હાથવાળા–શંખ, ચક્ર, ગદા, અને કમળ ધરેલા–અને મુકુટ, કુંડળ, હાર, તથા વનમાળા પેહરેલા–શ્રીવત્સ, બાજુબંધ ઝાંઝર, અને શંખના સરખાં સોનાનાં કંકણ, કટિમેખળા, તથા વિંટીઓ પેહરેલા;–તેમના જોવામાં આવ્યા. ॥૪૬–૪૭–૪૮॥ અને તેઓ, મોટા પુણ્યવાનોએ અર્પણ કરેલી તુળસીની કુળી અને નવીન માળાઓથી, પગથી તે માથા સુધી આખા શરીરમાં ભરેલા દેખાયા. ॥૪૯॥ તથા ચાંદની જેવા સ્વચ્છ હસવા રૂપ સત્વગુણથી, ભક્તોના મનોર્થ પૂર્ણ કરનારા, સમાન અને રાતા ખુણાવાળી આંખોથી જોવા વડે, તેમના મનોર્થને જાણે સરજતા હોય; એવા તે જણાતા હતા. ॥૫૦॥ તેમજ એ સઘળાઓની આગળ, બ્રહ્માથી માંડીને ઘાસના તુંખલા પર્યંત; સઘળું સ્થાવર જંગમ વિશ્વ, મૂર્તિમાન થઈને, નાચ અને ગાયન આદિક અનેક ઉપાયો કરવાવડે, ઉપાસના કરતાં હતાં. ॥૫૧॥ અને અણિમા આદિ સિદ્ધિઓથી–માયા–આદિ વિભૂતિઓથી–તથા મહત્તત્વ આદિક ચોવિસ તત્વોથકી, તેઓ સર્વે વિંટાયલાં હતાં. ॥૫૨॥ તેમજ કાળ–સ્વભાવ–સંસ્કાર–કામ–કર્મ–અને ગુણો આદિક સર્વે; પોતપોતાના મહિમાને તજીને, અને મૂર્તિમાન થઈને; તે સઘળાઓની ઉપાસના કરતાં હતાં. ॥૫૩॥ વળી તેઓ સત્ય–જ્ઞાન–અનંત–અને આનંદની માત્રાઓ રૂપ, તથા એકરસ મૂર્તિવાળા–અને આત્મ-જ્ઞાન રૂપ ચક્ષુવાળાઓ થકી પણ, જેમના ઘણા મહાત્મનો સ્પર્શ ન થઈ શકે એવા; જણાતા હતા. ॥૫૪॥ જેના પ્રકાશથી આ સઘળું જગત પ્રકાશે છે, તેવા પરબ્રહ્મ સ્વરૂપજ, તે સઘળાઓને; આ રીતે એકી વખતે અને સંપૂર્ણપણે, બ્રહ્માએ દીઠા. ॥૫૫॥ ત્યારે એ અતિ કૌતુક જોઈને, ઉંચા વળી ગયેલા બ્રહ્માની, અગિયારે ઈંદ્રિયો જડ થઈને; બ્રહ્મા; ભગવાનની સામે; પાદર દેવીની આગળ ઉભી કરેલ, ચાર મોઢાવાળી પૂતળી સમાન ચૂપ થઈને: તે ઉભાજ રહ્યા. ॥૫૬॥ આ રીતે અતર્ક્ય–સ્વયંપ્રકાશ–સુખમય–પ્રકૃતિથી પર–અને અનાત્મ.

પદાર્થોનો નિષેધ કરવા વડેજ, જેના વિશે વેદની પ્રવૃત્તિ થતી છે; એવા ભગવાનના અપાર મહિમાઓમાં, બ્રહ્મા મોહ પામી ગયા; અને જોવાને પણ તે અશક્ય થયા. ત્યારે ભગવાને તે વાત જાણી જઇને, પોતાની માયાનો પડદો ખસેડયો. ॥૫૭॥ પછી બ્રહ્માએ, મરી જઇને પાછા ઉઠેલાની પેઠે; પોતાની સર્વ ઇંદ્રિયો સજીવન થયા કેડે, ધણી મહેનતે આંખ્યો ઉઘાડીને, નીચે જોતાં; પોતા સહિત પ્રથમ પ્રમાણેજ જોયું ॥૫૮॥ એટલે તેમણે નિર્ભય થઇને પોતાની સામે, સર્વલોકને આજીવિકા આપનારાં ઝાડોથી ભરેલું, અને પ્રિય પદાર્થોવાળું વૃંદાવન આવી રહેલું દીઠું. ॥૫૯॥ જ્યાં આ અજિત ભગવાનનો વાસ થવાથી, ક્રોધ અને લોભ આદિક દુર્ગુણો ભાગી જઇને; જેઓ સ્વભાવ થીજ દુષ્ટ હોય, તેવા આદર કરનારા મનુષ્યો તથા મૃગો આદિક પણ, વેર તજીને; એક બીજાનાં મિત્ર જેવાં થઇને રહેતાં હતાં. ॥૬૦॥ અને ત્યાં ગોવાળના બાળકરૂપે; નાટક કરનારા આ પરમ—અનંત—અને અગાધ બોધવાળા ભગવાન; પ્રથમની પેઠેજ હાથમાં દહીં ભાતનો કોળિઓ લઇને, પોતાનાં વાછડાંઓને અને મિત્ર ગોવાળોને શોધતા, એકલાજ બ્રહ્માના જોવામાં આવ્યા. ॥૬૧॥ ત્યારે બ્રહ્માએ પોતાના વાહન ઉપરથી ઉતાવળાજ ઉતરી પડીને, પોતાના સુવર્ણ સરખા શરીરને, લાકડીની પેઠે જમીન ઉપર પાડીને; અને આંખ્યમાં આવેલાં આંસુવડે; ભગવાનને નવરાવી દેઇને; પોતાના ચારે મુકુટોની અણીઓવડે, તેમના ચરણનો સ્પર્શ કર્યો. ॥૬૨॥ તથા પોતે પ્રથમ જોયેલા તેમના મહિમાનું સ્મરણ લાવીને, ઘણીવાર સુધી વારંવાર ઉઠી ઉઠીને ભગવાનના ચરણમાં નમન કરવા લાગ્યું. ॥૬૩॥ અને તે પછી ધીરેથી ઉઠીને, આંખ્યો લોહ નાંખી, પોતાની ડોક નમાવીને; સાવધાનપણે અને વિનય સહિત ધ્રુજતાં ધ્રુજતાં ભગવાનની સામે હાથ જોડી ઉભા રહીને, મદ્‌મદ્ વાણીથી તેમની સ્તુતિ કરી કે. ॥૬૪॥ ઇતિ૰ શ્રી૰ ભા૰ દશમા સ્કંધનો તેરમો અ૰ સં૰ ॥૧૩॥

અધ્યાય ૧૪ મો.—બ્રહ્મા—મેઘ જેવા શરીરવાળા—વીજળી સમાન વસ્ત્રવાળા—ચણોઠીઓ સહિત પિંછાં ખોસવાથી શોભતા મુખવાળા—વનમાળા ધરેલા—કોમળ પગવાળા—ગોવાળના પુત્ર થયેલા—અને કોળિઓ,

सपद्येवाभितःपश्यन्दिशोऽपश्यत्पुरःस्थितं॥वृंदावनंजनाजीव्यद्रुमाकीर्णसमाप्रियं ॥५९॥ यत्रनैसर्गदुर्वैराःसहासन्नृ[illegible]गादयः ॥ मित्राणीवाजितावासद्रुतरुट्तर्षकादिकं॥६०॥ तत्रोद्वहत्पशुपवंशशिशुत्वनाट्यंब्रह्माद्वयंपरमनंतमगाधबोधं॥वत्सा[illegible]स्वानिवपुरापरितोविचिन्वदेकंस्वपाणिकवलंपममेष्यचष्ट ॥६१॥ दृष्ट्वात्वरेणनिजधोरणतोऽवतीर्यपृथ्व्यांवपुःकनकदंडमिवातिपात्य॥ स्पृष्ट्वाचतुर्मुकुटकोटिभिरंघ्रियुग्मंनत्वामुदश्रुसुजलैरकृताभिषेकं ॥६२॥ उत्थायोत्थायकृष्णस्यचिरस्यपादयोःपतन् ॥आस्तेमहित्वंप्राग्दृष्टंस्मृत्वास्मृत्वापुनःपुनः ॥६३॥ शनैरथोत्थायवि[illegible]च्यलोचनेमुकुंदमुद्वीक्ष्यविनम्रकंधरः॥कृतांजलिःप्रश्र[illegible]हितःसवेपथुर्गद्गद[illegible] ॥६४॥ इ.भा.म.द.त्र.अ.॥१३

ब्रह्मा० नौमीड्यतेऽभ्रवपुषेतडिदंबरायगुंजावतंसपरिपिच्छलसन्मुखाय॥ वन्यस्र[illegible]वेत्रविषाणवेणुलक्ष्मश्रियेमृदुपदेपशुपांगजाय १ अस्यापिदेव[illegible]मदनुग्रहस्यस्वेच्छामयस्यनतुभूतमयस्यकोऽपि॥ नेशेमहित्ववसितुंमनसांतरेणसाक्षात्तवैव[illegible]नुभूतेः ॥२॥ ज्ञानेप्रयासमुदपास्यनमंतएवजीवंतिसन्मुखरितांभवदीयवार्त्तां॥ स्थानेस्थिताःश्रुतिगतांतनुवाङ्मनोभिर्येप्रायशोऽजितजितोऽप्यसितैस्त्रिलोक्यां॥३॥ श्रेयःस्रुतिंभक्तिमुदस्यतेविभोक्लिश्यंतियेकेवलबोधलब्धये ॥ तेषामसौक्लेशल[illegible]वशिष्यतेनान्यद्यथास्थूलतुषावघातिनां ॥४॥ पुरेहभूमन्बहवोऽपियोगिनस्त्वदर्पितेहानिजकर्मलब्धया॥ विबुध्यभक्त्यैवकथोपनीतयाप्रपेदिरेंऽजोऽच्युततेगतिंपरां ॥५॥तथाऽपिभूमन्महिमाऽगुणस्यतेविबोद्धुमर्हत्य[illegible]मलांतरात्मभिः ॥ अविक्रियात्स्वानुभवादरूपतोह्यनन्यबोध्यात्मतया नचान्यथा ॥६॥ गुणात्मनस्तेऽपिगुणान्विमातुंहितावतीर्णस्य[illegible]ईशिरेऽस्य॥ कालेनयैर्वाविमिताःसुकल्पैर्भूपांसवःखेमिहिकाद्युभासः॥७॥ तत्तेनुकंपां[illegible]समीक्षमाणोभुंजानएवात्मकृतंविपाकं॥ हृद्वाग्वपुर्भिर्विदधन्नमस्तेजीवेतयोमुक्तिपदेसदायभाक् ॥८॥ पश्येशमेनार्यमनंतआद्येपरात्मनित्वय्यपिमायिमायिनि ॥ मायांवि[illegible]क्रियानैच्छमिवार्चिरग्नौ॥९॥ अतःक्षमस्वाच्युतमेरजोभुवोह्यजानतस्त्वत[illegible]यगीशमानेनः॥ अजाऽवलेपांधतमोऽंध

ઝી, શિંગડી; તથા વાંસળીની શોભાથી શોભતા, આપ ભગવાનને; હું પ્રણામ કરૂં છું. ॥૧॥ સ્વઇચ્છા મુજબ કરનારા આપ ભગવાનનું; મારા ઉપર અનુગ્રહ કરવા સારૂ ધરેલું; આ શરીર કેવળ પંચ મહાભૂતમય નથી; પણ આત્મ સુખનો અનુભવ કરનારા મહાત્માઓના મનની અંદર વસનારૂં; સાક્ષાત સ્વરૂપ છે; તેથી તેનો મહિમા કોઇપણ જાણી શકે એમ નથી. ॥૨॥ સત્પુરૂષોના મુખથકી નીકળેલી અને કાનને માર્ગે પ્રાપ્ત થયેલી; આપની કથાઓને; પોતાને ઠેકાણે બેસીને; શરીર—વાણી—અને મનવડે; આદર આપતા થકા જીવનારાઓ થકી; ઘણું કરીને ત્રણે લોકમાં કોઇથી નહીં જીતાનારા; આપ જીતાઓછોજ; માટે જ્ઞાનને માટે પણ પ્રયાસ કરવાનું કારણ કાંઇજ રહેતું નથી. ॥૩॥ હે સમર્થ; કલ્યાણના પ્રવાહો નીકળનારી આપની ભક્તિને મૂકી મૂકીને, જેઓ કેવળ જ્ઞાનને માટેજ હાખડો કરે છે; તેમને જાડાં ફોતરાં ખાંડનારાઓની પેઠે એ હાખડો કરવાથી થતા ક્લેશ શિવાય બીજું કશું ફળ મળનાર નથી. ॥૪॥ હે મહાત્મા, આ લોકને વિશે પૂર્વે થઇ ગયેલા ઘણા એક યોગીઓ પણ; પોતાની સઘળી ક્રિયાઓને આપને વિશે અર્પણ કરી દેવાના કર્મવડે પ્રાપ્ત થયેલી, અને આપની કથાઓએ પાસે આણેલી; ભક્તિવડેજ; આપ અચ્યુત ભગવાનને ઓળખીને આપના પરમગતિને સેહેજમાં પામી ગયેલાછે. ॥૫॥ વળી હે મહાત્મા, વિકાર રહિત—આત્મ સ્વરૂપના અનુભવરૂપ—અને બીજી રીતે બોધ ન થાય એવો આપના નિર્ગુણ શરીરનો મહિમા; જે બીજા કોઇ પ્રકારે જાણવામાં નથી આવતો; તેને પણ એ નિર્મળ અંતઃકરણવાળા ભક્ત લોકો; જાણવાને યોગ્યજ છે. ॥૬॥ કોઇ ઘણો નિપુણ પુરૂષ પૃથ્વીના રજકણોને—આકાશમાંની હીમની કણીઓને—અમર નક્ષત્ર વિગેરેના તારાઓને પણ, કદાચ ઘણા કાળે કરીને ગણી શકે; પરંતુ જગતના હિતને માટે અવતરેલા આપ સગુણ ભગવાનના ગુણોની ગણત્રી કરવાને તો, તે શક્તિમાન થનારો નથીજ. ॥૭॥ એટલા માટે આપની કૃપા થવાની સારી પેઠે વાટ જોતો, અને પોતાના કરેલાં કર્મોને ભોગવી છૂટતાં મન—વચન—અને શરીરવડે આપને નમસ્કાર કરવાવડે જીવનારો પુરૂષજ; મુક્તિના પદમાં ભાગ પામનારો થાય છે. ॥૮॥ હે ઇશ્વર, મારી પોતાની ભૂંડાઇ તો જુઓ, કે, આપ આદિપુરૂષ—અનંત— પરમાત્મા—અને માયાવીઓને પણ મોહ પમાડનારની આગળ હું, અગ્નિની પાસે તણખાની પેઠે; કશી

અપ્રમેય નહીં છતાં, મારી પોતાની માયાને વિસ્તારીને; તેનો વૈભવ જોવાની મેં ઇચ્છા કરી છે. ॥૯॥ એ-ટલા માટે હે અચ્યુત ભગવાન; રજોગુણ સહિત ઉત્પન્ન થયેલ આપના થકી જુદી ઇશ્વરતાનું અજાણપણે માન રાખનારો; અને અજાપણાના અભિમાન રૂપ અજ્ઞાનવડે અંધ થયેલ આંખ્યોવાળો; હું આપનો દાસ હોવાથી, દયા કરવાને યોગ્ય જાણીનેજ, આપ મને માફ કરજો. ॥૧૦॥ તમ એટલે અજ્ઞાન અથવા પ્રકૃતિ–મહત્તત્વ–અહંકાર–આકાશ–વાયુ–અગ્નિ–જળ–અને પૃથ્વી; એ આઠ વાંનાં થકી વિંટાએલા ઇંડાથી બ-નેલ સાત વેંતની કાયા વાળો હું બ્રહ્મા ક્યાં? અને મારા સરખાં અગણિત અંડ, જેના એક એક રૂંવાડાના બાકામાં ફરયા કરે છે; એવા આપ ભગવાનનો મહિમા ક્યાં? ॥૧૧॥ ગર્ભમાં રહેલાના પગનું ઉછળવું, તે કાંઇ માનો અપરાધ ગણાય નહીં; તેમ આપ અનંત ભગવાનના ઉદરને વિશેજ, આ નામ અને રૂપ આદિ-કથી કહેવાતું સઘળું જગત, ઉત્પન્ન થઇ થઇને નાશ પામે છે; તેથી મારું આ કૃત્ય પણ, આપ અધોક્ષજ ભગવાનના અપરાધ તરિકે ગણવું નજ જોઇએ. ॥૧૨॥ ત્રણે લોકના અંત સમયે, સમુદ્રો રેલવાના જળમાં નારાયણના ઉદરથી થયેલા નાભિ કમળમાં બ્રહ્મા ઉત્પન્ન થયેલ છે, એ રીતનું વચન મિથ્યા નથીજ; કેમકે ઇશ્વર એવા આપના થકી શું હું નથી થયો.? ॥૧૩॥ આપજ સર્વ દેહ ધારીઓના આત્મા હોવાથી–સર્વના પ્રવર્તાવનારા હોવાથી–સાક્ષી રૂપે સર્વના દ્રષ્ટા હોવાથી–તથા પુરૂષથી ઉત્પન્ન થયેલા જળને વિશે આપ રહેલા હોવાથી–નારાયણ નામથી બોલાઓછો; તેમાં પણ કાંઇ ખોટું નથી, છતાં આપનું એ નારાયણ સ્વરૂપ પણ, સત્ય ન હોઇને; માયા વાળુંજ છે. ॥૧૪॥ કેમકે જળમાં રહેલું આપનું એ નારાયણ સ્વરૂપ જો સત્ય હોત તો; મેં કમળના નાળને માર્ગે જ્યારે તપાસ કર્યો, ત્યારેજ દેખવામાં કેમ ન આવે; અને વળી પછીથી તપ કરયા કેડે, મને બરાબર રીતે દેખાડનાર કોણ હતું.? ॥૧૫॥ હે માયાનું શમન કરનારા ભગવાન, બહિર્દ્રષ્ટિથી દેખાતો આ સઘળો જગત રૂપ પ્રપંચ, આપે આ અવતારમાં માતા (યશોદા) ને પોતાના ઉદરને વિશેજ દેખાડીને.

चक्षुषएषोऽनुकंप्योमयिनाथवानिति ॥१०॥ क्वाहंतमोमहदहंखचराग्निवार्भूसंवेष्टितांडघटसप्तवितस्तिकायः॥क्वेदृग्विधाविगणितांडपराणु
चर्यावाता[illegible]रोमविवरस्यचतेमहित्वं ॥११॥ उत्क्षेपणंगर्भगतस्यपादयोःकिंकल्पतेमातुरधोक्षजागसे॥ किमस्तिनास्तिव्यपदेशभूषितंतव
ास्तिकुक्षेःकियदप्यनंतः ॥१२॥ जगत्त्रयांतोदधिसंप्लवोदेनारायणस्योदरनाभिनालात् ॥ विनिर्गतोऽजस्त्वितिवाङ्नवैमृषाकिंत्वीश्वरत्व
न्ननिर्गतोऽस्मि॥१३॥ नारायणस्त्वंनहिसर्वदेहिनामात्माऽस्यधीशोऽखिललोकसाक्षी ॥ नारायणोंऽगंनरभूजलायनात्तच्चापिसत्यंनतवैव
माया॥१४॥ तज्जलगंतवसज्जगद्वपुःकिंमेनदृष्टंभगवंस्तदैव॥ किंवासुदृष्टंहृदिमेतदैव किंनोसपद्येतपुनर्व्यदर्शि॥१५॥ अत्रैवमायाधमनाव
तारे ह्यस्यप्रपंचस्यबहिःस्फुटस्य ॥ कृत्स्नस्यचांतर्जठरेजनन्यामायात्वमेवप्रकटीकृतंते॥१६॥ यस्यकुक्षाविदंसर्वंसात्मंभातियथातथा ॥ तत्त्व
य्यपीहतत्सर्वंकिमिदंमाययाविना ॥१७॥ अद्यैवत्वदृतेऽस्यकिंममनतेमायात्वमादर्शितमेकोऽसिप्रथमंततोव्रजसुहृद्वत्साःसमस्ताअपि ॥ ता
वंतोऽसिचतुर्भुजास्तदखिलैःसाकंमयोपासितास्तावंत्येवजगंत्यभूस्तदमितंब्रह्माद्वयंशिष्यते॥१८॥ अजानतांत्वत्पदवीमनात्मन्यात्माऽऽत्मना
भासिवितत्यमायां॥सृष्टाविवाहंजगतोविधानइवत्वमेषोंऽतइवत्रिनेत्रः॥१९॥ सुरेष्वृषिष्वीशतथैवनृष्वपितिर्यक्षुयादस्स्वपितेऽजनस्य ॥ ज
न्मासतांदुर्मदनिग्रहायप्रभोविधातःसदनुग्रहाय ॥२०॥ कोवेत्तिभूमन्भगवन्परात्मन्योगेश्वरोतीर्भवतस्त्रिलोक्यां॥ क्ववाकथंवाकतिवाकदेति
विस्तारयन्क्रीडसियोगमायां ॥२१॥ तस्मादिदंजगदशेषमसत्स्वरूपंस्वप्नाभमस्तधिषणंपुरुदुःखदुःखं॥त्वय्येवनित्यसुखबोधतनावनंतमा
यातउद्यदपियत्सदिवावभाति॥२२॥ एकस्त्वमात्मापुरुषःपुराणःसत्यःस्वयंज्योतिरनंतआद्यः ॥ नित्योऽक्षरोऽजस्रसुखोनिरंजनःपूर्णोऽद्वयो
मुक्तउपाधितोऽमृतः॥२३॥ एवंविधंत्वांसकलात्मनामपिस्वात्मानमात्मात्मतयाविचक्षते॥ गुर्वर्कलब्धोपनिषत्सुचक्षुषायेतेतरंतीवभवानृतां
बुधिं ॥२४॥ आत्मानमेवात्मतयाऽविजानतांतेनैवजातंनिखिलंप्रपंचितंज्ञानेनभूयोऽपिचतत्प्रलीयतेरज्ज्वामहेर्भोगभवाभवौयथा ॥२५॥ अ

પણ, એ સઘળું આપની માયાથી થયેલાનું, ખુલ્લું પાડેલું છેજ. ॥૧૬॥ કારણ તે જેવું અને જેટલું અહીં બહાર દેખવામાં આવતું હતું, તેવું અને તેટલુંજ, પોતાના શરીર સુદ્ધાં આખું જગત; આપના ઉદરને વિશે પણ, તેમને જોવામાં આવ્યું હતું; તો આપની માયા વિના એ પ્રકાર કેમજ બને. ॥૧૭॥ વળી હમણાંજ આપની એ માયા આપે મને પણ દેખાડી છેજ; પ્રથમ આપ એક સ્વરૂપથી હતા; પછીથી આપના મિત્ર વ્રજના બાળકો તથા વાછરડાં જેટલાં હતાં; તેટલાં સર્વ ચાર ભુજા વાળાં અને હું સુધાં સર્વ જનોએ દરેકની જુદીજુદી ઉપાસના કરાતા, સઘળાં રૂપે થયેલા આપ જણાયા. અને છેવટે વળી પ્રથમની પેઠેજ, એટલે એક સ્વરૂપેજ આપ દેખાયા. એટલા માટે એ સર્વ માયાનો ત્યાગ કરતાં, માપ રહિત અને અદ્વય એવા અવશેષ રહેનારા આપ એકજ પરબ્રહ્મછો. ॥૧૮॥ તે આપજ, આપનું સ્વરૂપ નહીં જાણનારા બુદ્ધિવિનાના લોકોને; આપની માયાનો વિસ્તાર થવા વડે; સૃષ્ટિ કરવા ટાણે, હું (બ્રહ્મા) રૂપે; રક્ષણ કરવા ટાણે વિષ્ણુ રૂપે; અને પ્રલય કરવા સમયે, ત્રણ નેત્રવાળા રૂદ્ર રૂપે; પણ જોવામાં આવો છો. ॥૧૯॥ હે પ્રભુ–ઇશ્વર–અને વિધાતા–તથા અજન્મા આપ ભગવાનજ; સત્પુરુષોના ઉપર અનુગ્રહ કરવાસારૂ. તથા દુષ્ટ લોકના અતિમદને ટાળી નાંખવા સારૂં, દેવતાઓ–ઋષિઓ–અને મનુષ્યો તથા પશુ પક્ષીઓ અને જળચરો વિગેરેમાં, પણ જન્મ ધરોછો. ॥૨૦॥ હે માહાત્મા–પરમાત્મા–અને યોગેશ્વર ભગવાન. આપ યોગમાયાનો વિસ્તાર કરીને લીલાવડે ક્રીડા; ક્યારે કરોછો.?–કેટલી ક્રીડા કરોછો?–શામાટે કરોછો?–અને કેવી રીતે કરો છો?–એ સઘળું જાણનારો; આખી ત્રિલોકીમાં કોઇજ થયો નથી. ॥૨૧॥ એટલા માટે આ અસત્ સ્વરૂપ–સ્વપ્ન જેવું–પ્રતિભાસ રહિત–અને મોટામાં મોટા દુઃખ થકી પણ વધુ દુખરૂપ, આખું જગત; આપ નિત્યસ્વરૂપ–સુખરૂપ–અને જ્ઞાનમય અનંત ભગવાનના શરીરને વિશે, માયાવડે ઉત્પન્ન થવાના કારણથીજ; સત્ સરખું જાણવામાં આવે છે. ॥૨૨॥ પણ આત્મા–પુરાણ પુરુષ–સત્ય–સ્વયંપ્રકાશ–અનંત–આદિપુરૂષ–નિત્ય–અક્ષર–અજન્મા–સુખરૂપ–નિરંજન–પૂર્ણ–અદ્વય–ઉપાધિ રહિત–અને અમૃત રૂપ તો આપ એકજ છો. ॥૨૩॥ એ રીતે આપના આત્મ સ્વરૂપને, સર્વના આત્મારૂપે; જે પુરુષ પોતાની બુદ્ધિથીજ, ગુરુ અને સૂર્ય સમાન પ્રાપ્ત થયેલ ઉપનિષદ રૂપ, સુંદર આંખ્યથકી,

જાણેછે; તે જાણે આ જૂઠા સંસાર સમુદ્રને તરીજ જાય છે. ॥ ૨૪ ॥ તથા આત્મ સ્વરૂપને આત્મ સ્વરૂપે નહી જાણનારા, અજ્ઞાનીઓને; તે નજાણવા વડેજ, જગત રૂપ સઘળો પ્રપંચ પ્રકાશ થાયછે; અને આવું જ્ઞાન થયેથી પાછો, તે શમી પણ જાય છે; આ પ્રમાણે દોરડીને સાપ માનવાની પેઠે, સંસાર ઉત્પન્ન થવાનું; અને પછીથી તેથકી મુક્ત થવાનું પણ, થાયછે. ॥૨૫॥ જેમ સૂર્યને વિશે તો રાત્રિ કિંવા દિવસ પણ નથીજ. તેમ અજન્મા–અખંડ–કેવળ–પરમ અને સત્ય આત્માને વિશે; બંધ અને મોક્ષ અથવા તે બેમાંનું એકે, ખરો વિચાર કરી જોતાં તો છેજ નહીં; છતાં સંસારનું બંધન થવું, અને સંસાર થકી મોક્ષ થવો; એ બેઉ સંજ્ઞાઓમાં નાહક, અજ્ઞાન વડેજ કલ્પાં થયેલાં છે. ॥૨૬॥ અરે એ અજ્ઞાનીઓનું આ અજ્ઞાન કેવું છે ! કે જેથી, આપ આત્મ સ્વરૂપને તેઓ દેહરૂપજ માને છે; એટલે દેહનેજ આત્મા રૂપ જાણે છે; તથા ફરીથી વળી આત્માને; બહાર બીજે સ્થળે શોધે છે. ॥૨૭॥ એટલા માટે; જેમ સમિપમાં નહી રહેલા સાપનો, નિશેધ થયાવિના, સમિપમાં રહેલી દોરડી સાચી મનાતી નથી; તેમજ શરીરની અંદર રહેલા, આપ અનંત ભગવાનને, બીજા જડ ભાગોનો એક પછી એક ત્યાગ કરવા વડેજ, સત્પુરુષો શોધી કહાડે છે. ॥૨૮॥ તો પણ હે ભગવાન, આપના બે ચરણ કમળનો પ્રસાદ માત્ર રૂપ, આપનો અનુગ્રહ થયા થકીજ; આપ ભાગવત તત્વનો મહિમા જાણી શકાય છે. પણ તે વિના ઘણા કાળ સુધી શોધ્યા કરનારો પણ; કોઇ તેને જાણી શકતો નથીજ. ॥૨૯॥ એટલા સારૂ હે નાથ; આ જન્મમાં અગર બીજા જન્મમાં કદાચ; હું પશુ પક્ષી રૂપે થાઉં તોપણ, એટલો ભાગ્યવાન થાઉં કે; આપના ભક્તોમાંનો એક થઇને; આપના ચરણ પલ્લવની સેવા કરવાનુંજ પામું; (એમ આપ કરો.) ॥૩૦॥ અરે આ વ્રજની ગાયો અને ગોપીઓ, ઘણીજ ભાગ્યશાળી છે; કેમકે જેને તૃપ્ત કરવાને યજ્ઞો પણ અદ્યાપિ સુધી સમર્થ થયા નથી, તે આપ ભગવાનેજ, વાછરડાં અને પુત્રના સ્વરૂપથકી; તેમના ધાવણરૂપ અમૃતને; અત્યંત પ્રેમ સહિત પીધું છે. ॥૩૧॥ નંદજીનું–ગોપ લોકનું–

ज्ञानसंज्ञौभवबंधमोक्षौद्वौनामनान्यौस्तऋतज्ञभावात्॥ अजस्रचित्यात्मनिकेवलेपरेविचार्यमाणेतरणाविवाहनी॥२६॥त्वामात्मानंपरंमत्वा परमात्मानमेवच॥आत्मापुनर्बहिर्मृग्यअहोऽज्ञजनताऽज्ञता॥२७॥ अंतर्भवेऽनंतभवंतमेवह्यतत्त्यजंतोमृगयंतिसंतः॥ असंतमप्यंत्यहिमंतरेणसंतंगुणंतंकिमुयंतिसंतः ॥२८॥ अथापितेदेवपदांबुजद्वय प्रसादलेशानुगृहीतएवहि॥ जानातितत्त्वंभगवन्महिम्नोनचान्यएकोपिचिरंविचिन्वन् ॥२९॥ तदस्तुमेनाथसभूरिभागोभवेऽत्रवान्यत्रतुवातिरश्चां॥येनाहमेकोऽपिभवज्जनानांभूत्वानिषेवेतवपादपल्लवं ॥३०॥ अहोतिधन्याव्रजगोरमण्यःस्तन्यामृतंपीतमतीवतेमुदा॥यासांविभोवत्सतरात्मजात्मनायत्तृप्तयेऽद्यापिनचालमध्वराः ॥३१॥ अहोभाग्यमहोभाग्यंनंदगोपव्रजौकसां॥यन्मित्रंपरमानंदंपूर्णंब्रह्मसनातनं ॥३२॥ एषांतुभाग्यमहिमाऽच्युततावदास्तामेकादशैवहिवयंबतभूरिभागाः॥ एतद्धृषीकचषकैरसकृत्पिबामःशर्वादयोऽङ्घ्र्युदजमध्वमृतासवंते ॥३३॥ तद्भूरिभाग्यमिहजन्मकिमप्यटव्यांयद्गोकुलेपिकतमांघ्रिरजोभिषेकं॥यज्जीवितंतुनिखिलंभगवान्मुकुंदस्त्वद्यापियत्पदरजःश्रुतिमृग्यमेव ॥३४॥ एषांघोषनिवासिनामुतभवान्किंदेवरातेतिनश्चेतोविश्वफलात्फलंत्वदपरंकुत्राप्ययन्मुह्यति॥ सद्वेषादिवपूतनापिसकुलात्वामेवदेवापितायद्धामार्थसुहृत्प्रियात्मतनयप्राणाशयास्त्वत्कृते ॥३५॥ तावद्रागादयःस्तेनास्तावत्कारागृहंगृहं॥तावन्मोहोंऽघ्रिनिगडोयावत्कृष्णनतेजनाः ॥३६॥ प्रपंचंनिष्प्रपंचोपिविडंबयसिभूतले॥प्रपन्नजनतानंदसंदोहंप्रथितुंप्रभो ॥३७॥ जानंतएवजानंतुकिंबहूक्त्यानमेप्रभो॥मनसोवपुषोवाचोवैभवंतवगोचरः॥३८॥ अनुजानीहिमांकृष्णसर्वंत्वंवेत्सिसर्वदृक् ॥ त्वमेवजगतांनाथोजगदेतत्तवार्पितं ॥३९॥ श्रीकृष्णवृष्णिकुलपुष्करजोषदायिन्क्ष्मानिर्जरद्विजपशूदधिवृद्धिकारिन्॥ उद्धर्मशार्वरहरक्षितिराक्षसध्रुगाकल्पमार्कमर्हन्भगवन्नमस्ते ॥४०॥ श्रीशुक०इत्यभिष्टूयभूमानंत्रिःपरिक्रम्यपादयोः॥ नत्वाभीष्टंजगद्धातास्वधाममत्यपद्यत ॥४१॥ ततोऽनुज्ञाप्यभगवान्स्वभुवंप्रागवस्थितान्॥ वत्सान्पुलिनमानिन्येयथापूर्वसखिस्वकं ॥४२॥ एकस्मिन्नपियातेब्देप्राणेशंचांतरात्म

અને વ્રજવાસીઓનું ભાગ્ય કેટલું મોટું કહેવાય; કે પરમ આનંદરૂપ–પૂર્ણ બ્રહ્મ–અને સનાતન ભગવાન પોતેજ; જેમના મિત્ર થયા છે. ॥૩૨॥ હે અચ્યુત અને અજન્મા ભગવાન; એઓના ભાગ્યના મહિમાવડેજ અમે; રૂદ્ર વિગેરે અગિયાર ઇંદ્રિયોના દેવતાઓ પણ; તે તે એક એક ઇંદ્રિવડે; આપના ચરણ કમળના મકરંદ રૂપ અમૃત સરખા આસવને; પીઇને હમણાંજ ઘણા ભાગ્યવાન થયેલા છીએ. ॥૩૩॥ માટે આ લોકને વિશે અને પૃથ્વી ઉપર મૃતલોકમાં; તથા તેમાં પણ જેમના જીવિત રૂપ મુકુંદ ભગવાનજ છે એવા ગોકુળ વાસીઓમાં જન્મ થવો. એ મોટું ભાગ્ય સમજવું જોઇએ; કે જેથી શ્રુતિઓએ પણ; અદ્યાપિ સુધી શોધેલી એ મુકુંદ ભગવાનના ચરણની રજનો, અભિષેક, કોઇ પણ પ્રકારે અમારા માથા ઉપર થવા પામે. ॥૩૪॥ સાધુ જેવો વેશ ધરનારી પૂતનાને પણ; તેના સંબંધીઓ સુદ્ધાં, આપે આપનું સ્વરૂપ આપેલું છે; તથા આપના સ્વરૂપ ઉપરાંત આપવાનું બીજું ઉત્તમ ફળ તો, કોઇ પણ ઠેકાણે ન હોવાનું; સર્વત્ર વિચાર કરી જોતાં જણાયલું છેજ; માટે જેમના ઘર–ધન–સગાં–મિત્ર–પ્રિય–દેહ–સંતાન–પ્રાણ–અને મન વિગેરે સર્વ કાંઇ; આપને માટેજ છે; એવાં વ્રજવાસીઓને આપ, આત્મ સ્વરૂપ ઉપરાંત; વધારે કયો પદાર્થ આપી શકવાના છો;? તે સબંધમાં અમને મોહ થાય છે. ॥૩૫॥ હે કૃષ્ણ; જ્યાં સુધી લોકો, આપના થાય નહીં; ત્યાં સુધીજ તેમના તરફ, રાગ અને દ્વેષ વિગેરે ચોરો; પોતાનું કામ કરી શકે છે;–ઘર બંદીખાનાં રૂપ થાય છે;–અને મોહ, પગમાંની બેડી રૂપ થાય છે; ॥૩૬॥ હે પ્રભુ; આપ પ્રપંચથકી રહિત હોવા છતાં પણ, શરણાંગત લોકને; અત્યંત આનંદ પમાડવા માટે; પૃથ્વી ઉપર અવતરીને; પ્રપંચનું અનુકરણ કરો છો ॥૩૭॥ હે પ્રભુ; આપનો મહિમા, મન–વાણી–અને શરીરવડે; ન વર્ણવી શકાય એવો છે; તેથી હું વધુ બોલી શકતો નથી. જેઓ જાણતા અને બોલતા હોય તે; ભલે બોલે. ॥૩૮॥ આપ જગતના સ્વામી છો. કારણ સઘળાઓને શરીરાદિક આપેજ આપેલ છે; માટે આપ સર્વજ્ઞ, સર્વના મનની વાતને પણ જાણો છો; તેથી હે કૃષ્ણ મને આજ્ઞા કરો. ॥૩૯॥ હે વૃષ્ણી કુળરૂપી કમળને ખીલાવનારા, પૃથ્વી–દેવતાઓ–બ્રાહ્મણો–પશુઓ–અને સમુદ્ર એમની વૃદ્ધિ કરનારા; અને રાત્રિના દિવસની પેઠે; પાખંડ ધર્મોનો નાશ કરનારા–તથા પૃથ્વી ઉપરના રાક્ષસોએ;

બાળપણમાંજ જેનો દ્વેષ કરેલો છે; એવા; શ્રી કૃષ્ણ ભગવાન રૂપી સૂર્યને: પૂજ્ય ભાવથી મારા નમસ્કાર છે. ॥૪૦॥–શ્રીશુક–એ રીતે સ્તુતિ કર્યા પછી અતિ પ્રિય ભગવાનને, ત્રણવાર પ્રદક્ષણા ફરી; પૃથ્વી ઉપર પડી નમસ્કાર કરીને; બ્રહ્મા પોતાના ધામમાં ચાલ્યા ગયા. ॥૪૧॥ તે પછી ભગવાને પોતાના મિત્ર ગોપ બાળકોને આજ્ઞા આપીને; વાછડાંઓને નદી કિનારે જેમ પ્રથમ હતાં, તેમ; અને પોતે રાખેલ હતાં તે રીતેજ આણ્યાં. ॥૪૨॥ હે રાજા, આમ એક વરસ વહી ગયા છતાં. સર્વના પ્રાણના ઈશ્વર તથા અંતરમાં રહેલા આત્મસ્વરૂપ કૃષ્ણ ભગવાનની માયાવડે મોહ પામેલા તે બાળકોએ, તેટલા સમયને અર્ધોક્ષણજ માન્યો. ॥૪૩॥ જેની માયાથી મોહ પામેલું સઘળું જગત, વારંવાર એ આત્મ સ્વરૂપ ભગવાનનેજ ભુલી જાય છે; તે માયાથી મોહ પામેલા મન વાળાઓ, શું ન ભુલે. ? ॥૪૪॥ પછી તે સુહૃદોએ કહ્યું કે, હે કૃષ્ણ તમે બહુ ઉતાવળા આવ્યા તે ઠીક થયું અમે હજુ એકે કોળિઓ જમ્યા નથી, માટે આવો હવે સારી રીતે જમીએ.

॥૪૫॥ ત્યારે હસીને હૃષીકેશ ભગવાન જમ્યા. અને પછી અજગરનું ચામડું દેખાડતા બાળકો સહિત ભગવાન વનમાંથી પાછા વ્રજમાં આવ્યા. ॥૪૬॥ એ રીતે મોરપીંછ, ફુલ, અને નવીન ધાતુઓથી શરીરને શણગારેલા–વાંસળી અને શિંગડીના શબ્દથી ભારે ઉત્સવ કરતા–અને ગોવાળિઆઓ થકી પવિત્ર કીર્તિ ગવાવાની સાથે, વાછરડાંઓને બુલાવતા–તથા ગોપીઓની નજરને ઉત્સવરૂપ દર્શનવાળા–ભગવાન વ્રજમાં પધાર્યા. ॥૪૭॥ અને "આજેજ આ, નંદજી તથા યશોદાના પુત્રે, મોટા અજગરને મારીને અમારૂં રક્ષણ કર્યું." એમ બાળકોએ વ્રજમાં કહ્યું. ॥૪૮॥—પરીક્ષિત—હે બ્રાહ્મણ પોતા થકીજ ઉત્પન્ન થયેલા બાળકોના ઉપર પણ, જેવો પ્રેમ પેહેલાં થયેલો નહોતો, તેવો પ્રેમ બીજા થકી ઉત્પન્ન થયેલા, કૃષ્ણને વિશે; તેમને શા કારણથી થયો, તે આપ કહો. ॥૪૯॥–શ્રીશુક–હે રાજા, સર્વ પ્રાણી માત્રને, એક પોતાનો આત્માજ, અત્યંત પ્યારો હોય છે; અને બીજાં, સંતાન અને ધન આદિક તો, આત્માને લઈનેજ પ્રિયલાગે છે. ॥૫૦॥

न:॥कृष्णमायाहतताराजन्क्षणार्द्धंमेनिरेऽर्भकाः ॥४३॥ किंकिंनविस्मरंतीहमायामोहितचेतसः॥यन्मोहितंजगत्सर्वमभीक्ष्णंविस्मृतात्मकं ॥
॥४४॥ ऊचुश्चसुहृदःकृष्णंस्वागतंतेऽतिरंहसा॥नैकोऽप्यभोजिकवलएहीतःसाधुभुज्यतां ॥४५॥ ततोहसन्हृषीकेशोऽभ्यवहृत्यसहार्भकैः
॥दर्शयंश्चर्माजगरंन्यवर्त्ततवनाद्व्रजं ॥४६॥ बर्हप्रसूननवधातुविचित्रितांगःप्रोद्दामवेणुदलशृंगरवोत्सवाढ्यः॥वत्सान्गृणन्ननुगगीतपवित्रकी
र्तिर्गोपीदृगुत्सवदृशिःप्रविवेशगोष्ठं ॥४७॥ अद्यानेनमहाव्यालोयशोदानंदसूनुना॥हतोऽविताव्वयंचास्मादितिबाला व्रजे जगुः॥४८॥राजा०
ब्रह्मन्परोद्भवेकृष्णेइयान्प्रेमा कथंभवेत् ॥योऽभूतपूर्वस्तोकेषुस्वोद्भवेष्वपिकथ्यतां ॥४९॥ श्रीशुक०सर्वेषामपिभूतानांनृपस्वात्मैववल्लभःइत
रेऽपत्यवित्ताद्यास्तद्वल्लभतयैवहि ॥५०॥ तद्राजेंद्रयथास्नेहःस्वस्वकात्मनिदेहिनां॥नतथाममतालंबिपुत्रवित्तगृहादिषु ॥५१॥ देहात्मवादि
नांपुंसामपिराजन्यसत्तम॥यथादेहःप्रियतमस्तथानह्यनुयेचतं ॥५२॥ देहोऽपिममताभाक्चेत्तर्ह्यसौनात्मवत्प्रियः॥यज्जीर्यत्यपिदेहेऽस्मिन्जी
विताशाबलीयसी ॥५३॥ तस्मात्प्रियतमःस्वात्मासर्वेषामपिदेहिनां॥तदर्थमेवसकलंजगच्चैतच्चराचरं ॥५४॥ कृष्णमेनमवेहित्वमात्मानमखि
लात्मनां ॥ जगद्धितायसोऽप्यत्रदेहीवाभातिमायया ॥५५॥ वस्तुतोजानतामत्रकृष्णंस्थास्नुचरिष्णुच॥भगवद्रूपमखिलंनान्यद्वस्त्विहकिं
चन ॥५६॥ सर्वेषामपिवस्तूनांभावार्थोभवतिस्थितः॥तस्यापिभगवान्कृष्णःकिमतद्वस्तुरूप्यतां ॥५७॥ समाश्रितायेपदपल्लवप्लवंमहत्पदंपु
ण्ययशोमुरारेः॥भवांबुधिर्वत्सपदंपरंपदंपदंपदंयद्विपदांनतेषां ॥५८॥ एतत्तेसर्वमाख्यातंयत्पृष्टोऽहमिहत्वया ॥ यत्कौमारेहरिकृतंपौगंडेपरि
कीर्तितं॥५९॥एतत्सुहृद्भिश्चरितंमुरारेरघार्दनंशाद्वलजेमनंच॥व्यक्तेतरद्रूपमजोर्वभिष्टवंशृण्वन्गृणन्नेतिनरोऽखिलार्थान्॥६०॥एवंविहारैः
कौमारैःकौमारंजहतुर्व्रजे ॥ निलायनैःसेतुबंधैर्मर्कटोत्प्लवनादिभिः॥६१॥ इ०भा०म०द०पू०ब्रह्मस्तुतिर्नामचतुर्दशोऽध्यायः ॥१४॥
श्रीशुक०ततश्चपौगंडवयःश्रितौव्रजेबभूवतुस्तौपशुपालसंमतौ ॥ गाश्चारयंतौसखिभिःसमंपदैर्वृंदावनंपुण्यमतीवचक्रतुः ॥१॥ तन्माधवो

દેહ ધારીઓને, જેવો પોતપોતાના આત્માને વિશે સ્નેહ હોય છે: તેવો સ્નેહ, મમતાવાળાં સંતાન–ધન–અને ઘરને વિશે, તેમને હોતો નથી. ॥૫૧॥ વળી દેહનેજ આત્મા કહેનારા, અસત્તમ પુરૂષોને પણ, દેહ જેવો અતિપ્રિય હોય છે; તેવાં દેહની પાછળ લાગેલાં, એ સંતાન આદિક પ્રિય હોતાં નથીજ. ॥૫૨॥ અને જેઓ દેહને આત્મા માનતા નથી, પણ દેહને પોતાનો માને છે; તેઓને એ, દેહ આત્માના જેટલો પ્રિય હોતો નથી. કારણ દેહ જીર્ણ થયા પછી પણ, તેમાં રહેલા જીવિતની આશા બળવાન હોય છે. ॥૫૩॥ એટલા માટે સર્વ દેહધારીઓને, પોતાનો આત્માજ અત્યંત પ્રિય હોય છે; અને આ સઘળું સ્થાવર જંગમ જગત, એ આત્માને અર્થેજ છે. ॥૫૪॥ તો તમારા પોતાના અને સર્વના આત્મા રૂપે, એ કૃષ્ણ ભગવાનનેજ જાણો કે જે, જગતના હિતને માટે, આ ઠેકાણે માયા થકી દેહ ધારી જેવા થયેલા, જોવામાં આવે છે. ॥૫૫॥ વાસ્તવિક રીતે તત્વને જાણનારા જ્ઞાનીઓ તો, આ સ્થાવર જંગમ સઘળા જગતને; એ કૃષ્ણ ભગવાનનુંજ સ્વરૂપ હોવાનું, અને તેમના વિનાનું બીજું કાંઇજ અહીંયાં વસ્તુ રૂપે, નહીં હોવાનું જાણે છે.

॥૫૬॥ સઘળી વસ્તુઓની ઉત્પત્તિ તેમનાં કારણો થકી છે: અને તે કારણો પણ ભગવાન કૃષ્ણ થકીજ થયેલ છે; એટલા માટે તેમના વિનાની કોઇ વસ્તુજ નથી. ॥૫૭॥ માટે મહાત્માઓને, મોટાના સ્થાન રૂપ, પવિત્ર યશવાળા, મુરારી ભગવાનના ચરણ પલ્લવનો જેઓ આશ્રય કરે છે; તેઓ સંસાર સમુદ્રને વાછડાના પગથી થયેલા ખાબોચિયા જેવો કરીને, પરમાત્માના પદને પામે છે. અને આપદાઓના સ્થાનરૂપ સંસારને: તેઓ પામતા નથીજ. ॥૫૮॥ આ રીતે જે કામ હરિભગવાને કુમાર અવસ્થામાં કર્યું હતું, તે તેમની પૌગંડ અવસ્થામાં; બાળકોએ કહેલા બદલ તમે મને પૂછવાથી, મેં તે સઘળું તમને કહી સંભળાવ્યું છે. ॥૫૯॥ આ પ્રમાણે મુરારી ભગવાને મિત્રો સાથે રમતાં અઘાસુરને માર્યો;–લીલા ઘાસવાળી જમીન ઉપર જમ્યા.–અને બીજાઓને ન દેખાય એવું રૂપ જોઇને બ્રહ્માએ, તેમની ઘણી ઘણી સ્તુતિ કરી; એ સર્વ સાંભળવાથી અને કીર્તન કરવાથી, પુરૂષ સર્વ પુરૂષાર્થને પામે છે. ॥૬૦॥ એ રીતે છુપી રહેવું–પાળ બાંધવી–અને વાંદરાઓની પેઠે ઠેકવું–વિગેરે કુમાર અવસ્થાની રમતો કરતાં; ભગવાને વ્રજને વિશે કુમાર અવસ્થા ગાળી. ॥૬૧॥ ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો ચૌદમો અ૦ સં૦ ॥૧૪॥

અધ્યાય ૧૫ શ્લો.—શ્રીશુક—ને પછી પૌગંડ અવસ્થામાં આવેલા એ બે ભાઈઓ વ્રજની વિષે ગાયોનું પાલન કરવાને યોગ્ય ગોવાળ થયા. અને મિત્રો સહિત ગાયોને ચારવા માટે પગવડે ફરીને, વૃંદાવનની ભૂમિને અતિ પવિત્ર કરવા લાગ્યા. ॥૧॥ ત્યારે બળદેવ સહિત માધવ ભગવાન પોતાના યશનું ગાયન કરનારા ગોવાળિયાઓથી વિંટાઈને, પશુઓને આગળ કરીને વાંસળી વગાડતા; ફુલેલાં ફુલોવાળા તથા પશુઓને હિતકારી, એ વનમાં રમવાની ઈચ્છાથી ગાયો પ્રમાણે ફરવા લાગ્યા. ॥૨॥ ને સુંદર શબ્દ કરનારા ભમરા—મૃગો—અને પક્ષીઓનાં ટોળાં સહિત; મહાત્માઓના મન સરખા સ્વચ્છ પાણીથી ભરેલાં તળાવોમાં થઈને આવતા, કમળોની સુગંધી સાથે મળેલા પવનવાળા વનને જોઈને; ત્યાં રમવાનું ભગવાને મન કર્યું. ॥૩॥ અને રાતી કુંપળીઓની શોભા સાથે, ફળ અને ફુલના ઘણા ભારથી, છેટા પગને અડકે એવી ડાળીઓવાળાં ઝાડો જોઈને; ભગવાને હસીને મોટા ભાઈને કહ્યું કે: ॥ ૪ ॥ —શ્રીભગવાન—દેવતાઓએ પૂજેલા આપના ઉત્તમ ચરણ કમળને: આ ઝાડો, પોતાને ઝાડનો અવતાર આપનારાં પાપોનો નાશ કરવા માટે; તેમના આમળાની કળીના શાખોવડે, ફળ અને ફુલ વિગેરે પૂજનના પદાર્થો અર્પણ કરીને નમે છે. ॥૫॥ આ ભમરાઓ; સર્વ લોકને પવિત્ર કરનાર આપ આદિ પુરૂષના યશનું; ડગલે ડગલે ગાયન કરીને; આપને ભજે છે; જેથી ઘણું કરીને તેઓ આપના ભક્તોમાંના મુખ્ય મુનિઓ હશે; કે જેમના આત્મ દૈવત આપ વનમાં છાના ફરો છો, ત્યાં પણ પાપ રહિત થયેલા તેઓ; આપને છોડતાજ નથી. ॥૬॥ હે સ્તુતિ કરવાને યોગ્ય, પોતાને ઘેર આવેલા આપને દેખીને; આ મોર નાચે છે: ગોપીઓની પેઠેજ આ હરણીઓ આપના સામું જોઈને રાજી કરે છે; અને કોયલોનાં ટોળાં, સારા શબ્દો કરે છે; સત્પુરૂષોની એવીજ રીત હોવાથી આ વનવાસીઓને ધન્ય છે. ॥૭॥ ઘાસ અને વનસ્પતિને આપના ચરણનો સ્પર્શ થવાથી—ઝાડ અને લતાઓનું આપના નખવડે મર્દન થવાથી—નદીઓ પર્વતો પક્ષીઓ અને મૃગોને આપનું દયા ભરેલું જોવું

वेणुमुदीरयन्वृतोगोपैर्गृणद्भिःस्वयशोबलान्वितः ॥ पशून्पुरस्कृत्यपशव्यमाविशद्विहर्तुकामःकुसुमाकरंवनं॥२॥ तन्मंजुघोषालिमृगद्विजाकुलंमहन्मनःस्वच्छपयःसरस्वता ॥ वातेनजुष्टंशतपत्रगंधिनानिरीक्ष्यरंतुंभगवान्मनोदधे॥३॥ सतत्रतत्रारुणपल्लवश्रियाफलप्रसूनोरुभरेणपादयोः॥ स्पृशच्छिखान्वीक्ष्यवनस्पतीन्मुदास्मयन्निवाहाग्रजमादिपूरुषः॥४॥ श्रीभग० अहोअमीदेववरामरार्चितंपादांबुजंतेसुमनःफलार्हणं ॥ नमंत्युपादायशिखाभिरात्मनस्तमोपहत्यैतरुजन्मयत्कृतं ॥५॥ एतेऽलिनस्तवयशोऽखिललोकतीर्थंगायंतआदिपुरुषानुपदंभजंते॥प्रायोअमीमुनिगणाभवदीयमुख्यागूढंवनेऽपिनजहत्यनघात्मदैवं॥६॥नृत्यंत्यमीशिखिनईड्यमुदाहरिण्यःकुर्वंतिगोप्यइवतेप्रियमीक्षणेन ॥ सूक्तैश्चकोकिलगणागृहमागतायधन्यावनौकसइयान्हिसतांनिसर्गः॥७॥धन्येयमद्यधरणीतृणवीरुधस्त्वत्पादस्पृशोद्रुमलताःकरजाभिमृष्टाः ॥ नद्योऽद्रयःखगमृगाःसदयावलोकैर्गोप्योंऽतरेणभुजयोरपियत्स्पृहाश्रीः॥८॥ श्रीशुक०एवंवृंदावनेश्रीमत्कृष्णःप्रीतमनाःपशून्॥ रेमेसंचारयन्नद्रेःसरिद्रोधस्सुसानुगः॥९॥ क्वचिद्गायतिगायत्सुमदांधालिष्वनुव्रतैः॥उपगीयमानचरितःस्रग्वीसंकर्षणान्वितः ॥१०॥ क्वचिच्चकलहंसानामनुकूजतिकूजितं ॥ अभिनृत्यतिनृत्यंतंबर्हिणंहासयन्क्वचित् ॥११॥ मेघगंभीरयावाचानामभिर्दूरगान्पशून् ॥ क्वचिदाह्वयतिप्रीत्यागोगोपालमनोज्ञया॥१२॥ चकोरक्रौंचचक्राह्वभारद्वाजांश्चबर्हिणः॥अनुरौतिस्मसत्त्वानांभीतवद्व्याघ्रसिंहयोः॥१३॥क्वचित्क्रीडापरिश्रांतंगोपोत्संगोपबर्हणं॥ स्वयंविश्रमयत्यार्यंपादसंवाहनादिभिः॥१४॥ नृत्यतोगायतःक्वापिवल्गतोयुध्यतोमिथः॥गृहीतहस्तौगोपालान्हसंतौप्रशशंसतुः॥१५॥ क्वचित्पल्लवतल्पेषुनियुद्धश्रमकर्शितः॥ वृक्षमूलाश्रयःशेतेगोपोत्संगोपबर्हणः॥१६॥पादसंवाहनंचक्रुःकेचित्तस्यमहात्मनः ॥ अपरेहतपाप्मानोव्यजनैःसमवीजयन्॥१७॥ अन्येतदनुरूपाणिमनोज्ञानिमहात्मनः ॥ गायंतिस्ममहाराजस्नेहक्लिन्नधियःशनैः ॥१८॥ एवंनिगूढात्मगतिःस्वमाययागोपात्मजत्वंचरितैर्विडंबयन् ॥ रेमेरमालालितपादपल्लवोग्राम्यैःसमंग्राम्यवदीशचेष्टितः॥१९॥ श्रीदामानाम

મળવાથી—તથા ગોપીઓ લક્ષ્મીએ પણ ઈચ્છેલા આપના બે હાથની વચ્ચે રહેવાથકી; આજે આ ભૂમિને ધન્યવાદ છે. ॥૮॥—શ્રીશુક—એ પ્રમાણે શોભિતા વૃંદાવનમાં પર્વત અને નદીના કાંઠાઓ ઉપર; પશુઓને ચારીને; પોતાની સાથે ચાલનારા ગોવાળો સહિત પ્રીતિવાળા મનથી; શ્રીકૃષ્ણ ભગવાન રમતા હતા. ॥૯॥ કોઈ વખતે ગોવાળિયાઓથી ચરિત્રો ગવાતા એ ભગવાન. માળા પહેરેલા સંકર્ષણ સહિત મદોન્મત્ત ભમરાઓની સાથે ગાતા હતા. ॥ ૧૦ ॥ અને કદી કદી બોલતા હંસોની પાછળ, હંસની પેઠે બોલતા હતા; અને નાચતા મોરની પેઠે નાચીને, કોઈ વખતે હસાવતા હતા. ॥૧૧॥ કદીકદી મેઘના સરખી ગંભીર, અને ગાયો તથા ગોવાળિયાઓના મનને ગમે, એવી વાણીથી નામો લઈને; દૂર ગયેલા પશુઓને બોલાવીને; તેમને પ્રીતિ ઉપજાવતા હતા. ॥૧૨॥ અને ચકોર—ક્રૌંચ—ચક્રવાક—ભારદ્વાજ—તથા મોરના બોલવાની પાછળ, તેમના સરખાજ શબ્દ કરતા હતા; અને સિંહ તથા વાઘ થકી બીન્હીને પ્રાણીઓ ભાગવા લાગતાં; પોતે પણ તેમજ કરતા હતા.॥૧૩॥ કોઈવાર રમવા થકી થાકી જઈને, બીજા ગોવાળોના ખોળામાં, માથું મૂકીને સુઈ જતા હતા; અને કયારેકતો, પગ ચાંપવા વિગેરે વડે, પોતેજ મોટા ભાઈનો થાક ઉતારતા હતા. ॥૧૪॥ અને કોઈવાર તો હસતા અને એક બીજાના હાથ પકડેલા, એ બે ભાઈઓ; નાચતા—ગાતા—અને જોડાં થઈને, યુદ્ધ કરતા—તથા ઠેકતા ગોવાળિયાઓને વખાણતા હતા. ॥૧૫॥ કોઈ વખતે યુદ્ધ કરવાના પરિશ્રમથી થાકી જઈને ઝાડના મૂળને અડી, ગોપના ખોળામાં માથાં મૂકીને, તેઓ પાંદડાંની પથારી ઉપર સુઈ જતા હતા. ॥૧૬॥ ને તે વખતે કેટલાએક નિર્દોષ ગોવાળિયાઓ એ મહાત્માઓના પગ ચાંપતા હતા; અને બીજાઓ વિંજણા વડે, વાયરો નાંખતા હતા. ॥૧૭॥ હે મહારાજા, તથા બીજા સ્નેહથી પિગળેલા મનવાળાઓ, એ મહાત્માઓના મનને ગમે એવાં, અને તેમને ઘટે એવાં, ગાયનો ધીમે ધીમે ગાતા હતા. ॥૧૮॥ આ પ્રમાણે પોતાની માયાથી પોતાનું ખરૂં સ્વરૂપ ઢાંકીને; ગોપના પુત્ર સરખાં ચરિત્રો કરવા વડે; લક્ષ્મીજીએ લાડ લડાવેલા ચરણ પલ્લવથી તેઓ, ગામડિઆઓના ભેળા ગામડિયાની પેઠેજ; વચમાં વચમાં ઈશ્વરી કાર્યો કરવાની સાથે, રમતા હતા. ॥૧૯॥ ત્યારે રામ અને કૃષ્ણના મિત્રો, શ્રીદામા—સુબળ—અને સ્તોકકૃષ્ણ વિગેરે ગોવાળિઆઓએ આવીને, તેમને

પ્રેમથી કહ્યું કે. ॥૨૦॥ "હે મોટા હાથવાળા, અને દુષ્ટ લોકોને મારનારા બળરામ અને કૃષ્ણ, અહીંથી થોડે દૂર તાડની હારોથી ભરેલું એક ઘણું મોટું વન છે. ॥૨૧॥ ત્યાં ઘણાં ફળ પડેલાં છે, અને બીજાં પડતાં જાય છે; પણ તે વન દુષ્ટ બુદ્ધિ વાળા ધેનુકાસુરે રોકેલું છે. ॥૨૨॥ હે રામ અને કૃષ્ણ, એ ગધેડાનું રૂપ ધરેલો ઘણા પરાક્રમ વાળો અસુર, પોતા સરખાજ બળવાળા, તેના બીજા ઘણા સગાઓથી વિંટાઇને ત્યાં રહેલો છે. ॥૨૩॥ હે શત્રુઓને મારનારા, એટલા માટે એ મનુષ્યોને ખાનારા દૈત્યોની બીકથી, મનુષ્યો તે વનમાં જતાં નથી; અને પશુ પક્ષીઓએ પણ તેને તજેલું છે. ॥૨૪॥ એ આગળ કદીએ નહીં ખાધેલાં ફળો, પાકેલાં હોવાનું તેમના સુગંધ ઉપરથી જણાય છે; પવનથી આવતી આ સુગંધ તેનીજ છે. ॥૨૫॥ હે કૃષ્ણ, એ ગંધથી લલચાયલા મન વાળા અમને તે ફળો ચખાડો; હે રામ જો તમને રૂચે તો આપણે ત્યાં જઇએ, અમને તેની ઘણી ઇચ્છા છે. ॥ ૨૬ ॥ એ રીતે મિત્રનાં વચનો સાંભળીને મિત્રોનું પ્રિય કરવાની ઇચ્છાથી, બળરામ અને કૃષ્ણ બંને જણે હસીને; એ ગોપ લોકોથી વિંટાયલા તેઓ, તે તાડના વનમાં ગયા. ॥૨૭॥ અને બળરામે અંદર પેસીને માતેલા હાથીની પેઠે બળથી, હાથ વતે તાડોને હલાવીને, ફળો પાડ્યાં. ॥૨૮॥ ત્યારે તે ફળોના પડવાથી થયેલો શબ્દ સાંભળીને, ઝાડો સહિત પૃથ્વીને ધ્રુજાવતો તે અસુર ગધેડો દોડતો આવ્યો. ॥૨૯॥ અને તેણે વેગ સહિત ત્યાં આવીને; બળ કરીને બળરામની છાતીમાં, પાછલા બે પગની લાતો મારી; ને ભુંકતો ભુંકતો એ ખળ પાછો હટી ગયો. ॥૩૦॥ હે રાજા વળી ક્રોધ સહિત તેણે પાછા આવીને, મોટો શબ્દ કરી; પાસે ઉભેલા બળદેવના ઉપર રોષથી, પોતાના બીજા બે પગ નાં-ખ્યા. ॥૩૧॥ એટલે બળ ભદ્રે, એક હાથેજ તેના એ બેઉ પગ ઝાલી લેઇને; તેને ફેરવી ફેરવીને, તે ફેરવવા વડે

गोपालोरामकेशवयोःसखा॥ सुबलस्तोककृष्णाद्यागोपाःप्रेम्णेदमब्रुवन्॥२०॥ रामराममहाबाहोकृष्णदुष्टनिबर्हणं ॥ इतोविदूरेसुमहद्वनं तालालिसंकुलं॥२१॥ फलानितत्रभूरीणिपतितानिपतंतिच ॥ संतिकिंत्ववरुद्धानिधेनुकेनदुरात्मना ॥२२॥ सोऽतिवीर्योऽसुरो राम हेकृष्णखररूपधृक्॥ आत्मतुल्यबलैरन्यैर्ज्ञातिभिर्बहुभिर्वृतः ॥२३॥ तस्मात्कृतनराहाराद्भीतैर्नृभिरमित्रहन्॥नसेव्यतेपशुगणैःपक्षिसंघैर्विवर्जितं २४ विद्यंतेऽभुक्तपूर्वाणिफलानिसुरभीणिच॥ एषवैसुरभिर्गंधोविषूचीनोवगृह्यते॥२५॥ प्रयच्छतानिनःकृष्णगंधलोभितचेतसां ॥ वांछाऽस्तिमहतीरामगम्यतांयदिरोचते ॥२६॥ एवंसुहृद्वचःश्रुत्वासुहृत्प्रियचिकीर्षया॥प्रहस्यजग्मतुर्गोपैर्वृतौतालवनंप्रभू॥२७॥ बलःप्रविश्यबाहुभ्यांतालान्संपरिकंपयन्॥ फलानिपातयामासमतंगजइवौजसा॥२८॥फलानांपततांशब्दंनिशम्यासुररासभः॥ अभ्यधावत्क्षितितलंसनगं परिकंपयन्॥२९॥ समेत्यतरसाप्रत्यग्द्वाभ्यांपद्भ्यांबलंबली॥ निहत्योरसिकाशब्दंमुंचन्पर्यसरत्खलः ॥३०॥ पुनरासाद्यसंरब्धउपक्रोष्टापराक्स्थितः॥चरणावपरौराजन्बलायप्राक्षिपद्रुषा॥३१॥ सतंगृहीत्वाप्रपदोर्भ्रामयित्वैकपाणिना॥ चिक्षेपतृणराजाग्रेभ्रामणत्यक्तजीवितं॥३२॥तेनाहतोमहातालोवेपमानोमहाशिराः॥पार्श्वस्थंकंपयन्भग्नःसचान्यंसोपिचापरं॥३३॥बलस्यलीलयोत्सृष्टखरदेहहताहताः तालाश्चकंपिरेसर्वेमहावातेरिताइव॥३४॥नैतच्चित्रंभगवतिह्यनंतेजगदीश्वरे॥ ओतप्रोतमिदंयस्मिंस्तंतुष्वंगयथापटः॥३५॥ततःकृष्णंचरामंचज्ञातयोधेनुकस्यये॥ क्रोष्टारोऽभ्यद्रवन्सर्वेसंरब्धाहतबांधवाः॥३६॥ तांस्तानापततःकृष्णोरामश्चनृपलीलया॥ गृहीतपश्चाच्चरणान्प्राहिणोत्तृणराजसु ३७ फलप्रकरसंकीर्णंदैत्यदेहैर्गतासुभिः॥ रराजभूःसतालाग्रैर्घनैरिवनभस्तलं॥३८॥ तयोस्तत्सुमहत्कर्मनिशम्यविबुधादयः ॥ मुमुचुःपुष्पवर्षाणिचक्रुर्वाद्यानितुष्टुवुः॥३९॥ अथतालफलान्यादन्मनुष्यागतसाध्वसाः॥तृणंचपशवश्चेरुर्हतधेनुककानने ॥४०॥ कृष्णःकमलपत्राक्षःपुण्यश्रवणकीर्तनः॥स्तूयमानोनुगैर्गोपैःसाग्रजोव्रजमाव्रजत् ॥४१॥ तंगोरजश्छुरितकुंतलबद्धबर्हवन्यप्रसूनरुचिरेक्षणचारुहासं॥वेणुंक्वणंतमनुगैरनुगीतकीर्तिंगोप्योदिदृक्षितदृशोऽभ्यगमन्समेताः॥४२॥ पीत्वामुकुंदमुखसारघमक्षिभृंगैस्तापंजहुर्विरहजंव्रजयोषितोऽह्नि॥ तत्सत्कृ

જીવિતનો ત્યાગ કરાવીને, તાડના અગલા ભાગ ઉપર ફેંક્યો. ॥૩૨॥ તેથી તેના અથડાવાથી, કંપવા લાગેલો, ઉપરના મોટા ભાગ વાળો એ મોટો તાડ, પડખાના તાડોને કંપાવીને ભાગી પડ્યો; અને પડખા વાળા તાડોએ બીજા તાડોને, અને તેમણે વળી બીજા તાડોને પાડી નાંખ્યા. ॥૩૩॥ એમ લીલાથી બળરામે, એ ગધેડાના દેહને ફેંકવાથી મોટા વાયુએ હલાવવાની પેઠે, અથડા અથડી થઇને, સઘળાં ઝાડ કંપવા લાગી પડી ગયાં. ॥૩૪॥ હે રાજા, જેમ વસ્ત્ર, તંતુઓમાં ઓત પ્રોત થયેલ હોયછે, તેમ જગતના ઇશ્વર અનંત ભગવાનને વિષે આ જગત ઓત પ્રોત થયેલછે; માટે તેમની બાબતમાં એ કાંઇ આશ્ચર્ય નથી. ॥ ૩૫ ॥ પછી એ ધેનુકા-સુરના સગાઓ, બંધુ મૂવાથી ક્રોધે ભરાઇને, ભુંકાટ કરતા કરતા, રામ અને કૃષ્ણ ઉપર દોડ્યા. ॥૩૬॥ અને તેઓના પણ પાછલા પગ પકડી પકડીને, રામ તથા કૃષ્ણે લીલાથી, તાડનાં ઝાડોમાં તેમને પછાડ્યા. ॥૩૭॥ તેથી પડી ગયેલાં ફળો સહિત તાડની ડાળીઓથી, અને પ્રાણ રહિત થયેલા એ દૈત્યોનાં શરીરોથી; ભરાયલી તે પૃથ્વી; વાદળાં થકી આકાશ શોભવાની પેઠે, શોભિતી થઇ રહી.॥૩૮॥ તેવારે તેમના એ ઘણા મોટા કામને જોઇ, દેવતાઓ વિગેરેએ ફૂલનો વરસાદ કર્યો—વાજાં વગાડ્યાં—અને સ્તુતિ કરી. ॥૩૯॥ એ પછી તે ધેનુકાસુરના વનમાં, મનુષ્યો ભય રહિત થઇને તાડફળને ખાવા લાગ્યાં; અને પશુઓ ઘાસ ચરવા લાગ્યાં. ॥૪૦॥ પછી કમળના પાંદડા જેવી આંખ્યો વાળા, તથા પવિત્ર શ્રવણ અને કીર્તન વાળા, એ કૃષ્ણ ભગ-વાન મોટા ભાઇ સહિત, પોતાની સાથેના ગોવાળિઆઓ થકી સ્તુતિ કરાતા, વ્રજમાં પધાર્યા. ॥૪૧॥ ત્યારે ગોરજથી ભરાયલા માથાના વાળમાં ખોશેલાં મોરપિંછ અને વનનાં ફૂલવાળા, તથા સુંદર હસવા સાથે સારી રીતે જોતા—વાંસળી વગાડતા—અને સાથેના ગોવાળિઆઓથી, વખાણ કરાતા—ભગવાનને જોવાને; ઉત્કંઠાથી ભેળી થયેલી ગોપીઓ, સામી આવીઓ. ॥૪૨॥ અને તેમણે વિનય સહિત આંખ્યોના ખુણાઓથી જોઇ, લાજ સહિત હસવા વડે કરેલા; સત્કારનો સ્વીકાર કરીને, ભગવાન વ્રજમાં પધારતાં; ભગવાનના મુખ

રૂપી મધને, આંખ્યો રૂપી ભમરાઓથી પીતા થકે; એ વ્રજની ગોપીઓને, દિવસના વિરહથી ઉત્પન્ન થયેલો તાપ, શમી ગયો. ॥ ૪૩ ॥ અને તેમનાં માતા યશોદા તથા રોહિણી, પુત્રો ઉપરના પ્રેમને લીધે, તે બેઉને; જે જે વખત, જેવી તેમને ઇચ્છા થાય, તેવી સગવડો કરી દેતાં હતાં. ॥ ૪૪ ॥ ઘેર આવ્યા પછી નહાવાથી, અને મર્દન કરવા આદિક થકી, તેમનો રસ્તાનો થાક મટી જતો હતો, પછી સારાં વસ્ત્રો અને દિવ્ય માળાઓ પેહેરી ગંધ લગાડીને, માતાઓએ ઘણા લાડથી આણી આપેલું અન્ન, તેઓ જમતા હતા; અને તે પછી વ્રજને વિશે ઉત્તમ શય્યાઓ ઉપર જઇને; સુખથી પોઢતા હતા. ॥૪૫-૪૬॥ એ રીતે વૃંદાવનમાં ફરનારા એ કૃષ્ણ ભગવાન એક દહાડો રામ વિના એકલા મિત્રો થકી વિંટાઇને કાલિંદીને કિનારે ગયા હતા. ॥૪૭॥ ત્યાં ઉનાળાના તાપથી પીડાયલા ગોવાળિયા તથા ગાયોએ ઘણી તરસ લાગવાથી; ઝેર વડે ખરાબ થયેલા એ નદીના જળને પીધું. ॥૪૮॥ અને હે પરીક્ષિત દૈવની ઇચ્છાથી બુદ્ધિ નાશ પામેલાં તેઓ સર્વે, એ ઝેરવાળા પાણીનો સ્પર્શ કરતાંજ; પ્રાણ રહિત થઇને પાણીની નજીકમાં પડી ગયાં. ॥૪૯॥ ત્યારે તેઓને એ રીતે પડેલાં દેખીને, યોગેશ્વરોના સ્વામી કૃષ્ણ ભગવાને પોતાની અમૃત વરસાવનારી નજર વડેજ; પોતાનેજ રક્ષક માનનારાં, તેઓને સજીવન કર્યાં. ॥૫૦॥ પછી સારી પેઠે સ્મૃતિ આવેલાં તેઓ, જળની પાસેથી ઉઠી બેઠાં થઇને, એક બીજાના સામું જોવા લાગીને; ઘણોજ વિસ્મય પામ્યાં. ॥૫૧॥ અને હે રાજન, ઝેર પીઇને મરીજવા છતાં, ગોવિંદ ભગવાનની દયાવાળી નજરથીજ, પાછાં પોતે ઉઠીને ઉભાં થયેલાનું; તેમણે સર્વેએ માન્યું. ॥૫૨॥ ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો પંદરમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૫॥

અધ્યાય ૧૬ મો.—શ્રીશુક—પછી જમુના નદીને કાળા સાપથી ઝેરવાળી થયેલી જોઇને, શ્રીકૃષ્ણ

तिंसमधिगम्यविवेशगोष्ठंसव्रीडहासविनयंयदपांगमोक्षं ॥४३॥ तयोर्यशोदारोहिण्यौपुत्रयोःपुत्रवत्सले ॥ यथाकामंयथाकालंव्यधत्तांपरमाशिषः ॥४४ गताध्वानश्रमौतत्रमज्जनोन्मर्दनादिभिः॥नीवींवसित्वारुचिरांदिव्यस्रग्गंधमंडितौ ॥४५॥ जनन्युपहृतंप्राश्यस्वाद्वन्नमुपलालितौ॥संविश्यवरशय्यायांसुखंसुषुपतुर्व्रजे ॥४६॥ एवंसभगवान्कृष्णोवृंदावनचरःक्वचित् ॥ययौराममृतेराजन्कालिंदींसखिभिर्वृतः ॥४७॥ अथगावश्चगोपाश्चनिदाघातपपीडिताः ॥ दुष्टंजलंपपुस्तस्यास्तृषार्त्ताविषदूषितं ॥४८॥ विषांभस्तदुपस्पृश्यदैवोपहतचेतसःनिपेतुर्व्यसवःसर्वेसलिलांतेकुरूद्वह ॥४९॥ वीक्ष्यतान्वैतथाभूतान्कृष्णोयोगेश्वरेश्वरः॥ईक्षयामृतवर्षिण्यास्वनाथान्समजीवयत् ॥५०॥ तेसंप्रतीतस्मृतयःसमुत्थायजलांतिकात् ॥ आसन्सुविस्मिताःसर्वेवीक्षमाणाःपरस्परं ॥५१॥ अन्वमंसततद्राजन्गोविंदानुग्रहेक्षितं॥पीत्वाविषंपरेतस्यपुनरुत्थानमात्मनः ॥५२॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेपूर्वार्धेधेनुकवधोनामपंचदशोऽध्यायः ॥१५॥

श्रीशुक०विलोक्यदूषितांकृष्णांकृष्णःकृष्णाहिनाविभुः॥तस्याविशुद्धिमन्विच्छन्सर्पंतमुदवासयत् ॥१॥ राजा०कथमंतर्जलेऽगाधेन्यगृह्णाद्भगवानहिं ॥ सवैबहुयुगावासंयथाऽसीद्विप्रकथ्यतां ॥२॥ ब्रह्मन्भगवतस्तस्यभूम्नःस्वच्छंदवर्तिनः ॥ गोपालोदारचरितंकस्तृप्येतामृतंजुषन् ॥३॥ श्रीशुक०कालिंद्यांकालियस्यासीत्ह्रदःकश्चिद्विषाग्निना॥श्रप्यमाणपयायस्मिन्पतंत्युपरिगाःखगाः ॥४॥ विप्रुष्मताविषोदोर्मिमारुतेनाभिमर्शिताः॥म्रियंतेतीरगायस्यप्राणिनःस्थिरजंगमाः॥५॥ तंचंडवेगविषवीर्यमवेक्ष्यतेनदुष्टांनदींचखलसंयमनावतारः ॥ कृष्णःकदंबमधिरुह्यततोऽतितुंगमास्फोट्यगाढरशनोन्यपतद्विषोदे ॥६॥ सर्पन्ह्रदःपुरुषसारनिपातवेगसंक्षोभितोरगविषोच्छ्वसितांबुराशिः॥पर्यक्प्लुतोविषकषायविभीषणोर्मिर्धावन्धनुःशतमनंतबलस्यकिंतत् ॥७॥ तस्यन्ह्रदेविहरतोभुजदंडघूर्णवार्घोषमंगवरवारणविक्रमस्य॥आश्रुत्यतत्स्वसदनाभिभवंनिरीक्ष्यचक्षुःश्रवाःसमसरत्तदमृष्यमाणः॥८॥ तंप्रेक्षणीयसुकुमारघनावदातंश्रीवत्सपीतवसनंस्मितसुंदरास्यं॥ क्रीडंतमप्रतिभयंकमलोदरांघ्रिंसंदश्यमर्मसुरुषाभुजयाचछाद ॥९॥ तन्नागभोगपरिवीतमदृष्टचेष्टमालोक्यतत्प्रियसखाःपशुपाभृशार्त्ताः॥कृष्णेर्पितात्मसु

ભગવાને તેને શુદ્ધ કરવાની ઇચ્છાથી, તે સાપને બહાર કાઢી મુક્યો. ॥૧॥ પરીક્ષિત—હે વિપ્ર, ભગવાને એ અગાધ જળની અંદર રહેલા સાપને, કેવી રીતે વશ કર્યો; અને તે ઘણા કાળથી ત્યાં શા કારણથી રહેતો હતો; તે કહો. ॥૨॥ એ મહાત્મા—સ્વઇચ્છા પ્રમાણે વર્તનારા—અને ગોવાળ—ભગવાનના ઉદાર ચરિત્રો રૂપી અમૃત પીતાં કોણ તૃપ્ત થાય. ॥૩॥ શ્રીશુક—જમુનાં નદીમાં કોઇ એક અગ્નિ સરખા ઝેરથકી ઉકળતો એક કાલીનાગનો ધરો હતો. જેમાં ઉપર થઇને જનારાં પક્ષીઓ પણ પડી જતાં હતાં. ॥૪॥ અને તે ઝેરી પાણીની લહેરોના કણ પવનથી ઉડીને, તેને કાંઠે જનારાં સ્થાવર જંગમ પ્રાણીઓ મરી જતાં હતાં. ॥૫॥ તેથી એ રીતના ઘણા વેગવાળા તેના ઝેરના બળને, અને તેથી ખરાબ થયેલી નદીને, જોઇને; ખળ લોકોને વશ કરવાને અવતરેલા કૃષ્ણ ભગવાન, મજબુત ભેટ બાંધીને, કદંબના ઝાડ ઉપર ચઢયા; અને ત્યાંથી ખભા ઠોકીને, જોરથી એ ઝેરવાળા પાણીની અંદર કુદી પડયા. ॥૬॥ ત્યારે એ મજબૂત પુરૂષના પડવાના વેગથી હાલી ગયેલાં, એ સાપના ધરાનાં; સાપની પેઠે ફુંફાડા મારતાં ઝેરી પાણી, ચારે તરફ ફેલાઇ જઇને, તેનાં ઝેરના દોષ વાળાં મોજાં; સોસો ધનુષ્ય જેટલાં આગળ, દોડી ગયાં. ભગવાનના અનંત બળનો વિચાર કરતાં, તેમાં કાંઇ વિશેષ થયેલું કહેવાય નહી. ॥૭॥ હે અંગ, તે પછી પોતાના ધરાને વિશે, તેમણે મોટા હાથી જેવા પરાક્રમથી રમતાં ભુજદંડવડે હલાવેલા પાણીનો શબ્દ, કાનવડે સાંભળીને; અને પોતાના ઘરનો પરાભવ થતો; આંખ્યોવડે દેખીને; તે ન સહન કરીશકતો નાગ;તેમની પાસે દોડી આવ્યો.॥૮॥અને એ જોવાજેવા—સુકુમાર—મેઘનાજેવા—શ્રીવત્સવાળા—અને પીળાં વસ્ત્ર ધરનારા—સુંદર રાતા મુખવાળા—અને ભય રહિત રમત કરતા—તથા કમળસરખા ચરણ અને પેટવાળા—ભગવાનને તેણે રોષ સહિત મર્મસ્થળોમાં કરડીને; પોતાના શરીરની ચુડ ભરાવી. ॥૯॥ ત્યારે તેમને એ નાગના શરીરથી વિંટાયલા અને ચેષ્ટા રહિત દેખીને; કૃષ્ણ ભગવાન વિશેજ અર્પણ કરેલાં, મન—સુહૃદ—સ્ત્રી આદિક—અને કામનાઓવાળા તે ગોવાળિઆઓ; ઘણા દુઃખી થઇને, એ દુખ—શોક—અને ભયથકી મૂઢ બુદ્ધિ થઇને પડી

ઓ. ॥૧૦॥ તેમજ ગાયો-સાંઢ-અને વાછરડાં પણ ઘણાંજ દુખી થઇને બીન્હેલાંની પેઠે, આંસુ પાડતાં; કૃષ્ણ ઉપર નજર રાખીને, ઊભાં ઊભાં રોવા લાગ્યાં. ॥૧૧॥ ને કાળે વ્રજને વિશે પૃથ્વીના-આકાશના અને શરીરના એમ ત્રણે પ્રકારના અતિ દારૂણ તથા ભયને સુચવનારા મોટા ઉત્પાતો થવા લાગ્યા. ॥૧૨॥ એ ઉત્પાતો થતા દેખીને ભયથી ઉદ્વેગ પામેલા નંદ આદિક ગોપ લોકોએ, રામ વિના એકલા કૃષ્ણ ગાયો ચરાવવાને ગયેલાનું જાણ્યું. ॥૧૩॥ અને એ નઠારાં નિમિત્તોવડે દુખ-શોક-અને ભયથી આતુર બનેલા; તથા તેમનામાંજ મન અને ઇંદ્રિયોને રાખનારા; તથા એમના મતને નહીં જાણનારા તેગણે, તેમનું મરણ થયેલાનું માન્યું. ॥૧૪॥ પછી પશુઓની આજીવિકાવાળાં તેઓ સર્વે બાળક-વૃદ્ધ-અને સ્ત્રીઓ; દીન થઇને કૃષ્ણ ભગવાનના દર્શનની લાલસાથી, ગોકુળમાંથી નીકળ્યાં. ॥૧૫॥ ત્યારે તેમને આ રીતે દીન થયેલાં જોઇને પોતાના નાનેરા ભાઇ માધવ ભગવાનના પ્રભાવને જાણનારા, બળરામ જરા એક હસ્યા; પણ કાંઇ બોલ્યા નહીં. ॥૧૬॥ પછી તે સઘળાંઓ, પ્યારા કૃષ્ણ ભગવાનનાં પગલાંને સુચવનાર ચિન્હોવાળાં પગલાંને જોતા જોતા; જમુનાજીને કાંઠે ગયાં. ॥૧૭॥ એટલે માર્ગમાં ઠેકાણે ઠેકાણે ગાયોનાં અને બીજાઓનાં પગલાંની વચ્ચે વચ્ચે; કમળ -યવ-અંકુશ-વજ્ર-અને ધજાનાં ચિન્હોવાળાં ભગવાનના પગલાંને જોતાં જોતાં; તેઓ, ઉતાવળથી ત્યાં જઇ પહોંચ્યાં. ॥૧૮॥ અને ધરાની અંદર, સાપના શરીરથી વિંટાએલા કૃષ્ણને દેખીને; તથા જળાશયની નજીકમાં આજુબાજુ મૂઢ બુદ્ધિથી ગોવાળિઆઓને ક્રિયા રહિત થઇને ઉભેલા, તથા પશુઓને રોતાં જોઇને; તેઓ પીડા પામીને ઘણુંજ ગભરાઇ ગયાં ॥૧૯॥ તથા ભગવાનમાંજ લાગેલા મનવાળી-ભગવાનના સ્નેહ, હસવું, જોવું, અને વચનોને સંભારતી; અને પોતાના અતિ પ્રિય ભગવાન, સાપથી પકડાવાથી

हृदर्थकलत्रकामादुःखानुशोकभयमूढधियोनिपेतुः॥१०॥ गावोवृषावत्सतर्यःक्रंदमानाःसुदुःखिताः॥कृष्णेन्यस्तेक्षणाभीतारुदंत्यइवतस्थिरे ॥११॥ अथव्रजेमहोत्पातास्त्रिविधाह्यतिदारुणाः॥ उत्पेतुर्भुविदिव्यात्मन्यासन्नभयशंसिनः॥१२॥ तानालक्ष्यभयोद्विग्नागोपानंदपुरोगमाः॥विनारामेणगाःकृष्णंज्ञात्वाचारयितुंगतं ॥१३॥ तैर्दुर्निमित्तैर्निधनंमत्वाप्राप्तमतद्विदः॥ तत्प्राणास्तन्मनस्कास्तेदुःखशोकभयातुराः ॥ ॥१४॥ आबालवृद्धवनिताःसर्वेऽंगपशुवृत्तयःनिर्जग्मुर्गोकुलाद्दीनाःकृष्णदर्शनलालसाः॥१५॥ तांस्तथाकातरान्वीक्ष्यभगवान्माधवोबलः॥ प्रहस्यकिंचिन्नोवाचप्रभावज्ञोऽनुजस्यसः ॥१६॥ तेऽन्वेषमाणादयितंकृष्णंसूचितयापदैः॥भगवल्लक्षणैर्जग्मुःपदव्यायमुनातटं ॥१७॥ तेततत्राब्जयवांकुशाशनिध्वजोपपन्नानिपदानिविश्पतेः॥मार्गेगवामन्यपदांतरांतरेनिरीक्षमाणाययुरंगसत्वराः ॥१८॥ अंतर्ह्रदेभुजगभोगपरीतमारात्कृष्णंनिरीहमुपलभ्यजलाशयांते॥ गोपांश्चमूढधिषणान्परितःपशूंश्चसंक्रंदतःपरमकश्मलमापुरार्ताः॥१९॥ गोप्योऽनुरक्तमनसोभगवत्यनंतेतत्सौहृदस्मितविलोकगिरःस्मरंत्यः॥ ग्रस्तेऽहिनाप्रियतमेभृशदुःखतप्ताःशून्यंप्रियव्यतिहृतंददृशुस्त्रिलोकं ॥२०॥ ताःकृष्णमातरमपत्यमनुप्रविष्टांतुल्यव्यथाःसमनुगृह्यशुचःस्रवंत्यः॥ तास्ताःप्रियव्रजकथाःकथयंत्यआसन्कृष्णाननेऽर्पितदृशोमृतकप्रतीकाः॥२१॥ कृष्णप्राणान्निर्विशतोनंदादीन्वीक्ष्यतंह्रदं ॥ प्रत्यषेधत्सभगवान्रामःकृष्णानुभाववित् ॥२२॥ इत्थंस्वगोकुलमनन्यगतिंनिरीक्ष्यसस्त्रीकुमारमतिदुःखितमात्महेतोः॥ आज्ञायमर्त्यपदवीमनुवर्तमानःस्थित्वामुहूर्तमुदतिष्ठदुरंगबंधात् ॥२३॥ तत्प्रथ्यमानवपुषाव्यथितात्मभोगस्त्यक्त्वोन्नमय्यकुपितःस्वफणान्भुजंगः॥ तस्थौश्वसन्श्वसनरंध्रविषांबरीषस्तब्धेक्षणोल्मुकमुखोहरिमीक्षमाणः॥२४॥ तंजिह्वयाद्विशिखयापरिलेलिहानंद्वेसृक्किणीह्यतिकरालविषाग्निदृष्टिं ॥ क्रीडन्नमुंपरिससारयथाखगेंद्रोबभ्रामसोऽप्यवसरंप्रसमीक्षमाणः॥२५॥ एवंपरिभ्रमहतौजसमुन्नतांसमानम्यतत्पृथुशिरःस्वधिरूढआद्यः ॥ तन्मूर्धरत्ननिकरस्पर्शातिताम्रपादांबुजोऽखिलकलादिगुरुर्ननर्त्त॥२६॥ तंनर्तुमुद्यतमवेक्ष्यतदातदीयगंधर्वसिद्धसुरचारणदेववध्वः ॥ प्रीत्यामृदंगपणवानकवाद्यगीतपुष्पोपहारनुतिभिःसहसोपसेदुः ॥२७॥ यद्यच्छिरोननमतेऽगश

ઘણા દુખથી તપી ગયેલી ગોપીઓ તો ભગવાન વિનાના ત્રણે લોકને શૂન્ય જેવા દેખવા લાગીઓ. ॥૨૦॥ ત્યારે કૃષ્ણમાતા યશોદા, પોતાના પુત્રની પાછળ પાણીની અંદર પેસવા માંડતાં; તેમના સરખીજ દુખવાળી અને મરી ગયેલ સરખી થયેલી ગોપીઓ; યશોદાને પકડી રાખતી,-આંસુ પાડતી, અને પ્રિય ભગવાનની તે તે કથાઓ તેમને સંભળાવતી; કૃષ્ણ ભગવાનની તરફજ નજર રાખીને ઉભી રહીઓ. ॥ ૨૧ ॥ તેમજ કૃષ્ણ ભગવાન વિશે પ્રાણવાળા- નંદજી આદિકને એ ધરામાં પેસતા જોઇને; કૃષ્ણના પ્રભાવને જાણનારા બળરામે, તેમને પણ વાર્યા. ॥૨૨॥ એ રીતે પોતાના કારણથી ઘણા દુખી થતા; અનન્ય ગતિવાળી સ્ત્રીઓ અને બાળકો સુદ્ધાં, પોતાના ગોકુળને દેખી; એ મનુષ્યની રીતિને અનુસરનારા ભગવાન, એક મુહૂર્ત એ સ્થિતિમાં રહ્યા પછી; સાપના બંધનથકી; પોતે બહાર નીકળ્યા. ॥૨૩॥ એટલે ભગવાનનું શરીર વધવા લાગવાથી દુખ પામેલા સાપે, પોતાના શરીરની ચુડ છોડી નાંખી; અને ક્રોધથી પોતાની ફેણો ઉંચી કરીને; તે, પોતાની ઝેરવાળી નાસિકા-ઉંબાડિયા સરખાં મોઢાં-અને સ્તબ્ધ આંખ્યો વાળો સાપ, હરિભગવાનના સામું જોઇને; ફુંફાડા મારવા લાગ્યો. ॥૨૪॥ તથા પ્રત્યેક મોઢામાંની બબ્બે અણીવાળી જીભોથી, ગલોફાં ચાટતો, અને અત્યંત ભયંકર ઝેરી અગ્નિથી ભરેલી નજરવાળો, એ નાગ; ગરૂડની માફક ફરીને ભગવાન રમત કરવા લાગવાથી; પોતાને અવસર મળવાની વાટ જોતો, તેમની આજુબાજુ ફરવા લાગ્યો. ॥૨૫॥ એ રીતે ફરવાથીજ બળ કમી થઇ ગયેલા, એ નાગનાં ઘણાં અને ઉંચાં થયેલાં માથાંને નમાવીને; તે માથાં ઉપર પ્રથમજ પોતે ચઢી જઇને, તેના માથા ઉપરનાં રત્નોના જથાને; પોતાના અતિલાલ ચરણનો સ્પર્શ કરી, તે ઉપર સઘળી કળાઓના આદિ ગુરુ એ ભગવાન; નાચ કરવા લાગ્યા. ॥૨૬॥ એમ ભગવાનને નાચ કરતા જ્યારે ગંધર્વ-સિદ્ધ-દેવતાઓ-ચારણ-અને અપ્સરાઓએ જોયા; ત્યારે પ્રીતિથી તુરતજ તેઓ સર્વે ત્યાં આવ્યાં, અને મૃદંગ-પણવ-આનક-અને વાજાં વિગેરે વગાડીને, તથા ગીત અને સ્તુતિનાં વચનો બોલતા લાગીને, તથા ફૂલ

અને નૈવેદ્ય વિગેરે અર્પણ કરીને; ભગવાનની સેવા કરવા લાગ્યાં. ॥૨૭॥ હે અંગ, જ્યારે એ ખળ પુરૂષોને શિક્ષા કરનારા ભગવાન, પોતાના પગ મારી મારીને; એ સેંકડો માથાં વાળા નાગનાં, નહીં નમતાં માથાઓનું મર્દન કરવા લાગ્યા; ત્યારે આયુષ્ય ક્ષીણ થયેલા એ નાગને, ઘણું દુખ થઈને ફેર આવી ગયા; તથા તે પોતાનાં ભયંકર મોઢાંઓમાંથી, અને નાકમાંથી લોહી ઓકવા લાગ્યો. ॥૨૮॥ એમ ક્રોધને લીધે ફુફાડા મારતા, અને આંખોમાંથી ઝેર વરસાવતા, નાગનાં નહીં નમતાં માથાઓને; એ ફુલોથી વધાવાતા પુરાણ પુરૂષ ભગવાને; નાચ કરતાં, પગ વડે નમાવી નમાવીને; તેને નરમ રેશમ જેવો કરી નાંખ્યો. ॥૨૯॥ હે રાજન, ત્યારે એ વિચિત્ર પ્રકારના તાંડવ નાચથી, છત્ર સરખી ફેણો ભાંગી પડેલો નાગ; મન વડે, એ સ્થાવર જંગમના ગુરૂ અને પુરાણ પુરૂષ નારાયણ ભગવાનનેજ શરણ ગયો. ॥૩૦॥ અને પોતામાં રહેલા આખા જગતના અત્યંત ભાર વાળા કૃષ્ણભગવાનની, પેનીઓના મારથી ફેણો રૂપી છત્રો ભાગી પડેલા;

એ નાગને દેખવાથી દુખી થયેલી, અને પોતાનાં વસ્ત્ર-ઘરેણાં અને માથાના વાળ સઘર વઘર થઈ ગયેલી; તેની સ્ત્રીઓ (નાગણો) પણ, એ આદિ પુરૂષ ભગવાનનેજ શરણ થઈઓ. ॥૩૧॥ તે સાધવી સ્ત્રીઓ, ઘણાજ ઉદ્વેગ પામેલા મનથી, પોતાનાં બાળકો આગળ ધરીને; એ દુખથી, ભરતારનો છુટકો થવાની ઇચ્છાથી; શરણે આવનારને આશ્રય આપનાર, એ પ્રાણી માત્રના સ્વામી ભગવાનની સામે, હાથ જોડીને; પોતાનાં શરીર પૃથ્વી ઉપર પાડીને, પગે લાગીઓ. ॥૩૨॥ અને બોલી કે. —નાગ પત્નિઓ—પોતાના પુત્રને વિશે અને વૈરીને વિશે પણ એક સરખી રીતે જોનાર, આપનો આ અવતાર ખળ પુરૂષોનો નિગ્રહ કરવા માટે હોવાથી; અપરાધ કરનાર આ નાગને; તેના કર્મના ફળ તરિકે આપે શિક્ષા કરીને જે દંડ આપ્યો છે; તે ન્યાય પ્રમાણે, અને વખાણ થવાને યોગ્યજ છે. ॥૩૩॥ એટલે ક્રોધી અને સાપનો અવતાર પામેલા દુષ્ટ લોકોને પણ; તેમનાં પાપનો ખચીત નાશ કરનાર આપના થકી મળેલો દંડ; વખાણવા યોગ્ય, અનુગ્રહ રૂપ

तैकशीर्ष्णस्तत्तन्ममर्दखलदंडधरोंऽघ्रिपातैः॥क्षीणायुषोभ्रमतउल्बणमास्यतोऽसृङ्नस्तोवमन्परमकश्मलमापनागः ॥२८॥ तस्याक्षिभिर्गरलमुद्वमतःशिरस्सुयद्यत्समुन्नमतिनिःश्वसतोरुषोच्चैः ॥ नृत्यत्पदाऽनुनमयन्दमयांबभूवपुष्पैःप्रपूजितइवेहपुमान्पुराणः॥२९॥ तच्चित्रतांडवविरुग्णफणातपत्रोरक्तंमुखैरुरुवमन्नृपभग्नगात्रः ॥ स्मृत्वाचराचरगुरुंपुरुषंपुराणंनारायणंतमरणंमनसाजगाम॥३०॥ कृष्णस्यगर्भजगतोऽतिभरावसन्नंपार्ष्णिप्रहारपरिरुग्णफणातपत्रं॥ दृष्ट्वाऽहिमाद्यमुपसेदुरमुष्यपत्न्यआर्ताःश्लथद्वसनभूषणकेशबंधाः॥३१॥ तास्तंसुविग्नमनसोऽथपुरस्कृतार्भाःकायंनिधायभुविभूतपतिंप्रणेमुः ॥ साध्व्यःकृतांजलिपुटाःशमलस्यभर्तुर्मोक्षेप्सवःशरणदंशरणंप्रपन्नाः ॥ ३२ ॥ नागपत्न्य ऊचुः ॥ न्याय्योहिदंडःकृतकिल्बिषेऽस्मिंस्तवावतारःखलनिग्रहाय॥रिपोःसुतानामपितुल्यदृष्टेर्धत्सेदमंफलमेवानुशंसन् ॥३३॥ अनुग्रहोऽयंभवताकृतोहिनोदंडोऽसतांतेखलुकल्मषापहः॥यद्दंदशूकत्वममुष्यदेहिनःक्रोधोऽपितेऽनुग्रहएवसंमतः॥३४ तपःसुतप्तंकिमनेनपूर्वंनिरस्तमानेनचमानदेन ॥ धर्मोथवासर्वजनानुकंपयायतोभवांस्तुष्यतिसर्वजीवः॥३५॥ कस्यानुभावोऽस्यनदेवविद्मस्तवांघ्रिरेणुस्पर्शाधिकारः ॥ यद्वांछयाश्रीर्ललनाचरत्तपोविहायकामान्सुचिरंधृतव्रता ॥३६॥ ननाकपृष्ठंनचसार्वभौमंनपारमेष्ठ्यंनरसाधिपत्यं ॥ नयोगसिद्धीरपुनर्भवंवावांछंतियत्पादरजःप्रपन्नाः ॥३७॥ तदेषनाथापदुरापमन्यैस्तमोजनिःक्रोधवशोऽप्यहीशः॥संसारचक्रेभ्रमतःशरीरिणोयदिच्छतःस्याद्विभवःसमक्षः॥३८॥ नमस्तुभ्यंभगवतेपुरुषायमहात्मने ॥ भूतावासायभूतायपरायपरमात्मने ॥३९॥ ज्ञानविज्ञाननिधयेब्रह्मणेऽनंतशक्तये ॥ अगुणायाविकारायनमस्तेप्राकृतायच॥४०॥ कालायकालनाभायकालावयवसाक्षिणे॥विश्वायतदुपद्रष्ट्रेतत्कर्त्रेविश्वहेतवे॥४१॥ भूतमात्रेंद्रियप्राणमनोबुद्ध्याशयात्मने॥ त्रिगुणेनाभिमानेनगूढस्वात्मानुभूतये॥४२॥ नमोऽनंतायसूक्ष्मायकूटस्थायविपश्चिते॥नानावादानुरोधायवाच्यवाचकशक्तये॥४३॥ नमःप्रमाणमूलायकवयेशास्त्रयोनये ॥ प्रवृत्तायनिवृत्तायनिगमायनमोनमः॥४४॥ नमः[illegible]ष्णायरामायवसुदेवसु

હોવાથી; આપે આ રીતે અમારા ઉપર અનુગ્રહજ કરેલો છે. ॥૩૪॥ પૂર્વે આ નાગે બીજાઓને માન આપીને, અને પોતે માનનો ત્યાગ કરીને, ધર્મનું આચરણ કરવાવડે; અથવા સર્વ પ્રાણી ઉપર દયાવાન થઈને, કિંવું તપ સારી રીતે કર્યું હશે; કે જેથી આપ સર્વાત્મા ભગવાન પ્રસન્ન થયા છો. ॥૩૫॥ હે ભગવાન, જેની ઇચ્છાથી, સઘળાં સુખોનો ત્યાગ કરીને, અને વ્રત ધારણ કરીને, ઘણા કાળ સુધી લક્ષ્મીજીએ પણ, તપ કરેલું છે; એવી આપના ચરણની રજનો સ્પર્શ મળવાનો અધિકાર, આ નાગને શાના પ્રભાવથકી મળ્યો છે; તે અમે જાણતાં નથી. ॥૩૬॥ કેમકે આપના ચરણની રજને જેઓ પ્રાપ્ત થાય છે, તેમને સ્વર્ગના રાજ્યની—ચક્રવર્તિની પદવીની—બ્રહ્માના પદની—પાતાળના રાજ્યની—યોગવડે મળવાની સિદ્ધિઓની—અને જન્મ મરણ અટવા રૂપ મોક્ષની—પણ, ઇચ્છા નથી રહેતી. ॥૩૭॥ હે નાથ, હે ઇશ્વર, આ રીતે બીજાઓને પ્રાપ્ત ન થાય એવી, તથા સંસાર ચક્રમાં ભમતા દેહ ધારીઓને જેની ઇચ્છા કરવાથીજ; ફરીથી જન્મ મરણ ન થવા રૂપ મોક્ષને દેખાડનારી; આપની ચરણ રજને, આ તમોગુણી જન્મવાળો નાગ, ક્રોધવશ હોવા છતાં પણ,

પામી ચૂક્યો છે. ॥૩૮॥ એટલા માટે આપ સર્વ પ્રાણી વિગેરેને વિશે રહેલા—વિશ્વ રૂપ—પ્રકૃતિથી પર—પરમાત્મા—અને મહાત્મા, પુરૂષ ભગવાનને અમે નમીએ છીએ. ॥૩૯॥ જ્ઞાન અને વિજ્ઞાનના નિધિરૂપ—અનંત શક્તિઓવાળા—પરબ્રહ્મ—નિર્ગુણ—નિર્વિકાર—અને પ્રાકૃત અથવા સગુણ સ્વરૂપ,—કૃષ્ણ રૂપે થયેલા—આપ ભગવાનને અમે નમીએ છીએ ॥૪૦॥ કાળ સ્વરૂપ—વિશ્વ સ્વરૂપ—વિશ્વને સજીવન કરનારા—વિશ્વને ઉપજા કરનારા—વિશ્વના કારણરૂપ—પાંચ મહાભૂત, તન્માત્રાઓ, ઇંદ્રિઓ, પ્રાણ, મન, બુદ્ધિ, અને અંતઃકરણો એ સઘળાં રૂપે થનારા—અને ત્રણ ગુણોના અભિમાન વાળાઓને આત્મ સ્વરૂપનો અનુભવ થવાથકી, છાના રહેનારા—અનંત—સૂક્ષ્મ—કુટસ્થ—સર્વને જાણનારા—જેના વિશે નાના પ્રકારના વાદવિવાદ થયા કરે છે એવા—તથા વાચક અને વાચ્ય, એટલે કહેનાર શબ્દો અને કહેવાના પ્રાણી આદિક રૂપે થનારી શક્તિ રૂપ—એવા; આપ ભગવાનને અમે નમીએ છીએ. ॥૪૧-૪૨-૪૩॥ સર્વ પ્રમાણોના મૂળરૂપ—સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા—અને પ્રવૃત્તિ માર્ગનાં તથા નિવૃત્તિ માર્ગનાં શાસ્ત્રો, અને વેદ; જેનાથકી થયેલ છે, એવા; આપ ભગવાનને અમારા વારંવાર નમ-

કાર છે. ॥૪૪॥ કૃષ્ણ અને રામ એવા વસુદેવના પુત્રોને, અમે નમીએ છીએ; પ્રદ્યુમ્ન–અનિરુદ્ધ–અને સાત્વત પતિ આપને અમારા નમસ્કાર છે. ॥૪૫॥ ગુણો (એટલે ચાર પ્રકારનાં અંતઃકરણ) ને પ્રકાશ કરનારા–ગુણોવડે આત્મ સ્વરૂપને ઢાંકી નાંખનારા–ગુણોની વૃત્તિઓથકી જાણવામાં આવનારા–ગુણોના દ્રષ્ટા–પોતેજ પોતાને જાણનારા–જેનાં કૃત્યોને કોઈ જાણતું નથી એવા–સર્વ વિકારોવાળું જગત જેનાથી સિદ્ધ થયું છે એવા–ઈંદ્રિયાદિકને વશ રાખનારા–મુનિ–અને મૌનના શીળવાળા–આપને અમારા નમસ્કાર છે. ॥૪૬–૪૭॥ પર અને અવરની ગતિને જાણનારા–સર્વના અધ્યક્ષ–વિશ્વ થકી અલગ–વિશ્વ રૂપ–વિશ્વના દ્રષ્ટા–અને વિશ્વના કારણ–એવા; આપને અમે નમીએ છીએ. ॥૪૮॥ હે પ્રભુ, આપ ક્રિયા રહિત છતાં, કાળ શક્તિને ધારણ કરીને તે વડે, આ વિશ્વની ઉત્પત્તિ–સ્થિતિ–અને પ્રલય કરો છો. અને આપ અમોઘ લીલાવડે માત્ર નજર કરવાથીજ; તે તે ગુણોને અને સ્વભાવોને જાગ્રત કરો છો. ॥૪૯॥ આ ત્રિલોકીની અંદરનાં શાંત (એટલે દેવ અને ઋષિઆદિક સાત્વિક) અશાંત (એટલે દૈત્ય દાનવ અને મનુષ્ય આદિક રાજસ) અને મૂઢ યોનીવાળા (એટલે પશુ પક્ષી નાના જીવો અને વનસ્પતિ આદિક તામસ) એ સઘળાં શરીરો આપનાંજ શરીર છે; પરંતુ સત્પુરૂષોનું રક્ષણ કરવાને, અને ધર્મનું સ્થાપન કરવાને ઇચ્છનારા, આપ ભગવાનને; હમણાં શાંત એટલે સત્વગુણી શરીરોજ પ્રિય છે. ॥૫૦॥ હે ભગવાન, આ નાગના પ્રાણ જવાની હવે તૈયારી છે, માટે સાધુ પુરૂષોએ શોક કરવા લાયક, અમો સ્ત્રીઓની ઉપર અનુગ્રહ કરીને; આપ અમારા પતિના પ્રાણનું, અમને દાન આપો. ॥૫૧॥ પોતાની પ્રજાએ કરેલા સઘળા અપરાધોને, તેમનું પાલન કરનારા પિતા અને રાજા; એમણે સહન કરવાજ ઘટે છે. માટે આ મૂઢે અજાણતાં કરેલા આપના અપરાધ બદલ; શાંત એવા આપ, ક્ષમા કરવાનેજ યોગ્ય છો. ॥૫૨॥ અમો દાસીઓએ આપની આજ્ઞા માનીને, શું કરવું તે આપ ફરમાવો; કે જે આજ્ઞા પ્રમાણે શ્રદ્ધા સહિત આચરણ કરવા થકી, પ્રાણીઓ સર્વ પ્રકારના ભય થકી મૂકાઈ જાય છે.

तायच॥प्रद्युम्नायानिरुद्धायसात्वतांपतयेनमः॥४५॥ नमोगुणप्रदीपायगुणात्मच्छादनाय च॥ गुणवृत्त्युपलक्ष्यायगुणद्रष्ट्रेस्वसंविदे॥४६॥ अव्याकृतविहारायसर्वव्याकृतसिद्धये॥ हृषीकेशनमस्तेस्तुमुनयेमौनशीलिने॥४७॥ परावरगतिज्ञायसर्वाध्यक्षायतेनमः॥ अविश्वाय विश्वायतद्द्रष्ट्रेऽस्यचहेतवे॥४८॥ त्वंह्यस्यजन्मस्थितिसंयमान्प्रभोगुणैरनीहोऽकृतकालशक्तिधृक्॥ तत्तत्स्वभावान्प्रतिबोधयन्सतःसमीक्षयाऽमोघविहारईहसे॥४९॥ तस्यैवतेऽमूस्तनवस्त्रिलोक्यांशांताअशांताउतमूढयोनयः॥शांताःप्रियास्तेह्यधुनाऽवितुंसतांस्थातुश्चतेधर्मपरीप्सयेहतः॥५०॥ अनुगृह्णीष्वभगवन्प्राणांस्त्यजतिपन्नगः॥स्त्रीणांनःसाधुशोच्यानांपतिःप्राणःप्रदीयतां॥५१॥ अपराधःसकृद्भर्त्रासोढव्यःस्वप्रजाकृतः॥ क्षंतुमर्हसिशांतात्मन्मूढस्यत्वामजानतः॥५२॥ विधेहितेकिंकरीणामनुष्ठेयंतवाज्ञया॥ यच्छ्रद्धयाऽनुतिष्ठन्वैमुच्यतेसर्वतोभयात्॥५३॥ श्रीशुक० इत्थंसनागपत्नीभिर्भगवान्समभिष्टुतः॥ मूर्छितंभग्नशिरसंविससर्जांघ्रिकुट्टनैः॥५४॥ प्रतिलब्धेंद्रियप्राणःकालियःशनकैर्हरिं॥ कृच्छ्रात्समुच्छ्वसन्दीनःकृष्णंप्राह कृतांजलिः॥५५॥वयंखलाःसहोत्पत्त्यातामसादीर्घमन्यवः॥ स्वभावोदुस्त्यजोनाथलोकानांयदसद्ग्रहः॥५६॥ त्वयासृष्टमिदंविश्वंधातर्गुणविसर्जनं॥नानास्वभाववीर्यौजोयोनिबीजाशयाकृति॥५७॥ वयंचतत्र भगवन्सर्पाजात्युरुमन्यवः॥कथंत्यजामस्त्वन्मायांदुस्त्यजांमोहिताःस्वयं॥५८॥ भवान्हिकारणंतत्रसर्वज्ञोजगदीश्वरः॥अनुग्रहंनिग्रहंवामन्यसेतद्विधेहिनः॥५९॥ श्रीशुक०इत्याकर्ण्यवचःप्राहभगवान्कार्यमानुषः॥ नात्रस्थेयंत्वयासर्पसमुद्रंयाहिमाचिरं॥६०॥स्वज्ञात्यपत्यदाराढ्योगोनृभिर्भुज्यतांनदी॥ यएतत्संस्मरेन्मर्त्यस्तुभ्यंमदनुशासनं॥६१॥ कीर्तयन्नुभयोःसंध्योर्नयुष्मद्भयमाप्नुयात्॥योऽस्मिन्स्नात्वामदाक्रीडेदेवादींस्तर्पयेज्जलैः॥उपोष्यमांस्मरन्नर्चेत्सर्वपापैःप्रमुच्यते॥६२॥ द्वीपंरमणकंहित्वाह्रदमेतमुपाश्रितः॥ यद्भयात्ससुपर्णस्त्वांनाद्यान्मत्पादलांछितं॥६३॥ ऋषि० एवमुक्तोभगवताकृष्णेनाद्भुतकर्मणा॥ तंपूजयामाससमुदानागपत्न्यश्चसादरं॥६४॥ दिव्यांबरस्रङ्मणिभिःपरार्ध्यैरपिभूषणैःदिव्यगंधानुले

॥૫૩॥–શ્રીશુક–એ રીતે નાગ પત્નિઓએ સારી પેઠે સ્તુતિ કરેલા ભગવાને, જેમના મારથી માથાં ભાગી જઈને, મૂરછાં પામેલા એ નાગને છોડી દીધો. ॥૫૪॥ પછી ફરીવાર પ્રાણ અને ઈંદ્રિયોને પામેલો, તે નાગ; રાંક થઈને દુઃખથી શ્વાસ લેતો, કૃષ્ણ ભગવાન સામે હાથ જોડીને, ધીમેધીમે કહેવા લાગ્યો કે ॥૫૫॥ "હે નાથ ઉત્પત્તિ વડેજ અમે તમોગુણી અને ઘણા ક્રોધી તથા ખળ છૈએ; એ ન તજાય એવા સ્વભાવને લિધે લોકને ખોટો આગ્રહ બંધાય છે. ॥૫૬॥ વિધાતાના સ્વરૂપથી, આપેજ આ વિશ્વને, નાના પ્રકારના ગુણોવાળું, તથા અનેક સ્વભાવ–શક્તિ–બળ–યોનિ–બીજ– આશય–અને આકૃતિઓવાળું સરજેલું છે. ॥ ૫૭ ॥ તેમાં હે ભગવાન, જાતિથીજ અમે ઘણા ક્રોધવાળા સાપો, આપની ન તજાય એવી માયાથી; મોહ પામેલા હોઈને, તેને કયે પ્રકારે તજી શકીએ. ? ॥૫૮॥ હે સર્વના મનની વાતને જાણનારા, અને જગતને નિયમમાં રાખનારા ભગવાન, આમ થવામાં કારણનો આપ પોતેજ છો; માટે આપને જેમ યોગ્ય લાગે, તેમ અમારા ઉપર અનુગ્રહ અથવા નિગ્રહ કરવાની આપજ, યોજના કરો." ॥૫૯॥ કાર્ય કરવાને માટે મનુષ્ય થયેલા ભગવાને, તેનું એ વચન સાંભળીને તેને કહ્યું કે. "હે નાગ, તારે અહીંયાં રહેવું નહીં; તું તારાં સગાં–સંતાન અને સ્ત્રીઓ સહિત ઉતાવળોજ સમુદ્રમાં જા. આ નદીનો ઉપભોગ હવે ગાયો, અને મનુષ્યો લેશે. તને મારાથી અપાયલી આ શિક્ષાનું જે મનુષ્ય સ્મરણ કરશે, અને સવાર સાંજ બંને સંધ્યાઓમાં, કીર્તન કરશે; તેને તમો સાપો થકી ભય થશે નહીં. ॥૬૦–૬૧½॥ તેમજ હું રમેલા આ ધરામાં નાહીને, જે કોઈ દેવ આદિકનું જળ વડે તર્પણ કરશે; અને અપવાસ કરીને મારૂં સ્મરણ તથા પૂજન કરશે; તે સર્વ પાપ થકી મૂકાઈ જશે. ॥૬૨½॥ અને તેં જેના ભયથી રમકણ દ્વીપને તજીને આ ધરાનો આશ્રય કર્યો હતો; તે ગરૂડ, મારા પગની છાપવાળા થયેલા તને હવે ખાશે નહીં ॥૬૩॥ એ પ્રમાણે અદ્ભૂત કર્મો કરનારા કૃષ્ણ ભગવાને, કહેવાથી તે નાગે તથા નાગ પત્નિઓએ આદર સહિત અને આનંદવડે ભગવાનનું પૂજન કર્યું. ॥૬૪॥ દિવ્ય વસ્ત્રો–માળાઓ–મણિ–અમુલ્ય ઘરેણાં–દિવ્ય સુગંધીનાં લેપો–અને મોટાંકમળની માળાઓ વડે; એ જગતના નાથ, અને ગરૂડના ચિન્હવાળી ધજા વાળા, ભગવાનનું પૂજન કરી તેમને પ્રસન્ન કરીને; તથા પરકંમા અને નમસ્કાર કરીને; તેમની રજા લઈ, એ

નામ રાજી થનો, ત્યાંથી પોતાનાં સમાં-સંતાન-અને સ્ત્રીઓને સાથે લેઈ; સમુદ્રના રમણક દ્વીપમાં ચાલ્યો ગયો. ત્યારથી, એ લીલાવડે મનુષ્ય થયેલા ભગવાનના અનુગ્રહથી, જમુના નદીવિષ-રહિત અને અમૃતસરખા જળવાળી થયેલીછે.॥૬૫-૬૬-૬૭॥ઇતિશ્રી ભા० દશમ સ્કં० કાલિયનિમર્દનનામ સોળમો અ० સંપૂર્ણ. ॥૧૬॥

અધ્યાય ૧૭ મો.-પરીક્ષિત-નાગ લોકોના સ્થાનક રમણક દ્વીપનો ત્યાગ એ કાલિય નાગે શામાટે કર્યો હતો, અથવા તેણે એકલાએજ ગરૂડનો શો અપરાધ કર્યો હતો તે આપ મને કહો. ॥ ૧ ॥ -શ્રીશુક-હે મોટા હાથવાળા રાજા, પ્રથમ સાપ અને નાગ લોકે, મહિના મહિનાના વારા કરીને, ગરૂડને ખાવાને માટે વનસ્પતિ આદિ પદાર્થોનું બળિદાન આપવાનું નક્કી કરયું હતું. ॥ ૨ ॥ તેથી એ સર્વ નાગ લોકો, પોતાનું રક્ષણ થવા સારૂં, વારા પ્રમાણે પોત પોતાના ભાગ, મહાત્મા ગરૂડને આપ્યા કરતા હતા. ॥ ૩ ॥ ત્યારે ઝેર અને બળ થકી છકેલો, કદ્રુનો પુત્ર કાલિય નાગ, ગરૂડને નહીં ગણકારીને, તે બળિદાનોને ખાઈ જવા લાગ્યો. ॥૪॥ હે રાજા, એ વાત સાંભળવાથી ક્રોધેલા, મહા વેગવાળા અને ભગવાનના પ્રિય ગરૂડ, એ કાલિય નાગને મારવા સારૂં, તેના ઉપર દોડ્યા. ॥૫॥ ત્યારે વેગથી આવતા, એ ગરૂડની જોડે; ઝેરના આયુધ વાળો-વિકરાળ જીભ વાળો-ફુંફાડા મારતો-અને તીક્ષ્ણ આંખો વાળો-કાલિય નાગ પોતાની અનેક ફણો ઉંચી કરીને, સામો થયો; અને તે દાંતરૂપી હથિયારવાળાએ, ગરૂડને દાંતવડે ડંસ કરયા. ॥૬॥ તે જાણીને ભગવાનના વાહન અને મોટા વેગવાળા એ તાર્ક્ષ્યપુત્રે, ક્રોધે ભરાઈને ઘણું પરાક્રમ કરી; તે કદ્રુ પુત્રને પોતાની સોના જેવી પ્રકાશિત ડાબી પાંખનો ઝપાટો માર્યો. ॥૭॥ એટલે એ ગરૂડની પાંખના મારથી વિહ્વળ થયેલો કાલિય નાગ, જ્યાં ગરૂડથી જઈ શકાતું નહોતું; તે જમુનાજીના આ ઉંડા ધરા-

पैश्चमहत्योत्पलमालया ॥६५॥ पूजयित्वाजगन्नाथंप्रसाद्यगरुडध्वजं॥ततःप्रीतोभ्यनुज्ञातःपरिक्रम्याभिवाद्यतं ॥६६॥ सकलत्रसुहृत्पुत्रोद्वी
पमब्धेर्जगाम ह ॥तदैवसाऽमृतजलायमुनानिर्विषाऽभवत्॥अनुग्रहाद्भगवतःक्रीडामानुषरूपिणः ॥६७॥इ.भा.म.द.पू.षोडशोऽध्यायः॥१६॥
राजा०नागालयंरमणकंकस्मात्तत्याजकालियः॥कृतंकिंवासुपर्णस्यतेनैकेनासमंजसं॥१॥ श्रीशुक०उपहार्यैःसर्पजनैर्मासिमासीहयोबलिः
वानस्पत्योमहाबाहोनागानांप्राङ्निरूपितः ॥२॥ स्वंस्वंभागंप्रयच्छंतिनागाःपर्वणिपर्वणि॥गोपीथायात्मनःसर्वेसुपर्णायमहात्मने ॥३॥ वि
षवीर्यमदाविष्टःकाद्रवेयस्तुकालियः॥ कदर्थीकृत्यगरुडंस्वयंतंबुभुजेबलिं ॥४॥ तच्छ्रुत्वाकुपितोराजन्भगवान्भगवत्प्रियः॥ विजिघांसुर्महावे
गःकालियंसमुपाद्रवत् ॥५॥तमापतंतंतरसाविषायुधःप्रत्यभ्ययादुच्छ्रितनैकमस्तकः॥ दद्भिःसुपर्णंव्यदशद्ददायुधःकरालजिह्वोच्छ्वसितोऽग्र
लोचनः ॥६॥ तंतार्क्ष्यपुत्रःसनिरस्यमन्युमान्प्रचंडवेगोमधुसूदनासनः॥पक्षेणसव्येनहिरण्यरोचिषाजघानकद्रूसुतमुग्रविक्रमः ॥७॥ सुप
र्णपक्षाभिहतःकालियोऽतीवविह्वलः॥ ह्रदंविवेशकालिंद्यास्तदगम्यंदुरासदं ॥८॥ तत्रैकदाजलचरंगरुडोभक्ष्यमीप्सितं ॥ निवारितःसौ
भरिणाप्रसह्यक्षुधितोहरत् ॥९॥ मीनान्सुदुःखितान्दृष्ट्वादीनान्मीनपतौहते॥कृपयासौभरिःप्राहतत्रत्यक्षेममाचरन्॥१०॥ अत्रप्रविश्यगरु
डोयदि मत्स्यान्सखादति॥सद्यःप्राणैर्वियुज्येतसत्यमेतद्ब्रवीम्यहं॥११॥तंकालियःपरंवेदनान्यःकश्चनलेलिहः॥अवात्सीद्गरुडाद्भीतःकृष्णेनच
विवासितः ॥१२॥ कृष्णंह्रदाद्विनिष्क्रांतंदिव्यस्रग्गंधवाससं॥महामणिगणाकीर्णंजांबूनदपरिष्कृतं॥१३॥उपलभ्योत्थिताःसर्वेलब्धप्राणा
इवासवः॥प्रमोदनिभृतात्मानोगोपाःप्रीत्याऽभिरेभिरे ॥१४॥ यशोदारोहिणीनंदोगोप्योगोपाश्चकौरव॥कृष्णंसमेत्यलब्धेहाआसल्लब्धमनो
रथाः॥१५॥ रामश्चाच्युतमालिंग्यजहासास्यानुभाववित् ॥ नगागावोवृषावत्सालेभिरेपरमांमुदं॥१६॥नंदंविप्राःसमागत्यगुरवःसकलत्रकाः
॥ऊचुस्तेकालियग्रस्तोदिष्ट्यामुक्तस्तवात्मजः॥१७॥देहिदानंद्विजातीनांकृष्णनिर्मुक्तिहेतवे॥नंदःप्रीतमनाराजन्गाःसुवर्णंतदाऽदिशत्॥१८
यशो[illegible]महाभागानष्टलब्धप्रजासती ॥ परिष्वज्यांकमारोप्यमुमोचाश्रुकलांमुहुः॥१९॥ तांरात्रिंतत्रराजेंद्रक्षुत्तृड्भ्यांश्रमकर्षिताः॥ऊषुर्व्र

માં, પેસી ગયો. ॥૮॥ પહેલાં એક દહાડો ભક્ષની ઇચ્છાથી ગરૂડે; સૌભરી ઋષિએ તેમને ના કહ્યા છતાં, ભારી ભુખને લીધે એક જળચર(મચ્છ)ને, એ ધરામાંથી લેઈ લીધો હતો. ॥૯॥ તેથી એ માછલાંઓનો અધિપતિ મરવાથી, રાંક માછલાંઓને, અતિ દુખી થયેલાં જોઈને; ત્યાં રહેલા સૌભરી ઋષિએ, દયા લાવીને તેમને સુખ થવા સારૂં, કહ્યું હતું કે ॥૧૦॥ આ ધરામાં પેસીને ગરૂડ જ્યારે, માછલાંઓને ખાશે; ત્યારે તુરંત તે પોતાના પ્રાણ તજશે; એ મારૂં વચન સત્ય થશે. ॥૧૧॥ આ વાત એ કાલિય નાગ. શિવાય બીજો કોઈ પણ સાપ, જાણતો નહોતો; તેથી ગરૂડથી બીન્હેલો એ કાલિય નાગ, તેમાં આવી રહ્યો હતો; તેને કૃષ્ણ ભગવાને, ત્યાંથી કાઢ્યો. ॥૧૨॥ પછી દિવ્ય વસ્ત્રો-માળાઓ-અને સુગંધી પદાર્થોથી, તથા અનેક મોટા મણિઓથી, અને સોનાનાં ઘરેણાંઓથી, શણગારેલા કૃષ્ણ ભગવાન; એ ધરામાંથી બહાર નીકળ્યા. ત્યારે તેમને આવેલા જોઈ, સર્વે ગોપ લોકો; ઇંદ્રિયાદિકમાં પ્રાણ આવવાની પેઠે, મનમાં આનંદના ઉભરા આવીને તેમને પ્રીતિથકી ભેટવા લાગ્યા. ॥૧૩-૧૪॥ હે પરીક્ષિત, યશોદાને-રોહિણીને-નંદજીને-ગોપીઓને-અને ગોપ લોકોને; એ કૃષ્ણ ભગવાન આવવાથી, શરીરનું ભાન આવ્યું; અને તેમના મનોર્થ પૂર્ણ થયા. ॥૧૫॥ તથા એ અચ્યુત ભગવાનના પ્રભાવને જાણનારા બળરામ પણ, હસીને તેમને ભેટ્યા; અને ગાયો-સાંઢ-તથા વાછરડાં, અને ઝાડો પણ, પરમઆનંદ પામ્યાં. ॥૧૬॥ ત્યારે સ્ત્રીઓ સહિત ઉત્તમ બ્રાહ્મણોએ ભેળા થઈને, ત્યાં આવી નંદજીને કહ્યું કે, " કાલિય નાગથી પકડાયેલો તમારો પુત્ર મુક્ત થયો છે, તે ઘણું સારૂં થયું છે; માટે તેમના છુટકારા માટે તમે બ્રાહ્મણોને દાન આપો. " ત્યારે મનમાં ખુશી થયેલા નંદજીએ; તેમને ગાયોનાં, અને સોનાનાં દાન આપ્યાં. ॥૧૭-૧૮॥ અને નાશ પામેલા પુત્રને પાછો પામેલાં મોટા ભાગ્યવાળાં સતી યશોદાએ; પુત્રને ભેટીને, તેમને ખોળામાં બેસાડ્યા; અને વારંવાર આંસુ પાડ્યાં. ॥૧૯॥ હે રાજેંદ્ર, પછી ભૂખ-તરસ-અને થાકથી પીડાયલાં એ વ્રજવાસીઓ અને ગાયો, ત્યાં જમુ-

વાળને કિનારેજ સૂતવાસો રહ્યાં. ॥૨૦॥ ત્યારે મધ્યરાત્રે, ઊનાળાના તાપથી તપેલા વનમાંથી ઉત્પન્ન થયેલો દાવાગ્નિ સૂતેલાં વ્રજવાસીઓની ચારે તરફ ફરી વળીને, તેમને બાળવા લાગ્યો ॥ ૨૧ ॥ એટલે બેહેબાકળાં થઈને ઉઠેલાં, અને બળવા લાગેલાં વ્રજવાસીઓ; એ માયાથી મનુષ્ય થયેલા ઈશ્વર કૃષ્ણ ભગવાનને શરણે ગયાં. ॥૨૨॥ અને બોલ્યાં કે. " હે મહા ભાગ કૃષ્ણ, અને હે અત્યંત પરાક્રમી રામ, આ અતિ ભયંકર અગ્નિ, અમો તમારાંઓને; બાળી નાખે છે. ॥૨૩॥ હે પ્રભુ, આ ન તરી શકાય એવા કાળ અગ્નિથકી, અમો તમારાં સુહૃદોને, તમે બચાવો; જેમાં કોઈ તરફથી ભય નથી, એવાં તમારાં ચરણનો ત્યાગ કરવાને, અમે શક્તિવાન નથી. ॥૨૪॥ એ રીતનું પોતાનાંઓનું વિકળપણું જોઈને, જગતના ઈશ્વર અને અનંત શક્તિઓને ધારણ કરનારા, તે અનંત ભગવાન; એ તીવ્ર અગ્નિને પીઈ ગયા. ॥૨૫॥ ઈતિશ્રી૦ ભા. દ. ૨કં કાલીયદમન નામનો સ. અ. સં.॥૧૭॥

અધ્યાય ૧૮ મો.—શ્રીશુક—તે પછી એ આનંદ પામેલાં સંબંધીઓથી વિંટાયલા કૃષ્ણ ભગવાન, ગાતે વાતે, ગોપ અને ગાયોથકી શોભતા ગોકુળમાં; પધાર્યા. ॥૧॥ એ રીતે માયાથી ઢંકાઈને ગોપ બનેલા ભગવાન, વ્રજમાં રમતા હતા; તેવામાં પ્રાણીઓને ઘણી પ્રિય ન લાગનારી ઉનાળાની ઋતુ આવી. ॥૨॥ તે પણ, જ્યાં રામ અને કૃષ્ણ રહેતા હતા, તે વૃંદાવનમાં; ગુણોવડે વસંતના સરખી જણાતી હતી. ॥૩॥ તે વખતે ઝરણાંઓના શબ્દથી, તમરાંઓના શબ્દ ઢંકાઈ જતા હતા; અને ઝરણાંઓમાંથી ઉડતી પાણીની કણીઓવડે, ત્યાંના ઝાડો સર્વ કાળ લીલાં રહેતાં હતાં. ॥૪॥ એ વનમાં રહેનારાંઓને, ત્યાંની નદીઓ-તળાવો-અને ઝરણાંઓમાંથી નીકળતા, કલ્હાર-કમળ-અને ઉત્પલની રજવાળા, પવનની લહેરોથી; ખડ વિનાની જમીનમાં પણ, ઉનાળાનો અગ્નિ જેવો અતિશય તડકો, જણાતો નહોતો. ॥૫॥ કાંઠા સુધી જળથી ભરેલી

जौकसो गावः कालिंद्याउपकूलतः॥२०॥ तदाशुचिवनोद्भूतोदावाग्निःसर्वतोव्रजं॥सुप्तंनिशीथआवृत्यप्रदग्धुमुपचक्रमे ॥२१॥ ततउत्थाय संभ्रांतादह्यमानाव्रजौकसः॥कृष्णंययुस्तेशरणंमायामनुजमीश्वरं॥२२॥ कृष्णकृष्णमहाभागहेराममितविक्रम॥एषघोरतमोवन्हिस्तावका न्ग्रसतेहिनः ॥२३॥सुदुस्तरान्नःस्वान्पाहिकालाग्नेःसुहृदःप्रभो॥नशक्नुमस्त्वच्चरणंसंत्यक्तुमकुतोभयं ॥२४॥ इत्थंस्वजनवैक्लव्यंनिरीक्ष्यज गदीश्वरः॥तमग्निमपिबत्तीव्रमनंतोनंतशक्तिधृक् ॥२५॥ इ०भा०म०द०पू०सप्तदशोऽध्यायः ॥१७॥ श्रीशुक० अथकृष्णःपरिवृतोज्ञाति भिर्मुदितात्मभिः॥अनुगीयमानोन्यविशद्व्रजंगोकुलमंडितं ॥१॥ व्रजेविक्रीडतोरेवंगोपालच्छद्ममायया॥ ग्रीष्मोनामर्तुरभवन्नातिप्रेयान्शरी रिणां॥२॥ सचवृंदावनगुणैर्वसंतइवलक्षितः॥ यत्रास्तेभगवान्साक्षाद्रामेणसहकेशवः ॥३॥ यत्रनिर्झरनिर्ह्रादनिवृत्तस्वनझिल्लिकं॥शश्व त्तच्छीकरर्जीषद्रुममंडलमंडितं॥४॥सरित्सरःप्रस्रवणोर्मिवायुनाकल्हारकंजोत्पलरेणुहारिणा॥नविद्यतेयत्रवनौकसांदवोनिदाघवन्ह्यर्कभवो तिशाद्वले ॥५॥ अगाधतोयह्रदिनीतटोर्मिभिर्द्रवत्पुरिष्याःपुलिनैःसमंततः॥नयत्रचंडांशुकराविषोल्बणाभुवोरसंशाद्वलितंचगृण्हते ॥६॥ वनंकुसुमितंश्रीमन्नदच्चित्रमृगद्विजं॥गायन्मयूरभ्रमरंकूजत्कोकिलसारसं॥७॥क्रीडिष्यमाणस्तत्कृष्णोभगवान्बलसंयुतः॥वेणुंविरणयन्गोपै गौधनैःसंवृतोऽविशत् ॥८॥ प्रवालबर्हस्तबकस्रग्धातुकृतभूषणाः॥ रामकृष्णादयोगोपाननृतुर्युयुधुर्जगुः॥९॥ कृष्णस्यनृत्यतःकेचिज्जगुः केचिद्वादयन् ॥वेणुपाणितलैःशृंगैःप्रशशंसुरथापरे ॥१०॥ गोपजातिप्रतिच्छन्नादेवागोपालरूपिणः॥ईडिरेकृष्णरामौचनटाइवनटंनृप ॥ ॥११॥ भ्रामणैर्लंघनैःक्षेपैरास्फोटनविकर्षणैः॥चिक्रीडतुर्नियुद्धेनकाकपक्षधरौक्वचित् ॥१२॥ क्वचिन्नृत्यत्सुचान्येषुगायकौवादकौस्वयं॥शशं सतुर्महाराजसाधुसाध्वितिवादिनौ ॥१३॥ क्वचिद्बिल्वैःक्वचित्कुंभैःक्वचामलकमुष्टिभिः॥अस्पृश्यनेत्रबंधाद्यैःक्वचिन्मृगखगेहया ॥१४॥ क्व चिच्चदर्दुरप्लावैर्विविधैरुपहासकैः॥कदाचित्स्पंदोलिकयाकर्हिचिन्नृपचेष्टया ॥१५॥ एवंतौलोकसिद्धाभिःक्रीडाभिश्चेरतुर्वने॥नद्यद्रिद्रोणिकुंजे षुकाननेषुसरस्सुच ॥१६॥ पशूंश्चारयतोर्गोपैस्तद्वनेरामकृष्णयोः॥गोपरूपीप्रलंबोऽगादसुरस्तज्जिहीर्षया ॥१७॥ तंविद्वानपिदाशार्हौभग

અને અગાધ પાણીના ધરાઓવાળી નદીઓનાં પાણીથી ચારે તરફ ઝરણાં ફુટીને બેજવાળી થયેલી, તે વનની ભૂમિના રસને, અને હરિઆળીને; અતિ ઉગ્ર સૂર્યનાં ઝેર જેવાં કિરણો પણ, સુકાવી શકતાં નહોતાં. ॥૬॥ એ ખીલેલાં ફુલો વાળા શુશોભીત વનમાં વિચિત્ર પ્રકારના મૃગો અને પક્ષીઓ, નાદ કરી રહ્યા હતા: મોર અને ભમરા ગાતા હતા અને કોયલ તથા સારસ પક્ષીઓ બોલતાં હતાં. ॥૭॥ તેમાં રમવાની ઈચ્છાથી, બળરામસહિત કૃષ્ણભગવાન, વાંસલી વગાડતા વગાડતા; ગોપ અને ગાયોના ધણથી વિંટાઈને પધાર્યા. ॥૮॥ અને ત્યાં તેઓ; અંકુર-મોરપિંછ-ફૂલના ગુચ્છ-ફૂલની માળાઓ-અને ધાતુઓ વિગેરેનાં આભુશણો ધરેલા, રામ અને કૃષ્ણ આદિક ગોપ લોકો; નાચવા-ગાવા-અને મલ્લ યુદ્ધ કરવા લાગ્યા. ॥૯॥ કૃષ્ણ નાચતા હતા, ત્યારે બીજા કેટલાક ગાતા હતા; કેટલાક વાંસળીઓ, હાથનાં તળાં અને શિંગડીઓ વગાડતા હતા; તથા બીજાઓ તેમને વખાણતા હતા. ॥૧૦॥ એમ એ ગોપ જાતને વિશે ગોવાળના રૂપથી છાના રહેલા દેવતાઓ; કૃષ્ણ અને રામને; નટ લોકો નટને

વખાણવાની પેઠે, વખાણતા હતા. ॥૧૧॥ કાક પક્ષને ધરનારા એ બે જણા, કોઈ કોઈ વખતે ફેરવવું-ઠેકવું પછાડવું-ઠોકવું-અને ખેંચવું; વિગેરે પ્રકારોથી, મલ્લ યુદ્ધની રમતો કરતા હતા. ॥૧૨॥ અને કોઈ કોઈવાર એ બે જણા પોતેજ; ગાતા હતા, અને વાજીંત્ર વગાડતા હતા; તથા બીજા નાચનારાઓને, સારૂં સારૂં કહીને વખાણતા હતા. ॥૧૩॥ કોઈવાર કુંભ ફળથી-કોઈવાર આંબળાની મુઠીઓથી-અને કદિક નહીં અડવા દેવાની -આંખ્યો બંધ રાખવાની અને પશુઓ તથા પક્ષીઓના સરખી પણ, રમતો તેઓ રમતા હતા. ॥૧૪॥ હે રાજા, કોઈવારે તેઓ દેડકાંની પેઠે કુદવાની-અનેક પ્રકારની મશ્કરીઓની-હીંચકા ખાવાની-અને કદી કદી રાજાના સરખાં કામો કરવાની રમતોથી પણ રમતા હતા. ॥૧૫॥ એ રીતની લોકમાં ચાલતી રમતો વડે, તે વનની નદીઓમાં-પર્વતોમાં-ગુફાઓમાં-કુંજોમાં-અરણ્યોમાં-અને તળાવોમાં પણ; તેઓ રમતા હતા. ॥૧૬॥ પછી એ વનમાં ગોપ લોકોની સાથે પશુઓને ચારતા રામ અને કૃષ્ણને, મારી નાંખવાની ઈચ્છાથી;

[illegible] પ્રલંબ નામનો અસુર ગોવાળનું રૂપ ધારણ કરીને, ત્યાં આવ્યો. ॥૧૭॥ તેને જાણી ગયેલા છતાં પણ, એ સર્વના મનની વાતને જાણનારા ભગવાને, તેનો વધ કરવાના વિચારથી, તેની સાથે મિત્રાઇ કરવામાં, સંમતિ આપી. ॥૧૮॥ અને રમવામાં કુશળ કૃષ્ણે, ગોપાળોને એક સ્થળે બોલાવીને, કહ્યું કે. "હે ગોપ લોકો; આપણે સરખે સરખા બબ્બે જણાઓની જોડીઓ થઇને, રમીએ. ॥૧૯॥ પછીથી એ ગોપ લોકોએ, તેમના મધ્યે એક તરફ રામને, અને બીજી તરફ કૃષ્ણને, મુખીઓ નીમ્યા; અને કેટલાક કૃષ્ણની તરફ થયા, તથા કેટલાક બીજા રામની તરફ થયા. ॥૨૦॥ તે ઉપાડનારા તેમજ ઉપર બેસનારા થવાનાં લક્ષણો વાળી, વિધ વિધ પ્રકારની રમતો, તેઓ રમવા લાગ્યા; તેમાં જે જીતે, તે ઉપર બેસતા; અને હારેલા ટોળા વાળાઓ, તેમને ઉપાડીને અમુક નિમેલી જગા સુધી લેઇ જતા હતા. ॥૨૧॥ એમ કરતાં ગાયોનાં ધણોને ચારતા તેઓ, ઉપાડવાનો વારો આવેલા પક્ષના ગોવાળિઆઓ, સામા પક્ષવાળાઓને ઉપાડીને; ચાલતા ભાં-ડિરક નામના વડની પાસે આવી પહોંચ્યા. ॥૨૨॥ હે રાજા, ત્યાં રમતમાં જ્યારે, શ્રીદામા અને વૃષભ આદિ રામના સાથીઓ જીત્યા; ત્યારે તેઓને ઉપાડીને, કૃષ્ણ આદિક બીજા પક્ષવાળાઓ ચાલ્યા. ॥૨૩॥ હારેલા પક્ષમાંના કૃષ્ણ શ્રીદામાને ઉપાડીને ચાલ્યા, ભદ્રસેને વૃષભને ઉપાડયો, અને રોહિણી પુત્રને પ્રલંબાસુરે ઉપાડ્યા. ॥૨૪॥ એ મોટા દાનવ પ્રલંબે, કૃષ્ણને ન સહન થાય એવા માનીને; પોતે ઉતાવળો થાવી, ઉતારવાની જગા કરતાં ઘણે આઘે, બળરામને ઉપાડીને તે લેઇ ગયો. ॥૨૫॥ પૃથ્વીને ધારણ કરનારા એ શેષને ઉપાડતાં, તેને ઘણો ભાર લાગવાથી, એ મોટા અસુરનો વેગ બંધ પડી ગયો; ત્યારે તેણે પોતાનું ખરૂં સ્વરૂપ ધારણ કર્યું. એટલે એ વીજળી જેવાં પ્રકાશિત સોનાનાં ઘરેણાં પેહેરેલા દૈત્ય, ચંદ્રમાને ઉપાડી જનાર વાદળા સરખો, દેખાવા લાગ્યો. ॥૨૬॥ આકાશને અડેલું તેનું શરીર; સળગતા અગ્નિ જેવી અને ભમરોને અડેલી આંખ્યો; ભયંકર દાઢયો; બળતા અગ્નિની ઝળ જેવી ચોટલી; તથા કડાં, મુકુટ, અને કુંડળોનો

वान्सर्वदर्शनः॥अन्वमोदततत्सख्यंवधंतस्यविचिंतयन् ॥१८॥ तत्रोपहूयगोपालान्कृष्णःप्राहविहारवित् ॥ हेगोपाविहरिष्यामोद्वंद्वीभूययथा
यथं ॥१९॥ तत्रचक्रुःपरिवृढौगोपारामजनार्दनौ॥कृष्णसंघट्टिनःकेचिदासन्रामस्यचापरे ॥२०॥ आचेरुर्विविधाःक्रीडावाह्यवाहकलक्षणाः॥
यत्रारोहंतिजेतारोवहंतिचपराजिताः ॥२१॥ वहंतोवाह्यमानाश्चचारयंतश्चगोधनं॥भांडीरकंवटंनामजग्मुःकृष्णपुरोगमाः ॥२२॥ रामसंघ
ट्टिनोयर्हिश्रीदामवृषभादयः॥क्रीडायांजयिनस्तांस्तानूहुःकृष्णादयोनृप ॥२३॥ उवाहकृष्णोभगवान्श्रीदामानंपराजितः॥वृषभंभद्रसेनस्तु
प्रलंबोरोहिणीसुतं ॥२४॥ अविषह्यंमन्यमानःकृष्णंदानवपुंगवः॥वहन्द्रुततरंप्रागादवरोहणतःपरं ॥२५॥ तमुद्वहन्धरणिधरेंद्रगौरवंमहाऽसु
रोविगतरयोनिजंवपुः॥ सआस्थितःपुरटपरिच्छदोबभौतडिद्द्युमानुडुपतिवाडिवांबुदः॥२६॥ निरीक्ष्यतद्वपुरलमंबरेचरत्प्रदीप्तदृग्भ्रुकुटित
टोग्रदंष्ट्रकं॥ ज्वलच्छिखंकटककिरीटकुंडलत्विषाऽद्भुतंहल[illegible]सत्॥२७॥ अथागतस्मृतिरभयोरिपुंबलोविहायसाऽर्थमिवहरंतमात्म
नः॥रुषाऽहनच्छिरसिदृढेनमुष्टिनासुराधिपोगिरिमिववज्ररंहसा॥२८॥ सआहतःसपदिविशीर्णमस्तकोमुखाद्वमन्रुधिरमपस्मृतोऽसुरः ॥
महारवंव्यसुरपतत्समीरयन्गिरिर्यथामघवतआयुधाहतः॥२९॥ दृष्ट्वाप्रलंबंनिहतंबलेनबलशालिना ॥ गोपाःसुविस्मिताआसन्साधुसाध्वि
तिवादिनः॥३०॥आशिषोभिगृणंतस्तंप्रशशंसुस्तदर्हणं॥प्रेत्यागतमिवालिंग्यप्रेमविह्वलचेतसः॥३१॥पापेप्रलंबेनिहतेदेवाःपरमनिर्वृताः॥
अ[illegible]ल्यैःशशंसुःसाधुसाध्विति ॥३२॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेपू०प्रलंबवधोनामाष्टादशोऽध्यायः ॥१८॥
श्रीशुक०क्रीडासक्तेषुगोपेषुतद्गावोदूरचारिणीः ॥ स्वैरंचरंत्योविविशुस्तृणलोभेनगह्वरं॥१॥ अजागावोमहिष्यश्चनिर्विशंत्योवनाद्वनं॥इषी
काटवींविविशुःक्रंदंत्योदावतर्षिताः॥२॥ तेऽपश्यंतःपशून्गोपाःकृष्णरामादयस्तदा॥ जातानुतापानविदुर्विचिन्वंतोगवांगतिं॥३॥ तृणैस्तत्खु
रच्छिन्नैर्गोष्पदैरंकितैर्गवां॥ मार्गमन्वगमन्सर्वेनष्टाजीव्याविचेतसः॥४॥ मुंजाटव्यांभ्रष्टमार्गंक्रंदमानंस्वगोधनं ॥ संप्राप्यतृषिताःश्रांतास्त

પ્રકાશ એ સર્વ અદ્ભુત સરખું જોઇને, હળને ધારણ કરનારા બળરામને, જરા એક ત્રાસ પેદા થયો. ॥૨૭॥ પછી પોતાના ટોળામાંથી હરણ થયેલાની પેઠે, આકાશ માર્ગે બળાત્કારથી નિર્ભયપણે શત્રુ લેઇ જાય છે; એ વાતનું સ્મરણ લાવી તેમણે; ઇંદ્રે, પર્વત ઉપર વજ્ર મારવાની પેઠે, ક્રોધ કરીને પોતાની દૃઢ મુઠીઓ જોરથી, તેના માથામાં મારી. ॥૨૮॥ એ મારથી શરીરનું ભાન ભુલેલા—અને મોઢામાંથી લોહી ઓકતા, એ દૈત્યનું માથું ફુટી ગયું અને ઇંદ્રના હથિયારથી મુકેલા પર્વતની પેઠે, મોટો શબ્દ કરતો, તે અસુર પ્રાણ તજીને પડી ગયો. ॥૨૯॥ ત્યારે બળવાન બળરામે એ પ્રલંબાસુરને મારેલો જોઇને, "સારૂં થયું: સારૂં થયું" એમ બોલનારા ગોપ લોકો અત્યંત વિસ્મય પામ્યા. ॥૩૦॥ અને પ્રેમથકી વિહ્વળ થયેલા મનથી તેઓ, મરી જઇને પાછા આવેલા સરખા, આ વખાણવાને યોગ્ય બળરામને, ઘણી ઘણી આશીશો આપવા લાગ્યા; તથા તેમને ભેટીને તેમની પ્રશંસા કરવા લાગ્યા. ॥૩૧॥ આ રીતે એ પાપી પ્રલંબાસુર મરવાથી, દેવતાઓને પરમ નિર્વૃત્તિ થઇ; અને તેઓએ "ઠીક થયું," એમ કહીને પુષ્પની માળાઓનો તેમના ઉપર વરસાદ કર્યો; તથા બળરામને વખાણ્યા. ॥૩૨॥ ઇતિ૦ શ્રી૦ ભાગવતે દસમા સ્કંધનો અઢારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૮॥

અધ્યાય ૧૯ મો —શ્રીશુક— એમ રમવામાં લાગેલા ગોવાળોની, પોતાની મરજી પ્રમાણે ચરતી ગાયો, સારા ખડની લાલચથી; ઘણે આઘે, ઘાટા વનમાં ચાલી ગઇઓ. ॥૧॥ અને એ એક વનમાંથી બીજા વનમાં જતી, તથા તાપથી તરશી થયેલી; ગાયો—બકરીઓ—અને ભેંશો બુમો પાડતી પાડતી, મુંજ એટલે સરકટના વનમાં; પેસી ગઇઓ. ॥૨॥ ત્યારે એ પશુઓને ન દેખવાથી પરિતાપ પામેલા, કૃષ્ણ અને રામ વિગેરે ગોપ લોકોએ, તેમનો શોધ કર્યા છતાં; ગાયો કયાં ગઇ, તે જણાયું નહીં. ॥૩॥ એટલે જમીન ઉપર પડેલાં ગાયોનાં પગલાંને, અને તેમની ખરીઓથી છુંદાએલા ઘાસને માર્ગે, તેમની પાછળ પાછળ; પોતાની આજીવિકાનો નાશ થવાથી, ચિત્તભ્રમ જેવા થયેલા, એ સર્વે ચાલ્યા ગયા. ॥૪॥ પછી એ ભુખ્યાં પડીને ચીસો નાંખતાં, તથા તરશ્યાં, અને થાકેલાં, પોતાની ગાયોનાં ધણોને, મુંજના વનમાં, ભેળા થઇને; તેમણે ત્યાંથી તેમને પાછાં વાળ્યાં. ॥૫॥ ત્યારે ભગવાને મેઘ જેવી ગંભીર વાણીથી, પોતાનાં નામો લેઇને બોલાવેલી

રી ગાયો વિગેરે, હર્ષ પામીને, સાદ કરતી સંભળાતી હતી. ॥૬॥ તે વખતે વ્રજવાસીઓને નાશ કરનારો—વાયુની સહાયથી વધીને ભયંકર ઉલ્કાઓ જેવો થઇ, સ્થાવર જંગમને બાળી નાંખનારો; દાવાનળ, યદૃચ્છાથીજ ચારેકોર સળગી ઉઠયો. ॥૭॥ એ રીતે સર્વે દિશાઓથી આવતા એ દાવાનળને દેખી, બીન્હેલાં ગાયો અને ગોવળો; બળરામસહિત કૃષ્ણને શરણ ગયાં; અને મરણના ભયથી દુઃખી થતા લોકોની પેઠે; હરિભગવાન પ્રત્યે બોલ્યા કે.॥૮॥હે અમિત પરાક્રમી રામ અને અત્યંત પરાક્રમવાળા કૃષ્ણ આ દાવાનળથી બળવાને લીધે શરણ આવેલાં અમોને બચાવવાને તમે યોગ્ય છો. ॥૯॥ હે સર્વ ધર્મને જાણનારા કૃષ્ણ અમારા, સ્વામી અને આશ્રય આપજ છો; માટે આપના બાંધવો અમે દુખ પામવાને યોગ્ય નથીજ. ॥૧૦॥—શ્રીશુક—ત્યારે બંધુઓનાં એ રાંક વચનો સાંભળીને, હરિ ભગવાને કહ્યું કે, "બીહીશો નહીં; તમે પોતાની આંખ્યો મિંચો". ॥૧૧॥ પછી તેગણે એ રીતે પોતાની આંખ્યો મિંચવાથી; યોગેશ્વર ભગવાન, તે અગ્નિને પોતેજ, મોઢાવડે પીઇ ગયા; અને તેમને એ દુખ થકી છોડાવ્યા. ॥૧૨॥ તે પછી તેમણે આંખ્યો ઉઘાડીને જોયું તો, દુખ થકી છુટેલાં તેઓ સર્વ, પોતાને અને ગાયોને પણ, ભાંડિરક વડની પાસેજ આવી રહેલાં જાણીને, વિસ્મય પામ્યાં. ॥૧૩॥ અને એ દાવાગ્નિ થકી પોતાનું રક્ષણ કરવા રૂપ, પોતાની માયાના પ્રભાવવાળું, કૃષ્ણનું યોગ બળ જોઇને; તેમણે તેમને દેવ માન્યા. ॥૧૪॥ પછી સંધ્યા કાળે, રામ રહિત એ જનાર્દન ભગવાન, ગાયોને પાછી વાળીને; વાંસળી વગાડતા અને ગોપ લોક થકી વખાણ કરાતા; વ્રજમાં પધારયા. ॥૧૫॥ ત્યારે એ ગોવિંદ ભગવાનના દર્શન વડે; જેઓને તેમના વિના એક ક્ષણ, સો યુગના જેટલો થઇ જતો હતો; એવી ગોપીઓને પરમ આનંદ થયો. ॥૧૬॥ ઇતિશ્રી० ભા० દશમાં સ્કંદનો ઓગણિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૯॥

तस्ते[illegible] ॥५॥ ता आहूता भगवता मेघगंभीरया गिरा ॥ स्वनाम्नां निनदं श्रुत्वा प्रतिनेदुः प्रहर्षिताः ॥६॥ ततः समंताद्वनधूमकेतुर्यदृच्छयाऽभूत्क्षयकृद्वनौकसां ॥ समीरितः सारथिनोल्बणोल्मुकैर्विलेलिहानः स्थिरजंगमान्महान् ॥७॥ तमापतंतं परितो दवाग्निं गोपाश्च गावः प्रसमीक्ष्य भीताः ॥ ऊचुश्च कृष्णं सबलं प्रपन्ना यथा हरिं मृत्युभयार्दिता जनाः ॥८॥ कृष्ण कृष्ण महावीर्य हे रामामितविक्रम ॥ दावाग्निना दह्यमानान्प्रपन्नांस्त्रातुमर्हथः ॥९॥ नूनं त्वद्बांधवाः कृष्ण न चार्हंत्यवसीदितुं ॥ वयं हि सर्वधर्मज्ञ त्वन्नाथास्त्वत्परायणाः ॥१०॥ श्रीशुक० वचो निशम्य कृपणं बंधूनां भगवान्हरिः ॥ निमीलयत मा भैष्ट लोचनानीत्यभाषत ॥११॥ तथेति मीलिताक्षेषु भगवानग्निमुल्बणं ॥ पीत्वा मुखेन तान्कृच्छ्राद्योगाधीशो व्यमोचयत् ॥१२॥ ततश्च तेऽक्षीण्युन्मील्य पुनर्भांडीरमापिताः ॥ निशम्य विस्मिता आसन्नात्मानं गाश्च मोचिताः ॥१३॥ कृष्णस्य योगवीर्यं तद्योगमायाऽनुभावितं ॥ दावाग्नेरात्मनः क्षेमं वीक्ष्य ते मेनिरेऽमरं ॥१४॥ गाः सन्निवर्त्य सायान्हे सहरामो जनार्दनः ॥ वेणुं विरणयन्गोष्ठमगाद्गोपैरभिष्टुतः ॥१५॥ गोपीनां परमानंद आसीद्गोविंददर्शने ॥ क्षणं युगशतमिव यासां येन विनाऽभवत् ॥१६॥ इ० भा० म० द० पू० दावाग्निपानं नाम एकोनविंशोऽध्यायः ॥१९॥ श्रीशुक० तयोस्तदद्भुतं कर्म दावाग्नेर्मोक्षमात्मनः ॥ गोपाः स्त्रीभ्यः समाचख्युः प्रलंबवधमेव च ॥१॥ गोपवृद्धाश्च गोप्यश्च तदुपाकर्ण्य विस्मिताः ॥ मेनिरे देवप्रवरौ कृष्णरामौ व्रजं गतौ ॥२॥ ततः प्रावर्तत प्रावृट्सर्वसत्वसमुद्भवा ॥ विद्योतमानपरिधिर्विस्[illegible]जितनभस्तला ॥३॥ सांद्रनीलांबुदैर्व्योम सविद्युत्स्तनयित्नुभिः ॥ अस्पष्टज्योतिराच्छन्नं ब्रह्मेव सगुणं बभौ ॥४॥ अष्टौ मासान्निपीतं यद्भूम्याश्चोदमयं वसु ॥ स्वगोभिर्मोक्तुमारेभे पर्जन्यः काल आगते ॥५॥ तडिद्वंतो महामेघाश्चंडश्वसनवेपिताः ॥ प्राणनं जीवनं ह्यस्य मुमुचुः करुणा इव ॥६॥ तपःकृशा देवमीढा आसीद्वर्षीयसी मही ॥ यथैव काम्यतपसस्तनुः संप्राप्य तत्फलं ॥७॥ निशामुखेषु खद्योतास्तमसा भांति न ग्रहाः ॥ यथा पापेन पाखंडा न हि वेदाः कलौ युगे ॥८॥ श्रुत्वा पर्जन्यनिनदं मंडूका व्यसृजन्गिरः ॥ तूष्णीं शयानाः प्राग्यद्वद्ब्राह्मणा नियमात्यये ॥९॥ आसन्नुत्पथगामिन्यः क्षुद्रनद्योऽनुशुष्यतीः ॥ पुंसो यथाऽस्वतंत्रस्य देहद्रविणसंपदः ॥१०॥ हरिता हरिभिः शष्पैरिंद्रगोपैश्च लोहिता ॥ उच्छिलींध्र[illegible]तच्छाया नृणां श्रीरिव भूर

અધ્યાય ૨૦ મો—શ્રીશુક—એ બંને ભાઇનાં અદ્ભૂત કામ—દાવાગ્નિ થકી પોતાનો બચાવ—અને પ્રલંબાસુરનો વધ; એ સર્વ, ગોપ લોકોએ પછીથી પોતાની સ્ત્રીઓની પાસે કહ્યાં. ॥૧॥ ત્યારે ઘરડા ગોપ અને ગોપીઓએ, તે સાંભળવાથી વિસ્મય પામીને, એ રામ અને કૃષ્ણ, કોઇ મોટા દેવતાઓ વ્રજમાં આવેલા હોવાનું, માન્યું. ॥૨॥ પછી સર્વ પ્રાણીઓને ઉત્પન્ન કરનારી—સૂર્ય અને ચંદ્રને ફરતાં કુંડાળાં કરનારી—અને આકાશમાં ગડગડાટ ઉત્પન્ન કરનારી—વર્ષા ઋતુ આવી. ॥૩॥ વીજળીઓના ચમકારા થતાં, અને ગાજતાં તથા પાણી ઝરતાં, નિલા રંગનાં વાદળાંઓથી છવાઇ ગયેલાં આકાશમાં; ગુણોમાં ઢંકાઇ ગયેલ બ્રહ્મ સ્વરૂપ ન દેખાવાની પેઠે; ગ્રહો અને તારાઓ વિગેરે દેખાવા ન લાગ્યા. ॥૪॥ અને આઠ માસ સૂધી પોતાના કિરણોથી ખેંચેલા, પૃથ્વીના જળ રૂપી ધનને; સૂર્ય નારાયણે, એ વર્ષાકાળ પ્રાપ્ત થવાથી; પાછું મૂકવાનું શીરૂ કર્યું ॥૫॥ એટલે વીજળીઓ થતા મોટા મેઘ, પ્રચંડ વાયુથી કંપીને વિશ્વના જીવન રૂપ જળને; દયાળુ પુરૂષોની પેઠે. વરસાવવા લાગ્યા. ॥૬॥ તેથી તાપને લીધે સંકોચાયલી પૃથ્વી; કામના સહિત તપ કરનારાઓની કામનાઓ સિદ્ધ થયેથી, તેમનાં શરીરો પ્રફુલિત થવાની પેઠે; વરસાદ વરસવાથી તૃપ્ત થઇ. ॥૭॥ અને કળિયુગમાં જેમ વેદનો પ્રકાશ ન થતાં, પાપ રૂપ પાખંડ માર્ગોજ પ્રકાશે છે; તે રીતે રાત્રિની શિરૂઆતમાં, અંધકારને લીધે, ગ્રહો વિગેરે ન પ્રકાશતાં; માત્ર પતંગિઆજ (આગિયાજ) પ્રકાશવા લાગ્યા. ॥૮॥ અને ચૂપ થઇને સૂતેલા શિષ્ય બ્રાહ્મણો, સવારમાં ઉઠી નિત્ય કર્મ આટોપીને, ગુરૂનો શબ્દ સાંભળવાથી, બોલવા લાગવાની પેઠે; પર્જન્યનો શબ્દ સાંભળીને, દેડકાંઓ બોલવા લાગ્યાં. ॥ ૯ ॥ તથા પાછળથી થોડા વખતમાં સુકાઇ જનારી નાની નદીઓ; અજીતેંદ્રિય પુરૂષોનાં, દેહ—ધન—અને સંપત્તિઓ અવળે માર્ગે ચાલવાની પેઠેજ, ખરા માર્ગને તજીને, ઉમારગે ચાલવા લાગીઓ. ॥ ૧૦ ॥ તેમજ લક્ષ્મીવાન પુરૂષોની પેઠે; પૃથ્વી પણ, લીલા રંગના ઉગતા ઘાસથી, લીલી; ઇંદ્ર ગોપ નામના જીવડા ઉગવાથી, રાતી; અને છત્રના આકારના, બિલાડી-

ના દોષ કહેવાતા ઓડવાઓ થકી, છવાયલી થઇ. ॥૧૧॥ તથા ખેતરો, તેમાં થયેલાં ધાન્ય આદિકની સંપત્તિ વડે; એ થવાનું દૈવને આધીન હોવાનું ન જાણનારા; ખેડુતોને આનંદ, અને ધનવાન વેપારીઓને પરિતાપ, આપવા લાગ્યાં. ॥૧૨॥ અને હરિ ભગવાનની સેવા થકી સુંદર સ્વરૂપ થવાની પેઠે; નવીન જળના સેવન વડે; જળ અને સ્થળમાં રહેનાર, સર્વ પ્રાણીઓએ સુંદર સ્વરૂપો ધારણ કર્યા. ॥૧૩॥ તેમજ કાચા યોગીઓનાં કામના વાળાં મન, વિષયાદિકના સેવન વડે વિકારવાન થવાની પેઠે; પાણીના પૂર સહિત નદીઓ આવી મળવાથી, સમુદ્ર વિકારવાન થઇને, પવન વડે ઉછાળા મારવા લાગો. ॥૧૪॥ અને અધોક્ષજ ભગવાનમાં મનવાળા પુરુષો, દુઃખો થકી પરાભવ નહીં પામવાની પેઠે; વરસાદની ધારાઓનો માર લાગવા છતાં, પર્વતો તે થકી દુખિયા થતા ન હતા. ॥૧૫॥ ઘાસથી ઢંકાઇ ગયેલા, અને દુરસ્તી કર્યા વિનાના મારગો; બ્રાહ્મણોએ અભ્યાસ નહીં કરેલા, અને કાળે કરીને નાશ પામેલા સરખા વેદોની પેઠે; સંશયવાળા થઇ ગયા હતા. ॥૧૬॥ અસ્થિર સુહૃદપણાવાળી વીજળીઓ; ગુણવાન પુરુષોને વિશે પણ કામિનીઓનાં મન સ્થિર નહીં થવાની પેઠે; લોક માત્રના બંધુ મેઘને વિશે સ્થિર થતી નહોતી. ॥૧૭॥ ઇંદ્રનું મોટું અને (ગુણ) પણછ વિનાનું, મેઘ ધનુષ; ગુણો થકી વિકાર પામીને થયેલા, શરીરાદિકમાં રહેલા, ગુણો રહિત પુરુષ, ગુણોવાળો દેખાવાની પેઠે; પણછ વાળું હોય સરખુંજ, દેખાવા લાગ્યું. ॥૧૮॥ અને જેમ પુરુષ થકી ઉત્પન્ન થયેલ અહંબુદ્ધિ થકી પુરુષ પોતેજ ઢંકાઇ જઇને, પોતાના આત્મ સ્વરૂપને તે દેખી શકતો નથી, તેમ ચંદ્રના તેજથી દેખવામાં આવનારાં એટલે(ચંદ્ર થકી ઉત્પન્ન થયેલાં) વાદળાંઓ થકી ઢંકાએલ ચંદ્રમા પ્રકાશતો નહોતો. ॥૧૯॥ વળી ઘરને વિશે તાપ પામવાથી વૈરાગ્ય પામેલા લોકો, અચ્યુત ભગવાનના જન એટલે ભક્તાદિકના આવવાથી રાજી થઇને જેમ તેમનો સત્કાર કરે; તેમ; વરસાદના આવવાથી રાજી થયેલા મોર, ટૌકાર કરીને વરસાદનો સત્કાર કરવા લાગતા હતા. ॥૨૦॥ અને તપ કરનારાઓ તપ કર્યા પછી, પાછા કામ આદિકનું

भूत् ॥११॥ क्षेत्राणिसस्यसंपद्भिःकर्षकाणांमुदंददुः॥धनिनामुपतापंचदैवाधीनमजानतां॥१२॥ जलस्थलौकसःसर्वेनववारिनिषेवया॥ अ
बिभ्रद्रुचिरंरूपंयथाहरिनिषेवया॥१३॥ सरिद्भिःसंगतःसिंधुश्चुक्षुभेश्वसनोर्मिमान्॥अपक्वयोगिनश्चित्तंकामाक्तंगुणयुग्यथा॥१४॥गिरयो
वर्षधाराभिर्हन्यमानानविव्यथुः॥ अभिभूयमानाव्यसनैर्यथाऽधोक्षजचेतसः॥१५॥ मार्गाबभूवुःसंदिग्धास्तृणैश्छन्नाह्यसंस्कृताःनाभ्यस्य
मानाःश्रुतयोद्विजैःकालहताइव॥१६॥ लोकबंधुषुमेघेषुविद्युतश्चलसौहृदाः॥स्थैर्यंनचक्रुःकामिन्यःपुरुषेषुगुणिष्विव॥१७॥धनुर्वियतिमा
हेंद्रंनिर्गुणंचगुणिन्यभात्॥ व्यक्तेगुणव्यतिकरेऽगुणवान्पुरुषोयथा॥१८॥ नरराजोडुपश्छन्नःस्वज्योत्स्नाराजितैर्घनैः॥अहंमत्याभासितयास्व
भासापुरुषोयथा॥१९॥ मेघागमोत्सवाहृष्टाःप्रत्यनंदन्शिखंडिनः॥गृहेषुतप्तानिर्विण्णायथाऽच्युतजनागमे॥२०॥पीत्वाऽपःपादपाःपद्भिरास
न्नानात्ममूर्तयः॥प्राक्क्षामास्तपसाश्रांतायथाकामानुसेवया॥२१॥ सरस्स्वशांतरोधस्सुन्यूषुरंगापिसारसाः॥ गृहेष्वशांतकृत्येषुग्राम्याइव
दुराशयाः॥२२॥ जलौघैर्निरभिद्यंतसेतवोवर्षतीश्वरे॥पाखंडिनामसद्वादैर्वेदमार्गाःकलौयथा॥२३॥व्यमुंचन्वायुभिर्नुन्नाभूतेभ्योऽथामृतंघ
नाः॥यथाशिषोविश्पतयःकालेकालेद्विजेरिताः॥२४॥ एवंवनंतद्वर्षिष्ठंपक्वखर्जूरजंबुमत्॥गोगोपालैर्वृतोरंतुंसबलःप्राविशद्धरिः॥२५॥ धे
नवोमंदगामिन्यऊधोभारेणभूयसा॥ययुर्भगवताहूताद्रुतंप्रीत्यास्नुतस्तनीः॥२६॥ वनौकसःप्रमुदितावनराजीर्मधुच्युतः॥जलधारागिरेर्नादा
नासन्नादद्दशेगुहाः॥२७॥ क्वचिद्वनस्पतिक्रोडेगुहायांचाभिवर्षति॥निर्विश्यभगवान्रेमेकंदमूलफलाशनः॥२८॥दध्योदनंसमानीतंशिलायां
सलिलांतिके॥संभोजनीयैर्बुभुजेगोपैःसंकर्षणाऽन्वितः॥२९॥ शाद्वलोपरिसंविश्यचर्वतोमीलितेक्षणान्॥ तृप्तान्वृषान्वत्सतरान्गाश्चस्वो
धोभरश्रमाः॥३०॥ प्रावृट्श्रियंचतांवीक्ष्यसर्वभूतमुदावहां॥भगवान्पूजयांचक्रेआत्मशक्त्युपबृंहितां॥३१॥ एवंनिवसतोस्तस्मिन्रामकेश
वयोर्व्रजे॥ शरत्समभवद्व्यभ्रास्वच्छांब्वपरुषानिला॥३२॥ शरदानीरजोत्पत्त्यानीराणिप्रकृतिंययुः॥ भ्रष्टानामिवचेतांसिपुनर्योगनिषेवया

સેવન કરવા વડે, જેમ ઘણાં રૂપોવાળા થાય, તેમ; તાપથી પ્રથમ દુર્બલ અને નિસ્તેજ થયેલાં ઝાડો, મૂળિયાં વડે પાણી પીવા થકી પોતે ઘણા રૂપો વાળાં થયાં હતાં. ॥૨૧॥ અને શાંતિ વિનાનાં કર્મો કરવાના સ્થાન રૂપ, ઘર હોવા છતાં પણ, દુષ્ટ અને ગ્રામ્ય બુદ્ધિવાળા પુરુષો જેમ તેમાંજ રમ્યા પચ્યા રહે છે, તેમજ; કાદવ અને કાંટાથી ભરેલાં શાંતિ રહિત, અને કાંઠાઓથી ઘેરાયલાં, તળાવોમાં, સારસ પક્ષીઓ રહેવા લાગ્યાં હતાં. ॥૨૨॥ કળિયુગમાં પાખંડ મતવાળાઓના અસત્ વાદ વિવાદથી, વેદનો માર્ગ જેમ ભાગો તૂટો થઇ જાય છે, તેમ ઇંદ્રે કરેલા વરસાદનું જથાબંધ પાણી વહેવાથી, પાળી રસ્તાઓ ભાગી તૂટીને, નદી સરખા થઇ ગયા હતા. ॥૨૩॥ તથા સમય પ્રાપ્ત થયે બ્રાહ્મણોની પ્રેરણાથી રાજાઓ, લોકને ઇચ્છિત પદાર્થાદિક આપીને, જેમ સુખી કરે છે; તેમ વાયુની પ્રેરણાથી મેઘરાજા, જળને વરસાવીને, પ્રાણીઓને સુખી કરવા લાગ્યા હતા. ॥૨૪॥ એવા સમૃદ્ધિવાન અને પાકેલાં ખજુરાંનાં અને જાંબુનાં ઝાડોવાળા વનમાં, ગાયો અને ગોવાળિયાઓથી વિંટાયલા, બળરામ સહિત હરિ ભગવાને રમવાની ઇચ્છાથી પ્રવેશ કર્યો. ॥૨૫॥ ત્યારે પોતાનાં આઉના મોટા ભારને લીધે, ધીમે ધીમે ચાલતી ગાયોને, ભગવાને સાદ કરવાથી; આંચળોમાંથી દૂધ ઝરતી તે ગાયો, ઉતાવળી ચાલવા લાગી. ॥૨૬॥ એ વખતે તે ગુફા, આનંદ પામેલા વનવાસીઓ વાળી–મધુર રસ ઝરનારી વનસ્પતિઓવાળી–તથા પર્વતમાંથી પડતી ઘોંઘાટ કરતી જળની ધારાઓ વાળી–જોવામાં આવતી હતી ॥૨૭॥ કોઇ વારે વરસાદ વરસતી વેળાએ, ભગવાન ઝાડોની બખોલોમાં, અને ગુફાઓમાં પેસીને, કંદમૂળ–ને ફળો ખાઇ, સાંજ રમતા હતા. ॥૨૮॥ તથા કદી કદી જમવાની ઇચ્છાવાળા ગોવાળિયાઓને, અને બળરામને સાથે લેઇને, જેની નજીકમાંજ પાણી હોય, તે શિલાઓ ઉપર બેસીને, સાથે લાવેલા દહીં સમેત અન્નને; જમતા હતા. ॥૨૯॥ અને લીલા ઘાસ વાળી જમીન ઉપર બેસી, આંખો મિંચીને તૃપ્ત થયેલા ગોધા–સાંઢ–અને વાછરડાંઓને, તથા આઉના ભારથી થાકેલી ગાયોને, વાગોળતાં જોઇને, એ સર્વ પ્રાણીઓને સુખ કરનારી, તથા પોતાની શક્તિ વડેજ વૃદ્ધિ પામેલી વર્ષા ઋતુની શોભાને, ભગવાન વખાણતા હતા. ॥૩૦-૩૧॥ એ રીતે રામ અને કેશવ ભગવાન, એ વ્રજને વિશે રહેતાં, વાદળાં

વિનાની—સ્વચ્છ જળવાળી—અને પવનની કઠોરતા વિનાની શરદ ઋતુ આવી લાગી. ॥૩૨॥ યોગથકી ભ્રષ્ટ થયેલાઓનાં મન, ફરીથી યોગનું સેવન કરવા વડે જેવી રીતે પોતાની મૂળસ્થિતિને પામેછે; તે રીતેજ કમળ આદિકની ઉત્પત્તિ વાળી શરદ ઋતુ થકી, જળાશયોનાં પાણી, પોતાની મૂળસ્થિતિને પામ્યાં. (એટલે સ્વચ્છ થયાં) ॥૩૩॥ જેમ શ્રીકૃષ્ણ ભગવાનની ભક્તિ, આશ્રમીઓનાં અશુભનો; (એટલે બ્રહ્મચારીએ કરવી પડતી ગુરુસેવા રૂપી કષ્ટનો—ગૃહસ્થાશ્રમીને કરવા પડતા સ્ત્રી સંતાનાદિકના પોષણ રૂપ કષ્ટનો—વાનપ્રસ્થાશ્રમીને કરવા પડતા મળ ધારણ રૂપ કષ્ટનો—અને સંન્યાસાશ્રમીને મનમાં ઉત્પન્ન થતી કામનાઓ રૂપીકષ્ટનો:) નાશ કરી નાંખે છે; તે રીતેજ; શરદ ઋતુ આવવાથી આકાશમાંનાં વાદળાંનો—પૃથ્વી ઉપરના પ્રાણી વિગેરેના અત્યંત વધારાનો—પૃથ્વી ઉપર એકઠા થયેલા કાદવ કિચડનો—અને જળની અંદરના મેલનો પણ; નાશ થઇ ગયો. ॥૩૪॥ અને શાંત તથા પાપથકી મુક્ત થયેલા મુનિઓ, તૃષ્ણાઓને તજીને જેવા શોભે; તે રીતે; પોતાનું સર્વસ્વ નાખી દેવાવડે, સ્વચ્છ પ્રકાશ થકી, વાદળાં શોભવા લાગ્યાં. ॥૩૫॥ તથા જ્ઞાની પુરુષો, યોગ્ય કાળે જેમ યોગ્ય રીતે, કરે છે: એટલે જ્ઞાન રૂપી અમૃત, પાત્ર મળે તેને આપે છે: અને બીજાઓને નથી પણ આપતા; તે રીતેજ; પર્વતો પોતાના શુદ્ધ જળને કોઇ કોઇ ઠેકાણે ઝરણાં રૂપે, મૂકવા લાગ્યા: અને કોઇ કોઇ ઠેકાણે મૂકતા નહોતા પણ ખરા. ॥૩૬॥ આ વખતે છીછરા જળમાં રહેલા જળચરો: મૂઢ કુટુંબીઓ, દરરોજ પોતાના ખુટતા જતા આયુષ્યને, જેમ જાણતા નથી; તેમ; એ જળના દરરોજ ઓછું થવાપણાને, જાણતા ન હતા. ॥ ૩૭ ॥ અને દરિદ્રી—રાંક—અને અજીતેંદ્રિય કુટુંબીઓ, પોતાના કુટુંબ થકી ઉત્પન્ન થતા પરિતાપને પામે છે; તે રીતેજ એ છીછરા જળમાં રહેનારા પ્રાણીઓ, શરદ ઋતુના તડકા થકી ઉત્પન્ન થતા, તાપને પામવા લાગ્યા હતા. ॥ ૩૮ ॥ તથા ધીર પુરુષો જેમ શરીરાદિક અનાત્મ વસ્તુઓમાંથી, અહંતા મમતાનો ત્યાગ કરેછે; તેમ; ધીમે ધીમે સ્થળોએ કાદવનો અને વનસ્પતિઓએ, કાચા પણાનો; ત્યાગ કરવા માંડયો હતો. ॥ ૩૯ ॥ અને આત્મ સ્વરૂપને વિષે સ્થિતિ પામ્યા પછી મુનિઓ જેમ વેદ આદિ લઇને સઘળું ભણવા થકી, શાંત થઇ જાય; તેમ; શરદ ઋતુ આ-

३३ व्योम्नोऽब्दंभूतशाबल्यंभुवःपंकमपांमलं॥शरज्जहाराश्रमिणांकृष्णेभक्तिर्यथाऽशुभ ३४सर्वस्वंजलदाहित्वाविरेजुःशुभ्रवर्चसः॥यथात्यक्तैषणाःशांतामुनयोमुक्तकिल्बिषाः ॥३५॥ गिरयोमुमुचुस्तोयंक्वचिन्नमुमुचुःशिवं॥यथाज्ञानामृतंकालेज्ञानिनोददतेनवा॥३६॥ नैवाविंदन्क्षीयमाणंजलंगाधजलेचराः॥यथायुरन्वहंक्षय्यंनरामूढाःकुटुंबिनः॥३७॥ गाधवारिचरास्तापमविंदन्शरदर्कजं ॥ यथादरिद्रःकृपणःकुटुंब्यविजितेंद्रियः॥३८॥ शनैःशनैर्जहुःपंकंस्थलान्यामंचवीरुधः॥ यथाहंममतांधीराःशरीरादिष्वनात्मसु ॥३९॥ निश्चलांबुरभूत्तूर्णीसमुद्रःशरदागमे॥ आत्मन्युपरतेसम्यङ्मुनिर्व्युपरतागमः॥४०॥ केदारेभ्यस्त्वपोऽगृण्हन्कर्षकादृढसेतुभिः॥ यथाप्राणैःस्रवज्ज्ञानंतन्निरोधेनयोगिनः ॥॥४१॥ शरदर्कांशुजांस्तापान्भूतानामुडुपोऽहरत् ॥ देहाभिमानजंबोधोमुकुंदोव्रजयोषितां॥४२॥ खमशोभतनिर्मेघंशरद्विमलतारकं॥सत्त्वयुक्तंयथाचित्तंशब्दब्रह्मार्थदर्शनं ॥४३॥ अखंडमंडलोव्योम्निरराजोडुगणैःशशी॥ यथायदुपतिःकृष्णोवृष्णिचक्रावृतोभुवि ॥४४॥ आश्लिष्यसमशीतोष्णंप्रसूनवनमारुतं॥ जनास्तापंजहुर्गोप्योनकृष्णहृतचेतसः॥४५॥ गावोमृगाःखगानार्यःपुष्पिण्यःशरदाऽभवन् ॥ अन्वीयमानाःस्ववृषैःफलैरीशक्रियाइव॥४६॥ उदहृष्यन्वारिजानिसूर्योत्थानेकुमुद्विना॥ राज्ञातुनिर्भयालोकायथादस्यून्विनानृप ॥४७॥ पुरग्रामेष्वाग्रयणैरिंद्रियैश्चमहोत्सवैः॥ बभौभूःपक्कसस्याढ्याकलाभ्यांनितरांहरेः॥४८॥ वणिङ्मुनिनृपस्नातानिर्गम्यार्थान्प्रपेदिरे॥वर्षरुद्धायथासिद्धाःस्वपिंडान्कालआगते ॥४९॥ इ०भा०म०द०पू०शरद्वर्णनंनामविंशतितमोऽध्यायः ॥ २० ॥

श्रीशुक०इत्थंशरत्स्वच्छजलंपद्माकरसुगंधिना॥न्यविशद्वायुनावातंसगोगोपालकोऽच्युतः ॥१॥ कुसुमितवनराजिशुष्मिभृंगद्विजकुलघुष्टसरःसरिन्महीध्रं॥मधुपतिरवगाह्यचारयन्गाःसहपशुपालबलश्चुकूजवेणुं॥२॥तद्व्रजस्त्रियआश्रुत्यवेणुगीतंस्मरोदयं॥काश्चित्परोक्षंकृष्णस्य

વવાથી સમુદ્ર સ્થિર પાણીવાળો, અને ચૂપ થયો. ॥ ૪૦ ॥ અને યોગીઓ જેમ ઇંદ્રિય દ્વારથી વહ્યા જતા જ્ઞાનને, ઇંદ્રિયોને રોકવા વડે, રોકી રાખે; તેમ; ખેડુતો પણ મજબૂત પાળીઓ બાંધીને, પાણીને ક્યારાઓમાં એકઠાં કરી રાખવા લાગ્યા હતા. ॥૪૧॥ વળી જેમ દેહાભિમાનથી થતો તાપ, આત્મજ્ઞાન થકી નાશ પામે છે; અને વ્રજની ગોપીઓનો તાપ, મુકુંદ ભગવાનથી નાશ પામે છે; તેમજ; શરદ ઋતુના તડકાથી પ્રાણીઓને ઉપજેલા તાપને, ચંદ્રમા મટાડતો હતો. ॥૪૨॥ અને શબ્દ બ્રહ્મના અર્થને દેખાડનાર સત્વ યુક્ત ચિત્તની પેઠે; વાદળાં રહિત અને નિર્મળ તારાઓવાળું આકાશપણ, શોભવા લાગ્યું હતું. ॥૪૩॥ તથા પૃથ્વી ઉપર સાત્વતપતિ ભગવાન જેમ, યાદવોથી વિંટાઇને શોભતા હતા; તેમ; તારાગણોના સંપૂર્ણ મંડળથી વિંટાયલો ચંદ્રમા, આકાશમાં શોભવા લાગ્યો હતો. ॥૪૪॥ તેમજ વનનાં ફૂલોમાં થઇને આવવાથી, ગરમી અને ઠંડકને સમાન કરનારો પવન, લાગવાથી લોકોના તાપને, તે મટાડતો હતો; પણ કૃષ્ણ ભગવાને હરિ લીધેલા મન વાળી ગોપીઓના તાપને, તે મટાડી શકતો નહોતો. ॥૪૫॥ અને જેમ ઇશ્વરને અર્પણ કરેલી ક્રિયાઓ, ઇચ્છા ન છતાં પણ, ફળ આપનારી થાય છે; તેમ ગાયો—હરણીઓ—પક્ષિણીઓ—અને સ્ત્રીઓ, શરદ ઋતુ આવવા થકી, ઋતુ વાળી થઇને, પોત પોતાની જાતના પુરુષો, પાછળ લાગવા વડે, ગર્ભવાળી થતી હતીઓ. ॥૪૬॥ હે રાજન, જેમ ચોર વિના સઘળા લોકો રાજાના ઉદય થકી, નિર્ભય થાય છે; તેમ; કુમુદ વિના સઘળી જાતનાં કમળો સૂર્યના ઉદય થકી પ્રફુલ્લિત થવા લાગ્યાં હતાં. ॥૪૭॥ અને પાકેલાં અન્નાદિકની સંપત્તિથી નગરોના અને ગામોના આગેવાન લોકોએ કરાતા, ઇંદ્રિયોને સુખ ઉપજાવનારા મોટા ઓચ્છવોથી, પૃથ્વી શોભિતી થઇ હતી. તેમજ જેમાં હરિ ભગવાનની કળા રૂપ, કૃષ્ણ અને બળરામ રહેતા હતા; તે પૃથ્વી તો બીજા કરતાં વિશેષ શોભિતી થઇ હતી. ॥ ૪૮ ॥ અને પોતાના દેહની અંદર રૂંધાઇ રહેલા સિદ્ધ પુરુષો, કાળ પ્રાપ્ત થયેથી, દેહમાંથી નીકળી જઇને, જેમ પોતાના અર્થ રૂપ પરમ પદને પામે છે; તેમ વર્ષા ઋતુથી રોકાઇ રહેલા વેપારીઓ—મુનિઓ—રાજાઓ—અને બ્રહ્મચારીઓ પણ, રોકાણમાંથી નીકળીને, પોત પોતાના અર્થને પામવા લાગ્યા હતા. ॥ ૪૯ ॥ ઇતિ શ્રી ભાગવતે દશમા સ્કંધનો વીસમો અધ્યાય સંપૂર્ણ ॥ ૨૦ ॥

અધ્યાય. ૨૧ મો—શ્રીશુક—શરદ ઋતુના કારણથી આ રીતના નિર્મળ થયેલા—અને કમળોના ભંડાર રૂપ જળમાં થઇને વાતા—સુગંધી યુક્ત પવન વાળા વનમાં, એ અચ્યુત ભગવાને ગાયો અને ગોવાળિઆઓ

સહિત પ્રવેશ કર્યો. ॥૧॥ અને તે ઉપદેશમાં કુસુમવાળી વનસ્પતિઓથી—તથા મદોન્મત્ત થયેલ ભમરા અને પક્ષીઓના ટોળાં થકી શબ્દ થતાં સરોવરો—નદીઓ—અને પર્વતો થકી, શોભતા વનમાં; બળરામ અને ગોપાળિયાઓ સહિત એ મધુપતિ ભગવાને પેસીને; ગાયોને ચારતાં, વેણું એટલે વાંસળી વગાડી. ॥૨॥ ત્યારે કામને જગાડનાર એ વેણુનાદ સાંભળીને કેટલીક વ્રજની સ્ત્રીઓ; કૃષ્ણભગવાનની પરોક્ષમાંજ, પોતાની સખીઓની પાસે તેનું વર્ણન કરવા લાગીઓ. ॥૩॥ અને તેમણે કૃષ્ણ ભગવાનનાં ચરિત્રોને સંભારીને તેનું વર્ણન કરવાનો આરંભ કર્યો ખરો; પણ હે રાજા, એ ઉત્તમ નટ સરખા શરીરવાળા—મોર પિંછાનો મુગટ પહેરેલા—કાને કર્ણી ફુલ પહેરેલા—સોના જેવાં પીળાં વસ્ત્ર અને વૈજયંતી માળા ધારણ કરેલા—તથા વાંસળીનાં છિદ્રોને પોતાના હોઠવડે અમૃત સિંચતા (એટલે વેણુ વગાડતા)—અને પોતાના પગવડેજ ફરવાને યોગ્ય એ વૃંદાવનમાં; ગોપ લોકોના કીર્તિ વખાણ કરાતા; ભગવાનમાં મન ખેંચાઈ જવાથી, કામનો વેગ નહીં જવાને; તેઓ બરાબર રીતે વર્ણન કરી શકી નહીં. ॥૪-૫॥ તેમજ હે રાજા, એ રીતનો સર્વ પ્રાણી માત્રના મનને ખેંચનારો વાંસળીનો નાદ સાંભળવાથી, વ્રજની સઘળી સ્ત્રીઓ જાણે ભગવાનને પ્રત્યક્ષ ભેટીનેજ વર્ણન કરતી હોય; તેમ વર્ણન કરવા લાગી ગઈઓ કે. ॥૬॥—ગોપીઓ—હે સખીઓ, મિત્રો સહિત પશુઓની પાછળ જનાર કૃષ્ણ અને બળરામનાં, વાંસળી વગાડવાથી શોભતાં—અને સ્નેહાળ કટાક્ષને મૂકતાં મુખડાંને જોવા ઉપરાંત બીજું વધારે ફળ, આ લોકમાં આંખ્યોવાળીઓને હોવાનું; અમે જાણતાં નથી. ॥૭॥ આંબાની કુંપળો—મોરનાં પિંછાં—ફુલોનાં ઝુમખાં—અને ઉત્પલ તથા કમળોની માળાઓ—વિગેરેને ધારણ કરેલા અને વિચિત્ર પ્રકારના વેશવાળા, એ બન્ને શાહઓ કોઈ કોઈ વાર ગોવાળિઆઓની મંડળીઓમાં જ્યારે ગાવા લાગે છે; ત્યારે, નાટકની રંગભુમિ ઉપર આવતા બે નટોના સરખા તેઓ શોભે છે. ॥૮॥ હે ગોપીઓ, એ દામોદર ભગવાનના અધરામૃતને, આ વાંસળી પોતે એકલીજ પીતાં, જે શેષ રહે છે; તેટલુંજ ગોપીઓને મળે છે. માટે એ વાંસળીએ કયું પુણ્ય આચરેલું હશે.? કે જેને માટે તેનાં આર્ય એટલે પિતારૂપ ઝાડો રોમાંચિત થઈને, આનંદનાં આંસુ રૂપ રસની ધારાઓને મુકે છે; અને તેની માતા રૂપ નદીઓ પોતામાં

स्वसखीभ्योऽन्ववर्णयन् ॥३॥ तद्वर्णयितुमारब्धाःस्मरंत्यःकृष्णचेष्टितं॥नाशकन्स्मरवेगेनविक्षिप्तमनसोनृप॥४॥बर्हापीडंनटवरवपुःकर्णयोः
कर्णिकारंबिभ्रद्वासःकनककपिशंवैजयंतींचमालां॥रंध्रान्वेणोरधरसुधयापूरयन्गोपवृंदैर्वृंदारण्यंस्वपदरमणंप्राविशद्गीतकीर्तिः ॥५॥ इतिवे
णुरवंराजन्सर्वभूतमनोहरं॥श्रुत्वाव्रजस्त्रियःसर्वावर्णयंत्योऽभिरेभिरे॥६॥ गोप्य० अक्षण्वतांफलमिदंनपरंविदामःसख्यःपशूननुविवेशयतो
र्वयस्यैः॥वक्त्रंव्रजेशसुतयोरनुवेणुजुष्टंयैर्वानिपीतमनुरक्तकटाक्षमोक्षं ॥७॥चूतप्रवालबर्हस्तबकोत्पलाब्जमालानुपृक्तपरिधानविचित्रवेषौ॥
मध्येविरेजतुरलंपशुपालगोष्ठ्यांरंगेयथानटवरौक्वचगायमानौ ॥८॥ गोप्यः किमाचरदयंकुशलंस्मवेणुर्दामोदराधरसुधामपिगोपिकानां ॥
भुंक्तेस्वयंयदवशिष्टरसंह्रदिन्योहृष्यत्त्वचोऽश्रुमुमुचुस्तरवोयथार्याः ॥९॥ वृंदावनंसखिभुवोवितनोतिकीर्तिंयद्देवकीसुतपदांबुजलब्धल
क्ष्मि॥गोविंदवेणुमनुमत्तमयूरनृत्यंप्रेक्ष्याद्रिसान्वपरतान्यसमस्तसत्वं ॥१०॥ धन्याःस्ममूढमतयोऽपिहरिण्यएतायानंदनंदनमुपात्तविचित्र
वेषं॥ आकर्ण्यवेणुरणितंसहकृष्णसाराःपूजांदधुर्विरचितांप्रणयावलोकैः ॥११॥ कृष्णंनिरीक्ष्यवनितोत्सवरूपवेषंश्रुत्वाचतत्क्वणितवेणुवि
चित्रगीतं ॥ देव्योविमानगतयःस्मरनुन्नसाराभ्रश्यत्प्रसूनकबरामुमुहुर्विनीव्यः॥१२॥गावश्चकृष्णमुखनिर्गतवेणुगीतपीयूषमुत्तभितकर्णपुटैः
पिबंत्यः॥शावाःस्नुतस्तनपयःकवलाःस्मतस्थुर्गोविंदमात्मनिदृशाऽश्रुकलाःस्पृशंत्यः॥१३॥ प्रायोबतांबविहगामुनयोवनेऽस्मिन्कृष्णेक्षितं
तदुदितंकलवेणुगीतं॥आरुह्ययेद्रुमभुजान्रुचिरप्रवालान्शृण्वंतिमीलितदृशोविगतान्यवाचः॥१४॥ नद्यस्तदातदुपधार्यमुकुंदगीतमावर्तल
क्षितमनोभवभग्नवेगाः॥ आलिंगनस्थगितमूर्मिभुजैर्मुरारेर्गृण्हंतिपादयुगलंकमलोपहाराः ॥१५॥ दृष्ट्वाऽऽतपेव्रजपशून्सहरामगोपैःसंचारयं
तमनुवेणुमुदीरयंतं ॥ प्रेमप्रवृद्धउदितःकुसुमावलीभिःसख्युर्व्यधात्स्ववपुषांऽबुदआतपत्रं ॥१६॥ पूर्णाःपुलिंद्यउरुगायपदाब्जरागश्रीकुंकुमे

થયેલાં કમળો ઉઘાડીને, રોમાંચિત થયેલાનું જણાવે છે. ॥૯॥ હે સખી, એ ગોવિંદ ભગવાને વગાડેલી વાંસળીની પાછળ, મત્ત થયેલા મોર નાચવાને મંડી જાય છે: તથા તે દેખી પર્વતોની બાજુઓમાંનાં બધાં પ્રાણીઓ, શાંત અને ક્રિયા રહિત થઈ જાય છે: એવા એ દેવકી પુત્ર ભગવાનના ચરણ કમળથી શોભા પામેલી આ વૃંદાવનની ભૂમિ, પોતાની કીર્તિનો ઘણોજ વિસ્તાર કરે છે. ॥૧૦॥ આ મૂઢ બુદ્ધિવાળી હરણીઓ પણ, તેમના સ્વામી કાળિયારો સહિત વિચિત્ર વેશવાળા એ બે નંદ પુત્રોએ વગાડેલી વાંસળી સાંભળીને, સ્નેહ ભરેલી નજરથી, સામું જોવા રૂપ, તેમનું પૂજન કરે છે: માટે તેઓને પણ ધન્ય છે. ॥૧૧॥ સ્ત્રીઓ રાજી થાય એવા, રૂપ અને વેશવાળા આ કૃષ્ણ ભગવાનને નીરખીને, અને તેમણે વિચિત્ર પ્રકારોથી વગાડેલી વાંસળીને સાંભળવાથી, વિમાનોમાં બેસીને જતી, દેવાંગનાઓને પણ કામ ઉત્પન્ન થઈને, મોહ થાય છે; અને તેથી તેમણે પહેરેલાં વસ્ત્રો ઢીલાં પડી જઈને, તેમના ચોટલામાં ગુંથેલાં ફુલો નીકળી પડે છે. ॥૧૨॥ એ કૃષ્ણ ભગવાનના મુખમાંથી નીકળતા વાંસળીના ગાયન રૂપી અમૃતને; ઊંચા કરેલા કાનવડે પીતી ગાયોને આંખોમાં આંસુ આવીને, તેઓ ખાવા પીવાનું તજીને; ગોવિંદ ભગવાનમાંજ મન રાખીને, ઉભી થઈ રહે છે; તથા ધાવણાં વાછરડાં પણ મોઢામાંના દૂધના ઘુંટડાને નહીં ઉતારતાં, એમજ ઉભાં થઈ રહે છે. ॥૧૩॥ હે માતાઓ, આ પક્ષીઓ પણ, ઘણું કરીને ખરેખરા મુનિઓજ હશે; કારણ તેઓ આ વનને વિષે, કૃષ્ણ ભગવાનને જુએ છે; અને તેમણે ગાયેલા સુંદર વાંસળીના ગાયનને, આંખ્યો મીંચીને ઝાડોની ડાળીઓ અને કુંપળો ઉપર બેસીને; બીજું કશું ન બોલતાં, સાંભળ્યા કરે છે. ॥૧૪॥ વળી આ નદીઓપણ એ મુકુંદ ભગવાનના ગાયનને જ્યારે સાંભળે છે, ત્યારે પોતાના વેગથી રહિત થઈને, તેમાં ભમરીઓ ઉત્પન્ન થવા રૂપ કામ ઉત્પન્ન થયેલો જણાય છે; અને પોતાના તરંગ રૂપી હાથવડે, એ મુરારી ભગવાનના ગાયનને ગ્રહણ કરે છે. ॥૧૫॥ તેમજ મેઘ પણ એ પોતાના મિત્ર ભગવાનને, બળરામ અને ગોવાળિઆઓ સહિત વ્રજના પશુઓને તડકામાં ચરાવતા, અને વાંસળી વગાડતા દેખી, વધેલા પ્રેમથી; ફુલ વડે વધાવવાની પેરે, તેમના ઉપર પાણીનાં છાંટા નાંખે છે; તથા પોતાના શરીર રૂપ વાદળાંઓથી, તેમના ઉપર છત્ર ધરે છે. ॥૧૬॥ પ્રિયાના સ્તન ઉપર ચોપડાયલું કેસર, એ ઘણા વખાણવા લાયક કીર્તિવાળા, ભગવાનના શોભિતા ચરણ કમળને લાગીને; તેને, એ પગ થકી ખડમાં લાગી ગયેલું જોઈ; વન-

ની બીબડીઓ પોતાની કામઝાળને શાંત કરવા સારૂં; તેને ખડ ઉપરથી એકઠું કરી લેઇ, પોતાનાં મોઢાં ઉપર તથા સ્તનો ઉપર ચોપડીને, કામજ્વરનો નાશ કરે છે; માટે તેઓ પણ કૃતાર્થજ છે. ॥ ૧૭ ॥ હે અબળાઓ આ રામ અને કૃષ્ણના ચરણના સ્પર્શના સુખને ભોગવનારો, અને ગાયો તથા ગોવાળિઆઓ સહિત તેમને પાણી–સાઇખડ–પોતાની ગુફાઓ–તથા કંદ અને મૂળ વિગેરે આપીને, માન આપનારો; આ ગોવર્ધન પર્વત પણ હરિ ભગવાનનો મોટો ભક્તજ હશે. ॥ ૧૮ ॥ હે સખીઓ, ગાયોનાં નોઝણાં વિગેરે માથા ઉપર વિંટાળવાં, અને ખભે રાખવાં, વિગેરે ગોપનાં ચિન્હ વાળા એ બે બાઇઓ, એક વનમાંથી બીજા વનમાં ગોવાળિઆઓ સહિત ગાયોને લેઇ જતા થકી; સર્વ દેહ ધારીઓને સુંદર લાગે, એવા મધુર શબ્દથી વાંસળી વગાડે છે; ત્યારે જંગમ પ્રાણીઓ, સ્થિર થઇ જાય છે, અને ઝાડો વિગેરે સ્થિર પ્રાણીઓને, રોમાંચિત થાય છે; એ મોટું આશ્ચર્ય છે. ॥૧૯॥—શ્રી શુક–વૃંદાવનમાં ફરતા ભગવાનની આવી આવી રમતોનું વર્ણન, ગોપીઓ એક બીજીની સાથે કરતાં, તેઓ સર્વે ભગવાન મય થઈ ગઇ હતી. ॥૨૦॥ ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો ગોપીગીત નામનો એકવિસમો અ૦ સ૦ ॥૨૧॥

અધ્યાય ૨૨ મો.—શ્રીશુક—હેમંત ઋતુની પહેલા મહિના માગશરમાં નંદજીના વ્રજની કુમારકાઓ હવિષ્ય અન્ન જમીને, કાત્યાયની એટલે દેવીનું વ્રત કરતી હતી. ॥૧॥ અરૂણોદય થતા પહેલાં તેઓ કાલિંદીના જળમાં નાહીને, રેતીની બનાવેલી દેવીની મૂર્તિનું સુગંધી વાળાં ચંદન–ફુલ–ધુપ–બળી–દુર્વા–અંકુર ચોખા–અને અનેક પ્રકારનાં નૈવેદ્ય વિગેરે થકી, પુજન કરતી હતી. ॥૨–૩॥ અને માગતી હતી કે, "હે કાત્યાયની–મહામાયા–મહા યોગિની–અને અધિશ્વરી; તમને નમસ્કાર કરીને હું ઇચ્છુંછું, કે ગોપ નંદજીના પુત્રને, તમે મારા સ્વામી કરજો." ॥૪॥ એ રીતના મંત્રનો જપ કરીને, તે કુમારકાઓ એ દેવીનું પૂજન કરતી હતી. એમ કૃષ્ણમાંજ ચિત્તવાળી તે, કુમારકાઓએ એક માસ સુધી વ્રત કર્યું હતું. ॥૫॥ અને

नदयितास्तनमंडितेन॥तद्दर्शनस्मररुजस्तृणरूषितेनालिंपंत्यआननकुचेषुजहुस्तदाधिं॥१७॥ हंतायमद्रिरबलाहरिदासवर्योयद्रामकृष्णचरणस्पर्शप्रमोदः॥मानंतनोतिसहगोगणयोस्तयोर्यत्पानीयसूयवसकंदरकंदमूलैः ॥१८॥ गागोपकैरनुवनंनयतोरुदारवेणुस्वनैःकलपदैस्तनुभृत्सुसख्यः॥आस्पंदनंगतिमतांपुलकस्तरूणांनिर्योगपाशकृतलक्षणयोर्विचित्रं ॥१९॥ एवंविधाभगवतोयावृंदावनचारिणः॥ वर्णयंत्योमिथोगोप्यःक्रीडास्तन्मयतांययुः ॥२०॥ इ०भा०म०द०पू०एकविंशतितमोऽध्यायः॥२१॥ श्रीशुक०हेमंतेप्रथमेमासिनंदव्रजकुमारिकाः चेरुर्हविष्यंभुंजानाःकात्यायन्यर्चनव्रतं ॥१॥ आप्लुत्यांभसिकालिंद्याजलांतेचोदितेऽरुणे॥ कृत्वाप्रतिकृतिंदेवीमानर्चुर्नृपसैकतीं ॥२॥ गंधैर्माल्यैःसुरभिभिर्बलिभिर्धूपदीपकैः ॥ उच्चावचैश्चोपहारैःप्रवालफलतंडुलैः॥३॥ कात्यायनिमहामायेमहायोगिन्यधीश्वरि॥नंदगोपसुतंदेविपतिंमेकुरुतेनमः॥४॥ इतिमंत्रंजपंत्यस्ताःपूजांचक्रुःकुमारिकाः॥ एवंमासंव्रतंचेरुःकुमार्यःकृष्णचेतसः॥५॥ भद्रकालींसमानर्चुर्भूयान्नंदसुतःपतिः॥ उषस्युत्थायगोत्रैःस्वैरन्योन्याबद्धबाहवः ॥६॥ कृष्णमुच्चैर्जगुर्यांत्यःकालिंद्यां[illegible]न्वहं ॥ नद्यांकदाचिदागत्यतीरेनिक्षिप्यपूर्ववत्॥७॥ वासांसिकृष्णंगायंत्योविजह्रुःसलिलेमुदा ॥ भगवांस्तदभिप्रेत्यकृष्णोयोगेश्वरेश्वरः ॥८॥ वयस्यैरागतस्तत्रवृतस्तत्कर्मसिद्धये ॥ तासांवासांस्युपादायनीपमारुह्यसत्वरः॥९॥ हसद्भिःप्रहसन्बालैःपरिहासमुवाचह॥ अत्रागत्याबलाःकामंस्वंस्वंवासःप्रगृह्यतां॥१०॥ सत्यंब्रवाणिनोनर्मयद्यूयंव्रतकर्शिताः॥ नमयोदितपूर्वंवाअनृतंतदिमेविदुः॥११॥ एकैकशःप्रतीच्छध्वंसहैवोतसुमध्यमाः॥तस्यतत्क्ष्वेलितंदृष्ट्वागोप्यःप्रेमपरिप्लुताः॥१२॥ व्रीडिताःप्रेक्ष्यचान्योन्यंजातहासानिर्ययुः॥ एवंब्रुवतिगोविंदेनर्मणाक्षिप्तचेतसः॥आकंठमग्नाःशीतोदेवेपमानास्तमब्रुवन् ॥१३॥ माऽनयंभोःकृथास्त्वांतुनंदगोपसुतंप्रियं॥जानीमोऽगव्रजश्लाघ्यंदेहिवासांसिवेपिताः॥१४॥ श्यामसुंदरतेदास्यःकरवामतवोदितं॥देहिवासांसिधर्मज्ञनोचेद्राज्ञेब्रुवामहे ॥१५॥ श्रीभग०भवत्योयदिमेदास्योमयोक्तंवाकरिष्यथ॥अत्रागत्यस्ववासांसिप्रतीच्छं

વારંવાર દેવીનું પૂજન કરીને, તેઓ નંદપુત્રને પોતાના પતિ થવાને ઇચ્છતી હતીઓ. તથા સવારમાં ઉઠીને એક બીજીનાં નામો લેઇને બોલાવતી તેઓ; એક બીજીના હાથ પકડી, મોટો ધાંટો કાઢીને, કૃષ્ણ ભગવાનનું ગાયન કરતી કરતી, દરરોજ કાલિંદી ઉપર નહાવાને જતી હતી. ॥૬॥ એક દહાડો તેમણે નદી ઉપર આવીને પ્રથમની માફક, પોતાનાં લુગડાં કાંઠા ઉપર મુકીને, આનંદથી જળની અંદર પેસી, કૃષ્ણ ભગવાનનું ગાયન કરતાં, રમવા માંડયું. ॥૭॥ ત્યારે યોગેશ્વરોના ઇશ્વર કૃષ્ણ ભગવાને, તેમના અભિપ્રાયને જાણીને; તેમના એ વ્રતની સિદ્ધિને અર્થે; પોતાના મિત્રો સહિત પોતે, ત્યાં આવ્યા; અને ઉતાવળાજ તેમનાં વસ્ત્રો લેઇને, ઝાડ ઉપર ચઢી ગયા. ॥૮–૯॥ પછીથી હસતા અને બીજા બાળકોને હસાવતા એ ભગવાને, તેમનું હાસ્ય કરીને કહ્યું કે; " હે અબળાઓ અહીંયાં આવીને, પોત પોતાનાં વસ્ત્રો લેવાની ઇચ્છા હોયતો; લેઇ લ્યો. ॥૧૦॥ તમે વ્રત કરવાથી દુબળી થયેલ છો, તેથી હું તમારી હાંસી કરતો નથી; સાચુંજ કહું છું; હું આગળ પણ કદી જૂઠું બોલ્યો નથી, તેનો આ ગોવાળિઆઓ પણ જાણેછેજ. ॥૧૧॥ હે સુંદરીઓ, તમારી મરજીમાં આવે તો, એકેકી આવીને; અગર સર્વે સાથે આવીને, વસ્ત્રો લ્યો. " એ રીતે પોતાની હાંસી થયેલી જોઇને, પ્રેમના રસમાં બુડેલી તે ગોપીઓ, લાજથી એક બીજીના સામુ જોઇને, હસી પડી; અને બહાર નીકળી નહીં. પણ ઘડી સુધી ટાઢા પાણીમાં ઉભાં રહેવાથી ધ્રુજતી અને આ પ્રમાણે બોલીને ગોવિંદ ભગવાને હાંસી કરવાથી ખેંચાયલાં મન વાળી, તેઓ બોલીકે. ॥૧૨–૧૩॥ હે નંદ નામના ગોપના પ્રિય પુત્ર, આપ વ્રજને વિશે વખાણવા યોગ્ય છો; તે અમે જાણીએ છીએ. માટે તમે અન્યાય ન કરો, અને ધ્રુજવા લાગેલી અમોને વસ્ત્રો આપો. ॥૧૪॥ હે શામ સુંદર, અમે તમારી દાસીઓ, તમારી આજ્ઞા પ્રમાણે કરનારી છૈએ; માટે ધર્મને જાણનાર આપ, વસ્ત્રો આપો; નહીં આપો તો અમે, રાજાને કહી દઇશું. ॥૧૫॥—શ્રી ભગવાન–હે સુંદર હસમુખી સ્ત્રીઓ, જો તમે મારી દાસીઓજ હો; તથા મારા કહેવા પ્રમાણે કરનારી હો, તો અહીંયાં આવીને પોત પોતાનાં લુગડાં લ્યો. ॥૧૬॥ પછી ટાઢથી હેરાન થયેલી સર્વ કુમારકાઓ, પોત પોતાના હાથ વતે યોનિ ઢાંકીને; ટાઢે ધ્રુજતી જળાશયમાંથી બહાર નીકળી.

॥१७॥ त्यारे शुद्ध भावथी प्रसन्न थयेला ए भगवान; तेमने जोई, लुगडां पोताना खभा उपर राखीने, प्रीतिथी हसता हसता, बोल्या के. ॥१८॥ तमे व्रत धारण करेली छतां, जळनी अंदर वस्त्र रहित नहावाथी देवनो अपराध कर्यो छे; तेनु पाप मटाडवा सारुं, हाथ जोडीने तथा नीचां पडी माथा वडे नमस्कार करीने, वस्त्र लेइ ल्यो. ॥१९॥ अच्युत भगवाने ए रीते कहेवाथी, ए व्रजनी स्त्रीओए, पोते वस्त्र रहित नहावाथी व्रतभंग थयेलानुं मान्युं; अने तेनी पूर्णता करवा सारुं, दोषने मटाडनारा, अने सघळां व्रतादिक कर्मोना फळ रूप, एवा साक्षात भगवानने; तेओ सर्वे पगे लागी. ॥२०॥ त्यारे तेमने ए रीते नमेली जोइने, तेथी प्रसन्न थयेला दयावान देवकी पुत्र भगवाने; तेओने वस्त्रो आप्यां. ॥ २१ ॥ तेमनां वस्त्रो लेइ लेवाथी, तेओने अत्यंत छेतरेली–लाज मूकावेली–दासी करेली –अने रमकडांना जेवी नचावेली छतां; प्रिय भगवानना समागमथी आनंदित थयेली गोपीओए तेमना विषे दोष बुद्धि करी नही. ॥ २२ ॥ पछी तेओए पोत पोतानां वस्त्रो पेहेरी लीधां; अने मन पकडाई जवाथी, प्रिय भगवानना समागममां वश थइ जइने, लाजथी सामे जोता करती, तेओ त्यांथी खसी शकी नहीं. ॥ २३ ॥ त्यारे ए व्रतधारी अबळाओनो संकल्प, पोताना चरणना स्पर्शनी कामनानो होवानुं जाणी जइने, ए दामोदर भगवाने, तेमने कह्युं के. ॥२४॥ " हे साध्वी स्त्रीओ, तमारो संकल्प मने प्रसन्न कराववानो छे; ते मने विदितज छे. तथा ते, मने पसंद पण छे; माटे तमारो ए संकल्प सिद्ध थवाने योग्यज छे. ॥२५॥ भाजेलुं–उकाळेलुं–अथवा रांधेलुं अनाज, जेम बीज रूपे थतुं नथी; एटले उगीने बीजा अनाजने उत्पन्न करी शकतुं नथी तेम; मारा विषे मन लगाडनारी

तुगुचिस्मिता: ॥१६॥ ततोजलाशयात्सर्वादारिका:शीतवेपिता:॥पाणिभ्यांयोनिमाच्छाद्यप्रोत्तेरु:शीतकर्शिता:॥१७॥भगवानाहतावीक्ष्य शुद्धभावप्रसादित:॥स्कंधेनिधायवासांसिप्रीत:प्रोवाचसस्मितं॥१८॥यूयंविवस्त्रायदपोधृतव्रताव्यगाहतैतत्तदुदेवहेलनं॥बध्वांजलिंमूर्ध्न्यपनु त्तयेंऽहस:कृत्वानमोऽधोवसनंप्रगृह्यतां ॥१९॥ इत्यच्युतेनाभिहितंव्रजाबलामत्वाविवस्त्राप्लवनंव्रतच्युतिं॥तत्पूर्तिकामास्तदशेषकर्मणांसा क्षात्कृतंनेमुरवद्यमृग्यत:॥२०॥ तास्तथाऽवनतादृष्ट्वाभगवान्देवकीसुत:॥वासांसिताभ्य:प्रायच्छत्करुणस्तेनतोषित:॥२१॥ दृढंप्रलब्धास्त्र पयाचहापिता:प्रस्तोभिता:क्रीडनवच्चकारिता:॥वस्त्राणिचैवापहृतान्यथाप्यमुंतानाभ्यसूयन्प्रियसंगनिर्वृता:॥२२॥ परिधायस्ववासांसिप्रेष्ठ संगमसज्जिता:॥गृहीतचित्तानोचेलुस्तस्मिन्लज्जायितेक्षणा: ॥२३॥ तासांविज्ञायभगवान्स्वपादस्पर्शकाम्यया॥धृतव्रतानांसंकल्पमाहदा मोदरोऽबला:॥२४॥ संकल्पोविदित:साध्व्योभवतीनांमदर्चनं॥मयाऽनुमोदित:सोऽसौसत्योभवितुमर्हति ॥२५॥ नमय्यावेशितधियांकाम: कामायकल्पते॥भर्जिताक्वथिताधानाप्रायोबीजायनेष्यते ॥२६॥ याताबलाव्रजंसिद्धामयेमारंस्यथक्षपा:॥यदुद्दिश्यव्रतमिदंचेरुरार्यार्चनंस ती: ॥२७॥ श्रीशुक० इत्यादिष्टाभगवतालब्धकामा:कुमारिका:॥ध्यायंत्यस्तत्पदांभोजं कृच्छ्रान्निर्विविशुर्व्रजं ॥२८॥ अथगोपै:परिवृतोभग वान्देवकीसुत:॥वृंदावनाद्गतोदूरंचारयन्गा:सहाग्रज:॥२९॥ निदाघार्कातपेतिग्मेछायाभि:स्वाभिरात्मन:॥ आतपत्रायितान्वीक्ष्यद्रुमानाह व्रजौकस: ॥३०॥ हेस्तोककृष्णहेअंशोश्रीदामन्सुबलार्जुन॥विशालर्षभतेजस्विन्देवप्रस्थवरूथप ॥३१॥ पश्यतैतान्महाभागान्परार्थैकांत जीविन:॥वातवर्षातपहिमान्सहंतोवारयंतिन:॥३२॥ अहोएषांवरंजन्मसर्वप्राण्युपजीवनं ॥ सुजनस्येवयेषांवैविमुखायांतिनार्थिन: ॥३३॥ पत्रपुष्पफलच्छायामुलवल्कलदारुभि:॥गंधनिर्यासभस्मास्थितोक्मै:कामान्वितन्वते ॥३४॥ एतावज्जन्मसाफल्यंदेहिनामिहदेहिषु॥प्राणै रर्थैर्धियावाचाश्रेयएवाचरेत्सदा ॥३५॥ इतिप्रवालस्तबकफलपुष्पदलोत्करै:॥तरूणांनम्रशाखानांमध्यतोयमुनांगत:॥३६॥तत्रगा:पायायि त्वाप:सुमृष्टा:शीतला:शिवा:॥ततोनृपस्वयंगोपा:काममंस्वादुपपुर्जलं॥३७॥ तस्याउपवनेकामंचारयंत:पशून्नृप॥कृष्णरामावुपागम्यक्षुधार्ता

कामना, बीजी कामनाओने उत्पन्न करी शकती नथीज. ॥ २६ ॥ माटे हे सिद्ध थयेली अबळाओ, तमे हवे व्रजमां जाओ; हे सतीओ जेने उद्देशीने तमे आ व्रत करी, देवीनुं पूजन कर्युं छे; ते हुं पोतेज तमारी साथे, आवती रात्रीओमां रमण करीश. ॥२७॥—श्री शुक—पछी भगवाने ए रीते कहेवाथी पूर्णकाम थयेली, ते अबळाओ; भगवानना चरण कमळनुं ध्यान करती, पराणे व्रजने विषे पाछी गइओ. ॥२८॥ अने देवकी पुत्र भगवान मोटा भाइ सहित गोवाळिआओथी विंटाइने, गायोने चारता वृंदावन थकी दूर आव्या गया. ॥२९॥ पछी उनाळाना सूर्यना तीक्ष्ण तडकामां, पोता उपर छत्र रूप थयेलां झाडोने जोइ, भगवाने व्रजवासी गोवाळोने कह्युं के. " हे स्तोक कृष्ण, अंशु, श्रीदामा, सुबळ, अर्जुन, विशाळ, वृषभ, तेजस्वी, देवप्रस्थ, अने वरूथप; आ सघळा प्रकारे, अने छेवट सुधी, बीजाओने माटेज जीवता वाळां; मोटा भाग्यशाळी झाडोने, तमे जुओ; तेओ वायु अने वरसाद, तथा तडको अने ताढ विगेरे पोते सहन करीने, आपणुं, ते सघळां थकी; रक्षण करे छे. ॥३०–३१–३२॥ अरे सर्व प्राणीओना जीवन रूप तेमनो जन्म, अति उत्तम छे; के सज्जन मनुष्योनी पेठे, तेमनी पासेथी पण, मागवाने आवेलाओ, खाली हाथे विमुख थइने, कदी पण जता नथी. ॥३३॥ अने तेओ पोतानां पांदडां–फुल–फळ–छाया–मूळ–छाल–लाकडां–गंध–सुंदर–राखोडी–फळोमांना ठळिया–अने अंकुर विगेरे, आपवा वडे; सर्वनी कामनाओने, परिपूर्ण करे छे. ॥३४॥ आ लोकमां देह धारण करीने, सर्व कोइए जन्म सफळ करवानुं एटलुंज छे के, पोताना प्राण–धन–बुद्धि–अने वाणी विगेरे थकी; बीजाओनुं जे रीते भलुं थाय, तेवुं आचरणज सर्व काळ करवुं. ॥३५॥ ए रीतनां कुंपळो–फळ–फुल–फुलना झुमखां एटले गुच्छ–अने पांदडां विगेरे थकी नमी रहेली डाळीओवाळां, झाडोनी वच्चेमां थइने भगवान जमुनाजी उपर गया. ॥३६॥ पछी हे राजा, सारुं सुंदर–मिठुं–स्वच्छ–शीतळ–अने उत्तम जळ, गायोने पाइने; ते गोवाळिआओए पण,

મરજી પ્રમાણે પીધું ॥૨૭॥ અને એ નદીના કાંઠાના વનમાં, પશુઓને તેમની ઇચ્છા પ્રમાણે ચરવા દેઇ; ભૂખ્યા થયેલા ગોપો રામ અને કૃષ્ણની પાસે આવીને, બોલ્યા કે. ॥૨૮॥ ઇતિશ્રી૰ ભા૰ દ૰ ૨૨૦ ગા૰ અ૰ સં ॥૨૨॥.

અધ્યાય ૨૩ મો.—ગોપ—હે દુષ્ટને મારનારા કૃષ્ણ અને પરાક્રમી રામ; અમને પીડા કરનારી ભૂખની શાંતિ કરવાને, તમો યોગ્ય છો. ॥ ૧ ॥—શ્રીશુક—એ પ્રમાણે ગોવાળિઆઓએ વિનંતી કરવાથી દેવકી પુત્ર ભગવાન, પોતાની ભક્ત; બ્રાહ્મણોની સ્ત્રીઓના ઉપર પ્રસન્ન થવાની ઇચ્છાથી, બોલ્યા કે. ॥૨॥ સ્વર્ગની કામનાથી બ્રહ્મવાદી બ્રાહ્મણોએ, 'આંગીરસ' નામનો સત્ર આરંભેલો છે; તે યજ્ઞભૂમિમાં, તમે જાઓ. ॥૩॥ હે ગોવાળિઆઓ અમારા મોકલવાથી ત્યાં જઇને મારૂં તથા ભગવાન મોટા ભાઇનું નામ લેઇને; તમે અન્નની માગણી કરો. ॥૪॥ એ રીતે ભગવાને કહેવાથી, તેઓએ ત્યાં જઇને; એ બ્રાહ્મણોની આગળ જમીન ઉપર પડી, દંડવત નમસ્કાર કરીને; તથા હાથ જોડીને, એ રીતનીજ માગણી કરી. ॥ ૫ ॥ ને કહ્યુંકે, " હે બ્રાહ્મણો, તમારૂં કલ્યાણ થાઓ, કૃષ્ણ અને રામના મોકલવાથી અમે ગોવાળિઆઓ આવેલાનું તમે જાણો; અને કૃષ્ણના સંદેશાને અમારા થકી સાંભળો. ॥૬॥ હે ધર્મને જાણનારા બ્રાહ્મણો, અહીંથી થોડે દૂર રામ અને કૃષ્ણ ગાયો ચરવતા આવેલા છે; અને ભૂખ્યા થવાથી તમારા થકી અન્નની ઇચ્છા કરે છે. માટે જો શ્રદ્ધા હોયતો, અન્નની માગણી કરનારા તેઓને તમે અન્ન આપો. ॥૭॥ હે ઉત્તમ બ્રાહ્મણો, સૌત્રામણી નામના યજ્ઞમાં, પશુને મારવાની દીક્ષા લેવાઇ હોય, તે વિનાના; બીજા સર્વે યજ્ઞોમાં દીક્ષા લીધા પછી પણ; તેમાંનું અન્ન ખાવાથકી, દોષ લાગતો નથી." ॥૮॥ એ રીતની ભગવાનની યાચનાને સાંભળ્યા છતાં; તુચ્છ આશાઓથી ઘણાં કર્મો કરનારા—અને અજ્ઞાન છતાં જ્ઞાની હોવાનું અભિમાન રાખનારા એ બ્રાહ્મણોએ, તે વાતને કાન દીધો નહીં. ॥૯॥ અને દેશ—કાળ—જૂદા જૂદા પદાર્થો—મંત્ર—તંત્ર—રૂત્વિજ—અગ્નિઓ—દેવતાઓ—યજમાન—અને યજ્ઞ તથા ધર્મ પણ જે મનાય છે; તેજ સાક્ષાત પરમ

इदमब्रुवन्॥२८॥ इ०भा०म०द०पू०द्वाविंशोऽध्यायः॥२२॥ गोपा०रामराममहावीर्यकृष्णदुष्टनिबर्हण॥एषावैबाधतेक्षुन्नस्तच्छांतिंकर्तुमर्ह
थः॥१॥ श्रीशुक०इतिविज्ञापितोगोपैर्भगवान्देवकीसुतः॥भक्तायाविप्रभार्यायाःप्रसीदन्निदमब्रवीत्॥२॥ प्रयातदेवयजनंब्राह्मणाब्रह्मवादिनः
॥सत्रमांगिरसंनामह्यासतेस्वर्गकाम्यया॥३॥ तत्रगत्वौदनंगोपायाचतास्मद्विसर्जिताः॥कीर्तयंतोभगवतआर्यस्यममचाभिधां॥४॥ इत्यादि
ष्टाभगवत गत्वायाचंततेतथा॥कृतांजलिपुटाविप्रान्दंडवत्पतिताभुवि॥५॥ हेभूमिदेवाःशृणुतकृष्णस्यादेशकारिणः॥ प्राप्तान्जानीतभद्रंवोगो
पान्नोरामचोदितान् ॥६॥ गाश्चारयंतावविदूरओदनंरामाच्युतौवोलषतोबुभुक्षितौ॥तयोर्द्विजाओदनमर्थिनोर्यदिश्रद्धाचवोयच्छतधर्मवित्त
माः॥७॥ दीक्षायाःपशुसंस्थायाःसौत्रामण्याश्चसत्तमाः॥ अन्यत्रदीक्षितस्यापिनान्नमश्नन्हिदुष्यति॥८॥इतितेभगवद्याच्ञांशृण्वंतोऽपिनशु
श्रुवुः॥क्षुद्राशाभूरिकर्माणोबालिशावृद्धमानिनः॥९॥ देशःकालःपृथक्द्रव्यंमंत्रतंत्रर्त्विजोऽग्नयः॥देवतायजमानश्चक्रतुर्धर्मश्चयन्मयः॥१०
तंब्रह्मपरमंसाक्षाद्भगवंतमधोक्षजं॥ मनुष्यदृष्ट्यादुष्प्रज्ञामर्त्यात्मानोनमेनिरे॥११॥ नतेयदोमितिप्रोचुर्ननेतिचपरंतप॥गोपानिराशाःप्रत्ये
त्यतथोचुःकृष्णरामयोः॥१२॥ तदुपाकर्ण्यभगवान्प्रहस्यजगदीश्वरः॥व्याजहारपुनर्गोपान्दर्शयन्लौकिकींगतिं॥१३॥ मांज्ञापयतपत्नीभ्यः
ससंकर्षणमागतं॥दास्यंतिकाममन्नंवःस्निग्धामय्युषिताधिया॥१४॥ गत्वाऽथपत्नीशालायांदृष्ट्वासीनाःस्वलंकृताः॥ नत्वाद्विजसतीर्गोपाःप्र
श्रिताइदमब्रुवन्॥१५॥ नमोवोविप्रपत्नीभ्योनिबोधतवचांसिनः॥इतोऽविदूरेचरताकृष्णेनेहेषितावयं॥१६॥ गाश्चारयन्सगोपालैःसरामोदू
रमागतः॥बुभुक्षितस्यतस्यान्नंसानुगस्यप्रदीयतां॥१७॥ श्रुत्वाऽच्युतमुपायांतंनित्यंतद्दर्शनोत्सुकाः॥तत्कथाक्षिप्तमनसोबभूवुर्जातसंभ्रमाः
॥१८॥ चतुर्विधंबहुगुणमन्नमादायभाजनैः॥ अभिसस्रुःप्रियंसर्वाःसमुद्रमिवनिम्नगाः॥१९॥ निषिद्धमानाःपतिभिर्भ्रातृभिर्बंधुभिःसुतैः॥
भगवत्युत्तमश्लोकेदीर्घश्रुतधृताशयाः॥२०॥ यमुनोपवनेऽशोकनवपल्लवमंडिते॥विचरंतंवृतंगोपैःसाग्रजंददृशुःस्त्रियः॥२१॥ श्यामंहिरण्य

બ્રહ્મ અધોક્ષજ ભગવાનને, મનુષ્ય માનીને; એ દુષ્ટ બુદ્ધિ વાળા બ્રાહ્મણોએ, પોતાના મનુષ્ય સ્વભાવથી; તેમની માગણીને માન આપ્યું નહીં. ॥૧૦—૧૧॥ હે પરંતપ, તેમણે હા કહી નહીં, તેમજ ના પણ ન કહી; ત્યારે નિરાશ થયેલા ગોવાળિઆઓએ પાછા જઇને, રામ અને કૃષ્ણની આગળ તે રીતે જણાવ્યું. ॥૧૨॥ તે સાંભળીને, એ જગતના ઇશ્વર ભગવાન; એ રીતે લૌકિક રીતિ દેખાડીને હસ્યા; અને ગોવાળિઆઓને ફરીથી તેમણે કહ્યું કે. ॥૧૩॥ " હવે તમે તેમની સ્ત્રીઓ પાસે જઇને, સંકર્ષણ સહિત હું અહીંયાં આવેલાનું, તેમને જણાવો; એટલે મારામાં સ્નેહાળ બુદ્ધિવાળી તેઓ, તમને જોઇએ તેટલું અન્ન આપશે. ॥૧૪॥ પછી તે ગોવાળિઆઓ પત્નીશાળામાં ગયા; અને ત્યાં અલંકાર પેહેરીને બેઠેલી બ્રાહ્મણોની સ્ત્રીઓને જોઇને, તેમને પ્રણામ કરીને નમ્રતા સહિત તેઓએ કહ્યું કે. ॥૧૫॥ " હે બ્રાહ્મણીઓ તમને નમસ્કાર છે, અમારૂં વચન સાંભળો; અહીં થકી થોડે દૂર આવેલા કૃષ્ણ ભગવાને, અમોને અહીં મોકલ્યા છે. ॥૧૬॥ રામ અને ગોવાળિઆઓ સહિત તે, ગાયો ચારતા ચારતા ઘણે દૂર આવેલા છે, અને ભૂખ્યા થયા છે; માટે તેમને, તેમની સાથેનાઓ સુદ્ધાંને માટે, અન્ન આપો." ॥૧૭॥ જેની કથાઓ થકી મન ખેંચાવાને લીધે તેમના દર્શનની હમેશાં ઉત્કંઠા રાખનારી તેઓ; એ અચ્યુત ભગવાનને નજીકમાં આવેલાનું સાંભળીને, ઘણી આકળી અને ઉતાવળી થઇઓ. ॥૧૮॥ અને સાંભળવાને ઘણો વખત થવાને લીધે, એ ઉત્તમશ્લોક ભગવાનમાં મન લાગેલી તે સર્વે સ્ત્રીઓ; પોતાના પતિઓ—ભાઇઓ—બંધુઓ—અને પુત્રો વિગેરેએ રોકતા માંડ્યા છતાં; ઘણા ગુણવાળાં ચારે પ્રકારનાં; અન્ન વાસણોમાં ભરી લેઇને, સમુદ્રમાં નદીઓ જવાની પેઠે સપાટાબંધ પ્રિય ભગવાન તરફ ચાલીઓ. ॥૧૯—૨૦॥ ત્યારે જમુનાંજીના કિનારા ઉપરના નવાં પાંદડાં ફૂટવાથી શોભિતાં અશોકનાં ઝાડો વાળા વનમાં; મોટા ભાઇ સહિત ગોવાળિઆઓથી વિંટાઇને ફરતા, ભગવાનને તે સ્ત્રીઓએ જોયા. ॥૨૧॥ વિશેષે કરીને સાંભળવાને અત્યંત પ્રિય લાગે એવાં પરાક્રમો કાનમાં જવાથી, જેને વિશે પોતાનાં મન લાગેલાં હતાં; તે શ્યામ વર્ણના—સોના જેવું પિતાંબર પેહેરેલા—વનમાળા, મોરપિંછ, ધાતુઓ, અને કુંપળો ધારણ કરેલા—નટના જેવા વેશથી સોબતીઓના ખભા ઉપર એક હાથ મુકેલા—બીજા હાથથી કમળ ફેરવતા—અને હસતા

મુખ કમળ ઉપર વાગતાં ગુચ્છ લટકતા—તથા કાનમાં ક્રીડાથી ફરતું કમળનું ફૂલ ખોસેલા—ભગવાનને પોતાની આંખોનાં છિદ્રના માર્ગથી અંતરમાં પેસારીને, અને ઘણી વાર સુધી મનથીજ તેમને ભેટીને, હે મનુષ્યોના રાજા; પ્રાજ્ઞ પુરૂષ જેમ, અભિમાન આદિક અહંતા મમતાની વૃત્તિઓને તજી દે; તે રીતે સર્વે દેહના તાપને, તે બ્રાહ્મણીઓએ તજી દીધા. ॥૨૨॥—૨૩॥ ત્યારે આ રીતે સર્વ આશાઓને તજીને, તેઓ પોતાનાં દર્શન માટેજ આવેલાનું; એ સર્વના મનની વાતને જાણનારા ભગવાને, જાણી લેઇને; તેમને હસતે મોઢે કહ્યું કે. ॥૨૪॥ "હે ભાગ્યશાળી બ્રાહ્મણીઓ, તમે ભલે આવ્યાં; ફક્ત મારા દર્શન સારૂંજ આવેલાં તમારૂં, હું શું કામ કરૂં. ? ॥૨૫॥ પોતાના સ્વાર્થને સમજનારા સમજુ લોકો, નિષ્કામ અને ભેદ રહિત ભક્તિ, હું પ્રિય અને આત્મ સ્વરૂપને વિષે; એ રીતેજ કરે છે. ॥૨૬॥ અને જેના સંબંધથી પ્રાણ—બુદ્ધિ—મન—પોતાનું શરીર—સ્ત્રી—સંતાન—અને ધન વિગેરે પ્રિય લાગે છે; તે આત્મા રૂપી હું કરતાં, વધારે પ્રિય બીજું શું હોય. ? ॥૨૭॥ તો હવે તમે યજ્ઞ ભૂમિ ઉપર પાછાં જાઓ; કારણ તમારા સ્વામી ગૃહસ્થાશ્રમી બ્રાહ્મણો, પોતાનો સત્ર તમારા વડેજ પૂરો કરી શકવાના છે. ॥૨૮॥—બ્રાહ્મણીઓ—હે સમર્થ, આવું કઠણ વચન બોલવાને આપ યોગ્ય નથી; આપના ચરણમાંની તુળશીની માળાને, માથા ઉપર ધારણ કરવાની ઇચ્છાથી, એટલે આપનું દાસીપણું કરવાનેજ; અમે સર્વ સંબંધીઓની અવગણના કરીને, આપના ચરણ મૂળમાં આવેલી છૈએ. તો હવે, "આપને પામેલો પાછો ફરેજ નહીં." એવું જે વેદ અને શાસ્ત્રનું વચન છે; તેને સત્ય કરો. ॥૨૯॥ હે અરિંદમ ભગવાન, અમને અમારા પતિઓ—માબાપ—દીકરાઓ—ભાઇઓ—બંધુઓ—અને સુહૃદો પણ, હવે સંઘરનાર નથી; તો બીજાઓનું તો કહેવુંજ શું. ? તેથી અમે આપના ચરણમાં પડેલીઓની, હવે બીજી કોઇ પણ ગતિ છેજ નહીં; તે સારૂં આપનું દાસત્વજ, આપ અમને આપો. ॥૩૦॥ —શ્રીભગવાન—તમારા પતિઓ—પિતાઓ—ભાઇઓ—અને દીકરાઓ વિગેરે કોઇ પણ, તમારામાં દોષ જાણશે

परिधिंवनमाल्यबर्हधातुप्रवालनटवेषमनुव्रतांसे॥ विन्यस्तहस्तमितरेणधुनानमब्जंकर्णोत्पलालककपोलमुखाब्जहासं॥२२॥ प्रायःश्रुतप्रियतमोदयकर्णपूरैर्यस्मिन्निमग्नमनसस्तमथाक्षिरंध्रैः॥अंतःप्रवेश्यसुचिरंपरिरभ्यतापंप्राज्ञंयथाऽभिमतयोविजहुर्नरेंद्र ॥२३॥ तास्तथात्यक्तसर्वाशाःप्राप्ताआत्मदिदृक्षया॥विज्ञायाखिलदृग्द्रष्टाप्राहप्रहसिताननः ॥२४॥स्वागतंवोमहाभागाआस्यतांकरवामकिं॥यन्नोदिदृक्षयाप्राप्ताउपपन्नमिदंहिवः ॥२५॥ नन्वद्धामयिकुर्वंतिकुशलाःस्वार्थदर्शिनः॥अहैतुक्यव्यवहितांभक्तिमात्मप्रियेयथा ॥२६॥ प्राणबुद्धिमनःस्वात्मदारापत्यधनादयः॥यत्संपर्कात्प्रियाआसंस्ततःकोन्वपरःप्रियः ॥२७॥ तद्यातदेवयजनंपतयोवोद्विजातयः॥स्वसत्रंपारयिष्यंतियुष्माभिर्गृहमेधिनः ॥२८॥ पत्न्य०मैवंविभोऽर्हतिभवान्गदितुंनृशंसंसत्यंकुरुष्वनिगमंतवपादमूलं॥प्राप्तावयंतुलसिदामपदावसृष्टंकेशैर्निवोढुमतिलंघ्यसमस्तबंधून् ॥२९॥ गृण्हंतिनोनपतयःपितरौसुतावानभ्रातृबंधुसुहृदःकुतएवचान्ये॥तस्माद्भवत्प्रपदयोःपतितात्मनांनोनान्याभवेद्गतिररिंदमतद्विधेहि॥३०॥ श्रीभग०पतयोनाभ्यसूयेरन्पितृभ्रातृसुतादयः॥लोकाश्चवोमयोपेतादेवाअप्यनुमन्वते ॥३१॥ नप्रीतयेऽनुरागायह्यंगसंगोनृणामिह॥तन्मनोमयियुंजानाअचिरान्मामवाप्स्यथ३२श्रीशुक० इत्युक्तामुनिपत्न्यस्तायज्ञवाटंपुनर्गताः॥तेचानसूयवःस्वाभिःस्त्रीभिःसत्रमपारयन्॥३३॥ तत्रैकाविधृताभर्त्राभगवंतंयथाश्रुतं ॥ हृदोपगुह्यविजहौदेहंकर्मानुबंधनं॥३४॥ भगवानपिगोविंदस्तेनैवान्नेनगोपकान् ॥ चतुर्विधेनाशयित्वास्वयंचबुभुजेप्रभुः ॥३५॥ एवंलीलानरवपुर्नृलोकमनुशीलयन् ॥ रेमेगोगोपगोपीनांरमयन्रूपवाक्कृतैः ॥३६॥ अथानुस्मृत्यविप्रास्तेअन्वतप्यन्कृतागसः॥ यद्विश्वेश्वरयोर्याञ्चामहन्मनृविडंबयोः॥३७॥ दृष्ट्वास्त्रीणांभगवतिकृष्णेभक्तिमलौकिकीं॥ आत्मानंचतयाहीनमनुतप्ताव्यगर्हयन् ॥३८॥ धिग्जन्मनस्त्रिवृद्विद्यांधिग्व्रतंधिग्बहुज्ञतां॥ धिक्कुलंधिक्क्रियादाक्ष्यंविमुखायेत्वधोक्षजे॥३९॥ नूनंभगवतोमायायोगिनामपिमोहिनी॥ यद्वयंगुरवोनृणांस्वार्थेमुह्यामहेद्विजाः॥४०॥ अहोपश्यतनारीणामपिकृष्णेजगद्गुरौ॥ दुरंतभावंयोऽविध्यन्मृ

નહીં, અને મારી આ રીતની આજ્ઞા થયા પછી, મનુષ્યો તો શું, પણ દેવતાઓ પણ તમને માન આપશે, ॥૩૧॥ આ લોકમાં મનુષ્યોને અંગ સંગ વડે, પ્રીતિ કે સ્નેહ થતો નથીજ; માટે મારામાં મન રાખવાથી, થોડા વખતમાંજ તમો મને પામશો. ॥૩૨॥—શ્રીશુક—એ પ્રમાણે કહેવાયલી તે બ્રાહ્મણીઓ, યજ્ઞ ભૂમિ ઉપર પાછી ગઇઓ. અને તેમના સ્વામી વિગેરેએ તેમના વિષે દોષ બુદ્ધિ નહિ કરતા, પોત પોતાની સ્ત્રી સાથે યજ્ઞનો તે સત્ર પૂરો કર્યો. ॥૩૩॥ અને તેમનામાંની એકને, તેના સ્વામીએ રોકી રાખેલી હોવાથી; તેણે ભગવાનને જેવા સાંભળ્યા હતા, તેવાજ હૃદયમાં ચિંતવન કરીને; કર્મ બંધનથી ઉપજ થયેલા, પોતાના દેહને તજી દીધો. ॥૩૪॥ પછી એ ચાર પ્રકારના અન્ન વડે સમર્થ ગોવિંદ ભગવાને એ ગોવાળિયાઓને જમાડયા; અને પોતે પણ જમ્યા. ॥૩૫॥ એ રીતે રૂપ—વાણી—અને કામો વડે, મનુષ્યોની રીતિથી ચાલીને, લીલાથી નરનું શરીર ધારણ કરેલા ભગવાન, ગાયો—ગોવાળિયા—અને ગોપીઓને, રમાડતા હતા; તથા પોતે રમતા હતા. ॥૩૬॥ તે પછી એ મનુષ્ય રીતિથી ચાલનારા વિશ્વના ઇશ્વરોની યાચનાને, નહીં સ્વીકારવાનો પોતાથી થયેલો અપરાધ સંભારીને; તે બ્રાહ્મણો પરિતાપ પામ્યા. ॥૩૭॥ અને કૃષ્ણ ભગવાનને વિષે સ્ત્રીઓની અલૌકિક ભક્તિ જોઇને, તે થકી હીન પોતાના આત્માને, તેઓ ધિક્કારવા લાગ્યા; ॥૩૮॥ અને બોલ્યા કે. "અધોક્ષજ ભગવાનથી વિમુખ આપણા ત્રણ પ્રકારના જન્મને, (૧ શુદ્ધ માતા પિતાથી થયેલ —૨ જનોઇ દેવાથી થયેલ—૩ યજ્ઞાદિકની દીક્ષા લેવાથી થયેલ.)—વિદ્યાને—વ્રતને—ઘણું જાણવાપણાને—કુળને—ક્રિયાઓને—અને ડહાપણને પણ; ધિક્કાર છે." ॥૩૯॥ ભગવાનની માયા ખચીત યોગીઓને પણ મોહ પમાડે એવી છે; કે જેથી આપણ બ્રાહ્મણો, મનુષ્ય માત્રના ગુરૂ છતાં; પોતાના સ્વાર્થની બાબતમાંજ, મોહ પામી ગયા છૈએ. ॥૪૦॥ અરે, આ સ્ત્રીઓના, જગત ગુરૂ કૃષ્ણ ભગવાન વિષેના અપાર ભાવને તો જુઓ; કે જેથી તેમનાઃ ઘર, નામના મૃત્યુના પાશ કપાઇ ગયા છે. ॥ ૪૧ ॥ તેમને દ્વિજની (જનોઇ દેવાનો) નો સંસ્કાર થયેલો નથી, ગુરૂને ઘેર નિવાસ થયો નથી, તપ એટલે આત્મ વિચાર કરેલ નથી, તેમજ શૌચ અને શુભ ક્રિયાઓ પણ તેમણે કરેલી નથી; છતાં પણ યોગેશ્વરોના ઇશ્વર કૃષ્ણ ભગ-

...ાન વિશે દ્દઢ ભક્તિવાળીઓ છે. અને આપણને સંસ્કારાદિક થયેલ છે છતાં; એવી ભક્તિ પ્રાપ્ત થઈ નથી. ॥ ૪૨-૪૩ ॥ ઘર કામમાં પ્રવૃત્ત થયેલા, અને સ્વાર્થમાં મૂઢ બનેલા, આપણને, સત્પુરૂષોના ગતિ રૂપ ભગવાને, ગોપસ્ત્રિઓ પાસે કહેવરાવીને, ખચીત પોતાનું સ્મરણ આપ્યું હતું. ॥ ૪૪ ॥ નહીંતો એ પૂર્ણકામ અને મોક્ષ વિગેરે આપવાને સમર્થ ઈશ્વરને, પોતાની આજ્ઞામાં રહેનારા આપણ જેવાઓનું; આ પ્રકારની લીલા કરવા સિવાય, બીજું શું કામ હોય. ? ॥૪૫॥ જેના ચરણ સ્પર્શની સંપૂર્ણ ઈચ્છાથી, પોતાના ચંચળપણા આદિ દોષને તજીને; તથા બીજાઓનો ત્યાગ કરીને, એ મોક્ષ સ્વરૂપ ભગવાનને, લક્ષ્મીજી ભજે છે; તે ભગવાનજ યાચના કરે, એતો લોકને મોહ ઉપજાવ કરનારૂંજ કહેવાય. ॥૪૬॥ દેશ—કાળ—અનેક દ્રવ્યો—મંત્ર—તંત્ર—ઋત્વિજ—અગ્નિઓ—દેવતા—યજમાન—યજ્ઞ—અને ધર્મ પણ, જેના ગય છે, એજ યોગેશ્વરોના ઈશ્વર સાક્ષાત વિષ્ણુ ભગવાન, યાદવોમાં જન્મેલાનું સાંભળ્યા છતાં પણ; મૂઢ પણાથી આપણે તેમને ઓળખ્યા નહીં. ॥૪૭-૪૮॥ તોપણ આપણે અતિ ધન્ય છૈએ; કે જેમના ઘરોમાં આ પ્રકારની સ્ત્રીઓ છે. જેમની ભક્તિના પ્રતાપથી આપણને પણ, હરિ ભગવાનમાં નિશ્ચળ ભક્તિ ઉપજ થઈ છે. ॥૪૯॥ જેની માયાથી મોહ પામેલ બુદ્ધિ વડે, આપણ સર્વ કર્મ માર્ગમાં ભમીએ છીએ; તે અખંડ જ્ઞાનવાળા કૃષ્ણ ભગવાનને અમે નમીએ છીએ. ॥૫૦॥ માટે આપની માયાએ મોહ પમાડેલ અને આપના પ્રભાવને ન જાણનારા, એવા અમોને અપરાધ ક્ષમા કરવાને; આપ યોગ્ય છો. ॥૫૧॥ એ રીતે કૃષ્ણ વિશે થએલા પોતાનો અપરાધનું સ્મરણ લાવી, તેમને જોવાની તેઓને ઈચ્છા થઈ; પણ કંસની બીહીકથી તેઓ ત્યાં ગયા નહીં. ॥૫૨॥ ઇતિશ્રી० ભા० દશમા સ્કંધનો તેવિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૩॥

स्युपाशान्त्ग्रभिधान् ॥४१॥ नासांद्विजातिसंस्कारोननिवासोगुरावपि॥नतपोनात्ममीमांसानशौचंनक्रियाःशुभाः ॥४२॥ अथापित्तुत्तम श्लोके ...योगेश्वरेश्वरे॥भक्तिर्दृढानचास्माकंसंस्कारादिमतामपि॥४३॥ ननुस्वार्थविमूढानांप्रमत्तानांगृहेहया॥अहोनःस्मारयामासगोपवाक्यैःसतांगतिः॥४४॥ अन्यथापूर्णकामस्यकैवल्याद्याशिषांपतेः॥ईशितव्यैःकिमस्माभिरीशस्यैतद्विडंबनं ॥४५॥ हित्वाऽन्यान्भजतेयंश्रीःपादस्पर्शाशयाऽसकृत् ॥ आत्मदोषापवर्गेणयद्याञ्चाजनमोहिनी॥४६॥ देशःकालःपृथग्द्रव्यंमंत्रतंत्रर्त्विजोऽग्नयः॥देवतायजमानश्चक्रतुर्धर्मश्चयन्मयः॥४७॥ सएषभगवान्साक्षाद्विष्णुर्योगेश्वरेश्वरः॥जातोयदुष्वित्यशृण्मह्यपिमूढानविद्महे ॥४८॥ अहोवयंधन्यतमायेषांनस्तादृशीःस्त्रियः॥भक्त्यायासांमतिर्जाताअस्माकंनिश्चलाहरौ॥४९॥ नमस्तुभ्यंभगवतेकृष्णायाकुंठमेधसे॥यन्मायामोहितधियोभ्रमामःकर्मवर्त्मसु ॥५०॥ सवैनआद्यःपुरुषःस्वमायामोहितात्मनां॥अविज्ञातानुभावानांक्षंतुमर्हत्यतिक्रमं ॥५१॥ इतिस्वाघमनुस्मृत्यकृष्णेतेकृतहेलनाः॥ दिदृक्षवोऽप्यच्युतयोःकंसाद्भीतानचाचलन् ॥५२॥इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेपूर्वार्धेयज्ञपत्न्युद्धरणंनामत्रयोविंशोऽध्यायः ॥२३॥

श्रीभग० भगवानपितत्रैवबलदेवेनसंयुतः ॥ अपश्यन्निवसन्गोपानिंद्रयागकृतोद्यमान् ॥१॥ तदभिज्ञोऽपिभगवान्सर्वात्मासर्वदर्शनः॥ प्रश्रयावनतोऽपृच्छद्वृद्धान्नंदपुरोगमान्॥२॥ कथ्यतांमेपितःकोऽयंसंभ्रमोवउपागतः॥किंफलंकस्यचोद्देशःकेनवासाध्यतेमखः॥३॥ एतद्ब्रूहिमहान्कामोमह्यंशुश्रूषवेपितः॥नहिगोप्यंहिसाधूनांकृत्यंसर्वात्मनामिह॥४॥ अस्त्यस्वपरदृष्टीनाममित्रोदास्तविद्विषां॥ उदासीनोरिवद्वर्ज्यआत्मवत्सुहृदुच्यते॥५॥ ज्ञात्वाऽज्ञात्वाचकर्माणिजनोऽयमनुतिष्ठति ॥ विदुषःकर्मसिद्धिःस्यात्तथानाविदुषोभवेत्॥६॥ तत्रतावत्क्रियायोगोभवतांकिंविचारितः॥ अथवालौकिकस्तन्मेपृच्छतःसाधुभण्यतां॥७॥ नंद० पर्जन्योभगवानिंद्रोमेघास्तस्यात्ममूर्तयः॥ तेऽभिवर्षंतिभूतानांप्रीणनंजीवनंपयः॥८॥ तंतातवयमन्येचवार्मुचांपतिमीश्वरं ॥ द्रव्यैस्तद्रेतसासिद्धैर्यजंतेक्रतुभिर्नराः॥९॥ तच्छेषेणोपजीवंतित्रिवर्गफलहेतवे ॥ पुंसांपुरुषकाराणांपर्जन्यःफलभावनः॥१०॥ यएवंविसृजेद्धर्मंपारंपर्यागतंनरः॥ कामाल्लोभाद्भयाद्द्वेषात्सवैनाप्नोतिशोभनं॥११॥ श्रीशुक०

અધ્યાય ૨૪ મો.—શ્રીશુક—પછી બળદેવ સહિત ત્યાં રહેલા ભગવાને, ગોપ લોકોને ઇંદ્રનો યાગ કરવાનો ઉદ્યમ કરતા, જોયા. ॥૧॥ સર્વેને જાણનારા સર્વાત્મા ભગવાન તે જાણતાજ હતા; તોપણ તેમણે નંદજી આદિક વૃદ્ધ ગોપને નમ્રતા સહિત પૂછ્યું કે. ॥૨॥ "હે પિતાજી મને કહો કે, આ તમે કરવા માંડેલી ધામધુમ શાની છે. આ યજ્ઞ કોના ઉદ્દેશથી અને કેવી રીતે કરવામાં આવેછે. ? અને તેથકી શું ફળ થાય છે; તથા એ બદલ જે કાંઇ મોટી કામના હોય, તે સઘળું સાંભળવાને ઇચ્છતા મને, આપ કહો. કેમકે આ લોકમાં, સર્વને પોતા સમાન જાણનારા, સાધુ પુરૂષોનું કાંઇ પણ કૃત્ય, છાનું રાખવા જેવું હોતું નથી. ॥૩-૪॥ અને તેમને મિત્ર—ઉદાસીન—અને દ્વેષી, એઓને વિશે પણ, 'આ પારકો અને આ પોતાનો,' એવી નજર નથી હોતી. તથા જેઓને મારા તારા પણું હોય છે, તેઓને પણ ઉદાસીન તથા દ્વેષીની પેઠેજ તજવાનું, અને સુહૃદ એટલે મિત્રને પોતા સમાનજ જાણવાનું, કહેલ છે ॥૫॥ અહીંયાં કેટલાક લોકો જાણીને, અને કેટલાક જાણ્યા વિના એક બીજાની દેખાદેખીથીજ, યજ્ઞાદિક કર્મોનું આચરણ કરેછે; પણ જાણીને કરનારાઓના સરખી કર્મની સિદ્ધિ, વગર જાણે કરનારાઓને થતી નથીજ. ॥૬॥ તો તમે કરવા માંડેલો આ ક્રિયાયોગ કોઇ પણ શાસ્ત્રમાં કરવાને કહેલ છે, કે લૌકિક ચાલતી રૂઢી થકીજ કરો છો. તે આપ મને સાચે સાચું કહો. ॥૭॥—નંદ—વરસાદ એટલે પરજન્ય અને મેઘ, એ ભગવાન ઇંદ્રનાં સ્વરૂપ છે; અને જેથી પ્રાણીઓને ખાવાના અને પીવાના પદાર્થો પેદા થાય છે; તે જળને, વરસાવનાર એજ છે. ॥ ૮ ॥ માટે હે તાત, જળને વરસાવનાર, આપણા તેમજ બીજાઓના ઇશ્વર, અને સ્વામી, એમનું; તેમણે વરસાવેલા જળથી ઉત્પન્ન થયેલા પદાર્થો વડે, માણસો યજ્ઞાદિક કરીને પૂજન કરે છે. ॥૯॥ અને એ રીતે પૂજન કરતાં શેષ રહેલા વડેજ, તેઓ પોતાનો ત્રિવર્ગ એટલે ધર્મ—અર્થ—અને કામના સંબંધનો નિર્વાહ ચલાવે છે; કેમકે ખેડુત વિગેરે સર્વ મનુષ્યોને તેમણે કરેલી મહેનતનું ફળ થવાનું, વરસાદ થવાનેજ આધીન છે. ॥૧૦॥ અને એ

રીતે પરંપરાથી ચાલતા આવેલા, એ ધર્મનો; કામથી-લોભથી-ભયથી-કે દ્વેષથી ત્યાગ કરનાર મનુષ્યનું; ભલું થતું નથી. ॥૧૧॥-શ્રીશુક-નંદજી અને બીજા વ્રજવાસીઓનું એ રીતનું બોલવું સાંભળીને, કેશવ ભગવાને. ઇંદ્રને ક્રોધ ઉપજાવવાને, પોતાના પિતાને કહ્યું કે. ॥૧૨॥-શ્રી ભગવાન-પ્રાણીઓ કર્મ વડે જન્મેછે-કર્મ વડે મરે છે-અને સુખ, દુઃખ, ભય, અને નિર્ભયપણું; એ સર્વ પણ, કર્મ વડેજ પામે છે. ॥૧૩॥ પોતે સ્વતંત્ર અને બીજાઓને કર્મ ફળ આપનારો, એવો કોઇ ઇશ્વર જો હોય; તોપણ તે માત્ર, કરેલાં કર્મોનાંજ ફળ આપનારો હોવાથી; કર્મો નહીં કરનારાઓનો તો, તે પ્રભુ નથીજ. ॥૧૪॥ તો પોતાનાં કર્મોને અનુસરીને ચાલનારાં, મનુષ્યાદિક પ્રાણીઓને સ્વાભાવિક રીતે જે જે ફળો થવાનાં હોય છે; તેથી બીજી રીતે કરી શકવાને સમર્થ નહીં, એવા ઇંદ્ર થકી આ ઠેકાણે, શું થવાનું છે. ॥ ૧૫ ॥તથા લોકો પોતાના પૂર્વે સંસ્કાર અથવા સ્વભાવને આધીન હોવાથી, સ્વભાવને અનુસરીનેજ તેઓ વર્તન કરેછે; અને દેવ-દૈત્ય તથા મનુષ્યો સુદ્ધાં આખું જગત, સ્વભાવના આધાર ઉપરજ રહેલ છે. ॥૧૬॥ વળી પ્રાણીઓને ઉંચાનીચ સુખોની પ્રાપ્તી અને તેમનો ત્યાગ પણ, કર્મો પ્રમાણેજ થાય છે; એટલે તેઓને શત્રુ-મિત્ર-ઉદાસીન-ગુરૂ-અને સ્વામી; એ સર્વ પણ, કર્મોવડેજ પ્રાપ્ત થાય છે. ॥૧૭॥ એટલા માટે સ્વભાવ એટલે પૂર્વ સંસ્કારને અનુસરીને, પોતાનાં કર્મ કરનારાઓએ તો; કર્મનુંજ પૂજન કરવું યોગ્ય છે; એટલે જેના વડે સહેજજ પોતાની આજીવિકા ચાલે છે, એજ તેમનું દૈવત અથવા પૂજનીક દેવ માનવો જોઇએ. ॥૧૮॥ અને એક થકી આજીવિકા મેળવીને, તેને પડતો મૂકી બીજાનુંજ સેવન કરનારાઓને તો, અસતી સ્ત્રીઓએ કરેલી જાર પુરૂષની સેવાની પેઠે; તેના થકી નિર્ભય પણું કિંવા સુખ પ્રાપ્ત થતુંજ નથી. ॥૧૯॥ વેદાદિક શાસ્ત્રોનું અધ્યયન કરવા રૂપ આજીવિકા, બ્રાહ્મણોની છે; પૃથ્વીનું રક્ષણ કરવા રૂપ આજીવિકા, ક્ષત્રિઓની છે; અને વાર્તાઓ રૂપ આજીવિકાથી વૈશ્યો જીવે છે; તથા શુદ્રોની આજીવિકા, બ્રાહ્મણ-ક્ષત્રી-અને વૈશ્ય એ ત્રિવર્ણની ચાકરી કરવાથી. જે મળે, એજ છે.

वचोनिशम्यनंदस्यतथाऽन्येषांव्रजौकसां॥ इंद्रायमन्युंजनयन्पितरंप्राहकेशवः॥१२॥ श्रीभग०कर्मणाजायतेजंतुःकर्मणैवविलीयते॥ सुखं
दुःखंभयंक्षेमंकर्मणैवाभिपद्यते॥१३॥ अस्तिचेदीश्वरःकश्चित्फलरूप्यन्यकर्मणां॥ कर्तारंभजतेसोऽपिनह्यकर्तुःप्रभुर्हिसः॥१४॥ किमिंद्रेणे
हभूतानांस्वस्वकर्मानुवर्तिनां ॥ अनीशेनान्यथाकर्तुंस्वभावविहितंनृणां॥१५॥ स्वभावतंत्रोहिजनःस्वभावमनुवर्तते॥स्वभावस्थमिदंसर्वंस
देवासुरमानुषं॥१६॥ देहानुच्चावचान्जंतुःप्राप्योत्सृजतिकर्मणा॥शत्रुर्मित्रमुदासीनःकर्मैवगुरुरीश्वरः॥१७॥ तस्मात्संपूजयेत्कर्मस्वभावस्थः
स्वकर्मकृत् ॥ अंजसायेनवर्तेततदेवास्यहिदैवतं ॥१८॥ आजीव्यैकतरंभावंयस्त्वन्यमुपजीवति नतस्माद्विंदतेक्षेमंजारंनार्यसतीयथा॥१९॥
वर्तेतब्रह्मणाविप्रोराजन्योरक्षयाभुवः ॥वैश्यस्तुवार्तयाजीवेच्छूद्रस्तुद्विजसेवया॥२०॥ कृषिवाणिज्यगोरक्षाकुसीदंतुर्यमुच्यते॥ वार्त्ताचतुर्वि
धातत्रवयंगोवृत्तयोऽनिशं॥२१॥सत्त्वंरजस्तमइतिस्थित्युत्पत्त्यंतहेतवः॥ रजसोत्पद्यतेविश्वमन्योऽन्यंविविधंजगत्॥२२॥ रजसाचोदितामे
घावर्षंत्यंबूनिसर्वतः॥ प्रजास्तैरेवसिध्यंतिमहेंद्रःकिंकरिष्यति ॥२३॥ ननःपुरोजनपदानग्रामानगृहावयं॥ नित्यंवनौकसस्तातवनशैलनिवा
सिनः॥२४॥ तस्माद्गवांब्राह्मणानामद्रेश्चारभ्यतांमखः ॥ यइंद्रयागसंभारास्तैरयंसाध्यतांमखः ॥२५॥ पच्यंतांविविधाःपाका सूपांताःपाय
सादयः॥ संयावापूपशष्कुल्यःसर्वदोहश्चगृह्यतां॥२६॥ हूयंतामग्नयःसम्यग्ब्राह्मणैर्ब्रह्मवादिभिः॥अन्नंबहुविधंतेभ्योदेयंवोधेनुदक्षिणाः २७
अन्येभ्यश्चाश्वचांडालपतितेभ्योयथाऽर्हतः ॥ यवसंचगवांदत्वागिरयेदीयतांबलिः॥२८॥ स्वलंकृताभुक्तवंतःस्वनुलिप्ताःसुवाससः॥ प्रदक्षि
णंचकुरुतगोविप्रानलपर्वतान् ॥२९॥ एतन्मममतंतातक्रियतांयदिरोचते॥ अयंगोब्राह्मणाद्रीणांमह्यंचदयितोमखः॥३०॥ श्रीशुक०काला
त्मनाभगवताशक्रदर्पंजिघांसता ॥ प्रोक्तंनिशम्यनंदाद्याःसाध्वगृण्हंततद्वचः॥३१॥ तथाचव्यदधुःसर्वंयथाहमधुसूदनः॥वाचयित्वास्वस्त्य
यनंतद्द्रव्येणगिरिद्विजान्॥३२॥ उपहृत्यबलीन्सर्वानादृतायवसंगवां॥ गोधनानिपुरस्कृत्यागिरिंचक्रुःप्रदक्षिणं॥३३॥ अनांस्यनडुद्युक्तानि

॥૨૦॥ ખેડ-વેપારનું સાટવું-ઢોર પાળવાં-અને વ્યાજ લેવું; એ ચાર પ્રકારની વાર્તા વૃત્તિઓછે: તેમાં આપણી હમેશાંની વૃત્તિ એટલે આજીવિકાતો, ઢોર પાળવાનીજ છે. ॥૨૧॥ સત્વ-રજ-અને તમ, એ ગુણો વિશ્વની સ્થિતિ-ઉત્પત્તિ-અને નાશ થવાનાં કારણો રૂપે છે; વિવિધ પ્રકારનું જગત અન્યોઅન્ય, એક બીજા થકી રજો ગુણવડે, ઉત્પન્ન થાય છે. ॥૨૨॥ રજો ગુણની પ્રેરણાથી વરસાદ, સઘળે ઠેકાણે સારા નરસાનો ભેદ રાખ્યા વિનાજ, જળને વરસાવે છે; અને તે વડે સર્વ પ્રજાઓ, પોતાના અર્થની સિદ્ધિને પામે છે; તેમાં મહેંદ્ર કાંઇજ કરતો નથી. ॥૨૩॥ હે પિતા, આપણને તો નગર-દેશ-ગામ-કે ઘર કાંઇજ નથી; અને આપણે હમેશાંના, વન અને પર્વતમાં રહેનાર, વનવાસી છીએ ॥૨૪॥ એટલા માટે, તમે ગાયો-બ્રાહ્મણો-અને પર્વતના પૂજનનો, યજ્ઞ આરંભો; અને ઇંદ્રના યાગ માટે એકઠો કરેલા સામાન વડે, તેમનો યજ્ઞ સિદ્ધ કરો. ॥૨૫॥ દૂધપાકથી માંડીને, દાળ સુધી અનેક પ્રકારની રસોઇ કરાવો: અને લાપસી-માલપુવા-અને જલેબી બનાવરાવો; તથા દુધ-દહીં વિગેરે સર્વ, દોહેલા વડે થનારા પદાર્થો ભેળા કરાવો. ॥૨૬॥ બ્રહ્મવાદી બ્રાહ્મણો પાસે સંપૂર્ણ પણે અગ્નિમાં હોમ કરાવો; અને તેમને અનેક પ્રકારનાં અન્ન-દક્ષિણા-તથા ગાયો આપો. ॥૨૭॥ તેમજ કુતરાં-ચાંડાળ-અને પતિત પર્યંત સર્વ પ્રાણીઓને પણ યથા યોગ્ય રીતે અન્ન વિગેરે આપીને, ગાયોને ઘાસ ખવરાવો; તથા પર્વતને બલિદાન આપો. ॥૨૮॥ સારાં વસ્ત્રો અને સારાં ઘરેણાં પહેરીને, તથા ચંદનાદિક લગાડીને જમ્યા કેડે; ગાયો-બ્રાહ્મણો-અગ્નિ-અને પર્વતને; પ્રદક્ષિણા કરો. ॥૨૯॥ હે પિતા, મારૂં મત તો એ રીતે કરવાનું છે, માટે આપને તે રૂચતું હોયતો, એ પ્રમાણે કરો; અને ગાયોને-બ્રાહ્મણોને-અને પર્વતને-તથા મને પણ, એ રીતનો યજ્ઞ પ્રિય છે. ॥૩૦॥-શ્રીશુક-ઇંદ્રના દર્પનો નાશ કરવાની ઇચ્છાથી, કાળ સ્વરૂપ ભગવાને કહેલું એ વચન નંદજી વિગેરેએ સાંભળ્યું; અને " ઘણું સારૂં " એમ કહીને તેનો સ્વીકાર કર્યો. ॥૩૧॥ તથા મધુસૂદન ભગવાને કહ્યા પ્રમાણેજ, સઘળું કર્યું; એટલે સ્વસ્તી વાચન કરાવીને; ઇંદ્રના યજ્ઞ માટે ભેળા કરેલા પદાર્થો વડેજ, પર્વત-બ્રાહ્મણો-અને સર્વને; આદર સહિત બલિદાનો આપ્યાં-ગાયોને ઘાસ ખવરાવ્યું-અને ગાયોના ધણને આગળ કરીને, તથા બ્રાહ્મણોની સારી આશીશો

બેસીને; ગોવાળિયાઓએ જોડેલાં ગાડાંઓ ઉપર, ઘરેણાં પહેરેલી ગોપીઓએ બેસી; કૃષ્ણ ભગવાનનાં પરાક્રમોનું ગાયન કરતાં, તેમણે ગોવર્ધન પર્વતની પ્રદક્ષિણા કરી. ॥૩૨-૩૩-૩૪॥ અને લોકોને વિશ્વાસ બેસાડવા સારૂં, ભગવાને બીજું મોટું અદ્ભુત રૂપ ધરીને; હું પર્વત છું, એમ બોલતાં; ઘણું બળિદાન પોતે ખાઈ ગયા. ॥૩૫॥ તથા વ્રજવાસીઓની સાથે ભગવાન પોતે, તેને નમસ્કાર કરવા લાગીને, બોલ્યા કે, " જુઓ આ પર્વત દેહધારી થઈને, આપણા ઉપર અનુગ્રહ કરે છે. ॥૩૬॥ અને તે ઇચ્છા પ્રમાણેનાં રૂપો ધરીને, તેની અવગણના કરનારાઓનો, નાશ પણ કરે છે: માટેજ આપણ વનવાસીઓ, પોતાના તથા ગાયોના રક્ષણ સારૂં, તેને નમસ્કાર કરીએ છીએ " ॥૩૭॥ એ રીતે વાસુદેવ ભગવાનની પ્રેરણાથી, પર્વત-ગાયો-અને બ્રાહ્મણોનો યજ્ઞ, યથાવિધિ પૂરો કરીને; એ ગોપ લોકો, કૃષ્ણ ભગવાન સહિત વ્રજમાં પાછા ગયા ॥૩૮॥ઇતિ૦શ્રી૦ભા૦ દશમા સ્કંધનો ગોવર્ધનપૂજન નામે, ચોવિસમો અધ્યાય સંપૂર્ણ.॥૨૪॥

અધ્યાય ૨૫ મો.—શ્રીશુક—હે રાજા, ઇંદ્રે પોતાના પૂજનનો નાશ થયાનું જાણવાથી, કૃષ્ણના ધણીઆપાવાળા, નંદ વિગેરે ગોપ લોકોના ઉપર કોપ કર્યો. ॥ ૧ ॥ પછી પોતાનેજ સમર્થ માનનારા ઇંદ્રે સાંવર્તક નામના, અંત આણનારા મેઘના ગણોને બોલાવીને, ક્રોધ સહિત વચન કહ્યું કે ॥૨॥ " અરે આ વનમાં વસનારા ગોપ લોકોએ, મરણ ધર્મવાળા કૃષ્ણનો, આશ્રય કરીને; દેવતાઓનો અપરાધ કર્યો છે. એ લક્ષ્મીના મદનુંજ માહાત્મ્ય છે. ॥ ૩ ॥ જેમ કોઈ આન્વિક્ષિકી એટલે આત્મતત્ત્વ સંબંધીની વિદ્યાને તજીને, માત્ર નામનીજ વહાણ રૂપ કહેવાતી—અદૃઢ—અને કર્મમય, એવી યજ્ઞાદિક ક્રિયાઓવડે, ભવસાગર તરવાની ઇચ્છા કરે; તેની પેઠે, આ ગોપ લોકોએ; આ, વાચાળ—બાળ બુદ્ધિ—સ્તબ્ધ—અજ્ઞાન—અને પોતાનેજ પંડિત માનનારો, કૃષ્ણ નામના મનુષ્યનો આશ્રય કરીને; મારૂં અપ્રિય કર્યું છે. ॥૪-૫॥ એટલા માટે, એ લક્ષ્મીથી છકેલા—અને કૃષ્ણના બળ વડે બહેકેલા—લોકોનાં પશુઓનો નાશ કરી નાંખીને; તમે તેમની લક્ષ્મીના મદની

तेचारुह्यस्वलंकृताःगोप्यश्चकृष्णवीर्याणिगायंत्यःसद्विजाशिषः ॥३४॥ कृष्णस्त्वन्यतमंरूपंगोपविश्रंभणंगतः॥ शैलोऽस्मीतिब्रुवन्भूरिबलि
मादद्बृहद्वपुः॥३५॥तस्मैनमोव्रजजनैःसचक्रेआत्मनामने॥अहोपश्यतशैलोऽसौरूपीनोऽनुग्रहंव्यधात् ॥३६॥ एषोऽवजानतोमर्त्यान्कामरू
पीवनौकसः॥हंतिह्यस्मैनमस्यामःशर्मणेआत्मनोगवां॥३७॥इत्यद्रिगोद्विजमखंवासुदेवप्रणोदिताः॥यथाविधायतेगोपाःसहकृष्णाव्रजंययुः॥
॥३८॥ इ०भा०म०द०पू०चतुर्विंशतितमोध्यायः ॥२४॥ श्रीशुक०इंद्रस्तदात्मनःपूजांविज्ञायविहतांनृप ॥ गोपेभ्यःकृष्णनाथेभ्योनंदादि
भ्यश्चुकोपसः॥१॥ गणंसांवर्तकंनाममेघानांचांतकारिणां॥इंद्रः[illegible]ोदयत्कुद्धोवाक्यंचाहेशमान्युत ॥२॥ अहोश्रीमदमाहात्म्यंगोपानांका
ननौकसां॥[illegible]ष्णंमर्त्यमुपाश्रित्ययेचक्रुर्देवहेलनं॥३॥यथाऽदृढैःकर्ममयैःक्रतुभिर्नामनौनिभैः॥विद्यामान्वीक्षिकींहित्वातितीर्षंतिभवार्णवं॥४॥
वाचालंबालिशंस्तब्धमज्ञंपंडितमानिनं॥ कृष्णंमर्त्यमुपाश्रित्यगोपामेचक्रुरप्रियं ॥५॥ एषांश्रियाऽवलिप्तानांकृष्णेनाध्मायितात्मनां॥धुनुत
श्री[illegible]पशून्नयतसंक्षयं ॥६॥ अहंचैरावतंनागमारुह्यानुव्रजेव्रजंमरुद्गणैर्महावीर्यैर्नंदगोष्ठजिघांसया ॥७॥ ऋषि०इत्थंमघवताज्ञप्तामे
घानिर्मुक्तबंधनाः॥नंदगोकुलमासारैःपीडयामासुरोजसा ॥८॥ विद्योतमानाविद्युद्भिस्तनंतःस्तनयित्नुभिः॥तीव्रैर्मरुद्गणैर्नुन्नाववृषुर्जलशार्क
राः॥९॥ स्थूणास्थूलावर्षधारामुंचत्स्वभ्रेष्वभीक्ष्णशः॥जलौघैःप्लाव्यमानाभूर्नादृश्यतनतोन्नतं ॥१०॥अत्यासारातिवातेनपशवोजातवेपनाः॥
गोपागोप्यश्चशीतार्तागोविंदंशरणंययुः ॥११॥ शिरःसुतांश्चकायेनप्रच्छाद्यासारपीडिताः॥वेपमानाभगवतःपादमूलमुपाययुः॥१२॥ कृष्ण
कृष्णमहाभागत्वन्नाथंगोकुलंप्रभो॥त्रातुमर्हसिदेवान्नःकुपिताद्भक्तवत्सल ॥१३॥ शिलावर्षनिपातेनहन्यमानमचेतनं॥निरीक्ष्यभगवान्मेनेकु
पितेंद्रकृतंहरिः ॥१४॥ अपर्त्वत्युल्बणंवर्षमतिवातंशिलामयं॥स्वयागेनिहतेऽस्माभिरिंद्रोनाशायवर्षति ॥१५॥ तत्रप्रतिविधिंसम्यगात्मयो
गेनसाधये॥लोकेशमानिनांमौढ्याद्धरिष्येश्रीमदंतमः॥१६॥नहितद्भावयुक्तानांसुराणामीशविस्मयः॥मत्तोऽसतांमानभंगःप्रशमायोपकल्प

અહંકારને, ગરાડી દો. ॥૬॥ અને એ નંદના ગોકુળનો નાશ કરી નાંખવા માટે, તમારી પાછળજ, હું પણ ઐરાવત હાથી ઉપર બેસીને, મોટા પરાક્રમવાળા વાયુના ગણો સહિત; વ્રજમાં આવું છું. ॥ ૭ ॥ એ રીતે ઇંદ્રે આજ્ઞા કરેલા—અને બંધનમાંથી છૂટા કરેલા—મેઘ, ઉતાવળા જઈને અને બળ સહિત વરસીને, નંદના ગોકુળને પીડવા લાગ્યા. ॥૮॥ અને તીવ્ર પવન છૂટીને વીજળીઓ ઝબકવાની સાથે, ગડગડાટ અને કડાકાઓ થવા લાગ્યા; તથા જળની સાથેજ કરા પણ, વરસવા લાગ્યા. ॥૯॥ તેમજ વાદળાંઓમાંથી વારંવાર ઘણી મોટી અને જાડી વરસાદની ધારાઓ પડવાથી, જળના જથ્થાથી ડુબવા લાગેલી આ પૃથ્વી; ઊંચી કે નીચી જોવામાં આવતી નહોતી. ૧૦॥ પછી અત્યંત વરસાદથી અને અતિ પવનથી તાઢ વહીને, થરથર ધ્રુજવા લાગેલાં; ગાયો—ગોપ—અને ગોપીઓ, એ સર્વે ગોવિંદ ભગવાનને શરણે ગયાં. ॥૧૧॥ અને ઘણા વરસાદથી પીડા પામી ધ્રુજ્યા જઈને, તેઓ પોતાનાં બાળકોનાં માથાં; પોતાનાંજ શરીરો વડે ઢાંકીને, એ ભગવાનના ચરણ મૂળમાં આવ્યાં. ૧૨॥ તથા બોલ્યાં કે, " હે મહાભાગ સમર્થ કૃષ્ણ, ઇંદ્ર દેવના કોપથકી

આપના ધણીઆપાવાળા ગોકુળનું રક્ષણ કરવાને, ભક્ત વત્સલ આપ યોગ્ય છો. ॥૧૩॥ ત્યારે મોટી શિલાઓ જેવા વરસાદના મારથી, તેઓને મરણ તોલ થયેલાં દેખીને; એ કામ કોપેલા ઇંદ્રેજ કરેલાનું, હરિ ભગવાને માન્યું. ॥૧૪॥ અને વિચાર્યું કે, " પોતાના પૂજનનો નાશ થવાથી, ઇંદ્ર આ પ્રમાણે ક ઋતુએ અતિ ભયંકર વરસાદ, ઘણા જોરથી વાયરા સહિત અને પથ્થર જેવા કરા સાથે, વરસાવીને; અમારો નાશ કરવાને, ઇચ્છે છે; તો તેનો સંપૂર્ણપણે સામો ઉપાય, હું મારા પોતાના યોગબળના સાધન વડે કરીને; એ મૂઢપણાથી લોકપાળપણાનું અભિમાન રાખનારા, ઇંદ્રના; લક્ષ્મીના મદ વડે ઉપજેલા અજ્ઞાનનો, નાશ કરીશ ॥૧૫-૧૬॥ સત્ત્વ ગુણી દેવતાઓને, સમર્થપણાનું અભિમાન થવું ન જોઈએ, છતાં થયેલ છે; તો એ રીતે મત્ત થયેલા અસત પુરૂષોનું માનભંગ થવા થકીજ, તેમની શાંતિ થવાની છે: માટે મને શરણ કરનારા—મારા ધણીઆપાવાળા—અને મારાજ આશ્રયવાળા એ વ્રજનું, હું મારા યોગબળ વડેજ, સંરક્ષણ કરીશ; ને એ રીતે કરવાનેજ મારે નિયમ છે. ॥૧૭॥-૧૮॥ એમ કહીને, બાળક જેમ છત્રી ધરી રાખે;

તેમ, કૃષ્ણ ભગવાને પોતાના એક હાથ વડેજ લીલાથી ગોવર્ધન પર્વતને ધારણ કરી લીધો. ॥૧૯॥ પછી ભગવાન બોલ્યા કે, "હે માતાજી,-પિતાજી-ગોપ લોકો-અને બીજા વ્રજવાસીઓ; તમો જેને જેમ ફાવે તેમ, ગાયોના ધણ સહિત, આ પર્વતની બખોલમાં પેસો. ॥૨૦॥ મારા હાથ થકી પર્વત પડી જવાનો ત્રાસ, આ ઠેકાણે તમો કોઇ રાખશોજ નહીં; વાયુ અને વરસાદનું ભય, હવે તમને જરાએ નથી; તેમના થકી આપણો બચાવ આ થકી થશેજ. ॥૨૧॥ એ રીતે કૃષ્ણે ધીરજ આપેલાં તેઓ, ગાયોનાં ધણ-ગાડાં-અને ચાકર નફરો સહિત, જેને જેમ ફાવતું આવ્યું, તેમ એ પર્વતની બખોલમાં, પેસી ગયાં. ॥૨૨॥ અને ભૂખ તરસની (પીડાને) તથા સુખની અપેક્ષાને, તજી દીધેલાં વ્રજવાસીઓથી જોવાતા ભગવાન; સાત દિવસ સુધી પોતાના ઠેકાણા થકી, હાલ્યા ચાલ્યા સિવાયજ તે પર્વતને ધારણ કરી રહ્યા. ॥૨૩॥ ત્યારે કૃષ્ણના યોગનો એ પ્રભાવ જાણવાથી, અતિ વિસ્મય પામેલા-ગર્વ રહિત થએલા-તથા સંકલ્પ ભાંગી પડેલા-ઇંદ્રે પોતાના મેઘ ગણોને પાછા વાળી લીધા. ॥૨૪॥ એટલે આકાશને વાદળાં રહિત ઉગેલા સૂર્યવાળું જોઇને, તથા દારૂણ વાયુ અને વરસાદ બંધ પડી ગએલાનું દેખીને; એ ગોવર્ધનધારી ભગવાને, ગોપ લોકોને કહ્યું, કે. ॥૨૫॥ "હે ગોપ લોકો, ત્રાસ તજીને; સ્ત્રીઓ-ધન-અને બાળકો સહિત બહાર નીકળો; હવે વાયુ અને વરસાદ બંધ પડીને, ઘણે ભાગે નદીઓ પણ, પાણી વિનાની થઇ ગઇઓ છે." ॥૨૬॥ તેવા એ ગોપ લોકો અને સ્ત્રીઓ, તથા બાળકો અને ઘરડાંઓ પણ, ધીમે ધીમે, પોતપોતાનાં ધણ લેઇને, અને સરસામાન ગાડાં ઉપર ચડાવીને, બહાર નીકળ્યા. ॥૨૭॥ પછી સર્વ પ્રાણીઓના જોતાંજ સમર્થ ભગવાને તે પર્વતને, તેને મૂળ ઠેકાણે, પહેલાંના પેઠેજ, લીલાથી સ્થાપન કર્યો. ॥૨૮॥ પછી પ્રેમનો વેગ ઉભરાઇ ગએલા

ते ॥१७॥ तस्मान्मच्छरणंगोष्ठंमन्नाथंमत्परिग्रहं॥गोपायेस्वात्मयोगेनसोऽयंमेव्रतआहितः॥१८॥इत्युक्त्वैकेनहस्तेनकृत्वागोवर्द्धनाचलं॥दधा रलीलयाकृष्णश्छत्राकमिवबालकः॥१९॥ अथाहभगवान्गोपान्हेंऽबतातव्रजौकसः॥यथोपजोषंविशतगिरिगर्त्तंसगोधनाः २०॥नत्रासइह वःकार्योमद्धस्ताद्रिनिपातने॥वातवर्षभयेनालंतत्त्राणंविहितंहिनः॥२१॥ तथानिर्विविशुर्गर्त्तंकृष्णाश्वासितमानसाः॥ यथाऽवकाशंसधनाःस व्रजाःसोपजीविनः॥२२॥ क्षुत्तृड्व्यथांसुखापेक्षांहित्वातैर्व्रजवासिभिः॥वीक्ष्यमाणोदधावद्रिंसप्ताहंनाचलत्पदात्॥२३॥ कृष्णयोगानुभावंतं निशम्येंद्रोऽतिविस्मितः॥निस्तंभोभ्रष्टसंकल्पःस्वान्मेघान्संन्यवारयत्॥२४॥ खंव्यभ्रमुदितादित्यंवातवर्षंचदारुणं॥निशम्योपरतंगोपान्गो वर्द्धनधरोऽब्रवीत्॥२५॥निर्यात[illegible]संगोपाःसस्त्रीधनार्भकाः॥उपारतंवातवर्षंव्युदप्रायाश्चनिम्नगाः॥२६॥ ततस्तेनिर्ययुर्गोपाःस्वंस्वमा दायगोधनं॥शकटोढोपकरणंस्त्रीबालस्थविराःशनैः॥२७॥ भगवानपितंशैलंस्वस्थानेपूर्ववत्प्रभुः॥पश्यतांसर्वभूतानांस्थापयामासलीलया ॥२८॥ तंप्रेमवेगान्निर्भृताव्रजौकसोयथासमीयुःपरिरंभणादिभिः॥गोप्यश्चसस्नेहमपूजयन्मुदादध्यक्षताद्भिर्युयुजुःसदाशिषः॥२९॥यशोदा रोहिणीनंदोरामश्चबलिनांवरः॥कृष्णमालिंग्ययुयुजुराशिषःस्नेहकातराः॥३०॥ दिविदेवगणाःसाध्याःसिद्धगंधर्वचारणाःतुष्टुवुर्मुमुचुस्तुष्टाः पुष्पवर्षाणिपार्थिव॥३१॥ शंखदुंदुभयोनेदुर्दिविदेवप्रणोदिताः॥ जगुर्गंधर्वपतयस्तुंबुरुप्रमुखान्नृप॥३२॥ ततोऽनुरक्तैःपशुपैःपरिश्रितोराज न्स्वगोष्ठंसबलोऽव्रजद्धरिः॥ तथाविधान्यस्यकृतानिगोपिकागायंत्यईयुर्मुदिताहृदिस्पृशः॥३३॥इ०भा०म०द०पू०पंचविंशोऽध्यायः॥२५

श्रीशुक०एवंविधानिकर्माणिगोपाःकृष्णस्यवीक्ष्यते॥ अतद्वीर्यविदःप्रोचुःसमभ्येत्यसुविस्मिताः॥१॥ बालकस्यपदेतानिकर्माण्यत्यद्भुता निवै॥ कथमर्हत्यसौजन्मग्राम्येष्वात्मजुगुप्सितं॥२॥यःसप्तहायनोबालःकरेणैकेनलीलया॥ कथंबिभ्रद्गिरिवरंपुष्करं[illegible]डिव॥३॥ तोके नामीलिताक्षेणपूतनायामहौजसः॥ पीतःस्तनःसहप्राणैःकालेनेववयस्तनोः॥४॥ हिन्वतोऽधःशयानस्यमास्यस्यचरणावुदक्॥ अनोऽ पतद्विपर्यस्तंरुदतःप्रपदाहतं॥५॥ एकहायनआसीनोह्रियमाणोविहायसा॥ दैत्येनयस्तृणावर्त्तमहन्कंठग्रहातुरं॥६॥ क्वचिद्धैयंगवस्तैन्येमा

તે વ્રજ વાસીઓએ, ભગવાનનો ભેટવા આદિક વડે ઘટિત સત્કાર કર્યો; અને ગોપીઓએ સ્નેહ સહિત આનંદ પામીને, દહીં તથા અક્ષત વિગેરે વડે, તેમનું પૂજન કર્યું; તથા સારી આશીશો આપી, ॥ ૨૯ ॥ તેમજ સ્નેહથી રાંક બનેલાં યશોદા-રોહિણી-નંદજી-અને બળવાનોમાં શ્રેષ્ઠ રામે પણ, કૃષ્ણને ભેટીને, આશીર્વાદ આપ્યા ॥૩૦॥ અને આકાશમાં, દેવતાઓ-સાધ્યગણો-ગંધર્વ-અને ચારણોએ રાજી થઇને, સ્તુતિ કરી ફુલનો વરસાદ વરસાવ્યો. ॥૩૧॥ તેમજ દેવતાઓ વિગેરેના વગાડવાથી આકાશમાં શંખ અને દુંદભીના નાદ થયા; તથા તુંબરૂ વિગેરેના ગંધર્વો ગાવા લાગ્યા. ॥૩૨॥ તે પછી બળરામ સહિત હરિ ભગવાન ગોવાળિઆઓથી વિંટાઇને પાછા વ્રજમાં પધાર્યા. અને આ પ્રકારનાં હૃદયમાં લાગી રહેનારાં તેમનાં કામોનું, આનંદથી ગાન કરતી ગોપીઓ પણ, વ્રજમાં આવીઓ. ॥૩૩॥ ઇતિશ્રી૦ ભા૦ દ૦ ૨૬૦ ઇંદ્રકોપનામે પચીસમો અ૦ સંપૂર્ણ. ॥૨૫॥

અધ્યાય ૨૬ મો.—શ્રીશુક—કૃષ્ણનાં એવાં કામોથી વિસ્મય પામેલા ગોપ લોકો, તેની પરમ શક્તિને નહીં જાણવાથી: એકઠા થઇને બોલવા લાગ્યા કે, " આ બાળકનાં કામો અતિ અદ્ભુત છે. તો આપણ ગામડિઆઓની અંદર, તેનો ઘટે નહીં એવો જન્મ કેમ થયો હશે. ॥૧-૨॥ આ સાત વરસના બાળકે, લીલાવડે એક હાથેજ; મોટો હાથી કમળને ઉપાડવાની પેઠે; મોટા પર્વતને કેમ ધારણ કર્યો હશે. ॥૩॥ અને દેહધારીઓના આયુષ્યને જેમ કાળ પીઇ જાય, તેમ મોટા બળવાળી પૂતનાના સ્તનનું, એના પ્રાણ સહિત પાન, એણે છેક બાળક અવસ્થામાંજ આંખ્યો મિંચી રહીને, કેવી રીતે કર્યું હશે. ॥૪॥ ગાડા નીચે સુતેલા એણે, ત્રણ માસની ઉમરે રોતાં રોતાં પગ ઊંચા કરીને, કેવી રીતે ગાડું ઉંધું વાળ્યું હશે. ॥૫॥ તથા એક વરસની ઉમ્મરે તે બેઠેલા છતાં. તેને તૃણાવર્ત્ત દૈત્ય ઉપાડી જતાં; તેને ગળેથી પકડીને આતુર કરી, એણે કેવી રીતે મારી નાંખ્યો હશે. ॥૬॥ કોઇ વખતે એણે માંખણ ચોરવાથી માએ તેને ખાંડણિયા સાથે બાંધવાથી, તે બે આંજણીઆનાં ઝાડની વચ્ચે, ખાંડણિયા સહિત નીકળતાં; હાથને

તે બે ઝાડને, એણે કેવી રીતે પાડી નાંખ્યાં હશે. ॥૭॥ વનની અંદર બીજા બાળકોથી રામ સહિત વિંટાયલા એણે, પોતાને મારવાની ઇચ્છાથી આવેલા બકાસુરનું મોઢું, બે હાથવતે પકડીને, તે શત્રુને કેવી રીતે ચીરી નાંખ્યો હશે. ॥૮॥ વાછરડાંઓની અંદર વાછરડાના રૂપથી મારવાની ઇચ્છાથી પેઠેલા દૈત્ય વત્સાસુરને, એણે મારીને; લીલાથી તેના શરીર વડેજ કોઠીનાં ઝાડ પાડી નાંખ્યાં હતાં. ॥૯॥ ગધેડા રૂપ ધેનુકાસુરને, અને તેના સગાઓને; બળરામ સહિત આ બાળકે મારીને, પાકાં ફળો વાળું તાડનું વન, નિર્ભય કર્યું હતું. ॥૧૦॥ અને બળવાળા રામની પાસે, પ્રલંબાસુરને મરાવીને વ્રજના પશુઓને, અને વ્રજવાસીઓને, દાવાગ્નિ થકી; એણેજ મુકાવ્યાં હતાં. ॥૧૧॥ ભારે ઝેરવાળા અને સહન ન થાય એવા કાલી નાગનું દમન કરીને, અને તેને મદ રહિત કરીને, યમુનાજીના ધરામાંથી બહાર કાઢી મૂકાને, તે જમુનાજીને ઝેર વિનાના

પાણીવાળી એણેજ કરી છે. ॥૧૨॥ હે નંદજી, તમારા આ પુત્રના ઉપર અમે વ્રજવાસીઓને, ન તજાય એવો પ્રેમ સ્વાભાવિક રીતેજ થયેલ છે; અને એ પણ અમારા ઉપર તેવોજ પ્રેમ રાખે છે. ॥૧૩॥ હે વ્રજના અધિપતિ સાત વરસનો બાળક ક્યાં. અને મોટા પર્વતને ધારણ કરવાનું તે શું; એ થકી તમારા પુત્રની બાબતમાં અમને શંકા ઉત્પન્ન થાયછે. ॥૧૪॥—નંદ—એ કુંવરને ઉદ્દેશીને, ગુરૂ ગર્ગાચાર્યે; મને જે કહેલું છે; તે હું ગોપ લોકો, તમે મારાથકી સાંભળો. અને તમારી શંકા મટાડો. ॥૧૫॥ "યુગેયુગે શરીર ધારણ કરનાર; એના ધોળો—રાતો—અને પીળો, એવા ત્રણ રંગ પ્રથમ થયેલા છે; અને હાલ એનો વર્ણ કાળો છે. ॥૧૬॥ આ તમારો પુત્ર કોઇ વખતે પૂર્વે વસુદેવનો પુત્ર થયેલ છે, માટે જ્ઞાની લોકો એને, વાસુદેવ નામથી ઓળખશે. ॥૧૭॥ તમારા આ પુત્રનાં ઘણા નામો અને રૂપો, તેના ગુણ અને કર્મ ઉપરથી, થાય છે; તે બધાંને હું

त्राबद्धउलूखले॥ गच्छन्नर्जुनयोर्मध्येबाहुभ्यांतावपातयत् ॥७॥ वनेसंचारयन्वत्सान्सरामोबालकैर्वृतः॥हंतुकामंबकंदोर्भ्यांमुखतोऽरिमपाटयत् ॥८॥ वत्सेषुवत्सरूपेणप्रविशंतंजिघांसया ॥ हत्वान्यपातयत्तेनकपित्थानिचलीलया॥९॥ हत्वारासभदैतेयंतद्बंधूंश्चबलान्वितः॥चक्रेतालवनंक्षेमंपरिपक्वफलान्वितं॥१०॥ प्रलंबंघातयित्वोग्रंबलेनबलशालिना॥ अमोचयद्व्रजपशून्गोपांश्चारण्यवन्हितः॥११॥आशीविषतमाहींद्रंदमित्वाविमदंन्ह्रदात्॥प्रसह्योद्वास्ययमुनांचक्रेऽसौनिर्विषोदकां॥१२॥ दुस्त्यजश्चानुरागोस्मिन्सर्वेषांनोव्रजौकसां॥नंदतेतनयेऽस्मासुतस्याप्यौत्पत्तिकोमिथः॥१३॥ क्वसप्तहायनोबालःक्वमहाद्रिविधारणं॥ ततोनोजायतेशंकाव्रजनाथतवात्मजे ॥१४॥ नंद० श्रूयतांमेवचोगोपाव्येतुशंकाचवोऽर्भके॥ एनंकुमारमुद्दिश्यगर्गोमेयदुवाचह॥१५॥वर्णास्त्रयःकिलास्यासन्गृण्हतोऽ[illegible]युगंतनूः॥ शु[illegible]रक्तस्तथापीतइदानींकृष्णतांगतः॥१६॥ प्रागयंवसुदेवस्यक्वचिज्जातस्तवात्मजः॥वासुदेवइतिश्रीमानभिज्ञाःसंप्रचक्षते ॥१७॥ बहूनिसंतिनामानिरूपाणिचसुतस्यते॥ गुणकर्मानुरूपाणितान्यहंवेदनोजनाः ॥१८॥ एषवःश्रेयआधास्यत्गोपगोकुलनंदनः॥अनेनसर्वदुर्गाणियूयमंजस्तरिष्यथ॥१९॥ पुराऽनेनव्रजपतेसाधवोदस्युपीडिताः॥ अराजकेरक्ष्यमाणाजिग्युर्दस्यून्समेधिताः॥२०॥ यएतस्मिन्महाभागाःप्रीतिंकुर्वंतिमानवाः॥ नारयोऽभिभवंत्येतान्विष्णुपक्षानिवासुराः॥२१॥ तस्मान्नंदात्मजोयंतेनारायणसमोगुणैः॥ श्रियाकीर्त्याऽनुभावेनतत्कर्मसुनविस्मयः ॥२२॥ इत्यद्धामांसमादिश्यगर्गेचस्वगृहंगते॥ मन्येनारायणस्यांशंकृष्णमक्लिष्टकारिणं॥२३॥ इतिनंदवचःश्रुत्वागर्गगीतंव्रजौकसः॥दृष्टश्रुतानुभावास्ते[illegible]ष्णस्यामिततेजसः॥ मुदितानंदमानर्चुःकृष्णंचगतविस्मयाः॥२४॥देवेवर्षतियज्ञविप्लवरुषावर्षाश्म[illegible]पर्षानिलैः सीदत्पालपशुस्त्रिआत्मशरणंदृष्ट्वाऽनुकंप्युत्स्मयन्॥ उत्पाट्यैककरेणशैलमबलोलीलोच्छिलींध्रंयथाबिभ्रद्गोष्ठमपान्महेंद्रमदभित्प्रीयान्नइंद्रोगवां॥२५॥ इ०भा०म०द०पू०षड्विंशतितमोऽध्यायः॥२६॥ श्रीशुक० गोवर्धनेधृतेशैलेआसाराद्रक्षितेव्रजे॥ गोलोकादाव्रजत्कृष्णंसुरभिःशक्रएवच ॥१॥ विविक्तउपसंगम्यव्रीडितःकृतहेलनः॥ पस्पर्शपादयोरेनंकिरीटेनार्कवर्चसा॥२॥दृष्टश्रुतानुभावोस्यकृष्णस्यामिततेजसः ॥ नष्टत्रिलोकेशमदइंद्रआहकृ

જાણતો નથી; અને લોકો પણ જાણશે નહીં ॥૧૮॥ ગોપ અને ગાયોના કુળને આનંદ આપનાર, એ થકી તમારૂં કલ્યાણ થશે, અને ઉતાવળાજ તમે, એના વડે સઘળાં દુઃખોને તરી જશો. ॥૧૯॥ હે વ્રજના સ્વામી પૂર્વે રાજા વિનાના, અને ચોર થકી પીડાયલા, સાધુ પુરૂષોનું રક્ષણ કરીને, એણેજ તેમને વૃદ્ધિ પમાડ્યા હતા; જેથી તેઓ ચોરોને જીત્યા હતા. ॥૨૦॥ જે ભાગ્યશાળી મનુષ્યો, એના વિશે પ્રીતિ કરશે; તેઓને દૈત્યોથકી દેવો ન જીતાવાની પેઠે; શત્રુઓ જીતી શકશે નહીં. ॥૨૧॥ એટલા માટે હે નંદજી, તમારો એ પુત્ર ગુણો—લક્ષ્મી—કીર્તિ—અને પ્રભાવ વડે, નારાયણના સમાન છે; માટે તેનાં કામો બદલ કાંઇ વિસ્મય પામવાનું નથીજ." ॥૨૨॥ એ રીતે મને કહીને ગર્ગાચાર્ય, પોતાને ઘેર ગયા હતા. અને ત્યારથી, એ મોટાં કામો કરનારા કૃષ્ણને, હું નારાયણનોજ અંશ માનું છું. ॥૨૩॥ આ પ્રમાણે નંદજીના મુખથી ગર્ગાચાર્યનાં કહેલાં વચનો સાંભળીને, એ અપાર તેજવાળા કૃષ્ણનાં પરાક્રમોને જોનારા, અને સાંભળનારા ગોપ લોકો; વિસ્મય

રહિત થઇ ગયા; તથા તેમણે રાજી થઇને કૃષ્ણનો, અને નંદજીનો સત્કાર કર્યો. ॥૨૪॥ જ્યારે પોતાના યજ્ઞનો નાશ થવાથી કોપેલા ઇંદ્રે વ્રજના ઉપર કરા અને કઠોર પવન સહિત વરસાદ વરસાવ્યો; ત્યારે દુઃખ પામેલા ગોવાળ—પશુઓ—અને સ્ત્રીઓને, પોતાને શરણે આવેલાં જોઇને; દયા વડે હસીને, બાળકે બિલાડીનો ટોપ ઉખેડીને, ધરી રાખવાની પેઠે; જેણે એક હાથેજ પર્વતને ઉખેડીને, લીલાથી, ધારણ કરી રાખી, વ્રજનું સંરક્ષણ કર્યું હતું; અને ઇંદ્રનો મદ, હરિ લીધો હતો; તે ગાયોના અધિપતિ ભગવાન કૃષ્ણ, અમારા ઉપર પ્રસન્ન થજો. ॥૨૫॥ ઇતિ૦ શ્રી૦ ભાગવતે દશમા સ્કંધનો કૃષ્ણાનુભાવ નામે છવિસમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૨૭ મો.—શ્રીશુક—એ રીતે ગોવર્ધન પર્વતને ધારણ કરીને ભગવાને, ઘણા વરસાદથકી જ્યારે, વ્રજનું રક્ષણ કર્યું; ત્યારે ગૌલોકમાંથી કામધેનુ, અને ઇંદ્ર પણ, કૃષ્ણની પાસે આવ્યાં. ॥૧॥ અને એ અમિત તેજવાળા કૃષ્ણનો પ્રભાવ, સાંભળવા પ્રમાણેજ દેખીને; પોતે ત્રણે લોકનો સ્વામી હોવાનો મદ નાશ

પામેલા છંદે, પોતે અપરાધ કરેલો હોવાથી; લાજ પામીને, તેમને એકાંતમાં મળી; પોતાના સૂર્ય જેવા પ્રકાશિત સોનાના મુકુટથી. તેમના ચરણને સ્પર્શ કરીને, તથા હાથ જોડીને, તે બોલ્યો કે.॥૨-૩॥-ઇંદ્ર-આપના શુદ્ધ સત્વવાળા-શાંત-તપોમય-અને રજોગુણ તથા તમોગુણ વિનાના સ્વરૂપને વિશે; ગુણોના પ્રવાહ રૂપ, અને માની લેવાથી બંધન પમાડનારો, સંસાર છેજ નહીં; તો પછી તેના હેતુ રૂપ, અને તે થકીજ ઉત્પન્ન થનારા, તથા અજ્ઞાનની ઓળખણી રૂપ; લોભ આદિક ભાવો તો, હોયજ ક્યાંથી.? તેમ છતાં, ધર્મનું રક્ષણ કરવાને, અને ખળ પુરુષોનો નિગ્રહ કરવાનેજ, આપ દંડને ધારણ કરો છો. ॥૪-૫॥ એટલે કાળથકી નાશ નહીં પામનારા, જગતના પ્રાણીઓ વિગેરેના અધિશ્વર, પિતા, અને ગુરુ; એવા આપ, દંડને ધારણ કરીને; જગતના ઈશ્વર-પણાનું અભિમાન રાખનારાઓના, માનનો નાશ કરતા થકા; સર્વના હિતને માટે, સ્વઇચ્છાથી શરીરો ધારણ કરીને; લીલાઓ કરો છો. ॥૬॥ જગતના ઈશ્વર હોવાનું અભિમાન રાખનારા, મારા સરખા અજ્ઞાનીઓ; ખળ પુરુષોને શિક્ષારૂપ, આપની લીલાઓને જ્યારે જુએ છે; ત્યારેજ તેમના મદને તજીને, તેઓ મદ રહિત થાય છે; અને પછીથી આર્ય પુરુષોના માર્ગનું સેવન કરવા વડે, ઉતાવળેજ અભયને પામે છે. ॥૭॥ એટલા માટે હે પ્રભુ, ઐશ્વર્યના મદમાં ડુબેલા, અપરાધ કરનારા, આપના પ્રભાવને નહીં જાણનારા, અને મૂઢબુદ્ધિ વાળા, મને ફરીથી આ પ્રકારની દુષ્ટ મતિ નથાય; એટલુંજ ક્ષમા કરીને આપવાને; આપ ઈશ્વર યોગ્ય છો. ॥૮॥ હે દેવ, આપ અધોક્ષજ ભગવાનનો આ અવતાર; આપના ચરણનું સેવન કરનારાઓનું ભલું કરવાને માટે; અને ઘણા ભારને ઉત્પન્ન કરનારાં, તથા પોતેજ ભારરૂપ, એવાં મોટાં લશ્કરોનો; તેમના અધિપતિઓ સહિત, નાશ કરવાને માટેજ છે. ॥૯॥ આપ મહાત્મા-પુરુષ ભગવાન-વાસુદેવ-કૃષ્ણ-અને સાત્વત પતિને, મારા વારંવાર નમસ્કાર છે. ॥૧૦॥ પોતાની ઇચ્છાથીજ શરીર ધારણ કરનારા-અતિ શુદ્ધ જ્ઞાન સ્વરૂપ-સર્વ રૂપ-સર્વને ઉત્પન્ન કરનારા-અને સર્વ પ્રાણી આદિના આત્મા, આપને મારા નમસ્કાર છે. ॥૧૧॥ હે ભગવાન,

तांजलिः॥३॥इंद्र० विशुद्धसत्वंतवधामशांतंतपोमयंध्वस्तरजस्तमस्कं॥ मायामयोऽयंगुणसंप्रवाहोनविद्यतेतेऽग्रहणानुबंधः॥४॥ कुतोनुनद्धे
तदीशतत्कृतालोभादयोयेऽबुधलिंगभावाः॥ तथाऽपिदंडंभगवान्बिभर्तिधर्मस्यगुप्त्यैखलनिग्रहाय ॥५॥ पितागुरुस्त्वंजगतामधीशोदुरत्य
यःकालउपात्तदंडः॥हितायस्वेच्छातनुभिःसमीहसेमानंविधुन्वन्जगदीशमानिनां ॥६॥ येमद्विधाज्ञाजगदीशमानिनस्त्वांवीक्ष्यकालेऽभयमा
शुतन्मदं॥ हित्वार्यमार्गंप्रभजंत्यपस्मयाईहाखलानामपितेऽनुशासनं॥७॥ सत्वंममैश्वर्यमदप्लुतस्यकृतागसस्तेऽविदुषःप्रभावं॥ क्षंतुंप्रभोऽ
थार्हसिमूढचेतसोमैवंपुनर्भून्मतिरीशमेऽसती ॥८॥ तवावतारोऽयमधोक्षजेहस्वयंभराणामुरुभारजन्मनां॥ चमूपतीनामभवायदेवभवाय
युष्मच्चरणानुवर्तिनां ॥९॥ नमस्तुभ्यंभगवतेपुरुषायमहात्मने॥वासुदेवायकृष्णायसात्वतांपतयेनमः॥१०॥ स्वच्छंदोपात्तदेहायविशुद्धज्ञान
मूर्तये॥सर्वस्मैसर्वबीजायसर्वभूतात्मनेनमः ॥११॥ मयेदंभगवन्गोष्ठनाशायासारवायुभिः॥चेष्टितंविहतेयज्ञेमानिनातीव्रमन्युना ॥१२॥त्व
येशानुगृहीतोऽस्मिध्वस्तस्तंभोहतोद्यमः॥ ईश्वरंगुरुमात्मानंत्वामहंशरणंगतः॥१३॥ श्रीशुक० एवंसंकीर्तितःकृष्णोमघोनाभगवानमुं॥मेघ
गंभीरयावाचाप्रहसन्निदमब्रवीत् ॥१४॥ श्रीभग०मयातेऽकारिमघवन्मखभंगोनुगृह्णता॥मदनुस्मृतयेनित्यंमत्तस्येंद्रश्रियाभृशं॥१५॥मा
मैश्वर्यश्रीमदांधोदंडपाणिंनपश्यति॥तंभ्रंशयामिसंपद्भ्योयस्यचेच्छाम्यनुग्रहं ॥१६॥ गम्यतांशक्रभद्रंवःक्रियतांमेऽनुशासनं॥स्थीयतांस्वाधि
कारेषुयुक्तैर्वःस्तंभवर्जितैः॥१७॥अथाहसुरभिःकृष्णमभिवाद्यमनस्विनी॥स्वसंतानैरुपामंत्र्यगोपरूपिणमीश्वरं ॥१८॥ सुरभि०कृष्णकृष्ण
महायोगिन्विश्वात्मन्विश्वसंभव॥भवतालोकनाथेनसनाथावयमच्युत ॥१९॥ त्वंनःपरमकंदैवंत्वंनइंद्रोजगत्पते॥भवायभवगोविप्रदेवानांये
चसाधवः॥२०॥ इंद्रंनस्त्वाभिषेक्ष्यामोब्रह्मणानोदितावयं॥अवतीर्णोऽसिविश्वात्मन्भूमेर्भारापनुत्तये ॥२१॥ श्रीशुक० एवंकृष्णमुपामंत्र्यसु
रभिःपयसात्मनः॥जलैराकाशगंगायाऐरावतकरोद्धृतैः॥२२॥ इंद्रःसुरर्षिभिःसाकंनोदितोदेवमातृभिः॥ अभ्यषिंचतदाशार्हंगोविंदइतिचा

મારા યજ્ઞનો નાશ થવાથી, મેં અભિમાનીએ, ક્રોધ કરીને આ રીતે ઘણા વરસાદ અને વાયુ વડે, વ્રજનો નાશ કરવાનું કામ કર્યું હતું. ॥૧૨॥ પણ આપ ઈશ્વરે, મારા એ ઉદ્યમનો નાશ કરી નાંખીને; તથા મારો ગર્વ મટાડીને, મારા ઉપર અનુગ્રહ કર્યો છે. માટે ઈશ્વર-ગુરુ-અને આત્મા રૂપ, આપનેજ હું શરણ થાઉં છું. ॥૧૩॥-શ્રીશુક-એ રીતે ઇંદ્રે કૃષ્ણ ભગવાનની સ્તુતિ કરવાથી, ભગવાને હસીને મેઘ જેવી ગંભીર વાણી-થી કહ્યું કે. ॥૧૪॥-શ્રી ભગવાન-હે ઇંદ્ર ઘણી લક્ષ્મીથી મત્ત થયેલા તને; મારું હમેશાં સ્મરણ રહેવા સારું અને તારા ઉપર અનુગ્રહ કરવા માટેજ, મેં તારા યજ્ઞનો નાશ કરાવેલો છે. ॥૧૫॥ હાથમાં દંડ ધારણ કરેલા મને, ઐશ્વર્ય અને લક્ષ્મીના મદથી આંધળા થયેલાઓ; દેખતા નથી; ત્યારે તેઓના ઉપર અનુગ્રહ કરવાને ઇચ્છીને, હું તેઓને સંપત્તિઓ થકી ભ્રષ્ટ કરી નાંખું છું. ॥૧૬॥ હે ઇંદ્ર, તમે હવે જાઓ, અને મારી આ શીખામણ પ્રમાણે, ગર્વ રહિત અને સાવધાન થઈને, પોતાના અધિકારને વિશે રહી, તમે વર્તજો; એટલે તમારું ભલું થશે. ॥૧૭॥ શ્રીશુક-તે પછી ઉદાર બુદ્ધિવાળી કામધેનુએ, પોતાનાં સંતાનોના ભલા સારું, ગોવાળ સ્વરૂપ કૃષ્ણ ભગવાનને; નમસ્કાર કરીને કહ્યું કે. ॥૧૮॥ સુરભી-હે મોટા યોગી, વિશ્વના આત્મા, વિશ્વ જેનાથી થાય છે એવા, લોક માત્રના સ્વામી અચ્યુત ભગવાન કૃષ્ણ; આપે અમને ધણીઆતાં કર્યાં છે. ॥૧૯॥ અમારું પરમ દૈવત આપ છો, અને જગતના સ્વામી આપજ, અમારા ઇંદ્ર પણ થાઓ. ગાયો બ્રાહ્મણો- દેવતાઓ-અને સાધુ પુરુષોનું એથી ભલુંજ થશે. ॥૨૦॥ હે વિશ્વના આત્મા, પૃથ્વીનો ભાર ઉતારવાનેજ, તમે અવતરેલા છો; તો બ્રહ્માની સૂચનાથી, અમે તમનેજ ઇંદ્રપણાનો અભિષેક કરીએ છીએ. ॥૨૧॥ શ્રીશુક-એ પ્રમાણે કૃષ્ણને કહી, તે કામધેનુએ પોતાના દૂધવડે; તથા તે દેવ માતાના કહેવાથી, દેવ અને ઋષિઓ સહિત ઇંદ્રે પણ, ઐરાવતની સુંઢમાં ભરી આણેલા, આકાશગંગાના જળથકી; એ દાશાર્હ ભગવાનનો અભિષેક કર્યો; અને તેમનું નામ ગોવિંદ રાખ્યું. ॥૨૨-૨૩॥ પછી ત્યાં આવેલા તુંબરુ અને નારદ આદિ ગાંધર્વો-વિદ્યાધર-સિદ્ધ-ચારણો વિગેરે સર્વ; એ જગતનાં પાપનો નાશ કરનારા હરિભગવાનના યશ ગાવા લાગ્યા; અને અપ્સરાઓ આનંદથી નાચવા લાગી. ॥૨૪॥ મોટા દેવો સ્તુતિ કરવા લાગ્યા, અને અદ્-

ખૂબ રીતે ફૂલના વરસાદથી તેમણે તેમને વધાવ્યા; તથા ત્રણે લોક પરમ નિવૃત્તિ પામ્યા, અને ગાયોએ પોતાના દૂધથી પૃથ્વીને ભીંજવી નાંખી. ॥૨૫॥ હે રાજા, એમ કૃષ્ણ ભગવાનનો અભિષેક થયો, ત્યારે નદીઓમાં અનેક પ્રકારના રસ, વેહેવા લાગ્યા; ઝાડોમાંથી મધુર રસ ઝરવા લાગ્યા; વગર ખેડે અનાદિક પાકવા લાગ્યાં; પર્વતોએ મણિ પ્રકટ કર્યાં; અને એજ રીતે સઘળા પ્રાણીઓ જેઓ જન્મ વડેજ ક્રૂર હતા, તેઓ સુદ્ધાં સર્વે નિર્વૈર થઇ ગયા. ॥૨૬-૨૭॥ એ પ્રકારે ગાયોના અને ગોકુળના પતિ ગોવિંદ ભગવાનનો અભિષેક કરવા પછી, તેમની આજ્ઞા માગીને; દેવ વિગેરે થકી વિંટાયલો ઇંદ્ર, પોતાના સ્વર્ગને વિશે ચાલ્યો ગયો. ॥૨૮॥ ઇતિશ્રી ભાગવતે દશમા સ્કંધનો ઇંદ્રસ્તુતિ નામે સત્તાવિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૭॥

અધ્યાય ૨૮ મો.—શ્રીશુક—એક દહાડો અગિયારશને દિવસે નહીં જમેલા નંદજી, બારશની સવારમાં, જનાર્દન ભગવાનનું પુજન કરવાને નહાવા સારૂં, કાલિંદીના જળમાં પેઠા. ॥૧॥ ત્યારે આસુરી વેળાને નહીં જાણતાં, રાત્રિની વખતે, જળમાં પેઠેલા તેમને; વરૂણનો ચાકર એક દૈત્ય, વરૂણની પાસે પકડી ગયો. ॥૨॥ એટલે તેમને નહીં દેખવાથી, ગોવાળિયાઓએ, રામ કૃષ્ણને બૂમો પાડીને બોલાવ્યા; તે સાંભળવાથી પિતાને વરૂણનો અનુચર લેઇગયેલાનું ભગવાને જાણીને, તે પોતાનાંઓને અભય આપનારા ભગવાન, વરૂણની પાસે ગયા. ॥૩॥ ત્યારે એ હૃષીકેશ ભગવાનને આવેલા દેખી; દર્શનથી આનંદ પામેલા લોકપાળ વરૂણે, ઘણા સત્ક્રિયાવડે, તેમનું પૂજન કરીને કહ્યું કે. ॥૪॥—વરૂણ—હે પ્રભુ આજ મારો દેહ સફળ થઇને, હું કૃતાર્થ થયો છું; કારણ આપ ભગવાનના ચરણનું ભજન કરનારાઓ, આ સંસાર રૂપ માર્ગના પારને પામે છે. ॥૫॥ પરમાત્મા અને પરબ્રહ્મ આપ ભગવાનને હું નમું છું; જેમાં લોકની અને સૃષ્ટિ આદિની કલ્પના રૂપ માયા, સાંભળવામાંજ આવતી નથી. ॥૬॥ મૂઢ બુદ્ધિ, અને કાર્ય કરવામાં નસમજનારા, મારા સેવકે અજાણપણાથી આપના પિતાને અહીં આણેલા છે; તે ક્ષમા કરવાને આપ યોગ્ય છો. ॥૭॥ અને સર્વ જાણનારા

ऽपधात्॥२३॥ तत्रागतास्तुंबुरुनारदादयोगंधर्वविद्याधरसिद्धचारणाः॥जगुर्यशोलोकमलापहंहरेःसुरांगनाःसंननृतुर्मुदान्विताः॥२४॥ तं
तुष्टुवुर्देवनिकायकेतवोह्यवाकिरंश्चाद्भुतपुष्पवृष्टिभिः॥लोकाःपरांनिर्वृतिमाप्नुवंस्त्रयोगावस्तदागामनयन्पयोद्रुतां॥२५॥ नानारसौघाःसरि
तोवृक्षाआसन्मधुस्रवाः॥अकृष्टपच्यौषधयोगिरयाबिभ्रदुन्मणीन्॥२६॥ कृष्णेऽभिषिक्तएतानिसत्वानिकुरुनंदन॥ निर्वैराण्यभवंस्तातक्रूरा
ण्यपिनिसर्गतः॥२७॥ इतिगोगोकुलपतिंगोविंदमभिषिच्यसः॥ अनुज्ञातोययौशक्रोवृतोदेवादिभिर्दिवं॥२८॥ इ०भा०म०द०पू०इंद्रस्तु
तिर्नामसप्तविंशोऽध्यायः॥२७॥ श्रीशुक०एकादश्यांनिराहारःसमभ्यर्च्यजनार्दनं॥ स्नातुंनंदस्तुकालिंद्याद्वादश्यांजलमाविशत्॥१॥ तं
गृहीत्वाऽनयद्भृत्योवरुणस्यासुरोऽतिकं॥ अविज्ञायासुरींवेलांप्रविष्टमुदकंनिशि॥२॥ चुकुशुस्तमपश्यंतःकृष्णरामेतिगोपकाः॥भगवांस्तदु
पश्रुत्यपितरंवरुणाहृतं॥तदंतिकंगतोराजन्स्वानामभयदोविभुः॥३॥ प्राप्तंवीक्ष्यहृषीकेशंलोकपालःसपर्यया॥ महत्यापूजयित्वाहतद्दर्शनम
होत्सवः॥४॥ वरुण०अद्यमेनिभृतोदेहअद्यार्थोऽधिगतःप्रभो॥त्वत्पादभाजोभगवन्नवापुःपारमध्वनः॥५॥नमस्तुभ्यंभगवतेब्रह्मणेपरमात्मने
॥ नयत्रश्रूयतेमायालोकसृष्टिविकल्पना॥६॥ अजानतामामकेनमूढेनाकार्यवेदिना॥आनीतोऽयंतवपितातद्भवान्क्षंतुमर्हति॥७॥ममाप्यनु
ग्रहंकृष्णकर्तुमर्हस्यशेषदृक्॥ गोविंदनीयतामेषपितातेपितृवत्सल॥८॥ श्रीशुक०एवंप्रसादितःकृष्णोभगवानीश्वरेश्वरः॥ आदायागात्स्व
पितरंबंधूनांचावहन्मुदं॥९॥ नंदस्त्वतींद्रियंदृष्ट्वालोकपालमहोदयं॥कृष्णेचसन्नतिंतेषांज्ञातिभ्योविस्मितोऽब्रवीत्॥१०॥ तेत्वौत्सुक्यधियो
राजन्मत्वागोपास्तमीश्वरं॥ अपिनःस्वगतिंसूक्ष्मामुपाधास्यदधीश्वरः॥११॥ इतिस्वानांसभगवान्विज्ञायाखिलदृक्स्वयं॥संकल्पसिद्धयेतेषां
कृपयैतदचिंतयत्॥१२॥ जनोवैलोकएतस्मिन्नविद्याकामकर्मभिः॥ उच्चावचासुगतिषुनवेदस्वांगतिंभ्रमन्॥१३॥इतिसंचिंत्यभगवान्महा
कारुणिकोहरिः॥ दर्शयामासलोकंस्वंगोपानांतमसःपरं॥१४॥ सत्यंज्ञानमनंतंयद्ब्रह्मज्योतिःसनातनं॥यद्धिपश्यंतिमुनयोगुणापायेसमाहि
ताः॥१५॥ तेतुब्रह्महृदंनीतामग्नाःकृष्णेनचोद्धृताः॥ ददृशुर्ब्रह्मणोलोकंयत्राक्रूरोऽध्यगात्पुरा॥१६॥ नंदादयस्तुतंदृष्ट्वापरमानंदनिर्वृताः॥

તથા પિતા ઉપર પ્રેમ રાખનારા, આપ ગોવિંદ ભગવાન, આપના પિતાને પાછા તેડી જઇને, મારા ઉપર અનુગ્રહ કરો. ॥૮॥—**શ્રીશુક**—એ રીતે પ્રસન્ન કરેલા, ઇશ્વરોના ઇશ્વર કૃષ્ણ ભગવાને, પોતાના પિતાને પાછા લેઇ આવીને, બંધુઓને આનંદ ઉપજાવ્યો. ॥૯॥ લોકપાળ વરૂણનું, કદી નહીં જોયેલ ઐશ્વર્ય નંદજીએ દીઠું; તથા તે કૃષ્ણને નમ્યા; એ સઘળું વિસ્મય પામેલા નંદજીએ, સંબંધીઓ પાસે કહી દેખાડયું. ॥૧૦॥ તેથી હે રાજા, એ ગોપ લોકોએ, તેમને ઇશ્વર માન્યા; અને તેઓ ઉત્કંઠાથી, બોલવા લાગ્યા કે. "એ અધિશ્વર ભગવાન, પોતાનું સૂક્ષ્મ સ્વરૂપ પણ, તેઓને દેખાડશેજ." ॥૧૧॥ ત્યારે એ સર્વના અંતરની વાત જાણનારા ભગવાને; પોતાનાંઓના તે સંકલ્પને જાણ્યો; અને દયાળુપણાથી, તે સિદ્ધ કરવા માટે, વિચાર કર્યો કે. ॥૧૨॥ "અવિદ્યા—કામનાઓ—અને કર્મો વડે—આ લોકને વિષે, ઉંચાં નીચાં શરીરોમાં ભટકતા, મનુષ્યાદિક પ્રાણીઓ પોતાની ગતિને, જાણતા નથીજ." ॥૧૩॥ એ રીતે એ મહા દયાળુ હરિભગવાને વિચારીને, તે ગોપલોકોને; જેમાં અજ્ઞાન મુદ્દલે નથી,—જે સત્યરૂપ—જ્ઞાન સ્વરૂપ—અને અનંત છે—તથા જે સનાતન જ્યોતિ સ્વરૂપ બ્રહ્મ કહેવાય છે—અને જેને મુનિઓ એકાગ્રચિત્તથી ગુણો માત્રનો ત્યાગ કરવા વડે જાણે છે—તે વૈકુંઠ લોક તેઓને દેખાડયો. ॥૧૪-૧૫॥ એટલે જેની અંદર અક્રૂર પેઠા હતા, તે બ્રહ્મહ્રદમાં કૃષ્ણ ભગવાને, તે ગોવાળાઓને લેઇ જઇને; અંદર પેસાડવાથી, નંદજી વિગેરે સર્વે ગોપ; પરબ્રહ્મના લોકને દેખીને; અને ત્યાં વેદ પણ, કૃષ્ણ ભગવાનની સ્તુતિ કરતા જોઇને; પરમ આનંદ પામીને, સુખિયા થયા—અને પછીથી ભગવાને તેમને એ ધરામાંથીજ બહાર કાઢવાથી, ઘણોજ વિસ્મય પામ્યા. ॥૧૬-૧૭॥ ઇતિશ્રી ભા૦ દશમા સ્કંધનો વૈકુંઠ દર્શન નામે અઠાવિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૮॥

અધ્યાય. ૨૯ મો. શ્રીશુક—શરદઋતુમાં ખીલેલી મલ્લિકાનાં ફૂલ ઉઘડેલી રાત્રિ જોઈને, ભગવાને પણ યોગમાયાનો આશ્રય કરીને; તે રાત્રિમાં રમણ કરવાનું મન કર્યું. ॥૧॥ અને તે વખતેજ, ઘણા દિવસે પોતાની પ્રિયાને મળેલા પતિની પેઠે, શાંત કિરણોના રતાશથી પૂર્વદિશાના મુખને કોમળ કરતો ચંદ્રમા, ઉગીને; લોકોના તાપને શમાવતા આવ્યો. ॥૨॥ તેને જોઈને; અને કુમુદ જાતનાં અખંડિત મંડળવાળાં તે વનને, લક્ષ્મીજીના સરખા દેખાતા તેના મુખના નવા કુંકુમ જેવા રાતા અને કોમળ કિરણોથી, રંગાઈ ગયું દેખીને; સ્ત્રીઓના મનને મનોહર લાગે, એવું મધુર ગાયન ભગવાને ગાવાનું શરૂ કર્યું. ॥૩॥ તેથી કામની વૃદ્ધિ કરનાર તે ગાયનને સાંભળીને, મન ખેંચાયલી વ્રજની સ્ત્રીઓ; પોતે જતી. એક બીજીને આવ્યા અને ખબર ન પડવા દેતાં; જ્યાં કૃષ્ણ હતા, ત્યાં ઘણા વેગથી હાલતાં કુંડળો સહિત ગઈઓ. ॥૪॥ તેઓમાંની કેટલીક જે દોહતી હતી, તે દોહવાનું પડતું મૂકીને; અને બીજીઓ ચૂલા ઉપર ઉકળવા મૂકેલા દૂધને, તથા રાંધવા મૂકેલી ખીરને ચૂલેથી ઉતાર્યા વિનાજ ચાલી આવીઓ. ॥૫॥ કેટલીએક પિરસવાનું—બાળકોને ધવરાવવાનું—અને સ્વામીની સેવા કરવાનું પડતું મૂકીને, તથા જમવાને બેઠી હતી, તે જમવાનું પડતું મૂકીનેજ, આવીઓ. ॥૬॥ બીજીઓ લિંપતી લિંપતી—નહાતી નહાતી—અને આંખોમાં આંજણ આંજતી આંજતી—તથા વસ્ત્ર અને ઘરેણાં અવળા સવળા પહેરીનેજ— એ કૃષ્ણ ભગવાનની પાસે ચાલી આવીઓ. ॥૭॥ તેઓને તેમના સ્વામીઓએ—બાપોએ—ભાઈઓએ—અને સંબંધીઓએ રોકવા માંડ્યા છતાં; ગોવિંદ ભગવાનમાં મન લાગી જવાથી, મોહિત થયેલી તેઓ; પાછીજ વળી નહીં. ॥૮॥ અને ઘરના માંહેના ભાગમાં સપડાઈ ગયેલી કેટલીક ગોપીઓને, બહાર નીકળવાનો લાગ ન મળ્યો; તેમણે ત્યાં રહીનેજ, પોતાની આંખો મીંચીને, કૃષ્ણ ભગવાનની ભાવના યુક્ત થઈ, તેમનું ધ્યાન કર્યું. ॥૯॥ એટલે તેઓ ઓ ન સહન થાય, એવા પ્રિય ભગવાનના વિરહ રૂપ તીવ્ર તાપથી, પોતાનાં સઘળાં પાપ નાશ પામેલી; અને

कृष्णंचतत्रच्छंदोभिःस्तूयमानंसुविस्मिताः ॥१७॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेपूर्वभागेअष्टाविंशतितमोऽध्यायः॥२८॥
श्रीशुक० भगवानपितारात्रीःशरदोत्फुल्लमल्लिकाः ॥ वीक्ष्यरंतुंमनश्चक्रेयोगमायामुपाश्रितः॥१॥ तदोडुराजःककुभःकरैर्मुखंप्राच्याविलिंपन्न
रुणेनशंतमैः॥सचर्षणीनामुदगाच्छुचोमृजन्प्रियःप्रियायाइवदीर्घदर्शनः॥२॥ दृष्ट्वाकुमुद्वंतमखंडमंडलंरमाननाभंनवकुंकुमारुणं ॥ वनंचत
त्कोमलगोभिरंजितंजगौकलंवामदृशांमनोहरं॥३॥ निशम्यगीतंतदनंगवर्द्धनंव्रजस्त्रियःकृष्णगृहीतमानसाः॥आजग्मुरन्योऽन्यमलक्षितो
द्यमाःसयत्रकांतोजवलोलकुंडलाः॥४॥ दुहंत्योऽभिययुःकाश्चिद्दोहंहित्वासमुत्सुकाः॥ पयोऽधिश्रित्यसंयावमनुद्वास्यापराययुः॥५॥ परिवेष
यंत्यस्तद्धित्वापाययंत्यःशिशून्पयः॥शुश्रूषंत्यःपतीन्काश्चिदश्नंत्योऽपास्यभोजनं॥६॥लिंपंत्यःप्रमृजंत्योऽन्याअंजंत्यःकाश्चलोचने॥ व्यत्यस्त
वस्त्राभरणाःकाश्चित्कृष्णांतिकंययुः ॥७॥ तावार्यमाणाःपतिभिःपितृभिर्भ्रातृबंधुभिः॥गोविंदापहृतात्मानोनन्यवर्त्ततमोहिताः ॥८॥ अंतर्गृ
हगताःकाश्चिद्गोप्योऽलब्धविनिर्गमाः॥ कृष्णंतद्भावनायुक्तादध्युर्मीलितलोचनाः॥९॥ दुःसहप्रेष्ठविरहतीव्रतापधुताशुभाः॥ ध्यानप्राप्ताच्यु
ताश्लेषनिर्वृत्याक्षीणमंगलाः ॥१०॥ तमेवपरमात्मानंजारबुद्ध्याऽपिसंगताः॥जहुर्गुणमयंदेहंसद्यःप्रक्षीणबंधनाः॥११॥ राजा०कृष्णंविदुःपरं
कांतंनतुब्रह्मतयामुने॥ गुणप्रवाहोपरमस्तासांगुणधियांकथं ॥१२॥ श्रीशुक०उक्तंपुरस्तादेतत्तेचैद्यःसिद्धिंयथागतः ॥ द्विषन्नपिहृषीकेशं
किमुताधोक्षजप्रियाः ॥१३॥ नृणांनिःश्रेयसार्थायव्यक्तिर्भगवतोनृप ॥अव्ययस्याप्रमेयस्यनिर्गुणस्यगुणात्मनः ॥१४॥ कामंक्रोधंभयंस्नेहमै
क्यंसौहृदमेवच॥नित्यंहरौविदधतोयांतितन्मयतांहिते ॥१५॥ नचैवंविस्मयःकार्योभवताभगवत्यजे ॥ योगेश्वरेश्वरेकृष्णेयतएतद्विमुच्यते
॥१६॥ तांदृष्ट्वांतिकमायाताभगवान्व्रजयोषितः॥अवदद्वदतांश्रेष्ठोवाचःपेशैर्विमोहयन् ॥१७॥ श्रीभग०स्वागतंवोमहाभागाःप्रियंकिंकर
वाणिवः॥व्रजस्यानामयंकच्चिद्ब्रूतागमनकारणं ॥१८॥ रजन्येषाघोररूपाघोरसत्वनिषेविता॥प्रतियातव्रजंनेहस्थेयंस्त्रीभिःसुमध्यमाः १९
मातरःपितरःपुत्राभ्रातरःपतयश्चवः॥ विचिन्वंतिह्यपश्यंतोमाकृध्वंबंधुसाध्वसं ॥२०॥ दृष्टंवनंकुसुमितंराकेशकररंजितं॥यमुनाऽनिललीले

ધ્યાન વડે પ્રાપ્ત થયેલ અચ્યુત ભગવાનને ભેટવા રૂપ, સુખ મળવાથી, પોતાનાં સઘળાં પુણ્યનો પણ નાશ થયેલી; તે ગોપીઓ, જાર ભાવની બુદ્ધિથી પણ, એ પરમાત્મા ભગવાનનેજ પામી ગઈઓ! અને તેઓનાં બંધનો નાશ પામીને, ગુણોવડે ઉત્પન્ન થયેલાં, તેમનાં શરીરો, તરતજ છૂટી ગયાં ॥૧૦-૧૧॥—પરિક્ષિત—હે મુનિ, તેઓ કૃષ્ણને ઉત્તમ પુરુષ જાણતી હતી, પણ પરબ્રહ્મ જાણતી નહોતી; ત્યારે તે વિષયબુદ્ધિ વાળીઓને, ગુણોના પ્રવાહ રૂપ આ સંસાર, કયા કારણથી ટળી ગયો? ॥૧૨॥ શ્રીશુક—મેં તમને આગળ કહેલું છે કે શિશુપાળ, હૃષીકેશ ભગવાનનો દ્વેષ કરનારો હોવા છતાં, પણ તે સિદ્ધિને પામ્યો છે; તો તેવી રીતેજ, એ અધોક્ષજ ભગવાનમાં પ્રીતિ કરનારીઓની પણ, સિદ્ધિ થાય, તેમાં શું કહેવું? ॥૧૩॥ હે રાજન, અવ્યય—અપ્રમેય—અને નિર્ગુણ ભગવાનનો સગુણ રૂપે અવતાર થવાનું; મનુષ્યોના કલ્યાણને અર્થેજ હોય છે. ॥૧૪॥ જેઓ હરિ ભગવાનનું; કામથી, ક્રોધથી, ભયથી, સ્નેહથી, અથવા સુહૃદપણાથી પણ, હમેશાં એક ચિત્તથી ધ્યાન કરે છે; તેઓ ભગવાન મય થઈ જાય છે. ॥૧૫॥ માટે જેમનાથી, સઘળાઓને મુક્તિ મળે છે; તે આ અજન્મા અને યોગેશ્વરોના ઈશ્વર કૃષ્ણ ભગવાન વિશે, આ બાબતમાં વિસ્મય કરવા જેવું કાંઈજ નથી. ॥૧૬॥ પછી એ વ્રજની સ્ત્રીઓને પાસે આવેલી દેખીને, એ બોલનારાઓમાં શ્રેષ્ઠ ભગવાન; તેમને મોહ ઉ-પજાવતાં, સુંદર વાણી બોલ્યા કે. ॥૧૭॥—શ્રીભગવાન—હે મહા ભાગ્યશાળી ગોપીઓ, તમે ભલે આવ્યાં. તમારું શું પ્રિય કરું? આવવાનું કારણ શું છે તે કહો, વ્રજમાં કુશળ તો છે? ॥૧૮॥ હે સુંદરીઓ, ભયંકર પ્રાણીઓએ સેવેલી, અને વિકરાળ રૂપવાળી, આ રાત્રિમાં સ્ત્રીઓએ અહીં રહેવા જેવું નથી; માટે તમે વ્ર-જમાં પાછાં જાઓ. ॥૧૯॥ તમારાં માત પિતા—પુત્ર—ભાઈઓ—અને પતિઓ, તમને ન દેખવાથી, શોધ કર-

વા. કરોઃ માટે બંધુઓને ત્રાસ ન આપો. ॥૨૦॥ જમનાજીના પવનની ધીમી લહેરોથી હાલતાં ઝાડોનાં પાંદડાંવડે શોભતું—અને ચંદ્રના કિરણોથી રંગાયલું—તથા ફુલેલાં ફુલોવાળું આ વન તો, તમે જોયું; માટે હે સતી સ્ત્રીઓ, તમે વાર ન લગાડતા, વ્રજમાં પાછાં જાઓ; અને પતિઓની સેવા કરો; તથા ચીસો પાડતાં વાછરડાં અને છોકરાંઓને ધવરાવો, ને ગાયોને દુહો. ॥૨૧-૨૨॥ અથવા જો તમે; જેમ પ્રાણી માત્ર મારામાં પ્રિતિ રાખે છે, તેમ મારા ઉપરના સ્નેહને લીધે મન ખેંચાવાથી, અહીં આવ્યાં હો; તોપણ હે કલ્યાણીઓ; પતિની અને તેના બંધુઓની કપટ રહિત સેવા કરવી. અને સંતાનાદિકનું પોષણ કરવું; એજ સ્ત્રીઓનો ઉત્તમ ધર્મ કહેલ છે. ॥૨૩-૨૪॥ અને પતિ, દુષ્ટ સ્વભાવનો—ભાગ્યહીન—વૃદ્ધ—જડ—રોગી—અને નિર્ધન વિગેરે હોય છતાં પણ, શુભ લોકને ઇચ્છનારી અને પાપ રહિત સ્ત્રીઓએ, તેને તજવાનો નથીજ. ॥૨૫॥ કુળવાન સ્ત્રીઓને ઉપપતિનું એટલે જાર પુરૂષનું સેવન, તો સર્વદા નિંદા ભરેલું—સ્વર્ગ થકી પાડી નાંખનારૂં—કીર્તિનો નાશ કરનારૂં—ભય ઉપજ કરનારૂં—અને તુચ્છ—તથા દુખ રૂપજ કહેલ છે. ॥૨૬॥ વળી મારે વિશે જેવો ભાવ, સાંભળવાથી—દર્શનથી—ધ્યાનથી—અને કીર્તન કરવા થકી થાય છે; તેવો પાસે રહેવાથી, નથીજ થતો; માટે તમે પાછાં ઘેરજ જાઓ. ॥૨૭॥—શ્રીશુક—એ રીતનું ગોવિંદ ભગવાને કહેલું અપ્રિય વચન સાંભળવાથી, ખેદ પામેલી, અને સંકલ્પ ભાંગી પડેલી, એ ગોપીઓ; અપાર ચિંતામાં પડી ગઇઓ. ॥૨૮॥ અને સૂકાતા લાલ હોઠથી, શોકને લીધે નિશાસા મૂકતી—અને નીચાં મોઢાં રાખી પગે વડે ધરતી ખોતરતી—તે ગોપીઓ, આંખોથી પડતાં મેશવાળાં આંસુઓથી, છાતી ઉપરના કુમકુમને ધોઇ નાંખતી, ઘણા દુખ વડે દબાઇને મૂગીજ ઉભી રહીઓ. ॥૨૯॥ પછી પ્રિય હોવા છતાં અપ્રિયની પેઠે બોલતા ભગવાન પ્રત્યે; તેમને અર્થે પોતાની સર્વ કામનાઓને તજનારી, તે ગોપીઓ; રોવાથી ઉપસેલી આંખોને, લુછી નાંખીને; જરાક ક્રોધ સહિત પ્રીતિ વડે, ગળગળી વાણીથી બોલીઓ કે. ॥ ૩૦ ॥—ગોપિઓ—હે ભગવાન આપના ચરણ મૂળને અર્થે, સર્વ વિષયોનો ત્યાગ કરનારી અમને; આપ સમર્થ, આવું અપ્રિય વચન કહેવાને યોગ્ય નથી; માટે ખોટો આગ્રહ નહીં કરતાં, આદિ પુરૂષ ભગવાને મુમુક્ષુ લોકોને ભજવાની પેઠે; આપ અમારો ત્યાગ કરોમાં, અને

जत्तरुपल्लवशोभितं ॥२१ तद्यातमाचिरंगोष्ठंशुश्रूषध्वंपतीन्सतीः॥क्रंदंतिवत्साबालाश्चतान्पाययतदुह्यत ॥२२॥ अथवामदभिस्नेहाद्भवत्यो यंत्रिताशयाः॥आगताह्युपपन्नंवःप्रीयंतेमयिजंतवः॥२३॥ भर्तुःशुश्रूषणंस्त्रीणांपरोधर्मोह्यमायया ॥ तद्बंधूनांचकल्याण्यःप्रजानांचानुपोषणं ॥२४॥ दुःशीलोदुर्भगोवृद्धोजडोरोग्यधनोऽपिवा ॥पतिःस्त्रीभिर्नहातव्योलोकेप्सुभिरपातकी ॥२५॥ अस्वर्ग्यमयशस्यंचफल्गुकृच्छ्रंभयावहं॥जुगुप्सितंचसर्वत्रऔपपत्यंकुलस्त्रियाः ॥२६॥ श्रवणाद्दर्शनाद्ध्यानान्मयिभावोऽनुकीर्तनात् ॥ नतथासन्निकर्षेणप्रतियाततततोगृहान् ॥२७॥ श्रीशुक०इतिविप्रियमाकर्ण्यगोप्योगोविंदभाषितं॥विषण्णाभग्नसंकल्पाश्चिंतामापुर्दुरत्ययां ॥२८॥ कृत्वामुखान्यवशुचःश्वसनेनशुष्यद्बिंबाधराणिचरणेनभुवंलिखंत्यः ॥ अस्त्रैरुपात्तमषिभिःकुचकुंकुमानितस्थुर्मृजंत्यउरुदुःखभराःस्मतूष्णीं ॥२९॥ प्रेष्ठंप्रियेतरमिवप्रतिभाषमाणंकृष्णंतदर्थविनिवर्तितसर्वकामाः ॥ नेत्रेविमृज्यरुदितोपहतेस्मकिंचित्संरंभगद्गदगिरोऽब्रुवतानुरक्ताः ॥३०॥ गोप्य०मैवंविभोऽर्हति भवान्गदितुंनृशंसंसंत्यज्यसर्वविषयांस्तवपादमूलं॥ भक्ताभजस्वदुरवग्रहमात्यजास्मान्देवोयथादिपुरुषोभजतेमुमुक्षून् ॥३१॥यत्पत्यपत्यसुहृदामनुवृत्तिरंगस्त्रीणांस्वधर्मइतिधर्मविदात्वयोक्तं॥ अस्त्वेवमेतदुपदेशपदेत्वयीशेप्रेष्ठोभवांस्तनुभृतांकिलबंधुरात्मा॥३२॥ कुर्वंतिहित्वयि रतिंकुशलाःस्वआत्मन्नित्यप्रियेपतिसुतादिभिरार्तिदैःकिं॥तन्नःप्रसीदपरमेश्वरमास्मछिंद्याआशांभृतांत्वयिचिरादरविंदनेत्र ॥३३॥ चित्तंसुखेनभवताऽपहृतंगृहेषुयन्निर्विशत्युतकरावपिगृह्यकृत्ये॥पादौपदंनचलतस्तवपादमूलाद्यामःकथंव्रजमथोकरवामकिंवा ॥३४॥ सिंचांगनस्त्वदधरामृतपूरकेणहासावलोककलगीतजहृच्छयाग्निं॥नोचेद्वयंविरहजाग्न्युपयुक्तदेहाध्यानेनयामपदयोःपदवींसखेते ॥३५॥ यर्ह्यंबुजाक्षतवपादतलंरमायादत्तक्षणंक्वचिदरण्यजनप्रियस्य ॥ अस्प्राक्ष्मतत्प्रभृतिनान्यसमक्षमंगस्थातुंत्वयाभिरमिताबतपारयामः ॥३६॥ श्रीर्यत्पदांबुजरजश्चकमेतुलस्यालब्ध्वाऽपिवक्षसिपदंकिलभृत्यजुष्टं॥यस्याःस्ववीक्षणकृतेऽन्यसुरप्रयासस्तद्वद्वयंचतवपादरजःप्रपन्नाः ॥३७॥ त

અમો ભક્તને આપ પણ ભજો. ॥૩૧॥ હે અંગ, ધર્મને જાણનારા આપે; જો કે, પતિ—સંતાન—અને સુહૃદોને અનુસરવાનો, સ્ત્રીઓનો સ્વધર્મ હોવાનું; કહ્યું છે; તો આપજ સર્વ દેહધારીઓના બંધુ અને આત્મા હોવાથી, આપ પ્રિય અને ઇશ્વરને વિશેજ; આપે ઉપદેશ કરેલ, એ સર્વ; ખચીત સિદ્ધજ થાય છે. (અર્થાત આપ એ સર્વ રૂપે હોવાથી, અમારા એ સ્ત્રીધર્મમાં, ખામી આવનાર નથીજ.) ॥૩૨॥ અને તે સારૂંજ એ; દુખોને ઉત્પન્ન કરનારા પતિ (અથવા પત્ની) અને પુત્રો આદિનું પ્રયોજન નહીં ગણતાં; કુશળ મનુષ્યો, પ્રિય અને આત્મસ્વરૂપ, આપ ભગવાનમાંજ હમેશાં પ્રીતિ કરે છે. તો હે પરમેશ્વર, અમારા ઉપર તમે પ્રસન્ન થાઓ; અને આપ કમળનેત્ર ભગવાનને વિશેની, અમારી ઘણાકાળની કામનાને; આપ કાપી ન નાંખો. ॥ ૩૩ ॥ વળી આપેજ, ઘરનાં કામકાજમાં સુખથી લાગેલાં અમારાં મનનું હરણ કરેલ છે; જેથી અમારા પગ, આપના ચરણ મૂળથકી એક ડગલુંએ ખસી શકતા નથી; તો પછી અમે વ્રજમાં શામાટે જઇએ, અને ત્યાં જઇને અમે શું કરીએ? ॥૩૪॥ માટે હે સખા, તમારા હસતા મુખે જોવાથી, અને સુંદર ગાયન થકી, ઉત્પન્ન થયેલ કામાગ્નિથી; તપેલાં અમારાં અંગોને, આપના અધરામૃતવડે પૂર્ણપણે સિંચન કરો; અને તેમ નહીં કરોતો વિરહથી ઉત્પન્ન થયેલા અગ્નિ થકી, આ અમારાં શરીરો બળી જશે; અને આપના ધ્યાન વડે, અમે આપના પદને પામીશું. ॥૩૫॥ હે કમળનેત્ર ભગવાન, વનવાસીઓને પ્રિય એવું આપનું ચરણ મૂળ, જે લક્ષ્મીજીને પણ કોઇ કોઇ વારજ પ્રાપ્ત થાય છે; તેનો અમને સ્પર્શ કરાવીને આપે જ્યારથી અમને આનંદ આપેલો છે, ત્યારથી બીજાઓની પાસે ઉભું રહેવાનું પણ, અમને રૂચતું નથીજ. ॥૩૬॥ અને બીજા દેવો આદિક પોતા તરફ જેની નજર થવા માટે પ્રયાસ કરે છે; તે લક્ષ્મીજી પણ, આપના વક્ષસ્થળમાં રહેવા છતાં, આપના દાસ લોકે સેવેલી આપના ચરણ કમળની રજમાં, માત્ર તુળસીની સાથે ભાગ પડાવનારજ થયેલ છે; અને તેજ આપની ચરણ રજને અમે પણ પ્રાપ્ત થયેલાં છૈએ. ॥૩૭॥ માટે હે, સંસારને મટાડનારા,

અને પુરુષ માત્રના ભૂષણ રૂપ, આપ અમારા ઉપર પ્રસન્ન થાઓ; અને આપના સુંદર હસવા સહિત જોવા વડે; તીવ્ર કામનાથી તપેલી–અને આપની ઉપાસનાની આશાથી સર્વસ્વનો ત્યાગ કરીને આપના ચરણ મૂળને પ્રાપ્ત થયેલી–અમોને; આપ માત્ર દાસીપણું આપો. ॥૩૮॥ આપનું કમળમુખ–અલકાવલિથી ભરેલું–ગાલની ઉપર શોભતાં કુંડળોથી તથા લટકતા વાળના ગુચ્છાથી ભરાયલું–મુખારવિંદ જોઇને, અને અભયને આપનારા આપના બે ભુજદંડને દેખીને; તથા એકલા લક્ષ્મીજીનેજ રમણ કરવાના સ્થાન રૂપ આપના વક્ષસ્થળને નીહાળીને; અમોને આપના દાસપણાનીજ ઇચ્છા થયેલ છે. ॥ ૩૯ ॥ હે અંગ, આપે વાંસળી વગાડીને ગાયેલું સુંદર પદવાળું ગાયન સાંભળવાથી, આ ત્રિલોકીની અંદરની કઇ સ્ત્રી મોહ ન પામે, તથા પોતાના આર્ય આચરણ થકી ચલાયમાન ન થાય? કે જે ગાયન સાંભળવાથી; તથા, ત્રણે લોકમાં અતિ ઉત્તમ આપનું સ્વરૂપ નિરખવાથી; આ વનની અંદરનાં, ગાયો–પક્ષી–ઝાડો–અને પશુઓ વિગેરેનાં પણ રુવાટાં ઉભાં થઇ જાય છે. ॥૪૦॥ આપ આદિ પુરુષ ભગવાન, જે રીતે દેવતાઓના લોકનું રક્ષણ કરો છો; તે રીતેજ આ વ્રજવાસીઓનાં દુખોને અને ભયને મટાડવાને માટેજ, આપ અવશ્ય કરીને જન્મેલા છો; તો હે દીનદયાળ, તાપ પામેલી અમે દાસીઓનાં, સ્તન અને મુસ્તક ઉપર આપનું હસ્ત કમળ મૂકો. ॥૪૧॥–**શ્રીશુક**–ત્યારે યોગેશ્વરોના ઇશ્વર ભગવાન, તેમની આ રીતની વિકળતા સાંભળીને, પોતે આત્મારામ છતાં; દયા સહિત હસ્યા: અને તેઓની સાથે રમ્યા. ॥૪૨॥ તે વખતે એ ઉદાર ચરિત્રવાળા પ્રિય અચ્યુત ભગવાનના સામું જોવાથી પ્રફુલિત થયેલ મોઢાંવાળી એ ગોપીઓથી વિંટાયલા અને કુંદની કળીઓ સમાન શોભતા દાંતથી ઉદાર રીતે હસતા ભગવાન, તારાગણોથી વિંટાયલા ચંદ્રમાના સરખા શોભવા લાગ્યા. ॥૪૩॥ અને એ સેંકડો સ્ત્રીઓના આગેવાન–વૈજયંતી માળા ધારણ કરેલા–ભગવાન: તેઓ થકી ગવાતા તથા પોતે ગાતા, એ વનને શોભાવતા ફરવા લાગ્યા. ॥૪૪॥ પછી જમુનાજીના તરંગ વડે આવતા, કુમુદોની સુગંધીવાળા પવનથી, આનંદ

न्नःप्रसीदवृजिनार्दनतेऽंघ्रिमूलंप्राप्ताविसृज्यवसतीस्त्वदुपासनाशाः॥त्वत्सुंदरस्मितनिरीक्षणतीव्रकामतप्तात्मनांपुरुषभूषणदेहिदास्यं॥३८
वीक्षालकावृतमुखंतवकुंडलश्रीगंडस्थलाधरसुधंहसितावलोकं॥दत्ताभयंचभुजदंडयुगंविलोक्यवक्षःश्रियैकरमणंचभवामदास्यः॥३९॥
कास्त्र्यंगतेकलपदायतमूर्छितेनसंमोहितार्यचरितान्नचलेत्त्रिलोक्यां॥त्रैलोक्यसौभगमिदंचनिरीक्ष्यरूपंयद्गोद्विजद्रुममृगाःपुलकान्यबिभ्रन्
॥४०॥व्यक्तंभवान्व्रजभयार्तिहरोऽभिजातोदेवोयथादिपुरुषःसुरलोकगोप्ता॥तन्नोनिधेहिकरपंकजमार्त्तबंधोतप्तस्तनेषुचशिरस्सुचकिंकरी
णां॥४१॥ श्रीशुक० इतिविक्लवितंतासांश्रुत्वायोगेश्वरेश्वरः॥प्रहस्यसदयंगोपीरात्मारामोऽप्यरीरमत्॥४२॥ ताभिःसमेताभिरुदारचेष्टितः
प्रियेक्षणोत्फुल्लमुखीभिरच्युतः॥उदारहासद्विजकुंददीधितिर्व्यरोचतैणांकइवोडुभिर्वृतः॥४३॥ उपगीयमानउद्गायन्वनिताशतयूथपः॥मालां
बिभ्रद्वैजयंतींव्यचरन्मंडयन्वनं॥४४॥ नद्याःपुलिनमाविश्यगोपीभिर्हिमवालुकं॥रेमेतत्तरलानंदकुमुदामोदवायुना॥४५॥ बाहुप्रसारपरि
रंभकरालकोरुनीविस्तनालभननर्मनखाग्रपातैः॥क्ष्वेल्यावलोकहसितैर्व्रजसुंदरीणामुत्तंभयन्रतिपतिंरमयांचकार॥४६॥ एवंभगवतःकृ
ष्णाल्लब्धमानामहात्मनः॥आत्मानंमेनिरेस्त्रीणांमानिन्योऽभ्यधिकंभुवि॥४७॥ तासांतत्सौभगमदंवीक्ष्यमानंचकेशवः॥प्रशमायप्रसादायत
त्रैवांतरधीयत॥४८॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेपूर्वभागेभगवतोरासलीलावर्णनंनामएकोनत्रिंशोऽध्यायः॥२९॥
श्रीशुक० अंतर्हितेभगवतिसहसैवव्रजांगनाः॥अतप्यंस्तमचक्षाणाःकरिण्यइवयूथपं॥१॥ गत्यानुरागस्मितविभ्रमेक्षितैर्मनोरमालापवि
हारविभ्रमैः॥आक्षिप्तचित्ताःप्रमदारमापतेस्तास्ताविचेष्टाजगृहुस्तदात्मिकाः॥२॥गतिस्मितप्रेक्षणभाषणादिषुप्रियाःप्रियस्यप्रतिरूढमूर्तयः
॥असावहंत्वित्यबलास्तदात्मिकान्यवेदिषुःकृष्णविहारविभ्रमाः॥३॥ गायंत्यउच्चैरमुमेवसंहताविचिक्युरुन्मत्तकवद्वनाद्वनं॥पप्रच्छुराकाश
वदंतरंबहिर्भूतेषुसंतंपुरुषंवनस्पतीन्॥४॥ दृष्टोवःकच्चिदश्वत्थप्लक्षन्यग्रोधनोमनः॥नंदसूनुर्गतोहृत्वाप्रेमहासावलोकनैः॥५॥ कच्चित्कुरव

પામેલા ભગવાન; તે નદીની ઠંડી રેતીવાળા કિનારા ઉપર જઇને, ત્યાં ગોપીઓની સાથે રમવા લાગ્યા. ॥૪૫॥ અને હાથ પસારવા–આથડીને–હાથ, વાળના ગુચ્છ, ઉરુ, નાભિ, અને સ્તનને અડવું–હાસ્ય કરવું–અને નખની અણીઓ લગાડવી–વિગેરે પ્રકારે રમવાથી, અને હસતા મુખ સહિત જોવાથી, એ વ્રજની સ્ત્રીઓના કામને વધારતા ભગવાન તેઓને રમાડવા લાગ્યા. ॥૪૬॥ એ રીતે મહાત્મા કૃષ્ણભગવાન થકી, માન પામવાથી તે સ્ત્રીઓએ પોતાને; પૃથ્વી ઉપરની બીજી સ્ત્રીઓ કરતાં, અધિક માની. ॥૪૭॥ ત્યારે તેમના એ સુભાગ્યના મદને, અને અભિમાનને દેખીને; તે શમાવી દેવા માટે, તથા તેમના ઉપર પ્રસન્ન થવાને માટે, એ કેશવ ભગવાન, તે ઠેકાણેજ અંતર્ધાન થઇ ગયા. ॥૪૮॥ ઇતિશ્રી ભા૦ દ૦ સ્કં૦ ઓ૦ અ૦ સં૦. ॥૨૯॥

અધ્યાય ૩૦ મો —શ્રીશુક—ભગવાન એકાએક અંતર્ધાન થવાથી, તેમને નહીં દેખતી એ વ્રજની સ્ત્રીઓ, હાથીને ન દેખતી હાથણીઓની પેઠે, પરિતાપ પામી. ॥૧॥ અને એ રમાપતિ ભગવાનની ચાલ–સ્નેહ–હસતા મુખથી સુંદર જોવું, અને મનને આનંદ પમાડે એવું બોલવું, રમવું અને વિલાસ થકી મન ખેંચાયલી તે સ્ત્રીઓનાં મન: તેમનામાંજ લાગી જઇને, તેમની તે તે લીલાઓનું, તેઓ અનુકરણ કરવા લાગીઓ. ॥૨॥ કૃષ્ણ ભગવાનમાં મન લાગેલી, અને તેમની ચાલ–હસવું–જોવું–તથા બોલવું વિગેરે રૂપ, વિલાસ કરતી; તે અબળા સ્ત્રીઓ, એ પ્રિય ભગવાન રૂપજ થઇ જઇને: પોતેજ કૃષ્ણ છે, એમ જણાવવા લાગી ગઇઓ. ॥૩॥ અને તેઓ એકઠી મળી ઉંચા સ્વરે ગાતી, તથા સર્વ પ્રાણી પદાર્થોને વિશે, બહાર અને અંદર આકાશની પેઠે રહેલા; એ પુરુષ ભગવાનને શોધતી; ઉન્મત્તની પેઠે, એક વનમાંથી બીજા વનમાં ફરવા લાગી; તથા વનસ્પતિ આદિને પૂછવા લાગી કે. ॥૪॥ "હે પિંપળા, વડ, અને પિંપર, પ્રેમ સહિત હસવા અને જોવા વડે અમારાં મન હરિને ગયેલા, નંદપુત્રને તમે કોઇએ દીઠા છે. ॥૫॥ હે કુરબક–આસોપાલવ–નાગ–પુનાગ અને ચંપા; હસવા વડે સ્ત્રીઓના દર્પને હરનારા રામના નાનાભાઇ કૃષ્ણ ક્યાં ગયા. ॥૬॥ હે ગોવિંદ ભગવાનના ચરણને વિશે પ્રીતિવાળી વ્હાલી તુળશી, ઘણા ભમરાઓ સુદ્ધાં તને ધારણ કરનારા, અને તને અતિ પ્યારા અચ્યુત ભગવાનને તેં દીઠાછે. ॥૭॥ હે માલતી–મલ્લિકા–જાઇ–અને જૂઇ, હાથના સ્પર્શ થકી તમને

પ્રીતિ ઉપજાવતા માધવ ભગવાન અહીંથી થઈને જતાં; તમે કોઈએ દીઠા છે ? ॥૮॥ હે બીજાઓના અર્થને માટે ઉત્પન્ન થયેલાં અને જમુનાજીને કાંઠે રહેલાં, આંબા–રાયણ–ફણસ–આસન–કોવિદાર–જાંબુ–આકડા–બીલી–બકુલ–આંબલાં–કદંબ–નીપ–અને બીજાં ઝાડો; તમે અમો શુન્ય ચિત્ત થયેલીઓને કૃષ્ણ ભગવાનનો પત્તો બતાવશો? ॥૯॥ હે પૃથ્વી, એ કેશવ ભગવાનના ચરણનો સ્પર્શ, તને કયું તપ કરવાના પ્રભાવ થકી પ્રાપ્ત થયેલ છે; અને તેથી, અગર વામન અવતારમાં તેમનાં પગલાંથી મપાવાથી, અથવા વરાહ અવતારમાં તેમના શરીરને ભેટવાથી; એમાંના કયા કારણથકી તું રોમાંચિત થયેલી જણાય છે. ॥ ૧૦॥ હે સખી, (હરણી) તમે જેમ તમારા ટોળાના સ્વામી કાળિયારની પાસે રહીને સુખી થાઓછો, તેમ પ્રિય અચ્યુત ભગવાનની સાથે રહીને, પોતાનાં અંગોને સુખ પમાડતી, સ્ત્રી સહિત ભગવાન અહીંથી થઈને ગયા છે કે શું.? કારણ તે સ્ત્રીના અંગ સંગવડે, તેના સ્તન ઉપરનું કુમકુમ લાગેલી, કુંદના ફૂલની માળાનો સુગંધ, આ સ્થળે આવેછે. ॥૧૧॥ અને હે ઝાડો, ગર્વોન્મત્ત થયેલ ઘણા ભમરાઓ સહિત તુળશીને ધારણ કરેલા–એક હાથ પ્રિયાના ખભા ઉપર મૂકેલા–અને બીજા હાથમાં કમળ રાખેલા–એ રામના નાના ભાઇ કૃષ્ણ, તમે પ્રેમ સહિત જોવા રૂપ કરેલા નમસ્કારને આદર આપતા; અહીં થઈને નીકળ્યા છે કે શું? ॥૧૨॥ આ પોતાના બાહુઓથી વૃક્ષોને ભેટેલી લતાઓ, ભગવાનના નખના સ્પર્શથી ખચીત અત્યંત રોમાંચિત થયેલીછે. તેમને પણ આપણે પૂછીએ. ॥૧૩॥ એ રીતે ભગવાનમાં મન લાગી ગયેલી–ઉન્મત્ત જેવાં વચનો બોલતી–અને વિહ્વળ થઈને ભગવાનને શોધતી–એ ગોપીઓએ; ભગવાનની, તે તે લીલાઓનું અનુકરણ, (નકલ) કરવા માંડયું. ॥૧૪॥ કોઇ એક પૂતના થયેલીનું, બીજી કૃષ્ણ થયેલીએ, સ્તનપાન કર્યું; ને એક બાળક થયેલીએ, રોતાં રોતાં બીજી ગાડું થનારીને, લાત મારી. ॥૧૫॥ એક દૈત્ય થયેલી, બાળક કૃષ્ણ થનારી બીજીને ઉપાડી ગઇ; અને કોઇ એક પગ ઘસડીને ઘુઘરીઓનો શબ્દ કરતી, ભાંખોડીએ ચાલવા લાગી. ॥૧૬॥ બે જણીઓ રામ અને કૃષ્ણ થઇ,

काशोकनागपुन्नागचंपकाः॥रामानुजोमानिनीनांगतोदर्पहरस्मितः ॥६॥ कच्चित्तुलसिकल्याणिगोविंदचरणप्रिये॥सहत्वाऽलिकुलैर्बिभ्रद्द
ष्टस्तेऽतिप्रियोऽच्युतः ॥७॥ मालत्यदर्शिवःकच्चिन्मल्लिकेजातियूथिके॥प्रीतिंवोजनयन्यातःकरस्पर्शेनमाधवः ॥८॥ चूतप्रियालपनसासन
कोविदारजंब्वर्कबिल्वबकुलाम्रकदंबनीपाः॥येन्येपरार्थभवकायमुनोपकूलाःशंसंतुकृष्णपदवींरहितात्मनांनः॥९॥ किंतेकृतंक्षितितपोबतके
शवांघ्रिस्पर्शोत्सवोत्पुलकितांगरुहैर्विभासि॥अप्यंघ्रिसंभवउरुक्रमविक्रमाद्वाआहोवराहवपुषःपरिरंभणेन ॥१०॥ अप्येणपत्न्युपगतःप्रिय
येहगात्रैस्तन्वन्दृशांसखिसुनिर्वृतिमच्युतोवः॥ कांतांगसंगकुचकुंकुमरंजितायाःकुंदस्रजःकुलपतेरिहवातिगंधः॥११॥ बाहुंप्रियांसउपधाय
गृहीतपद्मोरामानुजस्तुलसिकालिकुलैर्मदांधैः॥ अन्वीयमामइहवस्तरवःप्रणामंकिंवाऽभिनंदति चरन्प्रणयावलोकैः॥१२॥पृच्छतेमालताबा
हूनप्याश्लिष्टावनस्पतेः॥नूनंतत्करजस्पृष्टाबिभ्रत्युत्पुलकान्यहो॥१३॥ इत्युन्मत्तवचोगोप्यःकृष्णान्वेषणकातराःलीलाभगवतस्तास्ताह्यनु
चक्रुस्तदात्मिकाः॥१४॥ कस्याश्चित्पूतनायंत्याःकृष्णायंत्यपिबत्स्तनं॥तोकायित्वारुदंत्यन्यापदाऽहन्शकटायतीं ॥१५॥ दैत्यायित्वाजहारा
न्यामेकाकृष्णार्भभावनां॥रिंगयामासकाप्यंघ्रीकर्षंतीघोषनिःस्वनैः ॥१६॥ कृष्णरामायितेद्वेतुगोपायंत्यश्चकाश्चन॥वत्सायतींहंतिचान्या
तत्रैकातुबकायतीं ॥१७॥ आहूयदूरगायद्वत्कृष्णस्तमनुवर्तती॥वेणुंक्वणंतींक्रीडंतीमन्याःशंसंतिसाध्विति ॥१८॥ कस्यांचित्स्वभुजंन्यस्यच
लंत्याहापराननु॥कृष्णोऽहंपश्यतगतिंललितामितितन्मनाः॥१९॥माभैष्टवातवर्षाभ्यांतत्त्राणंविहितंमया ॥ इत्युक्त्वैकेनहस्तेनयतंत्युन्निदधें
ऽबरं ॥२०॥ आरुह्यैकापदाक्रम्यशिरस्याहापरांनृप॥दुष्टाहेगच्छजातोऽहंखलानांननुदंडधृक् ॥२१॥ तत्रैकोवाचहेगोपादावाग्निंपश्यतोल्बणं
॥ चक्षूंष्याश्वपिदध्वंवोविधास्येक्षेममंजसा॥२२॥ बद्धाऽन्ययास्रजाकाचित्तन्वीतत्रउलूखले॥भीतासुदृक्पिधायास्यंभेजेभीतिविडंबनं॥२३॥
एवंकृष्णंपृच्छमानावृंदावनलतास्तरून् ॥ व्यचक्षतवनोद्देशेपदानिपरमात्मनः ॥२४॥ पदानिव्यक्तमेतानिनंदसूनोर्महात्मनः॥लक्ष्यंतेहिध्व
जांभोजवज्रांकुशयवादिभिः ॥२५॥ तैस्तैःपदैस्तत्पदवीमन्विच्छंत्योऽग्रतोबलाः॥वध्वाःपदैःसुपृक्तानिविलोक्यार्त्ताःसमब्रुवन् ॥२६॥कस्याः

અને કેટલીક ગોપ થઇઓ; કોઇ વાછડું થયેલીને, એકે પ્રહાર કર્યો; અને બીજીએ, એક બગલા રૂપે થયેલીને; મારી. ॥૧૭॥ કૃષ્ણની પેઠે આચરણ કરનારી એકે, દૂર ગયેલી ગાયોને, કૃષ્ણની પેઠે બોલાવતાં બોલાવતાં; વાંસળી વગાડવાની રમત કરી; અને બીજીઓએ વાહ વાહ કહીને તેને વખાણી. ॥૧૮॥ કોઇ એકે, પોતાના હાથ, પાસેની બીજીના ખભા ઉપર મૂકીને; તે કૃષ્ણમાં લાગેલા મનવાળી ચાલતાં ચાલતાં, બોલી કે, " હું કૃષ્ણછું; મારી સુંદર ચાલ જુઓ " ॥૧૯॥ અને "વાયુ તથા વરસાદથી બીહીશો નહીં, તેનાથી રક્ષણ થવાનો ઉપાય હું કરુંછું;" એમ કહીને, એક હાથ વડે યત્ન કરીને એક જણીએ; પોતાનું વસ્ત્ર ઉંચે ધર્યું ॥૨૦॥ હે રાજન; એકે, બીજીના માથા ઉપર ચઢી, તેને પગથી દબાવીને, કહ્યું કે, "હે દુષ્ટ સાપ જતો રહે; ખળ લોકને શિક્ષા આપવાને સારૂંજ, હું અવતરેલોછું. ॥૨૧॥ ત્યાં એક બોલી કે:" હે ગોવાળિઆઓ આ ભયંકર દાવાગ્નિને જુઓ; તમે ઉતાવળા, તમારી આંખો મીંચો; હું તમને, તુરંતજ નિર્ભય કરૂંછું." ॥૨૨॥ ત્યાં કોઇએક નાની ગોપીને, બીજીએ ફુલની માળા વડે, ખાંડણીઆ સાથે બાંધી; ત્યારે તે બીન્હેલી હરણી આંખોવાળીએ, પોતાનું મોઢું ઢાંકીને; બીક લાગવા જેવી નિશાની બતાવી. " ॥૨૩॥ એ પ્રમાણે કૃષ્ણ લીલાનું અનુકરણ કરતી, અને વૃંદાવનનાં ઝાડ તથા લતાઓ આદિને પૂછતી તેઓએ; વનના પ્રદેશમાં પરમાત્મા ભગવાનનાં, પગલાં; ધજા–કમળ–વજ્ર–અંકુશ–અને જવ–વિગેરે નિશાનીઓ વાળાં સ્પષ્ટ રીતનાં પડેલાં દેખીને, કહ્યું કે; " આ પગલાં તો નક્કી મહાત્મા નંદ પુત્રનાંજ જણાય છે. ॥૨૪–૨૫॥ પછી તેતે પગલાંથી ભગવાનનો શોધ કરતાં જતાં, આગળ તે સ્ત્રીઓએ, એ પગલાં સાથે ભળેલાં, સ્ત્રીનાં પગલાં જોવાથી, દુખી થઇને કહ્યું કે;" હાથીની સાથેની હાથણીની પેઠે, નંદ પુત્રની સાથે તેમના ખભા ઉપર હાથ રાખીને જનારી, કોઇ ગોપીનાંજ આ પગલાં છે. ॥૨૬–૨૭॥

એણે હરિ હરિ ભગવાનને, અત્યંત પૂજેલા હશે; કે જેથી ગોવિંદ ભગવાન આપણને તજીને, તેને એકાંતમાં સાથે લેઈ ગયા છે. ॥૨૮॥ અરે સખીઓ, આ ગોવિંદ ભગવાનના ચરણ કમળની રજને ધન્ય છે. કે જેને પાપનો નાશ કરવા સારૂં; બ્રહ્માજી-સદાશિવ-અને દેવી લક્ષ્મીજી પણ, પોતાના માથા ઉપર ચડાવે છે. ॥૨૯॥ પણ અચ્યુત ભગવાનના અધરામૃતને એકાંતમાં જે ગોપી એકલીજ ભોગવે છે. તેના પગલાં જોયાં છે; તેથીજ આપણને ઘણો ક્ષોભ થાય છે. ॥૩૦॥ અરે વળી અહીંયાં, તેણીનાં પગલાં દેખાતાં નથી; તેથી નક્કી જણાય છે કે, ઘાસના અંકુરોમાં ચાલતાં, તેનાં સુંદર પગનાં તળાંને પીડા થવાથી, પ્રિયભગવાને તે પોતાની પ્રિયાને ઉપાડી લીધી હશે. ॥૩૧॥ આ સ્થળે પોતાની પ્રિયાને માટે ભગવાને, ફૂલ વીણેલાં જણાય છે; તે સારૂં પગ ઉંચા કરવા પડવાથી, પગલાં અધુરાં ઉઠેલાં દેખાય છે. ॥૩૨॥ આ ઠેકાણે કામી ભગવાને, તે કામિનીના વાળ સમા કરેલા છે; અને તેમ કરવા સારૂં ભગવાન અહીંયાં નક્કી બેઠેલાજ લાગે છે." ॥૩૩॥ આત્મારામ ભગવાન પોતાનાજ સ્વરૂપ વિષે, અખંડિત પ્રીતિ વાળા હોવા છતાં; આ પ્રમાણે કામી પુરુષોની દીનતા, અને સ્ત્રીઓનો દુષ્ટ સ્વભાવ, દેખાડી આપવા સારૂંજ; તેમની સાથે રમતા હતા. ॥૩૪॥ આ રીતે ભાન ભૂલી ગયેલાનું દેખાડતી એ ગોપીઓ; એટલે કૃષ્ણ ભગવાન જેને સાથે લેઇ ગયા હતા, તે શિવાયની તમામ બીજી સ્ત્રીઓ; વનમાં ફરતી હતી. ॥૩૫॥ ત્યારે બીજી કામના વાળી ગોપીઓને તજીને, પ્રિય ભગવાન મનેજ ભજે છે; એમ જાણીને તે સાથે જનારી ગોપીએ, પોતાને સર્વ સ્ત્રીઓમાં ઉત્તમ માની. ॥૩૬॥ તેથી વનના એક પ્રદેશમાં ગયા પછી, તેણે કેશવ ભગવાનને ગર્વથી કહ્યું કે; "હું ચાલી શકતી નથી, માટે તમારૂં મન હોય, ત્યાં તમે મને ઉપાડીને લેઇ જાઓ." ॥૩૭॥ ત્યારે એમ બોલેલી પ્રીયાને કૃષ્ણે કહ્યું કે; "તમે મારા ખભા ઉપર બેસો." પછી તે બેસવા જતાં, તે ઠેકાણેજ ભગવાન અંતર્ધાન થઇ જવાથી, તે સ્ત્રી પરિતાપ પામી. ॥૩૮॥ અને કહેવા લાગી કે, "હે નાથ-સુંદર-પ્યારા-સખા

पदानिचैत[illegible]नंदसूनुना॥ अंसन्यस्तप्रकोष्ठायाः करेणोः करिणायथा ॥२७॥ अनयाराधितोनूनंभगवान्हरिरीश्वरः॥यन्नोविहायगोविंदः प्रीतोयामनयद्रहः ॥२८॥ धन्याअहोअमीआल्योगोविंदांघ्र्य[illegible]रेणवः॥यान्ब्रह्मेशोरमादेवीदधुर्मूर्ध्न्यघनुत्तये॥२९॥ तस्याअमूनिनःक्षोभं[illegible]ः पदानियत्॥यैकाऽप[illegible]गोपीनांरहोभुंक्तेऽच्युताधरं॥३०॥नलक्ष्यंतेपदान्यत्रतस्यानूनंतृणांकुरैः॥खिद्यत्सुजातांघ्रितलामुन्निन्येप्रेयसींप्रियः ॥३१॥ अत्रप्रसूनावचयःप्रियार्थेप्रेयसाकृतः॥प्रपदाक्रमणएतेपश्यतासकलेपदे ॥३२॥ केशप्रसाधनंत्वत्रकामिन्याःकामिनाकृतं॥तानिचूडयताकांतामुपविष्टमिहध्रुवं ॥३३॥ रेमेतयाचात्मरतआत्मारामोऽप्यखंडितः॥कामिनांदर्शयन्दैन्यंस्त्रीणांचैवदुरात्मतां ३४ इत्येवंदर्शयंत्यस्ताश्चेरुर्गोप्योविचेतसः॥ यांगोपीमनयत्कृष्णोविहायान्याःस्त्रियोवने ॥३५॥ साचमेनेतदात्मानंवरिष्ठंसर्वयोषितां॥हित्वागोपीःकामयानामामसौभजतेप्रियः ॥३६॥ ततोगत्वावनोद्देशंदृप्ताकेशवमब्रवीत् ॥ नपारयेऽहंचलितुंनयमांयत्रतेमनः॥३७॥ एवमुक्तःप्रियामाहस्कंधमारुह्यतामिति॥ततश्चांतदधेकृष्णःसावधूरन्वतप्यत॥३८॥ हानाथरमणप्रेष्ठक्वासिक्वासिमहाभुज॥दास्यास्ते[illegible]दर्शयसन्निधिं ॥३९॥ श्रीशुक० अन्विच्छंत्योभगवतोमार्गंगोप्योविदूरतः॥ददृशुःप्रियविश्लेषमोहितांदुःखितांसखीं ॥४०॥ तयाकथितमाकर्ण्यमानप्राप्तिंचमाधवात् ॥अवमानंचदौरात्म्याद्विस्मयंपरमंययुः॥४१॥ ततोऽविशन्वनंचंद्रज्योत्स्नायावद्विभाव्यते॥तमःप्रविष्टमालक्ष्यततोनिववृतुःस्त्रियः॥४२॥ तन्मनस्कास्तदालापास्तद्विचेष्टास्तदात्मिकाः॥तद्गुणानेवगायंत्योनात्मागाराणिसस्मरुः॥४३॥पुनःपुलिनमागत्यकालिंद्याःकृष्णभावनाः[illegible]जगुःकृष्णंतदागमनकांक्षिताः॥४४॥इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेपूर्वभागेरासक्रीडायांत्रिंशत्तमोध्यायः॥३०

गोप्य० जयतितेऽधि[illegible]जन्मनाव्रजःश्रयतइंदिराशश्वदत्रहि॥[illegible]दिक्षुतावकास्त्वयिधृतासवस्त्वांविचिन्वते ॥१॥ शरदुदाशयेसाधुजातसत्सरसिजोदरश्रीमुषादृशा॥सुरतनाथतेऽशुल्कदासिकावरदनिघ्नतोनेहकिंवधः ॥२॥ विषजलाप्ययाद्व्यालरा[illegible]तादैयुना

અને મોટા હાથવાળા,-તમે ક્યાં ગયા, તમારી રાંક દાસીને તેની પાસે આવીને, દર્શન આપો." ॥૩૯॥—શ્રીશુક—એટલામાં ભગવાનનો પત્તો મેળવવાને ઇચ્છતી બીજી ગોપીઓ, તેની પાસે આવી પહોંચીઓ; અને તેઓએ પ્રિય ભગવાનના વિયોગથી મોહ પામેલી, અને દુઃખી થયેલી; પોતાની સાહેલીને જોઇ. ॥૪૦॥ અને માધવ ભગવાન થકી પ્રથમ માનની પ્રાપ્તિ, તથા પાછળથી દુષ્ટ બુદ્ધિ થવાથી મળેલું અપમાન; તેના કહેવાથીજ સાંભળીને, તેઓને પરમ વિસ્મય થયો. ॥૪૧॥ પછી તે વનમાં જ્યાં સુધી, ચંદ્રમાનો પ્રકાશ દેખાયો; તેટલે સુધી તેઓ જઇને, જ્યારે અંધકાર દેખાયો; ત્યારે ત્યાંથી તે સ્ત્રીઓ પાછી વળી. ॥ ૪૨ ॥ એ રીતે ભગવાનમાંજ મન વાળી-તેમના સંબંધનુંજ બોલતી-તેમની લીલાઓનીજ રમત કરતી-અને ભગવાનમય થઇ ગયેલી;-એ ગોપીઓને; ભગવાનના ગુણો ગાતાં, પોતાની દેહ તથા ઘર આદિકનું સ્મરણજ રહ્યું નહોતું. ॥૪૩॥ પછી કૃષ્ણ ભગવાનની ભાવનાવાળી તે સ્ત્રીઓએ, કાલિંદીના કાંઠા ઉપર પાછાં આવી; ભગવાન પધારવાની આકાંક્ષાથી એકઠાં મળીને કૃષ્ણ સંબંધીજ ગાન કરવા માંડ્યું. ॥૪૪॥ ઇતિ શ્રી० ભા० દશમા સ્કંધનો ત્રીસમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૦॥

અધ્યાય. ૩૧ મો—ગોપીઓ—આપનો જન્મ થવાને લીધે, જ્યાં સર્વદા લક્ષ્મીજી વસે છે, એવું આ વ્રજ અધિક જય પામે છે; માટે આપને શોધતી અને આપનેજ અર્થેજ પ્રાણને ધારણ કરનારી અમે ગોપીઓને, દયા કરીને આપ દર્શન દ્યો. ॥૧॥ હે સુરતના સ્વામી, અને વરદાન આપનારા; શરદ ઋતુમાં તળાવની અંદર ઉત્પન્ન થયેલાં, અને ઉઘડેલાં શ્રેષ્ઠ કમળની શોભાને પણ હરાવનાર, આપની દૃષ્ટી વડે; અમો વગર મુલની દાસીઓને આપ મારો છો; તે શું અહીંયાં વધ નથી ગણાતો. ? ॥૨॥ ઝેરી જળ વડે થયેલા નાશ થકી-અઘાસુર થકી-વાયુ અને વરસાદ થકી-સળગતા દાવાનળ થકી-વત્સાસુર અને વ્યોમાસુર થકી-તથા એજ રીતે જગતનાં બીજાં અનેક ભયથકી પણ, આપ ભગવાનેજ; વારંવાર અમારૂં રક્ષણ કરેલ

છે. ॥૩॥ હે સખા, આપ યશોદાના પુત્રજ છો એમ નથી; પણ સર્વ દેહધારીઓના મનની અંદરની વાતને જાણનારા, ઈશ્વર છો; અને બ્રહ્માની પ્રાર્થનાથી, વિશ્વના પાલનને અર્થે સાત્વત કુળમાં ઉત્પન્ન થયા છો. ॥૪॥ હે વૃષ્ણિઓમાં મુખ્ય, લક્ષ્મીનો હાથ ઝાલનારું–અને બ્રહ્મા પર્યંત સર્વની કામનાઓને પરિપૂર્ણ કરનારું –તથા સંસારના ભયથી શરણ થનારાઓને અભય દેનારું–આપનું હસ્ત કમળ, આપ અમારાં માથાં ઉપર મૂકો. ॥૫॥ હે વ્રજ જનોની પીડાને મટાડનારા, અને પોતાના ભક્ત જનોના ગર્વને હસવા વડેજ ટાળી નાંખનારા, વીર પુરૂષ અને સખા: આપનું શુંદર મુખ કમળ અમો આપની દાસીઓને દેખાડો, તથા અમને ભજો. ॥૬॥ તથા નમસ્કાર કરનારા દેહધારીઓનાં પાપને મટાડનારું–પશુઓની પાછળ ચાલનારું–લક્ષ્મીના સ્થાન રૂપ–અને કાળિય નાગની ફણો ઉપર મૂકાયલું–આપનું ચરણ કમળ અમારાં સ્તનો ઉપર મૂકીને, અમારા કામને શમાવો. ॥૭॥ હે કમળ નેત્ર વીર પુરૂષ, જ્ઞાની પુરૂષોના મનને પસંદ પડે એવી–અને શુંદર વચનો વાળી–આપની મીઠી વાણીથી મોહ પામેલી અમો આપની દાસીઓને; આપ અધરામૃત પાઓ. ॥૮॥ તાપ પામેલાઓને જીવાડનાર–વિદ્વાનોએ વખાણેલ–પાપોનો નાશ કરનાર–શ્રવણ માત્રથી મંગળ કરનાર- અને લક્ષ્મીના મદને મટાડનાર–આપના કથા રૂપી અમૃતનું, આ પૃથ્વી ઉપરના ઘણા પુણ્યવાન મનુષ્યોજ, કીર્તન કરે છે. ॥૯॥ ધ્યાન કરવા વડે મંગળ કરનારા આપ પ્રિયનું હસવું–પ્રેમથી જોવું–ક્રિડા કરવી–અને એકાંતમાં હૃદયમાં અસર કરનારી છતાં, કપટ ભરેલી વાતો કરવી; એઓ સઘળીજ અમારાં મન ક્ષોભ પામેછે. ॥૧૦॥ હે નાથ શુંદર પુરૂષ, આપ વ્રજમાંથી પશુઓને ચારવાને જતાં; આપના કમળ જેવા શુંદર પગ, કાંકરાઓ અને ઘાસના કણગાઓથી પીડાતા જાણીને; અમારાં મન કલેશ પામે છે. ॥ ૧૧ ॥ હેવીર પુરુષ, દિવસ આથમતાં, વનના પદાર્થો ધારણ કરેલું–રજોટી ભરાયલું–અને ચારે તરફ કાળા વાળના ગુચ્છા વાળું–આપનું મુખ કમળ અમને વારંવાર દેખાડીને આપ અમારા મનની અંદર કામ ઉત્પન્ન કરોછો. ॥૧૨॥ શરણે આવનારની

नलात् ॥वृषमयात्मजाद्विश्वतोभयादृषभतेवयंरक्षितामुहुः ॥३॥ नखलुगोपिकानंदनोभवानखिलदेहिनामंतरात्मदृक् ॥विखनसाऽर्थितोवि
श्वगुप्तयेसखउदेयिवान्सात्वतांकुले ॥४॥ विरचिताभयंवृष्णिधुर्यतेचरणमीयुषांसंसृतेर्भयात् ॥करसरोरुहंकांतकामदंशिरसिधेहिनःश्रीकर
ग्रहं ॥५॥ व्रजजनार्तिहन्वीरयोषितांनिजजनस्मयध्वंसनस्मित॥भजसखेभवत्किंकरीःस्मनोजलरुहाननंचारुदर्शय ॥६॥ प्रणतदेहिनांपाप
क[illegible]नं [illegible]णचरानुगंश्रीनिकेतनं॥फणिफणार्पितंतेपदां[illegible]जंकृणुकुचेषुनःकृंधिहृच्छयं ॥७॥ मधुरयागिरावल्गुवाक्ययाबुधमनोज्ञयापुष्करेक्ष
ण॥विधिकरीरिमावीरमुह्यतीरधरसीधुनाप्यायस्वनः ॥८॥ तवकथामृतंतप्तजीवनंकविभिरीडितंकल्मषापहम्॥श्रवणमंगलंश्रीमदाततं
भुविगृणंतितेभूरिदाजनाः ॥९॥ प्रहसितंप्रियप्रेमवीक्षणंवि[illegible]रणंचतेध्यानमंगलं॥रहसिसंविदोयाहृदिस्पृशःकुहकनोमनःक्षोभयंतिहि॥१०
चलसियद्व्रजा[illegible]रयन्पशून्नलिनसुंदरंनाथतेपदं ॥ शिलतृणांकुरैःसीदतीतिनःकलिलतांमनःकांतग[illegible]ति ॥११॥ दिनपरिक्षयेनीलकुंतलैर्व
नरुहाननंबिभ्रदावृतं ॥घनरजस्वलंदर्शयन्मुहुर्मनसिनःस्मरंवीरयच्छसि ॥१२॥ प्रणतकामदंपद्मजार्चितंधरणिमंडनंध्येयमापदि॥चरणपंक
जंशंतमंचतेरमणनःस्तनेष्वर्पयाधिहन् ॥१३॥ सुरतवर्द्धनंशोकनाशनंस्वरितवेणुनासुष्ठुचुंबितं॥इतररागविस्मा[illegible]णांवितरवीरनस्तेऽध
रामृतं ॥१४॥ अटतियद्भवानह्निकाननंत्रुटिर्युगायतेत्वामपश्यतां॥कुटिलकुंतलंश्रीमुखंचतेजडउदीक्षतांपक्ष्मकृद्दृशां ॥१५॥ पतिसुतान्वय
भ्रातृबांधवानतिविलंघ्यतेंऽत्यच्युतागताः ॥ गतिविदस्तवोद्गीतमोहिताःकितवयोषितःकस्त्यजेन्निशि ॥१६॥ रहसिसंविदंहृच्छयोदयंप
हसिताननंप्रेमवीक्षणं॥बृहदुरःश्रियोवीक्ष्यधामतेमुहुरतिस्पृहामुह्यतेमनः ॥१७॥ व्रजवनौकसांव्यक्तिरंगतेवृजिनहंत्र्यलंविश्वमंगलं॥त्यज
मनाक्चनस्त्वत्स्पृहात्मनांस्वजनहृद्रुजांयन्निषूदनं ॥१८॥ यत्तेसुजातचरणांबुरुहंस्तनेषुभीताःशनैःप्रियदधीमहिकर्कशेषु॥तेनाटवीमटसितद्व्य
थतेनकिंस्वित्कूर्पादिभिर्भ्रमतिधीर्भवदा[illegible]षांनः ॥१९॥ इ०भा०म०द०पू०गोपीकृतकृष्णस्तुतिर्नामएकत्रिंशोध्यायः ॥३१॥ श्रीशुक०इति

કામનાઓને પૂર્ણ કરનાર–બ્રહ્માએ પૂજેલ–પૃથ્વીની શોભા રૂપ–આપદ કાળમાં ધ્યાન કરાતું–શાંતિ આપનારૂં–અને આધિને મટાડનારૂં–આપ પ્રિય ભગવાનનું ચરણ કમળ; અમારા સ્તનો ઉપર અર્પણ કરો. ॥૧૩॥ હે વીર પુરૂષ, સુરતને વધારનારૂં–શોકને મટાડનારૂં–મનુષ્યોને બીજાં સર્વ સુખોનું વિસ્મરણ કરાવનારૂં–અને શબ્દ કરતી વાંસળીએ સારી પેઠે ચુસેલું–આપનું અધરામૃત અમને આપો. ॥૧૪॥ આપ દિવસની વેળાએ જ્યારે જંગલમાં ફરોછો, ત્યારે આપને ન દેખતાં; એક ત્રુટી જેટલો વખત, અમને એક યુગ જેટલો થઇ પડેછે; અને આપ પાછા પધારોછો, ત્યારે વાંકડા વાળના ગુચ્છવાળું, આપનું શુંદર મુખ જોવામાં; અડચણ કરનારી અમારી આંખોની પાપણોને, બનાવનાર બ્રહ્માને પણ; અમે જડ એટલે મૂર્ખ કહીએ છીએ. ॥૧૫॥ હે અચ્યુત ભગવાન, આપના ગાયન થકી મોહ પામીને, અમે; પતિ–પુત્ર–ભાઈ–સંબંધી–અને બાંધવાનું ઉલ્લંઘન કરીને, આપની પાસે આવનારી સ્ત્રીઓને; અમારા આવવાના કારણને જાણનારા આપ; રાત્રિને સમયે કપટ કરીને કેવી રીતે તજશો. ? ॥૧૬॥ આપનું હસતું મુખ–પ્રેમથી જોવું–અને એકાંતમાં કામને ઉત્પન્ન કરનારી વાતો કરવી–એ વિગેરે થકી, તથા લક્ષ્મીના સ્થાન રૂપ મોટા ઉરસ્થળ વાળું આપનું સ્વરૂપ જોઇને; અમારાં મનને મોહ થવાથી, આપના એ સ્વરૂપને વિશે; અમને વારંવાર ઘણી ઇચ્છા થાય છે. ॥૧૭॥ વિશ્વનું મંગળ કરનાર આપનો જન્મ, આ વનમાં અને વ્રજમાં રેહેનારાઓનાં દુખોને મટાડવા માટેજ થયેલ છે; તો આપને વિશે સ્પૃહા વાળાં, અમો આપનાં સ્વજનોને; અમારા હૃદયનો રોગ મટાડનારૂં ઓષધ આપ થોડું પણ આપો ॥૧૮॥ હે પ્રિય, આપના સુકોમળ ચરણ કમળને અમારા કઠણ સ્તનો ઉપર, ધીમેથી ધારણ કરવામાં પણ અમે બીહીએ છીએ; તો તે ચરણથીજ આપ પૃથ્વી ઉપર ફરોછો, ત્યારે પથરા વિગેરેથી શું આપને દુખ થતું નહીં હોય; તેથી અમો આપના વડેજ જીવવા વાળીઓની બુદ્ધિ ભમી જાય છે. ॥૧૯॥ ઇતિ શ્રી૦ ભાગવતે દશમા સ્કંધનો એકત્રિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૧॥

અધ્યાય ૩૨ મો.—શ્રીશુક—હે રાજા, કૃષ્ણ ભગવાનના દર્શનની ઇચ્છાથી, આ રીતે ગાતી, અને વિચિત્ર પ્રકારે વિલાપ કરતી ગોપીઓ; શુંદર સ્વરથી રોવા લાગીઓ. ॥૧ ॥ ત્યારે પિતાંબર અને માળા

ધરેલા—હસતા મુખ કમળ વાળા—ને કામદેવને પણ મોહ કરનારા—સાક્ષાત કૃષ્ણ ભગવાન, તેઓની મધ્યમાં પ્રકટ થયા. ॥૨॥ એટલે એ પ્રિય ભગવાનને આવેલા દેખીને, શરીરમાં પ્રાણ આવવાની પેઠે; પ્રીતિથી પ્રફુલ્લિત થયેલી આંખો વાળી તે સઘળી સ્ત્રીઓ, એકાએકે ઉભી થઈઓ. ॥૩॥ અને તેઓમાંની કોઈ એકે આનંદથી કૃષ્ણનું હસ્ત કમળ, પોતાના ખોળામાં લીધું; અને ચંદન વડે લેપન કરેલા તેમના હાથને કોઈ એકે, પોતાના ખભા ઉપર મૂક્યો. ॥૪॥ તથા કોઈ તરૂણીએ, તેમનું ચાવેલું પાન, પોતાની અંજળીમાં લીધું, અને સારી પેઠે તપી ગયેલી બીજી એકે તો, તેમનું ચરણ કમળ પોતાના સ્તન ઉપર ધારણ કર્યું. ॥૫॥ અને બીજી સ્નેહના કોપથી પરવશ થયેલી એકે તો, હોઠ કરડીને તથા ભમર ચઢાવીને, પ્રહાર કરવાની પેઠે; કટાક્ષથી જોવા માંડ્યું. ॥૬॥ બીજી એકે તો ઉઘાડી આંખોથી, તેમના મુખ કમળનું પાન કરીને; તેમના ચરણ સેવવાથી સંતો તૃપ્ત ન થવાની પેઠે; તૃપ્તજ થઈ નહીં. ॥૭॥ તેમજ નેત્ર વડે, ભગવાનને હૃદયમાં પેસારીને; આંખો મિંચેલી તથા રૂંવાડાં ઉભાં થયેલી, કોઈકતો યોગીની પેઠે; ભગવાનને ભેટીને, આનંદમાંજ ડુબી ગઈ. ॥૮॥ પછી એ કેશવ ભગવાનને દેખવાના મોટા ઉત્સાહથી સુખ પામેલી તે સર્વેએ, વિરહથી ઉત્પન્ન થયેલા પોતાના તાપનો: લોકો પ્રાજ્ઞને પામવાની પેઠે, તજી દીધો. ॥૯॥ હે તાત, ત્યારે એ શોક રહિત થયેલી સ્ત્રીઓથી વિંટાયલા અચ્યુત ભગવાન, શક્તિઓથી વિંટાયલા મહાપુરૂષની પેઠે; અધિક શોભવા લાગ્યા. ॥ ૧૦ ॥ પછી તેમને સાથે લેઈને એ સમર્થ ભગવાન, ઉઘડેલાં કુંદ તથા મંદાર ફુલોની સુગંધી વાળા, પવનને લીધે ભમરાઓના ગણગણાટ થઈ રહેલા કાલિંદીના કાંઠા ઉપર આવ્યા. ॥૧૧॥ તે વખતે રાત્રિનું અંધારૂં, શરદ રૂતુના ચંદ્રમાના જથા બંધ કિરણો થકી નાશ પામેલું હતું. અને જમુનાજીએ પોતાના હાથ રૂપ તરંગોથી સુખકર રેતી ત્યાં પાથરી દીધી હતી. ॥૧૨॥ ત્યારે ભગવાનના દર્શનના આનંદથી હૃદયના તાપ મટીગયેલી, એ ગોપીઓના મનોરથનો અંત. શ્રુતિઓની પેઠે આવી જઈને; તેમણે પોતાનાં સ્તનનાં કુંકુમ લાગેલાં ઉત્તરિય વસ્ત્ર વડે, એ આત્મ બંધુ ભગવાનને આસન કરી દીધું. ॥૧૩॥ એટલે તે ઉપર બેઠેલા એ, યોગેશ્વરના હૃદયમાં આસન કરેલા ઇશ્વર ભગવાન, ગોપીઓની વચમાં, તેમના થકી પૂજન થતાં; ત્રણે લોકની શોભા શરીર ધારી થઈને, એક સ્થળે આવેલી

गोप्यःप्रगायंत्यःप्रलपंत्यश्चचित्रधा॥रुरुदुःसुस्वरंराजन्कृष्णदर्शनलालसाः॥१॥ तासामाविरभूच्छौरिःस्मयमानमुखांबुजः॥पीतांबरधरःस्रग्वीसाक्षान्मन्मथमन्मथः॥२॥तंविलोक्यागतंप्रेष्ठंप्रीत्युत्फुल्लदृशोऽबलाः॥उत्तस्थुर्युगपत्सर्वास्तन्वःप्राणमिवागतं॥३॥काचित्करांबुजंशौरेर्जगृहेंऽजलिनामुदा॥काचिद्दधारतद्बाहुमंसेचंदनभूषितं॥४॥ काचिदंजलिनाऽगृण्हात्तन्वीतांबूलचर्वितं॥एकातदंघ्रिकमलंसंतप्तास्तनयोरधात्॥५॥ एकाभ्रुकुटिमाबध्यप्रेमसंरंभविह्वला॥घ्नंतीवैक्षत्कटाक्षेपैःसंदष्टदशनच्छदा॥६॥अपराऽनिमिषद्दृग्भ्यांजुषाणातन्मुखांबुजं॥ आपीतमपिनातृप्यत्संतस्तच्चरणंयथा ॥७॥ तंकाचिन्नेत्ररंध्रेणहृदिकृत्यनिमील्यच॥पुलकांग्युपगुह्यास्तेयोगीवानंदसंप्लुता॥८॥सर्वास्ताःकेशवालोकपरमोत्सवनिर्वृताः॥ जहुर्विरहजंतापंप्राज्ञंप्राप्ययथाजनाः ॥९॥ ताभिर्विधूतशोकाभिर्भगवानच्युतोवृतः॥व्यरोचताधिकंतातपुरुषःशक्तिभिर्यथा ॥१०॥ ताःसमादायकालिंद्यानिर्विश्यपुलिनंविभुः॥ विकसत्कुंदमंदारसुरभ्यनिलषट्पदं ॥११॥ शरच्चंद्रांशुसंदोहध्वस्तदोषातमःशिवं॥ कृष्णायाहस्ततरलाचितकोमलवालुकं ॥१२॥ तद्दर्शनाल्हादविधूतहृद्रुजोमनोरथांतंश्रुतयोयथाययुः॥स्वैरुत्तरीयैःकुचकुंकुमांकितैरचीक्लृपन्नासनमात्मबंधवे ॥१३॥ तत्रोपविष्टोभगवान्सईश्वरोयोगेश्वरांतर्हृदिकल्पितासनः॥चकासगोपीपरिषद्गतोऽर्चितस्त्रैलोक्यलक्ष्म्येकपदंवपुर्दधत् ॥१४॥ सभाजयित्वातमनंगदीपनंसहासलीलेक्षणविभ्रमभ्रुवा॥संस्पर्शनेनांककृतांघ्रिहस्तयोःसंस्तुत्यईषत्कुपिताबभाषिरे ॥१५॥ गोप्य०भजतोऽनुभजंत्येकएकएतद्विपर्ययं॥ नोभयांश्चभजंत्येकएतन्नोब्रूहिसाधुभोः॥१६॥ श्रीभग० मिथोभजंतियेसख्यःस्वार्थैकांतोद्यमाहिते ॥ नतत्रसौहृदंधर्मःस्वार्थार्थंतद्धिनान्यथा ॥१७॥ भजंत्यभजतोयेवैकरुणाःपितरोयथा॥धर्मोनिरपवादोऽत्रसौहृदंचसुमध्यमाः ॥१८॥ भजतोऽपिनवैकेचित्॥भजंत्यभजतःकुतः॥ आत्मारामाह्याप्तकामाअकृतज्ञागुरुद्रुहः ॥१९॥ नाहंतुसख्योभजतोऽपिजंतून्भजाम्यमीषामनुवृत्तिवृत्तये॥यथाऽधनोलब्धधनेविनष्टेतच्चिंतयाऽन्यन्निभृतोनवेद ॥२०॥ एवंमदर्थोज्झितलोकवेदस्वानांहिवोमय्यनुवृत्तयेऽबलाः॥

ના સરખા શોભવા લાગ્યા. ॥ ૧૪ ॥ પછી ભગવાનના હાથ તથા પગને પોતાના ખોળામાં લેઈને ચાંપતાં; એ કામને વધારનાર હાસ્ય સહિત લીલાથી જોવાની સાથે; ચારે તરફ ફરતી ભમરો વાળા ભગવાનનો સતકાર કરીને, તથા સ્તુતિ કરીને; પણ જરાક ગુસ્સાથી સામું જોતાં તેઓએ કહ્યું કે. ॥૧૫॥—ગોપીઓ—હે કૃષ્ણ, કેટલાએક પોતાને ભજનારાંઓનેજ ભજનારા છે. કેટલાએક તેથી વિરૂદ્ધ એટલે પોતાને નહીં ભજનારાંઓને પણ ભજનારા છે. અને કોઇ કોઇતો, પોતાને નહીં ભજનારાને અને ભજનારાને; એકેમાંથી કોઇને પણ ભજતાજ નથી. ત્યારે એ રીતના કોણ હશે, તે આપ અમને સારી રીતે કહી સંભળાવો. ॥ ૧૬ ॥—શ્રીભગવાન—હે સખીઓ, જેઓ એક બીજાને સામ સામા ભજે છે; તેઓનો તો પાત પોતાના સ્વાર્થને માટેજ, એ ઉદ્યમ (પતિ અને પત્નીના સરખો) હોય છે; તેની અંદર, સુહૃદપણું કિંવા ધર્મ, નહીં હોવા છતાં; માત્ર સ્વાર્થ શિવાય બીજું કારણ કાંઇ હોતુંજ નથી. ॥૧૭॥ હે સુંદરીઓ, પોતાને નહીં ભજનારાને ભજનારા જેઓ છે; તે તો વડિલો (માબાપ) ના સરખાજ, દયાળુ પુરૂષો પણ હોય છે; તેમનામાંનો અપવાદ વિનાનું સુહૃદપણું, તેમજ ધર્મ પણ છે. ॥ ૧૮ ॥ બીજા કેટલાએક, જેઓ ભજનારાઓને પણ ભજતા નથી; તો નહીં ભજનારાઓને તો ભજેજ ક્યાંથી ? તેવાઓ તો, આત્મારામ—પૂર્ણકામ—અકૃતજ્ઞ અને વડિલોનો દ્રોહ કરનારા એ રીતે ચાર પ્રકારના હોય છે. ॥ ૧૯ ॥ હે સખીઓ, જેમ નિર્ધન મનુષ્યને મળેલું ધન, નાશ પામી જવાથી; તે એની ચિંતાથી એવોતો ઘેરાઈ જાય છે કે, તેને બીજા કશાની ખબરજ પડતી નથી; તે રીતેજ ગામણોની, મારે વિશે પાછળથી વૃત્તિ રેહેવાને માટેજ, હું; મને ભજનારાઓને પણ કોઈ કોઇ વાર ભજતો નથી. ॥૨૦॥ એટલા માટે, તમો; મારે અર્થે, લોક—વેદ—અને સંબંધીઓનો ત્યાગ કરનારી અબળાઓની વૃત્તિ

પણ, આજ્ઞાથી મારે વિશેજ રહેવાનું થવા સારૂં; હું કે જેને એમ કરવુંજ વહાલું છે; તે, અંતર્ધ્યાન થવા છતાં પણ, પરોક્ષ રીતે, તમનેજ ભજતો હતો; તેના વિશે, તમો મને અતિ પ્યારી સ્ત્રીઓએ દોષદૃષ્ટિ કરવી નહીં જોઇએ. ॥ ૨૧ ॥ નિર્દોષપણાથી મારી સાથે જોડાયલી, તમોએ કરેલી ભલાઇનો બદલો તો; દેવતાઓના જેટલા આયુષ્ય વડે પણ, હું વાળી શકું એમ નથીજ; મારે કદી પણ ટીકી પટે નહીં, અગર ઘસાઇ કિંવા તૂટી જવાથી પણ મટે નહીં; એવી ઘર રૂપી બેડીને, કાપી નાંખીને; મને ભજનારી તમોએતો, પોતાની એ ભલાઇ વડેજ; મને તમારા રૂણ થકી, મુક્ત કરવો ઘટિત છે. (અર્થાત બદલો વાળવાને હું શક્તિમાન નથીજ.) ॥૨૨॥ ઇતિ શ્રી૦ ભાગવતે દશમા સ્કંધનો રાસક્રિડા નામે બત્રિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૨॥

અધ્યાય. ૩૩ મો—શ્રીશુક—આ રીતનાં, ભગવાનનાં અતિ સુંદર વચનો સાંભળવાથી; ગોપીઓના મનના મનોર્થ પૂર્ણ થયા. અને વિરહ થકી ઉત્પન્ન થયેલો તેમનો તાપ મટી ગયો. ॥૧॥ તે પછી એ ગોવિંદ ભગવાને; પોતાને અનુસરનારી—પ્રીતિવાળી—અને એક બીજી સાથે હાથ મેળવીને ઉભેલી—તે ઉત્તમ સ્ત્રીઓ સાથે રાસ લીલા (એટલે ગોળના સરખા નાચની રમત) કરવાનો આરંભ કર્યો. ॥૨॥ એટલે ગોપીઓના મંડળથી શોભિતી, રાસ લીલા શિરૂ થઇ; અને એ કૃષ્ણ ભગવાનની અચિંત્ય યોગ શક્તિથી, તેઓ બબે જણીઓની વચમાં, એક એક સ્વરૂપથી પોતે પ્રવેશ કરીને; પોતાની પાસેની સ્ત્રીઓના ગળામાં તેમણે હાથ નાંખેલાનું તે સર્વેએ માન્યું; અને દેવતાઓ પણ, તેમની સ્ત્રીઓ સુદ્ધાં મન ખેંચાવાથી; જોવા માટે ઉત્સાહ સહિત ત્યાં આવવાથી, સેંકડો વિમાનો વડે આકાશમાં ભીડ થઇ પડી. ॥૩-૪॥ તે પછી દુંદુભીના નાદ થઇને ફૂલના વરસાદ પડયા; તથા મુખ્ય ગાંધર્વો, તેમની સ્ત્રીઓ સહિત; ભગવાનના નિર્મળ યશને ગાવા લાગ્યા. ॥૫॥ અને તે સ્ત્રીઓનાં તથા તેમના પ્રિય કૃષ્ણ ભગવાનનાં પણ, કંકણ—ઝાંઝર—અને ઘુઘરીઓ વિગેરેનો, એકત્ર થતો ઘણો ભારે શબ્દ; તે રાસ લીલાના સ્થાનમાં થઇ રહ્યો. ॥૬॥ ત્યાં બબે સોનાના મણકાઓની વચ્ચે, જડેલો મોટો મરકત મણિ શોભવાની પેઠે; એ દેવકી પુત્ર ભગવાન, તેઓની વચમાં અત્યંત શોભવા લાગ્યા. ॥૭॥ પગલાં માંડવાથી—હાથ હલાવવાથી—હસવા સાથે ભમરોના ચાળાથી—ભાંગીને કડકા

मयापरोक्षंभजतातिरोहितंमाऽसूयितुंमाऽर्हथतत्प्रियंप्रियाः ॥२१॥ नपारयेऽहंनिरवद्यसंयुजांस्वसाधुकृत्यंविबुधायुषापिवः॥ यामाऽभजन्दु
र्जरगेहशृंखलाःसंवृश्च्यतद्वःप्रतियातुसाधुना॥२२॥ इ०भा०म०द०पू०द्वात्रिंशोऽध्यायः॥३२॥ श्रीशुक०इत्थंभगवतोगोप्यःश्रुत्वावाचः
सुपेशलाः॥जहुर्विरहजंतापंतदंगोपचिताशिषः ॥१॥ तत्रारभतगोविंदोरासक्रीडामनुव्रतैः॥स्त्रीरत्नैरन्वितःप्रीतैरन्योन्याबद्धबाहुभिः॥२॥ रा
सोत्सवःसंप्रवृत्तोगोपीमंडलमंडितः॥ योगेश्वरेणकृष्णेनतासांमध्येद्वयोर्द्वयोः॥प्रविष्टेनगृहीतानांकंठेस्वनिकटंस्त्रियः॥३॥यंमन्येरन्नभस्तावद्वि
मानशतसंकुलं॥दिवौकसांसदाराणामौत्सुक्यापहृतात्मनां ॥४॥ ततोदुंदुभयोनेदुर्निपेतुःपुष्पवृष्टयः॥जगुर्गंधर्वपतयःसस्त्रीकास्तद्यशोऽम
लं ॥५॥ वलयानांनूपुराणांकिंकिणीनांचयोषितां॥सप्रियाणामभूच्छब्दस्तुमुलोरासमंडले ॥६॥ तत्रातिशुशुभेताभिर्भगवान्देवकीसुतः॥मध्ये
मणीनांहैमानांमहामरकतोयथा ॥७॥ पादन्यासैर्भुजविधुतिभिःसस्मितैर्भ्रूविलासैर्भज्यन्मध्यैश्चलकुचपटैःकुंडलैर्गंडलोलैः॥स्विद्यन्मुख्यःक
बररशनाग्रंथयःकृष्णवध्वोगायंत्यस्तंतडितइवतामेघचक्रेविरेजुः॥८॥उच्चैर्जगुर्नृत्यमानारक्तकंठ्योरतिप्रियाः॥कृष्णाभिमर्शमुदितायद्गीतेनेद
मावृतं ॥९॥ काचित्समंमुकुंदेनस्वरजातीरमिश्रिताः॥उन्निन्येपूजितातेनप्रीयतासाधुसाध्विति॥तदेवध्रुवमुन्निन्येतस्यैमानंचबह्वदात् ॥१०
काचिद्रासपरिश्रांतापार्श्वस्थस्यगदाभृतः॥ जग्राहबाहुनास्कंधंश्लथद्वलयमल्लिका ॥११॥ तत्रैकांऽसगतंबाहुंकृष्णस्योत्पलसौरभं॥ चंदना
लिप्तमाघ्रायहृष्टरोमाचुचुंबह॥१२॥ कस्याश्चिन्नाट्यविक्षिप्तकुंडलत्विषमंडितं॥गंडंगंडेसंदधत्याआदात्तांबूलचर्वितं ॥१३॥ नृत्यंतीगायती
काऽपिकूजन्नूपुरमेखला॥पार्श्वस्थाऽच्युतहस्ताब्जंश्रांताधात्स्तनयोःशिवं ॥१४॥ गोप्योलब्ध्वाऽच्युतंकांतंश्रियएकांतवल्लभं॥ गृहीतकंठ्य
स्तद्दोर्भ्यांगायंत्यस्तंविजह्रिरे ॥१५॥ कर्णोत्पलालकविटंककपोलघर्मवक्त्रश्रियोवलयनूपुरघोषवाद्यैः॥गोप्यःसमंभगवताननृतुःस्वकेशस्त्र

થઇ જવા સરખી કમરો ઉપરનાં હાલતાં સ્તન અને વસ્ત્રો થકી—ગાલ ઉપરનાં હાલતાં કુંડળોથી—મોઢા ઉપર વળેલા પરસેવાથી—અને માથાના અંબોડાની ગાંઠો થકી, એ કૃષ્ણ ભગવાન સહિત ગોપીઓ; ગાતી વખતે, મેઘના મંડળમાં ચમકતી વીજળીઓની પેઠે; શોભતી હતી. ॥૮॥ અને એ કૃષ્ણ ભગવાનના સ્પર્શ થકી આનંદ પામેલી—રતિમાં પ્રીતિ વાળી—અને રંગીન કંઠવાળી એ ગોપીઓ, નાચતાં નાચતાં ઉંચે સ્વરે ગાવાથી, તેમના ગાયન વડે, આખું વિશ્વ ભરપુર ભરપૂર થઇ રહ્યું. ॥૯॥ ત્યારે કોઇ એક ગોપીનો સ્વર; ભગવાનના સ્વર સાથે બરાબર નહીં મળવાથી; તેણે ધ્રુવ તાળ કરીને, પોતાના સ્વરને લંબાવ્યો; તેથી ભગવાને પ્રીતિથી તેને વાહ વાહ કહી, સારી રીતે સત્કાર કરીને, ઘણું માન આપ્યું. ॥૧૦॥ અને રાસના નાચથી થાકેલી, તથા પોતાનાં કંકણ અને મલ્લિકાનાં ફૂલની માળા સરર વરર થયેલી, એક ગોપી; પાસે ઉભેલા ગદાભૃત ભગવાનના ખભા ઉપર હાથ મૂકીને ત્યાં ઉભી રહી. ॥૧૧॥ તથા એક રોમાંચિત થયેલી ગોપી, ત્યાં પોતાના ખભા ઉપર મૂકાયલા કૃષ્ણના, ઉત્પલ જાતના કમળની સુગંધ વાળા ચંદનથી લિંપાયલા હાથને; સુંઘીને તેનું ચુંબન કરવા લાગી. ॥૧૨॥ અને નાચવાથી હાલતાં તેજસ્વી કુંડળોથી શોભતી અને ભગવાનના ગાલ સાથે પોતાના ગાલને લગાડીને ઉભેલી; કોઇ ગોપીને ભગવાને પોતાનું ચાવેલું તંબોળ આપ્યું. ॥૧૩॥ તેમજ શબ્દ કરતાં ઝાંઝર અને કંદોરા વાળી અને નાચવા તથા ગાવાથી થાકેલી, કોઇ એક ગોપીએ; પોતાના પડખામાં ઉભેલા, અચ્યુત ભગવાનના સુખ કારી હસ્ત કમળને; પોતાના સ્તન ઉપર ધર્યું. ॥૧૪॥ એમ એકલાં લક્ષ્મીજીના અતિ પ્યારા પતિ, અચ્યુત ભગવાનને પામેલી એ ગોપીઓ; ભગવાનના બને હાથ પોતાના ગળામાં રાખી તેમને, ગાતી હતી; અને રમતી હતી. ॥૧૫॥ ગાલ ઉપર લટકતા વાળના ગુચ્છ, અને કાન ઉપરનાં કમળો સહિત પરસેવો વળેલાં મોઢાં થકી શોભતી—અને માથાના વાળમાંથી ફૂલની માળાઓ ખરી પડતી—અને જેઓનાં કંકણ તથા ઝાંઝર વાગતાં હતાં, અને ભમરાઓ ગવૈયાઓનું કામ કરતાં હતા; એવી તે ગોપીઓ એ રાસ લીલામાં ભગવાનની સાથે નાચતી હતી. ॥૧૬॥ બાળક જેમ પોતાનાજ પડછાયા (એટલે પ્રતિબિંબ) સાથે રમત કરે; તેમ, લક્ષ્મીપતિ ભગવાન પણ એ વ્રજની સ્ત્રીઓ સાથે; આંગળી ભેટવું—હાથ

વડે મર્દન કરવું-સ્નેહ સહિત જોવું-અને ઉત્તમ પ્રકારનાં હાસ્ય તથા રમતો વડે, રમતા હતા. ॥૧૭॥ હે રાજન, ભગવાનના અંગ સંગના આનંદથી, આકુળ થયેલ ઇંદ્રિયો વાળી-એ વ્રજની સ્ત્રીઓ, પોતાનાં છૂટી જતાં, ઘરેણાં-ફૂલની માળાઓ-ચોટલાના વાળ-અને સ્તનો ઉપરનાં વસ્ત્રોના છેડા-વિગેરેને પણ દુરસ્ત કરવાને શક્તિવાન થઇ શકતી નહોતી. ॥૧૮॥ એ રીતે કૃષ્ણ ભગવાનને રમતા દેખીને, આકાશમાં ફરનારા દેવતાઓની સ્ત્રીઓ પણ, કામાતુર થઇને મોહ પામી ગઇઓ; અને નક્ષત્રો સહિત ચંદ્રમા પણ વિસ્મય પામ્યો. ॥૧૯॥ કૃષ્ણ ભગવાન આત્મારામ હોવા છતાં, આ રીતે જેટલી ગોપીઓ હતી; તેટલાંજ પોતાનાં સ્વરૂપો કરીને, લીલા વડે તેમની સાથે રમ્યા. ॥૨૦॥ વળી હે રાજન, તે સમયે ઘણું રમવાથી તે થાકી ગયેલીઓનાં મોઢાંને, એ દયાવાન ભગવાન પોતાના સુખદાયી હાથ વડે, પ્રેમવડે લોહતા પણ હતા. ॥૨૧॥ ત્યારે ગાલ ઉપર લટકતા વાળના ગુચ્છ, અને ઝગઝગાટ કરતાં સોનાનાં હાલતાં કુંડળોથી શોભતા, અને અમૃત સમાન હાસ્ય સહિત જોતા ભગવાનનો માન આપતી, અને તેમના નખના સ્પર્શથી આનંદ પામતી, ગોપીઓ; ભગવાનનાં પવિત્ર કામોનું ગાયન કરતી હતી. ॥૨૨॥ પછી તે સ્ત્રીઓ સુદ્ધાંત. થાક મટાડવાને, અંગસંગથી કરમાયલી; અને સ્તન ઉપરના કુમકુમથી રંગાયલી; માળાઓ ઉપર ભમતા ભમરાઓ સહિત, સેતુને ભાંગી નાંખતા, અને હાથણીઓના જેવા ચાલતા, હાથીની પેઠે; એ થાકેલા ભગવાન જળની અંદર પેઠા. ॥૨૩॥ હે અંગ, ત્યારે તે હસતી અને પ્રેમથી જોતી યુવતી સ્ત્રીઓએ, ચારે કોરથી પાણી વડે, ભીંજવાતા; અને વિમાનોમાં બેઠેલા દેવતાઓથી ફૂલે વધાવીને વખાણ કરાતા; ભગવાન સ્વયંરમણશીલજ ત્યાં પણ હાથીના સરખી રમત વડે રમ્યા. ॥૨૪॥ પછી મદઝરતો હાથી જેમ હાથણીઓ સહિત ફરે, તેમ ભમરા અને સ્ત્રીઓના ટોળાથી વિંટાયલા ભગવાન, જળનાં અને સ્થળનાં ફૂલોની સુગંધી વાળા પવનથી વ્યાપેલાં, જમુનાજીનાં ઉપવનોમાં; તેના કાંઠા ઉપર, તથા દિશાઓમાં ફર્યા. ॥૨૫॥ આ પ્રમાણે શરદ ઋતુના ચંદ્રમાના કિરણોથી શો-

स्तस्रजोभ्रमरगायकरासगोष्ठ्यां ॥१६॥ एवंपरिष्वंगकराभिमर्शस्निग्धेक्षणोद्दामविलासहासैः॥रेमेरमेशोव्रजसुंदरीभिर्यथाऽर्भकःस्वप्रति
बिंबविभ्रमः॥१७॥तदंगसंगप्रमुदाकुलेंद्रियाःकेशान्दुकूलंकुचपट्टिकांवा॥नांजःप्रतिव्योढुमलंव्रजस्त्रियोविस्रस्तमालाभरणाःकुरूद्वह ॥१८
कृष्णविक्रीडितंवीक्ष्यमुमुहुःखेचरस्त्रियः ॥ कामार्दिताःशशांकश्चसगणोविस्मितोऽभवत् ॥१९॥ कृत्वातावंतमात्मानंयावतीर्गोपयोषितः ॥
रेमेसभगवांस्ताभिरात्मारामोऽपिलीलया ॥२०॥ तासामतिविहारेणश्रांतानांवदनानिसः॥प्रामृजत्करुणःप्रेम्णाशंतमेनांगपाणिना ॥२१॥
गोप्यःस्फुरत्पुरटकुंडलकुंतलत्विड्गंडश्रियासुधितहासनिरीक्षणेन॥ मानंदधत्यऋषभस्यजगुःकृतानिपुण्यानितत्कररुहस्पर्शप्रमोदाः ॥२२॥
ताभिर्युतःश्रममपोहितुमंगसंगघृष्टस्रजःसकुचकुंकुमरंजितायाः॥गंधर्वपालिभिरनुद्रुतआविशद्वाःश्रांतोगजीभिरिभराडिवभिन्नसेतुः ॥२३
सोंऽभस्यलंयुवतिभिःपरिषिच्यमानःप्रेम्णेक्षितःप्रहसतीभिरितस्ततोंऽग॥ वैमानिकैःकुसुमवर्षिभिरीड्यमानोरेमेस्वयंस्वरतिरत्रगजेंद्रलीलः
॥२४॥ ततश्चकृष्णोपवनेजलस्थलप्रसूनगंधानिलजुष्टदिक्तटे॥ चचारभृंगप्रमदागणावृतोयथामदच्युद्द्विरदःकरेणुभिः ॥२५॥ एवंशशांकां
शुविराजितानिशाःससत्यकामोऽनुरतावलागणः॥सिषेवआत्मन्यवरुद्धसौरतःसर्वाःशरत्काव्यकथारसाश्रयाः ॥२६॥ राजा०संस्थापनाय
धर्मस्यप्रशमायेतरस्यच ॥ अवतीर्णोहिभगवानंशेनजगदीश्वरः॥२७॥ सकथंधर्मसेतूनांवक्ताकर्ताऽभिरक्षिता ॥ प्रतीपमाचरद्ब्रह्मन्परदारा
भिमर्शनं ॥२८॥ आप्तकामोयदुपतिःकृतवान्वैजुगुप्सितं॥किमभिप्रायएतंनःसंशयंछिंधिसुव्रत ॥२९॥ श्रीशुक०धर्मव्यतिक्रमोदृष्टईश्वरा
णांचसाहसं ॥ तेजीयसांनदोषायवन्हेःसर्वभुजोयथा ॥३०॥ नैतत्समाचरेज्जातुमनसाऽपिह्यनीश्वरः ॥ विनश्यत्याचरन्मौढ्याद्यथारुद्रोऽब्धि
जंविषं ॥३१॥ ईश्वराणांवचःसत्यंतथैवाचरितंक्वचित् ॥तेषांयत्स्ववचोयुक्तंबुद्धिमांस्तत्समाचरेत् ॥३२॥ कुशलाचरितेनैषामिहस्वार्थोनविद्य
ते॥विपर्ययेणवाऽनर्थोनिरहंकारिणांप्रभो ॥३३॥ किमुताखिलसत्वानांतिर्यङ्मर्त्यदिवौकसां ॥ ईशितुश्चेशितव्यानांकुशलाकुशलान्वयः

ભતી રાત્રિમાં, એ પ્રીતિવાન સ્ત્રીઓના સમુદાયમાં રહેલા છતાં; તે સત્યકામ ભગવાને, પોતાનું વીર્ય સ્ખલીત ન થવા દેતાં; કાવ્યની વારતાઓમાં સૌરત સંબંધી રસને, આશ્રય કરનારી; સર્વ વસ્તુઓનું સેવન કર્યું. ॥૨૬॥ -પરીક્ષિત-એ જગતના ઇશ્વર ભગવાન ધર્મનુંજ સ્થાપન કરવાને, અને અધર્મની શાંતિ કરવાને માટેજ પોતાના અંશ વડે અવતરેલા છે. ॥૨૭॥ એટલે, તે ધર્મ માર્ગના કર્તા-વક્તા-અને રક્ષણ કરનારા હોવા છતાં; હે બ્રાહ્મણ, તેમણે પર સ્ત્રીઓનું અભિમર્શન, એટલે મર્દન આદિ કરવા રૂપ અવળું આચરણ, કેમ કર્યું? ॥૨૮॥ હે સુવ્રત, સાત્વતપતિ કૃષ્ણ ભગવાને, પોતે પૂર્ણ કામ હોવા છતાં, એ નિંદીત કર્મ કયા અભિપ્રાયથી કર્યું હશે. એ બાબતના અમારા સંશયને આપ કાપો. ॥૨૯॥-શ્રીશુક-જેમ અગ્નિ, સારૂં નરસું જોયા વિનાજ સર્વ વસ્તુને ખાય છે; તેમ સમર્થ અને તેજસ્વી પુરૂષોને વિશે દેખવામાં આવતું, ધર્મનું ઉલ્લંઘન, અને સાહસકર્મ; દોષને ઉત્પન્ન કરી શકતાં નથીજ. ॥૩૦॥ પણ તેવું આચરણ કરવાનો, અસમર્થ પુરૂષોએ તો, મનવડે સંકલ્પ પણ કરવો નજ જોઇએ. કારણ કે ભગવાન સદાશિવ, સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા હળાહળ નામના મહા ઝેરને, પણ પીઇ ગયા હતા; પણ તેમની પેઠેજ, કોઇ મૂઢ પણાથી કરવા જાયતો, તુર્તજ વિનાશ પામે. ॥૩૧॥ માટે સમર્થ પુરૂષોએ કહેલાં વચનોજ, સત્ય એટલે પ્રમાણ રૂપ ગણાય છે; અને તેમનાં આચરણો તો કોઇ કોઇ વખતેજ પ્રમાણરૂપ થાય છે. એટલા માટે, તેમનાં જે આચરણો, તેમનાં વચનોને અનુકૂળ હોય; તેટલાંનુંજ બુદ્ધિમાન પુરૂષોએ આચરણ કરવાનું છે. ॥૩૨॥ એ અહંકાર રહિત સમર્થ પુરૂષોને, સદ્ આચરણ કરવાથકી, અહીંયાં કોઇ પ્રકારનો સ્વાર્થ હોતો નથી; તેમ તેથી ઉલટાં એટલે દુષ્ટ આચરણ કરવાથકી પણ, કાંઇ અનર્થની પ્રાપ્તિ થવાનું તેમને છેજ નહીં. ॥૩૩॥ ત્યારે પશુપક્ષી-મનુષ્ય-અને દેવતાઓ આદિ સર્વ, વશમાં રહીને વર્તનાર પ્રાણી પદાર્થાદિકને નિયમમાં રાખનારા (એટલે અત્યંત સમર્થ થકી પણ સમર્થ) એ ભગવાનની બાબતમાંતો, સત્ અને અસત્ કર્મ કરવાપણાનો સંબંધ નજ હોય, તેમાં

શું કહેવું. ॥૩૪॥ જેના ચરણ કમળની રજનું સેવન કરવાથી તૃપ્તિ પામેલા મુનિઓ પણ, યોગના પ્રભાવવડે; તમામ કર્મ બંધનોને તોડી નાંખીને સારા કે નરસા કર્મફળના અધિકારી નહીં થતાં; સ્વઇચ્છા પ્રમાણે કર્મો કરી શકે છે. તો પછી આ ગોપીઓનાં, અને તેમના પતિઓનાં, તથા સર્વે દેહધારી પ્રાણીઓ આદિનાં અંતરને વિશે રહેલા—અને લીલા કરવા સારૂં સ્વઇચ્છાથીજ શરીર ધારણ કરીને, દેહધારી થયેલા; એ અધ્યક્ષ ભગવાનને તો, એ પ્રકારનું બંધનજ ન હોઇ શકે; એમાં શકજ શો ? ॥૩૫-૩૬॥ માટેજ પ્રાણીઓના ઉપર અનુગ્રહ કરવાને માટે, મનુષ્યનું શરીર ધારણ કરેલા, એ ભગવાને જે જે ક્રિડાઓ કરી છે; તે તે સાંભળવા થકી, મનુષ્યોનાં મન ભગવાનને વિશે લાગી જાય છે. ॥૩૭॥ અને તેથીજ એ કૃષ્ણ ભગવાનની માયાથી મોહ પામેલા વ્રજવાસીઓએ, પોતપોતાની સ્ત્રીઓને, પોતાના પડખામાંજ રહેલી માનીને, કૃષ્ણ ભગવાનનો જરાપણ દ્વેષ કર્યો નહીં. ॥ ૩૮ ॥ પછી પ્રભાતનું મોહડીઉં થયેથી એટલે રાતની છેવટની બે ઘડી બાકી રહી, ત્યારે પોતાની ઇચ્છા નહીં છતાં એ ભગવાનને પ્રિય ગોપીઓ, એ વાસુદેવ ભગવાનની સલાહથીજ, પોત પોતાને ઘેર ગઇઓ. ॥૩૯॥ વિષ્ણુ ભગવાને આ રીતે વ્રજની સ્ત્રીઓ સાથે કરેલા, રમણ રૂપ લીલાને; જે કોઇ શ્રદ્ધા સહિત સાંભળશે, અથવા સાંભળ્યા પછી વર્ણન કરશે; તેને પરમ ભક્તિની પ્રાપ્તિ થશે. તથા હૃદયના રોગ રૂપી કામદેવના ઉપર પણ તે ઉતાવળોજ જીત મેળવીને, ધીર પુરૂષ થશે. ॥ ૪૦ ॥ ઇતિશ્રી ભાગવતે દશમા સ્કંધનો રાસક્રિડા નામનો તેતરિસમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૩૩ ॥

અધ્યાય ૩૪ મો.—શ્રીશુક—એક દહાડો દેવની યાત્રામાં જવાને ઉત્સાહ વાળા ગોવાળિઆઓ ગાડાં જોતરીને અંબિકાજીના વનમાં ગયા. ॥૧॥ હે રાજન, ત્યાં જઇ સરસ્વતીમાં નાહીને, તેઓએ સમર્થ પશુપતિ (સદાશિવ) દેવનું, અને દેવી અંબિકાનું પણ, પૂજનના પદાર્થો વડે ભક્તિ સહિત પૂજન કર્યું ॥૨॥ અને એ દેવની પ્રસન્નતા માટે ગાયો—સોનું—લુગડાં—મધ—અને મિઠાં અન્ન આદિક, તેઓએ બ્રાહ્મણોને આપ્યાં. ॥૩॥

॥३४॥ यत्पादपंकजपरागनिषेवतृप्ता योगप्रभावविधुताखिलकर्मबंधाः ॥ स्वैरंचरंतिमुनयोऽपिननह्यमानास्तस्येच्छयात्तवपुषःकुतएवबंधः ॥३५॥ गोपीनांतत्पतीनांचसर्वेषामेवदेहिनां ॥ योंऽतश्चरतिसोऽध्यक्षःक्रीडनेनेहदेहभाक् ॥३६॥ अनुग्रहायभूतानांमानुषंदेहमास्थितः॥भजतेतादृशीःक्रीडायाःश्रुत्वातत्परोभवेत् ॥३७॥ नासूयन्खलुकृष्णायमोहितास्तस्यमायया ॥ मन्यमानाःस्वपार्श्वस्थान्स्वान्स्वान्दारान्व्रजौकसः॥३८॥ ब्रह्मरात्रउपावृत्तेवासुदेवानुमोदिताः॥अनिच्छंत्योययुर्गोप्यःस्वगृहान्भगवत्प्रियाः ॥३९॥ विक्रीडितंव्रजवधूभिरिदंचविष्णोः श्रद्धान्वितोऽनुशृणुयादथवर्णयेद्यः॥भक्तिंपरांभगवतिप्रतिलभ्यकामंहृद्रोगमाश्वपहिनोत्यचिरेणधीरः॥४०॥इ.भा.म.द.पू.त्रयस्त्रिंशोअ.॥३३

श्रीशुक०एकदादेवयात्रायांगोपालाजातकौतुकाः॥अनोभिरनडुद्युक्तैःप्रययुस्तेंऽबिकावनं ॥१॥ तत्रस्नात्वासरस्वत्यांदेवंपशुपतिंविभुं॥आनर्चुरर्हणैर्भक्त्यादेवींचनृपतेंऽबिकां ॥२॥ गावोहिरण्यंवासांसिमधुमध्वन्नमादृताः॥ब्राह्मणेभ्योददुःसर्वेदेवोनःप्रीयतामिति ॥३॥ ऊषुःसरस्वतीतीरेजलंप्राश्यधृतव्रताः॥रजनीतांमहाभागानंदसुनंदकादयः॥४॥कश्चिन्महानहिस्तस्मिन्विपिनेऽतिबुभुक्षितः॥यदृच्छयागतोनंदंशयानमुरगोऽग्रसीत् ॥५॥ सचुक्रोशाहिनाग्रस्तःकृष्णकृष्णमहानयं॥सर्पोमांग्रसतेतातप्रपन्नंपरिमोचय ॥६॥तस्यचाक्रंदितंश्रुत्वागोपालाःसहसोत्थिताः॥ ग्रस्तंचदृष्ट्वाविभ्रांताःसर्पंविव्यधुरुल्मुकैः॥७॥अलातैर्दह्यमानोऽपिनामुंचत्तमुरंगमः॥तमस्पृशत्पदाऽभ्येत्यभगवान्सात्वतांपतिः ॥८॥ सवैभगवतःश्रीमत्पादस्पर्शहताशुभः॥ भेजेसर्पवपुर्हित्वारूपंविद्याधरार्चितं ॥९॥ तमपृच्छद्धृषीकेशःप्रणतंसमुपस्थितं॥ दीप्यमानेनवपुषापुरुषंहेममालिनं ॥१०॥ कोभवान्परयालक्ष्म्यारोचतेऽद्भुतदर्शनः ॥कथंजुगुप्सितामेतांगतिंवाप्रापितोऽवशः ॥११॥ सर्प०अहंविद्याधरःकश्चित्सुदर्शनइतिश्रुतः॥श्रियास्वरूपसंपत्त्याविमानेनाचरन्दिशः ॥१२॥ ऋषीन्विरूपानंगिरसःप्राहसंरूपदर्पितः॥ तैरिमांप्रापितोयोनिंप्रलब्धैःस्वेनपाप्मना ॥१३॥ शापोमेऽनुग्रहायैवकृतस्तैःकरुणात्मभिः॥यदहंलोकगुरुणापदास्पृष्टोहताशुभः ॥१४॥ तंत्वाऽहंभवभी

તથા તે રાત્રિ ત્યાંજ સરસ્વતિને કિનારે, ફક્ત જળ પીઇનેજ, એ મહા ભાગ્યશાળી અને વ્રતધારી, નંદ તથા સુનંદક વિગેરે ગોવાળિઆઓ રહ્યા. ॥૪॥ ત્યારે તે વનનો કોઇ એક ઘણો ભુખ્યો થયેલો અજગર સાપ, યદચ્છાથી આવીને સુતેલા નંદજીને ગળવા લાગ્યો. ॥૫॥ એટલે અજગરથી પકડાયલા નંદજીએ બુમો પાડી કે; "હે કૃષ્ણ, કૃષ્ણ આ મોટો સાપ મને ગળે છે, માટે હે તાત; તમે શરણાંગતનું રક્ષણ કરો." ॥૬॥ અને તેમની બુમો સાંભળીને ઓચિંતા જાગી ઉઠેલા ગોવાળિઆઓ પણ, તેમને સાપે ગળવા માંડેલા દેખીને, બેભાન થઇ ગયા; અને બળતાં લાકડાં થકી તે સાપને મારવા લાગ્યા. ॥૭॥ તેઓએ બળતાં લાકડાંથી મારવા છતાં પણ; અજગરે જ્યારે નંદજીને મુક્યા નહીં; ત્યારે સાત્વતપતિ ભગવાને ત્યાં આવીને, તે સાપને પોતાનો પગ અડકાડયો. ॥૮॥ એટલે ભગવાનના સુંદર પગના સ્પર્શ વડે પાપ રહિત થયેલો તે, સાપનું શરીર છોડી દેઇ; ઉત્તમ વિદ્યાધરના સ્વરૂપને પામ્યો. ॥૯॥ પછી એ સોનાની માળા પેહેરેલા દેદિપ્યમાન શરીરવાળા, અને નમીને ઉભેલા પુરૂષને; હર્ષીકેશ ભગવાને પુછયું કે. ॥૧૦॥ "અદભૂત દેખાવવાળો, અને ઉત્તમ શોભાથી પ્રકાશતો, તું કોણ છે? અને આ નિંદીત ગતિને પરવશ પણે, શા કારણથી પામેલ છે?" ॥ ૧૧ ॥—સાપ—શોભા અને સ્વરૂપની સંપત્તિ વાળો હું સુદર્શન નામનો કોઇ એક વિદ્યાધર હતો. અને વિમાનમાં બેસીને દિશાઓમાં ફરતો હતો. ॥૧૨॥ ત્યારે ત્યાં કદરૂપા અંગિરસ કુળના રૂષિઓની મેં, રૂપના અહંકાર થકી હાંસી કરવાથી; મારી એ પાપ બુદ્ધિને લીધે, તેમણે મને આ નીચ યોનિમાં નાંખ્યો હતો. ॥૧૩॥ અને મારા ઉપર અનુગ્રહ કરવા માટેજ એ દયાળુ પુરૂષોએ મને શ્રાપ આપ્યો હતો, કે જેથી લોક માત્રના ગુરૂ, આપના ચરણોને સ્પર્શ પામીને; હું પાપ રહિત થયોછું. ॥૧૪॥ અને સંસારના ભય થકી બીહીનીને આપનું શરણ લેનારાઓના ભયને મટાડનારા, આપના ચરણના સ્પર્શથી શ્રાપ મુક્ત થયેલો હું; હવે મારા પોતાના લોકમાં જવા સારૂં આપની આજ્ઞા માગુંછું. ॥૧૫॥ હે મહાપુરૂષ—મોટા યોગી—અને સત્પુરૂષોના પતિ, હું આપને શરણે છું; હે

કેવં લેકના ઈશ્વરોના ઈશ્વર ભગવાન મને આજ્ઞા આપો. ॥૧૬॥ આપ અચ્યુત ભગવાનના દર્શન વડે, હું હમણાંજ બ્રાહ્મણના શ્રાપ થકી છુટયોછું. જેનું નામ લેનારો પોતાને, તથા સઘળા સાંભળનારાઓને પણ, તુરતજ પવિત્ર કરે છે; તો તે ભગવાનનાં પગનોજ સ્પર્શ થયા પછી બીજું શું જોઈયે." ॥૧૭॥–શ્રીશુક–એ રીતે દશાર્હ ભગવાનની આજ્ઞા માગી તેમને પગે લાગીને, પ્રદક્ષિણા કરી તે સુદર્શન સ્વર્ગમાં ગયો; અને નંદજી કષ્ટમાંથી છુટયા. ॥૧૮॥ હે રાજન કૃષ્ણ ભગવાનનો આ રીતનો આત્મ વૈભવ જોવાથી વિસ્મય પામેલા મનવાળા વ્રજવાસીઓ, પછી એ સ્થળે તેમને કરવાનું સઘળું કાર્ય કરી રહ્યા બાદ; એ સંબંધનીજ વાતો આદર સહિત કરતા કરતા પાછા વ્રજમાં ગયા. ॥૧૯॥ પછી કોઈ એક રાત્રિએ, ગોવિંદ ભગવાન અને અદ્ભુત પરાક્રમ વાળા બળરામ, વનને વિશે આ વ્રજની સ્ત્રીઓના મધ્યમાં, નિર્મળ વસ્ત્રો પહેરી–માળાઓ અને અલંકાર ધારણ કરી–તથા શરીરે ચંદન આદિક લગાવીને; સ્નેહથી બંધાયલી તે સ્ત્રીઓ થકી સુંદર રીતે ગવાતા થકા, રમતા હતા. ॥૨૦–૨૧॥ ચંદ્ર અને તારાઓનો ઉદય થયેલી–મલ્લિકાની સુગંધી ઉપર મદોન્મત્ત થયેલા ભમરાઓ વાળી–કુમુદનાં ફૂલની સુગંધી વાળો વાયરો વાતી–અને શિરૂ થતી,–એ રાત્રીને માન આપવા સારૂં, એ બંને ભાઈઓએ સર્વ પ્રાણી માત્રના મનને અને કાનને પ્રિય લાગે એવું ગાયન: સ્વરના મંડળની એક સામટી મૂર્ચ્છના કરીને, વગાડવાનું શિરૂ કર્યું. ॥૨૨–૨૩॥ હે રાજન, તે ગાયન સાંભળવાથી મૂર્ચ્છા પામેલી ગોપીઓને, તેમના શરીરનું–છૂટી જતાં વસ્ત્રોનું–અને માથામાંથી છુટીને નીકળી પડતી માળાઓનું, પણ ભાન રહ્યું નહીં. ॥૨૪॥ એ રીતે પ્રમત્તની પેઠે મરજી પ્રમાણે ગાતા, અને રમતા, તેઓની પાસે; એક શંખચૂડ નામનો કુબેરનો અનુચર આવ્યો. ॥ ૨૫ ॥ અને એ બે ભાઈઓના દેખતાંજ, તેમના ધણિયાણી

तानांप्रपन्नानांभयापहं॥आपृच्छेशापनिर्मुक्तःपादस्पर्शादमीवहन् ॥१५॥ प्रपन्नोऽस्मिमहायोगिन्महापुरुषसत्पते॥अनुजानीहिमांदेवसर्वलोकेश्वरेश्वर ॥१६॥ ब्रह्मदंडाद्विमुक्तोऽहंसद्यस्तेच्युतदर्शनात्॥यन्नामगृण्हन्नखिलान्श्रोतृनात्मानमेवच ॥१७॥ सद्यःपुनातिकिंभूयस्तस्यस्पृष्टःपदाहिते॥इत्यनुज्ञाप्यदाशार्हंपरिक्रम्याभिवंद्यच॥सुदर्शनोदिवंयातः[illegible]दश्चमोचितः ॥१८॥ निशम्य[illegible]स्यतदात्मवैभवंव्रजौकसोविस्मितचेतस[illegible]स्ततः॥समाप्यतस्मिन्नियमंपुनर्व्रजंनृपाययुस्तत्कथयंतआदृताः ॥१९॥ कदाचिद[illegible]विंदोरामश्चाद्भुतविक्रमः॥विजन्हतुर्वनेराव्यांमध्यगौव्रजयोषितां ॥२०॥ उपगीयमानौललितंस्त्रीजनैर्बद्धसौहृदैः॥स्वलंकृतानुलिप्तांगौस्त्रग्विणौविरजोंऽबरौ ॥२१॥ निशामुखंमानयंतावुदितोडुपतारकं॥ मल्लिकागंधमत्तालिजुष्टंकुमुदवायुना॥२२॥ जगतुःसर्वभूतानांमनःश्रवणमंगलं॥तौकल्पयंतौयुगपत्स्वरमंडलमूर्च्छितं ॥२३॥ गोप्यस्तद्गीतमाकर्ण्यमूर्च्छितानाविदन्नृप॥स्त्रंसद्दुकूलमा[illegible]नंस्त्रस्तकेशस्त्रजंततः ॥२४॥ एवंविक्रीडतोःस्वैरंगायतोःसंप्रमत्तवत्॥[illegible]तिख्यातोधनदानुचरोऽभ्यगात् ॥२५॥ तयोर्निरीक्षतोराजंस्तन्नाथंप्रमदाजनं॥क्रोशंतंकालयामासदिश्युदीच्यामशंकितः ॥२६॥ क्रोशंतंकृष्णरामेतिविलोक्यस्वपरिग्रहं॥यथागादस्युनाग्रस्ताभ्रातरावन्वधावतां ॥२७॥ माभैष्टेत्यभयारावौशालहस्तौतरस्विनौ ॥ आसेदतुस्तंतरसात्वरितंगुह्यकाधमं ॥२८॥ सवीक्ष्यतावनुप्राप्तौकालमृत्यूइवोद्विजन् ॥ विसृज्यस्त्रीजनंमूढःप्राद्रवज्जीवितेच्छया ॥२९॥ तमन्वधावद्गोविंदोयत्रयत्रसधावति ॥ जिहीर्षुस्तच्छिरोरत्नंतस्थौरक्षन्स्त्रियोबलः ॥३०॥ अविदूरइवाभ्येत्यशिरस्तस्यदुरात्मनः॥जहारमुष्टिनैवांगसहचूडामणिंविभुः ॥३१॥ शंखचूडंनिहत्यैवंमणिमादायभास्वरं ॥ अ[illegible]ाददत्प्रीत्यापश्यंतीनांचयोषितां ॥३२॥ इ० भा०म०द०पू०शंखचूडवधोनामचतुस्त्रिंशत्तमोऽध्यायः ॥३४॥ श्रीशुक०गोप्यःकृष्णेवनंयातेतमनुद्रुत[illegible]ः॥ कृष्णलीलाःप्रगायंत्योनिन्युर्दुःखेनवासरान् ॥१॥ गोप्य०वामबाहुकृतवामकपोलोवल्गितभ्रुरधरार्पितवेणुं ॥ कोमलांगुलिभिराश्रितमार्गंगोप्यईरयतियत्रमुकुंदः ॥२॥ व्योमयानवनिताःसहसिद्धैर्विस्मितास्तदुपधार्यसलज्जाः॥ काममार्गणसमर्पितचित्ताःकश्मलंययुरपस्मृतनीव्यः॥३॥हंतचित्रमबलाः

વાળી સ્ત્રી મંડળીને, તેઓ બૂમો પાડતા છતાં; શંકારહિત પણે ઉત્તર દિશાભણી તે શંખચૂડ, લઈ જવા લાગ્યો. ॥૨૬॥ હે કૃષ્ણ, હે રામ, એ રીતે ચોરે પકડેલી ગાયોની પેઠે, બૂમો પાડતી–પોતાનીજ થઈ રહેલી ગોપીઓને, દેખીને; એ બન્ને ભાઈઓ તે શંખચૂડની પછવાડે દોડયા. ॥૨૭॥ હાથમાં શાળનાં ઝાડો લઈને, "બીહેશો નહીં," એમ નિર્ભય વચન બોલતા, તે બેઉ જણાએ વેગ સહિત દોડી; એ ઉતાવળા જનારા અધમ યક્ષને, તુરતજ પકડી પાડયો. ॥૨૮॥ ત્યારે કાળ અને મૃત્યુ સરખા, એ બેઉ જણાને આવી પહોંચેલા દેખીને; તેણે ઉદ્વેગ પામીને, સ્ત્રી જનને છોડી દીધાં; અને તે મૂઢ જીવવાની ઈચ્છાથી દોડી જવા લાગ્યો. ॥૨૯॥ ત્યારે એ જે જે તરફ દોડયો, તે તે તરફ તેના માથાનો મણી લઈ લેવાની ઈચ્છાથી, ગોવિંદ ભગવાન તેની પાછળ દોડયા; અને સ્ત્રીઓનું રક્ષણ કરવા માટે બળરામ, ત્યાંજ ઉભા રહ્યા. ॥૩૦॥ પછી સમર્થ ભગવાને પાસે જઈ, તેને પહોંચી જઈને; તે દુષ્ટ બુદ્ધિ વાળાનું માથું, ચૂડામણી સુદ્ધાં તેના શરીર ઉપરથી મુઠી મારવા વડે ઉતારી લીધું. ॥૩૧॥ અને એ રીતે શંખચૂડને મારીને પ્રકાશતો મણી લઈ આવી, સ્ત્રીઓના દેખતાં; તે પ્રીતિ થકી મોટા ભાઈને આપ્યો. ॥૩૨॥ ઈતિશ્રી ભા૦ દશમા સ્કંધનો ચોત્રિસમો અ૦ સં૦. ॥૩૪॥

અધ્યાય ૩૫ મો—શ્રીશુક કૃષ્ણ ભગવાન વનમાં જતા હતા, ત્યારે તેમનામાં મન લાગી જવાથી કૃષ્ણની, લીલાઓનું ગાયન કરીને ગોપીઓ દુખ વડે દિવસો કાઢતી હતી, અને એક બીજીને કહેતી હતી કે. ॥૧॥—ગોપીઓ— હે ગોપીઓ, ચંચળ ભમરોવાળા મુકુંદ ભગવાન જ્યારે ડાબા ખભા ઉપર ડાબો ગાલ રાખીને, હોઠની અંદર રહેલી વાંસળીને; પોતાની કોમળ આંગળીઓ, તેનાં છીદ્રો ઉપર ફેરવીને વગાડે છે; ત્યારે સિદ્ધ લોકો સહિત દેવતાઓની સ્ત્રીઓ, તે સાંભળવાથી વિસ્મય પામી; કામબાણ થકી ચિત્ત ભમી જઈને, લજ્જા સહિત મોહ પામે છે; અને પેહેરેલાં વસ્ત્રાદિકનું ભાન પણ વિસરે છે. ॥૨–૩॥ હે, અબળાઓ, આ મોટું આશ્ચર્ય સાંભળો કે, દુખી જનોને શાંતિ આપનારા અને હાર સમાન, પ્રકાશિત વક્ષસ્થળમાં

વીજળી સરખાં લક્ષ્મીજી સ્થિર થયેલ નંદપુત્ર જ્યારે, વાંસળી વગાડે છે; ત્યારે એ વાંસળીના રાગથી મન ખેંચાયેલાં ટોળે મળેલાં વ્રજનાં મૃગો અને ગાયો પણ; તેમણે દાંતમાં લીધેલા કવલઓને (કોળિઆઓને) ચાવ્યા વિનાજ, એમના એમજ મોંમાં રાખી મૂકીને. અને કાન ઢાળીને; ઉંઘ આવેલાં સરખાં તથા ચિત્રોમાં આળખેલા સરખાં બની જાય છે. ॥૪-૫॥ કોઇ વાર બળરામ સહિત મુકુંદ ભગવાન ભેટ બાંધીને, ગોવાળિઆઓની સાથે મલ્લ કુસ્તીની રંગત કરતાં, મોરપિંછ–ગુચ્છ–ધાતુ–અને પાંદડાને ધારણ કરી, વાંસળી વગાડીને ગાયોને બોલાવે છે; ત્યારે આપણા જેવીજ કમી પુન્ય વાળી નદીઓ પણ, પોતાનો વેગ બંધ પાડીને સ્થિર પાણી વાળી થઇ, વાયુએ આણેલી તેમના ચરણ કમળની રજની ઇચ્છાથી, પ્રેમ વડે પોતાની ભુજાઓ રૂપ તરંગોને હલાવ્યા કરે છે. ॥૬-૭॥ અનુચરોથી સારી રીતે પરાક્રમો ગવાતા, અને આદિ પુરુષ જેવી અચળ વિભૂતિઓ વાળા વનમાં ફરતા ભગવાન, જ્યારે પર્વતની તળેટીમાં ચરતી ગાયોને વાંસળી વ-ગાડીને બોલાવે છે; ત્યારે વનની વેલો અને ઝાડો, પોતાને વિષે વિષ્ણુ ભગવાન પ્રકટ થવાની પેઠે; ફૂલ અને ફળ વડે શોભંત થઇને; અને પ્રેમને લીધે અંગેઅંગથી ફૂલીને ભાર થકી નમેલી શાખાઓમાંથી મધુર રસની ધારાઓને વેહે છે. ॥૮-૯॥ દિવ્ય વનમાળા અને તુળશીના ગંધ તથા મીઠાશથી મત્ત થયેલા ભમરાઓના, લાંબા અને ઇચ્છવા લાયક ગાયનને; માન આપતાં સર્વ ઉત્તમ દેખાવવાળાઓના તિલક રૂપ ભગવાન, જ્યારે વાંસળી વગાડે છે; ત્યારે તળાવોમાંનાં સારસ–હંસ–અને બીજાં પક્ષીઓ એ સુંદર ગાયન થકી મન ખેંચાવાથી; ત્યાં આવી આંખ્યો મિંચીને, અને મૌન ધારણ કરીને; તથા ચિત્તને એકાગ્ર કરીને, એ હરિ ભગવાનને ઉપાસે છે. ॥૧૦-૧૧॥ હે વ્રજની સ્ત્રીઓ, બળરામ સહિત માળાને ધારણ કરેલા ભગવાન, હર્ષ પામીને પર્વતોની તળેટીઓમાં, વાંસળી વગાડીને વિલાસ કરવાથી; આખા વિશ્વને હરખ પમાડી, તે થકી ભરપુર કરે છે; ત્યારે મોટાનું અતિક્રમણ થવાની મનમાં શંકા પામેલો મેઘ, તેમની પાછળ ધીમે

शृणुतेदंहारहासउरसिस्थिरविद्युत् ॥ नंदसूनुरयमार्त्तजनानांनर्मदोयर्हिकूजितवेणुः॥४॥ वृंदशोव्रजवृषामृगगावोवेणुवाद्यहृतचेतसआरा
त् ॥ दंतदष्टकवलाधृतकर्णानिद्रितालिखितचित्रमिवासन् ॥५॥ बर्हिणस्तबकधातुपलाशैर्बद्धमल्लपरिबर्हविडंबः ॥ कर्हिचित्सबलआलिस
गोपैर्गाःसमाव्हयतियत्रमुकुंदः ॥६॥ तर्हिभग्नगतयःसरितोवैतत्पदांबुजरजोऽनिलनीतं॥स्पृहयतीर्वयमिवाबहुपुण्याःप्रेमवेपितभुजाःस्तिमि
तापः ॥७॥ अनुचरैःसमनुवर्णितवीर्यआदिपूरुषइवाचलभूतिः॥ वनचरोगिरितटेषुचरंतीर्वेणुनाव्हयतिगाःसयदाहि ॥८॥ वनलतास्तरव
आत्मनिविष्णुंव्यंजयंत्यइवपुष्पफलाढ्याः॥प्रणतभारविटपामधुधाराःप्रेमहृष्टतनवःससृजुःस्म ॥९॥ दर्शनीयतिलकोवनमालादिव्यगंधतु
लसीमधुमत्तैः॥अलिकुलैरलघुगीतमभीष्टमाद्रियन्यर्हिसंधितवेणुः॥१०॥ सरसिसारसहंसविहंगाश्चारुगीतहृतचेतसएत्य ॥ हरिमुपासत
तेयतचित्ताहंतमीलितदृशोधृतमौनाः॥११॥ सहबलःस्रगवतंसविलासःसानुषुक्षितिभृतोव्रजदेव्यः॥हर्षयन्यर्हिवेणुरवेणजातहर्षउपरंभति
विश्वं ॥१२॥ महदतिक्रमणशंकितचेतामंदमंदमनुगर्जतिमेघः॥सुहृदमभ्यवर्षत्सुमनोभिश्छाययाचविदधत्प्रतपत्रं ॥१३॥ विविधगोपरसे
षुविदग्धोवेणुवाद्यउरुधानिजशिक्षाः॥तवसुतःसतियदाऽधरबिंबेदत्तवेणुरनयत्स्वरजातीः ॥१४॥ सवनशस्तदुपधार्यसुरेशाःशक्रशर्वपरमे
ष्ठिपुरोगाः॥कवयआनतकंधरचित्ताःकश्मलंययुरनिश्चिततत्त्वाः॥१५॥ निजपदाब्जदलैर्ध्वजवज्रनीरजांकुशविचित्रललामैः॥ व्रजभुवःशम
यन्खुरतोदंवर्ष्मधुर्यगतिरीडितवेणुः॥१६॥व्रजतितेनवयंसविलासवीक्षणार्पितमनोभववेगाः ॥ कुजगतिंगमितानविदामःकश्मलेनकबरंव
सनंवा ॥१७॥ मणिधरःक्वचिदागणयन्गामालयादयितगंधतुलस्याः॥प्रणयिनोऽनुचरस्यकदांसेप्रक्षिपन्भुजमगायतयत्र ॥१८॥ क्वणितवे
णुरववंचितचित्ताःकृष्णमन्वसतकृष्णगृहिण्यः॥ गुणगणार्णमनुगत्यहरिण्योगोपिकाइवविमुक्तगृहाशाः॥१९॥ कुंददामकृतकौतुकवेषोगो
पगोधनवृतोयमुनायां ॥ नंदसुनूरनघेतववत्सोनर्मदःप्रणयिनांविजहार ॥२०॥ मंदवायुरनुवात्यनुकूलंमानयन्मलयजस्पर्शेन ॥ वंदिनस्तमु

ધીમે ગર્જના કરે છે; અને સુહૃદ ભગવાન ઉપર છત્ર ધરવાની પેઠે, તે છાયા કરી ઝીણા છાંટા રૂપ ફૂલોનો વરસાદ વરસાવે છે. ॥૧૨-૧૩॥ હે સતી યશોદા, ગોપ લોકોને રસિક લાગે એવી, અનેક પ્રકારથી વાંસળી વગાડવામાં નિપુણ તમારો પુત્ર, જ્યારે હોઠની અંદર રાખેલી વાંસળીથી; પોતાએજ શોધી કાઢેલા જૂદા જૂદા અનેક જાતના રાગને આલાપે છે; ત્યારે તે સાંભળવાથી, ઇંદ્ર–સદાશિવ અને બ્રહ્મા વિગેરે દેવતાઓના સ્વામીઓ: પોતે ચતુર હોવા છતાં પણ, તેના તત્વના નિશ્ચયને નહીં પામવાથી; મનમાં મોહ પામેછે; અને જે તરફથી, એ ગાયન સંભળાય છે; તે તરફ પોતાનાં માથાં નમાવે છે. ॥૧૪-૧૫॥ ધ્વજ વજ્ર કમળ અને અંકુશ વિગેરે વિચિત્ર ચિન્હો વાળાં, અને કમળના પાંદડાં જેવાં પોતાનાં ચરણથી; હાથીના જેવી ઉત્તમ ચાલ થકી ચાલવા વડે; પશુઓની ખરીઓ વાગવાથી થતી વ્રજ ભૂમિની પીડાને શમાવતા ભગવાન, જ્યારે વેણુને વગાડે છે; ત્યારે તેમના વિલાસ સહિત જોવા રૂપ કટાક્ષ નાંખવાવડે, અમને કામનો વેગ વધી જવાથી; ઝાડ જેવી ગતીને પામેલી અમો; મોહ પામીને, અમારા માથાના વાળ અગર વસ્ત્રોના છૂટી જવાને પણ, જાણતાં નથી. ॥૧૬-૧૭॥ કદી કદી પ્રિય ગંધવાળી તુળશીની તથા મણિઓની, માળાઓને ધારણ કરેલા ભગવાન; પોતાના સ્નેહી અનુચરોના ખભા ઉપર હાથ મૂકીને, ગાયોની ગણત્રી કરતા વેણુ વગાડીને, જે સ્થળે ગાય છે; ત્યાં રાગ થકી મનખેંચાયલી કાળિયારની સ્ત્રીઓ હરણીઓ પણ ગોપીકાઓની પેઠે, ઘરની આશાને તજીને; ગુણોના સમુદાયના સ્થાન રૂપ, એ કૃષ્ણની પાછળ પાછળ ચાલી જાય છે. ॥૧૮-૧૯॥ હે પાપ રહિત યશોદા, સ્નેહીઓને આનંદ પમાડનાર તમારો પુત્ર નંદકુમાર જ્યારે, કુંદ અને દાડેમ વિગેરેનાં ફુલોથી, કૌતુક જેવો વેશ બનાવીને; ગાયોનાં ધણ અને ગોવાળિઆઓથી વિંટાયલો જમુનાજીના જળમાં, જળ ક્રિડા કરે છે. ત્યારે પોતાના સ્પર્શ વડે ભગવાનને માન આપતો દક્ષિણ દિશાનો મંદવાયુ અનુકૂળ રીતે વાય છે. અને ગંધર્વ આદિનાં ટોળાં, બંદીજનોની માફક સ્તુતિ કરી વાજાં વગાડીને, અને ગાયન કરીને તથા ભેટો મૂકીને; તેમની સેવા કરે છે. ॥૨૦-૨૧॥ પર્વતને ધારણ કરવા આદિ વડે વ્રજ અને ગાયોની ઉપર પ્રીતિ વાળા–થાકેલા છતાં આંખ્યોને આનંદ પમાડે એવા સુંદર–પશુઓની ખરીઓથી ઉડેલી રજથી ભરાયલી ગાળો વાળા–અને મુખ-

ગેની રજ્જુ પરિપૂર્ણ કરવા સારૂ દિવસના અંતે થયે દિવસ થયેલા–તથા અનુચરોથી વખાણ કરાતા, અને વાંસળી વગાડતા, ચંદ્રમા સરખા ભગવાન: દિવસ આથમતાં સઘળાં ગાયોનાં ધણને પાછાં વાળીને, આવતાં રસ્તામાં: તેમનાં ચરણ વિષે મોટા પુરૂષો નમે છે. ॥૨૨–૨૩॥ મદવડે ફરકતી આંખોથી જોવા વડે પોતાના સુહૃદોને માન આપનાર–વનમાળા પેહેરેલા–બોર જેવા પીળા મુખવાળા–સોનાનાં કુંડળોની શોભાથી સુકોમળ ગાલને શોભાવતા–અને રાત્રિના સ્વામી ચંદ્રમા સરખા–એ આનંદપતિ કૃષ્ણ ભગવાન આનંદિત મુખથી દિવસ આથમતાં પધારીને: વ્રજના અને ગાયોના આખા દિવસના અત્યંત તાપને શમાવે છે. ॥૨૪–૨૫॥–શ્રીશુક–હે રાજન, આ રીતે ભગવાનમાંજ ચિત્ત રાખીને, કૃષ્ણ ભગવાનની લીલાઓનુંજ વારંવાર મન વડે ગાયન કરતી, મહા આનંદવાળી વ્રજની સ્ત્રીઓ, દહાડાને વખત ગાળતી હતીઓ. શ્રી. ભા. દ. સ્કં. પૂ. અ. સં. ॥૩૫॥

અધ્યાય ૩૬ મો.—શ્રીશુક—પછી અરિષ્ટ નામનો બળદનું રૂપ ધરેલો દૈત્ય, તેની મોટી કોટ અને શરીરથી ધરતીને ધ્રુજાવતો, અને ખરીઓ વડે જમીનને ખોદી નાંખતો; વ્રજને વિષે આવ્યો. ॥૧॥ ત્યારે તે પગવડે ધરતીને ખોદતાં અત્યંત કઠોર શબ્દ કરતો હતો અને પુંછડું ઉંચુ રાખીને શિંગડાંની અણીઓથી ઉંચી જમીનને ઉખેડી નાંખતો હતો. ॥૨॥ અને અક્કડ આંખોથી થોડું થોડું મૂતરતો જતાં; તે રીતેજ છાણ કરતો જતો હતો; હે અંગ, ત્યારે એના કઠોર શબ્દથી, ગાયો તથા સ્ત્રીઓના ગર્ભ: દિવસ પૂરા થતા પહેલાંજ પડી જવા, અને સ્રવી જવા લાગ્યા. તથા તેને પર્વત સમજીને વાદળાં પણ તેના ઉપર જવા લાગ્યાં. ॥૩–૪॥ હે રાજન, એનાં તીક્ષ્ણ શિંગડાંને દેખીને ગોપ અને ગોપીઓ ત્રાસ પામી ગયાં; તથા બી-હેલાં પશુઓ ગોકુળને તજીને દોડવા લાગ્યાં. ॥૫॥ અને હે કૃષ્ણ, હે કૃષ્ણ, એમ બોલતાં, તેઓ સર્વે તેમને શરણ જવાગ્યાં:

पदेवगणायेवाद्यगीतबार्भिभिःपरिवव्रुः ॥२१॥ वत्सलोव्रजगवांयदगघ्रोवंद्यमानचरणःपथिवृद्धैः॥ कृत्स्नगोधनमुपोह्यदिनांतेगीतवेणुरनुगेडितकीर्तिः ॥२२॥ उत्सवंश्रमरुचाऽपिदृशीनामुन्नयन्खुररजश्छुरितस्रक् ॥ दित्सयैतिसुहृदाशिषएषदेवकीजठरभूरुडुराजः॥२३॥ मदविघूर्णितलोचनईषन्मानदःस्वसुहृदांवनमाली ॥ बदरपांडुवदनोमृदुगंडंमंडयन्कनककुंडललक्ष्म्या ॥२४॥ यदुपतिर्द्विरदराजविहारोयामिनीपतिरिवैषदिनांते॥ मुदितवक्त्रउपयातिदुरंतंमोचयन्व्रजगवांदिनतापं ॥२५॥ श्रीशुक० एवंव्रजस्त्रियोराजन्कृष्णलीलानुगायतीः॥रेमिरेऽहस्सुतच्चित्तास्तन्मनस्कामहोदयाः॥२६॥इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधपूर्वार्धेवृंदावनक्रीडागोपिकागीतंनामपंचत्रिंशोध्यायः ॥३५
श्रीशुक० अथतर्ह्यागतोगोष्ठमरिष्टोवृषभासुरः॥महींमहाककुत्कायःकंपयन्खुरविक्षताम् ॥१॥ रंभमाणःखरतरंपदाचविलिखन्महीम् ॥उद्यम्यपुच्छंवप्राणिविषाणाग्रेणचोद्धरन् ॥२॥ किंचित्किंचिच्छकृन्मुंचन्मूत्रयन्स्तब्धलोचनः ॥ यस्यनिर्ह्रादितेनांगनिष्ठुरेणगवांनृणाम् ॥३॥ पतंत्यकालतोगर्भाःस्रवंतिस्मभयेनवै॥ निर्विशंतिघनायस्यककुद्यचलशंकया ॥४॥ तंतीक्ष्णशृंगमुद्वीक्ष्यगोप्योगोपाश्चतत्रसुः॥पशवोदुद्रुवुर्भीताराजन्संत्यज्यगोकुलं ॥५॥ कृष्णकृष्णेतितेसर्वेगोविंदंशरणंययुः॥भगवानपितद्वीक्ष्यगोकुलंभयविद्रुतं ॥६॥ माभैष्टेतिगिराश्वास्यवृषासुरमुपाह्वयत् ॥ गोपालैःपशुभिर्मंदत्रासितैःकिमसत्तमः ॥७॥ बलदर्पहाहंदुष्टानांत्वद्विधानांदुरात्मनां ॥ इत्यास्फोट्याच्युतोऽरिष्टंतलशब्देनकोपयन् ॥८॥ सख्युरंसेभुजाभोगंप्रसार्यावस्थितोहरिः॥सोऽप्येवंकोपितोऽरिष्टःखुरेणावनिमुल्लिखन् ॥ उद्यत्पुच्छभ्रमन्मेघःक्रुद्धःकृष्णमुपाद्रवत्॥९॥ अग्रन्यस्तविषाणाग्रःस्तब्धासृग्लोचनोऽच्युतं॥कटाक्षिप्याद्रवत्तूर्णमिंद्रमुक्तोऽशनिर्यथा॥१०॥ गृहीत्वाशृंगयोस्तंचअष्टादशपदानिसः॥प्रत्यपोवाहभगवान्गजंप्रतिगजोयथा ॥११॥ सोपविद्धोभगवतापुनरुत्थायसत्वरः॥आपतत्स्विन्नसर्वांगोनिःश्वसन्क्रोधमूर्छितः॥१२
तमापतंतंसनिगृह्यशृंगयोःपदासमाक्रम्यनिपात्यभूतले ॥ निष्पीडयामासयथार्द्रमंबरंकृत्वाविषाणेनजघानसोऽपतत् ॥१३॥ असृग्वमन्मूत्रशकृत्समुत्सृजन्क्षिपंश्चपादाननवस्थितेक्षणः॥जगामकृच्छ्रंनिर्ऋतेरथक्षयंपुष्पैःकिरंतोहरिमीडिरेसुराः ॥१४॥ एवंककुद्मिनंहत्वास्तूयमा

તથા ગોકુળને ભયથી દોડતું ભગવાને પણ દેખવાથી; તેમણે "બીહશોમાં;" એમ વાણીથી કહીને, તેમનું આશ્વાસન કર્યું; અને તે અસુર બળદને બોલાવ્યો કે, "હે મહા દુષ્ટ અને મંદ, ગોવાળિઆઓને અને પશુઓને બીહીવરાવવા થકી, શું થનાર છે; તુ સરખા દુષ્ટ બુદ્ધિવાળા ખરાબ લોકના બળને, તથા દર્પને હણનારો તો હુંજછું." એમ કહી ખભો ઠોકીને, અને હાથનાં તળાંથી શબ્દ કરીને; તેમણે તે અરિષ્ટાસુરને કોપાવ્યો. ॥૬–૭–૮॥ અને તે હરિભગવાન પોતાના મિત્રના ખભા ઉપર હાથ પસારીને, ઉભા રહ્યા; ત્યારે કોપેલો અરિષ્ટાસુર, ખરીઓ વડે ધરતીને ઉખેડતો, અને પુંછડું ઉચું થવાથી વાદળાંઓને હલાવતો; ક્રોધ કરીને કૃષ્ણની સામે દોડયો. ॥૯॥ ને લોહી જેવી લાલ અને અક્કડ આંખોવાળો તે દૈત્ય, કટાક્ષથી આડું જોતો; પોતાનાં શિંગડાં આગળ રાખીને, ઇંદ્રે મૂકેલા વજ્રની પેઠે; ઉતાવળથી અચ્યુત ભગવાન ઉપર જઇ પડયો. ॥૧૦॥ ત્યારે હાથીએ સામા હાથીને હઠાવવાની પેઠે, ભગવાને તેનાં શિંગડાં ઝાલી, તેને અઢાર પગલાં પાછો હઠાવ્યો. ॥૧૧॥ પછીથી એ રીતે ભગવાને પછાડેલો તે ઉતાવળો ઉઠીને; ક્રોધ વડે મુર્છિત થઇને સઘળે શરીરે પરસેવો વળી ગયેલો, હાંફતો હાંફતો ફરીથી પાછો આવ્યો. ॥૧૨॥ ત્યારે એ આવી પડતા દૈત્યનાં શિંગડાં પકડી લઇને ભગવાને, તેને ધરતી ઉપર નાંખી; પગવડે દબાવીને, ભીનું લુગડું નીચોવવાની પેઠે; તેને આમળી આમળીને તેનું શિંગડું કાઢી લેઇ, તે વડેજ તેને માર્યો; તેથી એ દૈત્ય લોહી નાંખતો, અને મૂત્ર તથા છાણ કરતો; આંખો નીકળી પડીને, પગ પછાડીને, ઘણું કષ્ટ પામી મરી ગયો. ત્યારે દેવતાઓએ હરિ ભગવાનની સ્તુતિ કરીને તેમને ફૂલ વડે વધાવ્યા. ॥૧૩–૧૪॥ એ રીતે એ કોહવાળા દૈત્યને મારીને, ગોપીઓની આંખોને આનંદ આપનારા ભગવાન: ગોવાળિઆઓ થકી સ્તુતિ કરાતા વ્રજમાં પધાર્યા. ॥૧૫॥ પછી દેવ સરખા દેખાવ વાળા ભગવાન નારદજીએ, એ અદભૂત કર્મ કરનારા કૃષ્ણથકી અરિષ્ટાસુર મરાયાનું કંસને કહ્યું. ॥૧૬॥ અને તેમણેજ તેને જણાવ્યું કે; જે કન્યા હતી તે યશોદાની દીકરી હતી. અને કૃષ્ણ તથા

રોહિણીનો પુત્ર રામ, અને દેવકીના પુત્રોને; બીકથી વસુદેવે, પોતાના મિત્ર નંદજીને ત્યાં મૂકેલા છે. જેમણે તારા મોટા બળવાન પુરુષોને માર્યા છે." એટલું સાંભળવાથી કંસનું શરીર કોપથકી ધ્રુજવા લાગ્યું. ॥૧૭–૧૮॥ અને વસુદેવને મારી નાંખવાની ઇચ્છાથી, તીખી ધારવાળી તરવાર તેણે ઉપાડી; ત્યારે નારદજીએ તેને વારવાથી, એ વસુદેવના પુત્રો થકી પોતાનું મોત જાણેલા તેણે; વસુદેવ અને દેવકીને લોઢાની બેડીઓ ઘાલીને, બંદીખાનામાં નાંખ્યાં; અને નારદજી ગયાકેડે તેણે કેશી નામના દૈત્યને બોલાવીને કહ્યું કે. ॥૧૯–૨૦॥ "તું જઈને બળરામ તથા કેશવ બંનેને મારી નાંખજે." એમ કહીને તેને મોકલ્યા પછી, મુષ્ટિક–ચાણુર–શલ–અને તોશલ વિગેરે મલ્લોને તથા હાથીના માવતને, અને મંત્રીઓને બોલાવીને કંસે કહ્યું કે "હે ચાણુર અને મુષ્ટિક વિગેરે વીર પુરુષો, તમે મારી વાત સાંભળો. ॥૨૧–૨૨॥ નંદના વ્રજને વિશે, વસુદેવે પોતાના બે પુત્ર રામ અને કૃષ્ણને રાખેલા છે; અને તેમના થકીજ મારું મોત થવાનું કહેવાય છે. ॥૨૩॥ માટે તેઓને અહીંયાં લાવેથી; કુસ્તીની રમત વડે, તમારે તેમને મારી નાંખવા; તે સારૂ કુસ્તીના અખાડાને ફરતા બેસવાને માટે, અનેક પ્રકારના કોચ વિગેરેની બેઠકો તૈયાર કરાવો. ॥૨૪॥ કે જેથી નગરના અને ગામોના જોવાને આવેલા લોકો, ત્યાં બેસીને ઇચ્છા પ્રમાણે એ કુસ્તીની રમત જુએ; હે મહાવત, તમારે અખાડાના દરવાજામાં, આપણાં કુવલયાપીડ નાગના મોટા હાથીને રાખીને; તેના થકી, એ મારા શત્રુઓને મરાવી નંખાવવા; અને ચૌદશના દિવસથી, એ ધનુષ્યનો યજ્ઞ આરંભીને; પવિત્ર પશુઓને, ભૂતનાથ રુદ્રને ઉદ્દેશીને; યથા વિધિ તેમાં હોમવાં. ॥૨૫–૨૬॥ એ રીતે તેમને આજ્ઞા આપીને, પોતાના સ્વાર્થમાં સમજનારા તેણે, પછીથી યાદવોમાં મુખ્ય અક્રુરને તેડાવીને; તેમનો હાથ પોતાના હાથથી ઝાલીને તે બોલ્યો કે. ॥૨૭॥ "હે દાનપતિ, તમે મિત્ર

नःस्वजातिभिः॥विवेशगोष्ठंसबलोगोपीनांनयनोत्सवः ॥१५॥ अरिष्टेनिहतेदैत्ये [illegible]ष्णेनाद्भुतकर्मणा ॥ कंसायाथाहभगवान्नारदोदेवदर्शनः ॥१६॥ यशोदायाःसुतांकन्यांदेवक्याःकृष्णमेवच॥ रामंचरोहिणीपुत्रंवसुदेवेनबिभ्यता ॥१७॥ न्यस्तौस्वमित्रेनंदेवैयाभ्यांतेपुरुषाहताः ॥ निशम्यतद्भोजपतिःकोपात्प्रचलितेंद्रियः ॥१८॥ निशातमसिमादत्तवसुदेवजिघांसया॥ निवारितोनारदेनतत्सुतौमृत्युमात्मनः॥१९॥ ज्ञात्वा[illegible]:पाशैर्बबंधसहभार्यया॥ प्रतियातेतुदेवर्षौकंसआभाष्यकेशिनं ॥२०॥ प्रेषयामासहन्येतांभवतारामकेशवौ ॥ ततोमुष्टिकचाणूरशलतोशलकादिकान् ॥२१॥ अमात्यान्हस्तिपांश्चैवसमाहूयाहभोजराट् ॥ भोभोनिशम्यतामेतद्वीरचाणूरमुष्टिकाः ॥२२॥ नंदव्रजेकिलासातेसुतावानकदुंदुभेः॥रामकृष्णौततोमह्यंमृत्युःकिलनिदर्शितः ॥२३॥ भवद्भ्यामिहसंप्राप्तौहन्येतांमल्ललीलया॥ मंचाःक्रियंतांविविधामल्लरंगपरिश्रिताः॥२४॥ पौराजानपदाःसर्वेपश्यंतुस्वैरसंयुगं ॥ महामात्रत्वयाभद्ररंगद्वार्युपनीयतां ॥२५॥ द्विपःकुवलयापीडोजहितेनममाहितौ॥ आरभ्यतांधनुर्यागश्चतुर्दश्यां[illegible]थाविधि॥ विशसंतुपशून्मेध्यान्भूतराजायमीढुषे॥२६॥ इत्याज्ञाप्यार्थतंत्रज्ञआहूययदुपुंगवं ॥ गृहीत्वापाणिनापाणिंततोऽक्रूरमुवा[illegible]ह ॥२७॥ भोभोदानपतेमह्यंक्रियतांमैत्रमादृतः॥ नान्यस्त्वत्तोहिततमोविद्यतेभोजवृष्णिषु ॥२८॥ अतस्त्वामाश्रितःसौम्यकार्यगौरवसाधनं॥ यथेंद्रोविष्णुमाश्रित्यस्वार्थमध्यगमद्विभुः॥२९॥ गच्छनंदव्रजंतत्रसुतावानकदुंदुभेः॥ आसातेताविहानेनरथेनानयमा[illegible]रं॥३०॥ निसृष्टःकिलमेमृत्युर्देवैर्वैकुंठसंश्रयैः ॥ तावानयसमंगोपैर्नंदाद्यैःसाभ्युपायनैः॥३१॥ घातयिष्यइहानीतौकालकल्पेनहस्तिना॥ यदिमुक्तौततोमल्लैर्घातयेवैद्युतोपमैः॥३२॥ तयोर्निहतयोस्तप्तान्वसुदेवपुरोगमान्॥ तद्बंधून्निहनिष्यामिवृष्णिभोजदशार्हकान् ॥३३॥ उग्रसेनंचपितरंस्थविरंराज्य[illegible]ामुकं॥ तद्भ्रातरंदे[illegible]येचान्येविद्विषोमम॥३४॥ ततश्चैषामहीमित्रभवित्रीनष्टकंटका॥ जरासंधोममगुरुर्द्विविदोदयितःसखा॥३५॥शंबरोनरकोबाणोमय्येव[illegible]तसौहृदाः॥ तैरहंसुरपक्षीयान्हत्वाभोक्ष्येमहींनृपान्॥३६॥ एतज्ज्ञात्वानयक्षिप्रंरामकृष्णाविहार्भकौ ॥ धनुर्मखनिरीक्षार्थंद्रष्टुंयदुपुरश्रियं ॥३७॥ अक्रूर० राजन्मनीषितंसम्यक्तवस्वावद्[illegible]मार्जनं॥ सिद्ध्यसिद्ध्योःसमंकुर्या

કરવા જેમ મારું કામ આદર સહિત કરજો. ભોજ અને વૃષ્ણી કુળ વિશે, તમારા કરતાં મારું વધારે હિત ઇચ્છનારો બીજો કોઇ છે નહીં. ॥૨૮॥ માટે હે સૌમ્ય, મોટું કામ સિદ્ધ કરવા માટે, ઇંદ્ર જેમ વિષ્ણુનો આશ્રય લઇને પોતાનો સ્વાર્થ મેળવે છે; તેમ હું તમારો આશ્રય લેઉછું. ॥૨૯॥ માટે નંદના વ્રજમાં તમે જાઓ, અને ત્યાં રહેલા, વસુદેવના બે પુત્રને; આ રથમાં બેસારીને ઉતાવળા લેઇ આવો. ॥૩૦॥ વૈકુંઠ ભગવાનનો આશ્રય કરનારા દેવોએ, તેમના થકી મારું મૃત્યુ ઠરાવેલું છે: માટે નંદાદિક ગોપ લોકોને પણ ભેટ સુદ્ધાં એ બે જણા સહિત અહીંયાં લેઇ આવો. ॥૩૧॥ તેમને અહીંયાં લાવ્યા પછી, હું કાળ જેવા હાથી પાસે, મરાવી નાંખીશ; અને કદાચ તેના થકી બચશે તો; વીજળી સરખા મલ્લો તેમને મારી નાંખશે. ॥૩૨॥ અને તેઓ મુવા પછી તાપ પામેલા, વસુદેવ આદિ તેમના બંધુઓને પણ, હું મારી નાંખીશ; તથા રાજ્યની ઇચ્છાવાળા મારા બાપ ઉગ્રસેનને–તેના ભાઇ દેવકને–અને મારો દ્વેષ કરનારા વૃષ્ણી, ભોજ, તથા દાશાર્હ કુળના બીજા યાદવોને પણ, હું પાછળથી મારી નાંખીશ. ॥૩૩–૩૪॥ હે મિત્ર, પછી કંટક રહિત થયેલી આ પૃથ્વી, હું મારા ગુરુજી જરાસંધની–મારા મિત્ર દ્વિવિદની–અને મારી સાથે મિત્રાઇ રાખનારા શંબર, નરકાસુર. વિગેરેની મદદથી, દેવતાઓના પક્ષવાળા સર્વ રાજાઓ આદિને મારીને; ભોગવીશ. ॥૩૫–૩૬॥ એ હેતુ જાણીને, ધનુર્યાગ જોવાના અને મથુરાં પુરીની શોભા દેખવાના મિષથી; એ રામ અને કૃષ્ણ બંને બાળકોને, તમે અહીંયાં ઉતાવળથી લેઇ આવો. ॥૩૭॥–અક્રુર–હે રાજા, તમારી આ બુદ્ધિ સંપૂર્ણ રીતે તમારું ભુંડું થતું અટકાવવાને માટેજ છે; પણ ફળ થવાનું તો દૈવને આધીને હોવાથી, સિદ્ધિ અને અસિદ્ધિ બંને વાંનાં થવામાં, સમપણુંજ રાખવું ઘટિત છે. ॥૩૮॥ કારણ મોટા મનોર્થ કરનારા લોકોના મનોર્થ પણ, દૈવથી નાશ થાય છે ત્યારે તેમને હર્ષ તથા શોક બંનેની પ્રાપ્તિ થાયછેજ; તો પણ હું તમારી આજ્ઞા પ્રમાણે કરીશ. ॥૩૯॥–શ્રીશુક–એ રીતે અક્રુરને કહીને મંત્રીઓને રજા આપ્યા કેડે કંસ પોતાના ઘરમાં ગયો. અને અક્રુરપણ પોતાને ઘેર ગયા. ॥ ૪૦ ॥ ઇતિ ભા૦ દશમાં સ્કંધનો છત્રીસમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૩૬ ॥

અધ્યાય. ૩૭ મો.—શ્રીશુક—પછી કંસે મોકલેલો કેશી દૈત્ય, મન સરખા વેગ વાળો મોટો ઘોડો થઈને; ખરીઓ વડે પૃથ્વીને ખોદતો, અને કેશવાળી હલાવવાથી આકાશમાંનાં વાદળાંને તથા વિમાનોને દૂર ફેંકી દેતો; અને હણહણાટ કરવાથી સર્વેને બીહીવરાવતો, વ્રજમાં આવ્યો. ॥૧॥ મોટી આંખો વાળો—કોતર સરખા વિકરાળ મોઢાવાળો—મોટા ગળા વાળો—અને મોટા તથા કાળા મેઘની ઉપમાને લાયક તે દૈત્ય; દુષ્ટ બુદ્ધિથી કંસનું હિત કરવાની ઇચ્છાથી; એ રીતે કંપાવતો નંદજીના વ્રજને વિષે, આવ્યો. ॥૨॥ ત્યારે એ હણહણવાથી ગોકુળને ત્રાસ આપતા—કેશવાળી હલાવવાથી વાદળાંઓને ઘુમાવતા—અને યુદ્ધને માટે પોતાને શોધતા આવતા—દૈત્યને, ભગવાને આગળ આવીને હાકલ કરી; એટલે તેણે પણ સિંહના જેવો ખુંખારો કર્યો. ॥૩॥ અને એ ઘણા વેગવાળા—કોઇથી પકડાય નહીં એવા—અને મારવાને અત્યંત કઠિન—એવા દૈત્યે; ભગવાનનો શબ્દ સાંભળી, તે જાણે મોઢાથી આકાશને પીઈ જતો હોય, તેમ અતિ ક્રોધથી સન્મુખ દોડી આવીને; કમળ નેત્ર ભગવાનને પગવડે લાતો મારી. ॥૪॥ ત્યારે અધોક્ષજ ભગવાન, તેની લાતોના પ્રહારથી બાજુ ઉપર ખસી જઇને બચી ગયા; અને પછીથી ક્રોધથી બે હાથ વડે તેના પગ ઝાલી લઇને, ફેરવી ફેરવીને; ગરૂડ સાપને ફેંકવાની પેઠે સંપૂર્ણ અવજ્ઞાથી, તેને સો ધનુષ્યને છેટે ફેંકી દેઇને; સાવધાન પણાથી પોતે ઉભા રહ્યા. ॥૫॥ પછી તેને ભાન આવ્યું ત્યારે, પાછો ઉભો થઇને તે કેશી દૈત્ય; રોષથી મોઢું ફાડીને, હરિ ભગવાનની સામે, વેગ સહિત ફરીથી દોડી આવ્યો; ત્યારે ભગવાને હસીને પોતાનો ડાબો હાથ તેના મોઢામાં, દરની અંદર સાપ પેસવાની પેઠે; ઘાલી દીધો. ॥૬॥ એટલે ભગવાનના હાથનો સ્પર્શ થવા થકી તપાવેલું લોઢું અડવાની પેઠે, તેના દાંત પડી ગયા; અને તેના શરીરમાં ગયેલો મહાત્મા ભગવાનનો હાથ, ઉપેક્ષા કરવા

दैवंहिफलसाधनं॥३८॥ मनोरथान्करोत्युच्चैर्जनोदैवहतानपि ॥ युज्यतेहर्षशोकाभ्यांतथाप्याज्ञांकरोमिते ॥३९॥ एवमादिश्यचाक्रूरंमंत्रिणश्चविसृज्यसः॥ प्रविवेशगृहंकंसस्तथाऽक्रूरःस्वमालयं ॥४०॥ इ०भा०म०द०पू०अक्रूरसंप्रेसणंनामषट्त्रिंशोऽध्यायः ॥ ३६ ॥

श्रीशुक०केशीतुकंसप्रहितःखुरैर्महींमहाहयोनिर्जरयन्मनोजवः॥ सटावधूताभ्रविमानसंकुलंकुर्वन्नभोहेषितभीषिताखिलः ॥१॥ विशालनेत्रोविकटास्यकोटरोबृहद्गलोनीलमहाघनोपमः॥ दुराशयःकंसहितंचिकीर्षुर्व्रजंससनंदस्यजगामकंपयन् ॥२॥ तंत्रासयंतंभगवान्स्वगोकुलंतद्धेषितैर्वालविघूर्णितांबुदं॥आत्मानमाजौमृगयंतमग्रणीरुपाह्वयत्सव्यनदन्मृगेंद्रवत् ॥३॥ सतंनिशम्याभिमुखोमुखेनखंपिबन्निवाभ्यद्रवदत्यमर्षणः॥जघानपद्भ्यामरविंदलोचनंदुरासदश्चंडजवोदुरत्ययः॥४॥तद्वंचयित्वातमधोक्षजोरुषाप्रगृह्यदोर्भ्यांपरिविध्यपादयोः॥सावज्ञमुत्सृज्यधनुःशतांतरेयथोरगंतार्क्ष्यसुतोव्यवस्थितः ॥५॥ सलब्धसंज्ञःपुनरुत्थितोरुषाव्यादायकेशीतरसाऽपतद्धरिं॥सोप्यस्यवक्त्रेभुजमुत्तरंस्मयन्प्रवेशयामासयथोरगंबिले ॥६॥ दंतानिपेतुर्भगवद्भुजस्पृशस्तेकेशिनस्तप्तमयःस्पृशोयथा ॥ बाहुश्चतद्देहगतोमहात्मनोयथामयःसंववृधेउपेक्षितः ॥७॥ समेधमानेनसकृष्णबाहुनानिरुद्धवायुश्चरणांश्चविक्षिपन् ॥ प्रस्विन्नगात्रःपरिवृत्तलोचनःपपातलेंडंविसृजन्क्षितौव्यसुः॥॥८॥ तद्देहतःकर्कटिकाफलोपमाद्व्यसोरपाकृष्यभुजंमहाभुजः॥ अविस्मितोऽयत्नहतारिरुत्स्मयैःप्रसूनवर्षैर्दिविषद्भिरीडितः ॥९॥ देवर्षिरुपसंगम्यभागवतप्रवरोनृप॥कृष्णमक्लिष्टकर्माणंरहस्येतदभाषत॥१०॥कृष्णकृष्णाप्रमेयात्मन्योगेशजगदीश्वर ॥ वासुदेवाखिलावाससात्वतांप्रवरप्रभो ॥११॥ त्वमात्मासर्वभूतानामेकोज्योतिरिवैधसां ॥ गूढोगुहाशयःसाक्षीमहापुरुषईश्वरः ॥१२॥ आत्मनात्माश्रयःपूर्वंमाययाससृजेगुणान् ॥ तैरिदंसत्यसंकल्पःसृजस्यत्स्यवसीश्वरः॥१३॥ सत्वंभूधरभूतानांदैत्यप्रमथरक्षसां॥ अवतीर्णोविनाशायसाधूनांरक्षणायच॥॥१४॥दिष्ट्यातेनिहतोदैत्योलीलयाऽयंहयाकृतिः॥यस्यहेषितसंत्रस्तास्त्यजंत्यनिमिषादिवं ॥१५॥ चाणूरंमुष्टिकंचैवमल्लानन्यांश्चहस्तिनं॥कंसंचनिहतंद्रक्ष्येपरश्वोऽहनितेविभो ॥१६॥ तस्यानुशंखयवनमुराणांनरकस्यच॥पारिजातापहरणमिंद्रस्यचपराजयं ॥१७॥ उद्वाहंवीर

થકી રોગ વધવાની પેઠે; મોટોજ વધવા લાગ્યો. ॥૭॥ અને એ રીતે કૃષ્ણ ભગવાનનો હાથ વધવાથી, પવન રોકાઇ જઇને તે પગ પછાડવા લાગ્યો; શરીરે પરસેવો વળી ગયો; આંખો ફરી ગઇ; અને લિંડા કાઢતો તે, પ્રાણ રહિત થઇને પૃથ્વી ઉપર પડી ગયો. ॥૮॥ આ રીતે વિસ્મય રહિત પણે, અને વગર યત્ને મારેલા, એ દુશ્મનના કમળ કાંકડીના ફળ જેવા શરીરમાંથી, તેના પ્રાણ સહિત પોતાનો હાથ ભગવાને પછીથી કાઢી લીધો. ત્યારે વિસ્મય પામેલા દેવતાઓએ સ્તુતિ કરીને, તેમના ઉપર ફૂલ વરસાવ્યાં. ॥૯॥ પછી હે રાજા, ભગવતીઓમાં શ્રેષ્ઠ નારદજીએ, એ અત્યંત મોટાં કામો કરનારા કૃષ્ણને, એકાંતમાં મળીને કહ્યું કે. ॥૧૦॥ "હે કૃષ્ણ—અપ્રમેય બુદ્ધિ વાળા કૃષ્ણ—યોગેશ્વર—જગતના ઈશ્વર—વાસુદેવ—સર્વના સ્થાન રૂપ—સાત્વતોમાં શ્રેષ્ઠ—પ્રભુ—અને લાકડાંમાં અગ્નિ રહેવાની પેઠે, સર્વે પ્રાણી પદાર્થાદિકમાં આત્મ સ્વરૂપથી ન દેખવામાં આવતા એવા રહેનારા—ગુહા પણે બુદ્ધિના સાક્ષી રૂપ—મહાપુરૂષ—અને ઈશ્વર—એવા આપે, પૂર્વે પોતે પોતાનોજ આશ્રય કરીને, માયા વડે ગુણોને સર્જેલ છે; અને તે થકીજ સત્યસંકલ્પ વાળા આપ ઈશ્વર, જગતને સર્જો છો-પાળો છો—અને નાશ પણ કરો છો. ॥૧૧–૧૨–૧૩॥ તેજ તમે હાલમાં ધર્મના માર્ગનું રક્ષણ કરવાને, અને રાજાઓ રૂપે ઉત્પન્ન થયેલા દૈત્યો, પ્રમથો, અને રાક્ષસોનો; નાશ કરવાને માટેજ અવતરેલા છો. ॥૧૪॥ જેના હણહણાટના ત્રાસથી દેવતાઓ સ્વર્ગને તજી દેતા હતા, એ ઘોડાના રૂપ વાળા દૈત્યને આપે, આ રીતે લીલા વડે મારી નાંખ્યો; તે સારૂં થયું છે. ॥૧૫॥ અને આવતે પરમ દહાડે, આપ સમર્થ, ચાણુરને—મુષ્ટિકને—બીજા મલ્લોને—હાથીને—અને કંસને પણ મારશો; તે અમે જોઇશું. ॥૧૬॥ હે જગતપતિ ભગવાન, તે પછી આપ શંખ જન્ય—મુર—કાળયવન—અને નરકાસુરને મારશો; ઇંદ્રનો પરાજય કરીને પારિજાતનું ઝાડ લેઇ આવશો; પરાક્રમ રૂપી પલ્લું આપીને રાજ કન્યાઓને પરણશો. અને દ્વારકામાં નૃગરાજાને તેના પાપ થકી મુકાવશો. ॥૧૭–૧૮॥ સ્ત્રી સહિત સ્યમંતક મણિને લઇ આવશો, ને મરી જઇને સ્વધામમાં ગયેલા બ્રાહ્મણના પુત્રો

પાછો લાવી આપશો. ॥૧૯॥ પૌંડ્રકને મારવા પછી કાશી પુરીને બાળશો. મોટા યજ્ઞમાં શિશુપાળને મારશો તેમજ દંતવક્રને પણ મારશો. ॥૨૦॥ એ સર્વે તથા બીજાં પણ પૃથ્વી ઉપર કવિઓએ ગાવા લાયક પરાક્રમો આપ દ્વારકામાં વસીને કરશો; તે અમે દેખીશું. ॥૨૧॥ તે પછી પૃથ્વીનો ભાર ઉતારવાની ઇચ્છાવાળા કાળ સ્વરૂપ આપ, અર્જુનના સારથી થઇને અક્ષૌહિણીઓનો નાશ કરશો; તે પણ અમે જોઇશું. ॥૨૨॥ વિશેષ શુદ્ધ જ્ઞાન સ્વરૂપ–પરમાનંદ મૂર્તિ–પૂર્ણ કામ–સત્ય સંકલ્પ–અને પોતાના પ્રભાવ થકીજ માયાના ગુણોના પ્રવાહ થકી હમેશાં અળગા રહેનારા–આપ ભગવાનને, અમે શરણે છીએ. ॥૨૩॥ આપ ઇશ્વર–સ્વતંત્ર–અને પોતાની માયાથી સર્વે પ્રકારના વિશેષોની કલ્પના કરનારા–હમણાં ક્રીડા કરવાને માટે મનુષ્ય દેહ ધારણ કરનારા–અને યદુ, વૃષ્ણી, તથા સાત્વત કુળના યાદવોમાં શ્રેષ્ટ–આપને હું નમસ્કાર કરૂંછું. ॥૨૪॥ એ રીતે ભગવતીઓમાં શ્રેષ્ટ નારદ મુનિ સાત્વત પતિ ભગવાન કૃષ્ણને પગે લાગી; તેમની રજા લેઇને તેમના દર્શન થકી રાજી થતા, ત્યાંથી ચાલ્યા ગયા. ॥૨૫॥ અને યુદ્ધમાં કેશી દૈત્યને મારીને વ્રજને સુખ આપનારા ગોવિંદ ભગવાન પણ, પ્રીતિ સહિત પશુઓનું અને ગોવાળિઆઓનું રક્ષણ કરવા લાગ્યા. ॥૨૬॥ પછી એક દહાડો પર્વતોની બાજુઓમાં પશુઓને ચરાવતા તે ગોવાળિઆઓ, ચોર અને રક્ષક થઇને છૂપી જવા વિગેરેની રમત રમવા લાગ્યા. ॥૨૭॥ હે રાજા, તે સ્થળે તેમનામાંના કેટલાએક ચોર થયા–કેટલાક રક્ષક થયા–અને કેટલાક ઘેટાં થઇને તેઓ નિર્ભયપણે રમવા લાગ્યા. ॥ ૨૮ ॥ ત્યાં મય દાનવનો પુત્ર મોટો માયાવી વ્યોમાસુર ગોવાળનો વેશ લઇને આવ્યો; અને ઘેટા બનેલા ઘણા જણાઓને, તે ચોરીને ઉપાડી ગયો. ॥૨૯॥ અને તેમને લેઇ જઇને, એક પર્વતની ગુફામાં રાખીને; તેનું બારણું, તે એક શિલાથી ઢાંકી દેતો હતો; જેથી

कन्यानांवीर्यशुल्कादिलक्षणं ॥ नृगस्यमोक्षणंपापाद्द्वारकायांजगत्पते ॥१८॥ स्यमंतकस्यचमणेरादानंसहभार्यया ॥ मृत[illegible]ब्रा[illegible]णस्यस्वधामतः ॥१९॥ पौंड्रकस्यवधंपश्चात्काशिपुर्याश्चदीपनं ॥ दंतवक्रस्यनि[illegible]क्रतौ ॥२०॥ यानिचान्यानिवीर्याणिद्वारकामावसन्भवान् ॥ कर्त्ताद्रक्ष्याम्यहंतानिगेयानिकाविभिर्भुवि ॥२१॥ अथतेकालरूपस्य क्षपयिष्णोरमुष्यवै ॥ [illegible]क्षौहिणीनांनिधनंद्रक्ष्याम्यर्जुनसारथेः ॥२२॥ विशुद्धविज्ञानघनंस्वसंस्थयासमाप्तसर्वार्थममोघवांछितं ॥ स्वतेजसानित्यनिवृत्तमायागुणप्रवा[illegible]भगवंत[illegible]महि ॥२३॥ त्वामीश्वरंस्वाश्रयमात्ममायया विनिर्मिताशेषविशेषकल्पनं ॥ क्रीडार्थम[illegible]त्तमनुष्यविग्रहंनतोऽस्मिधुर्यंयदुवृष्णिसात्वतां ॥२४॥ श्रीशुक० एवंयदुपतिंकृष्णंभागवतप्रवरो[illegible]निः ॥ प्रणिपत्याभ्यनुज्ञातोययौतद्दर्शनोत्सवः ॥२५॥ भगवानपिगोविंदोहत्वाकेशिनमाहवे ॥ पशूनपालयत्पा[illegible]ः प्रीतैर्व्रजसुखावहः ॥२६॥ एकदातेपशून्पालांश्चारयंतोऽद्रिसानुषु ॥ चक्रुर्निलायनक्रीडाश्चोरपालापदेशतः ॥२७॥ तत्रासन्कति[illegible]चिच्चोराःपालाश्चकतिचिन्नृप ॥ मेषायिताश्चतत्रै[illegible]वि[illegible]तोभयाः ॥२८॥ मयपुत्रोमहामायोव्योमोगोपालवेषधृक् ॥ मेषायितानपोवाहप्रायश्चोरायितोबहून् ॥२९॥ गिरिदर्यांविनिक्षिप्यनीतंनीतंमहासुरः ॥ शिलयापिदधेद्वारंचतुःपंचावशेषिताः ॥३०॥ तस्यतत्कर्मविज्ञायकृष्णःशरणदःसतां ॥ गोपान्नयंतंजग्राहवृकंहरिरिवौजसा ॥३१॥ सनिजंरूपमास्थायगिरींद्रसदृशंबली ॥ इच्छन्विमोक्तुमात्मानंनाशक्नोद्ग्रहणातुरः ॥३२॥ तंनिगृह्याच्युतोदोर्भ्यांपातयित्वामहीतले ॥ पश्यतांदिविदेवानांपशुमारममारयत् ॥३३॥ गुहापिधानंनिर्भिद्यगोपान्निःसार्यकृच्छ्रतः ॥ स्तूयमानःसुरैर्गोपैःप्रविवेशस्वगोकुलं ॥३४॥ इ० भा० म० द० पू० व्योमासुरवधोनामसप्तत्रिंशोऽध्यायः ॥३७॥ श्रीशुक० अक्रूरोऽपिचतांरात्रिंमधुपुर्यांमहामतिः ॥ उषित्वारथमास्थायप्रययौनंदगोकुलं ॥१॥ गच्छन्पथिमहाभागो[illegible]बुजेक्षणे ॥ भक्तिंपरामुपगतएवमेतदचिंतयत् ॥२॥ किंमयाचरितंभद्रंकिंत[illegible]ः ॥ किंवाऽथाप्यर्ह[illegible]द्रक्ष्याम्यद्यकेशवं ॥३॥ ममैतद्दुर्लभंमन्यउत्तमश्लोकदर्शनं ॥ विषयात्मनोयथाब्रह्मकीर्तनंशूद्रजन्मनः ॥४॥ मैवंममाधमस्यापिस्यादेवाच्युतदर्शनं ॥ ह्रियमाणःकालनद्याक्वचित्तरतिकश्चन ॥५॥ ममाद्यामंगलंनष्टंफलवांश्चैव

છેવટે ચારકે પાંચ જણાજ બાકી રહ્યા, ત્યારે તેના એ કામને જાણનારા, અને સત્પુરૂષોને શરણ આપનારા કૃષ્ણ ભગવાને; ગોવાળિઆઓને લેઇ જતાં, તેને બળાત્કારથી, સિંહ નહારને પકડવાની પેઠે; પકડી લીધો. ॥૩૦–૩૧॥ એટલે તે બળવાન દૈત્યે છૂટવાની ઇચ્છાથી, મોટા પર્વત જેવડું પોતાનું સ્વરૂપ પ્રકટ કર્યું; છતાં પણ તે પોતાને નહી છોડાવી શકતાં, પકડાવાને લીધે આતુર થઇ ગયો. ॥૩૨॥ પછી અચ્યુત ભગવાને તેને બે હાથ વડે પકડીને, પૃથ્વી ઉપર પાડી; પશુને મારવાની પેઠે; આકાશમાં ઉભેલા દેવતાઓના દેખતાં મારી નાંખ્યો. ॥૩૩॥ અને ગુફાનું ઢાંકણું ભાગી નાંખીને, ગોવાળિઆઓને દુખ થકી છોડાવ્યા; તથા ગોવાળિઆ અને દેવતાઓ થકી વખાણ કરાતા ભગવાન; પાછા ગોકુળમાં પધાર્યા. ॥૩૪॥ ઇતિશ્રી. ભા૦ દશમા સ્કંધનો સાડત્રિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૭॥

અધ્યાય ૩૮મો—શ્રીશુક–બહુ મોટી બુદ્ધિ વાળા અક્રૂર, તે રાત્રિ મથુરામાં રહીને; બીજા દિવસની સવારે રથમાં બેસી, નંદજીના ગોકુળમાં ગયા. ॥૧॥ ત્યાં રસ્તે ચાલતાં એ મહા ભાગ્યશાળીને, કમળ નેત્ર ભગવાનમાં પરમ ભક્તિ ઉત્પન્ન થઇને; તે વિચારવા લાગ્યાકે. ॥૨॥ મેં કયું ઉત્તમ કર્મ આચરેલું હશે. શું મોટું તપ કર્યું હશે; અને પાત્રને શાં દાન આપ્યાં હશે; કે જેથકી હું આજ કેશવ ભગવાનને દેખીશ. ॥૩॥ જન્મવડે શૂદ્ર જાતિનાને વેદનું ઉચ્ચારણ મળવાની પેઠે, વિષયાદિકને વિશે મનવાળા મને; ઉત્તમ શ્લોક ભગવાનનું દર્શન મળવાનું, હું દુર્લભ માનુંછું. ॥૪॥ હું અધમને અચ્યુત ભગવાનનું દર્શન એ રીતે પણ ક્યાંથી થાય. કારણ આ કાળ નદીમાં તણાતા જતા પુરૂષોમાંથી કોઇકજ અને કદિકજ તરવાને પામે છે. ॥૫॥ યોગીઓએ ધ્યાન કરવાના ચરણ કમળ વાળા ભગવાનને, હું નમસ્કાર કરીશ; એટલે તેથી મારાં સઘળાં પાપ નાશ પામી જશે; અને મારો જન્મ સફળ થશે. ॥૬॥ પૂર્વે બીજાઓ, જેના નખ મંડળના પ્રભાવથી, અંત વિનાના અંધકાર રૂપ સંસારને તરી ગયેલા છે. એજ હરિ ભગવાનના, હમણાં ધારણ કરેલા અવતારના ચરણ કમળને, હું કંસના મોકલવાથી જોઇશ;

તેથી એ કંસે મારા ઉપર નક્કી મોટો અનુગ્રહજ કર્યો છે. ॥૭॥ વળી જેને બ્રહ્મા અને મહાદેવ વિગેરે દેવતાઓએ, તથા દેવી લક્ષ્મીજીએ, અને સાત્વતો સહિત મુનિઓએ પણ, પૂજેલ છે—જે ગોપીઓનાં સ્તનનાં કેસરથી રંગાયલું છે—અને ગાયોને ચારવાને માટે સાથેના ગોવાળિઆઓ સહિત, એક વનથી બીજા વનમાં જે ફરેલું છે—તે સુંદર ગાલ અને નાકવાળું—રાતા કમળ જેવી આંખ્યોથી હસમુખે ચેહેરે જોનારૂં—અને વાંકા વાળના ગુચ્છ થકી ઘેરેલું—મુકુંદ ભગવાનનું મુખ, હું નક્કી દેખીશ; કેમકે મને હરણાં જમણાં ઉતરેછે. ॥૮—૯॥ એ ઇચ્છાથી પૃથ્વીનો ભાર ઉતારવા માટે, સર્વ સુંદરતાના સ્થાન રૂપ મનુષ્ય થયેલા વિષ્ણુ ભગવાનનું, આજ મને દર્શન થશે તો; તુર્તજ તેથી મારી આંખ્યો સફળ થશે. ॥૧૦॥ જે પોતાના પ્રભાવ વડેજ અજ્ઞાનને, ભેદ દૃષ્ટિને, અને મોહને પણ, દૂર કરીને; તથા પોતા થકીજ ઉત્પન્ન થયેલા અહંકારથી પણ રહિત રહીને; પોતાની લીલાથીજ માયાવિષે માત્ર નજર કરવાથીજ, સત્ (એટલે મહા ભૂતાદિક કારણો) અને અસત્ (એટલે તે કારણો થકી થયેલ પ્રાણી પદાર્થાદિક સઘળું રૂપ), એ સર્વને ઉત્પન્ન કરીને: તે તે શરીરોને વિષે, રહેલા હોવાનું; પ્રાણ—ઇંદ્રિયો—અને અંતઃકરણો વિગેરે વડે, જાણવામાં આવે છે. ॥૧૧॥ તથા જેના અતિ મંગળકારી ગુણો—કર્મો—અને જન્મો—વિગેરેથી મિશ્રિત થયેલી વાણી, સર્વ લોકનાં પાપોનો નાશ કરે છે; તથા જગતને, જીવાડે છે; કલ્યાણ પ્રાપ્ત કરે છે; અને પવિત્ર પણ કરે છે; તેમજ જેના એ ગુણો થકી રહિત વાણી, શણગારેલા મુડદા સરખીજ, મનાય છે. ॥૧૨॥ અને જેના સર્વ પ્રકારે મંગળ રૂપ ગુણો આદિને, દેવતાઓ ગાયા કરે છે: તે, પોતે બનાવેલા ધર્મના માર્ગને, અને મોટા લોકપાળ દેવતાઓ વિગેરેને; સુખ આપનારા, ઇશ્વર ભગવાનજ; હમણાં સાત્વત કુળમાં અવતરીને વ્રજમાં વસી, પોતાના યશનો વિસ્તાર

मेभवः॥ यन्नमस्येभगवतोयोगिध्येयांघ्रिपंकजं॥६॥ कंसोबताऽद्याकृतमेऽत्यनुग्रहंद्रक्ष्येंऽघ्रिपद्मंप्रहितोऽमुनाहरेः॥ कृतावतारस्ययदुरत्ययंतमःपूर्वेऽतरन्यन्नखमंडलत्विषा॥७॥ यदर्चितंब्रह्मभवादिभिःसुरैःश्रियाचदेव्यामुनिभिःससात्वतैः॥ गोचारणायानुचरैश्वरद्वनेयद्गोपिकानांकुचकुंकुमांकितं॥८॥ द्रक्ष्यामिनूनंसुकपोलनासिकंस्मितावलोकारुणकंजलोचनं॥ मुखंमुकुंदस्यगुडालकावृतंप्रदक्षिणंमेप्रचरंतिवैमृगाः ९ अप्यद्य[illegible]र्मनुजत्वमीयुषोभारावतारायभुवोनिजेच्छया॥ लावण्यधाम्नोभवितोपलंभनंमह्यंननस्यात्फलमंजसादृशः॥१०॥ यईक्षिताऽहंरहितोऽप्यसत्सतोःस्वतेजसाऽपास्ततमोभिदाभ्रमः॥ स्वमाययात्मन्रचितैस्तदीक्षयाप्राणाक्षधीभिःसदनेष्वभीयते॥११॥ यस्याखिलामीवहभिःसुमंगलैर्वाचोविमिश्रागुणकर्मजन्मभिः॥ प्राणंतिशुंभंतिपुनंतिवैजगद्यास्तद्विरक्ताःशवशोभनामताः॥१२॥ सचावतीर्णःकिलसा[illegible]लामरवर्यशर्मकृत्॥ यशोवितन्वन्व्रजआस्तईश्वरोगायंतिदेवायदशेषमंगलं॥१३॥ तंत्वद्यनूनंमहतांगतिंगुरुंत्रैलोक्यकांतंदृशिमन्महोत्सवं॥ रूपंदधानंश्रियईप्सितास्पदंद्रक्ष्येममासन्नुषसःसुदर्शनाः॥१४॥ अथावरूढःसपदीशयोरथात्प्रधानपुंसोश्चरणंस्वलब्धये॥ धियाधृतंयोगिभिरप्यहंध्रुवंनमस्यआभ्यांचसखीन्वनौकसः॥१५॥ अप्यंघ्रिमूलेपतितस्यमेविभुःशिरस्यधास्यन्निजहस्तपंकजं॥ दत्ताभयंकालभुजंगरंहसाप्रोद्वेजितानांशरणैषिणांनृणां॥१६॥ समर्हणंयत्रनिधायकौशिकस्तथाबलिश्चाप जगत्त्रयेंद्रतां॥ यद्वाविहारे व्रजयोषितांश्रमंस्पर्शेनसौगंधिकगंध्यपानुदत्॥१७॥ नमय्युपैष्यत्यरिबुद्धिमच्युतःकंसस्यदूतःप्रहितोऽपिविश्वदृक्॥ योंतर्बहिश्चेतसएतदीहितंक्षेत्रज्ञईक्षत्यमलेनचक्षुषा॥१८॥ अप्यंघ्रिमूलेऽवहितंकृतांजलिंमामीक्षितासस्मितमार्द्रयादृशा॥ सपद्यपध्वस्तसमस्तकिल्बिषोवोढामुदंवीतविशंकऊर्जितां॥१९॥ सुहृत्तमंज्ञातिमनन्यदैवतंदोर्भ्यांबृहद्भ्यांपरिरप्स्यतेऽथमां॥ आत्माहितीर्थीक्रियतेतदैवमेबंधश्चकर्मात्मकउच्छ्वसित्यतः२०लब्ध्वांगसंगंप्रणतंकृतांजलिंमांवक्ष्यतेऽक्रूरततेत्युरुश्रवाः॥ तदावयंजन्मभृतोमहीयसानैवादृतोयोधिगमुष्यजन्मतत्॥२१॥ नतस्यकश्चिद्दयितःसुहृत्तमोनचाप्रियोद्वेष्यउपेक्ष्यएववा॥ तथाऽपिभक्तान्भजतेयथातथासुरद्रुमोयद्वदुपाश्रितोऽर्थदः॥२२॥ किंवाग्रजोमाऽवनतंयदूत्त

કરે છે. ॥૧૩॥ એ મહાત્માઓના ગતિરૂપ—ત્રણે લોકના ગુરૂ—અને ઉત્તમ પુરૂષ—ભગવાને ધારણ કરેલા, તથા લક્ષ્મીજીએ ઇચ્છેલા, અને જોનારાઓના મનને મોટો આનંદ આપનારા, સ્વરૂપનું; મને આજ નક્કી દર્શન થશેજ: કારણ સવારમાં ઉઠતાં મને, આજ સારા શુકન થયેલા છે. ॥૧૪॥ અને મને દર્શન થતાંજ, હું રથમાંથી હેઠો ઉતરી; યોગીઓ પણ સ્વરૂપની પ્રાપ્તિને અર્થે જેનું ધ્યાન, મનની અંદરજ કરે છે; તે એ બંને રામ અને કૃષ્ણ, ઉત્તમ પુરૂષોના ચરણમાં; તથા તેમના મિત્ર વનવાસી ગોવાળિઆઓના ચરણમાં પણ; નમસ્કાર કરીશ. ॥૧૫॥ અને હું તેમના ચરણ મૂળમાં પડેલાના માથા ઉપર, જ્યારે એ સમર્થ ભગવાન પોતાનું; કાળરૂપ સાપના મોટા વેગથી ઉદ્વેગ પામીને શરણ ઇચ્છનારા મનુષ્યોને, અભય આપનારૂં—તથા જેને પૂજનના પદાર્થો અર્પણ કરવાવડે, ઇંદ્ર અને બળીરાજાને પણ ત્રણલોકના ઇંદ્રપણાને પમાડનારૂં—અને રાસલીલામાં વ્રજની સ્ત્રીઓના થાકને, સુગંધિક કમળ જેવી સુગંધ યુક્ત સ્પર્શથી મટાડનારૂં—હસ્ત કમળ ધારણ કરશે ॥૧૬—૧૭॥ અને એ વિશ્વને જાણનારા અચ્યુત ભગવાન; જે આખા જગતના મનમાંની અને બહારની પણ વાતોને, પોતાનાં નિર્મળ ચક્ષુવા ક્ષેત્રજ્ઞ રૂપથી જોનારા છે: તે હું કંસનો મોકલેલો દૂત હોવા છતાં, મારે વિષે શત્રુ ભાવ આણશે નહીં. ॥૧૮॥ ત્યારે તેમનાં ચરણ મૂળમાં સાવધાનપણે હાથ જોડીને ઉભેલા હું તરફ, હસવા સહિત નરમાશ ભરેલી નજરથી તેમના જોવા વડેજ; હું તુરત સઘળાં પાપથકી મુકાઇ જઇને, અને શંકા રહિત થઇને અતિ આનંદ પામીશ. ॥૧૯॥ તથા ઉત્તમ સુહૃદ—સગા—અને બીજા ઇષ્ટ વિનાના—મને ભગવાન પોતાના મોટા હાથવડે ભેટશે; ત્યારે મારો દેહ પવિત્ર થશે. અને મારાં કર્મ બંધન ઢીલાં પડી જઇને, છુટી જશે. ॥૨૦॥ અને નમીને હાથ જોડેલા મને, હે અક્રુર, હે કાકા, એમ કહીને એ ઉરૂશ્રવા ભગવાન પોતાના અંગથી સંગ કરશે; ત્યારેજ જન્મ ધરવાનું મુખ્ય ફળ હું પામીશ. ભગવાન જેને આદર ન આપે, તેવા જન્મવાનેજ ધિક્કાર છે. ॥૨૧॥ એમને કોઇ પ્યારૂં નથી—અતિ સહૃદ નથી—અને કોઇ અપ્રિય, દ્વેષ કરવા લાયક, કિંવા ઉપેક્ષા કરવા લાયક

પણ નથી. છતાં કલ્પ વૃક્ષની પેઠે; તેમનો આશ્રય કરનારા ભક્ત વિગેરેને, ભજનારા; અને તેમના મનોર્થ પૂર્ણ કરનારા પણ એજ છે. ॥૨૨॥ અથવા નમસ્કાર કરીને હાથ જોડેલા મને, ઉત્તમ યાદવ મોટા બાહુ ભગવાન્, હસીને અને બાથમાં લેઇને ભેટશે; તથા સર્વ પ્રકારે સત્કાર કરી, ઘરમાં લેઇ જઇને; પોતાના સંબંધીઓ વિગેરેની બાબતમાં કંસે શું કરવા ધાર્યું છે, એમ પૂછશે. ॥૨૩॥ હે રાજન, એ રીતે માર્ગમાં શ્રીકૃષ્ણનુંજ ચિંતવન કરતા અક્રૂરનો રથ, સૂર્ય અસ્ત થવા ટાણે, ગોકુળમાં આવી પહોંચ્યો. ॥૨૪॥ ત્યારે વ્રજને વિષે, પૃથ્વીના શણગાર રૂપ, કમળ-યવ-અને અંકુશ વિગેરેથકી ઓળખાતાં, ભગવાનનાં; સર્વ લોકપાળ દેવતાઓના મુકુટોથી સેવાએલાં; ચરણનાં પગલાં પડેલાં દેખીને, દર્શનના આનંદથી વધેલા સંભ્રમ અને પ્રેમ વડે, અક્રૂરનાં રૂવાડાં ઉભાં થઇને, આંખ્યોમાં આંસુ આવી ગયાં. અને તે પગલાંની નિર્મળ ચરણરજમાં, એતો ભગવાનના ચરણની રજ છે, એમ બોલીને; રથમાંથી હેઠા ઉતરીને, તે તેમાં આળોટ્યા. ॥૨૫-૨૬॥ દેહધારી-

ઓએ દંભ-ભય-અને શોકનો ત્યાગ કરીને સર્વથી પ્રથમ કરવાનો પુરુષાર્થ એજ છે. કે, હરિ ભગવાનના સંદેશાથી-તેમના શ્રવણથી-અગર તેમના દર્શનથકી; એ ભગવાનના સ્વરૂપનોજ સંબંધ કરવો. ॥૨૭॥ પછી તેમણે શરદ રૂતુના ઉઘડેલા કમળ જેવી આંખ્યોવાળા-અને પીળાં તથા નીલાં વસ્ત્ર ધારણ કરેલા-કૃષ્ણ તથા રામને, ગાયો દોહવા માટે વ્રજમાં ગયેલા દીઠા. ॥૨૮॥ કિશોર અવસ્થાવાળા-શ્યામ અને શ્વેત વરણવાળા-એક લક્ષ્મીના સ્થાન રૂપ-મોટી ભુજાઓવાળા-શુંદર મુખવાળા-અત્યંત રૂપાળા-નાના હાથીઓના સરખી ચાલ ચાલનારા-ધ્વજ, વજ્ર, અંકુશ, અને કમળનાં ચિન્હવાળા ચરણથકી, વ્રજ ભૂમિને શોભાવનારા-દયા ભરેલી નજરથી હસતે મોઢે જોનારા-ઉદાર અને શુંદર ક્રિડા કરનારા-ફુલની માળાઓ તથા વનમાળા ધરેલા શરીર ઉપર પવિત્ર સુગંધી પદાર્થોનું લેપન કરેલા-નાહેલા-અને નિર્મળ વસ્ત્ર પહેરેલા-એ મહાત્મા આદિ પુરુષો તથા જગતના સ્વામી, અનેજગતના કારણ, તેમજ પૃથ્વીના કારણ માટે પોતાના અંશવડે અવતરેલા; એ, રામ અને કેશવ

मःस्मयन्परिष्वज्यगृहीतमंजलौ॥ गृहंप्रवेश्याप्तसमस्तसत्कृतंसंप्रक्ष्यतेकंसकृतंस्वबंधुषु ॥२३॥ श्रीशुक०इतिसंचिंतय[illegible]ष्णांश्वफल्कतन याऽध्वनि॥ रथेनगोकुलंप्राप्तः सूर्यश्चास्तगिरिंनृप॥२४॥ पदानितस्याखिललोकपालकिरीटजुष्टामलपादरेणोः ॥ ददर्शगोष्ठेक्षितिकौतुकानिविलक्षितान्यब्जयवांकुशाद्यैः॥२५॥ तद्दर्शनाल्हादविवृद्धसंभ्रमःप्रेम्णोर्ध्वरोमाऽश्रुकलाकुलेक्षणः॥ रथादवस्कंद्यसतेष्वचेष्टतप्रभोरमून्यंघ्रिरजांस्यहोइति॥२६॥ देहंभृतामियानर्थोहित्वादंभंभियंशुचं॥ संदेशाद्योहरेर्लिंगदर्शनश्रवणादिभिः॥२७॥ ददर्शकृष्णंरामंचव्रजेगोदोहनंगतौ॥पीतनीलांबरधरौशरदंबुरुहेक्षणौ ॥२८॥ किशोरौश्यामलश्वेतौश्रीनिकेतौबृहद्भुजौ॥सुमुखौसुंदरवरौबालद्विरदविक्रमौ ॥२९॥ ध्वजवज्रांकुशांभोजैश्चिन्हितैरंघ्रिभिर्व्रजं ॥ शोभयंतौमहात्मानौसानुक्रोशस्मितेक्षणौ ॥३०॥ उदाररुचिरक्रीडौस्रग्विणौवनमालिनौ॥ पुण्यगंधानुलिप्तांगौस्नातौविरजवाससौ ॥३१॥ प्रधानपुरुषावाद्यौजगद्धेतूजगत्पती ॥ अवतीर्णौजगत्यर्थेस्वांशेनबलकेशवौ ॥३२॥ दिशोवितिमिराराजन्कुर्वाणौप्रभयास्वया ॥ यथामारकतःशैलोरौप्यश्चकनकाचितौ॥३३॥ रथात्तूर्णमवप्लुत्यसोऽक्रूरःस्नेहविव्हलः॥पपातचरणोपांतेदंडवद्रामकृष्णयोः॥३४॥ भगवद्दर्शनाल्हादबाष्पपर्याकुलेक्षणः॥पुलकाचितांगऔत्कंठ्यात्स्वाख्यानेनाशकन्नृप ॥३५॥ भगवांस्तमभिप्रेत्यरथांगांकितपाणिना ॥ परिरेभेऽभ्युपाकृष्यप्रीतःप्रणतवत्सलः॥३६॥ संकर्षणश्चप्रणतमुपगुह्यमहामनाः ॥ गृहीत्वापाणिनापाणीअनयत्सानुजोगृहं ॥३७॥ पृष्ट्वाऽथस्वागतंतस्मैनिवेद्यचवरासनं॥प्रक्षाल्यविधिवत्पादौमधुपर्कार्हणमाहरत् ॥३८॥ निवेद्यगांचातिथयेसंवाह्यश्रांतमादृतः ॥ अन्नंबहुगुणंमेध्यंश्रद्धयोपाहरद्विभुः॥३९॥ तस्मैभुक्तवतेप्रीत्यारामःपरमधर्मवित्॥ मुखवासैर्गंधमाल्यैःपरांप्रीतिंव्यधात्पुनः॥४०॥ पप्रच्छसत्कृतंनंदःकथंस्थनिरनुग्रहे कंसेजीवतिदाशार्हसौनपालाइवावयः॥४१ योऽवधीत्स्वस्वसुस्तोकान्क्रोशंत्याअसुतृप्खलः॥ किंनुस्वित्तत्प्रजानांवःकुशलंविमृशामहे ४२ इत्थंसूनृतयावाचानंदेनसुसभाजितः॥अक्रूरःपरिपृष्टेनजहावध्वपरिश्रमं ॥४३॥इ.भा.म.द.अष्टत्रिंशत्तमोअ.॥३८॥

ભગવાન સોનાથી રંગાયલા મરકત મણિના અને રૂપાના પર્વતો સરખા; તથા પોતાના પ્રભાવવડે દિશાઓના અંધકારને મટાડતા; અક્રૂરજીએ જોયા. ॥૨૯-૩૦-૩૧-૩૨-૩૩॥ એટલે સ્નેહથી વિકળ થયેલા તે અક્રૂર રથમાંથી નીચે ઉતરીને, બંને રામ કૃષ્ણના ચરણ પાસે લાંબા થઇને; લાકડીની પેઠે જમીન ઉપર પડ્યા. ॥૩૪॥ અને હે રાજા, ભગવાનના દર્શનના આનંદથી આકુળતાવડે આંખ્યોમાં આંસુ આવી જઇ, ઉત્કંઠાથી રૂવાડાં ઉભાં થયેલા, તે; પોતાનું નામ જણાવવાને પણ, શક્તિમાન થયા નહીં. ॥૩૫॥ ત્યારે શરણાંગત ઉપર પ્રીતિ રાખનારા ભગવાને, તેમના એ અભિપ્રાયને જાણીને; પોતાના ચક્રના ચિન્હવાળા હાથથી, તેમને ખેંચી લેઇ; પ્રીતિ સહિત ભેટ્યા. ॥૩૬॥ અને મોટા મનવાળા બળરામ પણ એ નમેલાને ભેટીને, હાથવડે ઝલી; પોતાના નાનાભાઇ સહિત, તેમને પોતાને ઘેર તેડી ગયા. ॥૩૭॥ અને કુશળ સમાચાર પૂછી તેમને આસન આપ્યું; તથા વિધિ સહિત તેમના પગ પખાળીને મધુપર્કવડે પૂજન કર્યું. ॥ ૩૮ ॥ પછી આતિથ્યમાં ગાય નિવેદન કરીને, એ થાકેલાના પગ ચાંપ્યા; તથા બહુ ગુણવાળું પવિત્ર અન્ન શ્રદ્ધા સહિત તેમને જમાડ્યું.

॥૩૯॥ જમ્યા કેડે એ પરમ ધર્મને જાણનારા રામે, તેમને પ્રિતિથી મુખવાસ-ગંધ-અને માળાઓ આપીને, ઘણા પ્રસન્ન કર્યા; પછી તેમનો સત્કાર કરીને, નંદજી પૂછવા લાગ્યા કે: " નિર્દય કંસના અમલમાં વસીને, કસાઇના તાબામાનાં ઘેટાંઓ સરખા; તમે દાશાર્હ કુળના યાદવો, નિર્વાહ કેવી રીતે ચલાવો છો. ॥૪૦॥ જે લોહીના તરસ્યા ખળ પુરૂષે, પોતાની ચીસો નાંખતી બેહેનનાં છોકરાંઓને, મારી નાંખ્યાં છે; તેની પ્રજા થઇને રહેલા; તમે લોકોનું, કુશળ શું પૂછીએ. ? ॥ ૪૨॥ એ રીતની સાચી અને સત્કાર ભરેલી વાણી વડે; નંદજીએ પૂછવા થકીજ, અક્રૂરનો માર્ગનો થાક મટી ગયો.॥૪૩॥ ઇતિશ્રી॰ ભા॰ દશમા સ્કંધનો અક્રૂરાગમન નામનો આડત્રિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૮॥

અધ્યાય. ૩૯ મો.—શ્રીશુક.—એમ રામ અને કૃષ્ણે ઘણું માન આપીને, પલંગ ઉપર બેસારેલા અક્રૂરજીના, તેમણે માર્ગમાં કરેલા સઘળા મનોર્થ પરિપૂર્ણ થયા. ॥૧॥ હે રાજા, ભગવાનમાંજ લાગેલા, મનવાળા ભક્તો, કશાને ઇચ્છતા નથી; છતાં લક્ષ્મીના નિવાસ રૂપ ભગવાન પ્રસન્ન થવા વડે, કોઇપણ વસ્તુ તેમને

આસક્ત રહેતી નથીજ. ॥૨॥ રાત્રે વાળું કરવા પછી દેવકી પુત્ર ભગવાને તેમને, કંસની સુહૃદો પ્રત્યેની વર્તણુક બદલ, તથા તેણે બીજું શું શું કરવા ધારેલું છે, તે બદલ પૂછ્યું કે. ॥૩॥—શ્રીભગવાન—હે તાત, હે સૌમ્ય, આપનું કલ્યાણ થાઓ; આપનું આવવું કેમ થયું છે. ? આપણાં સગાં સંબંધીઓ અને બંધુઓ રોગ રહિત અને સુખી તો છે કે કેમ. ? ॥૪॥ હે અંગ, કુળમાં રોગ રૂપ—અને તેનાં પોતાનાંઓએ તથા પ્રજાઓએ પણ શોક કરવાને યોગ્ય—અમારો મામો કંસ; જ્યાં સુધી વૃદ્ધિ પામતો છે, ત્યાં સુધી; અમે તમારૂં કુશળ કેવી રીતે પૂછીએ. ? ॥૫॥ અરે અમારાં આર્ય માત પિતાને અમ થકી, ઘણાં ઘણાં દુખો ઉત્પન્ન થયાં છે: અમારા કારણથીજ તેમના પુત્રનાં મરણ, તથા તેમને પોતાને બંધન પ્રાપ્ત થયેલ છે. ॥ ૬ ॥ હે સૌમ્ય, આપ અમારા પોતાનાઓનાં દર્શનની અમને ઇચ્છાજ હતી; માટે આપનું આજ દર્શન થયું, તે બહુ સારૂં થયું છે. તો હવે આપનું આવવું થયાનું કારણ કહી સંભળાવો. ॥૭॥—શ્રીશુક—ભગવાનના પૂછવાથી અક્રૂરજીએ, યાદવો સાથે તેણે બાંધેલું વૈર—વસુદેવને મારી નાંખવાને કરેલો ઉદ્યમ—જે કામ સારૂં, અને જે સંદેશો લેઇને પોતાને દૂત કરીને મોકલ્યાછે તે—અને નારદજીએ ભગવાનનો જન્મ વસુદેવને ઘેર થયાનું કહી દીધાની વાત—એ સર્વે વર્ણન કરી દેખાડ્યું. ॥૯॥ ત્યારે શત્રુઓને મારનારા કૃષ્ણ અને બળરામે, અક્રૂરનાં એ વચનો સાંભળીને; હસતાં હસતાં, પોતાના પિતા નંદજીને, કંસરાજાએ કરેલી આજ્ઞા કહી જણાવી. ॥૧૦॥ તેથી નંદજીએ ગોપ લોકને આજ્ઞા કરી કે, " સર્વ પ્રકારના ગોરસ અને નાના પ્રકારની ભેટ સામગ્રીઓ સાથે લેઇને, ગાડાં તૈયાર કરો. " ॥૧૧॥ સવારમાં આપણે મથુરાં જઇશું, અને રાજાને રસ આપીશું; તથા એ મોટું પર્વ જોવાને, ગામે ગામના લોકો આવશે; તે ભેળા આપણે પણ જઇશું. " એ રીતનો નંદજીએ છડીદાર પાસે

श्रीशुक० सुखोपविष्टःपर्यंकेरामकृष्णोरुमानितः॥ लेभेमनोरथान्सर्वान्पथियान्सच[क्रे]रह ॥१॥ किमलभ्यंभगवतिप्रसन्नेश्रीनिकेतने॥ तथापितत्पराराजन्नहिवांछंतिकिंचन ॥२॥ सायंतनाशनंकृत्वाभगवान्देवकीसुतः॥ सुहृत्सु[वृत्तंकंसस्य]पप्रच्छान्यच्चिकीर्षितं ॥३॥ श्रीभग० तात[सौम्यागतः]कच्चित्स्वागतंभद्रमस्तुवः॥ अपिस्वज्ञातिबंधूनामनमीवमनामयं ॥४॥ किंनुनःकुशलंपृच्छेएधमानेकुलामये॥ कंसेमातुलनाम्न्यंगस्वानांनस्तत्प्रजासुच॥ ५॥ अहोअस्मदभूद्भूरिपित्रोर्वृजिनमार्ययोः॥ यद्धेतोःपुत्रमरणंयद्धेतोर्बंधनंतयोः॥६॥ दिष्ट्याऽद्यदर्शनंस्वानां मह्यंवःसौम्यकांक्षितं॥ संजातंवर्ण्यतांतात तवागमनकारणं॥७॥ श्रीशुक० पृष्टोभगवतासर्वंवर्णयामासमाधवः॥ वैरानुबंधंयदुषुवसुदेववधोद्यमं ॥८॥ यत्संदेशोयदर्थंवादूतःसंप्रेषितःस्वयं॥ यदुक्तंनारदेनास्यस्वजन्मानकदुंदुभेः॥९॥ श्रुत्वाऽक्रूरवचःकृष्णोबलश्चपरवीरहा॥ प्रहस्य नंदंपितरंराज्ञा[दि]ष्टंविजज्ञतुः ॥१०॥ गोपान्समादिशत्सोऽपिगृ[ह्य]तांसर्वगोरसः॥ उपायनानिगृण्हीध्वंयुज्यंतांशकटानिच ॥११॥ यास्यामः श्वोमधुपुरींदास्यामोनृपतेरसान्॥ द्रक्ष्यामःसुमहत्पर्वयांतिजानपदाःकिल॥ एवमाघोषयत्क्षत्त्रानंदगोपःस्वगोकुले ॥१२॥ गोप्यस्तास्तदुपश्रुत्यबभूवुर्व्यथिताभृशं॥ रामकृष्णौपुरींनेतुमक्रूरंव्रजमागतं॥१३॥ काश्चित्तत्कृतहृत्तापश्वासम्लानमुखश्रियः॥ स्रंसद्दुकूलवलयकेशग्रंथ्यश्चकाश्चन ॥१४॥ अन्याश्चतदनुध्याननिवृत्ताशेषवृत्तयः॥ नाभ्यजानन्निमंलोकमात्मलोकंगताइव ॥१५॥ स्मरंत्यश्चापराःशौरेरनुरागस्मितेरिताः॥ हृदिस्पृशश्चित्रपदागिरःसंमुमुहुःस्त्रियः॥१६॥ गतिंसुललितांचेष्टांस्निग्धहासावलोकनं॥ शोकापहानिनर्माणिप्रोद्दामचरितानिच ॥१७॥ चिंतयंत्योमुकुंदस्यलीलाविरहकातराः॥ समेताःसंघशःप्रोचुरश्रुमुख्योऽच्युताशयाः॥१८॥ गोप्य० अहोविधातस्तवनक्वचिद्दयासंयोज्यमैत्र्याप्रणयेनदेहिनः॥ तांश्चाकृतार्थान्वियुनंक्ष्यपार्थकंविक्रीडितंतेऽर्भकचेष्टितंयथा ॥१९॥ यस्त्वंप्रदर्श्यासितकुंतलावृतंमुकुंदवक्त्रंसुकपोलमुन्नसं॥ शोकापनोदस्मितलेशसुंदरंकरोषिपारोक्ष्यमसाधुतेकृतं॥२०॥ क्रूरस्त्वमक्रूर[समा]ख्ययास्मनश्चक्षुर्हिदत्तंहरसेबताज्ञवत्॥ येनैकदेशेऽखिलसर्गसौष्ठवंत्वदीयमद्राक्ष्मवयंमधुद्विषः॥२१॥ [नचा]नुःक्षणभंगसौहृदःसमीक्षतेनःस्वकृतातुराबत॥ विहायगेहान्स्वजनान्सु

પોતાના ગોકુળમાં સાદ પડાવ્યો. ॥૧૨॥ તે સાંભળીને, અને રામ તથા કૃષ્ણને મથુરાંમાં તેડી જવા સારૂં, અક્રૂરને વ્રજમાં આવેલાનું જાણીને; ગોપીઓ ઘણી દુખી થઇઓ. ॥૧૩॥ અને તેથી થયેલ હૃદયના તાપવાળા નિશ્વાસ વડે, કેટલીકના મુખની શોભા કરમાઇ ગઇ; કેટલીકનાં વસ્ત્રોની, કંકણોની, અને માથાના વાળની, ગાંઠો ઢીલી પડી ગઇઓ. ॥૧૪॥ અને બીજીઓ, સઘળી વૃત્તિઓ ભગવાનના ધ્યાન વાળી થવા વડે, પરલોકમાં ગયા સરખી થઇ જવાથી, આ લોક સંબંધી ભાનને ભૂલી ગઇઓ. ॥૧૫॥ તથા બીજી કેટલીક સ્ત્રીઓ; ભગવાને સ્નેહ સહિત હસતે મોઢે બોલેલી—હૃદયમાં લાગી જનારી—તથા સુંદર વાક્યો વાળી—વાણીને સંભારી સંભારીને, વારંવાર મૂર્છા પામવા લાગી. ॥૧૬॥ તથા ભગવાનમાં ચિત્ત લાગેલી, અને વિરહ વડે દુખી થતી ટોળે ટોળાં એકઠી મળેલી, તે ગોપીઓ; એ મુકુંદ ભગવાનની સુંદર ચાલ—રમત ગમત—હાસ્ય સહિત સ્નેહથી જોવું—શોકને મટાડનાર હાંસીનાં વચનો—અને સર્વોત્તમ ચરિત્રોવાળી લીલાઓનું ચિંતવન કરતી; આંખોમાં આંસુ લાવીને બોલવા લાગી કે. ॥ ૧૭—૧૮॥ ગોપીઓ—અરે વિધાતા, તને જરા પણ દયા નથી. તું બાળકની રમતની પેઠે, પ્રાણીઓને સ્નેહવડે મિત્રાઇ થકી એકઠાં કરે છે; અને તેઓના મનોર્થ પૂરા થતા પહેલાંજ, વિનાસ્વાર્થ તું તેમને જૂદાં પાડી નાંખે છે. ॥૧૯॥ જે થકી શ્યામ વાળના ગુચ્છાથી ઢંકેલું—સુંદર કપાળના ગાલવાળું અને શોકને મટાડનાર, ધીમે ધીમે હસતું—મુકુંદ ભગવાનનું મુખ અમને દેખાડીને, વળી તેને અદ્દશ્ય કરે છે; તેથી તું ખોટું કામજ કરનાર છે. ॥ ૨૦ ॥ હે દેવ, મધુ દૈત્યે દ્વેષ કરેલા ભગવાનના જે એક એક અંગને વિશે, સઘળી સૃષ્ટિને રચવા જેટલું, તારૂં ડહાપણ ખરચાયલું અમે જોઇએ છીએ; એવા અમારી આંખ્યો જેવા ભગવાનને, તું પોતે ક્રૂર હોવા છતાં અક્રૂર નામથી અહીંયાં આવીને; અજ્ઞાનીની પેઠે, તેં પોતેજ આપેલી એ ભગવાન રૂપ અમારી આંખ્યોને; હરિ જાય છે. ॥૨૧॥ અરે આપણ, સ્વજન—ઘર—પુત્ર—અને સ્વામીઓ વિગેરેનો ત્યાગ કરીને, ભગવાનના દાસીપણાને પામેલી; તથા પોતાના કૂલ?ડેજ આતુર થયેલી-

એવા તરફ જેઓને મનું બતુંજ પ્યારું છે, એવા ક્ષણભંગુર સુહૃદવાળા; એ નંદ પુત્ર જોતા પણ નથી. ॥૨૨॥ ખચીત મથુરાં શહેરની સ્ત્રીઓને આજની રાત્રિનું પ્રભાત, સારા શુકનવાળું–સુખકર–અને મનોર્થ પૂર્ણ કરનારું થયું હશે; કે જેથી ત્યાં પધારેલા વ્રજપતિ ભગવાનની આંખોની અણીઓમાંથી, ઉત્પન્ન થતા આસવ રૂપી આસવને, તેઓ પીઇશે. ॥ ૨૩ ॥ હે અબળાઓ, તે સ્ત્રીઓનાં મધુર અને કોમળ વચનોથી ચિત્ત પકડાઇ જવાથી; તથા લાજ સહિત હસવા સાથેના વિલાસોથી; આ મનસ્વી–તથા બીજાં વ્રજવાસી વિગેરે સ્નેહીવાળા–મુકુંદ ભગવાન પણ, મન ભમી જવાથી; આપણુ ગામડીઅણો તરફ પાછા કેવી રીતે આવી શકશે. ॥૨૪॥ લક્ષ્મીજીને રમણ કરવાના સ્થાન રૂપ, અને ગુણોના ભંડાર, આ દેવકી પુત્ર ભગવાનને; મથુરાંના રસ્તાઓ ઉપર, આજે દેખવાથી દશાર્હ–ભોજ–અંધક–વૃષ્ણી–અને સાત્વત કુળના યાદવોની દૃષ્ટિને મોટો ઉત્સવ થશે. ॥૨૫॥ આપણુ ઘણાં દુખીજનોની આશ્વાસના નહીં કરતાં, પ્રિય થકી પણ પ્રિય ભગવાનને. આપણે ન દેખીએ એવા લાંબા માર્ગમાં, જે લેઇ જાય છે; તે નિર્દય અને અતિ દારૂણ સ્વભાવ વાળાનું નામ "અક્રૂર" નજ હોવું જોઇએ. ॥૨૬॥ અરે કઠણ મનવાળા એ કૃષ્ણ, રથમાં બેસે છે; અને વળી છકેલા ગોવાળિઆઓ પાછળ ગાડાંઓ ઉપર બેસીને, ઉતાવળા થાય છે; તથા ઘરડાઓ પણ તેમને વારતા નથી, તેથી આપણું નસીબજ આજ પ્રતિકૂળ થયેલાનું લાગે છે. ॥૨૭॥ તોપણ આપણે બધાં ભેળાં થઇને માધવ ભગવાનને રોકી દેઇએ; અર્ધો નિમેશ પણ ન તજી શકાય, એવા મુકુંદ ભગવાનનો વિયોગ કરાવીને; આપણે રાંક અને નાશ પામેલ મન વાળીઓને; પછીથી આપણા ઘરડાઓ તથા બાંધવો પણ, શું કરનારછે; ॥૨૮॥ હે ગોપીઓ, જે ભગવાનનાં પ્રીતિ સહિત મધુર હસવાં, અને સુંદર વિચાર જણાવવાની સાથે લીલા થકી જોવાં, અને ભેટવાં આદિ વડે, આપણને રાસક્રીડા વાળી રાત્રિ એક ક્ષણ જેટલી થઇ હતી: તે ભગવાન વિના, આ અંત વગરના અંધકાર રૂપ વિરહના દુખને; આપણે કયે પ્રકારે, તરી શકીશું? ॥૨૯॥ દિવસ

तान्पतां[illegible]गतानवप्रिय:॥२२॥ सुखंप्रभातारजनीयमाशिष:सत्याबभूवु:पुरयोषितांध्रुवं ॥या:संप्रविष्टस्यमुखंव्रजस्पते:पास्यंत्य
पांगोत्कलितस्मितासवं ॥२३॥ तासांमुकुंदोमधुमंजुभाषितैर्गृहीतचित्त:परवान्मनस्व्यपि॥कथंपुनर्न:प्रतियास्यतेऽबलाग्राम्या:सलज्जस्मि
तविभ्रमैर्भ्रमन् ॥२४॥ अद्यध्रुवंतत्रदृशोभविष्यतेदाशार्हभोजांधकवृष्णिसात्वतां॥महोत्सव:श्रीरमणंगुणास्पदं द्रक्ष्यंतियेचाध्वनिदेवकीसु
तं॥२५॥ मैतद्विधस्याकरुणस्यनामभूदक्रूरइत्येतदतीवदारुण:॥योऽसावनाश्वास्यसुदु:खितंजनंप्रियात्प्रियंनेष्यतिपारमध्वन:॥२६॥ अनार्द्र
धीरेषसमास्थितोरथंतमन्वमीचत्वरयंतिदुर्मदा:॥गोपाअनोभि:स्थविरैरुपेक्षितंदैवंचनोऽद्यप्रतिकूलमीहते ॥२७॥ निवारयाम:समुपेत्यमा
धवंकिंनोऽकरिष्यन्कुलवृद्धबांधवा:॥मुकुंदसंगान्निमिषार्द्धदुस्त्यजाद्दैवेनविध्वंसितदीनचेतसां ॥२८॥ यस्यानुरागललितस्मितवल्गुमंत्रली
लावलोकपरिरंभणरासगोष्ठ्यां॥नीता:स्मन:क्षणमिवक्षणदाविनातंगोप्य:कथंन्वतितरेमतमोदुरंतं ॥२९॥ योऽन्ह:क्षयेव्रजमनंतसख:परी
तोगोपैर्विशन्खुररजश्छुरितालकस्त्रक् ॥ वेणुंक्वणन्स्मितकटाक्षनिरीक्षणेनचित्तंक्षिणोत्यमुमृतेनुकथंभवेम ॥३०॥ श्रीशुक०एवंब्रुवाणाविर
हातुराभृशंव्रजस्त्रिय:कृष्णविषक्तमानसा:॥ विसृज्यलज्जांरुरुदु:स्मसुस्वरंगोविंददामोदरमाधवेति ॥३१॥ स्त्रीणामेवंरुदंतीनामुदितेसवित
र्यथ ॥ अक्रूरश्चोदयामासकृतमैत्रादिकोरथं॥३२॥ गोपास्तमन्वसज्जंतनंदाद्या:शकटैस्तत:॥ आदायोपायनंभूरिकुंभान्गोरससंभृतान् ३३
गोप्यश्चदयितंकृष्णमनुव्रज्यानुरंजिता: ॥ प्रत्यादेशंभगवत:कांक्षंत्यश्चावतस्थिरे॥३४॥ तास्तथातप्यतीर्वीक्ष्यस्वप्रस्थानेयदूत्तम:॥ सांत्व
यामाससप्रेमैरायास्यइतिदौत्यकै: ॥३५॥ यावदालक्ष्यतेकेतुर्यावद्रेणूरथस्यच॥ अनुप्रस्थापितात्मानोलेख्यानीवोपलक्षिता:॥३६॥ तानि
राशानिवृत्तुर्गोविंदविनिवर्त्तने॥ विशोकाअहनीनिन्युर्गायंत्य:प्रियचेष्टितं॥३७॥ भगवानपिसंप्राप्तोरामाक्रूरयुतोनृप ॥ रथेनवायुवेगेनका
लिंदीमघनाशिनीं॥३८॥ तत्रोपस्पृश्यपानीयंपीत्वामृष्टंमणिप्रभं॥वृक्षखंडमुपव्रज्यसरामोरथमाविशत् ॥३९॥ अक्रूरस्तावुपामंत्र्यनिवेश्यच

પૂરો થતા ટાણે બળરામ તથા મિત્ર ગોવાળિઆઓ થકી વિંટાયલા, અને ગાયો તથા વાછડાના ગુચ્છમાં ખરીઓની રજ ભરાયલા, જે ભગવાન વેણુ વગાડતા, વ્રજમાં પેસતાં; હસતે મોઢે કટાક્ષથી જોઇને આપણાં મન હરણ કરેછે; તે ભગવાન વિના હવે આપણાથી જીવી કેમ શકાશે. ! ॥ ૩૦ ॥ કૃષ્ણમાં મન લાગેલી અને વિરહથી ઘણી દુખી થયેલી તે વ્રજની સ્ત્રીઓ, એ પ્રમાણે બોલ્યા પછી લાજ મુકીને; હે ગોવિંદ, હે દામોદર, હે માધવ, એ રીતનાં નામો લેઇ; સુંદર સ્વરથી રોવા લાગીઓ. ॥ ૩૧ ॥ પછી તે સ્ત્રીઓને એ રીતે રોતીજ મૂકીને, અક્રૂરજીએ સૂર્ય ઉગતાં નિત્ય કર્મ આટોપી લેઇ, પોતાનો રથ ચાલતો કર્યો. ॥ ૩૨ ॥ અને નંદજી વિગેરે ગોપલોકો; ઘણી ભેટો, તથા ગોરસથી ભરેલ ઘડાઓ ગાડાંઓમાં રાખીને; તેમની પાછળ ચાલતા થયા. ॥૩૩॥ ત્યારે પ્રિય કૃષ્ણની પાછળજ ગોપીઓએ આવવા માંડતાં, સામું જોવા વિગેરે વડે ભગવાને તેમને રાજી કરવાથી; તેઓ તેમના પહોંચ્યાના સમાચાર પામવાની ઇચ્છા રાખીને, ત્યાંજ ઉભી રહીઓ ॥૩૪॥ ત્યારે યદુ શ્રેષ્ટ ભગવાને, પોતાના જવાથી તાપ પામેલી, તેમને દેખી; દૂતની પાસે "હું આવીશ." એમ પ્રેમ સહિત કહેવરાવીને; તેમને શાંત કરી. ॥૩૫॥ પછી જ્યાં સુધી રથની ધજા દેખાઇ, તથા રથવડે ઉડતી ધૂળ જણાઇ, ત્યાં સુધી: પોતાનાં મન ભગવાન પાસેજ મોકલનારી તે ગોપીઓ, કાગળ વિગેરે ઉપર આળખેલી પૂતળીઓના સરખી, સ્થિર થઇને ત્યાંજ ઉભી રહીઓ. ॥ ૩૬ ॥ અને એ ગોવિંદ ભગવાન પાછા વળવાની બાબતમાં, છેવટે નિરાશ થઇને, તેઓ પાછી વળી; તથા એ પ્રિય ભગવાનની લીલાઓનું ગાયન કરવાવડે, શોક મુક્ત થઇને દિવસ કાઢવા લાગી. ॥૩૭॥ પછી હે રાજા, એ વાયુ સરખા વેગવાળા રથ થકી, રામ અને અક્રૂર સહિત ભગવાન; પાપનો નાશ કરનારી, કાલિંદી ઉપર પહોંચ્યા. ॥ ૩૮ ॥ ત્યાં એ નદીનાં મીઠાં અને મણિ સરખાં સ્વચ્છ પાણીમાં, નાહીને તથા પાણી પીઇને; એ રામ તથા કૃષ્ણ, ઝાડના ઝુંડવાળી જમીન ઉપર રાખેલા રથમાં, આવ્યા. ॥૩૯॥ ત્યારે તેમને રથ ઉપરજ બેસાડીને, તેમની રજા લેઇ; અક્રૂરજી

કાલિંદીના ધરા ઉપર ગયા. અને તેમણે વિધિ પૂર્વક સ્નાન કર્યું. ॥૪૦॥ અને જળમાં ડુબકી મારી સનાતન બ્રહ્મનો જપ કરવા લાગ્યા; ત્યારે તેમણે રામ અને કૃષ્ણ બંને ભાઈઓને તે સ્થળે પણ દીઠા. ॥૪૧॥ વસુદેવના એ બે પુત્રો તો રથમાં બેઠેલા છે; માટે અહીંયાં ક્યાંથી હોય; અને જો અહીંયાં છે, તો રથમાં નહીં હોય; એમ વિચારીને તેમણે પાણીમાંથી ઉપર આવીને જોયું તો. ॥૪૨॥ તેમને પ્રથમની પેઠેજ રથ ઉપર પણ બેઠેલા દીઠા; તેથી પોતે પાણીમાં દીઠેલું ખોટું હશે, એમ ધારીને; ફરીથી પાણીમાં ડુબકી મારી. ॥૪૩॥ ત્યારે ત્યાં ફરીથી પણ તેમણે સિદ્ધ—ચારણ—ગંધર્વ—અને અપ્સરાઓ આદિકોએ માથાં નમાવીને રાત દિવસ સ્તુતિ કરાતા—મુકુટ પહેરેલાં હજારો માથાં વાળા—કમળના નાળ જેવા ધોળા વર્ણનાં વસ્ત્રો પહેરેલા—અને ધોળા (કૈલાસ) પર્વત સરખા, હજારો ફણાવાળા શેષ ભગવાનને દીઠા. ॥૪૪॥—૪૫॥ તથા તેમના ખોળામાં ચાર હાથ વાળા—શાંત—કમળના પાંદડાં સરખી લાલ આંખો વાળા—પીળાં રેશમી વસ્ત્ર પહેરેલા—અને વરસાદ જેવા શ્યામ વર્ણના—પુરૂષ ભગવાનને પણ દીઠા. ॥૪૬॥ તે સુંદર અને પ્રસન્ન મુખવાળા—સુંદર હસવા સહિત જોતા—સારી ભમરો, સારાકાન, સુંદર નાક, અને રાતા હોઠ વાળા—લાંબા અને જાડા હાથવાળા—ઉંચા ખભા અને શોભિતા વક્ષ સ્થળ વાળા—શંખ જેવું ગળું, ઉંડી ડુંટી, અને વળીઓ સહિત પાંદડા જેવા પેટ વાળા—મોટી કેડ અને નિતંબવાળા—ઉપર જાડા અને નીચે પાતળા બે સાથળો વાળા—અને સુંદર બે ઢીંચણ તથા શોભતી એક પિંડીઓ વાળા—ઉંચી ઘુંટીઓ અને રાતા નખની કાંતિથી, તથા પાંખડીઓ જેવી કોમળ આંગળીઓ અને અંગુઠા વાળા ચરણ કમળથી; શોભિતા દેખાતા હતા. ॥૪૭—૪૮—૪૯—૫૦॥ મોટી કિંમતનાં અને ઘણા મણિઓવાળાં મુકુટ, કડાં, બાજુબંધ, કંદોરો, જનોઈ, હાર, ઝાંઝર, અને કુંડળો થકી; એ શંખ, ચક્ર, કમળ અને ગદા ધરેલા—વક્ષ સ્થળમાં શ્રી વત્સના ચિન્હ વાળા—અને ચળકતા કૌસ્તુભ તથા વનમાળા ધરેલા ભગવાન; શોભતા હતા. ॥૫૧—૫૨॥ અને એ ભગવાન સુનંદ અને નંદ વિગેરે પાર્ષદોથી—સનકાદિક મુનિ-

रथोपरि॥ कालिंद्याऽन्हदमागत्यस्नानंविधिवदाचरत् ॥४०॥ निमज्यतस्मिन्सलिलेजपन्ब्रह्मसनातनं॥तावेवददृशेऽक्रूरोरामकृष्णौसमन्वितौ ॥४१॥ तौरथस्थौकथमिहसुतावानकदुंदुभेः॥ तर्हिस्वित्स्यंदनेनस्तइत्युन्मज्ज्यव्यचष्टसः॥४२॥ तत्रापिचयथापूर्वमासीनौपुनरेवसः॥न्यम जद्दर्शनंयन्मेमृषाकिंसलिलेतयोः॥४३॥ भूयस्तत्रापिसोऽद्राक्षीत्स्तूयमानमहर्निशं॥ सिद्धचारणगंधर्वैरसुरैर्नतकंधरैः॥४४॥ सहस्रशिरसं देवंसहस्रफणमौलिनं॥ नीलांबरंबिसश्वेतंशृंगैःश्वेतमिवस्थितं॥४५॥ तस्योत्संगेघनश्यामंपीतकौशेयवाससं॥ पुरुषंचतुर्भुजंशांतंपद्मपत्रारुणेक्षणं॥४६॥ प्रसन्नचारुवदनंचारुहासनिरीक्षणं॥सुभ्रून्नसंचारुकर्णंसुकपोलारुणाधरं ॥४७॥ प्रलंबपीवरभुजंतुंगांसोरस्थलश्रियं॥ कंबुकंठंनिम्ननाभिंवलिमत्पल्लवोदरं॥४८॥ बृहत्कटितटश्रोणिकरभोरुद्वयान्वितं॥चारुजानुयुगंचारुजंघायुगलसंयुतं ॥४९॥ तुंगगुल्फारुणनख व्रातदीधितिभिर्वृतं॥ नवांगुल्यंगुष्ठदलैर्विलसत्पादपंकजं ॥५०॥ सुमहार्हमणिव्रातकिरीटकटकांगदैः॥ कटिसूत्रब्रह्मसूत्रहारनूपुरकुंडलैः ॥५१॥ भ्राजमानंपद्मकरं शंखचक्रगदाधरं ॥ श्रीवत्सवक्षसंभ्राजत्कौस्तुभंवनमालिनं॥५२॥ सुनंदनंदप्रमुखैःपार्षदैःसनकादिभिः॥ सुरेशैर्ब्रह्मरुद्राद्यैर्नवभिश्चद्विजोत्तमैः॥५३॥ प्रन्हादनारदवसुप्रमुखैर्भागवतोत्तमैः॥स्तूयमानंपृथग्भावैर्वचोभिरमलात्मभिः॥५४॥ श्रियापुष्ट्यागिरा कांत्याकीर्त्यातुष्ट्येलयोर्जया॥विद्ययाऽविद्ययाशक्त्यामाययाचनिषेवितं॥५५॥ विलोक्यसुभृशंप्रीतोभक्त्यापरमयायुतः॥ हृष्यत्तनूरुहोभावपरिक्लिन्नात्मलोचनः ॥५६॥ गिरागद्गदयाऽस्तौषीत्सत्त्वमालंब्यसात्वतः ॥ प्रणम्यमूर्ध्नाऽवहितःकृतांजलिपुटःशनैः ॥५७॥ इ०भा०म० द०पू०ऽक्रूरस्तुतियानेएकोनचत्वारिंशोऽध्याय ॥३९॥ अक्रूर० नतोऽस्म्यहंत्वाखिलहेतुहेतुंनारायणंपूरुषमाद्यमव्ययं ॥ यन्नाभिजातादरविंदकोशाद्ब्रह्माऽऽविरासीद्यतएषलोकः ॥१॥ भूस्तोयमग्निःपवनःखमादिर्महानजादिर्मनइंद्रियाणि ॥ सर्वेंद्रियार्थाविबुधाश्चसर्वेयेहेतवस्ते जगतोंऽगभूताः ॥२॥ नैतेस्वरूपंविदुरात्मनस्तेह्यजादयोऽनात्मतयागृहीताः॥अजोऽनुबद्धःसगुणैरजायागुणात्परंवेदनतेस्वरूपं ॥३॥ त्वां योगिनोयजंत्यद्धामहापुरुषमीश्वरं ॥साध्यात्मंसाधिभूतंचसाधिदैवंचसाधवः ॥४॥ त्रय्याचविद्ययाकेचित्त्वांवैवैतानिकाद्विजाः॥यजंतेवित्त

ઓથી—બ્રહ્મા અને રૂદ્ર વિગેરે મોટા દેવોથી—મરીચી વિગેરે મોટા નવ રૂષિઓથી—અને નિર્મળ બુદ્ધિવાળા પ્રહ્લાદ, નારદ, અને વસુઓ વિગેરે મુખ્ય અને ઉત્તમ ભગવતીઓથી, જૂદા જૂદા પ્રકારના ભાવવાળાં વચનોથી સ્તુતિ કરાતા હતા. ॥૫૩—૫૪॥ તથા લક્ષ્મી—પુષ્ટિ—સરસ્વતી—કાંતિ—કિર્તિ—તુષ્ટિ—ઇલા—ઉર્જા—વિદ્યા—અને અવિદ્યા વિગેરે માયા શક્તિઓથી સેવા કરાતા હતા. ॥૫૫॥ એ જોવાથી ઘણા રાજી થયેલા અક્રૂરજીનાં રૂંવાડાં ઉભાં થવાં, તથા પરમ ભક્તિ યુક્ત થઇને તેમને આંખોમાં આંસુ આવી ગયાં; અને તેમનું અંતઃકરણ પિંગળી ગયું. ॥૫૬॥ પછી તેમણે સાવધાન થઇ ધીરજ રાખીને, ભગવાનને હાથ જોડી માથા વડે નમસ્કાર કરવા; અને ધીમે ધીમે ગળગળી વાણીથી તે, ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા કે. ॥૫૭॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમ સ્કંધનો ઓગણચાળીસમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૯॥

અધ્યાય. ૪૦ મો—અક્રૂર—સઘળા કારણોના કારણ—નારાયણ—આદિ પુરૂષ—અને અવ્યય ભગવાન આપ, કે જેની નાભિ થકી ઉત્પન્ન થયેલ કમળના નાળ ઉપર બ્રહ્મા ઉત્પન્ન થઇને; તેમના થકી સર્વ લોક થયેલા છે: તેમને હું નમું છું ॥૧॥ પૃથ્વી—જળ—અગ્નિ—પવન—આકાશ—અહંકાર—મહત્તત્વ—પ્રધાન—અને મન (એટલે લિંગદેહ,) ઇંદ્રિઓના અર્થો તથા દેવતાઓ, વિગેરે જગતનાં તમામ કારણો; આપના થકીજ ઉત્પન્ન થયેલાં છે. ॥૨॥ એ પ્રધાન વિગેરે સઘળાંઓ અને બ્રહ્મા પર્યંત સર્વ માયાથી થયેલ, અને ઇંદ્રિયાદિક વડે અનાત્મ દૃશ્ય પદાર્થાદિકનેજ જાણનારા છે; અને આપનું સ્વરૂપ તો માયાના ગુણો થકી પર હોવાથી; તેને, તેઓ જાણી શકે તેવું નથી; તેથીજ તેઓ, એ આપના આત્મ સ્વરૂપને જાણતાં નથી. ॥૩॥ તોપણ આપ મહા પુરૂષ ઇશ્વરનાં અધ્યાત્મ (મન આદિક)—અધિભૂત (પ્રાણી આદિક)—અને અધિ દૈવ (ઇંદ્રિયોના દેવતાઓ આદિક), રૂપોનું પૂજન;

તેથી અને સાધુ પુરૂષો સંપૂર્ણપણે કરતાજ આવેલા છે. ॥૪॥ કર્મ માર્ગમાં લાગેલા કેટલાએક દ્વિજો, અનેક નામો અને રૂપો વાળા દેવતાઓના યજ્ઞો કરવા રૂપ, ત્રણ વેદની વિદ્યા થકી; આપનું પૂજન કરે છે. ॥ ૫ ॥ કેટલાક સર્વ કર્મોનો ત્યાગ કરી ઉપશમને પામેલા જ્ઞાની પુરૂષો; જ્ઞાન સ્વરૂપ આપનું; જ્ઞાન યજ્ઞ વડેજ પૂજન કરે છે. ॥૬॥ બીજા, સંસ્કાર પામેલી બુદ્ધિ વાળાઓ, આપને વિશે મન લગાડી, તન્મય થઇ જઇને; આપેજ કહેલા વિધિ થકી; આપનાં ઘણાં સ્વરૂપોનું, અથવા આપના એકજ સ્વરૂપનું; પૂજન કરે છે. ॥ ૭ ॥ એ રીતેજ બીજા લોકો પણ; એજ પ્રકારના ઘણા ઘણા આચાર્યોએ સારી રીતે કહેલા, કલ્યાણકારી માર્ગોથી; આપ ભગવાનની ઉપાસના કરે છે. ॥૮॥ હે પ્રભુ, જેઓ અન્ય દેવોના ભક્ત છે, તેઓ જોકે જૂદી બુદ્ધિ કરી પૂજન કરે છે; તોપણ આપ સર્વ દેવમય અને સર્વના ઇશ્વર હોવાથી; તેમણે બીજા દેવોનુ કરેલું પૂજન પણ, આપના પૂજન રૂપજ થાય છે. ॥૯॥ હે પ્રભુ, પર્વતમાંથી નીકળેલી અને વરસાદે ભરપૂર કરેલી નદીઓ, જેમ સર્વે તરફથી સમુદ્રમાં જાય છે; તેમ એ સઘળી મતિઓ, અંત્યે; આપને વિશેજ પ્રવેશ કરે છે. ॥૧૦॥ આપ થકી થયેલી પ્રકૃતિના, સત્વ–રજ–અને તમ એ ગુણો છો; અને સ્થાવરથી માંડીને બ્રહ્મા પર્યંત સર્વ પ્રકૃતિ થકી થનારાઓ, તેમાંજ પરોવાયલા છે. ॥૧૧॥ આ રીતે અવિદ્યાએ ઉત્પન્ન કરેલ ગુણોના પ્રવાહ રૂપ સંસાર; દેવ–મનુષ્ય–અને પશુ પક્ષી આદિ સર્વ શરીરોને વિશે પ્રવર્ત્તે છે; માટે તેમનામાં આસક્તિ વિનાની દૃષ્ટિ વાળા–સર્વના આત્મા–અને સર્વની બુદ્ધિના સાક્ષી, આપ ભગવાનને; હું નમસ્કાર કરૂંછું. ॥૧૨॥ અગ્નિ આપનું મુખ, પૃથ્વી પગ, સૂર્ય આંખ્યો, આકાશ નાભિ, દિશાઓ કાન, સ્વર્ગ માથું, દેવતાઓ હાથ, સમુદ્ર પેટ, વાયુ પ્રાણ અને બળ, ઝાડ અને ઔષધીઓ રૂવાડાં, મેઘ વાળ, પર્વતો નખ અને હાડકાં, રાત દિવસ આંખનું ઉઘડવું અને મિંચવું–પ્રજાપતિ શિશ્ન, અને વરસાદનું જળ તે આપનું વિર્ય છે; એ રીતની આપ પરમ પુરૂષ ભગવાનને વિશેજ કલ્પના થયેલ છે. ॥૧૩–૧૪॥ જળમાં રેહેતા જળ જંતુઓ, તથા ઉંબરાના ફળની અંદર

तैर्यज्ञैर्नानारूपामराख्यया॥५॥एकेत्वाऽखिलकर्माणिसंन्यस्योप ामंगता:ज्ञानिनोज्ञानयज्ञेनयजंतिज्ञानविग्रहं॥६॥अन्येचसंर ात्मानोविधिनाऽभिहितेनते॥यजंतित्वन्मयास्त्वांवैबहुमूर्त्येकमूर्त्तिकम् ॥७॥ त्वामेवान्येशिवोक्तेनमार्गेणशिवरूपिणम्॥ बह्वाचार्यविभेदेनभगवन्नुसमुपासते॥८॥सर्व ववयजंतित्वांसर्वदेवमयेश्वरम् ॥ येऽप्यन्यदेवताभक्तायद्य प्यन्यधियःप्रभो ॥९॥यथाऽद्रिप्रभवानद्यःपर्जन्यापूरिताःप्रभो॥विशंतिसर्वतःसिंधुंतद्वत्त्वांगतयोंऽततः ॥१०॥सत्वंरजस्तमइतिभवतःप्रकृतेर्गुणाः॥तेषुहिप्राकृताःप्रोताआब्रह्मस्थावरादयः ॥११॥ तुभ्यंनमस्तेऽस्त्वविषक्त दृष्टयेसर्वात्मनेसर्वधियांचसाक्षिणे॥गुणप्रवाहोऽयमविद्ययाकृतःप्रवर्त्ततेदेवनृतिर्यगात्मसु॥१२॥अग्निर्मुखंतेऽवनिरंघ्रिरीक्षणंसूर्योनभोनाभिरथोदिशःश्रुतिःद्यौःकंसुरेंद्रास्तवबाहवोऽर्णवाःकुक्षिर्मरुत्प्राणबलंप्रकल्पितम् ॥१३॥ रोमाणिवृक्षौषधयःशिरोरुहामेघाःपरस्यास्थि [illegible] ॥निमेषणंरात्र्यहनीप्रजापतिर्मेढ्रस्तुवृष्टिस्तववीर्यमिष्यते॥१४॥त्वय्यव्ययात्मन् पुरुषेप्रकल्पितालोकाःसपालाबहुजीवसंकुलाः ॥ यथाजलेसंजिहतेजलौकसोऽप्युदुंबरेवामशकामनोमये॥१५॥यानियानीहरूपाणिक्रीडनार्थंबिभर्षिहि॥तैरामृष्टशुचोलोकामुदागायंतितेयशः ॥१६॥ नमःकारणमत्स्यायप्रलयाब्धिचरायच॥हयशीर्ष्णेनमस्तुभ्यंमधुकैटभमृत्यवे ॥१७॥ अकूपारायबृहते नमोमंदरधारिणे ॥ क्षित्युद्धारविहारायनमःसूकरमूर्त्तये ॥१८॥ नमस्तेऽद्भुतसिंहायसाधुलोकभयापह ॥ वामनायनमस्तुभ्यंक्रांतत्रिभुवनायच ॥१९॥ नमोभृगूणांपतयेदृप्तक्षत्रवनच्छिदे ॥ नमस्तेरघुवर्यायरावणांतकरायच ॥२०॥ नमस्तेवासुदेवायनमःसंकर्षणायच ॥ प्रद्युम्नायानिरुद्धायसात्वतांपतयेनमः ॥२१॥ नमोबुद्धायशुद्धायदैत्यदानवमोहिने॥म्लेच्छप्रायक्षत्रहंत्रेनमस्तेकल्किरूपिणे ॥२२॥भगवन्जीवलोकोयंमोहितस्तवमायया॥ अहंममेत्यसद्ग्राहोभ्राम्यतेकर्मवर्त्मसु ॥२३॥ अहंचात्मात्मजागारदारार्थस्वजनादिषु ॥ भ्रमामिस्वप्नकल्पेषुमूढःसत्यधियाविभो ॥२४॥ अनित्यानात्मदुःखेषुविपर्ययमतिर्ह्यहं॥द्वंद्वारामस्तमोविष्टोनजानेत्वात्मनःप्रियं ॥२५॥ यथाऽबुधोजलंहित्वाप्रतिच्छन्नंतदुद्भवैः॥

રહેલાં અનેક મસલાંઓની પેઠેજ; આપ અવિનાશી પુરૂષ ભગવાનના, ઘણા જીવોથી ભરેલા મનોમય સ્વરૂપમાં; લોકપાળો સહિત સર્વે લોકની કલ્પના થયેલ છે. ॥ ૧૫ ॥ અને આપ ક્રિડાકરવા માટે, જેજે રૂપોને ધારણ કરો છો; તેતે સ્વરૂપો વડે લોકના શોકને મટાડનાર આપના યશને, લોક આનંદ સહિત ગાયછે. ॥૧૬॥ કાર્ય માટે મચ્છ રૂપે થયેલા અને પ્રલયના સમુદ્રમાં ફરનારા, આપને હું નમુંછું. અને મધુ તથા કૈટભ દૈત્યોના મોત રૂપ આપ હયગ્રીવ ભગવાનને પણ હું નમું છું. ॥ ૧૭ ॥ મોટા કાચબાનું સ્વરૂપ ધરીને મંદરગિરિને ધારણ કરનારા, આપને હું નમુંછું; અને પૃથ્વીનો ઉદ્ધાર કરવાનો વિહાર કરનારા આપ વરાહ મૂર્ત્તિ ભગવાનને, પણ હું નમુંછું. ॥૧૮॥ સાધુ પુરૂષોના ભયને મટાડનાર આપના અદ્ભૂત સિંહ સ્વરૂપને, હું નમુંછું; અને ત્રણે લોકને માપીલેનાર આપના વામન સ્વરૂપને, પણ હું નમુંછું. ॥૧૯॥ ગર્વવાળા ક્ષત્રીઓના વનનો નાશ કરનારા આપ ભૃગુપતિ (પરશુરામ) ને, હું નમુંછું; અને રાવણનો અંત આણનાર રઘુકુળમાં શ્રેષ્ઠ રામચંદ્રને, પણ હું નમુંછું. ॥૨૦॥ સાત્વતોના પતિ આપ વાસુદેવ–સંકર્ષણ–પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધને મારા નમસ્કાર છે. ॥૨૧॥ દૈત્ય અને દાનવોને મોહ ઉપજા કરનારા શુદ્ધ બુદ્ધાવતાર ભગવાનને, હું નમું છું; અને મ્લેચ્છ જેવા થનારા ક્ષત્રીઓનો નાશ કરનાર આપ કલ્કી ભગવાનને, પણ હું નમું છું. ॥૨૨॥ હે ભગવાન આપની માયાથી મોહ પામીને, " હું અને મારૂં " એવા અસત આગ્રહને ગ્રહણ કરવાવડે, આ સઘળો જીવ લોક; કર્મ માર્ગમાં, ભમ્યા કરે છે. ॥૨૩॥ હે ભગવાન, હું મૂઢ પણ, એ સ્વપ્ન સમાન દેહ–પુત્ર ઘર–સ્ત્રી–ધન–અને સ્વજન–વિગેરેને વિશેજ; તેમને સાચાં માનીને, ભમ્યા કરૂંછું. ॥ ૨૪ ॥ અને એ અનિત્ય તથા મારા પોતાના દુખ રૂપ, સર્વને વિશે અવળી મતિવાળો હું; અજ્ઞાન વડે ઘેરાઇને, અને સુખ દુખાદિક જોટાના વિષયોમાં રમીને; આપ પ્રિય આત્માને જાણતો નથી. ॥૨૫॥ જેમ અજ્ઞાની પુરૂષ સેવાળ આદિકથી ઢંકાયલા પાણીને, તજીને, ઝાંઝવાના પાણીને લેવા જાયછે; તેમજ હું આપના થકી પરાંગમુખ થયોછું. ॥૨૬॥

તેથી કામનાઓ અને કર્મો થકી ક્ષુભ્ધ થયેલા તથા પ્રમાથી ઇંદ્રિયોથી અહીં તહીં ખેંચાઇ જતા મનને; હું રાંક બુદ્ધિવાળો રોકી શકતો નથી. ॥૨૭॥ એમ છતાં; સત્પુરુષોએ આપની ઉપાસના કરાવવે, જ્યારે તેઓની મતિ આપ સંસારને મટાડનારા કમળનાભ ભગવાનને વિશેષ થાય છે; ત્યારે તેમના ઉપર જે અનુગ્રહ આપ કરોછો, તેવો અનુગ્રહ આપે મારા ઉપર પણ કરેલાનું; હું માનુંછું; અને તેથી, અસત પુરુષોને મળવાને અશક્ય, એવા આપના ચરણના સમિપ પણાને, હું પામેલો છું. ॥૨૮॥ વિજ્ઞાનની માત્રા રૂપ—સર્વ હેતુઓના હેતુરૂપ—અનંત શક્તિઓવાળા પરબ્રહ્મ—અને પ્રધાનના પણ ઇશ્વર આપ પુરુષ ભગવાનને, મારા નમસ્કાર છે. ॥૨૯॥ વાસુદેવ એટલે સર્વ પ્રાણી આદિને વિષે રહેલા આપને, અને સર્વ પ્રાણી આદિનો ક્ષય કરનારા રુદ્રરૂપ આપને, હું નમુંછું; તથા આપ હૃષીકેશ ભગવાનને, પણ હું નમુંછું; માટે હે પ્રભુ, હું શરણે આવેલાનું આપ રક્ષણ કરો. ॥૩૦॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કંધનો ચાળીસમો અ૦ સં૦ ॥૪૦॥

અધ્યાય ૪૧ મો.—શ્રીશુક—પછી નાટક કરનારાએ નાટક સમેટવાની પેઠે, કૃષ્ણ ભગવાને પોતાનું એ સર્વ (અદ્ભુત ઐશ્વર્ય) સમેટીને; સ્તુતિ કરતા અક્રુરને ફરીવાર જળની અંદરજ પોતાનું મનુષ્ય શરીર દેખાડયું. ॥૧॥ એટલે એ સર્વ અંતર્ધ્યાન થયેલું દેખીને; તેમણે જળમાંથી બહાર આવી, આવશ્યક નિત્ય કર્મ આટોપી લીધું. અને પછી વિસ્મય પામતા રથ ઉપર ગયા. ॥૨॥ ત્યારે હૃષીકેશ ભગવાને, તેમને પૂછયું કે "તમે પૃથ્વી—આકાશ—અમર જળની અંદર કાંઇ અદ્ભુત દીઠેલું હોય, એવા હું તમને જોઉંછું." ॥૩॥ ત્યારે અક્રૂરે કહ્યું કે, "પૃથ્વી ઉપર, આકાશમાં, અને જળમાં; જે કાંઇ અદ્ભુત છે, તે સઘળું આપ વિશ્વાત્માને વિષેજ છે; માટે આપને જોયા પછી, મેં જોયા વિનાનું તે સર્વ કેમજ હોય. ? ॥૪॥ જેમાં પૃથ્વીનાં—આકાશનાં—અને જળનાં સર્વ અદ્ભુત રહેલાછે. એવા આપ પરબ્રહ્મને જોયા પછી; મારે બીજું અદ્ભુત જોવાનું બાકી કાંઇજ નથી." ॥૫॥ એમ કહીને એ ગાંદિની પુત્ર અક્રૂરે રથ જોતરીને ચલાવ્યો. અને દિવસ આથમતા પેહેલાજ

अभ्येतिमृगतृष्णांवैतद्धत्वाऽहंपराङ्मुखः ॥२६॥ नोत्सहेऽहंकृपणधीःकामकर्महतंमनः॥ रोद्धुंप्रमाथिभिश्चाक्षैर्ह्रियमाणमितस्ततः॥२७॥ सोऽहंतवांघ्र्युपगतोऽस्म्यसतांदुरापंतच्चाप्यहंभवदनुग्रहईशमन्ये ॥ पुंसोभवेद्यर्हिसंसरणापवर्गस्त्वय्यब्जनाभसदुपासनयामतिःस्यात् ॥ ॥२८॥ नमोविज्ञानमात्रायसर्वप्रत्ययहेतवे॥ पुरुषेशप्रधानायब्रह्मणेऽनंतशक्तये ॥२९॥ नमस्तेवासुदेवायसर्वभूतक्षयायच ॥ हृषीकेशनमस्तुभ्यंप्रपन्नंपाहिमांप्रभो ॥३०॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेपूर्वार्धेअक्रूरस्तुतिर्नामचत्वारिंशत्तमोऽध्यायः ॥४०॥

श्रीशुक०स्तुवतस्तस्यभगवान्दर्शयित्वाजलेवपुः॥भूयःसमाहरत्कृष्णोनटोनाट्यमिवात्मनः॥१॥ सोऽपिचांतर्हितंवीक्ष्यजलादुन्मज्ज्यसत्वरः॥ कृत्वाचावश्यकंसर्वंविस्मितोरथमागमत् ॥२॥ तमपृच्छद्धृषीकेशःकिंतेदृष्टमिवाद्भुतं॥भूमौवियतितोयेवातथात्वांलक्षयामहे॥३॥ अक्रूर० अद्भुतानीहयावंतिभूमौवियतिवाजले ॥ त्वयिविश्वात्मकेतानिकिंमेऽदृष्टंविपश्यतः॥४॥ यत्राद्भुतानिसर्वाणिभूमौवियतिवाजले ॥ तंत्वाऽनुपश्यतोब्रह्मन्किंमेदृष्टमिवाद्भुतं ॥५॥ इत्युक्त्वानोदयामासस्यंदनंगांदिनीसुतः॥मथुरामनयद्रामंकृष्णंचैवदिनात्यये ॥६॥मार्गेग्रामजनाराजंस्तत्रतत्रोपसंगताः ॥ वसुदेवसुतौवीक्ष्यप्रीतादृष्टिंनचाददुः ॥७॥तावद्व्रजौकसस्तत्रनंदगोपादयोऽग्रतः॥पुरोपवनमासाद्यप्रतीक्षंतोऽवतस्थिरे ॥८॥ तान्समेत्याहभगवानक्रूरंजगदीश्वरः ॥ गृहीत्वापाणिनापाणिंप्रश्रितंप्रहसन्निव ॥९॥ भवान्प्रविशतामग्रेसहयानःपुरींगृहं ॥ वयंत्विहाऽवमुच्याथततोद्रक्ष्यामहेपुरीं ॥१०॥ अक्रूर०नाहंभवद्भ्यांरहितःप्रवेक्ष्येमथुरांप्रभो ॥ त्यक्तुंनार्हसिमांनाथभक्तंतेभक्तवत्सल॥११॥ आगच्छयामगेहान्नःसनाथान्कुर्वधोक्षज ॥सहाग्रजःसगोपालैःसुहृद्भिश्चसुहृत्तमः १२ पुनीहिपादरजसागृहान्नोगृहमेधिनां ॥ यच्छौचेनानुतृप्यंतिपितरःसाग्नयःसुराः ॥१३॥ अवनिज्यांघ्रियुगलमासीच्छ्लोक्योबलिर्महान् ॥ ऐश्वर्यमतुलंलेभेगतिंचैकांतिनांतुया ॥१४॥ आपस्तेंऽघ्र्यवनेजन्यस्त्रींल्लोकान्शुचयोऽपुनन् ॥ शिरसाऽधत्तयाःशर्वःस्वर्याताःसगरात्मजाः ॥१५॥ देवदेवजगन्नाथपुण्यश्रवणकीर्तन ॥ यदूत्तमोत्तमश्लोकनारायणनमोस्तुते ॥१६॥ श्रीभगवान०आयास्येभवतोगेहमहमार्यसमन्वितः ॥ यदुचक्रद्रुहंहत्वावितरिष्येसुहृत्प्रियं ॥१७॥ एव

રામ તથા કૃષ્ણને મથુરાંમાં લેઇ આવ્યા.॥૬॥ હે રાજા, માર્ગમાં જતાં ઠેકાણે ઠેકાણે, એકઠા થયેલા ગામડિયા લોક, વસુદેવના એ બે પુત્રોને પ્રીતિવડે જોવા લાગ્યા; અને ત્યારે તેઓ પોતાની નજરને તેમનાથકી પાછી વાળી શકતા નહતા. ॥૭॥ એટલી વારમાંજ વ્રજવાસી નંદજી વિગેરે ગોપ લોકો પણ ત્યાં આવી પહોંચીને, મથુરાંની બહારની એક વાડીમાં ઉતારો કરી; તેમની વાટ જોતા સામા આવીને ઉભા રહ્યા હતા. ॥૮॥ તેથી તેમને મળ્યા પછી, અક્રુરજીનો હાથ પોતાના હાથથકી ઝાલીને; એ જગતના ઇશ્વરે, હસતાં હસતાં તેમને કહ્યું કે. ॥૯॥ "રથ સહિત આપ મથુરાંમાં પ્રથમ જાઓ; અને પોતાને ઘેર પધારો; અમે તો અહીંયાં ઉતારો કરવા કેડે, પાછળથી નગર જોવાને જઇશું." ॥૧૦॥—અક્રુર—હે નાથ, આપ ભક્ત વત્સળ ભગવાન હું ભક્તનો ત્યાગ કરવાને યોગ્ય નથી; માટે સમર્થ એવા આપ બે જણા વિના, હું મથુરાંમાં પ્રવેશ કરનાર નથી.

॥૧૧॥ હે અધોક્ષજ ભગવાન, અમારા અતિ સુહૃદ આપ; મોટા ભાઇ અને ગોવાળિઆઓ તથા સુહૃદ મંડળી સહિત એક દિવસ અમારે ઘેર રહીને, અમને ધણીઆતા કરો. ॥૧૨॥ અને જેના પગ ધોવાના જળથી અગ્નિઓ સહિત દેવતાઓ તથા પિતૃઓ તૃપ્ત થાય છે, તે આપના ચરણની રજથી અમો ગૃહસ્થીઓનાં ઘરને આપ પાવન કરો. ॥૧૩॥ વળી જે બે ચરણને ધોવાથકી બળીરાજા, મોટી કીર્તિવાળો થઇને, અતુલ્ય ઐશ્વર્ય પામ્યો હતો; તથા તે, એકાંતિક ગતિને પણ પામ્યો હતો. ॥૧૪॥ વળી એ ત્રણે લોકને પાવન કરનારા, આપના ચરણ ધોવાના અને સદાશિવે માથા ઉપર ધારણ કરેલા, જળથકીજ; સગર રાજાના પુત્રો પણ સ્વર્ગમાં ગયેલા છે. ॥૧૫॥ માટે દેવનાદેવ—જગતનાથ—પવિત્ર શ્રવણ અને કીર્તનવાળા—યાદવોમાં શ્રેષ્ઠ અને ઉત્તમ શ્લોક આપ નારાયણ ભગવાનને મારા નમસ્કારછે.—॥૧૬॥ શ્રીભગવાન—હું સુહૃદોનું પ્રિય કરવા

માર્ગે, મામાના મંડળને દ્રોહ કરનારાને મારીને, તેમનું તારણ કરવા પછી; મોટા ભાઈ સહિત આપને ઘેર આવીશ, ॥૧૭॥ [illegible]—ઓત્સુક—એ પ્રમાણે ભગવાને કહેવાથી, કમળવાળા સરખા થયેલા, અક્રૂરજીએ મથુરાંમાં પ્રવેશ કર્યો; અને પોતે કરેલું કામ કંસને જણાવીને; તે પોતાને ઘેર ગયા. ॥૧૮॥ પછી પાછલોપહોર થતાં, ગોપબાળકોથી વિંટાયલા સંકર્ષણ સહિત કૃષ્ણ ભગવાન; જોવાની ઇચ્છાથી મથુરામાં પેઠા. ॥૧૯॥ ત્યારે સ્ફટિકનાં ઉંચા દરવાજાઓનાં, મોટાં સોનેરી કમાડોને, તોરણો બાંધી દીપેલી—ખાઇઓવડે શત્રુઓને પેસવા. ને અશક્ય—બગીચા અને ઘર પાસેના રમણ્ય બાગથકી શોભતી—અને તાંબાના બનાવેલા કોઠારોવાળી—તે નગરી તેમણે જોઈ. ॥૨૦॥ તેનાં ચૌટાં—હવેલીઓ—જ્ઞાતિઓને મળવાનાં સભાસ્થાન—તથા ઘરો, વિગેરે ઉપર સોનાના કળશો રાખીને, તથા તેમના આગળ બાગમાં, નાનાં બાગ બનાવીને, તેને શણગારેલી હતી. અને વૈદૂર્યમણિ—હીરા—સ્ફટિક—નીલમણિ—પરવાળાં—મોતી—તથા લીલા મણિથી જડેલ, ગોખ—છજાં—વેદીઓ—તથા જમીન ઉપર બનાવેલી બેઠકો,—વિગેરે ઉપર બેસીને પારેવાં અને મોર બોલ્યા કરતા હતા; તથા [illegible]—સાળ—અને ગોખા, સર્વ તરફ વેરેલા રાજ માર્ગો—ગલીઓ—અને ચકલાના મારગો ઉપર, તેમજ આંગણાઓમાં પણ, પાણી છાંટેલું હતું. ॥૨૧—૨૨॥ તથા દહીં—ચંદન—અને અક્ષત સહિત પાણીથી ભરેલા ઘડાઓને ફુલની માળાઓ વિંટીને, અને પાંદડાં ખોશીને, ઉપર દીવા મૂકેલા હતા. તથા તેમાં ધજાઓ ખોશીને, અને ઘરોનાં બારણાંઓને લુગડાં વિંટાળીને, તથા આંગણાંમાં સોપારીનાં ઝાડ અને કુમભાંવાળી કેળો લગાવીને, શોભા કરેલી હતી. ॥ ૨૩ ॥ હે રાજા, રાજા સરખી ચાલચાલતા—અને પોતાના [illegible] સાથ લોકોથી વિંટાયલા, એ બંને વસુદેવના પુત્રો મથુરાં નગરીમાં પેસતાં; તેમને જોવા માટે ઉતાવળથી શેહરની સ્ત્રીઓ એકઠી થઈઓ; અને ઉત્સાહને લીધે કેટલીક તો અગાસીઓ ઉપર ચઢી—કેટલીએકે લુગડાં ઘરેણાં અવળાં પહેરી લીધાં—અને કેટલી એક પોતાને એક કાને પાંદડી પહેરીને—તથા બીજીઓ પોતાની એક

मुक्तोभगवतासो[illegible]नाइव ॥ पुरींप्रविष्टःकंसायकर्मावेद्यगृहंययौ ॥१८॥ अथापराण्हेभगवान्कृष्णःसंकर्षणाऽन्वितः॥मथुरांप्राविशद्गोपैर्दिदृक्षुःपरिवारितः ॥१९॥ ददर्शतांस्फाटिकतुंगगोपुरद्वारांबृहद्धेमकपाटतोरणां॥ [illegible]कोष्ठांपरिखादुरासदामुद्यानरम्योपवनोपशोभितां ॥२०॥ सौवर्णशृंगाटकहर्म्यनिष्कुटैःश्रेणिसभाभिर्भवनैरुपस्कृतां॥ वैदूर्यवज्राम[illegible]रिद्धवल्लभीषुवेदिषु ॥२१॥ जुष्टेषुजालामुखरं[illegible]कुट्टिमेष्वाविष्टपारावतबर्हिनादितां ॥ संसिक्तरथ्यापणमार्गचत्वरांप्रकीर्णमाल्यांकुरलाजतंडुलां ॥२२॥ आपूर्णकुंभैर्दधिचंदनोक्षितैःप्रसूनदीपावलिभिःसपल्लवैः॥ सवृंतरंभाक्रमुकैःसकेतुभिःस्वलंकृतद्वारगृहांसपट्टिकैः ॥२३ तांसंप्रविष्टौ[illegible]तौवयस्यैर्नरदेववर्त्मना ॥ द्रष्टुंसमीयुस्त्वरिताःपुरस्त्रियोहर्म्याणिचैवारुरुहुर्नृप[illegible]काः ॥२४॥काश्चिद्विपर्यग्धृतवस्त्रभूषणाविस्मृत्य[illegible]न्यथापराः ॥ कृतैकपत्रश्रवणैकनूपुरा[illegible]द्वितीयंत्वपराश्चलोचनं ॥२५॥ अश्नंत्यएकास्तदपास्यभोजनम[illegible]भ्यज्यमानाअकृतोपमज्जनाः ॥ स्वपंत्यउत्थायनिशम्यनिःस्वनंप्रपाययंत्योऽर्भमपोह्यमातरः ॥२६॥ मनांसितासामरविंदलोचनःप्रगल्भलीलाहसितावलोकैः ॥ जहारमत्तद्विरदेंद्रविक्रमोदृशांददच्छ्रीरमणात्मनोत्सवं ॥२७॥ दृष्ट्वामुहुःश्रुतमनुद्रुतचेतसस्तंतत्प्रेक्षणोत्स्मितसुधोक्षणलब्धमानाः॥आनंदमूर्तिमुपगुह्यदृ[illegible]त्मलब्धंहृष्यत्त्वचोजहुरनंतमरिंदमा[illegible]धिं ॥२८॥ प्रासादशिखरारूढाःप्रीत्युत्फुल्लमुखांबुजाः ॥ अभ्यवर्षन्सौमनस्यैःप्रमदाबलकेशवौ ॥२९॥ दध्यक्षतैःसोदपात्रैःस्रग्गंधैरभ्युपायनैः ॥ तावानर्चुःप्रमुदितास्तत्रतत्रद्विजातयः ॥३०॥ ऊचुःपौराअहोगोप्यस्तपःकिमचरन्महत् ॥ याह्येतावनुपश्यंतिनरलोकमहोत्सवौ ॥३१॥ रजकंकंचिदायांतंरंगकारंगदाग्रजः॥दृष्ट्वाऽयाचतवासांसिधौतान्यत्युत्तमानिच ॥३२॥ देह्यावयोःसमुचितान्यंगवासांसिचार्हतोः ॥ भविष्यतिपरंश्रेयोदातुस्तेनात्रसंशयः ॥३३॥ सयाचितोभगवतापरिपूर्णेनसर्वतः ॥ साक्षेपंरुषितःप्राहभृत्योराज्ञःसुदुर्मदः ३४॥ ईदृशान्येववासांसिनित्यंगिरिवनेचराः॥ परिधत्तकिमुद्वृत्ताराजद्रव्याण्यभीप्सथ ॥३५॥ याताशुबालिशामैवंप्रा

એક આંખ આંજીનેજ—એમ એવોવાંના કરવાનાંમાંથી એકજ વાનું કરીને; તેઓ ચાલી આવી. ॥૨૪-૨૫॥ ખાવાને બેઠેલી કેટલીક ખાવાનું પડતું મૂકીને—શરીરે તેલ લગાવતી હતી, તે નહાવા વિનાજ—સૂતેલી હતી, તે શબ્દ સાંભળતાંજ ઉઠીને—અને બાળકને ધવરાવતી માઓ, છોકરાંને પડતાં નાંખીને—એ એ લક્ષ્મીના રમણ કરવાના સ્થાનક, અને જોનારાઓની આંખોને આનંદ આપનારા, તથા મદોન્મત્ત હાથી જેવી ચાલ ચાલનારા અને કમળ સરખી આંખો વાળાઓએ; પોતાની પ્રૌઢ લીલાથી, હસતે મોઢે જોઈને, તેઓનાં મન હરણ કરી લેવાથી; એકદમ ઉતાવળીજ ચાલી આવીઓ. ॥૨૬—૨૭॥ હે અરિંદમ, તે વારંવાર સાંભળવાથી ચિત્ત ખેંચાયલીઓએ, તેમને દેખીને; અને હસતા મુખથી અમૃત જેવી નજરથી; તેમના જોવાવડે માન પામીને; પોતાને આંખોના દ્વારથી પ્રાપ્ત થયેલ, એ આનંદની મૂર્તિઓને પોતાના અંતરમાં રાખી લઈને; પછી રોમાંચિત થઈ તેમણે મન વડી ઘના દુખને તજી દીધાં. ॥ ૨૮ ॥ તથા મોટા મહેલોના ઉપરના ભાગો ઉપર ચડેલી, અને પ્રીતિથી પ્રફુલિત થયેલ મુખ કમળ વાળી, એ સ્ત્રીઓ; બળરામ અને કેશવ ભગવાન ઉપર ફુલ વરસાવવા લાગી. ॥૨૯॥ અને દહીં—અક્ષત—માળાઓ—પાણી ભરેલાં વાસણ—ચંદન તથા ભેટ આદિક વડે; આનંદ પામેલા બ્રાહ્મણો વિગેરે તેમનું ઠેકાણે ઠેકાણે, પૂજન કરવા લાગ્યા. ॥૩૦॥ વળી તે વેળાએ મથુરાંના લોક બોલવા લાગ્યા કે: ' અરે ગોપીઓએ શું મોટું તપ કરયું હશે, કે જેથી નરલોકના મોટા ઉત્સવરૂપ, આ બે ભાઈઓને તેઓ વારંવાર જુએ છે. " ॥૩૧॥ પછી કોઈ એક રંગ કરનારા ધોબીને આવતો દેખીને; એ ગદાગ્રજ ભગવાને, તેની પાસેથી ધોએલાં અને અતિ ઉત્તમ વસ્ત્રો માગ્યાં. ॥૩૨॥ અને તેને કહ્યું કે; " અમો બંનેનાં શરીરોને યોગ્ય, અને જોઈએ તેટલાં, વસ્ત્રો તું આપ; એટલે તે આપવાથી તારૂં પરમ કલ્યાણ થશે. એમાં સંશય નહીં. " ॥૩૩॥ એ રીતની એ સર્વ પ્રકારે પરિપૂર્ણ ભગવાને માગણી કરતાં, ઘણા મદવાળો તે રાજાના ચાકરે, ક્રોધે ભરાઈને તેમને તરછોડી નાંખ્યા; અને તે બોલ્યો કે, " તમે પર્વત અને વનમાં

કરનારા, નિત્ય આવાં લુગડાં પહેરતા હશો તો; કે જેથી ઉધ્ધત બનીને, રાજાના માલની ઇચ્છા કરો છો. ॥૩૪-૩૫॥ હે બુદ્ધિ વિનાનાઓ, જો તમે જીવવાને ઇચ્છતા હો તો; આ રીતની માગણી નહી કરતાં, ઉતાવળાજ નાસી જાઓ; કારણ રાજાના માણસો, સર્વ વાળાઓને બાંધી મૂકે છે—લુંટીલે છે—અને કદાચ મારી પણ નાંખે છે." ॥૩૬॥ એ રીતે બહુ બહુ બોલતા તે ધોબીનું માથું, કોપેલા દેવકી પુત્ર ભગવાને પોતાના હાથના આગલા ભાગ વડે, તેના શરીર ઉપરથી પાડી નાંખ્યું. ॥૩૭॥ ત્યારે તેના સર્વ નોકર ચાકરો, લુગડાંના ગાંઠડા માર્ગમાંજ પડતા નાખીને, ચારે તરફ નાસી ગયા; એટલે તે લુગડાં એ અચ્યુત ભગવાને લીધાં. ॥૩૮॥ પછી રામ અને કૃષ્ણે તેમાથી જે પોતાને પ્રિય લાગ્યાં તે કપડાં પહેરી લીધાં; અને કેટલાંક જમીન ઉપર પડ્યાં મૂકી, બાકીનાં ગોવાળિઆઓને આપ્યાં ॥૩૯॥ તે પછી વિચિત્ર રંગનાં તે લુગડાંઓમાંથી કોઇ એક પ્રીતિવાળા દરજીએ, તેમનાં રૂપને શોભતા લાગે એવા; તેમના પહેરવેશ (ડ્રેસ) બનાવી આપ્યા. ॥૪૦॥ ત્યારે અનેક લક્ષણોવાળા તે પહેરવેશથી, શણગારાયેલ તે બે જણા, પર્વણીના દિવસના ધોળા અને કાળા બે હાથીનાં બચ્ચાં સરખા શોભવા લાગ્યા. ॥ ૪૧ ॥ પછી પ્રસન્ન થયેલા ભગવાને તે દરજીને, આ લોકમાં પોતાના સરખું રૂપ, મોટી લક્ષ્મી અને બળ, ઐશ્વર્ય, સ્મૃતિ, તથા ઇંદ્રિયો આદિની શક્તિ; એ સર્વ આપ્યું. ॥ ૪૨ ॥ ત્યાર પછી તેઓ સુદામા નામના માળીને ઘેર ગયા; એટલે એ બે ભાઇને આવતા દેખીને, તે ઉભો થયો; અને પૃથ્વી ઉપર પડીને, તેણે માથા વડે નમસ્કાર કર્યા. ॥૪૩॥ તથા તેમને આસનો લાવી આપીને, પાદ્ય—અર્ઘ્ય—તાંબુળ—અને લેપન વિગેરે પુજનના પદાર્થો વડે; તેમનું ગોવાળિઆઓ સહિત તેણે પુજન કર્યું. ॥૪૪॥ અને બોલ્યો કે. હે પ્રભુ, આપના પધારવાથી, મારા પિતૃ—દેવતા—અને ઋષિઓ પ્રસન્ન થયા છે; અને મારું કુળ પાવન થઇને, મારો જન્મ પણ સફળ થયો છે. ॥૪૫॥ જગતના પરમ કારણ રૂપ આપ બંને જણા, વિશ્વનું કલ્યાણ કરવાને માટેજ, અને તેમનું પાલન કરવા માટેજ, અહીંયા અંશ વડે અવતરેલા છો. ॥૪૬॥ સર્વ પ્રાણી

ध्यैयदिजिजीविषा ॥ बध्नंतिघ्नंतिलुंपंतिदृप्तंराजकुलानिवै ॥३६॥ एवंविकत्थमानस्यकुपितोदेवकीसुतः ॥ रजकस्यकराग्रेणशिरःकायादपा
तयत् ॥३७॥ तस्यानुजीविनःसर्वेवासःकोशान्विसृज्यवै ॥ दुद्रुवुःसर्वतोमार्गंवासांसिजगृहेऽच्युतः ॥३८॥ वसित्वात्मप्रियेवस्त्रेकृष्णःसंक
र्षणस्तथा ॥ शेषाण्यादत्तगोपेभ्योविसृज्यभुविकानिचित् ॥३९॥ततस्तुवायकःप्रीतस्तयोर्वेषमकल्पयत् ॥ विचित्रवर्णैश्चैलेयैराकल्पैरनुरूप
तः ॥४०॥ नानालक्षणवेषाभ्यांकृष्णरामौविरेजतुः ॥ स्वलंकृतौबालगजौपर्वणीवसितेतरौ ॥४१॥ तस्यप्रसन्नोभगवान्प्रादात्सारूप्यमात्म
नः ॥ श्रियंचपरमांलोकेबलैश्वर्यस्मृतींद्रियं ॥४२॥ ततःसुदाम्नोभवनंमालाकारस्यजग्मतुः ॥तौदृष्ट्वासमुत्थायननामशिरसाभुवि ॥४३॥
तयोरासनमानीयपाद्यंचाथार्हणादिभिः ॥ पूजांसानुगयोश्चक्रेस्रक्तांबूलानुलेपनैः ॥४४॥ प्राहनःसार्थकंजन्मपावितंचकुलंप्रभो ॥ पितृदेवर्ष
योमह्यंतुष्टाह्यागमनेनवां ॥४५॥ भवंतौकिलविश्वस्यजगतःकारणंपरं ॥ अवतीर्णाविहांशेनक्षेमाय भवायच ॥४६॥ नहिवांविषमादृष्टिः
सुहृदोर्जगदात्मनोः ॥ समयोःसर्वभूतेषुभजंतंभजतोरपि ॥४७॥ तावाज्ञापयतंभृत्यंकिमहंकरवाणिवां ॥ पुंसोऽत्यनुग्रहोह्येषभवद्भिर्यन्नियु
ज्यते ॥४८॥ इत्यभिप्रेत्यराजेंद्रसुदामाप्रीतमानसः ॥ शस्तैःसुगंधैःकुसुमैर्मालांविरचितांददौ ॥४९॥ ताभिःस्वलंकृतौप्रीतौकृष्णरामौस
हानुगौ ॥ प्रणतायप्रपन्नायददतुर्वरदौवरान् ॥५० सोऽपिवव्रेऽचलांभक्तिंतस्मिन्नेवाखिलात्मनि ॥तद्भक्तेषुचसौहार्दंभूतेषुचदयांपरां॥५१॥
इतितस्मैवरंदत्वाश्रियंचान्वयवर्धिनीं ॥ बलमायुर्यशःकांतिंनिर्जगामसहाग्रजः ॥५२॥ इ०भा०म०द०पू०एकचत्वारिंशोऽध्यायः ॥४१॥
श्रीशुक० अथव्रजन्राजपथेनमाधवःस्त्रियंगृहीतांगविलेपभाजनां ॥ विलोक्यकुब्जांयुवतींवराननांपप्रच्छयांतींप्रहसन्रसप्रदः ॥१॥ कात्वंव
रोर्वेतदुहानुलेपनंकस्यांगनेवाकथयस्वसाधुनः ॥ देह्यावयोरंगविलेपमुत्तमंश्रेयस्ततस्तेनचिराद्भविष्यति ॥२॥ सैरंध्री० दास्यस्म्यहंसुंदर
कंससंमतात्रिवक्रनामाह्यनुलेपकर्मणि ॥ मद्भावितंभोजपतेरतिप्रियंविनायुवांकोऽन्यतमस्तदर्हति ॥३॥ रूपपेशलमाधुर्यहसितालापवीक्षि

આદિને વિષે સમાનપણે વર્તનારા હોવા છતાં, ભજનારાઓને ભજનારા આપ બંને; જગતના આત્મા અને સુહૃદને વિષે, વિષમ દૃષ્ટિ તો મુદ્દલે છેજ નહીં. ॥૪૭॥ તોપણ ચાકર હુંએ આપનું શું કામ કરવું, તે આપ બંને જણા આજ્ઞા કરો; તમે લોકને કામ બતાવો; એજ પુરુષોના ઉપર મોટો અનુગ્રહ જાણવો." ॥૪૮॥ હે રાજા, એ રીતે બોલેલા તે સુદામા નામના માળીએ, તેમનો અભિપ્રાય જાણી પ્રીતિવાળા મનથી; સારાં અને સુગંધીવાળાં ફુલો વડે બનાવેલી માળાઓ; તેમને આપી. ॥ ૪૯ ॥ તે વડે ગોવાળિઆઓ સહિત શણગારાયલા અને પ્રસન્ન થયેલા, તથા વરદાન દેનારા; એ રામ અને કૃષ્ણે, તે નમેલા અને શરણે આવેલા માળીને; વરદાનો માગવાને કહ્યું. ॥૫૦॥ ત્યારે તે માળીએ, અખિલ બ્રહ્માંડના આત્મા ભગવાનમાં, અચળ ભક્તિ—તેમના ભક્તો સાથે મૈત્રી—અને પ્રાણી આદિ સર્વ ઉપર પરમ દયા—એટલાંજ વરદાનો માગ્યાં. ॥૫૧॥ તેથી તેને એ પ્રમાણેનાંજ વરદાનો આપીને; તથા વધારામાં, તેને; રોજ રોજ વધતીજતી લક્ષ્મી—બળ—આયુષ્ય—યશ—અને રૂપ પણ આપીને; મોટાભાઇ સહિત ભગવાન ત્યાંથી ચાલ્યા ગયા. ॥૫૨॥ ઇતિશ્રી૦ ભાગવતે દશમા સ્કંધનો પુર પ્રવેશે રજક વધો નામે એકતાળિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૪૧॥

અધ્યાય ૪૨—મો **શ્રીશુક**—પછી રાજ માર્ગે ચાલતાં માધવ ભગવાનને, શરીર ઉપર ચોપડવાના ચંદનનું વાસણ હાથમાં લીધેલી; જુવાન અને સારા મુખવાળી કુબજા સ્ત્રી, સામી મળી; રસને આપનારા ભગવાને, હસીને તેને પૂછ્યું કે. ॥૧॥ "હે ઉત્તમ સાથળ વાળી, તું કોણ છે. ? અને આ લેપન કોનું છે? તે તું અમને સારી રીતે જણાવ. અને એ શરીરે લગાડવાનું ઉત્તમ લેપન અમો બે જણાને આપવાથી, તારૂં થોડી વારમાંજ ભલું થશે." ॥૨॥—કુબ્જા—હે સુંદર; લેપન તૈયાર કરવાનું કામ કરનારી, હું કંસ રાજાની માનિતી "ત્રિવક્રા" નામની દાસી છું; મારૂં તૈયાર કરેલું ચંદન કંસરાજાને અતિ પ્રિય છે; તો તે ચંદનને માટે તમો વિના બીજું કોણ યોગ્ય હોય. ?॥૩॥—**શ્રીશુક**—રૂપ—સુકુમાર પણું—મધુરતા—હસવું—બોલવું—અને જોવું. એ સધળાથી

મનગમતાપણાથી, તેણીએ એઓને બન્નેઓને; એ ઘાટું ચંદન આપ્યું. ॥ ૪ ॥ પછી શરીરના ઉપરના ભાગમાં લગાડેલા, પોતાના રંગથી જૂદા રંગના એ લેપન વડે; તે બંને ભાઈ ઘણા શોભવા લાગ્યા.॥૫॥ અને પોતાના દર્શનનું ફળ દેખાડવા માટે; એ સારૂં મોઢું હોવા છતાં, ત્રણ વાંક વાળી, કુબ્જાને; સીધી કરવાનું મન, એ પ્રસન્ન થયેલા ભગવાને કર્યું. ॥૬॥ પછી અચ્યુત ભગવાને પોતાના બે પગથી તેના બે પગને દબાવીને, બે આંગળાં ઉંચાં રાખેલા પોતાના હાથથી, તેની હડપચી પકડીને; એ કુબ્જાના શરીરને ઉંચું કર્યું. ॥૭॥ તેથી મુકુંદ ભગવાનનો સ્પર્શ થતાંજ, એ કુબ્જા, સીધા અને સમાન અંગોવાળી-મોટા નિતંબ અને મોટા સ્તનોવાળી-તથા સર્વોત્તમ સ્ત્રી થઇ રહી. ॥૮॥ પછી એ રૂપ-ગુણ-અને ઉદારતાથી સંપન્ન થએલી તેણે, કામ વ્યાપવાથી હસતાં હસતાં, કેશવ ભગવાનના ઉતરિય વસ્ત્રનો છેડો ખેંચીને કહ્યું કે. ॥૯॥ "હે વિરપુરૂષ, હું તમને તજવાનો ઉત્સાહ રાખી શકતી નથી; માટે મારે ઘેર ચાલો. હે ઉત્તમ પુરૂષ, તમે પરવશ કરેલા મન-વાળી, હું ઉપર પ્રસન્ન થાઓ. ॥૧૦॥ એ પ્રમાણે તે સ્ત્રીએ રામના દેખતાં માગણી કરવાથી; કૃષ્ણે પોતાના ગોવાળિઆઓના મોઢા સામું જોઇ હસીને તેને કહ્યું કે. ॥૧૧॥ "હે સુંદરી, અમ સરખા વટેમારગુઓને પરમ આશ્રય રૂપ-તથા પુરૂષોના મનના આધિને મટાડનાર; તારા ઘરને વિષે, અમે અમારૂં કામ આટોપી રહ્યા પછી આવીશું." ॥૧૨॥ એ પ્રમાણે મધુર વાણી બોલીને, તેને તજી; ભગવાન રસ્તે ચાલતાં, વેપારીઓએ અનેક પ્રકારની ભેટો, પાનબીડાં, ફુલની માળાઓ અને સુગંધી પદાર્થો વિગેરેથી મોટા ભાઇ સહિત તેમનું પૂજન કર્યું. ॥૧૩॥ અને તેમના દર્શનથી કામ જાગ્રત થયેલી મથુરાંની સ્ત્રીઓનાં લુગડાં-કંકણ-અને માથાનાવાળ ઢીલા પડી જઇને, તેઓ કાગળ વિગેરે ઉપર ચિત્રેલી છબીઓ જેવી બની ગઇ. અને તેમને પોતાના શરીરનું ભાન રહ્યું નહીં. ॥૧૪॥ પછી એ અચ્યુત ભગવાન ધનુષ્યનું સ્થાન શહેરના લોકોને પૂછતા, પૂછતા ત્યાં ગયા. ત્યારે એ ઠેકાણે મોટા મેઘ ધનુષ્ય સરખું, એક અદ્ભુત ધનુષ્ય તેમણે જોયું. ॥૧૫॥ એ

तैः ॥ धर्षितात्माददौसांद्रमुभयोरनुलेपनं ॥४॥ ततस्तावंगरागेणस्ववर्णेतरशोभिना ॥ संप्राप्तपरभागेनशुशुभातेऽनुरंजितौ ॥५॥ प्रसन्नोभगवान्कुब्जांत्रिवक्रांरुचिराननां ॥ ऋज्वींकर्तुंमनश्चक्रेदर्शयन्दर्शनेफलं ॥६॥ पद्भ्यामाक्रम्यप्रपदेद्व्यंगुल्युत्तानपाणिना ॥ प्रगृह्यचुबुकेऽध्यात्ममुदनीनमदच्युतः ॥७॥ सातदर्जुसमानांगीबृहच्छ्रोणिपयोधरा ॥ मुकुंदस्पर्शनात्सद्योबभूवप्रमदोत्तमा ॥८॥ ततोरूपगुणौदार्यसंपन्नाप्राहकेशवं ॥ उत्तरीयांतमाकृष्यस्मयंतीजाततृच्छया ॥९॥ एहिवीरगृहंयामोनत्वांत्यक्तुमिहोत्सहे ॥ त्वयोन्मथितचित्तायाःप्रसीदपुरुषर्षभ ॥१०॥ एवंस्त्रियायाच्यमानःकृष्णोरामस्यपश्यतः ॥ मुखंवीक्ष्यानुगोपानांप्रहसंस्तामुवाच ॥११॥ एष्यामितेगृहंसुभ्रूःपुंसामाधिविकर्शनं ॥ साधितार्थोऽगृहाणांनःपांथानांत्वंपरायणं ॥१२॥ विसृज्यमाध्व्या वाण्यातांव्रजन्मार्गेवणिक्पथैः ॥ नानोपायनतांबूलस्रग्गंधैःसाग्रजोऽर्चितः ॥१३॥ तद्दर्शनस्मरक्षोभादात्मानंनाविदन्स्त्रियः ॥ विस्रस्तवासःकबरवलयालेख्यमूर्तयः ॥१४॥ ततःपौरान्पृच्छमानोधनुषःस्थानमच्युतः ॥ तस्मिन्प्रविष्टोददृशेधनुरैंद्रमिवाद्भुतं ॥१५॥ पुरुषैर्बहुभिर्गुप्तमर्चितंपरमर्द्धिमत् ॥ वार्यमाणोनृभिःकृष्णःप्रसह्यधनुराददे ॥१६॥ करेणवामेनसलीलमुद्धृतंसज्यंचकृत्वानिमिषेणपश्यतां ॥ नृणांविकृष्यप्रबभंजमध्यतोयथेक्षुदंडंमदकर्युरुक्रमः ॥१७॥ धनुषोभज्यमानस्यशब्दःखंरोदसीदिशः ॥ पूरयामासयंश्रुत्वाकंसस्त्रासमुपागमत् ॥१८॥ तद्रक्षिणःसानुचराःकुपिताआततायिनः ॥ ग्रहीतुकामाआवव्रुर्गृह्यतांबध्यतामिति ॥१९॥ अथतान्दुरभिप्रायान्विलोक्यबलकेशवौ ॥ क्रुद्धौधन्वनआदायशकलेतांश्चजघ्नतुः ॥२०॥ बलंचकंसप्रहितंहत्वाशालामुखात्ततः ॥ निष्क्रम्यचेरतुर्हृष्टौनिरीक्ष्यपुरसंपदः ॥२१॥ तयोस्तदद्भुतंवीर्यंनिशम्यपुरवासिनः ॥ तेजःप्रागल्भ्यरूपंचमेनिरेविबुधोत्तमौ ॥२२॥ तयोर्विचरतोःस्वैरमादित्योऽस्तमुपेयिवान् ॥ कृष्णरामौवृतौगोपैःपुराच्छकटमीयतुः ॥२३॥ गोप्योमुकुंदविगमेविरहातुरायाआशासताशिषऋतामधुपुर्यभूवन् ॥ संपश्यतांपुरुषभूषणगात्रलक्ष्मींहित्वेतरान्नुभजतश्चकमेऽयनंश्रीः ॥२४॥ अवनिक्तांघ्रियुगलौभुक्त्वाक्षीरोपसेचनं ॥ ऊषतु

ઘણી સમૃદ્ધિવડે પૂજેલા, અને ઘણા માણસોએ રક્ષણ કરેલા; તથા સહન ન થઇ શકે એવા, ધનુષ્યને; લોકોએ વારયા છતાં પણ કૃષ્ણે હાથમાં લીધું. ॥૧૬॥ અને રમતની પેઠે ડાબા હાથમાં લઇ, પલક વારમાં સજ્જ કરીને; લોકોના દેખતાં એ ઉરૂક્રમ ભગવાને ખેંચ્યું; તથા માતેલો હાથી શેરડીના સાંઠાને ભાગે તેમ, વચમાંથી તેને ભાંગી નાંખ્યું. ॥૧૭॥ એ ધનુષ્ય ભાગ્યાથી થયેલો-આકાશ, પૃથ્વી, અને દિશાઓને ભરી દેનારો શબ્દ સાંભળ્યો; ત્યારે કંસને ઘણો ત્રાસ ઉત્પન્ન થયો. ॥૧૮॥ અને ક્રોપેલા, ધનુષ્યના રક્ષક સરદારો; પોતાના અનુચરો સહિત હથિઆરો ઉપાડીને, તેમને પકડી લેવાની ઇચ્છાથી;" એમને બાંધો અને પકડો " એમ બોલતા; ચારે તરફ ફરી વળ્યા. ॥૧૯॥ ત્યારે તેમનો ખરાબ અભિપ્રાય જાણેલા બળરામ અને કેશવ ભગવાને પણ કોપ કરીને, એ ધનુષ્યના કટકાઓ વડેજ; તેઓને માર્યા. ॥૨૦॥ અને કંસે મોકલેલી બીજી સેનાને પણ મારી; પછી રાજી થતા તેમણે તે સ્થાનમાંથી નીકળીને; નગરની શોભા જોતાં જોતાં, ચાલવા માંડયું. ॥૨૧॥ તેઓનું આવું અદ્ભુત પરાક્રમ-બળ-તેજ-દૃઢતા-અને રૂપ જોઇ, તેમને કોઇ ઉત્તમ દેવ હોવાનું; શેહેરના લોકોએ માન્યું. ॥૨૨॥ એ રીતે મરજી પ્રમાણે ફરીને અંધારૂ થતાં, ગોવાળિઆઓથી વિંટાયલા રામ અને કૃષ્ણ, શેહેરમાંથી નીકળીને ગાડાં છોડેલી જગોએ ગયા ॥ ૨૩ ॥ અને વિરહથી આતુર થયેલી ગોપીઓએ, મુકુંદ ભગવાન વ્રજમાંથી નીકળતી વખતે; મથુરાંને વિષે જે જે થવાની કલ્પના કરી હતી, તે તે સઘળી; પોતાને ભજનારા બીજાઓને તજનારાં લક્ષ્મીજીએ વાસ કરેલા, ભગવાનના શરીરની શોભાને નીરખનારા; મથુરાંના લોકોને સાચી થઇઓ. ॥ ૨૪ ॥ પછી કંસે કરવા ધારેલાને જાણી ચૂકેલા; એ બે ભાઇઓ ઉતારા ઉપર પાછા જઇ, હાથ પગ ધોઇને જમી લીધા પછી; પાછળથી દૂધ પીઇને. રાત્રિ, તેજ સ્થળે સુખથી વસ્યા. ॥૨૫॥ એ રામ સહિત ગોવિંદ ભગવાને રમતમાંજ મોટા ધનુષ્યને ભાગેલાનું-અને ધનુષ્યનું રક્ષણ કરનારાઓનો તથા પોતે મોકલેલા સૈન્યનો નાશ કરે-

ધાનું સાંભળીને; દુષ્ટ બુદ્ધિ વાળો કંસ ઘણોજ બીહીનો; અને લાંબી રાત સુધી, તેને ઉંઘ ન આવી. તથા મોતને સુચવનાર બંને પ્રકારના ઘણા ઘણા અપશુકનોને, તે દેખવા લાગ્યો. ॥૨૬–૨૭॥ તેને દર્પણ વિગેરેમાં પોતાનું પ્રતિબિંબ માથા વગરનુંજ દેખાવા લાગ્યું. અને આંગળી અગર બીજો દ્રષ્ટિમાં ફેરફાર કરનાર પદાર્થ આંખોની આડે નહીં છતાં, તેને ચંદ્ર અને તારા આદિક બબે દેખાવા લાગ્યા. ॥૨૮॥ પોતાના પડછાયામાં કાંણા જણાવા લાગ્યાં; કાન બંધ કરવાથી સર્વને સંભળાતો પ્રાણવાયુનો નાદ, તેને સંભળાવા ન લાગ્યો; ઝાડોને તે સોનાનાં દેખવા લાગ્યો; અને પોતાનાં પગલાંને તે દેખવા ન લાગ્યો. ॥૨૯॥ તેમજ સ્વપ્નાને વિષે તે મુડદાંને ભેટવા લાગ્યો; અને પોતે ગધેડા ઉપર બેસવાનું, ઝેરખાવાનું, અને કરેણના ફુલની માળા પેહેરીને એકલો તથા તેલથી ખરડાયલો નાગો નાગો ફરવાનું; દેખવા લાગ્યો. ॥૩૦॥ એ પ્રકારનાંજ બીજા પણ સ્વપ્ન અને જાગૃતનાં મરણને સુચવનારાં ચિન્હો દેખીને; ત્રાસ થવાથી ચિંતામાં પડવાને લીધે, તેને ઉંઘ આ-

વીજ નહીં. ॥૩૧॥ તેથી હે રાજા, રાત્રિ પુરી થઇને. સૂર્ય જળમાંથી ઉપર આવતાંજ, (એટલે પ્રભાત થતાંજ) કંસે, કુસ્તીનો ખેલ ચાલતો કરાવ્યો. ॥૩૨॥ તેથી મલ્લોએ અખાડાની પુજા કરી. અને તુરી તથા ભેર વાગવા લાગ્યાં; તથા બેઠકના કોઠાને, માળાઓ–પતાકાઓ–લુગડાં–અને તોરણો વડી શણગાર્યા. ॥૩૩॥ પછી તે બેઠકોની ઉપર બ્રાહ્મણો તથા ક્ષત્રિઓને પ્રથમ બેસારીને, નગરના શેહેરીઓ તથા ગામડાના લોકો પણ, રાજા બેઠા પછી; જેણે જ્યાં જગા દીઠી ત્યાં જઇને, યોગ્ય સ્થળે બેસી ગયા. ॥૩૪॥ તથા કારભારીઓથી વિંટાયલો–અને મનને વિષે કચવાયલો કંસ પણ; મંડળેશ્વરોની વચમાંના રાજમંચ ઉપર બેઠો. ॥૩૫॥ ત્યારે મલ્લતાળ અને તુરીઓ વગાડતા ગર્વિષ્ટ મલ્લો ઘરેણાં પેહેરીને; પોતપોતાના ઉસ્તાદો સહિત, ત્યાં આવવા લાગ્યા. ॥૩૬॥ પછી સુંદર વાજાં વાગવાથી રાજી થયેલા ચાણુર–મુષ્ટિક–શળ–અને તોશળ વિગેરે મલ્લો આવીને, પોતપોતાની જગો ઉપર બેઠા. ॥૩૭॥ અને કંસે બોલાવેલા નંદ આદિક ગોપ લોકો પણ, કંસને ભેટો નિવેદન

स्तांसुखंराविंज्ञात्वाकंसाचिकीर्षितं ॥२५॥ कंसस्तुधनुपोभंगंरक्षिणांस्वबलस्यच ॥ वधंनिशम्यगोविंदरामविक्रीडितंप ॥२६॥ दीर्घंप्रजागरोभीतोदुर्निमित्तानिदुर्मतिः॥बहून्याचष्टोभयथामृत्योर्दौत्यकराणिच ॥२७॥ अदर्शनंस्वशिरसःप्रतिरूपेचसत्यपि ॥ असत्यपिद्वितीयेचद्वैरूप्यंज्योतिषांतथा ॥२८॥ छिद्रप्रतीतिश्छायायांप्राणघोषानुपश्रुतिः॥ स्वर्णप्रतीतिर्वृक्षेषु[illegible] दर्शनं ॥२९॥ स्वप्नेप्रे[illegible]: खरयानंविषादनं ॥ यायान्नलदमाल्येकस्तैलाभ्यक्तोदिगंबरः ॥३०॥ अन्यानिचेत्थंभूतानिस्वप्नजागरितानिच ॥ पश्यन्मरणसंत्रस्तोनि[illegible]ं लेभेनचिंतया ॥३१॥ व्युष्टायांनिशिकौरव्यसूर्येचाद्भ्यःसमुत्थिते॥ कारयामासवैकंसोमल्लक्रीडामहोत्सवं ॥३२॥ आनर्चुःपुरुषारंगंतूर्य[illegible]श्चजघ्निरे ॥ मंचाश्चालं[illegible]ताःस्रग्भिःपताकाचैलतोरणैः॥३३॥ तेषुपौराजानपदाब्र[illegible]॥ यथोपजोषंविविशूराजानश्चकृतासनाः ॥३४॥ कंसस्तुसं[illegible]तोऽमात्यैराजमंचउपाविशत् ॥मंडलेश्वरमध्यस्थोहृदयेनविदूयता ॥३५॥ वाद्यमानेषुतूर्येषुमल्लतालोत्तरेषुच॥ मल्लाःस्वलंकृताःदृप्ताःसोपाध्यायाःसमागताः ॥३६॥ चाणूरोमुष्टिकःकूटःशलस्तोशलएवच ॥ तआसेदुरुपस्थानंवल्गुवाद्यप्रहर्षिताः॥३७॥ नंदगोपादयोगोपाभोजराजसमाहुताः ॥ निवेदितोपायनास्तेएकस्मिन्मंचआविशन् ॥३८॥ इ०भा०म०द०पू०मल्लरंगोपवर्णनंनामद्विचत्वारिंशोऽध्यायः ॥४२॥ श्रीशुक०अथकृष्णश्चरामश्चकृतशौचौपरंतप ॥ मल्लदुंदुभिनिर्घोषंश्रुत्वाद्रष्टुमुपेयतुः ॥१॥ रंगद्वारं[illegible]यतस्मिन्नागमवस्थितं ॥ अपश्यत्कुवलयापीडंकृष्णोंऽबष्ठप्रचोदितं ॥२॥ बध्वापरिकरंशौरिःसमुह्यकुटिलालकान् ॥ उवाचहस्तिपंवाचामेघनादगभीरया ॥३॥ अंबष्ठांबष्ठमार्गंनोदेह्यपक्रममाचिरं ॥ नोचेत्सकुंजरंत्वाऽद्यनयामियमसादनं ॥४॥ एवंनिर्भर्त्सितोंऽबष्ठःकुपितःकोपितंगजं ॥ चोदयामासकृष्णायकालांतकयमोपमं ॥५॥ करींद्रस्तमभिद्रुत्यकरेणतरसाऽग्रहीत् ॥ कराद्विगलितःसोमुंनिहत्यांघ्रिष्वलीयत ॥६॥ संक्रुद्धस्तमचक्षाणोघ्राणदृष्टिःसकेशवं ॥ परामृशत्पुष्करेणसप्रसह्यविनिर्गतः ॥७॥ पुच्छेप्रगृह्यातिबलंधनुषःपंचविंशतिं ॥ विचकर्षयथानागंसुपर्णइवलीलया ॥८॥ सपर्यावर्तमानेनसव्यदक्षिणतोऽच्युतः॥बभ्रामभ्राम्यमाणेनगोवत्सेनेवबालकः ॥९॥ ततोभिमुखमभ्येत्यप[illegible]णिना

કરીને; એક ઠામ ઉપરજ બેસી ગયા. ॥૩૮॥ઇ૦ભા૦દ૦ર૦કં૦ ધનુષ્ય ભંગ નામે બેતાલિસમો અધ્યાય સં॥૪૨॥

અધ્યાય ૪૩ મો.—શ્રીશુક—હે પરંતપ, દાતણ પાણી અને ઝાડો ઝપટો વિગેરે શૌચ કર્મ કર્યા કેડે, મલ્લોનાં નગારાંનો શબ્દ, રામ અને કૃષ્ણે સાંભળીને; જોવાની ઇચ્છાથી તેઓ ત્યાં જવાને નીકળ્યા. ॥ ૧ ॥ ત્યારે અખાડાના દરવાજા પાસે જતાં, ત્યાં માવતની આજ્ઞામાં ચાલતા કુવલયાપીડ નામના હાથીને, કૃષ્ણે ઉભેલો દીઠો. ॥૨॥ એટલે પોતાના વાંકડા વાળને સમા કરીને, ભેટ બાંધી કૃષ્ણે, મેઘના જેવી ગંભીર વાણીથી હાથીના માવતને કહ્યું કે. ॥૩॥ " હે માવત, વાર ન લગાડતાં અહીંથી ખસીજા. અને અમને રસ્તો આપ, નહીં તો હમણાંજ તને હાથી સહિત યમપુરીમાં મોકલી દઉંછું. ॥૪॥આ રીતે તિરસ્કાર કરેલા માવતે ક્રોધ કરીને, કાળ–અંતક–અને યમની ઉપમા લાયક, એ કોપેલા હાથીને; કૃષ્ણના ઉપર હાંક્યો.

॥૫॥ ત્યારે તે મોટા હાથીએ વેગથી દોડીને શુંઢ વડે તેમને પકડતાં, શુંઢમાંથી છટકી જઇ, પોતાની મુઠીઓ, તે શુંઢમાં મારીને; તેનાજ પગની તરફ ભગવાન છુપાઇ ગયા. ॥૬॥ એટલે ક્રોધ પામેલા અને સુંઘવાથી જાણનારા તે હાથીએ, વળી કેશવ ભગવાનને શોધી કાઢીને, શુંઢમાં પકડ્યા; તો તે વખતે પણ જોર કરીને, તે નીકળી ગયા. ॥૭॥ અને પછીથી ગરૂડ જેમ નાગને ખેંચે તેમ રમત કરતા, તેનું પુંછડું પકડીને; ઘણા બળથી પચીસ ધનુષ્ય જેટલે છેટે, તેને ખેંચી ગયા. ॥૮॥ તથા તે ડાબી અને જમણી બાજુએ ફેરવાતા હાથીની સાથે અચ્યુત ભગવાન પણ; ગાયના વાછરડા સાથે ફરતા બાળકની પેઠેજ, ફરવા લાગ્યા. ॥૯॥ ને પછીથી સામા આવીને, પોતાના હાથ વડી હાથીને મારીને; પગલે પગલે પકડાઇ જવાની પેઠે; દોડી જતાં, તેને પાડી નાંખ્યો. ॥૧૦॥ અને પોતે હોડલા હોડલા રમતની પેઠે જમીન ઉપર પડી જઇને, તુરત

ઉઠી જવાથી; હાથીએ તેમને પડી ગયેલા માની, ક્રોધથી પોતાના દાંત વડે પૃથ્વીમાં પ્રહાર કર્યો. ॥૧૧॥ એટલે માવતે હાંકેલો તે મોટો હાથી, પોતાનું પરાક્રમ વ્યર્થ જવાથી અત્યંત રીસ કરીને, કૃષ્ણની સામે વેગ ભેર દોડ્યો. ॥૧૨॥ ત્યારે મધુસૂદન ભગવાને એ દોડયા આવતા હાથીની સુંઢ, પોતાના હાથ વડે પકડી લેઈને, તેને ધરતી ઉપર પાડ્યો. ॥૧૩॥ અને તે પડેલા હાથીને સિંહની પેઠે, પગથી દબાવી; રમત કરવાની પેઠે, તેના દાંત કાઢી લેઇને, તેવનેજ હરિભગવાને એ હાથીને તથા તેના માવતોને મારી નાંખ્યા. ॥૧૪॥ પછી એ મૂએલા હાથીને પડ્યો મૂકીને; લોહી તથા મદના છાંટા ઉડેલા, અને હાથમાં દંતુસળ ધારણ કરેલા ભગવાન, ખભા ઉપર તે દાંતનો છેડો રાખીને, અખાડામાં આવ્યા. ॥૧૫॥ હે રાજા, એ હાથીના દાંતનું ઉત્તમ આયુધ ધરેલા, બળદેવ અને જનાર્દન ભગવાન; પરસેવાનાં બિંદુઓવાળાં મુખ કમળ સહિત કેટલાએક ગોવાળિઆઓથી વિંટાઇને અખાડામાં પેસતાં; મલ્લોને વજ્ર જેવા-મનુષ્યોને શ્રેષ્ટ પુરૂષ સરખા

સ્ત્રીઓને દેહ ધારી કામદેવ જેવા-ગોપ લોકોને સ્વજન જેવા-દુષ્ટ રાજાઓને શિક્ષા કરનારા (યમ) જેવા-પોતાનાં માબાપ (વસુદેવ દેવકી) ને બાળક જેવા- કંસને મૃત્યુ જેવા-અજ્ઞાનીઓને સુમાગણા-યોગીઓને પરમ તત્વ-અને વૃષ્ણી કુળના યાદવોને પોતાના શ્રેષ્ટ દૈવત રૂપ- એ રીતે જેના મનની જેવી કામના, તેવા તેને દેખાવા લાગ્યા. ॥૧૬-૧૭॥ હે રાજા, કંસ શૂરવીર હતો છતાં પણ, કુવલયાપીડ હાથી મરાયાથી, તેણે જ્યારે તેઓને દુર્જય જોયા, ત્યારે ઘણોજ ઉદ્વેગ પામ્યો. ॥૧૮॥ અને નટની પેઠે ઉત્તમ વેશ ધારણ કરેલા, મોટા હાથવાળા-વિચિત્ર પ્રકારનો પેહેરવેશ, ઘરેણાં, માળાઓ, અને લુગડાં પેહેરેલા-અને પોતાના તેજ થકીજ જોનારાઓના મનને હરણ કરનારા, એ બંને ભાઇઓ અખાડામાં આવીને શોભવા લાગ્યા. ॥૧૯॥ ત્યારે ખુશાલીના વેગથી પ્રફુલ્લિત થયેલા મુખવાળા અને માંચ ઉપર બેઠેલા રાજાઓ-નગરના લોકો-અને ગામોના લોકો, એ બે ઉત્તમ પુરૂષોનાં મોઢાંને નિરખતાં, અને પોતાની આંખ્યો વડે તેનું પાન કરતાં, તૃપ્ત

हस्त्यवारणे॥प्राद्रवन्पातयामासस्पृश्यमानःपेदपदे॥१०॥सधावन्क्रीडयाभूमौपतित्वासहसोत्थितः॥तंमत्वापतितंक्रुद्धोदंताभ्यांसोहनत्क्षितिं ॥११॥स्वविक्रमेप्रतिहतेकुंजरेंद्रोऽत्यमर्षितः॥चोद्यमानोमहामात्रैःकृष्णमभ्यद्रवद्रुषा॥१२॥तमापतंतमासाद्यभगवान्मधुसूदनः॥निगृह्यपाणिनाहस्तंपातयामासभूतले॥१३॥पतितस्यपदाक्रम्यमृगेंद्रइवलीलया॥दंतमुत्पाट्यतेनेभंहस्तिपांश्चाहनद्धरिः १४॥मृतकंद्विपमुत्सृज्यदंतपाणिःसमाविशत्॥अंसन्यस्तविषाणोऽसृङ्मदबिंदुभिरंकितः॥१५॥विरूढस्वेदकणिकावदनांबुरुहोबभौ ॥ वृतौगोपैःकतिपयैर्बलदेवजनार्दनौ॥ रंगंविविशतूराजन्गजदंतवरायुधौ ॥१६॥ मल्लानामशनिर्नृणां नरवरःस्त्रीणांस्मरो मूर्तिमान्गोपानांस्वजनोऽसतांक्षितिभुजांशास्तास्वपित्रोःशिशुः॥ मृत्युर्भोजपतेर्विराडविदुषांतत्त्वंपरंयोगिनांवृष्णीनांपरदेवतेतिविदितोरंगंगतःसाग्रजः ॥१७॥ हतंकुवलयापीडंदृष्ट्वातावपिदुर्जयौ ॥ कंसोमनस्व्यपितदाभृशमुद्विविजेनृप ॥१८॥ तौरेजतूरंगगतौमहाभुजौविचित्रवेषाभरणस्रगंबरौ ॥ यथानटावुत्तमवेषधारिणौमनःक्षिपंतौप्रभयानिरीक्षतां ॥१९॥ निरीक्ष्यतावुत्तमपूरुषौजनामंचस्थितानागरराष्ट्रकानृपाः॥ प्रहर्षवेगोत्कलितेक्षणाननाःपपुर्नतृप्तानयनैस्तदाननं ॥२०॥ पिबंतइवचक्षुर्भ्यांलिहंतइवजिह्वया ॥ जिघ्रंतइवनासाभ्यांश्लिष्यंतइवबाहुभिः ॥२१॥ ऊचुःपरस्परंतेवैयथादृष्टंयथाश्रुतं ॥ तद्रूपगुणमाधुर्यप्रागल्भ्यस्मारिताइव ॥२२॥ एतौभगवतःसाक्षाद्धरेर्नारायणस्यहि ॥ अवतीर्णाविहांशेनवसुदेवस्यवेश्मनि ॥२३॥ एषवैकिलदेवक्यांजातोनीतश्चगोकुलं ॥ कालमेतंवसन्गूढोववृधेनंदवेश्मनि ॥२४॥ पूतनाऽनेननीतांऽतंचक्रवातश्चदानवः॥अर्जुनौगुह्यकःकेशीधेनुकोऽन्येचतद्विधाः॥२५॥ गावःसपालाएतेनदावाग्नेःपरिमोचिताः॥कालियोदमितःसर्पइंद्रश्चविमदःकृतः ॥२६॥ सप्ताहमेकहस्तेनधृतोऽद्रिप्रवरोऽमुना ॥ वर्षवाताशनिभ्यश्चपरित्रातंचगोकुलं ॥२७॥गोप्योऽस्यनित्यमुदितहसितप्रेक्षणंमुखं ॥ पश्यंत्योविविधांस्तापांस्तरंतिस्माश्रमंमुदा ॥२८॥ वदंत्यनेनवंशोऽयंयदोःसुबहुविश्रुतः॥ श्रियंयशोमहत्त्वंचलप्स्यतेपरिरक्षितः ॥२९॥ अयंचास्याग्रजःश्रीमान्रामःकमललोचनः॥प्रलंबोनिहतोयेनवत्सकोयेबकादयः॥३०॥जनेष्वेवंब्रुवाणेषुतूर्येषुनिनदत्सुच ॥ कृष्णरामौसमाभाष्यचाणूरोवाक्यमब्रवी

જ પામ્યા નહીં. ॥૨૦॥ અને જાણે આંખ્યોથી પીતા હોય-જીભથી ચાટતા હોય-નાકથી સુંઘતા હોય-અને હાથ વડે ભેટતા હોય, તેમ તેઓ જણાવા લાગ્યા. ॥૨૧॥ તથા એ બંનેના રૂપ-ગુણ-મધુરતા-અને પ્રૌઢપણા વિગેરે બદલ સાંભળેલા અને જોયેલાનું સ્મરણ આવવાની પેઠે, તેઓ એક બીજા સાથે વાતો કરવા લાગ્યા કે. ॥૨૨॥ “ અહીંયાં વસુદેવના ઘરમાં સાક્ષાત નારાયણ હરિભગવાનજ પોતાના અંશવડે, આ બે ભાઇઓ રૂપે અવતરેલા છે. ॥ ૨૩ ॥ તેમાંના આ કૃષ્ણ દેવકી થકી જન્મીને ગોકુળમાં લેઇ જવાયલા હતા. અને નંદજીના ઘરમાં આટલો વખત છાના રહીને મોટા થયા છે. ॥૨૪॥ પૂતના-તૃણાવર્ત દૈત્ય-યમલાર્જુન-શંખચૂડ-કેશી-ધેનુક-અને એવાજ બીજાઓનો પણ અંત, એમણેજ આણેલો છે. ॥૨૫॥ ગોવાળિઆઓ સહિત ગાયોને એમણેજ દાવાગ્નિ થકી છોડાવેલ છે. કાલિય નાગનું દમન અને ઇંદ્રનો મદ ઉતારવાનું કામ પણ

એમણેજ કરેલ છે. ॥૨૬॥ અને એમણેજ સાત દિવસ સુધી એક હાથે મોટા પર્વતને ધરી રાખીને, વરસાદ-વાવરો-અને કરાઓ થકી; ગોકુળનું રક્ષણ કરેલું છે. ॥ ૨૭ ॥ તથા હમેશાં આનંદથી હસતે મોઢે જોનારા એમના મુખડાને જોતા વડેજ ગોપીઓ વિવિધ પ્રકારના તાપોને તરી જઇને, આનંદ પામતી હતી. ॥૨૮॥ ને એમના રક્ષણ તળે રહેલ આ યાદવોનું કુળ, લક્ષ્મી-યશ-અને મહત્વને પામીને, ઘણુંજ પ્રખ્યાત થશે; એમ કહેવાય છે. ॥૨૯॥ વળી એ વત્સાસુર અને બકાસુર વિગેરેને મારનારના મોટા ભાઇ આ શોભિતા અને કમળ જેવી આંખ્યો વાળા રામ, પ્રલંબાસુરને મારનારા છે. ॥૩૦॥ એ રીતે લોકો બોલતા હતા. અને તુરીઓ વાગતી હતી, ત્યાં ચાણુર મલ્લે કૃષ્ણ તથા રામને બોલાવીને, આ પ્રમાણે વચનો કહ્યાં કે. ॥૩૧॥ “ હે નંદ પુત્ર, અને હે રામ, તમે બંને જણા વીર પુરૂષોમાં માન પામેલા, તથા કુસ્તી કરવામાં કુશળ સાં-

બળવાનોઃ તમારી કુસ્તી જોવાની ઇચ્છાથી, રાજાએ તમને બોલાવેલા છે. ॥૩૨॥ જે પ્રજા, મન-વાણી-અને કર્મે કરીને, રાજાનું પ્રિય કરે છે; તે કલ્યાણને પામે છે; અને એથી બીજે પ્રકારે આચરનારાઓ વિપરીત ફળને પામે છે. ॥૩૩॥ અને એ તો ખુલ્લું છે કે ગોપ લોકો અને વાછડાં ચારનારા તમે, વનમાં ગાયો ચરાવતા, કુસ્તીની રમત કરીનેજ, હમેશાં આનંદ ધરી રહો છો. ॥૩૪॥ એટલા માટે રાજાનું પ્રિય તમોએ તથા અમોએ પણ કરવું જોઇએ; કારણ રાજા સર્વ ભૂતમય હોવાથી, તેને પ્રસન્ન કરવાથીજ સર્વે પ્રાણીઓ આદિક પણ, તમારા ઉપર પ્રસન્ન થશે." ॥ ૩૫ ॥ તે સાંભળી, કુસ્તીને પોતાના મનથી પ્યારી માનતા. કૃષ્ણ તે મલ્લના વચનનો સત્કાર કરીને, દેશ તથા કાળને અનુસરતું વચન બોલ્યા કે. ॥૩૬॥ "વનમાં ફરનારા અમે તથા તમે પણ દેશ નરપતીજ પ્રજા છૈએ, માટે હમેશાં આપણ સર્વેએ તેમનું પ્રિયજ કરવું જોઇએ. અને એમ કરવાની તેમની આજ્ઞા થાય, એજ મોટો અનુગ્રહ કહેવાય. ॥ ૩૭ ॥ તોપણ મલ્લ સભાસદોને અધર્મનો સ્પર્શ ન થવા માટે, કુસ્તી યોગ્ય રીતે થવી ઘટે છે; તેથી, અમો બાળક હોવાથી, અમારા સરખા બળવાળાઓ સાથેજ, અમે કુસ્તી કરીશું." ॥૩૮॥—ચાણુર—જેમણે હજાર હાથીના બળવાળા કુવલયાપીડને માર્યો; તે તમે બાળક અગર કિશોર વયના નથી; અને આ બળદેવ પણ બળવાનોમાં શ્રેષ્ટ છે. ॥૩૯॥ એટલા માટે, તમે બંન્ને જણાઓ, બળવાનોની સાથે કુસ્તી કરશો; તેમાં કાંઇજ અન્યાય નથીઃ માટે હે વાર્ષ્ણેય, તમે મારી સાથે, અને બળરામ મુષ્ટિકની સાથે કુસ્તી કરો; અને પરાક્રમ દેખાડો. ॥૪૦॥ ઇતિ૰ શ્રી૰ ભા૦ દશમા સ્કંધનો કુવલયાપીડ વધ નામે તેતાળિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૪૩॥

અધ્યાય ૪૪ મો.—શ્રીશુક—એ પ્રમાણે ઠરાવ સાંભળીને, મધુસૂદન ભગવાન ચાણૂર સાથે, તથા રોહિણી પુત્ર રામ, મુષ્ટિક સાથે કુસ્તી કરવા લાગ્યા. ॥૧॥ પછી તેઓ એક બીજાના હાથ સાથે હાથ, અને પગ સાથે પગની આંટીઓ ભેરવીને, જીતવાની ઇચ્છાથી, ઘણા જોરથી પરસ્પરને ખેંચવા લાગ્યા.

त॥३१॥हेनंदसूनोहेरामभवंतौवीरसंमतौ॥नियुद्धकुशलौश्रुत्वाराज्ञाहूतौदिदृक्षुणा॥३२॥प्रियंराज्ञःप्रकुर्वंत्यःश्रेयोविंदंतिवैप्रजाः॥मनसाकर्मणावाचाविपरीतमतोन्यथा॥३३॥ नित्यंप्रमुदितागोपावत्सपालायथास्फुटं॥वनेषुमल्लयुद्धेनक्रीडंतश्चारयंतिगाः ॥३४॥तस्माद्राज्ञःप्रियंयूयंवयंचकरवामहे ॥भूतानिनःप्रसीदंतिसर्वभूतमयोनृपः॥३५॥तन्निशम्याब्रवीत्कृष्णोदेशकालोचितंवचः॥ नियुद्धमात्मनोभीष्टंमन्यमानोभिनंद्यच॥३६॥प्रजाभोजपतेरस्यवयंचापिवनेचराः॥करवामप्रियंनित्यंतन्नःपरमनुग्रहः॥३७॥बालावयंतुल्यबलैःक्रीडिष्यामोयथोचितं॥ भवेन्नियुद्धंमाऽधर्मःस्पृशेन्मल्लसभासदः॥३८॥चाणूर०नबालोनकिशोरस्त्वंबलश्चबलिनांवरः॥लीलयेभोहतोयेनसहस्रद्विपसत्वभृत्॥३९॥ तस्माद्भवद्भ्यांबलिभिर्योद्धव्यंनानयोऽत्रवै॥मयिविक्रमवार्ष्णेयबलेनसहमुष्टिकः ४० इ.भा.म.द.पू.कुवलयापीडवधोनामत्रिचत्वारिंशोध्यायः४३॥ श्रीशुक०एवंचर्चितसंकल्पोभगवान्मधुसूदनः॥ आससादाथचाणूरंमुष्टिकंरोहिणीसुतः॥१॥हस्ताभ्यांहस्तयोर्बध्वापद्भ्यामेवचपादयोः॥ विचकर्षतुरन्योऽन्यंप्रसह्यविजिगीषया॥२॥ अरत्नीद्वेअरत्निभ्यांजानुभ्यांचैवजानुनी॥ शिरःशीर्ष्णोरसोरस्तावन्योऽन्यमभिजघ्नतुः॥३॥ परिभ्रामणविक्षेपपरिरंभावपातनैः॥ उत्सर्पणापसर्पणैश्चअन्योऽन्यंप्रत्यरुंधतां ॥४॥ उत्थापनैरुन्नयनैश्चालनैःस्थापनैरपि ॥ परस्परंजिगीषंतावपचक्रतुरात्मनः ॥५॥ तद्बलाबलवद्युद्धंसमेताःसर्वयोषितः ॥ऊचुःपरस्परंराजन्सानुकंपावरूथशः ॥६॥ महानयंबताधर्मएषांराजसभासदां ॥ येबलाबलवद्युद्धंराज्ञोऽन्विच्छंतिपश्यतः ॥७॥ क्ववज्रसारसर्वांगौमल्लौशैलेंद्रसन्निभौ॥ क्वचातिसुकुमारांगौकिशोरौनाप्तयौवनौ ॥८॥ धर्मव्यतिक्रमोह्यस्यसमाजस्यध्रुवंभवेत्॥ यत्राधर्मःसमुत्तिष्ठेन्नस्थेयंतत्रकर्हिचित् ॥९॥ नसभांप्रविशेत्प्राज्ञःसभ्यदोषाननुस्मरन्॥ अब्रुवन्विब्रुवन्नज्ञोनरःकिल्बिषमश्नुते ॥१०॥ वल्गतःशत्रुमभितःकृष्णस्यवदनांबुजं॥ वीक्ष्यतांश्रमवार्युप्तंपद्मकोशमिवांबुभिः॥११॥ किंनपश्यतरामस्यमुखमाताम्रलोचनं॥ मुष्टिकंप्रतिसामर्षहाससंरंभशोभितं॥१२॥ पुण्यावतव्रजभुवोयदयंनृलिंगगूढःपुराणपुरुषोवनचित्र

॥૨॥ અને એક બીજાઓ, પોતાની ટચલી આંગળી છુટી રાખેલી મુઠીઓ સાથે તેવીજ મુઠીઓથી; ગુડણમાં ગુડણથી; માથામાં માથાથી; અને છાતીમાં છાતીથી; સામસામે મારવા લાગ્યા. ॥૩॥ તથા એક બીજાને ફેરવવું-ફેંકવું-બાથ ભીડવી-નીચે પાડવું-છોડી દેઇને આગળ જવું-અને પાછા હઠવું, વિગેરે કરવાથકા સામા સામી, મલ્લયુદ્ધ કરવા લાગ્યા. ॥૪॥ અને પરસ્પરને જીતવાની ઇચ્છાથી, ઉઠાડવાની-ખસેડવાની-અને પકડી રહેવાની વિગેરે ક્રિયાઓ થકી, એક બીજાનાં શરીરોને દુઃખ આપવા લાગ્યા. ॥૫॥ હે રાજા, એ બળવાનોની સાથે, નિર્બળ સરખાઓનું યુદ્ધ જોઇને, ત્યાં એકઠી થયેલી સઘળી સ્ત્રીઓ, ટોળાં વળીને દયા લાવી પરસ્પરમાં બોલવા લાગી કે. ॥૬॥ "આ બળવાનોની સાથે, નિર્બળ સરખાઓનું યુદ્ધ, રાજાની પાછળ જોવાને ઇચ્છનારા, રાજ સભાના સભાસદોને પણ, આથી નહીં મોટું પાપ લાગે છે. ॥૭॥ આ વજ્ર જેવાં સર્વ અંગોવાળા અને દેખાવે મોટા પર્વત જેવા, બે મલ્લ ક્યાં; અને જુવાનીમાં નહીં આવેલા કિશોર અવસ્થાવાળા, આ બે જણા અત્યંત સુકુમાર અંગોવાળા ક્યાં ? ॥૮॥ માટે આ સમાજમાં, ધર્મનું ઉલ્લંઘન ખરેખર થાયછેજ; અને જ્યાં અધર્મ ઉત્પન્ન થતો હોય, ત્યાં કદી પણ ઉભા રહેવું નજ જોઇએ. ॥૯॥ એ રીતના સભાસદોના દોષને જાણવા છતાં, તે બદલ કાંઇજ ન બોલનારા-અવળું બોલનારા-અને હું જાણતો નથી-એમ કહેનારા; એ સઘળા મનુષ્યો, એવી સભામાં થતા પાપના ભાગીદાર થાયછેજ; માટે ડાહ્યા મનુષ્યે એવી સભામાં તો પ્રવેશ પણ નહીં કરવો જોઇએ. ॥૧૦॥ આ નિર્ભય પણે શત્રુ સાથે લડતા કૃષ્ણનું પરશેવાથી ભરાઇ ગયેલું મુખકમળ, પાણીના છાંટાઓથી ભરાઇ ગયેલા કમળ સરખું દેખાય છે; તે જુઓ. ॥૧૧॥ અને મુષ્ટિક ઉપર ઉત્પન્ન થયેલા ક્રોધ અને હાસ્યના આવેશથી શોભતા, તથા લાલ આંખોવાળા, આ રામના મુખને તમે કેમ જોતાં નથી. ॥૧૨॥ જેના ઉપર આ તહેવાર વનમાળાઓ પહેરેલા-ગાયોને ચારતા-અને વાંસળી વગાડતા- મનુષ્યના શરીરથી છાના રહેલા પુરાણ પુરૂષ ભગવાન;

શ્રદ્ધશિવ તથા લક્ષ્મીજીએ પૂજેલા પગવડે, બળરામ સહિત રમત કરતા ફરે છે, તે વ્રજ ભૂમિને ધન્ય છે. ॥૧૩॥ જેના સમાન અગર અધિક કોઇ નથી એવા શુંદરતાના સારરૂપ—અને બીજાવડે સિદ્ધ નહીં થયેલા એટલે સ્વતઃસિદ્ધ—તથા યશ, શોભા, અને ઐશ્વર્યના એકાંતિક સ્થાનરૂપ—આ સ્વરૂપને જેઓ નવુંનવું લાગવાની પેઠે, પોતાની આંખોવડે પીએછે. તે ગોપીઓએ શું તપ કર્યા હશે ? ॥૧૪॥ વળી એ ઉરૂક્રમ ભગવાનમાં ચિત્ત લાગેલી અને પ્રીતિવાળા મનથી આંસુ વડે ગળાં ભરાઈ ગયેલી જેઓ, દોહતાં—ખાંડતાં—વલોવતાં—લિંપતાં—ગાતાં—બાળકોને હિંચોળતાં—વાસિદુ વાળતાં—અને આંગણા વિગેરેમાં પાણી છાંટતાં, વિગેરે કામો કરતાં; એ ભગવાનનુંજ ગાયન કરે છે; તથા વ્રજમાંથી સવારમાં ગાયોની સાથે જતાં—અને સાંજે પાછા આવતાં—એગણે વગાડેલી સુંદર વાંસળીને સાંભળીને; એ ઘણા પુન્યવાળી અબળાઓ, ઉતાવળી થઇને રસ્તા ઉપર આવી; તેમના હસતા મુખના દયા ભરેલા જોવાને નિરખે છે, તે વ્રજની સ્ત્રીઓને ધન્ય છે.' ॥૧૫—૧૬॥ હે ભરત રૂષભ, એ પ્રમાણે

સ્ત્રીઓ બોલવા લાગતાં, યોગેશ્વર હરિભગવાને શત્રુને મારવાનું મન કર્યું. ॥૧૭॥ અને પોતાના બંને પુત્રોના બળને નહીં જાણનારાં, તથા પુત્રો ઉપર સ્નેહ વાળાં, તેમનાં મા બાપ; સ્ત્રીઓની એવી ભય ભરેલી વાણી સાંભળીને, શોકાતુર થઇ પરિતાપ પામ્યાં. ॥ ૧૮ ॥ અત્યાર સુધી અચ્યુત ભગવાન સાથે ચાણુર અને બળરામની સાથે મુષ્ટિક, વિધ વિધ પ્રકારના કુસ્તીના નિયમોને અનુસરીને ન્યાય પ્રમાણે યુદ્ધ કરતા હતા. ॥૧૯॥ પણ હવે ભગવાનનાં અંગોના વજ્ર જેવા કઠણ પ્રહારોથી, ચાણુરનાં અંગ ભાંગી જઇને, તે જ્યારે વારંવાર ખેદ પામવા લાગ્યો; ત્યારે તેણે બાજના જેવા વેગથી ઉછળીને, પોતાના બેઉ હાથની મુઠીઓ, ક્રોધથી વાસુદેવ ભગવાનની છાતીમાં મારી. ॥૨૦—૨૧॥ ત્યારે તેના એ પ્રહારથી ફૂલની માળા વાગેલા હાથીની પેઠે, હરિભગવાન ચલાયમાન નહીં થતાં; તેગણે ચાણુરને બે હાથે પકડીને, ઘણીવાર સુધી ફેરવી ફેરવીને, જોરથી ધરતી ઉપર પછાડ્યો; એટલે ક્ષીણ જીવિત થયેલો તે, ઘરેણાં—માળાઓ—અને વાળ વિખાઇ જઇને; ઇંદ્રધ્વજ પડવાની

माल्यः ॥ गाःपालयन्सहबलःक्कणयंश्चवेणुंविक्रीडयांऽचतिगिरित्ररमार्चितांघ्रिः ॥१३॥ गोप्यस्तपःकिमचरन्यदमुष्यरूपंलावण्यसारम समोर्ध्वमनन्यसिद्धं ॥ दृग्भिःपिबंत्यनुसवाभिनवंदुरापमेकांतधामयशसःश्रियऐश्वरस्य ॥१४॥ यादोहनेऽवहनने मथनोपलेपप्रेंखेंखनार्भ रुदितोक्षणमार्जनादौ ॥ गायंतिचैनमनुरक्तधियोऽश्रुकंठ्योधन्याव्रजस्त्रियउरुक्रमचित्तयानाः ॥१५॥ प्रातर्व्रजाद्व्रजतआविशतश्च सायं गो भिःसमंक्कणयतोऽस्यनिशम्यवेणुं॥निर्गम्यतूर्णमबलाःपथिभूरिपुण्याःपश्यंतिसस्मितमुखंसदयावलोकं ॥१६॥ एवंप्रभाषमाणासुस्त्रीषु योगे श्वरोहरिः॥शत्रुंहंतुंमनश्चक्रेभगवान्भरतर्षभ ॥१७॥ सभयाःस्त्रीगिरःश्रुत्वापुत्रस्नेहशुचातुरौ॥ पितरावन्वतप्येतांपुत्रयोरबुधौबलं ॥१८॥ तैस्तैर्नियुद्धविधिभिर्विविधैरच्युतेतरौ ॥ युयुधातेयथान्यायं तथैवबलमुष्टिकौ ॥१९॥ भगवद्गात्रनिष्पातैर्वज्रनिष्पेषनिष्ठुरैः ॥ चाणूरोभज्य मानांगोमुहुर्ग्लानिमवापह ॥२०॥ सश्येनवेगउत्पत्यमुष्टीकृत्यकरावुभौ ॥ भगवंतंवासुदेवंक्रुद्धोवक्षस्यबाधत ॥२१॥ नाचलत्तत्प्रहारेणमा लाहतइवद्विपः ॥ बाह्वोर्निगृह्यचाणूरंबहुशोभ्रामयन्हरिः ॥२२॥ भूपृष्ठेपोथयामासतरसाक्षीणजीवितं ॥ विस्रस्ताकल्पकेशस्रगिंद्रध्वजइ वापतत् ॥२३॥ तथैवमुष्टिकःपूर्वंस्वमुष्ट्याभिहतेनवै ॥ बलभद्रेणबलिनातलेनाभिहतोभृशं॥२४॥ प्रवेपितःसरुधिरमुद्वमन्मुखतोऽर्दितः॥ व्यसुःपपातोर्व्युपस्थेवाताहतइवांघ्रिपः ॥२५॥ ततःकूटमनुप्राप्तंरामःप्रहरतांवरः ॥ अवधील्लीलयाराजन्सावज्ञंवाममुष्टिना ॥२६॥ तर्ह्येवहि शलःकृष्णपदापहतशीर्षकः ॥ द्विधाविदीर्णस्तोशलकउभावपिनिपेततुः ॥२७॥ चाणूरेमुष्टिकेकूटेशलेतोशलकेहते ॥ शेषाःप्रदुद्रुवुर्मल्लाः सर्वेप्राणपरीप्सवः॥२८॥गोपान्वयस्यानाकृष्यतैःसंसृज्यविजह्रतुः॥वाद्यमानेषुतूर्येषुवल्गंतौधृतनूपुरौ ॥२९॥ जनाःप्रजहृषुःसर्वेकर्मणा रामकृष्णयोः ॥ ऋतेकंसंविप्रमुख्याःसाधवःसाधुसाध्विति ॥३०॥ हतेषुमल्लवर्येषुविद्रुतेषुचभोजराट्॥न्यवारयत्स्वतूर्याणिवाक्यंचेदमुवा चह ॥३१॥ निःसारयतदुर्वृत्तौवसुदेवात्मजौपुरात् ॥ धनंहरतगोपानांनंदंबध्नीतदुर्मतिं ॥३२॥ वसुदेवस्तुदुर्मेधाहन्यतामाश्वसत्तमः ॥ उ ग्रसेनःपिताचापिसानुगःपरपक्षगः ॥३३॥ एवंविकत्थमानेवैकंसेप्रकुपितोऽव्ययः ॥ लघिम्नोत्पत्त्यतरसामंचमुत्तुंगमारुहत् ॥३४॥ तमा

પેઠે, પડી ગયો. ॥૨૨—૨૩॥ અને એજ રીતે બળભદ્રને પોતાની મુઠીઓ પ્રથમ મારનારો, મુષ્ટિક પણ; બળવાળા બળરામના હાથના તળાના જબરા મારથી, મોઢામાંથી લોહી ઓકતો, પીડા પામીને પ્રાણ રહિત થઇ, વાયુએ કંપાવીને ઉખેડી નાંખેલા ઝાડની પેઠે, જમીન ઉપરજ પડ્યો. ॥૨૪—૨૫॥ હે રાજા, પછી મારનારાઓમાં શ્રેષ્ટ, રામની સામે આવેલા કુટને, તેમણે સાવ અવજ્ઞાથી, ડાબા હાથની મુઠી વડે, રમતની પેઠેજ મારી નાંખ્યો. ॥૨૬॥ એટલી વારમાં કૃષ્ણે શળનું માથું પાટુ મારીને, ભાગી નાંખ્યું; અને તોશળને ચીરીને, બે ફાડીઆં કરી નાંખ્યો; તેથી તેઓ પણ પડી ગયા. ॥ ૨૭ ॥ એ રીતે ચાણુર—મુષ્ટિક—કુટ—શળ—અને તોશળ મરાતાં, બાકી રહેલા સઘળા મલ્લો, પ્રાણ બચાવવાની ઇચ્છાથી, ત્યાંથી દોડી ગયા. ॥૨૮॥ ત્યારે ઝાંઝર પેહેરેલા અને નાચતા, એ બે રામ અને કૃષ્ણે; પોતા જેવડા ગોવાળિઆઓને, એ તુરીઓ વાગતા અખાડામાં ખેંચી

લેઇને; તેમની સાથે મળીને રમવા માંડ્યું. ॥ ૨૯ ॥ ત્યારે કંસ અને તેના મુખી અનુચરો શિવાયના સઘળા સજ્જન લોકો; રામ અને કૃષ્ણના એ કામથી, "સારૂં થયું; સારૂં થયું;" એમ આનંદ પામીને, બોલવા લાગ્યા. ॥ ૩૦ ॥ અને મોટા મલ્લો મરી ગયા તથા નાશી ગયા કેડે, કંસ રાજાએ પોતાની તુરીઓ વગાડવાનું બંધ કરાવીને; આ રીતનું વચન કહ્યું કે. ॥ ૩૧ ॥ "વસુદેવના આ બે દુષ્ટ આચરણ વાળા પુત્રોને, નગરમાંથી બહાર કાઢી મૂકો; અને દુષ્ટ બુદ્ધિ વાળા નંદજીને પણ બંદીખાનામાં નાંખીને, એ ગોવાળિઆઓનું ધન, લુંટી લ્યો. ॥ ૩૨ ॥ તથા દુષ્ટ બુદ્ધિ અસત્તમ વસુદેવને તો તુર્તજ મારી નાંખો. તેમજ સામા પક્ષમાં જનાર મારા પિતા ઉગ્રસેનને પણ તેના અનુચરો સહિત મારી નાંખો." ॥ ૩૩ ॥ ત્યારે એ પ્રમાણે બોલતા કંસના ઉપર કોપેલા, અવિનાશી ભગવાન, વેગ સહિત ચાલાકીથી ઠેક મારીને

તેની ફરતી ફરેલી એક કેવર, ચઢી ગયા. ॥૩૪॥ એટલે એ પોતાના મૃત્યુ સરખા, તેમને આવેલા દેખીને; તે કંસ કંસે એકદમ આસન ઉપરથી ઉઠીને, ઢાલ તલવાર લીધી. ॥ ૩૫ ॥ અને આકાશમાં ફરતા બાજની પેઠે; હાથમાં તરવાર લેઈને, ડાબો અને જમણો ફરવા લાગેલા તેને; અસહ્ય અને ઉગ્ર તેજ વાળા ભગવાને; બળાત્કારે, ગરૂડ નાગને પકડી લેવાની પેઠે, પકડી લીધો. ॥૩૬॥ તથા મુકુટ પડી ગયેલા તેને, ચોટલીથી પકડીને, એ ઉંચી એક ઉપરથી અખાડામાં નાંખ્યો: અને એ વિશ્વના આશ્રય તથા સ્વઇચ્છા પ્રમાણે કરનારા કમળનાભ ભગવાન પોતે પણ, તેના ઉપરજ પડયા. ॥ ૩૭ ॥ પછી લોકના દેખતાં, હરિ ભગવાને તે મરી ગયેલાને, સિંહ હાથીને ખેંચવાની પેઠે; ધરતી ઉપર ઘસડયો: ત્યારે હે રાજા, સર્વ લોકે, હાહાકારનો મોટો પોકાર કર્યો. ॥ ૩૮ ॥ એ કંસ હમેશાં ઉદ્વેગ પામેલી બુદ્ધિથી પીતાં—બોલતાં—ચાલતાં—ઉંઘતાં—અને શ્વાસ લેતાં, એ ચક્રને ધરનારા ઇશ્વર ભગવાનને પોતાની પાસેજ દેખતો હતો, તેથી બીજાઓને મળવાને અશક્ય એવા ભગવાનના સ્વરૂપનેજ તે પામ્યો. ॥ ૩૯ ॥ પછી તેના થકી નાના કંક અને ન્યગ્રોધ વિગેરે તેના, આઠ ભાઇઓ પોતાના ભાઇનું વેર લેવાને; ક્રોધે ભરાઇ દોડતા આવ્યા. ॥ ૪૦ ॥ ત્યારે રોહીણીના મોટા વેગથી સાવધાન થઇને આવેલા તેઓને, બળરામે પરીઘ (ભુંગળ) ઉપાડીને, સિંહ જેમ પશુઓને મારે તેમ તુરંત મારી નાંખ્યા. ॥ ૪૧ ॥ એટલે બ્રહ્મા અને સદાશિવ વિગેરે દેવતાઓએ પ્રીતિવડે આકાશમાંથી ફુલ વરસાવીને, ભગવાનની સ્તુતિ કરી; દેવનાં દુંદુભી વાગ્યાં; અને અપ્સરાઓએ નાચ કર્યો. ॥ ૪૨ ॥ હે મોટા રાજા, પછી સુહૃદોના મરણથી દુઃખી થયેલી તેઓની સ્ત્રીઓ: માથાં કુટતી, અને રોતી, તે ઠેકાણે આવી. ॥૪૩॥ અને વીર શય્યામાં સુતેલા પતિઓને ભેટીને; વારંવાર શોકનાં આંસુ પાડતી, અને શોક કરતી, તે સ્ત્રીઓ લાંબે સાદે વિલાપ કરવા લાગી કે. ॥૪૪॥ "હે નાથ,—પ્રિય—ધર્મને જાણનારા—દયાવાન—અને અનાથના ઉપર પ્રીતિ રાખનારા, તમે મરવાથી ઘર અને છોકરાં સહિત અમે પણ મુઆંજ છૈએ. ॥૪૫॥ આપ

विशंतमालोक्यमृत्युमात्मनआसनात्॥ मनस्वीसहसोत्थायजगृहेसोऽसिचर्मणी ॥३५॥ तंखड्गपाणिंविचरंतमाशुश्येनंयथादक्षिणसव्यमंबरे ॥ समग्रहीद्दुर्विषहोग्रतेजायथोरगंतार्क्ष्यसुतःप्रसह्य ॥३६॥ प्रगृह्यकेशेषुचलत्किरीटंनिपात्यरंगोपरितुंगमंचात् ॥ तस्योपरिष्टात्स्वयमब्जनाभःपपातविश्वाश्रयआत्मतंत्रः ॥३७॥ तंसंपरेतंविचकर्षभूमौहरिर्यथेभंजगतोविपश्यतः ॥ हाहेतिशब्दःसुमहांस्तदाऽभूदुदीरितः सर्वजनैर्नरेंद्र ॥३८॥ सनित्यदोद्विग्नधियातमीश्वरंपिबन्वदन्वाविचरन्स्वपन्श्वसन् ॥ददर्शचक्रायुधमग्रतोयतस्तदेवरूपंदुरवापमाप॥३९॥ तस्याऽनुजाभ्रातरोऽष्टौकंकन्यग्रोधकादयः ॥ अभ्यधावन्नभिक्रुद्धाभ्रातुर्निर्वेशकारिणः ॥४०॥ तथाऽतिरभसांस्तांस्तुसंयत्तान्रोहिणीसुतः॥अहन्परिघमुद्यम्यपशूनिवमृगाधिपः ॥४१॥ नेदुर्दुंदुभयोव्योम्निब्रह्मेशाद्याविभूतयः॥ पुष्पैःकिरंतस्तंप्रीत्याशशंसुर्ननृतुःस्त्रियः॥४२॥ तेषांस्त्रियोमहाराजसुहृन्मरणदुःखिताः ॥ तत्राभीयुर्विनिघ्नंत्यःशीर्षाण्यश्रुविलोचनाः॥४३॥शयानान्वीरशय्यायांपतीनालिंग्यशोचतीः॥ विलेपुःसुस्वरंनार्योविसृजंत्योमुहुःशुचः ॥४४॥ हानाथप्रियधर्मज्ञकरुणानाथवत्सल ॥ त्वयाहतेननिहतावयंतेसगृहप्रजाः ॥४५॥ त्वयाविरहितापत्यापुरीयंपुरुषर्षभ॥नशोभतेवयमिवनिवृत्तोत्सवमंगला॥४६॥अनागसांत्वंभूतानांकृतवान्द्रोहमुल्बणं ॥ तेनेमांभोदशांनीतोभूतध्रुक्कोलभेतशं ॥४७॥ सर्वेषामिहभूतानामेषहिप्रभवाप्ययः॥गोप्ताचतदवध्यायीनक्वचित्सुखमेधते ॥४८॥ श्रीशुक०राजयोषितआश्वास्यभगवाँल्लोकभावनः॥ यामाहुर्लौकिकींसंस्थांहतानांसमकारयत् ॥४९॥मातरंपितरंचैवमोचयित्वाऽथबंधनात्॥ कृष्णरामौववंदातेशिरसास्पृश्यपादयोः ॥५०॥ देवकीवसुदेवश्चविज्ञायजगदीश्वरौ ॥ कृतसंवंदनौपुत्रौसस्वजातेनशंकितौ ॥५१॥ इ०भा०म०द०पू०कंसवधोनामचतुश्चत्वारिंशोऽध्यायः ॥४४॥ श्रीशुक०पितरावुपलब्धार्थौविदित्वापुरुषोत्तमः॥माभूदितिनिजांमायांततानजनमोहिनीं ॥१॥ उवाचपितरावेत्यसाग्रजःसात्वतर्षभः॥प्रश्रयावनतःप्रीणन्नंबताततेतिसादरं॥२॥ नास्मत्तोयुवयोस्तातनित्योत्कंठितयोरपि॥ बाल्यपौगंडकैशोराःपुत्राभ्यामभवन्क्वचित् ॥३॥ नलब्धोदैवहतयोर्वासोनौभवदंतिके ॥ यांबालाःपितृगेहस्थाविंदंतेलालितामुदं ॥४॥ सर्वार्थसंभवोदेहोजनितःपोषितो

ઉત્તમ પુરૂષ અને સ્વામી થકી રહિત થયેલી, અને ઉત્સવ તથા મંગળ વિનાની થયેલી, આ મથુરાં નગરી પણ; હવે અમારી માફકજ શોભતી નથી. ॥ ૪૬ ॥ આપ, નિરપરાધ પ્રાણીઓનો અત્યંત દ્રોહ કરવા વડે, આ દશાને પામેલા છો; પ્રાણીઓનો દ્રોહ કરનારો કોણ, શાંતિ પામે છે. ॥ ૪૭ ॥ જેના થકી અહીંના સર્વ પ્રાણીઓની ઉત્પત્તિ અને નાશ થાયછે, તથા રક્ષણના કરનાર પણ જે પોતેજ છે; તેમનું ભુંડું ઇચ્છનારાને કદીપણ સુખ મળેજ ક્યાંથી. ॥ ૪૮ ॥ પછી લોક માત્રનું રક્ષણ કરનારા ભગવાને, તે રાજકુળની સ્ત્રીઓની આસના વાસના કરી; અને મરી ગયેલાઓને માટે લૌકિક રીતિથી કરવાની સઘળી ક્રિયાઓ કરાવી. ॥૪૯॥ ત્યારે કેડે માત પિતાને બંધનમાંથી છોડીને, તેમના ચરણનો સ્પર્શ કર્યો; તથા માથાંવડે વંદન કર્યું. ॥૫૦॥ પણ એ બે વંદન કરતા પુત્રોને; દેવકી અને વસુદેવે, જગતના ઇશ્વર જાણવાથી; શંકા લાવીને તેઓ તેમને ભેટયાં નહીં. ॥ ૫૧ ॥ ઇતિશ્રી૦ ભા૦ દશમાં સ્કંધનો ચુમાળિસમો અધ્યાય સંપૂર્ણ ॥ ૪૪ ॥

અધ્યાય ૪૫ મો.—શ્રીશુક—ત્યારે પુરુષોત્તમ ભગવાને, પોતાનાં માત પિતાને તત્વજ્ઞાન થયેલું જાણીને; હાલ તેમને એમ થવું બરાબર નથી, એમ વિચારી; લોકને મોહ કરનારી પોતાની માયા, તેમના વિશે વિસ્તારી. ॥૧॥ પછી ભગવાને મોટા ભાઇ સહિત માત પિતા પાસે જઇ; આદર પૂર્વક અને નમ્રતા સહિત તેમને નમીને, " હે માતા હે પિતા, પ્રસન્ન થાઓ; એમ કહી, તે બોલ્યા કે. ॥૨॥ હે માત પિતા, તમો બંને જણાંને ઉત્કંઠા હોવા છતાં, અમો પુત્રો થકી; અમારી બાળક—પૌગંડ—અને કિશોર અવસ્થાનાં સુખો, કદીએ તમને મળ્યાં નથી. ॥ ૩ ॥ અને, પિતાને ઘેર રહેલા તથા લાડ લડાવેલા બાળકોને જેથકી આનંદ મળે છે તેવું, તમારી પાસે રહેવાનું સુખ; કમનસીબથી અમને પણ મળ્યું નથીજ. ॥૪॥ સર્વ પુરૂષા-

ધીને ભેળવવાના સાધન રૂપ, આ મનુષ્ય દેહને; જેમણે જન્મ આપ્યો છે, અને પોશણ પણ કરે છે; તેવાં, માબાપોનો બદલો તો; સો વરસના પૂરા આયુષ્યવડે પણ, માણસ વાળી શકે, તેમ નથીજ, ॥૫॥ માટે પોતે શરીરથી અને ધનથી શક્તિવાન છતાં; જે દીકરાઓ માત પિતાનું પોષણ કરતા નથી; તેવાઓને મૂવા પછી તેમનું પોતાનુંજ માંસ ખવડાવવામાં આવે છે. ॥૬॥ પોતે શક્તિવાન છતાં. ઘરડાં માબાપોનું, સાધ્વી સ્ત્રીનું, બાળક સંતાનોનું, ગુરૂ (એટલે જ્ઞાન, મંત્ર, વિદ્યા ધન; અને આજીવિકા વિગેરે આપનાર) નું, વિપ્રોનું (એટલે વેદાધ્યયન કરીને શાસ્ત્રાદિકનો ઉપદેશ કરવાવડે ધર્મ શીખવવાનુંજ કામ કરનારા બ્રાહ્મણોનું.) અને શરણાગતનું; જેઓ પોષણ કરતા નથી; તેઓ જીવતાંજ મૂએલા છે. ॥૭॥ માટે કંસથકી મનમાં નિત્ય ઉદ્વેગ પામતા અમો, અસમર્થના આટલા દિવસો, તમારૂં પૂજન કર્યા વિનાના વ્યર્થ વહી ગયેલા છે; તેથી મનમાં ઘણા દુખવાતા, પરતંત્ર, અને તમો માત પિતાની સેવા ન કરી શકવાથી ક્લેશ પામતા; અમોને ક્ષમા કરવાને તમે યોગ્ય છો." ॥ ૮-૯ ॥ ત્યારે માયાથી મનુષ્ય થયેલા વિશ્વાત્મા હરિ ભગવાનની એવી વાણી સાંભળવાથી, મોહ પામેલાં તેઓએ એ બંને જણાને; પોતાના ખોળામાં બેસાડીને અને ભેટીને આનંદ મેળવ્યો. ॥૧૦॥ અને સ્નેહ પાશથી બંધાયલાં તથા મોહ પામેલાં તેમણે, આંસુની ધારાથી તેમને નહવરાવી દેતાં; ગળામાં આંસુ ભરાઇ જવાથી, કશું પણ બોલી શકાયું નહીં. ॥૧૧॥ પછી એ રીતનું માત પિતાનું આશ્વાસન કર્યા કેડે, પોતાના આજા ઉગ્રસેનને તેમણે યાદવોના રાજા બનાવ્યા. ॥૧૨॥ અને કહ્યું કે. " યયાતિના શાપથકી, રાજગાદી ઉપર યાદવોથી બેસાતું નથી; તોપણ તમેજ મહારાજા થઇને, અમો વિગેરે પ્રજાઓને આજ્ઞા કરવાને યોગ્ય છો. (અર્થાત તમે ગાદી ઉપર બેસીને રાજ્ય કરો) ॥૧૩॥ હું પોતે દાસ થઇને, તમારી ઉપાસના કરીશ; એટલે દેવતાઓ વિગેરે સર્વ, તમને નમ્રતા સહિત કર વિગેરે આપશેજ. ॥ ૧૪ ॥ તે પછી, કંસના ભયથી આકુળ થઇને દિશાઓમાં ભાગી જઇ પરદેશમાં વસવાથી,

यतः॥नतयोर्यातिनिर्वेशंपित्रोर्मर्त्यःशतायुषा ॥५॥ यस्तयोरात्मजःकल्पआत्मनाचधनेनच ॥ वृत्तिंनदद्यात्तंप्रेत्यस्वमांसंखादयंतिहि ॥६॥ मातरंपितरंवृद्धंभार्यांसाध्वींसुतंशिशुं ॥ गुरुंविप्रंप्रपन्नंचकल्पोऽबिभ्रच्छ्वसन्मृतः ॥७॥ तन्नावकल्पयोःकंसान्नित्यमुद्विग्नचेतसोः ॥ मोघमेते व्यतिक्रांतादिवसावामनर्च्यतोः ॥८॥ तत्क्षंतुमर्हथस्तातमातर्नौपरतंत्रयोः ॥ अकुर्वतोर्वांशुश्रूषांक्लिष्टयोर्दुर्हृदाभृशं ॥९॥ श्रीशुक०इतिमाया मनुष्यस्य हरेर्विश्वात्मनोगिरा ॥ मोहितावंकमारोप्यपरिष्वज्यापतुर्मुदं ॥१०॥ सिंचंतावश्रुधाराभिःस्नेहपाशेनचावृतौ ॥ नकिंचिदूचतू राजन्बाष्पकंठोविमोहितौ ॥११॥ एवमाश्वास्यपितरौभगवान्देवकीसुतः ॥ मातामहंतूग्रसेनंयदूनामकरोन्नृपं ॥१२॥ आहचास्मान्महा राजप्रजाश्चाज्ञप्तुमर्हसि॥ययातिशापाद्यदुभिर्नासितव्यंनृपासने॥१३॥ मयिभृत्यउपासीनेभवतोविबुधादयः बलिंहरंत्यवनताःकिमुतान्येन राधिपाः ॥१४॥ सर्वान्स्वज्ञातिसंबंधान्दिग्भ्यःकंसभयाकुलान् ॥यदुवृष्ण्यंधकमधुदाशार्हकुकुरादिकान् ॥१५॥ सभाजितान्समाश्वा स्यविदेशावासकर्शितान् ॥ न्यवासयत्स्वगेहेषुवित्तैःसंतर्प्यविश्वकृत्॥१६॥ कृष्णसंकर्षणभुजैर्गुप्तालब्धमनोरथाः ॥ गृहेषुरेमिरेसिद्धाःकृ ष्णरामगतज्वराः ॥१७॥ वीक्षंतोऽहरहःप्रीतामुकुंदवदनांबुजं ॥ नित्यंप्रमुदितंश्रीमत्सदयस्मितवीक्षणं॥१८॥ तत्रप्रवयसोऽप्यासन्युवा नोऽतिबलौजसः ॥ पिबंतोऽक्षैर्मुकुंदस्यमुखांबुजसुधांमुहुः ॥१९॥अथनंदंसमासाद्यभगवान्देवकीसुतः ॥ संकर्षणश्चराजेंद्रपरिष्वज्येदमूच तुः ॥२०॥ पितर्युवाभ्यांस्निग्धाभ्यांपोषितौलालितौभृशं ॥पित्रोरभ्यधिकाप्रीतिरात्मजेष्वात्मनोऽपिहि ॥२१॥सपितासाचजननीयौपुष्णी तांस्वपुत्रवत् ॥ शिशून्बंधुभिरुत्सृष्टानकल्पैःपोषरक्षणे ॥२२ य तयूयंव्रजंतातवयंचस्नेहदुःखितान् ॥ ज्ञातीन्वोद्रष्टुमेष्यामोविधायसुहृदां सुखं॥२३॥ एवंसांत्वय्यभगवान्नंदंसव्रजमच्युतः ॥ वासोलंकारकुप्याद्यैरर्हयामाससादरं ॥२४॥ इत्युक्तस्तौपरिष्वज्यनंदःप्रणयविह्वलः ॥ पूरयन्नश्रुभिर्नेत्रेसहगोपैर्व्रजंययौ ॥२५॥ अथशूरसुतोराजन्पुत्रयोःसमकारयत् ॥ पुरोधसाब्राह्मणैश्चयथावद्द्विजसंस्कृतिं॥२६॥ तेभ्योऽदा

દુખ પામતા; વૃષ્ણી–અંધક–મધુ–દાશાર્હ–અને કુકુર વિગેરે જાતોના યાદવોને; સત્કાર સહિત પાછા તેડાવી, તેમનું આશ્વાસન કરીને; અને ધન આપવાવડે તૃપ્ત કરીને, પોત પોતાનાં ઘરોમાં; એ વિશ્વને ઉત્પન્ન કરનારા ભગવાને; ફરીથી વસાવ્યા.॥૧૫–૧૬॥ત્યારે રામઅને કૃષ્ણના હાથ થકી રક્ષણ કરાયલા, અને પોતાના મનોર્થ પૂર્ણ થયેલા તેઓ; રામ અને કૃષ્ણના પ્રતાપથી પીડા રહિત થઇને, સિદ્ધ પુરૂષોના સરખું સુખ; ઘરોને વિશે રહીને ભોગવવા લાગ્યા. ॥૧૭॥ અને હમેશાં આનંદી–શોભાયમાન–અને હસતું તથા દયાવાન નજર વાળું મુકુંદ ભગવાનનું મુખ કમળ, રોજ રોજ પ્રીતિ સહિત જોવાથી; અને આંખ્યો વડે તેમના મુખકમળનું અમૃત વારંવાર પીવાથી; ત્યાં રહેતા ઘરડા અને જુવાન યાદવોની, શરીરની અને મનની શક્તિઓ; અતિ બળવાન થઇ ગઇઓ. ॥૧૮ ૧૯॥ પછીથી હે રાજા, દેવકી પુત્ર ભગવાન અને સંકર્ષણ બેઉ જણા નંદજીની પાસે જઇ, તેમને ભેટયા; અને બોલ્યા કે. ॥૨૦॥ " સંતાનોના ઉપર પોતાના દેહ કરતાં પણ અધિક પ્રીતિ માત પિતાને હોયછે; અને તેવીજ પ્રીતિથી તમે બંને (નંદ અને યશોદા) એ, સ્નેહ સહિત અમારૂં પોષણ અને ઘણુંક લાડ પાડ કરેલ છે. ॥૨૧॥ બંધુઓએ તજેલ, અને પોતાનું પોષણ તથા રક્ષણ કરવામાં અશક્ત બાળકોનું, જેઓ પોતાના પુત્ર પ્રમાણે પોષણ કરનાર છે; તેઓજ તે બાળકોનાં માત પિતા છે. ॥૨૨॥ હે તાત, હવે તમે પાછા વ્રજમાં જાઓ. સ્નેહ થકી દુખી થનારાં તમને, અને બીજાં સગાં સંબંધીઓને, જોવા (મળવા) સારૂં; અહીંના સુહૃદોને સુખ શાંતિ કર્યા પછી, અમે જરૂર આવીશું. " ॥૨૩॥ એ રીતે નંદજી તથા વ્રજવાસી ગોપ લોકોનું, સાંત્વન અચ્યુત ભગવાને કર્યા પછી; તેમને વસ્ત્ર–ઘરેણાં–અને વાસણો વિગેરે આદર સહિત આપવાવડે; પૂજન કર્યું. ॥૨૪॥ ત્યારે ભગવાને આ રીતે કહેવાથી, પ્રેમવડે વિકળ થયેલા; અને આંસુવડે આંખ્યો ભરાઇ ગયેલા નંદજી; તેમને મળીને, ગોપ લોકો સહિત પાછા વ્રજમાં ગયા. પછી હે રાજા, શૂરના પુત્ર વસુદેવે પોતાના બંને પુત્રોને, પોતાના પુરોહિત બ્રાહ્મણો પાસે; યથાવિધિ દ્વિજ સંસ્કાર કરાવ્યા. (એટલે જનોઇ

દીધો). ॥૨૬॥ અને એ મહા બુદ્ધિમાન વસુદેવે તે બ્રાહ્મણોનું પૂજન કરીને, તથા તેમને ઘરેણાં પહેરાવીને, કૃષ્ણ અને રામના જન્મ કાળે આપવાનો મનથીજ સંકલ્પ કરેલાનું સ્મરણ લાવીને; તે બ્રાહ્મણોને, રેશમી વસ્ત્ર ઓઢાડેલી, અને સોનાની માળાઓથી શણગારેલી, વાછડાંવાળી ગાયો દક્ષિણા સહિત; અધર્મ વડે એકઠા કરેલા, કંસના ભંડારમાંથી ખર્ચ કરીને; આપીઓ. ॥૨૭-૨૮॥ તે રૂડે સંસ્કાર થવાથી, દ્વિજપણું પામેલા અને સારાં વ્રત વાળા એ બંને ભાઈઓ; યદુકુળના આચાર્ય (ગોર) ગર્ગ મુનિની પાસેથી ગાયત્રીનું વ્રત ધારણ કરીને, બ્રહ્મચર્ય પાળવા લાગ્યા. ॥૨૯॥ અને એ સર્વ ક્રિયાઓના ઉત્પત્તિ સ્થાન–સર્વના મનની વાતને જાણનાર–જગતના ઈશ્વરો–તથા મનુષ્યનાં આચરણ કરી દેખાડવા સારૂં પોતાના સ્વતઃ સિદ્ધ અને દોષરહિત જ્ઞાનને ગુપ્ત રાખનાર–એવા તે ભાઈઓ; ગુરૂ કુળમાં વસવાની ઇચ્છાથી, ઉજ્જન નગરીના રહેનાર કાશ્ય ગોત્રના સાંદિપની નામના બ્રાહ્મણને ઘેર ગયા. ॥૩૦-૩૧॥ તથા એ અનિંદિત વૃત્તિ વાળા ગુરૂને યોગ્ય રીતે મળ્યા પછી; તે બંને ભાઈ જીતેંદ્રિય થઈને; દેવતા સરખા આદર વાળી ભક્તિથી, તેમની પાસે રહીને; અભ્યાસ કરવા લાગ્યા. ॥ ૩૨ ॥ ત્યારે તેમની શુદ્ધ ભાવવાળી સેવાથી, રાજી થયેલા તે ગુરૂ શ્રેષ્ઠ બ્રાહ્મણે; અંગ અને ઉપનિષદો સહિત સઘળા વેદ તેમને ભણાવ્યા. ॥ ૩૩ ॥ અને તે રીતેજ રહસ્ય સહિત ધનુર્વેદ–ધર્મ શાસ્ત્ર–ન્યાય શાસ્ત્ર–અને આન્વિક્ષિકી વિદ્યા–તથા સંધિ, વિગ્રહ, યાન, આસન, દ્વૈધિભાવ અને સમાશ્રય, એ છએ પ્રકારો વાળી રાજનીતિ; એ સઘળું તેમને શીખવ્યું. ॥૩૪॥ હે રાજા, ત્યારે એ સર્વ વિદ્યાઓના પ્રવર્તાવનારા સર્વોત્તમ પુરૂષો (બંને ભાઈઓ) માત્ર એક વાર બોલી દેખાડવાથીજ, તે સઘળું શીખી જતા હતા. ॥૩૫॥ એમ એ બંને જણાએ ચોસઠ દિવસમાં ચોસઠે કળાઓ શીખી લીધી; અને તે પછી એ વિદ્યાગુરૂને, ગુરૂદક્ષિણા માગવાને કહ્યું. ॥૩૬॥ ત્યારે તે બ્રાહ્મણે, તેમનો અદ્ભુત મહિમા જાણ્યા છતાં; પોતાની સ્ત્રીની સલાહથી, મનુષ્યબુદ્ધિનો આશ્રય કરીને; પ્રભાસના મોટા સમુદ્રમાં ડુબી મુએલા, પો-

दक्षिणागावोरुक्ममाल्यःस्वलंकृताः॥स्वलंकृतेभ्यःसंपूज्यमवत्साःक्षौममालिनीः ॥२७॥ याःकृष्णरामजन्मर्क्षेमनोदत्तामहामतिः ॥ ताश्चा
ददावनुस्मृत्यकंसेनाधर्मतोऽहृताः ॥२८॥ ततश्चलब्धसंस्कारौद्विजत्वंप्राप्यसुव्रतौ ॥ गर्गाद्यदुकुलाचार्याद्गायत्रंव्रतमास्थितौ ॥२९॥ प्रभ
वौसर्वविद्यानांसर्वज्ञौजगदीश्वरौ ॥ नान्यसिद्धामलज्ञानंगूहमानौनरेहितैः ॥३०॥ अथोगुरुकुलेवासमिच्छंतावुपजग्मतुः ॥ काश्यंसांदी
पनिंनामह्यवंतिपुरवासिनं ॥३१॥ यथोपसाद्यतौदांतौगुरौवृत्तिमनिंदितां ॥ ग्राहयंतावुपेतौस्मभक्त्यादेवमिवादृतौ ॥३२॥तयोर्द्विजवरस्तु
ष्टःशुद्धभावानुवृत्तिभिः ॥ प्रोवाचवेदानखिलान्सांगोपनिषदोगुरुः ॥३३॥ सरहस्यंधनुर्वेदंधर्मान्न्यायपथांस्तथा ॥ तथाचान्वीक्षिकींविद्यां
राजनीतिंचषड्विधां ॥३४॥ सर्वंनरवरश्रेष्ठौसर्वविद्याप्रवर्त्तकौ ॥ सकृन्निगदमात्रेणतौसंजगृहतुर्नृप ॥३५॥ अहोरात्रैश्चतुःषष्ट्यासंयत्तौता
वतीःकलाः॥ गुरुदक्षिणयाचार्यंछंदयामासतुर्नृप ॥३६॥द्विजस्तयोस्तंमहिमानमद्भुतंसंलक्ष्यराजन्नपिमानुषींमतिं ॥ संमंत्र्यपत्न्यासमहार्ण
वेमृतंबालंप्रभासेवरयांबभूवह ॥३७॥ तथेत्यथारुह्यमहारथौरथंप्रभासमासाद्यदुरंतविक्रमौ ॥ वेलामुपव्रज्यनिषीदतुःक्षणंसिंधुर्विदित्वाऽ
र्हणमाहरत्तयोः ॥३८॥ तमाहभगवानाशुगुरुपुत्रःप्रदीयतां ॥ योऽसाविहत्वयाग्रस्तोबालकोमहतोर्मिणा ॥३९॥ समुद्र० नैवाहार्षमहंदेवदै
त्यःपंचजनोमहान् ॥ अंतर्जलचरःकृष्णशंखरूपधरोऽसुरः॥४०॥आस्तेतेनाहृतोनूनंतच्छ्रुत्वासत्वरंप्रभुः ॥ जलमाविश्यतंहत्वानापश्यदुद
रेऽर्भकं ॥४१॥ तदंगप्रभवंशंखमादायरथमागमत् ॥ ततःसंयमनींनामयमस्यदयितांपुरीं ॥४२॥ गत्वाजनार्दनःशंखंप्रदध्मौसहलायुधः
॥ शंखनिर्ह्रादमाकर्ण्यप्रजासंयमनोयमः ॥४३॥ तयोःसपर्यांमहतींचक्रेभक्त्युपबृंहितां ॥ उवाचावनतःकृष्णंसर्वभूताशयालयं ॥४४॥ली
लामनुष्ययोर्विष्णोयुवयोःकरवामकिं ॥ श्रीभग० गुरुपुत्रमिहानीतंनिजकर्मनिबंधनं ॥ आनयस्वमहाराजमच्छासनपुरस्कृतः ॥ ४५॥ त
थेतितेनोपानीतंगुरुपुत्रंयदूत्तमौ ॥ दत्वास्वगुरवेभूयोवृणीष्वेतितमूचतुः ॥४६॥ सम्यक्संपादितोवत्सभवद्भ्यांगुरुनिष्क्रयः ॥ कोनुयुष्मद्वि

તાના બાળકને પાછો લાવી આપવાનુંજ, વરદાન માગ્યું. (અર્થાત ભગવાન જાણ્યા છતાં, મુક્તિ ન માગતાં, માત્ર સંસારિક બંધન કરનાર વસ્તુનીજ માગણી કરી) તેથી "ઘણું સારૂં" એમ કહીને; અપાર પરાક્રમ વાળા એ બંને મહારથીઓ, રથમાં બેસીને; પ્રભાસના કિનારા ઉપર જઈ, એક ક્ષણવાર ચુપ ઉભા રહ્યા: તે જાણવાથી સમુદ્રે તેમની પાસે આવી. તેઓનું પૂજન કર્યું. ॥૩૮॥ ત્યારે ભગવાને તેને કહ્યું કે. "આ ઠેકાણેજ તમે અમારા ગુરૂ પુત્રને મોટી છોળોથી લીધેલો છે, તેને તુર્ત લાવી આપો." ॥૩૯॥ સમુદ્રે કહ્યું કે–"હે દેવ, એ બાળકને મેં લીધો નથી, પણ જળની અંદર શંખનું રૂપ ધરીને ફરનારો, એક પાંચ જન્મ નામના મોટા અસુરે, નક્કી તેને લીધો હશે." એટલું સાંભળતાંજ ભગવાને ઉતાવળથી જળમાં પેસીને, તે દૈત્યને માર્યો; પણ તેના પેટની અંદર તે બાળકને તેમણે દીઠો નહીં, ॥૪૦-૪૧॥ ત્યારે તેના શરીરથી બનેલો શંખ લઈને, [illegible] રથ ઉપર આવ્યા; અને પછીથી યમને મન ગમતી, સંયમની નામની નગરીમાં જઈને; એ બળરામ તથા જનાર્દન ભગવાને, શંખ વગાડ્યા: એટલે તે શંખનાદ સાંભળીને આવેલા, પ્રજાઓને નિયમમાં રાખનારા યમરાજાએ ઘણી ભક્તિ સહિત તે બેઉની મોટી પૂજા કરી; અને તેમણે સર્વ પ્રાણીઓના હૃદય વિષે રહેલા, કૃષ્ણ ભગવાનને નમ્રતાથી કહ્યું કે. ॥૪૨-૪૩-૪૪॥ "હે મનુષ્યના જેવું આચરણ કરનારા, આપ બંને વિષ્ણુઓનું હું શું કામ કરૂં." ત્યારે ભગવાન બોલ્યા કે, "હે મહારાજા યમ, અમારા ગુરૂ પુત્રને; તમે તેના કર્મ બંધન થકી, અહીંયાં આણેલો છે; તેને મારા કહેવાથી, તમે લાવી આપો." ॥૪૫॥ પછી "ઘણું સારૂં" એમ બોલીને યમરાજાએ તે ગુરૂ પુત્રને લાવી આપ્યો; એટલે તે બે ભાઈઓએ તેને લેઈ જઈને, તે પોતાના ગુરૂને સ્વાધીન કર્યો; અને બીજું વરદાન માગવાનું પણ તેમને તેમણે કહ્યું. ॥૪૬॥ ત્યારે ગુરૂ બોલ્યા કે. "હે બાળકો, તમારા થકી ગુરૂને સંપૂર્ણ બદલો મળી ચૂક્યો છે. તમ સરખાના ગુરૂને, કોઈ પ્રકારની બીજી કામના હોયજ નહીં. ॥૪૭॥ હે વીર પુરૂષો, તમે હવે પોતાને ઘેર જાઓ; અને આ ભણેલા વેદાદિકી

આ લોક તથા પરલોકને વિષે તમારી પવિત્ર કીર્તિ ફેલાવો પામો." ॥૪૮॥ હે તાત, પછી એ રીતે ગુરૂએ આશિર્વાદ આપેલા, એ બે ભાઇઓ મેઘ જેવી ગર્જના કરતા પવન વેગી રથમાં બેસીને; મથુરાંમાં આવ્યા. ॥૪૯॥ ત્યારે ઘણા દહાડા થયાં નહીં દીઠેલા, એ બે રામ અને કૃષ્ણને દેખવાથી; સઘળી પ્રજા, જતું રહેલું ધન પાછું મળવાની પેઠે; ઘણોજ આનંદ પામી. ॥૫૦॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કં૦ પીસતાળિસમો અ૦ સં૦ ॥૪૫॥

અધ્યાય ૪૬ મો.—શ્રીશુક—બૃહસ્પતિના શિષ્ય ઘણી બુદ્ધિ વાળા ઉદ્ધવજી, વૃષ્ણીઓના મુખ્ય મંત્રી અને સાક્ષાત કૃષ્ણ ભગવાનના મન ગમતા મિત્ર હતા. ॥૧॥ કોઇ દિવસ એ શરણાંગતનાં દુખોને મટાડનાર, હરિભગવાને; તે પોતાના પ્રિય અને એકાંતિક ભક્ત ઉદ્ધવજીનો હાથ પોતાના હાથ વડે ઝાલીને, તેમને કહ્યું કે. ॥૨॥ "હે સૌમ્ય ઉદ્ધવ, તમે વ્રજમાં જાઓ; અને અમારાં માત પિતા નંદ યશોદાને, પ્રસન્ન કરો; તથા મારો સંદેશો કહીને, મારા વિયોગ રૂપી ગોપીઓના આધિને મટાડો. ॥૩॥ હે અંગ, જેઓ મારે સારૂં; લોકનો, અને ધર્મનો પણ, ત્યાગ કરે છે; તેવાઓને હુંજ નિભાવું છું, તો મારામાંજ મન અને પ્રાણ રાખનારી, તથા મારે અર્થેજ શરીર સબંધી સર્વ સુખાદિકને તજનારી, એ ગોકુળની સ્ત્રીઓ; તેમનો વહાલામાં વહાલો હું દૂર વસવાથી, વિરહ અને ઉત્કંઠાથી, વિકળ થતી હશે. અને મારૂં સ્મરણ આવવાથી, મોહ પામતી પણ હશે. ॥૪-૫॥ એ મારામાંજ મન વાળી ગોપીઓને, મેં પાછા આવવાનો સંદેશો, જતી વખતે દૂતની પાસે, કહેવરાવેલો છે; તે થકીજ તેઓ કદાચ, પોતાના પ્રાણને; વિશેષ દુખ થતાં છતાં પણ, ધારણ કરતી હશે. ॥૬॥ શ્રીશુક—હે રાજા, એ રીતે કહેવાયલા ઉધવજી, આદર સહિત ભગવાનનો સંદેશો લેઇને; રથમાં બેશી, નંદજીના ગોકુળમાં આવ્યા. ॥૭॥ અને તે સૂર્ય આથમતી વેળા, નંદજીના શોભિતા વ્રજમાં પહોંચ્યા;

धगुरोःकामोनामावशिष्यते ॥४७॥ गच्छतंस्वगृहंवीरौकीर्तिर्वामस्तुपाविनी ॥छंदांस्ययातयामानिभवंत्विहपरत्रच ॥४८॥ गुरुणैवमनुज्ञा
तौरथेनानिलरंहसा ॥ आयातौस्वपुरंतातपर्जन्यनिनदेनवै ॥४९॥ समनंदन्प्रजाःसर्वादृष्ट्वारामजनार्दनौ ॥ अपश्यंत्योबह्वहानिनष्टल
ब्धधनाइव ॥५०॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेपूर्वार्धेगुरुकुलेवासोनामपंचचत्वारिंशोऽध्यायः ॥४५॥
श्रीशुक०वृष्णीनांप्रवरोमंत्रीकृष्णस्यदयितःसखा ॥शिष्योबृहस्पतेःसाक्षादुद्धवोबुद्धिसत्तमः॥१॥ तमाहभगवान्प्रेष्ठंभक्तमेकांतिनंक्वचित् ॥
गृहीत्वापाणिनापाणिंप्रपन्नार्तिहरोहरिः॥२॥गच्छोद्धवव्रजंसौम्यपित्रोर्नौप्रीतिमावह ॥ गोपीनांमद्वियोगाधिंमत्संदेशैर्विमोचय ॥३॥ तामन्म
नस्कामत्प्राणामदर्थेत्यक्तदैहिकाः ॥ येत्यक्तलोकधर्माश्चमदर्थेतान्बिभर्म्यहं ॥४॥ मयिताःप्रेयसांप्रेष्ठेदूरस्थेगोकुलस्त्रियः ॥ स्मरंत्योऽगवि
मुह्यंतिविरहौत्कंठ्यविह्वलाः ॥५॥ धारयंत्यतिकृच्छ्रेणप्रायःप्राणान्कथंचन ॥ प्रत्यागमनसंदेशैर्बल्लव्योमेमदात्मिकाः॥६॥ श्रीशुक०इत्युक्त
उद्धवोराजन्संदेशंभर्तुरादृतः॥ आदायरथमारुह्यप्रययौनंदगोकुलं ॥७॥ प्राप्तोनंदव्रजंश्रीमान्निम्लोचतिविभावसौ ॥ छन्नयानःप्रविशतांप
शूनांखुररेणुभिः ॥८॥ वासितार्थेऽभियुध्यद्भिर्नादितंशुष्मिभिर्वृषैः॥धावंतीभिश्चवास्राभिरूधोभारैःस्ववत्सकान् ॥९॥ इतस्ततोविलंघद्भिर्गो
वत्सैर्मंडितंसितैः॥ गोदोहशब्दाभिरवंवेणूनांनिःस्वनेनच ॥१०॥ गायंतीभिश्चकर्माणिशुभानिबलकृष्णयोः ॥ स्वलंकृताभिर्गोपीभिर्गोपैश्च
सुविराजितं ॥११॥ अग्न्यर्कातिथिगोविप्रपितृदेवार्चनान्वितैः॥धूपदीपैश्चमाल्यैश्चगोपावासैर्मनोरमं ॥१२॥ सर्वतःपुष्पितवनंद्विजालिकुल
नादितं ॥ हंसकारंडवाकीर्णैःपद्मखंडैश्चमंडितं ॥१३॥तमागतंसमागम्यकृष्णस्यानुचरंप्रियं ॥ नंदःप्रीतःपरिष्वज्यवासुदेवधियार्चयत् ॥१४॥
भोजितंपरमान्नेनसंविष्टंकशिपौसुखं ॥ गतश्रमंपर्यपृच्छत्पादसंवाहनादिभिः ॥१५॥ कच्चिदंगमहाभागसखानःशूरनंदनः॥आस्तेकुशल्यप
त्याद्यैर्युक्तोमुक्तःसुहृद्वृतः ॥१६॥ दिष्ट्याकंसोहतःपापःसानुगःस्वेनपाप्मना ॥ साधूनांधर्मशीलानांयदूनांद्वेष्टियःसदा ॥१७॥ अपिस्मर
तिनःकृष्णोमातरंसुहृदःसखीन् ॥ गोपान्व्रजंचात्मनाथंगावोवृंदावनंगिरिं॥१८॥ अप्यायास्यतिगोविंदःस्वजनान्सकृदीक्षितुं॥तर्हिद्रक्ष्याम

ત્યારે અંદર પેસતાં તેમનો રથ, પશુઓની ખરીઓથી ઉડેલી રજ વડી, ઢંકાઇ ગયો. ॥૮॥ તથા તે વેળા ઋતુ વાળી ગાયોને અર્થે, માતેલા ખુંટ (આખલાઓ) શબ્દ કરતા એક બીજા સાથે વઢતા હતા; અને ભારે આઉવાળી ગાયો પોત પોતાનાં વાછરડાંઓ તરફ દોડી જતી હતી. ॥૯॥ અને અહીં તહીં ઠેકડા મારતાં, ધોળાં વાછરડાંઓથી, અને ગાયો દોહવાના સંબોધનના શબ્દોથી, તથા વાંસળીઓના શબ્દો વડી, તેમજ રામ અને કૃષ્ણનાં શુભ કર્મોનું ગાયન કરતી શણગારેલી ગોપીઓ, તથા ગોવાળિઆઓ વડી. પણ; તે વ્રજ અત્યંત શોભી રહ્યું હતું. ॥૧૦-૧૧॥ તથા ત્યાં અગ્નિ—સૂર્ય—અતિથિ—ગાય—બ્રાહ્મણ—પિતૃ—અને દેવતાઓના પૂજન; મનને આનંદ પમાડે એવાં, ધૂપ—દીપ—અને માળાઓ વિગેરે વડે; એ ગોપ લોકોના ઘરમાં થતાં હતાં. ॥૧૨॥ અને એ ફૂલો ફુલેલા વનમાં, સર્વ તરફથી ભમરાઓ ગણગણાટ કરતા હતા; તથા હંસ અને કારંડવ પક્ષીઓથી ભરાયલાં, કમળો વાળાં તળાવો; શોભી રહ્યાં હતાં. ॥૧૩॥ ત્યારે ત્યાં આવેલા એ, કૃષ્ણના પ્રિય અનુચરને, નંદજી પ્રીતિવડે ગળીને ભેટ્યા. અને તેમને વાસુદેવ સમાન જાણી, તેમનું પૂજન કર્યું. ॥૧૪॥ પછી તેમને ઉત્તમ અન્ન જમાડી, ગદેલા ઉપર સુખે બેસાડીને, પગ ચાંપવા વિગેરેથી તેમનો થાક મટાડ્યા બાદ; તેમને નંદજીએ પૂછ્યું કે. ॥૧૫॥ " હે મહાભાગ, મુક્ત થયેલા અને સુહૃદોથી વિંટાયલા અમારા મિત્ર, શુરના પુત્ર વસુદેવ, તેમનાં સંતાનો આદિ સહિત, કુશળતો છે. ॥૧૬॥ સાધુ અને ધર્મશીળ યાદવોનો જે સદા દ્વેષ કરતો હતો, તે પાપબુદ્ધિ વાળો પાપી કંસ; પોતાના પાપવડેજ, તેના અનુચરો સુદ્ધાં મૂવા; એ ઘણુંજ સારૂ થયું છે. ॥૧૭॥ શું: કૃષ્ણ મને, તેમની મા યશોદાને, સુહૃદોને, મિત્રોને, ગોવાળિઆઓને—અને જેના પોતેજ નાથ છે એવી ગાયો, વૃંદાવન, ગોવર્ધન, તથા વ્રજ ભૂમી; એમને સંભારે છે. ? ॥૧૮॥ શું; એ ગોવિંદ ભગવાન, તેમનાં સ્વજનોને જોવાને માટે; એકવાર પણ આવશે ? અને ત્યારેજ, અમે તેમના; સારા નાકવાળા—અને સુંદર હસવા સહિત જોતા મુખને, દેખીશું. ॥૧૯॥ ઇત્યા-

શિલાથી-પાષરા સહિત વરસાદથી-વૃષભાસુર તથા સાપથકી-અને બીજાં મરાડવાને અશક્ય એવાં મૃત્યુઓ-થકી પણ; એ મોટા મહાત્મા કૃષ્ણેજ અમો સર્વેનું રક્ષણ કરેલું છે. ॥૨૦॥ એ કૃષ્ણનાં પરાક્રમોનું, અને તેમનું આંખોના કટાક્ષથી જોવું-હસવું-અને બોલવું વિગેરેનું; અમને જ્યારે સ્મરણ થાય છે; ત્યારે અમે, અમારાં સઘળાં ઘર કામને ભૂલી જઇએ છીએ. ॥૨૧॥ તથા એ મુકુંદ ભગવાનનાં પગલાંથી શોભા પામેલ નદીઓ-પર્વતો-વનો-અને દેશો પ્રદેશોનાં તેમણે ક્રિડા કરેલ સ્થાનો જોવાથી પણ; જોનારાઓનાં મન તેમના વિશે તદાકાર થઇ જાય છે. ॥૨૨॥ અને ગર્ગાચાર્યના કહેવા પ્રમાણે, હું માનુંછુંકે; દેવતાઓનાં મોટાં કાર્ય કરવા સારૂ, એ રામ અને કૃષ્ણ બંને; કોઈ ઉત્તમ દેવતાઓ અહીંયાં આવેલા છે. ॥૨૩॥ જેમણે કંસને-મલ્લોને-અને દસ હજાર હાથીના બળવાળા કુવલયા પીડ હાથીને પણ; સિંહ પશુઓને મારવાની પેઠે, રમતાં રમતાંજ મારી નાંખ્યા છે. ॥૨૪॥ અને ત્રણ તાડ જેવડા ઘણા મજબુત ધનુષને મોટો હાથી લાકડીને ભાંગે તેમ, તેમણે ભાગ્યું છે; તથા એક હાથેજ સાત દિવસ સુધી પર્વતને ધારણ કર્યો છે. ॥૨૫॥ તેમજ પ્રલંબ-ધેનુક-અરિષ્ટ-તૃણાવર્ત-અને બક, વિગેરે દેવતાઓને અને દાનવોને જીતનારા દૈત્યોને પણ; જેમણે રમતની પેઠેજ મારેલા છે. ॥૨૬॥ -શ્રીશુક-અતિ ઉત્કંઠાથી પ્રેમ વધેલા, અને કૃષ્ણ વિશે લાગી ગયેલ બુદ્ધિવાળા નંદજી એ રીતે કહેતાં કહેતાં વિકળ થઇને મૂગાજ રહી ગયા. ॥૨૭॥ તથા સ્નેહથી સ્તનોમાંથી દૂધ ઝરતાં યશોદાની આંખ્યોમાંથી, પણ પોતાના પુત્રનાં ચરિત્રોનું વર્ણન સાંભળતાં આંસુની ધારો વહેવા લાગી. ॥૨૮॥ ત્યારે કૃષ્ણ ભગવાન વિશે એઓ બંને જણ નંદ અને યશોદાનો અતિ અનુરાગ જોવાથી; આનંદ પામેલા ઉદ્ધવે; નંદજીને કહ્યું કે. ॥૨૯॥-ઉદ્ધવ-હે માન આપનારા, આ જગતના સર્વ પ્રાણીઓમાં; તમો બંને જણાં, ઘણાજ વખાણને યોગ્ય છો; કે જેમણે સર્વગુરૂ નારાયણ ભગવાન વિશે, આ રીતની મતિ કરેલ છે. ॥૩૦॥ આ બે રામ અને કૃષ્ણ, જગતના બીજ અને યોનિ રૂપ એટલે મૂળ કારણ છે. તથા

तद्वक्त्रंसुनसंसुस्मितेक्षणं ॥१९॥ दावाग्नेर्वातवर्षाच्चवृषसर्पाच्चरक्षिताः॥ दुरत्ययेभ्योमृत्युभ्यःकृष्णेनसुमहात्मना ॥२०॥ स्मरतांकृष्णवीर्या णिलीलाऽपांगनिरीक्षितं॥हसितंभाषितंचांगसर्वानःशिथिलाःक्रियाः॥२१॥ सरिच्छैलवनोद्देशान्मुकुंदपदभूषितान्॥ आक्रीडानीक्षमाणा नांमनोयातितन्मयतां ॥२२॥ मन्येकृष्णंचरामंचप्राप्ताविहसुरोत्तमौ॥ सुराणांमहदर्थायगर्गस्यवचनंयथा ॥२३॥ कंसंनागायुतप्राणंमल्लौ गजपतिंतथा ॥ अवधिष्टांलीलयैवपशूनिवमृगाधिपः॥२४॥ तालत्रयंमहासारंधनुर्यष्टिमिवेभराट्॥बभंजैकेनहस्तेनसप्ताहमदधाद्गिरिं॥२५ प्रलंबोधेनुकोऽरिष्टस्तृणावर्तबकादयः॥ दैत्याःसुरासुरजितोहतायेनेहलीलया॥२६॥ श्रीशुक०इतिसंस्मृत्यसंस्मृत्यनंदःकृष्णानुरक्तधीः॥ अत्युत्कंठोऽभवत्तूष्णींप्रेमप्रसरविह्वलः॥२७॥ यशोदावर्ण्यमानानिपुत्रस्यचरितानिच॥ शृण्वंत्यश्रूण्यवास्राक्षीत्स्नेहस्नुतपयोधरा ॥२८॥ तयोरित्थंभगवतिकृष्णेनंदयशोदयोः॥ वीक्ष्यानुरागंपरमंनंदमाहोद्धवोमुदा ॥२९॥ उद्धव०युवांश्लाघ्यतमौनूनंदेहिनामिहमानद॥ नाराय णेऽखिलगुरौयत्कृतामतिरीदृशी ॥३०॥ एतौहिविश्वस्यचबीजयोनीरामोमुकुंदःपुरुषःप्रधानं॥ अन्वीयभूतेषुविलक्षणस्यज्ञानस्यचेशातइ मौपुराणौ ॥३१॥ यस्मिन्जनःप्राणवियोगकालेक्षणंसमावेश्यमनोविशुद्धं॥ निर्हृत्यकर्माशयमाशुयातिपरांगतिंब्रह्ममयोऽर्कवर्णः ॥३२॥ तस्मिन्भवंतावखिलात्महेतौनारायणेकारणमर्त्यमूर्तौ॥ भावंविधत्तांनितरांमहात्मन्किंवाऽवशिष्टंयुवयोःसुकृत्यं ॥३३॥ आगमिष्यत्यदीर्घे णकालेनव्रजमच्युतः॥प्रियंविधास्यतेपित्रोर्भगवान्सात्वतांपतिः ॥३४॥ हत्वाकंसंरंगमध्येप्रतीपंसर्वसात्वतां॥ यदाहवःसमागत्यकृष्णःस त्यंकरोतितत् ॥३५॥ माखिद्यतंमहाभागौद्रक्ष्यथःकृष्णमंतिके॥ अंतर्हृदिसभूतानामास्तेज्योतिरिवैधसि ॥३६॥ नह्यस्यास्तिप्रियःकश्चिन्ना प्रियोवास्त्यमानिनः॥ नोत्तमोनाधमोवाऽपिसमानस्यासमोऽपिवा ॥३७॥ नमातानपितातस्यनभार्यानसुतादयः॥ नात्मीयोनपरश्चापिन देहोजन्मचवा ॥३८॥ नचास्यकर्मवालोकेसदसन्मिश्रयोनिषु॥ क्रीडार्थंसोऽपिसाधूनांपरित्राणायकल्पते ॥३९॥ सत्वंरजस्तमइतिभजते निर्गुणोगुणान् ॥क्रीडन्नतीतोऽत्रगुणैःसृजत्यवतिहंत्यजः॥४०॥ यथाभ्रमरिकादृष्ट्याभ्राम्यतीवमहीयते॥ चित्तेकर्त्तरितत्रात्माकर्त्तेवाहंधिया

પ્રધાન પુરૂષ એટલે આદિ પુરૂષો છે. અને જૂદાં જૂદાં લક્ષણોવાળા સર્વ પ્રાણીઓને, એ પુરાતન ઇશ્વરો થકીજ, જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ॥૩૧॥ તથા પ્રાણ જતી વેળા છેવટની પળે; પ્રાણીઓ જેના વિશે મન પરોવવાથી, શુદ્ધ; અને સૂર્ય જેવા વર્ણના થઇને; તથા પોતાની કર્મવાસનાને બાળી નાંખીને; તુર્તજ બ્રહ્મમય પરમ ગતિને પામે છે. ॥૩૨॥ એ પ્રકારના સર્વના આત્મા અને હેતુ રૂપ, અને કાર્ય માટેજ મનુષ્ય શરીર ધરનારા એ બંને નારાયણ ભગવાનોને વિશે બીજાઓથકી ન રાખી શકાય, એવો ભાવ રાખનારાં તમે; બંને મહાત્માઓને; એ ઉપરાંત, બીજું સત્કર્મ કરવાનું બાકીજ રહેલું નથી. ॥૩૩॥ તેથી થોડા વખતમાંજ એ યાદવપતિ અચ્યુત ભગવાન વ્રજમાં પધારીને, તમો માત પિતાનું પ્રિય કરશે. ॥ ૩૪ ॥ અને સર્વ યાદવોના વિરોધી કંસને અખાડામાં માર્યા પછી, કૃષ્ણે તમારી પાસે આવીને જે રીતે કહ્યું છે; તે સત્ય કરશે. ॥૩૫॥ માટે હે મહાભાગો, લાકડામાં રહેલા અગ્નિની પેઠે, સર્વપ્રાણીના હૃદયમાં રહેલા, એ કૃષ્ણ ભગવાનને તમે સમિપમાંજ જુઓ; અને હવે ખેદ કરવાનું છોડી દ્યો. ॥૩૬॥ કેમકે માન રહિત તેને, કોઇ પ્રિય અગર અપ્રિય નથી. તથા સર્વને માટે સમાન એવા તેમને; કોઇ ઉત્તમ-અધમ-કે વા અસમાન પણ નથી. ॥૩૭॥ તેમને મા નથી, બાપ નથી, અને ભાર્યા તથા પુત્રાદિકપણ નથી; તેમજ તેમને પારકા પોતાના પણ નથી; તથા તેમને દેહ અને જન્મ પણ નથીજ. ॥૩૮॥ વળી તેમને કર્મપણ નહોવા છતાં, ફક્ત સત્પુરૂષોનું તારણ કરવા સારૂં; ક્રિડાઓ કરવા માટેજ, લોકને વિશે; ઉચ્ચ-નીચ-અને મિશ્ર, યોનિઓમાં; તેઓ જન્મ ધારણ કરે છે. ॥૩૯॥ તથા એ નિર્ગુણ અજન્મા ભગવાન, પોતે ગુણોથી રહિત છતાં પણ; અહીંયાં સત્વ-રજ-અને તમ એ ગુણોને ભજીને; તેઓ વડે જગતને સરજવાની-પાલન કરવાની-અને લય કરવાની; ક્રિડાઓ કરે છે.

આવના જેમ આખી ગયેલી નજરવાળા મનુષ્યને ધરતી, ફરથા કરતી જણાયછે; તેની પેઠેજ; જેના મનમાં કર્તા થયું છે, તે અહંબુદ્ધિવાળાઓનેજ; આત્મા, કર્તાના સરખો દેખાવાનું કહેવાય છે. ॥૪૧॥ એટલા માટે, એ અભિમાનવાન; તેથી એ જણાના પુત્રજ છે, એમ નથી; પણ સર્વના પુત્ર—આત્મા—બાપ—અને મા પણ; એ ઇશ્વરજ છે. ॥૪૨॥ અને નાનું કે મોટું, સ્થાવર કે જંગમ, અને થયેલ છે—થાય છે—તથા થવાનું છે—એ સર્વે; તથા જોવામાં અને સાંભળવામાં આવે છે કિંવા બોલવામાં આવે છે; તે સઘળુંજ એ અચ્યુત ભગવાન વિના, વસ્તુરૂપે સત્ય નથી. આ રીતે પરમાર્થ વિચારતાં, સર્વરૂપે, એ ભગવાનજ થયેલાનું જણાય છે. ॥૪૩॥—શ્રીશુક—હે રાજા, એ પ્રમાણેની વાતો, નંદજી તથા કૃષ્ણ ભગવાનના અનુચર ઉદ્ધવની વચ્ચે થવામાંજ, એ રાત તો વીતી ગઇ; ત્યારે ગોપીઓએ ઉઠીને પોતપોતાનાં ઘરોમાં, દીવા સળગાવીને; અને દીકડાક કરીને, દહીંવલોવણ માંડ્યું. ॥૪૪॥ ત્યારે એ હાલતાં, નિતંબ—સ્તન—હાર—હાથનાં કંકણો—અને માળાઓ—વાળી, નેતરાંને ખેંચતી, મુખ ઉપર લગાવેલા કુમકુમથી લાલ થયેલ ગાલ ઉપર કુંડળોનો પ્રકાશ પડવાથી, અને સળગાવેલા દીવાઓ સાથે, પોતે પહેરેલાં ઘરેણાંના મણિઓનું તેજ એકત્ર થવાથી, શોભતી; વ્રજાંગનાઓના; એ કમળ સમાન આંખોવાળા ભગવાનનાં, નામો ગવાતા શબ્દો; દહીંવલોવવાના શબ્દ સાથે મિશ્ર થઇને; આકાશ સુધી પહોંચી જઇ, દિશાઓના અમંગળને મટાડી દેતા હતા. ॥૪૫-૪૬॥ પછી ભગવાન સૂર્યનારાયણનો ઉદય થતાં, વ્રજના દરવાજામાં રથ ઉભેલો દેખીને; તે વ્રજવાસીઓ બોલ્યાં કે; "આ સોનેરી રથ કોનો હશે. ॥ ૪૭ ॥ કમળ લોચન કૃષ્ણને જે મથુરામાં લેઇ ગયો હતો, તે કંસનો અર્થ સાધનાર અક્રૂરજ; પાછો આવ્યો છે કે શું. ॥૪૮॥ શું એના મરી ગયેલા સ્વામીનું ઉત્તર કાર્ય, આપણા વડેજ કરવાની ઇચ્છાથી, તે આવ્યો તો નહીં હોય; એ રીતે તે સ્ત્રીઓ વાતો કરતી હતી. એટલામાંજ, પોતાનું નિત્ય કર્મ આટોપી લેઇને, ઓધવજી ત્યાં આગળ આવી પહોંચ્યા. ॥૪૯॥ ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો છેતાલિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૪૬॥

અધ્યાય ૪૭ મો.—શ્રીશુક—એ લાંબા હાથ વાળા—નવા કમળ જેવી આંખો વાળા—પીળાં વસ્ત્ર અને કમળની માળા પેહેરેલા—અને ઉજળાં કુંડળોથી શોભતા મુખારવિંદ વાળા—કૃષ્ણના અનુચરને દેખીને;

स्मृतः ॥४१॥ युवयोरेवनैवायमात्मजोभगवान्हरिः॥ सर्वेषामात्मजोह्यात्मापितामातासईश्वरः ॥४२॥ दृष्टंश्रुतंभूतम[illegible]स्थास्नुश्चरिष्णुर्महदल्पकंच ॥ विनाऽच्युताद्वस्तुतरांनवाच्यंसएवसर्वंपरमार्थभूतः॥४३॥ एवंनिशासाब्रुवतोर्व्यतीतानंदस्यकृष्णानुचरस्यराजन् ॥ गोप्यःसमुत्थायनि[illegible]दीपान्वास्तून्समभ्यर्च्यदधीन्यमंथन् ॥४४॥ तादीपदीप्तैर्मणिभिर्विरेजूरज्जूर्विकर्षद्भुजकंकणस्रजः ॥ चलन्नितंबस्तनहारकुंडल[illegible]त्विषत्क[illegible]लारुणकुंकुमाननाः ॥४५॥ उद्गायतीनामरविंदलोचनंव्रजांगनानांदिवमस्पृशत्ध्वनिः ॥ दध्नश्चनिर्मंथनशब्दमिश्रितो निरस्यतेयेनदिशाममंगलं ॥४६॥ भगवत्युदितेसूर्येव्रजद्वारि[illegible]जौकसः ॥ दृष्ट्वारथंशातकौंभंकस्यायमितिचाब्रुवन् ॥४७॥ अक्रूरआगतः किंवायःकंसस्यार्थसाधकः ॥ येननीतोमधुपुरींकृष्णःकमललोचनः ॥४८॥ किंसाधयिष्यत्यस्माभिर्भर्तुःप्रेतस्यनिष्कृतिं ॥ इतिस्त्रीणांवदंतीनामुद्धवोऽगात्कृताह्निकः ॥४९॥ इ०भा०म०द०पू०नंदशोकापनयनंनामषट्चत्वारिंशोऽध्यायः॥४६॥ श्रीशुक०तंवीक्ष्य[illegible]ष्णानुचरंव्रजस्त्रियःप्रलंबबाहुंनवकंजलोचनं ॥ पीतांबरंपुष्करमालिनंलसन्मुखारविंदंपरिमृष्टकुंडलं ॥१॥ शुचिस्मिताःकोऽयमपीच्यदर्शनःकुतश्चकस्याच्युतवेषभूषणः ॥ इतिस्मसर्वाःपरिवव्रुरुत्सुकास्तमुत्तमश्लोकपदांबुजाश्रयं ॥२॥ तंप्रश्रयेणावनताःसुसत्कृतंसव्रीड[illegible]सेक्षणसूनृतादिभिः॥रहस्यपृच्छन्नुपविष्टमासनेविज्ञायसंदेशहरंरमापतेः ॥३॥ जानीमस्त्वांयदुपतेःपार्षदंसमुपागतं ॥ भर्त्रेहप्रेषितःपित्रोर्भवान्प्रियचिकीर्षया ॥४॥ अन्यथागोव्रजेतस्यस्मरणीयंनचक्ष्महे ॥ स्नेहानुबंधोबंधूनांमुनेरपिसुदुस्त्यजः ॥५॥ अन्येष्वर्थकृतामैत्रीयावदर्थविडंबनं ॥ पुंभिः[illegible]षुकृता यद्वत्सुमनस्स्विवषट्पदैः ॥६॥ निःस्वंत्यजंतिगणिकाअकल्पंनृपतिंप्रजाः ॥ अधीतविद्याआचार्यमृत्विजोदत्तदक्षिणं ॥७॥ खगावीतफलंवृक्षंभुक्त्वाचातिथयोगृहं॥दग्धंमृगास्तथाऽरण्यंजारोभुक्त्वारतांस्त्रियं॥८॥इतिगोप्योहिगोविंदेगतवाक्कायमानसाः॥[illegible]जं यातेउद्धवेत्यक्तलौकिकाः ॥९॥ गायंत्यःप्रियकर्माणिरुदंत्यश्चगतह्रियः॥ तस्यसंस्मृत्यसंस्मृत्ययानिकैशोरबा[illegible]योः॥१०॥काचिन्मधुकरंदृ

આ સુંદર દેખાવ વાળો, તથા અચ્યુત ભગવાન જેવો વેશ, અને આભૂષણો વાળો, એ કોણ હશે. કોનો હશે અને ક્યાંથી આવ્યો હશે. એમ બોલતી, તે સઘળી સ્વચ્છ હસનારી વ્રજની સ્ત્રીઓ; એ, ઉત્તમશ્લોક ભગવાનના ચરણ કમળનો આશ્રય કરનારાને; ઉત્કંઠાથી ઘેરી વળી. ॥૧-૨॥ અને તે નમ્રતા સહિત નમેલા ઉધવને; રમાપતિ ભગવાનનો સંદેશો લેઇને આવેલાનું, તેમણે જાણવાથી; તેમને આસન ઉપર બેસાડીને, અને હસતે મોઢે તેમના તરફ લાજ સહિત જોઇને; તથા સાચી વાણી બોલવા વિગેરે થકી, તેમનો તેઓએ સારી રીતે સત્કાર કર્યો; અને પછીથી તેઓ રહસ્ય પૂછવા લાગી કે. ॥૩॥ " તમો યદુપતિ ભગવાનના પાર્ષદને તમારા સ્વામીએ, માત પિતાનું પ્રિય કરવાની ઇચ્છાથી મોકલવાથીજ, તમે અહીં આવેલાનું; અમે સમજીએ છૈએ. ॥૪॥ કારણ બંધુઓના સ્નેહનું બંધન તજવાનું, મુનિઓને પણ અશક્ય હોવાથી; આ ગોવ્રજની અંદર તેમણે સ્મરણ કરવાને યોગ્ય, બીજું કાંઇ હોવાનું, અમારા જાણવામાં નથી; તેથી બીજું કારણ નહીંજ હોય. ॥૫॥ બીજાઓની સાથેની, સ્વાર્થ માટે કરેલી મૈત્રી તો; જ્યાં સુધી તેનો અર્થ હોય, ત્યાં સુધીનીજ; જેવી પુરુષો સ્ત્રીઓની સાથે, અને ભમરાઓ ફુલની સાથે, કરે છે; તેવીજ હોયછે. ॥૬॥ એ રીતેજ નિર્ધનોને ગુણિકાઓ—અશક્ત રાજાને પ્રજાઓ—વિદ્યા શીખવીચૂકેલા આચાર્યને શિષ્યો—દક્ષિણા આપી ચૂકેલા યજમાનને ઋત્વિજો—ફળો ખવાઇ ગયેલા ઝાડને પક્ષીઓ—અને ભોગવી લીધેલી પ્રીતિવાન સ્ત્રીઓને જાર પુરુષો—પણ; તજી દેછેજ. ॥ ૭-૮ ॥ આ રીતે ગોવિંદ ભગવાનમાંજ મન—વાણી—અને શરીર લાગી ગયેલી, એ ગોપીઓ લૌકિક લાજનો ત્યાગ કરીને; બાળ અને કિશોર અવસ્થામાં ભગવાને કરેલાં, પ્રિય કામોને સંભારીને; તેનું ગાયન કરતી, તથા રોતી, વ્રજમાં આવેલા કૃષ્ણના દૂત, એ ઉદ્ધવ પ્રત્યે, બોલવા લાગીઓ. ॥ ૯-૧૦ ॥ અને ભગવાનના સમાગમનું ધ્યાન કરતી કોઇ ગોપી, એક ભમરાને; તેને ભગવાનનો મોકલેલો દૂત કલ્પીને; ઉદ્ધવનેજ ઉદ્દેશીને, બોલવા લાગી કે. ॥૧૧॥—ગોપી—હે

ધુતારાના મિત્ર ભમરા; યાદવોની સભામાં હાંસી થતા મંગુર્ભૂત ભગવાન, જે સ્ત્રીઓને રાજી કરે છે; તે અમારી શોક્યોના સ્તન ઉપરનાં; માળા અને કુમકુમમાં ખરડાયલી, તારી મુંછો વાળો; તું તેમનો મોકલેલો દૂત પણ, તેમના સરખોજ હોવાથી; અમારા પગનો સ્પર્શ તારે કરવો યોગ્ય નથી. ॥૧૨॥ જેમના બોલવા થકી મન ખેંચાયલાં લક્ષ્મીજી પણ, એ ઉત્તમ શ્લોક ભગવાનનાં ચરણ કમળને ઉપાસે છે; તે ભગવાને અમને પોતાનું મોહક અધરામૃત એકવાર પાયા પછી; તું જેમ ફૂલને તજે છે, તેમ તુરતજ અમને તજેલાં છે. ॥૧૩॥માટે જુની થયેલી અમો અત્યુમાનિનીઓ પાસે, ઓ; અર્જુનના મિત્ર આત્મપતિ ભગવાનનું ઘણું ગાન કરવા થકી, તને કાંઇજ મળે તેમ નથી: પણ એ ભગવાનની વ્હાલની સખીઓની પાસે જઇને, તેમના જવરને મટાડનારા પ્રસંગનું ગાન તું, કરજ: એટલે પ્રીતિ પામી તેઓ, તને ઇચ્છિત પદાર્થો આપશેજ. ॥૧૪॥ કપટ સહિત સુંદર રીતે હસતા અને ભમરો હલાવતા ભગવાનની ચરણ રજને, લક્ષ્મીજી સેવે છે;

તે ભગવાનને સ્વર્ગ–પૃથ્વી–અને પાતાળની પણ કઇ સ્ત્રી, ન મળે એમ છે; છતાં (ધાર રાખવું જોઇએ કે.) ‘ઉત્તમ શ્લોક’ શબ્દ રાંકનો પક્ષ કરનારાને મોટેજ વપરાય છે. ॥૧૫॥ મુકુંદ ભગવાન પાસેથી દૂતનું કામ એટલે પ્રિય બોલવું, અને પ્રાર્થના કરવી, વિગેરે શીખીનેજ તું આવેલો છે, તે અમારા જાણવામાં છેજ: માટે અમારા પગમાં માથું મૂકવાનું તું છોડી દે: અમે જેને માટે સંતાન–પતિ–અને પરલોકનો પણ ત્યાગ કરેલો છે; તે ભગવાનેજ અસ્થિર મનથી, અમને તજ્યાં છે; તો હવે તેમની સાથે અમારે સંધિ કરવી નથીજ. ॥૧૬॥ જેણે પોતાનો ધર્મ તજીને વાનરોના રાજા વાલીને, પારધીની પેઠે વીંધી નાંખ્યો હતો; અને કામના વડે આવેલી સુર્પણખાને પણ, જેણે સ્ત્રીવશ થઇને, વિરૂપ કરી હતી; તથા કાગડાની પેઠે બલી-રાજાનું સર્વસ્વ ખાઇ જવા છતાં, તેને જેણે બાંધી નાંખ્યો હતો; તે ભગવાન સાથેની મૈત્રી હવે એટલેથીજ બસ છે. તોપણ તેમના સંબંધી વાત કરવાનું તો, અમારાથી તજી શકાય એમ નથીજ. ॥૧૭॥ એ ભગવાને

ध्याध्यायंतीकृष्णसंगमं॥प्रियमस्थापितंदूतंकल्पयित्वेदमब्रवीत् ॥११॥ गोप्यु० मधुपकितवबंधोमास्पृशांघ्रिंसपत्न्याःकुचविलुलितमालाकुंकुमश्मश्रुभिर्नः॥वहतुम[illegible]पतिस्तन्मानिनीनांप्रसादंयदुसदसिविडंब्यंयस्यदूतस्त्वमीदृक् ॥१२॥ सकृदधरसुधांस्वांमोहिनींपाययित्वासुमनस[illegible]वसद्यस्तत्यजेऽस्मान्भवादृक् ॥ परिचरतिकथंतत्पाद[illegible]पिबततृतचेताउत्तमश्लोकजल्पैः ॥१३॥ किमिहबहुषडंघ्रेगायसित्वंयदूनामधिपति[illegible]मग्रतोनःपुराणं ॥ विजयसखसखीनांगीयतांतत्प्रसंगःक्षपितकुचरुजस्तेकल्पयंतीष्टमिष्टाः॥१४॥दिविभुविचरसायांकाःस्त्रियस्तद्दुरापाःकपटरुचिरहासभ्रूविजृंभस्ययाःस्युः॥चरणरजउपास्ते[illegible]स्यभूतिर्वयंकाअपिच[illegible]पणपक्षेह्युत्तमश्लोकशब्दः १५॥विसृजशिरसिपादंवेद्म्यहंचाटुका[illegible]दुपस्तेऽभ्येत्यदौत्यैर्मुकुंदात्॥ स्वकृतइहविसृष्टापत्यपत्यन्यलोकाव्य[illegible]जदकृत[illegible]ःकिंनुसंधेयमस्मिन् ॥१६॥ मृगयुरिवकपींद्रंविव्यधेलुब्धधर्मास्त्रियमकृतवि[illegible]पांस्त्रीजितःकामयानां ॥ बलिमपिबलिमत्त्वाऽवेष्टयत्ध्वांक्षवद्यस्तद[illegible]मसितसख्यै[illegible]स्त्यजस्तत्कथार्थः ॥१७॥ [illegible]तद्वद्धर्माविनष्टाः॥ सपदिगृहकुटुंबंदीनमुत्सृज्यदीनाब[illegible]बहवइहविहंगाभिक्षुचर्यांचरंति ॥१८॥ वय[illegible]व्याहृतंश्रद्दधानाःकुलिकरुतमिवाज्ञाःकृष्णवध्वोहरिण्यः ॥ ददृशुरसकृदेतत्तन्नखस्पर्शतीव्रस्मररुजउपमंत्रिन्भण्यता[illegible]न्यवार्त्ता ॥१९॥ [illegible]राागाःप्रेयसाप्रेषितः[illegible]वरयकिमनुरुंधेमाननीयोऽसिमेंऽग ॥नयसिकथ[illegible]स्मा[illegible]स्त्यजद्वद्वपार्श्वंसततमुरसिसौम्यश्रीर्वधूःसाकमास्ते ॥२०॥ अपिबतमधुपुर्यामार्यपु[illegible]स्तस्मरतिसपितृगेहान्सौम्यबंधूंश्चगोपान्॥क्वचिद[illegible]नःकिंकरीणांगृणीतेभुजमगुरु[illegible]गंधंमूर्ध्न्यधास्यत्कदानु ॥२१॥ श्रीशुक० अथोद्धवोनिशम्यैवंकृष्णदर्शनलालसाः॥[illegible]रिदमभाषत ॥२२॥ उद्धव० अहोयूयंस्मपूर्णार्थाभवत्योलोकपूजिताः ॥ वासुदेवेभगवतियासामित्यर्पितंमनः ॥२३॥ दानव्रततपोहोमजपस्वाध्यायसंयमैः॥ श्रेयोभिर्विविधैश्चान्यैःकृष्णेभक्तिर्हिसाध्यते ॥२४॥ भगवत्युत्तमश्लोकेभवतीभिरनुत्तमा ॥

કરેલી લીલાઓ રૂપી અમૃતનું કાન વડે, એકવાર સેવન થવા થકી પણ; ઘણા એક અકિંચન પરમહંસો; તેમના રાગ દ્વેષ નાશ પામીને; અને તુચ્છ ઘરો તથા કુટુંબ અને તેની પાછળ લાગનારાં, ધનાદિકનો ત્યાગ કરીને; ભીખ માગતા થઇ ગયેલા છે. ॥૧૮॥ તો એ ભગવાને કપટ થકી બોલેલાના ઉપર શ્રદ્ધા રાખનારી, અને મૂવા જેવી થયેલી, અમે મુરખ સ્ત્રીઓ; પારધીના ગાયનથી મોહ પામેલી કાળિયારની સ્ત્રીઓ (હર-ણીઓ)ની પેઠે; એ ભગવાનના એકવાર મળેલા નખના સ્પર્શ થકી, વધી ગયેલ તીવ્ર કામની પીડાનેજ દુખીઓ; તેમાં શું નવાઇ છે? માટે હે દૂત, તું હવે કાંઇ બીજીજ વાતો કરય. ॥૧૯॥ હે પ્યારાના મિત્ર, તું વળી જઇને ફરીથી પાછો આવ્યો, તે પ્યારા ભગવાને ફરીવાર મોકલવાથીજ આવ્યો કે શું? તો હવે તારે જે જોઇએ તે માગી લે: કેમકે અમારે તો તું પણ, માન આપવાને યોગ્યજ છે: જેના પડખાને તજવું ઘણું કઠિણ છે, તે ભગવાનની પાસે તો; તેમની છાતીમાંજ લક્ષ્મીજી સર્વકાળ રહ્યાં છે, ત્યારે અહીંમાં થકી

અમને તું ત્યાં શામાટે લેઇ જવાને ઇચ્છે છે. ॥ ૨૦ ॥ હે સૌમ્ય, મથુરાંપુરી વિષે હમણાં, એ મોટાના કુમાર (કૃષ્ણ) શું કરે છે.? બાપ (નંદજી)ના ઘરને અને મિત્ર ગોવાળિઆઓને તે સંભારે છે કે.? તથા અમે દાસીઓ સંબંધી વાત તો કદીએ શા સારૂં કાઢવી પડેજ.? તેમના અગર જેવી સુગંધવાળા હાથ, અમારાં મસ્તકો ઉપર ક્યારે ધરાશે વારૂં.? ॥૨૧॥—શ્રીશુક—ત્યારે એ રીતે સાંભળેલા ઉદ્ધવજી, એ કૃષ્ણના દર્શનની ઇચ્છા વાળી ગોપીઓને; તેમના પ્રિય ભગવાનનો, નીચે પ્રમાણેનો સંદેશો કહેવા વડે; તેમનું સાં-ત્વન કરવા લાગ્યા કે. ॥૨૨॥—ઉદ્ધવ—અરે, વાસુદેવ ભગવાન વિષેજ મન અર્પણ કરેલાં તમો; લોક માત્રે પૂજન કરવાને યોગ્ય, અને કૃતાર્થ થયેલાં છો. ॥ ૨૩ ॥ દાન–વ્રત–તપ–હોમ—જપ–સ્વાધ્યાય–અને સંયમ એ સઘળાંથી, તથા બીજાં અનેક પ્રકારનાં શુભ કર્મો કરવા થકી પણ; એ કૃષ્ણ ભગવાનને વિષે, ભક્તિ પ્રાપ્ત થવાનુંજ સાધન કરવાનું છે. ॥૨૪॥ અને તે, મુનિઓને પણ દુર્લભ; ઉત્તમ શ્લોક ભગવાનની સર્વોત્તમ

ભક્તિ તો, તમને પ્રાપ્ત થઇ ચૂકીજ છે; એ ઘણું સારૂં થયું છે. ॥૨૫॥ તથા પુત્ર–પતિ–દેહ–સ્વજન–અને ઘર વિગેરેને, ત્યાગ કરીને; એ કૃષ્ણ નામના પરમ પુરૂષ ભગવાનનેજ તમે વરવાં છો. તે પણ અતિ શ્રેષ્ઠ છે. ॥ ૨૬ ॥ હે મહા ભાગ ગોપીઓ, તમોએ સર્વોત્તમ ભાવથી અધોક્ષજ ભગવાનની ભક્તિ સ્વાધીન કરી છે. અને તે-વિરહ રૂપે મને દેખાડવાથી, મારા ઉપર તમે અનુગ્રહ કર્યો છે. ॥૨૭॥ હે સુખી સ્ત્રીઓ, મારા સ્વામી ભગવાનનાં ગુપ્ત કામો કરનારો છું, જે લઇને અહીં આવેલો છું; તે તમને સુખ ઉત્પન્ન કરનારો પ્રિય ભગવાનનો સંદેશો, હવે તમે મારા થકી સાંભળો. ॥૨૮॥–શ્રીભગવાન– જેમ આકાશ–વાયુ–અગ્નિ–જળ–અને પૃથ્વી એ પાંચ મહાભૂતોનો વિયોગ, પ્રાણીઓને નથીજ થતો; તેમ હું પણ સર્વનો આત્મા હોવાથી, કદીએ મારો વિયોગ; કોઇને પણ થતોજ નથી. ॥૨૯॥ અને એ રીતેજ મન–પ્રાણ–મહાભૂત–અને ઇંદ્રિયો વિગેરે ગુણો રૂપે થઇને, હું પોતેજ–પોતા વિશે–પોતા વડે–અને પોતાનેજ; એ મહાભૂતો અને ઇંદ્રિયો આદિ ગુણોના સ્વભાવ વાળી, માયા શક્તિના પ્રભાવથી; સરજું છું–પાલન કરૂં છું–

અને નાશ પણ કરૂં છું. ॥૩૦–૩૧॥ છતાં એ માયાની વૃત્તિઓ જાગ્રત–સ્વપ્ન–અને સુષુપ્તિ, વડે; જાણવામાં આવતો જ્ઞાન મય આત્મા, તો; શુદ્ધ અને એ ગુણોના અન્વય થકી રહિતજ છે. ॥૩૨॥ સ્વપ્નની પેઠે, ઉભા થયેલા ખોટા; ઇંદ્રિયોના અર્થો વિગેરેનું ધ્યાન જે થકી થયા કરે છે, તે (મન) ને ઇંદ્રિયાદિક સુદ્ધાં; એવું ધ્યાન કરવા થકી, રોકનારો પુરૂષ નિદ્રા રહિત થઇને; મારા આત્મ સ્વરૂપને જાણે છે. ॥૩૩॥ વેદ આદિ સઘળાં શાસ્ત્રો–અષ્ટાંગ યોગ–સાંખ્યનો વિવેક–સંન્યાસ લેવા રૂપ ત્યાગ–સ્વધર્માચરણ કરવા રૂપ તપ–ઇંદ્રિયાદિકને વશ રાખવા રૂપ દમ–અને કોઇનું ભૂંડું ન થાય એવું યથાર્થ બોલવા રૂપ સત્ય; એ સઘળાં વડે; થવાનું ફળ, તમામ નદીઓનું જવું સમુદ્રમાંજ થવાની પેઠે; મન અને ઇંદ્રિયાદિકને રોકવાનું થઇને; આત્મ સ્વરૂપને ઓળખવું; એટલુંજ છે. ॥૩૪॥ તમારાં મન મારા તરફ ખેંચાવાને માટે, તથા તમને વારંવાર મારૂં ધ્યાન થવાને માટેજ; હું પ્રિય, તમારી નજર થકી દૂર વસું છું ॥૩૫॥ કારણ સ્ત્રીઓનું મન, દૂર રહેતા પ્રિયને વિશે જેવી રીતનું ચોંટી ગયેલું રહે છે, તેવું નજરે દેખાતા અને પાસે રહેલાને વિશે, ચોંટી રહેતું ન-

भक्तिःप्रवर्तितादिष्ट्या [illegible] नीनामपिदुर्लभा ॥२५॥ दिष्ट्यापुत्रान्पतीन्देहान्स्वजनान्भवनानिच ॥ हित्वाऽवृणीतयूयंयत्कृष्णाख्यंपुरुषंपरं ॥२६॥ सर्व[illegible]ऽधि[illegible]तोभवतीनामधोक्षजे ॥ विरहेणमहाभागा [illegible]न्मेऽनुग्रहःकृतः ॥२७॥ श्रू[illegible]तांप्रियसंदेशोभवतीनांसुखाव[illegible]ः ॥ यमादाया गतोभद्राअहंभर्तू[illegible]स्करः ॥२८॥ श्रीभग० भवतीनांवियोगोमेन [illegible]सर्वात्मनाक्वचित् ॥ यथाभूतानिभूतेषुखंवाय्वग्निर्जलंमही ॥२९॥ तथा हंचमनःप्राणभूतेंद्रियगुणात्मना ॥ आत्मन्येवात्मनात्मानं [illegible]जेहन्म्यनुपालये ॥३०॥ आत्ममायाऽनुभावेनभूतेंद्रियगुणात्मना ॥३१॥ आत्मज्ञा[illegible]मय[illegible]व्यतिरिक्तोगुणान्व[illegible] ॥सुषुप्तिस्वप्न[illegible]त्तिभिरीयते ॥३२॥ येनेंद्रियार्थान्ध्यायेत[illegible]षास्वप्नवदुत्थितः ॥ तन्निरुंध्या [illegible]विनिद्रःपत्यपद्यत ॥३३॥ एतदंतःसमाम्नायोयोगःसांख्यंमनीषिणां ॥ त्यागस्तपोदमःसत्यंसमुद्रांताइवापगाः ॥३४॥ यत्त्वहंभवतीनांवैदूरेवर्तेप्रियोदृशां ॥ मनसःसन्निकर्षार्थंमदनुध्यान[illegible]म्यया ॥३५॥ यथादूरचरेप्रेष्ठेमनआविश्यवर्तते ॥ स्त्रीणांचनतथाचेतःसन्नि[illegible]ऽक्षगोचरे ॥३६॥ [illegible]नःकृत्स्नंविमुक्ताशेषवृत्तियत् ॥ अनुस्मरंत्योमांनित्यमचि[illegible]न्मामुपैष्यथ ॥३७॥ यामयाक्रीडताराज्यांवनेऽस्मिन्व्रजआस्थिताः ॥ अलब्धरासाःकल्या[illegible]मापुर्मद्वीर्यचिं[illegible] ॥३८॥ श्रीशुक० एवं[illegible]र्ण्यव्रजयोषितः ॥ ताऊचुरुद्धवंप्रीता स्त[illegible]तः ॥३९॥ गोप्य० दिष्ट्याऽहितोहतः[illegible]सोयदूनांसानुगो[illegible] ॥ दिष्ट्या[illegible]ब्धसर्वार्थैःकुशल्यास्तेऽच्युतोऽधुना ॥४०॥ [illegible]जःसौम्यकरोतिपुरयोषितां ॥ प्रीतिंनःस्निग्धसव्रीडहासोदारेक्षणार्चितः ॥४१॥ कथंरतिविशेषज्ञःप्रियश्चवरयोषितां ॥ नानुबध्येत[illegible]विभ्रमैश्चानुपूजितः ॥४२॥ अपिस्मरतिनःसाधोगोविंदःप्रस्तुतेक्वचित् ॥ गोष्ठीमध्ये[illegible]ग्राम्याःस्वैरकथांतरे ॥४३॥ ताः किंनिशाःस्मरतियासुतदाप्रियाभिर्वृंदावनेकुमुदकुंदशशांकरम्ये ॥ रेमेक्कणच्चरणनूपुररासगो[illegible]मस्माभिरीडितमनोज्ञकथःकदाचित् ॥४४॥ अप्येष्यती[illegible]दाशार्हस्तप्ताःस्वकृतयाशुचा ॥ संजीवयन्नुनोगात्रैर्यथेंद्रो[illegible]दैः ॥४५॥ कस्मात्कृष्णइ[illegible]यातिप्राप्तराज्योहताहितः ॥ न

થીજ. ॥૩૬॥ એટલા માટે સઘળી વૃત્તિઓ થકી મુક્ત થયેલી–સર્વ પ્રકારે મારે વિશેજ મન પેસારેલી–અને હમેશાંજ મારૂં સ્મરણ કરનારી, તમો; થોડા કાળમાંજ મને પ્રાપ્ત થશો. ॥૩૭॥ હે કલ્યાણીઓ, તમે જાણો છો કે, હું વ્રજમાં હતો, ત્યારે; રાત્રિએ વનમાં આપણ રાસલીલા કરતાં, જેમને એ રાસની પ્રાપ્તિ ન થઇ; તે, ઘરમાં રોકાઇ ગયેલી સ્ત્રીઓ, માત્ર મારાં પરાક્રમોનું ચિંતવન કરવા વડેજ; મને પામી ગઇ હતી. ॥૩૮॥ શ્રીશુક– ત્યારે અતિ પ્રિય ભગવાનનો આરીતનો સંદેશો સાંભળવાથીજ, ભાન આવેલી ગોપીઓએ; ઉદ્ધવજીને કહ્યું કે. ॥૩૯॥–ગોપીઓ–યાદવોનું અહિત કરનારો પાપી કંસ, તેના અનુચરો સુદ્ધાં માર્યો ગયો; એ ઠીક થયું છે. અને હાલમાં સર્વ અર્થને પામેલા સંબંધીઓ સહિત અચ્યુત ભગવાન કુશળ છે. તે તો અતિ ઉત્તમ થયું છે. ॥૪૦॥ હે સૌમ્ય, સ્નેહ સહિત અને લાજથી હસતે મોઢે ઉદારપણે જોવા વિગેરે વડે, અમોએ પૂજેલા એ ગદાગ્રજ ભગવાન; શું શેહેરી સ્ત્રીઓના ઉપરજ, પ્રીતિ કરવા લાગ્યા છે. ॥૪૧॥ એ રતિના પ્રકારોને

વિશેષપણે જાણનારા–અને ઉત્તમ સ્ત્રીઓને પ્યારા ભગવાન; તેઓએ પોતાની વાણી તથા બીજા વિલાસોવડે, રાજી કરવાથકી; તેમના વિશે કેમ ન બંધાઇ જાય.! ॥૪૨॥ હે સૌમ્ય, એ શેહેરી સ્ત્રીઓની વાતોના પ્રસંગોની વચમાં, અમો ગામડિઆણીઓને કોઇવાર પણ ગોવિંદ ભગવાન સંભારે છે કે નહીં. ॥૪૩॥ કુમુદ–કુંદ–અને ચંદ્ર થકી શોભતી વૃંદાવનની રાત્રિમાં, ઝાંઝરના ઝમકાર વાળી રાસ મંડળી વિશે; એ ભગવાન અમારી સાથે રમતાં, અમો તેમની મનોહર કથાઓ ને વખાણતાં હતાં; તે રાત્રિને ભગવાન સંભારે છે કે નહીં. ॥૪૪॥ જેમ પાણીના છાંટા વડે, વરસાદ વનને સંજીવન કરે છે; તેમ પોતેજ ઉત્પન્ન કરેલા શોકથી, તપી રહેલી અમોને; સંજીવન કરવામાટે, એ કૃષ્ણ ભગવાન અહીંયાં આવી; પોતાનાં અંગોના સ્પર્શ આપશે કે કેમ. ! ॥૪૫॥ જેને રાજ્ય મળ્યું–દુશ્મનો નાશ પામ્યા–રાજા કન્યાઓ પરણી–અને જે સર્વ સુહૃદોથી વિંટાઇને, તેમની પ્રીતિને પામ્યાછે; તે કૃષ્ણ હવે અહીંયાં શા સારૂં આવે. ॥ ૪૬ ॥ એ મહાત્મા–લક્ષ્મીના પતિ– આપ્તકામ અને

કૃતાર્થ ભગવાનને; અમે વનમાં રેહેનારી, અથવા બીજી સ્ત્રીઓ થકી; શું કામ હોય. ! ॥૪૭॥ વેશ્યા જાતની પિંગળાએ પણ કહ્યું છે કે; "નિરાશા" એજ પરમ સુખ છે, તે અમે જાણીએ છીએ. તો પણ તજી ન શકાય એવી કૃષ્ણની આશાને, અમે તજી શકતાંજ નથી. ॥૪૮॥ ઉત્તમ કીર્તિવાળા ભગવાનજ લક્ષ્મીને નહીં ઇચ્છતા છતાં; તે, તેમના અંગમાંથી ખસી શકતાં નથી; એવા ભગવાનની વાતોને તજવાનો ઉત્સાહ કોણ રાખી શકે. ! ॥૪૯॥ હે ઉદ્ધવ સંકર્ષણ સહિત કૃષ્ણ ભગવાન, ગાયો સુદાં વેણુ વગાડતા ફરતાં; નદીઓ–પર્વતો વનો અને દેશોમાં પડેલાં; એ નંદગોપના પુત્રનાં, લક્ષ્મીના સ્થાનકરૂપ પગલાં થકી; તેમનું વારંવાર સ્મરણ થવાને લીધેજ, અમે તેમને ભૂલી જવાને શક્તિમાન થતાં નથી. ॥૫૦–૫૧॥ તેમની સુંદર ચાલ–લીલાવડે જોવું–અને મધુર વાણી, એઓ થકી ખેંચાયલાં મનવાળી અમો; તેમને કેમ ભૂલી શકીએ. ॥૫૨॥ હે નાથ–રમાનાથ–અને દુખ મટાડનારા ગોવિંદ ભગવાન; તમે, દુખ દરિઆમાં બુડેલા આ વ્રજને; બહાર કાઢો.

॥૫૩॥–શ્રીશુક–પછીથી કૃષ્ણના સંદેશા થકી તાપ મટેલી, એ ગોપીઓએ; ઉધવજીને અધોક્ષજ ભગવાનનું પોતાનુંજ સ્વરૂપ જાણીને, તેમનું પૂજન કરયું. ॥ ૫૪ ॥ ત્યાર કેડે ઉધવે કેટલાક મહિના ત્યાંજ રહીને, કૃષ્ણ કથાઓનું ગાન કરવાવડે, ગોકુળને આનંદ પમાડીને; ગોપીઓનો શોક મટાડ્યો. ॥૫૫॥ એમ નંદજીના વ્રજમાં જેટલા દિવસ ઉદ્ધવજી રહ્યા; તે દિવસો કૃષ્ણ કથાઓ થકી, એક ક્ષણ જેવાજ વ્રજવાસીઓને લાગ્યા.! ॥૫૬॥ અને નદીઓ–વન–પર્વત–તથા ગુફાઓને અને ફૂલો આવેલાં ઝાડોને જોતા; એ હરિના દાસ, વ્રજવાસીઓને કૃષ્ણનું સ્મરણ કરાવતા વડે; આનંદ પમાડતા હતા. ॥૫૭॥ એ પ્રકારે કૃષ્ણમાં મન લાગેલી ગોપીઓને ઘણી વિકળતા જોઈને, અતિ પ્રસન્ન થયેલા ઉદ્ધવે; તેમને નમસ્કાર કરીને કહ્યું કે. ॥૫૮॥ "સંસાર થકી બીહીનેલા મુનિઓ અને અમે પણ, ઇચ્છા કરીએ છીએ; એવા ગોવિંદ ભગવાન વિશે દ્રઢભાવને પામેલી, આ ગોપીઓ; પૃથ્વી ઉપર સર્વ દેહધારીઓમાં શ્રેષ્ઠ છે; કેમકે એ અનંત ભગવાનની કથાઓના રસને પીવા ઉપરાંત, બ્રહ્માદિકના

रैंब्र [illegible] प्रीतःसर्वसुत्दहृतः॥४६॥ किमस्माभिर्वनौकोभिरन्याभिर्वामहात्मनः ॥ श्रीपतेराप्तकामस्यक्रियेतार्थःकृतात्मनः ॥४७॥ परंसौख्यंहिनैराश्यंस्वैरिण्यप्याहपिंगला ॥ तज्जानतीनांनःकृष्णेतथाऽप्याशादुरत्यया ॥४८॥ कउत्सहेतसंत्यक्तुमुत्तमश्लोकसंविदं ॥ अनिच्छतोऽपियस्यश्रीरंगान्नच्यवतेक्वचित् ॥४९॥ सरिच्छैलवनोद्देशागावोवेणुरवा मे ॥ संकर्षणसहायेनकृष्णेनाचरिताःप्रभो ॥५०॥ पुनःपुनःस्मारयंतिनंदगोपसुतंबत ॥ श्रीनिकेतैस्तत्पदकैर्विस्मर्तुंनैवशक्नुमः ॥५१॥ गत्यालिलतयोदारहासलीलाऽवलोकनैः ॥ माध्व्यागिराहृतधियःकथंतद्विस्मरामहे ॥५२॥ हेनाथहेरमानाथव्रजनाथार्त्तिनाशन ॥ मग्नमुद्धरगोविंदगोकुलंवृजिनार्णवे ॥५३॥ श्रीशुक०ततस्ताःकृष्णसंदेशैर्व्यपेतविरहज्वराः॥उद्धवंपूजयांचक्रुर्ज्ञात्वात्मानमधोक्षजं ॥५४॥ उवासकतिचिन्मासान्गोपीनांविनुदन्शुचः॥ कृष्णलीलाकथांगायन्रमयामासगोकुलं ॥५५॥ यावंत्यहानिनंदस्यव्रजेऽवात्सीत्सउद्धवः ॥ व्रजौकसांक्षणप्रायाण्यासन् [illegible]ष्णस्यवार्त्तया ॥५६॥ सरिद्वनगिरिद्रोणीर्वीक्षन्कुसुमितान्द्रुमान्॥कृष्णंसंस्मारयन्रेमेहरिदासोव्रजौकसां ॥५७॥ दृ [illegible]वमादिगोपीनां [illegible]ष्णावे [illegible]त्मविक्लवं॥उद्धवःपरमप्रीतस्तानमस्यन्निदंजगौ ॥५८॥ एताःपरंतनुभृतोभुविगोपवध्वोगोविंदएवनिखिलात्मनिरूढभावाः ॥ वांछंतियद्भवभियोमुनयोवयंचकिंब्रह्मजन्मभिरनंतकथारसस्य ॥५९॥ क्वेमाःस्त्रियोवनचरीर्व्यभिचारदुष्टाःकृष्णेक्वचैषपरमात्मनिरूढभावः॥ नन्वीश्वरोऽनुभजतोऽविदुषोऽपिसाक्षाच्छ्रेयस्तनोत्यगदराज [illegible]वोपयुक्तः ॥६०॥ नायंश्रियोंऽगउनितांतरतेःप्रसादःस्वर्योषितांनलिनगंधरुचांकुतोऽन्याः ॥ रासोत्सवेऽस्यभुजदं [illegible]तकंठलब्धाशिषांयउदगा [illegible]जवल्लवीनां ॥६१॥ आसामहोचरणरेणुजुषामहंस्यांवृंदावनेकिमपिगुल्मलतौषधीनां ॥ यादुस्त्यजंस्वजन [illegible]पथंचहित्वाभेजुर्मुकुंदपदवींश्रुतिभिर्विमृग्यां ॥६२॥ यावैश्रियाऽर्चितमजादिभिराप्तकामैर्योगेश्वरैरपियदात्मनिरासगोष्ठ्यां ॥ कृष्णस्यत [illegible]गवतश्चरणारविंदंन्यस्तंस्तनेषुविजहुःपरिरभ्यतापं ॥६३॥ वंदेनंदव्रजस्त्रीणांपादरेणुमभीक्ष्णशः ॥ यासांहरिकथोद्गीतंपुनातिभुवनत्रयं ॥६४॥ श्रीशुक०अथगोपीरनुज्ञाप्ययशोदांनंदमेवच ॥ गोपानामंत्र्यदाशार्होयास्यन्नारुरुहेरथं ॥६५॥ तंनिर्गतंसमासाद्यनानोपायन

જન્મ વિશે થકી પણ, પામવા સરખું બીજું કાંઇ નથીજ. ॥૫૯॥ વ્યભિચારના દોષવાળી, આ વનવાસી સ્ત્રીઓ કેવું. ! અને તેમનો કૃષ્ણ પરમાત્મામાં આ પ્રકારનો દ્રઢભાવ થવાનું શી રીતે બને. ? પણ પોતાને ભજનારા અજ્ઞાનીઓને પણ, ભગવાન ભજેછે; અને અજાણે પીવાયલા અમૃતની પેઠેજ, તેમનું કલ્યાણ પણ કરે છે; એ ખરૂંજ. ॥૬૦॥ આ રાસલીલામાં, ગળામાં હાથ નાંખીને વ્રજની ગોપીઓના ઉપર, જે કૃપા ભગવાને કરીછે; તેવી કૃપા તો પોતાના વક્ષસ્થળમાં નિરંતર પ્રીતિથી રહેનારાં લક્ષ્મીજીના ઉપર પણ કરેલી નથી. તેમજ રૂપાળી અને કમળ જેવાં સુગંધવાળી અપ્સરાઓના ઉપર પણ નથીજ કરી. ॥૬૧॥ અહો, ત્યાગ કરવાને અશક્ય એવા સ્વજનનો અને ધર્મનો પણ ત્યાગ કરીને; જેને શ્રુતિઓ પણ શોધે છે, તે ભગવાનના પદને પામેલી; ગોપીઓના ચરણની રજ થકી, શોભનાર વૃંદાવનનાં; ગુચ્છ–લતા અને ઔષધિઓમાંનો, કાંઇ પણ એક,

હું થાઉં; તો ઘણું સારૂં થાય. ॥૬૨॥ કે જેમણે રાસલીલા વખતે; યોગેશ્વરો–બ્રહ્માદિક–અને લક્ષ્મીજીએ પણ પૂજેલા, પૂર્ણકામ કૃષ્ણ ભગવાનના ચરણારવિંદને; પોતાનાં સ્તનો ઉપર મુકીને, તથા તેમને ભેટીનેજ; પોતાનો તાપ શમાવેલોછે. ॥ ૬૩ ॥ એ ત્રણે લોકોને પવિત્ર કરનારી ભગવાનની કથાઓનું ઉત્તમ ગાન કરનારી. નંદજીના વ્રજની સ્ત્રીઓની ચરણ રજને; હું વારંવાર વંદન કરૂંછું. ॥૬૪॥–શ્રીશુક–પછી, ગોપીઓની–યશોદાની–નંદજીની–અને ગોપ લોકોની પણ રજા લેઇને; ઉદ્ધવજી ત્યાંથી જવા માટે રથમાં બેઠા. ॥ ૬૫ ॥ ત્યારે એ નીકળેલા ઉદ્ધવજીની પાસે, અનેક પ્રકારની ભેટો લેઇ આવીને; આંખ્યોમાં સ્નેહથી આંસુ ભરાયલા નંદજી વિગેરે બોલ્યા કે. ॥૬૬॥ "અમારા મનની સઘળી વૃત્તિઓ, કૃષ્ણના ચરણારવિંદમાંજ રહેજો;–વાણી તેમનાં નામોનુંજ ઉચ્ચારણ કરજો; અને શરીર તેમને પ્રણામાદિક કરવામાંજ તત્પર રહેજો. ॥૬૭॥ અને અમો કર્મો વડે ભમ્યા

કલ્યાણોના જન્મ, દૈવ ઇચ્છાથી જ્યાં થાય; ત્યાં શુદ્ધ આચરણ અને દાનાદિક કરવાવડે, અમારી મતિ એ ઈશ્વર કૃષ્ણને વિશેજ; રહેજો. ॥૬૮॥ હે રાજા, પછી કૃષ્ણ સરખાજ ભાવથી ગોવાળિયા આદિકે સત્કાર કરેલા ઉદ્ધવજી; કૃષ્ણ થકી રક્ષણ થતી, મથુરાંને વિશે પાછા ગયા. ॥૬૯॥ અને કૃષ્ણને પ્રણામ કરી, આ વ્રજવાસીઓની ઉત્તમ ભક્તિ કહી જણાવી. તથા વસુદેવ–રામ–અને ઉગ્રસેન આદિકને માટે આવેલી ભેટો, જેની તેને હવાલે કરી દીધી. ॥૭૦॥ ઇતિશ્રી૦ ભા૦ દશમસ્કંધનો સુડતાળિસમો અ૦ સંપૂર્ણ. ॥૪૭॥

અધ્યાય. ૪૮ મો.–શ્રીશુક–પછીથી સર્વના આત્મા અને સર્વને જાણનારા ભગવાને, સૈરંધ્રી એટલે કુબ્જાને કામવડે તપેલી જાણી, તેનું પ્રિય કરવાની ઇચ્છાથી; તેના કામને વધારનાર, તથા સરસામાનાદિકથી ભરેલા; તેમજ મોતીની માળાઓ–પતાકાઓ–અને ઉલેચ વાળી સજ્જાઓથી, તથા સુગંધી વાળા ધૂપ–દીપ–ફુલના હાર–અને ચંદન વિગેરે થકી; શોભિતા ઘરમાં પ્રવેશ કરચો. ॥૧–૨॥ ત્યારે ભગવાનને ઘરમાં આવતા દેખીને, ઉતાવળથી થયેલી કુબ્જા; પોતાના આસન ઉપરથી એકા એક ઉઠીને ઉભી થઇ. અને પોતાના મિત્ર અચ્યુત ભગવાનને, યથાયોગ્ય રીતે સામી જઇને; તેમને ઘરમાં તેડી આણી, સારું આસન વિગેરે આપવા થકી; તેમનો સત્કાર કરચો. ॥૩॥ અને એ રીતેજ તેણે આ રીતે પૂજેલા ઉદ્ધવજી પણ, આસન વિગેરેનો સ્વીકાર કરીને ત્યાં જમીન ઉપર બેસી ગયા; એટલે મનુષ્ય લોકની રીતિને અનુસરનારા કૃષ્ણ, એ કુબ્જાના ઘણી કિંમત વાળા; શયન ગૃહમાં તુરતજ પધાર્યા. ॥૪॥ ત્યારે એ કુબ્જાએ નાહીને, પોતાને શરીરે ચંદન લગાડીને; વસ્ત્ર ઘરેણાં–અને ફુલની માળાઓ પેહેરી લીધી. તથા તંબોળ અને અમૃત સરખા આસવો વડે, પ્રસન્ન મનવાળી થઇને; માધવ ભગવાનની પાસે જઇ, તેમના સામું લાજ સહિત હસતાં આડી નજરે જોવા માંડયું. ॥૫॥ ત્યારે ભગવાને; નવા સમાગમથી લજાતી–અને ફક્ત ચંદન અર્પણ કરવા પુરતા, થોડા પુન્ય વાળી; તે સુંદરીનો કંકણ પેહેરેલો હાથ પકડી, તેને શય્યા ઉપર લઇને રમાડી. ॥૬॥ એટલે તે કામવડે તપી ગયેલીએ, પોતાના સ્તન–

पाणयः ॥ नंदादयोऽनुरागेणप्रावोचन्नश्रुलोचनाः ॥६६॥ मनसोवृत्तयोनःस्युःकृष्णपादांबुजाश्रयाः॥वाचोऽभिधायिनीर्नाम्नांकायस्तत्प्रह्व णादिषु ॥६७॥ कर्मभिर्भ्राम्यमाणानांयत्रक्वापीश्वरेच्छया ॥ मंगलाचरितैर्दानैर्रतिर्नःकृष्णईश्वरे ॥६८॥ एवंसभाजितोगोपैःकृष्णभक्त्या नराधिप ॥ उद्धवःपुनरागच्छन्मथुरांकृष्णपालितां ॥६९॥ कृष्णायप्रणिपत्याहभक्त्युद्रेकंव्रजौकसां ॥ वसुदेवायरामायराज्ञेचोपायनान्य दात् ॥७०॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेपूर्वार्धउद्धवप्रतियानेसप्तचत्वारिंशोऽध्यायः ॥४७॥

श्रीशुक०अथविज्ञायभगवान्सर्वात्मासर्वदर्शनः ॥ सैरंध्र्याःकामतप्तायाःप्रियमिच्छन्गृहंययौ ॥१॥ महार्होपस्करैराढ्यंकामोपायोपबृंहि तं ॥ मुक्तादामपताकाभिर्वितानशयनादिभिः ॥ धूपैःसुरभिभिर्दीपैःस्रग्गंधैरपिमंडितं ॥२॥ गृहंतमायांतमवेक्ष्यसाऽऽसनात्सद्यःसमुत्था यहिजातसंभ्रमा ॥ यथोपसंगम्यसखीभिरच्युतंसभाजयामाससदासनादिभिः ॥३॥ तथोद्धवःसाधुतयाऽभिपूजितोन्यषीदद्दुर्व्यामभिमृ श्य [illegible] ॥ कृष्णोऽपितूर्णंशयनंमहाधनंविवेशलोकाचरितान्यनुव्रतः ॥४॥ सामज्जनालेपदुकूलभूषणस्रग्गंधताम्बूलसुधासवादिभिः ॥ प्र साधितात्मोपससारमाधवंसव्रीडलीलास्मितविभ्रमेक्षितैः ॥५॥ आहूयकांतांनवसंगमह्रियाविशंकितांकंकणभूषितेकरे॥ प्रगृह्यशय्याम धिवेश्यरामयारेमेऽनुलेपार्पणपुण्यलेशया ॥६॥ साऽनंगतप्तकुचयोरुरसस्तथाक्ष्णोर्जिघ्रंत्यनंतचरणेनरुजोमृजंती ॥ दोर्भ्यांस्तनांतरगतंप रिरभ्यकांतमानंदमूर्तिमजहादतिदीर्घतापं ॥७॥ सैवंकैवल्यनाथंतंप्राप्यदुष्प्रापमीश्वरं ॥ अंगरागार्पणेनाहोदुर्भगेदमयाचत ॥८॥ आहो ष्यतामिहप्रेष्ठदिनानिकतिचिन्मया ॥ रमस्वनोत्सहेत्यक्तुंसंगंतेऽम्बुरुहेक्षण ॥९॥ तस्यैकामवरंदत्वामानयित्वाचमानदः॥सहोद्धवेनसर्वेशः स्वधामागमदर्चितः ॥१०॥ दुराराध्यंसमाराध्यविष्णुंसर्वेश्वरेश्वरं ॥ योवृणीतेमनोग्राह्यमसत्वात्कुमनीष्यसौ ॥११॥अक्रूरभवनंकृष्णःसह रामोद्धवःप्रभुः ॥ किंचिच्चिकीर्षयन्प्रागादक्रूरप्रियकाम्यया ॥१२॥सतान्नरवरश्रेष्ठानाराद्वीक्ष्यस्वबांधवान् ॥ प्रत्युत्थायप्रमुदितःपरिष्वज्या भिनंद्यच ॥१३॥ननामकृष्णंरामंचसतैरप्यभिवादितः ॥ पूजयामासविधिवत्कृतासनपरिग्रहान् ॥१४॥ पादावनेजनीरापोधारयन्शिरसा

છાતી–અને આંખ્યો ઉપર અનંત ભગવાનના ચરણને ધારણ કરીને, તથા નાકથી સુંઘીને: તે સર્વને શાંત કરયાં; તથા એ આનંદ મૂર્તિ ઉત્તમ પુરુષને, પોતાના બે હાથ વતી બાથમાં લેઇ; સ્તનના ભીડામાં દબાવીને, પોતાના લાંબા વખતના તાપને શમાવ્યો. ॥ ૭ ॥ ભગવાને અતિ કઠિણ, એવા એ કૈવલ્યનાથ એટલે મોક્ષના સ્વામી ઇશ્વરને; ફકત શરીર ઉપર ચોપડવાનું ચંદન અર્પણ કરવાવડેજ, પામ્યા છતાં; તે અભાગણીએ ભગવાન પાસે આ રીતેજ માગ્યું કે. "હે પ્રિય, અહીંયાં મારી સાથે કેટલાક દિવસ સુધી રહીને તમે રમણ કરો; આપ કમળનેત્રના સંગને તજવાનો હું ઉત્સાહ રાખી શકતી નથી." ॥ ૮–૯ ॥ તેથી એ માન દેનારા સર્વના ઇશ્વર ભગવાન, તેને તેની ઇચ્છા પ્રમાણેનું વરદાન આપીને; (એટલે થોડા રોજ ત્યાં રહીને,) પછી તેનો સત્કાર કરીને, તથા તેના પૂજનાદિકનો સ્વીકાર કરીને; ઉદ્ધવજી સહિત પોતાને ઘેર પધારયા. ॥ ૧૦ ॥ આરાધન કરવાને ઘણાજ કઠિણ, તે ઇશ્વરોના ઇશ્વર વિષ્ણુ ભગવાનનું આરાધન સારી રીતે કરયા છતાં; મન આદિક થકી ગૃહણ થાય, એવી અસત્ વસ્તુ (એટલે વિષય સુખાદિકના પદાર્થ) તેનીજ માગણીનાં વરદાનો, તેમની પાસેથી જેઓ માગેછે; તેઓ નક્કી દુષ્ટ બુદ્ધિ વાળાજછે. ॥ ૧૧ ॥ તે પછી કૃષ્ણ ભગવાન, બળરામ અને ઉદ્ધવ સહિત, અક્રુરનું પ્રિય કરવાની ઇચ્છાથી, અને બીજું કાંઇ કામ કરવા સારૂ પણ; અક્રુરને ઘેર પધારયા. ॥ ૧૨ ॥ ત્યારે મનુષ્યોમાં અતિ ઉત્તમ એ પોતાના સગાઓને આવતા; અક્રુરે દુરથીજ દેખીને, આનંદ પામી, તે ઉઠીને તેમની સામા ગયા; અને ભેટીને તેમને આવકાર દીધો. ॥ ૧૩ ॥ પછી તેઓના થકી સત્કાર પામેલા તેમણે, કૃષ્ણ તથા રામને નમસ્કાર કરયા; તથા તેઓએ આસનોનો સ્વીકાર કરયાકેડે તેમણે તેઓનું વિધિ સહિત પૂજન; ભેટ–દિવ્ય વસ્ત્રો–અત્તર અને ધૂપ વિગેરે સુગંધી પદાર્થો–ફુલની માળાઓ

એને ઉત્તમ થયેલાં આદિક આપવાવડે કર્યું: અને તેઓના પગ પોતાના ખોળાને પોતાના માથા ઉપર ચઢાવ્યું. ॥ ૧૪–૧૫ ॥ એ રીતે પૂજન કરી માથાવડે નમસ્કાર કરેલા તેમણે, તેઓના ચરણ પોતાના ખોળા ઉપર લેઇ ચાંપવા લાગીને; પ્રેમ થકી નમીને કહ્યું કે ॥ ૧૬ ॥ " દુષ્ટ કંસને પરિવાર સહિત મારીને તમે, અંતવિનાનાં કષ્ટ થકી આપણા કુળનો ઉદ્ધાર કરીને, વૃદ્ધિ કરેલછે; તે ઘણુંજ સારૂં થયું છે. ॥ ૧૭ ॥ તમે બેઉ જણ આદિપુરુષો, જગતના કારણ–અને જગતમયછો, તમારા વિનાનું અથવા તમારાથી જુદું; કાર્યમાં કાંઈ અગર મોટામાં મોટું પણ, કશુંએ છેજ નહીં. ॥ ૧૮ ॥ તમો પરબ્રહ્મજ, પોતે સરજેલા વિશ્વમાં, પોતાની શક્તિઓ વડે પેઠેલા છો; અને સાંભળવામાં આવતા, તથા દેખવામાં આવતા સર્વ પદાર્થાદિકરૂપે; ઘણા પ્રકારના થયેલા પણ, આપજ દેખાઓ છો. ॥ ૧૯ ॥ સ્થાવર જંગમ પ્રાણીઓને વિશે, પૃથ્વી આદિ મહાભૂતો. અનેક રૂપે થયેલાં જેવામાં આવવાની પેઠેજ; આપ સ્વતંત્રતાથી વર્તનારા ભગવાન પણ, પોતા થકી બનેલા સર્વ પદાર્થાદિકમાં; અનેક રૂપે થયેલા જોવામાં આવો છો. ॥ ૨૦ ॥ આપ પોતાની શક્તિઓ થકીજ રજ–તમ અને સત્વ ગુણને ધારણ કરીને, વિશ્વને સરજોછો–નાશકરોછો–અને પાલન પણ કરોછો; છતાં આપ જ્ઞાન સ્વરૂપને વિશે, બંધન થવાનું કારણજ નહીવાથી; તે તે ગુણો અગર કર્મો થકી; આપ બંધનને પામતા નથી. ॥૨૧॥ દેહ વિગેરે ઉપાધિઓ સત્ય ન હોવાથી, આત્માને જન્મ થવાનું; અને ભેદ એટલે બાળ–યુવા–અને વૃદ્ધ પણું આદિ અવસ્થાઓ થવાનું પણ, ખરેખર નથીજ; આ પ્રમાણે આપને બંધ તથા મોક્ષ ન હોવા છતાં, તે હોવા સરખું જે જાણવામાં આવે છે; તે માત્ર અમારો પોતાનો અવિવેકજ છે. ॥૨૨॥ આપનોજ કહેલો આ પુરાતન વેદમાર્ગ, પાખંડ માર્ગો થકી, જ્યારે જ્યારે બાધિત થઇ જાયછે; ત્યારે ત્યારે આપજ, જગતનું હિત કરવા માટે; સત્વ ગુણને ધારણ કરોછો. (એટલે વિષ્નુના અંશ થકી અવતરીને પાલન કરોછો.) ॥૨૩॥ હે પ્રભુ, આપ ભગવાનજ, હાલ વસુદેવના ઘરમાં; દૈત્યના અંશવાળી, રાજાઓની સો અક્ષૌહિણી સેનાઓનો

नृप ॥ अर्हणेनांबरैर्दिव्यैर्गंधस्रग्भूषणोत्तमैः ॥१५॥ अर्चित्वाशिरसानम्यपादावंकगतौमृजन् ॥प्रश्रयावनतोक्रूरःकृष्णरामावभाषत॥१६॥ दिष्ट्यापापोहतःकंसःसानुगोवामिदंकुलं ॥ भवद्भ्यामुद्धृतंकृच्छ्राद्दुरंताच्चसमेधितं ॥१७॥ युवांप्रधानपुरुषौजगद्धेतूजगन्मयौ ॥ भवद्भ्यांनविनाकिंचित्परमस्तिनचापरं ॥१८॥ आत्मसृष्टमिदंविश्वमन्वाविश्यस्वशक्तिभिः ॥ ईयतेबहुधाब्रह्मन्श्रुतप्रत्यक्षगोचरं ॥१९॥ यथाहिभूतेषुचराचरेषुमह्यादयोयोनिषुभांतिनाना ॥ एवंभवान्केवलआत्मयोनिष्वात्मात्मतंत्रोबहुधाविभाति ॥२०॥ सृजस्यथोलुंपसिपासिविश्वंरजस्तमःसत्त्वगुणैःस्वशक्तिभिः ॥ नबध्यसेतद्गुणकर्मभिर्वाज्ञानात्मनस्तेक्वचबंधहेतुः ॥२१॥ देहाद्युपाधेरनिरूपितत्वाद्भवोनसाक्षान्नभिदात्मनःस्यात् ॥ अतोनबंधस्तवनैवमोक्षःस्यातांनिकामस्त्वयिनोऽविवेकः ॥२२॥ त्वयोदितोऽयंजगतोहितायपदापदावेदपथःपुराणः॥बाध्येतपाखंडपथैरसद्भिस्तदाभवान्सत्त्वगुणंबिभर्ति ॥२३॥ सत्वंप्रभोद्यवसुदेवगृहेऽवतीर्णःस्वांशेनभारमपनेतुमिहासिभूमेः ॥अक्षौहिणीशतवधेनसुरेतरांशराज्ञाममुष्यचकुलस्ययशोवितन्वन् ॥२४॥ अद्येशनोवसतयःखलुभूरिभागायःसर्वदेवपितृभूतनृदेवमूर्तिः ॥यत्पादशौचसलिलंत्रिजगत्पुनातिसत्वंजगद्गुरुरधोक्षजयाःप्रविष्टः ॥२५॥ कःपंडितस्त्वदपरंशरणंसमीयाद्भक्तप्रियादृतगिरःसुहृदःकृतज्ञात् ॥ सर्वान्ददतिसुहृदोभजतोऽभिकामानात्मानमप्युपचयापचयौनयस्य ॥२६॥ दिष्ट्याजनार्दनभवानिहनःप्रतीतोयोगेश्वरैरपिदुरापगतिःसुरेशैः ॥ छिंध्याशुनःसुतकलत्रधनाप्तगेहदेहादिमोहरशनांभवदीयमायां ॥२७॥ इत्यर्चितःसंस्तुतश्चभक्तेनभगवान्हरिः॥अक्रूरंसस्मितंप्राहगीर्भिःसंमोहयन्निव ॥२८॥ श्रीभग०त्वंनोगुरुःपितृव्यश्चश्लाघ्योबंधुश्चनित्यदा ॥ वयंतुरक्ष्याःपोष्याश्चअनुकंप्याःप्रजाहिवः॥२९॥ भवद्विधामहाभागानिषेव्याअर्हसत्तमाः॥श्रेयस्कामैर्नृभिर्नित्यंदेवाःस्वार्थानसाधवः॥३०॥नह्यम्मयानितीर्थानिनदेवामृच्छिलामयाः॥तेपुनंत्युरुकालेनदर्शनादेवसाधवः॥३१॥ सभवान्सुहृदांवैनःश्रेयान्श्रेयश्चिकीर्षया ॥ जिज्ञासार्थंपांडवानांगच्छस्वत्वंगजाह्वयं ॥३२॥ पितर्युपरतेबालाःसहमात्रासु

વધ કરવા વડે પૃથ્વીનો ભાર ઉતારવાને; અને યદુકુળનો યશ વિસ્તારવાને; પોતાના અંશ થકી અવતરેલા છો. ॥૨૪॥ હે ઇશ્વર, મારૂં ઘર આજે ઘણુંજ ભાગ્યવાન થયેલું છે; કે જેમાં સર્વ દેવ–પિતૃ–પ્રાણીઓ–અને મનુષ્યો મધ્યે દિવ્ય મૂર્તિ, અને જેના પગ ધોવાના જળ (ગંગા) વડે ત્રણે લોક પાવન થાય છે; તે જગતના ગુરૂ, અધોક્ષજ ભગવાન આપે; પ્રવેશ કર્યો છે. ॥૨૫॥ આપ, ભક્તો ઉપર પ્રેમ રાખનાર–નિયમિત વાણી વાળા–સર્વના સુહૃદ–કરેલાને જાણનારા–અને આપનામાં સ્નેહ રાખનારા, તથા ભજનારાઓને સર્વે ઇચ્છિત પદાર્થો આપનારા–તથા વધારા ઘટારા વિનાના–અને પોતાના આત્મ સ્વરૂપને પણ, આપી દ્યો એવા છો; તેમને પડતા મૂકીને, બીજાનું શરણ કયો સમજુ મનુષ્ય લે. ? ॥૨૬॥ દેવતાઓના અધિપતિઓને, અને યોગેશ્વરોને પણ, જેનું સ્વરૂપ જાણવાને અતિ કઠિણ પડેછે; તે આપ જનાર્દન ભગવાનજ, અમારી નજર આગળ દેખાઓ છો; એ ઘણું સારૂં થયું છે. તો આપની માયાએ નાંખેલી મોહજાળ રૂપી, પુત્ર–સ્ત્રી–ધન–સગાં–ઘર–અને દેહ વિગેરે સંબંધીના, અમારા બંધનને; આપજ ઉતાવળા કાપી નાંખો. " ॥૨૭॥ ત્યારે ભક્ત અક્રૂરે, એ રીતનું પૂજન અને સ્તુતિ કરેલા ભગવાને; મોહ પમાડવાની પેઠે હસતાં હસતાં તેમને વચન કહ્યું કે.॥૨૮॥–શ્રી ભગવાન–હમેશાંના આપ અમારા મુરબ્બી–કાકા–બંધુ–અને વખાણને યોગ્યજ છો; અને અમે તો, આપ થકી રક્ષણ થવા યોગ્ય–પોષણ થવા લાયક–અને દયાપાત્ર આપના બાળકો છૈએ. ॥ ૨૯ ॥ આપ સરખા અતિ પૂજ્ય ભાગ્યશાળીઓની તો, કલ્યાણની ઇચ્છા વાળા મનુષ્યોએ, નિરંતર સેવા કરવીજ યોગ્ય છે; કારણ દેવતાઓ પણ સ્વાર્થવાળા હોવા છતાં; સાધુ પુરુષોને તો, સ્વાર્થનો લેશ પણ હોતો નથી. ॥૩૦॥ વળી જળ મય તીર્થો, અને માટી તથા પથ્થર મય દેવતાઓ, વિગેરે તો તુરત પવિત્ર કરી શકતાં નથી; પણ તેઓ ઘણા કાળ સુધી સેવન કરનારનેજ પવિત્ર કરી શકે છે; છતાં સાધુ પુરુષો તો, માત્ર દર્શન થવા વડેજ; તુર્ત પવિત્ર કરે છે. ॥૩૧ તો આપ તેવાજ સાધુ પુરુષ છો; અને વળી અમારૂં શ્રેય કરનારાઓમાં શ્રેષ્ઠ સુહૃદ પણ છો;

માટે આપ, પાંડવોનું ક્ષેમ પુછીને હસ્તિનાપુર જાઓ; અને તેમના સમાચાર લેઈ આવો. ॥૩૨॥ પિતા પાંડુ રાજા મરી જવાથી, માતા કુંતાજી સહિત ઘણા દુઃખી થતા બાળક પાંડવોને રાજા ધૃતરાષ્ટ્રે, પોતાના હસ્તિનાપુર નગરમાં આણેલા છે; તેથી તેઓ ત્યાં રેહે છે. અને એમ સાંભળ્યું છે કે, ॥૩૩॥ " દુષ્ટ પુત્રોને વશ થયેલો-રાંક બુદ્ધિ વાળો-અને દૃષ્ટિ વડે અંધ-એ અંબિકાપુત્ર ધૃતરાષ્ટ્ર રાજા; પોતાના ભાઇના પુત્રો સાથે; સમબુદ્ધિ થકી વર્તતો નથી. " ॥૩૪॥ માટે તમે જઇને જાણી આવો, એટલે તેની સારી અથવા નરસી હાલની વર્તણુક, જાણ્યા પછી; જેમ સુહૃદોને સુખ થાય, તેવો ઉપાય આપણે કરીશું. ॥૩૫॥-શ્રીશુક -એ રીતે અક્રુરને કહીને, તે ઇશ્વર હરિભગવાન સંકર્ષણ અને ઉદ્ધવ સહિત; ત્યાં થકી પોતાને ઘેર પાછા આવ્યા. ॥૩૬ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કંધનનો કુબ્જા સાંત્વન નામે અડતાળીશમો અધ્યાય સંપૂર્ણ. ॥૪૮॥

અધ્યાય ૪૯ મો.—શ્રીશુક—પછી પુરુવંશના રાજાઓની કીર્તિની નિશાની રુપ હસ્તિનાપુર નગરમાં, અક્રુર ગયા; અને ત્યાં જઇને ભીષ્મ-વિદુર-પૃથા સહિત ધૃતરાષ્ટ્ર-સોમદત્ત સહિત તેના બાપ બાહ્લિક-કૃપાચાર્ય અને દ્રોણાચાર્ય-કર્ણ-સુયોધન-અશ્વત્થામા-પાંડવો-તથા બીજા સુહૃદો વિગેરેને તે મળ્યા. ॥૧-૨॥ એ બંધુઓની સાથે યથાયોગ્ય રીતે અક્રુર મળ્યા પછી તેઓએ, તેમને સુહૃદો સંબંધી સમાચારો પૂછ્યા; અને તેમણે પણ તે સર્વને કુશળતા પૂછી. ॥૩॥ તે પછી એ દુષ્ટ પુત્રોવાળા-કમી દૃષ્ટિ વાળા-અને ખળ પુરુષોની ઇચ્છા મુજબ ચાલનારા; રાજાની વર્તણુક જાણવા સારૂં, ત્યાં કેટલાએક મહિના સુધી; અક્રુર રહ્યા. ॥૪॥ ત્યારે પાંડવોનો પ્રભાવ-ઇંદ્રિયબળ-શરીરબળ-પરાક્રમ-અને નમ્રતા વિગેરે સદ્ગુણો, અને તેમના ઉપરનો પ્રજાનો પ્યાર; એ સઘળું ન ખમી શકાવાથી; ધૃતરાષ્ટ્રના પુત્રોએ, તેમને ઝેર દેવા વિગેરે; જે જે દુષ્ટ કામો કરેલાં હતાં, અને કરવાને ધારેલાં હતાં; તે સર્વ વિદુરે તથા પૃથાએ; તેમને કહી સંભળાવ્યાં. ॥૫-૬॥ અને પૃથાએ, પોતાની જન્મ ભૂમિને સંભારી આંખોમાં આંસુ લાવીને; પોતાના ત્યાં આવેલા ભાઇ, અક્રુર પાસે

दुःखिताः॥आनीताःस्वपुरंराज्ञावसंतइतिशुश्रुम ॥३३॥ तेषुराजांऽबिकापुत्रोभ्रातृपुत्रेषुदीनधीः॥समोनवर्त्ततेनूनंदुष्पुत्रवशगोंऽधदृक् ॥३४ गच्छजानीहितद्वृत्तमधुनासाध्वसाधुवा॥ विज्ञायतद्विधास्यामोयथाशंसुहृदांभवेत् ॥३५॥ इत्यक्रूरंसमादिश्यभगवान्हरिरीश्वरः॥संकर्षणो द्धवाभ्यांवैततःस्वभवनंययौ ॥३६॥ इ०भा०म०द०पू० अष्टचत्वारिंशोध्यायः ॥४८॥ श्रीशुक० सगत्वाहास्तिनपुरंपौरवेंद्रयशोंऽकितं ॥ ददर्शतत्रांबिकेयंसभीष्मंविदुरंपृथां ॥१॥ सहपुत्रंचबाल्हीकंभारद्वाजंसगौतमं ॥ कर्णंसुयोधनंद्रौणिंपांडवान्सुहृदोपरान् ॥२॥ यथावदुप संगम्यबंधुभिर्गांदिनीसुतः॥संपृष्टस्तैःसुहृद्वार्त्तांस्वयंचापृच्छदव्ययं ॥३॥ उवासकतिचिन्मासान्राज्ञोवृत्तविवित्सया ॥ दुष्प्रजस्याल्पसार स्यखलच्छंददुर्त्तिनः॥४॥ तेजओजोबलंवीर्यंप्रश्रयादींश्चसद्गुणान् ॥ प्रजानुरागंपार्थेषुनसहद्भिश्चिकीर्षितं ॥५॥ कृतंचधार्त्तराष्ट्रैर्यद्गरदाना द्यपेशलं ॥ आचख्यौसर्वमेवास्मैपृथाविदुरएवच ॥६॥ पृथातुभ्रातरंप्राप्तमक्रूरमुपसृत्यतं ॥ उवाचजन्मनिलयंस्मरंत्यश्रुकलेक्षणा ॥७॥ अपिस्मरंतिनःसौम्यपितरौभ्रातरश्चमे॥ भगिन्योभ्रातृपुत्राश्चजामयःसख्यएवच ॥८॥ भ्रात्रेयोभगवान्कृष्णःशरण्यो [illegible]॥ पैतृष्व स्रेयान्स्मरतिरामश्चांबुरुहेक्षणः ॥९॥ सपत्नमध्येशोचंतींवृकाणांहरिणीमिव ॥ सांत्वयिष्यतिमांवाक्यैःपितृहीनांश्चबालकान् ॥१०॥ कृष्ण कृष्णमहायोगिन्विश्वात्मन्विश्वभावन॥ प्रपन्नांपाहिगोविंदशिशुभिश्चावसीदतीं ॥११॥ नान्यत्तवपदांभोजात्पश्यामिशरणंनृणां ॥ बिभ्यतां मृत्युसंसारादीश्वरस्यापवर्गिकात् ॥१२॥ नमःकृष्णायशुद्धायब्रह्मणेपरमात्मने॥योगेश्वराययोगायत्वामहंशरणंगता ॥१३॥ श्रीशुक० इत्यनुस्मृत्यस्वजनंकृष्णंचजगदीश्वरं ॥ प्रारुदद्दुःखिताराजन्भवतांप्रपितामही ॥१४॥ समदुःखसुखोऽक्रूरोविदुरश्चमहायशाः ॥ सांत्वया मासतुःकुंतींतत्पुत्रोत्पत्तिहेतुभिः ॥१५॥ यास्यन्राजानमभ्येत्यविषमंपुत्रलालसं ॥ अवदत्सुहृदांमध्येबंधुभिःसौहृदोदितं ॥१६॥ अक्रूर० भोभोवैचित्रवीर्यत्वंकुरूणांकीर्त्तिवर्द्धन ॥भ्रातर्युपरतेपांडावधुनासनमास्थितः ॥१७॥धर्मेणपालयन्नुर्वींप्रजाःशीलेनरंजयन् ॥ वर्त्तमानःसमः

જઇને કહ્યું કે. ॥૭॥ " હે સૌમ્ય, અમારાં માબાપ-ભાઇઓ-બેહેનો-ભત્રિજાઓ- કુળની સ્ત્રીઓ-અને સહિયરો વિગેરે કોઇ અમને સંભારે છે કે. ॥૮॥ અને અમારા ભત્રિજાઓ, ભક્તવત્સલ અને શરણાંગતનું રક્ષણ કરનારા ભગવાન કૃષ્ણ અને કમળ નેત્ર રામ; તેમના ફોઇબાપ્ના બાળકોને (પાંડવોને) કોઇવાર પણ સંભારે છે કે. ॥૯॥ નહારોની વચમાં આવી પડેલી હરણીની માફક, શત્રુઓના મધ્યમાં રહીને શોક કરતી મને; અને નબાપા બાળકો પાંડવોને; યોગ્ય વચનો કહેવા વડે, શું તેઓ ધીરજ આપશે કે. ॥૧૦॥ હે વિશ્વના આત્મા-વિશ્વનું પાલન કરનારા-મહા યોગી-કૃષ્ણ, અને હે ગોવિંદ, બાળકો સુદ્ધાં દુખી થયેલી હું શરણે આવેલીનું રક્ષણ કરો. ॥૧૧॥ મૃત્યુ અને સંસાર થકી બીહીનેલા મનુષ્યોને, આપ મોક્ષ સ્વરૂપ ઇશ્વરનાં, ચરણ કમળ શિવાય; બીજું શરણ હું જોતી નથી. ॥૧૨॥ હે કૃષ્ણ, શુદ્ધ-પરમાત્મા-યોગેશ્વર-અને યોગ રૂપ, આપને મારા નમસ્કાર છે; અને હું આપનેજ શરણે છું. " ॥૧૩॥ હે રાજન, એ પ્રમાણે પોતાનાં સગાં આદિને, અને જગતના ઇશ્વર કૃષ્ણને સંભારીને; દુઃખી થયેલાં; તમારાં પરદાદી કુંતાજી રોવા લાગ્યાં. ॥૧૪॥ ત્યારે તેમના જેવીજ લાગણી થયેલા, મોટા યશ વાળા વિદુરે અને અક્રુરે; કુંતાજીને તેમના પુત્રોની ઉત્પત્તિનું કારણ કહી સંભળાવીને, તેમને શાંત કર્યાં. ॥૧૫॥ પછી અક્રુરે, ત્યાંથી વિદાય થતી વખતે; એ દુષ્ટ પુત્રોની ઇચ્છા પ્રમાણે, વિષમપણે વર્તનારા ધૃતરાષ્ટ્ર રાજાને મળીને; બીજા સુહૃદોના સાંભળતાં; રામ અને કૃષ્ણ આદિ બંધુઓએ, સુહૃદ પણાથી જે કહેવરાવેલું હતું; તે સર્વ તેને કહી સંભળાવ્યું. ॥૧૬॥-અક્રુર-હે કુરૂ કુળની કીર્તિને વધારનાર વિચિત્ર વીર્યના પુત્ર, તમે તમારા ભાઇ પાંડુરાજા મરી જવા થકીજ; હાલ રાજગાદી ભોગવો છો. ॥૧૭॥ તેઓ ધર્મ સહિત પૃથ્વીનું પાલન કરીને, સારાં આચરણવડે, પ્રજાને રાજી કરશો; તથા પોતાનાં સગાં સંબંધી વિગેરે સાથે સમબુદ્ધિથી વર્તશો, તોજ કલ્યાણ તથા કીર્તિને પામશો. ॥૧૮॥ અને જો તમે, તેથી બીજી રીતે વર્તશો તો; આ લોકમાં તમારી નિંદા થશે, અને પછીથી નરકમાં પડશો; માટે તમારે તમારા પુત્રો વિષે, તેમજ

પાંડવને વિષે પણ, સમાન બુદ્ધિ રાખવીજ તમને ઘટિત છે. ॥૧૯॥ હે રાજા, આલોકમાં કોઈને કોઈનો પણ, અને કોઈની પણ સાથેનો સહવાસ, સર્વ કાળ રહેવાનો નથીજ; પોતાના દેહ સાથેનો સહવાસ પણ, હમેશાંનો નથી; તો પછી સ્ત્રી અને પુત્ર આદિકનો તો હોયજ ક્યાંથી. ॥૨૦॥ પ્રાણીઓ એકલાજ જન્મે છે, એકલાજ મરે છે, અને પુણ્ય તથા પાપને પણ, તે એકલાજ ભોગવેછે. ॥૨૧॥ અને તે અલ્પ બુદ્ધિવાળાઓએ પોતે અધર્મવડે ભેગા કરેલા, ધનાદિકને; "અમો સેવાનેજ યોગ્ય છૈયે;" એમ કહેનારાં પુત્રાદિકો; જેમ માછલાં આદિક જળચરોના જીવન રૂપ જળને, કોઈ લેઇ જાય; તેમ ભાગ લેઈ જાયછે. ॥૨૨॥ વળી જેઓને તે, પોતાનાં સમજીને, અધર્મવડે પોષણ કરે છે; તેઓને, તથા પોતાએ મેળવેલા ધનને, પણ તજીને; તેનાં દુઃખો ભોગવવા પડેલોજ, પ્રાણ તજવાનો સમય; તે મૂર્ખને આવેછે. ॥૨૩॥ તેથી એ પોતાના ખરા સ્વાર્થને નહીં જાણનારો, અને પોતાના સ્વધર્મથી વિમુખ થયેલો; પોતાના અર્થને સિદ્ધ ન કરી શકતાં, તેઓ થકી તજાયલો પોતે એકલોજ; પાપને સાથે લેઈને અંધકારમય નરકમાં પડેછે. ॥૨૪॥ એટલા માટે હે સમર્થ ધૃતરાષ્ટ્ર રાજા, આ લોકને સ્વપ્ન જેવા; માયાના મનોરથ સરખા જાણીને, તથા બુદ્ધિવડે, મનને વશ રાખી; સમબુદ્ધિવાળા અને શાંત થાઓ. ॥૨૫॥ ધૃતરાષ્ટ્ર–હે દાનપતે અક્રૂર, જેમ અમૃત પીવા થકી મનુષ્યને, તે વધારેને વધારે પીવાની ઇચ્છા થતાં, બીજા કશાની ઇચ્છાજ રહેતી નથી; તેમ તમારી બોલેલી આ શુભ વાણી સાંભળવા થકી, મને પણ તૃપ્તિ થતી નથી. ॥૨૬॥ હે સૌમ્ય, જોકે આપની વાણી મને યથાસ્થિત

स्वेषु श्रेयः कीर्तिमवाप्स्यसि ॥१८॥ अन्यथा त्वाचरँल्लोके गर्हितो यास्यसे तमः ॥ तस्मात्समत्वे वर्तस्व पांडवेष्वात्मजेषु च ॥१९॥ नेह चात्यंतसंवासः कर्हिचित्केनचित्सह ॥ राजन्स्वेनापि देहेन किमु जायात्मजादिभिः ॥२०॥ एकः प्रसूयते जंतुरेक एव प्रलीयते ॥ एकोऽनुभुंक्ते सुकृतमेक एव च दुष्कृतं ॥२१ अधर्मोपार्जितं वित्तं हरंत्यन्येऽल्पमेधसः ॥ संभोजनीयापदेशैर्जलानीव जलौकसः ॥२२॥ पुष्णाति यानधर्मेण स्वबुद्ध्या तमपंडितं ॥ तेऽकृतार्थं प्रहिण्वंति प्राणा रायः सुतादयः ॥२३॥ स्वयं किल्बिषमादाय तैस्त्यक्तो नार्थकोविदः ॥ असिद्धार्थो विशत्यंधं स्वधर्मविमुखस्तमः ॥२४॥ तस्माल्लोकमिमं राजन्स्वप्नमायामनोरथं ॥ वीक्ष्यायम्यात्मनात्मानं समः शांतो भव प्रभो ॥२५॥ धृतराष्ट्र० यथा वदति कल्याणीं वाचं दानपते भवान् ॥ तथाऽनया न तृप्यामि मर्त्यः प्राप्य यथाऽमृतं ॥२६॥ तथाऽपि सूनृता सौम्य हृदि न स्थीयते चले ॥ पुत्रानुरागविषमे विद्युत्सौदामनी यथा ॥२७॥ ईश्वरस्य विधिं कोऽनुविधुनोत्यन्यथा पुमान् ॥ भूमेर्भारावताराय योऽवतीर्णो यदोः कुले ॥२८॥ यो दुर्विमर्शपथया निजमायये दंसृष्ट्वा गुणान्विभजते तदनुप्रविष्टः ॥ तस्मै नमो दुरवबोधविहारतंत्रसंसारचक्रगतये परमेश्वराय ॥२९॥ श्रीशुक० इत्यभिप्रेत्य नृपतेरभिप्रायं स यादवः ॥ सुहृद्भिः समनुज्ञातः पुनर्यदुपुरीमगात् ॥ ३० ॥ शशंस रामकृष्णाभ्यां धृतराष्ट्रविचेष्टितं ॥ पांडवान्प्रति कौरव्य यदर्थं प्रेषितः स्वयं ॥ ३१ ॥ इति श्रीभागवते महापुराणे अष्टादशसाहस्र्यां संहितायां दशमस्कंधे पूर्वार्धे एकोनपंचाशत्तमोऽध्यायः ॥४९॥ श्रीकृष्णार्पणमस्तु ॥ पूर्वार्धं समाप्तिमगमत् ॥

લાગે છે, તો પણ પુત્ર સ્નેહથી વિષમ થયેલા મારા અસ્થિર હૃદયમાં; આકાશમાં થયેલી વીજળીની પેઠે, તે સ્થિર થવાને પામતી નથી. ॥૨૭॥ વળી પૃથ્વીનો ભાર ઉતારવાને યાદવોના કુળમાં અવતરેલા ઈશ્વર ભગવાને, કરવા ધારેલાને ફેરવી નાંખવી; બીજી રીતે કરવાને કોઈ પુરૂષ સમર્થ નથીજ. ॥૨૮॥ તેથી હું, એ સમજવામાં ન આવે એવા માર્ગ વાળી, પોતાની માયા થકી વિશ્વને સરજીને તથા તેમાં રહીને; જે ભગવાન ગુણોને ભોગવે છે. અને બીજાઓના સમજવામાં ન આવે, એવી રીતે સ્વઇચ્છાથી ક્રીડા કરીને, આ સંસાર રૂપી ચક્રને; જે ગતિ આપે છે; તે પરમેશ્વરને, હું નમસ્કાર કરૂંછું. ॥૨૯॥ શ્રીશુક–એ રીતે એ ધૃતરાષ્ટ્ર રાજાના અભિપ્રાયને જાણેલા, તે યાદવ અક્રૂરજી, ત્યાંથી સુહૃદોની રજા લેઈને; મથુરામાં પાછા આવ્યા. ॥૩૦॥ અને પોતાને જે કામ કરવા માટે મોકલ્યા હતા, તે; એટલે પાંડવો પ્રત્યેની ધૃતરાષ્ટ્ર રાજાની વર્તણુક; રામ અને કૃષ્ણને તેમણે કહી સંભળાવી. ॥૩૧॥ ઇતિ શ્રી૰ ભા૰ દશમાં સ્કં૰ અક્રૂર ધૃતરાષ્ટ્ર સંવાદ નામે ઓગણપચાસમો અધ્યાય સંપૂર્ણ ॥૪૯॥

તા. ૧૮ મી એપ્રિલ સને ૧૮૯૯ મીતી સંવત ૧૯૫૫ ના ચૈત્ર શુદ ૮ ને વાર મંગળ. સાંજે ૭ વાગે મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં હરિકૃષ્ણદાસ શેઠની પોળમાં ઘર નંબર ૫૨૩.–કર્તા મહામુનિ કૃષ્ણ–ભાગવત પ્રેરિત લખનાર દાસાનુદાસ ગિરધરલાલ અમરતલાલ વ્યાસ–શ્રી કૃષ્ણાર્પણમસ્તુ.

અર્થાત. ૫૦ શ્લો.–શ્રીશુક–પછી અસ્તિ અને પ્રાપ્તિ નામની કંસની બે સ્ત્રીઓ, ભર્તાર મૂવાથી દુઃખથી પીડાયલી તેમના પિતા જરાસંધને ઘેર ગઇયો. ॥૧॥ અને તે દુઃખી થયેલા મગધનાં રાજા પાસે, પોતાને રંડાપો મળવાનું કારણ તેમણે સર્વે કહી સંભળાવ્યું. ॥૨॥ ત્યારે એ અપ્રિય વાત સાંભળવાથી તેણે શોક અને અસહનતા ને લીધે, યાદવ વિનાની પૃથ્વી કરવા સારૂં, મોટો ઉદ્યમ કર્યો. ॥૩॥ અને પોતાની ત્રેવીસ અક્ષૌહિણી સેના સહિત તેણે જઇને, યાદવોની રાજધાની મથુરાને; સર્વ તરફથી ઘેરી લીધી. ॥૪॥ એટલે પોતાનું નગર; એ સમુદ્ર રેલવાની પેઠે, આવતા સૈન્યથી ઘેરાઇ જવાને લીધે; કૃષ્ણે પોતાના સ્વજનોને, ભય થકી વ્યાકુળ થયેલા દીઠા. ॥૫॥ ત્યારે કાર્ય માટે મનુષ્ય થયેલા એ હરિભગવાને તે સમય તથા સ્થાનને અનુકૂલ; અને જેને સારૂં પોતાનો આ અવતાર થયેલો છે, તેને અનુસરતોજ, વિચાર કર્યો કે. ॥૬॥ સિપાઇ–સ્વાર–તથા હાથીઓ વાળું, અને વળી અક્ષૌહિણીની સંખ્યા થકી ગણાતું; એ મગધ રાજાએ તેના તાબાના સર્વ માંડલિક રાજાઓ પાસેથી આણેલું, તથા પૃથ્વી ઉપર ભાર રૂપ થયેલું; આ સૈન્યજ હું મારીશ; કારણ ફરીફરીને એવોજ ઉદ્યમ કરનાર જરાસંધને તો, મારવો યોગ્ય નથીજ. ॥૭–૮॥ આ મારો અવતાર સાધુ પુરૂષોનું સંરક્ષણ કરવા; અને દુષ્ટ લોકનો નાશ કરીને; પૃથ્વીનો ભાર ઉતારવાને માટેજ છે. ॥૯॥ અને એજ રીતે ધર્મનું રક્ષણ કરવાને, તથા કાળેકરીને ઉત્પન્ન થતા અધર્મનો નાશ કરવાને માટે; મારા બીજા અવતારો પણ, કદી કદી થાયછેજ. ॥૧૦॥ એ રીતનો ગોવિંદ ભગવાને વિચાર કરતાંજ; સૂર્ય જેવા પ્રકાશતા બે રથ; સરસામાન અને સારથી વિગેરે સહિત, પોતાનાં પુરાતન દિવ્ય આયુધોથી ભરાઇને; યદૃચ્છાથી આકાશમાંથી તુર્ત આવીને, ઉભા રહ્યા; એટલે તે દેખી હૃષીકેશ ભગવાને, સંકર્ષણ પ્રત્યે, કહ્યું કે. ॥૧૧–૧૨॥ "હે પ્રભુ, હે આર્ય, આપણા થકી રક્ષણ થતા યાદવોને; આવી પડેલું દુઃખ, આપ જુઓછો; માટે આપને સારૂં આવેલાં આ પ્રિય આયુધોનો, અને રથનો સ્વીકાર કરીને; આપ શત્રુ સૈન્યને મારી, પોતાનાંઓનો દુઃખો

श्रीशुक०अस्तिःप्राप्तिश्चकंसस्यमहिष्यौभरतर्षभ ॥ मृतेभर्त्तरिदुःखार्तेईयतुःस्मपितुर्गृहान् ॥१॥पित्रेमगधराजायजरासंधायदुःखिते॥ वेदयांचक्रतुःसर्वमात्मवैधव्यकारणं ॥२॥ सतदप्रियमाकर्ण्यशोकामर्षयुतोनृप ॥ अयादवींमहींकर्तुंचक्रेपरममुद्यमं ॥३॥ अक्षौहिणीभिर्विंशत्यातिसृभिश्चापिसंवृतः॥ यदुराजधानींमथुरांन्यरुणत्सर्वतोदिशं॥४॥ निरीक्ष्यतद्बलंकृष्णउद्वेलमिवसागरं ॥ स्वपुरंतेनसंरुद्धंस्वजनंच भयाकुलं ॥५॥ चिंतयामासभगवान्हरिःकारणमानुषः॥ तद्देशकालानुगुणंस्वावतारप्रयोजनं ॥६॥ हनिष्यामिबलंह्येतद्भुविभारंसमाहितं ॥ मागधेनसमानीतंवश्यानांसर्वभूभुजां ॥७॥ अक्षौहिणीभिःसंख्यातंभटाश्वरथकुंजरैः॥ मागधस्तुनहंतव्योभूयःकर्ताबलोद्यमं ॥८॥ एतदर्थोऽवतारोयंभूभारहरणायमे ॥ संरक्षणायसाधूनांकृतोऽन्येषांवधायच॥९॥अन्योऽपिधर्मरक्षायैदेहःसंभ्रियतेमया ॥ विरामायाप्यधर्मस्य कालेप्रभवतःक्वचित् ॥१०॥ एवंध्यायतिगोविंदआकाशात्सूर्यवर्चसौ॥ रथावुपस्थितौसद्यःससूतौसपरिच्छदौ ॥११॥ आयुधानिचदिव्यानिपुराणानियदृच्छया ॥ दृष्ट्वातानिहृषीकेशःसंकर्षणमथाब्रवीत् ॥१२॥ पश्यार्यव्यसनंप्राप्तंयदूनांत्वावतांप्रभो ॥ एषतेरथआयातोदयितान्यायुधानिच ॥१३॥ यानमास्थायजह्येतद्व्यसनात्स्वान्समुद्धर ॥ एतदर्थंहिनौजन्मसाधूनामीशशर्मकृत् ॥१४॥ त्रयोविंशत्यनीकाख्यंभूमेर्भारमपाकुरु ॥ एवंसंमंत्र्यदाशार्हौदंशितौरथिनौपुरात् ॥१५॥ निर्जग्मतुःस्वायुधाढ्यौबलेनाल्पीयसावृतौ ॥ शंखंदध्मौविनिर्गत्यहरिर्दारुकसारथिः॥१६॥ ततोऽभूत्परसैन्यानांहृदिवित्रासवेपथुः॥ तावाहमागधोवीक्ष्यहेकृष्णपुरुषाधम ॥१७॥ नत्वयायोद्धुमिच्छामिबालेनैकेनलज्जया ॥ गुप्तेनहित्वयामंदनयोत्स्येयाहिबंधुहन् ॥१८॥ तवरामयदिश्रद्धायुध्यस्वधैर्यमुद्वह॥ हित्वावामच्छरैश्छिन्नंदेहंस्वर्याहिमांजहि ॥१९॥ श्रीभग०नवैशूराविकत्थंतेदर्शयंत्येवपौरुषं ॥ नगृह्णीमोवचोराजन्नातुरस्यमुमूर्षतः॥२०॥ श्रीशुक०जरासुतस्तावभिसृत्यमाधवौ महाबलौघेनबलीयसावृणोत् ॥ ससैन्ययानध्वजवाजिसारथीसूर्यानलौवायुरिवाभ्ररेणुभिः॥२१॥सुपर्णतालध्वजचिन्हितौरथावलक्षयंत्यो हरिरामयोर्मृधे॥ स्त्रियःपुराट्टालकहर्म्यगोपुरंसमाश्रिताःसंमुमुहुःशुचार्दिताः॥२२॥ हरिःपरानीकपयोमुचांमुहुःशिलीमुखात्युल्बणवर्षपीडि

થકી ઉદ્ધાર કરો; હે ઇશ્વર, આપણા જન્મ એ સારૂંજ, તથા સાધુ પુરૂષોને સુખ ઉત્પન્ન કરવાને માટેજ; થયેલ છે. ॥૧૩–૧૪॥ માટે એ ત્રેવીસ અક્ષૌહિણી સેના રૂપ પૃથ્વીના ભારને, ઉતારો; એ રીતે સંતલસ કરી એ રામ અને કૃષ્ણ બંને જણે; બખ્તરો પહેરીને, પોતાનાં આયુધો ધારણ કર્યાં; પછી રથો ઉપર બેસીને થોડા સૈન્યથી વિંટાયલા તેઓ, નગરથી બહાર નીકળ્યા; અને બહાર ગયા કેડે, દારૂક સારથી વાળા હરિ ભગવાને, શંખ નાદ કર્યો. ॥૧૫–૧૬॥ તેથી શત્રુની સેનાના હૃદયને વિશે, ત્રાસ ઉત્પન્ન થઇને; તેમને ધ્રુજારો થયો; અને જરાસંધ, એ બેઉને દેખીને બોલવા લાગ્યો કે. " હે પુરૂષોમાં અધમ કૃષ્ણ; તું બાળક, એકલવાયો, છાનો રહેલો, મંદ બુદ્ધિ વાળો, અને પોતાનાજ સગાઓને મારનારો છે; માટે તારી સાથે યુદ્ધ કરતાં, મને લાજ આવે છે; તેથી હું તારી સાથે તો, યુદ્ધ નહીંજ કરૂં; તું નાશી જા. ॥ ૧૭–૧૮ ॥ અને હે રામ, જો શ્રદ્ધા હોયતો, ધૈર્ય રાખીને તમે મારી સાથે યુદ્ધ કરો; અને મારા બાણો થકી, છિન્ન ભિન્ન થયેલાં શરીરને તજી, સ્વર્ગમાં જાઓ; અગર મને મારો." ॥૧૯॥ ત્યારે ભગવાન બોલ્યા કે, "હે રાજા, આપ મરવાને તૈયાર અને આતુર થયેલાનાં વચનો, અમે સાંભળતા નથી; શૂરા પુરૂષો ઘણું બોલતા નથી, પણ પરાક્રમજ કરી દેખાડે છે." ॥ ૨૦ ॥ એટલે બળવાન જરાસંધે પાસે આવીને, પોતાના મોટા સૈન્ય થકી; વાયુથી ઉડતી ધુળ વડે, તથા વાદળાં વડે, જેમ સૂર્ય અને અગ્નિને ઢાંકીદે; તેમ એ બંનેને; રથ–ધ્વજ–ઘોડા–સારથી–અને સૈન્ય સુદ્ધાંત, ઢાંકી નાંખ્યા. ॥૨૧॥ તેથી યુદ્ધ ભૂમી ઉપર ગરૂડ અને તાડના ચિન્હ વાળા, હરિ ભગવાનના તથા રામના રથોને ન દેખીને; મથુરાં નગરીની અગાસીઓ વિગેરે ઉપર ચડેલી સ્ત્રીઓ; શોકથી પીડાઇને મુંઝાવા લાગી. ॥૨૨॥ ત્યારે શત્રુ સૈન્યને દેખી; હરિભગવાને પોતાના,

દેવ તથા દૈત્યોએ પુજેલા, ઉત્તમ સારંગ ધનુષ્યનો ટંકાર કરયો. ॥૨૩॥ અને ભાથામાંથી બાણો લેઇ, તેમાં સાંધીને; ધનુષ્ય ખેંચી, બળતા ઉંબાડિયાની પેઠે; વચમાં જરા પણ અંતર ન પડવા દેતાં, જથા બંધ સતતપણે બાણો ફેંકીને; શત્રુ સેનાના રથ–હાથી–ઘોડા–અને પ્યાદાઓનું, સઘળાનું વાળી નાંખ્યું. ॥ ૨૪ ॥ તેથી કુંભસ્થળો ફૂટી ગયેલા હાથીઓ–બાણોથી ગળાં કપાયેલા ઘોડા,–ધજાઓ, ઘોડા, સારથી, અને રથીઓ પડી ગયેલા રથ–તથા હાથ, સાથળ, અને ગળાં કપાયલા પ્યાદાઓ;–ઘણા ઘણા પડી ગયા. ॥૨૫॥ અને અપ્રમેય પરાક્રમ વાળા સંકર્ષણે મુશળ થકી મારેલા, મદોન્મત્ત શત્રુસેનાના માણસો–હાથી–તથા ઘોડાઓનાં કપાઇ ગયેલાં અંગોમાંથી નીકળતા લોહીની; બીકીકણોને ભય ઉપજાવ કરનારી, અને શૂરાઓને પરસ્પર હરખ ઉપજાવનારી; સેંકડો નદીઓ; તેમાં સાપને ઠેકાણે હાથ–કાચબાને ઠેકાણે પુરુષોનાં માથાં–બેટને ઠેકાણે મુએલા હાથીઓ–મુડદાને ઠેકાણે ઘોડાઓ–માછલાંને ઠેકાણે હાથ અને સાથળો–સેવાળને ઠેકાણે માથાના વાળ–તરંગને ઠેકાણે ધનુષ્યો–ગુચ્છનેઠેકાણે આયુધો–ભયંકર ભમરીઓને ઠેકાણે ઢાલો–અને પથરા તથા કાંકરીઓને ઠેકાણે મોટા મણિઓ સહિત ઘરેણાંઓ–થઇ પડીને; તે, રણ ભૂમિમાં વહેવા લાગીઓ. ॥ ૨૬–૨૭–૨૮॥ હે અંગ, એમ એ જરાસંધે પાલન કરેલી–સમુદ્ર જેવી અપાર અને અનંત–તથા ભયંકર અને અતિ મજબુત સેનાનો; એ બે વસુદેવના પુત્ર, જગતના પરમ ઇશ્વરો, રામ તથા કૃષ્ણે; રમત કરવાની પેઠે, નાશ કરી દીધો. ॥૨૯॥ એ રીતે; અનંત ગુણો વાળા જે ભગવાનની લીલાથી, ત્રણે લોકની ઉત્પત્તિ–સ્થિતિ–અને અંત થયા કરે છે; તેમના થકી શત્રુ પક્ષનો નિગ્રહ થવો, એમાં કાંઇ નવાઇ જેવું નથી; છતાં મનુષ્યની રીતિથી ચાલવાના કારણથી, વર્ણન કરવામાં આવેલ છે.॥૩૦॥ પછી સઘળું લશ્કર મરાઇ જતાં, રથ વિનાના અને ફક્ત એકલાજ જીવતા બચેલા; મહાબળવાન જરાસંધને. સિંહ જેમ સિંહને પકડી લે, તેમ રામે બળ કરીને પકડી લીધો. ॥૩૧॥અને તે મૂએલા સરખાને, વરુણ પાશથી તથા દોરડાંઓથી, બાંધવાને લાગતાં;

तं ॥ स्वसैन्यमालोक्यसुरासुरार्ऽचितंव्यस्फूर्जयच्छार्ङ्गशरासनोत्तमं ॥२३॥ गृण्हन्निषंगादथसंदधच्छरान्विकृष्यमुंचन्शितबाणपूगान् ॥ निघ्नन्रथान्कुंजरवाजिपत्तीन्निरंतरंयद्वदलातचक्रं॥२४॥निर्भिन्नकुंभाकरिणोनिपेतुरनेकशोऽश्वाःशरवृक्णकंधराः॥रथाहताश्वध्वजसूतनायकाःपदातयश्छिन्नभुजोरुकंधराः॥२५॥ संछिद्यमानद्विपदेभवाजिनामंगप्रसूताःशतशोऽसृगापगाः॥ भुजाऽहयःपूरुषशीर्षकच्छपाहतद्विपद्वीपहयग्रहाकुलाः ॥२६॥ करोरुमीनानरकेशशैवलाधनुस्तरंगायुधगुल्मसंकुलाः॥ अच्छूरिकावर्तभयानकामहामणिप्रवेकाभरणाश्मशर्कराः॥२७॥ प्रवर्तिताभीरुभयावहामृधेमनस्विनांहर्षकरीःपरस्परं ॥ विनिघ्नताऽरीन्मुसलेनदुर्मदान्संकर्षणे[illegible]रिमेयतेजसा ॥२८॥ बलंतदंगार्णवदुर्गभैरवंदुरंतपारंमगधेंद्रपालितं॥क्षयंप्रणीतंवसुदेवपुत्रयोर्विक्रीडितंत[illegible]गदीशयोःपरं ॥२९॥ स्थित्युद्भवांतंभुवनत्रयस्ययःसमीहतेऽनंतगुणःस्वलीलया॥ नतस्यचित्रंपरपक्षनिग्रहस्तथाऽपिमर्त्यानुविधस्यवर्ण्यते ॥३०॥ जग्राहविरथंरामोजरासंधंमहाबलं ॥ हतानीकावशिष्टासुंसिंहःसिंहमिवौजसा ॥३१॥ बध्यमानंहताराातिंपाशैर्वारुणमानुषैः ॥ वारयामा[illegible]नकार्यचिकीर्षया ॥३२॥ समुक्तोलोकनाथाभ्यांव्रीडितोवीरसंमतः ॥ तपसेकृतसंकल्पोवारितःपथिराजभिः ॥३३॥ वाक्यैःपवित्रार्थपदैर्नयनैःप्राकृतैरपि ॥ स्वकर्मबंधप्राप्तोऽयंयदुभिस्तेपराभवः ॥३४॥ हतेषुसर्वानीकेषुनृपोबार्हद्रथस्तदा ॥ उपेक्षितोभगवतामगधान्दुर्मनाययौ॥३५॥मुकुंदोऽप्यक्षतबलोनिस्तीर्णारिबलार्णवः॥विकीर्यमाणःकुसुमैस्त्रिदशैरनुमोदितः ॥३६॥ माथुरैरुपसंगम्यविज्वरैर्मुदितात्मभिः ॥ उपगीयमानविजयःसूतमागधबंदिभिः॥३७॥ शंखदुंदुभयोनेदुर्भेरीतूर्याण्यनेकशः॥ वीणावेणुमृदंग[illegible]निपुरंप्रविशतिप्रभौ ॥३८॥ सिक्तमार्गांहृष्टजनांपताकाभिरलंकृतां ॥ निर्घुष्टांब्रह्मघोषेणकौतुकाबद्धतोरणां ॥३९॥ निचीयमानोनारीभिर्माल्यदध्यक्षतांकुरैः॥ निरीक्ष्यमाणःसस्नेहंप्रीत्युत्कलितलोचनैः ॥४०॥ आयोधनगत[illegible]वित्तमनंतंवीरभूषणं ॥ यदुराजायतत्सर्वमाहृतंप्रादिशत्प्रभुः॥४१॥ एवंसप्तदशकृत्वस्तावत्यक्षौहिणीबलः युयुधेमागधोराजा यदुभिःकृष्णपालितैः॥४२॥ अक्षिण्वंस्तद्बलंसर्वं[illegible]ष्णयःकृष्णतेजसा ॥ हतेषुस्वेष्वनीकेषुत्यक्तोऽयादरिभिर्नृपः ॥४३॥ अष्टादशमेसंग्राम

એ જરાસંધ થકી વધુ કાર્ય કરવાને ઇચ્છતા ગોવિંદ ભગવાને બળરામને વાર્યા. ॥ ૩૨ ॥ એટલે આ રીતે એ બે ભાઇઓએ છોડી દેવાથી લાજ પામેલો, એ વીર પુરુષોમાં વખણાયલો જરાસંધ; તપ કરવાનો સંકલ્પ કરીને, વનમાં જતો હતો; ત્યારે માર્ગમાં રાજાઓએ મળીને. તેને શાસ્ત્રનાં અને લોક રૂઢીનાં, પવિત્ર અર્થ વાળાં વચનો કહીને; સમજાવ્યો કે, પોતાના પૂર્વકર્મના બંધન રૂપ ફળ; તમને યાદવો થકી આ પરાભવ થવા રૂપે, થયેલું છે. (અર્થાત, એમાં કોઇનો કાંઇ ઉપાયજ નથી, માટે લજાનું અને ઉદ્યમ છોડવો; એ યોગ્ય નથીજ.) ॥૩૩–૩૪॥ એટલે એ ભગવાને જતો કરેલો, અને લશ્કર નાશ પામેલો, જરાસંધ રાજા; કચવાયલા મનથી, પાછો મગધ દેશમાં ગયો. ॥૩૫॥ અને આનંદ પામેલા દેવતાઓએ ફૂલથી વધાવાતા, તથા સૂત–માગધ–અને બંદીજનો વિગેરેથી વિજય ગવાતા, મુકુંદ ભગવાન પણ; એ સમુદ્ર સરખા શત્રુ સૈન્યનો નાશ કરી ને, પોતના અખંડિત સૈન્ય સહિત; તાપ રહિત અને રાજી થયેલા મનવાળા મથુરાંના લોકોને, જઇ મળ્યા ॥૩૬–૩૭॥ ત્યારે ઘણાં વીણા–વેણુ–મૃદંગ–શંખ–દુંદુભી–ભેર–અને તુરીઓ વાગવાની સાથે, ભગવાન મથુરાંમાં પધારતાં; રાજી થયેલા ત્યાંના લોકોએ, ઉભે રસ્તે જળ છાંટીને–પતાકાઓ ઉભી કરીને–અને તોરણો બાંધી રસ્તાઓને શણગારીને,–તથા વેદિઆ બ્રાહ્મણો પાસે વેદ ભણાવીને; સમારંભ કરયો હતો. ॥૩૮–૩૯॥ અને સ્નેહ સહિત પ્રફુલિત આંખ્યોથી જોતી સ્ત્રીઓ, ફુલની માળાઓ–દહીં–અક્ષત–અને અંકુરો વિગેરેથી તેમને વધાવતી હતી. ॥૪૦॥ તે પછી, રણભૂમિમાં પડેલું શૂરા પુરષોનાં ઘરેણાં વિગેરે અનંત ધન, ભગવાને એકઠું કરી મંગાવીને; યાદવોના રાજા ઉગ્રસેનની પાસે, તે સર્વ રજુ કરાવ્યું. ॥૪૧॥ આ રીતેજ, જરાસંધ રાજાએ, એટલીજ અક્ષૌહિણી સેના લઇ આવી આવીને, કૃષ્ણે પાલન કરેલા યાદવોની સાથે, સત્તર વાર યુદ્ધ કરયાં. ॥૪૨॥

અને તેઓ સર્વ યોદ્ધાએ, તેના સર્વ લશ્કરોને, કૃષ્ણ ભગવાનના તેજવડે યાદવોએ નાશ કરી નાંખ્યો. તથા લશ્કર મરી ગયા પછી, છોડી દેવાયલો જરાસંધ રાજા એકલોજ; પાછો ચાલ્યો જતો હતો. ॥૪૩॥ પછી જરાસંધથી વાર, યુદ્ધ કરવાને સારૂં તે આવનાર હતો; તેવામાં નારદે મોકલેલો, મહા શૂરવીર કાળયવન ત્યાં આવી લાગ્યો. ॥૪૪॥ આ મનુષ્ય લોકમાં પોતા જેવો બીજો યોદ્ધો ન મળવાથી, વૃષ્ણીઓને પોતાના સમાન સાંભળવાથી; તેણે ત્રણ ક્રોડી (એટલે જાતિઓના) મ્લેચ્છો સહિત આવીને, મથુરાંને ઘેરો ઘાલ્યો. ॥૪૫॥ ત્યારે તેને આવેલો દેખી, કૃષ્ણ ભગવાને સંકર્ષણ સાથે મળી વિચાર કર્યો કે: " યાદવોને બંને તરફથી મોટું દુઃખ આવી પડ્યું છે. ॥ ૪૬ ॥ હમણાં આ યવને આપણને ઘેરેલા છે; અને તેટલામાંજ, આજ -કાલ-કે પરમ દહાડે, મોટા બળવાળો જરાસંધ પણ આવશેજ. ॥ ૪૭ ॥ એટલે આપણ બે ભાઈઓ, આ યવન સાથે યુદ્ધ કરવામાં રોકાઈશું; તેવામાંજ બળવાન જરાસંધ આવીને, આપણા

બંધુઓને મારી નાંખશે, અગર પોતાના પુરમાં લેઈ જશે. ॥ ૪૮ ॥ એટલા માટે; જ્યાં માણસોથી જવાને અશક્ય, એવો એક (સમુદ્ર વચ્ચે) કિલ્લો, આપણે હમણાંજ બનાવીએ; અને ત્યાં આપણાં સગાંઓને રાખ્યા પછી, આ યવનનો ઘાટ ઘડીએ. ॥૪૯॥ એ પ્રમાણે સંતલસ કરીને, બાર યોજન વિસ્તારનું, કિલ્લાવાળું, સર્વ પ્રકારથી અદ્દભૂત નગર, ભગવાને તૈયાર કરાવ્યું. ॥૫૦॥ શિલ્પ શાસ્ત્રમાં નિપુણ વિશ્વકર્માની સઘળી ચતુરાઈ, તેમાં જોવામાં આવતી હતી; અને મોટા રસ્તા—ચોવટાં—ગલીઓ—અને ઘરો વિગેરે જેમ ઘટે તેમ, તેમાં નિર્માણ કરેલાં હતાં. ॥૫૧॥ અને ત્યાં દેવતાઈ ઝાડો અને વેલીઓ વાળી વાડીઓ, તથા બગીચાઓ, હતા; તેમજ ધોળા આરસની અને આકાશને અડેલી અગાસીઓ ઉપર, તથા દરવાજાનાં શિખરો ઉપર, સોનેરી કળશો હતા. ॥૫૨॥ તથા રૂપેરી અને સોનેરી રંગના સળિયાની જાળીઓ વાળા કોઠારોના ઉપર, સોને રસેલા ઘડાઓ મૂકીને, અને ઘરોની અંદર; સોનેરી, રત્નોની, અને મોટા મરકત મણિઓની,

आगामिनितदंतरा ॥ नारदे॰षितोवीरोयवनःप्रत्यदृश्यत ॥४४॥ रुरोधमथुरामेत्यतिसृभिर्म्लेच्छकोटिभिः ॥ नृलोकेचाप्रतिद्वंद्वोवृष्णीन्श्रु
त्वात्मसंमितान् ॥४५॥ तंदृष्ट्वाऽचिंतयत्कृष्णःसंकर्षणस॰ायवान् ॥ अहोयदूनांवृजिनंप्राप्तंह्युभयतोमहत् ॥४६॥ यवनोऽयंनिरुंधेऽस्मान
[illegible]॥ मागधोऽप्यद्यवाश्वोवापरश्वोवागमिष्यति ॥४७॥आवयो[illegible]ध्यतोरस्य[illegible]गंताजरासुतः॥बंधून्वधिष्यत्यथवानेष्यते च
पुरंबली ॥४८॥ तस्माद्द्यविधास्यामोदुर्गंद्विपददुर्गमं ॥ तत्रज्ञातीन्समाधाययवनंघातयामहे ॥४९॥ इतिसंमंत्र्यभगवान्दुर्गंद्वादशयोजनं ॥
अंतःसमुद्रेनगरंकृत्स्नाऽद्भुतमचीकरत् ॥५०॥ दृश्यतेयत्रहित्वाष्ट्रंविज्ञानंशिल्पनैपुणं॥रथ्याचत्वरवीथीभिर्यथावास्तुविनिर्मितं ॥५१॥ सुर
द्रुमलतोद्यानविचित्रोपवनान्वितं ॥ हेमशृंगैर्दिविस्पृग्भिःस्फाटिकाट्टालगोपुरैः॥५२॥ राजतारकूटैःकोष्ठैर्हेमकुंभैरलंकृतैः ॥ रत्नकूटैर्गृहै
र्हैमैर्महामरकतस्थलैः ॥५३॥ वास्तोष्पतीनांचगृहैर्वल्लभीभिश्चनिर्मितं ॥ चातुर्वर्ण्यजनाकीर्णंयदुदेवगृहोल्लसत् ॥५४॥सुधर्मांपारिजातंच
महेंद्रःप्राहिणोद्धरेः॥यत्रचावस्थितोमर्त्योमर्त्यधर्मैर्नयुज्यते॥५५॥श्यामैककर्णान्वरुणोहयाञ्छुक्लान्मनोजवान्॥अष्टौनिधिपतिःकोशान्लो
कपालोनिजोदयान् ॥५६॥यद्यद्भगवतादत्तमाधिपत्यंस्वसिद्धये॥ सर्वंप्रत्यर्पयामासुर्हरौभूमिगतेनृप ॥५७॥ तत्रयोगप्रभावेननीत्वासर्वजनं
हरिः ॥ प्रजापालेनरामेणकृष्णःसमनुमंत्रितः ॥ निर्जगामपुरद्वारात्पद्ममालीनिरायुधः ॥५८॥ इ॰भा॰म॰द॰पंचाशत्तमोध्यायः ॥५०॥
श्रीशुक॰तंविलोक्यविनिष्क्रांतमुज्जिहानमिवोडुपं ॥ दर्शनीयतमंश्यामंपीतकौशेयवाससं ॥१॥ श्रीवत्सवक्षसंभ्राजत्कौस्तुभामुक्तकंधरं ॥
पृथुदीर्घचतुर्बाहुंनवकंजारुणेक्षणं ॥२॥ नित्यप्रमुदितंश्रीमत्सुकपोलंशुचिस्मितं ॥ मुखारविंदंबिभ्राणंस्फुरन्मकरकुंडलं ॥३॥ वासुदेवोह्य
यमितिपुमान्श्रीवत्सलांछनः ॥ चतुर्भुजोऽरविंदाक्षोवनमाल्यतिसुंदरः ॥४॥ लक्षणैर्नारदप्रोक्तैर्नान्योभवितुमर्हति ॥ निरायुधश्चलन्पद्भ्यां
योत्स्येऽनेननिरायुधः ॥५॥ इतिनिश्चित्ययवनःप्राद्रवंतंपराङ्मुखं॥अन्वधावज्जिघृक्षुस्तंदुरापमपियोगिनां॥६॥ हस्तप्राप्तमिवात्मानंहरिणा

ભૂમિકાઓ બનાવીને; શોભા કરેલી હતી. ॥૫૩॥ વસ્તીની જૂદી જૂદી જાતોના મુખીઓનાં અગાસી વાળાં ઘરોવાળા—અને ચારે વર્ણના લોકોથી ભરાયલા—તે નગરમાં; ભગવાને ઇંદ્ર પાસેથી લેઇ આવેલું, પારિજાતકનું ઝાડ; અને જેમાં બેસવાથકી મનુષ્યોને, ભૂખ તરસ આદિક (મનુષ્ય ધર્મ) બાધ કરી શકતા નથી; એવી સુધર્મા નામની સભા; એઓ વડે યાદવોના રાજા ઉગ્રસેનનો દરબાર, શોભતો હતો. ॥૫૪–૫૫॥ વળી તેમણે લોકપાળોની શોભા રૂપ કુબેર પાસેના આઠે પ્રકારના ભંડારો—અને વરૂણ પાસેથી એક એક કાન કાળો છતાં, સાવ ધોળા મનવેગી ઘોડાઓ; આણેલા હતા. ॥૫૬॥ એટલે તેઓને પોતાના લોકપાળ પણાની સિદ્ધિને અર્થે, ભગવાને જે જે આપેલું હતું; તેને સર્વ, પૃથ્વી ઉપર પ્રકટ થયેલા આ બે હરિ ભગવાન(રામ અને કૃષ્ણ) ને, તેઓએ ઉતાવળેજ પાછું આપ્યું હતું. ॥૫૭॥ તે પછી પોતાના યોગના પ્રભાવ વડે, મથુરાંમાંના પોતાના સર્વ સંબંધીઓને, ત્યાં (દ્વારકાંમાં) પહોંચાડી દેઈને; પ્રજાનું રક્ષણ કરવા રામને મૂકી, તેમની

સલાહથીજ, પોતે આયુધ વિનાના થઇ; કમળની માળા પહેરેલા કૃષ્ણ ભગવાન, એકલાજ; મથુરાંના દરવાજા બહાર નીકળી પડ્યા. ॥૫૮॥ ઇતિ શ્રી॰ ભા॰ દશમા સ્કંધનો દુર્ગનિવેશન નામે પચાસમો અધ્યાય સંપૂર્ણ.॥૫૦॥

અધ્યાય. ૫૧ મો.—શ્રીશુક—ઉગતો ચંદ્રમા બહાર નીકળી આવવાની પેઠે; ગામમાંથી બહાર નીકળેલા, તેમને દેખીને; આ ઉત્તમ દેખાવવાળો—શ્યામ રંગનો—પીળાં રેશમી વસ્ત્ર પહેરેલો—વક્ષ સ્થળમાં શ્રીવત્સના ચિન્હ વાળો—ગળામાં લટકતા કૌસ્તુભથી શોભતો—લાંબા અને જાડા ચાર હાથ વાળો—નવા કમળ જેવી રાતી આંખ્યોવાળો—અને હમેશાં આનંદી, શોભતા, ને સારા ગાલથી સુંદર રીતે હસતા મુખારવિંદ ઉપર ચળકતાં માંછલાના આકારનાં કુંડળોથી દીપતો—તથા નારદે કહેલાં લક્ષણો, શ્રીવત્સનું ચિન્હ, ચાર ભુજા, કમળ જેવી આંખો, વનમાળા, અને અત્યંત સુંદરતા વાળો;—આ પુરૂષ વાસુદેવ શિવાય બીજો હોઇ શકેજ નહીં, એમ વિચારીને; એ આયુધ વિનાનો પગે ચાલતો છે, તો; હું પણ પગે ચાલીને તથા આયુધ

જિતાજ, તેની સાથે યુદ્ધ કરીશ; એવા નિશ્ચયથી તે કાળયવન; મુંડ ફેરવીને દોડ્યા જતા ભગવાન, કે જેમને; યોગીઓનાં મન પણ પહોંચી શકતાં નથી; તેમની પાછળ તેમને પકડવાની ઇચ્છાથી, દોડવા લાગ્યો. ॥૧-૨-૩-૪-૫-૬॥ પગલે પગલે હાથમાં આવી જતા સરખા જણાતા ભગવાન; એ યવનોના રાજાને, ઘણો દૂર પર્વતની ગુફામાં લેઇ ગયા. ॥૭॥ ત્યારે "તું યદુકુળમાં જન્મેલાને, નાસી જવું ઉચિત નથી," એમ કહી તિરસ્કાર કરતો તે, તેમની પાછળ દોડતા છતાં; તેનાં પાપ ક્ષીણ નહીં થયેલાંના કારણથી, ભગવાનને પહોંચી શક્યોજ નહીં. ॥૮॥ અને એ રીતે તિરસ્કાર કરયા છતાં, ભગવાન તો પર્વતની ગુફામાં પેસી ગયા; એટલે તે યવન પણ તેમાં પેઠો; અને ત્યાં તેણે એક બીજા પુરૂષને સૂતેલો જોયો. ॥૯॥ ત્યારે, પોતાને આટલે સુધી દૂર લેઇ આવીને, આ રીતે સાધુની પેઠે સુઇ જનારો; એ અચ્યુત ભગવાનજ છે; એમ માનીને તે મૂઢે તેને, પોતાના પગવતે લાત મારી. ॥ ૧૦ ॥ એટલે ઘણો વખત થયાં સુઇ રહેલા તેણે ઉઠીને; ધીમે ધીમે

આંખ્યો ઉઘાડીને, દિશાઓમાં જોવા લાગતાં; પડખામાં ઉભેલા એ કાળયવનને દીઠો. ॥૧૧॥ અને તેની ક્રોધયુક્ત દ્રષ્ટિ પડતાંજ, તેના શરીરમાંથી ઉત્પન્ન થયેલા, અગ્નિવડે; તે કાળયવન એક ક્ષણમાંજ, બળીને રાખોડી થઇ ગયો. ॥૧૨॥-પરીક્ષિત-હે બ્રાહ્મણ, જેના થકી એ યવન બળી ગયો, તે પુરૂષ કોણ હતો-કોના વંશનો હતો-તે કેવા પરાક્રમવાળો હતો-અને આ ગુફાની અંદર તે શા સારૂં સુઇ રહેલો હતો. ॥૧૩॥-શ્રીશુક-તે, ઇક્ષ્વાકુના કુળમાં જન્મેલો-બ્રાહ્મણોને માનનારો-અને માંધાતા રાજાનો દીકરો-સત્યવાદી મુચુકુંદ નામથી પ્રખ્યાત થયેલો, મોટો રાજા હતો. ॥૧૪॥ દૈત્યો વિગેરેથી ત્રાસ પામેલા ઇંદ્રાદિક દેવોએ; તેની પાસે પોતાનું સંરક્ષણ કરવાની યાચના કરવાથી, તેણે ઘણા કાળ સુધી તેઓનું રક્ષણ કરેલું હતું. ॥૧૫॥ પછી દેવતાઓને; તેમનું સંરક્ષણ કરનાર, ગુહ એટલે કાર્તિક સ્વામી મળી આવ્યા કેડે; તેઓએ મુચુકુંદને કહ્યું કે. "હે રાજા, તમે અમારૂં પાલન કરવાના દુઃખથકી, હવે છુટા થાઓ. ॥૧૬॥ હે વીર પુરૂષ, મનુષ્ય લોકનું પોતાનું નિષ્કં-

सपदेपदे ॥ नीतोदर्शयतादूरंयवनेशोऽद्रिकंदरं ॥७॥ पलायनंयदुकुलेजातस्यतवनोचितं ॥ इतिक्षिपन्ननुगतोनैनंप्रापाहताशुभः ॥८॥ एवंक्षिप्तोऽपिभगवान्प्राविशद्गिरिकंदरं ॥ सोऽपिप्रविष्टस्तत्रान्यंशयानंददृशेनरं ॥९॥ नन्वसौदूरमानीयशेतेमामिहसाधुवत् ॥ इतिमत्वाऽच्युतंमूढस्तंपदासमताडयत् ॥१०॥ सउत्थायचिरंसुप्तःशनैरुन्मील्यलोचने ॥ दिशोविलोकयन्पार्श्वेतमद्राक्षीदवस्थितं ॥११॥ सतावत्तस्यरुष्टस्यदृष्टिपातेनभारत ॥ देहजेनाग्निनादग्धोभस्मसादभवत्क्षणात् ॥१२॥ राजा० कोनामसपुमान्ब्रह्मन्कस्यकिंवीर्यएवच ॥ कस्माद्गुहांगतःशिश्येकिंतेजोयवनार्दनः ॥१३॥ श्रीशुक० सइक्ष्वाकुकुलेजातोमांधातृतनयोमहान् ॥ मुकुंदइतिस्यातोब्रह्मण्यःसत्यसंगरः ॥१४॥ सयाचितःसुरगणैरिंद्राद्यैरात्मरक्षणे ॥ असुरेभ्यःपरित्रस्तैस्तद्रक्षांसोऽकरोच्चिरं ॥१५॥ लब्ध्वागुहंतेस्वःपालंमुचुकुंदमथाब्रुवन् ॥ राजन्विरमतां[illegible]च्छाद्भवान्नःपरिपालनात् ॥१६॥ नरलोकेपरित्यज्यराज्यंनिहतकंटकं ॥ अस्मान्पालयतोवीरकामास्तेसर्वउज्झिताः ॥१७॥ सुतामहिष्योभवतोज्ञातयोऽमात्यमंत्रिणः ॥ प्रजाश्चतुल्यकालीयानाऽधुनासंतिकालिताः ॥१८॥ कालोबलीयान्बलिनांभगवानीश्वरोऽव्ययः ॥ प्रजाःकालयतेक्रीडन्पशुपालोयथापशून् ॥१९॥ वरंवृणीष्वभद्रंतेऋतेकैवल्यमद्यनः ॥ एकएवेश्वरस्तस्यभगवान्विष्णुरव्ययः ॥२०॥ एवमुक्तःसवंदे[illegible]भिवंद्यम[illegible]यशाः ॥ निद्रामेववतोवव्रेसराजाश्रमकर्षितः ॥२१॥ यःकश्चिन्ममनिद्रायाभंगंकुर्यात्सुरोत्तमाः ॥ सहिभस्मीभवेदाशुतथोक्तश्चसुरैस्तदा ॥ अशयिष्टगुहाविष्टोनिद्रयादेवदत्तया॥२२॥ स्वापंयातंयस्तुमध्येबोधयेत्त्वामचेतनः ॥ सत्वयादृष्टमात्रस्तुभस्मीभवतु[illegible] ॥२३॥ यवनेभस्मसान्नीतेभगवान्सात्वतर्षभः ॥ आत्मानंदर्शयामासमुचुकुंदायधीमते ॥२४॥ तमालोक्य[illegible]नश्यामंपीतकौशेयवा[illegible]सं ॥ श्रीवत्सवक्षसंभ्राजत्कौस्तुभेनविराजितं ॥२५॥ चतुर्भुजंरोचमानंवैजयंत्या[illegible]मालया ॥ चारुप्रसन्नवदनंस्फुरन्मकरकुंडलं ॥२६॥ प्रेक्षणीयंनृलोकस्यसानुरागस्मितेक्षणं ॥ अपीच्यवय[illegible]तमृगेंद्रोदारविक्रमं ॥२७॥ पर्यपृच्छन्महाबुद्धिस्तेजसातस्यधर्षितः ॥

ટક રાજ્ય તજીને, અમારૂં પાલન કરતાં; તમારાં સર્વ પ્રકારનાં ત્યાંનાં સુખો તમે ખોયાં છે. ॥૧૭॥ તમારા પુત્રો-રાણીઓ-ભાઇઓ-સગાઓ-કારભારીઓ-મંત્રિઓ-અને પ્રજાઓ વિગેરે, સર્વે; કાળવડે, નાશ પામી ગયાંને; કાળમાં તમારી વખતનું, તે કોઇ પણ રહેલું નથી. ॥૧૮॥ બળવાનોથકી બળવાન, અને નાશ રહિત ઇશ્વર ભગવાન કાળ; જેમ પશુઓને ગોવાળ રમાડે, તેમ પ્રજાઓને રમાડનારકો; તેમનો નાશ કરે છે. ॥૧૯॥ માટે તમારૂં ભલું થાઓ, અને એક કૈવલ્યપદ (એટલે મોક્ષ) શિવાય; બીજું ગમે તે વરદાન, તમે અમારા થકી માગી લ્યો; કારણ મોક્ષને આપવાને માલિક, તો એકલા અવિનાશી વિષ્ણુ ભગવાનજ છે." ॥૨૦॥ એ રીતે દેવતાઓએ કહેવાથી, તે મોટા યશવાળા રાજાએ, દેવતાઓને પ્રણામ કરીને; ઘણા પરિશ્રમને લીધે પોતે થાકી ગયેલો હોવાથી; તેમની પાસેથી ફક્ત ઉંઘનીજ માગણી કરી, અને તેમને કહ્યું કે. "હે ઉત્તમ દેવો; મારી આ નિદ્રાનો જે કોઇ ભંગ કરે, તે તુરતજ બળીને ખાખ થઇ જાય." ત્યારે દેવોએ તેને

કહ્યું કે. "તું હવે ગુફામાં પેસીને સુઇ જા, એટલે અમો દેવતાઓએ આપેલી ઉંઘ, તને આવશે; પછી તે ઉંઘમાંથી તને જે કોઇ જગાડશે, તે તેજ ક્ષણે તારા જોવાવડે, બળીને રાખ થઇ જશે." ॥૨૧-૨૨-૨૩॥ તેથી આ પ્રમાણે યવનને બાળીને ભસ્મ કરયા પછી, સાત્વતપતિ ભગવાને પોતે, એ બુદ્ધિમાન મુચુકુંદને દેખા દીધી. ॥૨૪॥ ત્યારે એ મેઘ જેવા શ્યામ-પીળાં રેશમી વસ્ત્ર પેહેરેલા-છાતીમાં શ્રીવત્સના ચિન્હવાળા-ચળકતા કૌસ્તુભથી દીપતા-ચાર હાથવાળા-વૈજયંતી માળાથી શોભતા-સુંદર પ્રસન્ન મુખવાળા-હાલતાં મકરાકૃતિ કુંડળવાળા-મનુષ્ય લોકમાં જોવા જેવા-પ્રેમ સહિત હસીને જોતા-સુંદર અવસ્થાવાળા-મદોન્મત્ત સિંહ જેવા ઉદાર પરાક્રમવાળા-અને તેજવડે અસહ્ય જણાતા, ભગવાનને દેખી; તેમના તેજથી અંજાઇ ગયેલા, મોટા બુદ્ધિમાન મુચુકુંદ રાજાએ શંકા પામીને; તેમને ધીમેથી પૂછ્યું કે. ॥ ૨૫-૨૬-૨૭-૨૮ ॥ -મુચુકુંદ-આ ઘણા કાંટાવાળા પર્વતની ઉડાણના જંગલમાં; કમળની પાંખડી જેવા પગે ચાલીને; અહીંયાં

ભાળી શકેલા આપ કોણ છો? ॥ ૨૯ ॥ તેજસ્વીઓના તેજ રૂપ આપ, ભગવાન અગ્નિ-સૂર્ય-અથવા ચંદ્રમા છો? કિંવા મહેંદ્ર અથવા કોઈ બીજા લોકપાળ દેવ છો. ॥ ૩૦ ॥ આપ પોતાના તેજથી, દીવાની પેઠે ગુફાના અંધકારને મટાડો છો; માટે દેવના દેવ ત્રણ ઉત્તમ પુરુષો (બ્રહ્મા-વિષ્ણુ-અને રુદ્ર)માંના કોઈ પણ એક, તમે હોવાનું હું માનું છું. ॥૩૧॥ હે નરપુંગવ, કપટ રહિત થઈને પૂછનારા અમને, આપનો જન્મ-કર્મ-અને ગોત્ર; જો આપને કહેવાનું ઠીક લાગે તો, કહી સંભળાવો. ॥ ૩૨ ॥ હે પુરુષ વ્યાઘ્ર, અમે-તો ઈક્ષ્વાકુ વંશી ક્ષત્રીઓમાંના માંધાતાના પુત્ર. મુચુકુંદ નામથી કહેવાઈએ છીએ. ॥ ૩૩ ॥ અને ઘણો વખત જાગવાથી થાકી જવાને લીધે, ઇંદ્રિયોની શક્તિથી રહિત થઈને; આ મનુષ્ય વિનાના સ્થાનમાં, સુઈ જઈને મન ગમતી ઉંઘ લેતા હતા; ત્યાં હમણાંજ કોઈએ ઉઠાડેલા છે. ॥૩૪॥ અને તેથી તે પાપી, પોતાના પાપ વડેજ નક્કી, બળીને ખાખ થઈ ગયો છે: તથા ત્યાર કેડે શત્રુઓનો નાશ કરનારા, અને શોભિતા આપ, મારી નજરે પડયા છો. ॥ ૩૫ ॥ હે મહાત્મા, પ્રાણીઓએ માન આપવાને યોગ્ય, આપના ઘણા અસહ્ય તેજથી અંજાઈ જવાથી; હું આપની સામું જોઈ શકતો નથી. ॥ ૩૬ ॥-શ્રીશુક-એ રીતે મુચુકુંદ રાજાએ કહેવાથી, જગતનું પાલન કરનારા ભગવાને; મેઘનાદ જેવી ગંભીર વાણીથી, તેમને હસીને કહ્યું કે. ॥૩૭॥-શ્રીભગવાન-હે રાજા, મારા જન્મ-કર્મો-અને નામો હજારો છે; અને તે અનંત હોવાના કારણથી, હું તેમની સંખ્યા કરવાને શક્તિવાન નથી. ॥ ૩૮ ॥ કોઈ પુરુષ ઘણા જન્મો વડે, કદાચ પૃથ્વીના રજ-કણોને ગણી શકે; પણ મારા ગુણો-કર્મો-નામો-અને જન્મોને તો, તે કદી પણ ગણી શકે નહીંજ. ॥૩૯॥ હે રાજા, ભૂત-ભવિષ્ય-અને વર્તમાન; ત્રણે કાળમાં થનારા મારા જન્મ, તથા કર્મોને, ગણતા ગણતાં

शंकितःशनकैराजादुर्धर्षमिवतेजसा ॥२८॥ मुचुकुंद०कोभवानिहसंप्राप्तोविपिनेगिरिगह्वरे॥पद्म्यांपद्मपलाशाभ्यांविचरस्युरुकंटके ॥२९॥
किंस्वित्तेजस्विनांतेजोभगवान्वाविभावसुः ॥ सूर्यःसोमोमहेंद्रोवालोकपालोपरोपिवा ॥३०॥ मन्येत्वांदेवदेवानांत्रयाणांपुरुषर्षभं ॥ यद्बा
धसेगुहाध्वांतंप्रदीपःप्रभयायथा ॥३१॥ शुश्रूषतामव्यलीकमस्माकंनरपुंगव ॥ स्वजन्मकर्मगोत्रंवाकथ्यतांयदिरोचते ॥३२॥ वयंतुपुरुष
व्याघ्रऐक्ष्वाकाःक्षत्रबंधवः ॥ मुचुकुंदइतिप्रोक्तोयौवनाश्वात्मजःप्रभो॥३३॥ चिरप्रजागरश्रांतोनिद्रयापहतेंद्रियः॥शयेऽस्मिन्विजनेकामंके
नाप्युत्थापितोऽधुना ॥३४॥ सोऽपिभस्मीकृतोनूनमात्मीयेनैवपाप्मना ॥ अनंतरंभवान्श्रीमाँल्लक्षितोऽमित्रशासनः ॥३५॥ तेजसातेऽवि
षह्येणभूरिद्रष्टुंनशक्नुमः ॥ हतौजसोमहाभागमाननीयोऽसिदेहिनां ॥३६॥ एवंसंभाषितोराज्ञाभगवान्भूतभावनः ॥ प्रत्याहप्रहसन्वाण्या
मेघनादगभीरया ॥३७॥ श्रीभग०जन्मकर्माभिधानानिसंतिमेंऽगसहस्रशः ॥ नशक्यंतेऽनुसंख्यातुमनंतत्वान्मयाऽपिहि ॥३८॥ कचि
द्रजांसिविममेपार्थिवान्युरुजन्मभिः ॥ गुणकर्माभिधानानिनमेजन्मानिकर्हिचित् ॥३९॥ कालत्रयोपपन्नानिजन्मकर्माणिमेनृप ॥ अनुक्र
मंतोनैवांतंगच्छंतिपरमर्षयः ॥४०॥ तथाप्यद्यतनान्यंगशृणुष्वगदतोमम ॥ विज्ञापितोविरिंचेनपुराऽहंधर्मगुप्तये ॥ भूमेर्भारायमाणानामसु
राणांक्षपायच ॥४१॥ अवतीर्णोयदुकुलेगृहआनकदुंदुभेः ॥ वदंतिवासुदेवेतिवसुदेवसुतंहिमां ॥४२॥ कालनेमिर्हतःकंसःप्रलंबाद्याश्चस
द्विषः ॥ अयंचयवनोदग्धोराजंस्तेतिग्मचक्षुषा ॥४३॥ सोऽहंतवानुग्रहार्थंगुहामेतामुपागतः ॥प्रार्थितःप्रचुरंपूर्वंत्वयाहंभक्तवत्सलः॥४४॥
वरान्वृणीष्वराजर्षेसर्वान्कामान्ददामिते ॥ मांप्रपन्नोजनःकश्चिन्नभूयोऽर्हतिशोचितुं ॥४५॥ श्रीशुक०इत्युक्तस्तंप्रणम्याहमुचुकुंदोमुदान्वि
तः ॥ ज्ञात्वानारायणंदेवंगर्गवाक्यमनुस्मरन् ॥४६॥ मुचुकुंद०विमोहितोऽयंजनईशमाययात्वदीययात्वांनभजत्यनर्थदृक् ॥ सुखायदुःख
प्रभवेषुसज्जतेगृहेषुयोषित्पुरुषश्चवंचितः ॥४७॥ लब्ध्वाजनोदुर्लभमत्रमानुषंकथंचिदव्यंगमयत्नतोऽनघ ॥ पादारविंदंनभजत्यसन्मतिर्गृ
हांधकूपेपतितोयथापशुः ॥४८॥ ममैषकालोऽजितनिष्फलोगतोराज्यश्रियोन्नद्धमदस्यभूपतेः ॥ मर्त्यात्मबुद्धेःसुतदारकोशभूष्वासज्जमा

મોટા ઋષિઓ પણ; તેના અંતને પામતા નથી. ॥૪૦॥ તોપણ હે રાજા, મારા હમણાંના જન્મ વિશેજ હું તમને કહું છું, તે તમે સાંભળો; પૂર્વે બ્રહ્માએ ધર્મના રક્ષણ સારૂં, વિજ્ઞાપના કરેલો હું; પૃથ્વીનો ભાર ઉતારવા માટે, અને અસુરોનો નાશ કરવા સારૂં; યાદવ કુળમાં આનક દુંદુભી એટલે વસુદેવના ઘરમાં અવતરીને, એ વસુદેવનો પુત્ર થવાથી; લોકો મને વાસુદેવ કહે છે. ॥ ૪૧-૪૨ ॥ સત્પુરુષોનો દ્વેષ કરનારા કંસ એટલે પૂર્વ જન્મના કાળનેમી અને પ્રલંબાસુર આદિકને મેં મારેલા છે: અને આ યવનને પણ, હે રાજા, તમારી તીખી દૃષ્ટિયે બાળી નાખ્યો છે. ॥૪૩॥ તે હું; તમે, પૂર્વે મારી ઘણી ભક્તિ કરવાથી; તમારા ઉપર અનુગ્રહ કરવાને સારૂંજ, આ ગુફામાં આવેલો છું. ॥ ૪૪ ॥ તો હે રાજઋષિ, હું સર્વ કામના પરિપૂર્ણ કરનારા પાસેથી, તમે વરદાનો માગો; કારણ કે મને શરણ થયેલો કોઈ પણ મનુષ્ય, ફરીથી શોક કરવાને યોગ્ય થતોજ નથી. ॥૪૫॥-શ્રીશુક-એ રીતે કહેવાયલો મુચુકુંદ રાજા, ગર્ગ મુનિના વચનનું સ્મરણ લાવીને; તેમને નારાયણ દેવ જાણીને, આનંદ સહિત પગે લાગ્યો: અને બોલ્યો કે. ॥૪૬॥-મુચુકુંદ-હે ઈશ્વર તમારી માયાથી મોહ પામેલા અને ઠગાયલા આ લોક, દુઃખને ઉત્પન્ન કરનારાં; સ્ત્રી પુરુષનાં જોડાંવાળાં ઘરોને વિશે, સુખની ઇચ્છાથી લાગી જવા રૂપ અનર્થનેજ ભોગવ્યા કરે છે; પણ આપને ભજતા નથી. ॥૪૭॥ હે અનઘ, અહીંયાં મળવાને દુર્લભ, અને કાંઈ પણ ખામી વિનાનો; આ મનુષ્ય દેહ વગર યત્ને પામ્યા છતાં; લોકો આપના ચરણ કમળને ભજતા નથી; અને તે દુષ્ટ બુદ્ધિ વાળાઓ, પશુની પેઠે; ઘર રૂપી અંધારા કુવામાંજ પડે છે. ॥૪૮॥ માટે હે અજિત ભગવાન, હું રાજ્યલક્ષ્મીના મદથી ઉન્મત્ત થયેલા-શરીરને પોતારૂપ માનવાની બુદ્ધિવાળા-અને સંતાન, સ્ત્રી, ભંડાર, તથા પૃથ્વી આદિને વિશેજ આસક્તિવાન થઈને; તેમના સંબંધનીજ અંત વગરની ચિંતા કરનારા-રાજાનો; અસારસુખીનો સઘળો વખત નિષ્ફળ વહી ગયો છે. ॥ ૪૯ ॥ અને ઘડા તથા દર જેવા આ કલેવરને વિશે, રાજાપણાનું અભિમાન રાખનારા મેં: રથ-હાથી-ઘોડા-અને પાયદળ તથા

સેનાપતિઓથી વિંટાએલે, અતિ દુર્મદ થઈ આપને નહીં ગણકારતાં; પૃથ્વી ઉપર ફર્યાંજ કીધું છે. ॥૫૦॥ પણ એ પ્રકારે વિષયાદિકની લાલચથી વધતા જતા લોભથી; ઘણી લાંબી ચિંતા કર્યા કરવામાં પ્રમત્ત થએલા પુરૂષનો; અપ્રમત્ત એવા આપ, ઓચિંતાજ; જેમ મહોડાં ચાટતો સાપ, ઉંદરને પકડીલે તેમ; પકડી લેઈને અંત આણોછો. ॥૫૧॥ અને જે કલેવર પૂર્વે, મદોન્મત્ત હાથી ઉપર; અથવા સોનાના સાજવાળા રથ ઉપર; બેસીને રાજાના નામથી કહેવાતું હતું; તેને, ટાળ્યા ન ટળે એવા કાળ સ્વરૂપ આપજ; વિષ્ટા-કીડા-અગર રાખોડી; એ નામોવાળું કરી મૂકોછો. ॥૫૨॥ તેથી હે ઇશ્વર, ઘર સબંધી સ્ત્રી પુરૂષોનાં જોડાંને લગતાં સુખોમાં લાગેલો; અને સ્ત્રીઓ, મદારીના માંકડા જેવો કરેલો પુરૂષ; જોકે, તે સઘળી દિશાઓને જીતનારો થઈને; તેને કોઈ સાથે લડવાનું બાકી નહીંહોવાથી, સર્વ રાજાઓ તેને વંદન કરતા હોય; તથા ઉત્તમ ચક્રવર્તીના આસન ઉપર, તે બીરાજતો હોય; તોપણ તેની એવીજ ગતિ થાયછે. ॥૫૩॥ વળી રાજ્યાદિક સુખભોગ ભોગવવાની અપેક્ષા થકી; સુખાદિકનો ત્યાગ કરીને, જેઓ સારી નિષ્ઠાથી તપ કરે છે; અને તેથી ઇચ્છેલા મનોરથને પામે છે; ત્યારે પણ, તેઓની તૃષ્ણા શાંત ન થતાં, વધતીજ જાય છે; અને પછી તેઓ, સ્વર્ગાદિકના રાજા થવાનું ઇચ્છીને; ફરીથી પણ એ મળેલાનો ત્યાગ કરી, પાછા વધુ તપ કરવા લાગેછે; જેથી તેઓને કદીએ સુખની પ્રાપ્તી થતીજ નથી. ॥૫૪॥ માટે હે અચ્યુત ભગવાન, સંસારમાં ભટકતાં પ્રાણીને, જ્યારે સત્સંગ થાય છે; ત્યારેજ, સત્પુરૂષોની ગતિ રૂપ; તથા પર (એટલે મહાભૂતો આદિ કારણો) અને અવર (એટલે તેઓવડે ઉત્પન્ન થએલ પ્રાણી પદાર્થાદિક કાર્યો) ના ઇશ્વર, આપને વિષે; તેની મતિ થાય છે; અને એ રીતે સંતોનો સમાગમ થવાવડે, જ્યારે આપના વિષે તેની મતિ થાય છે; ત્યારેજ તે આ સંસાર થકી મુક્ત થવા પામેછે. ॥૫૫॥ આખી પૃથ્વીનું રાજ્ય કરનારા મહાન પુરૂષોએ પણ, જેની ઇચ્છા કરેલી છે; તે એકલા રહેવાને માટે, વનમાં વસવાનું તો; મને યદૃચ્છાથીજ રાજ્ય બંધન છુટી જઈને, પ્રાપ્ત થએલુંજ છે; તો એ અનુગ્રહ પણ આપ ઇશ્વરેજ,

नस्यदुरंतचिंतया ॥४९॥ कलेवरेऽस्मिन्घटकुड्यसंनिभेनिरूढमानोनरदेवइत्यहं ॥ वृतोरथेभाश्वपदात्यनीकपैर्गांपर्यटंस्त्वाऽगणयन्सुदुर्मदः ॥५०॥ प्रमत्तमुच्चैरितिकृत्यचिंतयाप्रवृद्धलोभंविषयेषुलालसं ॥ त्वमप्रमत्तःसहसाभिपद्यसेक्षुल्लेलिहानोऽहिरिवाखुमंतकः ॥५१॥ पुरारथैर्हेमपरिष्कृतैश्चरन्मतंगजैर्वानरदेवसंज्ञितः ॥ सएवकालेनदुरत्ययेनतेकलेवरोविट्कृमिभस्मसंज्ञितः ॥५२॥ निर्जित्यदिक्चक्रमभूतविग्रहोवरासनस्थःसमराजवंदितः ॥ गृहेषुमैथुन्यसुखेषुयोषितांक्रीडामृगःपूरुषईशनीयते ॥५३॥ करोतिकर्माणितपःसुनिष्ठितोनिवृत्तभोगस्तदपेक्षया[illegible] ॥ पुनश्चभूयेयमहंस्वराडितिप्रवृद्धतर्षोनसुखायकल्पते ॥५४॥ भवापवर्गोभ्रमतोयदा[illegible]स्यतर्ह्यच्युतसत्समागमः ॥सत्संगमोयर्हितदैवसद्गतौपरावरेशेत्वयिजायतेमतिः ॥५५॥ मन्येममानुग्रहईशते[illegible]तोराज्यानुबंधापगमोयदृच्छया ॥ यःप्राथ्यर्तेसाधुभि[illegible]र्यावनंविविक्षद्भिरखंडभूमिपैः ॥५६॥ नकामयेऽन्यंतवपादसेवनादकिंचनप्रार्थ्यतमाद्वरंविभो ॥ आराध्यकस्त्वांह्यपवर्गदं[illegible]रेवृणीतआर्योवरमात्मबंधनं ॥५७॥ तस्माद्वि[illegible]ज्याशिषईशसर्वतोरजस्तमः[illegible]गुणानुबंधनाः ॥ निरंजनंनिर्गुणमद्वयंपरंत्वां[illegible]तिमात्रंपुरुषंव्रजाम्यहं ॥५८ चिरमिहवृजिनार्तस्तप्यमानोऽनुतापै[illegible]षडमित्रोऽलब्धशांतिःकथंचित् ॥ शरणदसमुपेतस्त्वत्पदाब्जंपरात्मन्नभयमृतमशोकंपाहिमापन्नमीश ॥५९॥ श्रीभग०सार्वभौममहाराजमतिस्तेविमलोर्जिता ॥ वरैःप्रलोभितस्यापिनकामैर्विहतायतः ॥६०॥ प्रलोभितोवरैर्यस्त्वमप्रमादायविद्धितत्॥ नधीर्मय्येकभक्तानामाशीर्भिर्भिद्यतेक्वचित् ॥६१॥युंजानानामभक्तानांप्राणा[illegible]यामादिभिर्मनः॥ अक्षीणवासनंराज[illegible]दृश्यते पुनरुत्थितं ॥६२॥ विचरस्वमहींकामंमय्यावेशितमानसः ॥ अस्त्वेवंनित्यदातुभ्यंभक्तिर्मय्यनपायिनी ॥६३॥ क्षात्रधर्मेस्थितोजंतून्न्यवधीर्मृगया[illegible]भिः ॥ समाहितस्तत्तपसाजह्यघंमदुपाश्रितः ॥६४॥ जन्मन्यनंतरेराजन्[illegible]भूतसु[illegible]तमः ॥ भूत्वाद्विजवरस्त्वंवैमामुपैष्यसिकेवलं ॥६५॥ इतिश्रीभागवतेम[illegible]पुराणेदशमस्कंधेउत्तरार्धेमुचुकुंदस्तुतिर्नामैकपंचाशत्तमोध्यायः ॥५१॥

મારા ઉપર કરેલાનું, હું માનુંછું. ॥૫૬॥ અને હે સમર્થ, અકિંચન પુરૂષોએ ઇચ્છવા લાયક, અતિ ઉત્તમ વરદાન તો, "આપના ચરણનું સેવનજ છે;" માટે તે શિવાય બીજું વરદાન, હું માગતોજ નથી; મોક્ષને આપનાર આપ હરિ ભગવાનને પ્રસન્ન કરયા પછી, કીઓ સમજુ પુરૂષ; પોતાને બંધન પમાડનાર, વરદાનોને માગે. ॥૫૭॥ એટલા માટે હે ઇશ્વર, સત્વ-રજ-અને તમ, એ ગુણોના બંધનવાળી સર્વ આશિશો (એટલે વરદાન) ને પડતાં મૂકીને; નિરંજન-નિર્ગુણ-અદ્વય-અને જ્ઞાન માત્ર; એવા આપ પરમ પુરૂષ ભગવાનનુંજ હું શરણ લઉછું. ॥૫૮॥ હે શરણ આપનારા-પરમાત્મા-અભય સ્વરૂપ-અને અમૃતરૂપ તથા શોક રહિત ઇશ્વર, આપના શરણમાં હું; ઘણો કાળ થયાં, અહીંના છ શત્રુઓથી ઉત્પન્ન થતી ઘણી તૃષ્ણાઓ વાળો-અને સંસારના પરિતાપ રૂપ દુખોથી પીડાઈને તપી ગયેલો-કદીએ શાંતિ ન પામવાથીજ, આવેલોછું; માટે મારો બચાવ કરો. ॥૫૯॥-શ્રીભગવાન-હે ચક્રવર્તી રાજા, વરદાન આપવાની લાલચ દેખાડયા છતાં પણ; તમારી નિર્મળ બુદ્ધિ, કામનાઓ રહિતજ રહી છે; એ અતિ શ્રેષ્ઠ છે. ॥૬૦॥ તમે કદી એ વરદાનોવડે, લલચાયા હોત; તો તે થકી પણ, તમને પ્રમાદતો નજ થાત; કેમકે મારા એકાંતિક ભક્તોની બુદ્ધિ, સંસારિક સુખો થકી; કદી પણ ભ્રષ્ટ થતી નથીજ. ॥૬૧॥ અને હે રાજા; પ્રાણાયામ વિગેરે થકી, મનને વશ કરનારા અભક્તોને તો; તેમની વાસનાઓ ક્ષીણ ન થવા થકી, તે ફરી ફરીને ઉભી થતીજ; જોવામાં આવે છે. ॥૬૨॥ માટે તમે હવે મારે વિષેજ મન રાખીને, પૃથ્વી ઉપર ઇચ્છા પ્રમાણે ફરો; તમને મારે વિષે અનપાયિની ભક્તિ હમેશાંજ રહેશે. ॥૬૩॥ અને તમે ક્ષત્રીના ધર્મમાં રહેલા હોવાથી, મૃગયા આદિને વિષે પ્રાણીઓનો વધ કરેલો હશે; તે વિગેરે પાપોને, મારો આશ્રય લઈને; એક ચિતે તપ કરીને બાળજો. ॥૬૪॥ હે રાજા, હવે પછીના જન્મમાં તમે, સર્વ પ્રાણીઓ વિગેરેના અતિ સુહૃદ, એવા ઉત્તમ દ્વિજપણાને પામીને; મારા કેવળ સ્વરૂપને (એટલે મોક્ષનેજ) પામશો. ॥૬૫॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કંદનો એકાવનમો અ૦ સ૦ ॥૫૧॥

અધ્યાય ૫૨ મો.—શ્રીશુક—હે રાજા એ રીતે કૃષ્ણ ભગવાનનો અનુગ્રહ પામેલા મુચુકુંદ રાજા, ભગવાનને નમીને; તથા તેમની પરક્રમા કરીને; ગુફાના મુખમાંથી બહાર નીકળ્યા. ॥૧॥ ત્યારે તેમણે માણસો–પશુઓ–ઝાડો–અને વનસ્પતિઓ વિગેરેને, નાના કદનાં દેખવાથી; કલિયુગ આવેલાનું, જાણી જઇને; ઉત્તર દિશામાં પોતે ચાલ્યા ગયા. ॥૨॥ પછી તે શ્રદ્ધાવાન–સંગ રહિત–સંશયો થકી મુક્ત થયેલા–અને ધીર પુરુષે, કૃષ્ણ ભગવાનમાં મન લગાડી, તપ કરવા માટે ગંધમાદન પર્વતમાં પ્રવેશ કર્યો. ॥૩॥ અને ત્યાં નર નારાયણના સ્થાન બદરિકાશ્રમમાં જઇ; સર્વ દ્વંદ્વોને સહન કરી, શાંત પણે તપ કરવા વડે; હરિ ભગવાનનું આરાધન કર્યું. ॥૪॥ ને ભગવાન પણ પાછા, યવનોએ ઘેરેલી મથુરાંપુરીમાં આવ્યા; તથા મ્લેચ્છોના લશ્કરને મારીને, તેમનું ધન દ્વારિકામાં લેઇ ગયા. ॥૫॥ પછી અચ્યુત ભગવાનની આજ્ઞાથી માણસો અને બળદો વડે, તે ધન લેઇ જવામાં આવતું હતું; તેવામાંજ તેવિસ અક્ષૌહિણી સૈન્યનો ધણી, જરાસંધ આવી લાગ્યો. ॥૬॥ હે રાજા, ત્યારે મનુષ્યના જેવી વર્તણુક કરનારા, એ બેઉ માધવો; (રામ અને કૃષ્ણ:) શત્રુ સેનાને વેગ સહિત આવતી દેખીને, ત્યાંથી ઉતાવળાજ નાઠા. ॥૭॥ અને તે નહીં બીહીનારાઓ, બીહીનેલા બાહીકણોની પેઠે; ઘણું ધન પડતું મુકીને, પોતાના કમળની પાંખડી સરખા પગથી; ઘણા યોજન સુધી નાશતાજ ગયા. ॥૮॥ ત્યારે તેમને નાસી જતા દેખીને, બળવાન જરાસંધ હસ્યો; અને તે ઇશ્વરોના પ્રમાણને નહીં જાણતાં, રથના સૈન્ય સહિત તેમના પાછળ દોડવા લાગ્યો. ॥૯॥ એટલે ઘણે દૂર સુધી દોડવાથી થાકેલા, એ બંન્ને ભાઇઓ; પ્રવર્ષણ નામના ડુંગરના શિખર ઉપર ચઢી ગયા; કે જ્યાં મેઘ હમેશાંજ વરસ્યા કરે છે. ॥૧૦॥ હે રાજા, એ પર્વતમાં શોધ્યા છતાં, એ બંને ભાઇઓનો પત્તો, જ્યારે જરાસંધને

श्रीशुक० इत्थंसोऽनुगृहीतोंगकृष्णेनेक्ष्वाकुनंदनः॥ तंपरिक्रम्यसंनम्यनिश्चक्रामगु [illegible]मुखात् ॥१॥ सवीक्ष्यक्षुल्लकान्मर्त्यान्पशून्वीरुद्वनस्पतीन् ॥ मत्वाकलियुगंप्राप्तंजगामदिशमुत्तरां॥२॥ तपःश्रद्धायुतोधीरोनिःसंगोमुक्तसंशयः॥ समाधायमनःकृष्णेप्राविशद्गंधमादनं॥३॥ बदर्याश्रममासा[illegible]नरनारायणालयं॥ सर्वद्वंद्वसहःशांतस्तपसाराधयद्धरिं॥४॥ भगवान्पुनराव्रज्यपुरींयवनवेष्टितां॥हत्वाम्लेच्छबलंनिन्येतदीयं[illegible]रकांधनं ॥५॥ नीयमानेधनेगोभिर्नृभिश्चाच्युतचोदितैः॥ आजगामजरासंधस्त्रयोविंशत्यनीकपः॥६॥विलोक्यवेगरभसंरिपुसैन्यस्यमाधवौ ॥ मनुष्यचेष्टामापन्नौराजन्दुद्रुवतुर्द्रुतं ॥७॥ विहायवित्तंप्रचुर[illegible]भीतौभीरु[illegible]वत् ॥ पद्भ्यांपद्मपलाशाभ्यांचेलतुर्बहुयोजनं॥८॥ पलायमानौतौदृष्ट्वामागधःप्रहसन्बली॥ अन्वधावद्रथानीकैरीशयोरप्रमाणवित्॥९॥ प्रद्रुत्यदूरंसंश्रांतौतुंगमारुहतांगिरिं ॥ प्रवर्षणाख्यंभगवान्नित्यदायत्रवर्षति॥१०॥ गिरौनिलीनावाज्ञायनाधिगम्यपदंनृप ॥ ददाहगिरिमेधोभिःसमंतादग्निमुत्सृजन् ॥११॥ ततउत्पत्यतरसादह्यमानतटादुभौ॥ दशैकयोजनोत्तुंगान्निपेततुरधोभुवि॥१२॥ अलक्ष्यमाणौरिपुणासानुगेनयदूत्तमौ॥ स्वपुरंपुनरायातौसमुद्रपरिखांनृप॥१३॥सोऽपिदग्धाविति[illegible]षामन्वानोबलकेशवौ॥बलमाकृष्यसुम[illegible]न्मगधान्मागधोययौ॥१४॥ आनर्ताधिपतिःश्रीमान्[illegible]वतोरेवतींसुतां॥ब्रह्मणाचोदितःप्रादाद्बलायेतिपुरोदितं॥१५॥ भगवानपिगोविंद[illegible]कुरूद्वह ॥ वैदर्भींभीष्मकसुतांश्रियोमात्रांस्वयंवरे ॥१६॥ [illegible]शाल्वादींश्चैद्यपक्षगान् ॥ पश्यतांसर्वलो[illegible]नांताक्ष्यपुत्रःसुधामिव॥१७॥ राजा० भगवान्भीष्म[illegible]सुतांरुक्मिणींरुचिराननां॥ राक्षसेनविधानेनउपयेमइतिश्रुतं॥१८॥ भगवन्श्रोतुमि[illegible]ामःकृष्णस्यामिततेजसः॥ यथामागध[illegible]शाल्वादी[illegible]न्जित्वाकन्यामुपाहरत् ॥१९॥ ब्र[illegible]ष्णकथाःपुण्यामाध्वीर्लोकमलाप[illegible]ः॥ कोऽनुतृप्ये[illegible]शृण्वानःश्रुतज्ञोनित्यनूतनाः॥२०॥ श्रीशुक० राजासीद्भीष्मकोनामविदर्भाधिपतिर्महान् ॥तस्यपंचाभवन्पुत्राःकन्यैकाचवरानना॥२१॥ रुक्म्यग्रजोरुक्मरथोरुक्मबाहुरनंतरः॥ रुक्मकेशोरुक्ममा[illegible]रुक्मिण्येषांस्वसासती ॥२२॥ सोपश्रुत्यमुकुंदस्यरूपवीर्यगुणश्रियः ॥ गृहागतैर्गीयमानास्तंमेनेसदृशंपतिं॥२३॥ तांबुद्धिलक्षणौदार्यरूपशीलगुणाश्रयां ॥ कृष्णश्चसदृशींभा

ન લાગ્યો; ત્યારે તેણે એ પર્વતને ફરતાં, લાકડાં સિંચાવીને; તેમાં અગ્નિ સળગાવી, તે પર્વતને બાળ્યો. ॥૧૧॥ તેથી એ પર્વતની બાજુઓ જ્યારે બળવા લાગી, ત્યારે એ બંને ભાઇઓ: તે અગિયાર જોજન ઉંચાઇના પર્વત ઉપરથી, હેઠે પૃથ્વી ઉપર વેગ સહિત કુદી પડ્યા. ॥૧૨॥ એ રીતે એ બેઉ ઉત્તમ યાદવો, શત્રુને અને તેના સાથીઓને, દેખા નહીં દેતાં; પોતાની પુરી દ્વારકામાં પાછા આવ્યા. ॥ ૧૩ ॥ અને તે જરાસંધ પણ, બળરામ તથા કેશવ ભગવાનને; જૂડે જૂડું બળી ગયેલાનું માનીને; પોતાનું ઘણું મોટું સૈન્ય, પાછું વાળીને: પાછો મગધ દેશમાં ગયો. ॥ ૧૪ ॥ આનર્ત (એટલે ઓખામંડળ) દેશના અધિપતિ ધનવાન રેવત રાજાએ, બ્રહ્માની આજ્ઞાથી; પોતાની રેવતી નામની કન્યા બળરામને આપ્યા બદલ તો; પૂર્વે મેંજ તમને કહેલું છે. ॥૧૫॥ હે કુરૂદ્વહ, તે પછી ગોવિંદ ભગવાન પણ ભિષ્મક રાજાની પુત્રી, લક્ષ્મીજીનો અંશ, વૈદર્ભીને; સ્વયંવરમાંથી શાલ્વ આદિ શિશુપાળના પક્ષના રાજાઓને, હરાવીને; સર્વ લોકના દેખતાં, ગરૂડે અમૃત લેઇ જવાની પેઠે; વેગસહિત ઉપાડી લેઇ જઇને, પરણેલા છે. ॥૧૬–૧૭॥–પરીક્ષિત–સુંદર મોઢાવાળી ભિમક રાજાની પુત્રી, એ રૂક્ષમણીને, ભગવાન રાક્ષસ વિધાનથી પરણેલાનું, અમે સાંભળ્યું છે: તો હે મહારાજ, એ અમિત તેજવાળા કૃષ્ણ ભગવાન; શાલ્વ અને જરાસંધ આદિકને જીતી, તે કન્યાને કેવી રીતે હરિ લાવ્યા, તે સાંભળવાને હું ઇચ્છું છું. ॥૧૮–૧૯॥ હે બ્રાહ્મણ, લોક માત્રના પાપને મટાડનારી–નિત્ય નવીન લાગનારી–અને પવિત્ર તથા મધુર–કૃષ્ણ કથાઓને, સાંભળવાથી; સાંભળવામાં ચતુર એવો. કયો પુરુષ તૃપ્તિ પામે. ? ॥૨૦॥–શ્રીશુક–વિદર્ભ દેશનો અધિપતિ ભિમક નામનો, એક મોટો રાજા હતો; તેને પાંચ દીકરા તથા એકજ રૂડા ચહેરાવાળી, દીકરી થઇ હતી. ॥૨૧॥ રૂકમી સઉથી પ્રથમ જન્મેલો હતો, તેના પછી રૂકમરથ–રૂકમબાહુ–રૂકમકેશ–અને રૂકમમાળી–તથા તેમની બ્હેન પતિવ્રતા રૂકિમણી, અનુક્રમે થયાં હતાં. ॥૨૨॥ રૂકિમણીએ પોતાને ત્યાં આવેલાઓથી, મુકુંદ ભગવાનનાં રૂપ

-ગુણ-પરાક્રમ-અને શોભાનાં, વખાણ થતાં સાંભળીને; પોતાને લાયક પતિ તેમનેજ માન્યા હતા. ॥૨૩॥ તથા કૃષ્ણે પણ તે; બુદ્ધિ-લક્ષણો-રૂપ-શીળ-અને ગુણોથી ભરેલી; એ રૂક્મિણીનેજ પોતાને લાયક સ્ત્રી હોવાનું માનીને; તેની સાથે લગ્ન કરવાનું મન કર્યું હતું. ॥૨૪॥ હે રાજા, એ કન્યા કૃષ્ણને દેવાની બંધુઓની ઇચ્છાને; કૃષ્ણનો દ્વેષ કરનારો રૂક્મી, અટકાવતો હતો; અને તેણે તેનું શિશુપાળ સાથે વેવિશાળ કીધું હતું. ॥૨૫॥ તે જાણવાથી, કાળી આંખોવાળી રૂક્મિણી ઘણી ઉદાસ થઇ; અને ઘણો વિચાર કર્યા પછી, પોતાના એક વિશ્વાસુ બ્રાહ્મણને; ઉતાવળે કૃષ્ણના તરફ મોકલ્યો. ॥૨૬॥ દ્વારકાંમાં તે પહોંચ્યા પછી, છડીદારોએ તેને પ્રવેશ કરાવવાથી; તેણે આદિ, પુરૂષ ભગવાન (કૃષ્ણ) ને; સોનાના સિંહાસન ઉપર બેઠેલા જોયા. ॥૨૭॥ અને તે બ્રહ્મણ્ય દેવ ભગવાને, બ્રાહ્મણને દીઠો; કે તુરતજ પોતાના સિંહાસન ઉપરથી ઉઠીને, તેમણે તેને બેસાર્યો; તથા દેવતાઓ જેમ પોતાની પૂજા કરે તેમ, તેમણે તેની પૂજા કરી.

॥૨૮॥ પછી તે જમીને વિશ્રાંતી લેતાં, ભગવાને તેની કને જઇને; પોતાના હાથવડે, તેના પગ તપાસી; ધીમે રહીને પૂછ્યું કે. ॥૨૯॥ "હે ઉત્તમ બ્રાહ્મણ, વિદ્વાનોએ માન આપેલો, તમારો ધર્મ; સર્વદા સંતોષી મનથી અને ઘણા કષ્ટ વિના નિભે છે કે કેમ? ॥૩૦॥ થોડું પણ જે કાંઇ મળી આવે, તેટલાવડેજ સંતોષથી નિભાવ કરનાર, બ્રાહ્મણોએ આચરેલો ધર્મ; તેમની સર્વ કામનાઓને પરિપૂર્ણ કરનારો થાયછેજ. ॥૩૧॥ સર્વ લોકનું અધિપતિપણું પામેલો, ઇંદ્ર પણ; અસંતોષી થવાથી, સુખે બેસી શકતો નથી; પણ સંતોષવાળો અકિંચન લોકો તો; પોતાના સઘળાં અંગોમાં, તાપ રહિત થઇને; સુખથીજ સૂઇ રહે છે. ॥૩૨॥ માટે એવા, પોતાને મળી આવેલાથીજ સંતોષ પામનારા-સાધુ-પ્રાણીઓ તરફ સુહૃદપણાથી વર્તનારા-અહંકાર વિનાના-અને શાંતિ પામ્યા-બ્રાહ્મણોનેજ; હું માથા વડે વારંવાર નમસ્કાર કરૂંછું. ॥૩૩॥ હે બ્રાહ્મણ, રાજ તરફથી પણ તમે સુખી તો છો કે? જે રાજાના દેશમાં, પાલન કરાતી પ્રજા; સુખ થકી વસેછે, તે રાજા મને પ્રિય છે. ॥૩૪॥ આપનું હું શું કામ કરૂં?

यांसमु ोढुंमनोदधे॥२४॥ बंधूनामिच्छतांदातुंकृष्णायभगिनींनृप॥ ततोनिवार्यकृष्णद्विड्रुक्मीचैद्यममन्यत॥२५॥ तदवेत्यासितापांगीवैदर्भीदुर्मनाभृशं॥ विचिंत्याप्तंद्विजंकंचित्कृष्णायप्राहिणोद्द्रुतं ॥२६॥ द्वारकांससमभ्येत्यप्रतीहारैःप्रवेशितः॥ अपश्यदाद्यंपुरुषमासीनंकांचनासने ॥२७॥ दृष्ट्वाब्रह्मण्यदेवस्तमवरुह्यनिजासनात् ॥ उपवेश्यार्हयांचक्रेयथात्मानंदिवौकसः ॥२८॥ तंभुक्तवंतंविश्रांतमुपगम्यसतांगतिः॥पाणिनाऽभिमृशन्पादावव्यग्रस्तमपृच्छत ॥२९॥ कच्चिद्द्विजवरश्रेष्ठधर्मस्तेवृद्धसंमतः॥ वर्ततेनातिकृच्छ्रेणसंतुष्टमनसःसदा ॥३०॥ संतुष्टोयर्हिवर्तेतब्राह्मणोयेनकेनचित्॥ अहीयमानःस्वाद्धर्मात्सह्यस्याखिलकामधुक् ॥३१॥ असंतुष्टोऽसकृल्लोकानाप्नोत्यपिसुरेश्वरः ॥ अकिंचनोऽपिसंतुष्टःशेतेसर्वांगविज्वरः॥३२॥ विप्रान्स्वलाभसंतुष्टान्साधून्भूतसुहृत्तमान् ॥ निरहंकारिणःशांतान्नमस्येशिरसाऽसकृत् ॥३३॥ कच्चिद्वःकुशलंब्रह्मन्राजतोयस्यहिप्रजाः ॥ सुखंवसंतिविषयेपाल्यमानाःसमेप्रियः॥३४॥ यतस्त्वमागतोदुर्गंनिस्तीर्येहयदिच्छया ॥ सर्वंनोब्रूह्यगुह्यंचेत्किंकार्यंकरवामते ॥३५॥ एवंसंपृष्टसंप्रश्नोब्राह्मणःपरमेष्ठिना ॥ लीलागृहीतदेहेनतस्मैसर्वमवर्णयत् ॥३६॥रुक्मिण्युवाच॥श्रुत्वागुणान्भुवनसुंदरशृण्वतांतेनिर्विश्यकर्णविवरैर्हरतोंऽगतापं ॥ रूपंदृशांदृशिमतामखिलार्थलाभंत्वय्यच्युताविशतिचित्तमपत्रपंमे ॥३७॥ कात्वामुकुंदमहतीकुलशीलरूपविद्यावयोद्रविणधामभिरात्मतुल्यं ॥ धीरापतिंकुलवतीनवृणीतकन्याकालेनृसिंहनरलोकमनोभिरामं ॥३८॥ तन्मेभवान्खलुवृतःपतिरंगजायामात्मार्पितश्चभवतोऽत्रविभोविधेहि॥मावीरभागमभिमर्शतुचैद्यआराद्गोमायुवन्मृगपतेर्बलिमंबुजाक्ष॥३९॥ पूर्तेष्टदत्तनियमव्रतदेवविप्रगुर्वर्चनादिभिरलंभगवान्परेशः ॥ आराधितोयदिगदाग्रजएत्यपाणिंगृह्णातुमेनदमघोषसुतादयोऽन्ये॥४०॥ श्वोभाविनित्वमजितोद्वहनेविदर्भान्गुप्तःसमेत्यपृतनापतिभिःपरीतः॥ निर्मथ्यचैद्यमगधेंद्रबलंप्रसह्यमांराक्षसेनविधिनोद्वहवीर्यशुल्कां ॥४१॥ अंतःपुरांतरचरीमनिहत्यबंधूंस्त्वामुद्वहेकथमितिप्रवदाम्युपायं ॥ पूर्वेद्युरस्तिमहतीकुलदेवयात्रायस्यांबहिर्नववधूर्गिरिजामुपेयात् ॥४२॥

આ ન ઉતરી શકાય, એવા દરિઆ ઓળંગીને; તમે જે ઇચ્છા થકી, અહીંયાં આવ્યા હો; તે જો છાનું ન હોય તો, અમારી આગળ સર્વ કહો. ॥ ૩૫ ॥ લીલાવડે મનુષ્ય થયેલા, એ પરમેશ્વર ભગવાને; એ રીતના બ્રાહ્મણને પ્રશ્નો પૂછવાથી, તેણે તે સર્વ તેમની પાસે કહ્યું (એટલે રૂક્મિણીનો પત્ર વાંચી સંભળાવ્યો.) ॥૩૬॥ -રૂક્મિણી- સાંભળનારાઓના કાનનાં છિદ્રોથી પેસીને, તેમના શરીરના તાપોને હરનારા-આપ ત્રિભોવન સુંદરના ગુણો-તથા જોનારાઓની આંખોને સર્વ પ્રકારના અર્થની પ્રાપ્તિ કરનાર આપનું રૂપ-સાંભળવાથી; મારૂં નફટ ચીત, આપ અચ્યુત ભગવાનને વિશે પેસીજ ગયું છે. ॥૩૭॥ પુરૂષોમાં સિંહ સરખા-મનુષ્ય લોકના મનને આનંદ આપનારા-અને કુળ, શીળ, રૂપ, વિદ્યા, વય, ધનાદિકની સંપતિ, અને પ્રભાવ, એ વિગેરે વડે; પોતા સમાનજ, આપ મુકુંદ ભગવાનને; મોટા ગુણો વાળી,-ધીરજવાન-કુળવાન-અને પરણવાને લાયક થએલી, એવી કોણ કન્યા ન વરે. ? ॥૩૮॥ તેથી હે સમર્થ, મેં આપને વર્યા છે, મારૂં શરીર અને આત્મા;

તહીં આપનેજ, વર વરીને અર્પણ કરેલ છે; તો તે બાબતમાં આપ પણ, તેમજ કરવાની ઉતાવળ કરો; હે કમળ જેવી આંખ્યો વાળા; સિંહના ભાગને, શિઆળિઓ અડકવાની પેઠે; આપ વીર પુરૂષના ભાગ રૂપ, હું ને; શિશુપાળનો સ્પર્શ થવો ઘટતો નથી. ॥૩૯॥ પૂર્ત એટલે સદાવ્રત-પરબ-વાવ-કુવા-અને બાગ (વિગેરે બાંધવાં), ઇષ્ટ (એટલે યજ્ઞાદિક કરવાં), અને દત્ત (એટલે દાનાદિક આપવાં.); એઓમાંનું કાંઇ કરીને-યમ, નિયમ, અને વ્રતાદિક પાળીને-અથવા દેવતાઓ, બ્રાહ્મણો, અને વડિલો આદિકનું પૂજનકરીને,-મેં પરમેશ્વર ભગવાનને, જરા પણ પ્રસન્ન કરેલા હોય તો; આપ ગદાગ્રજ ભગવાન આવીનેજ, મારો હાથ ઝાલજો; ને શિશુપાળ વિગેરે બીજા કોઇ ઝાલશોમાં. ॥૪૦॥ હે અજિત ભગવાન, સેનાપતિઓ થકી વિંટાયા તમે, લગ્નને આગલે દિવસે ગુપ્તપણે વિદર્ભ દેશમાં આવો; અને શિશુપાળ તથા જરાસંધ વિગેરેનાં જબરાં લશ્કરોને જીતીને, પરાક્રમનુંજ પણું આપી; રાક્ષસ વિધાનથી, મને હરિ જઇને પરણો. ॥૪૧॥ હું અંતઃપુર-

મા રહેનારીને, બંધુઓને માર્યા વગર કેવી રીતે પરણાય; તેનો ઉપાય હું કહું છું કે, " લગ્નને પહેલે દિવસે ગામની બહાર જતી કુળદેવીની મોટી યાત્રામાં; નવી પરણનારી કન્યાને પાર્વતીનું પૂજન કરવા માટે, જવું પડે છે." (અર્થાત એ જગાએથી મારું હરણ તમે કરી જજો.) ॥ ૪૨ ॥ સદાશિવ જેવા મહાત્માઓ પણ, પોતાનું અજ્ઞાન મટાડવા માટે; જેના ચરણકમળની રજમાં નહાવાને ઇચ્છેછે; તે આપ કમળનેત્ર ભગવાનની પ્રસન્નતા, જો મને એમ છતાં પણ, નહી મળે તો; વ્રતો કરવા વડે. દુબળી થઇ જઇને હું પ્રાણ તજીશ: અને સો જન્મ સુધી એમ કરવા વડે પણ, હું તે મેળવ્યા વિના રહેનાર નથીજ, ॥૪૩॥—બ્રાહ્મણ—હે યાદવોના દેવ, આ રીતનો છાનો સંદેશો; હું લાવ્યો છું, માટે તેનો વિચાર કરીને; જેમ કરવું ઘટે, તેમ વાર ન લગા-ડતાં; હવે આપ કરો.॥૪૪॥ઇતિશ્રી ભાગવતે દશમસ્કંધનો રૂક્મિણી વિવાહનામે બાવનમો અધ્યાય સંપૂર્ણ.॥૫૨॥

અધ્યાય ૫૩ મો—શ્રીશુક—વૈદર્ભીનો એ સદેશો સાંભળીને, ભગવાન હસ્યા; અને તે બ્રાહ્મણનો હાથ પોતાને હાથે પકડીને, તેને કહ્યું કે. ॥ ૧ ॥ શ્રીભગવાન—મારૂં ચીત પણ, એનામાં એજ રીતે લાગવાથી; મને રાત્રે ઉંઘ આવતી નથી; ને મારૂં તેની સાથે થતું લગ્ન, દ્વેષને લીધે; રૂકમીએ અટકાવેલાનું હું જાણુંછું. ॥૨॥ માટે લાકડાંમાંથી મંથન કરવાવડે પ્રાપ્ત થતા અગ્નિની પેઠે, યુદ્ધમાં દુષ્ટ રાજાઓનું મંથન કરીને; હું એ મારામાં મન વાળી, અને નિર્દોષ અંગોવાળીને: લેઇ આવીશ. ॥૩॥—શ્રીશુક—પછી રૂકિમ-ણીના લગ્નનો નક્કી દિવસ જાણીને; એ મધુસૂદન ભગવાને, પોતાના સારથી દારૂકને કહ્યું કે: " તુર્ત રથ જોડો. " ॥૪॥ એટલે શૈબ્ય-સુગ્રીવ—મેઘપુષ્પ—અને બળાહક નામના ચાર ઘોડા જોડેલો, રથ લેઈ આવીને: તે સામો આવી હાથ જોડીને ઉભો રહ્યો. ॥૫॥ પછી એ ઉતાવળી ચાલવાળા ઘોડા વડી, ભગવાન રથની અંદર, પોતે તે બ્રાહ્મણ સહિત બેસીને; ઓખામાંથી નીકળી, એક રાતમાંજ; વિદર્ભદેશમાં પહોંચ્યા. ॥૬॥ ત્યાં પુત્રના સ્નેહને વશ થયેલો, કુંડિન પુરનો રાજા ભિંમક, પોતાની કન્યા શિશુપાળને પરણાવવાની ધામ

[illegible] जःस्नपनम [illegible]तोवांछंत्युमापतिरिवात्मतमोऽपहत्यै ॥ यर्ह्यंबुजाक्षनलभेयभवत्प्रसादंजह्यामसून्व्रतकृशान्शतजन्मभिःस्यात्
॥४३॥ ब्रा० [illegible]० इत्येतेगुह्यसंदेशायदुदेवमयाहृताः ॥ विमृश्यकर्तु [illegible] दनंतरं॥४४॥ इ०भा०म०द०उ०ह्नि०पं०अ० ॥५२॥
श्रीशुक०वैदर्भ्याःसतुसंदेशंनिशम्ययदुनंदनः॥ प्र[illegible]पाणिनापाणिम [illegible] सन्निदमब्रवीत् ॥१॥ श्रीभग० तथाहमपितच्चित्तोनिद्रांचनलभेनि
शि॥ वेदा[illegible]रुक्मिणाद्वेषान्ममोद्वा[illegible]निवारितः॥२॥ [illegible]दान्मृधे॥ मत्परामनवद्यांगीमेधसोऽग्निशिखामिव ॥३॥
श्रीशुक०उद्वाह[illegible]चांवज्ञायरुक्मिण्यामधुसूदनः॥रथःसंयुज्यतामाशु[illegible]थिं॥४॥ सचाश्वैःशैब्यसुग्रीवमेघपुष्पबला[illegible]कैः॥युक्तं
रथमुपानीयतस्थौप्रांजलिरग्रतः॥५॥ आरुह्यस्यंदनंशौरि[illegible]जमारोप्यतूर्णगैः॥आनर्तादेकरात्रेणविदर्भानगमद्धयैः॥६॥ राजासकुंडिनपतिः
[illegible]॥शिशुपालायस्वांकन्यांदास्यन्कर्माण्यकारय[illegible] ॥७॥ पुरंसंमृष्टसंसिक्तमार्गरथ्याचतुष्पथं ॥ चित्रध्वजपताकाभिस्तोरणैः
सम[illegible]तं ॥८॥ स्रग्गं[illegible]माल्याभरणैर्विरजोंऽबरभूषितैः॥ जुष्टं[illegible]श्रीमद्गृहैरगुरुधूपितैः ॥९॥ पितृन्देवान्समभ्यर्च्यविप्रांश्चविधिवन्नृ
प ॥ भोजयित्वायथान्यायंवाचयामाससमंगलं ॥१०॥ सुस्नातांसुदतींकन्यां[illegible]तकौतुकमंगलां॥ [illegible]तांशुकयुग्मेनभूषितांभूषणोत्तमैः॥११॥
चक्रुःसामर्ग्यजुर्मंत्रैर्वध्व[illegible]॥ पुरोहितोऽथर्वविद्वैजुहावग्रहशांतये ॥१२॥ [illegible]रण्यरूप्यवासांसितिलांश्चगुडमिश्रितान् ॥ प्रादा
द्धेनूश्चविप्रेभ्योराजाविधिविदांवरः ॥१३॥ एवंचेदिपतीराजा[illegible]मघोषः[illegible]ताय च ॥ कारयामाससमंत्रज्ञैःसर्वमभ्युदयोचितं ॥१४॥ मदच्युद्भि
र्गजानीकैःस्यंदनैर्हेममालिभिः ॥ पत्त्यश्वसंकुलैःसैन्यैःपरीतःकुंडिनंययौ ॥१५॥ तंवैविदर्भाधिपतिःसमभ्येत्याभिपूज्यच ॥ निवेशयामास
मुद[illegible] ॥१६॥ तत्रशाल्वोजरासंधोदं[illegible]विदूरथः॥ आजग्मुश्चैद्यपक्षीयाःपौंड्रकाद्याःसहस्रशः ॥१७॥ कृष्णरामद्वि
षोयत्ताः[illegible]न्यांचैद्यायसाधितुं ॥ य[illegible]हरेत्कृष्णोरामाद्यैर्यदुभिर्वृतः ॥१८॥ योत्स्यामःसंहतास्तेनइतिनिश्चितमानसाः॥ आजग्मुर्भूभु

ધુમમાં, પડયો હતો ॥૭॥ શેહેરના રસ્તા—સડકો—અને ચોવટાંઓમાં, વળાવીને પાણી છંટાવી; અનેક પ્રકારની ધજાઓ—પતાકાઓ—અને તોરણો બંધાવી દેઇ, સારી રીતે શોભા કરી હતી. ॥૮॥ અને સુગંધીવાળાં ફુ-લોની માળાઓ—ઘરેણાં તથા સ્વચ્છ વસ્ત્રો—પહેરવાથી શોભતાં સ્ત્રી પુરૂષોવાળાં સુંદર ઘરોમાં; અગરના ધૂપ કરાવેલા હતા. ॥૯॥ તથા એ રાજાએ બ્રાહ્મણો પાસે વિધિ સહિત, પિતૃ અને દેવતાઓનું પૂજન કરાવી; તેઓને જમાડીને યથાન્યાય સ્વસ્તી વાચન કરાવ્યું. ॥૧૦॥ અને તે સુંદર દાંતવાળી કન્યાને, સારી રીતે ન-વરાવી; કુમકુમની આડ, અને અક્ષત વિગેરે મંગળ પદાર્થો લગાડી; બે ધોએલાં પવિત્ર વસ્ત્ર તથા ઉત્તમ ઘરેણાં વિગેરે પેહેરાવીને, શણગારી. ॥૧૧॥ પછી ઉત્તમ બ્રાહ્મણો પાસે સામ—રૂક અને યજુર, વેદના મંત્રો બોલાવીને; અને અથર્વ વેદ જાણનારા પુરોહિત પાસે, ગ્રહશાંતિ સારૂં હોમ કરાવીને; કન્યાને રાખડી બંધાવી. ॥૧૨॥ તથા એ ઉત્તમ વિધિ જાણનારા ભિમક રાજાએ; સોનું—રૂપું—વસ્ત્ર—ગોળ ભેળવેલા તલ—અને ગાયો વિગેરેનું બ્રાહ્મણોને દાન કર્યું. ॥૧૩॥ આણી તરફ, ચેદીના અધિપતિ દમઘોષના પુત્ર શિશુપાળ રાજાએ પણ; મંત્રને જાણનારાઓ પાસે, સઘળો ઉચિત અભ્યુદય, એ રીતેજ કરાવ્યો. ॥૧૪॥ અને પછીથી પુષ્કળ પાયદળ—સવારો—સોનાની માળાવાળા રથો—અને મદ ઝરતા હાથીઓ—વિગેરેના સેનાપતિઓવાળા લશ્કરથી, વિંટાઇને, તે કુંડિનપુર ગયો. ॥૧૫॥ ત્યારે વિદર્ભના રાજા ભિમકે, તેની સામે જઇ, આનંદથી પૂજન કરીને; મુકરર કરી રાખેલા બીજા સ્થાનમાં તેમને ઉતારો આપ્યો. ॥ ૧૬ ॥ અને ત્યાં જો રામ આદિક યાદ-વોથી વિંટાયલા કૃષ્ણ આવીને, કદાચ કન્યાનું હરણ કરે તો; તે કન્યા શિશુપાળને અપાવવાની ઇચ્છાથી; રામ કૃષ્ણનો દ્વેષ કરનારા, અને શિશુપાળના પક્ષના; શાલ્વ—જરાસંઘ—દંતવક્ર—વિદુરથ—અને પૌંડ્રક આદિ હજારો રાજાઓ, પોત પોતાના મનથી; યાદવો સામે, એકઠા મળીને; યુદ્ધ કરવાના નિશ્ચયથી, તેમનાં તમામ લશ્કર, અને વાહનો સહિત આવેલા હતા. ॥૧૭–૧૮–૧૯॥ તેમજ સામા પક્ષના રાજાઓની, ભગ-વાન સામેની આ રીતની તૈયારી સાંભળવાથી; અને કન્યાનું હરણ કરવાને, કૃષ્ણ એકલાજ ચાલ્યા ગયે-લાનું જાણીને; ત્યાં કજીઓ થવાનું અનુમાન કરી, ભગવાન રામ પણ; ઉતાવળાજ, હાથી—ઘોડા—રથ અને

પાયદળવાળું મોટું સૈન્ય સાથે લેઈ; ભાઈ ઉપરના સ્નેહને લીધે, કૃષ્ણની પાછળજ કુંડિનપુર જઈ પહોંચ્યા. ॥૨૧॥ અહીંયાં હરિ ભગવાન આવવાને ઇચ્છતી, સુંદર અંગોવાળી ભિમક રાજાની કન્યા; બ્રાહ્મણને પાછો આવેલો ન દેખવાથી, ચિંતામાં પડી કે. "હું થોડા ભાગ્યવાળીના લગ્ન કાળને; આડા, માત્ર ત્રણ પહોરજ રહેલા છે; છતાં કમળ નેત્ર ભગવાન હજુ આવ્યા નહીં, તેનું કારણ હું જાણતી નથી. ॥૨૨–૨૩॥ અને મારો સંદેશો લેઈ જનાર બ્રાહ્મણ પણ હાલ સુધી પાછો આવ્યો નથી; તેથી ખચીત ભગવાને, મારા પાણી ગ્રહણને માટે ઉદ્યમ કરેલાનું તો જણાય છેજ; પણ મારા નિર્દોષ શરીરમાં, કદાચ તેમને કાંઈ દોષ જણાયો હશે. ! તેથી તે જલદી આવતા નહીં હોય. ॥૨૪॥ ભાગ્યવિનાની હુંને, વિધાતા અને મહેશ્વર; કદાચ અનુકૂળ નહીં હોય. ! અથવા સતી–પાર્વતી–રુદ્રાણી–અને ગૌરી એ નામોવાળાં દેવી, વિમુખ થયાં હશે." ॥૨૫॥ ગોવિંદ ભગવાનમાં લાગેલા, મનવાળી, તે કન્યા; આ પ્રમાણે ચિંતા કરવા લાગીને, આંખોમાં આંસુ લાવી; પછીથી હજુ વખત છે, એમ વિચારીને આંખો મિંચી ગયાં. (અર્થાત મોડી રાત થવાથી ઉંઘી ગયાં.) ॥૨૬॥ હે રાજા,એ રીતે, ગોવિંદભગવાન આવવાની રાહ જોતી, તે કન્યાને; પ્રિય સુચવનારા (સારા) શુકનથતાં, પોતાનો ડાબો સાથળ–હાથ–અને આંખ ફરકવા લાગ્યાં. ॥૨૭॥ અને કૃષ્ણ તરફ મોકલેલો ઉત્તમ બ્રાહ્મણ તુરતજ એ જનાનખાનામાં રેહેનારી, રાજ કન્યાની પાસે આવેલો; દેખાયો. ॥૨૮॥ તેને આનંદી મોંહે, અને મનમાં ક્યવામણ વિનાનો ચાલ્યો આવતો દેખીને; લક્ષણોને જાણનારી, અને સ્વચ્છ હસતી; તે સતી કન્યાએ, પુછવાથી; તે બ્રાહ્મણે યદુનંદન ભગવાન આવેલાનું, તથા તેણીને લેઈ જવાની પ્રતિજ્ઞા કરેલાનું; સાચે સાચું કહી દીધું. ॥૨૯–૩૦॥ એટલે ભગવાન આવેલાનું જાણવાથી, મનમાં રાજી થયેલી વૈદર્ભીએ; તે બ્રાહ્મણને

जःसर्वैसमग्रबलवाहनाः ॥१९॥ श्रुत्वैतद्भगवान्रामोविपक्षीयनृपोद्यमं ॥ कृष्णंचैकंगतंहर्तुंकन्यांकलहशंकितः ॥२०॥ बलेनमहतासार्धं
भ्रातृस्नेहपरिप्लुतः॥ त्वरितःकुंडिनंप्रागाद्गजाश्वरथपत्तिभिः ॥२१॥ भीष्मकन्यावरारोहाकांक्षंत्यागमनंहरेः॥ प्रत्यापत्तिमपश्यंतीद्विजस्याचिं
[illegible] ॥२२॥ अहोत्रियामांतरितउद्वाहोमेऽल्पराधसः ॥ नागच्छत्यरविंदाक्षोनाहंवेद्म्यत्रकारणं ॥२३॥ सोऽपिनावर्ततेऽद्यापिमत्संदेश
हरोद्विजः॥ अपिमय्यनवद्यात्मादृष्ट्वाकिंचिज्जुगुप्सितं ॥ मत्पाणिग्रहणेनूनंनायातिहिकृतोद्यमः ॥२४॥ दुर्भगायानमेधातानानुकूलोमहेश्व
रः॥ देवीवाविमुखागौरीरुद्राणीगिरिजासती ॥२५॥ एवंचिंतयतीबालागोविंदहृतमानसा ॥ न्यमीलयतकालज्ञानेत्रेचाश्रुकलाकुले॥२६॥
एवंवध्वाःप्रतीक्षंत्यागोविंदागमनंनृप ॥ वामऊरुर्भुजोनेत्रमस्फुरन्प्रियभाषिणः ॥२७॥ अथकृष्णविनिर्दिष्टःसएवद्विजसत्तमः॥ अंतःपुरच
रींदेवींराजपुत्रींददर्शह ॥२८॥ सातंप्रहृष्टवदनमव्यग्रात्मगतिंसती ॥अलक्ष्यलक्षणाभिज्ञासमपृच्छच्छुचिस्मिता॥२९॥ तस्याआवेदयत्प्रा
प्तंशशंसयदुनंदनं ॥ उक्तंचसत्यवचनमात्मोपनयनंप्रति ॥३०॥ तमागतंसमाज्ञायवैदर्भीहृष्टमानसा ॥ नपश्यंतीब्राह्मणायप्रियमन्यन्नना
मसा ॥३१॥ प्राप्तौश्रुत्वास्वदुहितुरुद्वाहप्रेक्षणोत्सुकौ ॥ अभ्ययात्तूर्यघोषेणरामकृष्णौसमर्हणैः ॥३२॥ मधुपर्कमुपानीयवासांसिविरजांसि
च ॥ उपायनान्यभीष्टानिविधिवत्समपूजयत् ॥३३॥ तयोर्निवेशनंश्रीमदुपकल्प्यमहामतिः॥ ससैन्ययोःसानुगयोरातिथ्यंविदधेयथा ॥३४
[illegible]यथावयः॥ यथाबलंयथावित्तंसर्वैःकामैःसमर्हयत् ॥३५॥ कृष्णमागतमाकर्ण्यविदर्भपुरवासिनः ॥ आगत्यनेत्रां
जलिभिःपपुस्तन्मुखपंकजं ॥३६॥ अस्यैवभार्याभवितुंरुक्मिण्यर्हतिनापरा ॥ असावप्यनवद्यात्माभैष्म्याःसमुचितःपतिः ॥३७॥ किंचि
त्सुचरितंयन्नस्तेनतुष्टस्त्रिलोककृत् ॥ अनुगृण्हातुगृण्हातुवैदर्भ्याःपाणिमच्युतः ॥३८॥ एवंप्रेमकलाबद्धावदंतिस्मपुरौकसः॥ कन्याचांतः
पुरात्प्रागाद्भटैर्गुप्तांबिकालयं ॥३९॥ पद्भ्यांविनिर्ययौद्रष्टुंभवान्याःपादपल्लवं ॥ साचानुध्यायतीसम्यङ्मुकुंदचरणांबुजं ॥४०॥ यतवाङ्मा
तृभिःसार्धंसखीभिःपरिवारिता ॥ गुप्ताराजभटैःशूरैःसन्नद्धैरुद्यतायुधैः ॥ मृदंगशंखपणवास्तूर्यभेर्यश्चजघ्निरे ॥४१॥ नानोपहारबलिभिर्वार

આપવા યોગ્ય, વધુ પ્રિય વસ્તુ બીજી ન જોવાથી; પોતાના શરીરથી તેને નમસ્કાર કર્યા. ॥૩૧॥ પછી પોતાની દીકરીનો વિવાહ થતો જોવાની ઇચ્છાથી, રામ અને કૃષ્ણને આવેલાનું સાંભળવાથી; ભિમક રાજા તુરીઓના શબ્દ કરાવતો, તેમનું પૂજન કરવાને સામો ગયો. ॥૩૨॥ તથા મધુપર્ક–સ્વચ્છ વસ્ત્ર–અને પસંદ પડતી ભેટો આપીને; વિધિ સહિત તેમનું પુજન કર્યું. ॥૩૩॥ અને તે મોટી બુદ્ધિવાળાએ તેમને સારૂ ઉતારાની જગ્યા, તેમનાં સૈન્ય અને અનુચરો સહિતને માટે, આપીને; તેમને ઘટિત રીતે મહેમાની પણ આપી. ॥૩૪॥ એ પ્રમાણેજ તે રાજા, ત્યાં એકઠા થયેલા સર્વ રાજા આદિકનું; જેના તેના પરાક્રમ–વય–બળ–અને ધનને ઘટે તેમ, સર્વ યોગ્ય પદાર્થાદિક આપીને; પુજન કરતો હતો. ॥ ૩૫ ॥ કૃષ્ણને આવ્યા સાંભળી, કુંડિનપુરની વસ્તીના લોકો આવીને; પોતાની આંખો વડે, તે-મના મુખ કમળનું પાન કરવા લાગ્યા. અને બોલવા લાગ્યા કે, " રૂકિમણીનો આનીજ ભાર્યા થવાને યોગ્ય છે; બીજાની નહીં. અને તે ખામી રહિત અંગોવાળી ભિમક રાજાની કન્યાનો પતિ થવાને લાયક તો, આ (કૃષ્ન)જ છે. ॥૩૬–૩૭॥ અમારા થોડા સદાચરણથી પણ, જો ત્રિલોકીને ઉત્પન્ન કરનારા ભગવાન અનુગ્રહ કરવાના હોય તો; એ, વિદર્ભીનો હાથ, એ અચ્યુત ભગવાનજ ઝાલજો. ॥૩૮॥ એ રીતે નગરના લોકો પ્રે-મના અંશથી બંધાઇને, બોલતા હતા; તેવામાંજ, યોદ્ધાઓએ રક્ષણ કરાયલી તે કન્યા, અંબિકાના દેવળે જવા સારૂં; પોતાના અંતઃપુરમાંથી બહાર નીકળી. ॥૩૯॥ અને તે, મુકુંદ ભગવાનના–ચરણ કમળનું સંપુર્ણ ધ્યાન કરતી–ભવાનીના ચરણ પલ્લવનાં દર્શન કરવાને, પગે ચાલીને જતી હતી. ॥૪૦॥ ત્યારે એ મૌન રાખેલી–અને માતાઓ તથા સખીઓ થકી વિંટાયલી–કન્યાનું; શૂરા બખતરીયા યોદ્ધાઓએ, હથિયારો ઉંચા ઉગામી રાખીને; રક્ષણ કરેલું હતું; તથા મૃદંગ–શંખ–પણવ—તુરી–અને ભેરી વાગતાં હતાં. ॥૪૧॥ અને નાના પ્રકારના ઉપહાર તથા બળિદાનો લીધેલા હજારો વેશ્યાઓ; તથા સુગંધી ફૂલોની માળાઓ–વસ્ત્રો–અને ઘરેણાંથી શણગારયલી,

બ્રાહ્મણની સ્ત્રીઓ; પણ હજારો સાથે હતી. ॥૪૨॥ ગાતા ગવૈયા, અને સ્તુતિ કરતા; સૂત–માગધ–અને બંદિજનો, તથા વાજાં વગાડનારાઓ; એ કન્યાને વિંટીને ચાલતા હતા. ॥૪૩॥ એમ દેવીના મંદિરે પહોંચ્યા કે, તે હાથ પગ ધોઈ; આચમન લઈને, પવિત્ર થઈ; શાંતપણે દેવીની પાસે ગઈ. ॥ ૪૪ ॥ ત્યાં તેની પાસે વિધિ જાણનારી, ઘરડી બ્રાહ્મણીઓએ, સદાશિવ સહિત પાર્વતી દેવીને, વંદન કરાવ્યું. ॥૪૫॥ પછી કન્યાએ કહ્યું કે, "હે કલ્યાણને આપનારાં અંબિકાજી; હું આપનાં સંતાનો સહિત, આપને વારંવાર નમસ્કાર કરું છું; અને ફરી ફરી માગું છું કે, શ્રીકૃષ્ણ ભગવાન મારા પતિ થજો; તમે સંમતિ આપજો." ॥૪૬॥ તે પછી પાણી–ગંધ–અક્ષત–ધૂપ–વસ્ત્ર–માળા–ફુલ–ઘરેણાં–નાના પ્રકારના મેવા મીઠાઈ સહિત બલિદાનો–અને દીપમાળા વિગેરે જૂદાજૂદા ઉપચારો વડે, તેણે દેવીનું પૂજન કર્યું; અને સૌભાગ્યવંતી બ્રાહ્મણીઓની પણ, મીઠું–માલપુવા–પાનબીડાં–મંગળ સૂત્ર–ફળ અને શેરડી વિગેરે આપીને; સારી રીતે પૂજા કરી. ॥૪૭–૪૮॥ ત્યારે તે સ્ત્રીઓએ, તેને આશિર્વાદ આપીને, તે પદાર્થાદિકમાંથી શેષ(એટલે થોડું થોડું પાછું) આપ્યું; એટલે કન્યાએ તે શેષનો સ્વીકાર કરીને, બીજી સ્ત્રીઓ સહિત દેવીને; નમસ્કાર કર્યા. ॥૪૯॥ પછી તે મુનિવ્રતનો ત્યાગ કરી, રત્નજડિત વિંટીથી શોભતા હાથે, દાસીનો હાથ પકડીને; અંબિકાજીના દેવળમાંથી, બહાર નીકળી. ॥૫૦॥ ત્યારે એ ભગવાનની માયા સરખી–વીર પુરૂષોને મોહ ઉપજાવનારી–સારા મધ્ય ભાગવાળી–કુંડળો પેહેરેલા મુખવાળી–જુવાન–કમરે રત્નનો કંદોરો પેહેરેલી–ઉપડતા સ્તનો વાળી–વાળના ગુચ્છની વચમાંથી શંકા સહિત જોતી–સ્વચ્છ હસતી–ઘોળા જેવા રાતા નીચલા હોઠની રતાશ મોગરાની કળીઓ જેવા દાંત ઉપર પાડતી–અને શબ્દ કરતા સુંદર ઝાંઝર પેહેરેલા પગ વડે હંસ જેવી ચાલ ચાલતી–કન્યાને જોવાથી; ઉત્પન્ન થયેલા કામ થકી

मुख्याःसहस्रशः ॥ स्रग्गंधवस्त्राभरणैर्द्विजपत्न्यःस्वलंकृताः ॥४२॥ गायंतश्चस्तुवंतश्चगायकावाद्यवादकाः ॥ परिवार्यवधूंजग्मुःसूतमागधबंदिनः ॥४३॥ आसाद्यदेवीसदनंधौतपादकरांबुजा ॥ उपस्पृश्यशुचिःशांताप्रविवेशांबिकांऽतिकं ॥४४॥ तांवैप्रवयसोबालांविधिज्ञाविप्रयोषितः ॥ भवानींवंदयांचक्रुर्भवपत्नींभवान्वितां ॥४५॥ नमस्येत्वांबिकेऽभीक्ष्णंस्वसंतानयुतांशिवां ॥ भूयात्पतिर्मेभगवान्कृष्णस्तदनुमोदतां ॥४६॥ अद्भिर्गंधाक्षतैर्धूपैर्वासःस्रङ्माल्यभूषणैः ॥ नानोपहारबलिभिःप्रदीपावलिभिःपृथक् ॥४७॥ विप्रस्त्रियःपतिमतीस्तथातैःसमपूजयन् ॥ लवणापूपतांबूलकंठसूत्रफलेक्षुभिः ॥४८॥ तस्यैस्त्रियस्ताःप्रददुःशेषांयुयुजुराशिषः ॥ ताभ्योदेव्यैनमश्चक्रेशेषांचजगृहेवधूः ॥ ॥४९॥ मुनिव्रतमथत्यक्त्वानिश्चक्रामांबिकागृहात् ॥ प्रगृह्यपाणिनाभृत्यांरत्नमुद्रोपशोभिना ॥५०॥ तांदेवमायामिववीरमोहिनींसुमध्यमांकुंडलमंडिताननां ॥ श्यामांनितंबार्पितरत्नमेखलांव्यंजत्स्तनींकुंतलशंकितेक्षणां ॥५१॥ शुचिस्मितांबिंबफलाधरद्युतिशोणायमानद्विजकुंदकुड्मलां ॥ पदाचलंतींकलहंसगामिनींसिंजत्कलानूपुरधामशोभिना ॥५२॥ विलोक्यवीरामुमुहुःसमागतायशस्विनस्तत्कृतहृच्छयार्दिताः ॥५३॥ यांवीक्ष्यतेनृपतनयस्तदुदारहासव्रीडावलोकहृतचेतसउज्झितास्त्राः ॥ पेतुःक्षितौगजरथाश्वगताविमूढायात्राछलेनहरयेऽर्पयतींस्वशोभां ॥५४॥ सैवंशनैश्चलयतीचलपद्मकोशौप्राप्तिंतदाभगवतःप्रसमीक्षमाणा ॥ उत्सार्यवामकरजैरलकानपांगैःप्राप्तान्ह्रियैक्षतनृपान्ददृशेऽच्युतंसा ॥५५॥ तांराजकन्यांरथमारुरुक्षतींजहारकृष्णोद्विषतांसमीक्षतां ॥ रथंसमारोप्यसुपर्णलक्षणंराजन्यचक्रंपरिभूयमाधवः ॥ ततोययौरामपुरोगमैःशनैःसृगालमध्यादिवभागहृद्धरिः ॥५६॥ तंमानिनःस्वाभिभवंयशःक्षयंपरेजरासंधवशानसेहिरे ॥ अहोधिगस्मान्यशआत्तधन्विनांगोपैर्हृतंकेसरिणांमृगैरिव ॥५७॥ इतिश्रीभागवतेमहापुराणेदश०उ०रुक्मिणीहरणंनामत्रिपंचाशत्तमोअ०॥५३॥ श्रीशुक०इतिसर्वेसुसंरब्धावाहानारुह्यदंशिताः ॥ स्वैःस्वैर्बलैःपरिक्रांताअन्वीयुर्धृतकार्मुकाः ॥१॥ तानापततआलोक्ययादवानीकयूथपाः ॥ तस्थुस्तत्संमुखाराजन्विस्फूर्ज्यस्वधनूंषिते ॥२॥ अश्वपृष्ठेगजस्कंधेरथोपस्थेचकोविदाः॥ मुमुचुःशरवर्षाणिमेघाअद्रिष्वपोयथा ॥३॥ प

પીડાયલા; ત્યાં એકઠા થયેલા, યશસ્વી વીર પુરૂષો મોહ પામી ગયા. ॥૫૧–૫૨–૫૩॥ અને તે વેળાએ તેણીએ ચાલવાના મિષથી પોતાની શોભા હરિભગવાનને દેખાડતાં; તેના ઉદાર હાસ્યથી, અને લાજ સહિત જોવાથી; મન ખેંચાઈને, મૂઢ પણાથી તેમનાં હથીઆરો છૂટી જઈ; હાથી–ઘોડા અને રથ વીગેરે ઉપરથી. તેઓ ટપોટપ પૃથ્વી ઉપર પડી જવા લાગ્યા. ॥૫૪॥ એ રીતે તેણીએ પોતાના ચરણ કમળથી ધીમે ધીમે ચાલતાં, ભગવાન ત્યાં આવેલા જોવાની ઈચ્છાથી; પોતાના ડાબા હાથની આંગળીના નખવડે, મોંઢા ઉપરના વાળ ખસેડીને લાજ સહિત જોતાં; ત્યાં અચ્યુત ભગવાન તથા બીજા રાજાઓને દીઠા. ॥૫૫॥ તે પછી એ કન્યાએ, પોતાના રથ ઉપર ચઢવા માંડતાં; શ્રીકૃષ્ણ ભગવાને, પોતાના દ્વેષીઓના દેખતાંજ; તેને ઉપાડી ગરૂડના ચિન્હ વાળા; પોતાના રથમાં બેસાડી. અને રામ આદિક યાદવો સહિત એ માધવ ભગવાન, રાજાઓની સેનાઓનો પરાભવ કરી; શિઆળિઆઓના મધ્યમાંથી જેમ, સિંહ પોતાનો ભાગ લેઈ જાય; તેમ, ધીમે ધીમે ચાલ્યા ગયા. ॥૫૬॥ એ રીતના પોતાના પરાભવને, તથા યશના નાશને; જરાસંધની સાથેના બીજા અભિમાની રાજાઓ, સહન કરી શક્યા નહીં; અને બોલવા લાગ્યા કે: અરે આપણુ, હાથમાં ધનુષ્ય ધારણ કરેલા સિંહોના યશને; મૃગ હરિ લેય તે રીતે, ગોવાળિઆઓએ હરણ કરવાથી; આપણને ધિક્કારછે.॥૫૭॥ઈ૦ભા૦દ૦સ્કં૦નો ત્રેપનમો અ૦સં.॥૫૩॥

અધ્યાય ૫૪ મો– શ્રીશુક—એ રીતે ઘણાજ ક્રોધે ભરાયલા, એ સર્વ રાજાઓ; કવચ પેહેરી, હાથમાં ધનુષ્યો લેઈ વાહનો ઉપર બેસીને; પોત પોતાના સૈન્યથી વિંટાયલા, પાછળ દોડવા લાગ્યા. ॥૧॥ ત્યારે હે રાજા, તેઓને આવી પડતા દેખી; યાદવોના સેનાપતિઓ પણ, પોત પોતાનાં ધનુષ્યોના ટંકાર કરીને; તેઓની સામે આવીને, ઉભા રહ્યા. ॥૨॥ અને હાથી–ઘોડા–તથા રથ ઉપર બેસીને, યુદ્ધ કરવામાં ચતુર, તેઓ સર્વે એક બીજા ઉપર; પર્વત ઉપર વરસાદનું પાણી પડવાની પેઠે, બાણો વરસાવવા લાગ્યા. ॥૩॥ ત્યારે ભયથી વિહ્વળ થયેલી આંખો વાળાં તે સુંદરીએ, પોતાના સ્વામીના સૈન્યને; બાણોની વૃષ્ટિથી, ઢંકાયલું દેખીને;

પોતાના સ્વામીના મુખ સામું લાજ સહિત જોવા માંડ્યું. ॥૪॥ એટલે ભગવાન હસીને બોલ્યા કે; "હે સુંદર આંખ્યો વાળી; તમે બીહીશો નહીં; આ તમારાઓ, હમણાંજ શત્રુના લશ્કરોનો, નાશ કરી નાખે છે. ॥૫॥ પછી એ રાજાઓના પરાક્રમને નહીં સહન કરતા, ગદ અને સંકર્ષણ આદિ વીર પુરુષો; બાણો વડે તેમના રથ-ઘોડા અને હાથીઓને મારવા લાગ્યા. ॥૬॥ ત્યારે કરોડો રથીઓ-સવારો-અને હાથી ઉપર બેસનારાઓનાં; કુંડળ અને મુગટ તથા પાઘડીઓ વાળાં માથાં, પૃથ્વી ઉપર પડી ગયાં. ॥૭॥ અને તરવાર-ગદા-તથા ધનુષ્ય બાણ પકડેલા હાથ-તથા કાંડાં, ઉરૂ, અને પગ સહિત માણસોનાં માથાં-તથા ઘોડા, હાથી, ખચ્ચર, ઉંટ, અને ગધેડાઓનાં માથાં-ટપોટપ પડવા લાગ્યાં ॥૮॥ તેથી આ રીતે જયની ઇચ્છા વાળા વૃષ્ણીઓએ, મારેલા સૈન્યો વાળા; જરાસંધ આદિક રાજાઓ વિમુખ થઈને પાછા ફર્યા. ॥૯॥ અને તેઓ સર્વેએ; કાંતિ રહિત થયેલા-ઉત્સાહ જતો રહેલા-મોઢું કરમાયેલા-અને પોતાની વિવાહ કરેલી સ્ત્રીનું હરણ થવાની પેઠે, આતુર બનેલા-શિશુપાળ રાજાને; ગણીને કહ્યું કે. ॥ ૧૦ ॥ "હે પુરુષશાર્દૂલ, તમે એ ખેદને તજો; કારણ પ્રિયની તથા અપ્રિયની સ્થિરતા, આ લોકમાં દેખાતીજ નથી. ॥૧૧॥ જેમ લાકડાની પુતળી મદારીની ઇચ્છા પ્રમાણેજ નાચે છે; તેમજ આ જગતના પ્રાણીઓ આદિક, ઇશ્વરની મરજી પ્રમાણેજ; સુખ દુઃખાદિકને ભોગવે છે." ॥૧૨॥ જરાસંધ બોલ્યો કે, "હું કૃષ્ણ સામે ત્રેવિસ અક્ષૌહિણી સૈન્ય સહિત લડતાં; યુદ્ધમાં સત્તર વાર હાર્યો હતો, અને એકવાર જીત્યો પણ છું; તથાપી દૈવની અનુકૂળતા પ્રમાણેજ જગતને કાળ થકી દોડાવાતું જાણીને, હું કદી પણ શોક કરતો નથી; તેમજ રાજી પણ થતો નથી. ॥૧૩॥ ॥૧૪॥ એ રીતેજ હમણાં પણ, આપણે; વીર પુરુષોના સરદારોના પણ, સરદાર હોવા છતાં; સબળાઓ,

त्युर्बलंशरासारैश्छन्नंवीक्ष्यसुमध्यमा॥ सव्रीडमैक्षत्तद्वक्त्रंभयविव्हललोचना॥४॥ प्रहस्यभगवानाहमास्मभैर्वामलोचने ॥ विनंक्ष्यत्यधुनैवैतत्तावकैःशात्रवंबलं॥५॥ तेषांतद्विक्रमंवीरागदसंकर्षणादयः ॥ अमृष्यमाणानाराचैर्जघ्नुर्हयगजान्रथान् ॥६॥ पेतुःशिरांसिरथिनामश्विनांगजिनांभुवि॥ सकुंडलकिरीटानिसोष्णीषाणिचकोटिशः॥७॥ हस्ताःसासिगदेष्वासाःकरभाऊरवोऽघ्रयः॥ अश्वाश्वतरनागोष्ट्रखरमर्त्यशिरांसिच॥८॥ हन्यमानबलानीकावृष्णिभिर्जयकांक्षिभिः ॥ राजानोविमुखाजग्मुजरासंधपुरःसराः॥९॥ शिशुपालंसमभ्येत्यहृतदारमिवातुरं॥ नष्टत्विषंगतोत्साहंशुष्यद्वदनमब्रुवन्॥१०॥ भोभोःपुरुषशार्दूलदौर्मनस्यमिदंत्यज॥ नप्रियाप्रिययोराजन्निष्ठादेहिषुदृश्यते॥११॥यथा दारुमयीयोषिन्नृत्यतेकुहकेच्छया ॥ एवमीश्वरतंत्रोयमीहतेसुखदुःखयोः॥१२॥ शौरेःसप्तदशाहंवैसंयुगानिपराजितः॥ त्रयोविंशतिभिःसैन्यैर्जिग्यएकमहंपरं ॥१३॥ तथाऽप्यहंनशोचामिनप्रहृष्यामिकर्हिचित् ॥कालेनदैवयुक्तेनजानन्विद्रावितंजगत्॥१४॥ अधुनापिवयंसर्वेवीरयूथपयूथपाः॥ पराजिताःफल्गुतंत्रैर्यदुभिःकृष्णपालितैः॥१५॥ रिपवोजिग्युरधुनाकालआत्मानुसारिणि ॥ तदावयंविजेष्यामोयदाकालःप्रदक्षिणः॥१६॥ एवंप्रबोधितोमित्रैश्चैद्योगात्सानुगःपुरं ॥ हतशेषाःपुनस्तेऽपिययुःस्वंस्वंपुरंनृपाः ॥१७॥ रुक्मीतुराक्षसोद्वाहंकृष्णद्विडसहन्स्वसुः॥ पृष्ठतोऽन्वगमत्कृष्णमक्षौहिण्यावृतोबली ॥१८॥ रुक्म्यमर्षीसुसंरब्धःशृण्वतांसर्वभूभुजां॥ प्रतिजज्ञेमहाबाहुर्दंशितःसशरासनः ॥१९॥ अहत्वासमरेकृष्णमप्रत्यूह्यचरुक्मिणीं॥ कुंडिनंनप्रवेक्ष्यामिसत्यमेतद्ब्रवीमिवः॥२०॥ इत्युक्त्वारथमारुह्यसारथिंप्राहसत्वरः॥ नोदयाश्वान्यतःकृष्णस्तस्यमेसंयुगंभवेत् ॥२१॥ अद्याहंनिशितैर्बाणैर्गोपालस्यसुदुर्मतेः॥ नेष्येवीर्यमदंयेनस्वसामेप्रसभंहृता ॥२२॥ विकत्थमानःकुमतिरीश्वरस्याप्रमाणवित् ॥ रथेनैकेनगोविंदंतिष्ठतिष्ठेत्यथाह्वयत् ॥२३॥ धनुर्विकृष्यसुदृढंजघ्नेकृष्णंत्रिभिःशरैः॥आहचात्रक्षणंतिष्ठयदूनांकुलपांसन॥२४॥ कुत्रयासिस्वसारंमेमुषित्वाध्वांक्षवद्धविः॥ हरिष्येऽद्यमदंमंदमायिनःकूटयोधिनः॥२५॥ यावन्नमेहतोबाणैःशयीथामुंचदारिकां॥ स्मयन्कृष्णोधनुश्छित्वाषड्भिर्विव्याधरुक्मिणं ॥२६॥ अष्टभिश्चतुरोवाहान्द्वाभ्यांसूतंध्वजंत्रिभिः॥ सचान्यद्धनुरादायकृष्णं

કૃષ્ણે પાલન કરેલા યાદવોના થોડા લશ્કરથી; પરાજય પામેલા છીએ. ॥૧૫॥ માટે કાળ પોતાને અનુકૂળ હોવાથી, શત્રુઓ હમણાં જીત્યા છે તો; કાળ જ્યારે આપણને અનુકૂળ થશે, ત્યારે આપણે પણ જીતીશુંજ. ॥૧૬॥ એ રીતની મિત્રોએ સમજુતી કરેલો, શિશુપાળ; પછી પોતાનાં બાકી રહેલાં માણસો સુદ્ધાં, પોતાના નગરમાં પાછો ગયો; અને બીજા રાજાઓ પણ પોત પોતાને ઠેકાણે ચાલ્યા ગયા. ॥૧૭॥ પણ કૃષ્ણનો દ્વેષી બળવાન રૂક્મી, પોતાની બેહેનનું હરણ થયેલાને; ન સહન કરી શકવાથી, તે એક અક્ષૌહિણી સેનાથી; વિંટાઈને કૃષ્ણની પાછળ ચાલ્યો. ॥૧૮॥ અને કવચ પેહેરેલા, તથા ધનુષ્ય બાણ ચઢાવેલા, મહાબાહુ રૂક્મીએ; ઘણોજ ક્રોધે ભરાઈને, અસહનતાથી સઘળા રાજાઓના સાંભળતાં, પ્રતિજ્ઞા કરીકે; "હું સાચે સાચું એટલુંજ કહુંછું કે; કૃષ્ણને યુદ્ધમાં માર્યાવિના, અને રૂક્મિણીને પાછી લેઇ આવ્યા વિના; હું કુંડિનપુરમાં પ્રવેશ નહીં કરૂં." ॥૧૯-૨૦॥ આ પ્રમાણે બોલી, રથમાં બેસીને તેણે સારથીને કહ્યું કે; "જ્યાં કૃષ્ણ હોય, તે તરફ ઘોડાઓને ઉતાવળા હાંકય; કે તેની સાથે મારૂં યુદ્ધ થાય. ॥૨૧॥ આજે હું; જેણે બળાત્કારે મારી બેહેનનું હરણ કર્યું છે, તે; દુષ્ટ બુદ્ધિવાળા, ગાયો ચરાવનારના પરાક્રમના મદનો; તીક્ષ્ણ બાણો વડે, નાશ કરી નાંખુ છું ॥૨૨॥ એમ એ ઇશ્વરના પ્રમાણને નહીં જાણતાં, આ રીતે ઘણું બોલતો; એ દુષ્ટ બુદ્ધિ, એક રથ થકીજ ચાલ્યો; અને "ઉભો રેહે, ઉભો રેહે" એમ કહીને, તેણે ગોવિંદ ભગવાનને હાકલ કરી. ॥૨૩॥ તથા કહ્યું કે, "હે યાદવોના કુળમાં કલંક રૂપ, તું અહીંયાં ક્ષણ માત્ર ઉભો રહે: એમ કહી પોતાના ધનુષ્યને ઘણુંજ ખેંચીને, તેણે કૃષ્ણને ત્રણ બાણ માર્યાં. ॥૨૪॥ કાગડો હવિષ્ય લેઇ જવાની પેઠે, તું મારી બેહેનનું હરણ કરીને, ક્યાં જાય છે ? હે મંદ-માયાવી-અને કપટ વડે યુદ્ધ કરનારા-હું આજ તારા મદને, હરીશ. ॥૨૫॥ તું જ્યા સુધી મારા બાણો થકી હણાઈને, સુઈ ગયો નથી; ત્યાં સુધીમાંજ કન્યાને છોડીદે" ત્યારે કૃષ્ણે હસીને, તેનું ધનુષ્ય છેદી નાંખી, ૭ બાણો વડે તેને વિંધ્યો. અને આઠ બાણો તેના

ચાર ઘોડાને, બે બાણ તેના સારથીને, તથા ત્રણ બાણ તેની ધજામાં માર્યાં; એટલે રૂકમીએ બીજું ધનુષ્ય લેઇ, કૃષ્ણને પાંચ બાણ માર્યાં. ॥૨૬-૨૭॥ પછી પ્રહાર પામેલા અચ્યુત ભગવાને, ઘણાં બાણ સામટાં મારીને; તેનું ધનુષ્ય કાપી નાંખ્યું; એટલે તેણે બીજું લીધું, ત્યારે તે પણ અવિનાશી ભગવાને કાપી નાંખ્યું; ॥૨૮॥ અને તે પછી ભુંગળ-પટ્ટિશ-ત્રિશૂળ-ઢાલ તરવાર-સાંગ-અને તોમર, વિગેરે જે જે આયુધ તેણે લીધાં, તે સઘળાં હરિ ભગવાને કાપી નાંખ્યાં. ॥૨૯॥ ત્યારે તે રથમાંથી હેઠો ઉતરી, હાથમાં ખડ્ગ લેઇને, મારી નાંખવાની ઇચ્છાથી; પતંગીઓ અગ્નિમાં જઇ પડવાની પેઠે, ક્રોધથકી કૃષ્ણની સામે દોડયો. ॥૩૦॥ પણ તે આવતાં આવતાંમાંજ, બાણોવડે, તેની ઢાલ તથા ખડ્ગના તલ તલ જેવડા કડકા કરી નાંખીને; એ રૂકમીને મારીનાંખવા સારૂં; ભગવાને પોતાની તીક્ષ્ણ તરવાર ઉપાડી. ॥૩૧॥ ત્યારે આ રીતે પોતાના ભાઇને મારવાનો ઉદ્યોગ થયેલો દેખી, ભયથી વિહ્વળ થયેલાં સતી રૂકિમણી; સ્વામીના પગમાં પડ્યાં; તથા કરૂણ વચન બોલ્યાં કે. ॥૩૨॥ "હે યોગેશ્વર-અપ્રમેય સ્વરૂપવાળા-દેવના દેવ-જગતપતિ-કલ્યાણ સ્વરૂપ-અને મોટા હાથવાળા-તમે મારા ભાઇને મારી નાંખવાને યોગ્ય નથી." ॥૩૩॥ એમ ત્રાસને લીધે ધ્રુજતાં અંગોવાળાં-શોકથી મોઢું સુકાઇ જઇને ગળું રોકાઇ ગયેલાં-અને વિહ્વળતાથી સોનાની માળાઓ અથર વથર થયેલાં, રૂકિમણીએ, પગમાં પડવાથી; દયાળુ ભગવાન તેને મારવા થકી અટક્યા. ॥૩૪॥ પણ તે ખોટું કામ કરનારાને, લુગડા વડે બાંધી લેઇને; તેના દાઢી મુંછના વાળ, મુંડી નાંખી; તેને વિરૂપ કરી નાંખ્યો; એટલી વારમાંજ, હાથીઓ કમલિનીનું મર્દન કરે, તેમ યાદવોના વીરપુરૂષોએ, દુશ્મનના અદ્ભુત સૈન્યનું મર્દન કરી નાંખ્યું. ॥૩૫॥ પછી કૃષ્ણની પાસે આવેલા તેઓએ, તે સ્થળે, રૂકમીને આ રીતે મુવેલા સરખો થયેલો જોયો; ત્યારે દયાળુ સંકર્ષણ ભગવાને, તેને છોડી નાંખીને સમર્થ કૃષ્ણને કહ્યું કે. ॥૩૬॥ " હે કૃષ્ણ, તમે આપણી નિંદા થવા જેવું, આ ખોટું કામ કર્યું. દાઢી મુંછ અને માથાના વાળ મુંડીને, વિરૂપ કરવું; એજ સુહૃદનો વધ કહેવાયછે. ॥૩૭॥ (પછી તેમણે રૂકિમણીને કહ્યું કે) હે સાધવી; ભાઇને વિરૂપ કર્યાની ચિંતાથી, અમારા ઉપર દ્વેષબુદ્ધિ કરતાં નહીં; પુરૂષને, સુખ દુખ આપનાર, બીજું કોઇ નથી; પણ તે, પોતાનાં

विव्याधपंचाभिः ॥२७॥ तैस्ताडितःशरौघैस्तुचिच्छेदधनुरच्युतः ॥ पुनरन्यदुपादत्ततदप्यच्छिनदव्ययः ॥२८॥ परिघंपट्टिशंशूलंचर्मासीशक्तितोमरौ॥ यद्यदायुधमादत्ततत्सर्वंसोऽच्छिनद्धरिः॥२९॥ ततोरथादवप्लुत्यखड्गपाणिर्जिघांसया॥ कृष्णमभ्यद्रवत्क्रुद्धःपतंगइवपावकं ३० तस्यचापततःखड्गंतिलशश्चर्मचेषुभिः॥ छित्वासिमाददेतिग्मंरुक्मिणंहंतुमुद्यतः॥३१॥ दृष्ट्वाभ्रातृवधोद्योगंरुक्मिणीभयवि[illegible]ला ॥ पतित्वापादयोर्भर्तुरुवाचकरुणंसती॥३२॥योगेश्वराप्रमेयात्मन्देवदेवजगत्पते॥ हंतुंनार्हसिकल्याणभ्रातरंमेमहाभुज॥३३॥ श्रीशुक०तयापरित्रासविकंपितांगयाशुचावशुष्यन्मुखरुद्धकंठया॥ कातर्यविस्रंसितहेममालयागृहीतपादःकरुणोन्यवर्तत ॥३४॥ चैलेनबध्वातमसाधुकारिणंसश्मश्रुकेशंप्रवपन्व्यरूपयत् ॥तावन्ममर्दुःपरसैन्यमद्भुतंयदुप्रवीरानलिनींयथागजाः॥३५॥कृष्णांतिकमुपव्रज्यददृशुस्तत्ररुक्मिणं॥ तथाभूतंहतप्रायंदृष्ट्वासंकर्षणोविभुः॥ विमुच्यबद्धंकरुणोभगवान्कृष्णमब्रवीत् ॥३६॥ असाध्विदंत्वयाकृष्णकृतमस्मज्जुगुप्सितं ॥ वपनंश्मश्रुकेशानांवैरूप्यंसुहृदोवधः॥३७॥मैवास्मान्साध्व्यसूयेथाभ्रातुर्वैरूप्यचिंतया॥ सुखदुःखदोनचान्योऽस्तियतःस्वकृतभुक्पुमान् ॥३८॥बंधुर्वधार्हदोषोऽपिनबंधोर्वधमर्हति ॥ त्याज्यःस्वेनैवदोषेणहतःकिंहन्यतेपुनः॥३९॥ क्षत्रियाणामयंधर्मःप्रजापतिविनिर्मितः॥भ्राताऽपिभ्रातरंहन्याद्येनघोरतमस्ततः॥४०॥ राज्यस्यभूमेर्वित्तस्यस्त्रियोमानस्यतेजसः॥ मानिनोऽन्यस्यवाहेतोःश्रीमदांधाःक्षिपंतिहि ॥४१॥ तवेयंविषमाबुद्धिःसर्वभूतेषुदुर्हृदां॥ यन्मन्यसेसदा[illegible]हृदांभद्रमज्ञवत् ॥४२॥ आत्ममो[illegible]नृणामेषकल्प्य[illegible]तेदेवमायया॥ सुहृद्दुर्हृदुदासीनइतिदेहात्ममानिनां॥४३॥ एकएवपरोह्यात्मासर्वेषामपिदेहिनां॥नानेवगृह्यतेमूढैर्यथाज्योतिर्यथानभः ॥४४॥ देहआद्यंतवानेषद्रव्यप्राणगुणात्मकः॥आत्मन्यविद्ययाक्लृप्तःसंसारयतिदेहिनं॥४५॥ नात्मनोऽन्येनसंयोगोवियोगश्चसतःसति॥ तद्धेतुत्वात्तत्प्रसिद्धेर्दृग्रूपाभ्यांयथारवेः॥४६॥ जन्मादयस्तुदेहस्यविक्रियानात्मनःक्वचित् ॥ कलानामिवनैवेंदोर्मृतिर्ह्यस्यकुहूरिव॥४७॥ यथाशयानआत्मानंविषयान्फलमेवच ॥ अनुभुं

કરેલાં કર્મોનેજ ભોગવે છે. ॥૩૮॥ વધ થવાને યોગ્ય દોષ કરનારા બંધુનો પણ વધ કરવો, યોગ્ય નથી; કેમકે તે પોતાના દોષ વડેજ હણાયલાને, ફરીથી હણવા શામાટે જોઇએ; માટે તેનો ત્યાગ કરવો, એટલુંજ બસ છે. ॥ ૩૯ ॥ પ્રજાપતિએ નિર્માણ કરેલો, ભાઇ ભાઇને પણ મારી નાંખે છે એવોજ; ક્ષત્રીધર્મ હોવાથી, તે અતિ ઘોર કહેવાય છે. ॥ ૪૦ ॥ અને તે થકીજ એ અભિમાની લોકો, લક્ષ્મીના મદથી આંધળા બનીને; રાજ્ય-પૃથ્વી-ધન-સ્ત્રી-માન-અને તેજના તથા બીજા પણ કારણોથી; એક બીજાનુ અપમાન કરે છે. ॥૪૧॥ એવા આ દુષ્ટ બુદ્ધિવાળા, અને સર્વ પ્રાણીનું ખોટું ઇચ્છનારા, તમારા સુહૃદનું: તમે સારૂં હોવા છતાં; અજ્ઞાનીની પેઠે, સર્વદા ભલું શામાટે ઇચ્છોછો. ॥૪૨॥ આ શરીરને આત્મારૂપ માનનારા મનુષ્યોનેજ, આ સુહૃદ-આ શત્રુ-અને આ ઉદાસીન, એમ મનાવા રૂપ; પોતાને થતો મોહ, ભગવાનની માયાથી થાય છે. ॥૪૩॥ છતાં દેહાદિકથી પર એવો એકજ આત્મા, સર્વ દેહધારીઓને વિશે હોવા છતાં મૂઢ લોકો, જળાદિકમાં દેખાતા ચંદ્ર વિગેરેના બિંબ; અને ઘટાદિકને વિશે દેખાતા આકાશની પેઠે, તેને અનેક રૂપે જાણે છે. ॥ ૪૪ ॥ અને તેથીજ, અવિદ્યાએ કલ્પેલો, અને દ્રવ્યો-પ્રાણ-તથા ગુણોના સ્વભાવ વાળો; આ અંતવાન દેહજ; પ્રાણીઓના આત્માને, સંસાર એટલે જન્મ મરણ આપે છે. ॥ ૪૫ ॥ એ રીતે છે સતી, ખરૂં જોતાં આત્માને બીજા કશાનો સંયોગ અને વિયોગ નહીં હોવા છતાં; માત્ર હેતુપણાના કારણથીજ, દ્રષ્ટિ અને રૂપનો સબંધ સૂર્યની સાથે જણાવાની પેઠે; તેમનો સંબંધ થયેલા સરખું, જોવામાં માત્ર આવે છે. ॥૪૬॥ જન્મ થવા આદિ વિક્રિયાઓ, એટલે અવસ્થાઓ, દેહનેજ થાય છે; પણ આત્માને નથી થતી: જેમ વધારો અને ઘટારો, એ ચંદ્રમામાં નહીં થતાં; માત્ર તે તેની કળાઓનેજ થાય છે; અને અમાવાસ્યાને દિવસે ચંદ્રનો ક્ષય થયેલો પણ; કહેવાય છે; તેમજ દેહનો માત્ર નાશ થવાથી, આત્માનો નાશ થવાનું માત્ર કહેવામાંજ આવે છે; પણ તે ખરૂં નથી. ॥૪૭॥ જેમ ઉંઘી ગયેલો માણસ

રામને વિશે, વિશેષ આસક્ત હોવા છતાં, તેમને તથા તેમનાં શરીરને જોઈને છે: તે રીતેજ અજ્ઞાનીઓ, સંસારને ભોગવનારા થાય છે. ॥૪૮॥ એટલા માટે, અજ્ઞાન થકી ઉત્પન્ન થનારા, અને મનને સુકવી નાંખનાર; તથા મોહ પમાડનારા: શોકને તત્વજ્ઞાન વડે, ટાળી નાંખીને; હે સ્વચ્છ હસવાવાળાં રુકિમણી, તમે હવે સ્વસ્થ થાઓ." ॥૪૯॥ ત્યારે એ રીતે ભગવાને, સમજાવેલાં રુકિમણીએ, પોતાના મનની ઉદાસીનતાનો ત્યાગ કર્યો; અને બુદ્ધિવડે મનને સ્થિર કર્યું. ॥૫૦॥ તે પછી દુશ્મનને સેના અને પ્રતાપનો નાશ કરેલો–પ્રાણ માત્ર બાકી રાખીને છોડી મૂકેલો–પોતાનો મનોરથ નાશ થયેલો–એવો કૃષ્ણને મારીને પોતાની નાની બેહેનને પાછી આણ્યા વિના કુંડિનપુરમાં નહીં પેસું, એમ બોલેલો–તથા પોતાનું વિરૂપ થયેલાને સંભારતો–રુકમી: રોષે ભરાયો; તે ઠેકાણેજ વસ્યો. (અર્થાત ત્યાં ભોજકટ નામે નવું નગર વસાવીને, રહ્યો) ॥૫૧–૫૨॥ હે કુરૂદ્વહ, ભગવાન એ રીતે રાજાઓને જીતી; ભિષ્મક રાજાની કન્યાને, પોતાના નગર દ્વારકામાં લેઇ આવીને; તેને વિધિ સહિત પરણ્યા. ॥૫૩॥ હે રાજા: ત્યારે યાદવોના પતિ કૃષ્ણને વિશે અનન્ય ભાવનાવાળા સઘળાં મનુષ્યોને, ઘેર ઘેર મોટો ઓચ્છવ થઇ રહ્યો. ॥ ૫૪ ॥ અને સ્ત્રીઓ તથા પુરુષો સ્વચ્છ મણિ વાળાં કુંડળો પેહેરીને, અને આનંદ વડે વિચિત્ર પ્રકારનાં વસ્ત્રો, તથા ઉત્તમ ભેટો લેઇ લેઇને, આવ્યાં. ॥૫૫॥ તથા એ દ્વારકાંમાં ઘેર ઘેર, પાણી ભરેલા તથા અગરના ધૂપ અને દીવાઓ ઉપર રાખેલા ઘડાઓ મૂકીને; તથા વિચિત્ર પ્રકારનાં માળાઓ–વસ્ત્રો–અને તોરણો તથા ઇંદ્ર ધજાઓ, ઉભી કરીને: મંગળ પદાર્થો વડે, શોભા કરી હતી. ॥ ૫૬ ॥ તેમજ તેડાવેલા મિત્ર રાજાઓના, મદ ઝરતા હાથીઓના મદ થકી: રસ્તાઓ છંટાતા હતા: અને બારણાંઓને વિશે કેળોનાં અને સોપારીનાં ઝાડો, ઉભાં કરીને પણ શોભા કરી. ॥ ૫૭ ॥ તથા સંભ્રમ વડે દોડીને આવતા, કુરૂ–સૃંજય–કેકય–વિદર્ભ–યદુ–અને કુંતી દેશના રાજાઓ; તે સ્થળે એકઠા મળીને, આનંદ ભોગવવા લાગ્યા. ॥૫૮॥ તેમજ ઠેક ઠેકાણે આ રુકિમણી હરણનાંજ ગીત ગવાતાં, સાંભળ-

क्तेऽप्य सत्यर्थेतथाप्नोत्यबुधोभवं॥४८॥ तस्मादज्ञानजंशोकमात्मशोषविमोहनं॥तत्त्वज्ञानेननिर्हृत्यस्वस्थाभवशुचिस्मिते॥४९॥ श्रीशुक० एवंभगवतातन्वीरामेणप्रतिबोधिता ॥ वैमनस्यंपरित्यज्यमनोबुद्ध्यासमादधे॥५०॥ प्राणावशेषउत्सृष्टोद्विड्भिर्हतबलप्रभः॥ स्मरन्विरूपकरणंवितथात्ममनोरथः॥५१॥ अहत्वादुर्मतिंकृष्णमप्रत्यूह्ययवीयसीं॥ कुंडिनंनप्रवेक्ष्यामीत्युक्त्वातत्रावसद्रुषा॥५२॥ भगवान्भीष्मकसुतामेवंनिर्जित्यभूमिपान्॥ पुरमानीयविधिवदुपयेमेकुरूद्वह ॥५३॥ तदामहोत्सवोनृणांयदुपुर्यांगृहेगृहे॥ अभूदनन्यभावानांकृष्णेयदुपतौनृप॥ ॥५४॥ नरानार्यश्चमुदिताःप्रमृष्टमणिकुंडलाः ॥ पारिबर्हमुपाजन्हुर्वरयोश्चित्रवाससोः॥५५॥ साद्वृष्णिपुर्युत्तंभितेंद्रकेतुभिर्विचित्रमाल्यांबररत्नतोरणैः॥ बभौप्रतिद्वार्युपक्लृप्तमंगलैरापूर्णकुंभागुरुधूपदीपकैः ॥५६॥ सिक्तमार्गामदच्युद्भिराहूतप्रेष्ठभूभुजां॥ गजैर्द्वाःसुपरामृष्टरंभापूगोपशोभिता॥५७॥ कुरुसृंजयकैकेयविदर्भयदुकुंतयः ॥ मिथोमुमुदिरेतस्मिन्संभ्रमात्परिधावतां॥५८॥ रुक्मिण्याहरणंश्रुत्वागीयमानंततस्ततः॥ राजानोराजकन्याश्चबभूवुर्भृशविस्मिताः॥५९॥ द्वारकायामभूद्राजन्महामोदःपुरौकसां॥ रुक्मिण्यारमयोपेतंदृष्ट्वाकृष्णंश्रियःपतिं ॥ ६० ॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउत्तरार्धेरुक्मिण्युद्वाहोत्सवेचतुःपंचाशत्तमोऽध्यायः ॥५४॥

श्रीशुक०॥कामस्तुवासुदेवांशोदग्धःप्राग्रुद्रमन्युना ॥ देहोपपत्तयेभूयस्तमेवप्रत्यपद्यत ॥१॥ सएवजातोवैदर्भ्यांकृष्णवीर्यसमुद्भवः॥ प्रद्युम्नइतिविख्यातःसर्वतोऽनवमःपितुः ॥२॥ तंशंबरःकामरूपीहृत्वातोकमनिर्दशं ॥ सविदित्वात्मनःशत्रुंप्रास्योदन्वत्यगाद्गृहं ॥३॥ तंनिर्जगारबलवान्मीनःसोऽप्यपरैःसह ॥ वृतोजालेनमहतागृहीतोमत्स्यजीविभिः ॥४॥ तंशंबरायकैवर्ताउपाजन्हुरुपायनं ॥ सूदामहानसंनीत्वाऽवद्यन्स्वधितिनाऽद्भुतं ॥५॥ दृष्ट्वातदुदरेबालंमायावत्यैन्यवेदयन्॥ नारदोऽकथयत्सर्वंतस्याःशंकितचेतसः ॥ बालस्यतत्त्वमुत्पत्तिंमत्स्योदरनिवेशनं ॥६॥ साचकामस्यवैपत्नीरतिर्नामयशस्विनी ॥ पत्युर्निर्दग्धदेहस्यदेहोत्पत्तिंप्रतीक्षती ॥७॥ निरूपिताशंबरेणसासूपौदनसाधने॥ कामदेवंशिशुंबुद्ध्वाचक्रेस्नेहंतदाऽर्भके ॥८॥ नातिदीर्घेणकालेनसकार्ष्णीरूढयौवनः ॥ जनयामासनारीणांवीक्षंतीनांचविभ्रमं ॥९॥

વાથી; તે રાજાઓ અને રાજકન્યાઓ ઘણુંજ વિસ્મય પામ્યાં. ॥ ૫૯ ॥ હે રાજા, પછીથી એ લક્ષ્મી રૂપ રુક્ષમણી, કૃષ્ણને પતિ રૂપે પામીને, તેમની સાથે રમણ કરવા લાગેલાં દેખવાથી; દ્વારકાંના લોકને વિશે, અત્યંત આનંદ વ્યાપી રહ્યો. ॥૬૦॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કંધનો ચોપનમો અધ્યાય સંપૂર્ણ. ॥૫૪॥

અધ્યાય ૫૫ મો—શ્રીશુક—વાસુદેવ ભગવાનનો અંશ કામ, કે જે પૂર્વે રૂદ્રના ક્રોધથી બળી ગયો હતો: તેનો દેહ ફરીથી પણ વાસુદેવ ભગવાન થકીજ, ઉત્પન્ન થયો. ॥૧॥ એટલે તે રુકિમણીને વિશે ફરીવાર કૃષ્ણના વીર્ય થકી જન્મ્યો; અને તે પિતા કરતાં સર્વ પ્રકારે કમી ન હોઇને, પ્રદ્યુમ્ન નામથી વિખ્યાત છે. ॥૨॥ તે બાળક દસ દિવસનો થતા પેહેલાંજ; મરજી પ્રમાણે રૂપ ધરનારો શંબરાસુર, તેને હરિ ગયો; અને તેને શત્રુ જાણી, સમુદ્રમાં ફેંકી દેઇને ઘેર ચાલ્યો ગયો. ॥૩॥ પછી કોઇ જબર માંછલુ તે બાળકને ગળી ગયું; અને ભોઇ લોકોએ મોટી જાળ નાંખીને, બીજાં માંછલાં ભેળું તે માંછલાને પણ પકડી લીધું. ॥૪॥ તથા તેને, ભેટ તરીકે તે માછી લોકો (ખારવાઓ), એ શંબરાસુર પાસે લેઇ ગયા. ત્યાં શંબરાસુરના રસોઇઆએ તેને રસોડામાં લેઇ જઇને, છરીવડે ચીરતાં; તેના પેટમાં અદભૂત બાળક દેખવાથી, તે રસોઇઆએ તે બાળક, માયાવતિ (રતિ) ને સોંપ્યો; પછીથી તે બાળકની ઉત્પત્તિનું કારણ, તથા તે માછલીના પેટમાં શી રીતે ગયો; એ સર્વ નારદજીએ તત્વ વડે કહીને, તેણીના મનની શંકા મટાડી. ॥૫–૬॥ એ માયાવતિજ, કામદેવની રતિ નામની પતિવ્રતા સ્ત્રી હતી; તથા તે, પ્રથમ બળી ગયેલા પોતાના પતિને, ફરીથી પ્રાપ્ત થવાની વાટ જોતી હતી. ॥૭॥ શંબરાસુરે તેને દાળ ભાત વિગેરેની રસોઇનું કામ સોંપેલું હતું, તેણીએ; આ બાળકને કામદેવ જાણવાથી, તેના વિશે અત્યંત સ્નેહ કર્યો. ॥૮॥ અને ઘણો લાંબો કાળ નહી જતાંજ, કૃષ્ણપુત્ર જુવાન થવાથી; જોનારી સ્ત્રીઓને તેના થકી મોહ

ઉત્પન્ન થવા લાગ્યો. ॥૯॥ ત્યારે એ માયાવતિ, આ કમળનાં પાંદડાં જેવી આંખ્યો વાળા–લાંબા હાથ વાળા અને મનુષ્ય લોકની સંપૂર્ણ શુંદરતા વાળા, પતિની સામી ઉભી રહીને; લાજ સહિત હસતે મોઢે, ઉંચી ચઢાવેલી ભમરોથી; કામના ભાવવડે જોવા લાગી. ॥૧૦॥ એટલે તેને પ્રદ્યુમ્ને કહ્યું કે. "હે મા, તમારી બુદ્ધિ બીજી રીતની જણાય છે, કારણ તમે માતાના ભાવને તજીને; સ્ત્રીની પેઠે વરતો છો. ॥૧૧॥ ત્યારે રતિ બોલીકે. "હે સમર્થ, તમે પૂર્વ જન્મના કામદેવ છો; અને હું તમારી સ્વીકાર કરેલી સ્ત્રીછું; તમો નારાયણ કૃષ્ણ ભગવાનના પુત્રને; જન્મીને, દસ દિવસના થતા પેહેલાંજ; શંબરાસુર, ઘરમાંથી હરિ ગયો હતો; ને દરિયામાં ફેંકી દીધા હતા; ત્યાં માંછલું ગળી જવાથી, માંછલાંના પેટમાંથી, તમે આ ઠેકાણે મળી આવેલા છો. ॥૧૨–૧૩॥ માટે એ સેંકડો માયાઓને જાણનાર–દુર્ધર્ષ–અને દુર્જય શત્રુ, શંબરાસુરને પણ; તમે મોહન આદિક માયાઓ વડેજ, મારી નાંખો. ॥૧૪॥ પુત્ર નાશ પામવાથી પુત્ર સ્નેહ વડે આકુળ અને રાંક બનેલાં, તમારાં મા; વાછરડા વિનાની ગાયની પેઠે, ટિટોડી સરખાં, શોક કરતાં હશે:' ॥૧૫॥ એમ કહીને તે માયાવતિએ, મહાત્મા પ્રદ્યુમ્નને; સર્વ માયાઓનો નાશ કરનારી મહામાયા નામની વિદ્યા આપી. ॥૧૬॥ તે પછી પ્રદ્યુમ્ને શંબરાસુરની પાસે જઈ; ન સહન થાય એવી ગાળો દઈને, તેની સાથે ટંટો ઉભો કર્યો; અને તેને પોતાની સામે યુદ્ધ કરવાને બોલાવ્યો. ॥૧૭॥ ત્યારે દુષ્ટ વચનો વડે તિરસ્કાર કરાયલો શંબરાસુર, પગ વડે મારેલા સાપની પેઠે; ક્રોધથી આંખ્યો લાલ ચોળ કરીને, હાથમાં ગદા લેઈ આવ્યો. ॥૧૮॥ અને તે વિંઝેલી ગદાને મહાત્મા પ્રદ્યુમ્ન ઉપર, વેગ સહિત ફેંકીને: તેણે વજ્રના કડાકા જેવી કઠોર ગર્જના કરી. ॥૧૯॥ હે રાજા, ત્યારે તે આવી પડતી ગદાને, ક્રોધે ભરાયલા પ્રદ્યુમ્ને, પોતાની ગદાવડે ખસેડી નાંખી; તથા પોતાની ગદાનો શત્રુને પ્રહાર કર્યો. ॥૨૦॥ એટલે મયદાનવે પ્રકટ કરેલી આસુરી માયાનો આશ્રય કરીને, શંબરાસુરે આકાશમાંથી; પ્રદ્યુમ્નના ઉપર અસ્ત્રોનો વરસાદ વરસાવ્યો. ॥૨૧॥ તેથી એ અસ્ત્રોના વરસાદથી પીડાયલા રૂકિમણી પુત્રે પણ તેની સામે; પોતાની પાસેની, સર્વ માયાઓનો નાશ કરનારી "મહા

सातंपतिंपद्मदलायतेक्षणंप्रलंबबाहुंनरलोकसुंदरं ॥ सव्रीडहासोत्तभितभ्रुवेक्षतीप्रीत्योपतस्थेरतिरंगसौरतैः ॥१०॥ तामाहभगवान्कार्ष्णिर्मातस्तेमतिरन्यथा ॥मातृभावमतिक्रम्यवर्तसेकामिनीयथा॥११॥रति०भवान्नारायणसुतःशंबरेणाहृतोगृहात् ॥ अहंतेऽधिकृतापत्नीरतिःकामोभवान्प्रभो ॥१२॥ एषत्वानिर्दशंसिंधावक्षिपच्छंबरोऽसुरः ॥ मत्स्योऽग्रसीत्तदुदरादिहप्राप्तोभवान्प्रभो ॥१३॥ तामिमंजहिदुर्धर्षंदुर्जयंशत्रुमात्मनः ॥ मायाशतविदंत्वंचमायाभिर्मोहनादिभिः ॥१४॥ परिशोचतितेमाताकुररीवगतप्रजा ॥ पुत्रस्नेहाकुलादीनाविवत्सागौरिवातुरा ॥१५॥ प्रभाष्यैवंददौविद्यांप्रद्युम्नायमहात्मने ॥ मायावतीमहामायांसर्वमायाविनाशिनीं॥१६॥सचशंबरमभ्येत्यसंयुगायसमाह्वयत् ॥ अविषह्यैस्तमाक्षेपैःक्षिपन्संजनयन्कलिं ॥१७॥ सोऽधिक्षिप्तोदुर्वचोभिःपदाहतइवोरगः ॥ निश्चक्रामगदापाणिरमर्षात्ताम्रलोचनः ॥१८॥ गदामाविध्यतरसाप्रद्युम्नायमहात्मने ॥ प्रक्षिप्यव्यनदन्नादंवज्रनिष्पेषनिष्ठुरं ॥१९॥ तामापतंतींभगवान्प्रद्युम्नोगदयागदां ॥ अपास्यशत्रवेक्रुद्धःप्राहिणोत्स्वगदांनृप ॥२०॥ सचमायांसमाश्रित्यदैतेयींमयदर्शितां ॥ मुमुचेऽस्त्रमयंवर्षंकार्ष्णौवैहायसोऽसुरः ॥२१॥ बाध्यमानोऽस्त्रवर्षेणरौक्मिणेयोमहारथः ॥ सत्त्वात्मिकांमहाविद्यांसर्वमायोपमर्दिनीं ॥२२॥ ततोगौह्यकगांधर्वपैशाचोरगराक्षसीः ॥ प्रायुंक्तशतशोदैत्यःकार्ष्णिर्व्यधमयत्सताः॥२३॥निशातमसिमुद्यम्यसकिरीटंसकुंडलं॥शंबरस्यशिरःकायात्ताम्रश्मश्र्वोजसाऽहरत्॥२४॥आकीर्यमाणोदिविजैःस्तुवद्भिःकुसुमोत्करैः ॥ भार्ययांबरचारिण्यापुरींनीतोविहायसा ॥२५॥ अंतःपुरवरंराजन्ललनाशतसंकुलं ॥ विवेशपत्न्यागगनाद्विद्युतेवबलाहकः ॥२६॥ तंदृष्ट्वाजलदश्यामंपीतकौशेयवाससं ॥ प्रलंबबाहुंताम्राक्षंसुस्मितंरुचिराननं ॥२७॥ स्वलंकृतमुखांभोजंनीलवक्रालकालिभिः ॥ कृष्णंमत्वास्त्रियोह्रीतानिलिल्युस्तत्रतत्रह ॥२८॥ अवधार्यशनैरीषद्वैलक्षण्येनयोषितः ॥ उपजग्मुःप्रमुदिताःसस्त्रीरत्नंसुविस्मिताः ॥२९॥ अथतत्रासितापांगीवैदर्भीवल्गुभाषिणी ॥ अस्मरत्तत्सुतंनष्टंस्नेहस्नुतपयोधरा ॥३०॥ कोऽन्वयंनरवैदूर्यःकस्यवाकमलेक्षणः ॥ धृतःकयावाजठरेकेयंलब्धात्वनेनवा ॥३१॥ ममचाप्यात्मजोनष्टोनीतोयःसूतिकागृहात् ॥ एतत्तुल्यवयोरूपोयदिजीवतिकुत्रचि

માયા" નામની વિદ્યાને ચલાવી. ॥૨૨॥ અને શંબરાસુરે પ્રેરેલી યક્ષોની–ગંધર્વોની–પિશાચોની–ઉરગોની–અને રાક્ષસોની, વિગેરે; સેંકડો પ્રકારની માયાઓનો પ્રદ્યુમ્ને, એજ રીતે પોતાની મહામાયાવડે, નાશ કરી નાંખ્યો. ॥૨૩॥ તથા છેવટે તેણે તીક્ષ્ણ ધારવાળી તરવાર ઉપાડીને, કિરીટ અને કુંડળ સહિત; શંબરાસુરનું, દાઢી અને મુછના લાલ મુવાળાવાળું માથું: બળકરીને તેના ધડથકી જુદું કરી નાંખ્યું. ॥૨૪॥ પછી આકાશ માર્ગે ચાલનારી પ્રદ્યુમ્નની એ સ્ત્રીએ: તેમને આકાશ માર્ગથી, દ્વારકાંમાં લેઈ જવાતાં: દેવતાઓ વિગેરેએ તેમની સ્તુતિ કરવા લાગીને, સ્વર્ગનાં ઢગલે ઢગલા ફૂલોવડે તેમને વધાવ્યા. ॥૨૫॥ પછી સેંકડો સ્ત્રીઓવાળા, કૃષ્ણના ઉત્તમ જનાનખાનામાં, આકાશ માર્ગેજ વીજળી સહિત મેઘની પેઠે; પ્રદ્યુમ્ને સ્ત્રી સહિત પ્રવેશ કર્યો. ॥૨૬॥ ત્યારે તે મેઘ જેવા શ્યામ–પીળાં રેશમી વસ્ત્ર પેહેરેલા–લાંબા હાથ અને લાલ આંખ્યોવાળા–સારી રીતના શુંદર હસતા મુખવાળા–અને કાળા વાળના ગુચ્છથકી શોભતા મુખકમળવાળા–પ્રદ્યુમ્નને દેખીને; તેનેજ કૃષ્ણ માની; લાજ પામેલી કૃષ્ણની સ્ત્રીઓ, અહીં તહીં છુપાઈ જવા લાગીઓ. ॥૨૭–૨૮॥ પછી ધીરેથી જેનાં કાંઈક વિલક્ષણ પણું (એટલે થોડો થોડો તફાવત) જણાવાથી, તે અત્યંત વિસ્મય પામેલી સ્ત્રીઓ; એ પ્રદ્યુમ્નની તથા તેની રત્ન જેવી સ્ત્રીની પાસે આવીઓ. ॥૨૯॥ ત્યારે શુંદર બોલનારાં અને અણિઆળી કાળી આંખ્યોવાળાં, તથા સ્નેહને લીધે સ્તનમાંથી દૂધ ઝરતાં, રૂકિમણીને: પોતાનો તે સ્થળે નાશ પામેલો પુત્ર સાંભરી આવ્યો. ॥૩૦॥ આ કમળ જેવી આંખ્યોવાળો રત્ન સરખો પુરૂષ કોણ હશે ? કોનો હશે ? કોના પેટમાં ધારણ કરાયો હશે ? અને આ સ્ત્રીને તે કેવી રીતે પામ્યો હશે ? ॥૩૧॥ સુવાવડના ઘરમાંથી ચોરાઈ ગયેલો મારો પુત્ર પણ, જો જીવતો હોય તો: આના જેવડોજ તથા આવોજ રૂપાળો હોય. ॥૩૨॥ અને આને, આ-

મૂર્તિ–અવયવ–ગતિ–મોટો–હસવું–અને જોવું–વિગેરે બાબતોમાં: કૃષ્ણની સાથેનું મળતાપણું, કેવી રીતે પ્રાપ્ત થયું હશે. ॥૩૩॥ મારે મારા ગર્ભમાં જે બાળક ધારણ થયો હતો, તે નક્કી આજ હોવો જોઇએ; કેમકે મને એના ઉપર વધારે ને વધારે પ્રીતિ થતી જાય છે; અને મારો ડાબો હાથ ફરકે છે. ॥૩૪॥ રૂક્મિણી એ રીતે વિચાર કરતાં હતા. તેટલામાંજ દેવકી અને વસુદેવ સહિત દેવકી પુત્ર, ઉત્તમશ્લોક ભગવાન ત્યાં પધાર્યા. ॥૩૫॥ અને પોતે સઘળું જાણ્યા છતાં, જનાર્દન ભગવાન કાંઇ બોલ્યા નહીં; ત્યારે, નારદજીએ આવીને; તેનું શંબરાસુરે હરણ કરવું હતું, વિગેરે સઘળી વાત કહી સંભળાવી. ॥૩૬॥ તે સાંભળીને ઘણું આશ્ચર્ય પામેલી, કૃષ્ણના અન્તઃપુરની સઘળી સ્ત્રીઓએ, ઘણા વરસ સુધી મરી ગયેલાની પેઠે ખોવાઇ જઇને પાછા આવેલા; પ્રદ્યુમ્નનો સત્કાર કર્યો. ॥ ૩૭ ॥ અને વસુદેવ–દેવકી– કૃષ્ણ–રામ–અને રૂક્મિણી સહિત સઘળી સ્ત્રીઓ; વિગેરે સર્વે, એ જોડાને ભેટીને આનંદ પામ્યાં. ॥૩૮॥ તથા પ્રદ્યુમ્નને આવેલા સાંભળીને, દ્વારકાના લોકો બોલવા લાગ્યા કે. " અહો મરી ગયેલાની પેઠે ખોવાઇ જઇને, આ બાળક પાછો આવ્યો; એ ઘણા આનંદની વાત છે." ॥૩૯॥ એ કૃષ્ણના પુત્ર થયેલા, અને પિતા સમાન રૂપાળા કામદેવને; પોતાની આંખો વડે જોતાથી, તેમનેજ કૃષ્ણ માનીને, તેમની માતાઓ પણ ભૂલાવામાં પડીઓ; તો પછી બીજી સ્ત્રીઓ ભૂલી પડે તેમાં તો કાંઇ આશ્ચર્ય કહેવાયજ નહીં ॥૪૦॥ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કં. પ્રદ્યુમ્ન જન્મ નામે પંચાવનમો અ. સંપૂર્ણ. ॥૫૫॥

અધ્યાય ૫૬ મો.–શ્રીશુક–તે પછી કૃષ્ણનો અપરાધ કરનારા સત્રાજીતે પોતેજ ઉદ્યમ કરીને, સ્યમંતક મણિ સહિત પોતાની કન્યા (સત ભામા) કૃષ્ણને દીધી. ॥૧॥–પરિક્ષિત–હે બ્રાહ્મણ, સત્રાજીતે કૃષ્ણનો શો અપરાધ કર્યો હતો. ? સ્યમંતકમણિ તેની પાસે ક્યાંથી આવ્યો ? અને તેણે પોતાની દીકરી હરિ ભગવાનને કેવી રીતે આપી. ॥૨॥ –શ્રીશુક–એ સત્રાજીત યાદવ, સૂર્યનો પરમ ભક્ત અને મિત્ર હતો; તેથી સૂર્ય પ્રસન્ન થઇને તેને, પ્રીતિ વડે મણિ આપ્યો હતો.॥૩॥ હે રાજા, તે મણિ ગળામાં પહેરીને, સૂર્યની

तु ॥३२॥ कथंत्वनेनसंप्राप्तंसारूप्यंशार्ङ्गधन्वनः ॥ आकृत्याऽवयवैर्गत्यास्वरहासावलोकनैः ॥३३॥ सएववामवेन्नूनंयोमेगर्भेधृतोऽर्भकः ॥
अमुष्मिन्प्रीतिरधिकावामःस्फुरतिमेभुजः ॥३४॥ एवंमीमांसमानायांवैदर्भ्यांदेवकीसुतः ॥ देवक्यानकदुंदुभ्यामुत्तमश्लोकआगमत् ॥३५॥
विज्ञातार्थोऽपिभगवांस्तूष्णीमासजनार्दनः॥ नारदोऽकथयत्सर्वंशंबराहरणादिकं॥३६॥ तच्छ्रुत्वामहदाश्चर्यंकृष्णांतःपुरयोषितः ॥ अभ्यनं
दन्बहूनब्दान्नष्टंमृतमिवागतं ॥३७॥ देवकीवसुदेवश्चकृष्णरामौतथास्त्रियः॥ दंपतीतौपरिष्वज्यरुक्मिणीचययुर्मुदं ॥३८॥ नष्टंप्रद्युम्नमा
यातमाकर्ण्यद्वारकौकसः ॥ अहोमृतइवायातोबालोदिष्ट्येतिह्यब्रुवन् ॥३९॥ यंवैमुहुःपितृसरूपनिजेशभावास्तन्मातरोयदभजन्रहरूढभा
वाः॥ चित्रंनतत्खलुरमास्पदबिंबबिंबेकामेस्मरेऽक्षिविषयेकिमुतान्यनार्यः॥४०॥इ०भा०म०द०उ०पंचपंचाशत्तमोध्यायः॥५५॥ श्रीशुक०
सत्राजितःस्वतनयांकृष्णायकृतकिल्बिषः ॥ स्यमंतकेनमणिनास्वयमुद्यम्यदत्तवान् ॥१॥ राजा०सत्राजितःकिमकरोद्ब्रह्मन्कृष्णस्याकि
ल्बिषं ॥ स्यमंतकःकुतस्तस्यकस्माद्दत्तासुताहरेः ॥२॥ श्रीशुक०आसीत्सत्राजितःसूर्योभक्तस्यपरमःसखा ॥ प्रीतस्तस्मैमणिंप्रादात्सूर्यस्तु
ष्टःस्यमंतकं ॥३॥ सतंबिभ्रन्मणिंकंठेभ्राजमानोयथारविः ॥ प्रविष्टोद्वारकांराजंस्तेजसानोपलक्षितः ॥४॥ तंविलोक्यजनादूरात्तेजसामुष्ट
दृष्टयः ॥ दीव्यतेऽक्षैर्भगवतेशशंसुःसूर्यशंकिताः ॥५॥ नारायणनमस्तेस्तुशंखचक्रगदाधर ॥ दामोदरारविंदाक्षगोविंदयदुनंदन ॥६॥ एष
आयातिसविताल्वांदि[दृ]क्षुर्जगत्पते॥ मुष्णन्गभस्तिचक्रेणनृणांचक्षूंषितिग्मगुः ॥७॥ नन्वन्विच्छंतितेमार्गंत्रिलोक्यांविबुधर्षभाः ॥ ज्ञात्वाऽ
द्यगूढंयदुषुद्रष्टुंत्वांयात्यजःप्रभो ॥८॥ श्रीशुक०निशम्यबालवचनंप्रहस्यांबुजलोचनः ॥ प्राहनासौरविर्देवःसत्राजिन्मणिनाज्वलन् ॥९॥
सत्राजित्स्वगृहंश्रीमत्कृतकौतुकमंगलं ॥ प्रविश्यदेवसदनेमणिंविप्रैर्न्यवेशयत्॥१०॥ दिनेदिनेस्वर्णभारानष्टौसस्रुजतिप्रभो ॥ दुर्भिक्षमार्य्य
रिष्टानिसर्पाधिव्याधयोऽशुभाः ॥११॥ नसंतिमायिनस्तत्रयत्रास्तेऽभ्यर्चितोमणिः॥ सयाचितोमणिंक्वापियदुराजायशौरिणा ॥ नैवार्थका
मुकःप्रादाद्याच्ञाभंगमतर्कयत् ॥१२॥ तमेकदामणिंकंठेप्रतिमुच्यमहाप्रभं ॥ प्रसेनोहयमारुह्यमृगयांव्यचरद्वने ॥१३॥ प्रसेनंसहयंहत्वा

પેઠે પ્રકાશતો સત્રાજીત, દ્વારકામાં આવ્યો; ત્યારે, તે તેજ વડે ઓળખાયો નહીં. ॥૪॥ અને લોકો તેને દૂરથી જોતાંજ, તેમની આંખો અંજાઇ જઇને; તેને સૂર્ય સમજેલા તેઓ, પાસા વડે ચોપાટ ખેલતા ભગવાન પાસે દોડી જઇને, બોલ્યા કે. ॥૫॥ " હે નારાયણ–શંખ, ચક્ર, અને ગદાને ધરનારા–દામોદર–કમળ નેત્ર–ગોવિંદ–યદુનંદન–અને જગત્પતિ, આપને અમારા નમસ્કાર છે; આપના માર્ગને ત્રિલોકના મોટા દેવતાઓ બ્રહ્મા આદિક પણ, ખચિતજ શોધતા ફરે છે, અને યાદવોમાં છાના રહેલા આપને જોવા માટે, તેઓ આવે છે; તે રીતેજ હાલમાં આ સૂર્ય પણ, પોતાના તીક્ષ્ણ કિરણોથી, અને તેના તેજથી, મનુષ્યોની આંખોને આંજી નાંખતા; આપનાં દર્શન સારૂ આવતા હશે." ॥૬–૭–૮॥ એ અજ્ઞાનીઓનું બોલવું સાંભળીને, ભગવાન હસ્યા અને બોલ્યા કે. "તે સૂર્યદેવ નથી, પણ મણિ થકી પ્રકાશતો; સત્રાજીત આવે છે." ॥૯॥ તે પછી સત્રાજીતે, પોતાના માંગલિક રીતે શણગારેલા, શોભિતા ઘરમાં પેસીને; બ્રાહ્મણો પાસે દેવ મંદિરની અંદર, તે મણિનું સ્થાપન કરાવ્યું. ॥૧૦॥ હે રાજા, જે સ્થળે એ મણિનું પૂજન થતું હોય છે; ત્યાં દરરોજ આઠ ભાર (સાડા દસમણનો એક ભાર થાય છે, તેથી ચોરાશી મણ) સોનું આપે છે; અને દુકાળ–અકાળ મૃત્યુ–અકલ્યાણ–સાપ–આધિ–વ્યાધિ–અને બીજાં અશુભો તથા માયાવી લોકોની માયા પણ, તે સ્થળે રહી શકતાં નથી. ॥૧૧॥ એકવાર કૃષ્ણે એ મણિની માગણી યાદવોના રાજા ઉગ્રસેનને માટે, કર્યા છતાં; ધનના લાલચુ સત્રાજીતે, પરિણામનો વિચાર નહીં કરતાં; ભગવાનની યાચનાનો ભંગ કરીને, તે મણિ આપ્યો ન હતો. ॥૧૨॥ તે પછી એક દહાડો સત્રાજીતનો ભાઇ પ્રસેન, એ મહા તેજસ્વી મણિ ગળામાં બાંધીને; ઘોડે બેસી, વનમાં શિકારે ગયો. ॥૧૩॥ ત્યાં તેને ઘોડા સહિત મારીને, એક કેશરીસિંહ મણિ લેઇને, પર્વતમાં જતાં;

મણિની ઇચ્છા વાળા, જાંબુવાને; તેને પણ મારી નાંખ્યો. ॥ ૧૪ ॥ અને તેણે મણિને, પોતાની ગુફામાં લેઇ જઇને; છોકરાંને રમવાનું, તેનું રમકડું કરયું; અને અહીંયાં પોતાના ભાઇ પ્રસેનને ન દેખવાથી, સત્રાજીત પરિતાપ પામ્યો. ॥૧૫॥ ને બોલ્યો કે. "ગળામાં મણિ ઘાલીને વનમાં ગયેલા મારા ભાઇને, ઘણું કરીને કૃષ્ણેજ મરાવ્યો હશે;" એ રીતે સાંભળવાથી લોકો, એક કાનેથી બીજા કાને એમ; પરસ્પર એજ વાત કરવા લાગ્યા. ॥૧૬॥ તે સાંભળીને, પોતા ઉપર આવેલો આરોપ મટાડવા સારૂ: ભગવાન કૃષ્ણ, પ્રસેનનો શોધ કરવામાટે: ત્યાંથી દ્વારકાંના લોકો સહિત નીકળી પડયા. ॥૧૭॥ પછી વનની અંદર પ્રસેનને ઘોડા સહિત કેશરીસિંહે મારેલાનું દીઠા કેડે; તે સિંહને પણ, પર્વતના મથાળા ઉપર રીંછે મારી નાંખેલાનું; લોકોએ દીઠું. ॥૧૮॥ તે પછી એ રીંછના રાજાની મોટી ભયંકર, અને ઘણા અંધારા વાળી ગુફામાં; ભગવાન એકલાજ,

સર્વલોકને બહાર રાખીને; પેઠા. ॥૧૯॥ અને ત્યાં તે શ્રેષ્ટ મણિને બાળકનું રમકડું કરેલો જોઇને, તે લેઇ લેવાના ઇરાદાથી; ભગવાન તે ગુફામાંજ બાળકની નજીક ઉભા રહ્યા. ॥૨૦॥ એટલે આગળ કદી નહીં જોયેલા એ પુરુષને દેખીને, બીહીનેલી ધાવ્યે, બુમ પાડી; તે સાંભળીને અતિબળવાન જાંબુવાન ક્રોધ કરીને દોડી આવ્યો. ॥૨૧॥ અને એ પોતાનાજ સ્વામી ભગવાનને, કોઇ પ્રાકૃત પુરુષ માનીને; તેમના પ્રભાવને નહીં જાણતાં, કોપેલો જાંબુવાન; તેમની સાથે લડવા લાગ્યો. ॥૨૨॥ ત્યારે માંસને માટે લડતા બે બાજની પેઠે; એક બીજાને જીતી લેવાની ઇચ્છાથી, વગર વિશ્રાંતિ લેતે; એ બે જણા વચ્ચે થતું, ઘણુંજ ભયંકર દ્વંદ્વ યુદ્ધ; આયુધો–પથરા–ઝાડ–અને વજ્ર પડવા જેવી એક બીજાના હાથની મુઠીઓ વડે, અઠાવિસ દિવસરાત સુધી; થયાં કીધું. ॥૨૩–૨૪॥ તેથી કૃષ્ણની મુઠીઓના પ્રહાર વડે, જાંબુવાનનાં અંગો ભાગીને ભુકો થઇ જવા

मणिमाच्छिन्द्केसरी ॥ गिरिंविशन्जांबवतानिहतोमणिमिच्छता ॥१४॥ सोऽपिचक्रेकुमारस्यमणिंक्रीडनकंबिले॥ अपश्यन्भ्रातरंभ्रातास त्राजित्पर्यतप्यत ॥१५॥ प्रायःकृष्णेननिहतोमणिग्रीवोवनंगतः॥भ्राताममेतितच्छ्रुत्वाकर्णेकर्णेऽजपन्जनाः ॥१६॥ भगवांस्तदुपश्रुत्यदुर्य शोलिप्तमात्मनि ॥ मार्ष्टुंप्रसेनपदवीमन्वपद्यतनागरैः ॥१७॥ हतंप्रसेनमश्वंचवीक्ष्यकेसरिणावने ॥ तंचाद्रिपृष्ठेनिहतमृक्षेणददृशुर्जनाः ॥ ॥१८॥ ऋक्षराजबिलंभीममंधेनतमसावृतं ॥ एकोविवेशभगवानवस्थाप्यबहिःप्रजाः ॥१९॥ तत्रदृष्ट्वामणिश्रेष्ठंबालक्रीडनकंकृतं ॥ हर्तुं कृतमतिस्तस्मिन्नवतस्थेऽर्भकांतिके ॥२०॥ तमपूर्वंनरंदृष्ट्वाधात्रीचुक्रोशभीतवत् ॥ तच्छ्रुत्वाऽभ्यद्रवत्क्रुद्धोजांबवान्बलिनांवरः ॥२१॥ सवैभ गवतातेनयुयुधेस्वामिनात्मनः॥पुरुषंप्राकृतंमत्वाकुपितोनानुभाववित् ॥२२॥ द्वंद्वयुद्धंसुतुमुलमुभयोर्विजिगीषतोः ॥ आयुधाश्मद्रुमैर्दोर्भिः क्रव्यार्थेश्येनयोरिव ॥२३॥ आसीत्तदष्टाविंशाहमितरेतरमुष्टिभिः ॥ वज्रनिष्पेषपरुषैरविश्रममहर्निशं ॥ २४ ॥ कृष्णमुष्टिविनिष्पातनिष्पि ष्टांगोरुबंधनः ॥ क्षीणसत्वःस्विन्नगात्रस्तमाहातीवविस्मितः ॥२५॥ जानेत्वांसर्वभूतानांप्राणओजःसहोबलं ॥ विष्णुंपुराणपुरुषंप्रभविष्णु मधीश्वरं ॥२६॥ त्वंहिविश्वसृजांस्रष्टासृज्यानामपियच्चसत् ॥ कालःकलयतामीशःपरआत्मातथात्मनां ॥२७॥ यस्येषदुत्कलितरोषकटा क्षमोक्षैर्वर्त्मादिशत्क्षुभितनक्रतिमिंगिलोऽब्धिः ॥ सेतुःकृतःस्वयशउज्ज्वलिताचलंकारक्षःशिरांसिभुविपेतुरिषुक्षतानि ॥२८॥ इतिविज्ञात विज्ञानमृक्षराजानमच्युतः ॥ व्याजहारमहाराजभगवान्देवकीसुतः॥२९॥ अभिमृश्यारविंदाक्षःपाणिनाशंकरेणतं ॥ कृपयापरयाभक्तंप्रेम गंभीरयागिरा ॥३०॥ मणिहेतोरिहप्राप्तावयमृक्षपतेबिलं ॥ मिथ्याऽभिशापंप्रमृजन्नात्मनोमणिनाऽमुना॥३१॥ इत्युक्तःस्वांदुहितरंकन्यां जांबवतींमुदा ॥ अर्हणार्थंसमणिनाकृष्णायोपजहारह ॥३२ अदृष्ट्वानिर्गमंशौरेःप्रविष्टस्यबिलंजनाः॥ प्रतीक्ष्यद्वादशाहानिदुःखिताःस्वपु रंययुः ॥३३॥ निशम्यदेवकीदेवीरुक्मिण्यानकदुंदुभिः ॥ सुहृदोज्ञातयोऽशोचन्बिलात्कृष्णमनिर्गतं ॥३४॥ सत्राजितंशपंतस्ते दुःखिता द्वारकौकसः ॥ उपतस्थुर्महामायांदुर्गांकृष्णोपलब्धये ॥३५॥ तेषांतुदेव्युपस्थानात्प्रत्यादिष्टाशिषासच ॥ प्रादुर्बभूवसिद्धार्थःसदारोहर्षय

માંડીને, તે ક્ષીણસત્વ થયો; અને બધે શરીરે તેને પરશેવો વળી ગયો; ત્યારે તે અતિ વિસ્મય પામીને, બોલ્યો કે. ॥૨૫॥ "હે વિશ્નુ ભગવાન, સર્વ પ્રાણી વિગેરેના પ્રાણ અને ઇંદ્રિયોના–મનના–તથા શરીરના–બળરૂપ; આપ પુરાણ પુરૂષ–સર્વને ઉત્પન્ન કરનારા,–અને સર્વને વશમાં રાખનારા–ભગવાનને; મેં ઓળખ્યા. ॥૨૬॥ વિશ્વને સ્રજનારાઓને પણ સ્રજનારા આપજ છો. તથા મહાભૂતો આદિ કારણો, અને તેઓ થકી થનારા પ્રાણી પદાર્થાદિક કાર્યો, રૂપ; સર્વ દૃશ્ય માત્રને વિશે રહેલા સત રૂપ આત્મા પણ, આપજ છો: તેમજ દેહધારી-ઓના ફેરફાર, એટલે આદિ અંત્ય વિગેરે કરનારા: કાળ રૂપ ઇશ્વર, તથા પરમ આત્મા પણ; આપજ છો. ॥૨૭॥ જેના જરાએક ક્રોધ વાળા કટાક્ષ પડવાથી, ક્ષોભ પામેલા; મોટા મગર મચ્છ અને ઝુંડવાળા, સમુદ્રે માર્ગ આપ્યો હતો–કીર્તિ સૂચવનારો સેતુ બંધાયો હતો–લંકા બળી ગઇ હતી–અને બાણોથી કપાઇને, રાક્ષસ (રાવણ)નાં માથાં પૃથ્વી ઉપર પડી ગયાં હતાં, તે (રામચંદ્ર ભગવાન) આપજછો." ॥૨૮॥ ત્યારે હે મ-

હારાજા, એ પ્રમાણે જ્ઞાન પ્રાપ્ત થયેલા રીંછના રાજા, જાંબુવાનને; કમળ નેત્ર દેવકી પુત્ર–અચ્યુત–ભગવાને, પરમ કૃપાથી પોતાનો સુખકર હાથ, એ ભક્તના શરીર ઉપર ફેરવીને: તેને પ્રેમ સહિત ગંભીર વાણી વડે કહ્યુંકે, 'હે રીંછના રાજા, આ મણિને લીધે; અમારા ઉપર આવેલો, ખોટો આરોપ મટાડવા સારૂં; આ મણિ લેવાના હેતુથીજ; અમે આ ગુફાની અંદર આવ્યા છિએ".॥૨૯–૩૦–૩૧॥એ પ્રમાણે કહેવાથી, જાંબુવાને આનંદ સહિત પોતાની કન્યા જાંબુવંતિ; એ મણી સહિત, પૂજન કરીને; તેમને અર્પણ કરી ॥૩૨॥ અહીંયાં ગુફાને મોઢે રહેલા લોકોએ; ભગવાન પાછા બહાર નીકળવાની રાહ, બાર દિવસ સુધી તો જોઇ; અને તે પછી દુખી થયેલા તેઓ; પાછા, પોતાના નગર દ્વારકાંમાં ગયા. ॥૩૩॥ ત્યાં કૃષ્ણને ગુફામાંથી બહાર નહીં નીકળેલાનું સાંભળવાથી, માતા દેવકી–રૂક્મિણી–વસુદેવ–સુહૃદો–અને બીજાં સગાંઓ વિગેરે, શોક કરવા લાગ્યાં. ॥ ૩૪ ॥ તથા દુખી થયેલા દ્વારકાંના લોકો, સત્રાજીતને ગાળો દેવા લાગીને; તેમણે કૃષ્ણની પ્રાપ્તિને અર્થે, મહા માયા દુર્ગાદેવી-

ની ઉપાસના કરવા માંડી. ॥૩૫॥ ત્યારે ઉપાસના કરેલી તે દેવીએ, તેમને આશિર્વાદો આપતાંજ; પોતાનું કાર્ય સિદ્ધ કરેલા હરિ ભગવાન; તેઓ સર્વને હરખ પમાડતા, સ્ત્રી સહિત પ્રકટ થયા. ॥૩૬॥ એટલે મરી જઇને ફરીથી પાછા આવેલા સરખા, તે હૃષીકેશ ભગવાનને, ગળામાં મણિ પેહેરેલી સ્ત્રી સહિત આવેલા દેખવાથી; સર્વ લોકને મોટો આનંદ થયો. ॥૩૭॥ પછી રાજાની આગળ સભામાં, સત્રાજીતને બોલાવીને; મણિ મળ્યાની સઘળી વાત કહી દેખાડ્યા પછી, ભગવાને મણિ તેને આપ્યો. ॥૩૮॥ ત્યારે અતિ લજ્જા પામેલો સત્રાજીત, મણિ લઇને નીચું મોહું કરી, પોતાનાજ પાપથી થયો પરિતાપ પામતો; પોતાને ઘેર ચાલ્યો ગયો. ॥૩૯॥ અને ભગવાન સાથે વિરોધ થવાથી, વ્યાકુળ થયેલો તે; પોતાના અપરાધને યાદ કરીને, વિચાર કરવા લાગ્યો કે; " હવે હું મારા એ દોષને, કેવી રીતે મટાડું ? અચ્યુત ભગવાન શું કરવાથી પ્રસન્ન થાય ? અને મારૂં પોતાનું ભલું કેમ કરવાથી થાય ? તથા હું ટુંકી નજરવાળો—નીચ—મૂઢ—તથા દ્રવ્યના લોભીને, શું કરવા થકી લોકો ગાળો દેતા બંધ પડે. ? ॥૪૦-૪૧॥ તેથી સ્ત્રીઓમાં રત્ન સરખી મારી દીકરી (સતભામા) ને, હું આ મણિ સહિત તેમને અર્પણ કરૂં; આ ઉપાય સઘળી રીતે ઠીક છે, અને એ વિના બીજી રીતે એ સઘળી બાબતની શાંતિ થનાર નથીજ. ॥ ૪૨ ॥ એ રીતે સત્રાજીતે પોતાની બુદ્ધિનો નિશ્ચય કરીને; પોતેજ ઉદ્યમ કરીને, તેની ઉત્તમ કન્યા, મણિ સહિત કૃષ્ણને આપી. ॥૪૩॥ એટલે એ શીલ-રૂપ-ગુણ-અને ઉદારતા વાળી, તથા ઘણા જણાએ માગણી કરેલી; કન્યા સતભામાને, ભગવાન વિધિ પ્રમાણે પરણ્યા. ॥૪૪॥ હે પરીક્ષિત રાજા, પછી ભગવાને સત્રાજીતને કહ્યું કે, " અમે મણિની ઇચ્છા કરતા નથી, તમે સૂર્ય દેવના ભક્ત છો; માટે આ મણિ તમેજ રાખો; અને તેનાથી થતા ફળનાજ ભોગદાર અમે તો થઇશું. (અર્થાત તમારે દીકરો ન હોવાથી, પાછળ વારસ થનારા અમેજ છૈએ.) ॥ ૪૫ ॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કંધનો સ્યમંતક સહિત જાંબુવતિની પ્રાપ્તિ નામે છપનમો અધ્યાય સંપૂર્ણ. ॥૫૬॥

न्हरिः ॥३६॥ उपलभ्यहृषीकेशंमृत्वापुनरिवागतं ॥ सहपत्न्यामणिग्रीवंसर्वेजातमहोत्सवाः ॥३७॥ सत्राजितंसमाहूयसभायांराजसन्नि
धौ ॥ प्राप्तिंचाख्यायभगवान्मणिंतस्मैन्यवेदयत् ॥३८॥ सचातिव्रीडितोरत्नंगृहीत्वावाङ्मुखस्ततः ॥ अनुतप्यमानोभवनमगमत्स्वेनपा
प्मना ॥३९॥ सोऽनुध्यायंस्तदेवाघंबलवद्विग्रहाकुलः ॥ कथंमृजाम्यात्मरजः प्रसीदेद्वाऽच्युतःकथं ॥४०॥ किंकृत्वासाधुमह्यंस्यान्नशपेद्वाज
नोयथा ॥ अदीर्घदर्शनंक्षुद्रंमूढंद्रविणलोलुपं ॥४१॥ दास्येदुहितरंतस्मैस्त्रीरत्नंरत्नमेवच ॥ उपायोऽयंसमीचीनस्तस्यशांतिर्नचान्यथा ॥
॥४२॥ एवंव्यवसितोबुद्ध्यासत्राजित्स्वसुतांशुभां ॥ मणिंचस्वयमुद्यम्यकृष्णायोपजहारह ॥४३॥ तांसत्यभामांभगवानुपयेमेयथाविधि ॥
बहुभिर्याचितांशीलरूपौदार्यगुणान्वितां ॥४४॥ भगवानाहनमणिंप्रतीच्छामोवयंनृप ॥ तवास्तांदेवभक्तस्यवयंचफलभागिनः ॥ ४५ ॥
इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउ०षट्पंचाशत्तमोध्यायः ॥५६॥

श्रीशुक०विज्ञातार्थोऽपिगोविंदोदग्धानाकर्ण्यपांडवान् ॥ कुंतींचकुल्यकरणेसहरामोययौकुरून् ॥१॥ भीष्मंकृपंसविदुरंगांधारींद्रोणमेवच
॥ तुल्यदुःखौचसंगम्यहाकष्टमितिहोचतुः ॥२॥ लब्ध्वैतदंतरंराजन्शतधन्वानमूचतुः ॥ अक्रूरकृतवर्माणौमणिःकस्मान्नगृह्यते ॥३॥ योऽस्म
भ्यंसंप्रतिश्रुत्यकन्यारत्नंविगर्ह्यनः ॥ कृष्णायादान्नसत्राजित्कस्माद्भ्रातरमन्वियात् ॥४॥ एवंभिन्नमतिस्ताभ्यांसत्राजितमसत्तमः ॥ शयान
मवधील्लोभात्सपापःक्षीणजीवितः ॥५॥ स्त्रीणांविक्रोशमानानांक्रंदंतीनामनाथवत् ॥ हत्वापशून्सौनिकवन्मणिमादायजग्मिवान् ॥६॥ स
त्यभामाचपितरंहतंवीक्ष्यशुचार्पिता ॥ व्यलपत्ताततातेतिहाहतास्मीतिमुह्यति ॥७॥ तैलद्रोण्यांमृतंप्रास्यजगामगजसाह्वयं ॥ कृष्णायविदि
तार्थायतप्ताचख्यौपितुर्वधं ॥८॥ तदाकर्ण्येश्वरौराजन्ननुसृत्यनृलोकतां ॥ अहोनःपरमंकष्टमित्यस्त्राक्षौविलेपतुः ॥९॥ आगत्यभगवांस्तस्मा
त्सभार्यःसाग्रजःपुरं ॥ शतधन्वानमारेभेहंतुंहर्तुंमणिंततः ॥१०॥ सोपिकृष्णोद्यमंज्ञात्वाभीतःप्राणपरीप्सया ॥ साहाय्येकृतवर्माणमयाचत
सचाब्रवीत् ॥११॥ नाहमीश्वरयोःकुर्यांहेलनंरामकृष्णयोः ॥ कोनुक्षेमायकल्पेततयोर्वृजिनमाचरन् ॥ १२ ॥ कंसःसहानुगोपीतोयद्द्वेषा

અધ્યાય ૫૭ મો—શ્રીશુક—પછી કુંતાજી સહિત પાંડવોને બળી મરેલાનું સાંભળીને, સઘળી વાતને જાણનારા ગોવિંદ ભગવાન; કૌરવોના શેહેર હસ્તિનાપુરમાં, કાણ કરવાને સારૂં; રામ સહિત, લોકીકે ગયા. ॥૧॥ અને ભીષ્મ-કૃપ-વિદુર-ગાંધારી તથા દ્રોણ વિગેરે સર્વેને મળીને; તેમના જેવાજ દુઃખી થઇને "અરે શું થયું;" એમ તેમણે કહ્યું. ॥૨॥ હે રાજા આ રીતનો તાકડો મળવાથી, અક્રૂર અને કૃતવર્માએ, શતધન્વાને સમજાવ્યું કે; " તું સત્રાજીત પાસેથી મણિ કેમ લેઇ લેતો નથી. ॥૩॥ જેણે આપણને આપવાને કહેલી રત્ન જેવી કન્યા કૃષ્ણને આપી દેઇને, આપણું અપમાન કર્યું છે; તે તેના ભાઇ પ્રસેનની પાછળ શામાટે જતો નથીએ." ॥૪॥ આ રીતે તેમના થકી બુદ્ધિ બગડેલા, અને ક્ષીણ જીવિત થયેલા; પાપી અને દુષ્ટ શતધન્વાએ, લોભવડે સત્રાજીતને સૂતેલોજ મારી નાંખ્યો. ॥૫॥ અને રોતી તથા અનાથની પેઠે બુમો પાડતી સ્ત્રીઓના દેખતાં; કસાઇ પશુને મારે તેમ શતધન્વા, સત્રાજીતને મારીને મણિ લેઇ ગયો. ॥૬॥ ત્યારે બાપને મુવેલો દેખી શોક પામેલાં સતભામા; હે તાત, હું મૂઇ, એમ કહીને; મોહ પામી વિલાપ કરવા લાગ્યાં. ॥૭॥ પછી તે મુડદુ તેલની કોઠીમાં રખા મૂકીને, પોતે હસ્તિનાપુર ગયાં; અને સર્વે જાણનારા કૃષ્ણની આગળ, તેમણે પરિતાપ કરીને; પોતાના પિતાનો વધ થવા સંબંધીની, સર્વ વાત જણાવી. ॥૮॥ હે રાજા, તે સાંભળી રામ અને કૃષ્ણ બંને, મનુષ્ય લોકની રીતિને અનુસરનારા ઇશ્વરોએ; પોતાની આંખ્યોમાં આંસુ લાવી, "અરે આપણને મોટું કષ્ટ પ્રાપ્ત થયું" એમ બોલીને વિલાપ કરવા. ॥૯॥ તે પછી ભાર્યા તથા મોટાભાઇ સહિત ભગવાને દ્વારકામાં પાછા આવીને; ત્યાં શતધન્વાને મારી મણિ લેઇ લેવાનો ઉદ્યમ કર્યો. ॥૧૦॥ ત્યારે કૃષ્ણના એ ઉદ્યમથી બીહીનીને; શતધન્વાએ, પોતાનો પ્રાણ બચાવવા માટે; કૃતવર્માને સહાય થવાનું કહ્યું. તેથી તેણે જવાબ

આપ્યો કે; "સમર્થ રામ અને કૃષ્ણનો અપરાધ હું નહીં કરૂં; તેમને દુઃખ થવા સરખું આચરણ કરવા પછી, કોઇ સુખી થઇ શકેજ નહીં. ॥૧૧-૧૨॥ એમનોજ દ્વેષ કરવાથી કંસ, રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરીને, પરિવારે સહિત નાશ પામેલો છે; અને યુદ્ધમાં જરાસંધ પણ સત્તરવાર હારીને વિરથ થઇ પાછો ગયો છે."॥૧૩॥ એમ બોલીને તેણે ના પાડી; ત્યારે પોતાનો પક્ષ લેવાને, શતધન્વાએ અક્રૂરની યાચના કરી; તો તેણે પણ કહ્યું કે, "એ બન્ને ઇશ્વરોના બળને જાણનારો કોણ પુરુષ તેમની વિરુદ્ધ થાય ! ॥૧૪॥ જે લીલાથી આ વિશ્વને સર્જે છે—પાળે છે—અને નાશ પણ કરે છે. તથા જેના કરવા ધારેલાને, માયાથકી મોહ પામેલા બ્રહ્માદિકપણ જાણી શકતા નથી; અને જેણે સાત વરસની વયમાં, એક હાથે પર્વતને ઉખેડીને; બિલાડીના ટોપને બાળક ધરી રાખે તેમ, છોકરાંની રમતની પેઠેજ ધરી રાખ્યો હતો; તે અદ્ભુત કર્મ કરનારા—અનંત—સર્વભૂતના આદિ—કૂટસ્થ—અને આત્મા, કૃષ્ણ ભગવાનને વારંવાર મારા નમસ્કાર છે." ॥૧૫-૧૬-૧૭॥ એમ બોલીને અક્રૂરેપણ ના પાડી; તેથી પોતાનો ઉત્તમ મણિ, અક્રૂરની પાસે રાખીને; સો યોજન ચાલનારા ઘોડા ઉપર બેસીને, શતધન્વા ત્યાંથી નાઠો. ॥૧૮॥ ત્યારે હે રાજા, રામ અને કૃષ્ણ પણ ઘણા વેગવાળા ઘોડા જોડેલા, ગરૂડની ધજાવાળા રથ ઉપર બેસીને; તેમના ગુરુની (સત્રાજીત સસરા) ને મારનારાની પાછળજ દોડી ગયા. ॥૧૯॥ પછી શતધન્વા પોતાના પડી જતા ઘોડાને, મિથિલા નગરીની નજીકની એક વાડીમાં મૂકી દેઇને; ત્રાસથકી પગવડેજ દોડવા લાગ્યો. એટલે કૃષ્ણ પણ ક્રોધ કરીને તેની પાછળ પાળા થઇનેજ (એટલે પગ વડેજ) દોડવા લાગ્યા. ॥ ૨૦ ॥ અને એ પગે ચાલતા ભગવાને, પગે ચાલનાર શતધન્વાનું માથું, તીક્ષ્ણ ધારવાળા ચક્રથી કાપી નાંખ્યું; ને તેનાં લુગડાંમાં મણિની શોધ કરી. ॥ ૨૧ ॥ પણ તેમાં મણિ જડયો નહીં. ત્યારે મોટા ભાઇ પાસે આવીને કૃષ્ણે કહ્યું કે, "આપણે શતધન્વાને વૃથા માર્યો. મણિ તેની પાસે નથી." ॥ ૨૨ ॥ ત્યારે બળરામ બોલ્યા કે, એ મણી શતધન્વાએ કોઇકની પાસે

स्याजितःश्रिया॥ जरासंधःसप्तदशसंयुगान्विरथोगतः ॥१३॥ प्रत्याख्यातःसचाक्रूरंपार्ष्णिग्राहमयाचत॥ सोप्याहकोविरुध्येतविद्वानीश्वरयोर्बलं॥१४॥ यइदंलीलयाविश्वंसृजत्यवतिहंतिच॥ चेष्टांविश्वसृजोयस्यनविदुर्मोहिताजया॥१५॥ यःसप्तहायनःशैलमुत्पाट्यैकेनपाणिना॥ दधारलीलयाबालउच्छिलींध्रमिवार्भकः॥१६॥ नमस्तस्मैभगवते कृष्णायाद्भुतकर्मणे॥ अनंतायादिभूतायकूटस्थायात्मनेनमः॥१७॥ प्रत्याख्यातःसतेनापिशतधन्वामहामणिं॥ तस्मिन्न्यस्याश्वमारुह्यशतयोजनगंययौ॥१८॥ गरुडध्वजमारुह्यरथं रामजनार्दनौ॥ अन्वयातांमहावेगैरश्वैराजन्गुरुद्रुहं॥१९॥ मिथिलायामुपवनेविसृज्यपतितंहयं॥ पद्भ्यामधावत्संत्रस्तःकृष्णोऽप्यन्वद्रवद्रुषा ॥२०॥ पदातेर्भगवांस्तस्यपदातिस्तिग्मनेमिना॥ चक्रेणशिरउत्कृत्यवाससोर्व्यचिनोन्मणिं॥२१॥ अलब्धमणिरागत्यकृष्णआहाग्रजांतिकं ॥ वृथाहतःशतधनुर्मणिस्तत्रनविद्यते॥२२॥ ततआहबलोनूनंसमणिःशतधन्वना॥कस्मिंश्चित्पुरुषेन्यस्तस्तमन्वेषपुरंव्रज॥२३॥ अहंविदेहमिच्छामिद्रष्टुंप्रियतमंमम॥ इत्युक्त्वामिथिलांराजन्विवेशयदुनंदनः॥२४॥ तंदृष्ट्वासहसोत्थायमैथिलःप्रीतमानसः॥ अर्हयामासविधिवदर्हणीयंसमर्हणैः॥उवासतस्यांकतिचिन्मिथिलायांसमाविभुः॥२५॥ ततोऽशिक्षद्गदांकालेधार्त्तराष्ट्रःसुयोधनः॥ मानितःप्रीतियुक्तेनजनकेनमहात्मना॥२६॥ केशवोद्वारकामेत्यनिधनंशतधन्वनः॥ अप्राप्तिंचमणेःप्राहप्रियायाःप्रियकृद्विभुः॥२७॥ ततःसकारयामासक्रियाबंधोर्हतस्यवै॥ साकंसुहृद्भिर्भगवान्यायाःस्युःसांपरायिकाः॥२८॥ अक्रूरःकृतवर्माचश्रुत्वाशतधनोर्वधं॥ व्यूषतुर्भयवित्रस्तौद्वारकायाःप्रयोजकौ॥२९॥ अक्रूरेप्रोषितेऽरिष्टान्यासन्वैद्वारकौकसां॥ शारीरामानसास्तापामुहुर्दैविकभौतिकाः॥३०॥ इत्यंगोपदिशंत्येकेविस्मृत्यप्रागुदाहृतं॥ मुनिवासनिवासेकिंघटेतारिष्टदर्शनं॥३१॥ देवेऽवर्षतिकाशीशःश्वफल्कायागतायवै॥ स्वसुतांगांदिनींप्रादात्ततोऽवर्षत्स्मकाशिषु ॥३२॥ तत्सुतस्तत्प्रभावोऽसावक्रूरोयत्रयत्रह ॥ देवोऽभिवर्षतेतत्रनोपतापानमारिकाः ॥३३॥ इतिवृद्धवचःश्रुत्वानैतावदिहकारणं ॥ इतिमत्वासमानाय्यप्राहाक्रूरं

નક્કી રાખેલો હશે; દ્વારકાં પાછા જઇને, તેનો તપાસ કરજો. ॥૨૩॥ અને મારા અત્યંત પ્રિય વિદેહ રાજાને મળવાને માટે, હું તો અહીંયાંથીજ જાઉંછું;" એમ કહીને બળરામે તે રાજાની મિથિલા નગરીમાં પ્રવેશ કર્યો. (અર્થાત સતભામાને આપવા સારૂં ભગવાને મણિ રાખી લીધેલાનો બળરામને શક આવ્યો.) ॥૨૪॥ પછી તેમને આવેલા દેખવાથી રાજી થયેલા વિદેહ રાજાએ ઉઠીને, તે પૂજન કરવાને યોગ્યની, ઉતાવળથી વિધિ સહિત પૂજનના પદાર્થો વડે પૂજા કરી; અને કેટલોક વખત બળરામ એ મિથિલા નગરીમાંજ રહ્યા. ॥૨૫॥ તે વેળા પ્રીતિ વાળા મહાત્મા જનકે, માન આપીને ત્યાં રાખેલો; ધૃતરાષ્ટ્રનો દીકરો સુયોધન (દુર્યોધન), વખત મળી જવાને લીધે; તેમની પાસેથી ગદા યુદ્ધ શીખ્યો. ॥૨૬॥ અહીંયાં પ્રિયાનું પ્રિય કરનારા કેશવ ભગવાને, દ્વારકાંમાં પાછા જઇ; શતધન્વાને મારયાની અને તેની પાસે મણિ ન મળવાની વાત, પોતાની પ્રિયા સતભામાને જણાવી. (ત્યાં સતભામાને પણ, બળરામ પાછા ન આવવાથી વેહેમ પડયો કે; ભગવાન બળરામને મણિ આપીનેજ આવ્યા હશે) ॥૨૭॥ તે પછી એ મરી ગયેલા સુહૃદની પરલોકના સંબંધી કરવાની સઘળી ક્રિયાઓ, ભગવાને સુહૃદોને સાથે રાખીને કરાવી. ॥ ૨૮ ॥ અને શતધન્વા પાસે એ કામ કરાવનારા, અક્રૂર તથા કૃતવર્મા પણ, શતધન્વાને મારેલાનું સાંભળવાથી, ત્રાસના માર્યા દ્વારકાં છોડીને બહાર નાસી ગયા. ॥૨૯॥ હે રાજા, જેમને વિષે સર્વ મુનિશ્વરોનો નિવાસ છે, એવા કૃષ્ણ ભગવાન જ્યાં હોય; ત્યાં અરિષ્ટનું દર્શનજ થાય નહીં, એમ ઘણીવાર કહેવાવલાનું વિસ્મરણ કરીને; કેટલાએક કહે છે કે, "એ, રીતે અક્રૂર દ્વારકાંમાંથી બહાર ગયા પછી, દ્વારકાંના લોકને શરીર અને મનના, તથા દૈવિક અને ભૌતિક પરિતાપો થવા રૂપ; અરિષ્ટો વારંવાર પ્રાપ્ત થવા લાગ્યાં હતાં. ॥૩૦-૩૧॥ અને આગળ પણ કાશીનેવિષે જ્યારે વરસાદ ન વરસ્યો, ત્યારે ત્યાં આવેલા શ્વફલ્ક (અક્રૂરના બાપ)ને, કાશી રાજાએ પોતાની દીકરી ગાંદિની પરણાવવાથીજ; કાશીમાં વરસાદ વરસ્યો હતો. ॥૩૨॥ માટે તેનો દીકરો અક્રૂર પણ એવાજ પ્રભાવ વાળો હોવાથી, તે જ્યાં હોય, ત્યાં વરસાદ વરસે; અને અનેક પ્રકારના પરિતાપ તથા મરકી વિગેરે પણ, થાય નહીંજ" ॥૩૩॥ એવું તે વિદ્વાનોના કહેવા પ્રમાણેનું, વૃદ્ધાનું બોલવું સાંભળીને; તથા બીજા કારણ માટે પણ; (એટલે સતભામાનો, અને

...ટા ભાઇ બળરામના મનનો, વહેમ મટાડવા માટે;) એ અક્રૂરને જનાર્દન ભગવાને તેડાવી લીધા. ॥૩૪॥ અને પછી તેમને પ્રિય વાતો કહીને. તથા બોલવા વડે પ્રસન્ન કરીને; સર્વના અંતરની વાત જાણનારા ભગવાન, હસીને બોલ્યા કે, ॥૩૫॥ " હે દાનપતિ, શ્રીમાન સ્યમંતક મણિ શતધન્વાએ નક્કી તમારી પાસે રાખેલાનું અમે પ્રથમથીજ જાણીએ છીએ. ॥૩૬॥ સત્રાજીત અપુત્ર મરી જવાથી, દાયભાગના અધિકારી તેની દીકરીના દીકરાઓજ; તેને જળદાન અને પિંડદાન આપવા વડે, રણ મુક્ત કરીને; તેનું શેષ રહેલું ધન લેવાને યોગ્ય છે. ॥ ૩૭ ॥ તોપણ એ મણિ બીજાથી રખાય તેવો ન હોવાથી; સારાં વ્રત પાળનારા તમેજ, તેને રાખી મૂકવાને યોગ્ય હતા; અને એ મણિની બાબતમાં મોટાભાઇ બળરામને પણ મારા વિશે સંપૂર્ણ ખાતરી થતી નથી; માટે હે મહાભાગ, જેથી તમારા સોનાની વેદી વાળા યજ્ઞો હાલ સુધી અવિચ્છિન્ન પણે ચાલ્યા કરે છે; તે મણિ તમે હવે દેખાડો, અને બંધુઓની વચેનો કુસંપ મટાડો."॥૩૮–૩૯॥ એ રીતનાં શામ (ઉપાય)નાં વચનોથી પકડાઇ ગયેલા, શ્વફલ્ક પુત્ર અક્રૂરે; સૂર્ય જેવા તેજસ્વી એ મણિને લૂગડામાં ઢાંકીને, લઇ આવી ભગવાનને આપી દીધો. ॥૪૦॥ પછી ભગવાને, તે સ્યમંતક મણિ સર્વ સગાં સંબંધીઓને દેખાડીને; મણિ રાખી મૂકવાનું કહી, પાછો અક્રૂરનેજ સ્વાધીન કર્યો. ॥૪૧॥ આ ઇશ્વર વિષ્ણુ ભગવાનનાં પરાક્રમોથી ભરેલા–મનુષ્યોનાં દુઃખોને હરનારા–તથા સારી રીતે મંગળને ઉત્પન્ન કરનારા–આખ્યાનનો; જે કોઇ પાઠ કરે, સાંભળે અથવા સ્મરણ કરે; તે પોતાનાં પાપ તથા અપકીર્તિને ધોઇ નાંખીને, શાંતિને પામે. ॥૪૨॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કંધનો સત્તાવનમો અધ્યાય સંપૂર્ણ. ॥૫૭॥

અધ્યાય. ૫૮ મો.–શ્રીશુક–એ પછી ફરીથી છતા થયેલા પાંડવોને જોવા સારૂ, સાત્યકી આદિકથકી વિંટાયેલા પુરૂષોત્તમ ભગવાન શ્રીમાન ઇંદ્રપ્રસ્થમાં ગયા. ॥૧॥ ત્યારે સર્વના ઇશ્વર એ મુકુંદ ભગવાનને આવતા દેખીને, પ્રાણ આવવાથી ઇંદ્રિઓ ઉઠવાની પેઠેજ; એ વીરપાંડવો સઘળા એકી વખતેજ ઉભા થયા. ॥૨॥

जनार्दनः॥३४॥ पूजयित्वाऽभिभाष्यैनंकथयित्वाप्रियाःकथाः॥ विज्ञाताखिलचित्तज्ञःस्मयमानउवाचह ॥३५॥ ननुदानपतेन्यस्तस्त्वय्या
स्तेशतधन्वना॥ स्यमंतकोमणिःश्रीमान्विदितःपूर्वमेवनः ॥३६॥ सत्राजितोऽनपत्यत्वाद्गृण्हीयुर्दुहितुःसुताः ॥ दायंनिनीयापःपिंडान्विमु
च्यर्णंचशेषितं॥३७॥ तथापिदुर्धरस्त्वन्यैस्त्वय्यास्तांसुव्रतेमणिः ॥ किंतुमामग्रजःसम्यङ्नप्रत्येतिमणिंप्रति॥३८॥ दर्शयस्वमहाभागबं
धूनांशांतिमावह॥ अव्युच्छिन्नामखास्तेऽद्य वर्ततेरुक्मवेदयः॥३९॥ एवंसामभिरालब्धःश्वफल्कतनयोमणिं ॥ आदायवाससाछन्नंददौसूर्य
समप्रभं ॥४०॥ स्यमंतकंदर्शयित्वाज्ञातिभ्योरजआत्मनः॥ विमृज्यमणिनाभूयस्तस्मैप्रत्यर्पयत्प्रभुः॥४१॥ यस्त्वेतद्भगवतईश्वरस्यविष्णो
र्वीर्याढ्यंवृजिनहरंसुमंगलंच॥ आख्यानंपठतिशृणोत्यनुस्मरेद्वादुष्कीर्तिंदुरितमपोह्ययातिशांतिं ॥४२॥ इ०भा०म०द०उ०स्यमंतकोपा
ख्यानेसप्तपंचाशत्तमोऽध्यायः ॥५७॥ श्रीशुक० एकदापांडवान्द्रष्टुंप्रतीतान्पुरुषोत्तमः ॥ इंद्रप्रस्थंगतःश्रीमान्युयुधानादिभिर्वृतः ॥१॥ दृ
ष्ट्वातमागतंपार्थामुकुंदमखिलेश्वरं ॥ उत्तस्थुर्युगपद्वीराःप्राणामुख्यमिवागतं ॥२॥ परिष्वज्याच्युतंवीराअंगसंगहतैनसः॥ सानुरागस्मितं
वक्त्रंवीक्ष्यतस्यमुदंययुः॥३॥ युधिष्ठिरस्यभीमस्यकृत्वापादाभिवंदनं॥ फाल्गुनंपरिरभ्याथयमाभ्यांचाभिवंदितः ॥४॥ परमासनआसीनंकृ
ष्णाकृष्णमनिंदिता ॥ नवोढाव्रीडिताकिंचिच्छनैरेत्याभ्यवंदत ॥५॥ तथैवसात्यकिःपार्थैःपूजितश्चाभिवंदितः॥ निषसादासनेऽन्येचपूजिताः
पर्युपासिताः ॥ ६ ॥ पृथांसमागत्यकृताभिवादनस्तयातिहार्दार्द्रदृशाऽभिरंभितः ॥ आपृष्टवांस्तांकुशलंसहस्नुषांपितृष्वसारंपरिपृष्टबांधवः
॥७॥ तमाहप्रेमवैक्लव्यरुद्धकंठाश्रुलोचना ॥ स्मरंतीतान्बहून्क्लेशान्क्लेशापायात्मदर्शनं॥८॥ तदैवकुशलंनोभूत्सनाथास्तेकृतावयं॥ ज्ञातीन्नः
स्मरताकृष्णभ्रातामेप्रेषितस्त्वया ॥९॥ नतेऽस्तिस्वपरभ्रांतिर्विश्वस्यसुहृदात्मनः॥तथाऽपिस्मरतांशश्वत्क्लेशान्हंसिहृदिस्थितः ॥१०॥ युधि०
किंनआचरितंश्रेयोनवेदाहमधीश्वर ॥ योगेश्वराणांदुर्दर्शोयन्नोदृष्टःकुमेधसां॥११॥ इतिवैवार्षिकान्मासान्राज्ञासोऽभ्यर्थितःसुखं॥ जनय
न्नानंदांमद्रष्टृणांविभुः॥१२॥ एकदारथमारुह्यविजयोवानरध्वजं॥ गांडीवंधनुरादायतूणौचाक्षयसायकौ॥१३॥ साकंकृष्णेनसन्न

અને તેઓ અચ્યુત ભગવાનને ભેટયા: એટલે ભગવાનના અંગનો સ્પર્શ થવાથી પાપ નાશ પામેલા, એ વીર પુરૂષો; ભગવાનનું પ્રેમ સહિત હસતું મુખ જોઇને, ઘણા આનંદ પામ્યા. ॥૩॥ અને યુધિષ્ટિર તથા ભીમને પગે લાગીને–અર્જુનને ભેટીને–તથા નકુલ સહદેવના નમસ્કારને સ્વીકારીને કૃષ્ણ ભગવાન, ઉત્તમ આસન ઉપર બેઠા; અને નવાં પરણી આવેલાં પતિવ્રતા દ્રોપતિએ, જરાક લજાતાં ધીમે ધીમે પાસે આવીને; તેમને અભિવંદન કર્યું. ॥૪–૫॥ તથા એ રીતેજ પાંડવોથી નમસ્કાર અને પૂજન આદિ કરાયલો સાત્યકી, આસન ઉપર બેઠો; તેમજ બીજાઓ પણ પૂજન અને સત્કાર પામીને, આસનો ઉપર બેસી ગયા. ॥૬॥ પછી ભગવાન કુંતાજીની પાસે જઇને, પગે લાગવાથી; સ્નેહને લીધે આંખ્યોમાં આંસુ આવેલાં હોઇ, તેમને છાતી સરસા ચાંપીને; મળ્યાં. અને સગાંઓના કુશળ સમાચાર પૂછવાથી, ભગવાને પણ દ્રુપતિ સહિત તેમનું કુશળ પૂછયું. ॥૭॥ ત્યાર કેડે પ્રેમની વિકળતાથી, આંસુવાળી આંખે ગળું રોકાઇ ગયેલાં કુંતાજીએ; પોતાને થયેલ ઘણા ઘણા ક્લેશોને સંભારી, ભગવાનને કહ્યું કે: "ક્લેશોને નાશ કરનાર તો આપનું દર્શનજ છે. ॥૮॥ હે કૃષ્ણ, અમો સગાંને સંભારીને તમે જ્યારે, મારાભાઇ અક્રૂરને અમારી પાસે મોકલ્યા હતા; ત્યારથીજ અમે સનાથ એટલે ધણિઆતાં, થયાં છૈએ; અને અમારૂં કુશળ પણ થયેલુંજ છે. ॥૯॥ આ પોતાનું અને આ પારકું એવી ભ્રાંતિ; આપ વિશ્વના સુહ્રદ અને આત્મા હોવાથી; આપના વિશે છેજ નહી: છતાં કલ્પવૃક્ષની પેઠે,સર્વકાળ આપનું સ્મરણ કરનારાંઓના ક્લેશોને;આપ તેમના હ્રદયવિશે સ્થાપન થઇને મટાડોજ છો."॥૧૦॥યુધિષ્ઠિરે કહ્યું:"હે અધિશ્વર, યોગેશ્વરોના જોવામાં પણ જે આવતા નથી, તે આપનું દર્શન, હું દુષ્ટ બુદ્ધિવાળાને; મેં આચરેલા કયા શુભ કામને લીધે, થયું હશે; તે મારા જાણવામાં નથી." ॥૧૧॥એ રીતે તેમની આંખ્યોના આનંદ રૂપ ભગવાને; યુધિષ્ઠિર

રાજાની પ્રાર્થના થકી, ચોમાસાના ચાર માસ, ત્યાં ઇંદ્ર પ્રસ્થમાંજ રહીને; લોકોને સુખ આપ્યું. ॥૧૨॥ એક વખતે શત્રુઓને મારનારા અર્જુને; શ્રી કૃષ્ણ સહિત, બખ્તર પેહેરી-અક્ષય બાણુવાળો ભાથો, અને ગાંડિવ ધનુષ્ય લેઇને-વાનરની ધજાવાળા રથ ઉપર બેસી-વિહાર કરવાને માટે; એક ઘણા સાપ તથા મૃગોથી ભરેલા, ઘોર વનમાં પ્રવેશ કર્યો. ॥૧૩-૧૪॥ અને ત્યાં બાણો વડે વાઘ-સૂવર-પાડા-રૂરૂ-શરભ-રોઝ-ગેંડા-હરણ-સસલાં-અને શેળા વિગેરેને વિંધી નાંખ્યાં. ॥૧૫॥ પછી બપોર થતાં તે પવિત્ર પશુઓને, ચાકર લોક, રાજાની પાસે લેઇ ગયા; અને થાકી જઇ તરસ્યા થયેલા અર્જુન, યમુનાજીના તટ ઉપર ગયા. ॥૧૬॥ પછી એ બેઉ કૃષ્ણ નામના મહારથીઓએ, (અર્જુન અને વાસુદેવે,) તે નદીના સ્વચ્છ જળનો સ્પર્શ કરીને, જળ પીધું; અને સુંદર દેખાવવાળી એક કન્યાને ત્યાં ફરતી જોઇ. ॥૧૭॥ ત્યારે મિત્રના મોકલવાથી ફાલ્ગુને જઇને, તે આનંદી મુખડા વાળી-ઉત્તમ નિતંબ વાળી-અને સારા દાંત વાળી-ઉત્તમ સ્ત્રીને: પુછ્યું કે. ॥૧૮॥ હે સુશ્રોણિ તું કોણ છે-કોની છે-ક્યાંથી આવી છે-અને શું કરવાને ઇચ્છે છે: હું ધારૂં છું કે તું પતિને ઇચ્છે છે: માટે હે સુંદરી, તું એ સર્વ કહી દે. "॥૧૯॥ ત્યારે કાલિંદીએ કહ્યું કે:" હું સૂર્ય દેવની દીકરી છું: અને વરદાન દેનારાઓમાં શ્રેષ્ઠ, વિશ્નુને માટે મોટું તપ કરૂં છું. ॥૨૦॥ હે વીર પુરૂષ, લક્ષ્મીના નિવાસ સ્થાન એ વિશ્નુ વિના, હું બીજા પતિને વરવાની નથી; માટે દીન લોકના નાથ મુકુંદ ભગવાન, મારા ઉપર પ્રસન્ન થજો. ॥૨૧॥ મારૂં નામ કાલિંદી છે: અને મારા પિતાએ બનાવી આપેલા, યમુનાના જળની અંદરના, ઘરમાં હું; એ અચ્યુત ભગવાનનું દર્શન થતા સુધી રહેલી છું." ॥૨૨॥ ત્યારે અર્જુને આવીને, સર્વ જાણનારા વાસુદેવ ભગવાન પાસે, એ પ્રમાણે કહી સંભળાવ્યું; એટલે ભગવાને તે સ્ત્રીને પોતાના રથ

द्दोंव दुर्गा नंवनं॥ बहुव्यालमृगाकीर्णंप्राविशत्परवीरहा ॥१४॥ तत्राविद्ध्यच्छरैर्व्याघ्रान्सूकरान्माहिषान्रुरून् ॥ शरभान्गवयान्खड्गान्हरि
णान् शशल्लकान् ॥१५॥ तान्निन्युःकिंकराराज्ञेमेध्यान्पर्वण्युपागते। तृट्परीतःपरिश्रांतोबीभत्सुर्यमुनामगात् ॥१६॥ तत्रोपस्पृश्यविशदं
पीत्वावारिमहारथौ॥ कृष्णौददृशतुःकन्यांचरंतींचारुदर्शनां ॥१७॥ तामासाद्यवरारोहांसुद्विजांरुचिराननां ॥ पप्रच्छप्रेषितःसख्याफाल्गु
नःप्रमदोत्तमां ॥१८॥कात्वंकस्यासिसुश्रोणिकुतोऽसिकिंचिकीर्षसि॥मन्यत्वांपतिमिच्छंतींसर्वंकथयशोभने॥१९॥कालिंदी० अहंदेवस्यस
वितुर्दुहितापतिमिच्छती॥ विष्णुंवरेण्यंवरदंतपःपरममास्थिता॥२०॥ नान्यंपतिंवृणेवीरतमृतेश्रीनिकेतनं॥ तुष्यतांमेसभगवान्मुकुंदोऽना
थसंश्रयः॥२१॥ कालिंदीतिसमाख्यातावसामियमुनाजले॥ निर्मितेभवनेपित्रायावदच्युतदर्शनं॥२२॥ तथाऽवदद्गुडाकेशोवासुदेवायसोऽ
पितां॥ रथमारोप्यतद्विद्वान्धर्मराजमुपागमत् ॥२३॥ यदैवकृष्णःसंदिष्टःपार्थानांपरमाद्भुतं॥ कारयामासनगरंविचित्रंविश्वकर्मणा॥२४॥
भगवांस्तत्रनिवसन्स्वानांप्रियचिकीर्षया॥अग्नयेखांडवंदातुमर्जुनस्यासससारथिः॥२५॥ सोऽग्निस्तुष्टोधनुरदाद्धयान्श्वेतान्रथंनृप॥अर्जुनाया
क्षय्यौतूणौवर्मचाभेद्यमस्त्रिभिः॥२६॥ मयश्चमोचितोवन्हेःसभांसख्यउपाहरत् ॥ यस्मिन्दुर्योधनस्यासीज्जलस्थलदृशिभ्रमः॥२७॥ सतेन
समनुज्ञातःसुहृद्भिश्चानुमोदितः ॥ आययौद्वारकांभूयःसात्यकिप्रमुखैर्वृतः॥२८॥ अथोपयेमेकालिंदींसुपुण्यर्त्वृक्षऊर्जिते ॥ वितन्वन्परमा
नंदंस्वानांपरममंगलं॥२९॥ विंदानुविंदावावंत्यौदुर्योधनवशानुगौ ॥स्वयंवरेस्वभगिनींकृष्णेसक्तांन्यषेधतां॥३०॥ राजाधिदेव्यास्तनयांमि
त्रविंदांपितृष्वसुः ॥ प्रसह्यहृतवान्कृष्णोराजन्राज्ञांप्रपश्यतां॥३१॥नग्नजिन्नामकौसल्यआसीद्राजाऽतिधार्मिकः ॥ तस्यसत्याऽभवत्कन्या
देवीनाग्नजितीनृप ॥३२॥ नतांशेकुर्नृपावोढुमजित्वासप्तगोवृषान् ॥तीक्ष्णशृंगान्सुदुर्धर्षान्वीरगंधासहान्खलान् ॥३३॥ तांश्रुत्वावृषजि
ल्लभ्यांभगवान्सात्वतांपतिः ॥ जगामकौसल्यपुरंसैन्येनमहतावृतः॥३४॥ सकोसलपतिःप्रीतःप्रत्युत्थानासनादिभिः ॥ अर्हणेनापिगुरुणा
ऽपूजयत्प्रतिनंदितः ॥३५ ॥वरंविलोक्याभिमतंसमागतंनरेंद्रकन्याचकमेरमापतिं ॥ भूयादयंमेपतिराशिषोऽमलाःकरोतुसत्यायदिमेधृतोव्र

ઉપર બેસારી; અને તેઓ ધર્મ રાજાની પાસે ગયા. ॥૨૩॥ વળી તે વખતના સુમારમાંજ કૃષ્ણે, વિશ્વકર્માને આજ્ઞા કરીને, એ પાંડવોના નગરને; પરમ અદ્ભુત અને વિચિત્ર પ્રકારનું, બનાવરાવી લીધું હતું. ॥૨૪॥ તથા એ પોતાનાંઓનું પ્રિય કરવાની ઇચ્છાથી, ત્યાં રહેલા ભગવાને; અગ્નિને ખાંડવ વન આપવા વડે, અર્જુનને ધનુષ્ય-ધોળા ઘોડા-રથ-અખુટ ભાથો-અને અસ્ત્રોએ કરી ન તૂટે એવું કવચ;-એટલી વસ્તુઓ મેળવી આપી હતી. ॥૨૬॥ અને એ અગ્નિમાંથી બચાવેલા મય દાનવે, એ મિત્રાઇના બદલામાં અર્જુનને, એક સભા બનાવી આપી હતી; કે જેને વિશે જળને ઠેકાણે સ્થળ, અને સ્થળને ઠેકાણે જળ દેખાવાતો; દુર્યોધનને ભ્રમ થયો હતો. ॥૨૭॥ તે પછી સુહૃદોની સમ્મતિથી, યુધિષ્ઠિરની આજ્ઞા લઇને સાત્યકી વિગેરે થકી વિંટાએલા ભગવાન; પાછા દ્વારકાં ગયા. ॥૨૮॥ અને ત્યાં જઇ સંબંધીઓને પરમ આનંદ આપતા, તેમજ ઘણું કલ્યાણ વર્ત્તાવતા, ભગવાન સારી રૂતુમાં; અને ઉત્તમ નક્ષત્રો પ્રકાશતા, માંગલિક સમયમાં; કાલિંદીને પરણ્યા. ॥૨૯॥ હે રાજા, ભગવાનની ફોઇ રાજ્યાધિદેવીની દીકરી મિત્રવિંદા, કૃષ્ણને વિશે આસક્ત હોવા છતાં તેના ભાઇઓ અવંતીના રાજાઓ વિંદ અને અનુવિંદ; દુર્યોધનના વશમાં ચાલનારા હોવાથી, તેઓએ તેને રોકી હતી: પણ કૃષ્ણ, સ્વયંવરમાંથી, બીજા રાજાઓના દેખતાંજ, તેને હરણ કરીને લેઇ આવ્યા. ॥૩૦-૩૧॥ હે રાજા, કોશળ દેશનો એક નાગ્નજીત નામનો અતિ ધાર્મિક રાજા હતો. અને તેને સત્યા નામની એક કન્યા થઇ હતી; તેનેજ નાગ્નજીતી પણ કહે છે. ॥૩૨॥ તીક્ષ્ણ શિંગડાં વાળા—પકડવાને અત્યંત કઠિણ-શુરવીર પુરૂષોના ગંધને સહન નહિ કરનારા-અને ખળ-એવા સાત આખલાઓને; ન જીતિ શકવાના કારણથી, કોઇ રાજાઓ તેને પરણી શકતા નહોતા. ॥૩૩॥ તે સાત આખલાઓને જીતનારાનેજ મળે, એવી એ કન્યા હોવાનું સાંભળવાથી; એ સાત્વતપતિ ભગવાન મોટા સૈન્ય સહિત, તે કોશળપુરમાં ગયા. ॥૩૪॥ ત્યારે સત્કાર પામેલા એ કોશળ દેશના રાજાએ રાજી થઇ, ઉઠીને સામાજવું-અને આસન આપવું વિગેરેથી, તથા પૂજનના ઉત્તમ પદાર્થો આદિક વડે; ભગવાનની પૂજાકરી. ॥૩૫॥ અને

તે રાજાની કન્યા, પોતાને મન ગમતો વર આવેલો દેખીને; તેનામાં મન લાગી જવાથી બોલીકે. "જો મેં વ્રત પાળવાથી લક્ષ્મીપતિ ભગવાન પ્રસન્ન થઈને, જો મને શુદ્ધ વરદાન આપતા હોયતો; આ પુરુષ મારો પતિ થાઓજ, આવું વરદાન મને આપજો. ॥૩૬॥ જેના ચરણ કમળની રજને, લોક પાળો સહિત બ્રહ્મા અને સદાશિવ સુદ્ધાં લક્ષ્મીજી પણ; માથા ઉપર ધારણ કરે છે; તે પોતે બાંધેલી ધર્મ મર્યાદાનું રક્ષણ કરવાને અર્થેજ; વખતો વખત લીલા વડે. શરીર ધારણ કરનારા ઇશ્વર ભગવાન; મારા ઉપર કયા ઉપાય વડે, પ્રસન્ન થાય. ? ॥૩૭॥ અને પૂજન પામેલા ભગવાનને રાજાએ પણ કહ્યું કે; "હે નારાયણ—જગતપતિ—અને આત્મ સ્વરૂપના આનંદથીજ પરિપૂર્ણ, આપનું; હું, તુચ્છ માણસ શું કામ કરીશકું. ? ॥૩૮॥ ત્યારે હે કુરુનંદન, રાજી થયેલા ભગવાને, આસનનો સ્વીકાર કરી, તે રાજાને; હસતે મોઢે મેઘ જેવી ગંભીર વાણીથી કહ્યુંકે. ॥૩૯॥ હે રાજા; પોતાના ધર્મમાં ચાલનારા રાજાઓએ, યાચના કરવી; તેને વિદ્વાનોએ નિષેધ છે; છતાં પણ તમારા સુહૃદ પણાની ઇચ્છા થકી, અમે તમારી કન્યાની યાચના કરીએછીએ; અને અમે પરતુ આપનારા તો નથીજ. ॥૪૦॥ ત્યારે રાજા બોલ્યા કે; "હે નાથ, જેના અંગને વિષે અનપાયિની લક્ષ્મીજ વસે છે, તે સઘળા શુભ ગુણોના સ્થાનક આપ; થકી અધિક, કન્યાએ ઇચ્છવા યોગ્ય વર; બીજો મળેજ ક્યાંથી. ? ॥૪૧॥ તોપણ હે શ્રેષ્ઠ યાદવ, કન્યાએ વર પસંદ કરવામાં પુરુષોના પરાક્રમની પરીક્ષા કરવાને માટે; અમે પ્રથમથીજ પ્રતિજ્ઞા કરેલ છે. ॥૪૨॥ માટે હે વીર પુરુષ; આ વમર પછોટેલા, તથા પકડવાને અશક્ય, સાત આખલાઓ છે; તેમણે ઘણા રાજ કુમારોનાં હાડકાંનો, ભાંગીને ભૂકો કરી નાંખેલો છે; તેથી તેઓને જો તમે વશ કરી શકો, તોજ લક્ષ્મીપતિ યદુનંદન આપ; મારી દીકરીના ઇચ્છેલા વર થઇ શકો." ॥૪૩-૪૪॥ એ રીતની

तैः ॥३६॥ यत्पादपंकजरजःशिरसाबिभर्तिश्रीरब्जजःसगिरिशःसहलोकपालैः ॥ लीलातनूःस्वकृतसेतुपरीप्सयेशःकालेदधत्सभगवान्म मकेनतुष्येत् ॥३७॥ अर्चितंपुनरित्याहनारायणजगत्पते ॥ आत्मानंदेनपूर्णस्यकरवाणिकिमल्पकः॥३८॥श्रीशुक०तमाहभगवान्हृष्टः कृतासनपरिग्रहः ॥ मेघगंभीरयावाचासस्मितंकुरुनंदन ॥३९॥श्रीभग०नरेंद्रयाच्ञाकविभिर्विगर्हिताराजन्यबंधोर्निजधर्मवर्तिनः ॥तथाऽपियाचेतवसौहृदेच्छयाकन्यांत्वदीयांनहिशुल्कदावयं ॥४०॥ राजा०कोन्यस्तेऽभ्यधिकोनाथकन्यावरइहेप्सितः ॥ गुणैकधाम्नोयस्यांगेश्रीर्वसत्यनपायिनी ॥४१॥ किमस्माभिःकृतःपूर्वंसमयःसात्वतर्षभ ॥ पुंसांवीर्यपरीक्षार्थंकन्यावरपरीप्सया ॥४२॥ सप्तैतेगोवृषावीरदुर्दांतादुरवग्रहाः॥ एतैर्भग्नाःसुबहवोभिन्नगात्रानृपात्मजाः॥४३॥यदीमेनिगृहीताःस्युस्त्वयैवयदुनंदन ॥ वरोभवानभिमतोदुहितुर्मेश्रियःपते ॥४४॥ एवंसमयमाकर्ण्यबध्वापरिकरंप्रभुः ॥ आत्मानंसप्तधाकृत्वान्यगृण्हाल्लीलयैवतान् ॥४५॥ बध्वातान्दामभिःशौरिर्भग्नदर्पान्हतौजसः ॥ व्यकर्षल्लीलयाबद्धान्बालोदारुमयान्यथा ॥४६॥ ततःप्रीतःसुतांराजाददौकृष्णायविस्मितः ॥ तांप्रत्यगृण्हाद्भगवान्विधिवत्सदृशींप्रभुः ॥४७॥ राजपत्न्यश्चदुहितुःकृष्णंलब्ध्वाप्रियंपतिं ॥ लेभिरेपरमानंदंजातश्चपरमोत्सवः ॥४८॥ शंखभेर्यानकानेदुर्गीतवाद्यद्विजाशिषः ॥ नरानार्यःप्रमुदिताःसुवासःस्रगलंकृताः ॥४९॥ दशधेनुसहस्राणिपारिबर्हमदाद्विभुः ॥ युवतीनांत्रिसाहस्रंनिष्कग्रीवसुवाससां ॥ ॥५०॥ नवनागसहस्राणिनागाच्छतगुणान्रथान् ॥ रथाच्छतगुणानश्वानश्वाच्छतगुणान्नरान् ॥५१॥ दंपतीरथमारोप्यमहत्यासेनयावृतौ ॥ स्नेहप्रक्लिन्नहृदयोयापयामासकोसलः ॥५२॥ श्रुत्वैतद्रुरुधुर्भूपानयंतंपथिकन्यकां ॥ भग्नवीर्याःसुदुर्मर्षायदुभिर्गोवृषैःपुरा ॥५३॥ तानस्यतःशरव्रातान्बंधुप्रियकृदर्जुनः ॥ गांडीवीकालयामाससिंहःक्षुद्रमृगानिव ॥५४॥ पारिबर्हमुपागृह्यद्वारकामेत्यसत्यया ॥ रेमेयदूनामृषभोभगवान्देवकीसुतः ॥५५॥ श्रुतकीर्तेःसुतांभद्रामुपयेमेपितृष्वसुः ॥ कैकेयींभ्रातृभिर्दत्तांकृष्णःसंतर्दनादिभिः ॥५६॥ सुतांचमद्राधिपतेर्लक्ष्मणांलक्षणैर्युतां॥स्वयंवरेजहारैकःससुपर्णःसुधामिव॥५७॥अन्याश्चैवंविधाभार्याःकृष्णस्यासन्सहस्रशः ॥ भौमंहत्वातन्निरोधादा

પ્રતિજ્ઞા સાંભળીને, ભગવાને કમર બાંધી; પોતે સાત રૂપે થઇને, તેઓને; રમતની પેઠેજ પકડી લીધા. ॥૪૫॥ અને પછીથી બાળક જેમ લાકડાનાં બનાવેલા બળદોને બાંધીને ખેંચે, તેમ; ગર્વ અને શક્તિ રહિત થયેલા; તે આખલાઓને દાંમણાં વડે બાંધીને, ભગવાન લીલા વડે ખેંચવા લાગ્યા. ॥ ૪૬ ॥ એટલે તેથી વિસ્મય પામેલા, અને રાજી થયેલા, તે રાજાએ; પોતાની કન્યા કૃષ્ણને આપી; અને સમર્થ ભગવાને પોતા યોગ્ય તે કન્યાને, વિધિ સહિત ગ્રહણ કરી. ॥૪૭॥ તથા પોતાની દીકરીને, પ્રિય કૃષ્ણ ભગવાનજ પતિ મળવાથી; રાજાની રાણીઓને પણ, ઘણોજ આનંદ અને ઉત્સવ થયો. ॥ ૪૮ ॥ શંખ—ભેરી—આનક અને બીજાં વાજાં વાગવા લાગ્યાં, તથા સારાં વસ્ત્રો અને માળાઓથી શણગારાયલા પુરુષો તથા સ્ત્રીઓ આનંદ પામીને ગીત ગાવા લાગ્યાં; અને બ્રાહ્મણો આશિર્વાદ આપવા લાગ્યાં. ॥૪૯॥ પછી એ રાજાએ ભગવાનને પહેરામણીમાં, દસ હજાર ગાયો—ગળામાં પદક અને સારાં વસ્ત્ર પહેરેલી ત્રણ હજાર દાસીઓ—નવ હજાર હાથી—તેથી સેંકડો વધતા રથ—ને થકી સેંકડો વધારે ઘોડા—અને તેથી પણ સેંકડો વધુ ચાકરો આપ્યા. ॥૫૦॥—૫૧॥ અને તે સ્નેહથી ભિંજાયલા હૃદયવાળાએ, વર કન્યાને રથમાં બેસાડી; મોટી સેના આપીને, વિદાય કર્યાં. ॥૫૨॥ ત્યારે પૂર્વે આખલાઓએ પરાક્રમનો નાશ કરેલા રાજાઓ; યાદવો કન્યાને લેઇ જતા સાંભળીને; ઘણી અદેખાઇને લીધે, માર્ગ રોકીને ઉભા રહ્યા. ॥૫૩॥ પણ તે બાણું નાખી ઘેરનારા રાજાઓને; સિંહ જેમ ક્ષુદ્ર મૃગોને નસાડે તેમ, બંધુનું પ્રિય કરનારા અર્જુને; પોતાના ગાંડિવ ધનુષ્યવડે, નસાડી મૂક્યા; ॥ ૫૪ ॥ અને યાદવોમાં શ્રેષ્ઠ દેવકીપુત્ર ભગવાન, મળેલી પહેરામણી સહિત દ્વારિકામાં આવીને; તે સત્યાની સાથે રમણ કરવા લાગ્યા. ॥૫૫॥ તેમજ પોતાની ફોઇ શ્રુત કીર્તિની દીકરી ભદ્રાને પણ, તેના સંતર્દનાદિક ભાઇઓ (કેકય દેશના રાજાઓ) એ આપવાથી; કૃષ્ણ ભગવાન પરણ્યા હતા. ॥ ૫૬ ॥ વળી મદ્ર દેશના રાજાની સારાં લક્ષણોવાળી દીકરી લક્ષ્મણાને પણ, સ્વયંવરમાંથી કૃષ્ણ એકલાએજ; ગરુડે અમૃત લેઇ જવાની

પેઠે, હરણ કરી લાવીને; પોતે પરણેલા હતા. ॥ ૫૭ ॥ તથા એ રીતેજ બીજી હજારો સુંદર રૂપાળી સ્ત્રીઓ, ભૌમાસુરના બંધનમાંથી; તેને મારીને લેઈ આવવાથી, કૃષ્ણ ભગવાનની ભાર્યાઓ થયેલી હતીઓ. ॥૫૮॥ ઇતિ શ્રી૦ ભાગવતે દશમા સ્કંધનો અઠાવનમો અધ્યાય સંપૂર્ણ ॥૫૮॥

અધ્યાય ૫૯ મો.—પરીક્ષિત—જેણે એ સ્ત્રીઓને બંધનમાં રાખી હતી, તે નરકાસુર (ભૌમાસુર) ને; એ સારંગ ધનુષ્યને ધરનારા ભગવાને, કેવી રીતે માર્યો; તે ભગવાનના પરાક્રમનું, આપ મારી પાસે વર્ણન કરો. ॥૧॥—શ્રીશુક—પોતાના બંધુઓનાં છત્ર અને કુંડળ, તથા દેવતાઓના સ્થાનરૂપ પર્વતને; ભૌમાસુરે હરિ લેવાથી, ઇંદ્રે તે બદલ કૃષ્ણ ભગવાનને વિજ્ઞાપના કરી; ત્યારે કૃષ્ણ ભગવાન સત્યભામા સહિત ગરૂડ ઉપર બેસીને, પ્રાગજ્યોતિષપુરમાં ગયા ॥ ૨ ॥ એ નગરમાં જવાનું; ડુંગરી કિલ્લાથી—હથિઆરોવાળા કિલ્લાથી—અને જળ, અગ્નિ, તથા વાયુના ગઢાવો વડે—રક્ષણ કરેલું હોવાથી, અત્યંત કઠિણ હતું; અને મુર દૈત્યે હજારો ભયંકર તથા મજબુત પાશ નાંખીને, તેને ચારે કોરથી વીંટી લીધેલું હતું. ॥૩॥ તેથી એ ડુંગરી કિલ્લાને ગદા વડે, અને શસ્ત્રો વાળા કિલ્લાને ભગવાને બાણો વડે; તોડી નાંખ્યા. અને અગ્નિ, જળ, તથા વાયુનાં સાધનોને, ચક્રવડે; તથા મુરદૈત્યના પાશને, તરવાર વડે; તેમણે કાપી નાંખ્યા. ॥ ૪ ॥ તેમજ યંત્રોને તથા શૂરા પુરુષોના હૃદયોને, શંખનાદવડે; અને કોટ વિગેરેને, એ ગદાધર ભગવાને, ગદાવડે ભેદી નાંખ્યા. ॥૫॥ ત્યારે એ પંચજન્ય નામના શંખનો, પ્રલયના કડાકા જેવો શબ્દ સાંભળવાથી; પાણીના તળાવમાં સૂતેલો, પાંચ માથાંવાળો મુરદૈત્ય જાગ્યો. ॥૬॥ અને પ્રલયના અગ્નિ તથા સૂર્ય સરખું, અને જોવાને અત્યંત કઠિણ ભયંકર તેજવાળું ત્રિશૂળ ઉગામીને; તે, પાંચે મોઢાંથી ત્રિલોકીને ગળી જવાની પેઠે; તથા નાગ ઉપર જેમ ગરૂડ દોડે તેમ, દોડી આવ્યો. ॥૭॥ તથા ત્રિશૂળને વીંઝીને, વેગ સહિત તેણે ગરૂડ ઉપર તે નાંખીને, પાંચે મોઢાંવડે ગર્જના કરી; એટલે તેનો મોટો શબ્દ પૃથ્વી અને આકાશમાં, તથા અંતરિક્ષની

हताश्चास्तदर्शनाः ॥५८॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउत्तरार्धेअष्टमाहिष्युद्वाहोनामाष्टपंचाशत्तमोऽध्यायः ॥५८॥
राजा० यथाहतोभगवताभौमोयेनचताःस्त्रियः ॥ निरुद्धाएतदाचक्ष्वविक्रमंशार्ङ्गधन्वनः ॥१॥ श्रीशुक० इंद्रेणहतछत्रेणहतकुंडलबंधुना ॥
हतामराद्रिस्थानेनज्ञापितोभौमचेष्टितं ॥ सभार्योगरुडारूढःप्राग्ज्योतिषपुरंययौ ॥२॥ गिरिदुर्गैःशस्त्रदुर्गैर्जलाग्न्यनिलदुर्गमं ॥ मुरपाशा
युतैर्घोरैर्दृढैःसर्वतआवृतं ॥३॥ गदयानिर्बिभेदाद्रीन्शस्त्रदुर्गाणिसायकैः॥ चक्रेणाग्निंजलंवायुंमुरपाशांस्तथाऽसिना ॥४॥ शंखनादेनयंत्रा
णिहृदयानिमनस्विनां ॥ प्राकारंगदयागुर्व्यानिर्बिभेदगदाधरः ॥५॥ पांचजन्यध्वनिंश्रुत्वायुगांताशनिभीषणं ॥ मुरःशयानउत्तस्थौदैत्यः
पंचशिराजलात् ॥६॥ त्रिशूलमुद्यम्यसुदुर्निरीक्षणोयुगांतसूर्यानलरोचिरुल्बणः॥ ग्रसंस्त्रिलोकीमिवपंचभिर्मुखैरभ्यद्रवत्ताक्ष्यसुतंयथोरगः
॥७॥ आविध्यशूलंतरसागरुत्मतेनिरस्यवक्त्रैर्व्यनदत्सपंचभिः ॥ सरोदसीसर्वदिशोंऽबरंमहानापूरयन्नंडकटाहमावृणोत् ॥८॥ तदापतद्वैत्रि
शिखंगरुत्मतेहरिःशराभ्यामभिनत्त्रिधौजसा॥ मुखेषुतंचापिशरैरताडयत्तस्मैगदांसोऽपिरुषाव्यमुंचत ॥९॥ तामापतंतींगदयागदांमृधेगदा
ग्रजोनिर्बिभिदेसहस्रधा॥ उद्यम्यबाहूनभिधावतोऽजितःशिरांसिचक्रेणजहारलीलया ॥१०॥ व्यसुःपपातांभसिकृत्तशीर्षोनिकृत्तशृंगोद्रिरि
वेंद्रतेजसा ॥ तस्यात्मजाःसप्तपितुर्वधातुराःप्रतिक्रियामर्षजुषःसमुद्यताः॥११॥ ताम्रोंतरिक्षःश्रवणोविभावसुर्वसुर्नभस्वानरुणश्चसप्तमः ॥
पीठंपुरस्कृत्यचमूपतिंमृधेभौमप्रयुक्तानिरगन्धृतायुधाः॥१२॥ प्रायुंजतासाद्यशरानसीन्गदाःशक्त्यृष्टिशूलान्यजितेरुषोल्बणाः ॥ तच्छस्त्रकू
टंभगवान्स्वमार्गणैरमोघवीर्यस्तिलशश्चकर्तह ॥१३॥ तान्पीठमुख्याननयद्यमालयंनिकृत्तशीर्षोरुभुजांघ्रिवर्मणः ॥ स्वानीकपानच्युतचक्र
सायकैस्तथानिरस्तान्नरकोधरासुतः ॥१४॥ निरीक्ष्यदुर्मर्षणआस्रवन्मदैर्गजैःपयोधिप्रभवैर्निराक्रमत् ॥ दृष्ट्वासभार्यंगरुडोपरिस्थितंसूर्योप
रिष्टात्सतडिद्घनंयथा ॥ कृष्णंसतस्मैव्यसृजच्छतघ्नींयोधाश्चसर्वेयुगपत्स्मविव्यधुः॥१५॥ तद्भौमसैन्यंभगवान्गदाग्रजोविचित्रवाजैर्निशितैः

સર્વ દિશાઓમાં વ્યાપી જઇને; તે થકી આખું બ્રહ્માંડ ભરાઇ ગયું. ॥૮॥ ત્યારે ગરૂડ ઉપર આવી પડતા, તે ત્રિશૂળના; બળ સહિત બાણો મારીને, ભગવાને ત્રણ કડકા કરી નાંખ્યા; અને મુર દૈત્યનાં મોઢા ઉપર પણ બાણો માર્યા. એટલે મુરે ક્રોધ કરીને ભગવાનના ઉપર ગદા ફેંકી. ॥૯॥ ત્યારે તે આવી પડતી ગદાના, યુદ્ધને વિશે એ ગદાગ્રજ ભગવાને; પોતાની ગદાવડે, હજારો ટુકડા કરી નાંખ્યા. અને હાથ ઉગામીને દોડયા આવતા, એ મુર દૈત્યનાં માથાં પણ; અજીત ભગવાને પોતાના ચક્રવડે, રમતની પેઠે કાપી નાંખ્યાં. ॥૧૦॥ તેથી ઇંદ્રના વજ્રથી શિખરો કપાયલા પર્વતની પેઠે; એ માથાં કપાઇને પ્રાણરહિત થયેલો દૈત્ય પાણીની અંદરજ, પડી ગયો; ત્યારે પિતાનો વધ થવાના કારણથી આતુર બનેલા, તેના સાત દીકરા, વેર લેવાને સારૂં; ક્રોધ કરીને લડવાને આવ્યા. ॥૧૧॥ તામ્ર—અંતરિક્ષ—શ્રવણ—વિભાવસુ—વસુ—નભસ્વાન—અને અરૂણ; એ સાતે જણા, ભૌમાસુરના મોકલવાથી, પીઠ નામના દૈત્યને સેનાપતિ કરીને; તેને આગળ રાખી, હથિઆરો ઉપાડીને, રણ ભૂમિ ઉપર આવ્યા. ॥૧૨॥ અને બહુ ભયંકર જણાતા તે દૈત્યો, યુદ્ધને વિશે ક્રોધ કરીને; ભગવાનના ઉપર, બાણો—તરવાર—ગદા—સાંગ—રૂષ્ટિ—અને ત્રિશૂળ વિગેરે નાંખવા લાગ્યા; ત્યારે અમોઘ પરાક્રમવાળા ભગવાન પણ, પોતાનાં બાણોવડે; તે સર્વ શસ્ત્રોના, તલ તલ જેવડા ટુકડા... એકી વખતેજ કરવા લાગ્યા. ॥૧૩॥ તથા જ્યારે માથાં—સાથળ—હાથ—પગ—અને બખતરો કપાઇ ગયેલા પીઠ આદિ સર્વને, ભગવાને યમને ઘેર પહોંચાડયા; ત્યારે એ અચ્યુત ભગવાનના ચક્ર અને બાણો થકી, પોતાના સરદારો મુએલાનું પૃથ્વીપુત્ર નરકાસુરે દીઠું; કે તુર્તજ તે અસહનતાથી, મદઝરતા અને સમુદ્રમાંથી ઉત્પન્ન થયેલા, હાથીઓનું સૈન્ય સાથે લેઇને; લડવાને આવ્યો. અને સૂર્યના ઉપર વીજળી સહિત મેઘ બેસવાની પેઠે, ગરૂડ ઉપર સત્યભામા સહિત કૃષ્ણને બેઠેલા દેખીને; તેમના ઉપર તેણે શતઘ્ની નાંખી, તથા તેના બીજા યોદ્ધાઓ પણ, તેમને એકીવારે સામટાજ વિંધવા લાગ્યા. ॥૧૪—૧૫॥ એટલામાંતો એ ગદાગ્રજ ભગવાને, પોતાનાં વિચિત્ર પુંખોવાળાં, અને તીક્ષ્ણ કરેલાં બાણોવડે; તેના હાથી અને ઘોડાવાળા સૈન્યનો, તેમના હાથ—સાથળ—ગળાં અને બીજાં અંગો કાપી નાંખીને; નાશ કરી નાંખ્યો. ॥ ૧૬ ॥ તથા યોદ્ધાઓએ

નાંખેલાં, સઘળાં શસ્ત્ર અને અસ્ત્રના પણ; પાંખોવડે હાથીઓને મારનારા, ગરૂડ ઉપર બેઠેલા હરિભગવાને; પોતાનાં તીક્ષ્ણ બાણોવડે; ત્રણ ત્રણ કકડા કરી નાંખ્યા. તેમજ ગરૂડે પોતાની ચાંચ-પાંખો-અને નખવડે; મારવા માંડેલા હાથીઓ પણ પીડાઇને, ગામમાં પેસી ગયા; ત્યારે યુદ્ધમાં લડતા નરકાસુરે, પોતાના સૈન્યને ગરૂડે પીડિત ભગાડી દીધાનું દેખી; જેનાથી વજ્ર પણ પાછું પડયું હતું, તે પોતાની સાંગનો પ્રહાર ગરૂડના ઉપર કર્યો; પણ ફૂલની માળા હાથીને વાગવાની પેઠે, તે વાગવા થકી; ગરૂડ જરાપણ કંપ્યા નહીં. ॥૧૭-૧૮-૧૯-૨૦॥ ત્યારે પોતાનો એ ઉદ્યમ વ્યર્થ જવાથી, નરકાસુરે ભગવાનને મારવાને માટે; પોતાનું ત્રિશૂળ ઉપાડયું; પણ એ ત્રિશૂળ મારતા પેહેલાંજ, હરિ ભગવાને પોતાના ચક્રની તીક્ષ્ણ ધાર વાળા ચક્રવડે; એ હાથી ઉપર બેઠેલા નરકાસુરનું માથું, કાપી નાંખ્યું. ॥ ૨૧ ॥ એટલે સુંદર કુંડળ તથા કિરીટ અને ઘરેણાં પેહેરેલું પ્રકાશતું તેનું માથું, પૃથ્વી ઉપર પડેલું દેખીને; લોકો હાહાકાર કરવા લાગ્યા; અને દેવતા તથા ઋષિઓ, " સારૂં થયું: " એમ બોલતા, અને મુકુંદ ભગવાન ઉપર ફૂલ વરસાવતા; તેમની સ્તુતિ કરવા લાગ્યા. ॥૨૨॥ પછી એ નરકાસુરની મા પૃથ્વીએ, શ્રીકૃષ્ણની પાસે આવીને; તપાવેલા સુવર્ણનાં ચળકતાં સોને જડેલાં, કુંડળો-વૈજયંતી માળા-વરૂણનું છત્ર-અને મોટો મણિ, એટલાવાનાં; તેમને આપ્યાં. ॥૨૩॥ અને એ; ઉત્તમ દેવતાઓએ પૂજેલા વિશ્વેશ્વરની, નમેલાં પૃથ્વી દેવીએ; વખેલી ભક્તિવાળી બુદ્ધિથી, હાથ જોડીને સ્તુતિ કરી કે. ॥ ૨૪ ॥—પૃથ્વી—હે દેવના દેવ, શંખ-ચક્ર-અને ગદાને ધરનારા ઈશ્વર; હું તમને નમું છું; હે ભક્તોની ઇચ્છાથી સ્વરૂપ ધરનારા પરમાત્મા, તમને મારા નમસ્કાર છે. ॥ ૨૫ ॥ નાભિમાંથી કમળ થયેલા આપને હું નમું છું-કમળની માળા ધરનારા આપને હું નમું છું-આપ કમળ નેત્રને નમું છું-

शिलीमुखैः ॥ निकृत्तबाहूरुशिरोध्रविग्रहंचकारतर्ह्येवहताश्वकुंजरं ॥१६॥ यानियोधैःप्रयुक्तानिशस्त्रास्त्राणिकुरूद्वह ॥ हरिस्तान्यच्छिनत्ती क्ष्णैःशरैरेकैकशस्त्रिभिः ॥१७॥ उह्यमानःसुपर्णेनपक्षाभ्यांनि[illegible] ॥ गरुत्मताहन्यमानास्तुंडपक्षनखैर्गजाः॥१८॥ पुरमेवाविशन्नार्त्तानरकोयुध्ययुध्यत ॥ दृष्ट्वाविद्रावितंसैन्यंगरुडेनार्दितंस्वकं ॥१९॥ तंभौमःप्राहरच्छक्त्यावज्रःप्रतिहतोयतः ॥ नाकंपततयाविद्धोमालाहत इव द्विपः ॥२०॥ शूलंभौमोऽच्युतंहंतुमाददेवितथोद्यमः ॥ तद्विसर्गात्पूर्वमेवनरकस्यशिरोहरिः॥अपाहरद्गजस्थस्यचक्रेणक्षुरनेमिना॥२१ सकुंडलंचारुकिरीटभूषणंबभौपृथिव्यांपतितंसमुज्ज्वलत्॥ हाहेतिसाध्वित्यृषयःसुरेश्वरामाल्यैर्मुकुंदंविकिरंतईडिरे ॥२२॥ ततश्चभूःकृष्णमुपेत्यकुंडलेप्रतप्तजांबूनदरत्नभास्वरे ॥ सवैजयंत्यावनमालयाऽर्पयत्प्राचेतसंछत्रमथोमहामणिं ॥२३॥ अस्तौषीदथविश्वेशंदेवीदेववरार्चितं ॥ प्रांजलिःप्रणताराजन्भक्तिप्रवणयाधिया ॥२४॥ भूमि०नमस्तेदेवदेवेशशंखचक्रगदाधर ॥ भक्तेच्छोपात्तरूपायपरमात्मन्नमोऽस्तुते॥२५ नमःपंकजनाभायनमःपंकजमालिने ॥ नमःपंकजनेत्रायनमस्तेपंकजांघ्रये ॥२६॥ नमोभगवतेतुभ्यंवासुदेवायविष्णवे ॥पुरुषायादिबीजायपूर्णबोधायतेनमः ॥२७॥ अजायजनयित्रेऽस्यब्रह्मणेऽनंतशक्तये ॥परावरात्मन्भूतात्मन्परमात्मन्नमोऽस्तुते ॥२८॥ त्वंवैसिसृक्षुरजउत्कटंप्रभोतमोनिरोधायबिभर्ष्यसंवृतः ॥ स्थानायसत्त्वंजगतोजगत्पतेकालःप्रधानंपुरुषोभवान्परः ॥२९॥ अहंपयोज्योतिरथानिलोनभोमात्राणिदेवामनइंद्रियाणि ॥ कर्तामहानित्यखिलंचराचरंत्वय्यद्वितीयेभगवन्नयंभ्रमः॥३०॥तस्यात्मजोऽयंतवपादपंकजंभीतःप्रपन्नार्तिहरोपसादितः ॥ तत्पालयैनंकुरुहस्तपंकजंशिरस्यमुष्याखिलकल्मषापहं॥३१॥श्रीशुक०इतिभूम्यार्थितोवाग्भिर्भगवान्भक्तिनम्रया॥दत्वाऽभयंभौमगृहंप्राविशत्सकलर्द्धिमत् ॥३२॥ तत्रराजन्यकन्यानांषट्सहस्राधिकायुतं ॥ भौमाद्धृतानांविक्रम्यराजभ्योददृशेहरिः ॥३३॥ तंप्रविष्टंस्त्रियोवीक्ष्यनरवीरंविमोहिताः ॥मनसावव्रिरेऽभीष्टंपतिंदैवोपसादितं ॥३४॥ भूयात्पतिरयंमह्यंधातातदनुमोदतां॥ इतिसर्वाःपृथक्कृष्णेभावेनहृदयंदधुः ॥३५॥ ताःप्राहिणोद्द्वारवतींसुमृष्टविरजोंबराः ॥ नरयानैर्महाकोशान्रथाश्वान्द्रविणंमहत् ॥३६॥ ऐरावतकुलेभांश्चचतुर्दंतां

અને કમળ સરખા પગવાળા આપને હું નમું છું. ॥૨૬॥ આપ વાસુદેવ વિષ્ણુ ભગવાનને હું નમું છું-અને સર્વના બીજરૂપ આદિ પુરૂષ, તથા પૂર્ણ બોધ આપને હું નમું છું. ॥૨૭॥ આપ અજન્માને-સર્વને જન્મ આપનારને-અનંત શક્તિઓવાળા પરબ્રહ્મને-અને પર એટલે મહાભૂતો રૂપ કારણો તથા અવર એટલે તેઓથી થતાં દેહરૂપ પ્રાણી પદાર્થાદિક સર્વ કાર્યો; એમના આત્માને;-પ્રાણીઓના આત્માને;-અને પરમાત્માને; મારા નમસ્કાર છે. ॥૨૮॥ પ્રભુ-જગતપતિ-કાળ-અને પ્રધાન થકીપર: આપ પુરૂષ ભગવાનજ; જગતને ઉત્પન્ન કરવા ટાણે બળવાન રજો ગુણને, લય કરવા ટાણે તમો ગુણને, અને પાલન કરવા ટાણે સત્વ ગુણને, ધારણ કરો છો; છતાં તેઓને વિશે આસક્તિવાન થતા નથી ॥૨૯॥ આપ અદ્વિતીય ભગવાનને વિશેજ હું પૃથ્વી-જળ-તેજ-વાયુ-આકાશ-પાંચ તન્માત્રાઓ-મન-ઇંદ્રિઓ-ઇંદ્રિયોના દેવતાઓ-અને અહંકાર સહિત આખું, સ્થાવર અને જંગમરૂપ મહતત્વ; માત્ર કેવળ ભ્રમ રૂપેજ છે. ॥૩૦॥ માટે શરણાંગતની પીડાને મટાડનારા, આપના ચરણ કમળમાં; બીહીક થકી આવેલા આ નરકાસુરના પુત્રના માથા ઉપર; આપનું અખિલ બ્રહ્માંડનાં પાપને મટાનારૂં; હસ્ત કમળ આપ મૂકો; અને તેનું પાલન કરો ॥ ૩૧ ॥—શ્રીશુક—એ રીતે ભક્તિથી નમ્ર થયેલ પૃથ્વીએ નમ્રતાવાળી વાણીથી, પ્રાર્થના કરેલા ભગવાને; તેને અભય દાન આપીને, સઘળી સંપત્તીઓવાળા, નરકાસુરના ઘરમાં પોતે પ્રવેશ કર્યો. ॥૩૨॥ ત્યાં, ભૌમાસુરે પરાક્રમથી, રાજાઓ પાસેથી હરિ આણેલી સોળ હજાર એકસોને આઠ રાજ્ય કન્યાઓને; હરિ ભગવાને જોઇ. ॥૩૩॥ત્યારે ત્યાં આવેલા એ ઉત્તમ પુરૂષને જોવાથી, મોહ પામેલી તે સઘળી સ્રીઓ:એ ઇચ્છવા યોગ્ય સ્વામીને, દૈવેજ પ્રાપ્ત કરેલ જાણીને; મનથકી તેમનેજ વરી. ॥૩૪॥ અને સર્વ જણીઓએ, "આ શ્રીકૃષ્ણ મારા પતિ થવામાં વિધાતા અનુકૂળ થજો;" એમ નોખ નોખો ભાવ ધરીને, તેમને વિશે મન કર્યું. ॥૩૫॥ તેથી કેશવ ભગવાને; તે સઘળીઓને, સુંદર અને સ્વચ્છ વસ્રો પેહેરાવીને; પાલખીઓમાં બેસાડી, દ્વારકાંમાં મોકલાવી દીધી; તથા ઘણા ધનનો મોટો ભંડાર-રથ-ઘોડા-અને ઐરાવત॥

કુળના, ધોળા, મોટા વેગવાળા, અને ચાર દાંતવાળા; ચોસઠ હાથીઓ પણ, મોકલાવ્યા. ॥ ૩૭ ॥ તે પછી ઇંદ્રને ઘેર જઈને, ભગવાને અદિતિને કુંડળો આપ્યાં; ત્યારે દેવતાઓ અને ઇંદ્રાણી સહિત ઇંદ્રે, ભગવાનનું સત્યભામા સુધાં પૂજન કર્યું. ॥૩૮॥ અને સત્યભામાના કહેવાથી; ભગવાને, ત્યાંથી પારિજાતનું ઝાડ ઉપાડી; ગરુડના ખાંધ ઉપર મૂકી, ઇંદ્ર સહિત દેવતાઓને જીતીને; દ્વારકાંમાં આણ્યું. ॥૩૯॥ અને તે ઝાડને સત્યભામાના ઘરના બગીચામાં; તે બગીચાની શોભા સારૂં, સ્થાપન કર્યું. તેથી એ ઝાડની સુગંધના રસમાં લલચાયેલા ભમરાઓ પણ, સ્વર્ગમાંથી તેની પાછળ પાછળ આવ્યા. ॥૪૦॥ અહો દેવતાઓને પણ કેટલું બધું અજ્ઞાન આપેલું છે, કે જેઓ; પોતાનું કામ કરી દેનારા, અચ્યુત ભગવાનના ચરણમાં નમી; પોતાના મુકુટોની અણીઓ વડે, સ્પર્શ કરીને; યાચના કરતા હતા; તેઓજ પોતાનું કામ થયા પછી, તે કરી દેનારની સાથે, લડવાને લાગ્યા હતા. ॥૪૧॥ ત્યાર કેડે એ સ્ત્રીઓના જેટલાંજ રૂપે થનારા, અને ફેરફાર રહિત ભગવાન; જૂદાં જૂદાં અનેક ઘરોમાં રહેનારી તે સઘળી સ્ત્રીઓની સાથે. એકજ મુહૂર્તે પરણ્યા. ॥ ૪૨ ॥ તથા એ અટકળમાં ન આવે એવાં કામો કરનારા–ફેરફાર રહિત–અને સ્વરૂપાનંદ વડેજ પરિપૂર્ણ ભગવાન, બીજા ગૃહસ્થાઓની પેઠે, આચરણ કરીને; જેના સમાન અથવા જેથી સરસ બીજું નથી એવાં, તે સ્ત્રીઓનાં ઘરોમાં રહીને; તેઓની સાથે રમવા લાગ્યા. ॥૪૩ ॥ જેના પદને બ્રહ્માદિક પણ જાણતા નથી, એવા લક્ષ્મીપતિ ભગવાનને; સ્વામી રૂપે પામેલી, તે સ્ત્રીઓ; હમેશાં વધતી જતી પ્રીતિથી, હસને મોઢે જોતી હતી. અને નવા સમાગમથી લજાઈને તેમની સાથે બોલવા વડે, આનંદ પામતી હતી. ॥૪૪॥ તથા સેંકડો દાસીઓ હાજર છતાં પોતેજ, સામે જવું–આસન દેવું–ઉત્તમ પ્રકારે પૂજન કરવું–પગ ધોવા–પાન સોપારી આપવાં–પગ

स्तरस्विनः ॥ पांडुरांश्चचतुःषष्टिंप्रेषयामासकेशवः३७॥गत्वासुरेंद्रभवनंदत्वाऽदित्यैचकुंडले॥पूजितस्त्रिदशेंद्रेणसहेंद्राण्याचसप्रियः॥३८॥
नोदितोभार्ययोत्पाट्य पारिजातंगरुत्मति ॥ आरोप्यसेंद्रान्विबुधान्निर्जित्योपानयत्पुरं॥३९॥स्थापितःसत्यभामायागृहोद्यानोपशोभनः॥ अ
न्वगुर्भ्रमराःस्वर्गात्तद्गंधासवलंपटाः ॥४०॥ ययाचआनम्यकिरीटकोटिभिःपादौस्पृशन्नच्युतमर्थसाधनं ॥सिद्धार्थएतेनविगृह्यतेमहानहोसु
राणांचतमोधिगाढ्यतां ॥४१॥ अथोमुहूर्तएकस्मिन्नानागारेषुताःस्त्रियः ॥ यथोपयेमेभगवांस्तावद्रूपधरोऽव्ययः ॥४२॥ गृहेषुतासामनपा
य्यतर्क्यकृन्निरस्तसाम्यातिशयेष्ववस्थितः ॥ रेमेरमाभिर्निजकामसंप्लुतोयथेतरोगार्हकमेधिकांश्चरन् ॥४३॥ इत्थंरमापतिमवाप्यपतिंस्त्रि
यस्ताब्रह्मादयोऽपिनविदुःपदवींयदीयां ॥ भेजुर्मुदाऽविरतमेधितयाऽनुरागहासावलोकनवसंगमजल्पलज्जाः ॥४४॥ प्रत्युद्गमासनवरार्हण
पादशौचतांबूलविश्रमणवीजनगंधमाल्यैः ॥ केशप्रसारशयनस्नपनोपहार्यैर्दासीशताअपिविभोर्विदधुःस्मदास्यं॥४५॥ इ०भाग०म०द०
उ०पारिजातहरणनरकवधोनामएकोनषष्टितमोऽध्यायः ॥५९॥ श्रीशुक०कर्हिचित्सुखमासीनंस्वतल्पस्थंजगद्गुरुं ॥ पतिंपर्यचरद्भैष्मीव्य
जनेनसखीजनैः ॥१॥ यस्त्वेतल्लीलयाविश्वंसृजत्यत्त्यवतीश्वरः ॥ सहिजातःस्वसेतूनांगोपीथाययदुष्वजः ॥२॥ तस्मिन्नंतर्गृहेभ्राजन्मुक्ता
दामविलंबिना ॥ विराजितेवितानेनदीपैर्मणिमयैरपि ॥३॥ मल्लिकादामभिःपुष्पैर्द्विरेफकुलनादिते ॥ जालरंध्रप्रविष्टैश्चगोभिश्चंद्रमसोऽम
लैः ॥४॥ पारिजातवनामोदवायुनोद्यानशालिना ॥ धूपैरगुरुजैराजन्जालरंध्रविनिर्गतैः ॥५॥ पयःफेननिभेशुभ्रेपर्यंकेकशिपूत्तमे ॥ उ
पतस्थेसुखासीनंजगतामीश्वरंपतिं ॥६॥ वालव्यजनमादायरत्नदंडंसखीकरात्॥तेनवीजयतीदेवीउपासांचक्रईश्वरं ॥७॥ सोपाच्युतंक्वणय
तीमणिनूपुराभ्यांरेजेऽंगुलीयवलयव्यजनाग्रहस्ता ॥ वस्त्रांतगूढकुचकुंकुमशोणहारभासानितंबधृतयाचपरार्ध्यकांच्या ॥८॥ तांरूपिणीं
श्रियमनन्यगतिंनिरीक्ष्ययालीलयाधृततनोरनुरूपरूपा ॥ प्रीतःस्मयन्नलककुंडलनिष्ककंठवक्त्रोल्लसस्मितसुधांहरिराबभाषे॥९॥ श्रीभग०
राजपुत्रीप्सिताभूपैर्लोकपालविभूतिभिः ॥ महानुभावैःश्रीमद्भिरूपौदार्यबलोर्जितैः॥१०॥ तान्प्राप्तानर्थिनोहित्वाचैद्यादीन्स्मरदुर्मदान् ॥

ચાંપવા–પંખો કરવો–ચંદન પુષ્પ આપવાં–વાળ સમા કરવા–સુવાડવા–નવરાવવા–અને જમાડવા–વિગેરે કરવા વડે; ભગવાનનું દાસીપણું કરતી હતી. ॥૪૫॥ ઇતિશ્રીભા૦દશમા સ્કંધનો ઓગણસાઠમો અ૦ સંપૂર્ણ. ॥૫૯॥

અધ્યાય ૬૦ મો.–શ્રીશુક–એક દિવસે પોતાના સુવાના પલંગ ઉપર સુખે સુતેલા, વિશ્વને લીલા વડે સરજનારા–પાળનારા–અને નાશ કરનારા–તથા પોતાની કરેલી ધર્મ મર્યાદાનું, સંરક્ષણ કરવાને; યદુકુળમાં અવતરેલા -જગતગુરૂ–અજન્મા–અને ઇશ્વર એ કૃષ્ણભગવાનની પાસે; સાહેલીઓ સહિત બેઠેલાં, રૂક્મિણી પંખો કરવાવડે; પોતાનાં સ્વામીની સેવા કરતાં હતાં. ॥૧–૨॥ તેમનો એ સુવાનો ઓરડો, મણિઓ વાળા દીવાઓથી પ્રકાશેલો, તથા મોતીની શેરોવાળા ઉલેચો વડે શોભતો હતો. ॥૩॥ મલ્લિકાનાં ફુલોની માળાઓની સુગંધી ઉપર આવેલા ભમરાઓનો, ત્યાં ગણગણાટ થતો હતો; અને જાળિયાંના બાખાંમાં થઈને, ચંદ્રમાની સ્વચ્છ કિરણો અંદર પ્રવેશ કરતી હતી. ॥૪॥ તથા ત્યાંના બગીચાના સુંદર વનમાં થઈને આવેલો; પારિજાતના સુગંધ વાળો, અને અગરના ધુપથી મળેલો વાયુ તથા ધુમાડો, જાળિયાંનાં કાણાંમાં થઈને; બહાર નીકળ્યા કરતો હતો. ॥૫॥ ત્યાં દુધના ફીણ જેવી ધોળી તળાઈ વાળા પલંગ ઉપર, સુખથી બેઠેલા પોતાના સ્વામી જગતના ઇશ્વર ભગવાનની સેવા; સહિયરના હાથમાંથી રત્નની દાંડી વાળો ચામર પોતે લેઈને, તેવડે પવન ઢોળીને; રૂક્મિણી, પાસે, ઉભાં રહીને કરતાં હતાં ॥૬–૭॥ ત્યારે પોતાની પાસે, મણિ વાળાં ઝાંઝરના ઝમકારથી શોભતાં–આંગળીઓમાં વીંટીઓ અને હાથમાં કંકણ તથા ચામર રાખેલાં–વસ્ત્રના છેડાથી ઢાંકેલા, સ્તન ઉપરના કુમ કુમ થકી લાલ થયેલા હાર વાળાં–નિતંબ ઉપર ધરેલા મૂલ્યનો કંદોરો પહેરેલાં–અને પોતે લીલાવડે ધારણ કરેલા સ્વરૂપના સમાન રૂપ વાળાં–એ અનન્ય ગતિવાળાં દેહધારી લક્ષ્મીજીને, જોઈને; મોઢા ઉપર વાળના ગુચ્છ અને કુંડળ, તથા ગળામાં પદક થકી શોભતા; અચ્યુત હરિ ભગવાન પ્રીતિવડે, હસતાં હસતાં; અમૃત જેવાં હાંસીનાં વચન, બોલવા લાગ્યા કે. ॥૮–૯॥–શ્રી ભગવાન—હે રાજ પુત્રી, લોકપાળ જેવા ઐશ્વર્યવાળા–મોટા પ્રભાવવાળા–ધનવાન–અને રૂપ, ઉદારતા, તથા બળ

થકી વન્ધ્યા થયેલી ભયેલા—તથા સુકને ગિરિ દુર્ગ, શિશુપાળ કે જેને તમારા પિતા તથા ભાઈએ તમને આપેલા હતાં; તે અને તેવાજ, તમારી ઈચ્છા કરીને આવેલા; રાજાઓને તજીને, તમે તમારી સમાન નહીં, એવા અમને; શા માટે વર્યાં. ॥૧૦-૧૧॥ હે સુંદરી, જેઓની રીત ભાત સમજાતી નથી, અને લૌકિક માર્ગથી જૂદી રીતે ચાલનારા અમ સરખા; પુરૂષોના ચરણનો આશ્રય કરનારી સ્ત્રીઓ, ઘણું કરીને ખેદજ પામે છે. ॥૧૨॥ હે સુંદરી, બળવાન રાજાઓ સાથે દ્વેષ થવાના કારણ માટે, પ્રથમથીજ અને રાજ્યાસનનો ત્યાગ કરેલો છે; અને તેઓની બીકથીજ, સમુદ્રને શરણે જઈ રહેલા છીએ. ॥૧૩॥ અમે તો સર્વદા કશું પણ પોતાનું કરીને, પાસે નહીં રાખનારા છીએ; અને એવા નિષ્કિંચન લોકોજ, અમને પ્યારા છે: તથા એટલા માટેજ હે સુંદર મધ્ય ભાગ વાળાં; ધનવાન લોકો, અમને ઘણું કરીને ભજતા નથી. ॥૧૪॥ વળી જેઓની બુદ્ધિ–ધન–કુળ–ઐશ્વર્ય આકૃતિ–અને પછીની સ્થિતિ, પણ સમાન હોય: તેમનેજ એક બીજા સાથે, વિવાહ અગર મૈત્રી થવી ઉચીત કહેલ છે; અને ઉત્તમ તથા અધમની વચ્ચે, એ થવાનું કદી પણ યોગ્ય નથી. ॥૧૫॥ એ માટે હે વૈદર્ભી. આ સઘળું તમે જાણ્યાવિના, ટુંકી નજરથીજ; ગુણહીન–અને ભિખારીઓએ વખાણેલા અમને, પરણવામાં ભુલ ખાધેલી છે. ॥૧૬॥ તો હવે તમારા પોતાના સરખા, કોઈ ઉત્તમ ક્ષત્રીને, તમે ભજો; કે જેથી તમને આલોકનાં, અને પરલોકનાં; ખરાં સુખની પ્રાપ્તી થાય. ॥૧૭॥ હે સુંદર ઉરૂવાળાં; શિશુપાળ–શાલ્વ–જરાસંધ–અને દંતવક્ર, આદિક રાજાઓ તથા તમારો મોટો ભાઈ રૂકમી; એ સર્વે મારો દ્વેષ કરનારા–ગર્વિષ્ટ–અને પરાક્રમના મદથી આંધળા થનારાઓનો; ગર્વ ઉતારવા સારૂજ, હે કલ્યાણી; અસત પુરૂષોના તેજને હરનારો હું, તમને લેઈ આવેલો છું. ॥૧૮-૧૯॥ છતાં હું તો ખચિતજ, સ્ત્રી–સંતાન–અને ઘર–તથા ધનની ઇચ્છા કરનારો નથીજ; અને દીવાની જ્યોતની પેઠે ક્રિયા રહિત, તથા આત્મ સ્વરૂપની પ્રાપ્તિથીજ પરિપૂર્ણ છું. ॥૨૦॥ **શ્રીશુક**–પોતાના થકી ભગવાન જરા પણ દૂર ન રહેવાથી, પોતેજ ભગવાનને બહુ પ્યારાં હોવાનું, માનનારાં રૂકિમણીના, એ અ

दत्ताभ्रात्रास्वपित्राचकस्मान्नोववृषेऽसमान्॥११॥ राजभ्योबिभ्यतःसुभ्रूःसमुद्रंशरणंगतान्॥ बलवद्भिःकृतद्वेषान्प्रायस्त्यक्तनृपासनान्॥
॥१२॥ अस्पष्टवर्त्मनांपुंसामलोकपथमीयुषां॥ आस्थिताःपदवींसुभ्रूःप्रायःसीदंतियोषितः॥१३॥ निष्किंचनावयंशश्वन्निष्किंचनजनप्रि
याः॥ तस्मात्प्रायेणनह्याढ्यामांभजंतिसुमध्यमे॥१४॥ ययोरात्मसमंवित्तंजन्मैश्वर्याकृतिर्भवः॥ तयोर्विवाहोमैत्रीचनोत्तमाधमयोःक्वचित्
॥१५॥ वैदर्भ्येतदविज्ञायत्वयाऽदीर्घसमीक्षया॥ वृतावयंगुणैर्हीनाभिक्षुभिःश्लाघितामुधा॥१६॥ अथात्मनोऽनुरूपंवैभजस्वक्षत्रियर्षभं॥
येनत्वमाशिषःसत्याइहामुत्रचलप्स्यसे॥१७॥ चैद्यशाल्वजरासंधदंतवक्त्रादयोनृपाः॥ ममद्विषंतिवामोरुरुक्मीचापितवाग्रजः॥१८॥ ते
षांवीर्यमदांधानांदृप्तानांस्मयनुत्तये॥ आनीतासिमयाभद्रेतेजोऽपहरताऽसतां॥ १९ ॥ उदासीनावयंनूनंनस्त्र्यपत्यार्थकामुकाः॥
आत्मलब्ध्यास्महेपूर्णागेहयोर्ज्योतिरक्रियाः॥ २० ॥ श्रीशुक० एतावदुक्त्वाभगवानात्मानंवल्लभामिव॥ मन्यमानामविश्लेषात्तद्दर्पघ्न
उपारमत्॥ २१ ॥ इतित्रिलोकेशपतेस्तदात्मनःप्रियस्यदेव्यश्रुतपूर्वमप्रियं॥ आश्रुत्यभीताहृदिजातवेपथुश्चिंतांदुरंतांरुदतीजगामह॥
॥२२॥ पदासुजातेननखारुणश्रियाभुवंलिखंत्यश्रुभिरंजनासितैः॥ आसिंचतीकुंकुमरूषितौस्तनौतस्थावधोमुख्यातिदुःखरुद्धवाक्॥२३॥
तस्याःसुदुःखभयशोकविनष्टबुद्धेर्हस्ताच्छ्लथद्वलयतोव्यजनंपपात॥ देहश्चविक्लवधियःसहसैवमुह्यन्रंभेववायुविहताप्रविकीर्यकेशान्॥ २४
तद्दृष्ट्वाभगवान्कृष्णःप्रियायाःप्रेमबंधनं॥ हास्यप्रौढिमजानंत्याःकरुणःसोऽन्वकंपत॥२५॥ पर्यंकादवरुह्याशुतामुत्थाप्यचतुर्भुजः॥ के
शान्समुह्यतद्वक्त्रंप्रामृजत्पद्मपाणिना॥२६॥ प्रमृज्याश्रुकलेनेत्रेस्तनौचोपहतौशुचा॥ आश्लिष्यबाहुनाराजन्ननन्यविषयांसतीं॥२७॥ सांत्व
यामाससांत्वज्ञःकृपयाकृपणांप्रभुः॥ हास्यप्रौढिभ्रमच्चित्तामतदर्हांसतांगतिः॥२८॥ श्रीभग०मामावैदर्भ्यसूयेथाजानेत्वांमत्परायणां॥त्व
द्वचःश्रोतुकामेनक्ष्वेल्याचरितमंगने॥२९॥ मुखंचप्रेमसंरंभस्फुरिताधरमीक्षितुं॥ कटाक्षेपारुणापांगसुंदरभ्रुकुटीतटं॥३०॥ अयंहिपरमो

ભિમાનનો નાશ કરવા સારૂં; એટલુંજ બોલીને, ભગવાન છાના રહ્યા. ॥૨૧॥ ત્યારે આ પ્રમાણેનું આગળ કદી નહીં સાંભળેલું, પોતાના પ્યારા અને ત્રણે લોકના ઈશ્વરોના ઈશ્વરનું; આ અપ્રિય વચન સાંભળવાથી, થર થર ધ્રુજતાં, અને મનમાં બીહીનેલાં; રૂકિમણી અપાર ચિંતામાં પડી જઈને, રોવા લાગ્યાં. ॥૨૨॥ તથા અતિ દુઃખ વડે, કાંઈ પણ બોલી ન શકતાં; નખની રતાશથી શોભતા સુકોમળ ચરણથી, ધરતી ખોતરતાં; અને કુમકુમથી ખરડાયલા પોતાના સ્તનોને, આંજણ થકી કાળાં થયેલ આંસુ વડે, ભિંજાવતાં; નીચું મોહું કરીને ઉભાં રહ્યાં. ॥૨૩॥ અને અતિ દુઃખ–ભય–તથા શોકથી બુદ્ધિ નાશ પામીને; તેમના હાથનાં કંકણો ઢીલાં પડી ગયાં; ને ચામર પડી ગયો; તથા મનની વિકળતાથી, તેમને એકાએક મૂર્છા આવી જઈને, વાયુએ પાડી નાંખેલી કેળની પેઠે, માથાના વાળ છૂટા થઈ ગયેલો તેમનો દેહ; જમીન ઉપર પડી ગયો. ॥૨૪॥ ત્યારે પોતે કરેલી હાસીની ગંભીરતાને નહીં સમજનાર, પોતાની પ્યારીના એ પ્રેમ બંધનને જોઈને; ભગવાનને પણ, દયાને લીધે, કંપારી આવી. ॥૨૫॥ અને એ ચતુર્ભુજ ભગવાને ઉતાવળથી, પલંગ ઉપરથી નીચે ઉતરી પડીને; તેમને ઉઠાડયાં; તથા તેમનું મોહું પોતાના હસ્ત કમળથી લુછીને, વાળ સમા કર્યા. ॥૨૬॥ તેમજ એ, આંખ્યોમાંથી પડતાં આંસુનાં ટીપાંથી, ખરડાઈ ગયેલાં બંને સ્તનો વાળાં; અને અનન્ય ગતિ વાળાં સતી રૂકિમણીને, તેમણે પોતાના એક હાથ વડે; પોતાની છાતી સરસાં દબાવ્યાં. ॥૨૭॥ તે પછી એ સાંત્વન કરવામાં કુશળ, અને સત્પુરૂષોની ગતિ રૂપ ભગવાને, કૃપા કરીને; આ હાસીની ગંભીરતાથી ભમી ગયેલા ચીત્તથી રાંક બનેલાં; અને એવી રીતે થવાને યોગ્ય નહીં એવાં; રૂકિમણીનું સાંત્વન કર્યું કે. ॥૨૮॥–**શ્રીભગવાન**–હે વૈદર્ભી, તમે મને પરાયણ હોવાનું, હું જાણુંછુંજ; તમે મારે વિશે દોષ બુદ્ધિ કરતાં નહીં હે સુંદરી તમારી વાણી સાંભળવાની ઇચ્છાથી, અને પ્રેમના કોપથી ફરકતા હોઠ વાળું; તથા રાતી આંખની આણીઓથી કટાક્ષ નાંખવા વડે, વાંકી થયેલી ભમરો વાળું; તમારૂં મુખ જોવાની ઇચ્છાથીજ, મેં તો તમારી આ રીતની હાંસીજ કરેલી છે. ॥૨૯-૩૦॥ પોતાની પ્રિયા–ભીરૂ–અને ભામિની એવી ભાર્યાની સાથે; વિનોદનાં વચનો બોલવામાં, વખત કઢાય; એટલોજ ગૃહસ્થાશ્રમીઓને, ઘરને વિષે પ્રાપ્ત થવાનો; મોટામાં મોટો લાભ

હોવાનું કહેલ છે. ॥ ૩૧ ॥–શ્રીશુક–હે રાજા, એ પ્રમાણે ભગવાને સાંત્વન કરેલાં, વૈદર્ભીએ; ત્યારે એ બો-લવાને હાંસી સમજીને, પછીથી પ્રિયનો ત્યાગ થવાના ભયને; તજી દીધું. ॥૩૨॥ અને હે ભારત, એ પુરુષ-શ્રેષ્ઠ ભગવાનના મુખ સામું; લાજ સહિત હસતે મોઢે, અને સ્નેહાળ આંખોની અણીઓથી, સુંદર રીતે જોતાં; તે બોલ્યાં કે. ॥૩૩॥ –રુક્મિણી–હે કમળ નેત્ર, આપ મહાત્માના સમાન, હું નહીં હોવાનું આપે કહ્યું, તે સાચું કહ્યું છે; કેમકે આપતો પોતાના મહિમા વિશે પ્રીતિ વાળા; અને ત્રણે લોકના અધિશ્વર છો; અને આપના ચરણની દાસ હું તો, પ્રકૃતિના ગુણો વાળી, અને અજ્ઞાન હોવાને લીધે; આપની સમાન ક્યાંથી હોઉં. ॥૩૪॥ અને આપે સાચું કહ્યું છે કે, આપ ઉરૂક્રમ ભગવાન, ગુણો એટલે વિષયો આદિથી બીન્હેલાની પેઠે; સમુદ્ર રૂપ અંતઃકરણને વિશેજ, આત્મ સ્વરૂપથી વસેલા છો; કે જે માત્ર જાણવામાંજ આવી શકો છો. (એટલે બીજી વસ્તુની પેઠે, દેખી–પકડી– કે તપાસી જોવા સરખા; આપ નથી.) તથા બળવાન ઇંદ્રિયો સાથે, આપને હમેશાંજ લડાઈ થયા કરે છે; તેમજ તમોગુણી અને અંધારા સમાન રાજ્યાસનનો તો, આપના સેવકો પણ ત્યાગજ કરે છે. (અર્થાત આપે રાજ્યાસનનો સ્વીકાર નથી કર્યો, તેમાં કાંઇ નવાઇ નથી.) ॥૩૫॥ વળી આપના ચરણ કમળના મકરંદને સેવનારા, મુનિઓની રીતભાત પણ; બીજા પશુ જેવા મનુષ્યોના જાણવામાં, બરાબર રીતે આવતી નથીજ; તો આપની રીતભાત જાણવામાં ન આવે, તેમાં શી નવાઇ એ. તેમજ આપ ઇશ્વર ભગવાનનાં તથા આપને અનુસરનારાઓનાં કામો પણ, બીજા લોકોનાં કામો સરખાં ન હોવાનું; આપનું કહેવું સાચુંજ છે. ॥ ૩૬ ॥ અને બીજાઓ પાસેથી બળી (પૂજન વિગેરે રૂપ કર) લેનારા, બ્રહ્માદિક પણ, જેને બળી આપે છે; એવા આપના સ્વરૂપમાંથી નહીં થયેલી, એવી કોઇ વસ્તુજ ન હોવાથી; આપ પોતા પાસે બીજું કાંઇ રાખનારા ન હોવાનું પણ, આપનું બોલવું સાચે સાચું છે; અને (કશુ પણ પોતાનું હોવાના) અભિમાન રહિત બ્રહ્માદિકને આપ વ્હાલા હોવાનું તથા તેઓ આપને પ્યારા હોવાનું પણ; આપે ખરૂંજ કહ્યું છે. તેમજ ઇંદ્રિયાદિકને તૃપ્ત કરનારા, અને ધનવાનપણાથકી આંધળા બનેલા લોકો; આપના કાળ સ્વરૂપને, જાણતા નથી; એટલે ભજતા નથી; એ પણ સાચે સાચુંજ છે.

लाभोगृहेषुगृहमेधिनां॥ यन्नर्मैर्नीयतेयामः प्रिययाभीरुभामिनि ॥३१श्रीशुक०सैवंभगवताराजन्वैदर्भीपरिसांत्विता ॥ ज्ञात्वातत्परिहासोक्तिंप्रियत्यागभयंजहौ ॥३२॥ बभाषेऋषभंपुंसांवीक्षंतीभगवन्मुखं ॥सव्रीडहासरुचिरस्निग्धापांगेनभारत॥३३॥ रुक्मिण्णी०नन्वेवमेतदरविंदविलोचनाहयद्वैभवान्भगवतोऽसदृशीविभूम्नः ॥क्वस्वेमहिम्न्यभिरतोभगवांस्त्र्यधीशः क्वाहंगुणप्रकृतिरज्ञगृहीतपादा ॥३४॥ सत्यंभयादिवगुणेभ्यउरुक्रमांतः शेतेसमुद्रउपलंभनमात्रआत्मा ॥ नित्यंकदिंद्रियगणैःकृतविग्रहस्त्वंत्वत्सेवकैर्नृपपदंविधुतंतमोंऽधं॥३५॥ त्वत्पादपद्ममकरंदजुषांमुनीनांवर्त्मास्फुटंनृ[illegible]भिर्ननुदुर्विभाव्यं ॥ यस्मा[illegible]कमिवेहितमीश्वरस्यभूमंस्तवेहितमथोअनुयेभवंतं ॥३६॥ निष्किंचनोननुभवान्नयतोऽस्तिकिंचिद्यस्मैबलिंबलिभुजोऽपि[illegible]ः ॥नत्वाविदंत्यसुतृपोंऽतकमाढ्यतांधाः प्रेष्ठोभवान्बलिभुजामपितेऽपितुभ्यं॥३७॥ त्वंवैसमस्तपुरुषार्थमयःफलात्मायद्वांछयासुमतयोविसृजंतिकृत्स्नं॥ तेषांविभोसमुचितोभवतःसमाजःपुंसःस्त्रियाश्चरतयोःसुखदुःखिनोर्न॥३८॥ त्वंन्यस्तदंडमुनिभिर्गदितानुभावआत्मात्मदश्चजगतामितिमेवृतोऽसि॥ हित्वाभवद्भ्रुवउदीरितकालवेगध्वस्ताशिषोऽब्जभवनाकपतीन्कुतोऽन्ये ॥३९॥ जाड्यंवचस्तवगदाग्रजयस्तुभूपान्विद्राव्यशार्ङ्गनिनदेनजहर्थमांत्वं ॥ सिंहोयथास्वबलिमीशपशून्स्वभागंतेभ्योभयाद्यदुदधिंशरणंप्रपन्नः॥४०॥ यद्वांछयानृपशिखामणयोंऽगवैन्यजायंतनाहुषगयादयऐकपत्यं ॥ राज्यंविसृज्यविविशुर्वनमंबुजाक्षसीदंतितेनुपदवींतइहास्थिताःकिं ॥४१॥ काऽन्यंश्रयेततवपादसरोजगंधमाघ्रायसन्मुखरितंजनताऽपवर्गं ॥ लक्ष्म्यालयंत्वविगणय्यगुणालयस्यमर्त्यासदोरुभयमर्थविविक्तदृष्टिः ॥४२॥ तंत्वाऽनुरूपमभजंजगतामधीशमात्मानमत्रचपरत्रचकामपूरं ॥ स्यान्मेतवांघ्रिरणंसृतिभिर्भ्रमंत्या योवैभजंतमुपयात्यनृतापवर्गः ॥४३॥ तस्याःस्युरच्युतनृपाभवतोपदिष्टाःस्त्रीणांगृहेषुखरगोश्वबिडालभृत्याः ॥ यत्कर्णमूलमरिक

॥ ૩૭ ॥ સમસ્ત પુરુષાર્થમય તથા પરમાનંદ રૂપ, આપની ઇચ્છા પણ; બીજા સર્વનો ત્યાગ કરનારા સુબુદ્ધિવાન પુરુષોજ કરી શકે છે; અને તેવાઓનોજ સંબંધ આપ સમર્થની સાથે થવો ઉચીત છે; પણ અમારા સરખા, સુખ દુઃખને ભોગવનારા, અને પરસ્પર સ્ત્રી તથા પુરુષોમાં પ્રીતિ રાખનારાઓનો; સંબંધ થવાનું, ઉચિત ન હોવાનું; આપનું કહેવું પણ, ખોટું નથીજ. ॥૩૮॥ અને સર્વને અભય દાન દેનારા મુનિઓ એટલે સન્યાસી અથવા ભિખારીઓએ, આપના પ્રભાવને વખાણેલો છે; તે પણ, ખરૂં છે. અને મનુષ્યોને પોતાનું આત્મ સ્વરૂપ આપી દેનારા, (એટલે ઓળખાવનારા,) આપ ભગવાનને હું વરી છું; તેથી વૃથા વરી નથી; તથા ઇંદ્ર અને બ્રહ્માદિકનાં સ્થાનોનાં સુખાદિક પણ; કાળ સ્વરૂપ આપની ભમર હાલવાથીજ, ઉતાવળાં નાશ પામી જાય છે; એમ જાણીનેજ, મેં તે સઘળાઓનો ત્યાગ કરેલો છે; એટલે નહીં જાણતાં અને ટુંકી નજરથી, હું આપને વરી નથી. ॥૩૯॥ હે ઇશ્વર ભગવાન, પશુઓને નસાડીને પોતાના ભાગ રૂપ ભક્ષને; સિંહ ઉપાડી જવાની પેઠે, બીજા રાજાઓને; સારંગધનુષ્યના ટંકારથીજ નસાડી મૂકીને, આપ મને હરિ લાવેલા છો; તો પછી તેજ રાજાઓના ભયથી, આપે સમુદ્રનું શરણ લીધાનું, આપનું કહેવું ખરૂં નથી; પણ ઉપર ઉપરનુંજ કહેલાનું સમજાય છે. ॥૪૦॥ વળી હે કમળ નેત્ર, ચક્રવર્તી રાજાઓના શિરોમણિ, અંગ–પૃથુ–ભરત–યયાતિ–અને ગય આદિક પણ, પોતાનાં રાજ્યોનો ત્યાગ કરીને, આપને પામવાની ઇચ્છાથીજ; વનમાં ગયા હતા; જો તેઓ સિદાતા હોતતો, તેઓ આપના પદને પામી ગયેલાનું, કેમ કહેવાત. ॥૪૧॥ માટે પોતાના સ્વાર્થને જાણનારી કોણ બુદ્ધિવાન સ્ત્રી; આપ લક્ષ્મીના સ્થાન–ગુણોના ભંડાર–સત્પુરુષોએ વખાણેલા–અને મનુષ્યોને મોક્ષ આપનારાના:–ચરણ કમળના સુગંધને એકવાર સેવ્યા પછી; ઘણાં ભયવાળા –અસત્ય–અને મરી જનારા, એવા બીજાનો આશ્રય કરે. ॥ ૪૨ ॥ તેથી આપ જગતના ઇશ્વર–આ લોક તથા પરલોકની કામનાઓને પૂર્ણ કરનારા–આત્મ સ્વરૂપ–અને સર્વ પ્રકાર વડે યોગ્યનેજ; હું ભજુ છું; અને ભજનારાઓના સંસાર ભવા રૂપ જન્મ મરણનો, છેડો લાવનારૂં આપનું ચરણજ; સંસારમાં ભટક્યા કરતી હું ને, શરણ રૂપ થજો; એમ ઇચ્છુછું. ॥૪૩॥ હે અચ્યુત ભગવાન આપે કહેલા, વરને વિશે આંઓની પાસે

એડકા–બગલા–કુતરા–બિલાડા–અને ચાકરની પેઠે વર્તનારા, રાજાઓ તો; જે સ્ત્રીઓના કાનને વિષે; શત્રુનો નાશ કરનાર આપ ભગવાનની; બ્રહ્મા અને સદાશિવ આદિકની સભાઓમાં ગવાતી કથાઓ; પેસતી ન હોય, તેવી સ્ત્રીઓનાજ પતિ થવે ॥૪૪॥ ચામડી–દાઢી મુછ–રુવાડાં–નખ–અને વાળ થકી, મઢાયલા; તથા માંહેની તરફ માંસ–હાડકાં–લોહી–કીડા–કફ–પીત–અને વાયુ, થકી ભરેલા; એવા જીવતાંજ મુએલા પતિને તો જેણે, આપના ચરણ કમળના મકરંદનો સ્વાદ લીધેલો નથી, એવી અતિ મૂઢ સ્ત્રીઓજ ભજે છે. ॥ ૪૫ ॥ જગતની વૃદ્ધિને અર્થે, આપ રજોગુણની માત્રાને ધારણ કરેલા છો; મારા તરફ નજર કરોછો, એ મારા ઉપર આપનો મોટો અનુગ્રહ થએલો હું માનુંછું; માટે આપ જોકે આત્મ સ્વરૂપને વિષે પ્રીતિવાન હોવાથી; મારામાં અતિ આસક્તિ વિનાનાછો; તો પણ આપ કમળનેત્ર ભગવાનના ચરણને વિષેજ, મને પ્રીતિ હોજો. ॥૪૬॥ વળી કાશી રાજાની પુત્રી અંબાની પેઠે, અસતી સ્ત્રીઓને; કોઇવાર કન્યાપણામાંજ, કોઇના વિષે પ્રીતિ થાય છે; તથા પરણેલી છીનાળ સ્ત્રીઓનું મન પણ; નવા નવા પુરુષોને વિષે જાય છે; એ ખરી વાત છે; માટે આપે એ સંબંધમાં કહેલા વચનને પણ, હું ખોટું કહેતી નથી. છતાં આ લોક અને પરલોક બંને થકી ભ્રષ્ટ થનારી, એવી અસતી સ્ત્રીઓને; ડાહ્યા પુરુષોએ સેવવીજ, ન જોઇએ. ॥૪૭-૪૮॥—**શ્રીભગવાન**—હે સાધવી રાજપુત્રી, મેં કહેલાના તમે આપેલા; સઘળા પ્રત્યુત્તરો બરાબર અને સાચા છે. આટલું સાંભળવાની ઇચ્છાથીજ, મેં તમારી હાંસી કરી હતી. ॥૪૯॥ હે ભામિની, કામના રહિત એવા હું થકી; જે જે કામનાની તમે ઇચ્છા કરશો, તે સઘળી કામનાઓ, હે કલ્યાણી; તમને સર્વદા મારા વિષે, એકાંત ભક્તિની પ્રાપ્તિ કરનારીજ થશે. ॥૫૦॥ હે પાપ રહિત સ્ત્રી, વચનો વડે ચળાવમાન કરવા માંડયા છતાં; જેની મારે વિષેની બુદ્ધિ દૂર થતી નથી, એવું તમારૂં પતિવ્રત, અને સ્વામી ઉપરનો પ્રેમ; આ થકી જણાઇ આવેલો છે. ॥૫૧॥ જે કામનાવાળાઓ, તપ અને વ્રત આદિક કરવાવડે; હું મોક્ષના ઇશ્વરને, સ્ત્રી પુરુષના સુખની ઇચ્છાથી ભજે છે, તેઓ

र्पणनोपययाद्युष्मत्कथामृडविरिंचसभासुगीता ॥४४॥ त्वक्श्मश्रुरोमनखकेशपिनद्धमंतर्मांसास्थिरक्तकृमिविट्कफपित्तवातं ॥ जीवच्छवं भजतिकांतमतिर्विमूढायातेपदाब्जमकरंदमजिघ्रती स्त्री ॥४५॥ अस्त्वंबुजाक्षममतेचरणानुरागआत्मन्रतस्यमयिचानतिरिक्तदृष्टेः॥ यर्ह्यस्य वृद्धयउपात्तरजोऽतिमात्रोमामीक्षसेतदुहनःपरमाऽनुकंपा ॥४६॥ नैवालीकमहंमन्येवचस्तेमधुसूदन ॥ अंबायाइवहिप्रायःकन्यायाःस्याद्रतिःक्वचित् ॥४७॥ व्यूढायाश्चापिपुंश्चल्यामनोऽभ्येतिनवंनवं॥ बुधोऽसतींनबिभृयात्तांबिभ्रदुभयच्युतः॥४८॥ श्रीभग०साध्व्येतच्छ्रोतुकामैस्त्वंराजपुत्रिप्रलंभिता॥ मयोदितंयदन्वात्थसर्वंतत्सत्यमेवहि॥४९॥ याऽन्यान्कामयसेकामान्मय्यकामायभामिनि ॥ संतिह्येकांतभक्तायास्तवकल्याणिनित्यदा॥५०॥ उपलब्धंपतिप्रेमपातिव्रत्यंचतेऽनघे॥यद्वाक्यैश्चाल्यमानायानधीर्मय्यपकर्षिता ॥५१॥ येमांभजंतिदांपत्ये तपसाव्रतचर्यया॥ कामात्मानोऽपवर्गेशंमोहितामममायया ॥५२॥ मांप्राप्यमानिन्यपवर्गसंपदंवांछंतियेसंपदएवतत्पतिं ॥ तेमंदभाग्यानिरयेऽपियेनृणांमात्रात्मकत्वान्निरयःसुसंगमः ॥५३॥ दिष्ट्यागृहेश्वर्यसकृन्मयित्वयाकृताऽनुवृत्तिर्भवमोचनीखलैः ॥ सुदुष्कराऽसौसुतरांदुराशिषोह्यसुंभरायानिकृतिंजुषःस्त्रियाः ॥५४॥ नत्वादृशींप्रणयिनींगृहिणींगृहेषुपश्यामिमानिनिययास्वविवाहकाले॥ प्राप्तान्नृपानवगणय्यरहोहरोमेप्रस्थापितोद्विजउपश्रुतसत्कथस्य॥५५॥ भ्रातुर्विरूपकरणंयुधिनिर्जितस्यप्रोद्वाहपर्वणिचतद्वधमक्षगोष्ठ्यां ॥ दुःखंसमुत्थमसहोऽस्मदयोगभीत्यानैवाब्रवीःकिमपितेनवयंजितास्ते ॥५६॥ दूतस्त्वयात्मलभनेसुविविक्तमंत्रःप्रस्थापितोमयिचिरायतिशून्यमेतत् ॥मत्वाजिहासइदमंगमनन्ययोग्यंतिष्ठेततत्त्वयिवयंप्रतिनंदयामः ॥५७॥ श्रीशुक०एवंसौरतसंलापैर्भगवान्जगदीश्वरः ॥ स्वरतोरमयारेमेनरलोकंविडंबयन् ॥५८॥तथाऽन्यासामपिविभुर्गृहेषुगृहवानिव॥ आस्थितोगृहमेधीयान्धर्माल्लोकगुरुर्हरिः॥५९॥ इ.भा.म.द.उ.ष.अ० ॥६०॥

श्रीशुक०एकैकशस्ताःकृष्णस्यपुत्रान्दशदशाबलाः ॥ अजीजनन्ननवमान्पितुःसर्वात्मसंपदा ॥१॥ गृहादनपगंवीक्ष्यराजपुत्र्योऽच्युतंस्थि

મારી માયા થકી મોહ પામેલા છે. ॥૫૨॥ હે માનિની, જે પુરુષો, હું મોક્ષ અને સંપત્તિઓના સ્વામીને, પામ્યા પછી; નરકમાં પણ જે મળે છે; એવાં; અને નરકનેજ પમાડનારાં વિષય સુખાદિક સંપત્તિઓનેજ ઇચ્છે છે; તેઓ મંદ ભાગ્યવાળા છે. ॥૫૩॥ હે ઘરની ઇશ્વરી, ઇંદ્રિયોને તૃપ્ત કરનારી–કપટી–અને દુષ્ટ ઇચ્છાઓવાળી, સ્ત્રીઓ થકી, થવી અશક્ય એવી; અને સંસાર થકી છોડવનારી મારી નિષ્કામ સેવા, તમે સર્વદા કરોછો; એ ઘણું ઉત્તમ છે. ॥ ૫૪ ॥ હે માનિની, જેણે પોતાના લગ્ન સમયે આવેલા રાજાઓની અવગણના કરીને; મારી સત્કથાઓનું માત્ર, શ્રવણ કરવાથીજ; મારા તરફ છાની રીતે, બ્રાહ્મણને મોકલ્યો હતો; એવી તમ સરખી પ્રેમવાળી ઘર ધણીઆણી, હું બીજી દેખતોજ નથી. ॥૫૫॥ વળી તમારા ભાઇને, યુદ્ધમાં હરાવીને અમે વિરૂપ કર્યો, તથા અનિરુદ્ધના વિવાહના સમયમાં; પાસાની રમતમાં, તેને મારી પણ નાંખ્યો; તેથી ઉત્પન્ન થતા દુઃખને, તમે કાંઇપણ ન બોલતાં; અમારો વિયોગ થવાની બીકેકરીનેજ, સહન કરેલું છે; તેથી તમે મને જીતી લીધેલોજ છે, ॥૫૬॥ મારી પ્રાપ્તિને અર્થે છાનો સંદેશો આપીને તમે, મારા તરફ દૂત મોકલ્યો; અને મને આવતાં વાર લાગવાથી, આ જગતને શૂન્ય સરખું દેખી; બીજા કોઇથી ન થઇ શકે તે રીતે, આ શરીરનો ત્યાગ કરી દેવાની; જેણે ઇચ્છા કરી હતી, એવાં તમને; માત્ર પાસે ઉભા રહીનેજ, અમે તો પ્રસન્ન કરી શકીએ છીએ. (અર્થાત ગહેણો વાળવાને અમે સમર્થ નથી.) ॥૫૭॥ —**શ્રીશુક**—એ પ્રકારે મનુષ્યનાં આચરણ કરતા, એ જગતના ઇશ્વર, અને આત્મ સ્વરૂપમાં પ્રીતિવાળા ભગવાન, સૌરત સંબંધી વિનોદ કરીને; પોતાની એ સ્ત્રીને રમાડતા હતા. ॥ ૫૮ ॥ અને બીજી સ્ત્રીઓનાં ઘરોને વિષે પણ; ગૃહસ્થની પેઠે, એ રીતેજ રહીને; એ લોકમાત્રના ગુરુ, સમર્થ હરિ ભગવાન; ગૃહસ્થ આશ્રમના ધર્મોનું, આચરણ કરતા હતા ॥૫૯॥ ઇ૦ભા૦દશમા સ્કંધનો કૃષ્ણ રુક્મિણી સંવાદ નામે સાઠમો અ૦સં૦॥૬૦॥

અધ્યાય ૬૧ મો.—**શ્રીશુક**—કૃષ્ણની એ સઘળી સ્ત્રીઓએ દરેકે, દશ દશ પુત્રો, આત્મ સંપત્તિમાં પિતા કરતાં કમી નહીં; એવા જણ્યા હતા. ॥ ૧ ॥ અને તે રાજપુત્રીઓ અચ્યુત ભગવાનને, પોતાનાજ ઘરોમાં રહેલા; તથા બીજે ઠેકાણે નહીં જતા જાણતી હતી તથા તેમના તત્ત્વને નહીં સમજનારી તે સ્ત્રીઓ; ભગવાનને

પોત પોતાના એકલીનાજ, પ્યારા માનતી હતી. ॥૨॥ સુંદર કમળના કોશ જેવા મુખવાળા-લાંબા હાથવાળા -અને પ્રેમના રસથી ભરેલી આંખોથી, હસતાં હસતાં જોનારા-તથા સુંદર રીતે બોલનારા ભગવાનમાં, મોહ પામેલી તે સઘળી સ્ત્રીઓ; પોત પોતાના મન ગમતા વિલાસો કરતાં છતાં, તે મહાત્માના મનને જીતી લેવાને; શક્તિવાન થઇ શકી નહતી. ॥૩॥ તે સઘળીઓના હસવા સાથે જોવા કરવાથી, કાંઇક જણાઇ જતા; અને ભમરોના ચાળા થકી મોકલાવેલા, સૈરત સંબંધી શુભ વિચારો: આદિ લેઇને, સર્વ પ્રકારનાં કામબાણો-વડે; તે સ્ત્રીઓ સોળ હજાર એકસોને આઠ હોવા છતાં પણ, કૃષ્ણ ભગવાનની ઇંદ્રિઓનું મથન કરવાને; તેઓ સમર્થ થઇ શકતી નહોતી. ॥૪॥ અને જેના પદને બ્રહ્મા આદિક પણ જાણતા નથી, એવા એ રમા-પતિ ભગવાનને; ભરતાર રૂપે પામેલી, તે સઘળી સ્ત્રીઓ; રોજ વધતા જતા પ્રેમથી હસને મોઢે જોવાં, અને નવાનવા પ્રકારોથી સમાગમ કરવાની લાલચ આદિ વડે; હમેશાં આનંદ માણતી હતી. ॥૫॥ તથા સેંકડો દાસીઓ હાજર છતાં પોતેજ, સામે જવું-આસન આપવું-ઉત્તમ પ્રકારે પૂજન કરવી-પગ ધોવા-તંબોળ આ-પવું-પગ ચાંપવા-પવન નાંખવો-ચંદન પુષ્પ આપવાં-વાળ સમા કરવા-સુવાડવા-નવરાવવા-અને જમાડવા વિગેરે કરવાવડે; ભગવાનનું દાસી પણું કરતી હતીઓ. ॥ ૬ ॥ પ્રથમ કહ્યા પ્રમાણેની કૃષ્ણની એ સઘળી, દસ દસ પુત્રોવાળી સ્ત્રીઓ મધેની, આઠ પટરાણીઓના પુત્રોનાં; પ્રદ્યુમ્ન આદિ લેઇને નામો, હવે હું કહું છું. ॥ ૭ ॥ એ હરિ ભગવાન થકી રૂક્મિણીને વિષે, પિતા થકી કોઇ પ્રકારે કમી નહીં એવા; પ્રદ્યુમ્ન-ચારૂદેષ્ણ-સુદેષ્ણ-ચારૂદેહ-સુચારૂ-ચારૂગુપ્ત-ભદ્રચારૂ-ચારૂચંદ્ર-વિચારૂ-અને ચારૂ: એ દશ પરાક્રમી પુત્રો જન્મ્યા હતા. ॥૮-૯॥ ભાનુ-સુભાનુ-સ્વર્ભાનુ-પ્રભાનુ-ભાનુમાન-ચંદ્રભાનુ-બૃહદ્ભાનુ-

तं ॥ प्रेष्ठंन्यमंसतस्वंस्वंनतत्तत्त्वविदःस्त्रियः ॥२॥ चार्वब्जकोशवदनायतबाहुनेत्रसप्रेमहासरसवीक्षितवल्गुजल्पैः ॥ संमो[illegible]ताभगवतोन
मनोविजेतुंस्वैर्विभ्रमैःसमशकन्वनितात्रिभूम्नः ॥३॥ स्मायावलोकलवदर्शितभावहारिभ्रूमंडलप्रहितसौरतमंत्रशौंडैः ॥ पत्न्यस्तुषोडशस
[illegible]स्रमनंगबाणैर्यस्येंद्रियंविमथितुंकरणैर्नशेकुः ॥४॥ इत्थंरमापतिमवाप्यपतिंस्त्रियस्ताब्रह्मादयोऽपिनविदुःपदवींयदीयां ॥ [illegible]विरत
मेधितयानुरागहासावलोकनवसंगमलालसाद्यं ॥५॥ प्रत्युद्गमासनवरा[illegible]णपादशौचतांबूलविश्रमणवीजनगंधमाल्यैः ॥ केशप्रसारशयनस्न
पनोपहार्यैर्दासीशताअपिविभोर्विदधुःस्मदास्यं ॥६॥ तासांयादशपुत्राणांकृष्णस्त्रीणांपुरोदिताः ॥ अष्टौमहिष्य[illegible]पुत्रान्प्र[illegible]म्नादीन्गृणा
मिते ॥७॥ चारुदेष्णःसुदेष्णश्चचारुदेहश्चवीर्यवान् ॥ सुचारुश्चारुगुप्तश्चभद्रचारुस्तथापरः ॥८॥ चारुचंद्रोविचारुश्चचारुश्चदशमोहरेः ॥ प्र
द्युम्नप्रमुखाजातारुक्मिण्यांनावमाःपितुः ॥९॥ भानुःसुभानुःस्वर्भानुःप्रभानुर्भानुमांस्तथा ॥ चंद्रभानुर्[illegible]भानुस्तथाऽष्टमः ॥१०॥
श्रीभानुःप्रतिभानुश्चसत्यभा[illegible] ॥ सांबःसुमित्रःपुरुजिच्छतजिच्चसहस्रजित् ॥११॥ विजयश्चित्रकेतुश्चवसुमान्द्रविडःक्रतुः ॥ जां
बवत्याःसुताह्येतेसांबाद्याःपितृसंमताः ॥१२॥ वीरश्चंद्रोऽश्वसेनश्चचित्रगुर्वेगवान्वृषः ॥ आमःशंकुर्वसुः[illegible]कुंतिर्नाग्नजितेःसुताः ॥१३॥
श्रुतःकविर्वृषोवीरःसुबाहुर्भद्रएकलः ॥ शांतिर्दर्शःपूर्णमासःकालिंद्याःसोमकोऽवरः ॥१४॥ प्रघोषोगात्रवान्सिंहो[illegible]प्रबलऊर्ध्वगः ॥ मा
द्र्याःपुत्रामहाशक्तिःसहओजोऽपराजितः ॥१५॥ वृकोहर्षो[illegible]वर्धनोन्नादएवच ॥ महाशःपावनोवह्निर्मित्रविंदात्मजाःक्षुधिः ॥१६॥
संग्रामजिद्बृहत्सेनःशूरःप्रहरणोऽरिजि[illegible] ॥ जयःसुभद्रोभद्रायावामआयुश्चसत्यकः ॥ १७॥ दीप्तिमांस्ताम्रतप्ताद्यारोहिण्यास्तनयाहरेः ॥ प्र
द्युम्नाच्चानिरुद्धोऽभूद्रुक्मवत्यांमहाबलः ॥१८॥ पुत्र्यांतुरुक्मिणोराजन्नाम्नाभोजकटेपुरे ॥ एतेषांपुत्रपौत्राश्चबभूवुःकोटिशोनृप ॥ मातरःकृ
ष्णजातानांसहस्राणिचषोडश ॥१९॥ राजा०कथंरुक्म्यरिपुत्रायप्रादाद्दुहितरंयुधि ॥ कृष्णेनपरिभूतस्तंहंतुंरंध्रंप्रतीक्षते ॥ एतदाख्याहि
मेविद्वन्द्विषोर्वैवाहिकंमिथः ॥२०॥ अनागतमतीतंचव[illegible]द्रियं ॥ विप्रकृष्टंव्यवहितंसम्यक्पश्यंतियोगिनः ॥२१॥ श्रीशुक०उवाच

અતિભાનુ-શ્રીભાનુ-અને પ્રતિભાનુ એ દશ સતભામાને પુત્રો થયા હતા. ॥૧૦॥ અને સાંબ-સુમિત્ર-પુરૂ-જિત-શતજિત-સહસ્રજિત-વિજય-ચિત્રકેતુ-વસુમાન-દ્રવિડ-અને ક્રતુ; એ દશ જાંબુવંતિના પુત્રો પિતાને માનિતા હતા. ॥૧૧-૧૨॥ વીર-ચંદ્ર-અશ્વસેન-ચિત્રગુપ્ત-વેગવાન-વૃષ-આમ-શંકુ-વસુ-અને ક્રતુ; એ દશ નાગ્નજીતી (સત્યા)ના પુત્રો હતા. ॥૧૩॥ શ્રુત-કવિ-વૃષ-વીર-સુબાહુ-ભદ્ર અથવા એકલ-શાંતિ-દર્શ-પૂર્ણમાસ-અને શોમક અથવા અવર; એ દશ કાલિંદીના પુત્રો હતા. ॥૧૪॥ પ્રઘોષ-ગાત્રવાન-સિંહ-બલ-પ્રબલ-ઉર્ધ્વગ,-મહાશક્તિ-સહ-ઓજ,-અને અપરાજિત, એ દશ પુત્રો માદ્રિને (લક્ષ્મણાને) થયા હતા. ॥૧૫॥ વૃક-હર્ષ-અનિલ,-ગૃધ્ર-વર્ધન-અન્નાદ,-મહાશ-પાવન-વન્હિ-અને ક્ષુધી; એ દશ પુત્રો મિત્રાવિંદાને થયા હતા. ॥૧૬॥ સંગ્રામજિત-બૃહતસેન-શૂર,-પ્રહરણ-અરિજિત-જય-સુભદ્ર-વામ-આયુ,-અને સત્યક એ દશ પુત્રો, ભદ્રા એટલે શૈબ્યાને થયા હતા. ॥૧૭॥ તેમજ દિપ્તિમાન-તામ્ર-તપ્ત-આદિ લેઇને; દશ પુત્રો હરિભગવાને રોહિણી નામની (ભૌમાસુરના બંધનમાંથી લાવેલી માંની મુખ્ય) સ્ત્રીને વિષે ઉત્પન્ન કર્યા હતા. અને ભોજકટ નગરના રાજા રૂકમી (રૂક્મિણીના ભાઇ)ની પુત્રી, રૂક્મવતિને વિષે પ્રદ્યુમ્ન થકી મહા બળવાન અનિરૂદ્ધ જન્મેલા હતા. ॥૧૮॥ હે રાજા, આ રીતે કૃષ્ણના પુત્રોની સોળ હજાર એકસોને આઠ માતાઓના પુત્રો-પૌત્રો-અને તેમના પુત્રો વિગેરે લાખો થયા હતા. ॥૧૯॥-પરીક્ષિત-એ કૃષ્ણથી યુદ્ધમાં હારેલા, અને તેમને મારવાનો લાગ ખોળતા; રૂકમીએ, પોતાની દીકરી; એ પોતાના શત્રુના પુત્રને, કેમ આપી, ? હે વિદ્વાન એ બેઉ દ્વેષીઓ વચ્ચે વિવાહનો સંબંધ કેવે પ્રકારે થયો, તે કહો. ॥૨૦॥ કારણ ભૂત-ભવિષ્ય-અને વર્તમાન; તથા ઇંદ્રિયાદિકથકી નિશ્ચય થતી, અને અગમ્ય; એવી સર્વ વાતને; (આપ જેવા) યોગીઓ જાણે છેજ. ॥૨૧॥ શ્રીશુક-સ્વયંવરને વિષે એકઠા મળેલા રાજાઓને; એ શરીર ધારી કામદેવ એટલે પ્રદ્યુમ્ન પણ; યુદ્ધને વિષે, માત્ર એક રથવડેજ; હરાવીને, હરણ કરીને; તેણીને પરણેલા છે. ॥૨૨॥ અને કૃષ્ણથકી પોતાનું અપમાન

થયેલાનું વેર, રૂકમીને વારંવાર યાદ આવતું હતું, તેમ છતાં; બેહેનને સારૂં લગાડવાને માટે, તેણેજ પછીથી પૈતાની એ કન્યા, ભાણેજ (પ્રદ્યુમ્ન)ને પરણાવી હતી. ॥૨૪॥ વળી એ રૂકમીની બીજી એક ચારૂમતિ નામની, મોટી આંખોવાળી કન્યા; એ કૃતવર્માના પુત્ર બળીની સાથે પરણાવેલી હતી. ॥૨૪॥ તેની પુત્રી એટલે રૂકમીનીજ પૈત્રી રોચનાને; પોતાના દૌહિત્ર એટલે દીકરીના દીકરા અનિરૂદ્ધને પણ; વેરીઓના સાથે, આવો સમ્બંધ કરવો; તે સારૂં નથી, એમ પોતે જાણતા છતાં; માત્ર સ્નેહ પાશથી બંધાઇને બેહેનને સારૂં લગાડવાને માટેજ; તેણે પરણાવી હતી. ॥૨૫॥ હે રાજન, એ અનિરૂદ્ધના વિવાહના સમારંભમાં, રૂકિમણી—બળરામ—કેશવ ભગવાન અને સાંબ તથા પ્રદ્યુમ્નાદિક પણ ભોજકટ નગરમાં ગયા હતા. ॥૨૬॥ ત્યાં એ વિવાહનું કાર્યપુરૂં થયા પછી, કલિંગ-આદિ ગર્વિષ્ટ રાજાઓએ, રૂકમીને શિખવ્યું કે. "તું પાસાની રમત થકી, બળરામને હરાવીદે. ॥૨૭॥ કારણ તે પાસા નાંખવાનું નહીં જાણવાછતાં, રમવાનું મોટું વ્યસન રાખેછે." તેથી એ રીતની શિખવણી કરેલા રૂકમીએ; બળરામને બોલાવ્યા; અને તેમની સાથે, પાસાની રમતથી તે જુગાર રમવા બેઠો. ॥૨૮॥ તે સ્થળે બળરામે માંડેલી સો—હજાર—અને દશહજારની મુકો, રૂકમી જીતી ગયો. ત્યારે કલિંગ રાજા મોટો મોંટો કાઢી, દાંત દેખાડીને બળરામને હસવા લાગ્યો; તે બળરામથી સહન થઇ શક્યું નહીં ॥૨૯॥ તે પછી રૂકમીએ માંડેલી એક લાખની મુક, બળરામ જીત્યા; ત્યારે રૂકમીએ કપટનો આશ્રય કરીને, તે પોતે જીતેલાનું કહ્યું. ॥૩૦॥ પછી અતિ રોષથી લાલ થયેલી આંખો વાળા, શ્રીમાન બળરામે; પુનેમના સમુદ્રની પેઠે, ક્રોધવડે વિફરી જઇને; દશ કરોડની મુક (દાવ) માંડી. ॥૩૧॥ અને તે પણ રામજ જીતેલા છતાં; અધર્મથી કપટનો આશ્રય કરી, પોતે જીતેલાનુંજ, રૂકમી બોલ્યો; અને કહેવા લાગ્યો કે, આ જોનારા બીજા સભ્યો, જે કહે તે ખરૂં

स्वयंवरेसाक्षादनंगोऽगयुतस्तया ॥ राज्ञःसमेतान्निर्जित्यजहारैकरथोयुधि ॥२२॥ यद्यप्यनुस्मरन्वैरंरुक्मीकृष्णावमानितः ॥ व्यतरद्भागिनेयायसुतांकुर्वन्स्वसुःप्रियं ॥२३॥ रुक्मिण्यास्तनयांराजन्कृतवर्मसुतोबली ॥ उपयेमेविशालाक्षींकन्यांचारुमतींकिल ॥२४॥ दौहित्रायानिरुद्धायपौत्रींरुक्म्यददाद्धरेः ॥ रोचनांबद्धवैरोऽपिस्वसुःप्रियचिकीर्षया ॥ जानन्नधर्मंतद्यौनंस्नेहपाशानुबंधनः ॥२५॥ तस्मिन्नभ्युदयेराजन्रुक्मिणीरामकेशवौ ॥ पुरंभोजकटंजग्मुःसांबप्रद्युम्नकादयः ॥२६॥ तस्मिन्निवृत्तउद्वाहेकालिंगप्रमुखानृपाः ॥ दृप्तास्तेरुक्मिणंप्रोचुर्बलमक्षैर्विनिर्जय ॥२७॥ अनक्षज्ञोह्ययंराजन्नपितद्व्यसनंमहत् ॥ इत्युक्तोबलमाहूयतेनाक्षैरुक्म्यदीव्यत ॥२८॥ शतंसहस्रमयुतंरामस्तत्राददेपणं ॥ तंतुरुक्म्यजयत्तत्रकालिंगःप्राहसद्बलं ॥ दंतान्संदर्शयन्नुच्चैर्नामृष्यत्तद्धलायुधः ॥२९॥ ततोलक्षंरुक्म्यगृह्णात्ग्लहंतत्राजयद्बलः ॥ जितवानहमित्याहरुक्मीकैतवमाश्रितः ॥३०॥ मन्युनाक्षुभितःश्रीमान्समुद्रइवपर्वणि ॥ जात्यारुणाक्षोऽतिरुषान्यर्बुदंग्लहमाददे ॥३१॥ तंचापिजितवान्रामोधर्मेणच्छलमाश्रितः ॥ रुक्मीजितंमयात्रेमेवदंतुप्राश्निकाइति ॥३२॥ तदाऽब्रवीन्नभोवाणीबलेनैवजितोग्लहः ॥ धर्मतोवचनेनैवरुक्मीवदतिवैमृषा ॥३३॥ तामनादृत्यवैदर्भोदुष्टराजन्यचोदितः ॥ संकर्षणंपरिहसन्बभाषेकालनोदितः ॥३४॥ नैवाक्षकोविदायूयंगोपालावनगोचराः ॥ अक्षैर्दीव्यंतिराजानोबाणैश्चनभवादृशाः ॥३५॥ रुक्मिणैवमधिक्षिप्तोराजभिश्चोपहासितः ॥ क्रुद्धःपरिघमुद्यम्यजघ्नेतंनृम्णसंसदि ॥३६॥ कलिंगराजंतरसागृहीत्वादशमेपदे ॥ दंतानपातयत्क्रुद्धोयोऽहसद्विवृतैर्द्विजैः ॥३७॥ अन्येनिर्भिन्नबाहूरुशिरसोरुधिरोक्षिताः ॥ राजानोदुद्रुवुर्भीतावलेनपरिघार्दिताः ॥३८॥ निहतेरुक्मिणिश्यालेनाब्रवीत्साध्वसाधुवा ॥ रुक्मिणीबलयोराजन्स्नेहभंगभयाद्धरिः ॥३९॥ ततोऽनिरुद्धंसहसूर्यया वरंरथंसमारोप्ययुःकुशस्थलीं ॥ रामादयोभोजकटाद्दशार्हाःसिद्धाखिलार्थामधुसूदनाश्रयाः ॥४०॥
इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउ० अनिरुद्धविवाहेरुक्मिवधोनामैकषष्टितमोऽध्यायः ॥६१॥
राजा० बाणस्यतनयामूषामुपयेमेयदूत्तमः ॥ तत्रयुद्धमभूद्घोरंहरिशंकरयोर्महत् ॥ एतत्सर्वंमहायोगिन्समाख्यातुंत्वमर्हसि ॥१॥ श्रीशुक०

॥૩૨॥ ત્યારે આકાશ વાણી થઇ, કે, "આ મુક તો ધર્મની રીતે, બળરામજી જીત્યા છે; અને રૂકમી બોલે છે, તે વચન કેવળ જુઠું છે" ॥૩૩॥ ત્યારે દુષ્ટ રાજાઓની પ્રેરણાથી, કાળે ઘેરાયેલા રૂકમી; એ આકાશ વાણીનો પણ, અનાદર કરવા લાગીને; સંકર્ષણની હાંસી કરીને, બોલ્યો કે, ॥૩૪॥ "તમે ગાયોના ચારનાર, અને વનમાં ફરનાર; પાસાની રમતમાં શું સમજો. ? પાસા અને બાણો થકી તો, રાજાઓજ રમી જાણે; અને તે તમે જાણો નહીંજ." ॥૩૫॥ રૂકમીએ, એ રીતે તિરસ્કાર કરવાથી; અને બીજા રાજાઓએ, હાંસી કરવાથી; ક્રોધે ભરાયલા બળરામે, પરિઘ ઉગામીને; તે સમારંભના સ્થાનમાંજ, રૂકમીને મારી નાખ્યો. ॥૩૬॥ અને દાંત દેખાડીને હસનાર, કલિંગ રાજાને; દશમે પગલે દોડીને પકડી લઇ, ક્રોધવડે તેના દાંત પાડી નાંખ્યા. ॥૩૭॥ અને બળરામે પરિઘથી મારેલા; બાહુ—ઉરૂ—અને માથાં ફુટીજવાથી, અને અંગોમાંથી નીકળતા લોહીથી, ભરેલાયલા; બીજા રાજાઓ પણ, બીહીકના માર્યા, નાસી ગયા. ॥૩૮॥ હે રાજા, તે વખતે પોતાનો સાળો રૂકમી મરી જતાં; રૂકિમણી અને બળરામ બેઉની સાથેના સ્નેહનો, ભંગ થવાના ભય થકી; કૃષ્ણ ભગવાન સારૂં કે માઠું, થયાનું; કશું પણ બોલ્યા નહીં. ॥૩૯॥ તે પછી એ નવી પરણેલી કન્યા સહિત અનિરૂદ્ધને, ઉત્તમ રથમાં બેસાડીને; એ સર્વ અર્થ સંપાદન થયેલા, રામ આદિ લઇને મધુસૂદન ભગવાનના આશ્રય વાળા યાદવો; ભોજકટપુરથી નીકળીને, દ્વારકાં ગયાં. ॥૪૦॥ ઇતિશ્રી. ભા. દશમા સ્કંધનો એકસઠમો અધ્યાય સંપૂર્ણ.

અધ્યાય ૬૨. રા—પરીક્ષિત—હે મોટા યોગી, બાણાસુરની કન્યા ઉખાને, યાદવોમાં ઉત્તમ અનિરૂદ્ધ પરણ્યા હતા. અને એ સંબંધમાં શંકર અને હરિ ભગવાન વચ્ચે મોટું ભયંકર યુદ્ધ થયું હતું, તેનું વર્ણન આપ મારી પાસે કરો. ॥ ૧ ॥—શ્રીશુક—જેણે હરિ ભગવાન વામનજીને પૃથ્વીનું દાન કર્યુ હતું, તે માહાત્મા બલીરાજાને થયેલા, સો પુત્રોમાં સહુથી મોટો, બાણાસુર હતો. ॥૨॥ એ બલીરાજાનો ઔરસપુત્ર બાણાસુર માન પામેલો—શાણો—બુદ્ધિમાન—સત્યવાદી—દ્રઢ વ્રત રાખનારો—અને સર્વદા શિવ ભક્તિમાં પ્રીતિ વાળો

હતો. ॥ ૩ ॥ તે પૂર્વે કાળમાં શોણિત નામના નગરમાં રાજ્ય કરતો હતો. અને સદાશિવની પ્રસન્નતાવડે, દેવતાઓ પણ તેના નોકર જેવા થઇને રહેલા હતા; પછી તેણે પોતાના હજાર હાથવડે તાળી પાડી તાંડવ નાચ કરીને, મહાદેવજીને પ્રસન્ન કરવાથી; એ સર્વ ભૂતના ઇશ્વર-શરણ થવાને યોગ્ય-અને ભક્ત વત્સળ ભગવાન સદાશિવ પાસેથી; તેમણે પોતેજ, એ પુરના રક્ષક થવાનું; વરદાન પામ્યો હતો. ॥૪-૫॥ પછી પરાક્રમથી છકેલા તેણે એક દહાડો, પોતાની પાસે રહેલા સદાશિવને, પોતાના સૂર્ય સરખા મુકુટથી, તેમના ચરણ કમળનો સ્પર્શ કરીને કહ્યું કે; ॥૬॥ આપ લોક માત્રના ગુરુ-ઇશ્વર-મહાદેવ-અને કામનાઓ પરિપૂર્ણ નહીં થયેલા પુરુષોની કામના પૂર્ણ કરવામાં કલ્પવૃક્ષ સરખાને;-હું નમસ્કાર કરૂં છું. ॥ ૭ ॥ હે આદિ પુરુષ, આપે આપેલા હજાર હાથનો મને ઘણો ભાર થયો છે. કારણ એ હાથમાં મને ખજુજ (ચળ) થવાથી; યુદ્ધ કરવાની ઇચ્છાવડે, પ્રથમ પર્વતોનો ચૂરો કરતો હું, દિગ્ગજ એટલે દિશાઓના હાથીઓ પાસે પણ ગયો હતો; ત્યારે બીહીકના મારયા તેઓ ભાગી ગયા, જેથી આખી ત્રિલોકીમાં મારી સામે યુદ્ધ કરે એવો. મને આપ વિના બીજો કોઇ મળતો નથી, (અર્થાત આપ મારી સાથે યુદ્ધ કરો.) ॥૮-૯॥ એ સાંભળવાથી ક્રોધ પામેલા ભગવાન સદાશિવ બોલ્યા કે "હે મૂઢ, જ્યારે તારી ધજા ભાગી પડશે. ત્યારે તારા ગર્વનો નાશ કરનારૂં યુદ્ધ; તને મારા સરખાની સાથેજ થશે." ॥૧૦॥ હે રાજા એ પ્રમાણે કહેવાયેલો તે કુમતિ બાણાસુર રાજી થઇને; પોતાને ઘેર ગયો. અને કુબુદ્ધિથી પોતાનો નાશ કરનારૂં સદાશિવે કહેલું, થવાની (એટલે પોતાની ધજા ભાગી પડવાની) રાહ જોવા લાગ્યો. ॥૧૧॥ પછી તેની ઓખા નામની કુંવારી કન્યાને; પૂર્વે કદી નહીં સાંભળેલા અને નહીં દીઠેલા, ઉત્તમ પુરુષ અનિરુદ્ધ (પદ્યુમ્ન પુત્ર) સ્વપ્નમાં

बाणःपुत्रशतज्येष्ठोबलेरासीन्महात्मनः ॥ येनवामनरूपायहरयेऽदायिमेदिनी॥२॥ तस्यौरसःसुतोबाणःशिवभक्तिरतःसदा ॥ मान्योवदान्योधीमांश्चसत्यसंधोदृढव्रतः॥३॥ शोणिताख्येपुरेरम्येसराज्यमकरोत्पुरा॥ तस्यशंभोःप्रसादेनकिंकराइवतेऽमराः॥ सहस्रबाहुर्वाद्येनतांडवेतोषयन्मृडं॥४॥ भगवान्सर्वभूतेशःशरण्योभक्तवत्सलः॥ वरेणच्छंदयामाससतंवव्रेपुराधिपं ॥५॥ सएकदाहगिरिशंपार्श्वस्थंवीर्यदुर्मदः ॥ किरीटेनार्कवर्णेनसंस्पृशंस्तत्पदांबुजं॥६॥ नमस्येत्वांमहादेवलोकानांगुरुमीश्वरं॥ पुंसामपूर्णकामानांकामपूरामरांघ्रिपं ॥७॥ दोःसहस्रंत्वयादत्तंपरंभारायमेऽभवत् ॥ त्रिलोक्यांप्रतियोद्धारंनलेभेत्वदृतेसमं॥८॥ कंडूत्यानिभृतैर्दोर्भिर्युयुत्सुर्दिग्गजानहं ॥ आ[illegible]चूर्णयन्नद्री न्भीतास्तेऽपिमदुद्रुवुः॥९॥ [illegible]कुद्धः[illegible]भज्यतेयदा॥ त्वद्दर्पघ्नंभवेन्मूढसंयुगंमत्समेनते ॥१०॥ इत्युक्तःकुमतिर्हृष्टःस्वगृहंप्राविशन्नृप॥ प्रतीक्षन्गिरिशादेशंस्ववीर्यनशनंकुधीः ॥११॥ तस्योषानामदुहितास्वप्नेप्राद्युम्निनारतिं ॥ कन्याऽलभतकांतेनप्रागदृष्टश्रुतेनच ॥१२॥ सातत्रतमपश्यंतीक्वासिकांतेतिवादिनी॥सखीनांमध्यउत्तस्थौविह्वलाव्रीडिताभृशं ॥१३॥ बाणस्[illegible]कुंभांडश्चित्रलेखाचत[illegible]ता ॥ सख्यपृच्छत्सखीमूषांकौतूहलसमन्विता ॥१४॥ कंत्वंमृगयसेसुभ्रूःकीदृशस्तेमनोरथः ॥ [illegible]स्तग्राहंनतेऽद्यापिराजपुत्र्युपलक्षये ॥१५॥ ऊषा०दृष्टःकश्चिन्नरःस्वप्नेश्यामःकमललोचनः॥ पीतवासाबृहद्बाहुर्योषितांहृदयंगमः॥१६॥ तमहंमृगयेकांतंपाययित्वाऽधरंमधु॥ क्वापियातःस्पृहयतींक्षिप्त्वामांवृजिनार्णवे॥१७॥ चित्रलेखा०व्यसनंतेऽपकर्षामित्रिलोक्यांयदिभाव्यते॥ तमानेष्येनरंयस्तेमनोहर्तातमादिश ॥ ॥१८॥ इत्युक्त्वादेवगंधर्वसिद्धचारणपन्नगान् ॥ दैत्यविद्याधरान्यक्षान्मनुजांश्चयथाऽलिखत् ॥१९॥ मनुजेषुचसावृष्णी[illegible]नकदुंदुभिं ॥ व्यलिखद्रामकृष्णौचप्रद्युम्नंवीक्ष्यलज्जिता॥२०॥अनिरुद्धंविलिखितंवीक्ष्योषावा[illegible]मुखीह्रिया॥ सोऽसावसावितिप्राहस्मयमानामहीपते ॥२१॥ चित्रलेखातमाज्ञायपौत्रंकृष्णस्ययोगिनी ॥ ययौविहायसाराजन्द्वारकांकृष्णपालितां॥२२॥तत्रसुप्तंसुपर्यंकेप्राद्युम्निंयोगमास्थिता ॥ गृहीत्वाशोणितपुरंसख्यैप्रियमदर्शयत् ॥२३॥ साचतंसुंदरवरंविलोक्यमुदितानना॥ दुष्प्रेक्षेस्वगृहेपुंभीरेमेप्राद्युम्निनासमं ॥२४॥ प

પ્રાપ્ત થઇને; તેમની સાથે સમાગમ થયો. ॥ ૧૨ ॥ અને તે કેડે તુર્ત, સ્વપ્નમાંજ તેમને નહીં દેખવાથી; "હે સ્વામીનાથ ક્યાં છો;" એમ બોલતી, તે વિહ્વળ થઇને જાગી ઉઠવાથી; સહિઅરોના મધ્યમાં ઘણી લજ્જા પામી. ॥૧૩॥ ત્યારે કૌતુક લાગેલી તેની સખી, બાણાસુરના મંત્રી કુંભાંડની પુત્રી ચિત્ર લેખાએ; પોતાની એ સાહેલી ઉખાને પૂછ્યું કે. ॥૧૪॥ "હે સારાં અંગોવાળી રાજ પુત્રી, તારો હાથ ઝાલનાર; હજુ સુધી કોઇ થયેલાનું, જાણવામાં તો નથીજ; છતાં તું કોને શોધે છે.? અને તારો મનોર્થ કેવા પ્રકારનો છે. ॥૧૫॥ ત્યારે ઉખાએ જવાબ આપ્યો કે; "મેં સ્વપ્નામાં કોઇ એક, કમળ જેવી આંખ્યોવાળા-પીળાં વસ્ત્ર પેહેરેલા-શ્યામ વર્ણના-અને સ્ત્રીઓના મનને પસંદ પડે એવા-લાંબા હાથવાળા પુરૂષને જોયો છે; તેણે મને તેનું અધરામૃત પાયા પછી, તેની ઇચ્છા કરનારી હુંને; દુખ દરીઆમાં નાંખી દેઇને, તે પુરૂષ કોઇ ઠેકાણે જતો રહ્યો છે; માટે તેને હું શોધું છું." ॥ ૧૬-૧૭ ॥ ત્યારે ચિત્રલેખા બોલી કે. તારા મનનું હરણ કરનાર તે જાણવેલો પુરૂષ, જો આ ત્રિલોકીની અંદર ક્યાંએ પણ હશે તો, હું તેને તારી પાસે લેઇ આવીને; તારૂં દુખ મટાડીશ." ॥૧૮॥ એમ કહીને તેણીએ દેવ-સિદ્ધ-ગંધર્વ-સાધ્ય-ચારણ-નાગલોક-દૈત્ય-વિદ્યાધર-યક્ષ-અને મનુષ્યો;એ સઘળાઓ જે રીતના હતા; તેવાજ ચીતરી બતાવ્યા. ॥૧૯॥ પણ જ્યારે મનુષ્યોમાં વૃષ્ણી કુળવાળા, શૂર-વસુદેવ-રામ-કૃષ્ણ-અને પદ્યુમ્નને પણ તેણે ચીતરયા; ત્યારે તેમને જોઇને, ઓખા લજ્જા પામી. ॥૨૦॥ અને તે પછી અનિરૂદ્ધને આલખેલો જોઇને તો; તે લાજવડે નીચું મોઢું કરીને, હસતી હસતી બોલી કે; "એ તો આ પુરુષજ છે." ॥૨૧॥ હે રાજા, તેથી તેને કૃષ્ણનો પૌત્ર જાણી લેઇને, કૃષ્ણે પાળન કરેલી દ્વારિકાંમાં; એ યોગ જાણનારી ચિત્રલેખા, આકાશ માર્ગેથી ગઇ. ॥૨૨॥ અને ત્યાં સારા પલંગ ઉપર સુતેલા અનિરૂદ્ધને, તેણીએ પોતાના યોગબળવડે, ઉપાડી લેઇને; શોણિતપુરમાં લેઇ આવી, પોતાની બેહેનપણી ઉખાને, તેના પ્રિયનું દર્શન કરાવ્યું. ॥૨૩॥ ત્યારે પુરુષોથી જો-

વાને પણ ન બની શકે, એવા પોતાના ઘરમાં તે કન્યા, એ સુંદરવર અનિરૂદ્ધનેઃ આનંદી મુખથી જોઈને, તેના સાથે રમવા લાગી. ॥૨૪॥ અને કિંમતિ વસ્ત્ર-ફૂલની માળાઓ-સુગંધી પદાર્થ-ધૂપ-દીવા-આસન-પીવાના પદાર્થ-અને ખાવાની વસ્તુ પ્રકારપ્રકાર વિગેરેથકી; તથા નમ્રતા સહિત બોલેલાં સુંદર વચનોથકી; તેનાથી પૂજાયલા અનિરૂદ્ધ પણ, રોજરોજ વધતા જતા ઓખાના સ્નેહને લીધે; તેણીની અંદરજ મોહ પામી જઈને, તે ઘરમાં ગુપ્ત રીતે રેહેતાં; ઘણા દિવસો વીતિગયાનું, જાણી શક્યોજ નહીં. ॥૨૫-૨૬॥ તથા એ રીતે અનિરૂદ્ધથી ભોગવાતી અને ગર્ભ થયેલી ઓખા પણ; ન સંતાડી શકાય એવાં ચિન્હો ઉપરથી; પ્રતભંગ થયેલી જણાવા લાગી. ॥૨૭॥ ત્યારે ચોકી સારૂં રાખેલા રક્ષકોએ જઈને, રાજાને જણાવ્યું કે; " તમારી દીકરીનું આચરણ, કુળને અને કન્યાપણાને દુષણ લગાડે એવું; અમારા સમજવામાં આવે છે. ॥૨૮॥ હે સમર્થ-કદી પણ તુટક થતી નથી, એવી અમારી ચોકીવાળા; અને પુરૂષોએ નજર કરવાને પણ અશકય એવા; એ ઘરને વિશે રહેલી કન્યાને, દુષણ કેમ લાગ્યું; તે અમે જાણતા નથી. ॥૨૯॥ પછી દીકરીનું દુષણ સાંભળીને દુખી થયેલો બાણાસુર, ઉતાવળથી તે કન્યાના ઘરમાં ગયો; ત્યારે ત્યાં તેણે અનિરૂદ્ધને જોયા. ॥૩૦॥ અને એ ત્રણેલોકમાં સુંદર-શ્યામ રંગરૂપ-પીળાં વસ્ત્રોવાળા-કમળનેત્ર-મોટા હાથવાળા-હસતા સહિત જોતા-વાળના ગુચ્છ અને કુંડળોના તેજવડે, શોભતા મુખવાળા-અને નમ્રતાવાન પ્રિયાના અંગસંગથકી, સ્તનના કુમકુમવાળી થયેલી, મલ્લિકાના મધુર ફુલનીમાળા, ગળામાં પેહેરેલા-અનિરૂદ્ધને તેની પ્યારી (ઓખા)ની પાસે, આસન ઉપર બેસીને પાસાવડે રમતાં દેખી; બાણાસુર વિસ્મય પામ્યો. ॥૩૧-૩૨॥ એટલે હથિયારબંધ અનેક યોદ્ધાઓના સૈન્ય સહિત, તેને એ ઘરમાં પેસતો દેખીને; દંડધારીકાળ સરખો અનિરૂદ્ધ, લોહાની ભુંગળ ઉગામીને;

राघ्यवासःस्रग्गंधधूपदीपासनादिभिः ॥ पानभोजनभक्ष्यैश्चवाक्यैःशुश्रूषयाऽर्चितः॥२५॥ गूढःकन्यापुरेशश्वत्प्रवृद्धस्नेहयातया ॥ नाहर्गणान्सबुबुधेऊषयापहृतेंद्रियः॥२६॥ तांतथायदुवीरेणभुज्यमानांहतव्रतां॥ हेतुभिर्लक्षयांचक्रुरापीतांदुरवच्छदैः॥२७॥ भटाआवेदयांचक्रुराजंस्तेदुहितुर्वयं ॥ विचेष्टितंलक्षयामःकन्यायाःकुलदूषणं ॥२८॥ अनपायिभिरस्माभिर्गुप्तायाश्चगृहेप्रभो ॥ कन्यायादूषणंपुंभिर्दुष्प्रेक्ष्यायानविद्महे ॥२९॥ ततःप्रव्यथितोबाणोदुहितुःश्रुतदूषणः ॥ त्वरितःकन्यकाऽगारंप्राप्तोऽद्राक्षीद्यदूद्वहं ॥३०॥ कामात्मजंतंभुवनैकसुंदरंश्यामंपिशंगांबरमंबुजेक्षणं ॥ बृहद्भुजंकुंडलकुंतलत्विषास्मितावलोकेनचमंडिताननं ॥३१॥ दीव्यंतमक्षैःप्रिययाऽभिनृम्णयातदंगसंगस्तनकुंकुमस्रजं ॥ बाह्वोर्दधानंमधुमल्लिकाश्रितांतस्याग्रआसीनमवेक्ष्यविस्मितः॥३२॥ सतंप्रविष्टंवृतमाततायिभिर्भटैरनीकैरवलोक्यमाधवः ॥ उद्यम्यमौर्वंपरिघंव्यवस्थितोयथांऽतकोदंडधरोजिघांसया ॥३३॥ जिघृक्षयातान्परितःप्रसर्पतःशुनोयथासूकरयूथपोऽहनत् ॥ तेहन्यमानाभवनाद्विनिर्गतानिर्भिन्नमूर्धोरुभुजाःप्रदुद्रुवुः ॥३४॥ तंनागपाशैर्बलिनंदनोबलीघ्नंतंस्वसैन्यंकुपितोबबंधह ॥ ऊषाभृशंशोकविषादविह्वलाबद्धंनिशम्याश्रुकलाक्ष्यरौदिषीत् ॥३५॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउत्तरार्धेअनिरुद्धबंधोनामद्विषष्टितमोऽध्यायः ॥ ६२ ॥

श्रीशुक० अपश्यतांचानिरुद्धंतद्बंधूनांचभारत॥ चत्वारोवार्षिकामासाव्यतीयुरनुशोचतां ॥१॥ नारदात्तदुपाकर्ण्यवार्तांबद्धस्यकर्मच ॥ प्रययुःशोणितपुरंवृष्णयःकृष्णदेवताः ॥२॥ प्रद्युम्नोयुयुधानश्चगदःसांबोऽथसारणः नंदोपनंदोभद्राद्यारामकृष्णानुवर्तिनः ॥३॥ अक्षौहिणीभिर्द्वादशभिःसमेताःसर्वतोदिशं ॥ रुरुधुर्बाणनगरंसमंतात्सात्वतर्षभाः ॥४॥ भज्यमानपुरोद्यानप्राकाराट्टालगोपुरं ॥ प्रेक्षमाणोरुषाविष्टस्तुल्यसैन्योऽभिनिर्ययौ ॥५॥ बाणार्थेभगवान्रुद्रःससुतैःप्रमथैर्वृतः ॥आरुह्यनंदिवृषभंयुयुधेरामकृष्णयोः ॥६॥ आसीत्सुतुमुलंयुद्धमद्भुतंरोमहर्षणं ॥ कृष्णशंकरयोराजन्प्रद्युम्नगुहयोरपि ॥७॥ कुंभांडकूपकर्णाभ्यांबलेनसहसंयुगः ॥ सांबस्यबाणपुत्रेणबाणेनसहसात्यकेः ॥८॥ ब्रह्मादयःसुराधीशामुनयःसिद्धचारणाः ॥ गंधर्वाप्सरसोयक्षाविमानैर्द्रष्टुमागमन् ॥९॥ शंकरानुचराञ्शौरिर्भूतप्रमथगुह्यकान् ॥

તેઓને મારવાને માટે ઉભો થયો. ॥૩૩॥ ત્યારે પકડી લેવાની ઇચ્છાથી, તેની ચારે તરફ ફરી વળેલા, તે યોદ્ધાઓને; મોટો સુવર કુતરાઓને મારવાની પેઠે, એ અનિરૂદ્ધે મારવાથી, માથાં-સાથલ-અને હાથ ભાગી પડેલા તે સઘળાઓ, એ ઘરમાંથી બહાર નીકળીને દોડી ગયા. ॥૩૪॥ પછી કોપેલા બળવાન બાણાસુરે, એ પોતાના સૈન્યને મારતા, અનિરૂદ્ધને; નાગપાશવડે, બાંધી લીધા; એટલે તેમને બંધાયલા દેખીને, અતિશય શોક અને ખેદથી વિહ્વળ થયેલી ઓખા; આંખ્યોમાં આંસુ લાવીને, રોવા લાગી. ॥૩૫॥ ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો ઓખા અનિરૂદ્ધ સમાગમ નામે બાસઠમો અધ્યાય સંપૂર્ણ. ॥૬૨॥

અધ્યાય. ૬૩ મો.-શ્રીશુક-હે રાજા; અહીં (દ્વારકાંમાં) અનિરૂદ્ધને ન દેખવાથી, તેમના બંધુઓને શોક કરતાં; ચોમાસાના ચાર માસ વીતિ ગયા. ॥૧॥ પછી નારદજીથકી એણે કરેલું કામ, અને તેને થયેલા બંધનની વાત સાંભળીને; કૃષ્ણના આશ્રયવાળા યાદવો, શોણિતપુરમાં ચઢાઇ કરીને ગયા. ॥૨॥ અને રામ તથા કૃષ્ણની પાછળ ચાલનારા પ્રદ્યુમ્ન-સાત્યકિ-ગદ-સાંબ-સારણ-નંદ-ઉપનંદ-અને ભદ્ર આદિ સાત્વતોના સરદારોએ; એકદમ બાર અક્ષૌહિણીસેના સહિત જઈને; બાણાસુરના નગરને સઘળી દિશાઓથી, ઘેરી લીધું ॥૩-૪॥ ત્યારે એ નગરની વાડીઓ-ખટ-કોઠા-અને દરવાજા ભાગી નંખાતા દેખીને; ક્રોધે ભરાયલો બાણાસુર પણ, તેટલુંજ સૈન્ય લેઇને; લડવાને સારૂં બહાર નીકળ્યો. ॥૫॥ અને બાણાસુરને માટે ભગવાન મહાશિવ પણ, નંદી નામના બળદ ઉપર બેસી, કાર્તિક સ્વામી અને પ્રમથો વિગેરેથી વિંટાયલા, યુદ્ધ કરવા માટે; રામ અને કૃષ્ણની સામે આવ્યા. ॥૬॥ ત્યારે હે રાજા, કૃષ્ણ અને શંકરને, તથા પ્રદ્યુમ્ન અને કાર્તિકસ્વામીને, રૂવાડાં ઉભાં કરે એવું; અદ્ભૂત મોટું તુમુલયુદ્ધ થયું. ॥૭॥ કુભાંડ અને કુપકર્ણ, બળરામની સામે લડવા લાગ્યા; સાંબની સામે બાણાસુરનો પુત્ર વઢવા મંડયો; અને સાત્યકિની સામે બાણાસુર જાતે લડવા વળગ્યો. ॥૮॥ તે વખત બ્રહ્મા વિગેરે મોટા મોટા દેવતાઓના અધિપતિઓ-મુનિઓ-સિદ્ધ-ચારણો-ગંધર્વો-અપ્સરાઓ અને યક્ષોવિગેરે સર્વ

વિમાનોમાં બેસીને, યુદ્ધ જોવા સારૂં; ત્યાં આવ્યા. ॥૯॥ એટલે ભૂત-પ્રમથ-યક્ષ-ડાકણો-રાક્ષસો-વૈતાલ-વિનાયક-પ્રેત-માતૃગણ-પિશાચ-અને બ્રહ્મરાક્ષસ-વિગેરે શંકરના અનુચરોને; કૃષ્ણે પોતાના સારંગ ધનુષ્યથકી છુટેલાં, તીક્ષ્ણ અણિઆળાં બાણોવડે, નસાડી મૂક્યા. ॥૧૦-૧૧॥ અને પિનાક ધનુષ્યને ધરનારા સદાશિવે મૂકેલાં વિધવિધ પ્રકારનાં અસ્ત્રોને, વિસ્મય રહિત કૃષ્ણ ભગવાને; પોતાના સારંગ ધનુષ્યથકી, સામાં અસ્ત્રો મૂકીનેજ શમાવી દીધાં. ॥૧૨॥ બ્રહ્માસ્ત્રની સામે બ્રહ્માસ્ત્ર, વાયુઅસ્ત્રની સામે પર્વતાસ્ત્ર, અગ્ન્યાસ્ત્રની સામે પર્જન્યાસ્ત્ર, અને પશુપતાસ્ત્રની સામે પોતાનું નારાયણાસ્ત્ર, તેમણે મુક્યું ॥૧૩॥ અને તેપછી તેમણે જૃંભણાસ્ત્ર મૂકવાથી; મોહપામેલા મહાદેવજી, બગાસાં ખાવા લાગી જવાથી; કૃષ્ણ ભગવાને બાણાસુરની સેનાનો, તરવાર-ગદા-અને બાણોવડે; નાશ કરી નાંખ્યો. ॥૧૪॥ તથા સર્વ તરફથી પ્રદ્યુમ્નનાં જથાબંધ બાણો વાગેલા, કાર્તિકસ્વામી પણ, અંગોમાંથી લોહી વેહેતા થઈને; એ યુદ્ધમાંથી મોર ઉપર બેસીને, નાસી ગયા. ॥૧૫॥ તેમજ મૂસલનો માર પડવાથી કુંભાંડ તથા કુપકર્ણ બંને પડી ગયા; અને એ રીતે સરદારો રહિત થયેલું, તેમનું લશ્કર, ચોતરફ દોડી જવા લાગ્યું. ॥ ૧૬ ॥ તેથી પોતાનાં સૈન્યને વિખાતું દેખી અત્યંત ક્રોધેલો રથી બાણાસુર, સાત્યકિને પડતો નાંખી; કૃષ્ણની સામે યુદ્ધ કરવા સારૂં, દોડી આવ્યો. ॥ ૧૭ ॥ અને યુદ્ધમાં મહોન્મત્ત બનેલો તે બાણાસુર, એકીવારે પાંચસે ધનુષ્યો ખેંચીને; દરેકમાં બબે બાણ સાંધવા લાગ્યો. ॥૧૮॥ ત્યારે હરિભગવાને પણ તે સઘળાં ધનુષ્યોને, એકી વેળાએજ કાપી નાંખ્યા; અને તેના સારથી-રથ-તથા ઘોડાઓને હણી નાંખીને; શંખનાદ કરયો. ॥૧૯॥ એટલે બાણાસુરની મા કોટરા, પોતાના પુત્રનો પ્રાણ બચાવવા સારૂં, પોતાના માથાના વાળ છૂટા મૂકી નગ્ન થઈને; કૃષ્ણની સામે આવીને, ઉભી રહી. ॥૨૦॥

डाकिनीर्यातुधानांश्चवेतालान्सविनायकान् ॥१०॥ प्रेतमातृपिशाचांश्चकूष्मांडान्ब्र[illegible]राक्षसान् ॥द्रावयामासती[illegible]णाग्रैःशरैःशार्ङ्गधनुश्च्युतैः ॥११॥ पृथग्विधानिप्रायुंक्तपिनाक्यस्त्राणिशार्ङ्गिणे॥ प्रत्यस्त्रैःशमयामासशार्ङ्गपाणिरविस्मितः॥१२॥ ब्र[illegible]स्त्रस्यचब्रह्मास्त्रंवायव्यस्यचपार्वतं॥ आग्नेयस्यचपार्जन्यं नैजंपाशुपतस्यच ॥१३॥ मोहयित्वातुगिरिशंजृंभणास्त्रेणजृंभितं॥ बाणस्यपृतनांशौरिर्जघानासिगदेषुभिः ॥१४ स्कंदःप्रद्युम्नबाणौघैरर्द्यमानःसमंततः ॥ असृग्विमुंचन्गात्रेभ्यःशिखिनाऽपाक्रमद्रणात् ॥१५॥ कुंभांडःकूपकर्णश्चपेततुर्मुसलार्दितौ॥ दुद्रुवुस्तदनी[illegible]कानिहतनाथानिसर्वतः ॥१६॥ विशीर्यमाणंस्वबलंदृष्ट्वाबाणोऽत्यमर्षणः ॥ [illegible]रथोहित्वैवसात्यकिं ॥१७॥ धनूंष्या[illegible]ष्यगुगपद्बाणःपंचशतानिवै ॥ एकैकस्मिन्शरौद्वौद्वौसंदधेरणदुर्मदः॥१८॥ तानिचिच्छेदभगवान्धनूंषियुगपद्धरिः॥सारथिंरथमश्वांश्चहत्वाशंखमपूरयत् ॥ तन्माताकोटरानामनग्नामुक्तशिरोरुहा॥ पुरोऽवतस्थेकृष्णस्यपुत्रप्राणरिरक्षया ॥२०॥ ततस्तिर्यङ्मुखोनग्नामनिरीक्षन्गदाग्रजः॥ बाणश्चतावद्विरथश्छिन्नधन्वाऽविशत्पुरं ॥२१॥ विद्राविते भूतगणेज्वरस्तुत्रिशिरास्त्रिपात् ॥ अभ्यधावतदाशार्हंदहन्निवदिशोदश॥२२॥ अथनारायणोदेवस्तंदृष्ट्वाव्यसृजज्ज्वरं॥ माहेश्वरोवैष्णवश्चयुयुधातेज्वरावुभौ॥२३॥ माहेश्वरःसमाक्रंदन्वैष्णवेनबलार्दितः॥ अलब्ध्वाऽभयमन्यत्रभीतोमाहेश्वरोज्वरः ॥ शरणार्थीहृषीकेशंतुष्टाव[illegible]तांजलिः॥२४॥ ज्वर०नमामित्वाऽनंतशक्तिंपरेशंसर्वात्मानंकेवलंज्ञप्तिमात्रं॥विश्वोत्पत्तिस्थानसंरोधहेतुंयत्तद्ब्रह्मब्रह्मलिंगंप्रशांतं॥२५॥ कालोदैवंकर्मजीवःस्वभावोद्रव्यंक्षेत्रंप्राणआत्माविकारः ॥ तत्संघातोबीजरोहप्रवाहस्त्वन्मायैषातन्निषेधंप्रपद्ये ॥२६॥ नानाभावैर्लीलयैवोपपन्नैर्देवान्साधून्लोकसेतून्बिभर्षि ॥ हंस्युन्मार्गान्हिंसयावर्तमानान्जन्मैतत्तेभारहारायभूमेः॥२७॥ तप्तोऽहंतेतेजसादुःसहेनशांतोग्रेणात्युल्बणेनज्वरेण ॥ तावत्तापोदेहिनांतेऽङ्घ्रिमूलंनोसेवेरन्यावदाशानुबद्धाः॥२८॥ श्रीभग०त्रिशिरस्तेप्रसन्नोऽस्मिव्येतुतेमज्ज्वराद्भयं॥योनौस्मरतिसंवादंतस्यत्वन्नभवेद्भयं॥२९॥ इत्युक्तोऽच्युतमानम्यगतोमाहेश्वरोज्वरः॥ बाणस्तुरथमारूढःप्रागाद्योत्स्यन्जनार्दनं ॥३०॥ ततोबाहुसहस्रेणनानायुधधरोऽसुरः ॥ मुमोचपरमक्रुद्धोबाणांश्चक्रायुधेनृप

તેથી એ નગ્નની સામે નહીં જોતાં, ગદાગ્રજ ભગવાન આડું જોઈને ઉભા રહ્યા; અને એટલા વખતમાં, ધનુષ્ય કપાયલો, તથા વિરથ થયેલો બાણાસુર; ગામમાં જતો રહ્યો. ॥ ૨૧ ॥ હવે સદાશિવના ભૂતગણો નાસી ગયા કેડે; ત્રણ માથાં તથા ત્રણ પગ વાળો (ત્રિદોષ નામનો) ઉનો તાવ, દશે દિશાઓને બાળતો હોય તેમ; ભગવાનની સામે યુદ્ધ કરવા સારૂં આવ્યો. ॥૨૨॥ પછી ભગવાને એ તાવને, દેખીને; પોતાના નારાયણ જ્વર નામના તાવને, (એટલે પાણી થકી ઉત્પન્ન થનારા ટાઢિયા તાવને,) તેની સામે મૂકયો; એટલે મહેશ્વરનો ઉનો તાવ, અને વિશ્નુનો ટાઢો તાવ; બંને સામ સામે યુદ્ધ કરવા લાગ્યા. ॥૨૩॥ ત્યારે વિશ્નુના ટાઢા તાવે, બળ કરીને પીડવાથી; મહેશ્વરનો ઉનો તાવ બૂમો પાડતો પાડતો, તેને બીજે ઠેકાણે શરણ નમળી શકવાથી; બીહીનેલો હાથ જોડીને શરણની ઇચ્છાથી, હૃષીકેશ ભગવાન પાસે આવીને; તેમની સ્તુતિ કરવા લાગ્યો કે. ॥૨૪॥ હે અનંત શક્તિઓ વાળા-ઈશ્વરોના ઈશ્વર-સર્વના આત્મા-કેવળ-જ્ઞાન સ્વરૂપ-વિશ્વની ઉત્પત્તિ, સ્થિતિ, અને નાશના કારણ-શાંત-અને બ્રહ્મનીજ નિશાની વાળા પરબ્રહ્મ-આપને હું નમસ્કાર કરૂંછું ॥૨૫॥ કાળ-દૈવ-કર્મ-જીવ-સ્વભાવ-દ્રવ્ય-શરીર-ઇંદ્રિયાદિક-અંતઃકરણો-અને તેમના વિકાર રૂપેઃ એ સઘળાના એકઠા થવા થકી થતો; બીજમાંથી ઝાડ અને ઝાડમાંથી બીજની પેઠે ચાલતો પ્રવાહ-એ સર્વ આપની માયાજ છે; તે બધાનો નિષેધ કરતાં શેષ રહેનારા આપ ભગવાનને હું શરણછું. ॥૨૬॥ લીલાવડે અનેક અવતારો ધરીને, આપ દેવતાઓનું-સાધુઓનું-અને લોક માત્રના ધર્મ માર્ગનું; સંરક્ષણ કરોછો. તથા એમને દુખ દેનારા, અને ધર્મ માર્ગનો નાશ કરનારાઓને, હણી નાંખોછો; તે આપનો આ અવતાર પૃથ્વીનો ભાર ઉતારવાને સારૂંજ થયેલો છે. ॥૨૭॥ દેહધારીઓને, જ્યાં સુધી તેઓ બીજી આશાઓમાં બંધાઈ જઈને; આપના ચરણ કમળને સેવતા નથી, ત્યાં સુધીજ તેમને તાપ પ્રાપ્ત થાય છે; તે રીતેજ આપના તેજ વડે ઉત્પન્ન થયેલા, અતિ ઉગ્ર અને ભયંકર તથા નસહન થાય એવા; શીતજ્વર થકી, હું પણ તાપ પામેલોછું" ॥૨૮॥ ત્યારે ભગવાન બોલ્યા

કે. "હે ત્રણ માથાં વાળા તાવ, હું તને પ્રસન્ન થયો છું; માટે હવે તને મારા શીતજ્વર થકી થતું ભય મટી જશે; અને જે કોઇ આપણા આ સંવાદનું સ્મરણ કરશે, તેને પણ તમો બંને તાવ થકી, ભય થશે નહીં." ॥૨૯॥ એ પ્રમાણે કહેવાયલો મહેશ્વરનો ઉનો તાવ, પછીથી અચ્યુત ભગવાનને નમસ્કાર કરીને; ત્યાંથી ચાલ્યો ગયો; ત્યારે બાણાસુર પાછો રથ ઉપર બેસીને, જનાર્દન ભગવાન સામે યુદ્ધ કરવાને; ફરીવાર આવ્યો. ॥૩૦॥ અને નાના પ્રકારનાં આયુધો ધરેલો તે, અત્યંત કોપ કરીને; પોતાના હજાર હાથ વડે, ભગવાન ઉપર બાણો મુકવા લાગ્યો. ॥૩૧॥ એટલે વારંવાર અસ્ત્રો ફેંકતા, એવા ઝાડની શાખાઓ સરખા, તેના હાથ, ભગવાને પોતાના, અસ્તરા જેવી ધારવાળા ચક્રવડે, (તુરત) કાપી નાખ્યા. ॥૩૨॥ એમ બાણાસુરના હાથ કપાયલા દેખી; ભક્ત ઉપર દયા લાવનાર ભગવાન સદાશિવ, કૃષ્ણની પાસે આવીને; બોલ્યા કે. ॥૩૩॥—સદાશિવ—આપ જ્યોતિરૂપ, અને વાણીમય બ્રહ્મ (વેદ)ને વિશે છના રહેલા, પરબ્રહ્મ છો; નિર્મળ બુદ્ધિવાળાઓ, આકાશ જેવા કેવળ રૂપે જાણે છે. ॥ ૩૪ ॥ જેની, નાભી આકાશ છે—મુખ અગ્નિ છે—વિર્ય જળ છે—માથું સ્વર્ગ છે—કાન દિશાઓ છે—પગ પૃથ્વી છે—મન ચંદ્રમા છે—આંખ્યો સૂર્ય છે—અહંકાર તે હું સદાશિવ છું—પેટ સમુદ્ર છે—હાથ ઇંદ્ર છે—રૂવાડાં ઔષધિઓ છે—વાળ મેઘ છે—બુદ્ધિ બ્રહ્મા છે—શિશ્ન પ્રજાપતિ છે—અને હૃદય ધર્મ છે: એ રીતે લોક માત્રની જેના વિશે કલ્પના થયેલ છે, તે પુરૂષ ભગવાન આપજ છો. ॥૩૫-૩૬॥ હે અખં-ડિત જ્ઞાનવાન તમારો આ અવતાર; જગતનું પાલન કરવાને, અને ધર્મનું રક્ષણ કરવાને, માટેજ છે; અને અમે સર્વ લોકપાળો, જેનો અનુગ્રહ પામવાવડેજ; સાતે લોકનું પાલન કરી શકીએ છીએ. ॥૩૭॥ તે એકજ—આદિ પુરૂષ—જેના સરખો બીજો કોઇ નથી એવા—સુષુપ્તિ, સ્વપ્ન, અને જાગ્રત; એ ત્રણે અવસ્થાથી નોખી, ચોથી અવસ્થા રૂપ—એટલે જ્ઞાનસ્વરૂપ—સ્વયં-પ્રકાશ—સર્વના કારણ—અને જેનું કારણ બીજું કાંઇજ નથી એવા—તથા ઇશ્વર—હોવા છતાં; પોતાનીજ માયાથી પ્રકાશ થયેલ, સર્વ ગુણો (પ્રાણી પદાર્થાદિક દૃશ્ય માત્ર)

॥३१॥ तस्यास्यतोऽस्त्राण्यसकृच्चक्रेणक्षुरनेमिना॥ चिच्छेद भगवान्बाहून्शाखाइववनस्पतेः॥३२॥ बाहुषुच्छिद्यमानेषुब.णस्यभगवान्भवः॥ भक्तानुकंप्युपव्रज्यचक्रायुधमभाषत॥३३॥ श्रीरुद्र०त्वंहिब्रह्मपरंज्योतिर्गूढंब्रह्मणिवाङ्मये॥ यंपश्यंत्यमलात्मानआकाशमिवकेवलं॥३४॥ नाभिर्नभोऽग्निर्मुखमंबुरेतोद्यौःशीर्षमाशाःश्रुतिरंघ्रिरुर्वी ॥ चंद्रोमनोयस्यदृगर्कआत्माअहंसमुद्रोजठरंभुजेंद्रः॥३५॥ रोमाणियस्यौषधयोंऽबुवाहाःकेशाविरिंचोधिषणाविसर्गः॥ प्रजापतिर्हृदयंयस्यधर्मःसवैभवान्पुरुषोलोककल्पः॥३६॥ तवावतारोऽयमकुंठधामन्धर्मस्यगुप्त्यैजगतोभवाय॥ वयंचसर्वेभवतानुभाविताविभावयामोभुवनानिसप्त ॥३७॥ त्वमेकआद्यःपुरुषोद्वितीयस्तुर्यःस्वदृग्घेतुरहेतुरीशः॥ प्रतीयसेऽथापियथाविकारंस्वमाययासर्वगुणप्रसिद्ध्यै ॥३८॥ यथैवसूर्यःपिहितःस्वछायया छायांचरूपाणिचसंचकास्ति॥ एवंगुणेनापिहितोगुणांस्त्वमात्मप्रदीपोगुणिनश्चभूमन् ॥३९॥ यन्मायामोहितधियःपुत्रदारगृहादिषु॥ उन्मज्जंतिनिमज्जंतिप्रसक्तावृजिनार्णवे ॥४०॥ देवदत्तमिमंलब्ध्वान्नृलोकमजितेंद्रियः॥ योनाद्रियेतत्वत्पादौसशोच्योह्यात्मवंचकः॥४१॥ यस्त्वांविसृजतेमर्त्यआत्मानंप्रियमीश्वरं॥ विपर्ययेंद्रियार्थार्थंविषमत्त्यमृतंत्यजन् ॥४२॥ अहंब्रह्माऽथविबुधामुनयश्चामलाशयाः॥सर्वात्मनाप्रपन्नास्त्वामात्मानंप्रेष्ठमीश्वरं ॥४३॥ तंत्वाजगत्स्थित्युदयांतहेतुंसमंप्रशांतंसुहृदात्मदैवं ॥ अनन्यमेकंजगदात्मकेतंभवापवर्गायभजामदेवं॥४४॥ अयंममेष्टोदयितोऽनुवर्तीमयाऽभयंदत्तममुष्यदेवसंपाद्यतांतद्भवतःप्रसादोयथाहितेदैत्यपतौप्रसादः ॥४५॥ श्रीभग०यदात्थभगवंस्त्वन्नःकरवामप्रियंतव॥ भवतोयद्व्यवसितंतन्मेसाध्वनुमोदितं ॥४६॥ अवध्योऽयंममाप्येषवैरोचनिसुतोऽसुरः॥ प्रह्लादायवरोदत्तोनवध्योमेतवान्वयः॥४७॥ दर्पोपशमनायास्यप्रवृक्णाबाहवोमया ॥ सूदितंचबलंभूरियच्चभारायितंभुवः॥४८॥ चत्वारोऽस्यभुजाःशिष्टाभविष्यंत्यजरामराः॥ पार्षदमुख्योभवतोनकुतश्चिद्भयोऽसुरः ॥४९॥ इतिलब्ध्वाऽभयंकृष्णंप्रणम्यशिरसाऽसुरः॥ प्राद्युम्निंरथमारोप्यसवध्वासमुपानयत् ॥ अक्षौहिण्यापरिवृतंसुवासःसमलंकृतं॥ सपत्नीकं

માં રહેલા હોવાથી; આપ વિકારી હોવાની પેઠે, જણાઓ છો. ॥ ૩૮ ॥ જેમ વાદળાં થકી ઢંકાયલો સૂર્ય, વાદળાઓને અને રૂપોને પણ, પ્રકાશિત કરે છે; તેમજ આપ મહાત્મા પણ, આત્મ સ્વરૂપ વડે, ગુણોને; અને ગુણીઓ (એટલે ગુણોને ધારણ કરનારાઓ)ને; પ્રકાશિત કરનારા છો. ॥૩૯॥ આપની માયાથી મોહ પામેલા લોકોજ, પુત્ર—સ્ત્રી—અને ધનાદિકને વિશે આસક્તિવાળા થઇને; આ દુઃખના દરિયા સરખા સંસારમાં, ઉપર અને નીચે; જા આવ કરયા કરે છે. ॥૪૦॥ માટે આવે આપેલા, આ મનુષ્ય શરીરને પામ્યા પછી; જે અજીતેંદ્રિય પુરૂષો, આપના ચરણને વિશે આદર નથી કરતા; તેઓ શોક કરવાને લાયક, તથા પોતે પોતાનોજ ઘાત કરનારા છે. ॥૪૧॥ જે મનુષ્યો, આત્મા—પ્રિય—અને ઇશ્વર—એવા આપને તજીને; એ થકી વિરૂદ્ધ ગુણોવાળા, ઇંદ્રિયોના અર્થોને વિશે પ્રીતિ રાખે છે; તેઓ અમૃતને તજીને, ઝેરનેજ પીનારા છે. ॥૪૨॥ હું—બ્રહ્મા—દેવતાઓ—અને નિર્મળ મનવાળા મુનિઓ,—પણ, સર્વ ભાવ વડે; આપ આત્મ સ્વરૂપ પ્રિય ઇશ્વરનુંજ, શરણ લેઇએ છીએ. ॥૪૩॥ તો એવા આપ, સર્વને વિશે સમદૃષ્ટિવાળા—શાંત—સર્વના સુહૃદ—સર્વના આત્મ-દૈવત—જેના જેવો બીજો કોઇ નથી એવા—એકજ—અને જેના વિશે જગત રહેલું છે, તેવા; આપ ભગવાનને, સંસારનો છેડો લાવવા સારૂં; ભજવાજ જોઇએ. ॥૪૪॥ હે દેવ, આ બાણાસુર મને વહાલો—દયા પાત્ર—અને મારો ભક્ત છે; તેથી મેં તેને અભય આપેલ છે; તો આપની પ્રહ્લાદના ઉપર, જેવી પ્રસન્નતા થઇ છે; તેવીજ આના ઉપર પણ આપ કરો. ॥૪૫॥—**શ્રીભગવાન**—આપને રાજી કરવા માટે આપના કહેવા પ્રમાણેજ, હું કરીશ; આપે જે નક્કી કરેલું છે, તે મને પણ ઠીક લાગે છે; અને મારી ઇચ્છા પણ એજ છે. ॥૪૬॥ "તારા વંશમાં થનારાઓને; હું નહીં મારૂં." એવું પ્રહ્લાદને, મેં વરદાન આપેલું છે; એટલે પ્રહ્લાદનો પૌત્ર હોવાથી, આ અસુર; મારા થકી મરણ પામવાને યોગ્ય નથીજ. ॥૪૭॥ એનો ગર્વ મટાડવાને સારૂં, તેના હાથ મેં કાપ્યા છે; અને પૃથ્વીને ધણો ભાર કરનાર, એનું લશ્કર પણ મેંજ કાપી નાંખ્યું છે. ॥૪૮॥ હવે એના અવશેષ રહેલા ચાર હાથ, અજર તથા અમર થશે; અને તમારા મુખ્ય પાર્ષદ એ અસુરને; કોઇ થકી ભય પણ નહીં થાય. ॥૪૯॥—**શ્રીશુક**—ત્યારે એ રીતે કૃષ્ણ ભગવાન થકી અભય પામેલો બાણાસુર,

માથાવડે તેમને પ્રણામ કરીને; પછીથી તે સ્થળે, વહુ સહિત અનિરૂદ્ધને રથ ઉપર બેસારીને; લેઈ આવ્યો. ॥૫૦॥ અને સદાશિવની સલાહથી, સારાં વસ્ત્રો; તથા સારાં ઘરેણાં પેહેરાવેલાં; તે વરકન્યાને આગળ કરીને, ઘણી અક્ષૌહિણી સેનાથી વિંટાયલા ભગવાન; ત્યાં થકી વિદાય થયા. ॥૫૧॥ અને માર્ગ તથા ચોવટાંઓમાં પાણી છાંટેલ, તથા ધજાઓ અને તોરણોથી સારી પેઠે શણગારયલી; પોતાની રાજધાની દ્વારિકામાં; નગરના લોકો–સગાઓ–અને બ્રાહ્મણો વિગેરેએ સામૈયું કરેલા ભગવાન; શંખ–આનક–અને દુંદુભીઓનો મોટો શોર થવાની સાથે; પધારયા. ॥૫૨॥ એ પ્રકારના કૃષ્ણ ભગવાનના વિજયને અને શંકર સાથે થયેલા યુદ્ધને; સવારમાં ઉઠી જે કોઇ સંભારશે: તેનો પરાજય થશે નહીં.॥૫૩॥ ઇ૦ભા૦દ૦ઉ૦ત્રે૦ ઓખાહરણ નામે ત્રે૦અ૦સં૦॥૬૩॥

અધ્યાય ૬૪ મો.—શ્રીશુક—હે રાજા, એક દિવસે સાંબ–પ્રદ્યુમ્ન–ચારૂ–ભાનુ–અને ગદ, વિગેરે યાદવોના કુંવરો; રમવાને સારૂં ગામની નજીકના એક બાગમાં, ગયા હતા. ॥ ૧ ॥ ત્યાં ઘણીવાર સુધી રમવાથી તરસ્યા થયેલા તેમણે, જળનો તપાસ કરવા જતાં; એક પાણી વિનાના કુવામાં, કોઇ મોટું અદ્ભુત પ્રાણી દીઠું. ॥ ૨ ॥ ત્યારે એ દેખીતા પર્વત જેવા કાચંડાને જોઇને, વિસ્મય પામેલા મનથી, તેમને દયા આવી ને; તે બાળકોએ કુવામાં પડીને, ચામડાનાં તથા સૂતર વગેરેનાં દોરડાં બાંધીને તેને કુવામાંથી બહાર કાઢવાનો, પ્રયત્ન કરયા છતાં; તેઓ બહાર કાઢી ન શકયા; ત્યારે આશ્ચર્ય પામેલા તેઓ, કૃષ્ણની પાસે ગયા; અને સર્વ હકિકત કહી સંભળાવી. ॥ ૩–૪ ॥ એટલે જગતનું પાલન કરનારા એ કમળનેત્ર ભગવાને, ત્યાં આવીને તેને જોયો; ને પછી રમતની પેઠેજ; તેને પોતાના ડાબા હાથે, બહાર કાઢયો. ॥ ૫ ॥ તેથી એ ઉત્તમ શ્લોક ભગવાનનો હાથ અડકતાંજ, પોતાનું કાચંડાનું સ્વરૂપ તેણે તુર્તજ છોડી દીધું; અને તપાવેલા સોના જેવા શુંદર વર્ણવાળો, તથા અદ્ભુત ઘરેણાં–માળાઓ, અને લુગડાં પેહેરેલો, તે દેવ બનીને; ઉભો રહ્યો. ॥૬॥ તેના કારણને પોતે જાણતા છતાં, એ વાત લોકોના જાણવામાં આવવા માટે;

पुरस्कृत्ययपौरुद्वानुमोदितः॥५१॥ स्वराजधानींसमलंकृतांध्वजैःसतोरणैरुक्षितमार्गचत्वरां॥ विवेशशंखानकदुंदुभिस्वनैरभ्युद्यतःपौरसुहृद्विजातिभिः ॥५२॥ यएवंकृष्णविजयंशंकरेणचसंयुगं ॥ संस्मरेत्प्रातरुत्थायनतस्यस्यात्पराजयः ॥५३॥इ.भा.म.द.उ.त्रि.अ. ॥६३॥ श्रीशुक०एकदोपवनंराजन्जग्मुर्यदुकुमारकाः ॥ विहर्तुंसांबप्रद्युम्नचारुभानुगदादयः ॥१॥ क्रीडित्वासुचिरंतत्रविचिन्वंतःपिपासिताः ॥ जलंनिरुदकेकूपेददृशुःसत्वमद्भुतं ॥२॥ कृकलासंगिरिनिभंवीक्ष्यविस्मितमानसाः॥ तस्यचोद्धरणेयत्नंचक्रुस्तेकृपयान्विताः ॥३॥ चर्मजैस्तांतवैःपाशैर्बध्वापतितमर्भकाः॥ नाशक्नुवन्समुद्धर्तुंकृष्णायाचख्युरुत्सुकाः॥४॥ तत्रागत्यारविंदाक्षोभगवान्विश्वभावनः ॥ वीक्ष्योज्जहारवामेनतंकरेणसलीलया ॥५॥ सउत्तमश्लोककराभिमृष्टोविहायसद्यःकृकलासरूपं ॥ संतप्तचामीकरचारुवर्णःस्वर्ग्यद्भुतालंकरणांबरस्रक् ॥६॥ पप्रच्छविद्वानपितन्निदानंजनेषुविख्यापयितुंमुकुंदः ॥ कस्त्वंमहाभागवरेण्यरूपोदेवोत्तमंत्वांगणयामिनूनं ॥७॥ दशामिमांवाकतमेनकर्मणासंप्रापितोऽस्यतदर्हःसुभद्र ॥ आत्मानमाख्याहिविवित्सतांनोयन्मन्यसेनःक्षममत्र वक्तुं ॥८॥ श्रीशुक०इतिस्मराजासंपृष्टःकृष्णेनानंतमूर्तिना ॥ माधवंप्रणिपत्याहकिरीटेनार्कवर्चसा ॥९॥ नृग०नृगोनामनरेंद्रोऽहमिक्ष्वाकुतनयःप्रभो ॥ दानिष्वाख्यायमानेषुयदितेकर्णमस्पृशं ॥१०॥ किंनुतेऽविदितंनाथसर्वभूतात्मसाक्षिणः ॥ कालेनाव्याहतदृशोवक्ष्येऽथापितवाज्ञया॥११॥ यावंत्यःसिकता भूमेर्यावंत्योदिवितारकाः ॥ यावंत्योवर्षधाराश्चतावतीरददंस्मगाः॥१२॥ पयस्विनीस्तरुणीःशीलरूपगुणोपपन्नाःकपिलाहेमशृंगीः॥न्यायार्जितारूप्यखुराःसवत्सादुकूलमालाभरणाददावहं ॥१३॥ स्वलंकृतेभ्योगुणशीलवद्भ्यःसीदत्कुटुंबेभ्यऋतव्रतेभ्यः॥तपःश्रुतब्रह्मवदान्यसद्भ्यःप्रादांयुवभ्योद्विजपुंगवेभ्यः ॥१४॥ गोभूहिरण्यायतनाश्वहस्तिनःकन्याःसदासीस्तिलरूप्यशय्याः ॥ वासांसिरत्नानिपरिच्छदान्रथानिष्टंचयज्ञैश्चरितंचपूर्तं ॥१५॥ कस्यचिद्द्विजमुख्यस्यभ्रष्टागौर्ममगोधने ॥ संपृक्ताऽविदुषासाचमयादत्ताद्विजातये ॥१६॥ तांनीयमानांतत्स्वामीदृष्ट्वोवाच

મુકુંદ ભગવાને તેને પુછયું કે "હે મહાભાગ, શુંદર રૂપવાળા, ઉત્તમ દેવ; તમે કોણ છો; તે અમને ખરૂં કહો. ॥૭॥ અને હે સુભદ્ર; તમને યોગ્ય નહીં, એવી આ દશાને, કયા કર્મ વડે, તમે પામ્યા હતા; તે જાણવાની ઇચ્છાવાળા અમો આગળ, જો કહેવાનું તમને યોગ્ય લાગે તો; કહી સંભળાવો." ॥૮॥ હે રાજા, અનંત સ્વરૂપ કૃષ્ણ ભગવાને, એ રીતે પુછેલા તેણે, એ માધવ ભગવાનને; પોતાના સૂર્ય સરખા પ્રકાશિત મુકુટ વડે પ્રણામ કરીને કહ્યું કે. ॥ ૯ ॥—નૃગ—હે પ્રભુ, હું નૃગ નામનો રાજા, ઇક્ષ્વાકુનો પુત્ર છું: દાન કરનારા પુરૂષોની ગણત્રી થતાં, મારૂં નામ કદાચ આપને કાને, આવેલું પણ હશે. ॥૧૦ ॥ હે નાથ, કાળે કરીને જેનું જ્ઞાન નાશ પામતું નથી, એવા સર્વ પ્રાણી આદિકના આત્મા, અને સાક્ષી, આપનું અજાણ્યું કશુ હોયજ નહીં; તોપણ આપ આજ્ઞા કરો છો, માટે હું કહું છું કે. ॥ ૧૧ ॥ આ પૃથ્વીના જેટલા રજકણો હશે,–આકાશમાં જેટલા તારા હશે,–અને વરસાદની જેટલી ધારાઓ હશે; તેટલી (અર્થાત અગણિત) ગાયોનું, મેં દાન કરયું હતું. ॥૧૨॥ અને મેં આપેલી તે સઘળી ગાયો; દુઝણી–જુવાન–શીળ, રૂપ, અને ગુણોવાળી–કપિલા એટલે સાવકાળી–સોનાની સિંગડીઓવાળી–ન્યાયથી મેળવેલી–રૂપાની, ખરીઓવાળી–વાછડાંવાળી–માળાઓ અને ઘરેણાં ધાલેલી–અને લુગડાં ઓઢાડેલી હતી. ॥૧૩॥ તથા તેમને લેનારા ઉત્તમ બ્રાહ્મણોપણ, જુવાન–સુપાત્ર–વેદપાઠી–જ્ઞાની–તપસ્વી–શુદ્ધ આચરણવાળા–સિદાતા કુટુંબી–ઘરેણાં પેહેરાવેલા–ગુણવાન–અને સારાં શીળવાળા હતા. ॥૧૪॥ વળી મેં, ગાયો–પૃથ્વી–સોનું–ઘર–ઘોડા–હાથી–દાસીઓ સહિત કંન્યાઓ–તલ–રૂપુ–પથારીઓ–લુગડાં–રત્ન–સરસામાન–અને રથોનાં પણ, દાન આપ્યા હતાં. તથા યજ્ઞાદિક ઇષ્ટ કર્મો, અને પરબ–હવાડા–સદાવ્રત–ધર્મશાળા–કુવા–અને વાવ્યો વિગેરે કરાવવાનાં પૂર્ત કર્મો પણ; કરયાં હતાં. ॥૧૫॥ છતાં કોઇ એક ઉત્તમ દ્વિજની ભુલી પડેલી ગાય; મારી ગાયોના ધણમાં, આવીને ભળી ગયેલાનું ન જાણવાથી; બીજી ગાયોના ભેળી, તે પણ મારાથી કોઇ બ્રાહ્મણને અપાઇ ગઇ. ॥૧૬॥ પછી તે ગાયને દોરીને જતા એ બ્રાહ્મણને, તે ગાયના માલિકે દેખવાથી; તેણે તેને કહ્યું કે; "એ ગાયતો મારી છે;" ત્યારે એ દાન લેનારાએ કહ્યું કે: "મને તો એ નૃગરાજાએ આપી છે; એટલે હવે તો એ મારી થયેલી છે." ॥૧૭॥

એમ તેઓ પોતાનો સ્વાર્થ સાધનારા, બંને બ્રાહ્મણો; એવી તકરાર કરતા, મારી પાસે આવ્યા; અને એક બોલ્યો કે:—"આ ગાય મને તેં આપેલી છે." અને બીજો બોલ્યો કે: "આ મારી ગાય તેં લેઇ લીધી છે." ત્યારે એ સાંભળવાથી હું વ્યાકુળ થયો. ॥૧૮॥ અને એ ગાયને બેચના, તે બેઉ બ્રાહ્મણોને; ધર્મ સંકટમાં પડેલા મેં, કહ્યું કે: "આ ગાયને છોડીદે, તે બ્રાહ્મણને; હું એક લાખ ઉત્તમ ગાયો આપુંછું; માટે તમો બંને જણા, હું આપવડના અને કિંકરો; અશુભ નરકમાં પડવાના દુઃખથકી, મારા ઉપર અનુગ્રહ કરીને, ઉગારી લ્યો." ॥ ૨૦॥ ત્યારે "હે રાજા, હું દાન નથી લેતો:" એટલું બોલીને એ ગાયનો માલેક બ્રાહ્મણ, ચાલ્યો ગયો: અને "એક લાખ તથા ઉપર દશહજાર બીજી ગાયો આપે તો તે લેવાને, હું પણ ઇચ્છતો નથી:" એમ બોલીને બીજો બ્રાહ્મણ એ ગાયને લેઇને; ચાલતોજ થયો. ॥૨૧॥ પછીથી સમય થયે, યમદૂતો આવીને મને યમના સ્થાનમાં લેઇ ગયા; હે દેવના દેવ જગતપતિ, ત્યાં યમરાજાએ મને પૂછ્યું કે. ॥૨૨॥ "હે રાજા, તમારૂં દાનનો—ધર્મનો—અને તમને મળવાના ઉત્તમ લોકનો; પાર તો હું દેખતોજ નથી. તોપણ તમારી મરજી. પ્રથમ અશુભ કર્મના ફળને ભોગવવાની છે, કે શુભ કર્મના ફળને ભોગવવું છે; તે કહો." ॥૨૩॥ ત્યારે મેં કહ્યું કે; "હે દેવ, હું પ્રથમ અશુભ કર્મફળને ભોગવવાનેજ ઇચ્છુછું." એટલે તે બોલ્યા કે; "પડો" એટલે તુરતજ, હે પ્રભુ; મેં મારા દેહને; આ કાચંડા રૂપે થઇને, અહીંયાં પડેલો જોયો. ॥ ૨૪ ॥ તો પણ હે કેશવ ભગવાન, બ્રાહ્મણોને માનનાર—ઉદાર—અને તમારા દર્શનની ઇચ્છાવાળા—હું આપના દાસની; સ્મૃતિનો નાશ, અદ્યાપિ સુધી થયેલો નથી. ॥ ૨૫ ॥ હે પ્રભુ, આપ સાક્ષાત અધોક્ષજ ભગવાન જે પરમાત્મા, અને યોગેશ્વરોના નિર્મળ હૃદયમાં પણ, શ્રુતિના માર્ગવડેજ જાણ્યાઓ એવા છો; તેમનું અહીં થતા સંસારનો છેડો લાવનાર, પ્રત્યક્ષ દર્શન; હું ઘણાં દુઃખોવાળા અજ્ઞાનમય કાચંડાનું શરીર પામેલાને, શા કારણથી થયું હશે. ॥૨૬॥ હે દેવનાદેવ—જગતપતિ—ગોવિંદ—પુરુષોત્તમ—નારાયણ—હૃષીકેશ—પુણ્ય શ્લોક—અચ્યુત—

ममेतितं ॥ ममेतिप्रतिग्राह्याहनृगोमेदत्तवानिति ॥१७॥ विप्रौविवदमानौमामूचतुःस्वार्थसाधकौ ॥ भवान्दाताऽपहर्त्तेतितच्छ्रुत्वामेऽभवद्भ्रमः ॥१८॥ अनुनीतावुभौविप्रौधर्मकृच्छ्रगतेनवै ॥ गवांलक्षंप्रकृष्टानांदास्याम्येषाप्रदीयतां॥१९॥ भवंतावनुगृण्हीतांकिंकरस्याविजानतः ॥ समुद्धरतमांकृच्छ्रात्पतंतंनिरयेऽशुचौ ॥२०॥ नाहंप्रतीच्छेवैराजन्नित्युक्त्वास्वाम्यपाक्रमत् ॥ नान्यद्गवामप्ययुतमिच्छामीत्यपरोययौ ॥२१॥ एतस्मिन्नंतरेयाम्यैर्दूतैर्नीतोयमक्षयं ॥ यमेनपृष्टस्तत्राहंदेवदेवजगत्पते ॥२२॥ पूर्वंत्वमशुभंभुंक्षेउताहोनृपतेशुभं ॥ नांतंदानस्यधर्मस्यपश्येलोकस्यभास्वतः ॥२३॥ पूर्वंदेवाशुभंभुंजइतिमाहपतेतिसः ॥ तावदद्राक्षमात्मानंकृकलासंपतन्प्रभो ॥२४॥ ब्रह्मण्यस्यवदान्यस्यतवदासस्यकेशव ॥ स्मृतिर्नाद्यापिविध्वस्ताभवत्संदर्शनार्थिनः ॥२५॥ सत्वंकथंममविभोऽक्षिपथःपरात्मायोगेश्वरैःश्रुतिदृशाऽमलहृद्विभाव्यः॥ साक्षादधोक्षजउरुव्यसनांधबुद्धेःस्यान्मेऽनुदृश्यइहयस्यभवाऽपवर्गः ॥२६॥ देवदेवजगन्नाथगोविंदपुरुषोत्तम ॥ नारायणहृषीकेशपुण्यश्लोकाच्युताव्यय ॥२८॥ अनुजानीहिमांकृष्णयांतंदेवगतिंप्रभो ॥ यत्रक्वापिसतश्चेतोभूयान्मेत्वत्पदास्पदं ॥२८॥ नमस्तेसर्वभावाय ब्रह्मणेऽनंतशक्तये ॥ कृष्णायवासुदेवाययोगानांपतयेनमः ॥२९॥ इत्युक्त्वातंपरिक्रम्यपादौस्पृष्ट्वास्वमौलिना ॥ अनुज्ञातोविमानाग्र्यमारुहत्पश्यतांनृणां ॥३०॥ कृष्णःपरिजनंप्राहभगवान्देवकीसुतः॥ ब्रह्मण्यदेवोधर्मात्माराजन्याननुशिक्षयन् ॥३१॥ दुर्जरंबतब्रह्मस्वंभुक्तमग्नेर्मनागपि॥ तेजीयसोऽपिकिमुतराज्ञामीश्वरमानिनां ॥३२॥ नाहंहालाहलंमन्येविषंयस्यप्रतिक्रिया ॥ ब्रह्मस्वंहिविषंप्रोक्तंनास्यप्रतिविधिर्भुवि ॥३३॥ हिनस्तिविषमत्तारंवन्हिरद्भिःप्रशाम्यति ॥ कुलंसमूलंदहतिब्रह्मस्वारणिपावकः॥३४॥ ब्रह्मस्वंदुरनुज्ञातंभुक्तंहंतित्रिपूरुषं ॥ प्रसह्यतुबलाद्भुक्तंदशपूर्वान्दशापरान् ॥३५॥ राजानोराजलक्ष्म्यांऽधानात्मपातंविचक्षते ॥ निरयंयेऽभिमन्यंतेब्रह्मस्वंसाधुबालिशाः॥३६॥ गृण्हंतियावतःपांसून्क्रंदतामश्रुबिंदवः ॥ विप्राणांहृतवृत्तीनांवदान्यानांकुटुंबिनां ॥३७॥ राजानोराजकुल्याश्चतावतोऽब्दान्निरंकुशाः ॥ कुंभीपा

અવ્યય—અને કૃષ્ણ ભગવાન—મને હવે દેવની ગતિમાં જવાની; આજ્ઞા આપો. અને હું જ્યાં જ્યાં હોઉં, ત્યાં મારૂં ચીત આપના ચરણને વિશેજ સ્થિર રેહે; એટલું કરો. ॥૨૭—૨૮॥ સર્વને ઉત્પન્ન કરનારા, ને અનંત શક્તિઓવાળા, આપ પરબ્રહ્મને હું નમુંછું; વાસુદેવ કૃષ્ણ અને યોગ માત્રના સ્વામી, આપને મારા નમસ્કાર છે. ॥૨૯॥—શ્રીશુક—એ રીતે કહીને, પોતાના મુકુટવડે; ભગવાનના ચરણનો સ્પર્શ કરી, તથા તેમની પ્રદક્ષિણા કરી આજ્ઞા માગીને; લોકના દેખતાં એ નૃગરાજા, ઉત્તમ વિમાનમાં બેઠા. ॥૩૦॥ પછી બ્રહ્મણ્યદેવ અને ધર્માત્મા દેવકી પુત્રે; રાજાઓને, અને તેમના મંત્રિઓ તથા તેમના પુત્રો આદિને, શિખામણ મળવા માટે; પોતાના પુત્રોને કહ્યું કે. ॥૩૧॥ "બ્રાહ્મણનું ધન આદિક થોડું ખવાયલું હોય, તો તેને પણ; અગ્નિ જેવા તેજસ્વી પુરુષો સુદ્ધાં કોઇ પચાવી શકતા નથીજ; ત્યારે સમર્થપણાનું મિથ્યા અભિમાન રાખનારા, રાજાઓ, તો પચાવી શકેજ શાના. ! ॥૩૨॥ જેનો સામો ઉપાયછે, એવા હળાહળ વિષને પણ, હું ઝેર માનતો નથી; પરંતુ ખરેખરૂં ઝેરતો, બ્રાહ્મણનું ધનાદિકજ કહેવાય છે; કે જેનો પૃથ્વી ઉપર, સામો ઉપાયજ નથી. ॥૩૩॥ કારણ બીજા ઝેરનો અગ્નિ તો, તે ખાનારાનોજ નાશ કરીને; શમી જાય છે પણ બ્રાહ્મણના ધનાદિક રૂપ અરણીથી ઉત્પન્ન થનારો અગ્નિ તો, ખાનારાના કુળને; મૂળસહિત બાળી નાખેછે. ॥૩૪॥ બ્રાહ્મણનું ધનાદિક, તેની આજ્ઞા વિના લેવાથી; લેનારની ત્રણ પેઢીનો, નાશ કરે છે; અને જો તે બળાત્કાર કિંવા બળવડે, લીધું હોય તો; પ્રથમની દશ, અને પાછળની દશ પેઢીઓનો; તે નાશ કરે છે. ॥૩૫॥ અને બ્રાહ્મણના ધનાદિકને, લેઇ લેવાનું સારૂં માનનારા અને રાજ્ય લક્ષ્મીથી આંધળા થનાર, કમ અક્કલ રાજાઓ; પોતાનો આત્મા નરકમાં પડવાનું જાણતા નથી. ॥૩૬॥ શાણા અને કુટુંબવાળા બ્રાહ્મણોની આજીવિકાનું હરણ કરનારા; અને નિરંકુશપણે બ્રાહ્મણોના ધનાદિકનું હરણ કરનારા; રાજાઓ તથા રાજકુળના સંબંધવાળાઓ; તે બ્રાહ્મણો રોવાથી પડતાં આંસુઓથી, ભિંજાતા પૃથ્વીના રજકણ જેટલાં વરસો સુધી; કુંભિપાક નરકમાં, રંધાયાંજ કરે છે. ॥૩૭—૩૮॥ અને પોતે આપેલી, અથવા બીજાએ કરી આપેલી, બ્રાહ્મણની આજીવિકા તોડી નાંખનારો પુરૂષ; સાઠ હજાર વરસો સુધી વિષ્ઠામાં કીડો થયાં કરે છે. ॥૩૯॥ માટે સાપ થકી, થતા ઉદ્વેગ સરખો ઉદ્વેગ પમાડનાર, બ્રા-

કણનું ધનાદિક, મારી પાસે આવશેજ: કે જેની ઇચ્છા કરવાથી, રાજાઓ અલ્પ આયુષ્યવાળા—અને પરાજય પામી રાજ્ય થકી ભ્રષ્ટ થનારાજ, થાય છે. ॥૪૦॥ હે મારા પોતાનાઓ, અપરાધ કરનારા બ્રાહ્મણનો પણ; તમે ક્રોધ કરતા નહીં. મારતા અને ઘણી ગાળો દેતા બ્રાહ્મણને પણ, હમેશાં તમે નમસ્કારજ કરજો. ॥૪૧॥ જેમ સમયે સમયે, હું સાવધાનપણાથી, બ્રાહ્મણોને પ્રણામ કરૂંછું; તે રીતેજ તમે પણ તેમને નમસ્કાર કરજો. અને એ રીતે નહીં કરે તે, મારાથકી શિક્ષા પામવાને યોગ્ય થશે. ॥૪૨॥ બ્રાહ્મણની ગાય અજાણતાં પણ લેઇ લેવાથી, જેમ નૃગરાજાને થયું; તેમ અજાણતાં પણ, બ્રાહ્મણનું ધન લેઇ લેવાથી; તે લેઇ લેનારો નરકમાંજ પડેછે." ॥૪૩॥ એ રીતનાં સર્વ લોકને પાવન કરનારાં વચનો, દ્વારકાંના લોકોને સંભળાવીને; મુકુંદભગવાન, પોતાના મંદિરમાં પધાર્યા. ॥૪૪॥ઇતિશ્રી ભા૦દશમ સ્કંધનો નૃગ મોક્ષ નામે ચોસઠમો અધ્યાય સંપૂર્ણ.॥૬૪॥

અધ્યાય ૬૫ મો.—શ્રીશુક—હે રાજા, પછી સુહૃદોને જોવાની ઇચ્છાથી ભગવાન બળભદ્ર; રથમાં બેસીને, નંદના ગોકુળમાં ગયા. ॥૧॥ અને ત્યાં જઇને તે, ઘણાકાળની ઇચ્છાવાળા, ગોપ તથા ગોપીઓને ભેટીને; માતપિતા નંદયશોદાને, પગે લાગ્યા; ત્યારે તેઓએ આશીશ વચનો કહીને, તેમનો સત્કાર કર્યો કે. ॥ ૨ ॥ "હે દાશાર્હ, તમે જગતના ઇશ્વર, નાનાભાઇ કૃષ્ણ સહિત, અમારૂં ઘણાકાળ સુધી રક્ષણ કરજો." એમ બોલી છાતી સરસા ચાંપીને, ખોળામાં બેસાડી; આંસુઓના જળવડે, તેમને ભિંજવી દીધા. ॥૩॥ વૃદ્ધ ગોપલોકોને, તથા નાનાઓને; જેને જેમ ઘટે તે રીતે, જેવું જેવું, વય—મિત્રાઇ—અને પોતાની સાથેનો સબંધ; તે રીતે વિધિ સહિત, સર્વને વંદન કરયુ: તથા તેઓના વંદનનો સ્વીકાર કર્યો. ॥૪॥ પછી કમળનેત્ર કૃષ્ણ વિષેજ, સર્વ સુખાદિકને નાંખી દેનાર; ત્યાં આવેલા ગોવાળોને; તેમની સાથે હસીને, હાથ મેળવવા આદિકથી રામે; એ

केषुपच्यंतेब्रह्मदायाप ारिणः ॥३८॥ स्वदत्तांपरदत्तांवाब्रह्मवृत्तिंहरेच्चयः॥ षष्टिर्वर्षसहस्राणिविष्ठायांजायतेकृमिः ॥३९॥ नमेब्रह्मधनंभूयाद्यद्‌गृध्वाऽल्पायुषोनृपाः ॥ पराजिताश्च्युताराज्या भवंत्युद्वेजिनोऽहयः ॥४०॥ विप्रंकृतागसमपिनैवद्रुह्यतमामकाः॥ घ्नंतंबहुशपंतंवानमस्कुरुतनित्यशः ॥४१॥ यथाहंप्रणमेविप्राननुकालंसमाहितः ॥ तथानमतयूयंचयोऽन्यथामेसदंडभाक् ॥४२॥ ब्राह्मणार्थोह्यपहृतोहर्तारंपातयत्यधः ॥ अजानंतमपिह्येनंनृगंब्राह्मणगौरिव ॥४३॥ एवंविश्राव्यभगवान्मुकुंदोद्वारकौकसः ॥ पावनःसर्वलोकानांविवेशनिजमंदिरं ॥ ॥४४॥ इ०भा०म०द०उ०नृगोपाख्यानंनामचतुःषष्टितमोऽध्यायः ॥६४॥ श्रीशुक०बलभद्रःकुरुश्रेष्ठभगवान्रथमास्थितः ॥ सुहृद्दिदृक्षुरुत्कंठःप्रययौनंदगोकुलं ॥१॥ परिष्वक्तश्चिरोत्कंठैर्गोपैर्गोपीभिरेवच ॥ रामोऽभिवाद्यपितरावाशीर्भिरभिनंदितः॥२॥ चिरंनःपाहिदाशार्हसानुजोजगदीश्वरः॥ इत्यारोप्यांकमालिंग्यनेत्रैःसिषिचतुर्जलैः॥३॥ गोपवृद्धांश्चविधिवद्यविष्ठैरभिवंदितः ॥ यथावयोयथासख्यंयथासंबंधमात्मनः ॥४॥ समुपेत्याथगोपालान्हास्यहस्तग्रहादिभिः॥ विश्रांतंसुखमासीनंपप्रच्छुःपर्युपागताः॥५॥ पृष्टाश्चानामयंस्वेषुप्रेमगद्गदयागिरा ॥ कृष्णेकमलपत्राक्षेसंन्यस्ताखिलराधसः ॥६॥ कच्चिन्नोबांधवारामसर्वेकुशलमासते ॥ कच्चित्स्मरथनोरामयूयंदारसुतान्विताः ॥७॥ दिष्ट्याकंसोहतःपापोदिष्ट्यामुक्ताःसुहृज्जनाः ॥ निहत्यनिर्जित्यरिपून्दिष्ट्यादुर्गंसमाश्रिताः ॥८॥ गोप्योहसंत्यःपप्रच्छूरामसंदर्शनादृताः॥ कच्चिदास्तेसुखंकृष्णःपुरस्त्रीजनवल्लभः ॥९॥ कच्चित्स्मरतिवाबंधून्पितरंमातरंचसः॥ अप्यसौमातरंद्रष्टुंसकृदप्यागमिष्यति ॥ अपिवास्मरतेऽस्माकमनुसेवांमहाभुजः ॥१०॥ मातरंपितरंभ्रातॄन्पतीन्पुत्रान्स्वसॄरपि ॥ यदर्थेजहिमदाशार्हदुस्त्यजान्स्वजनान्प्रभो ॥११॥ तानःसद्यःपरित्यज्यगतःसंछिन्नसौहृदः॥ कथंनुतादृशंस्त्रीभिर्नश्रद्धीयेतभाषितं ॥१२॥ कथंनुगृण्हंत्यनवस्थितात्मनोवचःकृतघ्नस्यबुधाःपुरस्त्रियः ॥ गृण्हंतिवैचित्रकथस्यसुंदरस्मितावलोकोच्छ्वसितस्मरातुराः॥१३॥ किंनस्तत्कथयागोप्यःकथाःकथयतापराः॥यात्यस्माभिर्विनाकालोयदितस्यतथैवनः॥१४॥ इतिप्रहसितंशौरेर्जल्पितंचारुवीक्षितं ॥ गतिंप्रेमपरिष्वंगंस्मरंत्योरुरुदुःस्त्रियः॥१५॥ संकर्षणस्ताःकृष्णस्यसं

પોતાનાઓને કુશળ સમાચાર પૂછયા પછી; વિસામો લઇને, સુખથી આસન ઉપર બેઠેલા; તેમને તેઓ, પ્રેમ સહિત ગદગદ વાણીથી, પૂછવા લાગ્યા કે. ॥૫—૬॥ "હે રામ આપણા સર્વ બાંધવો કુશળ છે? હે રામ, તમો સ્ત્રીઓ અને પુત્રવાળા થયેલાઓ, અમને કોઇવાર પણ સંભારો છો ? ॥૭॥ પાપી કંસ મરાયો—સુહૃદો મુકત થયા—અને દુશમનોને જીતીને તથા મારીને (કોઇથી ન જવાય એવા સમુદ્રમાંની દ્વારિકા) દુર્ગનો આશ્રય પામ્યા: એ ઘણુંજ સારૂં થયું છે. ॥૮॥ પછી રામના દર્શનવડે, આનંદ પામેલી ગોપીઓ હસીને, પૂછવા લાગી કે: "શેહેરી સ્ત્રીઓને પ્રિય કૃષ્ણ સુખમાં તોછે.?" ॥૯॥ એ મોટા હાથવાળા—ભગવાન, કોઇવાર માતાપિતાને, અને બંધુઓને સંભારે છે ? શું તે એકવાર પણ માને મળવા સારૂ, અહીંયાં આવશે ? અને તે કદીપણ અમોએ કરેલી સેવાનું, સ્મરણ કરે છે ? ॥૧૦॥ હે સમર્થ યાદવ, ત્યાગ ન થઇ શકે, એવાં સ્વજનો—મા—બાપ—ભાઇ—પતિ—પુત્રો અને બેહેનો, વિગેરેનો પણ; જેને માટે અમે, ત્યાગ કર્યો હતો; તે ભગવાનેજ તુર્ત, અમારો ત્યાગ કરી જઇને, સુહૃદપણાને, તોડી નાંખ્યું છે; તોપણ એમના સરખાના બોલેલા ઉપર, સ્ત્રીઓ શ્રદ્ધા કેમ ન રાખે? ॥૧૧—૧૨॥ એ કૃતઘ્ન, અને અસ્થિર ચીતવાળાનાં,વચનોનો વિશ્વાસ શેહેરની ચતુર સ્ત્રીઓ; કેવી રીતે રાખતી હશે? કદાચ એ વિચિત્ર પ્રકારે બોલનારા,અને હસતે મોઢે સુંદર રીતે જોનારાને વિશે કામાતુર થવાને લીધે;તેઓ વિશ્વાસ રાખતી પણ હોય. ॥૧૩॥ હે ગોપીઓ, એમની વાત કરવામાં આપણને, કશું ફળ નથી; માટે હવે બીજી વાત કરો; આપણા વિના, જેમ તેમનો કાળ જાયછે; તેમજ એમના વિના, આપણો પણ જશેજ. ॥૧૪॥ એ રીતે કૃષ્ણના સુંદર રીતે જોવાને—હસવાને—બોલવાને—ચાલવાને—અને પ્રેમ સહિત મળવાને—સંભારીને, તે સ્ત્રીઓ રોવા લાગી. ॥૧૫॥ ત્યારે અનેક પ્રકારથી સમજુતી કરવામાં ચતુર બળરામે; તેમના મનને ગમે એવા કૃષ્ણના સંદેશા કહીને; તેઓનું સાંત્વન કરયું. ॥૧૬॥ પછી ભગવાન બળરામે ચૈત્ર અને વૈશાક બે માસ ત્યાં રહીને; રાત દિવસ ગોપીઓની સાથે, આનંદ કર્યો. ॥૧૭॥ અને પૂર્ણ

કળાઓ વાળા ચંદ્રમાની, ઉજળી ચાંદનીમાં. કુમુદના સુગંધી વાયુવાળા, જમુનાંના કિનારાનાં ઉપવનોમાં સ્ત્રી. જનોથી વિંટાઇને, તે રમવા લાગ્યા. ॥૧૮॥ તે વખતે ઝાડોની કોતરોમાંથી, વરૂણની પ્રેરણાથી ઝરતી, વારૂણી નામની મદિરા (તાડી), એ આખા વનને પોતાના ગંધવડે: સુગંધીયુક્ત કરતી હતી. ॥૧૯॥ તેથી વાયુએ પોતાની પાસે આણેલી. તે સુગંધીને સુંઘીને; બળરામે તે ઠેકાણે જઇ, તેની મીઠી ધારાઓને; સ્ત્રીઓ સહિત પીધી. ॥૨૦॥ એટલે તેના મદ વડે વિહ્વળ થયેલી આંખ્યો વાળા, અને મત્ત થયેલા બળરામ; સ્ત્રીઓ થકી ચરિત્રો ગવાતા, ત્યાં ફરવા લાગ્યા. ॥૨૧॥ પછી એ: વૈજયંતી માળા, એક કુંડળ, અને ફુલના હાર પેહેરેલા–મત્ત થયેલા–અને હસતા મુખ કમળ ઉપર હીમ જેવા પરસેવાના છાંટાઓથી શોભતા–સમર્થ બળરામે જળક્રીડા કરવાને અર્થે; જમુનાંજીને બોલાવ્યાં; પણ તે જમુનાજી, પોતાને મત્ત થયેલા માનીને; પોતાના વચનનો અનાદર કરીને, જ્યારે નહી આવેલાનું તેમણે જોયું; ત્યારે કોપ કરીને, હળની અણીવડે, તેમણે જમુનાંજીને ખેચ્યાં. ॥૨૨–૨૩॥ અને બોલ્યા: "હે દુષ્ટ, તું મારી અવગણના કરીને, મારા બોલાવવાથી આવતી નથી; તો, તું પોતાની મરજી પ્રમાણે ચાલનારીના, હળની અણીવડે; હમણાંજ સેંકડો કકડા કરી નાખું છું." ॥૨૪॥ હે રાજા એ પ્રમાણે તિરસ્કાર કરવાથી, બીહીન્હેલાં, જમુનાંજી ધ્રુજતાં બળરામના પગમાં પડીને: બોલ્યાં કે: ॥૨૫॥ "હે રામ, મોટા હાથવાળા અને જગતપતિ: તમે જેણે એક અંશ વડેજ, પૃથ્વીને ધારણ કરી છે: તેના પરાક્રમને મેં જાણ્યું નહીં. ॥૨૬॥ હે વિશ્વાત્મા–ભક્ત વત્સળ ભગવાન; આપના પરમ ભાવને નહીં જાણનારી હું. શરણાંગતને, છોડી દેવાને: તમે યોગ્ય છો." ॥૨૭॥ એ રીતે પ્રાર્થના કરવાથી, ભગવાન બળરામે, પછી યમુનાંજીને છોડી દીધાં; અને હાથણીઓ સહિત મોટા હાથીના પેઠે; સ્ત્રીઓ સહિત તે

देशैर्न्हृदयंगमैः ॥ सांत्वयामासभगवान्नानाऽनुनयकोविदः ॥१६॥ द्वौमासौतत्रचावात्सीन्मधुंमाधवमेवच ॥ रामःक्षपासुभगवान्गोपीनांरतिमावहन् ॥१७॥ पूर्णचंद्रकलामृष्टेकौमुदीगंधवायुना ॥ यमुनोपवनेरेमेसेवितेस्त्रीगणैर्वृतः ॥१८॥ वरुणप्रेषितादेवीवारुणीवृक्षकोटरात् ॥ पतंतीतद्वनंसर्वंस्वगंधेनाध्यवासयत् १९ तंगंधंमधुधारायावायुनोपहृतंबलः॥ आघ्रायोपगतस्तत्रललनाभिःसमंपपौ॥२०॥ उपगीयमानचरितोवनिताभिर्हलायुधः॥ वनेषुव्यचरत्क्षीबोमदविह्वललोचनः ॥२१॥ स्रग्व्येककुंडलोमत्तोवैजयंत्याचमालया ॥ बिभ्रत्स्मितमुखांभोजंस्वेदप्रालेयभूषितं ॥२२॥ सआजुहावयमुनांजलक्रीडार्थमीश्वरः॥ निजंवाक्यमनादृत्यमत्तइत्यापगांबलः॥ अनागतांहलाग्रेणकुपितोविचकर्षह ॥२३॥ पापेत्वंमामवज्ञाययन्नायासिमयाहुता ॥ नेष्येत्वांलांगलाग्रेणशतधाकामचारिणीं ॥२४॥ एवंनिर्भर्त्सिताभीतायमुनायदुनंदनं ॥ उवाचचकितावाचंपतितापादयोर्नृप ॥२५॥ रामराममहाबाहोनजानेतवविक्रमं ॥ यस्यैकांशेनविधृताजगतीजगतःपते ॥२६॥ परंभावंभगवतोभगवान्मामजानतीं ॥ मोक्तुमर्हसिविश्वात्मन्प्रपन्नांभक्तवत्सल ॥२७॥ ततोव्यमुंचद्यमुनांयाचितोभगवान्बलः ॥ विजगाहजलंस्त्रीभिःकरेणुभिरिवेभराट् ॥२८॥ कामंविहृत्यसलिलादुत्तीर्णायासितांबरे ॥ भूषणानिमहार्हाणिददौकांतिःशुभांस्रजं ॥२९॥ वसित्वावाससीनीलेमालामामुच्यकांचनीं॥ रेजेस्वलंकृतोलिप्तोमाहेंद्रइववारणः॥३०॥ अद्यापिदृश्यतेराजन्यमुनाकृष्टवर्त्मना॥बलस्यानंतवीर्यस्यवीर्यंसूचयतीवहि ॥३१॥ एवंसर्वानिशायाताएकेवरमतोव्रजे॥रामस्याक्षिप्तचित्तस्यमाधुर्यैर्व्रजयोषितां॥३२॥इ.भा.द.उ.पंचषष्टितमोअ.॥६५॥

श्रीशुक०नंदव्रजंगतेरामेकरूषाधिपतिर्नृपः ॥ वासुदेवोऽहमित्यज्ञोदूतंकृष्णायप्राहिणोत् ॥१॥ त्वंवासुदेवोभगवानवतीर्णोजगत्पतिः ॥इतिप्रस्तोभितोबालैर्मेनआत्मानमच्युतं ॥२॥ दूतंचप्राहिणोन्मंदःकृष्णायाव्यक्तवर्त्मने॥ द्वारकायांयथाबालोनृपोबालकृतोबुधः ॥३॥ दूतस्तुद्वारकामेत्यसभायामास्थितंप्रभुं ॥ कृष्णंकमलपत्राक्षंराजसंदेशमब्रवीत् ॥४॥ वासुदेवोऽवतीर्णोऽहमेकएवनचापरः॥ भूतानामनुकंपार्थंत्वंतुमिथ्याऽभिधांत्यज ॥५॥ यानित्वमस्मच्चिन्हानिमौढ्याद्बिभर्षिसात्वत ॥ त्यक्त्वैहिमांत्वंशरणंनोचेद्देहिममाहवं ॥६॥ श्रीशुक०कत्थनंत

જમુનાંજીના જળમાં પેઠા. ॥૨૮॥ અને ઇચ્છા પ્રમાણેની જળક્રિડા કરયા પછી, બળરામ, જ્યારે બહાર નીકળ્યા; ત્યારે યમુનાંજીએ તેમને શ્યામ વસ્ત્ર–ઘણા મુલનાં ઘરેણાં–અને સોનાની સુંદર માળા આપી. ॥૨૯॥ ત્યારે નીલવસ્ત્ર પેહેરીને, સોનાની માળા ધારણ કરવાથી શણગારેલા; અને ચંદન લગાડેલા; બળરામ, મહેંદ્રના મોટા હાથીના સરખા, શોભવા લાગ્યા. ॥૩૦॥ હે રાજા, અદ્યાપિ સુધી તે ઠેકાણે જમુનાજી, જાણે એ અનંત ભગવાનના, બેહદ પરાક્રમને સુચવતાં હોય; તેમ, વાંકા થયેલા માર્ગવાળાંજ; જોવામાં આવે છે. ॥૩૧॥ એ રીતે વ્રજમાં બળરામની મધુરતાથી, ચીત્ત ખેંચાયલી રાતની વેળાએ આવેલી વ્રજની સઘળી સ્ત્રીઓની; સાથે; રામ એકલાજ રમતા હતા ॥૩૨॥ ઇતિશ્રી૦ભા૦દશમ૦ ૨૬૦ યમુનાં આકર્ષણનામે પાંસઠમો અ૦સ૦ ॥૬૫॥

અધ્યાય ૬૬ મો.—શ્રીશુક—બલરામ નંદજીના વ્રજમાં ગયા હતા, ત્યારે કરુષ દેશના અજ્ઞાન રાજા પૌંડ્રક, "હું પોતેજ વાસુદેવ છું:" એમ કહીને, કૃષ્ણની પાસે દૂત મોકલ્યો. ॥૧॥ એ રાજાને, બીજા કમઅક્કલ લોકે, "તમેજ જગતપતિ વાસુદેવ ભગવાન અવતરેલા છો:" એમ કહી, છેતરવાથી; તે પોતે અચ્યુત ભગવાન હોવાનું માની બેઠો હતો. ॥૨॥ રમતમાં બુદ્ધિ વિનાનાં છોકરાંઓ જેમ, તેમનામાંના; એક બાળકને, રાજા ઠરાવેછે; તેમ મૂર્ખ લોકોએ વિષ્ણુ ઠરાવેલા, એ મંદ બુદ્ધિએ; અચિંત્ય માર્ગ વાળા, કૃષ્ણની પાસે દૂતને મોકલ્યો. ॥૩॥ ત્યારે એ દૂતે દ્વારકાંમાં જઇને; ત્યાં સભાના મધ્યમાં બેઠેલા, કમળનેત્ર કૃષ્ણ ભગવાનને; એ રાજાનો સંદેશો, કહી સંભળાવ્યો કે: ॥૪॥ "પ્રાણીઓ ઉપર દયા કરવાને અવતરેલો, વાસુદેવ તો, હું એકજ છું; બીજો કોઇ નથી: માટે એ રીતનાજ મિથ્યા ધારણ કરેલા નામને, તમે તજી દ્યો. ॥૫॥ અને હે સાત્વત, તમે મૂઢપણાથી, અમારાં જે જે ચિન્હો, ધારણ કરેલાં છે; તે તે સર્વને તજી દેઇને, મારે શરણે આવો: તથા જો તેમ નકરો તો, મારી સાથે યુદ્ધ કરો." ॥૬॥ એ રીતનું, અલ્પ બુદ્ધિ પૌંડ્રકનું, બોલવું સાંભળીને: રાજા ઉગ્રસેન તથા સર્વ સભાસદો, મોટેથી હસી પડ્યા. ॥૭॥ તથા તેના મશ્કરી થઇ; પછી

ભગવાને તે દૂતની સાથેજ, તેને કહેવરાવ્યું કે; "હે મૂઢ, જેને માટે તું આ રીતે બકેછે, તે ચિન્હો હું તારી પાસેથી છોડાવી લેઇશ. ॥ ૮ ॥ અને હે અજ્ઞાન જ્યારે તું કાગડા ગરજો અને વડ પક્ષીઓ થકી વિંટાયલો; મોહું ઢાંકીને મુએલો સુઇ જઈશ, ત્યારે તારો આશ્રય; કુતરાંઓજ કરશે."॥૯॥પછી તે દુતે પાછા જઇને, એ પ્રકારનાં તિરસ્કારનાં સઘળાં વચનો; પોતાના રાજા પૌંડ્રકને કહી સંભળાવ્યાં; અને કૃષ્ણ પણ રથ ઉપર બેસીને, તેની પાછળજ કાશીપુરીમાં ગયા. ॥૧૦॥ ત્યારે કૃષ્ણનો, એ ઉદ્યોગ સાંભળવાથી; એ પૌંડ્રક રાજા ઉતાવળોજ બેઉ અક્ષૌહિણી સેના સહિત; નગરથકી બહાર નીકળ્યો. ॥૧૧॥ અને તેનો પક્ષ કરનારો, તેનો મિત્ર કાશી રાજા પણ ત્રણ અક્ષૌહિણી સેના લેઇને, તેની પાછળ નીકળ્યો; ત્યાં હરિભગવાને પૌંડ્રકને જોયો. ॥૧૨॥ તો તેણે શંખ–ચક્ર–ખડ્ગ–ગદા–શારંગ ધનુષ્ય–અને શ્રીવત્સ વિગેરે; ધારણ કર્યાં હતાં; તેણે પેહેરેલી વનમાળા અને કૌસ્તુભમણિ શોભતાં હતાં; પીળાં રેશમી વસ્ત્ર, પેહેર્યાં હતાં; ધજાને વિશે ગરૂડ હતો, ઘરેણાં અને મુકુટ અમુલ્ય હતાં; અને મકરાકૃતિ કુંડળો ચળકતાં હતાં. ॥ ૧૩–૧૪ ॥ એ રીતે નાટકની રંગભૂમિ ઉપર, નાટકકાર વેશ લેઇને આવેલા સરખો; પોતાના જેવોજ કૃત્રિમ વેશ ધારણ કરીને, તેને આવેલો દેખી; હરિભગવાનને ઘણું હસવું આવ્યું. ॥ ૧૫ ॥ અને શત્રુઓ, ત્રિશળ–ગદા–પરિઘ–સાંગ–રૃષ્ટિ–પ્રાસ–તોમર–તરવાર–પટ્ટા–અને બાણોના પ્રહારો; હરિભગવાન ઉપર કરવા લાગ્યા. ॥૧૬॥ ત્યારે કૃષ્ણભગવાને પણ, જેમ પ્રલય કાળનો અગ્નિ, અનેક પ્રકારની પ્રજાઓનો નાશ કરે; તેમ પોતાની ગદા–તરવાર–ચક્ર–અને બાણોવડે, એ પૌંડ્રક અને કાશી રાજાના, હાથી–ઘોડા—રથ–અને પાયદળવાળા લશ્કરનો; અત્યંત નાશ કરી નાંખ્યો. ॥ ૧૭ ॥ અને શત્રુઓના મૂએલા,–રથીઓ–ઘોડા–હાથી–માણસો–ખચર–અને ઉંટો વિગેરેથી ભરાઇ ગયેલી રણભૂમિ; શુરા પુરુષોને

तुपाकर्ण्यपौंड्रकस्याल्पमेधसः ॥ उग्रसेनादयःसभ्याउच्चकैर्जहसुस्तदा॥७॥ उवाचदूतंभगवान्परिहासकथामनु ॥ उत्स्रक्ष्येमूढचिन्हानियै
स्त्वमेवंविकत्थसे ॥८॥मुखंतदपिधायाज्ञकंकगृध्रवटैर्वृतः ॥ शयिष्यसेहतस्तत्रभविताशरणंशुनां ॥९॥ इतिदूतस्तदाक्षेपंस्वामिनेसर्वमा
हरत् ॥ कृष्णोऽपिरथमास्थायकाशीमुपजगामह ॥१०॥ पौंड्रकोऽपितदुद्योगमुपलभ्यमहारथः ॥ अक्षौहिणीभ्यांसंयुक्तोनिश्चक्राममपुराद्द्रु
तं ॥११॥ तस्यकाशीपतिर्मित्रंपार्ष्णिग्राहोऽन्वयान्नृप ॥ अक्षौहिणीभिस्तिसृभिरपश्यत्पौंड्रकंहरिः ॥१२॥ शंखार्यसिगदाशार्ङ्गश्रीवत्सा
द्युपलक्षितं ॥ बिभ्राणंकौस्तुभमणिंवनमालाविभूषितं ॥१३॥ कौशेयवाससीपीतेवसानंगरुडध्वजं ॥ अमूल्यमौल्याभरणंस्फुरन्मकरकुंड
लं ॥१४॥ दृष्ट्वातमात्मनस्तुल्यवेषंकृत्रिममास्थितं ॥ यथानटंरंगगतंविजहासभृशंहरिः ॥१५॥ शूलैर्गदाभिःपरिघैःशक्त्यृष्टिप्रासतोमरैः॥
असिभिःपट्टिशैर्बाणैःप्राहरन्नरयोहरिं ॥१६॥ कृष्णस्तुतत्पौंड्रककाशिराजयोर्बलंगजस्यंदनवाजिपत्तिमत्॥ गदासिचक्रेषुभिरार्दयद्भृशंयथा
युगांतेहुतभुक्पृथक्प्रजाः ॥१७॥ आयोधनंतद्रथवाजिकुंजरद्विपत्खरोष्ट्रैररिणावखंडितैः॥ बभौचितंमोदवहंमनस्विनामाक्रीडनंभूतपतेरिवो
ल्बणं॥१८॥ अथाहपौंड्रकंशौरिर्भोभोपौंड्रकयद्भवान्॥ दूतवाक्येनमामाहतान्यस्त्राण्युत्सृजामिते ॥१९॥ त्याजयिष्येभिधानंमेयत्त्वयाज्ञमृ
षाधृतं॥ व्रजामिशरणंतेद्ययदिनेच्छामिसंयुगं ॥२०॥ इतिक्षिप्त्वाशितैर्बाणैर्विरथीकृत्यपौंड्रकं॥ शिरोऽवृश्चद्रथांगेनवज्रेणेंद्रोयथागिरेः २१
तथाकाशिपतेःकायाच्छिरउत्कृत्यपत्रिभिः॥ न्यपातयत्काशिपुर्यांपद्मकोशमिवानिलः॥२२॥ एवंमत्सरिणंहत्वापौंड्रकंससखंहरिः॥द्वारका
माविशत्सिद्धैर्गीयमानकथामृतः ॥२३॥ सनित्यंभगवद्ध्यानप्रध्वस्ताखिलबंधनः॥ बिभ्राणश्चहरेराजन्स्वरूपंतन्मयोऽभवत् ॥२४॥ शिरःप
तितमालोक्यराजद्वारेसकुंडलं॥ किमिदंकस्यवावक्त्रमितिसंशयिरेजनाः॥२५॥ राज्ञःकाशिपतेर्ज्ञात्वामहिष्यःपुत्रबांधवाः॥ पौराश्चहाहतारा
जन्नाथनाथेतिप्रारुदन्॥२६॥ सुदक्षिणस्तस्यसुतःकृत्वासंस्थाविधिंपितुः॥ निहत्यपितृहंतारंयास्याम्यपचितिंपितुः॥२७॥ इत्यात्मनाऽभि
संधायसोपाध्यायोमहेश्वरं॥ सुदक्षिणोऽर्चयामासपरमेणसमाधिना ॥२८॥ प्रीतोऽविमुक्तेभगवांस्तस्मैवरमदाद्भवः॥ पितृहंतृवधोपायंसवव्रे

આનંદ દાયક, તથા રૂદ્રને ક્રિડા કરવાના સ્થાન જેવી; ભયાનક થયેલી શોભવા લાગી. ॥ ૧૮ ॥ તે પછી કૃષ્ણે પૌંડ્રકને કહ્યું કે; "તેં દૂતને મોઢે મને જે કહેવરાવેલું હતું, તે અસ્ત્રોજ હવે, હું તારા ઉપર મૂકુંછું. ॥૧૯॥ અને તે વડેજ: તું અજ્ઞાનીએ, જુઠું ધારણ કરેલ, મારા નામને; હું તજાવી દેઇશ: તથા જો મને યુદ્ધ કરવાની ઇચ્છા નહીં હોય તો, તારે શરણે આવીશ" ॥૨૦॥ એ રીતે તિરસ્કાર કરીને, તીક્ષ્ણ બાણોવડે, એ પૌંડ્રકને રથ વિનાનો કરીને; પછી, ઇંદ્રે વજ્રવડે પર્વતનું શિખર કાપવાની પેઠે; પોતાના ચક્રવડે, તેમણે તેનું માથું કાપી નાંખ્યું. ॥૨૧॥ અને તે રીતેજ કાશી રાજાનું માથું પણ, ધડથકી જુદું કરીને, વાયુએ ઉડાડેલા કમળના પોટાની માફક; તેને બાણોવડે કાશીપુરમાં ફેંકી દીધું. ॥૨૨॥ એમ અદેખાઇ કરનારા પૌંડ્ર રાજાને તેના મિત્ર સહિત મારીને; સિદ્ધ લોકોથી કથા રૂપી અમૃતનું ગાન કરાતા, હરિ ભગવાન; દ્વારકાંને વિશે પધાર્યા. ॥૨૩॥ અને હે રાજા, તે પૌંડ્રક રાજા હમેશાં ભગવાનનોજ વેશ ધરવાથી તેને ભગવાનનું ધ્યાન રહેવાવડે; તેનું મન ભગવાનમાં તદાકાર થઇને, તેનાં કર્મ બંધનો છુટી જઇ; તે હરિ ભગવાનના સ્વરૂપનેજ પામ્યો. ॥૨૪॥ તથા કાશી નગરમાં રાજદ્વાર આગળ; કુંડળ સહિત માથું પડેલું દેખી; લોકો સંશય કરવા લાગ્યા કે: "એ માથું કોનું હશે, અને અહીંયાં ક્યાંથી આવીને પડ્યું !" ॥૨૫॥ પછી તે કાશીરાજાનુંજ જાણી, તેની રાણીઓ–પુત્રો–બાંધવો–અને નગરના લોકો; "હે નાથ–હેરાજા–હાય મારયાં ગયાં." એમ બોલીને રોવા લાગ્યા. ॥૨૬॥ અને પિતાના મરણ પાછળની ઉતર ક્રિયા કરવા કેડે; એ કાશીરાજાના દીકરા સુદક્ષિણે, પિતાના મારનારને મારીને; વૈર લેવાનું નક્કી કર્યું. ॥૨૭॥ અને તે સુદક્ષિણે એ પ્રકારના મનના નિશ્ચયથી, પોતાના ઉપાધ્યાઓ સહિત; મોટી એકાગ્રતાથી, સદાશિવનું, પૂજન કર્યું. ॥ ૨૮ ॥ ત્યારે પ્રસન્ન થયેલા ભગવાન સદાશિવે, તેને વરદાન માગવાનું કહેવાથી; તેણે પોતાના પિતાને મારનારનો, વધ થવાનો ઉપાય મળવાનું; પોતે ઇચ્છેલું વરદાનજ માગ્યું. ॥ ૨૯ ॥ એટલે સદાશિવ બોલ્યા કે, "તું બ્રાહ્મણો અને

ઋત્વિજો સહિત, અભિચાર વિધાનથી; દક્ષિણાગ્નિનું પૂજન કરજે, જેથી પ્રમથોએ વીંટાએલો તે અગ્નિ; જો તું તેની યોજના, બ્રાહ્મણોને નહીં માનનારાના ઉપર કરીશ તો; તારો સંકલ્પ સિદ્ધ કરશે." એ પ્રમાણે મહાદેવે કહેવાથી; તેણે એ રીતનો અભિચાર પ્રયોગ, કૃષ્ણના ઉપર જ કર્યો. ॥૩૦-૩૧॥ એટલે કુંડમાંથી તપાવેલા તાંબા જેવી દાઢી, મૂછ, અને ચોટલીના વાળવાળો—આંખોમાંથી અંગાર ઝરતો—અને અતિ ભયંકર—મૂર્તિમાન અગ્નિ બહાર નીકળ્યો. ॥૩૨॥ અને તે લાકડીઓ સરખી કઠોર ભ્રકુટી દાઢો, અને ભમરો સહિત વિકરાળ મોઢાવાળો—પોતાની જીભથી મોંઢાંના ચાટતો—નાગો—બળતા ત્રિશૂળને ફેરવ્યા કરતો—તાડ જેવડા પગવડે પૃથ્વીને કંપાવતો—અને ભૂતો થકી વીંટાએલો, દશે દિશાઓને બાળી મૂકતો; દ્વારકાંની સામે દોડી ગયો. ॥૩૩-૩૪॥ ત્યારે એ અભિચારના અગ્નિને, આવતો દેખીને; વન બળવાથી મૃગો ત્રાસ પામવાની પેઠે; દ્વારકાંના સર્વે લોક, ત્રાસી ગયા. ॥૩૫॥ અને ભયને લીધે, આતુર બનેલા લોકોએ; સભા મધ્યે પાસાવડે રમતા, ભગવાન પાસે જઈને કહ્યું કે. "હે ત્રૈલોક્યના ઈશ્વર, નગરને બાળતા અગ્નિ થકી, અમારૂં તમે રક્ષણ કરો. ॥ ૩૬ ॥ ત્યારે એ લોકોનો ગભરાટ સાંભળીને, અને પોતાનાઓને દુખ થતું જોઈને; એ સર્વના શરણરૂપ ભગવાને; હસીને કહ્યું કે. "બીહીશો નહીં, હું તમારૂં રક્ષણ કરૂંછું." ॥૩૭॥ પછી સર્વના અંતરના અને બહારના સાક્ષી ભગવાને; એને મહાદેવની કૃત્યા હોવાનું જાણી જઈને, પડખામાં રહેલા પોતાના ચક્રને; તેનો નાશ કરવાની આજ્ઞા આપી. ॥૩૮॥ એટલે તે કરોડ સૂર્ય સરખા પ્રકાશ થકી પ્રલયના અગ્નિ જેવા ઝગ ઝગતા, અને પોતાના તેજવડે આકાશ—પૃથ્વી—દિશાઓ—અને અંતરિક્ષને ભરી દેતા; મુકુંદ ભગવાનના અસ્ત્રે, એ અગ્નિરૂપ કૃત્યાનું; મર્દન કરી નાંખ્યું. ॥૩૯॥ અને હે રાજા, ભગવાનના ચક્રના તેજથી, મોઢું ભાંગી

वरमीप्सितं॥२९॥ दक्षिणाग्निंपरिचरब्राह्मणैःसममृत्विजं॥अभिचारविधानेनसचाग्निःप्रमथैर्वृतः ॥३०॥ साधयिष्यतिसंकल्पमब्रह्मण्येप्रयोजितः॥ इत्यादिष्टस्तथाचक्रेकृष्णायाभिचरन्व्रती ॥३१॥ ततोऽग्निरुत्थितःकुंडान्मूर्तिमानतिभीषणः॥ तप्ततामशिखश्मश्रुरंगारोद्गारिलोचनः॥३२॥ दंष्ट्रोग्रभ्रुकुटीदंडकठोरास्यःस्वजिह्वया ॥ आलिहन्सृक्किणीनग्नोविधुन्वंस्त्रिशिखंज्वलत् ॥३३॥ पद्भ्यांतालप्रमाणाभ्यांकंपयन्नवनीतलं ॥ सोऽभ्यधावद्वृतोभूतैर्द्वारकांप्रदहन्दिशः ॥३४॥ तमाभिचारदहनमायांतंद्वारकौकसः ॥ विलोक्यतत्रसुःसर्वेवनदाहेमृगायथा ॥३५॥ अक्षैःसभायांक्रीडंतं भगवंतंभयातुराः ॥ त्राहित्राहित्रिलोकेशवह्नेःप्रदहतःपुरं ॥३६॥ श्रुत्वातज्जनवैक्लव्यंदृष्ट्वास्वानांचसाध्वसं॥ शरण्यःसंप्रहस्याहमाभैष्टेत्यवितास्म्यहं ॥३७॥ सर्वस्यांतर्बहिःसाक्षीकृत्यांमाहेश्वरींविभुः॥विज्ञायतद्विघातार्थंपार्श्वस्थंचक्रमादिशत् ॥३८ तत्सूर्यकोटिप्रतिमंसुदर्शनंजाज्वल्यमानंप्रलयानलप्रभं ॥ स्वतेजसाखंककुभोऽथरोदसीचक्रंमुकुंदास्त्रमथाग्निमार्दयत् ॥३९॥ कृत्यानलःप्रतिहतःसरथांगपाणेरस्त्रौजसासनृपभग्नमुखोनिवृत्तः॥वाराणसींपरिसमेत्यसुदक्षिणंतंसर्त्विग्जनंसमदहत्स्वकृतोऽभिचारः ॥४०॥ चक्रंचविष्णोस्तदनुप्रविष्टंवाराणसींसाट्टसभालयापणां॥ सगोपुराट्टालककोष्ठसंकुलांसकोशहस्त्यश्वरथान्नशालां ॥ ४१ ॥ दग्ध्वावाराणसींसर्वांविष्णोश्चक्रंसुदर्शनं ॥ भूयःपार्श्वमुपातिष्ठत्कृष्णस्याक्लिष्टकर्मणः॥४२॥ यएनंश्रावयेन्मर्त्यउत्तमश्लोकविक्रमं ॥ समाहितोवाशृणुयात्सर्वपापैःप्रमुच्यते ॥४३॥ इ०भा०म०द०उ०पौंड्रकादिवधोनामषट्षष्टितमोऽध्यायः ॥६६॥ राजा०भूयोऽहंश्रोतुमिच्छामिरामस्याद्भुतकर्मणः ॥ अनंतस्याप्रमेयस्ययदन्यत्कृतवान्प्रभुः ॥१॥ श्रीशुक०नरकस्यसखाकश्चिद्द्विविदोनामवानरः॥ सुग्रीवसचिवःसोऽथभ्रातामैंदस्यवीर्यवान् ॥२॥ सख्युःसोऽपचितिंकुर्वन्वानरोराष्ट्रविप्लवं ॥ पुरग्रामाकरान्घोषानदहद्वह्निमुत्सृजन् ॥३॥ क्वचित्सशैलानुत्पाट्यतैर्देशान्समचूर्णयत् आनर्तान्सुतरामेवयत्रास्तेऽमित्रहाहरिः॥४॥ क्वचित्समुद्रमध्यस्थोदोर्भ्यामुत्क्षिप्यतज्जलं ॥ देशान्नागायुतप्राणोवेलाकूलानमज्जयत् ॥५॥ आश्रमानृषिमुख्यानांकृत्वाभग्नवनस्पतीन् ॥ अदूषयच्छकृन्मूत्रैरग्नीन्वैतानिकान्खलः ॥६॥ पुरुषान्योषितोदृप्तःक्ष्माभृद्द्रोणीगुहासु सः॥

જઈને ઉપાઈ ગએલા, એ કૃત્યારૂપી અગ્નિએ; પાછા વળીને, કાશીપુરીમાં જઈ; પોતાને અભિચાર થકી ઉત્પન્ન કરનારા, તે સુદક્ષિણને—ઋત્વિજોને—બ્રાહ્મણોને—અને ત્યાંના લોકોને પણ; બાળી નાંખ્યા. ॥૪૦॥ અને તેની પાછળ લાગેલા ચક્રે પણ કાશીમાં પેસીને, ત્યાંનાં મેડી મહાલાવાળાં; ઘરો—સભાઓ—હાટો—દરવાજા—અગાસીઓ—ભંડાર—હાથીખાનાં—ઘોડારો—રથખાનાં—અને અન્નાદિકના કોઠારો સુદ્ધાં; આખી કાશીપુરીને બાળી દીધી. ॥૪૧॥ અને તે પછી એ વિષ્ણુનું ચક્ર પાછું આવીને; અક્લિષ્ટ કર્મો કરનારા કૃષ્ણના પડખામાં; પ્રથમ પ્રમાણેજ ઉભું રહ્યું ॥૪૨॥ આ ઉત્તમ શ્લોક ભગવાનના પરાક્રમને, જે મનુષ્ય એકાગ્ર ચીતથી સંભળાવે; અગર સાંભળે; તે સર્વ પાપ થકી મુક્ત થઈ જાય. ॥૪૩॥ ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો છાસઠમો અ૦ સંપૂર્ણ ॥૬૬॥

અધ્યાય ૬૭ મો.—પરીક્ષિત—ફરીવાર પણ, અનંત—અપ્રમેય—અને અદ્ભૂત કામો કરનારા ભગવાન રામે; બીજાં જેજે કામો કર્યાં હોય, તે સાંભળવાની મને ઇચ્છા છે. ॥૧॥—શ્રીશુક—કોઈ એક દ્વિવિદ નામનો પરાક્રમી વાનર; જે, સુગ્રીવનો મંત્રી, મૈંદનો ભાઈ, અને નરકાસુરનો મિત્ર હતો ॥૨॥ તે પોતાના એ મિત્રનું વેર વાળવા સારૂં; નગર—ગામ—ખાણો—અને વ્રજ આદિકો વિષે આગ મુકી સળગાવી દઈને; દેશનો ઘણો નાશ કરતો હતો. ॥૩॥ તે કોઈવાર પર્વતોને ઉપાડીને, દેશોનો ચૂરો કરી નાંખતો; અને તેના મિત્ર નરકાસુરને મારનારા હરિભગવાનના રહેવાના આનર્ત, (ઓખા મંડળ,) દેશમાં તો; તે વિશેષે કરીને વારંવાર રંજાડતો હતો. ॥૪॥ તથા એ દશહજાર હાથીના બળવાળો વાંદરો, કોઈ કોઈવાર સમુદ્રની વચમાં, ઉભો રહી; હાથવડે જળ ઉછાળીને, તે વડે કિનારાના પ્રદેશને તો; બોળી દેતો હતો. ॥૫॥ મોટા ઋષિઓના આશ્રમોનાં ઝાડોને, ભાંગી નાંખતો; અને તેમના યજ્ઞના અગ્નિમાં, વિષ્ટા તથા મૂત્ર આદિ નાંખીને; તે દુષ્ટ ઘણી ખરાબી કરતો હતો. ॥૬॥ અને એ ગર્વિષ્ટ વાંદરો, પુરુષો તથા સ્ત્રીઓને, ભમરીએ રોકેલા કીડાના પેઠે; પર્વતોની ગુફાઓમાં, પૂરી દઈને; તેનું મોઢું, પથરની શિલાઓવડે ઢાંકી દેતો હતો. ॥૭॥ એ રીતે દેશોને દુખ દેતો—અને

કુળવાન સ્ત્રીઓને દુષણ લગાડનારો, એ વાંદરો; અતિ સુંદર ગાયન સાંભળીને, રૈવતક પર્વતમાં આવ્યો.॥૮॥ ત્યારે ત્યાં તેણે, કમળની માળા પહેરેલા સર્વ અંગોવડે જોવા જેવા–સ્ત્રીઓના ટોળાના મધ્યમાં વારુણી નામની મદિરા પીઇને, મદ થકી વિહ્વળ થયેલી આંખો સહિત ગાયન કરતા–અને મદ ઝરતા હાથી જેવા શરીરવડે શોભતા–યાદવોના અધિપતિ રામને; જોયા. ॥૯–૧૦॥ એટલે એ દુષ્ટ વાંદરો, ઝાડ ઉપર ચઢી, ઝાડોને ધુણાવીને, તથા પોતાનું શરીર દેખાડીને; કિલ કિલ શબ્દ કરવા લાગ્યો. ॥ ૧૧ ॥ ત્યારે એ વાંદરાનું ધૈર્ય જોઇને બળરામની પાસેની, અતિ [illegible] ચપળ એવી જુવાન સ્ત્રીઓ; હસવા લાગી. ॥ ૧૨ ॥ એટલે તે વાંદરાએ રામની સમક્ષમાંજ, તેઓની સામે આવી; પોતાની ગાંડ દેખાડીને, તથા ભમરોના ચાળા કરીને; તેમનું અપમાન કર્યું. ॥૧૩॥ તેથી પ્રહાર કરનારાઓમાં શ્રેષ્ઠ બળરામે, ક્રોધથી તેને પાણો માર્યો; એટલે તે વાંદરાએ તે પહાણા થકી ગમી જઇને, મદિરા ભરેલો કળશ ઉપાડી લીધો.॥૧૪॥ પછી તે ધુતારા અને મદથકી ઉન્મત્ત થયેલા વાંદરાએ; બળરામને કોપાવવા માટે, હસતાં હસતાં એ કળશને ફોડી નાંખીને; તેમનું પણ અપમાન કર્યું; તથા તેમને નહીં ગણકારતાં, ધૃષ્ટપણાથી સ્ત્રીઓનાં વસ્ત્ર ખેંચીને; તે ફાડી નાંખવા લાગ્યો. ॥૧૫॥ એ રીતે તેનો એ અતિ અવિનય દેખવાથી, અને દેશને તેણેજ ઉપદ્રવ કરેલો હોવાથી; બળરામે ક્રોધે ભરાઇ તેને મારી નાંખવાની ઇચ્છાથી, હળ તથા મુશળ ઉપાડયાં. ॥૧૬॥ ત્યારે એ મોટા પરાક્રમી દ્વિવિદે પણ પોતાના હાથવડે, શાળનું ઝાડ ઉપાડીને, વેગસહિત આવી તે વડે, બળરામના માથામાં ઘા કર્યો. ॥૧૭॥ એટલે બળવાન સંકર્ષણે પર્વતની પેઠે સ્થિર ઉભા રહીને, પોતાના માથા ઉપર આવી પડતા, તે ઝાડને પકડી લેઇ; પોતાના સુનંદ નામના મુશળનો, તે વાંદરાને પ્રહાર કર્યો. ॥૧૮॥ ત્યારે માથામાં વાગેલા મુશળથી

निक्षिप्यचाप्यधाच्छैलैःपेशस्कारीवकीटकं ॥७॥ एवंदेशान्वि[illegible]कुर्वन्दूषयंश्चकुलस्त्रियः ॥ श्रुत्वासुललितंगीतंगिरिंरैवतकंययौ ॥८॥ तत्रापश्यद्य[illegible]पतिंराममंपुष्करमालिनं ॥ सुदर्शनीयसर्वांगंललनायूथमध्यगं॥९॥ [illegible]॥ विभ्राजमानंव[illegible]प्राभिन्नमिववा[illegible]णं ॥१०॥ दुष्टः [illegible]शाखामृगःशाखामारूढःकंपयन्द्रुमान् ॥ चक्रेकिलकिलाशब्दमात्मानंसंप्रदर्शयन् ॥ ११ ॥ तस्यधार्ष्ट्यंकपेर्वीक्ष्यतरुण्योजातिचाप[illegible]ः॥ हास्यप्रियाविजहसुर्बलदेवपरिग्रहाः॥१२॥ ताहेलयामासकपि[illegible]क्षेपैःसंमुखादिभिः ॥ दर्शयन्स्वगुदं[illegible]रामस्यचनिरीक्षतः॥१३॥ तंग्राव्णाप्राहरत्[illegible]द्धोबलःप्रहरतांवरः॥[illegible]ग्रावाणंमां[illegible]कपिः॥१४॥ गृहीत्वा[illegible]र्तस्तंकोपयन्हसन्॥ निर्भिद्यकलशंधृष्टोवासांस्यास्फालयद्बलं ॥ कदर्थी[illegible]क्रमदोद्धतः ॥१५॥ तं[illegible]वनयंदृष्ट्वादेशांश्चतदुपद्रुतान् ॥ क्रुद्धोमुसलमादत्तहलंचारिजिघांसया॥१६॥ द्विविदोऽपिमहावीर्यःशालमुद्यम्यपाणिना॥ अभ्येत्यतरसातेनबलंमूर्धन्यताडयत् ॥१७॥ तंतुसंकर्षणोमूर्ध्निपतंतमचलोयथा॥ प्रतिजग्राहबलवान्सुनंदेनाहनच्चतं ॥१८॥ मुसलाहतमस्ति[illegible]कोविरेजेरक्तधारया॥ गिरिर्यथागैरि[illegible]या[illegible]रंनानुचिंतय[illegible] ॥१९॥ पुनरन्यंसमुत्क्षिप्यकृत्वानिष्पत्रमोजसा॥ तेनाहनत्सुसंक्रुद्धस्तंबलःशतधाऽच्छिनत् ॥२०॥ ततोऽन्यनरुषाज[illegible]तंचापिशतधाऽच्छिनत् ॥ एवंयुध्यन्भगवताभग्नेभग्नेपुनःपुनः॥२१॥ आकृष्यसर्वतोवृक्षान्निर्वृक्षमकरोद्वनं ॥ ततोऽमुंचच्छिलावर्षंबलस्योपर्यमर्षितः॥तत्स[illegible]चूर्णयामास[illegible]यामुसलायुधः ॥२२॥ सबाहूतालसंकाशौमुष्टीकृत्यकपीश्वरः ॥ आसाद्यरोहिणीपुत्रंताभ्यांवक्षस्यरूरुजत्॥ ॥२३॥ यादवेंद्रोपितंदोर्भ्यांत्यक्त्वामुसललांगले ॥ जत्रावभ्यर्दय[illegible]द्धःसोऽपतद्रुधिरंवमन् ॥२४॥ चकंपेतेन[illegible]सटंकःसवनस्पतिः॥ पर्वतःकुरुशार्दूलवायुनानौरिवांभसि॥२५॥ जयशब्दोनमःशब्दःसाधुसाध्वितिचांबरे॥ सुरसिद्धमुनींद्रा[illegible]मासीत्कुसुमवर्षिणां॥२६॥ एवंनिहत्यद्वि[illegible]तिकरावहं॥ संस्तूयमानोभगवान्जनैःस्वपुरमाविशत् ॥२७॥इ०भा०म०द०उ०द्विविदवधोनामसप्तषष्टितमोअ० ॥६७॥
श्रीशुक०दुर्योधनसुतांराजल्लक्ष्मणांसमितिंजयः ॥ स्वयंवरस्थामहरत्सांबोजांबवतीसुतः ॥१॥ कौरवाःकुपिताऊचुर्दुर्विनीतोयमर्भकः॥ क

નીકળેલી, લોહીની ધારાઓવડે; ગેરૂવાળા પર્વતની પેઠે, શોભવા લાગેલા તે વાંદરાએ; એ પ્રહારને ન ગણકારતાં, ફરીથી બીજું ઝાડ ઉપાડીને; જોરથી તેને પાંદડાં વિનાનું કર્યું. અને તે વડે ઘણો ક્રોધ કરીને, બળરામને મારવા લાગ્યો; એટલે બળરામે તે ઝાડના સો કડકા કરી નાંખ્યા. ॥૨૦॥ પછી ક્રોધથી બીજા ઝાડ વડે મારવા જતાં, બળરામે તેના પણ સેંકડો કડકા કરી નાંખ્યા; એ રીતે બળરામની સાથે વઢતાં, વારંવાર ઝાડો ભાગી જતાં; ફરી ફરીને બીજાં ઉપાડવાથી; તેણે તે વનને ઝાડ વિનાનું કરી મૂકયું. અને પછીથી રીસે બળેલો તે વાંદરો, બળરામના ઉપર પથરની શિલાઓનો વરસાદ કરવા લાગ્યો; પણ મુશળને ધરનારા બળરામે, તે સઘળાનો પણ; રમતની પેઠેજ ચુરો કરી નાંખ્યો. ॥૨૧–૨૨॥ ત્યારે તાડ જેવડા પોતાના હાથની મુઠીઓ વાળીને, તે મોટા વાંદરાએ બળરામની પાસે જઇ; એ મુઠીઓ તેમની છાતીમાં મારી. ॥૨૩॥ એટલે બળરામે પણ, હળ અને મુશળને નાંખી દેઇને; ક્રોધથકી તેના ગળાની હાંસડી ઉપર, પોતાના બે હાથ વડે પ્રહાર કર્યો; તેથી લોહી ઓકતો એ વાંદરો પડી ગયો. ॥૨૪॥ ત્યારે હે પરીક્ષિત રાજા, વાયુ થકી પાણીની અંદર વહાણ કંપવાની પેઠે; વનસ્પતિ અને જળાશયો સુદ્ધાં, આખો પર્વત; એ વાંદરો પડવાથી કંપવા લાગ્યો. ॥૨૫॥ અને જય શબ્દ તથા નમઃ શબ્દ, તથા સારૂં થયું, સારૂં થયું, એમ બોલતા; આકાશમાં રહેલા દેવતાઓ–સિદ્ધ લોકો–અને મુનિશ્વરો ફૂલનો વરસાદ વરસાવવા લાગ્યા. ॥ ૨૬ ॥ આ રીતે જગતને દુઃખ દેનારા એ દ્વિવિદ વાનરને મારીને, લોકો થકી વખાણ કરાતા, ભગવાન બળરામ; પોતાના પુર દ્વારકાંને વિષે પધાર્યા. ॥૨૭॥ ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો દ્વિવિદ વધ નામે સડસઠમો અધ્યાય સંપૂર્ણ. ॥૬૭॥

અધ્યાય. ૬૮ મો.—શ્રીશુક—યુદ્ધમાં જય મેળવનારા જાંબુવંતિના પુત્ર સાંબે જ્યારે સ્વયંવરમાંથી, દુર્યોધનની દીકરી લક્ષ્મણાનું હરણ કર્યું; ત્યારે કોપેલા કૌરવો બોલ્યા કે; " આ વિનય વિનાના છોકરાએ, કામના વિનાની કન્યાનું બળાત્કારે હરણ કરીને; આપણું અપમાન કર્યું. ॥૧–૨॥ માટે એ ઉદ્ધત છોકરાને

બાંધી લ્યો; આપણેજ પ્રસન્ન થઇને, આપેલી પૃથ્વીને જેઓ ભોગવે છે; એવા યાદવો શું કરી શકનાર છે. ॥૩॥ અને છોકરાને બંધન કરેલો સાંભળવાથી, કદાચ વૃષ્ણીઓ અહીંયાં આવશે તો; સારી રીતે દમન કરેલી ઇંદ્રિઓની પેઠે, તેઓનો ગર્વ ભાંગી જઇને; તેઓ શાંત થઇ જશેજ. ॥૪॥ એ પ્રમાણેનો વિચાર કર્ણ-શલ-ભૂરિ-યજ્ઞકેતુ-અને સુયોધન વિગેરેએ કરીને; તે બદલ બાપ્પની સમ્મતી મેળવ્યા બાદ તેમણે સાંબને બાંધી લેવાનો યત્ન કર્યો. ॥૫॥ ત્યારે પોતાની પાછળ દોડી આવતા કૌરવોને દેખી, મહારથી સાંબ એકલોજ; પોતાનું સુંદર ધનુષ્ય હાથમાં લઇને, સિંહની પેઠે, તેઓની સામે ઉભો રહ્યો. ॥૬॥ એટલે ક્રોધ પામેલા-પકડી લેવાની ઇચ્છાવાળા-ઉભો રહે ઉભો રહે, એમ બોલતા-એ કર્ણ આદિ ધનુષ્યધારીઓ, તેને પહોંચી ગયા; અને બાણો ફેંકવા લાગ્યા. ॥૭॥ ત્યારે હે રાજન; ક્ષુદ્ર મૃગોએ સિંહને વિંધવાની પેઠે, કૌરવોએ વિંધેલો તે; તેઓને નહીં ગણકારનારો, અને યાદવોને આનંદ પમાડનારો બાળક; તે સહન કરી શક્યો નહીં. ॥૮॥ અને પોતાના સુંદર ધનુષ્યનો ટંકાર કરીને, એ છએ કર્ણ આદિ રથીઓને; એ કુશ, પુરૂષે એકીવેળાએજ, દરેકને છ છ બાણોવડે વિંધિ નાખ્યા. ॥૯॥ એટલે ચાર ચાર બાણ તેમના ચાર ચાર ઘોડાઓને, એકેકું તેમના સારથીઓને, અને એકેકુ તે રથીઓને; એ રીતે બાણો મારવાથી, એ મોટા ધનુષ્યવાળાના તે કામને; એ સઘળાઓએ વખાણ્યું. ॥૧૦॥ પછી એ છ જણમાંના ચાર જણે, તેના ચાર ઘોડા મારયા: એકે તેના સારથીને મારયો; અને એકે તેનું ધનુષ્ય કાપ્યું; એમ તે સઘળાઓએ મળીને, તેને રથ વિનાનો કરયો ॥૧૧॥ પછી યુદ્ધમાં એ કૌરવો ઘણી મેહેનતે, તે રથ વિનાનાને બાંધી લેઇ જય પામીને; એ કુમાર અને કન્યા સહિત, પોતાના નગરમાં પાછા ગયા. ॥ ૧૨ ॥ હે રાજન, નારદના કહેવાથી, એ વાત સાંભળીને; ક્રોધે ભરાયલા યાદ-

दर्थीकृत्यनःकन्यामकामामहरद्बलात् ॥२॥ बध्नीतेमंदुर्विनीतंकिंकरिष्यंतिवृष्णयः॥ येऽस्मत्प्रसादोपचितांदत्तांनोभुंजतेमहीं ॥३॥ निगृहीतंसुतंश्रुत्वायद्येष्यंतीहवृष्णयः ॥ भग्नदर्पाःशमंयांतिप्राणाइवसुसंयताः॥४॥ इतिकर्णःशलोभूरिर्यज्ञकेतुःसुयोधनः॥ सांबमारेभिरेबद्धुं कुरुवृद्धानुमोदिताः ॥५॥ दृष्ट्वानुधावतःसांबोधार्तराष्ट्रान्महारथः ॥ प्रगृह्यरुचिरंचापंतस्थौसिंहइवैकलः॥६॥ तंतेजिघृक्षवःक्रुद्धास्तिष्ठतितिष्ठेतिभाषिणः॥ आसाद्यधन्विनोबाणैःकर्णाग्रण्यःसमाकिरन् ॥७॥सोऽपविद्धःकुरुश्रेष्ठकुरुभिर्यदुनंदनः॥ नामृष्यत्तदचिंत्यार्भःसिंहःक्षुद्रमृगैरिव ॥८॥ विस्फूर्ज्यरुचिरंचापंसर्वान्विव्याधसायकैः॥ कर्णादीन्षड्रथान्वीरस्तावद्भिर्युगपत्पृथक् ॥९॥चतुर्भिश्चतुरोवाहानेकैकेनचसारथीन् ॥ रथिनश्चमहेष्वासास्तस्यतत्तेऽभ्यपूजयन् ॥१०॥ तंतुतेविरथंचक्रुश्चत्वारश्चतुरोहयान् ॥ एकस्तुसारथिंजघ्नेचिच्छेदान्यःशरासनं ॥११॥ तंबध्वाविरथीकृत्यकृच्छ्रेणकुरवोयुधि ॥ कुमारंस्वस्यकन्यांचस्वपुरंजयिनोऽविशन् ॥१२॥ तच्छ्रुत्वानारदोक्तेनराजन्संजातमन्यवः ॥ कुरून्प्रत्युद्यमंचक्रुरुग्रसेनप्रचोदिताः ॥१३॥ सांत्वयित्वातुतान्रामःसन्नद्धान्वृष्णिपुंगवान् ॥ नैच्छत्कुरूणांवृष्णीनांकलिंकलिमलापहः ॥१४॥ जगामहास्तिनपुरंरथेनादित्यवर्चसा॥ ब्राह्मणैःकुलवृद्धैश्चवृतश्चंद्रइवग्रहैः॥१५॥ गत्वागजाह्वयंरामोबाह्योपवनमास्थितः॥उद्धवंप्रेषयामासधृतराष्ट्रंबुभुत्सया ॥१६॥ सोभिवंद्यांबिकापुत्रंभीष्मंद्रोणंचबाल्हिकं॥ दुर्योधनंचविधिवद्राममागतमब्रवीत् ॥१७॥ तेऽतिप्रीतास्तमाकर्ण्यप्राप्तंरामंसुहृत्तमं॥ तमर्चयित्वाभिययुःसर्वेमंगलपाणयः॥१८॥तंसंगम्ययथान्यायंगामर्घ्यंचन्यवेदयन् ॥ तेषांयेतत्प्रभावज्ञाःप्रणेमुःशिरसाबलं॥१९॥ बंधून्कुशलिनःश्रुत्वापृष्ट्वाशिवमनामयं॥ परस्परमथोरामोबभाषेऽविक्लवंवचः॥२०॥उग्रसेनःक्षितीशेशोयद्वआज्ञापयत्प्रभुः॥ तदव्यग्रधियःश्रुत्वाकुरुध्वमाविलंबितं ॥२१॥ यद्यूयंबहवस्त्वेकंजित्वाऽधर्मेणधार्मिकं॥ अबध्नीताथतन्मृष्येबंधूनामैक्यकाम्यया॥२२ वीर्यशौर्यबलोन्नद्धमात्मशक्तिसमंवचः ॥ कुरवोबलदेवस्यनिशम्योचुःप्रकोपिताः॥२३॥ अहोमहच्चित्रमिदंकालगत्यादुरत्यया ॥ आरुरुक्षत्युपानद्वैशिरोमुकुटसेवितं ॥२४॥ एतेयौनेनसंबद्धाःसहशय्यासनाशनाः॥ वृष्णयस्तुल्यतांनीताअस्मद्दत्तनृपासनाः ॥२५॥ चामरव्यजने

વોએ, ઉગ્રસેન રાજાની આજ્ઞાથી; કૌરવોના ઉપર ચઢાઇ કરવાની તૈયારી કરી. ॥૧૩॥ ત્યારે વૃષ્ણીઓ અને કૌરવોની વચ્ચે, કજીઓ ન થવા દેવાની ઇચ્છાથી; કળિયુગના દોષને મટાડનારા રામે; તૈયાર થયેલા એ સર્વ મોટા યાદવોનું, સાંત્વન કરયું. ॥ ૧૪ ॥ અને પોતેજ, ગ્રહોથી વિંટાયલા ચંદ્રની પેઠે; બ્રાહ્મણો તથા યાદવોના ઘરડેરાઓથી, વિંટાઇને; સૂર્ય સરખા પ્રકાશિત રથમાં બેસી, હસ્તિનાપુર ગયા. ॥ ૧૫ ॥ તથા ત્યાં પહોંચ્યા કેડે, ગામની બહાર એક વાડીમાં, ઉતારો કરીને; અભિપ્રાય જાણવાની ઇચ્છાથી; તેમણે ધૃતરાષ્ટ્ર રાજાની પાસે, ઉદ્ધવને મોકલ્યા. ॥૧૬॥ તેમણે જઇ ધૃતરાષ્ટ્રને-ભીષ્મને-દ્રોણને-બાહ્લિકને-અને દુર્યોધનને પણ રીતિ પ્રમાણે નમસ્કાર આદિક કરયા કેડે; બળરામ આવ્યાનું જણાવ્યું. ॥૧૭॥ ત્યારે પોતાના ઉત્તમ સુહૃદ, રામ આવેલાનું સાંભળવાથી; અતિ પ્રસન્ન થયેલા તે સઘળાઓ, હાથમાં મંગળ પદાર્થો લઇને; તેમનું પૂજન કરવા માટે સામા ગયા. ॥૧૮॥ અને યોગ્ય રીતે મળીને તેઓએ, ગાય તથા અર્ઘનું નિવેદન કરયું; અને બળરામના પ્રભાવથી જાણીતા હોવાને લીધે, તેઓએ તેમને માથાવડે, પ્રણામ કરયા. ॥૧૯॥ પછી પરસ્પર એકબીજાને સુખસાતા પૂછીને, અને બંધુઓની કુશળતા સાંભળ્યા કેડે; બળરામે વિકળપણા રહિત વચન કહ્યું કે. ॥૨૦॥ પૃથ્વીના ઇશ્વરોના ઇશ્વર સમર્થ ઉગ્રસેન રાજા; તમને જે આજ્ઞા કરે છે તે, તમે વ્યગ્રતા રહિત મન થકી સાંભળો; અને વિલંબ ન લગાડતાં તે પ્રમાણે અમલ કરો. ॥૨૧॥ "તમે ઘણા જણે મળીને અધર્મ વડે જીતી, ધર્મમાં રહેલા, એક (અમારા બાળક)ને બાંધી લીધેલો છે; તે, બંધુઓમાં પરસ્પર સંપ રહેવાની ઇચ્છાથીજ, અમે સહન કરીએછીએ; અર્થાત હવે તેને તુર્ત છોડો." ॥૨૨॥ આ રીતનું બળરામનું, પરાક્રમ-શૌર્ય-અને-બળવડે ચઢિયાતા પણું દેખાડનારૂં, અને પોતાની શક્તિના પ્રમાણને ઘટે તેવુંજ; વચન સાંભળી, કોપ પામેલા કૌરવો બોલ્યા કે; ॥૨૩॥ "અરે આતો ઘણું મોટું આશ્ચર્ય, કે મુકુટે સેવેલા માથાના ઉપર; ટાળી નટળે એવી કાળની ગતિથી, પગરખુંજ ચઢી બેસવા કરે છે. ॥૨૪॥ આ યાદવોની સાથે, પંક્તિવાઇસાળાનો સંબંધ કરીને,

તથા સુવાનું-બેસવાનું-અને જમવાનું-તેમને સાથે કરવા દેઇને; તેમજ રાજ્ય આપીને; આપણેજ એમને આપણી બરાબરીના કરેલા છે. ॥૨૫॥ વળી આપણી ઉપેક્ષા થકીજ તેઓ, ચામર-પંખા-શંખ-ધોળુ છત્ર-મુકુટ-સિંહાસન-અને રાજ્ય શય્યા, આદિને ભોગવતા થયેલા છે. ॥૨૬॥ જેઓ આપણી પ્રસન્નતાવડે, રાજ્ય ચિન્હ પામીને; વધેલા છે; તે યાદવોજ નિર્લજપણે, આજ આપણને આજ્ઞા કરવા તૈયાર થયા છે; માટે સાપને દૂધ પાવાની પેઠે, પોતાને રાજ્ય ચિન્હ આપનારનુંજ, અવળું કરનાર યાદવોનું હવે એટલેથીજ આવી રહેલું છે. ॥ ૨૭ ॥ ભીષ્મ-દ્રોણ-અને અર્જુન આદિ કૌરવોએ નહીં આપેલાને, સિંહની વસ્તુને ઘેટો લેઇ જવાની પેઠે; ઇંદ્ર પણ લેઇ શકે તેમ નથીજ." ॥ ૨૮ ॥ હે રાજા, કુળ-બંધુઓ-અને ધન-આદિ થકી મદોન્મત્ત થયેલા, એ અસભ્ય લોકો; રામને આ પ્રમાણેનાં દુષ્ટ વચનો સંભળાવીને; પાછા હસ્તિનાપુરમાં ચાલ્યા ગયા. ॥૨૯॥ પછી એ કૌરવોનું દુષ્ટ આચરણ જોઇને, અને ન કહેવાય એવાં વચનો સાંભળીને; ક્રોધ પામવાથી સામુ પણ જોઇ શકાય નહીં, એવા બળરામ વારંવાર હસીને બોલવા લાગ્યા કે: ॥૩૦॥ "અનેક ગર્વ થકી બહેકી ગયેલા, અસાધુ પુરુષો શાંતિને ઇચ્છેજ નહિ; માટે તેઓની શાંતિ તો, પશુઓને લાકડી મારવાની પેઠે; માત્ર શિક્ષા કરવા વડેજ થઇ શકે છે. ॥૩૧॥ અરે ઘણાજ કોપેલા યાદવોને, અને ધીમે ધીમે ગુસ્સે થયેલા કૃષ્ણને પણ; ધીરે ધીરે શાંત કરીને, હું બંધુઓની વચ્ચે સંપ રાખવાની ઇચ્છાથી; અહીંયાં આવેલો છું. ॥૩૨॥ છતાં આ મંદબુદ્ધિવાળા-કજીઆમાં પ્રીતિવાળા-ખળ-અને અભિમાની લોકો; મારી અવગણના કરે છે; અને ન બોલવાનાં વચનો વારંવાર બોલી ગયા છે. ॥૩૩॥ ભોજ-વૃષ્ણી-અને અંધકોના ઇશ્વર ઉગ્રસેન, કે જેમની આજ્ઞામાં ઇંદ્રાદિક લોકપાળો પણ, રહેલા છે, તે તો રાજાજ નથી. ॥૩૪॥ જેઓ સુધર્મા સભા ઉપર

शंखमातपत्रंचपांडुरं॥ किरीटमासनंशय्यांभुंजंत्यस्मदुपेक्षया॥२६॥ अलंयदूनांनरदेवलांछनैर्दातुःप्रतीपैःफणिनामिवामृतं॥ येऽस्मत्प्रसा
दोपचिताह्रियादवाआज्ञापयंत्यद्यगतत्रपाबत ॥२७॥ कथमिंद्रोऽपिकुरुभिर्भीष्मद्रोणार्जुनादिभिः॥ अदत्तमवरुंधीतसिंहग्रस्तमिवोरणः २८
श्रीशुक०जन्मबंधुश्रियोन्नद्धमदास्तेभरतर्षभ॥ आश्राव्यरामंदुर्वाच्यमसभ्याःपुरमाविशन् ॥२९॥ दृष्ट्वा[illegible]दौःशील्यंश्रुत्वाऽवाच्यानि
चाच्युतः॥ अवोचत्कोपसंरब्धोदुष्प्रेक्ष्यःप्रहसन्मुहुः॥३०॥ नूनंनानामदोन्नद्धाःशांतिंनेच्छंत्यसाधवः ॥ तेषांहिप्रशमोदंडःपशूनांलगुडोयथा
॥३१॥ अहोयदून्सुसंरब्धान्कृष्णंचकुपितंशनैः॥ सांत्वयित्वाहमेतेषांशममिच्छन्निहागतः ॥३२॥ तइमेमंदमतयःकलहाभिरताःखलाः ॥
तंमामवज्ञायमुहुर्दुर्भाषान्मानिनोऽब्रुवन् ॥३३॥ नोग्रसेनःकिलविभुर्भोजवृष्ण्यंधकेश्वरः॥ शक्रादयोलोकपालायस्यादेशानुवर्तिनः॥३४॥
सुधर्माक्रम्यतेयेनपारिजातोमरांघ्रिपः॥ आनीयभुज्यतेसोसौनकिलाध्यासनार्हणः॥३५॥ यस्यपादयुगंसाक्षाच्छ्रीरुपास्तेऽखिलेश्वरी ॥ स
नार्हतिकिलश्रीशोनरदेवपरिच्छदान्॥३६॥ यस्यांघ्रिपंकजरजोऽखिललोकपालैर्मौल्युत्तमैर्धृतमुपासिततीर्थतीर्थं॥ ब्रह्माभवोऽहमपियस्य
कलाःकलायाःश्रीश्चोद्वहेमचिरमस्यनृपासनंक्व॥३७॥ भुंजतेकुरुभिर्दत्तंभूखंडंवृष्णयःकिल ॥ उपानहःकिलवयंस्वयंतुकुरवःशिरः ॥३८॥
अहोऐश्वर्यमत्तानांमत्तानामिवमानिनां ॥ असंबद्धागिरोरूक्षाःकःसहेतानुशासिता ॥३९॥ अद्यनिष्कौरवींपृथ्वींकरिष्यामीत्यमर्षितः॥ गृ
हीत्वाहलमुत्तस्थौदहन्निवजगत्त्रयं॥४०॥ लांगलाग्रेणनगरमुद्विदार्यगजाह्वयं॥विचकर्षसगंगायांप्रहरिष्यन्नमर्षितः ॥४१॥ जलयानमिवाघू
र्णंगंगायांनगरंपतत् ॥ आकृष्यमाणमालोक्यकौरवाजातसंभ्रमाः॥४२॥ तमेवशरणंजग्मुःसकुटुंबाजिजीविषवः ॥ सलक्ष्मणंपुरस्कृत्यसां
बंप्रांजलयःप्रभुं ॥४३॥ रामरामाखिलाधारप्रभावंनविदामते ॥ मूढानांनःकुबुद्धीनांक्षंतुमर्हस्यतिक्रमं ॥४४॥ स्थित्युत्पत्त्यप्ययानांत्वमेको
हेतुर्निराश्रयः ॥ लोकान्क्रीडनकानीशक्रीडतस्तेवदंतिहि ॥४५॥त्वमेवमूर्ध्नीदमनंतलीलयाभूमंडलंबिभर्षिसहस्रमूर्धन्॥ अंतेचयःस्वात्म
निरुद्धविश्वःशेषेऽद्वितीयःपरिशिष्यमाणः॥४६॥कोपस्तेऽखिलशिक्षार्थंनद्वेषान्नचमत्सरात् ॥ बिभ्रतोभगवन्सत्त्वंस्थितिपालनतत्परः॥४७॥

પગ મૂકીને હીંડે છે; અને દેવતાઓના ઝાડ પારિજાતને, અહીંયાં લેઇ આવીને, ભોગવે છે; તેઓ રાજ્યાસનને યોગ્ય ક્યાંથી હોય. ॥ ૩૫ ॥ જેના બે પગને, સર્વની ઇશ્વરી સાક્ષાત લક્ષ્મીજી ઉપાસે છે; તે લક્ષ્મી પતિ કૃષ્ણ ભગવાન પણ, રાજ્ય ચિન્હને યોગ્ય શાના કહેવાય. ॥ ૩૬ ॥ તીર્થોને પણ તીર્થપણું પ્રાપ્ત કરનારા, જેના ચરણ કમળની રજને; સઘળા લોકપાળો, પોતાના ઉત્તમ મુકુટો ઉપર ધારણ કરેછે; તથા બ્રહ્મા-સદાશિવ-લક્ષ્મીજી-અને હું સંકર્ષણ પણ, તેનાજ અંશના અંશ હોઇને; ઘણા કાળ થયાં, તે ચરણ કમળની રજને ધારણ કરીએ છીએ; તે ભગવાનને રાજ્યાસનનો તે શો હિસાબ. ॥૩૭॥ શું કૌરવોએ આપેલા પૃથ્વીના ટુકડાનેજ, ભોગવનારા યાદવો છે. ? અને અમે ખાંસડાં હોઇને, કૌરવો શું માથાં છે. ? ॥૩૮॥ અરે ઐશ્વર્યવડે મત્ત થયેલા- અને મદિરા પીનારાઓની પેઠે; ઉન્મત્ત થયેલા-એ, અભિમાનીઓની કઠોર, તથા અયોગ્ય વાણીને, શિક્ષા કરવાના સામર્થ્ય વાળો, (હું સરખો) કોણ પુરુષ સહન કરે. ? ॥ ૩૯ ॥ પછી ક્રોધ પામેલા તે; "હું કૌરવ વિનાની પૃથ્વી આજેજ કરૂંછું:" એમ બોલીને, ત્રણે લોકને બાળતા હોય; તેમ, હળ લેઇને ઉઠયા. ॥૪૦॥ પછી બળરામે ક્રોધ કરીને હસ્તિનાપુર નગરને, હળની અણી વડે ઉખેડીને; ગંગાજીમાં નાંખી દેવા સારૂં, ખેંચ્યું. ॥૪૧॥ ત્યારે વહાણની પેઠે ડોલતું-ગંગાજીમાં પડીજતું-અને ખેંચાતું-નગરને દેખીને; કૌરવો બે ભાન થઇ ગયા. ॥૪૨॥ અને કુટુંબ સુદ્ધાં જીવવાની ઇચ્છાથી; લક્ષ્મણા સહિત સાંબને આગળ કરીને, તે સઘળાઓ; સમર્થ બળરામને શરણે ગયા. ॥૪૩॥ અને બોલ્યા કે. " હે રામ, સર્વના આધાર, આપના પ્રભાવને અમે જાણ્યો નહીં; માટે કુબુદ્ધિ વાળા મૂઢ અમ લોકોએ કરેલા અપરાધની, ક્ષમા કરવાને આપ યોગ્ય છો. ॥ ૪૪ ॥ બીજાના આશ્રય વિનાના તમે એક થકીજ, જગતની ઉત્પત્તિ સ્થિતિ અને લય થાયછે; તથા આપ ઇશ્વરજ, આ લોક રૂપી રમકડાંથી રમત કરોછો; એમ કહેવાય છે. ॥૪૫॥ અને આપ અનંત ભગવાનજ, પોતાનાં હજારો માથાંમાંના, ફક્ત એક માથા ઉપર; લીલા વડે ભૂમંડળને ધરી

રહેલા છો; તથા અંતે પણ આ આખા વિશ્વને પોતાના સ્વરૂપને વિષેજ, સમી રહેતે અદ્વિતીયપણાથી, શેષ રહેનારા આપ એકજ શેષ રૂપે રહ્યા છો. ॥૪૬॥ પ્રાણી આદિકની સ્થિતિ અને પાલન કરવામાં તત્પર એવા, આપ ભગવાને ધારણ કરેલ ક્રોધ; દ્વેષ કિંવા અહંકારને બાંધિ નથી; પણ અમો સર્વને શિક્ષાને અર્થે છે. ॥૪૭॥ હે સર્વ પ્રાણી પદાર્થાદિકના આત્મા–સર્વ શક્તિઓને ધારણ કરનારા–અવ્યય–અને વિશ્વને કરનારા આપને અમારા નમસ્કાર છે; અને અમો આપનેજ શરણ છીએ." ॥૪૮॥ એ પ્રમાણે શરણ આવેલા–ખેદ પામેલા–અને મૂળના નગર વાળા–તેઓએ પ્રણામ કરવાથી, સારી રીતે પ્રસન્ન થયેલા બળરામે; "બીહીશો નહીં" એમ કહી, તેમને અભય આપ્યું. ॥૪૯॥ પછી પુત્રી ઉપર પ્રેમ રાખનારા દુર્યોધને સાઠ સાઠ વરસની ઉંમરના બારસો હાથી–દસ હજાર ઘોડા–સૂર્ય સમાન ચળકતા છ હજાર સોનેરી રથ–અને ગળામાં પદક પહેરેલી હજાર દાસીઓ–સાસરવાસામાં આપી. ॥૫૦–૫૧॥ અને સાત્વતોમાં શ્રેષ્ઠ ભગવાન બળરામ, એ સઘળું; દીકરા સાંબ અને વહુ સહિત, સાથે લઈ સુહૃદોએ કરેલા સત્કારને સ્વીકારીને; ત્યાંથી ચાલી નીકળ્યા. ॥ ૫૨ ॥ પછી બળરામે દ્વારકાં જઈને પ્રીતિ યુક્ત મનવાળા સંબંધીઓને મળી, સભામાં બેઠેલા મોટા યાદવોની વચમાં; પોતાની સાથે કૌરવોની સઘળી વર્તણૂક કહી સંભળાવી. ॥ ૫૩ ॥ એ રીતે અદ્યાપિ સુધી રામના પરાક્રમને સૂચવતું હસ્તિનાપુર, દક્ષિણ તરફ ઉંચું, અને ગંગાજી તરફ ઢળકતું; જોવામાં આવે છે. ॥ ૫૪ ॥ ઇતિશ્રી૦ ભાગવતે દશમા સ્કંધનો હસ્તિનાપુર આકર્ષણ નામે અડસઠમો અધ્યાય સંપૂર્ણ. ॥૬૮॥

અધ્યાય ૬૯ મો.—શ્રીશુક–કૃષ્ણ ભગવાને નરકાસુરને મારીને, ઘણી સ્ત્રીઓ સાથે, એકી વખતે પરણેલાનું સાંભળવાથી; તેમને જોવાની નારદજીને ઇચ્છા થઇ. ॥૧॥ અને જુદાં જુદાં ઘરોમાં રહેનારી સોળ હજાર સ્ત્રીઓની સાથે, એકી વખતે એકજ પુરુષ, એક શરીરથી પરણે; એતો મોટી નવાઇ કહેવાય. ॥૨॥ એમ ઉત્સુક બનીને, નારદજી તે જોવા સારૂં; દ્વારકામાં આવ્યા. ત્યારે દ્વારકાંની ફૂલ ખીલેલી વાડીઓમાં,

नमस्तेसर्वभूतात्मन्सर्वशक्तिधराव्यय ॥ विश्वकर्मन्[illegible]शं[illegible]णंगताः ॥४८॥ श्रीशुक०एवंप्रप[illegible]:संविग्नैर्वेपमानायनैर्बलः ॥ प्रसादितःसुप्रसन्नोमाभैष्टेत्यभयंददौ ॥४९॥ दुर्योधनःपारिबर्हंकुंजर[illegible] ॥ ददौचद्वादशशतान्ययुतानितुरंगमान् ॥५०॥ रथानांषट्सहस्राणिरौक्माणांसूर्यवर्चसां ॥ दासीनांनिष्ककंठीनांसहस्रंदुहितृवत्सलः ॥५१॥ प्रतिगृह्यतुतत्सर्वंभगवान्सात्वतर्षभः ॥ ससुतःसस्नुषःप्रायात्सुहृद्भिरभिनंदितः ॥५२॥ ततःप्रविष्टःस्वपुरंहलायुधःसमेत्यबंधूननुरक्तचेतसः ॥ शशंससर्वंयदुपुंगवानांमध्येसभायांकुरुषुस्वचेष्टितं ॥५३॥ अद्यापिचपुरं[illegible]रामविक्रमं ॥ समुन्नतंदक्षिणतोगंगायामनुदृश्यते ॥५४॥ इ.भा.म.द.उ.ष्टषष्टितमोऽध्यायः ॥६८॥ श्रीशुक०नरकंनिहतंश्रुत्वातथोद्वाहंचयोषितां ॥ [illegible]ष्णेनैकेनबह्वीनांतद्दिदृक्षुःस्मना[illegible]दः ॥१॥ चित्रंबतैतदेकेनवपुषा[illegible]गपत्पृथक् ॥ गृहेषुद्व्यष्टसाहस्रंस्त्रिय[illegible] ॥२॥ इत्युत्सुकोद्वारवतींदेवर्षिर्द्रष्टुमागमत् ॥ पुष्पितोपवनारामद्विजालिकुलनादितां ॥३॥ उत्फुल्लेंदीवरांभोजकल्[illegible]रकुमुदोत्पलैः ॥ छुरितेषुसरस्सूच्चैःकूजितां[illegible]ससारसैः ॥४॥ प्रासादलक्षैर्नवभि[illegible]टिकराजतैः ॥ महामरकतप्रख्यैःस्वर्णरत्नपरिच्छदैः ॥५॥ विभक्तरथ्यापथचत्वरापणैःशालासभाभीरुचिरांसुरालयैः ॥संसिक्तमार्गांगणवीथिदेहलींपतत्पताकाध्वजवारितातपां ॥६॥ तस्यामंतःपुरंश्रीमदर्चितंसर्वधिष्ण्यपैः ॥ हरेःस्वकौशलंयत्रत्व[illegible]कार्त्स्न्येनद[illegible]तं ॥७॥ तत्रषोडशभिःसद्मसहस्रैःसमलंकृतं ॥ विवेशैकतमंशौरेःपत्नीनांभवनंमहत् ॥८॥ विष्टब्धंविद्रुमस्तंभैर्वैदूर्यफल[illegible]मैः ॥ इंद्रनीलमयैःकुड्यैर्जगत्याचा[illegible]तत्विषा ॥९॥ वितानैर्निर्मितैस्त्व[illegible]बिभिः ॥ दांतैरासनपर्यंकैर्मण्युत्तमपरि[illegible]तैः ॥१०॥ दासीभिर्निष्ककंठीभिःसुवासोभिरलंकृतः ॥ पुंभिःसकंचुक[illegible]वस्त्रमणिकुंडलैः ॥११॥ रत्नप्रदीपनिकरद्युतिभिर्निरस्तध्वांतंविचित्रवलभीषुशिखंडिनोऽग ॥ नृत्यंतियत्रविहितागुरुधूपमक्षैर्निर्यातमीक्ष्यघन[illegible]दंतः ॥१२॥ तस्मिन्स[illegible]नगुणरूपवयःसुवेषदासीस[illegible]स्त्रयुतयाऽनु[illegible]वंगृहिण्या ॥ विप्रोददर्शचमरव्यजनेनरुक्मदंडेनसात्वत

અને બગીચાઓમાં, ભમરા તથા પક્ષીનાં ટોળાંના શબ્દનો; કોલાહળ થઇ રહ્યો હતો. ॥૩॥ ઉઘડેલાં ઇંદિવર અને કલ્હાર–કુમુદ–તથા ઉત્પલ જાતનાં કમળોથી ભરેલાં તળાવોમાં; હંસ અને સારસ મોટા શબ્દો બોલતાં હતાં. ॥ ૪ ॥ અને ત્યાં નવલાખ તો, સ્ફટિક–રૂપુ–સોનું–મોટા મરકતમણિ અને રત્નો વિગેરેના સરસામાન વાળા મેહેલ હતા. ॥ ૫ ॥ તથા તે નગરી, મોટા અને નાના રસ્તા–ચોવટાં–વિગેરેથી વિભાગો પડેલી, અને શાળાઓ–સભાઓ તથા દેવાલયો થકી, શોભિતી લાગતી હતી; મારગ–આંગણાં–ગલીઓ–અને ખડકીઓમાં પાણી છાંટેલું હતું; અને ઉંચી કરેલી ઉડતી ધજાઓ, તથા પતાકાઓથી, તડકાનું નિવારણ થતું હતું. ॥૬॥ એ રીતે દ્વારકાંમાં, શોભાવાળા–સર્વ લોકપાળોએ પૂજેલા–અને સારી રીતે શણગારેલાં, સોળ હજાર ઘરોવાળા–અને જેની અંદર વિશ્વકર્માએ, પોતાનું સઘળું ડહાપણ દેખાડેલું હતું; એવા–હરિભગવાનના અંતઃપુર (જનાના)માં ગયા પછી નારદ મુનિ, એ કૃષ્ણ ભગવાનની એક સ્ત્રીના ઉત્તમ અને મોટા ઘરમાં પેઠા. ॥૭–૮॥ ત્યાં વિદ્રુમમણિના થાંભલાઓમાં ઉત્તમ પ્રકારે વૈદુર્યમણિવડે, હાંશો પાડેલી હતી; ભિંતોમાં ઇંદ્રનીલમણિ જડયા હતા, અને તેઓવડે જમીન પણ અત્યંત તેજ કરતી હતી. ॥ ૯ ॥ તથા તેમાં, વિશ્વકર્માએ બનાવેલા, –ઉત્તમ મણિ જડેલા–તથા સારી રીતે બિછાયત કરેલા,–હાથીદાંતના પલંગ અને આસનો ને, મોતીનાં લટકણીઆંવાળા ઉલેચ બાંધી દીપેલા હતા. ॥ ૧૦ ॥ તેમજ તેમાં સારાં વસ્ત્રો–ઘરેણાં–અને ગળામાં પદક પેહેરેલી દાસીઓ; તથા ઉત્તમ વસ્ત્ર–મણિવાળાં કુંડળ–અને તોરા વાળી પાઘડીઓ–પેહેરેલા મરદો પણ હતા. ॥૧૧॥ વળી રત્નના અનેક દીવાઓના તેજથી, ત્યાં અંધકાર મટી ગયો હતો; અને વિચિત્ર પ્રકારની અગાસીઓ ઉપર, તેમાંથી જાળીમાં થઇને નીકળતા અગરૂના ધૂપના ધુમાડાના ગોટને દેખી; તેને વરસાદ જાણીને મોર નાચવાને મંડી જતા હતા. ॥૧૨॥ એ પ્રકારના તે ઘરમાં હજારો સુંદર પોશાક વાળી દાસીઓ સહિત, ભગવાનના સરખાંજ ગુણ–રૂપ–અને વય વાળાં પત્નીને; સોનાની દાંડી વાળા ચામર અને પંખાવડે, પોતાના સ્વામી સાત્વતપતિ ભગવાનને વા ઢોળતાં; નારદ મુનિએ જોયાં. ॥ ૧૩ ॥ એટલે સર્વ ધર્માચરણ કરનારાઓમાં શ્રેષ્ઠ ભગવાને; નારદજીને દેખતાંજ, એકાએક પોતાના શોભિતા પલંગ ઉપરથી તે ઉભા થયા;

અને હાથ જોડી, શોભિતા મુકુટવાળા માથા વડે; તેમના બે ચરણમાં નમસ્કાર કરીને, તેમણે પોતાના આસન ઉપર નારદજીને બેસાડ્યા. ॥ ૧૪ ॥ પછી 'બ્રહ્મણ્ય દેવ;' એવા પોતાના નામ પ્રમાણેજ, એ જગત ગુરુ–સત્પુરુષોના શ્રેષ્ઠ સ્વામી–અને જેના પગ ધોવાનું જળ (ગંગાજી), તીર્થોને પણ પવિત્ર કરનાર છે; એવા એ ભગવાને, નારદ મુનિના પગ ધોવાના જળને; પોતાના માથા ઉપર ચઢાવ્યું. ॥ ૧૫ ॥ અને એ પુરાતન નરના સખા નારાયણ ભગવાને, દેવઋષિ નારદજીનું વિધિ સહિત પૂજન કર્યું; તથા થોડા અક્ષરોવાળી, અને અમૃત જેવી મધુર વાણીથી, તેમને કહ્યું કે; "હે ઋષિરાજ, હું આપનું શું કામ કરૂં." ॥૧૬॥–નારદ–આપ સમર્થ–સર્વ લોકના નાથ–અને ઘણી કીર્તિવાળા ભગવાન; જે સર્વ પ્રાણી વિગેરે ઉપર; સ્નેહ ભાવ રાખનારા, ખળ પુરુષોને શિક્ષા કરનારા, અને જગતની સ્થિતિ–પાલન–અને કલ્યાણ; કરવાને માટેજ સ્વ ઇચ્છાથી, અવતાર ધરનાર–તેને વિષે આ પ્રમાણે હોવામાં, કાંઇ નવાઇ નથીજ; એ હું સારી રીતે જાણું છું. ॥ ૧૭ ॥ અગાધ જ્ઞાનવાન બ્રહ્માદિકોએ પણ, હૃદયને વિષેજ ચિંતવન કરેલા–લોકને મોક્ષ દેનારા–અને સંસાર નામના કુવામાં પડેલાઓને, બહાર નીકળવાને માટે આધાર રૂપ–આપનાં એ ચરણનાં, મને પ્રત્યક્ષ દર્શન થયાં છે; તો હવે જેથી, મને તેનું સ્મરણ હમેશાંજ રહે; તથા હું તેનું ધ્યાન કરતોજ રહું; એટલો મારા ઉપર આપ અનુગ્રહ કરો. ॥૧૮॥–શ્રીશુક–પછી હે રાજા, એ નારદ ઋષિ, યોગેશ્વરોના ઇશ્વર કૃષ્ણના યોગમાયાને જાણવાની ઇચ્છાથી; તેમની બીજી એક સ્ત્રીના ઘરની અંદર, પેઠા. ॥ ૧૯ ॥ ત્યારે ત્યાં પણ, પાસાની રમત રમતા ભગવાને; પોતાની પ્રિયા તથા ઉદ્ધવ સમેત, પરમ ભક્તિથી ઉઠી; સામા જઇને, અને આસન વિગેરે આપીને; તેમનું પૂજન કર્યું. ॥૨૦॥ અને અજાણ્યાની પેઠે પુછ્યું કે; "આપ ક્યારે પ-

तिंपरिवीजयंत्या ॥१३॥ तंसन्निरीक्ष्यभगवान्सहसोत्थितःश्रीपर्यंकतःसकलधर्मभृतांवरिष्ठः ॥ आनम्यपादयुगलंशिरसाकिरीटजुष्टेनसां
जलिरवीविशदासनेस्वे ॥१४॥ तस्यावनिज्यचरणौतदपःस्वमूर्ध्नाबिभ्रज्जगद्गुरुतरोपिसतांपतिर्हि ॥ ब्रह्मण्यदेवइतियद्गुणनामयुक्तंतस्यैव
यच्चरणशौचमशेषतीर्थं ॥१५॥ संपूज्यदेवऋषिवर्यमृषिःपुराणोनारायणोनरसखोविधिनोदितेन॥ वाण्याभिभाष्यमितयामृतमिष्टयातंप्रा
हप्रभोभगवतेकरवामहेकिं ॥१६॥ नारद० नैवाद्भुतंतवविभोऽखिललोकनाथमैत्रीजनेषुसकलेषुदमःखलानां ॥ निःश्रेयसायहिजगत्स्थि
तिरक्षणाभ्यांस्वैरावतारउरुगायविदामसुष्ठु ॥१७॥ दृष्टंतवांघ्रियुगलंजनतापवर्गंब्रह्मादिभिर्हृदिविचिंत्यमगाधबोधैः ॥ संसारकूपपतितोत्त
रणावलंबंध्यायंश्चराम्यनुगृहाणयथास्मृतिःस्यात् ॥१८ ततोऽन्यदाविशद्गेहंकृष्णपत्न्याःसनारदः॥योगेश्वरेश्वरस्यांगयोगमायाविवित्सया
॥१९॥ दीव्यंतमक्षैस्तत्रापिप्रिययाचोद्धवेनच ॥ पूजितःपरयाभक्त्याप्रत्युत्थानासनादिभिः ॥२०॥ पृष्टश्चाविदुषेवासौकदायातोभवानिति॥
क्रियतेकिंनुपूर्णानामपूर्णैरस्मदादिभिः ॥२१॥ अथापिब्रूहिनोब्रह्मन्जन्मैतच्छोभनंकुरु ॥ सतुविस्मितउत्थायतूष्णीमन्यदगाद्गृहं ॥२२॥ त
त्राप्यचष्टगोविंदंलालयंतंसुतान्शिशून् ॥ ततोऽन्यस्मिन्गृहेऽपश्यन्मज्जनायकृतोद्यमं ॥२३॥ जुह्वंतंचवितानाग्नीन्यजंतंपंचभिर्मखैः ॥
भोजयंतंद्विजान्क्वापिभुंजानमवशेषितं ॥२४॥ क्वापिसंध्यामुपासीनंजपंतंब्रह्मवाग्यतं ॥ एकत्रचासिचर्मभ्यांचरंतमसिवर्त्मसु ॥२५॥ अ
श्वैर्गजैरथैःक्वापिविचरंतंगदाग्रजं ॥ क्वचिच्छयानंपर्यंकेस्तूयमानंचबंदिभिः ॥२६॥ मंत्रयंतंचकस्मिंश्चिन्मंत्रिभिश्चोद्धवादिभिः ॥ जलक्री
डारतंक्वापिवारमुख्याऽबलावृतं॥२७॥कुत्रचिद्द्विजमुख्येभ्योददतंगाःस्वलंकृताः ॥ इतिहासपुराणानिशृण्वंतंमंगलानिच ॥२८॥ हसंतंहा
स्यकथयाकदाचित्प्रिययागृहे ॥ क्वापिधर्मंसेवमानमर्थकामौचकुत्रचित् ॥२९॥ ध्यायंतमेकमासीनंपुरुषंप्रकृतेःपरं॥ शुश्रूषंतंगुरून्क्वापि
कामैर्भोगैःसपर्यया ॥३०॥ कुर्वंतंविग्रहंकैश्चित्संधिंचान्यत्रकेशवं ॥ कुत्रापिसहरामेणचिंतयंतंसतांशिवं ॥३१॥ पुत्राणांदुहितॄणांचकालेवि
ध्युपयापनं ॥ दारैर्वरैस्तत्सदृशैःकल्पयंतंविभूतिभिः ॥३२॥ प्रस्थापनोपानयनैरपत्यानांमहोत्सवान् ॥ वीक्ष्ययोगेश्वरेशस्ययेषांलोकावि

ધાર્યા, આપ સરખા પૂર્ણ કામ પુરુષોનું; અમ સરખા અપૂર્ણ લોકો, શું કામ કરી શકે? ॥૨૧॥ તોપણ હે બ્રાહ્મણ, અમારો જન્મ સફળ કરવા માટે, કાંઇ કામ બતાવો;" ત્યારે વિસ્મય પામેલા નારદજી, ત્યાંથી છાનામાના ઉઠીને; બીજા ઘરને વિષે ચાલ્યા ગયા. ॥૨૨॥ અને ત્યાં પણ ગોવિંદ ભગવાન, પોતાના બાળક પુત્રોને રમાડતા; નારદજીના જોવામાં આવ્યા; એટલે બીજા ઘરમાં ગયા તો, ત્યાં ભગવાનને નહાવાને ઉઠેલા દીઠા. ॥૨૩॥ અને એજ રીતે કોઇ ઘરમાં, હોમ કરતા–કોઇમાં યજ્ઞના અગ્નિનું પંચયજ્ઞવડે, પૂજન કરતા–કોઇમાં બ્રાહ્મણોને, જમાડતા–અને કોઇમાં અવશેષ રહેલું અન્નાદિક જમતા; ભગવાનને નારદજીએ દીઠા. ॥૨૪॥ કોઇ ઘરમાં સંધ્યા અને ઉપાસના કરતા–કોઇમાં વાણીને નિયમિત કરીને, બ્રહ્મનો જપ કરતા–અને કોઇ ઠેકાણે, ઢાલ તરવાર લેઇને, પટા ખેલતા; તેમણે તેમને જોયા. ॥૨૫॥ ક્યાંક, હાથી–ઘોડા–અને રથ ઉપર બેસીને જતા તથા કોઇ ઠેકાણે, પલંગ ઉપર પોઢેલા; એ મહારાજ ભગવાનની બંદીજનો સ્તુતિ કરતા; નારદ મુનિએ જોયા. ॥૨૬॥ વળી કોઇ ઘરમાં, ઉદ્ધવ આદિક મંત્રિઓની સાથે, કાંઇ મસલ્હત કરતા, દીઠા; અને કોઇમાં, ઉત્તમ રામજની સ્ત્રીઓથી વિંટાઇને, જળ ક્રિડા કરવામાં લાગેલા; તે દેખાયા. ॥૨૭॥ કોઇમાં ઉત્તમ બ્રાહ્મણોને, સારી રીતે શણગારેલી, ગાયો આપતા હતા; અને કોઇકમાં કલ્યાણકારી ઇતિહાસ તથા પુરાણોને; તે સાંભળતા હતા. ॥૨૮॥ કોઇ ઠેકાણે પ્રિયાના ઘરમાં, હસવાની વાતોથી હસતા હતા; કોઇમાં ધર્મનું, સેવન કરતા હતા; અને કોઇમાં અર્થ તથા કામનું સેવન કરતા હતા. ॥૨૯॥ કોઇ ઘરમાં, પોતે એકલાજ બેસીને; પ્રકૃતિથી પર, ભગવાનનું (પોતાનુંજ); ધ્યાન કરતા હતા; અને ક્યાંક, કામ–ભોગ–અને પૂજનના બીજા પદાર્થો વડે; ગુરુજનોની, સેવા કરતા હતા. ॥૩૦॥ કોઇ ઘરમાં, વિગ્રહ કરતા હતા; તે બીજામાં, સંધિ કરતા હતા; અને એ કેશવ ભગવાન કોઇક ઠેકાણે તો, રામ સહિત સાધુ પુરુષોનું ભલું કરવાને વિચાર કરતા હતા. ॥૩૧॥ કોઇ ઘરોમાં, પુત્રોને યોગ્ય સ્ત્રીઓ સાથે; અને કન્યાઓને, યોગ્ય વરો સાથે; યોગ્ય કાળે, ધામ ધુમથી પરણાવતા હતા. ॥૩૨॥ અને

યોગેશ્વર ભગવાનનો એ છોકરાઓને, વિહાર કરતાં, અને તેડી લેઈ આવવાના, મોટા સમારંભો દેખીને; ક્યારેક વિસ્મય પામતા હતા. ॥૩૩॥ કોઇ ઘરમાં, મોટે યજ્ઞો કરીને; સર્વ દેવતાઓનું પૂજન કરતા હતા; અને કોઈ ઠેકાણે કૂવા–બાગ–અને મઠ–આદિક બાંધવા વડે; પૂર્તનાં ધર્મ સંબંધી કામો; કરતા હતા. ॥૩૪॥ કોઇ ઠેકાણે, મોટા ઘોડાઓ ઉપર વિરાજીને; સિંધી ઘોડા ઉપર બેસી શિકારે જઈને, પવિત્ર પશુઓને, મારતા હતા. ॥૩૫॥ કોઇ ઠેકાણે એ યોગેશ્વર ભગવાન, પ્રજામાં અને અંતઃપુરમાં; ત્યાં રહેલાં માણસોની વર્તણુક, જાણવાની ઇચ્છાથી; વેષ બદલીને, ફરતા હતા. ॥૩૬॥ એમ મનુષ્ય સરખી ક્રિયા કરનારા, તે હૃષીકેશ ભગવાનની યોગમાયાનો; આ રીતનો પ્રભાવ દેખીને; પછી નારદજીએ હસતાં હસતાં, ભગવાનને કહ્યું કે. ॥ ૩૭ ॥ " આપ યોગેશ્વર ભગવાનની, માયાવી પુરુષોએ જાણવાને પણ, અશક્ય એવી યોગમાયાને; અમે આપના ચરણની સેવા વડે, માત્ર મન પણીજ જાણી શકીએ છીએ. ॥૩૮॥ હે ભગવાન આપના યશથી ભરાઈ રહેલા, લોકને વિષે હું આપની ત્રણે લોકને પાવન કરનારી લીલાઓનું, ગાયન કરતો ફરવાનું કરું; એવી આપ મને આજ્ઞા કરો. " ॥૩૯॥ શ્રીભગવાન— હે બ્રાહ્મણ, ધર્મનો કહેનાર–કરનાર–અને વખાણનાર–એવો હું; લોકને શિખવવા સારુજ; આ રીતનો ધર્મ આચરું છું: માટે હે પુત્ર, તમે મુંઝાશો નહીં. ॥૪૦॥ –શ્રીશુક— આ પ્રમાણે સર્વ ઘરોમાં રહેલા, એ એકજ ભગવાન ગૃહસ્થીઓના પવિત્ર સદ્ધર્મોનું, આચરણ કરતાં; નારદજીએ દીઠા. ॥૪૧॥ અને એ અનંત પરાક્રમવાળા, કૃષ્ણની માયાનો પ્રભાવ જોવાથી; વારંવાર કૌતુક લાગીને તે અત્યંત વિસ્મય પામ્યા. ॥૪૨॥ એ પ્રમાણે ધર્મ–અર્થ–અને કામને વિષે, શ્રદ્ધાળુ મન વાળા કૃષ્ણે; સંપૂર્ણ સત્કાર કરેલા, નારદજી પ્રસન્ન થઈને; તેમનુંજ સ્મરણ કરતા, ત્યાંથી ચાલ્યા ગયા. ॥૪૩॥ હે રાજન, એ પ્રમાણે માણસોની રીત ભાતથી

सिस्मिरे ॥३३॥ यजंतंसकलान्देवानक्वापिक्रतुभिरूर्जितैः ॥ पूर्तयंतंक्वचिद्धर्मंकूपाराममठादिभिः ॥३४॥ चरंतंमृगयांक्वापिहयमारुह्यसैंधवं ॥ घ्नंततत:पशून्मेध्यान्परीतंयदुपुंगवैः ॥३५॥ अव्यक्तलिंगंप्रकृतिष्वंतःपुरगृहादिषु ॥ क्वचिच्चरंतंयोगेशंतत्तद्भावबुभुत्सया ॥३६॥ अथोवाचहृषीकेशंनारदःप्रहसन्निव ॥ योगमायोदयंवीक्ष्यमानुषीमीयुषोगतिं ॥३७॥ विदामयोगमायास्तेदुर्दर्शाअपिमायिनां ॥ योगेश्वरात्मन्निर्भाताभवत्पादनिषेवया ॥३८॥ अनुजानीहिमांदेवलोकांस्तेयशसाप्लुतान् ॥ पर्यटामितवोद्गायन्लीलांभुवनपावनीं ॥ श्रीभग०ब्रह्मन्धर्मस्यवक्ताऽहंकर्तातदनुमोदिता ॥ तच्छिक्षयँल्लोकमिममास्थितःपुत्रमाखिद ॥४०॥ श्रीशुक०इत्याचरंतंसद्धर्मान्पावनान्गृहमेधिनां ॥ तमेवसर्वगेहेषुसंतमेकंददर्शह ॥४१॥ कृष्णस्यानंतवीर्यस्ययोगमायामहोदयं ॥ मुहुर्दृष्ट्वाऋषिरभूद्विस्मितोजातकौतुकः ॥४२॥ इत्यर्थकामधर्मेषुकृष्णेनश्रद्धितात्मना ॥ सम्यक्सभाजितःप्रीतस्तमेवानुस्मरन्ययौ ॥४३॥ एवंमनुष्यपदवीमनुवर्तमानोनारायणोऽखिलभवायगृहीतशक्तिः ॥ रेमेऽंगषोडशसहस्रवरांगनानांसव्रीडसौहृदनिरीक्षणहासजुष्टः ॥४४॥ यानीहविश्वविलयोद्भववृत्तिहेतुःकर्माण्यनन्यविषयाणिहरिश्चकार ॥ यस्त्वंगगायतिशृणोत्यनुमोदतेवाभक्तिर्भवेद्भगवतिह्यपवर्गमार्गे ॥४५॥इ०भा०म०द०उ०एकोनसप्ततितमोऽध्यायः ॥६९॥ श्रीशुक०अथोषस्युपवृत्तायांकुक्कुटान्कूजतोऽशपन् ॥ गृहीतकंठ्यःपतिभिर्माधव्योविरहातुराः ॥१॥ वयांस्यरूरुवन्कृष्णंबोधयंतीवबंदिनः ॥ गायत्स्वलिष्वनिद्राणिमंदारवनवायुभिः ॥२॥ मुहूर्तंतंतुवैदर्भीनामृष्यदतिशोभनं ॥ परिरंभणविश्लेषात्प्रियबाह्वंतरंगता ॥३॥ ब्राह्मेमुहूर्तउत्थायवार्युपस्पृश्यमाधवः ॥ दध्यौप्रसन्नकरणआत्मानंतमसःपरं ॥४॥ एकंस्वयंज्योतिरनन्यमव्ययंस्वसंस्थयानित्यनिरस्तकल्मषं ॥ ब्रह्माख्यमस्योद्भवनाशहेतुभिःस्वशक्तिभिर्लक्षितभावनिर्वृतिं ॥५॥ अथाप्लुतोंऽभस्यमलेयथाविधिक्रियाकलापंपरिधायवाससी ॥ चकारसंध्योपगमादिसत्तमोहुतानलोब्रह्मजजापवाग्यतः ॥६॥ उपस्थायार्कमुद्यंतंतर्पयित्वात्मनःकलाः ॥ देवानृषीन्पितॄन्वृद्धान्विप्रानभ्यर्च्यचात्मवान् ॥७॥ धेनूनांरुक्मशृंगीणांसाध्वीनांमौक्तिकस्रजां ॥ पयस्विनीनांगृष्टीनांसवत्सानांसुवाससां ॥८॥ ददौरूप्यखुराग्राणांक्षौमाजिनतिलैः

વર્તનાર–અને સર્વનું પાલન કરવાને અવતાર ધરનારા,–એ નારાયણ ભગવાન; સુંદરપણાથી લાજ સહિત, હસતે મોઢે જોતી; સોળહજાર એકસોને આઠ ઉત્તમ સ્ત્રીઓની સાથે,રમતા હતા.॥૪૪॥એ જગતની સ્થિતિ–ઉત્પત્તિ–અને લય કરનારા–ભગવાને કરેલાં;–અસાધારણ કામોને,જે કોઇ ગાય;–સાંભળે કે વખાણે; તે મોક્ષના માર્ગરૂપ, ભગવાનની ભક્તિને પામે.॥૪૫॥ઇતિશ્રી૦ભા૦દશમા સ્કં૦કૃષ્ણ ગૃહચર્યાક્રમ નામે અગણોતેરમો અ૦સંપૂર્ણ॥૬૯॥

અધ્યાય. ૭૦ મો.—શ્રીશુક—રાત પુરી થતાં બોલતા કુકડાઓને;–અને મંદારના વનના સુગંધવાળા વાયુ વડે, નીંદ્રા ઉડીગયેલા ગણગણાટ કરતા ભમરાઓને;–તથા બંદીજનોની પેઠે, બોલીને કૃષ્ણને જગાડતા પક્ષીઓને;–એથી સ્ત્રીઓએ બેઠેલા, કૃષ્ણની સ્ત્રીઓ; વિરહ થશે આતુર બનીને, ગાળો દેતી હતી. ॥ ૧–૨ ॥ અને સવારના પહોર ઝાડવાના અતિ સુંદર ચોઘડિયાને પણ; એ વેળાએ પતિ થકી છોડવું પડવાનું થવાના કારણથી; પોતાના પ્રિયની બાથમાં રહેલી તે સ્ત્રીઓ; સહન કરી શકતી નહોતી. ॥૩॥ તેમજ એ માધવ ભગવાન પણ, સૂર્યોદય થવાના પહેલાં ચોઘડિયામાં ઉઠીને, જળનો સ્પર્શ કરતા; એટલે શૌચાદિક આટોપી લઈને, આચમન લેતા હતા; તે પછી પ્રસન્ન મનથી. માયાથીપર–એકજ–સ્વયં પ્રકાશ–જેના જેવો બીજો નથી એવા–અવ્યય–આત્મ સ્વરૂપમાં સ્થિતિવાળા–સર્વદા દોષ રહિત અને બ્રહ્મા તથા રુદ્ર વિગેરે નામો વાળી, પોતાની શક્તિઓથી; ઉત્પત્તિ અને નાશ વિગેરે થવા ઉપરથી, જેનું નિરંજન સ્વરૂપ, જાણવામાં આવે છે, એવા; આત્મ સ્વરૂપનું, તે ધ્યાન કરતા હતા. ॥૪–૫॥ પછી નિર્મળ જળથી નાહીને, શુદ્ધ વસ્ત્ર પહેરી; સંધ્યા આદિક કરી, સૂર્યનો ઉદય થતા પહેલાંજ, વિધિ પ્રમાણે ક્રિયા સહિત હોમ કરતા હતા; અને ત્યાર કેડે મૌન રાખીને, બ્રહ્મનો જપ કરતા હતા. ॥૬॥ તે પછી પોતાની કળા રૂપ ઉગતા સૂર્યની સામે ઉભા રહીને, તર્પણ કરતા; અને તે કેડે, દેવતાઓ–ઋષિઓ–પિતૃઓ–અને વૃદ્ધ પુરુષો તથા બ્રાહ્મણો; એમનું ભાવ સહિત પૂજન કરતા હતા. ॥૭॥ અને દરરોજ એક બદ્ધ (એટલે તેર

ઘોડાને જોડીને.), સોનાની શિંગડીઓવાળી-રૂપાની ખરીઓવાળી-સારાં શીળવાળી-દુઝણી-પહેલવેતરી-વાછરડાંવાળી-સારાં વસ્ત્ર અને માળાઓ પહેરાવેલી-ગાયોનું; શણગારેલા બ્રાહ્મણોને; રેશમી વસ્ત્ર-મૃગચર્મ-અને તલ સહિત દાન દેતા હતા. ॥૯॥ તથા ગાયો-બ્રાહ્મણો-દેવતાઓ-વૃદ્ધ પુરુષો-ગુરુઓ-અને સર્વ પ્રાણીઓ; એમને પોતા સમાન જાણીને, તેમને નમસ્કાર કરવા પછી; મંગળ પદાર્થોનો સ્પર્શ કરતા હતા. ॥૧૦॥ તે પછી એ મનુષ્ય લોકના શણગાર રૂપ, પોતાના શરીરને; દિવ્ય માળાઓ-ચંદન-વસ્ત્ર અને ઘરેણાં વડી, શણગારતા હતા. ॥૧૧॥ અને તે કેડે ઘી-આરશી-ગાય-ઉત્તમ દ્વિજ-અને દેવતાઓનું દર્શન કરીને; શહેરનાં તથા અંતઃપુરનાં, સર્વ મનુષ્યોને; અને પોતાની પ્રકૃતિઓ મંત્રી વિગેરે (આઠે)ને; જોઇતા પદાર્થો અપાવીને તેમની ઇચ્છાઓ પૂર્ણ કરી; પોતે આનંદ પામતા હતા ॥૧૨॥ તથા માળાઓ-તંબોળ-અને ચંદનાદિક પ્રથમ પહેલાં, બ્રાહ્મણો-સુહૃદો-પ્રકૃતિઓ-અને સ્ત્રીઓને; વેહેંચી આપ્યા પછીજ, પોતે તેનો ઉપયોગ કરતા હતા. ॥૧૩॥

એટલો વખત થતાં, સુગ્રીવ આદિ ઘોડા જોડેલો, પરમ અદ્ભુત રથ; નજીકમાં લઈ આવીને, દારૂક સારથી સામે ઉભો રહીને; પ્રણામ કરતો હતો. ॥૧૪॥ ત્યારે સાત્યકિ અને ઉદ્ધવ આદિને, સાથે લઇને; ભગવાન સારથીનો હાથ પોતાના હાથે ઝાલી, રથની ઉપર; પુર્વાદ્રિ ઉપર ચડતા સૂર્યની પેઠે, ચડતા હતા. ॥૧૫॥ પછી લાજ સહિત અને પ્રેમથી જોતી, અંતઃપુરની સ્ત્રીઓ તરફ નજર કરતા; અને માંડ માંડ વિછૂટા પડતા ભગવાન, ચાલતીવેળા; હસવા વડે તે સ્ત્રીઓના મનનું હરણ કરીને, ત્યાંથી જતા હતા. ॥ ૧૬ ॥ અને હે રાજા પછી સર્વ યાદવોથી ભરાયલી, સુધર્મા નામની સભામાં, ભગવાન પ્રવેશ કરતા હતા; કે જેમાં બેઠેલાઓને, ભૂખ તરસ આદિ છ ઉર્મીઓ; બાધ કરી શકતી નથી. ॥ ૧૭ ॥ ત્યારે ત્યાં ઉત્તમ આસન ઉપર બેસીને, પોતાના તેજ વડે દિશાઓને પ્રકાશિત કરતા; તથા મનુષ્યોમાં સિંહ જેવા યાદવોથી વિંટાયલા; એ સર્વોત્તમ ભગવાન, આકાશમાં તારાઓથકી વિંટાયલા ચંદ્રમાની પેઠે; શોભતા હતા. ॥ ૧૮ ॥ હે

सह ॥ अलंकृतेभ्योविप्रेभ्योबह्वंबह्वंदिनेदिने ॥९॥ गोविप्रदेवतावृद्धगुरून्भतानिसर्वशः॥ नमस्कृत्यात्मसंभूतीर्मंगलानिसमस्पृशत् ॥१०
अ[illegible]भूषयामासनरलोकविभूषणं ॥ वासोभिर्भूषणैःस्वीयैर्दिव्यस्त्रगनुलेपनैः ॥११॥ अवेक्ष्याज्यंतथादर्शंगोवृषद्विजदेवताः॥कामांश्चस
र्ववर्णानांपौरांतःपुरचारिणां ॥ प्रदाप्यप्रकृतीःकामैःप्रतोष्यप्रत्यनंदत॥१२॥ संविभज्याग्रतो[illegible]मान्स्त्रकूतांबूलानुलेपनैः॥सुहृदःप्रकृतीर्दारा
नुपायुंक्ततत:स्वयं ॥१३॥ तावत्सूतउपानीयस्यंदनंपरमाद्भुतं ॥ सुग्रीवाद्यैर्हयैर्युक्तंप्रणम्यावस्थितोग्रतः॥१४॥ गृहीत्वापाणिनापाणीसारथे
स्तमथारुहत् ॥ [illegible]युक्तःपूर्वाद्रिमिवभास्करः ॥१५॥ ईक्षितोऽतःपुरस्त्रीणांसव्रीडप्रेमवीक्षितैः ॥ कृच्छ्राद्विसृष्टोनिरगाज्जातहासो
हरन्मनः ॥१६॥ सुधर्माख्यांसभांसर्वैर्वृष्णिभिःपरिवारितः ॥ प्राविशद्यन्निविष्टानांनसंत्यंगषडूर्मयः ॥१७॥ तत्रोपविष्टःपरमासनेविभुर्बभौ
स्वभासाककुभोवभासयन् ॥ वृतोनृसिंहैर्यदुभिर्यदूत्तमोयथोडुराजोदिवितारकागणैः ॥१८॥ तत्रोपमंत्रिणोराजन्नानाहा[illegible]र्विभुं ॥ उपत
स्थुर्नटाचार्यानर्तक्यस्तांडवैःपृथक् ॥१९॥ मृदंगवीणामुरजवेणुतालदरस्वनैः ॥ ननृतुर्जगुस्तुष्टुवुश्चसूतमागधवंदिनः ॥२०॥ तत्राहुर्ब्राह्म
णाःकेचिदासीनाब्रह्मवादिनः ॥ पूर्वेषांपुण्ययशसांराज्ञांचाकथयन्कथाः॥२१॥ तत्रैकःपुरुषोराजन्नागतोऽपूर्वदर्शनः ॥ विज्ञापितोभगवते
प्रतीहारैःप्रवेशितः ॥२२॥ सनमस्कृत्यकृष्णायपरेशायकृतांजलिः॥ राज्ञामावेदयद्दुःखंजरासंधनिरोधजं ॥२३॥ येचदिग्विजयेतस्यसंन
तिंनययुर्नृपाः ॥ प्रसह्यरुद्धास्तेनासन्नयुतेद्वेगिरिव्रजे ॥२४॥ कृष्णकृष्णाप्रमेयात्मन्प्रपन्नभयभंजन ॥ वयंत्वांशरणंयामोभवभीताःपृथग्धियः
॥२५॥लोकोविकर्मनिरतःकुशलेप्रमत्तःकर्मण्ययंत्वदुदितेभवदर्चनेस्वे ॥ यस्तावदस्यबलवानिहजीविताशांसद्यश्छिनत्त्यनिमिषायनमोऽस्तु
तस्मै ॥२६॥ लोकेभवान्जगदिनःकलयाऽवतीर्णःसद्रक्षणायखलनिग्रहणायचान्यः ॥ कश्चित्त्वदीयमतियातिनिदेशमीशकिंवाजनःस्वकृ
तमृच्छतितन्नविद्मः ॥२७॥ स्वप्नायितंनृपसुखं[illegible]त्रमीशशश्वद्भयेनमृतकेनधुरंवहामः॥ हित्वातदात्मनिसुखंत्वदनीहलभ्यंक्लिश्यामहेऽति

રાજા, પછી ત્યાં ઉપ મંત્રીઓ એટલે મશ્કરા અને ખવાસ વિગેરે લોકો, અનેક પ્રકારના હાસ્ય રસથી; અને નાચનારી સ્ત્રીઓ, તથા તેમના ઉસ્તાદો, (ગંધર્વો) જુદા જુદા પ્રકારે મૃદંગ-વીણા-મુરજ-વેણુ-તાલ-અને શંખ વિગેરે વગાડવાની સાથે, નાચ કરીને, ભગવાનને પ્રસન્ન કરતાં હતાં; તેમજ સુત-માગધ-અને બંદિજનો પણ; વખાણ કરીને, અને ગાઇને; રાજી કરતા હતા. ॥ ૧૯-૨૦ ॥ અને ત્યાં બેઠેલા કેટલાએક વેદપાઠી બ્રાહ્મણો, પૂર્વે થઇ ગયેલા પવિત્ર કીર્તિવાળા રાજાઓની, કથાઓ કહેતા હતા. ॥૨૧॥ હે રાજા, એવામાં ત્યાં છડીદારોએ પ્રવેશ કરાવેલો; આગળ કદી નહીં જોયેલો એક પુરુષ, આવીને ભગવાનને વિજ્ઞાપના કરવા લાગ્યો. ॥૨૨॥ અને તેણે ઇશ્વરોના ઇશ્વર કૃષ્ણને, નમસ્કાર કરીને; હાથ જોડી, જરાસંધે કેદ રાખવાથી રાજાઓને થતાં દુખો, જાહેર કરીને; કહ્યું કે ॥૨૩॥ તેઓ, તેના દિગ્વિજય વખતે તેને નહીં નમવાથી; તેણે જોરાવરીયા પકડી લેઇને, ' ગિરિવ્રજ ' નામના કિલ્લામાં કેદ રાખેલા; વીશ હજાર રાજાઓ છે. ॥૨૪॥ તેમનો સંદેશો આ પ્રમાણે છે કે: " હે કૃષ્ણ, અપ્રમેય બુદ્ધિવાળા અને શરણાંગતોના ભયને ટાળનારા; હવે પછી

અમારૂં કેમ થશે, તેથી બીહીનેલા અમો, ભેદ બુદ્ધિવાળાઓ; આપનુંજ શરણ લેઇએ છીએ. ॥૨૫॥ [illegible] વિકર્મમાં પ્રીતિવાળા લોકો; આપનું પૂજન કરવામાં; અને આપે કહેલાં શુદ્ધ (નિષ્કામ) કર્મો કરવામાં; પ્રમત્ત થયેલા હોય છે: તેટલામાંજ તેવાઓની જીવવાની આશાને, એકો એક કાપી નાંખનારા, બળવાન કાળ રૂપ આપને; અમે નમીએ છીએ. ॥૨૬॥ હે જગતના ઇશ્વર, લોકને વિષે આપ, સત્પુરુષોનું રક્ષણ કરવાને, તથા ખળ પુરુષોનો નિગ્રહ કરવાને માટે કળા રૂપથી અવતરેલા છો: છતાં, બીજા કેટલાએક (જરાસંધ આદિક) આપની આજ્ઞાનું ઉલંઘન કરે છે: કિંવા માણસો (અમે આદિક) પોતાનાં કરેલાં કર્મોનાં ફળોનેજ ભોગવે છે; એ બેમાંથી ખરૂં શું હશે, તે અમે જાણતા નથી. ॥ ૨૭ ॥ હે ઇશ્વર આપના સંબંધનો ઉદ્યમ કરનારાઓએ (નિષ્કામ લોકોએ) મેળવવાને યોગ્ય, આત્મ જ્ઞાનના સુખનો ત્યાગ કરીને; આપની માયાવડે અતિ રાંક બનેલા અમો; આ સ્વપ્ન સરખા-પરાધીન-અને સર્વદા ભયનેજ આપનારા,-રાજ્ય સુખ રૂપ, ફીકરીને (એટલે સ્ત્રી-પુત્ર-અને ધનાદિકની ચિંતાને)જ; આ મડદા જેવા શરીરથી, વહન કરીને; ક્લેશ પામ્યા

હરીએ છીએ. ॥૨૮॥ એ પ્રકારે બંધાએલા અમોને, શરણ થનારાઓના શોકને હરનારા; એ ચરણવાળા આપ; જરાસંધ નામના કર્મબંધન થકી, છોડાવો; કે જે દશ હજાર હાથીના પરાક્રમવાળા એકેજ; સિંહે ઘેટાઓને રોકવાની પેઠે, અમો રાજાઓને કેદથી મૂકેલા છે. ॥૨૯॥ જેને આપની સાથે થએલા અઢાર વારના યુદ્ધોમાં, આપે ફસાએલા અનંત પરાક્રમવાળા ચક્રથી, તે વારંવાર ભાગી જતો હતો; છતાં મનુષ્યના સરખું આચરણ કરનારા આપને, માત્ર એક વારજ જીતવા થકી; અતિદૃઢ બનીને, તે આપની પ્રજાઓને પીડે છે; માટે હે અચ્યુત ભગવાન, આપ તેનો ઉપાય કરો." ॥૩૦॥ એ પ્રમાણેના સંદેશાથી, એ જરાસંધે રોકેલા-આપના દર્શનની આકાંક્ષા વાળા-અને આપના ચરણ મૂળને શરણ થએલા; રાંક રાજાઓને સુખ થવાનો ઉપાય આપ કરો. ॥૩૧॥ રાજાઓનો દૂત એ રીતે બોલતો હતો; એટલામાંજ પિંગળી જટાવાળા, નારદ ઋષિ સૂર્યના સરખો ઘણો પ્રકાશ કરતા, ત્યાં પ્રકટ થયા. ॥૩૨॥ ત્યારે તેમને દેખી, સર્વ લોકના ઇશ્વરોના ઇશ્વર કૃષ્ણ ભગવાને: સભાસદો તથા અનુચરો સહિત ઉઠીને, આનંદથી માથાવડે પ્રણામ કર્યા. ॥૩૩॥ અને આસન ઉપર બેસાડી, એ મુનિનો શ્રદ્ધાથી વિધિપૂર્વક સત્કાર કરવા વડે તેમને રાજી કરયા પછી; ભગવાન સાચી અને સુંદર વાણી બોલ્યા કે. ॥૩૪॥ આપ ત્રણે લોકમાં નિર્ભયપણે, તથા નિર્મુખપણાથીજ, ફરયા કરોછો; માટે લોક માત્રને વિશે તેમના ઇશ્વરોએ, એટલે લોકપાળોએ, તથા રાજાઓએ; કરવાને ધારેલું કશું પણ, આપના જાણવા બહાર હોવું ન જોઇએ: તેથી આપને હું પુછું છું; કે હમણાં પાંડવોએ, શું કરવાને ધારેલું છે. ॥૩૫-૩૬॥—નારદ-બ્રહ્માદિકને પણ મોહ પમાડનારી, અને ટાળી ટળે નહીં એવી; આપ સમર્થ મહાત્માની માયાને, મેં ઘણી વાર જોઇ છે; માટે પ્રાણીઓને વિશે અગ્નિની પેઠે, છુપી રીતે પ્રકાશ કરનારા

कृपणास्त्वमायपेह ॥२८॥ तन्नोभवान्प्रणतशोकहरांघ्रियुग्मोबद्धान्वियुंक्ष्वमगधाह्वयकर्मपाशात् ॥ योभूभुजोऽयुतमतंगजवीर्यमेकोबिभ्रद्रु
रोधभवनेमृगराडिवावीः ॥२९॥ योवैत्वयाद्विनवकृत्वउदात्तचक्रभग्नोमृधेखलुभवंतमनंतवीर्यं ॥ जित्वानृलोकनिरतंसकृदूढदर्पोयुष्मत्प्रजा
रुजतिनोऽजिततद्विधेहि ॥३०॥ दूत०इतिमागधसंरुद्धाभवद्दर्शनकांक्षिणः ॥ प्रपन्नाःपादमूलंतेदीनानांशंविधीयतां ॥३१॥ श्रीशुक०राज
दूतेब्रुवत्येवंदेवर्षिःपरमद्युतिः ॥ बिभ्रत्पिंगजटाभारंप्रादुरासीद्यथारविः ॥३२॥ तंदृष्ट्वाभगवान्कृष्णःसर्वलोकेश्वरेश्वरः ॥ ववंदउत्थितःशी
र्ष्णाससभ्यःसानुगोमुदा ॥३३॥ सभाजयित्वाविधिवत्कृतासनपरिग्रहं बभाषेसुनृतैर्वाक्यैःश्रद्धयातर्पयन्मुनिं ॥३४॥ अपिस्विदद्यलोकानां
त्रयाणामकुतोभयं ॥ ननुभूयान्भगवतोलोकान्पर्यटतोगुणः ॥३५॥ नहितेऽविदितंकिंचिल्लोकेष्वीश्वरकर्तृषु ॥ अथपृच्छामहेयुष्मान्पांडवा
नांचिकीर्षितं ॥३६॥ श्रीनारद०दृष्टामयातेबहुशोदुरत्यया मायाविभोविश्वसृजश्चमायिनः ॥ भूतेषुभूमंश्चरतःस्वशक्तिभिर्वन्हेरिवच्छन्नरुचो
नमेऽद्भुतं॥३७॥तवेहितंकोऽर्हतिसाधुवेदितुंस्वमाययेदंसृजतोनियच्छतः॥यद्विद्यमानात्मतयाऽवसीयतेतस्मैनमस्तेस्वविलक्षणात्मने॥३८॥
जीवस्ययःसंसरतोविमोक्षणंनजानतोऽनर्थवहाच्छरीरतः ॥ लीलावतारैःस्वयशःप्रदीपकंप्राज्वालयत्त्वातमहंप्रपद्ये ॥३९॥ अथाप्याश्राव
येब्रह्मनरलोकविडंबनं॥राज्ञःपैतृष्वस्रेयस्यभक्तस्यचचिकीर्षितं॥४०॥यक्ष्यतित्वांमखेंद्रेणराजसूयेनपांडवः॥पारमेष्ठ्यकामोनृपतिस्तद्भवान
नुमोदतां ॥४१॥ तस्मिन्देवक्रतुवरेभवंतंवैसुरादयः ॥ दिदृक्षवःसमेष्यंतिराजानश्चयशस्विनः ॥ ४२ ॥ श्रवणात्कीर्तनाद्ध्यानात्पूयंतेऽते
वसायिनः ॥ तवब्रह्ममयस्येशकिमुतेक्षाऽभिमर्शिनः ॥ ४३ ॥ यस्यामलंदिवियशःप्रथितंरसायांभूमौचतेभुवनमंगलदिग्वितानां ॥
मंदाकिनीतिदिविभोगवतीतिचाधोगंगेतिचेहचरणांबुपुनातिविश्वं ॥४४॥ श्रीशुक०तत्रतेष्वात्मपक्षेष्वगृण्हत्सुविजिगीषया ॥ वाचःपेशैः
स्मयन्भृत्यमुद्धवंप्राहकेशवः ॥४५॥ श्रीभग०त्वंहिनःपरमंचक्षुःसुहृन्मंत्रार्थतत्त्ववित् ॥ तथाऽत्रब्रूह्यनुष्ठेयंश्रद्दध्मःकरवामतत् ॥४६॥ इ
त्युपामंत्रितोभर्त्रासर्वज्ञेनापिमुग्धवत् ॥निदेशंशिरसाधायउद्धवःप्रत्यभाषत॥४७॥इ०भा०म०द०उ०भगवद्यानेसप्ततितमोऽध्यायः॥७०

આપેલો આ સવાલ; મને નવાઇ જેવો લાગતો નથીજ. ॥૩૭॥ જે આત્માના વિદ્યમાનપણાથી, જગત સ્થિતિમાન જણાય છે; અને જે પોતેજ પોતાની માયાવડે, આ વિશ્વને સરજેછે, અને નાશ કરેછે; એવા વિલક્ષણ સ્વભાવવાળા, આપના કરવા ધારેલાને; બરાબર રીતે જાણવાને તો, કોઇજ યોગ્ય નથી; માટે હું આપને નમસ્કારજ કરું છું. ॥૩૮॥ અનર્થને ઉત્પન્ન કરનારા, અને સંસારને પામતા, શરીર થકી; છૂટવાના ઉપાયને નહીં જાણતા, જીવને માટે; લીલાથી ધરેલા અવતારોના, યશ રૂપી દીવાને; જે આપ સળગાવો છો; તે ભગવાનનેજ, હું શરણ છું. ॥ ૩૯ ॥ તો પણ મનુષ્યની રીતિ પ્રમાણે આચરણ કરનારા, આપ પરબ્રહ્મને; આપની ફોઇના દીકરા, ભક્ત યુધિષ્ઠિર રાજાએ, કરવા ધારેલાને; હું કહી સંભળાવું છું કે. ॥ ૪૦ ॥ ચક્રવર્તી થવાની ઇચ્છાથી, એ પાંડવ રાજા રાજસૂય નામના મોટા યજ્ઞ વડે; આપનું પૂજન કરવાને ઇચ્છે છે, માટે તેમાં આપે સમ્મતિ આપવી જોઇએ. ॥૪૧॥ અને હે ભગવાન, એ ઉત્તમ યજ્ઞને વિશે આપે ત્યાં જવું જોઇએ; કેમકે આપને જોવાની ઇચ્છાથીજ, મોટા યશવાળા રાજાઓ; અને દેવતાઓ પણ, ત્યાં ભેળા થશે ॥૪૨॥ આપ બ્રહ્મમય ઇશ્વરના શ્રવણ-કીર્તન-અને ધ્યાન થકી, ચાંડાલ પણ પવિત્ર થાયછે; તો પછી આપનાં દર્શન અને સ્પર્શ આદિ કરવા થકી; કેમ ન થાય. ॥ ૪૩ ॥ જેનો લોક માત્રને મંગળકારી, અને દિશાઓને પ્રકાશિત કરનારો યશ; સ્વર્ગ-પૃથ્વી-અને રસાતળમાં પણ, વ્યાપી રહેલો છે; એવા આપનું પગ ધોવાનું જળ (ગંગાજી), સ્વર્ગમાં મંદાકિનિ નામથી--પાતાળમાં ભોગવતિ નામથી-અને અહીં પૃથ્વી ઉપર ગંગા નામથી આખા વિશ્વને પવિત્ર કરે છે. ॥ ૪૪ ॥—શ્રીશુક—ત્યારે એ નારદજીએ કહેલી, પોતાના પાંડવોના પક્ષમાં દિગ્વિજય કરવાને માટે જવાની વાતનો; બીજા યાદવોએ સ્વીકાર ન કરવાથી, કેશવ ભગવાને હસતાં હસતાં, પોતાના દાસ ઉદ્ધવજીને; સુંદર વાણી કહી કે. ॥૪૫॥—શ્રીભગવાન-તમે અમારા સુહૃદ અને મસલહત (છુપા વિચાર) વડે, સિદ્ધ કરવાના અર્થને; તત્વવડે જાણનારા, અમારી મુખ્ય આંખો રૂપે

છો; માટે આ પ્રસંગે આપણે કેમ કરવું, તે કહો; અમો શ્રદ્ધા સહિત એ પ્રમાણેજ કરીશું. ॥૪૬॥—શ્રીશુક—ભગવાન સર્વજ્ઞ છતાં, તેમણે બાળકની પેઠે; એ રીતે પૂછવાથી, તેમની આજ્ઞા માથે ચઢાવીને, ઉદ્ધવજી પ્રતિઉત્તર આપે છે કે. ॥૪૭॥ ઇતિ શ્રી૦ ભાગવતે દશમા સ્કંધનો સીત્તેરમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૭૦ ॥

અધ્યાય ૭૧ મો.—શ્રીશુક—આ પ્રમાણે દેવઋષિ નારદજીનું કહેલું સાંભળીને, તથા સભાસદોના અને કૃષ્ણના મતને સમજીને; મોટી બુદ્ધિવાળા ઉદ્ધવજી બોલ્યા કે. ॥૧॥—ઉદ્ધવ—હે ભગવાન, નારદજીના કહેવા પ્રમાણે, આપનું યજ્ઞવડે પૂજન કરવાને ઇચ્છતા; પોતાના ફોઇઆઇભાઇનું, મંત્રિપણું, તથા શરણની ઇચ્છાવાળા રાજાઓનું રક્ષણ કરવાનું,; એ બંને કામ, આપે કરવાં ઘટિત છે. ॥ ૨ ॥ હે સમર્થ, દિગ્વિજય કરવોજ પડે, એવો રાજસૂયયજ્ઞ કરવાવડે; જરાસંધને જીતવાથકી, એ બંને કામ સિદ્ધ થશે; એવો મારો અભિપ્રાય છે. ॥૩॥ અને એમ થવા થકી, આપણા મોટા અર્થોની સિદ્ધિ થશે; એટલે આપ ગોવિંદ ભગવાનનો યશ, અને બંધાયલા રાજાઓનું છૂટાપણું; અને અમો, બની આવશે. ॥૪॥ પણ તે દસ હજાર હાથીના બળ વાળો, જરાસંધ રાજા; તેટલાજ બળવાળા ભીમસેન શિવાય, બીજા બળવાનો થકી પણ, સહન થઇ શકે તેવો નથી, ॥ ૫ ॥ માટે તેને (એ રીતે) દ્વંદ્વ યુદ્ધમાંજ, જીતવો જોઇએ; કેમકે સો અક્ષૌહિણી સાથે હોય, તે થકી પણ, એ જીતાય એમ નથી; અને તે બ્રાહ્મણોને માનનારો હોવાથી, બ્રાહ્મણોની યાચનાની; કદાપણ ના કહેનારો નથી. ॥૬॥ તેથી ભીમસેને બ્રાહ્મણના વેશથી જઇને, તેની પાસે દ્વંદ્વ યુદ્ધની માગણી કરવી; એટલે આપના સાન્નિધ્યવડે, દ્વંદ્વ યુદ્ધમાં ભીમ, તેને મારશેજ; એમાં સંદેહ નથી. ॥ ૭ ॥ અને જેમ આપ કાળ સ્વરૂપ પરમેશ્વરના, વિશ્વની ઉત્પત્તિ અને લયના કર્મને માટે; બ્રહ્મા અને રૂદ્ર, નિમિત્ત માત્ર થાય છે; તે રીતેજ ભીમસેન પણ, આપે કરેલા એ કામને માટે નિમિત્ત ભૂત થશે. ॥૮॥ તથા આપનું શરણ લેનારાં, વાલખીલ્ય મુનિઓ—અમે

श्रीशुक०इत्युदीरितमाकर्ण्यदेवर्षेरुद्धवोऽब्रवीत् ॥ सभ्यानांमतमाज्ञायकृष्णस्यचमहामतिः ॥१॥ उद्धव०यदुक्तमृषिणादेवसाचिव्यंयक्ष्यतस्त्वया॥ कार्यंपैतृष्वस्रेयस्यरक्षाचशरणैषिणां ॥२॥ यष्टव्यंराजसूयेनदिक्चक्रजयिनाविभो॥ अतोजरासुतजयउभयार्थोमतोमम ॥३॥ अस्माकंचमहानर्थोह्येतेनैवभविष्यति ॥ यशश्चतवगोविंदराज्ञोबद्धान्विमुंचतः॥४॥ सवैदुर्विषहोराजानागायुतसमोबले॥ बलिनामपिचान्येषांभीमंसमबलंविना ॥५॥ द्वैरथेसतुजेतव्योमाशताक्षौहिणीयुतः ॥ ब्रह्मण्योऽभ्यर्थितोविप्रैर्नप्रत्याख्यातिकर्हिचित् ॥६॥ ब्रह्मवेषधरोगत्वातंभिक्षेतवृकोदरः॥ हनिष्यतिनसंदेहोद्वैरथेतवसन्निधौ॥७॥ निमित्तंपरमीशस्यविश्वसर्गनिरोधयोः ॥ हिरण्यगर्भःशर्वश्चकालस्यारूपिणस्तव ॥८॥ गायंतितेविशदकर्मगृहेषुदेव्योराज्ञांस्वशत्रुवधमात्मविमोक्षणंच॥गोप्यश्चकुंजरपतेर्जनकात्मजायाःपित्रोश्चलब्धशरणामुनयोवयंच ॥९॥ जरासंधवधःकृष्णभूर्यर्थायोपकल्प्यते ॥ प्रायःपाकविपाकेनतवचाभिमतःक्रतुः ॥१०॥ श्रीशुक० इत्युद्धववचोराजन्सर्वतोभद्रमच्युतं ॥ देवर्षिर्यदुवृद्धाश्चकृष्णश्चप्रत्यपूजयन् ॥११॥ अथादिशत्प्रयाणायभगवान्देवकीसुतः ॥ भृत्यान्दारुकजैत्रादीननुज्ञाप्यगुरून्विभुः ॥१२॥ निर्गमय्यावरोधान्स्वान्ससुतान्सपरिच्छदान् ॥ संकर्षणमनुज्ञाप्ययदुराजंचशत्रुहन् ॥ सूतोपनीतंस्वरथमारुहद्गरुडध्वजं ॥१३॥ ततोरथद्विपभटसादिनायकैःकरालयापरिवृतआत्मसेनया ॥ मृदंगभेर्यानकशंखगोमुखैःप्रघोषघोषितककुभो निराक्रमत् ॥१४॥ नृवाजिकांचनशिबिकाभिरच्युतंसहात्मजाःपतिमनुसुव्रताययुः ॥ वरांबराभरणविलेपनस्रजःसुसंवृतानृभिरसिचर्मपाणिभिः ॥१५॥ नरोष्ट्रगोमहिषखराश्वतर्यनःकरेणुभिःपरिजनवारयोषितः॥स्वलंकृताः[illegible]कटकुटीकंबलांबराद्युपस्करायययुरधियुज्यसर्वतः १६॥बलंबृहद्ध्वजपटछत्रचामरैर्वरायुधाभरणकिरीटवर्मभिः ॥ दिवांऽशुभिस्तुमुलरवंबभौरवेर्यथार्णवःक्षुभिततिमिंगिलोर्मिभिः ॥१७॥ अथोमुनिर्यदुपतिनासभाजितःप्रणम्यतंहृदिविदधद्विहायसा ॥ निशम्यतद्व्यवसितमाहृतार्हणोमुकुंदसंदर्शननिर्वृतेंद्रियः ॥१८॥ राजदूतमुवाचेदंभगवान्प्रीणय

—ગોપીઓ—ગજેંદ્ર—અને જનકની દીકરી સીતા. એમની પેઠેજ; તે રાજાઓની સ્ત્રીઓ, તેમના પતિઓના છૂટકારા બદલના તથા તેમના શત્રુના વધ બદલના; આપના એ મોટા કામને, પોતાનાં ઘરોને વિષે ગાશે. ॥૯॥ હે કૃષ્ણ, એ જરાસંધનો વધ, આપણને ઘણોજ ઉપયોગી થશે; કારણ લોકોનાં કર્મરૂપો, તેમને પ્રાપ્ત થવાનો સમય ઘણું કરીને આવી ચૂકવાથીજ, આ યજ્ઞ કરાવવાની, આપને રૂચી થયેલાનું, હું માનું છું. ॥૧૦॥—શ્રીશુક—હે રાજા, એ રીતનાં કમાવ્યાં કમે નહીં, એવાં; સર્વ પ્રકારે તેમનાં ઉત્તમ વચનોનો, નારદે—વૃદ્ધ યાદવોએ,—અને કૃષ્ણ ભગવાને પણ, સત્કાર કર્યો, ॥૧૧॥ પછી સમર્થ દેવકી પુત્ર ભગવાને, ગુરુજનોની આજ્ઞા લેઇને; પોતાના સેવકો દારૂક અને જૈત્ર આદિકને, પ્રયાણ કરવા માટે તૈયાર થવાની; આજ્ઞા આપી. ॥૧૨॥ અને સારથીએ લાવેલા, ગરૂડની ધજા વાળા રથ ઉપર, ઉગ્રસેન તથા બળરામની રજા લેઇને; બેસી, ભગવાન પોતાના પુત્રો વિગેરે પરિવારને, અને સર સામાનને સાથે લેઇને; દ્વારકાંમાંથી નીકળ્યા. ॥૧૩॥ તથા રથ—હાથી—ઘોડા—અને પાયદળ વડે, ભયંકર લાગતી; પોતાની સેનાના સરદારો થકી વિંટાઇને, મૃદંગ—ભેરી—આનક—શંખ—અને ગોમુખના શબ્દ વડે; દિશાઓને ગજાવતા થકા, ચાલ્યા. ॥૧૪॥ તેમની પાછળ ઉત્તમ વસ્ત્રો—ઘરેણાં—ચંદનાદિકનાં લેપન—અને માળાઓ પેહેરેલી, તથા હાથમાં ઢાલ તરવાર લીધેલા મનુષ્યો થકી ઘેરાયલી; સારાં વ્રતોવાળી, ભગવાનની સ્ત્રીઓ; પોતાની દીકરીઓ અને વહુઓ સહિત, સોનાની પાલખીઓમાં બેસી બેસીને ચાલતી થઇઓ. ॥૧૫॥ તેમજ શણગારાયલા નોકર ચાકરો, અને ગુણિકાઓ પણ; સાદરીઓ કામળા—લુગડાં—અને બીજો સર સામાન, માડાંઓ ઉપર લાધીને; ઉંટ—ગાદ—પાડા—ગધેડાં—ખચર—ગાડાં—હાથણીઓ—તથા માણસો ઉપર બેસીને, સર્વ તરફથી ચાલવા લાગ્યાં. ॥૧૬॥ ત્યારે તે ઉડતી ધજાઓ વાળું—છત્ર અને ચામરોવાળું—ઉત્તમ પ્રકારનાં આયુદ્ધ—ઘરેણાં—મુકુટ—અને બખતરોવાળું—મોટું અને ભારે શબ્દ કરતું સૈન્ય; દિવસના વખતે, સૂર્યના કિરણોથકી ભારતી આવેલા, અને મગરમચ્છ વિગેરેથી ભરાયલો; તથા ઉછળતા મારતો, સમુદ્ર શોભવાની પેઠે; શોભવા લાગ્યું. ॥૧૭॥ પછી યદુપતિ ભગવાને સત્કાર કરેલા નારદજી, તેમનો નિશ્ચય સાંભળ્યા કેડે, પૂજનાદિકનો સ્વીકાર કરી; મુકુંદ ભગવાનના દર્શનથી આનંદ પામીને; તેમને પ્રણામ કરી, હૃદયને વિષે તેમનુંજ ધ્યાન

કરતા, આકાશ માર્ગે ચાલ્યા ગયા. ॥૧૮॥ અને ભગવાને રાજાઓના દૂતને પ્રસન્ન વાણીથી કહ્યું કે: " હે દૂત, તું અહીંથી રાજાઓને કહે કે: તમે બીહીશો નહીં: તમારું ભલું થાઓ, હું જરાસંધને મરાવીશ." ॥ ૧૯ ॥ એમ કહીને પાછો મોકલેલા દૂતે રાજાઓને, એ રીતેજ કહી જણાવ્યું. તેથી છૂટવાની ઇચ્છાવાળા તેઓ; ભગવાન ત્યાં આવવાની વાટ જોવા લાગ્યા. ॥૨૦॥ અહીંયાં હરિ ભગવાન આનર્ત–સૌરાષ્ટ્ર–મારવાડ અને કુરુક્ષેત્રમાંના પર્વત–નદીઓ–નગરો–ગામો–વ્રજો–અને ખાણોને, ઓલંગીને; તે પછી સરસ્વતિ તથા દૃષદ્વતિ નદીઓને ઉતરી; પંચાળ તથા મત્સ્ય દેશમાં થઈને, ઇંદ્રપ્રસ્થમાં જઈ પહોંચ્યા. ॥૨૧–૨૨॥ એટલે જેનું દર્શન મનુષ્યોને ઘણું દુર્લભ છે, તે ભગવાન આવેલાનું સાંભળવાથી; પ્રસન્ન થયેલા અજાત શત્રુ રાજા, સુહૃદોથી વિંટાઈ, ઉપાધ્યાઓ સહિત તેમની સામે ગયા. ॥૨૩॥ અને પાસે આવતાં ઇંદ્રિઓ આદર કરે, તેવા આદરથી; ઘણાં ઘણાં ગીત ગવરાવતા, અને વાજાં વગડાવતા; તથા બ્રાહ્મણો પાસે વેદના મંત્રો બોલાવતા, તેમણે હૃષીકેશ ભગવાનનું; સામૈયુ કર્યું. ॥ ૨૪ ॥ પછી સ્નેહવડે પિગળી ગયેલ હૃદયવાળા તે પાંડવો, પોતાના અતિપ્રિય કૃષ્ણને ઘણે દહાડે દેખીને; તેમને ફરી ફરીને ભેટ્યા. ॥૨૫॥ ત્યારે લક્ષ્મીજીના નિર્મળ સ્થાન રૂપ એ મુકુંદ ભગવાનના શરીરને, બે હાથની વચ્ચે બાથમાં લેઈને ભેટવાથી; પાપ રહિત થયેલા રાજાને, આંખ્યોમાં આંસુ આવી–રૂવાડાં ઉભાં થઈ–તથા આ ભ્રમણા રૂપ જગતનું વિસ્મરણ થઈને; તે પરમ નિર્વૃતિને પામ્યા. ॥૨૬॥ તેમજ એ પોતાના મોસાઈ ભાઈને, પ્રેમના વેગથી આકુલ થયેલા ભીમસેન પણ; હસતાં હસતાં ભેટીને, આનંદ પામ્યા; અને આનંદનાં ઘણાં આંસુ પાડતા અર્જુન–નકુળ–અને સહદેવ પણ, એ અતિ સુહૃદ અચ્યુત ભગવાનને બાથમાં ઘાલી ઘાલીને ભેટ્યા. ॥૨૭॥ પછી અર્જુનની સાથે મળેલા, અને નકુળ સહદેવે પ્રણામ કરેલા, ભગવાને; બ્રાહ્મણો તથા વૃદ્ધ પુરુષોને, ઘટિત રીતે નમસ્કાર કર્યા. ॥૨૮॥ અને તે સત્કાર પામેલા ભગવાને, પછીથી કુરુ–સંજય–અને કેકયોનો; તથા સૂત–માગધ–ગાંધર્વ–બંદિજન–તથા

नृगिरा ॥ माभैष्टदूतभद्रंवोघातयिष्यामिमागधं ॥१९॥ इत्युक्तःप्रस्थितोदूतोयथावदवदन्नृपान् ॥तेऽपिसंदर्शनंशौरेःप्रत्यैक्षंश्वमुमुक्षवः॥२०॥
आनर्तसौवीरमरूंस्तीर्त्वाविनशनंहरिः ॥ गिरीन्नदीरतीयायपुरग्रामव्रजाकरान् ॥२१॥ ततोदृषद्वतींतीर्त्वामुकुंदोऽथसरस्वतीं ॥ पंचाला
नथमत्स्यांश्वशक्रप्रस्थमथागमत् ॥ तमुपागतमाकर्ण्यप्रीतोदुर्दर्शनंनृणां ॥२२॥ अजातशत्रुर्निरगात्सोपाध्यायःसुहृद्वृतः ॥२३॥ गीतवा
दित्रघोषेणब्रह्मघोषेणभूयसा ॥ अभ्ययात्सहृषीकेशंप्राणाःप्राणमिवादृतः ॥२४॥ दृष्ट्वाविक्लिन्नहृदयःकृष्णंस्नेहेनपांडवः ॥ चिराद्दृष्टंप्रियत
मंसस्वजेऽथपुनःपुनः॥२५॥ दोर्भ्यांपरिष्वज्यरमामलालयंमुकुंदगात्रंनृपतिर्हताशुभः॥लेभेपरांनिर्वृतिमश्रुलोचनोहृष्यत्तनुर्विस्मृतलोकवि
भ्रमः ॥२६॥ तंमातुलेयंपरिरभ्यनिर्वृतोभीमःस्मयन्प्रेमजवाकुलेंद्रियः ॥ यमौकिरीटीचसुहृत्तमंमुदाप्रवृद्धबाष्पाःपरिरेभिरेऽच्युतं ॥२७॥
अर्जुनेनपरिष्वक्तोयमाभ्यामभिवादितः ॥ ब्राह्मणेभ्योनमस्कृत्यवृद्धेभ्यश्चयथाऽर्हतः ॥२८॥ मानितोमानयामासकुरुसृंजयकैकयान् ॥ सू
तमागधगंधर्वान्बंदिनश्चोपमंत्रिणः ॥२९॥ मृदंगशंखपटहवीणापणवगोमुखैः ॥ ब्राह्मणाश्चारविंदाक्षंतुष्टुवुर्ननृतुर्जगुः ॥३०॥ एवंसुहृद्भिः
पर्यस्तःपुण्यश्लोकशिखामणिः ॥ संस्तूयमानोभगवान्विवेशालंकृतंपुरं ॥३१॥ संसिक्तवर्त्मकरिणांमदगंधतोयैश्चित्रध्वजैःकनकतोरणपूर्ण
कुंभैः॥ मृष्टात्मभिर्नवदुकूलविभूषणस्रग्गंधैर्नृभिर्युवतिभिश्चविराजमानं ॥३२॥ उद्दीप्तदीपबलिभिःप्रतिसद्मजालनिर्यातधूपरुचिरंविलस
त्पताकं ॥ मूर्धन्यहेमकलशैरजतोरुशृंगैर्जुष्टंददर्शभवनैःकुरुराजधाम ॥३३॥ प्राप्तंनिशम्यनरलोचनपानपात्रमौत्सुक्यविश्लथितकेशदुकू
लबंधाः॥ सद्योविसृज्यगृहकर्मपतींश्चतल्पेद्रष्टुंययुर्युवतयःस्मनरेंद्रमार्गे ॥ ३४ ॥ तस्मिन्सुसंकुलइभाश्वरथद्विपद्भिःकृष्णंसभार्यमुपलभ्यगृ
हाधिरूढाः ॥ नार्योविकीर्यकुसुमैर्मनसोपगुह्यसुस्वागतंविदधुरुत्स्मयवीक्षितेन ॥३५॥ ऊचुःस्त्रियःपथिनिरीक्ष्यमुकुंदपत्नीस्तारायथोडुपस
हाःकिमकार्यमूभिः ॥ यच्चक्षुषांपुरुषमौलिरुदारहासलीलाऽवलोककलयोत्सवमातनोति ॥३६॥ तत्रतत्रोपसंगम्यपौरामंगलपाणयः ॥ च

મશ્કરાઓ વિગેરે સર્વેનો યથાયોગ્ય સત્કાર કર્યો. ॥ ૨૯ ॥ અને તેઓએ પણ, મૃદંગ–શંખ–ઢોલ–વીણા–પણવ–અને ગોમુખ વિગેરે વાજાં વગાડીને–નાચીને–ગાઈને–અને વખાણ કરીને–એ કમળનેત્ર ભગવાનને, બ્રાહ્મણો સહિત; રાજી કર્યા. ॥૩૦॥ એ રીતે સુહૃદો થકી વિંટાયેલા, એ પવિત્ર કીર્તિ વાળાઓના શિરોમણિ ભગવાન; વખાણ થતા, શણગારેલા ઇંદ્રપ્રસ્થ નગરમાં પેઠા. ॥૩૧॥ ત્યાં માર્ગો હાથીઓના મદથી તથા સુગંધી જળથી છાંટેલા હતા, વિચિત્ર પ્રકારની ધજાઓ, અને સોનેરી તોરણો, બાંધી દઈને પાણીથી ભરેલા ઘડા ઠેક ઠેકાણે મૂકેલા હતા; અને નવાં વસ્ત્ર–ઘરેણાં–માળાઓ–તથા ચંદન વિગેરેથી શરીર શણગારેલાં સ્ત્રી પુરુષો થકી તે શોભી રહ્યું હતું. ॥૩૨॥ એ ઝળગતી દીપમાળો વાળાં, અને ઉપર શોભતી પતાકાઓવાળાં તથા માથા ઉપર સોનાના કળશ નીચે રૂપેરી ઘણાં શિખરોથી શોભતાં; દરેક ઘરનાં જાળિયાંમાંથી સુંદર ધૂપનો ધુમાડો નીકળતી, યુધિષ્ઠિર રાજાની એ રાજધાની; ભગવાને જોઈ. ॥૩૩॥ હે રાજન, ત્યારે એ, મનુષ્યોની આંખ્યોને પાન કરવાના પાત્રરૂપ, ભગવાન આવ્યા સાંભળીને; ઉત્સુકતા વડે, માથાના વાળ અને વસ્ત્રનાં બંધન ઢીલાં પડી ગયેલી, જુવાન સ્ત્રીઓ; ઘરના કામ કાજનો અને સુતેલા પતિઓનો પણ, ત્યાગ કરીને; ભગવાનને જોવા માટે, તુર્તજ રસ્તા ઉપર આવીઓ. ॥૩૪॥ અને તે હાથી–ઘોડા–રથ–તથા મનુષ્યો થકી ખીચો ખીચ ભરાયેલા રસ્તાઓ ઉપર, પોતાની સ્ત્રીઓ સહિત કૃષ્ણને આવતા દેખવાથી; ઘરોના ઉપર ચડેલી, નગરની સ્ત્રીઓ; તેમના ઉપર ફુલ વધાવીને મન વડેજ, તેમને ભેટી; તથા તેમના તરફ હસવા સહિત જોવાવડે, સત્કાર કરવા લાગી. ॥૩૫॥ અને માર્ગ વિશે મુકુંદ ભગવાનની સાથે તેમની પત્નિઓને; ચંદ્ર સાથેની ચાંદરણીઓ સરખી દેખીને, તેઓ બોલવા લાગી કે: " જેમની આંખ્યોને આ પુરુષોના મુકુટ સરખા ભગવાન; પોતાના ઉદાર હસવાથી અને લીલા સહિત અવલોકન કરવાથી આનંદ આપે છે; એવી આ સ્ત્રીઓએ; શાં પુણ્ય કર્યાં હશે. " ॥૩૬॥ તથા ઠેક ઠેકાણે પાપ રહિત જુદા જુદા ધંધાદારીઓના મુખી શેઠીઆઓ, હાથમાં મંગળ પદાર્થો લેઈ આવીને; કૃષ્ણનું પૂજન કરવા લાગ્યા. ॥ ૩૭ ॥ પછી સંભ્રમ પામેલ અને પ્રફુલ્લિત આંખ્યોવાળી અંતઃપુરની સ્ત્રીઓએ, પ્રસન્ન થઈ સામાં જઈને; એ મુકુંદ ભગવાનને, રાજાના મેહેલમાં પ્રવેશ

કરાવ્યો. ॥ ૩૮ ॥ ત્યાં કુંતાજી, ત્રણે લોકના ઇશ્વર એ પોતાના ભત્રિજાને દેખવાથી; પ્રસન્ન થઇને પોતાની વહુ (દ્રુપતી) સુદ્ધાં, ઢોલીઆ ઉપરથી ઉઠીને; તેમને મળ્યાં. ॥૩૯॥ અને યુધિષ્ઠિર રાજા તો, એ દેવના દેવ ઇશ્વર ગોવિંદ ભગવાનને ઘરમાં લેઇ ગયા પછી, આનંદ વડે બેભાન થઇ જવાથી; તેમનું પૂજન કરવાનુંજ ભુલી ગયા. ॥ ૪૦ ॥ હે રાજા, કૃષ્ણાએ અને બેહેન સુભદ્રાએ પ્રણામ કરાવેલા, કૃષ્ણે પણ પછીથી પોતાની ફોઈ કુંતાજીને, તથા બીજી વૃદ્ધ સ્ત્રીઓને, પ્રણામ કર્યા. ॥૪૧॥ તેમજ સાસુની આજ્ઞાથી કૃષ્ણા એટલે દ્રુપતીએ, પોતાને ત્યાં આવેલી કૃષ્ણની સર્વે પત્નિઓ, રૂકિમણી–સતભામા–ભદ્રા, જાંબુવંતિ–કાલિંદી–મિત્રવિંદા–શૈબ્યા (નાગ્નજીતી)–લક્ષ્મણા–અને બીજીઓનું પણ વસ્ત્ર–માળાઓ–અને ઘરેણાં વિગેરે આપવાવડે પૂજન કર્યું. ॥૪૨–૪૩॥ પછી ધર્મરાજાએ જનાર્દન ભગવાનને, તેમના સૈન્ય–અનુચરો–અમાત્યો–અને ભાર્યાઓ સહિત; નવા નવા પ્રકારનાં સુખોવડે, ત્યાં નિવાસ કરાવ્યો. ॥૪૪॥ અને કેટલાક માસ સુધી ત્યાં રહેલા ભગવાને, યુધિષ્ઠિર રાજાનું ભલું કરવાની ઇચ્છાથી; યોદ્ધાઓથી વિંટાએલા અર્જુન સહિત રથ ઉપર બેસી, મૃગયા કરવાને જઇ, અર્જુનને હાથે; અગ્નિને ખાંડવ વન અપાવીને, તૃપ્ત કર્યો; અને જેણે યુધિષ્ઠિરને દિવ્ય સભા બનાવી આપી, તે મય નામના દાનવને; તેમાંથી બચાવી લીધો. ॥૪૫–૪૬॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કંધનો ઇકોતેરમો અધ્યાય સંપૂર્ણ. ॥૭૧॥

અધ્યાય ૭૨ મો.—શ્રીશુક—એક દહાડો સભા મધ્યે બેઠેલા મુનિઓ–બ્રાહ્મણો–ક્ષત્રીઓ–અને વૈશ્યો–તથા ભાઇઓ–આચાર્યો–કુળના ઘરડેરાઓ–સગાઓ–સંબંધીઓ–અને બંધુઓ, થકી વિંટાએલા યુધિષ્ઠિર રાજાએ; તે સર્વના સાંભળતાં, ભગવાનને ઉદ્દેશીને આ રીતે કહ્યું કે. ॥૧–૨॥–યુધિષ્ઠિર–હે ગોવિંદ, રાજસૂય નામના

कुःसपर्यांकृष्णायश्रेणीमुख्याहृतैनसः ॥३७॥ अंतःपुरजनैःप्रीत्यामुकुंदःफुल्ललोचनैः ॥ ससंभ्रमैरभ्युपेतःप्राविशद्राजमंदिरं ॥३८॥ पृथा विलोक्यभ्रात्रेयंकृष्णंत्रिभुवनेश्वरं ॥ प्रीतात्मोत्थायपर्यंकात्सस्नुषापरिषस्वजे ॥३९॥ गोविंदंगृहमानीयदेवदेवेशमादृतः॥ पूजायांनाविदत्कृत्यंप्रमोदोपहतोनृपः॥४०॥ पितृष्वसुर्गुरुस्त्रीणांकृष्णश्चक्रेऽभिवादनं॥स्वयंचकृष्णयाराजन्भगिन्याचाभिवंदितः॥४१॥ श्वश्र्वासंचोदिताकृष्णाकृष्णपत्नीश्चसर्वशः॥ आनर्चरुक्मिणींसत्यांभद्रांजांबवतींतथा ॥४२॥ कालिंदींमित्रविंदांचशैब्यांनाग्नजितींसतीं ॥ अन्याश्चाभ्यागतायास्तुवासःस्रग्मंडनादिभिः॥४३॥ सुखंनिवासयामासधर्मराजोजनार्दनं ॥ ससैन्यंसानुगामात्यंसभार्यंचनवंनवं ॥४४॥ तर्पयित्वाखांडवेनवह्निंफाल्गुनसंयुतः ॥ मोचयित्वामयंयेनराज्ञेदिव्यासभाकृता ॥४५॥ उवासकतिचिन्मासान्राज्ञःप्रियचिकीर्षया ॥ विहरन्रथमारुह्यफाल्गुनेनभटैर्वृतः ॥४६॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउत्तरार्धेकृष्णस्येंद्रप्रस्थगमनेएकसप्ततितमोऽध्यायः ॥७१॥

श्रीशुक०एकदातुसभामध्यआस्थितोमुनिभिर्वृतः॥ब्राह्मणैःक्षत्रियैर्वैश्यैर्भ्रातृभिश्चयुधिष्ठिरः ॥१॥ आचार्यैःकुलवृद्धैश्चज्ञातिसंबंधिबांधवैः ॥ शृण्वतामेवचैतेषामाभाष्येदमुवाचह ॥२॥ युधिष्ठिर०क्रतुराजेनगोविंदराजसूयेनपावनीः ॥ यक्ष्येविभूतीर्भवतस्तत्संपादयनःप्रभो॥३॥ त्वत्पादुकेअविरतंपरियेचरंतिध्यायंत्यभद्रनशनेशुचयोगृणंति॥ विंदंतितेकमलनाभभवापवर्गमाशासतेयदितआशिषईशनान्ये ॥४॥ तद्देवदेवभवतश्चरणारविंदसेवानुभावमिहपश्यतुलोकएषः॥ येत्वांभजंतिनभजंत्युतवोभयेषांनिष्ठांप्रदर्शयविभोकुरुसृंजयानां॥५॥ नब्रह्मणःस्वपरभेदमतिस्तववस्यात्सर्वात्मनःसमदृशःस्वसुखानुभूतेः ॥ संसेवतांसुरतरोरिवतेप्रसादःसेवाऽनुरूपमुदयोनविपर्ययोऽत्र ॥६॥ श्रीभग०सम्यग्व्यवसितंराजन्भवताशत्रुकर्शनः॥ कल्याणीयेनतेकीर्तिर्लोकाननुभविष्यति॥७॥ऋषीणांपितृदेवानांसुहृदामपिनःप्रभो॥ सर्वेषामपिभूतानामीप्सितःक्रतुराडयं॥८॥विजित्यनृपतीन्सर्वान्कृत्वाचजगतींवशे॥ संभृत्यसर्वसंभारानाहरस्वमहाक्रतुं॥९॥एतेतेभ्रातरोराजन्लोकपालांशसंभवाः॥ जितोस्म्यात्मवतातेऽहंदुर्जयोयोऽकृतात्मभिः ॥१०॥ नकश्चिन्मत्परंलोकेतेजसायशसाश्रिया॥ विभूतिभिर्वाऽभिभवेद्देवोऽ

મોટા યજ્ઞવડે; આપની પવિત્ર વિભૂતિઓનું પૂજન કરવાને, હું ઇચ્છું છું; માટે આપ સમર્થ મારૂં એટલું કામ પાર પાડી આપો. ॥ ૩ ॥ હે કમળનાભ ઇશ્વર, પાપને મટાડનાર આપના ચરણનું સેવન–ધ્યાન–અને વર્ણન કરવાવડેજ; શુદ્ધ થયેલા લોકો, મોક્ષને; તથા જો સંસારીક સુખોની ઇચ્છા હોય તો, તેને પણ પામે છે; પણ બીજા કશાથી તે પામી શકાતું નથી. ॥૪॥ એટલા માટે હે દેવના દેવ, અહીંયાં આપને ભજનારા–નહીં ભજનારા–અને ભજવાની કે નહીં ભજવાની નિષ્ઠા વિનાના; એવા જણાતા, આ કુરૂ તથા સંજય કુળ વાળાઓને; આપના ચરણારવિંદની સેવાનો પ્રભાવ, એ યજ્ઞ કરાવીનેજ; આપ સમર્થ દેખાડો. ॥૫॥ આપ પરબ્રહ્મ–સર્વના આત્મા–સમદ્રષ્ટિવાન–અને આત્મ સુખને અનુભવનારાને વિશે, સ્વ અને પરના ભેદની બુદ્ધિ એટલે આ મારો તથા આ પારકો, એવી ભેદદ્રષ્ટિનો છેજ નહીં; છતાં પણ કલ્પવૃક્ષની માફક, સેવન કરનારાઓને; સેવાના પ્રમાણમાંજ, આપની પ્રસન્નતાનો લાભ, મળી શકે છે; તે કાંઇ વિરૂદ્ધપણું કહેવાય નહીં. ॥૬॥—શ્રીભગવાન—હે શત્રુનો નાશ કરનાર સમર્થ રાજા, જે થકી તમારી પવિત્ર કીર્તિ લોકમાં પ્રસરે, એવો; અને ઋષિ–પિતૃ–દેવતા—તથા આપણા સંબંધીઓ–અને સર્વ પ્રાણી માત્ર, એ સર્વને, પ્રિય એવો; આ મોટો યજ્ઞ કરવાનો વિચાર, તમે બહુ સારો કર્યો છે. ॥૭–૮॥ માટે સર્વ રાજાઓને જીતી, પૃથ્વીને વશમાં લાવો;અને સઘળી જાતના, યજ્ઞને ઉપયોગી પદાર્થો ભેગા કરી; એ મોટો યજ્ઞ સિદ્ધ કરો. ॥૯॥ હે રાજા, લોકપાળના અંશોથકી ઉત્પન્ન થયેલા, અને ઇંદ્રિયજીત આ તમારા ભાઇઓએ; ઇંદ્રિયોને વશમાં નહીં રાખનારા, બીજાઓથકી ન જીતાઉં; એવા મને જીતી લીધેલો છે. ॥૧૦॥ અને એ મારામાંજ મન રાખનારાઓનો પરાભવ તો, લોક માત્રને વિશે, તેજવડે–યશ વડે–લક્ષ્મીવડે–અને વિભૂતિઓવડે; દેવતાઓ આદિક પણ, કરી શકે; એમ નથીજ. ॥૧૧॥–શ્રીશુક–ભગવાનનું એ કહેવું સાંભળવાથી રાજી થયેલા, યુધિષ્ઠિર રાજાનું મુખકમળ, તેથી પ્રફુલ્લિત થયું; અને વિષ્ણુના તેજથકી વધી ગયેલા પોતાના ભાઇઓને, તેમણે દિગ્વિજય કરવાને માટે, મોકલ્યા. ॥૧૨॥ સંજયો

સહિત સહદેવ દક્ષિણ દિશામાં જવાની; કેકય સહિત નકુળને પશ્ચિમમાં જવાની; મદ્ર સહિત અર્જુનને ઉત્તર દિશાએ જવાની; અને મત્સ્ય દેશના ક્ષત્રીઓ સહિત ભીમસેનને પૂર્વ દિશામાં જવાની; તેમણે આજ્ઞાઓ આપી. ॥૧૩॥ હે રાજા, પછી એ વીર પુરુષોએ, તે તે દિશાઓના રાજાઓને જીતીને; બળવડે, તેઓની પાસેથી, બહુ દ્રવ્ય; યજ્ઞ કરવાને ઇચ્છતા અજાતશત્રુ રાજાની પાસે, લાવીને રજુ કર્યું. ॥૧૪॥ પણ જરાસંધને અજિત સાંભળીને, રાજાએ તે બાબત હરિ ભગવાનને પૂછવાથી, ઉદ્ધવ પ્રથમ કહ્યા પ્રમાણે; તેમણે યુધિષ્ઠિરને કહી સંભળાવ્યું. ॥૧૫॥ અને હે તાત, તે પછી જ્યાં જરાસંધ હતો, તે ગિરિવ્રજ નામના કિલ્લામાં; ભીમસેન–અર્જુન–અને કૃષ્ણ, ત્રણે જણ બ્રાહ્મણોનો વેશ કરીને; ગયા. ॥૧૬॥ તથા એ બ્રાહ્મણો બનેલા ક્ષત્રીઓએ; એ બ્રાહ્મણોને માનનાર, તથા ઘરમાં રહીને ગૃહસ્થના ધર્મનું આચરણ કરનાર, જરાસંધ-ની પાસે જઇને; અતિથિઓનો સત્કાર કરવાની વેળાએ, તેની પાસે યાચના કરીકે. ॥૧૭॥ "હે રાજા, માગવાની ઇચ્છાથી દૂરથી આવેલા અમને અતિથિ જાણો; અને તમારા પોતાના ભલા સારૂંજ, તમારાથકી અમે જે ઇચ્છીએ; તે, અમને આપો. ॥ ૧૮ ॥ કારણ, સહનશીલ પુરુષોને ન ખમી શકાય, એવું કાંઇજ હોતું નથી. અસાધુ પુરુષોને ન કરવાનું, કાંઇજ હોતું નથી; દાતાર પુરુષોને ન દેવા લાયક, કશું હોતું નથી; અને સમદર્શી પુરુષોને, કોઇજ પરાયો હોતો નથી. ॥૧૯॥ વળી જે પુરુષ પોતે શક્તિમાન હોતા છતાં, સત્પુરુષોએ ગાવા યોગ્ય અચળ યશને; આ અનિત્ય શરીરવડે, મેળવી શકતો નથી; તે પુરુષ, સર્વ લોકે નિંદા કરવાને લાયક, તથા શોક કરવાને યોગ્ય માત્ર છે. ॥૨૦॥ અને હરિશ્ચંદ્ર–રંતિદેવ–ઉંછવૃત્તિ–શિબિ–બળી–પારધી–હોલો–અને બીજા પણ, ઘણાઓ; આ નાશવંત શરીર વડેજ; અવિચળ પદને પામી ગયેલા છે."

पिकिमुपार्थिवः ॥११॥ श्रीशुक०निशम्यभगवद्गीतंप्रीतःफुल्लमुखांबुजः॥ भ्रातॄन्दिग्विजयेऽयुंक्तविष्णुतेजोपबृंहितान् ॥१२॥ सहदेवंदक्षिणस्यामादिशत्सहसृंजयैः ॥ दिशिप्रतीच्यांनकुलमुदीच्यांसव्यसाचिनं॥ प्राच्यांवृकोदरंमत्स्यैःकैकयैःसहमद्रकैः॥१३॥ तेविजित्यनृपान्वीराआजन्हुर्दिग्भ्यओजसा॥अजातशत्रवेभूरिद्रविणंनृपयक्ष्यते ॥१४॥ श्रुत्वाऽजितंजरासंधंनृपतेर्ध्यायतोहरिः ॥आहोपायंतमेवाद्यउद्धवोयमुवाचह॥१५॥ भीमसेनोऽर्जुनःकृष्णोब्रह्मलिंगधरास्त्रयः ॥ जग्मुर्गिरिव्रजंतातबृहद्रथसुतोयतः॥१६॥ तेगत्वातिथ्यवेलायांगृहेषुगृहमेधिनं॥ ब्रह्मण्यंसमयाचेरन्राजन्याब्रह्मलिंगिनः ॥१७॥ राजन्विद्ध्यतिथीन्प्राप्तानर्थिनोदूरमागतान् ॥ तन्नःप्रयच्छभद्रंतेयद्वयंकामयामहे॥१८ किंदुर्मर्षंतितिक्षूणांकिमकार्यमसाधुभिः ॥ किंनदेयंवदान्यानांकःपरःसमदर्शिनां॥१९॥ योऽनित्येनशरीरेणसतांगेयंयशोध्रुवं॥ नाचिनोतिस्वयंकल्पःसवाच्यःशोच्यएवसः॥२०॥ हरिश्चंद्रोरंतिदेवउंछवृत्तिःशिबिर्बलिः॥ व्याधःकपोतोबहवोह्यध्रुवेणध्रुवंगताः॥२१॥ श्रीशुक०स्वरैराकृतिभिस्तांस्तुप्रकोष्ठैर्ज्याहतैरपि ॥ राजन्यबंधून्विज्ञायदृष्टपूर्वानचिंतयत् ॥२२॥ राजन्यबंधवोह्येतेब्रह्मलिंगानिबिभ्रति ॥ ददामिभिक्षितंतेभ्यआत्मानमपिदुस्त्यजं॥२३॥ बलेर्नुश्रूयतेकीर्तिर्विततादिक्ष्वकल्मषा॥ ऐश्वर्याद्भ्रंशितस्यापिविप्रव्याजेनविष्णुना ॥२४॥ श्रियंजिहीर्षतेंद्रस्यविष्णवेद्विजरूपिणे ॥ जानन्नपिमहींप्रादाद्वार्यमाणोपिदैत्यराट् ॥२५॥ जीवताब्राह्मणार्थायकोन्वर्थःक्षत्रबंधुना ॥ देहेनपतमानेननेहताविपुलंयशः॥२६॥ इत्युदारमतिःप्राहकृष्णार्जुनवृकोदरान् ॥ हेविप्राव्रियतांकामोददाम्यात्मशिरोऽपिवः ॥२७॥ श्रीभाग०युद्धंनोदेहिराजेंद्रद्वंद्वशोयदिमन्यसे ॥ युद्धार्थिनोवयंप्राप्ताराजन्यानान्नकांक्षिणः॥२८॥ असौवृकोदरःपार्थस्तस्यभ्राताऽर्जुनोह्ययं ॥ अनयोर्मातुलेयंमांकृष्णंजानीहितेरिपुं ॥२९॥ एवमावेदितोराजाजहासोच्चैःस्ममागधः ॥ आहचामर्षितोमंदायुद्धंतर्हिददामिवः ॥३०॥ नत्वयाभीरुणायोत्स्येयुधिविक्लवचेतसा ॥ मथुरांस्वपुरींत्यक्त्वासमुद्रंशरणंगतः ॥३१॥अयंतुवयसातुल्योनातिसत्त्वोनमेसमः ॥ अर्जुनोनभवेद्योद्धाभीमस्तुल्यबलोमम ॥३२॥ इत्युक्त्वाभीमसेनायप्रादायमहतींगदां ॥ द्वितीयांस्वयमादायनिर्जगामपुराद्बहिः ॥३३॥ ततःसमेखलेवीरौसंयुक्तावित

॥૨૧॥ તેમના સ્વર–આકૃતિ–અને ધનુષ્યની પણચ ખેંચવાને લીધે, હાથ ઉપર પડેલાં નિશાન–એ સઘળા ઉપરથી, તેમને ક્ષત્રીઓ જાણીને; તથા પૂર્વે જોયેલા લાગવાથી, તેણે વિચાર્યું કે; ॥૨૨॥ આ લોકો ક્ષત્રી હોવા છતાં, બ્રાહ્મણના વેશથી, આવેલા છે; છતાં, ન તજી શકાય એવું; મારૂં પોતાનું શરીર પણ, હું એ ભીખ માગનારાઓને; આપીશ ॥૨૩॥ કેમકે બ્રાહ્મણના વેશથી, વિષ્ણુએ બલીરાજાને ઐશ્વર્યથકી ભ્રષ્ટ કર્યા છતાં; એ પાપ રહિત બળી રાજાની, દિશાઓમાં ફેલાયલી કીર્તિ; પાછળથી પણ રહેલીજ, સંભળાય છે. ॥ ૨૪ ॥ એ દૈત્યોના રાજાએ, ઇંદ્રને રાજ્યલક્ષ્મી લેઇ આપવાની ઇચ્છા વાળા; બ્રાહ્મણનો વેશ લીધેલા, વિષ્ણુને જાણ્યા છતાં; અને તેને એના ગુરૂ શુક્રાચાર્યે, વાર્યા છતાં; તેમને પૃથ્વીનું દાન આપ્યું હતુંજ. ॥ ૨૫ ॥ જો જીવતો ક્ષત્રી, આ, પડી જનાર દેહ થકી; બ્રાહ્મણનું કાર્ય સંપાદન કરી આપવાવડે, મોટા યશને મેળવે નહીં; તો પછી તે દેહ તેને પાછળથી, શું કામ આવવાનો છે.? ॥૨૬॥ એ રીતની ઉદાર બુદ્ધિ થકી તેણે, કૃષ્ણ–અર્જુન–અને વૃકોદરને, કહ્યું કે: "હે બ્રાહ્મણો તમે તમારૂં ઇચ્છેલું માગીલ્યો, હું તમને મારૂં પોતાનું માથું પણ આપી શકીશ." ॥૨૭॥–શ્રીભગવાન–હે મોટા રાજા, જો તમારી ઇચ્છા હોય તો; અમને દ્વંદ્વ યુદ્ધ આપો. અમે અન્નની ઇચ્છાવાળા નથી; પણ યુદ્ધની ઇચ્છાથી, આવેલા ક્ષત્રીઓ છીએ. ॥૨૮॥ આ પૃથાનો પુત્ર વૃકોદર છે, આ બીજો તેનો ભાઇ અર્જુન છે; અને ત્રીજો હું તેમના મામાનો દીકરો, તથા તમારો શત્રુ, કૃષ્ણ છું; એમ જાણો. ॥૨૯॥–શ્રીશુક–એ પ્રમાણે જણાવવાથી જરાસંધ રાજા, મોટે સાદે હસ્યો; અને ક્રોધથી બોલ્યો કે; "હે મંદ પુરુષો, ત્યારે તો તમને હું યુદ્ધજ આપુંછું ॥૩૦॥ તું કે જે, યુદ્ધને વિષે વિકળ ચીત્તવાળો, અને બીહીકણ છે; તથા પોતાની મથુરાંપુરી તજીને, સમુદ્રને શરણે ગયેલો છે; તેની સાથે તો હું યુદ્ધ નહીંજ કરૂં. ॥૩૧॥ અને આ અર્જુન અતિ બળવાન ન હોવાથી, તથા ઉમરે પણ, મારા જેવડો ન હોવાથી; તે મારી સાથે યુદ્ધ કરનાર, વડિઓ થઇ શકે નહીં; તેથી સમાન

બળવાળો, આ ભીમસેનજ; મારી સાથે લડવાને યોગ્ય છે. ॥૩૨॥ એમ કહીને, તેણે એક મોટી ગદા, ભીમસેનને લાવી આપી; તથા બીજી પોતે લેઈને; તેઓ, નગર થકી બહાર નીકળ્યા. ॥૩૩॥ પછી એ બંને સમાન વીર પુરુષોનું યુદ્ધ, રણભૂમિમાં થતાં; યુદ્ધને વિશે તેઓ મદોન્મત્ત બનીને, એક બીજાને એ વજ્ર જેવી ગદાઓવડે; મારવા લાગ્યા. ॥૩૪॥ અને અખાડામાં રમતા મલ્લોની પેઠે, વિચિત્ર પ્રકારે ડાબાં જમણાં મંડળ ફરતા; એ બે જણા યુદ્ધમાં શોભવા લાગ્યા.॥૩૫॥ ત્યારે તેઓએ નંખાતી ગદાઓના પ્રહારોનો, વજ્ર જેવો શબ્દ; લડતા હાથીઓના દંતુશળોવડે થતા ચટાચટ શબ્દના સરખો, થવા લાગ્યો. ॥૩૬॥ અને ક્રોધે ભરાઇ લડતા બે હાથીઓની પેઠે, યુદ્ધ કરતા તે બંન્ને જણાઓએ; હાથમાંથી વેગ સહિત નાંખેલી ગદાઓ થકી, એક બીજાના ખભા–કેડો–પગ–હાથ–સાથળો અને હાંસડીઓ આકડાની ડાળીઓની પેઠે, ભાગીને ભૂકો થઇ જવા લાગી. ॥૩૭॥ એ રીતે ગદાઓવડે લડતા એ બે વીર પુરુષો, પછીથી ક્રોધે ભરાઇને; પોતાની લોઢા સરખા સ્પર્શવાળી મુઠીઓ વડે; એક બીજાને મારવા લાગ્યાથી; તેમના હાથનાં તળાંઓનો, વજ્રના પ્રહાર સરખો કઠોર શબ્દ થવા લાગીને; તેવડે તેમનાં અંગોનો ભૂકો થઇ જવા લાગ્યો.॥૩૮॥ હે રાજન, એમ તેઓ એક બીજાને મારતા, સમાન અભ્યાસ–બળ–અને ધૈર્યવાળાઓનું યુદ્ધ, એ બંનેમાંથી કોઇનો વેગ કમી ન થતાં; સરખી રીતે થવા લાગ્યું. ॥૩૯॥ હે પરીક્ષિત, રાત્રે સુહૃદની પેઠે ભેગા રહેતા, એ બંને જણાઓને યુદ્ધ કરતાં; સત્તાવિશ દિવસ વીતી ગયા. ૪૦॥ ત્યારે એક સમયે, વૃકોદરે પોતાના મામાના દીકરા કૃષ્ણને, કહ્યું કે: "હે માધવ, યુદ્ધમાં જરાસંધનો પરાજય કરવાને, હું શક્તિમાન થતો નથી." ॥૪૧॥ ત્યારે શત્રુનો જન્મ કેવી રીતે થયો છે.અને મરણ કેવી રીતે થનાર છે; તથા જરા નામની રાક્ષસીએ તેને કેવી રીતે જીવાડ્યો હતો; એ સર્વને જાણનારા હરિ ભગવાને, ભીમસેનને પોતાના તેજવડે વૃદ્ધિ પમાડ્યો. અને તે અમોઘ જ્ઞાનવાળા ભગવાને; ઝાડની ડાળી ચીરી બતાવીને; તે સંજ્ઞાથી ભીમસેનને, શત્રુના વધનો ઉપાય સમજાવ્યો. ॥૪૨–૪૩॥ તેથી

रेतरौ ॥ जघ्नतुर्वज्रकल्पाभ्यांगदाभ्यांरणदुर्मदौ ॥३४॥ मंडलानिविचित्राणिसव्यंदक्षिणमेवच॥चरतोःशुशुभेयुद्धंनटयोरिवरंगिणोः॥३५॥
ततश्चटचटाशब्दोवज्रनिष्पेषसन्निभः ॥ गदयोःक्षिप्तयोराजन्दंतयोरिवदंतिनोः ॥३६॥ तेवैगदेभुजजवेननिपात्यमानेअन्योऽन्यतोंऽसक
टिपादकरोरुजत्रून् ॥ चुर्णीबभूवतुरुपेत्ययथार्कशाखेसंयुध्यतोर्द्विरदयोरिवदीप्तमन्य्वोः ३७॥ इत्थंतयोःप्रहतयोर्गदयोर्नृवीरौक्रुद्धौस्वमुष्टि
भिरयःस्पर्शैरपिष्टां॥ शब्दस्तयोःप्रहरतोरिभयोरिवासीन्निर्घातवज्रपरुषस्तलताडनोत्थः ॥३८॥ तयोरेवंप्रहरतोःसमशिक्षाबलौजसोः ॥
निर्विशेषमभूद्युद्धमक्षीणजवयोर्नृप ॥३९॥ एवंतयोर्महाराजयुध्यतोःसप्तविंशतिः ॥ दिनानिनिरगंस्तत्रसुहृद्वन्निशितिष्ठतोः ॥४०॥ एक
दामातुलेयंवैप्राहराजन्वृकोदरः ॥ नशक्तोऽहंजरासंधंनिर्जेतुंयुधिमाधव॥४१॥ शत्रोर्जन्ममृतीविद्वान्जीवितंचजराकृतं ॥ पार्थमाप्यायय
न्स्वेनतेजसाचिंतयद्धरिः ॥४२॥ संचिंत्यारिवधोपायंभीमस्यामोघदर्शनः॥ दर्शयामासविटपंपाटयन्निवसंज्ञया॥४३॥ तद्विज्ञायमहासत्वो
भीमःप्रहरतांवरः॥ गृहीत्वापादयोःशत्रुंपातयामासभूतले॥४४॥ एकंपादंपदाक्रम्यदोर्भ्यामन्यंप्रगृह्यसः ॥ गुदतःपाटयामासशाखामिवम
हागजः॥४५॥ एकपादोरुवृषणकटिपृष्ठस्तनांसके ॥ एकबाह्वक्षिभ्रूकर्णेशकलेददृशुःप्रजाः ॥४६॥ हाहाकारोमहानासीन्निहतेमगधेश्वरे ॥
पूजयामासतुर्भीमंपरिरभ्यजयाच्युतौ ॥४७॥ सहदेवंतत्तनयंभगवान्भूतभावनः॥ अभ्यषिंचदमेयात्मामगधानांपतिंप्रभुः॥ मोचयामास
राजन्यान्संरुद्धामागधेनये॥४८॥ इ०भा०म०द०उ०जरासंधवधोनामद्विसप्ततितमोऽध्यायः ॥७२॥ श्रीशुक०अयुतेद्वेशतान्यष्टौलीलया
युधिनिर्जिताः॥ तेनिर्गतागिरिद्रोण्यांमलिनामलवाससः ॥१॥ क्षुत्क्षामाःशुष्कवदनाःसंरोधपरिकर्शिताः ॥ ददृशुस्तेघनश्यामंपीतकौशेय
वाससं॥२॥ श्रीवत्सांकंचतुर्बाहुंपद्मगर्भारुणेक्षणं॥ चारुप्रसन्नवदनंस्फुरन्मकरकुंडलं॥३॥ पद्महस्तंगदाशंखरथांगैरुपलक्षितं ॥ किरीटहार
कटककटिसूत्रांगदार्चितं ॥४॥ भ्राजद्वरमणिग्रीवंनिवीतंवनमालया॥ पिबंतइवचक्षुर्भ्यांलिहंतइवजिह्वया॥५॥ जिघ्रंत वनासाभ्यांरंभंत

જાણી ગયેલા, એ માર દેનારાઓમાં શ્રેષ્ઠ મહા બળવાન ભીમસેને; શત્રુને પગવડે ઝાલીને, ધરતી ઉપર પછાડ્યો. ॥ ૪૪ ॥ અને તેનો એક પગ, પોતે તેના ઉપર ઉભારહી દબાવી રાખીને; બે હાથવડે, બીજો પગ પકડી મોટો હાથી ઝાડની મોટી ડાળને, ચીરે; તેમ, તેણે તેને ગુદા થકી, ચીરી નાંખ્યો. ॥૪૫॥ ત્યારે લોકોએ તેનાં બે ફાડીયાં થયેલાં, એકેકી; આંખ–પગ–સાથળ–પેળિઓ–કેડ–વરડો–ધાઇ–ખભો–હાથ–ભમર–તથા કાન વાળાં જોયાં. ॥૪૬॥ એ રીતે મગધ દેશનો રાજા જરાસંધ મરાવાથી, ત્યાંના લોકોમાં મોટો હાહાકાર થયો; અને અર્જુને તથા અચ્યુત ભગવાને, ભીમસેનને, ભેટીને; તેનો સત્કાર કર્યો. ॥૪૭॥ પછી એ પ્રાણી માત્રનું પાલન કરનારા, અને અપ્રમેય શક્તિવાળા સમર્થ ભગવાને; જરાસંધના દીકરા સહદેવને, અભિષેક કરીને તેને મગધ દેશનો રાજા કર્યો; અને જરાસંધે કેદ રાખેલા રાજાઓને છોડાવ્યા. ॥ ૪૮ ॥ ઇતિશ્રી૦ ભા૦ દશમ સ્કંધનો બોહોતેરમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૭૨ ॥

અધ્યાય ૭૩ મો.—શ્રીશુક—પછી યુદ્ધને વિશે રમતની પેઠે જરાસંધે જીતેલા વીસ હજારને આઠસે, મેલાં લુગડાં વાળા–ભૂખથી દુબળા થયેલા–કરમાયલાં મોઢાં વાળા–અને કેદમાં રહેવાથી કષ્ટ પામેલા; રાજાઓએ પર્વતની ગુફામાંથી નીકળીને, એ ઘનશ્યામ–પીળાં રેશમી વસ્ત્ર પહેરેલા–શ્રીવત્સના ચિન્હવાળા–ચાર હાથ વાળા–કમળના ગરભ જેવી રાતી આંખો વાળા–સુંદર પ્રસન્ન મુખવાળા–ચળકતાં મકરાકૃતિ કુંડળ પહેરેલા–હાથમાં કમળ, શંખ, ચક્ર અને ગદા ધારણ કરેલા–મુકુટ, હાર, કડાં, કંદોરો, અને બાજુબંધ પહેરેલા–ગળામાંના ઉત્તમ મણિવડે શોભતા–અને વનમાળાથી વિંટાયલા ભગવાનને દેખવાથી, તેમનાં પાપ નાશ પામી જઇને; તે સઘળાઓ જાણે, આંખો વડે પીતા હોય–જીભથી ચાટતા હોય–નાકથી સુંઘતા હોય–અને હાથથકી ભેટતા હોય,–એમ હરિ ભગવાનના ચરણમાં માથાં મૂકીને; તેમને પગે લાગ્યા. ॥૧–૨–૩–૪–૫–૬॥ અને કૃષ્ણના દર્શનના આનંદ થકી, કેદખાનાના દુઃખને વિસરી ગયેલા, તે રાજાઓ; એ હૃષીકેશ ભગવાનની સામે હાથ જોડીને, વાણી વડે; સ્તુતિ કરવા લાગ્યા કે. ॥ ૭ ॥ રાજાઓ–હે ભગવાન, દેવતાઓના ઇશ્વર–શરણાગતોના દુઃખને મટાડનારા–અને અવ્યય–એવા આપને અમે નમીએ છીએ. હે

ત્મ્યુ, ભયંકર સંસાર થકી, વૈરાગ્ય પામીને આપને શરણે આવેલા; અમ લોકોનું આપ રક્ષણ કરો. ॥૮॥ હે સમર્થ નાથ, અમે એ જરાસંધના ઉપર દ્વેષ મુકતા નથી. કારણ તેના પ્રતાપ થકીજ, અમે (રાજાઓ) પોત પોતાના રાજ્ય થકી ભ્રષ્ટ થયા; છેવટે આપ મધુસૂદન ભગવાનનો, અમારા ઉપર અનુગ્રહ પણ થયેલો છે. ॥ ૯ ॥ રાજ્યના અને ઐશ્વર્યના મદ થકી છકેલા રાજાઓ, કલ્યાણને પામનારજ નથી; અને આપની સર્વકાળ રેહેનારી માયા થકી મોહ પામીને, સંપત્તિઓને અચળ માને છે. ॥ ૧૦ ॥ જેમ અજ્ઞાનીઓ ઝાંઝવાનાં જળ જેવાં દેખાવને, જળાશય માને છે; તે રીતે એ અવિવેકી લોક, એ વિકાર પામનારી માયાનેજ, વસ્તુ રૂપ એટલે સત્ય માને છે. ॥ ૧૧ ॥ હે પ્રભુ, અમે પણ પૂર્વે એક બીજાનો દ્વેષ કરવામાં; અને મદોન્મત્ત થઈને, અતિ નિર્દયપણાથી, પોતાની પ્રજાઓનો નાશ કરવામાં; સામે ચાલ્યા આપના મૃત્યુને પણ ગણકારતા નહોતા. ॥૧૨॥ એજ અમેજ, હે કૃષ્ણ, ગંભીર વેગવાળા–આપના પરાક્રમવાળા અને આપના શરીર રૂપ-કાળે; લક્ષ્મી થકી ભ્રષ્ટ કરી નાખ્યાથી; હાલ આપની કૃપાવડે, ગર્વ રહિત બનીને; આપના ચરણનું સ્મરણ કરીએ છીએ. ॥ ૧૩ ॥ હે સમર્થ, આ રોગોના સ્થાનક, અને સર્વદા પડીજનાર શરીર થકી; ભોગવવાના મૃગજળ સમાન રાજ્યને, અથવા મૂઆ પછી ભોગવવાના કર્મફળ રૂપ સ્વર્ગાદિક; કે જે માત્ર કાનને રૂચી કરનારજ છે, તેનને અમે ઇચ્છતાજ નથી. ॥૧૪॥ માટે જો કદી અમો, કદાચ અહીંયા જન્મ મરણ પામ્યા કરીએ, તો પણ આપના ચરણ કમળનું સ્મરણ અમને ભુલાય નહીં; એવો ઉપાય અમને આપજ બતાવો. ॥૧૫॥ આપ કૃષ્ણ–વાસુદેવ–હરિ–પરમાત્મા–ગોવિંદ–અને શરણ થનારાઓના ક્લેશોને મટાડનારા, ભગવાનને; અમો નમીએ છીએ. ॥૧૬॥—શ્રીશુક—ત્યારે એ બંધનમુક્ત થયેલા રાજાઓએ સ્તુતિ

इववाहुभिः ॥ प्रणेमुर्हतपाप्मानोमूर्धभिःपादयोर्हरेः ॥६॥ कृष्णसंदर्शनाल्हादध्वस्तसंरोधनक्लमाः ॥ प्रशशंसुर्हृषीकेशंगीर्भिःप्रांजलयोनृपाः ॥७॥राजान० नमस्तेदेवदेवेशप्रपन्नार्तिहराव्यय ॥ प्रपन्नान्पाहिनःकृष्णनिर्विण्णान्घोरसंसृतेः ॥८॥ नैनंनाथानुसूयामोमागधंमधुसूदन॥ अनुग्रहोयद्भवतोराज्ञांराज्यच्युतिर्विभो ॥९॥ राज्यैश्वर्यमदोन्नद्धोनश्रेयोविंदतेनृपः ॥ त्वन्मायामोहितोनित्यामन्यतेसंपदोऽचलाः ॥१०॥ मृगतृष्णांयथाबालामन्यंतउदकाशयं ॥ एवंवैकारिकींमायामयुक्तावस्तुचक्षते॥११॥ वयंपुराश्रीमदनष्टदृष्टयोजिगीषयास्याइतरेतरस्पृधः॥ घ्नंतःप्रजाःस्वाअतिनिर्घृणाःप्रभोमृत्युंपुरस्त्वाविगणय्यदुर्मदाः ॥१२॥ तएव[illegible]ष्णाद्यगभीररंहसादुरंतवीर्येणविचालिताःश्रियः ॥ कालेनतन्वाभवतोनुकंपयाविनष्टदर्पाश्चरणौस्मरामते ॥१३॥ अथोनराज्यंमृगतृष्णिरूपितंदेहेनशश्वत्पततारुजांभुवा ॥ उपासितव्यंस्पृहयामहेवि[illegible]लंप्रेत्यचकर्णरोचनं ॥१४॥ तंनःसमादिशोपायंयेनतेचरणाब्जयोः ॥ स्मृतिर्यथानविरमेदपिसंसरतामिह ॥१५॥ कृष्णायवासुदेवायहरयेपरमात्मने ॥ प्रणत[illegible]शनाशायगोविंदायनमोनमः ॥१६॥श्रीशुक० संस्तूयमानोभगवान्राजभिर्मुक्तबंधनैः ॥ तानाहकरुणस्तातशरण्यःश्लक्ष्णयागिरा ॥१७॥ श्रीभग० अद्यप्रभृतिवोभूपामय्यात्मन्यखिलेश्वरे ॥ सु[illegible]ढाजायतेभक्तिर्बाढमाशंसितंतथा ॥१८॥ दिष्ट्याव्यवसितंभूपाभवंतऋतभाषिणः॥ श्रियैश्वर्यमदोन्नाहंपश्यउन्मादकंनृणां ॥१९॥ हैहयोनहुषोवेनोरावणोनरकोपरे ॥ श्रीमदाद्भ्रंशिताःस्थानाद्देवदैत्यनरेश्वराः॥२०॥ भवंतएतद्विज्ञायदेहाद्युत्पाद्यंतवत् ॥ मांयजंतोऽध्वरैर्युक्ताःप्रजाधर्मेणरक्षथ ॥२१॥ संतन्वंतःप्रजातंतून्सुखंदुःखंभवाभवौ ॥ प्राप्तंप्राप्तंचसेवंतोमच्चित्ताविचरिष्यथ ॥२२॥ उदासीनाश्चदेहादावात्मारामाधृतव्रताः॥ मय्यावेश्यमनःसम्यङ्मामंते[illegible]थ ॥२३॥ श्रीशुक० इत्यादिश्यनृपान्कृष्णोभगवान्भुवनेश्वरः॥ तेषांन्ययुंक्तपुरुषान्स्त्रियोमज्जनकर्मणि ॥२४॥ सपर्यांकारयामाससहदेवेनभारत ॥ नरदेवोचितैर्वस्त्रैर्भूषणैःस्रग्विलेपनैः ॥२५॥ भोजयित्वावरान्नेनसुस्नातान्समलंकृतान् ॥ भोगैश्चविविधैर्युक्तांस्तांबूलाद्यैर्नृपोचितैः ॥२६॥ तेपूजितामुकुंदेनराजानो[illegible]कुंडलाः ॥ विरेजुर्मोचिताःक्लेशात्प्रावृडंतेयथाग्रहाः ॥२७॥ रथान्सदश्वानारोप्यमणिकांचनभूषितान्

કરેલા–અને શરણ થવાને યોગ્ય, દયાળુ ભગવાને; સુંદર વાણીવડે, તેમને કહ્યું કે. ॥૧૭॥—શ્રી ભગવાન— હે રાજાઓ, તમે જે રીતે કહોછો; તેવીજ અત્યંત દૃઢ ભક્તિ–તમોને હમણાંથીજ, હું સર્વના અખિલ અને ઇશ્વરને વિશે; ઉત્પન્ન થશે. ॥૧૮॥ હે સત્યવાદી રાજાઓ, લક્ષ્મી અને ઐશ્વર્યના મદથકી થનારી મોટપણ; મનુષ્યોને ઉન્મત્તપણું આપનારી, જોવામાં આવે છે; માટે તમે કરેલો નિશ્ચય ઉત્તમ છે. ॥૧૯॥ સહસ્રાર્જુન–નહુષ–વેન–રાવણ–અને નરકાસુર–તથા બીજા; દેવ, દૈત્ય, અને મનુષ્યોના અધિપતિઓ પણ; લક્ષ્મીના મદવડેજ પોતાના સ્થાનથકી ભ્રષ્ટ થયેલા છે. ॥૨૦॥ એટલું જાણીને તમે, આ નાશવંત દેહ આદિકને પામીને; વિવેકથી યજ્ઞાદિક કરવાવડે, મારૂં પૂજન કરી; ધર્મવડે પ્રજાઓનું રક્ષણ કરજો. ॥ ૨૧ ॥ પ્રજાના તંતુને ચલાવતા રહજો. (એટલે પ્રથમથીજ ત્યાગી ન થતાં, છોકરાં ઉત્પન્ન કરીને; તે લાયક થયેથી, છેવટે વનમાં જજો; તથા છોકરાંઓ પણ તેમજ કરે, એવો તેમને ઉપદેશ આપજો.) અને સુખ દુઃખ, અગર જન્મ મરણ થવા રૂપ, સંસાર; કિંવા મોક્ષ; જે કાંઇ પ્રાપ્ત થાય, તેનું સેવન મારે વિશેજ મન રાખીને; કરતાથકા વિચરજો. ॥૨૨॥ તથા આત્મારામ અને નિયમો પાળનારા થઇને, દેહ આદિક પદાર્થોને વિશે ઉદાસીનપણાથી રેહેજો; અને મનને મારે વિશેજ સંપૂર્ણ રીતે પેસારજો; એટલે છેવટે તમે મારા બ્રહ્મ સ્વરૂપનેજ પામશો. ॥૨૩॥—શ્રીશુક—એ રીતે એ ત્રણે લોકના ઇશ્વર કૃષ્ણે, રાજાઓને ઉપદેશ આપીને; પછી તેમને નહવરાવવા વિગેરે સારૂ, પુરૂષો તથા સ્ત્રીઓને લગાડયાં. ॥૨૪॥ અને તે કેડે, તેઓને; રાજાને યોગ્ય વસ્ત્રો–ઘરેણાં–માળાઓ–અને ચંદન–વિગેરે અપાવીને; સહદેવ પાસે, તેમનું પૂજન કરાવ્યું. ॥૨૫॥ તથા સારી રીતે નાહીને ઘરેણાં પહેરી ઉત્તમ અન્ન જમેલા–અને રાજાને યોગ્ય એવાં તંબોળ આદિ લેઇને, અનેક પ્રકારનાં સુખો પામવા વડે; મુકુંદ ભગવાન થકી, સત્કાર પામેલા;–તે રાજાઓ સ્વચ્છ કુંડળો પેહેરીને, તથા ક્લેશો થકી મુક્ત થઇને; જેમ ચોમાસું પૂરૂં થયા પછી, તારાઓ શોભે; તેમ શોભવા લાગ્યા. ॥૨૬–૨૭॥

પછી તેમને ખાસ ઘોડા જોડેલા—અને મણી તથા સોના થકી શણગારેલા—રથો ઉપર બેસાડીને; સારાં તથા સુંદર વચનોવડે પ્રસન્ન કરી, પોતપોતાના દેશમાં મોકલી દીધા. ॥૨૮॥ એ પ્રમાણે પરમ મહાત્મા કૃષ્ણે દુખમાંથી છોડાવેલા તેઓ; જગતપતિ કૃષ્ણનું, અને તેમનાં કર્મોનુંજ, ધ્યાન કરતા ચાલ્યા ગયા. ॥૨૯॥ અને પોતાના દેશમાં ગયા કેડે, પોતાના કારભારી વિગેરે પ્રકૃતિઓને; તેમણે એ મહા પુરૂષ કૃષ્ણનાં કામો વિશે, કહી સંભળાવ્યું; અને જે રીતે ભગવાને ઉપદેશ આપ્યો હતો, તે રીતેજ આળસ તજીને, વર્તવા લાગ્યા. ॥૩૦॥ અહીંયાં કેશવ ભગવાન; એ રીતે ભીમસેનને હાથે, જરાસંધને મરાવીને; તથા તેના પુત્ર સહદેવ પાસેથી, પૂજન પામીને; પૃથાના એ બંને પુત્રો સહિત, ત્યાંથી પાછા વળ્યા. ॥ ૩૧ ॥ અને શત્રુને જીતીને આવનાર તેઓએ; ઇંદ્રપ્રસ્થની પાસે આવતાંજ, પોતાના સુહ્રદોને હર્ષ પમાડનાર, તથા ભૂંડું ઇચ્છનારાઓને, દુખ ઉપજાવનારો; શંખ નાદ કર્યો. ॥૩૨॥ એટલે તે સાંભળવાથી ઇંદ્રપ્રસ્થની વસ્તીના લોકોનાં મન, પ્રસન્ન થયાં; અને તેમણે જરાસંધ મરાયાનું, તથા યુધિષ્ઠિર રાજાનો મનોરથ પૂર્ણ થયેલાનુંજ; માન્યું. ॥ ૩૩ ॥ પછી ભીમ—અર્જુન—તથા જનાર્દન ભગવાને યુધિષ્ઠિર રાજાને, પ્રણામ કરીને; પોતે જે કામ કરી આવ્યા હતા, તે સઘળું શ્રવણ કરાવ્યું. ॥૩૪॥ત્યારે ધર્મ રાજાએ, એ કેશવ ભગવાને કરેલી, દયાને સાંભળીને; આનંદનાં આંસુ પાડ્યાં; અને પ્રેમવડે કાંઇપણ બોલી શક્યા નહી.॥૩૫॥ ભા૦ દ૦ સ્કં૦ કૃષ્ણ ગમન નામે તો૦ અ૦ સં૦ ॥૭૩॥

અધ્યાય. ૭૪ મો.—શ્રીશુક—એ રીતે જરાસંધનો વધ અને સમર્થ કૃષ્ણનો પ્રભાવ સાંભળ્યા પછી, પ્રસન્ન થયેલા યુધિષ્ઠિરે તેમને કહ્યું કે. ॥ ૧ ॥—યુધિષ્ઠિર—જે સર્વ લોકના મોટા ઇશ્વરની આજ્ઞાને દુર્લભ માની, ત્રણે લોકના ગુરૂ સનકાદિક વિગેરે પણ, પોતાને માથે ચઢાવીને; તે પ્રમાણેજ વર્તે છે. ॥ ૨ ॥ તે

॥ प्रीणय्यसूनृतैर्वाक्यैःस्वदेशान्प्रत्ययापयत् ॥२८॥ तएवंमोचिताःकृच्छ्रात्कृष्णेनसुमहात्मना ॥ ययुस्तमेवध्यायंतःकृतानिचजगत्पतेः॥ ॥२९॥जगदुःप्रकृतिभ्यस्तेमहापुरुषचेष्टितं॥ यथाऽन्वशासद्भगवांस्तथाचक्रुरतंद्रिताः॥३०॥ जरासंधंघातयित्वाभीमसेनेनकेशवः॥पार्थाभ्यांसंयुतःप्रायात्सहदेवेनपूजितः ॥३१॥ गत्वातेखांडवप्रस्थंशंखान्दध्मुर्जितारयः॥हर्षयंतःस्वसुहृदोदुर्हृदांचासुखावहाः ॥३२॥ तच्छ्रुत्वाप्रीतमनसइंद्रप्रस्थनिवासिनः॥मेनिरेमागधंशांतंराजाचाप्तमनोरथः॥३३॥अभिवंद्याथराजानंभीमार्जुनजनार्दनाः॥सर्वमाश्रावयांचक्रुरात्मनायदनुष्ठितं॥३४॥ निशम्यधर्मराजस्तत्केशवेनानुकंपितं॥आनंदाश्रुकलांमुंचन्प्रेम्णानोवाचकिंचन३५इ.भा.म.द.उ.त्रिसप्ततितमोअ.७३ श्रीशुक०एवंयुधिष्ठिरोराजाजरासंधवधंविभोः ॥ कृष्णस्यचानुभावंतंश्रुत्वाप्रीतस्तमब्रवीत् ॥१॥ युधिष्ठिर०येस्युस्त्रैलोक्यगुरवःसर्वेलोकमहेश्वराः ॥ वहंतिदुर्लभंलब्ध्वाशिरसैवानुशासनं ॥२॥ स[illegible]वैंदाक्षोर्द[illegible]शमानिनां॥धत्तेऽनुशासनंभूमंस्तदत्यंतविडंबनं॥३॥ नह्येकस्याद्वितीयस्यब्रह्मणःपरमात्मनः ॥ कर्मभिर्वर्धतेतेजोन्हसतेचयथारवेः॥४॥ नवैतेऽजितभ[illegible]माहमितिमाधव ॥ त्वंतवेतिचनानाधीःपशूनामिववैकृता ॥५॥ श्रीशुक० त्युक्त्वायाज्ञियेकालेवव्रेयुक्तान्सऋत्विजः ॥ कृष्णानुमोदितःपार्थोब्राह्मणान्ब्रह्मवादिनः ॥६॥ द्वैपायनोभरद्वाजःसुमंतुर्गौतमोऽसितः ॥ वसिष्ठश्च्यवनःकण्वोमैत्रेयःकवषस्त्रितः ॥७॥ विश्वामित्रोवामदेवःसुमतिर्जैमिनिःक्रतुः ॥ पैलःपराशरोगर्गोवैशंपायनएवच ॥८॥ अथर्वाकश्यपोधौम्योरामोभार्गवआसुरिः ॥ वीतिहोत्रोमधुछंदावीरसेनोऽकृतव्रणः ॥९॥ उपहूतास्तथाचान्येद्रोणभीष्मकृपादयः ॥ धृतराष्ट्रःसहसुतोविदुरश्चमहामतिः ॥१०॥ब्राह्मणाःक्षत्रियावैश्याःशूद्रायज्ञदिदृक्षवः ॥ तत्रेयुःसर्वराजानोराज्ञांप्रकृतयोनृप ॥११॥ ततस्तेदेवयजनंब्राह्मणाःस्वर्णलांगलैः ॥ कृष्ट्वातत्रयथाम्नायंदीक्षयांचक्रिरेनृपं ॥१२॥ हैमाःकिलोपकरणावरुणस्ययथापुरा ॥ इंद्रादयोलोकपालाविरिंचभवसंयुताः ॥१३॥ सगणाःसिद्धगंधर्वाविद्याधरमहोरगाः ॥ मनुयोयक्षरक्षांसिखगकिन्नरचारणाः॥१४॥ राजानश्चसमाहूताराजपत्न्यश्चसर्वशः ॥ राजसूयंसमीयुःस्मराज्ञःपांडुसुतस्यवै ॥१५॥ मेनिरेकृष्णभक्तस्यसुपपन्नमविस्मिताः ॥ अयाज

કમળનેત્ર ભગવાન; હું રાંક છતાં, ઇશ્વરપણાનું અભિમાન રાખનારા મનુષ્યની; આજ્ઞાને માનો છો, તે અત્યંત ન સમજાય એવું છે. ॥૩॥ તોપણ આપ કે જે, એકજ—જેના સરખો બીજો કોઇ નથી એવા—પરબ્રહ્મ—અને પરમાત્મા છો; તેમનું તેજ; ઉંચ નીચ કર્મો કરવા થકી, સૂર્યની પેઠે વધતું ઘટતું નથીજ. ॥૪॥ અને હે માધવ, એ રીતેજ આપ અજીત ભગવાનના ભક્તોને પણ, "હું અને મારૂં" તથા "તું અને તારૂં." એવી અનેકપણાવાળી, પશુઓના સરખી ભેદબુદ્ધિ હોતી નથીજ. ॥૫॥—શ્રીશુક-આ પ્રમાણે કહ્યા પછી, યજ્ઞ કરવાનો સમય પ્રાપ્ત થયેથી; યુધિષ્ઠિર રાજાએ, સાવધાનપણાથી; કૃષ્ણની સલાહ પ્રમાણે, વેદપાઠી બ્રાહ્મણો; દ્વૈપાયન—ભરદ્વાજ—સુમંતુ—ગૌતમ—અસિત—વસિષ્ઠ—કણ્વ—મૈત્રેય—કવષ—ત્રિત—વિશ્વામિત્ર—વામદેવ—સુમતિ—જૈમિની—ક્રતુ—પૈલ—પરાશર—ગર્ગ—વૈશંપાયન—અથર્વાન—કશ્યપ—ધૌમ્ય—પરશુરામ—આસુરી—વિતિહોત્ર—મધુચ્છંદા—વિરસેન—આકૃતવર્ણ—અને બીજા પણ દ્રોણ, કૃપાચાર્ય આદિને બોલાવીને; તેઓનું ઋત્વિજ્નેમા, વરણ કર્યું. ॥૬—૭—૮—૯॥ તેમજ હે રાજા, ભીષ્મ—પુત્રો સહિત ધૃતરાષ્ટ્ર—મહાબુદ્ધિમાન વિદુર, એમને તથા બ્રાહ્મણો- ક્ષત્રીઓ વૈશ્યો અને શૂદ્રો વિગેરેને પણ, બોલાવવાથી;ને સઘળાઓ તથા બીજાઓ,પોત પોતાના કારભારીઓ વિગેરેને સાથે લેઇ; યજ્ઞ જોવાની ઇચ્છાથકી ત્યાં આવ્યા.॥૧૦—૧૧॥પછી બ્રાહ્મણોએ યજ્ઞ કરવાની જમીનને, સોનાનાં હળોથકી ખેડાવીને; ત્યાં વેદમાં કહ્યા પ્રમાણેની દીક્ષા, યુધિષ્ઠિર રાજાને લેવરાવી. ॥૧૨॥ ત્યારે પૂર્વે થયેલા વરૂણના યજ્ઞ સરખા, સર્વે સોનાના સરસામાન વાળા યુધિષ્ઠિરના આ યજ્ઞમાં; તેમના બોલાવવાથી, ઇંદ્રાદિક લોકપાળો, અને સદાશિવ સહિત બ્રહ્મા પણ આવ્યા; તથા પોતપોતાના ગણો સહિત, સિદ્ધ—ગંધર્વ—વિદ્યાધર—મોટા નાગ-મુનિઓ—યક્ષો—રાક્ષસો—પક્ષી—કિન્નર—અને ચારણો તથા રાણીઓ સહિત રાજાઓ પણ, આવીને ભેળા થયા. ॥૧૩—૧૪—૧૫॥ અને તેઓ સર્વ માનવા લાગ્યા કે, કૃષ્ણ ભક્ત યુધિષ્ઠિરને એજ ઘટે; પછી દેવ સરખા તેજસ્વી ઋત્વિજો; મહારાજા યુધિષ્ઠિરને વિધિ સહિત રાજસૂય યજ્ઞ; દેવતાઓએ વરૂણને કરાવેલાની પેઠેજ, કરા-

વતા હતા. ॥૧૬॥ અને સારી રીતે સાવધાન થયેલા યુધિષ્ઠિર રાજાએ, સોમવલ્લી ખાંડવાને દિવસે, મહા-ભાગ્યવાન ઋત્વિજોનું, અને સભાસદોનું, યથાયોગ્ય રીતે પૂજન કરવા માંડ્યું. ॥૧૭॥ ત્યારે સભાસદોમાં, પ્રથમ પૂજન (અગ્રપૂજન) થવાને યોગ્ય કોણ? તેનો વિચાર સભાસદો કરવા લાગ્યા; પણ ઘણા જણ સરખા જણાયાથી, તેઓ કાંઈજ નિશ્ચય કરી શક્યા નહીં; એટલે પછીથી સહદેવ બોલ્યા કે. ॥૧૮॥ " એ શ્રેષ્ઠ પણાને યોગ્યતો, સાત્વતપતિ અચ્યુત એટલે કૃષ્ણભગવાન, એકલાજ છે. ॥૧૯॥ કેમકે સર્વ દેવતાઓ—દેશ—કાળ—અને ધન આદિક રૂપે, તથા આ વિશ્વ અને યજ્ઞો રૂપે પણ; એ પોતેજછે. અને અગ્નિઓ—આહુતિઓ—મંત્રો—સાંખ્ય—અને યોગ; એ સઘળાં પણ, તેમનાંજ સ્વરૂપો છે. ॥૨૦॥ હે સભાસદો, અદ્વિતીય એવા એ, એકજ—અજન્મા—અને સ્વાશ્રય—ભગવાન, પોતામાંથી આ જગતને; પોતાવડેજ સર્જે છે—પાળે છે—અને નાશ પણ કરેછે. ॥૨૧॥ અને એમનો અનુગ્રહ થવાથીજ, લોકો અહીંયાં વિવિધ પ્રકારનાં કર્મો કરીને; ધર્મ—અર્થ—કામ—અને મોક્ષના લક્ષણોવાળાં; સર્વ પ્રકારનાં કલ્યાણોને મેળવે છે. ॥૨૨॥ એટલા માટે એ મહાત્મા કૃષ્ણ ભગવાન-નેજ, ઉત્તમ અગ્રપૂજા અર્પણ કરો; એટલે તેમ કરવાથી પ્રાણી માત્રના આત્માનું, પૂજન થશે. ॥૨૩॥ માટે દીધેલું અનંત થવાની ઇચ્છા રાખનારાઓએ તો, એ શાંત—પૂર્ણ—અને અનન્ય દર્શી—તથા સર્વ પ્રાણી આદિના આત્મારૂપ થયેલા કૃષ્ણ ભગવાનનેજ, દેવું જોઇએ છે. " ॥૨૪॥ એટલું બોલીને સહદેવ છાના રહ્યા, ત્યારે એ સાંભળવાથી પ્રસન્ન થયેલા અને કૃષ્ણના પ્રભાવને જાણનારા; બ્રાહ્મણો આદિ સર્વ ઉત્તમ પુરુષોએ, ઘણું સારૂં; ઘણું સારૂં; એમ કહ્યું ॥૨૫॥ એટલે એ રીતનો સભાસદોનો અભિપ્રાય સાંભળી, બ્રાહ્મણોના કહેવાથી; પ્રેમથી વિહ્વળ થયેલા યુધિષ્ઠિરે પ્રસન્ન થઇને, હૃષીકેશ ભગવાન કૃષ્ણની, સારી રીતે અગ્રપૂજા (પ્રથમ પૂજન)

यन्महाराजंयाजकादेवववर्चसः ॥ राजसूयेनविधिवत्प्राचेतसमिवामराः ॥१६॥ सौत्येहन्यवनीपालोयाजकान्सदसस्पतीन् ॥ अपूजयन्महाभागान्यथावत्सुसमाहितः ॥१७॥ सदस्याग्र्यार्हणार्हंवैविमृशंतःसभासदः ॥ नाध्यगच्छन्ननैकांत्यात्स[illegible]हदेवस्तदाब्रवीत् ॥१८॥ अर्हतिह्यच्युतःश्रैष्ठ्यंभगवान्सात्वतांपतिः ॥ एषवैदेवताःसर्वादेशकालधनादयः ॥१९॥ यदात्मकमिदंविश्वंक्रतवश्चयदात्मकाः ॥ अग्निराहुतयोमंत्राःसांख्यंयोगश्चयत्परः ॥२०॥ एकएवाद्वितीयोऽसावैतदात्म्यमिदंजगत् ॥ आत्मनात्माश्रयःसभ्याःसृजत्यवतिहंत्यजः ॥२१॥ विविधानीहकर्माणिजनयन्यदवेक्षया ॥ ईहतेयदयंसर्वःश्रेयोधर्मादिलक्षणं ॥२२॥ तस्मात्कृष्णायमहतेदीयतांपरमार्हणं ॥ एवंचेत्सर्वभूतानामात्मनश्चार्हणंभवेत् ॥२३॥ सर्वभूतात्मभूतायकृष्णायानन्यदर्शिने ॥ देयंशांतायपूर्णायदत्तस्यानंत्यमिच्छता ॥२४॥ इत्युक्त्वासहदेवोऽभूत्तूष्णींकृष्णानुभाववित् ॥ तच्छ्रुत्वातुष्टुवुःसर्वेसाधुसाध्वितिसत्तमाः ॥२५॥ श्रुत्वाद्विजेरितंराजाज्ञात्वाहार्दंसभासदां ॥ समर्हयद्धृषीकेशंप्रीतःप्रणयविह्वलः ॥२६॥ तत्पादाववनिज्यापःशिरसा[illegible]नीः ॥ सभार्यःसानुजामात्यःसकुटुंबोवहन्मुदा ॥२७॥ वासोभिःपीतकौशेयैर्भूषणैश्चमहाधनैः ॥ अर्हयित्वाऽश्रुपूर्णाक्षोनाशकत्समवेक्षितुं ॥२८॥ इत्थंसभाजितंवीक्ष्य[illegible]योजनाः ॥ नमोजयेतिनेमुस्तंनिपेतुःपुष्पवृष्टयः॥२९॥इत्थंनिशम्यदमघोषसुतःस्वपीठादुत्थायकृष्णगुणवर्णनजातमन्युः॥उत्क्षिप्यबाहुमिदमाहसदस्यमर्षीसंश्रावयन्भगवतेपरुषाण्यभीतः ॥३०॥ ईशोदुरत्ययःकालइतिसत्यवतीश्रुतिः ॥ वृद्धानामपियद्बुद्धिर्बालवाक्यैर्विभिद्यते ॥३१॥ यूयंपात्रविदांश्रेष्ठामामन्यध्वंबालभाषितं ॥ सदसस्पतयःसर्वेकृष्णोयत्संमतोऽर्हणे ॥३२॥तपोविद्याव्रतधरान्ज्ञानविध्वस्तकल्मषान् ॥ परमर्षीन्ब्रह्मनिष्ठांल्लोकपालैश्चपूजितान् ॥३३॥ सदस्पतीनतिक्रम्यगोपालःकुलपांसनः॥यथाकाकःपुरोडाशंसपर्यांकथमर्हति ॥३४॥ वर्णाश्रमकुलापेतःसर्वधर्मबहिष्कृतः ॥ स्वैरवर्तीगुणैर्हीनःसपर्यांकथमर्हति ॥३५॥ ययातिनैषांहिकुलंशप्तंसद्भिर्बहिष्कृतं॥वृथापानरतंशश्वत्सपर्यांकथमर्हति॥३६॥ब्रह्मर्षिसेवितान्देशान्हित्वैतेब्रह्मवर्चसं ॥ समुद्रंदुर्गमाश्रित्यबाधंतेदस्यवःप्रजाः ॥३७॥ एवमादीन्यभद्राणिबभाषेनष्टमंगलः ॥ नोवाचकिं

કર્યું. ॥૨૬॥ અને તેમના ચરણ ધોવાના, લોક માત્રને પાવન કરનારા જળને; પોતાની સ્ત્રીઓ—ભાઇઓ—અમાત્યો—અને કુટુંબનાં માણસો સહિત, યુધિષ્ઠિરે, પોતાને માથે આનંદથી ચઢાવ્યું. ॥ ૨૭ ॥ અને આંખ્યો આંસુથી ભરાઇ જવાથી, સામુંપણ ન જોઇ શકતા, યુધિષ્ઠિરે; પીળાં રેશમી વસ્ત્રો, અને ઘણા મૂલનાં ઘરેણાં વિગેરે આપવા વડે, તેમનું, પૂજન કર્યું. ॥ ૨૮ ॥ એ પ્રમાણે તેમનો સત્કાર થયેલો દેખવાથી, સર્વલોકો હાથ જોડીને; નમો નમો તથા જય જય શબ્દ બોલીને, ભગવાનને નમ્યા; અને પુષ્પનો વરસાદ વરસાવ્યો. ॥ ૨૯ ॥ ત્યારે આ રીતે કૃષ્ણના ગુણોનાં વખાણ થયેલાં સાંભળવાથી, ક્રોધ ઉપજેલો શિશુપાળ, પોતાના આસન થકી ઉઠ્યો; અને સભા વચ્ચે ઉંચો હાથ કરીને, અસહનતાથી; કૃષ્ણને નિર્ભય પણે, કઠિણ વચનો સંભળાવવા લાગ્યો; બોલ્યો કે. ॥૩૦॥ " સમર્થ કાળની ગતિ, ટાળી ટળે નહિ એવી હોવાનું; જે સાંભળવામાં આવે છે, તે ખરૂંજ છે; કે જે થકી બાળક જેવાઓનાં વચનોથી, વૃદ્ધ (જ્ઞાની) પુરૂષોની બુદ્ધિ પણ ભેદ પામી જાય છે. ॥૩૧॥ હે સભાસદો જો તમે પાત્ર જાણવાની પરીક્ષા ઉત્તમ પ્રકારે કરી શકતા હો તો, બાળક (સહદેવ)ના બોલવાથકીજ, સર્વે સભાસદોમાં અગ્ર પૂજાને યોગ્ય કૃષ્ણને; નહીંજ માનો. ॥૩૨॥ તપ—વિદ્યા—અને વ્રતોને ધારણ કરનારા—જ્ઞાનવડે સર્વ પાપ થકી રહિત થયેલા—બ્રહ્મમાં નિષ્ઠાવાળા અને લોકપાળોએ પૂજેલા—એવા મહાઋષિઓ સભાસદોમાં છે; તે સઘળાઓનું અતિક્રમણ કરીને, એ પોતાના કુળમાં કલંકરૂપ, ગાયોને ચારનારો, (કૃષ્ણ), યજ્ઞના પુરોડાશને કાગડો લેઇ જવાની પેઠે; અગ્ર પૂજા પામવાને યોગ્ય થઇ શકેજ કેમ. ? ॥૩૩–૩૪॥ એ વર્ણો થકી, આશ્રમો થકી, અને કુળ ધર્મ થકી પણ; અવળો ચાલનાર—સર્વ ધર્મ થકી બહાર કહાયલો—મરજીમાં આવે તેમ ચાલનારો—અને ગુણો વિનાનો (કૃષ્ણ), અગ્ર પૂજાને યોગ્ય થઇ શકેજ કેમ. ? ॥૩૫॥ જે કુળ યયાતિ રાજાના શ્રાપથી, સત્પુરૂષોથકી બહાર થયેલું છે, તેમાંનો; તથા સર્વદા મદિરા પીવામાં પ્રીતિવાળો, એ (કૃષ્ણ); અગ્ર પૂજાને યોગ્ય કેમ થઇ શકે. ? ॥૩૬॥

મહા તેજવાળા બ્રહ્મઋષિઓએ સેવેલા દેશોનો ત્યાગ કરીને, ન જીતી શકાય એવા સમુદ્રના આશ્રયમાં રહી; અ-ધારવઠિઆ અને ચાંચિઆઓની પેઠે, એ (કૃષ્ણ) તો પ્રજાઓને દુખ આપનારોજ છે." ॥૩૭॥ એ પ્રકારે એ પુણ્ય પરવારેલો શિશુપાળ, એ આદિ લેઈને ઘણાં દુષ્ટ વચનો બોલવા છતાં; સિંહને રૂપાળડીએ કહેલા-ની પેઠે, ભગવાને તેને જરાપણ જવાબજ આપ્યો નહીં. ॥૩૮॥ પણ ન સહન થઈ શકે એવી, એ ભગવા-નની નિંદા સાંભળવાથી; સભાસદો પોતાના કાન બંધ કરીને, રીસથી શિશુપાળને ગાળો દેતા; ત્યાંથી ઉઠી ગયા. ॥૩૯॥ કેમકે ભગવાનની અથવા ભગવાનના ભક્તોની નિંદા સાંભળવાના પ્રસંગે, ત્યાંથી જે પુરૂષ ખસી જતો નથી; તે પોતાના સુકૃતથકી ભ્રષ્ટ થઈને, નરકને પામે છે. ॥૪૦॥ પછી ક્રોધે ભરાયલા પાંડવો અને મત્સ્ય—કેકય—તથા સંજય કુળના ક્ષત્રીઓ; હથિઆરો ઉપાડીને, શિશુપાળને મારવાની ઇચ્છાથી; ઉભા થયા. ॥૪૧॥ ત્યારે શિશુપાળે પણ એ કૃષ્ણના પક્ષવાળા રાજાઓનો, સભા વચે તિરસ્કાર કરીને; નિર્ભયપણે હા-થમાં, ઢાલ તરવાર લીધાં. ॥૪૨॥ એટલી વારમાંજ, ભગવાન કૃષ્ણે ઉઠીને; એ પોતાનાઓને વારયા, અને એ આવી પડતા શત્રુનું માથું; ક્રોધથી અસ્ત્રાની ધાર જેવા, પોતાના ચક્રવડે કાપી નાંખ્યું. ॥૪૩॥ એમ એ શિશુપાળ મરાવાથી મોટો કલાહોરનો શબ્દ થયો, અને તેને અનુસરનારા રાજાઓ; જીવવાની આશાથી ત્યાંથી નાસી ગયા. ॥૪૪॥ ત્યારે એ શિશુપાળના શરીરમાંથી નીકળેલું તેજ, સર્વ લોકના દેખતાં; આકાશમાંથી પડેલી વિ-જળી પૃથ્વીમાં પેસી જવાની પેઠે; વાસુદેવ ભગવાનને વિશે પેસી ગયું. ॥૪૫॥ એ રીતે વેરના આવેશ વાળી બુદ્ધિથી, વારંવાર ભગવાનનું ધ્યાન કરવાવડે; તદાકાર થઈ ગયેલો, એ શિશુપાળ; ત્રણ જન્મ વડે, ભગવાનના સ્વરૂ-પને પામી ગયો; કારણ મનની ભાવના એજ જન્મ થવાનું કારણ છે. ॥૪૬॥ પછી ચક્રવર્તી યુધિષ્ઠિરે, ઋત્વિજોને, ઘણી દક્ષિણા તથા સભાસદોને ઉત્તમ પોશાક, અને ઘરેણાં વિગેરે પુશ્કળ આપીને; સર્વનું પૂજન કરયા પછી, વિધિ સહિત અવભૃથ સ્નાન કરયું. ॥૪૭॥ અને એ રીતે યુધિષ્ઠિર રાજાનો યજ્ઞ પૂર્ણ કરાવ્યા કેડે, સુહ્રદોની માગ-

चि[illegible]सिंहःशिवारुतं ॥३८॥ भगवन्निंदनंश्रुत्वादुःसहंतत्समासदः ॥ कर्णौपिधा[illegible]निर्जग्मुःशपंतश्चेदिपंरुषा ॥३९॥ निंदांभगवतःशृण्वंस्तत्[illegible]स्यजनस्यवा ॥ ततोनापैतियःसोऽपियात्यधःसुकृताच्च्युतः ॥४०॥ ततःपांडुसुताःक्रुद्धामत्स्यकैकयसृंजयाः ॥ उदायुधाःसमुत्तस्थुःशिशुपालजिघांसवः ॥४१॥ ततश्चैद्यस्त्वसंभ्रांतोजगृहेखड्गचर्मणी ॥ भर्त्सयन्कृष्णपक्षीयान्राज्ञःसदसिभारत ॥४२॥ तावदुत्थायभगवा[illegible]न्निवार्यस्वयंरुषा ॥ शिरःक्षुरांतचक्रेणजहारापततोरिपोः ॥४३॥ शब्दःकोलाहलोऽप्यासीच्छिशुपाले[illegible]न् ॥ तस्यानुयायिनोभूपादुद्रुवुर्जीवितैषिणः ॥४४॥ चैद्यदे[illegible]त्थितंज्योतिर्वासुदेवमुपाविशत् ॥ पश्यतांसर्वभूतानामु[illegible]वभुविखाच्च्युता ॥४५॥ जन्मत्रयानुगुणितवैरसंरब्धयाधिया ॥ ध्यायंस्तन्मयतांयातोभावोहिभवकारणं ॥४६॥ ऋत्विग्भ्यः[illegible]दस्येभ्योदक्षिणांविपुलामदात् ॥ सर्वान्संपूज्यविधिवच्चक्रेऽवभृथमेकराट् ॥४७॥ साधयित्वाक्रतुंराज्ञःकृष्णोयोगेश्वरेश्वरः ॥ उवासकतिचिन्मासान्सुहृद्भिरभियाचितः ॥४८॥ ततो[illegible]ज्ञाप्यराजानमनिच्छंतमपीश्वरः ॥ ययौसभार्यःसामात्यःस्वपुरंदेवकीसुतः ॥४९॥ वर्णितंतदुपाख्यानंमयातेबहुविस्तरं ॥ वैकुंठवासिनोर्जन्मविप्रशापात्पुनःपुनः ॥५०॥ राजसूयावभृथ्येनस्नातोराजायुधिष्ठिरः ॥ ब्रह्मक्षत्रसभामध्येशुशुभेसुरराडिव ॥५१॥ राज्ञासभाजिताःसर्वेसुरमानवखेचराः ॥ कृष्णंक्रतुंचशंसंतःस्वधामानिययुर्मुदा ॥५२॥ दुर्योधनमृतेपापंकलिंकुरुकुलामयं ॥ योनसेहेश्रियंस्फीतांदृष्ट्वापांडुसुतस्यतां ॥५३ ॥ यइदंकीर्तयेद्विष्णोःकर्मचैद्यवधादिकं ॥ राजमोक्षंवितानंचसर्वपापैः प्रमुच्यते ॥५४॥ इ.भा.म.उ.च.अ. ॥७४॥

राजा०अजातशत्रोस्तंदृष्ट्वाराजसूयमहोदयं ॥ सर्वेमुमुदिरेब्रह्मन्नृदेवायेसमागताः ॥१॥ दुर्योधनंवर्जयित्वाराजानःसर्षयःसुराः॥ इतिश्रुतंनोभगवंस्तत्रकारणमुच्यतां ॥२॥ ऋषि०पितामहस्यतेयज्ञेराजसूयेमहात्मनः ॥ बांधवाःपरिचर्यायांतस्यासन्प्रेमबंधनाः ॥३॥ भीमोमहानसाध्यक्षोधनाध्यक्षःसुयोधनः ॥ सहदेवस्तुपूजायांनकुलोद्रव्यसाधने ॥४॥ गुरुशुश्रूषणेजिष्णुःकृष्णःपादावनेजने ॥ परिवेषणेद्रुपदजाक

ણીથી; એ યોગેશ્વરોના ઇશ્વર કૃષ્ણ, કેટલાક માસ સુધી ત્યાં ઇંદ્રપ્રસ્થમાંજ રહ્યા. ॥૪૮॥ પછીથી જવા દેવાને ન ઇચ્છનારા યુધિષ્ઠિર રાજાની, (પરાણે) માંડમાંડ રજા લઈને; પોતાની સ્ત્રીઓ તથા અમાત્યો વિગેરે સહિત એ દેવકી પુત્ર ઇશ્વર ભગવાન, પોતાના નગર દ્વારકાંમાં પાછા ગયા. ॥ ૪૯ ॥ એ વૈકુંઠવાસી જય અને વિ-જય નામના બે દ્વારપાળોના; બ્રાહ્મણોના શ્રાપથી ફરીફરીને (ત્રણવાર) થયેલા, જન્મોનું વર્ણન; મેં તમને પ્રથમ ઘણા વિસ્તાર થકી કહેલુંજ છે. ॥૫૦॥ તે પછી અવભૃથ સ્નાન કરેલા એ યુધિષ્ઠિર રાજા, બ્રાહ્મણો અને ક્ષત્રીઓની સભાના મધ્યમાં; ઇંદ્રના જેવા શોભતા હતા. ॥૫૧॥ અને યુધિષ્ઠિર રાજા થકી, સત્કાર પા-મેલા સર્વ દેવતાઓ—મનુષ્યો—અને પ્રમથો વિગેરે; યુધિષ્ઠિર રાજાની, વૃદ્ધિ પામતી લક્ષ્મીને, ન સહન કરનાર એક, કુરૂ કુળના રોગ રૂપ; અને કળિયુગના પાપ રૂપ, દુર્યોધન વિના સઘળાઓ; કૃષ્ણનાં અને યજ્ઞનાં વખાણ કરતા કરતા, ખુશી થઈને; આકાશ માર્ગે તથા પૃથ્વી ઉપર, પોત પોતાને સ્થાનકે ચાલ્યા ગયા. ॥૫૨—૫૩॥ જે કોઇ આ રાજાઓનો છૂટકો—રાજસૂય યજ્ઞ—અને શિશુપાળનો વધ, આદિ વિષ્ણુ ભગવાનનાં કાર્મોનું કી-ર્તન કરશે; તે સર્વ પાપ થકી મૂકાશે. ॥૫૪॥ ઇ૦ ભા૦ દ૦ સ્કં૦ શિશુપાળ વધ નામે ચુ૦ અ૦ સં૦ ॥૭૪॥

અધ્યાય ૭૫ મો.—પરીક્ષિત—હે ભગવાન શુક, અજાત શત્રુ રાજાનો આ રાજસૂય યજ્ઞનો મોટો સમારંભ દેખવાથી; એક દુર્યોધનજ શિવાયના, ત્યાં આવેલા સર્વ બ્રાહ્મણો—મનુષ્યો—દેવતાઓ—રાજાઓ—અને દેવ ઋષિ વિગેરે આનંદ પામેલાનું; અમે આપના થકી સાંભળીએ છીએ. તો એમ થવામાં, જે કાંઇ કારણ બનેલું હોય; તે આપ અમને કહો. ॥ ૧—૨ ॥ શ્રીશુક—તમારા દાદા મહાત્મા યુધિષ્ઠિરના એ રાજસૂય યજ્ઞનાં, જૂદાં જૂદાં કામ કરવામાં; તેમના બાંધવો પ્રેમના બંધનથી વળગી ગયા હતા. ॥૩॥ ભીમસેન રસોઇ ખાનાના ઉપરી થયા હતા, ધનના ભંડારના ઉપરી દુર્યોધન થયા હતા. સર્વનું પૂજન કરવાનું કામ સહ-દેવે લીધું હતું. અનેક વસ્તુઓ જોઇએ તેમ એકઠી કરીને, તેમને બરાબર રીતે સાફસૂફ કરાવી રાખવાનું કામ, નકુળને માથે હતું. ॥૪॥ ગુરૂ જનોની સેવા કરવાનું કામ અર્જુન કરતા હતા; અને તેઓના પગ ધો-વાનું કામ કૃષ્ણ કરતા હતા; તે સર્વને જમાડવાનું અને પીરસવાનું કામ દ્રુપતી કરતાં હતાં; અને ઉદાર

...કર્યું, મોટો દાન આપવાનું કામ કર્યો હતો. ॥૫॥ હે મોટા રાજા, યુધિષ્ઠિરનું પ્રિય કરવાની ઇચ્છાથી, એ રીતેજ સાત્યકિ—વિકર્ણ—કૃતવર્મા—વિદુર વિગેરે-ભૂરિ વિગેરે બાલ્હીકના પુત્રો—અને સંતર્દનાદિક સર્વે એ મોટા યજ્ઞમાં નાના પ્રકારનાં કામો કરવામાં તે વખતે વળગી પડેલા હતા. ॥ ૬—૭ ॥ ત્યાં અત્યન્તપતિ કૃષ્ણના યજ્ઞમાં શિશુપાળ ગયા પછી, ઋત્વિજો—ઘણા જ્ઞાનીઓ—સભાસદો—અને ઉત્તમ સુહૃદો—વિગેરેનું, મોટી વાણી—અલંકાર—અને દક્ષિણા, આદિક વડે સારી રીતે પૂજન થઇ રહ્યા પછી; સઘળાઓએ, ગંગાજીમાં જઇને અવભૃથ સ્નાન કર્યું હતું. ॥૮॥ તે વેળા મૃદંગ—શંખ—પણવ—ધુંધુરી—આનક—અને ગોમુખ વિગેરે અનેક જાતનાં વાજાં, એ અવભૃથ સ્નાન થતાં, વાગતાં હતાં. ॥૯॥ સારી રીતે નાચતી નાયકાઓ નાચતી હતી. ગાયકના ગણ ગાતા હતા; અને તેમનાં વીણા—વાંસળી—અને તાળીના શબ્દ; આકાશ સુધી પહોંચતો હતો. ॥૧૦॥ તથા સોનાની વિચિત્ર પ્રકારની ધજાઓ, અને પતાકાઓવાળા, સોનાની માળાઓ પહેરેલા રાજાઓ; હાથી—રથ—અને ઘોડાઓ ઉપર બેસીને, શણગારેલા યોદ્ધાઓ સહિત ગામ બહાર નીકળ્યા હતા. ॥૧૧॥ એમ સૈન્યો થકી ધરતીને ધ્રુજાવતા યદુ—સૃંજય—કાંબોજ—કુરૂ—કૈકેય—અને કોશળવંશી ક્ષત્રીઓ, યજમાન યુધિષ્ઠિરને આગળ કરીને, ચાલતા હતા. ॥૧૨॥ અને સભાસદો—ઋત્વિજો—અને ઉત્તમ બ્રાહ્મણો, વારંવાર વેદ મંત્રોની ધૂન કરતા હતા; તથા દેવતાઓ—ઋષિઓ—પિતૃઓ—અને ગંધર્વો આદિ પ્રસન્ન થઇને, ફુલનો વરસાદ વરસાવતા હતા. ॥૧૩॥ પછી ત્યાં સારી રીતનાં ઘરેણાં પેહેરેલાં, અને ગંધ—માળા તથા વસ્ત્રોથકી શણગારેલાં, સ્ત્રી પુરૂષો; એક બીજાના ઉપર અનેક પ્રકારના દુધ—દહીં, વિગેરે રસ નાંખીને, અને લેપન કરીને; રમતાં હતાં. ॥૧૪॥ અને તેલ—ગોરસ—સુગંધી જળ—હળદર તથા ઘાટા કંકુવડે, પુરૂષોને લેપન કરતી, અને પુરૂષોથકી

र्णोदानेमहामनाः ॥ ५ ॥ युयुधानोविकर्णश्वहार्दिक्योविदुरादयः ॥ बाल्हीकपुत्राभूर्याद्यायेचसंतर्दनादयः ॥६॥ निरूपितामहायज्ञेनाना कर्मसुतेतदा ॥ प्रवर्तंतेस्मराजेंद्रराज्ञःप्रियचिकीर्षवः ॥७॥ ऋत्विक्सदस्यबहुवित्सुसुहृत्तमेषुस्विष्टेषुसूनृतसमर्हणदक्षिणाभिः ॥ चैद्येचसात्वतपतेश्चरणंप्रविष्टेचक्रुस्ततस्त्ववभृथस्नपनंद्युनद्यां ॥८॥ मृदंगशंखपणवधुंधुर्यानकगोमुखाः ॥ वादित्राणिविचित्राणिनेदुरावभृथोत्सवे ॥९॥ नर्तक्योननृतुर्हृष्टागायकायूथशोजगुः ॥ वीणावेणुतलोन्नादस्तेषांसदिवमस्पृशत् ॥१०॥ चित्रध्वजपताकाग्रैरिभेंद्रस्यंदनार्वभिः ॥ स्वलंकृतैर्भटैर्भूपानिर्ययूरुक्ममालिनः ॥११॥ यदुसृंजयकांबोजकुरुकेकयकोसलाः ॥ कंपयंतोभुवंसैन्यैर्यजमानपुरःसराः ॥१२॥ सदस्यर्त्विग्द्विजश्रेष्ठाब्रह्मघोषेणभूयसा ॥ देवर्षिपितृगंधर्वास्तुष्टुवुःपुष्पवर्षिणः ॥१३॥ स्वलंकृतानरानार्योगंधस्रग्भूषणांबरैः ॥ विलिंपंत्योऽभिषिंचंत्योविजह्नुर्विविधैरसैः ॥१४॥ तैलगोरसगंधोदहरिद्रासांद्रकुंकुमैः ॥ पुंभिर्लिप्ताःप्रलिंपंत्योविजह्नुर्वारयोषितः ॥१५॥ गुप्तानृभिर्निरगमन्नुपलब्धुमेतद्देव्योयथादिवियातिमानवरैर्नृदेव्यः ॥ तामातुलेयसखिभिःपरिषिच्यमानाःसव्रीडहासविकसद्वदनाविरेजुः ॥१६॥ तादेवरानुतसखीन्सिषिचुर्दृतीभिःक्लिन्नांबराविवृतगात्रकुचोरुमध्याः ॥ औत्सुक्यमुक्तकबराच्च्यवमानमाल्याःक्षोभंदधुर्मलधियांरुचिरैर्विहारैः ॥१७॥ ससम्राडुथमारूढःसदश्वंरुक्ममालिनं ॥ व्यरोचतस्वपत्नीभिःक्रियाभिःक्रतुराडिव ॥१८॥ पत्नीसंयाजावभृथ्यैश्चरित्वातेतमृत्विजः ॥ आचांतंस्नापयांचक्रुर्गंगायांसहकृष्णया ॥१९॥ देवदुंदुभयोनेदुर्नरदुंदुभिभिःसमं ॥ मुमुचुःपुष्पवर्षाणिदेवर्षिपितृमानवाः ॥२०॥ सस्नुस्तत्रततःसर्वेवर्णाश्रमयुतानराः ॥ महापातक्यपियतःसद्योमुच्येतकिल्बिषात् ॥२१॥ अथराजाऽहतेक्षौमेपरिधायस्वलंकृतः ॥ ऋत्विक्सदस्यविप्रादीनानर्चाभरणांबरैः ॥२२॥ बंधुज्ञातिनृपान्मित्रसुहृदोऽन्यांश्चसर्वशः ॥ अभीक्ष्णंपूजयामासनारायणपरोनृपः ॥२३॥ सर्वेजनाःसुररुचोमणिकुंडलस्रगुष्णीषकंचुकदुकूलमहार्घ्यहाराः ॥ नार्यश्चकुंडलयुगालकवृंदजुष्टवक्त्रश्रियःकनकमेखलयाविरेजुः ॥२४॥ अथर्त्विजोमहाशीलाःसदस्याब्रह्मवादिनः ॥ ब्रह्मक्षत्रियविट्शूद्राराजानोयेसमागताः ॥२५॥ देवर्षिपितृभूतानिलोकपालाःसहानुगाः ॥ पूजितास्तमनुज्ञाप्यस्व

લેપન કરાતી; વેશ્યાઓ પણ, રમતી હતી. ॥૧૫॥ તેમજ યોદ્ધાઓએ રક્ષણ કરાઇને, ઉત્તમ રથોઉપર બેસી; ત્યાં આવેલી રાજ પત્નિઓ પણ, એ મામાના દીકરા (અર્જુન) તથા મિત્રોથકી; પાણીથી ભિંજવાતાં, લાજ સહિત હસવાથી અને પ્રફુલ્લિત મુખથી હસવાથી; સ્વર્ગની દેવીઓના જેવી. શોભિતી જણાતી હતી. ॥૧૬॥ તથા વસ્ત્રો ભિંજવાથી અંગો—સ્તન—સાથળો—અને મધ્ય ભાગ સ્પષ્ટ દેખાતી, તથા ઉત્સુકતાથી છુટી જતા અંબોડામાંથી, ફુલો ખરી પડતી; તે સ્ત્રીઓ, ચામડાના યંત્રોથી દિયરોને અને બીજા મિત્રોને ભિંજવાની સુંદર રમતવડે. કામી પુરૂષોનાં મનને ખેંચાવતી હતી. ॥૧૭॥ તે વખતે ત્યાં જતાં સોનાની માળાઓ પેહેરેલા સારા ઘોડા જોડેલા રથ ઉપર, પોતાની સ્ત્રી દ્રૌપદી સહિત બેઠેલા; ચક્રવર્તી યુધિષ્ઠિર રાજા, ક્રિયા સહિત દેહધારી થયેલા રાજસૂય યજ્ઞના સરખાજ; શોભતા હતા. ॥૧૮॥ અને અવભૃથ સંબંધી કરવાનું પત્નિસંયાજ કર્મ, તેમને ઋત્વિજોએ કરાવ્યા પછી; ગંગાજીમાં તેમને દ્રૌપદી સહિત નહવરાવ્યા ॥૧૯॥ તે વખતે દેવનાં દુંદુભી જેવાંજ, મનુષ્યોનાં દુંદુભી વાગવા લાગ્યાં હતાં; અને દેવ—ઋષિઓ—પિતૃઓ—તથા મનુષ્યો ફુલોવડે વધાવતાં હતાં. ॥૨૦॥ જેથી મહા પાપી પણ પાપથકી મુકાઇ જાય, એવું તે સ્નાન; સર્વ વર્ણ અને આશ્રમવાળાં મનુષ્યોએ; એ સ્થળે કર્યું. ॥૨૧॥ પછી રાજાએ શુદ્ધ રેશમી વસ્ત્ર. અને ઘરેણાં પહેરી લેઇને, ઋત્વિજો—સભાસદો—અને બ્રાહ્મણો આદિનું; ઘરેણાં તથા વસ્ત્રો વિગેરે આપવાવડે પૂજન કર્યું. ॥૨૨॥ તથા નારાયણ ભગવાનને વિષે મન રાખનારા એ રાજાએ, તે પછી અનુક્રમે સર્વ બંધુઓ—સગાઓ—રાજાઓ—મિત્રો—સુહૃદો—અને બીજા સર્વ લોકોનું પણ; એજ રીતે પૂજન કર્યું. ॥૨૩॥ તેથી મણિવાળાં કુંડળો—માળાઓ—પાઘડીઓ—પહેરણો—ખેસ અથવા દુપટ્ટા—અને ઘણા મુલના હાર પહેરેલા, સર્વ મનુષ્યો દેવતાઓ સરખા તેજસ્વી જણાયા, શોભતા હતા; અને સ્ત્રીઓ પણ, કુંડળની જોડીથી—વાળના ગુચ્છાના જથા સહિત શોભતાં મોઢાંથી—અને સોનાના કંદોરાઓથી; લક્ષ્મીજીના સરખી શોભવા લાગી હતી. ॥૨૪॥ હે રાજા, તે પછી પૂજન

પામેલા વેદપાઠી ઋત્વિજો–સારાં શીળ વાળા સભાસદો–બ્રાહ્મણ, ક્ષત્રી, વૈશ્ય, અને શૂદ્રો–અને રાજા-
ઓ વિગેરે આવેલા સર્વે; તથા દેવતાઓ–ઋષિઓ–પિતૃઓ–અનુચર સુદ્ધાં લોકપાળો–અને બીજા સર્વ
પ્રાણીઓ; યુધિષ્ઠિરની રજા લેઇ લેઇને; પોત પોતાને ઠામે ગયા. ॥૨૫–૨૬॥ અને અમૃત પીતાં તૃપ્તિ ન થવા-
ની પેઠેજ, તેઓ સર્વને; એ હરિના દાસ રાજાના રાજસૂય યજ્ઞના મોટા સમારંભનાં વખાણ કરતાં; તૃપ્તિ
થતીજ નહોતી. ॥૨૭॥ પરંતુ થતા વિયોગને નહીં ખમી શકતા, યુધિષ્ઠિરે; સુહૃદો–સંબંધીઓ–અને બાંધવોને,
તથા કૃષ્ણ ભગવાનને પણ; પાછળથી પ્રેમવડે ત્યાંજ રાખી લીધા હતા. ॥ ૨૮ ॥ તેથી સાંબ આદિક વીર
યાદવોને, દ્વારકાં મોકલી દેઇને; તેમનું પ્રિય કરનારા ભગવાન, કેટલીક મુદત સુધી ઇંદ્રપ્રસ્થમાંજ રહ્યા હતા.
॥ ૨૯ ॥ એ રીતે ધર્મ પુત્ર યુધિષ્ઠિર રાજા, તરવાને અશક્ય એવા, મોટા મનોર્થ રૂપી સમુદ્રને; કૃષ્ણ ભગ-
વાનના આશ્રયવડે, તરી જઇને; સંતાપ રહિત થયા હતા. ॥ ૩૦ ॥ અચ્યુત ભગવાનમાં મનવાળા યુધિષ્ઠિર

રાજાએ કરેલા રાજસૂય યજ્ઞના, એ રીતના મહિમાને જોવાથી; તથા તેના અંતઃપુરની શોભા જોવાથી; એક
દિવસે દુર્યોધનને પરિતાપ થયો. ॥૩૧॥ એ અંતઃપુરમાં, વિશ્વને સર્જનારા ભગવાને પ્રાપ્ત કરેલી–મનુષ્યો-
ના રાજાઓની–દૈત્યોના રાજાઓની–અને દેવતાઓના રાજાઓની પણ; નાના પ્રકારની વિભૂતિઓવાળી, લ-
ક્ષ્મી થકી; દ્રુપતી પોતાના સ્વામીઓની, સેવા કરતાં હતાં; તથા ત્યાં, નિતંબના ભારને લીધે, ધીમે ધીમે
ચાલતી–ખણખણાટ થતા પગની શોભાવાળી–અતિ સુંદર કમર ઉપર સ્તનના કેસર થકી રંગાયલા લટકતા
હારોવાળી–અને હાલતાં કુંડળ તથા વાળના ગુચ્છથી શોભતાં મોઢાંવાળી–મધુપતિ ભગવાનની હજારો પત્નિઓને
ફરતી દેખીને; તેમાં મન લાગવાથી, દુર્યોધન પરિતાપ પામ્યો. ॥૩૨–૩૩॥ એકવાર એવી ચક્રવર્તીની લક્ષ્મીથી શો-
ભતા, અને બંદીજનોથી વખાણ કરતા; એ ધર્મ પુત્ર યુધિષ્ઠિર રાજા, મય દાનવે બનાવી આપેલી દિવ્ય સભાને
વિષે, સાક્ષાત ઇંદ્રની પેઠેજ; સોનાના સિંહાસન ઉપર, પોતાના ભાઇઓ તથા પોતાની આંખ્ય સરખા શ્રી

धामानिययुर्नृप ॥२६॥ हरिदासस्यराजर्षेराजसूयमहोदयं ॥ नैवातृप्यन्प्रशंसंतःपिबन्मर्त्योऽमृतंयथा ॥२७॥ ततोयुधिष्ठिरोराजासुहृत्सं
बंधिबांधवान् ॥ प्रेम्णानिवारयामासकृष्णंचत्यागकातरः ॥२८॥ भगवानपितत्रांगन्यवात्सीत्तत्प्रियंकरः ॥ प्रस्थाप्ययदुवीरांश्चसांबादींश्च
कुशस्थलीं ॥२९॥ इत्थंराजाधर्मसुतोमनोरथमहार्णवं ॥ सुदुस्तरंसमुत्तीर्यकृष्णेनासीद्गतज्वरः ॥३०॥ एकदांऽतःपुरेतस्यवीक्ष्यदुर्योधनः
श्रियं ॥ अतप्यद्राजसूयस्यमहित्वंचाच्युतात्मनः ॥३१॥ यस्मिन्नरेंद्रदितिजेंद्रसुरेंद्रलक्ष्मीर्नानाविभांतिकिलविश्वसृजोपक्लृप्ताः ॥ ताभिःप
तीन्द्रुपदराजसुतोपतस्थेयस्यांविषक्तहृदयःकुरुराडतप्यत् ॥३२॥ यस्मिंस्तदामधुपतेर्महिषीसहस्रंश्रोणीभरेणशनकैःक्वणदंघ्रिशोभं ॥ म
ध्येसुचारुकुचकुंकुमशोणहारंश्रीमन्मुखंप्रचलकुंडलकुंतलाढ्यं ॥३३ सभायांमयक्लृप्तायांक्वापिधर्मसुतोधिराट् ॥वृतोऽनुजैर्बंधुभिश्चकृष्णेना
पिस्वचक्षुषा ॥३४॥ आसीनःकांचनेसाक्षादासनेमघवानिव ॥ पारमेष्ठ्यश्रियाजुष्टःस्तूयमानश्चबंदिभिः॥३५॥ तत्रदुर्योधनोमानीपरितोभ्रा
तृभिर्नृप ॥ किरीटमालीन्यविशदसिहस्तःक्षिपन्रुषा ॥३६॥स्थलेऽभ्यगृण्हाद्वस्त्रांतंजलंमत्वास्थलेऽपतत् ॥ जलेचस्थलवद्भ्रांत्यामयमायावि
मोहितः॥३७॥जहासभीमस्तंदृष्ट्वास्त्रियोनृपतयोऽपरे॥निवार्यमाणाअप्यंगराज्ञाकृष्णानुमोदिताः ॥३८॥ सव्रीडितोऽवाग्वदनोरुषाज्वलन्नि
ष्क्रम्यतूष्णींप्रययौगजाह्वयं ॥ हाहेतिशब्दःसुमहानभूत्सतामजातशत्रुर्विमनाइवाभवत्॥बभूवतूष्णींभगवान्भुवोभरंसमुज्जिहीर्षुर्भ्रमतिस्म
यद्दृशा ॥३९॥ एतत्तेऽभिहितंराजन्यत्पृष्टोऽहमिहत्वया ॥ सुयोधनस्यदौरात्म्यंराजसूयेमहाक्रतौ॥४०॥इ.भा.म.द.उ.पंचसप्ततितमोअ.७५
श्रीशुक०अथान्यदपिकृष्णस्यशृणुकर्माद्भुतंनृप ॥ क्रीडानरशरीरस्ययथासौभपतिर्हतः ॥१॥ शिशुपालसखःशाल्वोरुक्मिण्युद्वाहआगतः
॥ यदुभिर्निर्जितःसंख्येजरासंधादयस्तथा ॥२॥ शाल्वःप्रतिज्ञामकरोच्छृण्वतांसर्वभूभुजां ॥ अयादवींक्ष्मांकरिष्येपौरुषंममपश्यत ॥३॥
इतिमूढःप्रतिज्ञायदेवंपशुपतिंप्रभुं ॥ आराधयामासनृपपांसुमुष्टिंसकृद्ग्रसन् ॥४॥ संवत्सरांतेभगवानाशुतोषउमापतिः ॥ वरेणच्छंदयामा

કૃષ્ણથકી વિંટાઇને; બેઠેલા હતા. ॥ ૩૪–૩૫ ॥ હે પરીક્ષિત રાજા, ત્યાં પોતાના ભાઇઓથકી વિંટાયેલો
અભિમાની દુર્યોધન; માળાઓ અને મુકુટ પહેરેલો, હાથમાં તરવાર પકડીને આવતાં; મય દાનવની માયાથકી,
મોહ પામવાથી; કાચની જમીનને જળ માનીને, તેણે પોતાનાં વસ્ત્રો ઉંચાં લીધાં; તથા પછીથી આગળ જતાં
ખરેખર જળને જમીન માનીને, તેમાં એમજ ચાલ્યો જવાથી; જળની અંદર તે પડી ગયો. અને તેથી
રીસ કરીને ગાળો દેવા લાગ્યો. ॥૩૬–૩૭॥ ત્યારે તે દેખીને યુધિષ્ઠિરે રોકતાં છતાં, કૃષ્ણની મરજી જોઇને;
ભીમસેને–સ્ત્રીઓએ–અને બીજા રાજાઓ વિગેરેએ પણ; તેના હાંસી કીધી. ॥૩૮॥ તેથી ક્રોધથી બળી ગયે-
લો, અને લજ્જા પામેલો દુર્યોધન; નીચું મોઢું કરી, કાંઇ પણ બોલ્યા વિના ત્યાંથી નીકળીને; હસ્તિનાપુર ચાલ્યો ગયો.
આથી સજ્જન પુરુષોમાં હાહાકારનો મોટો શબ્દ થયો; અને અજાત શત્રુ રાજાનું મન કચવાઇ ગયા સરખું થયું; પણ
કૃષ્ણ ભગવાન, કે જેમણે પૃથ્વીનો ભાર ઉતારવાની ઇચ્છાથીજ; (એટલે પાંડવ કૌરવ વચ્ચે વેર ઉત્પન્ન કરવા સારૂજ)
આ પ્રકારનો દુર્યોધનનો મતિભ્રમ, ભ્રમ પેદા કર્યો હતો; તે તો ચુપજ રહ્યા. ॥૩૯॥ હે રાજા, તમે મને જે

પૂછ્યું હતું; તે, રાજસૂય નામના મોટા યજ્ઞમાંનું, એ રીતનું, દુર્યોધનનું દુષ્ટપણું; મેં તમને કહી સંભળાવ્યું.
॥૪૦॥ ઇતિશ્રી ભા૦ દશમા સ્કંધનો દુર્યોધન માનભંગ નામે પંચોતેરમો અધ્યાય સંપૂર્ણ. ॥૭૫॥

અધ્યાય ૭૬ મો.—શ્રીશુક— હે રાજા, એ મનુષ્ય શરીરથી ક્રિડા કરનારા કૃષ્ણ ભગવાને, સૌભ
વિમાનના અધિપતિ શાલ્વ રાજાને જે રીતે માર્યો; તે, એમના અદ્ભુત કામને પણ, તમે સાંભળો. ॥ ૧ ॥
રૂક્મિણીના લગ્ન વખતે આવેલા, એ શિશુપાળના મિત્ર શાલ્વરાજાને પણ; યાદવોએ યુદ્ધમાં જરાસંધ આદિ-
કની પેઠેજ, હરાવ્યો હતો. ॥૨॥ ત્યારે સર્વ રાજાઓના સાંભળતાં એ શાલ્વરાજાએ પ્રતિજ્ઞા કરી હતી કે; "હું
જ્યારે પૃથ્વીને યાદવો વિનાની કરીશ, ત્યારે મારૂં બળ તમે જોજો." ॥૩॥ હે રાજા, મુઢપણાથી એવી
પ્રતિજ્ઞા કર્યા પછી; તેણે મહાદેવ સદાશિવ ભગવાનની આરાધના, દરરોજ ધુળની ફક્ત એક મુઠી ફાકી
રહીનેજ; કરવા માંડી હતી. ॥૪॥ તેથી એ જલદી પ્રસન્ન થનારા ઉમાપતિ દેવે, એક વરસ પુરૂ થયેથી; એ
શરણે આવેલા શાલ્વને, વરદાન માગવાને કહ્યું. ॥૫॥ ત્યારે તેણે દેવતાઓ–દૈત્યો–મનુષ્યો–ગંધર્વો–નાગ રાક્ષ-

અને રાક્ષસો, વિગેરેથકી પણ, ન તૂટે એવું; મરજીમાં આવે ત્યાં પહોંચાડનારૂં: અને યાદવોને ભય ઉત્પન્ન કરનારૂં; વિમાન માગ્યું. ॥૬॥ એટલે પારકા પુરોને જીતનારા મહાદેવે, "ઠીક;" એમ કહીને, મય દાનવને આજ્ઞા કરવાથી; તેણે સૌભ નામનું લોઢાનું અને આશ્ચર્ય સરખું વિમાન બનાવીને, શાલ્વને સોંપ્યું. ॥૭॥ પછી એ ઇચ્છા થાય ત્યાં જનારા—અંધકારમય—અને જાણવામાં ન આવે એવા—વિમાનને પામેલો, તે શાલ્વરાજા; વૃષ્ણિઓએ સાથે કરેલા વૈરને સંભારતો, દ્વારકાં ઉપર ગયો. ॥૮॥ અને તેણે મોટી સેનાવડે દ્વારકાંને ઘેરી લઇને, સર્વ તરફ વાડીઓ અને બગીચા—કમાડો સહિત દરવાજાઓ—દેવળીઓ—મેડીઓ—ભિંતો—અને રમત ગમતની જગાઓ વિગેરેને, વિમાનમાંથી શસ્ત્રોનો વરસાદ નાંખીને; ભાંગી નાંખવાનું, શિરૂ કર્યું. ॥૧૦॥ તેથી પથરા—લાકડાં—કાંકરાં—સાપ—અને કરાના, ભારે વરસાદ; ત્યાં ધુળથી ભરી દેતા વંટોળિયા વાયુ સહિત, થવા લાગ્યા. ॥૧૧॥ હે રાજા, એ રીતે સૌભ વિમાન વડે અત્યંત પીડાયલી કૃષ્ણની નગરી દ્વારકાં, ત્રિપુરાસુરે પીડેલી પૃથ્વીની પેઠે; શાંતિ રહિત થઇ ગઇ. ॥૧૨॥ ત્યારે પોતાની પ્રજાને પીડાતી દેખી, મોટા યશ વાળા વીર-પુરૂષ ભગવાન પ્રદ્યુમ્ને; રથ ઉપર બેસીને, તેમને "બીહીશો માં." એમ કહ્યું. ॥૧૩॥ અને તેમની સાથે સાત્યકિ—ચારૂદેષ્ણ—સાંબ—પોતાના ભાઇઓ સહિત અક્રૂર—કૃતવર્મા—વિંદ—શુક—સારણ—અને બીજા પણ, મોટા ધનુષ્યોને ધરનારા મહારથી સરદારો; બખતરો પહેરીને, રથ—હાથી—ઘોડા અને પાયદળો સહિત બહાર નીકળ્યા. ॥૧૪-૧૫॥ પછી દેવ અને દૈત્યોના સરખું, તુમુલ અને રૂંવાડાં ઉભાં થાય એવું; યુદ્ધ, શાલ્વની સેના તથા યાદવો વચ્ચે, શિરૂ થયું. ॥૧૬॥ એટલે એ શાલ્વની માયાનો પ્રદ્યુમ્ને, દિવ્ય અસ્ત્રોવડે, એક ક્ષણમાંજ; સૂર્યના કિરણોથી અંધારૂં મટવાની પેઠે, નાશ કરી નાંખ્યો. ॥૧૭॥ પછી તેમણે સોનાની પુંખો—લોઢાનાં મુખ—

सशाल्वंशरणमागतं ॥५॥ देवासुरमनुष्याणांगंधर्वोरगरक्षसां ॥ अभेद्यंकामगंवव्रेसयानंवृष्णिभीषणं ॥६॥ तथेतिगिरिशादिष्टोमयःपरपुरंजयः ॥ पुरंनिर्मायशाल्वायप्रादात्सौभमयस्मयं ॥७॥ सलब्ध्वाकामगंयानंतमोधामदुरासदं ॥ ययौद्वारवतींशाल्वोवैरंवृष्णिकृतंस्मरन् ॥८॥ निरुध्यसेनयाशाल्वोमहत्याभरतर्षभ ॥ पुरींबभंजोपवनान्युद्यानानिचसर्वशः ॥९॥ सगोपुराणिद्वाराणिप्रासादाट्टालतोलिकाः ॥ विहारान्सविमानाग्र्यान्निपेतुःशस्त्रवृष्टयः ॥१०॥ शिलाद्रुमाश्चाशनयःसर्पाआसारशर्कराः ॥ प्रचंडश्चक्रवातोभूद्रजसाच्छादितादिशः ॥११॥ इत्यर्द्यमानासौभेनकृष्णस्यनगरीभृशं ॥ नाभ्यपद्यतशंराजंस्त्रिपुरेणयथामही ॥१२॥ प्रद्युम्नोभगवान्वीक्ष्यबाध्यमानानिजाःप्रजाः ॥ माभैष्टेत्यभ्यधाद्वीरोरथारूढोमहायशाः ॥१३॥ सात्यकिश्चारुदेष्णश्चसांबोऽक्रूरःसहानुजः ॥ हार्दिक्योभानुविंदश्चगदश्चशुकसारणौ ॥१४॥ अपरेचमहेष्वासारथयूथपयूथपाः ॥ निर्ययुर्दंशितागुप्तारथेभाश्वपदातिभिः ॥१५॥ ततःप्रववृतेयुद्धंशाल्वानांयदुभिःसह ॥ यथासुराणांविबुधैस्तुमुलंलोमहर्षणं ॥१६॥ ताश्चसौभपतेर्मायादिव्यास्त्रैरुक्मिणीसुतः ॥ क्षणेननाशयामासनैशंतमइवोष्णगुः ॥१७॥ विव्याधपंचविंशत्यास्वर्णपुंखैरयोमुखैः ॥ शाल्वस्यध्वजिनीपालंशरैःसन्नतपर्वभिः ॥१८॥ शतेनाताडयच्छाल्वमेकैकेनास्यसैनिकान् ॥ दशभिर्दशभिर्नेतॄन्वाहनानित्रिभिस्त्रिभिः ॥१९॥ तदद्भुतंमहत्कर्मप्रद्युम्नस्यमहात्मनःदृष्ट्वातंपूजयामासुःसर्वेस्वपरसैनिकाः ॥२० बहुरूपैकरूपंतद्दृश्यतेनचदृश्यते ॥ मायामयंमयकृतंदुर्विभाव्यंपरैरभूत् ॥२१॥ क्वचिद्भूमौक्वचिद्व्योम्निगिरिमूर्ध्निजलेक्वचित् ॥ अलातचक्रवद्भ्राम्यत्सौभंतद्दुरवस्थितं ॥२२॥ यत्रयत्रोपलक्ष्येतससौभःसहसैनिकः ॥ शाल्वस्ततस्ततोमुंचन्शरान्सात्वतयूथपाः ॥२३॥ शरैरग्न्यर्कसंस्पर्शैराशीविषदुरासदैः ॥ पीड्यमानपुरानीकःशाल्वोमुह्यत्परेरितैः ॥२४॥ शाल्वानीकपशस्त्रौघैर्वृष्णिवीराभृशार्दिताः ॥ नतत्यजूरणंस्वंस्वंलोकद्वयजिगीषवः ॥२५॥ शाल्वामात्योद्युमान्नामप्रद्युम्नंप्राक्प्रपीडितः ॥ आसाद्यगदयामौर्व्याव्याहत्यव्यनदद्बली ॥२६॥ प्रद्युम्नंगदयाशीर्णवक्षस्थलमरिंदमं ॥ अपोवाहरणात्सूतोधर्मविद्दारुकात्मजः ॥२७॥ लब्धसंज्ञोमुहूर्तेनकार्ष्णिःसारथिमब्रवीत् ॥ अहोअसाध्विदंसूतयद्रणान्मेऽपसर्पणं ॥२८॥ नय

અને નમેલી અણી વાળાં પચીસ બાણો વડે, શાલ્વના સેનાપતિને વિંધ્યો. ॥૧૮॥ અને સો બાણો શાલ્વને એક એક બાણ તેના દરેક યોદ્ધાને—દસ દસ બાણ તેમના સારથીઓને—અને ત્રણ ત્રણ બાણ ઘોડાઓને મારયાં. ॥૧૯॥ ત્યારે મહાત્મા પ્રદ્યુમ્નનું એ મોટું અદ્ભુત કામ દેખીને, પારકા તથા પોતાના સૈન્યના સર્વ યોદ્ધાઓએ; તેમને વખાણ્યા. ॥૨૦॥ પછી તેનું, મય દાનવે કરી આપેલું, અને બીજાઓથી ન જાણી શકાય એવું; માયામય વિમાન; કોઇવાર એકજ તથા કોઇવાર ઘણાં સરખુ દેખાતું: અને કોઇ વાર ન દેખાતું; તથા કદિક જમીન ઉપર તો કદિક આકાશમાં; અને વળી કદિક પર્વતની ટોચ ઉપર, તેમજ જળની અંદર પણ; ઉંબાડિયાની પેઠે, ચક્રના સરખું ફરતું; જોવામાં આવીને, એક ઠેકાણે સ્થિર થતુંજ નહોતું ॥૨૧-૨૨॥ તેથી એ શાલ્વ અને તેના સૈન્યના માણસો જ્યાં જ્યાં જણાતા, ત્યાં ત્યાં; યાદવોના સરદારો બાણો ફેંકતા હતા. ॥૨૩॥ તેથી એ ઝેરી—સહન ન થાય એવાં—અને સૂર્ય તથા અગ્નિ સરખા તીક્ષ્ણ સ્પર્શ વાળાં શત્રુઓએ—મૂકેલાં બાણોથી; પોતાના વિમાનમાંના સૈન્યને પીડાતું દેખીને, એ શાલ્વ રાજા મુંઝાયો. ॥૨૪॥ અને શાલ્વના સૈનિકોએ મૂકેલાં શસ્ત્રોના જથાઓથી, યાદવોના વીર પુરૂષો પણ, ઘણા પીડાતા હતા; છતાં તે બન્ને પક્ષના લોકો જીતવાની ઇચ્છા વડે, રણભૂમિને તજતા નહતા. ॥૨૫॥ ત્યાં પ્રદ્યુમ્ને પ્રથમ પીડેલા શાલ્વના અમાત્ય, બળવાન દ્યુમાને; પ્રદ્યુમ્નની પાસે આવીને, તેમને મોટી ગદા વડે પ્રહાર કરીને, ગર્જના કરી. ॥૨૬॥ શત્રુઓને મારનાર પ્રદ્યુમ્નની છાતી, એ ગદા વાગવાથી ચીરાઇ ગઇ; એટલે ધર્મને જાણનારો, તેમનો સારથી જે દારૂકનો પુત્ર હતો, તે યુદ્ધ ભૂમિમાંથી તેમને દૂર લેઇ ગયો. ॥૨૭॥ પછી બે ઘડી વારે ભાન આવવાથી, તેમણે એ સારથીને કહ્યું કે; " હે સૂત, તું મને યુદ્ધમાંથી દૂર લેઇ ગયો, એ ભૂંડું થયું. ॥૨૮॥ યાદવોના કુળમાં જન્મેલો, રણમાંથી ભાગનારો; અને નપુંસક જેવા મનવાળા સારથીએ, દોર લમાડેલો: હું વિના બીજો કોઇ નહીંજ હોય. ॥૨૯॥ જ્યારે હું રામ અને કેશવ વિગેરે વડિલોને મળીશ, ત્યારે યુદ્ધમાંથી

ઓળખાર બહાર જતો રહેનાર હું: મારી પોતાની મેળના અદલ, તેઓ પૂછવાથી શું કહી શકીશ. ॥૩૦॥ અને ભાઇઓની સ્ત્રીઓ હસતી હસતી ઉઘાડી રીતે મને કહેશે કે; "તમ સરખાજ બીજા કયા કયા વીર પુરૂષોએ યુદ્ધને વિશે નામર્દપણું, દેખાડયું હતું. ત્યારે હું શું કહીશ ॥૩૧॥ (ત્યારે સારથી બોલ્યો કે.) "હે સમર્થ, સારથીને કષ્ટ પડે, ત્યારે રથીએ તેનું રક્ષણ કરવું; અને રથીના કષ્ટ વખતે, સારથીએજ રક્ષણ કરવું જોઇએ; એમ ધર્મને જાણવાથીજ, મેં આ કામ કરેલું છે. ॥૩૨॥ દુશ્મને મારેલી ગદા વાગવાથી, તમને મૂર્છા થઇ હતી, તેથી હું તમને રણમાંથી બાહાર લેઇ ગયો હતો.॥૩૩॥ઇ. ભા. દ. ૨૬. પ્રદ્યુમ્ન મૂર્છા નામે છે. અ.સં.॥૭૬॥

અધ્યાય ૭૭ મો —શ્રીશુક—પછી જળનો સ્પર્શ કરી, કવચ પેહેરીને; તથા ધનુષ્ય બાણ હાથમાં લેઇને; પ્રદ્યુમ્ને સારથીને કહ્યું કે; "વીર દ્યુમાનની પાસે, હવે તું મને લેઇ જા." ॥૧॥ પછી ત્યાં જઇને, તેમણે પોતાના સૈનનો નાશ કરતા દ્યુમાનને રોકીને હસતાં હસતાં તેને આઠ બાણવડે વિંધ્યો. ॥ ૨ ॥ પછી ચાર બાણ વડે તેના ઘોડા, અને એક બાણથી સારથીને માર્યો; બે બાણથી તેનું ધનુષ્ય અને ધજા કાપી નાંખ્યાં, અને બીજાં બાણવડે, એ દ્યુમાનનું માથું પણ કાપી નાંખ્યું. ॥૩॥ અને તેટલામાંજ, ગદ–સાત્યકિ–અને સાંબ આદિકના મારવા થકી, એ શાલ્વના સૌભ નામના વિમાનમાં બેઠેલા, સર્વેનાં માથાં કપાઇ જઇને; સમુદ્રમાં પડવા લાગ્યાં. ॥૪॥ એ રીતે એક બીજાને મારતા, શાલ્વના લોકો તથા યાદવો વચ્ચેનું તુમુલ અને ભયંકર યુદ્ધ, લાગટ સત્તાવિસ દિવસ રાત સુધી ચાલ્યા કીધું. ॥ ૫ ॥ અને અહીંયાં ઇંદ્રપ્રસ્થમાં, યુધિષ્ઠિરના રાખવાથી રહેલા, કૃષ્ણ ભગવાનને; શિશુપાળનું મરણ થઇને, રાજસૂય યજ્ઞ પૂરો થયા કેડે; અતિ ભયંકર ચિન્હ જોવામાં આવવાથી; તે કૌરવોના ઘરડેરાઓની,–મુનિઓની,–અને પુત્રો સહિત કુંતાજીની;–રજા મેળ-

दूनांकुलेजातःश्रूयतेरणविच्युतः ॥ विनामतक्लीबचित्तेनसूतेनप्राप्तः किल्बिषात् ॥२९॥ किंनुवक्ष्येऽभिसंगम्यपितरौरामकेशवौ ॥ युद्धात्सम्यगपक्रांतःपृष्टस्तत्रात्मनःक्षमं ॥३०॥ व्यक्तंमेकथयिष्यंति हसंत्योभ्रातृजामयः॥क्लैब्यंकथंकथंवीरतवान्यैःकथ्यतांमृधे ॥३१॥ सारथि० धर्मंविजानतायुष्मन्कृच्छ्रेरक्ष्योरथीस्मृतः ॥ सूतःकृच्छ्रगतंरक्षेद्रथिनंसारथिंरथी ॥३२॥ एतद्विदित्वातुभवान्मयापोवाहितोरणात् ॥ उपसृष्टःपरेणेतिमूर्छितोगदयाहतः॥३३॥ इ० भा० म० द० उ० षट्सप्ततितमोऽध्यायः ॥७६॥ श्रीशुक० सउपस्पृश्यसलिलंदंशितोधृतकार्मुकः ॥ नयमांद्युमतःपार्श्वंवीरस्येत्याहसारथिं॥१॥ विधमंतंस्वसैन्यानिद्युमंतंरुक्मिणीसुतः॥ प्रतिहत्यप्रत्यविध्यन्नाराचैरष्टभिःस्मयं॥२॥ चतुर्भिश्चतुरोवाहान्सूतमेकेनचाहनत् ॥ द्वाभ्यांधनुश्चकेतुंचशरेणान्येनवैशिरः॥३॥ गदसात्यकिसांबाद्याजघ्नुःसौभपतेर्बलं॥ पेतुःसमुद्रेसौभेयाःसर्वेसंछिन्नकंधराः॥४॥ एवंयदूनांशाल्वानांनिघ्नतामितरेतरं॥ युद्धंत्रिणवरात्रंतदभूत्तुमुलमुल्बणं॥५॥ इंद्रप्रस्थंगतःकृष्णआहूतोधर्मसूनुना॥ राजसूयेथनिर्वृत्तेशिशुपालेचसंस्थिते ॥६॥ कुरुवृद्धाननुज्ञाप्यमुनींश्चससुतांपृथां॥निमित्तान्यतिघोराणिपश्यन्द्वारवतींययौ॥७॥ आहचाहमिहायातआर्यमिश्राभिसंगतः॥राजन्याश्चैद्यपक्षीयानूनंहन्युःपुरींमम॥८॥ वीक्ष्यतत्कदनंस्वानांनिरूप्यपुररक्षणं॥ सौभंचशाल्वराजंचदारुकंप्राहकेशवः॥९॥ रथंप्रापयमेसूतशाल्वस्यांतिकमाशुवै॥ संभ्रमस्तेनकर्तव्योमायावीसौभराडयं॥१०॥ इत्युक्तश्चोदयामासरथमास्थायदारुकः॥ विशंतंददृशुःसर्वेस्वेपरेचारुणानुजं॥११॥ शाल्वश्चकृष्णमालोक्यहतप्रायबलेश्वरः॥ प्राहरत्कृष्णसूतायशक्तिंभीमरवांमृधे॥१२॥ तामापतंतींनभसिमहोल्कामिवरंहसा ॥ भासयंतींदिशःशौरिःसायकैःशतधाच्छिनत् ॥१३॥ तंचषोडशभिर्विद्ध्वाबाणैःसौभंचखभ्रमत् ॥ अविध्यच्छरसंदोहैःखंसूर्यइवरश्मिभिः ॥१४॥ शाल्वःशौरेस्तुदोःसव्यंसशार्ङ्गंशार्ङ्गधन्वनः॥ बिभेदन्यपतद्धस्ताच्छार्ङ्गमासीत्तदद्भुतं॥१५॥हाहाकारोमहानासीद्भूतानांतत्रपश्यतां ॥ विनद्यसौभराडुच्चैरिदमाहजनार्दनं॥१६॥ यत्त्वयामूढनःसख्युर्भ्रातुर्भार्याहृतेक्षतां ॥ प्रमत्तःससभामध्येत्वयाव्यापादितःसखा॥१७॥ तंत्वाद्यनिशितैर्बाणैरपराजितमानिनं॥ नयाम्यपुनरावृत्तिंयदितिष्ठेर्ममाग्रतः॥१८॥ श्रीभग० वृथात्वंकत्थ

વીને; પાછા દ્વારકાં જવાને નીકળ્યા. ॥૬–૭॥ અને વિચાર કરવા લાગ્યા કે; "મોટા ભાઇ સહિત હું અહીંયાં આવેલો છું; ત્યારે નક્કીજ શિશુપાળના પક્ષવાળાઓ, મારી નગરી દ્વારકાંને, પીડતા હશે." ॥૮॥ પછી એ સૌભ વિમાનને–શાલ્વ રાજાને–અને પોતાનાઓનો નાશ થતો હતો તેને પણ; એ કેશવ ભગવાને દેખીને, પોતે દ્વારકાં નગરના રક્ષણનો બંદોબસ્ત કરયા પછી; દારૂકને કહ્યું કે. ॥૯॥ "હે સૂત, મારો રથ, શાલ્વ રાજાની નજીક લેઇ જા; એ સૌભ વિમાનનો અધિપતિ–માયાવી છે; માટે તું સંભ્રમ કરતો નહીં." ॥૧૦॥ એ રીતે કહેવાથી દારૂકે હાંકેલા, ગરૂડના ચિન્હવાળા રથમાં બેસીને; યુદ્ધને વિશે પ્રવેશ કરતા, ભગવાનને; પોતાના અને પારકા સૈન્યવાળા સર્વેએ, જોયા. ॥૧૧॥ એટલે ઘણું ખરૂં લશ્કર નાશ પામેલા, શાલ્વ રાજાએ; કૃષ્ણને યુદ્ધને વિશે દેખીને, તેમના સારથી ઉપર પોતાની ભયંકર શબ્દ કરતી, સાંગ મારી. ॥૧૨॥ ત્યારે એ દિશાઓને પ્રકાશિત કરતી વીજળીની પેઠે, મોટા વેગથી આવી પડતી સાંગના; ભગવાને આકાશમાંજ, સેંકડો કકડા કરી નાંખ્યા. ॥૧૩॥ અને શાલ્વને પણ સોળ બાણ થકી, વિંધીને, આકાશમાં ભમતા સૌભ વિમાનને પણ બાણોના જથાથી; સૂર્યના કિરણોથી આકાશ ભરાઇ જવાની પેઠે; ભરી નાખ્યું. ॥૧૪॥ એટલામાં શાલ્વ રાજાએ, સારંગ ધનુષ્ય પકડેલો કૃષ્ણનો ડાબો હાથ, ધનુષ્ય સહિત ભેદી નાંખ્યો; તેથી તેમના હાથમાંનું સારંગ ધનુષ્ય, પડી ગયું; એ અદભૂત થયું. ॥૧૫॥ ત્યારે ત્યાં જોનાર મનુષ્યો વિગેરે, મોટા હાહાકાર કરવા લાગ્યાં; અને શાલ્વે ગર્જના કરીને, જનાર્દન ભગવાનને કહ્યું કે. ॥૧૬॥ "હે મૂઢ, તેં અમારા મિત્ર અને ભાઇ, શિશુપાળની સ્ત્રીને અમારા દેખતાં હરિ છે; અને સભાની વચમાં, અમારા એ મિત્રના પ્રમાદનો લાભ લેઇને; તેને તેં મારી નાંખ્યો છે. ॥૧૭॥ તે અપરાજીતપણાનું અભિમાન રાખનારો તું, જો આજ મારા સામો ઉભો રેહેશે તો; સજાવેલાં બાણોવડે, હું તને; જ્યાં ગયેલા પાછા આવતા નથી, ત્યાં મોકલી દેઇશ." ॥ ૧૮ ॥—શ્રીભગવાન—હે મંદ, પાસે આવેલા મરણને ન દેખતાં, તું વૃથા ઘણું બોલે છે; પણ

ઘરાએ તો પણ ન બોલતા, પરાક્રમજ દેખાડે છે ॥ ૧૯ ॥—શ્રીશુક—એ પ્રમાણે કહીને, ભગવાને ક્રોધથી; પોતાની મોટા વેગવાળી ગદા, શાલ્વની હાંસડી ઉપર મારવાથી; તે મુખથી લોહી ઓકવા લાગ્યો. ॥૨૦॥ અને ગદા પાછી વળ્યા પછી, શાલ્વ અંતર્ધ્યાન થઇ ગયો; તથા તે કેડે બે ઘડીવારે, એક પુરુષે આવી; અચ્યુત ભગવાનને માથાવડે નમસ્કાર કરીને, રોતાં; પોતાને દેવકીજીએ મોકલેલાનું કહીને, તે બોલ્યો કે. ॥૨૧॥ "હે કૃષ્ણ, મોટા હાથવાળા કૃષ્ણ, તમે પિતા ઉપર પ્રીતિ રાખનારના બાપ (વસુદેવ)ને; પશુને કસાઇ લેઇ જવાની પેઠે; શાલ્વ રાજા બાંધીને લેઇ ગયો છે." ॥૨૨॥ ત્યારે મનુષ્યની રીતિનું આચરણ કરનારા કૃષ્ણ, એ અપ્રિય વચન સાંભળી; દયાથી ક્યવાઇ જઇને, પ્રાકૃત પુરુષની પેઠે; સ્નેહવડે બોલ્યા કે. ॥૨૩॥ અકુલ-તમાં નહીં પડનારા અને દેવ તથા દૈત્યો થકી પણ ન જીતાય એવા; રામને કેવી રીતે જીતીને, આ અલ્પ શાલ્વ, મારા પિતાને લેઇ ગયો હશે; પણ દૈવ બળવાન છે." ॥૨૪॥ એ રીતે ગોવિંદ ભગવાન બોલે છે, એટલામાં શાલ્વ રાજા; વસુદેવ જેવાજ એક પુરુષને લેઇને, ત્યાં આગળ આવ્યો; અને તેણે કૃષ્ણને કહ્યું કે; ॥૨૫॥ "જેને અર્થે તું જીવે છે, તે તને જન્મ આપનાર, તારા બાપને; તારા દેખતાંજ, હું મારું છું; માટે હે થોડી અક્કલ વાળા, તારામાં જો શક્તિ હોય તો; તું એનું રક્ષણ કરજે." ॥૨૬॥ એ રીતે તિરસ્કાર કરીને; તેણે, એ માયાવી વસુદેવનું માથું, તરવારવડે કાપી લેઇને; તે પોતાના આકાશમાં રહેલા, સૌભ વિમાનમાં જતો રહ્યો. ॥૨૭॥ અને એ સ્વત; સિદ્ધ જ્ઞાનવાળા, તથા મોટા પ્રભાવ વાળા, ભગવાને પણ; આ રીતે મનુષ્ય શરીરની પ્રકૃતિ પ્રમાણે, જરાવાર સ્વજનો ઉપરનો સ્નેહ બતાવ્યા પછી; આ શાલ્વે વિસ્તારેલી. તેણે મયદાનવ પાસેથી શીખેલી, આસુરી માયા હોવાનું; જાણી લીધું ॥૨૮॥ અને તેથા સ્વપ્નમાંથી જાગી ઉઠેલાની પેઠે, એ રણમાં, દૂતને

मेमंदनपश्यस्यंतिकेंऽतकं॥ पौरुषंदर्शयंतिस्मशूरानबहुभाषिणः ॥१९॥ इत्युक्त्वाभगवान्शाल्वंगदयाभीमवेगया ॥ तताडजत्रौसंरब्धःसच कंपेवमन्नसृक् ॥२०॥ गदायांसन्निवृत्तायांशाल्वस्त्वंतरधीयत ॥ ततोमुहूर्तमागत्यपुरुषःशिरसाऽच्युतं॥ देवक्याप्रहितोऽस्मीतिनत्वाप्राहव चोरुदन् ॥२१॥ कृष्णकृष्णमहाबाहोपितातेपितृवत्सल॥ बद्ध्वाऽपनीतःशाल्वेनसौनिकेनयथापशुः ॥२२॥ निशम्यविप्रियंकृष्णोमानुषींप्र कृतिंगतः॥ विमनस्कोघृणीस्नेहाद्बभाषेप्राकृतोयथा ॥२३॥ कथंराममसंभ्रांतंजित्वाऽजेयंसुरासुरैः ॥ शाल्वेनाल्पीयसानीतःपितामेबलवा न्विधिः॥२४॥ इतिब्रुवाणेगोविंदेसौभराट्प्रत्युपस्थितः॥ वसुदेवमिवानीयकृष्णंचेदमुवाचसः॥२५॥ एषतेजनितातातोयदर्थमिहजीवसि॥ वधिष्येवीक्षतस्तेऽमुमीशश्चेत्पाहिबालिश ॥२६॥ एवंनिर्भर्त्स्यमायावीखड्गेनानकदुंदुभेः॥उत्कृत्यशिरआदायखस्थंसौभंसमाविशत्॥२७ ततोमुहूर्तंप्रकृतावुपप्लुतःस्वबोधआस्तेस्वजनानुषंगतः ॥ महानुभावस्तदबुध्यदासुरींमायांसशाल्वप्रसृतांमयोदितां ॥२८॥ नतत्रदूतंनपितुः कलेवरंप्रबुद्धआजौसमपश्यदच्युतः ॥ स्वाप्नंयथाचांबरचारिणंरिपुंसौभस्थमालोक्यनिहंतुमुद्यतः॥२९॥ एवंवदंतिराजर्षेऋषयःकेचनान्वि ताः ॥ यत्स्ववाचोविरुध्येतनूनंतेनस्मरंत्युत ॥३०॥ क्वशोकमोहौस्नेहोवाभयंवायेऽज्ञसंभवाः॥ क्वचाखंडितविज्ञानज्ञानैश्वर्यस्त्वखंडितः॥३१ यत्पादसेवोर्जितयात्मविद्ययाहिन्वंत्यनाद्यात्मविपर्ययग्रहं ॥ लभंतआत्मीयमनंतमैश्वरंकुतोनुमोहःपरमस्यसद्गतेः ॥३२॥ तंशस्त्रपूगैःप्रहरं तमोजसाशाल्वंशरैःशौरिरमोघविक्रमः॥ विध्वाऽच्छिनद्वर्मधनुःशिरोमणिंसौभंचशत्रोर्गदयारुरोज ह ॥३३॥ तत्कृष्णहस्तेरितयाविचूर्णितं पपाततोयेगदयासहस्रधा ॥ विसृज्यतद्भूतलमास्थितोगदामुद्यम्यशाल्वोऽच्युतमभ्ययाद्द्रुतं ॥३४॥ आधावतःसगदंतस्यबाहुंभल्लेनछित्वा ऽथरथांगमद्भुतं ॥ वधायशाल्वस्यलयार्कसन्निभंबिभ्रद्बभौसार्कइवोदयाचलः ॥३५॥ जहारतेनैवशिरःसकुंडलंकिरीटयुक्तंपुरुमायिनोहरिः ॥ वज्रेणवृत्रस्ययथापुरंदरोबभूवहाहेतिवचस्तदानृणां ॥३६॥ तस्मिन्निपतितेपापेसौभेचगदयाहते ॥ नदुर्दुंदुभयोराजन्दिविदेवगणेरिताः ॥ सखीनामपचितिंकुर्वन्दंतवक्रोरुषाऽभ्ययात् ॥३७॥ इ०भा०म०द०उत्तरार्धेसौभवधानामसप्तसप्ततितमोऽध्यायः ॥ ७७ ॥

અને પિતાના કલેવરને કશાને પણ, નહીં દેખાયલાનું જાણીને; આકાશમાં ફરયા કરતા સૌભ વિમાનમાં બેઠેલા શત્રુ, શાલ્વને મારી નાંખવાની, તેમણે તૈયારી કરી. ॥૨૯॥ હે રાજા, આ રીતનું (એકવિસથી ઓગણત્રિસ સુધી શ્લોકમાં કહેલું.), કેટલાએક ઋષિઓનું કહેવું છે; પણ તે, તેઓએજ પ્રથમ કહેલાથી વિરુદ્ધ હોઇને; આગળ પાછળનું અનુસંધાન રાખ્યા વિનાજ, તેમણે કહેલાનું જણાઇ આવે છે. ॥૩૦॥ કારણ કે, શોક—મોહ—સ્નેહ—અને ભયને પામનારા અજ્ઞાનીઓની, અને સર્વ કાળ એક સરખાજ જ્ઞાન—વિજ્ઞાન—અને ઐશ્વર્ય વડે અખંડિત રહેનારા, ઇશ્વરની વચ્ચે; ઘણોજ તફાવત રહેલો હોય છે. ॥૩૧॥ જે ભગવાનના ચરણની સેવાથી વધેલા આત્મજ્ઞાનવડે, અનાદિ કાળથી દેહાદિકને પોતારૂપ માનવાપણાનો ત્યાગ થઇને; અનંત અને સમર્થ આત્મ સ્વરૂપની, પ્રાપ્તિ થાય છે; તે સત્પુરુષોની ગતિ રૂપ, પરમેશ્વર કૃષ્ણને; મોહ થવાનું કહેવું, કેમ ઘટે, ? ॥૩૨॥ તે પછી અનેક શસ્ત્રોવડે પ્રહાર દેનારા શાલ્વને, એ અમોઘ પરાક્રમવાળા કૃષ્ણે; બાણવડે; બાણો થકી વિંધી નાંખીને, તેનું બખ્તર—ધનુષ્ય—અને માથાનો મણિ એ સર્વે, કાપી નાંખ્યાં; તથા તેના સૌભ વિમાન ઉપર અને એ શાલ્વના ઉપર પણ ગદાના પ્રહાર કરયા; ॥૩૩॥ અને એ રીતે કૃષ્ણનાં હાથથી છૂટેલી ગદાથી એ સૌભ વિમાનના હજારો કકડા થઇ; ચૂરો થઇ જઇને, તે જ્યારે પાણીમાં પડી ગયા; ત્યારે શાલ્વે સૌભનો ત્યાગ કરયો; અને તે પછી શાલ્વ ધરતી ઉપર ઉભો રહીને, ગદા ઉગામી; અચ્યુત ભગવાનની સામે દોડી ગયો. ॥૩૪॥ ત્યારે એ દોડ્યા આવતા શાલ્વનો હાથ, ગદા સહિત; ભગવાને ભાલાવડે, કાપી નાંખ્યો; અને એ શાલ્વનો વધ કરવા સારૂં, પ્રલયકાળના સૂર્ય સમાન તેજસ્વી અદ્ભુત ચક્રને ધારણ કરેલા ભગવાન; સૂર્ય સહિત ઉદયાચળ દેખાવાની પેઠે, શોભવા લાગ્યા. ॥૩૫॥ પછી એ ચક્રવડેજ, એ ઘણી માયા કરનારા શાલ્વનું, કુંડળ સમેત માથું; ઇંદ્રે વજ્રવડે વૃત્રાસુરનું માથું; કાપવાની પેઠેજ, ભગવાને કાપી નાંખ્યું; એટલે લોકોમાં હાહાકારનો મોટો શબ્દ થયો. ॥૩૬॥ અને હે રાજા, એ સૌભ વિમાન ગદાવડે ભાગી પડીને,

પાપી શાલ્વ રાજા મરણ પામવાથી; દેવતાઓએ વગાડેલાં સ્વર્ગનાં દુંદુભી વાગ્યાં; અને ત્યાર પછી એ મિત્રોનું વેર વાળવા સારૂ. ક્રોધ કરીને દંતવક્ર ત્યાં આવ્યો. ॥૩૭॥ ઇતિશ્રી૦ ભા૦ દ૦ સ્કં૦ સિત્તોતેરમો અ૦સં૦ ॥૭૭॥

અધ્યાય. ૭૮ મો.—શ્રીશુક—હે રાજા, પરલોક ગયેલા શિશુપાળ—શાલ્વ—અને પૌંડ્રક વિગેરે તરફ, પરોક્ષ રીતે સુહૃદપણું કરનાર—દુષ્ટ બુદ્ધિ વાળા—અને મહા બળવાન, દંતવક્રે; ક્રોધથી હાથમાં ગદા લેઇ, પગ વડે ધરતીને ધ્રુજાવતાં; એકલોજ પગે ચાલતા આવીને, ત્યાં આગળ દેખાવ દીધો. ॥૧-૨॥ ત્યારે એ રીતે, તેને આવતો દેખીને, ભગવાને ઉતાવળથી; હાથમાં ગદા ધારણ કરી, રથમાંથી હેઠા ઉતરીને; કિનારો જેમ સમુદ્રને રોકે, તેમ, તેને રોકી દીધો. ॥૩॥ ત્યારે મુકુંદ ભગવાન સામી ગદા ઉગામીને, એ મદોન્મત્ત દંતવક્ર બોલ્યો કે: "તું મારી નજર આગળ આજ આવ્યો, એ ઘણુંજ સારૂ થયું. ॥૪॥ અમારા મામાનો દીકરો તું કૃષ્ણ, મિત્રોનો દ્રોહ કરનારો, મને પણ મારવાને ઇચ્છે છે: માટે હે મંદ, હું તને આ મારી વજ્ર જેવી ગદા વડેજ, મારીશ. ॥૫॥ અને હે મૂર્ખ દેહમાં વ્યાપેલા રોગનો નાશ કરવાની પેઠેજ: બંધુરૂપ તું શત્રુને, જ્યારે હું મારીશ; ત્યારેજ મિત્રોના ઉપર પ્રીતિ રાખનારો હું, મિત્રોના ઋણ થકી, મુક્ત થઈશ." ॥૬॥ એ રીતનાં કઠિણ વચનો વડે, હાથીને અંકુશ વડે પીડવાની પેઠે; કૃષ્ણને પીડીને તેણે, કૃષ્ણના માથામાં ગદા મારીને; સિંહની પેઠે ગર્જના કરી. ॥૭॥ ત્યારે યુદ્ધને વિશે ગદા વાગ્યા છતાં ભગવાને, જરા પણ ચલાયમાન નહીં થતાં; પોતાની કૌમુદિકિ ગદાનો પ્રહાર, તેને તેના બે સ્તનની વચમાંજ કર્યો. ॥૮॥ એટલે તે પ્રહાર થકી, તેનું હૃદય ફાટી જઇને; મોઢામાંથી લોહી ઓકતો તે, પ્રાણ રહિત થઇ; પૃથ્વી ઉપર હાથ—પગ—અને વાળ પસારીને પડી ગયો. ॥ ૯ ॥ હે રાજા, પછી સર્વ લોકના દેખતાં, તેનામાંથી નીકળેલું અતિ સૂક્ષ્મ

श्रीशुक० शिशुपालस्यशाल्वपौंड्रकस्यापिदुर्मतिः ॥ परलोकगतानांचकुर्वन्पारोक्ष्यसौहृदं ॥१॥ एकःपदातिःसंक्रुद्धोगदापाणिःप्रकंपयन् ॥ पद्भ्यामिमांमहाराजमहासत्वोव्यदृश्यत ॥२॥ तंतथायांतमालोक्यगदामादायसत्वरः ॥ अवप्लुत्यरथात्कृष्णःसिंधुंवेलेवप्रत्यधात् ॥३॥ गदामुद्यम्यकारूषोमुकुंदंप्राहदुर्मदः ॥ दिष्ट्यादिष्ट्याभवानद्यममदृष्टिपथंगतः ॥४॥ त्वंमातुलेयोनःकृष्णमित्रध्रुङ्मांजिघांससि॥ अतस्त्वांगदयामंदहनिष्येवज्रकल्पया ॥५॥ तर्ह्यानृण्यमुपैम्यज्ञमित्राणांमित्रवत्सलः ॥ बंधुरूपमरिंहत्वाव्याधिंदेहचरंयथा ॥६॥ एवंरूक्षैस्तुदन्वाक्यैःकृष्णंतोत्रैरिवद्विपं ॥ गदयाऽताडयन्मूर्ध्निसिंहवद्व्यनदच्चसः ॥७॥ गदयाऽभिहतोऽप्याजौनचचालयदूद्वहः॥कृष्णोऽपितमहन्गुर्व्याकौमोदक्यास्तनांतरे ॥८॥ गदानिर्भिन्नहृदयउद्वमन्रुधिरंमुखात् ॥ प्रसार्यकेशबाह्वंघ्रीन्धरण्यांन्यपतद्व्यसुः ॥९॥ ततःसूक्ष्मतरंज्योतिःकृष्णमाविशदद्भुतं ॥ पश्यतांसर्वभूतानांयथाचैद्यवधेनृप ॥१०॥ विदूरथस्तुतद्भ्राताभ्रातृशोकपरिप्लुतः ॥ आगच्छदसिचर्मभ्यामुच्छ्वसंस्तज्जिघांसया ॥११॥ तस्यचापततःकृष्णश्चक्रेणक्षुरनेमिना ॥ शिरोजहारराजेंद्रसकिरीटंसकुंडलं ॥१२॥ एवंसौभंचशाल्वंचदंतवक्रंसहानुजं ॥ हत्वादुर्विषहानन्यैरीडितःसुरमानवैः ॥१३॥ मुनिभिःसिद्धगंधर्वैर्विद्याधरमहोरगैः ॥ अप्सरोभिःपितृगणैर्यक्षैःकिन्नरचारणैः॥१४॥ उपगीयमानविजयःकुसुमैरभिवर्षितः ॥ वृतश्चवृष्णिप्रवरैर्विवेशालंकृतांपुरीं ॥१५॥ एवंयोगेश्वरःकृष्णोभगवान्जगदीश्वरः ॥ ईयतेपशुदृष्टीनांनिर्जितोजयतीतिसः ॥१६॥ श्रुत्वायुद्धोद्यमंरामःकुरूणांसहपांडवैः ॥ तीर्थाभिषेकव्याजेनमध्यस्थःप्रययौकिल॥१७॥ स्नात्वाप्रभासेसंतर्प्यदेवर्षिपितृमानवान् ॥ सरस्वतींप्रतिस्रोतंययौब्राह्मणसंवृतः ॥१८॥ पृथूदकंबिंदुसरस्त्रितकूपंसुदर्शनं ॥ विशालंब्रह्मतीर्थंचचक्रंप्राचींसरस्वतीं ॥१९॥ यमुनामनुयान्येवगंगामनुचभारत ॥ जगामनैमिषंयत्रऋषयःसत्रमासते ॥२०॥ तमागतमभिप्रेत्यमुनयोदीर्घसत्रिणः ॥ अभिनंद्ययथान्यायंप्रणम्योत्थायचार्चयन्॥२१॥सोऽर्चितःसपरीवारःकृतासनपरिग्रहः॥रोमहर्षणमासीनंमहर्षेःशिष्यमैक्षत॥२२॥ अप्रत्युत्थायिनंसूतमकृतप्रह्वणांजलिं ॥ अध्यासीनंचतान्विप्रांश्चुकोपोद्वीक्ष्यमाधवः ॥२३॥ कस्मादसाविमान्विप्रानध्यास्तेप्रतिलोमजः ॥

તેજ; શિશુપાળની પેઠેજ, અદ્ભૂત રીતે; કૃષ્ણ ભગવાનને વિશે પેસી ગયું. ॥૧૦॥ ત્યારે ભાઇના શોકથી વ્યાકુળ થયેલો. તેનો ભાઇ વિદુરથ, હાંફતો હાંફતો: હાથમાં ઢાલ તરવાર લેઇને, ભગવાનને મારવાની ઇચ્છાથી ત્યાં આવ્યો, ॥૧૧॥ હે મોટા રાજા, ત્યારે દોડી આવતા એ વિદુરથનું, કુંડળ અને કિરીટ સમેત માથું; કૃષ્ણે અસ્ત્રા જેવી ધાર વાળા ચક્ર વડે, કાપી નાખ્યું. ॥ ૧૨ ॥ એ રીતે બીજાઓ થકી સહન ન થઇ શકે એવા, શાલ્વને—સૌભ વિમાનને—અને વિદુરથ સહિત દંતવક્રને; ભગવાને મારવાથી, દેવતાઓએ, અને મનુષ્યોએ, પણ તેમની સ્તુતિ કરી. ॥ ૧૩ ॥ તે પછી મુનિઓ—સિદ્ધો—ગંધર્વો—વિદ્યાધરો—મોટા નાગ—અપ્સરાઓ—પિતૃગણો—યક્ષો—કિન્નરો—અને ચારણો—વિગેરેથી વિજય ગવાતા, અને ફુલનો વરસાદ થતા, ભગવાન મોટા યાદવોથી વિંટાઇને: શણગારેલી દ્વારકાંમાં પેઠા. ॥ ૧૪-૧૫ ॥ એ રીતે યોગેશ્વર કૃષ્ણ ભગવાન જગતના ઇશ્વર છતાં. પશુ બુદ્ધિ સરખાઓના જોવામાં: તે જીતેલા અને હારેલાનું જણાય છે. ॥૧૬ ॥ પછી પાંડવોએ કૌરવોની સાથે યુદ્ધ કરવાની તૈયારી કરવા માંડેલાનું સાંભળી, પોતે મધ્યસ્થ એટલે એમાંથી એકે પક્ષમાં નહીં ભળવાના ઇરાદાથી; તીર્થોમાં નહાવાના મિષથી, બળરામ દ્વારકાં થકી ચાલી નીકળ્યા, ॥ ૧૭ ॥ અને પ્રથમ પ્રભાસમાં નાહીને, દેવ—ઋષિ—પિતૃ—અને મનુષ્યોને તૃપ્ત કર્યા પછી; બ્રાહ્મણો થકી વિંટાયલા તે, સરસ્વતિ નદીને કાંઠે કાંઠે તેના મૂળ તરફ ચાલ્યા. ॥ ૧૮ ॥ પછી પૃથુદક—બિંદુસર—ત્રિત—કૂપ—સુદર્શન—વિશાળ—બ્રહ્મતીર્થ—ચક્રતીર્થ—પ્રાચી—અને સરસ્વતિ—તથા ગંગા અને યમુનાં, અને તેમને લગતાં બીજાં તીર્થોમાં જઇને, પછીથી મોટા ઋષિઓએ સત્ર આરંભેલા નૈમિષ ક્ષેત્રમાં ગયા. ॥૧૯-૨૦॥ ત્યારે એ લાંબા કાળ સુધીનો સત્ર કરનારા ઋષિઓએ તેમને આવેલા જોઇ ઉભા થઇને, એમને ન્યાય પ્રમાણે પ્રણામ અને અભિવંદન કરીને; તેમનું પૂજન કર્યું. ॥૨૧॥ એ રીતે સાથેનાઓ સહિત પૂજન પામીને, તેમણે આસનનો સ્વીકાર કર્યા કેડે: વેદ વ્યાસનો શિષ્ય રોમહર્ષણ, પોતાના આસન ઉપરજ બેસી રહેલો;

તેમના જોવામાં આવ્યો. ॥ ૨૨ ॥ અને એ બ્રાહ્મણોની વચમાં મોટા આસન ઉપર બેઠેલા સૂતે, ઉઠી ઉભા થઇને સામા નહીં જતાં, હાથ જોડીને પ્રણામ પણ ન કર્યા; તે દેખવાથી બળરામને કોપ થયો. ॥ ૨૩ ॥ અને તે બોલ્યા કે, " આ ધર્મનું પાલન કરનારા બ્રાહ્મણો થકી, અને આપણ બીજાઓ થકી પણ, મોટા આસન ઉપર આ પ્રતિલોમ જાતિનો દુર્મતી અને વધ થવાને લાયક સૂત; શા કારણથી બેઠેલો છે ? ॥૨૪॥ ભગવાન વેદ વ્યાસનો એ શિષ્ય થઇને ઘણા ઇતિહાસ અને પુરાણોને, તથા સર્વ ધર્મ શાસ્ત્રોને પણ; શિખેલો છે. ॥ ૨૫ ॥ પણ એ સઘળું, ઇંદ્રિયોને મન સહિત વશમાં નહીં રાખનારા—વિનય વિનાના—પંડિતપણાનું મિથ્યા અભિમાન રાખનારા—અને નટના જેવા વેશ ધરનારા—અવિવેકી પુરુષોને તો લાભકારી થતું નથીજ. ॥ ૨૬ ॥ માટે એ ધર્મનો ઢોંગ કરીને બેઠેલા, અધિક પાપી લોકો મારાથકી વધ થવાનેજ યોગ્ય છે: અને એવાં કામો કરવા સારૂંજ, લોકને વિષે મારો આ અવતાર છે. ॥ ૨૭ ॥ જો કે આ વખતે, દુષ્ટ પુરુષોને મારવા થકી ભગવાન બળરામ, વિરામ પામેલા હતા; તો પણ ભાવિ મિથ્યા ન થવાના કારણથી; એટલું બોલીને, તેમણે પોતાના હાથમાં રાખેલી દાભની શળી નાખવાથી; તે સૂત મરણ પામ્યો. ॥ ૨૮ ॥ ત્યારે હાહાકાર કરતા અને મનમાં કચવાયલા સર્વ મુનિઓએ, સંકર્ષણ ભગવાનને કહ્યું કે: " હે પ્રભુ તમે અધર્મ કર્યો. ॥ ૨૯ ॥ હે યદુનંદન, બ્રાહ્મણનું આસન; એને અમેજ આપ્યું હતું. તથા આ સત્ર પૂરો થતા સુધીને માટે, એને ખેદ રહિત આયુષ્ય પણ આપેલું હતું; તે નહીં જાણતાં, આપે આ બ્રાહ્મણનોજ વધ કરવા સરખું કામ કર્યું છે. ॥ ૩૦ ॥ હે લોક માત્રને પવિત્ર કરનારા યોગેશ્વર ભગવાન, વેદ આદિક શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણેનું, બ્રહ્મહત્યા આદિકથી પવિત્ર થવાનું તો; આપ સર્વના નિયામક હોવાથી,

धर्मपालांस्तथैवास्मान्वधमर्हतिदुर्मतिः ॥२४॥ ऋषेर्भगवतोभूत्वाशिष्योऽधीत्यबहूनिच ॥ सेतिहासपुराणानिधर्मशास्त्राणिसर्वशः ॥२५॥
अदांतस्याविनीतस्यवृथापंडितमानिनः ॥ नगुणायभवंतिस्मनटस्येवाजितात्मनः ॥२६॥ एतदर्थोहिलोकेस्मिन्नवतारोमयाकृतः ॥ वध्या
मेधर्मध्वजिनस्तेहिपातकिनोऽधिकाः ॥२७॥ एतावदुक्त्वाभगवान्निवृत्तोऽसद्वधादपि ॥ भावित्वात्तंकुशाग्रेणकरस्थेनाहनत्प्रभुः ॥२८॥
हाहेतिवादिनःसर्वेमुनयःखिन्नमानसाः ॥ ऊचुःसंकर्षणंदेवमधर्मस्तेकृतःप्रभो ॥२९॥ अस्यब्रह्मासनंदत्तमस्माभिर्यदुनंदन ॥आयुश्चात्मा
क्लमंतावद्यावत्सत्रंसमाप्यते ॥ अजानतैवाचरितस्त्वयाब्रह्मवधोयथा ॥३०॥ योगेश्वरस्यभवतोनाम्नायोऽपिनियामकः ॥ यद्येतद्ब्रह्महत्यायाः
पावनंलोकपावन ॥ चरिष्यतिभवान्लोकसंग्रहोऽनन्यचोदितः ॥ ३१॥ श्रीभग०करिष्येवधनिर्वेशंलोकानुग्रहकाम्यया ॥ नियमःप्रथमेक
ल्पेयावान्सतुविधीयतां ॥३२॥ दीर्घमायुर्बतैतस्यसत्त्वमिंद्रियमेवच ॥आशासितंयत्तद्ब्रूतसाधयेयोगमायया ॥३३ ऋषय०अस्त्रस्यतववीर्य
स्यमृत्योरस्माकमेवच ॥ यथाभवेद्वचःसत्यंतथारामविधीयतां ॥३४॥ श्रीभग०आत्मावैपुत्रउत्पन्नइतिवेदानुशासनं ॥ तस्मादस्यभवेद्वक्ता
आयुरिंद्रियसत्त्ववान् ॥३५॥ किंवःकामोमुनिश्रेष्ठाब्रूताहंकरवाण्यथ ॥अजानतस्त्वपचितिंयथामेचिंत्यतांबुधाः ॥३६॥ ऋषय० इल्वलस्यसु
तोघोरोबल्वलोनामदानवः ॥ सदूषयतिनःसत्रमेत्यपर्वणिपर्वणि ॥३७॥ तंपापंजहिदाशार्हतन्नःशुश्रूषणंपरं ॥ पूयशोणितविण्मूत्रसुरामां
साभिवर्षिणं ॥३८॥ ततश्चभारतंवर्षंपरीत्यसुसमाहितः ॥ चरित्वाद्वादशमासांस्तीर्थस्नायीविशुध्यसे ॥३९॥ इ.भा.म.द.उ.बलदेवचरित्रेब
ल्वलवधोपक्रमोनामाष्टसप्ततितमोध्यायः ॥७८॥ श्रीशुक०ततःपर्वण्युपावृत्तेप्रचंडःपांसुवर्षणः ॥ भीमोवायुरभूद्राजन्पूयगंधस्तुसर्वशः
॥१॥ ततोऽमेध्यमयंवर्षंबल्वलेनविनिर्मितं ॥ अभवद्यज्ञशालायांसोऽन्वदृश्यतशूलधृक् ॥२॥ तंविलोक्यबृहत्कायंभिन्नांजनचयोपमं ॥
तप्तताम्रशिखाश्मश्रुंदंष्ट्रोग्रभ्रुकुटीमुखं ॥३॥ सस्मारमुसलंरामःपरसैन्यविदारणं ॥ हलंचदैत्यदमनंतेतूर्णमुपतस्थतुः ॥४॥ तमाकृष्यहला
ग्रेणबल्वलंगगनेचरं ॥ मुसलेनाहनत्क्रुद्धोमूर्ध्निब्रह्मद्रुहंबलः ॥५॥सोऽपतद्भुविनिर्भिन्नललाटोऽसृक्समुत्सृजन् ॥ मुंचन्नार्तस्वरंशैलोयथाव्र

આપને માટે ઘટતું નથીજ; પણ બીજાઓને પવિત્ર થવા માટે કરવાને બતાવેલું આચરણ, માત્ર લોક સંગ્રહને અર્થેજ; આપે કરવાનું છે. ॥૩૧॥–સંકર્ષણ–લોકના ઉપર અનુગ્રહ કરવાની ઇચ્છાથીજ હું એ વધ થકી પવિત્ર થવાનું આચરણ, એટલે પ્રાયશ્ચિત્ત કરીશ; માટે તે બદલ જે નિયમ ધારણ કરવાના હોય, તે પ્રથમ તમે કહો. ॥૩૨॥ અને તેના લાંબા આયુષ્ય તથા ઇંદ્રિયાદિકના બળના સંબંધમાં પણ; તમારી જે ઇચ્છા હોય, તે મને જણાવો; એટલે તે સઘળુંજ, હું મારી યોગમાયા થકી, સિદ્ધ કરી આપીશ. ॥૩૩॥–ઋષિઓ–હે રામ તમે એ રીતે કરી આપો કે જેથી તમારા અસ્ત્રની–તમારા પરાક્રમની–મૃત્યુની–અને અમે આપેલા વચનની પણ; સત્યતા થાય. ॥ ૩૪ ॥–શ્રીસંકર્ષણ–પુત્ર રૂપે પિતાજ ઉત્પન્ન થાય છે, એમ વેદ વચન છે; માટે એ રોમહર્ષણનો પુત્ર (ઉગ્રશ્રવા), આયુષ્ય અને ઇંદ્રિયોના સત્વવાળો થઇને; તમને પુરાણ કહેનારો થશે. ॥ ૩૫ ॥ હે શ્રેષ્ઠ મુનિઓ, હવે તમારૂં બીજું પણ જે કાંઇ કામ હોય તે, મને કહો; કે હું તે કરી આપું; વળી હે બુદ્ધિવાનો, પ્રાયશ્ચિત્તને ન જાણનારો હું તે માટે, જે પ્રાયશ્ચિત્ત કરવાનું હોય; તે પણ નક્કી કરો. ॥૩૬॥–ઋષિઓ–ઇલ્વલનો દીકરો બલ્વલ નામનો ભયંકર દાનવ, પ્રત્યેક પર્વને દિવસે આવીને; અમારા સત્રને દુષિત કરે છે. ॥૩૭॥ માટે હે દાશાર્હ, એ, પરુ–લોહી–વિષ્ટા–મૂત્ર–મદિરા–અને માંસ વરસાવનારા પાપીને, આપ મારો; એજ અમારી મોટી સેવા છે. ॥૩૮॥ અને પછીથી બાર માસ સુધીમાં ભરતખંડની પ્રદક્ષિણા સારી રીતે, એક ચિત્તથી તીર્થોમાં નહાવાની સાથે કરીને; પવિત્રતા કરો. ॥૩૯॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કં૦ ઇઠોતેરમો અ૦ સં૦ ॥૭૮॥

અધ્યાય. ૭૯ મો.—શ્રીશુક—હે રાજા પછી પર્વણી આવી, ત્યારે સર્વે તરફ પરુના ગંધને ફેલાવનારો, અને પુષ્કળ ધૂળને ઉડાડનારો ભયંકર વાયુ; ઉત્પન્ન થયો. ॥૧॥ અને બલ્વલ દૈત્યે નિર્માણ કરેલો, અપવિત્ર પદાર્થોનો વરસાદ થયો; તથા હાથમાં ત્રિશૂળ લીધેલો એ દૈત્ય પણ યજ્ઞશાળામાં દેખાયો. ॥૨॥ એટલે એ મોટા શરીરવાળા–ભિંની મેશના ઢગલા જેવા–તપાવેલા તાંબા જેવા, મુંછો અને ચોટલીના વાળ વાળા–

અને ભયંકર દાઢો તથા ભમરો અને વિકરાળ મુખવાળા, દૈત્યને જોઈને; શત્રુ સૈન્યનો નાશ કરનારા રામે, પોતાના હળનું અને દૈત્યોનું દમન કરનારા મુશળનું, સ્મરણ કર્યું: કે તુરંત તે આવીને, ઊભાં રહ્યાં. ॥૩-૪॥ પછી ક્રોધ પામેલા બળરામે, એ બ્રાહ્મણોનો દ્રોહ કરનારા, અને આકાશમાં ફરનારા; બલ્વલ દૈત્યને, હળની અણીવડે ખેંચી લઈને, તેના માથામાં મુશળનો ઘા કર્યો. ॥૫॥ તેથી તેનું કપાળ ફાટી ગયું, અને તે લોહી નાંખવાથી રાતો થઈને; દુખનો પોકાર કરતો, વજ્રથી હણાયેલા પર્વતના પેઠે; પૃથ્વી ઉપર પડી ગયો. ॥૬॥ ત્યારે મુનિઓએ રામની સ્તુતિ કરી, અને સાચા આશિર્વાદ આપ્યા; તથા ઇંદ્રનો દેવતાઓ કરે, તેમ એ મહાભાગોએ, બળરામનો અભિષેક કર્યો. ॥ ૭ ॥ અને કદીપણ ન કરમાય એવી કમળોની અતિ સુંદર વૈજયંતી માળા–દિવ્ય વસ્ત્ર–અને દિવ્ય ઘરેણાં પણ, તેઓએ બળરામને આપ્યાં. ॥૮॥ પછી તે મુનિઓની રજા માગીને, બળરામે બ્રાહ્મણો સહિત કૌશિકિ નદી ઉપર જઈને, તેમાં સ્નાન કર્યું; અને તે પછી જેમાંથી સરયુ નદી નીકળેલી છે, તે સરોવર ઉપર ગયા. ॥ ૯ ॥ તથા સરયુ નદીને કાંઠે કાંઠે ચાલીને, તે પ્રયાગમાં આવ્યા; અને ત્યાં નાહી દેવ આદિકને તૃપ્ત કર્યા પછી, પુલહ આશ્રમ એટલે હરદ્વારમાં ગયા. ॥૧૦॥ અને તે પછી ગોમતિ–ગંડકી–તથા વિપાશા નદીઓમાં નાહીને, શોણ નામના નદમાં પણ તે નાહ્યા; ગયાજીમાં જઈને પિતૃઓનું શ્રાદ્ધાદિકવડે, પૂજન કર્યું: અને ગંગાસંગમ સાગરમાં પણ, તે નાહ્યા. ॥૧૧॥ પછી મહેંદ્રાચળમાં પરશુરામ ભગવાનનાં દર્શન કરી, અભિવંદન કરીને; સપ્ત ગોદાવરીમાં–વેણામાં–પંપા સરોવરમાં–અને ભીમરથીમાં નાહ્યા. ॥૧૨॥ તે પછી કાર્તિકસ્વામીનાં દર્શન કરીને, સદાશિવના સ્થાન શ્રીશૈલ પર્વત ઉપર રામ ગયા; અને તે કેડે મહા પવિત્ર દ્રવિડદેશમાં જઈને, તેમણે પર્વતની અંદર વ્યંકટેશ્વરનાં દર્શન કર્યાં. ॥૧૩॥ અને ત્યાંથી રામે કામાક્ષી તથા કાંચીપુરમાં જઈને, ઉત્તમ નદી કાવેરીમાં સ્નાન કર્યું; અને જ્યાં હરિભગવાન સન્નિહિત રહેલાછે, તે મહા પવિત્ર શ્રીરંગ નામના ક્ષેત્રમાં ગયા. ॥૧૪॥ તે પછી હરિભગ-

ज्जहतोऽरुण: ॥६॥ संस्तुत्यमुनयोरामंप्रयुज्यावितथाशिषः ॥ अभ्यषिंचन्महाभागावृत्रघ्नंविबुधायथा॥७॥वैजयंतींददुर्मालांश्रीधामाम्ला
नपंकजां ॥ रामायवाससीदिव्येदिव्यान्याभरणानिच ॥८॥ अथतैरभ्यनुज्ञातःकौशिकीमेत्यब्राह्मणैः ॥ स्नात्वासरोवरमगाद्यतःसरयुरा
स्रवत् ॥९॥ अनुस्रोतेनसरयुंप्रयागमुपगम्यसः ॥ स्नात्वासंतर्प्यदेवादीन्जगामपुलहाश्रमं ॥१०॥ गोमतींगंडकींस्नात्वाविपाशांशोणआ
प्लुतः ॥ गयांगत्वापितॄनिष्ट्वागंगासागरसंगमे ॥११॥ उपस्पृश्यमहेंद्राद्रौरामंदृष्ट्वाभिवाद्यच ॥ सप्तगोदावरींवेणांपंपांभीमरथींततः ॥१२॥
स्कंदंदृष्ट्वाययौरामःश्रीशैलंगिरिशालयं ॥ द्रविडेषुमहापुण्यंदृष्ट्वाद्रिंवेंकटंप्रभुः ॥१३॥ कामकोष्णींपुरींकांचींकावेरींचसरिद्वरां ॥ श्रीरंगा
ख्यंमहापुण्यंयत्रसन्निहितोहरिः ॥१४॥ ऋषभाद्रिंहरेःक्षेत्रंदक्षिणांमथुरांतथा ॥ सामुद्रंसेतुमगमन्महापातकनाशनं ॥१५॥ तत्रायुतमदा
द्धेनूर्ब्राह्मणेभ्योहलायुधः ॥ कृतमालांताम्रपर्णींमलयंचकुलाचलं ॥१६॥ तत्रागस्त्यंसमासीनंनमस्कृत्याभिवाद्यच ॥ योजितस्तेनचाशी
र्भिरनुज्ञातोगतोऽर्णवं ॥ दक्षिणंतत्रकन्याख्यांदुर्गांदेवींददर्शसः ॥१७॥ ततःफाल्गुनमासाद्यपंचाप्सरसमुत्तमं ॥ विष्णुःसन्निहितोयत्रस्ना
त्वाऽस्पर्शद्गवायुतं ॥१८॥ ततोऽभिव्रज्यभगवान्केरलांस्तुत्रिगर्तकान्॥ गोकर्णाख्यंशिवक्षेत्रंसान्निध्यंयत्रधूर्जटेः ॥१९॥ आर्यांद्वैपायनींदृ
ष्ट्वाशूर्पारकमगाद्बलः॥ तापींपयोष्णींनिर्विंध्यामुपस्पृश्याथदंडकं ॥२०॥ प्रविश्यरेवामगमद्यत्रमाहिष्मतीपुरी ॥ मनुतीर्थमुपस्पृश्यप्रभासंपु
नरागमत् ॥२१॥ श्रुत्वाद्विजैःकथ्यमानंकुरुपांडवसंयुगे ॥ सर्वराजन्यनिधनंभारंमेनेहृतंभुवः ॥२२॥ सभीमदुर्योधनयोर्गदाभ्यांयुध्यतोर्मृधे
॥ वारयिष्यन्विनशनंजगामयदुनंदनः ॥२३॥ युधिष्ठिरस्तुतंदृष्ट्वायमौकृष्णार्जुनावपि ॥ अभिवाद्याभवंस्तूष्णींकिंविवक्षुरिहागतः ॥२४॥
गदापाणीउभौदृष्ट्वासंरब्धौविजयैषिणौ ॥ मंडलानिविचित्राणिचरंताविदमब्रवीत् ॥२५॥ युवांतुल्यबलौवीरौहेराजन्हेवृकोदर ॥ एकंप्राणा
धिकंमन्येउतैकंशिक्षयाधिकं ॥२६॥ तस्मादेकतरस्येहयुवयोःसमवीर्ययोः ॥ नलक्ष्यतेजयोऽन्योवाविरमत्वफलोरण:॥२७॥ नतद्वाक्यंज

વાનનાં ક્ષેત્ર ઋષભાદ્રિ પર્વત ઉપર જઈને, દક્ષિણ મથુરાંમાં ગયા; અને ત્યાંથી મહા પાપને મટાડનારા સમુદ્ર ઉપરના સેતુએ પહોંચ્યા. ॥૧૫॥ ત્યાં તેમણે દસહજાર ગાયો, બ્રાહ્મણોને આપી; પછી કૃતમાળા અને તામ્રપર્ણી નદીઓમાં સ્નાન કરીને, મળયાચળ પર્વત ઉપર ગયા. ॥૧૬॥ અને ત્યાં બેઠેલા અગસ્ત ઋષિને નમસ્કાર અને અભિવંદન કરવાથી, રામને તેમણે આશિર્વાદ આપ્યા; પછી તેમની આજ્ઞા લઈને, દક્ષિણ દિશામાં સમુદ્ર કિનારે ગયા; જ્યાં કન્યા કુમારી નામના ક્ષેત્રમાં; તેમણે દુર્ગા દેવીનું દર્શન કર્યું. ॥૧૭॥ પછી ફાલ્ગુન નામના ક્ષેત્રમાં આવીને, ત્યાંથી ઉત્તમ પંચઅપ્સરા નામના તળાવ ઉપર ગયા; જ્યાં વિષ્ણુ સન્નિહિત રહેછે, તેમાં નાહીને તેમણે દસહજાર ગાયોનું દાન, દેવાનું જળ મૂક્યું. ॥૧૮॥ પછી કેરળ અને ત્રિગર્તમાં થઈને ભગવાન બળરામ; સદાશિવના સાનિધ્યવાળા ગોકર્ણ નામના ક્ષેત્રમાં ગયા. ॥૧૯॥ અને ત્યાંથી આર્યા દ્વૈપાયનનું દર્શન કરીને, એ બળરામ શુરપાર્કર નામના તીર્થમાં ગયા. પછી તાપી–પયોષ્ણિ–અને નિરવિંધ્યા [illegible] દંડક અરણ્યમાં થઈ, રેવા નદીને કિનારે માહિષ્મતી નગરીમાં ગયા; અને મનુ તીર્થમાં સ્નાન કરીને, પાછા ફરીને પ્રભાસમાં આવ્યા. ॥ ૨૦–૨૧ ॥ ત્યાં બ્રાહ્મણ બ્રાહ્મણોના કહેવાથી, પાંડવ અને કૌરવોના યુદ્ધમાં; સર્વ રાજાઓનો નાશ થયેલાનું સાંભળીને, તેમણે પૃથ્વીનો (અધિક) ભાર ઉતરેલાનું માન્યું. ॥૨૨॥ તથા ગદાઓ વડે યુદ્ધ ભૂમિ ઉપર લડતા, ભીમ અને દુર્યોધનને વારવાને માટે; બળરામ ત્યાંથી પાછા કુરુક્ષેત્રમાં એટલે પાનિપતમાં ગયા. ॥૨૩॥ ત્યાં યુધિષ્ઠિરે–નકુલ–સહદેવે–અને કૃષ્ણ તથા અર્જુને પણ, તેમને આવેલા દેખી, તેમનું અભિવંદન કર્યા પછી; તે અહીંયાં શું કહેવાને આવેલા હશે, તેનો વિચાર કરતા તેઓ ચૂપ ચાપ ઉભા રહ્યા. ॥૨૪॥ ત્યારે ત્યાં એ બંન્ને જણાને ક્રોધ પામેલા–વિજયની ઇચ્છાવાળા–અને હાથમાં ગદાઓ લઈને વિચિત્ર પ્રકારે મંડળોમાં ફરતા,–દેખીને; બળરામ બોલ્યા કે. ॥૨૫॥ હે દુર્યોધન રાજન, અને હે ભીમસેન, તમે બંને જણા સરખા બળવાન છો; એકમાં શિક્ષા અધિક છે, અને બીજામાં જોર અધિક છે. ॥૨૬॥ માટે સમાન પરાક્રમવાળા તમો બંનેમાંથી, આનો કે તેનો; જય થવાનું, નક્કી ધારી શકાતું નથી; માટે આ ફળ રહિત યુદ્ધ કરવાથી, તમો બંને જણા વિરામ

પામો. ॥૨૭॥ હે રાજા, બળરામના એ સાબાકારી વચનને પણ; એ અન્યોઅન્ય બોલેલા દુષ્ટ વચનોને, અને કરેલાં દુષ્ટ કૃત્યોને સંભારતા; તથા દૃઢ વેર બાંધીને ગયેલા; બંને જણાઓએ, માન્યું નહીં. ॥૨૮॥ ત્યારે દૈવની ઈચ્છા મુજબજ, થવાનું હશે તે થશે; એમ માનતા બળરામ, પાછા દ્વારકાં ગયા; અને પ્રસન્ન થયેલા ઉગ્રસેન વિગેરે સગા સંબંધીઓને મળ્યા. ॥૨૯॥ પછી ફરીવાર નૈમિષ અરણ્યમાં ગયેલા, એ સર્વ પ્રકારના વિગ્રહથી નિવૃત્ત થયેલા, અને ક્રતુના અંગરૂપ બળરામને; રાજી થયેલા ઋષિઓએ, યજ્ઞો કરાવવાવડે પૂજન કરાવ્યું. ॥૩૦॥ ત્યારે એ સમર્થ ભગવાન બળરામે, એ ઋષિઓને અત્યંત શુદ્ધ વિજ્ઞાનનો ઉપદેશ કર્યો; કે જેથી આ સઘળું વિશ્વ આત્મ સ્વરૂપને વિષે હોવાનું, અને આખા વિશ્વમાં પણ આત્મા વ્યાપેલો હોવાનું; જાણવામાં આવે છે. ॥૩૧॥ તે વેળાએ એ બળભદ્ર ભગવાન પોતાના સગાઓ-બંધુઓ-અને મિત્રોથી વિંટાયેલા-સારાં વસ્ત્ર પહેરેલા-અને સારી રીતે શણગારાયેલા-પોતાની પત્નિ સહિત અવભૃથ સ્નાન કરીને; ચાંદની સહિત ચંદ્રમાના સરખા શોભવા લાગ્યા. ॥૩૨॥ એ બળવંત-અનંત-અપ્રમેય-અને માયાથી મનુષ્ય થયેલા, બળરામનાં આ પ્રકારનાં કામો અસંખ્ય છે. ॥૩૩॥ એ અદ્ભુત કામો કરનારા રામનું, જે કોઈ સવારે અને સાંઝે સ્મરણ કરશે; તે વિષ્ણુને પ્રિય થશે. ॥૩૪॥ ઇતિ શ્રી ભા૦ દશમા સ્કંધનો ઓગન્યાશિમો અ૦ સં૦ ॥૭૯॥

અધ્યાય ૮૦ મો.—પરીક્ષિત—હે સમર્થ ભગવાન શુક, અનંત પરાક્રમવાળા મુકુંદ ભગવાનનાં. તેમનું મહાત્મ્ય સુચવનારાં; બીજાં પરાક્રમોને પણ, સાંભળવાને હું ઇચ્છું છું. ॥૧॥ હે બ્રાહ્મણ, કામનાઓની તીક્ષ્ણતાથી ખેદ પામેલો, અને સારી રીતે સમજનારો, કયો પુરુષ; એકવાર પણ ઉત્તમ શ્લોક ભગવાનની કથાને સાંભળ્યા પછી, તે થકી વિરામ પામે. ? ॥૨॥ એ સ્થાવર જંગમોમાં વસેલા ભગવાનના ગુણોને જપ,

गृहतुर्वद्धवैरौन्नृपार्थवत् ॥ अनुस्मरंतावन्योऽन्यंदुरुक्तंदुष्कृतानिच ॥२८॥ दिष्टंतदनुमन्वानोरामोद्वारवतींययौ ॥उग्रसेनादिभिःप्रीतैर्ज्ञाति भिःसमुपागतः॥२९॥ तंपुनर्नैमिषंप्राप्तमृषयोऽयाजयन्मुदा ॥ क्रत्वंगंक्रतुभिःसर्वैर्निवृत्ताखिलविग्रहं ॥३०॥ तेभ्योविशुद्धविज्ञानंभगवान्व्य तरद्विभुः ॥ येनैवात्मन्यदोविश्वमात्मानंविश्वगंविदुः ॥३१॥ स्वपत्न्याऽवभृथस्नातोज्ञातिबंधुसुहृद्वृतः ॥ रेजेस्वज्योत्स्नयेवेंदुःसुवासाःसुष्ठ्वलं कृतः ॥३२॥ ईदृग्विधान्यसंख्यानिबलस्यबलशालिनः ॥ अनंतस्याप्रमेयस्यमायामर्त्यस्यसंतिहि ॥३३॥ योऽनुस्मरेतरामस्यकर्माण्यद्भुत कर्मणः॥ सायंप्रातरनंतस्यविष्णोःसदयितोभवेत् ॥ ३४ ॥ इतिश्रीभा०म०द०उ०बल्वलवधोनामैएकोनाशीतितमोऽध्यायः ॥ ७९ ॥

राजा० भगवन्यानिचान्यानिमुकुंदस्यमहात्मनः॥ वीर्याण्यनंतवीर्यस्यश्रोतुमिच्छामहेप्रभो॥१॥ कोनुश्रुत्वासकृद्ब्रह्मन्नुत्तमश्लोकसत्कथाः ॥ विरमेतविशेषज्ञोविषण्णःकाममार्गणैः ॥२॥ सावाग्ययातस्यगुणान्गृणीतेकरौचतत्कर्मकरौमनश्च ॥ स्मरेद्वसंतंस्थिरजंगमेषुशृणोतितत्पु ण्यकथाःसकर्णः॥३॥ शिरस्तुतस्योभयलिंगमानमेत्तदेवयत्पश्यतितद्धिचक्षुः॥ अंगानिविष्णोरथतज्जनानांपादोदकंयानिभजंतिनित्यं ॥४ सूत० विष्णुरातेनसंपृष्टोभगवान्बादरायणिः ॥ वासुदेवेभगवतिनिमग्नहृदयोऽब्रवीत् ॥५॥ श्रीशुक० कृष्णस्यासीत्सखाकश्चिद्ब्राह्मणोब्रह्म वित्तमः॥ विरक्तइंद्रियार्थेषुप्रशांतात्माजितेंद्रियः ॥६॥ यदृच्छयोपपन्नेनवर्तमानोगृहाश्रमी॥ तस्यभार्याकुचैलस्यक्षुत्क्षामाचतथाविधा॥७॥ पतिव्रतापतिंप्राहम्लायतावदनेनसा ॥ दरिद्रासीदमानावेपमानाऽभिगम्यच॥८॥ ननुब्रह्मन्भगवतःसखासाक्षाच्छ्रियःपतिः॥ब्रह्मण्यश्च शरण्यश्चभगवान्सात्वतर्षभः॥९॥ तमुपैहिमहाभागसाधूनांचपरायणं ॥ दास्यतिद्रविणंभूरिसीदतेतेकुटुंबिने ॥१०॥ आस्तेऽधुनाद्वारवत्यां भोजवृष्ण्यंधकेश्वरः॥ स्मरतःपादकमलमात्मानमपिपच्छति ॥११॥ किंत्वर्थकामान्भजतोनात्यभीष्टान्जगद्गुरुः ॥ सएवंभार्ययाविप्रोबहुशः प्रार्थितोमृदु॥ अयंहिपरमोलाभउत्तमश्लोकदर्शनं ॥१२॥ इतिसंचिंत्यमनसागमनायमतिंदधे ॥ अप्यस्त्युपायनंकिंचिद्गृहेकल्याणिदीयतां ॥१३॥ याचित्वाचतुरोमुष्टीन्विप्रान्पृथुकतंडुलान् ॥ चैलखंडेनतान्बध्वाभर्त्रेप्रादादुपायनं ॥१४॥ सतानादायविप्राग्र्यःप्रययौद्वारकांकिल

તેજ વાણી છે-તેમના સંબંધી કામો જેથી થાય, એજ હાથ છે-તેમનું સ્મરણ જેથકી થાય, એજ મન છે -અને તેમની પવિત્ર કથાઓ જેવડે સંભળાય, એજ કાન છે. ॥૩॥ અને બેઉ પ્રકારનાં એટલે સ્થાવર જંગમ સઘળાં, તેમનાં સ્વરૂપોને; જેવડે નમસ્કાર કરાય, એજ માથું છે-જેથકી તેમનાં એ સ્વરૂપોનાં દર્શન કરાય, તે આંખ્યો છે-અને જેથકી એ વિષ્ણુ ભગવાન, તથા તેમના ભક્તો આદિકના ચરણોદકનું હમેશાં સેવન થાય; તેજ, અંગો કહેવાય છે. ॥૪॥—સુત—એ પ્રમાણે પરીક્ષિતે પુછવાથી, વાસુદેવ ભગવાન વિશે મન પરોવાયેલા શુક મુનિ બોલ્યા કે. ॥૫॥—શ્રીશુક—કોઈ એક શ્રેષ્ઠ બ્રહ્મવેત્તા-ઇંદ્રિયોના અર્થ (વિષય આદિક) થકી વિરક્ત-શાંત મનવાળો-ઇંદ્રિયોને વશમાં રાખનાર-યદૃચ્છાથી મળેલાથીજ નિર્વાહ ચલાવનાર-અને ગૃહસ્થાશ્રમી, બ્રાહ્મણ, કૃષ્ણનો મિત્ર હતો; અને તેના સરખીજ તેની પત્નિ પણ ભૂખથી દુબળી થયેલી, ચિંથરે હાલ હતી. ॥૬-૭॥ એ કંગાલ અને સિદાતી પતિવ્રતા સ્ત્રીએ, ધ્રુજતાં ધ્રુજતાં સ્વામી પાસે જઈને; કરમાયલે મોઢે, કહ્યું કે; ॥૮॥ હે બ્રાહ્મણ આપના મિત્ર, યાદવોમાં શ્રેષ્ઠ; સાક્ષાત લક્ષ્મીપતિ ભગવાન, ખચીત શરણ જવાને યોગ્ય, અને બ્રાહ્મણોને માનનારા છે. ॥ ૯ ॥ માટે હે મહાભાગ, એ સાધુ પુરુષોના મોટા આશ્રય રૂપ, કૃષ્ણ ભગવાન પાસે; જો તમે જાઓ તો, તમે બાળ બચ્ચાંવાળા સિદાતા બ્રાહ્મણને; એ ભગવાન ઘણું ધન આપેજ. ॥૧૦॥ એ, ભોજ-વૃષ્ણી-અને અંધક કુળોના યાદવોના ઇશ્વર, ભગવાન કૃષ્ણ હાલમાં દ્વારકાંને વિશે રહેલાછે; જે પોતાના ચરણકમળનું સ્મરણ કરનારાનેપણ, પોતાનું આત્મસ્વરૂપ આપીદે એવાછે. ॥૧૧॥ હમણાં એ જગત ગુરુ ભગવાન, અર્થ અને કામ, એ પોતાને અતિ પ્રિય ન હોવા છતાં પણ; તેમનું સેવન કરે છે, માટે તમને પણ કાંઇક આપશેજ; એમ પત્નિએ બહુ બહુ પ્રકારે નરમાશથી, એ બ્રાહ્મણની પ્રાર્થના કરી; ત્યારે ઉત્તમ શ્લોક ભગવાનનું મને દર્શન થશે, એજ મોટો લાભ છે; એમ મનમાં વિચારીને, તેણે ત્યાં જવાનું મન કર્યું; પછી તેણે સ્ત્રીને કહ્યું કે; " હે કલ્યાણી, જો ઘરમાં હોય તો; ભેટ લેઇ જવાને

મારે, કાંઇક થોડું પણ આપો." ॥૧૨-૧૩॥ ત્યારે તેણીએ પડોસીને ઘેરથી માગી લાવીને, ચાર મુઠી પુંવા, લુગડાના કડકામાં બાંધીને; ભેટ લેઇ જવા માટે, પોતાના સ્વામી એ બ્રાહ્મણને આપ્યા. ॥ ૧૪ ॥ એટલે તે લેઇને, એ ઉત્તમ બ્રાહ્મણ; દ્વારકાંમાં જતાં, વિચારવા લાગ્યો કે; મને કૃષ્ણ ભગવાનનું દર્શન, કયા પુન્યવડે થશે. ! ॥ ૧૫ ॥ તે પછી એ બ્રાહ્મણ, અચ્યુત ભગવાનના ધર્મવાળા; વૃષ્ણી અને અંધક કુળોના યાદવોનાં, બીજાઓને અગમ્ય એવાં ઘરોની વચમાં થઇને; ત્રણ ચોકી અને ત્રણ દેવડીઓ ઓળંગ્યા પછી, હરિ ભગવાનની સોળ હજાર સ્ત્રીઓનાં ઘરોમાંના, એક ઉત્તમ શોભિતા ઘરમાં પેસતાંજ; તેમને બ્રહ્માનંદ પ્રાપ્ત થવા જેવું, સુખ થયું. ॥૧૬-૧૭॥ ત્યાં તો પ્રિયાના પલંગ ઉપર બેઠેલા ભગવાન, તેમને દૂરથીજ દેખીને, એકદમ ઉભા થયા; અને સામા જઇ આનંદથી બે હાથવડે, બાથમાં બિડીને; તેમને મળ્યા. ॥ ૧૮ ॥ અને પોતાના પ્રિય મિત્ર, એ બ્રાહ્મણના અંગના સ્પર્શ થકી; અત્યંત સુખ પામેલા, એ કમળ નેત્ર ભગવાન; પ્રિતિવડે આંખોમાંથી આંસુ ખેરવા લાગ્યા. ॥ ૧૯ ॥ તે પછી એ મિત્રને, પોતાનાજ પલંગ ઉપર બેસાડી, પૂજનનો સામાન લાવીને; તેમનું પોતાને હાથેજ ભગવાને પૂજન કર્યું; તથા તેમના પગ ધોઇને, એ પગ ધોયાનું જળ; હે રાજા, ત્રણે લોકને પાવન કરનાર ભગવાને, પોતાના માથા ઉપર ચડાવ્યું; પછી દિવ્ય ગંધ-ચંદન-આગરૂ-તથા કુંકુમ (કંકુ)નું લેપન કર્યું; અને આનંદ સહિત સુગંધીવાળા ધૂપ તથા આરતી કરવાવડે, એ મિત્રનું પૂજન કરી, તેમને તંબોળ તથા ગાય નિવેદન કરીને; આગતા સ્વાગતા પુછી. ॥ ૨૦-૨૧-૨૨ ॥ તે વખત એ ચિંથરેહાલ-મેલા-દુબળા-અને સર્વ ઠેકાણે નસો જણાતા, બ્રાહ્મણની; ચામર તથા પંખાવડે વા ઢોળીને, ભગવાનની આ રૂક્ષ્મણી; સેવા કરતાં હતાં. ॥ ૨૩ ॥ અને નિર્મળ કિર્તિવાળા કૃષ્ણ ભગવાને, અતિ પ્રિતિથી, એ મલિન બ્રાહ્મણનો, ઘણોજ સત્કાર કરેલો દેખવાથી; અંતઃપુરનાં સર્વ મનુષ્યો, વિસ્મય પામ્યાં. ॥ ૨૪ ॥ તથા મનમાં બોલવા લાગ્યાં કે; આ નિર્ધન-નિંદિત-અધમ-ધનહીણા-મલિન-અને ભિખારીએ,

॥ कृष्णसंदर्शनंमह्यंकथंस्यादितिचिंतयन् ॥१५॥ त्रीणिगुल्मान्यतीयायतिस्त्रःकक्षाश्चसद्विजः ॥ विप्रोगम्यांधकवृष्णीनांगृहेष्वच्युतधर्मिणां ॥१६॥ गृहंद्व्यष्टसहस्राणांमहिषीणांहरेर्द्विजः ॥ विवेशैकतमंश्रीमद्ब्रह्मानंदंगतोयथा ॥१७॥ तंविलोक्याच्युतोदूरात्प्रियापर्यंकमास्थितः ॥ सहसोत्थायचाभ्येत्यदोर्भ्यांपर्यग्रहीन्मुदा ॥१८॥ सख्युःप्रियस्यविप्रर्षेरंगसंगातिनिर्वृतः ॥ प्रीतोव्यमुंचदब्बिंदून्नेत्राभ्यांपुष्करेक्षणः ॥१९॥ अथोपवेश्यपर्यंकेस्वयंसख्युःसमर्हणं ॥ उपहृत्यावनिज्यास्यपादौपादावनेजनीः ॥२०॥ अग्रहीच्छिरसाराजन्भगवाँल्लोकपावनः ॥ व्यलिंपद्दिव्यगंधेनचंदनागुरुकुंकुमैः ॥२१॥ धूपैःसुरभिभिर्मित्रंप्रदीपावलिभिर्मुदा ॥ अर्चित्वावेद्यतांबूलंगांचस्वागतमब्रवीत् ॥२२॥ कुचैलंमलिनंक्षामंद्विजंधमनिसंततं ॥ देवीपर्यचरच्छैब्याचामरव्यजनेनवै॥२३॥ अंतःपुरजनोदृष्ट्वाकृष्णेनामलकीर्तिना ॥ विस्मितोऽभूदतिमीत्याअवधूतंसभाजितं ॥२४॥ किमनेनकृतंपुण्यमवधूतेनभिक्षुणा ॥ श्रियाहीनेनलोकेऽस्मिन्गर्हितेनाधमेनच ॥२५॥ योऽसौत्रिलोकगुरुणाश्रीनिवासेनसंभृतः ॥ पर्यंकस्थांश्रियंहित्वापरिष्वक्तोऽग्रजोयथा ॥२६॥ कथयांचक्रतुर्गाथाःपूर्वागुरुकुलेसतोः ॥ आत्मनोललिताराजन्करौगृह्यपरस्परं ॥२७॥ श्रीभग० अपिब्रह्मन्गुरुकुलाद्भवतालब्धदक्षिणात् ॥ समावृत्तेनधर्मज्ञभार्योढासदृशीनवा॥२८॥ प्रायोगृहेषुतेचित्तमकामविहतंतथा ॥ नैवातिप्रीयसेविद्वन्धनेषुविदितंहिमे ॥२९॥ केचित्कुर्वंतिकर्माणिकामैरहतचेतसः ॥ त्यजंतःप्रकृतीर्दैवीर्यथाहंलोकसंग्रहं ॥३०॥ कच्चिद्गुरुकुलेवासंब्रह्मन्स्मरसिनोयतः ॥ द्विजोविज्ञायविज्ञेयंतमसःपारमश्नुते ॥३१॥ सवैसत्कर्मणांसाक्षाद्द्विजातेरिहसंभवः ॥ आद्योऽगयत्राश्रमिणांयथाऽहंज्ञानदोगुरुः॥३२॥ नन्वर्थकोविदाब्रह्मन्वर्णाश्रमवतामिह ॥ येमयागुरुणावाचातरंत्यंजोभवार्णवं ॥३३॥ नाहमिज्याप्रजातिभ्यांतपसोपशमेनच ॥ तुष्येयंसर्वभूतात्मागुरुशुश्रूषयायथा॥३४॥ अपिनःस्मर्यतेब्रह्मन्वृत्तंनिवसतांगुरौ ॥ गुरुदारैश्चोदितानामिंधनानयनेक्वचित् ॥३५॥ प्रविष्टानांमहारण्यमपर्तौसुमहद्द्विज ॥ वातवर्षमभूत्तीव्रंनिष्ठुराःस्तनयित्नवः

શું પુણ્ય કરેલું હશે. ! કે જેથી આ ત્રણે લોકના ગુરૂ, અને લક્ષ્મી વિલાસ ભગવાને; પલંગ ઉપર બેઠેલાં લક્ષ્મીજીને પણ તજીને, મોટા ભાઇ બળરામની માફક; એને મળીને માન આપ્યું છે. ॥ ૨૫-૨૬ ॥ પછીથી હે રાજા, એ બંને જણા પરસ્પરના હાથ પકડીને, તેઓ પ્રથમ ગુરૂને ઘેર સાથે રહેલા હતા; તે સબંધની સુંદર વાતચિત કરવા લાગ્યા. ॥૨૭॥—**શ્રીભગવાન**—હે ધર્મને જાણનારા બ્રાહ્મણ, તમે ગુરૂને ગુરૂ દક્ષિણા આપીને, તેમને ઘેરથી ગયા પછી; પોતા સરખી ભાર્યાને પરણેલા છો કે ! ॥૨૮॥ અને હે વિદ્વાન, એટલું તો મને ખબરજ છે, કે; તમારૂં ચિત્ત, ઘણું કરીને ઘરને વિશે, તથા તેજ રીતે ઘર સબંધી કામ ભોગાદિકને વિશે; તથા ધનને વિશે પણ, અતિ પ્રીતિ વાળું થતું નહીંજ હોય. ॥૨૯॥ તો પણ મારી પેઠેજ; ભગવાનની માયાને તજી, કામનાઓથી મનને ખરાબ ન થવા દેતાં; લોક સંગ્રહ સારૂજ, કર્મો કરનારા કેટલાએક હોય છે; તેમજ તમે પણ કરતા હશોજ. ॥ ૩૦ ॥ હે બ્રાહ્મણ ગુરૂને ઘેર આપણે સાથે રહેતા હતા, તે તમને સાંભરે છે ! જ્યાં રેહેવાથી દ્વિજલોકો, જાણવાની વસ્તુ (આત્મસ્વરૂપ) તે જાણીને; સંસારને તરી જાય છે. ॥૩૧॥ હે અંગ, દ્વિજોને અને આશ્રમવાળા લોકોને; એવું સાક્ષાતજ્ઞાન, સત્કર્મ એટલે ગુરૂ સેવા આદિકવડે; અહીંયાં, પ્રથમજ પ્રાપ્ત કરનારા ગુરૂ તો, મારા સમાનજ છે. ॥૩૨॥ વળી હે બ્રાહ્મણ, વર્ણ અને આશ્રમવાળા, તથા પોતાના ખરા સ્વાર્થને જાણનારા, લોકો; હું રૂપ ગુરૂના વચનવડેજ, આ સંસાર સમુદ્રને સેહેજમાંજ તરી જાય છે. ॥૩૩॥ સર્વ પ્રાણી આદિકનો આત્મા હું જેવો ગુરૂ સેવા થકી, (એટલે બ્રહ્મચારીના ધર્મ થકી) પ્રસન્ન થાઉંછું; તેવો બીજા આશ્રમોવાળાઓના ધર્મથી, એટલે યજ્ઞાદિકથી-તપથી-અને ઉપશમ થકીપણ; પ્રસન્ન થતો નથીજ. ॥૩૪॥ હે બ્રાહ્મણ, આપણે ગુરૂને ઘેર રેહેતા હતા; ત્યારે એકવાર ગુરૂની સ્ત્રીએ, આપણને લાકડાં લેઇ આવવા સારૂં, મોકલેલાની વાત; તમને સાંભરે છે કે નહીં. ॥૩૫॥ તે સમયે મોટા અરણ્યમાં ગયેલા આપણને; રૂતુવિનાજ, ઘણો મોટો વાયુસહિત વરસાદ થઇને; તીવ્ર અને કઠોર વીજળીઓ, તથા કડાકાઓ થયા હતા. ॥૩૬॥ પછી સૂર્ય આથમી જઇને, દિશાઓ અંધકારવાળી થઇ જવાથી; અને સઘળું જળમગ્ન થઇ જવાથી; ઉંચા નીચા કશાની પણ, ખબર પડતી નહતી. ॥ ૩૭ ॥ ત્યાં આપણે ઘણીવાર સુધી

મોટા વાયરાનો, અને વરસાદના પાણીનો, મારમારા–અને દિશાઓની ખબર ન પડવાથી પરસ્પરના હાથ ઝાલીને, એ મહાવનમાં જુદી જુદી જગ્યાએ આતુર થઈને ભમતા હતા ॥૩૮॥ એ સ્થળમાંથી સૂર્ય ઉદય થતાંજ, સાંદિપનિ ગુરુ; આપણ શિષ્યોને શોધતા શોધતા ત્યાં આવ્યાથી, તેમણે આપણને આતુર થયેલા જોઈને; તે બોલ્યા હતા કે. ॥૩૯॥ અરે પુત્રો, તમો મારે અર્થે બહુ દુખ પામ્યા, પ્રાણીઓને પોતાનું શરીર અત્યંત પ્રિય હોય છે; ત્યાં મારે પણ તમોએ, તેનો પણ અનાદર કરેલો છે. ॥૪૦॥ સારા શિષ્યોએ, ગુરુનો બદલો વાળવા સારું, કરવાનું માત્ર એટલુંજ છે કે: " શુદ્ધ ભાવવડે, સર્વ પુરુષાર્થને પ્રાપ્ત કરનારું, પોતાનું શરીરજ; ગુરુને અર્પણ કરી દેવું." ॥૪૧॥ હે ઉત્તમ દ્વિજો, હું તમને પ્રસન્ન થયો છું, તેથી તમારા મનોરથ સિદ્ધ થશે; અને તમે ભણેલી વિદ્યા તમને આ લોક તથા પરલોકને માટે, ઉપયોગી થશે." ॥૪૨॥ એ પ્રકારની ગુરુને ઘેર રહેતાં આપણને, અનેક વાતો બની હતી; પણ ગુરુના અનુગ્રહવડે, પુરુષોને સંપૂર્ણ શાંતિ મળે છે. (અર્થાત આપણે સર્વ કષ્ટમાંથી મુક્ત થયા હતા.) ॥૪૩॥–બ્રાહ્મણ–આપ સત્ય સંકલ્પવાળા–જગતગુરુ–અને દેવના પણ દેવની સાથે; ગુરુને ઘેર ભેગા રહેનારા અમને: જેની નિવૃત્તિ ન થઈ હોય, એવું કાંઇ હોયજ નહીં. ॥૪૪॥ હે સમર્થ, જેના દેહથીજ ઉત્પન્ન થયેલ, વેદમય બ્રહ્મ કહેવાય છે: તે આપને, કલ્યાણને અર્થે, ગુરુને ઘેર રહેવાનું: એનો આપની માત્ર અત્યંત બુદ્ધિગ્રહણજ છે. ॥૪૫॥ દશમ સ્કંધનો ૮૦ મો અધ્યાય સંપૂર્ણ ॥૮૦॥

અધ્યાય ૮૧ મો.– શ્રીશુક–એ પ્રમાણે બ્રાહ્મણ સાથે, આ રીતની વાતો કરતા–સર્વ પ્રાણી આદિકના મનની વાતને જાણનારા–બ્રાહ્મણોને માનનારા–સત્પુરુષોની ગતિરૂપ–અને હરિ, એવા કૃષ્ણ ભગવાને; એ પ્રિય બ્રાહ્મણ તરફ પ્રેમથી હસતાં હસતાં જોઈને: તથા હાંસી કરીને; તેમને કહ્યું કે. ॥૧–૨॥ શ્રીભગવાન– હે બ્રાહ્મણ, તમે મને આપવા સારું: તમારે ઘેરથી શું (ભેટ) લઈ આવેલા છો. ! ભક્તિવાન પુરુષોએ પ્રેમ સહિત અર્પણ કરેલ, અણુંમાત્ર પણ, મને ઘણું થઇ પડે છે: અને ભક્તિહીન પુરુષોએ ઘણું અર્પણ કરેલું

॥३६॥ सूर्यश्चास्तंगतस्तावत्तमसाचावृतादिशः ॥ निम्नंकूलंजलमयंनप्राज्ञा[illegible]तकिंचन ॥३७॥ वयंभृशंतत्रमहानिलांबुभिर्निहन्यमाना मुहुरंबुसंप्लवे ॥ दिशोविदंतोथपरस्परंवनेगृहीतहस्ताःपरि[illegible]मातुराः ॥३८ ॥ एतद्विदित्वाउदितेरवौसांदीपनि[illegible]रुः ॥ अन्वेषमाणोनःशिष्यानाचार्योपश्यदातुरान् ॥३९॥ अहोहेपुत्रकायूयमस्मदर्थेतिदुःखिताः ॥ आत्मावैप्राणिनांप्रे[illegible]स्तमत्पराः ॥४०॥ एतदेवहिसच्छिष्यैःकर्तव्यंगुरुनिष्कृतं ॥ यद्वैविशुद्धभावेनसर्वार्थात्मार्पणंगुरौ ॥४१॥ तुष्टोऽहंभोद्विजश्रेष्ठाःसत्याःसंतुमनोरथाः ॥ छंदांस्ययात[illegible]मानिभवंत्विहपरत्रच ॥४२॥ इत्थंविधान्यनेकानिवसतांगुरुवेश्मसु ॥ गुरोरनुग्र[illegible]णैवपुमान्पूर्णःप्रशांतये ॥४३॥ ब्राह्मण०किमस्माभिरनिर्वृत्तंदेवदेवजगद्गुरो ॥ भवतासत्यकामेनयेषांवासोगुरावभूत् ॥४४॥यस्यछंदोमयंब्रह्मदेहआवपनंविभो ॥ श्रेयसांतस्यगुरुषुवासोऽत्यंतविडंबनं ॥४५॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्[illegible]धेउ०श्रीदामचरितेअशीतितमोऽध्यायः ॥८०॥

श्रीशुक०सइत्थंद्विजमुख्येनस[illegible]संकथयन्हरिः॥ सर्वभूतमनोऽभिज्ञःस्मयमानउवाचतं ॥१॥ ब्रह्मण्योब्राह्मणंकृष्णोभगवान्प्रहसन्प्रियं ॥ प्रेम्णानिरीक्षणेनैवप्रेक्षन्खलुसतांगतिः ॥२॥ श्रीभग०किमुपाय[illegible]मानीतंब्रह्मन्मेभवतागृहात् ॥ अण्वप्युपाहृतंभक्तैःप्रेम्णाभूर्येवमेभवेत्॥ भूर्यप्यभक्तोपहृतंनमेतोषायकल्पते ॥३॥ पत्रंपुष्पंफलंतोयंयोमेभक्त्याप्रयच्छति ॥ तदहंभक्त्युपहृतमश्नामिप्रयतात्मनः ॥४॥ [illegible]त्युक्तोऽपिद्विजस्तस्मैव्रीडितःपतयेश्रियः ॥ पृथुकप्रसृतिंराजन्नप्रायच्छदवाङ्मुखः ॥५॥ सर्वभूतात्मदृक्साक्षात्तस्यागमनकारणं ॥ विज्ञायाचिंतयन्नायंश्रीकामोमाऽभजत्पुरा ॥६॥ पत्न्याःपतिव्रतायास्तुसखाप्रियचिकीर्षया ॥ प्राप्तोमामस्यदास्यामिसंपदोमर्त्यदुर्लभाः ॥७॥ इत्थंविचिंत्यवसनाच्चीरबद्धान्द्विजन्मनः ॥ स्वयंजहारकिमिदमितिपृथुकतंडुलान् ॥८॥ नन्वेतदुपनीतंमेपरमप्रीणनंसखे ॥ तर्पयंत्यंगमांविश्वमेतेपृथुकतंडुलाः ॥९॥ इतिमुष्टिंसकृज्जग्ध्वाद्वितीयांजग्धुमाददे ॥ तावच्छ्रीर्जगृहेहस्तंतत्परापरमेष्ठिनः ॥१०॥ एतावताऽलंविश्वात्मन्सर्वसंपत्स

પણ, મને પ્રસન્ન કરનારું, થઇ શકતું નથી. ॥૩॥ મનને વશ રાખનારો કોઇ પુરુષ મને, માત્ર પાંદડાં–ફૂલ–ફળ–અથવા એકલું પાણીજ, ભક્તિ સહિત અર્પણ કરે છે, તો તે ભક્તિ સહિત અર્પણ કરેલું હોવાથીજ હું તેનો અંગિકાર કરું છું. (અર્થાત તેટલાથી પણ, હું પ્રસન્ન થઇ જાઉં છું.) ॥૪॥ હે રાજા, લક્ષ્મીપતિભગવાને, એ રીતે કહ્યું; તો પણ શરમથી નીચું મોઢું કરીને, તે બ્રાહ્મણે પોતે પુંવા લેઇ આવેલાનું: તેમને કહ્યું નહીં; અને તે આપ્યા પણ નહીં. ॥૫॥ ત્યારે સર્વ પ્રાણી આદિના મનની વાત જાણનારા ભગવાને, તેના આવવાના કારણને જાણી જઇને વિચાર્યું કે; " આ મારો મિત્ર પૂર્વેથીજ લક્ષ્મીની કામના માટે, મને ભજતો નથી; પણ હમણાં પોતાની પતિવ્રતા સ્ત્રીનું ભલુ કરવાની ઇચ્છાથી, (અર્થાત સ્ત્રીએ પરાણે મોકલવાથી)જ તે મારી પાસે આવેલો છે. તો મનુષ્યોને મળવી દુર્લભ, એવી સંપત્તિઓ હું એને આપીશ. " ॥૬–૭॥ એમ વિચારી ભગવાને, આ શું છે. ? એમ કહીને, તે બ્રાહ્મણની પાસેથી; ચિંથરાના કકડામાં બાંધેલી પુંવાની પોટલી, ખેંચી લીધી; અને બોલ્યા કે. " હે મિત્ર, તમે આણેલું આટલુંજ, મને તો અત્યંત પ્રસન્ન કરનારું થશે; અને હે અંગ, આપના એ પુંવા, હું વિશ્વરૂપને, તૃપ્ત કરશે. ॥૮–૯॥ એમ બોલીને, તે પુંવામાંથી એક મુઠી લેઇને, તે ખાધા; અને બીજી મુઠી લેવાને જતા હતા: ત્યાં ભગવત પરાયણ લક્ષ્મીજીએ, ભગવાનનો હાથ પકડી લેઇને: તેમને અટકાવ્યા: અને કહ્યું કે; હે વિશ્વાત્મા ભગવાન, આપને પ્રસન્ન કરવાવડે પુરુષને આલોક તથા પરલોકની સઘળી સંપત્તિઓ, અને સિદ્ધિઓ મળવાની બાબતમાં; આટલુંજ બસ છે. (અર્થાત આ એક મુઠી પુંવા ખાઇને, આપ તેને જે કાંઇ આપી ચૂકયા છો, તે ઘણુંજ છે;) માટે હવે બીજી મુઠી ખાઇને મને પણ (એટલે તમામ લક્ષ્મીને) તેનેજ હવાલે કરી દેવાનું, યોગ્ય નથી; એમ કહીને, બાકીના પુંવા, ભગવાનની સઘળી સ્ત્રીઓને પ્રસાદી દાખલ, વહેંચી આપવાને માટે માગી લીધા. ॥૧૦–૧૧॥ ને પછી એ રાત્રિ તે બ્રાહ્મણે અચ્યુત ભગવાનના મંદિરમાંજ રહીને, ખાઇ પીઇને; પોતે જાણે સ્વર્ગમાંજ આવેલો હોય, તેવા સુખમાં ગાળી. ॥૧૨॥ પછી બીજા દિવસનું સવાર થતાંજ, હે પરીક્ષિત; એ વિશ્વનું પાલન કરનારા, અને આત્મ સ્વરૂપના આનંદવડેજ પરિપૂર્ણ ભગવાને; પ્રણામ કરેલો, અને થોડે આઘે સુધી માર્ગ-

માં વગાડવા જઇને, વિદાય કરી રાજી કરેલો; તે બ્રાહ્મણ પોતાને ઘેર ગયો. ॥ ૧૩ ॥ એ રીતે પોતાને કૃષ્ણ થકી, ધન નહીં મળવા છતાં; તે બ્રાહ્મણે પોતે માગ્યુંજ નહીં: અને મહાત્મા કૃષ્ણનું દર્શન થવા વડેજ, સુખ પામીને; તથા પોતે સ્ત્રીનું સાંભળીને મનમાં ધન મળવાની ઇચ્છા કરી હતી, તેથી લજાઇને; પોતાને ઘેર પાછા જતાં તે વિચાર કરવા લાગ્યો કે. ॥ ૧૪ ॥ " અહો આ બ્રાહ્મણોને માનનારા ભગવાનની, બ્રહ્મણ્યતા મારા જોવામાં આવી; કે જે, પોતાની છાતીમાં રહેલાં લક્ષ્મીજી સહિત; હું અતિ દરિદ્રિને ભેટયા. ॥૧૫॥ હું દરિદ્રિ અને અતિ પાપી, એ લક્ષ્મીના સ્થાન કૃષ્ણના આગળ, કશા હિસાબમાં નહીં છતાં; મને બ્રહ્મ બંધુ જાણીનેજ, તેમણે પોતાના બેઉ હાથવડે: બાથમાં લીધો. ॥૧૬॥ અને ભાઇની પેઠે, મને પ્રિયાના ઉત્તમ પલંગ ઉપર બેસારીને; મારો થાક ઉતારવા માટે, હાથમાં ચામર અને પંખા લેઇને; પોતાની રાણીઓ પાસે, વા ઢોળાવ્યો. ॥૧૭॥ તથા પગ દબાવવા વિગેરે થકી, અત્યંત સેવા કરવા વડે; એ દેવનાદેવ બ્રહ્મણ્ય દેવે, મારો દેવતાની પેઠે; સત્કાર કર્યો. ॥૧૮॥ અને કે એ ભગવાનના ચરણ મૂળનું પૂજનજ પુરૂષોને સ્વર્ગ–મોક્ષ–અને પાતાળની, સઘળી સંપત્તિઓ તથા સિદ્ધિઓ મળવાનું કારણ છે, એ ખરૂં છે; તોપણ; " આ નિર્ધનને, ધન પ્રાપ્ત થશે તો; તે થકી ઉન્મત્ત બનીને પછીથી મારૂં સ્મરણ કરી શકશે નહીં." એ રીતના દયા ભરેલા વિચારથીજ, એ ભગવાને; મને ધન આપ્યું નહીં. ॥૧૯–૨૦ ॥ એ પ્રકારે મનમાં વિચાર કરતો તે, પોતાના ઘર નજીક, આવી પહોંચ્યો; ત્યારે ત્યાંનો સૂર્ય અને ચંદ્રને જાડે, એવાં મોટાં અને અગ્નિ સરખાં તેજસ્વી ઘરોથી, ચારે તરફ વિંટાએલું; એક સુંદર ઘર તેણે જોયું. ॥ ૨૧ ॥ અને તેના વિચિત્ર પ્રકારના બાગ બગીચાઓમાં, પક્ષીઓનાં ટોળાં; શબ્દ કરી રહ્યાં હતાં. અને જળાશ-

मृद्धये ॥ अस्मिँल्लोकेऽथवाऽमुष्मिन्पुंसस्त्वत्तोषकारणं ॥११॥ ब्राह्मणस्तांतुरजनीमुषित्वाऽच्युतमंदिरे ॥ भुक्त्वापीत्वासुखंमेनेआत्मानंस्वर्गतंयथा ॥१२॥ श्वोभूतेविश्वभावेनस्वसुखेनाभिवंदितः ॥ जगामस्वालयंतातपथ्यनुव्रज्यनंदितः ॥१३॥ सचालब्ध्वाधनंकृष्णान्नतुयाचितवान्स्वयं ॥ स्वगृहान्व्रीडितोऽगच्छन्महद्दर्शननिर्वृतः ॥१४॥ अहोब्रह्मण्यदेवस्यदृष्टाब्रह्मण्यतामया ॥ यद्दरिद्रतमोलक्ष्मीमाश्लिष्टोबिभ्रतोरसि ॥१५॥ क्वाहंदरिद्रःपापीयान्क्वकृष्णःश्रीनिकेतनः ॥ ब्रह्मबंधुरितिस्माहंबाहुभ्यांपरिरंभितः ॥१६॥ निवासितःप्रियाजुष्टेपर्यंकेभ्रातरोयथा ॥ महिष्यावीजितःश्रांतोवालव्यजनहस्तया ॥१७॥ शुश्रूषयापरमयापादसंवाहनादिभिः ॥ पूजितोदेवदेवेनविप्रदेवेनदेववत् ॥१८॥ स्वर्गापवर्गयोःपुंसांरसायांभुविसंपदां ॥ सर्वासामपिसिद्धीनांमूलंतच्चरणार्चनं ॥१९॥ अधनोऽयंधनंप्राप्यमाद्यन्नुच्चैर्नमांस्मरेत् ॥ इतिकारुणिकोनूनंधनंमेभूरिनाददात् ॥२०॥ इतितच्चिंतयन्नंतःप्राप्तोनिजगृहांतिकं ॥ सूर्यानलेंदुसंकाशैर्विमानैःसर्वतोवृतं ॥२१॥ विचित्रोपवनोद्यानैःकूजद्द्विजकुलाकुलैः ॥ प्रोत्फुल्लकुमुदांभोजकल्हारोत्पलवारिभिः ॥२२॥ जुष्टंस्वलंकृतैःपुंभिःस्त्रीभिश्चहरिणाक्षिभिः ॥ किमिदंकस्यवास्थानंकथंतदिदमित्यभूत् ॥२३॥ एवंमीमांसमानंतंनरानार्योऽमरप्रभाः ॥ प्रत्यगृह्णन्महाभागंगीतवाद्येनभूयसा ॥२४॥ पतिमागतमाकर्ण्यपत्न्युद्धर्षाऽतिसंभ्रमा ॥ निश्चक्रामगृहात्तूर्णंरूपिणीश्रीरिवालयात् ॥२५॥ पतिव्रतापतिंदृष्ट्वाप्रेमोत्कंठाऽश्रुलोचना ॥ मीलिताक्ष्यनमद्बुद्ध्यामनसापरिषस्वजे ॥२६॥ पत्नींवीक्ष्यविस्फुरंतींदेवींवैमानिकीमिव ॥ दासीनांनिष्ककंठीनांमध्येभांतींसविस्मितः ॥२७॥ प्रीतःस्वयंतयायुक्तःप्रविष्टोनिजमंदिरं ॥ मणिस्तंभशतोपेतंमहेंद्रभवनंयथा ॥२८॥ पयःफेननिभाःशय्यादांतारुक्मपरिच्छदाः ॥ पर्यंकाहेमदंडानिचामरव्यजनानिच ॥२९॥ आसनानिचहैमानिमृदूपस्तरणानिच ॥ मुक्तादामविलंबीनिवितानानिद्युमंतिच ॥३०॥ स्वच्छस्फटिककुड्येषुमहामारकतेषुच ॥ रत्नदीपान्भ्राजमानाँल्ललनारत्नसंयुतान् ॥३१॥ विलोक्यब्राह्मणस्तत्रसमृद्धीःसर्वसंपदां ॥ तर्कयामासनिर्व्यग्रःस्वसमृद्धिमहैतुकीं ॥३२॥ नूनंबतैतन्ममदुर्भगस्यशश्वद्दरिद्रस्यसमृद्धिहेतुः ॥ महाविभूतेरवलोकतोऽन्योनैवोपपद्येतयदूत्तमस्य ॥३३॥ नन्वब्रु

યોમાં, કુમુદ–કલ્હાર–તથા ઉત્પલ જાતનાં કમળો, ખિલી રહેલાં હતાં. ॥ ૨૨ ॥ તથા તે ઘર, સારી રીતે શણગારેલા, પુરૂષોથી; અને હરણના જેવી આંખ્યો વાળી, સ્ત્રીઓ થકી; શોભતું હતું, તેથી આ શું છે, કોનું સ્થાન હશે, અને આ રીતે અહીંયાં શા થકી થયું હશે ? એમ તે વિચાર કરવા લાગ્યો; એટલામાંજ, દેવ સરખાં તેજસ્વી સ્ત્રી પુરૂષો ગાતાં અને વાજાં વગાડતાં; એ મહા ભાગ્યશાળી બ્રાહ્મણને, લેવા સારૂં સામાં આવ્યાં. ॥૨૩–૨૪॥ અને પોતાના સ્વામી પાછા આવેલા સાંભળી, ઘણો આનંદ પામેલી; લક્ષ્મી જેવા રૂપવાળી થયેલી, તેની સ્ત્રી પણ; સંભ્રમ કરતી ઉતાવળીજ, તે ઘરમાંથી બહાર નીકળી. ॥૨૫॥ તથા સ્વામીને જોવાથી, પ્રેમને લીધે આંખ્યોમાં આંસુ આવેલી, તે પતિવ્રતા સ્ત્રીએ; બુદ્ધિથી આંખ્ય મેળવીને: તેમને નમસ્કાર કર્યા; અને મન વડેજ મળી. ॥૨૬॥ ત્યારે એ ગળામાં પદક પેહેરેલી દાસીઓની વચમાં દેવાંગનાની પેઠે ઝળકી રહેલી પોતાની પત્નિને દેખીને; તે બ્રાહ્મણ વિસ્મય પામ્યો. ॥૨૭॥ અને રાજી થઇને, તેની સાથેજ પોતાના મંદિરમાં પેઠો; અને જોયું તો ત્યાં ઇંદ્રના ઘરના જેવા સેંકડો મણિમય થાંભલા હતા. ॥૨૮॥ હાથી દાંતના સર સામાન વાળા પલંગો ઉપર, દુધના ફીણ જેવી પથારીઓ પાથરેલી હતી; અને સોનાની દાંડી વાળા, ચામર તથા પંખા હતા. ॥૨૯॥ સોનાનાં આસનો ઉપર; નરમ બિછાનાં બિછાવેલાં હતાં; અને મોતીની માળાઓની ઝાલરો વાળા ઉલેચ ઝગઝગતા હતા. ॥ ૩૦ ॥ તથા સ્વચ્છ સ્ફટિકની ભિંતોમાં, કાઢેલાં ઉત્તમ સ્ત્રીઓનાં ચિત્રોથી–તેમાંના મોટા મરકત મણિઓથી–અને તેમાં પડતા રત્નના દીવાઓના પ્રકાશ સામા ઉછળવાથી; તે ઘર અત્યંત દીપી રહ્યું હતું. ॥ ૩૧ ॥ પછી એ બ્રાહ્મણે ત્યાં આવેલી આ સર્વ સંપત્તિ અને સમૃદ્ધિ, પોતાને અચાનક પ્રાપ્ત થવાના કારણનો; નિરાંતપણે વિચાર કરીને, તર્ક કર્યો કે; " હું સદાયના દરિદ્રી અને નિર્ભાગીને, આ સમૃદ્ધિ મળવાનું કારણ; મોટી વિભૂતિઓવાળા શ્રેષ્ઠ યાદવ, કૃષ્ણનું મને દર્શન થયું છે; તે વિના બીજું નજર [illegible]." ॥ ૩૨–૩૩ ॥

નહીં દેવાદે અને બીજા કુબેરના ભંડારોમાં શ્રેષ્ઠ. મારો મિત્ર કૃષ્ણ, હું માગતો નહીં છતાં [illegible] આપ- વાનું; આ ઘણું હોવા છતાં, પોતે તેને થોડું માનીને; મોઢેથી કાંઇ ન બોલતાં; ખેડુતોના ખેતરો ઉપર રાતની વેળાએ વરસાદે ભરી દેવાની પેઠે, અમમહારાજ; મને આ સુખ આપી દીધેલાનું જણાય છે. ॥ ૩૪ ॥ એ મહાત્મા ભગવાન પોતે, ઘણું આપેલાને કિંચિત માને છે; અને ભક્તોએ કરેલ કિંચિતને પણ, તે ઘણું માની લેછે; માટે તેમણે મારા લેઇ ગયેલા પુંવાની એક મૂઠીનો પણ, પ્રસન્નતાથી સ્વીકાર કર્યો છે. ॥૩૫॥ એટલા માટે હું એટલુંજ માગું છું કે; "એ મોટા પ્રભાવવાળા, અને ગુણોના સ્થાન, ભગવાનને વિશેજ; મને જન્મોજન્મમાં ફરી ફરીને, સુહૃદપણું–સખાપણું–મૈત્રિ–અને દાસપણાનો ભાવ, રહ્યા કરજો; અને તેમના ભક્તોની સાથેનો પ્રસંગ, થયા કરજો. ॥ ૩૬ ॥ ધનના મદથી ધનવાનોને થતા, નીચ અવતારોને જોતા; વિચક્ષણ, અજન્મા ભગવાન પોતેજ, પોતાના થોડા જ્ઞાનવાળા ભક્તોને; વિવિધ પ્રકારની સંપત્તિઓની–રા- જ્યની–કે વિભૂતિઓની સમૃદ્ધિ આપતા નથીજ. ॥૩૭॥ એ પ્રમાણે બુદ્ધિથી નિશ્ચય કરીને, જનાર્દન ભગવા- નને વિશે, અત્યંત ભક્તિ ઉમેદ થયા પછે; તે બ્રાહ્મણ વિષયોને વિશે, અને સ્ત્રીઓને વિશે; તેમને ભોગવવામાં અતિ લંપટ થયોજ નહીં; અને એ દેવના દેવ યજ્ઞપતિ હરિ ભગવાનનું પરમ દૈવત, માત્ર બ્રાહ્મણોજ છે; તથા એ બ્રાહ્મણો કરતાં, બીજા કશાને ભગવાન અધિક જાણતા નથી; એમ જાણી લેઇને, વિષયાદિકનો તથા સ્ત્રીનો પણ; તેણે ત્યાગજ કરી દીધો. ॥૩૮–૩૯॥ એ રીતે ભગવાનના મિત્ર એ બ્રાહ્મણે, અજીત ભગવા- નને; પોતાના ભક્તો થકી, જીતાઇ જતા દેખી; તેના ગમનાં, બંધન (એટલે અહંતા અને મમતા કેહતાં હું તથા મારૂં,) એ સત્પુરૂષોની ગતિ રૂપ ભગવાનના ધ્યાનના વેગથી, છુટી ગયાં; તથા થોડા કાળમાંજ તે, ભગવાનની ગતિને પામ્યો. ॥૪૦॥ આ રીતની એ બ્રહ્મણ્ય દેવ ભગવાનની બ્રહ્મણ્યતાને સાંભળવાથી, મનુષ્યો ભગવાનને વિશે ભાવવાળાં થઇને; પોતાનાં કર્મ બંધનો થકી, મુક્ત થઇ જાય છે. ॥ ૪૧ ॥ ઇતિ શ્રી०

वाणोदिशतेसमक्षंयाचिष्णवेभूर्यपिभूरिभोजः ॥ पर्जन्यवत्तत्स्वयमीक्षमाणोदाशार्हकाणामृषभःसखामे ॥३४॥ किंचित्करोत्युर्वपियत्स्व दत्तंसुहृत्कृतंफल्ग्वपिभूरिकारी ॥ मयोपनीतांपृथुकैकमुष्टिंप्रत्यग्रहीत्प्रीतियुतोमहात्मा ॥३५॥तस्यैवमेसौहृदसख्यमैत्रीदास्यंपुनर्जन्मनि र्जन्मनिस्यात् ॥ महानुभावेनगुणालयेनविषज्जतस्तत्पुरुषप्रसंगः॥३६॥ भक्तायचित्राभगवान्हिसंपदोराज्यंविभूतीर्नसमर्थयत्यजः ॥ अ दीर्घबोधायविचक्षणःस्वयंपश्यन्निपातंधनिनांमदोद्भवं ॥३७॥ इत्थंव्यवसितोबुद्ध्याभक्तोऽतीवजनार्दने॥ विषयाञ्जाययात्यक्षन्बुभुजेनातिलं पटः ॥३८॥ तस्यवैदेवदेवस्यहरेर्यज्ञपतेःप्रभोः ॥ ब्राह्मणाःप्रभवोदैवंनतेभ्योविद्यतेपरं ॥३९॥ एवंसविप्रोभगवत्सुहृत्तदादृष्ट्वास्वभृत्यैरजि तंपराजितं ॥ तद्ध्यानवेगोद्ग्रथितात्मबंधनस्तद्धामलेभेऽचिरतःसतांगतिं॥४०॥ एतद्ब्रह्मण्यदेवस्यश्रुत्वाब्रह्मण्यतांनरः ॥ लब्धभावोभगवति कर्मबंधाद्विमुच्यते ॥४१॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउ०श्रीदामचरितेएकाशीतितमोध्यायः ॥८१॥

श्रीशुक०अथैकदाद्वारवत्यांवसतोरामकृष्णयोः ॥ सूर्योपरागःसुमहानासीत्कल्पक्षयेयथा ॥१॥ तंज्ञात्वामनुजाराजन्पुरस्तादेवसर्वतः॥ स्य मंतपंचकंक्षेत्रंययुःश्रेयोविधित्सया ॥२॥ निःक्षत्रियांमहींकुर्वन्रामःशस्त्रभृतांवरः॥नृपाणांरुधिरौघेणयत्रचक्रेमहाह्रदान् ॥३॥ ईजेचभग वान्रामोयत्रास्पृष्टोऽपिकर्मणा ॥ लोकस्यग्राहयन्नीशोयथाऽन्योघापनुत्तये॥४॥ महत्यांतीर्थयात्रायांतत्रागन्भारतीःप्रजाः ॥ वृष्णयश्चतथाऽ क्रूरवसुदेवाहुकादयः॥५॥ ययुर्भारततत्क्षेत्रंस्वमघंक्षपयिष्णवः ॥ गदप्रद्युम्नसांबाद्याःसुचंद्रशुकसारणैः॥ आस्तेऽनिरुद्धोरक्षायांकृतवर्माच यूथपः॥६॥ तेरथैर्देवधिष्ण्याभैर्हयैश्चतरलप्लवैः ॥ गजैर्नदद्भिरभ्राभैर्नृभिर्विद्याधरद्युभिः॥७॥ व्यरोचंतमहातेजाःपथिकांचनमालिनः॥ दि व्यस्रग्वस्त्रसन्नाहाःकलत्रैःखेचराइव॥८॥तत्रस्नात्वामहाभागाउपोष्यसुसमाहिताः॥ ब्राह्मणेभ्योददुर्धेनूर्वासःस्रग्रुक्ममालिनीः ॥९॥ राम ह्रदेषुविधिवत्पुनराप्लुत्यवृष्णयः ॥ ददुःस्वन्नंद्विजाग्र्येभ्यःकृष्णेनोभक्तिरस्त्विति॥१०॥ स्वयंचतदनुज्ञातावृष्णयःकृष्णदेवताः॥ भुक्त्वोपवि

ભા० દશમા સ્કંધનો સુદામા આખ્યાન નામે એક્યાશિમો અધ્યાય સંપૂર્ણ. ॥૮૧॥

અધ્યાય. ૮૨ મો.—શ્રીશુક–કૃષ્ણ અને રામ દ્વારકામાં વસતા હતા ત્યારે એકવાર, પ્રલય કાળમાં થાય એવું, ઘણું મોટું સૂર્ય ગ્રહણ થયું હતું. ॥૧॥ હે રાજા, તે પેહેલેથીજ જાણીને, કલ્યાણની ઇચ્છાવાળાં મનુષ્યો; સર્વે તરફથી, "સ્યમંતક પંચક ક્ષેત્ર" (કુરૂક્ષેત્ર)માં, નહાવાને ગયાં હતાં. ॥૨॥ જ્યાં શસ્ત્ર ધરના- રાઓમાં શ્રેષ્ઠ પરશુરામે, પૃથ્વીને નક્ષત્રી કરીને; રાજાઓના લોહીના, મોટા ધરા ભરાવ્યા હતા. ॥ ૩ ॥ તથા એ પરશુરામ ભગવાનને, કર્મોનો સ્પર્શ ન હોવા છતાં; માત્ર લોકને પાપો થકી મુક્ત થવાની રીતિ શિખવવા સારૂજ, તેમણે એ સ્થળે યજ્ઞો કર્યા હતા. ॥ ૪ ॥ એ મોટી તીર્થયાત્રામાં, પોતાનાં પાપોને ગટાડવાને આવેલી; ભરતખંડની સઘળી પ્રજાઓમાં, ઉગ્રસેન–વસુદેવ–અક્રૂર–ગદ–પ્રદ્યુમ્ન–સાંબ–સુચંદ્ર–શુક–અને સારણ વિગેરે યાદવો પણ; દ્વારકાપુરીના રક્ષણ સારૂ, મહારથી અનિરૂદ્ધ અને કૃતવર્માને, ત્યાં મૂકીને; આવેલા હતા. ॥૫–૬॥ દેવતાઓનાં વિમાનો જેવા રથ–પાણીના તરંગ સરખા વેગવાન ઘોડા–ગાજતાં વાદળાં જેવા નાદ કરતા હાથી–અને વિદ્યાધર જેવા તેજસ્વી પાળાઓ થકી શોભતા, સોનાની માળાઓ પેહેરેલા; અને દિવ્ય માળા–વસ્ત્ર–તથા બખતરોને ધારણ કરેલા, તે સઘળાઓ; દેવતાઓ સમાન ઘણાજ તેજસ્વી લાગતા હતા. ॥૭–૮॥ પછી તે મહા ભાગ્યશાળીઓએ, ત્યાં, ચિત્તની એકાગ્રતા સહિત ઉપવાસ કરીને; નાહ્યા પછી બ્રાહ્મણોને, વસ્ત્રો–ફૂલના હાર–અને સોનાની માળાઓ પેહેરાવેલી; ગાયોનાં દાન આપ્યાં. ॥૯॥ અને પછીથી પરશુરામના ધરામાં, તેઓએ ફરીથી વિધિ પ્રમાણે સ્નાન કરીને; "અમને કૃષ્ણમાં ભક્તિ હોજો;" એમ કહીને, ઉત્તમ દ્વિજોને સારાં અન્ન આદિક આપ્યાં. ॥૧૦॥ તથા કૃષ્ણનેજ પરમ દૈવત માનનારા, એ યાદવોએ પોતે પણ, બ્રાહ્મણોની રજા લેઇને; જમ્યા પછી, પોત પોતાની મરજી પ્રમાણે ઝાડોની ઘાટી છાયાઓમાં, મુકામ કર્યા. ॥૧૧॥ અને ત્યાં આવેલા મત્સ્ય–ઉશિનર–કૌશલ્ય–વિદર્ભ–કુરૂ–સૃંજય–કાંબોજ–કૈકય–મદ્ર–કુંતી –આનર્ત–અને કેરલ વિગેરે દેશોના, પોતાના સુહૃદ અને સંબધી રાજાઓને; તથા બીજાઓ પોતાના પક્ષના અને સામા પક્ષના, સેંકડો રાજાઓને; તેમજ નંદ આદિક સુહૃદ ગોપને, તથા ઘણા કાળની ઉત્કંઠાવાળી

ગોપીઓને પણ; તેમણે દીઠાં. ॥૧૨-૧૩॥ ત્યારે ત્યાં આગળ એક બીજાને જોવાથી વધેલા હરખથી, તેઓનાં રૂંવાડાં ઉભાં થઇને; આંખ્યોમાંથી પાણી વેહેવા લાગ્યાં; અને વાણી રોકાઇ ગઇ, તથા પ્રફુલિત થયેલ હૃદય, અને શોભિતા મુખ કમળ થકી, પરસ્પરને બાથમાં ઘાલી ખુબ દબાવી ભેટીને; આનંદ પામ્યાં. ॥૧૪॥ અને આંખ્યોમાં આનંદનાં આંસુ આવેલી સ્ત્રીઓપણ, એક બીજીને અતિ સુહૃદપણાથી હસતે મોઢે, અને નિર્મળ દૃષ્ટિવાળી આંખ્યોની અણીઓવડે, જોઇને; પોતાના કુમકુમના ભારથી ખરડાયલાં સ્તનોવડે, તેમનાં સ્તનો દબાય, તેમ એક બીજીને બાથમાં ઘાલી ઘાલીને; મળવા લાગીઓ. ॥ ૧૫ ॥ ને પછી નાનાંઓ થકી પગે લગાયલાં, તે સઘળાંઓ; વૃદ્ધોને પગે લાગ્યાં, અને પરસ્પરની આગત સ્વાગત તથા કુશળ પ્રશ્ન પૂછીને; સર્વે જણ એકઠાં થઇને, કૃષ્ણ કથા કરવા લાગ્યાં. ॥૧૬॥ પૃથાએ પોતાના ભાઇઓ તથા બેહેનોને-તેમના પુત્રોને-ભોજાઇઓને-અને મુકુંદ ભગવાનને પણ-મળીને, તેમની સાથે વાતો કરવાવડે; પોતાના શોકને તજ્યો; ને બોલ્યાં કે. ॥૧૭॥-કુંતાજી-હે આર્ય ભાઇઓ, તમે સત્પુરૂષોમાં શ્રેષ્ઠ છતાં; હું આપદામાં પડેલીનું સ્મરણ લાવીને, મારી સંભાળ પણ લેતા નથી; તેથી મારા આત્માને, હું અકૃતાર્થ માનું છું. ॥૧૮॥ જેને દૈવ પ્રતિકૂળ હોય, તેવા સ્વજનને; સુહૃદો-સગાઓ-પુત્રો-ભાઇઓ-અને માબાપ પણ, સંભારતાં નથીજ. ॥૧૯॥-વસુદેવ-હે બેહેન, દૈવનાં રમકડાં સરખાં, અમે મનુષ્યોના ઉપર; તમે દોષ મૂકોમાં, કેમકે લોકને કરવાનું અથવા કરાવવાનું; તે સર્વ, ઇશ્વરના વશમાં રહીને, તેની ઇચ્છા પ્રમાણેજ બને છે. ॥૨૦॥ કંસના પરિતાપ થકી અમો સર્વે જણા, દિશાઓ દિશાઓમાં, જતા રહેલા હતા; તે હે બેહેન, દૈવના એકઠા કરવાથી; હમણાંજ પાછા સ્થાનને પામેલા છૈએ. ॥૨૧॥-શ્રીશુક-પછી વાસુદેવ અને ઉગ્રસેન આદિક યાદવોએ પૂજેલા,

विशुःकामंस्निग्धच्छायांघ्रिपांघ्रिषु ॥११॥ तत्रागतांस्तेददृशुःसुहृत्संबंधिनोनृपान्॥ मत्स्योशीनरकौसल्यविदर्भकुरुसृंजयान्॥१२॥ कांबो
जकैकयान्मद्रकुंत्यानर्तकेरलान् ॥ अन्यांश्चैवात्मपक्षीयान्परांश्चशतशोनृप॥नंदादीन्सुहृदोगोपान्गोपीश्चोत्कंठिताश्चिरं॥१३॥ अन्योन्य
संदर्शनहर्षरंहसामोत्फुल्लहृद्वक्त्रसरोरुहश्रियः ॥ आश्लिष्यगाढंनयनैःस्रवज्जलान्हृष्यत्त्वचोरुद्धगिरोययुर्मुदं ॥१४॥ स्त्रियश्चसंवीक्ष्यमिथोऽ
तिसौहृदस्मितामलापांगदृशोऽभिरेभिरे ॥ स्तनैःस्तनान्कुंकुमपंकरूषितान्निहत्यदोर्भिःप्रणयाश्रुलोचनाः ॥१५॥ ततोऽभिवाद्यतेवृद्धान्य
विष्ठैरभिवादिताः ॥ स्वागतंकुशलंपृष्ट्वाचक्रुःकृष्णकथांमिथः ॥१६॥ पृथाभ्रातॄन्स्वसॄर्वीक्ष्यतत्पुत्रान्पितरावपि ॥ भ्रातृपत्नीर्मुकुंदंचजहौसं
कथयाशुचः ॥१७॥ कुंती० आर्यभ्रातरहंमन्येआत्मानमकृताशिषं ॥यद्वाआपत्सुमद्वार्तांनानुस्मरथसत्तमाः ॥१८॥ सुहृदोज्ञातयःपुत्राभ्रा
तरःपितरावपि ॥ नानुस्मरंतिस्वजनंयस्यदैवमदक्षिणं ॥१९॥ वसुदेव० अंबमास्मानसूयेथादैवक्रीडनकान्नरान्॥ ईशस्यहिवशेलोकःकुरुते
कार्यतेऽथवा ॥२०॥ कंसप्रतापिताःसर्वेवयंयातादिशोदिशः॥ एतर्ह्येवपुनःस्थानंदैवेनासादिताःस्वसः ॥२१॥ श्रीशुक० वसुदेवोग्रसेनाद्यै
र्यदुभिस्तेऽर्चितानृपाः ॥ आसन्नच्युतसंदर्शपरमानंदनिर्वृताः॥२२॥ भीष्मोद्रोणोंऽबिकापुत्रोगांधारीससुतातथा ॥ सदाराःपांडवाःकुंतीसृं
जयोविदुरःकृपः॥२३॥ कुंतीभोजोविराटश्चभीष्मकोनग्नजिन्महान्॥पुरुजिद्द्रुपदःशल्योधृष्टकेतुःसकाशिराट् ॥२४॥ दमघोषोविशालाक्षो
मैथिलोमद्रकेकयौ ॥ युधामन्युःशुशर्माचससुताबाह्लिकादयः॥२५॥राजानोयेचराजेंद्रयुधिष्ठिरमनुव्रताः॥श्रीनिकेतंवपुःशौरेःसस्त्रीकंवी
क्ष्यविस्मिताः ॥२६॥ अथतेरामकृष्णाभ्यांसम्यक्प्राप्तसमर्हणाः ॥ प्रशशंसुर्मुदायुक्तावृष्णीन्कृष्णपरिग्रहान् ॥ २७ ॥ अहोभोजपतेयूयंज
न्मभाजोनृणामिह ॥ यत्पश्यथासकृत्कृष्णंदुर्दर्शमपियोगिनां॥२८॥ यद्विश्रुतिःश्रुतिनुतेदमलंपुनातिपादावनेजनपयश्चवचश्चशास्त्रं॥ भूःका
लभर्जितभगाऽपियदंघ्रिपद्मस्पर्शोत्थशक्तिरभिवर्षतिनोऽखिलार्थान् ॥२९॥तद्दर्शनस्पर्शनानुपथप्रजल्पशय्यासनाशनसयौनसपिंडबंधः॥
येषांगृहेनिरयवर्त्मनिवर्ततांवःस्वर्गापवर्गविरमःस्वयमासविष्णुः ॥३०॥ श्रीशुक० नंदस्तत्रयदून्प्राप्तान्ज्ञात्वाकृष्णपुरोगमान् ॥ तत्रागमद्वृ

સર્વ રાજાઓ પણ; અચ્યુત ભગવાનનાં દર્શનવડે, પરમ આનંદ પામીને; સુખીયા થયા. ॥૨૨॥ તેમજ ભીષ્મ-દ્રોણ-ધૃતરાષ્ટ-પુત્રો સહિત ગાંધારી-સ્ત્રીઓ સહિત પાંડવો-કુંતાજી-સંજય-કૃપાચાર્ય કુંતીભોજ-વિરાટ-ભિષ્મક-મોટા નાગ્નજીત રાજા-પુરૂજીત-દ્રુપદ-શૈલ્ય-ધ્રષ્ટકેતુ-કાશિરાજા-દમઘોષ- વિશાળાક્ષ-જનકરાજા,-મદ્ર અને કેકયના રાજાઓ-યુધામન્યુ-સુશર્મા-અને પુત્રો સહિત બાહ્લિક વિગેરે, તથા યુધિષ્ઠિરને અનુસરનારા બીજા પણ જે રાજાઓ ત્યાં હતા; તેઓ લક્ષ્મીના સ્થાન એ કૃષ્ણ ભગવાનને, તેમની સ્ત્રીઓ સહિત દેખીને વિસ્મય પામી ગયા. ॥ ૨૩-૨૪-૨૫-૨૬ ॥ પછી કૃષ્ણ અને રામથકી સારી રીતે પુજાયલા તેઓ આનંદ પામીને, કૃષ્ણે પોતાના ગણેલા યાદવોને; વખાણવા લાગ્યા કે. ॥૨૭॥ " હે ઉગ્રસેન રાજા, આ લોકમાં મનુષ્યોમાં ઉત્તમ જન્મ પામેલા તમેજ છો; કે યોગીઓને પણ દર્શન થવાને દુર્લભ, કૃષ્ણને; તમે હમેશાંજ જુઓ છો. ॥૨૮॥ વળી વેદે વખાણેલી જેની કીર્તિથી-જેના પગ ધોવાના જળ (ગંગા) થી અને જેની વાણી રૂપ શાસ્ત્રો થકી; પવિત્ર થવાય છે; તથા કાળે કરીને ભાગ (એટલે વસ્તુઓ ઉત્પન્ન કરવાની શક્તિ) થકી રહિત થઇ ગયેલી પૃથ્વી પણ, જેના ચરણ કમળનો સ્પર્શ થવાથીજ, શક્તિ પામીને; સર્વ પ્રકારની વસ્તુઓ આપણને આપનારી થાય છે; તે ભગવાન પોતાનાં દર્શન-સ્પર્શ-અને વાત કરવી-આદિક લાભ આપવાની સાથે, તમારી નજર આગળજ રેહેછે; અને શઇયા-આસન-જમેવું-અને લગ્ન તથા સપિંડ આદિક, સંબંધથી બંધાઇને, તમો; નરકના માર્ગ રૂપ ઘરમાં રેહેનારાઓમાંજ, એ સ્વર્ગ તથા મોક્ષની તૃષ્ણા મટાડનારા વિષ્ણુ ભગવાન; પોતે વસે છે. ॥૨૯-૩૦॥-શ્રીશુક-પછી સરસામાન ગાડાંઓમાં ભરીને ત્યાં આવેલા, ગોવાળિઆઓથી વિંટાયલા નંદજીએ; કૃષ્ણ આદિ યાદવોને, અહીંયાં આવેલાનું જાણવાથી; તે તેમને મળવાને આવ્યા. ॥૩૧॥ ત્યારે ઘણા દિવસના વિયોગ થકી રાંક બનેલા યાદવોએ, તેમને દેખવાથી; શરીરમાં પ્રાણ આવવાની પેઠે, ઉભા થઇ રાજી થઇને, તેમને બાથમાં ઘાલી ખુબ દબાવીને; તેઓ ભેટ્યા.

॥૩૦॥ અને પ્રેમથી વિહ્વળ થયેલા વસુદેવ, તેમને ભેટીને, આનંદ પામ્યા; તથા તેમણે, પોતાને કંસ થકી થયેલા ક્લેશોને; અને પુત્રોને ગોકુળમાં રાખેલાને; સંભાર્યું. ॥૩૩॥ હે પરીક્ષિત પછી કૃષ્ણ અને રામ પોતાનાં માતપિતા નંદ યશોદાને, પગે લાગી; તેમને ભેટયા; તથા પ્રેમનાં આંસુ વડે, ગળું રેંધાઈ જવાથી, કાંઇ બોલી શકયા નહીં. ॥૩૪॥ ત્યારે મહા ભાગ્યશાળી યશોદાએ, એ બંને પુત્રોને પોતાને હાથે ઝાલી, છાતી સરસા દબાવીને; પોતાના ખોળામાં બેસાડી, શોકનો ત્યાગ કર્યો. ॥૩૫॥ પછી રોહિણી અને દેવકી, યશોદાને ભેટીને; તેમની સાથે કરેલી મિત્રાઇને સંભારી, આંસુ ભરાઈ ગયેલા ગળાથી; બોલ્યાં કે. ॥ ૩૬ ॥ હે વ્રજની ઈશ્વરી, નંદ રાણી તમારી મૈત્રિને ભૂલ્યાં: ઇંદ્રના જેટલું ઐશ્વર્ય આપવા વડે, પણ વળે તેમ નથી; તે મૈત્રિને કોણ ભૂલે. ॥૩૭॥ માબાપને ન દેખેલા, અને તમનેજ માબાપ જાણનારા; તથા પાંપણોના રક્ષણ તળે રહેલી આંખોની પેઠે, તમારા રક્ષણ તળે નિર્ભયપણે રહેલા; આ બે પુત્રો; જેઓને પારકું ચિંતવવું નથીજ, એવાં; આપ સત્પુરુષોની પાસે રહીને, આપના થકીજ; લાલન–પાલન–પોષણ–અને અભ્યુદયને પામેલા છે. ॥૩૮॥ **શ્રીશુક**–અને જોવામાં આડે આવનાર પાંપણોને બનાવનાર વિધાતાને પણ, શાપ દેનારી ગોપીઓ, ઘણે દહાડે દીઠેલા કૃષ્ણને, આંખો વડે હૃદયમાં પેસારીને; તથા મનવડે તેમને ભેટીને, નિત્ય યોગ કરનારાઓને પણ ન મળે; એવા, તદ્રૂપપણાને, પામી ગઈઓ. ॥૩૯॥ તેમજ એવી થયેલી તે ગોપીઓને, ભગવાને પણ, એકાંતમાં મળીને; આરોગ્ય પૂછી ભેટીને, હસતાં હસતાં કહ્યું કે. ॥૪૦॥ " સખીઓ, સંબંધીઓનું કામ કરવા માટે ગયેલા–અને શત્રુપક્ષનો નાશ કરવામાં મન લાગવાથી, ઘણા વખત સુધી ત્યાં રોકાઇ ગયેલા–અમને તમે સંભારો છો કે. ॥ ૪૧ ॥ કદાચ અકૃતજ્ઞપણાની શંકાથી, અમારી અવગણના

तोगोप्यैरनस्यार्थैर्दिदृक्षया ॥३१॥ तं दृष्ट्वा कृष्णयोर्हृष्टास्तन्वः प्राणमिवोत्थिताः ॥ परिषस्वजिरे गाढं चिरदर्शनकातराः ॥३२॥ वसुदेवः परिष्वज्य संप्रीतः प्रेमविह्वलः ॥ स्मरन्कंसकृतान्क्लेशान्पुत्रन्यासं च गोकुले ॥३३॥ कृष्णरामौ परिष्वज्य पितरावभिवाद्य च ॥ न किंचनोचतुः प्रेम्णा साश्रुकंठौ कुरूद्वह ॥३४॥ तावात्मासनमारोप्य बाहुभ्यां परिरभ्य च ॥ यशोदा च महाभागा सुतौ विजहतुः शुचः ॥३५॥ रोहिणी देवकी चाथ परिष्वज्य व्रजेश्वरीं ॥ स्मरंत्यौ तत्कृतां मैत्रीं बाष्पकंठ्यौ समूचतुः ३६॥ का विस्मरेत वां मैत्रीमनिवृत्तां व्रजेश्वरि ॥ अवाप्याप्यैंद्रमैश्वर्यं यस्या नेह प्रतिक्रिया ॥३७॥ एतावदृष्टपितरौ युवयोः स्म पित्रोः संप्रीणनाभ्युदयपोषणपालनानि ॥ प्राप्योषतुर्भवति पक्ष्म ह यद्वदक्ष्णोर्न्यस्तावकुत्रचभयौ न सतां परः स्वः ३८॥ श्रीशुक० गोप्यश्च कृष्णमुपलभ्य चिरादभीष्टं यत्प्रेक्षणे दृशिषु पक्ष्मकृतं शपंति ॥ दृग्भिर्हृदीकृतमलं परिरभ्य सर्वास्तद्भावमापुरपि नित्ययुजां दुरापं ॥३९॥ भगवांस्तास्तथाभूता विविक्त उपसंगतः ॥ आश्लिष्यानामयं पृष्ट्वा प्रहसन्निदमब्रवीत् ४०॥ अपि स्मरथ नः सख्यः स्वानामर्थचिकीर्षया ॥ गतांश्चिरायिताञ्शत्रुपक्षक्षपणचेतसः ॥४१॥ अप्यवध्या यथास्मान्स्विदकृतज्ञाविशंकया ॥ नूनं भूतानि भगवान्युनक्ति वियुनक्ति च ॥४२॥ वायुर्यथा घनानीकं तृणं तूलं रजांसि च ॥ संयोज्याक्षिपते भूयस्तथा भूतानि भूतकृत् ॥४३॥ मयि भक्तिर्हि भूतानाममृतत्वाय कल्पते ॥ दिष्ट्या यदासीन्मत्स्नेहो भवतीनां मदापनः ॥४४॥ अहं हि सर्वभूतानामादिरंतोंऽतरं बहिः ॥ भौतिकानां यथा खं वार्भूर्वायुर्ज्योतिरंगनाः ॥४५॥ एवं ह्येतानि भूतानि भूतेष्वात्मात्मना ततः ॥ उभयं मय्यथ परे पश्यताभातमक्षरे ॥४६॥ श्रीशुक० अध्यात्मशिक्षया गोप्य एवं कृष्णेन शिक्षिताः ॥ तदनुस्मरणध्वस्तजीवकोशास्तमध्यगन् ॥४७॥ आहुश्च ते नलिननाभ पदारविंदं योगेश्वरैर्हृदि विचिंत्यमगाधबोधैः ॥ संसारकूपपतितोत्तरणावलंबं गेहंजुषामपि मनस्युदियात्सदा नः ॥४८॥ इ० भा० म० द० उ० कृष्णिगोपसंगमो नाम द्व्यशीतितमोध्यायः ॥८२॥ श्रीशुक० तथानुगृह्य भगवान्गोपीनां स गुरुर्गतिः ॥ युधिष्ठिरमथापृच्छत्सर्वांश्च सुहृदोऽव्ययं ॥१॥ त एवं लोकनाथेन परिपृष्टाः सुसत्कृताः ॥ प्रत्यूचुर्हृष्टमनसस्तत्पादेक्षाहतांहसः ॥२॥ कुतोऽशिवं त्वच्चरणांबुजासवं महन्मनस्तो मुखनिःसृतं क्वचित् पिबंति ये कर्णपुटैरलं प्रभो देहंभृतां देहकृ

કરતાં હશો; પણ નક્કી જાણજો કે, પ્રાણીઓને ભેળાં કરવાનું અને નોખાં પાડવાનું; તો ભગવાન એવો કાળજ કરે છે. ॥૪૨॥ જેમ વાયુ વાદળાંના જથાને–તણખલાંઓને–તુલને–અને રજને– એકઠાં કરે છે, અને નોખાં પણ પાડે છે; તે રીતેજ પ્રાણીઓને બનાવનાર, કાળ રૂપી ભગવાન પણ; પ્રાણીઓનું કર્યા કરે છે. ॥૪૩॥ તોપણ મારી ભક્તિજ, પ્રાણીઓને મોક્ષને માટે અધિકારી કરનારી છે; માટે મારી પ્રાપ્તિ કરાવનારો મારા ઉપરનો સ્નેહ, તમને ઉત્પન્ન થયેલો છે; એ ઘણું ઉત્તમ થયું છે. ॥૪૪॥ હે સ્ત્રીઓ, સર્વ પ્રાણીઓના આદિમાં –અંતમાં–; અને માંહે–તથા બહાર પણ; જેમ દેહ આદિક પદાર્થોમાં, આકાશ–જળ–પૃથ્વી–વાયુ અને તેજ રહેલાં છે; તે રીતેજ, હું રહેલો છું. ॥ ૪૫ ॥ આ રીતે સર્વ પ્રાણીઓને વિશે મહાભૂતો અને આત્મા બંને રહેલા છે; અને તે બે વાળું સઘળું જગત, હું પરમાત્મા અક્ષરને વિશે માત્ર જોવા પૂરતુંજ (એટલે ભ્રાંતિ રૂપ ઉંબાડીયાની પેઠે, જરા જરા વારમાં થઇ થઇને, નાશ પામી જતું; અસત્) દેખવામાં આવે છે. ॥૪૬॥ –**શ્રીશુક**–એ રીતનું અધ્યાત્મ જ્ઞાન, કૃષ્ણે શિખવાડેલી; ગોપીઓનું જીવ કોશ (એટલે લિંગ શરીર) રૂપી અજ્ઞાન, નાશ પામી ગયું; અને તેમને આત્મ સ્વરૂપનું સ્મરણ પ્રાપ્ત થયું. ॥ ૪૭ ॥ તેથી તેઓ બોલી કે; " અમો ઘરને વિશે રેહેવા છતાં પણ, આ સંસાર રૂપી કુવામાં પડેલાંઓને; તેમાંથી નીકળવા સારૂં આધાર રૂપે થનારૂં–અને અગાધ જ્ઞાનવાન યોગેશ્વરોએ પણ; મનમાંજ ચિંતવન કરેલું–આપ કમળ નાભ ભગવાનનું ચરણારવિંદ, અમારાં મનને વિશે સર્વ કાળ ઉદય થયેલુંજ રેહેજો.॥૪૮॥ઇતિ શ્રી. ભા. દશમા સ્કં બ્યાશીમો અ. સં.॥૮૨॥

અધ્યાય. ૮૩ મો.–**શ્રીશુક**–સર્વના ઉત્તમ ગતિ રૂપ ભગવાને, એ રીતે ગોપીઓના ઉપર દયા કર્યા પછી, યુધિષ્ઠિર રાજાને તથા બીજા સર્વે સુહૃદોને કુશળ સમાચાર પૂછયા. ॥૧॥ ત્યારે એ રીતે એ લોક માત્રના સ્વામી ભગવાને સત્કાર કરીને–પૂછતાં, ભગવાનના ચરણના દર્શનથી પાપ નાશ પામેલા તેઓએ; આનંદ પામેલા મનવડે, જવાબ આપ્યો કે. ॥૨॥ " હે પ્રભુ, દેહધારીઓને દેહની પ્રાપ્તિ કરાવનાર સ્મૃતિને આપનાર,

અને મહાત્મા પુરૂષોના મુખમાંથી નીકળતી; આપના ચરણારવિંદની કથાઓ રૂપી આસવને, કોઈવાર પણ કાન રૂપ પડીયાવડે; જસકે પીનારાઓનું અકલ્યાણ થતુંજ નથી. ॥૩॥ માટે અમો સર્વે, આ શરીર સાથે સંબંધ રાખનાર સર્વે કેમંગો; ત્યાગ કરીને, આપ; બુદ્ધિએ કરેલી ત્રણે અવસ્થાઓ (જાગ્રત–સ્વપ્ન–અને સુષુપ્તિ) વિનાના–આપેજ પૂર્વે કહેલા ભાગવત ધર્મો, કાળની ગતિથી નાશ પામી જતાં; તેમનું સ્થાપન કરવા માટે વારંવાર સાકાર થનારા–અને પરમ હંસોના ગતિ રૂપ, ભગવાનને નમસ્કારજ કરીએ છીએ. " ॥ ૪ ॥ એ રીતે લોકો, એ ઉત્તમ શ્લોક અને લોક માત્રના શિરોમણિ ભગવાનનાં, વખાણ કરતા હતા; ત્યાં યાદવ અને કૌરવોની એકઠી મળેલી સ્ત્રીઓએ, એ ગોવિંદ ભગવાન સંબંધી કરેલી વાતોનું વર્ણન; હું હવે તમારી આગળ કરૂંછું; તે સાંભળો. ॥૫॥–દ્રૌપતી–હે વૈદર્ભી (રૂકિમણી)–ભદ્રા–જાંબુવંતિ–નાગ્નજીતી–સત્યભામા–કાલિંદી–મિત્રવિંદા–લક્ષ્મણા–અને રોહિણી, વિગેરે કૃષ્ણ પત્નિઓ; આ લોકને વિષે પોતાની માયાથી, મનુ-

ષ્ય સરખું આચરણ કરનારા અચ્યુત ભગવાન, તમો સર્વેને કેવી રીતે પરણ્યા; તે સર્વે જણાં કહો. ॥૬॥–રૂકિમણિ–મને શિશુપાળને આપવાને માટે, ભાલો ચઢાવેલાં ધનુષ્યો ઉગામીને ઉભેલા રાજાઓના મધ્યમાંથી; બકરા અને ગાડરના ટોળામાંથી, પોતાનો ભાગ ઉપાડી જનારા સિંહની પેઠે, લેઈ જનારા; અને જેની ચરણ રજને અજેય યોદ્ધાઓ પણ માથે ચઢાવેછે. તે લક્ષ્મીના સ્થાન ભગવાનના ચરણનું પૂજન મને સર્વદા પ્રાપ્ત હોજો. ॥૮॥–સત્યભામા–ભાઈના વધથી પરિતાપ પામેલા હૃદયવાળા, મારાપિતા થકી; પોતાને લાગેલું તોહોમત મટાડવા સારૂં રીંછના રાજાને જીતીને લેઈ આવેલો મણિ, ભગવાને મારા પિતાને આપવાથી; બીહીનેલા તેણે, બીજાઓ સાથે સગપણ કરવાને કબુલ કરેલી મને; તે મણિ સહિત કૃષ્ણને આપેલી છે. ॥૯॥ જાંબુવંતિ–સત્તાવિસ દિવસો સુધી યુદ્ધ કરવાની પરીક્ષાવડે, પોતાના દૈવતરૂપ સ્વામી સીતાપતિ રામચંદ્ર ભગવાન, એજ હોવાનું જાણવાથી; મારા પિતાએ પગમાં પડીને; તેમને, પૂજન રૂપે મણિસહિત દાન આપ-

दस्मृतिच्छिदं ॥३॥ हित्वात्मधामविधुतात्मकृतत्र्यवस्थमानंदसंप्लवमखंडमकुंठबोधं ॥ कालोपसृष्टनिगमावनआत्तयोगमायाकृतिंपरमहंस गतिंनताःस्म ॥४॥ऋषि॰इत्युत्तमश्लोकशिखामणिंजनेष्वभिष्टुवत्स्वंधककौरवस्त्रियः॥समेत्यगोविंदकथामिथोऽगृणंस्त्रिलोकगीताःशृणु वर्णयामिते ॥५॥ द्रौपदी॰हेवैदर्भ्यच्युतोभद्रेहेजांबवतिकौसले ॥ हेसत्यभामेकालिंदिशैब्येरोहिणिलक्ष्मणे ॥६॥ हेकृष्णपत्न्यएतन्नोब्रूत वोभगवान्स्वयं ॥ उपयेमेयथालोकमनुकुर्वन्स्वमायया ॥७॥ रुक्मिणी॰चैद्यायमार्पयितुमुद्यतकार्मुकेषुराजस्वजेयभटशेखरितांघ्रिरेणुः॥ निन्येमृगेंद्रइवभागमजावियूथात्तच्छ्रीनिकेतचरणोऽस्तुममार्चनाय॥८॥ सत्यभामा॰योमेसनाभिवधतप्तहृदाततेनलिप्ताभिशापमपमार्ष्टु मुपाजहार ॥ जित्वर्क्षराजमथरत्नमदात्सतेनभीतःपिताऽदिशतमांप्रभवेऽपिदत्तां ॥९॥ जांबवति॰प्राज्ञायदेहकृदमुंनिजनाथदैवं सीतापतिं त्रिणवहान्यमुनाऽभ्ययुध्यत् ॥ ज्ञात्वापरीक्षितउपाहरदर्हणंमांपादौप्रगृह्यमणिनाहममुष्यदासी १० कालिंदि॰तपश्चरंतीमाज्ञायस्वपादस्प र्शनाशया ॥ सख्योपेत्याग्रहीत्पाणिंयोऽहंतद्गृहमार्जनी ॥११॥ मित्रविंदा॰योमांस्वयंवरउपेत्यविजित्यभूपान्निन्येश्वयूथगमिवात्मबलिंद्वि पारिः ॥ भ्रातॄंश्चमेऽपकुरुतःस्वपुरंश्रियौकस्तस्यास्तुमेऽनुभवमंघ्र्यवनेजनत्वं ॥१२॥ सत्या॰सप्तोक्षणोऽतिबलवीर्यसुतीक्ष्णशृंगान्पित्रा कृतान्क्षितिपवीर्यपरीक्षणाय ॥ तान्वीरदुर्मदहनस्तरसानिगृह्यक्रीडन्बबंधहयथाशिशवोऽजतोकान् ॥१३॥ यइत्थंवीर्यशुल्कांमांदासीभि श्चतुरंगिणीं ॥ पथिनिर्जित्य राजन्यान्निन्येतद्दास्यमस्तुमे ॥१४॥ भद्रा॰पितामेमातुलेयायस्वयमाहूयदत्तवान् ॥ कृष्णेकृष्णायतच्चित्तामक्षौ हिण्यासखीजनैः ॥१५॥ अस्यमेपादसंस्पर्शोभवेज्जन्मनिजन्मनि ॥ कर्मभिर्भ्राम्यमाणायायेनतच्छ्रेयआत्मनः ॥१६॥ लक्ष्मणा॰ममापि राज्ञ्यच्युतजन्मकर्मश्रुत्वामुहुर्नारदगीतमासह ॥ चित्तंमुकुंदेकिलपद्महस्तयावृतःसुसंमृश्यविहायलोकपान् ॥१७॥ ज्ञात्वाममममतंसाध्विपि तादुहितृवत्सलः ॥ बृहत्सेनइतिख्यातस्तत्रोपायमचीकरत् ॥१८॥यथास्वयंवरेराज्ञिमत्स्यःपार्थेप्सयाकृतः ॥ अयंतुबहिराच्छन्नोदृश्यते

વાથી; હું ભગવાનની દાસી થઈ છું. ॥૧૦॥–કાલિંદી પોતાના ચરણ સ્પર્શની ઈચ્છાથી મને તપ કરતી જાણીને, મિત્રસહિત આવી, જેણે મારો હાથ ઝાલ્યો છે; તે ભગવાનના ઘરની વાળોદું વાળનારી હુંછું. ॥૧૧॥ મિત્રવિંદા–સ્વયંવરમાં આવી, રાજાઓને તથા અપકાર કરનારા મારા ભાઈઓને જીતીને; કુતરાઓના ટોળામાંથી, પોતાનો ભાગ લેઈ જનારા સિંહની જોડે; મને પોતાના નગર દ્વારકામાં લેઈ જનારા લક્ષ્મીના સ્થાન ભગવાનના ચરણ ધોવાનુંજ કામ, મને પ્રત્યેક જન્મમાં પ્રાપ્ત થજો. ॥૧૨॥–નાગ્નજીતી–મારા પિતાએ રાજાઓના પરાક્રમની પરીક્ષા કરવા સારૂં, તૈયાર કરેલા સાત; અતિશય બળ અને પરાક્રમવાળા–તીક્ષ્ણ શિંઘડાંવાળા–નહીં ખાશા કરેલા–અને વીરપુરૂષોના દુષ્ટ અભિમાનનો નાશ કરનારા; એવા આખલાઓને, વેગ સહિત પકડી લેઈ; બાળક જેમ બકરીનાં બચ્ચાંઓને બાંધીલે તેમ, ભગવાને રમતાં રમતાંજ બાંધી લીધા હતા. ॥૧૩॥ એ રીતે પરાક્રમ રૂપી પણનું આપીને, અને માર્ગમાં રાજાઓને જીતીને; દાસીઓ તથા ચતુરંગિણી સેના સહિત મને લેઈ જનારા ભગવાનનું દાસી પણુંજ મને પ્રાપ્ત થજો. ॥૧૪॥–ભદ્રા–હે કૃષ્ણા; મારા પિતાએ

પોતેજ, મામાના દીકરા કૃષ્ણને બોલાવીને; હું તેમનામાંજ ચિત્તવાળીને, એક અક્ષૌહિણી સેના અને સહિયરો સુદ્ધાં અર્પણ કરાએલી છું; માટે મને જન્મોજન્મ તેમના ચરણોનોજ સ્પર્શ હોજો; કેમકે કર્મોવડે ભમતા જીવોને, કલ્યાણરૂપ એજ છે. ॥૧૫–૧૬॥–લક્ષ્મણા–હે રાણી (દ્રૌપતી), નારદજીએ વર્ણન કરેલ એ અચ્યુત ભગવાનના જન્મ અને ગુણો વિષે વારંવાર સાંભળવા થકી મારૂંમન, મારી ઈચ્છા કરનારા લોકપાળોને પણ તજીને; લક્ષ્મીએ વરેલા મુકુંદ ભગવાનમાંજ લાગી ગયું હતું. ॥૧૭॥ તેથી હું સાધ્વીના એ મતને જાણીને, પુત્રી ઉપર પ્રેમ રાખનારા મારા પિતા બૃહત્સેને, ઉપાય કર્યો હતો. ॥૧૮॥ તે એવો કે, જેમ તમારા પિતાએ અર્જુનને મેળવવાની ઈચ્છાથી, તમારા સ્વયંવરમાં મચ્છ કરેલો હતો; તે રીતનોજ પણ એક દેખાવ પાડ્યો; એટલે બહારથી સર્વ તરફથી ઢાંકી દીધેલ હોવાથી, જોઈશકાય ન દેખાય એવો કૃત્રિમ કરેલો મચ્છ કરાવીને; નીચેના જળમાં પડતું પ્રતિબિંબ, નીચેથી નજરથી જોઈને, ઉપરની તરફ તે મચ્છને વિંધવાનો હતો. (અર્થાત તમારા સ્વયંવરનો મચ્છ પણ દેખાતો હતો, તે જુદો હોવાથી; તેની આંખ દ્રષ્ટિ સા-

ખાની ઉપરની તરફ વિંધવાનો હતો; તે કરતાં વધારે આગળ એ હતું કે, આ નીચે જળ તરફ દ્રષ્ટિ રાખી તેમાં પડેલા મચ્છના પડછાયાને જોઈને, ઉપરની તરફના મચ્છને વિંધવાનું હતું.) ॥૧૯॥ એ સાંભળવાથી અસ્ત્ર અને શસ્ત્રનાં સઘળાં તત્વોને જાણનારા, હજારો રાજાઓ; તેમના ઉસ્તાદો (ગુરૂઓ) સહિત, સર્વે તરફથી મારા પિતાના નગરમાં, આવ્યા હતા. ॥૨૦॥ ત્યારે મારા પિતાએ, વય અને પરાક્રમની યોગ્યતા પ્રમાણે, સર્વેનું પૂજન કર્યા પછી; તેઓએ મને મેળવવાની ઇચ્છાથી, એ મચ્છને વિંધવા સારૂ; ધનુષ્ય બાણ હાથમાં લીધાં હતાં. ॥૨૧॥ પણ તેમાંના કેટલાએકે તો, એહને તુરતજ પાછાં મૂકી દીધાં—અને કેટલાક તો ધનુષ્યને ચડાવીજ શક્યા નહીં. તથા કેટલાએકે પણછને કાંઠા સુધી ખેંચતાંજ, તેનો ઝપાટો લાગવાથી તેઓ પડી ગયા. ॥૨૨॥ તેમજ બીજા, જરાસંધ—અંબષ્ઠ—શિશુપાળ—ભીમ—દુર્યોધન—અને કર્ણ, વિગેરે વીર પુરૂષોએ, તે ધનુષ્યની પણછ પૂરે પૂરી ખેંચી તો ખરી; પણ મચ્છની સ્થિતિને તેઓ જાણી શક્યા નહીં. ॥૨૩॥ તે પછી પાણીની અંદર મચ્છનું પ્રતિબિંબ જોવાથી, તેની સ્થિતિને જાણેલા અર્જુને; બાણ નાંખ્યું; ત્યારે તે બાણ મચ્છને જરાક અડીને, ચાલ્યું ગયું; પણ મચ્છ તેથી વિંધાયો નહીં. ॥૨૪॥ એટલે સર્વે અભિમાની રાજાઓ, માનભંગ થઈને, બેસી ગયા; તે જોઈને, ભગવાને ધનુષ્યને હાથમાં લીધું; અને રમતની પેઠેજ, તેની પણછ ચડાવીને; તેમાં બાણ સાંધ્યું; તથા મધ્યાન્હે અભિજિત મુહૂર્તમાં સૂર્ય હતા, તે વખતે; જળની અંદર, એક વારજ મચ્છને જોઈને; બાણ ફેંકી, તે મચ્છને વિંધીને હેઠે પાડ્યો. ॥૨૫—॥૨૬॥ ત્યારે પૃથ્વી ઉપર જયજય શબ્દ થઈ રહીને, સ્વર્ગનાં દુંદુભીઓ વાગ્યાં; અને હરખથી વિહ્વળ થયેલા દેવતાઓએ ફુલનો વરસાદ વરસાવ્યો. ॥૨૭॥ એટલે નવાં અને ઉત્તમ રેશમી વસ્ત્રો પહેરીને, તથા ચોટલામાં ફુલના હાર ગુંથીને, લાજ સહિત હસતા મોઢાવાળી હું; રત્નો જડેલી સોનાની માળા, હાથમાં લેઈ, પગવડે ઝાંઝરનો ઝમકાર કરતી; સભા મંડપમાં આવી. ॥૨૮॥ " અને કુંતળોથી પ્રકાશતા ગાલ તથા ગાળાના

सजलेपरं ॥१९॥ श्रुत्वैतत्सर्वभूपाला आययुर्मत्पितुःपुरं ॥ सर्वास्त्रशस्त्रतत्वज्ञाःसोपाध्यायाःसहस्रशः ॥२०॥ पित्रासंपूजिताःसर्वेयथावी र्ययथावयः ॥ आददुःसशरं चापंवेद्धुंपर्षदिमद्धियः ॥२१॥ आदायव्यसृजन्केचित्सज्यंकर्तुमनीश्वराः ॥ आकोष्टंज्यांसमुत्कृष्यपेतुरेकेऽमुना हताः ॥२२॥ सज्यंकृत्वापरेवीरामागधांबष्ठचेदिपाः ॥ भीमोदुर्योधनःकर्णोनाविंदंस्तदवस्थितिं ॥२३॥ मत्स्याभासंजलेवीक्ष्यज्ञात्वाचतद वस्थितिं ॥ पार्थोयत्तोऽसृजद्बाणंनाच्छिनत्पस्पृशेपरं ॥२४॥ राजन्येषुनिवृत्तेषुभग्नमानेषुमानिषु ॥ भगवान्धनुरादायसज्यंकृत्वाऽथलील या ॥२५॥ तस्मिन्संधायविशिखंमत्स्यंवीक्ष्यसकृज्जले ॥ छित्वेषुणापातयत्तंसूर्येचाभिजितिस्थिते ॥२६॥ दिविदुंदुभयोनेदुर्जयशब्दयुता भुवि ॥ देवाश्चकुसुमासारान्मुमुचुर्हर्षविह्वलाः ॥२७॥ तद्रंगमाविशमहंकलनूपुराभ्यांपद्भ्यांप्रगृह्यकनकोज्वलरत्नमालां ॥ नूत्नेनिवीयपरि धायचकौशिकाग्र्येसव्रीडहासवदनाकबरीधृतस्रक् ॥२८॥ उन्नीयवक्त्रमुरुकुंतलकुंडलत्विड्गंडस्थलंशिशिरहासकटाक्षमोक्षैः ॥ राज्ञोनि रीक्ष्यपरितःशनकैर्मुरारेरंसेऽनुरक्तहृदयानिदधेस्वमालां ॥२९॥ तावन्मृदंगपटहाःशंखभेर्यानकादयः ॥ निनेदुर्नटनर्तक्योननृतुर्गायका जगुः ॥३०॥ एवंवृतेभगवतिमयेशेनृपयूथपाः ॥ नसेहिरेयाज्ञसेनिस्पर्धंतोहृच्छयातुराः ॥३१॥ मांतावद्रथमारोप्यहयरत्नचतुष्टयं ॥ शा र्ङ्गमुद्यम्यसन्नद्धस्तस्थावाजौचतुर्भुजः ॥३२॥ दारुकश्चोदयामास कांचनोपस्कररथं ॥ मिषतांभूभुजांराज्ञिमृगाणांमृगराडिव ॥३३॥ ते ऽन्वसज्जंत राजन्यानिषेद्धुंपथिकेचन ॥ संयत्ताउद्धृतेष्वासाग्रामसिंहायथाहरिं ॥३४॥ तेशार्ङ्गच्युतबाणौघैःकृत्तबाह्वंघ्रिकंधराः ॥ निपेतुः प्रधनेकेचिदेकेसंत्यज्यदुद्रुवुः ॥३५॥ ततःपुरींयदुपतिरत्यलंकृतांरविच्छदध्वजपटचित्रतोरणां॥ कुशस्थलींदिविभुविचाभिसंस्तुतांसमावि शत्तरणिरिवस्वकेतनं ॥३६॥ पितामेपूजयामाससुहृत्संबंधिबांधवान्॥ महार्हवासोलंकारैःशय्यासनपरिच्छदैः॥३७॥ दासीभिःसर्वसंपद्भि र्भटेभरथवाजिभिः॥ आयुधानिमहार्हाणिददौपूर्णस्यभक्तितः ॥३८॥ आत्मारामस्यतस्येमावयंवैगृहदासिकाः॥ सर्वसंगनिवृत्त्याऽद्धातपसा

મુખકમળનું મોઢું ઉંચું કરીને, હસતાં હસતાં મેં શીતળ આંખ્યથી કટાક્ષ મારીને; ધીમે ધીમે એકઠા મળેલા રાજાઓને જોતાં, પ્રીતિવાળા મનથકી પોતાની વરમાળા, મુરારી ભગવાનના ગળામાં આરોપી; (પહેરાવી) ॥૨૯॥ તે સમયે મૃદંગ—પડઘમ—શંખ—ભેરી—અને આનક વિગેરે વાજાં વાગવા લાગ્યાં, નટ લોકો તથા નાચનારી ગુણિકાઓ નાચવા લાગી; અને ગવઈઆઓ ગાવા મંડ્યા ॥૩૦॥ હે યાજ્ઞસેની, હું એ રીતે ઇશ્વર ભગવાનને વરી, તે કામાતુર થયેલા અને સ્પર્ધા કરનાર; મોટા મોટા રાજાઓ સહન કરી શક્યા નહીં. ॥ ૩૧ ॥ એટલામાંજ રત્ન સરખા ચાર ઘોડા જોડેલા રથ ઉપર મને બેસાડીને; ચતુર્ભુજ ભગવાન બખતર પહેરી, સારંગ ધનુષ્ય ઉગામીને; તઇયાર થઇ ગયા. ॥ ૩૨ ॥ અને હે દ્રૌપદી, મૃગોની સામે સિંહની પેઠે, તે રાજાઓ જોતાં; તે સોનાના સાહિત્યવાળો રથ દારૂક સારથીએ હાંક્યો. ॥ ૩૩ ॥ ત્યારે રસ્તો રોકવા માટે કેટલાક રાજાઓ આગળથી જઇને, ત્યાં ઉભા રહ્યા. અને કેટલાએક તો ધનુષ્ય બાણ ચડાવીને, સિંહની પાછળ કુતરાઓ દોડે; તેમ દોડ્યા. ॥૩૪॥ પણ અચ્યુત ભગવાનને હાથે સારંગ ધનુષ્ય થકી છુટેલાં, બાણોના જથાવડે; તેઓના હાથ—પગ—અને ગળાં કપાઈને, કેટલાક તે યુદ્ધમાં પડી ગયા; અને બાકીના યુદ્ધ તજીને નાસી ગયા. ॥૩૫॥ પછી અત્યંત શણગારેલી—વિચિત્ર પ્રકારની ધજાઓ, લુગડાં, અને તોરણોવાળી—અને સ્વર્ગ તથા પૃથ્વીમાં વખણાયલી, એવી દ્વારિકાં નગરીમાં સૂર્ય અસ્તાચળમાં જવાની પેઠેજ, યદુપતિ ભગવાન પધાર્યા; અને મારા પિતાએ ભગવાનના સગાંવહાલાં—સંબંધીઓ—તથા બાંધવોની; ઘણાં મૂલ્યવાળાં વસ્ત્રો—ઘરેણાં—બિછાનાં—આસનો—અને સરસામાન વિગેરે આપવા વડે; પૂજા કરી. ॥૩૭॥ તથા એ પરિપૂર્ણ ભગવાનને પણ, ઉત્તમ આયુધો—દાસીઓ—અને સર્વ પ્રકારની સંપત્તિવાળા પાયદળ, રથ, ઘોડા, તથા હાથીઓ વિગેરે આપ્યું. ॥૩૮॥ આ અમો સર્વે તપવડે, અને સર્વ પ્રકારના સંગ થકી નિવૃત્ત થવાવડે; એ આત્મારામ ભગવાનના ઘરની દાસીઓ થઈઓછીએ. ॥૩૯॥—રોહિણી આદિ બીજી સ્ત્રીઓ—ભૌમાસુરે દિગ્વિજયમાં જીતેલા રાજાઓની અમો કન્યાઓને રોકી મૂકેલાનું જાણ્યા પછી, એ જન્મ મરણને છોડાવનારા ભગવાનના ચરણ કમળને; પોતાનો છુટકો થવાને માટે સ્મરણ કરતી જાણીને, ભગવાન

પોતે પૂર્ણ કામ હોવા છતાં; યુદ્ધમાં ભૌમાસુરને તેના ગણો સહિત મારીને; પોતે પરણેલાછે. ॥૪૦॥ હે સાધ્વી દ્રુપદી, અમો ચક્રવર્તીના રાજ્યને–ઈંદ્રના પદને–એ બંને પ્રકારના વૈભવોને–અણિમા આદિક સિદ્ધિઓને–બ્રહ્માના પદને–સાલોક્ય આદિક મુક્તિઓને–અને કેવળ મોક્ષ રૂપ હરિભગવાનના પદને પણ; ઇચ્છતી નથી; પણ લક્ષ્મીના સ્તન ઉપર ચોપડેલા કુમકુમની સુગંધીવાળી, એ ગદાધારી ભગવાનની સર્વોત્તમ ચરણ–રજને; અમારા માથા ઉપર ધારણ કરવાનેજ ઇચ્છીએ છીએ.॥૪૧–૪૨॥ કેમકે મહાત્માનાં, ગાયોને ચરાવવાને ગયેલાં ચરણોના સ્પર્શની; વ્રજની સ્ત્રીઓએ–ભીલડીઓએ–ખડ અને લતાઓએ–અને ગોવાળિઆઓએ પણ; વાંછના કરેલી છે ॥૪૩॥ઇતિશ્રી૦ ભા૦ દશમા સ્કંધનો શ્રી ગીતા નામે ત્યાશીમો અધ્યાય સંપૂર્ણ.॥૮૩॥

અધ્યાય ૮૪ મો.—શ્રીશુક–એ પ્રમાણે સર્વના આત્મા હરિભગવાન કૃષ્ણને વિશેનું, પ્રેમનું બંધન અને પોત પોતાની છાની વાતો, જેણે તેણે કહેલી સાંભળવાથી; કુંતાજી–ગાંધારી–દ્રુપદી–મધુકુળના યાદવોની બીજી સ્ત્રીઓ–અને બીજા રાજાઓની સ્ત્રીઓને પણ સર્વને, આંખ્યોમાં આંસુ ભરાઇ આવીને; વિસ્મય થયો. ॥ ૧ ॥ એ રીતે સ્ત્રીઓ સાથે સ્ત્રીઓ અને મરદો સાથે મરદો વાતો કરતા હતા; તેવામાંજ ત્યાં, રામ અને કૃષ્ણનાં દર્શન કરવાની ઇચ્છાથી મુનિઓ આવ્યા; ॥ ૨ ॥ દ્વૈપાયન–નારદ–ચ્યવન–દેવળ–અસીત–વિશ્વામિત્ર,–શતાનંદ–ભરદ્વાજ–ગૌતમ, ॥ ૩ ॥ શિષ્યો સહિત ભગવાન પરશુરામ–વસિષ્ટ–ગાલવ–ભૃગુ–પુલસ્ત્ય–કશ્યપ–અત્રિ–માર્કંડેય–બૃહસ્પતિ, ॥ ૪ ॥ દ્વિત–ત્રિત–એકત–બ્રહ્મ પુત્ર અંગિરા–અગસ્ત્ય–યાજ્ઞવલ્ક્ય, અને વામદેવ વિગેરે બીજા ઋષિઓ પણ આવ્યા. ॥૫॥ ત્યારે એ જગતને વંદન કરેલાઓને દેખવાથી; પ્રથમથી બેઠેલા પાંડવો અને રાજાઓ વિગેરે સહિત રામ અને કૃષ્ણ, બને ઉભા થઇને; તેમનેપગે

चक्रभूविभ ॥३९॥ महिष्य० भौमंनिहत्यसगणंयुधितेनरुद्धाज्ञात्वाऽथनःक्षितिजयाहृतराजकन्याः॥ निर्मुच्यसंसृतिविमोक्षमनुस्मरंतीःपादां
बुजंपरिणिनायबआप्तकामः ॥४०॥ नवयंसाध्विसाम्राज्यंस्वाराज्यंभौज्यमप्युत॥ वैराज्यंपारमेष्ठ्यंचआनंत्यंवाहरेःपदं॥४१॥ कामयामह
एतस्यश्रीमत्पादरजःश्रियः॥ कुचकुंकुमगंधाढ्यंमूर्ध्नावोढुंगदाभृतः॥ ४२॥ व्रजस्त्रियोयद्वांछंतिपुलिंद्यस्तृणवीरुधः॥ गावश्चारयतोगोपाः
पादस्पर्शंमहात्मनः ॥४३॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउत्तरार्धेत्र्यशीतितमोऽध्यायः॥ ८३॥
श्रीशुक० श्रुत्वापृथासुबलपुत्र्यथयाज्ञसेनीमाधव्यथक्षितिपपत्न्यउतस्वगोप्यः॥ कृष्णेऽखिलात्मनिहरौप्रणयानुबंधंसर्वाविसिस्म्युरलमश्रु
कलाकुलाक्ष्यः॥१॥ इतिसंभाष्यमाणासुस्त्रीभिःस्त्रीषुनृभिर्नृषु॥ आययुर्मुनयस्तत्रकृष्णरामदिदृक्षया॥२॥ द्वैपायनोनारदश्चच्यवनोदेवलो
ऽसितः॥ विश्वामित्रःशतानंदोभरद्वाजोऽथगौतमः॥ ३ ॥ रामःसशिष्योभगवान्वसिष्ठोगालवोभृगुः॥ पुलस्त्यःकश्यपोऽत्रिश्चमार्कंडेयोबृ
हस्पतिः॥४॥ द्वितस्त्रितश्चैकतश्चब्रह्मपुत्रस्तथांऽगिराः॥ अगस्त्योयाज्ञवल्क्यश्चवामदेवादयोऽपरे॥५॥ तान्दृष्ट्वासहसोत्थायप्रागासीनान्नृ
पादयः॥ पांडवाःकृष्णरामौचप्रणेमुर्विश्ववंदितान्॥६॥ तानानर्चुर्यथासर्वेसहरामोऽच्युतोऽर्चयत्॥ स्वागतासनपाद्यार्घ्यमाल्यधूपानुले
पनैः॥७॥ उवाचसुखमासीनान्भगवान्धर्मगुप्तनुः॥ सदसस्तस्यमहतोयतवाचोऽनुशृण्वतः॥८॥ श्रीभग० अहोवयंजन्मभृतोलब्धंकार्त्स्न्ये
नतत्फलं॥ देवानामपिदुष्प्रापंयद्योगेश्वरदर्शनं॥९॥ किंस्वल्पतपसांनृणामर्चायांदेवचक्षुषां॥ दर्शनस्पर्शनप्रश्नप्रह्वपादार्चनादिकं॥१०॥
नह्यम्मयानितीर्थानिनदेवामृच्छिलामयाः॥ तेपुनंत्युरुकालेनदर्शनादेवसाधवः॥११॥ नाग्निर्नसूर्योनचचंद्रतारकानभूर्जलंखंश्वसनोऽथवा
ङ्मनः॥ उपासिताभेदकृतोहरंत्यघंविपश्चितोघ्नंतिमुहूर्तसेवया॥१२॥ यस्यात्मबुद्धिःकुणपेत्रिधातुकेस्वधीःकलत्रादिषुभौमइज्यधीः॥यत्ती
र्थबुद्धिःसलिलेनकर्हिचिज्जनेष्वभिज्ञेषुसएवगोखरः॥१३॥ श्रीशुक० निशम्येत्थंभगवतःकृष्णस्याकुंठमेधसः॥ वचोदुरन्वयंविप्रास्तूष्णीमा
सन्भ्रमद्धियः॥१४॥ चिरंविमृश्यमुनयईश्वरस्येशितव्यतां॥ जनसंग्रहइत्यूचुःस्मयंतस्तंजगद्गुरुं॥१५॥ यन्माययातत्त्वविदुत्तमावयंविमोहि

લાગ્યા. ॥૬॥ અને રામ સહિત અચ્યુત ભગવાને તથા સર્વ જણાએ તે સઘળાઓની, સ્વાગત–આસન–પાદ્ય–અર્ઘ્ય–ફૂલ–ધૂપ–અને ચંદન વિગેરે; થકી યથાયોગ્ય પૂજા કરાવી. ॥ ૭ ॥ પછી સુખ થકી આસનો ઉપર બેઠેલા, તે મુનિઓને; ધર્મનું રક્ષણ કરવા માટે શરીર ધારણ કરેલા ભગવાન કૃષ્ણે, એ મોટી સભામાં ચૂપ થઇને બેઠેલા સર્વ લોકો સાંભળતાં; કહ્યું કે. ॥૮॥ –શ્રીભગવાન–અહો, અમો દેહધારીઓને દેવતાઓને પણ દુર્લભ એવાં, આપ યોગેશ્વરોનાં દર્શન થવા થકી; અમારે જન્મ લેવાનું સંપૂર્ણ ફળ આજે પ્રાપ્ત થયું છે. ॥૯॥ અમો અલ્પ તપવાળાં, અને મુર્તિઓનેજ ભગવાન જાણનારાં, મનુષ્યોને; આપ ભગવત સ્વરૂપનાં, દર્શન–સ્પર્શ–પ્રશ્ન–નમસ્કાર–અને ચરણ સેવા, આદિક ક્યાંથી મળે. ! ॥૧૦॥ આપ સરખા સાધુ પુરૂષો, માત્ર દર્શન થવા વડેજ, જે રીતે પવિત્ર કરો છો; તે રીતે, પાણીમય તીર્થો, અને માટી તથા પથ્થરમય દેવતાઓ; પવિત્ર કરી શકતા નથીજ; કારણ તેઓતો ઘણા વખત સુધી સેવન કરવા વડેજ, પવિત્ર કરનાર થાય છે.

॥૧૧॥ અગ્નિ–સૂર્ય–ચંદ્ર–તારાઓ–અને પૃથ્વી–જળ–આકાશ–તથા વાયુ વિગેરે દેવતાઓ પણ, ભેદ દ્રષ્ટિવાળા પુરૂષોએ, વાણી અને મનવડે તેમની ઉપાસના કરવા છતાં; ફક્ત બે ઘડી વારજ આ પ્રકારે જ્ઞાનવાન પુરૂષોનું સેવન કરવા થકી, જે રીતે તેઓ પાપને મટાડી દેછે; તે રીતે મટાડી દેવાને, સમર્થ થઇ શકતા નથી. ॥૧૨॥ એટલા માટે, જે કોઇ વાત–પિત્ત–અને કફ–એ ત્રણ ધાતુવાળા શરીર વિશે, આત્મ બુદ્ધિ કરે છે;–સ્ત્રી આદિને વિશે તે પોતાનાં હોવાની બુદ્ધિ કરે છે–પૃથ્વીના બનેલા પદાર્થ મુર્તિ આદિકને વિશે પૂજ્ય બુદ્ધિ કરેછે–અને નદીઓ વિગેરેનાં પાણીને વિશેજ તીર્થપણું હોવાની બુદ્ધિ રાખેછે. પણ જ્ઞાનવાન પુરૂષોને વિશે; તેઓ આત્મ સ્વરૂપ હોવાની–પોતાના હોવાની–પૂજ્ય હોવાની; અને તીર્થરૂપ પણ હોવાની બુદ્ધિ નથી રાખતા; તેઓ તો, બળદ અને ગધેડાજછે.॥૧૩॥–શ્રીશુક–એ રીતનાં અકુંઠિત, બુદ્ધિવાળા ભગવાન કૃષ્ણનાં, ન સમજી શકાય એવાં વચનો સાંભળવાથી; બુદ્ધિ વિશે ભ્રમ થયેલા, તે બ્રાહ્મણો; કશું બોલીજ શક્યા નહી ॥૧૪॥ પછી ઘણો વખત

કશી વિચાર કરવા વડે, એ ઇશ્વર ભગવાનના ચરિત્રને ત્યજીને, તે મુનિઓએ હસીને, જગતગુરૂ ભગવાનને કહ્યું કે; "આ સર્વ, લોકોને મોહ દેખાડવાને માટેજ; આપ કરોછો." ॥૧૫॥ કેની માયાથી ઉત્તમ તત્વ વેત્તાઓ અને, અને વિધિને અન્યદ્વારા બ્રહ્મા આદિક અધિકારી પણ, મોહ પામે છે. એવા આપ પોતેજ, જીવોને આધીનપણું દેખાડો છો: એ આપ ભગવાનની લીલા (ચેષ્ટા), વિચિત્ર અને તર્કમાં પણ ન આવી શકે; એવું છે. ॥૧૬॥ પૃથ્વી જેમ દેહાદિક તથા ઘટાદિક અનેક નામો અને રૂપોવાળી થાય છે; તેમ આપ પોતે કાંઇ ન કરતા છતાં, અને કોઇ જાતનું બંધન નહીં પામતા છતાં એકજ હોઇને; બહુ બહુ રૂપે થઇને આ જગતની ઉત્પત્તિ-પાલન કરોછો-અને નાશ પણ કરોછો; એમ આપ મહાત્માનું ચરિત્ર અત્યંત ચમત્કારિક છે. ॥૧૭॥ તો પણ આપ પરમ પુરૂષ આત્મ સ્વરૂપ ભગવાન; સનાતન-તથા વર્ણ અને આશ્રમો વાળા વેદના-ધર્મ માર્ગનું રક્ષણ કરવા સારૂ; તથા પોતાના ભક્ત આદિક સાધુ પુરૂષોનું પણ રક્ષણ કરવાનો સમય પ્રાપ્ત થયેથી, તે કરવા સારૂ: અને ખળ પુરૂષોનો નિગ્રહ કરવા સારૂજ; લીલાવડે શરીરોને ધારણ કરોછો ॥૧૮॥ આપના હૃદય રૂપ બ્રહ્મ (એટલે વેદ) ને વિશેષ: શુદ્ધ તપ-સ્વાધ્યાય-અને સંયમોવડે, આપનાં: સત્ (પંચ મહા ભૂતો આદિક કારણો)-વ્યક્ત (કારણો થકી બનેલાં જોવામાં આવતાં દશ્ય પદાર્થાદિક કાર્યો)-અવ્યક્ત (જેના કારણથી સત્ અને વ્યક્ત બંને જણાય છે. તે ત્રણે ગુણોનું એકત્ર સ્વરૂપ જેને માયા અથવા પ્રકૃતિ અને શક્તિ પણ કહે છે: તે)-અને એ ત્રણે થકી પરમ (સર્વત વ્યાપેલું ત્રણ ગુણો રહિત અવિકારી આત્મસ્વરૂપ)-એ રીતનાં ચારે પ્રકારનાં સ્વરૂપો: જાણવામાં આવે છે. ॥૧૯॥ એટલા માટે, આપના: પોતાના સ્વરૂપ તથા સર્વ શાસ્ત્રોના બીજ રૂપ; એ વેદને ધારણ કરનારા બ્રાહ્મણોના કુળને, આપ સત્પુરૂષોના ધામ રૂપ ભગવાન: પૂજો છો. અને તેથીજ, સર્વે બ્રહ્મણ્યતાવાન પુરૂષોમાં આપ અગ્રણી ગણાઓ છો. ॥૨૦॥ માટે સત્પુરૂષોની ગતિ રૂપ-અને સર્વ પ્રકારનાં કલ્યાણોના પરમ અવધિ રૂપ-આપ ભગવાનનો સમાગમ થવા-

ताविश्वसृजामधीश्वराः ॥ यदीशितव्यायति पूर्व ह्या अहोविचित्रं यदाद्विचेष्टितं ॥१६॥ अनीहएतद्बहुधैकआत्मनासृजत्यवत्यत्तिनबध्य
तेयथा ॥ भौमैर्हिभूमिर्बहुनामरूपिणी अहोविभूम्नश्चरितंविडंबनं ॥१७॥ अथापिकालेस्वजनाभिगुप्तयेबिभर्षिसत्त्वंखलनिग्रहाय ॥ स्वली
लयावेदपथंसनातनंवर्णाश्रमात्मापुरुषःपरोभवान् ॥१८॥ ब्रह्मतेत्हृदयंशुक्लंतपःस्वाध्यायसंयमैः॥ यत्रोपलब्धंसद्व्यक्तमव्यक्तंचततःपरं॥१९
तस्माद्ब्रह्मकुलंब्रह्मन्शास्त्रयोनेस्त्वमात्मनः॥ सभाजयसिसद्धामतद्ब्रह्मण्याग्रणीर्भवान् ॥२०॥ अद्यनोजन्मसाफल्यंविद्यायास्तपसो दृशः ॥
त्वयासंगम्यसद्गत्यायदंतःश्रेयसांपरः॥२१॥ नमस्तस्मैभगवतेकृष्णायाकुंठमेधसे ॥ स्वयोगमाययाच्छन्नमहिम्नेपरमात्मने ॥२२॥ नयंवि
दंत्यमीभूपाएकारामाश्चवृष्णयः ॥ मायाजवनिकाच्छन्नमात्मानंकालमीश्वरं ॥२३॥ यथाशयानःपुरुषआत्मानंगुणतत्त्वदृक्॥ नाममात्रेंद्रि
याभातंनवेदरहितंपरं ॥२४॥ एवंत्वानाममात्रेषुविषयेष्विंद्रियेहया ॥ माययाविभ्रमच्चित्तोनवेदस्मृत्युपप्लवात् ॥२५॥ तस्याद्यतेददृशिमांघ्रि
मघौघमर्षतीर्थास्पदंत्हृदिकृतंसुविपक्वयोगैः ॥ उत्सिक्तभक्त्युपहताशयजीवकोशाआपुर्भवद्गतिमथोऽनुगृहाणभक्तान् ॥२६॥ श्रीशुक० इ
त्यनुज्ञाप्यदाशार्हंधृतराष्ट्रंयुधिष्ठिरं ॥ राजर्षेस्वाश्रमान्गंतुंमुनयोदधिरेमनः ॥२७॥ तद्वीक्ष्यतानुपव्रज्यवसुदेवोमहायशाः ॥ प्रणम्यचोप
संगृह्यबभाषेदंसुयंत्रितः॥२८॥ वसुदे० नमोवःसर्वदेवेभ्यऋषयःश्रोतुमर्हथ॥कर्मणाकर्मनिर्हारोयथास्यान्नस्तदुच्यतां ॥२९॥ श्रीनारद०
नातिचित्रमिदंविप्रावसुदेवोबुभुत्सया ॥ कृष्णंमत्वाऽर्भकंयन्नःपृच्छतिश्रेयआत्मनः ॥३०॥ सन्निकर्षोऽत्रमर्त्यानामनादरणकारणं ॥ गांगं
हित्वायथाऽन्यांभस्तत्रत्योयातिशुद्धये ॥३१॥ यस्यानुभूतिःकालेनलयोत्पत्त्यादिनाऽस्यवै ॥ स्वतोऽन्यस्माच्चगुणतोनकुतश्चनरिष्यति ॥३२
तंक्लेशकर्मपरिपाकगुणप्रवाहैरव्याहतानुभवमीश्वरमद्वितीयं ॥ प्राणादिभिःस्वविभवैरुपगूढमन्यो [illegible] मिवमेघहिमोपरागैः ॥ ३३ ॥
अथोचुर्मुनयोराजन्नाभाष्यानकदुंदुभिं ॥ सर्वेषांशृण्वतांराज्ञांतथैवाच्युतरामयोः ॥३४॥ कर्मणाकर्मनिर्हारएषसाधुनिरूपितः ॥ यच्छ्रद्धया

થી, અમારા જન્મ-વિદ્યા-તપ-અને જ્ઞાનની પણ: આજ સફળતા થઇ છે॥૨૧॥ અને પરમાત્મા-મહાત્મા-પોતાની માયાવડે ઢંકાયલા-અને અકુંઠિત બુદ્ધિવાળા- આપ કૃષ્ણ ભગવાનને; અમો નમસ્કાર કરીએ છીએ. ॥૨૨॥ તથા આપના ભેગા રહેનારા આ યાદવો અને રાજાઓ પણ, આપ કાળ સ્વરૂપ; અને આત્મા રૂપી ઇશ્વર ભગવાન, માયાના પડદાથી ઢંકાયલાને; જાણતા નથીજ. ॥૨૩॥ ઉંઘી ગયેલો અને સ્વપ્નના ગુણોના તત્વને જોનારો પુરૂષ, જેમ તે સ્વપ્ન ઇંદ્રિયો થકી; જાણવામાં આવતા, નામાદિકનેજ માત્ર જાણે છે; પણ તે ગુણો થકી રહિત એવા પરમ તત્વને, જાણતો નથી; તેમજ નામ અને રૂપાદિકવાળા, વિષયાદિકને વિશે ઇંદ્રિઓ આસક્ત થવાથી; માયા થકી ભમી ગયેલા ચિત્તવાળા પુરૂષો; જાગ્રતમાં પણ, સ્મરણનો એટલે આત્મ સ્વરૂપના જ્ઞાનનો નાશ થવાથી; નામ અને રૂપાદિકવાળા, જાગ્રતના વિષયાદિક શિવાયના, આત્મ સ્વરૂપના તત્વને; જાણી શકતા નથીજ.॥૨૪-૨૫॥ આપનું; પાપના ઢગલાને બાળી નાંખનારૂં-તીર્થોના ઉત્પત્તિ સ્થાન રૂપ-અને પરિપક્વ યોગવાળા પુરૂષોએ પણ હૃદયમાંજ, ધારણ કરાયલું-ચરણ કમળ, આજ અમોએ દીઠું છે: માટે વૃદ્ધિ પામેલી ભક્તિથી નાશ પામેલ લિંગ શરીરવાળા, આપના ભક્તોના સરખોજ; આપ ભગવાન અમારા ઉપર પણ, અનુગ્રહ કરો." ॥૨૬॥ હે રાજા, એ રીતે કહીને, પછી શ્રી કૃષ્ણ-ધૃતરાષ્ટ્ર-અને યુધિષ્ઠિર એમની પાસે, રજા માગીને; એ મુનિઓએ, પોત પોતાના આશ્રમોમાં પાછા જવાનું મન કર્યુ. ॥૨૭॥ ત્યારે મોટા યશવાળા વસુદેવે, તેઓને જતા દેખીને: તેઓની પાસે જઇ પ્રણામ કરીને, મનની ખરી સાવધાનીથી; તે પૂછવા લાગ્યા કે. ॥૨૮॥-વસુદેવ-સર્વ દેવતાઓ રૂપ, આપ ઋષિઓને: હું પ્રણામ કરૂં છું: અને પૂછું છું કે; કર્મો કરવાવડેજ, કર્મોનો નાશ કેવે પ્રકારે થાય છે; તે મને કહી સંભળાવવાની આપ કૃપા કરો " ॥૨૯॥ નારદ-હે વિપ્રો, શ્રી કૃષ્ણને બાળક માનવાથી, વસુદેવ; પોતાના કલ્યાણને માટે, આપણને પૂછે છે; એમાં કાંઇ નવાઇ સરખું નથી.॥૩૦॥ કેમકે "નજીકપણુંજ," માણસોને અનાદર થવાનું કારણ છે;જેમ ગંગાકાંઠાનો માણસ, ગંગાને તજીને; બીજાં જળાશયોમાં, પોતાની શુદ્ધિ થવા માટે; જાય છે. ॥૩૧॥ જેનો પ્રભાવ ઉત્પત્તિના સમયે, અને પ્રલય સમયે પણ; બીજાના કિંવા પોતાના ગુણોવડે, કદીએ કાંઇ જરિત થતો નથી; એવા ઉત્પત્તિ અને નાશ થવાના

કહેલો ધર્મ, અને કર્મોના પરિપાક એટલે કર્મફળ થવા રૂપ, ગુણોના પ્રવાહથકી; પણ જેનું જ્ઞાન નાશ પામતું નથી; એવા અદ્વિતીય ઇશ્વર ભગવાનને; વાદળાં અને હીમથકી સૂર્યને ઢંકાયલો માનવાની પેઠેજ, લોકો પોતાના વૈભવ રૂપ પ્રાણો (એટલે ઇંદ્રિયો—મન—અને પ્રાણ વાયુ વિગેરે) થકી; ઢંકાયલોજ માને છે. ॥૩૨—૩૩॥—શ્રીશુક—પછી એ મુનિઓએ વસુદેવને ઉદ્દેશીને; સર્વ રાજાઓ—રામ—અને કૃષ્ણના સાંભળતાંજ, કહ્યું કે:॥૩૪॥—મુનિઓ—કર્મો કરવા વડેજ, કર્મોનો નાશ કરવાનો; સાધુ પુરુષોએ નિરૂપણ કરેલો માર્ગ, એજ છે કે; સર્વ યજ્ઞોના ઇશ્વર વિષ્ણુ ભગવાનનું, યજ્ઞો કરવાવડે; શ્રદ્ધા સહિત પૂજન કરવું. ॥૩૫॥ અને શાસ્ત્ર રૂપ આંખોવાળા વિદ્વાનોએ મનની શાંતિ કરનાર—અને અંતઃકરણમાં આનંદ પ્રાપ્ત કરનાર; ધર્મરૂપ તથા સેહેલાઇમાં સેહેલો યોગ રૂપ; પણ એ માર્ગજ કહેલ છે.॥૩૬॥ માટે "સ્વધર્માચરણ કરવા વડેજ, મળેલા શુદ્ધ ધનવડે; શ્રદ્ધા સહિત પુરૂષ ભગવાનનું યજન કરવું." એજ ગૃહસ્થ આશ્રમી દ્વિજ લોકોનો, કલ્યાણકારી માર્ગ છે. ॥૩૭॥ હે વસુદેવ, બુદ્ધિમાન પુરુષોએ કાળે કરીને; યજ્ઞ અને દાન આદિક કરવાવડે, ધનાદિકની તૃષ્ણાને—ગૃહસ્થાશ્રમ કરવાવડે, સ્ત્રી અને પુત્રાદિકનાં સુખોની તૃષ્ણાને—અને આત્મજ્ઞાન થવાવડે, પરલોક આદિકનાં સુખોની તૃષ્ણાને; પણ તજી દેવી જોઇએજ. ॥૩૮॥ અને એ રીતે સર્વે ગ્રામ્ય સુખોની તૃષ્ણા એને તજ્યા પછીજ; સર્વે ધીર પુરુષો, તપ કરવાને માટે, વનમાં ગયેલા છે; હે વસુદેવ, દ્વિજ લોકો; દેવતાઓના—ઋષિઓના—અને પિતૃઓના—એમ ત્રણે પ્રકારના ઋણ, એટલે કરજ સહિત જન્મે છે: અને તે ઋણ, અનુક્રમે; યજ્ઞો કરવાવડે—શાસ્ત્રાદિકનું અધ્યયન કરવાવડે—તથા પુત્ર ઉત્પન્ન કરવાવડે,—મટાડ્યા વિનાજ, જેઓ, ત્યાગી થાય છે; તેઓ એ ત્યાગથકી, પડીજ જાય છે. ॥૩૯॥ માટે હે મોટી બુદ્ધિવાળા વસુદેવ, તમે; હાલમાં, ઋષિઓના, તથા પિતૃઓના; એમ બે ઋણથકી તો, મુક્ત થયેલા છોજ; માટે હવે યજ્ઞો કરવાવડે, ત્રીજું દેવતાઓનું ઋણ મટાડીને; સર્વ ઋણથકી મુક્ત થાઓ. અને તે પછીથી શરણ રહિત થજો. (એટલે તપ કરવાને માટે વનમાં જવા સારૂ સર્વનો ત્યાગ કરજો.) ॥૪૦॥ હે વસુદેવ, પૂર્વે જગતના ઇશ્વર હરિ ભગવાનને નક્કી, તમે પરમ ભક્તિવડે પૂજેલા છે; કે જેથી એ ભગવાનજ, તમારા પુત્ર થયેલા છે ॥૪૧॥

यजेद्विष्णुंसर्वयज्ञेश्वरंमखैः ॥३५॥ चित्तस्योपशमोऽयंवैकविभिःशास्त्रचक्षुषा॥दर्शितःसुगमोयोगोधर्मश्चात्ममुदावहः ॥३६॥ अयंस्वस्त्ययनःपंथाद्विजातेर्गृहमेधिनः ॥ यच्छ्रद्धयाप्तवित्तेनशुक्लेनेज्येतपूरुषः ॥३७॥ वित्तैषणांयज्ञदानैर्गृहैर्दारसुतैषणां ॥ आत्मलोकैषणांदेवकालेनविसृजेद्बुधः ॥३८॥ ग्रामेत्यक्तैषणाःसर्वेययुर्धीरास्तपोवनं ॥ ऋणैस्त्रिभिर्द्विजोजातोदेवर्षिपितृणांप्रभो ॥ यज्ञाध्ययनपुत्रैस्तान्यनिस्तीर्यत्यजन्पतेत् ॥३९॥ त्वंत्वद्यमुक्तोद्वाभ्यांवैऋषिपित्रोर्महामते॥ यज्ञैर्देवर्णमुन्मुच्यनिर्ऋणोऽशरणोभव॥४०॥ वसुदेवभवान्नूनंभक्त्यापरमयाहरिं ॥ जगतामीश्वरंप्राचःसयद्वांपुत्रतांगतः ॥४१॥ श्रीशुक० इतितद्वचनंश्रुत्वावसुदेवोमहामनाः ॥ तानृषीनृत्विजोवव्रेमूर्ध्नानम्यप्रसाद्यच ॥४२॥ तएनमृषयोराजन्वृताधर्मेणधार्मिकं ॥ तस्मिन्नयाजयन्क्षेत्रेमखैरुत्तमकल्पकैः ॥४३॥ तद्दीक्षायांप्रवृत्तायांवृष्णयःपुष्करस्रजः॥ स्नाताःसुवाससोराजन्राजानःसुष्ठ्वलंकृताः ॥४४॥ तन्महिष्यश्चमुदितानिष्ककंठ्यःसुवाससः ॥ दीक्षाशालामुपाजग्मुरालिप्तावस्तुपाणयः ॥४५॥ नेदुर्मृदंगपटहशंखभेर्यानकादयः ॥ ननृतुर्नटनर्तक्यस्तुष्टुवुःसूतमागधाः ॥ जगुःसुकंठ्योगंधर्व्यःसंगीतंसहभर्तृकाः ॥४६॥ तमभ्यषिंचन्विधिवदक्तमभ्यक्तमृत्विजः ॥ पत्नीभिरष्टादशभिःसोमराजमिवोडुभिः ॥ ॥४७॥ ताभिर्दुकूलवलयैर्हारनूपुरकुंडलैः ॥ स्वलंकृताभिर्विबभौदीक्षितोऽजिनसंवृतः ॥४८॥ तस्यर्त्विजोमहाराजरत्नकौशेयवाससः ॥ ससदस्याविरेजुस्तेयथावृत्रहणोऽध्वरे ॥४९॥ तदारामश्चकृष्णश्चस्वैःस्वैर्बंधुभिरन्वितौ ॥ रेजतुःस्वसुतैर्दारैर्जीवेशौस्वविभूतिभिः ॥५०॥ ईजेनुयज्ञंविधिनाअग्निहोत्रादिलक्षणैः॥प्राकृतैर्वैकृतैर्यज्ञैर्द्रव्यज्ञानक्रियेश्वरं ॥५१॥ अथर्त्विग्भ्योऽददात्कालेयथाम्नातंसदक्षिणाः ॥ स्वलंकृतेभ्योविप्रेभ्योगोभूकन्यामहाधनाः॥५२॥ पत्नीसंयाजावभृथ्यैश्चरित्वातेमहर्षयः ॥ सस्नूरामन्हदेविप्रायजमानपुरःसराः॥५३॥ स्नातोऽलंकारवासांसिवंदिभ्योऽदात्तथास्त्रियः ॥ ततःस्वलंकृतोव

—શ્રીશુક—એ રીતનાં તેમનાં વચનો સાંભળીને, મોટા મનવાળા વસુદેવે; પોતાના માથાવડે નમી, પ્રસન્ન કરીને, ઋત્વિજોનું કામ કરવા સારૂ, યજ્ઞમાં તેમનેજ વરાવ્યા. ॥૪૨॥ હે રાજા, પછી એ કુરૂક્ષેત્રને વિષે; ધર્મ પ્રમાણે ચાલતા વસુદેવને, એ ધર્મથી વરાયેલા ઋષિઓ; ઉત્તમ રચનાવાળા યજ્ઞોથકી, યજન કરાવવા લાગ્યા. ॥૪૩॥ એટલે સારાં ઘરેણાં પેહેરેલા રાજાઓ સહિત સ્નાન કરી, સુંદર વસ્ત્ર અને કમળની માળાઓ પહેરેલા તે વસુદેવ; યજ્ઞની દીક્ષા લેવાને તૈયાર થયા. ॥૪૪॥ અને ગળામાં પદક તથા સુંદર વસ્ત્રો પેહેરેલી, રાજી થયેલી તેમની સ્ત્રીઓ; ચંદનઆદિક લગાડીને દીક્ષા લેવાની શાળામાં, હાથમાં સામગ્રીઓ લેઇ લેઇને; આવીઓ. ॥૪૫॥ ત્યારે સંખ—મૃદંગ—પટહ—ભેરી—અને—આનક વિગેરે વાજાં વાગવા લાગ્યાં, નટ અને ગુણિકાઓ નાચવા લાગી, સૂત અને માગધો સ્તુતિ કરવા મંડ્યા; અને સારા સ્વરવાળી ગંધર્વીઓ, તેમના ભરતારો સહિત ગાયન કરવા લાગી. ॥૪૬॥ પછી તેમને કાજળ અંજાવીને, તથા શરીરે માંખણ લગાડાવીને, તેમની અઢારે સ્ત્રીઓ સમેત; નક્ષત્રો સહિત ચંદ્રમાનો કરવાની પેઠે; ઋત્વિજોએ તેમનો અભિષેક કર્યો. ॥૪૭॥ તેવેળા સુંદર વસ્ત્રો—કંકણ—હાર—ઝાંઝર—અને કુંડળો થકી શણગારાયલી, સ્ત્રીઓની સાથે; દીક્ષા લીધેલા, તથા કાળિયારનું ચામડું ઓઢેલા વસુદેવ; ઘણું શોભવા લાગ્યા. ॥૪૮॥ અને હે મોટા રાજા, તેમના આ યજ્ઞમાં, રત્નો તથા રેશમી વસ્ત્રો પેહેરેલા ઋત્વિજો અને સભાસદો પણ ઇંદ્રના યજ્ઞના સરખાજ શોભી રહ્યા હતા. ॥૪૯॥ તથા પોતપોતાના બંધુઓ થકી વિંટાયલા રામ અને કૃષ્ણ પણ, પોતાના પુત્રો અને સ્ત્રીઓ સમેત; જીવ અને ઇશ્વર પોતપોતાની વિભૂતિઓની સાથે, શોભવાની પેઠેજ; તે વખતે શોભવા લાગ્યા હતા. ॥૫૦॥ એમ અગ્નિહોત્ર આદિક લક્ષણોવાળા, પ્રાકૃત અને વિકૃત, તથા દ્રવ્ય યજ્ઞ—જ્ઞાન યજ્ઞ—અને ક્રિયા યજ્ઞ; એક પછી એક, વિધિ સહિત કરીને; ઇશ્વર ભગવાનનું તેમણે પૂજન કર્યું ॥૫૧॥ પછી સમય પ્રાપ્ત થયેથી, શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે; શણગારેલા ઋત્વિજોને, અને બ્રાહ્મણોને; સારી દક્ષિણા સહિત, ગાયો—જમીનો—અને કન્યાઓનાં; દાન ઘણાજ ધન સહિત આપ્યાં. ॥૫૨॥ પછી તે મોટા ઋષિઓ અને બ્રાહ્મણો, યજમાન વસુદેવને આગળ કરી; "પત્નિ સંયાજ" અને "અવભૃથ સ્નાન"ની, વિધિ કરીને; રામહ્રદના ધરામાં નાહ્યા. ॥૫૩॥ પછીને

ણીને મોટાં પૂજાનાં ઘરેણાં પેહેરેલા વસુદેવે. અને તેમની સ્ત્રીઓએ; ઋત્વિજનો આદિકને, સુગંધ તથા ઘરેણાં આપ્યાં; અને સર્વ વર્ણોના લોકનું, તથા કુતરાં પર્યંત સર્વ પ્રાણીઓનું; અન્નાદિક આપવાવડે, તેમણે પૂજન કર્યું. ॥૫૪॥ તેથી સારી રીતે પેહેરામણી વિગેરે મળવા વિગેરેથી પૂજાયલી; સ્ત્રીઓ અને પુત્રાદિક સમેત બંધુઓ—વિદર્ભ, કોશલ, કુરુ, કાશી, કેકય, અને સૃંજય દેશના રાજાઓ—સભાસદો—ઋત્વિજો—દેવતાઓ—નામ-લોકો—અને મનુષ્યો, ભૂત, પિતૃ, તથા ચારણો—વિગેરે સર્વ કોઇ; લક્ષ્મીના સ્થાન રૂપ ભગવાનની રજા લેઇ લેઇને, એ યજ્ઞનાં વખાણ કરતા કરતા; ત્યાંથી ચાલતા થયા.॥૫૫-૫૬॥ અને ધૃતરાષ્ટ્ર—વિદુર—યુધિષ્ઠિર—ભીમ—અર્જુન—ભીષ્મ—દ્રોણ—કુંતાજી—સહદેવ—નિકુળ—નારદજી—ભગવાન વ્યાસ—અને સુહૃદો,—સંબંધીઓ—તથા બાંધવો—સર્વજણા; પિગળેલા મનથી, પોતાના સુહૃદ અને બાંધવ, એ યાદવોને; અને બીજા લોકોને, ભેટીને; વિરહને લીધે પરાણે એટલે માંડ માંડ, પોતપોતાને દેશ ગયા. ॥૫૭-૫૮॥ પરંતુ મોટી પૂજા થકી, ગોવાળિયાઓ સહિત પૂજેલા, નંદજીને તો; બંધુઓ ઉપર પ્રીતિ રાખનારા ઉગ્રસેન—કૃષ્ણ—અને રામ આદિકે, ત્યાંજ રાખ્યા. ॥૫૯॥ તે પછી આ મનોરથરૂપી મહા સમુદ્રને સેહેજમાં તરેલા, અને સુહૃદોથી વિંટાયલા વસુદેવે: પ્રીતિવાળાં મનથી, નંદજીનો હાથ પકડીને, તેમને કહ્યું કે. ॥૬૦॥—વસુદેવ—હે ભાઇ, મનુષ્યોને માટે ઇશ્વરે કરેલો, આ સ્નેહ નામનો પાશ; શૂરાઓથી અને યોગીઓથી પણ; ન તજી શકાય એવોજ હોવાનું હું માનુંછું. ॥૬૧॥ અમો પ્રત્યુપકાર ન કરી શકનારાઓને વિશે, તમો મહાત્મા અને કૃતજ્ઞ પુરૂષોએ કરેલી મૈત્રિ; જો કે તમને તો ફળ વિનાનીજ છે,તો પણ તે કદીએ મટે એવી નથીજ.॥૬૨॥ હે ભાઇ પ્રથમ અમો અશક્ત હોવાથી, તમારૂં કાંઇ પણ ભલું કરી શક્યા નથી; અને હમણાં પણ લક્ષ્મીના મદથી આંધળા બનીને તમો પાસે રહેલાઓના સામું જોતાએ નથી.

र्णानाश्वभ्योऽन्नेनपूजयत् ॥५४॥ बंधून्सदारान्ससुतान्पारिबर्हेणभूयसा ॥ विदर्भकोसलकुरून्काशिकेकयसृंजयान् ॥५५॥ सदस्यर्त्विक्सुरगणान्नृभूतपितृचारणान् ॥ श्रीनिकेतमनुज्ञाप्यशंसंतःप्रययुःक्रतुं ॥५६॥ धृतराष्ट्रोऽनुजःपार्थाभिष्मोद्रोणःपृथायमौ ॥ नारदोभगवान्व्यासःसुहृत्संबंधिबांधवाः ॥५७॥ बंधून्परिष्वज्ययदून्सौहृदाक्लिन्नचेतसः ॥ ययुर्विरहकृच्छ्रेणस्वदेशांश्चापरेजनाः ॥५८॥ नंदस्तुसहगोपालैर्बृहत्यापूजयाऽर्चितः ॥ कृष्णरामोग्रसेनाद्यैर्न्यवात्सीद्बंधुवत्सलः ॥५९॥ वसुदेवोंऽजसोत्तीर्यमनोरथमहार्णवं ॥ सुहृद्वृतःप्रीतमनानंदमाहकरेस्पृशन् ॥६०॥ वसुदेव० भ्रातरीशकृतःपाशोनृणांयःस्नेहसंज्ञितः॥तंदुस्त्यजमहंमन्येशूराणामपियोगिनां ॥६१॥ अस्मास्वप्रतिकल्पेयंयत्कृताज्ञेषुसत्तमैः॥ मैत्र्यर्पिताऽफलावापिननिवर्तेतकर्हिचित्॥६२॥ प्रागकल्पाच्चकुशलंभ्रातर्वोनाचरामहि ॥ अधुनाश्रीमदांधाक्षानपश्यामपुरःसतः ॥६३॥ माराज्यश्रीरभूत्पुंसःश्रेयस्कामस्यमानद ॥ स्वजनानुतबंधून्वानपश्यतिययांऽधदृक् ॥६४॥ श्रीशुक०एवंसौहृदशैथिल्यचित्तआनकदुंदुभिः ॥ रुरोदतत्कृतांमैत्रींस्मरन्नश्रुविलोचनः॥६५॥ नंदस्तुसख्युःप्रियकृत्प्रेम्णागोविंदरामयोः ॥ अद्यश्वइतिमासांस्त्रीन्यदुभिर्मानितोऽवसत् ॥६६॥ ततःकामैःपूर्यमाणःसव्रजःसहबांधवः ॥ परार्घ्याभरणक्षौमनानानर्घ्यपरिच्छदैः॥६७॥ वसुदेवोग्रसेनाभ्यां कृष्णोद्धवबलादिभिः ॥ दत्तमादायपारिबर्हंयापितोयदुभिर्ययौ ॥६८॥ नंदगोपाश्चगोप्यश्चगोविंदचरणांबुजे ॥ मनःक्षिप्तंपुनर्हर्तुमनीशामथुरांययुः॥६९॥ बंधुषुप्रतियातेषुवृष्णयःकृष्णदेवताः॥ वीक्ष्यप्रावृषमासन्नांययुर्द्वारवतींपुनः॥७०॥जनेभ्यःकथयांचक्रुर्यदुदेवमहोत्सवं ॥ यदासीत्तीर्थयात्रायांसुहृत्संदर्शनादिकं॥७१॥इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउ०तीर्थयात्रानुवर्णनंनामचतुरशीतितमोअ.॥८४
श्रीबादरायणि० अथैकदात्मजौप्राप्तौकृतपादाभिवंदनौ ॥ वसुदेवोभिनंद्याहप्रीत्यासंकर्षणाच्युतौ ॥१॥ मुनीनांसवचःश्रुत्वापुत्रयोर्धामसूचकं॥तद्वीर्यैर्जातविश्रंभःपरिभाष्याभ्यभाषत॥२॥ कृष्णकृष्णमहायोगिन्संकर्षणसनातन ॥ जानेवामस्ययत्साक्षात्प्रधानपुरुषौपरौ ॥३॥ यत्रयेनयतोयस्ययस्मैयद्यद्यथायदा॥ स्यादिदंभगवान्साक्षात्प्रधानपुरुषेश्वर॥४॥ एतन्नानाविधंविश्वमात्मसृष्टमधोऽक्षज ॥ आत्मनानुप्रवि

॥૬૩॥ હે માન આપનારા,એટલા માટે, કલ્યાણને ઇચ્છનારા પુરૂષોને રાજ્ય લક્ષ્મી મળશોજમાં; કે જેથી આંધળા થવાને લીધે; તેઓ પોતાના આશ્રિતોને અને બંધુઓને પણ, જોઇ શકતા નથી.॥૬૪॥શ્રીશુક—એ પ્રમાણે સુહૃદપણાથી શિથિળ થયેલા ચિત્તવાળા વસુદેવ, નંદજીએ કરેલ મૈત્રીને સંભારી: આંખ્યોમાં આંસુ લાવીને, રોવા લાગ્યા.॥૬૫॥ તે કેડે યાદવો થકી માન પામેલા નંદજી પણ, પોતાના મિત્ર વસુદેવને રાજી રાખવા માટે; તથા રામ અને કૃષ્ણના પ્રેમને લીધે, આજ કાલ એમ કરતાં; ત્યાં ત્રણ મહિના સુધી રહ્યા. ॥ ૬૬ ॥ પછી ઘણા મૂલનાં ઘરેણાં—રેશમી વસ્ત્રો—અને વ્રજવાસીઓ સહિત બાંધવોની ઇચ્છાઓ પુરિપૂર્ણ થાય એવાં; અનેક પ્રકારનાં કિંમતિ સરસામાન આદિની, વસુદેવ ઉગ્રસેન—કૃષ્ણ—ઉદ્ધવ—અને બળરામ વિગેરે પાસેથી, મળેલી; પેહેરામણીઓ લેઇને, ઘણા યાદવોએ તેમને વળાવવાની સાથે: ત્યાંથી તે વિદાય થયા. ॥૬૭-૬૮॥ એમ નંદજી—ગોપલોકો—અને ગોપીઓ—પોતાનાં ગોવિંદ ભગવાનના ચરણ કમળમાં પેસી ગયેલાં મનને; પાછાં કાઢવાને શક્તિમાન ન થતાં, મથુરાંને વિશે ગયાં. ॥૬૯॥ તેમજ બંધુઓ પાછા ગયા પછી, જેમના કૃષ્ણ ભગવાનજ ઇષ્ટ દેવ છે; તે યાદવો પણ, ચોમાસું આવવાને લીધે; પાછા દ્વારકાં ગયા.॥૭૦॥ અને તેમણે આ તીર્થયાત્રામાં વસુદેવે કરેલા યજ્ઞનો મોટો સમારંભ, અને સંબંધીઓનો સમાગમ; વિગેરે થયેલાની વાત, લોકોને કહી સંભળાવી. ॥૭૧॥ ઇતિશ્રી० ભાગવતે દશમા સ્કંધનો ચોરાસીમો અધ્યાય સંપૂર્ણ. ॥૮૪॥

અધ્યાય ૮૫ મો શ્રીશુક—પુત્રોના પ્રભાવને સૂચવનારાં નારદજી વિગેરે મુનિઓનાં વચનો સાંભળવાથી, તેમના પરાક્રમ બદલ વિશ્વાસ બેઠેલા વસુદેવે; પછી એક દહાડો, પાસે આવેલા; એ પુત્રોએ ચરણમાં પડીને, અભિવંદન કરતાં; તેમનો સત્કાર કરીને, પ્રીતિ સહિત; રામ અને કૃષ્ણનાં નામો લેઇને, આ રીતે કહ્યું; ॥૧-૨॥ "હે મોટા યોગી અને સનાતન એવા કૃષ્ણ તથા સંકર્ષણ; તમોને, જેમાંથી તથા જેને વિશે આ જગત થયેલું છે; તે પ્રધાન થકી પર, એવા સાક્ષાત પુરૂષ ભગવાનજ હું જાણુંછું. ॥૩॥ એટલે જેમાં—જેણે

કરીને—જેમાંથી—જેનું—જેને અર્થે—જે રીતે—અને જ્યારે—તથા જેના થકી—આ જગત થયા કરે છે; એવા પ્રધાન થકી પર, સાક્ષાત પુરૂષ ભગવાન ઈશ્વર તમેજ છો. ॥૪॥ અને આપ અજન્મા અધોક્ષજ ભગવાનના, પોતાથી ઉત્પન્ન થએલા આ; અનેક પ્રકારોવાળા વિશ્વમાં, આત્મ સ્વરૂપથી રહીને; પોતેજ ઇંદ્રિયાદિક રૂપ, તથા અંતઃકરણો રૂપ થઈ; તેનું પોષણ કરો છો. ॥૫॥ પ્રાણાદિક અને અંતઃકરણોને વિશે જોવામાં આવતી શક્તિઓ આપ વિશ્વને સરજનારા પરમાત્માનીજ છે; અને તે બન્નેવડે થતી, દેખવામાં આવતી ચેષ્ટાઓ વિગેરે; તેઓ પરતંત્ર હોવાથી, સાદૃશ્યપણાના સ્વભાવને લીધે; આપનાથી થતી ચેષ્ટાઓને લઇનેજ, જણવામાં આવે છે. ॥૬॥ ચંદ્રની કાંતિ—અગ્નિનું તેજ—સૂર્યનો પ્રભા—નક્ષત્રો અને વીજળીઓની સ્ફુરણા સત્તા—પર્વતોની સ્થિરતા—અને પૃથ્વીની આધારતા તથા ગંધ—એ સર્વે; ખરૂં જોતાં આપનીજ શક્તિઓછે. ॥૭॥ અને જળ વિશેની,—તૃપ્તિ—જીવાડવાની શક્તિ—અને તેનો રસ ગુણ—એ સઘળું; તથા વાયુનાં ઓજ—સહ—બળ—ચેષ્ટા—અને ગતિ, એ સર્વ પણ; આપ ઈશ્વરનીજ શક્તિઓ છે. ॥૮॥ દિશાઓનો અવકાશ—દિશાઓ, અને આકાશ,—નાદ,—ઓંકાર, તથા સ્પષ્ટ અક્ષરો, તથા જૂદી જૂદી આકૃતિ વિગેરેને કહેનારી વૈખરી વાણી—રૂપે પણ; તમેજછો. ॥૯॥ ઇંદ્રિઓમાં વિષયોને જાણવાની શક્તિ—તેમના દેવતાઓને વિશે અધિષ્ઠાન શક્તિ—બુદ્ધિની નિશ્ચય કરવાની શક્તિ—અને અંતઃકરણની અનુસંધાન શક્તિ—એ સર્વે પણ; આપજછો. ॥૧૦॥ પાંચ મહાભૂતનું કારણ તામસ અહંકાર—ઇંદ્રિઓનું કારણ રાજસ અહંકાર—ઇંદ્રિઓના દેવતાઓનું કારણ વૈકારિક અહંકાર—અને જીવોને સંસાર થવાનું કારણ પ્રધાન—એ સર્વ રૂપે પણ; આપજછો. ॥૧૧॥ નાશ પામી જનારા અહીંના સર્વે પ્રાણી પદાર્થમાં, નાશ રહિત એવા; જેમ દ્રવ્યોના વિકારોમાં મૂળ દ્રવ્યજ સત્ય છે, તેમ; આપ એકજ સત્યછો. ॥૧૨॥ સત્વ—રજ—અને તમ—એ ત્રણ ગુણો, તથા તેમના પરિણામ રૂપ દશ્ય પદાર્થ વિગેરે સર્વ; આપ પરબ્રહ્મને વિશેજ; માયાથકી કલ્પાયલા છે. ॥૧૩॥ એટલા માટે, એ પદાર્થાદિક, જ્યારે આપને વિશે કલ્પાયલા હોય છે, ત્યારે પણ; તેઓ

श्यात्मन्प्राणोजीवोबिभर्ष्यज: ॥५॥ प्राणादीनांविश्वसृजांशक्तयोया:परस्यता:॥ पारतं[illegible]दैसादृश्याद्द्वयोश्चेष्टैवचेष्ट[illegible] ॥६॥ कांतिस्तेज:प्रभा सत्ताचंद्राग्न्यर्कर्क्षविद्युतां॥ यत्स्थैर्यंभूभृतांभूमेर्वृत्तिर्गंधोऽर्थतोभवान्॥७॥ त[illegible]णंप्राणनमपांदेवत्वंताश्चतद्रस:॥ ओज:सहोबलंचेष्टागतिर्वा योस्तवेश्वर॥८॥ दिशांत्वमवकाशोऽसिदिश:खंस्फोटआश्रय:॥ नादोवर्णस्त्वमोंकारआकृतीनांपृथक्कृति: ॥९॥ इंद्रियंत्विंद्रियाणांत्वंदेवाश्च तदनुग्रह:॥ अवबोधोभवान्बुद्धेर्जीवस्यानुस्मृति:सती॥१०॥ भूतानामसिभूतादिरिंद्रियाणांचतैजस:॥ वैकारिकोविकल्पानांप्रधानमनुशायि नां॥११॥ नश्वरेष्विहभावेषुतदसित्वमनश्वरं॥ यथाद्रव्यविकारेषुद्रव्यमात्रंनिरूपितं॥१२॥ सत्त्वंरजस्तमइतिगुणास्तद्वृत्तयश्चया:॥ त्वय्यद्धा ब्रह्मणिपरेकल्पितायोगमायया॥१३॥ तस्मान्नसंत्यमीभावायर्हित्वयिविकल्पिता:॥ त्वंचामीषुविकारेषुह्यन्यदाव्यावहारिक: ॥१४॥ गुणप्र वाहएतस्मिन्नबुधास्त्वखिलात्मन: ॥ गतिंसूक्ष्मामबोधेनसंसरंतीहकर्मभि: ॥१५॥ यदृच्छयानृतांप्राप्यसुकल्पामिहदुर्लभां॥ स्वार्थेप्रमत्त [illegible]गतंत्वन्माययेश्वर ॥१६॥ असावहंममैवैतेदेहेचास्यान्वयादिषु ॥ स्नेहपाशैर्निबध्नातिभवान्सर्वमिदंजगत् ॥१७॥ युवांनन:सुतौसा क्षात्प्रधानपुरुषेश्वरौ॥ भूभारक्षत्रक्षपणअवतीर्णौतथात्थह ॥१८॥ तत्तेगतोऽस्म्यरणमद्यपदारविंदमापन्नसं[illegible]तिभयापहमार्त्तबंधो ॥ एता वताऽलमलमिंद्रियलालसेनमर्त्यात्मदृक्त्वयिपरेयदपत्यबुद्धि: ॥१९॥ सूतीगृहेननुजगादभवानजोनौसंजज्ञइत्यनुयुगंनिजधर्मगुप्त्यै॥ ना नातनूर्गगनवद्विदधज्जहासिकोवेदभूम्नउरुगायविभूतिमायां ॥२०॥श्रीशुक०आकर्ण्येत्थंपितुर्वाक्यंभगवा[illegible]र्षभ: ॥ प्रत्याहप्रश्रया नम्र:प्रहसन्श्लक्ष्णयागिरा ॥२१॥ श्रीभग०वचोव:समवेतार्थंतातैतदुपमन्महे ॥ यन्न:पुत्रान्समुद्दिश्यतत्त्वग्रामउदाहृत: ॥२२॥ अहंयू यमसावार्यइमेचद्वारकौकस: ॥ सर्वेऽप्येवंयदुश्रेष्ठविमृश्या:सचराचरं॥२३॥ आत्माह्येक:स्वयंज्योतिर्नित्योन्योनिर्गुणोगुणै: ॥ आत्मसृष्टै स्तत्कृतेषुभूतेषुबहुधेयते॥२४॥ खंवायुर्ज्योतिरापोभूस्तत्कृतेषुयथाशयं ॥ आविस्तिरोऽल्पभूर्येकोनानात्वंयात्यसावपि ॥२५॥ श्रीशुक०

વસ્તુરૂપે હોતા નથી; અને તમેજ એ વિકાર રૂપ પદાર્થાદિક રૂપે હોછો; તથા જ્યારે તેઓ આપને વિશે કલ્પાયલા નથી હોતા, ત્યારે પણ નિર્વિશેષપણે આપજ હોછો. ॥૧૪॥ એ રીતે આપ સર્વના આત્માની સૂક્ષ્મ ગતિને, ન જાણવાથીજ; લોકો, ગુણોના પ્રવાહરૂપ, આ સંસારને વિશે; કર્મોવડે જન્મ મરણ પામ્યા કરે છે. ॥૧૫॥ હે ઈશ્વર, અહીંયાં મળવાને દુર્લભ એવો, સર્વ રીતે યોગ્ય મનુષ્ય દેહ; યદૃચ્છાથી પામ્યા છતાં, સ્વાર્થને વિશે પ્રમત્ત રહેનારાઓનું આયુષ્ય; આપની માયાથકી ગફલતમાંજ, ચાલ્યું જાય છે. ॥૧૬॥ અને દેહને વિશે; તથા તેની પાછળ લાગેલાં, સ્ત્રી—પુત્ર ધનાદિકને વિશે; 'આ હું અને આ મારાં;' એવા સ્નેહ પાશથી તમેજ, આ સર્વે જગતને બાંધેલ છે. ॥૧૭॥ તમે બને મારા પુત્રો નથી, પણ પ્રધાનથકી પર સાક્ષાત પુરુષ ભગવાન ઈશ્વરોજ છો. અને પૃથ્વી ઉપર ભારરૂપ થયેલા, ક્ષત્રીઓનો નાશ કરવાને માટે, અવતરેલાછો; એમ તમેજ કહેલું છે. ॥૧૮॥ હાલ સુધી ઇંદ્રિયાદિકની લાલચોથી આ શરીરનેજ આત્મારૂપ માનવાની, અને આપ પરમાત્માઓને પુત્ર સમજવાની; મેં બુદ્ધિ કરી છે, તો હવે તેટલા થકીજ બસ છે; એટલા માટે હવે તો હું આપ: શરણાંગતોના સંસાર ભયારૂપ ભયને મટાડનારા, અને દીનબંધુના ચરણનુંજ; શરણ લઉંછું. ॥૧૯॥ આપનો જન્મ થયાટાણે, સુવાવડના ઘરમાંજ, આપે કહ્યું છે કે; "આપ અજન્મા છતાં, ધર્મનું રક્ષણ કરવા સારૂં, યુગે યુગે; અમો બેજણાંના જોડાથકી, જન્મોછો;"—માટે આકાશની પેઠે સંગ રહિત રહીને, નાના પ્રકારનાં શરીરોને ધારણ કરતા, અને છોડી દેતા; આપ ઘણી કીર્તિવાળા મહાત્માની વિભૂતિરૂપ માયાને; જાણી શકે, એવો કોણ છે. ? ॥૨૦॥—શ્રીશુક—સાત્વતોમાં શ્રેષ્ટ ભગવાને, પિતાનાં એ વચનોને સાંભળી લઈને; નમ્રતાથી વાંકાવળી, હસતાં હસતાં સુંદર વાણીથી, પ્રત્યુત્તર આપ્યો કે.—શ્રીભગવાન—હે તાત, આપે અમો પુત્રોનાં નામ લઈને, ઉપમા આપી; આ વિશ્વ સંબંધી સર્વ તત્વનું નિરૂપણ કર્યું છે, તે આપનાં વચનો યથાર્થજ છે. ॥૨૨॥ હે યાદવોમાં શ્રેષ્ટ, (પિતાજી); હું (કૃષ્ણ)—તમો (વસુદેવ)—આ મોટા ભાઇ (રામ)—અને દ્વારકાંના લોકો—તથા સર્વ કોઈ સ્થાવર જંગમ પ્રાણી આદિકને વિશે પણ—એ રીતેજ વિચારવું ઘટિત છે. (અર્થાત એ સઘળાંનેજ હું રૂપ માનીને, તેમનું; દાન—માન—આદિક વડે સત્કાર કરવામાં, અને તેમનું

અપવિત્ર ન થવા દેવામાં; માત્ર સરખીજ કાળજી રાખવી જોઇએ.) ॥ ૨૩ ॥ આત્મા, એકજ—સ્વપ્રકાશ—નિત્ય—બીજા સર્વથકી નોખા પ્રકારનો—અને નિર્ગુણ—હોવા છતાં, પોતાથીજ સરજેલાં પ્રાણી આદિકને વિષે; તથા એ અજ્ઞાનતાઓથકી સરજેલા, બીજાં પ્રાણીઓ આદિકને વિષે પણ, તે; જેમ આકાશ—વાયુ—તેજ—પાણી—અને પૃથ્વી એ મહા ભૂતો; એમના થકીજ ઉત્પન્ન થયેલા પદાર્થાદિકને વિષે, અનેક રૂપોવાળા, થઇને રહે છે; તેમજ, નાના અને મોટા સર્વ કોઇને વિષે; પોતે એકલોજ વ્યાપેલો હોવા છતાં, અનેક પ્રકારનો થયેલો હોય, તેમ ઘણાં રૂપે થયેલા સરખો પણ; પોતેજ જોવા જાણવામાં આવે છે. ॥૨૪-૨૫॥—શ્રીશુક—એ પ્રમાણે ભગવાને કહેલું સાંભળીને, ભેદ બુદ્ધિ મટી ગયેલા વસુદેવ; પ્રસન્ન મનવાળા થઇને ચૂપ રહ્યા. ॥૨૬॥ તે પછી, હે રાજા; પોતાનાજ સર્વ દેવ સ્વરૂપ પુત્રોએ, ગુરુ પુત્રને, પાછો લાવી આપેલાનું સાંભળવાથી; ઘણો વિસ્મય પામેલાં દેવકીએ, કંસે મારી નાંખેલા પોતાના પુત્રોને યાદ કરીને; વિકળપણાથી આંસુવાળી આંખોથી, અને રાંકપણાથી; કૃષ્ણ તથા રામને કહ્યું કે. ॥૨૭-૨૮॥—દેવકી—હે અપ્રમેય સ્વરૂપવાળા રામ, અને યોગેશ્વરોના ઇશ્વર કૃષ્ણ; તમો બંનેને, હું વિશ્વને ઉત્પન્ન કરનારા આદિ પુરુષ ઇશ્વરોજ માનું છું. ॥૨૯॥ પૃથ્વી ઉપર ભાર રૂપ થયેલા, અને શાસ્ત્રથકી અવળે માર્ગે ચાલનારા રાજાઓ વિગેરે પ્રાણીઓનો; કાળ રૂપથી નાશ કરવાને માટે, તમો હમણાં મારાથકી અવતરેલાછો. ॥૩૦॥ જેના અંશના અંશ, અને તેના પણ અંશભાગથકી વિશ્વની ઉત્પત્તિ—અને લય આદિક થાયછે; એવા આપ વિશ્વના આત્મા અને પતિ રૂપ ભગવાનનેજ; હું શરણ થાઉં છું. ॥૩૧॥ તમો યોગેશ્વરોના ઇશ્વરોએ; ઘણો વખત થયાં મરી ગયેલા, પોતાના પુત્રને લાવી આપવાનું, ગુરુએ માગવાથી; તેને પિતૃના સ્થાનમાંથી લેઇ આવીને, ગુરુને ગુરુ દક્ષિણામાં આપ્યો હતો; તે રીતેજ, મારૂં કામ પણ કરો. અને કંસ રાજાએ મારેલા, મારા પુત્રોને; પાછા લેઇ આવેલા જોવાની, મારી ઇચ્છા પૂર્ણ કરો. ॥૩૨-૩૩॥—શ્રીશુક—હે રાજા, એ પ્રમાણે માએ કહેવાથી, રામ અને કૃષ્ણ

एवंभगवताराजन्वसुदेवउदाहृतः ॥ श्रुत्वाविनष्टनानाधीस्तूष्णींप्रीतमनाअभूत् ॥२६॥ अथतत्रकुरुश्रेष्ठदेवकीसर्वदेवता ॥ श्रुत्वानीतंगुरोःपुत्रमात्मजाभ्यांसुविस्मिता ॥२७॥ कृष्णरामौसमाश्राव्यपुत्रान्कंसविहिंसितान् ॥ स्मरंतीकृपणंप्राहवैक्लव्यादश्रुलोचना ॥२८॥ देवकी० रामरामाप्रमेयात्मन्कृष्णयोगेश्वरेश्वर ॥ वेदाहंवांविश्वसृजामीश्वरावादिपुरुषौ ॥२९॥ कालविध्वस्तसत्त्वानांराज्ञामुच्छास्त्रवर्तिनां ॥ भूमेर्भारायमाणानामवतीर्णौकिलाद्यमे ॥३०॥ यस्यांशांशांशभागेनविश्वोत्पत्तिलयोदयाः ॥ भवंतिकिलविश्वात्मंस्तंत्वाऽद्याहंगतिंगता ॥३१॥ चिरान्मृतसुतादानेगुरुणाकिलचोदितौ ॥ आनिन्यथुःपितृस्थानाद्गुरवेगुरुदक्षिणां ॥३२॥ तथामेकुरुतंकामंयुवांयोगेश्वरेश्वरौ ॥ भोजराजहतान्पुत्रान्कामयेद्रष्टुमाहृतान् ॥३३॥ ऋषि० एवंसंचोदितौमात्रारामःकृष्णश्चभारत ॥ सुतलंसंविविशतुर्योगमायामुपाश्रितौ ॥ ३४ ॥ तस्मिन्प्रविष्टावुपलभ्यदैत्यराड्विश्वात्मदैवंसुतरांतथात्मनः ॥ तद्दर्शनाल्हादपरिप्लुताशयःसद्यःसमुत्थायननामसान्वयः ॥३५॥ तयोःसमानीयवरासनंमुदानिविष्टयोस्तत्रमहात्मनोस्तयोः ॥ दधारपादाववनिज्यतज्जलंसवृंदआब्रह्मपुनद्यदंबुह ॥३६॥ समर्हयामाससतौविभूतिभिर्महार्हवस्त्राभरणानुलेपनैः ॥ तांबूलदीपामृतभक्षणादिभिःस्वगोत्रवित्तात्मसमर्पणेनच ॥३७॥ सइंद्रसेनोभगवत्पदांबुजंबिभ्रन्मुहुःप्रेमविभिन्नयाधिया ॥ उवाचहानंदजलाकुलेक्षणःप्रहृष्टरोमानृपगद्गदाक्षरं ॥३८॥ बलि० नमोऽनंतायबृहतेनमःकृष्णायवेधसे ॥ सांख्ययोगवितानायब्रह्मणेपरमात्मने ॥३९॥ दर्शनंवांहिभूतानांदुष्प्रापंचाप्यदुर्लभं ॥ रजस्तमःस्वभावानांयन्नःप्राप्तौयदृच्छया ॥४०॥ दैत्यदानवगंधर्वाःसिद्धविद्याध्रचारणाः ॥ यक्षरक्षःपिशाचाश्चभूतप्रमथनायकाः ॥४१॥ विशुद्धसत्त्वधाम्न्यद्धात्वयिशास्त्रशरीरिणि ॥ नित्यंनिबद्धवैरास्तेवयंचान्येचतादृशाः ॥४२॥ केचनोद्बद्धवैरेणभक्त्याकेचनकामतः ॥ नतथासत्त्वसंरब्धाःसन्निकृष्टाःसुरादयः ॥४३॥ इदमित्थमितिप्रायस्तवयोगेश्वरेश्वर ॥ नविदंत्यपियोगेशायोगमायांकुतोवयं ॥४४॥ तन्नःप्रसीदनिरपेक्षविमृग्ययुष्मत्पादारविंदधिषणान्यगृहांधकूपात् ॥ निष्क्र

પોતાની યોગ માયાનો આશ્રય કરીને; સુતળ પાતાળમાં ગયા. ॥૩૪॥ તેઓ બીજાના—પોતાના—અને આખા વિશ્વના—આત્માને, બળી રાજાએ આવેલા દેખી; તેમના દર્શનના આનંદથી પિગળેલા મનવાળો તે, પોતાના અનુચરો સહિત એકાએક ઉઠી ઉભો થઇને; તેમને પગે લાગ્યો. ॥૩૫॥ અને રાજી થઇને ઉત્તમ આસનો લાવી આપ્યાં; તથા બ્રહ્મા પર્યંત સર્વને પવિત્ર કરનાર, એ મહાત્માઓના પગ ધોવાના જળને; પોતાના સંબંધીઓ સહિતને માથે ચઢાવ્યું. ॥૩૬॥ પછી મન અને ધન તેમના વિષે અર્પણ કરીને, તેણે ઘણાં કિમતી વસ્ત્રો—ઘરેણાં—તંબોળ—ચંદન—દીવા—અને અમૃત જેવા ખાવાના પદાર્થો વિગેરેથકી, તેમનું સારી રીતે પૂજન કર્યું. ॥૩૭॥ હે રાજા પછી પ્રેમથી ભિંજાયલી બુદ્ધિથી ભગવાનનાં ચરણ કમળને, વારંવાર ધારણ કરતા—આંખોમાં આનંદનાં આંસુ આવેલા—અને રૂવાડાં ઉભાં થયેલા—બળી રાજા ગળગળા ઘાંટાથી બોલ્યા કે. ॥૩૮॥—બળી—આપ મોટા અને અનંત રામને નમું છું. તથા સાંખ્ય અને યોગને પ્રવર્તાવનારા—પરબ્રહ્મ—પરમાત્મા—અને વિધાતા, એવા આપ કૃષ્ણને પણ નમું છું. ॥ ૩૯ ॥ આપનાં દર્શન પ્રાણીઓને દુર્લભ હોવા છતાં, યદૃચ્છાથીજ અમો રજોગુણી અને તમોગુણી સ્વભાવ વાળાને; પ્રાપ્ત થયેલ છે એ અમને મોટો લાભ થયો છે. ॥ ૪૦ ॥ કારણ દૈત્ય—દાનવ—સિદ્ધ—ગંધર્વ—વિદ્યાધર—ચારણ—યક્ષ—રાક્ષસ—પિશાચ—ભૂત—અને પ્રમથોના અધિપતિઓ—તથા આપની સાથે હમેશાં વૈર રાખનારા અમો—અને એવાંજ બીજાઓ સર્વને; આપ વેદ રૂપ શરીરવાળા તથા શુદ્ધ સત્વ ગુણના સ્થાન ભગવાનનાં દર્શન તો થાયછેજ. ॥૪૧-૪૨॥ છતાં કેટલાએક (શિશુપાળ આદિક) વૈરભાવની ભક્તિથી—અને કેટલાએક (ગોપીઓ આદિક) કામ ભાવની ભક્તિથી;—જે રીતે આપના સમીપ પણાને પામેલા છે, તે રીતે તો સત્વગુણી દેવતાઓ આદિક પણ; પામી શકતા નથીજ. ॥૪૩॥ આપ યોગેશ્વરોના ઇશ્વરની માયા, આ રીતની અને આટલીજ છે; એમ ઘણું કરીને યોગેશ્વરો પણ, જાણતા નથી; તો પછી અમે તો જાણીએજ ક્યાંથી.? ॥૪૪॥ આપ મારા ઉપર પ્રસન્ન થાઓ, કે જેથી હું; અપેક્ષા વિનાના પુરુષોએ શોધેલા, આપના ચરણ કમળના સ્થાન થકી વિરૂપ; એવા ઘર નામના, અંધારા કૂવામાંથી નીકળીને; વિશ્વના શરણ રૂપ, આપ ભગવાનના ચરણને પામવાની ઇચ્છાથી

શાંત બનીને; એકલોજ અથવા સર્વના મિત્ર, આપના ભક્ત જનોની સાથે થઈને; ફરતો ફરૂં. ॥૪૫॥ હે ઈશ્વર આપ મને શુદ્ધ ઉપદેશ આપવાવડે, સિદ્ધ કરીને; પાપ રહિત કરો. કે જે ઉપદેશ વિશે શ્રદ્ધા રાખીને, સ્થિર થવા થકી; શાસ્ત્રની આજ્ઞાઓ રૂપ, વિધિ નિષેધનાં બંધનો થકી; હું છૂટો થાઉં. ॥૪૬॥—શ્રીભગવાન—પહેલા મન્વંતરમાં મરિચી ઋષિ થકી, તેમની ઉર્ણા નામની સ્ત્રીમાં અવતરેલા છ દેવો; બ્રહ્માને પોતાની પુત્રી પાસે જતા દેખી, હસ્યા હતા. ॥૪૭॥ તેથી એ પાપને લીધે, તુરતજ તેઓ અસુર યોની પામીને; હિરણ્ય કશિપુ થકી જન્મેલા હતા. અને યોગમાયા થકી, તેઓ તમારી પાસે લવાયલા હતા. ॥૪૮॥ પછી તેઓજ દેવકીના ઉદર થકી જન્મ્યા હતા; તેમને કંસે મારી નાંખવાથી, દેવકી જેમનો શોક કરે છે; તેઓ હાલ તમારી નજીકમાંજ બેઠેલા છે. ॥૪૯॥ માતાનો શોક મટાડવાસારૂં, અમો તેમને અહીંથી લેઇ જઈશું; પછી શ્રાપથી મુક્ત થયેલા તેઓ, તાપ રહિત થઈને; પોતાના લોકમાં જશે. ॥૫૦॥ એ રીતે એ, સ્મર-ઉદ્‌ગીથ-પરિષ્વંગ-પતંગ-ક્ષુદ્રભૃત-અને ઘૃણી-એ છએ જણા મારી પ્રસન્નતાથી, પાછા સદ્‌ગતિને પામશે. ॥૫૧॥—શ્રીશુક—પછી રાજાએ પૂજન કરેલા તેઓ, આરીતે કહીને; તેમને સાથે લેઇ, પાછા દ્વારકા આવ્યા; અને પુત્રો માતાની સ્વાધીનમાં કર્યા ॥૫૨॥ તેમને દેખવા થકી, પુત્ર સ્નેહવડે પાનો છૂટેલાં દેવકીએ; તેઓને છાતી સરસા દાબીને, ખોળામાં બેસાર્યા; અને તેમનાં માથાં વારંવાર સુંઘ્યાં. ॥૫૩॥ અને જેના થકી આ સૃષ્ટિની પ્રવૃત્તિ થાય છે, તે વિષ્નુની માયાથી મોહ પામીને; પુત્રોના સ્પર્શથી, આનંદમાં ડુબીગયેલાં દેવકીએ પ્રસન્નતાવડે; તેઓને ધવરાવ્યા. ॥૫૪॥ એ રીતે મહાભૂત ભગવાને પીતાં વધેલું, દેવકીના સ્તનના અમૃતરૂપ દૂધ પીવાથી; અને નારાયણ ભગવાનના અંગનો સ્પર્શ થવાથી; આત્મજ્ઞાનને પાછું પામેલા, તેઓ; એ ગોવિંદ ભગવાનને-દેવકીને-વસુદેવને-

स्यविश्वशरणांह्युपलब्धवृत्तिःशांतोयथैकउतसर्वसखैश्चरामि ॥४५॥ शाध्यस्मानीशितव्येशनिष्पापान्कुरुनःप्रभो ॥ पुमान्यच्छ्रद्धयातिष्ठं श्चोदनायाविमुच्यते ॥४६॥ श्रीभग०आसन्मरीचेःषट्पुत्राऊर्णायांप्रथमेंऽतरे ॥ देवाःकंजहसुर्वीक्ष्यसुतांयभितुमुद्यतं ॥४७॥ तेनासुरी मगन्योनिमधुनाऽवद्यकर्मणा ॥ हिरण्यकशिपोर्जातानीतास्तेयोगमायया ॥४८॥ देवक्याउदरेजाताराजन्कंसविहिंसिताः ॥ सातान्शो चत्यात्मजान्स्वांस्तइमेध्यासतेंऽतिके ॥४९॥ इतएतान्प्रणेष्यामोमातृशोकापनुत्तये ॥ ततःशापाद्विनिर्मुक्तालोकंयास्यंतिविज्वराः॥५०॥ स्मरोद्गीथःपरिष्वंगःपतंगःक्षुद्रभृद्घृणी ॥ षडिमेमत्प्रसादेनपुनर्यास्यंतिसद्गतिं ॥५१॥ इत्युक्त्वातान्समादायइंद्रसेनेनपुजितौ ॥ पुनर्द्वारव तीमेत्यमातुःपुत्रानयच्छतां ॥५२॥ तान्दृष्ट्वाबालकान्देवीपुत्रस्नेहस्नुतस्तनी ॥ परिष्वज्यांकमारोप्यमूर्ध्न्यजिघ्रदभीक्ष्णशः ॥५३॥ अपा ययत्स्तनंप्रीतासुतस्पर्शपरिस्नुता ॥ मोहितामाययाविष्णोर्ययासृष्टिःप्रवर्तते ॥५४॥ पीत्वामृतंपयस्तस्याःपीतशेषंगदाभृतः ॥ नारायणां गसंस्पर्शप्रतिलब्धात्मदर्शनाः ॥५५॥ तेनमस्कृत्यगोविंदंदेवकींपितरंबलं ॥ मिषतांसर्वभूतानांययुर्धामदिवौकसां ॥५६॥ तद्दृष्ट्वादेवकीदे वीमृतागमननिर्गमं ॥ मेनेसुविस्मितामायांकृष्णस्यरचितांनृप ॥५७॥ एवंविधान्यद्भुतानिकृष्णस्यपरमात्मनः ॥ वीर्याण्यनंतवीर्यस्यसंत्य नंतानिभारत ॥५८॥ सूत० य इदमनुशृणोतिश्रावयेद्वामुरारेश्चरितममृतकीर्तेर्वर्णितंव्यासपुत्रैः ॥ जगदघभिदलंतद्भक्तसत्कर्णपूरंभगवतिकृ तचित्तोयातितत्क्षेमधाम ॥५९॥ इ०भा०म०द०उ०मृताग्रजानयनंनामपंचाशीतितमोध्यायः ॥८५॥ राजा०ब्रह्मन्वेदितुमिच्छामःस्वसा रंरामकृष्णयोः ॥ यथोपयेमेविजयोयाममासीत्पितामही ॥१॥ श्रीशुक०अर्जुनस्तीर्थयात्रायांपर्यटन्नवनींप्रभुः ॥ गतःप्रभासमशृणोन्मातु लेयींसआत्मनः ॥२॥ दुर्योधनायरामस्तांदास्यतीतिनचापरे ॥ तल्लिप्सुःसयतिर्भूत्वात्रिदंडीद्वारकामगात् ॥३॥ तत्रवैवार्षिकान्मासानवा त्सीत्स्वार्थसाधकः ॥ पौरैःसभाजितोभीक्ष्णंरामेणाजानताचसः ॥४॥ एकदागृहमानीयआतिथ्येननिमंत्र्यतं ॥ श्रद्धयोपाहृतंभैक्ष्यंबलेनबु भुजेकिल ॥५॥ सोऽपश्यत्तत्रमहतींकन्यांवीरमनोहरां ॥ प्रीत्युत्फुल्लेक्षणस्तस्यांभावक्षुब्धंमनोदधे ॥६॥ साऽपितंचकमेवीक्ष्यनारीणांहृ

અને રામને-પણ નમસ્કાર કરીને, સર્વ લોકો જોતાં; દેવતાઓના ધામ સ્વર્ગમાં, ચાલ્યા ગયા. ॥૫૬॥ હે રાજા, તે મુવેલાઓનું આવવું. અને પાછું જવું દેખવાથી; ઘણાં વિસ્મય પામેલાં, દેવકીએ; તે સઘળાને કૃષ્ણે રચેલી માયાજ માની. ॥૫૭॥ હે ભરતવંશી રાજા, એ રીતના અદ્‌ભુત પરાક્રમો, અનંત પરાક્રમી કૃષ્ણ પરમાત્માનાં પારવિનાનાં છે, ॥૫૮॥—**સૂત**—જગતના પાપને પૂરેપૂરાં મટાડનારાં-અને ભક્તોના સુંદર કાનને ભરી દેનારાં-વ્યાસપુત્રે વર્ણન કરેલાં-મોરારી ભગવાનની અક્ષય કીર્તિવાળાં-આ ચરિત્રોને જે કોઇ સાંભળે, અથવા સંભળાવે; તેને ભગવાનની ભક્તિ પ્રાપ્ત થઈને, તે નિર્ભય સ્થાનને પામે. ॥૫૯॥ ઇ શ્રી ભા. દ. સ્કં. પં. અ. સં.॥૮૫॥

અધ્યાય ૮૬ મો.—પરીક્ષિત—હે બ્રાહ્મણ, મારા બાપની મા, અને રામ તથા કૃષ્ણનાં બેહેન; સુભદ્રાને, અર્જુન કેવી રીતે પરણ્યા હતા; તે જાણવાને હું ઈચ્છુંછું. ॥૧॥—**શ્રીશુક**—સમર્થ અર્જુન, તીર્થ યાત્રા કરવા સારૂં પૃથ્વી પ્રદક્ષિણા કરતાં, જ્યારે પ્રભાસમાં આવ્યા, ત્યારે તેમણે સાંભળ્યું કે: "તેમના મામાની દીકરીને મન, પોતાનામાં છે; છતાં તેને બળરામ દુર્યોધન સિવાય, બીજાને આપનાર નથી." તેથી એ કન્યાની ઇચ્છાથી, પોતે ત્રિદંડી સંન્યાસી થઈને; દ્વારકામાં ગયા. ॥૨-૩॥ અને એ સ્વાર્થ સાધનારા અર્જુને, ચોમાસાના ચાર મહિના ત્યાંજ વાસ કર્યો; ત્યારે એ ગામના લોકોએ, તથા તેમને નહીં ઓળખેલા બળરામે પણ; તેમનો વારંવાર સત્કાર કર્યો. ॥૪॥ અને એક દિવસે તો, બળરામે તેમને અતિથિ તરિકે નોતરૂં આપ્યું. અને પોતાને ઘેર લેઇ જઈને, તેમણે શ્રદ્ધાથી આપેલું ભિક્ષાનું અન્ન તે જમ્યા. ॥૫॥ ત્યાં વીરપુરૂષોના મનને હરનારી ઉત્તમ કન્યા, તેમના જોવામાં આવવાથી; તે પ્રિતિથી પ્રફુલ્લિત થયેલી આંખો વાળીને વિષે, તેમને ભાવ થઈને; તેમનું મન, તેમાંજ લાગી ગયું. ॥૬॥ અને તે કન્યાએ પણ, એ સ્ત્રીઓના મનને ગમે એવાને જોવા થકી; હસતાં અને આંખ્યોમાં લાજની નિશાની દેખાડતાં, પોતાનું મન તથા નજર તેમાંજ લગાડ્યાં. ॥૭॥ તે પછી એ કન્યાનેજ ધ્યાન કરતા અને ગામ લોકોના અજાનતનું ચિત્ત અતિ [illegible] કામ થકી ભાગી જવાને ઈચ્છે.

તેમને નિરોત થી નહીં. ॥૭॥ એમનો એક મોટી દેખવાવાળો, રથમાં બેસીને ફિક્કાની બહાર નીકળેલો એ સુભદ્રાને; તેનાં માબાપ તથા કૃષ્ણની સંમતિ થકી, એ મહારથી અર્જુને; રથમાં બેસી ધનુષ્ય ધારણ કરીને, તેમનું રક્ષણ કરનાર સુભટ પાડતા યોદ્ધાઓને નસાડી મુકીને; સિંહ જેમ પોતાનો ભાગ લેઈ જાય, તેમ હરણ કરયુ. ॥૮-૧૦॥ તે સાંભળવાથી પુનમના મહા સમુદ્રની પેઠે, બળરામ અત્યંત કોપ્યા; પણ કૃષ્ણે અને બીજા સુહૃદોએ પગમાં પડી તેમને સમજાવીને; શાંત કરયા. ॥૧૧॥ એટલે પછીથી તેમણે રાજી થઇને, એ વર કન્યાને માટે; ઘણી કિમ્મતના સર સામાન—હાથી—ઘોડા—રથ—દાસ—અને દાસીઓ વિગેરેની, પેહેરામણી મોકલાવી દીધી ॥૧૨॥—શ્રીશુક—ને પછી કોઈ એક શ્રુતદેવ નામનો ઉત્તમ બ્રાહ્મણ, જે કૃષ્ણ ભગવાનનો પ્યારો—ભગવાનની એકાંતિક ભક્તિ થકી કૃતાર્થ થયેલો—શાંત—વિદ્વાન—અને વિષયાદિકને વિષે પ્રીતિ વિનાનો—એવો હતો. ॥૧૩॥ અને તે વિદેહ રાજાની મિથિલા નગરીમાં રેહેનારો, ગૃહસ્થ બ્રાહ્મણ; કોઈ જાતની કામના—વાળો ઉદ્યોગ નહીં કરતાં, જે કાંઇ યદૃચ્છાએજ મળી આવે; તેટલાવડે પોતાનો નિર્વાહ, તથા પોતાને કરવાની ધર્મસંબંધી સર્વ ક્રિયાઓ પણ; કરતો હતો. ॥૧૪॥ તથા દૈવની ઇચ્છાથી, રોજ રોજ; તેનો નિર્વાહ ચાલવા પુરતુંજ તેને મળી રહેતું હતું; પણ કદીએ અધિક મળતું નહતું. છતાં તેટલામાંજ સંતોષ પામીને, પોતાને ઘટે તેવી ક્રિયાઓ; તે કરતો હતો. ॥ ૧૫ ॥ અને હે પરીક્ષિત, એ દેશનો બહુલાશ્વ નામનો મિથિલ રાજા પણ; તેના સરખોજ અને અહંકાર વિનાનો હતો. તેથી એ બેઉ જણા; અચ્યુત ભગવાનને પ્રિય હતા. ॥ ૧૬ ॥ પછી એ બંને ઉપર પ્રસન્ન થયેલા સમર્થ ભગવાન, દારૂકે હાજર કરેલા રથ ઉપર બેસીને; નારદ—વામદેવ—અત્રિ—વેદવ્યાસ—પરશુરામ—અસીત—આરૂણી—હું પોતે—બૃહસ્પતિ—કણ્વ—મૈત્રેય—અને ચ્યવન વિગેરે

दयंगमं ॥ हसंतीव्रीडितापांगीतस्न्यस्तत्हृदयेक्षणा ॥७॥ तांपरंसमनुध्यायन्नंतरंप्रेप्सुर ुन:॥नलेभेशंभ्रमचित्त:कामेनातिबलीयसा॥८॥ महत्यांदेवयात्रायांरथस्थांदुर्गनिर्गतां ॥ जहारानुमत:पित्रो:कृष्णस्यचमहारथ: ॥९॥ रथस्थोधनुरादायशूरांश्चारुंधतोभटान् ॥ विद्राव्यक्रोशतांस्वानांस्वभागंमृगराडिव ॥१०॥ तच्छ्रुत्वाक्षुभितोराम:पर्वणीवमहार्णव: ॥ गृहीतपाद:कृष्णेनसुहृद्भिश्चान्वशाम्यत ॥११॥ प्राहिणोत्पारिबर्हाणिवरवध्वोर्मुदाबल: ॥ महाध[illegible]रेभरथाश्वनरयोषित: ॥१२॥ श्रीशुक०कृष्णस्यासीद्विजश्रेष्ठ:श्रुतदेवइतिश्रुत: ॥ कृष्णैकभक्त्यापूर्णार्थ:शांत:कविरलंपट: ॥१३॥ सउवासविदेहेषुमिथिलायांगृहाश्रमी ॥ अनीहयागताहार्यनिर्वार्तितनिजक्रिय: ॥१४॥ यात्रामात्रंत्वहरहर्दैवादुपनमत्युत ॥ नाधिकंतावतातुष्ट:क्रियाश्चक्रेयथोचिता: ॥१५॥ तथातद्राष्ट्रपालोऽगबहुलाश्वइतिश्रुत: ॥ मैथिलोनिरहंमानउभावप्यच्युतप्रियौ ॥१६॥ तयो:प्रसन्नोभगवान्दारुकेणाहृतंरथं ॥आरुह्यसाकंमुनिभिर्विदेहान्प्रययौप्रभु: ॥१७॥ नारदोवामदेवोऽत्रि:कृष्णोरामोऽसितोऽरुणि: ॥ अहंबृहस्पति:कण्वोमैत्रेयश्च्यवनादय: ॥१८॥ तत्रतत्रतमायांतंपौराजानपदानृप ॥ उपतस्थु:सार्घहस्ताग्रहै:सूर्यमिवोदितं ॥१९॥ आनर्तधन्वकुरुजांगलकंकमत्स्यपांचालकुंतिमधुकेकयकोसलार्णा: ॥ अन्येचतन्मुखसरोजमुदारहासस्निग्धेक्षणंनृपपपुर्दृशिभिर्नृनार्य: ॥२०॥ तेभ्य:स्ववीक्षणविनष्टतमिस्रदृग्भ्य:क्षेमंत्रिलोकगुरुरर्थदृशंचयच्छन् ॥ शृण्वन्दिगंतधवलंस्वयशोऽशुभघ्नंगीतंसुरै भिरगा नकैर्विदेहान् ॥२१॥ तेऽच्युतंप्राप्तमाकर्ण्यपौराजानपदानृप ॥ अभीयुर्मुदितास्तस्मै गृहीतार्हणपाणय: ॥२२॥ दृष्ट्वातउत्तमश्लोकंप्रीत्युत्फुल्लाननाशया: ॥ कैर्धृतांजलिभिर्नेमु:श्रुतपूर्वास्तथामुनीन् ॥२३॥ स्वानुग्रहायसंप्राप्तं मन्वानौतंजगद्गुरुं ॥ मैथिल:श्रुतदेवश्चपादयो:पेततु:प्रभो: ॥२४॥ न्यमंत्रयेतांदाशार्हमातिथ्येनसहद्विजै:॥मैथिल:श्रुतदेवश्चयुगपत्संहतांजली ॥२५॥ भगवांस्तदभिप्रेत्यद्वयो:प्रियचिकीर्षया॥उभयोराविशद्गेहमुभाभ्यांतदलक्षित:॥२६॥श्रोतुमप्यसतांदूराज्जनक:स्वगृहागतान्॥ आनीतेष्वासनाग्र्येषुसुखासीनान्महामना:२७॥ प्रवृद्धभक्त्याउद्धर्षत्हृदयास्राविलेक्षण:॥नत्वातदंघ्रीन्प्रक्षाल्यतदपोलोकपावनी:॥२८॥सकुटुंबोवहन्मूर्ध्नापूजयांचक्रई

મુનિઓને સાથે લેઇ વિદેહના મુલુકમાં ગયા. ॥ ૧૭–૧૮ ॥ હે રાજા, ત્યાં જતાં, માર્ગમાં શેહેરોના અને ગામોના લોકો; હાથમાં અર્ઘ્ય લેઇને; ગ્રહો સહિત ઉગતા સૂર્યની પેઠે, તેમનું પૂજન કરતા હતા. ॥ ૧૯ ॥ અને આનર્ત—ધન્વ—કુરૂ—જાંગલ—કંક—મત્સ્ય—પાંચાળ—કુંતી—મધુ—કેકય—કોશલ—તથા અર્ણ દેશોનાં સ્ત્રીઓ, અને પુરૂષો; તથા બીજાંઓ પણ; એ ઉદાર રીતે હસતા, અને સ્નેહાશથી જોતા; ભગવાનના મુખારવિંદને, નજર ભરીને નિરખતા હતા. ॥ ૨૦ ॥ એમ પોતાના દર્શનવડે, અજ્ઞાન ગયેલા તે લોકને; એ ત્રણે લોકના ગુરૂ, ભગવાન કલ્યાણની પ્રાપ્તિ કરતા; દિશાઓના અંત સુધી, દેવ અને મનુષ્યોએ ગવાતી; અશુભનો નાશ કરનારી, પોતાની ઉજ્વળ કીર્તિને; સાંભળતા સાંભળતા, ધીમે ધીમે, વિદેહના દેશમાં ચાલ્યા આવ્યા. ॥૨૧॥ ત્યારે અચ્યુત ભગવાન આવેલાનું, સાંભળવાથી; ત્યાંના નગરોના અને ગામોના લોકો પણ, આનંદથી હાથમાં પૂજનના પદાર્થો લેઇ આવીને; તેમની સામે ગયા. ॥ ૨૨ ॥ અને એ મોટી કીર્તિવાળા ભગવાનને, તથા પૂર્વે નામ થકીજ સાંભળેલા, મુનિઓને દેખીને; પ્રફુલ્લિત થયેલાં મન અને મોઢાંઓથી, બેઉ હાથ જોડીને; તેમને માથાવડે પગે લાગવા મંડયા. ॥૨૩॥ તથા એ શ્રુત દેવ બ્રાહ્મણ, અને બહુલાશ્વ રાજા બંને જણા; પોતાનાજ ઉપર અનુગ્રહ કરવાને, ભગવાન પધારેલાનું માનીને; ભગવાનના પગમાં પડ્યા. ॥૨૪॥ અને તે બંને જણાએ, સાથેજ હાથ જોડીને; બ્રાહ્મણો સહિત દાશાર્હ ભગવાનને, પોતાને ઘેર પરોણા થવા સારૂં; નોતરાં આપ્યાં. ॥ ૨૫ ॥ એટલે ભગવાને, તે બંનેના મનના અભિપ્રાયને સમજી જઇને, તે બંનેનું પ્રિય કરવા સારૂં: તે બેઉને એક બીજાની ખબર પડે નહીં, તેમ; બંનેનાં ઘરોમાં પ્રવેશ કરયો. ॥૨૬॥ પછી નીચ પુરૂષોના સાંભળવામાં પણ ન આવે, એવા; એ ભગવાન, તથા મુનિઓને; મોટા મનના બહુલાશ્વ રાજાએ, પોતાને ઘેર લેઇ જઇને; ઉત્તમ આસનો ઉપર બેસાડ્યા. ॥૨૭॥ અને વધેલી ભક્તિથી તેણે, મનમાં હરખ થવાથી, આંખ્યોમાં આંસુ આણી જઇને; નમસ્કાર કરયા પછી, તેમના પગ ધોવાના, લોક માત્રને

પાવન કરનારા બ્રાહ્મણોને; પોતાના પરિવાર સહિત માથે ચઢાવ્યું; અને ગંધ-ફૂલના હાર-વસ્ત્ર-ઘરેણાં-ધૂપ-દીપ -અર્ઘ-ગાયો-અને બળદ વિગેરે અર્પણ કરવાવડે; તે મહાત્માઓનું પૂજન કર્યું. ॥૨૮-૨૯॥ અને અન્નાદિકથી તૃપ્ત કરેલા, તે મહાત્માઓને મધુર વાણીથી, પ્રસન્ન કરતા; તથા ભગવાનના ચરણને પ્રેમથી ખોળામાં લેઇને, સ્પર્શ કરતા; રાજાએ; આનંદથી કહ્યું કે. ॥૩૦॥-બહુલાશ્વ-સર્વ પ્રાણીઓના આત્મા અને સાક્ષી, આપ સ્વયંપ્રકાશ ભગવાનેઃ પોતાના ચરણ કમળનું દર્શન, અમો, આપનું સ્મરણ કરનારને; આપેલું છે. ॥૩૧॥ જેથી આપે કહેલું વચન, "મારા એકાંતિક ભક્તના કરતાં, મને સંકર્ષણ-લક્ષ્મી-અને બ્રહ્મા પણ, અધિક પ્રિય નથી;" એવું, જે છે, તેને સત્ય કરવાનેજ; આપ અમારી નજર આગળ પધારયા છો. ॥૩૨॥ નિષ્કિંચન અને શાંત મુનિઓને, આપ આત્મ સ્વરૂપ પણ, આપો છો; એ વાતને જાણનાર, કયો પુરૂષ; આપના ચરણ કમળનો ત્યાગ કરી શકે. ? ॥ ૩૩ ॥ જેમણે યાદવોના કુળમાં અવતરીને, જન્મ મરણ પામતા મનુષ્યોની શાંતિને માટે; ત્રણે લોકના દુઃખનો નાશ કરનાર, પોતાના યશને; વિસ્તારેલો છે. ॥ ૩૪ ॥ એવા અત્યંત શાંતિવાળું તપ કરનારા નારાયણ ઋષિ, અને અકુંઠિત બુદ્ધિવાળા આપ કૃષ્ણ ભગવાનને; હું નમસ્કાર કરૂં છું. ॥ ૩૫ ॥ હે ભગવાન, અમારા ઘરમાં, બ્રાહ્મણો સહિત કેટલાક દિવસ સુધી આપ રહીને; આપની ચરણરજથી નિમિ રાજાના કુળને પાવન કરો. ॥ ૩૬ ॥—શ્રીશુક—એ રીતે રાજાએ પ્રાર્થના કરવાથી, એ લોક માત્રનું પોષણ કરનારા ભગવાને; ત્યાં રહીને એ મિથિલા નગરીના પુરૂષો અને સ્ત્રીઓનું, કલ્યાણ કર્યું. ॥૩૭॥ આણીમેરદ શ્રુત દેવ બ્રાહ્મણ પણ, મુનિઓ સહિત, અચ્યુત ભગવાન પોતાને ઘેર આવેલા દેખી બહુલાશ્વની પેઠેજ; તેમને નમસ્કાર કરીને, ઘણોજ રાજી થઇ; વસ્ત્ર હલાવીને, નાચવા મંડયો. ॥૩૮॥ અને પોતે આણેલા, ઘાસ-પાટલા-અને સાદરીઓ ઉપર; તેઓને બેસારીને. તથા સ્વાગત વચનથી તેમનો સત્કાર કરીને; પછી પોતાની સ્ત્રી સહિત, પ્રેમવડે તેણે તેમના પગ પખાળ્યા. ॥૩૯॥

श्वरान्॥गंधमाल्यांबराकल्पधूपदीपार्घगोवृषैः॥२९॥ वाचामधुरयाप्रीणन्निदमाहान्नतर्पितान्॥पादावंकगतौविष्णोःसंस्पृशन्शनकैर्मुदा॥३० राजा० भवान्हिसर्वभूतानामात्मासाक्षीस्वदृग्विभो ॥ अथनस्त्वत्पदांभोजंस्मरतांदर्शनंगतः॥३१॥ स्ववचस्तदृतंकर्तुमस्मदृग्गोचरोभवान् यदात्थैकांतभक्तान्मेनानंतःश्रीरजःप्रियः ॥३२॥ कोनुत्वच्चरणांभोजमेवंविद्विसृजेत्पुमान् ॥ निष्किंचनानांशांतानांमुनीनांयस्त्वमात्मदः ॥३३॥ योवतीर्ययदोर्वंशेनृणांसंसरतामिह॥यशोवितेनेतच्छांत्यैत्रैलोक्यवृजिनापहं ॥३४॥ नमस्तुभ्यंभगवतेकृष्णायाकुंठमेधसे ॥ नारायणायऋषयेसुशांतंतपईयुषे॥३५॥ दिनानिकतिचिद्भूमन्गृहान्नोनिवसद्विजैः॥ समेतःपादरजसापुनीहीदंनिमेःकुलं ॥३६॥ इत्युपामंत्रितोराज्ञाभगवाँल्लोकभावनः॥ उवासकुर्वन्कल्याणंमिथिलानरयोषितां ॥३७॥ श्रुतदेवोऽच्युतंप्राप्तंस्वगृहान्जनकोयथा॥ नत्वामुनीन्सुसंहृष्टोधुन्वन्वासोननर्तह॥३८॥ तृणपीठबृसीष्वेतानानीतेषूपवेश्यसः ॥ स्वागतेनाभिनंद्यांघ्रीन्सभार्योऽवनिजेमुदा ॥३९॥ तदंभसामहाभागआत्मानंसगृहान्वयं॥ स्नापयांचक्रउद्धर्षोलब्धसर्वमनोरथः ॥४०॥ फलार्हणोशीरशिवामृतांभसामृदासुरभ्यातुलसीकुशांबुजैः॥ आराधयामासयथोपपन्नयासपर्ययासत्त्वविवर्धनांधसा ॥४१॥ सतर्कयामासकुतोममान्वभूद्गृहांधकूपेपतितस्यसंगमः ॥ यःसर्वतीर्थास्पदपादरेणुभिःकृष्णेनचास्यात्मनिकेतभूसुरैः॥४२॥ सूपविष्टान्कृतातिथ्यान्श्रुतदेवउपस्थितः ॥ सभार्यस्वजनापत्यउवाचांघ्र्यभिमर्शनः ॥४३॥ श्रुतदेव० नाद्यनोदर्शनंप्राप्तःपरंपरमपूरुषः॥ यर्हीदंशक्तिभिःसृष्ट्वाप्रविष्टोह्यात्मसत्तया॥४४॥ यथाशयानःपुरुषोमनसैवात्ममायया ॥ सृष्ट्वालोकंपरंस्वाप्नमनुविश्यावभासते ४५ शृण्वतांगदतांशश्वदर्चतांत्वाऽभिवंदतां॥नृणांसंदधतामंतर्हृदिभास्यमलात्मनां॥४६॥हृदिस्थोऽप्यतिदूरस्थः कर्मविक्षिप्तचेतसां॥ आत्मशक्तिभिरग्राह्योऽप्यंत्युपेतगुणात्मनां ॥४७॥ नमोस्तुतेऽध्यात्मविदांपरात्मनेअनात्मनेस्वात्मविभक्तमृत्यवे॥ सकारणाकारणलिंगमीयुषेस्वमाययासंवृतरुद्धदृष्टये ॥४८॥ सत्वंशाधिस्वभृत्यान्नःकिंदेवकरवामहे ॥ एतदंतोनृणांक्लेशोयद्भवानक्षगोचरः ॥

અને તે પાણી થકી, હરખ પામેલા અને સર્વ મનોર્થ સિદ્ધ થયેલા; તે બ્રાહ્મણે પોતે, તથા તેના ઘરનાં સર્વ માણસોએ; સ્નાન કર્યું. ॥૪૦॥ પછી પૂજા-પૂજનના પદાર્થો-વાળા નાંખેલાં ઠંડાં પાણી-સુગંધીવાળી માટી-તુલશી-ડાભ-કમળ-અને સત્વગુણી અન્ન,-તથા બીજું જે મળી આવ્યું તે વડે; પૂજન કરીને, તેમનું આરાધન કર્યું. ॥૪૧॥ અને તે પછી વિચારવા લાગ્યો કે; આ ઘર રૂપી ઉંડા અને અંધારા કૂવામાં પડેલા મને, સર્વ તીર્થના ઉત્પત્તિ સ્થાન શ્રીકૃષ્ણ ભગવાન, અને તેમના નિવાસ રૂપ બ્રાહ્મણો; એઓની ચરણરજનો સમાગમ, શા થકી થયો હશે ? ॥૪૨॥ તે હેઠે જમીને, સુખે બેઠેલા; તે મહાત્માઓના પગ, પોતે પોતાની સ્ત્રી-સ્વજનો-અને છોકરાઓ સહિત, ચાંપવા લાગીને; તે બોલ્યો કે; ॥૪૩॥-શ્રુતદેવ-આપ પરમાત્મા પરમ પુરૂષનું દર્શન, અમે આજજ પામ્યા; એમ નથી. પણ જ્યારથી આપે પોતાની શક્તિ એટલે માયા થકી, આ વિશ્વને સરજ્યું છેઃ અને તેમાં, આત્મ સ્વરૂપવડે, પેઠેલા રહેલા છો; ત્યારથીજ અમને તો દર્શન થયેલું છેજ. ॥૪૪॥ જેમ ઉંઘી ગયેલો પુરૂષ પોતાના મનની માયાથીજ, સ્વપ્ન અવસ્થાના બીજા દેહને; અને તેને લગતી સર્વ ભાગતોને; સરજીને, જાણે તેમાં પેઠો હોય, એમ જણાવછે; તે રીતેજ આપ પણ માયાથી, વિશ્વને વિષે પેઠેલા સરખા જણાઓછો; પણ ખરૂં જોતાં તો, મૂળ થકીજ રહેલા છો.॥૪૫॥ સર્વદા આપનુંજ શ્રવણ કરનારા આપના વિશેજ બોલનારા-આપનુંજ પૂજન અને અભિવંદન કરનારા-નિર્મળ મનવાળા પુરૂષોને પણ, આપ હૃદયની અંદરજ ભાષ્યમાન થાઓછો.॥૪૬॥અને હૃદયને વિષે આપ રહેલાજ હોવા છતાં પણ, કર્મો થકી વિક્ષેપ પામેલા મનવાળાઓને, અત્યંત દૂરજ રહ્યા છોઃ તથા ઇંદ્રિયાદિકથી અને મનની શક્તિઓ થકી; આપ ગ્રહણ ન થઇ શકો, એવા હોવા છતાં, નિર્ગુણ પુરૂષોને; (એટલે કર્તા પણાનો અહંકાર તજીને પ્રભુઅર્પણ બુદ્ધિથી કર્મો કરનારાઓને;) આપ નજીકજ છો. ॥૪૭॥ એટલા માટે આપ; અધ્યાત્મ જ્ઞાનવાળાઓના પરમાત્માને-દેહાદિક અનાત્મ વસ્તુ વિષે, આત્મ બુદ્ધિ કરનારાઓના મૃત્યુ રૂપને-કારણ સૃષ્ટિ (મહા ભૂતો આદિક)ના, અને અકારણ અથવા કાર્ય સૃષ્ટિ (દૃશ્ય પદાર્થાદિક)ના પણ કારણ રૂપને-અને બીજાઓની દૃષ્ટિમાં ભેદ બુદ્ધિ કરાવનારી, પોતાની માયા થકી, નહીં લેપાનારા; આપ ભગવાનને-મારા નમસ્કાર છે. ॥૪૮॥ વળી પુરૂષોના

કરેલા, દ્રષ્ટિ આદિક વડે તેઓને આપ અનુગ્રહમાં આવના સૂધીજ રેહે છે; માટે હે ભગવાન, અમો આપના દાસને; કાંઈ પણ સેવા બતાવીને, આપ કૃતાર્થ કરો. ॥૪૮॥ —શ્રીશુક— તેનું એ રીતનું બોલવું; શરણાં ગતોના દુખને મટાડનારા ભગવાને, સાંભળીને; પોતાના હાથવડે તેનો હાથ ઝાલી, હસીને કહ્યું કે: —શ્રીભગવાન— હે બ્રાહ્મણ, આ મુનિઓ, તમારા ઉપર અનુગ્રહ કરવાને સારુંજ, આવેલા છે તમે જાણો; પોતાની ચરણરજથીજ, આખા લોકને પાવન કરતા; તેઓ ફરે છે. ॥૫૧॥ દેવતાઓ—ક્ષેત્રો—અને તીર્થો; દર્શન—સ્પર્શ—અને પૂજન કરવાવડે, ઘણો કાળ જતાં ધીમે ધીમેજ પવિત્ર કરી શકે છે; અને તેમ કરવામાં પણ, આવા અતિ પૂજ્ય લોકોની, તેમના તરફ નજર થવાવડેજ; તેઓ શક્તિમાન થઈ શકે છે. ॥૫૨॥ વળી આ જગતના સર્વ પ્રાણીઓમાં, બ્રાહ્મણો જન્મ વડેજ શ્રેષ્ઠ છે; અને તેઓ જો, તપ—વિદ્યા—સંતોષ—અને મારી કળાઓની, ઉપાસના કરનારા હોય તો; પછી તેમાં તો કશી મણાજ રેહેતી નથી. ॥૫૩॥ મારું આ ચાર હાથવાળું સ્વરૂપ પણ, બ્રાહ્મણો કરતાં મને વધુ પ્રિય નથી; બ્રાહ્મણો સર્વ વેદમય છે. અને હું સર્વ દેવમય છું. ॥૫૪॥ જડાં બુદ્ધિમાં હોવાનો આરોપ કરનારા—અને મૂર્તિ આદિકમાંજ પૂજ્ય બુદ્ધિ રાખનારા—દુષ્ટ બુદ્ધિના લોકો; એ રીતે ન સમજવાથી, મારું—ગુરૂઓનું—બ્રાહ્મણોનું—અને આત્માનું પણ; અપમાન કરે છે. ॥૫૫॥ બ્રાહ્મણોને મારું જ્ઞાન હોવાને લીધે, તેઓ પોતાના મનને વિશે; આ સ્થાવર જંગમ વિશ્વના સઘળા પ્રાણી પદાર્થોને, અને તેમનાં કારણોને પણ; મારાં સ્વરૂપજ જાણે છે. ॥ ૫૬ ॥ એટલા માટે, હે બ્રાહ્મણ; આ સર્વ બ્રહ્મ ઋષિઓને તમે, જેવી મારા વિશે શ્રદ્ધા રાખો છો; તેવીજ શ્રદ્ધા થકી, પૂજો; એટલે એમ કરવા થકી, મારુંજ પૂજન થશે; અને તેમ કરવા વિના, મારું પૂજન, ઘણા સર સામાનવડે પણ; થશે નહીંજ. ॥૫૭॥ —શ્રીશુક— એ પ્રમાણે ભગવાનના કહેવાથી, તે બ્રાહ્મણ, તથા મિથિલાનો રાજા બહુલાશ્વ; એ બંને જણાએ; કૃષ્ણ ભગવાન સહિત સર્વ મુનિઓની આરાધના, એક સરખા ભાવવડે કરીને; તે બંને જણ સદ્ગતિને પામ્યા. ॥૫૮॥ હે પરીક્ષિત,

॥४९॥ श्रीशुक० तदुक्तमित्युपाकर्ण्यभगवान्प्रणतार्तिहा॥ गृहीत्वापाणिनापाणिंप्रहसंस्तमुवाचह॥५०॥श्रीभग० ब्रह्मंस्तेऽनुग्रहार्थायसंप्राप्तान्विद्ध्यमून्मुनीन् ॥ संचरंतिमयालोकान्पुनंतःपादरेणुभिः ॥५१॥ देवाःक्षेत्राणितीर्थानिदर्शनस्पर्शनार्चनैः॥ शनैःपुनंतिकालेनतदप्यर्हत्तमेक्षया॥५२॥ ब्राह्मणोजन्मनाश्रेयान्सर्वेषांप्राणिनामिह॥ तपसाविद्ययातुष्ट्याकिमुमत्कलयायुतः ॥५३॥ नब्राह्मणान्मेदयितंरूपमेतच्चतुर्भुजंसर्ववेदमयोविप्रःसर्वदेवमयोह्यहं ॥५४॥ दुष्प्रज्ञाअविदित्वैवमवजानंत्यसूयवः॥ गुरुंमांविप्रमात्मानमर्चादाविज्यदृष्टयः॥५५॥ चराचरमिदंविश्वंभावायेचास्यहेतवः ॥ मद्रूपाणीतिचेतस्याधत्तेविप्रोमदीक्षया॥५६॥ तस्माद्ब्रह्मऋषीनेतान्ब्रह्मन्मच्छ्रद्धयाऽर्चय ॥ एवंचेदर्चितोऽस्म्यद्धानान्यथाभूरिभूतिभिः॥५७॥ श्रीशुक० सइत्थंप्रभुणादिष्टःसहकृष्णान्द्विजोत्तमान् ॥ आराध्यैकात्मभावेनमैथिलश्चापसद्गतिं ॥५८ एवंस्वभक्तयोराजन्भगवान्भक्तभक्तिमान् ॥ उषित्वादिश्यसन्मार्गंपुनर्द्वारवतीमगात् ॥५९॥ इ० भा० म० द० उ० श्रुतदेवानुग्रहोनामषडशीतितमोऽध्यायः ॥८६॥ परीक्षित० ब्रह्मन्ब्रह्मण्यनिर्देश्येनिर्गुणेगुणवृत्तयः॥ कथंचरंतिश्रुतयःसाक्षात्सदसतःपरे ॥१॥ श्रीशुक० बुद्धींद्रियमनःप्राणान्जनानामसृजत्प्रभुः॥ मात्राऽर्थंचभवार्थंचआत्मनेकल्पनायच ॥२॥ सैषाह्युपनिषद्ब्राह्मीपूर्वेषांपूर्वजैर्धृता ॥ श्रद्धयाधारयेद्यस्तांक्षेमंगच्छेदकिंचनः ॥३॥ अत्रतेवर्णयिष्यामिगाथांनारायणान्वितां ॥ नारदस्यचसंवादमृषेर्नारायणस्यच ॥४॥ एकदानारदोलोकान्पर्यटन्भगवत्प्रियः सनातनमृषिंद्रष्टुंययौनारायणाश्रमं ॥५॥ योवैभारतवर्षेऽस्मिन्क्षेमायस्वस्तयेनृणां ॥ धर्मज्ञानशमोपेतमाकल्पादास्थितस्तपः ॥६॥ तत्रोपविष्टंऋषिभिःकलापग्रामवासिभिः ॥ परीतंप्रणतोऽपृच्छदिदमेवकुरूद्वह ॥७॥ तस्मैह्यवोचद्भगवानृषीणांशृण्वतामिदं ॥ योब्रह्मवादःपूर्वेषांजनलोकनिवासिनां ॥८॥ श्रीभग० स्वायंभुवब्रह्मसत्रंजनलोकेऽभवत्पुरा ॥ तत्रस्थानांमानसानांमुनीनामूर्ध्वरेतसां ॥९॥ श्वेतद्वीपंगतवतित्वयिद्रष्टुंतदीश्वरं ॥ ब्रह्मवादःसुसंवृत्तःश्रुतयोयत्रशेरते ॥ तत्रहायमभूत्प्रश्नस्त्वंमांयमनुपृच्छसि ॥१०॥ तुल्यश्रुत

એ પ્રમાણે ભક્તોના ઉપર ભાવ રાખનારા ભગવાન કૃષ્ણે, પોતાના ભક્તોને સત્માર્ગનો ઉપદેશ, ત્યાં રહીને આપ્યો; અને તે પછી પાછા દ્વારકાં પધાર્યા. ॥૫૯॥ ઇતિશ્રી० ભા० દ० સ્કં० છ્યાસીમો અ०સં० ॥૮૬॥

અધ્યાય ૮૭ મો.—પરીક્ષિત—હે બ્રાહ્મણ, સાક્ષાત નિર્ગુણ અને નિર્દેશ ન કરી શકાય, એવા; તથા સત્ અને અસત્ બંને થકી પર એવા; બ્રહ્મને વિશે, ગુણોની વૃત્તિવાળી શ્રુતિઓ, (એટલે વેદ વચનો.) કેવી રીતે પ્રવર્તી શકે છે; તે કહો. ॥૧॥ —શ્રીશુક—સમર્થ ભગવાને લોકોને, તેમનો નિર્વાહ ચલાવવાનું સાધન થવા માટે—સંસારની ઘટમાળ ચાલવા કરવાને માટે—અને તેમને આત્મ સ્વરૂપનું જ્ઞાન થવાને, એટલે મોક્ષનું સાધન થવાને માટે;—તેઓને બુદ્ધિ, ઇંદ્રિયાદિક, મન, અને પ્રાણ; એ સર્વે સરજી આપેલાંછે.॥૨॥ એ સંબંધમાં ઉપનિષદની બ્રહ્મવિચાર સંબંધની બુદ્ધિ; જે આપણા પૂર્વજોના પૂર્વજ સનત્કુમારોએ, નિશ્ચય કરીને; ધારણ કરેલી છે. તેને શ્રદ્ધા સહિત, જેઓ ધારણ કરશે; તેઓ બીજી ગરબડ એટલે શુષ્ક તર્ક કરવા આદિક વિનાના થઈને; મોક્ષના અધિકારી થશે. ॥૩॥ એ બાબતમાંજ, નારાયણના સંબંધ વાળી નારાયણ ઋષિ અને નારદ મુનિ વચેના સંવાદ રૂપે; એક ગાથા કહેવાય છે. તેનું હું તમારી પાસે વર્ણન કરૂંછું. ॥૪॥ એકવાર લોકને વિશે ફરતા, ભગવાનના પ્રિય નારદજી, સનાતન ઋષિ નરનારાયણને જોવા સારૂં; નારાયણના આશ્રમમાં, ગયા હતા. ॥૫॥ કે જે નારાયણ ઋષિ, આ ભરતખંડમાં; લોકનું કલ્યાણ કરવા સારૂં. અને તેમને અભય દેવા સારૂં; ધર્મ—જ્ઞાન—અને શાંતિથી ભરેલું; મોટું, કલ્પ પર્યંતનું તપ; આચરે છે. ॥ ૬ ॥ હે રાજા કલાપ ગામમાં રેહેનારા મુનિઓથી વિંટાઈને બેઠેલા એ નારાયણ ઋષિને; નારદજીએ પ્રણામ કરીને. તમે મને હાલમાં પૂછો છો, તેવોજ સવાલ; ત્યાં પણ પૂછેલો હતો. ॥૭॥ ત્યારે ભગવાન નારાયણ ઋષિએ, બીજા સર્વ ઋષિઓ સાંભળતાં નારદજીને; પૂર્વે જન લોકવાસી, સનકાદિકોની વચ્ચે થયેલો; બ્રહ્મવાદ કહી સંભળાવ્યો હતો; તે નીચે પ્રમાણે છે. ॥ ૮ ॥ —શ્રીનારાયણ—હે બ્રહ્માના પુત્ર નારદ, પૂર્વે જન લોકમાં ત્યાં રહેનારા; અને બ્રહ્માના મન થકી ઉત્પન્ન થયેલા, બાળ બ્રહ્મચારી ચાર સનકાદિક મુનિઓની વચ્ચે; બ્રહ્મસત્ર થયો હતો. ॥ ૯ ॥ તમે જ્યારે શ્વેત દ્વીપમાં, ત્યાંના ઈશ્વરને જોવાને; ગયા હતા; ત્યારે અહીં જન લોકમાં, જેને વિશે બધી શ્રુતિ-

એનો સારી રીતે વિચારીને નિર્ગુણ થયેલો બ્રહ્મવાદ થયો હતો. અને ત્યાં; તમે મને હાલમાં જે પ્રશ્ન પૂછોછો, તેજ પ્રશ્ન પૂછાયલો હતો; ॥૧૦॥ ત્યારે તે સત્રમાં સમાન જ્ઞાન અને તપવાળા, તથા સરખાજ શીળ વાળા; તેમજ જેઓને શત્રુ-મિત્ર-અને મધ્યસ્થ સમાન છે, એવા; ચાર સનકાદિકોમાંથી, એક સનંદનને વક્તા કરાવીને; બાકીનાઓ, શ્રોતા બન્યા હતા. ॥ ૧૧ ॥-સનંદન- પોતેજ ઉત્પન્ન કરેલા આ જગતને, પોતામાંજ શમાવીને; પોતાની માયા શક્તિ સહિત, ઉંઘી ગયેલા પરમાત્માને: ઉઘવાનો અવધી પુરો થવાથી; બંદિજન વિગેરે અનુજીવીઓ પરોઢીએ આવીને, સારાં વખાણ ભરેલાં પરાક્રમો બોલી; ઉંઘી ગયેલા ચક્રવર્તી રાજાને, જેમ જગાડે છે: તેમ, ભગવાનને ઓળખાવનાર શ્રુતિઓ; નીચે પ્રમાણેનાં વચનો બોલીને, પરમાત્માને પણ જગાડે છે. ॥૧૨-૧૩॥-શ્રુતિઓ સર્વ પ્રકારનાં ઐશ્વર્યવાળા આપ, અજિત ભગવાન; દોષવાળા ગુણોમાં, સ્થાવર જંગમ સર્વ પ્રાણીઓને પકડનારી માયાનો નાશ કરીને; જયજયકાર પામો. સર્વ શક્તિઓને પ્રગટતા આપનારા આપ, કદી કદી માયા શક્તિને ગ્રહણ કરીને વિચારોછો; એમ નિગમે એટલે વેદેજ, પ્રતિપાદન કરેલું છે. ॥૧૪॥ માટીથી બનેલા ઘટ આદિકનો નાશ થયા પછી, અને ઉત્પત્તિ થતા

અગાઉ; અવશેષપણે માટીજ રેહેવાની પેઠે; નાશવંત અને વિકારવાન, સઘળા ઇંદ્ર આદિક દેવતાઓ વિગેરે સર્વનો; નાશ થયા પછી, અને ઉત્પત્તિ થતા પહેલાં; અવશેષ રેહેનાર, આપ મહાત્માનેજ; વેદમાં, તે તે દેવતાઓ વિગેરેનાં નામો લેવાવડે; જણાવવામાં આવેલા છે. અને એમ કરવાવડે, જેમ પૃથ્વી ઉપરના હરકોઇ પદાર્થ ઉપર, મનુષ્યોએ મૂકેલું પગલું; પૃથ્વી ઉપરજ મૂકેલું ગણાય છે તેમ; એ વેદ મંત્રનાં વચનોનું તાત્પર્ય, આપ ભગવાનનેજ લાગુ પાડેલું છે; તેમાં કાંઇ ખોટું નથીજ. ॥ ૧૫ ॥ અને તે વળીજ આપ ત્રણે લોકના અધિપતિની, સર્વ લોકના પાપને મટાડનારી કથાઓના અમૃતમય સમુદ્રમાં નાહીને; વિવેકી પુરૂષો, તેમના સર્વ પ્રકારના તાપોને નાંખી દે છે. તો પછી આપના આત્મ સ્વરૂપના જ્ઞાન વડે, મનના અને કાળના ગુણો નાશ પામેલા; તથા અખંડિત સુખના અનુભવરૂપ; આપના પરમપદને, ભજનારા; પુરૂષોને, તેમ થાય; એમાં તો વાંધોજ શો ! ॥૧૬॥ માટે જેના અનુગ્રહ થકી, મહતત્વ (વિશ્વરૂપ અંડ) અને અહંતત્વ (પ્રત્યેક શરીર રૂપ અંડ) આદિક અંડો એટલે શરીરો સરજાય છે, અને અન્નમય આદિક પાંચ (અન્ન-પ્રાણ-મન-વિજ્ઞાન-અને આનંદ; એ નામોવાળા.) કોશોમાં, જે સત્ અને અસત્ થકી

तपःशीलास्तुल्यस्वीयारिमध्यमाः ॥ अपिचक्रुःप्रवचनमेकंशुश्रूषवोऽपरे ॥११॥ सनंदन०स्वसृष्टमिदमापीयशयानंसहशक्तिभिः॥ तदंते बोधयांचक्रुस्तल्लिंगैःश्रुतयःपरं ॥१२॥ यथाशयानंसम्राजंबंदिनस्तत्पराक्रमैः॥ प्रत्यूषेऽभ्येत्यसुश्लोकैर्बोधयंत्यनुजीविनः ॥१३॥ श्रुतय० जयजयज [illegible] जितदोषगृभीतगुणांत्वमसियदात्मनासमन [illegible] गः ॥ अगजगदोकसामखिलशक्त्यवबोधकतेक्वचिदजयात्मना चचरतोऽनुचरेन्निगमः ॥१४॥ बृहदुपलब्धमेतदवयंत्यवशेषतयायतउदयास्तमयौविकृतेर्मृदिवाविकृतात् ॥ अतऋषयोदधुस्त्वयिमनोवचनाचरितंकथमयथाभवंतिभु [illegible] निनृणां ॥१५॥इतितवसूरयस्त्र्यधिपतेऽखिललोकमलक्षपणकथाऽमृताब्धिमवगाह्यतपांसिजहुः॥ किमुतपुनः स्वधामविधुताशयकालगुणाः परमभजंतियेपदमजस्रसुखानुभवं ॥१६॥ दृतयइवश्वसंत्यसुभृतोयदितेऽनुविधामहदहमादयोंऽडमसृजन्यदनुग्रहतः ॥ पुरुषविधोऽन्वयोऽत्रचरमोऽन्नमयादिषुयःसदसतःपरंत्वमथयदेष्ववशेषमृतं ॥१७॥ उदरमुपासतेयऋषिवर्त्मसुकूर्पदृशःपरिसरपद्धतिंहृदयमारुणयोदहरं ॥ ततउदगादनंततवधामशिरःपरमंपुनरिहयत्समेत्यनपतंतिकृतांतमुखे ॥१८॥ स्वकृतविचित्रयोनिषुविशन्निव [illegible] तयातरतमतश्चकास्स्यनलवत्स्वकृतानुकृतिः ॥अथवितथास्वमूष्ववितथंतवधामसमंविरजधियोऽन्वयंत्यभिविपण्यवएकरसं ॥१९॥ स्वकृतपुरेष्वमीष्वबहिरंतरसंवरणंतवपुरुषंवदंत्यखिलशक्तिधृतोंऽशकृतं ॥ इतिनृगतिंविविच्यकवयोनिगमावपनंभवतउपासतेंऽघ्रिमभवंभुविविश्वसिताः ॥२०॥ दुरवगमात्मतत्त्वनिगमायतवात्ततनोश्चरितमहामृताब्धिपरिवर्तपरिश्रमणाः॥ नपरिलषंतिकेचिदपवर्गमपीश्वरतेचरणसरोजहंसकुलसंगविसृष्टगृहाः ॥२१॥ त्वदनुपथंकुलायमिदमात्मसुहृत्प्रियवच्चरतितथोन्मुखेत्वयिहितेप्रियआत्मनि

પર, તથા તેમને વિશે છેવટે ખરી વસ્તુરૂપે, અવશેષ રેહેનારા;અને અન્વય ન્યાયથી પુરૂષ નામ થકી,ઓળખાયેલા છો; તે આપ ભગવાનની ભક્તિ, જે પ્રાણીઓ કરતા નથી; તેઓ ધમણોના સરખાજ, મિથ્યા શ્વાસ લેનારા છે. ॥ ૧૭ ॥ રૂષિઓના માર્ગોમાં સૂક્ષ્મ દ્રષ્ટિવાળા કૂર્પદૃશ એટલે શાર્ક વિગેરે વંશના રૂષિઓ, આપને ઉદરને વિશે રહેલા જાણીનેજ, ઉપાસે છે; અને તેથી જરા ઉંચી નજરવાળા, અરૂણ વંશના રૂષિઓ; આપને નાડીઓના પ્રસરણવાળા, હૃદયમાં રહેલાજ જાણે છે; તથા બીજાઓ, તેથી ઉપર ઉપર અનેક સ્થાનોમાં; આપના ધામની કલ્પના કરતાં કરતાં; છેવટે કેટલાએકો; માથાની અંદરના બ્રહ્મરંધ્રને, (તાળવાને) આપનું પરમ પવિત્ર સ્થાન કહે છે; કે જે સ્થાનને પામવા થકી, તે પામનારને; સર્વનો અંત આણનાર કાળના મુખ રૂપ, સંસારમાં ફરીથી પડવું પડતુંજ નથી. ॥૧૮॥ વળી પોતાનાંજ બનાવેલાં અનેક શરીરોમાં, તેમના મૂળ કારણ રૂપે રેહેનારા-અને જેમ અગ્નિ પોતાથી થયેલાં લાકડાં આદિકને વિશે, તેવીજ આકૃતિઓવાળા જણાય છે; તે રીતેજ, જે તે શરીરોને વિશે, તેમના સરખાજ જણાનારા-તથા એ નાશ પામી જનારાઓને વિશે, રહ્યા છતાં, નાશ નહીં પામનારા-એવા આપ ભગવાનના સ્વરૂપને; કર્મ ફળોને નહીં ભોગવનાર નિર્મળ બુદ્ધિવાળા લોકોનો,

સમાન-અને એકરસ એટલે સર્વકાળ એક સરખાજ રેહેનારા-જાણે છે. ॥૧૯॥ અને આપ સર્વ શક્તિમાન ભગવાનનોજ અંશ, (એટલે ઇશ્વરના સરખોજ,) પુરૂષ, (એટલે જીવપણું,) હોવા છતાં, તે આપનાં બનાવેલાં શરીરો થકી વિરક્ત ન રહી શકતાં, તેમની અંદર આસક્તિવાન થાય છે; તેથી, એ રીતે શરીરોમાં આસક્તિવાન થવા થકીજ; તે, "જીવ" એ નામથી કહેવાય છે. માટે "જીવપણું"નો, એ રીતે નિશ્ચય કરનારા વિદ્વાન લોકો; સંસારને મટાડનારા આપના ચરણ કમળની ઉપાસના, વિશ્વાસ રાખીને કરે છે; અને વેદમાં કરવાને ફરજ પાડેલાં, સર્વ કર્મો પણ; તેઓ ઇશ્વરાર્પણ બુદ્ધિ વડેજ કરે છે. ॥૨૦॥ નિગમ એટલે વેદ વિગેરે શાસ્ત્રો, પણ જેને સ્પષ્ટપણે જણાવી શકતાં નથી; એવા આત્મારૂપી આપ ભગવાને, અવતારો ધરીને કરેલાં ચરિત્રોરૂપી મોટા અમૃતથી ભરેલા સમુદ્રમાં; નહાવા થકી, શ્રમ રહિત થયેલા; કેટલાક સમર્થ પુરૂષો તો, ઘર આદિકનો ત્યાગ કરીને; હંસોના કુળ રૂપ, આપના ભક્તોના સંગ થકીજ; આપના ચરણ કમળનું સેવન કરવા ઉપરાંત; જન્મ મરણનો છેડો લાવનારા મોક્ષ પદની પણ, ઇચ્છા કરતા નથીજ. ॥૨૧॥ વળી આપના માર્ગને વિશે ચાલતા સારૂંજ, સુહૃદ અને પ્રિયની પેઠે વર્તનારાં; આ શરીર અને બુદ્ધિ જેને મળેલાં છે, તથા પ્રિય આ-

નોશ. આપ ભગવાન પણ, તેને અનુભવ એટલે કિન ક્રિયાકાર છે; છતાં, જેઓ આની વિષે રમતા નથી; તથા, જેઓ નીચ શરીરોને પામવાનું થઈને, ભયું ભયવાળા સંસારમાં ભટકવું પડે છે; તે સ્ત્રી—પુત્ર—અને ધન આદિક અસત્ પદાર્થોમાંજ, જેઓ રમ્યા કરે છે; તેઓ પોતેજ પોતાનો, ઘાત કરનારા છે. વળી પ્રાણ—મન—અને ઇંદ્રિયો આદિકને વશ કરીને, દૃઢયોગ કરનારા મુનિઓએ; હૃદયને વિષેજ ઉપાસેલા, આપના ચરણ કમળને; મોટા સાપના શરીર જેવા, આપના ભુજદંડને વિષે, આસક્ત થયેલ બુદ્ધિવાળી સ્ત્રીઓ; (ગો-પીઓ આદિક) અને આપના વિષે શત્રુ ભાવ રાખનારા પુરુષો (શિશુપાળ આદિક) પણ; તે તે પ્રકારે, માત્ર આપનું સ્મરણ કરવાથીજ; આપને પામી ગયેલાં છે; તેથી આપના એજ ચરણ કમળને બરાબર રીતે જાણીને, તેને સારી રીતે ધારણ કરનારી; અમે (શ્રુતિઓ) પણ, તેમના સરખાંજ ઉદ્ધાર છીએ. ॥૨૩॥ અધ્યાત્મિક અને અધિદૈવિક, એ બંને પ્રકારના દેવતાઓના મધ્યે; અને તે સર્વથી પ્રથમ થનાર બ્રહ્મા; એ સઘળાની ઉત્પત્તિ અને લય જેમાં થાય છે, એવા; સર્વથી પેહેલા, અને આદિ અંત રહિત આપ; જ્યારે સર્વને પોતામાં આકર્ષણ કરી લેઇને (પ્રલય વખતે) પોઢોછો; ત્યારે સત્ અને અસત્—કાળનો વેગ—પ્રાણ

અને ઇંદ્રિયાદિક —તથા શાસ્ત્ર આદિક—કાંઇએ હોતું નથી; એવા આપને, યથાસ્થિત રીતે જાણનાર; અ-હીંયાં કોણ હોય. ? ॥૨૪॥ વળી આપના જ્ઞાનમય સ્વરૂપને વિષે, ભેદાભેદ નહીં હોવા છતાં; આપ ત્રિગુણમય પુરુષ હોવાની, ખોટી સમજણથી; અને ત્રિગુણનો આરોપ કરનારી, ભેદ બુદ્ધિ થકીજ; આપના સ્વરૂપ બ-દલ, એ ભુલા પડેલા લોકો; જુદી જુદી રીતે, ઉપદેશ કરવા લાગેલા છે; જેમકે "વૈશેષિકો," તેને જન્મેલું અને અસત્ કહે છે. "યોગ શાસ્ત્રવાળાઓ," સત્ કહે છે. "ન્યાયવાળાઓ," દુઃખાદિકના નાશનેજ મોક્ષ અથવા આપનું સ્વરૂપ કહે છે. "સાંખ્ય વાળાઓ," આત્માને અને પરમાત્માને ભિન્ન કહે છે. "અને મી-માંસાવાળાઓ," કર્મોનેજ સત્ય કહે છે. (અર્થાત આપનું સ્વરૂપ, મન—વાણી—અને ઇંદ્રિઓથી અગમ્ય હો-વાથી; કોઇ પણ, ખરૂં નહીં જાણતાં; આંધળાઓએ હાથી જોવાની પેઠે, જેને જેમ લાગ્યું; તેમ કહી બતાવા-નુંજ, સમજાય છે.) ॥૨૫॥ તેમજ આ ત્રિગુણાત્મક જગત, અસત્ હોવા છતાં; માત્ર મન થકીજ સત્ સરખું મના-વાનું કહેવાય છે; અને આપના આત્મ સ્વરૂપને વિષેજ, એ સઘળું જગત સત્ સરખું. મનવડેજ ઉપજ્યે-લાનું; આત્મજ્ઞાની પુરુષો જાણે છે. સોનાના વિકાર રૂપ કુંડળ આદિકને, તેમને સોનુંજ હોવાનું જાણનારાઓ,

च ॥ नवतरमंत्यहोअसदुपासनयात्महनोयदनुसयाभ्रमंत्युरुभयेकुशरीरभृतः ॥२२॥ निभृतमरुन्मनोऽक्षदृढयोगयुजोहृदियन्मुनयउपास
तेतदरयोऽपिययुःस्मरणात् ॥ स्त्रियउरगेंद्रभोगभुजदंडविषक्तधियोवयमपितेसमाःसमदृशोंऽघ्रिसरोजसुधाः ॥२३॥ कइहनुवेदबतावरज
न्मलयोऽग्रसरंयतउदगादृषिर्यमनुदेवगणाउभये ॥ तर्हिनसन्नचासदुभयंनचकालजवःकिमपिनतत्रशास्त्रमवकृष्यशयीतयदा ॥२४॥ ज
निमसतःसतोमृतिमुतात्मनियेचभिदांविपणमृतंस्मरंत्युपदिशंतितआरुपितैः ॥ त्रिगुणमयःपुमानितिभिदायदबोधकृतात्वयिनततःपरत्रस
भवेदवबोधरसे ॥२५॥ सदिवमनस्त्रिवृत्त्वयिविभात्यसदामनुजात्सदभिमृशंत्यशेषमिदमात्मतयात्मविदः ॥ नहिविकृतिंत्यजंतिकनकस्य
तदात्मतयास्वकृतमनुप्रविष्टमिदमात्मतयाऽवसितं ॥२६॥ तवपरियेचरंत्यखिलसत्त्वनिकेततयातउतपदाक्रमंत्यविगणय्यशिरोनिरृतेः ॥
परिवयसेपशूनिवगिराविबुधानपितांस्त्वयिकृतसौहृदाःखलुपुनंतिनयेविमुखाः ॥२७॥ त्वमकरणःस्वराडखिलकारकशक्तिधरस्तवबलिमुद्व
हंतिसमदंत्यजयाऽनिमिषाः ॥ वर्षभुजोऽखिलक्षितिपतेरिवविश्वसृजोविदधतियत्रयेत्वधिकृताभवतश्चकिताः ॥२८॥ स्थिरचरजातयःस्युर
जयोत्थनिमित्तयुजोविहरउदीक्षयायदिपरस्यविमुक्ततः ॥ नहिपरमस्यकश्चिदपरोनपरश्चभवेद्वियतइवापदस्यतवशून्यतुलांदधतः ॥२९॥
अपरिमिताध्रुवास्तनुभृतोयदिसर्वगतास्तर्हिनशास्यतेतिनियमोध्रुवनेतरथा ॥ अजनिचयन्मयंतदविमुच्यनियंतृभवेत्सममनुजानतांयद
मतंमतदुष्टतया ॥३०॥ नघटतउद्भवःप्रकृतिपूरुषयोरजयोरुभययुजाभवंत्यसुभृतोजलबुद्बुदवत् ॥ त्वयितइमेततोविविधनामगुणैःपरमेसरि
तइवार्णवेमधुनिलिल्युरशेषरसाः ॥३१॥ नृषुतवमायया भ्रममीष्ववगत्यभृशंत्वयिसुधियोऽभवेदधतिभावमनुप्रभवं ॥ कथमनुवर्ततांभव

જેમ તજતા નથી; તેમજ, પોતે કરેલા આ સઘળા જગતને વિષે આત્મ સ્વરૂપે રહેલા આપજ; સત્ય જ-ણાઓછો. ॥૨૬॥ એ રીતે સર્વ પ્રાણી આદિને વિષે, આપને રહેલા જાણીને; જેઓ આપને વિષેજ સુહૃદ પણું, અને ભક્તિ કરે છે; તેઓ મૃત્યુનો તિરસ્કાર કરીને, તેના માથા ઉપર પગ મુકીને ચાલ્યા જનારા; તથા બીજાઓને પણ, પવિત્ર કરનારા; થાય છે, પણ આપનાથી વિમુખ, એવા વિદ્વાનોને પણ; વેદ વાણી રૂપી, આપે બાંધી રાખેલા હોવાથી તેઓ; પોતાનેએ, પવિત્ર કરી શકતા નથીજ. ॥૨૭॥ આપ માયા શક્તિ-વડે, વિશ્વને સરજનારા ભગવાન; પોતે કાંઇજ ન કરતાં, ચક્રવર્તી રાજાની પેઠે; સર્વ કોઇની કર્તા પણાની શક્તિને, ધા-રણ કરનારાછો; તેથી ખંડપતિ (માંડલિક અથવા પરાવર્ત કિંવા ખંડિયા) રાજાઓ; ચક્રવર્તીને ખંડણી આપવા કર આપવાની પેઠેજ; આપનીજ શક્તિને પામેલા, દેવતાઓ વિગેરે; આપનાથી બીહીના રહીને, તેમણે કરેલા કર્મો રૂપ; તેઓ આપને કર આપવાને લીધે; તેમણે કરેલાં કર્મો; આપેજ, કરવા પ્રમાણે મળાયછે. ॥૨૮॥ તેથી આપ માયાપણી પર—અને સંગ રહિત પરમાત્માનીજ, માત્ર માયાની તરફ નજર થવા રૂપ, વિહાર થવા વડે; એ માયા થકી, પોત પોતાના પૂર્વ કર્મોના નિમિત્ત પ્રમાણે; સ્થાવર જંગમ પ્રાણીઓની જાતો, ઉત્પન્ન થાય છે. એવા—પરમ પોતાના વિનાના—

અને શૂન્ય સરખા આકાશના જેવા અસંગ—આપ પરમપુરુષ ભગવાનનું; અમે ધ્યાન કરીએ છીએ. ॥૨૯॥ દેહી (એટલે શરીરને ધારણ કરનાર આત્મા) જો અવિચળ અને સર્વગત હોવા છતાં, અસંખ્ય હોયતો; અજન્મા—નિયંતા—અને સર્વમય—તેમજ સર્વે થકી વિરક્ત—એવા; આપના થકી, તેમનું શાસન થવાના; આ ત્રણ નિયમને, બાધ લાગવા જેવું થાય છે; એમ કેહેનારાઓનો મત પણ, ખરો નથી. ॥૩૦॥ કેમકે પ્રકૃતિ અને પુરુષ એ બંનેના સ્વરૂપ ભૂત, એ દેહીઓને; જન્માદિક થતુંજ નથી. પણ ફક્ત એકલી માયાથકીજ, જેમ જળમાં પરપોટા સ્વાભાવિક પણે ઉત્પન્ન થાય છે; તેમ અનેક પ્રકારનાં નામ—રૂપ—અને ગુણોવાળા, તેઓ; આપના પરમ અદ્ભૂત આત્મ સ્વરૂપને વિષે, સર્વદા થયા કરે છે; અને મટી પણ, જાયા કરેછેજ; અને મધને વિષે સર્વ ફુલોના રસ સમાવાની પેઠેજ, આખરે પ્રલય સમયે પણ; એ નદીઓ સમાન દેહીઓ (દેહાત્માઓ); સમુદ્ર સમાન આપના, પરમ આત્મ સ્વરૂપમાંજ; પાછા ભળી જાય છે. ॥૩૧॥ માટે એ રીતે આપની માયા થકીજ, લોકને ભ્રમણ થવાનું જાણનારા; બુદ્ધિમાન પુરુષો તો, આપ સંસારનો ભય મટાડનારા ભગવાનને વિષે; નિરંતરજ પ્રીત રાખે છે. અને આપનું શરણ ન લેનારાઓનેજ, આપની ભમરો રૂપ કાળ થકી; ભય થવા

રહે છે; તેથી આપના વિષે એ રીતે પ્રીતિ રાખનારા પુરુષોને, સંસાર થવા રૂપ ભય થતોજ નથી. ॥૩૨॥ કે આત્મા, ઇંદ્રિઓ અને પ્રાણ વાયુ આદિને જીતનારાઓ થકી પણ; મન રૂપી અતિ ચંચળ ઘોડો, વશમાં લાવી શકાતો નથી; માટે આપ સર્વના ગુરુના, ચરણના આશ્રયનો ત્યાગ કરીને; જેઓ મનને વશ કરવાને, પ્રયત્ન કરે છે; તેઓ સુકાનીને સાથે નહીં રાખનારા, સમુદ્રમાંના વેપારીની પેઠે; સેંકડો દુખો થકી, પીડાઇ જઇને; તેના સાચા ઉપાયને ન જાણવાથી, ખેદનેજ પામેછે. ॥૩૩॥ એટલે સર્વ સુખ રૂપ આપ, આશ્રય કરવાને મળેલા છતાં; આપ સત્ સ્વરૂપને તજીને, જેઓ સ્ત્રી પુરુષનાં જોડાં સંબંધી સુખમાં પ્રીતિ રાખી; સ્વજન–પુત્ર–દેહ–સ્ત્રી–ધન–ધામ–પૃથ્વી–પ્રાણ–અને રથ આદિક સરસામાન વિગેરેનોજ, આશ્રય કરેછે; તેવાઓને, આ સ્વભાવે નાશ પામેલા સંસારમાંના; પોતાથીજ નાશ પામી જનારા કોઇ પદાર્થો, સુખ આપનાર થઇ શકતા નથી. ॥૩૪॥ અને તેથીજ, આપના ચરણ કમળને હૃદયમાં રાખનારા, મદ રહિત પુરુષો; કે જેમનું પગ ધોવાનું જળ, પાપોને મટાડનારૂં છે; તેવાઓ પણ; આ પૃથ્વી ઉપરનાં અત્યંત પવિત્ર તીર્થોમાં, અને ઋષિઓનાં આશ્રમોમાં ફરે છે; કારણ આપના સર્વદા સુખરૂપ આત્મસ્વરૂપમાં; જેનું મન એકવાર પણ પેસે છે,

તેઓનું મન; પુરુષોના સત્વને (એટલે વિવેક–સ્થિરતા–ધૈર્ય–અને ક્ષમાને)નાશ પમાડનારા; ઘર આદિકનું સેવન, ફરી વાર કરતુંજ નથી. ॥૩૫॥ આ જગત; સોનાથી થયેલું કુંડળ, સોનારૂપ હોવાની પેઠેજ; સત્વસ્તુ એવા આપનાથકી, થવાથી;સત્રૂપ હોવાનું, માનીએ તો; તેનો, તર્કવડે બાધ થવો નજોઇએ. પણ ચાર પ્રકારથી તર્કવડે,તેનો બાધ તો થાય છેજ; માટે, જગત અસત્જ હોવાછતાં; ભ્રમવડે સત્સરખું જણાયછે. (એચાર પ્રકારના તર્ક નીચે પ્રમાણે છે; ૧ પુત્ર પિતા થકી, થયેલો હોવા છતાં; પિતાથી પુત્ર જૂદો જણાવાની પેઠે, તેની ભિન્નતા જણાય છે. ૨ દોરડી થકીજ ઉત્પન્ન થનારો, સાપનો ભ્રમ થઇને; દોરડીજ સાપ રૂપે, જણાવા છતાં; સાપ સત્ નહોવાની પેઠે; આપ થકી બનતું જગત, આપને વિશે; ભ્રમવડે જણાવા છતાં, તે સત્ નથી. ૩ ખોટી રીતે ખરા માની લીધેલા ખોટા રૂપિઆ થકી, વ્યવહાર થવા છતાં; તે ખોટા રૂપિઓ ખરો થતો નથીજ; તેમજ અસત્ જગત થકી, વ્યવહાર થવા છતાં પણ; તે સત્ થતું નથીજ, ૪. અને ભૂત પ્રેતાદિકની ચાલી આવતી અંધપરંપરા, અસત્ હોવા છતાં; તેથી સુખ દુખાદિક, થવાની પેઠેજ; અસત્ જગત થકી પણ, સુખ દુખાદિક થતાં માનવાં પડે છે; છતાં તે અસત્જ છે.) અને એ પણ ખરૂં છે કે, કેટલાંક રૂઢી શ્રુતિનાં વેદ વચનો; કર્મો કરવાની શ્રદ્ધા

भयंतवयद्भ्रुकुटिःसृजतिमुहुस्त्रिणेमिरभवच्छरणेषुभयं ॥३२॥ विजितहृषीकवायुभिरदांतमनस्तुरगंयइहयतंतियंतुमतिलोलमुपायखिदः ॥ व्यसनशतान्विताःसमवहायगुरोश्चरणंवणिजइवाजसंत्यकृतकर्णधराजलधौ ॥३३॥ स्वजनसुतात्मदारधनधामधरासुरथैस्त्वयिसतिकिंनृणांश्रयतआत्मनिसर्वरसे ॥ इतिसदजानतांमिथुनतोरतयेचरतांसुखयतिकोन्विहस्वविहतेस्वनिरस्तभगे ॥३४॥ भुविपुरुपुण्यतीर्थसदनान्यृषयोविमदाउतभवत्पदांबुजहृदोऽघभिदंघ्रिजलाः ॥ दधतिसकृन्मनस्त्वयियआत्मनिनित्यसुखेनपुनरुपासतेपुरुषसारहरावसथान् ॥ ॥३५॥ सतइदमुत्थितंसदितिचेन्ननुतर्कहतंव्यभिचरतिक्वचक्वचमृषानतथोभययुक् ॥ व्यवहृतयेविकल्पइषितोऽधपरंपरयाभ्रमयतिभारतीतउरुवृत्तिभिरुक्थजडान् ॥३६॥ नयदिदमग्रआसनभविष्यदतोनिधनादनुमितमंतरात्वयिविभातिमृषैकरसे ॥ अतउपमीयतेद्रविणजातिविकल्पपथैर्वितथमनोविलासमृतमित्यवयंत्यबुधाः ॥ ३७ ॥ सयदजयात्वजामनुशयीतगुणांश्चजुषन्भजतिसरूपतांतदनुमृत्युमपेतभगः ॥ त्वमुतजहासितामहिरिवत्वचमात्तभगोमहसिमहीयसेऽष्टगुणितेऽपरिमेयभगः ॥३८॥ यदिनसमुद्धरंतियतयोहृदिकामजटादुरधिगमोऽसतांहृदिगतोऽस्मृतकंठमणिः ॥ असुतृपयोगिनामुभयतोऽप्यसुखंभगवन्ननपगतांतकादनधिरूढपदाद्भवतः ॥३९॥ त्वदवगमीनवेत्तिभवदुत्थशुभाशुभयोर्गुणविगुणान्वयांस्तर्हिदेहभृतांचगिरः ॥ अनुयुगमन्वहंसगुणगीतपरंपरयाश्रवणभृतोयतस्त्वमपवर्गगतिर्मनुजैः ॥४०॥ द्युपतयएवतेनययुरंतमनंततयात्वमपियदंतरांडनिचयाननुसावरणाः ॥ खइवरजांसिवांतिवयसासहयच्छ्रुतयस्त्वयिहिफलंत्यतन्निरसनेनभवन्निधनाः ॥ ४१॥ श्रीभग०इत्येतद्ब्रह्मणःपुत्राआश्रुत्यात्मानुशासनं ॥ सनंदनमथानर्चुःसिद्धाज्ञात्वात्मनोगतिं ॥४२॥ इत्य

વડે દબાયલા, અને ભેદ દ્રષ્ટિવાળા; જડ પુરુષોને, ભૂલાવામાં નાંખનારાં પણ કહેવાયલાં છે. ॥૩૬॥ આ જગત, આદિકાળે હતું નહીં; અને અંત્યકાળે પણ, રહેવાનું નથી; તેથી મધ્ય કાળમાં પણ તે, આપના એકરસ એટલે અવિકારી સ્વરૂપને વિશેજ; મિથ્યા પણે, માત્ર જોવામાંજ આવે છે; અને માટીમાંથી ઉત્પન્ન થનાર, જૂદા જૂદા પ્રકારનાં દ્રવ્યોની ઉપમા પણ; જગતને તે થકીજ અપાય છે; તો એવા અસત, અને મનના વિલાસ રૂપ જગતને; જેઓ સત્ માને છે; તેઓ મૂર્ખજ છે. ॥૩૭॥ તથા તેવાઓજ, અવિદ્યા યુક્ત દેહમાં રહીને, ગુણોને ભોગવવાવડે આત્મ સ્વરૂપના ઐશ્વર્ય થકી, રહિત થઇને; એ દેહ આદિક રૂપેજ, પોતાને માને છે; અને તે વડે મૃત્યુને, એટલે જન્મ મરણ થવા રૂપ સંસારને પામ્યા કરે છે; પણ આપ (ઇશ્વર) તો, આઠે મોટી સિદ્ધિઓથકી યુક્ત–અપરિમિત ઐશ્વર્યવાળા–અને મોટા મહિમાને પામેલાજ રહીને; સાપ જેમ પોતાની કાંચળીને પણ, તજીદે છે; તેમ, એ સર્વ માયાના ગુણો, દેહ આદિકને વિશે રહેલા છતાં; તેઓને નાંખી દીધેલાજ રહોછો. ॥૩૮॥ અને એ પેટની વેઠ કરનારા, તથા દુષ્ટ પુરુષો (દેહાદિકને વિશે અહંકાર કરનારાઓ) યત્ન કરનારા યતિઓ હોય, તો પણ; તેઓ પોતાના હૃદયમાં, ઉત્પન્ન થનારી; કામનાઓની વાસનાઓને, જડ મૂળમાંથી ઉખેડી નાંખી શકતા નથી, તેમજ કંઠમાંનાં ભૂલાયલા મણિની પેઠે; આપ ભગવાન તેમના હૃદયમાં રહેલા છતાં; તેઓને હાથ લાગતાજ નથી; અને તેથી તેઓ આ લોકમાં ઇચ્છિત સુખોને, મેળવતા પહેલાંજ, મૃત્યુને પામે છે; તથા પરલોકમાં દુખજ પામે છે. ॥ ૩૯ ॥ અને સંસારનો છેડો લાવનારા, આપ ભગવાનની મતિને પામેલા મનુષ્યોએ; પરંપરાથી યુગેયુગને વિશે ગવાતી, આપના સગુણ (અવતારો) ના સંબંધની કથાઓને; જ્યારે દેહ ધારીઓ પોતાના કાનની અંદર ભરવા વડે, આપને જાણે છે; ત્યારેજ તેઓ આપના થકી ઉત્પન્ન થનારા શુભ અને અશુભના; એટલે ગુણ અને દોષના અન્વયને, જાણનારા થતા નથી; (અર્થાત વિધિ નિષેધના અધિકારી થતા નથી.) ॥૪૦॥ એ રીતે, જેના વિશે આવરણો સહિત બ્રહ્માંડનો જથ્થો, આકાશમાં ઉડતા એક સામટા રજકણોની પેઠે; કાળચક્ર વડે, ફર્યા કરે છે; તે આપના સ્વરૂપને; સ્વર્ગાદિકના અધિપતિઓ પણ, જાણતા નથી; અને તે અનંત હોવાથકી, આપ પોતે પણ, તેના અંતને જાણતા નથી; એવા, અને જેમાં સર્વનો અંત થાય છે, એવા; સર્વના અવધીરૂપ, આપના સ્વરૂપ પદનેજ; શ્રુતિઓએ, બીજા સર્વનાં નામો લેઇ લેઇને; પછી આ નહીં, આ નહીં, એમ સર્વનો નકાર કરવાવડે; પરો-

સ્વરૂપે, (એટલે સાક્ષાત નહીં પણ તાત્પર્યવડે,) બોલીને; આપનેજ ગાયેલા છે. ॥૪૧॥—શ્રીનારાયણ—એ રીતે આત્મ સ્વરૂપને જાણીને સિદ્ધ થયેલા, બ્રહ્મપુત્રોએ; (સનક—સનત્કુમાર—અને સનાતને,) આ બ્રહ્મ નિરૂપણ સાંભળીને; સનંદનનું પૂજન કર્યું. ॥૪૨॥ વેદની શ્રુતિઓ—પુરાણો—અને ઉપનિષદોમાંથી; શોધી શોધીને એ રીતનો સાર; આપણા પૂર્વજોના પૂર્વજ—આકાશ માર્ગે ચાલનારા—અને મહાત્મા; સનકાદિકોએ કાઢેલો છે. ॥૪૩॥ માટે હે બ્રહ્મપુત્ર નારદ, તમે પણ હવે; આ, મનુષ્યોની કામનાઓને બાળી નાંખનારા, બ્રહ્મનિરૂપણને, શ્રદ્ધા સહિત ધારણ કરીને; પૃથ્વી ઉપર મરજી આવે ત્યાં ફરો. ॥૪૪॥—શ્રીશુક—હે પરીક્ષિત, એ પ્રમાણે નારાયણ ઋષિએ કહેલા બ્રહ્મનિરૂપણને, શ્રદ્ધાથી ગ્રહણ કરવાવડે; પૂર્ણ કામ થયેલા, એ નૈષ્ઠિક બ્રહ્મચારી નારદે; તે સાંભળેલું ધારણ કરીને, કહ્યું કે. ॥ ૪૫ ॥ "સર્વ પ્રાણીઓને મોક્ષ દેવા સારૂં, સુંદર કળા અવતારો ધરનારા—અને વિમળ કીર્તિવાળા કૃષ્ણ ભગવાન રૂપ આપને; મારા નમસ્કાર છે." ॥૪૬॥ એ રીતે આદિ ઋષિ નારાયણને, અને તેમના મહાત્મા શિષ્યોને પ્રણામ કરીને, નારદ મુનિ ત્યાંથી નીકળી; મારા સાક્ષાત પિતા દ્વૈપાયન ઋષિના આશ્રમમાં ગયા હતા. ॥૪૭॥ અને ત્યાં એ વેદવ્યાસે તેમનો સત્કાર કર્યા પછી, આસનનો સ્વીકાર કરીને; તેમણે, નારાયણના મુખથકી સાંભળેલું; આ સર્વ, વેદવ્યાસ પાસે વર્ણન કર્યું હતું. ॥૪૮॥ હે પરીક્ષિત રાજા, નિર્દેશ કરવાને અશક્ય, એવા નિર્ગુણ બ્રહ્મને વિશે; શ્રુતિઓ કેવે પ્રકારે પ્રવર્તે છે, એવો તમે કરેલો પ્રશ્ન બદલ; મેં તમારી પાસે આ રીતે વર્ણન કર્યું છે. ॥૪૯॥ માટે એ જીવ અને ઈશ્વર એવાં બે નામોવાળા—વિશ્વના દ્રષ્ટા—વિશ્વના આદિ, મધ્ય, ને અંતમાં હોવા છતાં, ન જણાનારા—જગતનાં શરીરોને સરજીને, તેમાં રહી; ને તે શરીરોને, પ્રવર્તાવનારા—ઉંઘી ગયેલો પુરુષ, પોતાના સ્વપ્નના દેહને ભૂલી જવાની પેઠે; આત્મ સ્વરૂપને ભૂલેલા પુરુષો, જેનું શરણ લેવાવડે; માયાને તજે છે; એવા—અને માયાને મટાડીને, એ રીતે નિર્ભય કરનારા—તથા પોતાના કૈવલ્ય એટલે મોક્ષ પદને પમાડનારા—ઋષિ—હરિ

शेपसमाम्नायपुराणोपनिषद्रसः ॥ समुद्धृतःपूर्वजातैर्व्योमयानैर्महात्मभिः ॥४३॥ त्वंचैतद्ब्रह्मदायादश्रद्धयात्मानुशासनं ॥ धारयंश्चरगांकामंकामानांभर्जनंनृणां ॥४४॥ श्रीशुक०एवंसऋषिणादिष्टंगृहीत्वाश्रद्धयात्मवान् ॥ पूर्णःश्रुतधरोराजन्नाहवीरव्रतोमुनिः ॥४५॥ नारद०नमस्तस्मैभगवतेकृष्णायामलकीर्तये ॥ योधत्तेसर्वभूतानामभवायोशतीःकलाः ॥४६॥ इत्याद्यमृषिमानम्यतच्छिष्यांश्चमहात्मनः ॥ ततोऽगादाश्रमंसाक्षात्पितुर्द्वैपायनस्यमे ॥४७॥ सभाजितोभगवताकृतासनपरिग्रहः ॥ तस्मैतद्वर्णयामासनारायणमुखाच्छ्रुतं ॥४८॥ इत्येतद्वर्णितंराजन्य : :प्रश्नःकृतस्त्वया ॥ यथाब्रह्मण्यनिर्देश्येनिर्गुणेपिश्रुतिश्चरेत् ॥४९॥ योऽस्योत्प्रे :क आदिमध्यनिधनेयोव्यक्तजीवेश्वरोयःसृष्ट्वेदमनुप्रविश्यऋ : : : :शास्तिताः ॥ यंसंपद्यजहात्यजामनुशयीसुप्तःकुलायंयथातंकैवल्यनिरस्तयोनिमभयंध्यायेदजस्रं ,रिं॥५०॥ इतिश्रीभागवतेम ,पुराणेदशमस्कंधेउत्तरार्धेनारदनारायणसंवादेवेदस्तुतिर्नामसप्ताशीतितमोऽध्यायः ॥८७॥

राजा०देवासुरमनुष्येषुयेभजंत्यशिवंशिवं ॥ प्रायस्तेधनिनोभोजानतुलक्ष्म्याःपतिंहरिं॥१॥एतद्वेदितुमिच्छामःसंदेहोऽत्रमहान्हिनः॥विरुद्धशीलयोःप्रभ्वोर्विरुद्धाभजतांगतिः॥२॥श्रीशुक०शिवःशक्तियुतःशश्वत्त्रिलिंगोगुणसंवृतः ॥ वैकारिकस्तैजसश्चतामसश्चेत्यहंत्रिधा ॥ ३ ॥ ततोविकाराअभवन्षोडशामीषुकिंचन॥ उपाधावन्विभूतीनांसर्वासामश्नुतेगतिं॥४॥ हरिर्हिनिर्गुणःसाक्षात्पुरुषःप्रकृतेःपरः ॥ ससर्वदृगुपद्रष्टातंभजन्निर्गुणोभवेत् ॥५॥ निवृत्तेष्वश्वमेधेपुराजायुष्मत्पितामहः॥शृण्वन्भगवतोधर्मानपृच्छदिदमच्युतं ॥६॥ सआहभगवांस्तस्मैप्रीतःशुश्रूषवेप्रभुः॥ नृणांनिःश्रेयसार्थाययोऽवतीर्णोयदोःकुले ॥७॥ श्रीभग०यस्याहमनुगृण्हामिहरिष्येतद्धनंशनैः॥ ततोऽधनंत्यजंत्यस्यस्वजनादुःखदुःखितं॥८॥ सयदावितथोद्योगोनिर्विण्णःस्याद्धनेहया ॥ मत्परैःकृतमैत्रस्यकरिष्येमदनुग्रहं ॥९॥ तद्ब्रह्मपरमंसूक्ष्मंचिन्मात्रंसदनंतकं॥ अतोमांसुदुराराध्यंहित्वाऽन्यान्भजतेजनः ॥१०॥ ततस्तआशुतोषेभ्योलब्धराज्यश्रियोद्धताः ॥ मत्ताःप्रमत्तावरदान्विस्मरंत्यवजा

ભગવાનનુંજ; તમે સર્વ કાળ ધ્યાન કરો. ॥૫૦॥ ઇતિ શ્રી૦ ભા૦ દશમા સ્કંધનો સત્યાશિમો અ૦ સં૦ ॥૮૭॥

અધ્યાય ૮૮ મો.—પરીક્ષિત—દેવ—દૈત્ય—અને મનુષ્યોમાં, જેઓ; સ્મશાનમાં વસનારા અને માણસોનાં માથાંની ખોપરીઓની માળાઓને પહેરનારા, સદાશિવને ઉપાસનારા છે; તેઓ ધનવાન તથા ભોગાદિકને ભોગવનારા થાય છે; અને લક્ષ્મીપતિ હરિ ભગવાનને ભજનારાઓ, ઘણું કરીને તેવા હોતા નથી. ॥૧॥ તો એ; એક શીળથકી, વિરુદ્ધ શીળવાળા પ્રભુઓને ભજનારાઓને; જેના તેના પ્રભુના શીળથકી, ઉલટા પ્રકારની સ્થિતિ થાયછે; તો તેમાં મને મોટો સંદેહ પડેછે. માટે તેમ થવાનું કારણ જાણવાને, હું ઇચ્છુંછું. ॥૨॥ —શ્રીશુક—વૈકારિક—તૈજસ—અને તામસ—એ ત્રણ પ્રકારની અહંકારની શક્તિઓથી યુક્ત થયેલા ઈશ્વર; સર્વદા એ ત્રણ ગુણોની નિશાનીવાળા, (એટલે વિષ્ણુ—બ્રહ્મા—અને રૂદ્ર એ,) નામોવાળા હોય છે. ॥ ૩ ॥ અને એ ત્રણે ગુણોમાંથી થયેલા, સોળે વિકારોના; જેના તેના ગુણોને લગતા વધુ અંશો, એ ત્રણે ગાઢાં સ્વરૂપવાળા પ્રભુઓમાં; વિશેષ ભાવે રહેલા છે. તેથી એઓની ઉપાસના કરનારાઓને, જે તે વિશેષ ગુણવાળા પ્રભુની, વિભૂતિઓનીજ; પ્રાપ્તિ થાય છે. (એટલે રૂદ્રને ભજનારને તમોગુણની વિભૂતિ ધનાદિકની અને વિષ્ણુને ભજનારને, સત્વગુણની વિભૂતિ શમદમાદિકનીજ પ્રાપ્તિ થાય છે; તે બરાબરજ છે.) ॥૪॥ તેથી નિર્ગુણ—સર્વને જાણનારા—ઉપદ્રષ્ટા—અને પ્રકૃતિથીપર—સાક્ષાત પુરુષ ભગવાન વિષ્ણુ હરિને, જેઓ ભજે છે; તેઓ નિર્ગુણજ થાય છે. ॥૫॥ તમારા દાદા યુધિષ્ઠિર રાજાનો અશ્વમેધ યજ્ઞ પૂરો થયા પછી, તેમણે ભગવત ધર્મો સાંભળતાં; આ બાબત વિશે અચ્યુત ભગવાનને, પૂછ્યું હતું. ॥૬॥ ત્યારે, મનુષ્યોનું કલ્યાણ કરવાને કાજે, યદુકુળમાં અવતરેલા; સમર્થ ભગવાન કૃષ્ણે, પ્રસન્નતાથી; સાંભળવાની ઇચ્છાવાળા, એ રાજાને કહ્યું હતું કે. ॥૭॥ —શ્રીભગવાન—જેના ઉપર અનુગ્રહ કરવાને હું ધારૂં છું. તેના ધન આદિકને હું, ધીરે ધીરે લઇ લઉંછું; તેથી નિર્ધન અને દુઃખીઆરા થયેલા, તે મનુષ્યને; પછીથી તેના સ્વજનો તજી દે છે. ॥૮॥ એટલે તે પછી ધન મેળવવાને માટે, તેણે કરેલા સર્વ ઉદ્યોગ નિષ્ફળ થવાથી, તેને વૈરાગ્ય ઉત્પન્ન થાય છે. અને ત્યારેજ, તે મારા ભક્તોની સાથે, મૈત્રિ કરે છે; પછી હું તેના ઉપર અનુગ્રહ કરૂંછું. ॥૯॥ તેથી હું પરબ્રહ્મ—પરમાત્મા—

અતિ સૂક્ષ્મ-ચિન્માત્ર-સત્-અને અનંતનું આરાધન કરવાનું, અતિ કઠિણ હોવાથી; લોકો મને નહીં ભજતાં, બીજા; બ્રહ્મા અને રુદ્ર આદિક દેવોને, ભજે છે. ॥२०॥ અને ઉતાવળેજ પ્રસન્ન થનારા તેઓ થકી, રાજ્ય લક્ષ્મી આદિકને પામેલા તેઓ; ઉન્મત્ત થઇને, પ્રમાદમાં પડી જઇને; પોતાને વરદાન આપનારને પણ, ભૂલી જઇ; તેમના સુદ્ધાંનું, અપમાન કરવા લાગે છે. ॥૧૧॥ -શ્રીશુક-હે પરીક્ષિત, શ્રાપ અને વરદાન દેવાને સમર્થ; બ્રહ્મા-વિષ્ણુ-અને સદાશિવ-એ ત્રણેમાં; શ્રાપ અને વરદાન વેહેલા આપનારા, બ્રહ્મા અને સદાશિવ બને છે; પણ અચ્યુત એટલે વિષ્ણુ તેવા નથી. ॥૧૨॥ એ બાબતમાંજ, વૃકાસુરને વરદાન આપીને; સદાશિવ સંકટમાં પડયા હતા, એક જુનો ઇતિહાસ કહેવામાં આવે છે. ॥૧૩॥ શકુનિના દુષ્ટ બુદ્ધિવાળા પુત્ર વૃકાસુરે, રસ્તે જતાં નારદને દેખી; તેમને પૂછયું કે, "ત્રણ મોટા દેવોમાં, ઉતાવળો પ્રસન્ન થનાર કોણ છે." ॥૧૪॥ ત્યારે નારદે તેને કહ્યું કે; "અલ્પ ગુણ તથા દોષવડે પણ પ્રસન્ન થનાર, તેમજ કોપ કરનાર, તથા બંદિજનની પેઠે સ્તુતિ કરનાર, રાવણ અને બાણાસુરને અતુલ્ય ઐશ્વર્ય આપીને; પછી, પોતેજ મોટા સંકટમાં પડનારા દેવ, સદાશિવનીજ તું ઉપાસના કરય; એટલે જલદીથી સિદ્ધિને પામીશ." ॥૧૫-૧૬॥ એ રીતે કહેવાથી, તે અસુર કેદાર ક્ષેત્રમાં જઇને; પોતાના શરીરનું માંસ કાપી કાપીને, સદાશિવના મુખ રૂપ અગ્નિમાં હોમવાવડે; સદાશિવનું પૂજન કરવા લાગ્યો. ॥૧૭॥ અને સદાશિવનું દર્શન નહીં પામેલો તે, સાતમે દિવસે નિર્વેદ પામીને; તીર્થના જળમાં ભિંના થયેલા વાળ વાળું પોતાનું માથું, ફરસીઆવડે; કાપવા લાગ્યો. ॥૧૮॥ ત્યારે જેમ તમારા યજ્ઞના કુંડના અગ્નિમાંથી, ભગવાન પ્રકટ થયા હતા; તેમ તેના કુંડના અગ્નિમાંથી, દેહ ધારી અગ્નિની પેઠેજ, સદાશિવે નીકળીને; પોતાને હાથે તેના હાથ, ઝાલી લઇને, તેને અટકાવ્યો; એટલે સદાશિવનો સ્પર્શ થવાથી, તે પાછો હતો તેવોજ; થઇ ગયો. ॥૧૯॥ પછી તેમણે તેને કહ્યું કે; "હે અંગ હવે ઘણું થયું, તું મારી પાસે ઇચ્છિત વરદાન માગ્ય; હું તને આપુંછું. મારું શરણ લેનારાં મનુષ્યોના ઉપર, ફક્ત તેમણે પાણી અર્પણ કરવાવડે પણ; હું પ્ર-

नते॥११॥ श्रीशुक०शापप्रसादयोरीशाब्रह्मविष्णुशिवादयः॥ सद्यः[शा]पप्रसादोऽगशिवोब्रह्मानचाच्युतः॥१२॥ अत्रचोदाहरंतीममिति
[हासं]पुरातनं। वृकासुरायगिरिशोवरंदत्वाऽऽपसंकटं॥१३॥ वृकोनामासुरःपुत्रःशकुनेःपथिनारदं॥ दृष्ट्वाशुतोषंपप्रच्छदेवेषुत्रिषुदु[र्म]तिः॥१४
सआहदेवंगिरि[श]मुपाधावाशुसिध्यति॥ योऽल्पाभ्यांगुणदोषाभ्यामाशुतुष्यतिकुप्यति॥१५॥ दशास्यबाणयोस्तुष्टःस्तुवतोर्बंदिनोरिव॥
ऐश्वर्यमतुलंदत्वाततआपसुसंकटं॥१६॥ इत्यादिष्टस्तमसुरउपाधावत्स्वगात्रतः॥ केदारआत्मक्रव्येणजुव्हानोऽग्निमुखंहरं॥१७॥ देवो
पलब्धिमप्राप्यनिर्वेदात्सप्तमेऽहनि॥ शिरोऽवृश्चत्स्वधितिनातत्तीर्थक्लिन्नमूर्धजं॥१८॥ तदामहाकारुणिकःसधूर्जटिर्यथावयंचाग्निरिवो
त्थितोऽनलात्॥ निगृह्यदोर्भ्यांभुजयोर्न्यवारयत्तत्स्पर्शनाद्भूयउपस्कृताकृतिः॥१९॥ तमाहचांगालमलंवृणीष्वमेयथाऽभिकामंवितरामि
तेवरं॥ प्रीयेयतोयेन[नृ]णांप्रपद्यतामहोत्वयात्माभृ[श]मर्द्यतेवृथा॥२०॥ देवंसवव्रेपापीयान्वरंभूतभयावहं॥ यस्ययस्यकरंशीर्ष्णिधास्येस
म्रियतामिति॥२१॥ तच्छ्रुत्वा भगवान्रुद्रोदुर्मनाइवभारत॥ ओमितिप्रहसंस्त[स्मै]ददेऽहेरमृतंयथा॥२२॥ इत्युक्तःसोऽसुरोनूनंगौरीहरण
लालसः॥ सतद्वरपरीक्षार्थंशंभोर्मूर्ध्निकिलासुरः॥२३॥ स्वहस्तंधातुमारेभेसोऽबिभ्यत्स्वकृताच्छिवः॥ तेनोपसृष्टःसंत्रस्तःपराधावन्सवे
पथुः॥ यावदंतंदिवोभूमेःकाष्ठानामुदगादुदक्॥२४॥ अजानंतःप्रतिविधिंतूष्णीमासन्सुरेश्वराः॥ ततोवैकुंठमगमद्भास्वरंतमसःपरं॥२५॥
यत्रनारायणःसाक्षान्न्यासितांपरमागतिः॥ शांतानांन्यस्तदंडानांयतोनावर्ततेगतः॥२६॥ तंतथाव्यसनंदृष्ट्वाभगवान्वृजिनार्दनः॥ दूरात्प्र
त्युदियाद्भूत्वाबटुकोयोगमायया॥२७॥ मेखलाजिनदंडाक्षैस्तेजसाऽग्निरिवज्वलन्॥ अभिवादयामासचतंकुशपाणिर्विनीतवत्॥२८॥ श्री
भग०शाकुनेयभवान्व्यक्तंश्रांतःकिंदूरमागतः॥ क्षणंविश्रम्यतांपुंसआत्माऽयंसर्वकामधुक्॥२९॥ यदिनःश्रवणायालंयुष्मद्व्यवसितंविभो
॥ भण्यतांप्रायशःपुंभिर्धृतैःस्वार्थान्समीहते॥३०॥ श्रीशुक०एवंभगवतापृष्टोवचसाऽमृतवर्षिणा॥ गतक्लमोऽब्रवीत्तस्मैयथापूर्वमनुष्ठितं

સન્ન થાઉંછુંજ. માટે તું તારા શરીરને ફોકટમાંજ, ઘણું દુખ આપે છે." ॥૨૦॥ ત્યારે તેણે, પ્રાણીઓને ભય ઉત્પન્ન કરનારું, પાપિષ્ટ વરદાનજ સદાશિવ પાસે માગ્યું કે; "હું જેને જેને માથે હાથ મૂકું, તે મરી જાય." ॥૨૧॥ હે ભરતવંશી રાજા, તે સાંભળવાથી ભગવાન સદાશિવ કચવાયલા જેવા થઇને; સાપને અમૃત દેવાની પેઠે, હસીને; "સારૂં" એમ કહ્યું. ॥૨૨॥ પછી એ રીતનું વરદાન પામેલા તે દૈત્યે, પાર્વતીનું હરણ કરવાની લાલચથી; એ વરદાનની પરીક્ષા માટે, મહાદેવના માથા ઉપરજ; હાથ મૂકવાનું આરંભ્યાને, તે પાસે આવવા લાગ્યાથી બીન્હેલા સદાશિવ; એ પોતે કરેલા કામથીજ, ત્રાસ પામીને; ધ્રુજતા, સ્વર્ગ અને પૃથ્વીના અંત સુધી તથા દિશાઓમાં; આ છેડાથી પેલા છેડા સુધી, દોડવા લાગ્યા. ॥૨૩-૨૪॥ ત્યારે તેના સામા ઉપાયને નહીં જાણનારા, દેવતાઓના અધિપતિઓ કશું ન બોલવાથી; તે, પછીથી અંધકાર રહિત અને અત્યંત પ્રકાશિત વૈકુંઠ લોકમાં ગયા. ॥૨૫॥ કે જ્યાં અતિ શાંત-અને સર્વને અભય દેનારા; અને પરમહંસ સન્યાસીઓના પરમગતિ રૂપ, સાક્ષાત નારાયણ ભગવાન રહે છે; અને જ્યાં ગયેલાને, પાછું ફરવું પડતુંજ નથી. ॥૨૬॥ ત્યારે સદાશિવને આવીતનું કષ્ટ પ્રાપ્ત થયેલ દેખી; સર્વનાં દુખોને મટાડનારા ભગવાને પોતે, પોતાની યોગમાયાનો આશ્રય કરીને; મેખલા-મૃગચર્મ-દંડ-અને રુદ્રાક્ષની માળા ધરનારા-હાથમાં ડાભ લીધેલા-તથા તેજવડે અગ્નિ જેવા પ્રકાશતા; નાના બટુક રૂપે થઇ, દૂરથી તે દૈત્યની સામા જઇને; વિનયવાળાની પેઠે, તેને અભિવાદનાં વચનો કહ્યાં કે; ॥૨૭-૨૮॥-શ્રીભગવાન-હે શકુનિના પુત્ર, તમે દૂરથી આવવાથી, થાકેલા સ્પષ્ટ જણાઓછો; આ શરીર પુરૂષોને સર્વ કામનાઓ પરિપૂર્ણ કરનાર હોવાથી, થોડીવાર પણ વિસામો લેવો પરિત છે. ॥૨૯॥ અને હે સમર્થ, તમારા ધારેલાને સાંભળવાને, જો અમે યોગ્ય હોઇયે; તો તે કહો. કેમકે બીજાઓની સલાહ લીધાથીજ, પુરૂષો ઘણું કરીને; પોતાના સ્વાર્થો સિદ્ધ કરતા આવેલા છે. ॥૩૦॥-શ્રીશુક-એ રીતે ભગવાને અમૃત વરસાવનારી વાણીવડે, પૂછવાથી; થાક રહિત થયેલા તેણે, પોતે પ્રથમથી જે રીતે કર્યું હતું; તે સઘળું તેમને કહ્યું. ॥૩૧॥-શ્રીભગવાન-જો એમજ છે, તો દક્ષના શ્રાપથી પિશાચપણું પામેલા; અને એ પ્રેત તથા પિશાચોના અધિપતિનું વચન, આપણે શ્રદ્ધા રાખવા જેવું નથીજ ॥૩૨॥ કે દાનવોના

ગયે, તો પણ એ કહેનારાજ જાણે નથી, ચન્નના બોલ્યા પ્રમાણે, તમારે ખાતરી કરવી હોય તો, હમણાંજ તમારા પોતાનાજ માથા ઉપર, તમે હાથ મૂકી જુઓ. ॥૩૩॥ અને હે ઉત્તમ દાનવ, એ સદાશિવનું વચન તમને અસત્ય જણાય; તો એ જૂઠું બોલનારાને, તમે મારીજ નાખજો; કે ફરીવાર તે આવું જૂઠું બોલવા પામે નહીં. ॥ ૩૪ ॥ એ રીતે ભગવાનનાં અતિ કોમળ, અને વિચિત્ર પ્રકારનાં વચનોથી; બુદ્ધિ ભમી જવાથી, વિસ્મરણ થવાથી; તે દુષ્ટ બુદ્ધિવાળાએ, પોતાનો હાથ; તેના પોતાનાજ માથા ઉપર મૂક્યો. ॥૩૫॥ એટલે ક્ષણવારમાંજ, વજ્ર પડવાની પેઠે; તેનું માથું ફાટી જવાથી, તે પડી ગયો; અને સ્વર્ગમાં જય જય—નમો નમો—અને સારૂં થયું; વિગેરે શબ્દો બોલાવા લાગ્યા. ॥૩૬॥ તથા સદાશિવ સંકટ મુક્ત થતાં, પાપી વૃકાસુર મરી જવાથી; દેવતાઓ—ઋષિઓ—પિતૃઓ—અને ગંધર્વોએ, ફુલનો વરસાદ કર્યો. ॥૩૭॥ પછી પુરૂષોત્તમ ભગવાને, મુક્ત થયેલા સદાશિવની પાસે આવીને; કહ્યું કે. "એ પાપી પોતાના પાપથીજ હણાઇ ગયો. મહત્પુરૂ-ષોનો અપરાધ કરવાથી, કોઇ પુરૂષનું સારૂં થાય નહીંજ. તો, પછી આપ જગતના ગુરૂ અને ઇશ્વર, એવા ભગવાન સદાશિવનો અપરાધ કરનારનું તો સારૂં કેમજ થાય? ॥૩૮—૩૯॥ આ રીતે માયાથી પર, અને સર્વ શક્તિઓના સમુદ્ર સરખા; સાક્ષાત પરમાત્મા હરિ ભગવાનથી, સદાશિવ મૂકાયા પડ્યાની કથાનો; જે કોઇ સાંભળે, અથવા કહે; તે સંસારથી તથા દુશ્મનોથી પણ, મુક્ત થાય. ॥ ૪૦ ॥ ઇતિ શ્રી ભાગવતે દશમા સ્કંધનો અઠ્યાશિમો અધ્યાય સંપૂર્ણ. ॥૮૮॥

અધ્યાય ૮૯ મો.—શ્રીશુક—સરસ્વતિ કાંઠે સત્ર આરંભીને બેઠેલા ઋષિઓની સભામાં વિતર્ક થયો કે. "ત્રણે મોટા ઇશ્વરોમાં, શ્રેષ્ઠ કોણ હશે. ॥ ૧ ॥ પછી તેનો નિશ્ચય કરવા માટે તેઓએ બ્રહ્મપુત્ર ભૃગુ ઋષિની વિનંતી કરીને, મોકલવાથી; તે પ્રથમ પહેલા બ્રહ્માની સભામાંજ ગયા. ॥ ૨ ॥ અને તેમના સત્વની પરીક્ષા કરવા સારૂ, ભૃગુએ બ્રહ્માની સ્તુતિ તથા પ્રણામ કરયા નહીં; ત્યારે પોતાના તેજથી પ્રકાશતા બ્રહ્માને

॥३१॥ श्रीभग०एवंचेत्तर्हिनद्वाक्यंनवयंश्रद्दधीमहि ॥ योदक्षशापात्पैशाच्यंप्राप्तःप्रेतपिशाचराट् ॥३२॥ यदिवस्तत्रविश्रंभोदानवेंद्रजगद्गुरौ ॥ तर्ह्यंगाशुस्वशिरसिहस्तंन्यस्यप्रतीयतां ॥३३॥ यद्यसत्यंवचःशंभोःकथंचिद्दानवर्षभ ॥ तदैनंजह्यसद्वाचंनयद्वक्ताऽनृतंपुनः ॥३४॥ इत्थंभगवतश्चित्रैर्वचोभिःससुपेशलैः ॥ भिन्नधीर्विस्मृतःशीर्ष्णिस्वहस्तंकुमतिर्व्यधात् ॥३५॥ अथापतद्भिन्नशिरावज्राहतइवक्षणात् ॥ जयशब्दोनमःशब्दःसाधुशब्दोऽभवद्दिवि ॥३६॥ मुमुचुःपुष्पवर्षाणिहतेपापेवृकासुरे॥देवर्षिपितृगंधर्वामोचितःसंकटाच्छिवः॥३७॥ मुक्तंगिरिशमभ्याहभगवान्पुरुषोत्तमः ॥ अहोदेवमहादेवपापोयंस्वेनपाप्मना ॥३८॥ हतःकोनुमहत्स्वीशजंतुर्वैकृतकिल्बिषः ॥ क्षेमीस्यात्किमुविश्वेशेकृतागस्कोजगद्गुरौ ॥३९॥ यएवमव्याकृतशक्त्युदन्वतःपरस्यसाक्षात्परमात्मनोहरेः ॥ ॥ गिरित्रमोक्षंकथयेच्छृणोतिवाविमुच्यतेसंसृतिभिस्तथाऽरिभिः ॥४०॥ इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउत्तरार्धेरुद्रमोक्षणंनामाष्टाशीतितमोऽध्यायः ॥८८॥

श्रीशुक०सरस्वत्यास्तटेराजन्नृषयःसत्रमासत॥वितर्कःसमभूत्तेषांत्रिष्वधीशेषुकोमहान् ॥१॥ तस्यजिज्ञासयातेवैभृगुंब्रह्मसुतंनृप ॥ तज्ज्ञप्त्यैप्रेषयामासुःसोऽभ्यगाद्ब्रह्मणःसभां ॥२॥ नतस्मैप्रह्वणंस्तोत्रंचक्रेसत्त्वपरीक्षया॥तस्मैचुक्रोधभगवान्प्रज्वलन्स्वेनतेजसा॥३॥ सआत्मन्युत्थितंमन्युमात्मजायात्मनाप्रभुः॥ अशीशमद्यथावह्निंस्वयोन्यावारिणात्मनः॥४॥ ततःकैलासमगमत्सतंदेवोमहेश्वरः ॥ परिरब्धुंसमारेभउत्थायभ्रातरंमुदा॥५॥ नैच्छत्त्वमस्युत्पथगइतिदेवश्चुकोपह॥ शूलमुद्यम्यतंहंतुमारेभेतिग्मलोचनः ॥६॥ पतित्वापादयोर्देवीसांत्वयामासतंगिरा॥अथोजगामवैकुंठंयत्रदेवोजनार्दनः॥७॥ शयानंश्रियउत्संगेपदावक्षस्यताडयत् ॥ततउत्थायभगवान्सहलक्ष्म्यासतांगतिः॥८॥ स्वतल्पादवरुह्याथननामशिरसामुनिं॥ आहतेस्वागतंब्रह्मन्निषीदात्रासनेक्षणं॥अजानतामागतान्वःक्षंतुमर्हथनःप्रभो॥९॥ अतीवकोमलौतातचरणौतेमहामुने॥ इत्युक्त्वाविप्रचरणौमर्दयन्स्वेनपाणिना॥१०॥ पुनीहिसहलोकंमांलोकपालांश्चमद्गतान् ॥ पादोदकेनभवतस्तीर्थानांतीर्थकारिणा॥११॥ अद्याहंभगवन्लक्ष्म्याआसमेकांतभाजनं॥वत्स्यत्युरसिमेभूतिर्भवत्पादहतांहसः ॥१२॥ श्रीशुक०एवंब्रुवाणेवैकुंठेभृगु

તેથી ક્રોધ ચઢ્યો. ॥ ૩ ॥ પણ સમર્થ બ્રહ્માએ તે ક્રોધને; જેમ પોતાથી ઉત્પન્ન થયેલા જળવડે, અગ્નિ શાંત થઇ જાય તેમ; આ ભૃગુ મારો પુત્ર છે, એમ વિચારવાવડે; પોતાની બુદ્ધિથીજ, શમાવી દીધો. ॥ ૪ ॥ તે પછી ભૃગુઋષિ ત્યાંથી નીકળીને, કૈલાસ પર્વત ઉપર ગયા; ત્યારે ભગવાન સદાશિવ રાજી થઇ ઉઠીને, એ પોતાના ભાઇને; ભેટવા માંડ્યું. ॥ ૫ ॥ તે વખતે ભૃગુઋષિએ, તેમને ભેટવાની ઇચ્છા ન કરતાં કહ્યું કે "તમે તો અવળે મારગે ચાલનાર છો." એટલે તે તીક્ષ્ણ આંખોવાળા સદાશિવ કોપ્યા; અને ત્રિશુળ ઉગામીને, તેમને મારવાને દોડ્યા. ॥૬॥ ત્યારે પાર્વતીએ તેમના પગમાં પડી, મધુર વચનો બોલીને; સદાશિવને શાંત કરયા. તે પછી ભૃગુઋષિ જનાર્દન ભગવાન વિષ્ણુને રહેવાના, વૈકુંઠલોકમાં ગયા. ॥ ૭ ॥ અને ત્યાં તેમને લક્ષ્મીના ખોળામાં સૂતેલા જોઇ, તેમની છાતીમાં પોતાના પગની લાત મારી; ત્યારે એ સત્પુરૂષોના ગતિરૂપ ભગવાન, લક્ષ્મી સહિત ઉભા થયા. ॥ ૮ ॥ તથા પોતાના પલંગ ઉપરથી નીચે ઉતરીને માથાવડે, તેમણે ભૃગુમુનિને નમસ્કાર કરયા; અને તેમને ભલે પધારયા. એમ કહીને; બોલ્યા કે. "હે બ્રાહ્મણ, તમે આ આસન ઉપર બેસીને વિસામો લ્યો; આપના પધારવાને, અમે જાણ્યું નહીં; માટે ક્ષમા કરવાને આપ સમર્થ યોગ્ય છો. ॥ ૯ ॥ હે તાત, આપ મહામુનિના ચરણ અતિ કોમળ છે;" એમ કહીને ભગવાન પોતાને હાથે, તેમના ચરણ તળાંસવા લાગ્યા. ॥ ૧૦ ॥ અને વળી કહેવા લાગ્યા કે, "તીર્થોને પણ પવિત્રપણું આપનાર, આપના પગ ધોવાના જળથી; મને તથા મારામાં રહેલ, લોકપાળો સહિત લોક માત્રને; આપે પવિત્ર કરયો છે. ॥૧૧॥ હે ભગવાન ભૃગુ, હું આજેજ લક્ષ્મીના અવિચળ સ્થાનરૂપ થયો છું; કેમકે આપના ચરણ પડી પાપ નાશ પામેલ, મારી છાતીને વિશેજ હવે લક્ષ્મી વસશે. ॥ ૧૨ ॥—**શ્રીશુક**—

વૈકુંઠ ભગવાને બોલેલી એવી ગંભીર વાણીથી, ઉત્પન્ન થયેલ ભક્તિ અને ઉત્કંઠાથી; આંખોમાં આંસુ આવી ગયેલા ભૃગુઋષિ, સંતોષ તથા સુખ પામીને; કાંઇજ બોલી શક્યા નહીં. ॥૧૩॥ પછી હે રાજા, બ્રહ્મવાદી મુનિઓના સત્રમાં પાછા જઇને, ભૃગુઋષિએ; પોતે અનુભવ કરેલી, સર્વે વાતનું વર્ણન કરી દેખાડયું. ॥૧૪॥ ત્યારે તે સર્વેનું સાંભળવાથી; વિસ્મય પામેલા, અને સંશય રહિત થયેલા; તે મુનિઓએ, એ; જેના વિશે શાંતિ અને અભય રહેલ છે, તથા ધર્મ–અપરોક્ષ જ્ઞાન–પોતાની આગતો સહિત વૈરાગ્ય–આઠ મોટી સિદ્ધિઓ –અને મનના મેલને મટાડનારો પોતાનો યશ–સર્વદા રહેલ છે; તેમજ જે, સર્વને અભય દેનારા–શાંત–સમ દ્રષ્ટિવાન–અને અકિંચન સાધુ પુરુષોના પરમ ગતિરૂપ–કહેવાય છે; તે વિષ્ણુનેજ, તેઓએ; ત્રણે દેવોમાં શ્રેષ્ઠ માન્યા.॥૧૫–૧૬–૧૭॥ કે જેનું; સત્વગુણ એ પ્રિય સ્વરૂપ છે–બ્રાહ્મણો જેના ઇષ્ટ દેવ છે–અને જેને;નિષ્કામ, શાંત, તથા નિપુણ બુદ્ધિના લોકો ભજે છે–તથા જેની ગુણોવાળી માયા થકીજ, ત્રણે પ્રકારનાં સ્વરૂપો (દેવતાઓ–અસુરો–અને રાક્ષસો) રચાય છે; અને વળી તેમાં પણ સત્વગુણી દેવતાઓજ, તેમનું પુરુષાર્થવાળું સ્વરૂપ; કહેવાય છે. ॥૧૮–૧૯॥ એ પ્રમાણે સરસ્વતિને કાંઠે ભેળા થયેલા બ્રાહ્મણોએ, મનુષ્યોનો સંશય મટાડવા સારૂં નિશ્ચય કરીને; પછી એ પુરુષ ભગવાનના ચરણની સેવા કરવાવડેજ, તેઓ સર્વે; ભગવત સ્વરૂપને પામી ગયા. ॥ ૨૦ ॥ –સૂત–વેદવ્યાસના પુત્ર શુક મુનિના મુખ કમળમાંથી નીકળતા–આ સંસાર થવારૂપ ભયને મટાડનારા–અને અમૃતસમાન સુગંધીવાળા–એ ઉત્તમ શ્લોક પુરુષ ભગવાનના આ કીર્તના યશને, જે કોઈ કાનરૂપ પડિયાવડે વારંવાર પીએ છે; તેનો આ સંસારરૂપ માર્ગમાં, ભટકવાનો પરિશ્રમ મટી જાય છે. ॥ ૨૧ ॥ –શ્રીશુક–હે ભરતવંશી રાજા, એક દિવસે દ્વારકાંમાં કોઇ બ્રાહ્મણની સ્ત્રીને જન્મેલો પુત્ર, પૃથ્વી ઉપર પડતાંજ મરણ પામ્યો. ॥૨૨॥ એટલે આતુર થયેલો અને રાંક મનવાળો તે બ્રાહ્મણ, તે બાળકનું મુડદુ રાજદ્વારમાં લેઇ જઇને; વિલાપ કરતો બોલ્યો કે; ॥૨૩॥ "બ્રાહ્મણોનો દ્વેષ કરનારા–શઠબુદ્ધિ-

स्तन्मंद्रयागिरा॥ निर्वृतस्तर्पितस्तूष्णींभक्त्युत्कंठोऽश्रुलोचनः॥१३॥पुनश्चसत्रमा ज्यमुनीनांब्रह्मवादिनां॥ स्वानुभूतमशेषेणराजन्भृगुर्वर्णयत् ॥१४॥ तन्निशम्याथमुनयोविस्मितामुक्तसंशयाः॥ भूयांसंश्रद्दधुर्विष्णुंयतःशांतिर्यतोऽभयं॥१५॥धर्मःसाक्षाद्यतोज्ञानंवैराग्यंचतदन्वितं॥ ऐश्वर्यंचा धायस्माद्यशश्चात्ममलापहं ॥१६॥ मुनीनांन्यस्तदंडानांशांतानांसमचेतसां॥ अकिंचनानांसाधूनांयमाहुःपरमांगतिं१७ सत्त्वंयस्यप्रियामूर्तिर्ब्राह्मणास्त्विष्टदेवताः॥ भजंत्यनाशिषःशांतायंवानिपुणबुद्धयः॥१८॥ त्रिविधाकृतयस्तस्यराक्षसा असुराःसुराः॥ गुणिन्यामायया ष्टाःसत्त्वंतत्तीर्थसाधनं॥१९॥ श्रीशुक० एवंसारस्वताविप्रानृणांसंशयनुत्तये॥पुरुषस्यपदांभोजसेवयातद्गतिंगताः २०॥ सूत० इत्येतन्मुनितनयास्यप गंधपीयूषंभवभयभित्परस्यपुंसः॥ सुश्लोक्यंश्रवणपुटैःपिबत्यभीक्ष्णंपांथोऽध्वभ्रमणपरिश्रमंजहाति ॥२१॥ श्रीशुक० एकदाद्वारवत्यांतुविप्रपत्न्याःकुमारकः॥ जातमात्रोभुवंस्पृष्ट्वाममारकिलभारत॥२२॥ विप्रोगृहीत्वामृतकंराजद्वार्युपधायसः॥ इदंप्रोवाचविलपन्नातुरोदीनमानसः॥२३॥ ब्रह्मद्विषःशठधियोलुब्धस्यविषयात्मनः॥ क्षत्रबंधोःकर्मदोषात्पंचत्वंमेगतोऽर्भकः॥२४॥ हिंसाविहारंनृपतिंदुःशीलमजितेंद्रियं॥ प्रजाभजंत्यःसीदंतिदरिद्रानित्यदुःखिताः॥२५॥ एवंद्वितीयंविप्रर्षिस्तृतीयंत्वेवमेवच॥ विसृज्यसनृपद्वारितांगाथांसमगायत॥२६॥ तामर्जुनउपश्रुत्यकर्हिचित्केशवांतिके॥ परेतेनवमेबालेब्राह्मणंसमभाषत॥२७॥ किंस्विद्ब्रह्मंस्त्वन्निवासेइहनास्तिधनुर्धरः॥ राजन्यबंधुरेतेवैब्राह्मणाःसत्रमासते॥२८॥ धनदारात्मजापृक्तायत्रशोचंतिब्राह्मणाः॥ तेवैराजन्यवेषेणनटाजीवंत्यसुंभराः २९ अहंप्रजांवांभगवन्रक्षिष्येदीनयोरिह॥ अनिस्तीर्णप्रतिज्ञोऽग्निंप्रवेक्ष्येहतकल्मषः॥३०॥ब्राह्मण०संकर्षणोवासुदेवःप्रद्युम्नोधन्विनांवरः॥ अनिरुद्धोऽप्रतिरथोनत्रातुंशक्नुवंतियत् ॥३१॥ तत्कथंनुभवान्कर्मदुष्करंजगदीश्वरैः॥ चिकीर्षसित्वंबालिश्यात्तन्नश्रद्दध्महेवयं ॥३२॥ अर्जुन०नाहंसंकर्षणोब्रह्मन्नकृष्णःकार्ष्णिरेवच॥ अहंवाअर्जुनोनामगांडीवंयस्यवैधनुः॥३३॥ मावमंस्थाममब्रह्मन्वीर्यंत्र्यंबकतोषणं॥ मृत्युं

વાળા–લોભિયા–અને વિષયાદિકમાં મનવાળા–ક્ષત્રીઓના કર્મોના દોષવડેજ, મારો આ બાળક મરી ગયો છે. ॥૨૪॥ એટલે હિંસાને રમત માનનારા–દુષ્ટ આચરણવાળા–અને અજીતેંદ્રિય–એવા રાજાઓને ભજનારી, તેમની પ્રજાઓ હમેશાંજ; દરિદ્રી અને દુખી થઇને, સિદાયા કરે છે." ॥૨૫॥ એ રીતેજ પછીથી બીજા તથા ત્રીજા, (જન્મીને મરી ગયેલા) બાળકના મુડદાને પણ; તે બ્રાહ્મણે રાજાના દરવાજા આગળ લાવી મુકીને, તે ગાથા બોલતો હતો.॥૨૬॥ કોઇવાર કેશવભગવાનની નજીકમાં બેઠેલા અર્જુને, એ બ્રાહ્મણને; નવમા બાળકનું મુડદું મુકી જઇને, એ રીતે બોલતાં સાંભળવાથી; તેણે બ્રાહ્મણને કહ્યું કે. ॥૨૭॥ "હે બ્રાહ્મણ તું રહે છે ત્યાં (દ્વારકાંમા), ધનુષ્યને ધરનારો કોઇજ નથી શું ? અને આ બધા ક્ષત્રી યાદવો, સત્ર માંડીને બેઠેલા બ્રાહ્મણોના સરખાજ થયેલા છે કે શું ? ॥૨૮॥ જ્યાં બ્રાહ્મણો શોક પામે છે, ત્યાંના; ધન–સ્ત્રી–અને પુત્રાદિકમાં પ્રીતિ રાખનાર પેટ ભરા ક્ષત્રીઓ તો, માત્ર રાજાના વેશવડે આજીવિકા મેળવનારા નટોના સરખાજ છે. ॥૨૯॥ માટે હે બ્રાહ્મણ તમે બંને રાંક સ્ત્રી પુરુષની પ્રજાનું, રક્ષણ હુંજ કરીશ; અને જો મારી એ પ્રતિજ્ઞાને, હું સત્ય નહીં કરી શકું તો; એ પાપ મટાડવાને માટે, હું અગ્નિમાં પ્રવેશ કરીશ." ॥૩૦॥ ત્યારે બ્રાહ્મણ બોલ્યો કે, જેનું રક્ષણ કરવાને; સંકર્ષણ–વાસુદેવ–ધનુષ્ય ધરનારાઓમાં શ્રેષ્ઠ પ્રદ્યુમ્ન–અને અપ્રતિરથ અનિરુદ્ધ પણ, શક્તિમાન થતા નથી; એવું એ જગતના ઇશ્વરોએ કરવાને માટે પણ અશક્ય કામ, તું અજ્ઞાન બુદ્ધિથી કરવાને ધારે છે; તે કયે પ્રકારે કરી શકનાર છે. ? મને તો તેમાં શ્રદ્ધા આવતી નથી." ॥૩૧–૩૨॥ ત્યારે અર્જુને તેને ફરીથી કહ્યું કે; હે બ્રાહ્મણ, હું બળરામ–કૃષ્ણ પ્રદ્યુમ્ન–અને અનિરુદ્ધ નથી; પણ જેની પાસે ગાંડિવ ધનુષ્ય છે, તે અર્જુન છું. ॥૩૩॥ માટે હે બ્રાહ્મણ, સદાશિવને પણ સંતોષ પમાડનારા, મારા પરાક્રમનો તારે અવગણના કરવી નહીં; હું મૃત્યુને પણ યુદ્ધમાં જીતીને, તારી પ્રજાને; લાવી આપીશજ." ॥૩૪॥ હે પરંતપ, (પરીક્ષિત), આ રીતે ફાલ્ગુને વિશ્વાસ બેસાડેલો તે બ્રાહ્મણ; અર્જુનનું પરાક્રમ સાંભળવાથી, રાજી થઇને; પોતાને ઘેર ચાલ્યો ગયો. ॥૩૫॥ પછી પોતાની ભાર્યાને જણવાનો સમય પ્રાપ્ત થયેથી, તે આતુર થયેલા ઉત્તમ બ્રાહ્મણે આવીને; અર્જુનને કહ્યું કે. "તમે મારી પ્રજાનું મૃત્યુ થકી રક્ષણ

"કરે." ॥૩૬॥ ત્યારે અર્જુને પવિત્ર જળનો સ્પર્શ કરી, મહાશિવને નમસ્કાર કર્યા; અને દિવ્ય અસ્ત્રોનું સ્મરણ કરી, સજ્જ કરેલું ગાંડિવ ધનુષ્ય હાથમાં લીધું. ॥ ૩૭ ॥ અને નાના પ્રકારનાં અસ્ત્રો થકી જોડેલાં, આડાં-ઉંચાં-અને નીચાં, બાણો થકી; તે સુવાવડના ઘરને રૂંધી લેઇ, અર્જુને બાણોનું પાંજરૂં બનાવી દીધું. ॥ ૩૮ ॥ તે પછી વારંવાર રડતો એ બ્રાહ્મણનો દીકરો, જન્મતાંવેંતજ; આકાશ માર્ગે શરીર સહિત, ચાલ્યો જતો થયો; તે તેમના જોવામાં પણ ન આવ્યો. ॥૩૯॥ ત્યારે કૃષ્ણની સંનિધમાંજ, તે બ્રાહ્મણ અર્જુનની નિંદા કરીને બોલ્યો કે; "જેણે આ નપુંસકના બોલવા ઉપર શ્રદ્ધા રાખી હતી, એવા મારા મૂઢપણાને તો જુઓ. ॥૪૦॥ જેનું રક્ષણ, પ્રદ્યુમ્ન-અનિરૂદ્ધ-રામ-અને કેશવ ભગવાન પણ; કરી શકે, નહીં તેને બચાવી શકે, એવો સમર્થ બીજો કોણ હોય. ? ॥૪૧॥ માટે આ જુઠું બોલનારા, અને પોતાના ધનુષ્યને વખાણનારા અર્જુનને; ધિક્કાર છે. કે જે પોતે દુષ્ટ બુદ્ધિવડે; દૈવે ન રાખવા ધારેલાને પણ, રાખવાની ઇચ્છા કરનાર છે.

॥ ૪૨ ॥ એ પ્રમાણે બ્રાહ્મણ ગાળો દેવા લાગતાં, અર્જુને વિદ્યાનો આશ્રય કરીને; ભગવાન યમરાજાની રહેવાની, "સંયમની" નામની પુરીમાં ઉતાવળોજ તે ગયો. ॥૪૩॥ અને ત્યાં બ્રાહ્મણનો પુત્ર જોવામાં ન આવવાથી; હથિયાર ઉગામેલો અર્જુન, ત્યાંથકીજ ઇંદ્રની પુરીમાં ગયો; અને પછીથી અગ્નિની-નૈરૃતિની-ચંદ્રમાની-વાયુની-અને વરૂણની પુરીઓમાં પણ, અનુક્રમે ગયા કેડે; રસાતળ અને સ્વર્ગલોક તથા બીજાં સ્થાનકોમાં પણ, તે ફર્યો. ॥ ૪૪ ॥ પણ કોઇ ઠેકાણે એ બ્રાહ્મણનો પુત્ર ન મળી શકવાથી, પોતાની પ્રતિજ્ઞા પાર પાડી શક્યો નહીં; એટલે પછી અગ્નિમાં પ્રવેશ કરવાને, તૈયાર થયો; ત્યારે તે વખતે કૃષ્ણે તેને અટકાવીને કહ્યું કે. ॥ ૪૫ ॥ "તમે પોતેજ, પોતાની અવગણના કરોમાં; હવે હુંજ તમને એ બ્રાહ્મણના પુત્રો દેખાડું છું. જે થકી લોકો તમારી નિર્મળ કીર્તિને પૃથ્વી ઉપર સ્થાપન કરશે." ॥ ૪૬ ॥ એ રીતે અર્જુનને કહીને, પછી એ ઇશ્વર ભગવાને; અર્જુન સહિત પોતાના દિવ્ય રથમાં બેસી, પશ્ચિમ દિશા

विजित्यप्रधनेआनेष्येतेप्रजांप्रभो॥३४॥ एवंविश्रंभितोविप्रःफाल्गुनेनपरंतप॥ जगामस्वगृहंप्रीतःपार्थवीर्यंनिशामयन् ॥३५॥ प्रसूतिकालआसन्नेभार्यायाद्विजसत्तम ॥ पाहिपाहिप्रजांमृत्योरित्याहार्जुनमातुरः ॥३६॥ सउपस्पृश्यशुच्यंभोनमस्कृत्यमहेश्वरं ॥ दिव्यान्यस्त्राणिसंस्मृत्यसज्यंगांडीवमाददे॥३७॥ न्यरुणत्सूतिकागारंशरैर्नानास्त्रयोजितैः॥तिर्यगूर्ध्वमधःपार्थश्चकारशरपंजरं॥३८॥ ततःकुमारःसंजातोविप्रपत्न्यारुदन्मुहुः॥ सद्योऽदर्शनमापेदेसशरीरोविहायसा॥३९॥ तदाहविप्रोविजयंविनिंदन्कृष्णसन्निधौ ॥ मौढ्यंपश्यतमेयोऽहंश्रद्दधेक्लीबकत्थनं॥४०॥ नप्रद्युम्नोनानिरुद्धोनरामोनचकेशवः॥ यस्यशेकुःपरित्रातुंकोऽन्यस्तदवितेश्वरः ॥४१॥ धिगर्जुनंमृषावादंधिगात्मश्लाघिनोधनुः ॥ दैवोपसृष्टंयोमौढ्यादानिनीषतिदुर्मतिः ॥४२॥ एवंशपतिविप्रर्षौविद्यामास्थायफाल्गुनः ॥ ययौसंयमनीमाशुयत्रास्तेभगवान्यमः ॥४३॥ विप्रापत्यमचक्षाणस्ततऐंद्रीमगात्पुरीं ॥ आग्नेयींनैर्ऋतींसौम्यांवायव्यांवारुणीमथ ॥ रसातलंनाकपृष्ठंधिष्ण्यान्यन्यान्युदायुधः॥४४॥ ततोऽलब्धद्विजसुतोह्यनिस्तीर्णप्रतिश्रुतः॥ अग्निंविविक्षुःकृष्णेनप्रत्युक्तःप्रतिषेधता॥४५॥ दर्शयेद्विजसूनूंस्तेमाऽवज्ञात्मानमात्मना॥येतेहिकीर्तिंविमलांमनुष्याःस्थापयिष्यंति॥४६इतिसंभाष्यभगवानर्जुनेनसहेश्वरः॥ दिव्यंस्वरथमास्थायप्रतीचींदिशमाविशत् ४७सप्तद्वीपान्सप्तसिंधून्सप्तसप्तगिरीनथ॥ लोकालोकंतथाऽतीत्यविवेशसुमहत्तमः॥४८॥ तत्राश्वाःशैब्यसुग्रीवमेघपुष्पबलाहकाः॥तमसिभ्रष्टगतयोबभूवुर्भरतर्षभ॥४९॥तान्दृष्ट्वाभगवान्कृष्णोमहायोगेश्वरेश्वरः॥सहस्रादित्यसंकाशंस्वचक्रंप्राहिणोत्पुरः॥५०॥तमःसुघोरंगहनंकृतंमहद्विदारयद्भूरितरेणरोचिषा ॥ मनोजवंनिर्विविशेसुदर्शनंगुणच्युतोरामशरोयथाचमूः ॥ ५१ ॥ द्वारेणचक्रानुपथेनतत्तमःपरंपरंज्योतिरनंतपारं ॥ समश्नुवानंप्रसमीक्ष्यफाल्गुनःप्रताडिताक्षोपिदधेऽक्षिणीउभे ॥ ५२ ॥ ततःप्रविष्टःसलिलंनभस्वताबलीयसैजद्बृहदूर्मिभूषणं ॥ तत्राद्भुतंवैभवनंद्युमत्तमंभ्राजन्मणिस्तंभसहस्रशोभितं ॥ ५३ ॥ तस्मिन्महाभीममनंतमद्भुतंसहस्रमूर्धन्यफणामणिद्युभिः ॥ वि

તરફ પ્રયાણ કર્યું. ॥ ૪૭ ॥ અને સાતે દ્વીપ-સાતે સમુદ્ર-અને સાત સાત પર્વતોને-તથા લોકાલોકને પણ એ રીતેજ ઓળંગીને; તેઓ ઘણુંજ ભારે અંધારામાં પેઠા. ॥૪૮॥ ત્યારે ત્યાંના અતિ અંધકારમાં શૈબ્ય-સુગ્રીવ-મેઘ પુષ્પ-અને બલાહક નામના, ભગવાનના રથના ચારે ઘોડાઓની ગતિ બંધ પડી ગઇ. ॥૪૯॥ તે જોઇને, મોટા યોગેશ્વરોના પણ ઇશ્વર, એ કૃષ્ણ ભગવાને; હજારો સૂર્યના પ્રકાશવાળા, પોતાના ચક્રને આગળ ચલાવ્યું. ॥૫૦॥ એટલે એ ઘણા તેજવડે ઝળકતું; અને મન જેવા વેગવાળું; ભગવાનનું સુદર્શન ચક્ર, અત્યંત ભયંકર ઘાટા અંધકારનો નાશ કરી નાંખતું; પણછ થકી છૂટેલાં રામનાં બાણો, સામી સેનામાં પેસવાની પેઠેજ; આગળ ચાલવા લાગ્યું. ॥૫૧॥ એમ ચક્રે કરી આપેલા રસ્તાથકી ચાલ્યા જતાં, તે મહાન અંધકારની પેલી તરફ સઘળે વ્યાપેલું અનંત અને અપાર તેજ દેખાવાવડે; અર્જુનની આંખો અંજાઇ જવાથી, તેણે પોતાની બંને આંખો મીંચી દીધી. ॥૫૨॥ તે પછી બળવાન પવનવડે મોટાં મોજાં ઉછળવાથી શોભતા જળની અંદર, તેઓ પેઠા; ત્યાં હજારો મણિના થાંભલાઓથી અત્યંત પ્રકાશતું, એક અદભુત ભુવન (મકાન)

તેમણે દીઠું ॥૫૩॥ તે સ્થળે, માથા ઉપરના હજારો ફણોમાંના મણિઓના પ્રકાશ થકી દીપતા-ધોળા પર્વત જેવા દેખાતા-અને ફણોના જેટલામાંજ ભયંકર ગળાં તથા જીભો, અને તે થકી અગણી વિકરાળ આંખોવાળા,-ઘણાજ મોટા અને અદભુત અનંત ભગવાનને; તેમણે જોયા. ॥૫૪॥ તથા તે અનંત ભગવાનના શરીરનાજ સુખાસન ઉપર, મોટા પ્રભાવવાળા સમર્થ; અને અતિ ઉત્તમ શુંદર રેશમી વસ્ત્રો પેહેરેલા-અને શુંદર આંખોથી જોતા પ્રસન્ન મુખવાળા-તથા વરસતા મેઘ જેવા, પુરૂષોત્તમ ભગવાનને પણ; તેમણે દીઠા. ॥૫૫॥ તે વેળા એ ભગવાન, મોટા મણિઓના મુકુટથી-તથા કુંડળોના તેજથી ચળકતા વાળના ગુચ્છાથી-મોટા અને શુંદર આઠ હાથથી-કૌસ્તુભ સહિત શ્રીવત્સની શોભાથી-અને વિંટાયલી વનમાળાવડે; અત્યંત શોભતા હતા. ॥૫૬॥ અને સુનંદ તથા નંદ વિગેરે પાર્ષદો-દેહધારી થઇને આવેલાં પોતાનાં ચક્ર વિગેરે આયુધો--અને પુષ્ટી, લક્ષ્મી, કીર્તિ, તથા લજ્યા વિગેરે સરવે સિદ્ધિઓ-થકી સેવાતા; એ પોતાનાજ પરમ સ્વરૂપ, અનંત અને આત્મેશ્વર ભગવાનને; તેમના દર્શનથકી સંભ્રમ પામેલા, અર્જુને તથા અચ્યુત ભગવાને,

બંનેએ; નમસ્કાર કર્યા. ॥૫૭॥ ત્યારે હાથ જોડીને ઊભેલા, એ મનુષ્ય લોકના પ્રભુઓને; તે સમર્થે હસતે મોઢે તેજદાર વાણીથી કહ્યું કે. ॥૫૮॥ "ધર્મનું રક્ષણ કરવા માટે, પૃથ્વી ઉપર કળાઓ રૂપે અવતરેલા; તમો બંને જણાનાં, દર્શનની ઇચ્છાથીજ; બ્રાહ્મણના બાળકોને, મેં અહીંયાં આણેલા છે; તો હવે તમો બંને, પૃથ્વી ઉપર ભાર રૂપ થનારા અસુરોને મારીને; ઊતાવળાજ પાછા આવો: ॥૫૯॥ તમો બંને નર અને નારાયણના અવતાર, તથા પૂર્ણ કામ છો. છતાં લોક સંગ્રહને અર્થેજ ધર્મમાં સ્થિતિ રાખીને, આચરણ કરી દેખાડો છો." ॥૬૦॥ આ રીતે એ બંને કૃષ્ણ (અર્જુન અને વાસુદેવ) ને, એ પરમેષ્ઠી (આત્મેશ્વર) ભગવાને કહેવાથી; 'ઘણું સારૂં' એમ બોલી; તેમને નમસ્કાર કરી, બ્રાહ્મણના બાળકોને લઈને; ગયેલે રસ્તેજ તેઓ પાછા, પૃથ્વી ઉપર આવ્યા.॥૬૧॥ એમ; જવાની પેઠેજ, પોતાના સ્થાનક દ્વારકાંમાં આવીને; તેમણે રાજી થઈ,બ્રાહ્મણને; તેના જેવા હતા, તેવાજ વય તથા રૂપવાળા પુત્રો; હવાલે કર્યા. ॥૬૨॥ ત્યારે એ રીતે વિષ્ણુનું પરમધામ જોવાથી, ઘણોજ વિસ્મય પામેલા અર્જુને માન્યું કે; પુરૂષોને વિશે, જે કાંઈ કિંચિત પણ પુરૂષાર્થ જણાય છે; તે, એ કૃષ્ણ ભગવાનની દયાને લેઈનેજ છે. ॥ ૬૩ ॥ એ પ્રમાણે અનેક પ્રકારનાં પરાક્રમો દેખાડવાની સાથે, અતિ મોટા યજ્ઞોવડે યજન કરતાં; કૃષ્ણ ભગવાન આ લોકમાં, ગ્રામ્ય વિષયોને પણ (પોતે વિરક્ત રહીને,) ભોગવતા હતા. ॥૬૪॥ તથા બ્રાહ્મણો આદિ લેઈને સર્વ પ્રજાઓની, સમય સમયની સઘળી કામનાઓને; વરસાદની પેઠેજ, પરિપૂર્ણ કરવા સારૂ; એ અતિ શ્રેષ્ઠ કૃષ્ણ ભગવાન, જોઈતા પદાર્થો વિગેરે આપતા હતા. ॥ ૬૫ ॥ તેમજ અર્જુન આદિકને હાથે, અધર્મી રાજાઓ વિગેરેનો ઘાત કરાવતા હતા; તથા યુધિષ્ઠિર આદિક સરળ પુરૂષોવડે, ધર્મનું સ્થાપન કરતા હતા. ઇતિ શ્રી૦ ભાગવતે દશમ સ્કંધનો નવ્યાસિમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૮૯ ॥

भ्राजमानंद्विगुणोल्बणेक्षणंसिताचलाभंशितिकंठजिह्वं ॥ ५४ ॥ ददर्शतद्भोगसुखासनंविभुंमहानुभावंपुरुषोत्तमोत्तमं ॥ सांद्रांबुदाभंसुपिशंगवाससंप्रसन्नवक्त्रंरुचिरायतेक्षणं ॥५५॥ महामणिव्रातकिरीटकुंडलप्रभापरिक्षिप्तसहस्रकुंतलं ॥ प्रलंबचार्वष्टभुजंसकौस्तुभंश्रीवत्सलक्ष्म्यावनमालयावृतं ॥५६॥ सुनंदनंदप्रमुखैःस्वपार्षदैश्चक्रादिभिर्मूर्तिधरैर्निजायुधैः ॥ पुष्ट्याश्रियाकीर्त्यजयाऽखिलर्द्धिभिर्निषेव्यमाणंपरमेष्ठिनांपतिं ॥५७॥ ववंद आत्मानमनंतमच्युतोजिष्णुश्चतद्दर्शनजातसाध्वसः ॥ तावाहभूमापरमेष्टिनांप्रभुर्बद्धांजलीसस्मितमूर्जयागिरा ॥५८ ॥ द्विजात्मजामेयुवयोर्दिदृक्षुणामयोपनीताभुविधर्मगुप्तये ॥ कलाऽवतीर्णाववनेर्भरासुरान्हत्वेहभूयस्त्वरयेतमंतिमे ॥५९॥ पूर्णकामावपियुवांनरनारायणावृषी ॥ धर्ममाचरतांस्थित्यैऋषभौलोकसंग्रहं ॥६०॥ इत्यादिष्टौभगवतातौकृष्णौपरमेष्ठिना ॥ ओमित्यानम्यभूमानमादायद्विजदारकान् ॥६१॥ न्यवर्ततांस्वकंधामसंप्रहृष्टौयथागतं ॥ विप्रायददतुःपुत्रान्यथारूपंयथावयः ॥६२॥ निशाम्यवैष्णवंधामपार्थःपरमविस्मितः ॥ यत्किंचित्पौरुषंपुंसांमेनेकृष्णानुकंपितं ॥६३॥ इतीदृशान्यनेकानिवीर्याणीहप्रदर्शयन् ॥ बुभुजेविषयान्ग्राम्यानीजेचात्यूर्जितैर्मखैः ॥६४॥ प्रववर्षाखिलान्कामान्प्रजासुब्राह्मणादिषु ॥ यथाकालंयथैवेंद्रोभगवान्श्रैष्ठ्यमास्थितः ॥६५॥ हत्वानृपानधर्मिष्ठान्घातयित्वार्जुनादिभिः॥अंजसावर्तयामासधर्मंधर्मसुतादिभिः ॥६६॥ इ०भा०म०द०उ०द्विजकुमारानयनंनामैकोननवतितमोध्यायः ॥८९॥ श्रीशुक०सुखंस्वपुर्यांनिवसन्द्वारकायांश्रियःपतिः ॥ सर्वसंपत्समृद्धायांजुष्टायांवृष्णिपुंगवैः ॥१॥ स्त्रीभिश्चोत्तमवेषाभिर्नवयौवनकांतिभिः ॥ कंदुकादिभिर्हर्म्येषुक्रीडंतीभिस्तडिद्युभिः ॥२॥ नित्यंसंकुलमार्गायांमदच्युद्भिर्मतंगजैः ॥ स्वलंकृतैर्भटैरश्वैरथैश्चकनकोज्वलैः ॥३॥ उद्यानोपवनाढ्यायांपुष्पितद्रुमराजिषु ॥ निर्विशद्भृंगविहगैर्नादितायांसमंततः ॥४॥ रेमेषोडशसाहस्रपत्नीनामेकवल्लभः॥तावद्विचित्ररूपोऽसौतद्गेहेषुमहर्द्धिषु ॥५॥ प्रोत्फुल्लोत्पलकल्हारकुमुदांभोजरेणुभिः ॥ वासितामलतोयेषुकूजद्विजकुलेषुच ॥६॥ विजहारविगाह्यांभोन्हृदिनीषुमहोदयः ॥ कुचकुंकुमलिप्तांगःपरिरब्धश्चयोषितां॥७॥ उपगीयमानोगंधर्वैर्मृदंगपणवानकान् ॥ वादयद्भिर्मुदावीणांसू

અધ્યાય ૯૦ મો.—**શ્રીશુક**—મોટા યાદવોએ સેવેલી, અને સઘળી સંપત્તિઓ તથા સમૃદ્ધિઓથી ભરેલી પોતાની દ્વારકાંપુરીમાં; લક્ષ્મીપતિ ભગવાન, એ રીતે સુખથી વસતા હતા. ॥ ૧ ॥ ત્યાં ખિલતી જુવાનીવાળી—દીપતી—અને ઉત્તમ ઘરેણાંવાળી સ્ત્રીઓ, વીજળીઓની પેઠે મોટા મેહેલોમાં દડા વિગેરેથકી રમતી હતી. ॥૨॥ અને જેના મારગો હમેશાં મદ ઝરતા મોટા હાથીઓથી, અને સોનાનાં ઝળજળાં ઘરેણાં ઘાલેલા ઘોડા—સવાર—અને રથોથકી; ભીડવાળાજ રેહેતા હતા. ॥૩॥ તથા ખિલેલાં ફૂલોવાળી વાડીઓનાં અને બાગોનાં વૃક્ષઝાડોમાં, અહીં તહીં ભમરા અને પક્ષીઓ બેસીને; શબ્દ કરી રહેલાં હતાં. ॥૪॥ એવી દ્વારકાંમાં સોળ હજાર પત્નિઓના પ્યારા એકજ ભગવાન, તેટલાંજ વિચિત્ર સ્વરૂપોવાળા થઈને; તેમનાં મોટી સિદ્ધિવાળાં ઘરોમાં, રમણ કરતા હતા. ॥ ૫ ॥ ત્યાં ઉઘડેલાં ઉત્પલ—કલ્હાર—અને કુમુદ વગેરે જાતોનાં કમળોની રજથી સુગંધી યુક્ત થયેલ, અને ટોળાબંધ પક્ષીઓનો શબ્દ થતા મોટા [illegible] તળાવોમાં, જળમાં નહાતાં; સ્તન ઉપર ચોપડેલા કુમકુમવાળાં શરીરવાળી, સ્ત્રીઓ ભગવાનને ભેટીને; ભગવાન પણ તેઓની સાથે રમતા હતા. ॥૬—૭॥ ત્યારે આનંદ પામેલા ગંધર્વો, મૃદંગ—પણવ—આનક—અને વીણા વિગેરે વાજાં વગાડીને; ભગવાનનું ગાન કરતા હતા; તથા સૂત—માગધ—અને બંદિજનો વખાણ કરતા હતા. ॥૮॥ તથા હસતી સ્ત્રીઓ પિચકારીઓથકી; યક્ષિણીઓથી ભિંજવાતા યક્ષોના પતિ કુબેરની પેઠે, ભગવાનને પલાળતાં; ભગવાન પણ તેમને પલાળીને, રમતા હતા. ॥૯॥ તે વખત, એ ભગવાનને પલાળતી—વસ્ત્રો ભિંજાવાથી સાથળ અને સ્તનોથી ઉઘાડી જેવી જણાતી—પિચકારી થકી ભગી જવાને, ભગવાનનેજ ભેટી પડતી—કામ ઉત્પન્ન થવાથી સોભતા મુખવાળી—અને ચોટલામાંથી ફુલો ખરી પડતી—તે સ્ત્રીઓ; ઘણુંજ શોભતી હતી. ॥૧૦॥ તથા પોતે પેહેરેલી માળાઓમાં, સ્ત્રીઓના સ્તનનાં કેસર લાગીને; રમવાની ખાતર વાળના જથાને હલાવતા—સ્ત્રીઓને પલાળતા—અને તેમના થકી પોતે પલળતા—ભગવાન પણ હાથણીઓની સાથે રમતા મોટા હાથીની પેઠે, રમતા શોભતા હતા.

અને વાજાં વગાડનારાથી ગુણગાન ... , તથા ... , એ ... વખત પણ ... ,
કૃષ્ણ અને તેમની સ્ત્રીઓ આપી દેતાં હતાં ॥૧૨॥ એ રીતે કૃષ્ણની રમતથી–ચાલ થકી–બોલવાથી–જો-
વાથી–હસવાથી–હાંસીથી–અને ભેટવાથી–તે સ્ત્રીઓની બુદ્ધિ હરાઈ જતી. ॥ ૧૩ ॥ અને એ કમળનેત્ર
ભગવાનનું ચિંતવન કરવાવડે, જડ અને ઉન્મત્ત જેવી તે મુકુંદ ભગવાનમાં એક નિષ્ઠાવાળી સ્ત્રીઓ; જે
વચનો બોલતી, તે તમે સાંભળો ॥૧૪॥–સ્ત્રીઓ–હે ટિટોડી, જગતમાં ગુપ્ત જ્ઞાનવાળા ભગવાન,
રાત્રિમાં જ્યારે ઊંઘે છે; ત્યારે, તું ન સૂતાં વિલાપ કરીને નિદ્રાનો ભંગ કરે છે: માટે હે સખી, ભગવાનના
ઉદાર હાસ, અને લીલા સહિત જોવાથી: તારું ચિત્ત પણ, અમારી પેઠેજ અત્યંત ભેદાઈ ગયું છે, કે શું. ?
॥૧૫॥ હે ચક્રવી, રાતને વિષે પતિને ન દેખવાથી: તું દયામણી રીતે રોતી, આંખોને મીંચે છે; શું તું
અદ્ભુત ભગવાનના પગમાં રહેલી માળાને, ચોટલામાં રાખવાને ઇચ્છતી: અમો દાસીઓની પેઠેજ, તું પણ
તેની ઇચ્છા કરે છે કે શું, ? ॥ ૧૬ ॥ અમારાં કુંકુમકુમ આદિકની પેઠે, લક્ષ્મી અને કૌસ્તુભ આદિક
લાંછનોથી હરાયલા, અને ઉંઘ જતી રહીને ઉજાગરો થવાથી હમેશાં બૂમો પાડતા; હે સમુદ્ર, તને પણ
અમારા જેવીજ; ન મટે એવી દશા પ્રાપ્ત થઈ છે કે શું ? ॥ ૧૭ ॥ અમારી પેઠેજ બોલવું બંધ કરેલા હે
ચંદ્ર, તું શું ભારે ક્ષય રોગથી પકડાઈને ક્ષીણ થવાથી–કિંવા ભગવાનની રહસ્ય વાતો સંભારીને; તેની ચિ-
તામાં મગ્ન થવાથી–પોતાની કિરણોવડે: અંધારાને મટાડતો નથી કે કેમ ? ॥૧૮॥ હે મલયાચળના પવન,

तमागधवंदिभिः॥८॥ सिच्यमानोऽच्युतस्ताभिर्हसंतीभिःस्मरेचकैः॥प्रतिसिंचन्विचिक्रीडेयक्षीभिर्यक्षराडिव॥९॥ ताःक्लिन्नवस्त्रविवृतोरुकुचप्रदेशाःसिंचंत्यउद्धृतबृहत्कबरप्रसूनाः॥ कांतंस्मरेचकजिहीरषयोपगुह्यजातस्मरोत्सवलसद्वदनाविरेजुः॥१०॥ कृष्णस्तुतत्स्तनविषज्जितकुंकुमस्रक्क्रीडाऽभिषंगधुतकुंतलवृंदबंधः॥ सिंचन्मुहुर्युवतिभिःप्रतिषिच्यमानोरेमेकरेणुभिरिवेभपतिःपरीतः॥११॥ नटानांनर्तकीनांचगीतवाद्योपजीविनां॥ क्रीडालंकारवासांसिकृष्णोऽदात्तस्यचस्त्रियः॥१२॥ कृष्णस्यैवंविहरतोगत्यालापेक्षितस्मितैः॥ नर्मक्ष्वेलिपरिष्वंगैःस्त्रीणांकिलहृताधियः॥१३॥ ऊचुर्मुकुंदैकधियोगिरउन्मत्तवज्जडं॥ चिंतयंत्योऽरविंदाक्षंतानिमेगदतःशृणु॥१४॥ महिष्यःकुररिविलपसित्वंवीतनिद्रानशेषेस्वपितिजगतिरात्र्यामीश्वरोगुप्तबोधः॥ वयमिवसखिकच्चिद्गाढनिर्भिन्नचेतानलिननयनहासोदारलीलेक्षितेन१५ नेत्रेनिमीलयसिनक्तमदृष्टबंधुस्त्वंरोरवीषिकरुणंबतचक्रवाकि॥ दास्यंगतावयमिवाच्युतपादजुष्टांकिंवास्त्रजंस्पृहयसेकबरेणवोढुं॥१६॥ भोभोःसदानिष्टनसेउदन्वन्नलब्धनिद्रोऽधिगतप्रजागरः॥ किंवामुकुंदापहृतात्मलांछनःप्राप्तांदशांत्वंचगतोदुरत्ययां॥१७॥ त्वंयक्ष्मणाबलवताऽसिगृहीतइंदोक्षीणस्तमोननिजदीधितिभिःक्षिणोषि॥ कच्चिन्मुकुंदगदितानियथावयंत्वंविस्मृत्यभोस्थगितगीरुपलक्ष्यसेनः॥१८ किंत्वाचरितमस्माभिर्मलयानिलतेऽप्रियं॥ गोविंदापांगनिर्भिन्नेहृदीरयसिनःस्मरं॥१९॥ मेघश्रीमंस्त्वमसिदयितोयादवेंद्रस्यनूनंश्रीवत्सांकंवयमिवभवान्ध्यायतिप्रेमबद्धः॥ अत्युत्कंठः बलहृदयोऽस्मद्विधोबाष्पधाराःस्मृत्वास्मृत्वाविसृजसिमुहुर्दुःखदस्तत्प्रसंगः॥२०॥ प्रियरावपदानिभाषसेऽमृतसंजीविकयाऽनयागिरा॥ करवाणिकिमद्यतेप्रियंवदमेवल्गितकंठकोकिल२१ नचलसिनवदस्युदारबुद्धेक्षितिधरचिंतयसेमहांतमर्थं॥अपिबतवसुदेवनंदनांघ्रिंवयमिवकामयसेस्तनैर्विधर्तुं॥२२ शुष्यद्ध्रदाःकरशिताबतसिंधुपत्न्यःसंप्रत्यपास्तकमलश्रियइष्टभर्त्तुः॥यद्वद्वयंमधुपतेःप्रणयावलोकमप्राप्यमुष्टहृदयाःपुरुकर्शिताःस्म॥२३ हंसस्वागतमास्यतांपिबपयोब्रूह्यंगशौरेः कथांदूतंत्वांनुविदामकच्चिदजितःस्वस्त्यास्तउक्तंपुरा॥ किंवानश्चलसौहृदःस्मरतितंकस्माद्भजामोवयंक्षौद्रालापयकामदंश्रियमृतेसैवैकनिष्ठास्त्रियां॥२४॥ इतीदृशेनभावेनकृष्णेयोगेश्वरेश्वरे॥ क्रियमाणेनमाधव्योलेभिरेपरमांगतिं॥२५श्रुतमात्रोऽपियःस्त्रीणांप्रसह्याकर्षतेमनः॥ उरुगायोरुगीतोवापश्यंती

તારું અમે શું બગાડ્યું છે. કે તું; ભગવાનનાં નેત્રની અણીઓથી ભેદાયલા, અમારા હૃદયમાં કામને: ઉત્પન્ન
કરે છે. ॥૧૯॥ હે કૃપાળુ મેઘ, શ્રીવત્સના–ચિન્હવાળા ભગવાનનો પ્યારો તું; અમારી પેઠેજ, તેમના વારંવાર
ધ્યાન આપનારા પ્રેમ બંધનને: અતિ કોમળ હૃદયથી, અને ઉત્કંઠાથી, સંભારીને; અમારી પેઠે આંસુની ધારાઓ
મૂકે છે કે શું. ? ॥૨૦॥ હે સુંદર શબ્દવાળી કોયલ; મુવેલાને પણ જીવાડનારી વાણીથી, તું આજે ભગવાનનાં પદ
બોલે છે; માટે બોલ કે હું તારું શું પ્રિય કરું. ॥૨૧॥ હે મોટા અર્થને ચિંતવનાર ઉદાર બુદ્ધિવાળા પર્વત; તું શું, અમારી
પેઠે, કૃષ્ણના ચરણને; પોતાના સ્તન ઉપર ધારણ કરવાની ઇચ્છાથીજ, કાંઈ બોલતો ચાલતો નથી કે કેમ.
॥૨૨॥ હે સમુદ્ર પત્નિ નદીઓ, ભગવાનના કૃપા કટાક્ષ ન મળવાથી, હૃદય સોસાઈ જવાવડે; બહુ દુબળી
થયેલી અમો સરખીજ તમો પણ, પુષ્ટ ભરતાર (મેઘ) થકી જળ ન સિંચાવાથી; દુબળી–સુકાયેલા ધરા-
ઓવાળી–અને કમળોની શોભા વિનાની–થઈઓછો કે કેમ. ? ॥૨૩॥ હે હંસ, તું દૂત છે, તે અમે જાણીએ
છીએ; ભલે આવ્યો, બેસ અને દૂધ પીઈ: અને કૃષ્ણના સમાચાર કહે; એ અનિશ્ચિત સ્નેહવાળા, અજિત
ભગવાન, જ્યારે પોતાના પ્રથમના બોલેલાને યાદ કરતા નથી; ત્યારે લક્ષ્મી શિવાય બીજી, અમો એક નિષ્ઠાવાળી
સ્ત્રીઓની કામના, નહીં પૂર્ણ કરનારા–અને ફક્ત મોઢેથીજ મિઠું બોલનારા–એમને: અમે શા માટે ભજીએ."
॥ ૨૪ ॥–શ્રીશુક–એમ: એવો અને એ પ્રકારનો ભાવ, યોગેશ્વરોના ઇશ્વર કૃષ્ણ વિષે કરવાથકી; માધવ
ભગવાનની એ સઘળી સ્ત્રીઓ, પરમ ગતિને પામી ગઈ હતી. ॥૨૫॥ જેની ઘણી કીર્તિ ગવાય છે, તે
માત્ર સાંભળવાથીજ: સ્ત્રીઓનાં મન ભગવાનમાં ખેંચાઈ જાય છે; તો તેમને નજરથી જોનારીઓનાં મન
ખેંચાય, એમાં તો કહેવુંજ શું ? ॥૨૬॥ એ જગત ગુરુ ભગવાનની; ભરતાર બુદ્ધિથી, એ રીતે પગ ચાંપ્યા

॥४७॥

આદિકવડે; પ્રેમથી સેવા કરનારીઓના તપનું વર્ણન, અમે કેટલું કરી શકીયે. ॥૨૭॥ એ પ્રમાણે એ સત્પુરૂષોના ગતિરૂપ બનવાને, વેદમાં કહેલા ધર્મનું આચરણ કરીને; ધર્મ–અર્થ–અને કામ, એ સઘળું મેળવવાનું સ્થાન, ઘર (ગૃહસ્થાશ્રમ)જ, ઉત્તમનું: વારંવાર દેખાડ્યું છે. ॥૨૮॥ એમ ગૃહસ્થના પરમ ધરમને પાળતા શ્રી કૃષ્ણને, સોળહજાર એકસોને આઠ સ્ત્રીઓ હતી. ॥૨૯॥ હે રાજા, તેમાંની રૂક્મિણી આદિક આઠ પટરાણીઓના પુત્રો વિગેરે તો, મેં પહેલાંજ અનુક્રમે કહેલ છે. ॥૩૦॥ એ અમોઘ ગતિવાળા ઇશ્વર કૃષ્ણે, પોતાની સઘળી સ્ત્રીઓમાં; દરેકને દશ દશ પુત્રો ઉત્પન્ન કર્યા હતા. ॥૩૧॥ તેમાં (પૈત્ર અનિરૂદ્ધને ગણતાં) અઢારતો. અત્યંત પરાક્રમી મહારથી હતા; તે ઉદાર યશવાળાઓનાં નામ, મારાથી સાંભળો. ॥૩૨॥ પ્રદ્યુમ્ન–અનિરૂદ્ધ–દિપ્તિમાન–ભાનુ–સાંબ–મધુ–બૃહદભાનુ–ચિત્રભાનુ–વૃક–અરૂણ ॥૩૩॥ પુષ્કર–વેદબાહુ–શ્રુતદેવ–સુનંદન–ચિત્રબાહુ–વિરૂપ–કવિ–અને ન્યગ્રોધ. ॥૩૪॥ એટલા ભગવાનના પુત્રોમાં રૂક્મિણી પુત્ર પ્રદ્યુમ્ન, બાપના સરખાજ અને સર્વ થકી શ્રેષ્ટ હતા. ॥૩૫॥ એ મહારથી પ્રદ્યુમ્ન પોતાના મામા રૂક્મિની પુત્રીને પરણ્યા હતા; તેમાં દશહજાર હાથીના બળવાળા પુત્ર અનિરૂદ્ધ જન્મ્યા હતા. ॥૩૬॥ અને એ રૂક્મિના દોહિત્ર અનિરૂદ્ધ, પણ તેનીજ પૌત્રીને પરણ્યા હતા; જેમાં થયેલો વજ્રનાભ નામનો પુત્ર, મૂશળથી થયેલા નાશમાં; અવશેષ રહ્યો હતો. ॥૩૭॥ એ વજ્રનાભનો પ્રતિબાહુ, થયો. તેનો સુબાહુ, અને તેનો શાંતસેન; તથા તેનો શતસેન નામે પુત્ર થયો હતો. ॥૩૮॥ એ કુળમાં જન્મેલાઓ કોઇ, નિર્ધન–થોડાં છોકરાંવાળા–થોડા આયુષ્યવાળા–થોડા પરાક્રમવાળા–કે બ્રાહ્મણોને ન માનનારા–એવા થયાજ નથી. ॥૩૯॥ હે રાજા, એ યાદવ કુળમાં જન્મેલા, વિખ્યાત કર્મોવાળા પુરૂષોની ગણત્રી; દશહજાર વર્ષોવડે પણ, કરવાને શક્ય નથી. ॥૪૦॥ યદુકુળના અઠ્યાસી હજાર બાળકોની, ત્રણ કોટી એટલે જથા હતા; અને તેમને ભણાવનારા સેકડો અધ્યારૂઓ હતા, એમ સાંભળવામાં છે ॥૪૧॥ એમ મહાત્મા ઉગ્રસેન સાથે રહેનારા હજારો હજાર અને લાખો લાખ યાદવોની, ગણતરી કરનાર કોણ છે. ? ॥૪૨॥ દેવ અને દૈત્યોની વચેના યુદ્ધમાં મૂએલા, અતિ દારૂણ દૈત્યો; મનુષ્યોમાં ઉત્પન્ન થઇને, અહંકારથી પ્રજાઓને પીડતા હતા. ॥૪૩॥ તેમનો નિગ્રહ કરવા માટે હરિ ભગવાનની આજ્ઞાથી, યાદવોના કુળમાં દેવતાઓનું એકસોને એક કુળોવડે, અવતરેલા હતા. ॥૪૪॥ અને ઇશ્વરતાવડે, હરિ ભગવાનજ તેઓને દૈવત રૂપ હતા; તેથી ભગવાનને અનુસરનારા એ યાદવો, વૃદ્ધિ પામ્યા હતા. ॥૪૫॥ તથા એ કૃષ્ણમાંજ મનવાળા યાદવોને; સુતાં–બેસતાં–ફરતાં–બોલતાં–રમતાં–નહાતાં–અને બીજાં કામો કરતાં; પોતાના શરીરનું ભાન રહેતું નહતું. ॥૪૬॥ જેણે યાદવોમાં ઉત્પન્ન થઇને, પોતાના ચરણની કીર્તિથી; ગંગાઆદિ તીર્થોને કર્યા પણ આવેલું છે–જેનામાં સ્નેહ રાખનારાઓની પેઠેજ, તેનો દ્વેષ કરનારાઓ પણ; એ અનંત ભગવાનના સ્વરૂપને પામ્યા છે–અને જેનું નામ સાંભળવાથી અથવા બોલવાથીજ તે, સર્વ અમંગળનો નાશ કરનાર થાય છે એવા–તથા જેના થકીજ ગોત્ર અને ધર્મ થયેલ છે એવા–લક્ષ્મી પણ, પરાયણ થઇને રહેલા–બીજાઓએ યત્ન કરેલા–અને પૃથ્વીનો ભાર ઉતારવાને, કાળ ચક્રરૂપી આયુધ ધરનારા–કૃષ્ણ ભગવાનમાંજ એ સર્વ વાતો હોવામાં; કાંઇજ આશ્ચર્ય નથી. ॥૪૭॥ સર્વ લોક જેનામાં હોવા છતાં, જે દેવકીથી જન્મેલા કહેવાય છે; અને જે સ્થાવર જંગમ સર્વનાં દુઃખો મટાડે છે; એવા પોતાના સુંદર હસતા અને શોભતા મુખથી, વ્રજની અને નગરની સ્ત્રીઓને કામ વધારનારા; શ્રેષ્ટ યાદવ કૃષ્ણ, પોતાને હાથે અધર્મનો નાશ કરીને જય પામે છે. ॥૪૮॥ એમ સ્વધર્મનું રક્ષણ કરવાને ઘટે તેવાં શરીરો, લીલાથી ધરીને; તે તે શરીરોના સરખું આચરણ કરનારા, શ્રેષ્ટ યાદવ કૃષ્ણનાં; લોકનાં કર્મ બંધનોને મટાડનારાં, કર્મોનું; જેઓ સુંદર સેવાનો

नांकुत:पुन:॥२६॥ या:संपर्यचरन्प्रेम्णापादसंवाहनादिभि: ॥ जगद्गुरुंभर्तृबुद्ध्यातासांकिंवर्ण्यतेतप: ॥२७॥ एवंवेदोदितंधर्ममनुतिष्ठन्सतां गति:॥गृहंधर्मार्थकामानांमुहुश्चादर्शयत्पदं॥२८॥ आस्थितस्यपरंधर्मंकृष्णस्यगृहमेधिनां॥ आसन्षोडशसाहस्रंमहिष्यश्चशताधिकं॥२९॥ तासांस्त्रीरत्नभूतानामष्टौया:प्रागुदाहृता: ॥ रुक्मिणीप्रमुखाराजंस्तत्पुत्राश्चानुपूर्वश: ॥३०॥ एकैकस्यांदशदशकृष्णोऽजीजनदात्मजान् यावत्यआत्मनोभार्याअमोघगतिरीश्वर: ॥३१॥ तेषामुद्दामवीर्याणामष्टादशमहारथा:॥ आसन्नुदारयशसस्तेषांनामानिमेशृणु॥३२॥ प्रद्युम्नश्चानिरुद्धश्चदीप्तिमान्भानुरेवच॥ सांबोमधुर्बृहद्भानुश्चित्रभानुर्वृकोऽरुण:॥३३॥ पुष्करोवेदबाहुश्चश्रुतदेव:सुनंदन: ॥ चित्रबाहुर्विरूपश्च कविर्न्यग्रोधएवच॥३४॥ एतेषामपिराजेंद्रतनुजानांमधुद्विष:॥प्रद्युम्नआसीत्प्रथम:पितृवद्रुक्मिणीसुत: ॥३५॥ सरुक्मिणोदुहितरमुपयेमे महारथ: ॥ तस्मात्सुतोऽनिरुद्धोभून्नागायुतबलान्वित: ॥३६॥ सचापिरुक्मिण:पौत्रींदौहित्रोजगृहे तत: ॥ वज्रस्तस्याभवद्यस्तुमौसलाद वशेषित: ॥३७॥ प्रतिबाहुरभूतस्मात्सुबाहुस्तस्यचात्मज:॥सुबाहो:शांतसेनोऽभूच्छतसेनस्तुतत्सुत: ॥३८॥ नह्येतस्मिन्कुलेजाताअधना अबहुप्रजा: ॥ अल्पायुषोऽल्पवीर्याश्चअब्रह्मण्याश्चजज्ञिरे ॥ ३९ ॥यदुवंशप्रसूतानांपुंसांविख्यातकर्मणां॥ संख्यानशक्यतेकर्तुमपिवर्षा युतैर्नृप॥४०॥ तिस्र:कोट्य:सहस्राणामष्टाशीतिशतानिच॥आसन्यदुकुलाचार्या:कुमाराणामितिश्रुतं ॥४१॥ संख्यानंयादवानांक:करि ष्यतिमहात्मनां यत्रायुतानामयुतलक्षेणास्तेसआहुक:॥४२॥ देवासुराहवहतादैतेयायेसुदारुणा:॥ तेचोत्पन्नामनुष्येषुप्रजादृप्ताबबाधिरे ॥ ४३॥ तन्निग्रहायहरिणाप्रोक्तादेवायदो:कुले॥ अवतीर्णा:कुलशतंतेषामेकाधिकंनृप॥४४॥ तेषांप्रमाणंभगवान्प्रभुत्वेनाभवद्धरि: ॥ येचानु वर्तिनस्तस्यववृधु:सर्वयादवा: ॥४५॥ शय्यासनाटनालापक्रीडास्नानादिकर्मसु॥ नविदु:संतमात्मानंवृष्णय:कृष्णचेतस:॥४६॥तीर्थंचक्रे नृपोनंयदजनियदुषुस्व: सरित्पादशौचंविद्विट्स्निग्धा:स्वरूपंययुरजितपराश्रीर्यदर्थेऽन्ययत्र: ॥ यन्नामामंगलघ्नंश्रुतमथगदितंयत्कृतोगोत्र धर्म:कृष्णस्यैतन्नचित्रंक्षितिभरहरणंकालचक्रायुधस्य॥४७॥ जयतिजननिवासोदेवकीजन्मवादोयदुवरपरिषत्स्वैर्दोर्भिरस्यन्नधर्मं ॥ स्थिर

છત્રજના પુરૂષોએ, શ્રવણ કનુજ એકકો. ॥૪૯॥ તેની હરકાથી મોટા પૃથ્વીપતિ રાજાઓ રાજ્યાદિક તજીને, વનમાં ગયેલા છે: ને મુકુંદ ભગવાનની સુંદર કથાઓનું, શ્રવણ–કીર્તન–અને ચિંતવન કરવાથી; રોજ વધેલી ભક્તિથીજ, ટાળ્યો ન ટળે એવા કાળના વેગનો અંત આણનાર; મોક્ષ નામના ભગવાનના ધામને, મનુષ્યો પામે છે. ॥૫૦॥ ઇતિશ્રી. ભા૦ દશમસ્કંધનો નેવુમો અધ્યાય સંપૂર્ણ ૯૦

चरद्वृजिनघ्नः सुस्मितश्रीमुखेनव्रजपुरवनितानांवर्धयन्कामदेवं॥४८॥
इत्थंपरस्यनिजवर्त्मरिरक्षयात्तलीलातनोस्तदनुरूपविडंबनानि॥कर्मा
णिकर्मकषणानियदूत्तमस्यश्रूयादमुष्यपदयोरनुवृत्तिमिच्छन् ॥४९॥
मर्त्यस्तयाऽनुसवमेधितयामुकुंदश्रीमत्कथाश्रवणकीर्तनचिंतयैति ॥
तद्धामदुस्तरकृतांतजवापवर्गंग्रामाद्वनंक्षितिभुजोऽपिययुर्यदर्थाः॥५०
इतिश्रीभागवतेमहापुराणेदशमस्कंधेउत्तरार्धे ऽष्टादशसाहस्र्यांसंहि
तायांवैयासिक्यांश्रीकृष्णचरितानुवर्णनंनामनवतितमोऽध्यायः॥९०॥
समाप्तोऽयंदशमस्कंधः ॥ श्रीकृष्णार्पणमस्तु ॥

તા. ૧૭ મી મે સને ૧૮૯૯ મીતી સંવત ૧૯૫૫ ના વૈશાક સુદી. ૮ બુધે સાંજે પાંચ વાગે મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં હરિકિશનદાસ શેઠની પોળમાં ઘર નંબર ૫૨૩–કર્તા મહામુનિ વ્યાસ–ભાગવત ટીકા લખનાર દાસાનુદાસ ગિરધરલાલ અમૃતલાલ ન્યાખા–શ્રી કૃષ્ણાર્પણમસ્તુ,

॥ इति श्रीमद्भागवते दशमस्कंधं समाप्तं ॥

॥ अथ श्रीमद्भागवतं एकादशस्कंधं प्रारभ्यते ॥

॥ શ્રી જગદ્ગુરૂ પરમાત્મને નમઃ॥ અધ્યાય ૧ લો—શ્રીશુક—યાદવોથી વિંટાયલા બળરામ સહિત શ્રી કૃષ્ણ ભગવાને; દૈત્યોનો નાશ કરવા પછી, પૃથ્વીનો ભાર ઉતારવાને માટે; દુર્યોધનાદિક થકી, દુષ્ટ જુગાર રમવાવડે; તથા દ્રૌપદીને ચોટલો પકડીને, સભામાં લેઇ આવવા વિગેરેથી; પાંડવોનું અપમાન થતાં; એ દુર્યોધન આદિક ઉપર, પાંડવોનો બહુ ક્રોધ કરાવીને; એ પાંડવ કૌરવની વચ્ચે, ઘણા વેરવાળો કલહ ઉત્પન્ન કરયો. અને તે પાંડવો તથા કૌરવોના પક્ષમાં આવેલા, એકઠા મળેલા ઘણા રાજાઓનો; એ સમર્થ ભગવાને, ઘાત કરાવી નાંખીને; પૃથ્વીનો ભાર ઉતારયો. ॥૧–૨॥ તથા પૃથ્વીના ઉપર ભારરૂપ થયેલી, તે રાજાઓની સેનાઓનો નાશ પણ; એ ભગવાનેજ, પોતાના હાથથકી રક્ષણ પામેલા, યાદવોવડે; કરી નંખાવ્યો; અને તે પછી, જેના કર્તવ્યની કોઇને ખબર પડતી નથી; એવા એ ભગવાને, વિચાર્યું કે, "પૃથ્વીનો ભાર કાંઇક ઉતરયો છે ખરો, પરંતુ કોઇથી સહન ન થઇ શકે એવું, યાદવોનું મોટું કુળ જ્યાં સુધી સલામત છે, ત્યાં સુધી; એ ભાર બરાબર ઉતરેલાનું માનવા જેવું નથી. ॥૩॥ એ યાદવોને મારો આશ્રય હોવાથી, વૈભવ પામેલા તેઓ; સર્વદા ઉછૃંખળપણાથી વર્તે છે; અને તેમનો પરાભવ, બીજા કોઇથી થઇ શકે તેમ નથી; માટે વાંસના વનમાં, તેમાંથીજ ઉત્પન્ન થતા અગ્નિની પેઠે; એ યાદવ કુળમાં, માંહોમાંહે કજીઓ ઉત્પન્ન કરાવીને; તેમનો નાશ કરી, પૃથ્વીનો ભાર પૂર્ણપણે ઉતારીનેજ; હું સ્વધામમાં જઇશ." ॥૪॥ હે રાજન સત્ય સંકલ્પવાળા સમર્થ ઇશ્વર ભગવાને; એવો નિશ્ચય કરી; બ્રાહ્મણોના શાપના મિષથી, પોતાના યાદવકુળનો પણ; સંહાર કર્યો. ॥૫॥ અને તે પછી લોકમાત્રની સંપૂર્ણ સુંદરતાવાળા પોતાના સ્વરૂપથી, લોકોની આંખોને અતૃપ્તજ રાખીને; તથા પોતે કરેલાં કર્મોનું વાણીવડે સ્મરણ કરનારા લોકના મનને વિષે, પોતાના ચરણ કમળને સ્થાપન કરીને; અને પોતાની અત્યંત વખાણ પામેલી કીર્તિ; કે જેથી પાપી પુરુષો, પણ, ઉતાવળાજ આ સંસારને તરે છે; તેનો, જગતમાં વિસ્તાર કરીને; એ ઇશ્વર ભગવાન, પોતાના પદ વૈકુંઠને વિષે પધારયા. ॥૬–૭॥–પરીક્ષિત–હે ઉત્તમ દ્વિજ,

श्रीगणेशायनमः॥श्रीशुक०कृत्वादैत्यवधंकृष्णःसरामोयदुभिर्वृतः॥भुवोऽवतारयत्भारंजविष्ठंजनयन्कलिं॥१॥येकोपिताःसुबहुपांडुसुताःसपत्नै र्दुर्द्यूतहेलनकचग्रहणादिभिस्तान्॥कृत्वानिमित्तमितरेतरतःसमेतान्हत्वानृपान्निरहरत्क्षितिभारमीशः ॥२॥ भूभारराजपृतनायदुभिर्निरस्य गुप्तैःस्वबाहुभिरचिंतयदप्रमेयः ॥ मन्येऽवनेर्ननुगतोऽप्यगतंहिभारंयद्यादवंकुलमहोअविषह्यमास्ते ॥३॥ नैवान्यतःपरिभवोऽस्यभवेत्क थंचिन्मत्संश्रयस्यविभवोन्नहनस्यनित्यं ॥ अंतःकलिंयदुकुलस्यविधायवेणुस्तंबस्यवन्हिमिवशांतिमुपैमिधाम ॥४॥ एवंव्यवसितोराजन्सत्य संकल्पईश्वरः॥ शापव्याजनविप्राणांसंजह्रेस्वकुलंविभुः ५ स्वमूर्त्यालोकलावण्यनिर्मुक्त्यालोचनंनृणां॥गीर्भिस्ताःस्मरतांचित्तंपदैस्तानी क्षतांक्रियाः ॥६॥ आच्छिद्यकीर्तिंसुश्लोकांवितत्यह्यंजसानुकौ ॥ तमोऽनयातरिष्यंतीत्यगात्स्वंपदमीश्वरः ॥७॥ राजा०ब्रह्मण्यानांवदा न्यानांनित्यंवृद्धोपसेविनां ॥ विप्रशापःकथमभूद्वृष्णीनांकृष्णचेतसां ॥८॥ यन्निमित्तःसवैशापोयादृशोद्विजसत्तम ॥ कथमेकात्मनांभेद तत्सर्वंवदस्वमे ॥९॥ श्रीशुक०बिभ्रद्वपुःसकलसुंदरसन्निवेशंकर्माचरन्भुविसुमंगलमाप्तकामः ॥ आस्थायधामरममाणउदारकीर्तिःसंहर्तु मैच्छतकुलंस्थितकृत्यशेषः ॥१०॥ कर्माणिपुण्यनिवहानिसुमंगलानिगायज्जगत्कलिमलापहराणिकृत्वा ॥ कालात्मनानिवसतायदुदेवगे हेपिंडारकंसमगमन्मुनयोनिसृष्टाः ॥११॥ विश्वामित्रोऽसितःकण्वोदुर्वासाभृगुरंगिराः ॥ कश्यपोवामदेवोऽत्रिर्वसिष्ठोनारदादयः ॥१२॥ क्रीडंतस्तानुपव्रज्यकुमारायदुनंदनाः ॥ उपसंगृह्यपप्रच्छुरविनीताविनीतवत् ॥१३॥ तेवेषयित्वास्त्रीवेषैःसांबंजांबवतीसुतं ॥ एषापृच्छति वोविप्राअंतर्वत्न्यसितेक्षणा ॥१४॥ प्रष्टुंविलज्जतीसाक्षात्प्रब्रूतामोघदर्शनाः ॥ प्रसोष्यंतीपुत्रकामाकिंस्वित्संजनयिष्यति ॥१५॥ एवंप्रल ब्धामुनयस्तानूचुःकुपितानृप ॥ जनयिष्यतिवोमंदामुसलंकुलनाशनं ॥१६॥ तच्छ्रुत्वातेतिसंत्रस्ताविमुच्यसहसोदरं ॥ सांबस्यददृशुस्त स्मिन्मुसलंखल्वयस्मयं ॥१७॥ किंकृतंमंदभाग्यैर्नःकिंवदिष्यंतिनोजनाः ॥ इतिविह्वलितागेहानादायमुसलंययुः ॥१८॥ तच्चोपनीयस

બ્રાહ્મણોને માનનારા–મોટી બુદ્ધિવાળા–વૃદ્ધોની હમેશાં સેવા કરનારા–અને કૃષ્ણ ભગવાનને વિષેજ મન રાખનારા–એ વૃષ્ણી કુળના યાદવોને; બ્રાહ્મણોએ શાપ શા સારૂં દીધો. ? એ શાપ કયાં નિમિત્તથી, અને કેવા પ્રકારનો થયો હતો; તથા એ એકચિત્તવાળાઓને, માંહોમાંહે કજીઓ શાથી ઉત્પન્ન થયો; તે સઘળું આપ મને કહો. ॥ ૮–૯ ॥–શ્રીશુક–સર્વ પ્રકારની સુંદરતા એકત્ર થયેલું, શરીર ધારણ કરીને; તથા ધર્મને વિષેજ રહીને, પોતાની, ઉદાર કીર્તિ પૃથ્વી ઉપર રાખવા સારૂં; ઉત્તમ અને મંગળ કર્મોનું આચરણ કરનારા, એ પૂર્ણકામ ભગવાનેજ; યાદવ કુળનો પૂરે પૂરો નાશ કરી નાંખવાની, ઇચ્છા કરી હતી; એ એકજ કારણ હતું. ॥૧૦॥ એ વસુદેવના ઘરમાં વસતા, કાળ સ્વરૂપ તથા કીર્તન કરવાથી કલિયુગના મેલરૂપ પાપોને મટાડનારા ભગવાનને; ઉત્તમ મંગળકારી, અને પુણ્ય ઉત્પન્ન કરનારાં, ઇષ્ટ તથા પૂર્તનાં કર્મો કરાવવાની ઇચ્છાથી આવેલા; વિશ્વામિત્ર–અસિત–કણ્વ–દુર્વાસા–ભૃગુ–અંગિરા–કશ્યપ–વામદેવ–અત્રિ–વસિષ્ઠ–અને નારદ વિગેરે મુનિઓ; "પિંડારક" નામના ક્ષેત્રમાં, (એટલે દ્વારકાંની પાસેજ, જેમાં પિંડ તરે છે; એવું તળાવ છે, ત્યાં,) આવી રહ્યા હતા. ॥૧૧–૧૨॥ પછી યદુકુળના અવિનયવાન કુમારોએ, રમતાં રમતાં જાંબુવંતિના પુત્ર સાંબને; સ્ત્રીનો વેષ પહેરાવીને, એ મુનિઓની પાસે, લેઇ જઇ તેમના પગમાં પડીને; તેઓ વિનયવાનની પેઠે, પૂછવા લાગ્યા કે, "હે અમોઘ દૃષ્ટિવાળાઓ; આ કમળ જેવી આંખોવાળી, અને પુત્ર થવાની ઇચ્છાવાળી; સગર્ભા સ્ત્રી, આપને સાક્ષાત પૂછવાને લજાવાથી; અમારી પાસે પૂછાવે છે કે, "તે શું જણશે." ॥૧૩–૧૪–૧૫॥ ત્યારે એ રીતે હાંસી કરેલા મુનિઓએ, ક્રોધ કરયો; અને કહ્યું કે, "હે મંદ બુદ્ધિવાળાઓ, એનો તમારા કુળનો નાશ કરનારૂં મૂશળ જણશે." ॥૧૬॥ એ સાંભળવાથી અતિ ત્રાસ પામેલા, તે કુમારોએ સાંબનું પેટ છોડી નાંખીને, જોયું; તો તેમાંથી ખરેખરૂં લોહમય મૂશળ જોવામાં આવ્યું. ॥૧૭॥ પછી, "આપણ મંદ ભાગ્યવાળાઓએ આ શું કર્યું; અને લોકો, આપણને શું કહેશે?" એ રીતે વિહ્વળતા પામેલા, તેઓ મૂશળ લેઇને; ઘેર ગયા. ॥૧૮॥ અને મોઢાની શોભા કરમાઇ ગયેલા તેઓએ, તે મુશળ લેઇ જઇને; યાદવોની સભા સમક્ષ ઉગ્રસેન રાજા પાસે, સઘળું જાહેર કરયું. ॥૧૯॥ ત્યારે દ્વારકાંના લોકો, એ મટાડયો મટે નહીં એવો, બ્રાહ્મણોનો શાપ

સાંભળીને; અને મૂશળને પ્રત્યક્ષ દેખીને, વિસ્મય પામ્યા; તથા શાપને લીધે, ત્રાસ પામી ગયા. ॥૨૦॥ પછી ઉગ્રસેન તથા વસુદેવે, તે મૂશળનું ચુરણ કરાવી નાંખીને, (ઘસી નાંખીને,) છેવટના શેષ રહેલા ભાગ સુદ્ધાંત સમુદ્રના પાણીમાં વહેવરાવી દીધું. ॥ ૨૧ ॥ ત્યારે એ શેષ રહેલા લોઢાના કકડાને, કોઇ એક મચ્છ ગળી ગયો; અને ચુરણ થએલું હતું, તે સમુદ્રના તરંગોથી તણાઇ જઇ, (પ્રભાસ આગળ) કાંઠે લાગીને; તેની પાન, (એટલે સરકટ જેવી એક પ્રકારની વનસ્પતિ) ઉત્પન્ન થઇ. ॥૨૨॥ પછી સમુદ્રમાંનાં બીજાં માછલાંની સાથે તે મચ્છને કોઇ માછીએ પકડ્યો. અને તેના પેટમાંથી નીકળેલા લોઢાનું પારધીએ, તીરનું ભાલોડું બનાવ્યું. ॥૨૩॥ આને કાળ સ્વરૂપ ઇશ્વર ભગવાન કૃષ્ણ તો, આના સર્વ પરિણામને જાણતા હતા. તથા બ્રાહ્મણોના શાપને મટાડવાને સમર્થ હતા; તોપણ, તેમણે તે શાપને મિથ્યા કરવાની ઇચ્છા ન કરી; અને એ સર્વ જેમ થાય, તેમજ થવા દીધું. ॥૨૪॥ ઇતિશ્રી૦ ભા૦ અગિયારમા સ્કંધમાં યાદવોને બ્રાહ્મણોનો શાપ નામે પહેલો અ. સં૦॥૧॥

અધ્યાય ૨ જો.—શ્રીશુક—હે પરીક્ષિત, નારદ મુનિ; કૃષ્ણ ભગવાનની ઉપાસના કરવાની લાલચથી; વારંવાર એ ગોવિંદ ભગવાનની ભુજાઓથી રક્ષણ થએલી, દ્વારકામાં આવતા હતા. ॥૧॥ કેમકે મોટા દેવતાઓ આદિએ ઉપાસેલ, એ મુકુંદ ભગવાનના ચરણ કમળને; ચારે તરફ મોતથી ઘેરાએલો, પ્રાણ પુરૂષ; ઇંદ્રિયાદિકની સંપત્તિઓ હોવા છતાં, ન ભજે. ॥ ૨ ॥ એ દેવરૂષિ, એક દિવસે વસુદેવને ઘેર આવ્યા; ત્યારે તેમનું પૂજન કરીને, આસન આપવાથી સુખે બેઠા પછી; વસુદેવે તેમને નમસ્કાર કરીને, પૂછ્યું કે. ॥૩॥—વસુદેવ—હે દેવરૂષિ, ઉત્તમશ્લોક ભગવાન સંબંધીજ કર્મો કરનારા, આપનું આવવું; રાંક બાળકોને ત્યાં તેમનાં મા બાપોનું આવવું થવાની પેઠે, સર્વ પ્રકારે તેમના ભલાને સારૂંજ થાય છે. ॥ ૪ ॥ વળી, ભગવાનનાં

दसिपरिम्लानमुखश्रियः ॥ राज्ञआवेदयांचक्रुःसर्वयादवसन्निधौ ॥१९॥ श्रुत्वाऽमोघंविप्रशापंदृष्ट्वाचमुसलंनृप ॥ विस्मिताभयसंत्रस्ता बभूवुर्द्वारकौकसः ॥२०॥ तच्चूर्णयित्वामुसलंयदुराजःसआहुकः ॥ समुद्रसलिलेप्रास्यल्लोहंचास्यावशेषितं ॥२१॥ कश्चिन्मत्स्योऽग्रसी ल्लोहंचूर्णानितरलैस्ततः ॥ उह्यमानानिवेलायांलग्नान्यासन्किलैरकाः ॥२२॥ मत्स्योगृहीतोमत्स्यघ्नैर्जालेनान्यैःसहार्णवे ॥ तस्योदरगतं लोहंसशल्येलुब्धकोऽकरोत् ॥२३॥ भगवान्ज्ञातसर्वार्थईश्वरोऽपितदन्यथा ॥ कर्तुंनैच्छद्विप्रशापंकालरूप्यन्वमोदत ॥२४॥ इतिश्रीभागवतेमहापुराणेएकादशस्कंधेविप्रशापोनामप्रथमोध्यायः ॥१॥

श्रीशुक०गोविंदभुजगुप्तायांद्वारवत्यांकुरूद्वह ॥ अवात्सीन्नारदोऽभीक्ष्णं कृष्णोपासनलालसः ॥१॥ कोनुराजन्निंद्रियवान्मुकुंदचरणांबुजं ॥ नभजेत्सर्वतोमृत्युरुपास्यममरोत्तमैः ॥२॥ तमेकदातुदेवर्षिंवसुदेवोगृहागतं॥ अर्चितंसुखमासीनमभिवाद्येदमब्रवीत् ॥३॥ वसुदेव०भगवन्भवतोयात्रास्वस्तयेसर्वदेहिनां॥कृपणानांयथापित्रोरुत्तमश्लोकवर्त्मनां॥४॥ भूतानांदेवचरितंदुःखायचसुखायच॥ सुखायैवहिसाधूनांत्वादृशामच्युतात्मनां॥५॥ भजंतियेयथादेवान्देवाअपितथैवतान्॥ छायेवकर्मसचिवाःसाधवोदीनवत्सलाः ॥६॥ ब्रह्मंस्तथाऽपिपृच्छामोधर्मान्भागवतांस्तव॥ यान्श्रुत्वाश्रद्धयामर्त्योमुच्यतेसर्वतोभयात् ॥७॥ अहंकिलपुराऽनंतंप्रजार्थोभुविमुक्तिदं॥ अपूजयंनमोक्षायमोहितोदेवमायया॥८॥ यथाविचित्रव्यसनाद्भवद्भिर्विश्वतोभयात् ॥ मुच्येमह्यंजसैवाद्धातथानःशाधिसुव्रत ॥९॥ श्रीशुक०राजन्नेवंकृतप्रश्नोवसुदेवेनधीमता॥ प्रीतस्तमाहदेवर्षिर्हरेःसंस्मारितोगुणैः॥१०॥ नारद०सम्यगेतद्व्यवसितंभवतासात्वतर्षभ ॥ यत्पृच्छसेभागवतान्धर्मांस्त्वंविश्वभावनान् ॥११॥ श्रुतोऽनुपठितोध्यातआदृतोवानुमोदितः ॥ सद्यःपुनातिसद्धर्मोदेवविश्वद्रुहोऽपिहि॥१२॥ त्वयापरमकल्याणःपुण्यश्रवणकीर्तनः स्मारितोभगवानद्यदेवोनारायणोमम॥१३॥ अत्राप्युदाहरंतीममितिहासंपुरातनं॥आर्षभाणांचसंवादंविदेहस्यमहात्मनः॥१४॥ प्रियव्रतोनामसुतोमनोःस्वायंभुवस्ययः॥ तस्याग्नीध्रस्ततोनाभिर्ऋषभस्तत्सुतःस्मृतः॥१५॥ तमाहुर्वासुदेवांशंमोक्षधर्मविवक्षया ॥ अवतीर्णंसुतशतं

કામો પણ, પ્રાણીઓને વખતે સુખ આપનારાં; અને વખતે દુખ આપનારાં, હોય છે; પરંતુ આપના જેવા અચ્યુત ભગવાનમાં મન રાખનારા, સાધુ પુરૂષોનાં તો સઘળાં કામો; પ્રાણી માત્રના સુખને અર્થેજ હોય છે. ॥ ૫ ॥ પદાર્થ પ્રમાણે પડછાયો થવાની પેઠે, કર્મો પ્રમાણેજ ફળ આપનાર: ભગવાન તો, પ્રાણીઓ જેટલું તેમને ભજે છે; તે પ્રમાણમાંજ, તેમનું સારૂં કરે છે. અને સાધુ પુરૂષો તો, હમેશાં રાંક પ્રાણીઓના ઉપર, દયા કરવાનાજ સ્વભાવવાળા હોય છે ॥૬॥ માટે હે બ્રાહ્મણ, હું આપને "ભાગવત ધર્મ" વિશે પૂછું છું; કે જેને શ્રદ્ધા સહિત સાંભળવાથી મનુષ્યો, સર્વ પ્રકારના ભય થકી; મુક્ત થાય છે. ॥૭॥ મેં પણ પૂર્વે એ મુક્તિ આપનારા અને મોક્ષના આશ્રય, અનંત ભગવાનનું પૂજન; તો કરયું હતું. પણ એ ભગવાનનીજ માયાથી, મોહ પામવાને લીધે મોક્ષને અર્થે નહીં કરતાં; ફક્ત પ્રજા પામવાને અર્થેજ, કરયું હતું ॥૮॥ માટે હે સારાં વ્રતોવાળા, જે થકી અમો; વિચિત્ર પ્રકારનાં દુઃખોવાળા, સંસાર રૂપ ભયથી, ઉતાવળાજ મુક્ત થઇએ; એવો ઉપદેશ આપ અમને કરો. ॥૯॥—શ્રીશુક—હે પરીક્ષિત, એ પ્રમાણે, બુદ્ધિમાન વસુદેવે પ્રશ્ન કરવાથી; દેવરૂષિ નારદજીએ, હરિભગવાનના ગુણોનું સ્મરણ કરીને; પ્રીતિ સહિત તેમને ઉત્તર આપ્યો કે; ॥૧૦॥—નારદ—હે સાત્વતોમાં ઉત્તમ, એ સઘળું તમે સારી રીતે નિશ્ચય કરેલુંજ છે; છતાં જગતના ભલાને અર્થે, તમે મને "ભાગવત ધર્મ" વિશે પૂછેલું છે. ॥૧૧॥ એ શ્રેષ્ઠ ભાગવત ધર્મોનું શ્રવણ કરવાથી, પાઠ કરવાથી, ધ્યાન કરવાથી, આદર કરવાથી, અને અનુમોદન આપવાથી પણ; આખા વિશ્વનો દ્રોહ કરનારા મનુષ્યો, તુર્તજ પવિત્ર થઇ જાય છે. ॥૧૨॥ અને એ થકી, આજ તમે મને; પવિત્ર શ્રવણ અને કીર્તન વાળા, તથા પરમ કલ્યાણ કારી દેવ, નારાયણ ભગવાનનું; સ્મરણ આપ્યું છે. ॥૧૩॥ એ બાબતમાં, એક જુનો ઇતિહાસ; રૂષભદેવ ભગવાનના પુત્ર નવ યોગેશ્વરો, અને જનક રાજા વચ્ચેના સંવાદ રૂપે; નીચે મુજબનો કહેવામાં આવે છે. ॥૧૪॥ સ્વાયંભૂ મનુના પુત્ર, પ્રિયવ્રતના આગ્નિધ્ર થયા હતા; અને તેમના પુત્ર નાભિરાજા થકી, રૂષભદેવ

ભગવાન થયેલાનું કહેવાય છે. ॥૧૫॥ એ ૠષભદેવ ભગવાન વાસુદેવનો અંશ, અને મોક્ષ ધર્મનો ઉપદેશ કરવાને માટે અવતરેલા હતા. તેમને; સંપૂર્ણ વેદને ભણનારા, સો પુત્રો થયા હતા. ॥૧૬॥ તેઓમાં સહુથી મોડા ભરત, નારાયણ ભગવાનને પરાયણ કરતા; તેમના નામ ઉપરથી, આ અદ્ભુત ખંડ; ભરતખંડ. એ નામથી વિખ્યાત થયેલો છે. ॥૧૭॥ એ ભરત; સર્વ પ્રકારના ભોગ ભોગવ્યા પછી, રાજ્યાદિકનો ત્યાગ કરીને, વનમાં ગયા હતા; અને તપ વડે હરિભગવાનની ઉપાસના કરીને ત્રણ જન્મવડે, ભગવાનના પદને પામ્યા હતા. ॥૧૮॥ તે પછીના નવ, આ ભરતખંડના નવ (ઉપદ્વિપ) ભેદના અધિપતિઓ થયા હતા; અને એકાશી, કર્મ વિધાનો વિસ્તાર કરનારા, બ્રાહ્મણો થયા હતા. ॥૧૯॥ તથા કવિ–હરિ–અંતરિક્ષ–પ્રબુદ્ધ–પિપ્પલાયન–આવિર્હોત્ર–દ્રુમિલ–ચમસ–તથા કરભાજન; એ નામો વાળા નવ, પરમાર્થનું નિરૂપણ કરનારા; આત્મજ્ઞાનને માટે, શ્રમ કરનારા; નગ્ન, અને આત્મ વિદ્યામાં વિશારદ, એવા મુનિઓ (યોગેશ્વરો) થયા હતા. ॥૨૦॥–૨૧॥ તેઓ આ સત્ અને અસત્, રૂપ વિશ્વને; આત્મસ્વરૂપ ભગવાનથી, અભિન્ન અને ભાગવત સ્વરૂપજ જાણતા થકા; પૃથ્વી ઉપર ફરતા હતા. ॥૨૨॥ અને કોઇથી ન અટકાવાય, એવી ગતિ થકી; દેવ–સિદ્ધ–સાધ્ય–ગંધર્વ–યક્ષ–મનુષ્ય–કિંનર–નાગ–મુનિ–ચારણ–ભૂતનાથ અને વિદ્યાધર લોકમાં; તથા બ્રહ્મલોક, અને ગવલોકમાં પણ; તેઓ મુક્ત હોવા છતાં, સ્વઇચ્છાથી જતા હતા. ॥ ૨૩ ॥ તે મહાત્માઓ, એક દિવસે યદચ્છાથી; આ અજનાભ ખંડમાં, ૠષિઓએ કરાવાતા; નિમિ રાજાના યજ્ઞમાં; આવી ચડ્યા. ॥૨૪॥ હે રાજા, સૂર્યના જેવા પ્રકાશિત, તે મહાત્માઓને દેખીને; યજમાન નિમિરાજા, અગ્નિઓ, તથા બ્રાહ્મણો; સર્વે ઉભા થયા. ॥૨૫॥ અને એ વિદેહ રાજાએ, તેમને નારાયણ પરાયણ જાણીને; યોગ્ય રીતનું આસન, અને સ્થાન આપીને; તેમનું પૂજન કર્યું. ॥૨૬॥ પછી એ પોતાનાજ તેજથી શોભતા, અને બ્રહ્માના પુત્ર સનકાદિક જેવા; નવેને નમ્રતા સહિત નમેલા, નિમિરાજાએ; પ્રસન્નતાથી પૂછ્યું કે. ॥ ૨૭ ॥–વિદેહ–પ્રાણીઓને પવિત્ર કરવાને માટેજ, લોકને વિશે ફરનારા, આપ નવેને; મધુ દૈત્યે દ્વેષ

तस्यासीद्वेदपारगं ॥१६॥ तेषांवैभरतोज्येष्ठोनारायणपरा ण: ॥ विख्यातंवर्षमेत न्नाम्नाभारतमद्भुतं ॥१७॥ सभुक्तभोगांत्यक्तेमांनिर्गतस्तपसाहरिं ॥ उपासीनस्तत्पदवींलेभेवैजन्मभिस्त्रिभि:॥१८॥ तेषांन [illegible] पप यो ऽस्यसमंतत:॥ कर्मतंत्रप्रणेतारएकाशीतिर्द्विजातय: ॥१९॥ नवाभवन्महाभागामुनयोह्यर्थशंसिन: ॥ श्रमणावातरशनाआत्मविद्याविशारदा:॥२०॥ कविर्हरिरंतरिक्ष:प्रबुद्ध:पि [illegible] यन: ॥ आविर्होत्रोऽथद्रुमिलश्चमस:करभाजन: ॥२१॥ एतेवैभगवद्रूपंविश्वंसदसदात्मकं ॥ आत्मनोऽव्यतिरेकेणपश्यं [illegible] चरन्महीं ॥२२॥ अव्याहतेष्टगतय:सुरसिद्धसाध्यगंधर्वयक्षनरकिन्नरनागलोकान् ॥ मुक्ताश्चरंतिमुनिचारणभुतनाथविद्याधरद्विजगवांभुवनानिकामं ॥२३॥ तएकदानिमे:सत्रमुपजग्मुर्यदृच्छया॥ वितायमानमृषिभिरजनाभेमहात्मन:॥२४॥ तान्दृष्ट्वासूर्यसंकाशान्महाभागवतान्नृप ॥ यजमानोऽग्नयोविप्रा:सर्वएवोपतस्थिरे ॥२५॥ विदेहस्तानभिप्रेत्यनारायणपरायणान् ॥ प्रीत:संपूजयांच आसनस्थान्यथाऽर्हत: ॥२६॥ तान्रोचमानान्स्वरुचा न्पुत्रोपमान्नव ॥ पप्रच्छपरमप्रीत:प्रश्रयावनतोनृप:॥२७॥ विदेह०मन्येभगवत:साक्षात्पार्षदान्वोमधुद्विष: ॥ विष्णोर्भूतानिलोकानांपावनायचरंतिहि ॥२८॥ दुर्लभोमानुषोदे देहिनांक्षणभंगुर: ॥ तत्रापिदुर्लभंमन्येवैकुंठप्रियदर्शनं ॥२९॥ अतआत्यंतिकंक्षेमं च्छामोभवतोऽनघा: ॥ संसारेऽस्मिन्क्षणार्धोऽपिसत्संग:शेवधिर्नृणां ॥३०॥ धर्मान्भागवतान्ब्रूतयदि:श्रुतयेक्षमं ॥ य:प्रसन्न:प्रपन्नायदास्यत्यात्मानमप्यज: ॥३१॥ नारद०एवंतेनिमिनापृष्टावसुदेवमहत्तमा:॥प्रतिपूज्याब्रुवन्प्रीत्या [illegible] त्विजं पं ॥३२॥ कवि०मन्येऽकुतश्चिद्भयमच्युतस्यपादांबुजोपासनमत्रनित्यं ॥ उद्विग्नबुद्धेरसदात्मभावाद्विश्वात्मनायत्रनिवर्ततेभी: ॥३३॥ येवैभगवताप्रोक्ताउपायाह्यात्मलब्धये ॥ अंज:पुंसामविदुषांविद्धिभागवतान्हितान् ॥ ३४ ॥ यानास्थाय [illegible] जन्नप्रमाद्येतकर्हिचित्॥ धावन्निमील्यवानेत्रेनस्खलेन्नपतेदिह ॥ ३५ ॥ कायेनवाचामनसेंद्रियैर्वाबुद्ध्यात्मनावानुसृतस्वभावात् ॥ करोतियद्यत्सकंलपरस्मैनारायणायेतिसमर्पयेत्तत् ॥ ३६ ॥

કરેલા, સાક્ષાત વિષ્ણુભગવાનના પાર્ષદો હોવાનું; હું માનુંછું. ॥ ૨૮ ॥ પ્રાણીઓને, આ મનુષ્યદેહ ક્ષણભંગુર હોવા છતાં; મળવો દુર્લભ છે. અને તેમાં વળી, વૈકુંઠ ભગવાનના પ્રિય સત્પુરૂષોનું દર્શન થવું તો, અત્યંત દુર્લભ માનુંછું. ॥ ૨૯ ॥ મનુષ્યોને આ સંસારમાં અરધા ક્ષણનો પણ સત્સંગ થવો, એ મોટામાં મોટો ખજાનો મળવા સરખું છે; માટે હે પાપ રહિત પુરૂષો, હું આપને પૂછુંછું કે. " અહીંયાં આત્યંતિક કલ્યાણ જે છે. ॥૩૦॥ તે "ભાગવત ધર્મ;" જે અમને કહેવાનું આપ યોગ્ય ધારો, તો આપ અમને કહી સંભળાવો; કે જેથી અજન્મા ભગવાન, પ્રસન્ન થઇને; શરણે આવનારને પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન આપે છે. "॥ ૩૧ ॥ નારદ–હે વસુદેવ, એ રીતે નિમિ રાજાએ; પૂછવાથી, પ્રસન્ન થયેલા તે મહાત્માઓએ; સભાસદો અને ૠત્વિજો સહિત રાજાનો સામો સત્કાર કરીને, કહ્યું કે. ॥૩૨॥–કવિ–જ્યાં આત્મ સ્વરૂપ શિવાયના અસત્ પદાર્થોને વિશે, સર્વકાળ વૈરાગ્ય બુદ્ધિ થાય છે; અને જે થકી ભય માત્રની નિવૃત્તિ થાય, એવા અચ્યુત ભગવાનના ચરણ કમળની, ઉપાસના હોય છે. ત્યાં કોઇ પણ ઠેકાણેથી ભય આવી શકતુંજ નથી; એમ હું માનું છું. ॥૩૩॥ અને અવિદ્વાન પુરૂષોને સહેજમાંજ આત્મસ્વરૂપનું જ્ઞાન થવાનો ઉપાય પણ એજ હોવાનું; ભગવાને પોતેજ કહેલું છે; માટે એનેજ તમે " ભાગવત ધર્મ " જાણો. ॥ ૩૪ ॥ હે રાજા એ ધર્મોને વિશે, સ્થાપન થનાર મનુષ્યો; કદી પણ, મોહ પામતા નથી; અને આંખ્યો મિચિને, (એટલે શ્રુતિ અને સ્મૃતિ આદિક શાસ્ત્રોનું ઉલંઘન થવાની, બીતિ તજીને;) આ લોકમાં ચાલ્યા જાય છતાં; તેઓ ઠોકર ખાતા નથી, અને પડી જતા પણ નથી; (એટલે તેમને બીજો જન્મ થતો નથી, તથા અધોગતિ પણ થતી નથી.) ॥૩૫॥ માટે શરીરથી–વાણીથી–મનથી–ઇંદ્રિયોથી–બુદ્ધિથી–અને પ્રાણથી, તથા સ્વાભાવિકપણે પણ; જે જે કર્મો થાય, તે તે સઘળાં; તે તે વખતેજ પરમાત્મા નારાયણ ભગવાનને અર્પણ કરીને, કરવાં જોઇએ. ॥ ૩૬ ॥ અને એ દ્વૈત પદાર્થાદિકને સાચા માનવાની બુદ્ધિ વડે; આસક્તિ થવા થકીજ, ભય એટલે સંસાર થાય છે. તથા ઇશ્વર ભગવાન થકી વિમુખ મનુષ્યોનેજ, ભગવાનની માયાથી આત્મ સ્વરૂપનું વિસ્મરણ થઇને; એ દ્વૈત પદાર્થાદિકને વિશે આસક્તિ, અને સાચા માનવાની બુદ્ધિ થાયછે. એ કારણથી એ મોટામાં મોટા દ્વૈત

આત્મસ્વરૂપ સમર્થ ભગવાનનેજ, એકાંતિક ભક્તિ કરવા વડે; બુદ્ધિમાન મનુષ્યો નિરંતર ભજે છે. ॥૩૭॥ વળી, આ દ્વૈત પદાર્થાદિક ખરી રીતે, વિદ્યમાનજ નહીં હોવા છતાં; તે, વિષય આદિકનું ધ્યાન કરનારા મનુષ્યોની બુદ્ધિમાં; સ્વપ્નમાં થતા મનોરથોની પેઠે, ફક્ત દેખાવા માત્રજ સ્ફુરે છે: એટલા માટે બુદ્ધિમાન મનુષ્યોએ, કર્મોના સંકલ્પ અને વિકલ્પ કરનારા મનનેજ; ભગવાનના આત્મ સ્વરૂપમાં, રોકી દેવું જોઇએ; એટલે પછી તેમને અભયનીજ (એટલે સંસાર નિવૃત્ત થવાનીજ,) પ્રાપ્તિ થશે. ॥૩૮॥ અને લાજ તજીને, હાથમાં ચક્રને ધરનારા ભગવાનના જન્મો અને કર્મોના અર્થને સૂચવનારાં; જે નામો લોકમાં ગવાતાં હોય, તે નામોનું: શ્રવણ અને કીર્તન કરતા થકા, લોકને વિષે અસંગ થઇનેજ વિચરવું જોઇએ. ॥૩૯॥ આ પ્રકારનું આચરણ કરનારા મનુષ્યો, પોતાને વહાલા ભગવાનનાં નામોનું એમ કીર્તન કરવા થકીજ: મન પિગળી જઇને, અતિ પ્રેમથી લોકપદ્ધતિનો ત્યાગ કરીને; ભૂત વળગેલાની પેઠે, કયારેક ખડખડ હસે છે.-રુવેછે-બુમો પાડે છે-ગાય છે-અને નાચે છે. ॥ ૪૦ ॥ તથા આકાશ-વાયુ-અગ્નિ-પૃથ્વી-તારા-અને ગ્રહો વિગેરે-તથા પ્રાણીઓ-પદાર્થો-

અને, દિશાઓ-ઝાડો-નદીઓ-સમુદ્રો તથા જે કાંઇ ઉત્પન્ન થયેલું છે તે: સર્વેનેજ હરિ ભગવાનનું શરીર જાણીને; અનન્ય ભાવથી પ્રણામ કરે છે. ॥૪૧॥ જેમ જમવા થકી, પ્રત્યેક કોળીએ તે જમનારાને; તુષ્ટિ-પુષ્ટિ-અને ભૂખનો નાશ; એ ત્રણેવાનાં એકી વખતેજ, થતાં જાય છે; તે રીતેજ ભગવાનનું ભજન કરનારાને પણ, ભક્તિ-આત્મ સ્વરૂપનો અનુભવ-અને સર્વ દ્વૈત પદાર્થાદિક થકી વૈરાગ્ય; એ ત્રણેવાનાં એકી વખતેજ સામટાં; પ્રસંગે પ્રસંગે થતાંજ જાય છે. ॥૪૨॥ હે નિમિરાજા, એ પ્રમાણે એક સરખી વૃત્તિ થકી અચ્યુત ભગવાનના ચરણને ભજવાથી; ભગવતીઓને, ભક્તિ-વૈરાગ્ય-અને સ્વરૂપનું જ્ઞાન: પ્રાપ્ત થાય છે; અને પછી તેઓ થકીજ, તેમને શાંતિરૂપ પરમ પદની પણ; પ્રાપ્તિ થાય છે. ॥ ૪૩ ॥-નિમિરાજા-હવે આપ મને કહો કે: ભગવાનને વાહાલા, એ ભગવતીઓ; લોકને વિષે, કેવી રીતનો ધર્મ પાળનારા; અને કોના સરખા હોય ? તેઓ કેમ આચરણ કરે ? કેવું બોલે ? અને તેવાઓની નિશાની શી ? ॥ ૪૪ ॥-હરિ-જે મનુષ્યો ભગવાનને, આત્મ સ્વરૂપવડે; સર્વ પ્રાણી પદાર્થાદિકને વિષે રહેલાનું, જાણે છે; અને ભગવાનના આત્મ સ્વરૂપને

भयंद्वितीयाभिनिवेशतःस्यादीशादपेतस्यविपर्ययोऽस्मृतिः ॥ तन्मायय ऽतोबुधआभजेत्तंभक्त्यैकयेशंगुरुदेवतात्मा ॥३७॥ अविद्यमानो ऽप्यवभातिहिद्वयोर्ध्यातुर्धियास्वप्नमनोरथौयथा ॥ तत्कर्मसं [illegible] कंमनोबुधोनिरुन्ध्यादभयंततःस्यात् ॥३८॥ शृण्वन्सुभद्राणिरथांगपाणेर्जन्मानिकर्माणिचयानिलो[illegible] ॥ गीतानिनामानितदर्थकानिगायन्विलज्जोविचरेदसंगः ॥३९ [illegible]वंव्रतःस्वप्रियनामकीर्त्याजातानुरागोद्रुतचित्तउच्चैः॥ हसत्यथोरोदितिरौतिगायत्युन्मादवन्नृत्यतिलोकबाह्यः ॥४०॥ खंवायुमग्निंसलिलंमहींचज्योतींषिसत्वानिदिशोद्रुमादीन् ॥ सरित्समुद्रांश्चहरेःशरीरंयत्किंचभूतंप्रणमेदनन्यः ॥४१॥ भक्तिः[illegible]रेशानुभवोविरक्तिरन्यत्रचैषत्रिकएककालः ॥ प्रपद्यमानस्ययथाऽश्नतःस्युस्तुष्टिःपुष्टिःक्षुदपायोऽनुघासं ४२ [illegible]त्यच्युतांघ्रिंभजतोऽनु[illegible]त्या[illegible]रक्तिर्भगवत्प्रबोधः॥ भवंति[illegible]भागवतस्यराजंस्ततःपरांशांतिमुपैतिसाक्षात् ॥४३॥ राजा० अथभागवतंब्रूतयद्धर्मोयादृशोनृणां ॥ यथाचरतियद्ब्रूतेयैर्लिंगैर्भगवत्प्रियः ॥४४॥ हरि० सर्वभूतेषुयःपश्येद्भगवद्भावमात्मनः॥ भूतानि[illegible]त्मन्येषभागवतोत्तमः ॥४५॥ ईश्वरेतदधीनेषुबालिशे[illegible]द्विषत्सुच ॥ प्रेममैत्रीकृपोपेक्षायःकरोतिसमध्यमः ॥४६॥ अर्चायामेवहरयेपूजांयःश्रद्धयेहते॥नत[illegible]मक्तः प्राकृतःस्मृतः॥४७॥ गृहीत्वापींद्रियैरर्थान्योनद्वेष्टिनहृष्यति ॥ विष्णोर्मायामिदंपश्[illegible]तोत्तमः॥४८॥ देहेंद्रियप्राणमनोधियां[illegible]जन्माप्ययक्षुद्भयतर्षकृच्छ्रैः ॥ संसारधर्मैरविमुह्यमानःस्मृत्या[illegible]रेर्भागवतप्रधानः॥४९॥ नकामकर्मबीजानांयस्यचेतसिसंभवः ॥ वासुदेवैकनिलयःसवैभागवतोत्तमः ॥५०॥ नयस्यजन्मकर्मभ्यांनवर्णा[illegible]मजातिभिः॥सज्जतेऽस्मिन्नहंभावोदेहेवैसहरेःप्रियः ॥५१॥ नयस्यस्वःपरइतिवित्तेष्वात्मनिवाभिदा ॥ सर्वभूतसमःशांतःसवैभागवतोत्तमः ॥५२॥त्रिभुवनविभवहेतवेऽप्यकुंठ[illegible]तिरजितात्मसुरादिभिर्विमृग्यात् ॥ नचलतिभगवत्पदारविंदाल्लवनिमिषार्धमपियःसवैष्णवाग्र्यः

વિષે: સર્વ પ્રાણી પદાર્થાદિકને રહેલાનું પણ; જાણે છે: તે ઉત્તમ ભગવતીઓ છે. ॥ ૪૫ ॥ જેઓ, ઇશ્વર ભગવાન ઉપર પ્રેમ રાખે છે; ભગવાનના ભક્ત આદિકની સાથે, મિત્રતા રાખે છે; અને બીજા બુદ્ધિવિનાના-ઓના ઉપર, દયા રાખે છે; તથા દ્વેષ કરનારાઓની, ઉપેક્ષા કરે છે; તેઓ મધ્યમ ભગવતીઓ છે. ॥૪૬॥ જેઓ, અર્ચા એટલે ભગવાનની છબી અને મૂર્તિ આદિકને વિષેજ; હરિ ભગવાન હોવાની શ્રદ્ધા રાખીને, તેનું પૂજનાદિક કરે છે; પણ ભગવાનના ભક્ત આદિકનું, તથા બીજા સર્વ પ્રાણી આદિકનું; પૂજન, (એટલે તેમને જરૂરિયાત પદાર્થ, અને સુખાદિક પોતાની શક્તિ પ્રમાણે આપવાનું,) કરતા નથી; તેઓ પ્રાકૃત એટલે નીચી પંક્તિના, (એકડો ઘુંટનાર જેવી શિરૂઆત કરનારા) ભગવતીઓ કહેવાય છે. ॥૪૭॥ વળી જે મનુષ્યો, સ્વાભાવિક રીતે પ્રાપ્ત થતા, ઇંદ્રિયાદિકના વિષયોને; ઇંદ્રિયાદિકવડે, ગ્રહણ કરે છે; પણ તેઓ થકી, હરખ પામતા નથી; અને તેઓનો દ્વેષ પણ, કરતા નથી; (એટલે અમુક વિષયનું, હું ગ્રહણ નહીંજ કરૂં; એવો આગ્રહ રાખતા નથી:) અને એ સર્વને, વિષ્નુ ભગવાનની માયા જાણે છે; તેઓ પણ, ઉત્તમ ભગવતીઓજ

છે. ॥૪૮॥ અને જેઓ, દેહ-ઇંદ્રિઓ-પ્રાણ-મન-અને બુદ્ધિના ધર્મો રૂપ: જન્મ-મરણ-ભૂખ-તરસ-તૃષ્ણા-અને દુખો વિગેરે, સંસારનાં કાર્યો થકી; હરિ ભગવાનના સ્મરણવડે, મોહ પામતા નથી; તેઓ પણ, ઉત્તમ ભગવતીઓજ કહેવાય છે. ॥૪૯॥ વળી જેઓ, એક વાસુદેવ ભગવાનનોજ આશ્રય કરવાથી; તેમના મનમાં કોઇ જાતની કામનાનાં, અગર કોઇ પ્રકારનું કર્મ કરવાનાં; બીજ ઉત્પન્ન થતાં નથી: તેવાઓ પણ, ઉત્તમ ભગવતીઓજ કહેવાય છે. ॥ ૫૦ ॥ તેમજ જેઓને, જન્મથકી-કર્મથકી-વર્ણથકી-આશ્રમથકી-અગર જાતિ થકી: આ શરીરને વિષે, ઉત્તમપણું આદિનો: અહંભાવ ઉત્પન્ન થતો નથી. તેઓ પણ, હરિ ભગવાનના પ્રિય એટલે ઉત્તમ ભગવતીઓજ છે. ॥ ૫૧ ॥ વળી જેઓને, ધનાદિકને વિષે, અને શરીરને વિષે; " આ હું અને આ બીજો; તથા મારૂં અને તારૂં, (બીજાનું,)" એવી ભેદ બુદ્ધિ થતી નથી એવા; સર્વ પ્રાણી આદિને વિષે સમદ્રષ્ટિવાન, અને શાંત મનુષ્યો પણ; ઉત્તમ ભગવતીઓજ છે. ॥ ૫૨ ॥ દેવતાઓ પણ, જેની ઇચ્છા કરવા છતાં પામી શકતા નથી; એવી ભગવાનના ચરણકમળની, સર્વદા સ્મૃતિ રહેવાને; જેઓ અરધા ક્ષણ જેટલી

મારે ત્રણે લોકના વૈભવની પ્રાપ્તિને અર્થે પણ, ચલાયમાન થતા નથી; તેઓ પણ, ઉત્તમ ભગવતી છે. ॥૫૩॥ સંધ્યાકાળે ઉદય થયા પછી જેમ સૂર્યનો તાપ, દુઃખ ઉપજાવી શકેજ નહીં; તેમ ભગવાનના ચરણ પરાક્રમો વાળા, ચરણની આંગળીઓના નખરૂપ મણિઓના શીતળ પ્રકાશથી; અધિભૂત–અધિદૈવ–અને અધ્યાત્મ, એ ત્રણે પ્રકારના ભયંકર તાપ નાશ પામી જાયછે; અને તે ફરીવાર મનને વિષે, ઉત્પન્નજ થયા પામતા નથી. ॥૫૪॥ અને દુઃખમાં, પાપના મોટા સમૂહોનો નાશ કરી નાખનારા સાક્ષાત હરિ ભગવાન; જેઓના હૃદયને વિષે, પ્રેમરૂપી દોરીથી, પોતાનું ચરણ બંધાઇ જવાથી; તેમને તજી નહીં શકતાં, તેમને પરવશ અવસ્થામાં (એટલે મરણ સમયે, અથવા અતિ દુઃખથી બેભાન થયેલી અવસ્થામાં.) પણ; પોતાનું સ્મરણ આપે છે; તેઓજ ઉત્તમ ભગવતીઓ હોવાનું, કહેવાયેલું છે. ॥૫૫॥ ઇ૦શ્રી૰ભા૰અગિયારમા સ્કં૰બીજોઅ૰સંપૂર્ણ॥

અધ્યાય ૩ જો.—નિમિરાજા—માયાવીઓને પણ મોહ ઉત્પન્ન કરનારી, સમર્થ પરમાત્મા વિષ્ણુ ભગવાનની માયાને; જાણવાની અમારી ઇચ્છા છે. માટે સમર્થ એવા આપ, તે અમને કહો. ॥૧॥ મનુષ્યોને માટે, તેમને થતા તાપોના ઔષધ સમાન; આપનાં વચનોરૂપી, હરિભગવાનની કથાના અમૃતને પીતાં; સંસારનાં દુઃખોથકી તપી ગયેલા અમે, તૃપ્તિ પામતા નથી. ॥૨॥—અંતરિક્ષ—હે મહાભુજ, મોટા અને નાના એવા સર્વ પ્રાણી પદાર્થાદિકને, એ સર્વાત્મા ભગવાને; મહાભૂતોવડેજ, અનાદિકાળે ઉત્પન્ન કરીને; આત્મ તત્વ નામની, પોતાની માયાવડે; તે સર્વેની સિદ્ધિ કરેલી છે. ॥૩॥ માટે એ રીતે ઉત્પન્નથયા, પાંચ મહાભૂતો વાળા પ્રાણી આદિને વિષે; આત્મ તત્વથી પ્રવેશ કરીને રહેલા, એ આત્મ સ્વરૂપ ભગવાનજ; એક પ્રકારથી, (એટલે હૃદયરૂપે,) અને દશ પ્રકારથી, (એટલે ઇંદ્રિયાદિકરૂપે,) વિભાગ પામીને; ગુણોને એટલે વિષયો આદિકને, ભોગવે છે. ॥૪॥ એમ આત્મ તત્વથી પ્રકાશિત થયેલી, તે તે ઇંદ્રિયાદિકની પાસે; તે તે વિષયો આદિને, સમર્થ ઇશ્વર ભગવાન કર્તાપણાના અભિમાન વિનાજ ભોગવાવે છે; છતાં, તે સર્વેનો કર્તા પોતેજ હોવાનું, (એટલે એ વિષયાદિ-

॥५३॥ [illegible] ॥ खानखमाणचंद्रि[illegible]यानिरन्तराणि ॥ हार्दिकयमुपसीदतांपुनःसप्रमवर्तिचंद्रइवोदितेऽर्कतापः ॥५४॥ विसृ जतिहृदयंनयस्यसाक्षाद्धरिरवशाभिहितोऽप्यघौघनाशः ॥ प्रणयरशनयाधृतांघ्रिपद्मःसभवतिभागवतप्रधानउक्तः ॥५५॥ इतिश्रीभागव तेमहापुराणेएकादशस्कंधेभागवतधर्मनिरूपणेद्वितीयोऽध्यायः ॥२॥ राजा०परस्यविष्णोरीशस्यमायिनामपिमोहिनीं ॥मायांवेदितुमिच्छा मोभगवंतोब्रुवंतुनः ॥१॥ नानुतृप्येजुषन्युष्मद्वचोहरिकथामृतं ॥ संसारतापनिस्तप्तोमर्त्यस्तत्तापभेषजं ॥२॥ अंतरिक्ष०एभिर्भूतानिभूता त्मामहाभूतैर्महाभुज ॥ ससर्जोच्चावचान्याद्यःस्वमात्रात्मप्रसिद्धये ॥३॥ एवंसृष्टानिभूतानिप्रविष्टःपंचधातुभिःएकधादशधाऽऽत्मानंविभज ञ्जुषतेगुणान् ॥४॥ गुणैर्गुणान्सभुंजानआत्मप्रद्योतितैःप्रभुः ॥ मन्यमानइदंसृष्टमात्मानमिहसज्जते ॥५॥ कर्माणिकर्मभिःकुर्वन्सनिमि त्तानिदेहभृत् ॥ तत्तत्कर्मफलंगृह्णन्भ्रमतीहसुखेतरं ॥६॥ इत्थंकर्मगतीर्गच्छन्बह्वभद्रवहाःपुमान् ॥ आभूतसंप्लवात्सर्गप्रलयावश्नुतेऽव शः ॥७॥ धातूपप्लवआसन्नेव्यक्तंद्रव्यगुणात्मकं ॥ अनादिनिधनःकालोह्यव्यक्तायापकर्षति ॥८॥ शतवर्षाह्यनावृष्टिर्भविष्यत्युल्बणाभुवि ॥ तत्कालोपचितोष्णार्कोलोकांस्त्रीन्प्रतपिष्यति ॥९॥ पातालतलमारभ्यसंकर्षणमुखानलः ॥दहन्नूर्ध्वशिखोविष्वग्वर्धतेवायुनेरितः ॥१०॥ सांवर्तकोमेघगणोवर्षतिस्मशतंसमाः ॥ धाराभिर्हस्तिहस्ताभिर्लीयतेसलिलेविराट् ॥११॥ ततोविराजमुत्सृज्यवैराजःपुरुषोनृप ॥ अव्य क्तंविशतेसूक्ष्मंनिरिंधनइवानलः ॥१२॥ वायुनाहृतगंधाभूःसलिलत्वायकल्पते ॥ सलिलंतद्धृतरसंज्योतिष्ट्वायोपकल्पते ॥१३॥ हृतरूपंतु तमसावायौज्योतिःप्रलीयते ॥ हृतस्पर्शोऽवकाशेनवायुर्नभसिलीयते॥१४॥ कालात्मनाहृतगुणंनभआत्मनिलीयते ॥ इंद्रियाणिमनोबुद्धिः सहवैकारिकैर्नृप ॥ प्रविशंतिह्यहंकारंस्वगुणैरहमात्मनि ॥१५॥ एषामायाभगवतःसर्गस्थित्यंतकारिणी ॥ त्रिवर्णावर्णिताऽस्माभिःकिंभू यःश्रोतुमिच्छसि ॥१६॥ राजा०यथैतामैश्वरींमायांदुस्तरामकृतात्मभिः ॥ तरंत्यंजःस्थूलधियोमहर्षइदमुच्यतां ॥१७॥ प्रबुद्ध०कर्माण्या

કને ભોગવનાર, પોતે હોવાનું,) માનનારા દેહીઓજ; આ દેહાદિકને વિષે આસક્તિવાળા થાય છે. ॥૫॥ અને તેથીજ, તે તે કર્મેદ્રિઓએ કરાતાં કર્મોને; પોતે કરેલાં માનવાના કારણ માટે તેવા દેહીઓ; તે તે કર્મોનાં ફળ રૂપ, સુખો અગર દુઃખોને ગ્રહણ કરીને; સંસારને વિષે ભટકયા કરે છે. ॥૬॥ આ પ્રમાણે જન્મ અને મરણને, પામતા તે દેહીઓ; બહુ બહુ પ્રકારનાં દુઃખોને ઉત્પન્ન કરનારી, કર્મની ગતિઓ રૂપ અવતારોને ભોગવતા થકા; પરવશપણે, પ્રલયને વિષે નાશ પામી જઇને; પાછા ફરીથી સૃષ્ટિ થતી વખતે, ઉત્પન્ન પણ થયા કરે છે. ॥૭॥ એમ પ્રકૃતિઓનો પ્રલય થવા વખતે, અનાદિ અને સર્વનો નાશ કરનારો કાળ; આ દ્રવ્યો અને ગુણોના સ્વભાવવાળા વ્યક્ત જગતને, અવ્યક્ત એવા ભગવાનને વિષે ખેંચી જાય છે. ॥૮॥ પૃથ્વી ઉપર સો વરસ સુધી અતિ ઉગ્ર અનાવૃષ્ટિ થાય છે, એટલે વરસાદ વરસતો નથી; અને તે કાળને અનુકૂળ, વધુ ગરમ થયેલો સૂર્ય પણ; ત્રણે લોકને તપાવે છે. ॥૯॥ તથા સંકર્ષણ શેષ ભગવાનના મુખમાંથી નીકળતો અગ્નિ; પાતાળના તળથી આરંભીને, તેની ઉંચે જતી જ્વાળાઓ, વાયુવડે વધીને; આખા વિશ્વને બાળી નાંખે છે. ॥૧૦॥ પછી પ્રલય કરનારા વરસાદના સમુદાયો, સો વરસ સુધી હાથીની સૂંઢ જેવી, જાડી ધારાઓથી વરસે છે; તેથી વિરાટ, (એટલે બળી ગયેલી પૃથ્વી અને તેના ઉદરનું સર્વ,) જળમાં લીન થઇ જાયછે. ॥૧૧॥ ત્યારે વિરાટ શરીરને પ્રકાશિત કરનારા પુરુષ ભગવાન, વિરાટ શરીરને તજીને; લાકડાં વિનાના અગ્નિ સરખા, પોતાના સૂક્ષ્મ અને અવ્યક્ત સ્વરૂપમાંજ રહે છે. ॥૧૨॥ પછી વાયુથકી, ગંધનો નાશ થઇને, પૃથ્વી જળ રૂપ થઇ જાય છે; તથા તે વાયુથકીજ, રસનો પણ નાશ થઇને; પાણી, તેજ રૂપે થઇ જાય છે. ॥૧૩॥ તેમજ અંધકારથી રૂપનો પણ નાશ થઇને, એ તેજ વાયુને વિષે લીન થઇ જાય છે; તથા સ્પર્શનો, આકાશથકી નાશ થઇને; એ વાયુ, આકાશમાં લીન થઇ જાય છે. ॥૧૪॥ તે પછી આકાશના શબ્દ ગુણનો, કાળથકી નાશ થઇને; આકાશ તામસ અહંકારમાં, બુદ્ધિ અને ઇંદ્રિયો રાજસ અહંકારમાં; અને મન તથા ઇંદ્રિયોના દેવતાઓ, સાત્વિક અહંકારમાં; પ્રવેશ કરે છે. તથા પોતાના ત્રણે ગુણો સહિત અહંકાર આત્મ સ્વરૂપમાં, પ્રવેશ કરે છે. ॥૧૫॥ હે રાજા ઉત્પત્તિ–સ્થિતિ–અને નાશને કરનારી માયાનું; આ રીતે ત્રણે પ્રકારનું વર્ણન, મેં તમારી પાસે કર્યું. હવે બીજું

ઘુ ભાગવતથકી તરવાની ઇચ્છા છે. ॥૧૬॥—નિમિરાજા—હે મોટા ઋષિ, મન સહિત ઇંદ્રિયોને નહીં જીતનારા ઓથી; ન તરી શકાય, એવી ભગવાનની માયાને; સ્થુળ બુદ્ધિવાળાઓ ઉતાવળા તરી શકે, તેવો ઉપાય; અહીંયાં આપ અમને કહો. ॥૧૭॥—પ્રબુદ્ધ—સ્ત્રી પુરૂષનાં જોડાં થઈને; મનુષ્યો દુઃખોને મટાડવાને, અને સુખોને મેળવવા સારૂં; કર્મોના આરંભ કરે છે. છતાં, તેઓ પરિણામે ઉલટાં ફળો પામતા જોવામાં આવે છે. ॥૧૮॥ વળી અસ્થિર એવાં, ઘર—સંતાન—સગાં સંબંધી—અને પશુઓ આદિક—ધન; મળવાથકી પણ, પ્રસન્ન થવા જેવું તો નથીજ; કેમકે એ સર્વ; મળવાને અતિ ઘણાં કઠિણ—હમેશાં દુઃખજ આપનારાં—અને પોતાના મૃત્યુ સ્વરૂપજ છે. ॥૧૯॥ તેમજ કર્મોથકી મળવાના પરલોક પણ, નાશવંત—અને ખંડપતિ રાજાઓની પેઠે; પોતાની બરાબરીનાઓ, તથા અધિકતાઓ સાથે; સ્પર્ધા અને ઇર્ષ્યા થવાના, ભયવાળા—છે. ॥૨૦॥ એટલા માટે, કલ્યાણને ઇચ્છનાર જીજ્ઞાસુ મનુષ્યોએ તો; આ લોક તથા પરલોકનાં સુખની, ઇચ્છાઓ થકી રહિત થઈને; વેદ તથા પરબ્રહ્મના પારને પામેલા, તથા ઉપશમ પામેલા; એવા ઉત્તમ ગુરૂનુંજ શરણ લેવું જોઇએ. ॥૨૧॥ અને ત્યાં રહ્યા, એ ગુરૂ દૈવત રૂપ ગુરૂની કપટ રહિત સેવા કરીને; તેમનાથકી "ભાગવત ધર્મ" શીખવા, કે જેથી; આત્મ સ્વરૂપનું જ્ઞાન આપનારા; હરિ ભગવાન પોતે, પ્રસન્ન થાય છે. ॥૨૨॥ (હવે એ ભાગવત ધર્મ શીખવાને માટે, સાધનભૂત; પોતે કેવું, આચરણ વિગેરે રાખવું; તે ત્રેવિસમાથી ત્રિસમા શ્લોક સુધીમાં, કહેછે.) સર્વ થકી, મનને વિષે વૈરાગ્ય રાખવો—સાધુ પુરૂષોનીજ સોબત કરવી—પ્રાણીઓ ઉપર, (પોતાથી ઉત્તમની સાથે નમ્રતા આદિ) ઘટિત પ્રકારે દયા—મિત્રતા—અને નમ્રતા; રાખવી ॥૨૩॥ પવિત્રતા—શુદ્ધ સ્વધર્માચરણ રૂપ તપ—તિતિક્ષા એટલે સહનતા અથવા ક્ષમા—મૌન એટલે અસત્ય અને બીજાને દુઃખ થાય, એવું બોલવાનો ત્યાગ—સ્વાધ્યાય એટલે શાસ્ત્રાભ્યાસ—આર્જવ—બ્રહ્મચર્ય—અહિંસા એટલે કોઇ પ્રાણીને દુઃખ ન થાય તેવું આચરણ—દ્વંદ્વ નામથી કહેવાતાં; સુખ દુઃખ, પાપ પુન્ય, સારૂં નરસું, ખરૂં ખોટું, ભલું ભૂંડું, મોટું નાનું, પારકું પોતાનું, ટાઢું ઉનું; એ વિગેરે બબે જોડે બોલાયછે તે; સઘળાને વિષે સમપણું રાખવું. ॥૨૪॥ સર્વને વિષે આત્મ સ્વરૂપથી ભગવાન રહેલાનું જોવું—પોતાને માટે ઘર નહીં કરવા, એકાંતમાં રહેવું—નિર્જન

रभमाणानांदुःखहत्यैसुखायच ॥ पश्येत्पाकविपर्यासंमिथुनीचारिणांनृणां १८॥ नित्यार्तिदेनवित्तेनदुर्लभेनात्ममृत्युना ॥ गृहापत्याप्त
पशुभिःकाप्रीतिःसाधितैश्चलैः ॥१९॥ एवंलोकंपरंविद्यान्नश्वरंकर्मनिर्मितं ॥ सतुल्यातिशयध्वंसंयथामंडलवर्तिनां ॥२०॥ तस्माद्गुरुंप्रपद्ये
तजिज्ञासुःश्रेयउत्तमं ॥ शाब्देपरेचनिष्णातंब्रह्मण्युपशमाश्रयं॥२१॥ तत्रभागवतान्धर्मान्शिक्षेद्गुर्वात्मदैवतः ॥ अमाययानुवृत्त्यायैस्तुष्ये
दात्मात्मदोहरिः ॥२२॥ सर्वतोमनसोसंगमादौसंगंचसाधुषु ॥ दयांमैत्रींप्रश्रयंचभूतेष्वद्धायथोचितं ॥२३॥ शौचंतपस्तितिक्षांचमौनंस्वा
ध्यायमार्जवं ॥ ब्रह्मचर्यमहिंसांचसमत्वंद्वंद्वसंज्ञयोः ॥२४॥ सर्वत्रात्मेश्वरान्वीक्षांकैवल्यमनिकेततां ॥ विविक्तचीरवसनंसंतोषोयेनके
नचित् ॥२५॥ श्रद्धांभागवतेशास्त्रेऽनिंदामन्यत्रचापिहि ॥ मनोवाक्कर्मदंडंचसत्यंशमदमावपि ॥ २६ ॥ श्रवणंकीर्तनंध्यानंहरेरद्भु
तकर्मणः ॥ जन्मकर्मगुणानांचतदर्थेऽखिलचेष्टितं ॥ २७ ॥ इष्टंदत्तंतपोजप्तंवृत्तंयच्चात्मनःप्रियं ॥ दारान्सुतान्गृहान्प्राणान्यत्परस्मै
निवेदनं॥२८॥ एवं ष्णात्मनाथेषुमनुष्येषुचसौहृदं ॥ परिचर्यांचोभयत्रमहत्सुनृषुसाधुषु॥२९॥ परस्परानुकथनंपावनं भगवद्यशः॥ मिथो
रतिर्मिथस्तुष्टिर्निवृत्तिर्मिथआत्मनः ॥३०॥ स्मरंतःस्मारयंतश्चमिथोऽघौघहरंहरिं॥ भक्त्यासंजातयाभक्त्याबिभ्रत्युत्पुलकांतनुं॥३१॥ क्व
चिद्रुदंत्यच्युतचिंतयाक्वचिद्धसंतिनंदंतिवदंत्यलौकिकाः ॥ नृत्यंतिगायंत्यनुशीलयंत्यजंभवंतितूष्णींपरमेत्यनिर्वृताः ॥३२॥ इतिभागवता
न्धर्मान्शिक्षन्भक्त्यातदुत्थया ॥ नारायणपरोमायामंजस्तरतिदुस्तरां॥३३॥ राजा०नारायणाभिधानस्यब्रह्मणःपरमात्मनः॥निष्ठामर्हथनो
वक्तुंयूयंहिब्रह्मवित्तमाः॥३४॥पिप्पलायन०स्थित्युद्भवप्रलयहेतुरहेतुरस्ययत्स्वप्नजागरसुषुप्तिषुसद्बहिश्च ॥ देहेंद्रियासुहृदयानिचरंतियेनसं
जीवितानितदवेहिपरंनरेंद्र॥३५॥नैतन्मनोविशतिवागुतचक्षुरात्माप्राणेंद्रियाणिचयथाऽनलमर्चिषःस्वाः ॥ शब्दोऽपिबोधकनिषेधतयात्म

સ્થાનકમાં પડેલાં ચિંથરાં, પાંદડાં, અને વલ્કલો પેહેરવાં—યદ્દચ્છાથી મળી આવે, તેથી સંતોષ રાખવો—॥૨૫॥ ભાગવત શાસ્ત્રમાં શ્રદ્ધા રાખવી—બીજા શાસ્ત્રોની નિંદાનો ત્યાગ કરવો—પ્રાણાયામથી મનને દંડ દેવો—મૌન રાખવાથી વાણીને દંડ દેવો—ભગવાનને અર્પણ, કરીનેજ કર્મો કરવા વડે, કર્મને દંડ દેવો—સત્ય એટલે યથાર્થ, પ્રિય લાગનાર, તથા કોઇનું ભૂંડું ન થાય, એવું વચન બોલવું—શમ એટલે વાસના રહિત મન કરવું—દમ એટલે ઇંદ્રિયોને વશમાં રાખવી—॥૨૬॥—અદ્દભુત કામો કરનારા, હરિ ભગવાનના જન્મ, કર્મ, અને ગુણો વિગેરેનું; શ્રવણ, કીર્તન, અને ધ્યાન કરવું; તથા સઘળી ક્રિયાઓ ભગવત અર્થેજ કરવી ॥૨૭॥—ઇષ્ટ એટલે યજ્ઞાદિક કર્મ—દાન—તપ—જપ—અને વ્રત, તથા પોતાને જે કાંઇ અતિ પ્રિય હોય તે; સ્ત્રી, સંતાન, ઘર, અને પોતાના પ્રાણ સુદ્ધાં પણ; સર્વેનું પરમાત્મા ભગવાનને નિવેદન કરવું. ॥૨૮॥ એ પ્રકારે, પોતાના અને સર્વના સ્વામી, પરમાત્મા ભગવાનની સેવા; સ્થાવર જંગમ સર્વ પ્રાણીઓ, અને મનુષ્યોને વિષે સુહૃદપણું રાખીને; તથા તેઓની યોગ્ય રીતે, ખબરદારત રાખીને; કરવી જોઇએ; તથા મહાત્મા અને સાધુ પુરૂષોને પ્રીતિથી મળીને, અને તેમના સમાગમમાં પોતે આનંદ પામી; પરસ્પરમાં ભગવાનના પવિત્ર યશ, કહી કહેવરાવીને; બીજા સઘળાથકી નિવૃત થવું જોઇએ. ॥૨૯-૩૦॥ પાપના ઢગલાઓનો નાશ કરી નાંખનારા, હરિ ભગવાનનું સ્મરણ; આમ ભક્તિવડે, એકઠા મળીને કરવા કરાવવાથકીજ; તેવાઓને ઉત્તમ પ્રેમલક્ષણા ભક્તિ ઉપજ થાય છે. અને તેથી તે, લૌકિક રહીતે તજનારા, અને અચ્યુત ભગવાનનું ચિંતવન કરનારા મનુષ્યોનાં શરીરનાં રૂવાડાં, ઉભાં થઇ જાઇને; તેઓ કોઇવાર રવે છે—કોઇવાર હસે છે—ગર્જનાઓ અને વાતો કરે છે—નાચે છે અને ગાય છે—તથા અજન્મા ભગવાનના આચરણોનું, અનુકરણ પણ કરે છે. અને કદી કદી, (ભગવાનને વિષે મન અને ઇંદ્રિયોની અતિ નહીં થવાથી,) ચૂપ થઇ જાય છે. ॥૩૧-૩૨॥ હે રાજા, આ પ્રકારના ભાગવત ધર્મો શીખી, તેનું આચરણ કરનારાં મનુષ્યો; ભક્તિ ભાવ સહિત, નારાયણ ભગવાનનોજ આશ્રય રાખવાવડે; ન તરી શકાય એવી માયાને, ઉતાવળાંજ તરી જાય છે. ॥૩૩॥—નિમિરાજા—પરબ્રહ્મને જાણનારાઓમાં મુખ્ય, એવા આપ અમને; નારાયણ નામથી કહેવાતા, બ્રહ્મ અને પરમાત્માનું તત્ત્વ; કહેવાને માટે યોગ્ય છો. ॥૩૪॥—પિપ્પલાયન—હે

શબ્દ; જે કોઈનાથકી નહીં થયેલ છતાં; જેનાથકી આ વિશ્વની ઉત્પત્તિ–સ્થિતિ–અને લય થાયછે. તથા સ્વપ્નને વિશે જાગ્રતને વિશે–અને સુષુપ્તિને વિશે–તથા એ ત્રણે શિવાયની ચોથી અવસ્થા સમાધિ વિગેરેને વિશે પણ;સતરૂપે જે રહે છે. અને જેણે સજીવન કરવાથકીજ, આ દેહ–ઇંદ્રિયો–પ્રાણ અને અંતઃકરણો; પોતાનાં કામ કરવાને શક્તિવાન થયેલાં છે; તેનેજ પરમ તત્વ, એટલે નારાયણ નામથી કહેવાતા; પરમાત્મા જાણો. ॥૩૫॥ વળી અગ્નિની જ્વાળા, અને તણખાઓ વિગેરે; જેમ અગ્નિને, જાણી શકતાં નથી; તથા અગ્નિના સંબંધમાં, કાંઇ જણાવી પણ શકતા નથી; તે રીતેજ, મન–વાણી–નજર–બુદ્ધિ–પ્રાણ–અને ઇંદ્રિયો આદિ સઘળાં; એ પરમ તત્વને, જાણી શકતાં નથી; તથા જણાવી શકતાં પણ નથી. તેમજ શબ્દ પણ બોધ કરવાના અને નિષેધ કરવાના, સ્વભાવ વાળો હોવાથી; શબ્દ બ્રહ્મ એટલે વેદ પણ, એ પરમ તત્વના સંબંધમાં, માત્ર ભાવાર્થ વડેજ; બોલી શકેછે. કેમકે વેદે કરેલા નિષેધની સિદ્ધિ, એ પરમ તત્વ વડેજ; થાયછે. (અર્થાત વેદ, પ્રથમ અનેક દેવતાઓનાં નામો બતાવીને; પછી આ નહીં, આ નહીં, એમ કેહેતાં કેહેતાં; સઘળાનો નિષેધ કરેછે. જેથી એ સર્વનો નિષેધ થતાં, અવધિ રૂપે જે શેષ રેહેછે; અને જેને માટે, વેદ સ્પષ્ટ રીતે, બોલી શકતો નથી; તેજ એ, પરમ તત્વ છે) ॥૩૬॥ સત્(એટલે પાંચ મહાભૂત રૂપ પ્રકૃતિઓ) અને અસત્(એટલે તેઓ થકી થયેલ કાર્યો રૂપ પદાર્થો દિક) એમના થકી પર, તથા ઘણી શક્તિઓ વાળું; એ બ્રહ્મ નામનું પરમ તત્વ, આદિકાળે; એકજ હતું. તે પરમ તત્વજ; સત્વ–રજ–અને તમ, એ ત્રણ ગુણો વાળી પ્રકૃતિરૂપે–સૂત્ર અથવા મહતત્વ રૂપે–અહંકાર રૂપે–અને જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયો અને તેમના દેવતાઓ તથા અર્થો રૂપે–તેમજ એ સઘળાંને વિશે અહંમતિ કરવા વડે, થયેલા જીવો રૂપે; પણ થયેલાનું, ભાસમાન થવાનું; કહેવાય છે. ॥૩૭॥ આ રીતે ઇંદ્રિયોના બળથી અનેક રીતે કલ્પાતું છતાં, કેવળ ઉપલબ્ધિ માત્રજ, આત્મરૂપી પરમ તત્વ; સર્વ સ્થળે અને સર્વ કાળ, વાયુની, પેઠે વિકાર રહિત રહેલું હોઇને; તે જન્મતું નથી, મરતું નથી, વધતું નથી, ઘટતું નથી, તથા એ સર્વ અવસ્થાઓમાં તે દ્રષ્ટા રૂપેજ રહેવા થકી; વિકાર પણ પામતું નથીજ. ॥૩૮॥ અંડજ–જરાયુજ–ઉદ્‌ભિજ–અને સ્વેદજ એ ચારે પ્રકારના પ્રાણીઓમાં; એ આત્મ તત્વ; સર્વત્ર અને સર્વ કાળ, રહેલાનું; તેમની જાગ્રત અને સ્વપ્ન અવસ્થાઓને વિશે, તેમના થકી થતી ઇંદ્રિયાદિકની ક્રિયાઓ ઉપરથી; તથા સુષુપ્તિ એટલે ઉંઘમાં પણ અનુભવાયલા સુખાદિકનું સ્મરણ, ઉંઘ પૂરી થયા પછી જાગ્યા કેડે થવા ઉપરથી; જણાઇ આવે છેજ. ॥૩૯॥ અને કર્મો થકી ઉત્પન્ન થયેલા, અંતઃકરણના ગુણો રૂપી મેલ; જ્યારે એ કમળનાભ ભગવાનના ચરણની ઘણી જીજ્ઞાસા વાળી, ભક્તિ થકી ધોવાઇ જાય છે; ત્યારેજ, તે શુદ્ધ થયેલા

मूलमर्थोक्तमाहयदतेनानिषेधसिद्धिः ॥३६॥ सत्वंरजस्तम इतित्रिवृदेकमादौसूत्रंमहानहमितिप्रवदंतिजीवं ॥ ज्ञानक्रियार्थफलरूपतयोरु
शक्तिर्ब्रह्मैवभातिसदसच्चतयोःपरंयत् ॥३७॥ नात्माजजाननमरिष्यतिनैधतेऽसौनक्षीयतेसवनविद्व्यभिचारिणांहि॥सर्वत्रशश्वदनपाय्युपल
ब्धिमात्रंप्राणोयथेंद्रियबलेनविकल्पितंसत् ॥३८॥ अंडेषुपेशिषुतरुष्वविनिश्चितेषुप्राणोहिजीवमुपधावतितत्रतत्र॥ सन्नेयदिंद्रियगणेहमिच
प्रसुप्तेकूटस्थआशयमृतेतदनुस्मृतिर्नः ॥३९॥ यर्ह्यब्जनाभचरणैषणयोरुभक्त्याचेतोमलानिविधमेद्गुणकर्मजानि ॥ तस्मिन्विशुद्धउपलभ्य
तआत्मतत्वंसाक्षाद्यथाऽमलदृशोःसवितृप्रकाशः ॥४०॥ राजा० कर्मयोगंवदतनःपुरुषोयेनसंस्कृतः॥ विधूयेहाशुकर्माणिनैष्कर्म्यंविंदतेपरं
॥४१॥ एवंप्रश्नमृषीन्पूर्वमपृच्छंपितुरंतिके ॥ नाब्रुवन्ब्रह्मणःपुत्रास्तत्रकारणमुच्यतां ॥४२॥ आविर्होत्र० कर्माकर्मविकर्मेतिवेदवादोनलौ
किकः॥ वेदस्यचेश्वरात्मत्वात्तत्रमुह्यंतिसूरयः ॥४३॥ परोक्षवादोवेदोऽयंबालानामनुशासनं॥ कर्ममोक्षायकर्माणिविधत्ते ह्यगदंयथा॥४४॥ना
चरेद्यस्तुवेदोक्तंस्वयमज्ञोऽजितेंद्रियः॥विकर्मणाह्यधर्मेणमृत्योर्मृत्युमुपैतिसः॥४५॥ वेदोक्तमेवकुर्वाणोनिःसंगोऽर्पितमीश्वरे॥ नैष्कर्म्यांलभते
सिद्धिंरोचनार्थाफलश्रुतिः॥४६॥ यआशुहृदयग्रंथिंनिर्जिहीर्षुःपरात्मनः॥ विधिनोपचरेद्देवंतंत्रोक्तेनचकेशवं ॥४७॥ लब्धानुग्रहआचार्या
त्तेनसंदर्शितागमः॥ महापुरुषमभ्यर्चेन्मूर्त्याऽभिमतयात्मनः ॥४८॥ शुचिःसंमुखमासीनःप्राणसंयमनादिभिः॥ पिंडंविशोध्यसंन्यासकृतर
क्षोऽर्चयेद्धरिं॥४९॥ अर्चादौहृदयेचापियथालब्धोपचारकैः ॥ द्रव्यक्षित्यात्मलिंगानिनिष्पाद्यप्रोक्ष्यचासनं॥५०॥ पाद्यादीनुपकल्प्याथस

મનમાં; નિર્મળ આંખ્યો વાળાને, સૂર્યનો પ્રકાશ ચોખો જણાવાની પેઠે; એ આત્મ તત્વનું સાક્ષાત્ સ્વરૂપ, સ્પષ્ટ રીતે દેખવામાં આવેછે. ॥૪૦॥–નિમિરાજા–હવે આપ અમને, કર્મ યોગ વિશે કહો; કે જેથી શુદ્ધ થયેલ પુરૂષ, કર્મોનો નાશ કરી નાંખી; કર્મ રહિત થઇને, ઉતાવળોજ પરમ પુરૂષ ભગવાનને; પામે છે. ॥૪૧॥ અને મારા પિતા (ઇક્ષ્વાકુ)ની સમક્ષમાં; બ્રહ્મ પુત્ર સનકાદિકને મેં, એજ પ્રશ્ન પૂછ્યા છતાં; તેમણે કાંઇ જવાબ, મને આપ્યો નહોતો; તેનું કારણ પણ, આપ મને જણાવો. ॥૪૨॥–આવિર્હોત્ર–કર્મ–અકર્મ–અને વિકર્મ એ, લૌકિક એટલે લોકરૂઢીનો વિષય નહીં છતાં; વેદનો વિષય છે. અને વેદ, ઇશ્વર ભગવાનની, પોતાની વાણી હોવાથી; તેમાં જ્ઞાનવાન પુરૂષો પણ, મોહ પામી જાય છે. (અર્થાત કાચી ઉમરના કારણથી ગૂઢ વિષય સમજવાને, તમને અશક્ત જાણીને; તેમણે ઉત્તર આપ્યો નહોતો.) ॥૪૩॥ અને વેદનાં વચનો, બુદ્ધિ વિનાના મનુષ્યોને પરોક્ષ રીતે ઉપદેશ આપનારાં હોવાથી; તેમાં, કર્મો છોડાવી દેવાને અર્થેજ; ઓસડની પેઠે, કર્મો કરવાનું બતાવેલું છે. ॥૪૪॥ જે કોઇ અજ્ઞાની અને અજીતેંદ્રિય મનુષ્યો, (કર્મ) વેદે કરવાને ફરમાવેલાં કર્મોનું આચરણ કરતાં નથી; તેઓ; વેદમાં કરવાની ના પાડેલાં, વિકર્મો કરવાનાં અને કરવાની ના નહીં પાડેલાં કર્મો, યોગ્ય રીતે; (એટલે ભગવદ અર્પણ કરીનેજ કરવા વિગેરે શુદ્ધ પણાથી;) નહીં કરવાના (અકર્મનાં); અધર્મ અમર દોષને પામીને, વારંવાર જન્મ મરણ પામે છે. ॥૪૫॥ માટે વેદની અંદર, કરવાની આજ્ઞા કરેલાં કર્મો, નિસંગ પણે; કોઇ જાતની કામના નહીં રાખતાં, અને ભગવાનને અર્પણ કરીનેજ; કરવાં જોઇએ. તથા એમ ફળની ઇચ્છા વિનાજ, વેદે આજ્ઞા કરેલાં કર્મો કરવાથકી; સિદ્ધિ પ્રાપ્ત થાય છે. અને તેમાં જે ફળ શ્રુતિ કહેલ છે, તેતો; કેવળ, એ વૈદિક કર્મો કરવામાં, પ્રીતિ થવાને માટેજ; કહેલાનું જાણજો. ॥ ૪૬ ॥ વળી, જેઓ હૃદયની ગ્રંથીઓનો, ઉતાવળે નાશ કરવાને ઇચ્છતા હોય, તેમણે તો; એ વેદમાં કહેલા, તથા શાસ્ત્રઆદિક (તંત્રો)માં કહેલા; વિધિ થકી, પરમાત્મા કેશવ ભગવાનનું પૂજન કરવુંજ જોઇએ. ॥ ૪૭ ॥ આચાર્યનો અનુગ્રહ મેળવીને તેમણે જણાવેલા શાસ્ત્રના વિધિથી, મહા પુરૂષ ભગવાનના; પોતાને જે પ્રીય હોય તે સ્વરૂપનું, (એટલે આગળ કહેવાઇ ગયેલા, અગિયાર સ્વરૂપો; સૂર્ય–અગ્નિ–બ્રાહ્મણ–ગાય–ભક્ત–આકાશ–વાયુ–જળ–પૃથ્વી,–પોતાનું હૃદય અને સર્વ પ્રાણી માત્ર; એમાંના કોઇનું પણ,) પૂજન કરવું. (એટલે તેમનો ધ્યાન, માન, આદિ થકી; સર્વ પ્રકારે, સારી રીતે સત્કાર કરવો.) ॥ ૪૮ ॥ વળી એ હરિ ભગવાનનું; (ભગવાનના પોતાને પ્રિય હોય તે, સ્વરૂપનું;) પૂજન, તેમની સન્મુખ પવિત્રતાથી બેસીને; અને પ્રાણાયામ વિગેરેથી, શરીરને શુદ્ધ કરીને; અને ન્યાસ વિગેરેથી, રક્ષા આદિક કરીનેજ; કરવાનું છે. ॥૪૯॥ જો અર્ચા એટલે પ્રતિમા આદિનું, પૂજન કરવાનું મનમાં

હોમનો; પ્રથમ દર્ભો—જમીન—પોતાનું શરીર—પ્રતિમા આદિક—અને આસન: એમનું પ્રોક્ષણ કરવું: અને પાદ્ય આદિનાં કલ્પના કરીને, તેમને પાસે લાવી મૂકી; પછી એક ચિત્ત થઇને, તથા હૃદયાદિકના ન્યાસ કરીને; પછી આવેશ આદિ મુદ્રાવડે, મૂળ મંત્ર બોલીને; તેનું અર્ચન કરવું. ॥૫૦-૫૧॥ પછી પાદ્ય—અર્ઘ—આચમન આદિથી, અને સ્નાન—વસ્ત્ર—ઘરેણાં—ગંધ—ફૂલનાહાર—અક્ષત—માળા—ધૂપ—દીવા—અને ભોજન વિગેરે વડે, મૂળ મંત્ર બોલીને; અંગ—ઉપાંગ—અને પાર્ષદો સહિત તે તે ભગવાનના સ્વરૂપનું: વિધિ સહિત, સંપૂર્ણ રીતે પૂજન કરીને; તથા સ્તવનોવડે સ્તુતિ કરીને; હરિ ભગવાનને, નમસ્કાર કરવા. ॥૫૨-૫૩॥ એમ એ આત્મ સ્વરૂપ હરિ ભગવાનના સ્વરૂપનું, સત્કાર સહિત પૂજન કરી; તેમને સ્વધામને વિશે, પહોચાડીને; અને શેષ રહેલાને, માથા ઉપર ચઢાવીને: પોતે તદાકાર થઇ, તેમનું ધ્યાન કરવું. ॥૫૪॥ આ પ્રકારેજ, આત્મ સ્વરૂપ ઇશ્વર ભગવાનનું પૂજન; અગ્નિ—સૂર્ય—અતિથિ—અને હૃદય તથા જળાદિકને વિશે, જેઓ કરે છે: તેઓ થોડા વખતમાંજ, મુક્ત થાય છે. ॥૫૫॥ ઇ૦ભા૦મ૦સ્કં૦ ભાષા, તે તરવાનો ઉપાય, બ્રહ્મનું તત્વ અને કર્મયોગ—નામેનો ત્રી. અ. સં. ॥૩॥

અધ્યાય ૪ થો—નિમિરાજા—હરિ ભગવાને સ્વઇચ્છાથી જન્મ ધારણ કરીને, જે જે કર્મો કરેલાં હોય—કરવાના હોય—અમર કરતા હોય—તે: આપ અમને કહો. ॥૧॥—દ્રુમિલ—જે કોઇ અનંત ભગવાનના, અનંત ગુણોને; કહેવાનો આદર કરે; તેને બાળબુદ્ધિ એટલે અજ્ઞાન જાણવો. કારણ પૃથ્વીના રજકણોને તો, કોઇક પુરૂષ કાળે કરીને, ગણી શકે; પણ સર્વ શક્તિઓના સ્થાનક, ભગવાનના ગુણોને તો; તે ગણી શકેજ નહી. ॥૨॥ અર્થાત હું પણ તે મુખ્ય મુખ્યજ કહી શકીશ.) સર્વના આદિ નારાયણ ભગવાને; જ્યારે, પોતાનાં ઉત્પન્ન કરેલાં પાંચ મહા ભૂતો આદિથકી આ વિરાટ શરીર રચ્યું; ત્યારેજ તેમાં પોતાના અંશ વડે, પેસવાના કારણથી; તે "પુરૂષ" એવું નામ પામેલા છે. ॥૩॥ એ; સ્થિતિ—લય—અને ઉદ્ભવ આદિના કર્તાનું, આ (વિરાટ) શરીરજ; ત્રણે ભુવનોનું એકત્ર સ્વરૂપ છે. અને તેમના જ્ઞાન અને ઇંદ્રિયાદિક વડેજ, પ્રાણીઓની જ્ઞાનેંદ્રિયો તથા કર્મેંદ્રિયોની ક્રિયાઓ

न्निधाप्यसमाहितः॥ त्त्ददादिभिःकृतन्यासोमूलमंत्रेणचार्चयेत्॥५१॥सांगोपांगांसपार्षदांतांतांमूर्तिंस्वमंत्रतः॥ पाद्यार्घ्याचमनीयाद्यैःस्नान वासोविभूषणैः॥५२॥ गंधमाल्याक्षतस्त्रग्भिर्धूपदीपोपहारकैः॥सांगंसंपूज्यविधिवत्स्तवैःस्तुत्वानमेद्धरिं॥५३॥आत्मानंतन्मयंध्यायन्मूर्तिंसं पूजयेद्धरेः॥शेषामाधायशिरसिस्वधाम्न्युद्वास्यसत्कृतं॥५४॥एवमग्न्यर्कतोयादावतिथौहृदयेचयः॥यजतीश्वरमात्मानमचिरान्मुच्यतेहिसः ॥५५॥ इ०भा०म०ए०तृतीयोऽध्यायः ॥३॥ राजा०यानियानीहकर्माणियैर्यैःस्वच्छंदजन्मभिः॥चक्रेकरोतिकर्तावाहरिस्तानिब्रुवंतुनः ॥ ॥१॥ द्रुमिल०योवाअनंतस्यगुणाननंतानननुक्रमिष्यन्सतुबालबुद्धिः॥रजांसिभूमेर्गणयेत्कथंचित्कालेननैवाखिलशक्तिधाम्नः ॥२॥ भूतैर्य दापंचभिरात्मसृष्टैःपुरंविराजंविरचय्यतस्मिन् ॥ स्वांशेनविष्टःपुरुषाभिधानमवापनारायणआदिदेवः ॥३॥ यत्कायएषभुवनत्रयसन्निवेशो यस्येंद्रियैस्तनुभृतामुभयेंद्रियाणि ॥ ज्ञानंस्वतःश्वसनतोबलमोजईहा सत्वादिभिःस्थितिलयोद्भवआदिकर्ता॥४॥आदावभूच्छतधृतीरजसा स्यसर्गेविष्णुःस्थितौक्रतुपतिर्द्विजधर्मसेतुः॥ रुद्रोऽप्ययायतमसापुरुषःसआद्यइत्युद्भवस्थितिलयाःसततंप्रजासु ॥५॥ धर्मस्यदक्षदुहितर्यज निष्टमूर्त्यांनारायणोनरऋषिप्रवरःप्रशांतः ॥ नैष्कर्म्यलक्षणमुवाचचचारकर्मयोऽद्यापिचास्तऋषिवर्यनिषेवितांघ्रिः ॥६॥ इंद्रोविशंक्यमम धामजिघृक्षतीतिकामंन्ययुंक्तसगणंसबदर्युपाख्यं॥ गत्वाप्सरोगणवसंतसुमंदवातैःस्त्रीप्रेक्षणेषुभिरविध्यदतन्महिज्ञः ॥ ७ ॥ विज्ञायश क्रकृतमक्रममादिदेवःप्राहप्रहस्यगतविस्मयएजमानान् ॥ माभैष्टभोमदनमारुतदेववध्वोगृण्हीतनोबलिमशून्यमिमंकुरुध्वं ॥ ८ ॥ इत्थं ब्रुवत्यभयदेनरदेवदेवाःसव्रीडनम्रशिरसःसघृणंतमूचुः ॥ नैतद्विभोत्वयिपरेऽविकृतेविचित्रंस्वारामधीरनिकरानतपादपद्मे ॥ ९ ॥ त्वांसेवतांसुरकृताबहवोंऽतरायाःस्वौकोविलंघ्यपरमंव्रजतांपदंते ॥ नान्यस्यबर्हिषिबलीन्ददतः स्वभागान्धत्तेपदंत्वमविताययदिविघ्नमूर्ध्नि ॥ ॥१०॥ क्षुत्तृट्त्रिकालगुणमारुतजैह्व्यशैश्न्यानस्मानपारजलधीनतितीर्यकेचित् ॥ क्रोधस्ययांतिविफलस्यवशंपदेगोर्मज्जंतिदुश्चरतपश्चवृ

થાય છે; તથા તેમના પ્રાણ વાયુ વડેજ, પ્રાણીઓનાં શરીર બળ—અને ઇંદ્રિય બળ—તથા મનનું બળ—પ્રવર્તે છે. પ્રજાના પ્રથમ સૃષ્ટિ થવા કાળે, એમના થકી; રજો ગુણથી બ્રહ્મા થાય છે.—સ્થિતિ કાળે, એમના થકી; સત્વ ગુણથી દ્વિજો અને ધર્મનું રક્ષણ કરનાર, યજ્ઞપતિ વિષ્ણુ થાય છે.—અને લયકાળે એમના થકીજ; તમો ગુણથી રુદ્ર પણ થાયછે; એમ જેના થકી હમેશાંજ, પ્રજાઓની ઉત્પતિ—સ્થિતિ—અને લય થયા કરેછે; તેજ આદિ પુરૂષ ભગવાન છે. ॥ ૫ ॥ પોતાના ચરણનું સેવન કરનારા ઉત્તમ ઋષિ (નારદજી)ને, જેમણે નિષ્કામ કર્મ યોગ કહ્યો હતો; તે અતિ શાંત અને ઋષિઓમાં શ્રેષ્ઠ, નર નારાયણ ભગવાન; દક્ષની પુત્રી મૂર્તિને વિષે, ધર્મથકી જન્મેલા છે. ॥ ૬ ॥ જેઓ આદ્યાપિ સુધી, તેવા નિષ્કામ કર્મ (સ્વધર્માચરણ રૂપ તપ) નુંજ આચરણ કરયા કરે છે; તેઓ પોતાનું ધામ લેઇ લેશે, એવી શંકાથી; ઇંદ્રે કામદેવને પરિવાર સુદ્ધાં મોકલ્યાથી; એમના મહિમાને નહીં જાણનારા તે કામદેવે, તેમના બદરિકાશ્રમ નામના આશ્રમમાં જઇ; અપ્સરાનાં જોવાં—મંદમંદ વાયુનું વાવું—અને વસંત ઋતુ—વિગેરે પોતાનાં બાણોવડે; તેમને વિંધવા માંડ્યા. ॥૭॥ ત્યારે ઇંદ્રે કરેલા એ અપરાધને જાણેલા; આદિ દેવ ભગવાને, વિસ્મય નહીં પામતાં; હસીનેજ, એ ધ્રુજતા લોકોમાં સર્વને કહ્યું કે; હે મદન—પવન—અને અપ્સરાઓ, તમે કોઇ બીહીશો નહીં. પણ અમારા આતિથ્યનો, સ્વીકાર કરીને તમો; આ આશ્રમને અશૂન્ય, એટલે પાવન કરો. " ॥૮॥ હે રાજન; અભય આપનારા ભગવાને, આ રીતે કહેવાથી; લાજ સહિત માથાં નમાવેલા, તે દેવતાઓએ; દયામણી રીતે નારાયણ ભગવાનને કહ્યું કે; પ્રકૃતિથી પર—વિકાર રહિત—અને આત્મારામ—ધીર પુરૂષોએ ચરણ કમળમાં નમસ્કાર કરેલા—આપ સમર્થને વિશે આમ થવામાં; કાંઇજ નવાઇ નથી. ॥૯॥ આપની સેવા કરવામાં, દેવતાઓ ઘણાં વિઘ્નો નાંખતા છતાં; આપે રક્ષણ કરેલા આપના ભક્તો, વિઘ્નોને માથે પગ મૂકીને; સ્વર્ગ આદિક લોકનું ઉલ્લંઘન કરી, આપના પરમ પદને વિશેજ: જાય છે. પણ દેવતાઓને યજ્ઞાદિકના ભાગ આપવા રૂપ, કર આપનારાઓ; તે રીતે જઇ શકતા નથી. ॥૧૦॥ કેમકે તેવાઓ તો, અમે (દેવતાઓએ) કરેલાં; ભૂખ તરસ—ત્રણ કાળના ત્રણ ગુણો એટલે તાઢ, તડકો, અને વરસાદ તથા પવન—જીભનો રસ—અને શિશ્નનો રસ—એઓ રૂપ; અપાર સમુદ્રમાં, કુશીજ

ભય છે; અને બીજા, તેમાં નદી ડુબી જનારાઓ પણ; પોતાનેજ નષ્ટ કરનાર, ક્રોધના વશમાં જઇને; ગાયના પગના ખાબોચિયા સરખા તે, (ક્રોધ)માંજ ડુબે છે; અને તેથી ન થઇ શકે એવા ભારે તપને, ફોકટમાંજ નાંખી દે છે. ॥૧૧॥ એ પ્રમાણે સ્તુતિ કરતા, તે દેવતાઓની આગળ; એ સમર્થ ભગવાને, અદ્ભુત દેખાવવાળી–સેવા કરતી–અને શણગારેલી સ્ત્રીઓ; પોતેજ નિર્માણ કરીને, દેખાડી. ॥૧૨॥ ત્યારે એ લક્ષ્મી જેવી, અત્યંત રૂપાળી સ્ત્રીઓને જોવાથી; તે ઇંદ્રના અનુચરો, શોભા રહિત થયા; અને તે સ્ત્રીઓના ગંધ થકી, મોહ પામી ગયા. ॥૧૩॥ પછી તે મોટા દેવોના દેવ ભગવાને, એ પગમાં પડેલાઓને; હસીને કહ્યું કે: "આમાંની, જે સ્વર્ગના ભુષણ રૂપ થવા સરખી, તમને લાગે; તેને તમો માગી લ્યો." ॥ ૧૪ ॥ ત્યારે તેનો સ્વીકાર કરીને, તે ઇંદ્રના અનુચરોએ; ઉર્વશી નામની અપ્સરાને, આગળ કરીને; તે ભગવાનને નમસ્કાર કરી, તેઓ સ્વર્ગમાં ચાલ્યા ગયા. ॥૧૫॥ પછી ત્યાં જઇ, તેમણે ઇંદ્રને નમસ્કાર કરી; દેવતાઓની સભા સાંભળતાં, નારાયણ ભગવાનના બળ વિશે, કહી સંભળાવ્યું; તેથી ઇંદ્ર વિસ્મય પામ્યો; અને ત્રાસી ગયો. ॥૧૬॥ એ અચ્યુત ભગવાનેજ; જગતનું કલ્યાણ અને પોષણ કરવા સારૂ, કળા-વડે અવતરીને; હંસ સ્વરૂપથી–દત્તાત્રય સ્વરૂપથી–સનત્કુમાર સ્વરૂપથી–અને આપણા પિતા ભગવાન ઋષભ-દેવજીના સ્વરૂપથી,–આત્મ જ્ઞાનનો ઉપદેશ આપેલ છે. અને હયગ્રીવ અવતારથી, મધુ દૈત્યને મારીને; પાતાળે, વેદ પાછા લાવી આપેલા છે. ॥ ૧૭ ॥ તેમજ મત્સ્યાવતારથી, મનુ–પૃથ્વી–અને ઔષધિઓનું પ્રલય થકી, રક્ષણ કરેલું છે. અને વરાહ અવતારથી–પૃથ્વીનો જળમાંથી ઉધ્ધાર કરતાં, હિરણ્યાક્ષ દૈત્યને માર્યો છે; કચ્છપાવતારથી, સમુદ્રનું મંથન કરીને અમૃત કાઢતાં, મેરૂ પર્વતને પોતાની પીઠ ઉપર, ધારણ કર્યો છે; અને હરિ નામના અવતારથી, પોતાને શરણે આવેલા ગજેંદ્રને; ગ્રાહ થકી મૂકાવીને તેની પીડા મટાડી છે. ॥૧૮॥ તેમજ એ ભગવાનેજ, સમુદ્રમાં પડી જવાથી સ્તુતિ કરતા; તપસ્વી વાલખિલ્ય ઋષિઓને–વૃત્રાસુરને

थोत्सृजंति ॥११॥ इतिप्रगृणतांतेषांस्त्रियोत्यद्भुतदर्शनाः ॥ दर्शयामासशुश्रूषांस्वर्चिताःकुर्वतीर्विभुः ॥१२॥ तेदेवानुचराद्दृष्ट्वास्त्रियःश्रीरिवरूपिणीः ॥ गंधेनमुमुहुस्तासांरूपौदार्यहतश्रियः ॥१३॥ तानाहदेवदेवेशःप्रणतान्प्रहसन्निव ॥ आसामेकतमांवृङ्ध्वंसवर्णांस्वर्गभूषणां ॥१४॥ ओमित्यादेशमादायनत्वातंसुरबंदिनः ॥ उर्वशीमप्सरःश्रेष्ठांपुरस्कृत्यदिवंययुः ॥१५॥ इंद्रायानम्यसदसिशृण्वतांत्रिदिवौकसां ॥ ऊचुर्नारायणबलंशक्रस्तत्रासविस्मितः ॥१६॥ हंसस्वरूप्यवददच्युतआत्मयोगंदत्तः कुमारऋषभोभगवान्पितानः ॥ विष्णुःशिवायजगतांकलयाऽवतीर्णस्तेनाहृतामधुभिदाश्रुतयोहयास्ये ॥ १७॥ गुप्तोऽप्ययेमनुरिलौषधयश्चमात्स्येक्रौडेहतोदितिजउद्धरतांऽभसः क्ष्मां ॥कौर्मेधृतोऽद्रिरमृतोन्मथनेस्वपृष्ठेग्राहात्प्रपन्नमिभराजममुंचदार्तं ॥१८॥ संस्तुन्वतोऽब्धिपतितान्छ्रमणानृषींश्चशक्रंचवृत्रवधतस्तमसिप्रविष्टं ॥ देवस्त्रियोऽसुरगृहेपिहिताअनाथाजघ्नेऽसुरेंद्रमभयायसतांनृसिंहे ॥१९॥ देवासुरयुधिचदैत्यपतीन्सुरार्थेहत्वांऽतरेषुभुवनान्यदधात्कलाभिः ॥ भूत्वाऽथवामनइमामहरद्बलेःक्ष्मांयाच्ञाछलेनसमदाददितेःसुतेभ्यः ॥२०॥ निःक्षत्रियामकृतगांचत्रिःसप्तकृत्वोरामस्तुहैहयकुलाप्ययभार्गवाग्निः॥ सोऽब्धिंबबंधदशवक्त्रमहन्सलंकंसीतापतिर्जयतिलोकमलघ्नकीर्तिः ॥२१॥ भूमेर्भरावतरणाययदुष्वजन्माजातःकरिष्यतिसुरैरपिदुष्कराणि ॥ वादैर्विमोहयतियज्ञकृतेऽतदर्हान्शूद्रान्कलौक्षितिभुजोन्यहनिष्यदंते ॥२२॥ एवंविधानिकर्माणिजन्मानिचजगत्पतेः ॥ भूरीणिभूरियशसोवर्णितानिमहाभुज ॥२३॥ इ०भा०म०एकादशस्कंधेचतुर्थोऽध्यायः॥४॥ राजा०भगवंतंहरिंप्रायोनभजंत्यात्मवित्तमाः ॥ तेषामशांतकामानांकानिष्ठाऽविजितात्मनां ॥१॥ चमस०मुखबाहूरुपादेभ्यःपुरुषस्याश्रमैःसह ॥ चत्वारोजज्ञिरेवर्णागुणैर्विप्रादयःपृथक् ॥२॥ यएषांपुरुषंसाक्षादात्मप्रभवमीश्वरं ॥ नभजंत्यवजानंतिस्थानाद्भ्रष्टाःपतंत्यधः॥३॥ दूरेहरिकथाःकेचिद्दूरेचाच्युतकीर्तनाः॥ स्त्रियःशूद्रादयश्चैवतेऽनुकंप्याभवादृशां ॥४॥ विप्रोराजन्यवैश्यौवाहरेःप्राप्ताःपदांतिकं ॥ श्रौतेनजन्मनाथापिमुह्यंत्याम्ना

મારવાથી, પાપમાં પડેલા ઇંદ્રને–અને અસુરોના ઘરોમાં રૂંધાયલી દેવતાઓની સ્ત્રીઓને–અભય આપેલ છે; તથા સત્પુરુષો (પ્રહ્લાદ)ને અભય આપવા સારૂ નૃસિંહરૂપ ધરીને, હિરણ્યકશિપુને માર્યો છે. ॥૧૯॥ વળી તેમજ, મન્વંતરોમાં કળા (એટલે અંશ) વડે; અવતારો ધારણ કરીને, દેવ અને દૈત્યોના યુદ્ધોમાં; દેવતાઓને માટે, મોટા મોટા દૈત્યોને મારીને; લોકનું રક્ષણ કરેલું છે. તથા વામન રૂપે થઇને, બળી રાજા પાસેથી; કપટથી ભીખ માગવાનો છળ કરી, પૃથ્વી લેઇને; તે, અદિતીના દીકરાઓને: આપી દીધી છે. ॥૨૦॥ હૈહય કુળનો નાશ કરનાર ભૃગુ કુળથી ઉત્પન્ન થયેલા, અગ્નિ સરખા પરશુરામના રૂપથી; પૃથ્વીને એક-વીસ વાર ક્ષત્રીઓના બીજ વિનાની કરી છે; તથા એજ, સમુદ્ર ઉપર સેતુ બાંધનારા; અને લંકા સહિત દશ મોઢાંવાળા, રાવણનો નાશ કરનારા; અક્ષય કીર્તિવાળા સીતાપતિ રામચંદ્ર ભગવાન, લોકને વિશે જય પામેલા છે. ॥૨૧॥ તથા પૃથ્વીનો ભાર ઉતારવાને માટે, યાદવ કુળમાં કૃષ્ણ અને બળદેવરૂપે, જન્મ ધારણ કરેલા એ ભગવાન, દેવતાઓથી ન થઇ શકે એવાં, કામો કરશે; અને બુદ્ધ આદિક સ્વરૂપથી; યજ્ઞાદિક કર્મો કરવાને અયોગ્ય એવા યજ્ઞો કરનારા શૂદ્રો આદિકને, કળિયુગમાં વાદવડે મોહ પમાડશે; તથા કળિયુગને અંતે કલ્કી અવતારથી, દુષ્ટ રાજાઓ વિગેરેનો નાશ કરી નાંખશે. ॥૨૨॥ હે મોટા હાથવાળા રાજા, ઘણા યશ-વાળા જગતના સ્વામી ભગવાનના; એજ પ્રકારના ઘણા ઘણા, જન્મો અને કર્મોનું વર્ણન; કરવામાં આવેલ છે. ॥૨૩॥ ઇતિ શ્રી૦ ભાગવતે અગિયારમા સ્કંધનો વિષ્ણુના જન્મો અને કર્મો નામે ચોથો અધ્યા૦ સં૦ ॥૪॥

અધ્યાય ૫ મો.—નિમિરાજા—હે મોટા આત્મજ્ઞાનીઓ, મન અને ઇંદ્રિયાદિકને વશમાં નહીં રાખનારા, અને કામનાઓથકી શાંત નહીં થયેલા, મનુષ્યો; જેઓ ઘણું કરીને હરિભગવાનને, ભજતા નથી; તેવાઓની કેવી ગતિ થાય છે, તે કહો. ॥ ૧॥–**ચમસ**–જુદા જુદા ગુણોવડે થનારી, બ્રાહ્મણ વિગેરે ચાર વર્ણો, અને ચાર આશ્રમો; એ પુરુષ ભગવાનનાં, મુખ –બાહુ–ઉરૂ–અને પગથકી; જન્મ પામેલ છે. ॥૨॥ એ રીતે, જેનાથકી પોતે ઉત્પન્ન થયેલ છે; તે સાક્ષાત ઇશ્વર ભગવાનની અવગણના કરીને, તેમને જેઓ ભજતા નથી; તેઓ પોતાના સ્થાન થકી ભ્રષ્ટ થઇને, અધોગતિને પામે છે. ॥૩॥ સ્ત્રીઓ–શૂદ્રો–અને તેમના

સદાચાર વિગેરેવાળા—એવી અચ્યુત ભગવાનનું કીર્તન કરેલાનું, તથા તેમની કથાઓ શ્રવણ કરવાનું; ઘણુંજ દૂર છે, તેવાઓના ઉપર તો; તમ સરખા સત્પુરુષોએ, દયા કરવીજ યોગ્ય છે. ॥૪॥ અને બ્રાહ્મણો—ક્ષત્રીઓ—તથા વૈશ્યો વિગેરે દ્વિજો તો, જેનાથકી પોતે ઉત્પન્ન થયેલા છે; તે સર્વના સ્વામી, હરિભગવાનની કથાઓ આદિક સાંભળવા વિગેરેથકી; હરિભગવાનના પદના, સમીપપણાને પામી શકે; એવા છે. છતાં, તેઓ વેદ આદિક શાસ્ત્રોના વાદવિવાદમાંજ; મોહ પામી જાય છે. ॥૫॥ અને એ સ્તબ્ધ—મૂર્ખ—પંડિતપણાનું અભિમાન રાખનારા—તથા કર્મો કરવાની બાબતમાં, અવિદ્વાન લોકો; વેદની અંદરનાં, મીઠાં લાગે એવાં; અને ફક્ત વૈદિક કર્મો કરવામાં ભાવ ઉત્પન્ન કરવાને માટેજ કહેલાં; જે શ્રુતિનાં વચનોથકી, મૂઢ બનીજઈને ઉત્સુકતાથી; પ્રિય એવાં સ્વર્ગાદિકનાં સુખો, અને વિહાર વિગેરે બાબતજ; માગ્યા કરે છે. ॥૬॥ તથા એઓ, રજોગુણથકી, ઘોર સંકલ્પો કરનારા—ઘણી કામનાઓવાળા—સાપ જેવા ક્રોધી—દંભી—માની—અને પાપી લોકો; અચ્યુત ભગવાનના પ્રિય ભક્તાદિકને તો, હસે છે; અને તેમની ઠેકડી કરેછે. ॥૭॥ વળી તે સ્ત્રીઓની ઉપાસના કરનારા લોકો, એકબીજા સાથે મળીને; ઘર સંબંધી—મૈથુનાદિકનાં સુખો સંબંધી—અને કામનાઓ સબંધીજ—વાતો કરેછે; તથા તેઓ, યજ્ઞાદિક કર્મો; કેવે પ્રકારે કરવાં તેને, અને પરમાત્માને નહીં જાણીને; સારી રીતની દક્ષિણા વિનાના—વિધિ વિનાના—અને અન્નાદિકની સામગ્રી વિનાનાજ—યજ્ઞો કરેછે; અને ફક્ત ખાવાને અર્થેજ, પશુઓને મારે છે.॥૮॥તેમજ એ બધા લોકો સંપત્તિ—ઐશ્વર્ય—ઉત્તમ કુળમાં જન્મ—વિદ્યા—દાન—રૂપ—બળ—અને કર્મ—આદિના અભિમાનથકી, અંધ બુદ્ધિવાળા થઇ જઇને; હરિ ભગવાનની, તથા તેમના પ્રિય ભક્તાદિકની; અવગણના પણ કરેછે. ॥૯॥ અને વેદમાં; અતિ-પ્રિય ઇશ્વર ભગવાન, સર્વ દેહધારીઓને વિશે; આત્મ સ્વરૂપથી, આકાશની પેઠે સર્વદા રહેલાનું; વર્ણવેલું છે. તે તરફ તો એ વિષયસુખોના મનોરથવાળા અજ્ઞાન લોકો, જોતાજ નથી; અને આજીવિકા વિગેરે સબંધના પ્રવૃત્તિ માર્ગનુંજ, વેદે પ્રતિપાદન કરેલાનું; તેઓ બકે છે. ॥૧૦॥ આ લોકને વિશે પ્રાણી માત્ર હમેશાંજ, મૈથુન—માંસ—અને મદ્ય; એમનું સેવન કરનારા છે, માટે તેમને તેજ કર્મો કરવાની, આજ્ઞા કરવાનું કારણ ન હોવાથી; વેદમાં તેવી આજ્ઞા કરેલી નથીજ. પણ એ થકી, લોકને નિવૃત્ત કરવાની ધારણાથી; વેદે, વિ-વાહ—યજ્ઞ—અને સુત્રામણિ નામના યજ્ઞમાં દેવતાઓનું સ્થાપન—એ ત્રણ પ્રસંગો; અનુક્રમે એ ત્રણે બાબતનો ઉપયોગ કરવાને માટે, મુકરર કરીને; તેમની વ્યવસ્થા, એટલે સંકોચ માત્ર કરેલો છે. (અર્થાત એકદમ બધું બંધ કરી દેવાથી, તેમ ન બની શકે; એમ સમજીને યુક્તિથી અટકાવો નાખીને, ધીમે ધીમે સંકોચ કરતાં; છેવટે તેથકી નિવૃત્ત કરવાનોજ ઇરાદો, વેદે રાખેલો છે; મૈથુન ગમે ત્યારે અને ગમે તેની સાથે થવાનો, અટકાવ કરીને; પોતાની પરણેલી સ્ત્રીમાંજ, અને તેને ઋતુકાળ હોય ત્યારેજ, છૂટ રાખવામાં આવી છે; જેથી સેંકડે નવાણું ટકા જેટલો, સંકોચ થાય છે. તેમજ માંસ પણ; હરકોઇ વખતે, હરકે ખાવાનો; અને

यत्वादिनः ॥५॥ कर्मण्यकोविदाःस्तब्धामुर्खाःपंडितमानिनः ॥ वदंतिचाटुकान्मूढाययामाध्व्यागिरोत्सुकाः ॥६॥ रजसाघोरसंकल्पाःकामु
काअहिमन्यवः ॥ दांभिकामानिनःपापाविहसंत्यच्युतप्रियान् ॥७॥ वदंतितेऽन्योऽन्यमुपासितस्त्रियोगृहेषुमैथुन्यसुखेषुचाशिषः ॥ यजंत्य
सृष्टान्नविधानदक्षिणंवृत्त्यैपरंघ्नंतिपशूनतद्विदः॥८॥ श्रियाविभूत्याऽभिजनेनविद्ययात्यागेनरूपेणबलेनकर्मणा॥ जातस्मयेनांधधियःसहेश्व
रान्सतोऽवमन्यंतिहरिप्रियान्खलाः ॥९॥ सर्वेषुशश्वत्तनुभृत्स्ववस्थितंयथाखमात्मानमभीष्टमीश्वरं ॥ वेदोपगीतंचनशृण्वतेबुधामनोरथा
नांप्रवदंतिवार्तया ॥१०॥ लोकेव्यवायामिषमद्यसेवानित्यास्तुजंतोर्नहितत्रचोदना ॥ व्यवस्थितिस्तेषुविवाहयज्ञसुराग्रहैरासुनिवृत्तिरि
ष्टा ॥११॥ धनंचधर्मैकफलंयतोवैज्ञानंसविज्ञानमनुप्रशांति ॥ गृहेषुयुंजंतिकलेवरस्यमृत्युंनपश्यंतिदुरंतवीर्यं ॥१२॥ यद्घ्राणभक्षोविहि
तःसुरायास्तथापशोरालभनंनहिंसा ॥ एवंव्यवायःप्रजयानरत्याइमंविशुद्धंनविदुःस्वधर्मं॥१३॥ येत्वनेवंविदोऽसंतःस्तब्धाःसदभिमानिनः
॥ पशून्द्रुह्यंतिविस्रब्धाःप्रेत्यखादंतितेचतान् ॥ १४॥द्विषंतःपरकायेषुस्वात्मानंहरिमीश्वरं ॥ मृतकेसानुबंधेऽस्मिन्बद्धस्नेहाःपतंत्यधः
॥१५॥ येकैवल्यमसंप्राप्तायेचातीताश्चमूढतां ॥ त्रैवर्गिकाह्यक्षणिकाआत्मानंघातयंतिते॥१६॥ एतआत्महनोऽशांताअज्ञानेज्ञानमानिनः
॥ सीदंत्यकृतकृत्यावैकालध्वस्तमनोरथाः ॥१७॥ हित्वात्मायासरचितागृहापत्यसुहृच्छ्रियः ॥ तमोविशंत्यनिच्छंतोवासुदेवपराङ्मुखाः

તેને માટે પ્રવૃત્તિઓની થતી, હિંસાનો અટકાવ કરવાને માટે; ઘણી દક્ષિણાવાળો, યજ્ઞ કરે; ત્યારેજ, ફક્ત એક પશુને મારી શકે; અને જે રાજા હોય તેનેજ, અમુક શ્રાદ્ધાદિકના દિવસોએજ, તથા તેમાં ઉપયોગ થવા પૂરતાંજ, અને તે પણ અમુક પવિત્ર જાતિનાંજ, તથા માત્ર વનનાં પશુજ, મારવાની છૂટ રાખવાથી; તેનો પણ સેંકડે નવાણું ટકા જેટલો, અટકાવજ કરેલાનું; જણાય છે. તેમજ મદ્યનો ઉપયોગ કરવાની બાબતમાં પણ, સુત્રામણિ નામના યજ્ઞમાં, દેવતાઓનું સ્થાપન કર્યા પછીજ એટલે એ સિવાયના તમામ પ્રસંગોને, બંધ કરવાથી; તેટલોજ સંકોચ કરેલાનું; સમજવાનું છે.) ॥૧૧॥ ધન મેળવવાનું ફળતો એજ છે કે, જ્ઞાન અને વિજ્ઞાન મેળ-વીને; પરમ શાંતિ એટલે ભગવત પદની પ્રાપ્તિ કરી લેવી. છતાં એવા ધનને, દેહના અને ઘરના એટલે કુટું-બાદિકના ઉપયોગ માટે; વાપરી નાંખનારા લોકો તો, અનંત પરાક્રમવાળા મૃત્યુને; જાણતાજ નથી ॥૧૨॥ વળી યજ્ઞને વિશે ધરાવેલા મદ્યાદિકનો ઉપયોગ, માત્ર સુંઘવા પૂરતોજ; કરવાનું કહેલું છે. પણ તે પીવા વિગેરેને માટે, નથીજ; યજ્ઞમાં પશુનો વધ કરવાનો, તે માત્ર હોમ કરવાને માટેજ કહેલ છે; પણ ખાવાને માટે, કહેલ નથી; તેવીજ રીતે મૈથુન કરવાનું, તે માત્ર સંતાન ઉત્પન્ન કરવાને માટેજ કહેલું છે; પણ રતિ સુખને માટે, કહેલું નથી; (અર્થાત પોતાની કામના પૂર્ણ કરવાને માટે, એ ત્રણેવાનાં કરવાનાં નથી; પણ પરમાર્થ અર્થેજ, કરવાનાં છે; અને તે પરમાર્થ થવામાંજ, કાંઇક સ્વાર્થની પણ પ્રાપ્તિ યદૃચ્છાથી થતી હોય તો; તેનો ત્યાગ કરવાનો, આગ્રહ રાખવા જેવું પણ નથી.) એ રીતના અતિ શુદ્ધ ધર્મોને, એવા લોકો જાણતાજ નથી. ॥ ૧૩ ॥ આ શુદ્ધ ધર્મને નહીં જાણનારા—અને પોતે શ્રેષ્ઠ હોવાનું અભિમાન રાખનારા—જે સ્તબ્ધ અને દુષ્ટ લોકો, પોતાને સ્વર્ગાદિકનાં સુખો મળવા વિગેરેના વિશ્વાસથી; પશુઓનો દ્રોહ કરે છે. તેવાઓને મૂઆ પછી તેજ પશુઓ ખાય છે. ॥૧૪॥ આ રીતે ખચીતજ મરીજનાર એવા, પોતાના શરીરને વિશે; તથા તેની પાછળ લાગેલાં, ઘર—ધન—સ્ત્રી—અને પુત્રાદિકને વિશે પણ; સ્નેહ બાંધનારા, એ લોકો; પોતાના અને પારકા શરીરને વિશે રહેલા; આત્મ સ્વરૂપ ઇશ્વર ભગવાનનોજ, દ્વેષ કરવાથકી; અધોગતિને પામે છે. ॥૧૫॥ એટલે અત્યંત અજ્ઞાની નહીં, એવા તે લોકો; ધર્મ—અર્થ—અને કામ—એ ત્રિવર્ગનાં કર્મોથકી, એક ક્ષણનો પણ અવકાશ નહીં પામવાથી; પરમાત્માના કૈવલ્ય પદને નહીં પામતાં, પોતેજ પોતાનો ઘાત કરનારા થાય છે. ॥૧૬॥ એવા તે પોતેજ પોતાનો ઘાત કરનારા—અશાંત—અને અજ્ઞાનનેજ જ્ઞાન માનનારા—લોકો, કૃતાર્થ થવાની આશા-ઉજ; તેમના મનોરથોનો નાશ, કાળ કરી નાંખે છે; તેથી તેઓ દુઃખજ પામ્યા કરે છે.॥૧૭॥ અને તે, વાસુ-દેવ ભગવાનથી પરાંગમુખ લોકો; પોતે ઘણી મેહેનતથી મેળવેલાં, ઘર—સંતાન—સુહૃદ—અને ધનાદિકને; છોડી દેવાની તેમની ઇચ્છા નહીં છતાં પણ, છેવટે તેમને છોડી દે છે; અને નરકમાંજ પડે છે.॥૧૮॥—નિમિરાજા—એ ભગવાન કયે કાળે, કેવા વર્ણના, કેના સરખા, અને કેવાં નામોવાળા કહેવાયછે; તથા કેવા વિધિથી તે અહીંયાંના લો-

કાયથકી, પૂજાયછે; તે આપ મને કહો. ॥૧૯॥—કરભાજન—કૃત—ત્રેતા—દ્વાપર—અને કલિ—એ યુગોમાં કેશવ ભગવાન, નાનાપ્રકારનાં, વર્ણ—નામ—અને આકૃતિ વાળા હોઇને અનેક વિધિઓએકરી, પૂજાય છે. ॥૨૦॥ કૃત યુગમાં તે, ધોળા વર્ણના—ચાર હાથવાળા—જટાધારી—વલ્કલ વસ્ત્ર પેહેરનારા—અને મૃગચર્મ, જનોઇ, રૂદ્રાક્ષ, દંડ, તથા કમંડળુને, ધારણ કરનારા હોય છે. ॥૨૧॥ અને તે કાળના, શાંત—નિર્વૈર—સુહૃદ—અને સમદૃષ્ટિવાળા મનુષ્યો; ઇંદ્રિયાદિકનો નિગ્રહ કરીને, તથા શાંત મન રાખીને; તપવડે, ભગવાનને ભજે છે. ॥૨૨॥ હંસ—સુપર્ણ—વૈકુંઠ—ધર્મ—યોગેશ્વર—મનુ—ઇશ્વર—પુરૂષ—અવ્યક્ત—અને પરમાત્મા; એ રીતનાં અનેક નામોથી, ભગવાનનું ભજન, એ કૃત યુગમાં; થાય છે. ॥ ૨૩ ॥ ત્રેતાયુગમાં તે, રાતા વર્ણના—ચાર હાથવાળા—ત્રણ મેખળાવાળા—પીળા વાળ વાળા—અને સ્રુચ તથા સરવો વિગેરે નિશાનીઓ ધારણ કરનારા,—ત્રણ વેદમય યજ્ઞ સ્વરૂપ હોય છે. ॥૨૪॥ ને તે કાળના, ધર્મીષ્ટ અને વેદને જાણનારા મનુષ્યો; એ સર્વ દેવમય હરિ ભગવાનનું પૂજન, ત્રણ વેદની વિધિવડે, કરે છે. ॥૨૫॥ વિષ્ણુ—યજ્ઞ—પૃશ્નિગર્ભ—સર્વદેવ—ઉરૂક્રમ—વૃષાકપિ—જયંત—અને ઉરૂગાય—એ રીતનાં; અનેક નામોથકી, ભગવાન તે કાળે બોલાય છે. ॥ ૨૬ ॥ દ્વાપરયુગમાં; ભગવાન, શ્યામ વર્ણના—પીળાં વસ્ત્રો વાળા—પોતાનાં, ચક્ર વિગેરે આયુધો ધારણ કરેલા—શ્રીવત્સ વગેરે લક્ષણોવાળા—અને કૌસ્તુભ વિગેરે ધારણ કરેલી બહારની નિશાનીઓવાળા હોયછે. ॥૨૭॥ હે રાજા, તે કાળમાં પરમાત્માને જાણવાની ઇચ્છાવાળા મનુષ્યો; મહારાજાનાં ચિન્હ, છત્ર અને ચામર આદિકવાળા, પુરૂષ ભગવાનનું પૂજન; વેદના, તથા શાસ્ત્રોના, બંને માર્ગોવડે; કરે છે. ॥૨૮॥ હું, વાસુદેવ ભગવાનને નમું છું—સંકર્ષણ ભગવાનને નમું છું—તથા પ્રદ્યુમ્ન અને અનિરૂદ્ધ ભગવાનને નમું છું. ॥ ૨૯ ॥ નારાયણ ઋષિને—મહાત્મા પુરૂષ ભગવાનને—વિશ્વના ઇશ્વર ભગવાનને—વિશ્વરૂપ ભગવાનને—અને સર્વ પ્રાણી આદિના આત્મા ભગવાનને—હું નમસ્કાર કરૂં છું. ॥૩૦॥ એવી રીતે, અનેક નામોથી; એ દ્વાપર યુગમાં જગદીશ્વર ભગવાનની સ્તુતિ થાય છે; ॥૩૦॥ હવે કળિયુગમાં તો, ફક્ત અનેક શાસ્ત્રોનાજ વિધિ-

॥१८॥ राजा०कस्मिन्कालेसभगवान्किंवर्णःकीदृशोनृभिः॥नाम्नावाकेनविधिनापूज्यतेतदिहोच्यतां ॥१९॥ करभाजन०कृतंत्रेताद्वाप
रंचकलिरित्येषुकेशवः ॥ नानावर्णाभिधाकारोनानैवविधिनेज्यते ॥ २०॥ कृतेशुक्लश्चतुर्बाहुर्जटिलोवल्कलांबरः॥ कृष्णाजिनोपवीताक्षा
न्बिभ्रद्दंडकमंडलू॥२१॥मनुष्यास्तुतदाशांतानिर्वैराःसुहृदःसमाः॥यजंतितपसादेवंशमेनचदमेनच॥२२॥हंसःसुपर्णोवैकुंठोधर्मोयोगेश्वरोम
नुः ॥ ईश्वरःपुरुषोऽव्यक्तःपरमात्मेतिगीयते ॥२३॥ त्रेतायांरक्तवर्णोऽसौ चतुर्बाहुस्त्रिमेखलः ॥ हिरण्यकेशस्त्रय्यात्मास्रुक्स्रुवाद्युपलक्षणः
॥२४॥ तंतदामनुजादेवंसर्वदेवमयंहरिं ॥ यजंतिविद्यात्रय्याधर्मिष्ठाब्रह्मवादिनः ॥२५॥ विष्णुर्यज्ञःपृश्निगर्भःसर्वदेवउरुक्रमः ॥ वृषाक
पिर्जयंतश्चउरुगायइतीर्यते ॥२६॥ द्वापरेभगवान्श्यामःपीतवासानिजायुधः ॥ श्रीवत्सादिभिरंकैश्चलक्षणैरुपलक्षितः ॥२७॥ तंतदापुरुषं
मर्त्यामहाराजोपलक्षणं॥ यजंतिवेदतंत्राभ्यांपरंजिज्ञासवोनृप॥२८॥नमस्तेवासुदेवायनमःसंकर्षणायच ॥ प्रद्युम्नायानिरुद्धायतुभ्यंभगव
तेनमः ॥२९॥ नारायणायऋषयेपुरुषायमहात्मने ॥ विश्वेश्वरायविश्वायसर्वभुतात्मनेनमः ॥३०॥ इतिद्वापरउर्वीशस्तुवंतिजगदीश्वरं ॥
नानातंत्रविधानेनकलावपियथाशृणु ॥३१॥ कृष्णवर्णंत्विषाऽकृष्णंसांगोपांगास्त्रपार्षदं ॥ यज्ञैःसंकीर्तनप्रायैर्यजंतिहिसुमेधसः ॥३२॥
ध्येयंसदापरिभवघ्नमभीष्टदोहंतीर्थास्पदंशिवविरिंचिनुतंशरण्यं ॥ भृत्यार्तिहंप्रणतपालभवाब्धिपोतंवंदेमहापुरुषतेचरणारविंदं ॥३३॥त्य
क्त्वासुदुस्त्यजसुरेप्सितराज्यलक्ष्मींधर्मिष्ठआर्यवचसायदगादरण्यं॥ मायामृगंदयितयेप्सितमन्वधावद्वंदेमहापुरुषतेचरणारविंदं॥३४॥एवं
युगानुरूपाभ्यांभगवान्युगवर्तिभिः ॥ मनुजैरिज्यतेराजंछ्रेयसामीश्वरोहरिः ॥३५॥कलिंसभाजयंत्यार्यागुणज्ञाःसारभागिनः ॥ यत्रसंकी
र्तनेनैवसर्वःस्वार्थोऽभिलभ्यते ॥३६॥ नह्यतःपरमोलाभोदेहिनांभ्राम्यतामिह ॥ यतोविंदेतपरमांशांतिंनश्यतिसंसृतिः ॥३७॥ कृतादि
षुप्रजाराजन्कलाविच्छंतिसंभवं ॥ कलौखलुभविष्यंतिनारायणपरायणाः ॥३८॥ क्वचित्क्वचिन्महाराजद्रविडेषुचभूरिशः ॥ ताम्रपर्णीन
दीयत्रकृतमालापयस्विनी ॥३९॥ कावेरीचमहापुण्याप्रतीचीचमहानदी ॥ येपिबंतिजलंतासांमनुजामनुजेश्वर ॥ प्रायोभक्ताभविष्यंतिवा

થી, તેમનું પૂજન આદિ જે રીતે થાયછે; તે પણ તમે સાંભળો. ॥૩૧॥ કળિયુગમાં તે કાળાવર્ણ વાળા—ચકચકિત કાંતિ વાળા—અને અંગ,ઉપાંગ,અસ્ત્રો, તથા પાર્ષદો વાળા હોય છે; અને તેમનું પૂજન, સારી બુદ્ધિ વાળા મનુષ્યો ઘણે ભાગે;તેમનાં જન્મ કર્માદિકનું કીર્તન કરવા રૂપ,યજ્ઞ કરવા વડેજ;કરેછે. ॥૩૨॥ વળી સર્વ કાળ ધ્યાન કરવા યોગ્ય—વારંવાર થતા જન્મ મરણને મટાડનારા—ઇચ્છિત કામનાઓને પૂર્ણ કરનારા—સદાશિવ અને બ્રહ્મા વિગેરેથી સ્તુતિ કરાયલા—સર્વના શરણરૂપ—સેવકોનાં દુઃખોને કાપનારા—શરણાંગતનું રક્ષણ કરનારા—અને સંસાર સમુદ્રને તારનારા—આપ મહા પુરૂષ ભગવાનના ચરણારવિંદને; હું વંદન કરૂંછું, ॥ ૩૩ ॥ ન તજી શકાય એવી, અને દેવતાઓ પણ ઇચ્છા કરે એવી; રાજ્ય લક્ષ્મીનો ત્યાગ કરીને, ધર્મ રાખવાને પિતાના વચનથી અરણ્યમાં જનારા; અને પ્રિયાએ ઇચ્છા કરવાથી, કપટથી મૃગ બનેલાની પાછળ દોડનારા; આપ મહા પુરૂષ (રામચંદ્ર ભગવાન) ના ચરણારવિંદને, હું વંદન કરૂંછું. ॥૩૪॥ હે રાજા, એ રીતે યુગે યુગમાં, તે તે યુગને અનુકૂળ નામોથી; તે તે યુગનાં મનુષ્યો, કલ્યાણની ઇચ્છાથી; એવાએજ ઇશ્વર ભગવાનનું, જુદે જુદે પ્રકારે; પૂજન કરે છે. ॥૩૫॥ પણ ગુણને જાણનારા, અને સાર ભાગને ગ્રહણ કરનારા; મહાત્માઓ તો; માત્ર કીર્તન કરવાવડેજ, સર્વ પુરૂષાર્થની પ્રાપ્તિ કરનારા કળિયુગનેજ; વખાણે છે. ॥૩૬॥ કેમકે જેથી જન્મ મરણનો નાશ થઇને, પરમ શાંતિ રૂપ પરમાત્માના પદની પ્રાપ્તિ થાય; તેના કરતાં મોટો લાભ, આ લોકમાં ભમ્યા કરતા પ્રાણીઓને માટે; બીજો છેજ નહીં. ॥ ૩૭ ॥ હે રાજા, કૃત—ત્રેતા—અને દ્વાપર યુગનાં મનુષ્યો; કળિયુગમાં જન્મ થવાને, ઇચ્છે છે; કેમકે કળિયુગમાં નારાયણ ભગવાનને પરમ આશ્રયરૂપ માનનારા; મનુષ્યો થવાનું નક્કી બનેજ છે. ॥૩૮॥ હે મોટા રાજા, એવા મનુષ્યો, બીજે ઠેકાણે તો ક્વચિતજ થાય છે; પણ દ્રવિડમાં, ઘણા થાય છે; જ્યાં,

તાંમ્રપર્ણી–કૃતમાળા–પયસ્વિની–કાવેરી–મહા નદી–અને બીજી પશ્ચિમણી તરફ વહેનારી પવિત્ર નદીઓનાં જળ પીનારા; નિર્મળ અંતઃકરણવાળા લોકો, વિશેષે કરીને, વાસુદેવ ભગવાનની ભક્તિજ કરનારા; થાય છે. ॥૩૯–૪૦॥ એટલા માટે હે રાજા; દેવતાઓ–ઋષિઓ–પિતૃઓ–મનુષ્યો–સમાંઓ–અને બીજા પ્રાણીઓ વિગેરેના, તમે કિંકર નહીં થતાં; આ પ્રકારે કર્તાપણાનો ત્યાગ કરી, સર્વના શરણ રૂપ; મુકુંદ ભગવાનનું શરણ, સર્વ ભાવથી લેહને; અનરણી થઇ જાઓ. ॥ ૪૧ ॥ એટલે વેદ આદિકમાં વર્જ્ય પાડેલાં કર્મો, નહીં કરવા રૂપ, જે કાંઇ પાપ થતું હશે; તેને પણ; એ પરમાત્મા ઇશ્વર હરિ ભગવાન પોતે, હૃદયમાં સ્થાપન થયેલા હોવા-થી; તમે અન્ય ભાવનો ત્યાગ કરીને, એ પ્રિય ભગવાનના ચરણને ભજ્યાવડે; ભગવાન પોતેજ ધોઇ નાંખશે. ॥૪૨॥–નારદ–આ રીતના " ભાગવત ધર્મ " સાંભળ્યા પછી, પ્રસન્ન થયેલા મિથિલાના નિમિ રાજાએ ઉપા-ધ્યાયો સહિત; એ જયંતિના પુત્ર, નવે યોગેશ્વર મુનિઓનું; પૂજન કર્યું. ॥૪૩॥ પછી સર્વ લોકના દેખતાંજ, તે સિદ્ધ પુરુષો ત્યાંથી, અંતર્ધાન થઇ ગયા; અને નિમિરાજા, એ ધર્મોનું આચરણ કરવા વડે; પરમ ગતિને પામ્યા. ॥૪૪॥ હે મહાભાગ વસુદેવ, તમે પણ; એ " ભાગવત ધર્મ " સાંભળ્યા છે તો હવે શ્રદ્ધા રાખીને, તે પ્રમાણે આચરણ કરો; એટલે સર્વ સંગ થકી, મૂકાઇ જઇને; પરમ પદને પામશો. ॥૪૫॥ અને ઇશ્વર હરિ ભગવાન જ્યારથી તમારા પુત્ર થયા છે, ત્યારથીજ તમો બંને સ્ત્રી પુરુષ,(વસુદેવ અને દેવકી)ના યશ વડે, તો, આખું જગત; ભરાઇ ગયેલુંજ છે. ॥ ૪૬ ॥ દર્શન–આલિંગન–બોલાવવું–સુવું–આસન–અને ભોજન–વિગેરેમાં, કૃષ્ણ ભગવાનને વિશે; પુત્ર ભાવથી પણ સ્નેહ કરવાને લીધેજ, તમે તમારા અંતઃકરણને; પવિત્ર કરેલું છે. ॥૪૭॥ શિશુપાળ–પૌંડ્રક–અને શાલ્વ વિગેરે રાજાઓ, વૈરભાવથી; સુતાં–બેસતાં–વિગેરે સઘળો વખત, ભગ-વાનની ગતિ–વિલાસ–અને જોવું, વિગેરેનું ધ્યાન કરવાવાળા, બુદ્ધિ કરવાથી; ભગવાનની સારૂપ્ય મુક્તિને પામી ગયા છે; તો તમે પ્રેમવાળી બુદ્ધિવાળાંઓને માટે તો, વાંધોજ શાનો હોય. ॥૪૮॥ એટલા માટે, પરમાત્મા–

मुदेवेऽमलाशयाः ॥४०॥ देवर्षिभूताप्तनृणांपितृणांनकिंकरोनायमृणीचराजन् ॥ सर्वात्मनायःशरणंशरण्यंगतोमुकुंदंपरिहृत्यकर्तं॥४१॥ स्वपादमूलंभजतःप्रियस्यत्यक्तान्यभावस्य हरिःपरेशः ॥ विकर्मयच्चोत्पतितंकथंचिद्धुनोतिसर्वंहृदिसन्निविष्टः ॥४२॥ नारद०धर्मान्भागवतानित्थंश्रुत्वाथमिथिलेश्वरः ॥ जायंतेयान्मुनीन्प्रीतःसोपाध्यायोह्यपूजयत् ॥४३॥ ततोंऽतर्दधिरेसिद्धाःसर्वलोकस्यपश्यतः ॥ राजाधर्मानुपातिष्ठन्नवापपरमांगतिं ॥४४॥ त्वमप्येतान्महाभागधर्मान्भागवतान्छ्रुतान् ॥ आस्थितःश्रद्धयायुक्तोनिःसंगोयास्यसेपरं॥४५॥ युवयोःखलुदंपत्योर्यशसापूरितंजगत् ॥ पुत्रतामगमद्यद्वांभगवानीश्वरोहरिः ॥४६॥ दर्शनालिंगनालापैःशयनासनभोजनैः॥ आत्मावांपावितःकृष्णेपुत्रस्नेहंप्रकुर्वतोः ॥४७॥ वैरेणयंनृपतयःशिशुपालपौंड्रशाल्वादयोगतिविलासविलोकनाद्यैः॥ध्यायंतआकृतधियःशयनासनादौतत्साम्यमापुरनुरक्तधियांपुनःकिं ॥४८॥ मापत्यबुद्धिमकृथाःकृष्णेसर्वात्मनीश्वरे ॥ मायामनुष्यभावेनगूढैश्वर्येपरेऽव्यये॥४९॥ भूभारासुरराजन्यहंतवेगुप्तयेसतां ॥ अवतीर्णस्यनिर्वृत्यैयशोलोकेवितन्यते ॥५०॥श्रीशुक०एतच्छ्रुत्वामहाभागोवसुदेवोऽतिविस्मितः॥देवकीचमहाभागाजहतुर्मोहमात्मनः॥५१॥ इतिहासमिमंपुण्यंधारयेद्यःसमाहितः॥सविधूयेहशमलंब्रह्मभूयायकल्पते ॥५२॥ इ.भा.म.ए.पंचमोअ.॥५॥

श्रीशुक०अथब्रह्मात्मजैर्देवैःप्रजेशैरावृतोऽभ्यगात् ॥ भवश्चभूतभव्येशोययौभूतगणैर्वृतः ॥१॥ इंद्रोमरुद्भिर्भगवानादित्यावसवोऽश्विनौ ॥ ऋभवोंऽगिरसोरुद्रा विश्वेसाध्याश्चदेवताः ॥२॥ गंधर्वाप्सरसोनागाःसिद्धचारणगुह्यकाः ॥ ऋषयःपितरश्चैवसविद्याधरकिन्नराः ॥३॥ द्वारकामुपसंजग्मुःसर्वेकृष्णदिदृक्षवः ॥ वपुषायेनभगवान्नरलोकमनोरमः॥यशोवितेनेलोकेषुसर्वलोकमलापहं ॥४॥ तस्यांविभ्राजमानायांसमृद्धायांमहर्द्धिभिः ॥ व्यचक्षतावितृप्ताक्षाःकृष्णमद्भुतदर्शनं ॥५॥ स्वर्गोद्यानोपगैर्माल्यैश्छादयंतोयदूत्तमं ॥ गीर्भिश्चित्रपदार्थाभिस्तुष्टुवुर्जगदीश्वरं॥६॥देवा०नताःस्मतेनाथपदारविंदंबुद्धींद्रियप्राणमनोवचोभिः ॥ यच्चिंत्यतेऽतर्हृदिभावयुक्तैर्मुमुक्षुभिःकर्ममयोरुपाशात् ॥७॥

અવ્યય–ગૂઢ ઐશ્વર્યવાળા–માયાથી મનુષ્ય થયેલા–અને સર્વના આત્મા–ઇશ્વર કૃષ્ણ ભગવાનને વિશે, તમે હવે પુત્ર બુદ્ધિ કરશો નહીં. ॥ ૪૯ ॥ એ ભગવાન પૃથ્વીનો ભાર ઉતારવાને–અસુર રાજાઓની સેનાઓનો નાશ કરવાને–સત્પુરુષોનું રક્ષણ કરવાને–અને લોકને વિશે યશનો વિસ્તાર કરવાને–માટેજ અવતરેલા છે. ॥૫૦॥–શ્રીશુક–એટલું સાંભળીને, મહા ભાગ વસુદેવ તથા દેવકીએ અતિ વિસ્મિત થઇ; પોતાની બુદ્ધિના અજ્ઞાનને તજી દીધું. ॥૫૧॥ જે કોઇ આ પવિત્ર ઇતિહાસનું, એક ચિત્તથી ધ્યાન કરે; તેનાં પાપ માત્ર નાશ પામી જઇને, તે બ્રહ્મ સ્વરૂપ થાય. ॥૫૨॥ ઇ૦ શ્રી૦ ભા૦ મ૦ ૨૪૦ ભગવાનની ગતિ અને વિષ્ણુનાં નામો આદિ૦ પાં૦ અ૦ સં૦ ॥૫॥

અધ્યાય ૬ ઠો.—શ્રીશુક—પછીથી; મનુષ્યોના મનને આનંદ આપનાર જે શરીરથી, કૃષ્ણ ભગ-વાને; સર્વ લોકના પાપનો નાશ કરનારા યશનો વિસ્તાર, આ લોકમાં કર્યો હતો; તે શરીરને જોવાની ઇચ્છાથી, પોતાના પુત્રો સનકાદિક–દેવતાઓ–અને પ્રજાપતિઓથી વિંટાયલા બ્રહ્મા; દ્વારકામાં આવ્યા. ભૂત સમૂહથી વિંટાયલા ભયંકર ભૂતોના ઇશ્વર, સદાશિવ આવ્યા. મરૂતો અને અદિતિનાં પુત્રો આદિત્ય વિગેરે સહિત, ભગવાન ઇંદ્ર આવ્યા. તેમજ વસુઓ–અશ્વિનિ કુમારો–રૂભુ દેવતાઓ–અંગિરા ઋષિ–રૂદ્રો–વિશ્વ દેવતાઓ–સાધ્ય દેવતાઓ–ગંધર્વો–અપ્સરાઓ–નાગ લોકો–સિદ્ધ લોકો–ચારણો–યક્ષો–ઋષિઓ–પિતૃઓ–વિદ્યાધરો–અને કિન્નરો વિગેરે સર્વે આવ્યા. ॥ ૧–૨–૩–૪ ॥ પણ મોટી સમૃદ્ધિઓ તથા સિદ્ધિઓથી શોભતી દ્વારકામાં, અદ્ભુત દર્શનવાળા કૃષ્ણ ભગવાનને જોવાથી; તેમની આંખો તૃપ્ત થઇ નહીં. ॥ ૫ ॥ પછી એ યદુકુળમાં શ્રેષ્ઠ કૃષ્ણ ભગવાનને, સ્વર્ગના બગીચાનાં ફુલોથી ઢાંકીદેઇને; વિચિત્ર પ્રકારનાં પદ અને અર્થવાળી વાણી-થી, તેઓએ એ જગતના ઇશ્વરની સ્તુતિ કરી કે. ॥ ૬ ॥–દેવો–હે ભગવાન, મજબુત કર્મપાશથી છુટવાને ઇચ્છનાર પુરુષોએ; પોતાના અંતઃકરણમાં ભાવથી ચિંતવન કરેલા, આપના ચરણારવિંદને; અમે, બુદ્ધિ–ઇંદ્રિયો–પ્રાણ–મન–અને વાણીવડે; નમસ્કાર કરીએ છીએ. ॥ ૭ ॥ જનાવવાને અતિ કઠિણ એવા આ વિશ્વને, ત્રણ ગુણોવાળી માયાવડે; તે ગુણોનો આશ્રય કરીને, (એટલે બ્રહ્મા–વિષ્ણુ–અને રૂદ્ર રૂપે થઇને,) આપજ; સર્જો છો–પાળો છો–અને નાશ કરો છો; છતાં આત્મ અનુભવના સુખમાં પ્રતિષ્ઠિત, અને રાગ દ્વેષથી ર-

હિત હોવાથી; આપ અજીત ભગવાન, તે કર્મોવડે; લેપાતા નથી. ॥ ૮ ॥ હે પૂજ્ય, સત્વગુણી બુદ્ધિવાળા મનુષ્યોની; આપના યશના શ્રવણની ભરપૂરતાથી સારી રીતે વધેલી શ્રદ્ધાવડે, જેવી શુદ્ધિ થાય છે; તેવી શુદ્ધિ, દુષ્ટ મનવાળા મનુષ્યોની; વિદ્યા એટલે જ્ઞાન અથવા ઉપાસના–શાસ્ત્ર શ્રવણ–અધ્યયન–દાન–તપ–અને યજ્ઞાદિક ક્રિયાઓ–વિગેરે થકી પણ; થતી નથીજ. ॥ ૯ ॥ જેને પિગળેલા હૃદયથી મુનિઓ, કલ્યાણને માટે ચિંતવે છે–ભક્ત લોકો; જેનાં ચાર પ્રકારનાં વ્યુહ એટલે વાસુદેવ, સંકર્ષણ, પ્રદ્યુમ્ન, અને અનિરૂદ્ધ એ નામો લઈને; સ્વર્ગાદિકનું ઉલંઘન કરી, આપની વિભૂતિ રૂપ વૈકુંઠને પામવાને માટે; તેમના ચરણારવિંદનું સર્વકાળ પૂજન કરે છે–કેટલાક યજ્ઞાદિક કર્મો કરનારાઓ, વેદ વિધિથી હાથમાં હવિષ્ય લેઈ, હાથ જોડીને; યજ્ઞના અગ્નિને વિષે આપના ચરણારવિંદનું ચિંતવન કરે છે–અને યોગીઓ આપની માયા રૂપ સિદ્ધિઓને પામવાને, અધ્યાત્મ યોગવડે, ચિંતવે છે:—એ રીતનું મોટા ભગવતીઓથી સર્વ પ્રકારે પૂજાતું, આપનું ચરણારવિંદ; અગ્નિની

જ્વાળા સરખું, ધૂમકેતુ રૂપ થઈને; અમારી અશુભ વાસનાઓને, બાળી નાંખજો. ॥૧૦–૧૧॥ શોક્યની પેઠે લક્ષ્મીજીએ, સ્પર્ધા કરાતી વનમાળાને; તે વાસી હોય છતાં પણ, ભક્તોએ અર્પણ કરાયલી હોવાથીજ, આપ ઘણી પ્રીતિથી ધારણ કરો છો; તે સમર્થ ભગવાનનું પવિત્ર ચરણારવિંદ, અમારી અશુભ વાસનાઓને, વારવાર બાળી નાંખજો. ॥ ૧૨ ॥ આપ મહાત્માનું એ ચરણારવિંદ કે જે, બળીરાજાના યજ્ઞમાં; ત્રણ પદ (પગલાં)માપતી વખતે, તેમાંથી પડતી ત્રણ ધારાઓરૂપ પતાકાઓ સહિત ધ્વજાઓ જેવું થઈને; અસુરોની સેનાને ભય આપનારૂં, અને દેવ સેનાને અભય આપનારૂં; થયું હતું. તેમજ સાધુ પુરૂષોને મોક્ષ પમાડનારૂં, અને ખળ પુરૂષોને નરક આપનારૂં પણ છે; તે ચરણારવિંદ, આપનું ભજન કરનારા અમ લોકોનાં પાપોનો નાશ કરજો. ॥ ૧૩ ॥ માંહો માંહે એક બીજાથી દુઃખી થતા, બ્રહ્મા પર્યંત દેહધારીઓ; નાકમાં નાથેલા બળદોની પેઠે, જેને વશ વરતે છે; તે કાળ સ્વરૂપ–પુરૂષોત્તમ–પરમાત્મા–અને પ્રકૃતિ થકી પર–પુરૂષ ભગવાનનું ચરણારવિંદ,

त्वंमाययाविगुणयात्मनिदुर्विभाव्यंव्यक्तंसृजस्यवसिलुंपसितद्गुणस्थः॥ नैतैर्भवानजितकर्मभिरज्यतेवैयत्स्वेसुखेऽव्यवहितेऽभिरतोऽनवद्यः ॥८॥शुद्धिर्नृणांनतुतथेड्यदुराशयानांविद्याश्रुताध्ययनदानतपःक्रियाभिः ॥ सत्वात्मनामृषभतेयशसिप्रवृद्धसच्छ्रद्धयाश्रवणसंभृतयायथा स्यात् ॥९॥ स्यान्नस्तवांघ्रिरशुभाशयधूमकेतुःक्षेमाययोमुनिभिरार्द्रहृदोह्यमानः ॥ यःसात्वतैःसमविभूतयआत्मवद्भिर्व्यूहेऽर्चितःसवनशः स्वरतिक्रमाय ॥१०॥ यश्चिंत्यत[illegible]पाणिभिरध्वराग्नौत्रय्यानिरुक्तविधिनेशहविर्गृहीत्वा ॥ अध्यात्मयोगउतयोगिभिरात्ममायांजिज्ञासु भिःपरमभागवतैःपरीष्टः॥११॥ पर्युष्टयातवविभोवनमालयेयंसंस्पर्धिनीभगवतीप्रतिपत्निवच्छ्रीः ॥ यःसुप्रणीतममुयाऽर्हणमाददन्नोभूया त्सदांघ्रिरशुभाशयधूमकेतुः॥१२॥ केतुस्त्रिविक्रमयुतस्त्रिप[illegible]ोयस्तेभयाभयकरोऽसुरदेवचम्वोः ॥ स्वर्गायसाधुषुखलेष्वितरायभूम न्पादःपुनातुभगवन्भजतामघंनः॥१३॥नस्योतगावइवयस्यवशेभवंतिब्रह्मादयस्तनुभृतोमिथुरर्द्यमानाः॥कालस्यतेप्रकृतिपूरुषयोःपरस्यशं नस्तनोतुचरणःपुरुषोत्तमस्य ॥१४॥ अस्यासिहेतुरुदयस्थितिसंयमानामव्यक्तजीवमहतामपिकालमाहुः ॥ सोऽयंत्रिणाभिरखिलापचयेप्र वृत्तःकालोगभीररयउत्तमपुरुषस्त्वं ॥१५॥ त्वत्तःपुमान्समधिगम्यययाऽस्यवीर्यंधत्तेमहांतमिवगर्भममोघवीर्यः ॥ सोऽयंतयाऽनुगतआ त्मनआंडकोशंहैमंससर्जबहिरावरणैरुपेतं ॥१६॥ तत्तस्थुषश्चजगतश्चभवानधीशोयन्माययोत्थगुणविक्रिययोपनीतान् ॥ अर्थान्जुषन्न पिहृषीकपतेनलिप्तोयेऽन्येस्वतःपरिहृतादपिबिभ्यतिस्म ॥१७॥ स्मायावलोकलवदर्शितभावहारिभ्रूमंडलप्रहितसौरतमंत्रशौंडैः ॥ पत्न्य स्तुषोडशसहस्रमनंगबाणैर्यस्येंद्रियंविमथितुंकरणैर्नविभ्व्यः ॥१८॥ विभ्व्यस्तवामृतकथोदवहास्त्रिलोक्याःपादावनेजसरितःशमलानिहं तुं ॥ आनुश्रवंश्रुतिभिरंघ्रिजमंगसंगैस्तीर्थद्वयंशुचिषदस्तउप[illegible]शंति ॥१९॥ बादरायणि०इत्यभिष्टूयविबुधैःसेशःशतधृतिर्हरिं ॥ अ भ्यभाषतगोविंदंप्रणम्यांबरमाश्रितः ॥२०॥ ब्रह्मा०भूमेर्भारावतारायपुराविज्ञापितःप्रभो ॥ त्वमस्माभिरशेषात्मंस्तत्तथैवोपपादितं॥२१॥

અમને શાંતિ આપજો. ॥૧૪॥ અવ્યક્ત–આત્મા–મહતત્વ–અને કાળ–આદિ નામોથી બોલાતા, આપનાથીજ; આ જગતની, ઉત્પત્તિ–સ્થિતિ–અને લય–થયા કરે છે; અને સર્વના નાશને માટે પ્રવર્તનાર, ગંભીર વેગવાળા તથા ત્રણ વિભાગોવાળા કાળ રૂપે પણ; ઉત્તમ પુરૂષ આપ ભગવાન પોતેજ છો. ॥૧૫॥ હે અમોઘ વીર્યવાળા પુરૂષ ભગવાન, આપના થકીજ માયા (પ્રકૃતિ) એ, વીર્ય ધારણ કરીને; મહતત્વરૂપ, ગર્ભને ધારણ કરેલ છે. એ રીતે આપ, આત્મ સ્વરૂપથી; માયાને વિષે અનુગત થવાથી, તેણે; બાહેરનાં આવરણો સહિત આ, સોના જેવા અંડકોશને; ઉત્પન્ન કરેલ છે. ॥ ૧૬ ॥ એ માયાના ગુણો એટલે ઇંદ્રિયાદિકે, ઉત્પન્ન કરીને પ્રાપ્ત કરેલાં; વિષયાદિકનાં સુખોનો ત્યાગ કરવા છતાં પણ, બીજા યોગી વિગેરે તો તેનાથી બીહીતાજ રહે છે: પણ તે વિષયાદિકનાં પ્રાપ્ત થતાં સુખોને, ઇંદ્રિયાદિકવડે ભોગવવા છતાં; આપનો "હૃષીક પને" એટલે ઇંદ્રિયોના સ્વામી હોવાથી; તેઓ થકી લેપાતા નથીજ. ॥૧૭॥ અને તેથીજ આપની સોળ હજાર સ્ત્રીઓ; તેમણે કરેલા મંદહાસ્ય સહિત શોભિતાં કટાક્ષ થકી, જણાવાતા અભિપ્રાયો–અને મનનું હરણ કરે એવા ભમરોથી જણાવતા

રતિ સંબંધી વિચારો–કે જેથી કામદેવને પણ મોહ થાય, તેવાં કામ કળાનાં સાધનોથકી પણ; આપ ભગવાનના મનને ક્ષોભ પમાડવાને, સમર્થ થઈ શકતી નથી. ॥૧૮॥ તથા તે થકીજ, આપની કથાઓ રૂપી અમૃતની, તથા આપના ચરણને ધોવાના જળ(ગંગા)ની; ત્રણે લોકમાં વહેનારી નદીઓ રૂપ, બંને પ્રકારનાં; અતિ પવિત્ર તીર્થો:કાનવડે અને શરીરવડે, સ્પર્શ કરવાથી; સઘળાં પાપોનો નાશ કરી નાંખવાને સમર્થ થયેલાં છે. ॥૧૯॥–શ્રીશુક–આકાશમાં ઉભેલા દેવતાઓએ, એ રીતે સ્તુતિ કરયા પછી સદાશિવ સહિત બ્રહ્માએ; એ ગોવિંદ ભગવાનને કહ્યું કે; ॥૨૦॥ બ્રહ્મા–હે સમર્થ અને પૃથ્વીનો ભાર ઉતારવાને માટે અવતરેલા આત્મ સ્વરૂપ ભગવાન, અમે પ્રથમ વિજ્ઞાપના કરયા પ્રમાણે; સઘળું કામ આપે સંપાદન કરયું છે. ॥૨૧॥ સત્યમાં પ્રીતિવાળા સત્પુરૂષોને વિષે, આપે ધર્મને સ્થાપન કરયો છે: અને સર્વ લોકના પાપનો નાશ કરનારી, આપની કીર્તિ; દિશાઓમાં વિસ્તારી છે: ॥૨૨॥ તથા અતિ ઉત્તમ સ્વરૂપ ધારણ કરી, યદુના કુળમાં અવતરીને; જગતના હિતને માટે, વખાણવા લાયક પરાક્રમવાળાં કામો કરયાં છે. ॥૨૩॥ હે ઈશ્વર, જેઓનું શ્રવણ અને કીર્તન કરવાવડે, કલિયુગનાં મનુષ્યો

અને સાધુ પુરુષો ઉતાવળાજ આ સંસારને તરી જશે. ॥૨૪॥ હે સમર્થ આપ પુરુષોત્તમ ભગવાનને, યદુનાં કુળમાં અવતરવાને; હાલ સવાસો વરસ થઇ ગયાં છે. ॥૨૫॥ અને હે અખિલ બ્રહ્માંડના આધાર, હવે દેવતાઓનું કોઇ કાર્ય કરવાને, બાકી રહ્યું નથી; તથા બ્રાહ્મણોના શાપથી, આ; યદુનું કુળ પણ નાશ પામી ગયા સરખુંજ થયું છે. ॥૨૬॥ માટે હે પરમ પુરુષ, જો આપને યોગ્ય લાગતું હોય તો; હવે સ્વધામમાં (વૈકુંઠમાં) પધારીને, ત્યાં રહેલા આપના કિંકરોનું; અને લોક સહિત, અમો લોકપાળોનું; આપ રક્ષણ કરો. ॥૨૭॥—શ્રીભગવાન—હે દેવતાઓના સ્વામી, તમે કહો છો; તેમજ કરવાની મારી પણ ઇચ્છા છે; મેં પૃથ્વીનો ભાર ઉતારીને, તમારૂં સઘળું કાર્ય કર્યું છે. ॥૨૮॥ અને પરાક્રમ—શૂરાતન—તથા લક્ષ્મીવડે, ઉદ્ધત બનેલા અને સમુદ્રના તરંગોની પેઠે, સર્વ લોકનો નાશ કરી નાંખતા; આ યાદવકુળને પણ, મેંજ વશમાં રાખેલ છે. ॥૨૯॥ તેથી જો એ માર્વેષ્ટ અને મોટા યદુકુળનો નાશ કર્યા વિનાજ, હું સ્વધામમાં જાઉં તો; સમુદ્ર વેલાની પેઠે, એ યદુકુળ વધી; લોક માત્રનો નાશ થઇ જાય. ॥૩૦॥ માટે હે પાપ રહિત, હમણાંથીજ બ્રાહ્મણોના શાપવડે, એ યદુકુળના નાશનો આરંભ કરીને; તેનો પૂરો નાશ કર્યા પછીજ, હું સ્વધામમાં આવીશ. ॥૩૧॥ —શ્રીશુક—લોક માત્રના સ્વામી ભગવાને, આ પ્રમાણે કહેવાથી; તેમને પ્રણામ કરીને, દેવતાઓ વિગેરે સહિત બ્રહ્મા; પોતાના સ્થાનમાં ગયા. ॥૩૨॥ પછી દ્વારિકાંમાં મોટા મોટા ઉત્પાત થતા જોઇને, ત્યાં એકઠા થયેલા યદુકુળના વૃદ્ધ પુરુષોને; ભગવાને કહ્યું કે. ॥૩૩॥ —શ્રીભગવાન—મટાડયો મટે નહીં, એવો બ્રાહ્મણોનો શાપ; આપણા કુળને થવાથી, અહીંયાં આ રીતના ઘણા મોટા ઉત્પાતો; ચારેકોરથી થાય છે. ॥૩૪॥ હે આર્ય પુરુષો, જીવવાની ઇચ્છાવાળા આપણે, અહીંયાં રહેવું યોગ્ય નથી; માટે અતિ પવિત્ર પ્રભાસ ક્ષેત્રને વિષે આપણે,

धर्मश्चस्थापितःसत्सुसत्यसंधेषुवैत्वया ॥ कीर्तिश्चदिक्षुविक्षिप्तासर्वलोकमलापहा ॥२२॥ अवतीर्ययदोर्वंशेबिभ्रद्रूपमनुत्तमं ॥ कर्माण्युद्दामवृत्तानिहितायजगतोऽकृथाः ॥२३॥ यानितेचरितानीशमनुष्याःसाधवःकलौ ॥ शृण्वंतःकीर्तयंतश्चतरिष्यंत्यंजसातमः ॥२४॥ यदुवंशेऽवतीर्णस्यभवतःपुरुषोत्तम ॥ शरच्छतंव्यतीयायपंचविंशाधिकंप्रभो॥२५॥ नाधुनातेऽखिलाधारदेवकार्यावशेषितं ॥ कुलंचविप्रशापेननष्टप्रायमभूदिदं ॥२६॥ ततःस्वधामपरमंविशस्वयदिमन्यसे ॥ सलोकाल्लोकपालान्नःपाहिवैकुंठकिंकरान् ॥२७॥ श्रीभग०अवधारितमेतन्मेयदात्थविबुधेश्वर ॥ कृतंवःकार्यमखिलंभूमेर्भारोवतारितः॥२८॥ तदिदंयादवकुलंवीर्यशौर्यश्रियोद्धतं ॥ लोकंजिघृक्षद्रुद्धमेवेलयेवमहार्णवः ॥२९॥ यद्यसंहृत्यदृप्तानांयदूनांविपुलंकुलं ॥ गंतास्म्यनेनलोकोऽयमुद्वेलेनविनंक्ष्यति ॥३०॥ इदानींनाशआरब्धःकुलस्यद्विजशापजः ॥ यास्यामिभवनंब्रह्मन्नेतदंतेतवानघ ॥३१॥ श्रीशुक०इत्युक्तोलोकनाथेनस्वयंभूःप्रणिपत्यतं ॥ सहदेवगणैर्देवःस्वधामसमपद्यत ॥३२॥ अथतस्यांमहोत्पातान्द्वारवत्यांसमुत्थितान् ॥ विलोक्यभगवानाह यदुवृद्धान्समागतान् ॥३३॥ श्रीभग०एतेवैसुमहोत्पाताव्युत्तिष्ठंतीहसर्वतः ॥ शापश्चनःकुलस्यासीद्ब्राह्मणेभ्योदुरत्ययः ॥३४॥ नवस्तव्यमिहास्माभिर्जिजीविषुभिरार्यकाः ॥ प्रभासंसुमहत्पुण्यंयास्यामोऽद्यैवमाचिरं ॥३५॥ यत्रस्नात्वादक्षशापाद्गृहीतोयक्ष्मणोडुराट् ॥विमुक्तःकिल्बिषात्सद्योभेजेभूयःकलोदयं॥३६॥वयंचतस्मिन्नाप्लुत्यतर्पयित्वापितृन्सुरान् ॥ भोजयित्वोशिजोविप्रान्नानागुणवतांऽधसा॥३७॥ तेषुदानानिपात्रेषुश्रद्धयोप्त्वामहांतिवै ॥ वृजिनानितरिष्यामोदानैर्नौभिरिवार्णवं ॥३८॥ श्रीशुक०एवंभगवतादिष्टायादवाःकुलनंदन ॥ गंतुंकृतधियस्तीर्थंस्यंदनान्समयूयुजन् ॥३९॥ तन्निरीक्ष्योद्धवोराजन्श्रुत्वाभगवतोदितं ॥ दृष्ट्वाऽरिष्टानिघोराणिनित्यंकृष्णमनुव्रतः ॥४०॥ विविक्तउपसंगम्यजगतामीश्वरेश्वरं ॥ प्रणम्यशिरसापादौप्रांजलिस्तमभाषत ॥४१॥ उद्धव०देवदेवेशयोगेशपुण्यश्रवणकीर्तन ॥ संहृत्यैतत्कुलंनूनंलोकंसंत्यक्ष्यतेभवान् ॥ विप्रशापंसमर्थोऽपिप्रत्यहन्नयदीश्वरः ॥४२॥ नाहंतवांघ्रिकमलंक्षणार्धमपिकेशव ॥ त्यक्तुंसमुत्सहेनाथस्वधामनयमामपि ॥४३॥ तवविक्रीडितंकृष्णनृणांपरममंगलं ॥ कर्णपीयूषमास्वाद्यत्यजत्यन्यस्पृहांजनः ॥४४॥ शय्यासनाटनस्थानस्नानक्रीडाऽशनादिषु ॥ कथंत्वांप्रियमात्मानंवयंभक्तास्त्यजे

હમણાંજ ઉતાવળથી જઇએ. ॥૩૫॥ કે જ્યાં, સ્નાન કરવા થકી; દક્ષના શાપથી, ક્ષય રોગવડે પકડાયલો ચંદ્રમા; પાપ થકી મુક્તથઇને, તુરંજ ફરીથી કળાઓ ભળવા રૂપ; શ્રેયને પામ્યો હતો. ॥૩૬॥ માટે આપણે પણ, તે સ્થાનમાં નાહીને, પિતૃઓ તથા દેવતાઓનાં તર્પણ કરીશું; અને અનેક પ્રકારના ગુણોવાળાં ઇચ્છિત અન્ન, બ્રાહ્મણોને જમાડીશું. ॥૩૭॥ અને એ રીતે એ બ્રાહ્મણો રૂપી સત્પાત્રોને વિષે, શ્રદ્ધા સહિત મોટાં દાનોને વાવીને; તે દાનોવડે, વહાણ વડે સમુદ્રને તરવાની પેઠે; દુખોને તરી જઇશું. ॥૩૮॥ —શ્રીશુક—હે પરીક્ષિત, એ પ્રમાણે ભગવાને, સૂચના કરવાથી; યાદવોએ પ્રભાસ તીર્થમાં જવાની બુદ્ધિ કરીને, વાહનો તૈયાર કર્યાં. ॥૩૯॥ તે જોઇને, તથા ભગવાને બ્રહ્માદિકને કહ્યું; તે સાંભળીને, તેમજ ભયંકર ઉત્પાતો થતા દેખીને; એ ભગવાનનેજ સર્વકાળ અનુસરનારા ઉદ્ધવજીએ, એ જગતના ઇશ્વરોના ઇશ્વરને એકાંતમાં મળી; માથાવડે, ચરણમાં પ્રણામ કર્યા; અને હાથ જોડીને, તે બોલ્યા કે. ॥૪૦—૪૧॥—ઉદ્ધવ—હે દેવના દેવ-ઇશ્વર—અને યોગના સ્વામી—તથા પવિત્ર શ્રવણ કીર્તનવાળા ઇશ્વર; આપ બ્રાહ્મણોના શાપને મટાડવાને સમર્થ છતાં, તેમ કરતા નથી; માટે ખચીતજ યદુકુળનો નાશ કરશો, તથા આ લોકનો પોતે ત્યાગ કરશોજ. ॥૪૨॥ હે કેશવ, હે નાથ; આપના ચરણ કમળને અરધો ક્ષણ પણ તજવાનો, હું ઉત્સાહ રાખી શકતો નથી; માટે આપ મને પણ સાથેજ સ્વધામમાં લેઇ જાઓ. ॥૪૩॥ હે ભગવાન, મનુષ્યોને અતિ મંગળકારી આપનાં ચરિત્રોના શ્રવણ રૂપ, કાનના અમૃતનો સ્વાદ લેવાથી; માણસો બીજા સર્વ દૃશ્ય પદાર્થો-

દિકની સ્પૃહાને, તજે છે. ॥૪૪॥ તો સુવું-બેસવું-ફરવું-ઉભારહેવું-નહાવું-રમવું-અને ખાવું વિગેરેને વિશે, સાથે રેહેનાર અમે ભક્ત લોકો; અતિ પ્રિય અને આત્મ સ્વરૂપ, આપ ભગવાનને; કેવી રીતે તજી શકીએ. ॥૪૫॥ આપે વાપરેલાં ફુલનાહાર-ચંદન-વસ્ત્રો-અને ઘરેણાંને-ધારણ કરવાવડે; અને આપના છાંડેલા, અન્નાદિકને જમવાવડેજ; આપના દાસ લોકો, માયાને તરી જાય છે. ॥૪૬॥ તથા વાયુ ભક્ષીને રેહેનારા-તપસ્વી અને અખંડ બ્રહ્મચર્ય રાખનારા,-શાંત અને નિર્મળ સંન્યાસીઓ પણ; આપના બ્રહ્મ નામથી બોલાતા ધામને વિશેજ, જાય છે. ॥૪૭॥ તે રીતેજ હે મોટા યોગી; આપે મનુષ્ય દેહ ધારણ કરીને, જે જે કામો કરેલાં છે-વચનો કહેલાં છે-તથા ચાલવું, હસવું, જોવું, અને હાસ્ય કરવું, વિગેરે ચરિત્રો કરેલાં છે-તેઓનું સ્મરણ અને કીર્તન, આપના ભક્તોના સમાગમમાં રહીને કરતા થકી; આ ન તરી શકાય એવા સંસારને, અહીંયાં કર્મ માર્ગમાં ભટકતા અમે પણ; આપની એ કથાઓના પ્રભાવથીજ, તરી જવાને ઇચ્છીએ છીએ. ॥૪૮-૪૯॥

-શ્રીશુક-હે રાજા, એ પ્રમાણે વિનંતિ કરવાથી, દેવકી પુત્ર ભગવાને; પોતાના પ્રિય અને એકાંતિક દાસ, ઉદ્ધવને નીચે પ્રમાણે કહ્યું. ॥૫૦॥ ઇતિ શ્રી૦ભા૦મ૦ સ્કં૦ તત્વજ્ઞાને ઉદ્ધવ પ્રશ્ન નામે છઠો અ૦ સં૦ ॥૬॥

અધ્યાય ૭ મો.-શ્રીભગવાન—હે માહાભાગ, તમે જેમ કહો છો; તેમજ કરવાનું, મેં ધારેલું છે; બ્રહ્મા-સદાશિવ-અને લોકપાળ દેવતાઓ-મારો વૈકુંઠમાં વાસ થવાને; ઇચ્છે છે, ॥ ૧ ॥ બ્રહ્માની પ્રાર્થનાથી, દેવતાઓનાં કાર્ય કરવાને માટે; મેં અંશવડે અવતાર ધરીને, અહીંયાં દેવતાઓનું સઘળું કાર્ય; સંપાદન કર્યું છે. ॥૨॥ અને શ્રાપથી બળી ગયેલું, આ યાદવકુળ પણ; અન્યોઅન્યના ઝગડાથી, નાશ પામી જશેજ. અને આજથી સાતમે દિવસે આ દ્વારિકાંપુરીને, સમુદ્ર બોળી નાંખશે. ॥૩॥ તથા તે પછી હે સાધુ, આ રીતે મેં તજેલા; અને મંગળ રહિત થયેલા, આ લોકો; કલિયુગવડે, થોડા વખતમાંજ નહીં સરખા થઇ જશે. ॥૪॥ માટે હે ભદ્ર (ઉદ્ધવ), મેં તજી દીધેલ આ પૃથ્વીના પૃષ્ટ ઉપર, કલિયુગને વિશે અધર્મમાં રુચીવાળા થયેલ લોકોની અંદર;

महि ॥४५॥ त्वयोपभुक्तस्रग्गंधवासोऽलंकारचर्चिताः ॥ उच्छिष्टभोजिनोदासास्तवमायांजयेमहि ॥४६॥ वाताशनायऋषयःश्रमणाऊर्ध्वमंथिनः ॥ ब्रह्माख्यंधामतेयांतिशांताःसंन्यासिनोऽमलाः ॥४७॥ वयंत्विहमहायोगिन्भ्रमंतःकर्मवर्त्मसु ॥ त्वद्वार्तयातरिष्यामस्तावकैर्दुस्तरंतमः ॥४८॥ स्मरंतःकीर्तयंतस्तेकृतानिगदितानिच ॥ गत्युत्स्मितेक्षणक्ष्वेलियन्नृलोकविडंबनं ॥४९॥ श्रीशुक०एवंविज्ञापितोराजन्भगवान्देवकीसुतः ॥ एकांतिनंप्रियंभृत्यमुद्धवंसमभाषत ॥५०॥ इतिश्रीभागवतेमहापुराणेएकादशस्कंधेषष्ठोऽध्यायः ॥६॥

श्रीभग०यदात्थमांमहाभागतच्चिकीर्षितमेवमे ॥ ब्रह्माभवोलोकपालाःस्वर्वासंमेऽभिकांक्षिणः ॥१॥ मयानिष्पादितंह्यत्रदेवकार्यमशेषतः ॥ तदर्थमवतीर्णोऽहमंशेनब्रह्मणाऽर्थितः ॥२॥ कुलंवैशापनिर्दग्धंनंक्ष्यत्यन्योन्यविग्रहात् ॥ समुद्रःसप्तमेह्येतांपुरींचप्लावयिष्यति ॥३॥ यर्ह्येवायंमयात्यक्तोलोकोऽयंनष्टमंगलः ॥ भविष्यत्यचिरात्साधोकालनापिनिराकृतः ॥४॥ नवस्तव्यंत्वयैवेहमयात्यक्तेमहीतले ॥ जनोऽधर्मरुचिर्भद्रभविष्यतिकलौयुगे ॥५॥ त्वंतुसर्वंपरित्यज्यस्नेहंस्वजनबंधुषु ॥ मय्यावेश्यमनःसम्यक्समदृग्विचरस्वगां ॥६॥ यदिदंमनसावाचाचक्षुर्भ्यांश्रवणादिभिः ॥ नश्वरंगृह्यमाणंचविद्धिमायामनोमयं ॥ पुंसोऽयुक्तस्यनानाऽर्थोभ्रमःसगुणदोषभाक् ॥ कर्माकर्मविकर्मेतिगुणदोषधियोभिदा ॥८॥ तस्माद्युक्तेंद्रियग्रामोयुक्तचित्तइदंजगत् ॥ आत्मनीक्षस्वविततमात्मानंमय्यधीश्वरे ॥९॥ ज्ञानविज्ञानसंयुक्तआत्मभूतःशरीरिणां ॥ आत्मानुभवतुष्टात्मानांतरायैर्विहन्यसे ॥१०॥ दोषबुद्ध्योभयातीतोनिषेधान्ननिवर्तते ॥ गुणबुद्ध्याचविहितंनकरोतियथाऽर्भकः ॥११ सर्वभूतसुहृच्छांतोज्ञानविज्ञाननिश्चयः ॥ पश्यन्मदात्मकंविश्वंनविपद्येतवैपुनः ॥१२॥ श्रीशुक०इत्यादिष्टोभगवतामहाभागवतोनृप ॥ उद्धवःप्रणिपत्याहतत्त्वजिज्ञासुरच्युतं ॥१३॥ उद्धव०योगेशयोगविन्यासयोगात्मन्योगसंभव ॥ निःश्रेयसायमेप्रोक्तस्त्यागःसंन्यासलक्षणः ॥१४॥ त्यागोऽयंदुष्करोभूमन्कामानांविषयात्मभिः ॥ सुतरांत्वयिसर्वात्मन्नभक्तैरितिमेमतिः ॥१५॥ सोऽहंममाहमितिमूढमतिर्विगाढस्त्व

તમારે પણ, અહીંયાં વસવું નહીં. ॥૫॥ તેથી; તમે સ્વજન અને બંધુઓ ઉપરના, સર્વ પ્રકારના સ્નેહને તજીને; તથા મારામાંજ, સંપૂર્ણ રીતે મન પરોવીને; અને સમ દૃષ્ટિ વાળા થઇ, પૃથ્વી ઉપર ફરતા ફરજો. ॥૬॥ વળી મન-વાણી-કાન-તથા આંખ્યો વિગેરેથી, આ જાણવામાં આવતું; મન થકીજ ઉપજ થયેલું, અને માયામય જગત; ક્ષણ ભંગુર છે, એમ જાણજો. ॥૭॥ તથા વિક્ષેપ પામેલા મન વાળા પુરૂષોનેજ, આ અનેક પદાર્થાદિક રૂપ દ્વૈત પ્રપંચની અસ્તિ મનાવા રૂપ, ભ્રમ થાય છે; અને ગુણ તથા દોષને ઉત્પન્ન કરનાર પણ, એ ભ્રમજ છે; માટે એવા ભેદ બુદ્ધિવાળાઓનેજ, કર્મ-અકર્મ-અને વિકર્મના; ગુણ તથા દોષ લાગે છે. ॥૮॥ એટલા માટે, ઇશ્વરોના ઇશ્વર એવા, મારા આત્મ સ્વરૂપને વિશેજ; આ જગતને, ઓત પ્રોત થયેલાનું; તમે સર્વ ઇંદ્રિયો તથા મનને વશમાં રાખીને, જુઓ. ॥૯॥ વળી જ્ઞાન તથા વિજ્ઞાનને પામેલા-સર્વ પ્રાણીઓને પોતા સમાન ગણનારા-અને આત્મ સ્વરૂપના અનુભવ થકીજ સંતોષ પામેલા મનવાળા-મનુષ્યોને; કોઇ પ્રકારના અંતરાયો, નડી શકતાજ નથી. ॥૧૦॥ તેવાઓ તો, દોષના ભયથી રહિત થયેલ બુદ્ધિ વાળા હોવાથી; નિષેધ કરેલાં કર્મો (વેદાદિકે ના પાડેલાં વિકર્મ) થકી, નિવૃત્ત

થતા નથી; અને ગુણની બુદ્ધિ થકી, વિહિત કરેલાં કર્મો; (વેદાદિકે આજ્ઞા કરેલાં કર્મ;) કરતા પણ નથી. પરંતુ બાળકની પેઠે, ઇચ્છા અને ભયનો ત્યાગ કરીને; સ્વાભાવિક રીતે યદૃચ્છાથી થતાં કર્મો; કોઇપણ જાતના અનુસંધાન રહિત થઇનેજ, તેઓ કરે છે. ॥૧૧॥ એટલા માટે, તમે પણ; સર્વ પ્રાણી આદિના સુહૃદ-શાંત-અને જ્ઞાન વિજ્ઞાનના નિશ્ચય વાળા-થઇને; આ આખા વિશ્વને, મારૂં પોતાનુંજ સ્વરૂપ જાણજો; એટલે ફરીથી જન્મ મરણ પામવા આદિ વિપત્તિને પામશોજ નહીં ॥ ૧૨ ॥ શ્રીશુક-હે પરીક્ષિત, એ રીતે ભગવાને કહેવાથી; મહા ભગવતી ઉધ્ધવજીએ, તત્વજ્ઞાન પામવાની ઇચ્છાથી; એ અચ્યુત ભગવાનને પગે લાગીને કહ્યું કે. ॥૧૩॥-ઉદ્ધવ-હે યોગના સ્વામી-યોગના ખજાના રૂપ-યોગ સ્વરૂપ-અને યોગને ઉત્પન્ન કરનારા-ભગવાન; આપે સઘળાને તજી દેવારૂપ, ત્યાગ કરવાનેજ; મારા કલ્યાણનો ઉપાય કહ્યો. ॥૧૪॥ પણ હે મહાત્મા, એ પ્રકારનો ત્યાગ કરવાનું, જો કે; સર્વને વિશે આત્મ સ્વરૂપથી આપ રહેલાનું, જાણનારાઓને તો સેહેલું હશે; પણ વિષયાદિકને વિશે મન લાગેલા, અને કામનાઓ વાળા; અભક્ત લોકોપકી તો, એવો ત્યાગ

કરવાનું, મનવાને અશક્યજ છે; એવી મારી મતિ છે. ॥ ૧૫ ॥ માટે હું. કે જે; આપની માયાએ રચેલા આ દેહ, અને તેની પાછળ લાગેલાં; ઘર-સ્ત્રી-પુત્ર-અને ધનાદિકને વિશે, " હું અને મારું " એવી દૃઢ થઇ ગયેલી, મૂઢ બુદ્ધિ વાળો છું; તે, આપ ભગવાને કહેલા તત્વજ્ઞાનને; જે રીતે સેહેલાઇથી સમજી શકું, તે રીતે આપ પોતાના દાસ એવા; મને સમજાવો. ॥૧૬॥ હે ઇશ્વર, સત્ય સ્વરૂપ અને સ્વતઃસિદ્ધ જ્ઞાનવાળા આપ થકી, અન્ય રીતે ઉપદેશ કરનારો; દેવતાઓ આદિમાં પણ, હું કોઇને દેખતો નથી; કારણ બ્રહ્મા પર્યંત સર્વ દેહધારીઓ; એ આપની માયા થકી, આ પ્રકારેજ મોહ પામેલી બુદ્ધિ વાળા; અને બહિરદૃષ્ટિ વાળા છે. ॥૧૭॥ એટલા માટે, આ સંસારનાં દુખોથી તાપ પામીને, વૈરાગ્ય પ્રાપ્ત થયેલો હું; આપ, સર્વ પ્રકારના દોષથી રહિત-અનંત-અપાર-સર્વજ્ઞ-ઇશ્વર-પ્રતિબંધ રહિત-અને વૈકુંઠમાં રેહેનારા-તથા નરના સખા એવા; નારાયણ ભગવાનનેજ શરણ થાઉં છું. ॥૧૮॥-**શ્રીભગવાન**-આ લોકને વિશે લોકોની રીતભાત આદિકો વિશેષ રીતે તપાસ કરીને, જોનારા મનુષ્યોજ; ઘણું કરીને તો, અશુભ વાસનાઓ થકી; પોતેજ પોતાનો ઉદ્ધાર કરનારા, થાય છે. (અર્થાત ઉપદેશ કરનારા ગુરૂનીજ, જરૂર પડતી નથી. તો પછી સારા નરસા ઉપદેશ કરનારા બદલનો, તો વિચારજ કરવાનો ક્યાં રહ્યો.) ॥૧૯॥ પ્રાણીઓ આદિક સર્વે, પોતેજ પોતાના ગુરૂ થાય છે; (એટલે પશુ પક્ષી વિગેરે સર્વ કોઇનાં, બાળક અવતરતાંજ; તેમને કોઇએ શીખવ્યા વિનાજ, ખાવા-પીવા-વિગેરેનું જ્ઞાન તેઓ પોતાની મેળેજ મેળવે છે; અને પક્ષીઓ વિગેરે પોતાને રહેવા લાયક માળા બાંધવાનું અને મધમાખીઓ મધપુડા બનાવવાનું; પોતાની મેળેજ જાણે છે) તેમાં પણ, મનુષ્યોને માટે તો; એ વાત વિશેષે કરીને, લાગુ પડેછે. કારણ તેઓનો પ્રત્યક્ષ જોવાથી, અને અનુમાન કરવાથકી; એમ બે પ્રકાર વડે, પોતાનું સંપૂર્ણ કલ્યાણ; મેળવી શકે છે. ॥ ૨૦ ॥ અને ફક્ત એ મનુષ્ય શરીર થકીજ; હું, સાંખ્ય અને યોગને વિશે નિપુણ થયેલા, ધીર પુરૂષોને; સર્વ પ્રકારની શક્તિઓના વધારાથી, સર્વત્ર વિસ્તાર પામેલો જણાઉં છું. (અર્થાત બીજા પ્રાણીઓ, મને જાણી શકતાં નથી; પણ મનુષ્યજ, જાણે છે.) ॥ ૨૧ ॥ મારાં ઉત્પન્ન કરેલાં; એક પગનાં, બે પગનાં, ત્રણ પગવાળાં, ચાર પગવાળાં, બહુ પગનાં, અને પગવિનાનાં; એવાં

न्मायायाविरचितात्मनिसानुबंधे ॥ तत्त्वंजसानिगदितंभवतायथाहंसंसाधयामिभगवन्ननुशाधिभृत्यं ॥ १६॥ सत्यस्यतेस्वदृशआत्मनआत्मनोऽन्यंवक्तारमीशविबुधेष्वपिनानुचक्षे ॥ सर्वेविमोहितधियस्तवमाययेमेब्रह्मादयस्तनुभृतोबहिरर्थभावाः ॥१७॥ तस्माद्भवंतमनवद्यमनंतपारंसर्वज्ञमीश्वरमकुंठविकुंठधिष्ण्यं ॥ निर्विण्णधीरहमुहवृजिनाभितप्तोनारायणंनरसखंशरणंप्रपद्ये ॥१८॥ श्रीभग० प्रायेणमनुजालोकेलोकतत्त्वविचक्षणाः ॥ समुद्धरंति ह्यात्मानमात्मनैवाशुभाशयात् ॥१९॥ आत्मनोगुरुरात्मैवपुरुषस्यविशेषतः ॥ यत्प्रत्यक्षानुमानाभ्यांश्रेयोऽसावनुविंदते ॥२०॥ पुरुषत्वेचमांधीराःसांख्ययोगविशारदाः ॥ आविस्तरांप्रपश्यंतिसर्वशक्त्युपबृंहितं ॥२१॥ एकद्वित्रिचतुष्पादोबहुपादस्तथाऽपदः ॥ बह्व्यःसंतिपुरःसृष्टास्तासांमेपौरुषीप्रिया ॥२२॥ अत्रमांमार्गयंत्यद्धायुक्ताहेतुभिरीश्वरं ॥ गृह्यमाणैर्गुणैर्लिंगैरग्राह्यमनुमानतः ॥२३॥ अत्राप्युदाहरंतीममितिहासंपुरातनं ॥ अवधूतस्यसंवादंयदोरमिततेजसः ॥२४॥ अवधूतंद्विजंकंचिच्चरंतमकुतोभयं ॥ कविंनिरीक्ष्यतरुणंयदुःपप्रच्छधर्मवित् ॥२५॥ यदु० कुतोबुद्धिरियंब्रह्मन्नकर्तुःसुविशारदा ॥ यामासाद्यभवाँल्लोकंविद्वांश्चरतिबालवत् ॥२६॥ प्रायोधर्मार्थकामेषुविवित्सायांचमानवाः ॥ हेतुनैवसमीहंतेआयुषोयशसःश्रियः ॥२७॥ त्वंतुकल्पःकविर्दक्षःसुभगोऽमृतभाषणः ॥ नकर्तानीहसेकिंचिज्जडोन्मत्तपिशाचवत् ॥२८॥ जनेषुदह्यमानेषुकामलोभदवाग्निना ॥ नतप्यसेऽग्निनामुक्तोगंगांभस्स्थइवद्विपः ॥२९॥ त्वंहिनःपृच्छतांब्रह्मन्नात्मन्यानंदकारणं ॥ ब्रूहिस्पर्शविहीनस्यभवतःकेवलात्मनः ॥३०॥ श्रीभग० यदुनैवंमहाभागोब्रह्मण्येनसुमेधसा ॥ पृष्टःसभाजितःप्राहप्रश्रयावनतंनृपं ॥३१॥ ब्राह्मण० संतिमेगुरवोराजन्बहवोबुद्ध्युपाश्रिताः ॥ यतोबुद्धिमुपादायमुक्तोऽटामीहतान्शृणु ॥३२॥ पृथिवीवायुराकाशमापोऽग्निश्चंद्रमारविः ॥ कपोतोऽजगरःसिंधुःपतंगोमधुकृद्गजः ॥३३॥ मधुहाहरिणोमीनःपिंगलाकुररोऽर्भकः ॥ कुमारीश

ઘણા પ્રકારનાં, શરીરો છે. તે સઘળાંમાં; મનુષ્ય શરીરજ, મને અતિ પ્રિય છે. ॥૨૨॥ તેમાં; (એટલે અનેક પ્રકારનાં, એ શરીરો આદિ રૂપે હું વિસ્તાર પામેલો છું, તે સઘળાઓમાં;) એકાગ્ર મનથી જોનારા પુરૂષો; પ્રત્યક્ષ એટલે દેખવામાં આવે એવાં કારણો-ગુણો-અને નિશાનીઓ-ઉપરથી, જાણીને; અને પરોક્ષ એટલે નહીં દેખવામાં આવતાં કારણો વિગેરેનું, અનુમાન કરીને; હું ઇશ્વરને રહેલાનું સંપૂર્ણપણે, શોધી કાઢે છે. ॥૨૩॥ એ બાબતમાં; ઘણા પરાક્રમવાળા યદુ રાજા, અને અવધુત (ગુરૂ દત્તાત્રય) વચ્ચે; થયેલા સંવાદ રૂપે, એક જુનો ઇતિહાસ; નીચે પ્રમાણે કહેવાય છે. ॥ ૨૪ ॥ વિદ્વાન-જુવાન-અને અવધુત વેશી, એ દ્વિજને; સર્વત્ર નિર્ભયપણે ફરતા દેખીને, ધર્મને જાણનારા યદુ રાજાએ; તેમને પૂછ્યું કે. ॥ ૨૫ ॥ હે બ્રાહ્મણ, આ રીતે કાંઇ પણ કામ નહીં કરવાની, સારી વિશારદ બુદ્ધિ; આપને ક્યાંથી મળી છે. ! કે જેને પામીને, આપ વિદ્વાન છતાં; લોકને વિશે, બાળકની પેઠે વિચરોછો.॥૨૬॥ મનુષ્યો વિશેષે કરીને, ધર્મ-અર્થ-અને કામ-એ ત્રિવર્ગને સંપાદન કરવા સારૂં, આયુષ્ય-યશ-અને ધનને; વધારવાના(અથવા મેળવવાના)ઉદ્યોગો, સારી રીતે કરે છે. ॥૨૭॥ અને આપ તો, દક્ષ શરીરવાળા-વિદ્વાન-ડાહાપણવાળા-રૂપાળા-અને અમૃત જેવી વાણી બોલનારા-હોવા છતાં; જડ-ઉન્મત્ત-અને પિશાચની પેઠે, જરા પણ કામ કરતા નથી; અને કશાને ઇચ્છતા પણ નથી. ॥૨૮॥ કામ અને લોભ રૂપ દાવાનળથી બળ્યા કરતા, આ લોકને વિશે તમો તો; ગંગાના જળની અંદર ઉભેલા, હાથીની પેઠે; તે દાવાનળથી મુક્ત થઇને, તાપને પામતાજ નથી. ॥ ૨૯ ॥ માટે હે બ્રાહ્મણ, વિષય ભોગાદિકનાં સુખોથી રહિત, અને સ્ત્રી પુત્રાદિક વિનાના એકલાજ રેહેનારા; આપના મનના, આ આનંદનું કારણ; અમારા પૂછવાથી આપ કહી સંભળાવો. ॥૩૦॥-**શ્રીભગવાન**-ઉત્તમ બુદ્ધિવાળા-અને બ્રાહ્મણોને માનનારા-તે યદુરાજાએ, આ પ્રમાણે પૂછવાથી; નમ્રતાથી નમેલા, તે રાજાનાં વખાણ કરીને; એ મહા ભાગ્યશાળી બ્રાહ્મણે, તેમને કહ્યું કે. ॥૩૧॥-**બ્રાહ્મણ**-હે રાજા, બુદ્ધિવડે માનેલા; અમારા ગુરૂઓ, ઘણા છે; જેમના થકી બુદ્ધિ પામીને, હું આ લોકને વિશે મુક્ત થઇને; ફરૂં છું તે સઘળાઓને, તમે સાંભળો. ॥૩૨॥ પૃથ્વી-વાયુ-આકાશ-જળ-અગ્નિ-ચંદ્રમા,-સૂર્ય-હોલો-અજગર-સમુદ્ર-પતંગિયો-મધમાખી,-હાથી મધ લેઇ લેનારો વાઘરી-હરણ,-માછલું-પિં·

મળા નામની વેશ્યા-ટિટોડો,-બાળક-કન્યા-બાણ બનાવનારો,-સાપ-કરોળિયો-અને ભમરી. ॥ ૩૩—૩૪ ॥ એટલાં, ચોવીસેને; મેં ગુરૂ માનેલાં છે; આ લોકને વિશે, તેઓની વૃત્તિઓ ઉપરથી, મેં પોતાથી મેળેજ; શિ-ખામણો મેળવેલી છે. ॥ ૩૫ ॥ હે યયાતિ પુત્ર, જેની પાસેથી-જે રીતે-અને જેજે શિખામણ-મેં મેળવેલ છે; તે સર્વ, હું તમને યથાસ્થિત કહું છું; તે સાંભળો. ॥૩૬॥ પ્રાણીઓ થકી, અતિક્રમણ થતા છતાં પણ; તેઓને દૈવના વશમાં રહીને ચાલનારાં હોવાનું; જાણનારા ધીર પુરૂષો, પોતાના માર્ગ થકી; ડગતા નથી. એ પૃથ્વીની વૃત્તિ થકી, હું શિખ્યો છું. ॥ ૩૭ ॥ અને સાધુ પુરૂષોનો જન્મ, કેવળ પરોપકારને અર્થેજ હોવાનું; અને તેમની સર્વે ક્રિયાઓ, સર્વ કાળ પરોપકારને અર્થેજ થવાનું; હું પર્વતોની અને ઝાડોની વૃત્તિ થકી, શિખેલો છું. ॥ ૩૮ ॥ ૧ ॥ ઇંદ્રિયોની પ્રસન્નતા પુરતા નહીં. પણ જેટલાથકી જ્ઞાનનો નાશ થવા ન પામે; અને વાણી તથા મનને, વિકાર ન થાય; તેટલાજ, આહારાદિકથી; મુનિએ સંતોષવાળા થવાનું, હું પ્રાણ વાયુની વૃત્તિથકી; શિખ્યો છું. ॥૩૯॥ નાના પ્રકારના ધર્મોવાળા, સારા નરસા સર્વ વિષયાદિકમાં; સ-

ઘળી રીતે વર્તતા છતાં, ગુણ અને દોષ થકી રહિત બુદ્ધિવાળા યોગીએ; તેમના સારા નરસાપણામાં, મન નહીં ઘાલવાનું; તથા, જેમ અનેક પદાર્થાદિકને વિશે, પેસતા છતાં; વાયુ, તેના તેના ગંધ આદિક ગુણ-વાળો, થતો નથી; તે રીતનું, આત્મ સ્વરૂપ હોવાનું, યોગીએ જાણવાનું; હું બહારના વાયુની વૃત્તિ થકી, શિખેલોછું. ॥૪૦–૪૧–॥૨॥ જેમ મેઘ અને વાયુની ગતિએ પ્રેરેલા, તેજ—પાણી—અને પૃથ્વીનાં રજકણો—આકાશને સ્પર્શ કરી શકતાં નથી; તે રીતે કાળે ઉત્પન્ન કરેલ, વિષય આદિકનો સ્પર્શ; પુરૂષ (દેહાત્મા)ને, નહીં થવાનું; તથા જેમ સ્થાવર જંગમ સર્વને વિશે, આકાશ વ્યાપીને રહેલા છતાં; તે તે પદાર્થાદિક થકી, પ્રતિબંધ રહિત, અને અસંગ રહે છે; એ રીતેજ, પરબ્રહ્મ; આત્મ સ્વરૂપવડે, સર્વત્ર ઓત પ્રોત થઇ વ્યાપીને રહેલા છતાં; તે તે શરીરાદિક થકી, બંધન રહિત અને અસંગ રહેવાનું, મુનિએ જાણવાનું; હું આકાશની વૃત્તિ થકી શિખ્યો છું. ॥૪૨–૪૩॥૩॥ સ્વાભાવિક પણેજ સ્વચ્છ મનવાળા—સ્નેહવાળા—મીઠા બોલા—અને મનુષ્યોને પવિત્ર કરનારા—તથા કીર્તન કરવાથી—અડકવાથી—સ્પર્શ કરવાથી—અને મિત્રાઇ કરવાથી પણ; પાણીની પેઠે શુદ્ધિ

रकृत्सर्पऊर्णनाभिःसुपेशकृत् ॥ ३४ ॥ एतेमेगुरवोराजंश्चतुर्विंशतिराश्रिताः ॥ शिक्षावृत्तिभिरेतेषामन्वशिक्षमिहात्मनः ॥३५॥ यतोयदनुशिक्षामिपथावानाहुषात्मज ॥ तत्तथापुरुषव्याघ्रनिबोधकथयामिते॥३६॥ भूतैराक्रम्यमाणोऽपिधीरोदैववशानुगैः॥ तद्विद्वान्नचलेन्मार्गादन्वशिक्षंक्षितेर्व्रतं ॥३७॥ शश्वत्परार्थसर्वेहःपरार्थैकांतसंभवः ॥ साधुःशिक्षेतभूभृत्तोनगशिष्यःपरात्मतां ॥३८॥ प्राणवृत्त्यैवसंतुष्येन्मुनिर्नैवेंद्रियप्रियैः ॥ ज्ञानंयथाननश्येतनावकीर्येतवाङ्मनः ॥३९॥ विषयेष्वाविशन्योगीनानाधर्मेषुसर्वतः ॥ गुणदोषव्यपेतात्मानविषज्जेतवायुवत् ॥४०॥ पार्थिवेष्विहदेहेषुप्रविष्टस्तद्गुणाश्रयः ॥ गुणैर्नयुज्यतेयोगीगंधैर्वायुरिवात्मदृक् ॥४१॥ अंतर्हितश्चस्थिरजंगमेषुब्रह्मात्मभावेनसमन्वयेन ॥ व्याप्त्याऽव्यवच्छेदमसंगमात्मनोमुनिर्नभस्त्वंविततस्यभावयेत् ॥४२॥ तेजोऽबन्नमयैर्भावैर्मेघाद्यैर्वायुनेरितैः ॥ नस्पृश्यतेनभस्तद्वत्कालसृष्टैर्गुणैःपुमान् ॥४३॥ स्वच्छःप्रकृतितःस्निग्धोमाधुर्यस्तीर्थभूर्नृणां ॥ मुनिःपुनात्यपांमित्रमीक्षोपस्पर्शकीर्तनैः ॥४४॥ तेजस्वीतपसादीप्तोदुर्धर्षोदरभाजनः ॥ सर्वभक्षोऽपियुक्तात्मनादत्तेमलमग्निवत् ॥४५॥ क्वचिच्छन्नःक्वचित्स्पष्टउपास्यःश्रेयइच्छतां ॥ भुंक्तेसर्वत्रदातॄणांदहन्प्रागुत्तराशुभं ॥४६॥ स्वमाययासृष्टमिदंसदसल्लक्षणंविभुः ॥ प्रविष्टईयतेतत्तत्स्वरूपोऽग्निरिवैधसि ॥४७॥ विसर्गाद्याःश्मशानांताभावादेहस्यनात्मनः ॥ कलानामिवचंद्रस्यकालेनाव्यक्तवर्त्मना ॥४८॥ कालेनह्योघवेगेनभूतानांप्रभवाप्ययौ ॥ नित्यावपिनदृश्येतेआत्मनोऽग्नेर्यथाऽर्चिषां ॥४९॥गुणैर्गुणानुपादत्तेयथाकालंविमुंचति॥नतेषुयुज्यतेयोगीगोभिर्गाइवगोपतिः ॥५०॥ बुध्यतेस्वेनभेदेनव्यक्तिस्थइवतद्गतः ॥ लक्ष्यतेस्थूलमतिभिरात्माचावस्थितोर्कवत् ॥ ५१ ॥ नातिस्नेहःप्रसंगोवाकर्तव्यःक्वापिकेनचित् ॥ कुर्वन्विंदेतसंतापंकपोतइवदीनधीः ॥५२॥ कपोतःकश्चनारण्येकृतनीडोवनस्पतौ ॥ कपोत्याभार्ययासार्द्धमुवासकतिचित्समाः ॥५३॥ क

કરનારા, મુનિએ થવાનું; હું પાણીની વૃત્તિ થકી, શિખેલો છું. ॥૪૪॥૪॥ તેજસ્વી—તપથકી દીપતા—પકડવાને અશક્ય—પેટ રૂપી એકજ વાસણવાળા—સર્વ વસ્તુને ખાતા છતાં, મળ એટલે પાપને નહીં ગ્રહણ કરનારા—ક્યારેક સ્પષ્ટ—ક્યારેક ગુપ્ત;—કલ્યાણની ઇચ્છાવાળાઓએ ઉપાસના કરવા યોગ્ય—અને આપનારાનું, જે આપે તે ખાઇ લેઇને; તેનાં પાપોને બાળી નાંખનારા—યોગીએ, અગ્નિની પેઠે થવાનું; તથા પોતાની માયાવડે ઉત્પન્ન કરેલા, સત્ અને અસત્ જગતને વિશે રહેલો આત્મા; લાકડાંમાં રહેલા અગ્નિની પેઠે, જે તે સ્વરૂપવાળો દેખાય છે; એમ; યોગીએ જાણવાનું; હું અગ્નિની વૃત્તિ ઉપરથી, શિખ્યો છું. ॥૪૫–૪૬–૪૭॥ ગતિ નહીં જણાતી, ગતિવાળા કાળ થકીજ; દેહને ગર્ભ ધારણ કરવાથી માંડીને, મરણ પર્યંતની અવસ્થાઓ; ચંદ્રમાની કળાઓનો વધારો ઘટારો થવાની પેઠેજ, થાય છે; પણ, તે અવસ્થાઓ; આત્માને થતી નથી ॥૪૮॥ એ; તથા, અવિચ્છિન્ન ગતિવાળા કાળ-થીજ, પ્રાણીઓનાં શરીરો; ન દેખાય તેવી રીતે, પળે પળે નવાં નવાં ઉત્પન્ન થઇને, નાશ પામી જવાનું; હમે-શાંજ થયા કરે છે; છતાં, તેમનો આત્મા તો; એનો એજ, વિકાર રહિત; અગ્નિની જ્વાળાઓ, પળે પળે

નવી નવી થઇને, નાશ પામી જતા છતાં; અગ્નિ તેનો તેજ સદાય અવિકારી રહેવાની પેઠે; હમેશાં રહેલો, મુનિએ જાણવાનું; હું ચંદ્રમાની વૃત્તિ ઉપરથી, શિખ્યો છું. ॥૪૮–૪૯॥૬॥ સૂર્ય જેમ કિરણોવડે, જળને ગ્રહણ કરે છે; અને યોગ્ય કાળ (ચોમાસું) પ્રાપ્ત થયેથી, આસક્તિ રહિત થઇને, સઘળુંજ નાંખી દે છે; તેમજ યોગીએ, ઇંદ્રિયાદિકવડે; સુખ ભોગના વિષયોનું, અને પદાર્થાદિકનું; ગ્રહણ કરવામાં, અને યોગ્ય કાળ; (પાત્ર મળી આવેથી;) તે તજી દેવામાં પણ, આસક્તિ રહિત થવાનું; તથા સૂર્ય જેમ એકજ છતાં, જૂદા-જૂદા અનેક, પાણી અને કાચ આદિકનાં પાત્રોમાં; જૂદાજૂદા અનેક રૂપે રહેલો, જણાવાની પેઠે; સર્વ પ્રાણીઓનાં શરીરોમાં, રહેલો આત્મા; દરેક શરીરમાં નોખો નોખો હોવાનું, જડ બુદ્ધિવાળાઓને જ-ણાતા છતાં; સૂર્યના સરખો એકજ હોવાનું. યોગીએ જાણવાનું; હું સૂર્યની વૃત્તિ ઉપરથી, શિખેલો છું ॥૫૦–૫૧॥૭॥ કોઇએ પણ, કોઇની સાથે, ક્યારે એ; અતિસ્નેહ અથવા અતિશય વ્યવહાર આદિકનો પ્રસંગ, કરવો ન જોઇએ; અને કરતો, તે આ દીન બુદ્ધિવાળા હોલાની પેઠે, સંતાપને પામે; એટલું, હું હોલા થકી, શિખ્યો છું.

॥५२॥ तेह एक अरण्यमां, झाडमां माळो बांधीने; तेमां एक होलो, तेनी स्त्री होलीनी साथे; केटलोक वखत थयां, रहेतो हतो. ॥५३॥ अने गृहस्थना धर्मवाळां, तथा स्नेहथी बंधायेलां; ते होलो होली, नजरनी साथे नजरथी–अंगनी साथे अंगथी–तथा बुद्धिनी साथे बुद्धिथी–बंधाइ गयां हतां. ॥ ५४ ॥ सूवुं–बेसवुं–फरवुं–ऊभां रहेवुं–आलोचिरा वेरा करवी–रमवुं–अने जमवुं विगेरे, सघळुंज; एक बीजानो विश्वास राखी, साथेने साथे रही, तथा वनने विषे फरीने; तेओ करतां हतां. ॥५५॥ हे राजन, एम दयानुं पात्र थयेली, अने गळी करती ए होली; जे जे वस्तुने इच्छती, ते ते वस्तु: ए अजितेंद्रिय होलो, दुःख वेठीने पण; तेने लावी देतो हतो. ॥५६॥ पछी ते सती होलीए, पहेलो गर्भ धारण करो; अने समय थयेथी, पोताना स्वामीनी समक्ष तेणीए माळानी अंदर; इंडां जण्यां. ॥५७॥ अने ते इंडांओमांथी, हरीभगवाननी अकळ शक्तिए बनाववाथी; वखत जतां, कोमळ अंगो अने रुवांटांवाळां, तथा कुमळा निमाळावाळां: बच्चां उत्पन्न थयां ॥५८॥ पछी संतानो उपर प्रेम राखनारां ते होलो होली, प्रीतिथी; बच्चांओनुं पोषण करवा लाग्यां. अने तेमनुं कालुं कालुं शब्दोथी बोलेलुं, सांभळीने संतोष पामवा लाग्यां; ॥५९॥ तथा ए पक्षुं नानां बच्चांनां; सुवाळां पिंछांथी—बाळ भावनी रमतथी—बोलवाथी—अने सामे आववा विगेरे थकी; ते मावाप आनंद पामतां हतां. ॥ ६० ॥ ए रीते एक बीजा साथे स्नेहना बंधनथी. बंधायलां मनवाळां, अने विष्णुनी मायाथी मोह पामेलां; ते रांक बुद्धिवाळां होलो होली, पोतानां नानां बच्चांनुं; पोषण करतां हतां. ॥६१॥ एक दिवसे ए बने कुटुंबीओ, बच्चांने माटे अन्न लेवाने; वनमां गयां हतां. त्यां तेज काम सारु फरतां, तेमने घणी वार थइ. ॥६२॥ अने अहियां, तेमना माळानी नजीकमां फरतां, बच्चांओने; ए वनमां फरतां कोइ पारधीए, यदृच्छाथी दीठां; तेथी तेणे, त्यां आगळ जाळ पाथरीने: तेमने पकडी लीधां. ॥ ६३ ॥ अने पोतानां बच्चांनुं पोषण करवामां सर्वदा उत्साह वाळां, वनमां गयेलां होलो होली: त्यांथी, खावानुं लइने;

पोतौस्नेहगुणितहृदयौगृहधर्मिणौ ॥ दृष्टिंदृष्ट्यांऽगमंगेनबुद्धिंबुद्ध्याबबंधतुः ॥५४॥ शय्यासनाटनस्थानवार्ताक्रीडाशनादिकं ॥ मिथुनीभूयविस्रब्धौचेरतुर्वनराजिषु ॥५५॥ यंयंवांछतिसाराजंस्तर्पयंत्यनुकंपिता ॥ तंतंसमनयत्कामंकृच्छ्रेणाप्यजितेंद्रियः ॥५६॥ कपोतीप्रथमंगर्भंगृण्हंतीकालआगते ॥ अंडानिसुषुवेनीडेस्वपत्युःसन्निधौसती ॥५७॥ तेषुकालेव्यजायंतरचितावयवाहरेः ॥ शक्तिभिर्दुर्विभाव्याभिःकोमलांगतनूरुहाः ॥५८॥ प्रजाःपुपुषतुःप्रीतौदंपतीपुत्रवत्सलौ ॥शृण्वंतौकूजितंतासांनिर्वृतौकलभाषितैः ॥५९॥ तासांपतत्रैःसुस्पर्शैःकूजितैर्मुग्धचेष्टितैः ॥ प्रत्युद्गमैरदीनानांपितरौमुदमापतुः॥६०॥ स्नेहानुबद्धहृदयावन्योऽन्यंविष्णुमायया ॥ विमोहितौदीनधियौशिशून्पुपुषतुःप्रजाः ॥६१॥ एकदाजग्मतुस्तासामन्नार्थौतौकुटुंबिनौ ॥ परितःकाननेतस्मिन्नर्थिनौचेरतुश्चिरं ॥ दृष्ट्वातांल्लुब्धकःकश्चिद्यदृच्छातोवनेचरः ॥ जगृहेजालमातत्यचरतःस्वालयांतिके ॥६३॥ कपोतश्चकपोतीचप्रजापोषेसदोत्सुकौ ॥ गतौपोषणमादायस्वनीडमुपजग्मतुः॥६४॥ कपोतीस्वात्मजान्वीक्ष्यबालकान्जालसंवृतान् ॥ तानभ्यधावत्क्रोशंतीक्रोशतोभृशदुःखिता॥६५॥ साऽसकृत्स्नेहगुणितादीनाचिताऽजमायया ॥ स्वयंचाबध्यतशिचाबद्धान्पश्यंत्यपस्मृतिः ॥६६॥ कपोतश्चात्मजान्बद्धानात्मनोऽप्यधिकान्प्रियान् ॥ भार्यांचात्मसमांदीनोविललापातिदुःखितः ॥६७॥ अहोमेपश्यतापायमल्पपुण्यस्यदुर्मतेः ॥ अतृप्तस्याकृतार्थस्यगृहस्त्रैवर्गिकोहतः ॥ ६८ ॥ अनुरूपानुकूलाचयस्यमेपतिदेवता ॥ शून्येगृहेमांसंत्यज्यपुत्रैःस्वर्यातिसाधुभिः॥६९॥ सोऽहंशून्येगृहेदीनोमृतदारोमृतप्रजः ॥ जिजीविषेकिमर्थंवाविधुरोदुःखजीवितः ॥७०॥ तांस्तथैवावृतान्शिग्भिर्मृत्युग्रस्तान्विचेष्टतः ॥ स्वयंचकृपणःशिक्षुपश्यन्नप्यबुधोऽपतत् ॥७१॥ तंलब्ध्वालुब्धकःक्रूरःकपोतंगृहमेधिनं ॥ कपोतकान्कपोतींचसिद्धार्थःप्रययौगृहं॥७२॥एवंकुटुंब्यशांतात्माद्वंद्वारामःपतत्रिवत् ॥पुष्णन्कुटुंबंकृपणःसानुबंधोऽवसीदति॥७३॥यःप्राप्यमानुषंलोकंमुक्तिद्वारमपावृतं॥गृहेषुखगवत्सक्तस्तमारूढच्युतंविदुः॥७४॥इ.भा.ए.स्कं.सप्तमोऽध्यायः ७॥

पोताना माळानी पासे, आव्यां. ॥६४॥ त्यारे पोतानां बाळक बच्चांने, जाळथी विंटाइने चीसो पाडतां जोइ; बहु दुःखी थयेली होली चीसो पाडती पाडती, तेमना सामे दोडी. ॥६५॥ अने ते बंधायलांओने, जोया छतां; अजन्मा भगवानना मायाथी, स्मरण भूलीने ते रांक बीचारी, तथा संपूर्णपणे स्नेहथी बंधायली होली; पोते पण जाळमां पकडाइ गइ ॥६६॥ पछी, पोताना शरीर समान स्त्रीने, अने पोतानां प्राणथकी अधिक वहालां बच्चांओने; बंधाइ गयेलां देखीने, घणो दुःखी थयेलो ते होलो; रांक थइने, विलाप करवा लाग्यो के. ॥ ६७ ॥ " अरे, दुर्मति अने थोडा पुन्यवाळो हुं, के जे अकृतार्थ अने अतृप्त छुं; तेनुं त्रिवर्ग एटले धर्म–अर्थ–अने काम: एमने संपादन करनारा घरनो; नाश थइ गयो, ते जुओ. ॥६८॥ मने घटे तेवी–अनुकूळता साचवनारी–अने हुं स्वामीने भगवान स्वरूप जाणनारी–एवी ते आ, मने आ उज्जड घरमां तजीने; पोतानां सारां संतानो साथे, स्वर्गमां चाली जाय छे ॥ ६९ ॥ तेथी आ प्रकारनो, रांक–बायडी–छोकरां मुएलो–अने दुःखी जीवतर वाळो–हुं एकलोज. आ उज्जड घरमां जीववानी इच्छा; शासारु करुं. ॥ ७० ॥ एम बोलतो ते रांक अने अज्ञान होलो, तेओने जाळमां विंटायलां, अने मोतना कोळिया रूप थयेलां; जोया छतां पण, पोते जाळनी अंदर जइ पड्यो. ॥७१॥ अने ए गृहस्थ होलो–होली–अने तेमनां बच्चां–मळवाथी, ते क्रूर पारधी; अर्थ सिद्ध करीने, पोताने घेर चाल्यो गयो. ॥७२॥ ए प्रमाणे अशांत मनवाळो–द्वंद्व एटले सुख दुःख विगेरे जोडाना पदार्थोमां आसक्तिवाळो—अने कंगाल थइने, कुटुंबनुं पोषण करतो–कुटुंबी माणस; आ होलानी पेठे, परिवार सहित; अति दुःखी थाय छे. ॥७३॥ मुक्तिना उघाडेला द्वार रूप, आ मनुष्य देह पामीने; जे कोइ आ होलानी पेठे, घरने विषे आसक्त थइ रहे; ते, चढीने पड्यो, एम जाणवुं. ॥७४॥ "इति श्री०भा०ए० स्कं० कपोत कथा नामे सा०अ० सं. ॥७॥

अध्याय ८ मो.—ब्राह्मण—हे राजन, प्राणीओने जेम दुःख आवे छे, तेमज; इंद्रियादिकनां सुख अने स्वर्ग तथा नरक पण; यदृच्छाथीज आवे छे; एटला माटे; बुद्धिमान मनुष्योए, तेमने इच्छवां न जोइए. ॥२॥ अने खावाने माटे, थोडुं अथवा घणुं; अने सारा स्वादवाळुं, किंवा रस विनानुं; जे कांइ

યદચ્છાથીજ પ્રાપ્ત થાય, તે ખાઈ લેવાનું; અને જ્યારે ખાવાનું બિલકુલ ન મળે, ત્યારે પણ; નસિબને આધી-ન, અને શરીર-મન-તથા ઇંદ્રિયાદિકના બળવાળો હોવા છતાં; તે થકી કાંઈ ક્રિયા ન કરતાં, નિંદ્રા રહિત પડી રહીને, કશું કામ ન કરનાર અજગરની પેઠે; ઘણા દિવસો સુધી નહીં ખાતાં, અને ઉદ્યમ કર્યા વિનાજ, પડી રહેવાનું; હું અજગરની વૃત્તિ ઉપરથી, શિખ્યો છું. ॥ ૨-૩-૪ ॥ ૫ ॥ પ્રસન્ન દેખાતા છતાં, ગંભીર-તળ સ્પર્શ કરવાને, અને અતિક્રમ કરવાને, અશક્ય-અનંત-અપાર-ક્ષોભ ન પમાડાય એવા -અને નદીઓ આવી મળવાના થોડા ઘણા પણાથી, વધઘટ નહીં થતાં, હદમાંજ રહેનારા; સમુદ્રની પેઠે, મુનિએ; કામનાઓ આદિ સમૃદ્ધિ મળતાં, હરખથી નહીં ઉભરાવાનું; અને તે સમૃદ્ધિ આદિની ન્યૂનતા થયેથી નહીં કરમાતાં, નારાયણ ભગવાનનો આશ્રય રાખનાર થવાનું; હું સમુદ્રની વૃત્તિ ઉપરથી, શિખ્યો છું. ॥૫-૬॥-૧॥ ભગવાનની માયા રૂપ સ્ત્રીને જોઈ, તેના હાવભાવ આદિથી લોભાઈને, આંધળો થયેલો અજીતેંદ્રિય પુરૂષ, પતંગિઓ અગ્નિમાં જઈ પડવાની પેઠે; અંધાર નરકમાં જઈ પડેછે; તથા એ માયાએજ બનાવેલાં સ્ત્રી

સોનું-ઘરેણાં, અને વસ્ત્રો વિગેરે દ્રવ્યોને વિષે, ઉપભોગ બુદ્ધિથી, મન લલચાવાથકી; દૃષ્ટિ હીન થઇને, તે મૂઢ, પતંગિયાની પેઠે; નાશ પામી જાય છે; એટલું, હું પતંગિયાની વૃત્તિ થકી, શિખેલો છું. ॥૮॥ ૩॥ ગૃહસ્થાશ્રમીઓને દુઃખ નહીં દેતાં, અને એકજ ઠેકાણે ઘણો વખત નહીં થોભતાં; દરેક સ્થળેથી, થોડું થોડું લેઇને; મુનિએ બધું ભળીને પોતાના દેહનો નિર્વાહ જેટલા થકી થાય તેટલુંજ મેળવવાનું, તથા મધમાખી અને ભમરો; જેમ નાનાં મોટાં સર્વ પુષ્પોમાંથી, સાર સારજ ગ્રહણ કરે છે; તેમ કુશળ મનુષ્યોએ, નાનાં મોટાં સર્વ શાસ્ત્રોમાંથી; સાર સાર વસ્તુનુંજ ગ્રહણ કરવાનું, હું ભમરા અને મધમાખીની વૃત્તિ થકી શિખ્યો છું ॥૯-૧૦॥ તથા સંન્યાસી-ત્યાગી-અમર મુનિઓ; સંગ્રહ કરનારા નહીં થતાં, સવારની ભિક્ષાથી મેળવેલું સાંજને માટે; અથવા બીજા દિવસની સવાર માટે, રાખી ન મૂકતાં; ફક્ત હાથ અને પેટનેજ વાસણ રૂપે રાખનારા, થવું જોઇએ; અને જો તેમ નહીં કરતાં તે સવારનું સાંજ માટે, અગર બીજા દિવસની સવાર માટે સંગ્રહ કરે તો; મધમાખીની પેઠે, તે સંગ્રહ કરેલા પદાર્થ સહિત વિનાશ પામે; એટલે સંગ્રહ કરનારા

ब्राह्मण०मुखमैंद्रियकंराजन्स्वर्गेनर[illegible] ॥ देहिनांयद्यथादुःखंतस्मान्नेच्छेततद्बुधः॥१॥ ग्रासंसुमृष्टंविरसंमहांतंस्तोकमेववा॥ यदृच्छ
यैवापतितंग्रसेदाजगरोक्रियः॥ शयीताहानिभूरीणिनिराहारोऽनुपक्रमः॥ यदिनोपनमेद्ग्रासोमहाहिरिवदिष्टभुक्॥३॥ ओजःसहोबलयु
तंबिभ्रद्देहमकर्मकं॥ शयानोवीतनिद्रश्चनेहेतेंद्रियवानपि॥४॥ मुनिःप्रसन्नगंभीरोदुर्विगाह्योदुरत्ययः॥ अनंतपारोह्यक्षोभ्यःस्तिमितोद
इवार्णवः॥५॥ समृद्धकामोहीनोवानारायणपरोमुनिः॥नोत्सर्पेतनशुष्येतसरिद्भिरिवसागरः॥६॥ दृष्ट्वास्त्रियंदेवमायांतद्भावैरजितेंद्रियः॥ प्रलो
भितःपतत्यंधेतमस्यग्नौपतंगवत्॥७॥ योषिद्धिरण्याभरणांबरादिद्रव्येषु[illegible]रचितेषुमूढः॥ प्रलोभितात्मात्युपभोगबुद्ध्यापतंगवन्नश्यतिनष्ट
दृष्टिः॥८॥ स्तोकंस्तोकंग्रसेद्ग्रासंदेहोवर्ततयावता॥ गृहानहिंसन्नातिष्ठेद्वृत्तिंमाधुकरींमुनिः॥९॥ अणुभ्यश्चमहद्भ्यश्चशास्त्रेभ्यःकुशलोनरः॥
सर्वतःसारमादद्यात्पुष्पेभ्यइवषट्पदः॥१०॥ सायंतनंश्वस्तनंवानसंगृण्हीतभिक्षितं॥ [illegible]णिपात्रोदरामत्रोमक्षिकेवनसंग्रही॥११॥ सायं
तनंश्वस्तनंवानसंगृण्हीतभिक्षुकः॥ मक्षिकाइवसंगृण्हन्सहतेनविनश्यति॥१२॥ पदापियुवतींभिक्षुर्नस्पृ[illegible]पि॥ स्पृशन्करीवबध्ये
तकरिण्याअंगसंगतः॥१३॥ नाधिगच्छेत्स्त्रियंप्राज्ञःकर्हिचिन्मृत्युमात्मनः॥ बलाधिकैःसहन्येतगजैरन्यैर्गजोयथा॥१४॥ नदेयंनोपभो
ग्यंचलुब्धैर्यद्दुःखसंचितं॥ भुंक्तेतदपितच्चान्योमधुहेवार्थविन्मधु॥१५॥ सुदुःखोपार्जितैर्वित्तैराशासानांगृ[illegible]शिषः॥ मधुहेवाग्रतोभुंक्तेय
तिर्वैगृहमेधिनां॥१६॥ ग्राम्यगीतंनशृणुयाद्यतिर्वनचरःक्वचित्॥ शिक्षेतहरिणाद्बद्धान्[illegible]गयोर्गीतमोहितात्॥१७॥ नृत्यवादित्रगीतानिजु
षन्ग्राम्याणियोषितां॥ आसांक्रीडनक[illegible]शृंगोमृगीसुतः॥१८॥ जिह्वयातिप्रमाथिन्याजनोरसविमोहितः॥मृत्युमृच्छत्यसद्बुद्धिर्मी
नस्तुबडिशैर्यथा॥१९॥ इंद्रियाणिजयंत्याशुनिराहारामनीषिणः॥ वर्जयित्वातुरसनंत[illegible]वर्धते॥२०॥ तावज्जितेंद्रियोनस्याद्विजि

ન થવાનું પણ હું, એ મધમાખીની વૃત્તિ ઉપરથીજ; શિખ્યો છું. ॥૧૧-૧૨॥૧૨॥ સંન્યાસી અથવા મુનિએ લાકડાની સ્ત્રી (પુતળી)નો પણ, પગ વડેએ, સ્પર્શ કરવો નં જોઇએ; અને જો કરે તો હાથણીના અંગ સંગની લાલચથી, બંધન પામતા હાથીની પેઠેજ; તે પણ બંધાઈ જાયછે. ॥૧૩॥ અને જ્ઞાનવાન મનુષ્યોએ, પોતાનાજ મૃત્યુ રૂપ સ્ત્રીની સાથે, કદી પણ ચાલવું ન જોઇએ; કેમકે તેવો હાથી બીજા હાથીઓથી, મારેયો જવાની પેઠેજ; તે પણ બીજા બળવાન પુરુષોથકી, માર્યો જાય છે; એ રીતે સ્ત્રીના સંગથી, દૂર રહેવાનું; હું, એ હાથીની વૃત્તિથકી, શિખ્યો છું. ॥૧૪॥૧૩॥ કોઇને પણ ન આપતાં, અને પોતે પણ ઉપભોગ ન કરતાં; દુઃખવડે સંચય કરેલા, લોભિયાના ધનને; મધમાખીએ એકઠા કરી રાખેલા, મધને જાણનાર વાઘરીની પેઠે; બીજોજ લેઇ લેઇને, ભોગવે છે; અને વળી તેની પાસેથી પણ, લેઇ લેનારો ત્રીજો; ભોગવે છે, વળી ગૃહસ્થાશ્રમીઓએ, ઘર સંબંધી સુખની ઇચ્છાથી; ઘણા દુઃખવડે, પેદા કરેલા વીત્તને; મધમાખીઓના મધનો ઉપભોગ મધમાખીઓએ લીધા પહેલાંજ, વાઘરી કરે છે; તે રીતેજ; ગૃહસ્થાશ્રમીઓએ ઉપભોગ લીધા અગા-

ઉજ; સન્યાસી આદિક તેનો ઉપભોગ લેનારા, થાય છે. (અર્થાત શાસ્ત્ર મર્યાદાથી, સન્યાસીને અન્નાદિક આપ્યા અગાઉ, ગૃહસ્થાશ્રમી ઉપભોગ કરી શકતા નથી.) તેથી વગર ઉદ્યમ કરે,યદચ્છાથી પણ;ધનાદિકની પ્રાપ્તિ થવાનું; હું, એ મધ લેઇ લેનાર વાઘરી, (તથા સંન્યાસી આદિ,)ની વૃત્તિ ઉપરથી, શિખ્યો;છું. ॥૧૫-૧૬॥૧૪॥ પારધીના ગાયનથકી મોહ પામવાથી, હરિણ બંધાઇ જાયછે; અને હરણીના પુત્ર શૃંગી ઋષિ પણ, સ્ત્રીઓનાં વિષય સંબંધી ગાયન-નાચ-અને વાજાં વગાડવાં-વિગેરે સાંભળવાથીજ રમકડાની પેઠે, તેમને વશ થઇ ગયા હતા; માટે વનમાં ફરનારા યતિઓએ સુધાં, વિષય સબંધી ગાણું, કદી પણ નહીં સાંભળવાનું; હું, એ હરિણની વૃત્તિ ઉપરથી, શિખ્યો;છું. ॥૧૭-૧૮॥૧૫॥ દેહાદિક અસત પદાર્થોને વિષે, મન રાખનારા મનુષ્યો; અતિ દુઃખ આપનાર જીભના રસથી મોહ પામીને, માછલાં મત્સ્ય થકી મરણ પામવાની પેઠેજ; મરણ પામે છે. ॥૧૯॥ અને બુદ્ધિમાન મનુષ્યો, બીજી તમામ ઇંદ્રિયોને; તે તે ઇંદ્રિયના વિષયનું, સેવન નહીં કરવાવડે; ઉતાવળાજ જીતી શકે છે; પણ રસનાને તેઓ તે રીતે, જીતી શકતા નથી; એટલુંજ નહીં, પણ તે તો ઉલટી; રસનું સેવન ન કરતા

દીમાંથી, ત્યારે પગાળા મતી જાય છે. ॥ ૨૦ ॥ એટલા માટે, બીજી સર્વ ઇંદ્રિયોને જીતયા છતાં; જ્યાં સુધી પુરા રસના ઇંદ્રિને ન જીતે, ત્યાં સુધી તેને જીતેંદ્રિય; કહી શકાતો નથી. કેમકે એક રસનાને જીતવા થકીજ, બીજી સર્વે ઇંદ્રિયો સેહલાઇથી જીતાય છે. આ રીતે રસના ઇંદ્રિ સેહેલાઇથી વશ ન થવાનું; હું એ માંછલાની વૃતિ ઉપરથી, શિખ્યોછું. ॥૨૧॥ ૨૨॥ હે રાજકુમાર, પૂર્વે વિદેહ રાજાના નગરમાં, (મિથિલામાં,) પિંગલા નામની એક વેસ્યા રેહેતી હતી; તેના થકી પણ, હું કાંઇક શિખ્યોછું; તે તમે સાંભળો. ॥૨૨॥ એ પોતાની નજરમાં આવે તેને, ધણી કરનારી સ્ત્રી; સંકેતારે. ધણી કરવાના પુરૂષને અંદર લેઇ જવા સારૂં; ઉત્તમ રૂપ ધારણ કરીને, બારણાની બહાર; સંધ્યા કાળને સમયે, બેઠી હતી. ॥ ૨૩ ॥ અને એ ધનની ઇચ્છાવાળી, માર્ગમાં થઇને આવતા જતા પુરૂષોને; ધનવાન–મુલ આપી શકે એવા–અને ધણી કરવાને યોગ્ય હોવાનું; માનતી હતી. ॥ ૨૪ ॥ અને આવેલા પુરૂષો પાછા ગયા પછી પણ, તે સંકેત વૃતિથી જીવનારી; ધારતી હતી કે. "હજુ પણ, મને વધારે પૈસા આપે એવો; બીજો કોઇ ધનવાન પુરૂષ, કદાચ મારી પાસે આવશે." ॥ ૨૫ ॥ એ પ્રમાણેની દુષ્ટ આશાથી, તેની નિંદ્રાનો નાશ થઇને; વારેવારે બારણાની અંદરથી ઘરમાં જતાં, અને ઘરમાંથી બહાર આવતાં; તેને મધ્યરાતનો સમય થઇ ગયો. ॥૨૬॥ ત્યારે ધનની આશાથી, મોઢું કરમાતાં; અને રાંક મનવાળી, તે વેશ્યાને; એ પ્રકારની ચિંતા કરવાવડે, સુખને ઉત્પન્ન કરે એવો; મોટો વૈરાગ્ય પેદા થયો. ॥૨૭॥ પછી તેણીએ વૈરાગ્ય પામેલા મનથી, જે રીતે ગાયું હતું; તે તમે મારા થકી સાંભળો. ॥૨૭॥ નિર્વેદ એટલે વૈરાગ્યજ પુરૂષના આશારૂપી પાશને; તરવારની પેઠે, કાપી નાંખનારોછે. હે યદુરાજન નિર્વેદ પેદા થયા વિના; દેહના બંધનને છોડી દેવાની ઇચ્છા, થઇ શકતીજ નથી. ॥૨૮॥–પિંગલા—અરે મનને વશ ન કરનારી, અને બુદ્ધિ વિનાની હું તો, મોહના વિસ્તારને તો જુઓ; કે અસત્ એવા પુરૂષને, મેં ધણી કરીને; કામની પ્રાપ્તિ કરવાની, ઇચ્છા કરીછે. ॥૨૯॥ અને હમેશાંજ પાસે રહેલા–રતિસુખને આપનાર–અને ધન આપનારા–એવા. આત્મ સ્વરૂપ ભગવાનની

त्तान्येंद्रियःपुमान् ॥ नजयेद्रसनंयावज्जितंसर्वंजितेरसे ॥२१॥ पिंगलानामवेश्यासीद्विदेहनगरेपुरा ॥ तस्यामेशिक्षितंकिंचिन्निबोधनृपनंदन ॥२२॥ सास्वैरिण्येकदाकांतंसंकेतउपनेष्यती ॥ अभूत्कालेबहिर्द्वारिबिभ्रतीरूपमुत्तमं ॥२३॥ मार्गआगच्छतोवीक्ष्यपुरुषान्पुरुषर्षभ ॥ तान्शुल्कदान्वित्तवतःकांतान्मेनेऽर्थकामुका ॥२४॥ आगतेष्वपयातेषुसासंकेतोपजीविनी॥ अप्यन्योवित्तवान्कोऽपिमामुपैष्यतिभूरिदः ॥२५॥ एवंदुराशयाध्वस्तनिद्राद्वार्यवलंबती ॥ निर्गच्छंतीप्रविशतीनिशीथंसमपद्यत ॥२६॥ तस्यावित्ताशयाशुष्यद्वक्त्रायादीनचेतसः॥ निर्वेदःपरमोजज्ञेचिंताहेतुःसुखावहः ॥२७॥ तस्यानिर्विण्णचित्तायागीतंशृणुयथामम ॥ निर्वेदआशापाशानांपुरुषस्ययथाह्यसिः॥ नह्यंगाजातनिर्वेदोदेहबंधंजिहासति ॥२८॥ पिंगला० अहोमेमोहविततिंपश्यताविजितात्मनः ॥ याकांतादसतःकामंकामयेयेनबालिशा ॥२९॥ संतंसमीपेरमणंरतिप्रदंवित्तप्रदंनित्यमिमंविहाय॥ अकामदंदुःखभयाधिशोकमोहप्रदंतुच्छमहंभजेऽज्ञा॥३०॥ अहोमयात्मापरितापितोवृथा सांकेत्यवृत्त्यातिविगर्ह्यवार्तया ॥ स्त्रैणान्नराद्यार्थतृषोऽनुशोच्यात्क्रीतेनवित्तंरतिमात्मनेच्छती ॥३१॥ यदस्थिभिर्निर्मितवंशवंश्यस्थूणंत्वचारोमनखैःपिनद्धं ॥क्षरन्नवद्वारमगारमेतद्विण्मूत्रपूर्णमदुपैतिकाऽन्या ॥३२॥ विदेहानांपुरेह्यस्मिन्नहमेकैवमूढधीः ॥ याऽन्यमिच्छंत्यसत्यस्मादात्मदात्काममच्युतात् ॥३३॥ सुहृत्प्रेष्ठतमोनाथआत्माचायंशरीरिणां॥तंविक्रीयात्मनैवाहंरमेऽनेनयथारमा ॥ ३४॥ कियत्प्रियंतेव्यभजन्कामायेकामदानराः॥ आद्यंतवंतोभार्यायादेवावाकालविद्रुताः ॥३५॥ नूनंमेभगवान्प्रीतोविष्णुःकेनापिकर्मणा ॥ निर्वेदोऽयंदुराशायायन्मेजातःसुखावहः ॥३६॥ मैवंस्युर्मंदभाग्यायाःक्लेशानिर्वेदहेतवः ॥ येनानुबंधंनिर्हृत्यपुरुषःशममृच्छति ॥३७॥ तेनोपकृतमादायशिरसाग्राम्यसंगताः ॥ त्यक्त्वादुराशाःशरणंव्रजामितमधीश्वरं ॥३८॥ संतुष्टाश्रद्दधत्येतद्यथालाभेनजीवती ॥ विहराम्यमुनैवाहमात्मनारमणेनवै ॥३९॥ संसारकूपेपतितंविषयैर्मुषितेक्षणं॥ ग्रस्तंकालाहिनात्मानंकोऽन्यस्त्रातुमधीश्वरः ॥४०॥ आत्मैवह्यात्मनोगोप्तानिर्विद्येतयदा

સાથે, રમણ કરવાનું છોડીદેઇને; આ રીતે કામનાઓને નહીં આપનારા–તથા દુખ, ભય, શોક, આદિકને આપનારા, તુચ્છ પુરૂષોનેજ; હું અજ્ઞાની સેવુંછું. ॥૩૦॥ વળી ઓરરે,–ધનના લાલચુ–અને શોક કરવાને યોગ્ય–એવા એ નરોને; રતિસુખની ઇચ્છાથી તથા ધનને માટે, મેં મારો દેહ વેચીને; તથા સંકેત વૃતિરૂપ અતિ નિંદિત આજીવિકા ચલાવીને; મારા આત્માને ફોકટમાંજ, પરિતાપ આપેલોછે. ॥૩૧॥ નવ ખાળ વાળા કરનારા–વિષ્ઠા, મૂત્ર, વિગેરેથી ભરાઇને ઉપર ચામડી, રૂંવાડાં અને નખ થકી મઢાયલા–અને વાંસ વળી તથા આડસર વગેરે હાડકાંનાંજ બનેલાછે એવા–એ પુરૂષના શરીર રૂપી, ઘરનું; હું વિના, બીજી કોણ સેવન કરે. ॥૩૨॥ આ વિદેહ રાજાના નગરમાં, મૂઢ બુદ્ધિ વાળી હું એકલીજછું; કે જે, પોતાને ઇચ્છિત પદાર્થ આપનારા–આત્મ સ્વરૂપ–અચ્યુત ભગવાનને પડતા મુકીને; બીજા અસત્ પુરૂષો થકી, કામને ઇચ્છુંછું. ॥૩૩॥ આત્મ સ્વરૂપ ભગવાનજ, સર્વ દેહધારીઓના; સુહૃદ–અતિપ્રિય–અને સ્વામીછે; માટે હું મારા શરીરને સાટે, તેમનેજ વેચાતા લેઇશ; અને પછી, લક્ષ્મીજીની પેઠે; હું તેમની સાથે, રમણ કરીશ. ॥૩૪॥ કાળ થકી નાશ પામનારા, અને આદિ અંતવાળી કામનાઓને આપનારા; નરોએ, તથા દેવતાઓએ પણ; તેઓની કામના કરનારી, તથા ભાર્યા થયેલી હું તું; શું ભલું કરેલું છે. ॥૩૫॥ મારા કોઇ પણ પૂર્વ કર્મને લીધે, ખચીત વિશ્નુ ભગવાન; મારા ઉપર પ્રસન્ન થયા છે. કે જે થકી, આવી દુષ્ટ આશામાંથી; આ પ્રકારનો સુખને આપનારો, નિર્વેદ; મને પ્રાપ્ત થયો છે. ॥૩૬॥ નહીં તો, જેના થકી પુરૂષ; ઘર આદિના બંધનને છોડીને, શાંતિને પામે છે; તેવો નિર્વેદ ઉત્પન્ન કરનારો કલેશ, હું મંદ ભાગ્યવાળીને; થાતજ નહીં. ॥૩૭॥ માટે ભગવાને કરેલા, એ ઉપકારને માથે ચઢાવીને; તથા વિષય સુખોના સંગની, દુષ્ટ આશાઓનો ત્યાગ કરીને; એ ઇશ્વરોના ઇશ્વર ભગવાનનેજ, હું શરણ થાઉંછું. ॥૩૮॥ અને યદ્દચ્છાથી જે લાભ થાય, તેમાંજ સંતોષ રાખીને, હું એ રમણ કરવા યોગ્ય, આત્મ સ્વરૂપ ભગવાનની સાથેજ; શ્રદ્ધા સહિત વિહાર કર્યા કરીશ. ॥૩૯॥ વિષયોની ઇચ્છાથી આંધળો થઇને, સંસાર રૂપી કૂવામાં પડેલા; અને કાળ રૂપી સાપે કરડેલા; આ આત્માને તારવાને માટે, એ ઇશ્વર ભગવાન વિના; બીજું કોણ સમર્થ છે. ॥૪૦॥ આ આખા જગતને કાળ રૂપી સાપે કરડેલું દેખીને, તે સઘળા દૈત પદાર્થાદિક થકી;

જ્યારે, આત્મા અપ્રમત્ત થઇને, વૈરાગ્ય પામે; ત્યારે તે પોતેજ, પોતાનું તારણ કરનારો થઇ શકે છે. ॥૪૧॥– બ્રાહ્મણ—એ પ્રમાણે નિશ્ચયવાળી બુદ્ધિવાળી તેણીએ; ધણી કરવાની ઇચ્છાથી ઉત્પન્ન થએલી, પોતાની દુષ્ટ ઇચ્છાનો નાશ કરી નાંખીને; શાંતિને ધારણ કરી. અને પછી સુખેથી બિછાના ઉપર જઇને, ઉંઘી ગઇ. ॥૪૨॥ એ રીતે ધણી કરવાની આશા તજી દીધાથી, પિંગલા વેશ્યાને નિરાંતે ઉંઘ આવી; આ રીતે એ પિંગલા વેશ્યાની, એ વૃત્તિ ઉપરથી; "આશા," એ પરમ દુખ હોવાનું, અને "નિરાશા," એ પરમ સુખ હોવાનું; હું શિખ્યોછું. ॥૪૩॥ ૧૭॥ ઇતિશ્રી ભાગવતે અગિઆરમાં સ્કંધનો યદુ દત્તાત્રય સંવાદ નામે આઠમો અધ્યાય સંપૂર્ણ. ॥૮॥

અધ્યાય ૯ મો.—બ્રાહ્મણ—જેની પાસે (ચાંચમાં) માંસ હતું, તે ટિટોડાને, માંસ વિનાની બીજા બળવાન પક્ષીઓ મારવા લાગતાં; તેણે જ્યારે માંસને તજ્યું, ત્યારેજ તે સુખી થયો. માટે વહાલામાં વહાલી વસ્તુને પણ, પોતાની પાસે રાખવી; એજ મનુષ્યોને, દુખ થવાનું કારણછે. અને એ જાણનારા અકિંચન પુરૂષો અનંત સુખને, ભોગવે છે: એટલું હું એ ટિટોડાની વૃત્તિ ઉપરથી, શિખેલો છું. ॥૧–૨॥–૧૮॥ જે કોઇ મુગ્ધ અથવા જડ હોય, તે; તથા બીજો જે પ્રકૃતિના ગુણો રૂપ, આ દ્વૈત પદાર્થાદિક માત્રનો ત્યાગ કરીને; પરમ પુરૂષ આત્મ સ્વરૂપને જાણનારો, જ્ઞાની હોય તે; એ બે જણાજ, સર્વ પ્રકારે ચિંતા થકી મુક્ત; અને પરમ આનંદમાં મગ્ન રહેનારા, હોય છે; તેથી એ બાળકની વૃત્તિ ઉપરથી, હું; માન અપમાનની, અને ઘર પુત્રાદિકની ચિંતાઓને તજીને; આત્મ સ્વરૂપમાં પ્રીતિવાળો થઇ, તે આત્મ સ્વરૂપ સાથેજ ગમત કરનારો થઇને; આ લોકને વિશે ફરતો ફરવાનું, શિખેલો છું. ॥૩–૪॥–૧૯॥ કોઇ એક કુંવારી કન્યાનાં માબાપ વિગેરે બધુઓ, કોઇ કામ સારૂ બહાર ગયેલાં હતાં; ત્યારે તે કન્યાનું સગપણ કરવાને માટે, પરોણાઓ આવવાથી; તેઓની સરભરા કરવાનું, કામ તે કન્યા પોતેજ કરવા લાગી. ॥૫॥ પછી હે રાજા, તેમને જમાડવા સારૂ, તે કન્યાએ એકાંતમાં ડાંગેર ખાંડવા માંડતાં, તેની હાથે પેહેરેલી ચૂડીઓનો; ઘણો ખડખડાટ થવા લાગ્યો.

ऽखिलात् ॥ अप्रमत्तइदंपश्येद्ग्रस्तंकालाहिनाजगत् ॥४१॥ ब्राह्मण०एवंव्यवसितमतिर्दुराशांकांततर्षजां ॥ छित्त्वोपशममास्थायशय्यामु पविवेशसा ॥४२॥ आशाहिपरमंदुःखंनैराश्यंपरमंसुखं ॥ यथासंछिद्यकांताशांसुखंसुष्वापपिंगला ॥४३॥ इ०भा०म०ए०पिंगलोपाख्या नेअष्टमोऽध्यायः ॥८॥ ब्राह्मण०परिग्रहोहिदुःखायपद्यत्प्रियतमंनृणां ॥ अनंतंसुखमाप्नोतितद्विद्वान्यस्त्वकिंचनः ॥१॥ सामिषं[illegible]जघ्नुर्ब लिनोयेनिरामिषाः ॥ तदामिषंपरित्यज्यससुखंसमविंदत ॥२॥ नतेमानावमानौस्तोनचिंतागेहपुत्रिणां ॥ आत्मक्रीडआत्मरतिर्विचरामी हबालवत् ॥३॥ द्वावेवचिंतयामुक्तौपरमानंदआप्लुतौ ॥ योविमुग्धोजडोबालोयोगुणेभ्यःपरंगतः ॥४॥ क्वचित्कुमारीत्वात्मानंवृणानान्गृहमा गतान् ॥ स्वयंतानर्हयामासक्वापियातेषुबंधुषु ॥५॥ तेषामभ्यवहारार्थंशालीन्रहसिपार्थिव ॥ अवघ्नंत्याःप्रकोष्ठस्थाश्चक्रुःशंखाःस्वनंमहत् ॥६॥ सातज्जुगुप्सितंमत्वामहतीव्रीडितातत: ॥ बभंजैकैकशःशंखान्द्वौद्वौपाण्योरशेषयत् ॥७॥ उभयोरप्यभूद्घोषोह्यवघ्नंत्याःस्मशंखयोः ॥ तत्राप्येकंनिरभिददेकस्मान्नाभवत्ध्वनिः ॥८॥ अन्वशिक्षमिमंतस्याउपदेशमरिंदम ॥ लोकाननुचरन्नेताँल्लोकतत्त्वविवित्सया ॥९॥ वासे बहूनांकलहोभवेद्वार्ताद्वयोरपि ॥ एकएवचरेत्तस्मात्कुमार्याइवकंकणः ॥१०॥ मनएकत्रसंयुज्याज्जितश्वासोजितासनः ॥ वैराग्याभ्यासयो गेनध्रियमाणमतंद्रितः ॥११॥ यस्मिन्मनोलब्धपदंयदेतच्छनैःशनैर्मुंचतिकर्मरेणून् ॥ सत्त्वेनवृद्धेनरजस्तमश्चविधूयनिर्वाणमुपैत्यनिंधनं ॥१२॥ तदैवमात्मन्यवरुद्धचित्तोनवेदकिंचिद्बहिरंतरंवा ॥ यथेषुकारोनृपतिंव्रजंतमिषौगतात्मानददर्शपार्श्वे ॥१३॥ एकचार्यनिकेतःस्याद प्रमत्तोगुहाशयः ॥ अलक्ष्यमाणआचारैर्मुनिरेकोल्पभाषणः ॥१४॥गृहारंभोतिदुःखायविफलश्चाध्रुवात्मनः ॥ सर्पःपरकृतंवेश्मप्रविश्यसु खमेधते ॥१५॥ एकोनारायणोदेवःपूर्वंसृष्टंस्वमायया ॥ संहृत्यकाल[illegible]पांतइदमीश्वरः ॥१६॥ एकएवाद्वितीयोऽभूदात्माधारोऽ खिलाश्रयः ॥ कालेनात्मानुभावेनसाम्यंनीतासुशक्तिषु ॥ सत्त्वादिष्वादिपुरुषःप्रधानपुरुषेश्वरः ॥१७॥ परावराणांपरमआस्तेकैवल्यसं

॥૬॥ ત્યારે એમ થવું, ખરાબ માનીને લજવાયલી તેણે, પોતાને હાથે ફક્ત બબેજ બાકી રાખીને; બધી ચૂડીઓ, એકેએકે કાઢી નાંખી. ॥૭॥ અને તે ફરીથી ખાંડવા લાગતાં, એ બબે ચૂડિઓથી પણ શબ્દ થવા લાગ્યો; ત્યારે તેઓમાંથી પણ એકેકી વેગળી કરી; એટલે પછી એક હાથે, એકેકીજ રેહેવાથી; શબ્દ થયો નહીં. ॥૮॥ હે, અરિંદમ; સારી રીતે લોકની રીતભાતને તપાસીને જોનારા, હું લોકને વિશે ફરનારાએ; એ કન્યાની વૃત્તિ ઉપરથી, લીધેલી શિખામણ એવી છે કે. ॥૯॥ " ઘણાં જણા સાથે રહેવાથી, કજીઓ થાયછે; અને બે જણા સાથે હોય, ત્યારે પણ વિવાદ થાય છે; માટે આ કુંવારીકા કન્યાના, કંકણ (ચૂડી) ની પેઠે; એકલાજ, રેહેવું જોઇએ છીએ. ॥૧૦॥ ૨૦॥ એક તીર બનાવનારાનું મન, તીર બનાવવાના કામમાંજ લાગી જવાથી; તેના પડખામાં થઇને, રાજા (આખી સવારી, એટલે હાથી ઘોડા અને નગારાં નિશાંન સુધાં,) જવા છતાં; તેણે તે કશું, દીઠુંજ નહીં; એ રીતે આળસ રહિત થઇ, શ્વાસ તથા આસન જીત બનીને; યોગ અને વૈરાગ્યના અભ્યાસ વડે, મનને વશ કરી; તેને આત્મ સ્વરૂપમાં એકત્ર લગાવી દેવું. કે જેથી તેનું મન, ધીમે ધીમે કર્મની વાસનાઓને તજીને; સત્વગુણ વધવાથી, રજોગુણ તથા તમો ગુણને નાંખી દેછે. અને ઇંદ્રિયાદિકનાં કર્મોથકી, રહિત થઇને; સ્થિર થઇ જાય છે. તથા એમ આત્મ સ્વરૂપમાં રોકેલું મન, બહારની કે અંદરની કશા બીનાને; જાણી પણ શકતું નથી. એટલું, એ બાણ ઘડનારની વૃત્તિ ઉપરથી; હું શિખ્યો છું. ॥ ૧૧–૧૨–૧૩॥ ૨૧॥ અધ્રુવ જીવતરવાળા પ્રાણીઓને, ઘરાદિકનો આરંભ કરવો; તે ફળ રહિત અને અતિ દુખ આપનાર હોવાથી, સાપ બીજાએ કરેલા ઘરમાં પેસીને જેમ સુખથી વસેછે; તેમ મુનિએ પણ, ઘર વિનાના–ગાફલતા રહિત–ગુપ્ત રેહેનાર–પોતાના આચરણની ખબર નહીં પડવા દેનારા–થોડું બોલનારા–અને એકલાંજ ફરનારા–થવું જોઇએ; એટલું, હું એ સાપની વૃત્તિ ઉપરથી: શિખેલો છું. ॥૧૪–૧૫॥૨૨॥ ઇશ્વર નારાયણ ભગવાનજ; પોતાની માયાવડે, સર્જેલા આ જગતને; કલ્પને અંતે પોતાની કળારૂપ કાળ થકી, પાછા ગળી જાય છે. ॥૧૬॥ અને પોતાના પ્રભાવ રૂપ, સમાન દ્રષ્ટિવાળો તે કાળજ; સર્વ પ્રાણી પદાર્થાદિકને, શક્તિ એટલે પ્રકૃતિમાં, લેઇ જઇને; તે પ્રકૃતિને પણ, ઇશ્વર એવા પુરૂષ ભગવાનને વિશે; લય કરે છે. પછી એ આદિ પુરૂષ–અખિલ

અજ્ઞાનીના આધાર—પોતે પોતાનાજ આધારથી રહેનારા—અને જેના સરખો બીજો કોઈ નથી એવા—એ ભગ-
વાન પોતે, એકલાજ રહે છે. ॥૧૭॥ અને તે, પર એટલે મહાભૂતો વિગેરે કારણો; અને અવર એટલે તેઓ
થકી બનેલ, સર્વ પ્રાણી પદાર્થાદિક કાર્યો; થકી જુદા પ્રકારના—ઉપાધિ વિનાના—કેવળ—અનુભવાતા આનંદના
સમુદ્ર સરખા—અને પરમ તથા કૈવલ્ય નામથી કહેવાતા—ભગવાન; પોતાના પ્રભાવ કાળવડે, ત્રણે ગુણોના
સ્વભાવવાળી પોતાની માયાને; વિકાર પમાડીને તેમાંથી, પ્રથમ સૂત્ર એટલે મહત્તત્વને સર્જે છે. ॥૧૮–૧૯॥
અને તે મહત્તત્વથકી, ત્રણ ગુણોવડે, અનેક પ્રકારના પ્રાણી પદાર્થની વ્યક્તિઓ સર્જાય છે; એ ત્રણ ગુણો,
આ આખા વિશ્વમાં ઓત પ્રોત થઈને; રહેલા છે; અને તેમના થકીજ, પુરૂષને; સંસાર થયા કરેછે. ॥૨૦॥
આ રીતે કરોળિઓ જેમ, પોતાના પેટમાંથી; મોઢેથી કાઢેલા તાર થકી, જાળું બનાવીને; તે સાથે રમીને
પછી, પાછો તે જાળાને ગળી જાય છે; તેમ, મહાન ઈશ્વર; પોતા થકી જગતને બનાવીને, તેનું પાલન કરી;
પછીથી પાછા, પોતેજ તેને ગળી જાય છે; એ, હું કરોળિયાની વૃત્તિ ઉપરથી, શિખ્યો છું. ॥૨૧॥૨૩॥ હે
રાજા, ભમરીએ દરની અંદર પૂરેલો કીડો; ભય થકી ભમરીનું ધ્યાન કરવાવડે, પોતાના રૂપને તજીને; ભમ-
રીના સ્વરૂપને પામે છે. તેમજ સ્નેહથી—દ્વેષથી—કિંવા ભયથી—પ્રાણીઓ, જેના જેના વિશે મનને એકાગ્ર કરે
છે; તેના તેના સરખા સ્વરૂપનેજ, પામી જાય છે; એ, હું આ ભમરીએ પૂરેલા કીડાની વૃત્તિ ઉપરથી, શિ-
ખ્યો છું. ॥૨૨–૨૩–૨૪॥ હે સમર્થ યદુરાજા, એટલા (૨૪) ગુરૂઓ પાસેથી, એટલા પ્રકારની બુદ્ધિ—મેં
મેળવેલી છે. હવે મેં મારા પોતાના શરીર થકીજ મેળવેલી બુદ્ધિવિશે હું કહું છું; તે તમે સાંભળો. ॥૨૪॥
માત્ર આ મનુષ્ય શરીર થકીજ, તત્વજ્ઞાન મેળવવાનું બની શકે છે; છતાં પણ, એ શરીર પારકાઓનુંજ છે;
એવો નિશ્ચય છે. અને તે સર્વ કાળ દુખોનેજ ઉપજાવ કરનાર—અને જન્મ મરણ વિગેરે વિકારોને પામનારૂંછે;
છતાં તે થકીજ વિવેક અને વૈરાગ્ય, મને પ્રાપ્ત થવાથી; હું, મારા પોતાના શરીરને પણ, મારો ગુરૂ માનીને;

ज्ञितः ॥ केवलानुभवानंदसंदोहोनिरुपाधिकः ॥१८॥ केवलात्मानुभावेनस्वमायांत्रिगुणात्मिकां ॥ संक्षोभयन्सृजत्यादौतयासूत्रमरिंद
म ॥१९॥ तामाहुस्त्रिगुणव्यक्तिंसृजंतींविश्वतोमुखं ॥ यस्मिन्प्रोतमिदंविश्वंयेनसंसरतेपुमान् ॥२०॥ यथोर्णनाभिर्हृदयादूर्णांसंतत्यवक्त्रतः
॥ तयाविहृत्यभूयस्तांग्रसत्येवंमहेश्वरः ॥२१॥ यत्रयत्रमनोदेहीधारयेत्सकलंधिया ॥ स्नेहाद्द्वेषाद्भयाद्वापियातितत्तत्सरूपतां ॥२२॥ की
टःपेशस्कृतंध्यायन्कुड्यांतेनप्रवेशितः ॥ यातितत्सात्म्यतांराजन्पूर्वरूपमसंत्यजन् ॥२३॥एवंगुरुभ्यएतेभ्यएषामेशिक्षितामतिः ॥ स्वात्मोप
शिक्षितांबुद्धिंशृणुमेवदतःप्रभो ॥२४॥ देहोगुरुर्ममविरक्तिविवेकहेतुर्बिभ्रत्स्मसत्वनिधनंसततार्त्युदर्कं ॥ तत्त्वान्यनेनविमृशामियथातथा
पिपारक्यमित्यवसितोविचराम्यसंगः ॥२५॥ जायात्मजार्थपशुभृत्यगृहाप्तवर्गान्पुष्णातियत्प्रियचिकीर्षयावितन्वन् ॥ स्वांतेसकृच्छ्रमवरु
द्धधनःसदेहःसृष्ट्वास्यबीजमवसीदतिवृक्षधर्मः ॥२६॥जिह्वैकतोऽमुमपकर्षतिकर्हितर्षाशिश्नोऽन्यतस्त्वगुदरंश्रवणंकुतश्चित् ॥ घ्राणोऽन्य
तश्चपलदृक्क्वचकर्मशक्तिर्बह्व्यःसपत्न्यइवगेहपतिंलुनंति ॥२७॥ सृष्ट्वापुराणिविविधान्यजयात्मशक्त्यावृक्षान्सरीसृपपशून्खगदंशमत्स्या
न् ॥ तैस्तैरतुष्टहृदयःपुरुषंविधायब्रह्मावलोकधिषणंमुदमापदेवः ॥२८॥ लब्ध्वासुदुर्लभमिदंबहुसंभवांतेमानुष्यमर्थदमनित्यमपीहधीरः ॥
तूर्णंयतेतनपतेदनुमृत्युयावन्निःश्रेयसायविषयःखलुसर्वतःस्यात् ॥२९॥ एवंसंजातवैराग्योविज्ञानालोकआत्मनि ॥ विचरामिमहीमेतांमु
क्तसंगोनहंकृतिः ॥३०॥ नह्येकस्माद्गुरोर्ज्ञानंसुस्थिरंस्यात्सुपुष्कलं ॥ब्रह्मैतदद्वितीयंवैगीयतेबहुधर्षिभिः ॥३१॥ श्रीभग०इत्युक्त्वासयदुंवि
प्रस्तमामंत्र्यगभीरधीः ॥ वंदितोऽभ्यर्थितोराज्ञाययौप्रीतोयथागतं॥३२॥अवधूतवचःश्रुत्वापूर्वेषांनःसपूर्वजः सर्वसंगविनिर्मुक्तःसमचित्तो
बभूवह ॥३३॥ इतिश्रीभागवतेमहापुराणेएकादशस्कंधेभगवदुद्धवसंवादेदत्तोपाख्याननामेनवमोध्यायः ॥९॥

સંગ રહિત થઈને, ફરૂંછું. ॥૨૫॥ એ શરીરનું પ્રિય કરવાની ઈચ્છાથી, સ્ત્રી–પુત્ર–ધન–પશુ–ચાકર–ઘર–અને
સંબંધીઓ વિગેરેના વર્ગોને વધારવાથી; વૃક્ષના ધર્મની પેઠે, ફરીથી દેહ થવાના બીજને નાંખીને; પછીથી
પ્રાણીનો, અંત (મોત) થવાથી; આ રીતે ઘણાં દુખો વેઠીને મેળવેલા, અને વધારેલા, ધનાદિક સહિત; શરી-
રને પડતું મૂકીને જતાં, તે પોતે ઘણોજ દુઃખી થાય છે. ॥૨૬॥ ઘણી શોક્યો એકજ ધરધણીને, જેમ અનેક
તરફ ખેંચે; તેમ જીભ તેને, એક તરફ ખેંચે છે—અને તૃષ્ણા તથા શિશ્ન બીજી તરફ—ત્વચા, ઉદર, અને
શ્રવણ; ત્રીજી તરફ—તેમજ ઘ્રાણ, અને ચપળ આંખો; બીજીજ તરફ—ખેંચે છે. અને વળી કર્મશક્તિઓ
જુદીજ તરફ—એમ સર્વે ઇંદ્રિઓ અનેક તરફ ખેંચ્યા કરે છે. ॥૨૭॥ ભગવાને પોતાની, બીજાથી ન જીતાય
એવી માયા શક્તિથી; ઝાડ–પેટે ચાલનારા જીવ–પશુ–પક્ષી–દંશ કરનારા જીવ–અને માછલાં–વિગેરે અનેક
જાતનાં શરીરો; ઉત્પન્ન કરવા પછી, તેમના થકી મન સંતોષ નહીં પામવાથી; પછી, બ્રહ્મ સ્વરૂપને જાણ-
વાની, શક્તિવાળા; આ મનુષ્ય શરીરને, જ્યારે ઉત્પન્ન કર્યું; ત્યારેજ પોતાને સંતોષ થયો હતો. ॥૨૮॥ આ
જગતમાં ઘણા ઘણા જન્મો થયા પછી છેવટે, મળવાને અતિ દુર્લભ એવો; અને અનિત્ય છતાં, પુરૂષાર્થની
પ્રાપ્તિ કરનારો; આ મનુષ્ય દેહ પામીને, ધીર પુરૂષે; તે અશક્ત થવા અગાઉજ; તથા તેનું, મરણ થતા
પહેલાંજ; વિષયો કે જે, સર્વત્ર સઘળા જન્મમાં, મળવાનાજ છે; તેમની ઈચ્છા ન કરતાં, ઉતાવળાજ, પો-
તાના કલ્યાણને માટે; યત્ન કરવો ઘટે છે. ॥૨૯॥ આ પ્રકારે વૈરાગ્ય ઉત્પન્ન થઈ, મનને વિશે વિજ્ઞાન રૂપી
દીવો પ્રગટવાથી; હું, સઘળા સંગથી, મુક્ત થઈને; અને અહંકાર તજીને, પૃથ્વી ઉપર ફરતો ફરૂં છું ॥૩૦॥
છતાં એ રીતના અદ્વિતીય બ્રહ્મનેજ, રૂષિઓએ; ઘણા ઘણા પ્રકારોથી, વર્ણવેલું છે. (અર્થાત ઘણા રૂષિઓએ,
તેને જુદી જુદી રીતનું હોવાનું; અને કોઈએ તો, એક બીજાથી ઉલટી રીતે હોવાનું પણ; કહેલું છે.) માટે
એકજ ગુરૂ પાસેથી, ઘણું–પુષ્કળ–તથા સારી રીતે સ્થિર થાય, એવું–જ્ઞાન પ્રાપ્ત થઈ શકે, એવું છેજ નહીં.
॥૩૧॥—શ્રીભગવાન—ગંભીર બુદ્ધિવાળા, તે બ્રાહ્મણ; (ગુરૂ દત્તાત્રય:), યદુરાજાને, એ રીતે કહીને; અને તેમની
પ્રાર્થના તથા વંદનને, સ્વીકારીને તથા રજા લેઈને પ્રસન્ન થતા; જેવી રીતે આવ્યા હતા, તેવીજ રીતે; ચાલ્યા
ગયા. ॥૩૨॥ અને અવધૂત દત્તાત્રયનાં, એ વચનો સાંભળીને; આપણા પૂર્વજોના પૂર્વજ યદુરાજા પણ, સર્વ સંગ
થકી, મુક્ત થઈને; સમચિત્તવાળા થઈ ગયા. ॥૩૩॥ ઇ૦શ્રી૦ભા૦મ૦ સ્કં૦ દત્તોપાખ્યાન નામે નવમો અ૦ સં. ॥૯॥

અધ્યાય ૧૦ મો.— શ્રીભગવાન— એટલા માટે, તમે મારોજ આશ્રય રાખીને; મારા કહેવા પ્રમાણે સાવધાનપણાથી, કાંઇપણ કામનાની ઇચ્છા નહીં કરતાં; સમબુદ્ધિ થઇ, વર્ણ—આશ્રમ—અને આચાર રૂપ સ્વધર્મોનુંજ આચરણ કરો ॥ ૧.॥ અને વિષયોમાં, મન લાગેલા લોકોએ વિષયાદિકને તત્વરૂપ, એટલે સાચાં જાણીને; કરાતા સર્વે ઉદ્યમોનાં, અવળાં ફળ થાય છે: તેને શુદ્ધ બુદ્ધિથી, એક પછી એક એમ; જોતા જાઓ. ॥૨॥ ઉંઘી ગયેલાને; સ્વપ્નમાં વિષયોની પ્રાપ્તિ, અથવા અનેક મનોરથનું ધ્યાન, થાય છે: તે જેમ, વ્યર્થ છે; તેમ ભેદ બુદ્ધિવાળા મનુષ્યોને આ લોકમાં થતી વિષયાદિક સુખોની પ્રાપ્તિ, અને મનોર્થો પણ; નિષ્ફળજ છે, એમ જાણો. ॥૩॥ તમે નિવૃત્ત એટલે કામના વિનાનાં કર્મોનું, સેવન કરો; અને મારા સંબંધવિનાનાં, પ્રવૃત્ત કર્મોને તજો: તથા આત્મજ્ઞાન પામવાની જીજ્ઞાસા થયા પછી તો, કર્મો કરવાની વેદ અને શાસ્ત્રની આજ્ઞાઓનો પણ; આદર ન રાખશો. ॥૪॥ યમોનું સર્વ કાળ સેવન કરો, અને મને સંબંધ રાખનારા નિયમોને પણ, ક્વચિત ક્વચિત સેવજો; તથા મારામાં ચિત રાખનાર—શાંત—અને મને સારી રીતે જાણનારા,—ગુરૂની ઉપાસના કરજો. ॥૫॥ તેમજ માનવિનાના—મત્સરવિનાના—વિચારવાન—મારૂં તારૂં નહીં કરનારા—સર્વને વિશે દ્રઢપણે સુહૃદપણું રાખનારા—વળી ઉતાવળ વિનાના—તત્વાર્થ જાણવાની જીજ્ઞાસાવાળા—સારામાં ખોટાનો આરોપ નહીં કરનારા—અને બોલ્યું અબોલ્યું નહીં કરનારા—થજો. ॥૬॥ સ્ત્રી—સંતાન—ઘર—ખેતરાદિક—સ્વજન—અને ધન વિગેરે તો, પુરૂષને હાલના સરખાંજ; સર્વે જન્મમાં, મળેછેજ. એમ જાણીને, તેઓ થકી ઉદાસીન, એટલે ગમતા વિનાના થજો. ॥૭॥ અને વગર બળેલાં તથા બળેલાં, બંને પ્રકારનાં લાકડાં થકી; તે બંનેને પ્રકાશ કરનારો, અગ્નિ જેમ જુદો છે; તેમ સ્થુલ અને સૂક્ષ્મ, બંને પ્રકારના દેહ થકી, તે બંનેને જાણનારા; સ્વયંપ્રકાશ આત્માને, વિલક્ષણ હોવાનું; તમે જાણજો. ॥૮॥ મરણ, જન્મ, નાનું, મોટું, અને બીજા દેહને થનારા, અનેક વિકાર એટલે અવસ્થાઓને; એ દેહમાં રહેલો, અને દેહ તથા દેહના ગુણોથકીપર, એવો દેહાત્મા; એ ગુણોથકી રચાયલા દેહને, પોતારૂપ માનવાવડેજ; ભોગવનારો થાય છે: અને તેથીજ, તેને સંસાર થવા રૂપ બંધન, થાય છે; એમ જાણીને તત્વજ્ઞાની પુરૂષો, એ બંધનને આત્મ

श्रीभग०मयोदितेष्ववहितःस्वधर्मेषुमदाश्रयः॥ वर्णाश्रमकुलाचारमकामात्मासमाचरेत् ॥१॥ अन्वीक्षेतविशुद्धात्मादेहिनांविषयात्मनां ॥ गुणेषुतत्त्वध्यानेनसर्वारंभविपर्ययं ॥२॥ सुप्तस्यविषयालोकोध्यायतोवामनोरथः॥ नानात्मकत्वाद्विफलस्तथाभेदात्मधीर्गुणैः ॥३॥ निवृत्तं कर्मसेवेतप्रवृत्तंमत्परस्त्यजेत् ॥ जिज्ञासायां[illegible]तोनाद्रियेत्कर्मचोदनां ॥४॥ यमानभीक्ष्णं[illegible] नियमान्मत्परःक्वचित् ॥ मदभिज्ञंगुरुं शांतमुपासीतमदात्मकं॥५॥ अमान्यमत्सरोदक्षोनिर्ममोदृढसौहृदः॥असत्वरोऽर्थजिज्ञासुरनसूयुरमोघवाक्॥६॥जायापत्यगृहक्षेत्रस्वजन द्रविणादिषु॥ उदासीनःसमंपश्यन्सर्वेष्वर्थमिवात्मनः ॥७॥ विलक्षणःस्थूलसूक्ष्माद्देहादात्मेक्षितास्वदृक् ॥ यथाग्निर्दारुणोदाह्याद्दाहको ऽन्यःप्रकाशकः॥८॥ निरोधोत्पत्त्यणुबृहन्नानात्वंतत्कृतान्गुणान् ॥अंतःप्रविष्टआधत्तएवंदेहगुणान्परः ॥९॥ योऽसौगुणैर्विरचितोदेहोऽयं पुरुषस्यहि॥संसारस्तन्निबंधोऽयंपुंसोविद्याच्छिदात्मनः॥१०॥ तस्माज्जिज्ञा[illegible]नमात्मस्थंकेवलंपरं ॥ संगम्यनिरसेदेतद्वस्तुबुद्धिंयथा क्रमं॥११॥ आचार्योऽरणिराद्यःस्यादंतेवास्युत्तराऽरणिः ॥ तत्संधानंप्रवचनंविद्यासंधिःसुखावहः ॥१२॥ वैशारदीसाऽतिविशुद्धबुद्धिर्धुनो तिमायांगुणसंप्रसूतां ॥ गुणांश्चसंदह्ययदात्ममेतत्स्वयंचशाम्यत्यसमिद्यथाऽग्निः॥१३॥ अथैषांकर्मकर्तॄणांभोक्तॄणांसुखदुःखयोः॥ नाना त्वमथनित्यत्वंलोककालागमात्मनां॥१४॥ मन्यसेसर्वभावानांसंस्थाह्यौत्पत्तिकीयथा॥ तत्तदाकृतिभेदेनजायतेभिद्यतेचधीः ॥१५॥ एवम प्यंगसर्वेषांदेहिनांदेहयोगतः ॥ कालावयवतःसंतिभावाजन्मादयोऽसकृत् ॥१६॥अत्रापिकर्मणांकर्तुरस्वातंत्र्यंचलक्ष्यते॥ भोक्तुश्चदुःखसु खयोःकोन्वर्थोविवशंभजेत् ॥१७॥ नदेहिनांसुखंकिंचिद्विद्यतेविदुषामपि॥ तथाचदुःखंमूढानांवृथाऽहंकरणंपरं॥१८॥यदिप्राप्तिंविघातंच जानंतिसुखदुःखयोः॥ तेऽप्यद्धानविदुर्योगंमृत्युर्नप्र[illegible]॥१९॥ कोन्वर्थःसुखयत्येनंकामोवामृत्युरंतिके॥आघातंनीयमानस्यवध्यस्ये

જ્ઞાનની વિદ્યાવડેજ; છેદીનાંખે છે. ॥૯—૧૦॥ એટલા માટે તમે, અનુક્રમથી; આ જગતના સઘળા દેહાદિક તથા વિષયાદિક પદાર્થોને; સતરૂપે માનવાની બુદ્ધિને, તજીને; આત્મજ્ઞાનની જીજ્ઞાસાથી, શરીરોને વિશે રહેલા; કેવળ અને પરમ આત્મ તત્વનેજ; શોધી લ્યો. ॥૧૧॥ અને પેહેલી એટલે ઉપલી અરણી, આચાર્યને કરીને; બીજી નીચલી અરણી, શિષ્યરૂપે, તમે પોતે થઇને; તથા આચાર્યના ઉપદેશને, વચેના સંધાન, એટલે ઘોકારૂપ કરીને: સુખને આપનારી આત્મજ્ઞાનની વિદ્યાને, તમે પામો. ॥૧૨॥ એટલે એ અતિ નિપુણ તથા અતિ શુદ્ધ આત્મજ્ઞાનની વિદ્યાથી; ગુણોને ઉત્પન્ન કરનારી માયા, ગુણો સહિત બળી જશે; અને તેથી આ સઘળું જગત, તમને હું રૂપ જણાવા લાગીને; સમિધ વિનાના અગ્નિની પેઠે, તમારી તેવી બુદ્ધિ પણ, છેવટે શાંત થઇ જશે. ॥૧૩॥ અને એ, સઘળાં શરીરોમાં રહેલા, આત્માને; સર્વકાળ કર્મો કરનારો—સુખ દુખને ભોગવનારો—અનેક પ્રકારનો—લોક, કાળ, અને વેદના સરખા સ્વભાવવાળો—એટલે અનિત્ય, હોવાનું; તથા બીજા સર્વે પદાર્થાદિકની પેઠે, તેની પણ ઉત્પત્તિ અને મરણ થવાનું; જેઓ માને છે. તેવાઓની બુદ્ધિ, તેમની પૂર્વ કાળની કરણીઓના ભેદથકી, મોહ પામી ગયેલ છે: એમ જાણજો. ॥૧૪—૧૫॥ હે ઉદ્ધવ, સર્વે દેહીઓને આ રીતે શરીરનો સંબંધ થવાથીજ; જન્મ આદિ અવસ્થાઓ કાળના અવયવોવડે, થાય છે. ॥૧૬॥ અને તેવા કર્મો આદિના, કર્તા અને ભોકતા થનારાઓને પણ; સુખ દુખ ભોગવવામાંતો, અસ્વતંત્રપણુંજ જોવામાં આવે છે. ત્યારે એવી રીતના પરવશપણાવાળા, ભોક્તાપણામાં પણ; શો લાભ છે. ? ॥ ૧૭ ॥ વળી એવા કર્માદિક કરવામાં કુશળ દેહીઓને પણ, જરાએ સુખ મળતું નથી; અને તે કરવામાં મૂઢ એટલે અકુશળ પુરૂષોને પણ, જરાએ દુખ થતું નથી; એમ થતું પણ જોવામાં આવેછેજ. તેથી કર્તા અને ભોકતાપણાનો, અહંકાર કરવો; એટલે તે બંનેનો સ્વીકાર કરવો: એ છેકજ વૃથા હોવાનું; જણાય છે. ॥૧૮॥ અને કદાચ સુખની પ્રાપ્તિના, તથા દુખને મટાડવાના; ઉપાયોને જાણનારો તો, કોઇક હોઇ શકે ખરો: તોએ પણ તે, જે થકી મોતજ આવે નહીં, એવા ઉપાયને તો; જાણી શકતો નથીજ. ॥૧૯॥ તેથી કરીને, કોઇ મનુષ્યને મારી નાંખવાનો નકી ઠરાવ થયા પછી તેને મારી નાંખતા પેહેલાં, મળતા સુખ ભોગના પદાર્થો; જે રીતે સુખને આપી શકતા નથી. તો તે રીતેજ, જેઓને માથે મોત નજીકમાં ચારેકોર ભમ્યા કરે છે; એવા મરણ ધર્મવાળા સઘળા મનુષ્યોને, મળનારાં વિષય ભોગાદિકનાં સુખો; તેમને સુખ આપવાને કેવે પ્રકારે ઉપયોગી થઇ શકે

પા.૧ ॥૨૦॥ એ રીતે નજરે દેખાતાં, આલોકનાં સુખ ભોગાદિક વૃથા છે; તેમજ, જ્યાં સ્પર્ધા–અસૂયા–સુખાદિકનો નાશ થવાનું–અને બીજાને મળતાં સુખ પોતાને ન મળવાથી થનાર દુઃખ, રહેલું છે એવાં–તથા ખેતીના ધંધાની પેઠે, જે મેળવવામાં ઘણાં ઘણાં વિઘ્નો આડે આવે છે એવાં–પરલોકનાં, કાને સાંભળેલાં; સુખ ભોગાદિકને પણ, નિષ્ફળજ જાણુજે. ॥૨૧॥ વળી કોઇ પુરૂષ, એ વિઘ્નોથકી નાશ નહીં પામતાં, શુદ્ધ સ્વધર્મનું આચરણ કરી શકે; તો તેથી મળવાના કહેવાતા, પરલોકમાં ગયા પછી પણ; તેનું કેવી રીતે થાય છે. તે તમે સાંભળો. ॥૨૨॥ એમ કહેવાય છે કે, યજ્ઞ કરનારા લોકો; આ લોકને વિશે યજ્ઞોવડે દેવતાઓ વિગેરેનું પૂજન કરીને, સ્વર્ગલોકમાં જાય છે; અને ત્યાં, પોતાને પ્રાપ્ત થનારા દિવ્ય ભોગને દેવની પેઠે, ભોગવે છે. ॥૨૩॥ તથા પોતાના પુણ્યે કરીને સર્વ સામગ્રીઓથી ભરપૂર, અને સ્વચ્છ વિમાનોમાં સારાં લુગડાં ઘરેણાં પેહેરેલી અપ્સરાઓની વચમાં બેસીને; ગંધર્વોથકી ગાયન કરતા તેઓ વિહાર કરે છે. ॥૨૪॥ અને ઘુઘરીઓ બાંધેલાં તથા ઇચ્છા થાય ત્યાં પહોંચી જનારાં, વિમાનોમાં બેસીને, દેવતાઓને ક્રિડા કરવાનાં સ્થાનોમાં; સ્ત્રીઓ સહિત, વિહાર કરવાનું સુખ ભોગવતાં; પોતાનું ત્યાં થકી પડવું થવાને તો, તેઓ જાણતાજ નથી. ॥૨૫॥ વળી એ પ્રમાણે પુણ્ય પહોંચતા સુધી સ્વર્ગનાં સુખોને, ભોગવ્યા પછી, પુણ્ય થઇ રહેવાથી; કાળે ચળાયમાન કરેલા તેઓ, પોતાની ઇચ્છા નહીં છતાં; નીચે પડી જાયછે. ॥૨૬॥ અને જેઓ, અધર્મમાં પ્રીતિ વાળા–કામનાઓની બુદ્ધિ વાળા–કૃપણ–લાલચુ–સ્ત્રીવશ–પ્રાણીઓની હિંસા કરનારા–અને દુષ્ટ પુરૂષોની સોબતથી, અગર અજીતેંદ્રિયપણાથી, વિધિ રહિત પશુઓનાં બળીદાનો આપીને, પ્રેત અને ભૂતો આદિ ગણોનું પૂજન કરનારા–હોય છે; તેવાઓ તો, પરવશપણે નરકમાંજ પડે છે. અને તે પછી, ઘણાં તીવ્ર દુખોને આપનારા, જીવજંતુના કિંવા સ્થાવરાદિકના અવતારને પામે છે. ॥૨૭–૨૮॥ અને તે પછી તે દેહ થકી પણ, દુખને ઉપજાવનારાંજ કર્મો કરીને; ફરીથી બીજા દેહોને પામે છે. ત્યાં પણ એ મરણ ધર્મ વાળા પ્રાણીને, સુખ મળતુંજ નથી. ॥૨૯॥ એ પ્રમાણેજ, લોક માત્રને–કલ્પ પર્યંત જીવનારા લોક પાળોને–અને બે પરાર્ધના મોટા આયુષ્ય થકી આનંદ પામનારા બ્રહ્માને–મારે પણ મરણનો છેજ. ॥૩૦॥ સત્વ–રજ અને તમ–એ ગુણોએ, ઇંદ્રિયોને પ્રવ-

वनतुष्टिदः ॥२०॥श्रुतंचदृष्टवदुष्टंस्पर्द्धाऽसूयाऽत्ययव्ययैः॥ बह्वंतरायकामत्वात्कृषिवच्चापिनिष्फलं ॥२१॥ अंतरायैरविहतोयदिधर्मःस्वनुष्ठितः॥ तेनापिनिर्जितंस्थानंयथागच्छतितच्छृणु ॥२२॥ इष्ट्वेहदेवतायज्ञैःस्वर्लोकंयातियाज्ञिकः ॥ भुंजीतदेववत्तत्रभोगान्दिव्यान्निजार्जितान् ॥२३॥ स्वपुण्योपचितेशुभ्रेविमानउपगीयते ॥ गंधर्वैर्विहरन्मध्येदेवीनांहृद्यवेषधृक् ॥ २४ ॥ स्त्रीभिःकामगयानेनकिंकिणीजालमालिना ॥ क्रीडन्नवेदात्मपातंसुराक्रीडेषुनिर्वृतः ॥ २५॥ तावत्समोदतेस्वर्गेयावत्पुण्यंसमाप्यते ॥ क्षीणपुण्यःपतत्यर्वागनिच्छन्कालचालितः ॥ २६ ॥ यद्यधर्मरतःसंगादसतांवाजितेंद्रियः ॥ कामात्माकृपणोलुब्धःस्त्रैणोभूतविहिंसकः ॥ २७ ॥ पशूनविधिनालभ्यप्रेतभूतगणान्यजन् ॥ नरकानवशोजंतुर्गत्वायात्युल्बणंतमः ॥ २८ ॥ कर्माणिदुःखोदर्काणिकुर्वन्देहेनतैःपुनः ॥ देहमाभजतेतत्रकिंसुखंमर्त्यधर्मिणः ॥२९॥ लोकानांलोकपालानांमद्भयंकल्पजीविनां॥ ब्रह्मणोऽपिभयंमत्तोद्विपरार्द्धपरायुषः ॥३०॥ गुणाःसृजंतिकर्माणिगुणोऽनुसृजतेगुणान् ॥ जीवस्तुगुणसंयुक्तोभुंक्तेकर्मफलान्यसौ ॥३१॥ यावत्स्याद्गुणवैषम्यंतावन्नानात्वमात्मनः ॥ नानात्वमात्मनोयावत्पारतंत्र्यंतदैवहि ॥३२॥ यावदस्यास्वतंत्रत्वंतावदीश्वरतोभयं ॥ यएतत्समुपासीरंस्तेमुह्यंतिशुचाऽर्दिताः ॥३३॥ कालआत्मागमोलोकःस्वभावोधर्मएवच ॥ इतिमांबहुधाप्राहुर्गुणव्यतिकरेसति ॥३४॥ उद्धव०गुणेषुवर्त्तमानोऽपिदेहजेष्वनपावृतः॥गुणैर्नबध्यतेदेहीबध्यतेवाकथंविभो ॥३५॥ कथंवर्तेतविहरेत्कैर्वाज्ञायेतलक्षणैः ॥ किंभुंजीतोतविसृजेच्छयीतासीतयातिवा॥३६॥एतदच्युतमेब्रूहिप्रश्नंप्रश्नविदांवर ॥नित्यमुक्तोनित्यबद्धएकएवेतिमेभ्रमः ॥३७॥ इ०भा०म०ए०भगवदुद्धवसंवादेदशमोऽध्यायः ॥१०॥ श्रीभग०बद्धोमुक्तइतिव्याख्यागुणतोमेनवस्तुतः ॥ गुणस्यमायामूलत्वान्नमेमोक्षोनबंधनं ॥१॥ शोकमोहौसुखंदुःखंदेहोत्पत्तिश्चमायया॥ स्वप्नोयथात्मनःख्यातिःसंसृतिर्नतुवास्त

ર્તાવવાથી; ઇંદ્રિયોથીજ કર્મો થાયછે. છતાં ઇંદ્રિયાદિકથી સંયુક્ત થયેલો આત્મા, પોતે કર્તા અને ભોક્તાપણાનું અભિમાન કરવા વડેજ; ઇંદ્રિયાદિકે કરેલાં કર્મોનાં ફળોનો, ભોક્તા થાય છે. ॥૩૧॥ જ્યાં સુધી ગુણોની એટલે જગતરૂપે દેખાતા પદાર્થાદિકની વિષમતા, આત્માને જણાય છે; ત્યાં સુધીજ, તેને અનેકપણું છે અને અનેકપણું છે, ત્યાં સુધીજ તેને પરતંત્રતા પણ છેજ. ॥૩૨॥ અને તેને જ્યાં સુધી પરતંત્રપણું છે, ત્યાં સુધીજ તેને, ઇશ્વર એટલે કાળ થકી થતો ભય કિંવા મૃત્યુ થવાપણું, પણ રહેછેજ. આ રીતે જેઓ સઘળે વ્યાપેલા, આત્મ સ્વરૂપને પડયું મુકીને; આ જગત રૂપે દેખાતા દ્વૈત પદાર્થાદિકને સત્ માની, તેમનેજ ઉપાસે છે; તેઓ શોકવાળા, તથા દુખી થઇને; મોહને પામે છે. ॥૩૩॥ વળી સત્વ–રજ–અને તમ–એ ગુણોના વિકારવડે, હું પોતેજ; કાળ–આત્મા–વેદ વિગેરે શાસ્ત્ર–લોક–સ્વભાવ–અને ધર્મ; એ વિગેરે સર્વ રૂપે, ઘણા પ્રકારનો થયેલો કહેવાઉં છું. ॥ ૩૪ ॥–ઉદ્ધવ–હે સમર્થ, દેહ થકી ઉત્પન્ન થનારા ગુણોને વિશે વર્તતા છતાં; તે ગુણો થકી જે આત્મા બંધાતો નથી, તે કેમ? અને તેમ શા કારણથી થાય છે. તથા બંધાય છે, તે કયો; અને તેમ પણ શા માટે થતું હશે. ? ॥૩૫॥ અને તે બેઉ, કેવી રીતે વર્ત્તે છે; કેવી રીતે, વિહાર કરે છે; કેવા, ભોગ ભોગવે છે; કેવા ભોગ ભોગવવાનું, છોડીદે છે; કેવી રીતે, સુવે છે; કેવી રીતે, બેસે છે; અને કેવી રીતે, ચાલેછે; તથા કયાં લક્ષણોવડે, તેઓને નોખનોખા ઓળખી શકાય છે. ॥૩૬॥ હે પ્રશ્નને સમજનારાઓમાં શ્રેષ્ટ, અચ્યુત ભગવાન; મારા એ પ્રશ્નોના ઉત્તર, આપ આપો; કેમકે આત્મા એકજ હોવાથી, તે હમેશથી મુક્ત હોય તો; બંધનવાળો કેમ થાય ? અને બંધનવાળો થયા પુઠી, મુક્ત કેમ થઇ શકે: ? એ વાતમાં, મને ભ્રમ થયેલો છે. ॥ ૩૭ ॥ ઇ૦ ભા૦ અ૦ સ્કં૦ ઉદ્ધવ પ્રત્યે ભગવત્કથિત આત્મ જ્ઞાન નામે દશમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૦॥

અધ્યાય ૧૧ મો.—શ્રીભગવાન–(મને) સર્વ વ્યાપક આત્માને વસ્તુતાએ બંધન થવાનું કિંવા મુક્ત થવાનું તો, છેજ નહીં. છતાં, ગુણોએ કરીને બંધન થવાનું, અને મુક્ત થવાનું; કહેવામાં આવે છે. તથા ગુણોનું મૂળ માયા હોવાથી. (હું) સર્વ વ્યાપક આત્માને તો; મોક્ષે થતો નથી, અને બંધને થતું નથી. ॥૧॥ તેમજ શોક–મોહ–સુખ–દુખ–દેહની ઉત્પત્તિ–અને મરણ–વિગેરે છ વિકારો થવા રૂપ, સંસાર થવાનું; તો વાસ્તવિક રીતે દેહાત્માને પણ, નહીં હોવા છતાં; સ્વપ્નમાં જણાવાની પેઠેજ, તેને થયેલાનું માત્ર; જોવામાં આવે છે. ॥૨॥ હે ઉદ્ધવ, શરીરોમાં રહેલા દેહાત્માને; મુક્ત કરનારી વિદ્યા, અને બંધન કરનારી અવિદ્યા; એ બંને

માયાના પ્રકારો, પ્રથમથીજ મેં (સર્વ વ્યાપક આત્માએ)નિર્માણ કરેલ, મારાંજ સ્વરૂપો છે; એમ તમે જાણો. ॥૩॥ હે મોટી બુદ્ધિવાળા, સર્વ સ્થળે વ્યાપીને રેહેનારા, હું આત્મ સ્વરૂપના અંશ દેહાત્માને; જેને જેને, એ અનાદિની અવિદ્યા માયાનો સંબંધ થાય છે; તે જીવ કહેવાયને, તેને બંધન થયેલાનું; કહેવાય છે. તથા જેને તેનો સંબંધ ન થતાં, અનાદિની વિદ્યા માયાનો સંબંધ થાયછે; તે મુક્ત હોવાનું, કહેવાયછે. ॥ ૪ ॥ હે તાત, હવે એ બંધન પામેલા (જીવ કહેવાતા દેહાત્મા) ના; અને મુક્ત રહેલા (રામ કૃષ્ણાદીક અવતારી ઇશ્વર કહેવાતા દેહાત્મા)નાં; જૂદાં જૂદાં લક્ષણો, હું તમને કહુંછું. યદ્દચ્છાથી સરખા સ્વભાવવાળાં ઝાડો (શરીરો)ની અંદર, માળા કરીને રેહેનારા; એ બે મિત્ર પક્ષીઓરૂપે (જીવ અને ઇશ્વર દેહાત્માઓ)છે; જેઓ બીજી બધી વાતે એક સરખાજ સ્વભાવવાળા હોવા છતાં; માત્ર એક બાબતમાં, એક બીજાથી ઉલટા સ્વભાવવાળા છે. તેઓમાંનો એક, (જીવ દેહાત્મા,) તે ઝાડોનાં ફળોને (કર્મ ફળોને) ખાનારો છે; અને બીજો, (ઇશ્વર દેહાત્મા) તે ફળોને ખાનારો નથી; છતાં તે પેહેલાના (જીવ દેહાત્માના) કરતાં, સર્વ પ્રકારે અધિક બળવાન

છે.॥૫-૬॥અને એ ઝાડોનાં ફળોને નહીં ખાનારો, (ઇશ્વર દેહાત્મા,) પોતાને તથા બીજાને, (જીવ દેહાત્માને,) એમ બંનેને જાણનારોછે; ને બીજો ઝાડોનાં ફળોને ખાનારો (જીવ દેહાત્મા) તો, પોતાને તેમજ બીજાને (ઇશ્વર દેહાત્માને) પણ, જાણી શકતો નથી. એ રીતે અવિદ્યા માયાથી યુક્ત થયેલો, એ (જીવ દેહાત્મા) હમેશાંનો બંધન પામેલોજછે. તથા વિદ્યા માયાથી યુક્ત, બીજો(ઇશ્વર દેહાત્મા) નો; હમેશાંનો મુક્તજછે.॥૭॥અને એ વિદ્યા માયાના સંબંધવાળો, (ઇશ્વર દેહાત્મા,) સ્વપ્નમાંથી જાગી ઉઠેલાની પેઠે; વિદ્વાન એટલે સર્વ જાણનારછે. અને તે દેહને વિશે રૂંધાયલો છતાં પણ, નહીં રૂંધાયલા સરખોજ છે. તેમજ અવિદ્યા માયાના સંબંધવાળો, (જીવ દેહાત્મા,) તો; સ્વપ્નમાં દેખાયલાને સાચું માનનારા જેવો અજ્ઞાનછે. અને તે દેહમાં નહીં રૂંધાયલો હોય, ત્યારે પણ; દેહમાં રૂંધાયલા જેવોજ છે. ॥૮॥ ઇંદ્રિયો, ઇંદ્રિયોના વિષયોનું; અને ગુણો, ગુણોનું; ગ્રહણ કરે છે; તેમાં એ વિદ્યા માયા થકી મુક્ત (ઇશ્વર દેહાત્મા) પોતે, કર્તા હોવાનો અહંકાર નહીં કરવાથી: વિકાર રહિતજ રેહે છે. ॥૯॥ અને દૈવાધીન શરીરને વિશે રૂંધાયલો અવિદ્યા માયા થકી મુક્ત અજ્ઞાની, (દેહાત્મા)

वी ॥२॥ विद्याऽविद्येममतनूवित्थ्युद्धवशरीरिणां ॥ मोक्षबंधकरीआद्येमाययामेविनिर्मिते ॥३॥ एकस्यैवममांशस्यजीवस्यैवमहामते ॥ बं
धोऽस्याविद्ययानादिर्विद्ययाचतथेतरः ॥२४॥ अथबद्धस्यमुक्तस्यवैलक्षण्यंवदामिते ॥ विरुद्धधर्मिणोस्तातस्थितयोरेकधर्मिणि ॥५॥ सु
पर्णावेतौसदृशौसखायौयदृच्छयैतौकृतनीडौचवृक्षे ॥ एकस्तयोःखादतिपिप्पलान्नमन्योऽनिरन्नोऽपिबलेनभूयान् ॥६॥ आत्मानमन्यंचसवे
दविद्वानपिप्पलादोनतुपिप्पलादः ॥ योऽविद्ययायुक्सतुनित्यबद्धोविद्यामयोयःसतुनित्यमुक्तः ॥७॥ देहस्थोऽपिनदेहस्थोविद्वान्स्वप्नाद्यथो
त्थितः ॥ अदेहस्थोऽपिदेहस्थःकुमतिःस्वप्नदृग्यथा ॥८॥ इंद्रियैरिंद्रियार्थेषुगुणैरपिगुणेषुच॥गृह्यमाणेष्वहंकुर्यान्नविद्वान्यस्त्वविक्रियः॥९॥
दैवाधीनेशरीरेऽस्मिन्गुणभाव्येनकर्मणा ॥ वर्तमानोऽबुधस्तत्रकर्ताऽस्मीतिनिबध्यते ॥१०॥ एवंविरक्तःशयनआसनाटनमज्जने ॥ दर्शन
स्पर्शनघ्राणभोजनश्रवणादिषु ॥११॥ नतथाबध्यतेविद्वांस्तत्रस्तत्रादयन्गुणान् ॥ प्रकृतिस्थोऽप्यसंसक्तोयथाखंसविताऽनिलः ॥१२॥
वैशारद्येक्षयाऽसंगशितयाछिन्नसंशयः ॥ प्रतिबुद्धइवस्वप्नान्नानात्वाद्विनिवर्तते ॥१३॥ यस्यस्युर्वीतसंकल्पाःप्राणेंद्रियमनोधियां ॥ वृत्तयः
सविनिर्मुक्तोदेहस्थोऽपिहितद्गुणैः ॥१४॥ यस्यात्माहिंस्यतेहिंस्त्रैर्येनकिंचिघदृच्छया ॥ अर्च्यतेवाक्वचित्तत्रनव्यतिक्रियतेबुधः ॥१५॥ नस्तु
वीतननिंदेतकुर्वतःसाध्वमाधुवा ॥ वदतोगुणदोषाभ्यांवर्जितःसमदृङ्मुनिः ॥१६॥ नकुर्यान्नवदेत्किंचिन्नध्यायेत्साध्वसाधुवा ॥ आत्मा
रामोऽनयावृत्त्याविचरेज्जडवन्मुनिः ॥१७॥ शब्दब्रह्मणिनिष्णातोननिष्णायात्परेयदि ॥ श्रमस्तस्यश्रमफलोह्यधेनुमिवरक्षतः॥१८॥ गांदु
ग्धदोहामसतींचभार्यांदेहंपराधीनमसत्प्रजांच ॥ वित्तंत्वतीर्थीकृतमंगवाचंहीनांमयारक्षतिदुःखदुःखी ॥१९॥ यस्यांनमेपावनमंगकर्म
स्थित्युद्भवप्राणनिरोधमस्य॥ लीलाऽवतारेप्सितजन्मवास्याद्वंध्यांगिरंतांबिभृयान्नधीरः ॥२०॥ एवंजिज्ञासयाऽपोह्यनानात्वभ्रममात्मनि ॥

તો; ઇંદ્રિયાદિક ગુણોથી થતાં કર્માદિકનો કર્તા, પોતાને માનવાથી: બંધનનેજ પામેછે.॥૧૦॥વળી વિદ્યા માયાના સંબંધવાળો વિદ્વાન (ઇશ્વર દેહાત્મા) તો, આકાશ-સૂર્ય-અને પવનનીપેઠે: દેહાદિકને વિશે રેહેવા છતાં, તેમાં આસક્તિ નહીં કરવાથી; ઇંદ્રિયાદિક ગુણોવડે થતાં, સુવું-બેસવું-ફરવું-નહાવું-જોવું-સ્પર્શ કરવો-સુંઘવું-ખાવું-અને સાંભળવું-વિગેરે કર્મોને વિશે; વિરક્તજ રેહેછે. અને તેથીજ તે અવિદ્યા માયાથી યુક્ત (જીવ દેહાત્મા)ની પેઠે, બંધનને પામતો નથી. ॥૧૧-૧૨॥ તથા અસંગવડે તીક્ષ્ણ કરેલી, અને સારી રીતે નિપુણતાથી, તપાસ અને વિચાર કરવા રૂપી તરવારથી; તમામ સંશયોને, છેદી નાંખનારો તે; (ઇશ્વર દેહાત્મા) સ્વપ્નમાંથી જાગેલાના સરખો, અનેકપણા થકી; નિવૃત થયેલોજ રહે છે. ॥ ૧૩ ॥ અને પ્રાણ-ઇંદ્રિય-મન-તથા બુદ્ધિની વૃત્તિઓના સંકલ્પોજ, તેને નહીં થતાં; દેહને વિશે તે રહેલો હોવા છતાં, દેહના ગુણો વિગેરે થકી; કેવળ મુક્ત થયેલોજ રેહે છે. ॥૧૪॥ કોઇ સ્થળે, દુખ આપનારા દુષ્ટ લોકો વિગેરે થકી; તેના દેહને, દુખ આપવાનું થાય; અથવા કોઇક સ્થળે, કોઇક તેનું પૂજન કરે; તો એ બંને પ્રસંગે, તે જ્ઞાનવાન (ઇશ્વર દેહાત્મા)તે તો; વિકારજ ઉ-

ત્પન્ન થતો નથી. ॥૧૫॥ તેમજ એ સમદૃષ્ટિવાળો તથા ગુણ અને દોષને તજેલો મુનિ, (ઇશ્વર દેહાત્મા,) એ સારૂં નરસું કરનારાઓની સ્તુતિ અથવા નિંદા કરવાનાં વચનો પણ; બોલતો નથી. ॥૧૬॥ અને તે તેવાઓનું, સારૂં અથવા નરસું; કરવાનું-બોલવાનું-અને મનમાં લાવવાનું પણ-તજી દેછે. અને એ પ્રકારની વૃત્તિ થકી, એ આત્મારામ મુનિ; જડની પેઠે, ફર્યા કરે છે. ॥૧૭॥ કોઇ પુરૂષ, શબ્દબ્રહ્મ એટલે વેદાદિક શાસ્ત્રને વિશે, સંપૂર્ણ રીતે જાણનારો થવા છતાં; તેનું મન, જો પરમાત્માને વિશે લાગે નહીં; તો દૂધ ન આપનારી, ગાયને રાખનારાની પેઠે; તેણે કરેલી મેહેનતનું ફળ, એ કેવળ મેહેનત રૂપેજ થયેલાનું; જાણવું જોઇએ. ॥ ૧૮ ॥ હે ઉદ્ધવ, દૂધ ન દેનારી ગાયનું-અસતી સ્ત્રીનું-પરાધીન શરીરનું-દુષ્ટ સંતાનોનું-અતીર્થીકૃત ધનનું-અને મારા થકી હીન, એવી વાણીનું-જેઓ રક્ષણ કરનારા છે; તેઓ દુખિઆરાઓમાં પણ દુખિયારા છે. ॥ ૧૯ ॥ હું (સર્વ વ્યાપક આત્મા) સ્વઇચ્છાથી જગતની ઉત્પત્તિ-સ્થિતિ-અને લય-કરનારનાં, લીલાવડે ધારણ કરેલ જન્મોનું, અને પવિત્ર કર્મો વિગેરેનું; જેમાં વર્ણન ન થતું હોય, તેવી વાંઝણી

ત્યાગીને ધીર પુરુષો; ધારણજ કરતા નથી. ॥૨૦॥ એટલા માટે, એ રીતની ઉત્તમ બુદ્ધિવડે: આત્મ સ્વરૂપને, અનેક-પણું હોવાના ભ્રમને, કાઢી નાંખીને; તમે તમારા શુદ્ધ થયેલા નિર્મળ મનને, સર્વ પ્રકારે મારે વિશેજ અર્પણ કરીને શાંતિ પામો. ॥૨૧॥ અને જો તમે એ પ્રમાણે મનને, પરબ્રહ્મને વિશે(મારે વિશે)નિશ્ચળપણે રાખવાને; અસમર્થ હો. તો, અપેક્ષા રહિત થઇને; સમબુદ્ધિવડે, સર્વ કામો મારે અર્થેજ કરો. (એટલે કોઇ પણ કામ મને પ્રથમથી અર્પણ કરીને, ફળની ઇચ્છા રહિતજ કરતા જાઓ.) ॥૨૨॥ હે ઉદ્ધવ, લોકને પાવન કરનારી; અને સુમંગળ, મારા જન્મ કર્માદિકની કથાઓનેજ; શ્રદ્ધા સહિત વારંવાર, સાંભળનારા—ગાનારા—કીર્તન કરનારા—અને અનુકરણ કરનારાઓ: તથા મારો આશ્રય રાખીને, મારે અર્થેજ; ધર્મ—અર્થ—અને કામનું આચરણ કરનારાઓ, (એટલે સઘળાં કામો કરનારાઓ,) હું સનાતન ભગવાનની નિશ્ચળ ભક્તિને પામે છે. ॥૨૩-૨૪॥ અને તે, મારી ભક્તિ સહિત ઉપાસના કરનારાઓને; મારા દેખાડવાથી, સત્પુરુષોનો સત્સંગ મળે છે; તથા તેઓ ઉતાવળાજ, મારા પદને પામે છે. ॥૨૫॥—ઉદ્ધવ—હે પ્રભુ, આપ ઉત્તમ શ્લોક ભગવાનના, સર્વેએ માન્ય કરેલા; સાધુઓ કેવા હોય છે. તથા સત્પુરુષોએ આદર કરેલી, આપને વિશે કરવાની ભક્તિ પણ, કેવી રીતની હોય છે. ॥૨૬॥ હે પુરુષોમાં શ્રેષ્ઠ—લોક માત્રમાં શ્રેષ્ઠ—અને જગતના પ્રભુ: આપને નમેલા—પ્રીતિવાન—અને શરણાગત—એવા મને, આપ એટલું કહો. ॥૨૭॥ આપ, આકાશ સરખા—પરમાત્મા—પરબ્રહ્મ—પ્રકૃતિ થકી પર—અને સ્વઇચ્છાથી અનેક શરીરોને ધારણ કરનારા—પુરુષ ભગવાન પોતેજ, અવતરેલાછો. ॥૨૮॥—શ્રીભગવાન—૧ સર્વ પ્રાણીઓના ઉપર દયા રાખનાર—૨ સર્વનો દ્રોહ નહીં કરનાર—૩ સર્વનું સહન કરનાર—૪ સાચું બોલનાર—૫ દોષ બુદ્ધિ રહિત—૬ સર્વના ઉપર ઉપકાર કરનાર—૭ સમભાવ રાખનાર—૮ કામનાઓ વડે બુદ્ધિ નહીં હણાયલા—૯ વિવેકી—૧૦ કોમળ મનવાળા—૧૧ મન તથા શરીરને સ્વચ્છ રાખનારા—૧૨ કશુ પણ પોતાનું માનીને પાસે નહીં રાખનારા—૧૩ કામના સહિત કર્મો નહીં કરનારા—૧૪ થોડું અને નિયમિત ખાનારા—૧૫ શાંત—૧૬ સ્વધર્મમાં સ્થિર થયેલા—૧૭ મારુંજ શરણ લેનારા—૧૮ મુનિવ્રત રાખનારા; એટલે અપ્રિય, તથા બીજાને દુખ થાય, એવું વચન નહીં બોલનારા—૧૯ આળસ વિનાના—૨૦ ગંભીર બુદ્ધિ-

उपारमेतविरजंमनोमय्यर्प्यसर्वगे ॥२१॥ यद्यनीशोधारयितुंमनोब्रह्मणिनिश्चलं ॥ मयिसर्वाणिकर्माणिनिरपेक्षःसमाचर ॥२२॥ श्रद्धालुर्मेकथाःशृण्वन्सुभद्रालोकपावनीः ॥ गायन्ननुस्मरन्कर्मजन्मचाभिनयन्मुहुः ॥२३॥ मदर्थेधर्मकामार्थानाचरन्मदपाश्रयः ॥ लभतेनिश्चलांभक्तिंमय्युद्धवसनातने ॥२४॥ सत्संगलब्धयाभक्त्यामयिमांसउपासिता ॥ सवैमेदर्शितंसद्भिरंजसाविंदतेपदं ॥२५॥ उद्धव०साधुस्तवोत्तमश्लोकमतःकीदृग्विधःप्रभो ॥ भक्तिस्त्वय्युपयुज्येतकीदृशीसद्भिरादृता ॥२६॥ एतन्मेपुरुषाध्यक्षलोकाध्यक्षजगत्प्रभो ॥ प्रणतायानुरक्तायप्रपन्नायचकथ्यतां ॥२७॥ त्वंब्रह्मपरमंव्योम पुरुषःप्रकृतेःपरः ॥ अवतीर्णोऽसिभगवन्स्वेच्छोपात्तपृथग्वपुः ॥ २८ ॥ श्रीभग० कृपालुरकृतद्रोहस्तितिक्षुःसर्वदेहिनां ॥ सत्यसारोऽनवद्यात्मासमःसर्वोपकारकः ॥ २९ ॥ कामैरहतधीर्दांतोमृदुःशुचिरकिंचनः ॥ अनीहोमितभुक्शांतःस्थिरोमच्छरणोमुनिः ॥ ३० ॥ अप्रमत्तोगभीरात्माधृतिमाञ्जितषड्गुणः ॥ अमानीमानदःकल्पोमैत्रःकारुणिकःकविः॥३१॥ आज्ञायैवंगुणान्दोषान्मयादिष्टानपिस्वकान् ॥ धर्मान्संत्यज्ययःसर्वान्मांभजेतससत्तमः॥३२॥ ज्ञात्वाऽज्ञात्वाथयेवैमांयावान्यश्चास्मियादृशः ॥ भजंत्यनन्यभावेनतेमेभक्ततमामताः॥३३॥ मल्लिंगमद्भक्तजनदर्शनस्पर्शनार्चनं ॥ परिचर्यास्तुतिःप्रह्वगुणकर्मानुकीर्तनं॥३४॥ मत्कथाश्रवणेश्रद्धामदनुध्यानमुद्धव ॥ सर्वलाभोपहरणंदास्येनात्मनिवेदनं॥३५॥ मज्जन्मकर्मकथनंममपर्वानुमोदनं ॥ गीततांडववादित्रगोष्ठीभिर्मद्गृहोत्सवः॥३६॥ यात्राबलिविधानंचसर्ववार्षिकपर्वसु ॥ वैदिकीतांत्रिकीदीक्षामदीयव्रतधारणं ॥३७॥ ममार्चास्थापनेश्रद्धास्वतःसंहत्यचोद्यमः ॥ उद्यानोपवनाक्रीडपुरमंदिरकर्मणि॥३८॥ संमार्जनोपलेपाभ्यांसेकमंडलवर्तनैः॥ गृहशुश्रूषणंमह्यंदासवद्यदमायया ॥३९॥ अमानित्वमदंभित्वंकृतस्यापरिकीर्तनं॥अपिदीपावलोकंमेनोपयुंज्यान्निवेदितं ॥४०॥ यद्यदिष्टतमंलोकेयच्चाति

વાળા—૨૧ ધૈર્યવાન—૨૨ મન સહિત છ ઇંદ્રિયોને જીતનારા—૨૩ પોતાને માટે માનને નહીં ઇચ્છનારા—૨૪ બીજાઓને માન આપનારા—૨૫ બીજાઓને જ્ઞાન આપવા વિગેરેમાં સશક્ત—૨૬ સર્વના સુહૃદ—૨૭ કરૂણાવાન—૨૮ કવિ એટલે વિદ્વાન ॥૨૯-૩૦-૩૧॥ એટલા ગુણોવાળા: તથા ગુણો અને દોષો મેં પોતેજ, શાસ્ત્રાદિકદ્વારથી, પોતાનાઓને કહેલા છે: એમ જાણ્યા છતાં, એ સર્વ ધર્મને તજીને; જેઓ મનેજ ભજનારા છે. તેઓ મારા ઉત્તમ ભક્ત (સાધુ) હોવાનું, કહેવાય છે. ॥૩૨॥ ૩૦ અને હું કેટલો—કેવો—અને કેવા સરખો છું. તે જાણીને, અથવા વગર જાણેજ; જેઓ અનન્ય ભાવવડે, મને ભજનારા છે; તેઓને પણ મારા ઉત્તમ ભક્ત (સાધુ) હોવાનુંજ હું માનુંછું. ॥૩૩ (હવે ભક્તિનાં લક્ષણો બતાવે છે) મારાં (નીચે ૪૨ મા શ્લોકમાં કહેલાં અગિયાર) સ્વરૂપોનું; દર્શન—સ્પર્શ—અર્ચન—સેવા—સ્તુતિ—અને ગુણ તથા કર્મોનું કીર્તન વિગેરે, નમ્રતાથી કરવાં. ॥૩૪॥ મારી કથાઓ સાંભળવામાં, શ્રદ્ધા રાખવી—મારૂં ચિંતવન કરવું—પોતાને મળેલું સર્વ, મને અર્પણ કરવું—તથા પોતાનો દેહ પણ, મનેજ અર્પણ કરીને; મારા દાસ થવું. ॥૩૫॥ તથા મારાં પર્વના દિવસોએ,મારા જન્મ—કર્માદિકની કથાઓ કરવી—અને શક્તિ હોય તો, ગાયન—નાચ—વાજાં વગાડવાં—અને સંભાષણ, વિગેરે કરીને; મારાં સ્થાનોમાં ઓચ્છવ કરવા.॥૩૬॥ અને સર્વ વાર્ષિક પર્વના દિવસોએ,યાત્રાઓ કરવી;તથા અનકૂટ પૂરવા, તથા વેદ અને શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણેની, દીક્ષાઓ લેઇને, મારાં વ્રત કરવાં. ॥૩૭॥ તેમજ પોતે એકલાએજ, અગર બીજાઓ સાથે મળીને, મારી મૂર્તિ આદિકની સ્થાપના—ફૂલવાડીઓ—ફળના બગીચાઓ—ક્રિડાનાં સ્થાન—અને મંદિરો વિગેરે, શ્રદ્ધા સહિત કરવાં. ॥૩૮॥ તથા મારા મંદિરોમાં વાશિદું વાળવાનું—લિંપવાનું—જળ છાંટવાનું—અને મંડળ પૂરવાનું, વિગેરે કામો, કપટ રહિત થઇને દાસની પેઠેજ, કરવાં. ॥૩૯॥ માન તથા દંભ રહિત થવું—કરેલાં કામ પોતાને મોઢે કહેવાં નહીં—તથા મને અર્પણ કરેલ પદાર્થ, દીવાસુદ્ધાં પણ;પોતાના ઉપયોગમાં (માલિકપણાના ભાવથી) લેવાં નહીં.॥૪૦॥ લોકને અને પોતાને પણ, જેજે અતિપ્રિય વસ્તુ હોય, તે તે સર્વ; મનેજ અર્પણ કરવું; જેથી તે અનંત ફળ આપનાર થશે. ॥૪૧॥ [1]સૂર્ય—[2]અગ્નિ—[3]બ્રાહ્મણ,—[4]ગાયો—[5]વૈષ્ણવભક્ત એટલે સાધુ પુરૂષો—[6]આકાશ,—[7]વાયુ—[8]જળ—[9]પૃથ્વી—[10]આત્મા,

અને [11]સર્વ પ્રાણીપદાર્થાદિક—;એ રીતનાં અગિયાર, મારૂં પૂજન કરવાનાં સ્થાન છે. ॥૪૨॥ તેમને વિશે મારૂં પૂજન કરવાનું; તે, વેદ મંત્રોવડે, સૂર્યનું—હવિષ્ય પદાર્થ હોમવાવડે, અગ્નિનું—ઉત્તમ પ્રકારે આતિથ્ય કરવાવડે, બ્રાહ્મણોનું—અને ખડ આદિક ખવરાવવાવડે, ગાયોનું પૂજન કરવું જોઇએ. ॥૪૩॥ વૈષ્ણવભક્ત અને સાધુઓનું પૂજન તેમનો બંધુની પેઠે સત્કાર કરીને કરવું—હૃદયને વિશે ધ્યાન કરવાવડે, આકાશનું—પ્રાણાયામ કરવાવડે, વાયુનું—તર્પણ કરવાવડે, જળનું—રહસ્ય મંત્રોવડે, પૃથ્વીનું—શરીરના ભોગ આદિક આપવાવડે, આત્માનું—અને સર્વપ્રાણીઓને વિશે સમ ભાવ રાખવાવડે, પ્રાણીમાત્રનું; એ રીતે હું ક્ષેત્રજ્ઞ ભગવાનનું; પૂજન કરવાનું છે.॥૪૪ ૪૫॥ તે મારાં એ બધાં સ્થાનો, (સ્વરૂપો,)ને વિશે; શંખ, ચક્ર, ગદા, અને કમળ ધરેલા, અને ચાર ભુજાવાળા, મારા શાંત સ્વરૂપનું; એકાગ્રચિત્તથી, ધ્યાન કરીને કરવું જોઇએ. ॥૪૬॥ જે મનુષ્યો એકાગ્રમનથી, સત્પુરૂષોની સેવા, તથા ઇષ્ટ અને પૂર્ત કર્મો કરવાવડે; મને ભજે છે. તેઓને મારૂં સ્મરણ, તથા મારા વિશે સદ ભક્તિની પ્રાપ્તિ થાય છે. ॥૪૭॥ હે ઉદ્ધવ, સત્પુરૂષોના સંપૂર્ણ આશ્રય રૂપ, મને પામવાનો ઉપાય; સત્સંગ સહિત ભક્તિ યોગ કરવા શિવાય, બીજો કોઇ છેજ નહીં. ॥૪૮॥ હે યદુનંદન ઉદ્ધવ, તમે મારા સુહૃદ—સખા—અને સેવક પણ છો. માટે આ પરમ ગુહ્ય અને અતિગુહ્યનું જ્ઞાન, હું તમને કહુંછું; તે તમે સાંભળો. ॥૪૯॥ ઇતિ શ્રી૦ ભા૦ મ૦ સ્કં૦ ભગવત્કથિત આત્મજ્ઞાન નામે અગિયારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૧॥

અધ્યાય ૧૨ મો.—શ્રીભગવાન—સર્વના સંગને તજીને સત્સંગ કરવાવડે, જેવો હું વશ થાઉંછું; તેવો, યોગથી—સાંખ્યથી—ધર્મથી—શાસ્ત્રાધ્યયનથી—તપથી—ત્યાગથી—ઇષ્ટ અને પૂર્ત કર્મો કરવાથી—દક્ષિણાથી—વ્રતોથી—યજ્ઞોથી—વેદમંત્રોથી—તીર્થો કરવાથી—નિયમો પાળવાથી—અને યમોનું સેવન કરવાથી પણ, થતો નથી. ॥૧-૨॥

प्रियमात्मनः ॥ तत्तन्निवेदयेन्मह्यंतदानंत्यायकल्पते॥४१॥सूर्योऽग्निर्ब्राह्मणोगावोवैष्णवःखंमरुज्जलं ॥ भूरात्मासर्वभूतानिभद्रपूजापदानिमे ॥४२॥ सूर्येतुविद्ययात्रय्याहविषाऽग्नौयजेतमां ॥ आतिथ्येनतुविप्राग्र्येगोष्वंगयवसादिना ॥४३॥ वैष्णवेबंधु सत्कृत्याहृदिखेध्याननिष्ठया ॥ वायौमुख्यधियातोयेद्रव्यैस्तोयपुरस्कृतैः ॥४४॥ स्थंडिलेमंत्रहृदयैर्भोगैरात्मानमात्मनि ॥ क्षेत्रज्ञंसर्वभूतेषुसमत्वेनयजेतमां ॥४५॥ धिष्ण्येष्वित्यिति मद्रूपंशंखचक्रगदांबुजैः॥ युक्तंचतुर्भुजंशांतंध्यायन्नर्चेत्समाहितः ॥४६॥ इष्टापूर्तेनमामेवंयोयजेतसमाहितः ॥ लभतेमयिसद्भक्तिंमत्स्मृतिःसाधुसेवया ॥४७॥ प्रायेणभक्तियोगेनसत्संगेनविनोद्धव ॥ नोपायोविद्यतेसध्र्यङ्प्रायणंहिसतामहं ॥४८॥ अथैतत्परमंगुह्यंशृण्वतोयदुनंदन॥सुगोप्यमपिवक्ष्यामित्वंमेभृत्यःसुहृत्सखा ॥४९॥इ०मा०म०ए० उद्धवसंवादेएकादशोऽध्यायः॥११॥ श्रीभग० नरोधयतिमांयोगोनसांख्यंधर्मएवच ॥ नस्वाध्यायस्तपस्त्यागोनेष्टापूर्तंनदक्षिणा ॥१॥ व्रतानियज्ञश्छंदांसि तीर्थानिनियमायमाः ॥ यथाऽवरुंधेसत्संगःसर्वसंगापहोहिमां ॥२॥ सत्संगेनहिदैतेयायातुधानामृगाःखगाः ॥ गंधर्वाप्सरसोनागाःसिद्धाश्चारणगुह्यकाः ॥३॥ विद्याधरामनुष्येषुवैश्याःशूद्राःस्त्रियोंऽत्यजाः ॥ रजस्तमःप्रकृतयस्तस्मिंस्तस्मिन्युगेऽनघ॥४॥ बहवोमत्पदंप्राप्तास्त्वाष्ट्रकायाधवादयः॥ वृषपर्वाबलिर्बाणोमयश्चाथविभीषणः॥५॥ सुग्रीवोहनुमानृक्षोगजोगृध्रोवणिक्पथः ॥ व्याधःकुब्जाव्रजेगोप्योयज्ञपत्न्यस्तथापरे ॥६॥ तेनाधीतश्रुतिगणानोपासितमहत्तमाः ॥ अव्रतातप्ततपसःसत्संगान्मामुपागताः॥७॥ केवलेनहिभावेनगोप्योगावोनगामृगाः॥येऽन्येमूढधियोनागाः सिद्धामामीयुरंजसा ॥८॥ यंनयोगेनसांख्येनदानव्रततपोऽध्वरैः ॥ व्याख्यास्वाध्यायसंन्यासैःप्राप्नुयाद्यत्नवानपि ॥९॥ रामेणसार्धंमथुरांप्रणीतेश्वाफल्किनामय्यनुरक्तचित्ताः ॥ विगाढभावेननमेवियोगतीव्राधयोऽन्यंददृशुःसुखाय॥१०॥तास्ताःक्षपाःप्रेष्ठतमेननीतामयैववृंदावनगोचरेण ॥ क्षणार्द्धवत्ताःपुनरंगतासांहीनामयाकल्पसमाबभूवुः ॥११॥ तानाविदन्मय्यनुषंगबद्धधियःस्वमात्मानमदस्तथेदं॥यथासमाधौमुनयोऽब्धितोयेनद्यःप्रविष्टाइवनामरूपे ॥ १२ ॥ मत्कामारमणंजारमस्वरूपविदोऽबलाः ॥ ब्रह्ममांपरमंप्रापुःसंगाच्छतसहस्रशः ॥

હે પાપ રહિત: યુગેયુગને વિશે, રજોગુણ અને તમોગુણના સ્વભાવવાળા, દૈત્યો—યાતુધાનો—મૃગો—પક્ષીઓ—ગંધર્વો—અપ્સરાઓ—નાગો—સિદ્ધો—ચારણો—યક્ષો—વિદ્યાધરો—અને મનુષ્યોમાંએ, વૈશ્યો, શૂદ્રો, સ્ત્રીઓ, અને અંત્યજો સુદ્ધાં; ઘણાં જણાંઓ સત્સંગ વડેજ, મારા પદને પામેલાં છે. વૃત્રાસુર અને પ્રલ્હાદ આદિ દૈત્યો—વૃષપર્વા—બલિ—બાણ—મય—વિભિષણ—હનુમાન—જાંબુવાન—ગજેંદ્ર—જટાયુ નામનો ગૃધ્રપક્ષી—તુલાધાર વાણિયો—ધર્મવ્યાધ પારધી—કુબ્જા નામે કંસની દાસી—વ્રજની ગોપીઓ—યજ્ઞ કરતા હતા તે બ્રાહ્મણોની પત્નિઓ—અને બીજાંઓ પણ; જેઓએ વેદની શ્રુતિઓનું અધ્યયન, અથવા મહાત્માઓની ઉપાસના, કરી નહતી;—વ્રતો કર્યાં નહતાં—અને તપ પણ કર્યાં નહોતાં;—તેઓ કેવળ સત્સંગવડેજ, મને પામી ગયેલાં છે. ૩-૪-૫-૬-૭॥ કેવળ ભાવવડેજ; ગોપીઓ—ગાયો—વૃક્ષો—મૃગો—નાગ—તથા બીજાં મૂઢ બુદ્ધિવાળાં પ્રાણીઓ પણ; ઉતાવળાંજ સિદ્ધાર્થ થઇને, મને પામ્યાં છે. ॥ ૮ ॥ કે જે પદને, યોગ—સાંખ્ય—દાન—વ્રત—તપ—યજ્ઞ—વ્યાખ્યાન—સ્વાધ્યાય—અને સંન્યાસ—વિગેરે પ્રકારોવડે: બીજાઓ યત્ન કરતા છતાં, પણ પામી શકતાં નથી. ॥ ૯ ॥ શ્વફલ્કના પુત્ર અક્રુર, બળરામ સહિત મને મથુરાંમાં લેઇ જતાં; મારામાં પ્રીતિ યુક્ત મનવાળી ગોપીઓ; ભાવ વડે અત્યંત બંધાઇ જવાથી, વિયોગ રૂપી તીવ્ર આધિથી; તેમણે હું વિના બીજા કશા પદાર્થને; સુખકારી જોયો નહોતો. ॥૧૦॥ અને હે ઉદ્ધવ, હું પ્રિયતમની સાથે વૃંદાવનમાં ફરતાં, જે રાત્રીઓ તેમને અરધા ક્ષણ જેવી જણાઇ નતી; તેજ રાત્રીઓ પાછળથી, મારા વિના તેમને; કલ્પ જેવડી મોટી થઇ પડી હતી. ॥૧૧॥ તથા તેમની બુદ્ધિ મારા વિશે બંધાઇ જવાથી, સમાધિ કરેલા મુનિઓની પેઠે: તેઓ પોતાના: દેહને—આ લોકને—અને પરલોકને પણ, નહીં જાણતાં; નામ અને રૂપોવાળી નદીઓ, જેમ સમુદ્રમાં પેસી જાય; તેમ, મારા સ્વરૂપને વિશેજ, લીન થઇ ગઇ હતી. ॥૧૨॥ એમ મારા પરમ સ્વરૂપને નહીં જાણનારી, તે સેંકડો અને હજારો અબળા સ્ત્રીઓ; મારે વિશે જાર ભાવથી, સ્મરણ કરવાની કામના વડેજ; મારા સ્વરૂ-

પને પામી ગઇ હતી. ॥૧૩॥ એટલા માટે, હે ઉદ્ધવ; તમે શ્રુતિ અને સ્મૃતિની આજ્ઞાઓ—પ્રવૃત્ત અને નિવૃત્ત કર્મો—અને સાંભળેલું, તથા સાંભળવાનું;—એ સઘળાનોજ ત્યાગ કરીને; હું સર્વ દેહધારીઓના આત્મા, એકલાનુંજ શરણ તમે પોતે સર્વ ભાવ વડે; લ્યો; અને પછી સર્વ તરફથી ભય રહિત થઇને મારે વિશેજ રહો. ॥ ૧૪–૧૫ ॥–ઉદ્ધવ–હે યોગેશ્વરોના ઇશ્વર, જેથી મારા મનને ભ્રમ થયેલો છે; એવો મારા મનમાં ઉત્પન્ન થયેલો સંશય, આપનાં આ વચનો સાંભળવા થકી; નિવૃત્ત થતો નથી. (માટે વધારે ખુલાસાથી કહો.) ॥૧૬॥–શ્રીભગવાન–જે સર્વ વ્યાપક આત્મ સ્વરૂપ ભગવાન, શરીરોની અંદર રહેલા છે; તેજ ભગવાન પ્રથમ પ્રાણ વાયુના રૂપથી; નાદ સ્વરૂપે (માંહેના ચક્રમાં) પ્રકટ થાય છે; પછી સૂક્ષ્મ મનોમય રૂપ થઇ, ઉચ્ચા ગ્રહીને; માત્રા–સ્વર–અને વર્ણ એટલે વ્યંજનો રૂપે, મુખની અંદર થાય છે; અને એ રીતે અતિ મોટા સ્વરૂપવાળી સર્વ પ્રકારની વાણી રૂપે; પણ, તે પોતેજ થાય છે. ॥૧૭॥ જેમ આકાશમાં રહેતો અગ્નિ લાકડાંની અંદરથી; બળથી મંથન કરવા વડે, પવનની સાહાયતા પામવાથી ઝીણા તણખા રૂપે થાય છે; અને પછી સાધન મળેથી, બાળી શકે એવો, (કાંઇક મોટો,) બને છે; તથા તેમાં હવિષ્ય પદાર્થો પડવાથી, ભડકા રૂપે, થાય છે; તે રીતે હું પણ, આ સર્વ પ્રકારની વાણી રૂપે; દેખાતો થાઉં છું. ॥ ૧૮ ॥ આ રીતે, સર્વ પ્રકારની વાણીરૂપે થવાની પેઠેજ; હું (હાથની વૃત્તિ) કર્મો રૂપે–(પગની વૃત્તિ) ગતિઓ રૂપે–(વાયુ અને ઉપસ્થની વૃત્તિઓ) વિસર્ગ રૂપે–(નાકની વૃત્તિ) સુંઘવારૂપે–(રસનાની વૃત્તિ) સ્વાદરૂપે–(આંખ્યોની વૃત્તિ) જોવારૂપે–(ત્વચાની વૃત્તિ) સ્પર્શરૂપે–(કાનની વૃત્તિ) સાંભળવારૂપે–(મનની વૃત્તિ) સંકલ્પરૂપે–(બુદ્ધિ અને ચિત્તની વૃત્તિ) વિજ્ઞાનરૂપે–(અહંકારની વૃત્તિ) અભિમાન રૂપે–(પ્રકૃતિની વૃત્તિ) મહતત્વ રૂપે–અને (સત્વ, રજ, તમ એ ગુણોની વૃત્તિ) વિકાર, એટલે આ સર્વ દ્વૈત પદાર્થાદિક રૂપ જગત રૂપે––પણ હું પોતેજ થાઉં છું. (એટલે સર્વ રૂપે) થયેલો હુંજ છું. ॥૧૯॥ આ રીતે હું, આદ્ય–અવ્યક્ત–લોકરૂપ–કાળના આશ્રય રૂપ–તથા ત્રણ ગુણોના પણ આશ્રય રૂપ–આત્મ સ્વરૂપ ભગવાનજ, કાળવડે માયા શક્તિના સંબંધને પામીને; એકજ પ્રકારનું બીજ, અનેક પ્રકારનાં ક્ષેત્રોમાં પડવાથી અનેક પ્રકારોવાળું થવાની પેઠે; બહુ પ્રકારોવાળો, (એટલે દ્વૈત પદાર્થાદિક જગત રૂપે.) અનેક રૂપે થયેલો જણાઉં છું. ॥૨૦॥ તાંતણાઓના વિસ્તારને વિશેજ લુગડું જેમ ઓત પ્રોત થઇને, રહેલું હોય છે; તે રીતેજ આત્મ સ્વરૂપ ભગવાનને

॥१३॥ तस्मात्त्वमुद्धवोत्सृज्यचोदनांप्रतिचोदनां ॥ प्रवृत्तंचनिवृत्तंचश्रोतव्यंश्रुतमेवच ॥ १४ ॥ मामेकमेवशरणमात्मानंसर्वदेहिनां ॥ याहिसर्वात्मभावेनमयास्याह्यकुतोभयः ॥ १५ ॥ उद्धव० संशयःशृण्वतोवाचंतवयोगेश्वरेश्वर ॥ ननिवर्ततआत्मस्थोयेनभ्राम्यतिमेमनः ॥ १६ ॥ श्रीभग० सएषजीवोविवरप्रसूतिःप्राणेनघोषेणगुहांप्रविष्टः ॥ मनोमयंसूक्ष्ममुपेत्यरूपंमात्रास्वरोवर्णइतिस्थविष्ठः ॥ १७ ॥ यथाऽनलःखेऽनिलबंधुरूष्माबलेनदारुण्यधिमथ्यमानः ॥ अणुःप्रजातोहविषासमित्ध्यतेतथैवमेव्यक्तिरियंहिवाणी ॥१८॥ एवंगदिःकर्मगतिर्विसर्गोघ्राणोरसोदृक्स्पर्शःश्रुतिश्च ॥ संकल्[illegible]भिमानःसूत्रंरजःसत्वतमोविकार ॥१९॥ अयंहिजीवस्त्रिवृदब्जयोनिरव्यक्तएकोवयसासआद्यः विश्लिष्टश[illegible]भातिबीजानियोनिंप्रतिपद्ययद्वत् ॥२०॥ यस्मिन्निदंप्रोतमशेषमोतंपटोयथातंतुवितानसंस्थः ॥ यएषसंसारतरुःपुराणःकर्मात्मकःपुष्पफलेप्रसूते ॥२१॥ द्वेअस्यबीजेशतमूलस्त्रिनालःपंचस्कंधःपंचरसप्रसूतिः ॥ दशैकशाखोद्विसुपर्णनीडस्त्रिवल्कलोद्विफलोऽर्कंप्रविष्टः ॥२२॥ अदंतिचैकंफलमस्यगृध्राग्रामेचराएकमरण्यवासाः ॥ हंसायएकंबहुरूपमिज्यैर्मायामयंवेदसवेदवेदं ॥२३॥ एवंगुरूपासनयैवभक्त्याविद्याकुठारेणशितेनधीरः ॥ विवृश्च्यजीवाशयमप्रमत्तःसंपद्यचात्मानमथत्यजास्त्रं ॥२४॥ इ० भा० म० ए० भ० [illegible] संवादेद्वादशोऽध्यायः ॥१२॥ श्रीभग० सत्त्वंरजस्[illegible]चात्मनः ॥ सत्त्वेनान्यतमौह[illegible]नचैवहि ॥१॥ सत्त्वाद्[illegible]भवेद्वृद्धात्पुंसोमद्भक्तिलक्षणः ॥ सात्विकोपासयासत्त्वंततोधर्मःप्रवर्तते ॥२॥ धर्मोरजस्तमोहन्यात्सत्ववृद्धिरनुत्तमः ॥ आशुनश्यतितन्मुलोह्यधर्मउभयेहते ॥३॥ आगमोऽपःप्रजादेशःकालःकर्मचज[illegible]च ॥ ध्यानंमंत्रोऽथसंस्कारोदशैतेगुणहेतवः ॥४॥ तत्तत्सात्वि

વિશે, આ જગત પણ; સંપૂર્ણ પણે ઓત પ્રોત થઇને, રહેલું છે; અને એ સંસાર રૂપી પુરાનું ઝાડ, (વિશ્વ) કર્મરૂપો રૂપી ફુલોને (એટલે પરલોક સંબંધી સુખ ભોગને,) અને સુખ દુખાદિક ફળોને, (એટલે આ લોકનાં સુખ ભોગાદિકને,) ઉત્પન્ન કરનારૂં છે. ॥૨૧॥ એ ઝાડને બે, (પાપ અને પુન્ય) બીજ છે; સેંકડો (વાસનાઓ) મૂળીઆં છે; ત્રણ (ગુણો) થડ છે; પાંચ (મહાભૂતો) મોટી ડાળો છે; પાંચ (શબ્દાદિક વિષયો) નામના રસો. તેમાંથી નીકળ્યા કરે છે; અગિયાર (મન સહિત ઇંદ્રિયો) તેની ડાળીઓ છે; બે પક્ષીઓ દેહાત્માઓએ (જીવ અને ઇશ્વરે) તેમાં માળા કરયા છે; તેને ત્રણ (વાત–પિત–અને કફ) છાલ છે; તે ઝાડને બે (સુખ અને દુખ), ફળો થાય છે; અને તે ઝાડ સૂર્યમંડળ સુધી વ્યાપીને, રહેલું છે. ॥૨૨॥ એ ઝાડના ફળોને, (સુખ દુખને,) ગ્રામ્ય વિષયોને ઇચ્છનારો, એક ગૃધ્ર પક્ષી (જીવ દેહાત્મા) ખાય છે; અને બીજો અરણ્યમાં વસનારો, (એટલે ગ્રામ્ય વિષયોને નહીં ઇચ્છનારો; હંસ પક્ષી (ઇશ્વર દેહાત્મા) તેનાં ફળોને માયા મય જાણે છે; તેથી પોતે તે ફળોને ખાતો નથી. પણ તે વડે, ઘણાં રૂપોવાળા (સર્વ વ્યાપક) આત્મ સ્વરૂપ ભગવાનનું પૂજન કરેછે; માટે એ તેનું સમજવુંજ, ખરૂં સમજવું છે. ॥૨૩॥ હે ઉદ્ધવ, આ પ્રકારના આત્મજ્ઞાન રૂપી; કોહાવાડાને, ગુરૂની ઉપાસના વાળી ભક્તિ વડે; ધારવાળો કરીને, ધીર પુરૂષ એવા તમે; આળસ રહિત થઇને, આત્માના બંધન રૂપ લિંગ શરીરને, છેદી નાંખો અને પછી પરમાત્માના સ્વરૂપને પામો; તથા એ અસ્ત્રને પણ, તે પછી નાંખી દ્યો. ॥૨૪॥ ઇ૦ ભા૦ અ૦ સ્કં૦ ભગવત્કથિત ગુહ્ય જ્ઞાન નામે. બારમો અધ્યાય સંપૂર્ણ. ॥૧૨॥

અધ્યાય ૧૩ મો.—શ્રી ભગવાન—સત્વ–રજ–અને તમ, એ ગુણો બુદ્ધિના એટલે પ્રકૃતિના છે, આત્માના નથી; એ સત્વ ગુણ વડે, બીજા ગુણોનો તમે નાશ કરો; અને અતિદયા આદિ સત્વ ગુણના ભાગનો પણ, ઉપશમ આદિ સત્વ ગુણના ભાગવડેજ; નાશ કરો. ॥૧॥ સાત્વિક પદાર્થોના સેવન થકી, સત્વ ગુણ વધે છે; અને તે વધવાથી, ધર્મની પ્રવૃત્તિ થાયછે; એટલે આ રીતે વધેલા સત્વ ગુણથી, પુરૂષને; મારી ભક્તિ રૂપ ધર્મની પ્રાપ્તિ થાય છે. ॥ ૨ ॥ અને સત્વ ગુણ વધવાથી, પ્રાપ્ત થયેલો તે ધર્મ, રજો ગુણ અને તમો ગુણનો નાશ કરે છે; અને તે બંનેનો નાશ થવાથી, તેમના થકી ઉત્પન્ન થનારા અધર્મો; તુર્તજ નાશ પામે છે. ॥૩॥ આગમ (શાસ્ત્ર)–જળ–લોકો–દેશ–કાળ–કર્મ–જન્મ–ધ્યાન–મંત્ર–અને સંસ્કાર–એ દશે વાનાં; ત્રણ ગુણો વાળાંજ છે. ॥૪॥ તેઓમાંનાં; જેને જેને વિદ્વાનોએ, વખાણેલાં છે;તે સાત્વિક છે; જેની નિંદા કરેલી

છે, તે તામસ છે; અને જેને માટે કાંઈ બોલ્યા નથી; તે રાજસ છે. ॥૫॥ સત્વ ગુણની વૃદ્ધિ થવા માટે, પુરૂષે એ સર્વે પાંનાં; સાત્વિકનુંજ સેવન કરવું જોઈએ; કેમકે તેમ કરવાથી, ધર્મની પ્રાપ્તિ થાય છે; અને તે થકી, આ જગત રૂપે દેખાતા, દ્વૈત પદાર્થાદિકનું દેખાવા પણું મટી જઈને; સર્વે વ્યાપક આત્મ સ્વરૂપનું દર્શન થવા રૂપ જ્ઞાન, પ્રાપ્ત થાય છે. ॥૬॥ વાંસના માંહો માંહે ઘસાવાથી ઉત્પન્ન થયેલો અગ્નિ, તે વાંસના આખા વનને બાળી નાંખીને; પછી પોતે પણ શમી જાય છે; તે રીતેજ, આ દેહવડે ઉત્પન્ન થયેલું તે જ્ઞાન, ગુણો થકી ઉત્પન્ન થનારા દેહને–ગુણોને–અને સર્વને બાળી નાંખીને; પછીથી પોતે પણ શમી જાય છેજ. ॥૭॥–ઉદ્ધવ–હે કૃષ્ણ, વિષયો ઘણું કરીને મનુષ્યોને દુઃખજ આપનારા છે, એમ જાણતા છતાં; મનુષ્યો તેમને, કુતરાં–ગધેડાં–અને બકરાંની પેઠે; વારંવાર કેમ ભોગવતા હશે. ॥ ૮ ॥–શ્રીભગવાન–પ્રમત્ત પુરૂષોને જ્યારે અહંકાર રૂપ અવિવેકની બુદ્ધિ થાય છે; ત્યારે તેમના હૃદયમાં, ભયંકર રજો ગુણ પ્રવેશ કરે છે; અને તે રજો ગુણથી તેમનું મન, વિકાર પામે છે. ॥૯॥ પછી તે સંકલ્પ કરનાર રજો ગુણવાળા મનથી, એ દુષ્ટ બુદ્ધિવાળા પુરૂષોને, વિષયાદિક ગુણોનું ધ્યાન થઈને; સહન ન થઈ શકે એવી કામનાઓ, ઉત્પન્ન થાય છે. ॥૧૦॥ એમ તે અજીતેંદ્રિય પુરૂષ, કર્મોને દુખ આપનાર જાણતા છતાં; રજોગુણના વેગથી મોહ પામીને, કામનાઓના વશમાં જવાથકીજ: કર્મો કરે છે. ॥૧૧॥ આ રીતેજ રજોગુણ અને તમોગુણથકી, વિદ્વાનોને પણ, બુદ્ધિનો વિક્ષેપ તો થાય છેજ; પણ તેઓ આળસ રહિત થઈને, વારંવાર મનને રોકવાથી; અને વિષયોને વિશે, દોષો હોવાનું; ફરી ફરીને જોવાથકી, તેઓને વિશે આસક્તિવાળા થતા નથી. ॥૧૨॥ અને આ રીતે, મનને જેઓ એકદમ રોકી ન શકે; તેવાઓએ તો વખતો વખત સાવધાનપણાથી, શ્વાસ તથા આસન જીત થઈને; મનને ધીમે ધીમે, મારા સ્વરૂપમાં લાવીને; છેવટે તેમાંજ અર્પણ કરી દેવું. (એટલે પાછું નીકળવા ન પામે, તે રીતે તેમાં રાખવું.) ॥૧૩॥ સર્વ દ્વૈત પદાર્થાદિક જગતનાં વિષયોમાંથી; મનને ખેંચી લઈને, સંપૂર્ણપણે મારા સ્વરૂપમાંજ, પેસાડી દેવું; તેનેજ મારા શિષ્ય સનકાદિકોએ " યોગ " એવું નામ આપેલું છે. ॥૧૪॥–ઉદ્ધવ–હે કેશવ, આપે એ યોગનો ઉપદેશ; સનકાદિકોને, ક્યારે, અને કેવા સ્વરૂપથી,

कर्मैवैषांयद्वृद्धाःप्रचक्षते ॥ निंदंतितामसंयत्तद्राजसंतदुपेक्षितं ॥५॥सात्त्विकान्येवसेवेतपुमान्सत्त्वविवृद्धये ॥ ततोधर्मस्ततोज्ञानंयावत्स्मृतिरपोहनं ॥६॥ वेणुसंघर्षजोवन्हिर्दग्ध्वाशाम्यतितद्वनं ॥ एवंगुणव्यत्ययजोदेहःशाम्यतितत्क्रियः ॥७॥ उद्धव०विदंतिमर्त्याःप्रायेणविषयान्पदमापदां ॥ तथाऽपिभुंजतेकृष्णतत्कथंश्वखराजवत् ॥८॥ श्रीभग०अहमित्यन्यथाबुद्धिःप्रमत्तस्ययथाहृदि ॥ उत्सर्पतिरजोघोरंततोवैकारिकंमनः ॥९॥ रजोयुक्तस्यमनसःसंकल्पःसविकल्पकः ॥ ततःकामोगुणध्यानाद्दुःसहःस्याद्धिदुर्मतेः ॥१०॥ करोतिकामवशगःकर्माण्यविजितेंद्रियः ॥ दुःखोदर्काणिसंपश्यन्रजोवेगविमोहितः ॥११॥ रजस्तमोभ्यांयदपिविद्वान्विक्षिप्तधीःपुनः ॥ अतंद्रितोमनोयुंजन्दोषदृष्टिर्नसज्जते ॥१२॥ अप्रमत्तोऽनुयुंजीतमनोमय्यर्पयन्शनैः ॥ अनिर्विण्णोयथाकालंजितश्वासोजितासनः ॥१३॥ एतावान्योगआदिष्टोमच्छिष्यैःसनकादिभिः ॥ सर्वतोमनआकृष्यमय्यद्धावेश्यतेयथा ॥१४॥ उद्धव०यदात्वंसनकादिभ्योयेनरूपेणकेशव ॥ योगमादिष्टवानेतद्रूपमिच्छामिवेदितुं ॥१५॥ श्रीभग०पुत्राहिरण्यगर्भस्यमानसाःसनकादयः ॥पप्रच्छुःपितरंसूक्ष्मांयोगस्यैकांतिकींगतिं ॥१६॥ सनकादय०गुणेष्वाविशतेचेतोगुणाश्चेतसिचप्रभो ॥ कथमन्योऽन्यसंत्यागोमुमुक्षोरतितितीर्षोः ॥१७॥ श्रीभग०एवंपृष्टोमहादेवःस्वयंभूर्भूतभावनः ॥ ध्यानमानःप्रश्नबीजंनाभ्यपद्यतकर्मधीः ॥१८॥समामाचिंतयद्देवःप्रश्नपारतितीर्षया॥ तस्याहंहंसरूपेणसकाशमगमंतदा॥१९॥ दृष्ट्वामांतउपव्रज्यकृत्वापादाभिवंदनं ॥ ब्रह्माणमग्रतःकृत्वापप्रच्छुःकोभवानिति॥२०॥ इत्यहंमुनिभिःपृष्टस्तत्त्वजिज्ञासुभिस्तदा ॥ यदवोचमहंतेभ्यस्तदुद्धवनिबोधमे ॥२१॥ वस्तुनोयद्यनानात्वमात्मनःप्रश्नईदृशः ॥ कथंघटेतवोविप्रावक्तुर्वामेकआश्रयः ॥२२॥ पंचात्मकेषुभूतेषुसमानेषुचवस्तुतः ॥ कोभवानितिवःप्रश्नोवाचारंभोह्यनर्थकः॥२३॥ मनसावचसादृष्ट्यागृह्यतेऽन्यैरपींद्रियैः ॥ अहमेवनमत्तोऽन्य

આપેલો છે: તે જાણવાને, હું ઇચ્છું છું. ॥૧૫॥–શ્રીભગવાન–હિરણ્યગર્ભ બ્રહ્માના મનથી ઉત્પન્ન થયેલા, પુત્રો સનકાદિકે; પોતાના પિતાને, યોગની સૂક્ષ્મ અને એકાંતિક ગતિ વિશે પૂછયું હતું કે. ॥ ૧૬ ॥–સનકાદિક–હે સમર્થ, ગુણો એટલે વિષયોને વિશે, ચિત્ત પ્રવેશ કરે છે; અને તે ગુણો ચિત્તને વિશે પ્રવેશ કરે છે; તો, એ વિષયાદિકનું ઉલંઘન કરવાને ઇચ્છનાર, અને મોક્ષની ઇચ્છાવાળાઓએ; તેઓનો એક બીજાથકી ત્યાગ, કેવી રીતે કરાવવો; એટલે વિષયો ચિત્તમાં પ્રવેશ ન કરે, તથા ચિત્ત વિષયો તરફ ન દોડે; એમ ક્યે પ્રકારે કરવું. ॥૧૭॥–શ્રીભગવાન–સર્વ પ્રાણી પદાર્થાદિકને સ્રજનારા, એ મોટા દેવ બ્રહ્માને; તેઓએ આ રીતે પૂછવાથી, તેમણે ઘણો વિચાર કરવા છતાં; પોતે કર્મો કરવાની બુદ્ધિવાળા, (એટલે રજોગુણની મુખ્યતાવાળા) હોવાથી; એ પ્રશ્ન ઉત્પન્ન થવાના કારણને, સમજી શક્યા નહીં. ॥૧૮॥ એટલે તે પ્રશ્નનો પાર પામવાની ઇચ્છાથી, તેમણે મારૂં ચિંતવન કર્યું; તેથી હું તુર્તજ હંસનું સ્વરૂપ ધારણ કરીને, તેઓની પાસે ગયો. ॥૧૯॥ ત્યારે મને દેખી, તેઓએ બ્રહ્માને આગળ કરી; પાસે આવી, મારા પગમાં પડીને; વંદન કરી, મને પૂછયું કે. "તમે કોણ છો." ॥૨૦॥ હે ઉદ્ધવ, તત્વજ્ઞાનની ઇચ્છાવાળા, એ મુનિઓએ; મને આ પ્રમાણે પૂછવાથી, મેં તેમને જે કહ્યું: તે, તમે મારાથકી, સાંભળો. ॥૨૧॥ " હે વિપ્રો જો વસ્તુતાએ આત્માને, અનેકપણું નથીજ; તો તમારો આ પ્રકારનો, પૂછનાર અને જવાબ આપનાર એને જુદા જણાવનારો પ્રશ્ન, તે બંને; હું એકજ આત્મ સ્વરૂપના, આશ્રય રૂપ હોવાથી; ઘટતો નથી. ॥૨૨॥ અને (બીજી રીતે શરીરના સંબંધથી તમે પૂછતા હો તો,) સઘળાં પ્રાણી આદિકનાં શરીરો, પાંચ મહાભૂતોનાંજ બનેલાં હોવાથી; તે સર્વે સમાન, એટલે એક સરખાંજ હોવાથી; પણ, " તમે કોણ " એવો તમારો પ્રશ્ન, ફક્ત બોલવા માત્ર; અને અર્થ રહિતજ ઠરે છે. ॥૨૩॥ માટે તમે, ઉતાવળાજ જાણો કે મનથી–વાણીથી–દૃષ્ટિથી –અને બીજી ઇંદ્રિયોથી પણ, જે જે જણવામાં આવે છે; તે તે સઘળા રૂપે, હું પોતેજ છું. અને મારા શિવાયનું, બીજું કાંઈ, છેજ નહીં. ॥૨૪॥ હે પુત્રો, ગુણો એટલે વિષયોને વિશે, જે ચિત્ત જાય છે; અને તે ચિત્તને વિશે, જે વિષયો પેસે છે; તે, એટલે ચિત્ત અને વિષયો બંને હું આત્મસ્વરૂપ ભગવાનનાં

પોતાનાંજ શરીર એટલે રૂપ છે. ॥ ૨૫ ॥ એટલા માટે, ચિત્તમાંથી ઉત્પન્ન થનારા ગુણો, અને ગુણોનું વારંવાર સેવન કરવાથકી, ગુણોને વિશે જનારૂં ચિત; એ બંને મારાં સ્વરૂપોને, તમે તજો. ॥ ૨૬ ॥ એટલે, ત્રણ ગુણોથકી થનારી બુદ્ધિની વૃત્તિઓ, જાગ્રત–સ્વપ્ન–અને શુશુપ્તિ, થકી વિલક્ષણ, ચોથી સાક્ષીપણાની અવસ્થાથકી, જેનો નિશ્ચય થાય છે, તેજ આત્મ સ્વરૂપ છે. અને તેને એ ગુણોની વૃત્તિઓથકીજ, સંસાર રૂપ બંધન થાય છે; માટે એ ચોથી સાક્ષીપણાની અવસ્થામાં રહેલા, આત્મ સ્વરૂપને વિશે; એ ગુણોને અને ચિત્તની વૃત્તિઓને, નાંખી દેઇને; તમે, આ સંસાર રૂપ બંધનનો, નાશ કરો. ॥ ૨૭–૨૮ ॥ વળી એ પુરૂષાર્થથકી પાડી નાંખનારૂં બંધન, દેહાત્માને અહંકાર વડેજ થાય છે; એટલા માટે, એ વાતને જાણનાર વિદ્વાન પુરૂષો, એ ચોથી અવસ્થાવાળા આત્મ સ્વરૂપને વિશેજ સ્થિર થાય છે; અને પછી સંસાર થવા સંબંધીની ચિંતાને, તેઓ તજે છે. ॥૨૯॥ જ્યાં સુધી પુરૂષને, દ્વૈત પદાર્થાદિક, સત્ મનાવા રૂપ અનેકપણાની બુદ્ધિ; પ્રત્યક્ષ–અનુમાન–ઇતિહાસ–અને શાસ્ત્ર; એ ચારે પ્રકારનાં પ્રમાણો રૂપ, યુક્તિઓથી નિર્વૃત ન થાય; ત્યાં સુધી તે સ્વપ્નને વિશે જાગરણ કરેલાના સરખો; આ જાગ્રત અવસ્થામાં પણ, સ્વપ્નનેજ જોનારો છે. ॥૩૦॥ એટલે આ અસત સ્વભાવવાળાં શરીરો–અને તેમના સંબંધમાં થયેલ ભેદ, ગતિઓ, અને હેતુઓ રૂપ, સઘળુંજ; સર્વ વ્યાપક આત્મ સ્વરૂપથકી, ભિન્ન નહીં છતાં; માત્ર સ્વપ્ન જણાવાની પેઠેજ તેને સતરૂપે; નોખું જાણવામાં આવે છે. ॥ ૩૧ ॥ ક્ષણિક સ્વભાવવાળા વિષયોને, જાગ્રત અવસ્થામાં જે સર્વ ઇંદ્રિયોથકી ભોગવે છે; પ્રથમ દીઠેલા સરખા વિષયોને, જે સ્વપ્ન અવસ્થામાં મનવડે ભોગવે છે; અને સર્વ વેપારને જે સુષુપ્તિ અવસ્થામાં બંધ કરે છે. એમ ત્રણે ગુણોની વૃત્તિઓ રૂપ. એ ત્રણે અવસ્થામાં; જે જોનાર; અને સ્મરણ રાખનાર, અન્વયવડે એકજ હોય છે; તેજ ઇંદ્રિયાદિકના ઇશ્વર આત્મા છે. ॥૩૨॥ એમ અનુમાનો તથા સત્પુરૂષોના ઉપદેશથકી; તત્વનો નિશ્ચય મારે વિશેજ (એટલે સર્વત્ર વ્યાપેલા માત્ર

दितिवुद्ध्यध्वमंजसा ॥२४॥ गुणेष्वाविशतेचेतोगुणाश्चेतसिचप्रजाः ॥ जीवस्यदेहउभयंगुणाश्चेतोमदात्मनः ॥२५॥ गुणेषुचाविशच्चित्त
मभीक्ष्णंगुणसेवया ॥ गुणाश्चचित्तप्रभवाःमद्रूपउभयंत्यजेत् ॥२६॥ जाग्रत्स्वप्नःसुषुप्तंचगुणतोबुद्धिवृत्तयः ॥ तासांविलक्षणोजीवःसाक्षि
त्वेनविनिश्चितः ॥२७॥ यर्हिसंसृतिबंधोऽयमात्मनोगुणवृत्तिदः ॥ मयितुर्येस्थितोजह्यात्त्यागस्तद्गुणचेतसां ॥२८॥ अहंकारकृतंबंधमात्म
नोर्थविपर्ययं ॥ विद्वान्निर्विद्यसंसारचिंतांतुर्येस्थितस्त्यजेत् ॥२९॥यावन्नानार्थधीःपुंसोननिवर्त्तेतयुक्तिभिः ॥ जागर्त्यपिस्वपन्नज्ञःस्वप्नेजाग
रणंयथा ॥३०॥ असत्त्वादात्मनोऽन्येषांभावानांतत्कृताभिदा ॥ गतयोहेतवश्चास्यमृषास्वप्नदृशोयथा ॥३१॥ योजागरेवहिरनुक्षणधर्मिणो
ऽर्थान्भुंक्तेसमस्तकरणैर्हृदितत्सदृक्षान् ॥ स्वप्नेसुषुप्तउपसंहरतेसएकःस्मृत्यन्वयात्त्रिगुणवृत्तिदृगिंद्रियेशः ॥३२॥ एवंविमृश्यगुणतोमनस
स्त्र्यवस्थामन्माययामयिकृताइतिनिश्चितार्थाः ॥ संछिद्यहार्दमनुमानसदुक्तितीक्ष्णज्ञानासिनाभजतमाऽखिलसंशयाधिं ॥३३॥ ईक्षेतवि
भ्रममिदंमनसोविलासंदृष्टंविनष्टमतिलोलमलातचक्रं॥विज्ञानमेकमुरुधेवविभातिमायास्वप्नस्त्रिधागुणविसर्गकृतोविकल्पः॥३४॥दृष्टिंततः
प्रतिनिवर्त्त्यनिवृत्ततृष्णस्तूष्णींभवेन्निजसुखानुभवोनिरीहः ॥ संदृश्यतेक्वचयदीदमवस्तुबुद्ध्यात्यक्तंभ्रमायनभवेत्स्मृतिरानिपातात् ॥३५॥
देहंचनश्वरमवस्थितमुत्थितंवासिद्धोनपश्यतियतोऽध्यगमत्स्वरूपं॥दैवादपेतमुतदैववशादुपेतंवासोयथापरिकृतंमदिरामदांधः॥३६॥देहोऽ
पिदैववशगःखलुकर्मयावत्स्वारंभकंप्रतिसमीक्षतएवसासुः॥तंसप्रपंचमधिरूढसमाधियोगःस्वाप्नंपुनर्नभजतेप्रतिबुद्धवस्तुः ॥३७॥ मयैतदु
क्तंवोविप्रागुह्यंयत्सांख्ययोगयोः ॥ जानीतमागतंयज्ञंयुष्मद्धर्मविवक्षया ॥३८॥ अहंयोगस्यसांख्यस्यसत्यस्यर्तस्यतेजसः ॥ परायणंद्विज
श्रेष्ठाःश्रियःकीर्तेर्दमस्यच ॥३९॥ मांभजंतिगुणाःसर्वेनिर्गुणंनिरपेक्षकं ॥ सुहृदंप्रियमात्मानंसाम्यासंगादयोगुणाः ॥४०॥ इतिमेछिन्न
संदेहामुनयःसनकादयः ॥ समाजयित्वापरयाभक्त्याऽगृणतसंस्तवैः ॥४१॥ तैरहंपूजितःसम्यक्संस्तुतःपरमर्षिभिः ॥ प्रत्येयायस्वकंधा

આત્મ સ્વરૂપ શિવાય, બીજું કાંઇજ સતરૂપે નથી; એ રીતે) કરવા રૂપ, જ્ઞાન રૂપી તરવારને તીક્ષ્ણ કરીને તેવડે; સર્વ સંશયો ઉત્પન્ન થવા રૂપ, દુખોના સ્થાનક અહંકારને; છેદી નાંખીને; અને મારી માયાના ગુણોથકી, મનની એ ત્રણે અવસ્થાઓ થયેલાનું, વિચારીને; તમે મનેજ ભજો. ॥૩૩॥ અને વિજ્ઞાન સ્વરૂપ હું એકલોજ, માયાના ગુણોથી કલ્પાયેલા ત્રણ પ્રકારના વિસર્ગ રૂપે થયેલાનું; ઉંબાડિયાના અજવાળાની પેઠે, દેખવામાં આવીને નાશ પામી જવાનું; અને મનથી ઉત્પન્ન થયેલ, એટલે સ્વપ્ન જણાવા સરખું; આ જગત રૂપે, ઘણા પ્રકારથી, દેખાતો થયેલાનું; તમે જાણો. ॥૩૪॥ તથા એ સઘળા દ્વૈત પદાર્થાદિકથી, નજરને પાછી વાળો; અને તૃષ્ણા રહિત, તથા આત્મ સ્વરૂપના અનુભવના સુખથી શાંત; તેમજ કામનાવાળાં કર્મો નહીં કરનારા, થાઓ. એટલે વસ્તુ રૂપે નહીં હોવાનું માનેલા, અને તજી દીધેલા; આ જગત રૂપ દ્વૈત પદાર્થાદિક ભ્રમનું દર્શન અથવા સ્મરણ; તમને દેહ પડી જતા સુધી કદી પણ, થશેજ નહીં. ॥૩૫॥ આ રીતે સ્વરૂપનું જ્ઞાન થયેલા સિદ્ધ પુરુષનો; આ નાશ પામી જનારો દેહ, બેઠેલો હોય–ઉભો હોય–દૈવ ગતિથી ત્યાંથી ચાલીને બીજે ઠેકાણે ગયો હોય–અથવા પાછો ત્યાંજ આવેલો હોય–તેની; મદિરાના મદથી આંધળા થયેલાએ, પેહેરેલાં લુગડાંની પેઠે; તેને, ખબરજ પડતી નથી. ॥ ૩૬ ॥ અને એ દૈવાધીન દેહ પણ, તેનાં પોતાનાં પ્રારબ્ધ કર્મો પૂરાં થઇ રેહેતા સુધીજ; ઇંદ્રિઓ અને પ્રાણ સહિત જીવી રહે છે. તથા એ દેહાદિક, દ્વૈત પદાર્થાદિક રૂપ સ્વપ્નને; એ તત્વને જાણનારો, અને સમાધિ પર્યંત યોગને પહોંચેલો સિદ્ધ પુરૂષ; ફરીવાર ભજતોજ નથી. ॥૩૭॥ હે બ્રાહ્મણો, મેં તમને આ રીતે સાંખ્ય અને યોગનું રહસ્ય કહી સંભળાવ્યું; અને હું યજ્ઞ પુરુષ ભગવાન પોતેજ, તમને ધર્મ શિખવવા માટે; આવેલાનું, તમે જાણો. ॥ ૩૮ ॥ હે શ્રેષ્ઠ બ્રાહ્મણો, યોગનું–સાંખ્યનું–સત્યનું–રૂતનું–તેજનું–લક્ષ્મીનું–કીર્તિનું–અને દમનું પણ–પરમ આશ્રય સ્થાન હુંજ છું. ॥૩૯॥ અને સમદૃષ્ટિ તથા અસંગ વિગેરે સર્વ ગુણો, રૂપે પણ હું; નિર્ગુણ–અપેક્ષા રહિત–સર્વેનો સુહૃદ–સર્વેનો પ્રિય–અને સર્વેનો આત્મા, પોતેજ છું; એમ જાણો.॥૪૦॥એ પ્રમાણે સંદેહ કાપી નાંખેલાં સનકાદિક મુનિઓએ; પછીથી પરમ ભક્તિ સહિત સ્તવનોવડે, મારી સ્તુતિ કરીને; મારો સત્કાર કર્યો.॥૪૧॥ અને

બ્રહ્મા સહિત એ મોટા ૠષિઓએ સ્તુતિ અને સંપૂર્ણ રીતે પૂજન કરેલો; હું, તેમના જોતાં જોતાંમાં, પોતાના સ્વધામને વિશે પાછો ગયો.॥૪૨॥ઇ૦ભા૦અ૦ ૨૬૦ હંસસ્વરૂપે સનકાદિકને કહેલું જ્ઞાન નામે તેરમો અ૦સં.॥૧૩॥

અધ્યાય ૧૪ મો—ઉદ્ધવ—હે કૃષ્ણ, કલ્યાણનાં સાધનો ઘણાં હોવાનું વેદવાદીઓ કહે છે; તો તે બધાંજ મુખ્ય છે; કે અમુકની ગેરહાજરીમાં, અમુક મુખ્ય ગણાય છે; અથવા એક બીજાથી ચઢતાં હોઇને, તેમાં કોઇ એકજ મુખ્ય છે; તે કહો; ॥૧॥ હે સ્વામી, જેણે સર્વના સંગને તજીને, આપના વિશેજ મનને પેસાડી દેવાનું થાય; એવો એક ભક્તિ યોગજ, બીજા કશાની અપેક્ષા નહીં રાખનાર હોવાનું; તો આપ કહી ગયા છોજ. ॥૨॥ —શ્રીભગવાન—જેમાં ધર્મ નામનું મારૂં સ્વરૂપ રહેલ છે, તે; કાળે કરીને પ્રલય થતાં નાશ પામી ગયેલી વેદ વાણી ફરીવાર બ્રહ્માએ તેમના પુત્રો મનુ અને પ્રજાપતિઓને, મેં પ્રથમ કહેલા પ્રમાણેનીજ કહી હતી; અને તે ભૃગુ આદિ પ્રજા પતિઓ વિગેરે થકી, સાત મોટા બ્રહ્મ ૠષિઓએ ગ્રહણ કરી હતી.॥૪॥ અને તેઓ થકી તેમના પુત્રો,—પિતૃઓ—દેવતાઓ—દાનવો—યક્ષો—મનુષ્યો—સિદ્ધો—ગંધર્વો—વિદ્યાધરો—ચારણો—કિંદેવ—કિન્નર—નાગ—રાક્ષસ—અને કિંપુરૂષ આદિ લેઇને; સત્વગુણી, રજો ગુણી, અને તમો ગુણી પ્રકૃતિવાળા સર્વેને; તે વેદવાણી લોકને વિશે, પ્રાપ્ત થયેલી છે.॥૫-૬॥ તેથી એ ઘણા પ્રકારના અર્થને સુચવનારી, વેદ વાણીનો અર્થ; પોત પોતાની મતિ પ્રમાણે. અને પોત પોતાની પ્રકૃતિ મુજબ; સર્વે જણા, જુદો જુદો કરવા લાગેલા છે. ॥૭॥ એ પ્રમાણે પ્રકૃતિની વિચિત્રતાથી, માણસોની બુદ્ધિ ભેદ પામતી જઇને; કાળે કરીને; પરંપરાથી, કેટલાએકોની બુદ્ધિ, અવળે માર્ગે પાખંડ મતમાં પ્રવર્તે છે. ॥૮॥ અને એટલા માટેજ, હે ઉદ્ધવ, મારી માયાથી મોહ પામેલી, બુદ્ધિવાળા એ પુરુષો; પોત પોતાના પ્રારબ્ધકર્મવડે થતી, રૂચી મુજબ; કલ્યાણનાં સાધનો, અનેક હોવાનું; બતાવે છે. ॥૯॥ કોઈ લોકો (મિમાંસકો) ધર્મને—બીજા (સાહિત્યવાળા)ઓ યશને—(વાત્સાયનાદિક) કામને—(યોગ શાસ્ત્રવાળા) સત્ય, દમ, અને શમને—(રાજનીતિવાળા) ઐશ્વર્યને—તથા બીજાઓ,

मपश्यतःपरमेष्ठिनः ॥४२॥ इतिश्रीभागवतेमहापुराणेएकादशस्कंधेहंसोक्तज्ञाननामेत्रयोदशोध्यायः ॥१३॥
उद्धव०वदंतिकृष्णश्रेयांसिबहूनिब्रह्मवादिनः ॥ तेषांविकल्पप्राधान्यमुताहोएकमुख्यता ॥१॥ भवतोदाहृतःस्वामिन्भक्तियोगोऽनपेक्षितः॥
निरस्यसर्वतःसंगंयेनत्वय्याविशेन्मनः ॥२॥ श्रीभग०कालेननष्टाप्रलयेवाणीयंवेदसंज्ञिता॥मयादौब्रह्मणेप्रोक्ताधर्मोयस्यांमदात्मकः॥३॥
तेनप्रोक्ताचपुत्रायमनवेपूर्वजायसा ॥ ततोभृग्वादयोऽगृण्हन्सप्तब्रह्ममहर्षयः॥४॥ तेभ्यःपितृभ्यस्तत्पुत्रादेवदानवगुह्यकाः मनुष्याःसिद्ध
गंधर्वाःसविद्याधरचारणाः॥५॥ किंदेवाःकिन्नरानागारक्षःकिंपुरुषादयः॥ बह्वयस्तेषांप्रकृतयोरजःसत्वतमोभुवः॥६॥ याभिर्भूतानिभिद्यंतेभू
तानांमतयस्तथा॥ यथाप्रकृतिसर्वेषांचित्रावाचःस्रवंतिहि ॥७॥ एवंप्रकृतिवैचित्र्याद्भिद्यंतेमतयोनृणां॥ पारंपर्येणकेषांचित्पाखंडमतयोप
रे॥८॥ मन्मायामोहितधियःपुरुषाःपुरुषर्षभ॥ श्रेयोवदंत्यनेकांतंयथाकर्मयथारुचि॥९॥ धर्ममेकेयशश्चान्येकामंसत्यंदमंशमं॥अन्येवदंति
स्वार्थंवाऐश्वर्यंत्यागभोजनं॥ केचिद्यज्ञतपोदानंव्रतानिनियमान्यमान्॥१०॥ आद्यंतवंतएवैषांलोकाःकर्मविनिर्मिताः॥ दुःखोदर्कास्तमोनि
ष्ठाःक्षुद्रानंदाःशुचार्पिताः॥११॥ मय्यर्पितात्मनःसभ्यनिरपेक्षस्यसर्वतः॥ मयात्मनासुखंयत्तत्कुतःस्याद्विषयात्मनां ॥१२॥ अकिंचनस्य
दांतस्यशांतस्यसमचेतसः॥मयासंतुष्टमनसःसर्वाःसुखमयादिशः॥१३॥ नपारमेष्ठ्यंनमहेंद्रधिष्ण्यंनसार्वभौमंनरसाधिपत्यं॥नयोगसिद्धीर
पुनर्भवंवामय्यर्पितात्मेच्छतिमद्विनाऽन्यत्॥१४॥ नतथामेप्रियतमआत्मयोनिर्नशंकरः ॥ नचसंकर्षणोनश्रीर्नैवात्माचयथाभवान् ॥१५॥
निरपेक्षंमुनिंशांतंनिर्वैरंसमदर्शनं ॥ अनुव्रजाम्यहंनित्यंपूयेयेत्यंघ्रिरेणुभिः॥१६॥ निष्किंचनामय्यनुरक्तचेतसःशांतामहांतोऽखिलजीवव
त्सलाः॥ कामैरनालब्धधियोजुषंतियत्तन्नैरपेक्ष्यंनविदुःसुखंमम॥१७॥ बाध्यमानोऽपिमद्भक्तोविषयैरजितेंद्रियः॥ प्रायःप्रगल्भयाभक्त्यावि
षयैर्नाभिभूयते॥१८॥ यथाऽग्निःसुसमृद्धार्चिःकरोत्येधांसिभस्मसात्॥ तथामद्विषयाभक्तिरुद्धवैनांसिकृत्स्नशः ॥१९॥ नसाधयतिमांयोगो

સ્વજનાદિકના ત્યાગને—દાનને—યજ્ઞને—તપને—વ્રતને—નિયમોને—અને યમોને પણ—પુરૂષાર્થ આપનાર, એટલે કલ્યાણનાં સાધનોરૂપ હોવાનું; કહે છે. ॥૧૦॥ પણ એ સઘળાંઓ થકી, મળવાના સ્વર્ગાદિક લોક; આદિ અંતવાળા—કર્મો-વડે ઉત્પન્ન થયેલા—દુઃખોને ઉત્પન્ન કરનારા—મોહ ઉપજાવનારા—અલ્પ આનંદવાળા—અને શોક આપનારાજ; છે. ॥૧૧॥ તેથી હે સભ્ય, સર્વમાંથી અપેક્ષા રહિત થઇને, મારામાંજ મન રાખેલા પુરૂષોને; મારા આત્મ સ્વરૂપ થકી, જે સુખ મળે છે; તેવું સુખ, એ વિષયાદિકમાં બુદ્ધિવાળાઓને ક્યાંથીજ મળે ॥૧૨॥ વળી અકિંચન—ડહાપણવાળા—જીતેંદ્રિય—શાંત—સમ દૃષ્ટિવાળા—અને મારે વિશે મન રાખવાવડેજ સંતોષ પામેલા પુરુષોને તો, સર્વે દિશાઓ સુખમયજ હોય છે. ॥૧૩॥ તેમજ એ મારે વિશે મન રાખેલા પુરૂષો, બ્રહ્માના પદને—ઇંદ્રના ઇંદ્રાસનને—ચક્રાવર્તી રાજ્યને—પાતાળના રાજ્યને—યોગની સિદ્ધિઓને—જન્મ મરણ મટવાને—તથા મારા શિવાય બીજા કશાને પણ; ઇચ્છતાજ નથી. ॥૧૪॥ અને મને પણ, જેવા તમે અતિ પ્રિય છો, તેવા બ્રહ્મા અને સદાશિવ પણ પ્રિય નથી; તેમજ મને સંકર્ષણ—લક્ષ્મીજી—અને મારો પોતાનો દેહ પણ; તેવો પ્રિય નથીજ. ॥૧૫॥ કેમકે તે, અપેક્ષા વિનાના—મૌન વ્રતવાળા—શાંત—વૈર રહિત—અને સમદૃષ્ટિવાળા (તમ સરખા) પુરુષોની પાછળ પાછળ, તેના ચરણની રજથી પવિત્ર થવા માટે; હું, હમેશાંજ ચાલ્યા કરૂંછું. ॥૧૬॥ અને તે અકિંચન—મારામાં લાગેલા મનવાળા—શાંત—મહાત્મા—સર્વ પ્રાણી ઉપર પ્રિતિવાળા—અને કામનાઓ થકી બુદ્ધિ નહીં બગડતાં, અપેક્ષા રહિત થયેલા, સત્પુરૂષો પણ; મારા સ્વરૂપ શિવાય બીજા કશાને, સુખરૂપ જાણતાજ નથી. ॥૧૭॥ અને જે મારી ભક્તિ કરનારા હોવા છતાં, જીતેંદ્રિય નથી હોતા; તેવાઓને તો, વિષયાદિક થકી બાધ થાય છે ખરો; પણ વિશેષે કરીને, મારી ભક્તિના પ્રભાવથીજ, તેમને; તે વિષયો, પરાભવ પમાડી શકતા નથી. ॥૧૮॥ હે ઉદ્ધવ, મોટી જ્વાળાઓવાળો અગ્નિ; લાકડાંના મોટા ઢગલાને બાળીને, રાખોડી કરી નાંખવાની પેઠે, મારે વિશેની ભક્તિ; તેઓનાં સઘળાં પાપોને. બાળી નાંખે છે. ॥૧૯॥ અને એ મારે વિશેની, વૃદ્ધિ પામેલી ભક્તિ થકી; હું જેવો, વશ થાઉંછું; તેવો, સાંખ્યથી—ધર્મથી—સ્વાધ્યાયથી—તપથી—અને ત્યાગથી પણ; વશ થતો નથીજ. ॥૨૦॥ હું શ્રદ્ધાવાળા સત્પુરૂષોનો પ્રિય અને આત્મા: ફક્ત

એક ભક્તિ થકીજ, વશ થઈ શકુંછું; અને જન્મવડે થયેલો ચંડાળ પણ, એવી મારે વિશે કરેલી ભક્તિ થકી; પવિત્ર થઇ જાય છે.॥૨૧॥ પણ સત્ય અને દયા સહિત આચરેલો ધર્મ, અને તપવડે મેળવેલું જ્ઞાન; એ વિગેરે કર્યુંએ, મારી ભક્તિ વિનાના મનુષ્યોને; સંપૂર્ણ પણે પવિત્ર કરવાને, સમર્થ થતાં નથીજ.॥૨૨॥ વળી રુવાડાં ઉભાં થાય-મન પિગળી જાય-અને આનંદનાં આંસુ આવે-એવી ભક્તિ પ્રાપ્ત થયાવિના, અંતઃકરણ તે કેવી રીતે શુદ્ધ થાય. ?॥૨૩॥ તથા ગદ ગદ વાણી બોલનારો-પિગળેલા મનવાળો-અને કોઇવાર રુવે, હસે, ગાય, અને નાચે, એમ વારંવાર લાજ તજીને કરનારો; મારી ભક્તિવાળો પુરુષ તો, લોક માત્રને પવિત્ર કરે છે. ॥૨૪॥ અને અગ્નિના તાપથી મેલ તજેલું સોનું, પોતાના ખરા સ્વરૂપને પામે છે; તે રીતેજ મારો ભક્તિ યોગ કરનારા પુરુષની, કર્મ વાસનાઓ તો બળી જઇને; તે મારા આત્મ સ્વરૂપનેજ પામે છે. ॥ ૨૫ ॥ મન જેમ જેમ, મારી પવિત્ર કથાઓના શ્રવણ અને કીર્તન થકી, શુદ્ધ થતું જાય છે; તેમ તેમ, આંખમાં અંજન આંજેલાની પેઠે, સૂક્ષ્મ વસ્તુરૂપ આત્મ સ્વરૂપને; તે જોતું જાય છે. ॥ ૨૬ ॥ અને એજ મન જેમ વિષયોનું ધ્યાન કરવા થકી વિષયોમાં આસક્ત થતું જાય છે, તેમ મારું ધ્યાન કરવા થકી મારે વિશે પણ તલ્લીન બની જાય છે. ॥૨૭ ॥ એટલા માટે તમે, અસત્ અને સ્વપ્નના મનોર્થ સરખા, વિષયાદિકનો ત્યાગ કરીને; મારે વિશેની પ્રીતિ થકી, પવિત્ર થયેલા મનને; મારામાંજ સ્થાપો.॥૨૮॥ અને બુદ્ધિમાન એવા તમે, સ્ત્રીઓના તથા સ્ત્રી સંગીઓના સંગને; દુરથીજ તજીને, અડચણો વિનાના એકાંત સ્થાનમાં બેસી; આળસ રહિત થઇને, મારુંજ ધ્યાન કરો. ॥૨૯॥ કેમકે પુરુષોને, જેવું બંધન અને કલેશો; સ્ત્રીઓના અને સ્ત્રી સંગીઓના સંગથકી થાય છે, તેવું બીજા કશાથી પણ થતું નથી. ॥૩૦॥ -ઉદ્ધવ-હે કમળનેત્ર ભગવાન, આપના,

नसांख्यंधर्मउद्धव ॥ नस्वाध्यायस्तपस्त्यागोयथाभक्तिर्ममोर्जिता ॥२०॥ भक्त्याहमेकयाग्राह्यःश्रद्धयात्माप्रियःसतां ॥ भक्तिःपुनातिमन्नि ष्ठाश्वपाकानपिसंभवात् ॥२१॥ धर्मःसत्यदयोपेतोविद्यावातपसान्विता॥ मद्भक्त्यापेतमात्मानंनसम्यक्प्रपुनातिहि॥२२॥कथंविनारोमहर्षं द्रवताचेतसाविना॥ विनानंदाश्रुकलयाशुध्येद्भक्त्याविनाशयः॥२३॥ वाग्गद्गदाद्रवतेयस्यचित्तंरुदत्यभीक्ष्णंहसतिक्वचिच्च॥ विलज्जउद्गाय तिनृत्यतेचमद्भक्तियुक्तोभुवनंपुनाति ॥२४॥ यथाऽग्निनाहेममलंजहातिध्मातंपुनःस्वंभजतेस्वरूपं॥ आत्माचकर्मानुशयंविधूयमद्भक्तियोगे नभजत्यथोमाम् ॥२५॥यथायथात्मापरिमृज्यतेऽसौमत्पुण्यगाथाश्रवणाभिधानैः॥ तथातथापश्यतिवस्तुसूक्ष्मंचक्षुर्यथैवांजनसंप्रयुक्तं २६ विषयान्ध्यायतश्चित्तंविषयेषुविषज्जते ॥ मामनुस्मरतश्चित्तंमय्येवप्रविलीयते ॥२७॥ तस्मादसदभिध्यानंयथास्वप्नमनोरथं ॥ हित्वामयिस माधत्स्वमनोमद्भावभावितं ॥२८॥ स्त्रीणांस्त्रीसंगिनांसंगंत्यक्त्वादूरतआत्मवान् ॥ क्षेमेविविक्तआसीनश्चिंतयेन्मामतंद्रितः ॥२९॥ नतथाऽ स्यभवेत्क्लेशोबंधश्चान्यप्रसंगतः॥ योषित्संगाद्यथापुंसोयथातत्संगिसंगतः॥३०॥ उद्धव०यथात्वामरविंदाक्षयादृशंवायदात्मकं ॥ ध्यायेन्मु मुक्षुरेतन्मेध्यानंमेवक्तुमर्हसि॥३१॥ श्रीभग०समआसनआसीनःसमकायोयथासुखं॥ हस्तावुत्संगआधायस्वनासाऽग्रकृतेक्षणः॥३२॥ प्रा णस्यशोधयेन्मार्गंपूरकुंभकरेचकैः॥ विपर्ययेणापिशनैरभ्यसेन्निर्जितेंद्रियः ॥३३॥ हृद्यविच्छिन्नमोंकारंघंटानादंबिसोर्णवत् ॥ प्राणेनोदीर्य तत्राथपुनःसंवेशयेत्स्वरं ॥३४॥ एवंप्रणवसंयुक्तंप्राणमेवसमभ्यसेत्॥ दशकृत्वस्त्रिषवणंमासादर्वाग्जितानिलः ॥३५॥ हृत्पुंडरीकमंतस्थमू र्ध्वनालमधोमुखं ॥ ध्यात्वोर्ध्वमुखमुन्निद्रमष्टपत्रंसकर्णिकं ॥३६॥ कर्णिकायांन्यसेत्सूर्यसोमाग्नीनुत्तरोत्तरं ॥ वन्हिमध्येस्मरेद्रूपंममैतद्ध्यान मंगलं ॥३७॥ समंप्रशांतंसुमुखंदीर्घचारुचतुर्भुजं ॥ सुचारुसुंदरग्रीवंसुकपोलंशुचिस्मितं ॥३८॥ समानकर्णविन्यस्तस्फुरन्मकरकुंडलं ॥ हेमांबरंघनश्यामंश्रीवत्सश्रीनिकेतनं ॥३९॥ शंखचक्रगदापद्मवनमालाविभूषितं ॥ नूपुरैर्विलसत्पादंकौस्तुभप्रभयायुतं ॥४०॥ द्युम त्किरीटकटककटिसूत्रांगदायुतं ॥ सर्वांगसुंदरंहृद्यंप्रसादसुमुखेक्षणं ॥४१॥ सुकुमारमभिध्यायेत्सर्वांगेषुमनोदधत् ॥ इंद्रियाणींद्रियार्थे

કેવા સ્વરૂપનું-કેવી રીતે-અને કેના સરખું ધ્યાન-મુમુક્ષુ લોકો કરે છે; તે મને કહેવાને આપ યોગ્ય છો. ॥૩૧॥-શ્રી-ભગવાન-સરખા આસન ઉપર બેસીને; અને જે રીતે સુખથી બેસાય, એમ શરીરને સમાન રાખીને; બેઉ હાથ ખોળામાં મુકી, નજર પોતાના નાકની અણી સામી રાખવી. ॥૩૨॥ અને પૂરક-કુંભક-તથા રેચકના ક્રમથી, અથવા એથી ઉલટા ક્રમથી; પ્રાણવાયુના માર્ગનું શોધન કરતાં, જીતેંદ્રિય થઇને; ધીમે ધીમે મારું ધ્યાન કરવાનો, અભ્યાસ કરવો. ॥૩૩॥ કમળના નાળમાં રહેલ, ઝીણા તંતુ સરખો; અને ઘંટડીના જેવા અવાજ વાળો, અવિચ્છિન્ન ઓંકારનો નાદ, હૃદયને વિશે રહેલો છે; તે સ્વરને પ્રાણવાયુની સાથે, ઉપર તાળવા પર્યંત ચઢાવીને; અને ત્યાંથી પાછો નીચે, ગુદા પર્યંત ઉતારીને; ફરીથી હૃદયને વિશે લાવીને, ત્યાં સ્થાપન કરવો. ॥૩૪॥ એ રીતે હરરોજ સવાર-સાંજ-અને મધ્યાન-ત્રણે કાળ; દશદશવાર ઓંકર સહિત, પ્રાણ વાયુનો અભ્યાસ, (પ્રાણાયામ) કરવાથી; પુરુષ એક મહિને, પ્રાણવાયુને જીતે છે. ॥૩૫ ॥ (એ રીતે ધ્યાન કરવાની રીતિ કહીને, હવે ધ્યાન કરવાનું સ્વરૂપ બતાવે છે.) હૃદયની અંદર રહેલા, ઉપર નાળ અને નીચે મુખવાળા કમળનું; તે, ઉપર મુખ ઉઘડીને, આઠ પાંદડાં તથા વચેની દોડી સહિત હોય; એમ ચિંતવન કરવું. ॥૩૬॥ અને તે વચેની દોડીમાં, પ્રથમ સૂર્ય-તેના ઉપરને ભાગે ચંદ્રમા-અને તેનાથી ઉપરના ભાગમાં અગ્નિનું-સ્થાપન કરવું. અને તે અગ્નિની વચમાં, મારા નીચે પ્રમાણેના મંગળકારી સ્વરૂપને, સ્થાપન કરીને; તેનું ધ્યાન કરવું. ॥૩૭॥ યોગ્ય અવયવો વાળું-અતિ શાંત-સારા મુખવાળું-લાંબા અને શોભતા ચાર હાથવાળું-સારા રૂપવાળું-શુંદર ગળું, ગાલ, અને હસવાવાળું-॥૩૮॥ સરખાં અને ચળકતાં મકરાકૃતિ કુંડળોવાળું-સોના જેવાં પીળાં વસ્ત્રો પેહેરેલું-વરસાદ જેવું શ્યામ-અને શ્રીવત્સ તથા લક્ષ્મીના સ્થાનરૂપ-॥ ૩૯ ॥ શંખ, ચક્ર, ગદા, અને વનમાળા ધારણ કરેલું-પગમાં શોભતાં ઝાંઝરોવાળું-કૈસ્તુભમણિથી પ્રકાશતું-॥૪૦॥ ચળકતો મુગટ, કડાં, કંદોરો, અને બીજાં ઘરેણાંથી શણગારેલું-સર્વ અંગોથી શુંદર-મનને આનંદ પમાડનારું-અને પ્રસન્ન મુખ તથા આંખો-

વડે શોભતું—॥૪૧॥ એવા મારા સુકુમાર સ્વરૂપનું, સર્વ અંગોને વિશે મન લગાડીને; ધ્યાન કરવું; એમ ધીર પુરૂષે બુદ્ધિની સહાયતાથી, ઇંદ્રિયાદિકને ઇંદ્રિયોના વિષયો થકી, તથા મનને સર્વ થકી; આકર્ષણ કરીને, એટલે પાછાં વાળીને; તેવા મનને મારે વિશે, સ્થાપન કરવું. ॥૪૨॥ પછી એ મારાં સર્વ અંગોમાં સ્થાપન થયેલા તે મનને, ત્યાંથી ખેંચી લેઇને; મારા સારી રીતે હસતા અને પ્રસન્નતાવાળા મુખમાં; એકત્રપણે, ધારણ કરીને; બીજા અંગોના ધ્યાનને, છોડી દેવું. ॥ ૪૩ ॥ એ રીને તે સ્થાનમાં મન સ્થીર થયા પછી તેને, ત્યાંથી પણ કાઢી લેઇને; આકાશ સરખા, મારા આત્મ સ્વરૂપ નિરાકાર તત્વમાં તેને ધારણ કરવું; અને પછીથી એ સ્વરૂપનો પણ, ત્યાગ કરીને; મારા વિશેજ, સ્થાપન થઇ; કશાનું પણ, ચિંતવન કરવું નહીં. ॥ ૪૪ ॥ એરીતે એકાગ્ર બુદ્ધિ થયેલો તે પોતેજ, જ્યોતિમાં જ્યોતિ મળી ગયેલાની પેઠે; પોતાને વિશે મને જુએ છે. અને મારા વિશે, સર્વ પ્રાણી આદિકને; જુએ છે. ॥૪૫॥ આ રીતે સારૂં તીવ્રધ્યાન કરનારા, યોગીના મનમાં રહેલો; દ્રવ્ય—જ્ઞાન—અને ક્રિયારૂપી ભ્રમ, નાશ પામીને; (એટલે પદાર્થાદિક દ્રવ્યો, તથા જ્ઞાનેંદ્રિયોવડે જ્ઞાનથવું તે, અને કર્મેંદ્રિયોવડે ક્રિયાઓ થવી, તે: એ સર્વ ભ્રમ રૂપ દેખાવાનું, મિથ્યા હોવાનુંજ સમજાઇને;) તે યોગી તત્કાળજ; મારા નિર્વાણ પદને પામે છે. ॥ ૪૬ ॥ ઇતિશ્રી ભા૦ એ૦ સ્કં૦ કલ્યાણનાં સાધન અને ધ્યાન કરવાનું સ્વરૂપ નામે ચૌદમો અધ્યાય સંપૂર્ણ ॥૧૪॥

અધ્યાય. ૧૫ મો—શ્રીશુક—એ રીતે મારે વિશે મન રાખનારા, અને ઇંદ્રિયો, મન તથા શ્વાસને, જીતનારા; યોગીની પાસે, સિદ્ધિઓ પોતાની મેળેજ, આવીને ઉભી રહે છે. ॥ ૧ ॥—**ઉદ્ધવ**—હે અચ્યુત, સિદ્ધિઓ કેટલા પ્રકારની છે; અને કયા કયા પ્રકારની ધારણાઓવડે, કઇ કઇ સિદ્ધિઓ, યોગીઓની પાસે આવીને ખડી થાય છે; તે સર્વે સિદ્ધિઓને આપનારા આપ, ભગવાન; મને કહો. ॥૨॥—**શ્રીભગવાન**—યોગની ધારણાઓથી પ્રાપ્ત થનારી, અઢાર સિદ્ધિઓ કહેલ છે; તેમાંની આઠ તો વિશેષ કરીને, મારાસ્વરૂપ સાથે સંબંધ રાખનારી છે: અને બાકીની દશ, ગુણોના હેતુ રૂપ; એટલે સત્વના પ્રમાણમાં, બીજા યોગીઓને પ્રાપ્ત થઇ શકે; એવી છે. ॥૩॥ "અણિમા"—"મહીમા"—અને—"લધિમા"—એ ત્રણ શરીર, નાહનું—મોટું

भ्योमनसाकृष्यतन्मनः ॥ बुद्ध्यासारथिनाधीरःप्रणयेन्मयिसर्वतः॥४२॥ तत्सर्वव्यापकंचित्तमाकृष्यैकत्रधारयेत् ॥ नान्यानिचिंतयेद्भूयःसुस्मितंभावयेन्मुखं ॥४३॥ तत्रलब्धपदंचित्तमाकृष्यव्योम्निधारयेत्॥तच्चत्यक्त्वामदारोहोनकिंचिदपिचिंतयेत् ॥४४॥ एवंसमाहितमतिर्मामेवात्मानमात्मनि ॥ विचष्टेमयिसर्वात्मन्ज्योतिर्ज्योतिषिसंयुतं ॥४५॥ ध्यानेनेत्थंसुतीव्रेणयुंजतोयोगिनोमनः ॥ संयास्यत्याशुनिर्वाणंद्रव्यज्ञानक्रियाभ्रमः ॥४६॥ इ०भा०म०ए०भगवदुद्धवसंवादेचतुर्दशोध्यायः ॥१४॥ श्रीभग०जितेंद्रियस्ययुक्तस्यजितश्वासस्ययोगिनः॥ मयिधारयतश्चेतउपतिष्ठंतिसिद्धयः ॥१॥ उद्धव०कयाधारणयाकास्वित्कथंवासिद्धिरच्युत॥कतिवासिद्धयोब्रूहियोगिनांसिद्धिदोभवान् ॥२॥ श्रीभग०सिद्धयोऽष्टादशप्रोक्ताधारणायोगपारगैः ॥ तासामष्टौमत्प्रधानादशैवगुणहेतवः॥३॥ अणिमामहिमामूर्तेर्लघिमाप्राप्तिरिंद्रियैः ॥ प्राकाश्यंश्रुतदृष्टेषुशक्तिप्रेरणमीशिता ॥४॥ गुणेष्वसंगोवशितायत्कामस्तदवस्यति ॥ एतामेसिद्धयःसौम्यअष्टावौत्पत्तिकामताः ॥५॥ अनूर्मिमत्त्वंदेहेऽस्मिन्दूरश्रवणदर्शनं ॥ मनोजवःकामरूपंपरकायप्रवेशनं ॥६॥ स्वच्छंदमृत्युर्देवानांसहक्रीडानुदर्शनं ॥ यथासंकल्पसंसिद्धिराज्ञाऽप्रतिहतागतिः ॥७॥ त्रिकालज्ञत्वमद्वंद्वंपरचित्ताद्यभिज्ञता ॥ अग्न्यर्कांबुविषादीनांप्रतिष्टंभोऽपराजयः॥८॥ एताश्चोद्देशतःप्रोक्तायोगधारणसिद्धयः ॥ ययाधारणयायास्याद्यथावास्यान्निबोधमे ॥९॥ भूतसूक्ष्मात्मनिमयितन्मात्रंधारयेन्मनः॥ अणिमानमवाप्नोतितन्मात्रोपासकोमम ॥१०॥ महत्यात्मन्मयिपरेयथासंस्थंमनोदधत्॥ महिमानमवाप्नोतिभूतानांचपृथक्पृथक् ॥११॥ परमाणुमयेचित्तंभूतानांमयिरंजयन्॥ कालसूक्ष्मार्थतांयोगीलघिमानमवाप्नुयात्॥१२॥ धारयन्मय्यहंतत्त्वेमनोवैकारिकेऽखिलं ॥ सर्वेंद्रियाणामात्मत्वंप्राप्तिंप्राप्नोतिमन्मनाः ॥१३॥ महत्यात्मनियःसूत्रेधारयेन्मयिमानसं ॥प्राकाश्यंपारमेष्ठ्यंमेविंदतेव्यक्तजन्मनः ॥१४॥ विष्णौत्र्यधीश्वरेचित्तं

અને હલકું—કરી નાખવા સંબંધીની છે;—"પ્રાપ્તિ"—એ સર્વની ઇંદ્રિયોનો સંબંધ કરવાની છે;—પ્રાકાશ્ય એ પરલોક તથા આ લોકના ભોગ ભોગવવાનું સામર્થ્ય છે; "ઇશીતા"—એ, શક્તિની પ્રેરણા કરવાનું સામર્થ્ય છે; ॥ ૪ ॥ " વસિતા "એ સર્વ ગુણોનો અસંગ છે. અને " પ્રાકામ્ય "—એ ઇચ્છિત પ્રકારના સુખની સંપૂર્ણતા ને પામવાનુંછે: હે ઉદ્ધવ, એ આઠ સિદ્ધિઓ; મારા સ્વરૂપની પ્રાપ્તિની સાથેજ, પ્રાપ્ત થનારી મારી સિદ્ધિઓ છે. ॥૫॥—"અનુર્મીમત્વં"—એ દેહની ભૂખ તરસાદિક ઉર્મીઓનો જય કરવાનીછે: "દૂર શ્રવણ" (એટલે દૂર થતી વાત સાંભળવી.)—"દૂરદર્શન" (એટલે દુર થતી ક્રિયાઓ આદિને જોવું.)—"મનોજવ",—(એટલે મન સરખા વેગથી શરીર વડે પહોંચી જવું.)—"કામ રૂપ"—(એટલે ઇચ્છિત સ્વરૂપ લેવું.)—"પરકાય પ્રવેશ"—(એટલે બીજા શરીરમાં પ્રવેશ કરવો.)—"સ્વચ્છંદ મૃત્યું" (એટલે પોતાની ઇચ્છા થાય ત્યારેજ દેહનો ત્યાગ કરવો.)—" દેવાનુ સહક્રિડા"—(એટલે દેવતાઓ અને અપ્સરાઓ સાથે ક્રિડા કરવાની શક્તિ મળવી)—"સંકલ્પ સિદ્ધિ" (એટલે મનમાં ધારેલ સંકલ્પ સિદ્ધ થવાની શક્તિ) " અપતિ હતાજ્ઞા"—(એટલે આજ્ઞાનો ભંગ નથવો.)—॥૬—૭॥ "ત્રિકાળ જ્ઞત" (એટલે થયલું—થવાનું—અને હાલ થતું સર્વ જાણવું)—"અદ્વંદ્વ" (સુખ દુઃખ, શીત ઉષ્ણ વિગેરે જોટાના ગુણોની અસર નથવી.) "પરચિત્તાદ્યભિજ્ઞતાં"—(એટલે બીજાના મનની વાત જાણવી) પ્રતિષ્ટંભ"—(એટલે અગ્નિ, જળ, અને સૂર્યાદિક થકી થતી હાનીની અસર પોતાને નથવી.) અને " અપરાજય"—(એટલે કોઇ થકી પોતાનો કયારેય પરાજય નથવો.) ॥૮॥ એટલી મુખ્ય યોગ ધારણાની સિદ્ધિઓછે. હવે કઇ ધારણાવડે, કઇ સિદ્ધિની કેવી રીતે, પ્રાપ્તિ થાયછે; તે તમે મારાથકી સાંભળો.॥૯॥ પાંચ મહાભૂતોની સુક્ષ્મ તન્માત્રાઓરૂપ, મારાસ્વરૂપમાં; મનને ધારણ કરવાથી, એ તન્માત્રાઓરૂપે; મારી ઉપાસના કરનારો યોગી, "અણિમા" સિદ્ધિને પામેછે. ॥૧૦॥ જુદા જુદા પાંચ મહાભુતોરૂપ; તથા મહત્તત્વ રૂપ, મારા મોટા સ્વરૂપને વિશે: મનને ધારણ કરવાથી, યોગીને મારી "મહિમા" સિદ્ધિ પ્રાપ્ત થાયછે. ॥૧૧॥ મહાભૂતોના પરમાણુને, સર્વ ભોગવવારૂપ; મારાઅતિ સૂક્ષ્મ કાળ સ્વરૂપને વિશે, મનને ધારણ કરનારો યોગી; મારી "લધીમા "સિદ્ધિને પામેછે.॥૧૨॥ સાત્વિક અહંકાર રૂપ, મારા સ્વરૂપને વિશે; સંપૂર્ણપણે મનને ધારણ કરવાવડે, મારામાં મન રાખનારો યોગી; સર્વ ઇંદ્રિયો રૂપ થવાની.

મારી "પ્રાપ્તિ" સિધ્ધિને પામે છે. ॥૧૩॥ અવ્યક્ત એવી પ્રકૃતિથી; ઉત્પન્ન થનાર મહતત્વ રૂપ મારા, ત્રિગુણવાળા સ્વરૂપને વિશે; મનને ધારણ કરનારો યોગી, સર્વોત્કૃષ્ટ "પ્રાકામ્ય" સિધ્ધિને પામે છે. ॥૧૪॥ શરીર અને તેમાંના ક્ષેત્રજ્ઞ આત્માને પ્રેરણા કરનારા કાળવડે તેમનું રૂપાંતર કરનારા—અને ત્રણે ગુણોના ઇશ્વર—એવા મારા; જગતનું પાલન કરનારા (વિશ્નુ) સ્વરૂપમાં; મનને ધારણ કરનારો યોગી; મારી "ઇશિતા" સિધ્ધિને પામે છે. ॥ ૫ ॥ ચોથા, એટલે વાસુદેવ ભગવાન એવા નામથી બોલાતા; મારા નારાયણ સ્વરૂપને વિશે; મનને, ધારણ કરનારો યોગી, મારે વિશે રેહેનારી "વશિતા" સિદ્ધિને પામે છે. ॥૧૬॥ મારા નિર્ગુણ અને નિર્મળ બ્રહ્મ સ્વરૂપને વિશે, મનને ધારણ કરનારો યોગી; કામનાઓની સિદ્ધિ થવાની, "પ્રકામ્ય" સિદ્ધિને પામીને; પરમ આનંદ પામે છે. ॥૧૭॥ મારા શ્વેત દીપના સ્વામીના શુદ્ધ અને ધર્મમય—સ્વરૂપને વિશે, મનને ધારણ કરનારો પુરૂષ; શ્વેત એટલે શુદ્ધ પણાને પામીને, છ ઉર્મિઓ રહિત થવારૂપ, "અનુર્મિમત્વં" સિદ્ધિને પામે છે. ॥૧૮॥ સઘળા આકાશના વાયુમાં, નાદ સ્વરૂપથી વ્યાપેલ, મારા સ્વરૂપમાં; મનને ધારણ કરનારો યોગી, આકાશમાંના સર્વ પ્રાણીઓની; વિચિત્ર વાણીઓને સાંભળવારૂપ, "દૂર શ્રવણ" સિદ્ધિને પામે છે.

॥૧૯॥ ચક્ષુમાં સૂર્યની, અને સૂર્યમાં ચક્ષુની ધારણા કરીને; તે બંનેમાં રહેલ મારા સ્વરૂપનું, મનવડે ધ્યાન કરનારો યોગી; છાનામાં છાનું જોનારો, અને આખા વિશ્વને દેખનારો, થવારૂપ; "દૂરદર્શન" સિદ્ધિને પામે છે. ॥૨૦॥ વાયુરૂપ મારા સ્વરૂપને વિશે, પ્રથમ મનને લગાડીને; તે પછી દેહને લગાડી દેવાની, ધારણા કરનારો યોગી; એ ધારણાના પ્રભાવવડે, જ્યાં મન જાય, ત્યાં, શરીરવડે, પહોંચી જવારૂપ; "મનોજવ" સિદ્ધિને પામે છે. ॥૨૧॥ જે જે સ્વરૂપ ધારણ કરવાની, ઇચ્છા હોય; તે તે સ્વરૂપની ધારણા, મનવડે; મારા યોગ બળના આશ્રયવાળા સ્વરૂપ વિશે, કરવાથી; યોગી પોતે, તે તે સ્વરૂપોને ધારણ કરી શકે છે. (એટલે "કામરૂપ" સિદ્ધિને પામે છે.) ॥ ૨૨ ॥ યોગી જ્યારે બીજા શરીરમાં પ્રવેશ કરવાને ઇચ્છે. ત્યારે તેણે પોતાના આત્માની; તે બીજા શરીરમાં ધારણા કરીને, પછી પાનીથકી પોતાની ગુદા દબાવીને; અનુક્રમથી પ્રાણવાયુને, હૃદય—છાતી—કંઠ—અને માથાને વિશે, લેઇ જવો; અને ત્યાંથી તાળવાને માર્ગે, બહાર કહાડીને; પોતાના તે દેહનો, ત્યાગકરીને; તે પ્રાણવાયુ રૂપથીજ; ભમરો જેમ એક ફૂલમાંથી ઉડીને, બીજા ફૂલમાં જઇ બેસે છે; તેમ, પોતે ઇચ્છેલા, બીજા શરીરમાં; તેણે પેસીજવું; તથા પોતાની ઇચ્છાથકી, દેહનો ત્યાગ કરવાને, તે

धारयेत्कालविग्रहे ॥ सईशित्वमवाप्नोतिक्षेत्रक्षेत्रज्ञचोदनां ॥ १५ ॥ नारायणेतुरीयाख्येभगवच्छब्दशब्दिते ॥ मनोमय्यादधद्योगीमद्धर्मा वशितामियात् ॥१६॥ निर्गुणेब्रह्मणिमयिधारयन्विशदंमनः॥ परमानंदमाप्नोतियत्रकामोवसीयते ॥१७॥ श्वेतद्वीपपतौचित्तंशुद्धेधर्ममये मयि ॥ धारयन्श्वेततांयातिषडूर्मिरहितोनरः ॥१८॥ मय्याकाशात्मनिप्राणेमनसाघोषमुद्वहन्॥तत्रोपलब्धाभूतानांहंसोवाचःशृणोत्यसौ ॥१९॥ चक्षुस्त्वष्टरिसंयोज्यत्वष्टारमपिचक्षुषि ॥ मांतत्रमनसाध्यायन्विश्वंपश्यतिसूक्ष्मदृक् ॥२०॥ मनोमयिसुसंयोज्यदेहंतदनुवायुना ॥ मद्धारणाऽनुभावेनतत्रात्मायत्रवैमनः ॥२१॥ यदामनउपादाययद्यद्रूपंबुभूषति ॥ तत्तद्भवेन्मनोरूपंमद्योगबलमाश्रयः॥२२॥ परकायंविश न्सिद्धआत्मानंतत्रभावयेत्॥ पिंडंहित्वाविशेत्प्राणोवायुभूतःषडंघ्रिवत् ॥२३॥ पाष्ण्यापीड्यगुदंप्राणंहृदुरःकंठमूर्धसु ॥ आरोप्यब्रह्मरंध्रेण ब्रह्मनीत्वोत्सृजेत्तनुं ॥२४॥ विहरिष्यन्सुराक्रीडेमत्स्थंसत्त्वंविभावयेत् ॥ विमानेनोपतिष्ठंतिसत्त्ववृत्तीःसुरस्त्रियः ॥२५॥ यथासंकल्पयेद्बु द्ध्यायदावामत्परःपुमान्॥मयिसत्येमनोयुंजंस्तथातत्समुपाश्नुते ॥२६॥ योवैमद्भावमापन्नईशितुर्वशितुःपुमान् ॥ कुतश्चिन्नविहन्येततस्यचा ज्ञायथामम ॥२७॥ मद्भक्त्याशुद्धसत्त्वस्ययोगिनोधारणाविदः॥ तस्यत्रैकालिकीबुद्धिर्जन्ममृत्यूपबृंहिता ॥२८॥ अग्न्यादिभिर्नहन्येतमुनेर्यो गमयंवपुः ॥ मद्योगश्रांतचित्तस्ययादसामुदकंयथा ॥२९॥ मद्विभूतीरभिध्यायन्श्रीवत्सास्त्रविभूषिताः ॥ ध्वजातपत्रव्यजनैःसभवेदपराजि तः ॥३०॥ उपासकस्यमामेवंयोगधारणयामुनेः ॥ सिद्धयःपूर्वकथिताउपतिष्ठंत्यशेषतः ॥३१॥ जितेंद्रियस्यदांतस्यजितश्वासात्मनोमुनेः ॥ मद्धारणांधारयतःकासासिद्धिःसुदुर्लभा ॥३२॥ अंतरायान्वदंत्येतायुंजतोयोगमुत्तमं॥ मयासंपद्यमानस्यकालक्षपणहेतवः ॥३३॥ जन्मौ

ઇચ્છે; ત્યારે પણ, તેણે, એ મુજબ કરીને; પછી બીજા શરીરમાં, નહીં પેસતાં; હું પરમાત્માના બ્રહ્મ સ્વરૂપમાંજ, પ્રવેશ કરવો, ॥ ૨૩—૨૪ ॥ અને તેની ઇચ્છા, અપ્સરાઓ સાથે ક્રિડા કરવાની હોય તો; ત્યારે પણ, તેણે એ પ્રમાણેજ, ધારણાઆદિ કરીને; દેહ ત્યાગ કરવો; એટલે સત્વગુણની વૃત્તિવાળી દેવાંગનાઓ, વિમાનો સહિત તેને લેવાને; સામી આવીને ઉભી રેહેશે. ॥૨૫॥ (એ રીતે પરકાય પ્રવેશ—સ્વચ્છંદ મૃત્યુ—અને દેવાનુ સહક્રિડા;—એ ત્રણે સિદ્ધિઓ મળવાને માટે, એકજ પ્રકાર હોવાથી; તે કહીને, હવે "સંકલ્પ સિદ્ધિ" વિશે કહે છે.) મારે વિશે પ્રીતિ રાખનારો પુરૂષ, મારા સત્ય સ્વરૂપને વિશે, મનની ધારણા કરીને; પછી પોતાની બુદ્ધિવડે, તે; જે જે સંકલ્પ કરે છે, તે તે સંકલ્પ, સિદ્ધ થવારૂપ—" સંકલ્પ સિદ્ધ " નામની સિદ્ધિને; તે પામે છે. ॥૨૬॥ મારા, સર્વને વશ રાખનાર સર્વેશ્વર પણાની ભાવના, (ધારણા,) જે પુરૂષ કરે; તેની આજ્ઞાનો ભંગ, મારી આજ્ઞાની પેઠેજ; સર્વત્ર ન થવારૂપ, " અપ્રતિહતાજ્ઞા "—સિદ્ધિને; તે પામે છે. ॥૨૭॥ મારા શુદ્ધ સત્વગુણમય સ્વરૂપની, ભક્તિ સહિત ધારણા કરનારો યોગી; જન્મ અને મૃત્યુ થવા સુદ્ધાંતના વિસ્તારવાળી; બુદ્ધિને વિશે, ત્રણે કાળનું જ્ઞાન થવારૂપ; " ત્રિકાળજ્ઞત "—સિદ્ધિને પામે છે. (અને બીજાના મનની વાત જાણવારૂપ—" પરચિત્તાદભિજ્ઞતા " સિદ્ધિ પણ, આના ભેગીજ આવી જાય છે.) ॥ ૨૮ ॥ અગ્નિ—સૂર્ય—જળ—અને ઝેર આદિના, તથા દેહમાત્રના ઉપઘાતથી રહિત, મારા યોગમય સ્વરૂપને વિશે; મનને ધારણ કરનારા મુનિનું, શરીર પણ, યોગમય થઇને; પાણીથકી, જળજંતુઓને જેમ હરકત નથી થતી; તેમ, આ સર્વના ઉપઘાત થકી, તે રહિત થઇ જાય છે; એટલે તે મુનિ, એ વસ્તુઓના "પ્રતિષ્ટંભ"—નામની, અને " અદ્વંદ્વ "—નામની; બંને સિદ્ધિઓને, પામે છે. ॥૨૯॥ શ્રીવત્સ અને શંખચક્રાદિક અસ્ત્રોથકી શણગારેલા, તથા ધ્વજા—છત્ર—ચામર—અને વ્યજનઆદિ ધારણ કરેલા, મારા સ્વરૂપનું, ધ્યાન કરનારા યોગીનો; કોઇથકી પરાજય થતો નથી; એટલે તે " અપરાજય "—સિદ્ધિને પામે છે. ॥૩૦॥ ઉપર કહ્યા પ્રમાણેની યોગની ધારણાઓથી, મારી ઉપાસના કરનારા; યોગીયોની પાસે, ઉપર કહ્યા મુજબની, સિદ્ધિઓ; આવીને ઉભી રેહેછે. ॥૩૧॥ અને તે જીતેંદ્રિય, તથા મન અને પ્રાણવાયુને જીતનારા, દાંન્ત મુનિને; મારી, આવી ધારણાઓ કરવાવડે, કોઈ સિદ્ધિ મળવી; દુર્લભ નથી. ॥૩૨॥ તો પણ ઉત્તમ યોગ કરનારા યોગીઓ, જે મનેજ પ્રાપ્ત થવાને; ઇચ્છનારા છે; તેઓને, મારી પ્રાપ્તિ થવામાં એ સર્વ સિદ્ધિયો, અંતરાય રૂપ; હોવાનુંજ કહેવાય છે. ॥ ૩૩ ॥ વળી એ

સર્વ સિદ્ધિઓ જન્મ—ઔશધિ—મંત્રો—અને તપરૂપ, યોગ કરવા શિવાય, બીજા કશા ઉપાયથી મળતી નથી. ॥૩૪॥ એ સર્વે સિદ્ધિઓનો સ્વામી, અને ઉત્પત્તિ સ્થાન; સમર્થ એવો હું, પોતેજ છું; તેમજ યોગ—સાંખ્ય—ધર્મ—વેદ અને એ સર્વને કહેનારાઓનો પણ સ્વામી, અને ઉત્પત્તિ સ્થાન હુંજ છું. ॥૩૫॥ તથા સર્વ પ્રાણી પદાર્થોની અંદર અને બહાર પાંચ મહાભૂત રેહેલા છતાં જેમ તેમને તેઓનું લેપન થતું નથી; તે રીતેજ, સર્વ દેહધારીઓની માંહે, તથા બહાર, આત્મા સ્વરૂપવડે વ્યાપીને; હું પોતેજ રહેલો છતાં, તેઓને વિશે લેપાતો નથી ॥૩૬॥ ઇતિશ્રી૦ ભા૦ અગિઆરમા સ્કં૦ યોગ સિદ્ધિ વર્ણન નામે પંદરમો અ૦ સં૦ ॥૧૫॥

અધ્યાય ૧૬ મો.—ઉદ્ધવ—સર્વ પ્રાણી પદાર્થાદિકના ઉત્પત્તિ—સ્થિતિ—અને લય કરનારા, આદિ અંત વિનાના, અને લેપન રહિત, સાક્ષાત પરબ્રહ્મ; આપજછો. ॥ ૧ ॥ અને અશુદ્ધ પુરુષોથી ન જાણી શકાઓ એવા, આપ ભગવાનની; ઉંચા નીંચા સર્વ પ્રાણી પદાર્થાદિકને વિશે ઉપાસના, માત્ર બ્રાહ્મણોજ કરી જાણે છે. ॥૨॥ માટે કયા કયા પદાર્થાદિકને વિશે, ભક્તિ ભાવ સહિત; આપની ઉપાસના કરવાવડે, મોટા રૂષિઓ સિધ્ધિને પામે છે; તે આપ મને કહો. ॥૩॥ પ્રાણી પદાર્થાદિક સર્વ ભૂતનું રક્ષણ કરનારા આપ, તે સર્વેને વિશે; આત્મ સ્વરૂપથી, વિચરોછો; અને તેમને જાણોછો; છતાં, મોહ પામેલા તે સર્વે; આપને નથી જાણતા. ॥૪॥ માટે તીર્થ સ્વરૂપ આપના ચરણમાં, હું નમસ્કાર કરૂંછું; હે મોટી વિભૂતિઓવાળા, આપની જે જે વિભૂતિઓ પૃથ્વીમાં—સ્વર્ગાદિક લોકમાં—તથા પાતાળો અને દિશાઓને વિશે પણ, હોય; તે સઘળીજ, હું આપની ઉપાસના કરનારાને; આપ કહી સંભળાવો. ॥ ૫ ॥—શ્રીભગવાન—કુરૂક્ષેત્રને વિશે, શત્રુઓ સાથે યુદ્ધ કરવાને ઇચ્છતા; અને પ્રશ્ન કરનારાઓમાં શ્રેષ્ટ, અર્જુને પણ; મને આ રીતનુંજ, પ્રશ્ન પૂછયું હતું. ॥ ૬ ॥ તથા

षधितपोमंत्रैर्यावतीरिहसिद्धयः॥ योगेनाप्नोतिताःसर्वानान्यैर्योगगतिंव्रजेत् ॥३४॥ सर्वासामपिसिद्धीनांहेतुःपतिरहंप्रभुः ॥ अहंयोगस्य सांख्यस्यधर्मस्यब्रह्मवादिनां ॥३५॥ अहमात्मांतरोबाह्योऽनावृतःसर्वदेहिनां ॥ यथाभूतानिभूतेषुबहिरंतःस्वयंतथा ॥३६॥ इतिश्रीभागवतेमहापुराणेएकादशस्कंधेभगवदुद्धवसंवादेयोगसिद्धिर्नामपंचदशोध्यायः ॥ १५ ॥

उद्धव०त्वंब्रह्मपरमंसाक्षादनाद्यंतमपावृतं ॥ सर्वेषामपिभावानांत्राणस्थित्यप्ययोद्भवः॥१॥ उच्चावचेषुभूतेषुदुर्ज्ञेयमकृतात्मभिः॥ उपासतेत्वांभगवान्याथातथ्येनब्राह्मणाः ॥२॥ येषुयेषुचभावेषुभक्त्यात्वांपरमर्षयः ॥ उपासीनाःप्रपद्यंतेसंसिद्धिंतद्वदस्वमे ॥३॥ गूढश्चरसिभूतात्माभूतानांभूतभावन ॥ नत्वांपश्यंतिभूतानिपश्यंतंमोहितानिते ॥४॥ याःकाश्चभूमौदिविवैरसायांविभूतयोदिक्षुमहाविभूते ॥ तामत्यमाख्याह्यनुभावितास्तेनमामितेतीर्थपदांघ्रिपद्मं॥५॥श्रीभग०एवमेतदहंपृष्टःप्रश्नंप्रश्नविदांवर॥युयुत्सुनाविनशनेसपत्नैरर्जुनेनवै॥६॥ज्ञात्वाज्ञातिवधंगर्ह्यमधर्मंराज्यहेतुकं ॥ ततोनिवृत्तोहंताहंहतोऽयमितिलौकिकः ॥७॥ सतदापुरुषव्याघ्रोयुक्त्यामेप्रतिबोधितः॥ अभ्यभाषतमामेवंयथात्वंरणमूर्धनि ॥८॥ अहमात्मोद्धवामीषांभूतानांसुहृदीश्वरः ॥ अहंसर्वाणिभूतानितेषांस्थित्युद्भवाप्ययः ॥९॥ अहंगतिर्गतिमतांकालःकलयतामहं ॥ गुणानांचाप्यहंसाम्यंगुणिन्यौत्पत्तिकोगुणः ॥१०॥ गुणिनामप्यहंसूत्रंमहतांचमहानहं ॥ सूक्ष्माणामप्यहंजीवोदुर्जयानामहंमनः ॥११॥ हिरण्यगर्भोवेदानांमंत्राणांप्रणवस्त्रिवृत् ॥ अक्षराणामकारोऽस्मिपदानिच्छंदसामहं ॥१२॥ इंद्रोऽहंसर्वदेवानांवसूनामस्मिहव्यवाट् ॥ आदित्यानामहंविष्णुरुद्राणांनीललोहितः॥१३॥ ब्रह्मर्षीणांभृगुरहंराजर्षीणामहंमनुः ॥ देवर्षीणांनारदोऽहंहविर्धान्यस्मिधेनुषु ॥१४॥ सिद्धेश्वराणांकपिलःसुपर्णोऽहंपतत्रिणां ॥ प्रजापतीनांदक्षोऽहंपितृणामहमर्यमा ॥१५॥ मांविद्ध्युद्धवदैत्यानांप्रल्हादमसुरेश्वरं ॥ सोमंनक्षत्रौषधीनांधनेशंयक्षरक्षसां ॥१६॥ ऐरावतंगजेंद्राणांयादसांवरुणंप्रभुं॥तपतांद्युमतांसूर्यंमनुष्याणांचभूपतिं॥१७॥ उच्चैःश्रवास्तुरंगाणांधातूनामस्मिकांचनं ॥ यमःसंयमतांचाहंसर्पाणामस्मिवासुकिः ॥१८॥ नागेंद्राणामनंतोऽहंमृगेंद्रःशृंगिदंष्ट्रिणां॥ आ

રાજ્યના કારણ માટે સંબંધીઓનો ઘાત કરવાનું કામ, નિંદિત અને અધર્મનું જાણીને; તેમજ પોતે બીજાઓને મારનાર હોવાના, અને બીજાઓથી પોતે મરનાર હોવાના; લૌકિક વિચારથી, તે, યુદ્ધ કરવા થકી; અટકી ગયા હતા. ॥ ૭ ॥ ત્યારે તે શ્રેષ્ટ પુરૂષના પૂછવાથી, મેં તેમને રણભૂમિમાંજ, યુક્તિઓવડે; આ, હવડાં તમને કહું છું, તેજ જ્ઞાન; આપ્યું હતું. ॥ ૮ ॥ હે ઉદ્ધવ, પ્રાણી પદાર્થાદિક સર્વ ભૂતનો આત્મા;—સુહૃદ—અને ઇશ્વર—હું છું; અને સર્વભૂતરૂપે પણ, હું પોતેજ છું; તથા તેમની ઉત્પત્તિ—સ્થિતિ—અને નાશ; મારાથકીજ થાય છે. (અર્થાત એ સર્વ, મારી વિભૂતિઓજ છે.) ॥૯॥ ગતિ વાળાઓની ગતિ, હું છું; રૂપાંતર પમાડનાર કાળ, તે હું છું; ગુણોની અંદર સમતા, તે હું છું; અને ગુણોવાળાઓમાં, સ્વાભાવિક ગુણોરૂપે પણ, હુંજછું. ॥ ૧૦ ॥ ગુણોના કાર્યરૂપ પદાર્થાદિકમાં, મહતત્વ તે હું છું; મોટાઓમાં મોટાપણું, તે હું છું; સૂક્ષ્મઓમાં જીવો આત્મા, તે હું છું; નહીં જીતાનારાઓમાં મુખ્ય મન, તે હું છું. ॥ ૧૧ ॥ વેદમાં મુખ્ય બ્રહ્મ, તે હું છું; મંત્રોમાં મુખ્ય ત્રણ માત્રાઓવાળો ઓંકાર, તે હું છું; અક્ષરોમાં અકાર તે હું છું; અને છંદોમાં ગાયત્રિ તે હું છું. ॥૧૨॥ સર્વ દેવોમાં મુખ્ય ઇંદ્ર તે હું છું; વસુઓમાં મુખ્ય હવ્યવાટ, તે હું છું; આદિત્યોમાં મુખ્ય વિશ્નુ તે હું છું; અને રૂદ્રોમાં મુખ્ય નીલલોહિત, તે હું છું. ॥૧૩॥ બ્રહ્મરૂષિઓમાં મુખ્ય ભૃગુ તે હું છું; અને રાજરૂષિઓમાં મુખ્ય મનુ,—દેવરૂષિઓમાં મુખ્ય નારદ,—અને ગાયોમાં મુખ્ય હવિર્ધાની; એ પણ હુંજ છું. ॥૧૪॥ સિદ્ધોના ઇશ્વર કપિલ દેવ—પક્ષીઓમાં ગરૂડ—પ્રજાપતિઓમાં દક્ષ—અને પિતૃઓમાં અર્યમા—તે હું છું. ॥૧૫॥ હે ઉદ્ધવ, દૈત્યોમાં અસુરોનો રાજા પ્રલ્હાદ—નક્ષત્રો અને ઔષધીઓમાં ચંદ્રમા—અને યક્ષો તથા રાક્ષસોમાં કુબેરને; મારૂં સ્વરૂપ જાણો. ॥૧૬॥ હાથીઓમાં ઐરાવત—જળ ચરોમાં વરૂણ—તપાવનારા અને પ્રકાશ કરનારાઓમાં સૂર્ય—તથા મનુષ્યોમાં રાજા;—એ મારાં સ્વરૂપ છે. ॥૧૭॥ ઘોડાઓમાં ઉચ્ચૈશ્રવા—ધાતુઓમાં સોનું—નિયમ ધારણ કરનારાઓમાં યમ—અને સાપોમાં વાસુકી; તે હુંજ છું.

ઘણા મોટા નાગોમાં અનન્ત–શિરકાંવાળા અને દાઢોવાળા પ્રાણીઓમાં સિંહ–આશ્રમોમાં સંન્યાસ–અને વર્ણોમાં, બ્રાહ્મણ: તે હું છું. ॥ ૧૯ ॥ તીર્થો અને પ્રવાહોમાં ગંગા–સરોવરોમાં સમુદ્ર–આયુધોમાં ધનુષ્ય–અને ધનુર્ધારીઓમાં, ત્રણ પુરોના નાશ કરનારા સદાશિવ: તે હું છું ॥૨૦॥ નિવાસનાં સ્થાનોમાં મેરૂ–દુર્ગમ સ્થાનોમાં હિમાલય–વનસ્પતિઓમાં પિંપળો–અને ઔષધિઓમાં જવ: તે હું છું. ॥ ૨૧ ॥ પુરોહિતોમાં વસિષ્ટ–બ્રહ્મવાદીઓમાં બૃહસ્પતિ–સેનાપતિઓમાં કાર્તિકસ્વામી–અને અગ્રણીઓમાં ભગવાન બ્રહ્મા; તે હું છું. ॥૨૨॥ યજ્ઞોમાં બ્રહ્મયજ્ઞ–વ્રતોમાં અહિંસા–અને શુદ્ધિ કરનારા પદાર્થોમાં: વાયુ, અગ્નિ, સૂર્ય, જળ, વાણી, અને મન: એ સર્વ રૂપે, હુંજ છું. ॥ ૨૩ ॥ યોગમાં મુખ્ય સમાધિ–જીતવાને ઇચ્છનારાઓનો ગુપ્ત વિચાર અથવા મંત્ર–કુશળતાઓમાં આન્વિક્ષિકિ–અને વાદ કરનારાઓને બોલવાનો વિકલ્પ; તે હું છું. ॥ ૨૪ ॥ સ્ત્રીઓમાં શતરૂપા–પુરૂષોમાં સ્વાયંભૂ મનુ–મુનિઓમાં નારાયણ મુનિ–અને બ્રહ્મચારીઓમાં સનત્કુમાર: તે હું છું. ॥૨૫॥ ધર્મોમાં સંન્યાસ–કલ્યાણોમાં આત્મનિષ્ઠા–છાનાઓમાં સાચું અને પ્રિય બોલવું, તથા મૌન રાખવું–અને મિથુનોમાં અજન્મા જોડું એટલે સ્વાયંભૂ અને શતરૂપા–: તે હુંજ છું ॥ ૨૬ ॥ ચાલ્યા કરનારાઓમાં, સંવત્સર–ઋતુઓમાં, વસંત–મહિનાઓમાં, માગશર–અને નક્ષત્રોમાં, અભિજીત: તે હું છું. ॥ ૨૭ ॥ યુગોમાં સતયુગ–ધીર પુરૂષોમાં, દેવળ અને અસિત મુનિ–વ્યાસોમાં દ્વૈપાયન–અને વિદ્વાનોમાં બુદ્ધિમાન શુક્રાચાર્ય; તે હું છું. ॥ ૨૮ ॥ ભગવાળાઓમાં વાસુદેવ–ભગવતીઓમાં તમેજ (ઉદ્ધવ)–કિંપુરૂષોમાં હનુમાન–અને વિદ્યાધરોમાં સુદર્શન: તે હું છું ॥ ૨૯ ॥ રત્નોમાં પદ્મરાગ–સુંદર પદાર્થોમાં કમળકોશ–દર્ભની જાતોમાં કુશ–અને હવિષ્ય પદાર્થોમાં, ગાયનું ઘી તે હું છું. ॥ ૩૦ ॥ ચલિત પદાર્થોમાં લક્ષ્મી–કપટોમાં છળ–સહનતાઓમાં તિતિક્ષા–

श्रमाणामहंतुर्यौवर्णानांप्रथमोऽनघ ॥१९॥ तीर्थानांस्त्रोतसांगंगासमुद्रःसरसामहं ॥ आयुधानांधनुरहंत्रिपुरघ्नोधनुष्मतां॥२०॥ धिष्ण्यानामस्म्यहंमेरुर्गहनानांहिमालयः ॥ वनस्पतीनामश्वत्थओषधीनामहंयवः ॥२१॥ पुरोधसांवसिष्ठोऽहंब्रह्मिष्ठानांबृहस्पतिः ॥ स्कंदोऽहंसर्वसेनान्यामग्रण्यांभगवानजः ॥२२॥ यज्ञानांब्रह्मयज्ञोऽहंव्रतानामविहिंसनं ॥ वाय्वग्न्यर्काम्बुवागात्माशुचीनामप्यहंशुचिः ॥२३॥ योगानामात्मसंरोधोमंत्रोऽस्मिविजिगीषतां आन्वीक्षिकीकौशलानांविकल्पःख्यातिवादिनां ॥२४॥ स्त्रीणांतुशतरूपाऽहंपुंसांस्वायंभुवोमनुः ॥ नारायणोमुनीनांचकुमारोब्रह्मचारिणां ॥२५॥ धर्माणामस्मिसंन्यासःक्षेमाणामबहिर्मतिः ॥ गुह्यानांसूनृतंमौनंमिथुनानामजस्त्वहं ॥ ॥२६॥ संवत्सरोऽस्म्यनिमिषामृतूनांमधुमाधवौ ॥ मासानांमार्गशीर्षोऽहंनक्षत्राणांतथाऽभिजित्॥२७॥अहंयुगानांचकृतंधीराणांदेवलोऽसितः ॥ द्वैपायनोऽस्मिव्यासानांकवीनांकाव्यआत्मवान् ॥२८॥ वासुदेवोभगवतांत्वंतुभागवतेष्वहं ॥ किंपूरुषाणांहनुमान्विद्याध्राणांसुदर्शनः ॥२९॥ रत्नानांपद्मरागोऽस्मिपद्मकोशःसुपेशसां ॥ कुशोस्मिदर्भजातीनांगव्यमाज्यंहविःष्वहं ॥३०॥ व्यवसायिनामहंलक्ष्मीःकितवानांछलग्रहः ॥ तितिक्षास्मितितिक्षूणांसत्त्वंसत्त्ववतामहं ॥३१॥ ओजःसहोबलवतांकर्माहंविद्धिसात्वतां ॥ सात्वतांनवमूर्तीनामादिमूर्तिरहंपरः ॥३२॥ विश्वावसुःपूर्वचित्तिर्गंधर्वाप्सरसामहं ॥ भूधराणामहंस्थैर्यंगंधमात्रमहंभुवः ॥३३॥ अपांरसश्चपरमस्तेजिष्ठानांविभावसुः ॥ प्रभासूर्येंदुताराणांशब्दोऽहंनभसःपरः ॥३४॥ ब्रह्मण्यानांबलिरहंवीराणामहमर्जुनः॥भूतानांस्थितिरुत्पत्तिरहंवैप्रतिसंक्रमः॥३५॥ गत्युक्त्युत्सर्गोपादानमानंदस्पर्शलक्षणं ॥ आस्वादश्रुत्यवघ्राणमहंसर्वेंद्रियेंद्रियं ॥३६॥ पृथिवीवायुराकाशआपोज्योतिरहंमहान् ॥ विकारःपुरुषोऽव्यक्तंरजःसत्त्वंतमःपरं ॥३७॥ अहमेतत्प्रसंख्यानंज्ञानंतत्त्वविनिश्चयः ॥ मयेश्वरेणजीवेनगुणेनगुणिनाविना ॥ सर्वात्मनापिसर्वेणनभावोविद्यतेक्वचित् ॥३८॥ संख्यानंपरमाणूनांकालेनक्रियतेमया ॥ नतथामेविभूतीनांसृजतोऽडानिकोटिशः ॥३९॥ तेजःश्रीःकीर्तिरैश्वर्यंह्रीस्त्यागःसौभगंभगः ॥ वीर्यंतितिक्षाविज्ञानंयत्रयत्रसमेंऽशकः ॥४०॥ एतास्तेकीर्तिताःसर्वाःसंक्षेपेणविभूतयः ॥ मनोविका

અને સત્વવાળાઓમાંનું સત્વ; તે હુંજ છું. ॥ ૩૧ ॥ બળવાનોનું બળ અને ઇંદ્રિયાદિકનું સામર્થ્ય–ભક્તોએ કરવાનું કર્મ–અને ભગવાનની નવ મૂર્તિઓમાં, વાસુદેવ; તે હું છું. ॥૩૨॥ ગંધર્વોમાં વિશ્વાવસુ–અપ્સરાઓમાં પૂર્વચિત્તિ–પર્વતોમાં સ્થિરતા–અને પૃથ્વીની ગંધમાત્રા:–તે હુંજછું ॥૩૩॥ જળની રસ માત્રા–તેજસ્વીઓમાં અગ્નિ, સૂર્ય, ચંદ્ર, અને તારાઓનો, પ્રકાશ–તથા આકાશની શબ્દ માત્રા; તે હુંજછું. ॥૩૪॥ બ્રાહ્મણોને માનનારાઓમાં, બલીરાજા–વીર પુરૂષોમાં અર્જુન–અને વારંવાર થતાં પ્રાણી આદિનાં ઉત્પત્તિ–સ્થિતિ–અને લય–તે પણ હુંજ છું. ॥૩૫॥ ગતિ–બોલવું–મળ મૂત્ર તજવાં–આપવું લેવું–આનંદ–સ્પર્શ–સ્વાદ–સાંભળવું–સુંઘવું–અને જોવું–એ દશ લક્ષણો રૂપ, સર્વ ઇંદ્રિયનું ઇંદ્રિયપણું; તે પણ હુંજછું ॥૩૬॥ તેમજ પૃથ્વી–વાયુ–આકાશ–જળ–તેજ–અને મહત્તત્વ તથા તેના વિકારો–પુરૂષ–અવ્યક્ત એટલે પ્રકૃતિ અથવા માયા–અને તેના સત્વ–રજ–અને તમ, એ ગુણો; એ સઘળા રૂપે પણ, હું પોતેજછું ॥ ૩૭ ॥ અને તે સઘળાંની સંખ્યા રૂપે–જ્ઞાન રૂપે–તથા તત્વોના નિશ્ચય રૂપે–પણ, હુંજછું. સર્વનો આત્મા અને સર્વ રૂપ–ગુણો રૂપ–તથા ગુણોવાળાઓરૂપ–અને દેહમાં રહેલા આત્મા રૂપે પણ હું સર્વત્ર વ્યાપેલા આત્મસ્વરૂપ વિના; બીજું કાંઇ પણ વિદ્યમાનજ નથી. ॥ ૩૮ ॥ કાળે કરીને પરમાણુઓની તો, ગણત્રી કદાચ થઇ શકે; પણ મારાં બનાવેલાં, કરોડો અંડ (શરીરો) રૂપ: મારી વિભૂતિઓની તો, ગણત્રી નજ થઇ શકે. ॥ ૩૯ ॥ એટલા માટે ટુંકામાં, જેઓનામાં તેજ–શોભા–ઐશ્વર્ય–કીર્તિ–મર્યાદા–ત્યાગ–સુંદરતા–ભગ–વીર્ય–તિતિક્ષા–અને વિજ્ઞાનરૂપ મારા અંશ વિશેષ દેખાય છે: એવી સંક્ષેપથી કહેલી, આ સર્વ મારી વિભૂતિઓને; માત્ર મનના વિકારરૂપ, તથા વાણીના વિલાસ રૂપજ; તમે જાણજો. (અર્થાત સત રૂપે નહીં, પણ માત્ર કલ્પિતજ જાણજો.) ॥૪૦–૪૧॥ એટલા માટે, તમે વાણીનો–મનનો–અને પ્રાણ વાયુનો–તથા ઇંદ્રિયોનો પણ–નિગ્રહ કરો; અને પોતાથકીજ બુદ્ધિને પણ વશમાં રાખો: એટલે ફરીવાર સંસારને પામશો નહીં. ॥૪૨॥ જે યોગી બુદ્ધિવડે મન તથા વાણીને, સંપૂર્ણપણે વશમાં રાખે નહીં; તેનું, વ્રત–તપ–

અને શાન્ત, સર્વગુણ, કાચા ઘડામાંના પાણીની પેઠે; સ્રવી (ઝરી) જાય છે. ॥૪૩॥ તેથી કરીને; તમે, મારી ભક્તિવાળી બુદ્ધિથી; મન-વાણી-અને પ્રાણ વાયુનો, (ઇંદ્રિયો સહિત,) નિગ્રહ કરીને; મારા પરાયણ થાઓ; એટલેજ, પરિપૂર્ણતા થયેલાનું જાણજો. ॥૪૪॥ઇતિ શ્રી૦ભા૦એકા૦ટી૦,વિભૂતિ યોગ નામે સોળમો અ૦સં૦॥૧૬॥

અધ્યાય. ૧૭ મો.-ઉદ્ધવ-હે કમળનેત્ર ભગવાન, આપે પ્રથમ કહ્યું છે કે: જેથી આપને વિશે ભક્તિ ઉત્પન્ન થાય, તેજ ધર્મ કહેવાય છે; તે વર્ણ અને આશ્રમવાળાઓને, તથા બીજા સર્વ લોકોને; કેવી રીતે સ્વધર્માચરણ કરવાથકી, આપને વિશે ભક્તિ ઉત્પન્ન થાય છે; તે સંપૂર્ણપણે, મને કહેવાને, આપજ યોગ્ય છો. ॥ ૧-૨ ॥ હે મોટા હાથવાળા સમર્થ ભગવાન, એ પરમ ધર્મ, આપે પૂર્વે: હંસના સ્વરૂપથી, બ્રહ્માને કહ્યો હતો; પણ તેને હમણાં સુધીમાં ઘણો મોટો કાળ વહી જવાથી, તે આપનો પ્રથમ કહેલો ધર્મ; હાલ મનુષ્ય લોકને વિશે નહી સરખો થઇ ગયો છે. ॥ ૩-૪ ॥ અને હે અચ્યુત, જ્યાં આપ અંશવડે, (હંસ સ્વરૂપથી) દેહ ધારી થયા હતા; તે બ્રહ્માની સભામાં, તથા, આ પૃથ્વી ઉપર પણ; ધર્મનો કહેનાર-બનાવનાર-અને રક્ષણ કરનાર-આપ વિના બીજો કોઇજ નથી. ॥ ૫ ॥ હે મધુસૂદન, જ્યારે આપ ધર્મના કહેનાર-બનાવનાર-અને રક્ષણ કરનાર-આ પૃથ્વીતળનો ત્યાગ કરી જશો; ત્યારે પછી, એ નાશ પામી જતા ધર્મને; કોણ કહેશે. ॥૬॥ માટે હે સર્વ ધર્મને જાણનારા પ્રભુ, જે થકી: આપને વિશે, ભક્તિ ઉત્પન્ન થાય; એવા ધર્મના તત્વનું, તથા તે ધર્મ કેવી રીતે આચરવો; તે રીતિનું વર્ણન, આપ મારી પાસે કરો. ॥ ૭ ॥-શ્રીભગવાન-હે ઉદ્ધવ, આ તમારો ધર્મ સંબંધી પ્રશ્ન; વર્ણ અને આશ્રમવાળા, તથા બીજા લોકોનું પણ; કલ્યાણ કરે, તેવો છે; માટે, હું તમને જે કહુંછું; તે તમે સાંભળો. ॥૮॥ આદિકાળે, સતયુગમાં હંસ નામનો, એકજ વર્ણ હતો; અને લોકો, જન્મથીજ કૃતાર્થ હતા; એમ કહેવાય છે; તેથી તે યુગને, કૃત યુગ કહે છે. ॥ ૯ ॥ તે કાળની શિરૂઆતમાં, પ્રણવ એટલે ઓંકારજ, વેદ

राएवैतेयथावाचाभिधीयते ॥४१॥ वाचंयच्छमनोयच्छप्राणान्यच्छेंद्रियाणिच ॥ आत्मानमात्मनायच्छनभूयःकल्पसेऽध्वने ॥४२॥ यो
वैवाङ्मनसीसम्यगसंयच्छन्धियायतिः ॥ तस्यव्रतंतपोदानंस्त्रवत्यामघटांबुवत् ॥४३॥ तस्मान्मनोवचःप्राणान्नियच्छेन्मत्परायणः ॥ म
द्भक्तियुक्तयाबुद्ध्याततःपरिसमाप्यते ॥४४॥ इ०भा०म०ए०षोडशोध्यायः ॥१६॥ उद्धव०यस्त्वयाऽभिहितःपूर्वंधर्मस्त्वद्भक्तिलक्षणः ॥ व
र्णाश्रमाचारवतांसर्वेषांद्विपदामपि ॥१॥ यथाऽनुष्ठीयमानेनत्वयिभक्तिर्नृणांभवेत् ॥ स्वधर्मेणारविंदाक्षतत्समाख्यातुमर्हसि ॥२॥ पुराकि
लमहाबाहोधर्मंपरमकंप्रभो ॥ यत्तेनहंसरूपेणब्रह्मणेऽभ्यात्थमाधव ॥३॥ सइदानींसुमहताकालेनामित्रकर्शन ॥ नप्रायोभवितामर्त्यलो
केप्रागनुशासितः ॥४॥ वक्ताकर्त्तावितानान्योधर्मस्याच्युततेभुवि ॥ सभायामपिवैरिंच्यांयत्रमूर्तिधराःकलाः ॥५॥ कर्त्राऽवित्राप्रवक्त्राचभ
वतामधुसूदन ॥ त्यक्तेमहीतलेदेवविनष्टंकःप्रवक्ष्यति ॥६॥ तत्त्वंनःसर्वधर्मज्ञधर्मस्त्वद्भक्तिलक्षणः ॥ यथायस्यविधीयेततथावर्णयमेप्रभो
॥७॥ श्रीभग०धर्म्यएषतवप्रश्नोनैःश्रेयसकरोनृणां ॥ वर्णाश्रमाचारवतांतमुद्धवनिबोधमे ॥८॥ आदौकृतयुगेवर्णोनृणांहंसइतिस्मृतः ॥
कृतकृत्याःप्रजाजात्यातस्मात्कृतयुगंविदुः ॥९॥ वेदःप्रणवएवाग्रेधर्मोऽहंवृषरूपधृक् ॥ उपासतेतपोनिष्ठाहंसंमांमुक्तकिल्बिषाः ॥१०॥
त्रेतामुखेमहाभागप्राणान्मेहृदयात्त्रयी ॥ विद्याप्रादुरभूत्तस्याअहमासंत्रिवृन्मखः ॥११॥ विप्रक्षत्रियविट्शूद्रामुखबाहूरुपादजाः ॥ वैराजा
त्पुरुषाज्जातायआत्माचारलक्षणाः ॥१२॥ गृहाश्रमोजघनतोब्रह्मचर्यंहृदोमम ॥ वक्षःस्थानाद्वनेवासोन्यासःशीर्षणिसंस्थितः ॥१३॥ व
र्णानामाश्रमाणांचजन्मभूम्यनुसारिणीः ॥ आसन्प्रकृतयोनृणांनीचैर्नीचोत्तमोत्तमैः ॥१४॥ शमोदमस्तपःशौचंसंतोषःक्षांतिरार्जवं ॥ म
द्भक्तिश्चदयासत्यंब्रह्मप्रकृतयस्त्विमाः ॥१५॥ तेजोबलंधृतिःशौर्यंतितिक्षौदार्यमुद्यमः ॥ स्थैर्यंब्रह्मण्यतैश्वर्यंक्षत्रप्रकृतयस्त्विमाः ॥१६॥
आस्तिक्यंदाननिष्ठाचअदंभोब्रह्मसेवनं ॥ अतुष्टिरर्थोपचयैर्वैश्यप्रकृतयस्त्विमाः ॥१७॥ शुश्रूषणंद्विजगवांदेवानांचाप्यमायया ॥ तत्रल

રૂપે હતો; અને બળદના રૂપથી, એટલે ચારે પાગે સંપૂર્ણ: ધર્મ રૂપે, હું હતો; તથા પાપ થકી મુક્ત; તે હંસ લોકો; તપની નિષ્ઠાવડે, મારી ઉપાસના કરતા હતા. ॥ ૧૦ ॥ હે મહાભાગ, પછી ત્રેતાયુગના આરંભમાં, મારા હૃદય થકી: પ્રાણવાયુ એટલે શ્વાસ રૂપ વાણી રૂપે, ત્રણ વેદની વિદ્યા ઉત્પન્ન થઇ; અને તે થકી, હું ત્રણ પ્રકારવાળો; યજ્ઞ સ્વરૂપ થયો. ॥ ૧૧ ॥ તેમજ, તેજ કાળે હું વૈરાટ પુરુષ થકી; ભિન્ન ભિન્ન આચરણ, અને સ્વભાવવાળા: બ્રાહ્મણ-ક્ષત્રી-વૈશ્ય-અને શૂદ્ર, એ ચારે વર્ણો; અનુક્રમે મારા, મુખ-બાહુ-ઉરૂ-અને પગ-થકી; ઉત્પન્ન થયાઓ. ॥ ૧૨ ॥ અને મારી જંઘા થકી, ગૃહસ્થ-હૃદય થકી, બ્રહ્મચર્ય-વક્ષસ્થળ થકી, વાનપ્રસ્થ-અને માથા થકી, સંન્યાસ-એ રીતના, આશ્રમો; ઉત્પન્ન થયા. ॥૧૩॥ તથા તે વર્ણ અને આશ્રમોની, પોત પોતાની જન્મ ભૂમિને અનુસારે; એટલે નીચ અંગથી થનારની નીચી, તથા ઉંચ અંગથી થનારની ઉંચી; પ્રકૃતિઓ થઇ છે. ॥૧૪॥ [1]શમ (મનનો નિગ્રહ) -[2]દમ (ઇંદ્રિયોનો નિગ્રહ) [3]તપ (સ્વધર્માચરણ)-[4]શૌચ (મન અને શરીરનું પવિત્રપણું)-[5]સંતોષ (યદૃચ્છાથી મળેલાથી રાજી રેહેવું.)-[6]ક્ષાંતિ (ક્ષમા.)-[7]આર્જવ (નમ્રતા સહિત સરળપણું)-[8]મારી ભક્તિ-[9]દયા (બીજાને થતા દુઃખની લાગણી થવી.)-[10]સત્ય (બીજાનું ભૂડું ન થાય એવું, પ્રિય, અને યથાર્થ વચન બોલવું.)-એટલી, બ્રાહ્મણની પ્રકૃતિઓ; એટલે બ્રાહ્મણપણાના (૧૦) સ્વભાવો છે. ॥૧૫ ॥ [1]તેજ (પ્રતાપ.)-[2]બળ (સામર્થ્ય)-[3]ધૃતિ (ધૈર્ય)-[4]શૌર્ય. (યુદ્ધાદિકનો ઉત્સાહ.)-[5]તિતિક્ષા (સહનતા.)-[6]ઔદાર્ય (ઘણું આપવાની ઇચ્છા.)-[7]ઉદ્યમ (કામ વિનાના ન રેહેવું)-[8]સ્થૈર્ય (દૃઢતા)-[9]બ્રહ્મણ્યતા (બ્રાહ્મણોને માનવાની બુદ્ધિ.)-અને [10] ઐશ્વર્ય (ઇશ્વરતા, અથવા બીજાઓને પોતાની આજ્ઞામાં ચલાવવાની શક્તિ.)-એટલી, ક્ષત્રીની પ્રકૃતિઓ; એટલે ક્ષત્રી પણાના (૧૦) સ્વભાવો છે, ॥ ૧૬॥ [1]આસ્તિકપણું (ઇશ્વરને વિશે આસ્થા.)-[2]દાન નિષ્ઠા (બીજાઓને આપવાની બુદ્ધિ.)-[3]અદંભ (હોય તેથી બીજી રીતે નહીં દેખાડવાની બુદ્ધિ)-[4]બ્રહ્મસેવન (પરમાત્મા અને બ્રાહ્મણો આદિની સેવા)-અને [5]ધનાદિકનો સંચય કરવામાં અસંતોષીપણું,-એટલી, વૈશ્યની પ્રકૃતિઓ; એટલે વૈશ્યપણાના (૫) સ્વભાવો છે. ॥૧૭॥ [1]દ્વિજોની-ગાયોની-અને દેવતાઓની-કપટ રહિત સેવા કરવી; અને [2]તેઓની સેવા થકી

ગમેલામાંથી, સંતોષ રાખવો; એ, શૂદ્રની પ્રકૃતિઓ; એટલે શૂદ્રપણાના (૨) સ્વભાવો છે. ॥૧૮॥ [1]અશૌચ–[2]અસત્ય–[3]ચોરી–[4]નાસ્તિકપણું–[5]શુષ્ક વિગ્રહ (નિરર્થક કજીઓ.) [6]કામ–[7]ક્રોધ–અને [8]તૃષ્ણા–:એટલા (૮) સ્વભાવો: ચાર વર્ણ થકી બહારના, અતિ નીચ લોકો: ઢેડા વિગેરે જેઓ, "બહાર વસ્યા" કહેવાય છે; તેઓના છે. ॥૧૯॥ અને [1]અહિંસા (બીજાને દુઃખ ન ઉપજે એવું આચરણ)–[2]સત્ય–[3]ચોરી ન કરવી–[4]અકામ–[5]અક્રોધ–[6]અલોભ–અને [7]સર્વ પ્રાણીનું હિત અને પ્રિય કરવાનો, હમેશાં ઉદ્યોગ–એટલા, (૭) સર્વે વર્ણોવાળાઓએ આચરવાના; સાધારણ ધર્મો છે. ॥૨૦॥ (હવે આશ્રમોના ધર્મો કહેવાનું, શિરૂ કરતાં: પ્રથમ ઉપકુર્વાણ બ્રહ્મચારીના ધર્મ, કહે છે.) સંસ્કારોના અનુક્રમથી, જનોઇ દીધાથી; બીજો જન્મ પામેલા દ્વિજે, (બ્રાહ્મણ–ક્ષત્રી–અથવા વૈશ્યે,) વિવેકી થઇને; ગુરૂના કુળમાં વસવું. અને ગુરૂના શિખવવાથી, વેદનું અધ્યયન; તેના અર્થ શિખવા સાથે, કરવું. ॥૨૧॥ અને ત્યાં તેણે મેખળા–મૃગચર્મ–લાકડી–રૂદ્રાક્ષની માળા–જનોઇ–અને કમંડળુ–તથા ડાભ–પાસે રાખવા; માથે જટા રાખવી–જમીન ઉપર સુવું–અને ગરૂડે રાખવાનું આસન, રંગ્યાવિનાનું રાખવું. ॥૨૨॥ તેણે નહાતી

વેળા–જમતી વેળા–અને હોમ કરતી વેળા–તથા જપનો ઉચ્ચાર કરતી વેળા–વાણીને નિયમમાં રાખવી; તથા નખને, અને જગલો તથા ઉપસ્થ ઉપરનાં રૂવાડાને; કપાવવાં નહીં. ॥૨૩॥ અને એ વ્રત ધારીએ, વીર્યને કદી પણ ખેરવું નહીં; તથા યદૃચ્છાથી, વીર્ય સ્ખલિત થઇ જાય; ત્યારે પણ તેણે પાણીથી નાહીને, પછી પ્રાણાયામ કરી; ગાયત્રિનો જપ કરવો. ॥ ૨૪ ॥ તેમજ દરરોજ સવાર સાંજ, પવિત્ર થઇને; તેણે વાણીને નિયમમાં રાખીને, જપ કરવો; અને અગ્નિ–સૂર્ય–આચાર્ય–ગાયો–બ્રાહ્મણ–ગુરૂ એટલે પોતાથી શ્રેષ્ઠ હોય તે–વૃદ્ધો–અને દેવતાઓ–એટલાની, તેણે એક ચિત્તથી; ઉપાસના કરવી. ॥૨૫॥ તથા આચાર્યને, મારૂં સ્વરૂપ જાણીને; તેની કદી પણ, અવગણના ન કરવી; અને એ સર્વ દેવમય ગુરૂની, મનુષ્ય બુદ્ધિ થકી નિંદા પણ ન કરવી. ॥૨૬॥ વળી દરરોજ સવાર સાંજ, ભિક્ષા માગીને આણેલું; તેમની આગળ રજુ કરવું. અને તે ગુરૂ, તે અન્નાદિકનીજ, અગર બીજાની; આજ્ઞા આપેથી, જેટલાની આજ્ઞા આપે; તેટલુંજ, મનને વશમાં રાખીને; ખાઇ લેવું. ॥૨૭॥ તથા તેમનાં વાહન–શય્યા–આસન–અને સ્થાન–થકી, જરા છેટે; હાથ જોડી, ઉભા રહીને;

भ्येनसंतोषःशूद्रप्रकृतयस्त्विमाः ॥१८॥ अशौचमनृतंस्तेयंनास्तिक्यंशुष्कविग्रहः ॥ कामःक्रोधश्चतर्षश्चस्वभावोंऽनेवसायिनां ॥१९॥ अहिंसासत्यमस्तेयमकामक्रोधलोभता ॥ भूतप्रियहितेहाचधर्मोऽयंसार्ववर्णिकः ॥२०॥ द्वितीयंप्राप्यानुपूर्व्याज्जन्मोपनयनंद्विजः ॥ वसन्गुरुकुलेदांतोब्रह्माधीयीतचाहुतः ॥२१॥ मेखलाऽजिनदंडाक्षब्रह्मसूत्रकमंडलून् ॥ जटिलोऽधौतदद्वासोऽरक्तपीठःकुशान्दधत् ॥२२॥ स्नानभोजनहोमेषुजपोच्चारेचवाग्यतः ॥ नच्छिंद्यान्नखरोमाणिकक्षोपस्थगतान्यपि ॥२३॥ रेतोनावकिरेज्जातुब्रह्मव्रतधरःस्वयं ॥ अवकीर्णेऽवगाह्याप्सुयतासुस्त्रिपदींजपेत् ॥२४॥ अग्न्यर्काचार्यगोविप्रगुरुवृद्धसुराञ्शुचिः ॥ समाहितउपासीतसंध्येचयतवाग्जपन् ॥२५॥ आचार्यंमांविजानीयान्नावमन्येतकर्हिचित् ॥ नमर्त्यबुद्ध्याऽसूयेतसर्वदेवमयोगुरुः ॥२६॥ सायंप्रातरुपानीयभैक्ष्यंतस्मैनिवेदयेत् ॥ यच्चान्यदप्यनुज्ञातमुपयुंजीतसंयतः ॥२७॥ शुश्रूषमाणआचार्यंसदोपासीतनीचवत् ॥ यानशय्यासनस्थानैर्नातिदूरेकृतांजलिः ॥२८॥ एवंवृत्तोगुरुकुलेवसेद्भोगविवर्जितः ॥ विद्यासमाप्यतेयावद्बिभ्रद्व्रतमखंडितं ॥२९॥ यद्यसौछंदसांलोकमारोक्ष्यन्ब्रह्मविष्टपं ॥ गुरवेविन्यसेद्देहंस्वाध्यायार्थंबृहद्व्रतः ॥३०॥ अग्नौगुरावात्मनिचसर्वभूतेषुमांपरं ॥ अपृथग्धीरुपासीतब्रह्मवर्चस्व्यकल्मषः ॥३१॥ स्त्रीणांनिरीक्षणस्पर्शसंलापक्ष्वेलनादिकं ॥ प्राणिनोमिथुनीभूतानगृहस्थोऽग्रतस्त्यजेत् ॥३२॥ शौचमाचमनंस्नानंसंध्योपासनमार्जवं ॥ तीर्थसेवाजपोऽस्पृश्याऽभक्ष्याऽसंभाष्यवर्जनं ॥३३॥ सर्वाश्रमप्रयुक्तोऽयंनियमःकुलनंदन ॥ मद्भावःसर्वभूतेषुमनोवाक्कायसंयमः ॥३४॥ एवंबृहद्व्रतधरोब्राह्मणोऽग्निरिवज्वलन् ॥ मद्भक्तस्तीव्रतपसादग्धकर्माशयोऽमलः ॥३५॥ अथानंतरमावेक्ष्यन्यथाजिज्ञासितागमः ॥ गुरवेदक्षिणांदत्वास्नायाद्गुर्वनुमोदितः ॥३६॥ गृहंवनंवोपविशेत्प्रव्रजेद्वाद्विजोत्तमः ॥ आश्रमादाश्रमंगच्छेन्नान्यथामत्परश्चरेत् ॥३७॥ गृहार्थीसदृशींभार्यामुद्वहेदजुगुप्सितां ॥ यवीयसींतुवयसायां

તથા નીચની પેઠે, તેમની ઉપાસના કરવી. ॥૨૮॥ અને એ પ્રમાણેનાં આચરણ કરવાનું, અખંડિત વ્રત રાખીને; તથા સર્વ ભોગ માત્રનો ત્યાગ કરીને; વિદ્યા સંપાદન કરતા સુધી ગુરૂને ઘેરજ રહેવું. ॥૨૯॥ (હવે નૈષ્ટિક બ્રહ્મચારીના ધર્મો કહે છે.) જેને બ્રહ્માના સ્થાન, બ્રહ્મ લોકમાં જવાની ઇચ્છા હોય; તેણે બૃહદ્વ્રત, એટલે જન્મપર્યંતનું બ્રહ્મચારી વ્રત, ધારણ કરવું; અને અભ્યાસ કરવાના બદલામાં, પોતાનો દેહજ; ગુરૂને અર્પણ કરી દેવો. ॥૩૦॥ પછી પાપ રહિત થઇને, બ્રહ્મતેજથી પ્રકાશતા; એ પુરૂષે, ભેદ બુદ્ધિ તજીને; અગ્નિ–ગુરૂ–આત્મા–અને સર્વ પ્રાણી પદાર્થાદિક–એમને વિષે: મારા પરમ સ્વરૂપની, ઉપાસના કરવી. ॥૩૧॥ તથા એ ગૃહસ્થાશ્રમ નહીં કરનારા, બ્રહ્મચારીએ; સ્ત્રીઓ સાથે, તથા સ્ત્રી પુરૂષનાં જોડાં થઇને રહેનારાં, પ્રાણીઓ સાથે; જોવાનું–સ્પર્શ કરવાનું–બોલવાનું–અને હાંસી ઠઠ્ઠા આદિક–કરવાનું તો, પ્રથમથીજ તજવું જોઇએ. ॥૩૨॥ તેમજ હે ઉદ્ધવ, પવિત્રતા–આચમન–સ્નાન–સંધ્યા–આર્જવ–તીર્થાટન–અને–જપ એ સર્વ કરવું–તથા અસ્પૃશ્ય અને અભક્ષ્ય વસ્તુનો તથા અયોગ્ય બોલવાનો ત્યાગ કરવો–સર્વ પ્રાણી પદાર્થાદિકને, હું રૂપ જાણવાં–અને મન, વાણી, તથા શરીરનો નિગ્રહ રાખવો–એટલા નિયમો તેણે તેમજ બીજા સર્વ આશ્રમોવાળાઓએ પણ, એક સરખી રીતે પાળવાના છે.

॥૩૩–૩૪॥ એ રીતનું બૃહદ્વ્રત ધારણ કરનારો બ્રહ્મચારી, પોતાના તીવ્રતપવડે; લિંગ શરીરને, બાળી નાંખીને; તથા તે મારો ભક્ત, બ્રહ્મને જાણનારો થઇને; અગ્નિ જેવો તેજસ્વી થાય છે. ॥૩૫॥ (હવે ત્રણે વર્ણના ઉપકુર્વાણ બ્રહ્મચારીએ, ગુરૂને ઘેર રહી, વિદ્યા (જ્ઞાન) સંપાદન કરવા પછી; કેવી રીતે આશ્રમ બદલવો, તથા તે પછી કેવા ધર્મો પાળવા તે કહે છે.) ઉપકુર્વાણ બ્રહ્મચારીએ, પોતાની ઇચ્છા મુજબ શાસ્ત્રનો અભ્યાસ કરી રહ્યા પછી; ગુરૂને દક્ષિણા આપી, તેમની સમ્મતિ મેળવીને; (અવભૃથ) સ્નાન કરવું. ॥૩૬॥ હે દ્વિજોત્તમ ઉદ્ધવ, પછી મને પરાયણ એવા તેણે; પ્રથમ ગૃહસ્થાશ્રમમાં–તે પછી વાનપ્રસ્થાશ્રમમાં–અને તે પછી સંન્યાસ આશ્રમમાં–જવું: એમ અનુક્રમથી, આશ્રમોમાં જવું; પણ એ અનુક્રમ તજીને, આશ્રમ બદલવા નહીં; તેમજ આશ્રમ રહિત પણ રહેવાનું, આચરણ કરવું ન જોઇએ. ॥૩૭॥ એમ ગૃહસ્થાશ્રમ કરવાને ઇચ્છતા, એ ત્રિવર્ણના બ્રહ્મચારીએ; પોત પોતાના વર્ણની–પોતા થકી ઉમરે નાહાની–પોતાના સરખા સ્વભાવાદિક વાળી–અને નિંદા પાત્ર નહીં થયેલી–એવી, સ્ત્રી પરણવી. ॥૩૮॥ [1]યજ્ઞાદિક કરવા–[2]વેદ આદિક શાસ્ત્રનું અધ્યયન કરવું–અને [3]દાન આપવું;–એ ત્રણ કર્મો, સર્વ (ત્રણે) દ્વિજ વર્ણ વાળાઓએ: કરવાનાં છે; અને [4]દાન

લેવું–[5]વેદ આદિક ભણાવવા–તથા [6]યજ્ઞાદિક કર્મો બીજાને કરાવવાં; એ ત્રણ કર્મો, ઉપરનાં ત્રણ કર્મોની સાથે એકલા બ્રાહ્મણોએજ કરવાનાં; તેમની આજીવિકા મેળવવાના સાધન રૂપ છે. ॥૩૯॥ અને તેમાં પણ, જે બ્રાહ્મણો: દાન લેવાના કર્મને, પોતાનું તપ–તેજ–અને યશનો નાશ કરનારૂં માનતા હોય; તેમણે તો બાકીનાં બે કર્મો વડેજ, પોતાની આજીવિકા ચલાવવાની છે; તથા તે બે કર્મો પણ, દોષ વાળાં હોવાનું; જેઓ જાણે તેમણે તો શીલ અને ઉંચ્છ વૃત્તિથી (એટલે ખેડુતે, ખેતરમાંથી દાણા લેઇ લીધા પછી; ત્યાં પડ્યા રહેલા દાણા, અને કણસલાં વિગેરે: તથા વેપારી વાણિયાની દુકાનમાં, આપ લે કરતાં; પુંજામાં પડી ગયેલા દાણા તેણે વાસિદામાં કાઢી નાંખેલા હોય, તે; અને વગડાનાં નધણિયાતાં ઝાડોનાં ફૂળો અને પાંદડાં વિગેરે પાકીને અગર સુકાઇને ખરી પડેલાં હોય તે: એ વિગેરે એકઠું કરી લાવીને, તે વડેજ) પોતાની આજી-વિકા ચલાવવાની છે. ॥૪૦॥ કેમકે આ લોકને વિશે બ્રાહ્મણનો દેહ, વિષયાદિકનાં ક્ષુદ્ર સુખો, ભોગવવાને માટે નથી; પણ અહીંયાં તપ કરવા આદિવડે, કષ્ટ સહન કરવાને: અને પરલોકમાં, અનંત સુખ ભોગવવાને: માટેજ છે ॥૪૧॥ એ રીતે ઘરને વિશે અતિ આસક્તિ વિનાજ રહેનારો–મનને મારામાં અર્પણ કરનારો–અને શી-લોંચ્છ વૃત્તિની આજીવિકાથી મનને વિશે આનંદ માનનારો,–નિર્મળ અને મોટો ધર્મ પાળનારો–તે બ્રાહ્મણ; સારી રીતે શાંતિને, (મારા પદને,) પામે છે. ॥૪૨॥ એવા મને પરાયણ, અને દુખોને સહન કરનારા, બ્રાહ્મણને; દુખથકી, જે કોઇ છોડાવશે; તેને સઘળી આપદાઓ થકી; હું, સમુદ્રમાં ભગી આવતા વહાણની પેઠે; ઉતાવ-ળોજ તારીશ. ॥૪૩॥ રાજાએ તો સર્વ પ્રજાઓને પિતાની પેઠે, સર્વ દુખોથકી, છોડાવવીજ જોઇએ; તથા તેણે પોતે, તો ધીર થઇને; જેમ મોટો હાથી, ગારા આદિકની જગોમાંથી; બીજા નાના હાથી વિગેરેને કા-ઢીને, પોતે પોતાથીજ નીકળે છે; તેમ, પોતે પોતાથીજ, દુઃખ મુક્ત થવું જોઇએ છે. (અર્થાત રાજા જો આવા બ્રાહ્મણોને તથા બીજા આજીવિકા વિના પીડાતા લોકોને દુખમુક્ત ન કરે તો, તે દોષવાન થાય છે.) ॥ ૪૪ ॥ આ પ્રમાણે પ્રજાઓને દુખમાંથી છોડાવનારો રાજા, અહીંયાંનાં તેનાં સઘળાં પાપોનો નાશ, તે વડેજ કરી નાંખીને; સૂર્ય સરખો તેજસ્વી થઇ, વિમાનમાં બેસીને; ઇંદ્રની સાથે આનંદ કરે છે. ॥ ૪૫ ॥ (હવે અહીંયાં આપતકાળના ધર્મો કહીને પછી સર્વ વર્ણના લોકોએ કયે પ્રકારે વૈદિકકર્મો કરવાં તે કહેશે) બ્રાહ્મણે આપતકાળમાં, (સાતમા સ્કંધમાં નારદે કહેલ છે તેમ.) વૈશ્યની વેચવા સાટવા આદિની, એટલે [1]ખેડ [2]ઢોરપાળવાં–[3]વ્યાપાર કરવો,–અને [4]વ્યાજ ખાવું; એ ચાર પ્રકારની આજીવિકાથી; અથવા રાજાની ખડગ ધારણ કરવાની વૃત્તિથી, એટલે [1]લોકોનું રક્ષણ કરવું–[2]પૃથ્વીનું સ્વામિત્વ રાખી, તેમાંથી સ્વાભાવિક

सर्वणामनुक्रमात् ॥३८॥ इज्याध्ययनदानानिसर्वेषांचद्विजन्मनां ॥ प्रतिग्रहोऽध्यापनंचब्राह्मणस्यैवयाजनं ॥३९॥ प्रतिग्रहंमन्यमानस्त पस्तेजोयशोनुदं ॥ अन्याभ्यामेवजीवेतशिलैर्वादोषदृक्तयोः॥४०॥ ब्राह्मणस्यहिदेहोऽयंक्षुद्रकामायनेष्यते ॥ कृच्छ्रायतपसेचेहप्रेत्यानंत सुखायच ॥ ४१ ॥ शिलोंच्छवृत्त्यापरितुष्टचित्तोधर्मंमहांतंविरजंजुषाणः ॥ मय्यर्पितात्मागृहएवतिष्ठन्नातिप्रसक्तःसमुपैतिशांतिं ॥ ४२ ॥ समुद्धरंतियेविप्रंसीदंतंमत्परायणं ॥ तानुद्धरिष्येनचिरादापद्भ्योनौरिवार्णवात् ॥४३॥ सर्वाःसमुद्धरेद्राजापितेवव्यसनात्प्रजाः॥ आत्मानमा त्मनाधीरोयथागजपतिर्गजान् ॥४४॥ एवंविधोनरपतिर्विमानेनार्कवर्चसा ॥ विधूयेहाशुभंकृत्स्नमिंद्रेणसहमोदते ॥४५॥ सीदन्विप्रोवणि ग्वृत्त्यापण्यैरेवापदंतरेत् ॥ खड्गेनवापदाक्रांतोनश्ववृत्त्याकथंचन ॥४६॥ वैश्यवृत्त्यातुराजन्योजीवेन्मृगययापदि ॥ चरेद्वाविप्ररूपेणनश्ववृ त्त्याकथंचन ॥४७॥ शूद्रवृत्तिंभजेद्वैश्यःशूद्रःकारुकटक्रियां ॥ कृच्छ्रान्मुक्तोनगर्ह्येणवृत्तिंलिप्सेतकर्मणा॥४८॥ वेदाध्यायस्वधास्वाहाबल्य न्नाद्यैर्यथोदयं ॥ देवर्षिपितृभूतानिमद्रूपाण्यन्वहंयजेत् ॥४९॥ यदृच्छयोपपन्नेनशुक्लेनोपार्जितेनवा ॥ धनेनापीडयन्भृत्यान्न्यायेनैवहरेत्क्रतू न् ॥५०॥ कुटुंबेषुनसज्जेतनप्रमाद्येत्कुटुंब्यपि ॥ विपश्चिन्नश्वरंपश्येददृष्टमपिदृष्टवत् ॥५१॥ पुत्रदाराप्तबंधूनांसंगमःपांथसंगमः ॥ अनुदे हंवियंत्येतेस्वप्नोनिद्रानुगोयथा॥५२॥ इत्थंपरिमृशन्मुक्तोगृहेष्वतिथिवद्वसन् ॥ नगृहैरनुबध्येतनिर्ममोनिरहंकृतः ॥५३॥ कर्मभिर्गृहमेधी यैरिष्ट्वामामेवभक्तिमान् ॥ तिष्ठेद्वनंवोपविशेत्प्रजावान्वापरिव्रजेत् ॥५४॥ यस्त्वासक्तमतिर्गेहेपुत्रवित्तेषणातुरः॥ स्त्रैणःकृपणधीर्मूढोममा

રીતે ઉત્પન્ન થનાર વિગેરે પદાર્થો ઉપર કર લેવો–અને [3]જકાત અગર દાણ લેવું. એ ત્રણ પ્રકારની આ-જીવિકાથી; અગર બ્રાહ્મણનીજ સેવા વડે; પોતાના આપત કાળને તરી જવો. પણ કદીએ કુતરા સરખી નીચશ્વ-વૃત્તિ, (પોતાના કરતાં ઉતરતી વર્ણના પુરૂષની,) સેવા વડે; આજીવિકા મેળવીને તો, જીવવું નજ જોઇએ. ॥૪૬॥ રાજા એટલે ક્ષત્રીએ પણ ઉપર કહેલ ચાર પ્રકારની, વૈશ્યની (વૃત્તિથી) આજીવિકાથી; અથવા બ્રાહ્મણની ઉપર કહ્યા મુજબની, ત્રણ પ્રકારની આજીવિકાથી; અને બ્રાહ્મણ તથા ક્ષત્રીની સેવા વડે; આજીવિકા સંપાદન ક-રીને, પોતાના આપતકાળને તરી જવો. પણ તેણે, કુતરા સરખી નીચશ્વવૃત્તિ, (પોતા કરતાં ઉતરતી વર્ણની) સેવા વડે; આજીવિકા મેળવવા વડે તો, કદીએ જીવવું નજ જોઇએ. ॥૪૭॥ વૈશ્યે આપત કાળમાં, શુદ્રની (વૃત્તિ) આજીવિકાથી એટલે, બ્રાહ્મણ–ક્ષત્રિ–અને વૈશ્ય એ દ્વિજોની સેવા આદિ વડે આજીવિકા સંપાદન કરવી. (અર્થાત શુદ્રની અને પ્રતિલોમ જાતિની સેવાને તજીને બીજા સર્વ પ્રકારની આજીવિકા વડે આપદ-કાળને તરવો.) અને શુદ્રે પણ આપત કાળમાં સાદડી બનાવવા વિગેરે (પ્રતિલોમ જાતિ વાળાની) તથા બીજા સર્વ કોઇની આજીવિકાથી જીવવું; (અર્થાત તેને પણ પોતાથી નીચ પ્રતિલોમ જાતિનાની સેવાને તજીને, બીજા સર્વ પ્રકારોની આજીવિકા વડે; આપદકાળને તરી જવાની છુટ છે.) અને તે સઘળી વર્ણો વાળાઓએ, પોત પોતાનો આપત કાળ મટયા પછી; સારા સમયમાં, એ અયોગ્ય કર્મો વાળી આજીવિકા, ચલાવ્યા કર-વાને ઇચ્છવું નહીંજ. ॥ ૪૮ ॥ (હવે વર્ણાશ્રમ વાળાએ કરવાનાં કર્મો કહે છે) એ રીતે મેળવેલી આજીવિ-કાથી, આ રીતની વર્ણો વાળાઓએ; પોતપોતાનો જેવો ઉદય એટલે શક્તિ હોય, તે પ્રમાણે વેદાદિકનું અ-ધ્યયન કરીને; અને સ્વધાકાર તથા સ્વાહાકારથી, અન્નાદિકનાં બલી આપીને; રૂષિઓ–પિતૃઓ–દેવતાઓ–અને સર્વ પ્રાણીઓ–રૂપ; મારાં સ્વરૂપોનું. રોજ રોજ પુજન કરવું. ॥૪૯॥ અને તે પણ શુદ્ધ આજીવિકાથી સંપા-દન કરેલા, અથવા યદૃચ્છાથી મળેલા, ધનથી; પોતાના ભૃત્ય વર્ગને, એટલે કુંટુંબ પરિવાર અને નોકર ચાકરો તથા પશુઓ આદિક પોષણ કરવા યોગ્ય પ્રાણીઓને; દુઃખ ન ઉપજે, તે રીતે ન્યાયને અનુસરીનેજ કરવાનું છે. એટલે યજ્ઞાદિક સઘળાં કર્મો, એ રીતેજ કરવાં. ॥ ૫૦ ॥ તેમજ તે (ગૃહસ્થે) કુંટુંબવાળાએ, આ લોકની પેઠેજ, પરલોકને પણ નાશવંત જાણીને, તેવો વિચાર રાખવાવડે; એ કુંટુંબને વિશે પણ; પ્રમાદવાળા અને આસક્ત થવું નજ જોઇએ. ॥ ૫૧ ॥ કેમકે પુત્રો–સ્ત્રીઓ–સંબંધીઓ–અને બંધુઓ–એમનું ભેળુ થવું; રસ્તે ચાલતાં, સંગાત થવા સરખું; અને નિંદ્રાનો નાશ થતાં, સ્વપ્નુ નાશ થવાની પેઠેજ; આ દેહનો નાશ થવાની સાથેજ, નાશ પામી જનારૂંજ છે. ॥ ૫૨ ॥ આવો વિચાર રાખનારો–અતિથિના સરખો–મુક્ત પણે

ઘરમાં રેહેનારો—અને "હું તથા મારાપણાને," તજેલા—એવા પુરૂષ; ઘરથકી, બંધનને પામતોજ નથી. ॥૫૩॥ આ રીતે ગૃહસ્થાશ્રમનાં કર્મોવડે, મારૂંજ પૂજન કરનારા: ભક્તિમાન પુરૂષોએ, ગૃહસ્થાશ્રમમાંજ રહીને; આવાં એટલે મારે અર્થેજ કર્મો કરયા કરવાં. અથવા પ્રજાવાન થયા પછી, (એટલે ગૃહકાર્ય કરવાને યોગ્ય પુત્ર થયા પછી,) વનમાં જઈ; વાનપ્રસ્થ આશ્રમ પાળવો. અને તે પછી સંન્યાસ ગૃહણ કરવું. ॥ ૫૪ ॥ કેમકે ઘરને વિશે આસક્ત બુદ્ધિવાળા—પુત્ર અને ધનાદિકની તૃષ્ણાથી આતુર બનેલા—આવશ—અને "હું તથા મારૂં" એવી બુદ્ધિએ રાંક બનેલા—પુરૂષો તો; ઘરાદિકથકીજ, બંધનને પ્રાપ્ત થાય છે. ॥૫૫॥ અને આ, મારાં ઘરડાં માબાપ—ભાર્યા—છોકરાં—અને તેમનાં છોકરાં—વિગેરે સઘળાં; અનાથ અને રાંક બિચારાં, મારા વિના કેવી રીતે, દુઃખથી જીવી શકશે; એ રીતની ઘરને વિશે લાગી રહેલ મનવાળી મૂઢ બુદ્ધિ થઈ; અને તે સઘળાંઓથકી, તૃપ્તિ નહીં પામતાં; તેમનુંજ ધ્યાન કરતો, મરી જનારો પુરૂષ; અઘોર નરકમાંજ પડે છે. ॥૫૬-૫૭॥ ઇતિ૦ શ્રી૦ ભા૦ અગિયારમા સ્કંધનો બ્રહ્મચારી અને ગૃહસ્થના ધર્મો નામે સત્તરમો અધ્યાય સંપૂર્ણ ॥૧૭॥

અધ્યાય ૧૮ મો.—શ્રીભગવાન—તે પછી વાનપ્રસ્થ આશ્રમમાં જનારાએ; સ્ત્રીને, પુત્રની સંભાળમાં સોંપીને; અથવા પોતાની સાથે લેઈને; પોતાના આયુષ્યનો ત્રીજો ભાગ, શાંતપણે વનમાં વસવું. ॥૧॥ તેણે ત્યાં વનનાં પવિત્ર, કંદ—મૂળ—અને ફળ—વિગેરેવડે, પોતાની આજીવિકા ચલાવવી; અને ઘાસ—પાંદડાં—ચામડાં—તથા વલ્કલ—વસ્ત્રો પેહેરવાં. ॥૨॥ માથાના વાળ—રૂવાડાં—નખ—દાઢી અને મુંછ વિગેરે મળોને, ધારણ કરી રાખવાં; અને દાંતને મંજન આદિ લગાડીને, શોધન કરવું નહીં; પણ એ સઘળાંને. સવાર—સાંજ—અને મધ્યાન્હ એ ત્રણે કાળ, પાણીવડે ધોવાં; અને જમીન ઉપરજ સૂવું. ॥ ૩ ॥ ઉનાળામાં પંચાગ્નિ તાપવા—ચોમાસામાં ખુલ્લી જગામાં રહી, વરસાદ સહન કરવો—અને શિયાળામાં ગળા સુધી, પાણીમાં પેસીને રહેવું—એ રીતે તપનું આચરણ કરવું. ॥૪॥ કાળવડે પાકેલું—અગ્નિવડે પકાવેલું—અને ખાંડણિયાથી, કે પથરાથી કુટેલું—અથવા થોડું તે

हमितिबध्यते ॥५५॥ अहोमेपितरौवृद्धौभार्याबालात्मजात्मजाः ॥ अनाथामामृतेदीनाःकथंजीवंतिदुःखिताः ॥५६॥ एवंगृहाशयाक्षिप्त हृदयोमूढधीरयं ॥ अतृप्तस्ताननुध्यायन्मृतोऽधंविशतेतमः ॥५७॥ इ०भा०म०ए०सप्तदशोऽध्यायः ॥१७॥ श्रीभग०वनंविविक्षुःपुत्रेषु भार्यांन्यस्यसहैववा ॥ वनएववसेच्छांतस्तृतीयंभागमायुषः ॥१॥ कंदमूलफलैर्वन्यैर्मेध्यैर्वृत्तिंप्रकल्पयेत्॥वसीतवल्कलंवासस्तृणपर्णाजिनानिच ॥२॥ केशरोमनखश्मश्रुमलानिबिभृयाद्दतः॥ नधावेदप्सुमज्जेतत्रिकालंस्थंडिलेशयः ॥३॥ ग्रीष्मेतप्येतपंचाग्नीन्वर्षास्वासारषाड्जले ॥ आकंठमग्नःशिशिरएवंवृत्तस्तपश्चरेत् ॥४॥ अग्निपक्वंसमश्नीयात्कालपक्वमथापिवा ॥ उलूखलाश्मकुट्टोवादंतोलूखलएववा ॥५॥ स्वयंसंचिनुयात्सर्वमात्मनोवृत्तिकारणं ॥ देशकालबलाभिज्ञोनाददीतान्यदाहृतं ॥६॥ वन्यैश्चरुपुरोडाशैर्निर्वपेत्कालनोदितान् ॥ नतश्रौते नपशुनामांयजेतवनाश्रमी॥७॥अग्निहोत्रंचदर्शश्चपूर्णमासश्चपूर्ववत् ॥ चातुर्मास्यानिचमुनेराम्नातानिचनैगमैः॥८॥एवंचीर्णेनतपसामुनिर्धमनिसंततः ॥ मांतपोमयमाराध्यऋषिलोकादुपैतिमाम् ॥९॥ यस्त्वेतत्कृच्छ्रतश्चीर्णंतपोनिःश्रेयसंमहत् ॥ कामायाल्पीयसेयुंज्याद्बालिशःकोऽपरस्ततः ॥१०॥ यदाऽसौनियमेऽकल्पोजरयाजातवेपथुः ॥ आत्मन्यग्नीन्समारोप्यमच्चित्तोऽग्निंसमाविशेत् ॥११॥ यदाकर्मविपाकेषुलोकेषुनिरयात्मसु ॥ विरागोजायतेसम्यङ्न्यस्ताग्निःप्रव्रजेत्ततः ॥१२॥ इष्ट्वायथोपदेशंमांदत्त्वासर्वस्वमृत्विजे ॥ अग्नीन्स्वप्राणआवेश्यनिरपेक्षःपरिव्रजेत् ॥१३॥ विप्रस्यवैसंन्यसतोदेवादारादिरूपिणः ॥ विघ्नान्कुर्वंत्ययंह्यस्मानाक्रम्यसमियात्परं ॥१४॥ बिभृयाच्चेन्मुनिर्वासःकौपीनाच्छादनंपरं ॥ त्यक्तंनदंडपात्राभ्यामन्यत्किंचिदनापदि ॥१५॥ दृष्टिपूतंन्यसेत्पादंवस्त्रपूतंपिबेज्जलं ॥ सत्यपूतांवदेद्वाचंमनःपूतंसमाचरेत् ॥१६॥ मौनानीहानिलायामादंडावाग्देहचेतसां॥ नह्येतेयस्यसंत्यंगवेणुभिर्नभवेद्यतिः ॥१७॥ भिक्षांचतुर्षुवर्णेषुविगर्ह्यान्वर्जयंश्चरेत् ॥ सप्तागारानसंक्लृप्तांस्तुष्येल्लब्धेनतावता ॥१८॥ बहिर्जलाशयंगत्वातत्रोपस्पृश्यवाग्यतः ॥ विभज्यपावितंशेषंभुंजीताशेष

બંનેમાંથી ગમે તે એક રીતે કુટેલું, અને ખાણીનું દાંતવડેજ ચાવેલું, તે ખાવું. ॥ ૫ ॥ તેણે, દેશ—કાળ—અને બળ—આદિનો વિવેક રાખીને; પોતાની આજીવિકા માટે જોઈતું સર્વ, પોતે સંચય કરી રાખવું. તથા બીજું મળતા સુધી, તે બીજા કોઈને આપી દેવું નહીં. ॥ ૬ ॥ તેણે વખતે વખત મળી આવેલા, એ વનના પદાર્થોવડેજ; ચરૂ અને પુરોડાશ હોમવાં. પણ શ્રુતિઓમાં કહ્યા પ્રમાણે, પશુઓવડે વાનપ્રસ્થાશ્રમીઓએ મારૂં યજન કરવું નહીં. ॥ ૭ ॥ અને તે વાનપ્રસ્થ મુનિએ અગ્નિહોત્ર—દર્શ—પૂર્ણમાસ—તથા ચાતુર્માસ—વિગેરે શાસ્ત્રોમાં આજ્ઞા કરેલા સઘળા યજ્ઞો, આ રીતે પ્રથમની પેઠેજ: કરવા જોઈએ. ॥ ૮ ॥ એ રીતે ઘણો વખત સુધી તપ કરવાથકી, સર્વત્ર નસો દેખાતો, તે વાનપ્રસ્થ મુનિ: મારા તપોમય સ્વરૂપનું આરાધન કરવાથી, સપ્ત ઋષિઓના લોકમાં જઈને; પછી મને પામે છે. ॥ ૯ ॥ આ રીતે ઘણો કાળ દુઃખો વેઠીને, સંપાદન કરેલ; મોટા કલ્યાણને પ્રાપ્ત કરનારા, તપનો; જે પુરૂષ અલ્પ કામનાઓને માટે, ઉપયોગ કરે; તેના કરતાં બીજો કોઈજ બુદ્ધિહીણ ન હોય. ॥૧૦॥ પણ આ રીતના નિયમો પાળવામાં, ઘરડપણ આદિથી થતા કંપ વિગેરે કારણથી, તેનું શરીર જ્યારે અશક્ત થાય; ત્યારે તેણે અગ્નિનો આત્મામાં આરોપ કરવો. અને પછી મારામાં મન રાખીને, તેણે અગ્નિમાંજ પ્રવેશ કરવો. ॥૧૧॥ પણ જો તેનું શરીર અશક્ત નહીં થતાં, જ્યારે કર્મ ફળોને વિશે, તથા નરક સમાન આ લોક અને પરલોકને વિશે; તેને સંપૂર્ણ વૈરાગ્ય, ઉત્પન્ન થાય; ત્યારે અગ્નિ આદિકનો ત્યાગ કરીને, તેણે સંન્યાસ ગૃહણ કરવું. ॥૧૨॥ એટલે શાસ્ત્ર વિધિથી ઇષ્ટિ કરીને, પોતાની પાસે જે કાંઈ હોય: તે ઇષ્ટિ કરાવનારા ઋત્વિજને, આપી દેઈને; તથા અગ્નિને, પોતાના પ્રાણ વાયુમાં ધારણ કરીને; અપેક્ષા રહિત થઈ, ચાલી નીકળવું ॥૧૩॥ સંન્યાસ ગૃહણ કરીને ચાલી નીકળતાં, એ બ્રહ્મને જાણનારાને; તે વખતે દેવતાઓ, સ્ત્રી આદિકના રૂપથી; વિઘ્નો કરવાને આવે છે; માટે તેઓને નહીં ગણકારીને, તેણે પરમાત્માનુંજ, શરણ લેવું ॥૧૪॥ સંન્યાસીએ, શરીર ઢાંકવાને; વસ્ત્ર તરિકે વિશેષે કરીને ફક્ત કૌપિન, એટલે લંગોટીજ, ધારણ કરવી; અને લાકડી તથા જળના પાત્ર (કમંડળ) શિવાય, બીજી કોઈ પણ; પોતે પ્રથમથી તજી દીધેલ વસ્તુઓ પૈકીની, વસ્તુ; આપત કાળ શિવાય, કદી પણ પોતાની પાસે રા-

ખવી નહીં. ॥૧૫॥ અને તેણે, દ્રષ્ટિવડે ગાળીને પગ મુકવો—વસ્ત્રવડે ગાળીને પાણી પીવું—સત્યથી ગાળીને વચન બોલવું—અને મનવડે ગાળીને સમદ્રષ્ટિવાળું આચરણ કરવું. ॥૧૬॥ હે ઉદ્ધવ, જેની પાસે વાણીના દંડ રૂપ, મૌનવ્રત—શરીરના દંડ રૂપ, કામ્ય કર્મોનો ત્યાગ—અને મનના દંડ રૂપ, પ્રાણાયામ; એ ત્રણ દંડ, ધારણ કરેલા નથી હોતા; તે ફક્ત વાંસની લાકડીઓ પાસે રાખવાથીજ, (ત્રિદંડી,) સન્યાસી થઇ શકતો નથી. ॥૧૭॥ સન્યાસીએ, પતિત આદિક નિંદાનું પાત્ર થયેલનો ત્યાગ કરીને; ચારે વર્ણમાંથી, પ્રથમથી સંકલ્પ નહીં કરેલાં; સાત ઘરોની, ભિક્ષા માગીને; તેથકી જેટલું મળે, તેટલાવડેજ સંતોષ રાખવો. ॥૧૮॥ તથા ગામ આદિકની બહારના જળાશય ઉપર જઇને; તેણે, વાણીને નિયમિત કરીને; તે મળેલા અન્નાદિકને, જળવડે પ્રોક્ષણ અને સ્પર્શ વિગેરેથી, પવિત્ર કરી, આચમન લેઇને; તથા તેમાંથી પ્રાણીઓ આદિકને ઘટિત વિભાગ આપ્યા પછીજ, શેષ રહેલું પોતે, જરા પણ બાકી નહીં રાખતાં; ખાઇ લેવું જોઇએ. ॥૧૯॥ તેણે આ પૃથ્વી ઉપર; સંગ રહિત—જીતેંદ્રિય—આત્મ સ્વરૂપ સાથે ક્રિડા કરનારા—આત્મ સ્વરૂપમાં પ્રીતિવાળા—અને આત્મ જ્ઞાની—તથા સમદ્રષ્ટિવાન—થઇને; એકલાજ ફરવું. ॥૨૦॥ તથા તેવા સન્યાસીએ, ભેદ બુદ્ધિ તજીને; અડચણો વિનાના એકાંત સ્થાનનો આશ્રય લેઇ, મારી ભાવનાવડે નિર્મળ કરેલા અંતઃકરણથી; મારા આત્મ સ્વરૂપનું એકલાનુંજ, ચિંતવન કરવું. ॥૨૧॥ અને આત્મજ્ઞાનની બુદ્ધિવડે; પોતાના બંધ અને મોક્ષને જાણવા. કે ઇંદ્રિયાદિક વિકારવાન થાય, તેજ બંધછે; અને તેઓનો નિગ્રહ થાય, એજ મોક્ષ કહેવાય છે. ॥૨૨॥ આરીતે મારે વિશે પ્રીતિ રાખવાવડે; તુચ્છ કામનાઓથી વિરક્ત થયેલો, અને મનસહિત છ ઇંદ્રિયોના વર્ગનો નિગ્રહ કરીને ફરનારો જે મુનિ; તે મોટા આત્મસુખને પામે છે. ॥૨૩॥ તથા તેણે માત્ર ભિક્ષાને અર્થેજ; પવિત્ર દેશો—નદીઓ—પર્વતો—વનો—અને આશ્રમોવાળી—પૃથ્વી ઉપરનાં, નગરો—ગામો—વ્રજો—અને સંઘોને વિશે પ્રવેશ કરવો; તથા ફરવું. ॥૨૪॥ શુદ્ધ સત્વગુણી અને શીલોંચ્છ જેવાં, પવિત્ર અન્નાદિકથી; મોહની નિવૃત્તી, ઉતાવળીજ થાય છે; અને સિદ્ધિની પ્રાપ્તિ પણ થાય છે; માટે એવા વાનપ્રસ્થોના આશ્રમોમાં, તેણે વારંવાર ભિક્ષા કરવાને જવું. ॥૨૫॥ એ થકી તેને સઘળા દ્રશ્ય પદાર્થાદિક, વિનાશી અને અસત્ હોવાનું જણાવાથી; તેનું મન, તેઓમાં આસક્ત થતું નથી; એટલે આ લોકનાં સુખો મેળવવાનાં, તથા પરલોકનાં સુખો મેળવવાનાં; સઘળાં કર્મો થકી, તે વિરામ પામે છે. ॥૨૬॥ અને મન—વાણી—તથા પ્રાણ થકી જણાતું, આ સઘળું જગત; માયાએ, આત્મસ્વરૂપને વિશેજ, કલ્પના

मात्दृतं ॥१९॥ एकश्चरेन्महीमेतांनिःसंगःसंयतेंद्रियः ॥ आत्मक्रीडआत्मरतआत्मवान्समदर्शनः ॥२०॥ विविक्तक्षेमशरणोमद्भावविमलाशयः ॥ आत्मानंचिंतयेदेकमभेदेनमयामुनिः ॥२१॥ अन्वीक्षेतात्मनोबंधंमोक्षंचज्ञाननिष्ठया ॥ बंधइंद्रियविक्षेपोमोक्षएषांचसंयमः ॥२२॥ तस्मान्नियम्यषड्वर्गंमद्भावेनचरेन्मुनिः॥विरक्तःक्षुल्लकामेभ्योलब्ध्वात्मनिसुखंमहत् ॥२३॥ पुरग्रामव्रजान्सार्थान्भिक्षार्थंप्रविशंश्चरेत् ॥ पुण्यदेशसरिच्छैलवनाश्रमवतींमहीं ॥२४॥ वानप्रस्थाश्रमपदेष्वभीक्ष्णंभैक्ष्यमाचरेत् ॥ संसिध्यत्याश्वसंमोहःशुद्धसत्वशिलांधसा ॥२५॥ नैतद्वस्तुतयापश्येद्दृश्यमानंविनश्यति ॥ असक्तचित्तोविरमेदिहामुत्रचिकीर्षितात् ॥२६॥ यदेतदात्मनिजगन्मनोवाक्प्राणसंहतं ॥ सर्वंमयेतितर्केणस्वस्थस्त्यक्त्वानतत्स्मरेत् ॥२७॥ ज्ञाननिष्ठोविरक्तोऽवामद्भक्तोवाऽनपेक्षकः ॥ सलिंगानाश्रमांस्त्यक्त्वाचरेदविधिगोचरः ॥२८॥ बुधोबालकवत्क्रीडेत्कुशलोजडवच्चरेत् ॥ वदेदुन्मत्तवद्विद्वान्गोचर्यांनैगमश्चरेत् ॥२९॥ वेदवादरतोनस्यान्नपाखंडीनहैतुकः ॥ शुष्कवादविवादेनकंचित्पक्षंसमाश्रयेत् ॥३०॥ नोद्विजेतजनाद्धीरोजनंचोद्वेजयेन्नतु ॥ अतिवादांस्तितिक्षेतनावमन्येतकंचन ॥ देहमुद्दिश्यपशुवद्वैरंकुर्यान्नकेनचित् ॥३१॥ एकएवपरोह्यात्माभूतेष्वात्मन्यवस्थितः ॥ यथेंदुरुदपात्रेषुभूतान्येकात्मकानिच ॥३२॥ अलब्ध्वानविषादेतकालेकालेऽशनंक्वचित् ॥ लब्ध्वानहृष्येद्धृतिमानुभयंदैवतंत्रितं ॥३३॥ आहारार्थंसमीहेतयुक्तंतत्प्राणधारणं ॥ तत्त्वंविमृश्यतेतेनतद्विज्ञायविमुच्यते ॥३४॥ यदृच्छयोपपन्नान्नमद्याच्छ्रेष्ठमुतापरं॥ तथावासस्तथाशय्यांप्राप्तंप्राप्तंभजेन्मुनिः ॥३५॥ शौचमाचमनंस्नानंनतुचोदनयाचरेत् ॥ अन्यांश्चनियमान्ज्ञानीयथाऽहंलीलयेश्वरः ॥३६॥ नहितस्यविकल्पाख्यायाचमद्वीक्षयाहता आदेहांतात्क्वचित्ख्या

કરેલાનો તર્ક કરવાવડે; તે, એ સઘળા થકી સ્વસ્થ થઇને; તેનો ત્યાગ કરે છે, તથા પછીથી તેમનું સ્મરણજ કરતો નથી. ॥૨૭॥ (એ રીતે બહૂદક (ત્રિદંડી) સંન્યાસીના ધર્મો કહીને, હવે પરમહંસ સંન્યાસીના ધર્મો કહે છે.) વૈરાગ્યની પ્રાપ્તિ સહિત મારી ભક્તિ કરવાવડે, કોઇ જાતની અપેક્ષા નહીં રહેલા; અને આત્મ જ્ઞાનની નિષ્ટાવાળા; પરમહંસની દીક્ષા લીધેલા સંન્યાસીએ તો, આશ્રમોનો તેમના નિશાનીઓ સુદ્ધાં, ત્યાગ કરીને; અને વિધિ નિષેધને પણ, પડયાં મૂકીને; ઇંદ્રિયાદિકની, સ્વાભાવિક રીતે પ્રવૃત્તિ થાય; તેમજ વિચરવું. ॥ ૨૮ ॥ એટલે તેણે બુદ્ધિમાન છતાં, બાળકની પેઠે; (કેહેતાં, અકલ વિનાના અને માન અપમાન રહિતની પેઠે:) ક્રિડા કરવી—પંડિત છતાં, ઉન્મતની પેઠે: (કહેતાં લોકને રાજી કરવાની અપેક્ષા રહિત થઇને;) વાણી બોલવી—નિપુણ છતાં, જડની પેઠે; (એટલે સારૂં નરસું ફળ થવાના અનુસંધાનને તજીને) ફરવું—અને શાસ્ત્રાદિકને જાણનારા છતાં, ઇંદ્રિયાદિકની સ્વાભાવિક વૃત્તિ પ્રમાણેજ, આચરણ કરવું. ॥૨૯॥ તેણે વેદ વચનોમાં પ્રીતિવાળા ન થવું—તેમજ પાખંડ મતના ન થવું—અને કેવળ તર્કનુંજ ધોરણ પણ ન રાખવું—તથા કોઇ પણ એક પક્ષનો આશ્રય કરીને, શુષ્ક વાદ વિવાદ કરવો નહીં. ॥૩૦॥ લોકને ઉદ્વેગ ન પમાડવો—અને પોતે ધીર થઇને, લોકો થકી ઉદ્વેગ પામવો પણ નહીં—તથા કોઇની પણ અવગણના નહીં કરતાં; તેમનાં કઠણ વચનો વિગેરેનું સહન કરવું—અને પશુની પેઠે, શરીરના કારણથી; કોઇની સાથે, વેર બાંધવું નહીં. ॥૩૧॥ કેમકે એક સરખાજ સ્વભાવ વાળાં, પ્રાણીઓનાં શરીરોમાં; પાણીનાં વાસણોમાં રહેલા ચંદ્રના પ્રતિબિંબની પેઠે; આત્મ સ્વરૂપ, એકજ પરબ્રહ્મ રહેલા છે. ॥૩૨॥ તથા તેણે જ્યારે કદી કદી ખાવાનું ન મળે, ત્યારે કચવાવું નહીં; અને મળે, ત્યારે રાજી પણ ન થવું; કેમકે એ બંને રીતે થવાનું, દૈવાધીન છે; માટે તે જાણીને, ધીરજ વાળાજ થવુ. ॥૩૩॥ અને જે થકી, પ્રાણ રહી શકે; તેટલોજ આહાર સંપાદન કરવા પૂરતો, ઉદ્યોગ કરવો; કારણ પ્રાણ રહે, તોજ તત્વનું શોધન કરી શકાય છે. અને તેથીજ તત્વજ્ઞાન પામીને મુક્ત થવાય છે. ॥૩૪॥ તેણે યદ્રચ્છાથી મળી આવેલું, સારૂં અગર નરસું અન્ન; ખાઇ લેવું—અને લુગડાં તથા બિછાનું વિગેરે પણ,એ રીતે જેવું જેવું મળી આવે; તેવુંજ, ભોગવી લેવું. ॥૩૫॥ તથા તે જ્ઞાનવાન પરમહંસ સંન્યાસીએ, શૌચ—આચમન—સ્નાન—તથા બીજા નિયમોનું આચરણ; વેદ આદિક શાસ્ત્રની આજ્ઞાઓ પાળવાને માટે કરવાનું નથી; પણ હું ઇશ્વર લીલાવડે જેમ, આચરૂં છું; તેમ, તે નિયમાદિકને તેણે,(જે બની આવે તે) પાળવાના છે. ॥૩૬॥ અને તેનું

શરીર પડી જતા સુધીમાં, પોતાના દેહાદિકની. પ્રતિતિ હોવા રૂપ; કાંઇક કાંઇક વિકલ્પ, તેને જે જોવામાં આવેછે, તેની પ્રતિતિ પણ; તેને મારૂં જ્ઞાન થવા વડે, છેવટે મટીજ જાય છે; અને પછીથી, તે મનેજ પામે છે.૩૭ા (હવે વૈરાગ્ય થયા છતાં, આત્મજ્ઞાનની નિષ્ઠા નહીં પામેલા અને પામવાને ઇચ્છનાર, યતિના ધર્મો કહે છે.) પણ, દુઃખોને ઉત્પન્ન કરનારાં કર્મોને વિશે, વૈરાગ્ય થયા છતાં; મારા સ્વરૂપને જાણવાનીજ, જેને ઇચ્છા હોય; તેવા સંન્યાસી (મુનિ) એ તો, મારા ધર્મોને પરાયણ એવા ગુરૂનુંજ; શરણ લેવું.॥૩૮॥ અને બ્રહ્મ, એટલે આત્મસ્વરૂપનું જ્ઞાન, પોતાને થાય; ત્યાં સુધી તેણે, શ્રદ્ધાવાન અને અસૂયા રહિત થઇને; તે ગુરૂને વિશે, મારા પ્રમાણેનોજ આદર રાખી; ભક્તિ ભાવથી, તેની સેવા કરવી. ॥ ૩૯ ॥ કેમકે છ ઇંદ્રિયોના વર્ગને વશમાં નહીં રાખી શકવાથી; બળવાન ઇંદ્રિયો, વિષયયાદિક અર્થોને વિશે દોડયાજ કરે છે; માટે ઇંદ્રિય નિગ્રહ નહીં કરનારો અને આત્મજ્ઞાન તથા વૈરાગ્ય વિનાનો, સંન્યાસી તો; માત્ર ત્રણ વાંસની લાકડીઓના દંડને રાખી, તે વડે; પેટ ભરનારોજ કહેવાય છે. ॥૪૦॥ અને એમ કરવાવડે, એ; ધર્મનો નાશ કરનારો; રાગ દ્વેષાદિક નહીં ગયેલો; તથા દેવતાઓને–પોતાને–અને મને પણ–હણનારોજ છે; જેથી તે, આ લોક તથા પરલોક બંનેથી; ભ્રષ્ટ થાય છે. ॥૪૧ ॥ (હવે સર્વ આશ્રમને માટે ટુંકામાં કહે છે.) આ પ્રમાણે; [1]ઉપશમ, અને [2]અહિંસા: એ સંન્યાસીના મુખ્ય (૨) ધર્મો છે.—[1]તપ, અને [2]યજ્ઞાદિક કરવાં; એ વાન પ્રસ્થના મુખ્ય (૨) ધર્મો છે.—[1]પ્રાણી પદાર્થાદિક સર્વનું રક્ષણ કરવું, અને [2]યજ્ઞાદિક કરવાં;એ ગૃહસ્થના મુખ્ય (૨) ધર્મો છે.–અને [1]ગુરૂની સેવા કરવી; એ બ્રહ્મચારીનો મુખ્ય (૧) ધર્મ છે. ॥ ૪૨ ॥ અને [1]બ્રહ્મચર્ય–[2]તપ–[3]શૌચ–[4]સંતોષ–[5]પ્રાણી માત્ર ઉપરનો સુહૃદભાવ–અને [6]મારી ઉપાસના,–એટલા (૬) ધર્મો; સર્વે આશ્રમવાળાઓના, સાધારણ છે: અને તેમાં, પણ ઋતુ કાળે ગૃહસ્થ પોતાની સ્ત્રી પાસે જવા છતાં; તેનું બ્રહ્મચર્ય કાયમ રહે છે;એવી છુટ છે. ॥૪૩॥ આ રીતના સ્વધર્માચરણ વડે, અનન્ય ભાવથી મને ભજનારો પુરૂષ: થોડા વખતમાંજ: સર્વ પ્રાણી પદાર્થાદિકને વીશે, મારી ભાવના થવા રૂપ: મારી ભક્તિને પામે છે. ॥૪૪॥ અને હે ઉદ્ધવ, એવી અનપાયિની ભક્તિ વડે; તે સર્વ લોકના મોટા સ્વામી, અને ઉત્પત્તિ તથા નાશ જેના થકી થાય છે: એવા, મારા બ્રહ્મ

तिस्ततःसंपद्यतेमया ॥३७॥ दुःखोदर्केषुकामेषुजातनिर्वेदआत्मवान् ॥ अजिज्ञासितमद्धर्मोगुरुंमुनिमुपाव्रजेत् ॥३८॥ तावत्परिचरेद्भक्तः श्रद्धावाननसूयकः ॥ यावद्ब्रह्मविजानीयान्मामेवगुरुमादृतः ॥३९॥ यस्त्वसंयतषड्वर्गःप्रचंडेंद्रियसारथिः ॥ ज्ञानवैराग्यरहितस्त्रिदंडमुपजीवति ॥४०॥ सुरानात्मानमात्मस्थंनिन्हुतमांचधर्महा ॥ अविपक्वकषायोऽस्मादमुष्माच्चविहीयते ॥४१॥ भिक्षोर्धर्मःशमोऽहिंसातपइज्यावनौकसः ॥ गृहिणोभूतरक्षेज्याद्विजस्याचार्यसेवनं ॥४२॥ ब्रह्मचर्यंतपःशौचंसंतोषोभूतसौहृदं ॥ गृहस्थस्याप्यृतौगंतुःसर्वेषांमदुपासनं ॥४३॥ इतिमांयःस्वधर्मेणभजन्नित्यमनन्यभाक् ॥ सर्वभूतेषुमद्भावोमद्भक्तिंविंदतेऽचिरात् ॥४४॥ भक्त्योद्धवानपायिन्यासर्वलोकमहेश्वरं ॥ सर्वोत्पत्त्यप्ययंब्रह्मकारणंमोपयातिसः ॥४५॥ इतिस्वधर्मनिर्णिक्तसत्त्वोनिर्ज्ञातमद्गतिः ॥ ज्ञानविज्ञानसंपन्नोनचिरात्समुपैतिमाम् ॥४६॥ वर्णाश्रमवतांधर्मएषआचारलक्षणः ॥ सएवमद्भक्तियुतोनिःश्रेयसकरःपरः ॥४७॥ एतत्तेऽभिहितंसाधोभवान्पृच्छतियच्चमाम् ॥ यथास्वधर्मसंयुक्तोभक्तोमांसमियात्परं ॥४८॥ इतिश्रीभागवतेमहापुराणेएकादशस्कंधेअष्टादशोध्यायः ॥१८॥

श्रीभग०योविद्याश्रुतसंपन्नआत्मवान्नानुमानिकः ॥ मायामात्रमिदंज्ञात्वाज्ञानंचमयिसंन्यसेत् ॥१॥ ज्ञानिनस्त्वहमेवेष्टःस्वार्थोहेतुश्चसंमतः ॥ स्वर्गश्चैवापवर्गश्चनान्योऽर्थोमदृतेप्रियः ॥२॥ ज्ञानविज्ञानसंसिद्धाःपदंश्रेष्ठंविदुर्मम ॥ ज्ञानीप्रियतमोऽतोमेज्ञानेनासौबिभर्तिमाम् ॥३॥ तपस्तीर्थंजपोदानंपवित्राणीतराणिच ॥ नालंकुर्वंतितांसिद्धिंयाज्ञानकलयाकृता ॥४॥ तस्माज्ज्ञानेनसहितंज्ञात्वास्वात्मानमुद्धव ॥ ज्ञानविज्ञानसंपन्नोभजमांभक्तिभावतः ॥५॥ ज्ञानविज्ञानयज्ञेनमामिष्ट्वात्मानमात्मनि ॥ सर्वयज्ञपतिंमांवैसंसिद्धिंमुनयोऽगमन् ॥६॥ त्वय्युद्धवाश्रयतियस्त्रिविधोविकारोमायांऽतरापततिनाद्यपवर्गयोर्यत् ॥ जन्मादयोऽस्ययदमीतवतस्यकिंस्युराद्यंतयोर्यदसतोऽस्तितदेवमध्ये॥७॥उद्धव०

સ્વરૂપને વિશેજ જાય છે.॥૪૫॥ એમ સ્વધર્મના સત્વને, નિર્ણય સહિત જાણનારો:–મારા સ્વરૂપને જાણેલો–અને જ્ઞાન વિજ્ઞાનથી સંપન્ન થયેલો–તે પુરૂષ; થોડા વખતમાંજ મને પામે છે.॥૪૬॥ આ મેં કહેલા ધર્મો; માત્ર વર્ણ અને આશ્રમ વાળાઓ વિગેરેનું, શુદ્ધ આચરણ થવાને માટેજ ઉપયોગીછે; પણ જો તેજ આચરણ, મારા ભક્તિભાવ સહિત કરવામાં આવેલું હોય તો તે, પરમ કલ્યાણને પ્રાપ્ત કરનાર; થઇ શકે છે. ॥૪૭॥ હે સાધુ ઉદ્ધવ, તમે મને પૂછયું હતું કે. કેવી રીતનો સ્વધર્મ પાળવાથી, ભક્તિમાન પુરૂષો; મારા પરમ પદને, પામે છે; તે સઘળું, મેં તમને; આ રીતે કહી સંભળાવ્યું છે. ॥૪૮॥ ઇ. ભા૦ અ. સ્ક. અઢારમો અ૦ સં૦॥૧૮॥

અધ્યાય ૧૯ મો.—શ્રી ભગવાન—આ જગત કેવળ માયામાત્રજ છે, એમ ફક્ત અનુમાનથીજ નહીં પણ શાસ્ત્ર શ્રવણથી; અને આત્મ સ્વરૂપનું જ્ઞાન થવા વડે, સંપન્ન થયેલી બુધ્ધિ થકી પણ; જેણે જાણ્યું હોય. તેણે તો તેવા જ્ઞાનને પણ, પછીથી મારામાંજ નાંખી દેવું. ॥૧॥ અને એવા જ્ઞાનીને તો, તેના સર્વ સ્વાર્થના હેતુરૂપ–પ્રિય–અને ઇષ્ટ,–હું એકજ છું; અને મારા વિના, સ્વર્ગ–મોક્ષ–તથા બીજા સઘળા, પુરૂષાર્થો; પ્રિય નથીજ. ॥૨॥ આ રીતના જ્ઞાન અને વિજ્ઞાનથી, સિદ્ધ થયેલાઓ; મારા શ્રેષ્ટ પદને પામે છે; અને તેઓ એવા જ્ઞાનવડે, મારા વિશેજ વસે છે; માટે મને તેઓ અતિ પ્રિય છે. ॥ ૩ ॥ એવા જ્ઞાનના એક અંશવડે, જે સિદ્ધિની પ્રાપ્તિ થાય છે; તે પ્રાપ્તિને, તપ–તીર્થ–જળ–દાન–અને બીજા પવિત્ર કરનાર, કોઇપણ પદાર્થાદિક; કરી શકે, એમ નથી. ॥૪॥ એટલા માટે, હે ઉદ્ધવ, તમે પણ આત્મ સ્વરૂપને જાણવા રૂપ, તત્વ જ્ઞાન સહિત: જ્ઞાન વિજ્ઞાનથી, સંપન્ન થઇને; ભક્તિ ભાવવડે, મનેજ ભજો. ॥૫॥ અને મુનિઓ પણ, સર્વ જ્ઞાનોના સ્વામી હુંનું; આત્મ સ્વરૂપને વિશેજ, જ્ઞાન વિજ્ઞાનરૂપી યજ્ઞ કરવાવડેજ; પૂજન કરીને, સિધ્ધિને પામી ગયેલા છે. ॥ ૬ ॥ હે ઉધ્ધવ, તમારે વિશે આશ્રય કરેલા, એટલે કહેવામાં આવતા; જન્મ–સ્થિતિ–અને નાશ–એ ત્રણ વિકારો, માયાવડે ઉત્પન્ન થયેલા છે; તેઓ આદિ અને અંત કાળમાં, ન હોવાથી; મધ્ય કાળમાં પણ નથીજ: માટે એ જન્માદિ વિકારો જેને થાય છે, તે દેહની સાથે, તમને; (એટલે તમારા આત્માને) કશો સંબંધજ નથી; એમ જાણો. ॥૭॥—ઉદ્ધવ–હે વિશ્વ મૂર્તિ, વિશ્વના ઇશ્વર: જે થકી વૈરાગ્ય અને વિજ્ઞાન સહિત એ પુરા-

તન, અને અતિ શુદ્ધ જ્ઞાન; પુશ્કળપણે, પ્રાપ્ત થાય; એવો, અને મહાત્માઓએ ઇચ્છેલો, આપનો ભક્તિ યોગ; આપ મને કહો. ॥૮॥ હે ઇશ્વર, આ સંસારના ઘોર માર્ગમાં, અધિ ભૂત–અધિદૈવ–અને અધ્યાત્મ–એ ત્રણ તાપ થકી તપીને, નાશ પામી જનારાઓને માટે: અમૃત વરસાવનારાં આપનાં એ ચરણ રૂપી છત્ર, શિવાય બીજું કાંઇપણ શરણ હોવાનું; હું દેખતો નથી. ॥૯॥ માટે હે મહાનુભાવ, ક્ષુદ્ર સુખોની તૃષ્ણાથી, આ સંસાર રૂપ કૂવામાં પડેલા: અને કાળ નામના સાપે કરડેલા લોકનો, આપ; મોક્ષ આપનારાં વચનો રૂપ, અમૃતનું સિંચન કરીને; આપની કૃપા દૃષ્ટિવડેજ, ઉધ્ધાર કરો; એટલે બહાર કાઢો. ॥ ૧૦ ॥—શ્રીભગવાન—પૂર્વે અજાતશત્રુ યુધિષ્ઠિરે, હું સુદ્ધાં સર્વના સાંભળતાં; ધર્મને જાણનારાઓમાં શ્રેષ્ટ, ભીષ્મને; એ પ્રમાણે, અને એટલુંજ, પુછયું હતું. ॥ ૧૧ ॥ ભારતનું યુદ્ધ થઇ રહ્યા પછી; સુહૃદોનો નાશ થવાથી, વિકળ થયેલા તેમણે; ઘણા ધર્મો સાંભળ્યા પછી, મોક્ષ ધર્મો પુછયા હતા. ॥૧૨॥ એ ભીષ્મના મુખથી સાંભળેલા, જ્ઞાન–વૈરાગ્ય–વિજ્ઞાન–અને શ્રદ્ધા–એઓવડે, ભક્તિને વધારનારા ધર્મો હું તમને કહુછું, તે સાંભળો. ॥૧૩॥ મહતત્વ—ત્રણ પ્રકારનો અહંકાર—અને પાંચ મહાભૂતો—મળીને નવ; મન—પાંચ જ્ઞાનેંદ્રિયો–અને પાંચ કર્મેંદ્રિયો, મળીને અગિયાર; શબ્દ સ્પર્શ–રૂપ–રસ–ને ગંધ એ પાંચ તન્માત્રાઓ; અને સત્વ–રજ–તથા તમ–એ ત્રણ ગુણો; મળીને થતાં એકંદર, અઠ્ઠાવિશ તત્વો; સર્વ પ્રાણી પદાર્થાદિકને વિશે છે; તે સઘળાંઓમાં, તેમનાં સત્વરૂપે; એક આત્મતત્વજ દેખાવાનું, જેવડે થાય છે; તેનેજ જ્ઞાન કહે છે; એવો મારો નિશ્ચય છે. ॥૧૪॥ અને ત્રણ ગુણોના સ્વભાવવાળાં, પ્રાણી પદાર્થાદિક સર્વ; જોવામાંજ નહી આવતાં, એ સઘળુ જેને વિશે રહેલ છે; અને જેને વિશે, તેમની ઉત્પત્તિ–સ્થિતિ–અને લય–થાય છે; તે, (સર્વ વ્યાપક,) આત્મતત્વ એકલુંજ; સર્વત્ર અને સર્વદા જેવડે જોવામાં આવે છે, તે વિજ્ઞાન કહેવાય છે. ॥ ૧૫ ॥ વળી સઘળા સર્વ પ્રાણી પદાર્થાદિકને વિશે, આદિકાળમાં: અને તેમનાં રૂપાંતરો થવાના મધ્ય તથા અંત કાળમાં પણ; જે એકજ તત્વ, વ્યાપેલું રેહે છે; અને દરેક પ્રાકૃતિક પ્રલય થયા પછી પણ, જે અવશેષ રેહે છે; તેજ સત્ અથવા આત્મતત્વ, એટલે પરબ્રહ્મનું સ્વરૂપ છે.॥૧૬॥ વળી આ સઘળા વિકલ્પનો, એટલે જગત

ज्ञानंविशुद्धंविपुलंयथैतद्वैराग्यविज्ञानयुतंपुराणं ॥ आख्याहिविश्वेश्वरविश्वमूर्तेत्वद्भक्तियोगंचमहद्विमृग्यं ॥८॥तापत्रयेणाभिहतस्यघोरेसंतप्यमानस्यभवाध्वनीश ॥ पश्यामिनान्यच्छरणंतवांघ्रिद्वंद्वातपत्रादमृताभिवर्षात् ॥९॥ दष्टंजनंसंपतितंबिलेस्मिन्कालाहिनाक्षुद्रसुखोरुतर्षं ॥ समुद्धरैनंकृपयाऽपवर्ग्यैर्वचोभिरासिंचमहानुभाव ॥१०॥श्रीभग०इत्थमेतत्पुराराजाभीष्मंधर्मभृतांवरं ॥ अजातशत्रुःपप्रच्छसर्वेषांनोऽनुशृण्वतां ॥११॥निवृत्तेभारतेयुद्धेसुहृन्निधनविह्वलः॥ श्रुत्वाधर्मान्बहून्पश्चान्मोक्षधर्मानपृच्छत ॥१२॥ तानहंतेऽभिधास्यामिदेवव्रतमुखाच्छ्रुतान् ॥ ज्ञानवैराग्यविज्ञानश्रद्धाभक्त्युपबृंहितान् ॥१३॥ नवैकादशपंचत्रीन्भावान्भूतेषुयेनवै ॥ ईक्षेताथैकमप्येषुतज्ज्ञानंममनिश्चितं ॥१४॥ एतदेवहिविज्ञानंनतथैकेनयेनयत् ॥ स्थित्युत्पत्त्यप्ययान्पश्येद्भावानांत्रिगुणात्मनां ॥१५॥ आदावंतेचमध्येचसृज्यात्सृज्यंयदन्वियात् ॥ पुनस्तत्प्रतिसंक्रामेयच्छिष्येतेतदेवसत् ॥१६॥ श्रुतिःप्रत्यक्षमैतिह्यमनुमानंचतुष्टयं ॥ प्रमाणेष्वनवस्थानाद्विकल्पात्सविरज्यते ॥१७॥ कर्मणांपरिणामित्वादाविरिंचादमंगलं ॥ विपश्चिन्नश्वरंपश्येददृष्टमपिदृष्टवत् ॥१८॥ भक्तियोगःपुरैवोक्तःप्रीयमाणायतेऽनघ ॥ पुनश्चकथयिष्यामिमद्भक्तेःकारणंपरं ॥१९॥ श्रद्धाऽमृतकथायांमेशश्वन्मदनुकीर्तनं ॥ परिनिष्ठाचपूजायांस्तुतिभिःस्तवनंमम ॥२०॥ आदरःपरिचर्यायांसर्वांगैरभिवंदनं ॥ मद्भक्तपूजाभ्यधिकासर्वभूतेषुमन्मतिः॥२१॥ मदर्थेष्वंगचेष्टाचवचसामद्गुणेरणं ॥ मय्यर्पणंचमनसःसर्वकामविवर्जनं ॥२२॥ मदर्थेऽर्थपरित्यागोभोगस्यचसुखस्यच ॥ इष्टंदत्तंहुतंजप्तंमदर्थंयद्व्रतंतपः ॥२३॥ एवंधर्मैर्मनुष्याणामुद्धवात्मनिवेदिनां ॥ मयिसंजायतेभक्तिःकोऽन्योऽर्थोऽस्यावशिष्यते ॥२४॥ यदात्मन्यर्पितंचित्तंशांतंसत्त्वोपबृंहितं ॥ धर्मंज्ञानंसवैराग्यमैश्वर्यंचाभिपद्यते ॥२५॥ यदर्पितंतद्विकल्पेइंद्रियैःपरिधावति ॥ रजस्वलंचासन्निष्ठंचित्तंविद्धिविपर्ययं ॥२६॥ धर्मोमद्भक्तिकृत्प्रोक्तोज्ञानंचैकात्म्यदर्शनं ॥ गु

રૂપે દેખાતા, દ્વૈત પદાર્થાદિક માત્રનો; શ્રુતિ—પ્રત્યક્ષ–ઇતિહાસ–અને અનુમાન; એ ચારે પ્રકારનાં પ્રમાણોવડે, વિચાર કરતાં પણ; બાધ થઇ જાય છેજ. માટે એવો વિચાર, રાખનારો પુરૂષ; એ સઘળા વિકલ્પ થકી; તેમજ તેના સરખાંજ કર્મોનાં ફળોરૂપ, બ્રહ્મલોક પર્યંત સ્વર્ગાદિક લોકનાં સુખ ભોગાદિક સાહિત્ય પણ; તેને અમંગળ અને નાશવંત જાણીને, તેઓ થકી પણ; (તે) વૈરાગ્યને પામે છે. ॥૧૭–૧૮॥ હે પાપ રહિત ઉધ્ધવ, જે થકી, મારે વિશે પરમ ભક્તિ ઉત્પન્ન થાય છે; તે ભક્તિ યોગ વિશેનો, મેં તમને પ્રથમજ કહેલું છે; છતાં, તમે મારા પ્રીતિપાત્ર હોવાથી; ફરીથી પણ, કહું છું કે ॥૧૯॥ " મારી અમૃત જેવી કથાઓમાં શ્રધ્ધા રાખવી–મારી કથાઓનું વારંવાર કીર્તન કરવું–સ્તોત્રોથી મારી સ્તુતિ કરવી અને–મારૂં પૂજન કરવામાં, સંપૂર્ણ નિષ્ઠા રાખવી. ॥૨૦॥ સર્વ અંગોવડે, મને નમસ્કાર કરવા–મારી સેવામાં પ્રેમ રાખવો–સર્વ પ્રાણી પદાર્થાદિકને વિશે, મારી ભાવના રાખીને; તેમનું પૂજન કરવું–તેમાં પણ મારા ભક્તોને અધિક માનવા–॥૨૧॥ સર્વે અંગોની ક્રિયા, મારે અર્થે કરવી–મારા ગુણો આદિના સંબંધનીજ, વાણી બોલવી–અને સર્વ પ્રકારની કામનાઓ તજીને, મનને મારા વિશે; અર્પણ કરવું.–॥૨૨॥ મારે અર્થે પોતાના ઉપભોગના, તથા સુખના, સર્વ પદાર્થાદિકનો; ત્યાગ કરવો–અને યજ્ઞ, દાન, હોમ, જપ, વ્રત, તથા તપ; એ સર્વ ક્રિયાઓ, મારે અર્થેજ કરવી–" ॥૨૩॥ હે ઉધ્ધવ, આ રીતના પોતાનો દેહ સુધાં સર્વ, અર્પણ કરી દેવા રૂપ ધર્મનું; આચરણ કરવાવડે, મનુષ્યોને મારે વિશે ભક્તિ ઉત્પન્ન થાય છે; અને તે પછી, કોઇ જાતનો પુરૂષાર્થ સંપાદન કરવાનું, તેમને બાકી રેહેતું નથી. ॥૨૪॥ અર્થાત જ્યારે શાંત, અને સત્વની વૃધ્ધિવાળું. થયેલું મન; મારા આત્મ સ્વરૂપને વિશેજ અર્પણ કરાય છે; ત્યારે, તે પુરૂષને; ધર્મ–જ્ઞાન–વૈરાગ્ય–અને ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે. ॥૨૫॥ તેમજ ઇંદ્રિયોના વિષયોમાં દોડયા કરતું મન, જ્યારે રજોગુણની વૃધ્ધિવાળું થઇને; એ આત્મ સ્વરૂપને વિશે નિષ્ઠાવાળું ન થતાં; વિકલ્પને વિશેજ નિષ્ઠાવાળું થાય છે; ત્યારે પુરૂષને, એ થકી ઉલટાજ પરિણામો થાય છે; એમ જાણો. ॥૨૬॥ ટુંકામાં કહુંછું, કે જે થકી મારે વિશે ભક્તિ ઉત્પન્ન થાય, તેજ ધર્મ છે; સર્વત્ર એક આત્મ સ્વરૂપનુંજ દર્શન થાય, તેજ જ્ઞાન છે; ગુણોનો એટલે દ્વૈત પદાર્થાદિક માત્રનો અસંગ થાય તેજ વૈરાગ્ય છે; અને અણિમા આદિક સિધ્ધિઓ, તેજ ઐશ્વર્ય છે.

એમ કહેવાય છે. ॥૨૭॥—ઉદ્ધવ—હે દુશ્મનોનો નાશ કરનારા, સમર્થ કૃષ્ણ; યમો અને નિયમો. કેટકેટલા પ્રકારના કહેલા છે; શમ તે શું; દમ તે શું; તિતિક્ષા તે કઇ; ધૃતિ તે શું છે. ॥૨૮॥ દાન તે કીયું; તપ તે કીયું; શૌર્ય તે કીયું; સત્ય અને ઋત શાને કહે છે; ત્યાગ તે કયો; ધન તે કયું; યજ્ઞ તે કયો; અને દક્ષિણા તે શું છે. ॥૨૯॥ હે કેશવ, ઉત્તમ પુરૂષનું બળ તે કીયું; ભગ તે શું છે; વિદ્યા તે કઇ છે; લજ્જા તે કઇ છે; ઉત્તમ શોભા તે કઇ છે; સુખ તે શું છે; અને દુઃખ શું છે. ॥૩૦॥ પંડિત કોણ છે; મૂર્ખ કોણ છે; પંથ કયો છે; સ્વર્ગ શું છે; નરક શું છે; બંધુ કોણ છે; અને ઘર તે શું છે. ॥૩૧॥ શ્રીમંત કોણ છે; દરિદ્રી કોણ છે; રાંક કોણ છે; અને ઇશ્વર એટલે સમર્થ કોણ છે; હે સત્પુરૂષોના પતિ, મારાં એટલાં પ્રશ્નોના, ઉલટ પક્ષ સહિત; આપ મને ઉત્તરો આપો. ॥૩૨॥—શ્રીભગવાન—[1]અહિંસા એટલે (બીજાને દુખ ન થવું.)—[2]સત્ય એટલે (બીજાનું બુરૂં ન થાય એવું-પ્રિય-અને યથાર્થ વચન બોલવું.)—[3]અસ્તેય(એટલે બીજાનું કાંઇ લેવાની ઇચ્છા સુદ્ધાંનો ત્યાગ.)—[4]અસંગ—[5]અસંચય—[6]આસ્તિકપણું—[7]બ્રહ્મચર્ય—[8]હ્રી (મર્યાદા), [9]મૌન—[10]સ્થૈર્ય—[11]ક્ષમા—અને [12]અભય: એ બાર, યમો છે. ॥ ૩૩ ॥ [1]મનની પવિત્રતા—[2]શરીરની પવિત્રતા—[3]જપ કરવો [4]હોમ કરવો—[5]શ્રદ્ધા રાખવી—[6]અતિથિનો સત્કાર કરવો—[7]મારાં સ્વરૂપોનું પૂજનાદિક કરવું—[8]તીર્થોને વિષે ફરવું—[9]પરોપકાર કરવો—[10]સંતોષ રાખવો—[11]આચાર્યની સેવા કરવી—અને [12]સ્વધર્માચરણરૂપ તપ કરવું; એ બાર નિયમો છે. ॥૩૪॥ હે ઉધ્ધવ, એ રીતના બાર યમો, અને બાર નિયમોનું સેવન કરવાથી; પુરૂષોની કામનાઓને, તે પરિપૂર્ણ કરનારા થાય છે. ॥૩૫॥ મારે વિષે, બુધ્ધિની નિષ્ઠા રહેવી: તે શમ છે. ઇંદ્રિયોનો, નિગ્રહ કરવો; તે દમ છે. દુખાદિકને, સહન કરવું; તે તિતિક્ષા છે. જીભ અને ઉપસ્થને, જીતવાં; એ ધૃતિ અથવા ધીરજ છે. ॥૩૬॥ શિક્ષા આપવા રૂપ દંડને, તજવો; તે દાન છે. કામનાઓને, તજવી; તે તપ છે. સ્વભાવને, જીતવો; એટલે મનને મારવું; તે શૌર્ય છે. અને સમદ્રષ્ટિથી, સર્વને જોવાં; તે સત્ય છે. ॥ ૩૭ ॥

णेष्वसंगोवैराग्यमैश्वर्यंचाणिमादयः ॥२७॥ उद्धव०यमःकतिविधःप्रोक्तोनियमोवाऽरिकर्शन ॥ कःशमःकोदमःकृष्णकातितिक्षाधृतिः प्रभो ॥२८॥ किंदानंकिंतपःशौर्यंकिंसत्यमृतमुच्यते ॥ कस्त्यागःकिंधनंचेष्टंकोयज्ञःकाचदक्षिणा ॥२९॥ पुंसःकिंस्विद्बलंश्रीमन्भगोलाभश्चकेशव ॥ काविद्याह्रीःपराकाश्रीःकिंसुखंदुःखमेवच ॥३०॥ कःपंडितःकश्चमूर्खःकःपंथाउत्पथश्चकः ॥ कःस्वर्गोनरकःकःस्वित्कोबंधुरुतकिंगृहं ॥३१॥ कआढ्यःकोदरिद्रोवाकृपणःकःकईश्वरः ॥ एतान्प्रश्नान्ममब्रूहिविपरीतांश्चसत्पते ॥३२॥ श्रीभग०अहिंसासत्यमस्तेयमसंगोह्रीरसंचयः ॥ आस्तिक्यंब्रह्मचर्यंचमौनंस्थैर्यंक्षमाऽभयं ॥३३॥ शौचंजपस्तपोहोमःश्रद्धातिथ्यंमदर्चनं ॥ तीर्थाटनंपरार्थेहातुष्टिराचार्यसेवनं ॥३४॥ एतेयमाःसनियमाउभयोर्द्वादशस्मृताः ॥ पुंसामुपासितास्तातयथाकामंदुहंतिहि ॥३५॥ शमोमन्निष्ठताबुद्धेर्दमइंद्रियसंयमः ॥ तितिक्षादुःखसंमर्षोजिह्वोपस्थजयोधृतिः ॥३६॥दंडन्यासःपरंदानंकामत्यागस्तपःस्मृतं ॥ स्वभावविजयःशौर्यंसत्यंचसमदर्शनं ॥३७॥ ऋतंचसूनृतावाणीकविभिःपरिकीर्तिता ॥ कर्मस्वसंगमःशौचंत्यागःसंन्यासउच्यते ॥३८॥ धर्मइष्टंधनंनृणांयज्ञोऽहंभगवत्तमः ॥ दक्षिणाज्ञानसंदेशःप्राणायामःपरंबलं ॥३९॥ भगोमऐश्वरोभावोलाभोमद्भक्तिरुत्तमः ॥ विद्यात्मनिभिदाबाधोजुगुप्साह्रीरकर्मसु ॥४०॥ श्रीर्गुणानैरपेक्ष्याद्याःसुखंदुःखसुखात्ययः ॥ दुःखंकामसुखापेक्षापंडितोबंधमोक्षवित् ॥४१॥ मूर्खोदेहाद्यहंबुद्धिःपंथामन्निगमःस्मृतः ॥ उत्पथश्चित्तविक्षेपःस्वर्गःसत्वगुणोदयः॥४२॥नरकस्तमउन्नाहोबंधुर्गुरुरहंसखे॥गृहंशरीरंमानुष्यंगुणाढ्योह्याढ्यउच्यते॥४३॥ दरिद्रोयस्त्वसंतुष्टःकृपणोयोऽजितेंद्रियः॥गुणेष्वसक्तधीरीशोगुणसंगोविपर्ययः॥४४॥एतउद्धवतेप्रश्नाःसर्वेसाधुनिरूपिताः॥किंवर्णितेनबहुनालक्षणंगुणदोषयोः॥गुणदोषदृशिर्दोषोगुणस्तूभयवर्जितः॥४५॥ इ.भा०म०एकाद०भगवदुद्धवसंवादेएकोनविंशोध्यायः ॥१९॥

उद्धव०विधिश्चप्रतिषेधश्चनिगमोहीश्वरस्यते ॥ अवेक्षतेऽरविंदाक्षगुणदोषंचकर्मणां ॥१॥ वर्णाश्रमविकल्पंचप्रतिलोमानुलोमजं ॥ द्रव्यदे

પ્રિય અને યથાર્થ વચન, બોલવું; તેને વિદ્વાનો ઋત્ કહે છે. આસક્તિ રહિત, કર્મો કરવાં; તે શૌચ છે. અને સંન્યાસ, એજ ત્યાગ છે. ॥૩૮॥ ધર્મ, એ મનુષ્યોનું; ઇષ્ટ ધન છે: પરમ ઐશ્વર્યવાળો હુંજ, યજ્ઞ છું: જ્ઞાનનો, ઉપદેશ આપવો; એજ દક્ષિણા છે. અને પ્રાણાયામ, એજ બળ છે. ॥૩૯॥ મારાં ઐશ્વર્ય, તે ભગ છે. મારી ભક્તિની પ્રાપ્તિ, તે લાભ છે. આત્માને વિષે દેખાતા દ્વૈત રૂપ ભેદનો, બાધ થવો; તે વિદ્યા છે. અને દુષ્ટ કર્મો નિંદિત જણાઇને, તેઓ થકી સંકોચ થવો; તેનેજ લજ્જા સમજવી ॥૪૦॥ નિરપેક્ષા આદિ ગુણો, તે શોભા છે. દુઃખ અને સુખાદિકનો, અત્યંત નાશ; તેજ સુખ છે. વિષયાદિકનાં સુખોની, અપેક્ષા થવી; તે દુખ છે. અને બંધ તથા મોક્ષને, જાણનારો; તેજ પંડિત છે. ॥ ૪૧ ॥ દેહાદિકને વિષે અહંબુદ્ધિવાળો, તે મુર્ખ છે: મારા શાસ્ત્રાદિકે કહેલો, તેજ પંથ છે: જેથકી ચિત્તનો, વિક્ષેપ થાય: તે કુપંથ છે: અને જેથી સત્વ ગુણોનો, ઉદય થાય; તે સ્વર્ગ છે. ॥ ૪૨ ॥ તમો ગુણની વૃદ્ધી કરનારૂં, તે નરક છે: અને હે મિત્ર, બંધુ અને ગુરૂ રૂપે, હું પોતેજછું: મનુષ્ય દેહ, તેજ ઘર છે: અને સદ્‌ગુણોની ભરપૂરતા, તેજ શ્રીમંતપણું કહેવાય છે. ॥ ૪૩ ॥ અસંતોષી, તેજ દરિદ્રી છે: અજીતેંદ્રિય, તે રાંક છે; અને ગુણો એટલે દેહ પદાર્થાદિક, તથા વિષયો આદિમાં; આસક્તિવિનાની બુદ્ધિવાળો તેજ ઇશ્વર અમર સમર્થ છે: અને અનુક્રમે એ રીતના, સર્વ ગુણો વિનાના; તે, એ સર્વ થકી, અનુક્રમે ઉલટા છે. ॥ ૪૪ ॥ હે સાધુ ઉદ્ધવ, તમારા સઘળા પ્રશ્નોના ઉત્તરો, આ રીતે મેં નિરૂપણ કર્યા: પણ ગુણો અને દોષો બંનેનું, ઘણું વર્ણન કરવા થકી; કાંઇજ લાભ નથી: કેમકે ગુણ દોષને જોવા, એજ દોષ છે; અને ગુણ તથા દોષ, બંનેનો ત્યાગ કરવો: એજ ગુણ કહેવાય છે. ॥૪૫॥ ઇતિશ્રી ભા૦ અગિઆરમા સ્કંધનો, મોક્ષ ધર્મ નામે ઓગણિસમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૧૯ ॥

અધ્યાય. ૨૦ મો. ઉદ્ધવ—હે કમળનેત્ર ઇશ્વર ભગવાન, વેદાદિક તમારાં શાસ્ત્રમાંજ; વિધિ અને નિષેધનાં વચનો રૂપ, ગુણ અને દોષ જોવામાં આવે છે; અને વર્ણાશ્રમને વિષે, પ્રતિલોમ તથા અનુલોમના જન્મ વિગેરે; તેમજ કર્મો—દ્રવ્યો—દેશ—વય—અને કાળ—એમને વિષે પણ, સારા નરસાનો વિકલ્પ; તથા સ્વર્ગ અને નરક વિગેરે હોવાનું; પણ જોવામાં આવે છેજ. ॥૧-૨॥ એ રીતે આપના પોતાના વચનોમાંજ, ગુણ

અને દોષના ભેદની, અંતર દૃષ્ટિનો છેજ; ત્યારે વિધિ માત્રનો ત્યાગ કરવાનું લક્ષણ, મનુષ્યોને કલ્યાણ પ્રાપ્ત કરનારૂં; કેવી રીતે થઇ શકે. ? ॥૩॥ પિતૃ-દેવ-અને મનુષ્યોને; કલ્યાણ મેળવવાનાં સાધનોને, અને કલ્યાણ તરિકે મળવાના અર્થોને; જાણવા રૂપ ચક્ષુ રૂપેતો, આપ ઇશ્વર, (વેદ રૂપે,) પોતેજ છો. ॥૪॥ આપના પોતાના શાસ્ત્રના કહેવામાંજ, ગુણ દોષના ભેદની, દૃષ્ટિ નહીં રાખવાનું થાયછે; છતાં, આપના પોતાના શાસ્ત્ર (વેદ)માં, તો તે છે;એ રીતે, આપના શાસ્ત્ર વેદમાં; ભેદ દૃષ્ટિ રૂપ અપવાદ હોવાનો; મને ભ્રમ થાય છે. (માટે તે ભેદને આપ મટાડો) ॥૫॥—શ્રીભગવાન—કલ્યાણની ઇચ્છાવાળાં મનુષ્યોને માટે, કર્મયોગ—જ્ઞાનયોગ—અને ભક્તિયોગ—એ ત્રણે પ્રકારના યોગ—મેં પોતેજ કહેલા છે; અને એ શિવાય બીજો, ઉપાયજ કોઇ ઠેકાણે નથી. ॥૬॥ આ લોકનાં કર્મોને વિશે વૈરાગ્ય પામીને, ત્યાગ કરનારાઓને માટે; જ્ઞાનયોગ: અને તેવાં કર્મોને વિશે, વૈરાગ્ય નહી પામેલા મન વાળા, અને અતિ આસક્તિવાળાઓને, માટે; કર્મયોગ: સિદ્ધિને આપનારા હોવાનું કહેલ છે. ॥૭॥ અને જે મનુષ્યોને મારી કથાઓ આદિમાં, યદૃચ્છાથી શ્રદ્ધા ઉત્પન્ન થઇ હોય; તેવા વૈરાગ્ય નહીં પામેલા, અને અતિ આસક્તિ વિનાનાઓને માટે; ભક્તિ યોગ સિદ્ધિને આપનારો છે. ॥૮॥ એટલે જ્યાં સુધી વૈરાગ્ય ઉત્પન્ન ન થાય, અને મારી કથાના શ્રવણ આદિમાં, શ્રદ્ધા ઉત્પન્ન ન થાય; ત્યાં સુધીંજ કર્મો કરવાનાં છે. ॥ ૯ ॥ હે ઉદ્ધવ, અમુક ફળ પામવાની ઇચ્છા રાખ્યા વિના; યજ્ઞાદિક કરીને, મારૂં પૂજન કરવા રૂપ, સ્વધર્માચરણ કરનારો પુરૂષ; જો તે, બીજી રીતનાં દુષ્ટ કર્મો ન કરેતો; સ્વર્ગમાં અગર નરકમાં પણ, જાય નહીં. ॥૧૦॥ પરંતુ એ પાપ રહિત, અને પવિત્ર સ્વધર્માચરણ કરનારો પુરૂષ; આ લોકને વિશેજ, અતિ શુદ્ધ, જ્ઞાનને પામે છે; અથવા તેને યદૃચ્છાથી, મારી ભક્તિની પ્રાપ્તિ થાયછે. ॥૧૧॥ આતો, જ્ઞાન અને ભક્તિ પ્રાપ્ત થવાના સાધન રૂપ, આ મનુષ્ય લોકને; એ બંને વાનાંનું, જ્યાં સાધન થતું નથી; એવા સ્વર્ગના લોકો, તથા નરકના લોકો પણ; ઇચ્છે છે. ॥ ૧૨ ॥ માટે વિચક્ષણ મનુષ્યોએ, સ્વર્ગમાં જવાને; કે નરકમાં જવાને ઇચ્છવું નહીં. તેમજ આ લોકને વિશેજ રહેવાની, આકાંક્ષા પણ; રાખવી ન જોઇએ. કેમકે દેહને વિશે આસક્તિ થવાથી, મોહ થાય છે. ॥ ૧૩ ॥ એ રીતે આ મનુષ્ય શરીરને; તે મરણ પામનાર હોવા છતાં પણ, પુરૂષાર્થને અને

शब्दःकालान्स्वर्गनरकमेवच ॥२॥ गुणदोषभिदादृष्टिमंतरेणवचस्तव ॥ निःश्रेयसंकथंनृणांनिषेधविधिलक्षणं ॥३॥ पितृदेवमनुष्याणांवेदश्चक्षुस्तवेश्वर ॥ श्रेयस्त्वनुपलब्धेऽर्थेसाध्यसाधनयोरपि ॥४॥ गुणदोषाभिदादृष्टिर्निगमात्तेनहिस्वतः ॥ निगमेनापवादश्चभिदायाइतिहभ्रमः ॥५॥ श्रीभग० योगास्त्रयोमयाप्रोक्तानृणांश्रेयोविधित्सया ॥ ज्ञानंकर्मचभक्तिश्चनोपायोऽन्योस्तिकुत्रचित् ॥६॥ निर्विण्णानांज्ञानयोगोन्यासिनामिहकर्मसु ॥ तेष्वनिर्विण्णचित्तानांकर्मयोगस्तुकामिनां ॥७॥ यदृच्छयामत्कथादौजातश्रद्धस्तुयःपुमान् ॥ ननिर्विण्णोनातिसक्तोभक्तियोगोऽस्यसिद्धिदः ॥८॥ तावत्कर्माणिकुर्वीतननिर्विद्येतयावता ॥ मत्कथाश्रवणादौवाश्रद्धायावन्नजायते ॥९॥ स्वधर्मस्थोयजन्यज्ञैरनाशीःकामउद्धव ॥ नयातिस्वर्गनरकौयद्यन्यन्नसमाचरेत् ॥१०॥ अस्मिँल्लोकेवर्तमानःस्वधर्मस्थोऽनघःशुचिः ॥ ज्ञानंविशुद्धमाप्नोतिमद्भक्तिंवायदृच्छया ॥११॥ स्वर्गिणोऽप्येतमिच्छंतिलोकंनिरयिणस्तथा ॥ साधकंज्ञानभक्तिभ्यामुभयंतदसाधकं ॥१२॥ ननरःस्वर्गतिंकांक्षेन्नारकींवाविचक्षणः ॥ नेमंलोकंचकांक्षेतदेहावेशात्प्रमाद्यति ॥१३॥ एतद्विद्वान्पुरामृत्योरभवायघटेतसः ॥ अप्रमत्तइदंज्ञात्वामर्त्यमप्यर्थसिद्धिदं ॥१४॥ छिद्यमानंयमैरेतैःकृतनीडंवनस्पतिं ॥ खगःस्वकेतमुत्सृज्यक्षेमंयातिह्यलंपटः ॥१५॥ अहोरात्रैश्छिद्यमानंबुद्ध्वायुर्भयवेपथुः ॥ मुक्तसंगःपरंबुद्ध्वानिरीहउपशाम्यति ॥१६॥ नृदेहमाद्यंसुलभंसुदुर्लभंप्लवंसुकल्पंगुरुकर्णधारं ॥ मयाऽनुकूलेननभस्वतेरितंपुमान्भवाब्धिंनतरेत्सआत्महा ॥१७॥ यदारंभेषुनिर्विण्णोविरक्तःसंयतेंद्रियः ॥ अभ्यासेनात्मनोयोगीधारयेदचलंमनः ॥१८॥ धार्यमाणंमनोयर्हिभ्राम्यदाश्वनवस्थितं ॥ अतंद्रितोऽनुरोधेनमार्गेणात्मवशंनयेत् ॥१९॥ मनोगतिंनविसृजेज्जितप्राणोजितेंद्रियः ॥ सत्त्वसंपन्नयाबुद्ध्यामनआत्मवशंनयेत् ॥२०॥ एषवैपरमोयोगोमनसःसंग्रहःस्मृतः ॥ हृदयज्ञत्वमन्विच्छन्दम्यस्येवार्वतोमुहुः ॥२१॥ सांख्येनसर्वभा

સિદ્ધિને આપનારૂં છે: એમ જાણીને, તેનું મરણ થવા અગાઉજ, એ સઘળું જાણનાર પુરૂષે આળસ તજીને મોક્ષને સારૂં ઉદ્યોગ કરવો યોગ્ય છે. ॥૧૪॥ આ મનુષ્ય શરીર રૂપ પોતે માળો કરેલા ઝાડને, યમ સરખા રાત્રિ દિવસ રૂપ કાળ નામના પક્ષીઓ, કાપવા માંડેલું હોવાથી; તેમાં આસક્તિ વિનાનો થઇને; દેહાત્મા એ ઝાડ અને માળાનો ત્યાગ કરે; ત્યારેજ તે કુશળતાને, એટલે પરમપદને પામે છે. ॥૧૫॥ એમ દિવસો અને રાત્રિઓથી કપાતા, પોતાના આયુષ્યને જાણીને; તથા સંગ માત્રનો ત્યાગ કરવા વડે, પરમાત્માને જાણીને; ભયથકી ધ્રુજનારો પુરુષ, જ્યારે સર્વે કામનાવાળાં કર્મો કરવાનું, છોડી દે છે; ત્યારેજ તે, શાંતિને પામે છે. ॥૧૬॥ પ્રથમ તો મળવાને અતિ દુર્લભ એવું, આ મનુષ્ય શરીર રૂપી; સારાં સાધનોવાળું વહાણ, મળ્યું છે; તેની સાથે ગુરૂ રૂપી, સુકાની એટલે માર્ગ દેખાડનારો પણ, છે; અને મારી અનુકૂળતા રૂપી, જોઇએ તેવો સારો પવન પણ, મળેલો છેજ; એટલું મળ્યા છતાં, પણ એ વહાણને; યોગ્ય રીતે, નહીં હંકારીને; પુરુષ, આ સંસાર સમુદ્રને, સુગમ રીતે ન તરી જાય; તો, તે પોતેજ, પોતાનો ઘાત કરનારો, જાણવો. ॥૧૭॥ (એ રીતે નવ શ્લોક વડે, કર્મયોગ કહીને; હવે સાડાનવ શ્લોકથી, જ્ઞાન યોગ કહે છે.) કર્મોના આરંભ માત્ર દુઃખ રૂપ જણાઇને, જેને વૈરાગ્ય પ્રાપ્ત થયું હોય; તેવા યોગીએ જીતેંદ્રિય થઇને, મનને અચળપણે, આત્મ સ્વરૂપમાં ધારણ કરવાનો; અભ્યાસ કરવો. ॥ ૧૮ ॥ એ રીતે મનને આત્મ સ્વરૂપમાં ધારણ કરવા લાગતાં, ચંચળતાના સ્વભાવવાળું મન; જ્યારે ઉતાવળું ભમી જવા લાગે, ત્યારે આળસ રહિત થઇને; તેને ધીમે ધીમે, ચારે તરફથી રોકી વશ કરીને; પાછું આત્મ સ્વરૂપમાંજ લાવવું. ॥ ૧૯ ॥ એમ કરવા છતાં પણ જ્યારે, તે પોતાના ભમી જવાના સ્વભાવને નજ છોડે; ત્યારે, ઘોડાના મનને જાણનારો, ચાબુક સ્વાર; જેમ તેની ઇચ્છાને, થોડું થોડું અનુસરીને; વારંવાર ચલાવતાં, છેવટે; એ ઘોડાને, પોતાની મરજી પ્રમાણેજ ચલાવે છે; એ રીતે, તે યોગીએ જીતેંદ્રિય થઇને; અને સત્વગુણી બુદ્ધિ રાખી, પ્રાણાયામવડે મનને ધીરે ધીરે વશ કરીને; છેવટે તેને આત્મ સ્વરૂપમાંજ, ધારણ કરવું. એ રીતે મનનો નિગ્રહ કરવો, તેજ મોટામાં મોટો યોગ, (જ્ઞાન યોગ,) કહેવાય છે. ॥૨૦-૨૧॥ અને મન આત્મ સ્વરૂપમાં પુરે પૂરૂં સ્થિર થતા સુધી; સર્વ

...ઉત્પત્તિ થવા રૂપ ક્રમથી, અને નાશ થવા રૂપ અવળા ક્રમથી; સાંખ્યના વિચારનું ધ્યાન, તેણે કર્યા કરવું. ॥२२॥ એમ ચિંતવન કરવા લાયક આત્મ તત્વનું, વારંવાર ચિંતવન કરવા વડેજ; તે કર્મો આદિકને, દુઃખરૂપ જાણનારા–વૈરાગ્ય પામેલા–અને જ્ઞાનીઓએ, ઉપદેશ કરેલા–પુરૂષનું મન; પોતાના ખાટી જાતના, દુષ્ટ સ્વભાવને; તજી દેછે. ॥२३॥ યમો વિગેરે યોગના માર્ગોથી–આન્વિક્ષિકી એટલે તત્વ જ્ઞાનની વિદ્યા થકી–અથવા મારાં સ્વરૂપોનું પૂજન આદિ ઉપાસના કરવા થકી પણ–એ મનવડે, સ્મરણ કરવાને યોગ્ય; મારૂં એ એક આત્મસ્વરૂપજ છે; અને બીજું કશું સ્મરણ કરવાને યોગ્ય છેજ નહીં. ॥२४॥અને તેવા યોગી થકી, પ્રમાદ વડે; એકાદુ નિંદાયુક્ત કર્મ, કદી થઇ જાય;તો તેનું પાપ,તેણે એવો યોગ કરવા વડેજ; બાળી નાંખવાનું છે; પણ તેને માટે, પ્રાયશ્ચિત કરવાનું કહેલ નથી.॥२५॥ એ રીતનાં પોત પોતાના અધિકાર પ્રમાણેનાં કર્મો; મનુષ્યોએ, શ્રદ્ધા સહિત કરવાં; એ ગુણ રૂપ છે. એટલે પાપ મટાડવાને માટે, પ્રાયશ્ચિત રૂપ નિષ્કામ કર્મો પણ, આસક્તિવાળા પુરૂષોએજ; કરવાનાં છે. અને યોગી, એટલે જ્ઞાની તથા ભક્તોને તો; જ્ઞાન અને ભક્તિ યોગ વડેજ, પાપનો નાશ થઇ જાય છે; માટે પ્રાયશ્ચિતાદિક કર્મો કરવાની જરૂર, તેમને રહેતી નથી; તથા વેદ આદિક શાસ્ત્રોએ પણ, એ પાપ રૂપ કર્મોના સંગનો, એટલે તેમનાં ફળો-રૂપ કામનાઓનો, ત્યાગ કરાવવાની ઇચ્છાથીજ; તેમને વિશે, ગુણ અને દોષ બતાવીને; અને તેનાં પ્રાયશ્ચિતો કરવા રૂપ, અટકાવો નાંખી નાંખીને; તે કર્મો, ઘણેભાગે ઓછાં થાય; એવો ઉપાયજ, યોજેલો છે. (અર્થાત એગુણ–દોષ ખરા નહીં છતાં, ફક્ત બીજું મોટું કામ સિદ્ધ કરવા માટે; પ્રસંગને લેઇનેજ, પરોપકાર દ્રષ્ટિથી કહેલછે; તેથી વેદાદિકે ભેદ બુદ્ધિનું નિરૂપણ કરેલાનું, માનવા જેવું નથી.) ॥ २६ ॥ (હવે નવ શ્લોકવડે, ભક્તિ યોગ કહે છે) જેને, મારી કથાઓને વિશે, શ્રદ્ધા ઉત્પન્ન થઇ હોય; અને સર્વ કર્મોને, દુઃખ આપવાના સ્વભાવવાળાં જાણીને; જે તેઓ-થકી, ત્રાસ પામ્યો હોય; છતાં, કામનાઓનો ત્યાગ કરી શકતો ન હોય; તેવા પુરૂષે તો, એ નિંદિત અને દુઃખોને ઉત્પન્ન કરનારાં; કામ્ય કર્મોનાં ફળોને, એટલે તે થકી થનારાં સુખ દુઃખોને, ભોગવવાની સાથેજ; દ્રઢ નિશ્ચયથી, શ્રદ્ધા અને પ્રીતિ સહિત; મારૂં ભજનજ કર્યા કરવું. ॥२७–२८॥ જેથી, મારા કહેલા આ ભક્તિ

वानांप्रतिलोमानुलोमतः ॥ भवाप्ययावनुध्यायेन्मनोयावत्प्रसीदति॥२२॥ निर्विण्णस्यविरक्तस्यपुरुषस्योक्तवेदिनः ॥ मनस्त्यजतिदौरात्म्यंचिंतितस्यानुचिंतया ॥२३॥ यमादिभिर्योगपथैरान्वीक्षिक्याचविद्यया ॥ ममार्चोपासनाभिर्वानान्यैर्योग्यंस्मरेन्मनः ॥२४॥ यदिकुर्यात्प्रमादेनयोगीकर्मविगर्हितं ॥ योगेनैवदहेदंहोनान्यत्तत्रकदाचन ॥२५॥ स्वेस्वेऽधिकारेयानिष्ठासगुणःपरिकीर्तितः ॥ कर्मणांजात्यशुद्धानामनेननियमःकृतः ॥ गुणदोषविधानेनसंगानांत्याजनेच्छया ॥२६॥ जातश्रद्धोमत्कथासुनिर्विण्णःसर्वकर्मसु ॥ वेददुःखात्मकान्कामान्परित्यागेऽप्यनीश्वरः ॥२७॥ ततोभजेतमांप्रीतःश्रद्धालुर्दृढनिश्चयः ॥ जुषमाणश्चतान्कामान्दुःखोदर्कांश्चगर्हयन् ॥२८॥ प्रोक्तेनभक्तियोगेनभजतोमाऽसकृन्मुने ॥ कामाहृदय्यानश्यंतिसर्वेमयिहृदिस्थिते ॥२९॥ भिद्यतेहृदयग्रंथिश्छिद्यंतेसर्वसंशयाः ॥ क्षीयंतेचास्यकर्माणिमयिदृष्टेऽखिलात्मनि ॥३०॥ तस्मान्मद्भक्तियुक्तस्ययोगिनोवैमदात्मनः ॥ नज्ञानंनचवैराग्यंप्रायःश्रेयोभवेदिह ॥ ३१ ॥ यत्कर्मभिर्यत्तपसाज्ञानवैराग्यतश्चयत् ॥ योगेनदानधर्मेणश्रेयोभिरितरैरपि ॥३२॥ सर्वंमद्भक्तियोगेनमद्भक्तोलभतेंऽजसा ॥ स्वर्गापवर्गंमद्धामकथंचिद्यदिवांछति ॥३३॥ नकिंचित्साधवोधीराभक्ताह्येकांतिनोमम ॥ वांछंत्यपिमयादत्तंकैवल्यमपुनर्भवं ॥३४॥ नैरपेक्ष्यंपरंप्राहुर्निःश्रेयसमनल्पकं ॥ तस्मान्निराशिषोभक्तिर्निरपेक्षस्यमेभवेत् ॥३५॥ नमय्येकांतभक्तानांगुणदोषोद्भवागुणाः ॥ साधूनांसमचित्तानांबुद्धेःपरमुपेयुषां ॥३६॥ एवमेतान्मयादिष्टाननुतिष्ठंतिमेपथः ॥ क्षेमंविंदंतिमत्स्थानंयद्ब्रह्मपरमंविदुः॥३७॥इ.भा.म.ए.विंशतितमोऽध्यायः ॥२०॥ श्रीभग०यएतान्मत्पथोहित्वाभक्तिज्ञानक्रियात्मकान् ॥ क्षुद्रान्कामांश्चलैःप्राणैर्जुषंतःसंसरंतिते ॥१॥ स्वेस्वेऽधिकारेयानिष्ठासगुणःपरिकीर्तितः॥ विपर्ययस्तुदोषःस्यादुभयोरेषनिश्चयः॥२॥ शुद्ध्यशुद्धीविधीयेतेसमानेष्वपिवस्तुषु ॥ द्रव्यस्यविचिकित्सार्थंगुणदोषौशुभाशुभौ ॥

યોગવડે સંપૂર્ણપણે મારૂં ભજન કરનાર, એ મુનિના હૃદયમાં; હું સ્થાપન થવા થકીજ, તેના હૃદયમાં ઉત્પન્ન થનારી, સર્વ કામનાઓ; નાશ પામી જશે. ॥ २९ ॥ અને અખિલ બ્રહ્માંડના આત્મા, હુંનું દર્શન થવા થકી; તે પુરૂષનાં, કર્મ માત્રનો; ક્ષય થઇ જશે: સર્વ સંશયો છેદાઇ જશે; અને હૃદયની ગાંઠો છૂટી જશે. ॥ ३० ॥ એટલામાટે, મારામાંજ મન રાખીને મારી ભક્તિ કરનાર યોગીને તો, અહીંયાં વિશેષ કરીને કલ્યાણ આપનારો; જ્ઞાન તથા વૈરાગ્ય પણ નથીજ. ॥३१॥ કેમકે જે કલ્યાણ, તપથી–કર્મોથી–જ્ઞાનથી–વૈરાગ્યથી–યોગથી–દાનથી–સ્વધર્માચરણથી–તથા બીજાંઓથી પણ–પ્રાપ્ત થઇ શકે; તે સર્વને, અને સ્વર્ગ તથા મોક્ષને; અને જો તેની ઇચ્છા હોય તો, મારા ધામને પણ; એ મારો ભક્ત, ભક્તિ યોગ કરવાવડે, સહેજમાંજ પામે છે. ॥३२–३३॥ વળી ફરીથી સંસાર ન થવા રૂપ, મારૂં કૈવલ્ય પદ હું તેમને આપવા માંડું છું; છતાં એ સાધુ–ધીર–અને મારે વિશે એકાંતિક ભક્તિની નિષ્ઠાવાળા, મારા ભક્તો; કશાને પણ ઇચ્છતાજ નથી. ॥३४॥ નિરપેક્ષ થવું; એજ, અલ્પ નહીં એવું; અને મોટામાં મોટું કલ્યાણ કહેવાય છે. અને તેથી એવા અપેક્ષારહિતના પુરૂષો થકીજ, મારી નિષ્કામ ભક્તિ થઇ શકે છે. ॥ ३५ ॥ તથા એવા સાધુ—સમચિત્તવાળા–અને પરમ આત્મ તત્વને વિશે મન લાગેલા,–મારા એકાંતિક ભક્તોને; ગુણ અને દોષથકી ઉત્પન્ન થનારા, ગુણો એટલે પુન્ય પાપ; પ્રાપ્તજ થતા નથી. ॥३६ ॥ આ પ્રકારના મેં બતાવેલા માર્ગને વિશે, જેઓ હવે પછી પણ, સ્થાપન થશે; એટલે આ મારા કહેલા ધર્મોનું, આચરણ કરશે; તેઓ પરમબ્રહ્મ નામથી જાણવામાં આવતા, મારા સ્થાનને; એટલે પરમ પદરૂપ કલ્યાણનેજ પામશે. ॥ ३७ ॥ ઇતિ શ્રી૦ ભાગવતે અગિઆરમા સ્કંધનો ભક્તિ–જ્ઞાન–અને કર્મ–યોગોનું સંક્ષેપ કથન નામે વીશમો અધ્યાય સંપૂર્ણ. ॥ २० ॥

અધ્યાય २१ મો.– શ્રીભગવાન – એ પ્રકારના ભક્તિયોગ–જ્ઞાન યોગ–અને કર્મયોગ,–રૂપ મારા માર્ગનો, જેઓ ત્યાગ કરે છે; અને વિષયાદિકના ક્ષુદ્ર તથા નાશવાન કામનાઓનું, ઇંદ્રિયાદિકવડે, સેવન કરે છે; તેઓ સંસારને પામ્યા કરે છે. ॥१॥ પોતપોતાના અધિકારવાળા યોગમાં, નિષ્ઠા રાખવી; તે ગુણ, અને તે થકી ઉલટી રીતે વર્તવું; તે દોષ કહેલ છે. એવો તેમને માટે નિશ્ચય છે. ॥२॥ હે ઉદ્ધવ, સર્વ સમાન

વસ્તુઓને વિષે; ગુણ અને દોષ, તથા શુભ અને અશુભ; અને શુદ્ધિ તથા અશુદ્ધિ, દ્રવ્યાદિકની ચિકિત્સાને માટે; કહિપને, મેં પોતેજ; ધર્મરૂપી ધુંસરૂં ખાંધ ઉપર લેઈને વહન કરનારા લોકોને, ધર્મનું આચરણ કરવાના ઉપયોગ માટે; તેમનો વ્યવહાર ચલાવવાને માટે; અને તેઓની આજીવિકા ચાલવાને માટે; તેઓને, દેખાડેલું છે. ॥૩–૪॥ કારણ સ્થાવરથી માંડીને, બ્રહ્માપર્યંત; સર્વ પ્રાણી પદાર્થાદિકનાં, શરીરો; પૃથ્વી–પાણી–અગ્નિ વાયુ–અને આકાશ–એ પાંચ ધાતુઓથી બનેલાં, અને આત્મતત્વથી સંયુક્ત થયેલાં; એવાં સરખાંજ છે ॥૫॥ છતાં, હે ઉદ્ધવ, એવા લોકોના, (ઉપર પ્રમાણેના,) સ્વાર્થની સિદ્ધિને અર્થે; એ એકજ મૂળતત્વોથી થયેલ, સમાન વસ્તુઓ આદિનાં, વેદાદિક સત્ શાસ્ત્રોએ; વિષમ નામો, અને રૂપો આદિકની: કલ્પના કરેલ છે. ॥ ૬ ॥ એ રીતે, મેં પોતેજ; દેશ અને કાળ આદિ, હાથવડે ન ગ્રહણ થાય એવા ભાવોને વિષેની; અને બીજા હાથથકી લેઈ શકાય, એવા ભાવો એટલે વસ્તુઓ અને પ્રાણી પદાર્થાદિકને વિષેની પણ; ગુણ અને દોષની, કલ્પના કરીને: કર્મો આદિ કરવાનો, સંકોચજ કરેલો છે. ॥૭॥ (હવે સત્ શાસ્ત્રો દ્વારા પોતે કરેલી ગુણ દોષની કલ્પના કેવી રીતની છે; તે કહે છે.) જ્યાં બ્રાહ્મણોને માનતા ન હોય, તે સ્થાન–જ્યાં કાળિયાર મૃગ ન હોય તે સ્થાન–જ્યાં

કાળિયાર મૃગ હોવા છતાં, સત્પુરૂષો વસતા ન હોય; તે સ્થાન–કીકટ, એટલે અંગ વંગ અને કલિંગ વિગેરે દેશો–વગર સંસ્કાર થયેલ: એટલે જળ છાંટ્યાવિનાની, લિંપ્યાવિનાની, અને બીજી રીતે શુદ્ધ નહીં કરેલી, ભૂમિ–તથા ખારો પ્રદેશ–:એ સર્વે અશુદ્ધ સ્થાન છે. ॥ ૮ ॥ કર્મો આદિક કરવાને માટે, જોઈતા પદાર્થો-આદિકની સગવડ હોય તેવો, અને પોતાના દેહાદિકની પણ સગવડ હોય તેવો કાળ, ગુણવાન એટલે શુદ્ધ છે: અને જેથી કર્માદિક અટકી પડે, એવો સગવડના વિનાનો કાળ; દોષરૂપ, એટલે અશુદ્ધિ ને ઉત્પન્ન કરનારો કહેલ છે. ॥૯॥ એ પદાર્થો આદિકની શુદ્ધિ અને અશુદ્ધિ પદાર્થોથી–વચનથી–સંસ્કારથી–વખતથી–અને મોટાપણા કિંવા નાનાપણા થકી પણ: થાય છે. ॥ ૧૦ ॥ તથા શક્તિ અશક્તિના કારણથી—બુદ્ધિ પૂર્વક કરવા ન કરવાના કારણથી—અને સમૃદ્ધિ હોવા ન હોવાના કારણથી પણ–થાય છે. અને તે પણ સ્થાન અને અવસ્થા આદિને અનુસરીનેજ; પુરૂષને ગુણ અને દોષ, એટલે શુદ્ધિ અને અશુદ્ધિ, ઉત્પન્ન કરે છે. ॥ ૧૧ ॥ ધાન્યો—લાકડાં—હાડકાં—તંતુઓ એટલે સુતર વિગેરે—તથા તેઓથી બનેલ વસ્ત્ર—રસ એટલે ઘી, તેલ વિગેરે—તૈજસ એટલે સોનુ આદિ ધાતુઓ, તથા ઈંટો માટી વિગેરે—તથા ચામડાં; એ સર્વની

॥३॥ धर्मार्थंव्यवहारार्थंयात्रार्थमितिचानघ ॥ दर्शितोऽयंमयाचारोधर्ममुद्वहतांधुरं॥४॥ भूम्यंब्वग्न्यनिलाकाशाभूतानांपंचधातवः॥ आ
ब्रह्मस्थावरादीनांशारीराआत्मसंयुताः ॥५॥ वेदेननामरूपाणिविषमानिसमेष्वपि॥ धातुषूद्धवकल्प्यंतएतेषांस्वार्थसिद्धये ॥६॥ देशकाला
दिभावानांवस्तूनांममसत्तम ॥ गुणदोषौविधीयेतेनियमार्थंहिकर्मणां॥७॥ अकृष्णसारोदेशानामब्रह्मण्योऽशुचिर्भवेत् ॥ कृष्णसारोऽप्यसौ
वीरकीकटासंस्कृतेरिणं॥८॥ कर्मण्योगुणवान्कालोद्रव्यतःस्वतएववा॥ यतोनिवर्ततेकर्मसदोषोऽकर्मकःस्मृतः ॥९॥ द्रव्यस्यशुद्ध्यशुद्धीचद्र
व्येणवचनेनच॥ संस्कारेणाथकालेनमहत्त्वाल्पतयाऽथवा ॥१०॥ शक्त्याऽशक्त्याऽथवाबुद्ध्यासमृद्ध्याचयदात्मने॥ अघंकुर्वंतिहियथादेशा
वस्थानुसारतः॥११॥ धान्यदार्वस्थितंतूनांरसतैजसचर्मणां ॥ कालवाय्वग्निमृत्तोयैःपार्थिवानांयुतायुतैः ॥१२॥ अमेध्यलिप्तंयद्येनगंधंले
पंव्यपोहति॥ भजतेप्रकृतिंतस्यतच्छौचंतावदिष्यते ॥१३॥ स्नानदानतपोऽवस्थावीर्यसंस्कारकर्मभिः॥मत्स्मृत्याचात्मनःशौचंशुद्धःकर्माच
रेद्द्विजः॥१४॥ मंत्रस्यचपरिज्ञानंकर्मशुद्धिर्मदर्पणं॥ धर्मःसंपद्यतेषड्भिरधर्मस्तुविपर्ययः ॥१५॥क्वचिद्गुणोऽपिदोषःस्याद्दोषोऽपिविधिनागुणः
॥ गुणदोषार्थनियमस्तद्भिदामेवबाधते॥१६॥ समानकर्माचरणंपतितानांनपातकं॥ औत्पत्तिकोगुणःसंगोनशयानःपतत्यधः ॥१७॥ य
तोयतोनिवर्तेततोविमुच्येततस्ततः॥ एषधर्मोनृणांक्षेमःशोकमोहभयापहः ॥१८॥ विषयेषुगुणाध्यासात्पुंसःसंगस्ततोभवेत्॥ संगात्तत्रभवे
त्कामःकामादेवकलिर्नृणां॥१९॥ कलेर्दुर्विषहःक्रोधस्तमस्तमनुवर्तते॥तमसाग्रस्यतेपुंसश्चेतनाव्यापिनीद्रुतं॥२० तयाविरहितःसाधोजंतुः
शून्यायकल्पते ॥ ततोऽस्यस्वार्थविभ्रंशोमूर्च्छितस्यमृतस्यच॥२१॥ विषयाभिनिवेशेननात्मानंवेदनापरं ॥ वृक्षजीविकयाजीवन्व्यर्थंभस्त्रे

શુદ્ધિ, કાળ જવાથી—વાયુથી—અગ્નિથી—માટીથી—પાણીથી—અને પૃથ્વીના બીજા પદાર્થોથકી–તેઓમાંના એકથકી, અથવા કેટલાએકને ભેગાં કરવા થકીપણ; થાય છે. ॥ ૧૨ ॥ જ્યારે કોઈ પદાર્થના ઉપર, અશુદ્ધ પદાર્થ ચોંટી ગયો હોય; ત્યારે તેનો ગંધ અથવા લેપ, જતો રહીને; તે પદાર્થ, પ્રથમના જેવો ફરીથી થાય; એટલીજ, તેની શુદ્ધિ કરવાની જરૂરિયાત કહેલી છે. ॥ ૧૩ ॥ પોતપોતાની અવસ્થા–શક્તિ–અને સંસ્કાર એમને અનુસરીને; દ્વિજ વિગેરેએ, (એટલે શૂદ્ર શુદ્ધાએ,) સ્નાનદાન–તપ–સંધ્યા આદિ કર્મ–અને મારૂં સ્મરણ વિગેરે–કરવાવડે; પોતાના શરીરને, અને મનને પવિત્ર કરીને: શુદ્ધ એટલે નિષ્કામ કર્મોનું આચરણ કરવું: એજ કર્તાની શુદ્ધિ છે. ॥૧૪॥ વિનિયોગ સહિત, સાંગોપાંગ મંત્રનું પરિપૂર્ણ જ્ઞાન થવું: એ મંત્રની શુદ્ધિ છે. મને, (ઈશ્વરને,) અર્પણ કરીનેજ; કર્મ કરવાં; એ કર્મની શુદ્ધિ છે. એ રીતનાં, દેશ–કાળ–દ્રવ્યો–કર્તા–મંત્ર–અને કર્મ; એ છએ વાનાં, શુદ્ધિવાળાં હોય; ત્યારેજ ધર્માચરણની, પ્રાપ્તિ થાય છે; અને અશુદ્ધિવાળાં હોય, તો તે થકી અધર્મના આચરણનીજ પ્રાપ્તિ થાય છે. ॥૧૫॥ વળી ક્વચિત ક્વચિત, ગુણજ દોષરૂપે મનાય છે; અને દોષની પ્રેરણાથી, દોષ: ગુણરૂપ પણ, થઈ જાય છે. આ રીતે, કર્મો નિયમિતપણે થવાને માટે,

એટલે કર્મોનો સંકોચ કરવાને અર્થે કહેવાયલા, એ ગુણ અને દોષ છે; જ્યાં તે અજ્ઞાની પુરૂષોને, ભેદ દૃષ્ટિના બેવાજ બાધ કરનારા થઈ પડે છે. ॥૧૬॥ જે આચરણથી, બીજાઓને પાપ લાગે છે; તે આચરણજ, પતિત થયેલાને પાપ ઉત્પન્ન કરી શકતું નથી; કારણ ધરતી ઉપર સૂતેલાને, તેથી નીચે પડી જવાનું હોતુંજ નથી. જેમ કે સ્ત્રીસંગ કરવો, એ ગૃહસ્થ શિવાયના આશ્રમીને; દોષ ઉત્પન્ન કરનાર હોવા છતાં, સંતાન ઉત્પન્ન કરવાની ઇચ્છાથી; ઋતુકાળે પોતાની પરણેલી સ્ત્રીનો, સંગ ગૃહસ્થ કરે તો; તે દોષરૂપ ન થતાં, ઉલટો ગુણરૂપ થાયછે. તેમજ પરણેલી સ્ત્રીની ઋતુકાળના સમયે માગણી છતાં, તેનો પુરૂષ; તેણીનો સંગ નકરે તો, તે દોષને ઉત્પન્ન કરનારૂં થઈ શકે છે. ॥૧૭॥ એટલા માટે, જેજે થકી નિવૃત્ત થતી જાય; તેનો તેનો, ત્યાગ કરતા જવું; એજ, શોક–મોહ–અને ભયનો નાશ કરી નાંખનારો, અને મનુષ્યોને કલ્યાણની પ્રાપ્તિ કરનારો: ધર્મ છે. ॥૧૮॥ પુરૂષને વિષયોનું ધ્યાન થવાથી, તેમનો સંગ થાય છે–સંગવડે તેની કામનાઓ થાય છે–અને કામનાઓનો ભંગ થવા થકી, મનુષ્યોને કલહ થાય છે. ॥૧૯॥ એટલે એ કજીઆ થવાથી, નસહન થાય એવો ક્રોધ ઉત્પન્ન થઈને: તે ક્રોધવડે, અજ્ઞાન વ્યાપી જાય છે: અને તે અજ્ઞાનજ, એ પુરૂષના મનને વિષે વ્યાપેલી ચેતના, એટલે સ્મૃતિને ઉતા-

ગુંજ મળી જાય છે. ॥૨૦॥ હે ઉદ્ધવ, પછીથી એ ચેતના રહિત થયેલો, પુરૂષ શૂન્ય સરખો થઇ જાય છે. અને તે થકી એ મૂર્ચ્છા પામીને, મરી ગયેલા સરખાને; પોતાના સ્વાર્થ થકી ભ્રષ્ટ થવું પડે છે. ॥૨૧॥ એમ વિષયાદિકને વિશે આસક્તિ થવાથી તે પુરૂષ, પોતાને તથા બીજાઓને પણ, જાણતો નથી. અને ધમણની પેઠે, વ્યર્થ શ્વાસોશ્વાસ લેઇને; તે વૃક્ષાદિકના જેવા, જીવતરવડેજ જીવે છે. ॥૨૨॥ માટે મનુષ્યોને શ્રેય આપનાર નહીં હોતા છતાં, શ્રેય કરીને વૈદિક કર્મો કરવામાં રૂચી ઉત્પન્ન કરનારાં; એ ફળ શ્રુતિનાં વચનો: મનુષ્યોનું કલ્યાણ ઇચ્છીનેજ, રોગીને રૂચી થવા માટે, વૈદ્યે કહેલાની માફક; પરોપકાર દૃષ્ટિથી, કહેવાયલાં છે. ॥૨૩॥ કારણ, પોતાનાજ અનર્થના હેતુરૂપ એવાં; કામ્ય કર્મોને વિશે-ઇંદ્રિયાદિકનાં સુખોને વિશે-અને સ્વજનો આદિને વિશે-આસક્ત થયેલા મનવાળા, અને પોતાના સ્વાર્થને નહીં જાણતાં દુખ રૂપ સંસારના માર્ગમાં ભટકતા, તથા નરકને વિશે પડી જતા, મનુષ્યોને; બુદ્ધિમાન વેદ આદિક સત શાસ્ત્રો, ફરી વાર પણ; તેજ અવળા માર્ગ ઉપર, કેમજ દોરે, ? (અર્થાત એવાં કામ્ય કર્મો કરવાના ખોટા માર્ગે તે લઈ જાય નહીંજ.) ॥૨૪-૨૫॥ આ વાતને નહીં જાણીને કેટલા એક કુબુદ્ધિવાળા પુરૂષો, એ ફળ શ્રુતિનાં, ફુલ તથા મહોર સરખાં વચનોને; ખરાં એટલે વસ્તુ રૂપે માનવાનો નિશ્ચય કરે છે. પણ વેદને બરાબર રીતે જાણનારા વેદવ્યાસ વિગેરેતો, તે પ્રકારે કહેતાજ નથી.॥૨૬॥ અને તેથીજ કામી-કંગાળ-લાલચુ-ફૂલને વિશે ફળની બુદ્ધિવાળા -અગ્નિના ધૂમાડાથી મૂર્ખ બનેલા-અને ધૂમ માર્ગે જનારા-એ, (કામ્ય કર્મો કરનારા,) લોકો; મારા લોકને એટલે પરમ પદને, પામતાજ નથી. ॥૨૭॥ વળી હે ઉદ્ધવ; એ, હથિઆરો ઉપાડીને, પ્રાણીઓની હિંસા કરવાવડે, તૃપ્ત થનારાઓ; ઝાકળની અંદર આંખોવડે, ન દેખી શકાવાની પેઠે; જેના થકી આ જગત થયેલું છે, તથા જેને વિશે તે રહેલું છે; એવા સર્વના હૃદયને વિશે રહેલા, મને; તો જાણતાજ નથી. ॥૨૮॥ હિંસા કરવામાં પ્રીતિવાળાઓએ પણ; જ્યારે, તે યજ્ઞ કરી શકે; ત્યારેજ, માત્ર એક પશુની, હિંસા કરી શકાય; એમ કહેવાથી, હિંસા કરવાની વેદે આજ્ઞા કરેલી નથી; પણ, એતો અટકાવજ કરેલો છે; છતાં, એ મારા પરોક્ષ કહેલા મતને, નહીં જાણીને; એ વિષયાદિકને વિશે મનવાળા-અને હિંસાને વિશે રમનારા-ખળ લોકો; પોતાના સુખની ઇચ્છાથીજ

वपःश्वसन्॥२२॥ फलश्रुतिरियंनृणांनश्रेयोरोचनंपरं ॥ श्रेयोविवक्षयाप्रोक्तंयथाभैषज्यरोचनं॥२३॥ उत्पत्त्यैवहिकामेषुप्राणेषुस्वजनेषुच ॥ असक्तमनसोमर्त्याआत्मनोऽनर्थहेतुषु ॥२४॥ नतानविदुषःस्वार्थं[illegible]वृजिनाध्वनि ॥ कथंयुंज्यात्पुनस्तेषुतांस्तमोविशतोबुधः ॥ ॥२५॥ एवंव्यवसितंकेचिदविज्ञायकुबुद्धयः ॥ फलश्रुतिंकुसुमितांनवेदज्ञावदंतिहि॥२६॥ कामिनःकृपणालुब्धाःपुष्पेषुफलबुद्धयः ॥ अग्निमुग्धाधूमतांताःस्वंलोकंनविदंतिते ॥२७॥ नतेमामंगजानंतिहृदिस्थंयइदंयतः ॥ उक्थशस्त्राह्यसुतृपोयथानीहारचक्षुषः ॥२८॥ तेमेमतविज्ञायपरोऽक्षंविषयात्मकाः ॥ हिंसायांयदिरागःस्याद्यज्ञएवनचोदना ॥२९॥ हिंसाविहाराह्यालब्धैःपशुभिःस्वसुखेच्छया ॥ यजंतेदेवतायज्ञैःपितृभूतपतीन्खलाः ॥३०॥ स्वप्नोपमममुंलोकमसंतंश्रवणप्रियं॥ आशिषोहृदिसंकल्प्यत्यजंत्यर्थान्यथावणिक् ॥३१॥ रजःसत्त्वतमोनिष्ठारजःसत्त्वतमोजुषः॥उपासतेइंद्रमुख्यान्देवादीन्नतथैवमाम् ॥३२॥ इष्ट्वेहदेवतायज्ञैर्गत्वारंस्यामहेदिवि॥ तस्यांतइहभूयास्ममहाशालामहाकुलाः ॥३३॥ एवंपुष्पितयावाचाव्याक्षिप्तमनसांनृणां ॥ मानिनांचातिस्तब्धानांमद्वार्ताऽपिनरोचते ॥३४॥ वेदाब्रह्मात्मविषयास्त्रिकांडविषयाइमे ॥ परोऽक्षवादाऋषयःपरोऽक्षंममचप्रियं ॥३५॥ शब्दब्रह्मसुदुर्बोधंप्राणेंद्रियमनोमयं ॥ अनंतपारंगंभीरंदुर्विगाह्यंसमुद्रवत् ॥३६॥ मयोपबृंहितंभूम्नाब्रह्मणाऽनंतशक्तिना ॥ भूतेषुघोषरूपेणबिसेषूर्णेवलक्ष्यते ॥३७॥ यथोर्णनाभिर्हृदयादूर्णामुद्वमतेमुखात् ॥ आकाशाद्घोषवान्प्राणोमनसास्पर्शरूपिणा ॥३८॥ छंदोमयोऽमृतमयःसहस्रपदवींप्रभुः॥ ओंकाराद्व्यंजितस्पर्शस्वरोष्मांतस्थभूषितां ॥३९॥ विचित्रभाषाविततांछंदोभिश्चतुरुत्तरैः ॥ अनंतपारांबृहतींसृजत्याक्षिपतेस्वयं ॥४०॥ गायत्र्युष्णिगनुष्टुप्चबृहतीपंक्तिरेवच ॥ त्रिष्टुब्जगत्यतिछंदोह्यत्यष्ट्यतिजगद्विराट् ॥४१॥ किंविधत्तेकिमाचष्टेकिमनूद्यविकल्पयेत् ॥ इत्यस्याहृदयंलोकेनान्योमद्वेदकश्चन ॥४२॥

યજ્ઞોમાં, પશુઓને મારીને; તે વડે દેવતાઓ-પિતૃઓ-અને ભૂતોના પતિઓનું યજન કરે છે. ॥૨૯-૩૦॥ અને તેથી, માત્ર કાનને પ્રિય લાગનાર-મનથકી સંકલ્પજ કરેલાં-અને સ્વપ્નની ઉપમા સરખાં-પરલોકનાં સુખ ભોગાદિક મેળવવા જતાં; વહાણવટી વેપારીની પેઠે, સંસાર સાગરમાં દુખી થઇ: ગાંઠની મૂડીને પણ ગુમાવી દેછે. ॥૩૧॥ વળી એ રજોગુણ-સત્વગુણ-અને તમોગુણની બુદ્ધિવાળા લોકો; પોત પોતાના સરખાજ ગુણોવાળા, ઇંદ્ર આદિ લેઇને, બીજા દેવોનીજ ઉપાસના કરે છે; પણ એ રીતે, મારી ઉપાસના નથી કરતા, ॥૩૨॥ અને આ રીતે અહીંયાં યજ્ઞો થકી દેવતાઓનું પૂજન કરવાવડે, સ્વર્ગમાં જઇ રમણ કરીશું: તથા સ્વર્ગના ભોગ ભોગવી લીધા પછી, પાછા અહીંયાં મોટા કુળવાન અને શ્રીમંત થશું; એ રીતનાં પુષ્પિત વચનોથી, વિક્ષેપ પામેલા મનવાળા-અભિમાની-અને અતિ સ્તબ્ધ-એ લોકોને; મારી કથાઓ આદિક તો રૂચતીજ નથી. ॥૩૩-૩૪॥ આ ત્રણ કાંડ, (કર્મ-દેવતા-અને બ્રહ્મ) રૂપ વેદનો વિષય, આત્મા બ્રહ્મ સ્વરૂપજ હોવા બદલ; પરોક્ષ રીતે બોલનારા મંત્રો વાળો છે; અને પરોક્ષ વાદજ, મને પ્રિય છે. ॥ ૩૫ ॥ પ્રાણમય-ઇંદ્રિયમય-અને મનોમય; એ પરબ્રહ્મ સ્વરૂપ વેદ; સમુદ્રની પેઠે, અનંત-અપાર-ગંભીર-અને તળ સ્પર્શ કરવાને અશક્ય-હોવાથી; સમજવાને માટે અત્યંત કઠિણ છે, ॥૩૬॥ હું, પરમબ્રહ્મ-આત્મા-અને અનંત શક્તિઓવાળાનું, સર્વ પ્રાણીઓ આદિકને વિશે સ્થાપન થયેલું : સર્વ વ્યાપક સૂક્ષ્મ સ્વરૂપ, કમળના નાળના તંતુઓ સરખું: નાદ રૂપે, તેઓને વિશે જાણવામાં આવેછેજ. ॥૩૭॥ જેમ કરોળિઓ પોતાના હૃદયમાંથી મુખદ્વારે તાંતણાને બહાર કાઢીને ફેલાવે છે: તેમ હું વેદમય અને અમૃતમય ભગવાન, હૃદયાકાશમાંથી ઉચ્ચારવાળા વાયુરૂપ (વાણીનો) તાંતણો બહાર કાઢીને; મનની કલ્પનાવડે, ઓંકાર સહિત -સ્પર્શ-સ્વર-ઉષ્મા-અને અંતસ્થ, એવા; અક્ષરો થકી શણગારાયલી; તથા ચાર ચાર અક્ષરોથી વધતા જતા-[૨૪]ગાયત્રી-[૨૮]ઉષ્ણીક-[૩૨]અનુષ્ટુપ-[૩૬]બૃહતી-[૪૦]પંક્તિ-[૪૪]ત્રીષ્ટુપ-[૪૮]જગતિ-[૫૨]અતિજગતિ-[૫૬]શકવરિ-[૬૦]અતિશકવરિ-[૬૪]અષ્ટિ-[૬૮]અત્યષ્ટિ-[૭૨]વિરાટ-અને [૭૬]અતિવિરાટ—એ વિગેરે છંદો વાળી; અને વિચિત્ર પ્રકારની, ભાષાઓથી હજારો, પ્રકારે વિસ્તાર પામેલી: અનંત અને અપાર વાણીને, સરજું છું: અને તે સઘળી વાણીને, પાછો પોતેજ કરોળિઆની પેઠે, ગળી પણ જાઉંછું ॥ ૩૮—૩૯—૪૦—૪૧ ॥ એ (વેદ) વાણી, કર્મકાંડનાં વિધિ

મંત્રોથી, કોનું વિધાન કરે છે. ? ઉપાસનાકાંડના મંત્રોવડે, કોને જણાવે છે ? અને બ્રહ્મકાંડના મંત્રોથી, અનુવાદ કરીને; વિકલ્પ માત્રનો નિષેધ કરતાં; અવધિ રૂપથી કોને, શેષ રાખીને ચૂપ થઇ જાય છે. ? આ લોકને વિષે વેદના ખરા, આશય, એટલે તાત્પર્યને જાણનારો; મારા શિવાય, બીજો કોઇ પણ છેજ નહીં. ॥૪૨॥ (તેથી હું કહુંછું કે.) એ શબ્દબ્રહ્મ એટલે વેદ, મારુંજ વિધાન કરે છે; મનેજ જણાવે છે; અને શબ્દવડે બોલાતા સઘળા માયામય ભેદ એટલે વિકલ્પનો; અનુવાદ કરવાવડે, નિષેધ કરીને; છેવટ અવધિ રૂપે પણ, મનેજ રાખી; પોતાના વ્યાપારને, બંધ કરે છે; સઘળા વેદનો એટલોજ અર્થ છે. ॥૪૩॥ ઇતિ॰ શ્રી॰ ભાગવતે અગિઆરમા સ્કંધનો શુદ્ધિ અશુદ્ધિ પ્રકરણ નામે એકવિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૧॥

અધ્યાય ૨૨ મો.—ઉદ્ધવ—હે સમર્થ વિશ્વેશ્વર, તત્વોની સંખ્યા રૂષિઓએ કેટલી કહેલી છે. ? નવ અગિયાર-પાંચ-અને ત્રણ, ગણીને અઠ્ઠાવિશ તત્વો હોવાનું મેંતો આપથકી સાંભળ્યું છે. ॥૧॥ કેટલા એક, છવીસ અને બીજાઓ પચીસ તત્વો કહે છે. અને વળી બીજાઓ સાત, નવ, છ, ચાર, અને અગિયાર તત્વો હોવાનું; પણ કહે છે. ॥૨॥ કેટલાક સત્તર સોળ અને તેર તત્વો પણ કહે છે; હે મોટા આયુષ્યવાન, એ રીતે જૂદી જૂદી સંખ્યાઓ રૂષિઓએ કયા હેતુ માટે કહી હશે. ? તે હેતુ આપ મારી પાસે કહેવાને, યોગ્ય છો. ॥૩॥—શ્રીભગવાન—એ સંબંધમાં બ્રાહ્મણોએ જેજે રીતે કહેલું છે, તે વાજબીજ છે; કારણ મારી માયાનો પડદો પડવાથી, સર્વ પ્રકારે બોલી શકાય, તેમજ છે. ॥૪॥ અને તેઓ એક બીજા સાથે વિવાદ કરીને કહે છે કે, "તમે કહો છો, તે યથાસ્થિત નથી; પણ હું કહુંછું. તેજ ખરું છે." એવો વિવાદ થવાનું કારણ પણ, મારી પાર ન પમાય એવી; માયા શક્તિજ છે. ॥૫॥ પણ એ માયાના વિકાર રૂપ, અને વિવાદ કરનારાઓના બોલવા-ના વિષય રૂપ, વિકલ્પજ જ્યારે, શમ અને દમની પ્રાપ્તિ થવાથી; નાશ પામી જાય છે. ત્યારે તે વિકલ્પ ટળવાની પાછળજ, એ સઘળો વાદ પણ; શાંત થઇ જાય છે. ॥૬॥ હે ઉદ્ધવ, તત્વો એક બીજામાં પ્રવેશ કરેલાં હોવાથી; પહેલાએ કહેવા પ્રમાણે, અથવા પાછીનાએ કહેવા પ્રમાણે; જેમ કહેવાની જેની ઇચ્છા થાય; તેમ તત્વોની સંખ્યા કહી શકાય છે. ॥૭॥ અને પેહેલા અથવા પાછલા એક તત્વની અંદર; બાકીનાં

मांविधत्तेऽभिधत्तमांविकल्प्यापोह्यतेत्वहं ॥ एतावान्सर्ववेदार्थःशब्दआस्थायमांभिदां ॥ मायामात्रमनूद्यांतेप्रतिषिध्यप्रसीदति ॥ ४३ ॥ इतिश्रीभागवतेमहापुराणेएकादशस्कंधेवेदार्थनिर्णयनामैकविंशोध्यायः ॥२१॥

उद्धव०कतितत्त्वानिविश्वेशसंख्यातान्यृषिभिःप्रभो ॥ नवैकादशपंचत्रीण्यात्थत्वमिहशुश्रुम ॥१॥ केचित्षड्विंशतिंप्राहुरपरेपंचविंशतिं ॥ सप्तैकेनवषट्केचिच्चत्वार्येकादशापरे॥२॥ केचित्सप्तदशप्राहुःषोडशैकेत्रयोदश॥ एतावत्त्वं संख्यानामृषयोयद्विवक्षया ॥ गायंतिपृथगा युष्मन्निदंनोवक्तुमर्हसि॥३॥ श्रीभग०युक्तयःसंतिसर्वत्रभाषंतेब्राह्मणायथा॥ मायांमदीयामुद्गृह्यवदतांकिंनुदुर्घटं॥४॥ नैतदेवंयथात्थत्वंयदहं वच्मितत्तथा॥ एवंविवदतांहेतुंशक्तयोमेदुरत्ययाः॥५॥ यासांव्यतिकरादासीद्विकल्पोवदतांपदं ॥ प्राप्तेशमदमेऽप्येतिवादस्तमनुशाम्यति ॥६॥ परस्परानुप्रवेशात्तत्त्वानांपुरुषर्षभ॥ पौर्वापर्यप्रसंख्यानंयथावक्तुर्विवक्षितं ॥७॥ एकस्मिन्नपिदृश्यंतेप्रविष्टानीतराणिच ॥ पूर्वस्मिन्वा परस्मिन्वातत्त्वेतत्त्वानिसर्वशः॥८॥ पौर्वापर्यमतोमीषांप्रसंख्यानमभीप्सतां॥ यथाविविक्तंयद्वक्त्रंगृण्हीमोयुक्तिसंभवात् ॥९॥ अनाद्यविद्या युक्तस्यपुरुषस्यात्मवेदनं॥ स्वतोनसंभवादन्यस्तत्त्वज्ञोज्ञानदोभवेत्॥१०॥ पुरुषेश्वरयोरत्रनवैलक्षण्यमण्वपि॥ तदन्यकल्पनापार्थाज्ञानंच प्रकृतेर्गुणः॥११॥ प्रकृतेर्गुणसाम्यंवैप्रकृतेर्नात्मनोगुणाः ॥ सत्त्वंरजस्तमइतिस्थित्युत्पत्त्यंतहेतवः॥१२॥ सत्त्वंज्ञानंरजःकर्मतमोऽज्ञानमि होच्यते॥गुणव्यतिकरःकालःस्वभावःसूत्रमेवच॥१३॥ पुरुषःप्रकृतिर्व्यक्तमहंकारोनभोऽनिलः ॥ ज्योतिरापःक्षितिरितितत्त्वान्युक्तानिमेनव॥१४॥ श्रोत्रंत्वग्दर्शनंघ्राणोजिह्वेतिज्ञानशक्तयः ॥ वाक्पाण्युपस्थपाय्वंघ्रिःकर्माण्यंगोभयंमनः॥१५॥ शब्दःस्पर्शोरसोगंधोरूपंचेत्यर्थ जातयः॥ गत्युक्त्युत्सर्गशिल्पानिकर्मायतनसिद्धयः ॥१६॥ सर्गादौप्रकृतिर्ह्यस्यकार्यकारणरूपिणी ॥ सत्त्वादिभिर्गुणैर्धत्तेपुरुषोऽव्यक्तईक्षते

બીજાં સર્વ તત્વો પ્રવેશ કરેલાનું પણ; જોવામાં આવે છે. ॥૮॥ એટલા માટે તત્વોની સંખ્યા કહેનારાઓએ, એક તત્વનો બીજા તત્વમાં સમાસ કરીને; અનેક રૂષિઓએ, અનેક પ્રકારની સંખ્યાઓ, જે રીતે કહેલી છે; તે તે સઘળી યુક્તિ પૂર્વક, અને ખરીજ કહેલાનું; હું માનુંછું. ॥૯॥ અનાદિ કાળથી, અવિદ્યાયુક્ત પુરુષને; અજ્ઞાન મટીને, પોતાથીજ આત્મજ્ઞાન થવાનો સંભવ, ન મળીને; જ્ઞાન આપનાર તત્વને જાણનારો, બીજો માની શકાય છે. ॥૧૦॥ પણ એ પુરુષ, (જીવ) અને ઇશ્વર એકમાં જરા પણ વિલક્ષણપણું ન હોવાથી; અને જ્ઞાન થવું, એ પ્રકૃતિનોજ ગુણ હોવાથી; જ્ઞાન આપનારો જૂદો હોવાની કલ્પના, વ્યર્થ એટલે નકામીજ છે. ॥૧૧॥ સ્થિતિ-ઉત્પત્તિ-અને અંતના હેતુ રૂપ; સત્વ-રજ-અને તમ, એ ગુણો, આત્માના નથી; પણ પ્રકૃતિનાજ છે; અને એ ત્રણે ગુણોનું, એકત્ર સ્વરૂપ; તેજ પ્રકૃતિ છે. ॥૧૨॥ જ્ઞાન તે સત્વગુણ, કર્મ તે રજો ગુણ, અને અજ્ઞાન એ તમોગુણ, કહેવાય છે; અને એ ગુણોને વિકાર પમાડનાર, તે કાળ કહેવાય છે; તથા. અનેક વિકાર થવાથકી થનારો તે, સ્વભાવ અને સૂત્ર અથવા મહત્તત્વ; કહેવાય છે. ॥૧૩॥ પુરુષ (એટલે દેહાત્મા)-પ્રકૃતિ (એટલે ત્રણ ગુણોનું એકત્ર સ્વરૂપ)-વ્યક્ત (એટલે મહત્તત્વ)-અહંકાર-આકાશ-વાયુ-તેજ-જળ-અને પૃથ્વી, એ રીતનાં નવ તત્વો હોવાનું પણ; હું યુક્ત માનુંછું. ॥૧૪॥ તેમજ શ્રોત્ર-ત્વચા-દગ-ઘ્રાણ-અને જીભ-એ પાંચ જ્ઞાનેંદ્રિયો, વાણી-હાથ-ઉપસ્થ-પાયુ-અને પગ-એ પાંચ કર્મેંદ્રિયો, ચાર પ્રકારનું (ચિત-મન-બુદ્ધિ-અને અહંકાર એ રીતનું,) અંતઃકરણ, શબ્દ-સ્પર્શ-રસ-ગંધ-અને રૂપ-એ પાંચ અર્થ એટલે વિષયોની જાતિઓ, અને ગતિ-બોલવું-મળોત્સર્ગ-મૂત્રોત્સર્ગ-અને શિલ્પ-એ પાંચ યત્નવડે સિદ્ધ થનારા, કર્મેદ્રિયોના વિષયો; એ રીતે કુલ ચોવીસ પ્રકૃતિનાં તત્વોની સંખ્યાને પણ, હું યુક્તજ માનુંછું. એમાં એક આત્માને ઉમેરતાં પચીસ, અને જ્ઞાન આપનાર જૂદો ગણીને બે ઉમેરતાં છવીસ, તત્વો થાય છે. તથા આ-ત્માને એકજ ગણીએ, ત્રણ ગુણોને જૂદાં તત્વો ગણીએ; પ્રકૃતિને જૂદુ તત્વ ન ગણીએ; અને ચાર પ્રકારનાં અંતઃ-કરણને, એકજ તત્વ ગણીએ તો એપણ ચોવીશનીજ સંખ્યા થાયછે. (માટે તે સઘળું યુક્તજ છે.)॥૧૫-૧૬॥ કાર્ય (પ્રાણી પદાર્થાદિક સર્વ) અને કારણો (મહા ભૂતો આદિ મૂળતત્વો) એ ગતા સ્વરૂપવાળી પ્રકૃતિજ પ્રથમ

પહેલાં સૃષ્ટિ થતા ટાણે, સત્વ આદિ ગુણોને ધારણ કરેછે; અને અવ્યકત એવો પુરૂષ માત્ર જોયા કરેછે. ॥૧૭॥ એમ પુરૂષના જોવાથી બળ પામેલાં(પ્રકૃતિનાં સ્વરૂપો,)મહતત્વ આદિ ધાતુઓ, એટલે મૂળતત્વો; વિકાર પામીને પ્રકૃતિનાજ બળથી એકઠાં થઇ; અંડોને એટલે પ્રાણી પદાર્થાદિકનાં શરીરોને ઉત્પન્ન કરે છે. ॥૧૮॥ સાત ધાતુઓ અથવા (તત્વો) કહેવાય છે. તે [1]આકાશ–[2]વાયુ–[3]તેજ–[4]જળ અને [5]પૃથ્વી,–[6]જ્ઞાન–તથા દેહ, ઇંદ્રી અને પ્રાણના આધારરૂપ [7]આત્મા: એ રીતનાં સાતછે. ॥૧૯॥ ૭ તત્વો કહે છે, તે પણ યુક્તજછે: કેમકે તેમાં પણ પાંચ મહા ભુતો તથા છઠ્ઠો; પોતાથી ઉત્પન્ન થનારા આ જગતને સરજીને, તેમાં રહેનારો; સઘળાથી પર એવો; પુરુષ (એટલે આત્માનેજ,) ગણેલોછે.॥૨૦॥ચાર તત્વો કહેછે. તે પણ બરાબરછે; કેમકે તેમાં [1]તેજ–[2]જળ અને [3]અન્ન–તથા જેનાથી અવયવોવાળા પ્રાણીઓ આદિક સઘળું જગત જન્મ પામેલુંછે, તે [4]આત્માનેજ ગણેલો છે. ॥૨૧॥ સત્તરની સંખ્યામાં; પાંચ મહાભૂતો, પાંચ તન્માત્રાઓ, અને પાંચ ઇંદ્રિયો, એક મન, તથા સતરમો આત્મા; ગણેલ છે. ॥૨૨॥ એ રીતેજ સોળની સંખ્યામાં, મનને આત્માના ભેગું ગણે છે; તથા તેરની સંખ્યામાં, પાંચ મહાભૂતો; પાંચ ઇંદ્રિયો; એક મન; અને બે આત્મા એટલે એક જીવાત્મા, અને બીજો તેને જ્ઞાન આપનાર, ઇશ્વર, આત્મા; એ રીતે ગણેલ છે. ॥ ૨૩ ॥ અગિયારની સંખ્યામાં, પાંચ મહાભૂત; પાંચ ઇંદ્રિયો, તથા એક આત્મા; એ રીતે છે: અને નવની સંખ્યામાં, પ્રથમ કહી ગયા પ્રમાણેનાં આઠ, એટલે [1]પ્રકૃતિ કહેતાં ત્રણે ગુણોનું એકત્રસ્વરૂપ,–[2]મહતત્વ–[3]અહંકાર–[4]આકાશ–[5]વાયુ–[6]તેજ–[7]જળ–અને [8]પૃથ્વી તથા નવમો [9]પુરૂષ (આત્મા)ને ગણેલોછે. ॥૨૪॥ એ પ્રમાણે રૂષિઓએ કરેલી અનેક પ્રકારની તત્વોની સંખ્યાઓ, સર્વે ન્યાય પ્રમાણે અને યુક્તિઓવાળી છે; વિદ્વાનો અઘટિત શાસારૂં બોલે. ! ॥ ૨૫ ॥—ઉદ્ધવ—હે કૃષ્ણ, પ્રકૃતિ અને પુરૂષ સ્વભાવવડે તો વિલક્ષણ છે: તોપણ અન્યો અન્યના આશ્રયવાળાં જણાવાના કારણથી, તેમનામાં ભેદ દેખવામાં આવતો નથી. ॥૨૬॥ એટલે પ્રકૃતિને વિશે આત્મા, અને આત્માને વિશે પ્રકૃતિ રહેલાનું જોવામાં આવેછે. અર્થાત આત્મા, દેહ (એટલે પ્રકૃતિ) વિના રહેલો દેખાતોજ નથી. તો હે કમળનેત્ર સુવત્ર ભગવાન, આ રીતના મારા મનમાંના, મોટા સંશયને: આપ ન્યાયનાં નિપુણ વચનોથકી, કાપી નાં-

॥१७॥ व्यक्तादयोविकुर्वाणाधातवःपुरुषेक्षया ॥ लब्धवीर्याःसृजंत्यंडंसंहताःप्रकृतेर्बलात् ॥१८॥ सप्तैवधातवइतितत्रार्थाःपंचखादयः ॥ ज्ञानमात्मोभयाधारस्ततोदेहेंद्रियासवः ॥१९॥ षडित्यत्रापिभूतानिपंचषष्ठःपरःपुमान् ॥ तैर्युक्तआत्मसंभूतैःसृष्ट्वेदंसमुपाविशत् ॥२०॥ चत्वार्येवेतितत्रापितेजआपोन्नमात्मनः ॥ जातानितैरिदंजातंजन्मावयविनःखलु ॥२१॥ संख्यानेसप्तदशकेभूतमात्रेंद्रियाणिच ॥ पंचपंचैकमनसाआत्मासप्तदशःस्मृतः ॥२२॥ तद्वत्षोडशसंख्यानेआत्मैवमनउच्यते ॥ भूतेंद्रियाणिपंचैवमनआत्मात्रयोदश ॥२३॥ एकादशत्वमात्मासौमहाभूतेंद्रियाणिच ॥ अष्टौप्रकृतयश्चैवपुरुषश्चनवेत्यथ॥२४॥ इतिनानाप्रसंख्यानंतत्त्वानामृषिभिःकृतं ॥ सर्वंन्याय्यंयुक्तिमत्त्वाद्विदुषांकिमशोभनं ॥२५॥ उद्धव०प्रकृतिःपुरुषश्चोभौयद्यप्यात्मविलक्षणौ ॥ अन्योऽन्यापाश्रयात्कृष्णदृश्यतेनभिदातयोः ॥२६॥ प्रकृतौलक्ष्यतेह्यात्माप्रकृतिश्चतथात्मनि ॥ एवंमेपुंडरीकाक्षमहांतंसंशयंहृदि ॥ छेत्तुमर्हसिसर्वज्ञवचोभिर्नयनैपुणैः ॥२७॥ त्वत्तोज्ञानंहिजीवानांप्रमोषस्तेऽत्रशक्तितः ॥ त्वमेवह्यात्ममायायागतिंवेत्थनचापरः॥२८॥ श्रीभग०प्रकृतिःपुरुषश्चेतिविकल्पःपुरुषर्षभ ॥ एषवैकारिकःसर्गोगुणव्यतिकरात्मकः ॥२९॥ ममांगमायागुणमय्यनेकधाविकल्पबुद्धीश्चगुणैर्विधत्ते ॥ वैकारिकस्त्रिविधोऽध्यात्ममेकमथाधिदैवमधिभूतमन्यत् ॥३०॥ दृग्रूपमार्कंवपुरत्ररंध्रेपरस्परंसिध्यतियःस्वतःखे॥ आत्मायदेषामपरोयआद्यःस्वयाऽनुभूत्याऽखिलसिद्धसिद्धिः॥एवंत्वगादिःश्रवणादिचक्षुर्जिव्हादिनासादिचचित्तयुक्तं ॥३१॥ योऽसौगुणक्षोभकृतोविकारःप्रधानमूलान्महतःप्रसूतः ॥ अहंत्रिवृन्मोहविकल्पहेतुर्वैकारिकस्तामसऐंद्रियश्च ॥३२॥ आत्मापरिज्ञानमयोविवादोह्यस्तीतिनास्तीतिभिदाऽर्थनिष्ठः ॥ व्यर्थोऽपिनैवोपरमेतपुंसांमत्तःपरावृत्तधियांस्वलोकात् ॥३३॥ उद्धव०त्वत्तःपरावृत्तधियःस्वकृतैःकर्मभिःप्रभो॥ उच्चावचान्यथादेहान्गृण्हंतिविसृजंतिच ॥३४॥ तन्ममाख्याहिगो

ખવાને યોગ્ય છો. ॥૨૭॥ કારણ પ્રાણીઓને, જ્ઞાન આપના થકીજ થાયછે; અને અજ્ઞાન પણ, આપની માયા શક્તિથીજ થયેલુંછે. આપની માયાની ગતિને જાણનારા આપ એકજછો; આપ વિના બીજો કોઇ તેને જાણનારો નથીજ. ॥૨૮॥—શ્રીભગવાન—હે ઉદ્ધવ: ગુણોવડે વિકાર પામનારો સર્ગ તે પ્રકૃતિ છે; અને ગુણોવડે વિકાર નહીં પામનારો, તે આત્માછે; એ રીતનો તેમની વચ્ચે ભેદ છે. ॥૨૯॥ હે ઉદ્ધવ, અધિ ભૂત–અધિદેવ–અને અધ્યાત્મ એ ત્રણ પ્રકારોવાળા, અનેક જાતના ગુણોના (પદાર્થાદિકના) વિકલ્પને માનવાની બુદ્ધિને; મારી ગુણોમય માયા શક્તિજ, ધારણ કરે છે. ॥ ૩૦ ॥ દગ એ અધ્યાત્મ, રૂપ એ અધિભૂત, અને એ દગ ઇંદ્રિના રંધ્ર (ગોલક) માં પેઠેલો સૂર્યનો અંશ, એ અધિદેવ; એ ત્રણે વાનાં પરસ્પર એકઠાં મળ્યાવિના તેઓમાંનું કોઇ પણ એક; પોતાનું કાર્ય કરવાને, સમર્થ નથી; અને એ રીતે, શ્રવણ–જીભ્હા–નાસિકા–અને ચિત વિગેરે સર્વ ઇંદ્રિયોને માટે પણ, છેજ; પણ આત્મા તો, એ સર્વથકી ન્યારો,–સ્વતઃ સિદ્ધ–સ્વયં પ્રકાશ–સર્વેને કાર્ય કરવાનું સામર્થ્ય આપનાર–અને બીજાની મદદ વિનાજ કાર્ય કરવાના સામર્થ્યવાળો–છે. તથા સઘળું કરનારો અને કરાવનારો પણ, એજછે. ॥૩૧॥ વળી વિકાર પમાડનારા કાળથકી, વિકાર પામેલી પ્રકૃતિમાંથી થયેલા, મહતત્વથી ઉત્પન્ન થનારો; સાત્વિક–તામસ–અને રાજસ– એવા ત્રણ પ્રકારોવાળો, અહંકારજ; એ સઘળા વિકલ્પ રૂપ, મોહ થવાનું કારણ કહેવાય છે. ॥૩૨॥ તેમજ ભેદ બુદ્ધિવાળાઓનો, એ ભેદ એટલે વિકલ્પ; સત છે અને સત નથી, એ પ્રકારનો વિવાદ તેમને આત્મ સ્વરૂપનું જ્ઞાન થતા સુધી, રહ્યાજ કરે છે. તથા એ ભેદ એટલે વિકલ્પ, મિથ્યા હોવા છતાં; આત્મ સ્વરૂપને નહીં જાણીને, બીજા દ્વૈત વિશે લાગી ગયેલી બુદ્ધિવાળા; એ મત્ત પુરુષોને, તે વિકલ્પ મટતોજ નથી. ॥ ૩૩॥—ઉદ્ધવ—હે પ્રભુ, આપના સ્વરૂપ શિવાય, બીજામાં લાગેલી બુદ્ધિવાળાઓ; પોતાનાં કર્મોવડે, કેવા પ્રકારથી ઉંચાનીચા દેહોને; ધારણ કરે છે, અને તજે છે; તે બુદ્ધિ વિનાનાઓથી સમજવાને, અશક્ય વાતને; આપ મારી આગળ કહો; માયા થકી છેતરાઇ ગયેલા, આ લોકમાં ઘણું કરીને; તેને બરાબર જાણનારો, કોઇજ નહીં હોય. ॥૩૪–૩૫॥ શ્રી ભગવાન–મનુષ્યોનું પાંચ જ્ઞાનેંદ્રિયોવાળું કર્મમય મન; (લિંગ શરીર;) એક શરીરમાંથી, બીજા શરી-

રમાં જાય છે; અને તે થકી ન્યારો આત્મા, તેને અનુસરે છે. ॥૩૬॥ આ લોકના અને પરલોકના વિષયોનું એક પછી એક એમ ધ્યાન કરવા વડે; કર્માધીન થઇને, સુખ દુખ પામતું એ મન (લિંગ શરીર,)જ વિષયોના અભિનિવેશ વડે કોઇ એક કારણથી, એવું ધ્યાન કરવાનું પડતું મૂકીને; પછીથી પોતાના સ્થૂળ દેહનું સ્મરણજ કરતું નથી; એમ તેની અત્યંત વિસ્મૃતિ થવાનેજ, દેહાત્માનું મૃત્યું કહે છે. ॥૩૭-૩૮॥ અને તે, (લિંગ શરીર,) પાછું સર્વ ભાવ વડે કરીને; સ્વપ્નના મનોર્થની પેઠે, ઘણા ઘણા વિષયોને પાછું સ્વીકારતું થાય; તેનેજ પુરૂષનો (દેહાત્માનો) જન્મ થયાનું કહેવાય છે. ॥૩૯॥ એમ સ્વપ્નના મનોર્થ, પ્રથમનાનું અદર્શન થઇને; માત્ર નવિનજ દેખાયા કરવાની પેઠે, તેને પ્રથમના સ્થૂલ દેહના વિષયાદિકનું સ્મરણ બિલકુલ નહીં થતાં; માત્ર નવિન બદલનુંજ સ્મરણ રહે છે. ॥ ૪૦ ॥ તથા, મનુષ્યોને અસજ્જન પુત્રાદિકથી થતાં દુખોની પેઠે; ઇંદ્રિયોએ ઉત્પન્ન કરેલાં, બહાર અને અંતરનાં; અધ્યાત્મ-અધિભૂત-અને અધિ દૈવ-એ ત્રણ પ્રકારો વાળાં દુખો, પોતાને થયેલાનું; તે ખરે ખરૂંજ માને છે. ॥ ૪૧ ॥ હે ઉદ્ધવ, નહીં જણાય એવા કાળના વેગથી, દીવાની જ્યોત-પ્રવાહનાં પાણી-અને વનસ્પતિનાં ફળોની પેઠેજ; સર્વ પ્રાણી પદાર્થાદિક, હમેશાંજ પળે પળે; ઉત્પન્ન થઇ થઇને, નાશ પામી જવારૂપ; તેઓની અવસ્થાઓ અને વય, થયાંજ કરે છે; પણ અતિ સુક્ષ્મપણાને લીધે, તે દેખવામાં આવતું નથી. ॥૪૨-૪૩॥ અને દીવાની જ્યોત તથા પ્રવાહનાં જળ, તેનાંતેજ હોવાની મનુષ્યોને; મિથ્યા બુદ્ધિ થઇને, એ રીતે મિથ્યાપણેજ બોલાય છે; તે પ્રમાણેજ, મિથ્યા આયુષ્યવાળો પુરુષ પણ, તેનો તેજ હોવાનું; મિથ્યાંજ કહેવાય છે. ॥૪૪॥ એમ જેને પોતાના કર્મબીજ વડે, જન્મવાનું અને મરવાનું નથી; એવો, અમર પુરૂષ (આત્મા)ને તો; લાકડાંના સંબંધવાળા અગ્નિની પેઠે, લિંગ દેહના સબંધે કરીનેજ; પોતાને જન્મ્યાની અને મૂવાની માત્ર ભ્રાંતિજ થાય છે. ॥૪૫॥ પણ [1]નિષેક એટલે બીજ મૂકવું-[2]ગર્ભ-[3]જન્મ થવો. [4]બાળપણુ-[5]કુમારપણું-[6]જુવાની-[7]મધ્યવય-[8]જરા એટલે ઘરડાપણુ-અને-[9]મરણ-એ રીતની

विंदुर्विभाव्यमनात्मभिः ॥ नह्येतत्प्रायशोलोकेविद्वांसःसंतिवंचिताः॥३५॥ श्रीभग०मनःकर्ममयंनृणामिंद्रियैःपंचभिर्युतं ॥ लोकाल्लोकं प्रयात्यन्यआत्मातदनुवर्तते ॥३६॥ ध्यायन्मनोऽनुविषयान्दृष्टान्वाऽनुश्रुतानथ ॥ उद्यत्सीदत्कर्मतंत्रंस्मृतिस्तदनुशाम्यति ॥३७॥ विषयाभिनिवेशेननात्मानंयत्स्मरेत्पुनः ॥ जंतोर्वैकस्यचिद्धेतोर्मृत्युरत्यंतविस्मृतिः ॥३८॥ जन्मत्वात्मतयापुंसःसर्वभावेनभूरिद ॥ विषयस्वीकृतिंप्राहुर्यथास्वप्नमनोरथः॥३९॥ स्वप्नंमनोरथंचेत्थंप्राक्तनंनस्मरत्यसौ॥तत्रपूर्वमिवात्मानमपूर्वंचानुपश्यति॥४०॥ इंद्रियायनसृष्ट्येदंत्रैविध्यंभातिवस्तुनि॥ बहिरंतर्भिदाहेतुर्जनोऽसज्जनकृद्यथा ॥४१॥ नित्यदाह्यंगभूतानिभवंतिनभवंतिच ॥ कालेनालक्ष्यवेगेनसूक्ष्मत्वात्तन्नदृश्यते॥४२॥ यथार्चिषांस्रोतसांचफलानांवावनस्पतेः॥ तथैवसर्वभूतानांवयोऽवस्थादयःकृताः ॥४३॥ सोऽयंदीपोऽर्चिषांयद्वत्स्रोतसांतदिदंजलं॥ सोऽयंपुमानितिनृणांमृषागीर्धीर्मृषायुषां ॥४४॥ मास्वस्यकर्मबीजेनजायतेसोऽप्ययंपुमान् ॥ म्रियतेवामरोभ्रांत्यायथाऽग्निर्दारुसंयुतः॥४५॥ निषेकगर्भजन्मानिबाल्यकौमारयौवनं ॥ वयोमध्यंजरामृत्युरित्यवस्थास्तनोर्नव॥४६॥ एतामनोरथमयीह्यन्यस्योच्चावचास्तनूः॥ गुणसंगादुपादत्तेक्वचित्कश्चिज्जहातिच॥४७॥ आत्मनःपितृपुत्राभ्यामनुमेयौभवाप्ययौ॥ नभवाप्ययवस्तूनामभिज्ञोद्वयलक्षणः ॥४८॥ तरोर्बीजविपाकाभ्यांयोविद्वान्जन्मसंयमौ॥ तरोर्विलक्षणोद्रष्टाएवंद्रष्टातनोःपृथक् ॥४९॥ प्रकृतेरेयमात्मानमविविच्याबुधःपुमान् ॥ तत्त्वेनस्पर्शसंमूढःसंसारंप्रतिपद्यते॥५०॥ सत्त्वसंगादृषीन्देवान्रजसासुरमानुषान् ॥ तमसाभूततिर्यक्त्वंभ्रामितोयातिकर्मभिः॥५१॥ नृत्यतोगायतःपश्यन्यथैवानुकरोतितान् ॥ एवंबुद्धिगुणान्पश्यन्ननीहोऽप्यनुकार्यते॥५२॥ यथांऽभसाप्रचलतातरवोपिचलाइव ॥ चक्षुषाभ्राम्यमाणेनदृश्यतेभ्रमतीवभूः ॥५३॥ यथामनोरथधियोविषयानुभवोमृषा॥ स्वप्नदृष्टाश्चदाशार्हतथासंसारआत्मनः॥५४॥ अर्थेह्यविद्यमानेपिसंसृतिर्ननिवर्तते॥ ध्यायतोविषयानस्यस्वप्नेऽनर्थागमोयथा॥५५॥ तस्मादुद्धवमांभुंक्ष्वविषयानसदिंद्रियैः ॥ आत्माग्रहणनिर्भातंपश्यवै

નવે અવસ્થાઓ, શરીરનેજ થાય છે.॥૪૬॥ એમ મિથ્યાપણેજ એ રીતની, એ મનોર્થ જેવી અવસ્થાઓને, તથા બીજાં ઉચનીચ શરીરોને; ગુણોના સંગવડે ઘણાખરા પુરૂષો ધારણ કરે છે; પણ તે ગુણોના સંગનો ત્યાગ કરનાર તો, કોઇકજ હોય છે. ॥૪૭॥ પિતા અને પુત્રના ઉપરથી અનુમાનો, કરવાવડે, જન્મનાં અને મરણનાં બેઉ પ્રકારનાં લક્ષણોને, જાણનારા પુરૂષ (દેહાત્મા)ને તો; વસ્તુતાએ જન્મ અને મરણ કશુંએ છેજ નહીં. ॥૪૮॥ જેમ ઝાડના, બીજને-જન્મને-તેના પરિપકવ થવાને-અને મરણને-પણ જોનારો; તે ઝાડથકી જુદાજ પ્રકારનો હોવાની પેઠેજ, પ્રથક પ્રથક શરીરોનો દૃષ્ટા (દેહાત્મા) પણ; તે શરીરોથકી જુદા પ્રકારનોજ હોયછે. ॥૪૯॥ વિષયાદિકને વિશે મૂઢ બનેલો અબુદ્ધ પુરૂષ, (જીવાત્મા) આ પ્રકારે પ્રકૃતિથકી આત્માને તત્વવડે જુદો નહીં જાણવાથીજ; સંસારને પામ્યા કરેછે. ॥૫૦॥ અને એમ ભમતો તે; સત્વગુણી કર્મોના સંગથી, રૂષિઓ અને દેવતાઓના; રજોગુણી કર્મોના સંગથી, અસુરો અને મનુષ્યોના; અને તમોગુણી કર્મોના સંગથી, જડ પદાર્થોના, અને પશુ પક્ષી આદિના દેહોને વિશે જાય છે. ॥૫૧॥ જેમ નાચનારાને અને ગાનારાને, જોનારો પણ; તેમના પ્રમાણેજ કરવા લાગે છે. તે રીતેજ, પ્રકૃતિના ગુણોને જોનારો અકર્તા (દેહાત્મા) પણ, તેમને અનુસરે છે. ॥ ૫૨ ॥ હે દાશાર્હ જેમ જળમાં ચાલ્યા જનારાને, ઝાડો ચાલતાં જેવાં દેખાય છે; આંખ્યો ભમી ગયેલાને, ધરતી ભમી જતી દેખાય છે; અને સ્વપ્ન જોનારા મનોર્થ બુદ્ધિ વાળાને, વિષયોનો મિથ્યા અનુભવ થાય છે: તે રીતેતુંજ આત્માને, સંસાર થવાનું પણ થાયછે. ॥૫૩-૫૪॥ એ રીતે વિષયોનું ધ્યાન કરનારા પુરૂષને; વસ્તુતાએ અવિદ્યમાન હોવા છતાં પણ, સ્વપ્નના અનર્થોની પ્રાપ્તિ થવાની પેઠે; સંસાર નિવર્ત્ત થતોજ નથી. ॥૫૫॥ એટલા માટે હે ઉદ્ધવ, એ જોવામાં આવતો, વિકલ્પ રૂપી ભ્રમ; દેહાત્માને, બંધન કરનાર હોવાનું જાણીને; તમે અસત્ ઇંદ્રિયો વડે, વિષયોને ભોગવો નહીં. ॥૫૬॥ અને દુષ્ટ તથા અજ્ઞાનીલોકો તિરસ્કાર કરીને-અપમાન કરીને-હાંસી કરીને-ઇર્ષા કરીને-મારીને-બાંધી મૂકીને-આજીવિકા ખુંચી લેઇને-લિંટ અને મૂત્ર વિગેરે ઉપર નાંખીને,-તથા બીજા અનેક પ્રકારો વડે;-કોપાવ્યા છતાં પણ, સર્વ દુઃખોનું સહન કરીને; તમ સરખા કલ્યાણની ઇચ્છા વાળા પુરૂષો એતો, પોતેજ પોતાનો ઉદ્ધાર કરવો જોઇએ. ॥ ૫૭-૫૮ ॥ ઉદ્ધવ—હે, બોલનારાઓમાં શ્રેષ્ટ; આ વાતને,

હું મરાપાર સમજી શકું; તે રીતે કહીને આપ મને સમજાવો; હે વિશ્વાત્મા, પ્રકૃતિ ઘણી બળવાન હોવાથી; દુષ્ટ લોકોએ, આ રીતનું પોતાનું અતિક્રમણ કરેલાને તો; આપના ધર્મમાં પ્રીતિવાળા-શાંત-અને આપના ચરણનો આશ્રય લેનારા (ભક્તો) શિવાયના બીજા જ્ઞાનવાન પુરુષોને માટે પણ, અત્યંત ન સહન થવા જેવું; હું માનું છું ॥૫૯-૬૦॥ ઇતિશ્રીભા૦એ૦અ૦૨૨મો પ્રકૃતિ પુરુષ વિવેક નામે બાવીસમો અ૦ સંપૂર્ણ ॥૨૨॥

અધ્યાય ૨૩ મો.—શ્રીશુક—આ રીતે ભાગવતીઓમાં શ્રેષ્ઠ ઉદ્ધવજીએ પૂછવાથી એ પોતાના દાસનાં વચનોને વખાણીને; સાંભળવા યોગ્ય પરાક્રમોવાળા, શ્રેષ્ઠ યાદવ, મુકુંદ ભગવાન બોલ્યા કે. ॥ ૧ ॥-શ્રીભગવાન-હે બૃહસ્પતિના શિષ્ય, દુર્જનોએ કહેલાં દુષ્ટ વચનોથી; ભેદાઇ જતા અંતઃકરણને, જે સમાધાની વાળું ગણવાને, સમર્થ થાય; એવા સાધુ પુરુષો તો, અહીંયાં નથીજ. ॥૨॥ કારણ દુષ્ટ લોકોનાં મર્મભેદક વચનો

રૂપી તીર, મર્મસ્થાનમાં પેસીને; જેવી વેદના કરે છે, તેવી વેદના પુરુષને; સુકોમળ અંગોમાં પેસીને ચીરી નાંખનારાં બાણોમકી પણ, થતી નથીજ. ॥૩॥ હે ઉદ્ધવ, એ બાબતમાં, એક ઘણો પવિત્ર ઇતિહાસ કહેવાય છે; તેનું, હું તમારી પાસે વર્ણન કરૂંછું; તે તમે સાવધાનપણાથી સાંભળો. ॥ ૪ ॥ દુર્જનોએ સંતાપેલા, કોઇ એક સંન્યાસીએ; ધીરજ રાખી, પોતાના કર્મના વિપાકને સંભારીને; એક ગીત ગાયેલું છે. ॥ ૫ ॥ અવંતિ (ઉજ્જન) નગરીમાં, એક, ઘણો શ્રીમંત-વૈશ્યની આજીવિકાવાળો-કંજુસ-કામી-લોભી-અને અતિ ક્રોધી બ્રાહ્મણ હતો. ॥૬॥ તે પોતાના દેહને પણ, યોગ્ય સમયે ઘટિત સુખ નહીં આપનારાના, શૂન્ય જેવા ઘરમાં; સગાઓનું અને અતિથિઓનું, માત્ર વચનવડે પણ, સત્કાર કરવારૂપ: પૂજન થતું નહોતું. ॥ ૭ ॥ અને તે ખરાબ આચરણવાળા, કંજુસનાં; ખેદ પામેલાં, પુત્ર-બાંધવ-સ્ત્રીઓ-દીકરીઓ અને ચાકરો વિગેરેનો પણ, દ્રોહ થવાથી;

कल्पिकंभ्रमं॥५६॥ क्षिप्तोऽवमानितोसद्भिःप्रलब्धोऽसूयितोऽथवा ॥ ताडितःसन्निबद्धोवावृत्त्यावापरिहापितः ॥५७॥ निष्ठितोमूत्रितोवाऽज्ञैर्बहुधैवंप्रकंपितः॥ श्रेयस्कामःकृच्छ्रगतआत्मनात्मानमुद्धरेत् ॥५८॥ उद्धव० यथैवमनुबुध्येयंवदनोवदतांवर ॥ सुदुःसहमिमंमन्येआत्मन्यसदतिक्रमं॥५९॥ विदुषामपिविश्वात्मन्प्रकृतिर्हिबलीयसी ॥ ऋतेत्वद्धर्मनिरतान्शांतांस्तेचरणालयान् ॥६०॥ इ.भा.ए.द्वा.अ. ॥ २२ ॥ बादरायणि०सएवमाशंसितउद्धवेनभागवतमुख्येनदाशार्हमुख्यः ॥ सभाजयन्भृत्यवचोमुकुंदस्तमावभाषेश्रवणीयवीर्यः ॥१॥ श्रीभग० बार्हस्पत्यसवैनात्रसाधुर्वैदुर्जनेरितैः ॥ दुरुक्तैर्भिन्नमात्मानंयःसमाधातुमीश्वरः ॥२॥ नतथातप्यतेविद्धःपुमान्बाणैःसुमर्मगैः॥ यथातुदंतिमर्मस्थाह्यसतांपरुषेषवः ॥३॥ कथयंतिमहत्पुण्यमितिहासमिहोद्धव ॥ तमहंवर्णयिष्यामिनिबोधसुसमाहितः ॥४॥ केनचिद्भिक्षुणागीतंपरिभूतेनदुर्जनैः ॥ स्मरताधृतियुक्तेनविपाकंनिजकर्मणां ॥५॥ अवंतिषुद्विजःकश्चिदासीदाढ्यतमःश्रिया ॥ वार्तावृत्तिःकदर्यस्तुकामीलुब्धोऽतिकोपनः ॥६॥ ज्ञातयोऽतिथयस्तस्यवाङ्मात्रेणापिनार्चिताः ॥शून्यावसथआत्मापिकालेकामैरनर्चितः ॥७॥ दुःशीलस्यकदर्यस्यद्रुह्यंतेपुत्रबांधवाः ॥ दारादुहितरोभृत्याविषण्णानाचरन्प्रियं ॥८॥ तस्यैवंयक्षवित्तस्यच्युतस्योभयलोकतः ॥ धर्मकामविहीनस्यचुक्रुधुःपंचभागिनः ॥९॥ तदवध्यानविस्रस्तपुण्यस्कंधस्यभूरिद ॥ अर्थोऽप्यगच्छन्निधनंबह्वायासपरिश्रमः ॥१०॥ ज्ञातयोजगृहुःकिंचित्किंचिद्दस्यवउद्धव ॥ दैवतःकालतःकिंचित्ब्रह्मबंधोर्नृपार्थिवात् ॥११॥ सएवंद्रविणेनष्टेधर्मकामविवर्जितः ॥ उपेक्षितश्चस्वजनैश्चिंतामापदुरत्ययां ॥१२॥ तस्यैवंध्यायतोदीर्घंनष्टरायस्तपस्विनः ॥ खिद्यतोबाष्पकंठस्यनिर्वेदःसुमहानभूत् ॥१३॥ सचाहेदमिदंकष्टंवृथात्मामेऽनुतापितः ॥ नधर्मायनकामाययस्यार्थायासईदृशः ॥१४॥ प्रायेणार्थाःकदर्याणांनसुखायकदाचन ॥ इहचात्मोपतापायमृतस्यनरकायच ॥१५॥ यशोयशस्विनांशुद्धंश्लाघ्यायेगुणिनांगुणाः ॥ लोभःस्वल्पोपितान्हंतिश्वित्रोरूपमिवेप्सितं ॥१६॥ अर्थस्यसाधनेसिद्धउत्कर्षेरक्षणेव्यये ॥ नाशोपभोगआयासस्त्रासश्चिंताभ्रमोनृणां ॥१७॥ स्तेयंहिंसाऽनृतंदंभःकामःक्रोधःस्मयोमदः ॥ भेदोवैरमविश्वासःसंस्पर्धाव्यसनानिच

તે સુખમાં, તેને પ્રિય લાગે એવું; આચરણ કરતાં નહતાં. ॥ ૮ ॥ તેથી એ યક્ષની પેઠે, ધન એકઠું કરનારા-ધર્મ અને કામ થકી હીન-અને આ લોક પરલોકનાં સુખોથી ભ્રષ્ટ થયેલા-ના ઉપર; [3]દેહ કાર્ય [1]ધર્મ કાર્ય [2]યશકાર્ય [4]કુટુંબ કાર્ય, અને [5]આજીવિકા સંપાદન કરવાનો ઉદ્યમ; એ પાંચે વિભાગ પામનારાઓનો; કોપ થયો. ॥ ૯ ॥ એટલે તેઓની અવગણના થવાથી, તેનું પૂર્વપુણ્ય નાશ પામી જઇને; તેનું કેટલુંક ધન, નાત અને સગાં સંબંધી લેઇ ગયાં; કેટલુંક, દૈવથી એટલે અગ્નિ અને જળ થકી. નાશ પામ્યું: કેટલુંક, કાળથી એટલે અન્નાદિક સડી જવાથી, અને ઘરાદિક પડી જવા વિગેરેથી નાશ પામ્યું: કાંઇક, બ્રાહ્મણો લેઇ ગયા; અને કાંઇક રાજાએ તથા બીજા લોકોએ, લેઇ લીધું; એમ થઇને, તેનું સઘળું ધન; નાશ પામી ગયું. ॥૧૦-૧૧॥ ત્યારે એ ધર્મ તથા કામ થકી રહિત, અને સ્વજનોએ તજેલાને; પોતાનું ધન નાશ પામવાથી, મટાડી મટે નહીં એવી; ચિંતા ઉત્પન્ન થઇ. ॥૧૨॥ અને ધન નાશ પામવાથી તપી જઇ, તથા ખેદ પામીને, અને

આંસુથી ગળું ભરાઇ જઇને; તે લાંબાલાંબા વિચાર કરવા લાગતાં, છેવટે તેને સારો અને મોટો, વૈરાગ્ય (નિર્વેદ) ઉત્પન્ન થયો. ॥ ૧૩ ॥ એટલે તે બોલ્યો કે; "જેનું આ પ્રકારના પ્રયાસવડે મેળવેલું ધન, ધર્મના અથવા સુખભોગના કાર્ય માટે, આવ્યું નથી; એવા મેં, પોતાના આત્માને; આ રીતે, વૃથા દુખ આપીને પરિતાપ પમાડયો છે. ॥૧૪॥ ધન, કંજુસ મનુષ્યોને; ઘણું કરીને, સુખ આપનાર થતુંજ નથી; પણ તે, અહીંયાં તેને પરિતાપ પમાડનારૂં: અને મુવા પછી, નરકમાં નાખનારૂંજ થાય છે ॥૧૫॥ ઇચ્છવા લાયક સ્વરૂપનો, કોઢવડે નાશ થઇ જવાની પેઠે; યશસ્વી પુરુષોના શુદ્ધ યશને, અને ગુણવાનોના વખાણવા લાયક ગુણોને; કિંચિત લોભ પણ, હણી નાંખનારો થાય છે. ॥૧૬॥ ધનને સંપાદન કરવામાં-શુદ્ધ કરવામાં-વધારવામાં-રક્ષણ કરવામાં-ખરચ કરવામાં-અને તેનો નાશ થતાં-તેમજ ઉપભોગ થતાં પણ-આયાસ (એટલે મહેનત) ત્રાસ-ચિંતા-અને ભ્રમ-મનુષ્યોને થાયછેજ. ॥ ૧૭ ॥ [1]ચોરી-[2]હીંસા-[3]જુઠ-[4]દંભ-[5]કામ-[6]ક્રોધ-[7]સ્મય-

૯મદ—૯ભેદ—૧૦વેર—૧૧અવિશ્વાસ—૧૨સ્પર્ધા,—અને ૧૩સ્ત્રી, ૧૪જુગાર. તથા ૧૫દારૂ એ ત્રણ વ્યસનો: એ રીતના પંદર અનર્થો, મનુષ્યોને; ધનના કારણથી થાય છે: માટે એ ધન નામથી બોલાતા અનર્થને, શ્રેયની ઇચ્છાવાળાઓએ; દૂરથીજ તજવો જોઇએ. ॥૧૮-૧૯॥ એક કોડી જેટલા ધનને માટેજ, સ્નેહવડે એકઠા રહેનારા ભાઇઓ—સ્ત્રીઓ—માબાપ—સગાં—સંબંધીઓ—વિગેરે સુહૃદો, પણ એકાએક વેરી થઇને; છૂટાં પડી જાય છે. ॥૨૦॥ અને એટલા જુજ ધનને સારૂં, તેઓ જોસમાં આવીને; તથા રીસે બળીને, એક બીજાને ઉતાવળાજ, તજી દેછે; અને સ્પર્ધાવડે, સુહૃદપણું તજીને; એક બીજાનો, નાશ પણ કરે છે. ॥૨૧॥ એ રીતે; દેવતાઓએ ઇચ્છવા યોગ્ય મનુષ્ય દેહને, અને તેમાં પણ દ્વિજપણાને પામ્યા છતાં; તેનો અનાદર કરનારા લોકો, પોતાના સ્વાર્થનો નાશ કરી નાંખીને; અશુભ ગતિને પામે છે. ॥ ૨૨ ॥ એટલા માટે, એ અનર્થોના સ્થાનરૂપ ધનને વિશે, સ્વર્ગ અને મોક્ષના દ્વારરૂપ; મનુષ્ય જન્મ પામેલો, મરણ ધર્મવાળો કયો પુરૂષ; આ-સક્તિવાળો થાય. ? ॥ ૨૩ ॥ કે જેથી, દેવ—ઋષિ—પિતૃ—પ્રાણીઓ—જ્ઞાતિઓ—બંધુઓ વિગેરે; વિભાગ પામનારાઓને, અને પોતાના દેહને પણ; વિભાગ નહીં આપતાં, યક્ષની પેઠે ધનને એકઠું કરનારોજ; પુરૂષ, અધોગતિને પામે છે. ॥૨૪॥ મોહને લીધે ધન મેળવવાનો ઉદ્યોગ કરવામાંજ જેનાં; કુશળ પુરૂષોને સિદ્ધિ પામવાનાં સાધન રૂપ, ધન—જુવાની—અને બળ—વિગેરે તો, વ્યર્થ જતાં રહે છે; તેવો પુરૂષ પાછળથી ઘરડો થયા પછી; શું સાધન કરી શકવાનો છે. ? ॥ ૨૫ ॥ એ, સ્પષ્ટપણે જણાય સરખું છે; છતાં, ખચીતજ કોઇ એક માયા થકી, મોહ પામેલા લોકો; ધન મેળવવાને માટેજ, સઘળા વ્યર્થ ઉદ્યમો કરીને; કલેશોને ભોગવે છે. ॥૨૬॥ મરણે, ગળવા માંડેલા મનુષ્યને; ધનથી—ધન આપનારાઓથી—સુખ ભોગ થકી—સુખ ભોગ આપનારાઓ થકી—અને વારંવાર જન્મ આપનાર કર્મો કરવા થકી પણ—શું હાંસલ છે. ? ॥૨૭॥ માટે સર્વ દેવમય હરિ ભગવાન, મારા ઉપર નક્કી ખુશમાનજ થયા છે; કે જેથી, મને આ દશામાં આણીને; તેમણે, મારે પોતાને

॥१८॥ एतेपंचदशानर्थाह्यर्थमूलामतानृणां ॥ तस्मादनर्थमर्थाख्यंश्रेयोऽर्थीदूरतस्त्यजेत् ॥१९॥ भिद्यंतेभ्रातरोदाराःपितरःसुहृदस्तथा ॥ एकास्निग्धाःकाकिणिनासद्यःसर्वेऽरयःकृताः ॥२०॥ अर्थेनाल्पीयसाह्येतेसंरब्धादीप्तमन्यवः ॥ त्यजंत्याशुस्पृधोघ्नंतिसहसोत्सृज्यसौहृदं ॥२१॥ लब्ध्वाजन्मामरप्रार्थ्यंमानुष्यंतद्द्विजाग्र्यतां ॥ तदनादृत्ययेस्वार्थंघ्नंतियांत्यशुभांगतिं ॥२२॥ स्वर्गापवर्गयोर्द्वारंप्राप्यलोकमिमंपुमान् ॥ द्रविणेकोनुषजेतमर्त्योऽनर्थस्यधामनि ॥२३॥ देवर्षिपितृभूतानिज्ञातीन्बंधूंश्चभागिनः ॥ असंविभज्यचात्मानंयक्षवित्तःपतत्यधः ॥२४॥ व्यर्थयाऽर्थेहयावित्तंप्रमत्तस्यवयोबलं ॥ कुशलायेनसिध्यंतिजरठःकिंनुसाधये ॥२५॥ कस्मात्संक्लिश्यतेविद्वान्व्यर्थयाऽर्थेहयाऽसकृत्॥कस्यचिन्माययानूनंलोकोऽयंसुविमोहितः॥२६॥किंधनैर्धनदैर्वाकिंकामैर्वाकामदैरुत॥मृत्युनाग्रस्यमानस्यकर्मभिर्वोतजन्मदैः॥२७॥ नूनंमेभगवांस्तुष्टःसर्वदेवमयोहरिः ॥ येननीतोदशामेतांनिर्वेदश्चात्मनःप्लवः ॥२८॥ सोऽहंकालावशेषेणशोषयिष्येऽगमात्मनः ॥ अप्रमत्तोऽखिलस्वार्थेयदिस्यात्सिद्धआत्मनि ॥२९॥ तत्रमामनुमोदेरन्देवास्त्रिभुवनेश्वराः ॥ मुहूर्तेनब्रह्मलोकंखट्वांगःसमसाधयत् ॥३०॥ श्रीभग० इत्यभिप्रेत्यमनसाह्यावंत्योद्विजसत्तमः॥ उन्मुच्यहृदयग्रंथीन्शांतोभिक्षुरभून्मुनिः॥३१॥ सचचारमहीमेतांसंयतात्मेंद्रियानिलः ॥ भिक्षाऽर्थंनगरग्रामानसंगोऽलक्षितोऽविशत्॥३२॥तंवैप्रवयसंभिक्षुमवधूतमसज्जनाः॥ दृष्ट्वापर्यभवन्भद्रबह्वीभिःपरिभूतिभिः ॥३३॥ केचित्त्रिवेणुं जगृहुरेकेपात्रंकमंडलुं ॥ पीठंचैकेऽक्षसूत्रंचकंथांचीराणिकेचन ॥ प्रदायचपुनस्तानिदर्शितान्याददुर्मुनेः ॥३४॥ अन्नंचभैक्ष्यसंपन्नंभुंजानस्यसरित्तटे ॥ मूत्रयंतिचपापिष्ठाःष्ठीवंत्यस्यचमूर्धनि ॥३५॥ यतवाचंवाचयंतिताडयंतिनवक्तिचेत् ॥ तर्जयंत्यपरेवाग्भिःस्तेनोऽयमितिवादिनः ॥३६॥ बध्नंतिरज्ज्वातंकेचिद्बध्यतांबध्यतामिति ॥ क्षिपंत्येकेऽवजानंतएषधर्मध्वजःशठः ॥३७॥ क्षीणवित्तइमांवृत्तिमग्रहीत्स्वजनोज्झितः ॥ अहोएषमहासारोधृतिमान्गिरिराडिव ॥३८॥ मौनेनसाधयत्यर्थंबकवद्दृढनिश्चयः ॥ इत्येकेविहसंत्येनमेकेदुर्वातयंतिच

(તરવાના) વહાણરૂપ, નિર્વેદ (એટલે વૈરાગ્ય)ની, મને પ્રાપ્તિ કરી છે. ॥ ૨૮ ॥ તેથી અવશેષ રહેલા વખતમાં, હું, પોતાના સઘળા સ્વાર્થમાં અપ્રમત્ત રહીને: મારાં અંગોને સુકવી નાંખીને પણ, પોતાની સિદ્ધિને અર્થે, જેટલું કરી શકાશે: તેટલું કરીશ. ॥ ૨૯ ॥ એ વાતમાં, ત્રણ ભુવનોના ઇશ્વર દેવતાઓ પણ; મને સમ્મતી (સહાયતા) આપો; કેમકે તે વડેજ, ખટવાંગ રાજાએ; એક મુહૂર્ત (બે ઘડીવાર) માંજ, બ્રહ્મ લોકની પ્રાપ્તિ કરી લીધી હતી. ॥ ૩૦ ॥—**શ્રીભગવાન**—પછીથી તે ઉજ્જનનો (ઉત્તમ દ્વિજ) બ્રાહ્મણ; મન થકી એમ વિચારીને, હૃદયની ગાંઠોને છોડી નાંખી; શાંત અને મૌન વ્રતવાળો, સંન્યાસી થયો. ॥૩૧॥ અને સંગ રહિત થઇ, ઇંદ્રિયો—મન—તથા પ્રાણ વાયુ—નો નિગ્રહ કરીને; આ પૃથ્વી ઉપરનાં નગરો: તથા ગામોમાં; ભિક્ષા કરવાને માટે, કોઇ ન જાણે તેમ; જવા લાગ્યો. ॥ ૩૨ ॥ હે ઉદ્ધવ, પણ ત્યાં તો એ ઘરડા અવધૂત સંન્યાસીને જોઇને; દુષ્ટ લોકો, ઘણાં ઘણાં દુઃખો આપીને; તેની અવગણના કરવા લાગ્યા. ॥ ૩૩ ॥ અને કોઇ તેનો ત્રિદંડ લેઇ લેતું, તો બીજાઓ કમંડળુ—ઝરો રાખવાનું આસન—રૂદ્રાક્ષની માળા—; તથા કોઇક મેલી ચિંથરાં જેવી જુની ફાટેલી ગોદડી,—લેઇ લેતા હતા: અને વળી કેટલાક તો એ મૌન વ્રતવાળાને; તે વસ્તુઓ દેખાડીને, આપ્યા પછી; પાછી ખુંચી લેતા હતા. ? ॥ ૩૪ ॥ તથા એ પાપી લોકો, ભિક્ષાથી મળેલા તેના અન્નને, તે નદી કિનારે જઇ ખાવા બેસતી વેળા; તેના માથા ઉપર મૂતરતા હતા: અને લીંટ નાંખતા હતા. ॥૩૫॥ તથા તે મૌન વ્રતવાળાને, પરાણે બોલાવતા હતા; અને જ્યારે તે ન બોલે, ત્યારે કેટલાક કહેતા હતા; કે, એ તો ચોર છે, તથા બીજાઓ તેના તરફ આંગળી દેખાડતા; અને મારતા પણ હતા. ॥૩૬॥ અને કેટલાક તો, બાંધો—બાંધો, એમ બોલીને; તેને દોરી વડે, બાંધતા હતા; તથા બીજાઓ, તેને ધર્મધ્વજ અને શઠ કહીને; તિરસ્કાર તથા અવગણના કરતા હતા. ॥ ૩૭ ॥ અને બોલતા હતા, કે; "ધન જતું રહ્યું, ને સંબંધીઓએ તજી દીધો; ત્યારે એણે, આ આજીવિકા ગ્રહણ કરેલી છે; એતો મોટો દ્રઢતાવાળો, અને પર્વતના જેવો ધીરજવાન છે. ॥ ૩૮ ॥ અને મૌન રાખવાના દ્રઢ નિશ્ચયથી, બગલાની પેઠે; પોતાનો અર્થ સાધનારો છે:" એટલામાં કોઇક તેની હાંસી કરતા લાગીને, તેનાં ઉપર અધોવાયુ મૂકતા લાગતા હતા.

॥ ૩૯ ॥ આ પ્રકારે કરીને, તે દુષ્ટ લોકો; રમવાના પક્ષીની પેઠે, તેને બાંધી તથા રૂંધી મૂકતા હતા; અને તે અધમ લોકો, આવાં આવાં દુખો આપીને; તેને સ્વધર્માચરણ થકી, પાડી નાંખવાનું કરતા હતા; ત્યારે સાત્વિકી ધીરજ રાખીને, તે સંન્યાસી; પોતાને થતાં ભૌતિક–દૈવિક–અને દૈહિક દુખોને; પોતે ભોગવવાંજ જોઇએ; એમ વિચારીને સઘળું સહન કરતો હતો; તથા આ પ્રમાણે ગાતો હતો કે. ॥૪૦–૪૧॥–[ભિક્ષુ–મને આ પ્રકારનાં દુઃખો થવાનું કારણ, મનુષ્યો–દેવતાઓ–આત્મા–ગૃહ–કર્મ–અને કાળ–એમાંનું એકે નથી; પણ જેનાથકી, આ સંસાર ચક્ર ફરયા કરેછે; તે મન, (લિંગ દેહ,)જ; એ સુખ દુખ થવાનું મુખ્ય કારણ મનાય છે. ॥૪૨॥ એ બળવાન મન, (લિંગ દેહ)જ, ગુણોને ઉત્પન્ન કરે છે; અને તેઓથકી, ધોળાં–રાતાંને કાળાં, એટલે સાત્વિક–રાજસ–અને તામસ–કર્મો થાય છે; તથા તે વિલક્ષણ કર્મોથકી, તેમના સરખાજ વર્ણવાળા; જન્મો થાય છે. ॥૪૩॥ મારો મિત્ર (ઇશ્વર દેહાત્મા) તો, એ લિંગ દેહથકી થતાં, કર્મોનો સંગી થતો નથી; અને ક્રિયા રહિત રહીને, તે માત્ર દ્રષ્ટા; એટલે જોનારોજ છે; એટલે તે શુદ્ધ સોનારૂપ, વિદ્યા શક્તિથી યુક્ત, મુક્તજ રહે છે; અને હું (જીવાત્મા)તો એ મન, (લિંગ દેહ) થકી થતાં, કર્મોનો; તેમાં અહંકાર કરવાથી, સંગી થાઉંછું; તેથી કર્મ ફળોને ભોગવનારો, અને બંધન પામેલોજ, રહુંછું. ॥૪૪॥ દાન આપવાં–સ્વધર્માચરણ કરવું–યમ નિયમો સેવવા–શાસ્ત્ર શ્રવણ કરવું–સત્કર્મ કરવાં–અને સારાં વ્રતો પાળવાં,–એ સર્વે કરવાવડે, કરવાનું તે; એ મન (લિંગ દેહ)નો નિગ્રહ થવા પુરતુંજ છે; અને મનનો નિગ્રહ થઇને, તે પરમાત્મામાં લાગે; તેનેજ યોગ તથા સમાધિ પણ કહે છે. ॥૪૫॥ જેનું મન શાંત અને વશ થયેલું છે, તેને દાન આદિ કર્મોથકી; કરવાનું કાંઇજ નથી; અને જેનું મન, ભટકતું તથા નહીં વશ થયેલું છે; તેને એ દાન આદિ તથા બીજાં કર્મો કરવાથકી; મળવાનું પણ, કાંઇજ નથી. ॥૪૬॥ એ મન વશ થવાથી, બીજા દેવો; (ઇંદ્રિયોના દેવતાઓ;) વશ થાયછેજ; અને બીજા બધા દેવો વશ થવાથી પણ, મન વશ થતું નથી; માટે એ ન જીતાય એવા,

॥३९॥ तंबवंधुर्निरुरुधुर्यथाक्रीडनकंद्विजं ॥ एवंसभौतिकंदुःखंदैविकंदैहिकंचयत् ॥४०॥ भोक्तव्यमात्मनोदिष्टंप्राप्तंप्राप्तमबुध्यत ॥ परिभूतइमांगाथामगायतनराधमैः ॥ पातयद्भिःस्वधर्मस्थोधृतिमास्थायसात्विकीं ॥४१॥ द्विज०नायंजनोमेसुखदुःखहेतुर्नदेवतात्माग्रहकर्मकालाः ॥ मनःपरंकारणमामनंतिसंसारचक्रंपरिवर्तयेद्यत् ॥४२॥ मनोगुणान्वैसृजतेबलीयस्ततश्चकर्माणिविलक्षणानि ॥ शुक्लानिकृष्णान्यथलोहितानितेभ्यःसवर्णाःसृतयोभवंति ॥४३॥ अनीहआत्मामनसासमीहताहिरण्मयोमत्सखउद्विचष्टे ॥ मनःस्वलिंगंपरिगृह्यकामान्जुषन्निबद्धोगुणसंगतोऽसौ ॥४४॥ दानंस्वधर्मोनियमोयमश्चश्रुतानिकर्माणिचसद्व्रतानि ॥ सर्वेमनोनिग्रहलक्षणांताःपरोहियोगोमनसःसमाधिः ॥४५॥ समाहितंयस्यमनःप्रशांतंदानादिभिःकिंवदतस्यकृत्यं ॥ असंयतंयस्यमनोविनश्येद्दानादिभिश्चेदपरंकिमेभिः ॥४६॥ मनोवशेऽन्येह्यभवंस्मदेवामनश्चनान्यस्यवशंसमेति ॥ भीष्मोहिदेवःसहसःसहीयान्युंज्याद्वशेतंसहिदेवदेवः ॥ ४७॥ तंदुर्जयंशत्रुमसह्यवेगमरुंतुदंतन्नविजित्यकेजित् ॥ कुर्वंत्यसद्विग्रहमत्रमर्त्यैर्मित्राण्युदासीनरिपून्विमूढाः ॥४८॥ देहंमनोमात्रमिमंगृहीत्वाममाहमित्यंधधियोमनुष्याः ॥ एषोऽहमन्योऽयमितिभ्रमेणदुरंतपारेतमसिभ्रमंति ॥४९॥ जनस्तुहेतुःसुखदुःखयोश्चेत्किमात्मनश्चात्रहिभौमयोस्तत् ॥ जिह्वांक्वचित्संदशतिस्वदद्भिस्तद्वेदनायांकतमायकुप्येत् ॥५०॥ दुःखस्यहेतुर्यदिदेवतास्तुकिमात्मनस्तत्रविकारयोस्तत् ॥ यदंगमंगेननिहन्यतेक्वचित्क्रुध्येतकस्मैपुरुषःस्वदेहे ॥५१॥ आत्मायदिस्यात्सुखदुःखहेतुःकिमन्यतस्तत्रनिजस्वभावः॥ नह्यात्मनोऽन्यद्यदितन्मृषास्यात्क्रुध्येतकस्मान्नसुखंनदुःखं ॥५२॥ ग्रहानिमित्तंसुखदुःखयोश्चेत्किमात्मनोऽजस्यजनस्यतेवै ॥ ग्रहैर्ग्रहस्यैवदंतिपीडांक्रुध्येतकस्मैपुरुषस्ततोऽन्यः ॥५३॥ कर्मास्तुहेतुःसुखदुःखयोश्चेत्किमात्मनस्तद्धिजडाजडत्वे ॥देहस्त्वचित्पुरुषोऽयंसुपर्णःक्रुध्येतकस्मैनहिकर्ममूलं ॥५४॥ कालस्तुहेतुःसुखदुःखयोश्चेत्किमात्मनस्तत्रतदात्मकोऽसौ॥नाग्नेर्हितापोनहिमस्यतत्स्यात्क्रुध्येतकस्मैनपरस्यद्वंद्वं ॥५५॥ नकेनचित्क्वापिकथंचनास्यद्वंद्वोपरा

દેવના દેવ મનનેજ જીતો; એટલે બીજા દેવો, સહેજમાંજ વશ થઇ જશે. ॥૪૭॥ એ દુર્જય–અસહ્ય વેગવાળા–અને ઘણું દુખ દેનારા–શત્રુ, મનને જીત્યાવિના, કેટલાએક મૂઢ લોકો; મનુષ્યોને, શત્રુ–ઉદાસીન–અને મિત્ર માનીને; તેમની સાથે ફોકટ લડાઇઓ કરે છે. ॥૪૮॥ અને મનુષ્યો, "હું અને મારૂં;" એવી અંધબુદ્ધિથી, માત્ર એ મનવડેજ, દેહાદિકને, આ તે હું, અને આ તે બીજું; એમ ભ્રમવડે, ગ્રહણ કરીને; અંત અને પારવિનાના, સંસારને વિશે; ભટકે છે. ॥૪૯॥ સુખ દુખ થવાનું કારણ, મનુષ્યોને માનીએ તો; તેઓ સર્વેનાં શરીરો, પૃથ્વી આદિક (સરખાજ) પદાર્થોનાં બનેલાં હોવાથી; તેમાં આત્માને, કશો સંબંધ નથી; પોતાના દાંતવડે કદી જીભ કચરાય, તો તેની વેદના બદલ; કોના ઉપર કોપ કરવો. ? (અર્થાત કોઇના ઉપર નહીં) ॥૫૦॥ દુખનું કારણ, દેવતાઓને માનીએતો; તેઓ સર્વ પ્રકૃતિના વિકાર હોવાથી, તેમાં પણ આત્માને, કશો સંબંધ નથી; પોતાના દેહના એક અંગથી, કોઇ વખતે બીજા અંગને વાગે તો; તે બદલ પુરૂષે કોના ઉપર ક્રોધ કરવાનો છે. ? ॥૫૧॥ સુખ દુખનું કારણ, આત્મા પોતેજ હોવાનું માનીએ તો; એ પ્રમાણેના તેના પોતાનાજ સ્વભાવને માટે, બીજું શું કરી શકાય; અને એ આત્માથકી અન્ય તો, સર્વ મિથ્યાજ છે; તો પછી સુખ અને દુખજ છે નહીં, ત્યારે ક્રોધ શાને માટે કરવો પડે. ॥૫૨॥ ગ્રહોના નિમિતથી, સુખ દુખ થવાનું માનીએ તો; જન્મ પામે એવા દેહનેજ, તેઓ અસર કરી શકે; પણ અજન્મા આત્માને તો, કાંઇ કરી શકતાજ નથી; અને એ ગ્રહોવડે, પીડા તો ઘરાદિકનેજ, થવાનું કહેવાય છે; તો તેઓથકી અન્ય, એવા પુરૂષ (આત્મા)ને; શામાટે ક્રોધ કરવો પડે. ? ॥૫૩॥ સુખ દુખનું કારણ, કર્મો હોવાનું માનીએ તો; એ જડ કર્મોની સાથે, જડતા રહિત આત્માને સંબંધ શો ? કેમકે દેહ જડ હોવાથી, એ કર્મોનું તો; મૂળજ નથી; ત્યારે ચેતન યુક્ત એવા, આત્માએ; ક્રોધ શા સારૂં કરવો જોઇએ. ? ॥૫૪॥ સુખ દુખનું કારણ, કાળ હોવાનું માનીએ તો; અગ્નિનો તાપ અગ્નિને, અને હીમની ટાઢ હીમને, નહી લાગવાની પેઠે એ કાળ પોતેજ, આત્માનું સ્વરૂપ હોવાથી; તેનાથી તો આત્માને, કાંઇજ થવાનું નહીં; ત્યારે એ બીજાથકી, સુખ દુખ ન થયેલાનું હોવા છતાં; ક્રોધ શા સારૂં કરવો જોઇએ. ? ॥૫૫॥ એટલા માટે; લિંગ દેહને વિશે અહંકાર કરવાવડે, આ

સંસારનું મિથ્યા સ્વરૂપ દેખાવાની પેઠેજ; બીજા બીજાઓથી થએલાનું, દેખવામાં આવતાં દ્વંદ્વ એટલે સુખ દુઃખાદિક; કોઇ સ્થળે-કોઇ કાળે-અને કોઇનાથકી-બતાંજ નથી; એ રીતે જાણી ગએલો હું, હવે પ્રાણીઓ આદિ થકી; બીહીવાનોજ નથી. ॥૫૬॥ અને આ રીતની પરમાત્માને વિશે બુદ્ધિ રાખીને, તથા પ્રથમ થઇ ગએલ મહાત્મા ઋષિઓએ આચરેલા માર્ગમાં સ્થાપન થઇને; મુકુંદ ભગવાનના ચરણની સેવા કરવાવડે, અંત અને પારવિનાના, આ અંધકારમય સંસારને; હું તરી જઇશ. ॥૫૭॥—શ્રીભગવાન—ધન નાશ પામવાથી, વૈરાગ્યની પ્રાપ્તિ થવાવડે; સઘળા પરિશ્રમને છોડી દઇ, મૌનવ્રત રાખીને, પૃથ્વી ઉપર ફરનારા એ સંન્યાસીને, નીચ લોકોએ, ઘણું દુઃખ આપ્યા છતાં પણ; તે સ્વધર્મથકી નહીં ડગતાં, એ પ્રમાણેની ગાથા બોલ્યો હતો ॥૫૮॥ આ અજ્ઞાનવડે ઉભા થએલા સંસારમાં, આ તે મિત્ર—આ તે ઉદાસીન—અને આ તે શત્રુ; એ પ્રકારે પુરૂષને થતા, ભ્રમ શિવાય, સુખ દુઃખ ઉત્પન્ન થવાનું; બીજું કાંઇ પણ કારણ છેજ નહીં. ॥૫૯॥ એટલા માટે, હે તાત (ઉદ્ધવ), બુદ્ધિવડે મનનો નિગ્રહ કરીને; તેને મારે વિશે, સર્વ ભાવવડે લગાડીદ્યો; એટલોજ યોગ કરવાનું કહેલ છે. ॥૬૦॥ આ પરબ્રહ્મને વિશે નિષ્ઠા (બુદ્ધિ) કરાવનારા, સંન્યાસીના ગીતને; જે કોઇ સાવધાનપણાથી સાંભળે-ધ્યાનકરે-અથવા બીજાને સંભળાવે-તે, સુખ દુખાદિક દ્વંદ્વથકી; મુંઝાય નહીં. ॥૬૧॥ ઇતિ શ્રી૦ ભાગવતે અગિયારમા સ્કંધનો ભીક્ષુગીત નામે ત્રેવિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૩॥

અધ્યાય ૨૪ મો.—શ્રીભગવાન—હવે હું તમને, પૂર્વે નિશ્ચય થયેલું; સાંખ્ય જ્ઞાન કહુંછું; કે જે જાણવાથી પુરૂષ તરતજ, વિકલ્પ રૂપી ભ્રમને, તજી દેછે. ॥૧॥ અયુગે એટલે પ્રલય થઇ રહ્યા પછી, જ્યારે વિવેક થકી નિપુણ લોકોવાળો, કૃતયુગ સ્થિરથયો; ત્યારે સઘળા વિકલ્પ (દ્વૈત પદાર્થાદિક રૂપ જગત,) વિનાનું એક

गःपरतःपरस्य ॥ यथाहमःसंसृतिरूपिणःस्यादेवंप्रबुद्धोनबिभेतिभूतैः॥५६॥ एतांसमास्थायपरात्मनिष्ठामध्यासितांपूर्वतमैर्महर्षिभिः ॥ अहंतरिष्यामिदुरंतपारंतमोमुकुंदांघ्रिनिषेवयैव ॥५७॥ श्रीभग० निर्विद्यनष्टद्रविणोगतक्लमः प्रव्रज्यगांपर्यटमानइत्थं ॥ निराकृतोऽसद्भिरपिस्वधर्मादकंपितोऽमूंमुनिराहगाथां॥५८॥सुखदुःखप्रदोनान्यःपुरुषस्यात्मविभ्रमः॥ मित्रोदासीनरिपवःसंसारस्तमसःकृतः॥५९॥ तस्मात्सर्वात्मनातातनिगृहाणमनोधिया॥ मय्यावेशितयायुक्तएतावान्योगसंग्रहः॥६०॥यएतांभिक्षुणागीतांब्रह्मनिष्ठांसमाहितः ॥ धारयन्श्रावयन्शृण्वन्द्वंद्वैर्नैवाभिभूयते ॥६१॥ इतिश्रीभागवतेमहापुराणेएकादशस्कंधेभगवदुद्धवसंवादेभिक्षुगीतानामत्रयोविंशोऽध्यायः ॥ २३ ॥ श्रीभग०अथतेसंप्रवक्ष्यामिसांख्यंपूर्वैर्विनिश्चितं॥यद्विज्ञायपुमान्सद्योजह्याद्वैकल्पिकंभ्रमं ॥१॥ आसीज्ज्ञानमथोह्यर्थएकमेवाविकल्पितं यदाविवेकनिपुणाआदौकृतयुगेऽयुगे॥२॥तन्मायाफलरूपेणकेवलंनिर्विकल्पितं॥ वाङ्मनोगोचरंसत्यंद्विधासमभवद्बृहत्॥३॥तयोरेकतरोह्यर्थःप्रकृतिःसोभयात्मिका॥ ज्ञानंत्वन्यतमोभावःपुरुषःसोऽभिधीयते॥४॥ तमोरजःसत्त्वमितिप्रकृतेरभवन्गुणाः ॥ मयाप्रक्षोभ्यमाणायाःपुरुषानुमतेनच॥५॥ तेभ्यःसमभवत्सूत्रंमहान्सूत्रेणसंयुतः॥ ततोविकुर्वतोजातोऽहंकारोयोविमोहनः ॥६॥ वैकारिकस्तैजसश्चतामसश्चेत्यहंत्रिवृत् ॥ तन्मात्रेंद्रियमनसांकारणंचिदचिन्मयः ॥७॥ अर्थस्तन्मात्रिकाज्जज्ञेतामसादिंद्रियाणिच॥ तैजसाद्देवताआसन्नेकादशचवैकृतात् ॥८॥ मयासंचोदिताभावाःसर्वेसंहत्यकारिणः ॥ अंडमुत्पादयामासुर्ममायतनमुत्तमं ॥९॥ तस्मिन्नहंसमभवमंडेसलिलसंस्थितौ॥ ममनाभ्यामभूत्पद्मंविश्वाख्यंतत्रचात्मभूः ॥१०॥ सोऽसृजत्तपसायुक्तोरजसामदनुग्रहात् ॥ लोकान्सपालान्विश्वात्माभूर्भुवःस्वरितित्रिधा ॥ ॥११॥ देवानामोकआसीत्स्वर्भूतानांचभुवःपदं ॥ मर्त्यादीनांचभूर्लोकःसिद्धानांत्रितयात्परं ॥ अधोऽसुराणांनागानांभूमेरोकोऽसृजत्प्रभुः ॥१२॥ त्रिलोक्यांगतयःसर्वाःकर्मणांत्रिगुणात्मनां ॥ योगस्यतपसश्चैवन्यासस्यगतयोऽमलाः ॥१३॥ महर्जनस्तपःसत्यंभक्तियोगस्यमद्गतिः॥ मयाकालात्मनाधात्राकर्मयुक्तमिदंजगत् ॥ गुणप्रवाहएतस्मिन्नुन्मज्जतिनिमज्जति ॥१४॥ अणुर्बृहत्कृशःस्थूलोयोयोभावःप्रसिध्यति

જ્ઞાનજ; (આત્મ તત્વસ્વરૂપજ) વસ્તુરૂપે હતું. ॥૨॥ એ, વાણી અને મનથકી અગોચર—સત્ય—મોહું—અને વિકલ્પ રહિત—કેવળ સ્વરૂપ—પછીથી માયાના ફળરૂપે; એ પ્રકારનું થયું. ॥૩॥ તે બે મધેનું એક, જે અર્થ (એટલે પદાર્થાદિક) રૂપે છે; તે બંન્ને પ્રકારની, (એટલે કારણ તથા કાર્યરૂપ,) પ્રકૃતિ છે; અને બીજો, જ્ઞાનરૂપ ઉત્તમ પદાર્થ છે, તે; પુરૂષ (આત્મા) નામથી કહેવાય છે. ॥૪॥ હું પુરૂષને, અનુસરેલી પ્રકૃતિ; મારા સ્વરૂપ કાળથકીજ વિકાર પામીને; તમ—રજ અને સત્વ; એ ગુણો ઉત્પન્ન થયા. ॥૫॥ તેઓથકી જ્ઞાન શક્તિ અને ક્રિયા શક્તિવાળું, મહતત્વ થયું; અને તે પણ વિકાર પામીને, મોહ કરનારો અહંકાર ઉત્પન્ન થયો. ॥૬॥ તથા તે, વૈકારિક—તૈજસ—અને તામસ ત્રણ પ્રકારના અહંકારથકી, તેનાં કારણોને અનુસરતાં; પ્રકાશ અને જડતાવાળાં; ઇંદ્રિયોના દેવતા—ઇંદ્રિયો—અને તન્માત્રાઓ થઇઓ. ॥૭॥ એટલે તામસ અહંકારથકી, મહાભૂતો અને તન્માત્રાઓ થઇ; તૈજસથકી, ઇંદ્રિયો થઇ; અને વૈકારિકથકી, અગિયાર ઇંદ્રિયોના દેવતાઓ થયા. ॥૮॥ એ સઘળાં તત્વોએ, મારી પ્રેરણાથી એકઠાં મળીને; મારે રેહેવાનું ઉત્તમ સ્થાન, અંડ (શરીર,) ઉત્પન્ન કર્યું. ॥૯॥ પાણીને વિશે રહેલા, તે અંડ (શરીર)માં; હું પ્રકટ થયો. અને મારી ડુંટીમાંથી, ઉગેલા વિશ્વ નામના કમળમાં; બ્રહ્મા ઉત્પન્ન થયા. ॥૧૦॥ એ રજોગુણી બ્રહ્માએ સાવધાનપણે તપ કરીને હું વિશ્વાત્માના અનુગ્રહથી લોકપાળો સહિત; ભૂ—ભુવર—અને સ્વર્ગ એ ત્રણે લોકને, સરજ્યા. ॥૧૧॥ સ્વર્ગ લોક, દેવતાઓનું સ્થાન થયું; ભૂતાદિકનું સ્થાન, ભુવર લોક થયું; અને ભૂલોક, મનુષ્યો આદિનું સ્થાન થયું; સિદ્ધ લોકોનું સ્થાન તો એ ત્રણે લોકથકી શ્રેષ્ટ, (જૂદુ) છે. અને એ સમર્થેજ, પૃથ્વીની નીચે; અસુરો તથા નાગ લોકોનું સ્થાન, સરજેલું છે ॥૧૨॥ ત્રિગુણી કર્મો કરનારા સઘળાઓની ગતિ, એ ત્રિલોકીમાંજ થાય છે; યોગ કરનારા—તપ કરનારા—અને ત્યાગ કરનારા (સંન્યાસી)—એમની નિર્મળ ગતિઓ, મહર્લોક—જન લોક—તપ લોક—અને સત્ય લોક—પર્યંત થાય છે; તથા ભક્તિ યોગ કરનારાઓની ગતિ તો, મારે વિશેજ થાય છે; એ રીતે મારા સ્વરૂપ,

અને કર્મોનાં ફળ આપનારા, કાળવડે. એ સઘળું, કર્મોથકી યુક્ત થયેલું જગત; ગુણોના પ્રવાહ રૂપ, એટલા લોકોને વિશે ઉપર ચડે છે, અને નીચે પડે છે. ॥૧૩-૧૪॥ અણુ અથવા બૃહત, અગર કૃશ કિંવા સ્થૂળ એટલે નાનો કે મોટો, તથા છુએ કે જાડો: જે જે ભાવ (એટલે પદાર્થાદિક) પ્રસિદ્ધ છે, તે તે, સર્વ; પ્રકૃતિ અને પુરુષ, બંનેથી સંયુક્ત છે. ॥૧૫॥ એ સઘળાઓના આદિમાં તથા અંતમાં, જે છે; તેજ, વ્યવહારને અર્થે થયેલાં, માટી અને સોનાના વિકારો (ઘાટ)ની પેઠેજ; મધ્યકાળમાં પણ, હોવછેજ. ॥૧૬॥ એટલે વિકાર રૂપે થયેલા પદાર્થોના, પહેલા પહેલા સ્વરૂપને ગ્રહણ કરતાં, જે આદિમાં હોય છે; તથા અંતમાં પણ, રહે છે; તેજ પરમ અને સત્ય વસ્તુ, (આત્મા અથવા પુરુષ) કહેવાય છે. ॥૧૭॥ એ સઘળા વિકારોનું મૂળ કારણ પ્રકૃતિ, તે; પ્રકૃતિનો આધાર અને તેનાથકી પર, એવો પુરુષ, તે; અને એ સઘળાને ચેતન આપનારો કાળ, તે પણ; એ ત્રણે, હું પરબ્રહ્મનાંજ સ્વરૂપો છે. ॥૧૮॥ જ્યાં સુધી હું મહાત્માની નજર, ગુણો (પદાર્થાદિક દ્વૈત માત્ર)ના વિસર્ગનાં સંબંધમાં, હોય છે; ત્યાં સુધીજ, પરંપરાએ કરીને; વારંવાર તેઓની સૃષ્ટિ થવાનું-સ્થિતિ રહેવાનું-અને લય થવાનું-થયાં કરે છે. ॥૧૯॥ પછી જ્યારે, લોકના કલ્પ અથવા વિકલ્પનો સમય, (એટલે પ્રલય,) પ્રાપ્ત થાય છે; ત્યારે મારૂં એ ભુવનો સહિત વિરાટ સ્વરૂપ, (એટલે સઘળું દૃશ્ય માત્ર જગત,) પાંચ મહાભૂત રૂપ; થઇ જાય છે, (એટલે નાશ પામે છે)॥૨૦॥ એથી મરણ ધર્મવાળા પ્રાણીઓ, આદિનો અન્નને વિશે લય થાય છે; અન્નનો, બીજને વિશે લય થાય છે; અને ભૂમિ એટલે પૃથ્વી, ગંધ માત્રામાં અને ગંધ માત્રા, જળમાં લય પામે છે; અને જળ, તેના પોતાના ગુણ રસ માત્રાને વિશે, લય પામે છે; રસ માત્રા, તેજને વિશે લય પામે છે; અને તેજ, રૂપ તન્માત્રાને વિશે; લય પામે છે. ॥૨૨॥ પછી રૂપ માત્રા વાયુમાં લય પામે છે; વાયુનો સ્પર્શ માત્રામાં લય થાય છે; સ્પર્શ માત્રા, આકાશમાં લય પામે છે; અને આકાશ, શબ્દ તન્માત્રામાં લય પામે છે; તથા શબ્દ તન્માત્રા, તેના ઉત્પત્તિ સ્થાન તામસ અહંકારમાં; ઇ-

॥ सर्वोऽप्युभयसंयुक्तःप्रकृत्यापुरुषेणच ॥१५॥ यस्तुयस्यादिरंतश्चसवैमध्यंचतस्यसन् ॥ विकारोव्यवहारार्थोयथातैजसपार्थिवाः ॥१६॥ यदुपादायपूर्वस्तुभावोविकुरुतेपरं ॥ आदिरंतोयदायस्यतत्सत्यमभिधीयते॥१७॥प्रकृतिर्ह्यस्योपादानमाधारःपुरुषःपरः॥सतोऽभिव्यंजकः कालोब्रह्मतत्त्रितयंत्वहं॥१८॥ सर्गःप्रवर्ततेतावत्पौर्वापर्येणनित्यशः॥महान्गुणविसर्गार्थःस्थित्यंतोयावदीक्षणं॥१९॥विराण्मयासाद्यमानो लोककल्पविकल्पकः॥ पंचत्वायविशेषायकल्पतेभुवनैःसह ॥२०॥ अन्नेप्रलीयतेमर्त्यमन्नंधानासुलीयते ॥ धानाभूमौप्रलीयंतेभूमिर्गंधेप्रलीयते ॥२१॥ अप्सुप्रलीयतेगंधआपश्चस्वगुणेरसे ॥ लीयतेज्योतिषिरसोज्योतीरूपेप्रलीयते ॥२२॥ रूपंवायौसचस्पर्शेलीयतेसोऽपिचांबरे॥ अंबरंशब्दतन्मात्रइंद्रियाणिस्वयोनिषु॥२३॥ योनिर्वैकारिकेसौम्यलीयतेमनसीश्वरे॥ शब्दोभूतादिमप्येतिभूतादिर्महतिप्रभुः ॥२४ सलीयतेमहान्स्वेषुगुणेषुगुणसत्तमः॥ तेऽव्यक्तेसंप्रलीयंतेतत्कालेलीयतेऽव्यये॥२५॥ कालोमायामयेजीवेजीवआत्मनिमय्यजे ॥ आत्मा केवलआत्मस्थोविकल्पापायलक्षणः ॥२६॥ एवमन्वीक्षमाणस्यकथंवैकल्पिकोभ्रमः ॥ मनसोहृदितिष्ठेतव्योम्नीवार्कोदयेतमः ॥२७॥ एषसांख्यविधिःप्रोक्तःसंशयग्रंथिभेदनः ॥ प्रतिलोमानुलोमाभ्यांपरावरदृशामया ॥२८॥ इ०भा०म०ए०चतुर्विंशोऽध्यायः ॥२४॥ श्रीभग०गुणानामसमिश्राणांपुमान्येनयथाभवेत् ॥ तन्मेपुरुषवर्येदमुपधारयशंसतः ॥१॥ शमोदमस्तितिक्षेक्षातपःसत्यंदयास्मृतिः ॥ तुष्टिस्त्यागोऽस्पृहाश्रद्धाह्रीर्दयादिःस्वनिर्वृतिः ॥२॥ कामईहामदस्तृष्णास्तंभआशीर्भिदासुखं॥मदोत्साहोयशःप्रीतिर्हास्यंवीर्यंबलोद्यमः॥३॥ क्रोधोलोभोऽनृतंहिंसायाञ्चादंभःक्लमःकलिः ॥ शोकमोहौविषादार्तीनिद्राशाभीरनुद्यमः ॥४॥ सत्त्वस्यरजसश्चैतास्तमसश्चानुपूर्वशः ॥ वृत्तयोवर्णितप्रायाःसन्निपातमथोशृणु ॥५॥ सन्निपातस्त्वहमितिममेत्युद्धवपामतिः ॥ व्यवहारःसन्निपातोमनोमात्रेंद्रियासुभिः ॥६॥ धर्मेचार्थेचकामेचयदाऽसौपरिनिष्ठितः ॥ गुणानासन्निकर्षोऽयंश्रद्धारतिधनावहः ॥७॥ प्रवृत्तिलक्षणेनिष्ठापुमान्यर्हिगृहाश्रमे ॥ स्वधर्मेचानु

દ્રિયો, રાજસ અહંકારમાં; અને ઇંદ્રિયોના દેવતાઓ, વૈકારિક અહંકારમાં લય પામે છે, અને તે ત્રણે પ્રકારનો સમર્થ અહંકાર, મહત્તત્વને વિશે; લય પામે છે. ॥૨૩-૨૪॥ હે ગુણસત્તમ ઉદ્ધવ; પછી તે મહત્તત્વ, પોતાના ઉત્પત્તિ સ્થાન ગુણોને વિશે; લય પામે છે. ગુણો, પ્રકૃતિને વિશે લય પામે છે; અને પ્રકૃતિ, અવ્યય એવા કાળને વિશે, લય પામે છે. ॥૨૫॥ તે કાળ, અવિદ્યા માયાયુક્ત દેહાત્માને વિશે લય પામે છે; અને તે દેહાત્મા, હું અજન્મા સર્વ વ્યાપકને વિશે; લીન થાય છે; અને તે અપાય (હાની) તથા વિકલ્પના લક્ષણથી રહિત સર્વ વ્યાપક આત્મા, કેવળ એવા પોતાના સ્વરૂપને વિશે, સ્થિરજ રેહે છે. ॥૨૬॥ એ રીતનો વિચાર, મનની અંદર કરનારાના હૃદયને વિશે, વિકલ્પ રૂપી ભ્રમ; સૂર્યનો ઉદય થયા પછી, આકાશમાં અંધારૂં નહી રેહેવાની પેઠે; રહી શકતોજ નથી. ॥૨૭॥ એ પ્રમાણેનો, સંશય રૂપી ગ્રંથીઓને છેદનારો; સાંખ્યનો વિધિ, પર અને અવરને જાણનારા; મેં (તમને) વિધા, અને અવળા અનુક્રમથી પણ કહ્યા છે. ॥૨૮॥ ઇતિ શ્રી૦ ભાગવત અગિઆરમા સ્કંધનો સાંખ્ય વિધિ નામે ચોવિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૪॥

અધ્યાય ૨૫ મો.—શ્રીભગવાન—હે શ્રેષ્ટ પુરુષ, ગુણોવડે, તથા તેમના મિશ્રપણાવડે; યુક્ત થયેલો પુરુષ (દેહાત્મા), કેવા કેવા પ્રકારનો થાય છે; તે હું તમને કહું છું. તે તમે સાંભળો. ॥૧॥ શમ-દમ-તિતિક્ષા-ઇક્ષા એટલે વિવેક-તપ એટલે સ્વધર્માચરણ-સત્ય-દયા-સ્મૃતિ-તુષ્ટિ-ત્યાગ-અસ્પૃહા-શ્રદ્ધા-લજ્જા-અને આર્જવ વિગેરે-તથા આત્મ સ્વરૂપને વિશે સ્થિરતા-॥૨॥ કામ-ઇહા એટલે કામ્ય કર્મો કરવાં-મદ-તૃષ્ણા-સ્તંભ એટલે ગર્વ-આશીશ એટલે ધન પુત્રાદિકની ઇચ્છાથી દેવાદિકનું પૂજન કરીને, વરદાનો મેળવવાની ઇચ્છવું તે-ભેદ બુદ્ધિ-સુખ-મદ-ઉત્સાહ-યશ-પ્રીતિ-હાસ્ય-પરાક્રમ-બળ-અને ઉદ્યમ-॥૩॥ ક્રોધ-લોભ-જુઠ-હિંસા-યાચના-દંભ-પરિશ્રમ-કજીઓ-શોક-મોહ-ખેદ-દીનતા સહિત દુખ-ઉંઘ-ખોટી આશા-ભય-અને નિરૂદ્યમ-॥૪॥ એ રીતે, અનુક્રમથી ઓગન શ્લોકમાં, સત્વગુણની; બીજામાં, રજોગુણની; અને ચોથામાં, તમોગુણની; વૃત્તિઓ, વિશેષે કરીને, વર્ણન કરી છે. હવે તેમના મિશ્રપણાની વૃત્તિઓ સાંભળો. ॥૫॥ હે ઉદ્ધવ, "હું અને મારૂં" એ પ્રકારની મતિ થવી, તે; તથા મન-ઇંદ્રિયો-પ્રાણ-અને મહા ભૂતોની તન્માત્રાઓ

એમનો એકત્ર વ્યવહાર થવો, તે પણ; ગુણોના મિશ્રપણાની વૃત્તિઓ છે. ॥૬॥ તેમજ, ધર્મ—અર્થ—અને કામ-ને વિશે: જ્યારે નિષ્ઠા થઇને, શ્રદ્ધા—રતિ—અને ધનની પ્રાપ્તિ થાય છે; ત્યારે તે પણ, એ ગુણોના મિશ્રપણા-નીજ, વૃત્તિ છે. ॥૭॥ પ્રવૃત્તિ લક્ષણવાળા ગૃહસ્થાશ્રમને વિશે, નિષ્ઠાવાળો થઇને; પુરુષ સ્વધર્માચરણ કરવા લાગે છે, તે પણ; ગુણોના મિશ્રપણાનીજ વૃત્તિ છે. ॥૮॥ શમ આદિક (બીજા શ્લોકમાં કહેલી) વૃત્તિઓવડે, પુરુષ સત્વગુણી હોવાનું; કામ આદિક (ત્રીજા શ્લોકમાં કહેલી) વૃત્તિઓવડે, રજોગુણી હોવાનું; અને ક્રોધ આદિક(ચોથા શ્લોકમાં કહેલી) વૃત્તિઓવડે, તમોગુણી હોવાનું: અનુમાન થઇ શકે છે. ॥ ૯ ॥ જ્યારે પુરુષ કિંવા સ્ત્રી. અપેક્ષા રહિત થઇને; સ્વધર્માચરણનાં કર્મો કરવાવડે, ભક્તિ સહિત મને ભજે છે; ત્યારે તેમને સત્વગુણી પ્રકૃતિનાં જાણો. ॥૧૦॥ અને જ્યારે સ્વધર્મનાં કર્મો કરીને, વરદાનો (સુખાદિક) પામવાની ઇચ્છાથી, મને ભજે છે; ત્યારે તેમને રજોગુણી પ્રકૃતિનાં; અને બીજાને દુઃખ ઉત્પન્ન કરવાની ઇચ્છાથી, મને ભજે; તે, તમોગુણી પ્રકૃતિનાં; જાણવાં. ॥૧૧॥ સત્વ—રજ—અને તમ; એ ગુણો પ્રાણીઓના ચિત્તમાં ઉત્પન્ન થનારા, તથા તેમને વિશે આસક્ત થનારાઓને બંધન પમાડનારા છે: તેઓ (હું પ્રશ્વર દેહાત્મા નિર્ગુણ આત્મ સ્વરૂપને તો) નથી; પણ, જીવાત્માને (અવિદ્યામાયા યુક્ત, દેહમાં રહેનારા આત્માને,) તો છે. ॥૧૨॥ જ્યારે પ્રકાશવાન નિર્મળ અને કલ્યાણકારી—સત્વગુણ, બીજા બે ગુણોના ઉપર જીત મેળવે છે; ત્યારે તે, ધર્મ અને જ્ઞાન આદિને પ્રાપ્ત કરનાર, કર્મોને વિશે પુરુષને (દેહાત્માને) સુખ સહિત યોજે છે.॥૧૩॥ જ્યારે બળવાન—સંગવાળો—અને ભેદ બુદ્ધિવાળો—રજોગુણ, તમોગુણ તથા સત્વગુણને જીતે છે; ત્યારે તે, યશ તથા લક્ષ્મીને પ્રાપ્ત કરનારાં, કર્મોને વિશે, પુરુષને (દેહાત્માને) દુઃખ સહિત યોજે છે॥૧૪॥ જ્યારે મૂઢ બુદ્ધિ કરનારો—જ્ઞાના-દિકનો નાશ કરનારો—અને જડ, તમોગુણ; સત્વ ગુણ તથા રજોગુણને, જીતે છે; ત્યારે તે, હિંસાના આશય વાળાં; કર્મોને વિશે, પુરુષને (દેહાત્માને) શોક—મોહ—અને ઉંઘ આદિ સહિત યોજે છે. ॥૧૫॥ જ્યારે ચિત્ત પ્રસન્ન રહે; ઇંદ્રિઓ નિવૃત્તિવાન થાય; શરીરને વિશે અભયની પ્રાપ્તિ થાય; અને મન સંગ રહિત થાય; ત્યારે મારા સ્થાન રૂપ, સત્વ ગુણ વ્યાપેલો; જાણવો. ॥૧૬॥ જ્યારે પુરુષની બુદ્ધિ વિકાર વાળી થઇને, તે ક્રિયાઓ

तिष्ठतगुणानांसमितिर्हिंसा ॥८॥ पुरुषंसत्वसंयुक्तमनुमीयाच्छमादिभिः ॥ कामादिभीरजोयुक्तंक्रोधाद्यैस्तमसायुतं ॥९॥ यदाभजतिमां भक्त्यानिरपेक्षःस्वकर्मभिः ॥ तंसत्वप्रकृतिंविद्यात्पुरुषंस्त्रियमेवच ॥१०॥ यदाआशिषआशास्यमांभजेतस्वकर्मभिः ॥ तंरजःप्रकृतिंवि द्याद्हिंसामाशास्यतामसं ॥११॥ सत्वंरजस्तमइतिगुणाजीवस्यनैवमे ॥ चित्तजायैस्तुभूतानांसज्जमानोनिबध्यते ॥१२॥ यदेतरौजयेत्सत्वं भास्वरंविशदंशिवं ॥ तदासुखेनयुज्येतधर्मज्ञानादिभिःपुमान् ॥१३॥ यदाजयेत्तमःसत्वंरजःसंगंभिदाबलं ॥ तदादुःखेनयुज्येतकर्मणाय शसाश्रिया ॥१४॥ यदाजयेद्रजःसत्वंतमोमूढंलयंजडं ॥ युज्येत[illegible]मोहाभ्यांनिद्रयाहिंसयाशया ॥१५॥ यदाचित्तंप्रसीदेतइंद्रियाणां चनिर्वृतिः ॥ देहेऽभयंमनोऽसंगंतत्सत्वंविद्धिमत्पदं॥१६॥ विकुर्वन्क्रिययाचाधीरनिर्वृतिश्चचेतसां ॥ गात्रास्वास्थ्यंमनोभ्रांतंरजएतैर्निशा मय ॥१७॥ सीदच्चित्तंविलीयेतचेतसोग्रहणेऽक्षमं ॥ मनोनष्टंतमोग्लानिस्तमस्तदुपधारय ॥१८॥ एधमानेगुणेसत्वेदेवानांबलमेधते ॥ अ सुराणांचरजसितमस्युद्धवरक्षसां ॥१९॥ सत्वाज्जागरणंविद्याद्रजसास्वप्नमादिशेत् ॥ प्रस्वापंतमसाजंतोस्तुरीयंत्रिषुसंततं ॥२०॥ उपर्यु परिगच्छंतिसत्वेनब्राह्मणाजनाः ॥ तमसाधोऽधआमुख्याद्रजसांऽतरचारिणः ॥२१॥ सत्वेप्रलीनाःस्वर्यांतिनरलोकंरजोलयाः ॥ तमोल यास्तुनिरयंयांतिमामेवनिर्गुणाः॥२२॥ मदर्पणंनिष्फलंवासात्विकंनिजकर्मतत् ॥ राजसंफलसंकल्पंहिंसाप्रायादितामसं ॥२३॥ कैवल्यं सात्विकंज्ञानंरजोवैकल्पिकंचयत् ॥ प्राकृतंतामसंज्ञानंमन्निष्ठंनिर्गुणंस्मृतं ॥२४॥ वनंतुसात्विकोवासोग्रामोराजसउच्यते॥ तामसंद्यू तसदनंमन्निकेतंतुनिर्गुणं ॥२५॥ सात्विकःकारकोऽसंगीरागांधोराजसःस्मृतः ॥ तामसःस्मृतिविभ्रष्टोनिर्गुणोमदपाश्रयः ॥२६॥ सा त्विक्याध्यात्मिकीश्रद्धाकर्मश्रद्धातुराजसी ॥ तामस्यधर्मेयाश्रद्धामत्सेवायांतुनिर्गुणा ॥२७॥ पथ्यंपूतमनायस्तमाहार्यंसात्विकंस्मृतं ॥ रा

કરવા લાગે; ચિત્ત નિવૃત્તિ વિનાનું થાય; શરીરનાં અંગો સ્વસ્થતા રહિત થાય, અને મનને વિશે ભ્રાંતિ થાય; ત્યારે રાત્રિ સ્વરૂપ, રજોગુણ વ્યાપેલો; જાણવો. ॥૧૭॥ જ્યારે ચિત્તને વિશે ખેદ ઉત્પન્ન થઇને, તે લય પામી જાય, કશુંપણ જાણવાને સમર્થ ન રહે; તથા અજ્ઞાન અને ગ્લાનીએ કરીને, મન એટલે સંકલ્પ થવાનું પણ; નાશ પામે. ત્યારે તમોગુણ વ્યાપેલાનું; જાણવું. ॥૧૮॥ હે ઉદ્ધવ, સત્વ ગુણ વધે ત્યારે દેવતાઓનું; રજો-ગુણ વધે, ત્યારે અસુરોનું; અને તમોગુણ વધે, ત્યારે રાક્ષસોનું; બળ વધી જાય છે. ॥ ૧૯ ॥ સત્વ ગુણને, પુરુષનું (દેહાત્માનું) જાગતું જાણો, રજોગુણને સ્વપ્ન અવસ્થા કહો, અને તમોગુણને ગાઢ નિદ્રા સમજો; એ ત્રણે અવસ્થામાં, જે સતત રહેલો છે; તે ચોથો (આત્મા) છે. ॥૨૦॥ સત્વ ગુણ વડે, ઉપર ઉપર બ્રહ્માના લોક પર્યંત, મનુષ્યો ચઢે છે; તમોગુણથી નીચે નીચે, સ્થાવરના અવતાર સુધી અધો ગતિને પામે છે. અને રજોગુણથી, વચેના રહેનારા મનુષ્ય, અને અસુરો આદિના અવતારને: પામે છે. ॥ ૨૧ ॥ એટલે સત્વગુણના વધારામાં લય પામેલાઓ, સ્વર્ગમાં જાય છે; રજોગુણમાં લય પામેલા, મનુષ્ય લોકને પામે છે; અને તમોગુણમાં લય પામેલાઓ, નરકમાં જાય છે; તથા નિર્ગુણ મનુષ્યો, મારે વિશેજ પ્રાપ્ત થાય છે. ॥ ૨૨ ॥ મને અર્પણ કરેલું, અથવા ફળની ઇચ્છા રહિત, પોતે કરેલું કર્મ; તે સાત્વિક છે; ફળના સંકલ્પ સહિત કરેલું કર્મ રાજસ છે; અને વિશેષે કરીને, હિંસાવાળું, એટલે કોઇને પણ દુઃખ ઉત્પન્ન કરનારું કર્મ; તે તામસ છે. ॥૨૩॥ દ્વૈત પદાર્થાદિકના સંબંધ રહિત કેવળ જ્ઞાન, તે સાત્વિક છે. દ્વૈત પદાર્થાદિક વિકલ્પના સંબંધનુંજ જે જ્ઞાન, તે રા-જસ છે, તથા પ્રકૃતિથીજ પ્રાપ્ત થનારું, એટલે આહાર નિંદ્રા—મૈથુન—અને ભય; એ બાળક અને પશુ પક્ષીના સરખું, જ્ઞાન; તે તામસ છે, અને મારે વિશે નિષ્ઠા કરાવનારું જે જ્ઞાન, તે નિર્ગુણ જ્ઞાન કહેવાય છે.॥૨૪॥વનમાં વસવું, તે સાત્વિક છે; ગામમાં વસવું તે રાજસ છે; જુગારના સ્થાનમાં રહેવું, તે તામસ વાસછે; અને મારા સ્થાનમાં રહેવું, તે નિર્ગુણ વાસ છે. ॥૨૫॥ સંગ રહિત કર્મો કરનારો, સાત્વિક કર્તા છે; આસક્તિથી અંધ બનીને કર્મો કરનારો, રાજસ કર્તા છે; અને સ્મૃતિનો નાશ થઇને કર્મો કરનારો, તામસ કર્તા છે; તથા મારા આશ્રયવાળોજ કર્મો કરનારો, નિર્ગુણ કર્તા છે. ॥૨૬॥ અધ્યાત્મ જ્ઞાનની શ્રદ્ધા, તે સાત્વિક છે; કર્મોને વિશે

थक, ते राजस छे. अने अधर्मना कर्मोने विशे श्रद्धा, ते तामस छे. तथा मारी सेवा आदिने विशे श्रद्धा थवी, ते निर्गुण श्रद्धा छे. ॥२७॥ पथ्य (एटले रोगने नहीं उत्पन्न करनार)–पवित्र–अने आयास विना यदृच्छाथी मळेल–आहार, ते सात्विक केहेवाय छे; इंद्रियोने प्रिय आहार, ते राजस छे; अने अपवित्र तथा दुःख उत्पन्न करनारो आहार, ते तामस छे. ॥२८॥ आत्मा थकी उत्पन्न थनारुं, सुख, सात्विक छे; विषयादिकथी उत्पन्न थनार सुख, राजस छे; मोह अने दीनता थकी थनार सुख, तामस छे; अने मारा आश्रय थकी थनारुं सुख, निर्गुण केहेवाय छे. ॥२९॥ ए रीतेज, सघळा पदार्थो–स्थान–फळ–काळ–ज्ञान–कर्म–कर्ता–श्रद्धा–अवस्था–आकृति–अने निष्ठाओ पण त्रिगुण एटले त्रण त्रण प्रकारनांज होय छे. ॥३०॥ हे श्रेष्ट पुरुष, दीठेला–सांभळेला–अथवा बुद्धिवडे धारणा करेला–पुरुष अने प्रकृति थकी बनेला सघळा प्राणी पदार्थादिक (बातो) गुणोमय छे. ॥३१॥ हे उद्धव, गुण अने कर्मोवडे, पुरुषने बंधन थवा रुप, एटली संसृतिओ छे; ए मन वडेज, उत्पन्न थनारा गुणो, (पदार्थादिक) ने मारा निष्टावाळा भक्तियोग वडे, जीती लेनाराओ मारा स्वरूपनेज पामे छे. ॥३२॥ एटला माटे, आ ज्ञान अने विज्ञान मेळवी शकाय एवो; मनुष्य देह पामेला, विचक्षण पुरुषो; गुणोना संगनो त्याग करीने, मनेज भजे छे. ॥३३॥ वळी जीतेंद्रिय–निसंग–तथा विद्वान–मुनिओए; अप्रमत्त थइने, सत्वगुणना सेवन वडे; रजोगुण अने तमोगुणने जीतीने, तथा सावधानपणे शांत बुद्धिथी; अपेक्षा रहित थवा वडे, सत्वगुणने पण जीती लइने; मनेज भजवो जोइए. ॥३४॥ ए रीते, ए गुणो थकी मुक्त थयेलो पुरुष लिंग शरीरने (जीवपणाने) तजीने; मने पामे छे; अने पछी मारा वडे, परिपूर्ण थयेलो, अने लिंगदेह थकी मुक्त थयेलो ते पुरुष; ए लिंग शरीरने उत्पन्न करनारा गुणोने विशे, तेमज तेनी अंदर अथवा बहार पण जतोज नथी. ॥३५॥ इ०भा०म० स्कं० संसृति प्रकरण नामे २५ मो अध्याय.॥

अध्याय २६ मो.—श्रीभगवान—मारा स्वरूपने जाणी शकाय एवुं आ मनुष्य शरीर पामेलो,

जसंचेंद्रियप्रेष्ठंतामसंचार्तिदाशुचि ॥२८॥ सात्त्विकंसुखमात्मोत्थंविषयोत्थंतुराजसं॥ तामसंमोहदैन्योत्थंनिर्गुणंमदपाश्रयं ॥२९॥ द्रव्यंदेशःफलंकालोज्ञानंकर्मचकारकः ॥ श्रद्धाऽवस्थाकृतिर्निष्ठात्रैगुण्यःसर्वएवहि॥३०॥ सर्वेगुणमयाभावाःपुरुषाव्यक्तधिष्ठिताः ॥ दृष्टंश्रुतमनुध्यातंबुद्ध्यावापुरुषर्षभ॥३१॥ एताःसंसृतयःपुंसोगुणकर्मनिबंधनाः॥येनेमेनिर्जिताःसौम्यगुणाजीवेनचित्तजाः ॥ भक्तियोगेनमन्निष्ठोमद्भावायप्रपद्यते ॥३२॥ तस्माद्देहमिमंलब्ध्वाज्ञानविज्ञानसंभवं ॥ गुणसंगंविनिर्धूयमांभजंतुविचक्षणाः ॥३३॥ निःसंगोमांभजेद्विद्वानप्रमत्तोजितेंद्रियः ॥ रजस्तमश्चाभिजयेत्सत्त्वसंसेवयामुनिः॥सत्त्वंचाभिजयेद्युक्तोनैरपेक्ष्येणशांतधीः३४ संपद्यतेगुणैर्मुक्तोजीवोजीवंविहायमाम्॥ जीवोजीवविनिर्मुक्तोगुणैश्चाशयसंभवैः॥ मयैवब्रह्मणापूर्णोनबहिर्नांतरश्चरेत् ॥३५॥ इतिश्रीभागवतेम०पु०एका०पंचविंशोऽध्यायः॥२५॥ श्रीभग० मल्लक्षणमिमंकायंलब्ध्वामद्धर्मआस्थितः॥आनंदंपरमात्मानमात्मस्थंसमुपैतिमाम् ॥१॥ गुणमय्याजीवयोन्याविमुक्तोज्ञाननिष्ठया ॥ गुणेषुमायामात्रेषुदृश्यमानेष्ववस्तुतः ॥ वर्तमानोपिनपुमान्युज्यतेवस्तुभिर्गुणैः॥२॥ संगंनकुर्यादसतांशिश्नोदरतृप्तांक्वचित् ॥ तस्यानुगस्तमस्यंधेपतत्यंधानुगोंऽधवत् ॥३॥ ऐलःसम्राडिमांगाथामगायतबृहच्छ्रवाः॥ उर्वशीविरहान्मुह्यन्निर्विण्णःशोकसंयमे ॥४॥ त्यक्त्वात्मानंव्रजंतींतांनग्नउन्मत्तवन्नृपः ॥ विलपन्नन्वगाज्जायेघोरेतिष्ठेतिविक्लवः॥५॥ कामानतृप्तोनुजुषन्क्षुल्लकान्वर्षयामिनीः॥ नवेदयांतीर्नायांतीरुर्वश्याकृष्टचेतनः ॥६॥ ऐल० अहोमेमोहविस्तारःकामकश्मलचेतसः॥ देव्यागृहीतकंठस्यनायुःखंडाइमेस्मृताः ॥७॥ नाहंवेदाभिनिर्मुक्तःसूर्योवाऽभ्युदितोऽमुया ॥ मुषितोवर्षपूगानांबताहानिगतान्युत ॥८॥ अहोमेआत्मसंमोहोयेनात्मायोषितांकृतः ॥ क्रीडामृगश्चक्रवर्तीनरदेवशिखामणिः॥९॥ सपरिच्छदमात्मानंहित्वातृणमिवेश्वरं ॥ यांतींस्त्रियंचान्वगमंनग्नउन्मत्तवद्रुदन् ॥१०॥ कुतस्तस्यानुभावःस्यात्तेजईशत्वमेववा ॥ योन्वगच्छंस्त्रियंयांतींखरवत्पादताडितः ॥११॥ किंविद्ययाकिंतपसाकिंत्यागेनश्रुतेनवा ॥ किंविविक्तेनमौनेनस्त्रीभिर्यस्य

जे मारा धर्मोने विशे स्थिर थाय छे; ते आनंद स्वरुप परमात्माना, आत्म स्वरूपमांज रहीने; मने पामे छे. ॥१॥ अने ते, ए रीतना गुणोमय लिंग शरीरो थकी, मुक्त थयेलो पुरुष; खरा वस्तु रुपे नहीं छतां, देखाया पुरता मायामय गुणो; (पदार्थादिक,) ने विशे वर्तता छतां; तेमनामां खरापणाना भावथी, आसक्त थतोज नथी. ॥२॥ माटे तमे; शिश्न अने उदरने तृप्त करनारा दुष्ट पुरुषोनो संग कदीपण करशो नहीं: केमके तेमने अनुसरवाथी, आंधळाने अनुसरनारा आंधळाओनी पेठे; अंधकारमय नरकमांज पडाय छे. ॥३॥ मोटी कीर्तिवाळा चक्रवर्ती पुरुरवा राजानुं मन, उर्वशीए खेंची लीधाथी; कामनाओने भोगवतां, तेना केटला दिवसो, अने रातो वही गइ; तथा बाकी, केटली रही; तेनी एने खबरज पडी नहीं: अने ए स्त्रीथी तृप्त थता पेहेलांज, ते जती रेहेवाथी; ते राजा विकळ थइने, उन्मत्त सरखो नागो नागोज; तेणीनी पाछळ गयो; अने "हे घोर स्वभाववाळी स्त्री, ऊभी रेहे;" एम बोलीने विलाप करतो, करतो, फरतो हतो; त्यारे उर्वशीना विरहरुप, ए मोहवडे घणो शोक थवाथी; तेने ज्ञान प्राप्त थयुं अने तेथी तेणे ते वखते आ गाथा गाइ हती. ॥४–५–६॥–ऐल–अरे; स्त्रीए गळेथी पकडेला; अने कामथकी मलिन थयेला, मनवाळा हुं नुं आयुष्य; नाश पामी गयेलानुं, स्मरण पण; मने आवतुं नथी: ए मारा मोहना विस्तारने तो जुओ. ॥७॥ अने घणांक वरसोना दिवसो, सूर्यना उगवा अने आथमवावडे, जता रहेलानुं; में हमाइ जवाने लीधे, जाण्युं पण नथी. ॥८॥ अरे, राजाओना माथाना मणिरुप, चक्रवर्तीना देहने, में पोतेज; मदारीना मांकडा सरखो, स्त्रीवश करी दीधो हतो; ए मारुं पोतानुंज अज्ञान छे. ॥९॥ अने जती रेहेती स्त्रीनी पाछळ, तणखलानी पेठे, सरसामान सहित राज्यवैभवने तजीने: हुं रडतो रडतो, उन्मत्त जेवो, अने नागो नागोज; चाल्यो गयो हतो. ॥१०॥ एम जे पुरुष, जती रेहेती स्त्रीनी पाछवाडे; गधेडानी पेठे, पाटुओ खातो खातो जाय; तेनो प्रभाव–तेज–अने ऐश्वर्य–क्यांथी रेहे. ? ॥११॥ जेनुं मन स्त्रीए हरण कर्युं होय, ते पुरुषने; विद्या–तप–त्याग–अध्ययन–एकांतवास–अने मौनव्रत आदिथकी पण; कांइज फळ थतुं नथी. ॥१२॥ एटला माटे, ऐश्वर्यने पाम्या छतां पण; आखला अने गधेडानी पेठे, स्त्रीथी जीतायला–मूर्ख–

પંડિતપણાનું અભિમાન રાખનારા—અને પોતાના સ્વાર્થને નહીં જાણનારા—મને ધિક્કાર છે. ॥૧૩॥ કેમકે આહુતિઓ આપવાવડે, અગ્નિની તૃપ્તિ નહીં થવાની પેઠે; ઘણાં વરસો સુધી, ઉર્વશીના અધરામૃતને સેવતાં; મારા મનને વિશે ઉત્પન્ન થતા કામની તૃપ્તિ, નજ થઈ. ॥૧૪॥ છીનાળ સ્ત્રીઓએ હરિ લીધેલા મન વાળાઓને, તે થકી છોડાવવાને સમર્થ; આત્મારામ—ઈશ્વર—અને અધોક્ષજ એવા હરિભગવાન વિના બીજો કોણ હોય. ! ॥૧૫॥ તે વખતેજ એ સ્ત્રી ઉર્વશીએ, દુષ્ટ બુદ્ધિવાળા હું અજીતેંદ્રિયને; યથાર્થ વચનોવડે, સમજાવ્યો હતોજ; પણ મારા મનમાંનો મોહ, તે સમયે મટ્યો નહીં હતો. ॥૧૬॥ એટલે અજીતેંદ્રિય, અને રજ્જુ (દોરડી) ના ખરા સ્વરૂપને નહીં જાણનારા; મેં, દોરડીનેજ સાપ માન્યો હતો; તેમાં તેણીનો તો કશો અપરાધ નથીજ. ॥૧૭॥ દુર્ગંધ આદિ સ્વભાવોવડે, અપવિત્ર અને મલિન શરીરમાં; શું હોય? અને તેમાં પુષ્પાદિકની સુગંધી વિગેરે, સારા ગુણો ક્યાંથી આવે. ? પણ એ સઘળુંજ અવિદ્યાવડે અધ્યાસથકીજ થાય છે. ॥૧૮॥ આ દેહના ઉપર સ્વામીપણું; માબાપ—સ્ત્રી અથવા સ્વામી—અગ્નિ—કુતરાં—ગીધપક્ષી—આત્મા—અને સુહૃદો; એઓમાંથી, કોનું ગણવું; તે નક્કી થાય એમ નથીજ. ॥૧૯॥ માટે એ રીતની, ઘણાઓની માલિકીવાળું—અને અપવિત્ર સ્ત્રીનું (અથવા પતિનું) શરીર હોવા છતાં એ કેવા સુંદર નાકવાળું—સુંદર હસતા મોઢાવાળું—તથા મનોહર રૂપવાળું છે.—એ પ્રકારની તુચ્છ બુદ્ધિ થઈને, તેને વિશે આસક્તિ થાય છે ॥૨૦॥ ત્વચા—માંસ—લોહી—નસો—મેદ—મજ્જા—અને હાડકાં; એઓથકી બનેલા, એ શરીરને વિશે રમનારાંઓની અને વિષ્ટા—મૂત્ર—અને પરૂમાં રમનારા, કીડાઓની વચ્ચે અંતર કાંઈજ નથી. ॥૨૧॥ એટલા માટે, અર્થને જાણનારા વિવેકી પુરુષોએ તો, સ્ત્રી વિશે અને સ્ત્રીસંગીઓ તથા સ્ત્રીવશ પુરુષો આદિને વિશે પણ; આસક્તિવાળા; નજ થવું જોઈએ; કેમકે વિષય ઇંદ્રિયોના સંયોગવડે, મન જેવું વિકાર પામે છે; તેવું, બીજા કશાથી વિકાર પામતું નથી. ॥૨૨॥ અને તેને વગર દીઠેલા, તથા વગર સાંભળેલા, પદાર્થાદિકની; કામનાજ થતી

मनोहर्तं ॥१२॥ स्वार्थस्याकोविदंधिङ्मांमूर्खंपंडितमानिनं ॥योहमीश्वरतां[illegible]स्त्रीभिर्गोखरवज्जितः ॥१३॥ सेवतोवर्षपूगान्मेउर्वश्याअ

धरासवं ॥ नतृप्यत्यात्मभूःकामोवन्हिराहुतिभिर्यथा ॥१४॥ पुंश्चल्याऽपहृतंचित्तंकोऽन्वन्योमोचितुंप्रभुः ॥ आत्मारामेश्वरमृतेभगवंत

मधोऽक्षजं ॥१५॥ बोधितस्यापि[illegible]सूक्तवाक्येनदुर्मतेः ॥ मनोगतोमहामोहोनापयात्यजितात्मनः ॥१६॥ किमेतयानोऽपकृतंरज्ज्वावा

सर्पचेतसः ॥ रज्जुस्वरूपाविदुषोयोऽहंयदजितेंद्रियः ॥१७॥ क्वायंमलीमसःकायोदौर्गंध्याद्यात्मकोऽशुचिः ॥ क्वगुणाःसौमनस्याद्याह्य

ध्यासोऽविद्ययाकृतः ॥१८॥ पित्रोःकिंस्वंनुभार्यायाःस्वामिनोऽग्नेःश्वगृध्रयोः ॥ किमात्मनःकिंसुहृदामितियोनावसीयते ॥१९॥ तस्मिन्कले

वरेऽमेध्येतुच्छनिष्ठेविषज्जते॥ अहोसुभद्रंसुनसंसुस्मितंचमुखंस्त्रियः ॥ २०॥ त्वङ्मांसरुधिरस्नायुमेदोमज्जाऽस्थिसंहतौ ॥ विण्मूत्रपूये

रमतांकृमीणांकियदंतरं ॥२१॥ अथाऽपिनोप[illegible]ज्जेतस्त्रीषुस्त्रैणेषु[illegible] ॥ विषयेंद्रियसंयोगान्मनःक्षुभ्यतिनान्यथा ॥२२॥ अदृष्टाद

श्रुताद्भावान्नभावउपजायते ॥ अ[illegible]तःप्राणान्शाम्यतिस्तिमितंमनः ॥२३॥ तस्मात्संगोनकर्तव्यःस्त्रीषुस्त्रैणेषुचेंद्रियैः ॥ विदुषांचा

प्यविश्रब्धःषड्वर्गःकिमुमादृशां ॥२४॥ श्रीभग० [illegible]देवःसउर्वशीलोकमथोविहाय॥आत्मानमात्मन्यवगम्यमांवैउपारमज्ज्ञा

नविधूतमोहः ॥२५॥ ततोदुःसंगमुत्सृज्यसत्सुसज्जेतबुद्धिमान् ॥ संतएतस्यछिंदंतिमनोव्यासंगमुक्तिभिः ॥२६॥ संतोऽनपेक्षामच्चित्ताःप्र

णताःसमदर्शिनः ॥ निर्ममानिरहंकारानिर्द्वंद्वानिष्परिग्रहाः ॥२७॥ तेषुनित्यंमहाभागमहाभागेषुमत्कथाः ॥ संभवंतिहितानृणांजुषतांप्रपु

नंत्यघं ॥२८॥ तायेशृण्वंतिगायंतिह्यनुमोदंतिचादृताः ॥ मत्पराःश्रद्दधानाश्चभक्तिंविंदंतितेमयि ॥२९॥ भक्तिंलब्धवतःसाधोःकिमन्यदव

शिष्यते ॥ मय्यनंतगुणेब्रह्मण्यानंदानुभवात्मनि ॥३०॥ यथोपश्रयमाणस्यभगवंतंविभावसुं ॥ शीतंभयंतमोऽप्येतिसाधून्संसेवतस्तथा

॥३१॥ निमज्ज्योन्मज्जतांघोरेभवाब्धौपरमायनं ॥ संतोब्रह्मविदःशांतानौर्दृढेवाप्सुमज्जतां॥३२॥अन्नंहिप्राणिनांप्राणआर्तानांशरणंत्व

નથી; જેથી ઇંદ્રિયાદિકનો નિગ્રહ કરનારાઓનું મન, નિશ્ચળ અને શાંતજ રેહે છે. ॥૨૩॥ એટલા માટે, વિદ્વાનોએ પણ, છ ઇંદ્રિયોના વર્ગનો વિશ્વાસ નહીં રાખીને; તેઓવડે સ્ત્રીઓનો. અને સ્ત્રીસંગી તથા સ્ત્રીવશ પુરુષો આદિકનો; સંગ કરવાનો નથી. તો પછી મારા સરખાને માટે તો પૂછવુંજ શું. ? ॥૨૪॥—શ્રીભગવાન એ પ્રમાણે ગાનારા, એ રાજાઓના રાજા પુરૂરવાએ; પછીથી ઉર્વશીના લોકને પણ મૂકીને; તથા પોતાથકીજ આત્મ સ્વરૂપને જાણીને; જ્ઞાનવડે મોહનો નાશ કરી નાંખ્યો. અને તે મારે વિશેજ ઉપરામ (શાંતિ) પામ્યો. ॥૨૫॥ એટલા માટે, બુદ્ધિમાન પુરુષોએ દુષ્ટ સંગનો ત્યાગ કરીને; અસંગનાં વચનોવડે, મનના વિકારોને; છેદી નાંખનારા, સત્પુરુષો (સંત) નોજ; સમાગમ કરવો જોઈએ. ॥૨૬॥ એવા સંતો (સત્પુરુષો) તો, અપેક્ષા વિનાના—મારામાંજ મન રાખનારા—નમ્રતાવાળા—સમદૃષ્ટિવાળા—મમતા રહિત—અહંકાર વિનાના—દ્વંદ્વ રહિત—અને પરિગ્રહ રહિતજ હોય છે. ॥૨૭॥ હે ઉદ્ધવ, એ મહાભાગ્યશાળી સંતોની અંદર, નિત્ય નિત્ય મારીજ કથાઓ થયાં કરે છે; જે કથાઓ, તેમનું સેવન કરનારાઓને; પાપોથકી પવિત્ર કરે છે. ॥૨૮॥ અને જેઓ મને પરાયણ રહીને, શ્રદ્ધા તથા આદર સહિત; એ કથાઓને, સાંભળે છે.—ગાય છે—અથવા વખાણે છે—તેમને; મારે વિશેની ભક્તિ પ્રાપ્ત થાય છે. ॥૨૯॥ જેથી અનંતગુણોવાળા—પરબ્રહ્મ—અને આનંદના સમુદ્રરૂપ—મારા આત્મ સ્વરૂપને વિશેજ; ભક્તિની પ્રાપ્તી થયેલા; તે, સાધુ (સંત) પુરુષોને; મળવાને બાકી એવું, કાંઈજ રેહેતું નથી. ॥૩૦॥ ભગવાન અગ્નિનું સેવન કરવાથી, જેમ ટાઢાડ—બીહીક—અને અંધારૂં મટે છે. તે રીતેજ, સાધુ પુરુષોના સેવન થકી પણ; શીત એટલે કર્મો કરવારૂપ જડતા, ભય એટલે સંસાર થવારૂપે જન્મ મરણ થવાની ધાસ્તી, અને તમ એટલે અજ્ઞાન; એ ત્રણેવાનાંનો નાશ થઈ જાય છે. ॥૩૧॥ એ રીતે; આ ભયંકર સંસારમાં, નીચે જતા અને ઉપર આવતા મનુષ્યોને; પાણીમાં ડુબનારાને, મજબુત વહાણ મળવાની પેઠે; શાંત અને પરબ્રહ્મને, જાણનારા સંતો (સત્પુરુષો)જ, પરમ આશ્રયરૂપ થાય છે. ॥૩૨॥ પ્રાણીઓને પ્રાણના સાધનરૂપ શરણ, અન્ન છે; દુખિઆરાઓને શરણરૂપ, હું છું. મનુષ્યોને મુવા કેડેના ધનરૂપ શરણ, ધર્મ છે. અને અધોગતિ થવાથકી બીહીનેલાઓને શરણરૂપ તો ફક્ત સંતો એટલે સત્પુરુષોજ છે. ॥૩૩॥ સૂર્ય તો ફક્ત

આકાશ પ્રકાશ કરે છે, પણ સંતો તો, બાહર તથા અંદર પણ પ્રકાશ કરનારા છે. દેવતાઓરૂપે, તથા બાંધવો રૂપે, પણ સંતોજ છે; અને સંતોજ, મારૂં પોતાનું શરીર છે. ॥૩૪॥ એ રીતે ઉર્વશીને જોવાની ઇચ્છા થકી નિસ્પૃહ થયેલો, પુરૂરવા રાજા: પછીથી સર્વ સંગથકી, મુક્ત અને આત્મારામ થઈને; આ પૃથ્વીને વિશે ફરવા લાગ્યો. ॥૩૫॥ ઇતિશ્રી ભા૦ અગિયારમા સ્કંધનો ઐલગીત નામે છવિસમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૬॥

અધ્યાય. ૨૭ મો.—ઉદ્ધવ—હે શ્રેષ્ઠ યાદવ, આપ સમર્થનું પૂજન ભક્ત લોકો કેવા પ્રકારે કરે છે, તે આપના આરાધન રૂપ ક્રિયા યોગનો પ્રકાર આપ મને કહો. ॥૧॥ કેમકે ભગવાન વ્યાસ-નારદ-અને અંગિરાના પુત્ર આચાર્ય બૃહસ્પતિ વિગેરે મુનિઓએ પણ: મનુષ્યોને કલ્યાણ આપનારો, એ ક્રિયા યોગ હોવાનુંજ; વારંવાર કહેલું છે. ॥૨॥ કે જે (ક્રિયાયોગ) આપના મુખ કમળમાંથી નીકળ્યા મુજબ, બ્રહ્માએ પોતાના ભૃગુ આદિ પુત્રોને અને ભગવાન સદાશિવે ઉમાદેવીને કહ્યો હતો. ॥ ૩ ॥ હે માન દેનારા, વળી એનેજ, સર્વ વર્ણો—આશ્રમો—સ્ત્રીઓ—તથા શુદ્રો આદિકને માટે ઉત્તમ કલ્યાણ રૂપ માનીને, સર્વ કોઈએ માન્ય કરેલો છે. ॥૪॥ માટે હે વિશ્વના ઇશ્વરોના ઇશ્વર, કમળના પાંદડા જેવી આંખોવાળા ભગવાન; એ, કર્મનાં બંધનો થકી છોડાવનારો કર્મયોગ, હું ભક્ત અને પ્રીતિવાળાને; આપ કહી સંભળાવો. ॥ ૫ ॥ **શ્રીભગવાન—**હે ઉદ્ધવ, અનંત અને અપાર કર્મકાંડનો અંત તો છેજ નહીં; માટે યથાર્થ અનુક્રમથી સંક્ષેપ વડે, હું તેનું વર્ણન કરી શકીશ. ॥૬॥ વેદોક્ત-શાસ્ત્રોક્ત—અને (તે બંને વડે) મિશ્ર, એ રીતના ત્રણ પ્રકારના વિધિ, પૂજન કરવાને માટે છે; તેમાંથી જેવી ઇચ્છા હોય તે વિધિ વડે મારૂં પૂજન કરવું. ॥૭॥ પુરૂષ જ્યારે મારા શાસ્ત્ર (વેદ)માં કહ્યા પ્રમાણે, દ્વિજપણાને પામે; (એટલે તેને જનોઈ દેવાનો સંસ્કાર થાય:) ત્યારથીજ તેણે મારૂં પૂજન, શ્રદ્ધા અને ભક્તિ સહિત કેવી રીતે કરવું; તે મારા થકી તમે સાંભળો. ॥૮॥ તેણે પદાર્થોવડે સર્વના ગુરૂરૂપ હુંનું પૂજન કપટ રહિત થઈને, ભક્તિ ભાવથી; મૂર્તિ-પૃથ્વી-અગ્નિ-સૂર્ય-પાણી-અને હૃદય-અને બ્રાહ્મણ આદિ

हं ॥ धर्मोवित्तंनृणांप्रेत्यसंतोऽर्वाग्बिभ्यतोरणं ॥३३॥ संतोदिशंतिचक्षूंषिबहिरर्कःसमुत्थितः ॥ देवताबांधवाःसंतःसंतआत्माऽहमेवच ॥
॥३४॥ वैतसेनस्ततोऽप्येवमुर्वश्यालोकनिस्पृहः ॥ मुक्तसंगोमहीमेतामात्मारामश्चचारह ॥३५॥ इ.भा.म.ए.ऐलगीतंनामषड्विंशोऽध्यायः
॥२६॥ उद्धव० क्रियायोगंसमाचक्ष्वभवदाराधनंप्रभो ॥ यस्मात्त्वांयेयथार्चंतिसात्वताःसात्वतर्षभ ॥१॥ एतद्वदंतिमुनयोमुहुर्निःश्रेयसंनृणां
॥ नारदोभगवान्व्यासआचार्योऽंगिरसःसुतः ॥२॥ निःसृतंतेमुखांभोजाद्यदाहभगवानजः ॥ पुत्रेभ्योभृगुमुख्येभ्योदेव्यैचभगवान्भवः ॥
३ ॥ एतद्वैसर्ववर्णानामाश्रमाणांचसंमतं ॥ श्रेयसामुत्तमंमन्येस्त्रीशूद्राणांचमानद ॥ ४ ॥ एतत्कमलपत्राक्षकर्मबंधविमोचनं ॥ भक्ता
यचानुरक्तायब्रूहिविश्वेश्वरेश्वर ॥५॥ श्रीभग० नह्यंतोऽनंतपारस्यकर्मकांडस्यचोद्धव ॥ संक्षिप्तंवर्णयि[illegible]यथावदनुपूर्वशः ॥ ६ ॥ वै
दिकस्तांत्रिकोमिश्रइतिमेत्रिविधोमखः ॥ त्रयाणामीप्सितेनैवविधिनामांसमर्चयेत् ॥७॥ यदास्वनिगमेनोक्तंद्विजत्वंप्राप्य पूरुषः ॥ यथाय
जेतमांभक्त्याश्रद्धयातन्निबोधमे ॥८॥ अर्चायांस्थंडिलेऽग्नौवासूर्येवाऽप्सुहृदिद्विजे ॥ द्रव्येणभक्तियुक्तोऽर्चेत्स्वगुरुंमाममायया ॥९॥ पूर्वंस्ना
नंप्रकुर्वीतधौतदंतोऽंगशुद्धये ॥ उभयैरपिचस्नानंमंत्रैर्मृद्ग्रहणादिभिः ॥१०॥ संध्योपास्त्यादिकर्माणिवेदेनाचोदितानिमे ॥ पूजांतैःकल्पये
त्सम्यक्संकल्पःकर्मपावनीं ॥११॥ शैलीदारुमयीलौहीलेप्यालेख्याचसैकती ॥ मनोमयीमणिमयीप्रतिमाऽष्टविधास्मृता ॥१२॥ चलाच
लेतिद्विविधाप्रतिष्ठाजीवमंदिरं ॥ उद्वासावाहनेनस्तःस्थिरायामुद्धवार्चने ॥१३॥ अस्थिरायांविकल्पःस्यात्स्थंडिलेतुभवेद्द्वयं ॥ स्नपनंत्ववि
लेप्यायामन्यत्रपरिमार्जनं ॥१४॥ द्रव्यैःप्रसिद्धैर्मद्यागःप्रतिमादिष्वमायिनः ॥ भक्तस्य चयथालब्धैर्हृदिभावेनचैवहि ॥१५॥ स्नानालंकरणं
प्रेष्ठमर्चायामेवतूद्धव ॥ स्थंडिलेतत्त्वविन्यासोवन्हावाज्यप्लुतंहविः ॥१६॥ सूर्येचाभ्यर्हणंप्रेष्ठंसलिलेसलिलादिभिः ॥ श्रद्धयोपाहृतंप्रेष्ठंभक्ते
नममवार्यपि ॥१७॥ भूर्यप्यभक्तोप तंनमेतोषायकल्पते ॥ गंधोधूपःसुमनसोदीपोऽन्नाद्यंचकिंपुनः ॥१८॥ शुचिःसंभृतसंभारःप्राग्दर्भैःक

(મારાં સ્વરૂપો) ને વિશે કરવું. ॥૯॥ પ્રથમ અંગની શુદ્ધિને માટે દાતણ કરીને, પછી તેમજ મંત્રો ભણીને: તથા માટી આદિ લગાડી બંને પ્રકારથી સ્નાન કરવું; એટલે નહાવું. ॥ ૧૦ ॥ અને તે પછી સંધ્યા અને ઉપાસના વિગેરે, વેદે આજ્ઞા કરેલાં કર્મો કરવા કેડે; કર્મ માત્રને પાવન કરનારી મારી પૂજા, સંપૂર્ણપણે કરવાનો સંકલ્પ કરવો. ॥૧૧॥ પ્રતિમાઓ (મૂર્તિઓ); [1]પથરની-[2]લાકડાની-[3]ધાતુની-[4]માટી, ચંદન, અને કુંમ વિગેરેના લેપનથી બનાવેલી-[5]ચિત્રની પેઠે આળખેલી-[6]રેતી અગર માટીની બનાવેલી-[7]મનોમય કલ્પેલી—અને [8]મણિની એટલે હીરા, મોતી, માણેક, અને કાચ વિગેરેની બનાવેલી-એ રીતે આઠ પ્રકારની કહેલછે. ॥૧૨॥ અને હે ઉદ્ધવ, [1]અચળ એટલે સ્થિર, અને [2]ચળ એટલે અસ્થિર, અથવા ઉપાડીને ગમેતાં વારંવાર લવાય લેઈ જવાય એવી; એમ તેના બે પ્રકારો પણ, કહેવાય છે. સ્થિર મૂર્તિઓમાં, પ્રતિષ્ઠા કરવાથકી; તે મારા મંદિર રૂપ થાય છે. એટલે હું તેમાં વસું છું. અને તેથીજ, પૂજન કરતાં: તેનું આવાહન, અને છેવટે ઉદ્વાસન, કરવાની: જરૂર નથી. ॥૧૩॥ અને અસ્થિર મૂર્તિઓમાં; આવાહન, અને ઉદ્વાસન, બન્ને કરાય છે, અને નથી પણ કરાતાં. પણ પૃથ્વીને વિશે-પૂજન કરતાં તો, એ બંને થવાં; કરવાંજ જોઈએ. લેપ અને ચિત્રની મૂર્તિઓનું, માત્ર માર્જન કરવું. અને તે શિવાયની તો, નવરાવવી. ॥૧૪॥ પછી ભક્તે, જ્યારે જ્યારે પ્રસિદ્ધ પદાર્થો આદિ મળી આવે, ત્યારે ત્યારે તેઓથકી; અને જ્યારે ન મળી આવે, ત્યારે મનને વિશે તે સર્વની ભાવના કરીને; નિષ્કપટપણાથી, પ્રતિમા આદિ મારાં સ્વરૂપોનું પૂજન, કરવાનું છે. ॥ ૧૫ ॥ હે ઉદ્ધવ, સ્નાન અને ઉત્તમ અલંકારો ધરવાનું આદિતો મૂર્તિઓને માટેજ છે. પૃથ્વીને વિશે કરવાનું પૂજન તો, "તત્વ વિન્યાસ" (એટલે અંગો આદિકને વિશે દેવતાઓ આદિની કલ્પના, મંત્રો વડે;) કરીનેજ, કરવું જોઈએ. અગ્નિમાં, પૂજન કરવાનું; તે, ઘીથી ભીંજવેલું હવિષ્ય અગ્નિમાં નાંખીને કરવું. ॥ ૧૬ ॥ તથા સૂર્ય અને જળને વિશે, પૂજન કરવાનું; તે પાણી આદિકથી અર્ઘ્ય આપીને, અને તર્પણ આદિ કરવાથીજ ; થવાનું મને પ્રિય છે; કેમકે ભક્તજને, શ્રદ્ધાવડે અર્પણ કરેલું પાણી પણ, મને પ્રિય હોવાથી; હું તેને અંગિકાર કરૂં છું; અને અભક્ત મનુષ્યોએ, અર્પણ કરેલાં ઘણાં ઘણાં; ગંધ-ધૂપ-ફૂલ-દીવા-અને અન્નાદિક પણ, મને સંતોષ

પ્પાડવાને; શક્તિમાન થતાં નથી: તો પછી ફરીથી શું કરવું. ॥ ૧૭–૧૮ ॥ (હવે પૂજન કરવાની રીતિ કહે છે.) પૂજન કરવાને માટે, પવિત્ર એવો પૂળો એકઠો કરીને: ડાભની અણીઓ આગળ રહે તેમ, આસનની કલ્પના, ઉગમણી અગર ઉત્તરાદી દિશામાં; કિંવા મૂર્તિની સન્મુખજ, કરીને: તે ઉપર બેસવું. ॥૧૯॥ પછી પોતે ન્યાસ કરીને, તથા મૂર્તિને વિશે પણ ન્યાસ કરીને: એ મારી મૂર્તિનું, પોતાને હાથે વતીજ, માર્જન કરવું: અને પ્રોક્ષણ કરવાના કળશ વિગેરેની પણ, યોગ્ય રીતે પવિત્રતા કરવી. ॥૨૦॥ તે પછી એ કળશના જળવડે, દેવના સ્થાનકની–પદાર્થોની–પોતાના શરીરની–અને પાણી ભરેલાં ત્રણ પાત્રો વિગેરે બીજા સર્વની; પ્રોક્ષણ કરીને, પવિત્રતા કરવી. ॥૨૧॥ પછી પાદ્યના–અર્ઘના–અને આચમનના–એમ ત્રણે જળ પાત્રોને; હૃદય, મસ્તક, અને શિખાના, મંત્રોથી; તથા ગાયત્રિ મંત્રવડે; મંત્રયુક્ત કરવાં ॥૨૨॥ પછી પ્રાણાયામથી, પ્રાણ વાયુ અને જઠરાગ્નિ સહિત શરીરને; સારી રીતે શુદ્ધ કરીને: હૃદયકમળને વિશે રહેલી, અને સિદ્ધ પુરુષોએ ધ્યાન કરેલી; ઓંકારના અંતમાં રહેલી, નાદરૂપ પરા નામની અતિ સૂક્ષ્મ; મારી આત્મ કળાનું ધ્યાન કરવું. ॥૨૩॥ અને શરીરોમાં વ્યાપક થઇને રહેલા, આત્મ તત્વને વિશે; મનવડેજ તદાકાર થઇ જવું. તથા તે પછી આવાહન કરવાવડે, મૂર્તિ આદિમાં: તેનુંજ સ્થાપન તથા ફરીથી ન્યાસ કરવા કેડે, મારું પૂજન કરવું. ॥૨૪॥ (તે એ રીતે કે,) [1]ધર્મ–[2]જ્ઞાન–[3]વૈરાગ્ય–અને [4]ઐશ્વર્ય–એ ચાર પાયાવાળા: [5]અધર્મ–[6]અજ્ઞાન–[7]અવૈરાગ્ય–અને [8]અનૈશ્વર્ય–એ ચાર ઇસ રૂપવાળાંવાળા; અને [9]ત્રણ ગુણોરૂપ પાટી જડેલા: અને તે નવે વાંનાં ઉપર, [1]વિમળા–[2]ઉત્કર્ષણી–[3]જ્ઞાના–[4]ક્રિયા–[5]યોગા–[6]પ્રહ્વી–[7]સત્યા–[8]ઇશાના–અને [9]અનુગ્રહા–એ નવે શક્તિઓને, સ્થાપન કરેલા; મારા આસન (પલંગ)ની, કલ્પના કરીને; તે ઉપર વેદ તથા શાસ્ત્ર, એકની સિદ્ધિ થવાને માટેજ; તેમના મંત્રોવડે, મારા ઉજ્વળ, અને આઠ પાંદડાં, તથા દોડી અને કેસરાઓ સહિત, કમળ સરખા સ્વરૂપનું સ્થાપન કરીને; તેનું, પાદ્ય–આચમન–અને અર્ઘ–આદિક ઉપચારોવડે, પૂજન

लिप्तासनः ॥ आसीनःप्रागुदग्वार्चेदर्चायामथसंमुखः ॥१९॥ कृतन्यासःकृतन्यासांमदर्चांपाणिनामृजेत् ॥ कलशंप्रोक्षणीयंचयथावदुप
साधयेत् ॥२०॥ तदद्भिर्देवयजनंद्रव्याण्यात्मानमेवच ॥ प्रोक्ष्यपात्राणित्रीण्यद्भिस्तैस्तैर्द्रव्यैश्चसाधयेत् ॥२१॥ पाद्यार्घ्याचमनीयार्थंत्रीणि
पात्राणिदेशिकः ॥हृदाशीर्ष्णाऽथशिखयागायत्र्याचाभिमंत्रयेत् ॥२२॥पिंडेवाय्वग्निसंशुद्धेहृत्पद्मस्थांपरांमम॥अण्वींजीवकलांध्यायेन्नादांतेसि
द्धभाविताम् ॥२३॥ तयात्मभूतयापिंडेव्याप्तेसंपूज्यतन्मयः ॥ आवाह्यार्चादिषुस्थाप्यन्यस्तांगंमांप्रपूजयेत् ॥२४॥ पाद्योपस्पर्शार्हणादी
नुपचारान्प्रकल्पयेत् ॥ धर्मादिभिश्चनवभिःकल्पयित्वासनंमम ॥२५॥ पद्ममष्टदलंतत्रकर्णिकाकेसरोज्ज्वलं ॥ उभाभ्यांवेदतंत्राभ्यांमह्यं
तूभयसिद्धये ॥२६॥ सुदर्शनंपांचजन्यंगदासीषुधनुर्हलान् ॥ मुसलंकौस्तुभंमालांश्रीवत्संचानुपूजयेत् ॥२७॥ नंदंसुनंदंगरुडंप्रचंडंचंडमे
वच ॥ महाबलंबलंचैवकुमुदंकुमुदेक्षणं ॥२८॥ दुर्गांविनायकंव्यासंविष्वक्सेनंगुरून्सुरान्॥ स्वेस्वेस्थानेत्वभिमुखान्पूजयेत्प्रोक्षणादिभिः
॥२९॥ चंदनोशीरकर्पूरकुंकुमागुरुवासितैः ॥ सलिलैःस्नापयेन्मंत्रैर्नित्यदाविभवेसति ॥३०॥ स्वर्णघर्मानुवाकेनमहापुरुषविद्यया ॥ पौ
रुषेणापिसूक्तेनसामभीराजनादिभिः ॥३१॥ वस्त्रोपवीताभरणपत्रस्रग्गंधलेपनैः ॥ अलंकुर्वीतसप्रेममद्भक्तोमांयथोचितं ॥३२॥ पाद्यमा
चमनीयंचगंधंसुमनसोऽक्षतान् ॥ धूपदीपोपहार्याणिदद्यान्मेश्रद्धयाऽर्चकः ॥३३॥ गुडपायससर्पींषिशष्कुल्यापूपमोदकान् ॥ संयावदधि
सूपांश्चनैवेद्यंसतिकल्पयेत् ॥३४॥ अभ्यंगोन्मर्दनादर्शदंतधावाभिषेचनं ॥ अन्नाद्यगीतनृत्यादिपर्वणिस्युरुतान्वहं ॥३५॥ विधिनाविहि
तेकुंडेमेखलागर्तवेदिभिः ॥ अग्निमाधायपरितःसमूहेत्पाणिनोदितं ॥३६॥ परिस्तीर्याथपर्युक्षेदन्वाधाययथाविधि ॥ प्रोक्षण्यासाद्यद्रव्या
णिप्रोक्ष्याग्नौभावयेतमाम्॥३७॥ तप्तजांबूनदप्रख्यंशंखचक्रगदांबुजैः ॥ लसच्चतुर्भुजंशांतंपद्मकिंजल्कवाससं॥३८॥ स्फुरत्किरीटकटक
कटिसूत्रवरांगदं ॥ श्रीवत्सवक्षसंभ्राजत्कौस्तुभंवनमालिनं ॥३९॥ ध्यायन्नभ्यर्च्यदारूणि हविषाभिघृतानिच ॥ प्रास्याज्यभागावाघारौद

કરવાની કલ્પના કરવી. ॥૨૫–૨૬॥ તથા પછીથી, [1]સુદર્શન ચક્ર–[2]પંચજન્ય શંખ–[3]કૌમુદકી ગદા–[4]તરવાર–[5]બાણો અને સારંગધનુષ્ય–[6]હળ અને મુસળ–[7]કૌસ્તુભમણિ–[8]વનમાળા–[9]શ્રીવત્સ–એ નવઅસ્ત્રો:–[1]નંદ–[2]સુનંદ [3]ગરૂડ–[4]પ્રચંડ–[5]ચંડ–[6]મહાબળ–[7]બળ–[8]કુમુદ–અને–[9]કુમુદેક્ષણ–એ નવ પાર્ષદો; તથા દુર્ગાદેવી–વિનાયક વ્યાસ–વિશ્વકસેન–ગુરૂ–અને દેવતાઓ–એ સર્વની પોતપોતાના સ્થાનને વિશે કલ્પના કરીને; તેમનું પ્રોક્ષણ તથા પૂજન આદિક,ઉપર કહેલા વિધિથીજ કરવું.॥૨૭–૨૮–૨૯॥ પછી જો વૈભવ હોય તો, નિત્ય નિત્ય, ચંદન–અગર–વાળા–કપુર–અને કેસર–આદિક થકી, સુવાસિત કરેલા જળથી; સ્વર્ણઘર્મ નામનો અનુવાક–મહાપુરુષ નામની વિદ્યા–પુરૂષ નામનું સુક્ત–અને સામ તથા રાજન, આદિકના મંત્રો–ભણીને, મને સ્નાન કરાવીને; તથા વસ્ત્રો, ઉપવિત, (જનોઇ,) ઘરેણાં, તુલસી પત્ર, ફૂલની માળા, અને સુગંધીનાં લેપન, આદિ ધારણ કરાવી નાંખજે બની આવે તે, યથાયોગ્ય ઉપચારો; મારા ભક્તે, મને પ્રેમ સહિત અર્પણ કરવા. ॥ ૩૦–૩૧–૩૨॥ અને જો બની આવે તો, પાદ્ય– આચમન–ગંધ–ફૂલ–અક્ષત–ધૂપ–દીપ અને ભોજનને માટે; ગોળ–ઘી–અને દૂધ–સહિત અન્નો, દૂધપાક–સુંવાળી–લાડુ–ખીર–વિગેરે બનાવીને; તેનાં તથા દહીં:–અને દાળ વિગેરેનાં, નૈવેદ્ય તૈયાર કરીને; મને શ્રદ્ધા સહિત અર્પણ કરવાવડે, મારું પૂજન કરવું. ॥૩૩–૩૪॥ તથા અભ્યંગ–મર્દન–દર્પણ–દાતણ–નહાવાનું–ખાવાના પદાર્થ–ગાયન–અને નાચ,–રોજ રોજ કરવાં; અને પર્વણીને દિવસે તો, તે વધારે વધારે; અર્પણ કરવાં. ॥ ૩૫ ॥ (હવે અગ્નિમાં પુજન કરવાની રીતિ કહેછે.) મેખલા–ગર્ત–અને વેદી સહિત વિધિ પ્રમાણે બનાવેલા કુંડમાં, અગ્નિને સ્થાપન કરી; તેને સળગાવ્યા પછી, હાથવડે એકઠો કરવો. ॥૩૬॥ પછી દર્ભાદિકથી પ્રોક્ષણ કરીને, અગ્નિનો પડોશો કરવો; તે પછી પદાર્થો, તથા અગ્નિનું, પ્રોક્ષણ કરીને: વિધિ પ્રમાણે, અન્વાધાન કરવું; એટલે આહુતિઓવડે, તેમાં સમિધ વિગેરે નાંખવું; અને તે પછી તેને વિશે, મારા નીચે પ્રમાણેના સ્વરૂપની; ભાવના કરવી. ॥૩૭॥ તે મારું સ્વરૂપ તપાવેલા સોના જેવું પ્રકાશિત છે; શંખ ચક્ર ગદા અને કમળ ધરેલાં છે;–ચાર ભુજાવાળું, શાંત, અને કમળના કેસરા સરખાં પીળાંવસ્ત્રોથકી શોભે છે. ॥૩૮॥ મુકુટ, કડાં, કંદોરો, અને ઉત્તમ બાજુબંધ, જળકી રહ્યાં છે: અને વક્ષસ્થળમાં શ્રીવત્સથી, ગળામાં

કરતુંમ ર્મ , તથા વનમાળાથકી, શોભે છે. ॥ ૩૯ ॥ એવા સ્વરૂપનું ધ્યાન કરીને, લાકડાં–હવિષ્ય–અને ઘી વિગેરે ... આજ્ય ભાગ, અને બે આધાર, (એટલે ફરતું ઘી રેડવું તે,) આપીને; અગ્નિમાં હવિષ્ય હોમવાને, મૂળ મંત્રવડે; સોળે પ્રકારથકી, એક ચિત્તે મારૂં પૂજન કરવું. અને ધર્મ આદિક પાર્શદો વિગેરેનું પણ, સ્વિષ્ટકૃત નામના મંત્રોથી; યથાન્યાય પૂજન કરવું. ॥૪૦–૪૧॥ તથા હું, પરબ્રહ્મ–નારાયણ–અને આત્મ સ્વરૂપનું, સ્મરણ કરીને; મૂળ મંત્રનો જપ કરવો: આ રીતે મારૂં પૂજન કરવા પછી, નમસ્કાર કરીને; પાર્શદો વિગેરેને પણ, બલી આપવાં. ॥૪૨॥ પછી આચમન આપીને, શેષ રહેલું હોય તે; મનવડેજ, વિશ્વકસેનને; અર્પણ કરવું. ને પછીથી મુખવાસને અર્થે, સુગંધીવાળુ તંબોળ અર્પણ કરવું. ॥૪૩॥ તે પછી થોડીવાર અવકાશ લેઇને, ગાયન–કીર્તન–અને નાચ–વિગેરે કરીને; મારાં કર્માદિકનું સ્મરણ કરવું, અને મારી કથાઓ સાંભળવી; તથા સંભળાવવી. ॥૪૪॥ તે પછી વેદનાં–પુરાણોનાં–અને પ્રાકૃત–નાનાં મોટાં સ્તોત્રો (ભજનો) થકી; મારી પ્રાર્થનાકરી, અને દંડવત નમસ્કાર કરીને; કહેવું કે; " હે ભગવાન પ્રસન્ન થજો. " ॥૪૫॥ અને બંને હાથ ભેગાકરી, મારા પગમાં માથું મૂકીને; કહેવું કે; " હે ઇશ્વર મૃત્યુરૂપી ઝૂડવાળા, સંસાર સમુદ્રથકી બીન્હેલા; અને શરણ આવનારા હું છું, તમે રક્ષણ કરજો–" ॥૪૬॥ એ રીતે સઘળું કરવા પછી, શેષ રહેલાને મારૂં આપેલું જાણીને; તેનો આદર સહિત સ્વીકાર કરવો: અને તે કેડે, ઉદ્વાદન કરવા સરખું હોય તો; જે રીતે એ જ્યોતિ સ્વરૂપને, સ્થાપન કર્યું હોય: તેજ રીતે, તેનું ઉદ્વાદન કરવું.॥૪૭॥ આ રીતે મૂર્તિ આદિક, મારા જે સ્વરૂપમાં; શ્રદ્ધા હોય: તેમાંજ મારૂં પૂજન કરવાનું છે. કેમકે સર્વનો આત્મા હું, સર્વ પ્રાણી પદાર્થાદિકને વિશે: આત્મ સ્વરૂપથી, રહેલોજછું, ॥૪૮॥ એ રીતના કર્મયોગથી, વેદ વિધિ અને શાસ્ત્ર વિધિ, બંનેમાંથી; ગમે તે માર્ગવડે, મારૂં પૂજન કરનારો પુરૂષ; ઇચ્છિત સિદ્ધિને પામે છે. ॥૪૯ ॥ વળી સમર્થ પુરૂષોએ તો નિત્ય અને પર્વના દિવસોએ; પૂજા–યાત્રાઓ–અને ઉત્સવોને માટે–ઉપયોગી થાય, એવી રમણિક ફૂલવાડીઓ સહિત,

त्वाचाज्यप्लुतंहविः ॥४०॥ जुहुयान्मूलमंत्रेणषोडशर्चाऽवदानतः ॥ धर्मादिभ्योयथान्यायंमंत्रैःस्विष्टकृतंबुधः ॥४१॥ अभ्यर्च्याथनमस्कृत्यपार्षदेभ्योबलिंहरेत् ॥ मूलमंत्रंजपेद्ब्रह्मस्मरन्नारायणात्मकं ॥४२॥ दत्वाचमनमुच्छेषंविष्वक्सेनायकल्पयेत् ॥ मुखवासंसुरभिमत्तांबूलाद्यमथार्हयेत् ॥४३॥ उपगायन्गृणन्नृत्यन्कर्माण्यभिनयन्मम ॥ मत्कथाःश्रावयन्शृण्वन्मुहूर्तंक्षणिकोभवेत् ॥४४॥ स्तवैरुच्चावचैःस्तोत्रैःपौराणैःप्राकृतैरपि ॥ स्तुत्वाप्रसीदभगवन्निति वंदेत दंडवत् ॥४५॥ शिरोमत्पादयोःकृत्वाबाहुभ्यांचपरस्परं ॥ प्रपन्नंपाहिमामीशभीतंमृत्युग्रहार्णवात् ॥४६॥ इतिशेषांमयादत्तांशिरस्याधायसादरं ॥ उद्वासयेच्चेदुद्वास्यंज्योतिर्ज्योतिषितत्पुनः ॥४७॥ अर्चादिषुयदायत्रश्रद्धामांतत्रचार्चयेत् ॥ सर्वभूतेष्वात्मनिचसर्वात्माऽहमवस्थितः ॥४८॥ एवंक्रियायोगपथैःपुमान्वैदिकतांत्रिकैः॥ अर्चन्नुभयतःसिद्धिंमत्तोविंदत्यभीप्सितां ॥४९॥ मदर्चासंप्रतिष्ठाप्यमंदिरंकारयेद्दृढं ॥ पुष्पोद्यानानिरम्याणिपूजायात्रोत्सवाश्रितान् ॥५०॥ पूजादीनांप्रवाहार्थंमहापर्वस्वथान्वहं ॥ क्षेत्रापणपुरग्रामान्दत्वामत्सार्ष्टितामियात् ॥५१॥ प्रतिष्ठयासार्वभौमंसद्मनाभुवनत्रयं॥ पूजादिनाब्रह्मलोकंत्रिभिर्मत्साम्यतामियात् ॥५२॥ मामेवनैरपेक्ष्येणभक्तियोगेनविंदति॥भक्तियोगंसलभतेएवंयःपूजयेतमाम् ॥५३॥ यःस्वदत्तांपरैर्दत्तांहरेतसुरविप्रयोः ॥वृत्तिंसजायतेविड्भुग्वर्षाणामयुतायुतं ॥५४॥ कर्तुश्चसारथेर्हेतोरनुमोदितुरेवच ॥ कर्मणांभागिनःप्रेत्यभूयोभूयसितत्फलं ॥५५॥ इ० भा०ए० सप्तविंशोऽध्यायः ॥२७॥ श्रीभग०परस्वभावकर्माणिनप्रशंसेन्नगर्हयेत् ॥ विश्वमेकात्मकंपश्यन्प्रकृत्यापुरुषेणच ॥१॥परस्वभावकर्माणियःप्रशंसतिनिंदति ॥ सआशुभ्रश्यतेस्वार्थादसत्यभिनिवेशतः ॥२॥ तैजसेनिद्रयापन्नेपिंडस्थोनष्टचेतनः ॥ मायांप्राप्नोतिमृत्युंवातद्वन्नानार्थदृक्पुमान् ॥३॥ किंभद्रंकिमभद्रंवाद्वैतस्यावस्तुनःकियत् ॥ वाचोदितंतदनृतंमनसाध्यातमेवच॥४॥छायाप्रत्याह्वयाभासाह्यसंतोऽप्यर्थकारिणः॥ एवंदेहादयोभावायच्छंत्यामृत्युतोभयं ॥५॥ आत्मैवतदिदंविश्वंसृज्यतेसृजतिप्रभुः ॥ त्रायतेत्रातिविश्वात्माह्रियतेहरतीश्वरः

મજબૂત મંદિરો બનાવીને; તેમાં મારી મૂર્તિ (પ્રતિમા)નું, સ્થાપન કરવું જોઇએ; તથા પૂજનાદિક યથાયોગ્ય થવાનું ચાલુ રહેવા માટે; ખેતરો–દુકાનો–ગામો–અને નગરો; અર્પણ કરવાં જોઇએ; કારણ એ રીતે કરનારાઓને, મારા સરખાજ ઐશ્વર્યની પ્રાપ્તી થાય છે. ॥૫૦–૫૧ ॥ પ્રતિમા આદિની પ્રતિષ્ટા કરનારાને, ચક્રવર્તિ રાજ્ય મળે છે; મંદિર બંધાવવાની સાથે, તેમાં પ્રતિમાની પ્રતિષ્ટા કરનારાને; ત્રણે ભુવનનું અધિપતિપણું મળે છે. અને પૂજન આદિ કરવા થકી, બ્રહ્મલોકની પ્રાપ્તિ થાય છે. તથા એ ત્રણે વાનાં કરનારને, મારા સરખુંજ ઐશ્વર્ય મળે છે. ॥ ૫૨ ॥ તેમજ એ પ્રકારનું પૂજન ભક્તિ ભાવવડે, નિરપેક્ષપણે કરનારાને તો, મારા ભક્તિયોગનીજ પ્રાપ્તિ થાય છે. ॥ ૫૩ ॥ જે પુરૂષ પોતે આપેલીજ, અથવા બીજાએ આપેલી; દેવ અને બ્રાહ્મણ આદિની, આજીવિકાનું હરણ કરે છે: તે લાખો લાખ વરસો સુધી, વિષ્ટાને ખાનારો કીડો અવતરે છે ॥ ૫૪ ॥ તથા એ કામો કરવામાં, તેમજ આજીવિકાઓ તોડી નાંખવાની બાબતમાં પણ; સહાયતા આપનારાને—પ્રેરણા કરનારને–અને સમ્મતિ આપનારને—એ; તે કામોના કર્તાના સરખુંજ ફળ, મૂવા પછી; ભોગવવાને પ્રાપ્ત થાય છે. ॥૫૫॥ ઇતિ० શ્રી० ભાગવતે અગિયારમા સ્કંધનો કર્મ યોગ નામે સત્તાવિશમો અધ્યાય સંપૂર્ણ. ॥૨૭॥

અધ્યાય ૨૮ મો.—પ્રકૃતિ અને પુરૂષથકી બનેલું આખું વિશ્વ, એક સરખાજ સ્વભાવવાળું હોવાનું જાણીને; તમે, બીજાઓના સ્વભાવ અથવા કર્મોની; પ્રસંશા અથવા નિંદા કરશો નહીં. ॥૧॥ કેમકે બીજાઓના સ્વભાવ અગર કર્મોની. સ્તુતિ કિંવાં નિંદા કરનારો પુરૂષ, અસત્ (મિથ્યા પ્રાણી પદાર્થાદિક દ્વૈત માત્ર,)ને વિશે અભિનિવેશ થવાને લીધે; ઉતાવળોજ પોતાના સ્વાર્થથકી, ભ્રષ્ટ થાય છે. ॥ ૨॥ શરીરમાં રહેલો, જાગ્રત અવસ્થાનો આત્મા (તૈજસ); નિદ્રા પામવાથી, જ્ઞાન રહિત થઇ જઇને; માયારૂપ સ્વપ્નને, જેમ પામે છે: તેમજ દ્વૈત પદાર્થાદિકને જોનારો (સત્ માનનારો,) પુરૂષ; મૃત્યુને પામે છે. ॥૩॥ વાણીથકી બોલાય છે, તથા મનવડે ધારણ થાય છે: તે સઘળુંજ, મિથ્યા છે; તો એવું વસ્તુરૂપે, સત્ય નહીં હોનારા; દ્વૈત માત્રને વિશે, સારૂં શીયું છે: અને નઠારૂં શીયું છે. ? (અર્થાત સારૂં નરસું કહેવા જેવું, કાંઇજ નથી) ॥૪॥ છાયા (પડછાયો;)

–પ્રતિધ્વની (પડઘો,)–અને આભાસ; અસત્ હોવા છતાં, જેમ ફળ આપનારાં થાય છે; તેમજ દેહાદિક વસ્તુઓ (દ્વૈત પદાર્થાદિક,)ને, સત્‌રૂપે મનાતા સુધીજ આત્માને; મૃત્યુથકી ભય થયા કરે છે. ॥૫॥ પ્રભુ–વિશ્વાત્મા–અને ઇશ્વર એવા ભગવાન; પોતાના આત્મ સ્વરૂપને વિશેજ; સર્જનારરૂપે, આ વિશ્વરૂપ પોતાનેજ, પોતે સર્જે છે; પાલન કરનારરૂપે, પોતે પોતાનુંજ પાલન કરે છે; અને નાશ કરનારરૂપે, પોતે પોતાનોજ નાશ પણ કરે છે. ॥૬॥ એટલા માટે એ આત્મ સ્વરૂપ ભગવાન થકી નોખો; કોઇ પણ પદાર્થ, કહી શકાય તેમ નથી; અને ત્રણ પ્રકારના પદાર્થાદિક કહેવામાંઆવે છે, તે નિર્મૂળ છે; છતાં ગુણોમય માયાએ, આ ત્રણ પ્રકારોવાળું જગત; એ આત્મ સ્વરૂપને વિશેજ, દેખાતું કરેલું છે. ॥૭॥ આ પ્રકારના મેં કહેલા, જ્ઞાન અને વિજ્ઞાનથી નિપુણ થયેલો વિદ્વાન પુરૂષ, કોઇની પણ નિંદા અથવા સ્તુતિ નહીં કરતાં; લોકને વિશે સૂર્યના સરખો, (સંગ રહિત થઇને,) ફરે છે. ॥૮॥ તથા [1]પ્રત્યક્ષ–[2] અનુમાન–[3] શાસ્ત્ર–અને [4] પોતાનો અનુભવ એ ચારે પ્રમાણો વડે; એ વિશ્વ રૂપ દ્વૈત પદાર્થાદિકને, અસત્ તથા આદિ અંતવાળું જાણી; તે સઘળા થકી, સંગ રહિત થઇને; અહીંયાં વિચરે છે. ॥૯॥–ઉદ્ધવ–હે ઇશ્વર, સળગેલાં લાકડાં માંહેના અગ્નિના સરખો આત્માતો, સ્વયંજ્યોતિ–અનાવૃત–શુદ્ધ–નિર્ગુણ–અને અવ્યય છે; તેથી તે દૃષ્ટારૂપ આત્માને તો, સંસાર થતો નથીજ; તેમજ લાકડાંના સરખો, ચેતન રહિતજ દેહ છે; તેથી દૃશ્યરૂપ એ દેહને પણ, સંસાર તો થતો નથીજ. અને એ સંસાર, અનાત્મ સરખા કોઇકને; થતો તો જોવામાં આવેછેજ. ત્યારે આપ મને કહોકે, અહીયાં સંસાર કોને થાય છે. ॥૧૦–૧૧॥–શ્રીભગવાન–જ્યાં સુધી દેહ–ઇંદ્રિય–અને પ્રાણ આદિકની સાથે; આત્મા સંબંધવાળો, (એટલે અહંમમત્વ કરનારો,) હોય છે; ત્યાં સુધીજ, ખરૂં જોતાં સંસાર નિરર્થક (મિથ્યા) હોવા છતાં પણ; તે અવિવેકીઓને તો, (સારાં માઠાં) ફળ આપનારો થાય છેજ. ॥ ૧૨ ॥ એમ સંસાર, મૂળમાંજ વિદ્યમાન ન હોવા છતાં; તેમને (અવિવેકીઓને); વિષયોનું ધ્યાન કરનારાને, સ્વપ્નના અનર્થો પ્રાપ્ત થવાની પેઠે; નિવૃત્ત, થતોજ નથી. ॥ ૧૩ ॥ વળી નહી જાગેલાને સ્વપ્ન જેમ, ઘણા ઘણા અનર્થો પ્રાપ્ત કરનારૂં થાયછે; તેમ તે જાગેલાને મોહ ઉપજ કરી શકતું નથી. ॥૧૪॥ તે રીતેજ, શોક–હર્ષ–ભય–ક્રોધ–લોભ–મોહ–અને સ્પૃહા આદિ, તથા જન્મ અને મૃત્યુ પણ; તે અહં મમત્વને લેઇનેજ, દેખાયછે; પણ આત્માને તો દેખાતાં નથીજ. ॥૧૫॥ દેહ–ઇંદ્રિય–અને પ્રાણ આદિકને વિશે અભિમાન કરનારૂં, અને ગુણ તથા કર્મોથી બનેલું; અંતઃકરણનું સ્વરૂપ, કે જે–[1]મન–[2]જીવ–[3] સૂત્ર[4] મહત્,

॥६॥ तस्मान्नह्यात्मनोऽन्यस्मादन्योभावोनिरूपितः ॥ निरूपितेऽयंत्रिविधानिर्मूलाभातिरात्मनि ॥ इदंगुणमयंविद्धित्रिविधंमायया कृतं॥७॥ एतद्विद्वान्मदुदितंज्ञानविज्ञाननैपुणं ॥ ननिंदतिनचस्तौतिलोकेचरतिसूर्यवत् ॥८॥ प्रत्यक्षेणानुमानेननिगमेनात्मसंविदा ॥ आद्यंतवदसज्ज्ञात्वानिःसंगोविचरेदिह ॥९॥ उद्धव० नैवात्मनोनदेहस्यसंसृतिर्द्रष्टृदृश्ययोः ॥ अनात्मसदृशोरीशकस्यस्यादुपलभ्यते ॥१०॥ आत्माऽव्ययोगुणःशुद्धःस्वयंज्योतिरनावृतः ॥ अग्निवद्दारुवदचिद्देहःकस्येहसंसृतिः ॥११॥ श्रीभग० यावद्देहेंद्रियप्राणैरात्मनःसंनिकर्षणम्॥ संसारःफलवांस्तावदपार्थोऽप्यविवेकिनः ॥१२॥ अर्थेह्यविद्यमानेपिसंसृतिर्ननिवर्तते ॥ ध्यायतोविषयानस्यस्वप्नेनर्थागमोयथा ॥१३॥ यथाह्यप्रतिबुद्धस्यप्रस्वापोबह्वनर्थभृत् ॥ सएवप्रतिबुद्धस्यनवैमोहायकल्पते ॥१४॥ शोकहर्षभयक्रोधलोभमोहस्पृहादयः ॥ अहंकारस्यदृश्यंतेजन्ममृत्युश्चनात्मनः ॥१५॥ देहेंद्रियप्राणमनोभिमानोजीवोंऽतरात्मागुणकर्ममूर्तिः ॥ सूत्रंमहानित्युरुधेवगीतःसंसारआधावतिकालतंत्रः ॥ १६ ॥ अमूलमेतद्बहुरूपरूपितंमनोवचःप्राणशरीरकर्म ॥ ज्ञानासिनोपासनयाशितेनच्छित्वापुनर्गांविचरत्यतृष्णः ॥१७॥ ज्ञानंविवेकोनिगमस्तपश्चप्रत्यक्षमैतिह्यमथानुमानं॥ आद्यंतयोरस्ययदेवकेवलंकालश्चहेतुश्चतदेवमध्ये ॥१८॥ यथाहिरण्यंसुकृतंपुरस्तात्पश्चाच्चसर्वस्यहिरण्मयस्य॥ तदेवमध्येव्यवहार्यमाणंनानापदेशैरहमस्यतद्वत् ॥१९॥ विज्ञानमेतत्त्रियवस्थमंगगुणत्रयंकारणकार्यकर्तृ॥ समन्वयेनव्यतिरेकतश्चयेनैवतुर्येणतदेवसत्यं॥२०॥ नयत्पुरस्तादुतयन्नपश्चान्मध्येचतत्तद्व्यपदेशमात्रं॥ भूतंप्रसिद्धंचपरेणयद्यत्तदेवतत्स्यादितिमेमनीषा ॥२१॥ अविद्यमानोऽप्यवभासतेयोवैकारिकोराजससर्गएषः॥ ब्रह्मस्वयंज्योतिरतोविभातिब्रह्मेंद्रियार्थात्मविकारचित्रं ॥ २२ ॥

ત્વ–અને [5] લિંગ દેહ–વિગેરે ઘણાં નામોથી બોલાયછે; તેજ, કાળના વશમાં રહીને; સંસારને વિશે દોડયા કરેછે. (એટલે એક પછી એક અવતારમાં જાયછે.) ॥૧૬॥ એ રીતે સંસાર રૂપી જગત, નિર્મૂળ છતાં; મનવાણી–અને ઇંદ્રિયો વડે, બહુ બહુ પ્રકારનાં શરીરો; અને કર્મો આદિરૂપે પણ થયેલું છે. માટે તેને, ઉપાસનાથી તીક્ષ્ણ કરેલા જ્ઞાન રૂપી તરવાર વડે, કાપી નાંખીને; પછીથી તમે, તૃષ્ણા રહિત થઇ પૃથ્વીને વિશે વિચરો. ॥૧૭॥ એ (જગતના) આદિ અને અંતમાં, જે રહેછે; તે, કેવળ (એટલે જ્ઞાન–આત્મ તત્વ–અમર પરમાત્મા) છે. તથા મધ્યકાળમાં, જે કાંઇ દેખાયછે; તે સઘળું કાળના હેતુરૂપ, એટલે નાશવંત અસત્ છે; એવો વિવેકઃ [1] નિગમ (એટલે શાસ્ત્ર,)–[2] તપ (એટલે સ્વધર્માચરણ,)–[3]પ્રત્યક્ષ (એટલે નજરે જોવાથી ખાતરીથવી તે,)–[4]ઇતિહાસ (એટલે પૂર્વના શ્રેષ્ઠ પુરુષો કહી ગયેલા તે,)–અને [5] અનુમાન (એટલે તર્ક,) એ પાંચે જાતનાં પ્રમાણો થકી, પ્રાપ્ત થવો; તેનેજ જ્ઞાન કહેછે. ॥૧૮॥ ઘાટ ઘડવાની પેહેલાં, તથા છેવટે, (ઘાટ ભાંગી નાખીએ ત્યારે.) પણ; સારી રીતનું શુદ્ધ સોનુંજ, અવશેષ પણે રહેછે. અને વચમાં, અનેક ઘાટ આદિક નામો;તેનાં વ્યવહારને માટેજ, કલ્પાયલાં હોયછે. તે રીતેજ, આ જગતના આદિ અને અંતમાં, તથા મધ્યમાં પણ; હું શુદ્ધ રૂપેજ છું. છતાં મધ્યકાળમાં, માત્ર વ્યહારને માટેજ; મારાં અનેક પ્રકારનાં નામો, કલ્પાયલાં હોય છે. ॥ ૧૯ ॥ હે ઉદ્ધવ, ત્રણ ગુણોમય કારણો, (મહાભૂતો)–કાર્યો, (પદાર્થાદિક,)–અને કર્તાઓ, (ઇંદ્રિયાદિકના દેવતાઓ) એમની ત્રણે અવસ્થાઓને વિશે; જે અન્વય પણાથી, સમાન પણે કિંવા, વ્યાપીને રહેલ છે; તથા ત્રણે અવસ્થાઓ થકી ચોથી અવસ્થા રૂપે, જે તે સઘળા થકી વ્યતિરિક્ત પણ છે; અને જેની પેહેલાં અથવા પાછળ, કશુએ હોતુ નથી; તથા મધ્ય કાળમાં પણ, પ્રસિદ્ધ પ્રાણી પદાર્થાદિક રૂપે, જે હોય છે; તે, માત્ર કેહેવા પૂરતાંજ વ્યવહાર માટેનાં નામો; તેનાં પોતાનાંજ પડેલાં હોય છે. એ રીતનું એકજ–સત્ય–અને વ્યાપક–આત્મ સ્વરૂપ, સર્વકાળ અને સર્વત્ર હોવાનું જાણવું; તે વિજ્ઞાનછે. એવી મારી મતિ છે. ॥૨૦–૨૧॥ આ રીતે, જે મૂળેજ વિદ્યમાન નથી, એવો વૈકારિક–રાજસ–અને તામસ–સર્ગ (એટલે સૃષ્ટિરૂપે;) એ સ્વયંજ્યોતિ બ્રહ્મ પોતેજ; ઇંદ્રિયો–વિષયો–મનઆદિ ઇંદ્રિયોના દેવતાઓ–મહાભૂતો–અને વિકારો એટલે પદાર્થાદિક–એ સઘળા રૂપે; વિચિત્ર પ્રકારો વાળા, થઇને દેખાવાથીજ; ભાસમાન થાયછે. એમ જાણો. ॥૨૨॥ આ રીતનાં સ્પષ્ટ કારણોથી, પર બ્રહ્મના વિવેકને પામેલો–દ્વૈત માત્રને મિથ્યા જાણનારો–અને આત્મસ્વરૂપને

વિશેજ સંતોષ પામેલો–પુરૂષ: પોતાની વિશારદ બુદ્ધિવડે, પોતાના સર્વ સંદેહોને કાપી નાંખીને: સર્વે કામનાઓ થકી, વિરામ પામે છે. ॥२३॥ ઇંદ્રિયો–ઇંદ્રિયોના દેવતાઓ–પ્રાણ–મન–બુદ્ધિ–ચિત–અહંકાર–પૃથ્વી–જળ–વાયુ–અગ્નિ–આકાશ–અને તેમની તન્માત્રાઓ–એઓની સમાનતાથી બનેલું: અને અન્નના ટેકાવડેજ, ઉભી રહેનારૂં પૃથ્વીના વિકાર રૂપ, શરીર; તે આત્મા નથીજ. ॥ २४ ॥ વાદળાં આવવા થકી, અને જતાં રહેવા થકી પણ, સૂર્યને અસર નહીં થવાની પેઠેજ; મારા સ્વરૂપને, સારી રીતે જાણનારા પુરૂષને: ગુણોમાં લાગી જવાના સ્વભાવ વાળી ઇંદ્રિઓને વશમાં રાખવા થકી, કાંઈ ગુણ થતો નથી; તેમજ તે ઇંદ્રિઓને વિક્ષેપ થવા થકી, કાંઈ દોષ પણ; થતો નથીજ. ॥ २५ ॥ વાયુ–અગ્નિ–જળ–અને પૃથ્વી–આદિના રજકણો, તથા ઋતુઓના ગુણો; પોતાને વિશે, આવવા અને જવા છતાં; જેમ આકાશ, તેઓને વિશે, આસક્તિ વાળું થતુ નથી; તે રીતેજ, અહંમતિ વાળા પુરૂષને સંસાર ઉત્પન્ન કરનાર ગુણો, એટલે સત્વ–રજ–અને તમરૂપી મેલોને વિશે;

પરમ અને અક્ષર આત્મા પણ આસક્તિ વાળો, થતોજ નથી. ॥२६॥ તોએ પણ જ્યાં સુધી, મારા દૃઢ ભક્તિ યોગવડે: મનના રોગ રૂપ રજોગુણ થકી, નિર્વૃત્ત નથાય; ત્યાં સુધી માયાએ રચેલા ગુણોના, (એટલે પ્રાણી પદાર્થાદિક દ્વૈતનો,,) સંગ તો: તજવોજ જોઇએ. ॥२७॥ મનુષ્યોના રોગો, જેમ સારી રીતે તેની ચિકિત્સા નહીં થવાથી, ફરી ફરીને ઉત્પન્ન થાયછે; તેમજ કાચા યોગીઓને, મનના પરિપક્વ નહીં થયેલા મેલ; અને કર્મો, તથા સર્વનો સંગ; ફરી ફરીને થનોજ, જોવામાં આવેછે. ॥२८॥ પણ એ કાચા યોગીઓને, એ પ્રકારના પ્રાણીઓ–મનુષ્યો–અને દેવતાઓએ ઉત્પન્ન કરેલા, અંતરાયો પ્રાપ્ત થવા છતાં; તેઓ પૂર્વે કર્મોના અભ્યાસના બળ વડે; ફરીથી પણ, યોગ માર્ગને વિશેજ ચાલે છે; અને કર્મ માર્ગ ને પકડતા નથીજ. ॥ २९ ॥ પરંતુ તૃષ્ણા થકી નિર્વૃત્ત થયેલો, અને આત્મ સુખનો અનુભવ કરનારો, વિદ્વાન પુરૂષ તો; કોઇ એક (પૂર્વ કર્મના) કારણથી, દેહને વિશે રહેલો છતાં; તેનો દેહ, એ દેહનો નાશ થવા સુધી

एवंग्गुणव्यूह विवेकहेतुभिःपरापवादेनविशारदेन॥ छित्वात्मसंदेहमुपारमेतस्वानंदतुष्टोऽखिलकामुकेभ्यः ॥२३॥ नात्मावपुःपार्थिवमिंद्रियाणिदेवाह्यसुर्वायुजलंहुताशः ॥ मनोऽन्नमात्रंधिषणाचसत्त्वमहंकृतिःखंक्षितिरर्थसाम्यं ॥२४॥ समाहितैःकःकरणैर्गुणात्मभिर्गुणोभवेन्मत्सुविविक्तधाम्नः ॥ विक्षिप्यमाणैरुतकिंनुदूषणंघनैरुपेतैर्विगतैरवेःकिं ॥२५॥ यथानभोवाय्वनलांबुभूगुणैर्गतागतैर्वर्त्तुगुणैर्नसज्जते ॥ तथाऽक्षरंसत्त्वरजस्तमोमलैरहंमतेःसंसृतिहेतुभिःपरं॥२६॥ तथापिसंगःपरिवर्ज्जनीयोगुणेषुमायारचितेषुतावत् ॥ मद्भक्तियोगेनदृढेनयावद्रजोनिरस्येतमनःकषायः ॥२७॥ यथाऽमयोऽसाधुचिकित्सितोनृणांपुनःपुनःसंतुदतिप्ररोहान् ॥ एवंमनोऽपक्वकषायकर्मकुयोगिनंविध्यतिसर्वसंगं॥२८॥ कुयोगिनोयेविहितांतरायैर्मनुष्यभूतैस्त्रिदशोपसृष्टैः॥ तेप्राक्तनाभ्यासबलेनभूयोयुंजंतियोगंनतुकर्मतंत्रं॥२९॥ करोतिकर्मक्रियतेचजंतुःकेनाप्यसौचोदितआनिपातात्॥नतत्रविद्वान्प्रकृतौस्थितोऽपिनिवृत्ततृष्णःस्वसुखानुभूत्या॥३० तिष्ठंतमासीनमुतव्रजंतंशयानमुक्षंतमदंतमन्नं॥ स्वभावमन्यत्किमपीहमानमात्मानमात्मस्थमतिर्नवेद॥३१॥ यदिस्मपश्यत्यसदिंद्रियार्थंनानाऽनुमानेनविरुद्धमन्यत् ॥ नमन्यतेवस्तुतयामनीषीस्वाप्नंयथोत्थायतिरोदधानं॥३२॥ पूर्वंगृहीतंगुणकर्मचित्रमज्ञानमात्मन्यविविक्तमंग ॥ निवर्ततेतत्पुनरीक्षयैवनगृह्यतेनापिविसृज्यआत्मा॥३३॥यथाहिभानोरुदयोनृचक्षुषांतमोनिहन्यान्नतुसद्विधत्ते ॥ एवंसमीक्षानिपुणासतीमेहन्यात्तमिस्रंपुरुषस्यबुद्धेः ॥ ॥३४॥ एषस्वयंज्योतिरजोऽप्रमेयोमहानुभूतिःसकलानुभूतिः ॥ एकोऽद्वितीयोवचसांविरामेयेनेषितावागसवश्चरंति ॥३५॥ एतावानात्मसंमोहोयद्विकल्पस्तुकेवले ॥ आत्मन्नृतेस्वमात्मानमवलंबोनयस्यहि ॥३६॥ यन्नामाकृतिभिर्ग्राह्यंपंचवर्णमबाधितं ॥ व्यर्थेनाप्यर्थवादोऽयंद्वयंपंडितमानिनां ॥३७॥ योगिनोऽपक्वयोगस्ययुंजतःकायउत्थितैः॥उपसर्गैर्विहन्येततत्रायंविहितोविधिः ॥३८॥ योगधारणयाकांश्चिदासनैर्धारणान्वितैः ॥ तपोमंत्रौषधैःकांश्चिदुपसर्गान्विनिर्दहेत् ॥३९ कांश्चिन्ममानुध्यानेननामसंकीर्तनादिभिः ॥ योगेश्वरानुवृत्त्यावाहन्याद्

કર્મો કરેછે, અને વિકારને પણ પામેછે; છતાં તે કશાનેએ જાણતોજ નથી. ॥ ३० ॥ એટલે આત્મ સ્વરૂપને વિશે મતિ વાળો તે, દેહમાં રહ્યા છતાં; દેહના ઉભા રહેવાને–બેસવાને–ત્યાંથી ચાલીને બીજે ઠેકાણે જવાને–સૂવાને–મૂતરવાને–અન્નાદિક ખાવાને–અને એ રીતેજ, સ્વાભાવિક રીતે થતી, બીજી ક્રિયાઓને પણ; તે જાણતોજ નથી. ॥ ३१ ॥ અને સ્વપ્નમાંથી જાગી ઉઠેલા મનુષ્યને, સ્વપ્ન મટવાની સાથે અદર્શ થયેલા વિષયો, ખરા નહીં જણાવાની પેઠેજ; દેખવામાં આવતા નાના પ્રકારના વિષયો, અનુમાનો વડે મિથ્યા તથા બાધિત થઇ ગયેલાજ; તેને સમજાય છે. ॥३२॥ હે ઉદ્ધવ, એ રીતે પૂર્વે; આત્મ સ્વરૂપનો અવિવેક થવાથી, પોતેજ ગ્રહણ કરેલા: વિચિત્ર પ્રકારો વાળા ગુણ અને કર્મો રૂપી અજ્ઞાન થકી, પચ્છળથી આત્મ સ્વરૂપનું જ્ઞાન થવાવડે; નિવૃત્ત થનારો આત્મા તો, બંધનને પામનારો થતોજ નથી. અને મુક્ત થનારો પણ, થતો નથીજ. ॥३३॥ સૂર્યનો ઉદય જેમ મનુષ્યોની આંખોના અંધકારને મટાડે છે, પણ સત્ વસ્તુમાં ફેરફાર કરતો નથી; તે રીતેજ, મારૂ સ્વરૂપ જાણવાની નિપુણ બુદ્ધિ; પુરૂષોની (જીવાત્માની) બુદ્ધિના

માત્ર અજ્ઞાનનેજ હણી નાંખે છે. ॥३४॥ અને મારૂ, (સર્વ વ્યાપક) આત્મ સ્વરૂપ તો; સ્વયંપ્રકાશ–અજન્મા–અપ્રમેય–મોટી વિભૂતિઓ વાળુ–સર્વ વિભૂતિઓ વાળુ–એકજ–અદ્વિતીય–જેને માટે, (વેદ) વાણી પણ બોલી શકતી નથી એવું–અને જેની પ્રેરણાથી, વાણી અને પ્રાણ આદિક, કર્મ કરીશકે છે; એવુ–છે. ॥ ३५ ॥ એમ સર્વે વિકલ્પનો અને પોતાનો પણ આશ્રય, એ આત્મ સ્વરૂપ શિવાય, બીજો કોઇજ નહીં; માટે. એ કેવળ આત્મ સ્વરૂપને વિશે, વિકલ્પનુ દેખાવું; એટલોજ, આત્મા (પુરૂષ) નો સંમોહ છે. ॥ ३६ ॥ નામ અને આકૃતિ આદિથકી જાણવામાં આવતું, પાંચ ભૂતથી બનેલું, આ દ્વૈત માત્ર; વ્યર્થ અને બાધિત હોવા છતાં, તે સત્ય હોવાનો, અને વેદે તેને સત્ય માનેલાનું કહેવાનો વાદ: પંડિતપણાનું માન રાખનારા (અજ્ઞાની,) ઓજ, કરે છે (અર્થાત વ્યાસાદિક વેદને બરાબર રીતે જાણનારા, જ્ઞાનીઓ તો તેમ કહેતા નથીજ.) ॥३७॥ કાચા યોગીઓને યોગનું સાધન કરતાં, શરીરને વિશે ઉત્પન્ન થતાં દુખાદિકનો નાશ કરવાના, વિહિત (નિર્માણ) કરેલા ઉપાયો, આ રીતે છે. ॥ ३८ ॥ ધારણાઓને જાણનારા યોગીઓ તો, આસનો સહિત યોગની ધા-

રણાઓવડે; કેટલાં એક વિઘ્નોને મટાડે છે. અને બીજાં દુખોનો નાશ તપ-મંત્ર-અને ઔષધિઓ, આદિકવડે પણ કરે છે. ॥૩૯॥ વળી કેટલાંએક અશુભને આપનારાં દુખોને, મારા ધ્યાનથકી-મારાં નામો લેવાવડે-મારા ગુણ અને કર્મોઆદિનું, કીર્તન વિગેરે કરવાવડે-તથા યોગેશ્વરોની સેવા કરવાવડે-પણ; તેઓ ધીમે ધીમે મટાડે છે. ॥૪૦॥ અને એવા વિવિધ ઉપાયોવડે, આ શરીરને શક્તિસંપન્ન અને સ્થિર વયવાળું, (જુવાનજ), બનાવી દેઈને; પછી તે ધીર પુરૂષો સિદ્ધિઓને વિશેજ, લાગી જાય છે. ॥ ૪૧ ॥ પણ વનસ્પતિનાં ફળોની પેઠે, છેવટે નાશ થનારાજ, આ શરીરની બાબતમાં; તેમનો એ સઘળો પરિશ્રમ નિષ્ફળજ છે. અને તેથીજ કુશળ પુરૂષો, એ વાતને; આદર આપતા નથી. ॥ ૪૨ ॥ આ થકી, યોગનું હમેશાં સેવન કરનારા યોગીનું શરીર, કલ્પ પર્યંતના આયુષ્યવાળું થાય; તો પણ, એવા શરીરને વિશે શ્રદ્ધા રાખીને: મને પરાયણ, બુદ્ધિમાન મનુષ્યોએ; આવા યોગને, આ રીતે, ફોકટમાં ફેંકી દેવો: નજ જોઈયે. ॥ ૪૩ ॥ વળી, આ રીતે યોગ કરનારો-મારા આશ્રય વાળો-નિસ્પૃહ-અને આત્મ સ્વરૂપના સુખનો, અનુભવ કરનારો-યોગી; અંતરાયો (દુખાદિક) થકી, તો નાશ પામતો નથીજ. ॥૪૪॥ ઇ. ભા. એ. સ્કં. જ્ઞાન યોગ નામે અ. અ. સંપૂર્ણ ॥૨૮॥

અધ્યાય ૨૯ મો—ઉદ્ધવ—હે અચ્યુત ભગવાન, મનને નહીં વશ કરી શકનારા પુરૂષોથી, આ પ્રકારની યોગચર્યા; ન બની શકે એવી, તથા અતિ કઠિણ હોવાનું; હું માનું છું. માટે પુરૂષને, જે થકી સહેલથી સિદ્ધિ મળે: એવો ઉપાય આપ મને કહો. ॥૧॥ હે કમળનેત્ર ભગવાન, મનનો નિગ્રહ કરનારા યોગીઓ પણ; ઘણું કરીને, મનને બરાબર વશ નહીં કરી શકતાં યોગ કરવામાં ખેદ પામી [illegible] ॥૨॥ જેથી એ આપની માયાથી મોહ પામેલા, યોગ કરનારા અને કર્મો કરનારા અભિમાની લોકોને; સુખજ થતું નથી. અને એટલા માટેજ, આપ કમળનેત્ર ભગવાનના આનંદને દુઝનારા ચરણ કમળનો આશ્રય, જ્ઞાનવાન પુરૂષો કરે છે. ॥૩॥ જેના ચરણ પીઠમાં; બ્રહ્માદિક દેવતાઓના ઇશ્વરોના મુગટો ઘસાતા હતા: એવા

शुभदान्शनैः ॥४०॥ केचिद्देहमिमंधीराःसुकल्पंवयसिस्थिरं ॥ विधायविविधोपायैरथयुंजंतिसिद्धये ॥ ४१॥ नहितत्कुशलादृत्यंतदाया
सोह्यपार्थकः ॥ अंतवत्त्वाच्छरीरस्यफलस्येववनस्पतेः ॥४२॥ योगंनिषेवतोनित्यंकायश्चेत्कल्पतामियात् ॥ तच्छ्रद्दध्यान्नमतिमान्योगमुत्सृ
ज्यमत्परः ॥४३॥ योगचर्यामिमांयोगीविचरन्मद्व्यपाश्रयः ॥ नांतरायैर्विहन्येतनिःस्पृहःस्वसुखानुभूः ॥४४॥ इ.भा.ए.स्कं.अ.अ.॥२८॥
उद्धव०सुदुस्तरामिमांमन्येयोगचर्यामनात्मनः ॥ यथांऽजसापुमान्सिद्ध्येत्तन्मेब्रूह्यंजसाऽच्युत ॥१॥ प्रायशःपुंडरीकाक्षयुंजंतोयोगिनोम
नः ॥ विषीदंत्यसमाधानान्मनोनिग्रहकर्शिताः ॥२॥ अथातआनंददुघंपदांबुजंहंसाःश्रयेरन्नरविंदलोचन ॥ सुखंनुविश्वेश्वरयोगकर्मभि
स्त्वन्माययाऽमीविहतानमानिनः ॥३॥ किंचित्रमच्युततवैतदशेषबंधोदासेष्वनन्यशरणेषुयदात्मसत्त्वं॥ योऽरोचयत्सहमृगैःस्वयमीश्वरा
णांश्रीमत्किरीटतटपीडितपादपीठः ॥४॥ तंत्वाऽखिलात्मदयितेश्वरमाश्रितानांसर्वार्थदंस्वकृतविद्विसृजेतकोनु ॥ कोवाभजेत्किमपिवि
स्मृतयेऽनुभूत्यैकिंवाभवेन्नतवपादरजोजुषांनः ॥५॥ नैवोपयंत्यपचितिंकवयस्तवेशब्रह्मायुषाऽपिकृतमृद्धमुदःस्मरंतः ॥ योंऽतर्बहिस्तनुभृता
मशुभंविधुन्वन्नाचार्यचैत्यवपुषास्वगतिंव्यनक्ति ॥६॥ श्रीशुक०इत्युद्धवेनात्यनुरक्तचेतसापृष्टोजगत्क्रीडनकःस्वशक्तिभिः ॥ गृहीतशक्ति
त्रयईश्वरेश्वरोजगादसप्रेममनोहरस्मितः ॥७॥ श्रीभग०हंततेकथयिष्यामिममधर्मान्सुमंगलान् ॥ यान्श्रद्धयाचरन्मर्त्योमृत्युंजयतिदुर्जयं
॥८॥ कुर्यात्सर्वाणिकर्माणिमदर्थंशनकैःस्मरन् ॥ मय्यर्पितमनश्चित्तोमद्धर्मात्ममनोरतिः ॥९॥ देशान्पुण्यान्संश्रयेतमद्भक्तैःसाधुभिःश्रिता
न् ॥ देवासुरमनुष्येषुमद्भक्ताचरितानिच ॥१०॥ पृथक्सत्रेणवामह्यंपर्वयात्रामहोत्सवान् ॥ कारयेद्गीतनृत्याद्यैर्महाराजविभूतिभिः॥११॥
मामेवसर्वभूतेषुबहिरंतरपावृतं ॥ ईक्षेतात्मनिचात्मानंयथाखममलाशयः ॥१२॥ इतिसर्वाणिभूतानिमद्भावेनमहाद्युते ॥ सभाजयन्मन्य
मानोज्ञानंकेवलमाश्रितः ॥१३॥ ब्राह्मणेपुल्कसेस्तेनेब्रह्मण्येऽर्केस्फुलिंगके ॥ अक्रूरेक्रूरकेचैवसमदृक्पंडितोमतः ॥१४॥ नरेष्वभीक्ष्णंम

સર્વના બંધુ અચ્યુત ભગવાન, (રામાવતારમાં) વાંદરાઓ સાથે સ્નેહ કરવામાં પણ, રાજી થયા હતા. એવા આપ, અનન્ય આશ્રય વાળા, પોતાના દાસ લોકોને વશ થાઓ; તેમાં કાંઇ આશ્ચર્ય નથી. ॥૪॥ માટે, આશ્રિતોને સર્વ અર્થ પ્રાપ્ત કરનારા-ઇશ્વર-પ્રિય-અને અખિલ બ્રહ્માંડના આત્મા-આપના કરેલા ઉપકારોને નહીં સમજીને; અમો આપના ચરણની રજને, સેવનારાઓમાંનો કયો પુરૂષ; મોક્ષ અને બીજી, સુખાદિકની વિભુતિઓને ઇચ્છીને; બીજા કોઇ (દેવાદિક)ને ભજે. (અર્થાત તેમ નજ કરે.) ॥૫॥ હે ઇશ્વર, જ્ઞાન આપનારા ગુરૂરૂપે બહાર, અને ચૈતન્યરૂપે અંદર રહેલા આપ: આત્મસ્વરૂપનો પ્રકાશ કરવાવડે, દેહધારીઓનાં પાપોનો નાશ કરવારૂપ, કરેલા ઉપકારનો બદલો તો; તેનું સ્મરણ કરનારા વિદ્વાન લોકોથકી પણ, બ્રહ્મા જેટલા આયુષ્યવડેએ, વાળી શકાય તેમ નથીજ. ॥૬॥-**શ્રીશુક**-આ રીતે પ્રીતિયુક્ત મનવાળા ઉદ્ધવે પૂછ્યું: ત્યારે ત્રણ પ્રકારની શક્તિને, ગ્રહણ કરનારા; અને તેવડે પોતાથકીજ, જગતરૂપ ક્રિડા કરનારા: એ ઇશ્વરોના ઇશ્વર, પ્રેમસહિત મનોહર રીતે હસતા હસતા બોલ્યા કે. ॥૭॥ **શ્રીભગવાન**-હે પ્રિય, હું તમને મારા અતિ સુમંગળ ભાગવત ધર્મો કહુંછું: કે જેનું શ્રદ્ધા સહિત આચરણ કરનાર, મરણ ધર્મવાળો પુરૂષ; દુર્જય મૃત્યુને જીતી લેછે. ॥૮॥ માટે તમે પણ મારા એ ધર્મોને વિશેજ; મનથી, પ્રેમ સહિત બુદ્ધિ રાખીને: મારૂંજ સ્મરણ કરવાવડે, મનને, ધીમે ધીમે, મારામાંજ અર્પણ કરી દેઈને: સર્વ કર્માદિકનું આચરણ, મારે અર્થેજ કરો. ॥૯॥ તથા જ્યાં મારા ભક્ત, અને સાધુ પુરૂષો વસતા હોય; ત્યાંજ રહો; અને દેવ-અસુર-અને મનુષ્યોની અંદર થઇ ગયેલા, મારા ભક્તોનાં આચરણો પ્રમાણેજ; તમે આચરણ કરો. ॥૧૦॥ અને મહારાજાની વિભુતિઓવાળાં મારાં સ્વરૂપોની આગળ, પર્વને દહાડે-યાત્રાના દિવસોએ-અને મોટા ઓછવના દિવસોએ-એકલાજ, અગર બીજાઓ સાથે મળીને; કીર્તન-ગીત-અને નાચ વિગેરે કરો; તથા કરાવો.॥૧૧॥ અને સર્વે પ્રાણી પદાર્થાદિકને વિશે, તથા પોતા વિશે પણ; બહાર અને અંદર, આકાશની પેઠે સંગ રહિત મને રહેલાનું જુઓ. ॥૧૨॥ તેમજ હે ઘણા પ્રભાવવાળા ઉદ્ધવ, તમે કેવળ જ્ઞાનનોજ આશ્રય કરીને; સર્વ પ્રાણી પદાર્થાદિકને વિશે, મારી ભાવના રાખી; તેમનો સંપૂર્ણરીતે,(દાન માનાદિકથી,) સત્કાર કરો.॥૧૩॥બ્રાહ્મણ બ્રાહ્મણને વિશે, અને દેહભંગીવાતે વિશે-ચોરી કરનારને વિશે અને બ્રાહ્મણોને માનનારને

વિશે-સૂર્યને વિશે અને અગ્નિને તણખે. તથા પતંગિયાને વિશે-તેમજ ક્રૂરતા વિનાનાને વિશે અને મહાક્રૂરને વિશે પણ-જે સમદ્રષ્ટિ થકીજ જોનારાછે; તેઓજ પંડિત કહેવાયછે. ॥૧૪॥ અને એ રીતે, હમેશાંજ મનુષ્યાદિકને વિશે, મારી ભાવના રાખનારા પુરૂષનાં; અહંકાર સહિત સ્પર્ધા-અસૂયા-અને તિરસ્કાર-વિગેરે દોષો; થોડા વખતમાંજ, નાશ પામી જાય છે. ॥૧૫॥ તથા તમને તમારા દેહના સંબંધથી લાગતી લજ્જા જે તમારા મિત્રો વિગેરેના બોલવા વિગેરેથી થતી હોય; તેનો પણ ત્યાગ કરીને તમે; કુતરાં-ચાંડાળ-બળદ-અને ગધેડાં પર્યંત સર્વને દંડવત પ્રણામ કરીને, પગે લાગતા જાઓ. ॥૧૬॥ અને જ્યાં સુધી, પ્રાણી પદાર્થાદિક સર્વને વિશે; મારો ભાવ, બરાબર ઉત્પન્ન થાય નહીં; ત્યાં સુધી, વાણી-મન-અને શરીરની વૃત્તિઓવડે; હું રૂપ એ સર્વની ઉપાસના, એ રીતેજ કરયા કરો. ॥૧૭॥ એટલે આ રીતની આત્મસ્વરૂપનું જ્ઞાન થવાની બુદ્ધિ, તમને થઇને; તમારા જોવામાં, સર્વ કાંઇ બ્રહ્મરૂપજ આવશે. અને તે પછી, સંશય મુક્ત થયેલા તમે; એ સર્વ પ્રાણી પદાર્થાદિક દ્વૈત થકી, વિરામ પામી જશો. ॥૧૮॥ આ પ્રમાણે સર્વ પ્રાણી પદાર્થાદિકને વિશે, મારો ભાવ થઇને, એટલે તેમને મારાંજ સ્વરૂપ જાણીને, મન-વાણી-અને શરીરની વૃત્તિઓવડે; તેમનો સત્કાર થવો; એટલુંજ સર્વ બુદ્ધિમાનોએ, શોધન કરી કરીને નકી કરેલું; તથા મારૂં પોતાનું પણ, મત છે. ॥૧૯॥ હે ઉદ્ધવ, મેં સંપૂર્ણ રીતે નક્કી કરેલું છે કે; આ પ્રકારનો મારો ભાગવત ધર્મ, લગાર પણ આચરયો હોય તો; તે નિષ્કામ અને નિર્ગુણ હોવાના કારણથી; તેનો કિંચિત ભાગ પણ, નકામો થતો નથી. ॥૨૦॥ અને હે સત્તમ, મારાવિનાના, (એટલે હું પરબ્રહ્મના આશ્રયવાળા ભાગવત ધર્મ વિનાના,) બીજા, જે જે ધર્મો કલ્પાયલા છે; તે સર્વે, નિષ્ફળ, અને ભય આદિકને ઉત્પન્ન કરનારાજ છે; તથા તે સંબંધમાં લીધેલો પરિશ્રમ, નિરર્થક એટલે વ્યર્થ છે. ॥૨૧॥ બુદ્ધિમાન પુરૂષોની બુદ્ધિનું ચાતુર્ય, અને વિવેકી પુરૂષોનો વિવેક, એટલોજ છે કે; અસત્ અને મરણ ધર્મવાળા, આ મનુષ્ય દેહવડે; સત્ અને અવિનાશી હું, આત્મ સ્વરૂપ ભગવાનની, પ્રાપ્તિ કરી લેવી. ॥૨૨॥ આ રીતનો, દેવતાઓને સમજવાને પણ, અશક્ય એવો; આ બ્રહ્મવાદનો, સંગ્રહ્ય સંગ્રહ: મેં તમારી પાસે, સંક્ષેપથી અને વિસ્તારથી; બંને પ્રકારે કહ્યો છે. ॥૨૩॥ એ જ્ઞાનનો ઉપદેશ, મેં તમને વારંવાર-સ્પષ્ટ

ध्रावंपुंसोभावयतोऽचिरात् ॥ स्पर्धाऽसूयातिरस्कारा:साहंकाराविर्यंतिहि ॥१५॥ विसृज्यस्मयमानान्स्वान्दृशंव्रीडांचदैहिकीं ॥ प्रणमे
द्दंडवद्भूमावाश्वचांडालगोखरं १६ यावत्सर्वेषुभूतेषुमद्भावोनोपजायते॥तावदेवमुपासीतवाङ्मन:कायवृत्तिभि:॥१७॥ सर्वंब्रह्मात्मकंतस्य
विद्ययात्ममनीषया॥परिपश्यन्नुपरमेत्सर्वतोमुक्तसंशय:॥१८ अयंहिसर्वकल्पानांसध्रीचीनोमतोमम॥मद्भाव:सर्वभूतेषुमनोवाक्कायवृत्तिभि:
१९ नह्यंगोपक्रमेध्वंसोमद्धर्मस्योद्धवाण्वपि॥मयाव्यवसित:सम्यङ्निर्गुणत्वादनाशिष:॥२०॥योयोमयिपरेधर्म:कल्पतेनिष्फलायचेत् ॥त
दायासोनिरर्थ:स्याद्भयादेरिवसत्तम ॥२१॥ एषाबुद्धिमतांबुद्धिर्मनीषाचमनीषिणां ॥ यत्सत्यमनृतेनेहमर्त्येनाप्नोतिमामृतं॥२२॥ एषतेऽभि
हित:कृत्स्नोब्रह्मवादस्यसंग्रह:॥ समासव्यासविधिनादेवानामपिदुर्गम:॥२३॥ अभीक्ष्णशस्तेगदितंज्ञानंविस्पष्टयुक्तिमत्॥ एतद्विज्ञायमुच्ये
तपुरुषोनष्टसंशय:॥२४॥ सुविविक्तंतवप्रश्नंमयैतदपिधारयेत्॥ सनातनंब्रह्मगुह्यंपरंब्रह्माधिगच्छति ॥२५॥ यएतन्ममभक्तेषुसंप्रदद्यात्सु
पुष्कलं॥ तस्याहंब्रह्मदायस्यददाम्यात्मानमात्मना॥२६॥ यएतत्समधीयीतपवित्रंपरमंशुचि॥ सपूयेताहरहर्मांज्ञानदीपेनदर्शयन् ॥ २७॥
यएतच्छ्रद्धयानित्यमव्यग्र:शृणुयान्नर: ॥ मयिभक्तिंपरांकुर्वन्कर्मभिर्नसबध्यते॥२८॥ अप्युद्धवत्वयाब्रह्मसखेसमवधारितं॥ अपितेविगतो
मोह:शोकश्चासौमनोभव:॥२९॥ नैतत्त्वयादांभिकायनास्तिकायशठायच॥ अशुश्रूषोरभक्तायदुर्विनीतायदीयतां ॥३०॥ एतैर्दोषैर्विहीनाय
ब्रह्मण्यायप्रियायच॥साधवेशुचयेब्रूयाद्भक्ति:स्याच्छूद्रयोषितां॥३१॥ नैतद्विज्ञायजिज्ञासोर्ज्ञातव्यमवशिष्यते॥ पीत्वापीयूषममृतंपातव्यंना
वशिष्यते॥३२॥ ज्ञानेकर्मणियोगेचवार्तायांदंडधारणे ॥ यावानर्थोनृणांताततावांस्तेऽहंचतुर्विध: ॥३३ ॥ मर्त्योयदात्यक्तसमस्तकर्मानि
वेदितात्माविचिकीर्षितोमे ॥ तदाऽमृतत्वंप्रतिपद्यमानोमयात्मभूयायचकल्पतेवै ॥३४॥ श्रीशुक०सएवमादर्शितयोगमार्गस्तदोत्तमश्लो

રીતે-અને યુક્તિ સહિત,-અહીંયાં કહેલો છે; કે જે જાણીને, મનુષ્યો સંશય રહિત થઇને; મુક્ત થઇ જશે. ॥૨૪॥ આ તમારા પ્રશ્નોના, મેં કરેલા સારી રીતના ખુલાસાઓને; જે કોઇ ધારણ કરશે. તે સનાતન પરબ્રહ્મને, અને વેદના રહસ્યને; પણ જાણશે. ॥૨૫॥ અને મારા ભક્તાદિકને, આ પરબ્રહ્મને પમાડનારૂં જ્ઞાન; સારી રીતે અને પુશ્કળ, જે કોઇ આપશે; તેને હું મારૂં પોતાનું આત્મ સ્વરૂપ, આપીશ. ॥૨૬॥ આ જ્ઞાનરૂપી દીવાને દેખાડનાર, પરમ પવિત્ર અને શુદ્ધ આખ્યાનનો જે કોઇ રોજ પાઠ કરશે; તે પોતે પાપ રહિત થશે. ॥૨૭॥ અને જે પુરૂષ શ્રદ્ધા રાખીને, અને વ્યગ્રતા તજીને, મનથીજ આ આખ્યાનને નિત્ય સાંભળશે; તે મારો પરમ ભક્ત થશે. અને કર્મોના બંધનને નહીં પામે. ॥૨૮॥ હે ઉદ્ધવ, હે મિત્ર, તમારા મનમાં ઉત્પન્ન થયેલો મોહ અને શોક; એ સર્વે નાશ પામ્યાં કે નહીં.? અને પરબ્રહ્મ, તમારા સમજવામાં યથાર્થપણે, આવ્યું કે કેમ.? ॥૨૯॥ આ જ્ઞાન તમે, દાંભિકને-નાસ્તિકને-શઠને-સેવા નહીં કરનારાને-અભક્તને-અને વિનય વિનાનાને-આપશો નહીં.॥૩૦॥ અને જે એટલા દોષથી રહિત હોય, તેમને-બ્રાહ્મણોને માનનારાને-પવિત્ર-સાધુ-અને પ્રિય એવા ભક્તિવાન પુરૂષોને તથા સ્ત્રીઓને અને શૂદ્રો સુદ્ધાંને પણ કહેજો. ॥૩૧॥ અત્યંત મીઠું અમૃત પીવા પછી, બીજું પીવાનું કાંઇજ અવશેષ રહેતું નથી: તે રીતેજ, આ જ્ઞાન જાણ્યા પછી; જ્ઞાન મેળવવાની ઇચ્છાવાળાને, બીજું કશુ પણ, જાણવાનું બાકી રહેતું નથી. ॥ ૩૨ ॥ હે ઉદ્ધવ, જ્ઞાનથકી-કર્મો કરવા થકી-યોગ કરવા થકી અને વાર્તા તથા દંડ ધારણ કરવાની નીતિરૂપ સ્વધર્માચરણથી પણ; મનુષ્યોએ પામવાના ચારે પ્રકારના, ધર્મ-અર્થ-કામ-અને મોક્ષ, નામના લાભોરૂપે, હું પોતેજછું. ॥૩૩॥ માટે મરણ ધર્મવાળા મનુષ્યો, જ્યારે સર્વ કર્મોનો ત્યાગ કરીને મારે વિશે મન રાખી મારૂંજ ચિંતવન કરેછે; ત્યારે તેઓ મોક્ષ પામવાના અધિકારી થઇને, પછી મારા સ્વરૂપનેજ પામે છે. ॥ ૩૪ ॥ **શ્રીશુક**-એ રીતે યોગ માર્ગને જણાવનારા, ઉત્તમશ્લોક ભાગવાનનાં વચનો સાંભળીને; હાથ જોડીને ઉભેલા ઉદ્ધવજી, આંખોમાં આંસુ આવી જવાથી, અને ગળુ રોકાઇ જવાથી; તે વખત તો, કશું પણ બોલી શકયા નહીં. ॥૩૫॥ પણ પછીથી, પ્રેમથી વિકાર પામેલા મનને ધીરજથી થોભાવીને, તેમણે હાથ જોડી માથાવડે; સાત્વત રૂશભ ભગવાનના ચરણમાં સ્પર્શ કરીને, અને પોતાને કૃતાર્થ થયેલા માનીને; કહ્યું કે.

॥૩૬॥ **ઉદ્ધવ**—હે બ્રહ્માથકી પણ પ્રથમ થયેલા, આપના સમિપપણા થકીજ, મારા વિશે રહેલો મોહરૂપી મોટો અંધકાર, ભાગી ગયો છે. કારણ અગ્નિના સમિપમાં જનારાને, તાઢ—અંધારૂં—અને ભય—રેહેતાંજ નથી. ॥૩૭॥ આપ દયાળુએ જ્ઞાનરૂપી દીવો, હું દાસને પાછો પ્રાપ્ત કર્યો છે, તે ભગવાનના ચરણ મૂળરૂપ શરણને તજીને, કરેલા ઉપકારને જાણનારો, કોણ પુરૂષ બીજાનું શરણ લે. ॥ ૩૮ ॥ આપનીજ માયાએ સૃષ્ટિની વૃદ્ધિ કરવા માટે ફેલાવેલા સ્નેહરૂપી પાશથી; હું, દાશાર્હ—વૃષ્ણી—અંધક—અને સાત્વત આદિ કુળોના યાદવોને વિશે, દૃઢપણે બંધાઇ ગયો હતો; તે પાશને, આત્મ સ્વરૂપનો સુબોધ આપવારૂપ હથિયારવડે, આપે કાપી નાંખ્યો છે. ॥૩૯॥ હે મોટા યોગી, હું આપને નમસ્કાર કરૂંછું; જેથી હું શરણાગતને, કદી પણ પાછળથી ખસેજ નહીં; એવી આપના ચરણ કમળને વિશે પ્રીતિ ઉપજ થાય, એવો ઉપદેશ; આપ હવે આપો. ॥૪૦॥—**શ્રીભગવાન**—હે ઉદ્ધવ, બદરી નામના મારા આશ્રમમાં, તમે મારા કહેવાથી જાઓ; અને ત્યાં મારા ચરણથી પવિત્ર થયેલા જળવડે, સ્નાન તથા આચમન કરીને; પવિત્ર થાઓ. ॥ ૪૧ ॥ તથા અલકનંદા નદીના દર્શનથી, સર્વ પાપથકી મુક્ત થઇને, તમે શરીર ઉપર વલ્કલ વસ્ત્ર પેહેરજો; અને સુખાદિકથી નિસ્પૃહ થઇને, વનના પદાર્થો ખાજો ॥૪૨॥ અને તમે ત્યાં સારા શીળવાળા—જીતેંદ્રિય—શાંત—એકાગ્ર બુદ્ધિવાળા—અને જ્ઞાન વિજ્ઞાનથકી યુક્ત થઇને; દ્વંદ્વ માત્રને સહન કરજો. ॥૪૩॥ તથા ત્રણે ગુણોની ગતિઓનું ઉલંઘન કરનારા—મન તથા વાણીને મારે વિશેજ રોકનારા—અને મેં કહેલા, ભાગવત ધર્મોમાં પ્રીતિવાળા—થઇને; એકાંત વસી, મેં ઉપદેશ કરેલા, આ જ્ઞાનનું; વારંવાર તમે સ્મરણ કરજો. એટલે પછીથી તમે મારા પરમ સ્વરૂપનેજ; પામી જશો. ॥૪૪॥—**શ્રીશુક**—એ રીતે ભગવાને કહેવાથી, એ હરિ ભગવાનને વિશે મનવાળા, અને દ્વંદ્વોથકી મુક્ત થયેલા, ઉદ્ધવજીએ; ભગવાનની પ્રદક્ષિણા કરી,

कवचोनिशम्य ॥ बद्धांजलिःप्रत्युपरुद्धकंठोनाकिंचिदूचेऽश्रुपरिप्लुताक्षः ॥३५॥ विष्टभ्यचित्तंप्रणयावघूर्णंधैर्येणराजन्बहुमन्यमानः ॥ कृ
तांजलिःप्राहयदुप्रवीरंशीर्ष्णास्पृशंस्तच्चरणारविंदं ॥३६॥ उद्धव०विद्राविततोमोहमहांधकारोयआश्रितोमेतवसन्निधानात् ॥ विभावसोःकिं
नुसमीपगस्य शीतंतमोभीःप्रभवंत्यजाद्य ॥३७॥ प्रत्यर्पितोमेभवताऽनुकंपिनाभृत्यायविज्ञानमयःप्रदीपः ॥ हित्वाकृतज्ञस्तवपादमूलंको
ऽन्यत्समीयाच्छरणंत्वदीयं ॥३८॥ वृक्णश्चमेसुदृढःस्नेहपाशोदाशार्हवृष्ण्यंधकसात्वतेषु ॥ प्रसारितःसृष्टिवि[illegible]द्धयेत्वयास्वमाययाह्यात्मसु
बोधहेतिना ॥३९॥ नमोस्तुतेमहायोगिन्प्र[illegible]मामू॥ यथात्व[illegible]रणांभोजरतिःस्यादनपायिनी॥४०॥ श्रीभग०ग[illegible]द्धवमयादिष्टो
बदर्याख्यंममाश्रमं ॥ तत्रमत्पादतीर्थोदेस्नानोपस्पर्शनैःशुचिः॥४१॥ईक्षयाऽलकनंदायाविधूताशेषकल्मषः ॥ वसानोवल्कलान्यंगवन्यभु
क्सुखनिस्पृहः ॥४२॥ तितिक्षुर्द्वंद्वमात्राणांसुशीलःसंयतेंद्रियः ॥ शांतःसमाहितधियाज्ञानविज्ञानसंयुतः॥४३॥ मत्तोऽनुशिक्षितंयत्तेविवि
क्तमनुभावयन् ॥ मय्यावेशितवाक्चित्तोमद्धर्मनिरतोभव ॥ अतिव्रज्यगतीस्तिस्रोमामेष्यसिततःपरं ॥४४॥ श्रीशुक०सएवमुक्तोहरिमे
धसोद्धवःप्रदक्षिणंतंपरि[illegible]त्यपादयोः ॥ शिरोनिधायाश्रुकलाभिरार्द्रधीर्न्य[illegible]द्वपरोऽप्यपक्रमे ॥४५॥ सुदुस्त्यजस्ने[illegible]वियोगकातरोन
शक्नुवंस्तंपरिहातुमातुरः ॥ कृच्छ्रंययौमुर्धनिभर्तृपादुकेबिभ्रन्नमस्कृत्यययौपुनःपुनः ॥४६॥ ततस्तमंतर्हृदिसंनिवेश्यगतोमहाभागवतोवि
शालां ॥ यथोपदिष्टांजगदेकबंधुनाततःसमास्थायहरेरगाद्गतिं ॥४७॥ यएतदानंदसमुद्रसंभृतंज्ञानामृतंभागवतायभाषितं ॥ कृष्णेनयोगे
श्वरसेवितांघ्रिणासच्छ्रद्धयासेव्यजगद्विमुच्यते ॥४८॥ भवभयमपहंतुंज्ञानविज्ञानसारंनिगमकृदुपजह्रेभृंगवद्वेदसारं ॥ अमृतमुदधितश्चा
पाययद्भृत्यवर्गान्पुरुषमृषभमाद्यंकृष्णसंज्ञंनतोऽस्मि॥४९॥ इतिश्रीभागवतेमहापुराणेएकादशस्कंधेएकोनत्रिंशोऽध्यायः ॥ २९ ॥
राजा०ततोमहाभागवतेउद्धवेनिर्गतेवनं॥ द्वारवत्यांकिमकरोद्भगवान्भूतभावनः॥१॥ ब्रह्मशापोपसंसृष्टेस्वकुलेयादवर्षभः॥ प्रेयसींसर्वनेत्रा
णांतनुंसकथमत्यजत् ॥२॥ प्रत्याक्रष्टुंनयनमबलायत्रलग्नंनशेकुःकर्णाविष्टंनसरतिततोयत्सतामात्मलग्नं ॥ यच्छ्रीर्वाचांजनयतिरतिंकिंनु

અને તેમણે પસારેલા પગમાં; પોતાનું માથું મૂકીને, પિગળી ગયેલા હૃદયથકી આંસુડાંવતે; ભગવાનને નવરાવી દીધા. ॥૪૫॥ અને તે પછી; તજવાને અશક્ય એવા સ્નેહપાત્ર ભગવાનનો વિયોગ થવાના કારણથી, રાંક બનેલા—અને ત્યાગ ન કરી શકવાને લીધે આતુર બનેલા—તથા દુઃખી થયેલા—ઉદ્ધવજી; ભગવાનની પાવડીઓ, પોતાના મસ્તક ઉપર ધારણ કરીને; ભગવાનને નમસ્કાર કરી, ત્યાંથી જવા લાગ્યા: તથા ફરી ફરીને પાછા આવવા લાગ્યા. ॥૪૬॥ એમ કરતાં કરતાં પછી, છેવટે એ મહા ભગવતી ઉદ્ધવજી; ભગવાનનું સ્વરૂપ, પોતાના હૃદયમાં રાખીને; બદરિકાશ્રમમાં ગયા. અને જગત બંધુ ભગવાને આપેલા જ્ઞાનને વિશે, સારી રીતે સ્થિર થઇને; તે, ભગવાનની ગતિને પામી ગયા. ॥૪૭॥ યોગેશ્વરોએ સેવેલા ચરણવાળા કૃષ્ણ ભગવાને, મહા ભગવતી ઉદ્ધવજીને કહેલા; આનંદની ભરતિથી ભરાયલા સમુદ્ર જેવા, આ જ્ઞાન રૂપી અમૃતનું; જે પુરૂષ સારી રીતે શ્રદ્ધા રાખીને, સેવન કરશે; તે જગત એટલે સંસારથકી મુક્ત થશે. ॥૪૮॥ આ સંસાર થવા રૂપ, ભયનો નાશ કરનારા; અને જ્ઞાન વિજ્ઞાનના સાર રૂપ, તથા સર્વેથી સારનું ગ્રહણ કરનારા ભમરાની પેઠે; વેદ આદિ શાસ્ત્રના કર્તા ભગવાને, વેદ રૂપ સમુદ્રનું મથન કરીને; તેમાંથી કાઢેલા સાર રૂપ, આ જ્ઞાનામૃત; પોતાના દાસ એટલે ભક્ત વર્ગને પાનારા, કૃષ્ણ નામના આદિ પુરૂષ—પુરૂષોતમ ભગવાનને; હું (શુકદેવજી) નમસ્કાર કરૂંછું. ॥૪૯॥ ઇતિશ્રી ભાગવતે અગિયારમા સ્કંધનો ભક્તિયોગ નામે ઓગણત્રિસમો અધ્યાય સંપુરણ॥

અધ્યાય ૩૦ મો.—પરીક્ષિત—આ રીતે એ મહા ભગવતી ઉદ્ધવજી વનમાં ગયા કેડે, પ્રાણી માત્રનું પાલન કરનારા ભગવાને; દ્વારકાંમાં રહીને શું કર્યું. ॥૧॥ તથા પોતાના કુળને બ્રાહ્મણોનો શ્રાપ ઉપજ કરનારા, સાત્વત રૂશભ ભગવાને; પોતાનું, સર્વની આંખ્યોને પ્રિય—જેમાં લાગી ગયેલી પોતાની આંખ્યોને, સ્ત્રીઓ પાછી ખેંચી શકતી નહોતી એવું—સત્પુરૂષોના હૃદયમાં, કાનના માર્ગથી પેઠા પછી; પાછું નહીં નીકળનારૂં—કવિઓની વાણીને પ્રીતિ અને માન ઉપજાવનારી શોભાવાળું—તથા યુદ્ધને વિશે અર્જુનના રથઉપર જેને

એકેલું દેખીને, બીજા લોકો તેવાજ સ્વરૂપને, પામી ગયા હતા; એવું—(પોતાનું) સ્વરૂપ, કેવી રીતે તજી દીધું. તે સઘળું આપ મને કહો. ॥૨—૩॥—શ્રીશુક—આકાશ પૃથ્વી—અને અંતરિક્ષમાં મોટા મોટા ઉત્પાત થતા જોયેલા તેથી; કૃષ્ણ ભગવાને, સુધર્મા સભામાં બેઠેલા; યાદવોને કહ્યું કે ॥૪॥—શ્રીભગવાન—હે શ્રેષ્ઠ યાદવો જ્યાં મરણને સૂચવનારા મોટા અને ભયંકર ઉત્પાત થાય છે; તે દ્વારકાંમાં, એક મુહૂર્ત પણ રેહેવું ન જોઇએ. ॥૫॥ માટે સ્ત્રીઓ—બાળકો—અને વૃધ્ધોને, અહીંયાંથી શંખોદ્ધાર બેટમાં મોકલીને; આપણ સર્વે, જ્યાં સરસ્વતિ નદી પશ્ચિમ દિશામાં વેહે છે; તે પ્રભાસ ક્ષેત્રમાં જઇએ. ॥૬॥ તથા ત્યાં જઇને, નહાવાવડે પવિત્ર થઇ, ઉપવાસ કરીને: આપણે, દેવતાઓ આદિનું સ્નાન—ગંધાદિકનું લેપન—અને પૂજાપા વિગેરેથી પૂજન કરીએ. ॥૭॥ અને મહાભાગ્યશાળી બ્રાહ્મણો પાસે, સ્વસ્તીવચન કરાવીને; તેમને, ગાયો—પૃથ્વી—સોનું—લૂગડાં—હાથી—ઘોડા—રથ—અને ઘર વિગેરે આપવાવડે; તેમનું પણ પૂજન કરીએ. ॥૮॥ કેમકે એ રીતનો, દેવતા—બ્રાહ્મણ—અને ગાયોના પૂજનનો વિધિ, અરિષ્ટોનો નાશ કરનાર—પરમ મંગળ કારી—અને ઉત્તમ સ્થાનને પ્રાપ્ત કરનારો—કહેવાય છે. ॥૯॥—શ્રીશુક—એ રીતે ભગવાને કહેલું સર્વે જણાએ સારી રીતે સાંભળીને, તેનો તેમણે સ્વીકાર કર્યો. અને યદુકુળના વૃધ્ધો આદિક, વહાણોવડે શંખોદ્ધાર બેટમાં ઉતરી ગયા; તથા બીજાઓ રથો ઉપર બેસીને, પ્રભાસમાં ગયા. ॥૧૦॥ અને ત્યાં જઇને; યાદવોના દેવ ભગવાને સૂચના કરેલાં, સર્વે કલ્યાણકારી કર્મો; તેમણે પરમ ભક્તિથી કર્યાં. ॥૧૧॥ પછી દૈવે ભ્રષ્ટ કરેલી બુદ્ધિવાળા તેઓએ, મૈરેયક નામની મદિરા (એટલે જવના આટામાંથી બનાવેલો દારૂ,) ઘણોજ પીધો; કે જે પ્રવાહી પદાર્થ પીવાથકી, બુદ્ધિ બગડી જાય છે. ॥૧૨॥ પછીથી તે, ઘણો દારૂ પીવાથી ઉન્મત્ત થયેલા—અહંકાર યુક્ત મનવાળા—અને કૃષ્ણ ભગવાનની માયાથકી મૂઢ બનેલા—વીર પુરૂષોમાં; મોટો કજીઓ ઉત્પન્ન થયો. ॥૧૩॥ અને સમુદ્રના કિનારા ઉપર, ક્રોધે ભરાયલા તેઓ; હથિઆરો ઉપાડીને, ધનુષ—તરવાર—ભાલા—ગદા—તોમર—અને રૂષ્ટિઓથી, યુદ્ધ કરવા લાગ્યા ॥ ૧૪ ॥ પવનના વા-

मानंकथंनाग्दष्टाजिष्णोर्युधिरथगतंयच्चतत्साम्यमीयुः॥३॥ ऋषि०दिविभुव्यंतरिक्षेचमहोत्पातान्समुत्थितान्॥ दृष्ट्वासीनान्सुधर्मायांकृष्णः प्राहयदूनिदं ॥४॥ श्रीभग०एतेघोरामहोत्पाताद्वार्वत्यांयमकेतवः ॥ मुहूर्तमपिनस्थेयमत्रनोयदुपुंगवाः ॥५॥ स्त्रियोबालाश्चवृद्धाश्चशंखोद्धारंव्रजंत्वितः॥वयंप्रभासंयास्यामोयत्रप्रत्यक्सरस्वती ॥६॥ तत्राभिषिच्यशुचयउपोष्यसुसमाहिताः ॥ देवताःपूजयिष्यामःस्नपनालेपनार्हणैः॥७॥ ब्राह्मणांस्तुमहाभागान्कृतस्वस्त्ययनावयं ॥ गोभूहिरण्यवासोभिर्गजाश्वरथवेश्मभिः॥८॥ विधिरेषह्यरिष्टघ्नोमंगलायनमुत्तमम्॥ देवद्विजगवांपूजाभूतेषुपरमोभवः ॥९॥ इतिसर्वेसमाकर्ण्ययदुवृद्धामधुद्विषः॥तथेतिनौभिरुत्तीर्यप्रभासंप्रययूरथैः ॥१०॥ तस्मिन्भगवतादिष्टं यदुदेवेनयादवाः ॥ चक्रुःपरमयाभक्त्यासर्वश्रेयोपबृंहितं ॥११॥ ततस्तस्मिन्महापानंपपुर्मैरेयकंमधु ॥ दिष्टविभ्रंशितधियोयद्द्रवैर्भ्रश्यतेमतिः॥१२॥ महापानाभिमत्तानांवीराणांदृप्तचेतसां॥ कृष्णमायाविमूढानांसंघर्षःसुमहानभूत् ॥१३॥ युयुधुःक्रोधसंरब्धावेलायामाततायिनः ॥ धनुर्भिरसिभिर्भल्लैर्गदाभिस्तोमरर्ष्टिभिः ॥१४॥ पतत्पताकैरथकुंजरादिभिःखरोष्ट्रगोभिर्महिषैर्नरैरपि ॥ मिथःसमेत्याश्वतरैःसुदुर्मदान्यहन्शरैर्दद्भिरिवद्विपावने ॥१५॥ प्रद्युम्नसांबौयुधिरूढमत्सरावक्रूरभोजावनिरुद्धसात्यकी ॥ सुभद्रसंग्रामजितौसुदारुणौगदौसुमित्रासुरथौसमीयतुः ॥१६॥ अन्येचयेवैनिशठोल्मुकादयःसहस्रजिच्छतजिद्भानुमुख्याः ॥ अन्योऽन्यमासाद्यमदांधकारिताजघ्नुर्मुकुंदेनविमोहिताभृशं ॥१७॥ दाशार्हवृष्ण्यंधकभोजसात्वतामध्वर्बुदामाथुरशूरसेनाः ॥ विसर्जनाःकुकुराःकुंतयश्चमिथस्ततस्तेऽथविसृज्यसौहृदं ॥१८॥ पुत्राअयुध्यन्पितृभिर्भ्रातृभिश्चस्वस्त्रीयदौहित्रपितृव्यमातुलैः॥मित्राणिमित्रैःसुहृदःसुहृद्भिर्ज्ञातींस्त्वहन्ज्ञातयएवमूढाः ॥१९॥ शरेषुक्षीयमाणेषुभज्यमानेषुधन्वसु ॥ शस्त्रेषुक्षीयमाणेषुमुष्टिभिर्जह्रुरेरकाः ॥२०॥ तावज्रकल्पा ह्यभवन्परिघामुष्टिनाभृताः ॥ जघ्नुर्द्विषस्तैःकृष्णेनवार्यमाणास्तुतंचते॥२१॥ प्रत्यनीकंमन्यमानाबलभद्रंचमोहिताः॥हंतुंकृतधियोराजन्नापन्नाआततायिनः ॥२२॥ अथतावपिसंक्रुद्धावुद्य

થીઓ, હેતુસળવડે, સદવાની પેઠે; એ દુષ્ટ મદવાળાઓ, પડી જતી ધજાઓવાળા રથો—હાથીઓ—ગધેડાં—ઉંટ—બળદ—પાડા—મનુષ્યો—અને ખચરો વિગેરેના ઉપર બેસીને, એક બીજાની સામે જઇને; પરસ્પરને બાણો આદિક વડે, મારવા લાગ્યા. ॥ ૧૫ ॥ પ્રદ્યુમ્ન અને સાંબ; અક્રૂર અને કૃતવર્મા; અનિરૂદ્ધ અને સાત્યકિ; સુભદ્ર અને સંગ્રામજીત; કૃષ્ણનો ભાઇ અને કૃષ્ણનો પુત્ર એમ બેઉ ગદ; સુમિત્ર અને અસુરથ; એ રીતે, બબે જણા; અત્યંત દારૂણ સ્વભાવવાળા, અને મત્સરવાળા થઇને; તેઓ યુદ્ધ કરવા લાગ્યા. ॥ ૧૬ ॥ અને બીજા પણ નિશઠ—ઉલ્મુક—સહસ્રજીત—શતજીત—તથા ભાનુ વિગેરે મુખ્ય યાદવો; મુકુંદ ભગવાને ઘણો મોહ ઉપજાવવાથી, અને મદ થકી આંધળા બનીને, એક બીજાને મારવા લાગ્યા. ॥ ૧૮ ॥ તથા દાશાર્હ—વૃષ્ણી—અંધક—ભોજ—સાત્વત—મધુ—વિસર્જન—કુકુર—કુંતય—અર્બુદ—માથુર—અને સુરસેન વિગેરે કુળોના યાદવો, સુહૃદપણું તજીને; પરસ્પરનેજ, મારવા લાગ્યા. ॥૧૮॥ અને પુત્રો પિતાની સાથે; ભાઇ ભાઇઓ સાથે; મામા ભાણેજો સાથે; દોહિત્રો વડવાઓ સાથે; ભત્રિજાઓ કાકાઓ સાથે; અને મિત્રો મિત્રો સાથે, એમ યુદ્ધ કરવા લાગીને તે મૂઢ બનેલાઓ, સુહૃદો સુહૃદોને; તથા સગા સગાઓને પણ; મારવાને મંડી ગયા. ॥૧૯॥ અને જ્યારે, બાણો ખુટી ગયાં,—ધનુષ્યો ભાગી ગયાં, અને બીજાં શસ્ત્રો ખપી ગયાં; ત્યારે તેઓએ મુઠીઓમાં; એરકા એટલે સમુદ્ર કિનારે ઉગેલા—સરકટ જેવા, પાન નામથી બોલાતા; એક જાતના ઘાસને ધારણ કર્યું. ॥૨૦॥ પછી મુઠીઓમાં પકડેલી તે પાન વજ્ર જેવી મજબુત, અને લોઢાની ભુંગળો સમાન થઇ પડીને; તે વડે તેઓ એક બીજાને મારવા લાગ્યા. ત્યારે કૃષ્ણ તેઓને વારવા માંડતાં, કૃષ્ણને પણ; તેઓ મારવા દોડયા. ॥ ૨૧ ॥ અને એ મોહ પામેલાઓ, કૃષ્ણ તથા બળભદ્રને પણ; સામાવાળા માનવા લાગીને, તેમને મારવાની બુદ્ધિવડે, હથિયારો ઉપાડીને; તેમની સામા ગયા. ॥ ૨૨ ॥ હે કુરૂ નંદન, ત્યારે ક્રોધે ભરાયલા, એ બે જણા પણ; મુઠીઓમાં ધારણ કરેલી ભુંગળો સમાન એરકાઓ ઉગામીને, યુદ્ધને વિષે મારતા થકા; ફરવા લાગ્યા. ॥ ૨૩ ॥ એમ કૃષ્ણ ભગવાનની માયાથી, મોહ પામેલી બુદ્ધિવાળા અને બ્રાહ્મણોના શ્રાપ પામેલા; તે સઘળાઓનો, સ્પર્ધા અને ક્રોધવડે; વાંસ થકી ઉત્પન્ન થયેલો

અગ્નિ, વનને બાળવાની પેઠે; નાશ થઇ ગયો. ॥ ૨૪ ॥ આ પ્રકારે સર્વ લોકોનો, અને પોતાનાઓનો પણ, નાશ થવાવડે; કેશવ ભગવાને, અવશેષ રહેલો, પૃથ્વીનો ભાર ઉતર્યો; એમ માન્યું. ॥ ૨૫ ॥ બળરામે સમુદ્ર કિનારા ઉપર, પુરૂષ ભગવાનનો યોગ કરીને; પોતાનો આત્મા, આત્મ સ્વરૂપમાં લગાડી દઇ, મનુષ્ય શરીરનો ત્યાગ કર્યો. ॥ ૨૬ ॥ એમ બળરામનું પધારવું, (દેહત્યાગ,) જોયું; ત્યારે દેવકી પુત્ર ભગવાન ચૂપ થઇને, પિંપળાને થડે; ધરતી ઉપરજ બેસી ગયા. ॥૨૭॥ તે વખતે ધારણ કરેલું તેમનું, ચાર ભુજાઓવાળું સ્વરૂપ; સૂર્યની પેઠે, ધુમાડા વિનાના અગ્નિ સરખું; પોતાના પ્રકાશ વડેજ, દિશાઓને અંધારા વિનાની કરતું હતું. ॥૨૮ ॥ અને શ્રીવત્સના ચિન્હવાળું-ઘન શ્યામ-તપાવેલા સોના જેવું ચળકતું-અને પીળાં રેશમી વસ્ત્રો ધારણ કર્યાથી, ઘણું મંગળકારી-દેખાતું હતું. ॥૨૯ ॥ તથા નીલારંગના

વાળના ગુચ્છાથી, સુંદર લાગતું હસતું મુખકમળ; કમળ જેવી આંખ્યોથી, અને મકરાકૃતિ કુંડળોથી, ચકચકિત લાગતું હતું ॥૩૦॥ વળી કંદોરો-જનોઇ-મુગટ-કડાં-બાજુબંધ-હાર-ઝાંઝર-વીંટીઓ-અને કૌસ્તુભ મણિથી, શોભાયમાન લાગતું હતું ॥૩૧॥ અને વનમાળા પહેરેલું-તથા મૂર્તિમાન થઇ આવી ઉભેલાં, પોતાનાં આયુધોથી વિંટાયલું-એ સ્વરૂપ; જમણા સાથળ ઉપર લાલ કમળ જેવો ડાબો પગ રાખીને, બેઠેલું હતું. ॥૩૨॥ તેથી મૃગની આકૃતિવાળા, તે ચરણને; મૃગ સમજીને, મુશળની અવશેષ રહેલી કડકીના કરેલા બાણવડે; કોઇ જરા નામના પારધીએ, વીંધી નાંખ્યું. ॥૩૩॥ પછીથી ચાર ભુજાવાળા, એ પુરૂષ ભગવાનને દેખવાથી; અપરાધ થવાથી બીન્હેલો, તે પારધી આવીને; ભગવાનના ચરણમાં પડ્યો. ॥૩૪॥ અને બોલ્યો કે, હે નિષ્પાપ-ઉત્તમ શ્લોક-મધુસૂદન ભગવાન; આ કામ અજાણતાં કરનારા, હું પાપીને; પાપની ક્ષમા ક-

म्यकुरुनंदन ॥ एरकामुष्टिपरिघांश्चरंतोजघ्नतुर्युधि ॥२३॥ ब्रह्मशापोपसृष्टानांकृष्णमायावृतात्मनां ॥ स्पर्धाक्रोधःक्षयंनिन्येवैणवोऽग्निर्यथा वनं ॥२४॥ एवंनष्टेषुसर्वेषुकुलेषुस्वेषुकेशवः ॥ अवतारितोभुवोभारइतिमेनेऽवशेषितः ॥२५॥ रामःसमुद्रवेलायांयोगमास्थायपौरुषं ॥ तत्याजलोकंमानुष्यंसंयोज्यात्मानमात्मनि ॥२६॥ रामनिर्याणमालोक्यभगवान्देवकीसुतः॥निषसादधरोपस्थेतूष्णीमासाद्यपिप्पलं॥२७॥ बिभ्रच्चतुर्भुजंरूपंभ्राजिष्णुप्रभयास्वया ॥ दिशोवितिमिराःकुर्वन्विधूमइवपावकः ॥२८॥ श्रीवत्सांकंघनश्यामंतप्तहाटकवर्चसं ॥ कौशेयांबरयुग्मेनपरिवीतंसुमंगलं ॥२९॥ सुंदरस्मितवक्त्राब्जंनीलकुंतलमंडितं ॥ पुंडरीकाभिरामाक्षंस्फुरन्मकरकुंडलं ॥३०॥ कटिसूत्रब्रह्मसूत्रकिरीटकटकांगदैः ॥ हारनूपुरमुद्राभिःकौस्तुभेनविराजितं ॥३१॥ वनमालापरीतांगंमूर्तिमद्भिर्निजायुधैः ॥ कृत्वोरौदक्षिणेपादमासीनंपंकजारुणं ॥३२॥ मुसलावशेषायःखंडकृतेषुर्लुब्धकोजरा ॥ मृगास्याकारंतच्चरणंविव्याधमृगशंकया ॥३३॥ चतुर्भुजंतंपुरुषंदृष्ट्वासकृतकिल्बिषः ॥ भीतःपपातशिरसापादयोरसुरद्विषः ॥३४॥अजानताकृतमिदंपापेनमधुसूदन॥क्षंतुमर्हसिपापस्यउत्तमश्लोकमेऽनघ॥३५॥ यस्यानुस्मरणंनृणामज्ञानध्वांतनाशनं ॥ वदंतितस्यतेविष्णोमयाऽसाधुकृतंप्रभो ॥३६॥ तन्माशुजहिवैकुंठपाप्मानंमृगलुब्धकं ॥ यथापुनरहंत्वेवंनकुर्यांसदतिक्रमं ॥३७॥यस्यात्मयोगरचितंनविदुर्विरिंचोरुद्रादयोऽस्यतनयाःपतयोगिरांये ॥ त्वन्माययापिहितदृष्टयएतदंजःकिंतस्यतेवयमसद्गतयोगृणीमः ॥३८॥ श्रीभग०माभैर्जरेत्वमुत्तिष्ठकामएषकृतोहिमे ॥ याहित्वंमदनुज्ञातःस्वर्गंसुकृतिनांपदं ॥३९॥ इत्यादिष्टोभगवताकृष्णेनेच्छाशरीरिणा ॥ त्रिःपरिक्रम्यतंनत्वाविमानेनदिवंययौ ॥४०॥ दारुकःकृष्णपदवीमन्विच्छन्नधिगम्यतां॥ वायुंतुलसिकामोदमाघ्रायाभिमुखंययौ ॥४१॥ तंतत्रतिग्मद्युभिरायुधैर्वृतंह्यश्वत्थमूलेकृतकेतनंपतिं ॥ स्नेहाप्लुतात्मानिपपातपादयोरथादवप्लुत्यसबाष्पलोचनः ॥४२॥ अपश्यतस्त्वच्चरणांबुजंप्रभोदृष्टिःप्रनष्टातमसिप्रविष्टा॥दिशोनजानेनलभेचशांतिंयथानिशायामुडुपेप्रनष्टे॥४३॥ इतिब्रुवतिसूतेवैरथोगरुडलांछनः ॥ समुत्पपातराजेंद्रसाश्वध्वजउदीक्षतः ॥४४॥ तमन्वगच्छन्दिव्यानिविष्णुप्रहरणानिच ॥ तेनातिवि

રવાને આપ યોગ્ય છો ॥ ૩૫ ॥ જેનું માત્ર સ્મરણ પણ, મનુષ્યોના અજ્ઞાન રૂપ અંધકારનો નાશ કરનારૂં કહેવાય છે. તે સમર્થ વિષ્ણુ ભગવાન, આપનો હું અપરાધ કરનારો છું. ॥ ૩૬ ॥ એટલા માટે, હે વૈકુંઠ ભગવાન, હું મૃગયાના લાલચુ પાપીને; આપ ઉતાવળોજ મારી નાંખો; કે ફરીથી આ પ્રકારે, સત્પુરુષોનું ઉલ્લંઘન, કરવા પામું નહીં. ॥ ૩૭ ॥ જેની પોતાની કરેલી યોગ રચનાને, આપની માયાથી દૃષ્ટિહીન વાણીના પતિઓ; બ્રહ્મા અને સદાશિવ આદિક, તથા તેમના પુત્રો આદિક પણ; જાણી શકતા નથી. પ્રભો, અસત ગતિને પામનારો; ઉતાવળો કેમજ જાણી શકું. ? ॥૩૮॥-**શ્રીભગવાન**-હે જરા, તું નહીં; ઉઠ, મારેજ એ કામ કરવાનું હતું; અને સુકૃત કરનારાઓને પામવાના સ્થાનક, સ્વર્ગને વિશે તું કસવાથી, હવે જા. ॥૩૯॥-**શ્રીશુક**-સ્વઇચ્છાથી શરીર ધારણ કરનારા, કૃષ્ણ ભગવાને; તેને એ પ્રકારથી, તે કૃષ્ણ ભગવાનને નમસ્કાર કરી, ત્રણ પ્રદક્ષિણાઓ ફરીને; વિમાનમાં બેસી, સ્વર્ગમાં ગયો.

॥૪૦॥ એટલી વારમાં, કૃષ્ણ ભગવાનના સ્થાનને શોધતો દારૂક સારથી; તુલસીના ગંધવાળો વાયુ, જે તરફથી આવતો હતો; તે તરફ ચાલતાં ચાલતાં ભગવાનની સામો આવીને, ઉભો રહ્યો. ॥૪૧॥ અને ત્યાં પ્રકાશવડે ઝગ ઝગતાં આયુધોથી વિંટાયલા, અને પિંપળાના થડે અઢીંગણ દેઇને બેઠેલા, પોતાના સ્વામીને જોઇને; આંખ્યોમાં આંસુ આવવાથી, સ્નેહને લીધે ગળ ગળા મનનો થઇ જઇને; તે રથ ઉપરથી ઠેકી ઉતરી પડી; ભગવાનના ચરણમાં પડયો. ॥ ૪૨ ॥ અને બોલ્યો કે, હે પ્રભુ; આપના ચરણ કમળને નહીં જોવાથી, રાત્રિને વિશે ચંદ્ર નાશ પામવાથી થયાની પેઠે; મારી દૃષ્ટિનો નાશ થઇને, અંધકાર વ્યાપવાથી; મને દિશાઓ જણાતી નથી, અને શાંતિ પણ મળતી નથી. ॥ ૪૩ ॥ હે પરીક્ષિત, એ રીતે તે સારથી બોલતાંમાંતો; ગરૂડના ચિન્હની ધજાવાળો રથ; ધજા અને ઘોડાઓ સુદ્ધાં, આકાશ માર્ગે ચાલ્યો ગયો. ॥૪૪॥ અને તે પછી વિષ્ણુનાં દિવ્ય આયુધો પણ, ચાલ્યાં ગયાં; તે દેખવાથી અત્યંત વિસ્મય પામેલા

કે:
તે ... ભગવાને પછીથી કહ્યું કે. ॥૪૫॥ "હે સારથી, તું દ્વારકામાં જઈને; સર્વ સગા સંબંધી-
ઓને ... સદ્ગતાથી મરણ થયેલાનું; બળરામના દેહત્યાગની; અને મારી આ સ્થિતિની;-બંધુઓને,
જણાવજે. ॥૪૬॥ અને બીજું કહેજે કે, મારી તજેલી દ્વારકામાં, સમુદ્ર રેલશે: માટે તમે સર્વ પોતાના
॥૪૭॥ ... સહિત, ત્યાં રહેશો નહીં. ॥૪૭॥ પણ, પોતપોતાનો સર્વ સરસામાન સાથે લઈને; તથા આ-
... માતપિતા આદિ, વૃદ્ધોને સાથે રાખીને; અર્જુન થકી રક્ષણ થતાં, સર્વ જણાં, ઇંદ્રપ્રસ્થમાં જજો. ॥૪૮॥
તે તું પોતે પણ, જ્ઞાન નિષ્ઠાથી મારા (ભાગવત) ધર્મો પાળીને; અને આ સર્વ મારી માયાની રચના છે,
એમ જાણીને; તે સઘળાની ઉપેક્ષા કરનારો થઈ, ઉપશમ એટલે શાંતિને પામજે." ॥૪૯॥ એ રીતે ભગ-
વાને કહેવાથી તે દારુક સારથી, ભગવાનના ચરણને પોતાના મસ્તક ઉપર ધરીને; અને વારંવાર નમસ્કાર
કરીને, તથા ભગવાનની પ્રદક્ષિણા કરીને; મનથી કચવાતો, પાછો દ્વારકામાં ગયો. ॥ ૫૦ ॥ ઇતિશ્રી૰
ભાગવતે અગિયારમા સ્કંધનો યાદવકુળ વિનાશ નામે ત્રીશમો અધ્યાય સંપૂર્ણ. ॥૩૦॥

અધ્યાય ૩૧ મો— શ્રીશુક— પછી ભગવાનનો, આ મનુષ્ય દેહનો ત્યાગ, જોવાની ઇચ્છાથી; બ્રહ્માજી
-પાર્વતી સહિત સદાશિવ-ઇંદ્ર વિગેરે દેવતાઓ-મુનિઓ-પ્રજાપતિઓ-પિતૃઓ-સિદ્ધો-ગંધર્વો-વિદ્યાધરો-મોટા-
નાગ-ચારણો-યક્ષો-રાક્ષસો-કિન્નરો-અપ્સરાઓ-અને મૈત્રેયાદિક બ્રાહ્મણો પણ, મોટા ઉત્સાહ સહિત ત્યાં આવ્યા:
અને હે રાજા, પરમ ભક્તિવાળા એ લોકો, ભગવાનના જન્મો તથા કર્મોનું; ગાયન અને કીર્તન કરવા લાગ્યા.
તથા વિમાનોની હારોથી, આકાશમાં સાંકડ થઈ ગઈ; અને તેઓ ફૂલોનો વરસાદ કરવા લાગ્યા. ॥૧-૨-૩-૪॥
ત્યારે સમર્થ ભગવાને, પોતાનીજ વિભૂતિ રૂપ બ્રહ્મા આદિના દેખતાંજ, પોતાની કમળ જેવી આંખો મીંચી જઈને
પોતાના દેહાત્માને; સર્વ વ્યાપક આત્મ સ્વરૂપમાં, મેળવી દીધો. ॥૫॥ અને લોકોને આનંદ આપનારું, તથા
ધ્યાન અને ધારણા કરવાનું; પોતાનું સુમંગળ મનુષ્ય શરીર, યોગની ધારણાના અગ્નિ વડે; બાળી નાખીને,

स्मितात्मानंसूतमाहजनार्दनः ॥४५॥ गच्छद्वारवतींसूतज्ञातीनांनिधनंमिथः ॥ संकर्षणस्यनिर्याणंबंधुभ्योब्रूहिमद्दशां ॥४६॥ द्वारकायांच
नस्थेयंभवद्भिःस्वस्वबंधुभिः ॥ मयात्यक्तांयदुपुरींसमुद्रःप्लावयिष्यति ॥४७॥ स्वंस्वंपरिग्रहंसर्वेआदायपितरौचनः ॥ अर्जुनेनाविताःसर्वइं
द्रप्रस्थंगमिष्यथ ॥४८॥ त्वंतुमद्धर्ममास्थायज्ञाननिष्ठउपेक्षकः ॥ मन्मायारचनामेतांविज्ञायोपशमंव्रज॥४९॥ इत्युक्तस्तंपरिक्रम्यनमस्कृ
त्यपुनःपुनः ॥ तत्पादौशीर्ष्ण्युपाधायदुर्मनाःप्रययौपुरीं ॥५०॥ इ०भा०म०एकादशस्कंधेयदुकुलसंक्षयोनामत्रिंशोऽध्यायः ॥ ३० ॥
श्रीशुक०अथतत्रागमद्ब्रह्माभवान्याचसमंभवः॥ महेंद्रप्रमुखादेवामुनयःसप्रजेश्वराः॥१॥ पितरःसिद्धगंधर्वाविद्याधरमहोरगाः॥ चारणाय
क्षरक्षांसिकिन्नराप्सरसोद्विजाः ॥२॥ द्रष्टुकामाभगवतोनिर्याणंपरमोत्सुकाः॥ गायंतश्चगृणंतश्चशौरेःकर्माणिजन्मच ॥३॥ ववृषुःपुष्पवर्षा
णिविमानावलिभिर्नभः॥ कुर्वंतःसंकुलंराजन्भक्त्यापरमयायुताः॥४॥ भगवान्पितामहंवीक्ष्यविभूतीरात्मनोविभुः ॥ संयोज्यात्मनिचात्मा
नंपद्मनेत्रेन्यमीलयत् ॥५॥ लोकाभिरामांस्वतनुंधारणाध्यानमंगलं॥ योगधारणयाऽग्नेय्यादग्ध्वाधामाविशत्स्वकं॥६॥ दिविदुंदुभयोनेदुःपे
तुःसुमनसश्चखात् ॥ सत्यंधर्मोधृतिर्भूमेःकीर्तिःश्रीश्चानुतंययुः॥७॥देवादयोब्रह्ममुख्यानविशंतंस्वधामनि॥ अविज्ञातगतिंकृष्णंददृशुश्चाति
विस्मिताः ॥८॥ सौदामन्यायथाकाशेयांत्याहित्वाऽभ्रमंडलं ॥ गतिर्नलक्ष्यतेमर्त्यैस्तथाकृष्णस्यदैवतैः॥९॥ ब्रह्मरुद्रादयस्तेतुदृष्ट्वायोगगतिं
हरेः॥ विस्मितास्तांप्रशंसंतःस्वंस्वंलोकंययुस्तदा॥१०॥ राजन्परस्यतनुभृज्जननाप्ययेहामायाविडंबनमवेहियथानटस्य ॥ सृष्ट्वात्मनेदमनु
विश्यविहृत्यचांतेसंहृत्यचात्ममहिम्नोपरतःसआस्ते ॥११॥ मर्त्येनयोगुरुसुतंयमलोकनीतंत्वांचानयच्छरणदःपरमास्त्रदग्धं ॥ जिग्येंऽतकां
तकमपीशमसावनीशःकिंस्वावनेस्वरनयन्मृगयुंसदेहं ॥१२॥ तथाप्यशेषस्थितिसंभवाप्ययेष्वनन्यहेतुर्यदशेषशक्तिधृक् ॥ नैच्छत्प्रणेतुं
वपुरत्रशेषितंमर्त्येनकिंस्वस्थगतिंप्रदर्शयन्॥१३॥ यएतांप्रातरुत्थायकृष्णस्यपदवींपरां ॥ प्रयतःकीर्तयेद्भक्त्यातामेवाप्नोत्यनुत्तमाम्॥१४॥

સ્વધામને વિશે વાસ કર્યો. ॥૬॥ ત્યારે સ્વર્ગમાં દુંદુભી વાગ્યાં, અને આકાશમાંથી ફૂલનો વરસાદ થયો: અને
ભગવાનની પાછળ તુર્તજ, સત્ય- ધર્મ-ધીરજ-કીર્તિ-અને લક્ષ્મી આદિ પણ; પૃથ્વી ઉપરથી ચાલ્યાં ગયાં.
॥૭॥ બ્રહ્મા આદિ દેવતાઓને; જેની ગતિની કોઈનેજ ખબર પડતી નથી, એવા કૃષ્ણ ભગવાનને; સ્વધામ
પધારતાં નહીં. દેખવાથી, ઘણો વિસ્મય થયો. ॥૮॥ જેમ વાદળાંના ઘેરાને તજીને, વીજળીને ચાલી જતાં;
તેની ગતિ મનુષ્યો જોઈ શકતાં નથી: તે રીતેજ કૃષ્ણ ભગવાનની ગતિ, દેવતાઓ આદિના જોવામાં આવી
નહીં. ॥૯॥ ત્યારે એ પ્રમાણે હરિ ભગવાને, યોગ ગતિ કરવાથી વિસ્મય પામેલા; બ્રહ્મા અને રુદ્ર આદિ દેવો,
પછીથી તેમની પ્રશંસા કરતા; પોત પોતાના લોકમાં ગયા. ॥ ૧૦ ॥ હે પરીક્ષિત: પોતાને વિષેજ,
આ જગતને સરજીને; તેમાં રહેલા પોતેજ, તે જગતની સાથે પછીથી વિહાર કરે છે; અને
અંતે, તેનો નાશ પણ કરે છે; છતાં પણ, તે થકી નિર્લેપજ રહે છે. એવા પરમાત્મા
ભગવાનનું, આ મનુષ્ય શરીર ધારણ કરવા રૂપ; જન્મ, અને તે વડે કર્મો કરવાં; એતો, નટની

પેઠે: કેવળ માયાવડે કરવાની, રમત માત્રજ છે; એમ તમે જાણજો. ॥૧૧॥ જેમણે મનુષ્ય દેહથીજ,
પોતાના ગુરુના; યમ લોકમાં ગયેલા પુત્રને, પાછો લાવી આપ્યો હતો: બ્રહ્માસ્ત્રથી બળી જતાં, તમારું
(પરીક્ષિતનું)જ રક્ષણ કર્યું હતું; મરણના પણ મરણ રૂપ રુદ્રને, બાણાસુર સાથેના યુદ્ધમાં જીત્યા હતા; અને
જરા નામના પારધીને, તેના પોતાના શરીરથીજ, સ્વર્ગમાં મોકલ્યો હતો; તે શું દેહનું રક્ષણ કરવાને, અસ-
મર્થ હતા ? (અર્થાત તેમણે મનુષ્ય દેહનો ત્યાગ, સ્વઇચ્છાથીજ કરેલો છે.) ॥૧૨॥ પણ, એ સર્વ શક્તિમાન
-અને સર્વની ઉત્પત્તિ સ્થિતિ, અને નાશ થવાના કારણ રૂપ; ભગવાને, આ મરણ ધર્મવાળું શરીર; અહીંયાં
ઘણોકાળ રાખી મૂકવાથી, કાંઈજ ફળ નથી; એવી સ્વસ્થ ગતિ, (એટલે આ લોકને તજવાનો શુદ્ધ પ્રકાર,)
ભક્તઓને, સ્પષ્ટ રીતે દેખાડવા સારૂંજ; પોતાનું મનુષ્ય શરીર, અહીંયાં બાકી રહેવા દેવાની; ઇચ્છા કરેલી
નથી. ॥૧૩॥ જે કોઈ સવારમાં ઉઠીને, ભક્તિ સહિત એકાગ્રચિત્તે: કૃષ્ણ ભગવાનની આ પરમ ગતિનું કીર્તન
કરશે; તે ઉત્તમ ગતિને પામશે. ॥૧૪॥ હવે, કૃષ્ણ ભગવાનથી વિખુટો પડેલો દારુક સારથી, દ્વારકામાં પહો-

ચતાંજ; તેણે વસુદેવ અને ઉગ્રસેનના પગમાં પડીને, તેમને આંસુવડે ભિંજાવી દીધા. ॥૧૫॥ હે રાજા, પછીથી યાદવોનાં મરણ થવાની વાત, તેણે સંપૂર્ણ રીતે કહી: તે સાંભળીને, ખેદ પામેલા હૃદયવાળા; અને શોકથી મૂર્છા પામેલા; તેઓ, કૃષ્ણ વિયોગથી વિહ્વળ થઇને; જ્યાં તે મરણ પામેલા સંબંધીઓ, પડયા હતા: ત્યાં ઉતાવળાજ, માથાં કુટતા ગયા. ॥૧૬–૧૭॥ દેવકી–રોહિણી–અને વસુદેવ–એમને તો પોતાના પુત્રો, બળરામ અને કૃષ્ણને નહીં દેખવાથી; મૂર્છાજ આવી ગઇ; અને પછી ભગવાનના વિરહથી આતુર થયેલાં, તેમણે પોતાના પ્રાણ તજી દીધા; અને હે તાત, બીજી સ્ત્રીઓએ, પોત પોતાના પતિઓનાં શબને, ખોળામાં લેઇને; ચિતાઓમાં, પ્રવેશ કર્યો. ॥૧૮–૧૯॥ બળરામની સ્ત્રીઓએ, બળરામના દેહને; વસુદેવની બીજી સ્ત્રીઓએ, વસુદેવના દેહને; અને હરિભગવાન કૃષ્ણના દીકરાઓની વહુઓએ, પ્રદ્યુમ્ન આદિ પોત પોતાના સ્વામીના દેહોને, ખોળામાં લેઇને; અગ્નિમાં પ્રવેશ કર્યો; અને રૂકિમણી આદિ ભગવાનમાંજ ચિત્તવાળી, ભગવાનની સ્ત્રીઓએ પણ; અગ્નિમાં પ્રવેશ કર્યો. ॥૨૦॥ પણ, પોતાના પ્રિય મિત્ર કૃષ્ણના વિરહથી આતુર થયેલા, અર્જુને તો; એ કૃષ્ણ ભગવાને, પોતાને કહેલાં; સત્ વચનો (ગીતા) વડેજ, પોતાના મનનું સાંત્વન કર્યું. ॥૨૧॥ અને ગોત્ર નાશ પામેલા, એ મરી ગયેલા બંધુઓની ઉત્તરક્રિયાઓ; એક પછી એક સર્વેની યથાસ્થિતપણે, અર્જુને કરાવી. ॥૨૨॥ હે પરીક્ષિત, પછીથી હરિભગવાને તજી દીધેલી દ્વારકાંને પણ; સમુદ્રે રેલીને, ફક્ત ભગવાનનું એક શુંદર મંદિરજ બાકી રાખી: એક ક્ષણ વારમાંજ, બોળી દીધી. ॥૨૩॥ કે જેનું

दारुकोद्वारकामेत्यवसुदेवोग्रसेनयोः ॥ पतित्वाचरणावस्त्रैर्न्यषिंचत्कृष्णविच्युतः॥१५॥ कथयामासनिधनंवृष्णीनांकृत्स्नशोनृप॥तच्छ्रुत्वो द्विग्नहृदयाजनाःशोकविमूर्छिताः॥१६॥ तत्रस्मत्वरिताजग्मुःकृष्णविश्लेषविह्वलाः॥ व्यसवःशेरतेयत्रज्ञातयोघ्नंतआननं॥१७॥ देवकीरोहि णीचैववसुदेवस्तथासुतौ ॥ कृष्णरामावपश्यंतःशोकार्ताविजहुःस्मृतिं॥१८॥ प्राणांश्चविजहुस्तत्रभगवद्विरहातुराः ॥ उपगुह्यपतींस्तातचि तामारुरुहुःस्त्रियः॥१९॥ रामपत्न्यश्चतद्देहमुपगुह्याग्निमाविशन्॥ वसुदेवपत्न्यस्तद्गात्रंप्रद्युम्नादीन्हरेःस्नुषाः ॥ कृष्णपत्न्योऽविशन्नग्निंरुक्मि ण्याद्यास्तदात्मिकाः॥२०॥ अर्जुनःप्रेयसःसख्युःकृष्णस्यविरहातुरः॥ आत्मानंसांत्वयामासकृष्णगीतैःसदुक्तिभिः॥२१॥ बंधूनांनष्टगोत्रा णामर्जुनःसांपरायिकं॥ हतानांकारयामासयथावदनुपूर्वशः ॥२२॥ द्वारकांहरिणात्यक्तांसमुद्रोऽप्लावयत्क्षणात् ॥ वर्जयित्वामहाराजश्रीमद्भ गवदालयं॥२३॥ नित्यंसन्निहितस्तत्रभगवान्मधुसूदनः ॥ स्मृत्याऽशेषाशुभहरंसर्वमंगलमंगलं ॥२४॥ स्त्रीबाळवृद्धानादायहतशेषान्धनंज यःइंद्रप्रस्थंसमावेश्यवज्रंतत्राभ्यषेचयत् ॥२५॥ श्रुत्वासुहृद्वधंराजन्नर्जुनात्तेपितामहाः॥ त्वांतुवंशधरंकृत्वाजग्मुःसर्वेमहापथं॥२६॥ यएत द्देवदेवस्यविष्णोःकर्माणिजन्मच ॥ कीर्तयेच्छ्रद्धयामर्त्यःसर्वपापैःप्रमुच्यते॥२७॥ इत्थंहरेर्भगवतोरुचिरावतारवीर्याणिबालचरितानिचशं तमानि ॥ अन्यत्रचेहचश्रुतानिगृणन्मनुष्योभक्तिंपरांपरमहंसगतौलभेत ॥२८॥ इ०भा०म०एकादशस्कंधेएकत्रिंशत्तमोऽध्यायः ॥३१॥

સ્મરણ કરવાથી; સઘળાં પાપનો નાશ કરનાર, અને સર્વ મંગળોના પણ મંગળ રૂપ, મધુસુદન ભગવાન; હંમેશાં સન્નિહિત થાય છે. ॥૨૪॥ પછીથી, મરતાં બાકી રહેલ, સ્ત્રીઓ–બાળકો–અને વૃદ્ધોને, અર્જુન ઇંદ્રપ્રસ્થમાં લેઇ ગયા; અને ત્યાં વજ્રનાભને અભિષેક કર્યો. ॥૨૫॥ હે પરીક્ષિત, પછી અર્જુન થકી, સુહૃદોના વધ સંબંધી વાત સાંભળીને; તમારા વડાવાઓ, તમનેજ વંશને ધારણ કરનારા બનાવીને; એટલે રાજા થાપીને; તેઓ સર્વે, મોટે રસ્તે ગયા. (એટલે જ્યાંથી પાછા આવતા નથી, ત્યાં ગયા.) ॥૨૬॥ જે મનુષ્ય શ્રદ્ધા સહિત, દેવના પણ દેવ; વિશ્નુ ભગવાનના જન્મ, અને કર્મોનું, કીર્તન કરે; તે સર્વ પાપ થકી, મૂકાય છે. ॥૨૭॥ એ પ્રમાણેનાં હરિભગવાનનાં, શુંદર અવતારનાં પરાક્રમોને; અને બાળ ચરિત્રોને; અહીંયાં તથા બીજે ઠેકાણે પણ, વર્ણવેલાં છે; તેનું શ્રવણ અને કીર્તન, જે મનુષ્ય કરશે; તે પરમ હંસની ગતિ રૂપ, ભગવાનની પરમ ભકિતને; પામશે. ॥૨૮॥ ઇતિશ્રી૦ ભાગવતે અગિયારમા સ્કંધનો, કૃષ્ણનું સ્વધામ પધારવું નામે એકત્રિસમો અધ્યાય સંપૂર્ણ ॥૩૧॥ ઇતિ અગિયારમો સ્કંધ સમાપ્ત. ॥૧૧॥

તા. ૯ મી જુન સને ૧૮૯૯ મીતી સંવત ૧૯૫૫ ના જેઠ સુદી ૧ ને વાર સુકરેસાંજે ૭ વાગે મુ. અમદાવાદ માંડવીની પોળમાં હરિકિશનદાસ શેઠની પોળમાં, ઘર નંબર ૫૨૩. કર્તા મહામુનિ કૃષ્ણ–ભગવત પ્રેરિત લખનાર દાસાનુદાસ ગિરધરલાલ અમરતલાલ વ્યાસ. ॥ શ્રીકૃષ્ણાર્પણમસ્તુ. ॥શ્ર

શ્રી ૧

આર્ય લોકોને સર્વ માન્ય ધર્મ પુસ્તકો.

વાંચો અને જગદ્ગુરૂ પરમાત્માને ઓળખો તથા અમુલ્ય મનુષ્યાવતારને ફોકટમાં ન ગુમાવો.

નીચે સહી કરનારને ત્યાંથી તથા દરેક ઠેકાણાના પ્રસિદ્ધ બુકસેલરોને ત્યાંથી નીચે લખેલી કીંમતે નીચેનાં પુસ્તકો મળશે.

શ્રીમદ્ ભાગ્વત્ બારે સ્કંધ સંસ્કૃત સાથે છુટાં પાંનાં.	કીં રૂ. ૮—૦—૦
,, ,, ,, ગુજરાતી બાંધેલું પુસ્તક.	કીં. રૂ. ૪—૦—૦
,, ,, દશમસ્કંધ સંસ્કૃત સાથે છુટાં પાંનાં	કીં. રૂ. ૩—૦—૦
,, ,, ,, ગુજરાતી બાંધેલું પુસ્તક.	કીં. રૂ. ૧—૮—૦
,, ,, એકાદશ અને દ્વાદશસ્કંધ સં૦ સાથે છુટાં પાં.	કીં. રૂ. ૨—૦—૦
,, ,, ,, ,, ગુજરાતી બાંધેલું પુસ્તક.	કીં. રૂ. ૧—૦—૦
શ્રીમદ્ ભગ્વત્ ગીતા સંસ્કૃત સાથે.	કીં. રૂ. ૦—૮—૦
,, ,, ,, ગુજરાતી.	કીં. રૂ. ૦—૪—૦


સદર પુસ્તકો; સાધુ સંન્યાસી, અને ભણનાર તથા કથા કહેનારે બ્રાહ્મણોને, તેઓ પુરી કીંમત આપવાને અશક્ત હોવાની અમારી ખાતરી કરી આપેથી. સંસ્કૃત સાથેનાં પુસ્તકો અરધી સુધી કમી કીંમતે અને ગુજરાતી પુસ્તકો છેવટે મફત સુધી પણ આપી શકીશું. દેશાવરથી મંગાવનારાઓને ટપાલ ખરચ આપવું પડશે

ગરીબોને મફત આપવાને માટે; જે કોઇ આ પુસ્તકોમાંના દરેકની, એક જાતની ચાર કરતાં વધુ પ્રતો સામટી ખરીદશે. તેને ¾ કીંમતે આપીશું.

તા. ૧ લી જુન સને ૧૮૯૯
મુ. અમદાવાદમાં માંડવીની પોળમાં
હરિકીસનદાસ શેઠની પોળ ઘર નં. ૫૨૩

ગિરધરલાલ અમરતલાલ
વ્યાસ.

॥ इति श्रीमद्भागवतें एकादशस्कंध समाप्यते ॥



અધ્યાય ૧ શ્લો.—પરીક્ષિત—હે મુનિ, યદુ કુળના શણગારરૂપ શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ ગયા પછી, પૃથ્વી ઉપર કેના કેના વંશો આવ્યા; તે આપ મને કહો. શુકદેવ—શ્રીશુક—જરાસંધના વંશના પાછળ થનાર રાજાઓમાં; છેલ્લો રાજા પુરંજય નામનો થશે; તેનો મંત્રિ શુનક, પોતાના સ્વામી, પુરંજયને મારી નાંખીને; પ્રદ્યોત નામના પોતાના પુત્રને; રાજા બનાવશે; એ પ્રદ્યોતનો પુત્ર, પાલક થશે; તેનો વિશાખયૂપ—તેનો રાજક—અને તેનો નંદીવર્ધન નામે, પુત્ર થશે; પ્રદ્યોત નામથી ઓળખાતા, એ પાંચ રાજાઓ; એકસોને આડત્રીસ વરસો સુધી પૃથ્વીનું રાજ્ય કરશે; તે પછી શિશુનાગ નામનો રાજા થશે. તેનો દીકરો કાકવર્ણ—તેનો ક્ષેમધર્મા—તેનો ક્ષેત્રજ્ઞ—તેનો વિધિસાર—તેનો અજાતશત્રુ—તેનો દર્ભક—તેનો અજય—તેનો નંદીવર્ધન—અને તેનો મહાનંદી થશે; એ શિશુનાગના વંશના દસ રાજાઓ, કલિયુગમાં; ત્રણસેંને સાઠ વરસ સુધી, પૃથ્વીને ભોગવશે. હે પરીક્ષિત, એ મહાનંદીને, શૂદ્રાના પેટથી; કોઈ એક બળવાન મહા પદ્મ નામે સ્વામી અને ક્ષત્રીઓનો નાશ કરનારો નંદ નામે પુત્ર થશે; ત્યારથી રાજાઓ શૂદ્ર જેવા અને અધર્મી થશે; એ નંદ અથવા મહા પદ્મ રાજા, બીજા પરશુરામ જેવો થશે; અને તેની આજ્ઞાનું ઉલ્લંઘન, કોઈ નહીં કરી શકતાં; તે પૃથ્વીનું એક છત્ર શાસન કરશે. (ચક્રવર્તી થશે,) ॥ ૨-૩-૪-૫-૬-૭-૮-૯ ॥ તેના પછી સુમાલ્ય વિગેરે તેના પુત્રો આદિ, આઠ રાજાઓ થશે; અને તેઓ સો વરસ સુધી, આ પૃથ્વીને ભોગવશે. ॥ ૧૦ ॥ એ પતિત થએલા, નવનંદ રાજાઓના વંશને; કોઈ એક ચાણક્ય નામનો બ્રાહ્મણ, ઉખેડી નાંખશે; તેની

श्रीकृष्णायनमः राजोवाच ॥ स्वधामानुगतेकृष्णेयदुवंशविभूषणे ॥ कस्यवंशोऽभवत्पृथ्व्यामेतदाचक्ष्वमेमुने ॥१॥ श्रीशुक०योंऽत्यःपुरंजयोनामभविष्योबार्हद्रथः ॥ तस्यामात्यस्तुशुनकोहत्वास्वामिनमात्मजं ॥ प्रद्योतसंज्ञंराजानंकर्तायत्पालकःसुतः ॥२॥ विशाखयूपस्तत्पुत्रोभविताराजकस्ततः ॥ नंदिवर्धनस्तत्पुत्रःपंचप्रद्योतनाइमे ॥३॥ अष्टत्रिंशोत्तरशतंभोक्ष्यंतिपृथिवींनृपाः ॥ शिशुनागस्ततोभाव्यःकाकवर्णस्तुतत्सुतः ॥ क्षेमधर्मातस्यसुतःक्षेत्रज्ञःक्षेमधर्मजः ॥४॥ विधिसारःसुतस्तस्याजातशत्रुर्भविष्यति ॥ दर्भकस्तत्सुतोभावीदर्भकस्याजयःस्मृतः ॥५॥ नंदिवर्धनआजेयोमहानंदिःसुतस्ततः ॥ शिशुनागादशैवैतेषष्ट्युत्तरशतत्रयं ॥६॥ समाभोक्ष्यंतिपृथिवींकुरुश्रेष्ठकलौनृपाः ॥ महानंदिसुतोराजन्शूद्रागर्भोद्भवोबली ॥७॥ महापद्मपतिःकश्चिन्नंदःक्षत्रविनाशकृत् ॥ ततोनृपाभविष्यंति शूद्रप्रायास्त्वधार्मिकाः ॥८॥ सएकच्छत्रांपृथिवीमनुल्लंघितशासनः ॥ शासिष्यतिमहापद्मोद्वितीयइवभार्गवः ॥९॥ तस्यचाष्टौभविष्यंतिसुमाल्यप्रमुखाःसुताः ॥ यइमांभोक्ष्यंतिमहींराजानःस्मशतंसमाः ॥१०॥ नवनंदान्द्विजःकश्चित्प्रपन्नानुद्धरिष्यति ॥ तेषामभावेजगतींमौर्याभोक्ष्यंतिवैकलौ ॥११॥ सएवचंद्रगुप्तंवैद्विजोराज्येऽभिषेक्ष्यति ॥ तत्पुत्रोवारिसारस्तुततश्चाशोकवर्धनः ॥१२॥ सुयशाभवितातस्यसंगतःसुयशःसुतः ॥ शालिशुकस्ततस्तस्यसोमशर्माभविष्यति ॥१३॥ शतधन्वाततस्तस्यभवितातद्बृहद्रथः ॥ मौर्याह्येतेदशनृपाःसप्तत्रिंशच्छतोत्तरं ॥ समाभोक्ष्यंतिपृथिवींकलौकुरुकुलोद्वह ॥१४॥ अग्निमित्रस्ततस्तस्मात्सुज्येष्ठोऽथभविष्यति ॥ वसुमित्रोभद्रकश्चपुलिंदोभवितासुतः ॥१५॥ ततोघोषःसुतस्तस्माद्वज्रमित्रोभविष्यति ॥ ततोभागवतस्तस्माद्देवभूतिरितिश्रुतः ॥१६॥ शुंगादशैतेभोक्ष्यंतिभूमिंवर्षशताधिकं ॥ ततःकाण्वानियंभूमिर्यास्यत्यल्पगुणान्नृप ॥१७॥ शुंगंहत्वादेवभूतिंकण्वोऽमात्यस्तुकामिनं ॥ स्वयंकरिष्यतेराज्यंवसुदेवोमहामतिः ॥१८॥ तस्यपुत्रस्तुभूमित्रस्तस्यनारायणःसुतः ॥ काण्वायनाइमेभूमिंचत्वारिंशच्चपंचच ॥ शतानित्रीणिभोक्ष्यंतिवर्षाणांचकलौयुगे ॥१९॥ हत्वाकाण्वंसुशर्माणंतद्भृत्योवृषलोबली ॥ गांभोक्ष्यंत्यंध्रजातीयःकंचित्कालमसत्तमः ॥२०॥ कृष्णनामाऽथतद्भ्राताभवितापृथिवीपतिः ॥ श्रीशांतकर्णस्तत्पुत्रःपौर्णमासस्तुतत्सुतः ॥२१॥ लंबोदरस्तुतत्पुत्रस्तस्माद्विविकलोनृपः ॥ मेघस्वातिश्चविकलादटमानस्तुतस्यच ॥२२॥ अ

તેમનો નાશ થતાં, કલિયુગમાં "મૌર્ય" રાજાઓ, પૃથ્વીને ભોગવશે. ॥ ૧૧ ॥ અને તે ચાણક્યે રાજ્યાભિષેક કરેલો, ચંદ્રગુપ્ત રાજા થશે; તેનો પુત્ર વારિસાર—તેનો અશોકવર્ધન તેનો સુયશા—તેનો સંગત—તેનો શાલિશુક—તેનો સોમશર્મા—તેનો શતધન્વા—અને તેનો બૃહદ્રથ નામે, પુત્ર થશે. હે પરીક્ષિત, મૌર્ય વંશના, એ દશ રાજાઓ; એકસો સાડત્રિસ વરસસુધી, કલિયુગમાં પૃથ્વીને ભોગવશે. ॥ ૧૨-૧૩-૧૪ ॥ તે પછી, એ બૃહદ્રથને મારનારો, પુષ્પમિત્રનો દીકરો, અગ્નિમિત્ર રાજા થશે. તેનો સુજ્યેષ્ઠ—તેનો વસુમિત્ર—તેનો ભદ્રક—તેનો પુલિંદ—તેનો—ઘોષ—તેનો વજ્રમિત્ર—તેનો ભાગવત—અને તેનો દેવભૂતિ નામે પુત્ર થશે; એ રીતના દસ, શુંગ વંશના રાજાઓએ, સો કરતાં કાંઈક અધિક વરસો સુધી, (એકસો બાર વરસ,) પૃથ્વીને ભોગવ્યા પછી ઘણા ગુણવાળી આ પૃથ્વી, કાણ્વ વંશના રાજાઓના તાબામાં જશે. ॥ ૧૫-૧૬-૧૭ ॥ એ શુંગ વંશના દેવભૂતિ નામના છેલ્લા કામાતુર રાજાને, તેનો મોટી બુદ્ધિવાળો કાણ્વ જાતનો મંત્રી વસુદેવ, મારી નાંખશે; અને પછીથી, તે પોતેજ રાજ્ય કરશે. ॥ ૧૮ ॥ એ વસુદેવનો ભૂમિત્ર—અને તેનો નારાયણ નામે પુત્ર થશે. એ કાણ્વ વંશના રાજાઓ, આ પૃથ્વીને કલિયુગમાં, ત્રણસેંને પીસતાળિસ વરસો સુધી, ભોગવશે. તે વંશના છેલ્લા રાજા, સુશર્માને મારી નાંખીને; તેનો કોઈ ચાકર, અને દુષ્ટ આંધ્ર જાતિનો "બલિ" નામનો શૂદ્ર; થોડો વખત પૃથ્વીને, ભોગવશે. ॥ ૧૯-૨૦ ॥ હે પરીક્ષિત તે પછી, તેનો કૃષ્ણ નામનો ભાઈ રાજા થશે. તેનો શ્રી શાંતકર્ણ—તેનો પૌર્ણમાસ—તેનો લંબોદર—તેનો વિકલ—તેના મેઘસ્વાતિ અને અટમાન નામે, બે પુત્રો થશે; એ અટમાનનો અનિષ્ટ કર્મા—તેનો હાલેય અને તેનો તલક—એ તલકનો પુરીષભીરૂ—તેનો સુનંદન—તેનો ચકોર—અને તેનો શિવસ્વાતિ; બીજાઓથી જરાપણ કમી નહીં એવો, થએલો હતો. તેનો ગોમતિ—

...નંદન–તેનો મેઘશિરા–તેનો શિવસ્કંદ–તેનો યજ્ઞશ્રી–તેનો વિજય–તેનો ચંદ્રવિજ્ઞ–અને તેનો સલોમધિ પુત્ર થશે. ॥ ૨૧–૨૨–૨૩–૨૪–૨૫ ॥ હે પરીક્ષિત, એટલા ત્રીસ રાજાઓ; ચારસોને છપ્પન વરસો ... પૃથ્વીને ભોગવશે. ॥ ૨૬ ॥ તે પછી, અવભૃતિ નામની નગરીમાં, સાત આભીર જાતના–દસ ગર્દભ જાતના–અને સોળ કંક જાતના–લાલચુ રાજાઓ, થશે. ॥૨૭॥ તે પછી, આઠ યવન રાજાઓ થશે, તે પછી ચૌદ પુષ્કસ જાતના રાજા થશે. તે પછી દસ ગરૂડ, (મરોડા,) જાતના રાજાઓ થશે. અને તે સઘળાઓ મળીને, એક હજારને નવાણું વરસ સુધી; પૃથ્વીને ભોગવશે. ॥૨૮–૨૯॥ પછી મૌન જાતના, અગિયાર રાજાઓ થશે. તેઓ ત્રણસો વરસ સુધી, પૃથ્વીને ભોગવશે. અને તેમનો નાશ થયેથી, કિલકિલા નામની નગરીમાં, ભૂતનંદ નામનો રાજા થશે. તેના પછી વંગિરિ–તે પછી તેનો ભાઈ શિશુનંદી–તે પછી યશોનંદી–અને તે પછી પ્રવિરક નામે રાજા થશે. તેઓ એકસોને છ વરસ સુધી, રાજ્ય કરશે. ॥૩૦–૩૧॥ પછીથી તેમના બાલ્હિક નામના તેર દીકરાઓ, રાજા થશે; અને તેમના પછી, પુષ્પમિત્ર રાજા થશે; ત્યાર કેડે, તેનો દીકરો દુર્મિત્ર રાજા થશે. ॥૩૨॥ પછી સાત આંધ્ર દેશના અને સાત કૌશલ દેશના, તથા વિદૂર દેશના અને નિષધ દેશના રાજાઓ; એ સર્વે, એકી વખતેજ થશે.॥૩૩॥ મગધદેશમાં, 'વિશ્વસ્ફુર્જીન પુરંજય' એ નામનો રાજા થશે; તે બીજી વર્ણોને, પુલિંદ–યદુ–અને મદ્રક–એવા મ્લેચ્છપ્રાય, કરીદેશે; અને એ દુષ્ટ બુદ્ધિવાળો, એવી પરબ્રહ્મને નહીં જાણનારી (દુર્જનશ્રયની,) વર્ણોનું સ્થાપન કરીને; અને ક્ષત્રીઓનો, નાશ કરી નાંખીને; પદ્માવતી નામની નગરીમાં રહી,

निष्टकर्माहालेयस्तलकस्तस्यचात्मजः ॥ पुरीषभोरुस्तत्पुत्रस्ततोराजासुनंदनः ॥२३॥ चकोरोनवमोयत्रशिवस्वातिररिंदम ॥ तस्यापि गोमतीपुत्रःपुरीमान्भवितातत: ॥२४॥ मेदशिराःशिवस्कंदोयज्ञश्रीस्तत्सुतस्ततः ॥ विजयस्तत्सुतोभाव्यश्चंद्रविज्ञःसलोमधिः ॥२५॥ एतेत्रिंशन्नृपतयश्चत्वार्यब्दशतानिच ॥ षट्पंचाशच्चपृथिवींभोक्ष्यंतिकुरुनंदन ॥२६॥ सप्ताभीराआवभृत्यादशगार्दभिनोनृपाः ॥ कंकाः षोडशभूपालाभविष्यंतिचलोलुपाः ॥२७॥ ततोष्टौयवनाभाव्याश्चतुर्दशचपुष्कसाः ॥ भूयोदशगुरुंडाश्चमौनाएकादशैवतु ॥२८॥ एतेभोक्ष्यंतिपृथिवींदशवर्षशतानिच ॥ नवाधिकांचनवतिंमौनाएकादशक्षितिं ॥२९॥ भोक्ष्यंत्यब्दशतान्यंगत्रीणितैःसंस्थितेततः ॥ किलिकिलायांनृपतयोभूतनंदोऽथवंगिरिः ॥३०॥ शिशुनंदिश्चतद्भातायशोनंदिःप्रवीरकः ॥ इत्येतेवैवर्षशतंभविष्यंत्यधिकानिषट् ॥३१॥ तेषांत्रयोदशसुताभवितारश्चबाल्हिकाः पुष्पमित्रोऽथराजन्योदुर्मित्रोऽस्यतथैवच ॥३२॥ एककालाइमेभूपाःसप्तांध्राःसप्तकौशलाः ॥ वैदूरपतयेभाव्यानैषधास्ततएवहि ॥३३॥ मागधानांतुभविताविश्वस्फुर्जिःपुरंजयः ॥ करिष्यत्यपरोवर्णान्पुलिंदयदुमद्रकान् ॥३४॥ प्रजाश्चाब्रह्मभूयिष्ठाःस्थापयिष्यतिदुर्मतिः ॥ वीर्यवान्क्षत्रमुत्साद्यपद्मवत्यांसवैपुरि ॥ अनुगंगामाप्रयागंगुप्तांभोक्ष्यतिमेदिनीं ॥३५॥ सौराष्ट्रावंत्याभीराश्चशूद्राअर्बुदमालवाः ॥ व्रात्याद्विजाभविष्यंतिशूद्रप्रायाजनाधिपाः॥३६॥ सिंधोस्तटंचंद्रभागांकौंतींकाश्मीरमंडलं ॥ भोक्ष्यंतिशूद्राव्रात्याद्याम्लेच्छाश्चाब्रह्मवर्चसः ॥३७॥ तुल्यकालाइमेराजन्म्लेच्छप्रायाश्चभूभृतः ॥ एतेऽधर्मानृतपराःफल्गुदास्तीव्रमन्यवः ॥३८॥ स्त्रीबालगोद्विजघ्नाश्चपरदारधनादृताः ॥ उदितास्तमितप्रायाअल्पसत्वाल्पकायुषः ॥३९॥ असंस्कृताःक्रियाहीनारजसातमसावृताः ॥ प्रजास्तेभक्षयिष्यंतिम्लेच्छाराजन्यरूपिणः ॥४०॥ तन्नाथास्तेजनपदास्तच्छीलाचारवादिनः ॥ अन्योन्यतोराजभिश्चक्षयंयास्यंतिपीडिताः ॥ ॥ ४१ ॥ इतिश्रीभागवतेमहापुराणेद्वादशस्कंधेकलिपश्चाद्मागधराजानोनामप्रथमोऽध्यायः ॥१ ॥

श्रीशुक० ततश्चानुदिनंधर्मःसत्यंशौचंक्षमादया॥ कालेनबलिनाराजन्नंक्ष्यंत्यायुर्बलंस्मृतिः॥१॥ वित्तमेवकलौनृणांजन्माचारगुणोदयः ॥ धर्मन्यायव्यवस्थायांकारणंबलमेवहि ॥२॥ दांपत्येऽभिरुचिर्हेतुर्मायैवव्यावहारिके॥ स्त्रीत्वेपुंस्त्वेचहिरतिर्विप्रत्वेसूत्रमेवहि॥३॥ लिंगमेवा

હરદ્વારથી પ્રયાગ સુધીની પૃથ્વીનું રક્ષણ કરી પોતે ભોગવશે. ॥ ૩૪–૩૫ ॥ તે પછી, સોરઠ–માળવા–આભિર–શુદ્ર–અને અર્બુદ માળવા; દેશોમાં રહેનારા, દ્વિજો ક્રિયાવંત, (જનોઇ,) ના સંસ્કાર વિનાના; અને રાજાઓ, શુદ્ર જેવા થઇ જશે. ॥ ૩૬ ॥ અને સિંધુ તથા ચંદ્રભાગાના કાંઠાના દેશોને, અને કૌંતેય તથા કાશ્મિર વિગેરે દેશોને પણ; બ્રહ્મતેજ વિનના મ્લેચ્છો અને શુદ્રો આદિ ભોગવશે. ॥૩૭॥ હે પરીક્ષિત, એકજ સમયે ઉત્પન્ન થયેલા, તે અલ્પ સત્વ તથા થોડા આયુષ્ય વાળા; અને ઉગીને તુર્તજ આથમી જનારા, મ્લેચ્છો જેવા રાજાઓ; અધર્મનું આચરણ કરનારા–જુઠું બોલનારા–થોડું આપનારા–ઘણો ક્રોધ કરનારા–અને સ્ત્રીઓ, બાળક, ગાયો, તથા દ્વિજોને મારનારા–તથા પારકી સ્ત્રીઓનું અને પરધનનું હરણ કરનારા–એવા થશે. ॥૩૮–૩૯॥ એ સંસ્કાર રહિત–ક્રિયાહીન અને રજોગુણ તમોગુણથી ઘેરાયલા–રાજાનુરૂપ ધારનારા મ્લેચ્છો; એમ પ્રજાઓને ખાઇ જનારા, એટલે તેમનો નાશ કરી નાંખનારા, થશે. ॥૪૦॥ અને તેવા રાજાઓના સ્વામીપણા નીચે રહેનાર, તેમના સરખાજ શીલ અને આચારવાળા; અને તેમના સરખુંજ બોલનારા લોકો પણ; અન્યો અન્ય એક બીજાથી, તથા રાજાઓથી પીડા પામી પામીને; નાશ પામી જશે. ॥૪૧॥ ઇ. શ્રી. ભા. સ્કં. ૧૨ પે. અ. સં. ॥૧॥

અધ્યાય ૨ જો.—શ્રીશુક—હે રાજા, તે પછી રોજરોજ ધર્મ–સત્ય–શૌચ–ક્ષમા–દયા–આયુષ્ય–બળ અને સ્મૃતિ–એમનો; બળવાન કાળથકી, નાશ થતો જશે ॥૧॥ અને કલિયુગમાં મનુષ્યોનું; કુળવાનપણું–સારો આચાર–અને ગુણવાનપણું–એ સઘળું ધનાદિક હોવા ઉપરથીજ, માત્ર ગણાશે. અને ધર્મની વ્યવસ્થામાં, બળ એજ કારણરૂપ થશે. ॥૨॥ સ્ત્રી પુરૂષનાં જોડાં થવામાં, એકબીજાના ઉપરની રૂચીજ, કારણ થશે. અને આપવા લેવા આદિ વ્યવહાર કરવામાં, મુખ્યત્વેકરીને કપટજ કરવામાં આવશે. સ્ત્રી અને પુરૂષની ઉત્તમતા, માત્ર રતિ કરવાની કુશળ-

તાવડેજ, મણાશે. અને બ્રાહ્મણપણું, માત્ર જનોઇ ધારવા થકીજ; મનાશે. ॥૩॥ એક બીજા આશ્રમવાળાનું અધિક પણું જણવાને માટે, આશ્રમને દેખાડનારી નિશાનીઓજ, માત્ર કારણરૂપ ગણાશે. લાંચ અધિક નહીં આપનારો, ન્યાયમાં હારી જશે. અને ઘણું બોલનારાજ, પંડિત કહેવાશે. ॥૪॥ નિર્ધન પણું, અસાધુપણાનું કારણ થશે. ઢોંગ કરનારાઓ, સાધુ કહેવાશે. પરણવામાં, માત્ર મોઢેથી સ્વીકાર કરવો; એજ કારણરૂપ થશે. અને નહાવું, એજ શણગાર ગણાશે. ॥૫॥ દૂરનાં જળાશયો, તીર્થ સ્થાન ગણાશે. વાળ રાખવામાંજ, સુંદરતા ગણાશે. ઉદરનું પોષણ કરવું, તે પુરુષાર્થ ગણાશે. અને વધુ ઢગવિદ્યા કરશે, તેજ સાચો કહેવાશે. ॥૬॥ કુટુંબનું પોષણ કરવું, એજ ચતુરાઇ કહેવાશે. ધર્મનું સેવન, માત્ર યશને અર્થેજ લોકો કરશે. અને એ પ્રમાણેની દુષ્ટ પ્રજાઓથકી, આખી પૃથ્વી ભરાઇ જશે. ॥૭॥ ત્યારે બ્રાહ્મણો-ક્ષત્રીઓ-વૈશ્યો-અને શૂદ્રો-ઓઓમાં જે બળવાન હશે, તે રાજા થઇ બેસશે. તથા એવા લોભી-નિર્દય-અને ચોર જેવા રાજાઓથકી, સ્ત્રીઓનું અને ધનનું હરણ થયેલી પ્રજાઓ; શાક-મૂળ-માંસ-મધ-ફળ-ફૂલ-અને બીજ-ખાઇને રહેનારી થઇને; પર્વતોમાં અને વનોમાં જઇ રહેશે. ॥ ૮ ॥ અને અનાવૃષ્ટિવડે-દુષ્કાળ પડવાથી-તથા કરો આદિકથકી-પીડા પામીને; અને ટાઢ,-વાયુ-તડકો-વરસાદ-તથા હીમ-આદિથી તેમજ અન્યો અન્યથકી પણ, પીડા પામીને; પ્રજાઓનો નાશ થઇ જશે. ॥ ૧૦ ॥ એમ ભૂખ તરસથી-વ્યાધિઓથી-સંતાપ થવાથી-અને ચિંતાથકી; મનુષ્યોનું મોટામાં મોટું આયુષ્ય, કળિ કાળમાં ત્રીસથકી વીસ વરસો સુધીનું થઇ જશે ॥ ૧૧ ॥ તેમજ કલિયુગના દોષોથકી, મનુષ્યોનાં શરીરો નાંહનાં થઇ જશે. અને વર્ણ તથા આશ્રમવાળા મનુષ્યોનો ધર્મ, અને વેદ માર્ગ; નાશ પામી જશે. ॥ ૧૨ ॥ ધર્મમાં, પાખંડો ઘણાં વધી જશે. રાજાઓ, ચોર જેવા થશે. અને મનુષ્યો, ચોરી-જૂઠ-અને વૃથા હિંસા-વાળી, અનેક પ્રકારની આજીવિકાઓ-વાળા; થઇ જશે. ॥૧૩॥ બધી વર્ણો, શૂદ્ર સરખી થઇ જશે. ગાયો, બકરી જેવી થઇ જશે. બધા આશ્રમો,

आश्रमख्यातावन्योऽन्यापत्तिकारणं ॥ अवृत्त्यान्यायदौर्बल्यंपांडित्येचापलंवचः ॥४॥ अनाढ्यतैवासाधुत्वेसाधुत्वेदंभएवतु॥ स्वीकारएवचोद्वाहेस्नानमेवप्रसाधनं॥५॥ दूरेवार्ययनंतीर्थंलावण्यंकेशधारणं॥ उदरंभरतास्वार्थःसत्यत्वेधाष्टर्यमेवहि ॥६॥ दाक्ष्यंकुटुंबभरणंयशोर्थेधर्मसेवनं॥ एवंप्रजाभिर्दुष्टाभिराकीर्णेक्षितिमंडले॥७॥ ब्रह्मविट्क्षत्रशूद्राणांयोबलीभवितानृपः ॥ प्रजाहिलुब्धैराजन्यैर्निर्घृणैर्दस्युधर्मभिः ॥८॥ आच्छिन्नदारद्रविणायास्यंतिगिरिकाननं ॥ शाकमूलामिषक्षौद्रफलपुष्पाष्टिभोजनाः॥९॥ अनावृष्ट्याविनंक्ष्यंतिदुर्भिक्षकरपीडिताः ॥ शीतवातातपप्रावृड्हिमैरन्योन्यतःप्रजाः॥१०॥ क्षुत्तृड्भ्यांव्याधिभिश्चैवसंतापेनचचिंतया॥ त्रिंशद्विंशतिवर्षाणिपरमायुःकलौनृणां ॥ ११ ॥ क्षीयमाणेषुदेहेषुदेहिनांकलिदोषतः ॥ वर्णाश्रमवतांधर्मेनष्टेवेदपथेनृणां॥१२॥ पाखंडप्रचुरेधर्मेदस्युप्रायेषुराजसु॥ चौर्यानृतवृथाहिंसानानावृत्तिषुवैनृषु॥१३॥ शूद्रप्रायेषुवर्णेषुछागप्रायासुधेनुषु॥ गृहप्रायेष्वाश्रमेषुयौनप्रायेषुबंधुषु ॥१४॥ अणुप्रायास्वोषधीषुशमीप्रायेषुस्थास्नुषु॥ विद्युत्प्रायेषुमेघेषुशून्यप्रायेषुसद्मसु ॥१५॥ इत्थंकलौगतप्रायेजनेषुखरधर्मिणि॥ धर्मत्राणायसत्त्वेनभगवानवतरिष्यति ॥१६॥ चराचरगुरोर्विष्णोरीश्वरस्याखिलात्मनः ॥ धर्मत्राणायसाधूनांजन्मकर्मापनुत्तये ॥१७॥ शंभलग्राममुख्यस्यब्राह्मणस्यमहात्मनः ॥ भवनेविष्णुयशसःकल्किःप्रादुर्भविष्यति॥१८॥ अश्वमाशुगमारुह्यदेवदत्तंजगत्पतिः॥ असिनासाधुदमनमष्टैश्वर्यगुणान्वितः ॥१९॥ विचरन्नाशुनाक्षोण्यांहयेनाप्रतिमद्युतिः॥ नृपलिंगच्छदोदस्यून्कोटिशोनिहनिष्यति॥२०॥ अथतेषांभविष्यंतिमनांसिविशदानिवै ॥ वासुदेवांगरागातिपुण्यगंधानिलस्पृशां॥ पौरजानपदानांवैहतेष्वखिलदस्युषु॥२१॥ तेषांप्रजाविसर्गश्चस्थविष्ठःसंभविष्यति॥ वासुदेवेभगवतिसत्वमूर्तौहृदिस्थिते ॥२२॥ यदावतीर्णोभगवान्कल्किर्धर्मपतिर्हरिः ॥ कृतंभविष्यतितदाप्रजासूतिश्चसात्विकी ॥२३॥ यदाचंद्रश्चसूर्यश्चतथातिष्यबृहस्पती॥ एकराशौसमेष्यंतितदाभवतितत्कृतं॥२४॥ येऽतीतावर्तमानायेभविष्यंतिचपार्थिवाः॥ तेतउद्देशतःप्रोक्तावंशीयाःसोमसूर्ययोः ॥

ગૃહસ્થ જેવા થઇ જશે. અને સગાં સંબંધીઓનો સંબંધ, વહેવાઇઓના જેવો થઇ જશે. ॥૧૪॥ તમામ જાતની ઔષધિઓ, અણુ સમાન થઇ જશે. બધાં વૃક્ષો, ખીજડા જેવાં થઇ જશે. વરસાદ, વીજળીના સરખા થઇ જશે. અને સઘળાં ઘરો, શૂન્ય સરખાં થઇ જશે. ॥૧૫॥ એ પ્રકારના અનેક દોષોથી, મનુષ્યોને વિશે ઉત્પન્ન કરવાના સ્વભાવવાળો, એ કળિયુગ. જ્યારે પૂરો થઇ રહેવા આવશે; ત્યારે ભગવાન, પોતાના સત્વ સહિત; ધર્મનું રક્ષણ કરવાને માટે, અવતાર લેશે. ॥૧૬॥ એ અખિલ બ્રહ્માંડના આત્મા-અને સ્થાવર અને જંગમ સર્વના ગુરુ-ઇશ્વર ભગવાનનો જન્મ; કર્મો થકી, લોકોને છોડાવવા સારૂં; અને ધર્મનું તથા સાધુ પુરુષોનું રક્ષણ કરવાને સારૂંજ; થાય છે. ॥૧૭॥ સંભળ ગામના મુખી મહાત્મા વિષ્ણુયશસ, નામના બ્રાહ્મણના ઘરમાં; પાપી લોકોનું દમન કરનારા, અને આઠે પ્રકારની સિદ્ધિઓ વાળા; કલ્કી ભગવાન ઉત્પન્ન થશે; અને ચાલનારા ઘોડા ઉપર બેસીને, તે ઘોડા થકી, ઉતાવળાજ પૃથ્વી ઉપર; ભગવાન સર્વોત્તમ તેજથી, ફરશે. તથા દેવતાઓએ લાવી આપેલી, તરવાર વડે; રાજાઓના વેશમાં છુપાયલા, કરોડો ચોરોને હણી નાંખશે. ॥ ૧૮-૧૯-૨૦ ॥ એ રીતે સઘળા ચોરો, મરી ગયા પછી; શહેરોના અને ગામડાંઓના લોકોનાં મન, એ વાસુદેવ ભગવાનનાં અંગોથકી, અતિ પવિત્ર સુગંધી યુક્ત થયેલા પવનનો સ્પર્શ થવાથીજ; અતિ શુદ્ધ થઇ જશે. ॥૨૧॥ અને એ સત્વ મૂર્તિ વાસુદેવ ભગવાનનું સ્વરૂપ, તેઓના હૃદયને વિશે રહેવાથી; તેમનાં સંતાનોની સૃષ્ટિ, મોટી મોટી થતી જશે. ॥૨૨॥ એમ જ્યારે, ધર્મના પતિ હરિભગવાનનો કલ્કી અવતાર થશે; ત્યારે સત્યુગ વરતાશે. અને પ્રજાઓ સત્વ ગુણી અવતરતી જશે. ॥૨૩॥ જ્યારે ચંદ્ર-સૂર્ય-અને બૃહસ્પતિ એ ત્રણે ગ્રહો, એક રાશીમાં, (એટલે પુષ્ય નક્ષત્રમાં,) આવશે; ત્યારે સત્યુગ આવ્યુ થશે. ॥૨૪॥ એ રીતે થઇ ગયેલા છે તે, તથા વર્તમાન કાળમાં થતા, અને હવે થવાના; સૂર્ય અને ચંદ્ર વંશના, મુખ્ય મુખ્ય રાજાઓ વિશે, મેં તમને કહ્યું. ॥ ૨૫ ॥ તમો પરીક્ષિતના જન્મ થવાથકી, નંદ રાજાનો અ-

(પા સુધીમાં) પંદરસોને દશ વરસો લાગશે. ॥૨૬॥ આકાશમાં સપ્તર્ષિઓ ઉગે છે, તેમાં પ્રથમ દેખાતા તારાઓના મધ્યમાં, જે નક્ષત્ર રાત્રિએ દક્ષિણ દિશામાં, સમ પ્રદેશમાં રહેલું જણાય છે, તે નક્ષત્રથી જોડાઈને, દિવ્ય સો વરસો સુધી સપ્તર્ષિઓ રહે છે; તે સપ્તર્ષિઓ, તમારા જન્મ કાળે, તથા હમણાં પણ; મઘા નક્ષત્રમાં છે. ॥૨૭-૨૮॥ શ્રીકૃષ્ણ નામથી કહેવાતો, વિષ્ણુ ભગવાનરૂપી સૂર્ય; જ્યારે અસ્ત પામ્યો, ત્યારેજ લોકને વિશે કળિયુગનો પ્રવેશ થયો છેજ; કે જે કાળમાં, મનુષ્યોની રુચી પાપને વિશે પ્રવર્તે છે. ॥૨૯॥ પણ જ્યાં સુધી એ લક્ષ્મીના સ્વામી શ્રીકૃષ્ણ ભગવાન, પોતાના ચરણ કમળથી પૃથ્વીનો સ્પર્શ કરતા હતા; ત્યાં સુધી કળિયુગ પરાભવ કરી શક્યો નહોતો. ॥૩૦॥ જ્યારથી મઘા નક્ષત્રને વિશે સપ્તર્ષિઓ વિચરવા લાગ્યા છે, ત્યારથીજ દેવતાઓનાં બારસો વરસોનો; કળિયુગ બેસી ચુક્યો છે. ॥૩૧॥ અને એ મઘા નક્ષત્રમાંથી, પૂર્વાષાઢા નક્ષત્રમાં એ ઋષિઓ આવશે; ત્યારથી એટલે નંદ રાજાના રાજ્ય કાળથી, કળિયુગ વૃદ્ધિ પામશે. ॥૩૨॥ જ્યારે શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ પધાર્યા, ત્યારે અને તે દહાડેથીજ, કળિયુગ આવેલો જાણવાનું, પૂર્વ કાળના વિદ્વાનો કહે છે. ॥૩૩॥ દેવતાઓનાં હજાર વરસો ગયા કેડે, કળિયુગ પૂરો થઈને; મનુષ્યોના મનને, આત્મ જ્ઞાનનો પ્રકાશ કરનારો, કૃત અથવા સતયુગ બેસશે. ॥૩૪॥ પૃથ્વી ઉપર મનુના વંશના રાજાઓની સ્થિતિઓના, આ ફેરફારો; જેવી રીતે, કહેવામાં આવ્યા છે; તેવીજ રીતે, દરેક યુગમાં, થતા; વૈશ્યો-શૂદ્રો-અને બ્રાહ્મણોના વંશોની-સ્થિતિઓના પણ, ફેરફારો થયેલાનું; જાણી લેવું જોઈએ. ॥૩૫॥ એ જેઓની, વાતો માત્ર અવશેષ રહી છે એવા નામો અને નિશાની ખોવાયેલા, મહાત્મા પુરુષોની; કીર્તિજ, પૃથ્વી ઉપર રહેલી છે. ॥૩૬॥ મોટા યોગના બળવાળાઓ: શાંતનુનો ભાઈ દેવાપી, અને ઇક્ષ્વાકુ વંશ-

॥२५॥ आरभ्यभवतोजन्मयावन्नंदाभिषेचनं ॥ एतद्वर्षसहस्रंतुशतंपंचदशोत्तरं ॥२६॥ सप्तर्षीणांतुयौपूर्वौदृश्येतेउदितौदिवि॥ तयोस्तुमध्येनक्षत्रंदृश्यतेयत्समंनिशि ॥२७॥ तेनैवऋषयोयुक्तास्तिष्ठंत्यब्दशतानिच॥ तेत्वदीयेद्विजाःकालेअधुनाचाश्रितामघाः ॥२८॥ विष्णोर्भगवतोभानुःकृष्णाख्योऽसौदिवंगतः॥तदाऽविशत्कलिर्लोकंपापेयद्रमतेजनः ॥२९॥ यावत्सपादपद्माभ्यांस्पृशन्नास्तेरमापतिः॥ तावत्कलिर्वैपृथिवींपराक्रांतुंनचाशकत् ॥३०॥ यदादेवर्षयःसप्तमघासुविचरंतिहि ॥ तदाप्रवृत्तस्तुकलिर्द्वादशाब्दशतात्मकः॥३१॥ यदामघाभ्योयास्यंतिपूर्वाषाढांमहर्षयः ॥ तदानंदात्प्रभृत्येषकलिर्वृद्धिंगमिष्यति ॥३२॥ यस्मिन्कृष्णोदिवंयातस्तस्मिन्नेवतदाऽहनि ॥ प्रतिपन्नंकलियुगमितिप्राहुःपुराविदः॥३३॥ दिव्याब्दानांसहस्रांतेचतुर्थेतुपुनःकृतं ॥ भविष्यतियदानृणांमनआत्मप्रकाशकं ॥३४॥ इत्येषमानवोवंशोयथासंख्यायतेभुवि ॥ तथाविट्शूद्रविप्राणांतास्ताज्ञेयायुगेयुगे॥३५॥ एतेषांनामलिंगानांपुरुषाणांमहात्मनां ॥ कथामात्रावशिष्टानांकीर्तिरेवस्थिताभुवि ॥३६॥ देवापिःशंतनोर्भ्रातामरुश्चेक्ष्वाकुवंशजः॥ कलापग्रामआसातेमहायोगबलान्वितौ ॥३७॥ ताविहैत्यकलेरंतेवासुदेवानुशिक्षितौ ॥ वर्णाश्रमयुतंधर्मंपूर्ववत्प्रथयिष्यतः॥३८॥ कृतंत्रेताद्वापरंचकलिश्चेतिचतुर्युगं ॥ अनेनक्रमयोगेनभुविप्राणिषुवर्तते ॥३९॥ राजन्नेतेमयाप्रोक्तानरदेवास्तथाऽपरे ॥ भूमौममत्वंकृत्वांऽतेहित्वेमांनिधनंगताः॥४०॥ कृमिविट्भस्मसंज्ञांऽतेराजनाम्नोपियस्यच ॥ भूतध्रुक्तत्कृतेस्वार्थंकिंवेदनिरयोयतः ॥४१॥ कथंसेयमखंडाभूःपूर्वैर्मेपुरुषैर्धृता ॥ मत्पुत्रस्यचपौत्रस्यमत्पूर्वावंशजस्यच ॥४२॥ तेजोऽबन्नमयंकायंगृहीत्वाऽत्मतयाऽबुधाः ॥ महीममतयाचोभौहित्वांऽतेदर्शनंगताः ॥४३॥ येयेभूपतयोराजन्भुंजंतिवसुमोजसा ॥ कालेनतेकृताःसर्वेकथामात्राःकथासुच ॥४४॥ इतिश्रीभागवतेमहापुराणेद्वादशस्कंधेकलिमहात्म्यंचकल्किप्रादुर्भावोनामद्वितीयोध्यायः॥२॥ श्रीशुक०दृष्ट्वात्मनिजयेव्यग्रान्नृपान्हसतिभूरियं ॥ अहोमांविजिगीषंतिमृत्योःक्रीडनकान्नृपाः ॥१॥ कामएषनरेंद्राणांमोघःस्याद्विदुषामपि ॥ येनफेनोपमेपिंडेयेऽतिविश्रंभितान्नृपाः॥२॥ पूर्वंनिर्जित्यषड्वर्गंजेष्यामोराजमंत्रिणः ॥ ततःसचिवपौराप्तकरींद्रानस्यकंटकान् ॥३॥ एवं

માં જન્મેલો મરુ: એ બે જણા, કલાપ ગામમાં રહેલા છે. ॥૩૭॥ કળિયુગનો અંત થયેથી, એ બે જણાઓ; અહીં આવીને, વાસુદેવ ભગવાનથી શિખેલા, વર્ણ અને આશ્રમ વાળા, પૂર્વ પ્રમાણેનાજ ધર્મનું, સ્થાપન કરશે. ॥૩૮॥ કૃત-ત્રેતા-દ્વાપર-અને કલિ-એ રીતના ચાર યુગો; પૃથ્વી ઉપર પ્રાણીઓને વિશે, એ રીતના અનુક્રમથી વર્તે છે. ॥૩૯॥ હે રાજા, મેં જે ગણાવ્યા તે, તથા બીજા પણ રાજાઓ; પૃથ્વીને વિશે, મમત કરીને; અંતે તેને તજીને, મરણ પામી ગયેલાજ છે. ॥૪૦॥ રાજા નામથી કહેવાતા છતાં, છેવટે-કીડા-વિષ્ઠા-કિંવા રાખોડીજ-અંતે, જેની થાય છે; એવા શરીરથી; જે થકી, નરકમાં પડવું પડે છે. તેવા પ્રાણીઓનો દ્રોહ કરનારા તેઓ, શું સ્વાર્થને મેળવી ગયેલા છે. ॥૪૧॥ આ પૃથ્વીને અખંડિતપણે મારા પૂર્વજોએ, કેવી રીતે ધારણ કરી હતી; અને તેજ રીતે, મારા પુત્રો-પૌત્રો-અને વંશોની પાસે તે કેવા પ્રકારથી, રહી શકે; એવી મમતા થકી, પૃથ્વીને પકડનારા; અને અગ્નિ-જળ-તથા અન્ન મય-શરીરને; પોતા રૂપ માનનારી, અહંતા કરનારા; એ અબુદ્ધિમાન પુરુષો, અંતે તે બેઉને તજી દેઈને; અદર્શનજ થઈ ગયેલા છે ॥૪૨-૪૩॥ હે પરીક્ષિત, યોગ્ય જે જે રાજાઓ, બળવડે પૃથ્વીને ભોગવતા હતા; તે સઘળાઓને તો કાળે, વારતાઓમાં બોલવા માત્રજ; કાળે કરી નાંખેલા છે. ॥ ૪૪ ॥ ઇતિશ્રી૦ ભા૦ બારમા સ્કંધનો કલિ મહાત્મ્ય અને કલ્કી અવતાર નામે બીજો અધ્યાય સંપૂર્ણ. ॥ ૨ ॥

અધ્યાય ૩ જો.—શ્રીશુક—એ રીતના રાજાઓને; પોતાને જીતી લેવાને માટે ઉદ્યમવાળા થતા દેખીને, પૃથ્વી તેમને હસે છે કે, "આ મૃત્યુના રમકડા રૂપ રાજાઓ, મને જીતવાને ઇચ્છે છે. એ રાજાઓ, ઘણા બુદ્ધિમાન છે; તો પણ તેઓની એ કામના, નિષ્ફળજ છે. કારણ ફીણની ઉપમા આપવા, એવા શરીરને વિશે; તેઓ ઘણો વિશ્વાસ રાખનારા છે." ॥૨॥ તેઓ વિચાર કરે છે કે, "અમે પ્રથમ રાજા મંત્રિ-પછી બીજા પ્રધાનોને-ને પછી મોટા શેઠીઆ અમલદારોને-પછી બીજા લોકો તથા સંબંધીઓ વિગેરે-અને તે

પછી મોટા હાથીઓના રક્ષકો આદિ લશ્કરના મુખીઓને–તથા તે પછી રાજાના કંટક એટલે ચોર તથા રાજાની વિરૂધ્ધ ચાલનારા લોકો આદિને–એ રીતના છએ વર્ગને; જીતી લેઇશું. ॥૩॥ અને એમ કરીને, પછી સમુદ્ર પર્યંત પૃથ્વીને પણ જીતી લેઇશું” પરંતુ એ રીતના આશાના બંધનથી બંધાયલા, તેઓ નજીકમાંજ આવેલા; પોતાના મરણને તો, દેખતાજ નથી. ॥૪॥ અને સમુદ્રથી વીંટાયલી મને, જીત્યા પછી વળી તેઓ; બળવડે સમુદ્રની અંદર, (બેટ આદિકમાં,) પણ, પ્રવેશ કરે છે. છતાં એ રીતે જય કરવાવડે, તેઓ શું ફળ મેળવી શકવાના છે. ! કારણ પોતાનો જ જય કરવાનું તો, મુક્તિ મેળવવી; એજ કહેવાય છે. ॥૫॥ હે પરીક્ષિત, મનુઓ અને તેમના પુત્રો આદિક પણ, જે પૃથ્વીને પડી મુકીને; જેવા આવ્યા હતા, તેવાજ ચાલ્યા ગયેલા છે. તેથી યુદ્ધ કરીને મને જીતવાની ઇચ્છાવાળા, તે સઘળા રાજાઓ બુદ્ધિ વિનાનાજ છે. ॥૬॥ અને તે, મમતાથકી બંધાઇ ગયેલા; દુષ્ટ મનવાળા લોકોને, માંહોમાંહે; બાપ દીકરાને, અને ભાઇ ભાઇઓને પણ; મારે માટેજ, કજીઆ થાય છે. ॥૭॥ તથા, “હે મૂઢ આ સઘળીજ પૃથ્વી, મારી છે; અને તારી નથી;” એમ બોલતા, અને મારે માટેજ સ્પર્ધા કરતા; તે રાજાઓ એક બીજાને; મારે છે; અને મરે છે. ॥૮॥ પૃથુ–પુરૂરવા–ગાધી–નહુષ–ભરત–સહસ્રાર્જુન–માંધાતા–સગર–રામ–ખટ્વાંગ–ધુંધુમાર–રઘુ–તૃણબિંદુ–યયાતિ–શર્યાતિ–શંતનુ–ગય–ભગીરથ–કુવલયાશ્વ–કકુત્સ્થ–નૈષધ (નળરાજા)–નૃગ–હિરણ્યકશિપુ–વૃત્રાસુર–લોક માત્રને રોવરાવનારો રાવણ–નમુચિ–શંબર–પૃથ્વી પુત્ર નરકાસુર–હિરણ્યાક્ષ–તારકાસુર–અને બીજા પણ, ઘણા એક મોટા ઐશ્વર્યવાળા રાજાઓ અને દૈત્યો આદિ; જેઓ સઘળાજ, સર્વ વિદ્યા આદિને જાણનારા–શૂરા–સર્વને જીતનારા–અને અજીત હતા; તે બધા, મારા વિશે ઘણી મમતા રાખનારા મરણ ધર્મવાળાઓને; તેમના મનોરથો પૂર્ણ નહીં કરવા દેતાં, સમર્થ કાળે, (મળી જઇને,) ફક્ત વાર્તાઓમાં કહેવા પૂરતાજ; શેષ રહેવા દીધેલા છે.” ॥ ૯–૧૦–૧૧–૧૨–૧૩ ॥ હે પરીક્ષિત, લોકને વિશે

[illegible]:पृथ्वींसागरमेखलां ॥ इत्याशाबद्धहृदयानपश्यंत्यंतिकेंऽतकं ॥४॥ समुद्रावरणांजित्वामांविशंत्यब्धिमोजसा ॥ कियदात्मज
यस्यैतन्मुक्तिरात्मजयेफलं ॥५॥ यांविसृज्यैवमनवस्तत्सुताश्चकुरूद्वह ॥ गतायथागतंयुद्धेतांमांजेष्यंत्यबुद्धयः ॥६॥ मत्कृतेपितृपुत्राणांभ्रा
तृणांचापिविग्रहः ॥ जायतेह्यसतांराज्येममताबद्धचेतसां ॥७॥ ममैवेयंमहीकृत्स्नानतेमूढेतिवादिनः ॥ स्पर्द्धमानामिथोघ्नंतिम्रियंतेमत्कृ
तेनृपाः ॥८॥ पृथुःपुरूरवागाधिर्नहुषोभरतोऽर्जुनः ॥ मांधातासगरोरामःखट्वांगोधुंधुहारघुः ॥९॥ तृणबिंदुर्ययातिश्चशर्यातिःशंतनुर्गयः
॥ भगीरथः कुवलयाश्वःककुत्स्थोनैषधोनृगः ॥१०॥ हिरण्यकशिपुर्वृत्रोरावणोलोकरावणः ॥ नमुचिःशंबरोभौमोहिरण्याक्षोऽथतारकः ॥
॥११॥ अन्येचबहवोदैत्याराजानोयेमहेश्वराः ॥ सर्वेसर्वविदःशूराःसर्वेसर्वजितोऽजिताः ॥१२॥ ममतांमय्यवर्तंतकृत्वोच्चैर्मर्त्यधर्मिणः ॥
कथावशेषाःकालेनह्यकृतार्थाःकृताविभो ॥१३॥ कथाइमास्तेकथितामहीयसांवितायलोकेषुयशःपरेयुषां ॥ विज्ञानवैराग्यविवक्षयाविभो
वचोविभूतीर्नतुपारमार्थ्यं ॥१४॥ यस्तूत्तमश्लोकगुणानुवादःसंगीयतेऽभीक्ष्णममंगलघ्नः ॥ तमेवनित्यंशृणुयादभीक्ष्णंकृष्णेऽमलांभक्तिम
भीप्समानः ॥१५॥ राजा० केनोपायेनभगवन्कलेर्दोषान्कलौजनाः ॥ विधमिष्यंत्युपचितांस्तन्मेब्रूहियथामुने ॥१६॥ युगानियुगधर्मांश्चमा
नंप्रलयकल्पयोः ॥ कालस्येश्वररूपस्यगतिंविष्णोर्महात्मनः ॥१७॥ श्रीशुक० कृतेप्रवर्ततेधर्मश्चतुष्पात्तज्जनैर्धृतः ॥ सत्यंदयातपोदानमिति
पादाविभोर्नृप ॥१८॥ संतुष्टाःकरुणामैत्राःशांतादांतास्तितिक्षवः ॥ आत्मारामाःसमदृशःप्रायशःश्रमणाजनाः ॥१९॥ त्रेतायांधर्मपादानां
तुर्यांशोहीयतेशनैः ॥ अधर्मपादैरनृतहिंसाऽसंतोषविग्रहैः ॥२०॥ तदाक्रियातपोनिष्ठानातिहिंस्रानलंपटाः ॥ त्रैवर्गिकास्त्रयीवृद्धावर्णाब्र
ह्मोत्तरानृप ॥२१॥ तपःसत्यदयादानेष्वर्द्धंह्रसतिद्वापरे ॥ हिंसातुष्ट्यनृतद्वेषैर्धर्मस्याधर्मलक्षणैः ॥२२॥ यशस्विनोमहाशालाःस्वाध्याया
ध्ययनेरताःआढ्याःकुटुंबिनोहृष्टावर्णाःक्षत्रद्विजोत्तमाः ॥२३॥ कलौतुधर्महेतूनांतुर्यांशोऽधर्महेतुभिः ॥ एधमानैःक्षीयमाणोह्यंतेसोऽपिविनं

કીર્ત્તિ રાખીને મરી જનારા, મહાત્માઓની; વાણીના વિલાસ રૂપ, આ કથાઓ; મેં તમને ફક્ત, વિજ્ઞાન અને વૈરાગ્ય સંપાદન કરાવવાને અર્થેજ; કહેલી છે. પણ તે કથાઓ, પરમાર્થ રૂપે નથી. ॥૧૪॥ અને તે કથાઓની અંદર પણ જેટલો, ઉત્તમ શ્લોક ભગવાનના ગુણો આદિનો; અમંગળને નાશ કરનારો અનુવાદ, વારંવાર ગવાયલો છે; તેટલો ભાગજ, પરમાર્થ રૂપ છે. માટે કૃષ્ણ ભગવાન વિશે, નિર્મળ ભક્તિ પ્રાપ્ત થવાને ઇચ્છનારાઓએ; તેનુંજ, વારંવાર અને હમેશાં, શ્રવણ આદિક કરવાનું છે. ॥૧૫॥–પરીક્ષિત–હે શુકદેવજી, કલિ વ્યાપેલા કલિયુગના લોકો, કયા ઉપાયોથી; કલિયુગના દોષોનો, નાશ કરે છે. તે જેમ હોય, તેમ; આપ મને કહો. ॥૧૬॥ તથા યુગોયુગોના ધર્મો–અને પ્રલય તથા કલ્પનાં પ્રમાણો–એ સઘળું: કે જે, મહાત્મા વિષ્ણુ ભગવાનના સ્વરૂપ, કાળની ગતિ રૂપે છે; તે પણ, મને કહો. ॥૧૭॥–શ્રીશુક–હે રાજા, સત્ યુગમાં, તે કાળના લોકોએ ધારણ કરેલો; સમર્થ ધર્મ, સત્ય–દયા–તપ–અને દાન–એ રીતના ચાર સંપૂર્ણ પગવાળો, ચતુષ્પાદ; [illegible]પાળેલો પૂરા રૂપથી; વર્તે છે. ॥૧૮॥ એ કાળના લોકો, વિશેષે કરીને; સંતોષવાળા–કરૂણાવાળા–મિત્ર ભાવવાળા–શાંત–વિવેકી–તિતિક્ષાવાળા–આત્મારામ– સમદૃષ્ટિ–અને ઇશ્વર સંબંધી જ્ઞાન થવા માટે, પરિશ્રમ કરનારા; હોય છે. ॥૧૯॥ ત્રેતાયુગમાં, અધર્મના; જૂઠ–હિંસા–વિગ્રહ–અને અસંતોષ–એ ચાર પાયાવડે; ધર્મના ચારે પગનો ચોથો ચોથો ભાગ; ધીમે ધીમે, નાશ પામી જાય છે. ॥ ૨૦ ॥ હે રાજા, તે કાળે લોકો; ક્રિયા અને તપની નિષ્ઠા વાળા–અતિ હિંસા નહીં કરનારા–વિષયાદિકની લાલચ વિનાના–ધર્મ અર્થ, અને કામમાં પ્રીતિ વાળા–વેદોક્ત ધર્મ પાળનારા–અને વર્ણોમાં બ્રાહ્મણને મુખ્ય માનનારા; હોય છે. ॥ ૨૧ ॥ દ્વાપર યુગમાં, અધર્મનાં લક્ષણોવાળા હિંસા–અસંતોષ—જૂઠ–અને દ્વેષ–એમનાથકી, ધર્મના ચારે પગ; દયા–દાન–સત્ય–અને તપનો અડધો અડધો ભાગ; કમી થઇ જાય છે ॥ ૨૨ ॥ તે કાળે, લોકો યશસ્વી–મોટા ગૃહસ્થ–શાસ્ત્રોને વિશે પ્રીતિથકી અભ્યાસ કરવાવાળા–ધનવાન–કુટુંબવાન–અને આનંદી તથા વર્ણોમાં ક્ષત્રીઓને ઉત્તમ માનનારા; હોય છે. ॥૨૩॥ અને કલિયુગમાં, તો અધર્મનાં કારણોના વધારાથી; ધર્મના પાયાઓનો ઘટાડો થઇને, માત્ર ચોથો ચોથો ભાગજ; બાકી રહે છે;

ને પણ; કલિયુગના અંતમાં તેઃ નાશ પામી જાય છે. ॥૨૪॥ એ યુગની પ્રજાઓ, લોભી–દુરાચારી–દયા–નિરર્થક વૈર કરનારી–ભાગ્ય વિનાની–ઘણી તૃષ્ણાવાળી–અને વર્ણોમાં; શૂદ્ર તથા દાસ લોકોનેજ, વિશેષે કરીને, શ્રેષ્ટ ગણનારી: હોય છે. ॥૨૫॥ તથા, કાળે પ્રેરણા કરેલા, સત્વ–રજ–અને તમ–એ ગુણો; પુરુષોના મનને વિશે, વિશેષ પ્રવર્તેલા, જોવામાં આવે છે. ॥૨૬॥ જ્યારે, મન–બુદ્ધિ–અને ઇંદ્રીયાદિકને વિશે સત્વ ગુણ પ્રવર્ત્તે છે: ત્યારે તે જ્ઞાન અને તપને વિશે રૂચી ઉત્પન્ન કરનારા કાળને, સતયુગ જાણવો. ॥૨૭॥ અને હે બુદ્ધિમાન પરીક્ષિત, જ્યારે કામ્ય કર્મો કરવાને વિશે મનુષ્યો આદિ પ્રીતિવાળાં થાય છે; ત્યારે તે રજોગુણની વૃત્તિવાળા કાળને, ત્રેતાયુગ જાણવો. ॥૨૮॥ જ્યારે લોભ–અસંતોષ–માન–દંભ–અને મત્સર આદિમાં તથા કામ્ય કર્મો કરવામાં, લોકો પ્રીતિવાળા થાય છે; ત્યારે તે, રજોગુણ તથા તમોગુણની મિશ્ર વૃત્તિવાળા કાળને, દ્વાપરયુગ જાણવો. ॥ ૨૯ ॥ અને જ્યારે કપટ–જૂઠ–આળસ–ઊંઘ–હિંસા–ખેદ–શોક–મોહ–ભય–અને દીનતા,–લોકને વિશે વ્યાપે છે: ત્યારે તે, તમોગુણની વૃત્તિવાળા કાળને, કલિયુગ કહેલો છે. ॥ ૩૦ ॥ એ કલિયુગમાં, લોકો લાંબી નજર વિનાના–અલ્પ ભાગ્યવાળા–ઘણું ખાનારા–કામી–અને નિર્ધન થશે. અને સ્ત્રીઓ, અસતી; તથા મરજી ચાહે તેને ધણી કરનારી એટલે છીનાળો થશે. ॥ ૩૧ ॥ દેશો, ચોરો થકી દુખ પામનારા થશે. પાખંડ ધર્મોથી, વેદને દુષણો લગાડાશે. રાજાઓ, પ્રજાના વિત આદિકને લેઇ લેનારા થશે. અને બ્રાહ્મણો લિંગ તથા ઉદરનેજ તૃપ્ત કરનારા થશે. ॥૩૨॥ બ્રહ્મચારીઓ, અપવિત્ર અને બ્રહ્મચર્યહીન થશે. ગૃહસ્થો, ભીખ માગનારા થશે. તપસ્વીઓ, ગામમાં રેહેશે. અને સંન્યાસીઓ, ધનના લોભી થશે. ॥૩૩॥ તેમજ સર્વ કોઇ નાનાં શરીરવાળાં–ઘણુંખાનારાં–ઘણાં છોકરાં ઉત્પન્ન કરનારાં–લાજ વિનાનાં–સર્વદા કડવું બોલનારાં–અને, ચોરી, કપટ, તથા સાહસ કરનારાં: થશે. ॥૩૪॥ વેચવા સાટવાનો ધંધો, નિચ વેપારીઓ કપટ સહિતજ કરશે. અને સત્પુરૂષોએ ધિક્કારેલી આજીવિકાઓ, આપતકાળ વિનાજ સઘળાઓ સ્વીકારશે.

क्ष्यति ॥२४॥ तस्मिन्लुब्धादुराचारानिर्दयाःशुष्कवैरिणः ॥ दुर्भगाभूरितर्षाश्चशूद्रदासोत्तराःप्रजाः ॥२५॥ सत्त्वंरजस्तमइतिदृश्यंतेपुरुषेगुणाः ॥ कालसंचोदितास्तेवैपरिवर्तंतआत्मनि ॥२६॥ प्रभवंतियदासत्त्वेमनोबुद्धींद्रियाणिच ॥ तदाकृतयुगंविद्याज्ज्ञानेतपसियद्रुचिः ॥२७॥ यदाकर्मसुकाम्येषुभक्तिर्भवतिदेहिनां ॥ तदात्रेतारजोवृत्तिरितिजानीहिबुद्धिमन् ॥२८॥ यदालोभस्त्वसंतोषोमानोदंभोऽथमत्सरः ॥ कर्मणांचापिकाम्यानांद्वापरंतद्रजस्तमः ॥२९॥ यदामायाऽनृतंतंद्रानिद्राहिंसाविषादनं ॥शोकोमोहोभयंदैन्यंसकलिस्तामसःस्मृतः ॥ ॥३०॥ यस्मात्क्षुद्रदृशोमर्त्याःक्षुद्रभाग्यामहाशनाः ॥ कामिनोवित्तहीनाश्चस्वैरिण्यश्चस्त्रियोऽसतीः ॥३१॥ दस्यूत्कृष्टाजनपदावेदाःपाखंडदूषिताः ॥ राजानश्चप्रजाभक्षाःशिश्नोदरपराद्विजाः ॥३२॥ अव्रतावटवोऽशौचाभिक्षवश्चकुटुंबिनः ॥ तपस्विनोग्रामवासान्यासिनोह्यर्थलोलुपाः ॥३३॥ ह्रस्वकायामहाहाराभूर्यपत्यागतह्रियः ॥ शश्वत्कटुकभाषिण्यश्चौर्यमायोरुसाहसाः ॥३४॥ पणयिष्यंतिवैक्षुद्राःकिराटाःकूटकारिणः ॥ अनापद्यपिमंस्यंतेवार्तांसाधुजुगुप्सितां ॥३५॥ पतिंत्यक्ष्यंतिनिर्द्रव्यंभृत्याअप्यखिलोत्तमं ॥ भृत्यंविपन्नंपतयःकौलंगाश्चापयस्विनीः ॥३६॥ पितृभ्रातृसुहृज्ज्ञातीन्हित्वासौरतसौहृदाः ॥ ननांदृश्यालसंवादादीनाःस्त्रैणाःकलौनराः ॥३७॥ शूद्राःप्रतिग्रहीष्यंतितपोवेषोपजीविनः ॥ धर्मंवक्ष्यंत्यधर्मज्ञाअधिरुह्योत्तमासनं ॥३८॥ नित्यमुद्विग्नमनसोदुर्भिक्षकरपीडिताः ॥ निरन्नेभूतलेराजन्ननावृष्टिभयातुराः ॥३९॥ वासोन्नपानशयनव्यवायस्नानभूषणैः ॥ हीनाःपिशाचसंदर्शाभविष्यंतिकलौप्रजाः ॥४०॥ कलौकाकिणिकेऽप्यर्थेविगृह्यत्यक्तसौहृदाः ॥ त्यक्ष्यंतिचप्रियान्प्राणान्हनिष्यंतिस्वकानपि ॥४१॥नरक्षिष्यंतिमनुजाःस्थविरौपितरावपि ॥ पुत्रान्सर्वार्थकुशलान्क्षुद्राःशिश्नोदरंभराः ॥४२॥ कलौनराजन्जगतांपरंगुरुंत्रैलोक्यनाथानतपादपंकजं ॥ प्रायेणमर्त्याभगवंतमच्युतंयक्ष्यंतिपाखंडविभिन्नचेतसः ॥४३॥ यन्नामधेयंम्रियमाणआतुरःपतन्स्खलन्वाविवशोगृणन्पुमान् ॥विमुक्तकर्मार्गलउत्तमांगतिंप्राप्नोतियक्ष्यंतिनतंकलौजनाः॥४४॥पुंसां

॥૩૫॥ નિર્ધન થયેલા સર્વોત્તમ સ્વામીઓનો, ચાકરો ત્યાગ કરશે; અને વંશપરંપરાના ચાકરો, અશક્ત થતાં; તેમનો, અને નહીં દુઝતી ગાયોનો, ત્યાગ: તેમના ધણીઓ કરશે. ॥૩૬॥ તથા બાપ–ભાઇઓ–સુહૃદો–અને બીજા સગા સંબંધીઓ–એમનો ત્યાગ કરીને; સ્ત્રીવશ અને દીન થયેલા, કલિયુગના લોકો; સુરત સંબંધી સ્નેહવાળા, સાળા આદિકની સાથેજ; વાતચીત આદિ કરવામાં, આનંદ માનશે. ॥૩૭॥ તપસ્વીના જેવા વેશથી, આજીવિકા ચલાવનારા શૂદ્રો દાન લેશે, અને ધર્મને નહીં જાણનારાઓ, ઉત્તમ આસનો ઉપર બેસીને ધર્મોપદેશ કરશે. ॥૩૮॥ હે રાજા, દુષ્કાળ તથા કરો આદિથી પીડાયલા; અનાવૃષ્ટિ વિગેરેથી આતુર થયેલા. અને પૃથ્વી તળ ઉપર અન્ન નહીં મળવાથી, હમેશાંજ મનમાં ઉદ્વેગ પામેલા; કલિયુગના લોકો, વસ્ત્ર–અન્ન–પીવાના પદાર્થ–બિછાનું–ધરેણાં–નહાવું–અને સ્ત્રીઓ આદિકથી–રહિત થઇ જઇને; પિશાચ જેવા, બની જશે. ॥૩૯–૪૦॥ વળી કલિયુગને વિશે લોકો, એક કોડી જેટલા ધનને સારૂ સુહૃદપણું તજીને; ટંટો કરી, પોતાનાઓ સુહૃદોને, મારશે–અને પોતાના પ્યારા પ્રાણને પણ, તજશે. ॥૪૧॥ અને એ લિંગ તથા ઉદરનેજ તૃપ્ત કરનારા, નીચ લોકો; પોતાનાં ઘરડાં માબાપનું, અને સર્વ અર્થમાં કુશળ પુત્રાદિકનું પણ; રક્ષણ નહીં કરે. ॥૪૨॥ તથા હે પરીક્ષિત, એ કલિયુગમાં વિશેષે કરીને, પાખંડોથી ભેદ પામી ગયેલી બુદ્ધિવાળા લોકો: જગતના પરમ ગુરૂ,–અને જેના ચરણ કમળમાં ત્રણે લોકના અધિપતિઓ નમે છે; એવા–અચ્યુત ભગવાનનું પૂજન પણ, નહીં કરે. ॥૪૩॥ એમ જેના નામનો ઉચ્ચાર માત્રજ; પડતાં, ઠેસ વાગતાં, વિગેરે પરવશ અવસ્થામાં; આતુર બનેલો મનુષ્ય, મરવા ટાણે, કરવાથી; કર્મોના સઘળા પ્રતિબંધ થકી, મુક્ત થઇને; ઉત્તમ ગતિને પામી જાય છે; તે ભગવાનનું કલિયુગના લોકો; પૂજનજ કરશે નહીં. ॥૪૪॥ પણ કલિયુગને લીધે: પુરૂષોને વિશે, પદાર્થ–સ્થાન–અને શરીર–થકી ઉત્પન્ન થનારા; સઘળા દોષોનો નાશ તે કાળે, તેમના ચિત્તમાં રહેલા પુરૂષોત્તમ ભગવાન, કરી નાંખે છે.॥૪૫॥ તથા તે કાળે શ્રવણ–કીર્તન–ધ્યાન–પૂજન–તથા આદર કરવાવડે પણ; મનુષ્યોના હૃદયને વિશે, રહેલા ભગવાન: તેમનાં હજારો જન્મોનાં, પાપોને ધોઇ નાંખે છે. ॥૪૬॥ જેમ સોનાને વિશે થયેલ બીજી ધાતુઓના ખરાબ સંગાદિકનો, નાશ અગ્નિ કરે છે; તેમજ યોગીઓના મનને વિશે પ્રવેશ કરેલા વિષ્ણુ ભગવાન, તેમના મનના મેલોનો;

નાશ કરી નાંખે છે. ॥૪૭॥ જેવી રીતે અનંત ભગવાન હૃદયને વિશે રહેવાથી, મનની અત્યંત શુદ્ધિ થયા છે; તેવી, વિદ્યા તપ–પ્રાણનિરોધ–મૈત્રી–તીર્થાદિકનાં સ્નાન–વ્રત–દાન–અને જપ–આદિક થકી પણ, થતી નથી. ॥૪૮॥ એટલા માટે હે પરીક્ષિત, તમે પણ હવે મરતી વખતે એકાગ્ર ચિતથી; સર્વ પ્રકારની બુદ્ધિ થકી, હૃદયને વિશે કેશવ ભગવાનનેજ રાખો; એટલે તેથી, પરમગતિને પામશો. ॥૪૯॥ હે રાજા, મરતી વખતે પરમેશ્વરનું ધ્યાન કરનારાને, સર્વના આત્મા–અને સર્વના આશ્રય રૂપ–ભગવાન, પોતાના પદની, પ્રાપ્તિ કરે છે. ॥૫૦॥ હે પરીક્ષિત, દોષોના ભંડાર રૂપ, કળિયુગનામાં પણ, એક મોટોજ મોટો ગુણ છે; તે એ કે, કૃષ્ણ ભગવાનનું માત્ર કીર્તન કરવાવડેજ મનુષ્ય સર્વ સંગ થકી મુક્ત થઈને; પરમાત્માના પદને, પામી જાય છે. ॥૫૧॥ જે ફળ સતયુગમાં, વિષ્ણુ ભગવાનનું ધ્યાન કરવાવડે; ત્રેતાયુગમાં, યજ્ઞાદિક થકી પૂજન કરવાવડે; અને દ્વાપર યુગમાં, પરિચર્યા એટલે સેવા કરવાવડે; પ્રાપ્ત થતું હતું. તે ફળ, કળિયુગમાં તો; માત્ર હરિ ભગવાનનું કીર્તન કરવાવડેજ; મળી શકે છે. ॥૫૨॥ ઇતિશ્રી. ભા. બારમા સ્કંધનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ. ॥૩॥

અધ્યાય. ૪ થો શ્રીશુક—હે પરીક્ષિત, પરમાણું થકી માંડીને; બેપરાર્ધના અવધિ રૂપ કાળનું; તથા યુગોનું પ્રમાણ તો, મેં તમને ત્રીજા સ્કંધમાં; કહ્યું છે; હવે કલ્પનું, અને પ્રલયનું પ્રમાણ કહું છું; તે તમે સાંભળો. ॥૧॥ હે પૃથ્વીપતિ, ચારે યુગો હજાર વાર થઈ જાય, તે બ્રહ્માનો દિવસ કહેવાય છે; અને તેનેજ કલ્પ કહે છે; એટલા કાળમાં, પૃથ્વીનું પાલન કરનારા; ચૌદ મનુઓ થઈ જાય છે. ॥ ૨ ॥ એ કલ્પને અંતે, તેના જેટલોજ, પ્રલય થાય છે. તે બ્રહ્માની રાત્રિ કહેવાય છે; જેને વિશે, આ ત્રણે લોકના પ્રલય થવાની; કલ્પના થયેલ છે. ॥૩॥ તે પ્રલય "નૈમિત્તિક" પ્રલય કહેવાય છે; અને તે વખતે વિશ્વને ઉત્પન્ન કરનારા, તથા પોતે પોતા થકીજ ઉત્પન્ન

कलिकृतान्दोषान्द्रव्यदेशात्मसंभवान् ॥ सर्वान्हरतिचित्तस्थोभगवान्पुरुषोत्तमः ॥४५॥ श्रुतःसंकीर्तितोध्यातःपूजितश्चादृतोपिवा ॥ नृणां
धुनोतिभगवान्हृत्स्थोजन्मायुताशुभं ॥४६॥ यथाहेम्निस्थितोवह्निर्दुर्वर्णंहंतिधातुजं ॥ एवमात्मगतोविष्णुर्योगिनामशुभाशयं ॥४७॥
विद्यातपःप्राणनिरोधमैत्रीतीर्थाभिषेकव्रतदानजप्यैः ॥ नात्यंतशुद्धिंलभतेऽतरात्मायथाहृदिस्थेभगवत्यनंते ॥४८॥ तस्मात्सर्वात्मनारा
जन्हृदिस्थंकुरुकेशवं ॥ म्रियमाणोह्यवहितस्ततोयासिपरांगतिं ॥४९॥ म्रियमाणैरभिध्येयोभगवान्परमेश्वरः ॥ आत्मभावंनयत्यंगसर्वा
त्मासर्वसंश्रयः ॥५०॥ कलेर्दोषनिधेराजन्नस्तिह्येकोमहान्गुणः ॥ कीर्तनादेवकृष्णस्यमुक्तसंगःपरंव्रजेत् ॥५१॥ कृतेयद्ध्यायतोविष्णुंत्रेता
यांयजतोमखैः ॥ द्वापरेपरिचर्यायांकलौतद्धरिकीर्तनात् ॥५२॥ इ०भा०म०द्वा०स्कंधेचतुर्युगान्धर्मवर्णनंनामतृतीयोऽध्यायः ॥३॥
श्रीशुक०कालस्तेपरमाण्वादिर्द्विपरार्धावधिर्नृप ॥ कथितोयुगमानंचशृणुकल्पलयावपि॥१॥ चतुर्युगसहस्रंचब्रह्मणोदिनमुच्यते ॥ सक
ल्पोयत्रमनवश्चतुर्दशविशांपते ॥ तदंतेप्रलयस्तावान्ब्राह्मीरात्रिरुदाहृता॥ त्रयोलोकाइमेतत्रकल्पंतेप्रलयायहि ॥३॥ एषनैमित्तिकःप्रोक्तः
प्रलयोयत्रविश्वसृक्॥ शेतेऽनंतासनोविश्वमात्मसात्कृत्यचात्मभूः॥४॥ द्विपरार्धेत्वतिक्रांतेब्रह्मणःपरमेष्ठिनः॥ तदाप्रकृतयःसप्तकल्पंतेप्र
लयायवै॥५॥ एषप्राकृतिकोराजन्प्रलयोयत्रलीयते ॥ आंडकोशस्तुसंघातोविघातउपसादिते ॥६॥ पर्जन्यःशतवर्षाणिभूमौराजन्नवर्षति ॥
तदानिरन्नेह्यन्योऽन्यंभक्षमाणाःक्षुधार्दिताः ॥ क्षयंयास्यंतिशनकैःकालेनोपद्रुताःप्रजाः॥७॥सामुद्रंदैहिकंभौमंरसंसांवर्तकोरविः॥रश्मिभिः
पिबतेघोरैःसर्वंनैवविमुंचति॥८॥ ततःसंवर्तकोवह्निःसंकर्षणमुखोत्थितः॥ दहत्यनिलवेगोत्थःशून्यान्भूविवरानथ॥९॥ उपर्यधःसमंताच्छि
खाभिर्वह्निसूर्ययोः ॥ दह्यमानंविभात्यंडंदग्धगोमयपिंडवत् ॥१०॥ ततःप्रचंडपवनोवर्षाणामधिकंशतं॥ परःसांवर्तकोवातिधूम्रंखंरजसा
वृतं॥११॥ ततोमेघकुलान्यंगचित्रवर्णान्यनेकशः॥शतंवर्षाणिवर्षंतिनदंतिरभसस्वनैः॥ ततएकोदकंविश्वंब्रह्मांडविवरांतरं॥१२॥ तदाभूमे
र्गंधगुणंग्रसंत्यापउदप्लवे॥ ग्रस्तगंधातुपृथिवीप्रलयत्वायकल्पते॥१३॥ अपांरसमथोतेजस्तालीयंतेऽथनीरसाः ॥ ग्रसतेतेजसोरूपंवायुस्त

થનારા, નારાયણ ભગવાન; આખા વિશ્વને પોતા વિશે, સમાવીને; અનંત એટલે શેષના ઉપર, પોઢે છે. ॥૪॥ (હવે સોળ શ્લોકથી, પ્રાકૃતિક પ્રલય વિશે કહે છે.) એમ પરમેષ્ટી એટલે બ્રહ્માનાં, બંને પરાર્ધ પૂરાં થાય છે; ત્યારે, સાતે પ્રકારની પ્રકૃતિઓનો, (પંચ મહાભૂતો–અહંકાર અને મહતત્વનો,) લય થવાની; કલ્પના થયેલ છે. ॥ ૫ ॥ અને હે રાજા, એ પ્રકૃતિઓના સંઘાત રૂપ, આ બ્રહ્માંડનો લય થવાનેજ; પ્રાકૃતિક પ્રલય કહે છે. ॥૬॥ તે વખતે, સો વરસો સુધી પૃથ્વી ઉપર વરસાદ નહીં વરસવાથી, અન્ન વિના ધીરેધીરે ભૂખથી પીડાતી પ્રજાઓ અન્યો અન્ય એક બીજાને ખાવા લાગીને, દુઃખી થતાંથતાં; કાળે કરીને ક્ષય પામી જશે. ॥૭॥ સાંવર્તક એટલે પ્રલય કરનારો સૂર્ય, પોતાના ભયંકર અને તીક્ષ્ણ કિરણો થકી પૃથ્વીના–શરીરોના–અને સમુદ્રદિના–રસને પીઇ જશે; તથા તેમને પાછા મૂકશેજ નહીં. ॥ ૮ ॥ પછી શેષના મુખ થકી ઉત્પન્ન થયેલો, સંવર્તક અગ્નિ; વાયુના વેગથી વધી જઇને, પાતાળો વિગેરે સુદ્ધાં, શુન્ય થયેલી પૃથ્વીને; બાળી નાંખશે. ॥ ૯ ॥ ત્યારે એ રીતે સૂર્ય અને અગ્નિની જ્વાળાઓ થકી; ઉપર નીચે અને સર્વ તરફ બળવા લાગેલું બ્રહ્માંડ, બળી ગયેલા છાણા સરખું; થઇ જશે. પછી સો કરતાં કાંઇક અધિક વરસો સુધી મોટો અને પ્રચંડ સાંવર્તક વાયુ, રજ અને ધુમાડા થકી ભરાયલા આકાશમાં; વાયા કરશે. ॥ ૧૧ ॥ તે પછી વિચિત્ર અને અનેક પ્રકારના વર્ણ વાળા વરસાદ, સો વરસો સુધી; મોટા અવાજ વાળા કડાકાઓ સહિત, વરસ્યા કરશે. જેથી આ બ્રહ્માંડ પાતાળો સહિત, જળમય થઇ જશે. ॥૧૨॥ ત્યારે સઘળું પાણી મય થઇ જતાં, પૃથ્વીના ગંધ ગુણને; જળ ગળી જશે. એટલે ગંધ ગુણથી રહિત થયેલ, પૃથ્વીનો પ્રલય થયો સમજવો. ॥૧૩॥ તે પછી જળનો રસ ગુણ, તેજને વિશે લય, થવાથી; તે રસવિનાના જળનો પણ, પ્રલય થયાનું સમજવું. પછી તેજના રૂપ ગુણને, વાયુ ગળી જશે. એટલે રૂપથકી રહિત થયેલું તેજ, વાયુમાં લય પામી જશે. અને વાયુના ગુણ સ્પર્શને, આકાશ ગળી જવાથી; વાયુ આકાશમાં લય પામશે.

...ો આકાશના ગુણ શબ્દને, તામસ અહંકાર ગળી જવાથી; આકાશ તામસ અહંકારમાં-ઇંદ્રિયો રાજસ અહંકારમાં-અને ઇંદ્રિયોના દેવતાઓ, વૈકારિક અહંકારમાં; લય પામી જશે. ॥૧૪-૧૫-૧૬॥ પછી સાત્વિકાદિક ત્રણે પ્રકારના એ અહંકારને, મહત્તત્વ ગળી જશે. અને કાળની પ્રેરણાથી, ગુણો સહિત મહત્તત્વને અવ્યાકૃત, (એટલે પરમ તત્વ,) ગળી જશે. ॥૧૭॥ તે અવ્યાકૃતને વિશે કાળના વિભાગોવડે, વિકાર થવા પણું નથી; તે આદિ અંતથકી રહિત છે; અને વળી તેનો અવ્યક્ત-નિત્ય-કારણરૂપ-તથા અવ્યય છે. ॥૧૮॥ તથા તેને વિશે, વાણી અને મન. તથા મહત્તત્વાદિકની-સત્વ, રજ અને તમ, એ ત્રણ ગુણોની-પ્રાણ, બુદ્ધિ, ઇંદ્રિયો, અને ઇંદ્રિયોના દેવતાઓની-તથા લોક આદિક વિગેરે, કશાની પણ; કલ્પનાનો સંબંધ નથી. ॥૧૯॥ અને તેમાં; જાગ્રત-સ્વપ્ન-સુષુપ્તિ-એ અવસ્થાઓ, તથા આકાશ-જળ-પૃથ્વી-વાયુ-અગ્નિ-અને સૂર્ય-પણ નથી; જેથી તે તો; સૂઇ રહેલા સરખું-શૂન્ય સરખું-અને તર્કમાં પણ નહીં આવી શકે એવું; સઘળા વિશ્વના મૂળ કારણ રૂપેજ, છે. ॥ ૨૦ ॥ આ પ્રકારથી, એ અવ્યક્ત પુરૂષ જેમાં શક્તિઓ એટલે પ્રકૃતિઓ; પરવશપણે કાળની પ્રેરણાથી, લય પામે છે; તે પ્રાકૃતિક પ્રલય છે. ॥ ૨૧ ॥ (હવે આત્યંતિક પ્રલય વિષે કહે છે.) બુદ્ધિ-ઇંદ્રિય-અને તન્માત્રાઓ-એટલે ઇંદ્રિયોના દેવતા રૂપ કર્તાઓ; ઇંદ્રિયો રૂપ સાધનો, અને દૃશ્ય પદાર્થોરૂપ અર્થો; એ સર્વેના આશ્રય રૂપ, એક જ્ઞાન સ્વરૂપ આત્મતત્વજ; જોવામાં આવે છે; કારણ તે સઘળાઓ, આદિ અંતવાળાં, અને બાધિત થતાં હોવાથી; સત્ વસ્તુ રૂપે નથીજ. ॥૨૨॥ જેમ દીવો-ચક્ષુ-અને રૂપ એ ત્રણે વાનાં; તેમના મૂળ કારણ જ્યોતિ થકી, જૂદાં થઇ શકતાં નથી; તે રીતેજ, એ ઇંદ્રિયોના દેવતાઓ -ઇંદ્રિયો-અને તન્માત્રાઓ રૂપે સઘળુ દૃશ્ય-એ તેમના મૂળ કારણ, જ્ઞાન સ્વરૂપ આત્મતત્વ થકી, જૂદાં માનવા સરખું; નથીજ. ॥૨૩॥ જાગ્રત-સ્વપ્ન-અને સુષુપ્તિ, એ ત્રણે અવસ્થાઓ રૂપે, એક બુદ્ધિજ કહેવામાં આવે છે; તે રીતેજ, આ માયાની માત્રા રૂપે બનેલું, અનેકપણા વાળું જગત પણ; આત્મતત્વ થકી, જૂદું છેજ નહીં. ॥૨૪॥ જે રીતે આકાશની અંદર, (પાણીથી ભરેલાં) વાદળાં થાય છે; અને નાશ પામે છે. તે રીતેજ, બ્રહ્મ સ્વરૂપ (વ્યાપક) આત્મતત્વને વિશેજ: આ વિભાગોવાળું વિશ્વ પણ; ઉદય પામે છે, અને

द्रहितंतदा॥१४॥ लीयतेचानिलेतेजोवायोःखंग्रसतेगुणं॥ सवैविंशतिखंराजंस्ततश्चनभसोगुणं॥१५॥ शब्दंग्रसतिभूतादिर्नभस्तमनुलीयते॥ तैजसश्चेंद्रियाण्यंगदेवान्वैकारिकोगुणैः॥१६॥ महान्ग्रसत्यहंकारंगुणाःसत्वादयश्चतं॥ ग्रसतेऽव्याकृतंराजन्गुणान्कालेननोदितं॥१७ नतस्यकालावयवैःपरिणामादयोगुणाः॥ अनाद्यनंतमव्यक्तंनित्यंकारणमव्ययं॥१८॥ नयत्रवाचोनमनोनसत्वंतमोरजोवामहदादयोऽमी॥ नप्राणबुद्धींद्रियदेवतावानसन्निवेशःखलुलोककल्पः॥१९॥ नस्वप्नजाग्रन्नचतत्सुषुप्तंनखंजलंभूरनिलोऽग्निरर्कः॥ संसुप्तवच्छून्यवदप्रतर्क्यंतन्मूलभूतंपदमामनंति॥२०॥ लयःप्राकृतिकोह्येषपुरुषाव्यक्तयोर्यदा॥ शक्तयःसंप्रलीयंतेविवशाःकालविद्रुताः॥२१॥ बुद्धींद्रियार्थरूपेणज्ञानंभातितदाश्रयं॥ दृश्यत्वाव्यतिरेकाभ्यामाद्यंतवदवस्तुयत्॥२२॥ दीपश्चक्षुश्चरूपंचज्योतिषोनपृथग्भवेत्॥ एवंधीःखानिमात्राश्चनस्युरन्यतमादृतात्॥२३॥ बुद्धेर्जागरणंस्वप्नःसुषुप्तिरितिचोच्यते॥ मायामात्रमिदंराजन्नानात्वंप्रत्यगात्मनि॥२४॥ यथाजलधराव्योम्निभवंतिनभवंतिच॥ ब्रह्मणीदंतथाविश्वमवयव्युदयाप्ययात्॥२५॥ सत्यंह्यवयवःप्रोक्तःसर्वावयविनामिह॥ विनार्थेनप्रतीयेरन्पटस्येवांगतंतवः॥२६॥ यत्सामान्यविशेषाभ्यामुपलभ्येतसभ्रमः॥ अन्योन्यापाश्रयात्सर्वमाद्यंतवदवस्तुवत्॥२७॥ विकारःख्यायमानोऽपिप्रत्यगात्मानमंतरा॥ ननिरूप्योऽस्त्यणुरपिस्याच्चेच्चित्सम आत्मवत्॥२८॥ नहिसत्यस्यनानात्वमविद्वान्यदिमन्यते॥ नानात्वंछिद्रयोर्यद्वज्ज्योतिषोर्वातयोरिव॥२९॥ यथाहिरण्यंबहुधासमीयतेनृभिःक्रियाभिर्व्यवहारवर्त्मसु॥ एवंवचोभिर्भगवानधोक्षजोव्याख्यायतेलौकिकवैदिकैर्जनैः॥ ॥३०॥ यथाघनोऽर्कप्रभवोऽर्कदर्शितोह्यर्कांशभूतस्यचचक्षुषस्तमः॥ एवंत्वहं ब्रह्मगुणस्तदीक्षितोब्रह्मांशकस्यात्मनआत्मवस्तुनः॥३१॥ घनोयदाऽर्कप्रभवोविदीर्यतेचक्षुःस्वरूपंरविमीक्षतेतदा॥ यदाह्यहंकारउपाधिरात्मनोजिज्ञासयानश्यतितर्ह्यनुस्मरेत्॥३२॥ यदैवमेतेनवि

નાશ પણ પામી જાયછેજ. ॥ ૨૫ ॥ હે પરીક્ષિત, જેમ, તાંતણાઓ રૂપી અવયવોથી બનેલું વસ્ત્ર; તેના મૂળ કારણ તાંતણાઓ રૂપી અવયવો, સિવાય, જોવામાંજ નહીં આવવાના કારણથી; તે વસ્ત્ર, સત્ વસ્તુ રૂપે નથી કહેવાતું; પણ, તાંતણાઓ સત્ વસ્તુ રૂપે, કહેવાય છે. તે રીતેજ, આ અવયવો વાળું, વિશ્વ પણ; સત વસ્તુ રૂપે, નહીં હોઇને; તેના મૂળ કારણ રૂપી અવયવ, આત્મતત્વજ; સત્ વસ્તુ રૂપે છે. ॥ ૨૬ ॥ એ થકી સામાન્યપણે, અને વિશેષપણે, પણ જે કાંઇ જોવામાં આવે છે; તે સઘળુંજ, અન્યો અન્યના આશ્રય વાળું. અને આદિ અંત વાળું, હોવાથી; સત્ વસ્તુ રૂપે, નહીં હોઇને; માત્ર ભ્રમ રૂપેજ, આત્મતત્વની અંદર; તે સઘળું, દેખાવા પૂરતુંજ છે. ॥ ૨૭ ॥ એ પ્રકારે, સ્વયંપ્રકાશ આત્મતત્વ વિના, બીજું જે કાંઇ જોવામાં આવે છે; તે સઘળું, એ આત્મતત્વ થકીજ, તેના સરખું પ્રકાશિત થયેલું, હોવાના કારણથી; દેખવામાં આવે છે ખરૂ; પણ તે સઘળુંજ, વિકાર રૂપ છે. અને તેના અસ્તિત્વ વિશે, અણુ માત્ર પણ, બોલી શકાય તેમ નથી. ॥ ૨૮ ॥ વળી સત્ વસ્તુ રૂપ આત્મતત્વમાં, અનેકપણું નહીં હોવા છતાં તે હોવાનું જે માને છે; તે અવિદ્વાન છે. કેમકે એ આત્મતત્વનું, દેખવામાં આવતું અનેકપણું; માત્ર ઉપાધિ થકી થયેલું-બહારના મહાન આકાશ, અને ઘટની અંદર રહેલા આકાશની વચ્ચે, દેખાવા સરખું-આકાશના સૂર્ય અને આંખ્યોની અંદર રહેલા સૂર્યની વચ્ચે, દેખાવા સરખું-તથા બહારના મહાન વાયુ, અને શરીરોની અંદર રહેલા પ્રાણ વાયુની વચ્ચે, દેખાવા સરખું-માત્ર બોલવા પૂરતુંજ છે. ॥ ૨૯ ॥ જેમ એકજ સોનું, તેના ઘાટ ઘડાવા વડે; વ્યવહાર માર્ગમાં, અનેક નામો થકી; (કડાં-કુંડળ આદિ થકી,) બોલાય છે; તે રીતેજ, લૌકિક અને વૈદિક વાણી થકી, લોકો અધોક્ષજ ભગવાનનુંજ; અનેક નામો વડે, વ્યાખ્યાન કરે છે. ॥ ૩૦ ॥ સૂર્ય થકી પેદા થયેલાં વાદળાં, જે રીતે સૂર્યનાજ અંશ ચક્ષુને; સૂર્યનું દર્શન થવામાં, અટકાવ કરનારાં થાય છે; તેમજ, બ્રહ્મ અથવા આત્મતત્વ થકીજ, ઉત્પન્ન થયેલો અહંકાર; એ બ્રહ્મ અથવા આત્મતત્વનાજ અંશ દેહાત્માને; આત્મસ્વરૂપનું દર્શન થવામાં; એ રીતનોજ; અટકાવ કરનારો થાય છે. ॥ ૩૧ ॥ અને એ સૂર્ય થકી ઉત્પન્ન થયેલાં વાદળાં જ્યારે વેરાઇ જાય છે; ત્યારેજ સૂર્યના સ્વરૂપને ચક્ષુ જોવા પામે છે. તેમજ, દે-

આત્માને ઉપાધિ રૂપ થયેલો અહંકાર; તત્વવિચાર વડે, નાશ પામી જાય છે; ત્યારેજ, તેને (દેહાત્માને) આત્મસ્વરૂપની સ્મૃતિ; પાછી આવે છે. ॥ ૩૨ ॥ અને હે રાજા, આ રીતનો વિવેક પ્રાપ્ત થતા રૂપ હથિયાર વડે; એ દેહાત્મા જ્યારે, પોતાને બંધન પમાડનારા; આ માયામય અહંકારને, છેદી નાંખે છે; અને અચ્યુત સ્વરૂપ આત્મ તત્વના અનુભવને વિશેજ, પોતે સ્થિર થાય છે. ત્યારેજ તેનો આત્યંતિક પ્રલય થયેલાનું; કહેવાય છે. ॥૩૩॥ (હવે નિત્ય પ્રલય વિશે કહે છે.) હે પરંતપ, બ્રહ્મા આદિ સર્વ પ્રાણી પદાર્થાદિકનાં, પ્રલય અને ઉત્પત્તિ; સર્વ કાળ એટલે હમેશાં, ક્ષણેક્ષણે થયા કરે છે; એમ કેટલાક સૂક્ષ્મ વાતોને જાણનારાઓ, કહેતા આવેલા છે. ॥૩૪॥ કાળના પ્રવાહમાં ઉતાવળા વેગથી તણાઇ જતા; પદાર્થાદિકની દેખવામાં આવતી અવસ્થાઓ રૂપ પરિણામોનેજ, તેમનો નિત્ય થનારો, અથવા ક્ષણિક, જન્મ અને પ્રલય; સમજવાનો છે. ॥૩૫॥ એટલે આદિ અંત રહિત, અને ઇશ્વર સ્વરૂપ કાળ વડે; તેમની ક્ષણ ક્ષણની થતી અવસ્થાઓ; આકાશમાંના, સૂર્ય-ચંદ્ર-તારા-અને ગ્રહો આદિકની, થતી ક્ષણ ક્ષણની ગતિની પેઠેજ; દેખવામાં આવતી નથી. (અર્થાત તેઓ અમુક વખત ગયેથી અમુક સ્થળ થકી, અમુક સ્થળ સુધી ગયેલાનું; જણાય છે; તેમજ પ્રાણીઓ આદિકની જન્મ-બાળ-કુમાર-જુવાની-ઘડપણ-અને મરણ વિગેરે, સ્થુળ અવસ્થાઓજ, દેખવામાં આવે છે.) ॥૩૬॥ આ પ્રકારની કાળની ગતિઓ રૂપ, નિત્ય-નૈમિત્તિક-પ્રાકૃતિક-અને આત્યંતિક-પ્રલયો વિશે મેં તમને કહ્યું. ॥૩૭॥ હે શ્રેષ્ટ કૌરવ, સર્વ સત્વ એટલે પ્રાણી પદાર્થાદિકને વિશે રહેનારા, અને જગતને ઉત્પન્ન કરનારા, નારાયણ ભગવાનની લીલાઓ રૂપ કથાઓ, મેં તમને એ પ્રમાણે; સંક્ષેપથકી કહી. વિસ્તાર સહિત સંપૂર્ણપણે, કહેવાને તો; બ્રહ્મા પણ શક્તિવાન થાય, તેમ નથી. ॥ ૩૮ ॥ અનેક પ્રકારનાં દુઃખ રૂપ દાવાનળથી બળતા પુરૂષને, અતિ દુસ્તર સંસાર સમુદ્ર તરી જવાને સારૂં; તેને, ભગવાનની લીલાઓની કથાઓ રૂપ, અમૃતનું સિંચન કરવા શિવાય; બીજો કોઇ થઇ શકવા જેવો, ઉપાયજ નથી. ॥૩૯॥ આ પુરાણ સંહિતા (શ્રીમદ ભાગવત) પૂર્વે અવિકારી નારાયણ રૂષિએ, નારદજીને કહી હતી. અને તેમણે, કૃષ્ણ મુનિ એટલે દ્વૈપાયન અથવા વેદ વ્યાસને; કહી હતી. ॥૪૦॥ હે મોટા રાજા, આ વેદમાન્ય શ્રીમદ ભાગવત શાસ્ત્ર; એજ બાદરા-

वेकहेतिनामायामयाहंकरणात्मबंधनं॥ छित्वाऽच्युतात्मानुभवोऽवतिष्ठतेतमाहुरात्यंतिकमंगसंप्लवं॥३३॥ नित्यदासर्वभूतानांब्रह्मादीनांप रंतप॥ उत्पत्तिप्रलयावेकेसूक्ष्मज्ञाःसंप्रचक्षते॥३४॥ कालस्त्रोतोजवेनाशुह्रियमाणस्यनित्यदा॥ परिणामिनामवस्थास्ताजन्मप्रलयहेतवः ॥३५॥ अनाद्यंतवताऽनेनकालेनेश्वरमूर्तिना॥ अवस्थानैवदृश्यंतेवियतिज्योतिषामिव॥३६॥ नित्योनैमित्तिकश्चैवतथाप्राकृतिकोलयः॥ आत्यंतिकश्चकथितःकालस्यगतिरीदृशी॥३७॥ एताःकुरुश्रेष्ठजगद्विधातुर्नारायणस्याखिलसत्वधाम्नः॥ ली[illegible]थिताःसमासतः कार्त्स्न्येननाजोप्यभिधातुमीशः॥३८॥ संसारसिंधुमतिदुस्तरमुत्तितीर्षोर्नान्यःप्लवोभगवतःपुरुषोत्तमस्य॥ लीलाकथारसनिषेवणमंतरेण पुंसोभवेद्विविधदुःखदवार्दितस्य॥३९॥ पुराणसंहितामेतामृषिर्नारायणोऽव्ययः॥ नारदायपुरामाहकृष्णद्वैपायनायसः॥४०॥ सवैमह्यंमहा राजभगवान्बादरायणः॥ इमांभागवतींप्रीतःसंहितांवेदसंमितां॥४१॥ एतांवक्ष्यत्यसौसूतऋषिभ्योनैमिषालये॥ दीर्घसत्रेकुरुश्रेष्ठसंपृष्टः शौनकादिभिः॥४२॥ इतिश्रीभागवतेमहापुराणेद्वादशस्कंधेचतुर्थोऽध्यायः॥ ४ ॥

श्रीशुक० अत्रानुवर्ण्यतेऽभीक्ष्णंविश्वात्माभगवान्हरिः॥ यस्यप्रसादजोब्रह्मारुद्रःक्रोधसमुद्भवः॥१॥ त्वंतुराजन्मरिष्येतिपशुबुद्धिमिमांज हि॥ नजातःप्रागभूतोऽद्यदेहवत्त्वंननंक्ष्यसि॥२॥ नभविष्यसिभूत्वात्वंपुत्रपौत्रादिरूपवान्॥ बीजांकुरवद्देहादेर्व्यतिरिक्तोयथाऽनलः॥३॥ स्वप्नेयथाशिरश्छेदंपंचत्वाद्यात्मनःस्वयं॥ यस्मात्पश्यतिदेहस्यततआत्माह्यजोऽमरः॥४॥ घटेभिन्नेयथाकाशआकाशःस्याद्यथापुरा॥ ए वंदेहेमृतेजीवोब्रह्मसंपद्यतेपुनः॥५॥ मनःसृजतिवैदेहान्गुणान्कर्माणिचात्मनः॥ तन्मनःसृजतेमायांततोजीवस्यसंसृतिः॥६॥ स्नेहाधि ष्ठानवर्त्यग्निसंयोगोयावदीयते॥ ततोदीपस्यदीपत्वमेवंदेहकृतोभवः॥ रजःसत्वतमोवृत्याजायतेऽथविनश्यति॥७॥ नतत्रात्मास्वयंज्यो

યણ મુનિએ. મને પ્રસન્નતાથી કહેલું છે. ॥૪૧॥ હે કુરૂ શ્રેષ્ટ, નૈમિષારણ્યને વિશે, લાંબા કાળ સુધી ચાલે એવો; સત્ર આરંભીને બેઠેલા, શૌનકાદિક રૂષિઓને; આ સુત પુરાણિક તેમના પૂછવાથકી એજ ભાગવત શાસ્ત્ર, કહી સંભળાવશે. ॥૪૨॥ ઇતિશ્રી ભાગવતે બારમા સ્કં૦ પ્રલયો તથા કલ્પાદિ નિરૂપણ નામે ચોથો અ૦ સં૦॥૪॥

અધ્યાય ૫ મો.—શ્રીશુક—આ શ્રીમદ ભાગવતમાં જેના પ્રસાદથકી બ્રહ્મા [illegible], અને ક્રોધ-[illegible] રૂદ્ર, ઉત્પન્ન થયેલા છે; તેજ વિશ્વાત્મા હરિ ભગવાનને, વારંવાર વર્ણવેલા છે. ॥૧॥ હે પરીક્ષિત રાજા, "[illegible] મરી જઇશ." એવી પશુ બુદ્ધિને, તમે છોડી દો; કેમકે દેહ આદિકની પેઠે, તમે; (દેહાત્મા) [illegible] ઉત્પન્ન થયેલા નથી, હાલ સ્થિતિમાન નથી, અને નાશ પામવાના પણ, નથી. ॥૨॥ અને તમે, લાકડાંથકી દુમ[illegible]કારના અગ્નિ સરખા, હોવાથી; બીજ અને અંકુરની પેઠે થનારા, પુત્ર અને પૌત્રાદિકનાં. શરીરોની [illegible] નથી. અને થવાના પણ નથીજ. ॥૩॥ જેમ સ્વપ્નને વિશે, પોતાનો શિરચ્છેદ થવાને; પોતે [illegible] તે રીતેજ, પોતાના દેહનું, પંચ ભૂતાત્મકપણું થવાને, એટલે મરણને પણ; પોતે પિતાના અને પુત્ર-ના, મરણ અને જન્માદિક ઉપરથી; અનુમાન કરવાવડે, જાણી શકો છોજ. એટલા માટે; આત્મા, અજર અને અમરજ છે. ॥૪॥ ઘડો ભાગી જવાથી, જેમ તે ઘડામાંનું આકાશ; મોટા આકાશની સાથે, પૂર્વે હતું, તેમજ મળી જાય છે; તે રીતેજ, દેહ એટલે શરીરનું મરણ થવાથી; દેહાત્મા પણ ફરીવાર બ્રહ્મ એટલે વ્યાપક આત્મસ્વરૂપનેજ પામે છે. ॥ ૫ ॥ જે મન અથવા લિંગ શરીરથકી, આત્માને શરીર-ગુણો-અને કર્મો સરજાય છે; તથા જેથકી, દેહાત્માને સંસાર થવાનું, લાગુ થાય છે; તે લિંગ શરીર, માયાથકી સરજાય છે. ॥ ૬ ॥ જ્યાં સુધી, ઘી-કોડીયું-દીવેટ-અને અગ્નિ એ ચારેનો સંયોગ હોય છે; ત્યાં સુધીજ, દીવાનું દીવાપણું, જોવામાં આવે છે. તે રીતેજ, સત્વગુણની વૃત્તિ રૂપ જીવ-રજોગુણની વૃત્તિ રૂપ કર્મો-તમોગુણની વૃત્તિ રૂપ અહંકાર -અને અધિષ્ટાન રૂપે લિંગ દેહ,-એ ચારે વાનાંનો, સંયોગ હોય છે; ત્યાં સુધીજ જીવ દેહાત્માના જીવપણા રૂપ, સંસાર એટલે જન્મ અને મરણ થતાં; જોવામાં આવે છે. ॥૭॥ પણ તે જન્મ મરણ થવાની સાથે, સ્વયં પ્રકાશ-તેમજ વ્યક્ત, (સ્થુળ શરીર,) અને અવ્યક્ત, (સૂક્ષ્મ અથવા લિંગ શરીર.) એ બંને થકી જુદા પ્રકા-

મ્રુ માત્રાઓવાળો; ઓંકાર થયો જે અવ્યક્ત—સ્વયંપ્રકાશ—અને પરમાત્મા—પરબ્રહ્મ ભગવાનનુંજ સ્વરૂપ છે. તથા તે, જ્યારે કાન બંધ કર્યા પછી, બીજું કશું નથી સંભળાતું; ત્યારે સ્પષ્ટ રીતે, સાંભળવામાં . અને તે આકાશથકી ઉત્પન્ન થયેલા, ઓંકારથકી વાણી (વેદ), પ્રકાશમાન થયેલ છે. ॥૪૦॥ એ ઓં- મર્વ મંત્રોનું—ઉપનિષદોનું—અને વેદનું પણ—સનાતન બીજ છે; તથા સાક્ષાત પરમાત્મા બ્રહ્મનું, પોતાનુંજ સ્વરૂપ છે॥૪૧॥ હે ભૃગુવંશી શૌનક, એ ઓંકારના; અ—ઉ—મ—એ ત્રણ અક્ષરોજ, ત્રણ ત્રણ પ્રકા- ગુણો—નામો—અર્થો—અને વૃત્તિઓને ધારણ કરે છે. ॥૪૨॥ અને અજન્મા ભગવાને, તે ઓંકારથકીજ; , અને દીર્ઘઆદિ લક્ષણોવાળા સ્વરો, તથા સ્પર્શ—અંતસ્થ—ને ઉષ્મા—વિગેરે વ્યંજનોના સમુદાયો; ઉત્પન્ન વા છે.॥૪૩॥ તથા તે સમર્થેજ પછીથી, ચાતુર્હોત્રઆદિ કર્મો કરાવવાને સારું; પોતાનાં ચાર મુખથકી, ઓંકાર

અને વ્યાહૃતિઓ સહિત ચારે વેદનો સમગ્ર એક વેદ; ઉત્પન્ન કર્યો ॥૪૪॥ અને તે પછી તેમણેજ બ્રહ્મને જાણનારા, મરીચિ વિગેરે પોતાના પુત્ર, બ્રહ્મઋષિઓને; તે વેદ ભણાવ્યો. ॥૪૫॥ અને તેમણે પણ, એ રીતેજ પોતાના શિષ્યોઆદિને ભણાવતાં; તેમણેવતી, તેમના શિષ્યોઆદિને ભણાવ્યો. એમ પરંપરાથી ચાલતાં, દ્વાપર યુગના આરંભમાં; મહાઋષિએ, (વેદવ્યાસે) તેના વિભાગો કરેલા છે॥૪૬॥ પછીથી, થનારા લોકો, કાળે કરીને ઓછા આયુષ્યવાળા—ઓછા સત્વવાળા—અને કમી બુદ્ધિવાળા—થતા દેખીને; એ બ્રહ્મઋષિએ, પોતાના હૃદયમાં રહેલા; અચ્યુત ભગવાનની પ્રેરણાથકીજ, એમ વેદના વિભાગો કરેલા છે.॥૪૭॥ હે મહાભાગ બ્રાહ્મણો, દ્વાપર શિર થતાં, બ્રહ્મા અને મહાશિવ આદિ લોકપાળોએ, ધર્મનું રક્ષણ કરવાને યાચના કરવાથી; લોકનું પાલન કરનાર સમર્થ ભગવાને, પરાશર ઋષિ થકી, સત્યવતિને વિશે; પોતાના સત્વગુણી અંશવડે, અવતરીને; એમ વેદો

द्रव्यक्रियाकारकाख्यंधूत्वायांत्यपुनर्भवं ॥३८॥ ततोऽभूत्त्रिवृदोंकारोयोऽव्यक्तप्रभवःस्वराट्॥यत्तल्लिंगंभगवतोब्रह्मणःपरमात्मनः॥३९॥ शृणोतियइमंस्फोटंसुप्तश्रोत्रेचशून्यदृक् ॥ येनवाग्व्यज्यतेयस्यव्यक्तिराकाशआत्मनः ॥४०॥ स्वधाम्नोब्रह्मणःसाक्षाद्वाचकःपरमात्मनः॥ ससर्वमंत्रोपनिषद्वेदबीजंसनातनं ॥४१॥ तस्यह्यासंस्त्रयोवर्णाअकाराद्याभृगूद्वह ॥ धार्यंतेयैस्त्रयोभावागुणनामार्थवृत्तयः ॥४२॥ ततोऽक्षरसमाम्नायमसृजद्भगवानजः॥ अंतस्थोष्मस्वरस्पर्शह्रस्वदीर्घादिलक्षणं ॥४३॥ तेनासौचतुरोवेदांश्चतुर्भिर्वदनैर्विभुः ॥ सव्याहृतिकान्सोंकारांश्चातुर्होत्रविवक्षया ॥४४॥ पुत्रानध्यापयत्तांस्तुब्रह्मर्षीन्ब्रह्मकोविदान् ॥ तेतुधर्मोपदेष्टारःस्वपुत्रेभ्यःसमादिशन् ॥४५॥ तेपरंपरयाप्राप्तास्तत्तच्छिष्यैर्धृतव्रतैः ॥ चतुर्युगेष्वथव्यस्ताद्वापरादौमहर्षिभिः ॥४६॥ क्षीणायुषःक्षीणसत्त्वान्दुर्मेधान्वीक्ष्यकालतः ॥ वेदान्ब्रह्मर्षयोव्यस्यन्हृदिस्थाच्युतचोदिताः ॥४७॥ अस्मिन्नप्यंतरेब्रह्मन्भगवाँल्लोकभावनः॥ब्रह्मेशाद्यैर्लोकपालैर्याचितोधर्मगुप्तये॥४८॥ पराशरात्सत्यवत्यामंशांशकलयाविभुः॥ अवतीर्णोमहाभागवेदंचक्रेचतुर्विधं॥४९॥ ऋगथर्वयजुःसाम्नांराशीनुद्धृत्यवर्गशः॥ चतस्रःसंहिताश्चक्रेमंत्रैर्मणिगणाइव॥५०॥ तासांसचतुरःशिष्यानुपाहूयमहामतिः॥ एकैकांसंहितांब्रह्मन्नेकैकस्मैददौविभुः॥५१॥ पैलायसंहितामाद्यांबह्वृचाख्यामुवाचह॥ वैशंपायनसंज्ञायनिगदाख्यंयजुर्गणं॥५२॥ साम्नांजैमिनयेप्राहतथाछंदोगसंहितां ॥ अथर्वांगिरसींनामस्वशिष्यायसुमंतवे॥५३॥ पैलःस्वांसंहितामूचइंद्रप्रमितयेमुनिः ॥ बाष्कलायचसोप्याहशिष्येभ्यःसंहितांस्वकां ॥५४॥ चतुर्धाव्यस्यबोध्याययाज्ञवल्क्यायभार्गव ॥ पराशरायाग्निमित्रइंद्रप्रमितिरात्मवान् ॥ ५५ ॥ अध्यापयत्संहितांस्वांमांडूकेयमृषिंकविं ॥ तस्यशिष्योदेवमित्रःसौभर्यादिभ्यऊचिवान् ॥ ५६ ॥ शाकल्यस्तत्सुतस्स्वांतुपंचधाव्यस्यसंहितां ॥ वात्स्यमुद्गलशालीयगोखल्यशिशिरेष्वधात् ॥ ५७ ॥ जातूकर्ण्यश्चतच्छिष्यःसनिरुक्तांस्वसंहितां ॥ बलाकपैजवैतालविरजेभ्योददौमुनिः ॥ ५८ ॥ बाष्कलिःप्रतिशाखाभ्योवालखिल्याख्यसंहितां ॥ चक्रेवालायनिर्भज्यःकाशारश्चैवतांदधुः ॥५९॥ बह्वृचाःसंहिताह्येताएभिर्ब्रह्मर्षिभिर्धृताः ॥ श्रुत्वैतच्छंदसांव्यासंसर्वपापैःप्रमुच्यते ॥६०॥

ચાર પ્રકારનો કરેલો છે. ॥૪૮–૪૯॥ એટલે મંત્રો રૂપ, મણિઓના ઢગલામાંથી; વર્ગવાર મંત્રોને, જુદા જુદા એકત્ર કરીને; ઋગ–યજુ–શામ–અને અથર્વણ–એ રીતની, ચાર સંહિતાઓ કરી છે. ॥૫૦॥ પછી તે સમર્થ વેદવ્યાસે, પોતાના મોટી બુદ્ધિવાળા, ચાર શિષ્યોને બોલાવીને; એકેકને, અકેકી સંહિતા તેમણે ભણાવી હતી. ॥૫૧॥ ઋગ્વેદ નામની પહેલી સંહિતા પૈલને શિખવી; અને નિગદ નામની યજુર્વેદની સંહિતા, વૈશંપાયનને ભણાવી. ॥૫૨॥ છંદોગ નામની શામવેદની સંહિતા, જૈમિનિને કહી; અને અંગિરસિ નામની અથર્વણ વેદની સંહિતા, પોતાના શિષ્ય સુમંતુને ભણાવી. ॥૫૩॥ પછી પૈલ મુનિએ પોતાની સંહિતા, ઇંદ્રપ્રમિતિ અને બાષ્કળ નામના, પોતાના બે શિષ્યોને, શીખવી; અને તે બાષ્કળે, એ સંહિતાના ચાર વિભાગ કરીને; પોતાના ચાર શિષ્યો, બોધ્ય–યાજ્ઞવલ્ક્ય–પરાશર–અને અગ્નિમિત્ર–એમને, અકેકી ભણાવી; તેમજ બુદ્ધિમાન ઇંદ્રપ્રમિતિએ, પોતે શિખેલી સંહિતા પોતાના વિદ્વાન શિષ્ય, માંડૂકેયને શિખવી; અને તેણે પણ, પોતાના

શિષ્યો દેવમિત્ર અને સૌભરી આદિને; ભણાવી. ॥ ૫૪–૫૫–૫૬ ॥ અને માંડુકેયના દીકરા શાકલ્યે, એ સંહિતાના પાંચ ભાગ કરીને; તે, વાત્સ્ય–મુદ્ગલ–શાલિય–ગોખલ્ય–અને શિશિર એ નામોવાળા, શિષ્યોને ભણાવ્યા. ॥૫૭॥ તેમના શિષ્ય જાતુકર્ણ્યે નિરૂક્ત, (એટલે વેદાર્થ સંબંધીની,) પોતાની સંહિતા, બલાક–પૈજ–વૈતાળ–અને વિરજ નામના મુનિઓને ભણાવી. ॥૫૮॥ બાષ્કલના પુત્ર બાષ્કલીએ, ઉપર કહેલી સર્વ શાખાઓમાંથી, વાલખિલ્ય નામની એક સંહિતા કરી; અને તે પોતાના શિષ્યો, બાલાયની–ભજ્ય–અને કાશાર, –એમને ભણાવી. ॥૫૯॥ એ ઋગ્વેદની સંહિતાઓને, એટલા ઋષિઓ, એ ધારણ કરીછે. એ વેદનો આ રીતનો, વિસ્તાર સાંભળવાથી, મનુષ્ય સર્વ પાપો થકી, મૂકાઇ જાય છે. ॥૬૦॥ વૈશંપાયનની યજુર્વેદની સંહિતાના જાણનારા, તેમના શિષ્યો; જેઓએ પોતાના ગુરૂને લાગેલી, બ્રહ્મ હત્યાના પાપનું નીવારણ કરવાનું વ્રત, આચર્યું હતું; તેથી તેઓ ચરકાધ્વર્યુ, કહેવાય છે. જેમાં અધ્વર્યુની પદવી, એ યજુર્વેદ જાણનારાઓનીજ છે.

॥૬૧॥ એ વૈશંપાયનના (મુખ્ય) શિષ્ય યાજ્ઞવલ્ક્યે, જ્યારે ગુરૂને કહ્યું કે, "હે ભગવાન, એ અલ્પ દ્રઢતાવાળા બીજા શિષ્યોએ,આ વ્રત કરવાથી કાંઈ ફળ નથી; માટે એ ન થઇ શકે એવું વ્રત તો હું એકલોજ, આચરિશ. ॥૬૨॥ ત્યારે એ પ્રમાણે બોલવાથી, ગુરૂએ ક્રોધ કરીને તેને કહ્યું કે; "હે મંદ બુદ્ધિવાળા, તું બ્રાહ્મણોની અવગણના કરનાર શિષ્યનું, મારે કામ નથી; માટે મારી પાસેથી ભણેલી, વિદ્યાનો ત્યાગ કરીને;તું જલદીજ અહીંથી જતો રહે." ॥૬૩॥ એટલે એ દેવરાતના દીકરા, યાજ્ઞવલ્ક્યે; યજુર્વેદના મંત્રોને ઓકી કાઢ્યા, ને તે ત્યાંથી જતા રહ્યા; પછીથી બીજા મુનિઓએ, તે મંત્રોને દીઠા. ॥૬૪॥ અને તે લેઇ લેવાની ઇચ્છા થવાથી, તેમણે તેતર પક્ષી થઇને; તે મંત્રો લેઇ લીધા. એ થકી યજુર્વેદની, તૈત્તિરિય નામની; મોટી અને શ્રેષ્ટ શાખા થયેલ છે. ॥૬૫॥ હે બ્રાહ્મણો, પછી યાજ્ઞવલ્ક્યે, એ વેદના મંત્રોનો અભ્યાસ કરવાને માટે; ગુરૂનો શોધ કરતાં, ગુરૂ ન મળી શકવાથી; તેમણે છેવટે સમર્થ સૂર્ય નારાયણ દેવની, સ્તુતિ કરી કે. ॥૬૬॥—યાજ્ઞવલ્ક્ય—"હે ભગવાન અખિલ જગતના; બ્રહ્માથી માંડીને સ્તંભ પર્યંતના; ચારે પ્રકારના પ્રાણી આદિના શરીરોની અંદર; આત્મ સ્વરૂપથી રેહેનારા છો. અને ક્ષણ—લવ—અને નિમેષવાળા, ઘણા અવયવોથી બનાર, સંવત્સરોમાં ઘણાં વરસોના સમુદાય થકી; કાળ રૂપથી બહાર પણ, રહીને; જળાદિકનું શોષણ કરતા, અને તે પાછું મૂકતા; આદિવડે, એકલાજ લોક યાત્રાની આજીવિકાઓને, ચલાવ કરનારા છો; ત્યાં આકાશની પેઠે, એ સંબંધ ના થઇ; આસક્તિ વિનાના છો; તે આદિત્ય ભગવાનને, હું નમસ્કાર કરૂંછું. ॥૬૭॥ હે તપાવનારા, અને ત્રણે કાળ સ્તુતિ કરનારાઓનાં; પાપ—દુઃખ—અને અજ્ઞાનને, બાળી નાંખનારા શ્રેષ્ટ દેવ સૂર્ય; આપનું જે આ મંડળ, દિવસે દિવસે તપે છે; તેનું અમે સારી રીતે સન્મુખ થઇને, ધ્યાન કરીએ છીએ. ॥૬૮॥ અને પોતાના

वैशंपायनशिष्यावैचरकाध्वर्यवोऽभवन् ॥ यच्चेरुर्ब्रह्महत्यांऽहःक्षपणंस्वगुरोर्व्रतं॥६१॥ याज्ञवल्क्यश्चतच्छिष्यआहाहोभगवन्कियत् ॥ चरितेनाल्पसाराणां चरिष्येऽहंसुदुश्चरं ॥६२॥ इत्युक्तोगुरुरप्याहकुपितोयाह्यलंत्वया॥ विप्रावमंत्राशिष्येणमदधीतंत्यजाश्विति ॥६३॥ देवरातसुतःसोपिछर्दित्वायजुषांगणं ॥ ततोगतोऽथमुनयोददृशुस्तान्यजुर्गणान् ॥६४॥ यजूंषितित्तिराभूत्वातल्लोलुपतयाददुः॥ तैत्तिरीयाइति यजुःशाखाआसन्सुपेशलाः॥६५॥ याज्ञवल्क्यस्ततोब्रह्मन्छंदांस्यधिगवेषयन्॥गुरोरविद्यमानानिसूपतस्थेऽर्कमीश्वरं॥६६॥ याज्ञवल्क्य० ओंनमोभगवतेआदित्यायाखिलजगतामात्मस्वरूपेण कालस्वरूपेणचतुर्विधभूतनिकायानां ब्रह्मादिस्तंबपर्यंतानामंतर्हृदयेषुबहिरपिचाकाशइवोपाधिनाऽव्यवधीयमानोभवानेकएवक्षणलवनिमेषावयवोपचितसंवत्सरगणेनापामादानविसर्गाभ्यामिमां लोकयात्रामनुवहति॥ ॥६७यदुहवावविबुधर्षभसवितरदस्तपत्यनुसवनमहरहराम्नायविधिनोपतिष्ठमानानामखिलदुरितवृजिनबीजावभर्जनभगवतः समभिधीमहितपनमंडलं॥६८॥ यइहवावस्थिरचरनिकराणांनिजनिकेतनानांमनइंद्रियासुगणाननात्मनःस्वयमात्मांतर्यामीप्रचोदयति ॥६९॥ यएवेमंलोकमतिकरालवदनांधकारसंज्ञाजगरग्रहगिलितं मृतकमिवविचेतनमवलोक्यानुकंपयापरमकारुणिकईक्षयैवोत्थाप्या हरहरनुसवनंश्रेयसिस्वधर्माख्यात्मावस्थानेप्रवर्तयत्यवनिपतिरिवासाधूनां भयमुदीरयन्नटति ॥७०॥ परितआशापालैस्तत्रतत्रकमलकोशांजलिभिरुपहृतार्हणः ॥७१॥ अथहभगवंस्तवचरणनलिनयुगलंत्रिभुवनगुरुभिर्वंदितमहमयातयामयजुःकामउपसरामीति॥७२॥ सूत०एवंस्तुतःस भगवान्वाजिरूपधरोहरिः ॥ यजूंष्ययातयामानिमुनयेऽदात्प्रसादितः॥७३॥ यजुर्भिरकरोच्छाखादशपंचशतैर्विभुः॥ जगृहुर्वाजसन्यस्ताः काण्वमध्यंदिनादयः॥७४॥जैमिनेःसामगस्यासीत्सुमंतुस्तनयोमुनिः॥सुन्वांस्तुतत्सुतस्ताभ्यामेकैकांप्राहसंहितां॥७५॥ सुकर्माचापितच्छिष्यःसामवेदतरोर्महान्॥सहस्रसंहिताभेदंचक्रेसाम्नांततोद्विजः॥७६॥ हिरण्यनाभःकौशल्यःपौष्यंजिश्चसुकर्मणः ॥ शिष्यौजगृहतुश्चान्य आवंत्योब्रह्मवित्तमः ॥७७॥ उदीच्याःसामगाःशिष्याआसन्पंचशतानिवै॥ पौष्यंज्यावंत्ययोश्चापितांश्चप्राच्यान्प्रचक्षते॥७८॥ लौगाक्षिर्मां

સ્થાન રૂપ, આ જગતનાં સ્થાવર અને જંગમ અનેક પ્રાણીઓના સમુદાયોનાં શરીરો—મન—ઇંદ્રિયો—અને પ્રાણ—રૂપ જડ પદાર્થોને; પોતાના આત્મ સ્વરૂપથી સચેતન કરનારા, અંતર્યામિ પણ; આપજ છો. ॥૬૯॥ તથા અત્યંત વિકરાળ મોઢાવાળા (અજ્ઞાન) અંધકાર નામના, અજગરે ગળેલા; અને શબની પેઠે ભાન રહિત થને પડેલા, આ જગતને જોવાથી; દયાવડે પોતાનું દર્શન આપીને; ઉઠાડનારા પણ, આપજ મહા દયાળુ તથા પ્રત્યેક દિવસે, પોતાના કલ્યાણ રૂપ સ્વધર્મની નિષ્ઠામાં; સમયસર પ્રવર્તાવનારા પણ, આપજ છો; દુષ્ટ લોકને રાજાની માફક, ભય ઉપજાવતા થકા ફરયા કરનારા પણ, તમેજ છો. ॥૭૦॥ વળી ચારે દિગપાળ દેવતાઓ પણ, ઠેકાણે ઠેકાણે કમળના કોશવાળી અંજળીઓથી; આપનેજ અર્ઘ આપે છે. ॥૭૧॥ એ પ્રકારના આપ ભગવાનનાં; ત્રણે લોકના અધિપતિઓએ વંદન કરેલાં, એ ચરણને; હું બીજાઓએ લીધેલા, અને સાર થકી ભરેલા યજુર્વેદના મંત્રો; પામવાની ઇચ્છાથી, શરણ થાઉં છું. ॥૭૨॥—સૂત— એ પ્રમાણે સ્તુતિ કરાયલા, સૂર્ય ભગવાને; પ્રસન્ન થઇ, ઘોડાનું રૂપ ધારણ કરીને; યાજ્ઞવલ્ક્ય મુનિને, યજુર્વેદના મંત્રો; ભણાવ્યા. ॥૭૩॥ એ સમર્થ યાજ્ઞવલ્ક્યે, પછી તે યજુર્વેદના મંત્રોની; એકસોને પંદર શાખાઓ કરી. અને તે ઘોડાના રૂપથી કહેલા મંત્રો વાળી શાખાઓને, કાણ્વ—અને માધ્યંદિન—વિગેરે; બ્રાહ્મણોએ ધારણ કરી. ॥૭૪॥ શામ વેદને જાણનારા જૈમિનિ મુનિએ, તેની બે શાખાઓ કરીને; પોતાના સુમંતુ નામના પુત્રને, અને સુન્વાન નામના તેના પુત્રને; એકેકી સંહિતા ભણાવી. ॥૭૫॥ અને તેમના સુકર્મા નામના એક બ્રાહ્મણ શિષ્યે, એ શામ વેદ નામના મોટા ઝાડના વિભાગો કરી; તેની હજાર શાખાઓ રૂપ, સંહિતાઓ બનાવી. ॥૭૬॥ એ સુકર્મા પાસેથી, કૌસલ્ય—હિરણ્યનાભ—પૌષ્યંજી અને બ્રહ્મને સારી રીતે જાણનારો એકબીજો આવંત્ય નામનો શિષ્ય, એ ચાર જણાએ તે શાખાઓને, ગ્રહણ કરી. ॥૭૭॥ અને એ પૌષ્યંજી તથા આવંત્ય વિગેરે પાસેથી ઉત્તર દિશામાં રેહેનારા, બીજા પાંચશે શિષ્યો એ શામ વેદની શાખાઓને, ભણ્યા; તેઓ પૂર્વ

રહેનારા હોવાનું પણ, કેટલાએક કહે છે. ॥૭૮॥ એ પૌષ્યંજીના, લૌગાક્ષી–માંગલી–કુલ્ય–કુશિદ–અને ચાર શિષ્યોએ, સોસો સંહિતાઓ ધારણ કરી હતી. ॥ ૭૯ ॥ પછી તે હિરણ્યનાભના, કૃત નામના શિષ્યે ચોવીશ સંહિતાઓ ધારણ કરીને; તે પોતાના શિષ્યોને ભણાવી હતી; અને બાકી જે શેષ રહેલી તે પણ તે જ્ઞાની આનંત્યે, પોતાના શિષ્યોને ભણાવી હતી.॥૮૦॥ ઇ૦ ભા૦ભા. સ્કં. ૧૨. અ. સં. ॥ ૬॥

અધ્યાય ૭ મો.—સૂત—અથર્વણ વેદને જાણનારા, સુમંતુ મુનિએ પોતાના શિષ્ય કબંધને એ સંહિતા ભણાવી. અને તેણે બે વિભાગ કરીને, તે પોતાના પથ્ય અને વેદદર્શ: નામના શિષ્યોને ભણાવી. ॥૧॥ અથર્વવેદ જાણનારા, એ વેદદર્શ: તેના શિષ્યો શૌલ્કાયની–બ્રહ્મબલિ–મોદોષ–અને પિપ્પલાયનીને; તથા પથ્યે, પોતાના શિષ્યો, કુમુદ–શુનક–અને જાજલીને; શિષ્યો જેટલાજ વિભાગ કરીને; એકેકને એકેક સંહિતા, ભણાવી. ॥૨॥ શુનકના શિષ્ય બભ્રુ અને સૈંધવાયન નામના બે શિષ્યો બે સંહિતાઓને શિખ્યા હતા; અને બીજા સાવર્ણિ–નક્ષત્રકલ્પ–શાંતિ– અને કશ્યપ–તથા આંગિરસ વિગેરે પણ; અથર્વણ વેદના આચાર્યો કહેવાય છે; હે મુનિ; હવે પુરાણિકો વિશે કહું છું. ॥૩–૪॥ ત્રય્યારુણિ–કશ્યપ–સાવર્ણિ–અકૃતવર્ણ–વૈશંપાયન–અને હારિત–એ છ પુરાણિકો છે. ॥૫॥ વ્યાસના એ શિષ્યો પાસેથી, મારા પિતા રોમહર્ષણ; એ દરેકની પાસેથી એકેકી; એમ એ છ સંહિતાઓ શિખ્યા હતા; અને તેમના મુખ થકી, હું તે છએને, શિખ્યો છું. ॥૬॥ કશ્યપ–હું–સાવર્ણિ–અને પરશુરામનો શિષ્ય અકૃતવર્ણ–એ ચાર જણાઓ–વ્યાસના શિષ્યો પાસેથી, ચાર મૂળ સંહિતાઓ શિખેલા છૈએ. ॥૭॥ હે બ્રાહ્મણો, વેદ અને શાસ્ત્રોને અનુસરનારી બુદ્ધિવડે, બ્રહ્મઋષિઓએ નિરૂપણ કરેલાં; પુરાણનાં લક્ષણોને સાંભળો. ॥ ૮ ॥ સર્ગ–વિસર્ગ–વૃત્તિ–રક્ષા–મન્વંતર–વંશ–વંશોમાં પાછળ થયેલાનાં ચરિત્રો–સંસ્થા–હેતુ–અને અપાશ્રય–એ દશ લક્ષણો વાળું, પુરાણ હોવાનું વિદ્વાનો કહે છે. અને મોટા નાનાની વ્યવસ્થાવડે, મોટામાં એ દશે; તથા નાનામાં, સર્ગ–વિસર્ગ–વંશ–વંશોમાં પાછળ થયેલાનાં ચરિત્રો–અને મન્વંતર–એ પાંચજ,

गलिःकुल्पःकुशीदःकुक्षिरेवच ॥ पौष्यंजिशिष्याजगृहुःसंहितास्तेशतंशतं॥७९॥ कृतोहिरण्यनाभस्यचतुर्विंशतिसंहिताः॥ शिष्यऊचेस्व शिष्येभ्यःशेषाआवंत्यआत्मवान् ॥८०॥ इतिश्रीभागवतेमहापुराणेद्वादशस्कंधेवेददशाखाप्रणयनंनामषष्ठोऽध्यायः ॥ ६ ॥ सूत०अथर्ववित्सुमंतुश्चशिष्यमध्यापयत्स्वकां ॥संहितांसोऽपिपथ्यायवेददर्शायचोक्तवान् ॥१॥ शौल्कायनिर्ब्रह्मबलिर्मोदोषःपिप्पलायनिः ॥ वेददर्शस्यशिष्यास्तेपथ्यशिष्यानथोशृणु ॥ कुमुदःशुनकोब्रह्मन्जाजलिश्चाप्यथर्ववित् ॥२॥ बभ्रुःशिष्योऽथांगिरसःसैंधवायनएवच ॥ अधीयेतांसंहितेद्वेसावर्ण्याद्यास्तथाऽपरे ॥३॥ नक्षत्रकल्पःशांतिश्च कश्यपांगिरसादयः॥ ॥ एतेआथर्वणाचार्याःशृणुपौराणिकान्मुने ॥४॥ त्रय्यारुणिःकश्यपश्चसावर्णिरकृतव्रणः ॥ वैशंपायनहारीतौषड्वैपौराणिकाइमे ॥५॥ अधीयंतव्यासशिष्यात्संहितांमत्पितुर्मुखात् ॥ एकैकामहमेतेषांशिष्यःसर्वाःसमध्यगां ॥६॥ कश्यपोऽहंचसावर्णीरामशिष्योऽकृतव्रणः ॥ अधीमहिव्यासशिष्याच्चतस्रोमूलसंहिताः ॥७॥ पुराणलक्षणंब्रह्मन्ब्रह्मर्षिभिर्निरूपितं ॥ शृणुष्वबुद्धिमाश्रित्यवेदशास्त्रानुसारतः ॥८॥ सर्गोऽस्याथविसर्गश्चवृत्तिरक्षांतराणिच ॥ वंशोवंश्यानुचरितंसंस्थाहेतुरपाश्रयः ॥९॥ दशभिर्लक्षणैर्युक्तंपुराणंतद्विदोविदुः ॥ केचित्पंचविधंब्रह्मन्महदल्पव्यवस्थया ॥१०॥ अव्याकृतगुणक्षोभान्महतस्त्रिवृतोहमः ॥ भूतसूक्ष्मेंद्रियार्थानांसंभवःसर्गउच्यते ॥ ११ ॥ पुरुषानुगृहीतानामेतेषांवासनामयः ॥ विसर्गोऽयंसमाहारोबीजाद्बीजंचराचरं ॥१२॥ वृत्तिर्भूतानिभूतानांचराणामचराणिच ॥ कृतास्वेनन्नृणांतत्रकामाच्चोदनयाऽपिवा ॥१३॥ रक्षाऽच्युतावतारेहाविश्वस्यानुयुगेयुगे ॥ तिर्यङ्मर्त्यर्षिदेवेषुहन्यंतेयैस्त्रयीद्विषः ॥१४॥ मन्वंतरंमनुर्देवामनुपुत्राःसुरेश्वरः ॥ ऋषयोंऽशावताराश्चहरेःषड्विधमुच्यते ॥१५॥ राज्ञांब्रह्मप्रसूतानांवंशस्त्रैकालिकोऽन्वयः ॥ वंश्यानुचरितंतेषांवृत्तंवंशधराश्चये ॥१६॥ नैमित्तिकःप्राकृतिकोनित्यआत्यंतिकोलयः ॥ संस्थेतिकविभिःप्रोक्ताचतुर्धाऽस्यस्वभावतः ॥१७॥ हेतुर्जीवोस्यसर्गादेरविद्याकर्मकारकः ॥ यंचानुशयि

લક્ષણો હોવાનું, કેટલાએક કહે છે. ॥૯–૧૦॥ અવ્યાકૃત (એટલે કાળસ્વરૂપ ભગવાન) થકી, ગુણોનો ક્ષોભ થઇને, મહત્તત્વ થયેલું છે; તે થકી ત્રણ પ્રકારનો અહંકાર થયેલ છે; અને તે થકી પાંચ મહાભૂત, ઇંદ્રિયો, અને ઇંદ્રિયોના દેવતાઓ, થયેલ છે; એને "સર્ગ" એટલે કારણોની સૃષ્ટિ કહે છે. ॥૧૧॥ પુરુષ ભગવાન-થકી, એ સઘળાંઓ અનુગ્રહ પામીને; તેઓ થકી, વાસનામય સ્થાવર અને જંગમરૂપ: એક બીજમાંથી બીજું થઇને, વળી તેમાંથી ત્રીજું; એમ થયા કરનારા, આ કાર્યરૂપ સઘળા દ્વૈતપદાર્થાદિક; જગતની ઉત્પત્તિ થાય છે: તે, "વિસર્ગ" કહેવાય છે. ॥૧૨॥ પ્રાણીઓની વૃત્તિ એટલે આજીવિકારૂપે, પ્રાણીઓજ છે: એટલે સ્થાવરો, જંગમોની આજીવિકા છે; તેમજ મનુષ્યો વિગેરેની આજીવિકાઓ, સ્વાભાવિક કામનાઓ મુજબ અને શાસ્ત્ર વચનોના આધારે; ભગવાને પોતેજ, જે રીતે નક્કી કરેલી છે; તે, "વૃત્તિ" કહેવાય છે.॥૧૩॥ યુગેયુગને વિશે વેદવિરોધી દ્વેષ કરનારા દૈત્યો આદિને; અચ્યુત ભગવાન, પશુ–પક્ષી–મનુષ્ય–ઋષિ–અને દેવતા આદિકના અવતારો, ધારણ કરીને; મારવા વિગેરે સારૂં, વિશ્વમાં કરેલાં કર્મો આદિક; તે, "રક્ષા" કહેવાય છે. ॥૧૪॥ મનુ–દેવતાઓ–મનુના પુત્રો–ઇંદ્ર–સપ્તઋષિઓ–અને અંશાવતાર; એ રીતનાં હરિભગવાનનાં, છ પ્રકારનાં સ્વરૂપોનું; વર્ણન અને તેમનો સમય; તે "મન્વંતર" કહેવાય છે.॥૧૫॥ બ્રહ્મા થકીજ, સિધિ લીટીએ ઉત્પન્ન થયેલા, ત્રણે કાળના રાજાઓને; "વંશ" કહે છે: અને તેઓના તથા તેમના વંશના, ગાદીપતિ રાજાઓનાં ચરિત્રોને, "વંશાનુચરિત્ર" કહે છે ॥૧૬॥ નિત્ય–નૈમિત્તિક–પ્રાકૃતિક–અને આત્યંતિક–એ ચારે પ્રકારના પ્રલયો; સ્વભાવે કરીને થાય છે; તેને વિદ્વાનો "સંસ્થા" કહે છે. ॥૧૭॥ જેને કેટલાએક અનુશાયી, એટલે પાછળથી દાખલ થનાર કહે છે; તથા બીજાઓ, અવ્યાકૃત એટલે વિકાર નહી પામનાર કહે છે; તે, દેહ માંહેલા આત્માને, (દેહાત્માને) પોતેજ કર્મોનો કર્તા હોવા રૂપ, અહંકાર કરાવનારી અવિદ્યા વડે જે અજ્ઞાનનું ગ્રહણ, થાય છે તે; અને તેથી, દેહાત્મા સર્ગ આદિ વિકારોવાળો, એટલે જન્માદિ પામનારો, થાય છે તે; તેમજ એ પ્રકારનું અજ્ઞાન મટવાથી; તે, મુક્ત થાય છે; અથવા પોતાના ખરા સ્વરૂપને પામે છે; એ સર્વે વાતનું જ્ઞાન થવું તેને; "હેતુ" કહે છે. ॥૧૮॥ જીવની માયામય વૃત્તિઓ જાગ્રત–સ્વપ્ન–અને સુષુપ્તિને વિશે, અન્વયવડે વિચારી જોતાં; જે તે સર્વ થકી અળગો છે, તેજ

રહ્યો છે; અને તે બ્રહ્મનેજ "અપાશ્રય" કહે છે. ॥૧૯॥ જેમ રૂપ અને નામોવાળા પદાર્થાદિકને વિશે, સૂક્ષ્મ તન્માત્રાઓ રૂપ, પાંચ મહા ભૂતનાં તત્વો, રહેલાંજ હોય છે; તેમ સર્વ દેહાદિકની, પ્રથમ ગર્ભ ધારણ કરવાથી માંડીને, મરણ પર્યંતની સઘળી અવસ્થાઓમાં; તે બ્રહ્મ અથવા પરમ આત્મતત્વ, વ્યાપીને રહેલુંજ છે. ॥૨૦॥ જ્યારે યોગવડે, અથવા પોતા થકીજ; ત્રણ ગુણોવાળી વૃત્તિઓને, દેહાત્મા નાંખીદે; અને સઘળાં કામ્ય કર્મો થકી, નિવૃત થઇને, મન વિરામ પામે; ત્યારેજ તે, આત્મ સ્વરૂપને જાણે છે. ॥ ૨૧ ॥ એવાં લક્ષણોવાળાં, નાનાં અને મોટાં મળીને; અઢાર પુરાણો હોવાનું, પૂર્વના વિદ્વાન મુનિઓએ કહેલું છે. ॥ ૨૨ ॥ [1]બ્રહ્મ–[2]પદ્મ–[3]વિષ્નુ–[4]શિવ–[5]–લિંગ–[6]ગરૂડ;–[7]નારદ–[8]ભાગવત–[9]અગ્નિ–[10]સ્કંધ–[11]ભવિષ્ય–[12]બ્રહ્મ વૈવર્ત,–[13]માર્કંડેય–[14]વામન–[15]વરાહ–[16]મત્સ્ય–[17]કુર્મ–અને [18]બ્રહ્માંડ, એ નામોવાળાં અઢાર પુરાણો છે.

॥ ૨૩–૨૪ ॥ હે બ્રાહ્મણો, વેદવ્યાસ મુનિ અને તેમના શિષ્યો–પ્રશિષ્યો–અને તેમના શિષ્યોએ કરેલ; બ્રહ્મ તેજને વધારે એવો, વેદાદિકની શાખાઓનો વિસ્તાર; આ રીતે મેં તમને કહી સંભળાવ્યો. ॥૨૫॥ ઇતિશ્રીમ૰ ભાગવતે બારમા સ્કંધનો પુરાણ લક્ષણાદિ નામે સાતમો અધ્યાય સંપૂર્ણ. ॥ ૭ ॥

અધ્યાય ૮ મો.—શૌનક—હે, અપાર અંધકારરૂપ સંસારમાં ભટકતા મનુષ્યોને, તેનો પાર દેખાડનારા–અને બોલનારાઓમાં શ્રેષ્ટ–સાધુ સુત; તમે ઘણું જીવનારા થાઓ. ॥ ૧ ॥ મૃકંડના દીકરા માર્કંડેયઋષિ, ઘણા લાંબા આયુષ્યવાળા હોવાનું; અને કલ્પના અંતે જગતનો નાશ થતાં પણ, તે એકલાજ બાકી રહેલા હોવાનું; લોકો કહે છે. ॥ ૨ ॥ અને એ ભૃગુકુળમાંના શ્રેષ્ટ માર્કંડેય મુનિ, આ કલ્પમાંજ અમારા કુળમાં ઉત્પન્ન થયેલાનું; તથા હમણાં સુધીમાં, પ્રાણીઓનો નાશ કરનારો; કોઇ પ્રલય નહીં થયેલાનું, પણ કહેવાય છે.

नंप्राहुरव्याकृतमुतापरे ॥१८॥ व्यतिरेकान्वयोयस्यजाग्रत्स्वप्नसुषुप्तिषु ॥ मायामयेषुतद्ब्रह्मजीववृत्तिष्वपाश्रयः ॥१९॥ पदार्थेषुयथाद्रव्यंसन्मात्रंरूपनामसु ॥ बीजादिपंचतांतासुह्यवस्थासुयुतायुतं ॥२०॥ विरमेतयदाचित्तंहित्वावृत्तित्रयंस्वयं ॥ योगेनवातदात्मानंवेदेहायानिवर्तते ॥२१॥ एवंलक्षणलक्ष्याणिपुराणानिपुराविदः ॥ मुनयो[illegible]हुःक्षुल्लकानिमहांतिच ॥२२॥ ब्रा[illegible]पाद्मंवैष्णवंचशैवंलैंगंसगारुडं ॥ नारदीयंभागवतमाग्नेयंस्कांदसंज्ञितं ॥२३॥ भविष्यंब्रह्मवैवर्[illegible]र्कंडेयंसवामनं ॥ वाराहंमात्स्यंकौर्मंचब्रह्मांडाख्यमितित्रिषट् ॥ ॥२४॥ ब्रह्मन्निदंसमाख्यातंशाखाप्रणयनंमुनेः ॥ शिष्यशिष्यप्रशिष्याणांब्रह्मतेजोविवर्द्धनं ॥२५॥ इ०भा०म०द्वा०सप्तमोऽध्यायः॥७॥ शौनक०सूतजीवचिरंसाधोवदनोवदतांवर ॥ तमस्यपारेभ्रमतांनृणांत्वंपारदर्शनः ॥१॥ आहु[illegible]ः ॥ यःकल्पांतेउर्वरितोयेनग्रस्तमिदंजगत् ॥२॥ सवाअस्मत्कुलोत्पन्नःकल्पेस्मिन्भार्गवर्षभः ॥ नैवाधुनाऽपिभूतानांसंप्लवःकोऽपिजायते ॥३॥ एकार्णवेभ्राम्यद्ददर्शपुरुषंकिल ॥ वटपत्रपुटेतोकंशयानंत्वेकमद्भुतं ॥४॥ एषनः[illegible]ः ॥ तंनश्छिंधिमहायोगिन्पुराणेष्वपिसंमतः॥५॥सूत०प्रश्नस्त्वयामहर्षेऽयंकृतोलोक[illegible]॥[illegible]थायत्रगीताकलिमलापहा॥६॥ प्रा[illegible]द्विजातिसंस्[illegible]कंडेयः पितुःक्रमात् ॥ छंदांस्यधीत्यधर्मेणतपःस्वाध्यायसंयुतः॥७॥बृहद्व्रतधरःशांतोजटिलोवल्कलांबरः॥ बिभ्रत्कमंडलुंदंडमुपवीतंसमेखलं॥८॥ कृष्णाजिनंसाक्षसूत्रंकुशांश्चनियमर्द्धये ॥ अग्न्यर्कगुरुविप्रात्मस्वर्चयन्संध्ययोर्हरिं॥९॥ सायंप्रातःसगुरवेभैक्ष्[illegible]ग्यतः॥ बुभुजेगुर्वनुज्ञातःसकृन्नोचेदुपोषितः ॥१०॥ एवंतपःस्वाध्यायपरोवर्षाणामयुतायुतं॥ आराधयन्हृषीकेशंजिग्येमृत्युंसुदुर्जयं ॥११॥ ब्रह्माभृगुर्भवोदक्षोब्रह्मपुत्राश्चयेपरे॥ नृदेवपितृभूतानितेनासन्नतिविस्मिताः ॥१२॥ इत्थंबृहद्व्रतधरस्तपःस्वाध्यायसंयमैः॥ दध्यावधोक्षजंयोगीध्वस्तक्लेशांतरात्मना ॥१३॥ तस्यैवंयुंजतश्चित्तंमहायोगेनयोगिनः ॥ व्यतीयायमहान्कालोमन्वंतरषडात्मकः ॥ १४ ॥ एतत्पुरंदरोज्ञात्वासप्तमेऽस्मिन्किलांतरे॥ तपोविशंकितोब्रह्मन्नारेभेतद्विघातनं॥१५॥ गंधर्वाप्सरसःकामंवसंतमलयानिलौ॥ मुनयेप्रेषयामासरजस्तोकमदौतदा॥१६॥

॥ વળી એમ સાંભળવામાં છે કે, પ્રલયના જળની અંદર, તેમણે એકલાએજ ભટકતાં; વડના એક પાંદડા અંદર ખેવડમાં, એક અદ્દભૂત બાળપુરૂષને જોયો હતો. ॥૪॥ હે મોટાયોગી અને પુરાણોના સંબંધમાં પામેલા સૂત, આ વાતમાં અમને તો કૌતુક લાગે છે. માટે અમને ફરી ફરીને થતા, એ સંશયને આપ ॥ ૫ ॥ સૂત–હે મોટા ૠષિ; લોકને થતા ભ્રમનો નાશ કરનાર, અને જેમાં કલિના મેલને મનારાયણ ભગવાનની કથાઓ છે. એવું આ તમારૂં પ્રશ્ન છે. ॥ ૬ ॥ પિતા પાસેથી ક્રમવડેનો સંસ્કાર પામેલા એ માર્કંડેય મુનિ, ધર્મ અને તપ સહિત વેદનું અધ્યયન કરવા લાગ્યા ૭ ॥ અને એ નૈષ્ટિક બ્રહ્મચર્ય ધારણ કરનારા–શાંત–જટાધારી–અને વલ્કલવસ્ત્ર પહેરનારા મુનિ; –જનોઇ–કંદોરો–કાળિયારનું ચામડું–રૂદ્રાક્ષની માળા–અને દર્ભાદિકને, ધારણ કરીને; નિયમની તરે. અગ્નિ–સૂર્ય–ગુરૂ–વિપ્ર–અને આત્માને વિશે; સવાર સાંજ હરિભગવાનનું પૂજન કરતા હતા.

॥ ૮ ॥ તેમજ સાંજ સવાર ભિક્ષા માગી લાવીને, ગુરૂને આપતા હતા. અને ગુરુ આજ્ઞા આપે તેટલુંજ વાણીને નિયમમાં રાખીને જમી લેતા હતા; તથા ગુરુ કાંઇજ ન બોલે તો, ઉપવાસ પણ કરતા હતા. ૧૦॥ આ પ્રમાણે વેદાધ્યયન કરવારૂપ, પરમ તપ હજારો વરસો સુધી, કરવાવડે; હૃષીકેશ ભગવાનનું આરાધન કરવાથી; એ મુનિ દુર્જય મૃત્યુને જીતી ગયા હતા. ॥ ૧૧ ॥ જેથી બ્રહ્મા–ભૃગુ–સદાશિવ–દક્ષ–બ્રહ્માના બીજા પુત્રો–મનુષ્યો–દેવતાઓ–પિતૃઓ–અને બીજા પ્રાણીઓ પણ, અતિ વિસ્મય પામ્યા. ॥ ૧૨ ॥ એ રીતે, તપ–સ્વાધ્યાય–અને સંયમ–સહિત બૃહદવ્રતને ધારણ કરનારા; અને મનના સઘળા ક્લેશ નાશ પામેલા, તેઓ (માર્કંડેય); અધોક્ષજ ભગવાનનું, ધ્યાન કરતા હતા. ॥ ૧૩ ॥ મોટા યોગવડે મનને વશ કરેલા યોગીનો, છ મન્વંતર જેટલો મોટોકાળ, એમ કરતાં વહી ગયો. ॥ ૧૪ ॥ ત્યાર પછી આ સાતમા મન્વંતરના ઇંદ્ર પુરંદરે, તે જાણવાથી; તેમના તપ થકી શંકા લાવીને, તપનો ઘાત કરવાનો તેણે આરંભ

ગ. અને ગંધર્વો—અપ્સરાઓ—કામદેવ—વસંતઋતુ—મલયાચળનો પવન—અને લોભ—તથા મદ—એ સર્વને; મુનિની પાસે મોકલ્યા. ॥ ૧૬ ॥ તેથી તે સઘળાં હિમાલયના ઉત્તર પડખામાં, જ્યાં પુષ્પભદ્રા નામની નદી છે; અને ચિત્રાખ્યા નામની શિલા છે, તેવા એ મુનિના આશ્રમમાં તેઓ આવ્યાં. ॥૧૭॥ ત્યારે એ આશ્રમસ્થાન, પવિત્ર ઝાડો તથા વેલાઓથી, શોભી રહેલું હતું; અને ત્યાંનાં પવિત્ર અને નિર્મળ જળાશયો, પવિત્ર પક્ષીઓનાં ટોળાંઓ વડે; ભરેલાં હતાં. ॥ ૧૮ ॥ મદોન્મત્ત થયેલા ભમરા, ત્યાં ગણગણાટ કરતા હતા; કોયલો શબ્દ કરતી હતી; મોર નાચતા હતા; અને બીજાં પક્ષીઓ પણ, કુદાકુદ કરી રહ્યાં હતાં. ॥ ૧૯ ॥ તેમાં ઝરણના ઠંડા છાંટાઓ સહિત ફૂલોની સુગંધી વાળા પવને પ્રવેશ કરીને વાવા વડે; કામદેવને ઉત્પન્ન કર્યો. ॥ ૨૦ ॥ અને ચંદ્રના ઉદય સહિત શિર થતી રાત્રિ તથા કુમળાં પાંદડાં અને ગુચ્છવાળાં એક બીજા સાથે ભળી ગયેલાં ઝાડ, તથા વેલાના જાળા સાથેની વસંત ઋતુ પણ; ત્યાં ઉત્પન્ન થઇ. ॥૨૧॥ એટલે ગાતા અને વાજાં વગાડતા ગંધર્વો તથા અપ્સરાઓના ટોળા સહિત, ધનુષ્ય બાણ ધારણ કરેલો તેમનો સરદાર; કામદેવ ત્યાં દેખાયો. ॥૨૨॥ અને એ સર્વ અનુચરોએ તે અસહ્ય તેજવાળા માર્કંડેય મુનિને બીજા અગ્નિ સમાન, અગ્નિમાં હોમ કરી આંખો મીંચી ધ્યાનમાં બેઠેલા જોયા. ॥૨૩॥ પછી અપ્સરાઓએ તેમની સામે નાચ કર્યો, અને મૃદંગ—વીણા—પણવ વિગેરે વાજાં મનોહર રીતે વગાડીને; ગંધર્વો ગાવા લાગ્યા. ॥૨૪॥ તથા તેજ સમયે, કામદેવે પોતાનું પંચ મુખવાળું અસ્ત્ર, ધનુષ્યમાં સાંધ્યું; અને વસંત તથા લોભ વિગેરે, ઇંદ્રના ભૃત્યો; તે મુનિના મનને કંપાવવા લાગ્યા. ॥૨૫॥ તેમજ પોતાના શરીરના ભારથી લચકતી—વાળમાંથી ખરી પડતાં ફુલવાળી—અને હરેફેર નજર કરતી પુંજિકસ્થળી નામની અપ્સરા, દડાની રમત કરવા લાગી; ત્યારે દડો પકડવાને દોડવા જતાં, તેની કટી મેખળા (કંદોરો) તૂટી જઇને; તેના ઝીણા વસ્ત્રને, વાયુએ ઉરાડી દીધું. ॥ ૨૬—૨૭ ॥

तत्रैतदाश्रमंजग्मुर्हिमाद्रेःपार्श्वउत्तरे ॥ पुष्पभद्रानदीयत्रचित्राख्याचशिलाविभो॥१७॥ तदाश्रमपदंपुण्यंपुण्यद्रुमलतांऽर्चितं॥पुण्यद्विजकु
लाकीर्णंपुण्यामलजलाशयं॥१८॥ मत्तभ्रमरसंगीतंमत्तकोकिलकूजितं॥मत्तबर्हिनटाटोपंमत्तद्विजकुलाकुलं॥१९॥ वायुःप्रविष्टआदायहि
मनिर्झरशीकरान्॥ सुमनोभिःपरिष्वक्तोववावुत्तंभयन्स्मरं ॥२०॥ उद्यच्चंद्रनिशावक्त्रःप्रवालस्तबकालिभिः॥ गोपद्रुमलताजालैस्तत्रासीत्कुसु
माकरः॥२१॥ अन्वीयमानोगंधर्वैर्गीतवादित्रयूथकैः ॥ अदृश्यतात्तचापेषुस्वःस्त्रीयूथपतिःस्मरः॥२२॥ हुत्वाग्निंसमुपासीनंददृशुःशक्रकिं
कराः॥ मीलिताक्षंदुराधर्षंमूर्तिमंतमिवानलं ॥ २३ ॥ ननृतुस्तस्यपुरतःस्त्रियोऽथोगायकाजगुः॥ मृदंगवीणापणवैर्वाद्यंचक्रुर्मनोरमं ॥२४
संदधेऽस्त्रंस्वधनुषिकामःपंचमुखंतदा॥मधुर्मनोरजस्तोकइंद्रभृत्याव्यकंपयन् ॥२५॥ क्रीडंत्याःपुंजिकस्थल्याःकंदुकैस्स्तनगौरवात् ॥ भृशमु
द्विग्नमध्यायाःकेशविस्रंसितस्रजः ॥२६॥ इतस्ततोभ्रमदृष्टेश्चलंत्याअनुकंदुकं॥वायुर्जहारतद्वासःसूक्ष्मंत्रुटितमेखलं॥२७॥विससर्जतदा
बाणंमत्वातंस्वजितंस्मरः ॥ सर्वंतत्राभवन्मोघमनीशस्ययथोद्यमः ॥२८॥ तइत्थमपकुर्वंतोमुनेस्तत्तेजसामुने ॥ दह्यमानानिववृतुःप्रबोध्या
हिमिवार्भकाः ॥२९॥ इतींद्रानुचरैर्ब्रह्मन्धर्षितोऽपिमहामुनिः ॥ यन्नागादहमोभावंनतच्चित्रंमहत्सुहि ॥३०॥ दृष्ट्वानिस्तेजसंकामंसगणंभ
गवान्स्वराट् ॥ श्रुत्वानुभावंब्रह्मर्षेर्विस्मयंसमगात्परं ॥३१॥ तस्यैवंयुंजतश्चित्तंतपःस्वाध्यायसंयमैः ॥ अनुग्रहायाविरासीन्नरनारायणोहरि
॥३२॥ तौशुक्लकृष्णौनवकंजलोचनौचतुर्भुजौरौरववल्कलांबरौ ॥ पवित्रपाणीउपवीतकंत्रिवृत्कमंडलुंदंडमृजुंचवैणवं ॥३३॥ पद्माक्षमा
लामुतजंतुमार्जनंवेदंचसाक्षात्तपएवरूपिणौ ॥ तपत्तडिद्वर्णपिशंगरोचिषाप्रांशूदधानौविबुधर्षभार्चितौ ॥३४॥ तेवैभगवतोरूपेनरनाराय
णावृषी ॥ दृष्ट्वोत्थायादरेणोच्चैर्ननामांगेनदंडवत् ॥३५॥ सतत्संदर्शनानंदनिर्वृतात्मेंद्रियाशयः ॥ हृष्टरोमाश्रुपूर्णाक्षोनसेहेतावुदीक्षितुं ॥
॥३६॥ उत्थायप्रांजलिःप्रह्वऔत्सुक्यादाश्लिषन्निव ॥ नमोनमइतीशानौबभाषेगद्गदाक्षरः॥३७॥ तयोरासनमादायपादयोरवनिज्यच ॥ अ

તેથી એ મુનિને, પોતાથી જીતાયલા માનીને; તે વખતેજ કામદેવે પોતાનું બાણ છોડ્યું. પણ ભાગ્યહીન માણસોના, ઉદ્યમની પેઠે; તેમનો એ સઘળો પરિશ્રમ, વ્યર્થ ગયો. ॥૨૮॥ એટલે આ રીતે માર્કંડેય મુનિનું ભૂંડું કરનારાં તે સર્વે, એ મુનિના તેજથી બળવા લાગ્યાં. અને સાપને જગાડીને, બાળકો ભાગી જવાની પેઠે; તે સઘળાં પાછાં વળી ગયાં. ॥૨૯॥ હે શૌનક, એ રીતે ઇંદ્રના સેવકોએ, તે મહામુનિને છળવા માંડ્યા છતાં; કાંઇ કરી શક્યા નહીં: તો પણ તે થકી એ મહામુનિને, અહંભાવ ઉત્પન્ન થયો નહીં. મહાત્માઓને એ રીતે થવામાં, કાંઇ આશ્ચર્ય નથીજ. ॥૩૦॥ પણ એ રીતે ગણો સહિત કામદેવને નિસ્તેજ થયેલો દેખીને, તથા એ બ્રહ્મર્ષિનો પ્રભાવ સાંભળીને; ઇંદ્રને મોટો વિસ્મય થયો. ॥ ૩૧ ॥ પછીથી એ, તપ—સ્વાધ્યાય—અને સંયમ વડે મનને આ રીતે વશ કરનાર મુનિ ઉપર, અનુગ્રહ કરવાને હરિભગવાન નરનારાયણ, ત્યાં પધાર્યા. ॥ ૩૨ ॥ તેઓ તેવડું જનોઇ—કમંડળુ—વાંસનો દંડ—કમળની તથા રૂદ્રાક્ષની માળા—જંતુમાર્જની—અને મૂર્તિમાં વેદને ધારણ કરનારા—તથા પીળા અને શ્યામ રંગવાળા—નવાં કમળ જેવી આંખો વાળા—ચાર ચાર હાથ વાળા—મૃગચર્મ, વલ્કલ, અને હાથમાં પવિત્રિઓ પહેરેલા—સાક્ષાત તપ રૂપ—ઝળકતી વીજળી જેવા પીળા પ્રકાશવાળા—ઊંચા અને મોટા મોટા દેવતાઓએ પૂજેલા—એવા એ નર નારાયણ ભગવાનને જોઇને; માર્કંડેય મુનિ, મોટા આદર સહિત ઉભા થયા; અને તેમણે જમીન ઉપર પડીને, તેમને દંડવત નમસ્કાર કર્યા. ॥ ૩૩—૩૪—૩૫ ॥ તથા; દર્શનના આનંદથી એ મુનિનાં, દેહ—ઇંદ્રિય—અને મન નિવૃત્તિ પામ્યાં; અને રૂવાડાં ઉભાં થઇને, આંખોમાં આંસુ ભરાઇ જવાથી, તે તેમના સામું જોઇ શક્યા નહીં. ॥૩૬॥ તેથી ઉભા થઇ હાથ જોડીને, ઉત્સુકતાથી આલિંગન કરવાની પેઠે; ગદગદા સાદથી, નમોનમઃ એટલુંજ, તે નમ્રપણે બોલ્યા. ॥૩૭॥ પછી તેમને, આસન નાખી આપ્યાં; પગ ધોયા; તથા અર્ઘ—ચંદન—ધૂપ—અને ફૂલ—વિગેરેથી તેમનું, તેમણે પૂજન કર્યું. ॥ ૩૮ ॥ તે પછી, પોતાના ઉપર અનુગ્રહ કરવાની મરજીવાળા, અને સુખથી આસનો ઉપર બેઠેલા; તે મહાત્માઓના ચરણમાં ફરીવાર, નમસ્કાર કરીને; માર્કંડેય બોલ્યા કે—॥ ૩૯ ॥ માર્કંડેયજી કહે સમર્થ, આપનું વર્ણન કેવી રીતે કરી શકાય? કે જેની

श्रीमद्भागवत महात्म्य.

श्रीगणेशायनमः अध्याय १ लो. सर्व प्रकारनां कर्मो करवाथी मुक्त थयेला शुकमुनि एकलाज चाली तां, विरहथी व्याकुळ थयेला वेदव्यासे; "हे पुत्र" एम लांबा अवाजथी, ज्यारे साद कर्यो; त्यारे शुकमय थ- झाडोए तेमने सामो अवाज दीधो हतो. ते सर्व प्राणी पदार्थादिकना हृदय रूप, शुक मुनिने; मारा प्रणाम छे. नैमिषारण्यमां आसन उपर बेठेला, मोटी बुद्धि वाळा सूतने अभिवंदन करीने; कथा रूपी अमृत रसनो, स्वादमां कुशळ: शौनक मुनिना प्रश्नथकी आ संहितानी शरुआत थायछे.॥२॥—शौनक—हे, अज्ञान रूपी अंध- नाश करवामां, करोड सूर्य सरखा प्रकाशवाळा सूत; आप मारा कानना रसायन रूप, सारमां सार कथा; ळावो.॥३॥भक्ति—ज्ञान—अने वैराग्य थकी, प्राप्त थयेलो विवेक; केवे प्रकारे वधेछे, अने वैष्णव एटले साधु

तथा भक्तादिक लोको; मायाना मोहनो त्याग, केवी रीते करे छे; ते आप कहो. ॥४॥ आ भयंकर कलियुग आवतां, आसुरी गतिने पामेला; अने क्लेशो थकी, पीडा पामता; जीवोने शुद्ध थवामां परम आश्रय रूप; शुं छे. ॥ ५ ॥ हमणां, पवित्रो मध्ये पवित्र, अने कल्याणो मध्ये कल्याण रूप; जे कांइ श्री कृष्ण भगवाननी प्राप्ति करावनारुं; अने सर्व काळ साधन रूप थनारुं होय; ते आप अमने कहो. ॥६॥ केमके, चिंतामणि तो. मात्र लोकोना सुखने; अने इंद्रादिक देवो, स्वर्गनी संपत्तिनेज; आपी शके छे. पण प्रसन्न थयेला गुरु तो, योगीओने पण दुर्लभ, एवा वैकुंठनी प्राप्ति करे छे. ॥ ७ ॥—सूत—हे शौनक मुनि, तमे भाविक छो; माटे संसार थवाना भयनो नाश करनारा भक्तिना ओघने वधा- रनार—अने कृष्ण भगवाननी प्रसन्नताने प्राप्त करनार—एवुं सर्व सिद्धांतोनो विचार करी करीने जोतां, मने जे जणायलुं छे; ते हुं तमने कहुंछुं, माटे सावधान पणाथी; तमे ते सांभळो. ॥ ९ ॥ काळ

गणेशायनमः॥यंप्रव्रजंतमनुपेतमपेतकृत्यंद्वैपायनोविरहकातरः आजुहाव॥ पुत्रेतितन्मयतयातरवोऽभिनेदुस्तंसर्वभूतहृदयंमुनिमानतोऽ

म॥१॥ नैमिषेसूतमासीनमभिवाद्यमहामतिं॥ कथामृतरसास्वाद कुशलः शौनकोऽब्रवीत्॥२॥शौनक० अज्ञानध्वांतविध्वंसकोटिसूर्यसम

भा॥ सूताख्याहिकथासारंममकर्णरसायनं॥३॥ भक्तिज्ञानविरागाप्तविवेकोवर्द्धतेकथं॥ मायामोहनिरासश्चवैष्णवैःक्रियतेकथं॥४॥ इहघो

रेकलौप्रायोजीवश्चासुरतांगतः॥ क्लेशक्रांतस्यतस्यैवशोधनेकिंपरायणं॥५॥ श्रेयसांयद्भवेच्छ्रेयःपावनानांचपावनं॥ कृष्णप्राप्तिकरंशश्वत्सा

धनंतद्वदाधुना॥६॥चिंतामणिर्लोकसुखंसुरेंद्रःस्वर्गसंपदं॥प्रयच्छतिगुरुःप्रीतोवैकुंठंयोगिदुर्लभं॥७॥ सूत०प्रीतिःशौनकचित्तेतेयतोवच्मिवि

चार्यच॥ सर्वसिद्धांतनिष्पन्नंसंसारभयनाशनं॥८॥ भक्त्योघवर्द्धनंयच्चकृष्णसंतोषहेतुकं॥ तदहंतेऽभिधास्यामिसावधानतयाशृणु॥९॥ का

लव्यालमुखग्रासत्रासनिर्नाशहेतवे॥ श्रीमद्भागवतंशास्त्रंकलौकीरेणभाषितं॥१०॥एतस्मादपरंकिंचिन्मनःशुद्ध्यैनविद्यते॥ जन्मांतरेभवेत्पु

ण्यंतदाभागवतंलभेत्॥११॥ परीक्षितेकथांवक्तुंसभायांसंस्थितेशुकेसुधाकुंभंगृहीत्वैवदेवास्तत्रसमागमन्॥१२॥ शुकंनत्वावदन्सर्वेस्वका

र्यकुशलाःसुराः॥कथासुधांप्रयच्छस्वगृहीत्वैवसुधामिमां॥१३॥एवंविनिमयेजातेसुधाराज्ञाप्रपीयतां॥ प्रपास्यामोवयंसर्वेश्रीमद्भागवतामृतं

॥१४॥क्वसुधाक्वकथालोकेक्वकाचःक्वमणिर्महान्॥ ब्रह्मरातोविचार्यैवतिदादेवान्जहासह॥१५॥ अभक्तांस्तांश्चविज्ञायनददौसकथामृतं॥श्री

मद्भागवतीवार्तासुराणामपिदुर्लभा॥१६॥ राज्ञोमोक्षंतथावीक्ष्यपुराधाताऽपिविस्मितः॥ सत्यलोकेतुलांबध्वाऽतोलयत्साधनान्यजः १७

लघून्यन्यानिजातानिगौरवेणइदंमहत्॥ तदाऋषिगणाःसर्वेविस्मयंपरमंययुः॥१८॥ मेनिरेभगवद्रूपंशास्त्रंभागवतंक्षितौ॥ पठनाच्छ्रवणा

द्योवैकुंठफलदायकं॥१९॥ सप्ताहश्रवणेनैवसर्वथामुक्तिदायकं॥ सनकाद्यैःपुराप्रोक्तंनारदायदर[illegible]॥२०॥ यद्यपिब्रह्मसंबंधाच्छ्रुतमेत

द्देवर्षिणा॥ सप्ताहश्रवणविधिःकुमारैस्तस्यभाषितः॥२१॥ शौनक०लोकविग्रहयुक्तस्यनारदस्या[illegible]स्यच॥विधिश्रवेकुतःप्रीतिःसंयोगः

॥ सापना मुखना कोळिया समान मनुष्योने, तेना थकी थतो त्रास कलियुगमां मटाडवाने मा॰ मुनिए आ श्रीमद्भागवत शास्त्र, कहेलुं छे. ॥१०॥ ए श्रीमद्भागवत करतां वधारे उत्तम, अने म॰ शुद्धि करनारुं; बीजुं कशुं पण, छेज नहीं; अने जेने पूर्वनुं पुण्य होय, तेनेज ए भागवतनी प्रा॰ छे. ॥११॥ परीक्षितने ए कथा कहेवाने, ज्यारे शुकदेवजी बेठा हता; त्यारे अमृतथी भरेलो कळश ॰, देवताओ ते स्थळे आव्या. ॥१२॥ अने पोतानुं कार्य साधवामां कुशळ, ए सर्व देवताओए; शुकमुनि॰ मस्कार करीने कह्युं के, "ए कळशमां भरेलुं अमृत लेइने, तेना बदलामां कथा रूपी अमृत; अम॰ आपो." ॥१३॥ एटले आ रीतनो बदलो करीने, परीक्षित राजाने ए अमृत: पाओ: (जेथी ते अम॰ थशे;) अने अमो सर्वने श्रीमद्भागवतनी कथानुं: पान करावो. ॥१४॥ त्यारे शुकदेवजीए, तेमने अ॰ न जाणीने; कथा रूपी अमृत तेमने नहीं आपतां, विचार कर्यो के; लोक मात्रने विशे महामणि सम॰ कथा क्यां, अने काच समान ए अमृत क्यां, एम जाणीने तेमणे ते देवताओने हसी काढ्या हत॰

ए रीते श्रीमद्भागवतनी कथा तो देवताओने मळवी पण; दुर्लभ छे. ॥१५-१६॥ पछी परीक्षित राजानो मोक्ष थयेलो देखीने, विस्मय पामेला ब्रह्माए; सत्यलोकमां कांटो बांधीने; सर्व साधनोने तोळी जोयां, तो तेमां बीजां बधां साधनो हलकां थयां; अने श्रीमद्भागवत घणुंज भारे थयुं; जेथी सर्वे ऋषिओ विगेरेने पण, घणोज विस्मय थयो हतो. १७-१८॥ अने तेमणे मान्युं हतुं के; 'भागवत शास्त्र, पृथ्वीने विशे भगवाननुंज स्वरूप छे; अने ते सांभळवाथी, अथवा पाठ करवाथी, तुर्तज; वैकुंठनी प्राप्ति रूप फळने पण, आपनारुं छे. ॥१९॥ ए सर्वदा मुक्ति आपनारुं भागवत, पूर्वे महादयाळु सनकादिके, सात दि- वसमां श्रवण करवाना विधि सहित, नारदमुनिने कह्युं हतुं. ॥२०॥ देवऋषि नारदजी, ब्रह्मा थकी ए भाग- वतने प्रथमज पामेला हता; छतां सात दिवसमां श्रवण करवाना विधि सहित; तेमने पण ए सनत्कुमारोएज कह्युं हतुं. ॥२१॥—शौनक—लोकना विग्रहमां लावनारा, अने स्थिर नहीं रहेनारा, नारद मुनि; ए शास्त्र विधि सहित सांभळवामां, प्रीति वाळा केम थया; अने सनकादिकनी साथे; तेमनो समागम क्ये स्थळे [illegible] थयो

... તે આપ કહો.-॥૨૨॥-સૂત-એ બાબતમાંજ શુકમુનિએ, મને તેમનો એકાંતિક શિષ્ય સમજીને; ભ
ક્તની પુષ્ટિ કરનારૂં, એક કથાનક એટલે વારતા, કહી હતી; તે હું તમને કહી સંભળાવું છું. ॥૨૩॥ એ
દેવસે નિર્મળ એવા ચારે સનકાદિક ઋષિઓ સત્સંગને અર્થે, બદરિકાશ્રમમાં, આવ્યા હતા; ત્યાં તેમણે નારદજીને
દીઠા; અને બોલ્યા કે ॥૨૪॥-સનકાદિક-હે બ્રાહ્મણ, તમે રાંક મોઢાવાળા કેમ દેખાઓછો? તમને ચિંતા શી થ
ઉતાવળા ક્યાં જાઓછો? અને તમે ક્યાંથી આવ્યા.? ॥૨૫॥ સંગથકી મુક્ત થયેલા તમને, નાણું નાશ પામેલ
ના સરખા; શૂન્યચિત્ત થવું, ઘટિત નથી; માટે એ બદલનું કારણ, જેમ હોય તેમ કહો. ॥૨૬॥ નારદ-હું
ઉપર આવ્યો હતો, અને પુષ્કર-પ્રયાગ-કાશી-ગોદાવરી-હરિદ્વાર-કુરૂક્ષેત્ર-શ્રીરંગ-અને સેતુબંધન-વિગેરે
ને, સર્વોત્તમ જાણી, અહીં તહીં ફર્યો છતાં; કલિના મિત્ર અધર્મે. હમણાં આ પૃથ્વીનો બાધ કરવાથી

મનને સંતોષ થાય, એવી શાંતિ મને કોઈજ સ્થળે; જોવામાં આવી નહીં. ॥૨૭-૨૮-૨૯॥ સત્ય
નાશ થયો છે; તપ-શૌચ-દયા-અને દાનપણ, વિદ્યમાનજ નથી; મનુષ્યો પેટભરા-તુચ્છ-જૂઠાબોલા-
આળસુ-અત્યંત મંદ બુદ્ધિવાળા-ભાગ્ય વિનાના-રોગાદિકથકી ઉપદ્રવ પામેલા-અને પાખંડમાં પ્રીતિ વાળા,
થઈ ગયા છે; તથા વિરક્ત થયેલા સંન્યાસી આદિક, પરિગ્રહ કરનારા થયા છે. ॥૩૦-૩૧॥ ઘરોને વિષે
સ્ત્રીઓ સત્તાધારી થઇ છે; સાળાઓ બુદ્ધિ આપનારા થયાછે; કન્યાઓનો, વિક્રય થાય છે; અને લોભના
કારણથી સ્ત્રી પુરૂષો, માંહો માંહે કજીયા કરે છે. ॥ ૩૩ ॥ તથા કળિકાળ નામના દાવાગ્નિથી, સઘ-
ળાંજ સાધનો બળી જઇને; હમણાં કોઇ પણ પુરૂષ, સત્ક્રિયા કરનારો-જ્ઞાની-સિદ્ધ-અથવા યોગી છેજ
નહીં. ॥ ૪૪ ॥ આ કલિકાળમાં પૃથ્વી ઉપરના દેશોમાં, રાંધેલાં અન્ન વેચાયછે; બ્રાહ્મણો વેદને વેચે છે;

ेनममयत्प्रोक्तंरहःशिष्यंविचार्यच॥२३॥ एकदातुविशालायांचत्वारऋ
व्रतैःसह॥२२॥सूत० अत्रतेकीर्तयिष्यामिभक्तिपुष्टंकथानकं॥शुकथंब्रह्मन्दीननमुखःकुतश्चिंतापरो... न्॥त्वरितंगम्यतेकुत्र कुतश्चागमनंत
ोऽमलाः॥सत्संगार्थंसमायातादद्दशुस्तत्रनारदं॥२४॥ कुमारा०ःयनोचितंवदकारणं॥२६॥ नार... अहंतुपृथ्वींयातोज्ञात्वासर्वोत्तमामि
॥२५॥ इदानींशून्यचित्तोऽसिगतवित्तोयथाजनः॥ तवेदंमुक्तसंगरंगंसेतुबंधनं॥ एवमादिषुतीर्थेषुभ्रममाणइतस्ततः ॥२८॥ नापश्यंकुत्र
त॥ पुष्करंचप्रयागंचकाशींगोदावरींतथा॥२७॥ हरिक्षेत्रंकुरुक्षेत्रंश्री॥२९॥सत्यंनास्तितपःशौचंदयादानंनविद्यते॥उदरंभरिणोजीवावराकाः
वेच्छर्ममनःसंतोषकारकं॥ कलिनाऽधर्ममित्रेणधरेयंबाधिताऽधुनानिरताःसंतोविरक्ताःसपरिग्रहाः॥३१॥ तरुणीप्रभुतागेहेशालकोबुद्धिदा
ष्टभाषिणः॥३०॥ मंदाःसुमंदमतयोमंदभाग्याह्युपद्रुताः॥ पाखंडनैरुद्धास्तीर्थानिसरितस्तथा॥ देवतायतनान्यत्रदुष्टैर्नष्टानिभूरिशः॥३३
.कः॥ कन्यायाविक्रयोलोभाद्दंपतीनांचकल्कनं॥३२॥ आश्रमायवभस्मतांगतं॥३४॥ अट्टशूलाजनपदाःशिवशूलाद्विजातयः॥ कामिन्यःके
योगीनैवसिद्धोवानज्ञानीसक्रियोनरः॥ कलिदावानलेनाद्यसाधनंमहं॥ यामुनंतटमापन्नोयत्रलीलाहरेरभूत् ॥३६॥ तत्राश्चर्यंमयादृष्टंश्रूय
शूलिन्यःसंभवंतिकलाविह॥३५॥ एवंपश्यन्कलेर्दोषान्पर्यटन्नवनीवृद्धौपतितौपार्श्वेनिःश्वसंतावचेतनौ॥ शुश्रूषंतीप्रबोधंतीरुदंतीचतयोःपु
तन्मुनीश्वराः॥ एकातुतरुणीतत्रनिषण्णाखिन्नमानसा ॥३७॥ दैभिर्बोध्यमानामुहुर्मुहुः॥३९॥ दृष्ट्वादूराद्गतःसोऽहंकौतुकेनतदंतिकं॥ मांदृ
॥३८॥ दशदिक्षुनिरीक्षंतीरक्षितारंनिजंवपुः॥वीज्यमानाशतस्त्रीगंतिष्ठमाचिंतामपिनाशय॥ दर्शनंतवलोकस्यसर्वथाघहरंपरं॥४१॥ बहु
चोत्थिताबालाविह्वलाचाब्रवीद्वचः॥४०॥ बालो० भोभोसाधोक्षतदा॥४२॥ नारद०कासित्वंकाविमौचेमानार्यःकाःपद्मलोचना॥वदंदे
तववाक्येनदुःखशांतिर्भविष्यति॥ यदाभाग्यंभवेद्भूरिभवतोदर्शनंताइमौमेतनयौमतौ॥ज्ञानवैराग्यनामानौकालयोगेनजर्जरौ ॥४४॥ गं
सविस्तारंस्वस्यदुःखस्यकारणं ॥४३॥ बालो० अहंभक्तिरितिख्याःसुरैरपि ॥४५॥ इदानींशृणुमद्वार्त्तांसाचिंतस्त्वंतपोधन॥वार्त्तामेवितता
द्याःसरितश्चेमामत्सेवार्थंसमागताः॥ तथापिनचमेश्रेयःसेविताय

ણું લઇને વ્યભિચાર કરનારી, સ્ત્રીઓ થયેલી છે. ॥૩૫॥ એ પ્રમાણે કલિકાળના દોષોને જોતો જોતો,
ી ઉપર ફરતાં; હરિ ભગવાને લીલા કરેલી, જમુનાં નદીને કિનારે આવી પહોંચ્યો. ॥૩૬॥ હે મુનીશ્વરો,
એક આશ્ચર્ય જોયું; તે તમે સાંભળો; તે સ્થળે એક ખેદ પામતી, અને મનમાં કચવાતી, સ્ત્રીની પાસે; તેના
માં, મૂર્છા પામેલા, અને શ્વાસ થયેલા, બે વૃદ્ધ પુરૂષો પડેલા હતા; અને તે સ્ત્રી, તેમની સેવા કરતી હતી;
કરતી હતી; તથા પોતાનું રક્ષણ કરનારને, દશે દિશાઓમાં, નિહાળતી હતી; તે સ્ત્રીને બીજી સેંકડો સ્ત્રીઓ,
નાંખતી હતીઓ, તથા વારંવાર તેને સમજાવતી હતીઓ. ॥૩૭-૩૮-૩૯॥ દૂરથી એ પ્રમાણે
કૌતુકને લીધે હું તેમની પાસે ગયો; ત્યારે મને દેખીને, તે વિહ્વળ થયેલી સ્ત્રી ઉભી થઇ; અને વચન બો
૪૦॥-સ્ત્રિ-હે સાધુ, તમે થોડી વાર, અહીંયાં ઉભારહો; અને મારી ચિંતાને મટાડો; તમારૂં ઉત્તમ દર્શ-
નથા લોકોનાં દુઃખોને મટાડનારૂંજ છે. ॥૪૧॥ મોટું ભાગ્ય હોય, તેનેજ તમારૂં દર્શન થાય છે; માટે બ-

દયા કરીને તો તમારાં વચનોથી મારા દુઃખની શાંતિ થશેજ. ॥૪૨॥-નારદ-હે કમળ સરખાં નેત્રવાળી તું
કોણ છે; આ બંને જણાઓ કોણ છે;-અને આ બીજી સ્ત્રીઓ કોણ છે; હે દેવી, તમારા પોતાના દુઃખનું કા-
રણ વિસ્તારીને, તમે મને કહો. ॥૪૩॥-સ્ત્રિ-હું ભક્તિ નામથી વિખ્યાત છું, અને આ બે જણા, જ્ઞાન અને
વૈરાગ્ય નામના મારા દીકરા છે; તેઓ કાળના યોગથી, જર્જરા થઇ ગયેલા છે ॥૪૪॥ તથા આ ગંગા
આદિ નદીઓ, મારી સેવા કરવાને આવેલ છે; એ રીતે દેવતાઓએ મારી સેવા કરતાં છતાં પણ, મને સુ-
ખ થતું નથી. ॥૪૫॥ હે તપોધન, મારી વાત હવે સાંભળો; વારતા લાંબી છે, તોપણ તે સાંભળીને; મને
સુખ ઉપજે, એવો વિચાર તમે કરો. ॥૪૬॥ હું દ્રવિડ દેશમાં ઉત્પન્ન થઇને; કર્નાટકમાં, અને કોઇ કોઇવાર
મહારાષ્ટ્રમાં, વૃદ્ધિ પામેલીછું; અને ગુજરાતમાં આવતાં જીર્ણ થઇ ગઇછું. ॥૪૭॥ ત્યાં, ઘોર કલિકાળના યોગથી;
પાખંડીઓ, મારાં અંગો ભાગી નાંખવાથી; હું પુત્રો સહિત નિર્બળ અને મંદ થઇ ગઇછું. ॥૪૮॥ પછીથી

હમણાં વૃંદાવનમાં આવવાથી, હું પાછી નવીન જેવી; સારા રૂપવાળી; અને સંપૂર્ણ રીતે પ્યારી લાગે, એવા સ્વરૂપ વાળી; જુવાન થઇછું. ॥૪૯॥ પણ આ મારા પુત્રો, કલેશ અને થાક પામવાને લીધે; અહીંયાં પડેલા છે; અને તેમને ઘરડપણ આવેલું છે: એ દુખથી દુખી થએલી હું હવે આ સ્થાનને પણ તજીને, બીજે સ્થળે જવાને ધારૂંછું: હું મા, જુવાન; અને મારા આ પુત્રો, વૃદ્ધ કેમ થાય? અમે ત્રણે જણ, સાથે ફરનારાં છતાં; આ રીતનું વિપરિતપણું, ક્યાંથી થયું.? કારણ માતા વૃદ્ધ અને દીકરાઓ જુવાન હોવાનુંજ, ઘટિત કહેવાય છે. ॥૫૦-૫૧-૫૨॥ એટલા માટે, હે બુદ્ધિમાન અને યોગના ભંડાર નારદમુનિ. હું વિસ્મય વાળા મનથી, મારો પોતાનોજ શોક કરૂંછું; તો એ રીતે થવામાં, જે કારણ હોય; તે, આપ મને કહો. ॥૫૩॥-નારદ-હે નિષ્પાપ ભક્તિ, તારે ખેદ કરવો નહીં; હરિભગવાન, તને શાંતિ આપશે: અને તારાં એ સઘળાં કારણોને, હું આત્મજ્ઞાન વડે: જાણી શકીશ. ॥૫૪॥ એમ કહીને, એક ક્ષણવારમાં; તે સઘળું જાણી લેઇને, નારદમુનિ બોલ્યા કે; " હે સુંદરી, તમે સાવધાન પણાથી સાંભળો: આ અતિ દારૂણ કલિયુગ આવેલો છે, તે થકી: સદાચાર-યોગમાર્ગ-અને તપ વિગેરેનો, નાશ થઇ જઇને; લોકો શઠના અને દુષ્ટ કર્મો કરનારા; તથા પાપરૂપ આજીવિકા વાળા, થઇ ગયેલા છે. ॥૫૫-૫૬॥ આ કાળમાં સંત લોકો, ખેદ પામે છે; અને અસાધુ પુરૂષો, હરખાય છે: માટે જે કોઇ ધૈર્ય રાખે, તેજ બુદ્ધિમાન-ધીર-અને પંડિત છે. ॥૫૭॥ આ પૃથ્વી ઉપર લગાર પણ, મંગળ દેખાતું નથી; અને વરસો વરસ ક્રમે કરીને: એ પૃથ્વી શેષના ઉપર ભાર કરનારી, ન જોવા લાયક; અને સ્પર્શ પણ નહીં કરવા લાયક થતી જાય છે. ॥૫૮॥ હમણાં, તારા તથા તારા દીકરાઓના, સામું પણ કોઇ જોતું નથી; એ રીતે વિષયોને વિશે પ્રીતિ થકી આંધળા થનારાઓએ, ઉપેક્ષા કરવાથી;

प्यस्तितांश्रुत्वासुखमावह ॥४६॥ उत्पन्नाद्रविडेसाऽहंवृद्धिंकर्नाटकेगता॥क्वचित्क्वचिन्महाराष्ट्रेगुर्जरेजीर्णतांगता॥४७॥ तत्रघोरकलेर्योगा त्पाखडंःखंडितांगका॥ दुर्बलाहंचिरंयातापुत्राभ्यांसहमंदतां॥४८॥ वृंदावनंपुनःप्राप्यनवीनेवसुरूपिणी ॥ जाताहंयुवतीसम्यक्प्रेष्ठरूपातु सांप्रतं॥४९॥ इमौतुशयितावत्रसुतौमेक्लिश्यतःश्रमात् ॥ इदंस्थानंपरित्यज्यविदेशंगम्यतेमया ॥५०॥ जरठत्वंसमायातौतेनदुःखेनदुःखि ता॥साहंतुतरुणीकस्मात्सुतौवृद्धाविमौकुतः ॥५१॥ त्रयाणांसहचारित्वाद्वैपरीत्यंकुतःस्थितं॥घटतेजरठामातातरुणौतनयाविति ॥५२॥ अ तःशोचामिचात्मानंविस्मयाविष्टमानसा॥ वदयोगनिधेधीमन्कारणंचात्रकिंभवेत् ॥५३॥ नारद०ज्ञानेनात्मनिपश्यामिसर्वमेतत्तवानघे॥ नविषादस्त्वयाकार्योहरिःशंकरिष्यति ॥५४॥ सूत०क्षणमात्रेणतज्ज्ञात्वावाक्यमूचेमुनीश्वरः नारद०शृणुष्वावहिताबालेयुगोऽयंदारुणः कलिः॥५५॥ तेनलुप्तःसदाचारोयोगमार्गस्तपांसिच॥ जनाअघासुरायंतेशाठ्यदुष्कर्मकारिणः॥५६॥ इहसंतोविषीदंतिप्रहृष्यंतिह्यसाध वः॥धत्तेधैर्यंतुयोधीमान्सधीरःपंडितोऽथवा॥५७॥ अस्पृश्यानवलोक्येयंशेषभारकरीधरा॥ वर्षेवर्षेक्रमाज्जातामंगलंनापिदृश्यते॥५८॥ नत्वा मपिसुतैःसाकंकोपिपश्यतिसांप्रतं ॥ उपेक्षितानुरागांधैर्जर्जरत्वेनसंस्थिता॥५९॥वृंदावनस्यसंयोगात्पुनस्त्वंतरुणीनवा॥ धन्यंवृंदावनंतेन भक्तिर्नृत्यतियत्रच॥६०॥ अत्रेमौग्राहकाभावान्नजरामपिमुंचतः॥किंचिदात्मसुखेनेहप्रसुप्तिर्मन्यतेऽनयोः॥६१॥श्रीभक्ति०कथंपरीक्षिता राज्ञास्थापितोह्यशुचिकलिः ॥ प्रवृत्तेतुकलौसर्वसारःकुत्रगतोमहान्॥६२॥ करुणापरेणहरिणाप्यधर्मःकथमीक्ष्यते॥ इमंमेसंशयंछिंधित्व द्वाचासुखितास्म्यहं॥६३॥ नारद०यदिपृष्टस्त्वयाबालेप्रेमतःश्रवणंकुरु॥ सर्ववक्ष्यामितेभद्रेकश्मलंतेगमिष्यति६४ यदामुकुंदोभगवान्क्ष्मां त्यक्त्वास्वपदंगतः॥तद्दिनात्कलिरायातःसर्वसाधनबाधकः ॥६५॥दृष्टोदिग्विजयेराज्ञादीनवच्छरणंगतः ॥ नमयामारणीयोऽयंसारंगइवसार भुक्॥६६॥ यत्फलंनास्तितपसानयोगेनसमाधिना॥ यत्फलंलभतेसम्यक्कलौकेशवकीर्तनात् ॥६७॥ एकाकारंकलिंदृष्ट्वासारवत्सारनीरसं ॥ विष्णुरातःस्थापितवान्कलिजानांसुखायच॥६८॥ कुकर्माचरणात्सारःसर्वतोनिर्गतोऽधुना॥ पदार्थाःसंस्थिताभूमौबीजहीनास्तुषायथा ६९

તમે જરજરાં થયાં હતાં. ॥૫૯॥ તેમાંની તું, પાછી વૃંદાવનમાં આવવાથી; ફરીથી નવીન, અને જુવાન થઇછે; માટે જ્યાં ભક્તિ નાચે છે, તે વૃંદાવનને ધન્ય છે. ॥૬૦॥ અને આ બે જણાનો, અહીંયાં પણ; કોઇ ગ્રાહક ન હોવાથી, તેઓ ઘરડાપણને તજતા નથી; પણ આત્મ સુખવડે, તેમને કાંઇક ઉંઘ આવેલાનું; હું માનુંછું. ॥૬૧॥-ભક્તિ-આ પ્રકારના અપવિત્ર કલિને, પરીક્ષિત રાજાએ શા માટે સ્થાપન કર્યો.? અને એ કલિની પ્રવૃત્તિ થવાથી, સર્વ પ્રકારનો મોટો સાર, ક્યાં ગયો. ॥૬૨॥ વળી ઘણાજ દયાળુ હરિભગવાન પણ એવા અધર્મને; શામાટે જોયાં કરે છે.? મારા એટલા સંશયને તમે કાપો, તમારાં વચનો થકી, મને સુખ થાય છે. ॥૬૩॥-નારદ-હે સ્ત્રી, તું મને પૂછે છે; તો પ્રેમ સહિત સાંભળ; હું એ સઘળુંજ કહુંછું; હે કલ્યાણી, તારૂં દુખ, તે થકી મટી જશે ॥૬૪॥ મુકુંદ ભગવાન, જ્યારે પૃથ્વીને તજીને સ્વધામ ગયા; ત્યારેજ, સર્વ સાધનોને બાધ કરનારો કલિ આવેલો છે. ॥૬૫॥ ભમરાની માફક સાર વસ્તુનેજ ગ્રહણ કરનારા, પરીક્ષિત રાજાએ દિગ્વિજય કરતાં; રાંકની પેઠે શરણ થયેલા, કલિને જોઇને; તેમણે વિચાર્યું કે. "મારા થકી મારી નંખાવાને, એ કલિ યોગ્ય નથી. ॥૬૬॥ કારણ જે ફળ, તપથી-યોગથી-કિંવા સમાધિ થકી પણ થતું નથી; તે સઘળુંજ, કળિકાળમાં માત્ર કેશવ ભગવાનનું કીર્તન કરવાથી: મળે છે. ॥૬૭॥ એમ, સાર વિનાના કલિને વિશે; એ, એક મોટો સાર જોવાથી; પરીક્ષિત રાજાએ, કલિયુગમાં થનારાં મનુષ્યોને સુખ થવાને માટેજ; તેને સ્થાપન કરેલો છે. ॥૬૮॥ હમણાં દુષ્ટ કર્મોના આચરણ વડે, સઘળી વસ્તુમાંથી સાર જતો રહ્યો છે; અને તેથી, આ પૃથ્વીને વિશે સર્વે પદાર્થો; બીજ વિનાનાં ફોતરાં જેવાંજ રહેલાં છે. ॥૬૯॥ બ્રાહ્મણો, અન્નની લાલચથી; ઘેર ઘેર અને જણ જણની પાસે; ભાગવત આદિ કથાઓ કરે છે; તે થકી કથાનો સાર, જતો રહ્યો છે. ॥૭૦॥ અતિ ઉગ્ર અને ઘણાં કર્મો કરનારા; નાસ્તિક; અને રૌરવ નરકના અધિકારી લોક પણ, તીર્થોને વિશે વસવા લાગ્યા છે; તેથી તીર્થોનો સાર, જતો રહ્યો છે. ॥૭૧॥ કામ-ક્રોધ-અતિલોભ-અને તૃષ્ણા આદિથી

વ્યાકુળ મનવાળા લોકો પણ, તપ કરવા લાગ્યા છે; તેથી, તપનો સાર, જતો રહ્યો છે. ॥૭૨॥ મન સહિત ઇંદ્રિયાદિકને નહીં જીતવાથી–લોભથી–પાખંડનો આશ્રય કરવાથી–અને સતશાસ્ત્રનો અભ્યાસ નહીં કરવા થકી; તેમના સાર રૂપ ધ્યાન અને યોગનું ફળ નાશ પામ્યું છે. ॥૭૩॥ પુત્રાદિક ઉત્પન્ન કરવામાં ડાહ્યા, અને મુક્તિનું સાધન કરવામાં મૂર્ખ; એવા પંડિતો, પાડાઓની પેઠે, સ્ત્રીઓની સાથે રમે છે. ॥૭૪॥ અને આગળ પડીને સંપ્રદાયોને, ચલાવનારાઓ (આચાર્યો આદિ)માં કોઇમાં પણ વૈષ્ણવપણું, એટલે સાધુના જોવામાંજ આવતી નથી; એમ કેકાણે કેકાણે સર્વ વસ્તુ માત્રના સારનો, પ્રલય થઇ ગયો છે. ॥૭૫॥ એ રીતે બધુંજ, આ યુગના ધર્મ વડે થાય છે; અને તેથીજ, કમળનેત્ર ભગવાન પાસે હોવા છતાં પણ એ બધાને સહન કરે છે. ॥૭૬॥–સૂત–એવાં નારદનાં વચનો સાંભળવાથી, અત્યંત વિસ્મય પામેલી ભક્તિએ ફરીથી જે કહ્યું તે; હે શૌનક, તમે સાંભળો. ॥૭૭॥ "હે દેવરૂષિ તમને ધન્ય છે; લોકને વિશે; સર્વ મોટી સિદ્ધિઓને પ્રાપ્ત કરનારું, આપ સાધુ પુરૂષનું દર્શન; મને; મારા ભાગ્ય વડેજ થઇને; આપનો મને સમાગમ થયો છે. ॥૭૮॥ જેનાં, વચનોની રચના વડેજ; એક અને કેવળ ભગવાનને, પ્રહ્લાદે ઓળખીને; માયાને જીતી હતી; તથા જેની કૃપાથી ધ્રુવજી પણ, અચળ પદને પામ્યા હતા; એ રીતના સર્વ કલ્યાણોના સ્થાનક, અને બ્રહ્માના પુત્ર, આપ નારદ મુનિને; હું નમસ્કાર કરૂંછું." ॥૭૯॥ ઇતિશ્રી ભાગવત મ૦ નો અધ્યાય ૧ લો સંપૂર્ણ. ॥૧॥

અધ્યાય ૨ જો.—નારદ—અરે સ્ત્રી, તું ચિંતાતુર થઇને, વૃથા ખેદ શા સારૂં કરે છે, શ્રીકૃષ્ણ ભગવાનના ચરણકમળનું, સ્મરણ કરય; એટલે તારૂં દુખ મટશે ॥૧॥ જેણે, કૌરવોના દુષ્ટ કર્મ થકી, દ્રુપદીનું રક્ષણ કર્યું હતું; તથા ગોપ સ્ત્રીઓનું પણ, જેણે પાલન કર્યું હતું; તે કૃષ્ણ ભગવાન, ક્યાંએ ગયેલા નથીજ. ॥૨॥ અને તું ભક્તિતો તેમને પ્રાણ થકી પણ; સર્વ કાળ, અધિક પ્યારી છે; તથા તારા બોલાવવાથી તો એ ભગવાન, નીચ મનુષ્યોના ઘરને વિશે પણ; પધારે છે. ॥૩॥ વળી સત–ત્રેતા–અને દ્વાપર યુગમાં તો જ્ઞાન

विप्रैर्भागवतीवार्त्तागेहेगेहेजनेजने ॥ कारिताकणलोभेनकथासारस्ततोगतः॥७०॥ अत्युग्रभूरिकर्माणोनास्तिकारौरवाजनाः॥ तेपितिष्ठंति तीर्थेषुतीर्थसारस्ततोगतः॥७१॥ कामक्रोधमहालोभतृष्णाव्याकुलचेतसः॥तेऽपितिष्ठंतितपसितपःसारस्ततोगतः॥७२॥ मनसश्चाजयाल्लोभाद्दंभात्पाखंडसंश्रयात् ॥ शास्त्रानभ्यसनाच्चैवध्यानयोगफलंगतं॥७३॥ पंडितास्तुकलत्रेणरमंतेमहिषाइव ॥ पुत्रस्योत्पादनेदक्षा अदक्षामुक्तिसाधने॥७४॥ नहिवैष्णवताकुत्रसंप्रदायपुरःसरा ॥ एवंप्रलयतांप्राप्तोवस्तुसारःस्थलेस्थले॥७५॥ अयंतुयुगधर्मोहिवर्त्ततेकस्यदूषणं॥अतस्तुपुंडरीकाक्षःसहतेनिकटेस्थितः॥७६॥सूत०इतितद्वचनंश्रुत्वाविस्मयंपरमंगता॥ भक्तिरुचेवचोभूयःश्रूयतांतच्चशौनक॥७७॥श्रीभ० सुरर्षेत्वंचधन्योऽसिमद्भाग्येनसमागतः ॥ साधूनांदर्शनंलोकेसर्वसिद्धिकरंपरं॥७८॥ जयतिजयतिमायांयस्यकायाधवस्तेवचनरचनमेकंकेवलंचाकलय्य ॥ ध्रुवपदमपियातोयत्कृपातोध्रुवोऽयंसकलकुशलपात्रंब्रह्मपुत्रंनतोऽस्मि॥७९॥ इ०प०उ०भा०मा०प्रथमोऽध्यायः ॥१॥ नारद०वृथाखेदायसेबालेअहोचिंतातुराकथं॥श्रीकृष्णचरणांभोजंस्मरदुःखंगमिष्यति ॥१॥ द्रौपदीचपरित्रातायेनकौरवकश्मलात्॥पालितागोपसुंदर्यःसकृष्णःक्वापिनोगतः॥२॥ त्वंतुभक्तेप्रियातस्यसततंप्राणतोऽधिका॥ त्वयाहूतस्तुभगवान्यातिनीचगृहेष्वपि ॥३॥ सत्यादित्रियुगेबोधवैराग्यौमुक्तिसाधकौ ॥ कलौतुकेवलंभक्तिर्ब्रह्मसायुज्यकारिणी॥४॥ इतिनिश्चित्यचिद्रूपःसद्रूपांत्वांससर्जह॥परमानंदचिन्मूर्तिःसुंदरींकृष्णवल्लभां ॥५॥ बध्वांजलिंत्वयापृष्टंकिंकरोमीतिचैकदा॥त्वांतदाज्ञापयत्कृष्णोमद्भक्तान्पोषयेतिच ॥६॥ अंगीकृतंत्वयातद्वैप्रसन्नोऽभूद्धरिस्तदा ॥मुक्तिंदासींददौतुभ्यंज्ञानवैराग्यकाविमौ ॥७॥ पोषणंस्वेनरूपेणवैकुंठेत्वंकरोषिच॥भूमौभक्तिविपोषायछायारूपंत्वयाकृतं ॥८ मुक्तिंज्ञानंविरक्तिंचसहकृत्वागताभुवि ॥ कृतादिद्वापरस्यांतंमहानंदेनसंस्थिता॥९॥कलौमुक्तिःक्षयंप्राप्तापाखंडामयपीडिता॥त्वदाज्ञयागताशीघ्रंवैकुंठंपुनरेवसा ॥१०॥ स्मृतात्वयापिचात्रैवमुक्तिरायातियातिच पुत्रीकृत्यत्वयेमौचपार्श्वेस्वस्यैवरक्षितौ ॥११॥ उपेक्षातःकलौमंदौवृद्धौजातौसुतौतव॥तथापिचिंतांमुंचत्वमुपायंचिंतयाम्यहं ॥१२॥ कलिनासदृशःकोपियुगोनास्तिवरानने ॥ तस्मिंस्त्वांस्थापयिष्यामिगेहेगेहेज

અને વૈરાગ્ય એ બે થકીજ, મુક્તિ થાય છે; છતાં કળિયુગમાં પરબ્રહ્મની સાયુજ્ય મુક્તિને પમાડનારી તો તું (ભક્તિ) એકલીજ છે. ॥૪॥ અને એવા નિશ્ચય વડેજ, એ ચૈતન્ય સ્વરૂપ અને પરમ આનંદમય મૂર્તિ કૃષ્ણ ભગવાને; તને પોતાના સરખાજ રૂપ વાળી, તથા પ્યારી સ્ત્રી રૂપે; સરજેલી છે. ॥૫॥ એક દિવસે હાથ જોડીને, તેંજ તેમને પૂછ્યું હતું કે:–"મારે શું કામ કરવું;" ત્યારે કૃષ્ણ ભગવાને, તને આજ્ઞા કરી હતી કે:–"તું મારા ભક્તોનું, પોષણ કરય." ॥૬॥ પછી તેં તે આજ્ઞાનો સ્વીકાર કરવાથી, એ હરિભગવાને પ્રસન્ન થઇને; તને એક મુક્તિ નામની, દાસી સોંપી; તથા જ્ઞાન અને વૈરાગ્ય, બે સાથે રેહેનારા આપ્યા છે. ॥૭॥ માટે વૈકુંઠમાં તું, પોતાનાજ સ્વરૂપથી રહીને; પોષણ કરે છે, અને આ પૃથ્વી ઉપર પોષણ કરવાને માટે; તેં પોતાની છાયા સ્વરૂપ, બીજું રૂપ ધરેલું છે. ॥૮॥ પછી મુક્તિ–જ્ઞાન–અને વૈરાગ્યને, સાથે લેઇને; તું (તે છાયા સ્વરૂપથીજ) પૃથ્વી ઉપર આવેલી છે; અને સતયુગથી માંડીને, દ્વાપરના અંત સુધી; મોટા આનંદ સહિત રેહેતી હતી. ॥૯॥ પછી કળિયુગમાં પાખંડ નામના રોગથી પીડાઇને, મુક્તિને ક્ષય રોગ થયો; તેથી તુર્તજ તે તારી રજા લેઇને, વૈકુંઠમાં પાછી જતી રહી છે. ॥૧૦॥ પણ જ્યારે જ્યારે તું તેનું સ્મરણ કરે છે, ત્યારે એ મુક્તિ અહીંયા આવીને ઉભી રેહે છે; અને પાછી જાય છે; તથા આ જ્ઞાન અને વૈરાગ્ય બંનેને, તેં પોતાના પુત્રો કરી, પડખામાં રાખીને; તેમનું રક્ષણ કરેલું છે. ॥૧૧॥ કળિયુગમાં, લોકોએ તેમની ઉપેક્ષા કરવાથી; તારા એ બંને પુત્રો, વૃદ્ધ અને મંદ થઇ ગયા છે; તો પણ તું તેમની ચિંતા છોડીદે, તેના ઉપાયનો વિચાર હુંજ કરીશ. ॥૧૨॥ હે સારા મોઢા વાળી, કળિના સરખો, બીજો કોઇ યુગ નથીજ; માટે ઘેર ઘેર અને જણ જણને વિશે, હું તારૂં સ્થાપન કરીશ. ॥૧૩॥ અને અન્ય ધર્મોનો તિરસ્કાર કરાવીને, તથા મોટા ઉત્સાહને આગળ કરીને; જો હું લોકને વિશે, તને પ્રવર્તાવું નહીં; તો હું હરિભગવાનનો દાસજ ન જાણવો. ॥૧૪॥ આ કળિયુગમાં ભક્તિવાન થયેલા, જીવો પાપી હશે; તે પણ નિર્ભય થઇને, કૃષ્ણ ભગવાનના પદને; પામશે. ॥૧૫॥ જે નિ-

મંળ પુરૂષોના ચિત્તમાં, સર્વકાળ પ્રેમવાળી ભક્તિ વસે છે; તેઓ સ્વપ્નામાં પણ, મૃત્યુને જોતા નથી. ॥૧૬॥ ભક્તિયુક્ત મનવાળાઓનો સ્પર્શ કરવાને, પ્રેત–પિશાચ–રાક્ષસ–અસુરો–અથવા એમાંનું કોઇ પણ સમર્થ થતું નથી. ॥૧૭॥ હરિભગવાન, તપ થકી–વેદ થકી–જ્ઞાન થકી–અને કર્મો થકી વશ નથી થતા; પણ માત્ર ભક્તિથીજ, વશ થાય છે; તેનો દાખલો તો ગોપીકાઓજ છે. ॥૧૮॥ હજારો વાર મનુષ્ય જન્મ થાય, ત્યારે પુરૂષને ભક્તિને વિશે પ્રીતિ ઉત્પન્ન થાય છે; તેથી કલિયુગમાં, એકલી ભક્તિજ મુખ્ય છે; અને ભક્તિ વડેજ, કૃષ્ણ ભગવાનની નજીકમાં રેહેવાનું થાય છે. ॥૧૯॥ અને ભક્તિનો દ્રોહ કરનારા, ત્રણે લોકમાં દુખીજ થાયછે; પૂર્વે ભક્તની નિંદા કરવા થકીજ, દુર્વાસા મુનિ દુખ પામ્યા હતા. ॥૨૦॥ વ્રત–તીર્થ–યોગ–યજ્ઞ–અને જ્ઞાનાદિની કથાઓ કરવી એ વિગેરે સઘળુંજ, કશી ગણતરીમાં નથી; માત્ર એકલી ભક્તિજ મુક્તિને આપનારીતો છે.

॥૨૧॥–સૂત–આ પ્રમાણે નારદે નિર્ણય કરેલા, પોતાના મહાત્મ્યને સાંભળીને; સર્વે અંગોએ પુષ્ટ થયેલી ભક્તિએ, નારદજીને કહ્યું કે. ॥૨૨॥–ભક્તિ–હે નારદ, મારે વિશે, તમારી અવિચળ પ્રીતિ છે; માટે તમે ધન્ય છો; હું તમારા ચિત્તમાં, સર્વદા રહીશ; અને તમને કદીપણુ છોડીશ નહીં. ॥ ૨૩ ॥ દયાળુ અને સાધુ પુરૂષ આપે, થોડી વારમાંજ મારા દુખને મટાડયું છે; હવે આ મારા બે પુત્રોને, ચેતના નથી; તેથી તેમને તમે જાગ્રત કરો. ॥૨૪॥–સૂત–તેનું એ વચન સાંભળી, નારદને દયા આવી; અને તેમણે પોતાના હાથના આગલા ભાગથી, તેઓનું મર્દન કરીને; તેમને જગાડવા માંડયા. ॥૨૫॥ અને કાનમાં મોઢું ઘાલી, ઘાંટો કાઢીને; તે બોલવા લાગ્યા કે; " હે જ્ઞાન તું જાગ્ય, હે વૈરાગ્ય તું ઉતાવળો જાગ્ય." ॥ ૨૬ ॥ વેદ અને વેદાંતના ઉચ્ચારોથી, તથા ગીતાના પાઠ સંભળાવવાથી; તેમને વારંવાર ઉઠાડવા માંડયા, ત્યારે ઘણી

नेजने ॥१३॥ अन्यधर्मांस्तिरस्कृत्यपुरस्कृत्यमहोत्सवान् ॥तदानाहंहरेर्दासोलोकेत्वांनप्रवर्त्तये ॥१४॥ तदन्विताश्चयेजीवाभविष्यंतिकलाविह॥पापिनोऽपिगमिष्यंतिनिर्भयाःकृष्णमंदिरं ॥१५॥ येषांचित्तेवसेद्भक्तिःसर्वदाप्रेमरूपिणी॥नतेपश्यंतिकीनाशंस्वप्नेप्यमलमूर्त्तयः॥१६ नप्रेतोनपिशाचोवाराक्षसोवासुरोपिवा॥भक्तियुक्तमनस्कानांस्पर्शनेनप्रभुर्भवेत् ॥१७॥ नतपोभिर्नवेदैश्चनज्ञानेनापिकर्मणा॥हरिर्हिसाध्यते भक्त्याप्रमाणंतत्रगोपिकाः॥१८॥ नृणांजन्मसहस्रेणभक्तौप्रीतिर्हिजायते॥कलौभक्तिःकलौभक्तिर्भक्त्याकृष्णःपुरःस्थितः॥१९॥ भक्तिद्रोहकरायेचतेसीदंतिजगत्रये॥दुर्वासादुःखमापन्नःपुराभक्तविनिंदकः ॥२० अलंव्रतैरलंतीर्थैरलंयोगैरलंमखैः॥अलंज्ञानकथालापैर्भक्तिरेकैवमुक्तिदा ॥२१॥ सूत० इतिनारदनिर्णीतंस्वमाहात्म्यंनिशम्यसा ॥ सर्वांगपुष्टिसंयुक्तानारदंवाक्यमब्रवीत् ॥२२॥ श्रीभक्ति० अहोनारदधन्योऽसि प्रीतिस्तेमयिनिश्चला॥ नकदाचिद्विमुंचामिचित्तेस्थास्यामिसर्वदा ॥२३॥ कृपालुनात्वयासाधोमद्बाधाध्वंसिताक्षणात् ॥ पुत्रयोश्चेतनानास्ति ततोबोधयबोधय ॥२४॥ सूत० तस्यावचःसमाकर्ण्यकारुण्यंनारदोगतः॥तयोर्बोधनमारेभेकराग्रेणविमर्दयन् ॥२५॥ मुखंसंयोज्यकर्णांतेशब्दमुच्चैःसमुच्चरन् ॥ ज्ञानप्रबुद्ध्यतांशीघ्रंरेवैराग्यप्रबुद्ध्यतां ॥२६॥ वेदवेदांतघोषैश्चगीतापाठैर्मुहुर्मुहुः॥बोध्यमानौतदातेनकथंचिच्चोत्थितौबलात् ॥२७॥ नेत्रैरनवलोकंतौजृंभंतौसालसावुभौ॥बकवत्पतितौप्रायःशुष्ककाष्ठसमांगकौ॥२८॥क्षुत्क्षामौतौनिरीक्ष्यैवपुनःस्वापपरायणौ ऋषिश्चिंतापरोजातःकिंविधेयंमयेतिच ॥२९॥अहोनिद्राकथंयातिवृद्धत्वंचमहत्तरं ॥ चिंतयन्नितिगोविंदंस्मारयामासभार्गव॥३०॥ व्योमवाणीतदैवाभून्माऋषेखिद्यतामिति॥ उद्यमःसफलस्तेतुभविष्यतिनसंशयः ॥३१॥ एतदर्थंतुसत्कर्मसुरर्षेत्वंसमाचर ॥ तत्तेकर्माभिधास्यंतिसाधवःसाधुभूषणाः ॥३२॥ सत्कर्मणिकृतेतस्मिन्सनिद्रावृद्धताऽनयोः॥ गमिष्यतिक्षणाद्भक्तिःसर्वतःप्रसरिष्यति ॥३३॥ इत्याकाशवचःस्पष्टंतत्सर्वैरपिविश्रुतं॥नारदोविस्मयंलेभेनेदंज्ञातमितिब्रुवन् ॥३४॥ नारद० अनयाऽकाशवाण्याऽपिगोप्यत्वेननिरूपितं॥किंवातत्साध[illegible] नकार्यंभवेत्तयोः ॥३५॥ क्वभविष्यंतिसंतस्तेकथंदास्यंतिसाधनं॥मयात्रकिंप्रकर्त्तव्यंयदुक्तंव्योमभाषया ॥३६॥सूत० तत्रतावपिसंस्थाप्यनि

વારે તેઓ માંડ માંડ ઉઠયા. ॥૨૭॥ પણ આંખ્યો વડે નહીં જોતા–બગાસાં ખાતા–અને બગલાની પેઠે આળસ મરોડતા–એ બંને જણા સૂકા લાકડા જેવાં અંગોથી, પાછા પડી ગયા. ॥૨૮॥ ત્યારે ભૂખ વિગેરેથી, દુર્બળ થઇ ગયેલા, અને પાછા ઉંઘી ગયેલા, તેમને દેખી; નારદજીને ચિંતા થઈ કે; "હવે મારે, આનો શો ઉપાય કરવો." ॥૨૯॥ હે શૌનક, પછી એ અતિ મોટી નિંદ્રા અને વૃદ્ધપણું, કેમ મટે ? તેનું ચિંતવન કરતા, નારદજીએ ગોવિંદ ભગવાનનું સ્મરણ કર્યું. ॥૩૦॥ ત્યારે આકાશ વાણી થઇ કે; "હે રૂષિ, તમે ખેદ પામશો નહીં; તમારો ઉધમ સફળ થશે; એમાં સંશય નહીં. ॥૩૧॥ પણ હે દેવરૂષિ, એને સારૂં તમે સત્કર્મનું આચરણ કરો; અને તે સત્કર્મ, સાધુપણુંજ જેઓને ભૂષણ રૂપ છે; એવા સાધુ પુરૂષો, તમને કહી સંભળાવશે. ॥૩૨॥ એ સત્કર્મ આચરવા થકી; આ બે જણાનું વૃદ્ધપણું અને નિંદ્રા જતી રેહેશે; અને એક ક્ષણ વારમાંજ, ભક્તિ સર્વત્ર પ્રકાશશે." ॥૩૩॥ એ રીતની સ્પષ્ટ આકાશ વાણી, સર્વના સાંભળવામાં આવી;

પણ નારદજીને, તેથી વિસ્મય થયો; અને આમાં, કાંઇ સમજાયું નહીં; એમ કહીને, તે બોલ્યા કે.–॥૩૪॥ નારદ–આ આકાશ વાણીએ પણ, ગુપ્ત રીતેજ કહેલું છે: એવું સાધન શું કરવું, કે જેથી આમનું કાર્ય થાય ? ॥૩૫॥ એવા સંત કોણ હશે ? અને તેઓ કેવી રીતે સાધન જણાવશે. ? આકાશ વાણીએતો, જો કે એટલુંજ કહ્યું છે; પણ હવે મારે એ સંબંધમાં શીરીતે કરવું. ? ॥૩૬॥–સૂત–એમ વિચાર કરી, તે બે જણાને ત્યાંજ રેહેવા દેઇને; નારદ મુનિ ત્યાંથી, ચાલી નીકળ્યા. અને તીર્થોમાં ફરીને; માર્ગમાં, મુનિઓને પૂછવા લાગ્યા. ॥૩૭॥ ત્યારે સર્વજણાએ, તેમનું વૃત્તાંત સાંભળ્યું ખરૂં; પણ કોઇ, કશો નિશ્ચય કરીને કહી શકયા નહીં; કેટલાએક બોલ્યા કે, એ તો અસાધ્ય છે; અને બીજાઓએ કહ્યું કે, એમાં કાંઇ સમજાતુંજ નથી. ॥૩૮॥ વળી બીજા કેટલાક, કાંઇ બોલ્યાજ નહીં; અને કોઇ કોઇતો, ભાગીજ ગયા; તથા તે થકી ત્રણે લોકને; વિશે; મોટો વિસ્મય પમાડનારો, હાહાકાર થઇ રહ્યો. ॥ ૩૯ ॥ અને લોકો, કાનો કાન

વાતો કરવા લાગ્યા કે; જ્યારે વેદ અને વેદાંતના ઘોષથી, તથા ગીતાના પાઠ કરવાવડે ઉઠાડવા છતાં; જ્ઞાન–અને વૈરાગ્ય એ ઉઠતાજ નથી, ત્યારે તેમને ઉઠાડવાનો હવે બીજો ઉપાય છેજ નહીં જેમાં નારદજી જેવા યોગીને પણ, સમજ પડતી નથી; એવી બાબતમાં બોલવાને માટે, બીજા મનુષ્યો કેવી રીતે શક્તિવાન થઈ શકે ? એ રીતે જ્ઞાનવાન ઋષિગણોએ પણ, એ વાત ન સમજાય એવીજ હોવાનો નિર્ણય કરીને જણાવ્યું ॥૪૦–૪૧–૪૨॥ પછી ચિંતાતુર થયેલા, એ નારદજી બદરિ વનમાં ગયા; અને ત્યાં તે કારણ સારૂં તપ કરવાનો, તેમણે નિશ્ચય કર્યો. ॥૪૩॥ તે વખતેજ, કોટી સૂર્ય સરખા પ્રકાશવાળા સનકાદિક મુનીશ્વરોને; સામે આવેલા, તેમણે દીઠા: એટલે નારદજી બોલ્યા કે; ॥૪૪॥–નારદ–હે સનત્કુમારો, મોટા ભાગ્ય વડેજ મને હમણાં તમારો સમાગમ થયો છે; માટે મારા ઉપર દયા કરીને, તમે ઉતાવળાજ કહેજો. ॥૪૫॥ તમો બાળાજ, યોગી–બુદ્ધિમાન–બહુશ્રુત–પાંચ વરસના દેખાવા છતાં પૂર્વજોના પણ પૂર્વજ–વૈકુંઠવાસી ભગવાનનું કીર્તન કરવામાં સદા તત્પર–તેમની લીલાઓ રૂપી અમૃત પીને ઉન્મત્ત બનેલા–અને માત્ર કથાઓ રૂપીજ જીવન વાળા છો. ॥૪૬–૪૭॥ તથા જેમના મુખમાંથી, "હરિ ભગવાનને અમે શરણ છીએ." એ વચન હમેશાંજ, નીકળ્યા કરે છે; જેથી કાળે આજ્ઞા કરેલી જરા અવસ્થા, પણ તમને બાધ કરી શકતી નથી. ॥૪૮॥ અને જેઓની માત્ર ભમર હાલવા થકીજ, પૂર્વે હરિ ભગવાનના દ્વારપાળો, (જય–વિજય,) તુરંત પૃથ્વી ઉપર અવતરયા હતા; અને જેઓની કૃપા વડેજ પાછા, પરમ ગતિ પણ; પામેલા છે. ॥ ૪૯ ॥ એવા આપનું અહીંયાં દર્શન, મને, નસિબના યોગેજ થયેલું છે; માટે તમો મહા દયાળુઓએ, હું રાંક ઉપર અનુગ્રહ કરવો; ઘટે છે. ॥ ૫૦ ॥ આકાશ વાણીએ કહેલું સાધન, તે કીયું, અને તેનું

गतोनारदोमुनिः॥तीर्थंतीर्थंविनिष्क्रम्यपृच्छन्मार्गेमुनीश्वरान् ॥३७॥वृत्तांतःश्रूयतेसर्वैःकिंचिन्निश्चित्यनोच्यते॥ असाध्यंकेचनप्रोचुर्दुर्ज्ञेय मितिचापरे ॥३८॥ मूकीभूतास्तथाऽन्येतुकियंतस्तुपलायिताः॥हाहाकारोमहानासीत्त्रैलोक्येविस्मयावहः ॥३९॥ वेदवेदांतघोषैश्चगीतापाठैर्विबोधितां॥ भक्तिज्ञानविरागानांनोदतिष्ठत्त्रिकंयदा ॥४०॥उपायोनापरोऽस्तीतिकर्णेकर्णेऽजपन्जनाः॥योगिनानारदेनापिस्वयंनज्ञायतेतुयत्॥४१॥ तत्कथंशक्यतेवक्तुमितरैरिहमानुषैः॥एवंऋषिगणैःपृष्टैर्निर्णीयोक्तंदुरासदं ॥४२॥ ततश्चिंतातुरःसोऽथबदरीवनमागतः॥ तपश्चरामिचात्रेतितदर्थंकृतनिश्चयः ॥४३॥ तावद्ददर्शपुरतःसनकादीन्मुनीश्वरान् ॥कोटिसूर्यसमाभासानुवाचमुनिसत्तमः॥४४॥ नारद०इदानीं भूरिभाग्येनभवद्भिःसंगमःस्थितः॥ कुमारावदतांशीघ्रंकृपांकृत्वाममोपरि ॥४५॥ भवंतोयोगिनःसर्वेबुद्धिमंतोबहुश्रुताः॥पंचहायनसंयुक्ताःपूर्वेषामपिपूर्वजाः॥४६॥ सदावैकुंठनिलयाहरिकीर्तनतत्पराः॥लीलामृतरसोन्मत्ताःकथामात्रैकजीविनः॥४७॥ हरिःशरणमेवंहिनित्यंयेषांमुखेवचः॥ अतःकालसमादिष्टाजरायुष्मान्नबाधते ॥४८॥ येषांभ्रूभंगमात्रेणद्वारपालौहरेःपुरा॥ भूमौनिपतितौसद्योयत्कृपातःपरंगतौ ४९ अहोभाग्यस्ययोगेनदर्शनंभवतामिह ॥ अनुग्रहस्तुकर्तव्योमयिदीनेदयापरैः॥५०॥ अशरीरगिरोक्तंयत्तत्किंसाधनमुच्यतां॥अनुष्ठेयंकथंतावत्प्रब्रुवंतुसविस्तरं॥५१॥ भक्तिज्ञानविरागाणांसुखमुत्पद्यतेकथं॥स्थापनंसर्ववर्णेषुप्रेमपूर्वंप्रयत्नतः॥५२॥ कुमारा०माचिंतांकुरुदेवर्षेहर्षंचितेसमावह॥ उपायःसुखसाध्योऽत्रवर्ततेपूर्वएवहि ॥५३॥ अहोनारदधन्योऽसिविरक्तानांशिरोमणिः ॥ सदाश्रीकृष्णदासानामग्रणीर्योगभास्करः॥५४॥ त्वयिचित्रंनमंतव्यंभक्त्यर्थमनुवर्तिनि॥ घटतेकृष्णदासस्यभक्तेःस्थापनतासदा॥५५॥ ऋषिभिर्बहवोलोकेपंथानःप्रकटीकृताः॥ श्रमसाध्याश्चतेसर्वेप्रायःस्वर्गफलप्रदाः ॥५६॥ वैकुंठसाधकःपंथाःपंथाःसतुगोप्योहिवर्त्तते॥ तस्योपदेष्टापुरुषःप्रायोभाग्येनलभ्यते ५७ सत्कर्मतवनिर्दिष्टंव्योमवाचातुयत्पुरा॥ तदुच्यतेशृणुष्वाद्यस्थिरचित्तःप्रसन्नधीः॥५८॥ द्रव्ययज्ञास्तपोयज्ञायोगयज्ञास्तथापरे ॥ स्वाध्यायज्ञानयज्ञाश्चतेतुकर्मविसूचकाः॥५९॥ सत्कर्मसूचकोनूनंज्ञानयज्ञःस्मृतोबुधैः॥श्रीमद्भागवतालापःसतुगीतःशुकादिभिः॥६०॥भक्तिज्ञानवि

આચરણ, મારે કેવી રીતે કરવું ? એ સઘળુંજ, આપ મને વિસ્તાર સહિત કહી સંભળાવો. ॥૫૧॥ ભક્તિ–જ્ઞાન–અને વૈરાગ્યને, સુખ કયે પ્રકારે થાય; અને પ્રેમ પૂર્વક તથા પ્રયત્ન વડે, તેમનું સ્થાપન સર્વ વર્ણોને વિશે; કેવે પ્રકારે થઈ શકે. ? ॥ ૫૨ ॥ **સનત્કુમાર**–હે દેવરૂષિ, તમે ચિંતા કરોમાં; મનમાં ઉમંગ રાખો; એ ઉપાય તો સેહેજમાંજ થાય, એવો અને સર્વોત્તમ પણ છે. ॥૫૩॥ હે નારદજી તમે, વૈરાગ્ય વાળાઓના શિરોમણી–કૃષ્ણ ભગવાનના દાસોમાં, સર્વદા અગ્રણી–અને યોગીઓ મધ્યે સૂર્ય સરખા હોવા થકી; ધન્યજ છો. ॥૫૪॥ ભક્તિના અર્થ માટે પ્રયત્ન કરનારા તમો વિશે, એ કાંઈ આશ્ચર્ય કહેવાય નહીંજ; કેમકે ભક્તિનું સર્વ કાળ સ્થાપન કરવું, એજ કૃષ્ણ ભગવાનના દાસોને ઘટિત છે. ॥૫૫॥ લોકને વિશે ઘણા ઘણા પંથો, રૂષિઓએ પ્રકટ કરેલા છે; પણ તે સઘળાજ, વિશેષે કરીને, શ્રમ સાધ્ય અને માત્ર સ્વર્ગાદિક ફળનેજ; આપનારા છે. ॥૫૬॥ પરંતુ વૈકુંઠને સાધ્ય કરનારો માર્ગ તો, ગુપ્તપણેજ વરતે છે; અને તેનો ઉપદેશ કરનારા પુરૂષો તો, ઘણું કરીને; ભાગ્યના ઉદયનો યોગ હોય, ત્યારેજ મળી આવે છે. ॥ ૫૭ ॥ માટે પૂર્વે આકાશ વાણીએ, તમને જણાવેલું સત્કર્મ; તે અમે તમને, કહીએ છીએ; તો પ્રથમથીજ સ્થિર ચિત્ત રાખીને, અને પ્રસન્ન મનથી, તમે સાંભળજો. ॥ ૫૮ ॥ દ્રવ્ય યજ્ઞ–યોગ યજ્ઞ–તપ યજ્ઞ–અને સ્વાધ્યાય વિગેરેના બીજા પણ યજ્ઞો–સર્વે, કર્મનેજ સૂચવનારા છે. ॥ ૫૯ ॥ પણ ખરે ખરા સત્કર્મને સૂચવનારો જ્ઞાનયોગ તો, શુકમુનિ વિગેરેએ ગાયેલ, શ્રીમદ્ભાગવતના આલાપનેજ; બુદ્ધિમાન પુરૂષોએ કહેલ છે. ॥ ૬૦ ॥ તેના શબ્દો સાંભળવાથીજ, ભક્તિ–જ્ઞાન–અને વૈરાગ્યને મોટું બળ આવે છે; એટલે તે થકી જ્ઞાન અને વૈરાગ્ય બંનેનું દુઃખ જશે; તથા ભક્તિને પણ સુખ થશે. ॥૬૧॥ કળિયુગના સઘળા દોષો, સિંહના શબ્દ થકી, નહારો ભાગી જવાની પેઠે, શ્રીમદ ભાગવતના શબ્દો થકીજ, નાશ પામી જશે. ॥૬૨॥ અને તે થકીજ, જ્ઞાન અને વૈરાગ્યથી સંયુક્ત થયેલી, અને પ્રેમના રસને ઉત્પન્ન કરનારી; ભક્તિ ઘેરેઘેર, અને જણ જણને વિશે ક્રીડા

કરતી થશે.॥૬૩॥—નારદ—વેદ અને વેદાંતના ઘોષથી, તથા ગીતાના પાઠ આદિથી, ઉઠાડયા માંડ્યા છતાં; જ્યારે ભક્તિને સુખ થયું નથી અને જ્ઞાન-વૈરાગ્ય-ઉઠયાં નથી; ત્યારે જેના શ્લોકે શ્લોકે અને પદે પદે વેદનોજ અર્થ છે; એવા શ્રીમદ ભાગવતની કથાના આલાપથકી; તેઓ કેમ ઉઠશે. ? ॥ ૬૪-૬૫ ॥ હે શરણાગતના ઉપર દયા કરનારાઓ, આપ સફળ દર્શનવાળા છો; માટે, વિલંબ નહીં લગાડતાં, મારા એ સંશયનું, તમે નીવારણ કરો. ॥૬૬॥—સનત્કુમાર—વેદ અને ઉપનિષદોના સાર રૂપે, શ્રીમદ ભાગવતની કથા ઉત્પન્ન થઇ છે. માટે તે સઘળા થકી, આખા ઝાડમાંથી જુદા નીકળી આવેલા ફળની પેઠે એ કથાની ઉન્નતિ, અતિ ઉત્તમ જોવામાં આવે છે. ॥૬૭॥ ઝાડના મૂળથકી અગ્ર પર્યંત રસ રહેલો હોવા છતાં; તે સ્વાદ આપી શકતો નથી; પણ તેજ રસ ફળ રૂપે, જુદો અને એકત્ર, જ્યારે થાય છે; ત્યારેજ જગતને મનોહર થાય છે. ॥૬૮॥ જે-

મ દૂધમાં રહેલું ઘી, ઘીના સ્વાદને આપતું નથી; પણ તેજ જુદું કાઢવા થકી, દિવ્ય અને દેવતાઓને પણ માલિક રસવાળું લાગે છે. ॥૬૯॥ શેરડીના મધ્યમાં, અને એજ તરફના છેડાઓમાં, સાકર વ્યાપીનેજ રહેલી હોય છે. છતાં તે જુદી કાઢવામાં આવે છે; ત્યારેજ; અતિ મીઠી લાગે છે; તે રીતેજ આ શ્રીમદ ભાગવતની કથા છે. ॥૭૦॥ અને શ્રીમદ ભાગવત પુરાણ, ભક્તિ-જ્ઞાન-અને વૈરાગ્યના સ્થાપનને માટે, પરબ્રહ્મ પરમાત્મા ભગવાનેજ સ્વીકાર કરેલું; અને પ્રકાશિત કરેલું; છે. ॥૭૧॥ વેદ વેદાંતના પારને પામેલા, અને ગીતાજીના કર્તા વેદ વ્યાસજી; જ્યારે મોહ પામવાથી, અજ્ઞાન સાગરમાં પડી; પરિતાપ કરવા લાગ્યા હતા; ત્યારે તમેજ, પુર્વે ચાર શ્લોકનું ભાગવત, શ્રવણ કરાવવા વડે; એ બાદરાયણ મુનિને, તુર્તજ મોહ રહિત કર્યા હતા.॥૭૨-૭૩॥ તો એ શ્રીમદ ભાગવતનું શ્રવણજ-શોક અને દુઃખને મટાડનારૂં, હોવાની

रागाणांतद्घोषेणबलंमहत् ॥ व्रजिष्यतिद्वयोःकष्टंसुखंभक्तेर्भविष्यति ॥६१॥प्रलयंहिगमिष्यंतिश्रीमद्भागवतध्वनेः॥कलिदोषाइमेसर्वेसिंहश
ब्दाद्वृकाइव ॥६२॥ ज्ञानवैराग्यसंयुक्ताभक्तिःप्रेमरसावहा॥प्रतिगेहंप्रतिजनंततःक्रीडांकरिष्यति॥६३॥नारद०वेदवेदांतघोषैश्चगीतापाठैः
प्रबोधितं॥भक्तिज्ञानविरागाणांनोदतिष्ठत्रिकंयदा ॥६४॥ श्रीमद्भागवतालापात्तत्कथंबोधमेष्यति ॥ तत्कथासुतुवेदार्थःश्लोकेश्लोकेपदेपदे॥
॥६५॥ छिंदंतुसंशयंह्येनंभवंतोमोघदर्शनाः॥विलंबोनात्रकर्तव्यःशरणागतवत्सलाः॥६६॥कुमारा०वेदोपनिषदांसाराज्जाताभागवतीकथा॥
अत्युत्तमाततोभातिपृथग्भूताफलोन्नतिः ॥६७॥ आमूलाग्रंरसस्तिष्ठन्नास्तेनस्वाद्यतेयथा॥संभूयसपृथग्भूतःफलेविश्वमनोहरः॥६८॥ यथा
दुग्धेस्थितंसर्पिर्नस्वादायोपकल्पते॥पृथग्भूतंहितद्दिव्यंदेवानांरसवर्द्धनं ॥६९॥ इक्षूणामपिमध्यांतंशर्कराव्याप्यतिष्ठति॥पृथग्भूताचसामि
ष्टातथाभागवतीकथा ॥७०॥ इदंभागवतंनामपुराणंब्रह्मसंमितं॥भक्तिज्ञानविरागाणांस्थापनायप्रकाशितं ॥७१॥वेदांतवेदसुस्नातेगीताया
अपिकर्तरि॥परितापवतिव्यासेमुह्यत्यज्ञानसागरे ॥७२॥ तदात्वयापुराप्रोक्तंचतुःश्लोकसमन्वितं॥तदीयश्रवणात्सद्योनिर्बाधोबादरायणः
॥७३॥ तत्रतेविस्मयःकेनयतःप्रश्नकरोभवान्॥श्रीमद्भागवतश्राव्यंशोकदुःखविनाशनं ॥७४॥ नारद०यद्दर्शनंचविनिहंत्यशुभानिसद्यःश्रेय
स्तनोतिभवदुःखदवार्दितानां ॥निःशेषशेषमुखगीतकथैकपानाःप्रेमप्रकाशकृतयेशरणंगतोऽस्मि ॥७५॥ भाग्योदयेनबहुजन्मसमार्जितेन
सत्संगमंचलभतेपुरुषोयदावै ॥ अज्ञानहेतुकृतमोहमदांधकारनाशंविधायहितदोदयतेविवेकः॥७६॥इ०प०उ०मा०मा०द्वितीयोअ०॥२॥
नारद०ज्ञानयज्ञंकरिष्यामिशुकशास्त्रकथोज्वलं॥भक्तिज्ञानविरागाणांस्थापनार्थंप्रयत्नतः ॥१॥ यत्रकार्योमयायज्ञःस्थलंतद्वाच्यतामिह॥म
हिमाशुकशास्त्रस्यवक्तव्योवेदपारगैः॥२॥ कियद्भिर्दिवसैःश्राव्याश्रीमद्भागवतीकथा ॥ कोविधिस्तत्रकर्तव्योममेदंवदतामितः॥३॥ कुमारा०
शृणुनारदवक्ष्यामोविनम्रायविवेकिने॥गंगाद्वारसमीपेतुतटमानंदनामकं ॥४॥ नानाऋषिगणैर्जुष्टंदेवसिद्धनिषेवितं॥ नानातरुलताकीर्णंनव
कोमलवालुकं ॥५॥ रम्यमेकांतदेशस्थंहैमपद्मसुशोभितं ॥ यत्समीपस्थजीवानांवैरंचेतसिनस्थितं ॥६॥ ज्ञानयज्ञस्त्वयातत्रकर्तव्योह्यप्रय

ભાગવતમાં તમનેજ વિસ્મય કેમ થયો. ? કે જેથી તમે આ પ્રશ્ન કરો છો. ? ॥૭૪॥ નારદ—જેમનાં દર્શન થકીજ, પાપ માત્રનો તુર્તજ નાશ થાય છે; સંસાર રૂપી દુઃખના દાવાનળથી, બળનારાઓને સુખ મળે છે—અને શેષનાં સર્વ મુખો થકી કહેવાયલી, એ એકજ કથાનું જેમણે પાન કરેલું છે; એવા આપનું શરણ, હું પ્રેમનો પ્રકાશ કરીને; લેઉં છું. ॥૭૫॥ પુરૂષને ઘણા જન્મો વડે મેળવેલા ભાગ્યોદય વડે, જ્યારે સત્સંગની પ્રાપ્તિ થાય છે; ત્યારેજ અજ્ઞાનને ઉત્પન્ન કરનાર મોહ, અને મદ રૂપ અંધકાર; નાશ પામે છે; અને વિવેકનો ઉદય થાય છે. ॥૭૬॥ ઇતિ૦ શ્રીમદ ભાગવત મહાત્મ્યનો બીજો અધ્યાય સંપૂર્ણ. ॥૨॥

અધ્યાય ૩ જો.—નારદ—હું હવે, ભક્તિ જ્ઞાન અને વૈરાગ્યના સ્થાપનને અર્થે, શુક શાસ્ત્રની કથાનો ઉજ્વળ જ્ઞાનયજ્ઞ પ્રયત્ન વડે કરીશ. ॥ ૧ ॥ માટે એ યજ્ઞ ક્યાં કરવો, તે સ્થળ અને તેનો મહિમા, આપેજ મને કહેવો. અને વેદના પારને પામેલા આપેજ, એ શુક શાસ્ત્રના વક્તા થવું. ॥ ૨ ॥ તથા એ ભાગવતની કથા, કેટલા દિવસમાં સાંભળવી; અને તે સમયે, શો વિધિ કરવો; એ સઘળુંજ, આપ મને કહો. ॥ ૩ ॥ સનત્કુમાર—હે નમ્રતાવાન અને વિવેકી નારદ, તમે અમારૂં કહેવું સાંભળો; ગંગાદ્વાર (હરદ્વાર)ની નજીકમાંજ, આનંદ નામનું એક તટ છે. ॥ ૪ ॥ એ, અનેક ઋષિગણો-દેવતાઓ-અને સિદ્ધોએ સેવેલું; અને ઘણા પ્રકારનાં ઝાડો, તથા વેલો થકી, ભરપુર નદી તટ અતી સુકોમળ રેતીવાળું છે. ॥ ૫ ॥ તથા એ રમણિક-એકાંત-અને સોનેરી કમળોથી શોભતા, તટની નજીકમાં રહેનારા, પ્રાણીઓના અંતઃકરણમાં; સ્વાભાવિક વૈર પણ, રહી શકતું નથી. ॥ ૬ ॥ માટે એ સ્થળે પ્રયત્ન વડે, તમારે એ જ્ઞાનયજ્ઞ કરવો; જેથી અપૂર્વ રસવાળી કથા, ત્યાં થશે. ॥૭॥ અને પોતાની પાસે રહેનારા, જરા થકી જીર્ણ થયેલા તથા નિર્બળ શરીરો વાળા; જ્ઞાન અને વૈરાગ્ય બંનેને આગળ કરીને, ભક્તિ ત્યાં આવશે. ॥૮॥ જ્યાં જ્યાં, ભાગવતની કથા થતી હોય; ત્યાં, એ ભક્તિ આદિક આવેછેજ; અને કથાનો શબ્દ સાંભળતાંજ. તેઓને જુવાની

આવી જાય છે. ॥ ૯ ॥-સૂત-એમ કહીને એ કથાનું પાન કરાવવા સારૂં; સનત્કુમારો; નારદજી સુદ્ધાં, એ ગંગાના તટ ઉપર ઉતાવળાજ ગયા. ॥૧૦॥ એ તટ ઉપર જ્યારે તેઓ આવી પહોંચ્યા, ત્યારે ભૂલોકમાં-દેવલોકમાં-અને તેજ રીતે બ્રહ્મ લોકમાં પણ કોલાહળ થઇ રહ્યો. ॥ ૧૧ ॥ અને એ શ્રીમદ ભાગવતની કથાના અમૃતનું પાન કરવાને માટે, એ રસની લાલચ વાળા; જેઓમાં વૈષ્ણવો અગ્રણી હતા, એવા લોકો. દોડા દોડ કરતા, ત્યાં આવ્યા.॥૧૨॥ ભૃગુ-વસિષ્ઠ-ચ્યવન-ગૌતમ-મેધાતિથી-દેવળ-દેવરાત-પરશુરામ-વિશ્વામિત્ર શાકલ્ય-માર્કંડેય-દુર્વાસા-પિપ્પલાદ-નવ યોગેશ્વર-વ્યાસ-પરાશર-છાયાશુક-જાજલી અને જન્હુ વિગેરે સર્વે મુનિઓ; પોતાના પુત્ર શિષ્યો અને સ્ત્રીઓ વિગેરે સહિત, ઘણા પ્રેમથકી ત્યાં આવ્યા. ॥૧૩-૧૪॥ તે રીતેજ વેદ-વેદાંત-મંત્રો-તંત્રો-સત્તરે પુરાણો-અને છએ શાસ્ત્રો પણ; શરીર ધારી થઇને, ત્યાં આવ્યાં. ॥૧૫॥

ગંગા આદિ નદીઓ-પુષ્કર આદિ સરોવરો-સર્વક્ષેત્રો-સર્વ દિશાઓ-દંડક આદિ વનો-પર્વતો-અને વૃક્ષો; તથા દેવ-ગંધર્વ-અને કિન્નરો પણ ત્યાં આવ્યા; તથા જેઓ મોટપને લીધે, નહોતા આવ્યા; તેમને સમજાવીને, ભૃગુરૂષિ લેઇ આવ્યા. ॥૧૬-૧૭॥ પછી દીક્ષા લીધેલા નારદે આપેલાં, ઉત્તમ આસનો ઉપર, એ શ્રીકૃષ્ણ ભગવાનમાંજ મનવાળા, અને સર્વે જણાએ વંદન કરેલા; સનત્કુમારો બેઠા. ॥૧૮॥ ત્યાં મુખ્ય ભાગમાં, સાધુ અને ભક્ત વૈષ્ણવો-વૈરાગ્યવાનો-સંન્યાસીઓ-અને બ્રહ્મચારીઓ, બેઠા; અને તેઓમાં પણ અગ્રભાગે નારદજી બેઠા. ॥૧૯॥ એક ભાગમાં રૂષિઓ-બીજામાં દેવતાઓ-ત્રીજામાં વેદ અને ઉપનિષદ વિગેરે શાસ્ત્રો-ચોથામાં તીર્થો વિગેરે-અને પાંચમા ભાગમાં સ્ત્રીઓ વિગેરે; બેઠાં. ॥૨૦॥ અને ત્યાં જય શબ્દ, તથા નમઃ શબ્દ, અને તે રીતેજ શંખનાદ થઇ રહ્યા; તથા અબિલ-ગુલાલ-અક્ષત અને ફુલનો, મોટો વરસાદ થયો. ॥૨૧॥ તથા

त्नतः॥अपूर्वारसरूपाचकथातत्रभविष्यति॥७॥पुरस्थंनिर्बलंचैवजराजीर्णकलेवरं॥तद्द्वयंचपुरस्कृत्यभक्तिस्तत्रगमिष्यति॥८॥ यत्रभागवतीवार्तानत्रभक्त्यादिकंव्रजेत्॥कथाशब्दंसमाकर्ण्यतत्त्रिकंतरुणायते॥९॥ सूत०एवमुक्त्वाकुमारास्तेनारदेनसमंततः॥गंगातटंसमाजग्मुःकथापानायसत्वराः॥१०॥ यदायातास्तटंतेतुतदाकोलाहलोऽप्यभूत्॥ भूर्लोकेदेवलोकेचब्रह्मलोकेतथैवच॥११॥ श्रीभागवतपीयूषपानायरसलंपटाः॥धावंतोऽप्याययुःसर्वेप्रथमंयेचवैष्णवाः॥१२॥ भृगुर्वसिष्ठश्च्यवनश्चगौतमोमेधातिथिर्देवलदेवरातौ॥ रामस्तथागाधिसुतश्चशाकलोमृकंडपुत्रोऽत्रिजपिप्पलादाः॥१३॥ योगेश्वराव्यासपराशरौचछायाशुकोजाजलिजन्हुमुख्याः॥सर्वेऽप्यमीमुनिगणाःसहपुत्रशिष्याःस्वस्त्रीभिराययुरतिप्रणयेनयुक्ताः॥१४॥ वेदांतानिचवेदाश्चमंत्रास्तंत्राःसमूर्तयः॥दशसप्तपुराणानिषट्शास्त्राणितथाऽऽययुः॥१५॥गंगाद्याःसरितस्तत्रपुष्करादिसरांसिच॥क्षेत्राणिचदिशःसर्वादंडकादिवनानिच॥१६॥ नगादयोययुस्तत्रदेवगंधर्वकिन्नराः॥ गुरुत्वात्तत्रनायातान्भृगुःसंबोध्यचानयत्॥१७॥ दीक्षितानारदेनाथदत्तमासनमुत्तमं॥ कुमारावंदिताःसर्वैर्निषेदुःकृष्णतत्पराः॥१८॥ वैष्णवाश्चविरक्ताश्चन्यासिनोब्रह्मचारिणः॥मुख्यभागेस्थितास्तेचतदग्रेनारदःस्थितः॥१९॥ एकभागेऋषिगणास्तदन्यत्रदिवौकसः॥वेदोपनिषदोऽन्यत्रतीर्थान्यत्रस्त्रियोऽन्यतः॥२०॥ जयशब्दोनमःशब्दःशंखशब्दस्तथैवच॥चूर्णलाजप्रसूनानांनिक्षेपःसुमहानभूत्॥२१॥ विमानानिसमारुह्यकियंतोदेवनायकाः॥ कल्पवृक्षप्रसूनानिसर्वांस्तत्रसमाकिरन्॥२२॥ सूत०एवंतेष्वेकचित्तेषुश्रीमद्भागवतस्यच॥ माहात्म्यमूचिरेस्पष्टंनारदायमहात्मने॥२३॥ कुमारा०अथतेसंप्रवक्ष्यामोमहिमाशुकशास्त्रजः॥ यस्यश्रवणमात्रेणमुक्तिःकरतलेस्थिता॥२४॥सदासेव्यासदासेव्याश्रीमद्भागवतीकथा॥ यस्याःश्रवणमात्रेणहरिश्चित्तंसमाश्रयेत्॥२५॥ ग्रंथोऽष्टादशसाहस्रोद्वादशस्कंधसंमितः॥ परीक्षिच्छुकसंवादःशृणुभागवतंचतत्॥२६॥ तावत्संसारचक्रेस्मिन्भ्रमतेऽज्ञानतःपुमान्॥ यावत्कर्णगतानास्तिशुकशास्त्रकथाक्षणं॥२७॥ किंश्रुतैर्बहुभिःशास्त्रैःपुराणैश्चभ्रमावहैः॥ एकंभागवतंशास्त्रंमुक्तिदानेनगर्जति॥२८॥ कथाभागवतस्यापिनित्यंभवतियद्गृहे॥ तद्गृहंतीर्थरूपंहिवसतांपापनाशनं॥२९॥ अश्वमेधसहस्राणिवाजपेयशतानिच॥ शुककशास्त्रकथायाश्चकलांनार्हंतिषोडशीं॥३०॥ तावत्पापानिदेहेऽस्मिन्निवसंतितपोधनाः॥यावन्नश्रू

કેટલાએક મોટા દેવતાઓએ, વિમાનોમાંજ બેઠાં બેઠાં, કલ્પવૃક્ષનાં ફુલોવડે, ત્યાં એકઠાં થયેલાં સર્વેને; વધાવ્યાં. ॥૨૨॥ સૂત-હે મહાત્મા શૌનક, સઘળા એ રીતે એક ચિત્ત થયા; એટલે સનકાદિકે શ્રીમદભાગવતનું મહાત્મ્ય, અને તે પછી ભાગવતની કથા, નારદજીને સ્પષ્ટ રીતે કહી સંભળાવી. ॥ ૨૩ ॥ સનત્કુમાર-જેનું શ્રવણમાત્ર કરવાથીજ, મુક્તિ હથેલીમાં આવીને ઉભી રહે છે; એવા શ્રીમદ્ ભાગવત શાસ્ત્રનો મહિમા, હું તમને કહું છું ॥૨૪॥ શ્રીમદ્ ભાગવતની કથાનું, તમે સદા અને સર્વદા, સેવન કરો; કે જેનું ફક્ત શ્રવણ થવા થકીજ, હરિ ભગવાન મનને વિશે; સ્થાપન થાય છે. ॥૨૫॥ પરીક્ષિત અને શુકદેવજીના સંવાદ રૂપ, બાર સ્કંધ અને અઢાર હજાર શ્લોકથી બનેલી એ ભાગવતની કથાને, તમે સાંભળો. ॥૨૬॥ જ્યાં સુધી શ્રીમદ્ ભાગવતની કથા એક ક્ષણ પણ, કાનવડે સંભળાય નહીં; ત્યાં સુધીજ, પુરૂષ અજ્ઞાન વડે

આ સંસાર ચક્રને વિશે, ભમ્યા કરે છે.॥૨૭॥ ભ્રમ ઉત્પન્ન કરનારાં ઘણાં શાસ્ત્રો, અને પુરાણો શ્રવણ કરવા થકી,કાંઇજ ફળ નથી; પણ મુક્તિ આપવાને માટે તો, એકલું ભાગવત શાસ્ત્રજ ગર્જના કરનારૂં છે ॥૨૮॥ જે ઘરમાં નિત્ય ભાગવતની કથા થાય છે, તે ઘર તીર્થ રૂપ છે; અને તેમાં વસનારાંઓનાં પાપોને તે નાશ કરનારૂં છે ॥૨૯॥ હજાર અશ્વમેધ અને સો વાજપેય યજ્ઞો, મળીને પણ; શ્રીમદ્ ભાગવતની કથાના સોળમા ભાગની બરાબરી કરવા યોગ્ય થતાં નથી. ॥૩૦॥ હે તપોધન, મનુષ્યો શ્રીમદ્ ભાગવતને જ્યાં સુધી સંપૂર્ણ શ્રવણ ન કરે; ત્યાં સુધીજ તેમના દેહોને વિશે, પાપ રહી શકે છે. ॥૩૧॥ શ્રીમદ્ ભાગવતની કથાના શ્રવણ ફળની બરાબરી, ગંગા-ગયા-કાશી-પુષ્કર-અને પ્રયાગ વિગેરે પણ; કરી શકતાં નથી. ॥૩૨॥ જો પરમ ગતિની ઇચ્છા હોય; તો, રોજ સવારમાં ઉઠીને, સ્વમુખે ભાગવતના અરધા કિંવા પા શ્લોકનો પણ; પાઠ કરવા

જવું ॥ ૩૩ ॥ ઓંકાર–ગાયત્રિ–પુરુષ સુક્ત– ત્રણ વેદ–ભાગવત–દ્વાદશાક્ષર મંત્ર–સૂર્ય–પ્રયાગ–વરસરૂપ કાળ બ્રાહ્મણો–અગ્નિ હોત્ર–ગાય–બારશ– તુળશી–વસંત–અને પુરુષોત્તમ એ સર્વની અંદર જ્ઞાની પુરુષો, તત્વે કરીને જૂદા પાડ્યું, દેખતાજ નથી. ॥૩૪–૩૫–૩૬॥ જે પુરુષ અર્થની સાથે, દરરોજ ભાગવત શાસ્ત્રને વાંચે છે; તેનાં કરોડો જન્મનાં પાપ, નાશ પામે છે; એ નિઃસંશય છે. ॥૩૭॥ ભાગવતના અરધા અગર પાશ્લોકનો પણ, પાઠ જે નિત્ય કરેછે; તેને રાજસૂય તથા અશ્વમેધ યજ્ઞ કરવાનું ફળ મળે છે. ॥૩૮॥ નિત્ય ભાગવતની કથા કરવી–હરિ ભગવાનનું ચિંતવન કરવું–તુળશીનું પોષણ કરવું–અને ગાયની સેવા કરવી; એ સર્વેને સમાન કહેલ છે. ॥૩૯॥ મરણ કાળે ભાગવતનું વચન જેના સાંભળવામાં આવે; તેને ગોવિંદ ભગવાન પ્રસન્ન થઇને, પોતાનો વૈકુંઠ લોક આપે છે. ॥૪૦॥ સોનાના સિંહ સહિત ભાગવતનું પુસ્તક વૈષ્ણવને આપનારને,કૃષ્ણ ભગવાન સાથે સાયુજ્યપણું ખચિત મળે છે. ॥૪૧॥ જે શઠ મનુષ્યોએ પોતાના જન્મારામાં પણ; શ્રીમદ ભાગવતની કથા જરાપણ ધ્યાન રાખીને; સાંભળી નથી; તેમણે ચંડાલ અને ગધેડાની પેઠે, પોતાનો જન્મ વ્યર્થ ગુમાવ્યો; અને પોતાની માને પ્રસવનું દુખ, મિથ્યાજ આપેલું જાણવું. ॥૪૨॥ જે પાપકર્મ કરનારાએ, ભાગવતની કથા લગાર પણ સાંભળી નથી; તે જીવતાંજ, મુવેલો કહેવાય છે; અને તેવા પશુ સરખા, તથા પૃથ્વી ઉપર ભાર રૂપ થનારા, પુરુષને સ્વર્ગની દેવાંગનાઓ ધિક્કારે છે. ॥૪૩॥ લોકને વિશે દુર્લભ ભાગવતની કથા; કોટિ જન્મોનું પુન્ય એકઠું થવાથીજ, પ્રાપ્ત થાય છે. ॥૪૪॥ હે યોગના ભંડાર રૂપ બુદ્ધિમાન નારદ, એટલા માટેજ તેને પ્રયત્ન સહિત સાંભળવી જોઇએ;સાંભળવાના દિવસોનો, નિયમ નથી; સર્વદાજ સાંભળવી જોઇએ.॥૪૫॥ એ કથા સત્ય અને બ્રહ્મચર્ય રાખીને સર્વદાજ સાંભળવાનીછે; પણ કલિયુગમાં, તેમ બની શકવું, અશક્ય જાણીને; શુકદેવજીએ, સાત દિવસમાં સાંભળવાની આજ્ઞા વિશેષે

यतेसम्यक्श्रीमद्भागवतंनरैः ॥३१॥ नगंगानगयाकाशीपुष्करंनप्रयागकं॥ शुकशास्त्रकथायाश्चफलेनसमतांनयेत्॥३२॥ श्लोकार्द्धंश्लोकपादंवानित्यंभागवतोद्भवं॥पठस्वस्वमुखेनैवयदीच्छसिपरांगतिं ॥३३॥ वेदादिर्वेदमाताचपौरुषंसूक्तमेवच ॥ त्रयीभागवतंचैवद्वादशाक्षरएवच ॥३४॥ द्वादशात्माप्रयागश्चकालःसंवत्सरात्मकः ॥ ब्राह्मणाश्चाग्निहोत्रंचसुरभिर्द्वादशीतथा॥३५॥ तुलसीचवसंतश्चपुरुषोत्तमएवच ॥ एतेषांतत्वतःप्राज्ञैर्नपृथग्भावइष्यते ॥३६॥ यश्चभागवतंशास्त्रंवाचयेदर्थतोऽनिशं॥ जन्मकोटिकृतंपापंनश्यतेनात्रसंशयः ॥३७॥ श्लोकार्द्धंश्लोकपादंवापठेद्भागवतंचयः ॥ नित्यंपुण्यमवाप्नोतिराजसूयाश्वमेधयोः॥३८॥ उक्तंभागवतंनित्यंकृतंचहरिचिंतनं ॥ तुलसीपोषणंचैवधेनूनांसेवनंसमं ॥३९॥ अंतकालेतुयेनैवश्रूयतेशुकशास्त्रवाक् ॥ प्रीत्यातस्यैववैकुंठंगोविंदोऽपिप्रयच्छति॥४०॥ हेमसिंहयुतंचैतद्वैष्णवायददातिच ॥ कृष्णेनसहसायुज्यंसपुमाल्लभतेध्रुवं ॥४१॥ आजन्ममात्रमपियेनशठेनकिंचिच्चित्तंविधायशुकशास्त्रकथानपीता॥ चांडालवच्चखरवत्ततेननीतंमिथ्यास्वजन्मजननीजनिदुःखभाजा॥४२॥ जीवच्छवोनिगदितःसतुपापकर्मायेनश्रुतंशुककथावचनंनकिंचित् ॥धिक्तंनरंपशुसमंभुविभाररूपमेवंवदंतिदिविदेवसरोजमुख्याः॥४३॥दुर्लभैवकथालोकेश्रीमद्भागवतोद्भवा॥कोटिजन्मसमुत्थेनपुण्येनैवतुलभ्यते ॥४४॥ तेनयोगनिधेधीमन्श्रोतव्यासाप्रयत्नतः॥दिनानांनियमोनास्तिसर्वदाश्रवणंमतं ॥४५॥ सत्येनब्रह्मचर्येणसर्वदाश्रवणंमतं॥अशक्यत्वात्कलौबोध्योविशेषोत्रशुकाज्ञया॥४६॥ मनोवृत्तिजयश्चैवनियमाचरणंतथा ॥दीक्षांकर्तुमशक्यत्वात्सप्ताहश्रवणंमतं ॥४७॥ श्रद्धातःश्रवणेनित्यंमाघेतावद्धियत्फलं॥तत्फलंशुकदेवेनसप्ताहश्रवणेकृतं॥४८॥मनसश्चाजयाद्रोगात्पुंसांचैवायुषःक्षयात् ॥कलेर्दोषबहुत्वाच्चसप्ताहश्रवणंमतं॥ ॥४९॥ यत्फलंनास्तितपसानयोगेनसमाधिना ॥ अनायासेनतत्सर्वंसप्ताहश्रवणेलभेत् ॥५०॥ यज्ञाद्गर्जतिसप्ताहःसप्ताहोगर्जतिव्रतात् ॥नपसोगर्जतिप्रोच्चैस्तीर्थान्नित्यंहिगर्जति॥५१॥ योगाद्गर्जतिसप्ताहोध्यानाज्ज्ञानाच्चगर्जति॥किंब्रूमोगर्जनंतस्यरेरेगर्जतिगर्जति ॥५२॥ शौनक०साश्चर्यमेतत्कथितंकथानकंज्ञानादिधर्मान्विगणय्यसांप्रतं॥निःश्रेयसेभागवतंपुराणंजातंकुतोयोगविदादिसूचकं॥५३॥सूत०यदाकृष्णोधरांत्यक्त्वास्वपदंगंतुमुद्यतः॥ एकादशंपरिश्रुत्वाप्युद्धवोवाक्यमब्रवीत्॥५४॥ उद्धव०त्वंतुयास्यसिगोविंदभक्तकार्यंविधायच ॥ मच्चित्तेमहती

કરીને કહેલીછે. ॥૪૬॥ મન અને ઇંદ્રિયાદિકનો જય–નિયમોનું આચરણ–અને દીક્ષા,–એ સર્વ કરવાનું, સહુને ગાઢું કરી શકાવાનું અશક્ય જાણ્યાથી; સાત દિવસમાંજ સાંભળવાનું તેમણે કહેલુંછે. ॥૪૭॥ માઘ માસમાં શ્રદ્ધા સહિત નિત્ય સાંભળનારને, જે ફળ થયછે; તેજ ફળ. સાત દિવસમાં શ્રવણ કરનારાને પણ થવાનું; શુકદેવજીએ કહેલ છે, ॥૪૮॥ મન આદિનો જય ન થવાથી; રોગથી; પુરુષોનું આયુષ્ય ઘટિ જવાથી; અને કલિયુગના બીજા ઘણા દોષોથી પણ; તેમણે સાત દિવસમાંજ સાંભળી લેવાનું, કહેલ છે, ॥૪૯॥ જે ફળ તપથી, યોગથી, કિંવા સમાધિથી નથી થતું; તે સાત દિવસમાં સાંભળવાથી અનાયાસેજ મળે છે. ॥૫૦॥ યજ્ઞાદિક થકી પણ, સાત દિવસનું શ્રવણ, ગાજે છે; વ્રતોથી, તપથી, તીર્થોથી, યોગથી, ધ્યાનથી, અને જ્ઞાન થકી પણ; એતો સર્વકાળ વધારે અને વધારેજ, ગાજ્યા કરે છે; એની ગર્જના કરવાની વાત, શું કરવી; એતો ગાજ્યા કરે છે, ને ગા-જ્યાજ કરે છે. ॥૫૧–૫૨॥—**શૌનક**—હે યોગને જાણનારા સૂત, હાલમાં જ્ઞાન આદિક ધર્મોની અવગણના કરીને, એકલું ભાગવત પુરાણજ; પરબ્રહ્મને જણાવનારૂં, તથા મોક્ષદાતા હોવાનું, આપનું કહેવું; આશ્ચર્ય સરખું છે; તો એમ થવાનું કારણ, જે હોય; તે આપ કહો. ॥૫૩॥–**સૂત**–શ્રી કૃષ્ણ ભગવાન આ પૃથ્વીને તજીને, જ્યારે સ્વધામ ગયા; ત્યારે ઉદ્ધવજીએ એકાદશ સ્કંધ સાંભળ્યા પછી, ભગવાનને કહ્યું કે; ॥૫૪॥–**ઉદ્ધવ**–ભક્તોનું કાર્ય કરીને આપતો પધારોછો; પણ મારા મનની એક મોટી ચિંતાને આપ સાંભળો; અને અમને સુખીઆ કરો, ॥૫૫॥ આ ઘોર કલિ આવવાથી, પાછળ ખળ પુરુષો થશે; અને તેમના સંગવડે, સંતો પણ જ્યારે ઉગ્ર સ્વભાવ વાળા થશે; ત્યારે ભાર થકી પીડાયલી ગાયના જેવી પૃથ્વી, કોને શરણે જશે; હે કમળ નેત્ર, આપ વિના બીજો કોઇ તેનું રક્ષણ કરનારો હું દેખતો નથી. ॥૫૬–૫૭॥ એટલા માટે, હે નિરાકાર અ-

ને ચેતનમય છતાં પણ ભક્તોને માટે સગુણ થયેલા, ભક્તવત્સલ ભગવાન, સત્ પુરૂષોના ઉપર દયા કરી; આપ દમણાં પધારોમાં ॥૫૮॥ તમારો વિયોગ થયા પછી, તમારા ભક્તો પૃથ્વી ઉપર, કેવી રીતે રહી શકશે અને નિર્ગુણ ઉપાસના કરવામાં તો, ઘણુંજ કષ્ટ છે; માટે આપ કાંઇક વિચાર કરો. ॥૫૯॥–સૂત–પ્રભાસમાં ઉદ્ધવનું એ વચન સાંભળીને, હરિભગવાને વિચાર્યું કે, "ભક્તોના આધારને માટે, મારે શો ઉપાય કરવો." ॥૬૦॥ પછી તેમણે પોતાનું તેજ, શ્રીમદ ભાગવતમાં નાંખ્યું; એટલે પોતે અંતર્ધ્યાન થઇ, શ્રીમદ્ ભાગવત રૂપી સમુદ્રમાં પેઠા. ॥૬૧॥ તેથી એ ભાગવત, હરિભગવાનની પ્રત્યક્ષ વાણીમય મૂર્તિજ છે; અને તેનું સેવન કરવાથી, શ્રવણથી, પાઠથી, અને દર્શનથી પણ; તે પાપોને મટાડે છે. ॥૬૨॥ તેથી સાત દિવસનુ શ્રવણ, બીજા સર્વના કરતા અધિક કહેલ છે, તથા બીજાં સાધનોની અવગણના કરીને કલિયુગમાં; એ એકલાનેજ ધર્મ કહેલ છે. ॥ ૬૩ ॥ દુઃખ–દરિદ્ર–દુર્ભાગ્ય–અને પાપને; ધોઇ નાંખવાને, તથા કામ અને ક્રોધને જીતવાને માટે પણ, કલિયુગમાં; એ એકલાનેજ ધર્મ કહેલ છે. ॥૬૪॥ દેવતાઓથી પણ ન તરાય, એવી ભગવાનની માયા; બીજી રીતે ન તરી શકાવાથી, પુરૂષો તેને કેવી રીતે તરી શકશે; તેનો વિચાર કરીને, તેના ઉપાય તરીકેજ, એ સાત દિવસનું શ્રવણ કહેલ છે. ॥૬૫॥ આ રીતે સનકાદિકોએ એના શ્રવણના ધર્મનો, ઘણો પ્રકાશ કર્યો; ત્યારે ત્યાં એક આશ્ચર્ય થયું; તે હે શૌનક, હું તમને કહુ છું, સાંભળો. ॥૬૬॥ શ્રીકૃષ્ણ–ગોવિંદ–હરે–મુરારી–અને નાથ–એ નામો વારંવાર બોલતી, એકાંતિક ભક્તિ; તેના જુવાન થયેલા બંને પૂત્ર, જ્ઞાન અને વૈરાગ્યને; સાથે લેઇને, ત્યાં એકા એક પ્રકટ થઇ. ॥૬૭॥ એ ભાગવતના અર્થ રૂપ ઘરેણાં પેહરેલી, અને શુંદર વેશવાળીને; આવેલી દેખીને; એણે પ્રવેશ કેવી રીતે કર્યો, અને આ મુનિઓના મધ્યમાં; તે કેવા

चिंतातांश्रुत्वासुखमावह ॥५५॥ आगतोऽयंकलिर्घोरोभाविष्यंतिपुनःखलाः॥तत्संगेनैवसंतोऽपिगामिष्यंत्युग्रतांयदा ॥५६॥ तदाभारवतीभूमिर्गोरूपेयंकमाश्रयेत् ॥अन्योनदृश्यतेत्रातात्वत्तःकमललोचनः ॥५७॥ अतःसत्सुदयांकृत्वाभक्तवत्सलमाव्रज॥भक्तार्थंसगुणोजातोनिराकारोऽपिचिन्मयः ॥५८॥ त्वद्वियोगेनतेभक्ताःकथंस्थास्यंतिभूतले॥निर्गुणोपासनेकष्टमतःकिंचिद्विचारय ॥५९॥ इत्युद्धव[illegible]ःश्रुत्वाप्रभासेऽचिंतयद्धरिः॥भक्तावलंबनार्थायकिंविधेयंमयेतिच ॥६०॥स्वकीयंयद्भवेत्तेजस्तच्चभागवतेऽदधात् ॥तिरोधायप्रविष्टोऽयंश्रीमद्भागवतार्णवं॥ ॥६१॥ तेनेयंवाङ्मयीमूर्तिःप्रत्यक्षावर्त्ततेहरेः॥सेवनाच्छ्रवणात्पाठाद्दर्शनात्पापनाशिनी ॥६२॥ सप्ताहश्रवणंतेनसर्वेभ्योऽप्यधिकंकृतं॥साधनानितिरस्कृत्यकलौधर्मोऽयमीरितः॥६३॥ दुःखदारिद्र्यदौर्भाग्यपापप्रक्षालनायच॥ कामक्रोधजयार्थंहिकलौधर्मोयमीरितः॥६४॥ अन्यथावैष्णवीमायादेवैरपिसुदुस्त्यजा॥ कथंत्याज्याभवेत्पुंभिःसप्ताहोतःप्रकीर्तितः ॥६५॥ सूत०एवंनगाहश्रवणोरुधर्मेप्रकाश्यमानेऋषिभिःसभायां॥ आश्चर्यमेकंसमभूत्तदानींतदुच्यतेसंशृणुशौनकत्वं॥६६॥ भक्तिःसुतौतौतरुणौगृहीत्वाप्रेमैकरूपासहसाऽविरासीत् ॥ श्रीकृष्णगोविंदहरेमुरारेनाथेतिनामानिमुहुर्वदंती॥६७॥ तांचागतांभागवतार्थभूषांसुचारुवेषांददृशुःसदस्याः॥ कथंप्रविष्टाकथमागतेयंमध्यंमुनीनामितितर्कयंतः॥६८॥ ऊचुःकुमारावचनंतदानींकथार्थतोनिष्पतिताधुनेयं॥एवंगिरःसाससुतानिशम्यसनत्कुमारंनिजगादनम्रा ॥६९॥ भक्ति० भवद्भिरद्यैवकृतास्मिपुष्टाकलिप्रनष्टाऽपिकथारसेन॥क्वाहंतुतिष्ठाम्यधुनाब्रुवंतुब्राह्मयाइदंतांगिरमूचिरेते॥७०॥ भक्तेषुगोविंदस्वरूपकर्त्रीप्रेमैककर्त्रीभवरोगहंत्री॥सात्वंचतिष्ठस्वसुधैर्यसंश्रयानिरंतरंवैष्णवमानसानि ॥७१॥ ततोऽपिदोषाःकलिजाइमेत्वांद्रष्टुंनशक्ताःप्रभवोऽपिलोके॥ एवंतदाज्ञाऽवसरेऽपिभक्तिस्तदानिषण्णाहरिदासचित्ते॥७२॥ सकलभुवनमध्येनिर्धनास्तेऽपिधन्यानिवसतिहृदियेषांश्रीहरेर्भक्तिरेका॥ हरिरपिनिजलोकंसर्वथातोऽविहायप्रविशतिहृदितेषांभक्तिसूत्रोपनद्धः ७३ ब्रूमोऽद्यतेकिमधिकंमहिमानमेवंब्रह्मात्मकस्यभुविभागवताभिधस्य ॥ यत्संश्रयान्निगदितेलभतेसुवक्ताश्रोतापिकृष्णसमतामलमन्यधर्मैः ॥७४॥ इ०प०उ०भा०मा०तृतीयोऽध्यायः ॥ ३ ॥

પ્રકારે આવી; તેનો સભાસદો, તર્ક કરવા લાગ્યા. ॥૬૮॥ ત્યારે તેમને, સનત્કુમારોએ કહ્યું કે: "એ તો કથાના અર્થ વડેજ, ઉત્પન્ન થઇ છે;" એ તેમનું વચન સાંભળીને ભક્તિએ પોતાના પુત્રો સહિત નમ્રતાથી, સનત્કુમારોને કહ્યું કે: ॥૬૯॥–ભક્તિ–હે બ્રહ્માના પુત્રો, કલિયુગથી નાશ પામેલ જેવી થયેલી, હું ને, હમણાંજ તમે કથા રસ વડે પુષ્ટ કરી છે; તો હવે મારે, ક્યાં રહેવું; તે મને આપજ બતાવો. ॥૭૦॥ ત્યારે સનકાદિકે, તેને જવાબ આપ્યો કે; "હે ગોવિંદ ભગવાન સરખા શુંદર રૂપવાળી–એકાંતિક પ્રેમને ઉત્પન્ન કરનારી–અને સંસાર થવા રૂપ રોગનો નાશ કરનારી–તું ભક્તિએ; ધૈર્ય રાખીને; નિરંતર સાધુ ભક્ત અને વૈષ્ણવોના મનમાંજ, સ્થિર થઇને, રહેવું ॥૭૧॥ એટલે લોક માત્રનો પરાભવ કરનારા, કલિ થકી ઉત્પન્ન થનારા દોષો; તારા સામું જોવાને પણ સમર્થ નહીં થાય; "તેથી એ રીતની તેમની આજ્ઞાને અનુસરીને, ભક્તિએ; ત્યારથીજ હરિ ભગવાનના દાસ જનોના મનને વિશે; વાસ કરેલો છે. ॥૭૨॥ અને એ ભક્તિ રૂપ દોરીથી બંધાઇ ગયેલા, હરિ ભગવાન પણ, પોતાના વૈકુંઠ લોકમાં રહેવાની સાથેજ તેમના હૃદયને વિશે પણ સર્વદા રહે છે; એમ હરિ ભગવાન અને ભક્તિ એકત્રપણે, જેમના હૃદયમાં વસે છે; તેઓ નિર્ધન હોય, તોપણ ધન્ય છે. ॥૭૩॥ જેની કથાનો આશ્રય કરવાથી, કેહેનાર અને સાંભળનાર બંને; શ્રીકૃષ્ણ ભગવાનના સમાન પણાને, પામે છે; અને જેની આગળ બીજા ધર્મો, કશી ગણતીમાંજ નથી; એવા પરબ્રહ્મ સ્વરૂપે, આ પૃથ્વી ઉપર ઓળખાતા શ્રીમદ્ ભાગવતનો; એ પ્રકારનો મહિમા છે; એથી અધિક તમને હું શું કહું. ॥૭૪॥ ઇતિશ્રી૦ભાગવત મહાત્મ્યનો ત્રીજો અધ્યાય સંપૂર્ણ. ॥૩॥

અધ્યાય ૪ થો.–સુત–પછી ભક્ત વત્સળ–વનમાળા ધરનારા–ઘનસ્યામ–પીળા વસ્ત્રવાળા–મનોહર કટિ મેખળાના ઘેરાવથી શુંદર–શોભનાં કુંડળો અને મુકુટવાળા–ત્રિભંગથી દીપતા–શુંદર કૌસ્તુભ મણિથી શોભતા–કોટિ કામદેવ જેવા રૂપાળા–હરિચંદનથી પુજાયલા–પરમાનંદ ચૈતન્ય મૂર્તિ–અને મધુર મોરલીને ધરનારા–

ભગવાને વૈકુંઠ લોકમાં રહેવાની સાથેજ વૈષ્ણવોની અલૌકિક ભક્તિ જોઇને, તેમના નિર્મળ હૃદયને વિષે પણ વાસ કર્યો. ॥૧-૨-૩-૪॥ અને વૈકુંઠવાસીઓ તથા ઉદ્ધવાદિક ભક્તો પણ; એ કથાનું શ્રવણ કરવા સારૂ, ત્યાં ગુપ્ત સ્વરૂપોથી આવ્યા. ॥૫॥ તથા તે વખતે, ત્યાં જય શબ્દ; અલૌકિક રસની પુષ્ટિ; અબિલ, ગુલાલ, અને ફુલનો વરસાદ; તથા વારંવાર શંખનાદ; થવા લાગ્યા ॥૬॥ પછી એ સભામાં બેઠેલાઓને, દેહ-ઘર તથા સ્વશાસ્ત્રાદિકનું સ્મરણ ન થતાં; તેમની તન્મય અવસ્થા થયેલાનું દેખી, નારદજી બોલ્યા કે. ॥૭॥ "હે મુનીશ્વરો સપ્તાહનો મહિમા, હું આજ અલૌકિક જોઉં છું; કે જે થકી, મૂઢ-શઠ-અને પશુપક્ષી આદિ પણ અત્યંત નિષ્પાપ થાય છે ॥૮॥ કલિયુગમાં ચિત્તને શુદ્ધ અને પવિત્ર કરનાર, તથા પાપના પુંજનો (ઢગલાનો) નાશ કરનાર; આ પૃથ્વી ઉપર મનુષ્ય લોકને વિષે, આ ભાગવતની કથા સમાન; બીજું કાંઇ નથી, નથી, ને નથીજ

सूत० अथवैष्णवचित्तेषुदृष्ट्वाभक्तिमलौकिकीं ॥ निजलोकंपरित्यज्य
कलापरुचिरोल्लसन्मुकुटकुंडलः॥२॥ त्रिभंगललितश्चारुकौस्तुभेन
र्तिर्मधुरोमुरलीधरः॥ आविवेशस्वभक्तानांहृदयान्यमलानिच॥४॥व
ताः॥५॥ तदाजयजयारावोरसपुष्टिरलौकिकी ॥ चूर्णप्रसूनवृष्टिश्च
दृष्ट्वाचतन्मयावस्थांनारदोवाक्यमब्रवीत्॥७॥ अलौकिकोऽयंमहि
ऽत्रसर्वेपिनिष्पापतमाभवंति॥८॥ अतोनृलोकेननुनास्तिकिंचिच्चि
चान्यत्॥९ केकेविशुद्ध्यंतिवदंतुमह्यंसप्ताहयज्ञेनकथामयेन॥कृपालु
वाःपापकृतस्तुसर्वेदासदादुराचाररताविमार्गगाः ॥ क्रोधाग्निदग्धा
दूषकास्तृष्णाकुलाश्चाश्रमधर्मवर्जिताः॥ येदांभिकामत्सरिणोऽपिहि
क्रूराःपिशाचाइवनिर्दयाश्चये॥ ब्रह्मस्वपुष्टाव्यभिचारकारिणःसप्ता
शठाहठेनये॥ परस्वपुष्टामलिनादुराशयाःसप्ताहयज्ञेनकलौपुनंति
निःप्रजायते॥१५॥ तुंगभद्रातटेपूर्वमभूत्पत्तनमुत्तमं॥यत्रवर्णाःस्व
श्रौतस्मार्तेषुनिष्णातोद्वितीयइवभास्करः ॥१७॥ भिक्षुकोवित्तवा
॥१८॥ लोकवार्त्तारताक्रूराप्रायशोबहुजल्पिका॥ शूरःचगृहकृत्ये
कामास्तयोरासन्नसुखायगृहादिकं ॥२०॥ पश्चाद्धर्माःसमारब्धा
नार्द्धंधर्ममार्गेणताभ्यांनीतंतथाऽपिच॥नपुत्रोनापिवापुत्रीततश्चिंत

નિત્ય પાપ કરનારા-શઠ-પારકા ધનાદિકથી પુષ્ટ થનારા-અને મલિન તથા દુષ્ટ અંતઃકરણ વાળાઓ પણ, કળિયુગમાં સપ્તાહ યજ્ઞવડે, પવિત્ર થઇ જાય છે. ॥૧૪॥ આ ભાગવતમાં, જેના શ્રવણ માત્રથી પાપનો નાશ થાય છે; એવો એક પુરાતન ઇતિહાસ, અમે કહીએ છીએ. ॥૧૫॥ પેહેલાં તુંગભદ્રા નદીને કાંઠે, એક ઉત્તમ નગર હતું; ત્યાંની સઘળી વર્ણો, સત્ય અને સતકર્મમાં તત્પર રહીને, સ્વધર્માચરણ કરનારી હતી. ॥૧૬॥ એ નગરમાં બીજા સૂર્ય જેવો-શ્રોત અને સ્માર્ત કર્મોમાં નિષ્ણાત-સર્વ વેદને જાણનારો-અને લોકમાં ધનવાન હોવા છતાં ભિક્ષાની વૃત્તિવાળો; આત્મ દેવનામે, એક બ્રાહ્મણ રેહેતો હતો. તેને ધુંધલી નામે, સ્ત્રી હતી; એ સ્ત્રી ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલી-હમેશાં પોતાનું બોલેલું ખરૂં કરનારી-લોકની વાતો કરવામાં પ્રીતિવાળી-ક્રૂર-બહુ બોલનારી-ઘર કામ કરવામાં શૂરી પૂરી-લોભી-અને વિશેષે કરીને ટંટો કરવામાંજ

॥૯॥ લોકના હિતનો વિચાર કરીને, આપ કૃપાળુઓએ; આ કોઇ નવીન માર્ગનોજ પ્રકાશ કરેલો છે; તો એ સપ્તાહની કથાના યજ્ઞવડે, કોણ કોણ શુદ્ધ થઇ ગયા છે. તે આપ મને કહી સંભળાવો. ॥૧૦॥-સનત્કુમાર-સર્વદા પાપ કરનારા-દુરાચારમાં સદા પ્રીતિવાળા-અવળે માર્ગે ચાલનારા-ક્રોધાગ્નિથી બળતા-અને કુટિલ તથા કામી,-એવા લોકો પણ, કળિયુગમાં, આ સપ્તાહ યજ્ઞથી; પવિત્ર થઇ જાય છે. ॥૧૧॥ સત્ય વિનાના-માબાપને કલંક લગાડનારા-તૃષ્ણાથી વ્યાકુળ-આશ્રમાદિક ધર્મથી રહિત-દંભિક-મત્સરી-અને હિંસા કરનારાઓ પણ, આ સપ્તાહ યજ્ઞવડે, કળિયુગમાં, પવિત્ર થાય છેજ. ॥૧૨॥ પાંચ મોટાં પાપ કરનારા-છળ અને કપટ કરનારા-ક્રૂર-પિશાચ જેવા નિર્દય-બ્રાહ્મણના ધનવડે પુષ્ટ થયેલા-અને વ્યભિચારીઓ પણ; આ સપ્તાહ યજ્ઞવડે, પવિત્ર થઇ જાય છે. ॥૧૩॥ મન વાણી, અને શરીરથકી, હઠવડે

भगवान्भक्तवत्सलः॥१॥ वनमालीघनश्यामःपीतवासामनोहरः॥कांची
विराजितः॥कोटिमन्मथलावण्योहरिचंदनचर्चितः॥३॥ परमानंदचिन्मू
कुंठवासिनोयेचवैष्णवाउद्धवादयः ॥ तत्कथाश्रवणार्थंतेगूढरूपेणसंस्थि
हुःशंखरवोऽप्यभूत्॥६॥ तत्सभासंस्थितानांचदेहगेहात्मविस्मृतिः ॥
मामुनीश्वराःसप्ताहजन्योऽद्यविलोकितोमया ॥ मूढाःशठायेपशुपक्षिणो
त्स्यशोधायकलौपवित्रं॥ अघौघविध्वंसकरंतथैवकथासमानंभुविनास्ति
भिर्लोकहितंविचार्यप्रकाशितःकोपिनवीनमार्गः॥१०॥कुमारा०येमान
कुटिलाश्चकामिनःसप्ताहयज्ञेनकलौपुनंतिते॥११ सत्येनहीनाःपितृमातृ
सकाःसप्ताहयज्ञेनकलौपुनंतिते ॥१२॥ पंचोग्रपापाच्छलछद्मकारिणः
यज्ञेनकलौपुनंतिते ॥१३॥ कायेनवाचामनसाऽपिपातकंनित्यंप्रकुर्वंति
ते॥१४॥ अत्रतेकीर्तयिष्यामइतिहासंपुरातनं॥ यस्यश्रवणमात्रेणपापहा
धर्मेणसत्यसत्कर्मतत्पराः॥१६॥ आत्मदेवःपुरेतस्मिन्सर्ववेदविशारदः ॥
लोकेतत्प्रियाधुंधुलीस्मृता ॥ स्ववाक्यस्थापिकानित्यंसुंदरीसुकुलोद्भवा॥
कृपणाकलहप्रिया॥१९॥एवंनिवसतोःप्रेम्णादंपत्योरममाणयोः॥अर्थाः
स्ताभ्यांसंतानहेतवे॥गोभूहिरण्यवासांसिदीनेभ्योपच्छतःसदा॥२१॥ ध
तुरोभृशं॥२२॥ एकदासद्विजोदुःखाद्गृहंत्यक्त्वावनंगतः॥मध्यान्हेतृषितो

ખુશી થનારી હતી. ॥૧૭-૧૮-૧૯॥ એ રીતેનાં તે એક સ્ત્રી પુરૂષ પ્રેમથી વસીને, રમણ કરતાં હતાં; છતાં એ ધન-કામ અને ઘર આદિક, તેને સુખ આપનાર થતાં નહોતાં; ॥૨૦॥ તેથી તે બ્રાહ્મણે પાછળથી, ધર્મ કર્મનો આરંભ કરીને; સંતાન થવાની ઇચ્છાથી, ગાયો-જમીન-સોનું અને લુગડાં વિગેરે; ગરીબોને સર્વદા આપવા માંડયું. ॥ ૨૧ ॥ એ રીતના ધર્મકાર્યમાં, તેનું અરધું ધન ખપી ગયું; પણ પુત્ર અગર પુત્રી થઇ નહીં; ત્યારે તે બ્રાહ્મણ, ઘણો ચિંતાતુર થયો. ॥૨૨॥ અને એક દિવસે તે ઘરને તજીને, વનમાં ચાલ્યો ગયો; અને ત્યાં મધ્યાન્હ સમયે, તરસ્યો થવાથી; એક તળાવ ઉપર ગયો. ॥૨૩॥ તે સ્થળે જળ પીધા પછી સંતાન નહોવાના દુખથી દુબળો થયેલો તે; એ ઘડીવાર ખેદ પામતો, ઉભો રહ્યો; એટલામાં કોઇ સંન્યાસી ત્યાં આવી ચઢયો. ॥૨૪॥ તેને પાણી પીતો જોઇને, બ્રાહ્મણ તેની પાસે ગયો; અને તેના ચરણમાં પડી

નમસ્કાર કરીને, નિસાસો મુકી સામો ઉભો રહ્યો. ॥૨૫॥ યતિ–હે બ્રાહ્મણ તું કેમ રૂવે છે. તને બળ ચિંતા શીછે. મને તું ઉતાવળોજ પોતાના દુઃખનું કારણ જણાવ. ॥ ૨૬ ॥ બ્રાહ્મણ–હે મુનિ, મારા દુ વાત શું કહું; મેં પૂર્વે સંચય કરેલા પાપથી, મારા પૂર્વજો કવ્ય અને જળ; ઉનાં ઉનાંજ (આંખ્યોનાં-અ પામે છે. ॥૨૭॥ તથા દેવ અને દ્વિજો મારા આપેલા, અન્નાદિકને પ્રીતિથી લેતા નથી; તેથી પ્રજાના દુ શૂન્યકાર થયેલો હું, પ્રાણ ત્યાગ કરવાને માટે; અહીંયાં આવ્યો છું ॥ ૨૮ ॥ સંતાન વિનાના નરને ધિક્કાર છે; પ્રજા વિનાના, ઘરને ધિક્કાર છે; સંતાન વિનાના ધનને ધિક્કાર છે; અને સંતતિ વિના કુળને પણ ધિક્કાર છે. ॥ ૨૯ ॥ મેં પાળેલી ગાય, ઘણું કરીને વાંઝણી રહે છે; અને મારું વાવેલું પણ, વાંઝિયુંજ થાય છે. ॥૩૦॥ તે મારે ઘેર આવેલું ફળ, તુરતજ સૂકાઇ જાય છે; માટે છોકરાં

નાના અભાગિયા જીવતર થકી, મને શું ફળ છે.॥૩૧॥ એ પ્રમાણે બોલી, દુઃખથી પીડાયલા તેણે; એ સંન્યાસીના સમક્ષ મોટે સાદે રડવાથી સંન્યાસીના મનમાં, ઘણી દયા ઉત્પન્ન થઇ ॥૩૨॥ તેથી યોગને જાણનારા તેણે, એ બ્રાહ્મણના કપાળને તપાસી તેનું નસીબ જાણી લેઇને, પછી બ્રાહ્મણને; તે બધું વિસ્તારથી કહી સંભળાવ્યું કે. ॥૩૩॥–યતિ–કર્મની ગતિ બળવાન છે, માટે પ્રજા રૂપ અજ્ઞાનને તું તજી દેઃ અને વિવેક રાખીને સંસારની વાસનાનો ત્યાગ કરય. ॥૩૪॥ હે બ્રાહ્મણ, સાંભળ; તારા પ્રારબ્ધનો મેં હમણાંજ તપાસ કર્યો છે. તેમાં સાત જન્મ સુધી તને પુત્ર નથીને નથીજ. ॥ ૩૫ ॥ પૂર્વે સગર રાજા અને અંગરાજ; સંતાન થકીજ દુખી થયા હતા, માટે તું કુટુંબની આશાને મૂકી દે; સંન્યાસથકીજ સર્વદા સુખ છે ॥૩૬॥–બ્રાહ્મણ–વિવેકથકી મને શો લાભ છે? બળ કરીને પણ; મને પુત્ર આપો: નહીં તો શોક થકી મૂર્છા પામેલો હું

जातस्तडागंसमुपेयिवान् ॥२३॥ पीत्वाजलंविषण्णस्तुप्रजादुःखे नकर्शितः॥मुहूर्त्तादपितत्रैवसंन्यासीकश्चिदागतः॥२४॥ दृष्ट्वापीतजलंतंतु

विप्रोयातस्तदंतिकं॥नत्वाचपदयोस्तस्यनिःश्वसन्संस्थितःपुरः ॥२५॥ यति०कथंरोदिषिविप्रत्वंकातेचिंताबलीयसी॥वदत्वंसत्वरंमह्यंस्व

स्यदुःखस्यकारणं॥२६॥ ब्राह्मण०किंब्रवीमिऋषेदुःखंपूर्वपापेनसंचितं॥मदीयाःपूर्वजास्तोयंकवोष्णमुपभुंजते ॥२७॥ मद्दत्तंनैवगृण्हंतिप्री

त्यादेवाद्विजातयः॥ प्रजादुःखेनशून्योऽहंप्राणांस्त्यक्तुमिहागतः॥२८॥ धिग्जीवितंप्रजाहीनंधिग्गृहंचप्रजांविना ॥ धिग्धनंचानपत्यस्यधि

क्कुलंसंततिंविना॥२९॥ पालयतेयामयाधेनुःसावंध्यासर्वथाभवेत्॥योमयारोपितोवृक्षःसोऽपिवंध्यत्वमाश्रयेत्॥३०॥ यत्फलंमद्गृहायातंशीघ्रं

तच्चविशुष्यति॥निर्भाग्यस्यानपत्यस्यकिमतोर्जीवितेनमे ॥३१॥ इत्युक्त्वासरुरोदोच्चैस्तत्पार्श्वेदुःखपीडितः ॥ तदातस्ययतेश्चित्तेकरुणाऽभूद्ग

रीयसी॥३२॥ तद्भालाक्षरमालांचवाचयामासयोगवान्॥सर्वज्ञात्वायतिःपश्चाद्द्विममुचेसविस्तरं ॥३३॥ यति०मुंचाज्ञानंप्रजारूपंबलिष्ठाक

र्मणोगतिः॥ विवेकंतुसमासाद्यत्यजसंसारवासनां ॥३४॥ शृणुविप्रमयातेद्यप्रारब्धंतुविलोकितं॥ सप्तजन्मावधितवपुत्रोनैवचनैवच॥३५॥

संततेःसगरोदुःखमवापांगःपुरातथा॥ रेमुंचाद्यकुटुंबाशांसंन्यासेसर्वथासुखं॥३६॥ ब्राह्मण०विवेकेनभवेत्किंमेपुत्रंदेहिबलादपि॥ नोचेत्त्य

जाम्यहंप्राणांस्त्वदग्रेशोकमूर्च्छितः॥३७॥ पुत्रादिसुखहीनोऽयंसंन्यासःशुष्कएवहि॥ गृहस्थःसरसोलोकेपुत्रपौत्रसमन्वितः॥३८॥ इतिवि

प्राग्रहंदृष्ट्वाप्राब्रवीत्सतपोधनः ॥ चित्रकेतुर्गतःकष्टंविधिलेखाविमार्जनात् ॥३९॥ नयास्यसिसुखंपुत्राद्यथादैवहतोद्यमः ॥ अतोहठेनयुक्तो

ऽसिह्यर्थिनंकिंवदाम्यहं॥४०॥ तस्याग्रहंसमालोक्यफलमेकंसदत्तवान्॥इदंभक्षयपत्न्यात्वंततःपुत्रोभविष्यति ॥४१॥ सत्यंशौचंदयादानमे

कभुक्तंतुभोजनं॥ वर्षावधिस्त्रियाकार्यंतेनपुत्रोऽतिनिर्मलः॥४२॥ एवमुक्त्वाययौयोगीविप्रस्तुगृहमागतः॥पत्न्याःपाणौफलंदत्वास्वयंयातस्तु

कुत्रचित्॥४३॥ तरुणीकुटिलातस्यसख्यग्रेचरुरोदह ॥ अहोचिंतामभोत्पन्नाफलंचाहंनभक्षये ॥४४॥ फलभक्ष्येणगर्भःस्याद्गर्भेणोदरवृद्धि

ता॥ स्वल्पभक्ष्यंततोऽशक्तिर्गृहकार्यंकथंभवेत् ॥४५॥ दैवाद्धाटींव्रजद्ग्रामेपलायेद्गर्भिणीकथं॥ शुकवन्निवसेद्गर्भस्तंकुक्षेःकथमुत्सृजेत् ॥ ४६ ॥

तिर्यक्चेदागतोगर्भस्तदामेमरणंभवेत् ॥ प्रसूतौदारुणंदुःखंसुकुमारीकथंसहे ॥४७॥ मंदायांमयिसर्वस्वंननंदासंहरेत्तदा॥ सत्यशौचादिनि

નો તમારી સામેજ પ્રાણ ત્યાગ કરીશ. ॥૩૭॥ પુત્રાદિકના સુખ વિનાનો; સન્યાસ તો સુકો છે; પણ પુત્ર અને પૌત્રાદિકથી ભરપુર એવો ગૃહસ્થાશ્રમજ રસવાળો છે. ॥૩૮॥ ત્યારે એ રીતનો તે બ્રાહ્મણનો આગ્રહ દેખી, તે તપસ્વી બોલ્યો કે; "વિધિના લેખનું ઉલંઘન કરવાથી; ચિત્રકેતુ રાજાપણ દુઃખજ પામ્યો હતો. ॥૩૯॥ માટે દૈવે નાશ કરેલા ઉદ્યમીની પેઠે તું હઠ કરતારાને; પુત્ર થવા થકી પણ; શું સુખ મળવાનું છે; માટે તું અર્થીને; હું હવે શું કહું." ॥૪૦॥ પછી તેનો અત્યાગ્રહ જોઇ, સંન્યાસીએ, તેને એક ફળ આપ્યું; અને કહ્યું કે; "એ તારી સ્ત્રીને ખવરાવજે, એટલે તે થકી તેને પુત્ર થશે." ॥૪૧॥ અને સત્ય–શૌચ–દયા અને દાન તથા એકવાર જમવું; એ રીતનું એક વરસ સુધી વ્રત રાખવા થકી, તે પુત્ર અતિનિર્મળ થશે. ॥૪૨॥ એટલું કહીને, તે યોગી ચાલ્યો ગયો; અને બ્રાહ્મણે પોતાને ઘેર જઇને, સ્ત્રીના હાથમાં ફળ આપ્યું; તથા

બધી વાત કહીને, તે કોઇ કામે બહાર ગયો. ॥ ૪૩ ॥ ત્યારે તેની જુવાન અને કુટિલ સ્ત્રીએ, સાહેલીની પાસે રોવા લાગીને, કહ્યું કેઃ " મને તો આ થકી, ચિંતા ઉત્પન્ન થઇ છે; હું તો એ ફળ ખાનારી નથી. ॥૪૪॥ ફળ ખાવાથી ગર્ભ રહે–ગર્ભ થકી પેટ વધે અને થોડું ખવાય–તથા તેથી અશક્ત થવાથી મારાથકી ઘરનું કામકાજ થઇ શકે નહીં. ॥૪૫॥ કદાચ દૈવ ઇચ્છાથી, ગામમાં ચોરનું ધાડું પડે તો; ગર્ભવાળી સ્ત્રીથી કેવી રીતે દોડીને નાસી જવાય.? અને પાંજરામાંના પોપટના પેઠે, પેટમાં રહેલા ગર્ભને; પછીથી કેવી રીતે કાઢી શકાય. ॥૪૬॥ કદાચ ગર્ભ આડો આવે, તો તે થકી મારૂં મરણ પણ થાય; તેમજ જણતી વખતે, ભારે દુખ થાયછે; તે; અતિ કોમળ અંગવાળી હું, કેવી રીતે ખમી શકું. ॥૪૭॥ વળી હું શક્તિ હીન થાઉં ત્યારે નણંદ આવીને, મારૂં સર્વસ્વ લેઇ જાય; અને સત્ય–શૌચ–આદિ નિયમો પાળવાના કહે છે; તે

પણ, મારાથી ન પાળી શકાય; એવા મને તે લાગે છે. ॥૪૮॥ જણતી સ્ત્રીને છોકરાંનું પાલન કરવામાં અને રમાડવા વિગેરેમાં પણ, ઘણુંજ દુઃખ છે; માટે હું તો માનુંછું કે, વિધવાઓ અને વાંજણી સ્ત્રીઓજ સુખી છે' ॥૪૯॥ આ રીતના કુતર્ક કરીને, તેણે એ ફળ ખાધું નહીં; અને તેના ધણીએ પૂછયું, ત્યારે તેણે (જુઠું) કહ્યું કે; "મેં ફળ ખાધું છે." ॥૫૦॥ પછીથી એક દિવસે તેણીની બેહેન સ્વઇચ્છાથી; ત્યાં આવતાં; પોતને આ મોટી ચિંતા થયાની સર્વ વાત, તેણીએ તેની પાસે કહી. ॥૫૧॥ અને બોલીકે; "હે નાની બેહેન, આ દુઃખે દુબળી થતી જાઉંછું; હવે હું કેમ કરૂં?" ત્યારે તેણે કહ્યું કે; "મને પણ ગર્ભ છે, તે હું જણીશ ત્યારે તને આપીશ. ॥૫૨॥ તું એટલા વખત સુધી સગર્ભાની પેઠે, ઘરની અંદર ગુપ્તપણાથી, સુખે રહે; અને મારા ધણીને, તું ધન આપજે; એટલે તે તને બાળક આપશે ॥૫૩॥ અને મારો બાળક, છ મહીનાનો થઈને મરી ગયાની વાત; લોકોમાં ચાલશે; તથા તારે ઘેર રોજ આવીને હું એ બાળકનું પોષણ કરીશ; ॥૫૪॥ ફળની પરીક્ષા જોવા માટે, તું હમણાંજ એ ફળ ગાયને ખવરાવજે." પછી ધુંધલીએ સ્ત્રી સ્વભાવ થકી, સઘળું એ રીતેજ કર્યું ॥૫૫॥ અને તે પછી સમય થયો, ત્યારે ધુંધલીની બેહેને બાળક જણ્યો; અને તેના બાપે છાનામાના લેઇ જઇને, તે ધુંધલીને આપ્યો; ॥૫૬॥ ત્યારે ધુંધલીએ તેના ધણીને કહ્યું કે; "સુખ થકીજ પુત્ર જન્મ્યો છે:" તેથી આત્મદેવને આ રીતે છોકરાની પ્રજા થવાથી; લોકો રાજી થયા. ॥૫૭॥ અને આત્મદેવે જાતકર્મનો સંસ્કાર કરીને, બ્રાહ્મણોને દાન આપ્યાં; તથા તેને ઘેર ગીત અને વાજીંત્રનો મોટો શબ્દ થઈને, મંગળ વરતાઇ રહ્યું. ॥૫૮॥ પછી ધુંધલીએ તેના સ્વામીને કહ્યું કે; "તેની ધાઈઓમાં દૂધ નથી, તેથી દૂધ વિનાની હું, બીજા દૂધથી બાળકનું પોષણ કેવે પ્રકારે કરી શકીશ? ॥૫૯॥ મારી બેહેને જણેલું બાળક

यैमोदुराराध्यःसदृश्यते॥४८॥ लालनेपालनेदुःखंप्रसूतायाश्चवर्त्त ता॥वंध्यावाविधवानारीसुखिनीचेतिमेमतिः॥४९॥एवंकुतर्कयोगेनतत्फलं
नैवभक्षितं॥पत्यापृष्टंफलंभुक्तंभुक्तंचेतितयेरितं ॥५०॥ एकदाभगि नीतस्यास्तद्गृहंस्वेच्छयागता॥तदग्रेकथितंसर्वंचिंतेयंमहतीहिमे ॥५१॥
दुर्बलातेनदुःखेनह्यनुजेकरवाणिकिं॥साऽब्रवीन्ममगर्भोऽस्तितंदा स्यामिप्रसूतितः॥५२॥ तावत्कालंसगर्भेवगुप्तातिष्ठगृहेसुखं॥ वित्तंत्वंमत्प
तेर्यच्छसतेदास्यतिबालकं ॥५३॥ षाण्मासिकोमृतोबालइतिलो कोवदिष्यति॥ तंबालंपोषयिष्यामिनित्यमागत्यतेगृहे ॥५४॥ फलमर्पय
धेन्वैत्वंपरीक्षार्थंतुसांप्रतं॥ तत्तदाचरितंसर्वंतथैवस्त्रीस्वभावतः॥५[५]॥ अथकालेनसानारीप्रसूताबालकंतदा॥ आनीयजनकोबालंरहस्येधुंधु
लींददौ॥५६॥ तयाचकथितंभर्त्रेप्रसूतःसुखमर्भकः॥लोकस्यसुख [मु]त्पन्नमात्मदेवप्रजोदयात्॥५७॥ ददौदानंद्विजातिभ्योजातकर्मविधायच
॥ गीतवादित्रघोषोऽभूत्तद्द्वारेमंगलंबहु॥५८॥ भर्त्तुरग्रेऽब्रवीद्वाक्यं [स्]तन्यंनास्तिकुचेमम ॥ अन्यस्तन्येननिर्दुग्धाकथंपुष्णामिबालकं ॥५९॥
मत्स्वसाधाःप्रसूतायामृतोबालस्तुवर्त्तते ॥ तामाकार्यगृहेरक्षसाते ऽर्भपोषयिष्यति ॥६०॥ पतिनातत्कृतंसर्वंपुत्ररक्षणहेतवे॥पुत्रस्यधुंधुका
रीतिनाममात्राप्रतिष्ठितं ॥६१॥ त्रिमासेनिर्गतेचाथसाधेनुःसुषुवे ऽर्भकं॥सर्वांगसुंदरंदिव्यंनिर्मलंकनकप्रभं॥६२॥दृष्ट्वाप्रसन्नोविप्रस्तुसंस्का
रान्स्वयमादधे॥मत्वाश्चर्यंजनाःसर्वेदिदृक्षार्थंसमागताः॥६३॥ भा ग्योदयोऽधुनाजातआत्मदेवस्यपश्यत ॥ धेन्वाबालःप्रसूतस्तुदेवरूपीति
कौतुकं ॥६४॥ नज्ञातंतद्रहस्यंतुकेनापिविधियोगतः॥गोकर्णंच सुतंदृष्ट्वागोकर्णंनामचाकरोत्॥६५॥ कियत्कालेनतौजातौतरुणौतनयावु
भौ॥गोकर्णःपंडितोज्ञानीधुंधुकारीमहाखलः ॥६६॥ स्नानशौचक्रि याहीनोदुर्भक्षीक्रोधसंयुतः॥दुष्परिग्रहकर्त्ताचशवहस्तेनभोजनः॥६७॥
चोरःसर्वजनद्वेषीपरवेश्मप्रदीपकः॥लालनायार्भकान्धृत्वासद्यःकू पेनिपातयत्॥६८॥ हिंसकःशस्त्रधारीचदीनांधानांप्रपीडकः॥चांडालाभि
रतोनित्यंपाशहस्तश्वसंगतः ॥६९॥ तेनवेश्याकुसंगेनपैत्र्यंवित्तं तुनाशितं॥ एकदापितरौताड्यपात्राणिस्वयमाहरत्॥७०॥ तत्पिताकृपणः
प्रोच्चैर्धनहीनोरुरोदह॥वंध्यत्वंतुसमीचीनंकुपुत्रोदुःखदायकः ॥७१॥ क्वतिष्ठामिक्वगच्छामिकोमेदुःखंव्यपोहयेत्॥प्राणांस्त्यजामिदुःखेनहा

મરી ગયું છે. માટે તેને એ કામ સારૂ, આપણા ઘરમાં રાખો; એટલે બાળકનું પોષણ તે કરશે." ॥૬૦॥ તેના સ્વામીએ પુત્રનું રક્ષણ થવા સારૂ, તે પ્રમાણે કર્યું: અને તે છોકરાનું નામ ધુંધુકારી પાડયું; ॥૬૧॥ ત્રણ મહિને પેલી ગાયે પણ, એક બાળકને જન્મ આપ્યો: તે બાળક સર્વ અંગો થકી રૂપાળો, અને દિવ્ય સોનાજેવો પ્રકાશિત હતો. ॥૬૨॥ તેને જોવાથી પ્રસન્ન થયેલા, આત્મદેવે પોતેજ તેના પણ, સંસ્કાર કર્યા; અને એ આશ્ચર્ય થયેલું જાણીને, સર્વ લોકો; તેને ઘેર જોવા સારૂ આવવા લાગ્યા. ॥૬૩॥ અને તેઓ કહેવા લાગ્યા કે "હાલમાં આત્મદેવના ભાગ્યનો ઉદય થયો છે, કે જેથી ગાયે પણ, દેવજેવો રૂપાળો બાળક જણ્યો છે; આતો મોટું કૌતુક થયું છે. ॥૬૪॥ અને એ દૈવગતિથી બનેલી છાની વાતની કોઇને ખબર પડી નહીં; એના કાન ગાયના સરખા હોવાથી, તેનું નામ ગોકર્ણ રાખવામાં આવ્યું. ॥૬૫॥ પછીથી કેટલોક વખત જતાં, એ બંને પુત્ર જુવાન થયા; ગોકર્ણ પંડિત અને જ્ઞાની થયો, તથા ધુંધુકારી તો મહાખળ થયો.

॥૬૬॥ અને તે અભક્ષ વસ્તુઓને ખાનારો–ક્રોધી–નઠારાં દાન લેનારો–મુડદાના હાથમાં થકી ખાનારો–ચોરી કરનારો–સર્વ લોકનો દ્વેષ કરનારો–પારકાં ઘરોમાં આગ લગાડનારો–સ્નાન, શૌચ અને ક્રિયા આદિથકી રહિત–રમતાં બાળકોને પકડીને કૂવા આદિમાં નાંખી દેનારો–હિંસા કરનારો–હથિયાર બાંધનારો–ગરીબ અને આંધળા આદિને પિડા કરનારો–અને હાથમાં પાશ લેઇને નિત્ય ચંડાળોની સાથે જવામાં પ્રીતિવાળો, એવો થયો. ॥૬૭. ૬૮–૬૯॥ અને તેણે વેશ્યાઓનો સંગ કરીને, પિતાના ધનનો નાશ કર્યો; તથા એક દહાડો તો, તે પોતાના માબાપને મારીને; ઘરની અંદરનાં વાસણ કુસણ પણ લઇ ગયો.॥૭૦॥ત્યારે નિર્ધન થયેલો તેનો રાંક બાપ મોટે ધાંટે રોવા લાગ્યો કે. "આ દુઃખ દેનારા કુપુત્ર કરતાં તો, વાંઝ્યાપણું ઘણુંજ સારૂં હતું. ॥૭૧॥ હવે હું કયાં જાઉં અને કયાં રહું; મારૂં દુઃખ કોણ મટાડે? મને આ કષ્ટ ઉત્પન્ન થયું છે, તેથીજ મારા પ્રાણ જશે." ॥૭૨॥ ત્યારે જ્ઞાનવાન ગોકર્ણે આવીને પિતાને વૈરાગ્ય દેખાડીને, બોધ કર્યો કે. "આ સંસાર, દુઃખ રૂપ–મોહને

ઉત્પન્ન કરનાર—અને અસારજ છે; દીકરો કોનો છે ! અને ધન પણ કોનુ છે ! માટે તેમને વિષે સ્નેહ રાખનારાઓ અહરનીશ બળ્યાંજ કરે છે. ॥૭૩–૭૪॥ ઇંદ્રને તથા ચક્રવર્તિ રાજાઓ આદિને પણ, લગ્ન સુખ નથી; પણ સુખતો. એકાંતમાં રહેનારા વૈરાગ્યવાન મુનિઓનેજ છે. ॥૭૫॥ માટે આ પ્રજારૂપ અજ્ઞાની ને તજીને, તમે સર્વનો ત્યાગ કરી, વનમાંજ ચાલ્યા જાઓ; કેમકે આ પ્રકારનાં મોહ થકી તો, શરીર પડે ગયા પછી, નરકમાંજ પડાય છે." ॥૭૬॥ તેનું એ વચન સાંભળી, વનમાં જવાની ઇચ્છા કરીને, તેણે તેવ, કહ્યું કે. "હે ભાઈ વનમાં જઈને, મારે શું કરવું: તેનું તત્વ, તું મને વિસ્તારથી કહે. ॥૭૭॥ હે દયાનિધિ પાંગળો—શઠ—અને સ્નેહના પાશ થકી બંધાયલો—હું, મારાં કર્મો વડેજ, અંધારા કુવામાં પડ્યો છું; તેને તું ઉદ્ધાર કાઢ્ય;" ॥૭૮॥—ગોકર્ણ—આ હાડકાં—માંસ—અને લોહીથી ભરેલા શરીરનું, અભિમાન તજીને; અને સ્ત્રી પુત્રાદિકની, મમતાનો ત્યાગ કરીને; તથા આ જગત સર્વ કાળ ક્ષણભંગુરજ છે, એમ જાણીને: તમે સર્વદા વૈરાગ્યને વિશે પ્રીતિવાળા થાઓ. અને રસિક કથાઓ તથા ભક્તિ વિશેજ નિષ્ઠા રાખો.॥૭૯॥ અને વિષયાદિકની તૃષ્ણાને તજીને, તથા લૌકીક ધર્મોનો ત્યાગ કરીને; સાધુ પુરૂષોની સેવા કરવા રૂપ ધર્મનુંજ, સર્વ કાળ આચરણ કરો; તથા બીજાઓના ગુણ અને દોષના ચિંતવનને છોડી દઈને; ઉતાવળાજ ભગવાનની કથાઓનું. સેવન કરનારા થાઓ: અને તેનાજ રસને રાતદિવસ પીધા કરો. ॥૮૦॥—સનત્કુમાર—એ રીતે દીકરાએ કહેવાથી પરવશ થયેલો, અને સાઠ વરસનો તે આત્મદેવ, ઘરને તજીને, સ્થિર બુદ્ધિથી વનમાં ચાલ્યો ગયો; અને જીતેંદ્રિય થઈ હરિ ભગવાનની સેવા રૂપ, દશમસ્કંધનો પાઠ નિયમિત રીતે કરવા વડે; શ્રી કૃષ્ણ ભગવાનના પદને, પામી ગયો. ॥૮૧॥ ઇતિ શ્રી૦ ભાગવત મહાત્મ્યનો ચોથો અધ્યાય સંપૂર્ણ. ॥ ૪ ॥

कष्टंममसंस्थितं ॥७२॥ तदानींतुसमागत्यगोकर्णोज्ञानसंयुतः॥ बोधयामासजनकंवैराग्यंपरिदर्शयन्॥७३॥असारःखलुसंसारोदुःखरूपी
विमोहकः॥सुतःकस्यधनंकस्यस्नेहवान्ज्वलतेऽनिशं ॥७४॥ नचेंद्रस्यसुखंकिंचिन्नसुखंचक्रवर्तिनः॥सुखमस्तिविरक्तस्यमुनेरेकांतजीविनः॥
॥७५॥ मुंचाज्ञानंप्रजारूपंमोहतोनरकेगतिः॥निपतिष्यतिदेहोऽयंसर्वंत्यक्त्वावनंव्रज ॥७६॥ तद्वाक्यंतुसमाकर्ण्यगंतुकामःपिताऽब्रवीत् ॥
किंकर्त्तव्यंवनेतात तत्त्वंवदसविस्तरं ॥७७॥ अंधकूपेस्नेहपाशैर्बद्धःपंगुरहंशठः॥कर्मणापतितोनूनंमामुद्धरदयानिधे॥७८॥ गोकर्ण० देहेऽस्थि
मांसरुधिरेऽभिमतिंत्यजत्वंजायासुतादिषुसदाममतांविमुंच॥पश्यानिशंजगदिदंक्षणभंगनिष्ठंवैराग्यरागरसिकोभवभक्तिनिष्ठः ॥७९॥ धर्मं
भजस्वसततंत्यजलोकधर्मान्सेवस्वसाधुपुरुषान्जहिकामतृष्णां॥अन्यस्यदोषगुणचिंतनमाशुमुक्त्वासेवाकथारसमहोनितरांपिबत्वं ॥८०॥
एवंसुतोक्तिवशतोऽपिगृहंविहाययातोवनंस्थिरमतिर्गतषष्ठिवर्षः ॥ युक्तोहरेरनुदिनंपरिचर्ययासौश्रीकृष्णमापनियतंदशमस्यपाठात् ॥८१॥
इतिश्रीपद्मपुराणेउत्तरखंडेश्रीभागवतमाहात्म्येविप्रमोक्षोनामचतुर्थोऽध्यायः ॥४॥
सूत० पितर्युपरतेतेनजननीताडिताभृशं॥ क्ववित्तंतिष्ठतेब्रूहिहनिष्येलत्तयानचेत्॥१॥ इतितद्वाक्यसंत्रासाज्जनन्यापुत्रदुःखतः॥ कूपपातःकृ
तोरात्रौतेनसानिधनंगता॥२॥गोकर्णस्तीर्थयात्रार्थंनिर्गतोयोगसंस्थितः॥ नदुःखंनसुखंतस्यनवैरीनापिबांधवः॥३॥ धुंधुकारीगृहेऽतिष्ठत्पंच
पण्यवधूवृतः॥ अत्युग्रकर्मकर्त्ताचतत्पोषणविमूढधीः॥४॥ एकदाकुलटास्तास्तुभूषणान्यभिलिप्सवः॥ तदर्थंनिर्गतोगेहात्कामांधोमृत्युमस्म
रन्॥५॥ यतस्ततश्चसंहृत्यवित्तंवेश्मपुनर्गतः ॥ ताभ्योयच्छत्सुवस्त्राणिभूषणानिकियंतिच॥६॥ बहुवित्तचयंदृष्ट्वारात्रौनार्योविचारयन् ॥ चौ
र्यंकरोत्यसौनित्यमतोराजाग्रहीष्यति ॥७॥ वित्तंहृत्वापुनश्चैनंमारयिष्यतिनिश्चितं॥ अतोऽर्थगुप्तयेगूढमस्माभिःकिंनहन्यते॥८॥ निहत्यैनं
गृहीत्वाऽर्थंयास्यामोयत्रकुत्रचित् ॥ इतितानिश्चयंकृत्वासुप्तंसंबद्ध्यरश्मिभिः॥९॥ पाशंकंठेनिधायास्यतन्मृत्युमुपचक्रमुः॥त्वरितंनममारा
सौचिंतायुक्तास्तदाऽभवन्॥१०॥तप्तांगारसमूहांश्चतन्मुखेहिविचिक्षिपुः॥अग्निज्वालातिदुःखेनव्याकुलोनिधनंगतः ॥११॥ तंदेहंमुमुचुर्गर्ते
प्रायःसाहसिकाःस्त्रियः॥नज्ञातंतद्रहस्यंतुकेनापीदंतथैवच ॥१२॥ लोकैःपृष्टावदंतिस्मदूरंयातःप्रियोहिनः॥आगमिष्यतिवर्षेऽस्मिन्वित्तलोभ

અધ્યાય ૫ મો.—**સનત્કુમાર**—પિતા ચાલ્યા ગયા પછી, ધુંધુકારીએ માને ઘણીજ મારી; અને કહ્યું કે "ધન ક્યાં છે તે બતાવ; નહીં તો લાતેલાતે મારીશ." ॥૧॥ એ રીતે બોલવાથી ત્રાસ પામેલી તેણીએ, એ પુત્રના દુખથી; રાતની વખતે જઈને, કુવામાં પડતું મુક્યું; તેથી તે મરણ પામી. ॥૨॥ અને જેને સુખ અને દુખ, તથા વૈરી અને બાંધવ હતાજ નહીં; એવો યોગી ગોકર્ણ પણ, તીર્થ યાત્રા કરવાને ચાલ્યો ગયો.॥૩॥ તથા પાંચ વેશ્યાઓને રાખીને, તેમના પોષણ માટે મૂઢ બુદ્ધિ થયેલો, ધુંધુકારી અતિ ઉગ્ર કર્મો કરતો, ઘરમાંજ રહ્યો. ॥૪॥ અને એ કુલટા સ્ત્રીઓએ ઇચ્છેલાં આભૂષણો આદિ મેળવવાને માટે, ઘરમાંથી નીકળેલો તે, કામ થકી અંધ થઈને; એક દિવસે પોતાના મરણને પણ, ભૂલી ગયો. ॥૫॥ અને જ્યાં ત્યાંથી નાણું લઈઆવીને, પાછો ઘેર આવી; તે સ્ત્રીઓને કેટલાંક વસ્ત્ર અને ઘરેણાં, તેણે આપ્યાં. ॥૬॥ ત્યારે ધનનો ઘણો સંચય થયેલો જોઈને, તે સ્ત્રીઓએ રાત્રે વિચાર કર્યો કે "એ નિત્ય ચોરી કરે છે, તેથી એને રાજા પકડશે. ॥૭॥ અને પછી ધન લેઈ લઈને, એને મારી નાંખશે: એ નિશ્ચય છે; માટે ધનના બચાવ સારૂ, આપણેજ એને છાની રીતે, કેમ મારી ન નાંખવો. ? ॥૮॥ અને એને મારી નાંખ્યા પછી, ધન લેઈને; આપણે હરકોઇ ઠેકાણે જતાં રહીશું." એવો ઠરાવ કરીને, તેમણે સુતેલા ધુંધુકારીને; દોરીઓ થકી બાંધ્યો. ॥૯॥ અને ગળામાં ફાંસો નાંખીને તેને મારી નાંખવા માંડતાં; તે ઉતાવળો ન મુઓ. ત્યારે તેઓ ચિંતાતુર થઈઓ. ॥૧૦॥ પછી તેમણે ધગધગતા અંગારા, તેના મોંઢામાં નાંખ્યા; તેથી અગ્નિની ઝાળથી, અતિશય દુખી, તથા વ્યાકુળ થઈને; તે મરણ પામ્યો. ॥૧૧॥ પછી વિશેષે કરીને, સાહસ કર્મ કરનારી તે સ્ત્રીઓએ; તેના શરીરને, ખાડામાં દાટી દીધું: તેથી એ ગુપ્ત વાત, કોઇના જાણવામાં ન આવી; અને લોકોએ પૂછ્યું ત્યારે તે સ્ત્રીઓએ કહ્યું કે; "એ અમારો

ધારી, ધનના લોભથી દૂર દેશ ગયો છે; તે ત્રણ દિવસમાં પાછો આવશે. ॥૧૨-૧૩॥ માટે મૂર્ખેલી સુહાંત સ્ત્રીનો, બુદ્ધિમાનોએ વિશ્વાસ કરવો યોગ્ય નથી: કેમકે તેમનો વિશ્વાસ કરનારા, મૂઢ બુદ્ધિ લોકો; દુખી થઈજ પિડાય છે. ॥૧૪॥ જેમની વાણી અમૃત જેવી, અને કામી પુરૂષોને રસ વધારનારી છે; છતાં હૃદય તો અસ્તરાની ધાર જેવું, તીક્ષ્ણ છે; એવી સ્ત્રીઓને પ્રિય, કોઈજ નથી. ॥૧૫॥ પછી ઘણું ધણી કરનારી તે કુલટા સ્ત્રીઓ, ત્યાંથી ધન લેઈને; જતી રહીઓ; અને એ ધુંધુકારી પોતાનાં દુષ્ટ કર્મોના યોગથી મોટો પ્રેત થયો. ॥૧૬॥ તથા વાયુનું રૂપ ધરેલો, તે ભુખ્યો તરસ્યો; અને તાઢ તડકાથી દુખી થતો; દશે દિશાઓમાં સર્વ કાળ દોડવા લાગ્યો. ॥૧૭॥ અને "અરે દૈવ," એમ વારંવાર બોલતો, તે કોઈપણ સ્થળે, સ્થિર થવાને પામતો નહતો; તે પછી કેટલોક વખત ગયા કેડે, ગોકર્ણે, તેને મરી ગયેલાની વાત; લોકને મોઢેથી સાંભળી.

॥૧૮॥ ત્યારે તેને અનાથ જાણીને, ગોકર્ણે તેનું ગયા શ્રાદ્ધ કર્યું; અને જે જે તીર્થમાં તે ગયો, ત્યાં તેનું શ્રાદ્ધ તે કરવા લાગ્યો. ॥૧૯॥ એમ ફરતો ફરતો, ગોકર્ણ પોતાના ગામમાં એક દહાડો રાતની વેળાએ આવ્યો: અને બીજા લોકને ખબર નહીં છતાં, ઘરના આંગણામાંજ, તે સુઈ ગયો. ॥૨૦॥ ત્યારે પોતાના ભાઈને ત્યાં સૂતેલો દેખીને, મહાભયંકર રૂપથી; ધુંધુકારી મધ્યરાત્રે, ત્યાં દેખાયો. ॥૨૧॥ તે એકવાર, ઘેટો-એકવાર હાથી-અને એકવાર પાડો થયો: અને પછી વળી, એકવાર ઈંદ્ર-એકવાર અગ્નિ-અને પછી પુરૂષ થયો. ॥૨૨॥ ધૈર્યવાન ગોકર્ણે, આ રીતનું વિપરિત દેખી, એ કોઈ અવગતિઓ છે; એવો નિશ્ચય કરીને, તેને પૂછ્યું કે. ॥૨૩॥ "અરે રાતના વખતે, મહાભયંકર તું કોણ છે? અને આ દશા, શાથી પામ્યો છે? તું પ્રેત-પિશાચ-અથવા રાક્ષસ વિગેરે કોણ છે? તે મને કહે." ॥૨૪॥-**સનત્કુમાર**-એ રીતે તેણે પૂછ્યાથી, વચન બોલવાને માટે

विकर्षितः ॥१३॥ स्त्रीणांनैवतुविश्वासोमृतानांकारयेद्बुधः॥ विश्वासेयःस्थितोमूढःसदुःखैःपरिभूयते ॥१४॥ सुधामयंवचोयासांकामिनांरसवर्धनं॥ हृदयंक्षुरधाराभंप्रियःकोनामयोषितां ॥१५॥ संहृत्यवित्तंतायाताःकुलटाबहुभर्तृकाः॥ धुंधुकारिबभूवाथमहान्प्रेतःकुकर्मतः॥१६॥ वात्यारूपधरोनित्यंधावन्दशदिशोंऽतरं ॥ शीतातपपरिक्लिष्टोनिराहारःपिपासितः॥१७॥ नलेभेशरणंकुत्रहादैवेतिमुहुर्वदन् ॥ कियत्कालेनगोकर्णोमृतंलोकादबुध्यत॥१८॥ अनाथंतंविदित्वैवगयाश्राद्धमचीकरत् ॥ यस्मिंस्तीर्थेतुसंयातितत्रश्राद्धमवर्त्तयन् ॥१९॥ एवंभ्रमन्सगोकर्णःस्वपुरंसमुपेयिवान्॥रात्रौगृहांगणेस्वप्तुमागतोऽलक्षितःपरैः॥२०॥तत्रसुप्तंसविज्ञायधुंधुकारीस्वबांधवं॥ निशीथेदर्शयामासमहारौद्रतरंवपुः ॥२१॥ सकृन्मेषःसकृद्धस्तीसकृच्चमहिषोऽभवत् ॥ सकृदिंद्रःसकृच्चाग्निःपुनश्चपुरुषोऽभवत् ॥२२॥ वैपरीत्यमिदंदृष्ट्वागोकर्णोधैर्यसंयुतः ॥ अयंदुर्गतिकःकोऽपिनिश्चित्याथतमब्रवीत् ॥२३॥ गोकर्ण० कस्त्वमुग्रतरोरात्रौकुतोयातोदशामिमां ॥ किंवाप्रेतःपिशाचोवाराक्षसोऽसीतिशंसनः॥२४॥ सूत०एवंपृष्टस्तदातेनरुरोदोच्चैःपुनःपुनः ॥ अशक्तोवचनोच्चारेसंज्ञामात्रंचकारह॥२५॥ ततोंऽजलौजलंकृत्वागोकर्णस्तमुदीरयत् ॥ तत्सेकाद्धतपापोसौप्रवक्तुमुपचक्रमे॥२६॥ प्रेत० अहंभ्राताऽत्वदीयोऽस्मिधुंधुकारीतिनामतः॥ स्वकीयेनैवदोषेणब्रह्मत्वंनाशितंमया॥२७॥ कर्मणोनास्तिसंख्यामेमहाऽज्ञानेविवर्त्तिनः ॥ लोकानांहिंसकःसोऽहंस्त्रीभिर्दुःखेनमारितः॥२८ अतःप्रेतत्वमापन्नोदुर्दशांचवहाम्यहं॥ वाताहारेणजीवामिदैवाधीनफलोदयात् ॥२९॥ अहोबंधोकृपासिंधोभ्रातर्मामाशुमोचय ॥ गोकर्णोवचनंश्रुत्वातस्मैवाक्यमथाब्रवीत् ॥३०॥ गोकर्ण०त्वदर्थंतुगयापिंडोमयादत्तोविधानतः ॥ तत्कथंनैवमुक्तोऽसिममाश्चर्यमिदंमहत्॥३१ गयाश्राद्धान्नमुक्तिश्चेदुपायोनापरस्त्विह॥ किंविधेयंमयाप्रेततत्त्वंवदसविस्तरं॥३२॥प्रेत०गयाश्राद्धशतेनापिमुक्तिर्मेनभविष्यति॥ उपायमपरंकिंचित्तद्विचारयसांप्रतं॥३३॥ इतितद्वाक्यमाकर्ण्यगोकर्णोविस्मयंगतः॥ शतश्राद्धैर्नमुक्तिश्चेदसाध्यंमोचनंतव॥३४॥ इदानींतुनिजंस्थानमातिष्ठप्रेतनिर्भयः॥ त्वन्मुक्तिसाधकंकिंचिदाचरिष्येविचार्यच ॥३५॥ धुंधुकारीनिजंस्थानंतेनादिष्टस्ततोगतः ॥ गोकर्णश्चिंतयामासतांरात्रिंनतदध्यगात् ॥३६॥ प्रातस्तमागतंदृष्ट्वालोकाःप्रीत्यासमागताः ॥ तत्सर्वंकथितंतेनयज्जातंचयथानिशि॥३७॥ विद्वांसोयोगनिष्ठाश्चज्ञानिनोब्रह्मवादिनः ॥ तन्मुक्तिंनैवप

તે અશક્ત હોવાથી: **તેણે માત્ર નીશાનીજ** દેખાડી, અને ફરીફરીને તે ઉંચે સ્વરે રોવા લાગ્યો. ॥૨૫॥ ત્યારે જળની અંજળી ભરીને, ગોકર્ણે તેના ઉપર છાંટી; એટલે તે પાણી વડે, તેનુ પાપ મટવાથી; તે બોલ્યો કે. ॥૨૬॥-**પ્રેત**-હું તમારો ભાઈ ધુંધુકારી છું; ને મારૂં બ્રાહ્મણપણું, પોતાના દોષથકીજ નાશ પામેલું છે ॥ ૨૭ ॥ હું લોકની હિંસા કરનાર, અને મોટા અજ્ઞાનથી વર્તનારનાં, દુષ્ટ કર્મોનો આંકોજ નથી; મને સ્ત્રીઓએ દુઃખ દેઈને મારી નાંખેલો છે. ॥૨૮॥ તેથી પ્રેતપણું પામીને, હું આ દુર્દશા ભોગવું છું. અને દૈવને આધીન થઈને, વાયુના આહાર ઉપરજ રહું છું. ॥૨૯॥ અરે ભાઈ, હે કૃપાસિંધુ, હે બાંધવ, મને ઉતાવળાજ છોડાવો, એ પ્રમાણે સાંભળવાથી, તેને ગોકર્ણે કહ્યું કે. ॥૩૦॥-ગોકર્ણ-મેં તારે અર્થે, ગયાજીમાં વિધિ સહિત પિંડદાન કરેલ છે; છતાં, તું કેમ મુક્ત ન થયો.? એ મને મોટું આશ્ચર્ય લાગે છે. ॥૩૧॥

ગયાશ્રાદ્ધથી, જો તારી મુક્તિ ન થઈ; તો પછી તેનો, બીજો ઉપાયજ નથી, માટે, મારે હવે શું કરવું; તે તું પૂરેપૂરૂં મને કહે. ॥૩૨॥-**પ્રેત**-મારી મુક્તિ, સો ગયા શ્રાદ્ધ વડે પણ થાય, એમ નથી; માટે બીજો કોઈપણ ઉપાયનો વિચાર તમે હમણાંજ કરો. ॥૩૩॥-**સનત્કુમાર**-તેનું એ વચન સાંભળવાથી, ગોકર્ણ વિસ્મય પામ્યો: અને બોલ્યો કે; " સો ગયા શ્રાદ્ધથી પણ, જો મુક્તિ ન થાય: તો તારો છૂટકારો થવાનું, અસાધ્ય છે. ॥૩૪॥ તોપણ હે પ્રેત, હમણાં તો તું, પોતાના સ્થાનમાં નિર્ભયપણે રહે; તારી મુક્તિના સાધનનો વિચાર કરીને, હું કોઈપણ રીતે; તે કરીશજ. " ॥૩૫॥ તેથી ધુંધુકારી તેના કહેવાથી, પછી પોતાને ઠેકાણે ગયો; અને ગોકર્ણે એ રાત્રીમાં, એ બાબત ઘણો વિચાર કર્યો; પણ કોઈ ઉપાય જડ્યો નહીં. ॥૩૬॥ પછી સવારમાં ગોકર્ણને આવેલા જાણી, લોકો પ્રીતિને લીધે ત્યાં એકઠા થયા; ત્યારે રાત્રે બનેલી વાત, ગો-

કર્યું તેમને સઘળા કહી. ॥૩૭॥ તેમાં વિદ્વાનો-જ્ઞાનીઓ-યોગીઓ-તથા વેદને જાણનારાઓ; એમણે શાસ્ત્રોનાં ઘણાં ઘણાં, પોથાં થોથાં ફેરવી જોયાં; પણ એની મુક્તિનો ઉપાય, તેમને જડ્યો નહીં. ॥૩૮॥ ત્યારે સઘળાઓએ નક્કી કર્યું કે: એની મુક્તિનો ઉપાય, સૂર્ય નારાયણ કહે તે ખરો; તેથી ગોકર્ણે, એ વખતેજ, સૂર્યના વેગને થંભાવ્યો. ॥ ૩૯ ॥ અને કહ્યું કે; "હે જગતના સાક્ષી, હું તમને નમસ્કાર કરું છું; તમેજ મને આ પ્રેતની મુક્તિનો ઉપાય બતાવો" ॥૪૦॥ સૂર્યનારાયણે તે સાંભળીને, દૂરથીજ સ્પષ્ટ રીતે કહ્યું કે; "શ્રીમદ્ ભાગવતની કથાથી, એની મુક્તિ થશે; માટે સાત દિવસમાંજ, એ કથા વાંચો." ॥૪૧॥ એ રીતનું સૂર્યદેવનું ધર્મરૂપ વચન સઘળાએ સાંભળીને, કહ્યું કે: એ તો સહેજમાંજ થાય એવું છે; છતાં આપણે તે પ્રયત્ન સહિત કરીશું. ॥૪૨॥ એવો નિશ્ચય કર્યા પછી; એ કથા વાંચવાને ગોકર્ણજ પ્રવૃત્ત થયા; અને તે સાંભળવાને સારું, દેશના અને ગામોના લોકો; ત્યાં આવવા લાગ્યા. ॥૪૩॥ અને પાપ મટાડવાને માટે, ત્યાં પાંગળા-આંધળાં-ઘરડા-તથા માંદા વિગેરે પણ આવવાથી; દેવતાઓ પણ વિસ્મય પામે, એવો મોટો સમાજ; તે સ્થળે એકઠો થયો. ॥૪૪॥ અને જ્યારે આસન ઉપર બેસીને, ગોકર્ણે કથાનો આરંભ કર્યો; ત્યારે એ પ્રેત પણ, ત્યાં આવી; અહીં તહીં સ્થાન શોધતાં; ત્યાં ઉભેલો સાત ગાંઠો વાળો, એક પોલો વાંસ જોઇને; તેના મૂળમાંના છિદ્રની વાટે, તે તેમાં પેસી ગયો; અને શ્રવણ કરવા લાગ્યો. ॥૪૫-૪૬॥ એ રીતે તે વાયુરૂપ હોવાથી, બહાર કોઇપણ ઠેકાણે સ્થિર ન થઇ શકવાથી; એ વાંસની અંદર પેઠો; પછી ગોકર્ણે એક વૈષ્ણવ બ્રાહ્મણને મુખ્ય શ્રવણ કરનાર ઠરાવ્યો. ॥૪૭॥ પછી તે ગાયના પુત્ર, પ્રથમ સ્કંધથી સ્પષ્ટ રીતે કથા કહેતાં; પહેલા દિવસને અંતે કથા બંધ રાખી, ત્યારે ત્યાં એક આશ્ચર્ય થયું કે: ॥૪૮॥ સત્પુરુષોના દેખતાંજ, એ વાંસની એક ગાંઠ ફાટી; અને તેનો મોટો શબ્દ થયો; અને તેજ પ્રમાણે; બીજા દિવસની સાંજે પણ, બીજી ગાંઠ ફાટી; ॥૪૯॥ ત્રીજે દિવસે સાંજે એ રીતેજ; ત્રીજી ગાંઠ ફાટી; એમ સાત દિવસમાં, એ

श्यंतिपश्यंतःशास्त्रसंचयान्॥३८॥ ततःसर्वैःसूर्यवाक्यंतन्मुक्तौस्थापितंपरं॥ गोकर्णःस्तंभनंचक्रेसूर्यवेगस्यवैतदा॥३९॥ तुभ्यंनमोजगत्साक्षिन्ब्रूहिमेमुक्तिहेतुकं॥४०॥ तच्छ्रुत्वादूरतःसूर्यःस्फुटमित्यभ्यभाषत॥ श्रीमद्भागवतान्मुक्तिःसप्ताहंवाचनंकुरु ॥४१॥ इतिसूर्यवचःसर्वैर्धर्मरूपंतुविश्रुतं॥ सर्वेऽब्रुवन्प्रयत्नेनकर्तव्यंसुकरंत्विदं॥४२॥ गोकर्णोनिश्चयंकृत्वावाचनार्थंप्रवर्तितः॥तत्रसंश्रवणार्थायदेशग्रामाज्जनाययुः ॥ ॥४३॥ पंग्वंधवृद्धमंदाश्चतेपिपापक्षयायवै॥ समाजस्तुमहान्जातोदेवविस्मयकारकः ॥४४॥ यदैवासनमास्थायगोकर्णोऽकथयत्कथां॥सप्रेतोऽपितदायातःस्थानंपश्यन्नितस्ततः॥४५॥सप्तग्रंथियुतंतत्रापश्यत्कीचकमुच्छ्रितं॥ तन्मूलच्छिद्रमाविश्यश्रवणार्थंस्थितोह्यसौ ॥४६॥ वातरूपीस्थितिंकर्तुमशक्तोवंशमाविशत् ॥ वैष्णवंब्राह्मणंमुख्यंश्रोतारंपरिकल्प्यसः॥४७॥ प्रथमस्कंधतःस्पष्टमाख्यानंधेनुजोऽकरोत्॥दिनांतेरक्षितागाथातदाचित्रंबभूवह ॥४८॥ वंशैकग्रंथिभेदोऽभूत्सशब्दंपश्यतांसतां॥द्वितीयेन्हितथासायंद्वितीयग्रंथिभेदनं॥४९॥ तृतीयेन्हितथासायंतृतीयग्रंथिभेदनं॥ एवंसप्तदिनैर्वंशसप्तग्रंथिविभेदनं॥५०॥कृत्वापिद्वादशस्कंधश्रवणात्प्रेततांजहौ ॥ दिव्यरूपधरोजातस्तुलसीदाममंडितः ॥५१॥ पीतवासाघनश्यामोमुकुटीकुंडलान्वितः॥ ननामभ्रातरंसद्योगोकर्णमितिचाब्रवीत्॥५२॥ त्वयाहंमोचितोबंधोकृपयाप्रेतकश्मलात् ॥ धन्याभागवतीवार्ताप्रेतपीडाविनाशिनी ॥५३॥ सप्ताहोऽपितथाधन्यःकृष्णलोकफलप्रदः ॥ कंपंतेसर्वपापानिसप्ताहश्रवणेस्थिते॥५४॥ अस्माकंप्रलयंसद्यःकथाचेयंकरिष्यति॥आर्द्रंशुष्कंलघुस्थूलंवाङ्मनःकर्मभिःकृतं ॥५५॥ श्रवणंविदहेत्पापंपावकःसमिधोयथा ॥ अस्मिन्वैभारतेवर्षेसूरिभिर्देवसंसदि ॥५६॥ अकथाश्राविणांपुंसांनिष्फलंजन्मकीर्तितं॥किंमोहतोरक्षितेनसुपुष्टेनबलीयसा ॥५७॥ अध्रुवेणशरीरेणशुकशास्त्रकथांविना॥ अस्थिस्तंभंस्नायुबद्धंमांसशोणितलेपितं॥५८॥ चर्मावनद्धंदुर्गंधंपात्रंमूत्रपुरीषयोः॥जराशोकविपाकार्त्तंरोगमंदिरमातुरं॥५९॥ दुष्पूरंदुर्धरंदुष्टंसदोषंक्षणभंगुरं॥कृमिविट्भस्मसंज्ञांतंशरीरमितिवर्णितं॥६०॥अस्थिरेणस्थिरंकर्मकुतोऽयंसा

વાંસની સાતે ગાંઠો ફાટી ગઇઓ. ॥૫૦॥ અને આ પ્રમાણે, બારે સ્કંધનું શ્રવણ કરવાથી; એ ધુંધુકારી; પ્રેતપણાથકી મુક્ત થઇને, દિવ્ય સ્વરૂપ ધારણ કરનારો-તુળશીની માળાઓથી શોભતો-પીળાં વસ્ત્ર પહેરેલો-ઘન શ્યામ-અને મુકુટ તથા કુંડળ પહેરેલો-થઇ ગયો; તથા તે ઉતાવળેજ પોતાના ભાઇ ગોકર્ણને, પગે લાગીને બોલ્યો કે; "હે ભાઇ, તમે કૃપા કરીને, મને પ્રેતપણાના દુઃખથકી છોડાવ્યો છે. પ્રેતની પિડાનો નાશ કરનારી, ભાગવતની કથાને ધન્ય છે. ॥૫૧-૫૨-૫૩॥ ભગવાનના લોક (વૈકુંઠ) ને ફળરૂપે આપનારી, સપ્તાહની કથાને ધન્ય છે; કે જેનું શ્રવણ કરવાને બેસતાંજ, સર્વે પાપો કંપવા લાગે છે કે ॥૫૪॥ આ કથા હમણાંજ અમારો નાશ કરી નાંખશે; વાણી મન, અને શરીરથી કરેલાં, નાનાં અને મોટાં સઘળાં પાપ, એ કથાના શ્રવણથકી; અગ્નિથી લીલાં સૂકાં તમામ લાકડાં બળવાની પેઠેજ, બળી જાય છે. ॥૫૫॥ આ ભારતખંડમાં વેદ સબંધી ચરચા કરનારી, દેવતાઓની સભામાં વિદ્વાનોએ નિશ્ચય કરેલો છે કે; " શ્રીમદ્ ભાગવતની કથા નહીં સાંભળનારાઓનો, જન્મ નિષ્ફળ ગયેલો કહેવાય છે; એવા પુરૂષે મોહ પામીને, આ અધ્રુવ શરીરવડે; શ્રીમદ્ ભાગવતની કથા નહીં સાંભળતાં, તેનું સારી રીતે રક્ષણ કરીને, તેને ઘણું જાડું અને બળવાન કરવાથકી; કાંઇજ લાભ મેળવેલો જાણવાનો નથી. ॥૫૬-૫૭½॥ અને તેમાં હાડકાંના થાંભલા છે-સ્નાયુઓના બંધ બાંધેલા છે-માંસ તથા લોહીના થર કરેલા છે.-ચામડીથકી મઢેલું છે-મૂત્ર અને વિષ્ટાથકી ભરેલું; તથા એક દુર્ગંધના વાસણ સરખું છે-ઘરડાપણે અને શોકથકી પાકી જઇને, દુઃખી તથા આતુર થનારૂં છે-રોગોનું સ્થાન છે-કદી પૂર્ણ ન થાય એવું છે-રક્ષણ કરવાને અશક્ય છે-દુષ્ટ દોષથકી ભરેલું છે-ક્ષણભંગુર છે-અને અંતે કીડા, રાખોડી, કિંવા વિષ્ટા રૂપજ; થનારૂં છે; એ રીતનું તેનું વર્ણન કરેલું છે ॥૫૮॥-૫૯-૬૦॥ માટે એવા અસ્થિર શરીરથી, આ જીવના સ્થિર કર્મનું સાધન કરી લેવામાં, શા માટે ચૂકવું જોઇએ; સવારમાં સંસ્કાર કરેલું એટલે રાંધેલું અન્ન, સાંજ થતાં વિનાશ પામે છે. (એટલે બગડી જાય છે) એવા અનાજના રસથી પુષ્ટ થયેલ શરીરને વિષે, નિત્યપણું હોયજ કેમ ? આ લોકને વિષે ફક્ત સપ્તાહની કથાનું શ્રવણ કરવાથીજ, હરિ ભગવાનનું સાનિધ્ય મળે છે; માટે દોષ માત્રને મટાડવાને સારૂં,

એ એકજ સાધન છે; ને એ કથાનું શ્રવણ નહીં કરનારાઓ તો, પાણીમાંના પરપોટા, અને માંછલાં જેવાં જંતુઓની, પેઠે જન્મી જન્મીને મરી જનારાજ છે. ॥૬૧–૬૨–૬૩॥ જ્યારે એ થકી સૂકા અને જકડેલ વાંસની ગાંઠો ફુટે છે; ત્યારે એ કથાનું શ્રવણ થવાથી, મનુષ્યના મનની ગાંઠો ભેદાઇ જાય, એમાં તો આશ્ચર્યજ શું? ॥૬૪॥ સપ્તાહની કથાનું શ્રવણ કરવાથી, હૃદયની ગ્રંથિઓ, ભેદાઇ જાય છે. સર્વે સંશયો છેદાઇ જાય છે; અને કર્મ માત્ર ક્ષીણ થઇ જાય છે. ॥૬૫॥ બુદ્ધિવાન પુરૂષોએ કહેલું છે કે; "સંસાર રૂપી કાદવના લેપને, ધોઇ નાંખવાને સમર્થ; એ કથા રૂપી તીર્થ, મનને વિશે સ્થિર થાય; તેનેજ મુક્તિ કહે છે." ॥૬૬॥ એ પ્રમાણે તેઓ બોલતા હતા, ત્યાં દિવ્ય મંડળોથી ચળકતું વિમાન લેઇને; વૈકુંઠવાસી (પાર્ષદો) ત્યાં આવ્યા. ॥૬૭॥ અને સર્વ લોકના દેખતાં, ધુંધુકારી તે વિમાનમાં બેઠો; ત્યારે વિમાનમાંના પાર્ષદો તરફ જોઇને

ગોકર્ણે કહ્યું કે: ॥૬૮॥–ગોકર્ણ–અહીંયાં મારી કહેલી નિર્મળ કથાને સાંભળનારા તો, ઘણા છે; તે સઘળાને માટે તમે, વિમાનો કેમ લાવ્યા નથી; શ્રવણ તો સઘળાઓને, એક રીતેજ થયુંછે; છતાં ફળ થવામાં, ભેદ કેમ થયો છે; તેનું કારણ તમો હરિ ભગવાનના પ્રિય પાર્ષદો કહો; ॥૬૯–૭૦॥–હરિદાસ–ફળનો ભેદ, શ્રવણમાં ભેદ થવાના કારણથીજ થયો છે; સઘળાઓએ શ્રવણ તો કર્યું છે, પણ એના સરખું મનન કરેલું નથી.॥૭૧॥ હે બીજાને માન આપનારા, ભજનના તફાવતથી પણ, ફળનો ભેદ થાય. એ પ્રેતે તો સાત રાત્રિ સુધી ઉપવાસ કરીનેજ, શ્રવણ કરેલું છે. ॥૭૨॥ અને તેણે સ્થિર ચિત્તથી મનન આદિક વારંવાર કરેલું છે. અદૃઢપણાથી જ્ઞાનનો નાશ થાય છે, અને પ્રમાદ થકી શ્રવણનો નાશ થાય છે. ॥૭૩॥ સંદેહવાળો મંત્ર, નાશ પામેલોજ છે; વ્યગ્રચિત્તથી કરેલો જપ, નાશ પામેલો છે; ભક્તો વિનાનો દેશ, નાશ પામેલો છે; અને અપા-

धयेन्नहि॥ यत्प्रातःसंस्कृतंचान्नंसायंतच्चविनश्यति॥६१॥ तदीयरससंपुष्टेकायेकानामनित्यता॥सप्ताहश्रवणाल्लोकेप्राप्यतेनिकटेहरिः॥६२
अतोदोषनिवृत्त्यर्थमेतदेवहिसाधनं॥ बुद्बुदाइवतोयेषुमशकाइवजंतुषु॥ जायंतेमरणायैवकथाश्रवणवर्जिताः॥६३॥ जडस्यशुष्कवंशस्ययत्र
ग्रंथिविभेदनं॥ चित्रंकिमुतदाचित्तग्रंथिभेदःकथाश्रवात्॥६४॥ भिद्यतेहृदयग्रंथिश्छिद्यंतेसर्वसंशयाः॥ क्षीयंतेचास्यकर्माणिसप्ताहश्रवणे
कृते॥६५॥ संसारकर्दमालेपप्रक्षालनपटीयसि॥ कथातीर्थेस्थितेचित्तेमुक्तिरेवबुधैःस्मृता॥६६॥ एवंब्रुवतितैतस्मिन्विमानमगमत्तदा॥वैकुंठ
वासिभिर्युक्तंप्रस्फुरद्दीप्तिमंडलं॥६७॥सर्वेषांपश्यतांभेजेविमानंधुंधुलीसुतः॥ विमानेवैष्णवान्वीक्ष्यगोकर्णोवाक्यमब्रवीत्॥६८॥ गोकर्ण०
अत्रैवबहवःसंतिश्रोतारोममनिर्मलाः॥ आनीतानिविमानानिनतेषांयुगपत्कुतः॥६९॥श्रवणंसमभागेनसर्वेषामिहदृश्यते॥फलभेदःकुतोजा
तःप्रब्रुवंतुहरिप्रियाः॥७०॥ हरिदासा० श्रवणस्यविभेदेनफलभेदोपिसंस्थितः॥ श्रवणंतुकृतंसर्वैर्नतथामननंकृतं॥७१॥ फलभेदस्ततोजा
तोभजनादपिमानद॥ सप्तरात्रमुपोष्यैवप्रेतेनश्रवणंकृतं॥७२॥ मननादितथातेनस्थिरचित्तेकृतंभृशं॥ अदृढंचहतंज्ञानंप्रमादेनहतंश्रुतं ७३
संदिग्धोहिहतोमंत्रोव्यग्रचित्तोहतोजपः॥ अवैष्णवोहतोदेशोहतंश्राद्धमपात्रकं॥७४॥ हतमश्रोत्रियेदानमनाचारहतंकुलं॥ विश्वासोगुरुवा
क्येषुस्वस्मिन्दीनत्वभावना॥७५॥ मनोदोषजयश्चैवकथायांनिश्चलामतिः॥ एवमादिकृतंचेत्स्यात्तदावैश्रवणेफलं॥७६॥ पुनःश्रवांतेसर्वेषांवै
कुंठवसतिर्ध्रुवं॥गोकर्णतवगोविंदोगोलोकंदास्यतिस्वयं॥७७॥ एवमुक्त्वाययुःसर्वेवैकुंठंहरिकीर्त्तनाः॥ श्रावणेमासिगोकर्णःकथामुचेतथापु
नः॥७८॥ सप्तरात्रवतींभूयःश्रवणंतैःकृतंपुनः॥कथासमाप्तौयज्जातंश्रूयतांतच्चनारद॥७९॥ विमानैःसहभक्तैश्चहरिराविर्बभूवह॥जयशब्दा
नमःशब्दास्तत्रासन्बहवस्तदा॥८०॥ पांचजन्यध्वनिंचक्रेहर्षात्तत्रस्वयंहरिः॥गोकर्णंतुसमालिंग्याकरोत्स्वसदृशंहरिः॥८१॥ श्रोतॄनन्यान्घ
नश्यामान्पीतकौशेयवाससः॥किरीटिनःकुंडलिनस्तथाचक्रेहरिःक्षणात्॥८२॥ तद्ग्रामेयेस्थिताजीवाआश्वचांडालजातयः॥विमानेस्थापिता
स्तेऽपिगोकर्णकृपयातदा॥८३॥ प्रेषिताहरिलोकेतेयत्रगच्छंतियोगिनः॥गोकर्णेनसगोपालोगोलोकंगोपवल्लभं॥८४॥ कथाश्रवणतःप्रीतो
निर्ययौभक्तवत्सलः॥अयोध्यावासिनःपूर्वंयथारामेणसंगताः॥८५॥ तथाकृष्णेनतेनीतागोलोकंयोगिदुर्लभं॥ यत्रसूर्यस्यसोमस्यसिद्धानांन

ત્રને આપેલું શ્રાદ્ધ, નાશ પામેલું છે. ॥૭૪॥ અશ્રોત્રિયને આપેલું દાન નાશ પામેલું છે; અનાચાર વાળું કુળ, નાશ પામેલું છે; ગુરૂના વચનમાં વિશ્વાસ, અને પોતાનામાં દીનપણાની ભાવના; મનના દોષનો જય; અને કથાને વિશે નિશ્ચળ બુદ્ધિ: ઇત્યાદિક કરે; ત્યારેજ શ્રવણનું ફળ થાય છે. ॥૭૫–૭૬॥ માટે તમે ફરીથી, એ રીતનું શ્રવણ, કરાવશો; ત્યારે સર્વનો ખચિત્ત વૈકુંઠવાસ થશે: હે ગોકર્ણ, તમને તો ગોવિંદ ભગવાન, ગૌ લોકમાંજ વાસ આપશે. ॥૭૭॥ એમ કહીને, તે પાર્ષદો વૈકુંઠમાં ચાલ્યા ગયા; અને ગોકર્ણે, ફરીથી શ્રાવણ માસમાં, એ સપ્તાહની કથાકરી; ત્યારે એ કથાનું બીજીવાર શ્રવણ, લોકોએ એ રીતે કરવાથી; એ કથાની સમાપ્તિ વખતે જે બન્યું, તે હે નારદ, તમે સાંભળો. ॥૭૮–૭૯॥ ભક્તો સહિત વિમાનોમાં બેસીને હરિભગવાન, બહુ બહુ; જય શબ્દ, અને નમઃ શબ્દ, થતાં ત્યાં આવીને, તે વખતે પ્રકટ થયા. ॥૮૦॥ અને ત્યાં આવેલા,

હરિભગવાને આનંદથી પંચ જન્ય શંખ વગાડયો; તથા ગોકર્ણને ભેટીને, તેને પોતાના સમાન કર્યો. ॥૮૧॥ તેમજ બીજા સાંભળનારાઓને પણ, ક્ષણ માત્રમાં; એ રીતેજ ભગવાને ઘનશ્યામ–પીળાં વસ્ત્ર ધારી–અને કિરીટ તથા કુંડળોવાળા કર્યા. ॥૮૨॥ એ ગામમાં રહેલાં કુતરાં અને ચંડાળ પર્યંત, સઘળા જીવોને ગોકર્ણની કૃપાથી; ભગવાને વિમાનોમાં બેસાડીને, યોગીઓને જવાના સ્થાન; હરિભગવાનના લોકમાં, મોકલી દીધા. ॥૮૩॥ અને એ કથાના શ્રવણથી પ્રસન્ન થયેલા; ભક્તવત્સળ ભગવાન પણ ગોકર્ણને સાથે લેઇને, ગોપલોકોને પ્રિય, એવા પોતાના ગૌલોકમાં પધાર્યા; ॥૮૪॥ પહેલાં રામચંદ્રજી ભગવાનના સંબંધથી, અયોધ્યાવાસીઓનું થયું હતું; તેમજ યોગીઓને પણ દુર્લભ એવી ગૌલોકની ગતિ; તેમને આપી; કે જ્યાં સૂર્ય–ચંદ્રમા–કે સિદ્ધ લોકોની પણ, ગતિનથી; એવા તે ગૌલોકને વિશે, શ્રીમદ ભાગવતની કથા સાંભળવાથી, તે સઘળાઓ ગયા. ॥૮૫–૮૬॥ સપ્તાહની કથાથી

પતા ઉત્તમ ફળની, અમે તમારી પાસે આજ શી વાત કરીએ; જેમણે કાનવડે, એ ગોકર્ણની કથાના અક્ષરોનું પાન કર્યું; તેઓ ફરીથી ગર્ભવાસજ પામ્યા નથી. ॥૮૭॥ જે અતિ સપ્તાહની કથા સાંભળવાથી મળે છે. તે વાયુ–જળ–અને પાંદડાંજ ખાઈને; દેહનું શોષણ કરવા રૂપ, ઘણા કાળ સુધી ઉગ્રતપ કરવાથકી અને યોગ કરવાથકી પણ; મળતી નથી. ॥૮૮॥ બ્રહ્માનંદથી ભરપૂર શાંડીલ્ય મુનીશ્વર, ચિત્રકૂટને વિશે રહીને, આ પવિત્ર ઇતિહાસનો પાઠ કરવા કરે છે. ॥૮૯॥ આ પરમ પવિત્ર આખ્યાનનું, એકવાર પણ શ્રવણ કરવાથી પાપના પુંજ બળી જાય છે; શ્રાદ્ધને વિશે એનો પાઠ કરવાથી, પિતૃઓ તૃપ્ત થાય છે; અને નિત્ય પાઠ કરવાથકી, જન્મ મરણ મટે છે. ॥૯૦॥ ઇતિ૦ શ્રીમદ ભાગવત મહાત્મયનો પાંચમો અ૦ સં૦ ॥૫॥

અધ્યાય. ૬ ઠો–સનત્કુમાર–હવે અમે તમને સપ્તાહની કથા શ્રવણ કરવાનો વિધિ કહીએ છીએ; તે ઘણું કરીને બીજાઓની સહાયતાથી, અને ધન થકી, થઈ શકે છે; એમ કહેલું છે. ॥૧॥ વિવાહાદિકને વિશે, જેવી રીતે ધનની યોજના કરવી પડે છે, તે રીતનીજ યોજના કરીને, પ્રયત્નવડે જ્યોતિષ જાણનારાને બોલાવીને, મુહૂર્ત પુછવું. ॥૨॥ શ્રાવણ–આસો–કારતક–માગસર–અષાડ–અને ભાદરવો–એ મહિના કથાનો આરંભ કરવાને માટે, સાંભળનારાઓના મોક્ષને સૂચવનારા છે. ॥૩॥ જે મહિનાઓનાં નામ, (ઉપરના શ્લોકમાં) આપેલાં નથી, તેમનો સર્વથા ત્યાગજ કરવો; અને આ કામમાં સહાય કરનારા, સારા ઉદ્યમીઓને રાખવા. ॥૪॥ તથા એ પ્રમાણેજ, દેશ વિદેશ " આ કથા અહીંયાં થશે. માટે સર્વેએ કુટુંબ સહિત પધારવું;" એમ લખીને, યત્ન વડે કંકોતરીઓ મોકલાવવી. ॥૫॥ કે જેથી, કેટલાંક સ્ત્રીઓ તથા શૂદ્રો આદિક, જેઓને અચ્યુત ભગવાનના કીર્તનવાળી હરિ કથા, અતિ દૂર છે; તેવાંઓને પણ, એ થકી જ્ઞાનની પ્રાપ્તિ થાય. ॥૬॥

गतिःकदा॥तंलोकंहिगतास्तेतुश्रीमद्भागवतश्रवात् ॥८६॥ ब्रूमोऽद्यतेकिंफलवृंदमुज्ज्वलंसप्ताहयज्ञेनकथासुसंचितं ॥ कर्णेनगोकर्णकथाक्षरैयैःपीतंचतेगर्भगतानभूयः ॥८७॥ वातांबुपर्णाशनदेहशोषणैस्तपोभिरुग्रैश्चिरकालसंचितैः॥योगैश्चसंयांतिनतांगतिंवैसप्ताहगाथाश्रवणेनयांतियां॥८८॥ इतिहासमिमंपुण्यंशांडिल्योऽपिमुनीश्वरः॥पठतेचित्रकूटस्थोब्रह्मानंदपरिप्लुतः ॥८९॥ आख्यानमेतत्परमंपवित्रंश्रुतंसकृद्वैविदहेदघौघं॥श्राद्धेप्रयुक्तंपितृतृप्तिमावहेन्नित्यंसुपाठादपुनर्भवंच॥९०॥इ०प०उ०भा०म०गोकर्णवर्णनंनामपंचमोऽध्यायः॥५ कुमारा० अथतेसंप्रवक्ष्यामःसप्ताहश्रवणेविधिं॥सहायैर्वसुभिश्चैवप्रायःसाध्योविधिःस्मृतः ॥१॥ दैवज्ञंतुसमाहूयमुहूर्तंपृच्छययत्नतः॥ विवाहेयादृशंवित्तंतादृशंपरिकल्पयेत्॥२॥नभस्यआश्विनोर्जौचमार्गशीर्षःशुचिर्नभः॥एतेमासाःकथारंभेश्रोतॄणांमोक्षसूचकाः॥३॥ मासानांविग्रहेयानितानित्याज्यानिसर्वथा॥सहायाश्चेतरेचात्रकर्त्तव्याःसोद्यमाश्रये॥४॥देशेदेशेतथासेयंवार्त्ताप्रेष्याप्रयत्नतः॥ भविष्यतिकथाचात्रआगंतव्यंकुटुंबिभिः॥५॥दूरेहरिकथाःकेचिद्दूरेचाच्युतकीर्त्तनाः॥स्त्रियःशूद्रादयोयेचतेषांबोधोयतोभवेत्॥६॥देशेदेशेविरक्तायेवैष्णवाःकीर्तनोत्सुकाः॥तेष्वेवपत्रंप्रेष्यंचतल्लेखनमितीरितं ॥७॥ सतांसमाजोभवितासप्तरात्रंसुदुर्लभः॥अपूर्वरसरूपैवकथाचात्रभविष्यति ॥८॥ श्रीभागवतपीयूषपानायरसलंपटाः॥ भवंतश्चतथाशीघ्रमायातप्रेमतत्पराः॥९॥ नावकाशःकदाचिच्चेद्दिनमात्रंतथापितु ॥ सर्वथागमनंकार्यंक्षणोऽत्रैवसुदुर्लभः॥१०॥ एवमाकारणंतेषांकर्त्तव्यंविनयेनच ॥ आगंतुकानांसर्वेषांवासस्थानानिकल्पयेत्॥११॥ तीर्थेवापिवनेवापिगृहेवाश्रवणंमतं॥विशालावसुधायत्रकर्तव्यंतत्कथास्थलं॥१२॥शोधनंमार्जनंभूमेर्लेपनंधातुमंडनं॥ गृहोपस्करमुद्धृत्यगृहकोणेनिवेशयेत् ॥१३॥ अर्वाक्पंचाहतोयत्नादास्तीर्णानिप्रमेलयेत् ॥ कर्त्तव्योमंडपःप्रोच्चैःकदलीखंडमंडितः॥१४॥फलपुष्पदलैर्विष्वग्वितानेनविराजितः॥चतुर्दिक्षुध्वजारोपोबहुसंपद्विराजितः ॥१५॥ ऊर्ध्वंसप्तैवलोकाश्चकल्पनीयाःसविस्तरं॥तेषुविप्राविरक्ताश्चस्थापनीयाःप्रबोध्यच ॥१६॥ पूर्वंतेषामासनानिकर्तव्यानियथोत्तरं॥वक्तुश्चापितदादिव्यमासनंपरिकल्पयेत् ॥१७॥उदङ्मुखोभवेद्वक्ताश्रोतावैप्राङ्मुखस्तदा ॥ प्राङ्मुखश्चेद्भवेद्वक्ताश्रोताचोद

દેશ દેશના વૈરાગ્યવાન પુરૂષોને–વૈષ્ણવ ભક્તો અને સાધુઓને–તથા જેઓ હરિ ભગવાનના કીર્તનને વિશે ઉત્સાહવાળા હોય; તેમને, સર્વને એ રીતની કંકોતરીઓ, મોકલીને; તેમાં લખી જણાવવું કે: "અહીંયાં સાત દિવસ સુધી સત્પુરૂષોનો અતિ દુર્લભ સમાજ ભેગો થશે: અને તેમાં અપૂર્વ રસવાળી કથા થશે. ॥૭–૮॥ માટે શ્રીમદ્ ભાગવત રૂપી અમૃત રસનું પાન કરવાની લાલચવાળા, અને પ્રેમમાં તત્પર આપ લોકો; ઉતાવળાજ પધારજો. ॥૯॥ અને જો કદાચ અવકાશ ન મળે તો, એક દિવસતો જરૂરજ પધારજો; કેમકે એનો એક ક્ષણ પણ અત્યંત દુર્લભ છે." ॥૧૦॥એ પ્રમાણે વિનય થકી, તે સર્વને આમંત્રણ કરવાં; અને આવેલાઓ સર્વેને, ઉતારા તથા જગાઓ આપવી. ॥૧૧॥ એ કથા કરવાનું સ્થાન, તીર્થને વિશે–વનને વિશે–અથવા ઘરને વિશે, જ્યાં વિશાળ પૃથ્વી એટલે જગા આદિની છૂટ હોય, ત્યાં મુકરર કરવાનું કહેલું છે. ॥૧૨॥ ત્યાં જમીનને વાળી ઝાડીને, તથા પાણી છાંટીને લિંપવી; અને ધાતુઓ આદિથી સણગારવી; અને ઘરનો સરસામાન આદિક, એક ખુણે રાખી દેવો ॥૧૩॥ પાંચ દિવસ અગાઉથી યત્ન કરીને, બીછાના વિગેરે એકઠાં કરવાં; તથા કેળના થંભ વડે; ઉંચો મંડપ બનાવવો. ॥૧૪॥ અને ફળ–ફુલ–તથા પાંદડાં વિગેરેથી, અને ચારે તરફથી ફરતા ઉલેચ વિગેરે બાંધીને; તથા ચારે દિશાએ ધજાઓ ઉભી કરીને, તેને બહુ બહુ સંપત્તિઓથી શોભિતો કરવો. ॥૧૫॥ અને તેના ઉપર ઉંચે ઉંચે સાત લોકની, કલ્પના કરવી; તથા ત્યાં બ્રાહ્મણોને, અને વૈરાગ્યવાળાઓને, સમજાવીને આગળ બેસાડવા. ॥૧૬॥ તથા પહેલેથીજ યથાયોગ્ય આસનો વિગેરેની, કલ્પના કરી રાખવી; તેમજ કથા કહેનારા વક્તાનું, દિવ્ય આસન, તે વખતેજ સ્થાપન કરવું. શ્રોતાઓ પૂર્વને મોઢે બેસે, તો વક્તાએ ઉત્તરાદે મોઢે બેસવું, અને વક્તા પૂર્વને મુખે બેસે તો, શ્રોતાઓએ ઉત્તરાદે મુખે, બેસવું. ॥૧૮॥ અથવા (જ્યાં એ રીતે ન બની શકે ત્યાં,) શ્રોતાઓએ પૂજ્ય અને પૂજકની વચમાંજ, પૂર્વ દિશાગાની લેવાનું, દેશ કાળ આદિકને જાણનારા વિદ્વાનોએ શાસ્ત્રોમાં કહેલું છે. ॥૧૯॥ વૈરાગ્યવાળો–

વૈશ્નવ એટલે વિશ્નુ ભગવાનનો ભક્ત—વેદ અને શાસ્ત્રાદિકની શુદ્ધિ કરનારો—બ્રાહ્મણ—દ્રષ્ટાંતો દેવામાં કુશળ—અને ધીર તથા નિસ્પૃહ, એવા પુરૂષનેજ વક્તા એટલે કથા કહેનારો ઠરાવવો. ॥૨૦॥ અને ધર્મની ભ્રાંતિવાળો—સ્ત્રી વશ—પાખંડ વિશે વાદ કરનારો—તથા શાસ્ત્રની કથાનો વિચાર કરવામાં અશક્ત,—એવો કોઇ, પંડિત હોય; તોપણ તેને વક્તા ઠરાવવો નહીં. ॥૨૧॥ તથા વક્તાને પડખે, તેને સહાય કરનારો બીજો એક; તેવા સરખોજ પંડિત—સંશયોને છેદનારો—અને જ્ઞાન આપવામાં તત્પર; એવો મુકરર કરવો. ॥૨૨॥ વક્તાએ વ્રત ધારણ કરવાને પેહેલે દિવસેજ હજામત કરાવી લેવી; અને રોજ સૂર્યનો ઉદય થતા પેહેલાં, શૌચ અને સ્નાન વિગેરે કરી લેઇને, નિર્વૃતિવાળા થવું જોઇએ. ॥૨૩॥ તથા તેણે નિત્ય સંધ્યા આદિક સંક્ષેપવડે, પ્રયત્ન સહિત કરી લેવું; અને કથામાં આવતાં વિઘ્નો મટાડવા સારૂં, ગણપતિનું પૂજન કરવું. ॥૨૪॥ તેમજ પિતૃઓનું તર્પણ કરીને શુદ્ધિને અર્થે પ્રાયશ્ચિત પણ કરવું; તથા મંડળ બનાવીને તેમાં હરિ ભગવાનનું સ્થાપન કરવું ॥ ૨૫ ॥ શ્રી કૃશ્ણ ભગવાનના ઉદ્દેશથી, ક્રમ સહિત પૂજાનો વિધિ મંત્રોવડે કરવો; અને પૂજનને અંત્યે નમસ્કાર તથા પ્રદક્ષિણા, કરીને, સ્તુતિ કરવી કે. ॥૨૬॥ હે કરૂણા નિધિ, સંસાર સાગરમાં બુડેલા—રાંક—અને મોહ વડે કર્મો થકી પકડાઇ ગયેલા શરીરવાળા મને, સંસાર સમુદ્રમાંથી તમે ઉદ્ધાર કાઢો. " ॥૨૭॥ તે પછી શ્રીમદ્ ભાગવતની પણ, ધૂપ—અને દીવા સહિત પ્રયત્ન વડે, વિધિ પૂર્વક પૂજા કરવી. ॥૨૮॥ પછી શ્રીફળ ધરાવીને નમસ્કાર કરવા; અને કેવળ પ્રસન્ન મનથી સ્તુતિ કરવી કે; ॥૨૯॥ હે નાથ, આ ભવસાગરમાંથી મુક્ત થવાને અર્થે, મે શ્રીમદ્ ભાગવત નામના પ્રત્યક્ષ શ્રીકૃષ્ણ ભગવાનનેજ, સ્વીકાર કરેલો છે. ॥૩૦॥ હે કેશવ ભગવાન. હું તમારો દાસનો આ મનોર્થ, સર્વથા નિર્વિઘ્ન પણે,

ङ्मुखस्तदा॥१८॥ अथवापूर्वदिक्ज्ञेयापूज्यपूजकमध्यतः॥ श्रोतृणामागमेप्रोक्तादेशकालादिकोविदैः ॥१९॥ विरक्तोवैष्णवोविप्रोवेदशास्त्रविशुद्धिकृत् ॥दृष्टांतकुशलोधीरोवक्ताकार्योतिनिस्पृहः॥२०॥ अनेकधर्मविभ्रांताःस्त्रैणाःपाखंडवादिनः ॥ शुकशास्त्रकथोच्चारेत्याज्यास्तेयदिपंडिताः॥२१॥वक्तुःपार्श्वेसहायार्थमन्यःस्थाप्यस्तथाविधः॥पंडितःसंशयच्छेत्तालोकबोधनतत्परः ॥२२॥ वक्ताक्षौरंप्रकर्तव्यंदिनाद्दर्वाग्व्रताप्तये॥अरुणोदयेसौनिर्वर्त्यशौचंस्नानंसमाचरेत् ॥२३॥ नित्यंसंक्षेपतःकृत्वासंध्याद्यंसंप्रयत्नतः॥कथाविघ्नविघातायगणनाथंप्रपूजयेत् ॥२४॥ पितॄन्संतर्प्यशुद्ध्यर्थंप्रायश्चित्तंसमाचरेत् ॥ मंडलंचप्रकर्तव्यंतत्रस्थाप्योहरिस्तथा॥२५॥ कृष्णमुद्दिश्यमंत्रेणचरेत्पूजाविधिंक्रमात् ॥प्रदक्षिणानमस्कारान्पूजांतेस्तुतिमाचरेत् ॥२६॥ संसारसागरेमग्नंदीनंमांकरुणानिधे॥कर्ममोहगृहीतांगंमामुद्धरभवार्णवात् ॥२७॥ श्रीमद्भागवतस्यापिततःपूजाप्रयत्नतः॥कर्तव्याविधिनाप्रीत्याधूपदीपसमन्विता॥२८॥ ततस्तुश्रीफलंधृत्वानमस्कारंसमाचरेत् ॥ स्तुतिःप्रसन्नचित्तेनकर्तव्याकेवलंतदा॥२९॥ श्रीमद्भागवताख्योयंप्रत्यक्षःकृष्णएवहि॥ स्वीकृतोऽसिमयानाथमुक्त्यर्थंभवसागरे॥३०॥ मनोरथोमदीयोयंसफलःसर्वथात्वया॥ निर्विघ्नेनैवकर्तव्योदासोहंतवकेशव॥३१॥एवंदीनवचःप्रोक्त्वावक्तारंचाथपूजयेत् ॥ संभूष्यवस्त्रभूषाभिःपूजांतेतंचसंस्तवेत् ॥ ॥३२॥ शुकरूपप्रबोधज्ञसर्वशास्त्रविशारद॥ एतत्कथाप्रकाशेनमदज्ञानंविनाशय॥३३॥ तदग्रेनियमःपश्चात्कर्तव्यःश्रेयसेमुदा॥ सप्तरात्रंयथाशक्त्याधारणीयःसएवहि॥३४॥वरणंपंचविप्राणांकथाभंगनिवृत्तये॥कर्तव्यंतैर्हरेर्जाप्यंद्वादशाक्षरविद्यया ॥३५॥ ब्राह्मणान्वैष्णवांश्चान्यांस्तथाकीर्तनकारिणः॥नत्वासंपूज्यदत्ताज्ञःस्वयमासनमाविशेत्॥३६॥लोकवित्तधनागारपुत्रचिंतांव्युदस्यच ॥ कथाचित्तःशुद्धमतिःसलभेत्फलमुत्तमं॥३७॥ आसूर्योदयमारभ्यसार्द्धत्रिप्रहरांतिकं ॥ वाचनीयाकथासम्यग्धीरकंठंसुधीमता ॥३८॥ कथाविरामःकर्तव्योमध्यान्हेघटिकाद्वयं॥ तत्कथामनुकार्यंवैकीर्तनंवैष्णवैस्तदा॥३९॥मलमूत्रजयार्थंहिलघ्वाहारःसुखावहः॥ हविष्यान्नेनकर्तव्योह्येकवारंकथार्थिना ४० उपोष्यसप्तरात्रंवैशक्तिश्चेच्छृणुयात्तदा॥ घृतपानंपयःपानंकृत्वावैशृणुयात्सुखं॥४१॥ फलाहारेणवाश्राव्यमेकभुक्तेनवापुनः॥ सुखसाध्यंभवे

તમેજ સફળ કરજો." ॥૩૧॥ તે પછી મુખ્ય શ્રોતાએ પણ, પોતાની શક્તિને અનુસરીને રાજી ખુશીથી કલ્યાણને માટે; વક્તાની સામેજ એ રીતનોજ નિયમ ધારણ કરવો; અને એ રીતનાંજ દીન વચનો બોલીને, તથા લુગડાં અને ઘરેણાં આદિથી શણગારીને, વક્તાની પુજા કરીને તેની સ્તુતિ કરવી કે " હે શુકમુનિ સમાન—બ્રહ્મ સ્વરૂપને જાણનારા—અને સર્વ સાસ્ત્રોમાં પ્રવિણ—તમે આ કથાના પ્રકાશ વડે, મારા અજ્ઞાનનો નાશ કરજો. ॥૩૨-૩૩-૩૪॥ તથા કથામાં ભંગ ન થવા સારૂં, પાંચ બ્રાહ્મણોનું વરણ કરવું; ને તેમની પાસે હરિ ભગવાનના નામનો, દ્વાદશ અક્ષરના મંત્રનો, જપ કરાવવો; ॥૩૫॥ એટલું કરયા પછી, બ્રાહ્મણોને—ભક્તોને—અને બીજા કીર્તન કરનારા આદિ સર્વને નમસ્કાર કરી; તેમનું પૂજન કરયા પછી, તેમની આજ્ઞા માગીને; તેણે પોતાના આસન ઉપર બેસવું. ॥૩૬॥ લોકની—ધનની—ઘરની—અને પુત્રો આદિકની ચિંતાને તજીને; જેઓ શુદ્ધ બુદ્ધિથી કથામાંજ મન રાખે છે; તેઓ ઉત્તમ ફળને પામે છે. ॥૩૭॥ કથા સૂર્યોદયથી શિરૂ કરીને સાડાત્રણ પહોર પૂરા થતા સુધી સારી બુદ્ધિવાળા વક્તાએ; ધીમા કંઠથી વાંચવી. ॥૩૮॥ અને મધ્યાન્હે વચમાં બે ઘડી વાર વિરામ લેવો; અને તે વિરામ લેતી વખતે, તથા કથાને અંત્યે; દરરોજ વૈશ્નવો આદિએ કીર્તન કરવું. ॥૩૯॥ આ કથાના અર્થીએ, મળ મૂત્રને જીતવાને માટે હવિષ્ય અન્નનો થોડો અને સુખકારી, આહાર એક વારજ લેવો. ॥૪૦॥ જો શક્તિ હોયતો, સાતે દિવસના ઉપવાસ કરીનેજ; અથવા ઘી અગર દૂધ પીઇનેજ; કિંવા ફળાદિકનો આહાર કરીને; કે એકવાર જમીનેજ; કથા સાંભળવી: અથવા (જરૂર લાગેતો,) બીજીવાર ખાઇને પણ, કથા સુખેથી સાંભળવી જોઇએ: એ સઘળામાંથી, જે રીતે કરવું; પોતાને સુખસાધ્ય હોય, તેમ કરીને પણ; કથા સાંભળવીજ જોઇએ. ॥૪૧-૪૨॥ જો ઉપવાસ કરવાથી, કથાના શ્રવણમાં વિઘ્નો થાય તો; એના કરતાં જેથી કથાનું શ્રવણ સારી રીતે થઇ શકે; એવું, ભોજન કરવું; એજ ઉત્તમ માનેલું છે. ॥૪૩॥ હે નારદ, સપ્તાહની કથા સાંભળનારાઓના નિ-

યમો હું હવે કહું છું; તે તમે સાંભળો, જેગને વિષ્ણુની દીક્ષા નથી, તેમને એ કથા સાંભળવાનો અધિકાર નથી. ॥૪૪॥ કથાનું વ્રત રાખનારાએ, બ્રહ્મચર્ય રાખવું; જમીન ઉપર સુવું; પત્રાવળીમાં જમવું, અને કથાની સમાપ્તિ થયેથી, નિત્ય જમવું. ॥૪૫॥ બે ફાડીયાં વાળાં ધાન્ય, (એટલે ગગ–મગ–તુવર–ચાંગ–ઓળા–વાલ ચણા અને વટાણા વિગેરે, તથા મધ–તેલ–ભારે અથવા મિષ્ટ અન્ન–એમનો; ભાવ થકી દુષ્ટ થયેલા અન્નનો, અને વાસી અન્નનો; પણ કથાનું વ્રત રાખનારાએ, ત્યાગ કરવો. ॥૪૬॥ અને કામ–ક્રોધ–મદ–માન–મત્સર–લોભ–દંભ–અને મોહ તથા દ્વેષ એ સર્વેને કથાના વ્રતધારીએ, દુર કરવા. ॥ ૪૭ ॥ તથા એ કથાનું વ્રત રાખનારાએ વેદની–વૈષ્ણવ એટલે ભક્તાદિકની–બ્રાહ્મણોની–ગુરૂની–અને ગાયોની; વૃતિની નિંદા ન કરવી; તેમજ તેણે સ્ત્રીઓની–રાજાની–અને મહાત્માઓની નિંદાનો પણ ત્યાગ કરવો જોઇએ. ॥૪૮॥

અને એ કથાનું વ્રત રાખતાં સુધી રજસ્વલા સાથે–અંત્યજો સાથે–મ્લેચ્છો સાથે–પતિત સાથે–સંસ્કારો થયા વિનાનાની સાથે–દ્વિજોનો દ્વેષ કરનારા સાથે–અને વેદ ધર્મનું ઉલ્લંઘન કરનારા સાથે બોલવું નહીં જોઇએ. ॥૪૯॥ તથા એ કથાનું વ્રત રાખેલા વખતમાં, તેણે સત્ય–શૌચ–દયા–મૌન–આર્જવ–અને વિનય, એઓનું ઉદાર મનથી આચરણ રાખવું. ॥ ૫૦ ॥ દરિદ્રીએ–ક્ષય રોગ થયેલાએ–રોગીએ–અભાગિઆએ–પાપીએ–સંતાન વિનાનાએ–અને મોક્ષની ઇચ્છાવાળાએ પણ આ કથાનુંજ શ્રવણ કરવું જોઇએ. ॥૫૧॥ જેને રજ (ઓપટી) આવતી ન હોય; તેણે–જેને એક સંતાન થયા પછી બીજું સંતાન ન થતું હોય; તેણે–વાંઝણી હોય તેણે–છોકરાં જન્મીને મરી જતાં હોય તેણે–અને જેના ગાભ ગળી જતા હોય, તેણે:–એ પ્રકારની સર્વ સ્ત્રીઓએ પણ, પ્રયત્નવડે આ કથા સાંભળવી જોઇએ. ॥૫૨॥ આ અતિ ઉત્તમ–દિવ્ય–અને કોટિ યજ્ઞનું ફળ આપનારી

द्यत्तुकर्तव्यंश्रवणायतत् ॥४२॥ भोजनंतुवरंमन्येकथाश्रवणकारकं॥ नोपवासोवरःप्रोक्तःकथाविघ्नकरोयदि॥४३॥ सप्ताहव्रतिनांपुंसांनियमान्शृणुनारद॥ विष्णुदीक्षाविहीनानांनाधिकारःकथाश्रवे॥४४॥ब्रह्मचर्यमधःसुप्तिःपत्रावल्यांचभोजनं ॥ कथासमाप्तौभुक्तिंचकुर्यान्नित्यंकथाव्रती॥४५॥ द्विदलंमधुतैलंचगरिष्ठान्नंतथैवच॥ भावदुष्टंपर्युषितंजह्यान्नित्यंकथाव्रती॥४६॥ कामंक्रोधंमदं[illegible]लोभमेवच॥दंभंमोहंतथाद्वेषंदूरयेच्चकथाव्रती ॥४७॥ वेदवैष्णवविप्राणांगुरुगोव्रतिनांतथा॥स्त्रीराजमहतांनिंदां[illegible]ःकथाव्रती॥४८॥रजस्वलांत्यजम्लेच्छपतितव्रातकैस्तथा॥ द्विजद्विड्वेदबाह्यैश्चनवदेद्यःकथाव्रती॥४९॥ सत्यंशौचंदयांमौनमार्जवंविनयंतथा॥उदारमानसंतद्वदेवंकुर्यात्कथाव्रती॥५०॥ दरिद्रश्चक्षयीरोगीनिर्भाग्यःपापकर्मवान्॥ अनपत्योमोक्षकामःशृणुयाच्चकथामिमां ॥५१॥ अपुष्पाकाकवंध्याचवंध्यायाचमृतार्भका॥ स्रवद्गर्भाचयानारीतयाश्राव्यःप्रयत्नतः ॥५२॥ एतेषुविधिनाश्रावेतदक्षय्यतरंभवेत्॥अत्युत्तमाकथादिव्याकोटि[illegible]फलप्रदा ५३ एवंकृत्वाव्रतविधिमुद्यापनमथाचरेत्॥ जन्माष्टमीव्रतमिवकर्त्तव्यंफलकांक्षिभिः॥५४॥ अकिंचनेषुभक्तेषुप्रायोनोद्यापनाग्रहः॥ श्रवणेनैवपूतास्तेनिष्कामावैष्णवायतः ॥५५॥ एवंनगाहयज्ञेस्मिन्समाप्तेश्रोतृभिस्तदा॥ पुस्तकस्यचवक्तुश्चपूजाकार्यातिभक्तितः॥५६॥प्रसादतुलसीमालाःश्रोतृभ्यश्चाथदीयतां॥ मृदंगतालललितंकर्त्तव्यंकीर्तनंततः ॥५७॥ जयशब्दंनमःशब्दंशंखशब्दंचकारयेत् ॥ विप्रेभ्यो[illegible]चकेभ्यश्चवित्तमन्नंचदीयतां॥५८॥ विरक्तश्चेद्भवेच्छ्रोतागीतावाच्यापरेऽहनि॥ गृहस्थश्चेत्तदाहोमःकर्त्तव्यःकर्मशांतये॥५९॥ प्रतिश्लोकंचजुहुयाद्विधिनादशमस्यच॥ पायसंमधुसर्पिश्चतिलान्नादिकसंयुतं ॥६०॥ अथवाहवनंकुर्याद्गायत्र्यासुसमाहितः ॥ तन्मयत्वात्पुराणस्यपरमस्यचतत्त्वतः ॥६१॥ [illegible]माशक्तौबुधोहौम्यंदद्यात्तत्फलसिद्धये ॥ नानाछिद्रनिरोधार्थंन्यूनताधिकतास्ययोः ॥६२॥ दोषयोःप्रशमार्थंचपठेन्नामसहस्रकं ॥ तेनस्यात्सफलंसर्वंनास्त्यस्मादधिकंयतः॥६३॥ द्वादशब्राह्मणान्पश्चाद्भोजयेन्मधुपायसैः॥दद्यात्सुवर्णधेनुंचव्रतपूर्णत्वहेतवे ॥६४॥ शक्तौप[illegible]स्वर्णसिंहंविधायच॥तत्रास्यपुस्तकंस्थाप्यंलिखितंललिताक्षरं ॥६५॥संपूज्यावाहनाद्यैस्तदुपचारैःसदक्षिणं॥वस्त्रभूषणगंधाद्यैः

કથા એ પ્રમાણેના વિધિ સહિત સાંભળવાથી તે અત્યંત અને અક્ષય ફળ આપે છે. ॥૫૩॥ ફળની ઇચ્છા વાળાએ, આ પ્રમાણે વ્રત રાખવાનો વિધિ પાળીને; જન્માષ્ટમીના વ્રતની પેઠેજ, આનું પણ ઉદ્યાપન કરવું. ॥૫૪॥ પણ નિષ્કિંચન ભક્તાદિકને માટે તો, વિશેષે કરીને ઉદ્યાપનનો આગ્રહ નથીજ; કેમકે તેવા નિષ્કામ ભક્તો તો, માત્ર શ્રવણ કરવા વડેજ; પવિત્ર થાય છે. ॥ ૫૫ ॥ એ પ્રમાણેના આ સપ્તાહ યજ્ઞની સમાપ્તિ વખતે, શ્રોતા જનોએ; પુસ્તકની અને વક્તાની પણ, અત્યંત ભક્તિ ભાવથી પૂજા કરવી. ॥૫૬॥ અને (ભેળા થયેલા,) લોકોને, પ્રસાદ તથા તુળસીની માળાઓ આપવી; તથા મૃદંગ અને તાલ વિગેરે સહિત સુંદર કીર્તન કરવું. ॥૫૭॥ જયશબ્દ–નમઃશબ્દ–અને શંખનાદ–કરવા; તથા બ્રાહ્મણોને, અને માગણોને; ધન અને અન્નાદિક આપવાં. ॥૫૮॥ મુખ્ય શ્રોતાજો વિરક્ત હોય તો, તેણે આઠમે દિવસે (એટલે સપ્તાહની કથા પૂરી થયા પછી બીજે દિવસે) ગીતાજીનો પાઠ કરવો; અને ગૃહસ્થ હોયતો, તેણે કર્મની શાંતિને

માટે, તે દિવસે હોમ કરવો. ॥ ૫૯ ॥ અને દશમના દરેક શ્લોકે વિધિ સહિત, અન્નાદિકથી યુક્ત તલ–દુધપાક–મધ–અને ઘી હોમવું. ॥૬૦॥ અથવા સારી રીતે એકાગ્રચિતથી ગાયત્રી મંત્રો વડેજ હોમ કરવો. કેમકે પરમાત્માનું અને પુરાણનું તત્વ ગાયત્રી મંત્રજ છે. ॥૬૧॥ હોમ કરવાની જેની શક્તિ નહોય, તેણે એ હોમવાની વસ્તુઓનું દાન ફળની સિદ્ધિને અર્થે કરવું અને અનેક ભૂલ ચૂકને તથા ન્યુનાધિકના દોષને મટાડવાને સારૂં; તેણે વિષ્નુ સહસ્ર નામનો પાઠ કરવો; એટલે તે થકીજ સર્વ ફળશે કેમકે તે થકી અધિક બીજુ કાંઇજ નથી. ॥૬૨–૬૩॥ અને પાછળથી પણ બાર બ્રાહ્મણોને મધ અને દુધપાક થકી જમાડવા; તથા વ્રતની પૂર્ણતાને માટે, તેમને સોનાનાં અને ગાયોનાં; દાન આપવાં. ॥૬૪॥ અને વધુ શક્તિવાન હોય, તેણે બાર તોલા સોનાનો સિંહ બનાવરાવીને તથા સુંદર અક્ષરોથી લખેલું પુસ્તક, તે ઉપર મૂકીને; પછી આવાહન આદિ ઉપચારોવડે, તેનું પૂજન કરીને; તેનુંજ; વસ્ત્ર–અલંકાર–અને ચંદનાદિકથી પૂજેલા, કથા કહેનાર

આચાર્યને; શુધ્ધબુદ્ધિથી દક્ષણા સહિત દાન આપવું; એટલે તે થકી સંસારના બંધનથકી, મુક્ત થવાય છે. ॥૬૫-૬૬॥ સર્વ પાપના નિવારણ માટે આ પ્રમાણે વિધિ કરવાથી; આ શ્રીમદ્ ભાગવત પુરાણ ધર્મ-અર્થ-કામ-અને મોક્ષ; એ સર્વેમાં સાધનરૂપે થનાર, શુભ ફળને આપનારૂં થાય છે. એમાં સંશય નથી. ॥૬૭-૬૮॥-સનત્કુમાર-અને શ્રીમદ ભાગવતવડે મુક્તિ અને ભક્તિ બેઉ હથેલીમાંજ આવીને ઉભી રહે છે. આ રીતે સઘળું મેં તમને કહ્યું. હવે તમે બીજું સાંભળવાને શું ઇચ્છો છો. ॥૬૯॥-સૂત-આ રીતે બોલીને તે મહાત્માઓએ, પવિત્ર-સર્વ પાપોને મટાડનારી-અને મુક્તિ તથા ભક્તિ બેઉને આપનારી, શ્રીમદ ભાગવતની કથા નિયમ ધારણ કરેલાં, સર્વ પ્રાણીઓના સાંભળતાં યથા વિધિ કહી સંભળાવી. અને તે પછી પુરૂષોત્તમ ભગવાનની સ્તુતિ કરી. ॥૭૦-૭૧॥ એટલે એ કથાની સમાપ્તિ થતાં, ભક્તિ-જ્ઞાન-અને વૈરાગ્ય એ ત્રણેને, સર્વ પ્રાણીઓનાં મન આકર્ષાય, એવી જુવાની તથા ઉત્તમ પ્રકારની પુષ્ટતા પ્રાપ્ત થઇ. ॥૭૨॥ અને નારદ પણ સર્વ અંગો થકી રોમાંચિત-અને પરમાનંદ વડે ભરપૂર થઇને; પોતાનો મનોર્થ સિદ્ધ થવાથી કૃતાર્થ થયા. ॥ ૭૩ ॥ એ રીતની કથા સાંભળીને ભગવાનના પ્રિય નારદજી, હાથ જોડીને પ્રેમથી ગળગળી વાણીથી, તેમના પ્રત્યે બોલ્યા કે-॥૭૪॥-નારદ-આપ પરમ દયાળુએ, મારા ઉપર અનુગ્રહ કરીને, સર્વ પાપને હરનારા હરિભગવાનની, મને આજે પ્રાપ્તિ કરી છે; તેથી હું ધન્ય છું. ॥૭૫॥ હે તપસ્વીઓ, હું શ્રવણને, સર્વ ધર્મ થકી ઉત્તમ માનુંછું; કેમકે શ્રવણ થકીજ, વૈકુંઠમાં રહેલા શ્રીકૃષ્ણ ભગવાનની, પ્રાપ્તિ થાય છે. ॥૭૬॥-સૂત-વૈશ્નવોમાં શ્રેષ્ટ નારદજી, એ રીતે બોલતાંમાં તો; યોગેશ્વર શુકદેવજી ફરતા ફરતા, તે સ્થળે આવી ચઢયા. ॥૭૭॥ સોળ વરસની ઉમ્મરના જણાતા, અને જ્ઞાન

पूजतायतार्ने ॥६६॥ आचार्यायसुधीर्दत्वामुक्तःस्याद्भवबंधनैः॥एवंकृतेविधानेचसर्वपापनिवारणे ॥६७॥ फलदंस्यात्पुराणंतुश्रीमद्भागवतंशुभं॥धर्मार्थकाममोक्षाणांसाधनंस्यान्नसंशयः॥६८॥कुमाराः॰इतितेकथितंसर्वंकिंभूयःश्रोतुमिच्छसि॥श्रीमद्भागवतेनैवभुक्तिमुक्तीकरेस्थिते ॥६९॥ सूत॰इत्युक्त्वातेमहात्मानःप्रोचुर्भागवतींकथां॥सर्वपापहरांपुण्यांभुक्तिमुक्तिप्रदायिनीं ॥७०॥ शृण्वतांसर्वभूतानांसप्ताहंनियतात्मनां॥यथाविधिततोदेवंतुष्टुवुःपुरुषोत्तमं ॥७१॥ तदंतेज्ञानवैराग्यभक्तीनांपुष्टतापरा॥तारुण्यंपरमंचाभूत्सर्वभूतमनोहरं॥७२॥ नारदश्चकृतार्थोऽभूत्सिद्धेस्वीयेमनोरथे॥पुलकीकृतसर्वांगःपरमानंदसंभृतः ॥७३॥ एवंकथांसमाकर्ण्यनारदोभगवत्प्रियः॥प्रेमगद्गदयावाचातानुवाचकृतांजलिः ॥७४॥ नारद॰धन्योऽस्म्यनुगृहीतोऽस्मिभवद्भिःकरुणापरैः॥अद्यमेभगवाल्लब्धःसर्वपापहरोहरिः॥७५॥ श्रवणंसर्वधर्मेभ्योवरंमन्येतपोधनाः॥वैकुंठस्थोयतःकृष्णःश्रवणाद्यस्यलभ्यते॥७६॥सूत॰एवंब्रुवतिवैतत्रनारदेवैष्णवोत्तमे॥ परिभ्रमन्समायातःशुकोयोगेश्वरस्तदा॥७७॥ तत्रायययौषोडशवार्षिकस्तदाव्यासात्मजोज्ञानमहाब्धिचंद्रमाः॥कथावसानेनिजलाभपूर्णःप्रेम्णापठन्भागवतंशनैःशनैः॥॥७८॥दृष्ट्वासदस्याःपरमोरुतेजसंसद्यःसमुत्थायददुर्महासनं॥ प्रीत्यासुरर्षिस्तमपूजयत्सुखंस्थितोवदत्संशृणुतामलांगिरं॥७९॥ श्रीशुक॰ निगमकल्पतरोर्गलितंफलंशुकमुखादमृतद्रवसंयुतं॥पिबतभागवतंरसमालयंमुहुरहोरसिकाभुविभावुकाः॥८०॥ धर्मःप्रोज्झितकैतवोऽत्रपरमोनिर्मत्सराणांसतांवेद्यंवास्तवमत्रवस्तुशिवदंतापत्रयोन्मूलनं॥ श्रीमद्भागवतेमहामुनिकृते किंवापरैरीश्वरः सद्योहृद्यवरुध्यतेऽत्रकृतिभिःशुश्रूषुभिस्तत्क्षणात् ॥८१॥ श्रीमद्भागवतंपुराणतिलकंयद्वैष्णवानांधनंयस्मिन्पारमहंस्यमेवममलंज्ञानंपरंगीयते॥यत्रज्ञानविरागभक्तिसहितंनैष्कर्म्यमाविष्कृतंतच्छृण्वन्प्रपठन्विचारणपरोभक्त्याविमुच्येन्नरः॥८२ स्वर्गेसत्येचकैलासेवैकुंठेनास्त्ययंरसः॥अतःपिबतसद्भाग्यामामामुंचतकर्हिचित् ॥८३॥ सूत॰एवंब्रुवाणेसतिबादरायणौमध्येसभायांहरिराविरासीत् ॥प्रह्लादबल्युद्धवफाल्गुनादिभिर्वृतःसुरर्षिस्तमपूजयच्चतान् ॥८४॥ दृष्ट्वाप्रसन्नंमहदासनेहरिंतेचक्रिरेकीर्तनमग्रतस्तदा ॥ भवोभवान्याकमलासनस्तुतत्रागमन्कीर्त्तनदर्शनाय ॥८५॥ प्रह्लादस्तालधारीतरलगतितयाचोद्धवः कांस्यधारीवीणाधारीसुरर्षिःस्वरकुशलतयारागकर्त्ताऽर्जुनोभूत्॥इंद्रोऽवादीन्मृदंगंजयजयसुकराः

રૂપી મહા સમુદ્રના ચંદ્રમાજેવા; એ વ્યાસ પુત્રને, આત્મ સ્વરૂપના લાભથીજ, પરિપુર્ણ હોવા છતાં પ્રેમથી, ધીમે સ્વરે ભાગવતનો પાઠ કરતા; એ કથાની સમાપ્તિ ટાણે, આવેલા દેખવાથી, સર્વ સભાસદોએ તુર્તજ ઉભા થઇને, એ ઘણા તેજવાળા શુક મુનિને, મોટું આસન આપ્યું; અને નારદજીએ પ્રેમ સહિત તેમનું પૂજન કરયું. ત્યારે સ્વસ્થપણે બેઠેલા, તેમણે કહ્યું કે; નિર્મળવાણી સાંભળો. ॥૭૮-૭૯॥-શ્રીશુક-વેદરૂપ કલ્પ વૃક્ષનાં અમૃત રસથી ભરેલાં, અને શુકના મુખથકી પૃથ્વી ઉપર પડેલાં, આ ભાગવત નામના રસમય ફળનું; હે રસિક અને ભાવિક લોકો; તમે વારંવાર, પાન કરો. ॥ ૮૦ ॥ મહામુનિ વેદ વ્યાસે કરેલા, આ શ્રીમદ્, ભાગવતમાં; મત્સર રહિત-અને સાધુ પુરૂષોને ફળની ઇચ્છા વિનાનો, પરમ ધર્મ વર્ણવેલો છે; જેથી તેમાં, ત્રણે પ્રકારના તાપને, મૂળમાંથી ઉખેડી નાંખનાર, અને કલ્યાણકારી, વસ્તુ (એટલે પરમાત્મ તત્વ.) તેના ખરા રૂપે જાણવામાં આવે છે; તથા એ ભાગવતનું સેવન કરવા વડે; તે સેવન કરનારના હૃદયમાં તુર્તજ ઇશ્વર પરમાત્મા, તેજ ક્ષણે સ્થાપન થાય છે. ॥૮૧॥ જેમાં જ્ઞાન-વૈરાગ્ય-અને ભક્તિ સહિત નિષ્કામ કર્મો કરવાનીજ, સ્પષ્ટતા કરેલી છે; એવા આ વૈશ્નવોના ધનરૂપ, અને પુરાણો મધ્યે તિલક રૂપ, શ્રીમદ્ ભાગવતને વિષે; પરમહંસોએ મેળવવાનું, ઉત્તમ અને નિર્મળ જ્ઞાનજ ગાયેલું છે; તેનું પરમ ભક્તિવડે, જે કોઇ શ્રવણ-પાઠ-અગર મનન કરે; તે પુરૂષો મુક્ત થઇ જાયછે. ॥ ૮૨ ॥ સ્વર્ગમાં-સત્ય લોકમાં-કૈલાસમાં-અને વૈકુંઠમાં પણ, જે નથી; એવા આ રસને, હે ભાગ્યશાળીઓ તમે પીધાંજ કરો; અને કદી પણ તેને છોડતા નહીં. ॥૮૩॥-સૂત-એ પ્રમાણે શુકદેવજી બોલતા હતા, એટલામાંજ પ્રલ્હાદ-બલિ-ઉદ્ધવ-અને અર્જુન આદિથી વિંટાયલા હરિભગવાન તે સભાના મધ્યમાંજ પ્રકટ થયા; એટલે નારદજીએ, તે સર્વનું પૂજન કરયું. ॥૮૪॥ પછી પ્રસન્નતાથી મોટા આસન ઉપર બીરાજેલા, ભગવાનને દેખીને તે સઘળાએ, તેમની સામે કીર્તન કરયું; ત્યારે ભવાની સહિત સદાશિવ, અને બ્રહ્માજી પણ, તેકીર્તન જોવા

સારૂં; ત્યાં આવ્યા. ॥૮૫॥ પ્રહ્લાદે તાલ લીધી–ઉદ્ધવે કાંસીજોડાં લીધાં–નારદજીએ વીણા લીધી–અને સ્વરની કુશળતાથી અર્જુન રાગ કર્તા થયા (એટલે ગાવા લાગ્યા.) ઇંદ્ર મૃદંગ વગાડવા લાગ્યા; સનકાદિક તે કીર્તનમાં જય જય શબ્દ ઉચ્ચારવા લાગ્યા; તથા શુકદેવજી, રસની રચનાના ભાવ કહેવા લાગ્યા. ॥૮૬॥ અને તે સભાના મધ્યમાં, તેજસ્વી ભક્તિ આદિ ત્રણે જણાએ; એટલે જ્ઞાન વૈરાગ્ય અને ભક્તિએ; નટની પેઠે નાચ કર્યો; ત્યારે આ રીતનું અલૌકિક કીર્તન જોઇને, પ્રસન્ન થયેલા હરિભગવાન બોલ્યા કે. ॥૮૭॥ "હે ભાગવતીઓ, હમણાં હું આ કથા અને કીર્તન વડે, પ્રસન્ન થયો છું. માટે તમે તમારી ઇચ્છા પ્રમાણે, વરદાન માગો," એ વચન સાંભળવાથી, અતિશય પ્રસન્ન થયેલા, અને પ્રેમવડે મન પિગળી ગયેલા; તેઓએ હરિભગવાનને, કહ્યું કે. ॥૮૮॥ "જ્યાં જ્યાં, સપ્તાહની કથા થાય; ત્યાં ત્યાં આ સર્વ ભક્તો સહિત, પ્રયત્ને કરીને આપે પધારવું; એટલોજ અમારો મનોર્થ છે; તે આપ પરિપૂર્ણ કરો." ત્યારે તથાસ્તુ કહીને, અચ્યુત ભગવાન; ત્યાંથી અંતર્ધાન થઇ ગયા.॥૮૯॥ પછી નારદજીએ, તે સનકાદિક વિગેરેના–શુકદેવજીના–અને બીજા તપસ્વીઓ આદિના ચરણમાં નમસ્કાર કર્યા; ત્યાર કેડે કથારૂપી અમૃતને પીધેલા–મોહનો નાશ થયેલા–અને આનંદ પામેલા તેઓ સર્વેજણા; ત્યાંથી ગયા. ॥૯૦॥ અને ભક્તિને તો, તેના જ્ઞાન અને વૈરાગ્ય નામના બંને પુત્રો સહિત; શુકદેવજીએ, પોતાના શાસ્ત્રમાં એટલે શ્રીમદ્ ભાગવતમાંજ; સ્થાપન કરી; જેથી એ ભાગવતનું સેવન કરનાર, ભક્તોના ચિત્તમાંજ, હરિભગવાન ભક્તિ સહિત પધારે છે; ॥૯૧॥ દરિદ્ર અને દુખોરૂપી તાવથી બળતા–અને માયા નામની પિશાચણીએ મર્દન કરી નાખેલા–તથા સંસાર સમુદ્રમાં પડીને બુડી ગયેલા,–સર્વ લોકનું કલ્યાણ કરવા સારૂં; આ શ્રીમદ્ ભાગવત ગર્જના કરે છે ॥૯૨॥–શૌનક–શુકદેવજીએ પરીક્ષિતને, આ શ્રીમદ્ ભાગવત ક્યારે કહ્યું, ગોકર્ણે પ્રેતને, ક્યારે કહી સંભળાવ્યું. અને પછી સનકાદિકે, નારદજીને ક્યારે સંભળાવ્યું ? એ મારા સંશયને, આપ કાપો, ॥ ૯૩ ॥–સૂત–શ્રીકૃષ્ણ ભગવાન સ્વધામ

कीर्तनेतेकुमारायत्राग्रेभाववक्तारसविरचनयाव्यासपुत्रोबभूव॥८६॥ ननर्त्तमध्येत्रिकमेवतत्रभक्त्यादिकानांनटवत्सुतेजसां॥अलौकिकंकीर्तनमेतदीक्ष्यहरिःप्रसन्नोऽपिवचोऽब्रवीत्तत्॥८७॥ मत्तोवरंभागवतावृणुध्वंप्रीतःकथाकीर्तनतोऽस्मिसांप्रतं॥श्रुत्वेतितद्वाक्यमतिप्रसन्नाःप्रेमार्द्रचित्ताहरिमूचिरेते॥८८॥ नगाहगाथासुचसर्वभक्तैरेभिस्त्वयाभाव्यमतिप्रयत्नात्॥ मनोरथोयंपरिपूरणीयस्तथेतिचोक्त्वांतरधीयताच्युतः॥८९॥ ततोऽनमत्तच्चरणेषुनारदस्तथाशुकादीनपितापसांश्च॥अथप्रहृष्टाःपरिनष्टमोहाःसर्वेययुःपीतकथामृतास्ते॥९०॥भक्तिःसुताभ्यांसहरक्षितासाशास्त्रेस्वकीयेऽपितदाशुकेन॥अतोहरिर्भागवतस्यसेवनाच्चित्तंसमायातिहिवैष्णवानां॥९१॥दारिद्र्यदुःखज्वरदाहितानांमायापिशाचीपरिमर्दितानां॥ संसारसिंधौपरिपातितानांक्षेमायवैभागवतंप्रगर्जति॥९२॥शौनक० शुकेनोक्तंकदाराज्ञेगोकर्णेनकदापुनः॥ सुरर्षयेकदाब्राह्मैश्छिधिमेसंशयंत्विमं॥९३॥ सूत० आकृष्णनिर्गमात्त्रिंशद्वर्षाधिकगतेकलौ॥ नवमीतोनभस्येचकथारंभंशुकोऽकरोत्॥९४॥ परीक्षिच्छ्रवणांतेचकलौवर्षशतद्वये॥शुद्धेशुचौनवम्यांचधेनुजोऽकथयत्कथां॥९५॥ तस्मादपिकलौप्राप्तेत्रिंशद्वर्षगतेसति॥ ऊचुरूर्जेसितेपक्षेनवम्यांब्रह्मणःसुताः॥९६॥ इत्येतत्तेसमाख्यातंयत्पृष्टोऽहंत्वयाऽनघ॥ कलौभागवतीवार्त्ताभवरोगविनाशिनी॥९७॥ कृष्णप्रियंसकलकल्मषनाशनंचमुक्त्यैकहेतुमिहभक्तिविलासकारि॥संतःकथानकमिदंपिबतादरेणलोकेहितार्थपरिशीलनसेवयाकिं॥९८ स्वपुरुषमभिवीक्ष्यपाशहस्तंवदतियमःकिलतस्यकर्णमूले॥ परिहरभगवत्कथासुमत्तान्प्रभुरहमन्यनृणांनवैष्णवानां॥९९॥ असारेसंसारेविषयविषसंगाकुलधियःक्षणार्द्धंक्षेमार्थंपिबतशुकगाथातुलसुधां॥किमर्थंव्यर्थंभोव्रजतकुपथेकुत्सितकथेपरीक्षित्साक्षीयच्छ्रवणगतमुक्त्युक्तिकथने॥१०० रहःप्रवाहसंस्थेनश्रीशुकेनेरिताकथा कंठेसंबद्ध्यतेयेनसवैकुंठप्रभुर्भवेत्॥१०१॥इतिचपरमगुह्यंसर्वसिद्धांतसिद्धंसपदिनिगदितंतेशास्त्रपुंजंविलोक्य॥जगतिशुककथातोनिर्मलंनास्तिकिंचित्पिबपरसुखहेतोर्द्वादशस्कंधसारं॥१०२ एतांयोनियततयाशृणोतिभक्त्यायश्चैनांकथयतिशुद्धवैष्णवाग्रे॥तौसम्यग्विधिकरणात्फलंलभेतेयाथार्थ्यान्नहिभुवनेकिमप्यसाध्यं॥१०३॥इ० भा० मा० षष्ठोअ०॥६॥ श्रीभागवतमाहात्म्यसमाप्त॥ ॥

ગયા પછી, ત્રીસથકી કાંઇક અધિક વરસે, કલિયુગમાં; ભાદરવા માસની નોમના દિવસથી, શુકદેવજીએ, એ સપ્તાહની કથાનો, આરંભ કર્યો હતો. ॥ ૯૪ ॥ એ પરીક્ષિતને સાંભળ્યા, કેડે, બસેં વરસે; કલિયુગમાંજ, અસાડ શુદી નોમના દિવસથી ગોકર્ણે, એ કથા કહી હતી. ॥ ૯૫ ॥ અને તે પછી પણ ત્રીસ વરસો ગયા કેડે, કલિયુગમાંજ; કારતક માસની શુદ નોમના દિવસથી, આ બ્રહ્માના પુત્ર સનકાદિકોએ, કથા કહી હતી. ॥૯૬॥ હે પાપ રહિત શૌનક, તમે મને જે પૂછ્યું હતું; તેને સઘળું, મેં તમને કહ્યુંછે; આ કલિકાળમાં, સંસાર રૂપી રોગને મટાડનારી, શ્રીમદ્ ભાગવતની કથા છે. ॥૯૭॥ હે સત્પુરૂષો, ભગવાનને પ્રિય–સર્વ દોષને મટાડનાર–એક મુક્તિનાજ હેતુરૂપ–અને ભક્તિનો વિલાસ કરનાર–આ શ્રીમદ્ ભાગવતની કથાનું આદર સહિત પાન કરો; લોકને વિશે હિત અને ધન પ્રાપ્ત કરનાર, બીજા સાધનોનું સેવન કરવાથી, શું વળશે. ॥૯૮॥ હાથમાં પાશવાળા પોતાના દૂતોને યમરાજા કાનમાં કહેછે કે; "હું વૈષ્ણવ એટલે વિષ્ણુ ભગવાનના ભક્તો શિવાય બીજા મનુષ્યોનોજ પ્રભુ છું; માટે ભાગવતની કથાઓમાં પ્રમાદ કરનારાઓનેજ તમે અહીંયાં લેઇ આવજો." ॥ ૯૯ ॥ માટે હે વિષયોરૂપી ઝેરના સંગથી વ્યાકુળ થયેલી બુદ્ધિવાળાઓ, આ સાર વિનાના સંસારમાં; મોક્ષને સારૂં ઓછામાં ઓછો, અરધો ક્ષણ પણ; આ અતુલ્ય અમૃતરૂપ, શ્રીમદ્ ભાગવતની કથાનું, તમે પાન કરો; નીચવાર્તાઓ વાળા કુમાર્ગમાં, શા સારૂં જાઓ છો; અને ભાગવતના શ્રવણ થકી મુક્તિ થવાની સાક્ષીનો પરીક્ષિત રાજાજ છે ॥ ૧૦૦ ॥ આ શુકદેવજીએ કહેલી કથાના પ્રવાહમાં રહેલ રહસ્યને જે કોઇ પોતાના ગળા સાથે બાંધે; તે વૈકુંઠનો પ્રભુ થાય. (અર્થાત ભગવાનના સમાન થાય.) ॥૧૦૧॥ સર્વે શાસ્ત્રને વિચારીને સર્વ પ્રકારના સિદ્ધાંતો વડે, સિદ્ધ કરેલું, પરમ ગુહ્ય તત્વ તમને મેં આ પ્રમાણે કહ્યું; આ જગતમાં શ્રીમદ્ ભાગવતની કથાથી અધિક નિર્મળ બીજું કશું નથીજ; માટે પરમ સુખને અર્થે, સાર રૂપ બારે સ્કંધનું, તમે પાન કરોજ. ॥૧૦૨॥ આ કથા ભક્તિપૂર્વક અને જીતેંદ્રિયપણા સહિત, જે કોઇ સાંભળે અથવા શુદ્ધ વૈષ્ણવને સંભળાવે; તો તે બેઉ જણા, સંપૂર્ણ વિધિ કરવાથી, યથાર્થ ફળને પામે છે; અને તેમને ત્રણે લોકમાં કશું પણ, અસાધ્ય રહેતું નથી. ॥૧૦૪॥ ઇતિશ્રીમદ ભાગવત મહાત્મ્યે શ્રવણવિધિ નામનો છઠો અધ્યાય સંપૂર્ણ. ॥૬॥ ઇતિશ્રી ભાગવત મહાત્મ્ય સમાપ્ત. ॥ તા. ૨૧ મીફેબ્રુઆરી સને ૧૮૯૮